મહર્ષિ ભારદ્વાજ વિરચિત

काश्यपसंहिता

अथवा

वृद्धजीवकीयतंत्र

(कौमारभृत्य)

[મૂળ સહિત ગુજરાતી ભાષાન્તર]

ત્રિભુવનદાસ ભીમજી ઝવેરી
શ્રી ગુર્જર સાહિત્ય પ્રકાશન કાર્યાલય
કેલિકો પાસે અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ-૨

રૂપિયા

મહર્ષિ મારીચકશ્યપ વિરચિત

काश्यपसंहिता

અથવા

વૃદ્ધજીવકીયતંત્ર

(कौमारभृत्य)

[મૂળ સહિત ગુજરાતી ભાષાન્તર]

★

ભાષાન્તરકાર :
શાસ્ત્રી ગિરિજાશંકર ભયાશંકર

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
અસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે: ભદ્ર પાસે અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઇ-૨

★

[redacted] રૂપિયા

સંવત ૨૦૨૬ ; આવૃત્તિ ૧ લી : સને ૧૯૭૦

©
[સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન છે.]

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ ક૦ ઠક્કર,
ગુરુકુલ સાહિત્ય મુદ્રણાલય, રાયખડ : ભદ્ર : અમદાવાદ–૧

નિવેદન

આયુર્વેદના પ્રાચીન ગ્રંથ કાશ્યપસંહિતાનું મૂળ શ્લોકો સાથેનું ભાષાંતર સંસ્થા તરફથી પ્રસિદ્ધ કરતાં અમને આનંદ થાય છે. કાશ્યપસંહિતા એ આયુર્વેદનો એક અત્યંત પ્રાચીન ગ્રંથ છે. આ ગ્રંથ ચરક તેમ જ સુશ્રુતની બરાબરીનો મનાય છે. કાળે કરીને આપણા અનેક પ્રાચીન આયુર્વેદિક તેમ જ અન્ય ઉપયોગી ધાર્મિક ગ્રંથો નાશ પામ્યા છે. તે પૈકી કેટલાક ગ્રંથો વખતોવખત મળી આવ્યા છે, તેમાં કાશ્યપસંહિતા પણ એક છે. તે નેપાળમાંથી જર્જરિત તથા ખંડિત સ્વરૂપે મળી આવેલ છે; છતાં તે આપણા આયુર્વેદભંડારની અમૂલ્ય સંપત્તિ સમાન છે. કેમકે આયુર્વેદના અન્ય ગ્રંથો કરતાં આમાં બાળકોના રોગો તેમ જ સ્ત્રીઓના રોગોની ચિકિત્સા પ્રધાનપણે દર્શાવવામાં આવી છે.

તે ખંડિત ગ્રંથ ઉપરથી ચૌખંબા–સંસ્કૃત–સીરિજ, વારાણસી તરફથી હિંદી ટીકા ઉપરાંત સંસ્કૃત ઉપોદ્‌ઘાત સહિત કાશ્યપસંહિતાનો ગ્રંથ સં. ૨૦૧૦ માં પ્રસિદ્ધ થયેલો છે. એ ઉપોદ્‌ઘાતના લેખક પ્રસિદ્ધ વિદ્વાન રાજગુરુ શ્રી હેમરાજજી છે. તેમણે ઉપોદ્‌ઘાતમાં ભારતીય આયુર્વેદનો ગૌરવપૂર્ણ ઇતિહાસ અને તેનો વિકાસક્રમ ખૂબ વિગતથી દર્શાવ્યો છે. તેમ જ આયુર્વેદના મુખ્ય ગ્રંથો અને તેના આચાર્યો વિષે પણ તેમાં સારી માહિતી આપી છે. આ ઇતિહાસ ઝીણવટભરી વિગતોવાળો અને મહત્ત્વપૂર્ણ હોઈ આ ગ્રંથમાં પૂરેપૂરો લીધો છે, તેમ જ આયુર્વેદની શિક્ષણસંસ્થાઓમાં આ ઇતિહાસને પાઠ્યગ્રંથ તરીકે રાખવામાં આવેલ હોઈ આ સંસ્થાએ તેને 'આયુર્વેદનો ઇતિહાસ' નામથી જુદા પુસ્તકરૂપે પણ પ્રસિદ્ધ કરેલ છે.

આ ગ્રંથમાં સૂત્રસ્થાન વગેરે સ્થાનોના તેમ જ અધ્યાયોના ક્રમાંક મૂળ ગ્રંથ પ્રમાણે જ રાખ્યા છે. છતાં કેટલાક અધ્યાયોમાં સરળતા ખાતર શ્લોકોના અનુક્રમે નંબરો આપ્યા છે. છેલ્લે ખિલસ્થાનમાં મૂળ ગ્રંથમાં ૨૫ અધ્યાયો જણાવ્યા છે

પરંતુ ૧૮ પછીના અધ્યાયોનો ૧૯–૨૦ અધ્યાયોમાં સમાવેશ કરી લઈ સળંગ અધ્યાયો ગણી લઈને તેનો બાવીસ અધ્યાય સુધીનો ક્રમ આપ્યો છે. ગ્રંથની છેવટે આ ગ્રંથની પ્રાચીનતા દર્શાવતું પરિશિષ્ટ આપ્યું છે.

આ ગ્રંથ ગુજરાતીમાં પહેલી જ વાર પ્રસિદ્ધ થાય છે. આ અગાઉ આ સંસ્થા તરફથી આયુર્વેદની મૂળભૂત સંહિતાઓ સુશ્રુત, ચરક, વાગ્ભટ, ભાવપ્રકાશ, માધવ-નિદાન, શાર્ઙ્ગધર, હારીતસંહિતા વગેરે ગુજરાતી ભાષાંતર સાથે બહાર પડી છે, તેમાં આ પ્રકાશનથી એકનો ઉમેરો થાય છે.

કાશ્યપ સંહિતાનું આ ગુજરાતી ભાષાંતર તૈયાર કરાવવામાં ચૌખંબા સિરીજ દ્વારા પ્રકાશિત ઉક્ત ગ્રંથનો મુખ્યત્વે આધાર લેવામાં આવ્યો છે. વિવરણ પણ તે અનુસાર આપ્યું છે. તે માટે એ ગ્રંથના અનુવાદક તથા પ્રકાશક મહોદયોનો અહીં આભાર માનવામાં આવે છે.

જાણીતા વૈદ્યરાજ શ્રી રસિકલાલ પરીખનું ગ્રંથનો પરિચય આપતું ઉપયોગી આમુખ–નિવેદન આ પછીનાં પાનામાં આપવામાં આવ્યું છે, તે તરફ વાચક બંધુઓનું ધ્યાન દોરવામાં આવે છે.

આશા છે કે આ ગ્રંથ અભ્યાસી વૈદ્યો તથા આયુર્વેદ કૉલેજના વિદ્યાર્થીઓ તથા જિજ્ઞાસુઓને ખૂબ ઉપયોગી થઈ પડશે.

વલ્લભવિદ્યાનગર,
તા. ૩૦–૬–'૭૦

'સરદાર સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ'ના ટ્રસ્ટીઓ વતી
એચ. એમ. પટેલ (પ્રમુખ)

આ મુ ખ

આ કાશ્યપસંહિતાના રચયિતા કશ્યપે આયુર્વેદને પાંચમો વેદ કહ્યો છે. અને આ સંહિતાને લખીને શિષ્યોની પરંપરા દ્વારા તેમણે વિકસાવેલું આયુર્વેદનું આ કલ્પવૃક્ષ આજે પણ લોકોને જિવાડી રહ્યું છે.

વળી આ સંહિતા બાલચિકિત્સાના પ્રસ્થાનથી યુક્ત હોઈને આગવું જ સ્થાન ધરાવે છે અને વૃદ્ધજીવકના તંત્રરૂપે પ્રસિદ્ધિ પામેલી છે. પ્રાચીન તાડપત્રના પુસ્તકરૂપે તે મળી આવી હતી. તેમાં થોડાં ઘણાં પાનાંનો લોપ પણ થઈ ગયેલ છે. ગ્રંથની શરૂઆતમાં દશબાર અધ્યાયો ત્રૂટક છે. અંતે પણ અપૂર્ણ ભાગના ૮૦ અધ્યાયોમાં ૨૫ અધ્યાયો સુધી જ મળી આવ્યા છે.

અગ્નિવેશસંહિતાનો જેમ ચરકે પ્રતિસંસ્કાર કર્યો અને દૃઢબલે કેટલાક ફેરફાર કર્યા છે તેમ 'વાત્સ્ય' નામના આચાર્યે કાશ્યપસંહિતાને સંક્ષિપ્ત સ્વરૂપ આપી વૃદ્ધજીવકના તંત્રનું પ્રતિસંસ્કરણ કરેલું છે. આ ગ્રંથમાં સંહિતાકલ્પ નામના કલ્પ વિભાગની અંદર 'પૂર્વનો ભાગ' અને તેના પછીનો 'ઉત્તર ભાગ'– 'ખિલ ભાગ' એમ બે ભાગો જોવામાં આવે છે. પ્રતિસંસ્કાર કરવામાં વાત્સ્યે કેવળ ખિલભાગની યોજનાનો જ વિનાશ કર્યો છે, એવું નથી, પરંતુ વૃદ્ધજીવકે બનાવેલા આખાયે તંત્રનો ફરી સંસ્કાર કર્યો છે.

આ સંહિતામાં આઠ સ્થાનો છે, તેથી આને તંત્ર કહેવાય છે. તેમાં જે ખિલસ્થાન છે, તેમાં ૮૦ અધ્યાયો છે અને તેથી આ તંત્રને ખિલ સહિત કહેવામાં આવે છે. આ મહાતંત્રનો ઋચીકના પવિત્ર પુત્ર જીવકે પ્રથમ સંસ્કાર કર્યો હતો– મોટા તંત્રને ટૂંકાવીને રચ્યું હતું. કલિયુગમાં આ તંત્ર દૈવ–ઇચ્છાથી નાશ પામ્યું હતું, પરંતુ 'અનાયાસ' નામના એક યક્ષે આ તંત્રને ધારણ કરી રાખ્યું હતું. તેથી વૃદ્ધજીવકના વંશજ બુદ્ધિમાન વાત્સ્યે તે 'અનાયાસ' યક્ષને પ્રસન્ન કરી આ મહાતંત્રને મેળવ્યું હતું.

કૌમારભૃત્ય અથવા બાલતંત્ર આ સંહિતાનું પ્રધાન અંગ છે. તેમાં શરૂઆતનાં થોડાં પાનાં મૂળ પ્રતમાં નથી મળતાં. ખાસ કરીને એમાં ચાટણો અને ધાવણ

સુધારણા એ મુખ્ય ચિકિત્સા છે. આમાં ફક્ત કાષ્ઠાદિ ઔષધો જ વાપર્યાં છે, એ રીતે કશ્યપે મૂળની ચિકિત્સા આપી છે. ધાવણના શોધનકાળે માતાને માટે દિવસની નિદ્રા અપથ્ય લખી છે. ધાવણ વધારવા સાવ ઘરગથ્થુ–દાહડા અને દૂધ જેવા ઈલાજો બતાવ્યા છે. સ્તન–કીલક–જે છાતી ઉપર ગાંઠ થઈ જાય છે તેને કૅન્સર કહી આખી છાતી કાઢી નંખાય છે, તેને બદલે પ્રલેપો, વિરેચનો અને પથ્ય ભોજનથી તેને દૂર કરી શકાય છે. ૨૦ મા અધ્યાયમાં દાંત વિષે સુંદર માહિતી આપી છે. કાન વીંધવાનું પણ વૈજ્ઞાનિક રીતે આપ્યું છે.

સૂત્રસ્થાનમાં જ સ્નેહન અને સ્વેદનનો મહિમા આપ્યો છે. બાળકોને સ્વેદ આપવાનું આ સંહિતામાં જ છે. વાતદોષમાં સ્નિગ્ધસ્વેદ, કફદોષમાં રૂક્ષસ્વેદ અને વાત અને કફ બન્ને દોષ હોય તો સાધારણ સ્વેદ આપવો. બાળકોને આઠ પ્રકારના સ્વેદ કહ્યા છે: હસ્તસ્વેદ, પ્રદેહસ્વેદ, નાડીસ્વેદ, પ્રસ્તરસ્વેદ, સંકરસ્વેદ, ઉપનાહસ્વેદ, અવગાહસ્વેદ અને પરિષેકસ્વેદ. બીજી સંહિતામાં આ સ્પષ્ટ નથી. સંકરસ્વેદમાં જ્યાં મદિરાની નીચેનું કીટુ લખ્યું છે ત્યાં કાંજી વાપરી શકાય. કાંજીના શેકથી 'વા'ના સોજા ઉપર જલદીથી આરામ થઈ જાય છે. પથ્ય ઉપર ખૂબ સરસ રીતો બતાવી છે. ખૂબ પાતળું ઓસામણ પાઈને પછી યવાગૂ પાવી. તેના વઘારમાં લવિંગ મૂકવાનું કહે છે. અજીર્ણમાં કૂણા કુમળા મૂળાનું ઓસામણ લખ્યું છે. આ ગ્રંથના ૩૧૧ મા પાન ઉપર બાળકના રોગનાં જુદાં જ લક્ષણો નિદાન માટે વર્ણવ્યાં છે. ૨૮ મા લક્ષણ–અધ્યાય ઉપરથી બાળક કેવો નીકળશે તેનું સુંદર વર્ણન છે. બીજી સંહિતામાં સૂત્રસ્થાન પછી નિદાનસ્થાન આવે છે ત્યારે અહીં સૂત્રસ્થાન પછી વિમાનસ્થાન લખ્યું છે. ખૂબી એ છે કે આયુર્વેદનાં આઠ અંગોમાં આ જ સંહિતા એવી છે કે જેણે પ્રથમ બાલતંત્ર લખ્યું છે. બાળકના હૃદયને પ્રિય એવું ઔષધ જુદું જ લખ્યું છે. આખી ચિકિત્સામાં ખાસ મૃદુ ઔષધ વાપર્યાં છે અને બાલચિકિત્સાનો ક્રમ અને તેને લગતી ખાસ ક્રિયા પણ જુદી જ લખી છે. વિમાનસ્થાનનો પ્રથમ અધ્યાય ઘણો ત્રૂટક છે. શારીરસ્થાનના આમાં પાંચ અધ્યાય લખ્યા છે.

આ ગ્રંથમાં ભગવાન કશ્યપે પોતાના શિષ્ય જીવકને પ્રશ્નોત્તરરૂપે ઉપદેશ આપ્યો છે. શારીરસ્થાન એ એનેટોમી છે અને ગર્ભની વૃદ્ધિ કેવી રીતે થાય છે તે એમ્બ્રીયોલોજી પણ સવિસ્તર આપી છે. વળી પાન ૩૮૭ ઉપર પાંચ હૃદય હોય છે અને છ ત્વચા હોય છે એમ દર્શાવ્યું છે તે બીજા ગ્રંથોથી સાવ જુદી જ વાત છે. હાડકાંની ગણતરીમાં પણ ચરક કરતાં થોડો ફેર છે. શારીરસ્થાનમાં કશ્યપે ઘર અને શરીરની સરખામણી કરી છે. જેમ લાકડાનું બનાવેલું કોઈ ઘર ઘાસ–દોરડાં વગેરેથી ચારે બાજુથી વીંટયું હોય અને બહારના ભાગમાં માટીથી જેમ લીંપ્યું હોય તે જ

પ્રમાણે દેહસંજ્ઞાધારી આ એક જ ઘર હોઈને તેમાં જે હાડકાં છે તે લાકડાંરૂપે ગોઠવેલાં છે. સ્નાયુરૂપી દોરડાંથી તેને બાંધી લેવામાં આવ્યાં છે અને તે સ્નાયુઓને માંસરૂપી માટીથી લીંપી લેવામાં આવ્યાં છે. આ દેહસંજ્ઞાધારી ખેતર શિરાઓરૂપી ધોરિયાઓથી કાયમ પોષાય છે. આ રીતે કશ્યપે શારીરસ્થાનને પણ આવી ઉપમાઓ વગેરેથી રસપ્રદ બનાવ્યું છે. સ્ત્રીઓને પ્રસવકાળે પણ મદિરા નહિ પાતાં યવાગૂ-રાબ પીવડાવવી વગેરે લખ્યું છે. એ રીતે આત્રેય શાસનને લગતું કાશ્યપ શાસન છે.

ઇંદ્રિયસ્થાનમાં ફક્ત એક જ અધ્યાય મળ્યો છે. તેમાં ભેષજ અને ઔષધનું વર્ણન છે. દીપન આદિ દ્રવ્યના સંયોગને ઔષધ કહ્યું છે અને હોમ, વ્રત, તપ તથા દાનરૂપ શાંતિકર્મને ભેષજ કહ્યું છે. મૃત્યુનાં અરિષ્ટોનું કેટલુંક વિશેષ વર્ણન ઇંદ્રિયસ્થાનમાં મળી આવે છે.

ચિકિત્સાસ્થાન ૧૮ અધ્યાયનું છે. તેમાં ઘણી વિશેષતાઓ જોવામાં આવે છે. જેમ કે બિલ્વેરાનો રસ સિંધવ સાથે પાવાથી હૃદયરોગનું દર્દ મટે છે. ક્ષયમાં વર્ધમાનપિપ્પલીનો પ્રયોગ લખ્યો છે. ક્ષયરોગમાં રુદ્રદેવ શંકરની પૂજા, ધીરજ, પવિત્રતા અને બ્રહ્મચર્યનું પાલન પણ લખ્યું છે. ચિકિત્સામાં આપદ્ધર્મ તરીકે માંસવર્ગ લખ્યો છે. નિદાનસ્થાન જુદું લખ્યું નથી પણ તેને ચિકિત્સાસ્થાનમાં આવરી લીધું છે.

આજકાલ ઑપરેશન કરી પથરીને બહાર કઢાય છે, તેનો કશ્યપે પાન ૫૨૪ ઉપર સખ્ત વિરોધ કર્યો છે અને લખ્યું છે કે અશ્મરીને બહાર કાઢવી નહિ પણ ઔષધ-ઉપચારથી ઓગાળી લેવી. ક્ષિત્રણીયચિકિત્સા લખી સર્જરીને પણ આવરી લીધી છે. સામાન્ય રોગોના અધ્યાય ખાસ લખ્યા છે: જેમકે શરદીનો ખાસ અધ્યાય આ સંહિતામાં છે. તેમાં લંઘન પછી જવની રાબ પીવા લખ્યું છે અને મરી મોઢામાં રાખવાં અને શૂંઠીજળ પીવું. આ સંહિતામાં માણસને આસ્તિક થવાનો ઉપદેશ છે અને તંદુરસ્તી માટે નિયમબદ્ધ કુદરતી જીવનને આવશ્યક માન્યું છે.

સિદ્ધિસ્થાનના ૮ અધ્યાયો છે. આ સ્થાનમાં પંચકર્મ સવિસ્તર દેખાય છે અને લખે છે કે પંચકર્મનું સેવન શરીરની યાત્રાને, જઠરાગ્નિને, શક્તિને, વર્ણને, બળને તથા સ્વરને વિશુદ્ધ કરી શકે છે. તેનાથી શરીરના સર્વ દોષો શાંત થાય છે અને બળ, આયુષ્ય, શરીર, ઉંમર, જઠરાગ્નિ તથા પ્રજાઓ વૃદ્ધિ પામે છે. નસ્ય, વમન, નિરૂહ, સ્વેદન આ બધું આમાં અનોખી રીતે સમજાવ્યું છે. ચૌદે વેગો યોગ્ય માર્ગે રોજ નીકળવા જ જોઈએ, તે પાન ૫૯૭ ઉપર સુંદર રીતે સમજાવ્યું છે. માંદાના ખોરાકમાં આ સંહિતામાં જવનો ઉપયોગ વધુ કર્યો છે. બધા જ ગૃહસ્થોએ દાન તથા તપશ્ચર્યાઓ અવશ્ય સેવ્યાં જ કરવાં એમ કશ્યપ ખાસ સૂચન કરે છે.

કલ્પસ્થાનમાં ધૂપોની ખાસ વિશેષતા છે. પાન ૬૪૧ ઉપર કશ્યપે લસણ

ઘીમાં તરબોળ કરી ખાવા લખ્યું છે, જ્યારે બીજી સંહિતાઓ તલના તેલની ભલામણ કરે છે. આમાં એક સાત દિવસનો લસણનો પ્રયોગ લખ્યો છે. લસણનો આથો કાયાપલટ કરે છે. આંખના ખીલ માટે આમાં ચીમેડ વાપરી છે અને નિર્મળીનું ફળ પણ બતાવ્યું છે. પાણી ભોજનના મધ્યમાં પીવાનું લખે છે. આજકાલ કલ્પોનો ઉપયોગ થતો નથી, પણ આ સંહિતાનો વાચક જરૂર કલ્પો કરશે જ તેવું સચોટ લખાણ છે.

આ સંહિતામાં દેશકાળનો બહુ જ ઊંડો વિચાર કર્યો છે. જેમકે કચ્છ, કાશી, બંગાળના લોકોએ તીક્ષ્ણ દ્રવ્યોથી ભોજન તૈયાર કરવાં. નર્મદાકિનારો અને પટણાવાળાઓએ પેયાઓ પીવી. તેલ, તુવેર, કળથી, કાંદા વગેરે ખાવું. આ રીતે આખી સંહિતામાં ફીઝિયોલોજી સમાયેલી છે.

વળી કલ્પસ્થાનમાં લખે છે કે દરેક માણસના ડાબા સ્તનની નીચેના ભાગમાં આમાશય રહેલ છે. તેમાં જઈને ખોરાક પચે છે અને તે ખોરાકનો રસ બની તે શરીરની પ્રત્યેક ધાતુઓમાં ફેલાઈને ધાતુઓને પુષ્ટ બનાવે છે. ખોરાકના કિટ્ટમાંથી શરીરના બધા મળોની ઉત્પત્તિ થાય છે. તાજી છાશ રુચિ ઉત્પન્ન કરે છે, પુષ્ટિ કરે છે અને બળની વૃદ્ધિ કરે છે. એવી સામાન્ય જનતાને ઉપયોગી ઘણી વાતો આ સંહિતામાંથી મળી રહે છે. આ આખી સંહિતામાં સમગ્ર જીવનની વાત ચર્ચી છે માત્ર એકલાં જ ઓસડિયાં નથી. છેલ્લું ખિલસ્થાન છે. માનસરોગને આધિ કહ્યા છે. તેના પણ સાધ્ય, કષ્ટસાધ્ય અને અસાધ્ય એમ ભેદ પાડ્યા છે.

આ સંહિતામાં તેલને બદલે ઘીની યોજના વધુ છે. જે બાળક તરતનું જન્મ્યું હોય તેને બોરના ઠળિયા જેટલી ઘીની માત્રા આપી શકાય છે, તે પછી પાંચ દિવસથી દશ દિવસ સુધીનાં બાળકને તેથી કંઈક અધિક ઘીની માત્રા આપી શકાય. આહારને કશ્યપે મોટું ઔષધ માન્યું છે. 'યૂષ' અથવા ઓસામણને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે. આવાં ૨૪ પ્રકારનાં ઓસામણ લખ્યાં છે. તેમાંય મૂળાનું ઓસામણ, લસણનું ઓસામણ અને દાળમાં નાખેલાં આમળાંનું ઓસામણ ખૂબ ધ્યાન ખેંચે છે. લૂણીનો યૂષ પણ વાયુ માટે લખ્યો છે. કાંજીનો ઉપયોગ પણ વાયુમાં ખૂબ કર્યો છે. આ ઓસામણો કેવી રીતે તૈયાર કરવાં તેની વિધિ પણ સુંદર બતાવી છે.

વળી પાન ૭૮૬ ઉપર લખે છે કે "યુવાન સમર્થ વૈદ્યે મૂળાને પાણીમાં બાફી લઈ નીચોવી લેવા, પછી તે મૂળાને તેલ કે ઘી રૂપ સ્નેહમાં ભૂંજી નાખી તેમાં આદાન-જળનો પ્રક્ષેપ કરવો એમ તૈયાર કરેલા તે 'મૂલકયૂષ'નું સેવન બધાયે રોગોનો વિનાશ કરનાર થાય છે."

આ રીતે ગરીબ માત્રને સ્વાસ્થ્ય મળે તેવાં સુંદર ઓસામણો લખી કશ્યપે આમ જનતાની સેવા કરી છે. ચરકે ૨૭ યવાગૂ-'ખીચડી' લખી છે ત્યારે કશ્યપે

૨૧ યવાગૂ–ખીચડી લખી છે. ભાતને ઓસાવીને અને ગરમ ગરમ ખાવાનો લખ્યો છે. આ સંહિતામાં અધ્યાયોનાં મથાળાં સાવ જુદાં જ લખ્યાં છે. આખું વૈદું છ રસો અને તેના ૬૩ ભેદ ઉપર જ રચાયું છે તે ખિલ વિભાગમાં સુંદર બતાવ્યું છે. ટૂંકમાં આ સંહિતા પણ આયુર્વેદશાસ્ત્રમાં એક અનોખી જ ભાત પાડે છે અને વૈદ્યો તેમ જ આમ જનતાને તથા બાળવૈદ્યોને માટે આશીર્વાદ સમાન છે.

નેપાલના રાજગુરુ પંડિત હેમરાજ શર્માનો ૨૪૩ પાનાનો ઉપોદ્‌ઘાત આ કાશ્યપસંહિતા વિષે તેમ જ આયુર્વેદના ઇતિહાસ વિષે અને મારીચકશ્યપ તથા વૃદ્ધજીવક વિષે પૂરતી માહિતી આપે છે; પરંતુ ચરક વગેરે વૈદ્યોના ઇતિહાસ સંબંધમાં 'આ પણ હોય કે પેલું પણ હોય' તેવું સંશયાત્મક વલણ ક્રિયા ઉત્પન્ન કરે છે. આ બધા વૈદ્યો થઈ ગયેલા જ છે, પણ તે વિષે કોઈ નિશ્ચિત કાળ મળતો નથી. તેમનો સમય બ્રિટિશ અમલમાં પણ બરોબર નોંધાયેલો નથી.

શરૂઆતમાં ઉપોદ્‌ઘાતમાં પાન ૧૪ ઉપર અથર્વવેદના મંત્રો દ્વારા આયુર્વેદનું વર્ણન કરતાં જણાવ્યું છે કે, 'વનસ્પતિઓનો અને પર્વતનો વાયુ આરોગ્યનું સાધન છે.' એ ઉપરથી હિલસ્ટેશનો ઉપરનું પર્યટન યોગ્ય છે તેમ સાબિત થાય છે. આમાં આયુર્વેદની મહત્તાની કેટલીક વિશેષ માહિતી ઐતિહાસિક રીતે રસપ્રદ છે.

વનૌષધિના રૂઢ થઈ ગયેલા ઉપયોગ બીજી રીતે પણ આલેખ્યા છે. પાન ૧૫ ઉપર વાયવરણો ક્ષય મટાડે છે. સાધારણ રીતે તે અર્બુદ મટાડનારો છે અને તે જ પાના ઉપર વિદ્રધિ વગેરે રોગમાં 'ચીપદ્રુ' નામની ઔષધિનો ઉપયોગ કરવાનું લખ્યું છે, તેમાં એ વનસ્પતિ અંગે સંશોધન થવું જરૂરી છે.

'સસ્તું' સાહિત્ય વર્ધક'ના દક્ષ સંચાલકોએ આયુર્વેદને લોકભોગ્ય બનાવવામાં કંઈ નાનોસૂનો ફાળો આપ્યો નથી. તેમાં ગુજરાતી જનતાને માટે કાશ્યપસંહિતા જેવા બૃહદ્‌ ગ્રંથનું આ ભાષાંતર પ્રકાશિત કરી ખરેખર સાચી સેવા કરી છે.

તા. ૩૦-૬-'૭૦
સંજીવની હોસ્પિટલ, અમદાવાદ-૭

રાજવૈદ્ય રસિકલાલ પરીખ

'સસ્તું સાહિત્ય' એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય

આરોગ્ય અને વૈદકના મહત્ત્વના ગ્રંથો

ચરક–સંહિતા
(પાંચ ભાગમાં) ૫૮–૦૦
જલ્પકલ્પતરુ, આયુર્વેદદીપિકા ટીકા ઉપરથી સરળ સમજૂતી સાથે મૂળ સાથે સરળ ભાષાંતર નીચે પ્રમાણે પાંચ ભાગમાં. ભાગ ૧ સૂત્રસ્થાન, ભાગ ૨ નિદાન, વિમાન, શારીર અને ઇંદ્રિયસ્થાન, ભાગ ૩–૪ ચિકિત્સતસ્થાન, ભાગ ૫ કલ્પસ્થાન અને સિદ્ધિસ્થાન.

ભાવપ્રકાશ ભા. ૧ લો ૧૨–૦૦
પંડિત ભાવમિશ્ર વિરચિત આ ગ્રંથમાં સૃષ્ટિપ્રકરણ, ગર્ભપ્રકરણ, બાલપ્રકરણ, દિનચર્યા, નિઘંટુ, હરિતકયાદિ વર્ગો, ધાતુ-ઉપધાતુઓ અને વિષ-ઉપવિષોનું શોધન-મારણ, પંચકર્મો અને ચિકિત્સા ઇત્યાદિનો સમાવેશ થાય છે.

ભાવપ્રકાશ ભા. ૨ જો ૧૫–૦૦
મહાપંડિત ભાવમિશ્ર વિરચિત આયુર્વેદના ગ્રંથનું મૂળ સાથે સરળ ભાષાંતર, અન્વય સાથે.

યોગરત્નાકર–પૂર્વાર્ધ ૮–૦૦
રોગોનાં નિદાન, લક્ષણ, ચિકિત્સા અને ઔષધોપચાર આ સર્વ આ ગ્રંથમાં આપેલું છે.

સુશ્રુત–આયુર્વેદ
(બે ગ્રંથોમાં) ૧૬–૦૦
મૂળ સાથે સરળ ભાષાંતર. આયુર્વેદિક સર્જરી (વાઢકાપ), શારીરિક ચિકિત્સા, રોગોનાં મૂળ કારણો, નિદાનો તેમ જ ઉપચારો કાયચિકિત્સા, ભૂતવિદ્યા, રસાયન ને વાજીકરણતંત્ર વગેરે.

અષ્ટાંગહૃદય–વાગ્‌ભટ ૧૫–૦૦
ચરક અને સુશ્રુત બંનેમાં જે છે તે બધું એકલા આમાં છે.

માધવનિદાન ૧૨–૦૦
આયુર્વેદના નિદાન ગ્રંથોમાં સર્વશ્રેષ્ઠ ગણાતા આચાર્ય માધવે રચેલા ગ્રંથનું સંપૂર્ણ–મધુકોશ ટીકા સાથેનું મૂળ સહિત સરળ ભાષાંતર, વિશદ સમજૂતી સાથે.

હારીતસંહિતા ૬–૦૦
આત્રેયમુનિવિરચિત આયુર્વેદના આ પ્રાચીન ગ્રંથમાં ઋતુચર્યા, દિનચર્યા, નીરોગી રહેવાના નિયમો, દૂધ, દહીં વગેરેના ગુણદોષ, જુદી જુદી જાતના પાક, અવલેહ, બનાવટ તથા તેનો ઉપયોગ.

પથ્યાપથ્ય
(આરોગ્યની કૂંચી) ૩–૦૦
જુદા જુદા આહારવિહારની સમજ તથા ખોરાક અંગે માર્ગદર્શન આપતા વિશ્વનાથ કવિકૃત ગ્રંથનું ભાષાંતર.

ચિકિત્સાંજન ૧–૦૦
મહાત્માશ્રી વિદ્યાપતિપ્રણીત પુસ્તકનું ભાષાંતર. રોગોની ચિકિત્સા ને ઉપાયો.

ઘરઘરનો વૈદ્ય ૨–૦૦
સૌ કોઈ સહેલાઈથી સસ્તી સારવાર કરી શકે એવા આયુર્વેદના વૈદકીય ઉપચારો.

આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન ૧-૦૦
આરોગ્યને લગતી ટૂંકી ને સરળ વિગતો.

છાલોપાલો–મરીમસાલો ૫–૦૦
દરરોજ વપરાશમાં આવતા મરીમસાલા અને છાલોપાલો તેમ જ દેશી દવાઓનો નુસખા–સંગ્રહ.

વધુ વિગત માટે વિસ્તૃત સૂચિપત્ર મંગાવો :

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય સ્વામી અખંડાનંદ માર્ગ, ભદ્ર, **અમદાવાદ** અને ૧૪૮, પ્રિન્સેસ સ્ટ્રીટ, **મુંબઈ–૨**

અનુક્રમ

ઉપોદ્ઘાત

મંગલાચરણ ૧
(૧) ઉપક્રમ સહિત આયુર્વેદ સંબંધી વિવરણ ,,
(૨) ગ્રંથના પરિચય સાથે આચાર્યોનું વિવરણ ૨૩
(૩) પ્રતિસંસ્કારની તુલના અને વિષયોનો વિભાગ ... ૧૩૩
(૪) ભારતીય ઔષધચિકિત્સાનું સમર્થન ૧૭૫

સૂત્રસ્થાન

લેહાધ્યાય ૨૪૫
લેહનવિષયમાં શ્રીવૃદ્ધજીવકના શ્રી કશ્યપ પ્રત્યે પ્રશ્નો ,,
શ્રી કશ્યપનો ઉત્તર ,,
સગર્ભા સ્ત્રીની રસધાતુના ત્રણ વિભાગ ૨૪૬
ત્રણ રસવિભાગનાં ત્રણ કાર્યો ,,
પ્રાણીઓની પ્રકૃતિ થવામાં કારણ અને ત્રણ પ્રકૃતિઓ ... ,,
લોકો સાત પ્રકૃતિવાળા હોય છે ... ૨૪૭
ઉપર્યુકત પ્રકૃતિઓના જ્ઞાનની આવશ્યકતા ૨૪૮
ઔષધ માત્રાની ક્રમશ: યોજના ... ,,
ઔષધ ચટાડવા યોગ્ય બાળકો ... ૨૪૯
જેઓને ઔષધ ન ચટાડાય એવાં બાળકો ,,
સગર્ભાએ સેવેલ અન્નપાન બાળકને માફક આવે ૨૫૦
બાળકોને સુવર્ણ ચટાડવાની વિધિ ... ૨૫૧
બીજાં મેધાજનક ચાટણો ... ૨૫૨
મેધા, આયુષ્ય તથા બલને વધારનાર સમંગાદિલેહ ૨૫૩
ઉત્તમ મેધાજનન કુષ્ઠાદિ ઘૃત ... ,,
ભૂતબાધા આદિથી રક્ષા કરનાર અભયઘૃત ,,
બાળકોને માટે સંવર્ધન ઘૃત ... ૨૫૪
બ્રાહ્મી સ્વરસપકવ ઘૃત ... ,,

ક્ષીરોત્પત્તિ : અધ્યાય ૧૯ મો ૨૫૫
દૂષિત થયેલ માતાના દૂધનાં લક્ષણો ... ,,
દુષ્ટ બનીને જુદા જુદા રસયુકત બનેલ ધાવણથી થતા વિકારો ... ,,
ધાવણ શુદ્ધ કરવાનાં સાધનો ... ,,
ધાવણને શુદ્ધ કરનાર શ્રેષ્ઠ શોધન ... ૨૫૬
ધાવણની શુદ્ધિ માટે બીજો ઉપાય ... ,,
ધાવણનું ઉત્તમ શોધન ... ,,
ધાવણને વધારનારા પ્રયોગો ... ,,
ધાવણને શુદ્ધ કરનાર ઔષધદ્રવ્યો ... ૨૫૬
ઉપર્યુકત પાઠાદિ કષાયનાં દોષાનુસાર અનુપાનો ૨૫૭
ધાવણના શોધનકાળે પથ્ય—અપથ્ય ... ૨૫૮
સુકાતા ધાવણને વધારવાના ઉપાયો ... ,,
ધાવણ વધારનાર ક્ષીરિવૃક્ષ—વલ્કલકષાય ... ,,
ધાવણ વધારનાર બીજો પ્રયોગ ... ૨૫૯
શુદ્ધ ધાવણનાં લક્ષણો ... ૨૬૦
શુદ્ધ—અશુદ્ધ ધાવણના લાભ—અલાભ ... ,,
ઉપચારથી કહેવાતાં વર્જ્ય ... ,,
ઉપર્યુકત વર્જ્ય ખાવામાં આવવાથી થતું નુકસાન ૨૬૧
ઉપર્યુકત વર્જ્યથી થતા વિકારો ... ,,
ઉપર્યુકત 'સ્તનકીલક' તથા 'વર્જ્ય' સંબંધે વધુ જાણવા જેવું ... ,,
સ્તનકીલક રોગની ચિકિત્સા ... ૨૬૨
સ્તનકીલક ન થાય તેવી ધાત્રી ... ,,
સ્તનકીલક રોગ લગભગ થાય તેમાં કારણ ,,
સ્તનરોગનું તાંત્રિક અવચારણ ... ૨૬૩

'દંતજન્મિક' : અધ્યાય ૨૦ મો ... ,,
દાંતની ઉત્પત્તિ સંબંધે વૃદ્ધજીવકના પ્રશ્નો ,,
ભગવાન કશ્યપે આપેલા પ્રત્યુત્તરો ... ,,
છોકરા કરતાં છોકરીઓને દાંત જલદી અને થોડી પીડાએ આવે છે ... ૨૬૪
દાંતની અમાંગલિક ઉત્પત્તિ અને તેની શાંતિ વગેરે ,,
દાંતની ચાર પ્રકારની ઉત્પત્તિ ... ૨૬૫
માસવાર નિષિકત દાંતના ફળ અને 'દંતસંપત'નાં લક્ષણો ... ,,

ચૂડાકરણીય : અધ્યાય ૨૧ મો ૨૬૭
બાળકોની કાનની કિનાર વધારવાના બે ઉપાયો ,,
અજાણ્યાએ કાન ન વીંધવા ... ૨૬૮
અનુભવીએ જ બાળકના કાન વીંધવા ... ,,

સ્નેહાધ્યાય : અધ્યાય ૨૨ મો ૨૭૦
સ્નેહનાં બે ઉત્પત્તિસ્થાનો ... ,,
ઉપર્યુકત સ્નેહોમાં શ્રેષ્ઠતા કોની કોની? ... ,,
ઘીના સામાન્ય ગુણો ૨૭૧
તેલના સામાન્ય ગુણો ... ,,
મજ્જાના તથા વસાના સામાન્ય ગુણો ... ,,
તલનું તેલ અને ઘીનો નિત્યપ્રયોગ જરૂરી છે ૨૭૨
ઋતુપરત્વે સ્નેહપ્રયોગ ... ,,

સ્નેહપાન પછીનાં અનુપાનો ... ૨૭૨
ગરમ પાણી પીવાથી થતા ફાયદા ... ૨૭૩
ગરમ પાણીના અનુપાનની વિધિ ... ,,
ગરમ જળના અનુપાનનો નિષેધ ... ,,
સ્નેહની પ્રવિચારણાઓ ... ,,
કઈ પ્રકૃતિવાળાએ કયારે સ્નેહપાન કરવું?... ૨૭૪
અયોગ્યકાળે સ્નેહપાનથી થતા રોગો ... ૨૭૫
અચ્છસ્નેહપાનની ત્રણ માત્રાઓ ... ,,
ઉત્તમ સ્નેહમાત્રાને યોગ્ય વ્યકિતઓ ... ૨૭૬
મધ્યમ સ્નેહમાત્રાને યોગ્ય વ્યકિતઓ ... ,,
સ્નેહની હ્રસ્વમાત્રાને યોગ્ય વ્યકિતઓ ... ૨૭૭
સ્નેહની જુદી જુદી માત્રાના ફાયદા ... ,,
ઉપરના સ્નેહો કોને હિતકર છે? ... ૨૭૮
તૈલરૂપ સ્નેહને યોગ્ય વ્યકિતઓ ... ,,
વસાસ્નેહને યોગ્ય વ્યકિતઓ ... ૨૭૯
મજ્જાસ્નેહને યોગ્ય વ્યકિતઓ ... ,,
સ્નેહનયોગ્ય વ્યકિતઓ ... ૨૮૦
સ્નેહને અયોગ્ય વ્યકિતઓ ... ,,
સ્નેહના અયોગનું લક્ષણ ... ૨૮૧
સ્નેહપાન બરાબર લાગુ પડેલાનું લક્ષણ ... ૨૮૨
અતિશય વધુ સ્નેહપાન કર્યાનું લક્ષણ ... ,,
સ્નેહપાન પહેલાંનાં હિતકર કર્મો ... ,,
સ્નેહપાન કર્યા પછીનાં હિતકર કર્મો ... ,,
કેવા કોઠાવાળો કેટલા દિવસે સ્નિગ્ધ થાય?... ૨૮૩
કોમળ કોઠાવાળાને આપવાનું વિરેચન ... ૨૮૪
કોમળ કોઠાવાળાને વિરેચનમાં સરળતા ... ,,
નહિ પચેલા સ્નેહનું લક્ષણ ... ૨૮૫
સ્નેહના અજીર્ણની ચિકિત્સા ... ,,
કયા સ્નેહનું અજીર્ણ થયું છે તે જણાવતાં ચિહ્નો ,,
સ્નેહના અજીર્ણમાં વમન કરાવવું ... ,,
સ્નેહનું અજીર્ણ ન થયું હોય તેનાં લક્ષણો... ૨૮૬
સ્નેહના અવપીડ—નસ્યના ગુણો ... ,,
સ્નેહના સમ્યક્ સેવનથી થતા ફાયદા ... ,,
અયોગ્ય રીતે સેવેલા સ્નેહથી થતા દોષો ... ,,
સ્નેહના ઉપદ્રવોનાં કારણ અને સંશોધન... ૨૮૭
કેવળ સ્નેહનું સેવન કોણે ન કરવું? ... ,,
પ્રમેહ આદિ રોગવાળાઓને કયા પ્રકારે સ્નેહયુકત કરવા? ... ૨૮૮
સ્નેહથી સ્નિગ્ધ કરેલાને સ્વેદન કરવું ... ,,

સ્વેદાધ્યાય : અધ્યાય ૨૩ મો ,,

સ્વેદ સંબંધે વૃદ્ધજીવકના પ્રશ્નો ... ૨૮૯
ભગવાન કશ્યપનો ઉત્તર ... ,,
દોષ પ્રમાણે સ્વેદ આપવો જોઈએ ... ,,
બાળકોને આપવા યોગ્ય સ્વેદ ... ૨૯૯
કયાં અંગો પર કેટલા પ્રમાણમાં સ્વેદ અપાય? ૨૯૦
બાળકને સ્વેદ આપતી વેળા રાખવાની સાવધાની ,,
સુખપૂર્વક સ્વેદ માટે વધુ સૂચન ... ૨૯૧
સ્વેદ આપવો બંધ કયારે કરવો? ... ,,
સ્વેદના અતિયોગનાં લક્ષણો ... ,,
સ્વેદના અતિયોગવાળાની ચિકિત્સા ... ,,
મંદસ્વિન્ન થયેલાનું લક્ષણ ... ૨૯૨
સ્વેદના સમ્યગ્ યોગનાં લક્ષણો ... ,,
સ્વેદને અયોગ્ય વ્યકિતઓ ... ,,
સ્વેદ આપવા લાયક રોગો ૨૯૩
બાળકો માટેના આઠ પ્રકારના સ્વેદો આપવાના ૨૯૪
આઠ સ્વેદોની ગણના ... ... ,,
બાળકને હસ્તસ્વેદ કયારે? ૨૯૫
સ્વેદ વધારે કયારે અપાય ... ... ,,
હમેશાં કોમળ રહેતાં બાળકો ... ... ,,
મધ્યમ બાળકો ... ... ,,
રોગની દૃષ્ટિએ બધા સરખા છે ... ,,
બાળકને સ્વેદ આપતી વેળા રાખવાની કાળજી ,,
બાળકને સ્વેદ આપવા સંબંધે વધુ સૂચન... ,,
પ્રદેહસ્વેદ કયા રોગીને આપવો? ... ૨૯૬
પ્રદેહસ્વેદનાં સાધનો ... ... ,,
નાડીસ્વેદની વિધિ ... ... ,,
પ્રસ્તરસ્વેદનું વિધાન ૨૯૭
સંકરસ્વેદનું વિધાન ૨૯૮
ઉપનાહસ્વેદની પ્રશંસા ૨૯૯
પ્રાણિજન્ય પદાર્થથી અવગાહસ્વેદ ... ,,

ઉપકલ્પનીય : અધ્યાય ૨૪ મો ૩૦૦

સંશોધનથી શુદ્ધ થયેલાને આપવાનું ભોજન... ૩૦૧
સંશોધનના સમ્યગ્ યોગનું લક્ષણ ... ૩૦૨
સંશોધન પછીનો સંસર્જન ભોજનક્રમ ... ,,
ઉપર કહેલા સંસર્જનક્રમ ઓળંગવાથી થતા ઉપદ્રવો ૩૦૫
ખોરાક બરાબર પચ્યો હોય તેનાં લક્ષણો... ૩૦૭
ખોરાક બરાબર પચ્યો ન હોય તેનાં લક્ષણો ,,
ઉપર કહેલા અજીર્ણના ચાર ભેદો ... ,,
ઉપર કહેલા અજીર્ણનાં સામાન્ય લક્ષણો ... ,,
બધાં અજીર્ણનાં સામાન્ય લક્ષણો ... ૩૦૮
અજીર્ણમાં હિતકર ઔષધકલ્પના ... ,,
લાંબું આયુષ મેળવાય તેવું સંશોધન કરવું... ૩૦૯

વેદનાધ્યાય : અધ્યાય ૨૫ મો ,,

વૃદ્ધજીવકનો કશ્યપને પ્રશ્ન ... ૩૧૦
કશ્યપનો ઉત્તર ... ... ,,

શિરઃશૂલવેદના અને તેનાં લક્ષણો... ... ૩૧૦
કર્ણવેદના અને તેનાં લક્ષણો ... „
બાળકના મુખરોગનાં લક્ષણો ... ... „
કંઠવેદનાનાં લક્ષણો ... ... „
અધિજિહ્વિકા રોગ ... ... „
ગ્રહરોગનાં લક્ષણો ... ... „
બાળકના જ્વરનાં પૂર્વ લક્ષણો... ... ૩૧૧
બાળકના અતિસારનાં પૂર્વ લક્ષણો ... „
બાળકના ઉદરશૂલરોગનાં લક્ષણો ... „
ઊલટીનાં પૂર્વ લક્ષણો ... ... „
બાળકના શ્વાસરોગ તથા હેડકીનાં પૂર્વ લક્ષણો „
તરશના રોગથી પીડાયેલાનાં લક્ષણો ... „
આફરાના રોગવાળાં બાળકનાં લક્ષણો ... „
વાઈ તથા ઉન્માદનું રોગી બાળક... ... ૩૧૨
મૂત્રકૃચ્છ્રનું રોગી બાળક ... ... „
બાળકના પ્રમેહ રોગનાં લક્ષણો ... ... „
બાળકના અર્શસ્ રોગનાં લક્ષણો... ... „
બાળકના અશ્મરીરોગનું લક્ષણ ... ... „
બાળકના રતવાના રોગનાં પૂર્વ લક્ષણો ... „
બાળકની વિસૂચિકાનાં લક્ષણો... ... „
બાળકના અલસક રોગનાં લક્ષણો ... „
બાળકના નેત્રરોગનાં લક્ષણો ૩૧૪
બાળકનો સૂકી અને ભીની ચેળનો રોગ ... „
આમદોષનાં પૂર્વરૂપો ... ... „
બાળકના પાંડુ રોગનાં લક્ષણો ... „
બાળકના મદાત્યય રોગનાં લક્ષણો ... „
બાળકના પીનસરોગનાં તથા ઉરોઘાતનાં લક્ષણો „
બાળકને થતા જંતુ—દંશનાં લક્ષણો ... ૩૧૫
બાળકના ગ્રહરોગનાં લક્ષણો ... ... „
બાળકના અસાધ્ય રોગો મટે નહિ ... ૩૧૭
બાળકોની વિવિધ વેદનાઓ ... ... „
તે તે રોગોની ચિકિત્સા ચિકિત્સિત સ્થાનમાં જોવી „

ચિકિત્સાસંપદીય : અધ્યાય ૨૬ મો „

ઔષધસંપત્ અથવા ઔષધના ગુણો ... ૩૧૮
આતુરસંપત્ અથવા રોગીના ગુણો ... ૩૧૯
પરિચારકના—સેવકના ગુણો ૩૨૦

રોગાધ્યાય : અધ્યાય ૨૭ મો ૩૨૨

રોગોની સંખ્યા પરત્વે જુદા જુદા મતો ... „
નિદાન આદિના તથા ચિકિત્સાના વિસ્તાર ઉપરથી અસંખ્ય રોગો ... ... „
દુઃખ એટલે વ્યાધિ અને સુખ એટલે સ્વાસ્થ્ય ૩૨૩
ચિકિત્સાનું પ્રયોજન ... ... „
રોગોની બે પ્રકારની પ્રકૃતિ... ... ૩૨૪
આગન્તુ તથા નિજ રોગોનાં કારણો ... „
વાતાદિ દોષોનાં શરીરમાં સ્થાનો તથા કર્મો „
કફ, પિત્ત અને વાયુનાં વિશેષ સ્થાનો „
આગન્તુ અને નિજ રોગોમાં રહેલ ભેદ ... ૩૨૫
આગન્તુ રોગની ચિકિત્સા નિજના જેવી જ કરવી „
ઓજસનું લક્ષણ ... ... „
ઓજસને વધારનાર સાધનો... ... ૩૨૬
વાતાદિ દોષોનું સમાન—વિષમપણું—સુખ—દુઃખનું કારણ ... ... „
અસંખ્ય રોગોમાંથી મોટા મોટા રોગો કહેવાની પ્રતિજ્ઞા ૩૨૭
વાતિક, પૈત્તિક તથા કફજ રોગોની ગણતરી „
એંશી વાતજ વિકારોનો નામથી નિર્દેશ ... „
વાયુનાં લક્ષણો તથા કર્મો ૩૩૦
પિત્તના ચાલીસ વિકારો ૩૩૧
પિત્તનાં પોતાનાં લક્ષણો ૩૩૨
પિત્તની સામાન્ય ચિકિત્સા ૩૩૩
કફના વીસ વિકારો ... ... „
કફનાં લક્ષણો અથવા કફનું સ્વરૂપ ... ૩૩૪
કફના વિકારની સામાન્ય ચિકિત્સા ... ૩૩૫
વાતનાશન ચિકિત્સામાં અનુવાસનની શ્રેષ્ઠતા „
પિત્તનાશક ચિકિત્સામાં વિરેચનની તથા કફનાશન ચિકિત્સામાં વમનની શ્રેષ્ઠતા „
ચિકિત્સિતસ્થાનમાં કહેવાનારા રોગો ... „
ઉપદ્રવનું લક્ષણ ૩૩૬
ઉપદ્રવોની ચિકિત્સા ... ... „
પિત્તજ તથા રકતજ રોગનાં એક જ નિદાન ૩૩૭
વિકૃત લોહીથી થતા રોગો ૩૩૮
ઉપર રહેલા રકતજ રોગોની ચિકિત્સા ... „
બાળકની ચિકિત્સા સંબંધે ભગવાન કશ્યપનો અભિપ્રાય ૩૩૯

લક્ષણાધ્યાય : અધ્યાય ૨૮ મો „

બાળકોનાં શુભ—અશુભ લક્ષણો જાણવા વૃદ્ધજીવકના પાંચ પ્રશ્નો ... „
ભગવાન કશ્યપનું કથન ૩૪૦
સત્ત્વના ત્રણ ભેદો ૩૪૮
આ ત્રણ સત્ત્વના પ્રત્યેકના વધુ ભેદો ... „
બ્રાહ્મસત્ત્વનું લક્ષણ ... ... „
પ્રાજાપત્ય સત્ત્વનું લક્ષણ ... ... „
આર્ષસત્ત્વનું લક્ષણ ૩૪૯
ઐંદ્રસત્ત્વનું લક્ષણ ... ... „

ચામ્ય સત્ત્વનું લક્ષણ ૩૪૯
વારુણસત્ત્વનું લક્ષણ ૩૫૦
કૌબેરસત્ત્વનું લક્ષણ ... ... „
ગાન્ધર્વ સત્ત્વનું લક્ષણ ૩૫૧
બીજા પણ શુભ ને સાત્ત્વિક ભાવો જાણવા „
શુદ્ધ સત્ત્વનું સામાન્ય લક્ષણ ... ... „
રાજસ સત્ત્વના ભેદ : આસુરસત્ત્વ ... „
રાક્ષસસત્ત્વ ૩૫૨
પૈશાચસત્ત્વ ... ... „
સાર્પસત્ત્વનું લક્ષણ ... ... „
યાક્ષસત્ત્વનું લક્ષણ ૩૫૩
ભૂતસત્ત્વનું લક્ષણ ... ... „
શાકુનસત્ત્વનું લક્ષણ ... ... „
રાજસ સત્ત્વનો ઉપસંહાર ૩૫૪
તામસ સત્ત્વના ભેદો : પાશવ સત્ત્વ ... „
માત્સ્યસત્ત્વનું લક્ષણ ... ... „
વાનસ્પત્યનું લક્ષણ ૩૫૫
ત્રણે તામસ સત્ત્વના કથનનો ઉપસંહાર ... „
સત્ત્વ, રજસ અને તમસનાં લક્ષણો ... „
ગુણો અનુસાર ફલભાગ ૩૫૬
કેવી ધાત્રી પ્રશસ્ય અને અપ્રશસ્ય હોય?... „
બાળકના જીવિતમાં કારણ ધાત્રી ... „
હરકોઈ શરીરના નવ સાર ... ... „
ત્વક્સાર બાળકનું લક્ષણ ... ... „

૩: વિમાનસ્થાન

કર્ણાવેજ્યાવશ્રીવન વિમાન : અધ્યાય ૧ લો ૩૬૧
શિષ્યોપક્રમણીય વિમાન : અધ્યાય ૨ જો „
શિષ્યના ગુણો ૩૬૪
ગુરુ—આચાર્યના ગુણો ૩૬૫
શિષ્યને ગુરુનો ઉપદેશ ૩૬૬
ગુરુ પાસે અધ્યયન કરવાની વિધિ ... ૩૬૯
અભ્યાસ કરી વૈદ્ય બનેલાનું કર્તવ્ય ... ૩૭૧
બીજા વૈદ્ય સાથે વૈદ્યે કેમ વર્તવું? ... ૩૭૨
પ્રતિવાદી સામેના વિવાદનો પ્રકાર ... ૩૭૩

૪: શારીરસ્થાન

અધ્યાય ? ૩૮૫
અસમાનગોત્રીય શારીર : અધ્યાય ૨ જો ૩૯૪
ગર્ભાશયમાં પ્રવેશેલી બીજધાતુનું પ્રથમનું રૂપાંતર ૩૯૫
ત્રીજા અને ચોથા મહિનામાં ગર્ભની થતી અવસ્થા ૩૯૬
પાંચમા મહિનામાં સગર્ભાની સ્થિતિ ... ૩૯૭
પાંચમા અને છઠ્ઠા મહિનામાં સગર્ભાની સ્થિતિ „
સાતમા મહિનામાં સગર્ભાની વધુ ગ્લાનિ... ૩૯૭
આઠમા મહિનામાં સગર્ભાની સ્થિતિ ... ૩૯૮
નવમા વગેરે મહિનામાં ગર્ભજન્મની યોગ્યતા
ગર્ભાવક્રાંતિશારીર : અધ્યાય ૩ જો ૩૯૯
વૃદ્ધજીવક—ભગવાન કશ્યપના પ્રશ્નોત્તરો... ૪૦૦
શરીર—વિચયશારીર : અધ્યાય ૪ થો ૪૦૭
પ્રાણનાં દશ જ સ્થાનો ૪૦૯
કોઠાનાં ૧૩ અંગો ૪૧૦
૮૭ પ્રત્યંગોની ગણતરી ... ... „
સૂક્ષ્મ તથા મોટા બે પ્રકારના સ્રોતો ... ૪૧૧
હૃદયમાંથી નીકળતી ૧૦ મુખ્ય શિરાઓ ... ૪૧૨
ઘર અને શરીરની સરખામણી... ... ૪૧૩
રૂંવાડાંનાં છિદ્રોની સંખ્યા તથા શરીરમાં
રહેલા પ્રવાહીનું માપ... ... „
શરીરમાં રહેલ મજ્જા વગેરેનું માપ ... ૪૧૪
વીર્યપ્રવૃત્તિનો કાળ અને મહાભૂતોનો
અન્યોન્યાશ્રય ૪૧૫
શરીરવિચય—શારીરની સમાપ્તિ ... „
જાતિસૂત્રીયશારીર : અધ્યાય ૫ મો ૪૧૬
ગર્ભાધાન યોગ્ય કાળ ૪૧૭
અયોગ્ય—યોગ્ય કાળે રહેલા ગર્ભ સંબંધે ... ૪૧૮
પુત્ર અને પુત્રીની ઉત્પત્તિ થાય તે રાત્રિઓ ૪૨૧
રજોદર્શન પછીના ચોથા દિવસે મૈથુનની વિધિ „
ઋતુકાળે મૈથુનની પહેલાંનું અને પછીનું કર્તવ્ય ૪૨૨
ઉત્તમ સંતતિને ઇચ્છતી સ્ત્રીએ સેવવાનાં દ્રવ્યો ૪૨૪
આહારના ચાર પ્રકારો અને રોગ પરત્વે તેનો પ્રયોગ ૪૨૬
સગર્ભા સ્ત્રીના સંબંધે આચાર—વ્યવહાર ... ૪૨૮
ગર્ભિણી માટેનાં ઘર વગેરે સંબંધે સૂચન ... ૪૨૯
જેનો પ્રસવકાળ નજીક હોય તે ગર્ભનાં લક્ષણો... „
પ્રસવ કરાવનારી સુયાણી સ્ત્રીઓનું કર્તવ્ય... ૪૩૧
પ્રસવ પહેલાંના કાળના સ્રાવના રંગ ઉપરથી ...
પુત્ર કે પુત્રીનો પ્રસવ કહી શકાય... „
પ્રસવ પછીના કાળના સ્રાવની પરીક્ષા ... „
ગર્ભની સ્થિતિ તરફ ધ્યાન આપી સગર્ભાએ વર્તવું „
પ્રસવની વેદનાઓને અનુસરી જન્મની પરીક્ષા „
પ્રસવની વેદનાઓ વિશેષ હોય તો કરવાના ઉપચારો ૪૩૨
(કશ્યપમતે) પ્રસવકાળે સ્ત્રીએ અવશ્ય ત્યજવા જેવું „
પ્રસવકાળ એ સ્ત્રી માટે અતિ ભયંકર છે ... „
અર્થાત્ પ્રસવકાળે સ્ત્રીને વ્યાયામ આદિ
હિતકર ન થાય ... ... „
સગર્ભાએ કંટાળ્યા વિના શરમ છોડીને પ્રસવ કરવો ૪૩૩
પ્રસવકાળ થયા છતાં પ્રસવમાં વિલંબ થાય તો
તે માટેના ઉપાયો ... ... „

અતિશય દુર્બલ સગર્ભા સ્ત્રીને પ્રસવકાળે શું પાવું? ૪૩૪
પ્રસવની તૈયારી વેળાનું કર્તવ્ય ... ,,

૫ : ઇન્દ્રિયસ્થાન

ઔષધભેષજેન્દ્રિય : અધ્યાય ૧ લો ... ૪૩૯
ચિકિત્સાના બે પ્રકાર ... ... ,,
ઔષધ તથા ભેષજનું લક્ષણ ૪૪૦
ઉપર્યુકત બંને ચિકિત્સા નિષ્ફળ થવાથી મરણ ,,
એક મહિનાનું જીવન સૂચવતું અરિષ્ટ ... ,,
અર્ધા મહિનાનું જીવન સૂચવતું અનિષ્ટ લક્ષણ ,,
આવી સ્ત્રીને કાલરાત્રિ જાણવી... ... ૪૪૧
સ્કંદગ્રહનું ભય સૂચવતું અશુભ સ્વપ્ન ... ,,
સ્કંદાપસ્માર ગૃહના ભયને સૂચવતું અશુભ સ્વપ્ન ,,
સ્કંદના પિતા શંકરથી થતા ભયને
સૂચવતું અશુભ સ્વપ્ન... ... ,,
પુંડરીક ગ્રહના ભયને સૂચવતું અશુભ સ્વપ્ન ,,
રેવતી નામના બાલગ્રહના ભયને સૂચવતું અશુભ
સ્વપ્ન ૪૪૨
શુષ્ક રેવતી તથા શકુનિગ્રહના ભયને
સૂચવતું સ્વપ્ન ... ... ,,
મુખમંડિકા નામના બાલગ્રહથી બાલકનું
મરણ સૂચવતું અશુભ સ્વપ્ન ... ,,
પૂતના નામના બાલગ્રહથી ભયને સૂચવતું સ્વપ્ન ,,
નૈગમેષી ગ્રહના ભયને પણ ઉપર્યુકત સ્વપ્ન સૂચવે ,,
વિષ અને જ્વર દ્વારા બાળકના મૃત્યુને
સૂચવતાં અશુભ સ્વપ્નો ... ,,
દશ પ્રકારનાં નિષ્ફળ સ્વપ્નો ૪૪૩
ફલવાળાં કે સાચાં સ્વપ્નો ૪૪૪
શુભ ફલદાયક સ્વપ્નો ૪૪૫
ઉપર્યુકત ઉત્તમ સ્વપ્નોથી થતો લાભ ... ,,
અશુભ સ્વપ્નોના ફલનું વારણ કરવાના ઉપાયો ૪૪૬
છેલ્લો સત્ય ઉપદેશ ૪૪૭

૬ : ચિકિત્સિતસ્થાન

જ્વરચિકિત્સિત : અધ્યાય ૧ લો... ... ૪૪૮
વૃદ્ધજીવકનો કશ્યપને પ્રશ્ન ... ... ,,
વૃદ્ધજીવકના પ્રશ્નો (ચાલુ)... ... ૪૪૯
ગર્ભિણીચિકિત્સિત : અધ્યાય ૨ જો ૪૫૭
પેટમાં થતી વાઢની ચિકિત્સા ... ... ,,
પ્રવાહિકા રોગની ચિકિત્સા ... ... ,,
શોથ—રોગ સોજાની ચિકિત્સા ૪૫૮
કામલારોગ—કમળાની ચિકિત્સા ... ,,
હૃદયરોગનું ઔષધ ... ... ,,
ત્વચાગત વાતરોગની ચિકિત્સા... ... ૪૫૮
ઊર્ધ્વવાત રોગની ચિકિત્સા ... ... ,,
હેડકી તથા શ્વાસરોગની ચિકિત્સા ... ,,
જઠરાગ્નિદીપન ઔષધ ... ... ,,
ગર્ભિણીના સદાચાર ... ... ,,
દુષ્પ્રજાતા—ચિકિત્સિત : અધ્યાય ૩ જો ૪૬૦
દુષ્પ્રજાતાના રોગો અને તેની ચિકિત્સા ... ૪૬૧
દુષ્પ્રજાતાના વાયુનું શમન કરનારી ચિકિત્સા ,,
સૂતિકાને રોગો થવાનાં બીજાં પણ કારણો ... ,,
કસુવાવડ થયેલી સ્ત્રીને થતા રોગોનાં નામ ,,
ઉપરના સર્વ સૂતિકા રોગની ચિકિત્સા ... ૪૬૩
ત્રણ જ રાતમાં સૂતિકારોગને મટાડનાર
ઉપર્યુકત ઔષધોના કલ્કનો ક્વાથ ... ,,
બાલગ્રહ—ચિકિત્સિત : અધ્યાય ૪ થો ૪૬૪
બાલગ્રહ—રેવતીની પ્રાર્થના ... ... ,,
બાલગ્રહ—રેવતીનાં ૨૦ નામો... ... ૪૬૬
રેવતીની પૂજા કરનારા નિર્ભય હોય ... ૪૬૭
ઉપર્યુકત ૨૦ નામોના જપથી પ્રજાવૃદ્ધિ થાય ,,
કાર્તિકેયનું રેવતીને વરદાન ... ... ,,
કાર્તિકેયનાં વરદાનો (ચાલુ) ... ... ,,
કાર્તિકેયનાં વરદાનો (ચાલુ) ... ... ,,
ઉપર્યુકત વરદાનને લીધે રેવતી સદા પૂજ્ય છે ,,
ષષ્ઠીને પૂજનાર લોકમાં સુખી થાય ... ,,
રેવતીનાં મુખ્ય કર્મો ચિકિત્સા કહેવાની પ્રતિજ્ઞા ,,
રેવતીના વળગાડમાં લગભગ થતા રોગો ... ૪૬૮
રેવતીની સામાન્ય ચિકિત્સા ... ... ,,
રેવતી ગ્રહના વળગાડ ઉપર સિંચનક્રિયા ... ,,
રેવતીના વળગાડમાં કરવાનું અભ્યંગ ... ૪૬૯
રેવતીના વળગાડમાં હિતકારી ઔષધ—પકવ ક્ષીરપાત ,,
ઉપર્યુકત ઔષધ પકવ ઘૃતના સેવનથી થતા ફાયદા ,,
રેવતીનો વળગાડ દૂર કરનાર ખાસ પ્રયોગ ,,
રેવતી—ગ્રહના ઉપદ્રવોને શમાવનાર
ઔષધધારણ યોગ ... ... ,,
બાલગ્રહ—પૂતનાની ચિકિત્સા ... ... ,,
પૂતના ગ્રહની ઉત્પત્તિ ૪૭૦
પૂતના(ગ્રહ)ની ચિકિત્સા ... ... ,,
પૂતનાગ્રસ્ત બાળકને કરવાનું અભ્યંજન—માલિશ ,,
પૂતના—ગ્રહનું શમન કરનાર પિપ્પલ્યાદિઘૃત ૪૭૧
પૂતનાનો વળગાડ શમાવનાર ધૂપયોગ ... ,,
પૂતનાના વળગાડમાં ધારણ કરવાનો દ્રવ્યયુકત દોરો ,,
ઉપર્યુકત ચિકિત્સાઓથી હરકોઈ પૂતનાજનિત
રોગ દૂર કરી શકાય ... ... ,,
બાલગ્રહ અંધપૂતના તથા શીતપૂતનાની ચિકિત્સા ૪૭૨

શીતપૂતનાની બીજી ચિકિત્સા... ... ૪૭૨
કટપૂતનાની ચિકિત્સા ... ... ,,
અંધપૂતનાની ચિકિત્સા ૪૭૩
મુખમંડિકા—બાલગ્રહની ઉત્પત્તિકથા ... ૪૭૪
મુખમંડિકાની ચિકિત્સા ૪૭૫
મુખમંડિકાના વળગાડમાં હિતકર લઘુપંચ-
મૂલાદિ પક્વ ઘૃતયોગ... ... ,,
મુખમંડિકા વારણ, ધૂપન તથા સર્પાદિની જિહ્વા
આદિનું ધારણ ૪૭૬
(બાલગ્રહ) શીતપૂતનાની ચિકિત્સા ... ,,
શીતપૂતનાનો વળગાડ છોડાવનાર ઘી ... ૪૭૭
શીતપૂતનાનો વળગાડ છોડાવનાર ધૂપ ... ,,
સર્વ બાલગ્રહોની સામાન્ય ચિકિત્સા ,,

પ્લીહા—હલીમક—ચિકિત્સિત : અધ્યાય ૫ મો ૪૭૮

હલીમકનું લક્ષણ ... ... ,,
પૈત્તિક અથવા પિત્તજનિત હલીમક રોગની
ચિકિત્સા ... ... ,,
પૈત્તિક હલીમકમાં આવી પણ ચિકિત્સા થાય ૪૭૯
વાતહલીમક રોગની ચિકિત્સા ... ... ,,

ઉદાવર્ત—ચિકિત્સિત : અધ્યાય ૬ ઠ્ઠો ૪૮૩

ઉદાવર્તનાં પૂર્વરૂપો, લક્ષણો વગેરે ... ,,
ઉદાવર્તની ચિકિત્સા ૪૮૬

રાજયક્ષ્મા—ચિકિત્સિત : અધ્યાય ૭ મો ૪૮૮

૧૨ વર્ષના જૂના ક્ષયરોગની ચિકિત્સા ... ૪૮૯
ક્ષીરપરિપક્વ ૧૦૦ પીપરનો પ્રયોગ ... ,,
ઉપર કહેલ પિપ્પલીવર્ધમાન તથા
પિપ્પલીક્ષીરના પ્રયોગ વિષે ... ,,
ક્ષયરોગને મટાડનાર નાગબલા પ્રયોગ ... ,,
નાગબલા જેવો જ બીજો પ્રયોગ ... ૪૯૦
ક્ષયનાશક આ જ રસાયન ... ... ,,
હરકોઈ કફજનિત રોગનાશક અભયારિષ્ટ યોગ ,,
ક્ષયરોગમાં કરવાનું ઉદ્વર્તન—ઉબટણ ... ૪૯૧
ક્ષયરોગનો નાશ કરનાર ઈન્દ્રાણીઘૃત ... ,,
ક્ષયરોગને મટાડનાર લસણનો પ્રયોગ ... ,,
બધા રોગોને મટાડનાર દ્રાક્ષાઘૃત અને પીલુઘૃત ૪૯૨
ક્ષયરોગને મટાડનાર બીજા ઉપાયો ... ,,
ક્ષયરોગના ઉપદ્રવની ચિકિત્સા કરાય . ,,

ગુલ્મ—ચિકિત્સિત : અધ્યાય ૮ મો ૪૯૩

ગુલ્મરોગની સંખ્યા તથા તેઓનાં સ્થાનો ... ,,
ગુલ્મરોગનાં સામાન્ય નિદાનો તથા સંપ્રાપ્તિ ,,
વાતગુલ્મનાં વિશેષ નિદાનો ૪૯૪
ગુલ્મરોગનાં પૂર્વરૂપો ૪૯૫
વાતજગુલ્મનાં લક્ષણો ૪૯૬
પિત્તજગુલ્મનાં લક્ષણો ૪૯૭
કફજનિતગુલ્મનાં લક્ષણો ... ... ,,
સાંનિપાતિકગુલ્મનાં લક્ષણો ૪૯૮
રક્તગુલ્મ સ્ત્રીઓને જ થાય ... ... ,,
રક્તગુલ્મનાં નિદાનો તથા સંપ્રાપ્તિ ... ,,
રક્તગુલ્મનું લક્ષણ ૪૯૯
ગુલ્મનું સ્વરૂપ તથા તેની સાધ્યતા—અસાધ્યતા ,,
વાત—ગુલ્મરોગીની પ્રાથમિક ચિકિત્સા ... ૫૦૦
વાતગુલ્મની ખાસ ચિકિત્સા 'દશાંગઘૃત' નો પ્રયોગ ,,
વાતગુલ્મવિનાશક ષટ્પલ ઘૃતયોગ ... ,,
વાતગુલ્મને મટાડનાર 'શૈશુક' ઘૃતયોગ ... ૫૦૧
ગુલ્મરોગમાં હિતકારી એરંડતૈલ... ... ,,
ઉપર્યુક્ત વિરેચન પછી આપવાનું ભોજન... ,,
વાતગુલ્મ, ઉદાવર્ત તથા બરોળનું શૂળ મટાડનારી પેયા ,,
વાતગુલ્મમાં પથ્ય ખોરાક ૫૦૨
એમ સ્નેહન કર્યા છતાં વાતગુલ્મ ન મટે તો ,,

કુષ્ઠ—ચિકિત્સિત : અધ્યાય ૯ મો ૫૦૫

કુષ્ઠોનાં પૂર્વરૂપો ... ... ,,
કોઢની ઉત્પત્તિનાં કારણો, લક્ષણો, ભેદો ... ૫૦૬

મૂત્રકૃચ્છ્ર—ચિકિત્સિત : અધ્યાય ૧૦ મો ૫૧૮

મૂત્રકૃચ્છ્રનું નિદાન તથા સંપ્રાપ્તિ ... ,,
વાતિક મૂત્રકૃચ્છ્રનું લક્ષણ ૫૧૯
પિત્તજનિત મૂત્રકૃચ્છ્રનું લક્ષણ... ... ,,
કફજનિત મૂત્રકૃચ્છ્રનાં લક્ષણો ... ,,
દ્વિદોષજ સાંનિપાતિક મૂત્રકૃચ્છ્રનાં લક્ષણો ... ૫૨૦
સાંનિપાતિક મૂત્રકૃચ્છ્રમાં થતા ઉપદ્રવો ... ,,
મૂત્રકૃચ્છ્ર તથા પ્રમેહમાં તફાવત ... ૫૨૧
રક્તજ મૂત્રકૃચ્છ્રની ચિકિત્સા ૫૨૨
મૂત્રકૃચ્છ્રને મટાડનાર લેહ ... ... ,,
મૂત્રકૃચ્છ્રનાશક રસ ... ... ,,
મૂત્રકૃચ્છ્રને મટાડનાર યવાગૂ ... ... ,,
ઉપર કહેલ ઔષધોનો લેહ ... ... ,,
લઘુપંચમૂલાદિ રસયોગ ... ... ,,
શર્કરા, પથરી તથા મૂત્રકૃચ્છ્રનાં લક્ષણોની તુલના ૫૨૩
અશ્મરી તથા શર્કરાનાં લક્ષણો ... ,,
અશ્મરીને બહાર કાઢવી નહિ પણ ઔષધ
ઉપચારથી ઓગાળી દેવી ... ૫૨૪

દ્વિવ્રણીય—ચિકિત્સિત : અધ્યાય ૧૧ મો ,,

વૃદ્ધજીવકનો પ્રશ્ન અને પ્રજાપતિ
કશ્યપનો પ્રત્યુત્તર ૫૨૫

બે વ્રણો અને તેઓના ભેદોના કથનપૂર્વક ચિકિત્સાસૂચન ૫૨૫
વાતિક, પૈત્તિક, કફજ તથા દ્વિદોષજ સંસૃષ્ટ વ્રણનાં લક્ષણો ... ,,
વ્રણને પાટો બાંધી જ રાખવો... ... ૫૩૦
વ્રણ ઉપરના મધ્યમ બંધની પ્રશંસા ... ,,
વ્રણ પરના યોગ્ય બંધનથી થતા ફાયદા ... ,,
કયા વ્રણને બાંધવો નહિ? ૫૩૧
વ્રણને શુદ્ધ કરનાર તથા રુઝવનાર કલ્ક... ,,
વ્રણ—શોધન તથા રોપણ માટે રસક્રિયા તથા નિર્વાપણ પ્રયોગ... ... ,,
વ્રણને રુઝવનાર કલ્ક ૫૩૨
વ્રણરોપણ તેલ ... ... ,,
પાકતા તથા પાકી ગયેલા વ્રણનું લક્ષણ ... ,,
મર્મસ્થાનમાં થયેલ વ્રણની ઉપેક્ષા કરી આ ચિકિત્સા કરવી ... ... ,,
મર્મસ્થાનમાં નહિ થયેલ વ્રણની ચિકિત્સા... ,,
ચીરેલા વ્રણ પર લગાડવાનો લેપયોગ ... ૫૩૩
વ્રણની ચામડીને સવર્ણ કરનારો લેપ ... ,,
વ્રણ રુઝાયા પછી ત્યાં રૂંવાડાં ઉગાડવાનો ઉપાય ,,
બાળકોની આઠ ફોલ્લીઓનાં નામો, રૂપો તથા ચિકિત્સા ... ... ,,
ઉપર્યુકત ફોલ્લીઓ કાચી હોય ત્યારે કરવાની ચિકિત્સા ૫૩૭
અરુંષિકાની ખાસ ચિકિત્સા ... ... ,,
અરુંષિકા પરની રસક્રિયા તથા મર્દન ... ,,
વેદનાયુકત અરુંષિકા પર કરવાનું ઉબટણ તથા લેપ ,,
લોહીથી ભરેલી અરુંષિકાને છેદી કરવાનો લેપ ૫૩૮
ઉપર કહેલી ચિકિત્સા નિષ્ફળ થાય તો રુધિરસ્રાવણ ,,
અરકીલિકા રોગની નિદાનપૂર્વકની સંપ્રાપ્તિ... ,,
ઉપર કહેલી અરકીલિકાની ચિકિત્સા ... ,,
અરકીલિકા અથવા હરકોઈ ત્વચારોગનાં નિદાનો ,,
અરકીલિકામાં પથ્ય ૫૩૯
બાળકના ક્ષતની ચિકિત્સા ... ... ,,
બાળકને થતી દાદર અને તેની ચિકિત્સા ... ,,
બાળક ભય પામી જાગી જાય તેનાં કારણ... ૫૪૦
ઉપર્યુકત બાલગ્રહે સ્પર્શ કરેલાની નિશાની... ,,
દુઃસહની પૂજાનો કાળ ૫૪૧
બાળકને થતા રોગનાં બીજાં પણ બાહ્ય કારણો ,,
ઉપર્યુકત બાલરોગનિવારણ માટેના ઉપચારો ,,
એ ઉપચારોથી પણ તે બાલરોગ ન મટે તો?... ,,
આ અધ્યાયનો ઉપસંહાર ... ... ,,

પ્રતિશ્યાય—ચિકિત્સિત : અધ્યાય ૧૨ મો ,,
પ્રતિશ્યાયના નિદાનપૂર્વકની સંપ્રાપ્તિ ... ,,
પ્રતિશ્યાયના ચાર ભેદો ૫૪૩
સાંનિપાતિક પ્રતિશ્યાયમાં વધુ વિશેષતા ... ૫૪૪
તે સાંનિપાતિક પ્રતિશ્યાયની ચિકિત્સા ... ,,
ત્રિદોષજ ઉપર્યુકત પ્રતિશ્યાયમાં વધુ ચિકિત્સા ,,
પ્રતિશ્યાયની સામાન્ય પ્રાથમિક ચિકિત્સા ... ૫૪૫
ઉપર્યુકત ચિકિત્સાથી ફાયદો ન થાય તો? ... ,,
પ્રતિશ્યાયનો સાદો ઉપાય ... ... ,,
પિપ્પલીવર્ધમાન યોગથી કે ગુડાભયાના પ્રયોગથી પણ પ્રતિશ્યાય મટે ... ... ,,
પ્રતિશ્યાયને મટાડનાર પટોલપત્ર ત્રિફલાયોગ ,,
પ્રતિશ્યાયને મટાડનાર સાદો પ્રયોગ ... ૫૪૬
ઉપર્યુકત પ્રતિશ્યાયની ચિકિત્સા નાના બાળકને હિતકારી છે ... ... ,,

ઉરોઘાત—ચિકિત્સિત : અધ્યાય ૧૩ મો ,,
ઉરોઘાતનાં નિદાન તથા ચાર ભેદો ... ,,
ઉરોઘાત કે ઉરઃક્ષતનાં વિશેષ લક્ષણો ... ૫૪૭
ઉરોઘાત ચિકિત્સા ... ... ,,
ત્રિદોષજ—સાંનિપાતિક ઉરોઘાતકની ચિકિત્સા ,,

શોફ—ચિકિત્સિત : અધ્યાય ૧૪ મો ૫૪૮

કૃમિ—ચિકિત્સિત : અધ્યાય ૧૫ મો ૫૫૨
કૃમિઓની ચિકિત્સા—વિડંગઘૃત... ... ,,
પેટના કૃમિરોગમાં પથ્થો ... ... ,,
બહારના કૃમિઓમાં પથ્ય ... ... ,,
કૃમિના રોગી માટે ઔષધપકવ દૂધ અમૃતરૂપ છે ૫૫૩
(પેટના) કૃમિઓના રોગીની બાહ્ય-ચિકિત્સા ,,

મદાત્યય—ચિકિત્સિત : અધ્યાય ૧૬ મો ૫૫૪
મદિરાપાનથી થતા રોગો ... ... ,,
પાનાત્યય રોગનું નિદાન ... ... ,,
પાનવિભ્રમ તથા પાનાપક્રમ (મદ્યજ) રોગો ,,
યુકિતપૂર્વકના મદ્યપાનથી થતા ગુણો ... ૫૫૫
આટલા રોગોમાં તો મદ્ય અમૃત જેવું જ છે ,,
અતિશય મદ્યપાન હાનિકારક છે ... ,,
મદાત્યય રોગની સંપ્રાપ્તિ ૫૫૬
મદાત્યય રોગનું લક્ષણ ... ... ,,
વાયુજનિત મદાત્યયનાં લક્ષણો... ... ,,
પિત્તજનિત મદાત્યયનાં લક્ષણો... ... ૫૫૭
કફજનિત અને સાંનિપાતિક મદાત્યયનાં લક્ષણો ,,
મદાત્યય રોગ લગભગ આમદોષથી થાય... ,,
લંઘનથી આમદોષ દૂર થતાં મદાત્યય મટે... ૫૫૮
મદાત્યયમાં આમના અતિશોષણથી જ ઉપર્યુકત લક્ષણો થાય... ... ,,

વિદગ્ધ મદાત્યયમાં શીતળ તર્પણ પ્રયોગ ... ૫૫૮
જે મદ્યથી મદાત્યય રોગ થયો હોય તે જ મદ્ય તેનું ઔષધ બને... ... ,,
મદાત્યયમાં હિતકર તર્પણયોગ... ... ૫૫૯
ઉપર્યુકત તર્પણની ઓળખ ... ... ,,
અથવા મદાત્યયમાં હિતકર પાડવપ્રયોગ ... ,,
મદાત્યયમાં હિતકર જાંગલ-માંસપ્રયોગો ... ,,
પોઈની ભાજી તથા અવક્ષીરી પણ મદાત્યયમાં આપી શકાય ... ... ,,
મદાત્યયના રોગીને હિતકર આપવું ... ,,
મદાત્યય રોગમાં અપથ્યો ૫૬૦
પિત્તજનિત મદાત્યયની વિશેષ ચિકિત્સા ... ,,
તરશ, ઊલટી વગેરેને મટાડનાર લોધ્રાદિરસયોગ ,,
વાત—પિત્ત—પ્રધાન મદાત્યયનાશક લામજ્જકાદિ પ્રયોગ... ... ૫૬૧
બીજાં લોકપ્રસિદ્ધ પાનકોનો પણ મદાત્યયમાં પ્રયોગ ,,
મદાત્યયમાં દોષાનુસાર સંશોધન પણ જરૂરી ,,
મદ્ય સાથે નસોતરનું ચૂર્ણ સંશોધનરૂપે અપાય ,,
મદાત્યયમાં વિસર્પ તથા દાહયુકત જ્વરની ચિકિત્સા પણ કરાય ... ... ,,

ફક્ક—ચિકિત્સિત : અધ્યાય ૧૭ મો ,,

'ફક્ક' રોગની ઓળખ ... ... ,,
કેવા બાળકને ફક્ક રોગ થાય છે ... ૫૬૨
ફક્ક રોગમાં સંશોધન હિતકારી થાય ... ,,
માણસો વધુ મૂંગા તથા બહેરા હોય તેનાં કારણ ,,
'ફક્ક'રોગના ત્રણ પ્રકારો પૈકી ક્ષીરજ કહ્યો ,,
ગર્ભજ ફક્કરોગ ૫૬૩
ત્રીજા વ્યાધિજ ફક્કરોગનાં લક્ષણો ... ,,
ફક્કરોગની ચિકિત્સા ૫૬૪
ફક્ક ચિકિત્સા (ચાલુ) ... ... ,,
ફક્ક ચિકિત્સા (ચાલુ) ... ... ,,
બધા રોગોને મટાડનાર રાસ્નાદિ ઘૃત રાસ્નાદિતૈલ કે રાસ્નાદિયકવ ક્ષીરયોગ ૫૬૫
ફક્ક રોગમાં હિતકર ગોમૂત્રયુકત દૂધનો પ્રયોગ ,,
ફક્ક રોગનાશક રાજતૈલ પ્રયોગ ... ,,
ઉપર્યુકત ચિકિત્સા ઉપરાંત ફક્કરોગી માટે 'ફક્કરથ' કરાવવો ... ... ,,
વાતરોગી બાળકોને હિતકર ચિકિત્સા ... ,,

ધાત્રી—ચિકિત્સિત : અધ્યાય ૧૮ મો ૫૬૬

વૃદ્ધજીવકની ધાત્રીચિકિત્સા વિષેની જિજ્ઞાસા ,,
શ્રી કશ્યપનો પ્રત્યુત્તર ... ... ,,
ધાત્રીના ત્રણ પ્રકારો ... ... ,,
શરીરના અગ્નિ પ્રમાણે આરોગ્ય વગેરે ... ૫૬૭
તીક્ષ્ણ તથા મંદ જઠરાગ્નિની અને વિષમાગ્નિની ચિકિત્સા ... ... ,,
ક્ષારનું સેવન ધાત્રીએ કે કોઈએ પણ વધુ ન કરવું ,,
ધાત્રીઓને હિતકર—પથ્યો ૫૬૮
મેદસ્વી ધાત્રીની વધુ ચિકિત્સા ... ,,
બલાતૈલ નિર્માણ—વિધાન ... ... ,,
ઉપર્યુકત બલા તૈલના ઉપયોગથી કયા રોગો મટે? ૫૬૯
રાસ્નાતૈલ અને તેનો ઉપયોગ... ... ૫૭૦
શતાવરી આદિનાં તેલ પણ બધા તૈલ પ્રમાણે બનાવાય ... ... ,,
કાંટાસેરિયાના તેલની બનાવટમાં વિશેષતા ,,
અરડૂસાના તૈલની બનાવટમાં વિશેષતા ... ,,
કોઠનું તેલ બનાવવામાં વિશેષતા ... ,,
શતપુષ્પાતેલમાં વિશેષતા ... ... ,,
વાતવ્યાધિમાં ફાયદો કરતું મીનતૈલ ૫૭૧
એ જ પ્રમાણે બલાકાતૈલ આદિ બનાવાય... ,,
કોઠના તૈલના ગુણો ... ... ,,
સ્ત્રીઓએ કપિત્થતૈલ ખાસ વાપરવું ... ,,
સહકારતૈલ અને તેના ગુણો ... ... ,,
ધાત્રીઓ માટેની બાકીની ચિકિત્સા ... ,,
ધાત્રીઓને અજીર્ણથી ઘણા રોગો થાય ... ૫૭૨
ઉપર્યુકત રોગોથી બચવા ધાત્રીએ હિતકારક અને માપસર ખોરાક લેવો ... ,,
કાશ્યપનો વધુ ઉપદેશ ... ... ,,
બાલચિકિત્સાની કઠિનતા ... ... ,,
બાલચિકિત્સક દુ:ખી હોય ૫૭૩
ધાત્રી પણ કાયમ દુ:ખી હોય છે ... ,,
બાળકના દુ:ખનું વારણ ધાત્રીને અધીન... ,,

૭ : સિદ્ધિસ્થાન

રાજપુત્રીયા સિદ્ધિ : અધ્યાય ૧ લો ૫૭૫

બસ્તિકર્મ સંબંધે વૃદ્ધજીવકના પ્રશ્નો ... ,,
કશ્યપના પ્રત્યુત્તર ... ... ,,
બસ્તિકર્મની ઉત્તમતા અને ગંભીરતા ... ૫૭૬
બસ્તિકર્મ સંબંધે આચાર્યોના મતભેદ ... ,,
બસ્તિકર્મ સંબંધે પુનર્વસુ આત્રેયનો અભિપ્રાય ,,
કોઈક બાળકને એક વર્ષે બસ્તિપ્રયોગની યોગ્યતા કહે છે ... ... ,,
પારાશર્યનો અભિપ્રાય ૫૭૭
ભેલ આચાર્યનો મત ... ... ,,
એકાંતરે જ બસ્તિ દેવાય ૫૭૮
ધાતુઓ સમાન હોય તેને જ બસ્તિ આપવી ૫૭૯

ધાતુઓની વિષમતામાં નિરૂહબસ્તિ દેવી ... ૫૭૯
આસ્થાપન...નિરૂહ દેવાના સમયે ન આપવાથી નુકસાન ... ... ,,
નિરૂહબસ્તિના સમ્યગ્—યોગનું લક્ષણ ... ,,
નિરૂહના સમ્યગ્—યોગનું ફળ ૫૮૦
આસ્થાપન—નિરૂહનો વધુ ફાયદો ... ... ,,
અનુવાસન તથા નિરૂહવિધિની સમાનતા ... ,,
સમ્યક્પ્રયુક્ત નિરૂહ પછી સ્નાન કરવું ... ,,
નિરૂહબસ્તિ કયા રોગીને આપવી? ... ,,
બસ્તિ માણસોનું બૃંહણ કરે ... ... ,,
બસ્તિકર્મ—ફલ—નિરૂપણ ૫૮૧
આવી વ્યક્તિઓને બસ્તિ અમૃત તુલ્ય છે... ,,
ત્રિલક્ષણા સિદ્ધિ : અધ્યાય ૨ જો ,,
પંચકર્મોમાં ત્રણ લક્ષણો જોવાની જરૂર ... ,,
સમ્યગ્યોગ યુકત પંચકર્મનાં ફળ ... ,,
વિરેચનકર્મથી થતા ફાયદા ૫૮૨
વમનકર્મથી થતા લાભ ... ... ,,
વમનકર્મના દુર્યોગ અથવા અયોગથી થતાં નુકસાન ,,
વમનકર્મના અતિયોગનાં લક્ષણો... ... ,,
વમનના અતિયોગની અસાધ્યતા સૂચવતા ઉપદ્રવો ,,
વિરેચનના સમ્યગ્યોગનાં લક્ષણો ... ૫૮૩
વિરેચનના દુર્યોગ કે અયોગનું લક્ષણો ... ,,
વિરેચનના અતિયોગનાં લક્ષણો... ... ,,
નસ્યકર્મ અથવા શિરોવિરેચનના બે પ્રકાર... ,,
નસ્યકર્મની પ્રશંસા અને તેના સમ્યગ્યોગનાં લક્ષણો ૫૮૪
શિરોવિરેચન—નસ્યના અતિયોગનાં લક્ષણ ... ,,
અનુવાસન બસ્તિના સમ્યગ્યોગનાં લક્ષણો... ૫૮૫
અનુવાસનબસ્તિના અતિયોગનાં લક્ષણો ... ,,
અનુવાસનના અયોગનાં લક્ષણો... ... ,,
નિરૂહબસ્તિ—આસ્થાપનના સમ્યગ્યોગનાં લક્ષણો ,,
નિરૂહ—આસ્થાપનના અયોગનાં લક્ષણો ... ૫૮૬
નિરૂહ—આસ્થાપનના અતિયોગનાં લક્ષણો ... ,,
બસ્તિનો ત્રીજો ભેદ—કર્મબસ્તિ... ... ,,
વમનવિરેચનીયા સિદ્ધિ : અધ્યાય ૩ જો ૫૮૭
વમનના વેગો સંબંધે આચાર્યોના અભિપ્રાય ૫૮૮
બાળક તથા ધાત્રી બેયનું શોધન જરૂરી ... ૫૯૨
બંનેના શોધન વિના રોગની શાંતિ ન થાય... ,,
બાળકોને આપોઆપ વમન થાય એ ઉત્તમ છે ૫૯૩
માતાના ધાવણ સાથે બાળકને ઔષધ દેવું... ,,
વિરેચનની વિધિનું વર્ણન ... ... ,,
વમન કે વિરેચનના આવેલા વેગો રોકવા નહિ ૫૯૫
બાળકોને સ્વેદન આપવા વિષે... ... ૫૯૬
વમન તથા વિરેચનનો અયોગ અને અતિયોગ થવાનાં કારણો ... ૫૯૬
વમનથી વિરેચન અને વિરેચનથી વમનરૂપ વિપર્યય ૫૯૮
વિરેચન ઔષધ વિષે જાણવા જેવું ... ૫૯૯
વમનના અતિયોગમાં વિરેચન ચાલુ થાય તો? ૬૦૧
વમનનો અતિયોગ કોઠના રસથી પણ મટે... ૬૦૨
વમનના અતિયોગને મટાડનાર ક્રોષ્ટ બીજો પ્રયોગ ,,
વમનના અતિયોગની શાંતિ માટે વધુ યોગો ,,
ઉપરના પ્રયોગોથી વિરેચનનો અતિયોગ મટે ,,
વાતજ શૂલને મટાડનાર પેયા પ્રયોગ ... ,,
નસ્યકર્મીયા સિદ્ધિ : અધ્યાય ૪ થો ,,
નસ્યના બે પ્રકારો ૬૦૩
શોધન નસ્યપ્રયોગો ... ... ,,
શોધન નસ્યપ્રયોગ (ચાલુ) ૬૦૪
નસ્યના નિષેધવાળી અવસ્થામાં નસ્ય આપવાથી થતા રોગો... ... ૬૦૫
નસ્યકર્મથી રોગીને વિભ્રમ થતાં પથ્યભોજન ૬૦૭
નસ્યકર્મમાં ધાવણાં બાળકોને કટુતૈલ કે સૈંધવયુકત ઘીનો પ્રયોગ સારો ... ૬૦૮
નસ્યકર્મ કર્યા પછી અપથ્યરૂપે ત્યજવા યોગ્ય ,,
ક્રિયાસિદ્ધિ : અધ્યાય ૫ મો ,,
ક્રિયાસિદ્ધિમાં વૈદ્યને સૂચના ... ... ,,
પંચકર્મ—ક્રિયાસિદ્ધિ માટે ત્યજવા યોગ્ય ... ૬૦૯
ઉપર કહેલાંનો ત્યાગ ન કરવાથી થતું નુકસાન ,,
વમનાદિ ક્રિયામાં અતિરમણ આદિથી થતા રોગો ૬૧૦
વમનાદિ ક્રિયા ચાલુ હોય ત્યારે ઊંચેથી બોલવાથી થતા રોગો... ... ,,
વમનાદિ ક્રિયા ચાલુ હોય ત્યારે વધુ પડતું ચાલવાથી થતા રોગો ... ૬૧૧
વમનાદિ--ચિકિત્સા ચાલુ હોય ત્યારે વધુ બેસી રહેવાથી થતા રોગો ... ... ,,
વમનાદિ ક્રિયામાં અસાત્મ્ય સેવનથી થતા રોગો ,,
તે તે દોષના પ્રકોપને અનુસરતી ચિકિત્સા ૬૧૨
બસ્તિનેત્રના—બસ્તિની નળીના દોષો ... ૬૧૩
બસ્તિના નવ દોષો ... ... ,,
બસ્તિકર્મમાં બસ્તિ બનાવનારના પ્રજ્ઞાપરાધજન્ય ૧૦ દોષો ... ... ,,
નિરૂહબસ્તિના પ્રયોગથી થતો ફાયદો ... ૬૧૪
ગુદાના રોગયુકત બાળકને આપવાનું ભોજન ,,
બસ્તિકર્મીયા સિદ્ધિ : અધ્યાય ૬ ઠ્ઠો ,,
બસ્તિના અયોગનાં લક્ષણો ... ... ,,

બસ્તિના અતિયોગનાં લક્ષણો... ... ૬૧૫
બસ્તિના અયોગથી તથા અતિયોગથી થતા રોગો ,,
બસ્તિનું ઔષધ ઉપર ચઢી ગયું હોય તેનાં લક્ષણો ,,
બસ્તિના ઉપર કહેલ અતિયોગથી થયેલા
ઉપદ્રવોના ઉપચારો ... ... ,,
બસ્તિના અતિયોગની ચિકિત્સા ... ૬૧૬
ઉપરની ચિકિત્સા કર્યા પછીના ઉપચારો ... ,,
આનાહ તથા શૂલના રોગીની ચિકિત્સા ... ,,
ફલવર્તિ—રચનાવિધિ ... ... ,,
પંચકર્મીયા સિદ્ધિ : અધ્યાય ૭ મો ૬૧૭
વૃદ્ધજીવકનો પ્રશ્ન અને કશ્યપ ભગવાનનો ઉત્તર ,,
વમનને અયોગ્ય વ્યક્તિઓ ૬૧૮
વિરેચનને યોગ્ય વ્યક્તિઓ ૬૧૯
નસ્યકર્મ દ્વારા સ્નેહન યોગ્ય રોગીઓ ... ૬૨૦
વિરેચન કોને ન અપાય? ... ... ,,
શિરોવિરેચન કોને અપાય? ૬૨૧
નસ્ય દ્વારા સ્નેહન કરાવવા યોગ્ય વ્યક્તિઓ ,,
અનુવાસનને અયોગ્ય રોગીઓ... ... ૬૨૩
આસ્થાપન—નિરૂહને યોગ્ય રોગો ... ,,
આસ્થાપન—નિરૂહ—કર્મને અયોગ્ય વ્યક્તિઓ ૬૨૪
સંસૃષ્ટ રોગની ચિકિત્સા ૬૨૫
મંગલસિદ્ધિ : અધ્યાય ૮ મો ,,
પ્રજાઓમાં નિરંતર મંગલ કર્મો જ વધારવાં ,,
મંગલાચારમાં તત્પર રહેતા લોકો કદી દુઃખી ન થાય ,,
સ્નેહસેવન નિત્ય જરૂરી ... ... ,,
નિરૂહ—આસ્થાપન કર્મ—સંબંધ... ... ૬૨૬
સર્વરોગનાશક અને બસ્તિકર્મમાં ખાસ
ઉપયોગી 'શૈશુકસ્નેહ'... ... ,,
બીજો આસ્થાપન સ્નેહયોગ ... ... ,,
બધાય વાતરોગોનો નાશ કરનાર નિરૂહયોગ... ૬૨૭
પિત્તનાશન નિરૂહયોગ ... ... ,,
કફનો નાશ કરનાર નિરૂહ યોગ ... ,,
સર્વ દોષોનો નાશ કરનાર 'કત્તૃણાદિ'
નિરૂહ યોગ ... ... ,,

૮ : કલ્પસ્થાન

ધૂપકલ્પ : અધ્યાય ? ૬૨૯
કઠાદિ ધૂપ ... ... ,,
બીજો ઉત્તમ ધૂપ ... ... ,,
પ્રજાને વધારનાર ઉત્તમ ત્રીજો કૌમાર ધૂપ... ,,
વાઈનો રોગ તથા ગ્રહની પીડા મટાડનાર ધૂપ ,,
ગ્રહરોગને મટાડનાર માહેશ્વર ધૂપ ... ... ,,
બધાય રોગોમાં હિતકારી આગ્નેય ધૂપ ... ૬૩૦
ભદ્રંકર ધૂપ ... ... ,,
રાક્ષસોનો નાશ કરનાર ધૂપ ... ... ,,
પ્રેતનિવારણ ધૂપ ... ... ,,
વાઈ, ગ્રહો તથા ઉપગ્રહોના વળગાડમાં ઉત્તમ
ગણાતો દશાંગ ધૂપ ... ... ,,
મોહ પમાડનાર—મોહ ધૂપ ... ... ,,
ઉનાળામાં ખાસ ઉપયોગી વારુણ—ધૂપ ... ,,
હરકોઈ ગ્રહના વિકારમાં પ્રયોગ કરવા યોગ્ય
ચતુરંગિક ધૂપ ૬૩૧
નંદક નામનો ધૂપ ... ... ,,
ગ્રહપીડાને મટાડનાર કણધૂપ ... ... ,,
લક્ષ્મી કે શોભા દેનાર શ્રીધૂપ... ... ,,
ગ્રહોનો નાશ કરનાર ગ્રહઘ્ન ધૂપ ... ,,
યક્ષોને આકર્ષનાર પુણ્યકારક ધૂપ... ... ,,
સર્વ રોગોનો તથા ગ્રહોનો નાશ કરનાર
શિશુક નામનો ધૂપ ... ... ,,
સર્વ રોગોને દૂર કરનાર બ્રાહ્મ ધૂપ ... ,,
સુખકારક ધૂપ ૬૩૨
સર્વ રોગોમાં વખણાતો ધૂપ ... ... ,,
મહાઉદયકારક ધૂપ ... ... ,,
રોગરહિત કરનાર અરિષ્ટ ધૂપ ... ... ,,
પ્રશંસાપાત્ર ધૂપ ... ... ,,
વાઈનો રોગ મટાડનાર ધૂપ ... ... ,,
સર્વ રોગનો નાશ કરનાર ધૂપ... ... ,,
બધાં ભૂતની પીડાનો નાશ કરનાર ગણધૂપ... ,,
કલ્યાણકારી સ્વસ્તિક ધૂપ ... ... ,,
ગ્રહોના ઉપદ્રવોનો નાશ કરનાર પાંચ ધૂપો ,,
કદી ન બગડે તે—ગૃહધૂપ ૬૩૩
ઉપર કહેલા એ ૪૦ ધૂપોની સફળતા ... ,,
એ ૪૦ ધૂપોનો વૈદ્યે ઉપયોગ કરવો જોઈએ ,,
એ ધૂપ દેવાનાં કારણો ... ... ,,
ધૂપના ત્રણ પ્રકારો ... ... ,,
ધૂપનાં ઉત્પત્તિનાં કારણો સ્થાવર તથા જંગમ ૬૩૪
ધૂપ સંબંધી અનેક પ્રશ્નોનો નિર્ણય
કહેવાની પ્રતિજ્ઞા ... ... ,,
ધૂપની ઉત્પત્તિ વિષે પ્રાચીન ઈતિહાસ ... ,,
અગ્નિના ઉપદેશ પછી મુનિઓએ ધૂપકર્મમાં
કશ્યપની યોજના કરી હતી ... ,,
દરેક ધૂપને પ્રજ્વલિત કરતી વેળા મંત્ર બોલવો ૬૩૫
ધૂપ પ્રજ્વલિત કર્યા પછી જપવાના મંત્રનો અર્થ ,,

લશુનકલ્પ : અધ્યાય ? ૬૩૬
લસણની ઉત્પત્તિ આદિ વિષે વૃદ્ધજીવકનો કશ્યપને પ્રશ્ન ... ... „
કશ્યપ મુનિનો પ્રત્યુત્તર ૬૩૭
લસણની મૂળ ઉત્પત્તિનો ઈતિહાસ ... „
લસણમાં એક રસ ઓછો હોવાથી પાંચ રસો છે ૬૩૮
લસણ પચવામાં ભારે છે ... ... „
લસણના વિશેષ ગુણો ... ... „
લસણના વધુ ઉત્તમ ગુણો ... ... „
લસણથી સ્ત્રીઓને વધુ ફાયદા... ... ૬૩૯
લસણ નિયમિત સેવતા પુરુષોને થતા ફાયદા „
લસણ—સેવનના વધુ ફાયદા ... ... „
લસણના અદ્‌ભુત ગુણો ... ... „
લસણ અનેક રોગ મટાડે છે ... ... „
લસણનું સેવન કોણે ન કરવું?... ... ૬૪૦
લસણના ઉપયોગ માટેનો ખાસ સમય ... „
લસણની માત્રા વગેરે વિષે ... ... „
લસણની માત્રા ... ... „
લસણની માત્રા વિષે વધુ ૬૪૧
લસણના સેવનની વિધિ ... ... „
ઉપર કહેલ લશુનપ્રયોગમાં ભભરાવવાનું આઠ દ્રવ્યોનું ચૂર્ણ ૬૪૨
લસણનો પ્રયોગ સેવ્યા પછી તેની ઉપર મદ્યપાન જરૂરી ... ... „
લશુનપ્રયોગની ઉપર મદ્યસેવનની વિધિ ... „
ઉપર જણાવ્યા પ્રમાણે લસણનો પ્રયોગ કર્યા પછીનાં કર્તવ્યો ... ... „
લસણના પ્રયોગમાં હિતકર ખોરાક ... ૬૪૩
લસણના પ્રયોગમાં ખાસ વધુ સૂચન ... „
લસણનો પ્રયોગ કરનાર અમુક રોગીઓ માટે ખાસ સૂચન ૬૪૪
લસણના પ્રયોગમાં ભૂખ લાગે ત્યારે પણ લસણ „
લસણ સેવનાર માટે અપથ્યો ... ... „
લસણના પ્રયોગમાં શીત ઉપચાર ત્યજવા ... „
લસણના પ્રયોગમાં સ્નેહ કે ઈંડાં ત્યજવાં... „
વળી આ અપથ્યોથી આ રોગો સંભવે ... ૬૪૫
લસણના પ્રયોગમાં થયેલા ઉપદ્રવોની ચિકિત્સા „
સાત દિવસના લસણના પ્રયોગ પછીનું કર્તવ્ય „
લસણના ઉપર્યુક્ત પ્રયોગથી થતા ફાયદા ... „
લસણના પ્રયોગ પહેલાં વિરેચન જરૂરી છે... „
લસણના પ્રયોગ પહેલાંનું કોમળ વિરેચન... ૬૪૬
લસણનો પ્રયોગ કરનારે ખાસ ત્યજવા જેવું „
નીરોગી તથા કાયાપલટ આયુષવર્ધક લશુનકલ્પ ૬૪૭
સો વર્ષ જીવાડનાર બીજો લશુનકલ્પ ... ૬૪૭
કાચું લસણ જો ન ખાઈ શકાય તો ઘીમાં ભૂંજેલું સેવાય ... ... „
અનેક દ્રવ્યોથી સંસ્કારેલ લશુનકલ્પ ... „
પીવામાં તથા ખાવામાં હિતકર લશુનકલ્પ... „
બસ્તિકર્મમાં ઉપયોગી લશુનપક્વ તૈલ ... ૬૪૮
લશુનપક્વ તૈલના ઉપયોગથી થતા ફાયદા... „
શ્વિત્ર આદિ રોગો પર ઉપયોગી 'ગંધસર્પિસ' અથવા 'લશુનઘૃત' „
ધનવાનો માટેનો 'ગંધમહત્' નામનો ઉપચાર „
ઉપર્યુક્ત 'ગંધમહત્' ઉપચારવિધિ ... „
ઉપર્યુક્ત 'ગંધમહ' પ્રયોગ સાક્ષાત્ શંકરે ઉપદેશ્યો છે ૬૪૯
ઉપર કહેલો ગન્ધમહ પ્રયોગ હરકોઈને ન ઉપદેશાય „
કશ્યપ પ્રત્યે શિષ્ય વૃદ્ધજીવકનું કથન ... ૬૫૦
લસણના બે પ્રકારો, કયું લસણ અમૃત તુલ્ય છે? „
લસણના પ્રયોગની સિદ્ધિ કયારે? ... „
કટુતૈલ—કલ્પ : અધ્યાય (?) „
બરોળના રોગનો નાશ કરનાર તરીકે કટુતૈલ—સરસિયું શ્રેષ્ઠ છે ... „
કટુતૈલની માત્રા તથા તેના પાંચ પ્રયોગો... „
કટુતૈલની ત્રણ માત્રાઓ ૬૫૧
કટુતૈલના પ્રયોગ પહેલાંના સ્નેહપાન પછી કરવાના ઉપચારો ... ... „
સ્નેહપાન કર્યા પછીનાં લક્ષણો... ... „
સ્નેહપાન ઉપરનું કોમળ ભોજન ... „
બરોળના રોગીને કટુતૈલથી સંસ્કૃત ભોજન જમાડવું „
પ્રાણશક્તિ મળ્યા પછી હમેશાં કટુતૈલ પાવું ૬૫૨
દાહયુક્ત બરોળના રોગમાં ક્ષીરપક્વ કટુતૈલપ્રયોગ „
સ્નેહપાન પછી બરોળના રોગીએ કટુતૈલભર્જિત હરડે સેવવી ... „
બરોળ તથા ગુલ્મરોગને મટાડનાર તૈલઘૃત પ્રયોગ „
કર્ણકારીય ઉત્તમ તૈલ ... ... „
પ્લીહોદર—બરોળ મટાડનાર દ્રવ્યો ... ૬૫૩
બરોળ મટાડનાર ગરમાળાનો કલ્ક વગેરે ... „
રાતા સરસવના તૈલથી પણ બરોળ મટે ... „
સાત દિવસમાં બરોળ મટાડનાર રાગસર્ષપમુષ્ટિપ્રયોગ ... ... „
ઉપરનો પ્રયોગ વૃદ્ધજીવકે કહ્યો છે ... „
ષટ્‌કલ્પ : અધ્યાય (?) „
આરંભ તથા મંગલાચરણ „
કશ્યપ પ્રત્યે વૃદ્ધજીવકનો પ્રશ્ન... ... „

નેત્રના રોગીને કયો પ્રયોગ હિતકર છે? ... ૬૫૪
ભગવાન કશ્યપનો પ્રત્યુત્તર ... ... ,,
નેત્રનું સંશમન ઔષધ ક્યારે હિતકર થાય? ,,
નેત્રરોગ માટે છ દ્રવ્યોના કલ્પો કહેવાની પ્રતિજ્ઞા ,,
નેત્રરોગી ધાવણા બાળકનું ખાસ ઔષધ... ,,
બધાયે નેત્રરોગનું ઔષધ ૬૫૫
ચક્ષુષ્યના જુદા જુદા યોગો ... ... ,,
સર્વ નેત્રરોગોને શમાવનાર ચક્ષુષ્યાયોગ ... ,,
ચક્ષુષ્યનો કેવળ યોગ ધાવણ સાથે ... ,,
પુષ્પકના પ્રયોગો ૬૫૬
નેત્રરોગ મટાડનાર ગોરોચનાના પ્રયોગો ... ,,
રસાંજન અને નિર્મલીના પ્રયોગો ... ... ,,
ઉપર કહેલા બધા પ્રયોગો નેત્રરોગોને મટાડે ,,
હરડેનો પ્રયોગ પણ નેત્રને હિતકર છે ... ,,
ગોરોચન પણ તેવું જ છે ... ... ,,
પુષ્પક—જસતના ફૂલના ગુણો ... ,,
રસાંજનના ગુણો ... ... ,,
કતક—નિર્મલીના ફળના ગુણો ૬૫૭
પાંચે ઇન્દ્રિયોને વધારનાર જીવકાદિ તેલ કે ઘૃતયોગ ,,
ઉપર્યુકત તેલ કે ઘૃતનો નસ્યરૂપે પ્રયોગ
કર્યાથી નેત્રરોગ મટી જાય ... ,,
ઉપર્યુકત પાંચભૌતિક તેલ કે ઘૃત તિમિર
આદિ ઘણા રોગ મટાડે છે ... ,,
શતપુષ્પા—શતાવરીકલ્પ અધ્યાય (?) ૬૫૯
વૃદ્ધજીવકનો પ્રશ્ન ... ... ,,
કશ્યપ ભગવાનનો પ્રત્યુત્તર ... ... ,,
શતપુષ્પા—વરિયાળી અથવા સુવાના ગુણો ,,
શતાવરીના ગુણો ... ... ,,
શતપુષ્પા તથા શતાવરીના પ્રયોગોની યોગ્યતા ૬૬૦
શતપુષ્પા અને શતાવરી કોને અમૃતતુલ્ય થાય ,,
યથેષ્ટ ગુણોને કરનાર શતપુષ્પાનો પ્રયોગ ... ,,
શતપુષ્પાના પ્રયોગના વિશેષ ગુણો ... ૬૬૧
ઘી તથા મધ સાથે શતપુષ્પાના પ્રયોગનું ફળ ,,
શતપુષ્પાનાં જુદાં જુદાં અનુપાનોથી જુદાં જુદાં ફળ ,,
શાસ્ત્રોકત ગુણો મેળવવા શતપુષ્પાતૈલયોગ ,,
શતાવરીપ્રયોગવિધિ પણ શતપુષ્પા પ્રમાણે જાણવી ,,
(રેવતીકલ્પ : અધ્યાય)? ૬૬૨
ઔષધીઓના આહારથી ક્ષુધાનિવૃત્તિ ... ,,
પ્રજાપતિની કાયમી તૃપ્તિ ... ૬૬૪
પ્રજાપતિની કથા (ચાલુ) ... ... ,,
દેવો તથા અસુરો પ્રજાપતિના શરણે ગયા... ,,
કાર્તિકેયે રેવતીને મોકલી દેવસેનાને બચાવી... ૬૬૫
જાતહારિણી—રેવતી અસાધ્ય ક્યારે બને? ... ૬૬૬
જાતહારિણી—રેવતી વળગે નહિ એ માટે
સાવધાન રહેવા સૂચન ... ૬૬૯
રેવતીના વળગાડના બીજા ખાસ પ્રસંગો... ,,
જાતહારિણીના વળગાડનો બીજો એક પ્રસંગ ,,
રેવતીના વસવાટવાળા ઘરમાં ન રહેવાય ... ,,
ગોવાળ તથા બીજા પશુપાલકોની
સંતતિનો જાતહારિણી નાશ કરે છે ,,
બ્રાહ્મણનું ધન ચોરનાર તથા બીજા ચોર—ડાકુ ,,
વગેરેની પ્રજાનો પણ રેવતી નાશ કરે ૬૭૦
આ વ્યકિતઓનો પણ જાતહારિણી નાશ કરે છે ,,
પ્રજાને પીડનારા અધિકારીઓનો પણ રેવતી
નાશ કરે છે ... ... ,,
દગાખોર તથા વ્યાજખાઉ વેપારીઓને
પણ રેવતી મારી નાખે ... ,,
કન્યા વગેરેમાં જૂઠાણાં કરનારનો પણ રેવતી
નાશ કરે છે ... ... ,,
મૈથુન માટે અયોગ્ય કાળ કે પ્રદેશ આદિમાં
મૈથુન કરનારનો રેવતી નાશ કરે ... ,,
અધર્મને કારણે રેવતી વળગી હોય તેનાં લક્ષણો ,,
શાસ્ત્રદૃષ્ટિએ જાતહારિણીના ત્રણ પ્રકારો ... ૬૭૧
શુષ્ક રેવતીના વળગાડનાં લક્ષણો ... ,,
કટંભરા રેવતીના વળગાડનાં લક્ષણો ... ,,
પુષ્પઘ્ની રેવતીના વળગાડનાં લક્ષણો ... ,,
વિકુટા રેવતીના વળગાડનાં લક્ષણો ... ,,
પરિસ્રુતા રેવતીના વળગાડનાં લક્ષણો ... ૬૭૨
'અંડઘ્ની' જાતહારિણીના વળગાડનાં લક્ષણો... ,,
'દુર્ધરા' જાતહારિણીના વળગાડનાં લક્ષણો... ,,
'કાલરાત્રિ' જાતહારિણીના વળગાડનાં લક્ષણો ,,
'મોહિની' રેવતીના વળગાડનાં લક્ષણો ... ,,
'સ્તંભની' રેવતીના વળગાડનાં લક્ષણો ... ,,
'ક્રોશના' રેવતીના વળગાડનાં લક્ષણો ... ,,
ઉપર્યુકત ૧૦ જાતહારિણીમાંની સાધ્ય તથા
અસાધ્ય કઈ? ... ,,
'નાકિની' રેવતીના વળગાડનાં લક્ષણો ... ,,
'પિશાચી' નામની રેવતીના વળગાડનાં લક્ષણો ૬૭૩
'પિલિપિચ્છિકા' સુધીની ૧૫ રેવતીના
વળગાડનાં (ક્રમશઃ) લક્ષણો ... ,,
ઉપર કહેલી ૧૬ જાતહારિણીઓ યાપ્ય ગણાય છે ,,
અસાધ્ય 'વશ્યા' જાતહારિણી... ... ,,
'કુલક્ષયકરી' અસાધ્ય જાતહારિણી ... ,,
'પુણ્યજની' અસાધ્ય જાતહારિણી ... ,,
'પૌરુષાદિની' અસાધ્ય જાતહારિણી ... ,,

'સંદંશી' નામની અસાધ્ય જાતહારિણી ... ૬૭૪
'કર્કોટકી' નામની દારુણ જાતહારિણી ... ,,
'ઇન્દ્રવડવા' નામની અસાધ્ય જાતહારિણી ,,
'વડવામુખી' નામની અસાધ્ય જાતહારિણી ,,
વૃદ્ધજીવકનો કશ્યપને પ્રશ્ન ... ... ,,
કશ્યપનો પ્રત્યુત્તર ... ... ,,
વસ્તુતઃ જાતહારિણીના ત્રણ જ ભેદો ... ,,
આ રેવતીકલ્પમાં વધુ કહેવાની પ્રતિજ્ઞા ... ૬૭૫
વૃદ્ધજીવકનો પ્રશ્ન ... ... ,,
ભગવાન કશ્યપનો ઉત્તર ... ... ,,
ચાર પ્રકારની માનવ સ્ત્રીઓમાં જાતહારિણીનો પ્રવેશ ... ૬૭૬
જાતહારિણી વળગેલા બાળકનાં લક્ષણો ... ૬૮૨
જાતહારિણી—રેવતીની ચિકિત્સા જરૂરી છે ... ૬૮૩
ગર્ભ સ્થિર કરનાર અને ગર્ભપાતના ભયને દૂર કરનાર 'વરણબંધ કર્મ' ... ,,
ઉપર કહેલ રહસ્ય ગુપ્ત રાખવું ... ૬૮૭
ભોજનકલ્પ : અધ્યાય (?) ,,
વૃદ્ધજીવકના કશ્યપને પ્રશ્નો ... ,,
કશ્યપનો પ્રત્યુત્તર : અત્યંત ભૂખ્યાનાં લક્ષણો ૬૮૮
અત્યંત તરસ્યાનાં લક્ષણો ૬૮૯
ભૂખ્યા અને તરસ્યાનાં લક્ષણો... ... ,,
ખૂબ ભૂખ્યા—તરસ્યાને એકદમ તૃપ્તિ નુકસાન કરે ,,
ઉપર કહેલી બાબતમાં મતભેદ... ... ,,
એકદમ તરશ લાગે છે તેમાં કારણ ... ,,
બરાબર તૃપ્ત નહિ થયેલનાં લક્ષણો ... ૬૯૦
ઓછું ખાધું હોય તેનાં લક્ષણો ... ... ,,
વધુ પડતું ખાધું હોય તેની ચિકિત્સા ... ,,
યોગ્ય પ્રમાણમાં ભોજન કરેલાનાં લક્ષણો ... ,,
ઉત્તમ પ્રકારે ભોજન કરેલાના ગુણો ... ,,
ભોજનનો તથા પાનનો કાળ ... ... ,,
ભોજ્ય પદાર્થોનો ક્રમ ૬૯૧
પાન—ભોજનક્રમ અને તેના માપ વિષે ... ,,
ખાન—પાનનો યોગ્યક્રમ ... ,,
જઠરાગ્નિમંદ થવાનાં ખાસ કારણો ... ૬૯૨
ભોજનની મધ્યે પાણી પીવાય પણ તેથી વિપરીત કરતાં રોગો થાય ... ,,
વધુ ગરમ—ખોરાક—પાણી ન સેવાય ... ,,
અતિ શીતળ પાન—પાનથી પણ નુકસાન ... ,,
ભોજન પદાર્થો ખાવાનો ક્રમ ... ... ,,
નીચેનાને શીતળ પાણી હિતકર થાય ... ,,
કુરુક્ષેત્ર આદિ દેશવાસીઓનો પથ્ય આહાર... ૬૯૪
ક્ષારરહિત ભોજનસામગ્રી ... ૬૯૫
કાશી વગેરે પ્રદેશના લોકોને તીક્ષ્ણ દ્રવ્યયુક્ત ભોજન પથ્ય થાય ૬૯૫
કલિંગક આદિ દેશવાસી લોકોનાં પાનપાન વિષે ,,
તરત—તૃષા છીપાવનાર પેયા ૬૯૬
પિત્તપ્રકૃતિવાળાને હિતકર પેયા પ્રયોગ ... ,,
હિતકર માત્રાયુક્ત ભોજન અપાવવા વૈદ્યને ભલામણ ... ... ,,
આમાશય તથા તેનું સ્થાન—કર્મ વગેરે ... ,,
માંસરસનું પાન કરી શકનારી વ્યક્તિઓ ... ,,
માંસરસ કોને માફક ન આવે?... ... ૬૯૭
જેને માંસરસ માફક ન આવે તેઓએ તક્ર—છાશનું સેવન કરવું ... ,,
તક્ર—છાશના પ્રાસંગિક ગુણોનું વર્ણન ... ,,
આ રોગીઓને મંડનું સેવન હિતકર થાય ... ,,
પરંતુ આ રોગોમાં મંડ ન અપાય ... ૬૯૮
ઉપર કહેલા રોગીઓ મંડને સેવે તો તેથી થતું નુકસાન ... ,,
કફના રોગીને મગનો મંડ અપાય ... ,,
મગના મંડના ગુણોનું પ્રાસંગિક વર્ણન તથા તેને યોગ્ય વ્યક્તિનું કથન ... ,,
આવો મંડ ક્ષણવારમાં શરીરમાં બળ સ્થાપે છે ૬૯૯
જેઓ મંડ પીવાને યોગ્ય હોય તેઓ યવાગૂનું પણ સેવન કરી શકે ... ,,
જુદાં જુદાં અનુપાનો સાથે સેવેલી યવાગૂના જુદા જુદા ગુણો ... ૭૦૦
આ નીચે જણાવેલ વ્યક્તિઓને દૂધ માફક આવે ,,
દૂધના વધુ ગુણોનું વર્ણન ૭૦૧
દૂધનું દહીં બને છે તેમાં કારણ ... ૭૦૩
દહીંનું મંથન કરતાં થતાં ઘી—છાશ ... ,,
જૂના રોગીઓને દૂધ જ હિતકારી... ... ,,
મીંઢળબીજ વગેરેથી મૂઢ બનેલાને શ્રેષ્ઠ ઔષધરૂપ થતું દૂધ ... ,,
ઉપર કહેલ રોગોમાં શેલડી સારી, પણ તેનો રસ હિતકારી ન થાય ... ૭૦૪
શેલડીનો રસ કોણે કયારે પીવો? ... ,,
શેલડીનો પ્રયોગ હિતકર કોને અને અહિતકર કોને થાય? ... ૭૦૫
શેલડીના રસનો પ્રયોગ કોને હિતકારી?... ,,
ચાલુ ભોજનકલ્પનો ઉપસંહાર ... ,,
વિશેષકલ્પ : અધ્યાય (?) ૭૦૬
કશ્યપને વૃદ્ધજીવકનો પ્રશ્ન ... ,,
કશ્યપનો પ્રત્યુત્તર ૭૦૭
ત્રણ દોષો એકસામટા કોપે છે, તેનાં કારણો... ,,

ત્રણે દોષોનો પ્રકોપ થતાં માણસ ન જીવે... ૭૦૮
સન્નિપાતથી પીડાયેલા ન જીવે ... ,,
સન્નિપાતનું મુખ્ય લક્ષણ ... ... ,,
સન્નિપાતના જ્વરના ૧૩ ભેદો ... ૭૦૯
વાતપિત્તપ્રધાન સન્નિપાત જ્વરનાં લક્ષણો ,,
પિત્ત—કફાધિક—સન્નિપાત જ્વરનાં લક્ષણો ,,
ઉપર કહેલા બે સન્નિપાતનાં જુદાં જુદાં નામો ,,
કફવાતાધિક સન્નિપાત જ્વરનાં લક્ષણો ... ૭૧૦
હીન—અભિવૃદ્ધિ—મધ્ય—દોષજ
સંનિપાતથી થતા રોગો ... ૭૧૨
મધ્ય—અભિવૃદ્ધ—હીન—દોષજ
સંનિપાતથી થતા રોગો ... ,,
વૃદ્ધ—અભિહીન—અભિમધ્ય દોષજ
સંનિપાતથી થતા રોગો ... ,,
૧૩ મો સમદોષજ સંનિપાતજ્વર ... ૭૧૪
એ ૧૩ મો સંનિપાત—કૂટપાકલ નામે કહેવાય છે ,,
તે કૂટપાકલ તરત જ મારે ... ... ,,
કૂટપાકલગ્રસ્ત માણસ વધુ ત્રણ દિવસ જીવે ૭૧૫
'કૂટપાકલ' સંનિપાત કોને કહેવાય? ... ,,
સંનિપાતમાં વિષસંજ્ઞાવાળી ફોલ્લીઓ ક્યારે થાય? ,,
તત્કાળ વાયુનો પ્રકોપ તથા અગ્નિમાન્દ્ય ક્યારે? ,,
ઉપર્યુકત કારણે થયેલ અગ્નિનાશથી અનેક રોગો થાય ૭૧૬
વાયુપ્રેરિત રસવિકારથી થતા વિકારો ... ૭૧૭
વિદ્વાન વૈદ્ય જ ભ્રમમાં ન પડે ... ,,
સંનિપાતમાં શીતળ જળપ્રયોગ ન જ કરાય ,,
સંનિપાતની આ સ્થિતિમાં ઘીનો પ્રયોગ મારે જ ,,
સંનિપાતમાં શીતળ જલપાન પણ મૃત્યુરૂપે થાય ,,
સંનિપાતની ચિકિત્સા એ વૈદ્યને મૃત્યુ સાથેના
યુદ્ધરૂપ છે! ... ... ,,
સંનિપાતરૂપ સમુદ્રમાં ડૂબતા રોગીનો ઉદ્ધાર
કરનાર વૈદ્યની પ્રશંસા ... ૭૧૮
સંનિપાતનો ચિકિત્સાક્રમ ... ... ,,
સંનિપાતની ચિકિત્સા કરતાં વૈદ્યો મૂંઝાય છે! ,,
સંનિપાતની ચિકિત્સા માટે કેટલાક વૈદ્યોના
અભિપ્રાય ... ... ,,
ઉપર્યુકત અભિપ્રાય બરાબર નથી, એમ
કશ્યપનું માનવું છે... ... ,,
ત્રિદોષના રોગમાં પ્રથમ કફ જ દૂર કરાય... ,,
સંનિપાતમાં પ્રથમ તો વમન જ હિતકર... ૭૧૯
સંનિપાતમાં મધ ન અપાય ... ... ,,
સંનિપાતમાં ઉષ્ણ ઉપચાર જ હિતકર થાય ,,
સંનિપાતમાં વૈદ્યે કરવા યોગ્ય પ્રાથમિક ઉપયોગ ,,
સંનિપાતમાં રોગીએ કયાં સુધી લંઘન કરવું ૭૧૯
જેણે લંઘન બરાબર કર્યું હોય તેનાં લક્ષણો... ૭૨૦
લંઘનનો અતિયોગ જેમાં થયો હોય તેનાં લક્ષણો ,,
સંનિપાતમાં સ્વેદન જરૂરી ... ... ,,
સંનિપાતમાં કફ જ વધુ હેરાન કરે છે ... ,,
એ કફને કાપનાર ઔષધ તીક્ષ્ણ જ હોઈ શકે ૭૨૧
કફને કારણે પડખામાં શૂલ નીકળે ત્યારે
કરવાના ઉપાયો ... ... ,,
કફને કાઢનાર વધુ પ્રયોગો ... ... ,,
ઉપર કહેલ કફ દૂર કરનાર નસ્ય પ્રયોગોથી ફાયદા ,,
વળી સંનિપાતમાં આવા કવલગ્રહો પણ કરાવવા ,,
ઉપર કહેલ કવલધારણથી થતા ફાયદા ... ૭૨૨
સંનિપાતમાં રોગીની વધતી તરશ શમાવનાર
પાનીય—પ્રયોગ ... ,,
સંનિપાતમાં યોગ્ય લંઘન પછી પેયા—ભોજન... ,,
કફાધિક સંનિપાતવાળાને મગનો મંડ હિતકારી ૭૨૩
પિત્તાધિક સંનિપાતમાં સાકરયુકત દ્રાક્ષ અને પેયા ,,
સંનિપાતમાં ભારે ભોજન વિષભોજન ગણાય ,,
અરોચક રોગીને દાડમયુકત પેયા આપવી... ,,
ઉપર્યુકત ભોજન સાત દિવસો સુધી આપ્યા
પછીનો ભોજનક્રમ ... ,,
માંસાહારીને ત્રણ દિવસો સુધી જાંગલ માંસનો
રસ આપવો ... ,,
વાતપ્રધાન સંનિપાતમાં લાવા પક્ષીના માંસનો
રસ આપવો ... ૭૨૪
પિત્તપ્રધાન સંનિપાતના રોગમાં મગનો યૂષ દેવો ,,
કફપ્રધાન રોગમાં મૂળાનો યૂષ ... ,,
પ્રાણશકિતથી યુકત થયેલ તે રોગી માટેનો
છેલ્લો ક્રિયાક્રમ ... ,,
એ ચિકિત્સાક્રમ પછી સંનિપાતમાં હિતકર
દીપનીય પિપ્પલ્યાદિકવાથનો પ્રયોગ ,,
કફવાતને મટાડનાર શટયાદિકવાથ ... ,,
પિત્તપ્રધાન સંનિપાતમાં હિતકર મુસ્તાદિગણ ૭૨૫
સંનિપાતમાં પીવા યોગ્ય પંચમૂલકષાય ... ,,
પાર્વતીજલ કે પંચમૂલી ક્વાથજલ પીવું... ,,
પિત્તપ્રધાન રોગમાં પીવા યોગ્ય ક્વાથજલ ,,
કફપ્રધાન રોગમાં પિપ્પલ્યાદિગણનો ક્વાથ
હિતકર થાય ... ... ,,
વાતકફપ્રધાન સંનિપાતજ્વરનાશક અભયાદિ ક્વાથ ,,
સંનિપાતજ્વરનો નાશ કરનાર દુરાલભાદિ ક્વાથ ,,
કફપ્રધાન રોગનો નાશ કરનાર ત્રિફલાદિકવાથ ૭૨૬

ત્રિદોષના જ્વર આદિ ઘણા રોગોને મટાડનાર આરગ્વધાદિ ક્વાથ ... ૭૨૬
સંનિપાતમાં લાંબા કાળ સુધી ઉપવાસ વગેરેથી થતું નુકસાન ... „
પિત્તપ્રધાન રોગમાં આ ઉપચારોથી પિત્ત વધે „
પિત્તપ્રધાન સંનિપાતમાં શીતળ મુસ્તાદિ ક્વાથનો પ્રયોગ ૭૨૭
પિત્તપ્રધાન સંનિપાતને મટાડનાર ત્રિફલાદિ મોદક „
સંનિપાતજ્વરને મટાડનાર કટુસર્પિસ ... „
સંનિપાત મટી જાય તો પણ વિશ્વાસ ન કરાય ૭૨૮
સંનિપાતથી બચેલો ફરી સ્વસ્થ તો ન જ થાય „
સંનિપાતથી બચેલાનો પુનર્જન્મ ગણાય... „
સંનિપાતથી બચેલાઓ સાવધ રહેવું ... „
આવો સંનિપાત મટે જ નહિ ... „
સંનિપાત મટયા પછી થયેલા રોગની ખૂબ કાળજીથી વૈદ્યે ચિકિત્સા કરવી... ૭૨૯
સંનિપાત મટયા પછી જીવવાની રીતો ... „
સંનિપાત મટયા પછી પિત્તપ્રધાન પ્રકૃતિવાળા માટે આવશ્યક સૂચન ... „
સંનિપાતમાં અપથ્યો ... ... „
સંનિપાતમાં પથ્યો કહેવાની પ્રતિજ્ઞા ... ૭૩૦
સંનિપાતમાં પથ્યો ... ... „
સંહિતાકલ્પ : અધ્યાય (?) „
મંગલાચરણ અને પ્રારંભ „
વૈદ્યે સંહિતાનું અધ્યયન તથા ઉપદેશ કરવા તત્પર રહેવું ... „
વૃદ્ધજીવકના પ્રશ્નો ૭૩૧
ભગવાન કશ્યપનો પ્રત્યુત્તર ... ... „
આયુર્વેદતંત્રનાં આઠ સ્થાનોનાં નામો ... „
કયા સ્થાનમાં કેટલા અધ્યાયો? ... „
આ આયુર્વેદતંત્રને (કંઠસ્થ) કરવાનું ફળ „
આટલા શાસ્ત્રના કે સંસારના પારગામી ન થાય „
આવો વૈદ્ય ઇન્દ્રલોકમાં પૂજાય ... „
રોગોની ઉત્પત્તિનો પ્રાચીન કાળ ... „
તે વેળા કયો રોગ કયા કારણે ઉત્પન્ન થયો હતો? ૭૩૨
લોકોના હિત માટે કશ્યપે આયુર્વેદ તંત્ર રચ્યું „
કશ્યપના આયુર્વેદતંત્રને ગ્રહણ કરી વૃદ્ધજીવકે સંક્ષિપ્ત બનાવ્યું ... „
કલિયુગમાં વૃદ્ધજીવકીયતંત્રને ચક્ષે તથા વાત્સ્ય મુનિએ ધારણ કર્યું હતું „
વૃદ્ધજીવકના વંશજ વાત્સ્ય મુનિએ તે આયુર્વેદતંત્રનો સંસ્કાર કર્યો ... ૭૩૩
હવે ખિલ સ્થાનમાં શું કહેવાશે? ... „

૯ : ખિલસ્થાન

વિષમજ્વર નિર્દેશીય : અધ્યાય ૧ લો ૭૩૩
કશ્યપ પ્રત્યે વૃદ્ધજીવકનો પ્રશ્ન ... „
કશ્યપનો પ્રત્યુત્તર ... ... „
ઉપર્યુકત સમજ્વરથી વિપરીત વિષમજ્વર હોય ૭૩૬
ઉપર્યુકત સંતત આદિ જ્વરોને વિષમ કહેવાનાં કારણો „
સતતક આદિ ચાર જ્વરો પણ વિષમજ્વર છે „
વિષમજ્વરોને કોણ ઉત્પન્ન કરે છે? ... „
વિષમજ્વર એકદમ ઉત્પન્ન થઈ એકદમ વધે છે તેનાં કારણો ... „
વિષમજ્વર થવામાં બીજાં પણ ખાસ કારણો અને તે તે વિષમજ્વરનાં નામો... „
વિષમજ્વર ચડે—ઊતરે ૭૩૭
વિષમજ્વરનું સ્વાભાવિક શમન હોય જ નહિ „
વિષમજ્વરનાં આ લક્ષણો છૂટે જ નહિ ... ૭૩૮
વિષમજ્વર વારંવાર થાય તેનાં કારણો ... „
વિષમજ્વરની વધ—ઘટ થયા કરે છે તેમાં કારણ „
'સતતક' નામનો વિષમજ્વર અને તેનું સ્થાન ૭૩૯
અન્યેદ્યુષ્ક વિષમજ્વર ... ... „
તૃતીયક વિષમજ્વર ... ... „
ચતુર્થક વિષમજ્વર ૭૪૦
વિષમજ્વરમાં બલિ, હોમ તથા મંત્રોથી પાપ નિવારીને શિવનું શરણ લેવું... ૭૪૧
જીર્ણ વિષમજ્વરનું લક્ષણ ... ... „
વિષમજ્વર પાંચમા કે છઠ્ઠા દિવસે કેમ ન આવે? „
કયો વિષમજ્વર કઈ દિશાનો હોય? ... „
હરકોઈ જ્વર મુકિત વેળા કેમ વધે છે? ... „
મોક્ષકાળે એટલે કે ઊતરતી વેળા જ્વર વધે છે તેનાં કારણો ... ... „
જ્વરથી માણસ છૂટે છે કયારે? ... ૭૪૨
જ્વરથી છૂટવામાં ઉપર દર્શાવેલ ત્રણ સિવાય કોઈ કારણ ન હોય ... „
ટાઢિયા જ્વરની પ્રવૃત્તિ વખતે પ્રથમ ટાઢ અને પછી દાહ કેમ? ... „
ઉપરના પ્રશ્નનો પ્રત્યુત્તર ... ... „
ઉપરના વિષયની જ ફરી વધુ સ્પષ્ટતા ... „
માણસને દાહપૂર્વકનો જ્વર આવે છે તેનાં કારણો ૭૪૩
ઉપર્યુકત બેય જ્વરો સંસર્ગજ છે ... „
વૃદ્ધજીવકનો પ્રશ્ન ... ... „
કાશ્યપનો પ્રત્યુત્તર ... ... „
વૃદ્ધજીવકનો પ્રશ્ન ... ... „
કાશ્યપનો પ્રત્યુત્તર ૭૪૪

જ્વરવાળાની ચિકિત્સા સંબંધે સૂચના ... ૭૪૪
જ્વરની ચિકિત્સાનો ક્રમ (ચાલુ) ... ૭૪૫
પિત્તજ્વર વિના જ ઉષ્ણ ચિકિત્સા કરાય ,,
ઉપર્યુકત સાત વિષમજ્વરોની ચિકિત્સા
કહેવાની પ્રતિજ્ઞા ... ,,
જીર્ણજ્વર લાગુ થાય તે અવસ્થા અને
તેમાં કરવાના ઉપચારો ... ૭૪૬
વિષમજ્વરોના ઉપચારો માટે ખાસ સૂચના ,,
વાતપ્રધાન વિષમજ્વરની ચિકિત્સા ... ,,
પિત્તપ્રધાન વિષમજ્વરની ચિકિત્સા ... ,,
કફપ્રધાન વિષમજ્વરની ચિકિત્સા ... ,,
વાત—પિત્તપ્રધાન—દ્વન્દ્વજ વિષમજ્વરની ચિકિત્સા ,,
'ચતુર્થક' વિષમજ્વરની ચિકિત્સા ... ૭૪૭
જીર્ણજ્વરનો નાશ કરનાર ધૂપ ... ,,
દાહજ્વરને મટાડનાર લેપયોગ ... ,,
ગ્રહજ્વરને મટાડનાર લેપ ... ... ,,
અથવા ઉપર્યુકત દ્રવ્યોનો પ્રલેપ આટલાંને મટાડે ,,
જ્વર આવે ત્યારે આ ઉપચારો પણ કામના ૭૪૮
વિષમજ્વરની ચિકિત્સા ... ... ,,
વિશેષ—નિર્દેશીય—અધ્યાય ૨ જો ,,
મંગલાચરણ અને પ્રારંભ ... ... ,,
વૃદ્ધજીવકનો પ્રશ્ન ... ... ,,
વિષમજ્વર વિષે સવિસ્તર જિજ્ઞાસા ... ,,
પ્રજાપતિ કશ્યપનો પ્રત્યુત્તર ... ... ,,
જ્વરની અવસ્થા વિરુદ્ધ ઔષધ નુકસાન કરે ,,
જ્વરની જે અવસ્થા હોય તેને લગતું જ ઔષધ
અમૃતરૂપ થાય; બીજું હાનિ કરે. ૭૪૯
સંતર્પણજન્ય જ્વરમાં વમન હિતકારી ... ,,
ઉપર જણાવેલ અવસ્થાવાળાને વમન કરાવી
શિરોવિરેચન પણ કરાવવું ... ,,
જીર્ણજ્વરમાં પણ ઉપર્યુકત વિકારો હોય તો
એ ચિકિત્સા કરવી ... ,,
બહુદોષ અને અલ્પદોષ જણાય તેનાં લક્ષણો ૭૫૦
આમજ્વરનાં લક્ષણો ... ... ,,
નિરામજ્વરનાં લક્ષણો ... ... ,,
બહિર્માર્ગગત જ્વરનાં લક્ષણો ... ૭૫૧
જ્વરવાળો માણસ ઔષધદુર્બળ ક્યારે થાય? ,,
દોષદુર્બલના ઉપચારો ૭૫૨
દુર્બલમાં કષાય પ્રયોગ ન કરાય ... ,,
દોષ અને ઔષધનો ક્ષોભ અસહ્ય થાય ... ,,
કષાયથી દોષો ખળભળી ઊઠે છે ... ,,
દોષોનો વેગ ભાંગે તે પછી જ જ્વરમાં ઔષધ દેવાય ૭૫૩
જ્વરનાશન લંઘનાદિક્રમ ૭૫૩
સાત ધાતુઓમાં ગયેલા દોષો સાત દિવસે પાકે ,,
કફજ્વરમાં વિશેષસૂચન ૭૫૪
કફજ્વર સંબંધે જ વધુ દિગ્‌દર્શન ... ,,
કફજ્વરમાં રસપ્રયોગ તથા સંશમન ઔષધ ક્યારે? ,,
કફજ્વરમાં કફ ઓછો થયા પછી ઘી અપાય ,,
ઘીનું પ્રાસંગિક ગુણવર્ણન ... ... ,,
જ્વરની આ અવસ્થામાં તો વિરેચન જ દેવું ૭૫૫
વળી જ્વરમાં નિરુહ આદિ ક્યારે? ... ,,
જ્વરોની દુઃસાધ્યતા તથા સુખસાધ્યતા ક્યારે? ,,
બધા રોગો એ જ પ્રમાણે સુખસાધ્ય અને
દુઃખસાધ્ય ૭૫૬
ત્રણ ચિકિત્સાકર્મ જ નિશ્ચિત હોય ... ,,
શોધન ઔષધ કોને હિતકારી થાય? ... ,,
શમન ઔષધ કોને હિતકારી થાય? ... ,,
શમન શોધન ઔષધ કોને હિતકારી થાય? ,,
સંશોધન ઔષધનું લક્ષણ ... ... ,,
સંશમન દ્રવ્ય કે ઔષધનું લક્ષણ ... ,,
મધ્યમ બળવાળા શમન શોધન દ્રવ્યનું લક્ષણ ૭૫૭
કેટલાંક શમનીય દ્રવ્યોની ગણતરી ... ,,
કેટલાક શોધન દ્રવ્યોની ગણતરી ... ,,
કેટલાંક શમન—શોધન દ્રવ્યોની ગણતરી ... ,,
સ્વાસ્થ્ય અને અસ્વાસ્થ્યનું લક્ષણ ... ,,
વાસ્તવિક ચિકિત્સાપદ્ધતિ ૭૫૮
ચિકિત્સાપદ્ધતિની વૈદ્યને સૂચના ... ,,
શાસ્ત્રીય ઔષધપ્રયોગો દ્વારા સાવધાનીપૂર્વક
વૈદ્યે ચિકિત્સા કરવી ... ,,
તત્ત્વદ્રષ્ટાઓએ પ્રયોગ કરેલાં દ્રવ્યોનું કર્મ
કોણ જાણી શકે? ... ,,
દ્રવ્યોનું યથાર્થ જ્ઞાન કઠિન છે ... ,,
આર્ષ ઔષધપ્રયોગોમાં વૈદ્ય સમજણપૂર્વક
ન્યૂનાધિકતા કરી શકે ... ૭૫૯
ઔષધની માત્રા સંબંધી વૈદ્યને સૂચના ... ,,
આ અધ્યાયનો ઉપસંહાર ... ... ,,
ભૈષજ્ય—ઉપક્રમણીય : અધ્યાય ૩ જો ,,
વૃદ્ધજીવકનો કશ્યપને પ્રશ્ન... ... ,,
કશ્યપનો પ્રત્યુત્તર—વ્યાધિજ્ઞાન અતિ સૂક્ષ્મ છે ૭૬૧
વ્યાધિજ્ઞાન કરતાં પણ ઔષધજ્ઞાન અતિશય સૂક્ષ્મ છે ,,
પથ્ય સેવનારને આરોગ્ય અને અપથ્ય
સેવનારને રોગની પ્રાપ્તિ ... ,,
શારીર અને માનસ—બે રોગો... ... ,,
શરીરના તથા મનના રોગોનાં મુખ્ય કારણો ૭૬૨

શારીર તથા માનસરોગને જીતવાના ઉપાયો ૭૬૨
શારીરવ્યાધિના બે પ્રકારો ૭૬૩
આગન્તુ તથા નિજરોગોની ચિકિત્સા ... ,,
સંશોધન આદિ ચિકિત્સા ... ... ,,
ઔષધિ, ઔષધ આદિની વ્યાખ્યા ... ૭૬૪
ગુણવાન ઔષધદ્રવ્યનું લક્ષણ ... ,,
રાજા વગેરેને લાયક ઔષધદ્રવ્ય ... ,,
રોગ તથા ઉંમરના ભેદથી ઔષધના સાત પ્રકાર કલ્પી શકાય ... ,,
ઔષધદ્રવ્યની સાત કલ્પનાઓ ... ૭૬૫
ઉપર્યુક્ત સાત ઔષધ-પ્રકારોનાં ક્રમશઃ લક્ષણો ,,
સાત પ્રકારે વિભાગ પામેલ ઔષધદ્રવ્યનો દસ પ્રકારે પ્રયોગ ૭૬૬
ભોજનની પહેલાંનો ૧ લો ઔષધકાળ ... ,,
ખોરાકની વચ્ચે ઔષધ દેવાય તેનું ફળ... ૭૬૭
સામુદ્ગ ઔષધના સેવનનું ફળ ... ,,
ખોરાક સાથેનું સભકત ઔષધ... ... ,,
બે ખોરાકની વચ્ચે અપાતું ઔષધ ફળ ... ૭૬૮
ખોરાકના કોળિયામાં અપાતું ઔષધ ફળ... ,,
કોળિયાની વચ્ચે આપવાનું ઔષધ ... ,,
અભકત ઔષધસેવન અને તેનું ફળ ... ૭૬૯
ઉપર કહેલ દસ ઔષધકાળનો દસ પ્રકારે વિભાગ ક્યાં ન કરાય? ... ,,
૧૨ વર્ષથી નાની ઉંમરના બાળક વગેરેને કાયમ ઔષધ ન અપાય ... ,,
આવું ઔષધ ત્યજી દેવું ૭૭૦
સેવવા યોગ્ય ઔષધ ... ... ,,
શમન ઔષધ લાંબો કાળ ન સેવાય ... ,,
ઔષધપ્રયોગ કરવાની વિધિ ... ,,
ઔષધ સેવ્યા પછીનાં ત્યાજ્ય કર્મો ... ,,
ઔષધ પચતું હોય તે વેળાનાં લક્ષણો ... ,,
ઔષધ સેવ્યા પછીના ભોજનકાળ ... ૭૭૧
ઉંમરના ત્રણ વિભાગ અને તે પ્રમાણે ઔષધની માત્રા ... ,,
અવસ્થા કે ઉંમર વિષે વધુ સમજૂતી ... ,,
ઉંમર પ્રમાણે ઔષધમાત્રા ૭૭૨
તરતનાં જન્મેલાં બાળકને આપવા યોગ્ય ઘીની માત્રા ,,
ખોરાકને ખાતા કુમારના સંબંધે ઔષધમાત્રા કહેવાની પ્રતિજ્ઞા ... ૭૭૩
ચૂર્ણાદિરૂપ ઔષધની માત્રા ... ૭૭૪
દોષઘ્ન કષાયની માત્રા ... ... ,,
વમન, વિરેચન જીવનીય તથા સંશમન ક્વાથની માત્રા ... ,,
દીપનીય આદિ કલ્કની માત્રા... ... ૭૭૪
વમનાદિ માટેની સ્નેહમાત્રા ... ... ,,
કફજ રોગ માટે ઔષધપકવ ઘીની માત્રા... ,,
વાતજ રોગશમન વિરેચનઘૃત ... ,,
બાળકના રોગમાં અપાતા કુંભસર્પિસ્ ઘીની માત્રા ૭૭૫
યોગ્યમાત્રા ચિકિત્સાનું મૂળ છે ... ,,
વૈદ્યે યોગ્ય માત્રામાં જ ઔષધપ્રયોગ કરાવવો ,,
ઔષધપ્રયોગ કરાવનાર વૈદ્યને ખાસ સૂચના ,,
ઔષધીઓના પ્રયોગો, ગુણો તથા કર્મોને વિદ્વાન વૈદ્યો જ જાણી શકે ... ,,
વૈદ્ય જ ઔષધીઓના તત્ત્વને જાણે છે ... ,,
અજાણ્યું ઔષધ વિષ અને જાણેલું ઔષધ અમૃત જેવું છે ... ૭૭૬
અવિધિથી યોજેલું ઔષધ વિષતુલ્ય અને વિધિથી યોજેલું વિષ પણ ઔષધરૂપ બને ,,
મૂર્ખ વૈદ્યે યોજેલું ઔષધ પ્રાણઘાતક થાય ,,
ઉત્તમ વૈદ્ય કેવાં ઔષધો યોજે અને મૂર્ખ કેવાંનો ઉપયોગ કરે? ... ,,
મૂર્ખ વૈદ્યની ચિકિત્સાપદ્ધતિની નિંદા ... ,,
ઉત્તમ ચિકિત્સા માટે વૈદ્યને ભલામણ ... ,,
મોટા માણસની તથા બાળકની શારીરિક તુલના ૭૭૭
શરીરના પ્રમાણમાં ઔષધમાત્રા અપાય ... ,,

યૂષનિર્દેશીય: અધ્યાય ૪ થો ,,
મંગલાચરણ તથા પ્રારંભ ,,
યૂષ આદિની સાથેનો ખોરાક સર્વને આરોગ્યકારક બને ૭૭૮
આહારની દરેક પ્રાણીને જરૂર પડે છે ... ,,
આહાર જેવું ઔષધ નથી ૭૭૯
આહાર એ મોટું ઔષધ છે... ... ,,
આહારના જુદા જુદા ભેદો છે ... ,,
આહારના જ આકારે ચારે પુરુષાર્થો વગેરેની સિદ્ધિ થાય ... ... ,,
ભોજનપ્રકાર તથા ભોજનના ગુણ—અવગુણ વગેરે કહેવાની પ્રતિજ્ઞા ... ૭૮૦
ભોજન સાથે સંબંધ ધરાવતા યૂષો કહેવાની પ્રતિજ્ઞા ,,
યૂષના ગુણો ... ... ,,
ત્રણ દોષોને યૂષ મટાડે ... ... ,,
યૂષના વધુ ગુણો ... ... ,,
યૂષ અને યવાગૂ સંજ્ઞામાં કારણ ... ૭૮૧
૨૪ પ્રકારના યૂષો ... ... ,,
વસ્તુતઃ યૂષો બે જ પ્રકારના છે ... ,,
છતાં તે યૂષો ત્રણ પ્રકારના પણ કહેવાય ... ,,

પાચન, કર્ષણ તથા બૃંહણ—એમ પણ ત્રણ યૂષો હોય ૭૮૧
૩૫ યૂષોની તથા ૫૦ યૂષોની ગણતરી ... ૭૮૨
કેટલાક યૂષો રાગ—ખાડવ—પાનકરૂપે પણ થાય ,,
વાતરોગ આદિથી પીડાયેલાને ઉપયોગી એક ખાસ યૂષ ... ... ,,
પંચકર્મ સિવાય પ્રયોગ કરાતો એક ખાસ નિર્યૂહ ,,
પંચકર્મમાં ઉપયોગી પાંચ યૂષો ... ,,
બીજા કામ્યયૂષોનું કથન ૭૮૩
પંચકોલક યૂષ ... ... ,,
મુખ્ય ધાન્યયૂષ ... ... ,,
દહીંના મંડમાં કે છાશમાં કરેલો યૂષ મસ્તક વગેરેના રોગમાં હિતકારી ... ,,
અતિશય રૂક્ષતા લાવનાર કળથીનો યૂષ ... ૭૮૪
જૂના અતિસારને મટાડનાર ફળયૂષ ... ,,
રક્તપ્રદર આદિને મટાડનાર 'પુષ્પયૂષ' ... ,,
વાયુનાશક 'પત્રયૂષ' ... ... ,,
અતિસારને મટાડનાર વલ્ક—છાલનો યૂષ... ,,
બધા પિત્તના રોગ વગેરેને મટાડનાર 'પલ્લવયૂષ' ,,
વાયુનાશક જુદા જુદા યૂષો ... ... ,,
રૂક્ષ 'કાંબલિકયૂષ' ૭૮૫
સર્વ રોગોમાં હિતકારી મહાયૂષ... ... ,,
વાતનાશન—'લશુનયૂષ' ... ... ,,
સર્વરોગ વિનાશન 'મૂલકયૂષ'... ... ૭૮૬
પિત્તને શમાવનાર 'લાવકરસ'... ... ,,
યૂષકથન—ઉપસંહાર ... ... ,,
૨૧ યવાગૂઓ કહેવાની પ્રતિજ્ઞા ... ,,
વૃદ્ધજીવકનો પ્રશ્ન ... ... ,,
ઓદન—ભાતનું લક્ષણ તથા ગુણો ... ,,
ઓદન—ભાતના નિન્દનીય ગુણો ... ,,
યવાગૂના પ્રકારો ... ... ,,
યવાગૂ તથા પેયામાં તફાવત ... ... ,,
દોષયુક્ત યવાગૂ ૭૮૭
પ્રતિષિદ્ધ યવાગૂઓ ... ... ,,
વિલેપીના અને યવાગૂના ગુણ—દોષ સરખા જ હોય ... ... ,,
ક્ષીરપેયાના ગુણો ... ... ,,
કષાયરસયુક્ત પેયાના ગુણો ... ,,
બીજી બે યવાગૂના ગુણો ... ... ,,
પિત્તના તથા કફના અતિસારમાં હિતકર પેયા ૭૮૮
ઉપર્યુક્ત પેયાના જ ખાસ વિશેષ ગુણો ... ,,
આમને પકાવનારી પેયા અને મૂત્રરોગને મટાડનારી યવાગૂ ... ,,
ગુલ્મરોગ, ઉધરસ તથા ગ્રહણી રોગને મટાડનારી યવાગૂ ... ૭૮૮
તૃષાશમની, વિષનાશની તથા બલવર્ધની ત્રણ યવાગૂ ... ... ,,
શરીરને કૃશ કરનારી, બલને વધારનારી અને શ્વાસ ઉધરસ તથા કફને મટાડનારી યવાગૂ ,,
સ્નેહની, ભેદની તથા વિષ્ટાને બાંધનારી યવાગૂ ૭૮૯
મદ તથા દાહને મટાડનારી યવાગૂઓ ... ,,
આ અધ્યાયનો ઉપસંહાર ... ... ,,
ભોજ્યોપક્રમણીય : અધ્યાય ૫ મો ,,
યોગ્ય આહારસેવનનો ઉપદેશ ... ,,
ઋષિઓ આયુર્વેદ ભણ્યા હતા તે શા માટે? ૭૯૦
આયુર્વેદ ભણીને શું કરવું? ૭૯૧
આરોગ્યનાં લક્ષણો ... ... ,,
આરોગ્યનાં મૂળ ... ... ,,
ભોજનનો સમય ... ... ,,
ભોજન સમયે જમવાથી થતા લાભો ... ,,
સાત્મ્ય અથવા જે ખોરાક શરીરને અનુકૂળ—માફક હોય તેનું લક્ષણ ... ,,
સાત્મ્ય સેવનાર સો વર્ષ જીવે... ... ૭૯૨
ભોજનની યોગ્ય માત્રાનો પ્રકાર ... ,,
ઉષ્ણભોજન અને તેથી થતા ફાયદા ... ,,
સ્નિગ્ધ ભોજનથી માનસિક તથા શારીરિક પ્રસન્નતા રહે ... ૭૯૩
વિરુદ્ધ ભોજન ન જ કરાય ... ,,
પવિત્ર પ્રદેશે પવિત્ર પાત્રોમાં જમવું ... ,,
પૂર્વ તરફ મુખ રાખી મૌન રહી જમવું ... ,,
મનને એકાગ્ર કરી જમવું ... ... ,,
ભોજનના રસનો સ્વાદ લેતા રહી જમવામાં ફાયદા ,,
ખૂબ ઉતાવળથી ન જમવું ૭૯૪
અતિશય વિલંબ કરીને પણ જમવું ન જોઈએ ,,
અતિશય ગરમ ખોરાક ખાવાથી થતું નુકસાન ,,
અત્યંત ઠંડું જમવાથી થતા રોગો ... ,,
ખૂબ લૂખું જમવાથી થતું નુકસાન ... ,,
અતિશય સ્નિગ્ધ ખોરાક ખાવાથી થતા રોગો ,,
અતિશય વધુ ખોરાક ખાવાથી થતી હાનિ ૭૯૫
ખૂબ જ ઓછું ખાનારને થતા રોગો ... ,,
વધુ પ્રમાણમાં પ્રવાહી ખોરાક ખાધા કરવાથી નુકસાન ... ... ,,
ખૂબ જ સૂકો ખોરાક ખાવાથી થતી હાનિ ,,
જમવાની ઈચ્છા જ ન હોય છતાં જમનારને થતું નુકસાન ... ,,

એકધારું વારંવાર ખાધા કરનારને થતી હાનિ ૭૯૫
એક જ રસ સેવ્યા કરવાથી થતી હાનિ ... ૭૯૬
ઉપર કહેલ ૨૪ ભોજન—પ્રકારોને
અનુસરવાથી થતા ગુણો ... ,,
મધુરરસ જો સાત્મ્ય હોય તો? ... ,,
ખાટો રસ જો સાત્મ્ય હોય તો? ... ,,
લવણરસની સાત્મ્યતા શું કરે? ... ,,
કટુક—તીખો રસ જો સાત્મ્ય હોય તો?... ,,
કડવો રસ જો સાત્મ્ય થાય તો? ... ,,
કષાય—તૂરો રસ જો સાત્મ્ય થાય તો? ... ,,
જે માણસને ઘી સાત્મ્ય કે માફક થાય તો? ૭૯૭
જેને દૂધ સાત્મ્ય થાય તેનું ફલ ... ,,
જેને તલનું તેલ માફક થાય તેનું ફલ ... ,,
જેને માંસ સાત્મ્ય થાય તેનાં ફલ ... ,,
અહિતનો તથા હિતનો ત્યાગ કરવાનો ઉપદેશ ,,
ભોજનના ક્રમનો ઉપદેશ ... ... ,,
પેટમાં અમુક ભાગો અમુક માટે કલ્પવા... ૭૯૮
ભોજન કર્યા પછીની ક્રિયાઓ ,,
આટલી ક્રિયાઓથી ખાધેલો ખોરાક બરાબર ન પચે ૭૯૯
સમશન, અધ્યશન, પ્રમૃતાશન તથા
વિષમાશનનાં લક્ષણો ... ... ,,
રોગોનું મૂળ કારણ 'અજીર્ણાશન 'તથા 'અત્યશન' છે ,,
તે તે દેશાનુસાર આહારસાત્મ્ય સમજવું... ૮૦૦
૨૪ ભોજનના પ્રકારોનો ઉપસંહાર ... ,,
રસદોષ વિભાગીય : અધ્યાય ૬ ઠ્ઠો ,,
રસદોષના વિભાગને જાણનારો જ વૈદ્ય ગણાય ,,
દોષવિકલ્પો તથા રસવિકલ્પો કહેવાની પ્રતિજ્ઞા ,,
દોષભેદ અનુસાર. જ્વર આદિ રોગોની
૬૨ કલ્પના ... ,,
ઉપર્યુકત ૬૨ પ્રકારોની ગણતરી ... ,,
ઉપર કહેલ દોષોના વિભાગનું વિસ્તારથી કથન ૮૦૧
ક્ષીણ દોષજ વિકારો પણ ૨૫ ... ૮૦૨
બે ક્ષીણ, એક અધિક અને એક ક્ષીણ, તથા બે
અધિક દોષોને કારણે થતા ૧૨ ભેદો ,,
૬૩ મો એક વિકારભેદ ૮૦૩
મૂળ ૬ રસોમાંના બે—બેથી થતા ૧૫ ભેદો ,,
ત્રણ ત્રણ રસો જોડાવાથી થતા ૨૦ ત્રિકો ૮૦૪
૬૩ રસોની સંખ્યા ... ... ,,
અસંયુકત રસો ૬ અને સંયુકત રસો ૫૭... ૮૦૬
રસવૃદ્ધિના પ્રમાણ અનુસાર ચિકિત્સાનો ઉપદેશ ,,
આયુર્વેદની ચિકિત્સામાં રસ વિપર્યયની આવશ્યકતા ૮૦૭
કફના વ્યાધિમાં કટુતિકત અને કષાય
રસોવાળું ઔષધ અપાય ... ૮૦૭
તિકત, મધુર તથા કષાય રસો પિત્તના
રોગમાં હિતકર થાય ... ૮૦૮
વાયુના રોગમાં લવણ, અમ્લ તથા મધુર
રસવાળું ઔષધ હિતકારી થાય ... ,,
ઉપર્યુકત પદ્ધતિથી જ જ્વરાદિરોગમાં
હિતકર પ્રયોગો કહ્યા છે ... ૮૦૯
પિત્તજ્વરમાં પ્રયોગ કરાતાં તેને મટાડતાં
રસદ્રવ્યો ... ... ,,
કફજ્વરમાં પ્રયોગ કરાતાં રસદ્રવ્યો ... ,,
તે તે રોગવિરોધી રસદ્રવ્યો વાપરવાં ... ,,
શાસ્ત્રજ્ઞાતા વૈદ્યની ચિકિત્સાપદ્ધતિ કેવી હોય? ,,
શાસ્ત્રવેત્તા વૈદ્યને વધુ સૂચના ... ૮૧૦
આયુર્વેદપ્રસિદ્ધ દશ સ્થાનો કહેવાની પ્રતિજ્ઞા ,,
સ્થાનવૃદ્ધિ અનુસાર દોષોના ૧૪૦ ભેદો... ,,
વળી તેના સેંકડો તથા હજારો ભેદો ... ૮૧૧
એક દ્વન્દ્વ દ્વારા ૫૩ ભેદો ... ... ,,
છ દ્વંદ્વોથી એમ ૩૧૮ ભેદો થાય ... ,,
બધા વૃદ્ધ તથા ક્ષીણ દોષોના ભેદો ... ,,
રોગોના ભેદો પણ એટલા જ થાય ... ૮૧૨
રસોના ભેદોનો વિસ્તાર કહેવાની પ્રતિજ્ઞા ,,
રસોના એકંદર ભેદો ૩૦૭૩ ... ,,
રસોના અતિસૂક્ષ્મ ભેદો બિનજરૂરી છે ... ,,
રસોના ભેદોનો વિસ્તારથી ઉપદેશ ... ૮૧૩
ત્રણ ત્રણ રસોનાં ૨૦ ત્રિકો ... ૮૧૪
ચાર ચાર રસોના જોડાણવાળા પણ ૧૫ ચતુષ્કો ૮૧૫
પાંચ પાંચ રસોથી મિશ્ર છ દ્રવ્યો ... ૮૧૭
સંશુદ્ધિ—વિશેષણીય : અધ્યાય ૭ મો ૮૧૮
વિશોધન પ્રકરણ વિષે વિશેષ કહેવાની પ્રતિજ્ઞા ,,
ઋતુ અનુસાર વાતાદિ દોષોના ચય,
પ્રકોપ તથા પ્રશમ ... ,,
વિસર્ગકાળ અને આદાનકાળ ... ,,
વિસર્ગકાળ તથા આદાનકાળ વિષે વધુ સમજણ ૮૧૯
કયા કાળમાં વમનરૂપ સંશોધન જરૂરી હોય? ,,
કયા કારણે બસ્તિકર્મ આવશ્યક ગણાય?... ,,
વિરેચન દ્વારા સંશોધનકર્મ શરત્કાલમાં કરવું ૮૨૦
હરકોઈ દોષના પ્રકોપ કાળે સંશોધનરૂપ
ચિકિત્સા કરવી ... ,,
વમનાદિ સંશોધનોથી સ્વાસ્થ્યપ્રાપ્તિ ... ૮૨૧
ઘણા દોષયુકત વ્યકિતનું લક્ષણ ... ,,
સંશોધન, સંશમન અને વિશોષણ કોને કરવું? ,,
સ્નેહન તથા સ્વેદનપૂર્વક સંશોધન કરવું... ૮૨૨

પ્રથમ સ્નેહન પછી સ્વેદન કરવું ... ૮૨૨
સ્નેહન તથા સ્વેદનપૂર્વક જ શોધન કરાય... ,,
સ્નેહન—સ્વેદન કર્યા પછી ત્રીજા ને ચોથા દિવસે શોધન પિવાય ... ,,
વમન કે વિરેચન સેવ્યા પહેલાંના આહાર માટેનું સૂચન ... ૮૨૩
આ રોગોમાં અતિસ્નિગ્ધ વિરેચન ન દેવું ,,
વિરેચન પહેલાં શરીરને સ્નિગ્ધ કરવાની જરૂર ,,
વિરેચન ઔષધ ઉત્તમ અસર કરે ... ૮૨૪
સ્નેહનની પેઠે સ્વેદનથી પણ દોષનું નિર્ગમન અનાયાસે થઈ શકે ... ,,
સ્નેહન—સ્વેદનપૂર્વકના સંશોધનથી શરીરની શુદ્ધિ ,,
વમન—વિરેચન પછીનો ભોજનક્રમ ... ૮૨૫
જઠરાગ્નિ પ્રદીપ્ત થયા પછી ક્રિયા સફલ થાય ,,
એ ચિકિત્સા સિદ્ધિ પહેલાં કહેવાઈ છે ... ,,
ખોરાકના ભેદો કહેવાની પ્રતિજ્ઞા ... ,,
ઉપર્યુકત ત્રણ પેયાના ભેદોનું લક્ષણ ... ,,
ઉપર્યુકત પેયાદિક્રમ વિષે વધુ સ્પષ્ટતા ... ૮૨૬
એ પેયાદિના સેવન વિષે ... ,,
આરોગ્ય ઈચ્છનારે સર્વ સંશોધન અનુસાર ઉપર્યુકત સંસર્જનક્રમ સેવવો ... ,,
વમન આદિ ઔષધના પ્રમાણ આદિનું પ્રયોજન ,,
વમન માટેનો ખાસ કવાથ ... ૮૨૭
ઉપરનો કવાથ અજીર્ણમાં ઉપયોગી નથી... ,,
આ ઉપાયથી અજીર્ણાંશ બહાર ન નીકળે તો? ,,
વમન ઔષધ રોગીને પાયા પછીનાં વમનકારક ચિહ્નો ... ૮૨૮
વમનના વેગોની સંખ્યા ... ,,
વમનમાં દોષનું પ્રમાણ કેટલું બહાર આવવું જોઈએ? ... ૮૨૯
વમનથી દોષ બહાર નીકળી ગયાનાં લક્ષણો ,,
વમન પછી બાકીના દોષ નસ્ય દ્વારા દૂર કરવા ,,
વમન તથા નસ્યકર્મ પછી સંસર્જનક્રમ કરીને વિરેચન કરાવાય ... ૮૩૦
વિરેચન—ઔષધના યોગો ... ,,
વધુ વિરેચન યોગો ... ... ,,
ત્રિવૃતાષ્ટક ચૂર્ણ અને તેના ગુણો ... ,,
વિરેચનના વેગો અને પ્રમાણ ... ,,
વિરેચનમાં દોષોનો નીકળવાનો ક્રમ ... ૮૩૧
વિરેચનનો અતિયોગ મટાડવાનો ઉપાય ... ,,
વમન કે વિરેચનનો અયોગ કે મિથ્યાયોગ થયો હોય તો શું કરવું? ... ,,
સંશોધન કર્મમાં વધુ જરૂરી સૂચન ... ૮૩૨
જેને આપેલું વમન ઔષધ જો અધોમાર્ગે જાય તો? ... ૮૩૨
ઉષ્ણ જલપાન દોષોનું અનુલોમન કરે છે ૮૩૩
સંશોધન ઔષધ શૂલ કરનાર થાય તો? ... ,,
વિરેચનમાં થતી આ બે સ્થિતિના ઉપાયો ... ,,
ફલવર્તિપૂર્વકનું વિરેચન ક્યારે? ... ,,
સમ્યક્ શુદ્ધિ કરનાર ઔષધોનું લક્ષણ ... ,,
સંશોધનને અયોગ્ય વ્યકિતઓ ... ૮૩૪
બસ્તિવિશેષણીય : અધ્યાય ૮ મો ,,
બસ્તિ એ વાયુરોગનાશક શ્રેષ્ઠ ચિકિત્સા છે ..
શારીરિક સર્વ ક્રિયાઓમાં મુખ્ય કારણ વાયુ જ છે ૮૩૫
વધેલા વાયુને ઓછો કરવા બસ્તિ એ જ મુખ્ય સાધન છે ... ,,
બસ્તિના ત્રણ વિભાગો ... ,,
પહેલો કર્મબસ્તિ પ્રકાર ... ,,
બીજો કાળબસ્તિ પ્રકાર ... ,,
ત્રીજો યોગબસ્તિ પ્રકાર ... ,,
ઉપર કહેલ ત્રણે બસ્તિયોગોમાં ૧૩ બસ્તિઓ થાય ... ૮૩૬
ઉપર કહેલ ૫૩ બસ્તિઓનો વિભાગપ્રકાર ,,
અનુવાસન તથા નિરૂહનો આ ક્રમ અનિંદ્ય છે ૮૩૭
બસ્તિપ્રયોગમાં અવસ્થા, દોષ, કાળ અને બળનું અનુસરણ જરૂરી છે ... ,,
નિરૂહબસ્તિ સંબંધે ખાસ સૂચન ... ,,
બસ્તિ લીધા પછીની ભોજનવિધિ ... ૮૩૮
બસ્તિઓ સંબંધે ચતુર્ભદ્રકલ્પ કહેવાની પ્રતિજ્ઞા ... ,,
આ ચતુર્ભદ્ર બસ્તિકલ્પ નિર્દોષ છે ... ,,
સ્નેહબસ્તિના સેવનનું ફલ ... ,,
વિષમ બસ્તિયોગોનું જ સેવન કરાય ... ,,
સંક્ષેપથી અને વિસ્તારથી કહ્યા પછી વધુ કહેવાની પ્રતિજ્ઞા ... ૮૩૯
આ સ્થિતિમાં કર્મબસ્તિની શ્રેષ્ઠતાનું કથન ,,
કાલબસ્તિને યોગ્ય વ્યકિતઓ ... ,,
યોગબસ્તિનો કાળ ... ,,
નિરૂહની યોજનાનો પ્રકાર ... ૮૪૦
નિરૂહબસ્તિ કેવી રીતે તૈયાર કરવી? ... ,,
બસ્તિમાં દ્રવ્યોના પ્રક્ષેપ સંબંધે ... ,,
બસ્તિમાં મધ વગેરે દ્રવ્યો મેળવવાનાં કારણો ,,
બરાબર મથીને એકતાને ન પમાડાય તો બસ્તિકામ કરવા સમર્થ ન થાય ૮૪૧
બસ્તિના પ્રમાણમાં ઉંમર, બળ આદિને અનુસરી વધઘટ કરી શકાય ... ..

દ્રવ્યોની વધઘટ પણ તે તે અંગો દ્વારા કરી શકાય ૮૪૧
વાતવ્યાધિમાં વૈદ્ય કયાં દ્રવ્યની વધઘટ કરે? ,,
પિત્ત તથા કફમાં વૈદ્ય કયાં દ્રવ્યની વધઘટ કરે? ૮૪૨
આસ્થાપનના દુષ્પ્રયોગના તથા સુપ્રયોગનાં ફળ ,,
બસ્તિકર્મ વિષે વૈદ્યને ખાસ સૂચના ... ,,
બસ્તિના સમ્યગ્યોગની પ્રશંસા ... ,,
હરકોઈ ચિકિત્સાકર્મ વિષે વૈદ્યને સૂચન ... ,,
નિરૂહબસ્તિના પ્રયોગ વિષે ... ૮૪૩
અતિ શીતળ અને અતિ ઉષ્ણ બસ્તિથી હાનિ ,,
અતિ તીક્ષ્ણ અને અતિ મંદ બસ્તિથી હાનિ ,,
અતિશય રૂક્ષ અને અતિશય સ્નિગ્ધ બસ્તિથી થતી હાનિ ... ,,
અતિશય ઘટ્ટ કે અતિશય પાતળી બસ્તિથી તેનો અયોગ થાય ... ,,
અતિશય થોડા અને અતિશય વધુ પ્રમાણવાળી બસ્તિથી થતું નુકસાન ૮૪૪
સમ્યક્ પ્રયુકત બસ્તિથી થતો લાભ ... ,,
ઉપર દર્શાવેલી બસ્તિ આખાય શરીરમાં પહોંચે ,,
સમ્યક્ પ્રયુકત બસ્તિ પિત્તસ્થાનને ઓળંગી કફને પણ આકર્ષે ... ,,
અતિતીક્ષ્ણ અને અતિમૃદુ બસ્તિનો પ્રયોગ ન કરવામાં કારણ ... ,,
બીજી કે ત્રીજી સમ્યક્ બસ્તિ દોષોને વધુ બહાર લાવે ... ,,
આવી બસ્તિ સારી રીતે વખણાય છે ... ૮૪૫
નિરૂહબસ્તિના ગુણોનું વર્ણન ... ,,
નિરૂહબસ્તિના સમ્યગ્ યોગનાં લક્ષણો ... ,,
નિરૂહબસ્તિના અસમ્યગ્ યોગનાં તથા અતિયોગનાં લક્ષણો ... ,,
નિરૂહબસ્તિનો સમ્યગ્ યોગ થયેલાંનું ભોજન ૮૪૬
નિરૂહની અંતે જમાડ્યા પછી તૈલનું અનુવાસન આપવું ... ,,
આસ્થાપન પછી ગુદાને શાંત કરનાર અનુવાસન જરૂરી ગણાય છે ... ,,
દરરોજ અનુવાસન કોને દેવાય? ... ,,
ઉપર્યુકત વ્યકિત કાયમી અનુવાસન લઈ શકવામાં કારણ ... ,,
તૈલરૂપ સ્નેહના અનુવાસનની પ્રશંસા ... ૮૪૭
તલના તેલની સ્નેહબસ્તિની વધુ પ્રશંસા ,,
ફૂલતેલની બનાવટ અને તેના ગુણો ... ,,
એરંડબસ્તિ—નિરૂહનિર્માણ અને તેનો પ્રયોગ ૮૪૮
ઉપર્યુકત એરંડબસ્તિની માત્રાના પ્રકારો ... ,,
ઉંમરને અનુસરી સ્નેહબસ્તિ તથા નિરૂહબસ્તિની માત્રાઓ ... ૮૪૯
બસ્તિના પ્રમાણ વિષે વધુ કથન ... ,,
બસ્તિપ્રકરણનો ઉપસંહાર ... ૮૫૦

રકતગુલ્મ—વિનિશ્ચય : અધ્યાય ૯ મો ,,

ભગવાન કશ્યપને વૃદ્ધજીવકનો પ્રશ્ન ... ,,
ભગવાન કશ્યપનો પ્રત્યુત્તર ... ૮૫૧
મનુષ્યના કોઠાના આશયો ... ,,
રકતગુલ્મની ઉત્પત્તિ કયારે ... ૮૫૨
સ્ત્રીના આર્તવ સંબંધે ઊંડી સમજણ ... ,,
ધાવણની ઉત્પત્તિનું કારણ ... ,,
રકતગુલ્મનું કારણ ... ૮૫૩
ફરકતા રકતગુલ્મનાં લક્ષણો ... ,,
રકતગુલ્મ તથા વિદ્રધિમાં તફાવત ... ૮૫૪
રકતગુલ્મમાં સ્ત્રીને સગર્ભાની શંકા થાય ... ,,
રકતગુલ્મની વ્યાખ્યા ... ૮૫૫
રકતગુલ્મને ગર્ભ માનતી સ્ત્રી અનેક ચેષ્ટાઓ કરે ... ,,
રકતગુલ્મવાળી સ્ત્રીને દોહદો થવાનાં કારણો ,,
રકતગુલ્મના રોગવાળી સ્ત્રીને ધાવણ ઊપજવામાં પણ કારણ ... ૮૫૬
રકતગુલ્મ રોગવાળી સ્ત્રીમાં સગર્ભાનાં લક્ષણો જણાવાનાં કારણ ... ,,
ગર્ભની જેમ રકતગુલ્મ વધવાનાં અને કાળને પણ ગાળવાનાં કારણ ... ,,
રકતગુલ્મના નાશ સંબંધે મતભેદ ... ૮૫૭
દશમા મહિના પહેલાં ચિકિત્સાથી રકતગુલ્મ યાપ્ય બને છે ... ,,
રકતગુલ્મ તથા ગર્ભનાં લક્ષણોમાં તફાવત ,,
ગર્ભ તથા રકતગુલ્મમાં ભેદ જાણવો મુશ્કેલ થાય છે ... ૮૫૮
રકતગુલ્મને જાણ્યા પછી જ તેની ચિકિત્સા થાય ૮૫૯
રકતગુલ્મની ખાતરી વગરની ચિકિત્સા વૈદ્યને અપયશ અપાવે ... ,,
રકતગુલ્મની ચિકિત્સાપદ્ધતિનું માર્ગદર્શન ,,
ઉપર કહેલ ચિકિત્સાપદ્ધતિનું યોગ્ય ફળ ... ૮૬૦
રકતગુલ્મની ચિકિત્સાનો ક્રમ ... ,,
રકતગુલ્મમાં કલ્યાણક ઘૃત આદિ પણ હિતકારી થાય ... ,,
રકતગુલ્મમાં અપથ્યો ... ,,
રકતગુલ્મના ઉપદ્રવો ... ,,
રકતગુલ્મમાં પથ્ય ... ,,

વાયુના શમન માટેનું આસ્થાપન ... ૮૬૧
રક્તગુલ્મના રોગવાળી સ્ત્રીને આપવાનો આસ્થાપનયોગ ... ,,
રક્તગુલ્મને પાડનાર ચૂર્ણયોગ ... ,,
રક્તગુલ્મને ભેદનાર ચૂર્ણયોગ ... ,,
રક્તગુલ્મ ભેદનાર બીજા બે પ્રયોગો ... ,,
ચોથો રક્તગુલ્મ—ભેદનયોગ ... ,,
અપરાપાતન ઔષધ પ્રયોગથી પણ રક્તગુલ્મ ભેદાય ... ,,
રક્તગુલ્મની અમુક અવસ્થામાં ફરી આસ્થાપનનો પ્રયોગ કરવો ... ૮૬૨
રક્તગુલ્મના શોધનનો પ્રયોગ ... ,,
રક્તગુલ્મમાં પંચગુલ્મીય ચિકિત્સા થાય ... ,,

અન્તર્વત્નીચિકિત્સિત : અધ્યાય ૧૦ મો ,,

સગર્ભા સ્ત્રીઓની ચિકિત્સા કહેવાની પ્રતિજ્ઞા ,,
ગર્ભિણીના જ્વરની ચિકિત્સા કહેવાની પ્રતિજ્ઞા ,,
ગર્ભિણીના જ્વરનાં નિદાનો ... ૮૬૩
જ્વરયુક્ત ગર્ભિણીની સામાન્ય ચિકિત્સા ,,
જ્વરવાળી સગર્ભાએ ત્યજવા યોગ્ય ... ,,
જ્વરવાળી સગર્ભાનો અન્નકાળ તથા ઔષધકાળ ... ,,
વાત—પિત્ત કફાત્મક જ્વરાદિમાં સગર્ભાનો મધ્યમ ચિકિત્સા ... ,,
સગર્ભાને વધુ તરસ લાગ્યા કરે તો કયું પાણી આપવું? ... ૮૬૪
તરુણ જ્વરમાં ઉપર કહેલ જલપાન કરાવવું ,,
ગર્ભિણીના મસ્તકરોગમાં કરવાની ચિકિત્સા ,,
ગર્ભિણીને અભ્યંગ કે માલિસ ન કરાય ... ,,
ગર્ભિણીને નસ્યકર્મ પણ હિતકારી નથી ... ૮૬૫
સગર્ભાને ધૂમપાન પણ ન જ કરાવાય ... ,,
સગર્ભાને શિરોવિરેચન પણ ન જ કરાવાય ,,
સગર્ભાને સ્વેદન પણ નુકસાન જ કરે ... ,,
સગર્ભાને વમનકર્મ પણ ન જ કરાવાય ... ,,
ગર્ભિણીને વિરેચન પણ ન જ કરાવાય ... ,,
સગર્ભાને આસ્થાપન કે અનુવાસનબસ્તિ પણ ન જ અપાય ... ,,
ગર્ભિણીને આપેલાં આસ્થાપન કે અનુવાસન ગર્ભને નુકસાન જ કરે ... ૮૬૬
ઉપર કહેલ કારણોથી સગર્ભાને પંચકર્મો ન કરાવાય ,,
ગર્ભિણીના વાતજ્વરમાં અપાય તે ક્વાથયોગ ,,
બીજો વાતજ્વરહર વિદારીગંધાદિ ક્વાથ ,,
વાતજ્વરહર ત્રીજો એરંડાદિ ક્વાથ ... ,,
વાતજ્વરમાં હિતકારી ચોથો દશમૂલ ક્વાથ ૮૬૬
ગર્ભ સ્થિર થયા પછી કરવાનું તૈલાભ્યંગ ... ,,
સગર્ભાના જીર્ણજ્વરમાં હિતકારી આ ત્રણ પદાર્થો ૮૬૭
પિત્તપ્રકોપમાં હિતકર ક્વાથ ... ,,
પિત્તના જ્વરમાં હિતકારી પાનક ... ૮૬૮
પિત્તજ્વરમાં સગર્ભાને પાવા યોગ્ય બીજું પ્રધાનક ,,
સગર્ભાના પિત્તજ્વરને મટાડનાર પ્રદેહ તથા તર્પણ ,,
સગર્ભાના દાહજ્વર તથા જ્વરનો નાશ કરનાર તૈલ ,,
સગર્ભાના કફજ્વરમાં રાસ્નાનો ક્વાથયોગ ,,
કફજ્વરનાશક બીજા ત્રણ ક્વાથયોગો ... ,,
કફપિત્ત બે દોષના જ્વરમાં હિતકર ક્વાથ ... ,,
કફવાતજ—દ્વન્દ્વજ જ્વરમાં હિતકારી બૃહત્ પંચમૂળ ક્વાથ ... ૮૬૯
વાત-પિત્તજ—દ્વન્દ્વજ જ્વરમાં હિતકર વિદારિગંધાદિ ક્વાથ ... ,,
પિત્તજ્વર તથા જીર્ણજ્વરની ચિકિત્સા ... ,,
સગર્ભાના કફજ્વરની ચિકિત્સા ... ,,
સંસૃષ્ટ—દ્વન્દ્વ દોષ અને સાંનિપાતિક વિકારની ચિકિત્સા ... ,,
મદ્યપાન કરતી સ્ત્રીના રોગની ચિકિત્સા ... ,,
સગર્ભાના અતિસાર રોગની ચિકિત્સા ... ૮૭૦
ગર્ભિણીના અતિસારનાં નિદાનો ... ,,
કફયુક્ત આમાતિસારની ચિકિત્સા ... ,,
પિત્તયુક્ત આમાતિસારની ચિકિત્સા ... ,,
વાતયુક્ત અતિસારની ચિકિત્સા ... ,,
સાંનિપાતિક અતિસારની ચિકિત્સા ... ,,
કફાતિસારમાં હિતકારી અંબષ્ઠાદિગણનો ક્વાથ ૮૭૧
કફાતિસારનાશન બીજો પ્રયોગ ... ,,
કફજ અતિસારનો નાશ કરનાર કમળના કેસરનો યોગ ... ,,
પિત્તજ અતિસારને શમાવનાર ન્યગ્રોધાદિ ક્વાથ ,,
પિત્તાતિસારને મટાડનાર કણાદિ યોગ ... ,,
પિત્તાતિસારને શમાવનાર પદ્માદિ યોગ ... ,,
વાયુના અતિસારનો નાશ કરનાર ઔષધ યોગ ,,
વાત્તાતિસારને મટાડનાર પદ્માદિ પ્રયોગ ,,
વાતજ અતિસારનાશક પિપ્પલ્યાદિ પ્રયોગ ૮૭૨
વાતાતિસારને શમાવનાર મુસ્તાદિ યોગ ... ,,
બધાય અતિસારનો નાશ કરનાર 'કલ્યાણક' અવલેહ ... ,,
સગર્ભાના 'પ્રવાહિકા' રોગની ચિકિત્સા ,,
પ્રવાહિકાને મટાડનાર બીજો પ્રયોગ ... ,,
જૂની પ્રવાહિકાને મટાડનાર કપિત્થાદિ ખડ્યૂષ ,,
રક્તયુક્ત અતિસારને મટાડનાર ઔષધયોગ ૮૭૩

રક્તાતિસારને મટાડનાર બીજો પદ્માદિયોગ ૮૭૩
રક્તાતિસારને મટાડનાર ત્રીજો યોગ ... ,,
રક્તાતિસારને મટાડનાર ચોથો પ્રયોગ ... ,,
રક્તાતિસારનાશક પાંચમો યોગ ... ,,
રક્તાતિસારને મટાડનાર છઠ્ઠો યોગ ... ,,
ગર્ભિણીની વાતિકી પરિકર્તિકા—વાઢના રોગની ચિકિત્સા ... ,,
સગર્ભાની પિત્તજા પરિકર્તિકાની ચિકિત્સા ,,
સગર્ભાની કફજા પરિકર્તિકાની ચિકિત્સા ૮૭૪
ગર્ભિણીના પાર્શ્વગ્રહ રોગની ચિકિત્સા ... ,,
ગર્ભિણીના મુખપાકની ચિકિત્સા ... ,,
સગર્ભાના વાતિક આક્ષેપક તથા અપતાનકની ચિકિત્સા ... ,,
પિત્તના સંબંધવાળા આક્ષેપક તથા અપતાનકની ચિકિત્સા ... ૮૭૫
વાત—કફમિશ્રા આક્ષેપક તથા અપતાનકની ચિકિત્સા ,,
સગર્ભાનો ગર્ભ વધુ જૂનો થાય તો ઘૃતસિચન ,,
ગર્ભિણીની ઊલટીની ચિકિત્સા ... ,,
ગર્ભિણીની વાયુની ઊલટીને મટાડનાર રસ ,,
ગર્ભિણીની પિત્તની ઊલટીને મટાડનાર પ્રયોગ ૮૭૬
કફની ઊલટીને મટાડનાર ઔષધયોગ ... ,,
સંનિપાતની ઊલટીની ચિકિત્સા ... ,,
કૃમિથી થયેલી ઊલટીની ચિકિત્સા ... ,,
ગર્ભિણીને થયેલ કામલા તથા સોજાના રોગની ચિકિત્સા ... ,,
ગર્ભિણીના વાતિક હૃદયશૂલની ચિકિત્સા ,,
પિત્તજ હૃદયશૂલની ચિકિત્સા ... ,,
કફજ હૃદયશૂલની ચિકિત્સા ... ૮૭૭
સગર્ભાની વાતજા ઉધરસની ચિકિત્સા—લેહયોગ ,,
પિત્તની ઉધરસને મટાડનાર લેહયોગ ... ,,
કફજ ઉધરસને મટાડનાર લેહયોગ ... ,,
ક્ષતકાસનો નાશ કરનાર લેહયોગ ... ,,
સગર્ભાના શ્વાસ તથા કફની ચિકિત્સા ... ,,
ગર્ભિણીના શ્વાસ, કાસ તથા તમક રોગની ચિકિત્સા ... ,,
સર્વ કાસરોગ તથા શ્વાસમાં હિતકારી લેહયોગ ... ,,
ગર્ભિણીના ઊર્ધ્વવાત—ઓડકાર(કે ગેસ)ને મટાડનાર લેહયોગ ... ,,
સગર્ભાની હેડકીને મટાડનાર લેહયોગ ... ૮૭૮
ગર્ભિણીના જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર ઔષધયોગ ... ,,
હરકોઈ મૂત્રકૃચ્છ્ર રોગની ચિકિત્સા ... ,,
સ્ત્રીના વાતગુલ્મ તથા રક્તગુલ્મની ચિકિત્સા ૮૭૮
રક્તગુલ્મમાં હિતકારી વમનયોગ ... ,,
રક્તગુલ્મમાં કે સગર્ભાને આપવાનું વિરેચન ,,
સગર્ભાને કે રક્તગુલ્મવાળી સ્ત્રીને વિરેચનના વધુ વેગો ન આવે તે માટેનો ઉપાય ,,
વાયુના રોગવાળી સગર્ભાને થયેલા શૂળની ચિકિત્સા ... ,,
પાંચમા મહિને સગર્ભાની કરવા યોગ્ય ચિકિત્સા ૮૭૯
અમુક રોગમાં સગર્ભાની દારુણ ચિકિત્સા છઠ્ઠા મહિને કરાય ... ,,
સગર્ભાની સાતમા મહિનાની ચિકિત્સા ... ,,
સગર્ભાની વિષ—ચિકિત્સાપદ્ધતિ ... ,,
સગર્ભાના વિષનો નાશ કરનાર ક્વાથયોગ ,,
ગર્ભિણીના વિષનો નાશ કરનારી પેયા ... ,,
સગર્ભાને હિતકર ખડ્યૂષ આદિ ખોરાક ... ,,
સગર્ભાનો ગર્ભ નાશ પામે એ અવસ્થા ... ,,
સગર્ભાનો ગર્ભપાત થાય એ અવસ્થા ... ૮૮૦
ગર્ભિણીના ગર્ભના નાશનો સંભવ ... ,,
ગર્ભના નાશનું એક ખાસ ચિહ્ન ... ,,
ગર્ભના નાશની એક વધુ નિશાની ... ,,
જે સ્ત્રીને પુત્ર જન્મીને મરી જાય તેનાં ચિહ્નો ,,
જન્મેલો પુત્ર ન જીવે તે સંબંધે વધુ ચિહ્નો ,,
જે સગર્ભા સ્ત્રી પોતે ન જીવે તે મૂઢગર્ભાનાં લક્ષણો ,,
આવી મૂઢગર્ભા સ્ત્રી ન જીવે ... ૮૮૧
આવાં લક્ષણોવાળી ગર્ભિણી સ્ત્રી ન જીવે ,,
આવી ગર્ભિણી ન જીવે ... ,,
આવી ગર્ભિણીનો ગર્ભ શસ્ત્રક્રિયાથી છૂટે ... ,,
આવાં લક્ષણવાળી સગર્ભાનો ગર્ભ પણ શસ્ત્રથી બહાર કાઢવો પડે ... ,,
આવાં લક્ષણોવાળી ગર્ભિણી નાશ પામે ... ,,
ગર્ભિણીએ કાયમ સત્કર્મમાં તત્પર રહેવું ૮૮૨
સગર્ભા સ્ત્રીએ ધારણ કરવા લાયક ઔષધિઓ ,,
ગર્ભિણીએ ધારણ કરવાનાં મણિ વગેરે ... ,,
જ્વરાદિ વિષયોનાં લક્ષણો સગર્ભા સ્ત્રીઓમાં પણ સામાન્ય હોય ... ,,
સૂતિકોપક્રમણીય : અધ્યાય ૧૧ મો ,,
મંગલાચરણ અને આરંભ ... ... ,,
સૂતિકાની ચિકિત્સા કહેવાની પ્રતિજ્ઞા ,,
પ્રસવકાલ એ ભયજનક હોય છે ... ૮૮૩
પ્રસૂતા સ્ત્રી પણ અપ્રસૂતા સમાન ... ,,
દુષ્પ્રજાતા સ્ત્રીને સંભવતા ૬૪ રોગો ... ,,
ઉપર્યુક્ત ૬૪ રોગોથી સૂતિકાનું કઈ રીતે રક્ષણ કરવું? ... ૮૮૪

એ પ્રશ્ન સંબંધે વૈદ્યો મૂંઝાય છે ... ૮૮૪
વૈદ્યે સૂતિકાની ચિકિત્સા સંબંધે ખૂબ સાવધ રહેવું ... ,,
સૂતિકાની સામાન્ય તથા વિશેષ ચિકિત્સા કહેવાની પ્રતિજ્ઞા ... ,,
પ્રસૂતાની પ્રાથમિક ચિકિત્સા ... ,,
ઉપર દર્શવિલ યોનિસ્વેદન પછીનું ધૂપન ૮૮૫
પછી ત્રણ કે પાંચ દિવસ સુધી મંડપાન તથા સ્નેહપાન ... ,,
સ્નેહ પચ્યા પછી સૂતિકાએ ત્રણ દિવસ યવાગૂ જમવી ... ,,
સુવાવડીને કળથીનો યૂષ તથા ઘીમાં વઘારેલાં અમુક જ શાકો અપાય ... ,,
એક મહિના સુધી સુવાવડી સ્ત્રી કાળજીથી સ્નેહ તથા સ્વેદ સેવે ... ,,
સ્થસ્થ વૃત્તોનું વર્ણન ... ૮૮૬
જાંગલ દેશનું લક્ષણ ... ,,
પ્રસૂતાના સ્નેહપાન સંબંધે કાળનિયમન... ,,
સાધારણ દેશમાં સાધારણ નીતિ ... ૮૮૭
સુવાવડી સંબંધે જુદા દેશની આહાર આદિ પદ્ધતિ ,,
સુવાવડીના ઉપચાર કુલસાત્મ્ય અનુસાર કરવા ,,
સૂતિકાના ઉપચારો દેશ આદિને અનુસરી કરાય ,,
દુષ્પ્રજાતાની કેટલીક ચિકિત્સા કહેવાની પ્રતિજ્ઞા ,,
સર્વની પહેલાં જ્વરની ચિકિત્સા કહેવાની પ્રતિજ્ઞા ,,
સૂતિકાના છ પ્રકારના જ્વરો ... ,,
ઉપર્યુકત જ્વરોનાં નિદાનો ... ,,
ઉપર્યુકત છયે જ્વરોનાં પૂર્વરૂપો ... ૮૮૮
પ્રસૂતાના એક દોષનો પણ પ્રકોપ મોટી અસર કરે ... ,,
સુવાવડીના શરીરનું શોધન ઘણું જ કઠિન હોય છે ... ,,
જૂના ઘર જેવું સુવાવડીનું શરીર રોગોના હુમલાને સહન કરી ન શકે ... ૮૮૯
સુવાવડીનો જ્વર વધુ હેરાન કરે, તેમાં કારણ ,,
સુવાવડીના દોષોનું શમન કરવા વૈદ્યને વધુ સૂચન ,,
સુવાવડીની ચિકિત્સામાં વિચારણાની જરૂર ,,
સુવાવડીના જ્વરોમાં પ્રથમ વાતજ્વરનાં લક્ષણો ૮૯૦
સુવાવડીના પિત્તજ્વરનાં લક્ષણો ... ,,
સુવાવડીના કફજ્વરનાં લક્ષણો ... ,,
સુવાવડીનાં સંનિપાતજ્વરનાં લક્ષણો ... ,,
ધાવણ ભરાવાથી થતો સુવાવડીનો જ્વર ... ,,
ગ્રહના વળગાડથી થતો સુવાવડીનો જ્વર... ૮૯૧
ગ્રહજ જ્વરમાં કફની અધિકતા જણાય તો લંઘન ,,
ગ્રહજ જ્વરમાં સુવાવડી રૂક્ષ જણાય તેની ચિકિત્સા ... ૮૯૧
પેયા તથા મંડના ગુણો ... ૮૯૨
અકૃત—કૃત યૂષના તથા માંસરસના ગુણો ,,
હરકોઈ જ્વરનો નાશ કરનાર શ્રેષ્ઠ ઉપાય ... ,,
જ્વરના બલને વધારનારાં કારણો ... ,,
સુવાવડી સ્ત્રીને વમન વગેરે ન કરાવાય ... ,,
જ્વરવાળી સુવાવડીને પણ વમનાદિ ન કરાવાય ૮૯૩
ઉપર્યુકત અવસ્થામાં તીક્ષ્ણ ઔષધથી ધાતુઓ વધુ પાકી જાય ... ,,
સુવાવડીને વમન કરાવવા યોગ્ય સ્થિતિ ... ,,
નસ્ય કરાવવા યોગ્ય સ્થિતિ ... ,,
સુવાવડીને કષાય આપવાની અવસ્થા ... ,,
કફયુકત પિત્તના જ્વરમાં ઔષધકાળ ... ,,
વાતજ્વરની ચિકિત્સા ... ,,
વાત—પિત્ત—પ્રધાન જ્વરની ચિકિત્સા ... ૮૯૪
ઔષધપકવ ઘૃતપાન એ શ્રેષ્ઠ ઉપાય છે ... ,,
સુવાવડીના સંનિપાત--જ્વરની ચિકિત્સા ... ,,
સુવાવડીના વાતજ્વરની ચિકિત્સા ... ,,
વાતજ્વરને મટાડનાર તૈલયોગ ... ,,
બૃહત્ પંચમૂલનો અને વિદારીગંધાનો ક્વાથ પણ વાતજ્વરને મટાડે ... ૮૯૫
વાતજ્વરનો નાશ કરનાર રાસ્નાદિ ક્વાથ ,,
વાતજ્વરની અંતે કરવાનું ભોજન ... ,,
જ્વરનાશન—બૃહત્--પંચમૂલ—ઘૃત યોગ ,,
વાતજ્વરમાં થતી કંપારીમાં ધૂપન ... ,,
વાતજ્વરમાં કરાતું અવગાહન ... ૮૯૬
ઉપર કહેલ અવગાહન પછી કરાવાતું ધૂપન તથા ભોજન ... ,,
પિત્તજ્વરની ચિકિત્સા ... ,,
પિત્તજ્વરમાં સેવી શકાય એવો આસવ ... ,,
સુવાવડીના પિત્તજ્વરમાં અપાતો સ્થિરાદિ ક્વાથ ,,
હરકોઈ જ્વરને શમાવનાર મુસ્તાદિ અભિષવ ૮૯૭
પિત્તજ્વરને મટાડનાર પાનક યોગ ... ,,
સુવાવડીના જ્વરયુકત અતિસારની ચિકિત્સા ,,
સુવાવડીની ઊલટી, દાહ તથા જ્વરનો નાશ કરનાર 'લાજપેયા' ... ,,
સુવાવડીની મુખશુદ્ધિ માટેનું ચૂર્ણ ... ,,
જ્વરનો વેગ શાંત થયા પછીનું વિરેચન ... ,,
સુવાવડીનો જ્વર મટાડનાર તૈલ—પાન તથા માલિસ ,,
સુવાવડીના જ્વરને મટાડનાર ઘૃતયોગ ... ૮૯૮
જ્વરનાશન ત્રણ ઘૃતયોગો ... ,,
પિત્તજ્વરમાં અપથ્યો ... ,,

કફજ્વરની પ્રાથમિક ચિકિત્સા ... ૯૯૮
કફજ્વરમાં પ્રથમ હિતકર ક્વાથ ... ,,
કફજ્વરમાં પીવા યોગ્ય બીજો ક્વાથયોગ ... ,,
કફજ્વરમાં હિતકારી 'ષડંગ ક્વાથ' યોગ ,,
સુવાવડીએ પીવાનું પાણી અને ભોજન ... ,,
સુવાવડીએ પીવાનું વિરેચન ... ,,
સુવાવડીને હિતકર તૈલ—માલિસ ... ૯૯૯
કફજ્વરમાં હિતકારી બીજું તૈલ માલિસ ... ,,
કફજ્વરમાં ત્યજવાનાં અપથ્યો ... ,,
સુવાવડીના સંનિપાતજ્વરની ચિકિત્સા ... ,,
સંનિપાતજ્વરમાં બળવાન દોષની ચિકિત્સા પ્રથમ કરવી ... ,,
સંનિપાતજ્વરની વિશેષ ચિકિત્સા કહેવાની પ્રતિજ્ઞા ૯૦૦
સંનિપાતજ્વરમાં કરવાનું સ્વેદન ... ,,
સુવાવડીને સંનિપાતજ્વરમાં આપવાનો ક્વાથ ,,
વાયુપ્રધાન સંનિપાતજ્વર માટે ક્વાથ ... ,,
કફપ્રધાન સંનિપાતની ચિકિત્સા ... ,,
પિત્તપ્રધાન સંનિપાતજ્વરમાં આપવાનો ક્વાથ ૯૦૧
સંનિપાતજ્વરમાં પીવા યોગ્ય આનુલોમિક ક્વાથ ,,
સંનિપાતમાં દોષનું અનુલોમન થયા પછી ઘૃત પીવું ... ,,
સંનિપાતજ્વરનો નાશ કરનાર મધુકાદિઘૃત, મહાકલ્યાણકઘૃત અને પંચગવ્યઘૃત ,,
ત્રિદોષનાશક તૈલ, ઘૃત અથવા અભ્યંજન ,,
સંનિપાતમાં મુખપ્રક્ષાલન માટેનાં દ્રવ્યો ... ,,
સંનિપાતમાં હિતકર પ્રતિસારણ ... ,,
સંનિપાતમાં લલાટ પર કરવાનો લેપ ... ૯૦૨
સંનિપાતજ્વરમાં આઠ દિવસો જાય તે પછી કરવાનું ભોજન ... ,,
જ્વરનો વેગ ભાંગ્યા પછીના બે સંશમનયોગો ,,
વિષમજ્વરનાશન 'મંગલ્યક' યોગ ... ,,

જાતકમોત્તરીય : અધ્યાય ૧૨ મો ૯૦૩

જન્મેલા બાળકને ૧ લા મહિને સૂર્યનું તથા ચંદ્રનું દર્શન કરાવવું ... ,,
ચોથા મહિને બાળકને દેવમંદિરમાં પ્રવેશ કરાવવો વગેરે ... ,,
છઠ્ઠા મહિને બાળકને કરાવવાનું કર્મ ... ૯૦૪
એ પ્રદેશ પર લાંબો સમય ન બેસાડવાનું કારણ ૯૦૫
જમીન પર વધુ વખત બેસાડવાથી બાળકના શરીરને વધુ હાનિ ... ,,
જમીન પર વધુ બેસાડવાથી બાળકના અંગને નુકસાન થાય ... ૯૦૬
ઉપર કહેલ કારણે બાળકને લાંબો સમય જમીન પર ન બેસાડી રખાય ... ૯૦૬
છઠ્ઠે મહિને બાળકને ફળભક્ષણ—અન્ન-પ્રાશન આદિ કરાવવા વિષે ... ,,
હોમથી બાકી રહેલું અન્ન બાળકને ખવડાવાય ૯૦૭
બાર મહિના પછી બાળકને આપવાનો ખોરાક ,,
બાળકને અતિસારમાં અપાતું ચાટણ ... ,,
બાળકમાં પિત્ત કે વાયુની પ્રધાનતા જણાય તે વેળા આપવાનું ભોજન ૯૦૮
બાળક ભૂખ્યું થાય ત્યારે જ તેને માફક ખોરાક દેવાય ... ,,

કુકકુણક—ચિકિત્સા : અધ્યાય ૧૩ મો ,,

કુકકુણક નેત્રરોગના નિદાનપૂર્વકની સંપ્રાપ્તિ ,,
કુકકુણક નેત્રરોગનું લક્ષણ ... ૯૦૯
કુકકુણક નામના નેત્રરોગની શ્રેષ્ઠ ચિકિત્સા ,,
કુકકુણકના રોગી—બાળકની ખાસ ચિકિત્સા ,,
આંખ પર સિચન માટેનો ક્વાથ ... ,,
કુકકુણક રોગ પર કરવાનું આશ્ચોતન ... ,,
બીજું શ્રેષ્ઠ આશ્ચોતન ... ૯૧૦
નેત્રરોગમાં મુખ પર કરવાનો લેપ ... ,,
હરકોઈ નેત્રરોગમાં કરવાનું લેપન ... ,,
નેત્રરોગ પર અંજનવર્તિકા—લેપ તથા આશ્ચોતન ,,
હરકોઈ નેત્રરોગને મટાડનાર પરિષેકયોગ ,,
કફપ્રધાન અભિષ્યંદમાં કરવાનું સિચન ... ,,
હર કોઈ નેત્રરોગ પર કરવાનું અમૃતાદિ પરિષેચન ૯૧૧
બાળકોને દાંત આવતા હોય તે વખતનાં સિચનો પણ નેત્રરોગીઓને કરાય ,,
હરકોઈ નેત્રરોગમાં હિતકારી અંજનવર્તિકા ,,
બીજો પિષ્પિકાંજનવર્તિકાયોગ ... ,,
બાળકનાં નેત્રશૂલ આદિને મટાડનાર 'અંજનવર્તિકા' ... ,,
નેત્રરોગમાં કરવાનું ઉત્તમ આશ્ચોતન ... ૯૧૨
બીજો આશ્ચોતન યોગ ... ,,
ત્રીજું સર્વોત્તમ આશ્ચોતન ... ,,
નેત્રરોગનાશન—અંજનવર્તિકા ... ,,
નેત્રરોગમાં મુખ પર કરવાનો લેપ ... ,,
બીજું સર્વોત્તમ મુખલેપન ... ,,
નેત્રરોગ માટેની રસક્રિયા ... ,,
નેત્રના તિમિર આદિ રોગ ઉપર ઉપયોગી ગોળીઓ ... ૯૧૩
હરકોઈ નેત્રરોગમાં હિતકર 'કોકિલા' ગુટિકા ,,

નેત્રના તિમિરરોગ તથા ચેળના રોગમાં હિતકર કરંજનો રસયોગ ... ૯૧૩
બધા નેત્રરોગમાં હિતકર 'લોહિતિકા' ગુટિકા ,,
નેત્રરોગને મટાડનારી 'પિપ્પલ્યાદિ ગુટિકા' ,,
નેત્રરોગ પર કરવાનું કવાથ સિચન ... ૯૧૪
નેત્રરોગ પર કરવાનું પ્રલેપન ... ,,
નેત્રરોગનો નાશ કરનાર આશ્ચોતન ... ,,
નેત્રરોગમાં હિતકર બીજું આશ્ચોતન ... ,,
ત્રીજું હિતકારી આશ્ચોતન ... ,,
નેત્રરોગનો નાશ કરનાર ચોથું આશ્ચોતન ,,
વૃદ્ધો તથા બાળકોને હિતકારી આશ્ચોતન ૯૧૫
બીજું મુખ્ય આશ્ચોતન ... ,,
નેત્રરોગ પર શકલી માછલીનું ધારણ ઉત્તમ છે ,,
નેત્રરોગ તથા મસ્તકરોગ—શમન ... ,,
સગર્ભા સ્ત્રીના નેત્રરોગને મટાડવાનો ઉપાય ,,
સર્વ નેત્રરોગ પર હિતકર 'કલ્યાણિકા' રસક્રિયા ,,
નેત્રરોગને મટાડનાર કૌતુક—અદ્‌ભુત અંજન ૯૧૬
બાળકની નેત્રરોગની ચિકિત્સા સંબંધે વૈદ્યને સૂચના ... ,,
સર્વ નેત્રવિકારોને મટાડનાર છેલ્લો ઔષધપ્રયોગ ... ,,

વિસર્પચિકિત્સિત : અધ્યાય ૧૪ મો ... ,,

વૃદ્ધજીવકનો પ્રશ્ન ... ૯૧૭
ભગવાન કશ્યપનો પ્રત્યુત્તર ... ,,
વિસર્પ રોગનાં નિદાનો ... ,,
વિસર્પના સાત ભેદો ... ૯૧૮
રક્ત અને પિત્તના અધિક બગાડ વિના વિસર્પ ન થાય ... ,,
વિસર્પ રોગનાં લક્ષણો ... ,,
વિસર્પમાં થતાં રૂપો ... ૯૧૯
વિસર્પની પ્રાથમિક ચિકિત્સા ... ,,
લંઘનપૂર્વકનો ચિકિત્સાક્રમ ... ,,
વાતજ વિસર્પની જ ખાસ પ્રાથમિક ચિકિત્સા ૯૨૦
વાતવિસર્પમાં હિતકર તેલ—અભ્યંગ—માલિસ ,,
વાતવિસર્પમાં હિતકર બીજું તેલ—માલિસ ,,
વાતવિસર્પમાં ઉપયોગી ત્રીજું તેલ—માલિસ ,,
વાતવિસર્પમાં હિતકર કવાથસિચન ... ,,
વાતવિસર્પમાં હિતકર પ્રલેપ ... ૯૨૧
વાતવિસર્પની ઉપર કરવાનો બીજો પ્રલેપ ... ,,
વિસર્પમાં આપવાનું વિરેચન ... ,,
એમ વિરેચન પછી અભ્યંગપૂર્વકનું સ્વેદન ,,
વાતવિસર્પની ચિકિત્સામાં વૈદ્યે સાવધાન રહેવા ખાસ સૂચન ... ૯૨૨
પિત્તજ વિસર્પની ચિકિત્સા ... ,,
વિસર્પના જ્વરનો નાશ કરનાર ચંદનાદિ કવાથ ,,
વિસર્પજ્વરનાશન બીજો ઉશીરાદિકવાથ ,,
પિત્તજ વિસર્પની શાંતિ માટે કિરાતાદિકવાથ ૯૨૩
પિત્તજ વિસર્પને મટાડનાર પટોલાદિ કવાથ ,,
પિત્તજ વિસર્પને મટાડનાર વ્યાધિઘાતક આદિનો કવાથ ... ,,
પિત્તજ વિસર્પને મટાડનાર પિચુમંદાદિકવાથ ,,
બીજો પિચુમંદાદિકવાથ ... ,,
પિત્તજ વિસર્પને મટાડનાર બે પટોલાદિકવાથો ,,
પિત્તજ વિસર્પમાં હિતકર પ્રદેહ કે લેપ ... ,,
પિત્તજ વિસર્પનાશન અશ્વત્થાદિપ્રદેહ ,,
વિસર્પના દાહ તથા રતાશનો મટાડનાર પ્રદેહ ૯૨૪
વિસર્પને મટાડનાર ઉશીરાદિ પ્રલેપ ... ,,
વિસર્પનાશન—સર્વોત્તમ પ્રલેપ ... ,,
પિત્તજ વિસર્પને મટાડનાર વિદાર્યાદિ પ્રલેપ ,,
દાહનાશન પ્રલેપ ... ,,
વિસર્પને મટાડનાર મુક્તાદિ પ્રલેપ ... ,,
પિત્તજ વિસર્પ ઉપર કરવાનો પરિષેક ... ,,
ઉપર કહેલ દ્રવ્યોથી ઘી પકવી તેનું પણ સિચન ૯૨૫
પિત્તજ વિસર્પનો નાશ કરનાર સિચન ... ,,
પિત્તજ વિસર્પ ઉપર પ્રદેહ ... ,,
પિત્તજ વિસર્પમાં કરવાનું રુધિરસ્રાવણ ... ,,
કફજ વિસર્પની ચિકિત્સા ... ,,
કફજ વિસર્પમાં આપવાનો ક્વાથ અને પ્રલેપ ૯૨૬
કફજ વિસર્પને મટાડનાર ક્વાથ અને પ્રલેપ ,,
કફવિસર્પના જ્વરમાં પીવાનો ક્વાથ ... ,,
કફજ વિસર્પમાં કરવાનું સિચન ... ,,
કફજ વિસર્પ ઉપર કરવાનું બીજું સિચન ,,
કફજ વિસર્પનો સોજો, ચેળ અને પીડા મટાડનાર પાંચ પ્રદેહો ... ૯૨૭
કફજ વિસર્પને મટાડનાર બે પ્રલેપો ... ,,
કફજ વિસર્પ ઉપર તેલમાલિસ કરી કરવાનું ઘર્ષણ ... ,,
કફજ વિસર્પની ચેળ વગેરેને મટાડનાર સ્વર્જિકાદિ તેલમાલિસ ... ,,
કફજ વિસર્પ ઉપરનું ઘૃતમાલિસ અને તેલમાલિસ ... ,,
કફજ વિસર્પની આખરી ચિકિત્સા ... ૯૨૮
વિસર્પની ચિકિત્સાનો ઉપસંહાર ... ,,

વિસર્પમાં પથ્યો ... ૯૨૮
મસૂરિકા—ઓળી—શીળી—માતા વગેરે રોગમાં પણ વિસર્પની ચિકિત્સા કરી શકાય ,,

ચર્મદલચિકિત્સિત : અધ્યાય ૧૫ મો ... ૯૨૯
ચર્મદલ કુષ્ઠરોગ અંગે વૃદ્ધજીવકના પ્રશ્નો ... ,,
ભગવાન કશ્યપના પ્રત્યુત્તરો ... ,,
મોટાં માણસોને ચર્મદલ રોગ ન થવાનાં કારણો ૯૩૦
ચર્મદલ રોગના ચાર પ્રકારો અને વ્યાખ્યા ,,
વાતિક ચર્મદલ રોગની નિદાનપૂર્વકથી સંપ્રાપ્તિ ,,
પિત્તજ ચર્મદલ રોગનાં લક્ષણો ... ૯૩૧
કફજ ચર્મદલનાં લક્ષણો ... ૯૩૨
ત્રિદોષજ સાંનિપાતિક ચર્મદલનાં લક્ષણો ... ,,
આ ઉપદ્રવોથી યુકત સાંનિપાતિક ચર્મદલના રોગીની ચિકિત્સા ન કરવી ... ૯૩૩
વાતિક ચર્મદલની ચિકિત્સા ... ,,
પિત્તજ ચર્મદલની ચિકિત્સા ... ૯૩૪
કફજ ચર્મદલની ચિકિત્સા ... ૯૩૫

અમ્લપિત્તચિકિત્સિત : અધ્યાય ૧૬ મો ... ૯૩૭
'અમ્લપિત્ત'ની નિદાનપૂર્વકની સંપ્રાપ્તિ ... ,,
અમ્લપિત્તને સ્પષ્ટ ઓળખાવતું દૃષ્ટાંત ... ૯૩૮
અમ્લપિત્ત ક્યારે ના થાય? ... ,,
અમ્લપિત્તનું સામાન્ય લક્ષણ ... ૯૩૯
વાતિક, પૈત્તિક અને કફજ અમ્લપિત્તનાં લક્ષણો ,,
અમ્લપિત્તની પ્રાથમિક ચિકિત્સા ... ,,
વમન પછી કરવાની અમ્લપિત્તની ચિકિત્સા ૯૪૦
દોષ દેખાય ત્યાં સુધી પીવા યોગ્ય ક્વાથદ્રવ્યો ,,
દોષ દૂર થયા પછી જ જઠરાગ્નિની દીપન ક્રિયા કરવી ... ,,
દોષશોધન પછી પ્રદીપ્ત થયેલા જઠરાગ્નિનું પાચનસામર્થ્ય ... ,,
દોષો પકવ થયા હોય તો જ પૂર્ણ સ્વસ્થતા અનુભવાય ... ૯૪૧
પકવાશયમાં ગયેલા દોષો વિરેચનથી કઢાય ,,
અમ્લપિત્તમાં વમનયોગની કલ્પના ... ,,
અમ્લપિત્તમાં સેવી શકાય તેવો વિરેચનયોગ ,,
અમ્લપિત્તને મટાડનાર બીજું વિરેચનઘૃત ... ,,
અમ્લપિત્તમાં પથ્યો ... ,,
અમ્લપિત્તમાં ખાસ પથ્ય અને ત્યાજ્ય અપથ્યો ... ૯૪૨
કોનો અમ્લપિત્ત રોગ મટી જાય છે ... ,,
કારણરૂપ દોષના શમનથી અમ્લપિત્ત મટે ... ,,
અમ્લપિત્તરોગ લગભગ કયા દેશમાં થાય છે? ૯૪૨
આવશ્યક જરૂરી સૂચન ... ,,
હિતકારક શિખામણ ... ૯૪૩
જીવનનું ફળ મળે તે માટે સૂચના ... ,,
અમ્લપિત્તની અસાધ્યતા ... ,,

શોથ—ચિકિત્સિત : અધ્યાય ૧૭ મો ... ,,
શોથ—સોજાનાં નિદાનો તથા સંપ્રાપ્તિ ... ,,
શોથના ચાર ભેદો ... ૯૪૪
પાંચમો આગંતુ શોથ ... ,,
ઉપર્યુકત ચારે ભેદોમાં પ્રકોપનાં નિદાન સરખાં જ હોય ... ,,
પ્રત્યેક શોથનાં અલગ અલગ લક્ષણો ... ,,
વાતિક શોથનાં વિશેષ લક્ષણો ... ૯૪૫
પિત્તજ સોજાનાં ખાસ લક્ષણો ... ,,
શ્લૈષ્મિક કફજ સોજાનાં વિશેષ લક્ષણો ... ,,
સાંનિપાતિક સોજાનાં લક્ષણો ... ,,
આગન્તુ તથા વિષજ શોથનાં લક્ષણો ... ૯૪૬
અસાધ્ય સોજા ... ,,
બધાયે સોજાનું મૂળ વાયુ છે ... ,,
શોથની ચિકિત્સા તત્કાળ કરવી જોઈએ ૯૪૭
દોષાનુસાર શોફની ચિકિત્સા ... ,,
હલકા આમાશય અને કોઠાવાળાના શોથની ચિકિત્સા ,,
શોથમાં અપથ્યો ... ,,
સોજાના રોગીએ કાયમ સેવવા યોગ્ય ... ,,
સોજાની વધુ ચિકિત્સા ... ૯૪૮
શોથનો રોગી આ પ્રયોગથી પણ સુખી થાય ,,
સોજો મોટો હોય તો તેનો ઉપાય ... ,,
હરકોઈ સોજો મટાડનાર ખાસ ઉપાય ... ,,
હરકોઈ સોજો આ પ્રયોગથી પણ મટે ... ,,
આ પ્રયોગથી પણ શોથનો રોગી સુખી થાય ,,
દૂધ સાથે આ ચૂર્ણનો પણ પ્રયોગ કરી સોજાના રોગથી છુટાય ... ,,
સોજાને મટાડનાર ત્રિવ્યોષાદિ ચૂર્ણયોગ ... ,,
સોજાનો નાશ કરનાર કટુકબિંદુ—અવલેહ ... ૯૪૯
એમ સોજાની સામાન્ય ચિકિત્સા કહીને હવે વિશેષ કહેવાની પ્રતિજ્ઞા ... ,,
વાતિક શોથની ખાસ ચિકિત્સા ... ,,
વાતિક શોથને મટાડનાર પ્રલેપ ... ,,
વાતિક સોજા પર કરવાનું સિચન ... ,,
વાતિક સોજા પર કરવાનું ઉપનાહન ... ,,
વાયુનો સોજો મટાડનાર લેપ તથા સિચન ... ૯૫૦
વાયુનો સોજો મટાડનાર પ્રલેપ ... ,,

વાતિક સોજો મટાડનાર ઘૃતયોગ ... ૯૫૦
એરંડતૈલ પીવાથી પણ વાયુનો સોજો મટે ... ,,
પિત્તજ સોજાની ખાસ ચિકિત્સા ... ,,
પિત્તજ સોજા પર કરવાનો પ્રલેપ ... ૯૫૧
પિત્તજ સોજો મટાડનાર બીજો લેપ ... ,,
પિત્તજ સોજાનો નાશ કરનાર લેપ ... ,,
પિત્તજ સોજા પર કરવાનું સિંચન ... ,,
પિત્તના સોજાવાળાને આપવાનું વિરેચન ... ,,
પિત્તના સોજામાં પથ્ય ખોરાક વગેરે ... ,,
કફજ સોજાની ચિકિત્સા કહેવાની પ્રતિજ્ઞા ... ,,
કફજ સોજો મટાડનાર હ્રીબેરાદિ કવાથ ... ,,
કફજ સોજાને મટાડનાર બીજો ચિત્રકાદિ કવાથ ,,
કફજ સોજો મટાડનાર દેવદાર્વાદિ કવાથ ... ૯૫૨
કફનો સોજો નાશ કરનાર પાઠાદિ કવાથ ... ,,
કફનો સોજો મટાડનાર લેપ ... ,,
કફનો સોજો મટાડનાર બીજો લેપ ... ,,
કફનો સોજો મટાડનાર ત્રીજો લેપ ... ,,
કફજ સોજો મટાડનાર મૂલકાદિ લેપ ... ,,
કફના સોજા પર લેપ તથા સિંચન ... ,,
નિંબાદિ કવાથમાં કરવાનું અવગાહન ... ,,
કફનો સોજો મટાડનાર લેપ, સિંચન
તથા અભ્યંગ–માલિસ ... ૯૫૩
કફના સોજાવાળાને આપવાનું વિરેચન ,,
કફજ સોજા વગેરેને મટાડનાર ગોળીઓ ... ,,
વાતકફ–દ્વન્દ્વજ શોથને મટાડનાર
પંચમૂલાદિ તૈલમાલિસ ... ,,
હરકોઈ સોજાને મટાડનાર હરિદ્રાદિ તૈલ ... ૯૫૪
શોથરોગના ઉપદ્રવો અને ચિકિત્સાનો ઉપસંહાર ,,

શૂલચિકિત્સા : અધ્યાય ૧૮ મો ... ,,

શૂલરોગનું નિદાન તથા સંપ્રાપ્તિ ... ,,
શૂલરોગના ચાર ભેદો ... ૯૫૫
વાતિકશૂલની પ્રાથમિક ચિકિત્સા ... ,,
પિત્તજશૂલની ચિકિત્સા ... ૯૫૬
પિત્તશૂલની વધુ ચિકિત્સા ... ,,
કફજશૂલની ચિકિત્સા ... ,,
કફશૂલને મટાડનાર હિંગ્વાદિ સિદ્ધયોગ ... ૯૫૭
ઉપર જણાવેલ સિદ્ધયોગ બરોળ વગેરે પણ મટાડે ,,
શૂલ આદિ ઘણા રોગોને મટાડનાર
અમ્લવેતસ આદિની ગોળીઓ ... ,,
શૂલ તથા આટોપને મટાડનાર બિડ આદિ ચૂર્ણયોગ ૯૫૮
નિત્ય સેવવા યોગ્ય ઉત્તમ પથ્યયોગ ... ,,
બળવાન શૂલને ક્ષણવારમાં મટાડનાર
સૌવર્ચલાદિ યોગ ... ૯૫૮
શૂલ તથા ગોળો મટાડનાર ક્ષારયોગ ... ,,
શૂલ રોગને મટાડનાર એરંડતૈલ કે ક્ષારનો પ્રયોગ ,,
શૂલ તથા બરોળ રોગને મટાડનાર
તલના તેલનો પ્રયોગ ... ,,
વાતિક શૂલ, ગુલ્મ આદિને મટાડનાર
અમૃતતુલ્ય ઘૃત ... ૯૫૯
શૂલ આદિ રોગને મટાડનાર બિલ્વાદિ ઘૃત ,,
શૂલ આદિનો નાશ કરનાર દશાંગ ઘૃત ... ,,
શૂલ રોગને તરત મટાડનાર ફલવર્તિ ... ,,
શૂલ વગેરેને મટાડનાર ચૂર્ણબસ્તિયોગ ... ૯૬૦
શૂલ વગેરેમાં હિતકારી નિરૂહબસ્તિ ... ,,
બલ–વર્ણ–અગ્નિજનક આસ્થાપન બસ્તિ ,,
ઉદાવર્ત આદિ રોગને મટાડનાર નિરૂહ યોગ ૯૬૧
શૂલ વગેરેમાં હિતકર ક્ષીરયોગ ... ,,
શૂલ આદિને મટાડનાર ગંધર્વ તૈલ કે
તલના તેલનું અનુવાસન ... ,,
ઘણા રોગોને મટાડનાર ફલતૈલ–અનુવાસન ,,
શૂલચિકિત્સાનો અને ચાલુ અધ્યાયનો ઉપસંહાર ૯૬૨

અષ્ટજ્વર–ચિકિત્સિત : ઉત્તરાધ્યાય ૧૯ મો ,,

આઠે જ્વરોની ચિકિત્સા કહેવાની પ્રતિજ્ઞા ,,
જ્વરોનું સામાન્ય નિદાન ... ,,
વાતજ્વરની ચિકિત્સા–બિલ્વાદિ કવાથ ... ૯૬૩
વાતજ્વરમાં પીવાનું પાનક–શરબત ... ,,
વાતજ્વરહર વિદારિગંધા આદિનો પ્રયોગ ,,
વાતજ્વરને મટાડનાર બીજો વિદારિગંધાદિયોગ ,,
વાતજ્વરહર એરંડાદિ કવાથ ... ,,
વાતજ્વરમાં હિતકારી દશમૂલ કવાથ ... ,,
વિદારીગંધાદિ કવાથયુકત રાસ્નાદિ કવાથ
રાસ્નાદિથી મિશ્ર વિદારિગંધાદિ કવાથ, ,,
વાતજ્વરમાં હિતકારી ખોરાકપાણી ... ,,
વાતજ્વરનાશક દશમૂલાદિ તૈલયોગ ... ,,
વાયુના જ્વરને તરત શમાવનાર દશમૂલાદિ કવાથ ૯૬૪
વાતકફજ–દ્વન્દ્વજ જ્વરની ચકિત્સા
બૃહત્યાદિ કવાથ ... ,,
સૌંધવયુકત દશમૂલાદિ કવાથ ... ,,
મધ્યયુકત પટોલાદિ કવાથ ... ,,
વાતકફજ જ્વરનાશક ત્રિફલાદિકવાથ ... ૯૬૫
વાતકફજ્વરમાં પીવા યોગ્ય નાગરાદિ કવાથ ,,
કફ–વાતજ્વરમાં સુખકર તિકતકાદિ કલ્ક ,,
વાતકફજ્વરમાં હિતકર બૃહત્ પંચમૂળ કવાથ ,,

વાતકફજ્વરના રોગીને આપવાનું ભોજન ૯૬૫
સરકોઈ જ્વરમાં હિતકર લાક્ષાદિતેલ ... ,,
જીર્ણજ્વર આદિમાં હિતકર પિપ્પલ્યાદિ ઘૃત ૯૬૬
જુદા જુદા દોષના રોગમાં કરવાની ચિકિત્સાપદ્ધતિ ... ,,
આમજ્વર તથા વાતજ્વરમાં અને વિષજ કે ઔષધિજ જ્વરમાં કરવાની ચિકિત્સા ,,
સાંનિપાતિક જ્વરની ચિકિત્સા કહેવાની પ્રતિજ્ઞા ,,
અસાધ્ય જ્વરની પણ ચિકિત્સા કરવા વૈદ્યને ભલામણ ... ,,
સાંનિપાતમાં બળવાન દોષને પ્રથમ શમાવવો ,,
સંનિપાતમાં કફનું જોર વધુ હોય તેથી પ્રથમ શમન કરવું ... ૯૬૭
સંનિપાતમાં તે તે ઉપર કહેલી ચિકિત્સા કરવી ,,
કફપ્રધાન સામ જ્વરમાં પીવા યોગ્ય પિપ્પલ્યાદિ ક્વાથ ... ,,
વાતકફપ્રધાન જ્વરમાં હિતકર નાગરાદિ દશમો ક્વાથ ... ,,
કફ—વાત બે દોષવાળાને હિતકર શટ્યાદિયોગ ,,
વાતકફપ્રધાન જ્વરમાં સેવવા યોગ્ય વિડંગાદિયોગ ,,
સંનિપાત, વિબંધ કે વાતકફપ્રધાન જ્વરમાં પીવાયોગ્ય કરાલભાદિ ક્વાથ ... ,,
સંનિપાત, વાતકફ તથા ઉપરસમાં ઉત્તમ જીવકાદિ ક્વાથ યોગ ... ૯૬૮
દોષપાચન ક્વાથયોગ ... ,,
સંનિપાત—જ્વરનાશન ક્વાથ ... ,,
સંનિપાત જ્વરનો નાશ કરનાર બીજો ક્વાથ ,,
કફપ્રધાન જ્વરનાશન તથા અગ્નિદીપન ત્રિફલાદિ ક્વાથ ... ,,
કફપ્રધાન સંનિપાતમાં પીવાનો પટોલાદિ ક્વાથ ,,
ત્રિદોષના જ્વરને તરત શમાવનાર આરગ્વધાદિ ક્વાથ ... ,,
સંનિપાતમાં હિતકર નાગરાદિ ક્વાથ ... ૯૬૯
જન્મેલા બાળકને મધુપ્રાશન ... ,,
મધના ગુણોનું વર્ણન ... ,,
મધને કોની સાથે વિરોધ હોય છે? ... ,,
ક્ષીરગુણવિશેષીય : અધ્યાય ૨૦ મો ... ૯૭૦
આઠ પ્રાણીઓનાં આઠ પ્રકારનાં દૂધ ... ,,
દૂધના વિશેષ ગુણોનાં ખાસ વિશેષ કારણો ,,
એ વનસ્પતિ આદિના આહારનો સાર જ દૂધ છે ... ૯૭૧
સર્વ ઔષધીઓનો સાર હોઈ દૂધ અમૃતતુલ્ય છે ... ૯૭૧
જરાયુજ—મનુષ્યો આદિનું વિશેષ જીવન દૂધ છે ... ,,
દૂધના વિશેષ ગુણો ... ૯૭૨
ક્ષીણ, ક્ષય રોગી આદિ માટે દૂધ એ શ્રેષ્ઠ છે ,,
ગાય વગેરેના દૂધના અલગ અલગ ગુણો કહેવાની પ્રતિજ્ઞા ... ,,
ગાયોનું દૂધ ઉત્તમ હોવાનું કારણ ... ,,
ગાયોનું દૂધ પૌષ્ટિક છે ... ,,
ગાયોનું દૂધ રસાયન હોવાનું કારણ ... ,,
ભેંસના દૂધના હીન ગુણો ... ૯૭૩
બકરીના દૂધના ગુણો ... ,,
ઊંટડીના દૂધના ગુણો ... ,,
'હંસોદક' નામનું નિર્દોષ જળ ... ૯૭૪
ઋતુ અનુસાર જળના ગુણો ... ૯૭૫
દિવ્ય જળમાં તે તે પ્રકટ રસોની ઉત્પત્તિ થાય ... ,,
દિવ્ય જળ નીચે પડીને તત્કાળ બદલાય ... ,,
અંતરિક્ષ—દિવ્ય જળના ચાર ભેદો અને ભિન્નભિન્ન ગુણો ... ,,
જુદી જુદી દિશાની નદીઓનાં પાણીના ગુણો ૯૭૬
ઔદ્ભિદ અને ખાબોચિયાં વગેરેના આઠ પ્રકારના પાણીના ગુણોનું વર્ણન ... ,,
સેવવા યોગ્ય પાણી ... ૯૭૭
ત્યજવા યોગ્ય પાણી ... ,,
શીતળ પાણી કોણે ત્યજી દેવું જોઈએ? ... ,,
ખોરાક ખાધા પછી પાણી પીવાય તે પુષ્ટિ કરે ,,
ઉકાળીને ગરમ કરેલા પાણીના ગુણો ... ૯૭૮
અમુક આ વ્યક્તિએ તો ગરમ જ પાણી પીવું ,,
કઈ ઋતુમાં કયું પાણી પીવા યોગ્ય છે? ... ,,
માંસગુણવિશેષીય : અધ્યાય ૨૧ મો ... ૯૭૯
માંસના સામાન્ય ગુણો ... ,,
ક્ષયરોગીને માંસ પરમ શરણ છે ... ,,
જેઓનાં વીર્ય ક્ષીણ થયાં હોય તેઓને માંસ વીર્યવર્ધક થાય ... ,,
માંસ વાંઝણીને ગર્ભાધાન કરે ... ,,
સ્ત્રીઓના પ્રસવકાળે માંસ વધુ હિતકર છે ,,
માંસનો રસ સર્વને હિતકારી થાય ... ,,
વાયુની અધિકતામાં માંસરસ હિતકર થાય ,,
વાતપિત્ત—દ્વન્દ્વની અધિકતામાં માંસરસ પીવો ,,

ગર્ભસ્થિત બાળકને અથવા હરકોઈ બાળકને માંસરસ હિતકર થાય ... ૯૮૦
વાંઝિયા તથા બળને ઇચ્છતા લોકોને માંસયુકત ભોજન હિતકારી થાય ,,
માંસરસ શરીરના અગ્નિને દીપાવનાર છે ... ,,
માંસયુકત વેસવારના ગુણોનું વર્ણન ... ,,
કફરોગમાં માંસ હિતકર થાય ... ,,
માંસપ્રયોગની રીતિ ... ,,
રસાયનરૂપ માંસરસ ... ,,
માંસના વિશેષગુણો કહેવાની પ્રતિજ્ઞા ... ૯૮૧
ગાય, બળદ તથા ગોંડાના માંસના વિશેષ ગુણો ,,
નખંકુ—સાબરમૃગના તથા હાથીના માંસના વિશેષગુણો ... ,,
ગોકર્ણ મૃગના માંસના વિશેષ ગુણો ... ,,
બકરાં અને ઘેટાનાં માંસના ગુણો ... ,,
ભૂંડના, ભેંસ—પાડા તથા કુક્કરના માંસના ગુણો ,,
ગધેડાંના, ઘોડાના તથા પૃષત—રંગબેરંગી ટીપકીવાળા મૃગના માંસના ગુણો ... ,,
શ્વદંષ્ટ્ર—આદિ પ્રાણીઓના માંસનાં ગુણો ,,
વરુ વગેરેના માંસના ગુણો ... ૯૮૨
નોળિયા વગેરેના માંસના વિશેષ ગુણો ... ,,
સસલાં વગેરેનાં માંસના ગુણો ... ,,
મોર, કૂકડાં વગેરે પક્ષીઓનાં માંસના ગુણો ,,
વિષ્કિર આદિ પક્ષીઓના માંસના ગુણો ... ,,
તેતર વગેરે પક્ષીઓના માંસના ગુણો ... ,,
લોહપૃષ્ઠ—કંક વગેરે પક્ષીઓનાં માંસના ગુણો ,,
ખંજન વગેરે પક્ષીઓના ગુણો ... ૯૮૩
ગીધ વગેરે પક્ષીઓના માંસના ગુણો ... ,,
પ્લવ—બતક વગેરે પક્ષીઓના માંસના ગુણો ,,
હંસ વગેરે પક્ષીઓના માંસના ગુણો ... ,,
ક્રૌંચ વગેરે જલચર પક્ષીઓનાં માંસના ગુણો ,,
જુદાં જુદાં માછલાંનાં માંસના ગુણો ... ૯૮૪
કાચબો વગેરે કેટલાંક જલચર પ્રાણીઓના માંસના ગુણો ... ,,
શ્રેષ્ઠ પ્રાણીઓની ગણતરી ... ,,
પ્રાણીઓના અવયવોમાંના લઘુ—ગુરુનું કથન ૯૮૫
પ્રાણીઓની ધાતુઓના ખાસ ગુણો ... ,,
બાળક, યુવાન તથા વૃદ્ધ (ભક્ષ્ય) પ્રાણીઓના ગુણો ... ,,
લઘુ—ગુરુ પ્રાણીઓ ... ,,
લઘુ—ગુરુ પ્રાણીઓ સંબંધે વધુ ... ,,
અભક્ષ્ય માંસ ... ૯૮૬
તરત ધાતુવર્ધક માંસ ... ,,
આ અધ્યાયનો ઉપસંહાર ... ,,
દેશસાત્મ્ય : અધ્યાય ૨૨ મો ... ,,
કશ્યપને જીવકના પ્રશ્નો ... ૯૮૭
ભગવાન કશ્યપનો પ્રત્યુત્તર ... ,,
પૂર્વ દેશનું વર્ણન ... ,,
ઉપર્યુકત દેશવાસી લોકો કેવા હોય છે? ,,
દક્ષિણ દિશાના દેશોનું વર્ણન ... ,,
પરિશિષ્ટ ૯૮૯

★

ઉપોદ્ઘાત

મંગલાચરણ

आयुष्यामायमाम्नाय नानोन्मेषैर्विवर्ध्य च ।
जगतः श्रेयसे सक्ताः स्मरणीया दयामयाः ॥१॥
यत्प्रातिभरसासिक्त आयुर्वेदमहातरुः ।
फलत्यद्यापि जगति महात्मानो जयन्ति ते ॥२॥

જે દયાળુ મહાત્માઓએ આયુષને વધારનારું આયુર્વેદશાસ્ત્ર જગતના કલ્યાણ માટે રચ્યું છે અને અનેક પ્રકારના તર્ક-વિતર્કો તથા વિચારો દ્વારા તે શાસ્ત્રનો જેમણે જગતમાં વિસ્તાર કર્યો છે અને તે પછી જેઓ જગતના કલ્યાણમાં આસક્ત રહ્યા છે, તે મહાત્માઓ સ્મરણ કરવા યોગ્ય છે. વળી જેમ પોતાની 'પ્રતિભા' રૂપી બુદ્ધિના રસ વડે આયુર્વેદરૂપી મહાન વૃક્ષને ચોપાસ સિંચ્યું છે એથી આજ સુધી એ વૃક્ષ ઉત્તમ ફળો આપી રહેલ છે, તે મહાત્માઓ જય પામે છે અર્થાત્ સર્વોત્કૃષ્ટ તરીકે જગતમાં પૂજ્ય છે. ૧,૨

ઉપોદ્ઘાત-પ્રસ્તાવ

અતિશય વિચારશીલ વિદ્વાનોની આગળ જે કંઈ દર્શાવવામાં આવે છે, તેને વિષે 'આ શું છે?' અને 'આ શા માટે અથવા કયા ઉપયોગ માટે છે' એવી જિજ્ઞાસા તે વિદ્વાનોને થાય છે. જ્યાં સુધી એ વસ્તુ તેઓના જાણવામાં આવતી નથી, ત્યાં સુધી તેવા પરીક્ષકોની વૃત્તિ તે સંબંધે વિશેષતા સાથે પ્રવૃત્તિ કરતી નથી. વિદ્વાન લોકોને જે વસ્તુ સામાન્યપણે જણાય છે, ત્યારે તે સંબંધે તેઓને વિશેષ જાણવાની ઇચ્છા થાય છે અને તે ઇચ્છા તેઓને તેના વિશેષ જ્ઞાન માટે તત્પર બનાવે છે; કારણ કે કોઈ પદાર્થનું બાહ્ય-સામાન્ય વિજ્ઞાન અથવા આનુભવિક જ્ઞાન થાય છે, ત્યારે તે પદાર્થ જો અભીપ્સિત હોય એટલે કે પરિપૂર્ણ ઇચ્છિત જણાય તો તેને ગ્રહણ કરવા તે લોકો તૈયાર થાય છે, અને જો એ પદાર્થ પૂરેપૂરો ત્યજવા યોગ્ય અને નિષ્ફળ જાણવામાં આવે તો તેનો પરિત્યાગ કરવા તે લોકો તૈયાર થાય છે. આ રીતે પ્રાથમિક આકાંક્ષા અથવા વસ્તુતત્ત્વને જાણવાની ઇચ્છાને પૂરેપૂરી શાંત કરવા હરકોઈ શાસ્ત્રના આરંભે વિદ્વાનો (અધિકારી, વિષય, સંબંધ અને પ્રયોજનરૂપ ચાર) અનુબંધને જેમ દર્શાવે છે, તેમ હરકોઈ પ્રસ્તુત ગ્રંથ સાથે સંબંધ ધરાવતા કેટલાક આભ્યંતર અને બાહ્ય વિષયોનું પ્રથમ નિરીક્ષણ કર્યા પછી ભૂમિકા, પ્રસ્તાવના આદિના સ્વરૂપે જણાવીને તે ગ્રંથ વિષેનો પોતાનો અભિપ્રાય અથવા આદરણીયતા પ્રકટ કરે છે, એવો હાલના વિદ્વાનોનો રિવાજ યોગ્ય જ છે. વિદ્વાનોના એ જ આચારને અનુસરતાં મારા ચિત્તમાં જે કંઈ પ્રતિભાસિત થયું છે અને બીજાં શાસ્ત્ર વગેરેના આરંભમાં મેં જે કંઈ જોયું છે, તેને અહીં વિવેચક વિદ્વાનોની સમક્ષ કેટલાક શબ્દો દ્વારા ભેટરૂપે ધરવા મારે જે કંઈ લખવાનું છે, તેને અહીં પ્રથમ જણાવવામાં આવે છે :

ઉપોદ્ઘાતના પાંચ પરિચ્છેદો કે વિષયો

(૧) ઉપક્રમ સહિત આયુર્વેદ સંબંધી વિવરણ.
(૨) ગ્રંથોના પરિચય સાથે આચાર્યોનું વિવરણ.
(૩) સંસ્કાર તુલના સાથે વિષયોનો વિભાગ.
(૪) ભારતીય વૈદ્ય ચિકિત્સાનું સમર્થન.
(૫) ઉપસંહાર-પરિચ્છેદ કે તે વિષય.

(૧) ઉપક્રમ સહિત આયુર્વેદ સંબંધી વિવરણ

વિદ્વાનોએ આ બાબતનો બરોબર નિશ્ચય કર્યો છે કે, 'સુખ એ જ પરમશ્રેષ્ઠ પુરુષાર્થ છે. એ સુખદુઃખની નિવૃત્તિ એટલે દુઃખ દૂર જ રહે અથવા આવતું અટકી જાય એ રૂપે હોય છે; અથવા દુઃખનો વિરોધી જે એક ભાવ અથવા કોઈ એક જે ગુણ છે, તે સુખ કહેવાય છે,' એમ વિદ્વાનો બે પ્રકારે સુખનું નિરૂપણ કરે છે. એ બંને પ્રકારનું સુખ મેળવવા માટે હરકોઈ પ્રાણીની

ઉત્કટ ઇચ્છા હોય છે. જ્યાં સુધી દુઃખ હોય ત્યાં સુધી એ દુઃખના દૂર થવારૂપ સુખ ઉદય પામવા સમર્થ થતું નથી. દુઃખ એ પીડારૂપ લક્ષણવાળું હોઈને સર્વ પ્રાણીને જગતમાં સર્વ કરતાં અપ્રિય હોય છે. એ દુઃખ જતું રહ્યું હોય તોપણ તેનું સ્મરણ થતાં પીડા ઉપજાવે છે; અને વર્તમાનકાળમાં તે દુઃખ જો અસ્તિત્વ ધરાવતું હોય તો કોઈ ઉપાયો દ્વારા તેને દૂર કરવા માટે લોકો ઇચ્છે છે; તેમ જ એ દુઃખ ભવિષ્યકાળમાં જો આવવાનું હોય તો તેને પણ અટકાવવા માટેનાં સાધનોનો આશ્રય લઈ દૂર કરવાનો લોકો પ્રયત્ન કરે છે. કોઈ પણ સમજુ માણસ એવો હોતો નથી, કે જે પોતાને દુઃખ થાય એમ ઇચ્છે! જેટલા વ્યાપારો કે ઉપાયો હોય છે, તેઓ વડે સુખને જ સિદ્ધ કરવા અથવા મેળવવા માટે લોકો પ્રવૃત્તિ કરી રહ્યા છે; પરંતુ કોઈક માણસ ભલે સુખની ઇચ્છાથી પ્રવૃત્તિ કરી રહ્યો છે, છતાં સુખ મેળવવાના માર્ગનું બરાબર જ્ઞાન ન હોવાના કારણે તે માટેના યોગ્ય આચાર કે માર્ગનો પરિત્યાગ કરી અયોગ્ય આચારરૂપ માર્ગે જઈ ચઢીને ઘણાખરા લોકો દુઃખથી જ પીડાયા કરે છે. એ કારણે એ સુખ માટેના જ સાચા માર્ગને જોવા સારુ બધાં શાસ્ત્રોએ તથા સર્વ લોકોએ ભૂતકાળમાં પ્રવૃત્તિ કરી છે અને વર્તમાન સમયમાં પણ તે તે બધાંયે શાસ્ત્રો તથા લોકો પ્રવૃત્તિ કરી રહ્યાં છે.

દુઃખ એ મન, શરીર આદિ આધ્યાત્મિક તત્ત્વોને નિમિત્તરૂપે કરી ઉત્પન્ન થાય છે, તેથી એવું તે દુઃખ 'આધ્યાત્મિક' કહેવાય છે; પરંતુ જે દુઃખ પંચભૂતો અને પાંચભૌતિક પ્રાણીઓ આદિને નિમિત્તરૂપ કરી ઉત્પન્ન થાય છે, તેવાં દુઃખને 'આધિભૌતિક' કહેવામાં આવે છે અને જે દુઃખ ગ્રહો, યક્ષો, રાક્ષસો તથા વિનાયક–ગણેશ આદિ દેવસમુદાયને નિમિત્તકારણ બનાવી ઉત્પન્ન થાય છે, તેવાં એ દુઃખને 'આધિદૈવિક' કહેવામાં આવે છે; એમ ત્રણ પ્રકારનાં કારણો દ્વારા થતા એ દુઃખના ત્રણ વિભાગો કરવામાં આવ્યા છે; એમ તે તે અનેક પ્રકારનાં કારણો દ્વારા જે દુઃખ ઉત્પન્ન થયેલું જોવામાં આવે છે, તે તરફ લક્ષ્ય રાખી તે તે દુઃખને અટકાવવા માટેના મુખ્ય મુખ્ય ઉપાયોને દર્શાવી તે તે સાંખ્ય આદિ આધ્યાત્મિક શાસ્ત્રો, ઉપાસનાઓને લગતાં શાસ્ત્રો, નીતિશાસ્ત્રો, ઔષધચિકિત્સાને લગતાં આયુર્વેદીય શાસ્ત્રો તથા આ લોકને લગતાં બીજાં ઐહિક શાસ્ત્રો પણ સાર્થક થતાં જણાય છે.

પરંતુ એ આધ્યાત્મિક તથા ઐહલૌકિક સઘળાં શાસ્ત્રો, પ્રાણીઓના ઉત્તમ જીવનને પ્રાપ્ત કરાવીને જ સ્વાત્મલાભ અથવા પોતાની સાર્થકતા સંપાદન કરવા સમર્થ થઈ શકે છે. એ જ કારણે જે કોઈ માણસ વિદ્વાન અથવા સમજુ હોય છે; તેમ જ નવા નવા ઉત્સાહથી જે યુક્ત હોય છે, તે જ માણસ (તે તે શાસ્ત્રો દ્વારા) ઉત્તમ ઉપાયોને સારી રીતે જાણ્યા પછી તે તે ઉપાયોથી યુક્ત માર્ગે પોતાના આત્માને ઉન્નત બનાવવા અથવા ઊંચે લઈ જવા ઇચ્છા કરે છે, તે જ માણસ અનુક્રમે પોતાના ઇચ્છિત સ્થાને આરૂઢ થવા સમર્થ થઈ શકે છે.

દુઃખમય જિંદગીના કારણે જેની ગતિ લથડિયાં ખાતી હોય એવો માણસ અમુક કેટલાક થોડા અંશે પણ આગળ જવા અસમર્થ હોઈને પોતે પોતાના દ્વારા કોઈ પણ ઉપાયને સિદ્ધ કરવા સમર્થ થતો નથી. એ કારણે શરીરને લગતા અથવા શરીરથી સિદ્ધ થઈ શકે એવા ઉત્તમ જીવન માટેના ઉપાયોનું પ્રતિપાદન કરતું શાસ્ત્ર અથવા આયુર્વેદશાસ્ત્ર જ બીજાં શાસ્ત્રો કરતાં પણ વિશેષે કરી તે માણસને આશ્રય કરવા યોગ્ય અથવા જીવન માટે શરણ લેવા યોગ્ય થાય છે. પ્રથમ તો એ આયુર્વેદ શાસ્ત્રના આશ્રયથી શારીરિક પીડા વિનાની સ્થિતિ, આ (ઉત્તમ) જીવન દ્વારા પ્રાપ્ત કરી શકાય છે અને તે પછી આ લોકની અને પરલોકની ઉન્નતિઓને પણ તે શારીરપીડા વિનાની સ્થિતિ જ પ્રાપ્ત કરાવી આપે છે.

પ્રાણીમાત્રનું આ શરીર અનેક પ્રકારના સ્થૂલ, સૂક્ષ્મ તથા અતિશય સૂક્ષ્મ અવયવોથી રચાયેલું હોઈને તે તે અવયવોની સામાન્ય ક્રિયા તથા વિશેષ ક્રિયાઓથી યુક્ત હોવા છતાં તેનું યથાવત્ પ્રમા–જ્ઞાન અથવા યથાર્થજ્ઞાન થઈ શકતું નથી, એવું ઈશ્વરી શિલ્પ અથવા કારીગીરીથી વ્યાપ્ત આ શરીર જાણે મોટું યંત્ર હોય તેવું જોવામાં

આવે છે. જે શરીરમાં કોઈ સ્થૂલ અથવા સૂક્ષ્મ અંશો કે અવયવો વિષે દૃશ્ય કે અદૃશ્ય કોઈ પણ વિક્રિયા જો ઉત્પન્ન થઈ રહી હોય તો આખાય શરીરને તેમ જ કેવળ એકલા શરીરને નહિ; પરંતુ તે શરીરમાં પરોવાઈને રહેલ શરીર–શરીરીના સમવાય સંબંધવાળા અંતરાત્માને પણ આકુળ–વ્યાકુળ કરી નાખે છે. એમ શરીરની વિક્રિયાથી શરીરધારી આત્મા પણ વિકારયુક્ત થાય છે અને એમ વ્યાકુળ થયેલા તે અંતરાત્માને લીધે તો શરીરી–જીવાત્મા શિથિલ બને છે, જેથી બીજાં દુઃખોને પણ દૂર કરવા સમર્થ થઈ શકતો નથી.

એમ શરીર જો નિર્બંધ હોય એટલે કે કોઈ પણ પીડા કે દુઃખથી રહિત હોય તો જ બીજાં દુઃખોને દૂર કરવાના ઉપાયો કરવા સમર્થ થઈ શકાય છે અને તે તે ઉપાયો જો કરાયા હોય તે પણ સફળ થાય છે; પરંતુ જ્યારે શરીર જ રોગને લીધે વ્યાકુળતાને પામ્યું હોય અને તેવા રોગી શરીરના સંબંધથી અંતઃકરણ પણ વ્યથા પામ્યું હોય ત્યારે કઠિન તપશ્ચર્યા, તીર્થાટનો તથા પરોપકાર વગેરે ધાર્મિક વિષયો તેમ જ શિલ્પ–કારીગીરી, વેપાર, ખેતી વગેરે આજીવિકાનાં સાધનો અને પરદેશમાં ભ્રમણ વગેરે આર્થિક ઉદ્યોગો તેમ જ યથેષ્ટ આહાર–વિહાર તથા વિષયોના ઉપભોગ આદિ કામિક પ્રયોગો અને જુદા જુદા માનસિક વિચારો તેમ જ ક્રોધ, લોભ આદિ આભ્યંતર શત્રુઓનું દમન તથા ઇંદ્રિયોનો વિજય તેમ જ ઈશ્વર-ભજન વગેરે મોક્ષને લગતા ઉપાયો પણ બરાબર કરી શકાતા નથી. આ જ કારણે ચરકે સૂત્રસ્થાનના પહેલા જ રપધ્યાયમાં આમ કહ્યું છે કે, 'धर्मार्थ-काममोक्षाणाम् आरोग्यं मूलसाधनम्' ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ એ ચારે પુરુષાર્થો સિદ્ધ કરવા માટે આરોગ્ય અથવા શરીરનું સ્વાસ્થ્ય એ જ મૂળભૂત સાધન છે.'

એવા પ્રકારના આરોગ્યરૂપ જળપ્રવાહથી માણસનું જીવનરૂપ વૃક્ષ ચોપાસથી વ્યાપ્ત હોય ત્યારે જ તે જીવનવૃક્ષમાં ઉત્તમ ફળો ફળે છે. એ કારણે તે આરોગ્યરૂપ સંપત્તિ દ્વારા લાંબા જીવન માટે અને ઉત્તમ જીવનના અસ્તિત્વ માટે શારીરિક પીડાઓમય ઐહિક દુઃખો અવશ્ય ત્યજવા યોગ્ય હોય છે; અને તે શારીરિક દુઃખો પણ અનેક પ્રકારના રોગોરૂપે સેંકડો પ્રકારે આ શરીરરૂપ વૃક્ષમાં અંકુરોરૂપે અતિશય ઊગી નીકળ્યા કરે જ છે; અને તે સેંકડો પ્રકારના રોગો પણ અનેક પ્રકારના ઉપાયો દ્વારા તથા અનેક પ્રકારના ઉપદેશો દ્વારા જ વિશેષે કરી જાણી શકાય છે અને તે પછી જ તેઓનો પરિત્યાગ પણ કરી શકાય છે. એ કારણે તે રોગોને અટકાવવા માટે અને તેઓની ઉત્પત્તિ જ ન થાય તે માટે પણ જે જે જેટલા પ્રકારના ઉપાયો તથા વ્યવસ્થાઓ છે, તેઓનું જ્ઞાન જ પોતાનામાં જેટલો બુદ્ધિ-બળનો ઉદય અથવા આવિર્ભાવ હોય તે પ્રમાણે દરેક મનુષ્યોએ તે માટેનું સંપૂર્ણ જ્ઞાન મેળવવું જરૂરી છે.

તેમાં ત્યજવા યોગ્ય દુઃખમય રોગો એ રોગોનાં હેતુઓ–નિદાનો–કારણો વગેરે અને ત્યજવા યોગ્ય તે રોગોનો ત્યાગ તેમ જ એ રોગોના પરિત્યાગમાં સાધનરૂપ જે ઔષધો વગેરે હોય છે, એ ચાર પ્રકારનાં વિજ્ઞાતવ્ય અથવા જાણવાં જરૂરી જ્ઞાન આવશ્યક હોય છે. પ્રથમ પરિત્યાગ કરવા યોગ્ય રોગોનાં સ્વરૂપોનો પરિચય કર્યા પછી તે રોગોના હેતુઓ કે નિદાનોનું જ્ઞાન કરી લઈ પ્રથમથી જ તે રોગજનક નિદાનોને રોગોની ઉત્પત્તિ થાય જ નહિ, તે માટે ત્યજવા કરવાં જોઈએ; તેમ જ કોઈ પણ પ્રકારે ઉત્પન્ન થઈ ચૂકેલા એ રોગોને દૂર કરવાનાં સાધનો પણ જાણવાં જોઈએ.

લોકોના પરમ કલ્યાણનાં સાધન તરીકે હિતકારક અનેક પ્રકારનાં જ્ઞાન તથા વિજ્ઞાનના પ્રભેદો જે વિદ્યમાન છે, તે સર્વમાં સર્વ લોકને આશ્રય કરવા યોગ્ય જે વિજ્ઞાનરૂપ રત્ન છે, તે આયુર્વેદનું વિજ્ઞાન જ છે, એમ કહેવાય છે. એ આયુર્વેદનું વિજ્ઞાન કેવળ પોતાના એકના જ ઉપકાર માટે હોતું નથી, અથવા માત્ર એક કે બે વ્યક્તિના ઉપકાર માટે જ હોતું નથી; પરંતુ પોતાના સમસ્ત કુટુંબનો, સમગ્ર સમાજનો તથા આખાય દેશનો પણ ઉપકાર કરવા તથા ઉત્તમ પ્રકારની ઉન્નતિ કરવા માટે હોય છે. એ કારણે દરેક મનુષ્યે તે આયુર્વેદનું જ્ઞાન અવશ્ય મેળવવું જોઈએ અને તે આયુર્વેદના જ્ઞાતાઓએ પણ તેનો ઉપદેશ અવશ્ય કર્યા કરવો

જોઈએ; અને તો જ એ આયુર્વેદનું જ્ઞાન તથા ઉપદેશ વિશેષે કરી સાર્થક થઈ શકે તેમ છે.

આયુર્વેદની પ્રાચીનતા

જે કાળે સૃષ્ટિકર્તાએ પાંચ મહાભૂતો અને તે પાંચે મહાભૂતોના વિકાર–પ્રાણી-પદાર્થો સર્જ્યાં હતાં, તે જ સમયે પ્રાણીઓનાં લાંબા આયુષ માટેનાં સાધનો પણ વિશેષે કરી જાણવા યોગ્ય જન્યાં હતાં. માત્ર ઉત્પન્ન થતાં જ મિથ્યા આહાર-વિહારો કે ઉપચારોના કારણે વિનાશ પામતાં પ્રાણીઓ સૃષ્ટિરચનાના શ્રમને સાર્થક કઈ રીતે કરી શકે? જેમ જેમ તે પ્રાણીઓ લાંબા કાળ સુધીની હયાતીને પામી શકે તેમ તેમ સ્રષ્ટા–બ્રહ્માની ઇચ્છાને કંઈક અંશે પણ પૂર્ણ કરવાને સમર્થ થઈ શકે. લાંબા કાળ સુધીની હયાતીને પ્રાપ્ત કરીને પણ એ પ્રાણીઓ જો ખોડ–ખાંપણવાળાં બને, તો તેઓ કઈ કામનાને સિદ્ધ કરવા સમર્થ થઈ શકે? એ કારણે સત્ત્વ કે બળના આશ્રય દ્વારા સર્વાંશે પૂર્ણતા પ્રાપ્ત કરી લાંબા કાળ સુધી પ્રાણીઓની સ્થિતિ રહે એ આદિકાળથી આરંભીને જ જરૂરી જણાયું હતું.

સૃષ્ટિકર્તાની શિલ્પકળાના વિસ્તારરૂપ આ જગતમાં જંગમ, સ્થાવર, ભોક્તા અને ભોજ્ય આદિ અનેક પ્રકારના ભેદો જોવામાં આવે છે. ભોક્તા અને ભોજ્ય પદાર્થોના પણ અનેક પ્રકારો મળી રહે છે; પરંતુ દરેક ભોક્તાઓને દરેક ભોજ્ય પદાર્થો અનુકૂળ હોતા જ નથી; પણ ભોક્તાઓની જાતિ, દેશ, કાળ તથા અવસ્થાઓનો ભેદ હોવાને લીધે તે તે અનેક પ્રકારના ભોજ્ય પદાર્થો અમુક કોઈ ભોક્તાનો ઉપકાર કરનાર તેમ જ અમુક કોઈ ભોક્તાનો અપકાર કરનાર પણ અવશ્ય થાય જ છે. હરકોઈ એક જ વસ્તુ કોઈ એક જ વ્યક્તિને પ્રતિકૂળ કે અનુકૂળ હોઈ શકે નહિ; તેમ જ હરકોઈ એક જ પદાર્થ સર્વ ભોક્તાઓને પણ અનુકૂળ કે પ્રતિકૂળ હોતો જ નથી. વળી કોઈ પણ એક જ ભોક્તાને સર્વ વસ્તુ સર્વકાળ અનુકૂળ કે પ્રતિકૂળ પણ હોતી નથી; પરંતુ તેમાં પણ અમુક જુદી જુદી અવસ્થા આદિને અનુસરી અમુક જ વસ્તુ અમુક વ્યક્તિને અનુકૂળ કે પ્રતિકૂળ તરીકે વ્યવસ્થિત થયેલી હોય છે. અમુક કાળે કઈ વસ્તુ કોને ક્યારે અનુકૂળ અથવા માફક આવે? અથવા એનું સાધન કયું હોય? કઈ વસ્તુ પ્રતિકૂળ થાય છે? એનો ઉદય કેવી રીતે થાય છે? એના પ્રશમનનો ઉપાય કયો? કઈ વસ્તુ ઉપાદેય અથવા ગ્રહણ કરવા યોગ્ય હોય છે? તેને પ્રાપ્ત કરવાનો ઉપાય કયો? ત્યાગ કરવા યોગ્ય વસ્તુ કઈ? તેનો ત્યાગ કરવામાં હેતુ કયો? ત્યજવાનું સાધન કયું? ઇત્યાદિ સર્વ બાબતો તે સૃષ્ટિકાળે જ સર્વ લોકોને વિશેષે કરી જાણવા યોગ્ય થઈ હતી. વળી સર્વ એષણાઓ કે ઇચ્છાઓમાં પણ પ્રાણની કે જીવની એષણા જ પ્રથમ તરીકે પ્રગટ થવાને યોગ્ય હોય છે. એ કારણે પ્રાણીઓની આ સૃષ્ટિ જ આયુર્વેદશાસ્ત્રના એક બીજન્યાસ અથવા પ્રથમ ઉત્પત્તિના કારણરૂપે થયેલી છે.

આ સંબંધી સુશ્રુતનું આ વચન મળે છે કે, 'અનુત્પાદ્યૈવ પ્રજા આયુર્વેદમેવાગ્રેઽસૃજત્–પ્રજાઓને ઉત્પન્ન કર્યા પહેલાં જ સૃષ્ટિકર્તાએ આયુર્વેદને જ ઉત્પન્ન કર્યો હતો' આ વચનની જ તુલના કરતું કાશ્યપસંહિતાનું આ વચન પણ આમ જ કહે છે કે, 'आयुर्वेदमेवाग्रेऽसृजत् ततो विश्वानि भूतानि'–સૃષ્ટિકર્તાએ સૌ પહેલાં આયુર્વેદને જ સર્જ્યો હતો અને તે પછી જ સમગ્ર પ્રાણીઓને સર્જ્યાં હતાં.' એમ તે તે વચનો, આયુર્વેદને જ સૌની પહેલાં ઉત્પન્ન થયેલ દર્શાવે છે, તોપણ નિમિત્ત અને નૈમિત્તિક એટલે કે કારણ તથા કાર્યના પૂર્વાપર ક્રમનું જ અનુસંધાન કરવામાં આવે–અર્થાત્ પ્રથમ કારણ જ હોય અને તે પછી જ તે કારણમાંથી કાર્ય બને, એ જ ક્રમ ઠીક લાગે છે; જેમ કે 'अग्निहोत्रं जुहोति' 'यवागूं पचति'–તે માણસ અગ્નિહોત્ર હોમે છે અને યવાગૂ–હોમ પદાર્થને રાંધે છે ઇત્યાદિ વાક્યોમાં પાઠના ક્રમ કરતાં અર્થને લગતો ક્રમ જ વધુ બળવાન તરીકે જેમ સ્વીકારવામાં આવે છે, તેમ જ 'અભિજ્ઞાન-શાકુંતલ' નાટકના સાતમા અંકમાં પણ આમ કહેવાયું છે કે, 'तव प्रसादस्य पुरस्तु संपदः'–આપની કૃપા થયા પહેલાં જ તે કૃપાજન્ય સંપત્તિઓ પ્રાપ્ત થઈ જાય છે' એ વાક્યમાં જેમ પ્રસાદને એટલે કે કૃપાને એક નિમિત્ત કારણરૂપે પ્રથમ દર્શાવીને જ ને પછી તેના

કાર્યરૂપે તરત જ સંપત્તિઓને પમાડતી તે કૃપાને જણાવવામાં આવી છે. ખરી રીતે તો સૃષ્ટિની સાથે જ આયુર્વેદનો અતિશય ઘટ્ટ અને મૂળ જ નજદીકનો સંબંધ રહેલો છે, એમ આલંકારિક ભાષા દ્વારા તે તે વિદ્વાનો જાહેર કરે છે; અથવા જેમ બાળકની ઉત્પત્તિ પહેલાં જ માતાના સ્તનમાં ધાવણ ઉત્પન્ન થઈ જાય છે, તે જ પ્રમાણે સૃષ્ટિની પહેલાં જ આયુર્વેદનું વિજ્ઞાન સૃષ્ટિકર્તાના પોતાના તે આયુર્વેદ પ્રત્યેના રસ દ્વારા પ્રકટ થયું હોય એમ સંભવે છે. વિકાસવાદની દૃષ્ટિએ પણ પ્રાણી-પદાર્થની ઉત્પત્તિની પહેલાં પણ ઔષધીઓ, વનસ્પતિઓ આદિની સૃષ્ટિનું પ્રતિપાદન પણ પ્રાણી-પદાર્થની ઉત્પત્તિની પહેલાં જ આયુર્વેદીય ચિકિત્સા સંબંધી વિજ્ઞાનના બીજન્યાસનું દર્શન કરાવે છે. આચાર્ય આત્રેય પણ 'सोऽयमायुर्वेदः शाश्वतो निर्दिश्यते, अनादित्वात् स्वभावसंसिद्धलक्षणत्वाच्च' (च. सू. अ. ३०) તે આ આયુર્વેદ સનાતન કાળનો હોઈ નિત્ય છે, એમ દર્શાવાય છે; કારણ કે તે આયુર્વેદ અનાદિકાળનો છે, અને તેનું લક્ષણ પણ સ્વભાવથી જ સારી રીતે સિદ્ધ સ્વરૂપે જણાયું છે.' એમ કહીને આયુર્વેદીય જ્ઞાન તથા ઉપદેશ બંનેનું જોકે સાદિપણું છે, તોયે સંસારનું જેમ અનાદિપણું છે, તેમ આયુર્વેદના વિજ્ઞાનની પરંપરાને પણ અનાદિ તરીકે દર્શાવવામાં આવી છે.

આયુર્વેદ શબ્દની વ્યાખ્યા વગેરે

'આયુર્વેદ' એ શબ્દનો અર્થ દર્શાવતી વેળા કાશ્યપસંહિતામાં એ શબ્દની વ્યુત્પત્તિ અથવા વ્યાખ્યા આમ લખી છે કે, 'आयुर्जीवितमुच्यते, विद् ज्ञाने धातुः, विदृ लाभे च, आयुरनेन ज्ञानेन विद्यते–ज्ञायते, विन्दते–लभते–न रिष्यतीत्यायुर्वेदः–' 'આયુષ' શબ્દનો અર્થ 'જીવન' અથવા જીવવું એવો કહેવાય છે; તે 'આયુષ' શબ્દની સાથે 'વિદ્'–જાણવું એ ધાતુ અને 'વિદ્'–મેળવવું–એ બન્ને ધાતુઓ જોડાય છે; અને પછી તૈયાર થયેલ 'આયુર્વેદ' શબ્દનો અર્થ આમ સમજાય છે કે, જે આયુર્વેદશાસ્ત્રના જ્ઞાન વડે આયુષ જણાય છે તથા એ આયુષને માણસ વધુ પ્રમાણમાં મેળવે છે અને તે વધુ મેળવેલું આયુષ જે આયુર્વેદશાસ્ત્રના જ્ઞાનને લીધે નાશ પામતું નથી, તે 'આયુર્વેદ' નામનું શાસ્ત્ર કહેવાય છે. એકંદર લાંબા જીવનને જણાવતું અને તે લાંબા જીવનને ઉપાયોના પ્રતિપાદન દ્વારા પ્રાપ્ત કરાવી લાંબા જીવનનો વિનાશ ન કરી શકે એવું જે શાસ્ત્ર તે 'આયુર્વેદ' કહેવાય છે; એવા પ્રકારની 'આયુર્વેદ' શબ્દની વ્યુત્પત્તિ અથવા વ્યાખ્યા જે કરી છે, એ જ આયુર્વેદ શાસ્ત્રના સ્વરૂપને તથા પ્રયોજનને યોગ્ય રીતે દર્શાવી આપે છે. એમ આયુર્વેદ શાસ્ત્રમાંથી આયુષનું સ્વરૂપ અને તે આયુષ જેનાથી પ્રાપ્ત કરાય તેવા ઉપાયો અને જાણી શકાતું આયુષ જેઓ દ્વારા વિશેષ કરી જણાય છે, તેવાં તે આયુષનાં લક્ષણોને પણ તે આયુર્વેદશાસ્ત્ર દ્વારા બરાબર જાણી લઈ તેના ઉપદેશ પ્રમાણે પ્રવૃત્તિ કરતો મનુષ્ય પોતાના આયુષને બરાબર સ્થિર કરી શકે છે; પરંતુ એ આયુષને લગતું આયુર્વેદશાસ્ત્રનું જ્ઞાન જો ન હોય તો માણસ આ જગતમાં જેમ તેમ પ્રવૃત્તિ કરે અથવા પોતાની ઇચ્છાનુસાર વર્તન કરી પોતાના આયુષનો વિનાશ જ કરવા તૈયાર થાય છે, તેમ ન થાય તે માટે સાધન સહિત આયુષની સ્થિરતાને દર્શાવતું જે શાસ્ત્ર (અનાદિકાળનું) છે, તે જ આયુર્વેદ શબ્દના અર્થરૂપે પ્રસિદ્ધ થયું છે.

તે આયુર્વેદશાસ્ત્રનાં બે પ્રયોજનો છે: એક તો રોગોથી છુટકારો મેળવવો અને બીજું પોતાના સ્વાસ્થ્યનું રક્ષણ કરવું; આ બંને પ્રયોજનો આત્રેયે ચરકસંહિતામાં અને સુશ્રુતે સુશ્રુતસંહિતામાં દર્શાવ્યાં છે. ×

× ચરકસંહિતામાં સૂત્રસ્થાનના ૩૦ મા અધ્યાયમાં કહ્યું છે કે, 'हिताहितं सुखं दुःखम्'–આત્માનું હિત, અહિત, સુખ, દુઃખ ઇત્યાદિ જે જણાવે છે તેમ જ શરીર એ આત્માને ભોગો ભોગવવાનું સ્થાન છે અને પાંચ ભૂતોનો વિકાર છે; ચક્ષુ આદિ ઇંદ્રિયો તે આત્માને ભોગ ભોગવવાનાં સાધનો છે, તેમ જ મન તથા અંતઃકરણ પણ ભોગોનું સાધન છે; આત્મા એ જ્ઞાનનું પ્રતિસંધાન કરનાર છે; તે આત્માનો તથા તેનાં ભોગસાધનોનો જે સંયોગ થાય છે, તે એનાં અદૃષ્ટ કર્મોને લીધે થાય છે અને તે બધોય 'આયુષ' શબ્દનો અર્થ છે; અને

સુશ્રુતસંહિતામાં પણ 'आयुरस्मिन् विद्यते अनेन वा आयुर्विन्दतीत्यायुर्वेदः'—જેમાં આયુષ જણાય છે અને જેના દ્વારા માણસ વધુ પ્રમાણમાં આયુષને મેળવે છે, તે 'આયુર્વેદ' કહેવાય છે, એમ કહી શરીર, ઇંદ્રિયો, અંતઃકરણ અને આત્માનો જે સંયોગ છે, તે રૂપ આયુષનું જેમાં પ્રતિપાદન કરવા યોગ્ય વિષય તરીકે પ્રતિપાદન કરવામાં આવે છે, અથવા 'आयुरनेन विद्यते ज्ञायते विचार्यते वा, आयुरनेन विन्दति प्राप्नोति' જેના દ્વારા આયુષ જણાય છે અથવા વિચારી શકાય છે અને જેના આશ્રયથી માણસ આયુષને મેળવે છે તે 'આયુર્વેદ' કહેવાય છે એવી 'આયુર્વેદ' શબ્દની વ્યાખ્યા અથવા વ્યુત્પત્તિ કહેવામાં આવી છે.

એમ દર્શાવેલો 'આયુર્વેદ' શબ્દ કેવળ અનેક શાખાઓમાં વિસ્તાર પામેલા ચિકિત્સાવિજ્ઞાનને જ જણાવે છે, એટલું જ નથી; પરંતુ મનુષ્યોને લગતી ઔષધ-ચિકિત્સા ઉપરાંત હાથી, ઘોડા, ગાય, બળદ વગેરેને લગતી અને બીજાં પશુપક્ષીઓને લગતી પણ ચિકિત્સાને જણાવી તદુપરાંત વૃક્ષો, લતાઓ તથા જમીન ફોડીને ઉત્પન્ન થતાં સ્થાવર આદિને પણ લગતી ચિકિત્સાઓનો પણ સંગ્રહ દર્શાવે છે; જેમ કે 'પાલકાપ્ય,' 'મતંગ' અને 'શાલિહોત્ર' વગેરે આચાર્યો હાથી, ઘોડા, આદિની ચિકિત્સાનો ઉપદેશ કરનારા થયા છે.* તેઓના ઉપદેશરૂપ અને તેઓની પરંપરાથી ઊતરી આવેલા તેઓના ગ્રંથો પણ મળે છે. એ જ પ્રમાણે વૃક્ષોને લગતા આયુર્વેદમાં કાશ્યપ, સારસ્વત અને પરાશર વગેરે આચાર્યો થઈ ગયા છે અને તેમના ઉપદેશની પરંપરાથી પ્રાપ્ત થયેલા વિષયો વરાહસંહિતામાં 'ભટ્ટોત્પલ' આચાર્યે લખેલાં તે સંબંધી પ્રકરણોમાં તેમ જ ઉપવન-વિનોદ આદિ ગ્રંથોમાં પણ ઘણા પ્રકારે તેઓના ઉલ્લેખો મળી આવે છે. ધન્વંતરિએ પણ મનુષ્યો, ઘોડા, ગાયો, બળદો, હાથીઓ તથા વૃક્ષોને લગતો આયુર્વેદ સુશ્રુતને ઉપદેશ્યો છે તેનો ઉલ્લેખ અગ્નિપુરાણમાં મળે છે; પરંતુ મનુષ્યોને લગતા આયુર્વેદના વિભાગનો વિષય વિશેષે કરી અત્યારના કાળમાં પ્રવર્તમાન છે અને તે જ અત્યારે આ ઉપોદ્ઘાતમાં પણ ઉપયોગી છે, તેથી અહીં પણ તેનો જ અધિકાર કરી તે જ દર્શાવાય છે.

આ આયુર્વેદશાસ્ત્ર આદિ કાળના જ્ઞાનની એક સંપત્તિરૂપ છે, એ કારણે પ્રાચીન આચાર્યો તેનો 'વેદ' શબ્દથી ઉલ્લેખ કરે છે. 'વેદ' એટલે આર્ય પ્રજ્ઞાઓનો સર્વ કરતાં પહેલો જ્ઞાન તથા વિજ્ઞાનનો એક સમૂહ અથવા ભંડાર કહેવાય છે; કેમ કે એ વેદમાં જ પૂર્વકાળના આચાર્યોનાં જ્ઞાન તથા વિજ્ઞાન સંપૂર્ણ ભરેલાં છે. આર્ય પ્રજ્ઞાઓનાં તપ તથા ધ્યાનના પ્રકાશથી ઉજ્જ્વળ બનેલાં હૃદયોમાં પ્રતિભાશક્તિના પ્રકાશરૂપે રહેલી અસ્ખલિત સ્વરૂપવાળી આદિકાળની જે જ્ઞાનસંપત્તિ છે તેનો જ 'વેદ' શબ્દથી વ્યવહાર કરાય છે. એ વેદો જ્ઞાન તથા વિજ્ઞાનના પ્રસ્થાનરૂપ અથવા સર્વોત્કૃષ્ટ નિવાસરૂપ છે અને તે વેદોના જ અમુક એક વિભાગરૂપ આ આયુર્વેદનું વિજ્ઞાન પણ ગણાય છે.

વેદ તથા આયુર્વેદનો સંબંધ

ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા અથર્વવેદ—એ નામે વિભાગ પામેલા મૂળ ચાર વેદોના જ ઉપવેદરૂપે ધનુર્વેદ, ગાન્ધર્વવેદ અથવા સંગીતશાસ્ત્ર, સ્થાપત્યવેદ અથવા શિલ્પશાસ્ત્ર અને આયુર્વેદ-ચિકિત્સાશાસ્ત્રનો પણ ઉલ્લેખ કરવામાં આવે છે. 'ઉપવેદ' એ શબ્દમાં રહેલ 'ઉપ' શબ્દનો અભિપ્રાય વેદની ખૂબ સમીપે રહેલો આયુર્વેદનો સંબંધ એ છે; તેમાં કયા વેદની સાથે આયુર્વેદનો અતિશય નજદીકનો સંબંધ છે? એ સંબંધી વિચાર કરતાં આચાર્ય સુશ્રુત સૂત્રસ્થાનના પહેલા અધ્યા-

---

આયુષનું સ્વરૂપ છે. તેમાં આત્માનાં હિત, અહિત, પથ્ય, અપથ્ય, તેના ફલરૂપ સુખ અને દુઃખ; તેમ જ આયુષની તે તે અવસ્થાને અનુસરતાં લક્ષણો એ બધાંને તેનાં સાધનો તથા ફલ વગેરેની સાથે આયુષને જે જણાવે તે 'આયુર્વેદ' કહેવાય છે.

* જેમ કે અગ્નિપુરાણના ૨૯૨ મા અધ્યાયમાં આમ કહેવાયું છે કે, 'शालिहोत्रः सुश्रुताय ह्यायुर्वेदमुक्तवान् पालकाप्योऽङ्गराजाय गजायुर्वेदमब्रवीत् ॥'—'શાલિહોત્ર' નામના આચાર્યે સુશ્રુતને ઘોડાને લગતો આયુર્વેદ ઉપદેશ્યો છે અને 'પાલકાપ્ય' નામના આચાર્યે અંગદેશના રાજાને હાથીને લગતો આયુર્વેદ કહ્યો છે.

યમાં સ્વમુખે આમ જણાવે છે કે 'इह खलु आयुर्वेदमष्टाङ्गमुपाङ्गमथर्ववेदस्य'–આઠ અંગોવાળું આયુર્વેદશાસ્ત્ર એ જ આ લોકમાં અથર્વવેદના ઉપાંગ અથવા ઉપવેદ તરીકે પ્રસિદ્ધ થયેલ ગણાય છે. એમ ખુદ સુશ્રુતે આયુર્વેદનો અથર્વવેદની સાથે અંગાંગીભાવ દર્શાવ્યો છે; એટલે કે અથર્વવેદ અંગી છે અને આયુર્વેદ તેનું એક અંગ છે. બરકે પણ સૂત્રસ્થાનના ૩૦ મા અધ્યાયમાં 'चतुर्णाम् ऋक्-सामयजुर्-अथर्ववेदानाम् अथर्ववेदे भक्तिरादिश्या–ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદની ભક્તિ અથવા સમાવેશ અથર્વવેદમાં જ કરી શકાય છે,' એવો ઉલ્લેખ કરીને આચાર્ય આત્રેય પણ એ ચરકસંહિતામાં ઋગ્વેદ આદિ ચારે વેદોની સાથે આયુર્વેદનો સંબંધ દર્શાવી 'भक्ति' શબ્દ દ્વારા અથર્વવેદની સાથે આયુર્વેદનો અતિશય નજીકનો સંબંધ જણાવે છે. વળી આ કાશ્યપસંહિતામાં પણ 'आयुर्वेदः कथं चोत्पन्नः?' આયુર્વેદ કેવી રીતે ઉત્પન્ન થયો છે? એવો પ્રશ્ન કરી તેનો આવો ઉત્તર આપવામાં આવે છે કે, 'अथर्ववेदोपनिषत्सु प्राग् उत्पन्नः'–અથર્વવેદની ઉપનિષદોમાં આયુર્વેદ પ્રથમ ઉત્પન્ન થયો છે. એવો ઉત્તર આપીને મૂચવ્યું છે કે, 'આયુર્વેદનું પ્રથમ મૂળ અથર્વવેદમાં મળે છે.' એમ દર્શાવીને બીજો આ પ્રશ્ન પૂછ્યો છે કે, 'कं च वेदं श्रयति?' આયુર્વેદ કયા વેદનો આશ્રય કરે છે?' એ પ્રશ્નનો ઉત્તર પણ આવો જ કહ્યો છે કે, 'अथर्ववेदम्'–આયુર્વેદ અથર્વવેદનો આશ્રય કરે છે; કારણ કે અથર્વવેદમાં સર્વની રક્ષા, દેવોનાં બલિદાન, દેવોને લગતો હોમ, ઉપશાંતિ...પ્રતિકર્મવિધાન એ જેમ વિશેષે કરી દર્શાવેલ છે, તે જ પ્રમાણે આયુર્વેદમાં પણ તે રક્ષા વગેરેને વિશેષે કરી બતાવેલ છે. આયુર્વેદ અથર્વવેદનો આશ્રય કરે છે; ત્યારે કેટલાક બીજા આચાર્યો આમ કહે છે કે, 'सर्वानुवेदान्'–આયુર્વેદ બધાયે વેદોનો આશ્રય કરે છે.' એવો ઉપન્યાસ કરી 'आयुर्वेदमेवाश्रयन्ते वेदाः'–બધાયે વેદો આયુર્વેદનો જ આશ્રય કરે છે, એ કારણે અમે કહીએ છીએ કે, 'ऋग्वेदयजुर्वेदसामवेदाथर्ववेदेभ्यः पञ्चमोऽयमायुर्वेदः–ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા અથર્વવેદ એમ ચાર વેદો છે, અને તેઓમાં 'पञ्चमोऽयमायुर्वेदः'–આ આયુર્વેદ એ પાંચમા વેદ તરીકે ગણાય છે.' એવો ઉલ્લેખ કરતાં આચાર્ય અમુક વિશેષ વિષયનો સંબંધ દર્શાવીને આયુર્વેદનો અથર્વવેદ સાથેનો સંબંધવાદ પ્રથમ દર્શાવે છે; અને તે પછી બધાયે વેદોમાં આયુર્વેદને લગતા વિષયો ઓછાવધતાપણે મળી આવે છે, તે કારણે આયુર્વેદનો સર્વ વેદો સાથેનો સંબંધવાદ પણ કેટલાક આચાર્યોના મતે જણાવીને બ્રહ્મા, અશ્વિનીકુમાર, ઇંદ્ર આદિના સંપ્રદાયની પરંપરા દ્વારા અનુક્રમે વિકાસ પામેલું આયુર્વેદનું વિજ્ઞાન, એક સ્વતંત્ર જુદા જ માર્ગરૂપે વિકાસ પામેલું હોવાથી બીજા વેદોની પેઠે સર્વને આશ્રય કરવા યોગ્ય છે, અને પુરુષનાં નિશ્ચિત કલ્યાણ કરવામાં એ આયુર્વેદીય વિજ્ઞાન તત્પર રહેતું જોવામાં આવે છે, તેથી અને જાણવા યોગ્ય વિષયોથી વિશેષે કરી સંકળાયેલ હોવાથી પણ બધાય વેદોથી અલગ રહેલા આયુર્વેદનો પોતાના વિષયમાં પ્રધાનપણે પણ સ્વીકાર કરવો યોગ્ય છે, એવા અભિપ્રાયથી મહાભારતને જેમ પાંચમો વેદ કહેવામાં આવે છે, તેમ આયુર્વેદને પણ પાંચમા વેદનું સ્થાન પ્રાપ્ત થાય છે, એમ પોતાના વિચારમાં આરૂઢ થયેલું આયુર્વેદનું પાંચમા વેદનું સ્થાન છેવટે જાહેર કરેલ છે.

વળી 'आयुर्वेदमष्टाङ्गमुपाङ्गमथर्ववेदस्य–આઠ અંગોવાળો આયુર્વેદ અથર્વવેદનું ઉપાંગ છે' એમ સુશ્રુતના વચનમાં 'ઉપાંગ' પદ મૂકીને જેનો સાક્ષાત્ સંબંધ હોય તેને 'અંગ' તરીકે કહેવાય છે અને તે અંગનો જેને સંબંધ હોય તે 'ઉપાંગ' તરીકે ઉપલક્ષણે જણાતું હોવાથી વેદનાં બધાયે અંગોમાં આયુર્વેદ પણ એક અંગરૂપ છે, અને 'अङ्गानि अनु उपाङ्गानि भवन्ति'–અંગોની પાછળ જ ઉપાંગો હોય છે એમ અનુસંધાન કરી વેદના કાળ પછી શિક્ષા વગેરે વેદોનાં અંગો તરીકે જાહેર થયાં છે અને તે પછી આયુર્વેદનો કાળ વેદોના ઉપાંગરૂપે પ્રાપ્ત થયેલો છે; એમ સુશ્રુતે આયુર્વેદના કાળને વેદોના અંગોના કાળથી અર્વાચીન તરીકે સિદ્ધ કરેલ છે. એમ કેટલાક વિદ્વાનોની દૃષ્ટિએ જોવામાં આવે છે; પરંતુ 'उपाङ्ग' શબ્દના પ્રયોગથી ઉપલક્ષ દૃષ્ટિએ જોઈએ એમ જણાય

છે, તોપણ શિક્ષા, કલ્પ આદિ વેદનાં અંગોમાં વૈદ્યક વિદ્યારૂપ આયુર્વેદનો સંબંધ વિશેષે કરી કર્યાયે જોવામાં આવતો નથી; પરંતુ તેથી ઊલટપણે હવે પછી કહેવાશે તે દિશાએ શ્રૌત ગ્રંથોમાંથી બ્રાહ્મણ ગ્રંથોમાં અને તેથી પણ આગળ વૈદિકસંહિતા ગ્રંથોમાં અનુક્રમે આયુર્વેદને લગતા વિષયોનો સંબંધ અતિશય વધુ દેખાય છે, અને તેમાં પણ અથર્વવેદમાં આયુર્વેદને લગતા વિષયો અતિશય વધુ જોવામાં આવે છે, એ કારણે વેદની સાથે જ આયુર્વેદનો વધુ નજદીકનો સંબંધ જણાય છે. 'अङ्गत्वं नाम अप्रधानत्वं शेषत्वमिव अवयवत्वम् अपि'—અંગ એટલે જે અપ્રધાન હોય એટલે કે જે મુખ્ય તરીકે ન હોય પણ બાકી રહેલાંની પેઠે જે હોય અથવા જે અવયવ તરીકે હોય, તે અંગો શરીરની અંદર પાછળથી પ્રવેશ કરીને તે શરીરનો ઉપકાર કરનારાં છે; તેમ જ બધાં એકત્ર મળીને પણ શરીરનો ઉપકાર કરનારાં હોય છે. વળી તે અંગો શરીરની બહાર રહીને ઉપકાર કરનારાં અને બીજાં શરીરની અંદર રહીને પણ ઉપકાર કરનારાં હોય છે, તેથી તે અંગો બે પ્રકારનાં હોય છે; એમ મીમાંસકો અંગોનો વિભાગ દર્શાવે છે. એ કારણે અંગોનો અંતરંગ તથા બહિરંગ એ બે શબ્દોથી પણ વિભાગ કરી વ્યવહાર કરી શકાય છે; તેમાંનાં જે અંગો વેદના શરીરથી બહાર રહેલાં શિક્ષા, કલ્પ વગેરે કહેવાય છે, તેઓને 'બહિરંગ' જ કહેવામાં આવે છે; પરંતુ જે અંગો હવે પછી કહેવાશે તે રીતિએ ભૈષજ્ય, આયુષહિતકર તથા સંશમનીય કર્મ આદિ ઘણા આયુર્વેદના વિષયો તરીકે રહેલાં છે, તેઓ તો વેદોની સંહિતાની અંદર પરોવાયેલાં હોઈને વેદના શરીરની પાછળ જ પ્રવેશેલા આયુર્વેદરૂપે અંતરંગપણાને જ પ્રાપ્ત કરે છે, એટલે કે આયુર્વેદ અથવા તેના વિષયો તો વેદના આભ્યંતર અંગરૂપે જ ગણાય છે.

વેદ એ અનેક પ્રકારના વિજ્ઞાનનો એક મોટો ભંડાર છે; તેમાં જે યજ્ઞોને લગતો જે વિષય છે તે મહાન હોઈને મુખ્ય વિષય છે, અને આયુર્વેદને લગતા વિષયો વગેરે તો પ્રાસંગિક હોઈને અવાંતર વિષયો તરીકે ગણાયેલા હોય છે, એ કારણે આયુર્વેદીય વિજ્ઞાન એ વૈદિક વિજ્ઞાનના શરીરમાં પાછળથી પ્રવેશેલું હોઈને તે વૈદિક વિજ્ઞાનના અવયવરૂપ અંગ તરીકે ગણાય છે; શરીરમાં પણ જે મોટા અવયવો હોય તેઓ અંગ કહેવાય છે અને જે અતિશય નાના અવયવો હોય છે, તે ઉપાંગ ગણાય છે, એમ બે પ્રકારનો વિભાગ દર્શાવી બાહુ વગેરેને અંગરૂપે તથા હાથ વગેરેને ઉપાંગરૂપે દર્શાવીને 'ડલ્હન' આચાર્યે પણ આયુર્વેદને વેદના અંતરંગ તરીકે સાબિત કરેલ છે

વળી શિક્ષા વગેરે વેદનાં બહિરંગ અથવા બાહ્ય અંગોમાં અંગભાવ સ્વીકારી સુશ્રુતે માનેલો આયુર્વેદનો ઉપાંગપણાનો ઉલ્લેખ જો હોઈ શકે તો શિક્ષા વગેરે વેદનાં અંગોની પણ પછી આયુર્વેદની યોગ્યતા પ્રાપ્ત થાય, તો ભૂતોની સૃષ્ટિની પહેલાં પણ આયુર્વેદનું અસ્તિત્વ સુશ્રુતે જ કહેલું છે તેમાં વ્યાઘાત દોષ કેમ ન આવે? અર્થાત્ સુશ્રુતનાં તે બંને વચનો પરસ્પર વિરુદ્ધ કેમ ન થાય? એ કારણે શિક્ષા વગેરે વેદનાં બાહ્ય અંગોમાં પણ સુશ્રુત આચાર્યે 'વેદ' શબ્દનો વ્યવહાર કર્યો નથી; પરંતુ આયુર્વેદમાં તો તેમણે 'વેદ' શબ્દનો નિર્દેશ કર્યો છે; એટલે કે આયુર્વેદને તો વેદ તરીકે દર્શાવીને તે સુશ્રુત આચાર્ય તે આયુર્વેદનો શિક્ષા આદિ અંગો કરતાંયે પૂર્વભાવ અથવા પ્રથમ અસ્તિત્વ દર્શાવવા તત્પર બને છે; માટે વિજ્ઞાનના મહાસાગર એવા વેદના અંતરંગ અથવા આભ્યંતર અંગ તરીકે જ આયુર્વેદનું વિજ્ઞાન વિદ્યમાન છે અને એવા પ્રકારનું અંતરંગ તે આયુર્વેદીય વિજ્ઞાન વેદના શરીરની પાછળ તેમાં પ્રવેશેલું છે, એવું અનુસંધાન કરી કેટલાક આચાર્યો આયુર્વેદનો વેદના 'ઉપવેદ' તરીકે વ્યવહાર કરે છે; અને કેટલાક આચાર્યો વેદ તથા આયુર્વેદનો અવયવ—અવયવીભાવ સંબંધ સ્વીકારી આયુર્વેદમાં 'વેદાંગ' અથવા વેદનાં અંગ તરીકે વ્યવહાર કરે છે; તેમજ કેટલાક આચાર્યો આયુર્વેદમાં વેદના અતિ અલ્પ અવયવ તરીકેનો સ્વીકાર કરી 'ઉપાંગ' શબ્દથી વ્યવહાર કરે છે; અને એમ જણાવી તે તે બધાયે આચાર્યો પરસ્પર પોતપોતાનાં વચનોમાં તથા સુશ્રુતનાં વચનોમાં પણ વ્યાઘાતદોષરહિત એવો સમન્વય છે એમ

જણાવવા તૈયાર થાય છે. આ સંબંધે હવે વધારે લખવાનું શું પ્રયોજન છે? પરંતુ કાશ્યપ આચાર્યે તો આયુર્વેદને લાગુ કરેલા 'ઉપવેદ' શબ્દમાંથી 'ઉપ' શબ્દને પણ દૂર કરી આયુર્વેદનો પાંચમા 'વેદ' તરીકે જ નિર્દેશ કર્યો છે, એટલે કે આયુર્વેદ એ સ્વતંત્ર વેદ જ હોઈને તેને પાંચમો વેદ જ સ્વીકારે છે.

વળી આ પણ સ્પષ્ટ જ છે કે જે અંતરના આભ્યંતર અવયવો હોય છે, તે હંમેશાં અવયવીની સાથે જ સ્થિતિ કરે છે, પણ તેવા અંતરના અવયવોનો સમય તેમના અવયવીના સમયની પાછળ કદી હોઈ શકે જ નહિ. એ જ પ્રમાણે 'ઉપવેદ' શબ્દની સાથે એક જ આશ્રયસ્થાને વર્તતો 'ઉપાંગ' શબ્દ પણ આયુર્વેદને ઉપરના ભાગમાં અથવા ઉચ્ચસ્થાને જ આરૂઢ કરે છે, તેથી આયુર્વેદ, શિક્ષા આદિના કરતાં નીચી કક્ષામાં કે અર્વાચીન છે, એવી શંકાનો ઉદય થવાનો સંભવ જ રહેતો નથી.

હવે અહીં આવું અનુસંધાન દર્શાવવું યોગ્ય જણાય છે કે બ્રાહ્મણગ્રંથો, ઉપનિષદો, મહાભારત, પુરાણો તથા સ્મૃતિઓ વગેરેમાં ચાર વેદોનો ઉલ્લેખ× મળે છે; તેમ જ અથર્વવેદમાં ઋગ્વેદનો, યજુર્વેદનો, સામવેદનો તથા અથર્વવેદનો પણ ઉલ્લેખ+ મળે છે, છતાં ત્રણ વેદોમાં અથર્વવેદનો ઉલ્લેખ ક્યાંય મળતો નથી, તે ઉપરથી સાબિત થાય છે કે ઋક્, યજુઃ અને સામ એ ત્રયી અથવા ત્રણ વેદોનો વિભાગ પ્રાથમિક છે, એમ વિવેચક વિદ્વાનોનું કહેવું છે; તેમાં મંત્રમય વેદમાં પદ્યરૂપ ઋગ્વેદ, ગદ્યરૂપ યજુર્વેદ અને ગાયનરૂપ સામવેદ એમ ત્રણ પ્રકારનો વિભાગ કરેલ છે; એ ત્રયી વિભાગમાં અથર્વવેદના મંત્રોનો પણ યથાયોગ્ય અંધમેસતો સમાવેશ થાય છે.

× જેમ કે यस्माद् ऋचोऽपातक्षन् यजुर्यस्माद-पाकषन् सामानि यस्य लोमानि अथर्वाङ्गिरसोमुखम् अथर्व० १०–७–२०

+ જેમ કે तस्माद् यज्ञात् सर्वहुत ऋचः सामानि जज्ञिरे छन्दांसि जज्ञिरे तस्माद् यजुस्तस्मादजायत । ऋक्० १०, ७, ८; यजुः, ३१, ७; अथर्व० १७–६–१३

આર્ષ-હૃદ્-ભૂમિકાઓ અથવા ઋષિઓના હૃદયપ્રદેશોમાં સૌથી પ્રથમની જ્ઞાનસંપત્તિ ત્રણ વેદોરૂપે જ્યારે પ્રકટી હતી,* તે જ સમયે આયુર્વેદનું વિજ્ઞાન પણ સૌ પહેલાં એ ત્રણે વેદોની સાથે જ પ્રકટ થયું હતું. એમ ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદમાં તે તે સ્થળે મળી આવતા આયુર્વેદના વિષયો ઉપરથી જણાય છે. અથર્વવેદ એ એક વિશિષ્ટ જ્ઞાનરૂપ છે, તેથી તેની અલગ ગણતરી કરવામાં આવી છે તોપણ એ અથર્વવેદની સાથે ચાર વેદો ગણવામાં આવ્યા છે. બ્રાહ્મણગ્રંથોમાં, ઉપનિષદોમાં, સ્મૃતિઓમાં તથા મીમાંસા આદિમાં પણ વેદોના ચાર પ્રકારોનો ઉલ્લેખ મળે છે અને તે ચારે વેદો જાણનારાઓનો પણ નામનિર્દેશ જોવામાં આવે છે; તે ઉપરથી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા અથર્વવેદ એ ચારેની પ્રમાણતા પ્રાચીનકાળથી જ સમાન કક્ષાએ જણાવેલ છે. આ વિષયમાં ન્યાયમંજરી નામના ગ્રંથમાં તથા 'વેદસર્વસ્વ' નામના ગ્રંથમાં પણ ઘણા જ વિસ્તારથી કહેવામાં આવ્યું છે. વળી 'ચરણવ્યૂહ' નામના ગ્રંથના કર્તાએ અથર્વવેદની સાથે ચાર વેદોના ઉપવેદોનો ઉલ્લેખ કરતાં ऋग्वेदस्य आयुर्वेद उपवेद इत्याह भगवान् व्यासः स्कन्दो वा'–ભગવાન વ્યાસે અથવા કોર્તિકેયે પણ આમ કહ્યું છે કે, 'આયુર્વેદ એ ઋગ્વેદનો ઉપવેદ છે.' એ વાક્ય દ્વારા 'આયુર્વેદ એ ઋગ્વેદનો ઉપવેદ છે' એમ બતાવવામાં આવ્યું છે.+ એમ તે

* જેમ કે सा वा एषा वाक् त्रेधा विहिता ऋचो यजूंषि सामानि (शतपथ–१०–४–१७)

+ જેમ કે 'તંજોર'ના પુસ્તકાલયમાં ઉમા–મહેશ્વરના સંવાદરૂપ બીજી એક કાશ્યપસંહિતા જોવામાં આવી છે. તેમાં પણ આવો ઉલ્લેખ મળે છે કે, 'ऋग्वेदस्योपवेदाङ्गं काश्यपं रचितं पुरा। लक्षग्रन्थं महातेजः अमेयं मम दीयताम्'–ઋગ્વેદના ઉપવેદનું જે અંગ છે, તે કાશ્યપકૃત આયુર્વેદસંહિતા પહેલાં જે રચાઈ છે, તેનું પ્રમાણ એક લાખ ગ્રન્થરૂપ છે અને તે પણ તેજસ્વી, અમાપ જ્ઞાનરૂપ છે, તેને તમે મને આપો' એ રીતે ત્યાં આયુર્વેદનો ઋગ્વેદમાં ઉપવેદરૂપે ઉલ્લેખ કર્યો છે.

તે વચનોનાં પ્રમાણો ઉપરથી ત્રણે વેદમાર્ગોમાં આ આયુર્વેદના વિષયો મળી આવે છે, તોપણ ઋગ્વેદમાં, સ્વર્ગના વૈદ્ય બે અશ્વિનીકુમારોનાં સૂક્તોમાં અને તે સિવાયનાં બીજાં શાસ્ત્રોમાં તે તે કાળે બનેલાં અને તેનાથી પણ ભૂતકાળમાં બનેલાં પુરાતની વૃત્તાંતોની સાથે અનેક પ્રકારે આયુર્વેદને લગતા વિજ્ઞાનના વિષયો મળી આવે છે; છતાં ઋગ્વેદની સાથે આયુર્વેદીય વિજ્ઞાનનો વિશેષ સંબંધ છે, એવો અભિપ્રાય ધરાવીને ત્રણે વેદોના દ્રષ્ટા વ્યાસ, સ્કન્દ-કાર્તિકેય આદિ કેટલાક પૂર્વકાળના આચાર્યોએ તે પ્રકારે ઋગ્વેદ સાથેનો આયુર્વેદનો સંબંધ વધુ છે, એમ સ્વીકાર્યું જણાય છે.

જે કાળે કર્મકલાપનો અથવા વૈદિક કર્મકાંડના સમુદાયનો પણ વિશેષ વિકાસવિભાગ હતો, અને તે કારણે આ લોકનાં શાંતિક, પૌષ્ટિક વગેરે કલ્યાણકારી કર્મો અને દેહને લગતાં આગંતુક દુઃખોનું સંશમન કરનારાં કર્મોનો સ્વીકાર કરી તેઓની જ જેમાં પ્રધાનતા છે એવા અથર્વવેદની ગણતરી અલગ કરાતી હતી અને તે જ કારણે વેદનું વિજ્ઞાન ચાર પ્રકારે વિભાગ પામ્યું હતું, તે સમયે અથર્વવેદના વિજ્ઞાનમાં આયુષને વધારનારાં કર્મો તથા આયુર્વેદની ચિકિત્સાનાં કર્મો; તેમ જ ભૂત આદિને હાંકી કાઢવાનાં કર્મો પણ ઘણા પ્રકારે અલગ અલગ જોવામાં આવ્યાં હતાં. કૌશિક સૂત્રકારે પણ તે જ પ્રમાણે તે તે કર્મોની તે તે વિષયમાં યોજના દર્શાવી છે; એમ અથર્વવેદને લગતી પ્રક્રિયામાં વિશેષ રૂપને પામેલા અને શાંતિનાં તથા પુષ્ટિનાં કર્મો સાથે મિશ્ર થયેલા આયુર્વેદના ચિકિત્સાવિજ્ઞાનનો અનુક્રમે વિકાસ થવાની સાથે આયુર્વેદના વિષયનો પણ વિકાસ થવાથી હવે કહેવાશે તે દિશાએ બીજા વેદો કરતાં અથર્વવેદમાં આયુર્વેદના વિષયો વધુ પ્રમાણમાં દેખાવાથી તે કાળની સ્થિતિનો સ્વીકાર કરી અથર્વવેદની સાથે આયુર્વેદનો વધુ નજદીકનો સંબંધ જોઈ રહેલા પૂર્વકાળના આચાર્યો ધન્વંતરિ, આત્રેય તથા કશ્યપ આદિએ પ્રથમ દર્શાવેલા લેખો દ્વારા આયુર્વેદને અથર્વવેદના ઉપાંગ તરીકે કહ્યો છે; તેમ જ અથર્વવેદ ઉપર વિશેષ ભક્તિ દર્શાવી છે અને આયુર્વેદનું મૂળ અથર્વવેદ જ છે, એમ પણ જે કહ્યું છે, તે યુક્તિસંગત જણાય છે.

વેદમાં આયુર્વેદના વિષયો

ઋષિઓની પરંપરામાં અનુક્રમે શ્રવણસ્વરૂપે વેદનું અનુસરણ ચાલુ છે; અને પૂર્વકાળના ઋષિમુનિઓને પણ વેદનો કોઈ કર્તા હોય એવું સ્મરણ હતું નહિ; તેમ જ 'यो ब्रह्माणं विदधाति पूर्वं, यो वै वेदांश्च प्रहिणोति तस्मै'-જે પરમાત્માએ સૌની પહેલાં બ્રહ્માને ઉત્પન્ન કર્યા છે અને તે બ્રહ્માને જે પરમેશ્વરે જ પ્રથમ વેદોનો ઉપદેશ કર્યો છે.' ઇત્યાદિ શ્રુતિઓનાં વચનથી ઈશ્વરના જ્ઞાનરૂપ વેદો પ્રથમથી જ સિદ્ધ થયા છે અને એ વેદો જગતના સ્રષ્ટા-બ્રહ્માના મનમાં પ્રતિભા દ્વારા પ્રકાશ્યા છે, એવો પણ ઉલ્લેખ મળે છે. એ કારણે અને ઋષિઓને પણ તે તે વેદોના કેવળ દ્રષ્ટા તરીકે જ કહ્યા છે, તે ઉપરથી આ વેદો તેઓનાં પદોના તથા પદાર્થોના નિત્ય સંબંધનો આશ્રય કરે છે, માટે તે તે વેદો અનાદિ તથા નિત્ય છે, એવો વેદના અર્થના મીમાંસક પૂર્વકાળના આચાર્યોનો એક સિદ્ધાંત છે. વળી (બીજો પણ આ મત છે કે) વેદમાં પણ 'तस्मात् परमेश्वरात् ऋचः सामानि जज्ञिरे, यजुश्चाजायत'-એ પરમેશ્વરથી ઋચાઓરૂપ ઋગ્વેદ, સામવેદ તથા યજુર્વેદ ઉત્પન્ન થયા છે' એવાં વચનોનો ઉલ્લેખ મળે છે અને શબ્દના પ્રત્યેક ઉચ્ચારણ પ્રત્યે તેની નવી જ ઉત્પત્તિ થતી હોય છે અને વેદ એ તેના નવી નવી ઉત્પત્તિવાળા શબ્દોનો જ એક સમુદાય છે, એ કારણે વેદ નિત્ય અથવા સનાતન માની શકાય જ નહિ; પરંતુ સૃષ્ટિના આદિકાળે ઈશ્વરે જ તે વેદોને પ્રથમ રચ્યા છે અને પછી જ તેમણે બ્રહ્મા આદિને ઉપદેશ કર્યો છે, એ કારણે વેદને પૌરુષેય અથવા પરમેશ્વરરૂપ પુરુષનાં જ વચનોરૂપે સ્વીકારવા જોઈએ; નહિ કે अपौरुषेयं वाक्यं वेद्यः-કોઈ પણ પુરુષે રચેલાં વાક્યો એ વેદ છે, એમ તેનું લક્ષણ ઘટતું જ નથી; તોપણ વેદ એ સમગ્ર દોષો કે દોષોની શંકાથી પણ રહિત છે અને પરમ આપ્તસર્વના હિતૈષી પરમાત્માની જ તે એક કૃતિ અથવા રચનારૂપ છે, એ કારણે વેદોની પ્રામાણિ-

કતા સર્વાંશે અબાધિત, એવો તાર્કિક–નૈયાયિકોનો (બીજો) સિદ્ધાંત છે.

છતાં વેદ ભલે અપૌરુષેય હોય અથવા ભલે પૌરુષેય કે પુરુષકૃત હોય કે ભલે આર્ષ અથવા ઋષિવિરચિત હોય; અથવા એ વેદરૂપી પ્રકાશનું ઉત્પત્તિકારણ કયું છે? અથવા એ વેદનો તાત્ત્વિક અને યોગ્ય ઉત્પત્તિકાળ કયો હશે? એ વિચાર હમણાં આ પ્રસંગે જોકે અનુપ્રસક્ત-વિચાર કરવા જેવો છે, તોપણ હમણાં તે વિચાર ભલે બાજુ પર રહો; પરંતુ પ્રાચીન પંડિતોએ તે વેદને સર્વ પ્રકારે સર્વોત્કૃષ્ટ પ્રમાણભૂત તરીકેના પદે તો સ્થાપ્યો જ છે. એટલે કે અતિ પ્રાચીન-કાળના વિદ્વાનોએ સર્વોત્કૃષ્ટ પ્રમાણરૂપે વેદને જ અવશ્ય માન્યો છે, તેમ જ એ વેદ કોઈ પણ પ્રમાણથી માપી શકાય તેવો પણ નથી, એ કારણે ઘણા કાળથી માંડીને સર્વ આર્ય પ્રજાઓએ શિરોમાન્ય માન્યો છે. એ બાબતમાં તો કોઈનો પણ લગારે વિવાદ અથવા કોઈને પણ લવલેશ સંશય છે જ નહિ.

અર્વાચીનકાળમાં પણ પૂર્વના તથા પશ્ચિમના વિદ્વાનો આ વેદ તરફ સારી રીતે માનદૃષ્ટિથી જ જુએ છે. કેવળ પુરાતત્ત્વ અથવા પૂર્વકાળના રહસ્ય-મય તત્ત્વની દૃષ્ટિએ વૈદિક સાહિત્યની પર્યાલોચના કરતા વિવેચક–વિદ્વાનોના જુદા જુદા વિચારોનું નિરીક્ષણ કરતાં પણ કેટલાક વિદ્વાનો વેદનો પૂર્વ-કાળ બાર હજાર વર્ષ પૂર્વેનો કહે છે. કેટલાક વિદ્વાનો ચોવીસ હજાર વર્ષો પૂર્વેનો વેદકાળ જણાવે છે ઇત્યાદિ ઘણા પક્ષો પોતપોતાના વિચારમાં આરૂઢ થયેલા દેખાય છે. તે સંબંધે ગમે તેમ હોય તોપણ લોકમાં જેટલાં પ્રાચીન સાહિત્યો વિદ્યમાન છે, તેઓમાં સર્વ કરતાં પ્રથમ તો વૈદિક સાહિત્ય જ છે, એ બાબતમાં કોઈ વિદ્વાનોનો વિરુદ્ધ મત નથી. એ ઉપરથી સાબિત થાય છે કે આ વૈદિક વિજ્ઞાન અને એ વિજ્ઞાનના પેટાભાગરૂપ આયુર્વેદના વિજ્ઞાનનો સમય પણ સર્વ વિજ્ઞાનોની ઉપર જ આરૂઢ થાય છે. એકંદર સર્વ કરતાં પ્રાચીન જો કંઈ પણ હોય તો આ વૈદિક વિજ્ઞાન અને તેમાં સમાવેશ પામતું આયુર્વેદીય વિજ્ઞાન જ છે. આ વૈદિક વિજ્ઞાનના વ્યૂહમાં જેમ બીજાં વિજ્ઞાનો ઓતપ્રોત થઈને રહેલાં છે, તે જ પ્રમાણે આયુર્વેદીય વિજ્ઞાન પણ આ વૈદિક વિજ્ઞાનના વ્યૂહમાં લગભગ ઘણા પ્રકારે ઓતપ્રોત થઈ રહેલું જોવામાં આવે છે; જેમ કે ઋગ્વેદસંહિતામાં (૧–૧૧૬–૧૦; ૧ ૧૧૭–૧૩; ૧–૧૧૮–૭) જણાવ્યું છે કે વૃદ્ધાવસ્થાથી જીર્ણ થયેલા ચ્યવન ઋષિ તથા વંદન ઋષિને (સ્વર્ગના વૈદ્ય) અશ્વિનીકુમારોએ (ચ્યવનપ્રાશ અવલેહરૂપ) રસાયનનું સેવન કરાવીને ફરી યુવાવસ્થા પ્રાપ્ત કરાવી હતી. વળી 'દીર્ઘતમસ' નામના ઋષિને દાસ લોકોએ અગ્નિમાં તથા પાણીમાં ફેંકી દીધા હતા અને પછી એ જ દાસ લોકોએ તે દીર્ઘતમસના મસ્તકને તથા છાતીને અતિશય છોલી કાઢ્યાં હતાં; છતાં અશ્વિનીકુમારોએ તેમનું પણ રક્ષણ કર્યું હતું અને તેમની વૃદ્ધા-વસ્થાને દૂર કરી દશ હજાર વર્ષ સુધીનું જીવન તે ઋષિને અર્પણ કરીને રક્ષણ કર્યું હતું (જુઓ ઋગ્વેદસંહિતા ૧–૧૫૮, ૪–૬). વળી રણસંગ્રામ-માં શત્રુઓએ 'ખેલ' રાજાની રાણી' વિશ્પલા 'ના પગ કાપી નાખ્યા હતા, તેના બંને પગમાં અશ્વિનીકુમારોએ લોઢાની જંઘા–પિંડીઓ જોડી દીધી હતી. (જુઓ ઋગ્વેદ ૧–૧૧૬–૧૫); તેમ જ જેમના શરીરના બધાયે અવયવો જુદા જુદા થઈ ગયા હતા એવા અત્રિઋષિના તે તે બધાયે અવયવોને ફરી (તે જ અશ્વિનીકુમારોએ) જોડી દીધા હતા; (જુઓ ઋગ્વેદ ૧–૧૧૭–૧૯); તેમ જ શત્રુઓએ 'શ્યાવાશ્વ' નામના રાજાના શરીરના ત્રણ ટુકડા કરી નાખ્યા હતા; છતાં (અશ્વિનીકુમારોએ જ) તે રાજાના તે તે શરીરઅવયવોને ફરી સાંધી દઈ સજીવન કર્યો હતો, (જુઓ ઋગ્વેદ ૧–૧૧૭–૨૪); વળી બીજું 'દધીચ' નામના ઋષિના મસ્તકને કાપી તેને અલગ રાખી મૂકી, અશ્વિનીકુમારોએ તે ઋષિને ઘોડાનું મસ્તક સાંધી દઈ તેમની પાસે-થી મધુવિદ્યા શીખી લઈ ફરી તે ઘોડાનું મસ્તક કાપી નાખ્યું હતું અને ફરી પાછું તેમનું અસલી મસ્તક જોડી દીધું હતું (જુઓ ઋગ્વેદ ૧–૧૧૬–૧૨; ૧–૧૧૭–૨૨,); તેમ જ 'ઋજ્રાશ્વ' નામનો રાજા આંધળો હતો, તેને પણ અશ્વિની-કુમારોએ ફરી આંખો આપી હતી (જુઓ

ઋગ્વેદ ૧–૧૧૬–૧૬; ૧–૧૧૭–૧૭); કણ્વ ઋષિ આંધળા હતા તેમને પણ અશ્વિનીકુમારોએ આંખો આપી હતી; અને નાર્ષદ રાજા બહેરો હતો, તેને પણ અશ્વિનીકુમારોએ ફરી શ્રોત્રેન્દ્રિય આપી હતી (જુઓ ઋગ્વેદ ૧–૧૧૭–૮); પરાવૃજ પાંગળો, લૂલો કે લંગડો હતો અને શોણુષીના દીંચણ ખરાબ થઈ ગયા હતા, છતાં અશ્વિનીકુમારોએ તે બંનેને (સાજા કરી) ચાલવાની શક્તિ આપી હતી (જુઓ ઋગ્વેદ ૧–૧૧૨–૮); વધ્રિમતી નામની એક સ્ત્રીનો પતિ નપુંસક હતો; છતાં (એ પતિને પુરુષાર્થયુક્ત કરી) એ સ્ત્રીને (તે દ્વારા) પુત્રોત્પત્તિ કરાવી હતી (જુઓ ઋગ્વેદ ૧–૧૧૬–૩); વિશ્વક નામના એક માણસનો પુત્ર નાશ પામ્યો હતો; છતાં (તેના એ પુત્રને સજીવન કરી) અશ્વિનીકુમારોએ તેના એ પુત્રનું દર્શન કરાવ્યું હતું (જુઓ ઋગ્વેદ ૧–૧૧૬–૨૩); 'કક્ષીવતી' નામની એક સ્ત્રીની પુત્રી ઘોષા કોઢના રોગવાળી હતી, તે કારણે કોઈ પતિને મેળવી શકતી ન હતી, અને એ કારણે પોતાના પિતાને જ ઘેર ઘરડી થઈ ગઈ હતી; છતાં અશ્વિનીકુમારોએ તેણીનો કોઢ મટાડી દઈ તેણીને પતિ મેળવી આપ્યો હતો (જુઓ ઋગ્વેદ ૧–૧૧૭–૭); 'શ્યાવ' નામનો એક માણસ કોઢરોગના કારણે શ્યામ રંગનો થઈ ગયો હતો, ત્યારે અશ્વિનીકુમારોએ તેનો કોઢરોગ મટાડી તેને સુંદર સ્ત્રી અપાવી હતી (જુઓ ઋગ્વેદ ૧–૧૧૭–૮) ઇત્યાદિ અદ્‌ભુત કર્મો અશ્વિનીકુમારોએ કર્યાં હતાં (અને તે ઋગ્વેદસંહિતામાં પ્રસિદ્ધ છે). વળી તે દેવવૈદ્ય અશ્વિનીકુમારોએ વાયુ, આકાશ અને પૃથ્વી આદિની પેઠે અનુકૂળ ઔષધ આપવાની પ્રાર્થના પણ કરી છે (જુઓ ઋગ્વેદ ૧–૮૯–૪); તેમ જ એ અશ્વિનીકુમારોએ ઓષધિ, વનસ્પતિ વગેરેની સર્વોત્કૃષ્ટ જાહેરાત કરી છે (જુઓ ઋગ્વેદ ૧–૧૧૬–૮); વળી તે અશ્વિનીકુમારો પ્રત્યે 'તમે બંને આયુર્વેદીય ચિકિત્સા કરતા હોવાથી વૈદ્યો છો' એવી તેમની પ્રાર્થના મળે છે. (જુઓ ૧–૧૫૮–૬); તેમ જ નેત્રોથી જોઈ શકાય, બધી ઇંદ્રિયોનું સામર્થ્ય પ્રાપ્ત થાય, વૃદ્ધાવસ્થા દૂર થાય અને સેંકડો વર્ષ સુધીના આયુષની પ્રાપ્તિ થાય તે માટે અશ્વિનીકુમારોની ઋગ્વેદમાં પ્રાર્થના મળે છે. (જુઓ ઋગ્વેદ ૧–૧૧૬–૨૫); 'આર્ચત્ક' અને 'સંયુ' નામના ઋષિની ગાયો વસૂકી ગઈ હતી; છતાં અશ્વિનીકુમારોએ તેમની ગાયોને પ્રસવ કરાવ્યો હતો અને તેઓનું પુષ્કળ દૂધ મેળવી અપાવ્યું હતું; (જુઓ ઋગ્વેદ ૧–૧૧૬–૨૨; ૧–૧૧૭–૨૦) ઇંદ્રે પણ આંધળા પરાવૃજને દૃષ્ટિ આપી હતી અને પાંગળા શ્રોણુને ચાલવાની શક્તિ દીધી હતી (જુઓ ઋગ્વેદ ૨–૧૫–૭); વળી તે ઇંદ્રે 'અપાલા' નામની સ્ત્રીનો ચામડીનો રોગ અને તેણીના પિતાનો 'ખલ્વાટ–તાલ પડવી–રોગ મટાડ્યો હતો (જુઓ ઋગ્વેદ ૮–૯૧–૭); ઇંદ્રને ઔષધિનો ધારણ કરનાર કહ્યો છે (જુઓ ઋગ્વેદ ૨–૨૩–૭) અનેક પ્રકારના વિષયુક્ત ક્રીડાનું વર્ણન અને તેઓના વિષના ઉપાયો પણ મળે છે (જુઓ ઋગ્વેદ ૧–૧૯૧, ૧–૧૬); અનેક પ્રકારે યક્ષ્મરોગ–ક્ષયને મટાડવાના ઉપાયો મળે છે (જુઓ ઋગ્વેદ–૧–૫૦, ૧૧–૧૩); સૂર્યની ઉપાસનારૂપ ઉપાય વડે હૃદયરોગ વગેરે મટે છે (જુઓ ઋગ્વેદ ૧–૧૫૦–૨૩); પાણીનો ઔષધ તરીકે પ્રયોગ મળે છે (જુઓ ૧૦–૧૩૭–૬, ૧–૨૩–૧૯); અનેક ઔષધીઓનું વર્ણન પણ મળે છે (જુઓ ઋગ્વેદ ૧૦–૯૭–૧–૨૩) અને યક્ષ્મરોગ; અજ્ઞાત યક્ષ્મરોગ, રાજયક્ષ્મરોગ, ગ્રાહિરોગ, પીડના રોગ, સિપસિમિરોગ તથા હૃદયરોગ વગેરેનો પણ ઉલ્લેખ મળે છે (જુઓ ઋગ્વેદ ૧૦, ૯૭, ૧૦૫, ૧૩૭, ૧૬૧, ૧૬૭) ઇત્યાદિ ઘણા આયુર્વેદીય વિષયો ઋગ્વેદસંહિતામાં મળે છે; તેમ જ શુક્લયજુર્વેદ–સંહિતામાં પણ બારમા અધ્યાયમાં આવેલાં બે સૂક્તોમાં (૧૨–૭૫–૮૯; ૧૨–૯૦–૧૦૧)માં ઔષધીઓ ઔષધનું કામ કરે છે, યક્ષ્મરોગ ક્ષયનો નાશ કરે છે અને તે ઔષધીઓને જે ખોદી કાઢે છે અને જેના માટે તે ઔષધીઓ ખોદાય છે, તે બંનેનો તે ઔષધીઓ ઉપકાર કરે છે તેમ જ તે તે ઔષધીઓ કફનો, અર્શસરોગનો, સોજાનો, ગંડ–ગૂમડાં–ગડ વગેરેનો, શ્લીપદરોગ, યક્ષ્મરોગ, મુખપાક અથવા મોઢાનું પાકવું અને ક્ષત, ચાંદું વગેરે રોગનો નાશ કરનારી હોય છે, એમ ત્યાં ત્યાં (૧૯–૮૧–૯૩; ૨૦–૫

૯; ૨૫-૧-૯, ૩૧-૧૦-૧૩; ૩૦-૮-૧૦) કહેવામાં આવ્યું છે; તેમ જ ઘોડાના તથા મનુષ્યના શરીરસંબંધી અવયવોનો ત્યાં ત્યાં ઘણું સ્થળે ઉલ્લેખ કર્યો છે; અને યક્ષ્મરોગ, કફના સંગ્રહનો રોગ, પાકારુ નામનો રોગ, અર્શસ્‌રોગ, વિસૂચિકા-રોગ, હૃદયરોગ, અર્મરોગ, ચર્મરોગ, કુષ્ઠ-કોઢનો રોગ અને અંગભેદ-શરીરનું ભાંગવું વગેરેનો ઉલ્લેખ પણ શુક્લયજુર્વેદસંહિતામાં ઘણું સ્થળે મળે છે.

તૈત્તિરીયસંહિતામાં કામ્યેષ્ટિ પ્રકરણમાં દૃષ્ટિની પ્રાપ્તિ માટે અને યક્ષ્મરોગ તથા ઉન્માદરોગને દૂર કરવા માટેની પ્રાર્થના; તેમ જ યક્ષ્મરોગ તથા રાજયક્ષ્મરોગનો જય તથા બીજા રોગોની ઉત્પત્તિનો વિષય જોવામાં આવે છે (જુઓ ૨-૧-૧-૧, ૨-૪-૧૪-૫)

સામવેદની સંહિતામાં ઋગ્વેદના મંત્રોનો પ્રવેશ અને આયુર્વેદને લગતા વિષયોને જણાવનારા મંત્રો પણ મળી આવે છે, તે ઉપરથી સામવેદનો પણ આ આયુર્વેદના વિષયમાં ઋગ્વેદ સાથે એકમત છે, એમ જણાય છે.

અથર્વવેદની સંહિતામાં તો આ આયુર્વેદને લગતા વિષયો ઘણા પ્રકારે જોવામાં આવે છે. તેમાં લગભગ સો સૂક્તો અને મંત્રો આયુર્વેદના વિષયમાં મળે છે. ઋચાઓ વગેરેમાં લગભગ પ્રતિહાસના રૂપમાં કોઈ કોઈ સ્થળે કોઈ પણ પ્રસંગે પણ આયુર્વેદના વિષયો આવે છે. અથર્વવેદમાં તો વચ્ચે વચ્ચે રોગો, શરીરને લગતા અવયવો, રોગોના જુદા જુદા પ્રતિકારો અથવા ઉપાયો અને તે તે ઔષધીઓની તે તે રોગોમાં ઉપયોગિતા વગેરે ઘણા વિષયો પરોવાયેલા દેખાય છે. જે ઉપરથી આયુર્વેદનો અથર્વવેદની સાથેનો સંબંધ સ્પષ્ટ થાય છે.

રોગના વિષયમાં તક્મરોગ-જ્વરનું વર્ણન (૬ ૨૧, ૧-૩ માં) છે. એ જ્વરના ભેદો સતત, શરદ-ઋતુનો, ગ્રીષ્મઋતુનો, શીતજ્વર, વર્ષાઋતુનો જ્વર અને તૃતીયકજ્વર આદિનો નિર્દેશ (૧-૨૫-૪; ૨૨૫-૧-૧૪ માં) મળે છે; યક્ષ્મજ્વરના જુદા જુદા ભેદો અને તેમાં દેડકાંનો ઉપયોગ પણ (૭, ૧૧૬, ૧-૨ માં) જણાવેલ છે; તે કાળમાં જાંગલપ્રદેશ હોવાના કારણે મુંજની પેઠે બાહ્લિક, ગાંધાર, અંગ અને મગધ આદિ દેશોમાં જ્વરનો પ્રક્ષેપ કરીને નિર્દેશ (૫, ૨૨, ૧૪ માં) કર્યો છે કફને હાડકામાં, સંધિસ્થાનમાં તથા હૃદયમાં પીડા કરનાર (૬-૧૪, ૧-૩ માં) કહેલ છે; 'મન્યા' નામની નાડીમાં થતી ગંડમાલારોગના ૫૫ ભેદો ગ્રીવા-ડોકને લગતા ગંડમાલા રોગના ૭૭ ભેદો, ખાંધમાં થતી ગંડમાલાના ૯૯ ભેદો (૬-૨૫-૧-૩ માં) કહ્યા છે; તેમ જ 'અપચિત્' નામની ગંડમાલાના એની, શ્યેની, કૃષ્ણા, રોહિણી અને મતિકા એ નામના ભેદો (૬-૮૩, ૧-૩૨ માં) દર્શાવ્યા છે; શીર્ષક્તિ, શીર્ષરોગ-મસ્તકરોગ, કર્ણ-શૂલ, વિલોહિત, વિસલ્યક, અંગભેદ, અંગજ્વર, વિશ્વાંગ્ય, વિશ્વ-શારદતક્મ-જ્વર, કફ-હરિમ-યક્ષ્મ-રોગ, ઊધસ્-કાહાબાહ, ક્લોમ-પિપાસાસ્થાન, ઉદર, નાભિ તથા હૃદયમાં થતો યક્ષ્મરોગ, પડખાં, પીઠ, વંક્ષણ-સાંધા, આંતરડાં અને મજ્જામાં થતી પીડા, વિદ્રધિ, વાતીકાર, અલજીરોગ; પગના, દીર્ઘણુના ઢેકના, પરિમંશ, ઊનૂક, ઉષ્ણિહા તથા શીર્ષવેદના આદિ અનેક પ્રકારના રોગોનું વર્ણન (૩, ૧૩, ૧-૨૨ માં) જોવામાં આવે છે.

શારીરક વિષયમાં શરીરની નાડીઓ તથા ધમની નાડીનો નિર્દેશ અને શિરાઓની સંખ્યા સોની તથા ધમનીની સંખ્યા એક હજારની છે. એનો ઉલ્લેખ (૧-૧૭-૧-૪; ૭-૩૬-૨ માં) કરેલો છે; અનેક પ્રકારના રોગોની સાથે શરીરના અવયવોનું વર્ણન (૨-૩૩-૧-૭ માં) કરેલું છે; અનેક પ્રકારના શરીરના અવયવોનો ઉલ્લેખ (૨-૩૩-૨; ૪-૧૨-૪; ૧૦-૨-૧; ૧૦, ૯, ૧૩-૨૫ માં) કરેલ છે અને કેશ, હાડકાં, સ્રાવ-લોહી, માંસ, મજ્જા, પર્વ-સાંધા, સાથળો, પગ, ઘૂંટણ, મસ્તક, હાથ, મોઢું, પીઠ, વર્જ્હ, (સ્તન), પડખાં, જીભ, ડોક, ફીકસ-પાંસળીઓનાં હાડકાં અને ચામડી વગેરેનો પણ ઉલ્લેખ (૧૧, ૧૦, ૧૧-૧૫ માં) મળે છે.

રોગોના પ્રતીકાર-ઉપાયના વિષયમાં (આમ કહ્યું છે; જેમ કે) મૂત્રાઘાત અથવા મૂત્રના અટકી જવાના રોગમાં શર-કાસ-ધાસની સળી વગેરે (ગુહ્યભાગમાં) નાખીને મૂત્રને બહાર કાઢવું અથવા મૂત્રસ્થાનનું ભેદન કે ચીરવું (૧-૩-૧-૯ માં)

દર્શાવેલ છે. સ્ત્રીનો પ્રસવ સુખેથી થવો જોઈએ, પણ તેમાં કંઈ વિક્રિયા કે વિકાર થયેલો દેખાય તો યોનિનું ભેદન–ચીરવું વગેરે (૧–૧૧–૧–૬માં) જણાવેલ છે; પાણીથી ધોઈને વ્રણનો ઉપચાર (૫–૫૭–૧–૩ માં) જણાવેલ છે; તેમ જ કાચી ફોલ્લીઓને સળીથી વીંધવાની ક્રિયા (૭–૭૮–૧–૨ માં) કહી છે; તેમ જ કાચાંને પકવવા માટે લવણનો ઉપચાર (૭–૮૦–૧–૨ માં) દર્શાવેલ છે; વગેરે શલ્ય–ચિકિત્સાઓ અથર્વસંહિતામાં મળે છે; તેમ જ બહારના પ્રદેશમાંથી શરીરની અંદર પેસી જઈ રોગને કરનારા અનેક પ્રકારના કૃમિઓ તથા તેઓને બહાર કાઢવાનું વર્ણન (૨–૩૧, ૧–૫ માં) મળે છે; તેમ જ ચક્ષુ, નાસિકા, દાંત વગેરેમાં પ્રવેશ કરીને રોગ કરનારા યેવાસ, કષ્કષ, એજત્સક અને શિપિવિલક આદિ કૃમિઓનો નાશ કરવાનું (૫–૨૩, ૧–૧૩માં) કહેવાયું છે; તેમ જ અનેક વર્ણવાળા કૃમિઓનું વર્ણન અને મનુષ્યોમાં થતા તથા ગાયો વગેરેમા થતા કૃમિઓનું સૂર્યનાં કિરણો દ્વારા નિવારણ (૨–૩૨–૧–૬ માં) દર્શાવેલ છે; તેમજ નુકસાન કરનાર રોગ સંબંધી જંતુઓનો નાશ સૂર્યનાં કિરણો દ્વારા થાય છે એમ (૪–૩૭, ૧–૧૨ માં) જણાવેલ છે; સૂર્યનાં રાતાં કિરણો વડે હૃદયરોગ, કમળો તથા પાંડુ આદિ રોગનો નાશ કરી શકાય છે એમ (૧–૨૨, ૧–૪માં) કહેવાયું છે; વળી પ્રાતઃકાળે સૂર્યનાં કિરણોનો લાભ લેવાનું, સૂર્યની પ્રભામાં સ્નાન તથા પ્રાતઃકાળે જલથી કરાતું સ્નાન પણ શરીરના રોગોનો નાશ કરનાર છે, એમ (૩–૭–૧–૭માં) કહ્યું છે; હૃદયના રોગમાં હિમાલયની નદીના જલથી ઉપચાર કરવો (એમ ૬–૨૪–૧–૩ માં કહ્યું છે); પાણી એ સર્વ રોગોનું ઔષધ છે એમ (૬–૯૨ ૩ માં) કહેવાયું છે; વનસ્પતિઓનો અને પર્વતનો વાયુ આરોગ્યનું સાધન છે (એમ ૧–૧૨–૭–૪ માં કહેલું છે); વાયુ એ ઔષધરૂપ છે એમ (૪–૧૨–૨–૩ માં) કહેલું છે; આરોગ્ય વર્ણન પણ (૨–૧૦, ૧–૮ માં) મળે છે અને કલીબતાનો નાશ કરવાનો ઉપાય પણ (૬–૧૩૮, ૧–૫ માં) જોવામાં આવે છે; ઇત્યાદિ વિષયો અથર્વવેદમાં મળે છે.

ઔષધોના વિષયમાં પણ અથર્વવેદ આમ કહે છે: 'નક્તરામા, કૃષ્ણા, આસિક્ની તથા બ્રહ્મસંજ્ઞક ઔષધીઓ કિલાસ નામનો કોઢ અને પળિયાંનો નાશ કરે છે (એમ ૧–૨૩–૧–૪ માં કહ્યું છે); સુપર્ણા, આસુરી, સરૂપા તથા શ્યામા આદિ ઔષધીઓ ત્વચારોગને મટાડે છે (જુઓ ૧–૨૪–૧–૪); રાફડા ઉપર મળતી અમુક ઔષધી અતિસાર, અતિમૂત્રનો રોગ તથા નાડીવ્રણ આદિનો નાશ કરનાર હોય છે (જુઓ ૨–૩–૧–૬); પૃશ્નિપર્ણી–નાનો સમેરવો ગર્ભનો નાશ કરનાર, રક્તવિકારના ઉપાયરૂપ અને શરીરની વૃદ્ધિ કરનારો છે (જુઓ ૨–૨૫–૧–૪); હરિણનું શિંગડું અને તેનું ચામડું ક્ષય, કોઢ તથા અપસ્માર આદિ રોગોનો નાશ કરનાર છે (જુઓ ૩–૭–૧–૩); સેંકડો સામર્થ્યવાળી દૂર્વા લાંબું આયુષ કરનાર; તેમ જ અનેક રોગોનો નાશ કરનારી છે (જુઓ ૩–૧૧–૧–૮); વૃષા, શુષ્મા આદિ ઔષધીઓ વૃષ્ય હોઈ વીર્યવર્ધક છે (જુઓ ૪–૪–૧–૮); રોહિણી નામની ઔષધી ભાંગેલું સાંધે છે અને ક્ષતના પ્રતીકારરૂપ છે (જુઓ ૪–૧૨–૧–૭); સહદેવ અને અપામાર્ગ અધેડો, તરશ, ભૂખ, ઇંદ્રિય આદિમાં થયેલા અનેક રોગોનો, કૃત્યોનો તથા શત્રુ આદિનો નાશ કરનાર છે, એમ તેના મહિમાનું વર્ણન છે (જુઓ ૪–૧૭–૧–૮; ૪–૧૮–૧–૮; ૪–૧૯–૧–૮); અપામાર્ગ–અધેડો એ પાપને દૂર કરનાર અને મોઢું તથા દાંતને સાફ કરનાર છે (જુઓ ૭–૬૭–૧–૩); 'સિલાચી' નામની ઔષધીના મહિમાનું જ્ઞાન (૫–૫–૧–૬ માં) મળે છે; 'કઠ' નામની ઔષધી તક્મ–જ્વરનો; યક્ષ્મ–ક્ષયનો તથા કોઢ વગેરેનો નાશ કરનારી છે (જુઓ ૫–૪–૧–૧૦); એ કઠ ઔષધીનું વર્ણન પણ (૬–૯૫–૧–૩માં) છે; એ કઠનો ધૂપ તક્મ–જ્વરનો નાશ કરનાર છે, ને તે કઠ સર્વરોગનું ઔષધ છે; યાતુધાન–રાક્ષસો તથા તક્મ–જ્વરનો પણ નાશ કરનાર છે, એવો તેનો મહિમા (૧૯–૧૯–૧–૧૦ માં) કહ્યો છે; આશરીક, વિશરીક, પૃષ્ટિકા, વિશ્વસાર અને તક્મ–જ્વરમાં 'જંગિડ' નામના ઔષધનો ઉપયોગ કરવા કહેલ છે; (જુઓ ૫, ૨૨, ૧–૨૪) વળી

તે જંગિડ ઔષધીનું વર્ણન, તે ઔષધીનું કાંડા પર બંધન, એ ઔષધી કૃત્યાનો નાશ કરનાર, આયુષને વધારનાર, 'વિષ્કંધ'–વાતરોગનો નાશ કરનાર અને આશરીક, વિશરીક, કફ, પીઠનો રોગ, વિશ્વશારદ અને તક્મ–જ્વરનો પણ નાશ કરનાર છે એમ (૨–૪–૧–૬–૧૯–૩૪–૧–૧૦માં) કહેલું છે. જંગિડ ઔષધ વિષ્કંધ-વાતરોગનો નાશક, સર્વ રોગનું ઔષધ છે; યક્ષ્મ–ક્ષયરોગને મટાડે છે; વાતરોગનો નાશ કરનાર છે અને શ્વિત્ર–ધોળ, દાદર તથા પામા–ખસ વગરે ત્વચાના દોષને તેમ જ દુર્નામ–અર્શસ-રોગને પણ મટાડનાર છે, એમ (૧૯, ૩૫, ૧–૫ માં) કહેવાયું છે; વિષાણ ઔષધી રક્તસ્રાવમાં તથા વાતરોગમાં હિતકારી છે, એમ (૬, ૮૪, ૧–૩ માં) કહેવાયું છે; વરણ–વાયવરણું નામની ઔષધી યક્ષ્મ–ક્ષયરોગને મટાડે છે, એમ (૬–૮૫, ૧–૩ માં) જણાવ્યું છે; પીપર ક્ષિપ્ર, અતિ-વિદ્ધ અને વાતરોગમાં ઔષધરૂપ છે, એમ (૬, ૮૫, ૧–૩ માં) સૂચવ્યું છે; કફ, વિદ્રધિ, લોહિતક તથા વિસલ્યક રોગમાં ચીપડ નામની ઔષધીનો ઉપયોગ કરવો, એમ (૬, ૧૩૬, ૧–૩)માં કહ્યું છે; 'દેવીતિતલી' નામની ઔષધીનું કેશ વધાર-વાના ઉપાયરૂપે વર્ણન છે (જુઓ ૬, ૧૩૬, ૧-૩, ૬, ૧૩૭, ૧–૩); ગૂગળના ધૂપની ગંધ લેવાથી યક્ષ્મરોગ–ક્ષયનો નાશ થાય છે, એમ (૧૯, ૩૬, ૧–૩ માં) જણાવેલ છે; જળ તથા વાયુ દ્વારા પ્રસર્પિ–એકદમ ફેલાવાનો સ્વભાવ ધરાવતા રોગોનો નાશ મેંઢાશીંગી કરે છે; તેમ જ જળ દ્વારા એકદમ ફેલાવાનો સ્વભાવ ધરાવતા રોગોનો નાશ ગૂગળથી, પીલાનલથી, ઘૌક્ષગંધિ તથા પ્રમન્દિનીથી થાય છે અને પ્રસાર પામી ફેલાવાનો સ્વભાવ ધરાવતા રોગોનો નાશ કરનાર તરીકે પીપળો, વડ અને શિખંડી આદિ ઔષધી-ઓનું વર્ણન (૪, ૩૭, ૧–૨ માં) છે; ઔષધી-ઓના મહિમાનું ગાન (૬, ૨૧, ૧–૩ માં) મળે છે; તેમ જ આસિક્ની, કૃષ્ણા, પૃષ્ણિ, પ્રસ્તૃણતી, સ્તંબિની, એકશૃંગા, પ્રતન્વતી, અંશુમતી, કંડિની, વિશાખા, વૈશ્વદેવી, ઉગ્રા, અવકોલ્વા અને તીક્ષ્ણ-શૃંગી આદિનાં રૂપે અનેક પ્રકારની ઔષધીઓનું અને તેઓના પ્રકારોનું વર્ણન; તેમ જ અનેક પ્રકારની વેલડીઓના રસથી બનાવેલી ગોળીરૂપ વૈયાઘ્રમણિનું વર્ણન; અને પીપળો, દર્ભ, સોમ, વ્રીહિ–ડાંગર તથા જવ; તેમ જ પુષ્પવતી, પ્રસૂમતી, ફલિની અને અફલા જેવા પ્રકારની વનસ્પતિઓ વિષનાં દૂષણનો અને કૃત્યાનો નાશ કરનારી તેમ જ બલાસ–કફનો પણ નાશ કરનાર આદિ ગુણોવાળી જે હોય છે, તેઓનું વર્ણન (૮, ૭, ૧–૨૮ માં) મળે છે; તેમ જ દર્ભભંગ–શણનું અને યવ સહિત સોમનું વર્ણન (૧૧, ૮, ૧૫ માં) દેખાયું છે; બ્રાહ્મણ નામની ઔષધી વિષને દૂર કરનારી હોય છે; તેમ જ 'અયસકુંભ' નામની ઔષધી વિષ વડે ચોપડેલા શસ્ત્રથી જે વ્રણ થયું હોય તે આદિમાં હિતકારી થાય છે; અને પર્ણ, અધિશૃંગ, કડ્મલ આદિ ઔષધી, શસ્ત્રનાં, પ્રાણીઓનાં તથા ઔષધીઓના વિષને દૂર કરનાર થાય છે, એમ (૪, ૬, ૧–૮ માં) કહેવાયું છે; તેમ જ વરણ તથા પ્રકચા આદિ ઔષધીઓ વિષને હરનારી હોય છે, એમ (૪, ૭, ૧–૭)માં કહેલું છે; અને અનેક જાતિના સર્પ આદિનો ઉલ્લેખ કરીને તાનુવ, વાસ્તુવ આદિ ઔષધીઓને તેઓના વિષને હરનાર તરીકે વર્ણવી છે (જુઓ ૫, ૧૩, ૧–૧૧) તેમ જ મધુ, પરુષ્ણી તથા શીપાલા નામની ઔષધીઓ સર્પના વિષનો નાશ કરનારી હોય છે, એમ (૬, ૧૨, ૧–૩ માં) જણાવ્યું છે; અને વ્યાખ્યાભેદને અનુસરી રાફડાની માટી અથવા 'સિલાચી' નામની ઔષધી પણ વિષનો નાશ કરનારી છે, એમ (૬, ૧૦૦, ૧–૩ માં) કહેવાયું છે; મધુક (જેઠીમધ) નામની ઔષધી અનેક પ્રકારના સર્પોના તથા કૃમિઓના વિષને દૂર કર-નાર છે, એમ (૭, ૫૬, ૧–૮ માં) જણાવેલ છે; વિષથી જ વિષનો પ્રતીકાર કરાય છે, એમ (૭, ૮૮, ૧ માં) કહ્યું છે; તેમ જ 'વિષદોહન' નામની વિદ્યાથી પણ વિષનો પ્રતીકાર કરી શકાય છે એમ (૮, ૫, ૧૬, ૮, ૬, ૧–૪ માં) જણા-વેલું છે; શત્રુઓનું સૈન્ય ચડી આવે ત્યારે ઇંદ્રને લગતી શાંતિ માટે દર્ભથી મણિબંધન (કાંડું) બાંધવું, એમ (૧૯, ૨૮, ૧–૧૦, ૧૦, ૨૯, ૧–૯, ૧૯, ૩૦, ૧–૫ માં) જણાવ્યું છે; જે માણસને પુષ્ટિની ઇચ્છા હોય તેણે ઉંબરાનું ફળ

કાંડે બાંધવું એમ (૧૯, ૩૨, ૧–૨, ૧૯, ૩૩, ૧–૫ માં) કહેલું છે; ઇત્યાદિ સેંકડો ઔષધીઓના નિર્દેશો, જુદા જુદા ભેદો, પ્રયોગો તથા ઉપયોગો ત્યાં ત્યાં (અથર્વવેદનાં પ્રકરણોમાં) મળે છે.

બ્રાહ્મણ ગ્રંથોમાં પણ આ સંબંધે આવા ઉલ્લેખો મળે છે; જેમકે ઐતરેય બ્રાહ્મણમાં કોઈક સ્થળે શરીરની ઉત્પત્તિનો તથા પ્રાણનો ઉલ્લેખ મળે છે; તેમજ અશ્વિનીકુમારોને દેવોના વૈદ્ય તરીકે દર્શાવ્યા છે અને જ્ઞાનેન્દ્રિયોનું વર્ણન કરેલું છે (જુઓ ૫, ૨૨); ઔષધી રોગને દૂર કરનારી છે, એમ (૩૦, ૪૦ માં) કહ્યું છે; અંજન-પ્રયોગથી નેત્રરોગનું અટકવું થાય છે (જુઓ ૧, ૩); શાપના કારણે પણ ઉન્માદ તથા કોઢ આદિ રોગોની ઉત્પત્તિ થાય છે; અને શુનઃશેપના આખ્યાનમાં વરુણના કોપથી જલોદરનો રોગ થયેલો વર્ણવેલ છે; તેમજ છાંદોગ્ય ઉપનિષદમાં હૃદયની નાડીઓનું વર્ણન છે (જુઓ ત્યાં ૮, ૧, ૬); તેમજ ખોરાક પકવવાની પ્રક્રિયા (૬, ૫ માં) કહી છે; નિદ્રાનો તથા સ્વપ્નનો ઉલ્લેખ (૪, ૩, ૩ માં) મળે છે; પામા–ખસરોગનું વર્ણન (૪, ૧, ૮ માં) મળે છે; રોગને દૂર કરી ૧૧૬ વર્ષનું આયુષ કરનારા ઉપાયનો ઉલ્લેખ (૩, ૧૬ માં) કર્યો છે; બૃહદારણ્યક ઉપનિષદમાં ઘોડાનાં અંગો (૧, ૧, ૧ માં), મનુષ્યોનાં અંગો (૨, ૪, ૧૧ માં) અને હૃદયનું તથા તેની નાડીઓનું વર્ણન (૨, ૧, ૧૯; ૪, ૨, ૩; ૪, ૩, ૨૦ માં), મનુષ્ય તથા વૃક્ષની તુલના (૩, ૯, ૨૮ માં), નેત્રોની રચના (૨, ૨, ૩ માં), મૃત્યુનો ઉલ્લેખ (૩, ૨, ૧૧ માં) અને શાપને લીધે રોગની ઉત્પત્તિ (૩, ૭, ૧; ૩, ૯, ૨૬ માં) કહેલ છે; તેમજ સામવિધાન બ્રાહ્મણમાં સર્પોથી રક્ષણ (૨, ૩, ૩માં), ભૂતોનું આક્રમણ (૨. ૨, ૨ માં) અને રોગોનું આક્રમણ (૨, ૨, ૩ માં) વર્ણવેલ છે; વળી તૈત્તરીય આરણ્યકમાં કૃમિઓનું વર્ણન (૪, ૩૬, ૧ માં) કર્યું છે; તેમ જ શ્રૌત્રગ્રંથોમાં આશ્વલાયનીય ગ્રંથમાં યજ્ઞ-સંબંધી પશુઓ અને ઋત્વિગ બ્રાહ્મણોમાં જે રોગો પરિત્યાગ કરવા યોગ્ય હોય છે, તેઓનો નિર્દેશ કર્યો છે; અને આપસ્તંબીય ગ્રંથમાં કૃમિઓનું વર્ણન (૪, ૩૬, ૧ માં) કર્યું છે; વૃદ્ધ ગ્રંથોમાંના આશ્વલાયનીય ગ્રંથમાં સૂર્યના ઉદય-કાળે તથા અસ્તકાળે સૂઈ રહેવામાં આવે તો એ રોગનું કારણ બને છે, એમ (૩,૭,૧–૨ માં) કહ્યું છે; યજમાન વિષે જે રોગ પરિત્યાગ કરવા યોગ્ય છે તેનો ઉલ્લેખ (૧–૨૩, ૨૦માં) કર્યો છે; પશુઓનો રોગ મટાડવાનો ઉપાય (૪, ૮, ૪૦ માં) જણાવેલ છે; શાંખ્યાયનીય ગ્રંથમાં શરીર સંબંધી પીડાના સમયે વેદમંત્રના ગાનનો નિષેધ કર્યો છે; (જુઓ ૪, ૭–૩૬); આગ્રહાયણ યજ્ઞમાં ભોજન કરવાની વસ્તુઓમાં ભૂતોના પ્રવેશને અટકાવવાનો ઉપાય તેમજ બધાયે રોગને અટકાવવાનો ઉપાય બતાવ્યો છે (જુઓ ૫, ૬, ૧–૨) તેમજ ગોભિલીય ગ્રંથમાં રોગોને અટકાવનારા મંત્રનો ઉલ્લેખ (૪, ૬, ૨ માં) મળે છે; અને (૪, ૯, ૧૬ માં) સર્પદંશ થયો હોય તે વેળા કરવાનો ઉપાય દર્શાવેલ છે; આપસ્તંબના ગ્રંથમાં રોગી સ્ત્રીને કમળનાં પાંદડાંથી મંતરવા જણાવેલ છે (જુઓ ૩, ૯, ૧૦) તેમજ અર્ધા માથા-માં જે પીડા થાય છે તે કૃમિઓના કારણે દર્શાવી છે અને બાળકને અપસ્માર–વાઈનો જે રોગ થાય છે, તેમાં કારણ તરીકે કુકકુરભૂતને જણાવેલ છે (જુઓ ૭, ૧૮, ૧). બાળકમાં કોઈ ક્ષેત્રિય રોગ લાગુ થયો હોય તો તેનો પણ ઉપાય (૬, ૧૫, ૪ માં કહ્યો છે; પારસ્કરીય સૂત્રમાં મસ્તકની પીડાનો ઉપાય મર્દનરૂપ કહ્યો છે. (જુઓ ૩, ૬); હરિકેશીય ગ્રંથમાં અગ્નિને રોગનો નાશ કરનાર કહ્યો છે (જુઓ ૧, ૨, ૨૮); તેમ જ બાળકના ક્ષેત્રિય રોગને મટાડવાનું પણ ત્યાં (૨, ૩, ૧૦ માં) જણા-વેલ છે; ખાદિરગ્રંથમાં પણ કૃમિઓનું વર્ણન કર્યું છે (જુઓ ત્યાં ૪, ૪, ૩); તેમ જ ગાય–બળદને રોગ થયો હોય તો હોમના ધુમાડા જ્યાં આવતા હોય તે પ્રદેશમાં તેઓને ચારો ચરાવવાનું કહ્યું છે (જુઓ ૪, ૩, ૧૩) અને સર્પના દંશનો ઉપાય પણ ત્યાં (૪, ૪, ૧ માં) કહ્યો છે; એમ એવા આયુર્વેદ સાથે સંબંધ ધરાવતા વિષયો ત્યાં ત્યાં ઓછા–વધતારૂપે મળે છે.

વૈદિક સાહિત્યમાં આયુર્વેદના વિષયો ગ્રહણ કરી બ્લૂમફીલ્ડ, હિલબ્રાન્ડ, કેલેન્ડ, ડૉ. પી. કાર્ડિયર, બ્લી, બોલિંગ અને ઝીમર વગેરે

પાશ્ચાત્ય વિદ્વાનોએ તેમજ કેટલાક ભારતીય વિદ્વાનોએ પણ તે સંબંધે ઘણું ઘણું નિરૂપણ કર્યું છે; તે તે સર્વ અંશોમાં વિમર્શ અથવા વિચાર કરવો તે જો કે ઉપયોગી છે, તોપણ પ્રાસંગિક આ ઉપોદ્ઘાતમાં ઘણો વિસ્તાર થઈ જાય એવો ભય રહેતો હોવાથી અહીં તે બાબતનો વિરામ કરવામાં આવે છે.

કૌશિક સૂત્રકારે તે તે મંત્રોનો વિનિયોગ બતાવતી વેળા તે તે મંત્રોનો મહિમા બતાવવા ચોથા અધ્યાયમાં 'અથ ભૈષજ્યાનિ'–હવે આયુર્વેદને લગતી ઔષધ-ચિકિત્સાઓ કહેવાય છે, એવો ઉપક્રમ અથવા આરંભ કરીને તે તે રોગના પ્રતીકારનું વર્ણન કરતી વેળા તે તે મંત્રોથી મંત્રીને પાણી કે ઔષધ આદિ રોગીને પાવામાં આવે તેમજ હવનથી માર્જન કરવામાં આવે વગેરે ઘણા ઉપાયો વર્ણવેલા દેખાય છે; તેમજ મંત્રસંહિતાને ગ્રહણ કરી પ્રવૃત્તિ કરતા એ સૂત્રકારે પોતાના તે સૂત્રમાં માંત્રિક પ્રયોગવિધાનો પણ સાથે જણાવી દીધાં છે. તે બધાં ભલે હોય, પરંતુ વાતિક તકમ રોગ અથવા વાતપ્રધાન જ્વરમાં માંસ તથા મેદ પાવાનું જણાવેલ છે; કફપ્રધાન જ્વરમાં મદ્ય પાવું, વાતપિત્તપ્રધાન–દ્વન્દ્વજ જ્વરમાં તૈલ પાવું; ધનુર્વાત, અંગકંપ તથા શરીરભંગ આદિ રોગોમાં ઘીનું નસ્ય આપવું; રુધિર વહન થતું હોય એટલે કે સ્ત્રીને અતિશય વધુ પ્રમાણમાં રજ–પ્રવૃત્તિ ચાલુ રહેતી હોય તો સૂકા કાદવની માટી (કાદવ થઈને સુકાઈ ગયેલી) પીવી; હૃદયના રોગમાં તથા કમળાના રોગમાં રોગીએ હળદરવાળા ભાતનું ભોજન કરવું; ધોળા કોઢમાં જ્યાં સુધી કોઢનો ભાગ લાલ થાય ત્યાંસુધી તેની ઉપર ગાયનું છાણ ઘસી તેની ઉપર ભાંગરાનાં, હળદરનાં, ઇંદ્રવારુણીનાં તથા ગળીનાં પુષ્પોને પીસી નાખી તેનો લેપ લગાડવો; વાયુનો વિકાર થયો હોય તો પીપળો ખાવો; શસ્ત્રનો પ્રહાર થયો હોય અને લોહીનો પ્રવાહ વહી રહ્યો હોય ત્યારે ઉકાળેલ લાખના પાણીનું સિંચન કરવું; રાજયક્ષ્મા, કોઢ અને શિરોરોગ તથા આખું શરીર દુખતું હોય ત્યારે માખણમાં કઠ મેળવી શરીરે લેપ કરવો. શસ્ત્ર વાગ્યું હોય તો ઉકાળેલા દૂધ સાથે લાખ પીવી; ગંડમાલા રોગ ઉપર શંખ ઘસીને તેનો લેપ લગાડવો તેમજ જળો લગાડીને રુધિરસ્રાવણ કરવું; પછી સિંધાલૂણનું ચૂર્ણ તેની ઉપર ભભરાવવું; વ્રણના રોગમાં ગોમૂત્રથી વ્રણ ઉપર મર્દન કરવું; મૂત્ર અને વિષ્ઠા જો અટકી પડ્યાં હોય તો ઝાડાનું ભેદન કરનાર હરડે આદિ દ્રવ્યો ઘસીને (પેડુ ઉપર) બાંધવાં; અથવા ઉંદર, ભૂંડ–ડુક્કર, પૂતિક જે મથિત, જ્વરત્રમંદ અને સાવસ્ક ઔષધિઓના જળ સાથે ઘોળીને તે પીવું; ઘોડા વગેરેની ઉપર સવારી કરવી, બાણો છોડવાં, ગાયને દોહવાના પાત્રમાં જળ નાખી તેમાં એકવીસ જવના દાણા નાખી (પુરુષચિહ્ન–)શિશ્નને ઊંચું કરીને તેમાં એ જળ પેસાડવું; અથવા શિશ્નમાં લોઢાની સળી પેસાડવી; અથવા જવ કે ઘઉં, વેલીનો, કમળના મૂળનો કે પાવિકાનો ક્વાથ કરી તે રૂપી આલવિસોલ ફાંટ પીવો; વગેરે ઔષધો પણ તે તે રોગના પ્રતીકાર માટેના ઉપાય તરીકે બતાવ્યાં છે. મંત્ર દ્વારા પ્રતિષ્ઠાપન કરવા યોગ્ય કર્મમાં પણ શાંતિ માટેના જળમાં શમી–ખીજડી, શમ, કાશ–કાસડો, વંશ, શામ્ય, વાકા, તલાશા, પલાશ–ખાખરો, વાસા, શિંશપા–સીસમ, શિંબલ, સિપુન, દર્ભ, અપામાર્ગ–અઘેડો, કૃતિ, લોષ્ટ–માટીનું ઢેફું, રાફડો, વપા, દૂર્વાના અંકુરો, વ્રીહિ–ડાંગર અને જવ વગેરે શાંત ઔષધીઓ નાખવાનું વિધાન કરેલું છે અને પછી (તે દ્વારા તૈયાર થયેલું) તે શાંતિકારક જળ, ઔષધચિકિત્સાની દૃષ્ટિએ પણ અનેક પીડાઓને દૂર કરે છે, એમ તે તે મંત્રદ્રષ્ટાઓ જણાવે છે; એ રીતે કૌશિક સૂત્રકારે મંત્રને લગતી ક્રિયામાં જેમ ઔષધિઓનો સંબંધ દર્શાવ્યો છે તેમ (આયુર્વેદીય) ભૈષજ્યવિદ્યામાં પણ તે તે ઔષધીઓનો ઉપયોગ સ્વીકારીને તેઓનો અથર્વવેદની સંહિતામાં આભ્યંતર સમન્વય જણાવ્યો છે.

પ્રાચીનકાળમાં શરીરને લગતી ધાતુઓની વિષમતા વગેરેને જેમ રોગનું કારણ માનવામાં આવતું હતું, તેમ રાક્ષસો, ભૂતો, પ્રેતો, પિશાચો, ગ્રહો, સ્કંદ વગેરે તેમ જ રુદ્ર આદિ દેવોના કોપનો આવેશ વગેરેને પણ રોગોના કારણ

તરીકે માનવામાં આવ્યાં હતાં; કારણ કે વૈદિક મંત્રરૂપ હેતુ ઉપરથી પણ તે જણાય છે; જેમકે– 'यत्रौषधीः समग्मत राजानः समितावि। विप्रः स उच्यते भिषग् रक्षोहामीव चातनः' (ऋग्वेद १०, ९७, ६) વળી 'शतं ते राजन् भिषजः सहस्रमुर्वी गभीरा सुमतिस्तेऽस्तु' (ऋग्वेद १, २४, १) વળી 'शतं ह्यस्य भिषजः सहस्रमुत वीरुधः (अथर्ववेद २–९–३) ઇત્યાદિ મંત્રો ઉપરથી જણાય છે કે સેંકડો ઔષધિઓના સંગ્રહકર્તા બ્રાહ્મણ વૈદ્યો હતા; અને તે વૈદ્ય પણ કેવળ એક બે જ નહોતા, પરંતુ સેંકડોની સંખ્યામાં મળતા હતા; તેમજ ઔષધીઓરૂપે જણાયેલી લતાઓ, વનસ્પતિઓ વગેરે પણ અતિ અલ્પ પ્રમાણમાં ન હતાં, પરંતુ હજારોની સંખ્યામાં હતાં; ઇત્યાદિ રૂપે રોગોને દૂર કરવા માટે એ રોગોનાં નિદાનરૂપ રાક્ષસો વગેરેને દૂર કરવાના ઉપાયો દર્શાવેલા મળે છે. તે પછીના વૈદ્યકીય ગ્રંથોમાં પણ ઉન્માદ, અપસ્માર આદિ રોગોમાં પણ ભૂત આદિના આવેશ વગેરેનો નિદાન તરીકે ઉલ્લેખ કરવામાં આવેલો જણાય છે. વૈદિક અવસ્થામાં પણ આ દૃષ્ટિથી ખાસ કરી કૌશિકસૂત્ર આદિમાં અથર્વવેદના જુદા જુદા મંત્રોનો તે તે રોગમાં તેના તેના નિદાનરૂપ રાક્ષસો વગેરેને દૂર કરવામાં પરાયણ તરીકે વિનિયોગ દર્શાવ્યો છે; વળી તે તે રોગનાં કારણ તરીકે રહેલા જેઓને દૂર કરવા યોગ્ય તરીકે ગણીને અથર્વવેદ આદિના મંત્રોમાં દર્શાવેલ અનેક જાતના કૃમિઓ વગેરેને પણ રોગમાં કારણભૂત થયેલા રાક્ષસો, ભૂતો આદિ તરીકે જ ગણવા જોઈએ, એવો પણ કેટલાક વિદ્વાનોનો વિચાર મળે છે; અથવા રોગોના બીજરૂપે તે સૂક્ષ્મ કીડાઓ તથા રાક્ષસો, ભૂતો વગેરે પણ હોય છે, એમ બે પ્રકારનાં રોગોનાં કારણો સંભવે છે. કારણ કે ત્રણ માથાંવાળો, ત્રણ પગવાળો, રાતાં નેત્રોવાળો–વગેરે જ્વર આદિ રોગોની મૂર્તિઓનો અનેક ગ્રંથકારોએ ઉલ્લેખ કરેલો જોવામાં આવે છે; એ મૂર્તિઓને તે તે રોગોનાં નિદાનભૂત રાક્ષસો વગેરેનાં અથવા રોગોનાં બીજરૂપ સૂક્ષ્મ કીડાઓનાં રૂપોનો તે તે રોગોની ઉપર આરોપ કરીને કલ્પી હોય એવો પણ સંભવ લાગે છે. આજના–અર્વાચીન કાળમાં સૂક્ષ્મદર્શક યંત્રોદ્વારા નિરીક્ષણ કરવામાં આવે છે ત્યારે તે તે રોગોમાં અનેક જાતની અદ્‌ભુત આકૃતિઓ અને રોગના બીજરૂપ સૂક્ષ્મ કીડાઓ પણ જોવામાં આવે છે; એવા પ્રકારની ભીષણ આકૃતિઓને તથા સૂક્ષ્મ કીડાઓને પોતાની આંતરદૃષ્ટિથી જાણી શકતા પુરાતની મહર્ષિઓ વગેરેએ તે તે સ્વરૂપોનું રાક્ષસોરૂપે વર્ણન શું કર્યું હશે? આજે પણ પહાડોમાં ઉત્પન્ન થતી માનવજાતિઓમાં જ્વર આદિ રોગોને ભૂત આદિથી ઉત્પન્ન થયેલા સ્વીકારીને તેઓના અપામાર્જન, બીજા પ્રાણીઓમાં સંક્રમણ–દાખલ કરવા અને બલિદાન દેવાં–વગેરે માંત્રિક ઉપચારો લગભગ કરવામાં આવે છે અને તેઓ સફળતાને પણ પામે છે.

આજે અમુક કોઈકે સ્થળે વ્યવહારરૂપે દેખાતા એવા પણ તે તે ઉપાયો નિર્મૂળ નથી, પરંતુ પૂર્વકાળની–પ્રાચીન વૈદિક અવસ્થા કે સ્થિતિથી આરંભીને જ તે તે ઉપાયો ચાલી રહ્યા છે અને (અમુક અંશે) વિચ્છેદ પામેલ અને વિકલ કે અપૂર્ણ અંગવાળા અમુક કોઈ એવા રૂપે તે ઉપાયો બાકી રહ્યા છે, એમ નિશ્ચય કરી શકાય છે; એવા પ્રકારનો માંત્રિક પ્રક્રિયાથી મિશ્ર થયેલો આયુર્વેદીય ચિકિત્સાનો વિષય આજે કેવળ પ્રાચીન ભારતમાં છે એવું નથી, પરંતુ પ્રાચીનતાથી મિશ્ર પશ્ચિમના દેશોમાં અને ઉત્તર અમેરિકા સુધીના બીજા દેશોમાં પણ હતો, એમ તે તે દેશોનાં પૂર્વકાળનાં વૃત્તાંતોના અનુસંધાન ઉપરથી સ્પષ્ટ થાય છે.

અથર્વવેદના સંપ્રદાયમાં કે તેની પરંપરામાં કેવળ મંત્રોને લગતી ભૂતવિદ્યા જ રોગોને દૂર કરવાના ઉપાયરૂપ હતી, એવો કેટલાક લોકોનો વિચાર છે; પરંતુ એ વિચાર સર્વાંશપણે કે સંપૂર્ણતાએ સ્થિર થતો નથી. વૈદિક સમયમાં મિશ્ર આહારવિહારોની જેમ પાપો, ભૂતો–પ્રેતો વગેરે અને રુદ્ર આદિ દેવોના કોપો વગેરે પણ રોગોના કારણ તરીકે ગણાતાં હતાં; તેમ જ જુદાં જુદાં ઔષધોના પ્રયોગોની પેઠે તે તે દેવતાઓની આરાધના કરી તેઓને પ્રસન્ન કરવા તે પણ રોગોને દૂર કરવાના ઉપાયો તરીકે ભલે જોવામાં આવતાં

હતાં; વળી જુદા જુદા અમુક મંત્રો વડે ભૂતો વગેરેને દૂર કરવા માટે રોગીઓને માર્જન કરવામાં આવે, તેઓની ઉપર જળના અભિષેકો કરાય, તેઓના રોગોને મંતરવામાં આવે અને તે તે રોગીઓને અમુક પ્રકારના ધૂપો અપાય વગેરે પણ રોગોને દૂર કરવાના ઉપાયો તરીકે ભલે જોવામાં આવતા હોય, તોપણ પ્રથમ દર્શાવેલી દિશાએ કોઈ કોઈ વેળા ઘણા રોગોની શલ્ય-ચિકિત્સા પણ કરવામાં આવતી હતી; તેમ જ શરીરના ઘણા અવયવો અનેકની સંખ્યામાં છે અને તેના તેના રોગોને નાશ કરનારી ઔષધીઓ પણ મંત્રોનાં લિંગ-ચિહ્નો તથા હેતુઓથી સ્પષ્ટ જણાય છે, એ કારણે મંત્રવિદ્યાની જેમ ઔષધ-ચિકિત્સામાં પણ અથર્વવેદની પ્રવૃત્તિ સ્પષ્ટ હતી, એમ સ્પષ્ટ થાય છે. એ ઉપરથી મંત્રવિદ્યા અને ઔષધીવિદ્યા-એ બંને માર્ગો પૂર્વકાળના લોકોએ (રોગોને દૂર કરવા માટે) સ્વીકાર્યા હતા, એમ જણાય છે પરંતુ અથર્વવેદનાં સૂક્તોના કેટલાક મંત્રોના શાબ્દિક અર્થોનો વિચાર કરવામાં આવે છે, ત્યારે ભૂતવિદ્યાને આદિકાળથી ચાલુ રહેલા આયુર્વેદના વિષય તરીકે તે તે શબ્દોના અર્થો પ્રતિપાદન કરે છે, એમ જોવામાં આવે છે, તોપણ કૌશિકસૂત્રકારે તે તે મંત્રોનો શબ્દાર્થને આભિચારિક હિંસાકર્મરૂપે મંત્રથી કરંડકબંધન-રક્ષાસૂત્ર બાંધવાના અર્થરૂપે અને ભૂતોને દૂર કરવાના અર્થ-રૂપે વિનિયોગ કર્યો છે; જેમ જલ આદિનું પ્રતિ-પાદન કરતા 'शन्नो देवीः० ઇત્યાદિ મંત્રોને શનિ-ગ્રહ આદિ ગ્રહોના મંત્રરૂપે ગૃહ્યસૂત્રકાર આદિએ વિનિયોગ કર્યો છે, તેમ એ બધું કાળના ક્રમથી ચાલી આવેલો દૃષ્ટિનો ભેદ થયો છે, એમ જણા-વવામાં આવે છે.

ઋગ્વેદની સંહિતામાં જે માંત્રિક ઉપચાર-ચિકિત્સા અને આયુર્વેદીય ઔષધચિકિત્સા થોડા પ્રમાણમાં દેખાય છે, તેનો જ અથર્વવેદમાં અધિકતા-રૂપે વિકાસ થયેલો દેખાય છે; તે પછી મંત્રોનાં લિંગ અથવા હેતુ કે ચિહ્નદ્વારા કેવળ આયુર્વેદીય ઔષધચિકિત્સા તરીકે દેખાયેલા એ જ મંત્રોનો કૌશિકસૂત્રકારે માંત્રિક પ્રક્રિયારૂપે નિયોજન કરેલું જોવામાં આવે છે, તે ઉપરથી જણાય છે કે એ સૂત્રકારના સમયે માંત્રિક પ્રક્રિયા એટલે કે મંત્રો-દ્વારા રોગનિવારણની પદ્ધતિનો વિશેષ વિકાસ થયો હતો; એમ અનુક્રમે તે તે ક્રમની વિકાસ-પરંપરા થયેલી સાબિત થાય છે. અથવા અથર્વણ નામના ઋષિ ભૂતવિદ્યાના આચાર્ય તરીકે સંભ-ળાય છે; તેથી જ અથર્વવેદમાં ભૂતવિદ્યાના તથા મંત્રોદ્વારા કરાતી રોગનિવારક ક્રિયાના વિષયો લગભગ ઘણા ભાગે મિશ્ર થયેલા હોવા જોઈએ. આ કૌમારભૃત્યતંત્ર અથવા બાળકોની ચિકિત્સા જેમાં ખાસ મુખ્ય તરીકે બતાવી છે, એવી આ કાશ્યપ સંહિતામાં બાળકોને લગતા રોગો વિષે સ્કન્દ, અપસ્માર, ગ્રહો તથા પૂતના વગેરે બાલગ્રહોને નિદાન તરીકે જેમ જણાવેલ છે અને તેઓને ધૂપ આપવો તથા તેઓનું પૂજન કરવું વગેરેને જેમ તે તે રોગોના પ્રતીકાર અથવા ઉપાય તરીકે જણાવેલ છે, તે જ પ્રમાણે ધાતુઓની વિષ-મતા આદિને રોગોના હેતુ કે નિદાન તરીકે તેમજ તે તે રોગોને લગતાં ઔષધોના ઉપયોગોને પણ તે તે રોગોનો નાશ કરનાર તરીકે પ્રતિપાદન કરવામાં આવેલા હોઈ પૂર્વકાળથી ચાલુ રહેલી બન્ને પ્રકારની દૃષ્ટિ મંત્રવિદ્યા તથા આયુર્વેદવિદ્યા દ્વારા કરાતી રોગનિવારણની પદ્ધતિને દર્શાવે છે.

વૈદિક સાહિત્યમાં લગભગ ઘણા પ્રકારે વૈદ્યક વિષયો વધુ પ્રમાણમાં મળે છે, તોપણ પ્રથમ દર્શાવેલી રીતે ઋગ્વેદમાં અશ્વિનીકુમાર વગેરે આયુર્વેદીય આચાર્યોનાં તે તે વિશુદ્ધ કર્મો અથવા ઉત્તમ ચિકિત્સારૂપ તેઓના પ્રભાવોના વિષયો કેવળ ઐતિહાસિક વૃત્તાંતરૂપે મળી આવે છે; પરંતુ એ અશ્વિનીકુમારો કઈ પ્રક્રિયા કે ચિકિત્સા દ્વારા વિશ્પલા નામની સ્ત્રીની જંઘા જોડી દીધી હતી? તેમજ કઈ પ્રક્રિયા અથવા ચિકિત્સાથી ઋજાશ્વનાં બંને નેત્રો ઉઘાડી દીધાં હતાં અથવા તેને દેખતા કર્યા હતા? અને કઈ ચિકિત્સા-થી 'શ્રોણુ'ના ઢીંચણને સાંધી દીધો હતો? ઇત્યાદિ તે તે ચિકિત્સાનાં વિધાનો તેમનાં એ ચારિત્રો કે કર્મો દ્વારા જાણવામાં આવતાં નથી; તેમજ એ ઋગ્વેદસંહિતામાં કોઈ કોઈ સ્થળે કેટલાંક ઔષધો કહ્યાં છે, પરંતુ તેઓના ઉપયોગની રીતો બતાવવામાં આવેલ નથી.

અથર્વવેદની સંહિતામાં જોકે અનેક પ્રકારના રોગો, ઔષધો, રોગોનાં કારણો, કૃતિઓ વગેરે તેમજ અમુક ઔષધીનો ઉપયોગ કરવાથી અમુક રોગનો પ્રતિકાર અથવા નિવારણ થઈ શકે છે, ઇત્યાદિ જુદા જુદા વિષયો પણ કોઈ કોઈ સ્થળે મંત્રોનાં લિંગ કે ચિહ્નો ઉપરથી જણાય છે, તોપણ એટલા ઉપરથી તેના ઉપયોગની પ્રક્રિયાના જુદા જુદા પ્રકારો, જે જાણવા જેવા હોય છે, તે જાણી શકાતા નથી; તે કારણે એ મંત્રલિંગો, તે કાળની આયુર્વેદીય વિજ્ઞાનની પરિસ્થિતિને જ કેવળ સૂચવે છે.

જેમ કે 'यत्रौषधीः समग्मत राजानः समितविप्रव । स उच्यते भिषग्रक्षोहामीव । चातनः

(ऋग्वेद. १०, ९७)

शतं ते राजन् भिषजः सहस्रमुर्वी गभीरा सुमतिस्तेऽस्तु (ऋग्वेद १-२४-९)

शतं ह्यस्य भिषजः सहस्रमुत वीरुधः

(अथर्व० २-९-३)

–ઇત્યાદિ મંત્રોરૂપ લિંગ કે હેતુઓથી સાબિત થાય છે કે તે વૈદિક કાળમાં સેંકડો ઔષધીઓનો સંગ્રહ કરનારા બ્રાહ્મણો વૈદ્યો તરીકે હતા અને તે વૈદ્યો પણ કેવળ એક કે બે જ હતા; એમ નહિ, પણ સેંકડોની સંખ્યામાં હતા અને ઔષધીઓ તરીકે જણાયેલી લતાઓ વગેરે પણ વિરલ અથવા ખૂબ ઓછા પ્રમાણમાં હતી, એમ ન હતું; કિંતુ હજારોની સંખ્યામાં હતી, એમ જણાતું હોવાથી અતિશય પ્રાચીન કાળમાં પણ સેંકડોની સંખ્યામાં આયુર્વેદીય ચિકિત્સાના માર્ગે જતા મહર્ષિઓએ આશ્રય કરાતો આયુર્વેદ, તેના વિશેષ વિજ્ઞાનને સ્પષ્ટ કરી રહ્યો હતો; તેના પોતાના ઉપયોગની પ્રક્રિયાને સમગ્રપણે અત્યંત (વ્યાપકરૂપે) દર્શાવી રહ્યો હતો; તેમ જ સમગ્ર સંકળાયેલ સ્વરૂપવાળા ઔષધીય ચિકિત્સાના વિષયો વડે કેવળ તેઓની જ પ્રધાનતાથી ગૂંથાયેલો જુદો જ આયુર્વેદ અલગ અલગ ગ્રંથોરૂપે રહેલો હોવો જોઈએ; કારણ કે તે સંબંધે જાણવા યોગ્ય જુદા જુદા વિષયોની સૂચનાઓ અને તે તે વિષયોના ઉપયોગને લીધે થયેલા લાભોનાં ઐતિહાસિક વૃત્તાંતો પણ વેદોનાં તે તે સ્થળે છૂટાંછવાયાં આપણે અદ્યાપિ મેળવી રહ્યા છીએ.

'વેદ' શબ્દનો સમષ્ટિ અથવા સમુદાયરૂપે પહેલું આદિકાળનું જ્ઞાન, એવો અર્થ સમન્વય છે; અને તે વેદ અથવા સમષ્ટિરૂપ તે આદિકાળના જ્ઞાનની સમીપે રહેલું અથવા તે જ્ઞાનનો નજદીકનો સંબંધ ધરાવતું વ્યષ્ટિરૂપ–છૂટું છૂટું જે વિશેષ વિજ્ઞાન છે તે જ 'ઉપવેદ' શબ્દથી તેના અર્થરૂપે સમન્વય છે. ગંધર્વોને લગતા સંગીતવિજ્ઞાન, ધનુષસંબંધી વિજ્ઞાન અને સ્થાપત્યકલાઓ આદિના વિજ્ઞાનની પેઠે વ્યષ્ટિરૂપે અલગ અલગ રહેલ આયુષ સંબંધી અથવા આયુષની રક્ષા માટેનું જે વિજ્ઞાન તે 'આયુર્વેદ' શબ્દના અર્થરૂપે સમન્વય છે. એવા અર્થવાળો તે આ આયુર્વેદ બ્રહ્માની સંહિતા, અશ્વિનીકુમારોની સંહિતા અને ઇંદ્રની સંહિતાના રૂપે અલગ અલગ ગ્રંથોરૂપે રહેલો હોવો જોઈએ, જેથી કેટલાક આચાર્યોએ તે આયુર્વેદને 'ઉપવેદ'રૂપે અને કેટલાક 'કશ્યપ' આદિ આચાર્યોએ પાંચમા વેદરૂપે બતાવ્યો છે, તે પણ ઠીક ઠીક સિદ્ધ થાય છે; પરંતુ ઘણો પુરાણો તે મૂળરૂપ આયુર્વેદ અતિ ભયંકર કાળના મુખમાં પ્રવેશી ગયો હોઈને અલગ સ્વરૂપે મળી શકતો નથી પરંતુ કેવળ વૈદિકસંહિતા આદિમાં તે તે સ્થળે છૂટાછવાયા રૂપમાં મળી આવતા તે મૂળરૂપ આયુર્વેદના કેટલાક અંશો ઉપરથી અને તેની સંપ્રદાયપરંપરા ઉપરથી કેટલાક મહર્ષિઓ વગેરેની કલમમાં ઊતરી આવેલા તે મૂળભૂત આયુર્વેદના કેટલાક અંશો દ્વારા આજે પોતાના સ્વરૂપલાભને જણાવે છે અને પોતાનો પ્રકાશ આપી રહ્યો છે.

આયુર્વેદને લગતી પ્રાચીન સંહિતાઓ હાલમાં જે મળે છે, તેમાંથી આવેલા અને વૈદિક સાહિત્યમાં પ્રાપ્ત થતા આયુર્વેદના વિષયોને આગળ કરી વિચારવામાં આવે તોપણ રોગોની સંજ્ઞાઓ, ઔષધીઓનાં નામો, આયુર્વેદના પ્રયોગોની પ્રક્રિયાઓ અને તેઓનું નિરૂપણ કરવાની શૈલી પણ લગભગ ઘણા પ્રકારે વિલક્ષણરૂપે દેખાય છે; આર્ષસંહિતાઓમાંથી આવતા વિષયોમાં અને વૈદિક વિષયોમાંથી અનુક્રમે આવેલી તેઓની વિકસિત અવસ્થા પણ વિશેષ પ્રકારે જોવામાં આવે છે. ભાષાશાસ્ત્રની દૃષ્ટિ પણ એવા પ્રકારના પરિવર્તનને

ઘણા જ અલ્પ સમયના મધ્યભાગને જણાવી શકતી નથી; પ્રાચીન તરીકે સારી રીતે માન્ય થયેલા સૂત્ર આદિ ગ્રંથો અને લગભગ બે હજાર વર્ષની પૂર્વના કવિઓના જે જે લેખો તેમજ બૌદ્ધોનાં સાહિત્યો અને કાશ્યપ, આત્રેય અને ધન્વંતરિના જે લેખો મળે છે, તેમની આધુનિક લેખોની સાથે તુલના કરતાં તે તે લેખોની શૈલી અને ભાષા-દૃષ્ટિએ જેટલો તફાવત મળે છે, તેથી પણ વધુ પ્રમાણમાં તફાવત વૈદિક સંહિતાઓમાંથી પ્રાપ્ત થયેલા આયુર્વેદના વિષય કરતાં આર્ષસંહિતાઓમાંથી ઊતરી આવેલા આયુર્વેદના વિષયમાં જોવામાં આવે છે; એવા પ્રકારનો આ તફાવત ઘણા સમયના વચ્ચે ગયેલા ગાળા વિના સંભવે નહિ. હરકોઈ સાહિત્યમાં થયેલો વિજ્ઞાનનો વિકાસ અનુક્રમે જ થયેલો જોવામાં આવે છે. આયુર્વેદના વિજ્ઞાનમાં પણ વૈદિક સાહિત્યના કરતાં સંહિતા-તંત્ર-સાહિત્યમાં થયેલો વિષયનો વિકાસ જે મળી આવે છે, તે પણ ઘણા કાળના ક્રમથી પ્રાપ્ત થયેલી પૂર્વની પરંપરાનો જ આધાર જણાવે છે. વૈદિક સંહિતાના સાહિત્યની પાછળ પાછળ વહેતી બ્રાહ્મણ ગ્રંથો, ઉપનિષદો તથા કલ્પ-સૂત્ર આદિની ધારાઓમાં છૂટોછવાયો આયુર્વેદના વિજ્ઞાનનો જે પ્રવાહ વહી રહ્યો છે, તે પણ પોત-પોતાના આચાર્યોની પરંપરાના પ્રવાહની સંપૂર્ણ પુષ્ટિ કર્યા સિવાય પ્રાચીન આર્ષસંહિતાઓ અને તંત્રો આદિમાં પોતાના જ્ઞાનનો સમુદ્ર કેવી રીતે અનુક્રમે દર્શાવી શકે? એ કારણે ત્યાં ત્યાં પૂર્વના આચાર્યોએ પ્રાચીનકાળના આયુર્વેદીય આચાર્યોનાં નામો જોકે બતાવ્યાં છે; તેથી તે તે આચાર્યો નામરૂપે પણ બાકી રહ્યા છે અને કેટલાક આચાર્યોનાં નામો બિલકુલ બતાવ્યાં પણ નથી, તેથી તે તે (નામનિર્દેશરહિત) આચાર્યો તો નામ-થી પણ વિલુપ્ત થઈ ગયા છે; પરંતુ તેઓના ઉપ-દેશ સંબંધી જે વિજ્ઞાનપરંપરા છે, તે જ આ આયુર્વેદીય વિજ્ઞાનના પ્રવાહમાં વૈદિક સાહિત્ય અને પ્રાચીન સંહિતાઓની વચ્ચે (પરસ્પરનું અનુસંધાન કરતા) એક પુલરૂપે કામ કરી રહી છે; એ વિજ્ઞાનપરંપરા વચ્ચેના પુલરૂપે રહેલી હોવા છતાં દેખાતી નથી, તોપણ છેવટે પ્રાપ્ત થઈને એક અથવા બે હજાર વર્ષથી ઓછી તો નજ હોવી જોઈએ. 'विविधानि शास्त्राणि भिषजां प्रचरन्ति लोके'—આ લોકમાં વૈદ્યોનાં જુદી જુદી જાતનાં શાસ્ત્રો પ્રચાર પામી રહ્યાં છે, એવો ઉલ્લેખ કરીને આત્રેય આચાર્યે પોતાના સમય-માં પણ જુદા જુદા આચાર્યોનાં શાસ્ત્રો મળી આવતાં દર્શાવ્યાં છે; તે ઉપરથી આત્રેય આદિ આચાર્યોની પહેલાં પણ બીજા આયુર્વેદીય આચા-ર્યોની હયાતી હતી, એમ સ્પષ્ટ થાય છે.

હવે અહીં આ બાબત પણ વિચારવા યોગ્ય છે કે વૈદિક આયુર્વેદીય વિજ્ઞાનમાં શલ્ય-પ્રક્રિયા વિષે તથા શારીરક આદિ બીજા વિભાગો-માં જાતજાતના અનેક સૂક્ષ્મ વિચારો પણ આવેલા છે; ઔષધપ્રક્રિયાની પર્યાલોચના કરતાં જણાય છે કે ધાતુઓ, રત્નો તથા રસો વગેરે તે તે ઔષધીય ચિકિત્સાકાળે ઉપયોગમાં આવેલાં નહિ હોય; પરંતુ વનસ્પતિ આદિ સાધારણ ઔષધો-નો જ પ્રયોગ લગભગ કરાતો હશે, એમ જણાય છે; તેમાં પણ પ્રથમ દર્શાવેલ મંત્રલિંગ આદિની સર્વ રીતે તપાસ કરવાથી જંગિડ નામની વનસ્પતિ, કઠ, રોહિણી-કડુ તથા અપામાર્ગ-અધેડો વગેરે ઔષધિઓ જ એક એક પદાર્થરૂપે તે તે રોગને મટાડવા માટે વપરાતી, એમ જણાય છે. કૌશિક-સૂત્રકાર પણ લગભગ તે જ પ્રમાણે એક વસ્તુઓનો—મધ, તેલ, ઘી, પીપળાનું લાકડું વગેરેનો—તે તે રોગમાં ઉપયોગ દર્શાવે છે; તેમ જ આલવિસોલ-ફાંટ- ભાંગરો વગેરેનાં પુષ્પોના રસનો લેપ, માખણથી મિશ્ર કરેલ કઠ અને લોટનો લેપ, ઉકાળેલા દૂધનું તથા લાખનું પાન વગેરે બે કે ત્રણ વસ્તુઓના યોગોરૂપ કેટલાક ઉપચારોનો પણ તેમણે ઉલ્લેખ કર્યો છે. તે તે રોગો અને તે તે દોષોને દૂર કરનારી વસ્તુઓ બરાબર જણાય ત્યારે અવસર પ્રમાણે તે તે રોગો તથા દોષોને દૂર કરનારા ઉપાયો પોતાની મેળે વિચારી શકાય છે, એમ બરાબર વિચાર કર્યા પછી મૂળ પરિ-ભાષારૂપે જાણવા યોગ્ય શાસ્ત્રના અર્થો એટલે વિષયોને ગ્રહણ કરી વાતિક, પૈત્તિક અને શ્લૈષ્મિક રોગોને તેમજ તે તે રોગોને દૂર કરનાર જીવ-

નીય, બૃંહણીય, તર્પણીય, સંશમનીય અને વૃષ્ય-વીર્યવર્ધક આદિરૂપે વર્ગક્રમ અનુસાર ઔષધી-ઓના વિભાગ કરી મૂળભૂત રોગ તથા દોષોને દૂર કરવામાં સાધન તરીકે ગણાતા પંચકર્મો વગેરે પ્રધાન વિષયોનો સંગ્રહ કરી તે તે સંહિતાઓના કર્તાઓએ પ્રથમ સૂત્રસ્થાન રચ્યું છે; કારણ કે તેટલું પણ બરાબર જો જાણ્યું હોય તો પ્રતિભાશક્તિ ધરાવતો હરકોઈ માણસ પ્રણિધાન અથવા ચિત્તની એકાગ્રતાપૂર્વક તૈયાર કરેલા યોગો તથા ઔષધો દ્વારા રોગોને દૂર કરી શકે છે; એમ કેવળ સૂત્રસ્થાન પણ આયુર્વેદીય ચિકિત્સા માટેનું પૂરેપૂરું પૂર્વરૂપ છે, એમ કહેવું શક્ય નથી એમ તો ન જ કહેવાય, પણ ખરેખર શક્ય છે જ એમ જરૂર કહેવાય. આજના સમયમાં પણ ગામડાંઓના તથા પહાડી લોકો વગેરેના વ્યવહારોમાં તે તે રોગ ઉપર એક અથવા બે વનસ્પતિનાં ઔષધોનો ઉપયોગ ચોપાસ જોવામાં આવે છે, તે પ્રાચીન મૂળ-ભૂત આયુર્વેદીય પ્રક્રિયાને જ અનુસરતા હોવાનું સ્પષ્ટ દર્શાવે છે. તે પછી તે તે વસ્તુઓના ગુણદોષની પરીક્ષાનો અનુભવ જેમ જેમ વધતો ચાલ્યો તેમ તેમ રોગો વિષે પરસ્પર મિશ્રભાવને પ્રાપ્ત થયેલા સર્વ દોષોને કોઈ એક જ પ્રયોગ દ્વારા દૂર કરવાની ઇચ્છા થતાં, સમાન ગુણવાળાં અને વિશેષ ગુણવાળાં ઔષધોના યોગ દ્વારા સામૂહિક પ્રયોગો કરવાની દૃષ્ટિ પણ ચાલુ થયેલી હતી. જેમ જેમ પ્રાણીઓના સમુદાયની ચારે બાજુ વૃદ્ધિ થવા લાગી અને દેશ, કાળ, જળ, વાયુ, ખોરાકપાણી, સ્થાન તથા અવસ્થા વગેરેનું પરિવર્તન થવા લાગ્યું અને પરસ્પર-ના સંનિકર્ષ, સંબંધ તથા સંઘર્ષણ આદિ-નો ઉદય થવા લાગ્યો. તે કારણે મૂળવાળા બહારના તથા અંદરના શારીરિક વિકારો અનેક પ્રકારના રોગોરૂપે પ્રકટ થવા લાગ્યા, તેમ તેમ અનુક્રમે તે તે રોગોના વિભાગની અને તે તે રોગોને દૂર કરવાના ઉપાયોની દૃષ્ટિ અને તેમાં કુશળતા પણ વધવા માંડી; જેથી પરિસ્થિતિ-ના ભેદ અનુસાર તે જ રોગ અનેક પ્રકારે દેખાતાં કોઈ રોગ સંકીર્ણ અથવા મિશ્ર-રૂપે તેમજ નવારૂપે અને નવી સંજ્ઞા દ્વારા પણ વ્યવહાર કરાતો થવા લાગ્યો હતો. વળી પરિહાર કરવા યોગ્ય અથવા દૂર કરવા લાયક તે તે દોષોનાં પરિપંથી અથવા દૂર કરનારી વસ્તુઓના બૃહદ્રૂપ યોગો તથા ઔષધો પણ અનેક પ્રકારે તૈયાર થયેલાં હોવાં જોઈએ; એવા પ્રકારનાં પૂર્વાચાર્યોએ તૈયાર કરેલાં અને પ્રણિધાનથી ઉજ્જ્વળ બનેલાં અંતઃકરણોમાં આપો-આપ પ્રતિભાસ પામેલાં અથવા જણાયેલાં તે તે યોગોને લગતાં ઔષધોને પણ અંદર દાખલ કરી લગભગ સૂત્રસ્થાનમાંથી જ મળી શકતા વિષયોને ગ્રહણ કરી જુદા જુદા ખાસ વિચારો વડે તેઓમાં વધારો કરીને સૂત્રસ્થાનના જ વિવરણરૂપે બીજાં સ્થાનોની પણ સારી રીતે યોજના કરીને તે તે બધાં સ્થાનોના એકત્ર સંગ્રહરૂપે સંહિતાના સ્વરૂપમાં તે તે ગ્રંથરચનાઓ કરવા મહર્ષિઓ તૈયાર થયા હોવા જોઈએ.

એમ ઉત્તરોત્તર આગળ પાછળના અનુભવ ઉપરથી જુદા જુદા રોગો અને તેઓને દૂર કરવાના જુદા જુદા ઉપાયોમાં ઉત્કૃષ્ટ જ્ઞાન મેળવીને જુદા જુદા દેશ, કાળ અને પરિસ્થિતિઓનું અનુસંધાન કરી જેઓની દૃષ્ટિ સારી રીતે વિકસિત થઈ હતી એવા વિદ્વાનોએ આયુર્વેદને લગતા અનેક ગ્રંથો રચ્યા હતા. એ રીતે અનેક દ્રવ્યોના યોગ દ્વારા સિદ્ધ થયેલા ઔષધોના પ્રયોગોની પદ્ધતિ પણ અર્વાચીન હોવી ન જોઈએ.

'રટાર્ઇન' નામના એક વિદ્વાનને પૂર્વ તુર્કસ્તાન-માં આવેલા 'તુઙ્ગહાન' નામના સ્થાનમાંથી કોઈ એક પ્રાચીન પુસ્તક મળ્યું હતું, એમ 'હાર્નલ' નામના વિદ્વાને નિર્દેશ કર્યો છે; તે પુસ્તકમાં પ્રાચીન ખરોષ્ઠી ભાષાના અનુવાદ સાથે જે એક મૂળ સંસ્કૃત લેખ મળે છે, તેમાં ભગવાન બુદ્ધદેવે, 'જીવક' નામના પોતાના શિષ્યને સંબોધેલ જુદાં જુદાં ઔષધોને લગતાં વચનો મળે છે. વળી 'મહાવગ્ગ' આદિ ગ્રંથોમાં બતાવેલ 'જીવક'ના સાહચર્યથી બુદ્ધદેવના એ ઉપદેશમાં અનેક ઔષધો-ના યોગરૂપ ઘણાં ઔષધોનો ઉલ્લેખ જોવામાં આવે છે, તે ઉપરથી સાબિત થાય છે કે અનેક પ્રકારનાં દ્રવ્યોના યોગ દ્વારા ઔષધોની કલ્પના અથવા બનાવટ બુદ્ધના સમયની પહેલાંથી ચાલુ રહેલી

હતી, એમ બીજા ગ્રંથો ઉપરથી પણ જણાય છે. પાશ્ચાત્ય ચિકિત્સા પદ્ધતિમાં પણ રોગીના દરદમાં જે દોષ દૂર કરવાનો હોય તેને અનુસરીને દોષનાં નિવર્તક અને જે ગુણ ઉત્પન્ન કરવો જરૂરી હોય તેનાં પોષક દ્રવ્યોનું તે દરદી માટેની ખાસ ઉચિત માત્રામાં તે જ વખતે મિશ્રણ (Compounding) કરીને આપવાનો રિવાજ ચાલ્યો આવ્યો છે. અને તેમાં પરસ્પર મળેલા દોષમય એવા જુદા જુદા રોગોનો નાશ કરવા માટે (પેટંટ) યોગોરૂપ ઔષધો પણ આજના સમયમાં તૈયાર કરવામાં આવે છે; અને તેને નુસખા તથા ફોર્મ્યુલા આદિના રૂપમાં નિબંધોરૂપે જાહેર પણ કરવામાં આવે છે; એમ આગળપાછળનાં જુદાં જુદાં સ્થાનો દ્વારા સંક્ષેપમાં તથા વિસ્તારના રૂપમાં પોતાના પ્રમેય–જ્ઞાનને બરાબર સમજાવતી (મહર્ષિઓની) સંહિતાઓએ તથા પાછળથી તૈયાર થયેલા નિબંધોએ પણ આ આયુર્વેદીય ચિકિત્સા-વિજ્ઞાન જોકે વિશદ અથવા સ્પષ્ટ કરાયું છે, તોપણ તે કેવળ દિગ્દર્શન અથવા તેની અમુક અમુક દિશાને બતાવવારૂપ છે; કારણ કે દરેક મનુષ્યના શરીરને લગતી તથા પ્રકૃતિને લગતી પરિસ્થિતિ ખરેખર સર્વકાળ સર્વ સ્થળે એકરૂપે ચાલુ રહેતી જ નથી. દરેક માણસની પ્રકૃતિમાં વિશેષ કે તફાવત હોય જ છે, તે કારણે તે જ–એકનો એક જ રોગ પણ નાના મોટા જુદા જુદા દોષો સાથે મિશ્ર થયેલા તે તે દોષોના કારણે ભેદોને પ્રાપ્ત કરી અનેક રૂપોને ધારણ કરે છે; જેમ જેમ દેશ, કાળ, જળ, વાયુ, આહાર, વિહાર આદિની પરિસ્થિતિઓનો વિભેદ થાય છે, તેમ તેમ દોષોની સંકરતા અથવા મિશ્રભાવને પ્રાપ્ત કરી રોગો પણ અનેક સ્વરૂપોને પામે છે અને પછી તેઓ વધી જાય છે અને તેઓની નવી નવી આકૃતિઓ પણ જેમ જેમ પ્રકટ થાય છે, તેમ તેમ જુદા જુદા દેશ, કાળ આદિનું અનુસંધાન કરી જુદાં જુદાં ઔષધોના આવાપ અને ઉદ્વાપ–નાખવું અને કાઢવું; માપમાં ભારેપણું તથા હલકાપણું કરવું અથવા નિક્ષેપની રચનામાં પૂર્વાપરનો જુદો જુદો ક્રમ આદિની વિશેષ કલ્પના કરીને નવા નવા પ્રતીકારો તથા ઉપાયોરૂપ અને અનુભવથી વિશુદ્ધ એવાં જુદાં જુદાં ઔષધોનો ઉપચય કે વધારો કરતા રહી (લોકોનું) સંરક્ષણ તથા ઉપબૃંહણ–પુષ્ટિ પણ કરવી, એ જ આયુર્વેદના વિજ્ઞાનનો કોશ અથવા ખજાનો સારી રીતે અપેક્ષા અથવા જરૂરિયાત ધરાવે છે.

(૨) ગ્રંથના પરિચય સાથે આચાર્યોનું વિવરણ

આયુર્વેદનો પ્રકાશ અને આચાર્યો

(સૃષ્ટિના આરંભમાં) પ્રજાઓના વર્ગો પ્રથમ સર્જાઈ ચૂક્યા, ત્યારે તેઓના સ્વાસ્થ્યનું રક્ષણ કરવા માટે આયુર્વેદવિદ્યાની જરૂરિયાત હોવી જોઈએ, એવો મનમાં નિશ્ચય કર્યા પછી સ્વયંભૂ બ્રહ્માએ જ પહેલી સંહિતારૂપે આયુર્વેદનો પ્રકાશ કર્યો હતો. (જુઓ કાશ્યપસંહિતામાં–'स्वयंभूर्ब्रह्मा प्रजाः सिसृक्षुः प्रजानां परिपालनार्थम् आयुर्वेदमेवाग्रेऽसृजत्'–સ્વયંભૂ બ્રહ્માએ જ્યારે પ્રજાઓની સૃષ્ટિરચના કરવાની ઇચ્છા કરી હતી, ત્યારે પ્રથમ તો એ પ્રજાઓના રક્ષણ માટે તેમણે આયુર્વેદને જ સૃજ્યો હતો! વળી સુશ્રુતે પણ સૂત્રસ્થાનના પહેલા અધ્યાયમાં આ સંબંધે આમ લખ્યું છે કે, 'इह खलु आयुर्वेदम् अष्टाङ्गम् उपाङ्गम् अथर्ववेदस्य अनुत्पाद्यैव प्रजाः श्लोकशतसहस्रमध्यायसहस्रं च कृतवान् स्वयंभूः' સ્વયંભૂ બ્રહ્માએ આ લોકમાં પ્રજાઓને ઉત્પન્ન કર્યા વિના જ–તેઓની પહેલાં અથર્વવેદ ઉપાંગરૂપે આઠ અંગોવાળો આયુર્વેદ એક હજાર અધ્યાયોમાં એક લાખ શ્લોકોવાળો રચ્યો હતો. વળી ચરકમાં પણ સૂત્રસ્થાનના પહેલા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'ब्रह्माणा हि यथा प्रोक्तमायुर्वेदं प्रजापतिः'–પ્રજાપતિ દક્ષે, જે પ્રમાણે બ્રહ્માએ પોતાને કહ્યો હતો અથવા ભણાવ્યો હતો, તે જ પ્રમાણે આયુર્વેદ ગ્રહણ કર્યો હતો.) એમ બ્રહ્માએ સૌની પહેલાં જે આયુર્વેદસંહિતા રચી હતી, તેનું જ પ્રથમ અશ્વિનીકુમારોએ અધ્યયન કર્યું હતું અને પછી તે અશ્વિનીકુમારો પાસેથી તે સંહિતાનું ઇંદ્રે અધ્યયન કર્યું હતું; એમ અનુક્રમે અધ્યયન કરાતી એ આયુર્વેદસંહિતા આર્ષસમાજ એટલે કે ઋષિઓના સમુદાયમાં ઊતરી આવી હતી અને

પછી તે જ આયુર્વેદસંહિતા લોકમાં પ્રચાર પામી હતી એવું તે આયુર્વેદીય સંહિતાનું પૂર્વવૃત્તાંત આયુર્વેદના આચાર્યો વર્ણવે છે. એમ આયુર્વેદનો પ્રથમ પ્રકાશ ભલે સ્વયંભૂ બ્રહ્માથી થયો હોય અથવા ભલે કોઈ દેવતાઈ ઉપદેશરૂપે આયુર્વેદ પ્રકટ્યો હોય અથવા ભલે ઋષિઓની રચનારૂપે આયુર્વેદ પ્રકાશ્યો હોય, પરંતુ હરકોઈ પ્રકારે આયુર્વેદનો પ્રાદુર્ભાવ ઘણો પ્રાચીન હોવાનું નક્કી થાય છે. આયુર્વેદના મૂળ ગ્રંથોમાંથી તેનો સંપ્રદાયક્રમ આ પ્રમાણે જણાય છે–



આ કાશ્યપસંહિતામાં આયુર્વેદના ઉપદેશની પરંપરા બતાવતી વેળા લખે છે કે, 'स्वयंभूर्ब्रह्माऽऽयुर्वेदमग्रेऽसृजत्, ततश्च तं पुण्यमायुर्वेदमश्विभ्यां कः प्रददौ, ताविन्द्राय, इन्द्रऋषिभ्यश्चतुर्भ्यः, कश्यप–वसिष्ठ–अत्रि–भृगुभ्यः, ते पुत्रेभ्यः शिष्येभ्यः प्रददुर्हितार्थम्'– સ્વયંભૂ બ્રહ્માએ સૌની પહેલાં આયુર્વેદને સર્જ્યો હતો; તે પછી એ પવિત્ર આયુર્વેદને તે બ્રહ્માએ અશ્વિનીકુમારોને આપ્યો હતો; પછી તે અશ્વિનીકુમારોએ ઇંદ્રને તે આયુર્વેદ આપ્યો હતો; પછી ઇંદ્રે ચાર ઋષિ–સનત્કુમારોને તે આયુર્વેદ ભણાવ્યો હતો; તેમ જ કશ્યપ, વસિષ્ઠ, અત્રિ વગેરે ઋષિઓને પણ તે સનત્કુમારોએ જ આયુર્વેદ ભણાવ્યો હતો. પછી તે ઋષિઓએ પોતાના પુત્રોને તથા શિષ્યોને તેઓના હિત માટે આયુર્વેદ ભણાવ્યો હતો.' એ લખાણ ઉપરથી સાક્ષાત્ ઇંદ્ર પાસેથી પુરાતની મહર્ષિઓએ સૌની પહેલાં આ આયુર્વેદની વિદ્યા પ્રાપ્ત કરી હતી, એમ જણાય છે; અને ચરકના પ્રારંભના ગ્રંથમાં આમ જણાવ્યું છે કે, 'रोगैरुपद्रुतानां लोकानामुद्धारो-पायस्य विवित्सया समवेतानां महर्षीणां प्रेरणया इन्द्रमुपेत्य तस्मादायुर्वेदमवाप्य प्रतिनिवृत्तो भरद्वाजो महर्षीनुपदिदेश'–રોગોથી પીડાતા લોકોનો એ રોગોથી ઉદ્ધાર થાય, એ ઉપાય જાણવાની ઇચ્છાથી મહર્ષિઓનો સમુદાય એકત્ર મળ્યો હતો; અને પછી તે મહર્ષિઓની પ્રેરણાથી ભરદ્વાજ ઋષિ ઇંદ્રની સમીપે ગયા હતા અને તેમની પાસેથી આયુર્વેદ મેળવીને તે પાછા આવ્યા હતા. પછી એ ભરદ્વાજે તે મહર્ષિઓને આયુર્વેદનો ઉપદેશ કર્યો હતો.' એમ ચરકે દર્શાવ્યું હોવાથી ઇંદ્રે ઉપદેશેલા ભરદ્વાજ પાસેથી જ મહર્ષિઓને આયુર્વેદવિદ્યાની પ્રાપ્તિ થઈ હતી, એમ જાણવા મળે છે. ભરદ્વાજ નામના તે આચાર્ય કોઈ પ્રાચીન હોવા જોઈએ, એમ 'જ્વરસમુચ્ચય' નામના ગ્રંથમાં ટાંકેલાં તેમનાં વચનો ઉપરથી પણ જાણી શકાય છે. મહાભારતમાં પણ ભરદ્વાજનો વૈદ્યક આચાર્ય તરીકે નામનિર્દેશ છે; ચરકસંહિતામાં આરંભ પછીના ગ્રંથમાં ભરદ્વાજનો બે પ્રકારનો ઉલ્લેખ મળે છે; એટલે કે બે ભરદ્વાજો બતાવ્યા છે; જેમ કે 'वातकलाकलीय' નામના (ચ. સૂ. ૧૨મા)

અધ્યાયમાં અને 'આત્રેયભદ્રકાપ્યીય' નામના ચરક-સૂત્રસ્થાનના ૨૬ મા અધ્યાયમાં 'કુમારશિરસ્-ભરદ્વાજનો મત દર્શાવ્યો છે. એ ભરદ્વાજને 'કુમારશિરસ્' એવું વિશેષણ આપેલું છે, તેથી તે જુદા જ ભરદ્વાજ જણાય છે; તે ભરદ્વાજનો મત ચરકસંહિતામાં આત્રેયે જણાવ્યો છે; તેમ જ ચરક-સૂત્રસ્થાનના ૨૫ મા અધ્યાયમાં અને એ જ ચરકના શારીરના ત્રીજા અધ્યાયમાં વિશેષણરહિત ભરદ્વાજના મતનો ઉલ્લેખ કર્યો છે; અને ત્યાં પણ આત્રેયે ભરદ્વાજનો મત જ્યાં મૂકવો ઘટે ત્યાં જ વચ્ચે મૂક્યો છે; આગળ જતાં એ ચરકસંહિતામાં જ શારીરકના ત્રીજા અધ્યાયમાં જ ભરદ્વાજનો નામનિર્દેશ કરી એ ભરદ્વાજે જ જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો છે, ત્યારે આત્રેયે વિશેષ વિવરણ કર્યું છે; એ ઉપરથી એ પણ સાબિત થાય છે કે તે ભરદ્વાજ આત્રેયના ગુરુ હોવા ન જોઈએ; કેમ કે ત્યાં ભરદ્વાજ પ્રત્યે આત્રેયનો જ ઉપદેશ જણાય છે. સૂત્રસ્થાનના ૧૨ મા 'વાતકલાકલીય' નામના અધ્યાયમાં 'કુમારશિરાઃ' એવું ભરદ્વાજને વિશેષણ જે આપ્યું છે, તે પણ આત્રેયના ગુરુ ભરદ્વાજનો નિષેધ દર્શાવવા જ આપ્યું છે; તેમજ ચરક શારીરસ્થાનના 'ખુડ્ડીકાગર્ભાવક્રાન્તિ' નામના ત્રીજા અધ્યાયમાં પણ 'ભરદ્વાજ' શબ્દ મૂક્યો છે, તેથી પણ આત્રેયે તેમને પોતાના 'ગુરુ' કહ્યા નથી, પરંતુ 'ભરદ્વાજ' ગોત્રના કોઈ બીજાનો જ ત્યાં ઉલ્લેખ કર્યો છે, એમ ટીકાકાર ચક્રપાણિએ ચરકમાં બંને ઠેકાણે બતાવેલ ભરદ્વાજને આત્રેયના ગુરુ તરીકે ન ગણવા સ્પષ્ટ દર્શાવ્યું છે. ચક્રપાણિના કહેવા પ્રમાણે ગોત્રવાચક ભરદ્વાજ શબ્દથી કહેવાતા ઘણા ભરદ્વાજોનો સંભવ હોવાથી અત્રિની પરંપરામાં આયુર્વેદવિદ્યા જેમણે મેળવી હતી છતાં આત્રેયે કોઈ પણ ભરદ્વાજ પાસેથી એ વિદ્યા મેળવેલી હોઈને ભરદ્વાજનો ઉપદેશ લીધાનું આત્રેયને પોતાને પણ માન્ય છે. તોપણ તે ભરદ્વાજના જ મતનું પ્રતિષ્ઠાપન કરતો ખુદ આત્રેયની આત્રેય સંહિતામાં એવો સંકેત ક્યાંય પણ મળતો નથી, તેથી આત્રેયના ગુરુ ભરદ્વાજ કયા હશે, એ સંબંધે સંશય રહે છે; એમ એકંદર આત્રેયના ગુરુ તરીકે મનાતા ભરદ્વાજ કયા હશે? એ નિશ્ચય કરી શકાતો નથી.

કાશ્યપસંહિતાના રોગાધ્યાયમાં કેવળ 'કૃષ્ણભરદ્વાજ'ના નામનો ઉલ્લેખ છે; પરંતુ તે પણ 'કૃષ્ણ' વિશેષણ સહિતનો જ ઉલ્લેખ છે, તેથી એ ભરદ્વાજ પણ જુદા જણાય છે. કાશ્યપસંહિતાના આયુર્વેદાધ્યયન પ્રકરણમાં પ્રજાપતિ-દક્ષ, અશ્વિનીકુમાર, ઇંદ્ર અને સર્વ પ્રસ્થાનોના પરમ આચાર્ય હોઈ પરમપુરુષ-પરમાત્માના અવતાર ગણાતા ધન્વંતરિનો તેમ જ પોતાના પ્રસ્થાનના મૂલ આચાર્ય કશ્યપનો સ્વાહાકાર દેવતા તરીકે જેમ નિર્દેશ કર્યો છે, તેમ આત્રેયસંહિતામાં પણ (ચરક, વિમાનસ્થાન ૮ મા અધ્યાયમાં) પ્રજાપતિ દક્ષ, અશ્વિનીકુમાર, ઇંદ્ર તથા ધન્વન્તરિનો પણ નામનિર્દેશ કરી તેની સાથે સ્વાહાકારનું વિધાન છે; તેમાં સૂત્રકર્તા ઋષિઓનો સામાન્યપણે ઉલ્લેખ કરેલો હોવાથી તેમાં ભરદ્વાજની પણ ગણના જોકે સંભવે છે; પરંતુ પોતાના પ્રસ્થાન અથવા ગ્રંથમાં ઇંદ્ર પછી તરતના જ આચાર્ય તથા પોતાના ગુરુ તરીકે પોતે જોયેલા તેમના વિશેષ નામ વડે તેમની ગણના કરવી યોગ્ય હોવા છતાં તેમણે પોતે એવી ઉપેક્ષા કેમ કરી હશે? (એ કંઈ સમજાતું નથી;) જેમ કાશ્યપસંહિતામાં કાશ્યપના પોતાના જ વચનમાં કશ્યપ, અત્રિ, વસિષ્ઠ અને ભૃગુમાં ઇંદ્રનો સાક્ષાત્ ઔપદેશિક સંબંધ બતાવ્યો છે, તે જ પ્રમાણે આત્રેયસંહિતામાં પણ (ચરક-ચિકિત્સાસ્થાનના પહેલા) રસાયનપાદમાં ભૃગુ, અત્રિ, વસિષ્ઠ અને કશ્યપને તેમ જ અંગિરા, અગસ્ત્ય, પુલસ્ત્ય, વામદેવ, અસિત અને ગૌતમ વગેરેને સાક્ષાત્ ઇંદ્રે જ રસાયન ઔષધોનો ઉપદેશ આપેલો છે એમ દર્શાવવામાં આવ્યું છે. છતાં તેમાં પણ ભરદ્વાજનો ઉલ્લેખ કર્યો નથી; ઘણા કાળના અંતરે આગળપાછળ થઈ ગયેલા એવા પણ આચાર્યોનો ચરકના પ્રારંભના ગ્રંથમાં મહર્ષિઓનો જે સમવાય બતાવેલ છે, તેમાં તો સાથે સાથે ભરદ્વાજનું પણ અસ્તિત્વ બતાવ્યું છે; પરંતુ ઉત્તર ગ્રંથને અનુસરતા યોગ્ય લેખની પ્રૌઢતા ઉપરથી તેમાં ક્યાંયે ભરદ્વાજનું નામ જોવામાં આવતું નથી, એ સંશય ઉપજાવે છે. આ તરફ ભરદ્વાજથી જ મહર્ષિઓને આયુર્વેદવિદ્યાની પ્રાપ્તિ થઈ છે એમ દર્શાવતો ચરકનો પ્રારંભ ગ્રંથ કયા આશયવાળો છે, એ પણ વિચારનું

એક વસ્તુ બને છે; તે ઉપરથી સર્વ તરફનું અનુસંધાન જોતાં કશ્યપ, વસિષ્ઠ, અત્રિ તથા ભૃગુ આદિ મહર્ષિઓએ પ્રાચીન કાળથી જ પોતાના પુત્રો તથા શિષ્યોની પરંપરામાં આયુર્વેદવિદ્યા ચાલુ રાખી હતી; જેથી 'આત્રેય' આદિ શબ્દો ગોત્રનાં નામરૂપ હોવાથી આત્રેયની પરંપરામાં ચરકસંહિતાના મૂળભૂત આચાર્ય આત્રેય પુનર્વસુ જેમ મળે છે, તેમ બીજા પણ 'કૃષ્ણ-આત્રેય' તથા 'ભિક્ષુ-આત્રેય' વગેરે પણ જોવામાં આવે છે. કશ્યપની પરંપરામાં પણ કાશ્યપ, વૃદ્ધ કાશ્યપ વગેરે બીજા પણ આચાર્યો જણાય છે. એક આચાર્યની ગોત્રપરંપરામાં આવેલા છતાં વિશિષ્ટતાના લાભ માટે બીજા આચાર્ય પાસેથી પણ વિદ્યાગ્રહણ કરાય તે યોગ્ય હોય છે; તેથી ચરકના પ્રાથમિક લેખ અનુસાર પોતાની પૂર્વપરંપરામાં જેમણે વિદ્યા પ્રાપ્ત કરી હતી એવા પણ આત્રેય પુનર્વસુ ભરદ્વાજ પાસેથી પણ અમુક વિશેષ વિદ્યા ભણ્યા હોય એવો સંભવ છે; તે જ પ્રમાણે ભૃગુની પરંપરામાં આવેલ જીવકે પણ મારીચ-કશ્યપ પાસેથી વિદ્યા ગ્રહણ કરી હતી, એમ આ (કાશ્યપની) સંહિતામાં પણ જોવામાં આવે છે. મહાભારતના લેખના આધારે જણાય છે કે ભરદ્વાજ પાસેથી ધન્વન્તરિને વિદ્યાપ્રાપ્તિ થઈ હતી અને દિવોદાસે ભરદ્વાજના આશ્રમમાં જઈ વિદ્યા મેળવી હતી એમ જણાય છે; તોપણ સુશ્રુત-સંહિતાના લેખના આધારે ધન્વન્તરિને તથા દિવોદાસને પણ ઇંદ્રથી જ આ આયુર્વેદવિદ્યાની પ્રાપ્તિ થઈ હતી, એમ જણાય છે; ગમે તેમ હોય તોપણ ઇંદ્ર જ સર્વ મહર્ષિઓના સાક્ષાત્ અથવા પરંપરાએ આચાર્ય હોવાથી મૂળ આયુર્વેદના ઉપદેષ્ટા તરીકે ઇંદ્રનો જ ઉલ્લેખ સર્વને માન્ય છે; અને પછી તે જ એ ધન્વન્તરિ, મારીચ, કશ્યપ તથા આત્રેય પુનર્વસુએ પોત-પોતાના જ્ઞાન અનુસાર લોકોના ઉપકાર માટે સંહિતારૂપે પોતાના વિજ્ઞાનોનો શિષ્યોને ઉપદેશ કર્યો હતો; તેથી આમ વૈદિક વિજ્ઞાનની પરમ શ્રેષ્ઠ ભૂમિકા ઉપર બ્રહ્માના વિજ્ઞાનરૂપ બીજનો આધાર લઈ જૂનામાં જૂનો આ આયુર્વેદરૂપ કલ્પવૃક્ષ પ્રકટ થયો છે અને તે જ કલ્પવૃક્ષને ઇંદ્ર, અશ્વિનીકુમારો, કશ્યપ, અત્રિ, વસિષ્ઠ તથા ભૃગુ વગેરેની પરંપરાએ તેમજ ધન્વન્તરિ, આત્રેય, કશ્યપ તથા બીજા પૂર્વકાળના આચાર્યોએ પ્રયત્ન કરી દરેક શાખામાં સંશોધન કરી પલ્લવિત, પુષ્પોપયુક્ત તથા ફલસંપન્ન કર્યો છે. એ આયુર્વેદરૂપ કલ્પવૃક્ષનાં ઘણાં ફળો કાળનો કોળિયો થઈ ગયાં છે, તોપણ તેમાંનાં જે કેટલાં ફળો હજી પણ બાકી રહી ગયાં છે, તેનાથી શિષ્યોની પરંપરા દ્વારા તે કલ્પવૃક્ષ આજે પણ લોકોને જિવાડી રહ્યું છે, એ પણ આજે ખરેખર સંતોષનો વિષય છે. જોકે વૈદિક સાહિત્યમાં આયુર્વેદના વિજ્ઞાનનો આઠ પ્રકારનો નિર્દેશ અને આઠ અંગોનાં નામનો ઉલ્લેખ પણ દેખાતો નથી, પરંતુ(ચરકસંહિતામાં) આત્રેયના લેખ ઉપરથી બ્રહ્માના વિજ્ઞાન સમયે હેતુજ્ઞાન, લિંગજ્ઞાન તથા ઔષધજ્ઞાન એમ ત્રણ સૂત્રરૂપે એ આયુર્વેદના વિજ્ઞાનની સ્થિતિ હતી, એમ જણાય છે; એમ વૈદિક જ્ઞાન તથા આયુર્વેદવિજ્ઞાન પૂર્વે ત્રણ સ્કંધરૂપે રહ્યું હતું, એમ સમજાય છે; (જુઓ ચરકસૂત્રસ્થાન—અધ્યાય ૧-૨૩, ૨૪—'हेतुलिङ्गौषधज्ञानं स्वस्थातुरपरायणम् । त्रिसूत्रं शाश्वतं ज्ञानं बुबुधेयं पितामहः ॥ सोऽनन्तपारं त्रिस्कन्धमायुर्वेदं महामतिः । यथावच्चिरात् सर्वं बुबुधे तन्मना मुनिः ॥—જેનાથી રોગના હેતુ-નિદાનો, લિંગ-લક્ષણો અને ઔષધોનું જ્ઞાન થાય છે, નીરોગી અને રોગી—બંનેને જે પરમ આશ્રય કરવા યોગ્ય છે; જેમાં હેતુ, દોષ તથા દ્રવ્યો—એ ત્રણેની સૂચના છે અને જે સનાતન, પવિત્ર તથા પુણ્યજનક છે, એવા જે આયુર્વેદને પિતામહ બ્રહ્મા જાણતા હતા; (તે જ આયુર્વેદનો ઇંદ્રે ભરદ્વાજ મુનિને સંપૂર્ણ ઉપદેશ કર્યો હતો; તે વેળા મહાબુદ્ધિમાન મુનિ ભરદ્વાજે, તેમાં એકાગ્રચિત્ત થઈ જેનો પાર નથી અને જેના ત્રણ સ્કંધો અથવા વિભાગો છે એવા તે સમગ્ર આયુર્વેદને થોડા જ સમયમાં જાણી લીધો હતો.) તોપણ વૈદિક આયુર્વેદના વિષયોના સંગ્રહમાં પ્રથમ દર્શાવેલી દિશાએ અશ્વિનીકુમારોના વર્ણનમાં તેમણે જાંઘો જોડી દીધી; ટુકડા કરેલા શરીરને સાંધી દેવું, દૃષ્ટિ અને કાન આપવા, કોઢ વગેરે રોગો મટાડવા, ચ્યવનઋષિને ચ્યવનપ્રાશ રસાયન દ્વારા યુવાન બનાવવા, પુત્રરહિત સ્ત્રીને

પુત્ર આપવા વગેરે આયુર્વેદીય ચિકિત્સાઓ દર્શાવી છે; તેમ જ ઇંદ્રને લગતા સ્તવનમાં પણ એ જ પ્રમાણે આયુર્વેદના વિષયોનું વર્ણન મળે છે. તે ઉપરથી અને ઋગ્વેદ, યજુર્વેદ, અથર્વવેદ અને તેઓને લગતી ઉપનિષદોમાં અનેક પ્રકારની આયુર્વેદીય ચિકિત્સાઓ જોવામાં આવે છે. અને ઔષધીવિદ્યા, ભૂતવિદ્યા તથા વિષ ઉતારવાની વિદ્યા પણ ત્યાં ત્યાં દેખાય છે, તે ઉપરથી શલ્ય, શાલાક્ય, કાયચિકિત્સા, અગદતંત્ર, ભૂતવિદ્યા તથા રસાયનપાદ આદિ આઠ પ્રકારનાં જ જુદાં જુદાં વિજ્ઞાનોના વિષયો અલગ અલગરૂપે પણ તે આયુર્વેદીય વિજ્ઞાનમાં પ્રવેશેલા હતા જ, એમ જણાય છે. વળી ભૂતવિદ્યાના આચાર્ય અથવા ઋષિ હતા અને મહાભારતમાં પણ અગદતંત્રના આચાર્ય કશ્યપ, કૌમારભૃત્ય–બાલચિકિત્સાના આચાર્ય કશ્યપ, શાલાક્યતંત્રના આચાર્યો ગાર્ગ્ય તથા ગાલવ વગેરે અને શલ્યતંત્રના આચાર્યો શૌનક વગેરે હતા, એમ એક એક આયુર્વેદીય તંત્રના જુદા જુદા આચાર્યો જણાવવામાં આવ્યા છે અને તે તે મહર્ષિઓ અતિશય પ્રાચીન કાળના જ હતા, એમ પણ જોવામાં આવે છે, તેથી પણ આયુર્વેદવિજ્ઞાનનાં આઠ પ્રકારનાં તંત્રોમાં વિભાગ પણ હતો જ, એ બાબત પ્રાચીન કાળથી જોવામાં આવી છે, એમ દર્શાવવામાં આવે છે. એ ઉપરથી એક પ્રસ્થાન અથવા આયુર્વેદતંત્રની વિશેષતાઓ અને ભેદો કેટલાક જુદા મહર્ષિઓની પ્રખ્યાતિમાં કારણરૂપે થયેલ છે અને તે ઉપરથી કેટલાક આયુર્વેદીય ગ્રંથોમાં તે તે પ્રસ્થાનો અથવા આયુર્વેદીય શાસ્ત્રનાં તે તે બધાં વિજ્ઞાનો સમૂહરૂપે પણ સ્થિતિ કરી રહેલાં હોય એમ પણ સંભવે છે. ઋગ્વેદની અપેક્ષાએ અથર્વવેદની સંહિતામાં ઔષધીચિકિત્સાને લગતા, ભૂતવિદ્યાને લગતા અને વિષપરિહારને લગતા આદિ વિષયોના વિકાસની અવસ્થા વધુ પ્રમાણમાં જોવામાં આવે છે, તે ઉપરથી તે તે વિષયોનો એક એક અંશ પણ કાલના ક્રમે જુદાં જુદાં વિજ્ઞાનોની સાથે પુષ્ટિ પામ્યા કરતો હતો, અને તેઓના ગ્રહણ–ધારણ કરવામાં સરળતા થાય, એ કારણે જુદાં જુદાં પ્રસ્થાન અથવા તે તે અલગ અલગ આયુર્વેદીય શાસ્ત્રના રૂપે વિભાગવાર પ્રતિષ્ઠાને પામેલા હોવા જોઈએ. આર્ષ સમયમાં આધ્યાત્મિક, આધિદૈવિક તથા આધિભૌતિક રૂપ ત્રણ પ્રકારનાં દુઃખોમાંથી એકએકનો પણ પરિહાર કરવા માટે અદૃષ્ટ દ્વારા થતા ઉપાયોની જેમ દૃષ્ટ–પ્રત્યક્ષ સ્વરૂપ ઉપાયોનો પણ અનુક્રમે વિકાસ થયેલો હોઈને અથર્વવેદમાં થયેલ તે વિકાસનો આશ્રય લઈ શારીરચિકિત્સાના વિષયમાં શસ્ત્રક્રિયાની મુખ્યતા સ્વીકારીને શલ્યતંત્ર ચાલુ થયું હતું. અનેક ઇંદ્રિયોમાં મુખ્ય ગણાતા મસ્તકનો સ્વીકાર કરી શાલાક્યતંત્ર ચાલુ થયું હતું. બળ તથા વીર્યની સંપૂર્ણ વૃદ્ધિની પ્રધાનતા સ્વીકારીને વાજીકરણતંત્ર ચાલુ થયું હતું; વયઃસ્થાપન આદિ મહાફલવાળા જુદા જુદા લાંબા પ્રયોગો ગ્રહણ કરી રસાયનતંત્ર ચાલુ થયેલ હતું. ઋતુઅવસ્થા, ગર્ભાવસ્થા, બાળપણ આદિ પ્રાથમિક અવસ્થાઓનો સંબંધ સ્વીકારી કૌમારભૃત્યચિકિત્સા ચાલુ થઈ હતી. એ સિવાય શારીર તથા માનસચિકિત્સાનો સ્વીકાર કરી કાયચિકિત્સા ચાલુ હતી; બહારના કારણે થતા આગંતુ વિકારોનું પ્રશમન કરવા માટે સર્પ, વૃશ્ચિક વગેરે પ્રાણી આદિના વિષસંબંધી ઉપદ્રવો સ્વીકારીને અગદતંત્ર ચાલુ થયું હતું. ભૂતડાં, ગ્રહો, સ્કન્દ આદિ દેવવર્ગના, ઉપદ્રવો સ્વીકારીને ભૂતવિદ્યા ચાલુ થઈ હતી; એમ ત્રણ પ્રકારનાં દુઃખોની જુદી જુદી શાખાઓનું અનુસંધાન રાખી તેના તેના પ્રતીકારની દૃષ્ટિએ આઠ પ્રસ્થાનો અથવા આયુર્વેદનાં આઠ અંગો વિભાગ પામેલાં જણાય છે. પૂર્વના આચાર્યોનું અનુસંધાન કરતાં બ્રહ્માનું તથા ઇંદ્રનું સર્વ પ્રસ્થાનોને લગતાં વિજ્ઞાનોના બ્યૂહમાં આચાર્યપણું મળે છે. મહાભારતના લેખ ઉપરથી જણાય છે કે ઇંદ્ર પાસેથી ભરદ્વાજે આયુર્વેદનો ઉપદેશ ગ્રહણ કર્યો હતો (અને તે ભરદ્વાજે મહર્ષિઓમાં તેનો પ્રચાર કર્યો હતો). હરિવંશના લખાણ ઉપરથી ભરદ્વાજ પાસેથી ધન્વન્તરિને આયુર્વેદનો ઉપદેશ મળ્યો હતો; જ્યારે સુશ્રુતના લખાણ ઉપરથી ધન્વંતરિને પણ ઇંદ્ર પાસેથી જ આયુર્વેદનો ઉપદેશ પ્રાપ્ત થયો હતો; અને તે ધન્વંતરિ જ સર્વ પ્રસ્થાનના અથવા આયુર્વેદશાસ્ત્રનાં જુદાં જુદાં વિજ્ઞાનોમાં સામૂહિક જ્ઞાનવાળા હતા, એમ જણાય છે. તેમાંના એક એક વિષયનો

વિકાસ થવાથી અનેક પ્રકારે ફેલાવો થતાં આજના સમયમાં એક એકના અંગની ચિકિત્સાના વિશેષજ્ઞો હોય છે તેમ તે તે જુદાં જુદાં અંગોમાં વિશેષ નિપુણતા મેળવવા માટે અને શિષ્યોને શીખવાનું તથા યાદ રાખવાનું સહેલું થાય તે માટે મહાભારતના લેખ અનુસાર ભરદ્વાજે અને હરિવંશનો+ લેખ જોતાં ધન્વંતરિએ આયુર્વેદના વિજ્ઞાનને આઠ પ્રસ્થાનો કે અંગોમાં વિભક્ત કરીને વિકસિત કર્યું હતું; અને પછી તે તે એક એક પ્રસ્થાન અથવા આયુર્વેદનાં અંગોનો જુદા જુદા શિષ્યોને ઉપદેશ કરી તે આઠે પ્રસ્થાનો કે અંગોનો પ્રચાર કર્યો હતો, એમ જણાતું હોવાથી તે ભરદ્વાજ અથવા ધન્વંતરિથી માંડીને આયુર્વેદનાં આઠ પ્રસ્થાનો કે અંગો લોકમાં અલગ અલગ પ્રવાહરૂપે વિકસેલાં જણાય છે. કાયચિકિત્સાશાસ્ત્રરૂપ આત્રેયસંહિતા–ચરક ગ્રંથમાં અને કૌમાર–ભૃત્ય–પ્રસ્થાન–બાલચિકિત્સાશાસ્ત્રરૂપ કાશ્યપસંહિતામાં પણ સાધારણ આચાર્યો–પ્રજાપતિ–દક્ષ તથા ઇંદ્રાદિની સાથે ધન્વંતરિનો હોમયોગ્ય દેવતા તરીકે નિર્દેશ કર્યો છે, તેમ જ જુદાં જુદાં અનેક આયુર્વેદીય પ્રસ્થાનો અથવા ગ્રંથોમાં 'ધાન્વંતર ઘૃત' આદિ ઔષધોનું ગ્રહણ પણ કર્યું છે, તે ઉપરથી ધન્વંતરિ જ આઠ અંગોના વિભાગ કરનાર આચાર્ય તરીકે જાહેર થાય છે. એમ કેવળ મૂલ ધન્વંતરિ જ આઠ અંગોવાળા આયુર્વેદના પ્રધાન આચાર્ય હતા એમ નથી; પરંતુ બીજા ધન્વંતરિ દિવોદાસ પણ આઠ અંગોવાળા આયુર્વેદના સંપ્રદાયને અથવા તેની પરંપરાને પામી ચૂકયા હતા, જેથી તેમણે 'अष्टसु अङ्गेषु कतमम् उपदिशामि'–આયુર્વેદનાં આઠ અંગોમાંથી કયા અંગનો હું તને ઉપદેશ કરું?' એવો સુશ્રુતને પ્રશ્ન કર્યો હતો; ત્યારે સુશ્રુતે शल्यं प्रधानीकृत्य उपदिशतु भवान्–શલ્યતંત્રને મુખ્ય ગણી તેનો આપ મને ઉપદેશ કરો' એવી પ્રાર્થના કરી હતી, તેથી 'शल्यप्रधानं विज्ञानं तस्मै उपदिदेश' એ દિવોદાસ–ધન્વંતરિએ શલ્યપ્રધાન વિજ્ઞાનનો ઉપદેશ કર્યો હતો. એવું લખાણ સુશ્રુતસંહિતામાં શરૂઆતના ભાગમાં જોવામાં આવે છે; તે પછી તે દિવોદાસ–ધન્વંતરિને સુશ્રુતે પોતે સ્વમુખે અષ્ટાંગવેત્તા આચાર્ય તરીકે દર્શાવ્યા છે તે ઉપરથી પણ તે દિવોદાસ–ધન્વંતરિ આઠે અંગોવાળી આયુર્વેદ વિદ્યાના આચાર્ય હતા, એમ સ્પષ્ટ થાય છે. (જુઓ–સુશ્રુત–ઉત્તરતંત્ર અધ્યાય ૬૩ માં–'अष्टाङ्गवेदविद्वांसं दिवोदासं महौजसम्॥ विश्वामित्रसुतः श्रीमान् सुश्रुतः परिपृच्छति॥–વિશ્વામિત્રના પુત્ર શ્રીમાન સુશ્રુતે અષ્ટાંગ–આયુર્વેદના વિદ્વાન મહાપ્રતાપી દિવોદાસ ધન્વંતરિને આવો પ્રશ્ન પૂછયો હતો. વળી અષ્ટાંગ આયુર્વેદના જ્ઞાતા ભરદ્વાજ પાસેથી અથવા ઇંદ્ર પાસેથી જેમણે આયુર્વેદનો ઉપદેશ મેળવ્યો હતો, એવા આત્રેય પુનર્વસુએ 'અગ્નિવેશ' આદિ પોતાના છ શિષ્યોને અલગ અલગ આયુર્વેદનાં અંગોનો ઉપદેશ કર્યો હતો. તેથી તેઓએ પણ પોતપોતાનાં અલગ અલગ આયુર્વેદતંત્રો રચ્યાં હતાં, એવો ઉલ્લેખ મળે છે; તેમ જ દિવોદાસ–ધન્વંતરિએ પણ શલ્યતંત્રને મુખ્ય ગણી સુશ્રુતને આયુર્વેદનો ઉપદેશ કર્યો હતો તે ઉપરથી એ સુશ્રુતે સુશ્રુતસંહિતા રચી હતી, એવો પણ ઉલ્લેખ મળતો હોવાથી તેમ જ એ બે સંહિતામાં કયાંક કયાંક જુદાં જુદાં પ્રસ્થાનોના વિષયો પણ જોકે મળે છે; પરંતુ તે તે બીજા વિષયો તો ઘણા જ ઓછા પ્રમાણમાં જોવામાં આવે છે, બાકી તો 'प्राधान्यतो व्यपदेशा भवन्ति।'–મુખ્ય વિષયને લગતા જ વ્યવહારો થઈ શકે છે' એ ન્યાય મુજબ ભરદ્વાજના અષ્ટાંગ સંપ્રદાયોમાં સૌ કરતાં વધુ પ્રમાણમાં આત્રેય પુનર્વસુનો સંપ્રદાય (ચરકસંહિતારૂપે) કાયચિકિત્સાની જ મુખ્યતા દર્શાવનારો છે; અને દિવોદાસ ધન્વંતરિના અષ્ટાંગ સંપ્રદાયોમાં સૌથી વધુ પ્રમાણ-

+ હરિવંશના ૨૯ મા અધ્યાયમાં આમ લખ્યું છે કે, 'तस्य गेहे समुत्पन्नो देवो धन्वन्तरिस्तदा'। काशिराजो महाराजः सर्वरोगप्रणाशनः॥ आयुर्वेदं भरद्वाजात् प्राप्येदं भिषजां क्रियाम्। तमष्टधा पुनर्व्यस्य शिष्येभ्यः प्रत्यपादयत्॥–તે વેળા તેના ઘેર દેવ ધન્વંતરિ જન્મ્યા હતા; તે મહારાજ કાશીના રાજા હતા અને સર્વ રોગોનો નાશ કરી શકતા હતા; તેમણે ભરદ્વાજ પાસેથી આયુર્વેદ તથા વૈદ્યોની ચિકિત્સાક્રિયા મેળવી હતી અને તે આયુર્વેદના આઠ વિભાગો કરી તેણે શિષ્યોને ભણાવ્યા હતા.

માં સુશ્રુતનો જ સંપ્રદાય (સુશ્રુતસંહિતારૂપે) શલ્યપ્રધાન તરીકે પ્રસિદ્ધ થયેલ છે; એમ તે સંપ્રદાયો પ્રાચીનકાળથી ચાલુ રહેલા છે; તેમ જ કૌમારભૃત્ય પ્રસ્થાનમાં–બાલચિકિત્સારૂપે જણાતો ત્રીજો સંપ્રદાય, આત્રેયથી પણ પૂર્વકાળમાં રહેલો હોઈને મારીચ કશ્યપનો તે ગણાય છે અને તે પણ હમણાં (કાશ્યપસંહિતારૂપે) મળે છે; એમ ત્રણ સંપ્રદાયો હાલમાં અગ્રસ્થાને વિદ્યમાન છે. જોકે ચરકસંહિતા અને સુશ્રુતસંહિતામાં થોડા પ્રમાણમાં કૌમારભૃત્ય–બાલચિકિત્સાનો વિષય સમાવેશ પામેલો જણાય છે; પરંતુ સ્વતંત્ર પ્રસ્થાન સ્વરૂપે કાશ્યપસંહિતા તંત્રના આકારમાં તો અલગ જ મળી આવે છે, તેથી અને સુશ્રુતના ઉત્તરતંત્રમાં સંક્ષિપ્તરૂપે સમાવિષ્ટ કરેલા શાલાક્ય આદિ બીજા વિષયોનો પણ ઉલ્લેખ મળે છે, તે ઉપરથી એ જ પ્રમાણે સર્વાંગપૂર્ણ સંહિતાઓ વગેરે અને તે તે સંહિતાઓના આચાર્યો પણ અનેક થયેલા હોવા જોઈએ, એવો પણ નિશ્ચય થઈ શકે છે. જોકે તે જુદાં જુદાં પ્રસ્થાનો કાળને વશ થઈ હમણાં વિલુપ્ત થયેલાં છે, એ વાત શોકજનક છે; પણ તે બાબત જુદી છે. પરંતુ મહાભારત,× હરિવંશ અને સુશ્રુત આદિમાં ઉલ્લેખ પામેલો જે અષ્ટાંગ વિભાગ છે, તે ખરેખર પ્રાચીન જ છે, એમાં શંકા નથી. એ રીતે કાયચિકિત્સામાં ભરદ્વાજનો સંપ્રદાય અને શલ્યપ્રસ્થાનમાં ધન્વંતરિનો સંપ્રદાય–એમ બે પ્રકારે વિભાગ પામેલા, તે જ બે સંપ્રદાયો આઠ પ્રકારે અથવા અષ્ટાંગના રૂપમાં ચાલુ થયા હોય, એવી કલ્પના કરીએ તેથી આત્મસંતોષ થાય તેમ નથી.

એ રીતે આર્ષ સમયમાં પણ અષ્ટાંગોમાંથી કાળના ક્રમથી એક એક વિભાગનો વિકાસ થયો હતો અને તે તે આચાર્યોએ તે તે એક એક વિભાગનું વિશેષરૂપે નિરૂપણ કર્યું હતું, જેથી તે તે વિભાગમાં તે તે આચાર્યો પ્રધાન આચાર્ય-પદને શોભાવી રહ્યા હતા. જેમ કે સુશ્રુતમાં[૧] કહ્યું છે કે, 'વિદેહનિમિ' આચાર્ય શાલાક્યતંત્રકાર તરીકે જાહેર હતા; સુશ્રુત,[૨] ઔપધેનવ, ઔરભ્ર અને પૌષ્કલાવત આદિ આચાર્યો શલ્યતંત્રકાર તરીકે પ્રસિદ્ધ થયા હતા અને શૌનક,[૩] કૃતવીર્ય, પારાશર્ય, માર્કંડેય, સુભૂતિ અને ગૌતમ નામના આચાર્યો પણ પૂર્વના તે તે તંત્રકાર તરીકે દર્શાવવામાં આવ્યા છે; તેમ જ ચરકસંહિતામાં[૪] અગ્નિવેશ, ભેડ આદિ છ આચાર્યોનો ચિકિત્સાતંત્રના આચાર્ય તરીકે નિર્દેશ કરવામાં આવેલ

× મહાભારત–સભાપર્વ ૧૧–૧૭માં લખે છે કે, 'આયુર્વેદસ્તથાઽષ્ટાઙ્ગો દેહવાંસ્તત્ર ભારત !–હે ભરતવંશી રાજા, ત્યાં અષ્ટાંગ આયુર્વેદ શરીરધારી પ્રત્યક્ષ હતો.'

૧ સુશ્રુતમાં ઉત્તરતંત્રના ૧૪ મા અધ્યાયમાં આમ કહ્યું છે: शालाक्यतन्त्राभिहिता विदेहाधिपकीर्तिताः–શાલાક્યતંત્રમાં જે કહ્યા છે, તે જ ઉપચારોને વિદેહાધિપતિ નિમિએ કહ્યા છે.

૨ સુશ્રુતમાં સૂત્રસ્થાનના ચોથા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'औपधेनवमौरभ्रं सौश्रुतं पौष्कलावताम्। शेषाणां शल्यतन्त्राणां नामान्येतानि निर्दिशेत् ॥–ઉપધેનુનું, ઉરભ્રનું, સુશ્રુતનું, પુષ્કલાવતનું તેમ જ બાકીનાં ઘણાં શલ્યતંત્રોનાં તે તે નામો બતાવી શકાય છે.

૩ વળી સુશ્રુતના શારીરસ્થાનના ત્રીજા અધ્યાયમાં 'शरीरनिर्मितिविषये शौनकमतोल्लेखः–શરીરની રચનાના વિષયમાં શૌનકના મતનો ઉલ્લેખ કર્યો છે.

૪ ચરકસંહિતાના સૂત્રસ્થાનના પહેલા અધ્યાયમાં આમ કહ્યું છે:

अग्निवेशश्च भेडश्च जतूकर्णः पराशरः ।
हारीतः क्षारपाणिश्च जगृहुस्तन्मुनेर्वचः ॥
तन्त्रस्य कर्ता प्रथममग्निवेशो यतोऽभवत् ।
अथ भेडादयश्चक्रुः स्वं स्वं तन्त्रं कृतानि च ॥

અગ્નિવેશ, ભેડ, જતૂકર્ણ, પરાશર, હારીત અને ક્ષારપાણિએ મુનિ આત્રેયનું તે આયુર્વેદને લગતું ઉપદેશવચન સ્વીકાર્યું હતું અને તે પછી તેમાંના અગ્નિવેશ, આયુર્વેદતંત્રના પ્રથમ કર્તા થયા હતા અને પછી ભેડ વગેરેએ પણ પોતપોતાનાં આયુર્વેદતંત્રો રચ્યાં હતાં અને તે રચેલાં પોતપોતાનાં તંત્રો ઋષિઓના સમુદાય સહિત ગુરુ–આચાર્યને સંભળાવ્યાં હતાં.

છે; અને કાંકાયન,× વાર્યોવિદ, હિરણ્યાક્ષ, કુશિક, મૈત્રેય, કુશ, સાંકૃત્યાયન, કુમારશિરસ્, ભરદ્વાજ ખડિશ, ધામાર્ગવ, મારીચિ, કાપ્ય તથા ધન્વંતરિ આદિ આચાર્યોના મતનો ઉલ્લેખ કર્યો છે; અને આંગિરસ્, જમદગ્નિ, કશ્યપ તથા કાશ્યપ આદિ ઘણાં નામો બતાવ્યાં છે; વળી આ વૃદ્ધજીવકીય તંત્ર કાશ્યપસંહિતામાં પણ સૂત્રસ્થાનના રોગાધ્યાયમાં, સિદ્ધિસ્થાન–રાજપુત્રીય અધ્યાયમાં વમન–વિરેચનીય અધ્યાયરૂપ તે તે ગ્રંથોમાં તે તે આચાર્યોના મતો બતાવતી વેળા ભાર્ગવ, વાર્યોવિદ, કાંકાયન, કૃષ્ણ-ભરદ્વાજ, દારુવાહ, હિરણ્યાક્ષ, વૈદેહ–નિમિ, ગાર્ગ્ય, માઠર, આત્રેય પુનર્વસુ, પારાશર્ય, ભેડ તથા કૌત્સ નામના જુદા જુદા આચાર્યોનો ઉલ્લેખ કરેલો મળે છે અને તે ઘણાય આયુર્વેદીય પૂર્વાચાર્યોનું સ્મરણ કરાવે છે.

એ આચાર્યોમાંના કેટલાક પરાશર, ભેડ, કાંકાયન, હારીત, ક્ષારપાણિ તથા જતુકર્ણ્ય આદિના તેમજ આશ્વિન, ભારદ્વાજ, ભોજ, ભાનુપુત્ર, કપિલબલ, ભાલુકિ, ખરનાદ તથા વિશ્વામિત્ર આદિ બીજા આચાર્યોનાં કેટલાંક વચનો પણ મધુકોશમાં તેમજ ચરક અને સુશ્રુતની વ્યાખ્યા આદિમાં તથા તાડપત્રમાં લખાયેલ પ્રાચીન 'જ્વરસમુચ્ચય' અને 'જ્વરચિકિત્સા' આદિ ગ્રંથોમાં પણ ઉતારેલાં મળે છે, તે ઉપરથી તે તે આચાર્યોના ગ્રંથોનું અસ્તિત્વ સ્પષ્ટ જણાય છે. વળી જે આચાર્યોનાં વચનો આજ દિવસ સુધીમાં ક્યાંય પણ ટાંકેલાં મળતાં નથી, તેઓનાં પણ નામો તે તે તંત્રના કર્તા તરીકે તે તે ગ્રંથોમાં સૂત્રકારરૂપે બતાવવામાં આવ્યાં છે અને તેઓના મતો પણ ગ્રહણ કરવામાં આવ્યા છે, તેથી તે તે આચાર્યોના ગ્રંથોનું અસ્તિત્વ પણ અનુમાનથી જણી શકાય છે÷ હેમાદ્રિના 'લક્ષણપ્રકાશ' નામના ગ્રંથમાં ટાંકેલ શાલિહોત્રે રચેલ અશ્વશાસ્ત્રમાં પણ અભિષેક માટેના મંત્રરૂપ શ્લોકોમાં આયુર્વેદના કર્તા તરીકે ઘણા ઋષિઓનાં નામો જણાવેલાં છે.

એ ઉપરથી સાબિત થાય છે કે દેવતાઈ યુગથી

× ચરકના સૂત્રસ્થાનના 'વાતકલાકલીય' નામના ૧૨ મા અધ્યાયમાં તેમ જ 'યજ્જઃપુરુષીય' નામના ૨૫મા અધ્યાયમાં અને 'આત્રેય–ભદ્રકાપ્યીય' નામના ૨૬ મા અધ્યાયમાં આ કાંકાયન વગેરેના મતો દર્શાવ્યા છે અને ચરકના સૂત્રસ્થાનના ઉપક્રમ–પ્રારંભના ગ્રંથમાં અંગિરા, જમદગ્નિ વગેરે ઘણા ઋષિઓનાં નામો બતાવ્યાં છે.

÷ હેમાદ્રિનો 'લક્ષણપ્રકાશ' નામનો ગ્રંથ વિક્રમ સંવત ૧૫૨૫ માં લખાયેલો છે; તેનું એક પ્રાચીન જીર્ણ પુસ્તક મારા સંગ્રહ–ભંડારમાં છે; તેમાં ગજપ્રકરણમાં જેમ પાલકાપ્ય આદિ આચાર્યોનાં વચનો મળે છે, તેમ અશ્વપ્રકરણમાં શાલિહોત્ર આચાર્યનાં પણ ઘણાં વચનો ટાંકેલાં છે; તેમાં આ પ્રમાણે શ્લોકો ઉતારેલા મળે છે : 'વસિષ્ઠો વામદેવશ્ચ ચ્યવનો ભારવિસ્તથા । વિશ્વામિત્રો જમદગ્નિર્ભારદ્વાજશ્ચ વીર્યવાન્ ॥ અસિતો દેવલશ્ચૈવ કૌશિકશ્ચ મહાવ્રતઃ । સાવર્ણિર્ગાલવશ્ચૈવ માર્કણ્ડેયસ્તુ વીર્યવાન્ ॥ ગૌતમશ્ચ... ભાગશ્ચ આગસ્ત્યઃ (?) કાશ્યપસ્તથા । આત્રેયઃ શાણ્ડિલશ્ચૈવ તથા નારદપર્વતૌ ॥ કાણ્વગો નહુષશ્ચૈવ શાલ્હિોત્રશ્ચ વીર્યવાન્ । અગ્નિવેશો માતલિશ્ચ જતુકર્ણઃ પરાશરઃ । હારીતઃ ક્ષારપાણિશ્ચ નિમિશ્ચ વદતાંવરઃ । અદાલ્કિશ્ચ ભગવાન્ શ્વેતકેતુર્ભૃગુસ્તથા । જનકશ્ચૈવ રાજર્ષિસ્તથૈવ હિ વિનમ્રજિત્ । વિશ્વેદેવાઃ સમરુતો ભગવાંશ્ચ બૃહસ્પતિઃ । ઇન્દ્રશ્ચ દેવરાજશ્ચ સર્વલોકચ્ચિકિત્સકાઃ । એતે ચાન્યે ચ બહવ ઋષયઃ સંશ્રિતવ્રતાઃ । આયુર્વેદસ્ય કર્તારઃ સુસ્નાતં તુ દિશન્તુ તે ॥–વસિષ્ઠ, વામદેવ, ચ્યવન, ભારવિ, વિશ્વામિત્ર, જમદગ્નિ, વીર્યવાન ભારદ્વાજ, અસિત, દેવલ, મહાવ્રતધારી કૌશિક, સાવર્ણિ, ગાલવ, વીર્યવાન માર્કંડેય, ગૌતમ, સુભાગ, આગસ્ત્ય, કાશ્યપ, આત્રેય, શાંડિલ્ય, નારદ, પર્વત, કાણ્વગ, નહુષ, વીર્યવાન શાલિહોત્ર, અગ્નિવેશ, માતલિ, જતૂકર્ણ, પરાશર, હારીત, ક્ષારપાણિ, વક્તાઓમાં શ્રેષ્ઠ નિમિ, ભગવાન બૌદ્ધાલિક, શ્વેતકેતુ, ભૃગુ, રાજર્ષિ જનક, વિનમ્રજિત, વિશ્વેદેવો, બધા વાયુઓ, ભગવાન બૃહસ્પતિ, દેવોનો રાજા ઇંદ્ર અને બીજા બધા લોકમાં વૈદ્યો છે અને તીક્ષ્ણ વ્રતધારી જે ઘણા ઋષિઓ આયુર્વેદના કર્તા થઈ ગયા છે, તેઓ બધાયે તમને ઉત્તમ પ્રકારનું સ્નાન અથવા આરોગ્ય અર્પણ કરો.'

માંડી અર્વાચીન સમય સુધીમાં દેવો તથા મહર્ષિ-ઓ વગેરે ઘણા આયુર્વેદીય આચાર્યો થઈ ગયા છે. અષ્ટાંગ આયુર્વેદનો એક એક વિભાગ પણ તે તે આચાર્યોએ રચેલી ગ્રંથરચના વડે અને તેઓના ઉપદેશ વડે વિસ્તૃત કરાયેલો છે; એમ તે સર્વનું જો સંકલન કરવામાં આવે તો આયુર્વેદનો એક મોટો ગ્રંથ બની શકે; પરંતુ અફસોસની વાત છે કે કાળના પ્રવાહમાં બીજા શાસ્ત્રોની પેઠે આયુર્વેદરૂપી સમુદ્રનાં ઘણાં અમૂલ્ય રત્નો લુપ્ત થઈ ગયાં છે. એ લુપ્ત થયેલા પ્રાચીન ગ્રંથો સંબંધે મારા અતિશય હિતેચ્છુ અને વિદ્વાનોમાં શ્રેષ્ઠ શ્રીયુત ગણનાથ સેન મહાશયે 'પ્રત્યક્ષશારીર' નામના પોતાના ગ્રંથની ભૂમિકામાં તથા ગિરીન્દ્રનાથ ઉપાધ્યાય વગેરે ભારતીય વિદ્વાનોએ હિસ્ટ્રી ઑફ હિંડિયન મેડિસિન તેમ જ પશ્ચિમના વિદ્વાનો-એ પણ ઘણું જણાવેલું જ છે, એથી અહીં તેનું પિષ્ટપેષણ કરવું યોગ્ય નથી.

આત્રેય તથા સુશ્રુતસંહિતા

લગભગ ઘણા ભાગે પ્રાચીન ગ્રંથરત્નોના વિલોપના કારણે આયુર્વેદરૂપ આ મહાસાગર જો કે વિષાદ અનુભવી રહ્યો છે, તોપણ તેના મહિમાનો નાશ ન કરવા માટે આત્રેયસંહિતા અને ધન્વંતરિસંહિતા એ બંને ચરકસંહિતા તથા સુશ્રુતસંહિતા એવાં બે નામે લાંબા કાળથી પ્રસિદ્ધ હોઈ ને આજે પણ મળી રહે છે. એ બંને સંહિતાઓ સમસ્ત આયુર્વેદના મસ્તકસ્થાને હોઈ તેનું ગૌરવ દર્શાવવા ઘણી પ્રસિદ્ધ છે; તેથી સૂર્યના તથા ચંદ્રના જુદા જુદા પ્રકાશની પેઠે તે બંને સંહિતાઓનો પરિચય કરવા માટે કોઈ બીજા પ્રકાશની જરૂર રહેતી નથી.

અષ્ટાંગહૃદયના કર્તા શ્રી વાગ્ભટના સમયમાં બીજા જુદા જુદા આચાર્યોની પણ આયુર્વેદીય સંહિતાઓ અવશ્ય હોવી જોઈએ, તોપણ એ અષ્ટાંગહૃદયના કર્તાએ પોતાના તે ગ્રંથના ઉત્તર-તંત્રના ૪૦ મા અધ્યાયમાં આમ લખ્યું છે :

'यदि चरकमधीते तद्ध्रुवं सुश्रुतादि-
प्रणिगदितगदानां नाममात्रेऽपि बाह्यः ॥
अथ चरकविहीनः प्रक्रियायामखिन्नः ॥
क्रिमिव खलु करोति व्याधितानां वराकः ॥

અર્થાત્ જે માણસ કેવળ ચરકનો જ અભ્યાસ કર્યા કરે તો સુશ્રુત આદિએ કહેલા રોગોનાં માત્ર નામોનું પણ જ્ઞાન થતું નથી એટલે કે સુશ્રુત આદિએ કહેલા અમુક અમુક રોગોનાં નામોને પણ તે જાણી શકતો નથી, તો તે રોગોની ચિકિત્સા તે કેવી રીતે કરી શકે? તેમ જ જે માણસે કેવળ સુશ્રુત આદિ ગ્રંથોનો જ અભ્યાસ કર્યો હોય પણ ચરકનો બિલકુલ અભ્યાસ જ ન કર્યો હોય તે બિચારો, રોગીઓની ચિકિત્સા કરવામાં બિલકુલ કંટાળ્યા સિવાય ખરેખર શું કરી શકે તેમ છે? એટલે કે ચરકનું અધ્યયન કર્યા વિના કોઈ પણ માણસ રોગીઓની બરાબર ચિકિત્સા કરવા કદી સમર્થ થઈ શકતો જ નથી. એમ કેવળ ચરકનું અધ્યયન કર્યું હોય તો સુશ્રુતે કહેલા અમુક રોગોનું નામ પણ અજાણ્યું જ રહે છે અને કેવળ-માત્ર સુશ્રુતનું જ અધ્યયન કરવામાં આવે તો ચરકે કહેલા રોગોના પ્રતીકાર-રૂપ વિશેષ ચિકિત્સાઓ માણસ કેવી રીતે કરી શકે? ન જ કરી શકે; એ કારણે ચરક અને સુશ્રુત એ બંનેના ગ્રંથો જરૂર અભ્યાસ કરવા યોગ્ય હોઈ ઉપાદેય છે; કેમ કે તે બેય ગ્રંથો આયુર્વેદના વિજ્ઞાનની ખાણરૂપ છે અને તેથી જ તે બેય ગ્રંથો અતિશય માનનીય દૃષ્ટિએ વર્ણવેલા હોવાથી મધ્યકાળે વાગ્ભટના સમયમાં પણ એ બન્ને ગ્રંથો સર્વ ગ્રંથોમાં શ્રેષ્ઠ તરીકે ગણાયા હતા. હજારો વર્ષની પહેલાંની લિપિ જેમાં મુખ્ય મળે છે તે 'જ્વરસમુચ્ચય' નામના પુસ્તકમાં પણ ચરકનાં તથા સુશ્રુતનાં વચનો ઘણા ભાગે લેવામાં આવ્યાં છે અને ચોથી શતાબ્દીમાં લખાયેલ 'નાવનીતક' નામના પુસ્તકમાં પણ ચરકે કહેલાં વચનો કહેવામાં આવ્યાં છે અને સુશ્રુતનો પણ નામોલ્લેખ છે. બાણભટ્ટે લખેલા શ્રીહર્ષના ચરિત્રમાં પણ 'પૌનર્વસવ' નામના વૈદ્યકુમારનો નિર્દેશ મળે છે, તે ઉપરથી જણાય છે કે તે બાણભટ્ટના કાળમાં પણ આત્રેય પુનર્વસુના (આયુર્વેદીય) સંપ્રદાયનો પ્રચાર હોવો જોઈએ. જ્યારથી આરંભી એ બન્ને-ચરક તથા સુશ્રુતની સંહિતાઓની ઉત્પત્તિ થઈ હશે, ત્યારથી માંડી તે બન્નેને લગતા જ આયુર્વેદીય વિચારોનું ગૌરવ

હોવું જોઈએ અને તેઓના જ ચડિયાતા ગુણોના મહિમાને લીધે એ ચરકની તથા સુશ્રુતની જ બે સંહિતાઓ લોકમાં પ્રચાર પામેલી હોવી જોઈએ, અને તેમનો જ એ સમય હોવાના કારણે ભારતદેશની બહાર પણ પોતાના પ્રકાશનો ફેલાવો તે સંહિતાઓ કરતી હતી એમ જણાય છે. આજના સમયમાં વૈદ્યવર્ગોના હૃદયમાં પણ એ બને સંહિતાઓ ખરેખર સર્વસ્વરૂપે રહેલી છે. સાતમી, આઠમી અને નવમી શતાબ્દીઓમાં પણ જ્યારે અરબ તથા પારસિક (પર્શિયા) દેશ પ્રગતિના માર્ગે હતા, ત્યારે ચરક તથા સુશ્રુત સંહિતાઓના અરબી ભાષામાં તથા પારસિક દેશની ભાષામાં અનુવાદો પણ કરાયા હતા; તેમાંની અરબી ભાષામાં ચરકને 'સરક' નામે અને સુશ્રુત 'સસ્રદ' એવા નામે પ્રસિદ્ધ છે. 'અબૂસીના', 'અબૂરસી' તથા 'અબૂસીરાવિ' નામ-આરબ દેશના વૈદક ગ્રંથો હાલમાં જે 'લેટિન' ભાષામાં અનુવાદ થયેલા મળે છે, તેઓમાં પણ ચરકનું નામ વારંવાર આવે છે. 'આલબેરુની' નામનો એક યાત્રાળુ જે સર્વત્ર પર્યટન કરતો હતો તેના પુસ્તકાલયમાં પણ ચરકનો અનુવાદ હતો, એમ પણ તેના અંગ્રેજી ભાષામાં થયેલા અનુવાદમાં મળી આવે છે. 'અલમનસૂર' નામના એક પાશ્ચાત્ય માણસે પણ (ઈસવી સન ૭૫૩–૭૭૪ માં) ઘણા આયુર્વેદીય ગ્રંથોનો, ચરકના સર્પચિકિત્સાપ્રકરણનો તેમજ સુશ્રુતનો પણ અનુવાદ પણ (અંગ્રેજીમાં) કરાવ્યો હતો. અને તેનો 'રજસ્' નામે થઈ ગયેલો વૈદ્ય પણ ચરક ગ્રંથને ઘણું જ માન આપતો હતો. 'સિરસીન' નામના એક પાશ્ચાત્ય વિદ્વાનના પૂર્વજો પણ ભારતીય આયુર્વેદને તેમજ ચરક તથા સુશ્રુતને પણ જાણતા હતા, એમ પણ ('કિતાબે અલફેરિસ્ત–ઍંટિકિવિટી ઑફ હિંદુ મેડિસિન'માં) પુરાતની ઇતિહાસના એક લેખકે વર્ણન કર્યું છે. અશોક રાજાના પૌત્રના સમયમાં બૌદ્ધ ધર્મની સાથે ભારતીય આયુર્વેદ સિંહલદ્વીપમાં પણ પ્રવેશ્યો હતો; તેમજ (આપણો આ) ભારતીય આયુર્વેદ વિશેષરૂપે જાહેર થઈ અનેક ટીકાઓની સાથે વાગ્ભટના તિબ્બત પ્રદેશમાં પણ પોતાનો પ્રભાવ ફેલાવીને તે પછી મંગોલ પ્રદેશ સુધી પણ પ્રચાર પામ્યો હતો. વાગ્ભટની અનેક ટીકાઓ જોકે હમણાં ભારતદેશમાં લુપ્ત થઈ ગઈ છે, તોપણ તિબ્બત પ્રદેશમાં આજે પણ તે ટીકાઓનો અનુવાદ થઈ ગયેલો મળે છે.

ભેડસંહિતા

આજે ભેડસંહિતા નામનો ગ્રંથ લગભગ વધુ પ્રમાણમાં પદ્યમાં સંક્ષિપ્તમાં પણ એક સંહિતા-રૂપે કલકત્તાથી પ્રસિદ્ધ થયો છે; તેમાં પણ આર્ષ છાયાને અનુસરતી રચના જોવામાં આવે છે, તેથી એ ભેડસંહિતા પણ પ્રાચીન આર્ષ સંહિતા તરીકે જણાય છે, પરંતુ ઉપક્રમ–આરંભ તથા ઉપસંહારના ભાગની વચ્ચે વચ્ચે લગભગ ઘણા ભાગે તે ત્રુટક અને અધૂરાં અંગવાળી છે, પુષ્કળ અશુદ્ધિવાળી દેખાય છે. એક હજાર વર્ષ પૂર્વે લખાયેલ 'જ્વરસમુચ્ચય'નું એક પુસ્તક તાડપત્રમાં હસ્તલિખિત મળેલું છે, જેમાં આશ્વિન, ભરદ્વાજ આદિની સાથે ભેડનાં પણ કેવળ જ્વરપ્રકરણને લગતાં ઘણાં વચનો ટાંકેલાં જોવામાં આવે છે; તેઓમાં ફક્ત બે કે ત્રણ જ શ્લોકો હાલમાં પ્રસિદ્ધ થયેલી ભેડસંહિતામાં મળતા દેખાય છે; પણ તેમાં ટાંકેલા બીજા શ્લોકો તેમાં મળતા નથી. જ્વરસમુચ્ચયે ટાંકેલા તેટલા જ શ્લોકો આ પ્રાચીન છપાયેલી ભેડસંહિતામાં મળે છે, તે ઉપરથી ભેડસંહિતા પ્રાચીન નથી, એમ કહી શકાય તેમ નથી; પરંતુ એક જ્વરપ્રકરણમાં બીજા પણ શ્લોકો ટાંકેલા દેખાય છે, એ જ પ્રમાણે 'તંત્રસાર' નામે બીજા એક સંગ્રહગ્રંથમાં ભેડના નામથી ટાંકેલા શ્લોકો પણ આજે મળતી ભેડસંહિતામાં લગભગ જોવામાં આવતા નથી. આ વૃદ્ધજીવકીય–કાશ્યપસંહિતામાં બસ્તિ-કર્મનો સમય બતાવતા પ્રસંગે સિદ્ધિસ્થાનના પહેલા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'ષડ્વર્ષપ્રભૃતીનાં તુ ભેડઃ'–ભેડ આચાર્ય કહે છે કે, 'છ વર્ષથી માંડીને હરકોઈ માણસને બસ્તિ આપી શકાય છે,' એમ હરકોઈ માણસને જન્મથી જ વર્ષ-વીતી જાય તે પછી જ બસ્તિકર્મની યોગ્યતાનો ભેડના મતે ઉલ્લેખ કરવામાં આવેલ છે; જ્યારે હાલમાં મળતી ભેડસંહિતામાં તો 'બાલાનામથ વૃદ્ધાનાં યુવમધ્યમયોસ્તથા। સ્વસ્થાનામાતુરાણાં ચ

बस्तिकर्म प्रशस्यते'–બાળક અથવા વૃદ્ધ અને યુવાન કે મધ્યમ વયના માણસો સ્વસ્થ હોય કે રોગી હોય તેયે તેઓને બસ્તિકર્મનો ઉપચાર કરાય તે ઉત્તમ ગણાય છે.' એમ કહીને બસ્તિકર્મના પ્રયોગનો ઉલ્લેખ સર્વસાધારણ તરીકે–હરકોઈ માટે કરવા જણાવેલ છે, એમ તે વાત ભેડના જ પૂર્વનિર્દિષ્ટ મતને મળતી આવતી નથી; એ રીતે ત્યાં ત્યાં મળતાં ઘણાં વચનો આજકાલ મળતી ભેડસંહિતામાં મળતાં નથી. એ કારણે તે ભેડ-સંહિતા ઘણા અવયવોમાં ખાસ કરી ખંડિત હોઈને સંશયને ઉપજાવતી જણાય છે. વાગ્ભટે પણ એ જ પ્રમાણે ત્રુટક અંગો મળતાં હોવાથી ચરક અને સુશ્રુત સંહિતામાં જેમ વિષયોનું નિરૂપણ સ્પષ્ટ મળે છે, તેમ અતિ સ્પષ્ટ વિષય-નિરૂપણ ન હોવાના કારણે ભેડની બાબતમાં આવો કટાક્ષ કરેલો દેખાય છે: 'ऋषिप्रणीते भक्तिश्चेन्मुक्त्वा चरकसुश्रुतौ । भेडाद्याः किं न पठ्यन्ते तस्माद् ग्राह्यं सुभाषितम्'–ઋષિઓએ રચેલા ગ્રંથો ઉપર જો પ્રીતિ હોય તો ચરક અને સુશ્રુતના બન્ને ગ્રંથોનો ત્યાગ કરી, વૈદ્યો ભેડ વગેરે ઋષિઓના રચેલા ગ્રંથોનો કેમ અભ્યાસ કરતા નથી? (એટલે કે લોકો ભેડ વગેરેના ગ્રંથો ભણતા નથી, પણ ચરક તથા સુશ્રુતના જ ગ્રંથોનો અભ્યાસ કરે છે; તેથી નક્કી થાય છે કે) જ્યાં સુભાષિત અથવા ઉત્તમ ગ્રંથરચના હોય તેનો જ સ્વીકાર કરવો જોઈએ. એ કારણે ચરક તથા સુશ્રુતના જેવી ગ્રંથની રચના બીજી એક પણ નથી, તેથી જ લોકો ભેડ વગેરે ઋષિઓની સંહિતાઓનો ખાસ અભ્યાસ કરતા નથી.

હારીતસંહિતા

એવા જ પ્રકારની હારીતસંહિતા પણ બસો કે ત્રણસો વર્ષ પૂર્વે લખાયેલી હમણાં છપાયેલી મળે છે, પણ એ પ્રાચીન આર્ષ લેખની છાયા વગરની હોઈ લગભગ સાધારણ સંગ્રહરૂપ જ જોવામાં આવે છે, તેથી એ હારીતસંહિતા પ્રાચીન નથી અને આર્ષ પણ માની શકાય તેમ નથી પ્રાચીન જ્વરસમુચ્ચય ગ્રંથમાં હારીતસંહિતાના નામે ઘણા શ્લોકોનાં વચનો ઉતારવામાં આવેલાં દેખાય છે અને તે સિવાય-ના બીજા ગ્રંથોમાં પણ ત્યાં ત્યાં હારીતસંહિતાનાં વચનો જોવામાં આવે છે; પરંતુ એ વચનો હાલમાં મળતી હારીતસંહિતામાં મળતાં નથી, એ પણ વિસંવાદ છે. એટલે કે હારીતસંહિતાનાં તે વચનો નહિ હોય કે શું એવો વિરુદ્ધ મત જણાવે છે: પરંતુ એ હારીતસંહિતાનાં વચનો, હાલ મળતી હારીતસંહિતાથી જુદી પ્રાચીન હારીતસંહિતા હોવી જોઈએ, એવું અનુમાન જ કરાવે છે; અને એ પ્રાચીન હારીતસંહિતાના ગ્રંથનો લોપ થયો છે, એવું અનુસંધાન કરી તે હારીતસંહિતાના નામનો પણ વિલોપ ન થાય તે માટે કોઈ વિદ્વાને હારીતના નામથી આ બીજી જ હારીતસંહિતાનો ગ્રંથ રચીને પોતાની સજ્જનતા પ્રકટ કરી હોય એમ જણાય છે.

નવી મળેલી આ કાશ્યપસંહિતા

ચરકસંહિતા અને સુશ્રુતસંહિતા લાંબા કાળથી પ્રસિદ્ધ છે અને તે પછી થોડા જ સમયમાં ભેડસંહિતા પણ મળી આવી છે અને તે પછી ચોથી આ કાશ્યપસંહિતા જે મળી આવી છે, તે પણ પ્રાચીન આર્ષ લેખની પ્રક્રિયાને લીધે અને વિષયોની ગંભીરતાના કારણે પણ સારપૂર્ણ છે, તેથી આ કાશ્યપસંહિતા પણ આત્રેયની ચરક-સંહિતા અને સુશ્રુતસંહિતાની સમાન કક્ષાએ રચનાનો અનુભવ કરાવી રહી છે અને કૌમારભૃત્ય બાલ-ચિકિત્સાના પ્રસ્થાનથી યુક્ત હોઈને તે કાશ્યપસંહિતા પ્રાચીન છે અને વૃદ્ધજીવકના તંત્ર-રૂપે પરિણામ પામેલી છે; પરંતુ પ્રતિકૂલ દૈવના કારણે ઘણા કાળથી વિલોપ પામીને, સૌભાગ્યથી અમુક કોઈક સ્થળે દબાઈ રહેલી તેની જીર્ણશીર્ણ એક પ્રાચીન પ્રત તાડપત્રના પુસ્તકરૂપે મળી આવી છે અને માત્ર જોવામાં પ્રાણ જ બાકી રહ્યા હોય તેમ છિન્નભિન્ન અધૂરા શરીરે પોતાના સ્વરૂપને હાલમાં પ્રકટ કરે છે. જો કે તેના અમુક અવયવોનો ભાગ કાળ ગ્રાસ કરી ગયો છે, તોપણ અમુક અંશે બાકી રહેલા પોતાના અવયવોથી તે કાશ્યપસંહિતા પોતાના ગાંભીર્ય અને ગૌરવને દર્શાવી રહી છે અને લાંબા કાળે પોતાના નામથી પણ વિલોપ પામેલી તે પુરાણી આર્ષ સંહિતા હાલમાં જે મળી છે, તે પણ વિદ્વાનો માટે સંતોષનો વિષય છે.

પહેલાં કોઈ વખતે શ્રીયુત વિદ્વદ્વર મહામહોપાધ્યાય હરપ્રસાદ શાસ્ત્રી નેપાલદેશમાં ગયા હતા; તે વેળા તેમણે જણાવ્યું હતું કે, નેપાલદેશમાં મેં ૩૮ પાનાંની પ્રાચીન કાશ્યપસંહિતા મેળવી હતી; તે સંહિતા કશ્યપ અને ભાર્ગવના સંવાદરૂપ છે અને વૈદ્યક વિષયોથી યુક્ત હોવા છતાં અપૂર્ણ છે; જેમાં પ્રથમ ભૈષજ્યોપક્રમણીય છે અને તેમાં આઠમા પાનથી જ્વરનિદાન જણાવેલ છે. વળી તેમાં ચરક, સુશ્રુત, કશ્યપ, આશ્વિન, આત્રેય, ભેડ, પરાશર, હારીત અને જતૂકર્ણ આદિનાં વચનો પણ ટાંકેલાં છે; જો કે તેમાં 'ભૈષજ્યોપક્રમણીય' નામનો અધ્યાય છે, પરંતુ તે અધ્યાયમાં કોઈ પણ ઔષધના વિષયનો ઉલ્લેખ જ નથી,' એવું વિવરણ કરીને તેમણે કાશ્યપસંહિતાની પ્રાપ્તિનું વૃત્તાંત પણ ૨૫ પાનમાં પ્રકાશિત કર્યું છે અને તે વિવરણનો 'જૂલિયસ જૉલી' નામના એક પાશ્ચાત્ય વિદ્વાને મેડિસિન નામના પુસ્તકમાં ઉલ્લેખ પણ કરેલો જોવામાં આવે છે; તેમના એ જ્વરવિવરણને અનુસરતું પુસ્તક નેપાલના સરકારી પુસ્તકાલયમાં તેમણે જ રચીને પ્રકાશિત કરેલા તેમના પુસ્તકોના સૂચિપત્રમાં પણ જોવામાં આવતું નથી; વળી બહારના બીજા પ્રદેશોમાં પણ કાળજીથી તપાસ કરવામાં આવી હતી, છતાં તેવું કાશ્યપસંહિતાનું પુસ્તક મેળવી શકાયું ન હતું; પરંતુ જ્વરનિદાન આદિના વિષયમાં અનેક પ્રકારનાં આર્ષ વચનોના સંગ્રહરૂપ પ્રાચીન તાડપત્ર પર લખાયેલો 'જ્વરસમુચ્ચય' નામનો એક વૈદક ગ્રંથ નેપાલમાં બીજા સ્થાને પણ મળી આવે છે, અને તે અમારી પાસે પણ છે; જે ગ્રંથમાં જ્વરના વિષયમાં ઘણા પ્રકારનાં કાશ્યપનાં વચનોનો અને તેમણે કહેલાં વિવરણના અનુસારે ચરકનાં, સુશ્રુતનાં, કશ્યપનાં, આશ્વિનનાં તથા ભેડ આદિનાં વચનોનો પણ સંગ્રહ કરેલો જોવામાં આવે છે; તેમાંનાં કાશ્યપનાં વચનનો ઉપન્યાસ કરતી વેળા 'શૃણુ ભાર્ગવ તત્ત્વાર્થ સંનિપાતવિશેષણમ્–હે ભાર્ગવ! તાત્ત્વિક અર્થથી યુક્ત સંનિપાતનું વિશેષણ તમે સાંભળો' એમ કાશ્યપસંહિતાના સમગ્ર ભાગરૂપે મળતો ઉલ્લેખ ત્યાં જોવામાં આવે છે, તેથી તે અંશમાં ભાર્ગવ અને કશ્યપના સંવાદરૂપે તે ગ્રંથ છે, એમ પણ જાણી શકાય છે; તેના વિવરણમાં પ્રથમ 'ભૈષજ્યોપક્રમણીય'નો ઉલ્લેખ છે અને જ્વરસમુચ્ચયમાં તેવો ઉલ્લેખ નથી, એ કારણે કાશ્યપસંહિતાના ખિલ (ત્રુટક) ભાગમાં ત્રીજા અધ્યાયને 'ભૈષજ્યોપક્રમણીય' એ નામે આઠ પાનાં સુધી 'ખિલભાગની કાશ્યપસંહિતા'નો 'ભૈષજ્યોપક્રમણીય' નામનો અધ્યાય' પણ તેમાં ખરેખર મિશ્ર થઈ ગયો હોય એમ જણાય છે. આ કાશ્યપસંહિતા જે પ્રકટ કરવામાં આવે છે, તેમાં ચરક, સુશ્રુત આદિનાં વચનો ટાંકવામાં આવ્યાં નથી અને ઘણી જૂની આ કાશ્યપસંહિતામાં તેનાથી પાછળ થયેલા ચરક તથા સુશ્રુત આદિ આચાર્યોનાં વાક્યોનો ઉતારો પણ ન જ હોવો જોઈએ; આમાં કેવળ જ્વરપ્રકરણ જ નથી; ઔષધોનો ઉપદેશ પણ નથી એમ પણ નથી; તેથી જોવામાં આવેલો આ ગ્રંથ સર્વાંશપણે કાશ્યપસંહિતા હોવો ન જોઈએ; પરંતુ આના ભૈષજ્યઉપક્રમણીય અધ્યાયનાં કેટલાંક પાનાંમાં મળેલો અને તેમણે કહેલા વિવરણને મળતો એ જ્વરસમુચ્ચય નામનો ગ્રંથ હોવો જોઈએ અથવા એવા જ પ્રકારનો પ્રાચીન સંગ્રહરૂપ એક જુદો જ ગ્રંથ હોવો જોઈએ, એમ સંભવી શકે

તાડપત્રનું એ પુસ્તક જે મળી આવેલ છે, તેનું કદ ૨૧½×૨½ છે; તેના દરેક પૃષ્ઠમાં ૬ પંક્તિઓ છે; તેનો સર્વથી પહેલો પત્રાંક ૨૯ મો છે અને છેલ્લો ૨૬૪ મો છે; વચ્ચે વચ્ચે પણ લગભગ ઘણાં પાન નાશ પામ્યાં છે. મળી આવેલ એ પુસ્તકનાં આદિમાં, અંતમાં અને વચ્ચે વચ્ચે ખંડિતપણે બાકી રહેલાં પાન મેળવવા માટે ઘણો પ્રયત્ન કરવામાં આવ્યો છે, પરંતુ લુપ્ત થયેલાં તે પત્રો અને જુદાં જુદાં પ્રતીકો મળી શક્યાં નથી, તેથી એટલાથી જ સંતોષ મેળવવાનો હતો. લુપ્ત થયેલાં તે પત્રોને શરૂઆતનાં છાપેલાં પાનની ફૂટનોટમાં બતાવવામાં આવ્યાં છે. ગ્રંથની પર્યાલોચના કરતાં શરૂઆતના દશબાર અધ્યાયો ત્રુટક જણાયા છે અને અંતે પણ અપૂર્ણ ભાગના ૮૦ અધ્યાયોમાં ૨૬ અધ્યાયો સુધી જ મળી આવેલ છે, તે પછીનો પાછલો ભાગ પણ ત્રુટક જ છે; જે પાન વિદ્યમાન છે, તેઓમાં પણ લગભગ ઘણાં પાન અમુક અંશે ટુકડા થઈ ગયાં છે જેથી

ત્યાં ત્યા વિલુપ્ત થયેલી પંક્તિઓ, શબ્દો અને અક્ષરો વગેરેને બિંદુમાલા વડે (ટપકાંઓ) છાપીને સૂચિત કરેલ છે. એ પુસ્તકની લિપિ પ્રાચીન છે; તેમાં પણ ઘણા ભાગોમાં લિપિઓ જોકે એક જાતની છે, તોપણ લેખમાં ભેદ દેખાતો હોવાથી બે લેખકોએ એક જ સમયે ખંડિત ખંડિત લખીને એ મૂળ પુસ્તકને સમાપ્ત કર્યું હોય એમ જણાય છે. ઉપક્રમ–આરંભના તથા ઉપસંહારના બન્ને ભાગોનો વિલોપ થયો હોવાથી તે દ્વારા જાણવા યોગ્ય વિશેષો લગારે જાણી શકાયા નથી; તેમજ સમાપ્તિનો ભાગ મળેલો ન હોવાથી તે દ્વારા જાણી શકાય એવો લેખનો સમય પણ મળી શકતો નથી; પરંતુ એ પુસ્તકની લિપિની આકૃતિનું, અક્ષરો દ્વારા બતાવેલા પત્રના અંકોનું, કોઇ કોઈ અધ્યાયના શ્લોકોનો, અંકોનું અને તાડપત્રની લંબાઈ તથા વિસ્તારનું વિચારપૂર્વકનું નિરીક્ષણ કરવાથી અનુમાન કરી શકાય કે, આ પુસ્તકનો લેખ સાતસો કે આઠસો વર્ષ પૂર્વનો હોવો જોઈએ; પરંતુ એ આદર્શ પુસ્તકમાં રહેલા અક્ષરોનો નાશ થયો હોવાથી કોઈક સ્થળે ખરેખર અક્ષર વિના પણ બાકી રાખેલું સ્થળ દેખાતું હોવાથી એ સંબંધી આદર્શ મૂળ પુસ્તક પણ આવું જરા-જીર્ણ હોઈ પ્રાચીન હોય એમ માની શકાય છે; એ પુસ્તકની આકૃતિનું બરાબર જ્ઞાન થાય તે માટે બે પત્રની પ્રતિચ્છાયા પણ એ પુસ્તકમાં દાખલ કરી છે.

કશ્યપ સંબંધે વિચાર

પ્રાચીન આચાર્યોના વૈદ્યક ગ્રંથોમાં સુશ્રુત-સંહિતા, ચરકસંહિતા અને નવી મળી આવેલી આ કાશ્યપસંહિતા એમ આ મહાપૂજનીય ત્રણ ગ્રંથો હમણાં આપણી સમક્ષ અસ્તિત્વ ધરાવે છે; તેમાં સુશ્રુતસંહિતામા ધન્વંતરિ અને ચરકસંહિતા-માં પુનર્વસુ આત્રેય જે પ્રમાણે મૂળ ઉપદેશકો જણાય છે, તેમ આ કાશ્યપસંહિતામાં મૂળ ઉપ-દેશક કશ્યપ છે, એમ જાણી શકાય છે.

એ કશ્યપ આચાર્ય કોણ હતા? એવી જિજ્ઞાસા થતાં આ કાશ્યપસંહિતાના ઉપક્રમ તથા ઉપ-સંહાર ભાગ ખંડિત હોવાને લીધે તે દ્વારા વિશેષ જણવાયોગ્ય જણવામાં આવતું નથી, તોપણ એ કશ્યપનો પરિચય કરવા માટે આ જ કાશ્યપસંહિ-તાના કલ્પાધ્યાયમાં આવો ઉલ્લેખ કરેલ જોવામાં આવે છે :

दक्षयज्ञे वधत्रासाद्देवर्षीणां पलायताम् ।
रोगाः सर्वे समुत्पन्नाः संतापाद्देहचेतसोः ॥
प्रागुत्पत्तिस्तथाऽन्येषां रोगाणां परिकीर्तिता ।
कृतत्रेतान्तरत्वेन प्रादुर्भूता यथा नृणाम् ॥
ततो हितार्थं लोकानां कश्यपेन महर्षिणा ।
पितामहनियोगाच्च दृष्ट्वा च ज्ञानचक्षुषा ॥
तपसा निर्मितं तन्त्रमृषयः प्रतिपेदिरे ।
जीवको निर्गततमा ऋचीकतनयः शुचिः ।
जगृहेऽग्र महातन्त्रं संचिक्षेप पुनः स तत् ॥
नाभ्यनन्दन्त तत् सर्वे मुनयो बालभाषितम् ।
ततः समक्षं सर्वेषामृषीणां जीवकः शुचिः ॥
गंगाह्रदे कनखले निमग्नः पञ्चवार्षिकः ।
वलीपलितविध्वस्त उन्ममज्ज मुहूर्तकात् ॥
ततस्तद्भुतं दृष्ट्वा मुनयो विस्मयं गताः ।
वृद्धजीवक इत्येव नाम चक्रुः शिशोरपि ॥
प्रत्यगृह्णन्त तन्त्रं च भिषक्श्रेष्ठं च चक्रिरे ॥
ततः कलियुगे तन्त्रं नष्टमेतद् यदृच्छया ।
अनायासेन यक्षेण धारितं लोकभूतये ॥
वृद्धजीवकवंश्येन ततो वात्स्येन धीमता ।
अनायासं प्रसाद्याथ लब्धं तन्त्रमिदं महत् ॥
ऋग्यजुःसामवेदांस्त्रीनधीत्याङ्गानि सर्वशः ।
शिवकश्यपयक्षांश्च प्रसाद्य तपसा धिया ॥
संस्कृतं तत् पुनस्तन्त्रं वृद्धजीवकनिर्मितम् ।
धर्मकीर्तिसुखार्थाय प्रजानामभिवृद्धये ॥
स्थानेष्वष्टसु शाखायां यद् यत्रोक्त प्रयोजनम् ।
तत्तद्भूयः प्रवक्ष्यामि खिलेषु निखिलेन ते ॥

જે કાળે દક્ષના યજ્ઞમા શંકરનો ગણ વીરભદ્ર ક્રોધાયમાન થઈ બધાને મારવા માંડ્યો હતો, તે વખતે એના ત્રાસથી દેવર્ષિઓ નાસભાગ કરવા લાગ્યા હતા, તે વેળા તેમનાં શરીર અને મન સંતાપ પામ્યાં હતાં, તે કારણે બધા રોગો ઉત્પન્ન થયા હતા; તેમજ બીજા પણ રોગોની તે વેળા ઉત્પત્તિ થઈ હતી, એમ કહેવામાં આવ્યું છે. સત્યયુગ, ત્રેતાયુગના અંતરે એમ જ્યારે રોગો પ્રકટ થયા હતા ત્યારે લોકોના હિત માટે મહર્ષિ

કશ્યપે બ્રહ્માની પ્રેરણાથી જ્ઞાનચક્ષુથી જોઈ તે પોતાના તપના બળથી આયુર્વેદતંત્ર રચ્યું હતું અને બધા ઋષિઓએ એ તંત્રનો સ્વીકાર કર્યો હતો; તેમાં ઋચીકના પવિત્ર પુત્ર જીવકે જ્ઞાની હોઈ ને કશ્યપે રચેલા એ મહાતંત્રનો સ્વીકાર કર્યો હતો અને પછી તે જીવકે એ મોટા તંત્રને ખૂબ મોટું હોવાથી ટૂંકાવ્યું હતું; પરંતુ બધા મુનિઓએ તે બાળકે ટૂંકાવેલા એ આયુર્વેદતંત્રને આવકાર્યું ન હતું, તેથી પાંચ વર્ષની ઉંમરના એ પવિત્ર જીવકે, એ બધા ઋષિઓના દેખતાં 'કનખલ' નામના (તીર્થમાં આવેલ) ગંગાના ધરામાં ડુબકી મારી હતી. અને એક મૂહૂર્ત જેટલા (બે ઘડીના) સમય પછી તે જ જીવક વળિયાં ને પળિયાંથી ખૂબ ઘેરાઈ જઈ અતિશય વૃદ્ધ સ્વરૂપે તે ધરામાંથી બહાર નીકળ્યો હતો; એમ વૃદ્ધ સ્વરૂપે બહાર નીકળેલા તે જીવકને જોઈ બધા મુનિઓ વિસ્મય પામ્યા હતા અને તે બાળવયનો હતો છતાં તેઓએ તે વેળા એ જીવકનું 'વૃદ્ધજીવક' એવું નામ જાહેર કર્યું હતું તેમ જ એ જીવકે ટૂંકાવેલા આયુર્વેદતંત્રનો સ્વીકાર કરીને તેને શ્રેષ્ઠ વૈદ્ય તરીકે જાહેર કર્યો હતો. તે પછી કલિયુગમાં એ વૃદ્ધજીવકનું તંત્ર દૈવયોગે નાશ પામ્યુ હતું, પરંતુ 'અનાયાસ' નામના એક યક્ષે લોકોની આબાદી માટે તે વૃદ્ધજીવકના તંત્રને ધારણ (યાદ) કરી રાખ્યું હતું; તે પછી એ વૃદ્ધજીવકના વંશજ બુદ્ધિમાન વાત્સ્ય નામના પુરુષે, તે 'અનાયાસ' યક્ષને પ્રસન્ન કરી એ મહાન તંત્રને મેળવ્યું હતું; પછી તે વાત્સ્યે ઋગ્વેદ, યજુર્વેદ તથા સામવેદ ત્રણે વેદોનું તથા સમગ્ર વેદોનાં અંગોનું સંપૂર્ણ અધ્યયન કરી શિવ, કશ્યપ તથા યક્ષોને તપથી પ્રસન્ન કરી પોતાની બુદ્ધિથી, એ વૃદ્ધજીવકે બનાવેલ આયુર્વેદતંત્રનો ફરી સંસ્કાર કર્યો હતો; તેમાં ધર્મ, કીર્તિ અને સુખ મળે તે પ્રયોજન હતું અને પ્રજાઓની બધી રીતે વૃદ્ધિ થાય તે ધ્યેય હતું; એ આયુર્વેદ તંત્રનાં આઠ સ્થાનોમાં અથવા શાખાઓમાં જે કંઈ પ્રયોજન કહેવાયું નથી, અને જ્યાં જ્યાં ખિલ અથવા અપૂર્ણતાનાં સ્થળો છે, ત્યાં ત્યાં ફરી સંપૂર્ણતા લાવીને હું તમને તેનો ઉપદેશ કરું છું,' એમ તે કશ્યપનું વૃત્તાંત આ કાશ્યપસંહિતામાં જ 'સંહિતાકલ્પ' નામના અધ્યાયમાં લખેલું મળે છે.

આર્ષ સમયમાં પણ બ્રહ્મ-બ્રાહ્મણ આદિને લગતા ગ્રંથોમાં કશ્યપ અને કાશ્યપ એવાં બે નામોથી કહેવાતા અનેક મહર્ષિઓ મળે છે અને બીજા ગ્રંથોમાં પણ તે નામના અનેક વિદ્વાનો લખેલા જોવામાં આવે છે; તેમાંનો કયો કશ્યપ આ કૌમારભૃત્ય(કાશ્યપ)સંહિતાનો મૂળ આચાર્ય હશે? જેનો ઉપદેશ વૃદ્ધજીવકમાં પ્રવેશ્યો હતો, એ સમજવા માટે વિચારણા કરવી જરૂરી છે. તેમાં અત્રિ, કશ્યપ આદિના પ્રવર્તક મૂલ આચાર્ય તરીકે મળતા હોવાથી 'કશ્યપ શબ્દથી-મૂળ કશ્યપ અને કાશ્યપ શબ્દથી તેના ગોત્રમાં ઉત્પન્ન થયેલા પુરુષો' સામાન્યપણે સમજી શકાય છે ગોત્ર, પ્રવરના નિર્દેશયુક્ત આચાર્યોના લેખનું અનુસંધાન કરતાં બોધાયને મૂળ ગોત્રના પ્રવર્તક એક જ કશ્યપનો ઉલ્લેખ જોકે કર્યો છે અને પ્રવરોમાં 'કાશ્યપ' શબ્દથી વ્યવહાર પણ કરાય છે, તોપણ 'कश्यपान् व्याख्यास्यामः'-હવે અમે કશ્યપના વંશજોને કહીએ છીએ' એવી શરૂઆત કરી તેના ગોત્રના અવાંતર-પેટાગોત્ર પ્રવર્તકોનો વિભાગવાર નિર્દેશ કરી છેવટે 'इत्येते निध्रुवाः कश्यपाः' એ પ્રમાણે તેઓ અતિશય સ્થાયી કશ્યપગોત્રીઓ કહ્યા છે' એવો ઉપસંહાર કરી કાશ્યપ ગોત્રમાં ઉત્પન્ન થયેલા અવાંતર ગોત્રપ્રવર્તકોનો 'કાશ્યપ' શબ્દ-વ્યવહાર કરવો યોગ્ય છે; તોપણ તેઓનો 'કશ્યપ' શબ્દથી વ્યવહાર કરેલો જોવામાં આવે છે. જેમ આપસ્તંભ, આશ્વલાયન તથા કાત્યાયન આદિ શબ્દોના પણ એ જ પ્રમાણે ઉલ્લેખો મળે છે; (જેમ આપસ્તંબ પ્રવરકાંડમાં 'अथ कश्यपानां आर्षेय काश्यपावत्सारनैध्रुवेति) આશ્વલાયન પ્રવરકાંડમાં પણ कश्यपानां कश्यपावत् सारासितेति અને કાત્યાયન લૌગાક્ષિ પ્રવરકાંડમાં પણ, 'काश्यपान् व्याख्यास्यामः' તેમાં 'કશ્યપ' શબ્દ અનેક વ્યક્તિઓનો નિર્દેશ કરનાર તરીકે વપરાયેલ હોવાથી તેને લાગેલ ગોત્રવાચી પ્રત્યય ઊડી ગયો છે (જેમ કે 'अनृष्यानन्तर्ये विदाम्योऽञ्' એ પાણિનીય (૪-૧-૧૦૪) સૂત્રથી 'अञ्' પ્રત્યય લાગી 'काश्यप' તૈયાર થયા પછી તે अञ् 'પ્રત્યયનો 'यञञोश्च' એ (૨-૪ ૬૪) પાણિનીય સૂત્રથી લોપ થયેલો હોવાથી

બહુવચનમાં પાછો 'कश्यप' શબ્દ જ વપરાય છે) તેથી બહુવચનમાં 'कश्यपाः' એમ 'कश्यप' શબ્દથી વ્યવહાર કરવો સંભવે છે, તોપણ શતપથ૦ શ૦ બ્રાહ્મણમાં 'हरितः कश्यपः, शिल्पः कश्यपः नैध्रुविः कश्यपः–હરિત કશ્યપ ગોત્રનો હતો; શિલ્પ પણ કશ્યપગોત્રનો હતો અને નૈધ્રુવિ પણ કશ્યપ, ગોત્રનો હતો; એમ તે હરિત વગેરે પરસ્પર–એક એકથી જુદા જુદા અને એક એક ૦-કિતરૂપ હતા, છતાં તેઓનો 'कश्यप' શબ્દથી નિર્દેશ કર્યો છે. (જુઓ–हरितात् कश्यपाद्धारितः कश्यपः, शिल्पात् कश्यपाच्छिल्पः कश्यपः, कश्यपान्नैध्रुवेः कश्यपो नैध्रुविः–કશ્યપગોત્રના હરિતથી બીજો કશ્યપગોત્રનો હરિત થયો, કશ્યપગોત્રના શિલ્પથી બીજો કશ્યપ ગોત્રનો શિલ્પ થયો અને કશ્યપ ગોત્રના નૈધ્રુવિથી બીજો કશ્યપ ગોત્રનો બીજો નૈધ્રુવિ થયો.) એમ તે ઉપરથી જણાય છે કે પૂર્વના કાળમાં કશ્યપ ગોત્રના જે જુદા જુદા માણસો હોય, તેઓનો જેમ 'काश्यप' શબ્દથી વ્યવહાર હતો, તેમ 'कश्यप' શબ્દથી પણ લગભગ વ્યવહાર કરવાનો સંપ્રદાય હતો. એ કારણે ગોત્રપ્રવરથી નિર્દેશ કરાતા બૌધાયન આદિના લેખથી મૂળ 'कश्यप'ની જેમ તેની પરંપરામાં ઊતરી આવેલ અવાંતર 'कश्यप'નો પણ 'कश्यप' શબ્દથી બોધ થઈ શકે છે; પરંતુ 'कश्यप'ની પરંપરામાં બૌધાયન આદિએ બીજા મારીચનો નિર્દેશ કર્યો નથી, તેથી આર્ષ સર્ગમાં મરીચિના પુત્ર તરીકે જે કશ્યપ બીજા સ્થળે મળે છે, તે જ ઉપરથી બૌધાયન આદિના લેખથી મૂળ કશ્યપ જ હોઈ ને મરીચિના પુત્ર તરીકે તેને મારીચ કશ્યપ પણ કહેવો ઘટે છે. જેમ માત્સ્યપુરાણમાં ગોત્રપ્રવરનો જ્યાં નિર્દેશ કર્યો છે ત્યાં મરીચિના પુત્ર કશ્યપને મૂળ ગોત્રપ્રવર્તક તરીકે બતાવીને તેની સંતતિઓમાં અવાન્તર ગોત્રપ્રવર્તકો જ્યાં બતાવ્યા છે, ત્યાં મરીચિના વંશના કશ્યપોને પણ અલગપણે દર્શાવવામાં આવે છે.* ગોત્રપ્રવરને લગતા વિષયોનો સંગ્રહકર્તા કમલાકર પણ માત્સ્યપુરાણમાં કહેલ કશ્યપના વિભાગનો ઉલ્લેખ કરતાં 'अथ कश्यपाः'–'હવે કશ્યપગોત્રીઓ કહેવાય છે,' એવો ઉપક્રમ કરી કશ્યપની પરંપરામાં આવેલ એક જુદા જ ગોત્રપ્રવર્તક મારીચ ઋષિનો એકવચનાન્ત શબ્દથી નિર્દેશ કરે છે. (જુઓ પ્રવરદર્પણમાં 'अथ कश्यपाः काष्ठायनः मारीचः आजिह्मायनः इति'–હવે કશ્યપના ગોત્રોઓ કહેવાય છે–કાષ્ઠાયન, મારીચ તથા આજિહ્મયન–એમ માત્સ્યપુરાણમાં જ તેઓને કહ્યા છે;) કશ્યપની પરંપરામાં આવેલા એ મરીચિના પુત્રને પણ 'કશ્યપ' તરીકે કહેવાય તે પણ ઘટે છે, તે ઉપરથી કશ્યપની પરંપરામાં આવેલ બીજો પણ મારીચ કશ્યપ થયો હતો, એમ જણાય છે. ચરકના પ્રારંભના ગ્રંથમાં મુનિઓનો સમવાય એકત્ર થયેલો દર્શાવતી વેળા, મહર્ષિઓનાં નામો બતાવતી વેળા કશ્યપને પ્રથમ અલગ દર્શાવીને 'मारीचिकाश्यपौ०'–એવું દ્વિવચનાંત પદ મૂકીને મારીચનો તથા કાશ્યપનો અલગપણે ઉલ્લેખ કર્યો છે, તે ઉપરથી કશ્યપ, કાશ્યપ તથા મારીચિ–એમ ત્રણે જુદા હતા, એમ જણાય છે (જુઓ ચરક-સૂત્રસ્થાન પહેલો અધ્યાય– अङ्गिरा जमदग्निश्च वसिष्ठः कश्यपो भृगुः। काङ्क्षायनः कैकशेयो धौम्यो मारीचि काश्यपौ॥')

આ કાશ્યપસંહિતામાં પણ આગળના અને પાછળના શબ્દોનું અનુસંધાન કરતાં દરેક અધ્યાયના આરંભમાં તથા ઉપસંહાર કરતી વેળા 'इति ह स्माह कश्यपः'–એમ કશ્યપે કહ્યું છે એમ જણાવેલ છે અને ક્યાંક તો વચ્ચે પણ 'इत्याह कश्यपः–કશ્યપે એમ કહ્યું છે' એમ સૂચવેલ છે (જુઓ ખિલસ્થાન અધ્યાય ૧૦મો); તેમ જ સિદ્ધસ્થાનના ત્રીજા અધ્યાયમાં પણ 'कश्यपोऽब्रवीत्'–એમ કશ્યપે

*આ સંબંધે માત્સ્યપુરાણમાં આમ કહેવાયું છે: 'मरीचेः कश्यपः पुत्रः कश्यपस्य महामुने। गोत्रकारान् ऋषीन् वक्ष्ये तेषां नामानि मे शृणु॥ कष्टायनाश्च हारीता आजिह्मायनहस्तिकाः। वैकर्णेयाः कश्यपाश्च सासिसा हारितायनाः॥–હે મહામુનિ! મરીચિનો પુત્ર કશ્યપ હતો અને તે કશ્યપના ગોત્રપ્રવર્તક જે ઋષિઓ થયા હતા, તેઓનાં નામો હું કહું છું, તમે સાંભળો. કષ્ટાયનો, હારીતો, આજિહ્મયનો, હારિતકો, વૈકર્ણેયો, કશ્યપગોત્રીઓ, સાસિસા તથા હરિતાયનો એ નામે તેઓ પ્રસિદ્ધ હતા.

કહ્યું છે.' એમ ઘણી વાર 'કશ્યપ' શબ્દ મૂકીને કશ્યપસંહિતાના કર્તા આચાર્યનો ઉલ્લેખ કરેલો જોવામાં આવે છે; તેમ જ ક્યાંક તો 'મારીચ' શબ્દ મૂકીને પણ 'કાશ્યપસંહિતાના કર્તા આચાર્ય 'કશ્યપ'ને જ દર્શાવ્યા છે; (જુઓ કલ્પસ્થાન–ભો ક. અ. અને ષ. ક. અ.) એ રીતે આગળ–પાછળના ગ્રંથની એકવાક્યતાનું અનુસંધાન કરતાં 'કશ્યપ' જ મારીચ તરીકે અને મારીચ જ 'કશ્યપ' તરીકે વ્યવહાર કરાયેલા દેખાય છે. તે ઉપરથી આ કાશ્યપસંહિતાના આચાર્ય 'મારીચ કશ્યપ છે' એમ જણાવવામાં આવે છે; વળી તે જ 'મારીચ કશ્યપ'નો સર્વ સ્થળે એકવચનાન્તરૂપે ક્યાંક મારીચ શબ્દથી અને ક્યાંક 'કશ્યપ' શબ્દથી વ્યવહાર કરેલો હોવાથી તે 'મારીચ' અને 'કશ્યપ' એક વ્યક્તિરૂપ જ છે એમ સ્પષ્ટ જણાય છે. આત્રેયસંહિતા–ચરકમાં (સૂત્રસ્થાનના ૧૨ મા વાતકલાકલીય અધ્યાયમાં વાર્યોવિદની સાથે પક્ષપ્રતિપક્ષ-(વાદી–પ્રતિવાદી)ભાવથી જે સંવાદ દર્શાવ્યો છે, તેમાં પણ આત્રેયે મારીચિને વાર્યોવિદ રાજાના સહભાવી તરીકે જણાવીને મરીચિના પુત્ર કશ્યપને જ જણાવ્યાનું સમજાય છે આ કાશ્યપસંહિતામાં પણ (ખિલસ્થાનના ૧૩ મા અધ્યાયમાં' इति वार्योविदायेद महीपाय महान् ऋषिः। शशंस सर्वमखिलं बालानामथ भेषजम्॥ –મહાન ઋષિ કશ્યપે વાર્યોવિદ નામના રાજાને બાળકોનાં સમગ્ર ઔષધોનો ઉપદેશ કર્યો હતો.' એ ઉપરથી આ સંહિતાના આચાર્ય મારીચ કાશ્યપ તથા વાર્યોવિદ નામના રાજાનું સહઅસ્તિત્વ દર્શાવ્યું છે. વળી આત્રેયસંહિતા ચરકમાં પાછળથી જ્યાં શરીરની રચનાના વિષયમાં વિચાર કરવામાં આવેલ છે, ત્યાં સૂત્રકર્તા અનેક ઋષિઓના ઘણા પ્રકારના વિવાદો દર્શાવવામાં આવ્યા છે, અને તે પ્રસંગે પૂર્વાચાર્યોના મતો બતાવવાની શરૂઆત કરી છે. તેમાં પાઠભેદ મળતો હોવાથી કોઈ પુસ્તકમાં આત્રેયે કશ્યપનો ઉલ્લેખ કર્યો છે. તેથી× तत्र कश्यपः सर्वाङ्गनिर्वृत्तिः–તે શરીરરચના સંબંધે કશ્યપ આચાર્ય આમ માને છે કે માતાના ગર્ભાશયમાં રહેલા ગર્ભમાં બધાંયે અંગો એકી વખતે ઉત્પન્ન થાય છે, એમ દર્શાવીને કશ્યપના તે સર્વાંગનિર્વૃત્તિવાદને આત્રેયે છેલ્લા પક્ષ તરીકે દર્શાવેલ છે અને આ કાશ્યપસંહિતામાં પણ આમ કહેવાયું છે:

× મુદ્રિત ચરકના પુસ્તકમાં આ વિપ્રતિવાદનો જ્યાં ઉલ્લેખ કર્યો છે, ત્યાં परोक्षत्वादचिन्त्यम् इति मारीचिः कश्यपः–ગર્ભના શરીરમાં જે અવયવો બને છે, તે પરોક્ષ હોવાથી વિચારી શકાય તેમ નથી એમ મરીચિ કશ્યપ માને છે; અને 'युगपत् सर्वाङ्गनिर्वृत्तिः ગર્ભના શરીરમાં બધાં અંગો એકી વખતે બની જાય છે, એમ ધન્વંતરિ માને છે, એવો પાઠ જોવામાં આવે છે; તેમ જ સુશ્રુતના લેખ ઉપરથી ધન્વંતરિનો પણ આ જ સિદ્ધાંત જોવામાં આવે છે, તેથી એકી વખતે બધાં અંગો બની જવારૂપ સર્વાંગનિર્વૃત્તિવાદ ધન્વંતરિનો છે અને તે બાબત પરોક્ષ હોવાથી વિચારી શકાય તેમ નથી–એવો અચિન્ત્યવિવાદ કશ્યપનો છે, એમ જણાવામાં આવે છે, એમ સર્વાંગનિર્વૃત્તિવાદ એ ભલે ધન્વંતરિનો હોય; પરંતુ ચરકના એક હસ્તલિખિત પુસ્તકમાં कश्यपः सर्वांगनिर्वृत्तिः કશ્યપ માને છે કે માતાના ઉદરમાં રહેલા ગર્ભનાં બધાંયે અંગો એકી વખતે બને છે, એ વાક્યમાં 'कश्यप' એ નામ પહેલું બતાવ્યું છે, તેથી કશ્યપના સર્વાંગ નિર્વૃત્તિવાદને દર્શાવતો પાઠ પણ મળે છે. શ્રીયુત ગિરીન્દ્રનાથ વગેરે ઉપાધ્યાયોએ પણ 'હિસ્ટરી ઑફ ઇન્ડિયન મેડિસિન' નામના પુસ્તકના પ્રથમ ભાગના ૧૭૯ પાનમાં કશ્યપનું નિરૂપણ જે કર્યું છે ત્યાં તે જ પાઠ લીધો છે. વાર્યોવિદના સમકાલીન મારીચ કાશ્યપની આ સંહિતાના આચાર્ય તરીકે આત્રેયસંહિતામાં તેના સંવાદ જે કશ્યપે બતાવ્યા છે, તે જ એ કશ્યપ છે એમ નિશ્ચય થતો હોવાથી અહીં सर्वेन्द्रियाणि गर्भस्य ગર્ભની બધી ઇંદ્રિયો એકી વખતે બને છે. એ વાક્ય ઉપરથી સર્વાંગનિર્વૃત્તિવાદનો સિદ્ધાંત દર્શાવેલ હોવાથી તેમનો અચિંત્યવાદ આ કાશ્યપસંહિતામાં મળતો નથી, એ કારણે વિરુદ્ધ સિદ્ધાંતવાદ તેમનો ન જ હોય, એ જ યોગ્ય હોવાથી કશ્યપના સર્વાંગનિર્વૃત્તિવાદને જ દર્શાવતો પાઠ જ સંગત હોઈ બંધબેસતો દેખાય છે, માટે આગળ–પાછળના પદના પાઠમાં જે ફેરફાર કરવો તે વિચારવા યોગ્ય છે.

सर्वेन्द्रियाणि गर्भस्य सर्वाङ्गावयवास्तथा ।
तृतीये मासि युगपद्विवर्तन्ते यथाक्रमम् ॥

માતાના ઉદરમાં રહેલા ગર્ભની બધી ઇંદ્રિયો તથા આખાયે શરીરના બધાયે અવયવો ત્રીજા મહિને અનુક્રમે એકી વખતે બની જાય છે, એમ આચાર્ય મારીચ કાશ્યપ સર્વ અંગોની એકી વખતે ઉત્પત્તિરૂપ 'सर्वांगनिर्वृति' વાદને સિદ્ધાંતરૂપે સ્વીકારે છે અને તેને જ સંવાદરૂપે જણાવી આત્રેયે કશ્યપને મારીચિ તરીકે દર્શાવીને પૂર્વના આચાર્યોની એકતાના અનુસંધાનરૂપે આત્રેય પુનર્વસુએ પણ વૈદ્યવૈદ્યાચાર્ય અને રાજર્ષિ વાર્યોવિદના સહભાવી અથવા સમકાલીન પૂર્વાચાર્ય મારીચ કાશ્યપને જ આ કાશ્યપ સંહિતાના ઉપદેષ્ટા તરીકે દર્શાવ્યા છે, તેથી એ મારીચ કશ્યપ જ કાશ્યપ-સંહિતાના રચયિતા છે, એમ દૃઢ થાય છે. વળી આ કાશ્યપસંહિતામાં ભૌધાયન આદિના લેખમાં પણ એ કશ્યપનો જ 'મારીચ' તરીકેનો વ્યવહાર કરેલો છે; તેમ જ વ્યાકરણ દૃષ્ટિએ પણ 'मरीचि' શબ્દથી અપત્ય અર્થમાં 'अण्' પ્રત્યય લાગવાથી (मरीचेः अपत्यं पुमान् मारीचः) એ મારીચ શબ્દસિદ્ધ થાય છે, જોકે આત્રેય સંહિતા ચરકમાં તો 'धौम्यो मारीचिकाश्यपौ'—धौम्य मारीचि अने काश्यप' એમ જણાવીને તેમ જ 'मारीचिरुवाच' મારીચિ બોલ્યા અને 'मारीचिः कश्यपः' મારીચિ કશ્યપ એમ કહીને ઇકારાંત 'मारीचि' શબ્દનો પાઠ પણ જોવામાં આવે છે, તોયે 'मरीचि' શબ્દનો પાણિનીય વ્યાકરણના 'बाह्वादि' ગણમાં પણ પાઠ મળતો હોવાથી તેને 'इञ्' પ્રત્યય લાગતાં 'मरीचेः अपत्यं मारीचि' મારીચ એવો ઇકારાંત શબ્દ સિદ્ધ થાય છે, અને તે પણ વાર્યોવિદ રાજર્ષિના સહભાવી 'मारीच' શબ્દના જ પર્યાય તરીકે આવી મળે છે. વળી અકારાંત મારીચ શબ્દને પાણિનીય વ્યાકરણના 'अत इञ्' સૂત્રથી 'इञ्' પ્રત્યય લાગવાથી ઇકારાંત 'मारीचि' શબ્દની સિદ્ધિ કરવામાં આવે તોયે માત્ર એક જ પુરુષના અંતરને સ્વીકારી મારીચ તથા મારીચિ એ બેયની સાથે પણ વાર્યોવિદ રાજર્ષિનું સાહચર્ય સંભવે છે.

જો એમ હોય તો પહેલાં જણાવ્યા પ્રમાણે મારીચ કશ્યપના નામે વ્યવહાર કરવાને શક્ય એવા તે બંને—મારીચ કશ્યપ તથા મારીચિ કશ્યપ જો મળી શકે છે, તો આ કાશ્યપસંહિતામાં 'शिष्योपक्रमणीय' નામના અધ્યાયમાં ઇંદ્રની પાસેથી જેઓએ વિદ્યા મેળવી છે, તેવા કશ્યપ, અત્રિ આદિએ પુત્રો તથા શિષ્યોની પરંપરા દ્વારા આ આયુર્વેદવિદ્યાનો પ્રચાર કરેલો હોવાથી ભૌધાયન આદિએ કહેલ મરીચિના પુત્ર મૂળ કશ્યપ જ આ કાશ્યપસંહિતાના કર્તા—આચાર્ય હોય તે પણ સંભવે છે.

સત્યયુગ અને ત્રેતાયુગની વચ્ચેના કાળમાં ઘણા રોગોની ઉત્પત્તિ થઈ હતી, તેથી લોકોને એ રોગ સંબંધી જે પીડા થતી હતી, તેને શમાવવા માટે આચાર્ય કશ્યપે આ 'કાશ્યપસંહિતા' રચી હતી. કલિયુગની પ્રાપ્તિ થતાં સંક્ષેપ સ્વરૂપે વૃદ્ધ-જીવકનું જે આયુર્વેદ તંત્ર મળતું હતું, તે પણ વિલુપ્ત થયું હતું. પછી વાત્સ્ય આચાર્યે તે જ તંત્રને (ક્યાંયથી) મેળવી સંસ્કારયુક્ત કર્યું હતું, એમ 'સંહિતાકલ્પ' નામના અધ્યાયમાં મળતા લેખ ઉપરથી અને આત્રેયના લેખ ઉપરથી જણાય છે કે, મારીચિ કશ્યપ, કાંકાયન આદિના સમકાલીન થયેલા હોવા જોઈએ. તે ઉપરથી એ કશ્યપની પરંપરામાં આવેલ અને માત્સ્યે જણાવેલ બીજા મારીચ કાશ્યપ આ કાશ્યપ-સંહિતાના કર્તા—આચાર્ય હોવા જોઈએ, એવો પણ સંભવ છે. એમ તે ઉપરથી બે મારીચ કશ્યપનો સંભવ હોવાથી તે બંનેમાંથી અમુક જ કશ્યપે આ કાશ્યપસંહિતા રચી છે, એમ નક્કી કરવું મુશ્કેલ બને છે અથવા માત્સ્ય આદિએ જણાવેલા બીજા મારીચ કશ્યપ જ કાશ્યપસંહિતાના કર્તા—આચાર્ય હોય; પરંતુ એ મારીચ કશ્યપને મૂળકશ્યપની પરંપરામાં કહેલા હોય એમ તો નક્કી કરી શકાતું જ નથી; તોપણ અવાંતરગોત્રમાં મંત્રદ્રષ્ટાઓનો જ પ્રવર્તક તરીકે સ્વીકાર થતો હોવાથી તે બીજા મારીચ કશ્યપની પણ પ્રાચીનતા સાબિત થાય જ છે.

સંહિતાકલ્પ નામના અધ્યાયમાં આવો ઉલ્લેખ મળે છે કે કલિયુગમાં વૃદ્ધજીવકનું તંત્ર જ્યારે લુપ્ત થયું હતું, ત્યારે વાત્સ્ય આચાર્યે એક પક્ષ પાસેથી તે

વૃદ્ધજીવકનું તંત્ર મેળવીને તેનો પ્રતિસંસ્કાર કર્યો હતો. તે ઉપરથી સાબિત થાય છે કે વૃદ્ધ જીવકનું તંત્ર એ પ્રતિસંસ્કૃત મારીચના તંત્રથી પૂર્વકાળનું હોવું જોઈએ અને તે વૃદ્ધજીવકના તંત્રની પણ મૂળભૂત કાશ્યપસંહિતાનો કાળ તો એ વૃદ્ધજીવકના તંત્ર કરતાં પણ પહેલાનો હોવો જોઈએ, તેથી એ કાશ્યપસંહિતાના કર્તા મૂળ કશ્યપ તો એ બધા કરતાં પ્રાચીન જણાય છે. પાણિનીય વ્યાકરણ કર્તાના સંપ્રદાયમાં 'कश्यप' શબ્દનો બિદાદિગણમાં પાઠ પ્રવેશેલો મળે છે, તેથી એ 'कश्यप' શબ્દનો બહુવચનમાં પ્રયોગ કરવો હોય ત્યારે જ તે શબ્દથી લાગેલા ગોત્રાર્થ પ્રત્યયનો લોપ કરવામાં આવે છે; પરંતુ એ નિયમનું અનુસરણ નહિ કરતાં વંશબ્રાહ્મણના લેખનું અનુસંધાન કરતાં એક પણ અમુક વ્યક્તિનો નિર્દેશ, ગોત્ર પ્રત્યયના લોપથી જણાવી 'कश्यप' એવા શબ્દથી કરવાનો પૂર્વકાળનો વ્યવહાર મળતો હોવાથી અહીં (काश्यपसंहिता) શબ્દમાં 'काश्यप'નો પણ કશ્યપ શબ્દથી જે નિર્દેશ કર્યો છે, તે પાણિની–વ્યાકરણકર્તાના પૂર્વકાળના વ્યવહારને સ્પષ્ટ જણાવે છે.

આ કાશ્યપસંહિતામાં ધન્વંતરિનો મત સ્વીકાર્યો છે; પરંતુ તેમના સંપ્રદાયના અનુયાયી દિવોદાસના તથા સુશ્રુતના નામનો કયાંય ઉલ્લેખ કર્યો નથી. તે ઉપરથી અને મહાભારતમાં (ઉદ્યોગપર્વના ૧૧૦ મા અધ્યાયમાં) ગુરુદક્ષિણા તરીકે પ્રથમ આપવા યોગ્ય ઘોડાઓ મેળવવા માટે કાશીપતિ દિવોદાસની પાસે ગાલવ ઋષિ જ્યારે આવ્યા છે, ત્યારે તેમની આગળ હિમાલયના મૂળ પ્રદેશ ઉપર વાયવ્ય દિશામાં મારીચિ કાશ્યપનો આશ્રમ બતાવવામાં આવેલો મળે છે. તે ઉપરથી આ વસ્તુ સાબિત થાય છે કે ધન્વંતરિની પાછળ તેમની ચોથી સંતતિરૂપ ગણાતા દિવોદાસથી ઘણા સમય પહેલાં નહિ; પરંતુ થોડા પણ પ્રથમના કાળમાં અથવા તે દિવોદાસના સમાન કાળમાં હિમાલયના મૂળ પ્રદેશ ઉપર જેમણે પોતાનો આશ્રમ કર્યો હતો એવા મારીચ કાશ્યપ મળી આવે છે, કે જ્યાં તે હિમાલયના મૂળ પ્રદેશ ઉપર આ કાશ્યપસંહિતામાં જણાવ્યા પ્રમાણે ગંગાદ્વારમાં તે મારીચ કાશ્યપ વસવાટ કરી રહ્યા હતા.× એવો પણ સમન્વય મળી રહે છે.

અવાંતર ગોત્રના પ્રવર્તક એ મારીચ કાશ્યપ આ કાશ્યપસંહિતાના કર્તા–આચાર્ય હતા એવો સ્વીકાર કરવામાં આવે, તોપણ ચરકના પ્રારંભના ગ્રંથમાં જે મારીચિ કાશ્યપ જણાવેલા છે, તેનાથી જુદા જ પ્રાચીન કાશ્યપ હતા, એમ લાગતું હોવાથી અને આ કાશ્યપસંહિતામાં પણ ઇંદ્રના વિદ્યાર્થી બનેલા કશ્યપથી જે સંતતિ આદિ ચાલુ થઈ હતી, તેઓમાં આયુર્વેદ વિદ્યાનું અનુસરણ હતું, એવો ઉલ્લેખ હોવાથી અત્રિ અને ભૃગુ આદિના સમકાલીન મૂળ કશ્યપથી જ આ આયુર્વેદવિદ્યા મારીચ કશ્યપમાં પણ ઊતરી આવી હતી એમ જણાય છે, જે ઉપરથી તેમની પરંપરામાં આવેલા મારીચ કાશ્યપે આ કાશ્યપસંહિતા રચી છે, એમ પણ જણાય છે. એ કારણે આ કાશ્યપસંહિતામાં સિદ્ધિસ્થાનના વમનવિરેચનીય અધ્યાયમાં વૃદ્ધકાશ્યપનો મત બતાવીને 'अथ कश्यपोऽब्रवीत्'–પછી કશ્યપ બોલ્યા એમ પોતાનો જે મત બતાવ્યો છે, તે વૃદ્ધકાશ્યપની પછી થયેલા મારીચ કશ્યપનો જ મત હોય એમ ઘટે છે, પરંતુ મૂળ કશ્યપનો તે મત નથી; કારણ કે બીજા આચાર્યનો મત બતાવ્યા પછી પોતાના નામના ઉલ્લેખની સાથે પોતાના મતનું પ્રતિપાદન કરવું એ પ્રાચીન શૈલી છે અને તે શૈલી કૌટિલીય અર્થશાસ્ત્ર આદિમાં તથા આત્રેય–ચરકસંહિતામાં પણ જોવામાં આવે છે. વળી 'इति ह स्माह कश्यपः'–એમ કશ્યપે કહ્યું હતું એ વાક્યના સંપુટથી યુક્ત અધ્યાયની વચ્ચે પણ બીજા કોઈ પણ આચાર્યનો મત બતાવ્યા વિના પણ કયાંક 'इति कश्यपः, इत्याह कश्यपः'–એમ કશ્યપે કહ્યું છે, એમ કશ્યપ કહે છે' એ પ્રમાણેનું જે વાક્ય આ કાશ્યપસંહિતામાં (ખિલસ્થાન–૧૦ અ શ્લોક–૫૮–૬૬માં) મળે છે, તે નવા જણાવેલા તે અર્થને સૂચવવા માટે ગ્રંથકર્તાએ જ પોતાના નામનો ઉલ્લેખ કર્યો છે, એમ પણ સંભવે છે.

× हुताग्निहोत्रमासीनं गंगाद्वारे प्रजापतिम्–પ્રજાપતિ કશ્યપ અગ્નિહોત્ર હોમીને ગંગાદ્વાર પર બિરાજ્યા હતા.

વળી આ મારીચ કશ્યપની સંહિતામાં 'काश्यपाय स्वाहा–કશ્યપને આ આહુતિ અર્પણ થાઓ' એમ સ્વાહાકારના દેવતા તરીકે કશ્યપનો જે ઉલ્લેખ કર્યો છે, તે પ્રાચીન વૃદ્ધકાશ્યપને જ ઉદ્દેશી કરેલ હોવો જોઈએ, એમ પણ અવશ્ય કહી શકાય તેવું છે; તેથી પણ સાબિત થાય છે કે મૂળ કશ્યપની પરંપરામાંથી જ આ કશ્યપની સંતતિમાં વિદ્યા ઊતરી આવેલી હોવી જોઈએ, અને તે વિષયમાં પૂર્વાચાર્ય કશ્યપનો ઉપદેશ જણાવવા માટે તેમનું સ્મરણ કરેલું હોવું જોઈએ એમ પણ સંભવે છે.

આ કાશ્યપસંહિતાના કર્તા ભલે પહેલા કાશ્યપ હોય કે તેમની પરંપરામાં આવેલા બીજા કાશ્યપ હોય; પરંતુ માત્ર એટલા ઉપરથી તે કાશ્યપને પ્રાચીન કહી શકાય નહીં; છતાં વૈદિક સાહિત્યની પર્યાલોચના કરતાં પણ મંત્રદ્રષ્ટા તરીકે આ કાશ્યપનો ઉલ્લેખ કરેલો છે. કાત્યાયનના 'ऋक्सर्वानुक्रम' સૂત્રમાં* કશ્યપે અને કશ્યપના વંશજ ઋષિઓએ દર્શાવેલાં ઘણાં સૂક્તોમાં અગ્નિ વગેરેનાં એક હજાર સૂક્ત કશ્યપઋષિનાં રચેલાં છે એમ દર્શાવેલ છે; તેની વ્યાખ્યામાં ષડ્ગુરુશિષ્ય અને મરીચિના પુત્ર તરીકે તે કશ્યપનો જ પરિચય કરાવ્યો છે.

'બૃહદ્દેવતા' નામના એક વૈદિક ગ્રંથમાં પણ એ એક હજાર સૂક્તો કશ્યપનાં જોયેલાં કહેવાય છે; (જેમ કે તે 'બૃહદ્દેવતા' ગ્રંથના ૯૨મા પૃષ્ઠમાં આમ કહ્યું છે: जातवेदस सूक्तसहस्रमेके, ऐन्द्रात् पूर्वं कश्यपार्षं वदन्ति। जातवेदसे सूक्तमाद्यं तु तेषामेकभूयस्त्वं मन्यते शाकपूणिः ॥–કેટલાક આચાર્યોનું કહેવું છે કે અગ્નિનાં એક હજાર સૂક્તો પ્રથમ કશ્યપઋષિએ રચ્યાં છે; પરંતુ શાકપૂણિ આચાર્ય આમ માને છે કે, તેમાંનું પહેલું સૂક્ત અગ્નિને ઉદ્દેશી રચાયું છે અને તેથી તે સૂક્તોમાં એકની લગભગ અધિકતા છે એટલે એક હજાર ને એક સૂક્તો તે કશ્યપઋષિએ રચેલાં ગણાય છે.')

સાયનાચાર્ય પણ જાતવેદસ્–અગ્નિના મંત્રમાં મારીચ કશ્યપઋષિનો નિર્દેશ કરે છે. બભ્રુસૂક્તમાં તો સૂત્રકાર પણ મારીચ કશ્યપનું આર્ષત્વ એટલે આદ્યદ્રષ્ટાપણું–ઋષિપણું સ્વમુખે જણાવે છે. (જેમ કે 'ऋक्सर्वानुक्रम' ગ્રંથમાં મંડળ ૮, સૂક્ત ૨૯માં કહેવાયું છે કે, 'बभ्रुर्दश मारीचः कश्यपो वा द्वैपदम्' બભ્રુએ દસ સૂક્ત રચ્યાં છે અથવા મારીચ કશ્યપે બે પાદનું એક સૂક્ત રચ્યું છે. અથર્વણ સર્વાનુક્રમ સૂત્રમાં પણ 'पूतनाजितम्' એ અગ્નિના સૂક્તના દ્રષ્ટા મારીચિ કાશ્યપ અથવા કશ્યપ છે, એવો ઉલ્લેખ કરાયો છે; (જેમ કે 'पूतनाजितमेति मरीचिः काश्यप उमे जगत्यौ जातवेदसम्'–(૭૬૩) 'पूतनाजितम्' એ સૂક્તને મરીચિ કાશ્યપે રચ્યું છે અને તેમાં બે જગતી છંદો અગ્નિને ઉદ્દેશી રચાયા છે' એમ અથર્વસર્વાનુક્રમ સૂત્રમાં 'मरीचि काश्यप' એવો પાઠ જોવામાં આવે છે, તોપણ વંશાનુક્રમમાં કશ્યપને મારીચ એટલે મરીચિના પુત્ર તરીકે વર્ણવેલા મળે છે, પણ મરીચિના પુત્ર તરીકે કાશ્યપ મળતા નથી; તો ઋક્સર્વાનુક્રમ સૂત્રમાં અગ્નિસંબંધી સૂક્તના સંબંધે મારીચ કશ્યપને જ તેના દ્રષ્ટા તરીકે કહેલા હોવાથી એ 'पूतनाजितम्' અગ્નિસૂક્ત સંબંધે પણ તે જ પ્રમાણે માનવું યોગ્ય જણાય છે, તેથી લેખ આદિમાં તે વર્ણવિપર્યાસ થઈ ગયો હશે કે શું? એટલે કે મારીચ કશ્યપના બદલે 'मरीचि काश्यप' એમ ભૂલવાળું લખાણ થઈ ગયું હશે? એવી શંકા થાય છે.)

અહીં મને આમ જણાય છે કે ઋગ્વેદમ આવેલ નવમા મંડળમાં અને બીજા સ્થળે પણ કાશ્યપાવત્સારે, કાશ્યપ નિધ્રુવિએ તથા મારીચ કશ્યપે જોયેલાં અનેક સૂક્તો છે. જેઓનું સાયને પણ તે જ પ્રમાણે વિવરણ કરેલું છે; તે સૂક્તોમાં દિવ્ય ઔષધિ સોમની અનેક પ્રકારે સ્તુતિ કરી છે.

* જેમ કે આ ऋक्सर्वानुक्रममાં મં. ૧–સૂત્ર ૬૯માં આમ જણાવેલ છે: 'जातवेदस एका जातवेदस्यमेतदादीन्येकभूयांसि सूक्तसहस्रमेतत् कश्यपार्षम्.'

× વેદાર્થદીપિકા નામની તેની વ્યાખ્યાના ૬૧મા પાનમાં આમ લખ્યું છે: 'एतत् सूक्तसहस्रं कश्यपार्षम् इति–आर्षं दर्शनं यत् तत् कश्यपार्षम्। अयं स कश्यपो मरीचिपुत्र इति वक्ष्यते मारीचः कश्यपः– આ એક હજાર સૂક્તો કશ્યપઋષિએ જોયેલાં છે, તેથી તે 'कश्यपार्षम्' કહેવાય છે. એ કશ્યપ મરીચિના પુત્ર હોઈને મારીચ કશ્યપ કહેવાય છે.

જાતવેદસ્ય મંત્રમાં જે કે અગ્નિનું સ્તવન છે, તોપણ તેમાં સોમ ઔષધિનો વિષય પણ આવેલો છે 'જાતવેદસ્ય' આદિ એક હજાર સૂક્ત કાશ્યપાર્ષ છે એટલે કે કશ્યપઋષિએ જોયેલાં છે, એમ સર્વાનુક્રમ સૂત્રકાર વગેરે જણાવે છે. (જેમ કે 'जातवेदस एका, जातवेदस्यमेतदादीन्येकभूयांसि सूक्तसहस्रमेतत् काश्यपार्षम्'—જાતવેદસ–અગ્નિની ઋચા એક છે અને 'જાતવેદસ્ય' એ વગેરે એકથી લગભગ અધિક એક હજાર સૂક્ત કશ્યપ ઋષિનાં જોયેલાં છે એમ સર્વાનુક્રમ સૂત્રમાં કહેવાયું છે.) હાલમાં જે ઋગ્વેદ મળે છે તેમાં એક હજાર પ્રમાણમાં માર્ગીય કશ્યપ ઋષિનાં સૂક્તોનો મેળ ખરેખર સંભવતો નથી, પરંતુ 'જાતવેદસ્ય' એ સ્થળે પણ એક ઋચાવાળું ફક્ત એક જ સૂક્ત જોવામાં આવે છે; પરંતુ 'जातवेदस्य स यो वृषा' એ સૂક્તની વચ્ચે એક ઓછું એમ–૯૯૯ સૂક્તોનું અસ્તિત્વ 'સર્વાનુક્રમ સૂત્ર'માં તથા 'બૃહદ્દેવતા'માં છે જ, તેમજ ષડ્ગુરુશિષ્યે ટાંકેલા શૌનક તથા શાકપૂણિ આદિના નિર્દેશમાં પણ તે સૂક્તોની પ્રતીતિ સ્પષ્ટ થાય છે, તે ઉપરથી એ સૂક્તોનો હાલમાં મળતા ઋગ્વેદમાં વિલોપ થયો હોય એમ જણાય છે. ખિલ(અપૂર્ણ)રૂપે રહેલાં એ સૂક્તોનો આમ્નાયમાંથી અથવા ઋષિઓની પરંપરામાંથી વિલોપ થયો હોય, એમ ષડ્ગુરુમાં સ્પષ્ટ કહ્યું છે. (જેમ કે 'વેદાર્થદીપિકા' નામના ગ્રંથના ૬૧ મા પૃષ્ઠમાં આમ કહ્યું છે કે, 'खिलसूक्तानि चैतानि, स्वाध्यवार्चमधीमहे । शौनकेन स्वयं प्रोक्तमृष्यनुक्रमणे त्विदम् ॥ पूर्वात् पूर्वासहस्रस्य सूक्तानामेकभूयसाम् । जातवेदस इत्यार्चं काश्यपार्षस्य शुश्रुम ॥ आम्नायाक्तेरेव च्युतत्वेऽपि खिलस्य काश्यपैरनेकसूत्रदर्शनेन माहात्म्यज्ञानार्थोयमुपदेशः प्रासंगिक—આ બધાં ખિલસૂક્તો છે; આપણે તેઓની પહેલી ઋચાનું જ અધ્યયન કરીએ છીએ; એમ શૌનકે પોતે 'ઋષ્યનુક્રમ'માં કહ્યું છે; વળી આપણે સાંભળીએ છીએ કે પહેલેથી પણ પહેલાં એક હજારથી લગભગ વધારે જે સૂક્તો છે, તે બધાં અગ્નિનાં છે અને તે બધાં આમ્નાય કથનમાંથી સ્ખલિત થયાં છે, તોપણ તેના આદ્યદ્રષ્ટા કશ્યપઋષિ જ હતા એમ અમે સાંભળીએ છીએ. એ રીતે કશ્યપઋષિએ અનેક સૂક્તોનું દર્શન કરેલું હોવાથી તેમનો આ ઉપદેશ પ્રાસંગિક છે તેમજ તેમના માહાત્મ્યનું જ્ઞાન થાય તે માટે છે.)

ઘણા શ્રમે લુપ્ત થયેલાં તે સૂક્તોનું અનુસંધાન કરતી વેળા સર્વાનુક્રમની ટીકાના કર્તા ષડ્ગુરુશિષ્યે અહીં (વેદાર્થદીપિકામાં) એક ઋચાવાળાં, બે ઋચાવાળાં અને ત્રણ ઋચાવાળાં વગેરેથી આરંભી છેક હજાર ઋચાઓ સુધીનાં સૂક્તોનો (जातवेदस इत्येकर्चमादिर्येषां तान्येतदादीनि सूक्तानि एकभूयांस्येकर्चबहुतराणि द्व्यृचं च त्र्यृचं चतुर्ऋचं पञ्चर्चमित्यादि सहस्रर्चान्तान्यत्र सन्ति, एतावत् सूक्तसहस्रं काश्यपार्षम्—એક ઋચાવાળાં ઇત્યાદિ આ બધાં સૂક્તો અગ્નિનાં છે. અને તેઓ એકથી વધારે (હજારની સંખ્યામાં) હોઈ લગભગ ઘણાં તો એક ઋચાઓવાળાં છે, અને બે ઋચાઓ, ત્રણ ઋચાઓ, ચાર ઋચાઓ અને પાંચ ઋચાઓવાળાં વગેરે હોઈને છેક હજાર ઋચાઓવાળાં પણ બીજા સ્થળે મળે છે. અને તેટલાં એ બધાં સૂક્તો એક હજાર સુધીનાં છે અને તેઓમાં આદ્યદ્રષ્ટા કશ્યપ છે, એમ વેદાર્થદીપિકા ટીકાના ૬૨ મા સૂત્રમાં કહ્યું છે.) પ્રથમ નિર્દેશ કરે છે અને પછી તેઓની ગણતરી કરે છે, ત્યારે કેવળ એક ઋચાવાળું એક જ સૂક્ત એમાં મળે છે, તે ઉપરથી એમાંથી લગભગ પાંચ લાખ ચારસો નવ્વાણું* ઋચાઓ લુપ્ત થઈ છે, એમ ગણિતની મર્યાદા દ્વારા તે દર્શાવે છે; પરંતુ ઋગ્વેદમાં એક એક મંત્ર વધારવા વગેરેની પ્રક્રિયા દ્વારા સૂક્તોમાં મંત્રોનો વિન્યાસ કરવાની રીત ક્યાંય પણ જોવામાં આવતી નથી અને સૂત્રમાં તથા બૃહદ્દેવતા-(ગ્રંથ)માં આ એક હજારની સંખ્યાવાળાં સૂક્તો વિષે એક ઋચાવાળાં સૂક્તો લગભગ ઘણાં છે એમ કહ્યું હોવાથી તેટલી (ઉપર્યુક્ત લગભગ પાંચ લાખની) સંખ્યા પૂરી થતી નથી; છતાં તે સંખ્યાનો જે નિર્દેશ કર્યો છે, ઘટતો હોય

* આ સંખ્યા પણ વેદાર્થદીપિકાના ૬૨ મા પૃષ્ઠમાં આમ જણાવી છે: 'सयोवृषीयान्ता वेदमध्यास्त्वखिल मध्यगाः । ऋचस्तु पञ्चलक्षाः स्युः सैकोनशत पञ्चकम्' 'सयोवृषीव' સુધીની વેદના મધ્યરૂપ હોઈ સમગ્ર વેદની મધ્યમાં રહેલી ૪૯૯ ઉપર પાંચ લાખ ઋચાઓ તે હોવી જોઈએ.'

કે ન ઘટનો હોય છતાં આ એક હજાર સૂક્તોમાં લગભગ એક ઋચાવાળાં સૂક્તો ઘણાં કહ્યાં છે. તેથી એક ઋચાવાળા સૂક્તોની સંખ્યા ઘણી થઈ જાય છે, તોપણ ઘણી ઋચાઓવાળાં બીજાં પણ સૂક્તોનો તેમાં પાછળથી પ્રવેશ થયેલો સંભવે છે, તેથી તેવા હજારો મંત્રો હતા એમ તો અવશ્ય સિદ્ધ થાય જ છે. વળી હાલમાં કશ્યપઋષિનાં જે સૂક્તો મળે છે અને બીજા પણ કાશ્યપઋષિનાં જે સૂક્તો છે તેઓમાં દિવ્ય ઔષધિ સોમની સ્તુતિ જોવામાં આવે છે, તે ઉપરથી લગભગ લુપ્ત થયેલા બીજા હજારો મંત્રોમાં પણ લગભગ એ જ પ્રકારે બીજી ઔષધી આદિનું વર્ણન સંભવે છે. કશ્યપ ઋષિ આયુર્વેદ વિદ્યાના પણ આચાર્ય હોવાથી અને તેમની પરંપરામાં પણ તે આયુર્વેદ વિદ્યાનું અનુસરણ ચાલુ રહ્યું હતું, એવો ઉલ્લેખ કાશ્યપસંહિતામાં છે; તેમ જ કશ્યપની મહાકૃતિરૂપ કાશ્યપ સંહિતાને વૃદ્ધજીવકે પાછળથી ટૂંકાવી હતી એવો પણ ઉલ્લેખ મળતો હોવાથી એ જ વિલુપ્ત થયેલાં એક હજાર સૂક્તો આખી મૂળ કાશ્યપસંહિતારૂપ હતાં એમ પણ ખરેખર હોઈ શકે, એમ કેમ ન સંભવે ?

આયુર્વેદના વિષયનું પ્રતિપાદન કરતો એ ભાગ કશ્યપે પાછળથી ઋગ્વેદમાં ખિલરૂપે દાખલ કર્યો હોય પછી કાલક્રમે વિચ્યુત થઈ સ્ખલિત થયો હોય અને પાછળથી વિલોપને પામ્યો હોય, એમ પણ સંભવે છે. આગળ કહેવાશે તે કાશ્યપસંહિતાના નામથી મળતી બીજી સંહિતામાં કહેવાયું છે કે, 'ऋग्वेदस्योपवेदाङ्गं काश्यपं रचितं पुरा। लक्षग्रन्थं महातेजः. अमेयं मम दीयताम् ॥'–ઋગ્વેદના ઉપવેદરૂપ હોઈને તે વેદના જ અંગરૂપ જે આયુર્વેદશાસ્ત્ર પૂર્વે કશ્યપે રચેલું છે, તે એક લાખ શ્લોક પ્રમાણના એક ગ્રન્થરૂપ હોઈ મહાતેજસ્વી તથા અમાપ છે; એ આયુર્વેદશાસ્ત્ર તમે મને આપો,' એમ ઋગ્વેદના ઉપવેદરૂપ એક લાખ શ્લોકના ગ્રન્થરૂપ જે કાશ્યપદર્શન–આયુર્વેદશાસ્ત્ર કહેવાય છે, તે જ હમણાં વિલુપ્ત થયેલ હોઈને કાશ્યપસંહિતારૂપ એક હજાર સૂક્તને લક્ષ્યરૂપે શું નથી કરતું ?

વળી ખિલરૂપે (ત્રુટક) રહેલાં પોને જોયેલાં એક હજાર સૂક્તોની તેમજ બીજાએ જોયેલાં સૂક્તોની એક સંહિતાનો સ્વીકાર કરી કશ્યપ આચાર્યે આયુર્વેદને પાંચમા વેદના સ્થાને રહેલા તરીકે 'શિષ્યોપક્રમણીય' નામના આ કાશ્યપ–સંહિતાના અધ્યાયમાં શું વર્ણવેલ છે ? એવો પણ તર્ક થાય છે. એ જ ખિલરૂપે (ત્રુટક) રહેલા આયુર્વેદના વિષયોને જણાવતી કશ્યપની મહા-સંહિતાને ગ્રહણ કરીને તેના વિષયોને અંદર દાખલ કરી વૃદ્ધજીવકે ટૂંકાવીને આયુર્વેદતંત્રરૂપે રચના કેમ ન કરી હોય ? આ બધું ભલે જેમ હશે તેમ, પરંતુ હાલમાં જે આ કાશ્યપસંહિતા મળી રહે છે, તે વેદમાં પાછળથી પ્રવેશેલા મૂલ મહાવૃક્ષ–આયુર્વેદનું જ એક સંક્ષિપ્ત સ્વરૂપ છે, એમ ખરેખર નિશ્ચય થાય છે.

એ રીતે આ કાશ્યપસંહિતાના સંહિતાકલ્પો તથા અધ્યાયોના લેખ ઉપરથી= અને આ ગ્રન્થમાં

= જેમકે આ કાશ્યપસંહિતાના 'લશુનકલ્પ'-ના ત્રીજા શ્લોક આ પ્રમાણે છે: 'हुताग्निहोत्र-मासीनं गंगाद्वारे प्रजापतिम्। पप्रच्छ स्थविरः काले प्रजानां हितकाम्यया ॥–પ્રજાપતિ કશ્યપ અગ્નિહોત્ર હોમીને ગંગાદ્વાર પર બેઠા હતા, તે સમયે સ્થવિર–વૃદ્ધજીવકે પ્રજાઓનાં હિતની ઇચ્છાથી આમ પૂછ્યું હતું.'

વળી આ કાશ્યપસંહિતાના 'જ્વરચિકિત્સા' નામના અધ્યાયમાં આ શ્લોક મળે છે: 'प्रजापतिं समासीनमृषिभिः पुण्यकर्मभिः। पप्रच्छ विनयाद् विद्वान् कश्यपं वृद्धजीवकः ॥–પ્રજાપતિ કશ્યપ પુણ્ય-કર્મ કરનારા ઋષિઓની સાથે જ્યારે બિરાજ્યા હતા, ત્યારે વિદ્વાન વૃદ્ધજીવકે તેમને વિનયથી આમ પૂછ્યું હતું.'

તેમજ આ કાશ્યપ સંહિતાના ભોજનકલ્પમાં આ શ્લોક છે: 'मारीचमासीनमृषिं पुराणं हुताग्नि-होत्रं ज्वलनार्कतुल्यम्। तपोदमाचारनिधिं महान्तं पप्रच्छ शिष्यः स्थविरोऽनुकूलम्'–મરીચિના પુત્ર પ્રાચીન મહર્ષિ કશ્યપ અગ્નિ તથા સૂર્ય જેવા તેજસ્વી હતા અને દમ, તપ, ઇંદ્રિયનિગ્રહ તથા સદાચારના એક ભંડારરૂપ હતા; તેમણે અગ્નિહોત્ર હોમી લીધું હતું, ત્યારે તેમના સ્થવિર શિષ્ય જીવકે તેમને આમ અનુકૂળ પ્રશ્ન કર્યો હતો.'

વચ્ચે વચ્ચે આવેલાં જુદાં જુદાં પદો ઉપરથી પણ આમ સ્પષ્ટ થાય છે કે આ સંહિતાના આચાર્ય કશ્યપ છે; તે બ્રહ્મલોકથી હતા; વેદોના તથા વેદોનાં અંગોના પારદ્રષ્ટા હતા; પ્રજાપતિના સ્થાને બિરાજતા હતા; ગંગાદ્વાર ઉપર નિવાસ કરતા હતા અને મારીચિના પુત્ર મહર્ષિ કશ્યપ નામે પ્રસિદ્ધ હતા; અને તે ઉપરથી ચરકસંહિતાના મૂળ આચાર્ય આત્રેય જેમ 'પુનર્વસુ' એવા બીજા નામરૂપ શબ્દથી ઓળખાય છે, તેમ આ કાશ્યપસંહિતાના આચાર્ય કશ્યપ 'મારીચ' શબ્દથી એટલે કે મરીચના પુત્ર તરીકે ઓળખાય છે.

કૌમારભૃત્ય-બાલચિકિત્સા-ના શાસ્ત્રરૂપ આ કાશ્યપસંહિતાના લેખ ઉપરથી પણ મારીચ કશ્યપ તથા વૃદ્ધકાશ્યપ એ નામે બે ભિન્નભિન્ન આચાર્યો જણાય છે; કારણ કે મારીચ કાશ્યપના ઉપદેશરૂપ આ કાશ્યપસંહિતામાં વમનને લગતા તથા વિરેચનને લગતા પ્રકરણમાં બીજા આચાર્યોના મતની પરંપરા બતાવવામાં આવી છે, તેમાં વૃદ્ધકાશ્યપનો મત પ્રથમ દર્શાવીને પછી 'अथ कश्यपोऽब्रवीत्—હવે કશ્યપ બોલ્યા' એમ પોતાના સિદ્ધાંતરૂપે કશ્યપનો મત બતાવવામાં આવ્યો છે; તે ઉપરથી સ્પષ્ટપણે 'મારીચ' શબ્દથી વ્યવહાર કરાતા કશ્યપ જ આ કાશ્યપસંહિતાનો ઉપદેશ કરનારા છે અને વૃદ્ધકાશ્યપ તો કોઈ બીજા જ આચાર્ય છે એમ સ્પષ્ટ જણાય છે. વળી આ કાશ્યપસંહિતાના દરેક અધ્યાયમાં 'इति ह स्माह कश्यपः—કશ્યપે એમ કહ્યું છે,' એવો નિર્દેશ કર્યો છે. તેમ જ 'महर्षिं कश्यपम्—મહર્ષિ કશ્યપને' એમ પણ ઘણી વાર નિર્દેશ કરાય છે, તે પણ આ કાશ્યપસંહિતાના આચાર્ય કશ્યપ છે, એ વસ્તુને વધુ પ્રમાણમાં સાબિત કરે છે. આ કાશ્યપસંહિતાના ખિલસ્થાનના બીજા અધ્યાયમાં કોઈ કોઈ સ્થળે આ મહર્ષિ કશ્યપનો પણ 'વૃદ્ધકશ્યપ' તરીકેનો ઉલ્લેખ કરેલો છે; તેમાં આવો અભિપ્રાય રહેલો છે કે મહર્ષિ કશ્યપ જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ પણ હતા. જો કે આ કાશ્યપસંહિતાના ખિલસ્થાનના ૧૩ મા અધ્યાયમાં ખિલ ભાગની એક ટિપ્પણીમાં 'वृद्धकाश्यपीयायां संहितायाम्—વૃદ્ધકાશ્યપની આ સંહિતામાં' એવું લખાણ મળે છે, પણ તે ઘણું ખરું પ્રક્ષિપ્ત લાગે છે. અથવા ચરકસંહિતાના પાછલા ભાગમાં કૃષ્ણાત્રેય, આદિના મતનો જેમ ઉલ્લેખ કર્યો છે, તેમ આ કાશ્યપસંહિતામાં પણ વૃદ્ધજીવકે બનાવેલ ખિલભાગમાં બીજા આચાર્યોના મતો જેમ બતાવ્યા છે, તેમ વૃદ્ધકાશ્યપના મતના સ્વીકારનો પણ ઉલ્લેખ કર્યો હોઈ 'वृद्धकाश्यपीयायां' વૃદ્ધકાશ્યપની (બીજી) સંહિતાનું લખાણ આપવાનો પણ પ્રસંગ સંભવે છે.

મહાભારતમાં 'તક્ષકદંશ' ઉપાખ્યાનમાં* શાપ પામેલા રાજા પરીક્ષિતને કરડવા માટે તક્ષક નાગ જઈ રહ્યો છે, ત્યારે તે રાજાના સર્પદંશનો પ્રતીકાર કરવા મહર્ષિ કાશ્યપ પણ રાજા પાસે જઈ રહ્યા હતા, તેથી રસ્તામાં તક્ષકનો તથા મહર્ષિ કાશ્યપનો સમાગમ થાય છે અને તે બન્નેનો જે સંવાદ થયો છે, તે જોવામાં આવે

વળી આ કશ્યપ સંહિતાના સંહિતાકલ્પમાં આ શ્લોક મળે છે: 'पितामहनियोगाच्च दृष्ट्वा च ज्ञानचक्षुषा। तपसा निर्मितं तन्त्रमृषयः प्रतिपेदिरे ॥—પિતામહ-બ્રહ્માની આજ્ઞા થઈ તે પછી કશ્યપઋષિએ જ્ઞાનદૃષ્ટિથી જોઈને તપના સામર્થ્યથી આયુર્વેદિત્ર રચ્યું હતું અને ઋષિઓએ તે તંત્રનો સ્વીકાર કર્યો હતો.'

વળી આ સંહિતામાં ખિલસ્થાનમાં આ શ્લોકો મળે છે: 'महर्षिकश्यपं वृद्धं वेदवेदाङ्गपारगम्'—વૃદ્ધ મહર્ષિ કશ્યપ વેદોના તથા વેદોનાં અંગોના પારગામી વિદ્વાન હતા.'

* આ તક્ષકદંશનું ઉપાખ્યાન મહાભારતના આસ્તીકપર્વના ૪૬ મા અધ્યાયમાં છે; ત્યાં આ શ્લોક મળે છે: 'राज्ञः समीपं ब्रह्मर्षिः काश्यपो गन्तुमैच्छत। गच्छाम्यहं तं त्वरितः सद्यः कर्तुमपज्वरम्'—બ્રહ્મર્ષિ કાશ્યપ રાજા પરીક્ષિતની પાસે જવા ઇચ્છતા હતા, ત્યારે તક્ષક નાગનો ભેટો થતાં તે નાગે તેમને પૂછ્યું હતું કે, તમે અત્યારે કયાં જાઓ છો? તેના ઉત્તરમાં તે મહર્ષિએ તેમને કહ્યું હતું કે, પરીક્ષિત રાજાને સર્પદંશ થવાનો છે, તેથી તેમની એ સર્પદંશની પીડા દૂર કરવા હું ઉતાવળે ત્યાં જાઉં છું.'

છે; એ મહર્ષિ કાશ્યપને 'મારીચ' વિશેષણ આપ્યું નથી, તેથી વિષ હરનારી વિદ્યામાં કુશળ તે મહર્ષિ કદાચ કશ્યપની પરંપરામાં ઊતરી આવેલા અલે હોય, પરંતુ મારીચ કશ્યપથી તો જુદા જ હોય એમ જણાય છે.

સુશ્રુતની ટીકાના કર્તા+ ડલ્હણે પોતાની વ્યાખ્યામાં કશ્યપના નામે અને § માધવનિદાનની મધુકોષી ટીકામાં વૃદ્ધકાશ્યપના નામે બે શ્લોકો ઉતારેલા જોવામાં આવે છે. એ બંને શ્લોકો અગદતંત્રનો વિષય જણાવે છે, તેથી એ બંનેના કર્તા કાશ્યપ તથા વૃદ્ધકાશ્યપ અગદતંત્રના આચાર્ય તરીકે જુદા હોય એમ ભાસે છે.

વ્યાકરણ સૂત્રકાર પાણિનિએ 'તૃષિમૃષિકૃષેઃ કાશ્યપસ્ય (૧-૨-૨૫) એ સૂત્રમાં કાશ્યપનો મત દર્શાવ્યો છે તેમજ 'નોદાત્તસ્વરિતોદયમગાર્ગ્યકાશ્યપ-

+ સુશ્રુતની ટીકાના કર્તા ડલ્હણે પોતાની ટીકામાં પ્રથમ આવી શંકા સામે શંકા કરી છે: 'ननु काश्यपेन मुनिना शिरादिषु अग्निकर्म प्रतिषिद्धं तथा च तद्वचनं-न शिरास्नायुसंध्यस्थिमर्मस्वपि कथंचन । दंशस्योत्कर्तनं कार्यं दाहो वा भिषजाऽग्निना ॥ (निबंधसंग्रह-सू० अध्याय १) કાશ્યપમુનિએ નિબંધસંગ્રહ નામના ગ્રંથમાં સૂત્રસ્થાનના પહેલા અધ્યાયમાં માણસની શિરા આદિમાં અગ્નિકર્મ કરવાનો પ્રતિષેધ કર્યો છે, તે સંબંધે તેમનું આ વચન પણ મળે છે કે, માણસની શિરાઓ, સ્નાયુઓ, સાંધાઓ, હાડકાં અને મર્મ ભાગો પર કોઈ પણ પ્રકારે દંશને કાપવાની શસ્ત્રક્રિયા અથવા અગ્નિથી દાહ કે ડામ દેવારૂપી અગ્નિકર્મ વૈદ્યે કરવું ન જોઈએ.'

§ માધવનિદાનની મધુકોષી ટીકામાં આમ લખે છે: वृद्धकाश्यपः-संयोगजं च द्विविधं तृतीयं मिश्रमुच्यते । गरः स्यादविषं तत्र सविषं कृत्रिमं स्मृतम् ॥-વૃદ્ધકાશ્યપ જણાવે છે કે, સંયોગજન્ય વિષ બે પ્રકારનાં હોય છે અને ત્રીજું મિશ્રવિષ કહેવાય છે; તેમાંનું જે 'ગર' નામે સંયોગજન્ય હોય છે, તે વિષ હોતું નથી; પરંતુ જે કૃત્રિમ સંયોગજન્ય વિષ હોય છે, તે વિષયુક્ત હોઈ ઝેરી હોય છે.

गाल्वानाम् (૮-૪-૬૭) એ સૂત્રમાં પણ કાશ્યપનો મત દર્શાવીને પ્રાચીન વૈયાકરણોમાં પણ કાશ્યપને વ્યાકરણશાસ્ત્રના વિદ્વાન તરીકે જુદા જ જણાવ્યા છે; તેમજ તૈત્તિરીય સંહિતામાં કાશ્યપનો શિલ્પાચાર્ય તરીકે પણ નિર્દેશ કર્યો છે; (જેમ કે-'यत्ते शिल्पं कश्यप रोचनावद् इन्द्रियावद् पुष्कलं चित्रभानु । यस्मिन्त्सूर्या अर्पिता सप्त साकं, तस्मिन् राजानमधिवाश्रयैनम्॥-હે કશ્યપ! તમારું શિલ્પ રોચના જેવું અને ઇંદ્રિયોના જેવું પુષ્કળ છે અને તેનાં કિરણો અથવા પ્રકાશ પણ અદ્ભુત છે; જે તમારા શિલ્પમાં સાતે સૂર્યો એકી સાથે સમાઈ ગયા છે, તે તમારા શિલ્પમાં આ રાજા-સોમનું અધિશ્રયણ અથવા પાચન તમે કરો.)'

તંજોરના પુસ્તકાલયમાં ઉમામહેશ્વરના પ્રશ્ન-ઉત્તરરૂપે રચાયેલી બીજી એક *'કાશ્યપસંહિતા' મળે છે; તે સંહિતામાં ચિકિત્સાના વિષયો આવે છે; અને કદમાં તે નાની છે. એ સંહિતાના પૂર્વાર્ધ ભાગની કોપી કરેલો ભાગ વૈદ્ય શ્રી જાદવજીભાઈની પાસેથી મેં મેળવ્યો હતો. એ પૂર્વાર્ધ ભાગમાં અનેક પ્રકારના વાતરોગો, જ્વરો, ગ્રહણી, અતીસાર અને

* આ સંહિતાનો આરંભગ્રંથ આ પ્રમાણે છે: 'कैलासशिखरे रम्ये पार्वतीपरमेश्वरौ । अन्योन्यसुखलीलायामेकान्तसुखगोष्ठिषु ॥ पार्वती पतिमालोक्य कृताञ्जलिरभाषत ॥ किं पापं किंविधा रोगाः किंविधं नरकं वद ॥ शंकर उवाच-नाना पापवर्णनान्ते-ऋग्वेदस्योपवेदाङ्गं काश्यपं रचितं पुरा । लक्षग्रन्थ महातेजः अमेयं दीयतां मम ॥ इत्यादि।-કૈલાસના સુંદર શિખર ઉપર પાર્વતી અને પરમેશ્વર પરસ્પર સુખકારક લીલામાં અને એકાંતમાં સુખકારક વાતચીત કરવામાં મગ્ન હતાં; તે વખતે પોતાના પતિ-શંકરની સામે જોઈ બે હાથ જોડી પાર્વતીજીએ આમ કહ્યું હતું: 'પાપ કયું કહેવાય? રોગો કેટલા પ્રકારના છે અને નરક કેવા પ્રકારનું છે? તે તમે કહો.' એમ પાર્વતીજીએ કહ્યું ત્યારે શંકરે અનેક પ્રકારનાં પાપોનું પ્રથમ વર્ણન કર્યું હતું અને પછી આમ કહ્યું હતું: 'ઋગ્વેદના ઉપવેદરૂપ તથા રોગરૂપ જે આયુર્વેદશાસ્ત્ર પૂર્વે કશ્યપે રચ્યું છે, તે એક લાખ શ્લોકના પ્રમાણરૂપ ગ્રંથરૂપે છે, મહાતેજસ્વી અને અમાપ છે, તે તમે મને આપો.'

અર્શસ્રોગો, તેઓનાં નિદાનો, એમને મટાડનાર ઔષધોરૂપ ઉપાયો અને નિદાનોરૂપ પાપોનો નાશ કરનાર રુદ્રના, શિવના તથા વિષ્ણુના આરાધનની વિધિઓ પણ સંક્ષેપમાં બતાવેલ છે; વળી તે સંહિતાના પૂર્વાર્ધના અંતભાગમાં 'बालरोगाध्य' इत्युपक्रम्य—બાલરોગની શરૂઆત કર્યા પછી 'सर्वाङ्ग मूर्ध्नि कक्षे द्वे श्रेणी द्वे पादबाहुकम्। पिटकम् दर्दुरं कण्डू तिमिरं कृमिसंकुलम्। पूयं रक्तं स्रवति च वेदनं शुष्कमङ्गजम्। विदाहं शोषमत्यन्तबालकं पित्तिपित्तिलाम्। एते गुणविकाराश्च पैत्तरूपं समुद्भवम् तत् पैत्तनाडीनाशार्थं राज्यादिलेह्यकं तथा। मासं मासत्रयं नित्यं बालपैत्तविनाशकम्। अश्वगन्धिघृतं सेवेद् विडङ्गादिघृतं तथा। बाकुचीघृतविख्यातं बालकं पित्तिलं हरेत्—બાળકના આખાય અંગમાં, માથામાં, બંને બગલમાં, બંને કુલાઓ પર, બંને પગમાં, બંને બાહુઓ પર, ફોલ્લા, દાદર અને ચેળ આવે; અંધકાર જણાય, ફોડાઓ પડે; પરૂ અને લોહી સ્રવે, વેદના થાય, અંગના અવયવો સુકાઈ જાય, વિશેષ દાહ થાય, શોષ કે ક્ષય થાય અને બાળક કફથી અત્યંત ચીકાશવાળો બની જાય; એ બધાયે ગુણો કે વિકારો પિત્તના રૂપે ઉત્પન્ન થયા હોય છે, તથા પિત્તની નાડી અથવા સંબંધનો નાશ કરવા માટે એક મહિનો કે ત્રણ મહિના સુધી રાસ્નાદિ લેહનો નિત્ય ઉપયોગ કરવો; કેમ કે એ લેહયોગ બાળકોના પિત્ત સંબંધી રોગોનો વિનાશ કરનાર છે, અથવા અશ્વગંધાદિ ઘૃતનું, વિડંગાદિ ઘૃતનું અથવા પ્રખ્યાત બાકુચી ઘૃતનું તે બાળકને સેવન કરાવવું; કેમ કે તે ઘૃત બાળકની પિચ્છિલતા—(કફની) ચીકાશને મટાડે છે.' એમ જણાવીને 'इति पार्वतीपरमेश्वरसंवादे काश्यपसंहितायां पूर्वार्धं समाप्तम् ॥' इति પાર્વતીના તથા શંકરના સંવાદરૂપ કાશ્યપસંહિતામાં પૂર્વાર્ધ સમાપ્ત' એમ તે સંહિતાના પૂર્વાર્ધની સમાપ્તિ કરી છે.'

આવા સ્વરૂપવાળી તે કાશ્યપસંહિતાનો લેખ પ્રૌઢ તેમ જ સંસ્કારી પણ નહીં હોવાથી એ કાશ્યપસંહિતા ઘણી પ્રાચીન કહી શકાય નહિ. વળી તે કાશ્યપસંહિતામાં બાલભૈષજ્ય અથવા બાલચિકિત્સાનું પ્રધાનપણે વર્ણન પણ કર્યું નથી; ફક્ત છેવટે ઉપર દર્શાવેલા શ્લોકો જ એ બાલચિકિત્સાના વિષય તરીકે જોવામાં આવે છે. વૃદ્ધજીવકના તંત્રમાં જે લખાણ છે તેના સાથે અમુક અંશે પણ કોઈ અમુક વિષયમાં, રચનામાં કે ઔષધચિકિત્સાના વિષયમાં મળતાપણું પણ નથી. એ ઉપરથી જણાય છે કે, એ કાશ્યપસંહિતા તાંત્રિક પ્રક્રિયાને અનુસરનારી હોઈ તે જુદી જ છે, કેવળ એ નામની જ કાશ્યપસંહિતા છે. એ સંહિતાના ઉપદેષ્ટા આચાર્ય જે કાશ્યપ નામે કહેવાય છે, પણ એ કાશ્યપ કોઈ જુદા જ જણાય છે.

વળી મદ્રાસમાં છપાયેલ÷ કાશ્યપસંહિતા નામે એક જુદો ગ્રંથ પણ મળે છે; તેમાં અગદતંત્રનો વિષય છે, તેથી એ ગ્રંથ પણ વિભિન્ન છે. તેમાં ગારુડી વિદ્યા, વિષને હરનારા ઔષધપ્રયોગો, માંત્રિક પ્રયોગો, વિષયુક્ત જાતિઓ, તેઓના અનેક ભેદો તથા અમુક દંશ આદિના પ્રકારો વર્ણવ્યા

÷ આ કાશ્યપસંહિતાનો આરંભ આ રીતે છે: 'काश्यपं तं महात्मानमादित्यसमतेजसम् अभिवाद्याभिसंगम्य गौतमः पर्यपृच्छत ॥—સૂર્ય સમાન તેજસ્વી તે મહાત્મા કાશ્યપની સામે જઈ તેમને વંદન કર્યા પછી ગૌતમ આમ પૂછ્યું હતું: 'गौतम उवाच—त्वं हि वेदविदां श्रेष्ठो ज्ञानानां परमो निधिः। प्रजापतेरात्मभवो भूतभव्यविदुत्तमः॥—તમે વેદવેત્તાઓમાં ખરેખર શ્રેષ્ઠ છો, સમસ્ત જ્ઞાનના પરમશ્રેષ્ઠ ભંડાર છો અને પ્રજાપતિના તમે પુત્ર છો અને ભૂત-ભવિષ્યને જાણનારાઓમાં ઉત્તમ છો;' એમ આરંભ કર્યા પછી તે સંહિતની સમાપ્તિ આ પ્રમાણે કરી છે: 'अभिषेकात् परं मंत्री यंत्रधारणमाचरेत्। पूर्ववद् दक्षिणां दद्यात् पूर्ववत् फलमाप्नुयात्। एवं प्रकारं यः कुर्यात् तस्य सिद्धिर्भवेद् ध्रुवम् ॥—મંત્રનું અનુષ્ઠાન કરનારે એમ અભિષેક કર્યા પછી મંત્ર ધારણ કરવો અને પહેલાંની જેમ દક્ષિણા દેવી, જેથી તે મંત્રાનુષ્ઠાન કરનારો પહેલાં કહ્યા પ્રમાણે ફળ મેળવે છે; એમ જે માણસ મંત્રાનુષ્ઠાન કરે છે, તેને અવશ્ય સિદ્ધિ પ્રાપ્ત થાય છે.' ઇતિ શ્રી કશ્યપ આચાર્યે રચેલા 'ગરુડપંચાક્ષરી' નામના કલ્પમાં અભિષેક તથા મંત્રધારણની વિધિ' નામનો અધ્યાય ૧૩મો સંપૂર્ણ.'

છે. એ કાશ્યપસંહિતાનો લેખ, ડલ્હનની તથા મધુકોશ ટીકામાં ઉતારેલા અગદતંત્રના વિષયવાળા જે બે શ્લોકો છે, તેને બિલકુલ મળતો નથી; વળી તે મદ્રાસની કાશ્યપસંહિતામાં એ બે શ્લોકો પણ નથી; તેથી એ કાશ્યપસંહિતાનો લેખ કોઈ અગદતંત્રના આચાર્ય જુદા જ અર્વાચીન કાશ્યપનો છે અથવા પ્રાચીન અગદાચાર્ય કાશ્યપના સંપ્રદાયવાળા કોઈના ઉપદેશને અનુસરનાર કોઈક બીજા જ આચાર્યનો છે, એવું અનુમાન થાય છે. આ (અતિ પ્રાચીન) કાશ્યપસંહિતાની છાયાનો લેશ માત્ર અંશ એ મદ્રાસની કૌમારભૃત્યપ્રસ્થાન સંબંધી કાશ્યપસંહિતામાં નથી.

એમ કશ્યપ તથા કાશ્યપ એ બે શબ્દો એકબીજાથી જુદા જોવામાં આવે છે, તે કારણે તેમજ ઉપર દર્શાવેલ એ કાશ્યપો ભલે પ્રાચીન તરીકે જોવામાં આવ્યા છે, તોપણ તેઓના વિષયોમાં વિસંવાદ ન હોવાથી કાશ્યપસંહિતા એ નામે ઉપર દર્શાવેલા જે બે ગ્રંથો મળી આવે છે, તે અર્વાચીન જુદા જ ગ્રંથો છે, તેથી અને તે તે કશ્યપોને 'મારીચ' તરીકેનું વિશેષણ પણ યોજાતું નથી, એ કારણે કૌમારભૃત્ય-બાલચિકિત્સાના આચાર્ય 'મારીચ કશ્યપ' નામે જુદા જ પ્રાચીન આચાર્ય છે, અને તેમણે જ પ્રથમ રચેલી આ નવી મળી આવેલી પ્રાચીન કાશ્યપસંહિતા, બીજી કાશ્યપસંહિતાઓથી જુદી જ છે, એમ નક્કી થાય છે. આ નવી મળેલી કાશ્યપસંહિતાનો ઉપદેશ તે મારીચ કશ્યપે જ કરેલ છે, તોપણ તે કશ્યપની આ સંહિતા છે, એમ તેમણે રચેલ છે એ જણાવનાર પ્રત્યય (અણ્) સાથે પ્રયોગ કરેલ (કશ્યપેન પ્રોક્તા કાશ્યપી-કશ્યપઋષિએ કહેલી સંહિતા કાશ્યપી કહેવાય છે એવા અર્થયુક્ત) 'કાશ્યપી' શબ્દ સાથે 'સંહિતા' શબ્દનો સમાનાધિકરણ-કર્મધારય સમાસ થયા પછી (એટલે કે 'કાશ્યપી ચાસૌ સંહિતા-એવા વિગ્રહપૂર્વકનો કર્મધારય સમાસ કર્યા પછી 'કર્મધારયે પૂર્વં પુંવત્'-કર્મધારય સમાસમાં પૂર્વના સ્ત્રીલિંગ શબ્દનો) પુંવદ્ભાવ થતાં એટલે કે પૂર્વમાં પુંલિંગ 'કાશ્યપ' શબ્દ મુકાતાં કાશ્યપી સંહિતા-કશ્યપઋષિએ રચેલી સંહિતા એવો અર્થ સ્વીકારીને 'કાશ્યપ સંહિતા'-કશ્યપ મુનિવિરચિત જે સંહિતા તે 'કાશ્યપસંહિતા' એવું કર્મધારય સમાસને સૂચવતું આ સંહિતાનું જે નામ રાખવામાં આવ્યું છે, તે ખરેખર યોગ્ય જ છે.

(શ્રી વાગ્ભટકૃત) અષ્ટાંગહૃદયમાં આવતા 'બાલામયપ્રતિષેધ' નામના અધ્યાયમાં વૃદ્ધકશ્યપના નામે તેમજ 'કશ્યપ'ના નામે બે ઔષધયોગોનો ઉલ્લેખ કરેલો જોવામાં આવે છે; એમ ત્યાં વૃદ્ધકશ્યપનો* તથા કશ્યપનો+ જુદો જુદો નિર્દેશ કર્યો છે, તે ઉપરથી અને આ કશ્યપની સંહિતામાં વૃદ્ધકશ્યપે કહેલા વિષયનો સંવાદ અથવા મળતા-

* અષ્ટાંગહૃદયના બાલામયપ્રતિષેધ અધ્યાયમાં વૃદ્ધકાશ્યપે બતાવેલું આ સમંગાદિ-ઘૃત આમ લખ્યું છે: समङ्गाधातकीलोध्रकुटन्नटबलाह्वयैः। महासहाक्षुद्रसहा-मुद्गबिल्वशलाटुभिः ॥ सकार्पासफलक्षतोये साधितैः साधितं घृतम्। क्षीरमस्तुयुतं हन्ति शीघ्रं दन्तोद्भवोद्भवान् ॥ त्रिविधानामयानेतद् वृद्धकाश्यपनिर्मितम् ॥-સમંગા-મજીઠ અથવા રિસામણી ધાવડી, લોધર, નાગરમોથ, બલા અને અતિબલા નામની બન્ને ખપાટ, મહાસહા, ક્ષુદ્રસહા, મગ, નાનાં કાચાં બીલાં અને કપાસિયા-એ અગિયાર ઔષધદ્રવ્યોને સમાન ભાગે લઈ અધકચરાં કરી તેઓનો તેનાથી આઠગણા પાણીમાં કવાથ કરવો; પછી તે કવાથ એક ચતુર્થાંશ બાકી રહે ત્યારે તેમાં તેનાથી એક ચતુર્થાંશ ગાયનું ઘી તેના જેટલા દૂધ અને દહીંના પાણી સાથે મિશ્ર કરી તે પકવવું; પ્રવાહી બળી જતાં પકવ થયેલું એ ઘી નાના બાળકને પાયું હોય તો તે બાળકને દાંત આવવાથી થતા બધા રોગોનો નાશ કરે છે.

+ વળી અષ્ટાંગહૃદયના ઉત્તરતંત્રના ૩૭ મા અધ્યાયમાં ૨૭-૨૮ શ્લોકોમાં કાશ્યપે નિર્માણ કરેલ 'દશાંગ અગદ' નામનું સર્વકીટનાશન ઔષધ આમ કહ્યું છે: 'वचा हिङ्गु विडङ्गानि सैन्धवं गजपिप्पली। पाठा प्रतिविषा व्योष काश्यपेन विनिर्मितम्। दशाङ्गमगदं पीत्वा सर्वकीटविषं जयेत् ॥ વજ, હિંગ, વાવડિંગ, સૈંધવ, ગજપીપર, કાળીપાટ, અતિવિષ, વ્યોષ-સૂંઠ, મરી અને પીપર-એ દસ ઔષધોને ચૂર્ણરૂપે એકત્ર કરી બનાવેલ દશાંગ અગદ નામનું ઔષધ પીને માણસ બધાયે કીડાઓના ઝેરને મટાડી શકે છે.

પણ કર્યાં નથી, તોપણ કશ્યપના નામે બતાવેલ બાળકોના ગ્રહોને દૂર કરનાર દશાંગધૂપ આ કાશ્યપસંહિતાના કલ્પસ્થાનમાં કોઈક વસ્તુના વિષયમાં અમુક પાઠભેદ કરીને બતાવેલો મેળવાય છે વળી બાળકોની યક્ષપીડા અને રાક્ષસપીડા વગેરેને મટાડનાર 'અભયકૃત' આ કાશ્યપસંહિતામાં જે બતાવ્યું છે, તેને જ વાગ્ભટે પણ અષ્ટાંગહૃદયના ઉત્તરતંત્રના પહેલા અધ્યાયમાં આમ બતાવેલું જોવામાં આવે છે: 'ब्राह्मीसिद्धार्थकवचासारिवाकुष्ठसैन्धवैः। सकणैः साधितं पीतं वाङ्मेधास्मृतिकृद् घृतम्। आयुष्यं पाप्मरक्षोघ्नं भूतोन्मादनिबर्हणम्।–બ્રાહ્મી, સરસવ, વજ, ઉપલસરી, કઠ અને પીપર–એટલાં ઔષધદ્રવ્યોનો કલ્ક કરી તેનાથી ચારગણું ઘી, તે કલ્ક સહિત ઘીથી ચારગણા પાણીમાં પકવવું. પ્રવાહી બળી જતાં પકવ થયેલું તે ઘી જો પીધું હોય તો વાણી, મેધા–બુદ્ધિ તથા સ્મરણશક્તિને કરે છે, આયુષને વધારે છે, પાપનો તથા રાક્ષસોનો નાશ કરે છે અને ભૂતના વળગાડથી થયેલા ઉન્માદને પણ મટાડે છે; વળી જેટલી વસ્તુઓ રાક્ષસોનો નાશ કરનાર છે, તે વગેરે બધીયે આ કાશ્યપસંહિતામાં કહી છે. તે જ બીજું રથળે કશ્યપના નામે કહેલી મળે છે, તે ઉપરથી કશ્યપે રચેલી આ કાશ્યપસંહિતા જ પ્રાચીન કાશ્યપસંહિતા છે, એવો નિશ્ચય કરાય છે.

ખોટાંગ (મધ્ય એશિયા) પ્રદેશના એક ભૂગર્ભમાંથી બહાર કાઢેલો અને 'બાબર મેન્યુસ્ક્રિપ્ટ' નામથી પ્રસિદ્ધ 'નાવનીતક' નામનો એક પ્રાચીન વૈદ્યક ગ્રંથ છે. (આ ગ્રંથ યુરોપમાં તથા લાહોરમાં છપાયો છે) જેની ભોજપત્રમાં લખેલી પ્રાચીન લિપિ માત્રનું પણ અનુસંધાન કરવાથી ત્રીજી કે ચોથી શતાબ્દીમાં એ પુસ્તક લખાયેલું હોવું જોઈએ, એમ વિવેચક વિદ્વાનો કહે છે. ગ્રંથની રચના તો એનાથી પણ ઘણી પ્રાચીન હોય એમ જણાય છે. એ ગ્રંથમાં આત્રેય, ક્ષારપાણિ, જતૂકર્ણ, પરાશર, ભેડ, હારીત, સુશ્રુત, કાશ્યપ તથા જીવક આદિનાં નામો પણ જોવા મળે છે; તેમ જ એ પ્રાચીન આચાર્યોની સંહિતામાં કહેલા યોગો તથા ઔષધોનો પણ તે ગ્રંથમાં સંગ્રહ કરેલ છે; પરંતુ અષ્ટાંગહૃદયમાં કહેલ એક પણ યોગનો તેમાં ઉલ્લેખ કર્યો નથી, તે ઉપરથી એ ગ્રંથની રચના કશ્યપ, કાશ્યપ, સુશ્રુત અને ભેડ વગેરેની પછી અને વાગ્ભટની પહેલાં થયેલી હોવી જોઈએ, એવું અનુમાન કરી શકાય છે. એ ગ્રંથના ચૌદ અધ્યાયો કૌમારભૃત્ય–બાલચિકિત્સારૂપ છે, તેમાં કાશ્યપના નામે તથા જીવકના નામે તેમના ઉપદેશ અનુસાર ભાવદર્શક અનુવાદ કરી કેટલાક યોગો તથા ઔષધો પણ બતાવેલાં મળે છે. કૌમારભૃત્ય–બાલચિકિત્સાના પ્રકરણમાં આ ગ્રંથની અંદર જીવકની સાથે કાશ્યપને બતાવેલા છે, તેથી એ જ કાશ્યપ આ સંહિતાના આચાર્ય હોય એમ કહેવું યોગ્ય છે. (कश्यपः एव काश्यपः એમ) અર્થમાં અણ્ પ્રત્યય લગાડ્યાથી અથવા (कश्यपस्य गोत्रापत्यं काश्यपः એમ) ગોત્રાર્થે અણ્ પ્રત્યય લગાડાય તોયે 'कश्यप'નો 'काश्यप' શબ્દથી વ્યવહાર કરી શકાય છે, એ કારણે 'कश्यप' પદના સ્થાને 'काश्यप' એ પદ ઉપલક્ષ આવી પડ્યું હોય એમ પણ સંભવે છે; તે સંબંધે આમ જોવામાં આવે છે:

आसवेन सुजातेन बालानां दापयेद्भिषक्।
सुखं भवति तेनास्य काश्यपाय वचो यथा॥
तेन कोष्ठगतो वायुः क्षिप्रमेव प्रमुच्यते।
शिरोरोगेषु शमनं वमनं चैव शाम्यति॥
कृमिर्गुदगतो यस्य गुटिकायाः प्रलेपयेत्।
तेनास्य सौख्यं भवति काश्यपस्य वचो यथा॥
शर्कराक्षौद्रसंयुक्तां पाययीतचिकित्सकः।
सुखी भवति तां पीत्वा काश्यपस्य वचो यथा॥

વૈદ્યે ઉત્તમ તૈયાર થયેલા આસવ સાથે બાળકોને (દૂધ વગેરે) કંઈ પણ અપાવવું જોઈએ, જેથી એ બાળકને સુખ થાય છે; એવું કાશ્યપનું વચન છે; તેથી એ બાળકના કોઠામાં રહેલો વાયુ તરત જ છૂટી જાય છે; વળી બાળકોને મસ્તકના રોગોમાં શમન ઔષધ તથા વમનકારક ઔષધ આપવું જોઈએ; વળી ગુટિકાનો પ્રલેપ લગાડવો; એ લેપથી તેની ગુદામાં પ્રાપ્ત થયેલા કૃમિ શાંત થાય–ખરી પડે છે; અને તે પ્રયોગથી તે બાળકને સુખ થાય છે, એવું કાશ્યપનું વચન છે. વળી વૈદ્યે તે બાળકને સાકર તથા મધ સાથે એ ગોળી પિવરાવવી; કેમ કે તે ગોળી પીને એ બાળક સુખી થાય છે; એવું કાશ્યપનું વચન છે.' એમ કોઈક

ઔષધ તથા ગોળીને લઈને કાશ્યપના વચનને છેવટે ટાંકીને અમુક કોઈક ઔષધયોગનું ત્યાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એ 'નાવનીતક' ગ્રંથમાં અહીં ઉપર દર્શાવેલા શ્લોકોની પહેલાંના શ્લોકો વિલુપ્ત થયા છે, એ કારણે તે ગુટિકા અને ઔષધ કેવા સ્વરૂપનું છે, એ જાણી શકાતું નથી; પરંતુ કાશ્યપસંહિતામાં ત્યાં ત્યાં (ખિલસ્થાન–૧૭–૧૮ અ) તેની ગોળીઓ તથા ઔષધોની રચના અને તેઓનો ઉપયોગ કરેલો જોવામાં આવે છે; તેઓમાંના અમુક કોઈ ઔષધ આદિને ગ્રહણ કરી પોતાના અનુભવથી સિદ્ધ થયેલા વિશેષ અનુપાન સાથે તે આપવાનું અહીં બતાવેલ હોય એમ જણાય છે.

વળી પ્રાચીન રાવણીય બાલતંત્રમાં કાશ્યપના તથા વૃદ્ધકાશ્યપના નામનો ઉલ્લેખ કરેલો છે; એ કાશ્યપ પણ આ કૌમારતંત્ર–કાશ્યપસંહિતામાં આચાર્ય તરીકે દર્શાવેલ વૃદ્ધકાશ્યપ સહિત જે કાશ્યપ દેખાય છે, તે જ એ કૌમારભૃત્ય–બાલચિકિત્સાના આચાર્ય કશ્યપ હોય એમ જણાય છે.

'જ્વરસમુચ્ચય' નામનો એક પ્રાચીન ગ્રન્થ છે, જે ગ્રન્થ પ્રાચીન ઋષિઓનાં મૂળ વચનોના એક સંગ્રહરૂપ છે; જેનું એક તાડપત્ર પર લખાયેલ પુસ્તક, લિપિના અનુમાન ઉપરથી સાતસો કે આઠસો વર્ષની પહેલાંનું હોય એમ જણાય છે અને બીજું પુસ્તક ૪૪ નેપાલી (A. D. 924) વર્ષમાં લખાયું છે અને તે મારી પાસે છે. એ પુસ્તકના લખાણનો સમય પણ પ્રાચીન છે; પરંતુ તેની રચનાનો સમય તો તેથી પણ ઘણો પ્રાચીન હોવો જોઈએ; એ પ્રાચીન ગ્રન્થમાં લગભગ ઘણા શ્લોકો કાશ્યપના નામથી ઉતારેલા છે અને તે શ્લોકોનો આ કાશ્યપસંહિતામાં પણ પૂરો સંવાદ છે, તે સંવાદ આગળ કહેવામાં આવશે; એ સંવાદ ઉપરથી તે ગ્રન્થમાં ગ્રહણ કરેલા કાશ્યપ પણ આ કાશ્યપસંહિતાના આચાર્ય કશ્યપ જ છે અને તે ગ્રંથમાં ઉતારેલા શ્લોકો પણ આ કાશ્યપસંહિતામાંથી જ ખાસ કરી ઊતરી આવેલા છે, એવું નક્કી થાય છે.

સુશ્રુતની ટીકા() નિબંધસંગ્રહમાં અને÷અષ્ટાંગહૃદયની ટીકામાં તેમજ ચરકની ચક્રપાણિકૃત ટીકામાં પણ કશ્યપના નામથી બેત્રણ શ્લોકો બીજા પણ મળે છે; પરંતુ આ કાશ્યપસંહિતા લગભગ ઘણા ભાગોમાં તૂટી ગયેલી છે. તેથી આ કાશ્યપસંહિતામાં એ શ્લોકો મળતા નહિ હોય, પરંતુ એ શ્લોકો તૂટી ગયેલા ભાગમાંથી લુપ્ત થયા હોય એમ પણ સંભવે છે.

('મુહૂર્તચિન્તામણિ' ગ્રન્થના સંસ્કારપ્રકરણમાં–પ્રથમ શ્લોકની વ્યાખ્યા–) પીયૂષધારામાં ગર્ભાધાન–પ્રકરણ વિષે આમ લખ્યું છે: 'उक्तं च काश्यपसंहितायां वर्षद्वादशकादूर्ध्वमित्युपक्रम्य–કશ્યપસંહિતામાં કહેવાયું છે કે હરકોઈ સ્ત્રીને બાર વર્ષની ઉંમર થઈ ગયા પછી' એમ શરૂઆત કરી જણાવે છે કે: 'अन्तःपुष्पं भवत्येव पनसोदुम्बरादिवत्। अतस्तु तत्र कुर्वीत तत्संगं बुद्धिमान्नरः॥ હરકોઈ સ્ત્રીને બાર વર્ષની ઉંમર વીત્યા પછી ફણસ અને ઉંબરાના ઝાડની પેઠે અંદરના ભાગમાં પુષ્પ એટલે રજોદર્શન અવશ્ય થાય જ છે, એ કારણે બુદ્ધિમાન પુરુષે એ બાર વર્ષ

() સુશ્રુતની ટીકા, નિબંધસંગ્રહમાં કાશ્યપે કહેલો આ શ્લોક ગયદાસે આમ જણાવ્યો છે: 'अरजस्कां यदा नारीं श्लेष्मरेता व्रजेदृतौ॥ अन्यसक्ता भवेत्प्रीतिर्जायते कुम्भिलस्तदा॥–જે સ્ત્રીને બરાબર રજોદર્શન થયું ન હોય તેની પાસે ઋતુકાળે જે કફપ્રધાન વીર્યવાળો પુરુષ, મૈથુનકાળે ગમન કરે, ત્યારે તે સ્ત્રીના ગર્ભાશયમાં કુંભિલ નામનો નપુંસક ઉત્પન્ન થાય છે.

÷ હેમાદ્રિની અષ્ટાંગ ટીકામાં અને ચક્રપાણિની ચરકની ટીકામાં કશ્યપ આમ જણાવે છે: 'भूयो वर्षति पर्जन्यो गङ्गायां दक्षिणे जलम्। तेन प्रावृषवर्षाख्यौ ऋतू तेषां प्रकल्पितौ। गङ्गाया उत्तरे कूले हिमवद्धिमसंकुले। भूयः शीतमतस्तेषां हेमन्तशिशिरावृतू॥–ગંગાના દક્ષિણ કિનારે વરસાદ જ્યારે પુષ્કળ વરસે છે, તે ઉપરથી તે તરફ વસતા લોકોની પ્રાવૃષ તથા વર્ષાઋતુ પ્રાપ્ત થયેલી કલ્પાયેલી છે. પરંતુ જ્યારે ગંગાના ઉત્તર કિનારા પર હિમાલયના હિમથી વ્યાપ્ત પ્રદેશ ઉપર ખૂબ ટાઢ પડે છે, ત્યારે તે પ્રદેશના લોકોની હેમંત અને શિશિર ઋતુ ગણાય છે.

પછીની ઉંમરવાળી સ્ત્રીનો 'સંતતિની ઇચ્છાથી સંગ કરવો' એવો શ્લોક ત્યાં ઉતારેલો દેખાય છે, એ શ્લોક જ્યોતિષના વિષયવાળા ગ્રન્થમાં ઉતારેલો જોવામાં આવે છે. એ ઉપરથી જ્યોતિષને લગતા વિષયોવાળી બીજી કાશ્યપસંહિતા પણ હોવાનો સંભવ છે. વળી આ કાશ્યપસંહિતામાં 'જાતિસૂત્રીય' નામના અધ્યાયમાં ગર્ભાધાન આદિ વિષયના સંબંધવાળા ગ્રન્થની શરૂઆત કરેલી જોવામાં આવે છે. એ વિષયના અંશમાંથી બાકી રહેલો અમુક અંશ તૂટી ગયો હોવાથી તથા આ શ્લોકમાં આર્ષરચના મળતી હોવાને લીધે અને ગર્ભાધાનનો વિષય પણ આમાં પ્રતિપાદન કરેલો હોવાથી આ કાશ્યપસંહિતામાં આ શ્લોક પણ કદાચ હોય અને તે હમણાં તેના તૂટી ગયેલા ભાગમાંથી લુપ્ત થયો હોય, એમ પણ સંભવે છે; અને જો એમ હોય તો એ પીયૂષધારા વ્યાખ્યામાં જે કાશ્યપસંહિતા બતાવી તે આ જ કાશ્યપસંહિતા હોવી યોગ્ય છે.

જીવક સંબંધી વિચાર

પ્રથમ દર્શાવેલ 'સંહિતાકલ્પ' નામના અધ્યાયમાં કહ્યા પ્રમાણે(કલ્પસ્થાનમાં) કશ્યપે ઉપદેશેલી મહાતંત્રરૂપ સંહિતા, 'કનકસ્થલ'–કનખલ ક્ષેત્રમાં ઋચિકના પુત્ર વૃદ્ધજીવક નામના પ્રસિદ્ધ મહર્ષિએ પ્રાપ્ત કરી હતી. પછી તેમણે એ મૂળ કાશ્યપસંહિતાને ટૂંકાવીને બીજા એક તંત્રરૂપે પ્રકાશિત કરી હશે એમ જણાય છે.

મહાભારત આદિમાં જામદગ્ન્ય–પરશુરામના ઉપાખ્યાનમાં 'ઋચિક' નામના મહર્ષિનો ઉલ્લેખ મળે છે. 'અસીરિયન્' પ્રદેશના પૂર્વવૃત્તાંતમાં પણ 'ગાલવ' આદિનાં નામો જેમ મળે છે તેમ 'ઋચિક'નું નામ પણ મળે છે; પરંતુ બીજાં કોઈ પ્રમાણો મળતાં નથી, એ કારણે આ વૃદ્ધજીવકનો પિતા જે 'ઋચિક' કહેવાય છે, તે કયો ઋચિક હશે, એવો નિશ્ચય કરી શકાતો નથી. પુરાણ, ઇતિહાસ આદિ પ્રાચીન ગ્રંથોમાં અને આત્રેય, સુશ્રુત આદિના પ્રાચીન વૈદ્યક ગ્રંથોમાં પણ વૃદ્ધજીવક એ નામ અથવા 'જીવક' એ નામ જોવામાં આવતું નથી; પરંતુ 'નાવનીતક' નામના (બોટાંગ પ્રદેશમાંથી) મળી આવેલા ગ્રંથમાં કૌમારભૃત્ય–બાલચિકિત્સાના પ્રકરણમાં કાશ્યપના ઔષધની પેઠે જીવકનાં પણ ઔષધનો જીલટીના રોગમાં તથા ઉરોઘાત રોગમાં નામગ્રહણ સાથે ઉલ્લેખ+ મળે છે. તે ઉપરથી અને બાલભૈષજ્યના વિષયનો સંબંધ હોવાના કારણે તેમ જ કાશ્યપનું સાહચર્ય હોવાથી પણ આ જ વૃદ્ધજીવકને તે જણાવે છે, એમ જણાય છે. એ વૃદ્ધજીવકના તંત્રરૂપ આ કાશ્યપસંહિતામાં છર્દિ–રોગ–ઊલટીને લગતું પ્રકરણ ખંડિત હોવાથી તે રોગનું ઔષધ મેળવી શકાતું નથી; પરંતુ ઉરોઘાત રોગના પ્રકરણમાં તે સંબંધી ઔષધને બતાવતા શ્લોકોની વચ્ચે પણ ત્રુટકપણું છે, તોપણ તે રોગના ઔષધને લગતો ભાગ જે કંઈ બાકી રહેલો છે, તેમાં પીપરની સાથે ઉપયોગ કરાતા અંદર બીજા (ગુપ્ત) રહેલા કોઈ એક ઔષધનો પ્રયોગ જાણી શકાય છે અને તે પ્રયોગ તેના સંવાદનું અનુમાન કરાવે છે. સુશ્રુતના ઉત્તરતંત્રમાં 'યે ચ વિસ્તરતો દ્રષ્ટાઃ કુમારાવાધહેતવઃ–બાળકોની પીડાનાં કારણો જે વિસ્તારથી જોયાં છે,' એમ કહી સામાન્યપણે બતાવેલ કૌમારભૃત્ય–બાલચિકિત્સા વિષે 'पार्वतक-जीवक-बन्धक-प्रभृतिभिः'–પર્વતકના શિષ્યો, જીવક તથા બંધક વગેરે આચાર્યોએ' એમ કહીને સ્પષ્ટીકરણ કરતા ડલ્હન આચાર્યે

+ જેમ કે भार्गीं सपिप्पलीं पाठां पयस्यां मधुनाऽन्विताम्। प्लैष्मिकायां लिहेच्छर्द्यामिति होवाच जीवकः॥ द्वे बृहत्यौ रुचूक्त्वक् श्वदंष्टा यासकस्तथा। शृङ्गवेरं यवाँश्चैव दार्वीं वृक्षादनीं तथा॥ क्षीरमुक्त्वाथयेदेभिः पिप्पलीघृतसंयुतम्। उरोघातेषु दातव्यमिति होवाच जीवकः॥–ભારંગી, કાળીપાટ અને ક્ષીરકાકોલી–એટલાંનું ચૂર્ણ કરી માણસે કફ સંબંધી જીલટીમાં મધ સાથે ચાટવું એમ જીવકે કહ્યું છે; તેમ જ ઉરોઘાતના રોગોમાં બે બૃહતી–નાની મોટી ભોંરીંગણી, એરંડાની છાલ, ગોખરુ, જવાસો, આદું, જવ, દારુહળદર તથા વૃક્ષાદની–વંદા–એટલાંને સમાનભાગે લઈ તેઓનું ચૂર્ણ કરી યોગ્ય પ્રમાણમાં દૂધની અંદર નાખી તે દૂધ ઉકાળવું; પછી તેને અગ્નિ પરથી ઉકાળી લઈ તેમાં મધ અને ઘી મેળવીને રોગીને આપવું, એમ જીવકે કહ્યું છે. (નાવનીતક–અધ્યાય ૧૪, શ્લોક ૧૦૫)

'જીવક'ના નામનો નિર્દેશ કર્યો છે અને તે જીવકનો કૌમારભૃત્યના આચાર્યોની પંક્તિમાં ઉલ્લેખ પણ કર્યો છે, તે ઉપરથી એ જ 'વૃદ્ધજીવક' હોવા જોઈએ, એમ યોગ્ય લાગે છે. ચક્રદત્તે પણ 'જીવક' નામે 'સૌરેશ્વર'કૃત પોતાના પુસ્તકમાં ઉતાર્યું છે; વળી બીજા પણ ટીકાગ્રંથમાં કુમારોને સુખકારક અને કાસ, શ્વાસ આદિને મટાડનાર અમુક ખાસ ઔષધનો જીવકના નામે ઉતારો કર્યો છે.

આ 'વૃદ્ધજીવક' કોણ છે ? એમ વિચાર કરતાં બુદ્ધના સમયમાં અસ્તિત્વ ધરાવતા અને 'કુમારભચ્ચ' એ શબ્દથી જોને વિશેષણ અપાયું છે એવા 'જીવક' નામના કોઈ પ્રસિદ્ધ વૈદ્યનો 'મહાવગ્ગ' નામના પાલીભાષાના ગ્રંથમાં તેમ જ 'બૌદ્ધજાતક' ગ્રંથમાં લખેલી તિબ્બતીયન (તિબેટની) ઉપકથામાં ઇતિહાસ મળે છે. તે સ્થળે 'કુમારભચ્ચ' એ વિશેષથી યુક્ત 'જીવક' નામનો પ્રસિદ્ધ વૈદ્ય જોવામાં આવે છે, તે ઉપર વિચારવા માટે તે બૌદ્ધ ગ્રંથોમાં જતાવેલ તેમનો ઇતિહાસનો કેટલોક ભાગ અહીં આપ્યો છે :

'મહાવગ્ગ' નામના પાલી ગ્રંથના આઠમા અધ્યાયમાં આવો ઉલ્લેખ છે : 'રાજગૃહ' (હાલમાં પટણા જિલ્લામાં આવેલ રાજગિરિ) નામના શહેરમાં 'શાલાવતી' નામની કોઈ એક વેશ્યાએ એક બાળકનો જન્મ આપીને તરત જ તેને સૂપડામાં મૂકી દાસી દ્વારા (પોતાના ઘરની) બહાર મૂકાવી દીધો. તેવામાં (નગરચર્યા જોવા નીકળેલા) રાજકુમાર અભયકુમારે જોયો. એટલે તેને રાજમહેલમાં લાવી દાસી દ્વારા ઉછેરવા માંડ્યો. તે બાળકને પેલી વેશ્યાએ ત્યજી દીધો છતાં તે 'જીવતિ'—જીવી રહ્યો છે, એવો અર્થ મનમાં લાવીને 'જીવક' એવા નામથી તેને બોલાવતા. વળી રાજકુમાર અભયકુમારે તે બાળકનું પાલનપોષણ કર્યું હતું તેથી પાલી ભાષા અનુસાર કુ(કો)મારભચ્ચ—એટલે કૌમારભૃત્ય અથવા કુમારભૃત એ નામે પણ તે પ્રસિદ્ધ થયો હતો. તે પછી સમય જતાં મોટો થયેલો તે જીવક પોતાની આજીવિકા માટે વિદ્યા ભણવા, રાજકુમાર અભયકુમારની સંમતિ મેળવ્યા વિના જ, તક્ષશિલા નામની નગરીમાં ગયો. અને ત્યાં 'દિશાપ્રમુખ' નામના એક વૈદ્ય પાસે સાત વર્ષ સુધી રહી વૈદ્યવિદ્યા ભણ્યો હતો. એમ તે જીવક વિદ્યાને ગ્રહણ તથા ધારણ કરવા સમર્થ હોઈને વૈદ્યકવિદ્યામાં નિપુણ બન્યો. તેથી તેના વિદ્યાગુરુ—આચાર્યે તેને ભાથું (એટલે કે માર્ગમાં ખાવાનું) સાથે આપીને પોતાના ઘરથી વિદાય કર્યો. જીવકના પાછા ફરતાં માર્ગમાં અયોધ્યા શહેર આવ્યું. ત્યાં તેના જાણવામાં આવ્યું કે આ શહેરમાં એક શેઠાણી સાત વર્ષથી મસ્તકની વેદનાથી પીડાયા કરે છે. તે જાણી એ જુવાન વૈદ્ય જીવક તે શેઠાણીના ઘેર ગયો અને તે શેઠાણીને ઘીનું નસ્ય આપવારૂપ ઔષધ આપીને સાજી કરી હતી; તે કારણે એ શેઠાણીએ તે જુવાન વૈદ્યનો ખૂબ સત્કાર કર્યો અને પુષ્કળ ધન, દાસો, રથો વગેરે તેને આપ્યાં. પછી તે બધું લઈને એ જીવક વૈદ્ય 'રાજગૃહ' આવ્યો. પછી પોતે જે કંઈ મેળવ્યું હતું, તે બધું તેણે પોતાનું પોષણ કરવાના પ્રત્યુપકારરૂપે રાજકુમાર અભયકુમારને આપવા માંડ્યું. પરંતુ એ અભયકુમારે તેનો સ્વીકાર કર્યો નહિ પણ ઊલટો તેનો વધુ સત્કાર કર્યો અને રાજમહેલની અંદર જ તેને રહેવા માટે એક ઘર બનાવી આપ્યું. તે પછી એ જીવક વૈદ્ય, માત્ર રાજા બિંબસારનો તીવ્ર ભગંદર રોગ એક લેપ લગાડીને મટાડ્યો. તેથી એ બિંબસાર રાજા પ્રસન્ન થયો અને તે રાજાએ પોતાની પાંચસો સ્ત્રીઓનાં આભૂષણો આપીને તેનો સત્કાર કર્યો હતો. ઉપરાંત તે જુવાન જીવક વૈદ્યને એ બિંબસાર રાજાએ પોતાના અંતઃપુરની તથા બુદ્ધ વગેરે ભિક્ષુક સંઘ—સાધુઓની ઔષધ-ચિકિત્સા કરવા માટે અનુમતિ આપીને તે જીવકની ઉપર કૃપા કરી હતી. તે પછી સાત વર્ષો વીત્યા પછી એ રાજગૃહ શહેરમાં કોઈક શેઠને માથાની વેદના ઊપડતાં તેની ચિકિત્સા કરવા, ઘણા કાળ સુધી તે શેઠને સૂઈ રહેવાનું જણાવી, કોઈ ઔષધ આપી બેભાન બનાવી, છેવટે તે શેઠનું કપાળ ચીરી તેમાંથી બે કીડાઓ બહાર કાઢ્યા હતા અને પછી તે કપાળ સીવી લઈ તે શેઠને સાજો કર્યો અને તેની પાસેથી તેણે પુષ્કળ ધન—સત્કાર મેળવ્યો. તે પછી એ જીવક વૈદ્ય રાજા બિંબસારની આજ્ઞાથી કાશી શહેરમાં ગયો અને ત્યાં આંતરડાની ગાંઠના

રોગથી કોઈ શેઠનો પુત્ર પીડાતો હતો તેનું પેટ ચીરી (એ ગાંઠને બહાર કાઢી નાખીને) ચિકિત્સા દ્વારા તેને આરોગ્ય આપ્યું; તેથી એ શેઠે પણ પુષ્કળ ધન આપી તે જીવકનો સત્કાર કર્યો. તે પછી રાજા બિંબસારની આજ્ઞાથી એ જીવક વૈદ્ય ઉજ્જયિની નગરીમાં ગયો. ત્યાંનો રાજા 'પ્રદ્યોત' પાંડુરોગથી પીડાતો હતો તેથી જીવક વૈદ્યે ઘીનો પ્રયોગ કરાવી તેનો પાંડુરોગ મટાડવા તૈયારી કરી પરંતુ પ્રદ્યોત રાજાની ઇચ્છા ઘીનો પ્રયોગ કરવાની નહિ હોવાથી જીવક વૈદ્યે એક ક્વાથમાં ઘી નાખી તે પાઈને વમન કરાવ્યું હતું, પણ આ વાત રાજા જાણશે તો ક્રોધે ભરાશે એમ વિચારી પ્રથમથી જ તૈયાર રાખેલી એક હાથણી પર બેસી જીવક રાજગૃહ તરફ નાસી છૂટ્યો. આ તરફ પ્રદ્યોત રાજા ઔષધના પ્રયોગથી વમન થતાં નીરોગી બન્યો. તેથી ખુશ થઈને તેણે જીવકને શિબિ દેશમાં ઉત્પન્ન થયેલ ઉત્તમ રાંકવ-મૃગચર્મ વગેરે ભેટ તરીકે મોકલાવ્યાં. તે પછી 'આનંદ' નામના બુદ્ધ સાધુની સૂચનાથી તેણે બીમાર પડેલા બુદ્ધ ભગવાનને વિરેચન ઔષધના પ્રયોગ દ્વારા સ્વસ્થ કર્યા અને તે વખતે તેણે પ્રદ્યોત રાજાએ તથા કાશીના રાજાએ પોતાને જે કંઈ ભેટરૂપે આપ્યું હતું તે બધું ભિક્ષુ સંઘને આપી દીધું.

તિબેટની ઉપકથાઓમાં પણ આવી એક કથા મળે છે: બિંબસાર રાજાને એક દાસીમાં પુત્ર થયો. લોકલાજથી ડરીને એની માતાએ તેને પેટીમાં મૂકી ત્યજી દીધો હતો. એ જ બાળક 'જીવક' નામે હતો, જેને રાજકુમાર અભયકુમારે પાળ્યો હતો; અને તે 'કુમારભૂત (ભૃત્ય) નામે પ્રસિદ્ધિ પામ્યો. એ જ કુમારભૂત અથવા જીવક આયુર્વેદની ચિકિત્સાવિદ્યા ભણીને રાજકુમાર અભયકુમારની આજ્ઞાથી 'કપાલભેદન'-ખોપરી-કપાળ વગેરે ચીરવાં આદિ શલ્યતંત્રનું વિજ્ઞાન મેળવવા 'તક્ષશિલા' નગરીમાં ગયો. ત્યાં જઈને તેણે શલ્યતંત્રમાં પરમ-ઉત્તમ વિદ્વાન આત્રેય પાસેથી (શલ્યતંત્રનું) શિક્ષણ મેળવ્યું તેમાં તે બહો હોશિયાર થયો. વળી પોતાના ગુરુ આત્રેય કરતાં અમુક કોઈ પ્રકારની ચિકિત્સામાં તેની કુશળતા દેખાઈ આવતી. ઈ. સ. ૪૫૦ આસપાસ લખાયેલ 'બુદ્ધઘોષ'કૃત ધમ્મપદની વ્યાખ્યામાં પણ જણાવ્યું છે કે જીવકે પાંચસો ભિક્ષુઓ સાથે બુદ્ધ ભગવાનને ભોજન કરાવેલું અને બુદ્ધ ભગવાનના પગમાં એક ચાંદું થયું હતું, તેની પણ ચિકિત્સા કરી હતી. વળી સતીગુંબજાતક, સંકિચ્ચજાતક અને યુલ્લહંસજાતક નામના બૌદ્ધ ગ્રંથોમાં પણ જીવકના નામનો ઉલ્લેખ મળે છે.

વળી એક વખતે જીવકે 'અંબપાલી' નામના ઉદ્યાનમાં એક વિહાર બંધાવી બારસો ભિક્ષુઓ સાથે બુદ્ધ ભગવાનને ત્યાં આમંત્રણ આપી તેમનો સત્કાર કર્યો હતો તેમ જ 'રાજગૃહ' શહેરમાં 'શ્રીગુપ્તપરિખા' નામની એક ખાઈની ઉપર એક સ્તૂપ પણ બંધાવ્યો. વળી એ જીવકે બિંબસાર રાજાના પુત્ર અજાતશત્રુને બુદ્ધ ભગવાનનું દર્શન કરવા પ્રેર્યો હતો વગેરે લૌકિક વાર્તાઓ 'જાતક' આદિ બૌદ્ધગ્રંથોમાં મળે છે. વળી જીવક સંબંધે 'Oldenberg' નામક એક અંગ્રેજ વિદ્વાને તથા *શ્રી ગિરીન્દ્રનાથ નામના વિદ્વાને પણ ઘણું લખ્યું છે. વળી જીવકે પોતાના ઘરની નજીક 'શ્રીગુપ્ત*-પરિખા' નામક સ્થાન પર બુદ્ધ ભગવાનના વ્યાખ્યાન માટેનો એક ચોતરો પણ બંધાવ્યો હતો અને વૃક્ષો વગેરે રોપાવ્યાં હતાં, તેના કંઈક અંશો આજે પણ ત્યાં જોવા મળે છે, એમ 'વિલ' નામના વિદ્વાને કહ્યું છે.

આવાં વર્ણનો ઉપરથી જણાય છે કે બુદ્ધ તથા બિંબસાર રાજાના સમયમાં આજથી અઢી હજાર વર્ષો પૂર્વે ઈસ્વી સન ૬૦૦માં એ પ્રસિદ્ધ 'જીવક' નામનો વૈદ્ય થયો હતો.

આ રીતે બૌદ્ધ ગ્રંથોમાં વર્ણવેલો એ જીવક મગધદેશનો રહેવાસી હતો; અને બિંબસાર રાજાની એક વેશ્યા અથવા કોઈ એક દાસીમાં પુત્રરૂપે તે જન્મ્યો અને જુવાન થતાં તે 'જીવક વૈદ્ય' તરીકે કહેવાયો. તે જીવકે બાલ્યાવસ્થા પછી 'તક્ષશિલા' નગરીમાં જઈને ત્યાંના રહેવાસી કોઈ આચાર્ય પાસે સાત વર્ષ સુધી અભ્યાસ કરી વૈદ્યવિદ્યાનું જ્ઞાન મેળવ્યું હતું. આવું લખાણ 'મહાવગ્ગ' નામક ગ્રંથમાં પણ મળે છે. તે ઉપરથી નક્કી થાય છે કે એ

જીવક ભગવાન બુદ્ધનો તથા બૌદ્ધ ભિક્ષુઓનો સત્કાર કરનાર એક વૈદ્ય હતો; વળી રાજગૃહ-નગરમાં સ્તૂપ બનાવનાર તેણે બૌદ્ધ માર્ગ સ્વીકારેલો એમ તિબેટની કથા ઉપરથી સાબિત થાય છે; તેમ જ એ જીવક વૈદ્ય બે હાથ જોડી ભગવાન બુદ્ધને શરણે આવ્યો હતો અને તેમનો ઉપાસક બન્યો હતો, એમ 'મજ્ઝિમનિકાય' નામના ગ્રંથમાં જણાવ્યું છે.

પરંતુ આ 'વૃદ્ધજીવકીય' આયુર્વેદતંત્રનો આચાર્ય જે 'જીવક' થઈ ગયો છે તે તો 'કનખલ' નામના તીર્થક્ષેત્રમાં રહેનાર ઋચિક મહર્ષિનો પુત્ર હતો અને પાંચ વર્ષની ઉંમરમાં જ તેના માથાના વાળ ધોળા થઈ જવાથી તે વૃદ્ધ જેવો લાગતો હતો; તેમ જ વેદો તથા વેદાંતોના પારગામી અગ્નિહોત્રી શ્રી કશ્યપ ઋષિનો શિષ્ય હોઈ મહર્ષિઓમાં આદરસત્કાર પામ્યો હતો અને પોતાના વંશમાં ઉત્પન્ન થયેલા 'શિવકશ્યપ'નો ભક્ત હતો. વળી તે વેદ-વેદાંગ ભણ્યો હતો અને આયુર્વેદતંત્રના પ્રતિસંસ્કર્તા વાત્સ્યનો તે પૂર્વપુરુષ હતો, તેમ જ શ્રૌત-સ્માર્ત માર્ગમાં એકનિષ્ઠાવાળો હતો, એમ આ વૃદ્ધજીવકીય આયુર્વેદતંત્ર અથવા કાશ્યપસંહિતા ગ્રંથ ઉપરથી જણાય છે.

પરંતુ જે જીવક વૈદ્ય બુદ્ધના સમયમાં થઈ ગયો છે, તેની આયુર્વેદીય ચિકિત્સાનો ઇતિહાસ જોતાં તેણે 'રાજગૃહ' નગરના એક શેઠનું કપાળ ચીરીને તેમ જ કાશીમાં રહેતા કોઈ એક શેઠનાં આંતરડાં ચીરી શલ્યતંત્રની ચિકિત્સા દ્વારા તેને સાજો કર્યો હતો એવો ઉલ્લેખ મળે છે. એ ઉપરથી જીવક વૈદ્ય શલ્યતંત્રનો વિશેષ જ્ઞાતા હતો એમ સાબિત થાય છે, પણ તેણે કોઈ પણ બાલચિકિત્સા કરી હોય એવું વૃત્તાંત જાણવા મળતું નથી. જોકે તે જીવક વૈદ્ય શલ્યતંત્રનો જ્ઞાતા હતો, એવા તેના સંબંધે ઉલ્લેખ મળે છે, તે ઉપરથી તે જીવક વૈદ્ય બાલચિકિત્સાનો કે તે સિવાયની બીજી ચિકિત્સાને જાણતો નહોતો એમ કહેવાનો મારો અભિપ્રાય નથી; છતાં શલ્યતંત્રના આચાર્ય સુશ્રુતનો કેટલોક બાકી રહેલો ઉપદેશ તેને મળેલો જ હતો, તોપણ સુશ્રુત આચાર્ય જેમ શલ્યતંત્રમાં કુશળ હતા તેમ એ જીવક વૈદ્ય પણ તેવો જ કુશળ હોઈ બાલચિકિત્સાને પણ બહુ જ સારી રીતે જાણતો હોવો જોઈએ પણ તે બાલચિકિત્સા જાણતો હોય તેવો કોઈ ઉલ્લેખ જોવામાં આવતો નથી. જ્યારે આ કાશ્યપસંહિતામાં તો મુખ્યત્વે બાલચિકિત્સાનો જ વિષય છે એટલે આ સંહિતાના આચાર્ય વૃદ્ધજીવક બાલચિકિત્સાના ચિકિત્સક હતા એ સાબિત થાય છે.

બુદ્ધના સમયમાં કાશ્યપ તથા જીવકનું ઐતિહાસિક વૃત્તાંત એકસાથે મળે છે, તોપણ તે ઉપરથી આ કાશ્યપતંત્રમાં થયેલા કાશ્યપ અને જીવક એ બંને બુદ્ધના સમયમાં થયા હોય અને બૌદ્ધ ગ્રંથમાં પણ કહેલા હોય, એવી શંકા કરવી યોગ્ય નથી. બુદ્ધના સમયનો કાશ્યપ ત્રણ ભાઈઓમાં સૌથી મોટો હતો ને પ્રથમ દાર્શનિક હોઈ યાજ્ઞિક બ્રાહ્મણ હતો. એ કાશ્યપને 'ઉરુબિલ્વ' નામના બુદ્ધે બૌદ્ધધર્મની દીક્ષા આપેલી. તે જોઈ બિંબસાર રાજાએ પણ બૌદ્ધધર્મ સ્વીકાર્યો હતો. એ પ્રમાણે બૌદ્ધધર્મમાં પ્રવેશેલા કાશ્યપનું વૃત્તાંત મહાવગ્ગ નામના બૌદ્ધગ્રંથમાં મળે છે, તે ઉપરથી એ કાશ્યપ પ્રથમ તો દાર્શનિક જ હતો; પરંતુ તે વૈદ્ય ન હતો, તો કૌમારભૃત્ય—બાલચિકિત્સાનો તે આચાર્ય હોય જ ક્યાંથી? વળી તે કાશ્યપ મરીચિનો પુત્ર હતો, એવો પણ ઉલ્લેખ તે બૌદ્ધગ્રંથમાં મળતો નથી; તેમ જ તે ગ્રંથમાંનું વર્ણન લીધું છે. તિબેટની કથામાં પણ વળી તેણે તક્ષશિલા નગરીમાં વસતા આત્રેય પાસેથી વૈદ્યવિદ્યાનું અધ્યયન પણ કર્યું હતું; પરંતુ મગધદેશવાસી કાશ્યપ પાસેથી તેણે વૈદ્યવિદ્યાનો અભ્યાસ કર્યો ન હતો; એમ બૌદ્ધકાશ્યપ તથા (કનખલનિવાસી) મહર્ષિ કશ્યપ એ બંને જુદા જ હતા. માત્ર નામની સમાનતા હોવાથી આ કાશ્યપસંહિતાના કર્તા કશ્યપ અને વૃદ્ધજીવક વૈદ્ય એક જ હતા એમ માની શકાય નહિ

વળી બુદ્ધના સમયમાં પાલીલેખમાં જીવકનું 'કુમારભચ્ચ' અથવા 'કુમારભૃત્ય' એવું નામ લખેલું મળે છે, તે ઉપરથી આ વૃદ્ધજીવકીય તંત્રના આચાર્ય અને કૌમારભૃત્યના વિદ્વાન જે આ વૃદ્ધ-

જીવક જણાય છે, તે બને એક છે એવી શંકા રહેતી નથી; કારણ કે પૂર્વકાળથી આરંભીને આયુર્વેદના જે આઠ વિભાગો થયા છે, તે આઠ આયુર્વેદીય અંગોમાં જે 'બાલચિકિત્સા' નામનું આયુર્વેદીય અંગ છે, તે જ 'કૌમારભૃત્ય' કહેવાય છે, અને તે કૌમારભૃત્યના ઉપદેશકો તથા જે વિદ્વાનો હોય છે, તેઓ 'કૌમારભૃત્યો' કહેવાય છે. આ ગ્રંથ–કાશ્યપસંહિતામાં મુખ્યત્વે બાલચિકિત્સા કહેવામાં આવી છે. અને આ કાશ્યપસંહિતાના જ ઔષધભેષજીયેન્દ્રિય અધ્યાયમાં પણ આમ કહેવાયું છે કે, 'कौमारभृत्यमष्टानां तन्त्राणामाद्यमुच्यते'–આયુર્વેદનાં અંગરૂપ જે આઠ તંત્રો છે, તેમાં 'કૌમારભૃત્ય' નામનું તંત્ર મુખ્ય કહેવાય છે. વળી આ ગ્રંથના જ લેખ ઉપરથી સાબિત થાય છે કે કૌમારભૃત્ય અથવા બાલચિકિત્સા એ વૈદ્યને આગળ લાવનાર છે. વળી આ કાશ્યપસંહિતામાં 'काश्यपीय संहितायां कौमारभृत्य–કાશ્યપની આ સંહિતા કૌમારભૃત્ય છે એટલે કે બાલચિકિત્સારૂપ છે' એવો લેખ મળે (ટિપ્પણી) છે, તે ઉપરથી આ સંહિતાના લેખક કશ્યપ કૌમારભૃત્ય હતા, એટલે કે બાલચિકિત્સાના જાણકાર હતા; વળી આ કાશ્યપસંહિતામાં જે 'ધૂપકલ્પ' પ્રકરણ છે, તેમાં 'कौमारभृत्यास्त्वपरे जङ्गमस्थावराश्रमात्। द्वियोनिं द्रुवते धूपं काश्यपस्य मते स्थिताः॥–કશ્યપના મતમાં રહેલા બીજા કેટલાક કૌમારભૃત્યો અથવા બાલચિકિત્સક વૈદ્યો જંગમ તથા સ્થાવરના આશ્રયથી હરકોઈ ધૂપને દ્વિયોનિ કહે છે, એટલે કે હરકોઈ ધૂપમાં કેટલીક જે વસ્તુઓ આવે છે, તેઓનું ઉત્પત્તિકારણ સ્થાવર તથા જંગમ–એમ બંને હોય છે; તેમ જ આ કાશ્યપસંહિતાના 'धात्रीचिकित्सा' નામના અધ્યાયમાં, 'भिषक् कौमारभृत्यस्तैः–બાળકોની ચિકિત્સા કરનાર વૈદ્ય તે કારણોથી કાયમ દુઃખી રહે છે' એવો ઉલ્લેખ મળે છે તે ઉપરથી આ સંહિતાના આચાર્ય કશ્યપને તથા આ બાલચિકિત્સા શાસ્ત્રના જ્ઞાતા બીજા વૈદ્યો તથા આચાર્યોને પણ કૌમારભૃત્ય અથવા બાલચિકિત્સક તરીકે દર્શાવવામાં આવ્યા છે; પરંતુ બુદ્ધના સમયમાં થયેલો જીવક વૈદ્ય તો તેની બાલ્યાવસ્થામાં અભયકુમાર રાજપુત્રથી પાલનપોષણ કરાયો હતો, એ કારણે તેણે વિદ્યાભ્યાસ કર્યો ન હતો, તેની પહેલાંના જ સમયમાં 'કુમારભૃત્ય અથવા કુમારભૂત' એટલે કે અભયકુમારે પાળેલો તથા પોષેલો એવા શબ્દથી તેને જાહેર કરેલો હતો અને તેવો જ એકસરખો ચોકસ વ્યવહાર બૌદ્ધગ્રંથમાં દર્શાવેલ છે; અર્થાત્ જીવક વૈદ્યને અભયકુમારે પાળ્યો–પોષ્યો હતો, એ કારણે તે 'કુમારભૃત્ય' એવા બીજા નામે પ્રસિદ્ધ થયો હતો; પરંતુ બાલચિકિત્સાનો જાણકાર હોઈને તે 'કુમારભૃત્ય કે કૌમારભૃત્ય' કહેવાયો ન હતો; કારણ કે બાલચિકિત્સક હોઈને તે જો 'કુમારભૃત્ય' એવા બીજા નામે કહેવાયો હોય તો તેણે કરેલી બાલચિકિત્સાનો કે બાલચિકિત્સાના જાણકાર તરીકે તેનો ઉલ્લેખ તે તે બૌદ્ધગ્રંથોમાં હોવો જોઈએ પણ તેવા ઉલ્લેખ મળતા નથી. કુમાર અભયકુમારે પાલનપોષણ કરેલા જીવક વૈદ્યની અમુક ખાસ વિશેષ વિદ્યા–શલ્યતંત્ર એ જ તેનું વિશેષરૂપ હતું. જ્યારે આ કાશ્યપસંહિતા તો કૌમારભૃત્ય–બાલચિકિત્સારૂપ જ એક ગ્રંથ છે, એમ પહેલાના સમયથી લઈને જ આ કાશ્યપસંહિતાનો કૌમારભૃત્ય–બાલચિકિત્સાના જ ગ્રંથ નામે વ્યવહાર કરવામાં આવે છે; અને સુશ્રુતમાં તથા નાવનીતક આદિ ગ્રંથોમાં પણ તે જ પ્રકારે ઉલ્લેખ કરેલો હોવાથી કેવળ જીવકને જ 'કૌમારભૃત્ય અથવા બાલચિકિત્સક' તરીકે કહેવામાં આવેલ છે એમ નથી; પરંતુ આ બાલચિકિત્સાશાસ્ત્રને જાણનારા અને કોઈ પણ કુમારે પાળેલા–પોષેલા ન હતા એવા પાર્વતક, બંધક આદિ વૈદ્યોનો પણ કૌમારભૃત્ય–બાલચિકિત્સાના આચાર્ય તરીકે ઉલ્લેખ કરેલો જોવામાં આવે છે, તેથી બૌદ્ધકાલીન જીવકને બાલચિકિત્સાના આચાર્ય તરીકે કૌમારભૃત્ય કહી શકાય તેમ નથી. (એ તો કુમાર–અભયથી પાળેલો–પોષાયેલો હોવાથી જ કુમારભૃત્ય કે કુમારભૂત એ નામે કહેવાતો હતો.) વળી આ બાલચિકિત્સાતંત્રના આચાર્ય વૃદ્ધજીવકને બૌદ્ધ તરીકે પણ કોઈ રીતે કહી શકાય તેમ નથી; કારણ કે બૌદ્ધછાયા આ બાલભૃત્યતંત્રમાં ક્યાંય પણ જોવામાં આવતી નથી. એ ઉપરથી બૌદ્ધ-

ગ્રંથોમાં જણાવેલ જીવક વૈદ્ય તથા આ કૌમારભૃત્યતંત્રના આચાર્ય વૃદ્ધજીવક એ બંનેમાં ઘણો મોટો તફાવત જણાય છે.

વળી જૈન ગ્રંથોમાં જોવામાં આવતા ઉત્સર્પિણી તથા અવસર્પિણી–એ બન્ને (કાળદર્શક) શબ્દો જોઈને આ વૃદ્ધજીવકીય તંત્ર આયુર્વેદીય–કાશ્યપસંહિતામાં જોવામાં આવે છે, તે ઉપરથી અને જૈન ઇતિહાસ જોતાં પણ 'શ્રુતધર' નામના એક રાજકુમાર 'જીવંધર તથા જીવસ્વામી' એવા બીજા નામે કહેવાતા હતા અને વળી તે પણ 'જીવક' એવા ચોથા નામે એક પ્રસિદ્ધ પુરુષ હતા, એમ જાણવા મળે છે અને તેમનું જીવનવૃત્તાંત પણ મહાપુરાણ–જીવનચરિત્ર તથા ગદ્યચિંતામણિ આદિ જૈન ગ્રંથોમાં મળી આવે છે. તે રાજકુમારને પોતાના પિતાના સ્થાનેથી ઉઠાડી મૂકવામાં આવ્યા હતા અને પાછળથી તેમણે પોતાનાં પરાક્રમ તથા કુશલતાને લઈને શત્રુઓનો નાશ કરી પોતાનું રાજ્ય મેળવ્યું હતું; અને તે રાજકુમાર જૈન ધર્મમાં નિષ્ઠાવાળો પણ હતો, એવું તેમના સંબંધે વર્ણન પણ મળે છે. વળી તેમણે પોતાનો ઉપકાર કરનાર એક ગંધર્વે આપેલા વિષહર મંત્રના પ્રભાવથી માત્ર સ્પર્શ કરતાં જ વિષને દૂર કરવાની શક્તિ પણ મેળવી હતી એમ જાણવામાં આવે છે; પરંતુ તે ઉપરથી તે વૈદ્યવિદ્યાના આચાર્ય હતા, તેમ જ કૌમારભૃત્ય–બાલચિકિત્સાના પણ વિદ્વાન હતા, એમ કહી શકાય નહીં.

આ જીવકીય તંત્ર–કાશ્યપસંહિતામાં શ્રૌતમાર્ગને જ અનુસરતા અનેક વિષયો તથા લેખો મળી આવે છે.× એટલા ઉપરથી પણ બૃહત્સંપ્રદાય તથા જૈનસંપ્રદાયના અનુયાયી અને બૌદ્ધગ્રન્થો તથા જૈનગ્રંથોમાં જણાવેલા જે બન્ને જીવકો જાણવામાં આવે છે, તેઓનાથી જુદા જ આ પ્રાચીન ઋચિક પુત્ર વૃદ્ધજીવક છે અને તે જ આ વૃદ્ધજીવકીય તંત્ર–કાશ્યપસંહિતાના રચયિતા છે, એમ આ તેમના ગ્રંથની મર્યાદાથી જાણી શકાય છે.

'વાત્સ્ય' સંબંધે વિચાર

આ કાશ્યપસંહિતાના કલ્પસ્થાનમાં 'સંહિતાકલ્પ' નામના અધ્યાયમાં જે લખાણ મળે છે, તે ઉપરથી વૃદ્ધજીવકીયે તંત્રના સ્વરૂપને પામેલી આ કાશ્યપસંહિતા કાળક્રમે નાશ પામી ત્યારે 'વાત્સ્ય' નામના આચાર્યે 'અનાયાસ' નામના યક્ષનું આરાધન કરી આ કાશ્યપસંહિતા ફરી મેળવી હતી. એ વાત્સ્ય વૃદ્ધજીવકના જ વંશમાં ઉત્પન્ન થયા હતા; તેમણે વેદોનું તથા વેદનાં અંગોનું અધ્યયન કર્યું હતું; અને શિવ તથા કશ્યપના તે ભક્ત હતા. એ વાત્સ્યે લોકોના કલ્યાણ માટે આ વૃદ્ધજીવકીય તંત્રનો ફરી પ્રતિસંસ્કાર કરીને તેને પ્રસિદ્ધ કરેલ છે એમ જણાય છે; તે ઉપરથી એ પ્રતિસંસ્કર્તા વાત્સ્ય કોણ હતા? તેમનો સમય કયો હતો? એવી જિજ્ઞાસા થતાં નીચે પ્રમાણે જાણવા મળે છે:

'વાત્સ્ય' એ નામ 'વત્સ' ગોત્રમાં ઉત્પન્ન થયેલ જણાવે છે, તેથી એ કેવળ કુળનું નામ છે. વૃદ્ધજીવક 'ભાર્ગવ' કુળમાં ઉત્પન્ન થયા હતા એવો ઉલ્લેખ મળે છે. તે ઉપરથી 'વત્સ' એ પણ ભૃગુકુળમાં જન્મેલા હોવા જોઈએ અને તે જીવનવંશમાં ઉત્પન્ન થયેલા હોવાથી અહીં દર્શા-

× જેમ કે દંતજન્મ–અધ્યાયમાં અશુભ દાંત આવ્યા હોય તેની શાન્તિ માટે 'મારુતી–ઇષ્ટિ'નું વિધાન તેમ જ 'શિષ્યોપક્રમણીય' નામના અધ્યાયમાં છ વૈદિક પદ્ધતિએ શિષ્યના સંસ્કારનું વિધાન જણાવ્યું છે. વળી આયુર્વેદનો વેદની સાથેનો સંબંધ અને વેદસ્થાનીયપણું તેમ જ શિક્ષા, કલ્પ, સૂત્ર, નિરુક્ત, વૃત્ત, છંદ અને યજ્ઞસંસ્તર આદિનું પ્રોક્ષણીયપણું પણ આ વૃદ્ધજીવકીય તંત્રમાં બતાવેલ છે; વળી ગર્ભાવક્રાંતિમાં ઈશ્વરના ગુણોથી યુક્ત સર્વવ્યાપી સંસારી જીવોનો પણ નિર્દેશ કર્યો છે. વળી જાતિસૂત્રીય અધ્યાયમાં શ્રૌતપુત્રેષ્ટિનું વિધાન બતાવ્યું છે; અને ઔષધભેષજીય અધ્યાયમાં સ્વપ્નના દોષોને શમાવનાર સાવિત્રીને દર્શાવ્યો છે; ધૂપનકલ્પમાં વૈદિક મંત્રોનો ઉલ્લેખ કર્યો છે; અને રેવતીકલ્પમાં શાબ્દી તથા આર્થી વૈદિક પ્રક્રિયા જણાવી છે અને જાતકર્મોત્તરીય અધ્યાયમાં શ્રૌતપ્રક્રિયા દ્વારા નિષ્ક્રમણ આદિનું વિધાન કહ્યું છે અને ત્યાં ત્યાં અનેક સ્થળે વૈદિક મંત્રો તથા દેવતા આદિનો ઉલ્લેખ મળે છે.

વેલા વાત્સ્ય આ કાશ્યપસંહિતાના પ્રતિસંસ્કર્તા તરીકે ઘટે છે. વંશ–બ્રાહ્મણ આદિમાં પણ 'वात्स्यात् वात्स्यः'–વાત્સ્યથી વાત્સ્ય જન્મ્યા એમ વાત્સ્યનો ઉલ્લેખ મળે છે. વંશનું નામ એ સાધારણ હોય છે. તેથી એ બ્રાહ્મણગ્રંથમાં જેમનો ઉલ્લેખ કર્યો છે એ વાત્સ્ય જીવકના વંશમાં જન્મેલા હશે કે કોઈ બીજા હશે? એમ નક્કી કરી શકાતું નથી. એ વાત્સ્યનું પોતાનું (વંશનામ સિવાયનું) બીજું નામ શું હશે? આ કાશ્યપસંહિતાના પ્રતિસંસ્કર્તા વાત્સ્ય જીવકની સંતતિપરંપરામાં કેટલામા થયા હશે? એ સંબંધે વધુ કંઈ જાણવા મળતું નથી. 'અનાયાસ' નામના યક્ષને પ્રસન્ન કરી તેમની પાસેથી આ વૃદ્ધજીવકીય તંત્ર પોતે મેળવ્યું હતું, એમ જણાવતા એ વાત્સ્ય પોતે જ વિદ્યાસમૃદ્ધ યક્ષોની જાતિઓની જે કાળે હયાતી હતી તે જ કાળે પોતાની હયાતી સ્પષ્ટ જણાવે છે. યક્ષોની જાતિઓ પહેલાંના કાળથી પ્રસિદ્ધ હતી. યક્ષોનો ભારતીય લોકોની સાથેનો પરિચય અને સંબંધ પ્રાચીનકાળથી જ છે. યક્ષોનો સંપ્રદાય બૌદ્ધધર્મ કરતાં પણ પ્રાચીન છે એમ શ્રી કુમારસ્વામીએ તે વિષયમાં (Of His Article om Yaksas) પોતાના પુસ્તકમાં ઘણું વિવેચન કર્યું છે, તે યક્ષોનો સંપ્રદાય પાછળથી બૌદ્ધ સંપ્રદાયમાં તથા જૈન સંપ્રદાયમાં અંતર્ભાવ પામ્યો છે; કારણ કે પ્રાચીન બૌદ્ધ ગ્રંથોમાં અને જૈનોનાં અંગ-ઉપાંગ ગ્રંથોમાં પણ યક્ષોનાં નામોનો નિર્દેશ છે. બુદ્ધના સમયમાં પણ ભારતમાં યક્ષોની પૂજા પ્રચલિત હતી. ભારતમાં ઘણાં સ્થળે આમતેમ પડેલી યક્ષોની પ્રાચીન મૂર્તિઓ પણ મળે છે. કેવળ ભારતમાં જ મળે છે; એટલું જ નહિ, પરંતુ રમઠ, જાગુડ, બાહ્લિક આદિ સીમાડાના પ્રદેશોમાં પણ પૂર્વકાળમાં યક્ષો પૂજાતા જણાય છે. કોઈ પણ વ્યક્તિનો પોતાના જીવનસમયમાં જ દેવની પેઠે પૂજ્યભાવ થાય નહિ, પરંતુ જે જાતિ બલ, વીર્ય અને વિદ્યા આદિથી સમૃદ્ધ હોય, તેનો અમુક સમયના અંતરે દેવની પેઠે પૂજ્યભાવ થવો યોગ્ય જણાય છે; તેમાં વાત્સ્યે નાશ પામેલું આ તંત્ર જ્યારે મેળવ્યું હશે, ત્યારે તે કારણને લીધે 'અનાયાસ' નામના યક્ષનો નિર્દેશ કર્યો હોય તે ખરેખર સંગત છે એવો વિચાર થતાં તે નામના યક્ષનો ઉલ્લેખ એક સ્થળે મળી આવે છે. 'પંચરક્ષા' નામનું એક બૌદ્ધતંત્ર હાલમાં જે મળે છે, તેના ચીની ભાષામાં પણ ઘણા અનુવાદો થયા છે; જેમાંનો એક અનુવાદ (ઈ. સ. ૩૧૭–૩૨૨ વર્ષોમાં) મધ્ય એશિયામાં વસતા કૂચલિક્ષુ પોશ્રીમિત્ર નામના એક બૌદ્ધ સાધુએ રચ્યો હતો એમ જણાવ્યું છે. એ ભારતીય ગ્રંથનો તે અનુવાદ એટલા બધા દૂર પ્રદેશમાં તે સમયે થયો હતો તે હાલમાં પણ મળે છે, ત્યારે તે ગ્રંથની રચનાનો કાળ તો તેનાથી પણ ઘણો પ્રાચીન હોવો જોઈએ એવું અનુમાન થાય છે. એ ગ્રંથમાં પણ લગભગ બસો યક્ષોનો નિર્દેશ મળે છે અને તે તે દેશના રક્ષક તરીકે વૈશ્રવણ–કુબેર આદિ યક્ષોના અધિપતિઓના આરાધનનું વિધાન પણ દર્શાવ્યું છે અને તેમના આરાધનથી વાત, પિત્ત તથા કફના રોગો પણ મટે છે તેમ જ વૈદ્યોનો, ગર્ભમાં રહેલ બાળકનો, તે બાળકને પીડા કરનાર બાલગ્રહના પૂજન આદિનો પણ તે ગ્રંથમાં ઉલ્લેખ મળે છે. વળી તે જ ગ્રંથમાં 'મહામાયૂરી' નામની વિદ્યાના પ્રકરણમાં 'રમઠ' નામક દેશના રક્ષક તરીકે રાવણનો નિર્દેશ કર્યો છે. મંત્રવિદ્યાથી રોગોની નિવૃત્તિ થાય છે, એ વિષયમાં રાવણનો ઉલ્લેખ બીજા ગ્રંથમાં પણ મળે છે; માંત્રિક પ્રક્રિયા દ્વારા બાલચિકિત્સાને દર્શાવતું રાવણતંત્ર પણ પ્રાચીન હોય એમ જોવામાં આવે છે. પંચરક્ષા ગ્રંથની 'મહામાયૂરી' નામની વિદ્યામાં તે તે દેશમાં રહેલા પૂજ્ય યક્ષો પણ આ પ્રમાણે બતાવ્યા છે:–'कौशाम्ब्यां चाप्यनामासो भद्रिकायां च भद्रिकः'–કૌશાંબી નગરીમાં 'અનાયાસ' નામનો યક્ષ તે નગરીના રક્ષક તરીકે પૂજાય છે અને 'ભદ્રિકા' નામની નગરીમાં 'ભદ્રિક' નામનો યક્ષ તેનો રક્ષક હોઈને પૂજાય છે. એમ 'કૌશાંબી' નગરીના રક્ષક તરીકે 'અનાયાસ' નામના યક્ષનો નામનિર્દેશ કર્યો છે. કૌશાંબી નગરી બુદ્ધના સમયમાં પણ પ્રસિદ્ધ હતી, તેમ જ તે ગ્રંથના લખાણ ઉપરથી તે સમયે પણ 'અનાયાસ' યક્ષને પૂજ્યની પંક્તિમાં દર્શાવેલ હોવાથી

એ અનાયાસ યક્ષ ઘણા જ પૂર્વકાળમાં થયેલો જણાય છે. બુદ્ધના સમયમાં પણ યક્ષોની જાતિ પૂજ્યભાવને વરેલી હતી, તે જાતિના પૂર્વકાળના અસ્તિત્વ સમયમાં અનાયાસ યક્ષ પણ જીવિત હતો અને તે યક્ષ પાસેથી વાત્સ્યને આ વૃદ્ધજીવકીય તંત્ર પ્રાપ્ત થયું હતું, એવા કથન ઉપરથી વાત્સ્યનો સમય બુદ્ધના સમયની પહેલાં નહિ, પરંતુ તેમના સમકાલીન અથવા તો તેનાં થોડાં વર્ષ પહેલાંનો હોવો જોઈએ, એમ નક્કી કરી શકાય છે. એક પ્રાચીન પુસ્તકમાં 'મહામાયૂરી' વિદ્યાનો ઉપસંહાર જ્યાં કર્યો છે ત્યાં 'आर्यं महामायूरी विद्या विनष्टा यक्षमुखात् प्रतिलब्धा-આર્ય મહામાયૂરી વિદ્યા વિનાશ પામી હતી, પરંતુ યક્ષના મુખે તે પાછી મેળવાઈ છે,' એવો ઉલ્લેખ જોવામાં આવે છે. તે ઉપરથી મહામાયૂરી વિદ્યાનું જ્ઞાન પણ યક્ષો પાસેથી પ્રાપ્ત થતું હતું, એ રીતે 'અનાયાસ' યક્ષ પાસેથી વાત્સ્યને આ વૃદ્ધજીવકીય તંત્રની પણ પ્રાપ્તિ થઈ હોય. વળી આત્રેય, ગાર્ગ્ય, શૌનક આદિની પેઠે આર્ષ નામ દ્વારા વાત્સ્યનો વ્યવહાર થયેલો મળે છે, તે પણ વાત્સ્યની પ્રાચીનતાને જણાવે છે; વળી તે વાત્સ્યે વેદોનું તથા વેદોનાં અંગોનું અધ્યયન કર્યું હતું અને શિવ-કશ્યપના ભક્ત તરીકે તેમનો નિર્દેશ કર્યો છે, તે ઉપરથી એ વાત્સ્ય વેદમાર્ગના અનુયાયી હતા, એમ પણ તેમના ગ્રંથની મર્યાદા દ્વારા જાણી શકાય છે.

પરંતુ આ બાબતમાં એક વસ્તુ વિચારવા જેવી લાગે છે કે, આ વૃદ્ધજીવકીય તંત્રના શારીરસ્થાનમાં કાલનું નિરૂપણ કર્યું છે ત્યાં આદિયુગ, દૈવયુગ અને કૃતયુગ-એમ ત્રણ પ્રકારે વિભાગ કરેલો જે ઉન્નત અવસ્થારૂપ શુભ કાળ છે, તેને 'ઉત્સર્પિણી' શબ્દથી કહ્યો છે અને ત્રેતા, દ્વાપર તથા કલિયુગ એમ ત્રણ પ્રકારે વિભાગ કરેલો જે અવનતિની અવસ્થારૂપ જે અશુભકાળ છે તેને 'અવસર્પિણી' શબ્દથી કહ્યો છે. વળી ઉત્તરોત્તર (બળ વગેરેથી) ઓછાં ઓછાં થતાં શરીરોનાં જે બંધારણો છે, તેઓનો 'નારાયણ' આદિ શબ્દોથી વ્યવહાર કર્યો છે અને આયુષનાં માપોનો 'પલિતોપમ' (અથવા પલ્યોપમ) આદિ શબ્દોથી વ્યવહાર કરેલો જોવામાં આવે છે. આમ આ 'કાશ્યપસંહિતા'રૂપ આ આયુર્વેદીય તંત્રના અમુક અંશરૂપ શારીરસ્થાનમાં નિરૂપણ કરેલ યુગોના ભેદ દ્વારા કોઈએ કદી નહિ સાંભળેલ અને નહિ જોયેલ આવું અદ્ભુત શારીરવિન્યાસનું વિચિત્રપણું ગર્ભાવસ્થાની સ્થિતિનો કેવી રીતે આશ્રય કરે છે? એમ તે તે વિષયમાં ઊંડા ઊતરવામાં જેઓ કુશળ હોય છે, તેઓના વિચારમાર્ગમાં સારી રીતે રજૂ કરવામાં આવે છે. આમ અહીં શારીરસ્થાનમાં કહેવાયેલી આ પ્રક્રિયાને સર્વાંશે મળતાપણું નથી, તોપણ ચરકના વિમાનસ્થાનના ત્રીજા અધ્યાયમાં સત્યયુગના આદિકાલરૂપ પેટાભાગ તેમ જ શારીરસંહનન તથા આયુષનું પ્રમાણ આદિની પણ યથોત્તર અવનતિ સંક્ષેપમાં બતાવેલી મળે છે.= એમ તે ચરક ગ્રંથની વ્યાખ્યા કરતાં ચક્રપાણિએ કલિયુગથી ઉપરઉપરના પૂર્વના સત્ય આદિ યુગોમાં ઉત્કર્ષવાદ-શરીરનાં બળ, આયુષ વગેરેની અધિકતા દર્શાવતો સિદ્ધાંત અને તે પછીના ઉત્તરોત્તરના ત્રેતાથી માંડી કલિ સુધીના યુગોમાં અપકર્ષવાદ એટલે કે લોકોનાં શરીર, બળ, આયુષ વગેરેમાં હ્રાસ થવાનો સિદ્ધાંત દર્શાવીને તે વિષે आलंबनરૂપે પ્રમાણ તરીકે વ્યાસનું વચન પણ પોતાની ટીકામાં ઉતાર્યું છે: 'पुरुषाः सर्वसिद्धाश्च चतुर्वर्षशतायुषः। कृते त्रेतायुगेऽप्येवं पादशो ह्रसति क्रमात्'॥ સત્યયુગમાં પુરુષો સર્વાંશે સિદ્ધ હોઈને ચારસો વર્ષના આયુષવાળા હતા અને પછી ત્રેતાયુગ વગેરે યુગોમાં તેઓનું આયુષ અનુક્રમે એક એક ચતુર્થાંશ ઓછું ઓછું થતું જાય છે, એટલે કે ત્રેતાયુગમાં માણસોનાં આયુષ ત્રણસો વર્ષનાં થાય છે; પછી દ્વાપરયુગમાં માણસોનાં આયુષ બસો વર્ષનાં થાય છે અને તે પછી કલિયુગમાં માણસોનું આયુષ એકસો વર્ષનું થાય છે.) એમ ચરકના ટીકાકાર શ્રી ચક્રપાણિએ વ્યાસવચન ઉતાર્યું છે. એમ આયુષ આદિનો ઉત્કર્ષ તથા અપકર્ષ-દર્શાવેલ છે; આવી આ શૈલી શ્રુતિ-સ્મૃતિઓના અનુયાયી સંપ્રદાયમાં પણ અમુક

= જેમ કે ચરકના વિમાનસ્થાનના ૪૩ મા

ભાગે જોવામાં આવે છે. અંગ્રેજ વિદ્વાન શ્રી જૅકોબી પણ આ પ્રક્રિયા પુરાણસંમત છે એમ વર્ણવે છે.

મહાપુરાણ, કર્મપ્રકૃતિ, જીવસમાસવૃત્તિ વગેરે જૈન ગ્રંથોમાં ઉત્સર્પિણી તથા અવસર્પિણી-રૂપ કાલવિભાગ તેમ જ 'વજ્ર' આદિ શારીર-સંહનનના પ્રભેદો અને પલ્યોપમ આદિ આયુષનાં જુદાં જુદાં પ્રમાણોનું પણ વર્ણન મળે છે; તોપણ તેઓમાં વજ્ર, ઋષભ, નારાચ આદિ છ પ્રકારનાં શરીરનાં બંધારણો પણ બતાવ્યાં છે અને આયુષનાં પ્રમાણ પણ પલ્યોપમ તથા સાગરોપમ શબ્દથી બતાવ્યાં છે, અને આ વૃદ્ધજીવકીય ગ્રંથમાં તો નારાયણ, અર્ધ-નારાયણ, કૈશિક, પ્રજ્ઞપ્તિ તથા પિશિત–એ રૂપે ચાર પ્રકારનાં શારીર બંધારણો કહ્યાં છે અને આયુષનાં માપ પણ 'પલિતોપમ' આદિ શબ્દથી બતાવ્યાં છે, તેથી વિષયની છાયા જોકે મળે છે, તોપણ સર્વાંશે મળતાપણું દેખાતું નથી.

બાકી સંપ્રદાયોની જેમ શ્રૌત સંપ્રદાયના પણ ઘણા પ્રાચીન ગ્રન્થો નાશ પામ્યા છે. જે શબ્દો પૂર્વના સમયમાં પ્રસિદ્ધ હતા, તેઓને પાછળના વિદ્વાનોએ જોકે લીધા છે, તોપણ પૂર્વ સંપ્રદાયના ગ્રંથો મળતા ન હોઈને તે શબ્દો જ્યાં જોવામાં આવે છે, ત્યાં જાણે કે તે સંપ્રદાયને લગતા હોય તેવા થઈ જતા જણાય છે. આગળ–પાછળના (આ કાશ્યપસંહિતા) ગ્રન્થનું પર્યાલોચન કરતાં સ્પષ્ટ થાય છે કે આ ગ્રંથમાં આટલા થોડા જ (કાળવિભાગદર્શક શબ્દસંબંધી) વિષય વિના લેશમાત્ર પણ આર્હતી–જૈન સંબંધી કે બૌદ્ધિ-બૌદ્ધ સંપ્રદાયને લગતી આધ્યાત્મિકા અથવા બીજી કોઈ પણ પ્રક્રિયા જોવામાં આવતી નથી; ઊલટું જે અધ્યાયમાં ઉત્સર્પિણી તથા અવસર્પિણી શબ્દનો નિર્દેશ કર્યો છે, તે જ અધ્યાયમાં છેવટનાં વાક્યોમાં સૃષ્ટિની ઉત્પત્તિનાં કારણોનો જ્યાં ઉલ્લેખ કર્યો છે, ત્યાં અવ્યક્ત, મહત્તત્વ આદિના ક્રમથી સાંખ્યદર્શનને અનુસરતી સૃષ્ટિની પ્રક્રિયા જણાવેલ છે. વળી પાછળના 'ગર્ભાવક્રાન્તિ' નામના અધ્યાયમાં ઈશ્વરના ગુણોથી યુક્ત સર્વવ્યાપી સંસારી જીવનો જે નિર્દેશ કર્યો છે, તે શ્રૌતદર્શનને અનુસરીને જ કરેલો જોવામાં આવે છે. વળી આ ઉન્નત–અવનત, શુભ–અશુભ કાળ, સંહનનો તથા આયુષનાં પ્રમાણ આદિનો જે ઉપયોગ કર્યો છે, તે પણ શ્રૌત–સ્માર્ત–પૂર્વ-કાળના સંપ્રદાયની પરંપરામાંથી જ ઊતરી આવેલ હોવો જોઈએ, એમ પણ કહી શકાય તેમ છે, તોપણ ઉત્સર્પિણી અને અવસર્પિણી એ બે શબ્દો હાલમાં મળતા શ્રૌત–સ્માર્ત ગ્રંથોમાં ક્યાંય પણ મળતા નથી; કેવળ જૈન ગ્રંથોમાં વધુ પ્રમાણમાં તે શબ્દો વપરાયેલા મળે છે. જોકે નામ તથા સંખ્યાની વિષમતા છે, તોપણ જુદાં જુદાં (શારીર)સંહનનોનો પણ તે જૈન ગ્રંથોમાં જ વધુ પડતો ઉલ્લેખ દેખાય છે; છતાં આ વૃદ્ધજીવકીય તંત્રના અમુક અંશમાં જૈન સંપ્રદાયના વિષયોનું પાછળથી પ્રતિબિંબ પડ્યું હોય એમ જણાય છે. આ તંત્રમાં આયુષના પ્રમાણને લગતો જે 'પલિતોપમ' શબ્દ મળે છે, તે પણ એ જૈન ગ્રંથોમાં વપરાયેલા 'પલ્યોપમ' શબ્દનું જ એક વિકૃત રૂપ છે એમ ખરેખર સમજી શકાય છે. સેન્ટ પિટર્સબર્ગ બૃહત્કોશમાં તથા અંગ્રેજ વિદ્વાન જેકોબીના 'ઍનસાઇક્લોપીડિયા ઑફ રિલિજિયન ઍન્ડ ઍથિક્સ' નામના ગ્રંથમાં ભાગ ૧ લાના પૃષ્ઠ ૨૦૨ માં પણ એ શબ્દો જૈન સંપ્રદાયને

અધ્યાયમાં આમ કહેવાયું છે કે: 'आदिकाले शैलेन्द्रसारसंहननस्थिरशरीराः पुरुषा बभूवुरमितायुषः कृतयुगस्यादौ। भ्रश्यति तु कृतयुगे केषांचिदत्यादानात् सांपत्तिकानां शारीरगौरवमासीत्...ततस्त्रेतायां प्राणिनो ह्रासमवापुरायुषः—(સત્યયુગના) આદિકાલ પુરુષો મોટા પર્વતના જેવા મજબૂત બંધારણથી યુક્ત, સ્થિર શરીરવાળા ઉત્પન્ન થતા હતા; તેઓનાં આયુષ પણ અમાપ હતાં; એમ સત્યયુગના આદિકાળમાં હતું; પરંતુ એ સત્યયુગ જેમ ભ્રષ્ટ થતો ગયો તેમ તેમ કેટલાક પુરુષો પોતે શ્રીમંત હોય તો ઘણું ભારે ભોજન જમે છે, તેથી તેઓના શરીરમાં ભારેપણું થાય છે (અને એમ અનુક્રમે તેઓનાં શરીર ઓછાં ઓછાં બળ આદિથી યુક્ત થાય છે, તેઓની શારીરિક સ્થિતિ નબળી થતી જાય છે;) પછી ત્રેતા યુગમાં તો પ્રાણીઓ અનુક્રમે શરીરનો હ્રાસ જ પામી રહ્યાં હોય છે; તેમનાં શરીર સત્યયુગના કરતાં ઓછાં આયુષ વગેરેથી યુક્ત થાય છે.

ગણતા છે, એમ દર્શાવવામાં આવ્યું છે. 'અભિધાનરાજેન્દ્ર' નામના જૈનબૃહત્કોશમાં એ વિશેષ શબ્દોના અર્થનું વિવરણ જૈનોની પ્રક્રિયાને અનુસરતું જોવામાં આવે છે જૈન સંપ્રદાયના વિષયને ગ્રહણ કરી ઉત્સર્પિણી તથા અવસર્પિણી શબ્દના અર્થનું વિવરણ અમુક વિશેષ કાલવાચી તરીકે શ્રીમતી સ્ટિવેન્સને 'ધ હાર્ટ ઑફ જૈનિઝમ' નામના પોતાના પુસ્તકમાં દર્શાવ્યું છે. બૌદ્ધ સંપ્રદાયના લેખમાં પણ 'શ્રી હાર્ડી' નામક વિદ્વાને એ જ વિષય જણાવેલ છે, એમ તે આર્હત-જૈન સંપ્રદાયના વિષયની અમુક નોંધ આ વૃદ્ધજીવકીય તંત્રમાં પણ પ્રતિબિંબ પડેલું જોવામાં આવે છે, તે આ વૃદ્ધજીવકીય તંત્રની ઉત્પત્તિ એ જૈન સંપ્રદાયની ઉત્પત્તિ પછી થયેલી હોવી જોઈએ એવો પ્રતિભાસ કરાવે છે.

જોકે જૈનસંપ્રદાયમાં મહાવીર અને બુદ્ધ સંપ્રદાયમાં ગૌતમ બુદ્ધ વિશેષ પ્રસિદ્ધ છે, અને તેઓ તે તે મતના આચાર્ય તરીકે ભલે દેખાય છે, તો પણ તેઓના જ ગ્રંથોમાં મહાવીરથી પહેલાં થયેલા પાર્શ્વનાથ વગેરે ૨૩ તીર્થંકરોનો ઉલ્લેખ મળે છે, તેમ જ ગૌતમ બુદ્ધની પહેલાં થયેલા કનકમુનિ આદિનો પણ ઉલ્લેખ છે; તેમ જ અશોક રાજાએ ગૌતમ બુદ્ધની પહેલા થયેલા કનક મુનિના સ્તૂપનો જીર્ણોદ્ધાર કર્યાનો શિલાલેખ મળે છે.+ અને તે જીર્ણોદ્ધાર કરેલો સ્તૂપ પણ હાલમાં મળે છે, તે ઉપરથી એ મહાવીરની તથા ગૌતમ બુદ્ધની પહેલાં પણ એ જૈનમત તથા બૌદ્ધમત પણ હાલમાં દેખાતા રૂપમાં કે બીજા રૂપમાં હોવા જોઈએ એમ જણાય છે. એ ઉપરથી જૈનસંપ્રદાયની શરૂઆત શ્રી મહાવીરથી થઈ છે અને બૌદ્ધસંપ્રદાયની શરૂઆત ગૌતમ બુદ્ધથી થઈ છે એ નક્કી કરવા માટે વારંવાર સંશોધન થતું રહ્યું છે તોયે તે સંબંધી ઇતિહાસ ખરેખર આજે પણ અપૂર્ણ જ રહ્યો છે; વેદબાહ્ય માર્ગના અનુયાયીઓનું અસ્તિત્વ પૂર્વના કાળમાં પણ હતું, એમ 'દીઘનિકાય' નામના ગ્રંથના લેખ ઉપરથી આજે પણ જાણી શકાય છે: ઉપનિષદો વગેરેમાં પણ તેવા પ્રકારના આક્ષેપો જોવામાં આવે છે, એ ઉપરથી તેવા વેદબાહ્ય સંપ્રદાયોની હયાતી પહેલાંના સમયની છે, એમ સૂચિત થાય છે. 'अस्तिनास्तिदिष्टं मतिः' (૪-૪-૬) એટલે કે એ સૂત્ર લખીને अस्ति दिष्टं प्राग्भवीयं जन्मकर्मादि इति मतिर्यस्य स आस्तिकः-પૂર્વજન્મ અને તેનાથી થયેલાં કર્મો વગેરે છે, એવી બુદ્ધિવાળો માણસ 'आस्तिक' છે અને नास्ति दिष्टं पूर्वजन्म-कर्मादि इति मतिर्यस्येति नास्तिकः-એટલે કે પૂર્વનાં જન્મકર્માદિ હોવાં સંભવિત નથી, એવી જેની બુદ્ધિ હોય તે 'नास्तिक' કહેવાય એમ વ્યાખ્યા દ્વારા 'आस्तिक' તથા 'नास्तिक' શબ્દની સિદ્ધિ કરતા વ્યાકરણાચાર્ય શ્રીપાણિનિ મુનિ પણ આસ્તિકવાદીઓ તથા નાસ્તિકવાદીઓની હયાતી પ્રાચીનકાળની છે એમ જણાવે છે. જૈનોના ગ્રંથોના લેખ અનુસાર પાર્શ્વનાથ આદિ તેમના પૂર્વાચાર્યો ઘણા સમયના ગાળામાં થઈ ગયેલા મળે છે, તે ઉપરથી અને પલ્યોપમ-સાગરોપમ આદિ શબ્દોથી કહેવાતી કાલદર્શક સંખ્યા પણ અતિશય મોટી હોવાથી જૈન સંપ્રદાયની પૂર્વપરંપરા અતિશય લાંબી હોય એમ લાગે છે, તેમ જ ઉત્સર્પિણી વગેરે જુદા જુદા કાલવાચી શબ્દો પણ જૈનસંપ્રદાયમાં મળે છે, તે ઉપરથી મહાવીરના સમય પહેલાંના ઘણાયે તીર્થંકરો કે આચાર્યો વગેરે હોય એમ સંભવે છે; અથવા શ્રૌત-સ્માર્ત ગ્રંથો હાલમાં જે મળે છે; તેઓમાં એ જૈનદર્શનના પૂર્વાચાર્યો જોકે મળતા નથી, તોપણ જે પ્રાચીન ગ્રંથો વિલુપ્ત થયા છે, તેઓમાં તેઓનો વ્યવહાર કર્યો પણ હોય એવુંયે સંભવે છે; એવા તે પ્રાચીન જૈનતીર્થંકરો, આચાર્યો વગેરે મહાવીરથી પૂર્વમાં જ થયેલા

+ જેમ કે 'देवानां प्रियेण प्रियदर्शिना राज्ञा चतुर्दशवर्षाभिषिक्तेन बुद्धस्य कनकमुनेः स्तूपो द्वितीयं वर्धितः, विंशतिवर्षाभिषिक्तेन चात्मताऽऽगत्य महीयितं सोपश्चोत्थापितः इति-દેવોને પ્રિય અને પ્રિયદર્શી રાજા અશોકે બુદ્ધ કનક મુનિના સ્તૂપનો બીજી વાર જીર્ણોદ્ધાર કર્યો છે; એ કામ તેને ચૌદ વર્ષ પછી પોતાના રાજ્યાભિષેક થયે કર્યું હતું; પછી વીસ વર્ષે પોતાનો અભિષેક કરાયો, ત્યારે પોતે જાને આવીને તે સ્તૂપની પૂજા કરી હતી અને પહેલાંના સ્તંભને ઉખેડી કાઢ્યો હતો.

હોઈને આ વૃહજ્જીવકીયતંત્ર પણ મહાવીરથી પહેલાંનું છે. તેથી તેઓનું આ તંત્રમાં પ્રસંગોપાત્ત ઉલ્લેખ કર્યો હોય એમ સંભવે છે; છતાં તેઓનો ઉલ્લેખ કયાંય દેખાતો નથી, એ કારણે પણ આ તંત્રમાં અર્વાચીન વિષયના અનુસરણની શંકા દૃઢ થતી નથી.

આ કાશ્યપસંહિતાના કલ્પસ્થાનમાં 'રેવતીકલ્પ' નામનો એક અધ્યાય છે. તેમાં માતંગીવિદ્યાનો એક મંત્ર બતાવ્યો છે, જે મંત્રમાં પ્રાકૃત 'શાબર' શબ્દ જોડાયેલો છે અને કેયૂરી શબ્દ પણ અંદર ગૂંથાયો છે; એ માતંગીવિદ્યાનો ઉલ્લેખ જેમ દક્ષિણ આમ્નાયમાં મળે છે, તેમ બૌદ્ધ સંપ્રદાયમાં પણ મળે છે, એટલા ઉપરથી એ માતંગીવિદ્યા કેવળ બૌદ્ધોની જ વિદ્યા છે એવો નિશ્ચય કરી શકાતો નથી; કારણ કે આ કાશ્યપસંહિતામાં જ એ માતંગી વિદ્યાના આરંભનો લેખ જોતાં વૈદિક અગ્નિમુખ' ત્યાં બતાવ્યો છે અને પછી 'मातङ्गी नाम विद्या ब्रह्मर्षिराजर्षिसिद्धचारणपूजिताऽर्चिता मतङ्गेन महर्षिणा कश्यपपुत्रेण कनीयसा महता तपसोग्रेण पितामहादेवासादिता'–'માતંગી' નામની આ વિદ્યા બ્રહ્મર્ષિઓથી, રાજર્ષિઓથી, સિદ્ધો તથા ચારણોથી પૂજાયેલી અને સેવાયેલી છે. એ વિદ્યાને કશ્યપના સૌથી નાના પુત્ર મહર્ષિ મતંગે મહા ઉગ્ર તપ કરી પિતામહ બ્રહ્માની પાસેથી જ મેળવી હતી,' એમ તે માતંગી વિદ્યાની ઉત્પત્તિ જણાવીને તે વિદ્યાને શ્રૌત સંપ્રદાયથી ઉત્પન્ન થયેલ સ્પષ્ટ કહી છે; તેમ જ વૈદિકી પદ્ધતિથી જ એ માતંગી વિદ્યાના વિધાનનો ઉપસંહાર પણ કર્યો છે; એ ઉપરથી તે માતંગીવિદ્યા કેટલાક બૌદ્ધ ગ્રંથોમાં પણ ભલે ક્યાંક મળતી હોય; પરંતુ બૌદ્ધ સંપ્રદાયની પહેલાં એ વિદ્યા આર્ષ સમયમાં પણ હતી જ, એ કારણથી બૌદ્ધગ્રંથોમાં ઉલ્લેખ કરેલી તે માતંગી વિદ્યા કોઈપણ પ્રકારે બૌદ્ધ વિદ્યા સંભવી શકતી જ નથી અને તેના સંબંધે બૌદ્ધવિદ્યાપણાની શંકાનું સ્થાન પણ ઉદ્ભવતું નથી. 'સ્ટાઇન' નામક એક અંગ્રેજ વિદ્વાને 'તુફ્હાફ્' નામક (ચીનની ઉત્તરપશ્ચિમ સીમા પરના) સ્થળેથી એક પ્રાચીન બૌદ્ધગ્રંથ મેળવ્યો હતો, તેમાં બુદ્ધનો જીવક પ્રત્યે ઉપદેશ મળે છે. તેમાં અને 'બાવરમેન્યુસ્ક્રિપ્ટ' પાસે ગયેલા નાવનીતકની સાથે રહેલા ગ્રંથમાં તેમ જ પંચરક્ષા આદિ પ્રાચીન ગ્રંથોમાં પણ પ્રાકૃત ભાષાથી યુક્ત મંત્રોનો વ્યવહાર જોવામાં આવે છે. વળી ચોર્યાશી સિદ્ધનાથ વગેરેના સમયની પહેલાંના કાળમાં પણ પ્રાકૃત શબ્દોથી યુક્ત મંત્રોનો વ્યવહાર હતો જ, એમ મંત્રોમાં પ્રાકૃત શબ્દોનો પ્રવેશ પણ હોય તે કંઈ ખાસ મંત્રનું અર્વાચીનતાસૂચક પ્રમાણ ન ગણાય

વળી કલ્પસ્થાનમાં રહેલા 'રેવતીકલ્પ' નામના અધ્યાયમાં 'જાતહારિણી' એટલે જન્મેલાંને ખાઈ જનારી સ્ત્રીઓનો જ્યાં નિર્દેશ કર્યો છે, ત્યાં અમુક અમુક ભિક્ષુણી–સાધ્વી–શ્રમણિકા તથા નિર્ગ્રન્થિ–સ્ત્રીઓનો પણ ઉલ્લેખ છે. જોકે બૌદ્ધ સંપ્રદાયના ભિક્ષુઓને જણાવનાર 'શ્રમણ' શબ્દનો બૌદ્ધોએ તથા પાછળના ગ્રંથકારોએ પણ વ્યવહાર કર્યો છે અને મહાભાષ્યકાર પતંજલિએ પણ 'येषां च विरोधः शाश्वतिकः' (૨-૪-૯) એ સૂત્ર ઉપર સનાતન કાળના વિરોધમાં 'ब्राह्मणश्रमणम्'–બ્રાહ્મણો તથા શ્રમણો–બૌદ્ધસાધુઓનો સમુદાય' એ ઉદાહરણ આપીને તે બુદ્ધના સમયમાં બૌદ્ધ સાધુઓ તથા બ્રાહ્મણોનું પરસ્પર વૈર ચાલતું હતું એમ સૂચવીને 'શ્રમણ' શબ્દને 'બૌદ્ધભિક્ષુ' એ અર્થમાં જણાવ્યો છે, તોપણ તે બુદ્ધના કાળની પહેલાં પણ 'कुमारः श्रमणादिभिः (૩–૧–૭૦) એ સૂત્રના કર્તા પાણિનિ મુનિએ પોતે રચેલા આ સૂત્રમાં 'શ્રમણ' શબ્દનો ઉલ્લેખ કર્યો છે, તે ઉપરથી બૌદ્ધ અને જૈન સંપ્રદાયનો ઉદય થયો ત્યારથી માંડીને જ એ 'શ્રમણ' શબ્દ જુદા જુદા તે તે ગ્રંથોમાં વપરાવા માંડ્યો છે, એમ કહેવું ઉચિત નથી (કેમ કે જૈનો અને બૌદ્ધોની પહેલાંના પાણિનિ મુનિએ પણ ઉપર્યુક્ત સૂત્રમાં 'શ્રમણ' શબ્દનો ઉલ્લેખ કર્યો જ છે!). એ 'શ્રમણ' શબ્દ શરીરના કલેશ આદિ શ્રમ કરવાના સ્વભાવવાળા જે હોય તેઓને જણાવે છે, એવી વ્યાખ્યા સ્વીકારી વૈખાનસ સૂત્રમાં વાનપ્રસ્થમાં રહેલી કોઈ પણ વ્યક્તિને જણાવનાર તરીકે તેને સૂચવ્યો છે; ('श्रामणीयकविधानेनाधायाधारं हुत्वा श्रामणकाग्निमादाय तृतीयाश्रमं गच्छेत्–श्रमणकाय स्वाहा (वैखानसधर्मप्रश्नः–१–६)–અર્થાત્ વાનપ્રસ્થને લગતા વિધાનથી અગ્નિનું સ્થાપન કરી તેમાં આધાર-

હોમ હોમીને તે વાનપ્રસ્થને લગતા અગ્નિને સાથે લઈ વાનપ્રસ્થ આશ્રમમાં માણસે જવું અને તે હોમ કરતી વેળા 'श्रमणकाय स्वाहा-વાનપ્રસ્થના અગ્નિને અર્પણ' એ મંત્રનો ઉચ્ચાર કરવો); તેમ જ બૃહદારણ્યક ઉપનિષદમાં શ્રમણ શબ્દને ભિક્ષુના અર્થને જણાવનાર તરીકે વાપર્યો છે; (अत्र क्षिताऽक्षिता भवति, श्रमणोऽश्रमणस्तापसोऽतापसः, श्रमणः परिव्राडिति माध्यम्-એ જ્ઞાનાવસ્થામાં પિતા પિતા રહેતો નથી, શ્રમણ-સંન્યાસી કે ત્યાગી હોય તે સંન્યાસી કે ત્યાગી તરીકે રહેતો નથી અને તાપસ કે તપસ્વી વાનપ્રસ્થ તરીકે રહેતો નથી (પૃ. ઉ. ૧૪-૭; ૧-૨૨) વળી તૈત્તિરીય આરણ્યકમાં તથા રામાયણ આદિ પ્રાચીન ગ્રંથોમાં 'શ્રમણ' શબ્દનો અમુક પ્રકારના ભિક્ષુ અથવા તાપસને જણાવનાર તરીકે પ્રયોગ પ્રાચીન સમયથી ઘણી વાર કરવામાં આવેલો મળે છે. (તૈત્તિરીયારણ્યકમાં-' वातरशना ह वा ऋषयः श्रमणा ऊर्ध्वमन्थिनो बभूवुः (૨-૭-૧) सायनव्याख्यायां-वातरशनाख्या ऋषयः श्रमणास्तपस्विन ऊर्ध्वरेतसो बभूवुः-'वातरશન' નામના ઋષિઓ વાયુને જ દોરડાં તરીકે કરી શકતા હતા અને તે શ્રમણ-તપસ્વીઓ ઊર્ધ્વરેતસ્ હતા, એટલે પૂર્ણ બ્રહ્મચારી હતા! રામાયણમાં પણ તે શ્રમણ શબ્દનો પ્રયોગ કરેલો જોવામાં આવે છે, 'तपसा भुञ्जते चापि श्रमणाश्चैव भुञ्जते-(૧-૧૪-૧૨) તપ દ્વારા તપસ્વીઓ ભોજન કરે છે અને શ્રમણ-તાપસો પણ એમ ભોજન કરે છે; વળી ત્યાં જ રામાયણમાં-૧-૧ માં 'श्रमणां धर्मनिपुणामभिगच्छेति राघवः'-ધર્મનિપુણ એ શ્રમણા-તાપસી પાસે તું જા, એમ રાઘવે કહ્યું; વળી આમ લખ્યું છે કે 'श्रमणा वातरशना मुनयो धर्मकोविदाः'-'वातरशना' નામના શ્રમણ-તાપસો અને મુનિઓ ધર્મના જાણકાર હતા. (એમ 'શ્રમણ' શબ્દનો ઘણા પ્રાચીન કાળથી વ્યવહાર કરાતો હતો, એમ શ્રીયુત ચિંતામણિ વૈદ્ય વગેરેએ પણ નિર્દેશ કર્યો છે (જુઓ: હિસ્ટરિ ઑફ સંસ્કૃત લિટરેચર-સી. વી. વાડિયા).

વળી 'નિર્ગ્રન્થ' શબ્દના અનુસંધાનમાં 'દિવ્યનિકાય' નામના ગ્રંથમાં તે કાળના પ્રચલિત જુદા જુદા સંપ્રદાયોની શ્રેણીમાં કાર્તિક બીજા પ્રસ્થાન અથવા શાસ્ત્રસંપ્રદાયના પ્રતિપક્ષભાવે બતાવેલ 'નિર્ગ્રન્થનાથપુત્ર' એવા શબ્દથી ઉલ્લેખ મળે છે; એ 'નિર્ગ્રન્થ' શબ્દ, જૈનસંપ્રદાયના ભિક્ષુઓમાં પ્રસિદ્ધ થયેલો છે; તે કાળે જૈન તીર્થંકર મહાવીર સ્વામીની સામે બીજા બૌદ્ધ વગેરે સંપ્રદાયોનો પ્રતિપક્ષભાવ સંભવિત હતો. તે કારણે એ 'નિર્ગ્રંથનાથપુત્ર' શબ્દથી દર્શાવેલ મહાવીર જ હોવા જોઈએ, એમ તે સંબંધે વિવેચન કરનારા વિદ્વાનો કહે છે; કિંતુ 'મહાવીર' જે નિર્ગ્રન્થનાથપુત્ર કહેવાતા હતા, તેમાં તેમના પિતા અથવા આચાર્ય 'નિર્ગ્રન્થનાથ' હોય અને તેમાં પણ 'નાથ' શબ્દનું સ્વારસ્ય જોતાં તેમના પિતાના સમયમાં પણ નિર્ગ્રન્થોની પ્રસિદ્ધિ વધુ પ્રમાણમાં હોવી જોઈએ; એ ઉપરથી નિર્ગ્રન્થોનો સંપ્રદાય કેવળ મહાવીરથી જ ઉત્પન્ન થયેલો નહિ હોય; પરંતુ એ મહાવીરની પહેલાં પણ એ નિર્ગ્રન્થ સંપ્રદાય પ્રચલિત હોવો જોઈએ. આ સંબંધે 'વિન્ટરનીઝ' નામક એક અંગ્રેજ વિદ્વાન પણ આવું નિરૂપણ કરે છે કે, જૈન સંપ્રદાયમાં મહાવીરની પહેલાં પણ આદિનાથ, પાર્શ્વનાથ વગેરે તીર્થંકરો, જૈન સંપ્રદાયના આચાર્ય તરીકે થયા હતા. એમ જૈન ગ્રંથોમાંથી જ જોવા મળે છે, તે ઉપરથી પૂર્વના તીર્થંકરરૂપે તેમના સંપ્રદાયમાં તેઓ પણ સારી રીતે સન્માનને પાત્ર હતા. કેવળ પાછળથી એ જૈન સંપ્રદાયનો વિશેષ વિકાસ મહાવીરે કરેલો હતો, તેથી જ તે મહાવીરનું પ્રધાન આચાર્યપણું ગણાય છે અને તે મહાવીરની પાછળથી પ્રસિદ્ધિ પણ વધુ થઈ હતી, એટલે એ નિર્ગ્રન્થ સંપ્રદાય એ જ જૈન સંપ્રદાય હોઈને પૂર્વ-પૂર્વના તીર્થંકરોની પરંપરાથી અનુસરાયેલો છે, એમ જાણી શકાય છે. એ રીતે જૈનો પોતાના સંપ્રદાયના ભિક્ષુઓને ઓળખાવવા માટે 'નિર્ગ્રન્થ' શબ્દની 'હૃદયની મોહરૂપી ગ્રંથિ જેમની છૂટી ગઈ હોય તે નિર્ગ્રન્થ' આવી વ્યાખ્યા સ્વીકારીને ભલે તેનો વ્યવહાર કરે; પરંતુ એ જ પ્રાચીન વ્યાખ્યાનો સ્વીકાર કરી 'વિવેકયુક્ત જ્ઞાનકક્ષામાં જે આરૂઢ થયો હોય તે નિર્ગ્રન્થ' એવો અર્થ જણાવતો એ 'નિર્ગ્રન્થ' શબ્દ, હૃદયની ગાંઠ છૂટી જવારૂપ આધ્યાત્મિક સંપત્તિરૂપ પોતાના અર્થને

જણાવતો હોઈને તેનો ઉલ્લેખ પણ પૂર્વકાળથી લઈને જ આસ્તિક સંપ્રદાયના ગ્રંથોમાં પ્રચલિત હોવાથી આજે પણ તે તે ગ્રંથોમાં જોવામાં આવે છે; (જેમ કે શ્રીમદ્ ભાગવતમાં 'आत्मारामाश्च मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे। कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थं भूतगुणो हरिः॥–જે મુનિઓ કેવળ આત્મામાં જ રમણ કરતા હોય અને જેમના હૃદયમાંથી મોહરૂપી ગાંઠ નીકળી ગઈ હોય તેઓ પણ વિશાળ પરાક્રમી શ્રીવિષ્ણુભગવાન વિષે કોઈ પણ કારણથી રહિત એવી ભક્તિને કરે છે; કેમ કે શ્રીહરિ એવા પ્રકારના ગુણોથી યુક્ત છે' વળી મુંડકોપનિષદ્ તથા ભગવદ્-ગીતામાં પણ આમ કહ્યું છે કે, 'भिद्यते हृदयग्रन्थि-श्छिद्यन्ते सर्वसंशयाः।–એ પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે ત્યારે હૃદયની મોહરૂપી ગ્રંથિ છૂટી જાય છે અને બધાયે સંશયો કપાઈ જાય છે.' કઠોપનિષદ્ના ૨–૧૫માં પણ આમ કહેવામું છે કે, 'यदा सर्वे प्रभिद्यन्ते हृदयस्येह ग्रन्थयः'–આ સંસારમાં માણસના હૃદયની બધી (અજ્ઞાનરૂપ) ગ્રંથિઓ જ્યારે ઘણી ચિરાય જાય છે, ત્યારે તેને પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે,' ઇત્યાદિ).

એમ પૂર્વના સમયથી જ પ્રસિદ્ધ થયેલા એવા શબ્દો સ્વીકારીને બૌદ્ધોએ તથા જૈનોએ શ્રમણ–નિર્ગ્રંથરૂપે પોતપોતાના સંપ્રદાયના ભિક્ષુઓ-ઓમાં તે શબ્દોનો વ્યવહાર પાછળથી જ કર્યો છે, એમ જાણી શકાય છે. ભાષાતત્ત્વના સિદ્ધાંતની દૃષ્ટિએ પણ 'ઘટિકા' આદિ શબ્દની પેઠે કાળની પરંપરાએ ઘણા પ્રાચીન શબ્દોનું સંક્રમણ કોઈ જુદા રૂપમાં અથવા જુદા અર્થમાં પણ થયેલું ઘણીવાર જોવા–જાણવા તથા અનુભવવા મળે છે; જેમ કે ઘણા જૂના કાળના બૌધાયન, આશ્વલાયન, વરાહ, આપસ્તંબ વગેરે સૂત્રકાર આદિએ શ્રૌત–સ્માર્ત–યજ્ઞભૂમિને જણાવનાર તરીકે ઘણીવાર તે તે પ્રાચીન ગ્રંથોમાં જેનો પ્રયોગ કરેલો છે, તે જ *'વિહાર' શબ્દનો બૌદ્ધભિક્ષુ સંઘોના નિવાસસ્થળને જણાવવા માટે પ્રયોગ કરેલો બૌદ્ધગ્રંથોમાં જોવામાં આવે છે; તેમ જ સ્મશાનમાં રહેલ માનસિક ઇષ્ટદેવતા, પીપળાના મૂળમાં રહેલ દેવસ્થાન તથા ક્ષેત્રજ્ઞ–આત્મા આદિ અર્થમાં પ્રયોગ કરાયેલા 'ચૈત્ય' શબ્દનો જ બૌદ્ધો 'સ્તૂપ'ને જણાવનાર તરીકે પ્રયોગ કરે છે તેમ જ પૂર્વકાળથી

* શ્રૌતપદાર્થનિર્વચન–પૃષ્ઠ બીજા ઉપર આ 'વિહાર' શબ્દનો પ્રયોગ આવો મળે છે: 'यागार्थं यत्र यत्र यावती भूमिः श्रुत्यादिभिः पारिमाणविशिष्टत्वेन विहिता तत्र तत्र तावती भूमिर्विहारशब्दवाच्या॥–' યજ્ઞ માટે જ્યાં જ્યાં જેટલી ભૂમિનું શ્રુતિ આદિ વેદમંત્રોએ અમુક પ્રમાણથી યુક્ત તરીકે વિધાન કર્યું છે, તેટલી એ ભૂમિ 'વિહાર' શબ્દથી કહેવાય છે.' વળી બૌધાયનીય ધર્મસૂત્રમાં ૧–૭–૧૫માં 'उत्तरत उपचारो विहारः'–ઉત્તરદિશા તરફ ઉપચાર તરીકે વિહાર હોવો જોઈએ–એટલે યજ્ઞપ્રદેશ તરીકે રહેવો જોઈએ' તેમ જ આપસ્તંબના શ્રૌતસૂત્રમાં ૧–૧૨–૧૨ની અંદર गां चोपसंसृष्टां विहारं चान्तरेण मा संचारिष्टेति संप्रेष्यति–સમીપે સંબંધ પામેલી ગાય તથા 'વિહાર' નામના યજ્ઞસ્થાનની વચ્ચે તમે સંચાર કરશો મા' એમ પ્રેરણા કરાય છે. વળી આશ્વલાયન શ્રૌતસૂત્રમાં ૧–૧–૪માં 'दक्षिणावद्विहारं प्रपद्यते पूर्वेणोत्करमपरेण प्रणीताः'–દક્ષિણાથી યુક્ત વિહારપ્રદેશ યજ્ઞભૂમિ ઉપર તે પ્રાપ્ત થાય છે, ત્યાં પૂર્વ, ઉત્તર અને પશ્ચિમ તરફ પ્રણીતાપાત્રો ગોઠવે છે. વળી મૈત્રાયણીય વારાહ-ગૃહ્યસૂત્ર પૃષ્ઠ ૧ માં આમ જણાવ્યું છે–'न विहारादपर्यावर्तेत '–વિહારપ્રદેશ–યજ્ઞભૂમિથી તેણે પાછા ફરવું ન જોઈએ.' એમ પ્રાચીન શ્રૌત-સ્માર્ત–ગ્રંથોમાં 'વિહાર' શબ્દને 'યજ્ઞભૂમિ' અર્થમાં વાપરેલો જોવામાં આવે છે; તે જ પ્રમાણે 'ચૈત્ય' શબ્દનો તે જ પ્રાચીન શ્રૌત–સ્માર્ત ગ્રંથોમાં આવા અર્થમાં પ્રયોગ કર્યો છે: બૌધાયન–ધર્મસૂત્ર ૧–૯–૫માં કહ્યું છે કે, 'चैत्यवृक्षं चितिं यूपं चण्डालं वेदविक्रयम्। एतानि ब्राह्मणः स्पृष्ट्वा सचैलो जलमाविशेत्।–ચૈત્ય વૃક્ષ–દેવસ્થાનરૂપ ઝાડ, ચિતિ–અગ્નિશાલા, યૂપ–યજ્ઞસ્તંભ, ચંડાલ અને વેદોને વેચનાર એટલે કે પગાર લઈને વેદ ભણાવનાર–બ્રાહ્મણ–એટલાંનો સ્પર્શ કરી બ્રાહ્મણે પહેરેલાં વસ્ત્ર સાથે જળમાં પ્રવેશ કરવો એટલે કે પોતાને અપવિત્ર થયેલ માની સ્નાન કરી લેવું.' વળી આશ્વલાયન ગૃહ્યસૂત્રમાં પણ 'चैत्ययज्ञे प्राङ्

માંડી તપોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ લોકોમાં જે 'સ્થવિર' શબ્દ વપરાયો છે,+ તેનો જ બૌદ્ધો અમુક શ્રેષ્ઠ વિદ્વાનોને જણાવવા માટે પ્રયોગ કરે છે. અર્વાચીન સંનિકૃષ્ટ વ્યવહારોમાં જેઓનાં હૃદય આસક્ત બન્યાં હોય તેવા લોકોને આજના યુગમાં તે 'વિહાર' આદિ શબ્દો બૌદ્ધોના જાણે સાંપ્રદાયિક શબ્દો જેવા ભલે ભાસે; પરંતુ તે ઉપર તેઓને લગતા પ્રાચીન વ્યવહારને જોયા વગર તે શબ્દોને અર્વાચીન બૌદ્ધાદિસંપ્રદાયમાં વપરાતા કહી શકાય તેમ નથી. એ જ પ્રમાણે અહીં બૌદ્ધાદિ ગ્રંથોમાં તથા આ કાશ્યપસંહિતામાં ઉલ્લેખ કરેલા શ્રમણ-નિર્ગ્રંથ આદિ શબ્દો પણ પ્રાચીન અમુક તપસ્વીઓને જ જણાવે છે એમ સમજવું.

વળી ત્યાં જ બૌદ્ધાદિ ગ્રન્થોમાં (તેમ જ આ

સ્વિષ્ટકૃતશ્ચૈત્યાય બલિં હરેત્'–ચૈત્ય એટલે દેવસ્થાન નિમિત્તે કરેલા યજ્ઞમાં સ્વિષ્ટકૃત્ હોમ કર્યા પહેલાં જે ચૈત્યને એટલે કે દેવસ્થાનને ઉદ્દેશી બલિદાન આપવું.' અહીં ટીકાકાર 'ચૈત્ય' શબ્દની આવી વ્યાખ્યા લખે છે કે 'चित्ते भवाश्चैत्याः–शंकरः पशुपतिः इत्येवमादयः–ચિત્તમાં વસતા શંકર પશુપતિ આદિ દેવોને અહીં 'ચૈત્ય શબ્દના અર્થરૂપે સમજવા,' તેમ જ મહાભારતમાં ૬-૩-૪૦માં આમ લખ્યું છે; 'वृक्षाः पतन्ति चैत्याश्च ग्रामेषुनगरेषु'–ગામડાંઓમાં તથા નગરોમાં ચૈત્યવૃક્ષો એટલે દેવોનાં સ્થાનરૂપ વૃક્ષો પડવા લાગ્યા; અમરકોશમાં પણ 'चैत्यमायतनं तुल्ये 'ચૈત્ય' તથા 'આયતન' એ બેય શબ્દો સમાન અર્થમાં વપરાય છે, એમ કહ્યું છે અને મનુસ્મૃતિમાં પણ ૯-૧૬૪માં 'चतुष्पथाश्चैत्यवृक्षःसमाजाः प्रेक्षणानि च'–ચૌટાં, ચૈત્ય વૃક્ષ, સમાજો તથા પ્રેક્ષણો નાટક વગેરે એમ ચૈત્ય વૃક્ષો-દેવસ્થાનના અર્થમાં વાપરેલ છે–શ્રીમદ્ ભાગવતમાં પણ ૩-૨૩-૬૦માં 'अहंकारस्तमोरुद्रश्चित्तं चैत्यस्ततोऽभवत्'-તે પછી તેમાંથી અહંકાર, તમસ્ રુદ્ર ચિત્ત તથા ચૈત્ય થયાં હતાં.'

+ જેમ કે મનુસ્મૃતિમાં 'जीवेत् युवाऽप्यधीयानस्तं देवाः स्थविरं विदुः–જે માણસ યુવાન હોય છતાં વેદાદિનું અધ્યયન કર્યા કરતો હોય તેને દેવો 'સ્થવિર' સમજે છે. (મહાભારત આદિપર્વ ૭૫)

કાશ્યપસંહિતાના રેવતીકલ્પમાં) લિંગિની, પરિવ્રાજિકા, શ્રમણુકા, નિર્ગ્રન્થી, કંડની, ચીરવલ્કલધારિણી, ચરિકી, માતૃમંડલિકા, અવેક્ષણિકા વગેરે જે શબ્દો વપરાયેલા છે, તેના અર્થો-એક વેરથી બીજા વેર જઈને પોતાનો પરિચય આપી તાજાં જન્મેલાં બાળકોને હરણ કરનારી સ્ત્રીઓની પાસે તે તે બાળકોને લઈ જતી અનેક પ્રકારની ભિક્ષુકીઓ અથવા લાંચી સ્ત્રીઓની પંક્તિમાં કામ કરતી સ્ત્રીઓના તે તે ભેદો તરીકે દર્શાવેલ છે; અને તેવા તે તે ભેદોમાં પરિવ્રાજિકા, શ્રમણિકા તથા નિર્ગ્રન્થીઓને છોડી બીજા કોઈ પણ ભેદો તરીકે બીજા કોઈ ગ્રંથોમાં કે લોકના સંપ્રદાયોમાં આજકાલ વિશેષ તરીકે જાણવા મળતું નથી. વળી પાછળના અર્વાચીન ગ્રન્થોમાં દેખાતા હંસ, પરમહંસ, કુટીચક, બહૂદક આદિ શબ્દોનો ઉલ્લેખ કર્યા વિના કાલવશાત્ નામથી પણ જેઓ સમભર નાશ પામ્યા છે, તેવા એ અમુક અમુક સંપ્રદાયોને લગતા તે તે વિહાર આદિ શબ્દોનો ઉલ્લેખ આ કાશ્યપસંહિતામાં દેખાય છે, તે એ બધાયે પ્રભેદોના પ્રાચીનપણાને જ જણાવે છે.

વળી કાશ્યપસંહિતાના રેવતીકલ્પ અધ્યાયમાં 'જાતહારિણી–જન્મેલાં બાળકોને હરી લઈ જનારી-સ્ત્રીઓના પ્રસંગમાં સિંહલ, ઉડ આદિ અમુક અમુક દેશો, સૂત, માગધ આદિ અમુક અમુક જાતિઓ પણ બતાવેલ છે; તેમ જ એ જ રેવતીકલ્પમાં ખશ, શક, યવન, પલ્હવ, તુષાર તથા કંબોજ આદિ દેશોનો પણ ઉલ્લેખ મળે છે. વળી યવન શબ્દની પેઠે 'ખશ' આદિ શબ્દો મનુસ્મૃતિ આદિ ગ્રન્થોમાં પણ મળે છે; ઇતિહાસવિદોએ પણ 'ખશ' આદિ જાતિઓને પહેલાંના કાળથી જ રહેલી જણાવી છે. 'ઍનસાયક્લોપીડિયા-બ્રિટાનિકા' નામના પુસ્તકમાં આવો ઉલ્લેખ મળે છે કે 'હૂણ' જાતિના લોકો ચોથી શતાબ્દીમાં (૩૭૨ ઈ. સ.) યુરોપ દેશમાં પ્રવેશ્યા હતા. આજથી ૨૫૦૦ વર્ષો પહેલાં 'અવેસ્તા' નામના ગ્રન્થમાં હૂણ જાતિની પ્રતિપક્ષી વીરજાતિ તરીકે તે જાતિના લોકો થયા હતા અને જરથોસ્તની પણ પહેલાં થયેલા તેઓને 'કેરસમ્' નામના ઈરાન દેશના રાજાએ જીતી લીધા હતા એવો ઉલ્લેખ મળે છે; તે ઉપરથી હૂણ જાતિના

લોકોનો સમય ઈ. સ. ૭૦૦ નો મળે છે, એમ જે. જે. મોદી નામક વિદ્વાને પ્રતિપાદન કરેલ છે. મહાભારતમાં પણ (આદિપર્વના ૧૭૫ મા અધ્યાયમાં) હૂણ, પલ્લવ, યવન, શક, પુંડ્ર, કિરાત, દ્રવિડ, બ્રશ આદિ મનુષ્યજાતિઓના ઉલ્લેખ મળે છે. 'गर्गादिभ्यो यञ्' (૪–૧–૧૦૫) એ પાણિનીય વ્યાકરણ સૂત્રના ગણમાં 'શક'નો ઉલ્લેખ મળે છે. વળી તે જ પાણિનીય વ્યાકરણના 'इन्द्रवरुणः'. (૪–૧ ૪૯) એ સૂત્રમાં 'યવન' શબ્દનો ઉલ્લેખ કર્યો છે અને 'कम्बोज्जल्लुक्' (૪–૧–૧૭૫) એ સૂત્રવાર્તિકમાં કહેલા કંબોજાદિ ગણમાં શક તથા યવન શબ્દનો ઉલ્લેખ મળે છે, તે ઉપરથી એવા શબ્દો પ્રાચીનકાળમાં પણ પ્રસિદ્ધ જ હતા એમ જણાય છે.

આ કાશ્યપસંહિતામાં દરેક અધ્યાયમાં 'अमुक–अध्यायं व्याख्यास्यामः–અમે અમુક અધ્યાયનું વ્યાખ્યાન કરીએ છીએ.' એમ શરૂઆત કરીને 'इति ह स्माह भगवान् कश्यपः–ભગવાન કશ્યપે એમ કહ્યું હતું.' એવો ઉપસંહાર કર્યો છે; તેમ જ શિષ્યોપક્રમણીય અધ્યાયમાં શાબ્દિક તથા આર્થિક વૈદિક વિધાનપૂર્વક–શિષ્યનું ઉપનયન બતાવ્યું છે અને ત્યાં જ અગ્નિ, સોમ, પ્રજાપતિ આદિ વૈદિક દેવતાઓને ઉદ્દેશી હોમ અથવા આહુતિઓ આપવા જણાવેલ છે; તેમ જ 'જાતિસૂત્રીય' અધ્યાયમાં વૈદિકી વાક્યરચના જણાવી છે; 'हीनदन्तोदूमवं' જે બાળકને ઓછા દાંત ઊગે તો મારુતિ–ઇષ્ટિ અને સ્થાલીપાકહોમ વિધાન કરવા જણાવેલ છે. પુત્રોને ઉત્પન્ન કરે એવાં અનેક વિધાનો હોવા છતાં તે બધાંનો ત્યાગ કરી 'ઇષ્ટિ' અથવા પુત્રેષ્ટિયાગ કરવા કહ્યું છે. સ્વપ્નનો દોષ દૂર કરવા (ઇંદ્રિયસ્થાનમાં) સાવિત્રીહોમ–વિધાન કહ્યું છે. 'ધૂપકલ્પ' અધ્યાયમાં બાળકની રક્ષા માટેનો ધૂપ કરતી વેળા 'अग्निस्त्वा' એ વૈદિક વાક્યનો પ્રયોગ કરી બતાવ્યો છે. કલ્પસ્થાનમાં 'રેવતીકલ્પ' અધ્યાયમાં બ્રાહ્મણવાક્યને અનુસરતાં ઐતિહાસિક વાક્યો લખ્યાં છે. વળી ત્યાં જ દેવતાનાં સંક્ષિપ્ત નામકથન કરતી વેળા વસુ, રુદ્ર, આદિત્ય આદિ દેવતાઓનું નામકીર્તન કરેલું છે. વળી 'दीर्घजिह्वी च छन्दसि' (૪–૧–૫૯)–એ પાણિનીય વ્યાકરણસૂત્રમાં વેદની અંદર જ 'દીર્ઘજિહ્વી' એવો સ્ત્રીલિંગ–'ડીપ્' પ્રત્યયાંત શબ્દનો પ્રયોગ પાણિનિ મુનિએ જે સ્વીકાર્યો છે, તે શબ્દપ્રયોગનો ઉલ્લેખ મળે છે. વળી કલ્પસ્થાનમાં જ 'ભોજનકલ્પ' અધ્યાયમાં કાશી, પુંડ્ર, અંગ, વંગ, કાચ, સાગર, આનૂપ, કોશલ તથા કલિંગ નામના દેશોનો ઉલ્લેખ કર્યો છે; તેમ જ ખિલસ્થાનના 'દેશસાત્મ્ય' નામના અધ્યાયમાં કુમારવર્તનિ, કટિવર્ષ, ઋષભદ્વીપ, પૌંડ્રવર્ધન તથા મૃત્તિકાવર્ધન આદિ ઘણા અમુક અમુક પ્રાચીન દેશોનું કથન કરેલું છે; પરંતુ તેથી ઊલટું 'પાંચ' દેશ ઘણો પ્રસિદ્ધ હોવા છતાં તેના નામનું કથન કર્યું નથી; વળી ત્યાં જ ખિલસ્થાનમાં બાહ્લિક દેશના વૈદ્યોનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ યવન, રોમક આદિ દેશોના વૈદ્યોનો ઉલ્લેખ કર્યો નથી; વળી ભોજનકલ્પમાં 'રાજતૈલ'ની પ્રશંસા જણાવી છે, તે પ્રસંગે ઇક્ષ્વાકુ, સુબાહુ, સગર, નહુષ, દિલીપ, ભરત અને ગય સુધીના જ પ્રાચીન રાજાઓનો ઉલ્લેખ કર્યો છે; તેમ જ રસ–પારદ, ધાતુઓ તથા રત્નોરૂપ ઔષધોનો લગભગ કયાંય પણ વ્યવહાર કર્યો નથી; અને સૃષ્ટિની ઉત્પત્તિનાં કારણોનો ઉલ્લેખ કર્યો છે ત્યાં આઠ ભૂત પ્રકૃતિઓ તથા સોળ વિકારો બતાવીને પ્રાચીન સાંખ્યદર્શનનો જ આશ્રય લીધો છે; પણ બૌદ્ધો તથા જૈનોનું કે તેઓના અધ્યાત્મવાદનું કયાંય પણ ગ્રહણ કર્યું નથી. વળી 'ભોજનકલ્પ' અધ્યાયમાં 'दीप्ताग्नयो घृतसराः स्नेहनित्याः'–જેઓ નિત્ય સ્નેહનું સેવન કરે છે, તેઓનો જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે અને તેઓ વધુ પ્રમાણમાં ખોરાક ખાઈ શકે છે; અને 'क्षीरं सात्म्यं क्षीरमाहुः पवित्रम्'–વૈદ્યો દૂધને પ્રત્યેકની પ્રકૃતિને માફક એવું કહે છે અને દૂધને પવિત્ર કહે છે,' ઇત્યાદિ વૈદિક છાયાવાળા છંદો તથા પદ્યો બતાવ્યાં છે' ઇત્યાદિ ઘણાં પુરાણાં સાધનો ઘણીવાર ઘણે સ્થળે મળે છે, તેઓ આ વૃદ્ધજીવકીય તંત્ર–કશ્યપસંહિતાની ઘણી જ પ્રાચીનતાને જણાવે છે. 'હેમાદ્રિ' આદિ ગ્રંથોમાં પુરાણોનાં વચનો દ્વારા 'આરોગ્યશાલા'ની રચનાનું વિધાન હોવા છતાં આધુનિક શોધકોનાં હૃદયની દૃઢતા માટે શિલાલેખ, દેશાંતરોના લેખ અને બીજા મતાંતરોના લેખ આદિ સંવાદકોની

તેઓ અપેક્ષા રાખે છે. એવા અભિપ્રાયથી તેઓને અનુસરતી પ્રમાણયુક્ત ઐતિહાસિક દૃષ્ટિથી વિચારતાં ૨૩૦૦ વર્ષોની પૂર્વના 'સર્વ સાધારણ ચિકિત્સાલય'નું ઉદ્ઘાટન કરવાનો ઉત્તમ યશ અશોક રાજાને મળેલો જોવામાં આવે છે; તેમ જ 'કૌટિલીય' ગ્રંથમાં પણ દુર્ગનું નિર્માણ કરતી વેળા 'ભૈષજ્યગૃહ'ની સ્થાપનાનો ઉલ્લેખ મળે છે; પણ ચરક વગેરેના ગ્રન્થોમાં જોકે 'રસાયનશાલા'નો નિર્દેશ કર્યો છે; પરંતુ સર્વ સાધારણ 'આરોગ્યશાલા'નો ક્યાંય પણ નિર્દેશ કર્યો નથી; તેમ જ આ કાશ્યપસંહિતામાં કલ્પોનો ઉલ્લેખ મળે છે, તોપણ 'રસાયનશાલા' કે તેવા પ્રકારનાં ચિકિત્સાલય વગેરેનો ઉલ્લેખ મળતો નથી; પરંતુ તેથી ઊલટી રીતે આ કાશ્યપસંહિતામાં રોગીને ઘેર જઈ વૈદ્યો ઔષધચિકિત્સા કરે, એવી પ્રક્રિયા જે દર્શાવી છે, તે પણ આ ગ્રન્થની ઘણા પ્રાચીન સમયની સ્થિતિને જણાવે છે–વળી કશ્યપની સાથે સવાલ જવાબરૂપે વૃદ્ધજીવકનો જે નિર્દેશ કર્યો છે તે પણ પ્રાચીન સમયનો વિશ્વાસ ઉપજાવે છે; કાશ્યપની જે મોટી સંહિતા હતી તેને ટૂંકાવીને વૃદ્ધજીવકે આ તંત્રને રચ્યું છે, એવો જે ઉલ્લેખ મળે છે, તે ઉપરથી સાબિત થાય છે કે તે મોટી સંહિતાનો સમય આ વૃદ્ધજીવકીય તંત્રના કરતાં પણ ઘણો પ્રાચીન હોવો જોઈએ.

પરંતુ જેમ 'શ્રમણ' શબ્દ 'બ્રાહ્મણ' આદિ ગ્રન્થોમાં મળે છે, તેમ 'ગ્રન્થિ' શબ્દ ઉપનિષદો આદિમાં પણ મળે છે; છતાં 'નિર્ગ્રંથ' શબ્દ અમુક તાપસ આદિને જણાવનાર તરીકે શ્રીમદ્ ભાગવત પુરાણ સિવાય વૈદિક ગ્રન્થોમાં અને મહાભારત આદિ પ્રાચીન ગ્રન્થોમાં સ્પષ્ટપણે મળતો નથી; છતાં તે પછી થયેલા નાગાર્જુન આદિ વિદ્વાનોએ 'ઉપાયહૃદય' નામના ગ્રન્થમાં તેમ જ 'લલિતવિસ્તર' નામના ગ્રન્થમાં પણ જૈન સાધુઓને જણાવનાર તરીકે જ એ નિર્ગ્રન્થ શબ્દનો વ્યવહાર કરેલો છે; એ જ કારણે આસ્તિક દર્શનોના અનુયાયી વાચસ્પતિ આદિ વિદ્વાનોએ વેદબાહ્ય દાર્શનિકોની પંક્તિમાં એ નિર્ગ્રન્થ આદિ શબ્દોનો નિર્દેશ કરેલો જોવામાં આવે છે. એ 'નિર્ગ્રન્થ' સમુદાય તે કેવળ જૈન સંપ્રદાય જ છે, એવી આધુનિક વિદ્વાનોની પણ ધારણા છે. વળી આ કાશ્યપસંહિતામાં 'ઉત્સર્પિણી અને અવસર્પિણી' એ શબ્દો જે વપરાયેલા દેખાય છે, તે પણ જૈનસંપ્રદાયના જ અસાધારણ શબ્દો છે; છતાં એ સંપ્રદાયનો તે કાળે સહયોગ હોવાથી તેની પણ પુષ્ટિ કરવા આગળ ધરવામાં આવ્યો હોય એમ લાગે છે; તે ઉપરથી મહાવીરથી પણ પહેલાંના ૨૩ તીર્થંકરોના સમયથી આ શબ્દોનો પ્રયોગ કદાચ જૈનસંપ્રદાયમાં ન હોય, તોયે આ જૈનસંપ્રદાયમાં પ્રધાન આચાર્યપદ પામેલા મહાવીરના નજીકના સમયથી માંડી એ નિર્ગ્રન્થ આદિ અમુક અમુક શબ્દોની લોકમાં પ્રસિદ્ધિ થયેલી હોવી જોઈએ અને આ તંત્રમાં તે સમયના તે તે જુદા જુદા સંપ્રદાયને લગતા તે તે અમુક શબ્દોનો પાછળથી પ્રવેશ થયેલો હોય એમ તો કહેવું જ જોઈએ. વળી શક, હૂણ, પલ્હવ, ખશ, યવન, કંબોજ આદિ અમુક અમુક શબ્દોનો પણ જે સદ્ભાવ છે, તે પણ બુદ્ધના સમયથી પાછળના સમયમાં પણ આ તંત્રનું અસ્તિત્વ હોવું જોઈએ એમ જણાવે છે. એવી અર્વાચીન વિવેચક વિદ્વાનોની પણ ધારણા છે, તેથી મહાવીરના સમય પછી જ આ ગ્રંથનો ઉદય થયેલો હોય, એવી શંકા પણ ઊભી થાય છે; પરંતુ જેમનો સમય નક્કી થયો નથી એવા અમુક કેટલાક શબ્દોનો પાછળથી પ્રવેશ થયો હોય, એટલું જ માત્ર જોવા ઉપરથી આ ગ્રંથનો કાળ નક્કી કરવો શક્ય નથી; તેમાં પણ અમુક ગ્રંથો પાછળથી પ્રતિસંસ્કાર પામેલા છે એમ સ્પષ્ટ કહેવાય છે. તેઓમાં અમુક કેટલાક શબ્દો સંદિગ્ધ તરીકે જોવામાં આવે છે, તેઓને ગ્રહણ કરીને જ અમુક સમુચ્ચય પામેલ ગ્રંથનો સમય જે નક્કી કરવો, એ તો ખરેખર સાહસ જ છે. વિવેચક વિદ્વાનોએ પૂર્વના તર્કો ઉપરથી જે વિષયોનો નિશ્ચય કર્યો હોય છે, તે વિષયો પણ અમુક સમયને વશ થઈ વધુ બળવાન બીજા તર્કો ઊભા થતાં ફેરફાર પામેલા જોવામાં આવે છે. આ સંબંધે વિદ્વાનોએ (સાંખ્યતત્ત્વકૌમુદી આદિ ગ્રંથોમાં) કહ્યું પણ છે: 'તર્કાપ્રતિષ્ઠાનાત્–અવૈદિક સંપ્રદાયોના સિદ્ધાંતો તર્કોમાં પ્રતિષ્ઠા

પામતા નથી, એટલે કે શાક્ય ભિક્ષુ બુદ્ધ સંપ્રદાય, નિર્ગ્રન્થક જૈનાદિ સંપ્રદાય તથા સંસારમોચક આદિ અનેક પ્રકારના જુદા જુદા સંપ્રદાયો કેવળ આગમશાસ્ત્રના આભાસમાત્ર હોઈ અવૈદિક છે અને તેઓ તર્કો સામે ટકી શકતા નથી, એ કારણે તેઓ ત્યજવા યોગ્ય છે.' એ ઉપરથી પ્રાચીનપણે જ્ઞાત થતાં તેઓનાં તે તે પૂર્વોક્ત લક્ષણોને ક્ષણવાર દૂર ખસેડી અર્વાચીન વિવેચકોની ધારણાઓનો આધાર ભલે સ્વીકારવામાં આવે, તોયે કાળવશ નાશ પામેલ આ કાશ્યપસંહિતારૂપ આયુર્વેદીય તંત્રને 'વાત્સ્ય' આચાર્યે વક્ષ પાસેથી મેળવીને પ્રતિસંસ્કાર્યું છે, એમ આ કાશ્યપસંહિતાના જ 'સંહિતાકલ્પ' નામના અધ્યાયમાં પોતે કરેલો આધાર મળે છે, તેમ જ આ સંહિતાના 'રેવતીકલ્પ' નામના અધ્યાયમાં 'નિર્ગ્રન્થ' આદિ જે જે શબ્દો દેખાય છે, અને કેવળ તે તે અધ્યાયમાં જ નહિ, પણ તેની પહેલાના અધ્યાયોમાં પણ 'ઉત્સર્પિણી' આદિ જે જે શબ્દો દેખાય છે, તેઓ પણ આ કાશ્યપસંહિતા અથવા વૃદ્ધજીવકીય તંત્ર પાછળથી થયું હોય, એવો જે સંશય કરાવે છે, તેમ જ એવા અમુક શબ્દો તથા અમુક જે વિષયો પણ તેમાં જે મળે છે, તે બધાયે આ જીવકીય તંત્રની પ્રસિદ્ધિ થયા પછી તેનું જ્યારે સંશોધન થયું હશે, તે વખતે વાત્સ્યની કલમમાંથી દાખલ થયેલા હોવા જોઈએ, એમ પણ સંભવે છે. ચરકસંહિતામાં અને સુશ્રુતના પૂર્વભાગમાં પણ બીજાં તંત્રોના બાલગ્રહોને લગતા વિષયો જોકે મળતા નથી, તોપણ સુશ્રુતના ઉત્તરતંત્રમાં શાલાક્ય, કૌમારભૃત્ય–બાલચિકિત્સા આદિ બીજાં તંત્રોના વિષયોનો પણ સંગ્રહ કર્યો છે, જેમ કે તેમાં ૨૭ થી ૩૮ અધ્યાયોમાં કૌમારભૃત્યનો નિર્દેશ કર્યો છે અને મૂળમાં આચાર્યનો ઉલ્લેખ પણ મળતો નથી; છતાં પાર્વતક, જીવક, બૌદ્ધક વગેરેએ કૌમારભૃત્યના વિષયનો નિર્દેશ કર્યો છે, એમ વિવરણ કરનારના લેખ ઉપરથી કશ્યપ, જીવક આદિના 'કૌમારભૃત્યતંત્ર' આદિમાંથી જ એ વિષયનું ગ્રહણ ઘણે ભાગે સંભવે છે. વળી સુશ્રુતના બાલતંત્રના પ્રકરણમાં (ઉ. ત. અધ્યાય ૨૭માં) દર્શાવેલ સ્કંદ, રેવતી, શીતપૂતના, શકુની, મુખમંડિકા તથા નૈગમેષ આદિ જે સ્ત્રીરૂપ તથા પુરુષરૂપ બાલગ્રહો કહેવામાં આવ્યા છે, તેઓને મળતા જ જે ગ્રહો આ વૃદ્ધજીવકીય તંત્રના ચિકિત્સિતસ્થાનમાં બાલગ્રહોને લગતા અધ્યાયમાં દર્શાવવામાં આવેલા દેખાય છે, છતાં રેવતીકલ્પ અધ્યાયમાં રેવતીના એક ભેદરૂપે જ્ઞાતહારિણી સ્ત્રીઓના જે ભેદો કહેવામાં આવ્યા છે, તેઓનું પ્રતિબિંબરૂપે પ્રદર્શન સુશ્રુતના ઉત્તરતંત્રમાં જોવામાં આવતું નથી; એ બન્ને અધ્યાયો એટલે કે સુશ્રુતના ઉત્તરતંત્રનો ૨૭ મો અધ્યાય તથા આ વૃદ્ધજીવકીય તંત્રના ચિકિત્સિતસ્થાનનો બાલગ્રહ અધ્યાયના વિષયો જો સમાનકાળે લખાયા હોય તો જ્ઞાતહારિણીઓને લગતા વિષયો પણ ઓછાવત્તા અંશે સુશ્રુતના ઉત્તરતંત્રમાં પ્રતિબિંબરૂપે છાયારૂપે આવવા જોઈએ. પછી તેમ બન્યું નથી. કંઈક પણ હોવું જોઈએ; વળી રેવતીગ્રહ, સ્કંધ વગેરે બાલગ્રહોનું નિરૂપણ (આ વૃદ્ધજીવકીય તંત્રના) ચિકિત્સિતસ્થાનના બાલગ્રહ અધ્યાયમાં કરી દેવામાં આવ્યું છે; છતાં ફરી રેવતીકલ્પ અધ્યાયમાં રેવતીના વિકાસરૂપ અનેક પ્રકારની જ્ઞાતહારિણી સ્ત્રીઓનું આગળ–પાછળના ગ્રન્થના લેખની અપેક્ષાએ અતિશય વિકાસ પામેલી પ્રક્રિયા દ્વારા નિરૂપણ જોવામાં આવે છે, તે ઉપરથી તે સંબંધી એ લેખ રેવતીકલ્પ અધ્યાયમાં વિકાસ પામેલો હોઈને કશ્યપ તથા જીવકના સમય પછી વાત્સ્યના સમયમાં થયો હશે? એવી લગભગ કલ્પના થઈ શકે; કારણ કે જે પ્રતિસંસ્કાર કોઈ પણ વિભાગ વિના થયો હોય ત્યાં આવા જ પ્રકારનાં સંશયોત્પાદક ફલો ફલિત થાય છે, એમ આગળ કહેવામાં આવશે. આ 'કાશ્યપસંહિતા'ના 'સંહિતાકલ્પ' નામના અધ્યાયની પૂર્તિમાં સંબંધરૂપે એકત્ર કરેલા અને 'વાત્સીય' તરીકે સ્વીકારેલા 'ખિલભાગ'ના 'દેશસાત્મ્ય' નામના અધ્યાયમાં તેમ જ 'ખિલ'ની પહેલાં આવેલા 'ભોજનકલ્પ' નામના અધ્યાયમાં પણ સાત્મ્યનો સંબંધ સ્વીકારીને ઘણા પ્રાચીન દેશો કહેવામાં આવ્યા છે. વળી 'ભોજનકલ્પ' અધ્યાય સંબંધે લેખમાં પણ 'કુરુક્ષેત્ર'થી લઈ ચારે દિશાઓમાં રહેલા ઘણા દેશોનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેમાં

સિંધુ તથા સૌવીર આદિ પશ્ચિમના દેશો; કાશ્મીર તથા ચીન આદિ ઉત્તરના દેશો; કાશી, પુંડ્ર, અંગ તથા વંગ આદિ પૂર્વના સામાન્ય દેશો અને દક્ષિણમાં કલિંગ, પટણા તથા નર્મદા કિનારાના દેશો બતાવવામાં આવ્યા છે. રામાયણના સમયમાં જેમ દક્ષિણ તરફનાં શહેરો વિશેષ કરી મળતાં નથી, તેમ આ કાશ્યપસંહિતામાં પણ કલિંગ દેશ તથા પટણા વચ્ચે નર્મદા સુધીના જ દેશોનો નિર્દેશ મળે છે; તેમ જ ખિલભાગના 'દેશસાત્મ્ય' અધ્યાયમાં પૂર્વ-દક્ષિણ દેશનો નિર્દેશ જોકે મળે છે તેમ જ બીજા અમુક અમુક પ્રાચીન દેશોનો પણ ઉલ્લેખ મળે છે, તોપણ ચિરિપાલી, ચીર, ચોર, પુલિંદ તથા દ્રવિડ આદિ દૂર રહેલા દક્ષિણ તરફના દેશો પણ બતાવ્યા છે; તેમ જ પૂર્વ તરફના કુમારવર્તનો તથા કટિ વર્ષ સુધીના અમુક અમુક દેશોનો પણ એ રીતે નિર્દેશ કરેલો જોવામાં આવે છે. અશોકના શિલાલેખમાં તેમજ પ્રાચીનકાળનાં બીજાં સાહિત્યોમાં પણ એ પૂર્વોક્ત દેશોનો નિર્દેશ કરેલો મળે છે, તેથી એ દેશો પણ પ્રાચીન જ છે, એમ આ ઉપોદ્ઘાતમાં જ પાછળથી કહેવામાં આવશે; તોપણ બંને પ્રકારે કરેલ દેશોના નિર્દેશની તુલના દ્વારા અનુસંધાન કરતાં વૃદ્ધજીવકીય તંત્રના પૂર્વભાગનો સમય અને વાત્સીય ખિલભાગના સમયની વચ્ચે ઘણું જ અંતર હોય, એમ સ્પષ્ટ થાય છે. આ કાશ્યપસંહિતાના ખિલભાગને લગતા 'દેશસાત્મ્ય' નામના અધ્યાયમાં 'मगधेषु महाराष्ट्रम्' મગધ દેશમાં 'મહારાષ્ટ્ર દેશ' સમાયો છે' એવો ઉલ્લેખ મળે છે. વેદમાં પણ મગધ દેશનો ઉલ્લેખ છે અને જરાસંધના સમયમાં પણ 'મગધ રાજ્ય'નો નિર્દેશ કર્યો છે, તે ઉપરથી પુરાતત્ત્વના શોધકોએ આજના સમયના રાજગૃહમાં તે મગધ રાજ્યનું સ્થાન જાણી લઈ અહીં તેનો નિર્દેશ કર્યો છે કે 'મગધ રાજ્ય ઘણું પ્રાચીન હોવા છતાં તેને જાણી શકાય તેમ છે.' તોપણ પૂર્વભાગમાં આવેલા દેશોનો ઉદ્દેશ અથવા નામ દ્વારા કથન કરતી વેળા મગધ દેશનો નામથી ઉલ્લેખ કર્યો નથી અને આગળ જતાં મગધ દેશનો 'મહારાષ્ટ્ર' તરીકે ઉલ્લેખ કરેલો છે, તે ઉપરથી અને પાંડ્ય દેશનો તથા પાટલિપુત્ર-પટનાનો પણ ઉલ્લેખ કરેલો નહિ હોવાથી, તેમ જ બૌદ્ધોના ગ્રંથમાં પ્રસિદ્ધ એવા 'અનાયાસ' નામના યક્ષની પાસેથી પોતાના પૂર્વપુરુષે આ 'વૃદ્ધજીવકીય' તંત્ર મેળવ્યું હતું, એવો પણ ઉલ્લેખ મળતો હોવાથી બુદ્ધ અને મહાવીરના પછી અથવા નન્દ તથા ચંદ્રગુપ્ત આદિના સમયમાં થયેલ મગધ દેશના 'મહારાષ્ટ્ર' તરીકેના પ્રતિષ્ઠાના કાળે વાત્સ્ય આચાર્યનો જન્મ થયો હોવાનું માની શકાય છે, અને તે ઉપરથી તે વાત્સ્યે કરેલ આ વૃદ્ધજીવકીય તંત્રમાં પાછળથી તે તે 'નિર્ગ્રન્થ' આદિ અમુક અમુક શબ્દો પેસી ગયા હોય અને તેવા શબ્દોના લીધે આ વૃદ્ધજીવકીય તંત્રની અર્વાચીનતા હોય અથવા તેનો કાળ બૌદ્ધ કે જૈનના સમયનો હોય, એવો સંદેહ ઉત્પન્ન થાય છે, એમ તે વિષેની દૃષ્ટિ તેવો નિશ્ચય કરવા તૈયાર થાય છે.

'નાવનીતક' ગ્રન્થના કર્તા 'ડલ્હણ' આદિના લેખ ઉપરથી કૌમારભૃત્ય-બાલચિકિત્સાના વૈદ્ય 'જીવક'નું નામ મળતું હોવાથી તેમ જ 'મહાવગ્ગ' આદિ બૌદ્ધોના ગ્રંથોમાં 'કૌમારભૃત્ય' શબ્દ વડે વિશેષણ અપાયેલ પ્રસિદ્ધ વૈદ્ય 'જીવક'નું ઐતિહાસિક વૃત્તાંત પણ મળતું હોવાથી અને કશ્યપના શિષ્ય વૃદ્ધજીવકની તથા બુદ્ધના સમકાલીન જીવકની બન્નેની વૈદ્યકવિદ્યામાં વિદ્વત્તા, નામની સમાનતા અને 'કૌમારભૃત્ય' શબ્દનો ઉલ્લેખ સામાન્ય પ્રમાણ તરીકે સ્વીકારીને બૌદ્ધ ગ્રંથોમાં જણાવેલ 'જીવક' જ કૌમારભૃત્ય-બાલચિકિત્સાના આચાર્ય હોવા જોઈએ, એવો કેટલાક વિદ્વાનોનો મત જોવામાં આવે છે. એકંદર જ્યાં સુધી આ વૃદ્ધજીવકીય તંત્ર મળ્યું ન હતું ત્યાં સુધી કૌમારભૃત્ય-બાલચિકિત્સાના વૈદ્ય વૃદ્ધજીવકને જણાવનારાં આ સાધનો બૌદ્ધાદિના ગ્રંથોમાંથી મળતાં ન હતાં અને બૌદ્ધોના ગ્રંથોમાં ઘણુંખરું 'જીવક' નામના વૈદ્યની પ્રસિદ્ધિ મળતી હતી. એ ઉપરથી 'દગ્ધાશ્વરથન્યાય'÷ની દૃષ્ટિએ તે બંને જીવકો-

÷ આ ન્યાયનો આશય આ છે કે 'ઘોડો બળી ગયો અથવા રથ બળી ગયો' એમ સાંભળતાં માણસ માની લે છે કે ઘોડો તથા રથ બન્ને

(વૃદ્ધજીવક તથા બૌદ્ધસમકાલીન જીવક–એ બને) એક હોવાનું માનવું યોગ્ય જણાતું હતું. વળી આ તંત્રના કર્તા જીવક તેમ જ બૌદ્ધ ગ્રંથોમાં દર્શાવેલ જીવક જો એક જ હોય તો આ તંત્રમાં આચાર્ય વૃદ્ધજીવક બુદ્ધના સમયના હોવા જોઈએ એવો નિશ્ચય કરવો યોગ્ય લાગે છે; તેમ જ પૂર્વે દર્શાવેલ 'ઉત્સર્પિણી' આદિ શબ્દોનું પણ આ તંત્રમાં અનુસરણ હોવાથી સમન્વય થઈ જાય છે, તેથી (બંને જીવક એક જ હોય એવો) સંશય ઊભો રહેતો નથી; પરંતુ હાલમાં એ વૃદ્ધજીવકનું આ કૌમારભૃત્ય તંત્ર જ્યારે મળે છે, ત્યારે તેના ઉપરથી અને તેનાં મળતા ઘણા અંશો ઉપરથી પણ વૃદ્ધજીવકનો વિશેષ પરિચય જાણી શકાય છે; તેમ જ પૂર્વોક્ત રીતે વૃદ્ધજીવકના તથા બૌદ્ધકાલીન જીવકના પિતા પણ જુદા જુદા જણાય છે. વળી તે બંને જીવકોનો દેશ પણ જુદો જુદો જણાય છે. ઉપરાંત, બન્ને જીવકોના ગુરુઓ પણ જુદા જુદા સમજી શકાય છે. અને એક જીવક 'વૃદ્ધ' એ વિશેષણથી યુક્ત વૃદ્ધજીવન નામે પ્રસિદ્ધ હતા અને બીજો જીવક કોઈ પણ વિશેષણથી રહિત કેવળ 'જીવક' નામે જ પ્રસિદ્ધ હતો; તેમ જ બન્નેનો ધાર્મિક માર્ગ પણ જુદો જુદો હતો, આવા ઘણા વિસંવાદો મળે છે. બૌદ્ધ ગ્રંથોમાં કહેલો જીવક 'કૌમારભૃત્ય' કહેવાતો હતો; તેમાં કારણ તો તે જીવકને અભયકુમારે પાળ્યો-પોષ્યો હતો એ જ હતું, એમ બૌદ્ધના મહાવગ્ગ ગ્રંથમાં તેના વિષે ઉલ્લેખ કર્યો છે, પરંતુ તે જીવક, કૌમારભૃત્યપ્રસ્થાન આચાર્ય ન હતો; વળી મહાવૈદ્ય તરીકે પ્રસિદ્ધ તે બૌદ્ધકાલીન 'જીવક'ના ચિત્તમાં કૌમારભૃત્યવિદ્યા એટલે બાલચિકિત્સાનું જ્ઞાન પણ હોવું જોઈએ, પરંતુ ઘણા બૌદ્ધ ગ્રંથોમાં તે જીવક વૈદ્યનાં ઐતિહાસિક વૃત્તાંતોનું તેમ જ તેમણે કરેલી લોકોની ચિકિત્સા આદિનું સવિસ્તર વર્ણન હોવા છતાં તેમની કૌમારભૃત્યવિદ્યામાં અથવા બાલ-ચિકિત્સાશાસ્ત્રની વિદ્વત્તા તથા તદ્વિષયક લગતું આવા પ્રૌઢતંત્રનું રચયિતાપણું લેશમાત્ર પણ કેમ સૂચવ્યું નહિ હોય? આ વૃદ્ધજીવકીય તંત્રના સંબંધે સૂક્ષ્મદૃષ્ટિથી જો વિચાર કરવામાં આવે તોપણ તે બાબતમાં વિસંવાદિતા અથવા બૌદ્ધકાળના તે જીવક વૈદ્યે આ વૃદ્ધજીવકીય તંત્ર રચ્યું નથી જ એમ જાણી શકાય છે. વળી 'તુરુષ્કાદ્રિ' પ્રદેશમાં ગયેલા 'હાર્નલ'નામક એક અંગ્રેજ વિદ્વાને મેળવેલા પ્રાચીન ગ્રંથના લેખ ઉપરથી જોઈ શકાય છે કે ભગવાન બુદ્ધે પોતાના સમકાલીન જીવકને ભૈષજ્ય વિષયનો એટલે કે આયુર્વેદીય-ચિકિત્સા સંબંધી જ્ઞાનનો ઉપદેશ કર્યો હતો; તે જ એ જીવક આ વૃદ્ધજીવકીય તંત્રના રચયિતા વૃદ્ધ-જીવક જો હતા તો ત્યાં ત્યાં પોતાના તંત્રમાં જેમ ધન્વંતરિ આદિના નામનો પોતે ઉલ્લેખ કર્યો છે, તેમ બાહ્લિક વૈદ્ય કાંકાયનનું તથા વિદેશના મ્લેચ્છ વૈદ્ય આદિનું પણ નામ લખ્યું હોત; તેમ જ તેઓની ચિકિત્સાપદ્ધતિને લગતા તદ્વિષયક ભેદો પણ તેમણે બતાવ્યા હોત; ઉપરાંત પોતાને ઉપદેશ કર-નાર ભગવાન બુદ્ધનું નામ અને તેમના ઉપદેશથી પોતાને પ્રાપ્ત થયેલાં જુદાં જુદાં ઔષધો અને તેમનો આધ્યાત્મિક વિષય પણ પ્રાસંગિક લેશ-માત્ર પણ કેમ સૂચવ્યો ન હોત? આ વૃદ્ધજીવકીય તંત્રમાં બૌદ્ધ સંપ્રદાયને લગતી લેશમાત્ર છાયા દેખાતી નથી. વળી 'મહાવગ્ગ' આદિ ગ્રંથનો લેખ જોતાં તે તે ગ્રંથોમાં વર્ણવેલા જીવક વૈદ્યનું શલ્યતંત્રમાં વિશેષ હસ્તકૌશલ્ય ત્યાં ત્યાં ઘણાં સ્થળે જણાય છે, જ્યારે આ વૃદ્ધજીવકીયતંત્રમાં તો શલ્ય-તંત્રને પરતંત્રને લગતો વિષય ગણીને તે વિષયમાં પોતાના તટસ્થપણાનો નિર્દેશ કર્યો છે; તે ઉપરથી આમ સાબિત થાય છે કે બૌદ્ધ ગ્રંથોમાં જણાવેલ મગધદેશવાસી, અભયકુમારના પાલક પુત્ર અને એક દાસીના ગર્ભરૂપે ઉત્પન્ન થયેલ જીવકથી જુદા વૃદ્ધજીવક આ વૃદ્ધજીવકીય તંત્રના કર્તા જોવામાં આવે છે. તે વૃદ્ધજીવક, પ્રાચીન હોઈ કનખલ પ્રાંતમાં જન્મેલા, ઋચિકના પુત્ર કશ્યપના શિષ્ય, મહર્ષિઓએ આદર કરેલ તેમ જ કૌમારભૃત્ય-બાલ-

---

ળી ગયાં હોવાં જોઈએ, તેમ વૃદ્ધજીવક તથા જીવક–એ બંનેની પણ વૈદ્યકની વિદ્વત્તા, નામની સમાનતા તથા બેયને લાગુ થતા કૌમારભૃત્ય વિશેષણ ઉપરથી એ બન્ને એક જ હોવા જોઈએ એમ માની લેવાય ખરું!'

ચિકિત્સાના આચાર્ય હતા—આ ઉદાહરણો જ પૂરતાં છે.

પ્રસંગે યાદ આવેલા બીજા આચાર્યો

ઉપર જણાવ્યા પ્રમાણે કશ્યપે ઉપદેશ કરેલી પ્રાથમિક કાશ્યપસંહિતા મોટા એક નિબંધરૂપ હતી. તેનું અધ્યયન કર્યા પછી વૃદ્ધજીવકે તેના વિસ્તૃત અંશનું સંક્ષિપ્ત રૂપાંતર કર્યું હતું; પછી તે જ વૃદ્ધજીવકીય તંત્રનો વાત્સ્ય આચાર્યે સંશોધન રૂપે સુધારોવધારો કરી લોકમાં તેનો પ્રચાર કર્યો હતો, એમ આ વૃદ્ધજીવકીય તંત્ર—કાશ્યપસંહિતાના 'સંહિતાકલ્પ' અધ્યાયમાં જણાવવામાં આવ્યું છે; જેમ આત્રેયે પ્રથમ ઉપદેશેલી આત્રેયસંહિતાનો સમાવેશ કરી અગ્નિવેશે તેની જુદા એક તંત્રરૂપે રચના કરી હતી અને પાછળથી એ જ અગ્નિવેશના તંત્રમાં સુધારાવધારા કરી ચરકે તે જ તંત્રનો 'ચરકસંહિતા' રૂપે પ્રચાર કર્યો છે, જે અત્યારે પ્રાપ્ય છે; અથવા જેમ દિવોદાસના રૂપે પ્રકટ થઈ ધન્વંતરિએ પ્રથમ ઉપદેશેલી સંહિતાનો સમાવેશ કરી સુશ્રુતે પોતાના નામે સુશ્રુતસંહિતા રચી હતી અને પાછળથી તે સુશ્રુતસંહિતાનો 'નાગાર્જુન' નામે પ્રસિદ્ધ વિદ્વાને અથવા તે સિવાયના બીજા કોઈ વિદ્વાને સુધારોવધારો કર્યો અને તેને જ અર્વાચીન સ્વરૂપે પ્રકટ કરી હતી—તે જ પ્રમાણે કાશ્યપે મૂળ રૂપ જે મહાસંહિતાનો ઉપદેશ કર્યો હતો, તેને જ વૃદ્ધજીવકે ટૂંકાવીને પોતાના એક તંત્રરૂપે પ્રકાશિત કરી હતી અને પાછળથી અમુક સમયના અંતરે વાત્સ્ય આચાર્યે તેમાં સુધારો-વધારો કરીને તેને પ્રકટ કરેલી, જે હાલમાં વૃદ્ધજીવકીય તંત્ર રૂપે આપણને પ્રાપ્ત થયેલી છે; જેમ હાલમાં તે તે મૂળ સંહિતાઓ અને તેમનાં રૂપાંતર થયેલાં તે તે તંત્રો અલગ રૂપે મળતાં નથી, તે કારણે અત્યારે મળતી ચરકસંહિતા જ અગ્નિવેશ તંત્ર અને આત્રેય-સંહિતારૂપે ઓળખાય છે; અને તે પ્રમાણે હાલમાં મળતી સુધારેલી સુશ્રુતસંહિતા જ મૂળ સુશ્રુત-સંહિતા અને ધન્વંતરિસંહિતા તરીકે ઓળખાય છે. તે જ પ્રમાણે હાલમાં મળતી અને વાત્સ્યે સંશોધન કરેલી સંહિતા જ વૃદ્ધજીવકીય તંત્ર અને મૂળ કાશ્યપસંહિતા હોઈને તે એક જ સંહિતા ત્રણ ગ્રન્થોરૂપે અત્યારે અસ્તિત્વ ધરાવતી જણાય છે; એ રીતે હાલમાં મળતા આ પ્રાચીન-ગ્રન્થોમાં તેમના પ્રતિસંસ્કર્તા—ચરક, નાગાર્જુન વગેરે કોઈ અનિશ્ચિત વિદ્વાન અને વાત્સ્યની કક્ષા ત્રીજી છે; તેમની ઉપરના તંત્રકર્તાઓ અગ્નિવેશ, સુશ્રુત અને વૃદ્ધજીવકની કક્ષા બીજી છે અને તેઓની પણ ઉપરના મૂળ સંહિતાઓના કર્તા આત્રેય, દિવોદાસ રૂપ ધન્વંતરિ અને મારીચ કશ્યપની કક્ષા પહેલી છે; એમ આત્રેય, ધન્વંતરિ અને કશ્યપ—એ ત્રણે પુરુષો આ ત્રણ આયુર્વેદીય તંત્રોના મૂળ આચાર્યો છે.

ઘણા પ્રાચીન તરીકે દેખાયેલા આ ત્રણ મૂળ આચાર્યો—આત્રેય, ધન્વંતરિ તથા કશ્યપનો પોતપોતા-નો ચોક્કસ સમય નક્કી કરવો એ ઘણું મુશ્કેલ છે, તોપણ તેઓનું પૌર્વાપર્ય, પરસ્પર સમકાલીનપણું આત્રેય, અગ્નિવેશ તથા ચરક તેમ જ ધન્વતરિ, દિવોદાસ અને સુશ્રુત તેમ જ કશ્યપ, વૃદ્ધજીવક તથા વાત્સ્ય આદિ આચાર્યોની ક્યારે ઉત્પત્તિ થઈ હતી તેનો ચોક્કસ સમય દર્શાવવાને કોઈ પણ ઐતિહાસિક લેખ આપણને પ્રમાણરૂપે મળી શકે તેમ નથી, જેથી તે સંબંધે કંઈ પણ ચોક્કસ રીતે જણાવવું એ એક દુઃસાહસ જ છે; તોપણ તેમની ઉત્પત્તિમાં વધુમાં વધુ કે ઓછામાં ઓછો સમય નક્કી કરી શકાય કે જેથી તેમના સંબંધે કંઈક જાણી શકાય? તથા પરસ્પર એકબીજાનું અન્વેષણ કરતાં આપણને કશ્યપ, જીવક તથા વાત્સ્યના વિષયમાં કંઈક પ્રકાશ મળી શકે, એવા અભિપ્રાયથી બીજા વિદ્વાનોના મતોનો નિર્દેશ-પૂર્વક મારા પોતાનો અભિપ્રાય અહીં રજૂ કરું છું.

ધન્વંતરિ અને દિવોદાસ

સુશ્રુતસંહિતામાં ધન્વંતરિરૂપે કાશીરાજ દિવો-દાસે સુશ્રુતને (આયુર્વેદનો) ઉપદેશ કર્યો હતો, એવો નિર્દેશ છે; એ ધન્વંતરિસ્વરૂપ દિવોદાસના પરિચય માટે વેદોમાં વૈદ્યોના આચાર્ય ધન્વંતરિનો ઉલ્લેખ ક્યાંય જોવામાં આવતો નથી. ઋગ્વેદના મંત્રોમાં જ્યાં વૈદ્યકશાસ્ત્ર—આયુર્વેદને લગતા વિષયો જોવામાં આવે છે, ત્યાં ખાસ કરી દેવોના

વૈદ્યો અશ્વિનીકુમારોનું જ વૈદ્યોરૂપે વર્ણન મળે છે; તેમ જ ઋગ્વેદના 'પ્રથમ મંડલ'માં ઘણાં સ્થાનો પર 'દિવોદાસ' નામના રાજાનો ઉલ્લેખ મળે છે; વૈદિક ભાષામાં તેનું વર્ણન જ્યાં છે ત્યાં 'अतिथिग्वः शम्बरशत्रुः सुदासपिता'–સુદાસનો પિતા–'દિવોદાસ' નામનો રાજા અતિથિઓ અને ગાયોનો પરમ ભક્ત હતો અને શંબરાસુરનો શત્રુ હતો.' ઇત્યાદિ વિશેષણો અને તેનાં શૌર્ય તથા વીર્ય–પરાક્રમને લગતાં કર્મો વર્ણવેલાં મળે છે. કાઠકસંહિતામાં પણ મંત્રભાગ વિષે ધન્વન્ય–દિવોદાસનો ઉલ્લેખ છે; પરંતુ એ વૈદિક દિવોદાસ કાશીનો રાજા હોય અને તેનો ધન્વંતરિની સાથે સંબંધ હોય, એ બાબત વૈદિક વર્ણન ઉપરથી જાણી શકાય તેમ નથી; અને તેથી એ ઋગ્વેદમાં તેમ જ કાઠકસંહિતામાં જેનો ઉલ્લેખ આવે છે એ દિવોદાસનો સમય અતિશય પ્રાચીન જણાય છે અને તે વૈદ્યોના આચાર્ય હોય એમ માની શકાતું નથી.

પૌરાણિક ઇતિહાસોમાં પણ દિવોદાસ નામના અનેક રાજાઓનો ઉલ્લેખ છે; 'કાશ' નામના રાજાના વંશમાં ધન્વંતરિ તથા દિવોદાસ એ બંને કાશીના રાજા તરીકે થયા હતા, એમ જાણવા મળે છે; તે વંશાનુક્રમ આ રીતે છે :

કાશ
|
દીર્ઘતપાઃ
|
ધન્વ
|
ધન્વંતરિ
|
કેતુમાન
ભીમરથ (ભીમસેન)
|
દિવોદાસ
|
પ્રતર્દન
|
વત્સ
|
અલર્ક

આ વંશાવલીમાં 'કાશ'નો પૌત્ર 'ધન્વ' નામનો રાજા જે બતાવ્યો છે, તેણે સમુદ્રમંથનમાંથી ઉત્પન્ન થયેલા 'અબ્જ' નામના દેવને આરાધી 'ધન્વન્તરિ' નામના 'અબ્જ'દેવના અવતાર-રૂપ પુત્ર મેળવ્યો હતો. એ ધન્વંતરિએ મહર્ષિ ભરદ્વાજ પાસેથી આયુર્વેદવિદ્યાનો ઉપદેશ મેળવી તેને જુદા જુદા આઠ વિભાગોમાં વહેંચી શિષ્યોને ઉપદેશ કર્યો હતો. એ ધન્વંતરિના પ્રપૌત્ર દિવોદાસે 'વારાણસી'* સ્થાપી હતી. તે દિવોદાસનો પુત્ર 'પ્રતર્દન' નામે હતો. દિવોદાસના સમયમાં જ 'વારાણસી' ઉજ્જડ થઈ પડી હતી, તેને પ્રતર્દનના પૌત્ર અલર્ક નામક કાશીરાજાએ ફરી વસાવી હતી, એમ 'હરિવંશ'×પુરાણથી જણાય છે. હરિવંશના એ લેખમાં ઉજ્જડ થયેલી વારાણસી નગરીને દિવોદાસે પુનઃ વસાવી હતી એવો ઉલ્લેખ મળે છે, તે ઉપરથી 'વારાણસી' નગરીનું અસ્તિત્વ દિવોદાસની પહેલાં પણ હતું, એમ જણાય છે; છતાં મહાભારતના÷ અનુશાસનપર્વમાં 'દિવોદાસે જ વારાણસી નગરીનું નિર્માણ કર્યું'

* આ ઉપરથી હિંદી વિશ્વકોશમાં 'કાશી'ના શબ્દ ઉપર 'વારણાર' નામના કોઈ રાજાએ 'વારાણસી' નગરી વસાવી હતી, એવો અર્થ આપ્યો છે એ પ્રવાદ મૂળ વિનાનો છે–આધાર-ભૂત નથી.

× વારાણસી–કાશીમાં 'ગોવિંદચંદ્ર વિજય' નામના રાજાના રાજ્ય સમયે વિક્રમ સંવત ૧૨૦૧માં તાડપત્ર પર લખાયેલું હરિવંશનું પ્રાચીન પુસ્તક, અમારા સંગ્રહાલયમાં છે; તેમાંનો પાઠ મેળવતાં જે વંશાનુક્રમ મળે છે, તે જ અહીં મૂળમાં આપ્યો છે.

÷ મહાભારત અનુશાસનપર્વ અધ્યાય ૨૯માં આ શ્લોક છે : 'सौदेवस्त्वथ काशीशो दिवोदासोऽभ्यषिच्यत। दिवोदासस्तु विज्ञाय वीर्यं तेषां यतात्मनाम् वाराणसीं महातेजा निर्ममे शक्रशासनात्'–પછી સુદેવના પુત્ર દિવોદાસનો કાશીના રાજા તરીકે અભિષેક કરવામાં આવ્યો હતો; પરંતુ મહાતેજસ્વી દિવોદાસે તે સંયમી આત્મા હૈહયોનું પરાક્રમ જાણ્યા પછી ઇંદ્રની આજ્ઞાથી 'વારાણસી' નગરી વસાવી હતી.

હતું' એવો નિર્દેશ છે.

મહાભારતમાં પણ ચાર ઠેકાણે દિવોદાસનું નામ છે;× વળી મહાભારતમાં પણ દિવોદાસનું કાશીના+ રાજપણું, વારાણસીનું સ્થાપકપણું, હૈહયોથી પોતાનો પરાજય થતાં ભરદ્વાજને શરણે જવું અને તે ભરદ્વાજે કરેલ 'પુત્રેષ્ટિ' યાગથી 'પ્રતર્દન' નામના વીર પુત્રની ઉત્પત્તિ ઇત્યાદિ એ દિવોદાસની જ હકીકતને મળતા વિષયો જોવામાં આવે છે; તેમાં દિવોદાસના પૂર્વપુરુષોમાં વચ્ચે વચ્ચે આવેલી જુદી જુદી વ્યક્તિઓ સાથે પ્રસિદ્ધ 'હર્યશ્વ' આદિ રાજાઓના જ નામનો ઉલ્લેખ કર્યો છે. અગ્નિપુરાણના અધ્યાય ૨૭૮ માં અને ગરુડપુરાણના અધ્યાય ૧૩૯ ના શ્લોક ૮–૧૧ માં વૈદ્ય ધન્વંતરિના વંશમાં ચોથા પુરુષ તરીકે દિવોદાસને કહેલ છે.

વળી મહાભારતમાં* સમુદ્રમંથનનું જે આખ્યાન છે તેમાં દેવ ધન્વન્તરિના આવિર્ભાવનો ઉલ્લેખ છે; તેમજ બીજાં પુરાણ આદિમાં ધન્વન્તરિનો નિર્દેશ મળે છે; વળી અગ્નિપુરાણમાં÷ તો સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલા ધન્વન્તરિને આયુર્વેદના પ્રવર્તક તરીકે પણ દર્શાવ્યા છે, પરંતુ વેદમાં ધન્વંતરિનો ઉલ્લેખ મળતો નથી; પરંતુ હરિવંશમાં સમુદ્રમંથનથી પ્રકટેલા અબ્જ (अद्भ्यो जात इति अब्जः–સમુદ્રના જળમાંથી જે જન્મ્યા હતા)દેવ ધન્વ રાજાના પુત્ર તરીકે અવતર્યા હતા તે કારણે મૌલિક અથવા વ્યુત્પત્તિથી પ્રસિદ્ધ એ 'અબ્જ'નો જ પાછળથી 'ધન્વ' નામના પિતાને તારનાર 'ધન્વંતરિ' એ નામે વ્યવહાર થયેલો દેખાય છે, તેથી એ બન્ને–'અબ્જ તથા ધન્વન્તરિ' એ નામ યથાર્થ ઘટે છે એથી એ 'અબ્જ' દેવનો જ પાછળથી ધન્વંતરિપણે પ્રાકટ્ય થવાને લીધે તે બન્નેનો અભેદ માની 'અબ્જ'–દેવનો જ 'ધન્વંતરિ'ના નામે ક્યાંક વ્યવહાર જણાય છે. જેના ઉપરથી વૈદ્યોના આચાર્ય અને દિવોદાસના પૂર્વપુરુષ–ધન્વંતરિનો 'અબ્જ' નામના દેવસ્વરૂપે મનુષ્યો તથા તૈર્થિક–શાસ્ત્રવેત્તાઓએ દેવભાવે જે વ્યવહાર કર્યો છે, તે પણ ઘટે છે.

એ દિવોદાસ વિષે ભરદ્વાજનો સંબંધ, વારાણસીનું સ્થાપન અને 'પ્રતર્દન' નામના તેના પુત્રની ઉત્પત્તિ–એ ત્રણે બાબતો હરિવંશમાં તથા મહાભારતમાં મળતી આવે છે. વળી 'કૌષીતકિ–સાંખ્યાયન' નામના* બ્રાહ્મણગ્રંથમાં તેમજ કૌષીતકિ–બ્રાહ્મણોપનિષદમાં× પણ 'દૈવોદાસિઃ પ્રતર્દનઃ'–દિવોદાસનો

× જેમ કે ઉદ્યોગપર્વના અધ્યાય ૧૧૭ માં આનુશાસનિકપર્વના દાનધર્મ પ્રકરણમાં અધ્યાય ૨૯ માં, રાજધર્મ પ્રકરણમાં અધ્યાય ૯૬ માં અને આદિપર્વમાં પણ દિવોદાસનું નામ મળે છે.

+ દિવોદાસ કાશીનો રાજા હતો, તે સંબંધે ઉદ્યોગપર્વના અધ્યાય ૧૨૭ માં આમ કહ્યું છે કે, 'महाबलो महावीर्यः काशीनामीश्वरः प्रभुः । दिवोदास इति ख्यातो भैमसेनिर्नराधिपः'–ભીમસેન અથવા ભીમસેનનો પુત્ર દિવોદાસ મહાબળવાન અને મહાપરાક્રમી તરીકે પ્રખ્યાત હતો અને તે કાશીનો ઈશ્વર, પ્રભુ તથા રાજા તરીકે જાહેર હતો.

* મહાભારત–આદિપર્વ–અધ્યાય ૧૩ માં આમ કહ્યું છે: 'धन्वन्तरिस्ततो देवोवपुष्मानुदतिष्ठत । श्वेतं कमण्डलुं बिभ्रत् अमृतं यत्र तिष्ठति ॥–પછી એ સમુદ્રમાંથી દેવ ધન્વન્તરિ શરીરધારી હોઈને પ્રકટ્યા હતા; તેમણે જેમાં અમૃત ભર્યું હતું એવું ધોળું કમંડળ હાથમાં ધારણ કર્યું હતું.

÷ અગ્નિપુરાણના ત્રીજા અધ્યાયમાં આમ કહ્યું છે: 'ततो धन्वन्तरिर्विष्णुरायुर्वेदप्रदर्शकः, बिभ्रत् कमण्डलुं पूर्णममृतेन समुत्थितः ॥–પછી એ સમુદ્રમાંથી આયુર્વેદનું જ્ઞાન દર્શન કરાવનાર વિષ્ણુસ્વરૂપ ધન્વન્તરિ પ્રકટ્યા હતા; તેમણે અમૃતથી ભરેલું કમંડલ હાથમાં ધારણ કર્યું હતું.

* કૌષીતકિ બ્રાહ્મણના ૨૬–૫ માં આમ કહ્યું છે: 'अथ हस्माह दैवोदासिः प्रतर्दनो नैमिषीयाणां सत्रमुपगम्योपास्य विचिकित्सां प्रपच्छ–તે પછી દિવોદાસના પુત્ર પ્રતર્દને કહ્યું; એટલે કે નૈમિષારણ્યનિવાસી બ્રાહ્મણોના યજ્ઞમાં જ તે બ્રાહ્મણોની સમીપે બેસી–તેમની સેવા કરીને એ પ્રતર્દને તેમને પોતાનો સંશય પૂછ્યો હતો.

× કૌષીતકિ–ઉપનિષદ ૩–૧ માં પણ એમ જણાવ્યું છે કે, 'प्रतर्दनो ह वै दैवोदासिरिन्द्रस्य प्रियं धामोपजगाम–દિવોદાસનો પુત્ર પ્રતર્દન, ઇંદ્રના પ્રિય ધામ–સ્વર્ગમાં અવશ્ય ગયો હતો.

પુત્ર પ્રતર્દન' એવો શબ્દ નિર્દેશ કરેલો છે અને તે દિવોદાસના પુત્ર પ્રતર્દનને બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ થઈ હતી, તેની આખ્યાયિકા પણ જોવામાં આવે છે. કાઠકસંહિતામાં+ પણ બ્રાહ્મણગ્રંથના અંશમાં 'આરુણિ'ના સમકાલીન ભીમસેનના પુત્ર દિવોદાસનો ઉલ્લેખ મળે છે.

એમ (તે તે સ્થળે દેખાતાં પ્રમાણો) જોવામાં આવે છે, તે ઉપરથી કાશિરાજની સંતતિરૂપ એ બધાયે રાજાઓ 'કાશ' નામના રાજાએ સ્થાપેલ હોવાથી જ 'કાશી' નામે પ્રસિદ્ધ થયેલા દેશના રાજાઓ હોવાના કારણે 'કાશીરાજ' એવા શબ્દથી કહેવાતા હતા. વળી 'ધન્વ' નામના રાજાના પુત્ર તરીકે જન્મેલા હોવાથી તેના પુત્રનો 'ધન્વંતરિ' એવા નામે વ્યવહાર કરવામાં આવે છે; વળી જેમ 'આત્રેય' વગેરેને પૂર્વાચાર્ય ભરદ્વાજની જ પાસેથી આયુર્વેદવિદ્યા મળી હતી, તે જ પ્રમાણે ધન્વંતરિને પણ પૂર્વાચાર્ય ભરદ્વાજ પાસેથી જ આયુર્વેદ વિદ્યાનો લાભ થયો હતો, એમ 'હરિવંશ'ના લેખ ઉપરથી જણાય છે. જો કે મહાભારત અને હરિવંશ આદિનો લેખ જોતાં ધન્વંતરિના પ્રપૌત્ર (ચોથા વંશજ) કાશીરાજ–દિવોદાસને વૈદ્યવિદ્યાના આચાર્ય તરીકે કહ્યા નથી, તોપણ સુશ્રુતસંહિતામાં કાશીરાજ–દિવોદાસને સુશ્રુત આદિ શિષ્યોને આયુર્વેદવિદ્યાનો ઉપદેશ કરનાર તરીકે કહેવામાં આવ્યા છે, તે ઉલ્લેખના સંવાદ ઉપરથી વૈદ્યવિદ્યાના આચાર્ય તરીકે જેમ ધન્વંતરિ કહેવાય છે, તે જ પ્રમાણે તેમની નજીકના–તેમના ચોથા પુરુષ તરીકેની સંતતિ હોવાના કારણે પોતાના પૂર્વપુરુષ–ધન્વંતરિની વિદ્યાનો દિવોદાસે પણ સારી રીતે આદર કર્યો હોય તેમ સંભવિત હોવાથી તે દિવોદાસ પણ વૈદ્યવિદ્યાના આચાર્ય હોય, એ પણ બરાબર ઘટે જ છે; તે જ કારણે દિવોદાસ, ધન્વંતરિની નજીકના ચોથા પુરુષ હોવાથી અને તે ધન્વંતરિના સંપ્રદાયના પ્રકાશક હોવાને લીધે તેમ જ તે ધન્વંતરિના સ્થાને જ પોતે 'રાજા' તરીકે પ્રાપ્ત થયેલા હોવાથી તે દિવોદાસને 'ધન્વંતરિનો અવતાર માની લઈ સુશ્રુતસંહિતામાં 'धन्वतरिं दिवोदासं सुश्रुतप्रभृतय ऊचुः'–ધન્વંતરિ સ્વરૂપ દિવોદાસ પ્રત્યે સુશ્રુત વગેરેએ આમ કહ્યું હતું, એમ (સૂત્રસ્થાનના ૧ લા અધ્યાયમાં) એ બન્ને–ધન્વંતરિ તથા દિવોદાસનો અભેદ બતાવ્યો છે તે યોગ્ય જ છે; એ દિવોદાસ આયુર્વેદના આચાર્ય તરીકે પ્રસિદ્ધ ધન્વંતરિના પ્રપૌત્ર–ચોથા વંશજ હતા; અને સુશ્રુતમાં આયુર્વેદનો ઉપદેશ કરનાર દિવોદાસને ધન્વંતરિના અવતારરૂપ જે કહ્યા છે, તે બન્નેની સંગતિ સાબિત થાય છે, એટલે હરિવંશ–મહાભારત આદિમાં જણાવેલ તેમ જ સુશ્રુતસંહિતામાં દર્શાવેલ બન્ને દિવોદાસ એક જ વ્યક્તિ છે. તે ઉપરથી ધન્વંતરિનો આયુર્વેદિય સંપ્રદાય તેમની શિષ્યપરંપરામાં જેમ અનુસરીને ચાલી રહ્યો હતો, તે જ પ્રમાણે તેમની પોતાની સંતતિ–વંશપરંપરામાં પણ ચાલુ રહી દિવોદાસ વિષે પણ અનુસરીને ચાલુ રહ્યો હતો, એમ સ્પષ્ટ જણાય છે. વળી મારી (આ ઉપોદ્ઘાત લખનારની) પાસે તાડપત્રમાં લખેલું સુશ્રુતસંહિતાનું એક પુસ્તક છે તેમાં આખાયે ગ્રંથમાં પ્રત્યેક અધ્યાયના આરંભે 'प्रत्युवाच भगवान् धन्वंतरिः'–ભગવાન ધન્વંતરિએ આમ કહ્યું:' એ વાક્ય નથી; અને ધન્વંતરિ સ્વરૂપ દિવોદાસની પાસે (ઉપદેશ લેવા) સુશ્રુત વગેરે ગયા હતા, તેવો પ્રથમ ઉલ્લેખ કર્યો છે, તેથા ઉપર દર્શાવ્યા પ્રમાણેનું તેવું વાક્ય (કયાંય) હોય તે પણ યોગ્ય દેખાતું નથી.

પ્રથમ દર્શાવેલ 'હરિવંશ'ના લેખમાં 'કલિયુગમાં દિવોદાસે વારાણસી નગરીનું પ્રતિષ્ઠાપન કર્યું હતું' એમ કહેવામાં આવ્યું છે, તે ઉપરથી ધન્વંતરિનો તથા તેમના પ્રપૌત્ર દિવોદાસનો સમય કલિયુગનો જણાય છે; પરંતુ તે કયા કલિયુગનો સમય? એમ તે લેખ ઉપરથી જાણવું શક્ય નથી (કારણ કે કલિયુગ તો અનેક વીતી ગયા છે.)

કાશીનો યુવરાજ બ્રહ્મદત્ત તક્ષશિલા નગરીમાં આયુર્વેદનું અધ્યયન કરવા ગયો હતો, એમ જાતક ગ્રંથમાં કહ્યું છે; તેમજ કાશીમાં 'રાજા' તરીકેનું

+ કાઠકસંહિતાના ૭–૧–૮ માં આમ કહ્યું છે–दिवोदासो भैमसेनिरारुणिमुवाच–ભીમસેનના પુત્ર દિવોદાસે આરુણિને આમ કહ્યું હતું.

સ્થાન પ્રાપ્ત કરતા બ્રહ્મદત્તની સાથે જીવકનો સમાગમ થયો હતો એવું વૃત્તાંત (બૌદ્ધોના) 'મહાવગ્ગ' ગ્રંથમાં મળે છે. વળી, એ ગ્રંથમાં 'કાશી' એવો શબ્દ પણ છે; પરંતુ 'વારાણસી' શબ્દનો ઘણી વાર પ્રયોગ કરવામાં આવ્યો છે. બુદ્ધદેવ પણ 'વારાણસી' શબ્દથી જણાવેલા પ્રદેશ ઉપર 'ધર્મચક્ર'નું પ્રવર્તન એટલે કે પોતાનું ધર્મસામ્રાજ્ય વર્તી રહ્યું હતું એવો ઉલ્લેખ કર્યો છે; જાતક ગ્રંથોમાં પણ 'વારાણસી' શબ્દ ઘણીવાર આવે છે; તેમજ વ્યાકરણના કર્તા પાણિનિ મુનિએ પણ 'દેશવાચક કાશી' શબ્દ ('काश्यादिभ्यष्ठञ्-ञिठौ'-૪-૨-૧૧૬-એ) વ્યાકરણસૂત્રમાં સ્પષ્ટ બતાવ્યો છે, તેમજ એ જ પાણિનિએ નગરવાચક 'વારાણસી' શબ્દને (नद्यादिभ्यो ढक्'-૪-૨-૯૭-वाराणस्यां भवो वाराणसेयः-એ સૂત્રમાં દર્શાવેલ) નદ્યાદિ ગણમાં પ્રવેશાવેલો જોવામાં આવે છે. ભાષ્યકાર-પતંજલિએ પણ 'वाराणसेयः'-વારાણસી નગરીમાં થયેલ વ્યક્તિ એ ઉદાહરણ ઘણી વાર આપ્યું છે. 'જાબાલ ઉપનિષદ' આદિ ગ્રંથોમાં પણ 'વારાણસી' શબ્દનો પ્રયોગ મળે છે તેમ જ બ્રાહ્મણ ગ્રંથોમાં અને પ્રાચીન ઉપનિષદોમાં 'કાશી' શબ્દનો પ્રયોગ તો મળે છે; પરંતુ 'વારાણસી' શબ્દનો પ્રયોગ મળતો નથી; તે ઉપરથી દેશવાચક 'કાશી' શબ્દ પૂર્વકાળથી જ પ્રચલિત છે, પરંતુ નગરીવાચક 'વારાણસી' શબ્દ તો પ્રાચીન ઉપનિષદોના સમય પછી જ પ્રસિદ્ધ થયો છે એમ જણાય છે. પુરાણ આદિમાં 'કાશી' અને 'વારાણસી' એ બન્ને શબ્દો મળે છે. ઇતિહાસનું પર્યાલોચન કરતાં બુદ્ધના સમયથી લઈ કોઈ વેળા 'કોશલ' દેશના તો કોઈક વખતે મગધ દેશના શિશુનાગવંશી રાજાઓએ અને તે પછી મૌર્ય, શુંગ અને ગુપ્તવંશી તેમ જ 'હર્ષવર્ધન' રાજાએ પણ 'વારાણસી' નગરી પર વિજય મેળવ્યો હતો એવું વૃત્તાંત મળે છે. તે તે રાજાઓનાં વૃત્તાંતોનું નિરીક્ષણ કરતાં ધન્વંતરિ, દિવોદાસ તથા પ્રતર્દનનાં નામો અર્વાચીન સમયમાં મળતાં નથી; પણ તેથી ઊલટું (પાણિનીય વ્યાકરણને લગતા) વાર્તિકકાર-વરરુચિએ 'દિવોદાસ' શબ્દની સિદ્ધિ માટે 'दिवश्च-दासे' એ વાર્તિકસૂત્રથી 'દાસ' શબ્દ સામે આવે ત્યારે સમાસ થતાં 'દિવ્' શબ્દની છઠ્ઠી વિભક્તિનો લોપ ન કરવો પણ તે વિભક્તિ કાયમ રાખી સંધિ કરીને 'દિવોદાસ' શબ્દ સિદ્ધ કર્યો છે; તેમ જ વ્યાકરણના મહાભાષ્યકાર-પતંજલિએ 'दिवोदासाय गायते'-એવો પ્રયોગ કરી દિવોદાસની સ્તુતિ દર્શાવી છે; તેમ જ કૌષીતકિ બ્રાહ્મણમાં, તેની ઉપનિષદમાં અને ઋગ્વેદના× સર્વાનુક્રમ સૂત્રમાં પણ દિવોદાસના પુત્ર પ્રતર્દનનું નામ જણાવ્યું છે અને કાઠકસંહિતાના બ્રાહ્મણભાગના વાક્યમાં ભીમસેનના પુત્ર દિવોદાસના નામનો પણ ઉલ્લેખ કર્યો છે; તે ઉપરથી અને તેની સાથે મળતાપણું ધરાવતાં મહાભારત અને હરિવંશમાં વૈદ્યવિદ્યાના આચાર્ય ધન્વંતરિના પ્રપૌત્ર-ચોથા પુરુષ, 'વારાણસી' નગરીના સ્થાપક, પ્રતર્દનના પિતા અને અલર્કના પ્રપિતામહ-દાદા દિવોદાસના નામનો ઉલ્લેખ તેમ જ કલિયુગમાં તેનું અસ્તિત્વ મળતું હોવાથી દિવોદાસનો સમય કલિયુગમાં ઐતરેય બ્રાહ્મણના કાળમાં તેમ જ કાઠક બ્રાહ્મણ, કૌષીતકિ બ્રાહ્મણ અને તેના ઉપનિષદના સમયની નજીકનો અથવા કંઈક પૂર્વનો હોય એમ જાણી શકાય છે.

કૌષીતકિ-બ્રાહ્મણના સમયનો વિચાર કરતાં શ્વેતકેતુ-આરુણિની કથાઓના સંવાદ ઉપરથી કૌષીતકિ ઉપનિષદનો તથા બૃહદારણ્યક ઉપનિષદનો સમય એકસરખો છે, એમ પાશ્ચાત્ય વિદ્વાન 'વેબરે' બતાવ્યું છે (જુઓ-હિસ્ટરી ઑફ ઇન્ડિયન લિટરેચર, બાય વેબર-પાન ૫૨); 'વિન્ટરનીઝ' નામના પાશ્ચાત્ય વિદ્વાનનો પણ આ બાબતમાં સમાન અભિપ્રાય છે; (જુઓ-હિસ્ટરી ઑફ ઇન્ડિયન લિટરેચર, બાય વિન્ટરનીઝ); તે ઉપરથી 'કૌષીતકિ બ્રાહ્મણ' ઐતરેય બ્રાહ્મણથી પાછળ બનેલું છે એવું સ્વીકાર્યું છે. શ્રી ચિંતામણિ વિનાયક વૈદ્ય તો ઐતરેય બ્રાહ્મણમાં કૌષીતકિ બ્રાહ્મણનાં વાક્યોનો ઉતારો બતાવે છે

× કાત્યાયનીય ઋક્ સર્વાનુક્રમ સૂત્રમાં આમ જણાવ્યું છે : 'प्रसेनानीश्चतुर्विंशतिर्दैवोदासिः प्रतर्दनः-દિવોદાસનો પુત્ર પ્રતર્દન ૨૪ મહાસેનાઓનો નાયક હતો.

(જુઓ–હિસ્ટરી ઑફ સંસ્કૃત લિટરેચર, સી. વી. વૈદ્ય). 'વેબર' તો કોઈ પણ સાધન વિના જ કૌષીતકિ બ્રાહ્મણમાં ઐતરેય બ્રાહ્મણનો કોઈએ પ્રક્ષેપ કર્યો હોય એમ કહે છે; તે ઉપરથી ઐતરેય બ્રાહ્મણની પહેલાંનું કૌષીતકિ બ્રાહ્મણ હોવું જોઈએ; એટલે કે ઈસવી સન ૨૫૦૦ના સમયનું તે હોય એમ સિદ્ધ કરે છે. એસ. બી. દીક્ષિત તો જ્યોતિષની ગણતરીના આધારે કૌષીતકિ બ્રાહ્મણનો સમય ઈસવી સન પૂર્વે ૨૯૦૦થી ૧૮૫૦ની વચ્ચેનો દર્શાવે છે. (જુઓ–હિસ્ટરી ઑફ ઇન્ડિયન એસ્ટ્રોનોમી, એસ. બી. દીક્ષિત.) કૌષીતકિ બ્રાહ્મણનો ૧૭-૪ સુધીનો ભાગ યાસ્ક નિરુક્ત–૧-૯ માં ગ્રહણ કરેલો હોવાથી ત્રીસ અધ્યાયરૂપ 'કૌષીતકિ બ્રાહ્મણ'નું 'ત્રિંશચ્ચત્વારિંશતો બ્રાહ્મણે સંજ્ઞાયાં ઉણ્'(૫-૧-૬૨) એ પાણિનીય વ્યાકરણસૂત્રમાં તેમજ 'કૌષીતકિ'ના પૂર્વપુરુષ–'કુષીતક'નું 'વિકર્ણકુષીતકાત્ કાશ્યપે' (૪-૧-૧૨૪) એ પાણિનીય વ્યાકરણસૂત્રમાં પાણિનિ મુનિએ ગ્રહણ કરેલ હોવાથી તે 'કૌષીતકિ બ્રાહ્મણ' ગ્રંથ પાણિનિ મુનિ તથા 'યાસ્ક' આચાર્ય કરતાં પણ પ્રાચીન હોવો જોઈએ. એમ 'કીથ' નામક અંગ્રેજ વિદ્વાન પણ કહે છે; (જુઓ–ઋગ્વેદ બ્રાહ્મણ'સૂ. ટ્રાન્સલેટેડ બાય 'કીથ', પેજ ૪૨.) ત્યારે 'પાણિનિ' નામના વ્યાકરણકર્તા મુનિના સમયનો વિચાર કરતાં 'મંજુશ્રી મૂલકલ્પ'ના આધારે લખાયેલા ઇતિહાસમાં 'જયસ્વાલ' ઈ. પૂ. ૩૬૬થી પૂર્વે ૩૩૮ સુધીનો પાણિનિનો સમય જણાવે છે (જુઓ–'એન ઇમ્પિરિયલ હિસ્ટરી ઑફ ઇન્ડિયા,' બાય કે. પી. જયસ્વાલ, પેજ ૧૫); પણ બીજા કેટલાક વિદ્વાનો ઈસવી સન પૂર્વે ૪૦૦નો પાણિનિનો સમય જણાવે છે; પરંતુ પાણિનીય વ્યાકરણ વેદ, વેદોનાં અંગો, સંપ્રદાયોના પ્રવર્તક ઋષિઓ, તે તે દેશો, નગરો, ગામડાં, નદો અને નદીઓ વગેરેનાં નામોના ઉલ્લેખોથી ભરપૂર છે, છતાં તેમાં ગૌતમ બુદ્ધ કે મહાવીરના જૈનસંપ્રદાય સંબંધી એક પણ વિષય મળતો નથી, તે ઉપરથી બુદ્ધ તથા મહાવીરની પહેલાંની પહેલાંનો (ઈસવી સન પૂર્વે ૭૦૦–૮૦૦નો) પાણિનિનો સમય હોવો જોઈએ, એમ ઘણા સમયોની અંદર આ વિષયમાં નિમગ્ન થયા પછી પોતાનો વિચાર પ્રકટ કરતા 'ગોલ્ડસ્ટુકર' નામના અંગ્રેજ વિદ્વાનનો સિદ્ધાંત જાહેર થયો છે. (જુઓ પાણિનિ, હિઝ પ્લેસ ઇન સંસ્કૃત લિટરેચર, બાય ગોલ્ડસ્ટુકર). આ બાબતમાં 'વેલવલ્કર' તથા 'ભાંડારકર'નો પણ લગભગ એવો જ અભિપ્રાય છે. (જુઓ–સિસ્ટમ ઑફ સંસ્કૃત ગ્રામર, બાય એસ. કે. વેલ્વલ્કર; તેમજ જુઓ–હિસ્ટરી ઑફ ધ ડેક્કન, બાય ભાંડારકર); પરંતુ શ્રી ચિંતામણિ વિનાયક વૈદ્યે ઈસવી સન પૂર્વે ૬૦૦ નો પાણિનિનો સમય બતાવ્યો છે (જુઓ, હિસ્ટરી ઑફ સંસ્કૃત લિટરેચર, વૈદિક પિરિયડ બાય સી. વી. વૈદ્ય, પેજ ૧૨૯); એમ જુદા જુદા ઘણા મતો જોયા છતાં પાણિનિએ તેમજ તેનાથી પણ ઘણા પ્રાચીન યાસ્ક આચાર્યે પોતપોતાના ગ્રંથોમાં ગ્રહણ કરાતું 'કૌષીતકિ બ્રાહ્મણ' જોઈ કે તે પાણિનિ તથા યાસ્કથી ભલે ઘણું પ્રાચીન સાબિત થાય છે અને તે ઘણા જૂના સમયનું હોય એમ પણ જણાય છે, તોપણ છેવટ બુદ્ધના સમયની પહેલાંનું તો તે નથી જ, એમ તેના સંબંધે બધાનો એક મત જ મળે છે. એમ ઐતરેય તથા કૌષીતકિ બ્રાહ્મણ–એ બન્નેના સમયોની વચ્ચેના સમયમાં એ દિવોદાસ રાજા થયેલો હોઈને ઉપનિષદોના કાલમાં તેનું અસ્તિત્વ હોવું જોઈએ અને એમ તે કાળનો સાબિત થતો એ દિવોદાસ, પોતાના પ્રપિતામહ ધન્વંતરિને તો પોતાના કરતાં પણ પૂર્વકાળમાં થયેલા હોવાનો નિશ્ચય કરાવે છે.

'મિલિન્દપહ્નો' ('મિલિન્દ્રપ્રશ્ન') નામના પાલિભાષાના ગ્રંથમાં, ઈ. પૂ. બીજી શતાબ્દી–૨૦૦ વર્ષના સમયમાં થયેલ મિલિન્દ નામના (મિનેન્ડર કિંગ ઑફ બેક્ટ્રિયા) રાજા પ્રત્યે નાગસેનની જ્યાં ઉક્તિ છે, તેમાં 'चिकित्सकानां पूर्वका आचार्याः–હાલમાં જે વૈદ્યો છે, તેઓની પૂર્વે થયેલા–પ્રાચીન આચાર્યો જે થઈ ગયા છે, તેઓની ગણતરીની શરૂઆત કરતાં જે જે પ્રાચીન આચાર્યો ગણ્યા છે, તેઓમાં 'ધન્વંતરિ'નું પણ નામ છે.* તેમાં રોગોની ઉત્પત્તિનાં

* જેમ કે मन्ते नागसेन, ये ते अहेसुं टिकि-

નિદાન, સ્વભાવ, સમુત્થાન અને ચિકિત્સાક્રિયા આદિને જાણનારા આચાર્યોરૂપે તે તે નારદ આદિને ગ્રહણ કર્યા પછી 'चिकित्सकानां पूर्वका आचार्याः'– એ બધાયે હાલમાં જે જે વૈદ્યો છે, તેઓની પહેલાંના–અતિપ્રાચીન આચાર્યો થઈ ગયા છે.' એમ કહીને નાગસેને પોતાના કરતાં પહેલાં થયેલા તે તે પ્રાચીન આર્યોને વૈદ્યોના આચાર્ય તરીકે સ્વીકારી તેઓમાં 'ધન્વંતરિ' ને પણ જણાવ્યા છે; એમ તે નાગસેને જે ધન્વંતરિનો પાલી ગ્રન્થમાં નિર્દેશ કર્યો છે, એ જ ધન્વંતરિ મહાભારત આદિ ગ્રંથોમાં તથા બીજા આયુર્વેદીય ગ્રન્થોમાં જોવા મળે છે. અને સુશ્રુત સંહિતામાં જે ધન્વંતરિને વૈદ્યોના પ્રાચીન આચાર્ય તરીકે દર્શાવ્યા છે, તે જ એ પ્રાચીન ધન્વંતરિને પ્રાચીન પાલીગ્રંથ આદિમાં પણ જણાવ્યા છે, એમ સ્પષ્ટ સમજાય છે અથવા એ પાલીગ્રંથમાં કપિલ, નારદ આદિની સાથે જે ધન્વંતરિને જણાવ્યા છે, તે ધન્વંતરિ (બીજા) મૂળ ધન્વંતરિ(સમુદ્રમંથન કરતાં નીકળેલા)ને દર્શાવ્યા હોય, એમ સંભવે છે. વળી ઈસવી સન પૂર્વેની બીજી કે ત્રીજી શતાબ્દીમાં બનેલા ભરૂચના તથા સાંચીના બે 'સ્તૂપો'માં જે શિલા, ચિત્ર તથા લેખો છે, તેનો સંવાદ કરી જોતાં તથા ભરૂચના સ્તૂપમાં 'જાતક' ગ્રન્થોનો નામથી પણ ઉલ્લેખ કરેલો મળે છે, તે ઉપરથી તે તે પાલીભાષાના જાતક ગ્રંથોનું તે કાળે પણ અસ્તિત્વ અને પ્રસિદ્ધિ સિદ્ધ થાય છે. ઈસવી સન પૂર્વે ૪થી શતાબ્દીમાં 'વૈશાલી' નગરીમાં મળેલી બૌદ્ધોની મોટી એક સભામાં પણ તે જાતક ગ્રંથોની પ્રસિદ્ધિ હતી, એમ 'મેકડોનાલ્ડ' આદિ પાશ્ચાત્ય વિદ્વાનો પણ કહે છે. એ રીતે આ ગ્રંથો તે સમયે પ્રસિદ્ધ હોવાથી તે ગ્રંથોનું અસ્તિત્વ તેથી પણ પ્રાચીન હોવું જોઈએ એમ સાબિત થાય છે. તે ગ્રંથોમાં 'અયોધર' નામક એક પાલી-જાતક ગ્રંથ છે. તેમાં બુદ્ધના એક પૂર્વજન્મમાં રાજપુત્ર તરીકેની અવસ્થામાં ધર્મચર્યા માટે રાજાની સંમતિ મેળવવા માટે એક કથા આવી છે જેમાં ધન્વંતરિ, વૈતરણ તથા ભોજ નામના વૈદ્યોનાં નામ લઈને ઔષધિઓ વડે તેમજ+ સર્પોનાં વિષ

च्छकानां पुब्बका आचारिया-नारदो, धम्मन्तरि, अंगिरसो, कपिलो, कण्डरग्गिसामो, अतुलो, पुब्बकच्चायनो. सब्बे ये ते आचारिया स किं येव रोगुप्पत्तिं च निदानं च समावं च समुत्थानं च टिकिच्छं च किरियं च सिद्धासिद्धं च सब्बान् तं निरवसेसं जानित्वा इमस्मिन् काये एतका रोगा उपज्जिसंतीति एकापहारेन कलापग्गाहं कारित्वा सुत्तं बन्धिसु. असब्बन्नुनो एते सब्बे (मिलिन्दपन्हो–पाली टेक्स–Ed. By Trenckner–P. ૨૭૨)– (મિલિન્દ રાય નાગસેન પ્રત્યે કહે છે:) હે ભગવન્ નાગસેન ! તેઓ જો વૈદ્યો હતા, તેઓની પણ પૂર્વે અમુક કેટલાક આચાર્યો થઈ ગયા છે, જેમ કે નારદ, ધન્વંતરિ, અંગિરસ, કપિલ, કંડર–અગ્નિસામ, અતુલ તથા પૂર્વના કાત્યાયન એ બધા જે પ્રાચીન આચાર્યો થઈ ગયા છે, તે બધાયે રોગોની ઉત્પત્તિ, નિદાન, સ્વભાવ, સમુત્થાન તથા તેઓની ચિકિત્સારૂપ ક્રિયા સિદ્ધ–અસિદ્ધ બધી યે સંપૂર્ણ જાણતા હતા અને તે બધું જાણ્યા પછી તેઓ આ માનવશરીરમાં આ અમુક જ રોગો ઉત્પન્ન થવાના છે એમ જાણ્યા પછી તેઓમાંના એક એક રોગને દૂર કરી તેની કલા ગ્રહણ કરાવી તેઓએ તે તે (આયુર્વેદીય) સૂત્રો રચ્યાં છે, પણ તે બધાયે આચાર્યો સર્વજ્ઞ ન હતા.

+ 'અયોધર' નામના પાલી ગ્રંથમાં સર્પોનાં વિષ દૂર કરનાર વૈદ્યોનો આમ નિર્દેશ કર્યો છે: 'आसीविसा कुपिता यं दसन्ति टिकिच्छका टीसं विसं दसन्ति, न मञ्जुणो दट्ठविसं हनन्ति तं मे मतिं होति चरामि धम्मम्'–કોપેલા સર્પો જે માણસને દંશે અથવા કરડે, તેના વિષને (પૂર્વકાળના) અથવા હજી પણ કેટલાક વૈદ્યો પોતે દશી–ચૂસી લે છે, છતાં તે વૈદ્યો મૃત્યુએ દશેલા કોઈના પણ વિષને કે પોતાને કરડેલા મૃત્યુરૂપ સર્પના વિષને દશી શકતા નથી–એટલે કે મૃત્યુરૂપ સર્પના વિષથી દશાયેલાને જે કોઈ વિષચિકિત્સકો પણ જો બચાવી શકતા નથી, તો મને આવી બુદ્ધિ સૂઝી છે કે એ મૃત્યુરૂપ સર્પ મને દંશે નહિ, તેટલામાં હું ધર્મનું આચરણ કરી લઉં. વળી 'धम्मन्तरि वेतरणिं च भोजो विसानि हत्वा च भुजङ्गमानमू–सूयन्ति ते कालकता तयेव (अयोघरजातके) ।–ધન્વંતરિ, વૈતરણિ

ઉતારવા દ્વારા લોકો પર ઉપકાર કરનારા એ ધન્વંતરિ જેવા વિદ્વાનો પણ મૃત્યુના મુખમાં ચાલ્યા ગયા છે, તો આપણે કોણ માત્ર?' એમ મૃત્યુના મહિમાનો ઉલ્લેખ કરી પોતાનો ધર્મ પ્રત્યેનો પ્રેમ બતાવ્યો છે. વળી તે બુદ્ધદેવની કથામાં એવો ઉલ્લેખ કરી બુદ્ધદેવના પૂર્વજન્મની અવસ્થામાં પણ એ ધન્વંતરિ, વૈતરણ તથા ભોજ નામના વૈદ્યો આ લોકમાંથી (મરણ પામી પરલોકમાં) જતા રહ્યા હતા, એમ સૂચવ્યું છે, અને તે પણ બુદ્ધના કયા જન્મની તે કથા હોય! તેથી પણ એ ધન્વંતરિ વગેરે વૈદક-આચાર્યો તે બુદ્ધદેવના ઘણાયે પૂર્વજન્મો પહેલાં થઈ ગયા હોય, એમ પણ જાણી શકાય છે.* 'આર્યસૂરિ' વિરચિત 'જાતકમાલા' નામના (બૌદ્ધ) ગ્રંથમાં પણ 'અયોગ્રહ' જાતક વિષે આમ જણાવ્યું છે કે, 'લોકોના રોગોનો નાશ કરનાર ધન્વંતરિ વગેરે શ્રેષ્ઠ વૈદ્યો પણ વિનાશ પામ્યા છે.' એમ સૂચવી ધન્વંતરિ આદિ પ્રાચીન વૈદ્યો પણ પોતાના-બુદ્ધના સમયમાં ઘણા પ્રાચીન કાળમાં થઈ ગયા હતા, એમ માનપૂર્વક તેઓનો નિર્દેશ કર્યો છે. વળી 'આર્યસૂરિ'ના લેખમાં પણ ધન્વંતરિનું જ નામ ગ્રહણ કર્યું છે, અને તેમના સિવાયના બીજા આચાર્યોને પણ (પ્રમૃતિ)-'વગેરે' શબ્દ દ્વારા અવશ્ય ગ્રહણ કર્યા જ છે. 'પાલી' ભાષાના લેખમાં પણ 'ધન્વંતરિ'ના નામની સાથે 'વૈતરણ' તથા 'ભોજ'નું પણ ચિકિત્સક-વૈદ્ય તરીકે નામ ગ્રહણ કર્યું છે. સુશ્રુતસંહિતામાં પ્રારંભના વાક્ય વિષે 'ધન્વતરિ'રૂપ દિવોદાસની પાસેથી વિદ્યા મેળવવા માટે તેમની સમીપે ગયેલા (સુશ્રુત આદિ) તેમના શિષ્યોનો જ્યાં ઉલ્લેખ કર્યો છે, તેમાં 'વૈતરણ'ના નામનો પણ નિર્દેશ કર્યો છે; તેમાં 'सुश्रुतप्रभृतय ऊचुः'-સુશ્રુત વગેરે બોલ્યા, એમ કહી 'પ્રભૃતિ'-વગેરે શબ્દથી 'ભોજ' આદિનું પણ ગ્રહણ કર્યું છે, એમ ટીકાકાર 'ડલ્લણ' આચાર્યે પોતે કરેલી તેની વ્યાખ્યામાં જણાવ્યું છે. (આ ઉપોદ્ઘાતના લેખક) મારી પાસે સુશ્રુતનું એક પ્રાચીન પુસ્તક તાડપત્ર પર લખેલું છે, તેમાં તો 'औपधेनव-वैतरण-औरभ्र-पौष्कलावत-करवीर्य-गोपुर-रक्षित-भोज-सुश्रुतप्रभृतय ऊचुः'-ઔપધેનવ, વૈતરણ, ઔરભ્ર, પૌષ્કલાવત, કરવીર્ય, ગોપુર, રક્ષિત, ભોજ અને સુશ્રુત વગેરે બોલ્યા' એમ મૂળગ્રંથમાં જ વૈતરણની જેમ 'ભોજ' આદિનો સ્પષ્ટ ઉલ્લેખ છે. અહીં દર્શાવેલ આ 'પાલીજાતક'ના લેખમાં દિવોદાસના શિષ્ય વૈતરણ તથા ભોજનો સાથે નિર્દેશ કરી, તેમના સાહચર્ય દ્વારા તેઓની સાથે જ ધન્વંતરિને લીધા છે, તે મૂળ વૈદ્ય વિદ્યાના આચાર્ય 'ધન્વંતરિ' સમજાતા નથી; પણ મૂળ ધન્વંતરિના અવતારરૂપે 'ધન્વંતરિ' શબ્દ મૂકીને સુશ્રુત સંહિતામાં જેમ વ્યવહાર કર્યો છે અને તે દ્વારા એ ધન્વંતરિ સ્વરૂપ દિવોદાસનું જ ગ્રહણ કરેલું જણાય છે, તે જ પ્રમાણે પાલીજાતકના લેખમાં પણ એ જ ધન્વંતરિના અવતારરૂપ દિવોદાસને જ લીધેલા જણાય છે; વળી આ પાલી જાતકના લેખમાં 'સુશ્રુત' આદિ બીજાઓનો જોકે ઉલ્લેખ કર્યો નથી, તોપણ ઉપનિષદોના કાળમાં 'દિવોદાસ'નું અસ્તિત્વ મળે છે, તે ઉપરથી અને સુશ્રુતસંહિતામાં દિવોદાસનો ધન્વંતરિના રૂપે વ્યવહાર કરેલો છે, તે કારણે, તેમ જ દિવોદાસરૂપ ધન્વંતરિના શિષ્ય તરીકે વૈતરણ તથા ભોજને પણ સુશ્રુતસંહિતામાં કહ્યા છે, તે રૂપ પ્રમાણ ઉપરથી અને પાલીજાતકમાં

અને ભોજ જેવા, સર્પોનાં વિષનો નાશ કરી ઘણાંને બચાવતા હતા, તેઓ પણ કાળરૂપ સર્પથી દંશ પામીને મૃત્યુના મુખમાં સૂઈ ગયા છે.'

* તેમ જ આર્યસૂરિ વિરચિત જાતકમાં આમ કહેવાયું છે કે, 'हत्वा विषाणि च तपोबल सिद्धमन्त्रा व्याधीतृणामुपशम्य च वैद्यवर्याः। धन्वन्तरिप्रभृतयोऽपिगता विनाशं, धर्माय मे नमति (भवति) तेन मतिर्वनान्ते॥'-તપના બળથી જેઓએ મંત્રો સિદ્ધ કર્યા હતા એવા ધન્વંતરિ વગેરે શ્રેષ્ઠ વૈદ્યો પણ (સર્પાદિથી દંશાયેલા) લોકોનાં વિષનો નાશ કરીને તેમ જ રોગી લોકોના રોગોને (ઔષધાદિથી) મટાડીને પણ આખરે પોતે વિનાશ પામ્યા છે, તેથી મારી બુદ્ધિ (આ નાશવંત સંસારનો ત્યાગ કરી) વનના છેલ્લા પ્રદેશોમાં (જઈ) ધર્માચરણ કરવા તત્પર થાય છે.' (आर्यसूरीयजातकमाला)

દર્શાવેલ વિષના પ્રતિકારનો વિષય સુશ્રુતસંહિતામાં પણ કલ્પસ્થાનમાં કહેલો મળે છે, તે રૂપ પ્રમાણ ઉપરથી ભોજ તથા વૈતરણની સાથે બતાવેલ સુશ્રુત આદિના સમકાળે થયેલા તે જ ધન્વંતરિ અથવા તેમના અવતારરૂપ દિવોદાસના તે બધા વૈતરણ વગેરે શિષ્યો હતા, એમ સુશ્રુતે જે કહ્યું છે, તે પણ મળતું આવે છે. વળી 'અગ્નિપુરાણ'માં મળતા લખાણ ઉપરથી સુશ્રુત પણ વૈદ્યવિદ્યા ગ્રહણ કરતી વેળા ધન્વંતરિના શિષ્ય હતા, તે પણ નક્કી થાય છે. તેથી એ રીતે દિવોદાસના અવતારને પામેલા ધન્વંતરિ, બૌદ્ધોના 'જાતક' ગ્રંથોથી પણ ઘણા પ્રાચીન હતા એમ જાણી શકાય છે અને તે ઉપરથી ધન્વંતરિરૂપ દિવોદાસના પૂર્વ પુરુષ મૂળ ધન્વંતરિ તો તેના કરતાં પણ ઘણા પહેલાં જ થયા હોય, એ સ્પષ્ટ જ છે.

કેટલાક વિદ્વાનો 'धन्वन्तरिक्षपणकामरसिंह०-' એ શ્લોકમાં જણાવેલા વિક્રમરાજાના નવ રત્નોમાં પહેલા જે ધન્વંતરિને ગણ્યા છે, તે જ ધન્વંતરિ પ્રસિદ્ધ વૈદ્ય-આચાર્ય હતા, એમ જણાવે છે; પરંતુ નવ રત્નોમાં ગણાવેલ 'ધન્વંતરિ' નામના કોઈ પ્રસિદ્ધ કવિ હતા. માત્ર નામ સાદૃશ્યથી તેનાથીયે પ્રાચીન વૈદ્યાચાર્યની ભ્રાંતિ ઉપજાવે છે.

કાશ્યપસંહિતામાં 'શિષ્યોપક્રમણીય' નામના અધ્યાયમાં પ૭ મા પૃષ્ઠ ઉપર હોમને યોગ્ય દેવતાઓનો જે નિર્દેશ કરેલો છે, તેમાં પ્રજાપતિ, અશ્વિનીકુમારો તથા ઇંદ્રનો પોતાના તંત્રના પૂર્વાચાર્ય કશ્યપની જેમ નિર્દેશ કર્યો છે અને તે જ પ્રમાણે અત્રિ આદિનો ઉલ્લેખ કર્યા સિવાય બીજાં શાસ્ત્રના આચાર્ય ધન્વંતરિને ઉદ્દેશીને પણ સ્વાહાકારનું વિધાન કરેલ છે, એટલે કે ધન્વંતરિને પણ હોમયોગ્ય દેવ તરીકે સ્વીકાર્યા છે અને તેમના તરફનો ઉત્તમ આદર જણાવેલો મળે છે. દિવોદાસ અને સુશ્રુત જો કે ધન્વંતરિના અનુયાયી છે, તોપણ તે બન્નેનો આ કાશ્યપસંહિતાના 'શિષ્યોપક્રમણીય' નામના અધ્યાયમાં ઉલ્લેખ કર્યો નથી; તે ઉપરથી આ કાશ્યપસંહિતાના ચિકિત્સિતસ્થાનના 'દ્વિવ્રણીય' અધ્યાયના ૫ મા શ્લોકમાં 'परतन्त्रस्य समयम्'-શલ્યનો વિષય-વાઢ-કાપ (ઑપરેશન વગેરે) પરતંત્ર-સંબંધી છે, છતાં તેનું પણ ગ્રહણ કરી તે ધન્વંતરિનો સંપ્રદાય પોતે આગળ ધરે છે એટલું જ નહિ પણ ધન્વંતરિના સંપ્રદાયરૂપ તે શલ્યના વિષયને ઘણો પ્રાચીન સૂચવે છે; તે જ પ્રમાણે 'આત્રેયસંહિતા'-ચરકમાં 'इति धन्वन्तरिः इति धान्वन्तरं मतं, इति धान्वन्तराः-એમ ધન્વંતરિ કહે છે, એવો ધન્વંતરિનો મત છે, એમ ધન્વંતરિના અનુયાયીઓ કહે છે,' ઇત્યાદિ ઘણાં સ્થળે ધન્વંતરિનો તેમ જ તેમના સંપ્રદાયના અનુયાયીઓનો પ્રાચીન આચાર્યો તરીકે નિર્દેશ કર્યો છે; પરંતુ એ ચરક-સંહિતા અથવા આત્રેયસંહિતામાં દિવોદાસનું કે સુશ્રુતનું નામ ક્યાંય સ્પષ્ટ રીતે ટાંકયું નથી. સુશ્રુતમાં પણ આત્રેયના કે કશ્યપના નામનો ઉલ્લેખ ક્યાંય પણ કર્યો નથી એ ઉપરથી મારીચિ કશ્યપના કરતાં અને પુનર્વસુ આત્રેયના કરતાં પણ ધન્વંતરિ પ્રાચીન વૈદ્ય-આચાર્ય હતા, એમ જણાય છે. કાશ્યપની આ સંહિતામાં તો માત્ર એકલા ધન્વન્તરિના જ નામનો ઉલ્લેખ છે, પરંતુ આત્રેયની સંહિતા-ચરકતંત્રમાં તો ધન્વન્તરિના તથા તેમના સંપ્રદાયના અનુયાયીઓના નામનો પણ ઉલ્લેખ મળે છે, તે ઉપરથી જણાય છે કે જે કાળે ધન્વંતરિનો સંપ્રદાય ઘણો જ ફેલાયેલો હતો, તે સમયે (વૃદ્ધજીવકનો તથા) આત્રેય-પુનર્વસુનો ઉત્પત્તિકાળ તથા આયુર્વેદના આચાર્ય તરીકેનું અસ્તિત્વ હતું. એમ ધન્વંતરિ આત્રેય-પુનર્વસુ કરતાં પણ જો પ્રથમ થયા હતા, તો એ આત્રેયના અનુયાયી અગ્નિવેશ કરતાં અને ભેડ કરતાં તો ધન્વંતરિ ઘણા પહેલાં થયા હોય, એ તો સ્પષ્ટ સમજાય તેમ છે. વળી ભેડસંહિતામાં તથા ચરક-સંહિતામાં પણ 'धान्वंतर घृत' આદિ ધન્વંતરિએ કહેલાં ઔષધોનો ઉલ્લેખ જે કર્યો છે, તે પણ ભેડ તથા આત્રેય આદિ પૂર્વાચાર્યો કરતાં પણ ધન્વંતરિ પ્રાચીન વૈદ્યક આચાર્ય હતા, એ જ વધુ સ્પષ્ટ કરે છે. સુશ્રુતમાં શારીરસ્થાનના ત્રીજા અધ્યાયમાં શૌનક, કૃતવીર્ય, પારાશર્ય, માર્કંડેય, સુભૂતિ અને ગૌતમ-એ ઘણા પ્રાચીન આચાર્યોનાં નામોનો નિર્દેશ કર્યો છે. આત્રેયસંહિતામાં તથા કાશ્યપસંહિતામાં કાંકાયન વગેરેનો પણ પૂર્વાચાર્ય તરીકે

નિર્દેશ કરેલો મળે છે; અને ડલ્હનના લેખ ઉપરથી દિવોદાસના શિષ્ય તરીકે કાંકાયનનો ઉલ્લેખ કરેલો છે, એમ કેટલાક વિદ્વાનના મત અનુસાર દર્શાવવામાં આવ્યું છે અને જો એમ હોય તો દિવોદાસના શિષ્ય તરીકે જણાયેલા તે કાંકાયનનો આત્રેય સંહિતામાં તથા કાશ્યપ સંહિતામાં પણ નિર્દેશ કરેલ હોવાથી તે આત્રેય અને કાશ્યપ કરતાં પણ દિવોદાસ તથા ધન્વંતરિ પહેલાં થયેલા હોવા જોઈએ એ સાબિત થાય છે.

ધન્વંતરિને આયુર્વેદવિદ્યાનો લાભ ભરદ્વાજની પાસેથી થયો હતો અને દિવોદાસે પણ આયુર્વેદ-વિદ્યા મેળવવા માટે ભરદ્વાજનો જ આશ્રય કર્યો હતો, એમ હરિવંશમાં ઉલ્લેખ મળે છે, તે ઉપરથી ત્રણ પેઢીઓના અંતરવાળા ધન્વંતરિ તથા દિવોદાસની સાથે સંબંધ પામેલા ભરદ્વાજ જ તે કોઈ એક જ વ્યક્તિ છે કે 'ભરદ્વાજ' નામનું ગોત્ર ધરાવતી કોઈ બે વ્યક્તિ છે? એ નક્કી થઈ શકતું નથી. ચરકસંહિતામાં પણ પ્રારંભના ગ્રંથમાં આત્રેયને ભરદ્વાજથી આયુર્વેદવિદ્યાનો લાભ જણાવેલ છે, જ્યારે તે જ ચરકસંહિતામાં આગળ જતાં કોઈક ઠેકાણે ભરદ્વાજના મતનું આત્રેયે ખંડન કર્યું છે; વળી તે ચરકસંહિતાના સૂત્રસ્થાનના 'વાતકલા-કલીય' નામના અધ્યાયમાં એક ભરદ્વાજનો 'કુમાર-શિર' એવું વિશેષણ આપીને નિર્દેશ કર્યો છે; અને કાશ્યપસંહિતામાં 'રોગાધ્યાયમાં પૃષ્ઠ ૩૯માં 'કૃષ્ણ ભારદ્વાજ'નો નિર્દેશ કર્યો છે, એ ઉપરથી આમ સમજાય છે કે, 'આયુર્વેદ વિદ્યામાં અનેક 'ભરદ્વાજ' નામના પુરુષો આચાર્ય તરીકે થઈ ગયા છે; તેથી એ રીતે કોઈ એક ભરદ્વાજ સાથે અથવા 'ભરદ્વાજ' નામના ગોત્રમાં ઉત્પન્ન થયેલ જુદી જુદી વ્યક્તિરૂપ ભરદ્વાજની સાથે ધન્વંતરિ, મારીચ, કશ્યપ, આત્રેય-પુનર્વસુ તથા દિવોદાસનો અતિશય નજીકના કાળમાં થયેલ સંબંધ જણાય છે આત્રેય-પુનર્વસુ તથા મારીચ કશ્યપ (પોતપોતાના સંહિતા ગ્રંથમાં) જે ધન્વંતરિનું નામ ગ્રહણ કરે છે, તે ધન્વંતરિ, ધન્વંતરિની સંતતિ હોવાના કારણે, એ ધન્વંતરિના નામથી જેનો વ્યવહાર કરાતો હતો, એવા દિવોદાસ પણ હોય, એમ પણ સંભવે છે અને ધન્વંતરિના ધાન્વંતર મત-રૂપે દિવોદાસના મતનો પણ નિર્દેશ કર્યો હોય, એમ પણ કહી શકાય તેમ છે; તોપણ કશ્યપે સ્વાહાકારને યોગ્ય દેવતા તરીકે પણ ધન્વંતરિનો નિર્દેશ કરેલો હોવાથી અને આત્રેય તથા કશ્યપે બન્નેએ કાશીના રાજા તરીકે પ્રસિદ્ધ એવા દિવો-દાસને ગ્રહણ કરાવનાર કાશીના પતિરૂપ અથવા દિવોદાસ આદિરૂપ કોઈ પણ અમુક જ તે વ્યક્તિ હોય, એવો કંઈ પણ ચોક્કસ નિર્દેશ કર્યા વિના કેવળ 'ધન્વંતરિ' એ શબ્દમાત્રથી તેનો નિર્દેશ કરેલો હોવાથી તેમજ મહાભારત આદિના લેખ ઉપરથી ધન્વંતરિ આઠ પ્રકારનાં આયુર્વેદીય શાસ્ત્રોના આચાર્ય તરીકે પૂર્વે વિદ્યમાન હતા અને તેમની આયુર્વેદીય સંહિતાનું પણ તે કાળે અસ્તિત્વ જણાતું હોવાથી મૂળ ધન્વંતરિની સંહિતામાં જે વિષય મળેલા હોય તે જ વિષયને લક્ષ્યમાં લઈ આત્રેય તથા કશ્યપે તે મૂળ ધન્વંતરિનો જ મત ઘણા ભાગે ગ્રહણ કરેલ હોવો જોઈએ, એમ સંભવે છે. વળી મહાભારતમાં (દિવોદાસ સહિત) ગાલવમુનિની આગળ કેવળ મારીચના પુત્ર કશ્યપના આશ્રમનો નિર્દેશ કરેલો જણાવા મળે છે, તે ઉપરથી દિવોદાસના સમયમાં મારીચ-કશ્યપ ભૂતકાળમાં થઈ ગયા હશે, એમ લાગે છે; અથવા તે ગાલવના આશ્રમમાં મારીચ કશ્યપ પણ તે કાળે વિદ્યમાન હતા, એમ પણ કહી શકાય તેમ છે; એ ઉપરથી ધન્વંતરિની પાછળ અને દિવોદાસની પૂર્વે અથવા દિવોદાસના સમયમાં મારીચ કશ્યપ થયા હતા. ચરકસંહિતામાં તથા કાશ્યપસંહિતામાં આત્રેયે મારીચિ કશ્યપનો ઉલ્લેખ કર્યો છે તેમ જ મારીચ કશ્યપે આત્રેય-પુનર્વસુનો ઉલ્લેખ કર્યો છે અને આત્રેયસંહિતામાં 'વાતકલાકલીય' નામના અધ્યાયમાં મારીચિ કશ્યપ તથા આત્રેય-પુન-ર્વસુનો સંવાદરૂપ ઉલ્લેખ મળે છે અને તે બન્ને સંહિતાઓમાં બીજા શબ્દથી વિશેષણ આપેલ અને વિશેષણ નહિ આપેલ ભરદ્વાજનો ઉલ્લેખ મળતો હોવાથી એ બન્ને આચાર્યોનો સમય ગ્રંથોની મર્યાદા ઉપરથી લગભગ સાથેનો જ જણાય છે.

સુશ્રુત-સંબંધે વિચાર

સુશ્રુતસંહિતાના રચયિતા સુશ્રુત આર્ય વિશ્વામિત્રના પુત્ર હતા, એમ સુશ્રુતસંહિતામાં જ * કહ્યું છે. ચક્રદત્ત+ પણ તેની ટીકામાં એમ જ કહ્યું છે. મહાભારતમાં પણ (આનુશાસનિક પર્વના ૪ થા અધ્યાયમાં) વિશ્વામિત્રના પુત્રોમાં સુશ્રુતનું નામ મળે છે. ઋગ્વેદમાં તે તે મંત્રોના દ્રષ્ટા અને શ્રી રામચંદ્રને ધનુર્વિદ્યાનો ઉપદેશનાર મહર્ષિ વિશ્વામિત્ર કોઈ બીજી જ પ્રાચીન વ્યક્તિ હોવી જોઈએ. સુશ્રુતનો કાળ ઉપનિષદોના કાળરૂપ હોવો જોઈએ અને તે સુશ્રુત દિવોદાસના શિષ્ય હતા, એવો પણ ઉલ્લેખ મળતો હોવાથી અને સુશ્રુતસંહિતામાં 'શ્રીકૃષ્ણ'નું પણ નામ મળતું હોવાથી × દિવોદાસની પેઠે ઉપનિષદોના કાળમાં શ્રીકૃષ્ણના અસ્તિત્વકાળ પછી સુશ્રુતની ઉત્પત્તિ થયેલી હોવી જોઈએ અને કશ્યપ તથા આત્રેયની પેઠે ગોત્રપરંપરામાં પ્રાપ્ત થયેલા વિશ્વામિત્રના પુત્ર સુશ્રુત આચાર્ય જણાય છે. વિશ્વામિત્ર મુનિએ પોતાના પુત્ર સુશ્રુતને કાશીરાજ ધન્વંતરિના અવતારરૂપ દિવોદાસની પાસે અધ્યયન કરવા મોકલ્યા હતા, એમ ભાવપ્રકાશમાં પણ કહ્યું= છે; તેમ જ ડલ્હણની –તે પછી વિશ્વામિત્ર વગેરેએ પોતાની જ્ઞાનદૃષ્ટિથી જાણ્યું હતું કે આ કાશિરાજા–દિવોદાસ એ સાક્ષાત્ ધન્વંતરિ કહેવાય છે; પછી વિશ્વામિત્રે પોતાના તે પુત્રોમાં જે 'સુશ્રુત' નામનો પુત્ર હતો, તેને આમ કહ્યું હતું કે, 'હે પુત્ર! તું વિશ્વેશ્વર-શંકર ભગવાનને પ્રિય વારાણસી (કાશી) નગરીમાં જા.' વ્યાખ્યામાં વિશ્વામિત્રના નામે ઉતારેલું વૈદ્યક-વિષયને લગતું વચન પણ મળે છે,* છતાં એ વિશ્વામિત્ર કોણ હતા, એ બરાબર જાણી શકાતું નથી.

સુશ્રુતસંહિતાના સમયનો વિચાર કરતાં 'હૈસ' નામના એક પાશ્ચાત્ય વિદ્વાને સુશ્રુત આદિ વૈદ્યક આચાર્યોનો સમય ઈસવી સનની ૧૨મી શતાબ્દીમાં, જેન્સ વિલ્સન વગેરે નવમી કે દશમી શતાબ્દીમાં તેમજ બીજા કેટલાક વિદ્વાનો ચોથી કે પાંચમી શતાબ્દીમાં માને છે. વળી 'હિસ્ટરી ઑફ સંસ્કૃત લિટરેચર'ના પાન ૪૩૬ માં મેકડોનલે કહ્યું છે, 'ચરક અને સુશ્રુતમાં લખાણોમાંનાં ટાંચણને રજૂ કરતી બાવરની હસ્તલિખિત પ્રતમાંના ઉતારાઓમાં વિચારસરણીની તથા શબ્દોની સમાનતા જોતાં સુશ્રુતનો જીવનકાળ ઈ. સ. ની ચોથી શતાબ્દીથી પહેલાં ન હોઈ શકે.' તેમજ 'હિસ્ટરી ઑફ ઇંડિયન લિટરેચર' ના પાન ૧૬૮ માં વેબરે લખ્યું છે કે, 'સુશ્રુતનાં અને બીજાં લખાણો, જે મેં વાંચ્યાં છે, તેમાં ભાષા અને શૈલી વરાહમિહિરનાં કેટલાંક લખાણો જેવી છે, એમ મને જણાય છે.'

---

* જેમ કે સુશ્રુત-ઉત્તરતંત્ર અધ્યાય ૬૬ માં કહ્યું છે કે, 'विश्वामित्र सुतः श्रीमान् सुश्रुतः परिपृच्छति ॥ –વિશ્વામિત્રના પુત્ર શ્રીમાન સુશ્રુત આમ પૂછે છે.' વળી સુશ્રુતસંહિતાના ચિકિત્સાસ્થાનના બીજા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'विश्वामित्रसुतं शिष्यमृषिं सुश्रुतमन्वशात्–धन्वंतरि–દિવોદાસે વિશ્વામિત્રના પુત્ર અને પોતાના શિષ્ય સુશ્રુતને આવો ઉપદેશ કર્યો.'

+ ચક્રદત્ત પોતાની ટીકામાં આમ લખે છે: 'अथ परमकारुणिको विश्वामित्र सुतः सुश्रुतः शल्यप्रधानमायुर्वेदतन्त्रं प्रणेतुमारब्धवान्–તે પછી ઘણા દયાળુ વિશ્વામિત્રના પુત્ર સુશ્રુતે શલ્યચિકિત્સા જેમાં મુખ્ય છે, એવા આયુર્વેદતંત્રની રચના કરવાની શરૂઆત કરી.'

× સુશ્રુતે ચિકિત્સાસ્થાનના ૩૦ મા અધ્યાયમાં શ્રીકૃષ્ણનું નામ આમ લખ્યું છે: 'महेन्द्रराम-कृष्णानां ब्राह्मणानां गवामपि। तपसा तेजसा वाऽपि प्रशाम्यध्वं शिवाय वै ॥–મહેન્દ્ર શ્રીરામ તથા શ્રીકૃષ્ણના તેમજ બ્રાહ્મણોના તથા ગાયોના તપથી અને તેજથી તમે લોકોના કલ્યાણ માટે શાંત થાઓ.'

= આ સંબંધે ભાવપ્રકાશમાં આવા બે શ્લોકો છે:
"अथ ज्ञानदृशा विश्वामित्रप्रभृतयोऽविदन् ।
अयं धन्वन्तरिः साक्षात् काशिराजोऽयमुच्यते ॥
विश्वामित्रो मुनिस्तेषु पुत्रं सुश्रुतमुक्तवान् ।
वत्स वाराणसीं गच्छ त्वं विश्वेश्वरवल्लभाम् ॥–

* સુશ્રુતની ટીકાના કર્તા ડલ્હણે પોતાની ટીકામાં આમ લખ્યું છે કે, 'तथा चोक्तं विश्वामित्रेण'– 'यावशूकस्य पानं तु कुलत्थक्षारवारिभिः'– કળથીના ક્ષારયુક્ત પાણી સાથે યાવશૂક (જવખાર) પીવો જોઈએ.'

છેવટે જર્મને 'હવર્ટ ગોવન' નામનો એક અંગ્રેજ વિદ્વાન તો આમ કહે છે કે, 'સુશ્રુત નામે કોઈ પણ વૈદ્યક આચાર્ય થયો જ નથી એમ ઘણાયે વિદ્વાનો જણાવે છે; જો કોઈ પણ થયો હોય તો તે 'સોક્રેટિસ' જ હોવો જોઈએ.'

એ 'ગોવન' લિખિત 'હિસ્ટરી ઑફ ઇંડિયન લિટરેચર'માં આમ જણાવ્યું છે: 'લગભગ બે હજાર વર્ષની પૂર્વે થયેલ દાર્શનિક આચાર્ય નાગાર્જુનનો*

'ઉપાય હૃદય' નામનો એક દાર્શનિક ગ્રંથ મળી આવ્યો હતો. ભારતમાં તેનો મૂળ સંસ્કૃત લેખ મળતો નથી, તોપણ પૂર્વના સમયથી માંડી તેનો

* 'નાગાર્જુન' નામના અનેક પુરાતની વિદ્વાનો થઈ ગયા છે, એમ જાણવામાં આવ્યું છે. નાગાર્જુનની રચનારૂપે મળેલા ઘણા ગ્રંથો કક્ષપુટ, યોગશતક, તત્ત્વપ્રકાશ આદિમાં 'કક્ષપુટ' આદિ કૌતુક ગ્રંથોના રચયિતા 'સિદ્ધ નાગાર્જુન' નામે હતા. એવા વિશેષ નામે 'નાગાર્જુન'નો વ્યવહાર કરાય છે. વૈદ્યકના વિષયમાં 'યોગશતક' નામનો ગ્રંથ તો ખરેખર જાહેર થઈ ચૂકયો છે. એ 'યોગશતક' ગ્રંથનો અનુવાદ તિબ્બતીય ભાષામાં પણ મળે છે. વળી 'નાગાર્જુન'નો જ બીજો 'ચિત્તાનંદ પટીયસી' નામનો સંસ્કૃતમાં એક વૈદ્યક ગ્રંથ તાડપત્ર પર લખાયેલો છે અને તે 'ગીમમઠ'માં છે, એમ સાંભળવામાં આવ્યું છે. વળી તંત્રોમાં આવેલા બૌદ્ધોના અધ્યાત્મવિષયમાં 'તત્ત્વપ્રકાશ' નામનો ગ્રંથ, 'પરમરહસ્યસુખાભિસંબોધિ' તથા 'સમયમુદ્રા' વગેરે ગ્રંથો પણ નાગાર્જુનકૃત છે; કેવળ બૌદ્ધ દાર્શનિક વિષયમાં 'માધ્યમિકવૃત્તિ, તર્કશાસ્ત્ર અને ઉપાય હૃદય વગેરે ગ્રંથો પણ નાગાર્જુને રચેલા મળે છે. એ બધા અમુક અમુક વિશેષ શાસ્ત્રને લગતા તે તે ગ્રંથોના રચયિતા 'નાગાર્જુન' જુદા જુદા હશે કે એક જ 'નાગાર્જુન' હશે, એ વિચારવા જેવો પ્રશ્ન છે. તેમાં આઠમી શતાબ્દીમાં ભારત દેશમાં પર્યટન કરવા આવેલ 'અલ્બેરુની' નામના એક યાત્રાળુએ પોતાનાથી સો વર્ષ પૂર્વે રસાયન, વિદ્યામાં કુશળ અને 'બોધિસત્ત્વ' તરીકે પ્રસિદ્ધ એવો 'નાગાર્જુન' નામે એક વિદ્વાન થયાનો ઉલ્લેખ કર્યો છે. વળી સાતમી શતાબ્દીમાં ભારતમાં આવેલ 'હ્યુયેન્ સંગ' નામના એક ચીન દેશનો યાત્રાળુએ 'પોતાનાથી સાત કે આઠ શતાબ્દી પૂર્વે થયેલો અને 'શાંતિદેવ' તથા 'અશ્વઘોષ' આદિના જેવો અતિશય પ્રસિદ્ધ એક બૌદ્ધ વિદ્વાન બોધિસત્ત્વ હોઈને પથ્થરને પણ રસાયન દ્વારા સોનું બનાવી શકતો હતો અને તે 'નાગાર્જુન' નામે જાણીતો હોઈ 'શાતવાહન' નામના રાજાનો મિત્ર હતો એવો ઉલ્લેખ કર્યો છે. વળી 'રાજતરંગિણી' ગ્રંથનો કર્તા આમ લખે છે કે, 'બુદ્ધના પ્રાકટ્ય પછી દોઢસો વર્ષો વીત્યાં ત્યારે 'નાગાર્જુન' નામનો એક મહાવિદ્વાન થયો હતો.' એમ અનેક પ્રકારે જુદા જુદા જણાતા નાગાર્જુન એક જ છે એમ જણાતું નથી અર્થાત્ એ બધા જુદા જુદા માલૂમ પડે છે. 'શાલવાહન' નામના રાજાની ઉપર નાગાર્જુને પત્ર મોકલ્યો હતો, એ વૃત્તાંત બીજા ગ્રંથ આદિમાં પ્રકાશિત થયો જ છે. મારા પુસ્તક સંગ્રહમાં તાડપત્ર પર લખેલું લગભગ ટુકડા ટુકડા થયેલું અને સંસ્કૃત ભાષામાં રચાયેલું 'શાલવાહન' રાજાનું એક ચરિત્ર છે. તેમાં 'दृष्टतत्त्वो बोधिसत्त्वो महासत्त्वो महाराजगुरुः श्रीनागार्जुनाभिधानः शाक्यभिक्षुराजः–જેમણે તત્ત્વોનો સાક્ષાત્કાર કર્યો હતો અને જે મહાસત્ત્વ હોઈ અતિશય માનસિક શક્તિ ધરાવનાર તેમજ બોધિસત્ત્વ હોઈ બુદ્ધદેવના સિદ્ધાંતના જ્ઞાતા હતા, તે 'શ્રીનાગાર્જુન' નામના શાક્ય ભિક્ષુ રાજા–મહારાજા–શ્રીશાલવાહનના ગુરુ હતા,' એવો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે, તે ઉપરથી બોધિસત્ત્વનું સ્થાન ધરાવનાર તેમજ 'કુરુકુલ્લા'ના ઉપદેશનો પણ ઉલ્લેખ હોવાથી તંત્રશાસ્ત્રના જ્ઞાતા શાક્ય ભિક્ષુ નાગાર્જુન શાલિવાહન રાજાના સમયમાં થયા હતા, એમ સિદ્ધ થાય છે. 'હ્યુ યેન સંગ' નામનો ચીની યાત્રાળુ પણ બોધિસત્ત્વ તરીકે તેમ જ ધાતુવાદની વિદ્વત્તા ધરાવનાર તરીકે પ્રસિદ્ધ થયેલા નાગાર્જુનને 'શાલવાહન' રાજાના સમયમાં થયેલ જણાવે છે. વળી નાગાર્જુને શાલવાહન રાજાને 'રસાયનગુટિકા' નામનું એક ઔષધ પણ આપ્યું હતું, તે સંબંધી ઇતિહાસ પણ મળે છે; વળી તે નાગાર્જુને પોતાના મિત્ર 'શાલવાહન' રાજાને

ચીની ભાષામાં અનુવાદ થયો હોવાથી મારા પરમ મિત્ર 'તુચ્ચી' મહાશયે એ ચીની ભાષામાં અનુવાદ કરેલ 'ઉપાયહૃદય' ગ્રંથનો સંસ્કૃત

રત્નોનો 'એકાવલી' નામનો હાર પણ આપ્યો હતો, તે સંબંધે 'હર્ષચરિત'(ના ઉ. ૮)માં બાણભટ્ટ આમ લખે છે કે, 'समतिक्रामति च कियत्यपि काले तामेकावलिं तस्मान्नागराजान्नागार्जुनो नाम लेभे च, त्रिसमुद्राधिपतये शातवाहनाय नरेन्द्राय सुहृदे स ददौ ताम्–કેટલોક કાળ વીત્યો ત્યારે તે 'એકાવલી'–રત્નહારને એ નાગરાજા પાસેથી નાગાર્જુને મેળવ્યો હતો અને પછી તે નાગાર્જુને એ એકાવલી રત્નહાર ત્રણ સમુદ્ર સુધીની પૃથ્વીના અધિપતિ 'શાતવાહન' નામના પોતાના મિત્ર રાજાને અર્પણ કર્યો હતો. એવા તે બાણભટ્ટના લેખ ઉપરથી પણ નાગાર્જુન તથા શાતવાહન એ બન્ને સમકાલીન હતા અને તે બન્ને પરસ્પર મિત્રો હતા. એ ઉપરથી શાતવાહનના સમયમાં થયેલ નાગાર્જુન બોધિસત્ત્વનું સ્થાન ધરાવનાર, મહાવિદ્વાન, તંત્રવિદ્યામાં કુશળ અને રસાયનમાં પણ પ્રસિદ્ધ હોઈ વૈદ્યકશાસ્ત્રમાં પણ વિદ્વાન હતો એમ નિશ્ચય કરી શકાય છે, અને તે ઉપરથી તંત્ર વિદ્યાથી મિશ્ર બૌદ્ધ-અધ્યાત્મગ્રંથો–'તત્ત્વપ્રકાશ' વગેરે જે ઉપલબ્ધ છે, તે બધાયે તાંત્રિક હોવા ઉપરાંત બોધિસત્ત્વસ્થાનીય એવા તે જ નાગાર્જુને રચેલા હોય, એમ માનવું યોગ્ય જણાય છે. પાટલિપુત્ર–પટણામાં શિલાપટ્ટ ઉપર કોતરેલા 'नागार्जुनेन लिखिताः रतम्भे पाटलिपुत्रके'–પટણા શહેરમાં આ સ્તંભ ઉપર આ પ્રયોગો નાગાર્જુને લખ્યા છે; તેમજ વૃંદ તથા ચક્રપાણિએ પણ લખેલા નાગાર્જુનના તે તે રોગને મટાડનારા જુદા જુદા ઔષધપ્રયોગો પણ તે નાગાર્જુનના જ હોવા જોઈએ. સાતની શતાબ્દી સૈકાના સમયને દર્શાવનો 'અલબેરુની'નો લેખ 'ક્વુ યેન્ સંગ ના લેખથી પણ ઓરો કરે છે અને તેણે કહેલો બીજો નાગાર્જુન મળતો પણ નથી. એ કારણે કર્ણપરંપરાએ સાંભળેલ તે કાલ્પનિક સમયનો ઉલ્લેખ કરી શાતવાહનના સમયના જ તે નાગાર્જુનને જણાવે છે, એમ લાગે છે; તાંત્રિક વિષય

અનુવાદ કરીને હમણાં જે પ્રકાશિત કરેલ છે, તે એ ઉપાયહૃદય ગ્રંથમાં પ્રથમ જુદાં જુદાં તંત્રોનો ઉદ્દેશ, પ્રસંગ અથવા સંક્ષેપમાં વિષયકથનનો જ્યાં પ્રસંગ છે ત્યાં 'ओषधिविद्या षड्विधा–ओषधिनाम, ओषधिगुणः, ओषधिरसः, ओषधवीर्यं, संनिपतो, विपाकश्चेति भैषज्यधर्माः–ઔષધિવિદ્યા, ઔષધિનો ગુણ, ઔષધિનો રસ, ઔષધિનું વીર્ય–સામર્થ્ય, ઔષધિનો સંનિપાત–એકી વખતે આવી મળવું અને ઔષધિનો વિપાક અથવા સેવન કરવાથી પ્રાપ્ત થતું આખરી ફળ, એમ ઔષધચિકિત્સાના ધર્મો કહ્યા છે,' એ પ્રકારે વૈદ્યક વિદ્યાના મુખ્ય વિષયો દર્શાવીને તે પછી વૈદ્યક આગમ કે શાસ્ત્રના વર્ણનના પ્રસંગમાં 'यथा सुवैद्यको भेषजकुशलो मैत्रचित्तेन शिक्षकः सुश्रुत'–જેમ સુશ્રુત ઉત્તમ વૈદ્ય હોઈ આયુર્વેદીય ચિકિત્સામાં

સાથે સંબંધ વિનાની હોઈ કેવળ અધ્યાત્મ વિષયની જ મુખ્યતા જણાવતી (છાયા–અનુવાદરૂપે પ્રકાશિત થયેલી) 'ઉપાયહૃદય'માંની તથા માધ્યમિક વૃત્તિમાંની પ્રૌઢ લેખનશૈલી જ્યારે જોવામાં આવે છે, ત્યારે તાંત્રિક નાગાર્જુનથી જ જુદા જ–બીજા નાગાર્જુનની તે કૃતિ છે, એમ જણાવે છે. 'ઉપાયહૃદય'ગ્રંથમાં બીજાં દર્શનને લગતા સૂચનાના વિષયના પ્રસંગમાં (આયુર્વેદીય) ભૈષજ્યવિદ્યાને પ્રધાનવિષયના રૂપમાં દર્શાવવામાં આવે છે, તેથી અને છ ભૈષજ્યધર્મોનો કેવળ સાધારણ નામ માત્રથી ઉદ્દેશ અથવા કથન કરેલ હોવાથી તેમજ ધાતુઓ તથા રસાયનોને લગતા વિષયોનું લેશમાત્ર પણ સૂચન કરેલું ન હોવાથી તે ઉપાયહૃદયનો તથા માધ્યમિકવૃત્તિનો રચયિતા અને 'મહાયાન ધર્મ'ની સ્થાપના કરનાર દાર્શનિક આર્ય નાગાર્જુન જે થયેલા છે. તે જ પ્રાચીન હોય એમ જણાય છે. 'રાજતરંગિણી' ગ્રંથમાં દર્શાવેલ, નાગાર્જુન જોકે બૌદ્ધ છે, પણ તેનું રાજા તરીકે વર્ણન કરવામાં આવ્યું છે; જ્યારે 'માધ્યમકવૃત્તિ' આદિ ગ્રંથોના કર્તા નાગાર્જુનમાં તો કોઈ પણ પ્રકારે રાજપણું જાણવા મળતું નથી. તેવી નામની સમાનતા ધરાવનો નાગાર્જુન નામે જે રાજા થઈ ગયો છે, તે આ મહાવિદ્વાન નાગાર્જુનથી જુદો જ હોવા સંભવ છે.

કુશળ હતો અને સર્વ તરફ મિત્રતાના ભાવે આયુર્વેદવિદ્યાનો શિક્ષક પણ હતો ! એમ ભૈષજ્યવિદ્યા અથવા આયુર્વેદીય 'ચિકિત્સાક્રિયા'ના શ્રેષ્ઠ આચાર્ય તરીકે સન્માનપૂર્વક સુશ્રુતનું વર્ણન કરેલું તે 'ઉપાયહૃદય' ગ્રંથમાં મળે છે. એ રીતે લગભગ બે હજાર વર્ષના સમયમાં થયેલા નાગાર્જુને, 'ઉપાયહૃદય' ગ્રંથમાં આચાર્યદૃષ્ટિએ સુશ્રુતના નામનો નિર્દેશ કર્યાનો જે ઉલ્લેખ મળે છે, તે ઉપરથી સુશ્રુતના સંબંધે અર્વાચીનતાના પ્રતિવાદ માટે આ ગ્રંથ એક પર્યાપ્ત પ્રમાણ છે. વળી બીજું પ્રથમ દર્શાવેલું 'ખોટાંગ' પ્રદેશમાંથી મળેલ અને ભોજપત્ર ઉપર લખેલ 'નાવનીતક' નામના પુસ્તકની લિપિ તથા માત્રા જોતાં તેના લેખનો સમય ત્રીજી કે ચોથીનો હોવો જોઈએ; એમ બધા વિદ્વાનોએ નક્કી કર્યું છે. હાલના સમયમાં જેમ રેલવે, સ્ટીમરો, વિમાનો તથા તાર, ટેલિફોન, ટેલિગ્રાફ અને વાયરલેસ વગેરે સાધનો અસ્તિત્વ ધરાવે છે, તેમ એ બધાં સાધનો પૂર્વકાળમાં હતાં જ નહિ, તે કાળે ભારતમાં રચાયેલા તે 'ઉપાયહૃદય'જેવા ગ્રંથો મળવા મુશ્કેલ હતા, તેથી તેવા એ ગ્રંથોનો દૂર સુધી પ્રચાર તેમ જ પ્રાપ્તિ માટે ઘણા જ લાંબા કાળની જરૂરિયાત હોવાથી તે ગ્રંથોની રચના તેના કરતાં પણ વધુ પહેલાંના કાળની હોવી જોઈએ, એમ અવશ્ય કહેવું જ પડે. વળી એ 'ઉપાયહૃદય'ના મંગલાચરણમાં બુદ્ધનો ઉલ્લેખ જોવામાં આવે છે, તે ઉપરથી બુદ્ધના કેટલા સમય પછી તે ગ્રંથની રચના થઈ હશે, તે કહી શકાતું નથી. એવા તે પ્રાચીન ગ્રંથમાં આત્રેયનું નામ અને તેમના અનુગામી ક્ષારપાણિ, હારીત, જાતૂકર્ણ, પરાશર તથા ભેડ આદિનાં નામો તેમજ કાશ્યપ, જીવક તથા સુશ્રુતનાં પણ નામો લખેલાં છે અને તે તે આચાર્યોએ દર્શાવેલ ઔષધોના ઉતારા પણ મળે છે. વળી તે ગ્રંથમાં ઉતારેલ કેટલાક ઔષધ સંબંધી પાઠો હાલમાં મળતી ચરકસંહિતામાં જોકે મળે છે, તોપણ આત્રેયના નામથી ત્યાં તેનો નિર્દેશ કર્યો છે; પરંતુ તેમાં ચરક આચાર્યનો તથા નાગાર્જુનના નામનો ઉલ્લેખ મળતો નથી. હાલમાં ચરકના નામે પ્રસિદ્ધ થયેલ ચરકસંહિતાના પ્રાકટ્ય પછી એ 'નાવનીતક' બૌદ્ધગ્રંથનો જો જન્મ થયો હોત તો હાલમાં પ્રસિદ્ધ એવા 'વાગ્ભટ' આદિ ગ્રંથોમાં જેમ ચરકનું નામ લખેલું જોવામાં આવે છે, તેમ એ નાવનીતક ગ્રંથમાં પણ પ્રસિદ્ધ એવા ચરકાચાર્યનું નામ કેમ ટાંકાયું નહોતું ? તે ઉપરથી ચરકના સમયથી પહેલાં પણ એ નાવનીતક ગ્રંથ શું હશે ? એવો પણ સંદેહ થાય છે. વળી એ નાવનીતક ગ્રંથનો રચયિતા બૌદ્ધ છે અને નાગાર્જુન બૌદ્ધાચાર્ય તરીકે હોઈ વૈદ્યકજ્ઞાનમાં પણ પ્રસિદ્ધ તરીકે તે કાળે જો વિદ્યમાન હોય તો એવા એ પ્રસિદ્ધ નાગાર્જુનનું નામ તે નાવનીતક ગ્રંથમાં કેમ સ્વીકારાયું નહિ હોય ? એ ઉપરથી આત્રેય તથા તેમના અનુયાયીઓ અને સુશ્રુત આચાર્ય તથા કાશ્યપ અને જીવકના અસ્તિત્વકાળની પાછળનો તેમજ નાગાર્જુનના સમયની પહેલાંનો એ નાવનીતક ગ્રંથ હોય એમ જણાય છે; તેમ જ એ નાવનીતક ગ્રંથમાં તો સુશ્રુતનું નામ સ્વીકારેલ છે, તે ઉપર સુશ્રુત આચાર્ય, નાગાર્જુન આદિના સમયથી પણ પહેલાં હોવા જોઈએ, એમ સઘળા પ્રમાણ મળી આવે છે.

એ રીતે સુશ્રુત આચાર્ય, કેવળ નાગાર્જુનથી તથા 'નાવનીતક' ગ્રંથના કર્તાથી જ પ્રાચીન હતા, એટલું નથી, કિંતુ વ્યાકરણ–મહાભાષ્યના કર્તા પતંજલિએ 'तद्धितेष्वचामादेः (૭-૨-૧૧૭) અને 'इको गुणवृद्धी' (૧-૧-૩) એ પાણિનીય સૂત્રોનું વ્યાખ્યાન કરતી વેળા 'सौश्रुतः–सुश्रुतस्य अपत्यं पुमान्'–એ ઉદાહરણ આપ્યું છે; તેમજ 'एकपार्थिवादीनामुपसंख्यानम्'–એ વાર્તિકમાં 'कुतपवासाः सौश्रुतः कुतपसौश्रुतः'–એ દૃષ્ટાંત આપ્યું છે, તે ઉપરથી મહાભાષ્યકાર પતંજલિ તથા વાર્તિકકાર વરરુચિ કે કાત્યાયનની પણ પહેલાં જ સુશ્રુત આચાર્ય થયા હોવા જોઈએ, એમ જણાય છે; એટલું જ નહિ પણ ભગવાન પાણિનિએ પણ कार्तकौजपादयश्च (૬-૨-૩૭) એ સૂત્રને લગતા શબ્દગણમાં 'सौश्रुतपार्थिवाः' એનો શબ્દ દર્શાવ્યો છે તે ઉપરથી તેમજ અપત્ય સંબંધી આદિને જણાવનાર પ્રત્યય જેના છેડે છે એવો 'सौश्रुत' પણ દર્શાવ્યો છે તે ઉપરથી કેવળ સુશ્રુત જ નહિ, પણ તેના વંશજ અથવા તેના શિષ્ય અને તેના

સંબંધીઓ પણ પાણિનિ-વ્યાકરણાચાર્યથી પણ પહેલાં થયેલા હોય એમ જણાય છે.

અહીં મહાભાષ્યકારે, 'સુશ્રુત્-સૌશ્રુતઃ' એવું દૃષ્ટાંત આપીને વ્યંજનાન્ત 'સુશ્રુત' શબ્દ ગ્રહણ કર્યો છે, તેથી અને 'કાર્તકૌજપ' આદિ ગણમાં 'સૌશ્રુત' શબ્દથી બનેલો શબ્દ જોવામાં આવે છે, તોપણ તે ગણમાં એ (વ્યંજનાન્ત સુશ્રુત) શબ્દ પાછળથી કોઈ એ ઉમેર્યો હોય એમ સંભવિત હોવાથી પાણિનિએ તે ઉપદેશ્યો હોય એવો નિશ્ચય થઈ શકતો નથી, તેમ જ ભાષ્યકારે પણ તે સૂત્ર પર વ્યાખ્યાન કર્યું નથી, એ કારણે તે સૂત્ર પાણિનીય હોય, એવો પણ નિશ્ચય થઈ શકતો નથી, તેમજ ભાષ્યના લેખના આધારે 'સુશ્રુત' એ વૈદ્યકશાસ્ત્રના આચાર્ય હોય, એમ સિદ્ધ કરનાર કોઈ પ્રમાણ પણ મળતું નથી, તેથી મહાભાષ્યકારે સૂચિત કરેલા સુશ્રુત એ વૈદ્યક-આચાર્ય સુશ્રુત જ છે, એમ નક્કી કરવું શક્ય નથી, એવો પાશ્ચાત્ય વિદ્વાન 'વેબર'નો મત જોવામાં આવે છે. તે સંબંધે આમ કહી શકાય છે કે, 'સુશ્રુત્' 'ક્વિપ્' પ્રત્યયાન્ત સંભવે છે અને 'સુશ્રુત' શબ્દ 'ક્ત' પ્રત્યયાન્ત કર્મણિ ભૂતકૃદંત હોઈ શકે છે. જેમ 'મૃત્' શબ્દ 'મૃ' ધાતુથી 'ક્વિપ્' પ્રત્યય લાગીને સિદ્ધ થઈ શકે છે અને 'મૃત' શબ્દ 'મૃ' ધાતુથી 'ક્ત' પ્રત્યય લાગીને કર્મણિ ભૂતકૃદંત તરીકે સિદ્ધ થાય છે; વળી જેમ 'કર્મકૃત્' શબ્દ 'કર્મન્' શબ્દપૂર્વક 'કૃ' ધાતુથી 'ક્વિપ્' લાગીને સિદ્ધ થાય છે અને 'કર્મકર' શબ્દ 'કર્મન્' પૂર્વક 'કૃ' ધાતુથી કૃદંતનો 'ટ' પ્રત્યય લાગીને સિદ્ધ થાય છે; એમ કેવળ પ્રત્યયો જુદા જુદા ભલે હોય, અને તેને લીધે તે પ્રત્યયાંશ પૂરતો અમુક ભેદ ભલે જણાય; પરંતુ તે તે બધાયે શબ્દો અર્થ તો એક જ જણાવી શકે છે વળી 'ઇકો ગુણવૃદ્ધી' એ પાણિનીય સૂત્રના ભાષ્યમાં 'અન્ત્યયોરેવેકારોકારયોર્ગુણઃ'-અંતે રહેલા જ ઇકારનો તથા ઉકારનો ગુણ થાય' એમ વિશેષ કહીને 'અગ્નિ વાયુ બભ્રુ મણ્ડુ' ઇત્યાદિ 'ઇકારાન્ત' અને 'ઉકારાન્ત' શબ્દરૂપ સ્થળે જ ગુણ થઈ શકે, પરંતુ ઉપાન્ત્ય તરીકે રહેલા 'ઇકાર' કે 'ઉકાર'ને ગુણ થાય નહિ, એમ દર્શાવવા માટે વ્યંજનાન્ત શબ્દને જ પ્રત્યુદાહરણ તરીકે આપવું યોગ્ય જણાયાથી 'સુશ્રુત્' શબ્દમાં અંતે રહેલ ઉકાર ન હોવાના કારણે ગુણ થઈ શકે નહિ, એમ સમજાવવા માટે 'સુશ્રુત્-સૌશ્રુતઃ' એવા વ્યંજનાન્ત મૂળ શબ્દને ગ્રહણ કરી ભાષ્યકારે તે દૃષ્ટાંત આપેલું જણાય છે. વળી જેમ 'સુશ્રુત્' એવા વ્યંજનાન્ત શબ્દ ઉપરથી 'સૌશ્રુત' એવો તદ્ધિત પ્રત્યયાન્ત બીજો શબ્દ સિદ્ધ થઈ શકે છે, તેમ 'સુશ્રુત' એવા સ્વરાન્ત શબ્દ ઉપરથી પણ 'સૌશ્રુત' એવો તદ્ધિત પ્રત્યયાન્ત શબ્દ અવશ્ય સિદ્ધ થઈ જ શકે છે; 'બાભ્રવ્ય' અને 'માણ્ડવ્ય' એ બે શબ્દો કેવળ 'બભ્રુ' તથા 'મણ્ડુ' શબ્દ ઉપરથી બની શકે છે, તેથી તેઓની એ પ્રકૃતિમાં કદી ફેરફાર થતો ન હોવાથી તેઓની મૂળ પ્રકૃતિને દર્શાવવાની કોઈ જરૂર રહેતી નથી, તેથી સીધેસીધું 'બાભ્રવ્યઃ' અને 'માણ્ડવ્યઃ' એમ જ લખવામાં આવ્યું છે, પણ 'બભ્રુ-બાભ્રવ્યઃ, મણ્ડુ-માણ્ડવ્યઃ' એમ લખવામાં આવ્યું નથી; કેમ કે તેઓની જે મૂળ પ્રકૃતિ છે, તે કાયમી એક જ છે. તે જ પ્રમાણે 'સૌશ્રુત' શબ્દ પણ કેવળ એક મૂળ પ્રકૃતિ-'સુશ્રુત્' શબ્દ ઉપરથી જો સિદ્ધ થતો હોત તો કદી પણ ફેરફાર ન થતા મૂળ 'સુશ્રુત્' શબ્દનું ગ્રહણ પણ પ્રયોજનયુક્ત ન થાત; પણ જેમ (વ્યંજનાન્ત) 'સુશ્રુત્' શબ્દ ઉપરથી 'સૌશ્રુત' શબ્દ બને છે, તે જ પ્રમાણે (સ્વરાંત) બીજા 'સુશ્રુત' શબ્દ ઉપરથી પણ 'સૌશ્રુત' શબ્દ બને છે, તેથી 'અકારાન્ત' સુશ્રુત ઉપરથી બનેલા 'સુશ્રુત' શબ્દમાં ઉપાન્ત્યમા રહેલા ઉકારને ગુણ ન થાય, એમ દર્શાવવામાં કોઈ પ્રયોજન નથી, એ કારણે વ્યંજનાન્ત મૂળ શબ્દ 'સુશ્રુત્' ઉપરથી બનેલા અકારાન્ત 'સૌશ્રુત' શબ્દનું દૃષ્ટાંત આપવું તે જ ઉપયોગી હોવાથી અકારાન્ત 'સુશ્રુત' શબ્દ ઉપરથી 'સૌશ્રુત' શબ્દમાં કોઈની વિષમતા જોઈ નથી, તોપણ વ્યંજનાન્ત સુશ્રુત્ શબ્દ ઉપરથી બનેલા જ 'સૌશ્રુત' શબ્દમાં કોઈની વિષમતા આવે છે, એમ જણાવવા માટે તેની પ્રકૃતિ 'સુશ્રુત્'ની સાથે તે 'સૌશ્રુત' શબ્દનું દર્શાવવું સાર્થક થાય છે, એમ 'તદ્ધિતેષ્વચામાદેઃ' (૭-૨-૧૧૭) એ પાણિનીય સૂત્રના ભાષ્યમાં પણ અન્ત્યને તથા ઉપાન્ત્યને વૃદ્ધિના અપવાદ

તરીકે આદિ સ્વરને વૃદ્ધિ કરવામાં આવે છે, ત્યારે અકારાન્ત 'સુશ્રુત' શબ્દમાં ઉપાન્ત્યને વૃદ્ધિ થવાનો પ્રસંગ જ નથી, એ કારણે જેમાં વૃદ્ધિનો પ્રસંગ છે તેવા વ્યંજનાન્ત 'સુશ્રુત્' શબ્દમાં જ તેનું દૃષ્ટાંત બતાવવું યોગ્ય છે એવું અનુસંધાન કરી લક્ષ્ય રાખીને ભાષ્યકારે વ્યંજનાન્ત-'સુશ્રુત' શબ્દની સાથે 'સૌશ્રુત' પદ દર્શાવ્યું છે. એમ બેય સ્થળે અકારાંત 'સુશ્રુત' શબ્દમાં મૂળ પ્રકૃતિ સંબંધે શંકા દૂર કરવા માટે વ્યંજનાન્ત 'સુશ્રુત્' શબ્દને ગ્રહણ કરવાનો પ્રયાસ કરતા ભાષ્યકાર, ઊલટા 'સૌશ્રુત' શબ્દમાં અકારાંત 'સુશ્રુત' શબ્દ પણ તેના મૂળ તરીકે હોઈ શકે છે, એમ ખાતરી કરાવે છે.

આ જ કારણે 'કાર્તકૌજપ૰' આદિ પાણિનીય સૂત્રમાં દર્શાવેલ 'સૌશ્રુતપાર્થિવ' શબ્દ અને 'ગોત્રાન્તેવાસિમાણવબ્રાહ્મણેષુ ક્ષેપે (૬-૨-૬૯) એ સૂત્રમાં દૃષ્ટાન્ત રૂપ થયેલ 'ભાર્યાસૌશ્રુત' શબ્દ-એ બન્નેના વ્યુત્પત્તિસિદ્ધ અર્થને દર્શાવતા * કાશિકાકાર, પદમંજરી-કાર અને ન્યાસકાર વગેરેની 'સુશ્રુતસ્ય છાત્રાઃ સૌશ્રુતાઃ-સુશ્રુતના વિદ્યાર્થીઓ 'સૌશ્રુત' કહેવાય; તેમ જ 'સુશ્રુતસ્ય અપત્યં સૌશ્રુતઃ'-સુશ્રુતનો પુત્ર સંતાન 'સૌશ્રુત' કહેવાય,' એમ કોઈ સ્થળે વ્યુત્પત્તિ જોવા મળે છે; અને કોઈ સ્થળે કોઈ વિદ્વાન 'સુશ્રુતઃ અપત્યં સૌશ્રુત'-સુશ્રુતનો પુત્ર સૌશ્રુત' કહેવાય એવી વ્યુત્પત્તિ બતાવીને 'સુશ્રુત' શબ્દની સિદ્ધિ દર્શાવે છે; એમ એકંદર 'સુશ્રુત' એવા અકારાન્ત શબ્દથી અને 'સુશ્રુત્' એવા વ્યંજનાન્ત શબ્દથી પણ 'સૌશ્રુત' શબ્દની સિદ્ધિ થઈ શકે છે, એ કારણે ઘણા સમયથી માંડી પૂર્વકાળના એ વ્યાકરણ-આચાર્યો-એ પણ 'સુશ્રુત્' અને 'સુશ્રુત' એ બન્ને શબ્દોને 'સૌશ્રુત' શબ્દની મૂળ પ્રકૃતિ અથવા મૂળ શબ્દ તરીકે સ્વીકાર્યા છે, એમ તે જ વાતને ભાષ્યકારનાં દૃષ્ટાંતો પ્રમાણરૂપે કરે છે. 'કુતપસૌશ્રુતાઃ' એમ વાર્તિકકાર તથા ભાષ્યકાર બન્નેએ તેમ જ 'પાર્થિવસૌશ્રુતાઃ' એમ ગણપાઠકર્તાએ પણ 'સૌશ્રુત' એવા બે શબ્દો દર્શાવ્યા છે. તેઓમાં વ્યંજનાન્ત 'સુશ્રુત્' શબ્દથી જ 'સૌશ્રુત' શબ્દની સિદ્ધિ થઈ છે, પણ અકારાંત 'સુશ્રુત' શબ્દ ઉપરથી 'સૌશ્રુત' શબ્દની સિદ્ધિ થઈ નથી, એમ કહેવામાં પ્રમાણ શું છે? પાણિનના ઉપદેશરૂપે સ્વીકારેલ ગણપાઠમાં જે શબ્દો જોવામાં આવે છે, તે બધાયે પાણિનિએ જ ગણેલા છે, એમ કહેવાનો મારો આગ્રહ નથી; કારણ કે અમુક સમયે કોઈ શબ્દ તે ગણપાઠોમાં પણ ઘૂસી જાય, એમ કહી શકાય છે; કિંતુ પાણિનિનો નજદીકનો સંબંધ ધરાવતા પ્રાચીન વિવરણકાર, ભાષ્યકાર તથા વાર્તિકકારે

* પાણિનીય સૂત્ર-કાર્તકૌજપાદયશ્ચ (૬-૨-૩૧) એ વ્યાકરણ સૂત્રમાં દર્શાવેલ ગણપાઠમાં જે 'સૌશ્રુત-પાર્થિવ' શબ્દ દર્શાવ્યો છે, તેની ઉપર કાશિકાકાર આમ લખે છે: 'સૌશ્રુતપાર્થિવાઃ'-એટલે સુશ્રુતસ્ય પૃથોશ્ચ છાત્રાઃ' સુશ્રુતના વિદ્યાર્થીઓ 'સૌશ્રુતાઃ' કહેવાય અને પૃથુના વિદ્યાર્થીઓ-'પાર્થવાઃ' સમજવા. ન્યાસકાર પણ અહીં 'સુશ્રુતસ્ય છાત્રાઃ સૌશ્રુતાઃ પૃથોશ્છાત્રાઃ પાર્થિવાઃ' એમ કહે છે. તેમ જ 'ગોત્રાન્તેવાસિમાણવબ્રાહ્મણેષુ ક્ષેપે'-(૬-૨-૬૯) એ પાણિનીય સૂત્ર પર કાશિકાકાર આમ લખે છે: ભાર્યા સૌશ્રુતઃ-સુશ્રુતસ્યાપત્યસ્ય ભાર્યાપ્રધાનતયા-ઽઽક્ષેપઃ-સુશ્રુતના પુત્રનો પત્નીપ્રધાન તરીકે અહીં આક્ષેપ દર્શાવેલ છે; 'પદમંજરી' નામનું વ્યાકરણ બનાવનાર અહીં આમ જણાવે છે: 'સુષ્ઠુ શ્રૃણોતીતિ સુશ્રુત્, તસ્યાપત્યં સૌશ્રુતઃ-સારી રીતે શ્રવણ કરનાર 'સુશ્રુત્' અને તેનો પુત્ર 'સૌશ્રુતઃ' કહેવાય. અહીં ન્યાસકાર આમ લખે છે: 'સુશ્રુતોઽપત્યં સૌશ્રુત ઇત્યણ્ ભાર્યાપ્રધાનં સૌશ્રુતો ભાર્યા-સૌશ્રુતઃ-સુશ્રુતસ્ય ભાર્યા પ્રધાનતયેત્યનેન સમાનાધિકરણે-નાત્ર સમાસ ઇતિ દર્શયતિ। સુશ્રુતોઽપત્યમિત્યનેનાપિ સૌશ્રુત યાઽણ્પ્રત્યયાન્તત્વમ્-સુશ્રુતનો પુત્ર 'સૌશ્રુત' કહેવાય છે; ને સૌશ્રુત ભાર્યાપ્રધાન જે હતો તે 'ભાર્યા-સૌશ્રુત' એટલે સ્ત્રીને પોતાના ઘરમાં મુખ્ય તરીકે ગણતો હોઈ નિંદનીય હતો; એ 'ભાર્યાસૌશ્રુત' શબ્દમાં 'ભાર્યાપ્રધાન' શબ્દ સાથે 'સૌશ્રુત'નું સામાનાધિકરણ્ય ગણી-વિશેષણ પૂર્વપદ કર્મધારય સમાસ સમજાય છે. આમાં 'સૌશ્રુત' શબ્દ સુશ્રુતઃ અપત્યમ્' એમ વ્યંજનાન્ત સુશ્રુત્ શબ્દ ઉપરથી પણ 'અણ્' પ્રત્યય લાગી સિદ્ધ થયેલ ગણી શકાય છે.

પણ સૂત્રનાં ઉદાહરણો દર્શાવેલ હોઈ ગણપાઠમાં પણ 'સૌશ્રુત' શબ્દ મળે છે, તે પાણિનીય નથી એમ કહેવું તે અયોગ્ય છે; જેમ વિશેષ કંઈ કહેવા જેવું ન જણાયાથી વચ્ચે વચ્ચે જેઓની ઉપર ભાષ્યકારે વ્યાખ્યાન કર્યું નથી અને જેઓને ભાષ્યમાં લીધાં નથી, એવાં સૂત્રોને અપાણિનીય એટલે કે પાણિનિએ નહિ રચેલાં ગણવાને તેઓ સંબંધે સંદેહ કરવો તે ખરેખર દુઃસાહસ જ છે. વળી જેઓની ઉપર ભાષ્યકારે વ્યાખ્યાન લખ્યું નથી, તેવાં ઘણાં સૂત્રોને અપાણિનીય જો કહેવાય તો તે તે અધ્યાયોના પાદોના છેડે રહેલી સૂત્રોની ગણતરી કેવી રીતે બંધબેસતી થાય? ન જ થાય; માટે પાણિનિએ પોતે ગણેલા 'કાર્ત-કૌજપ' આદિ ગણમાં દર્શાવેલ ગણશબ્દોનું અનુ-સંધાન કરતાં 'શેખર' આદિ ટીકા ગ્રંથોમાં 'સૌશ્રુતપાર્થિવાઃ' એવો પાઠ મળે છે, તેનું અનુ-સરણ કરવામાં આવે તો જુદા જુદા સૌશ્રુતો એટલે કે સુશ્રુતના વિદ્યાર્થીઓનો તથા પાર્થિવ-એટલે કે પૃથુના વિદ્યાર્થીઓનો પરસ્પરનો સંબંધ સમજી શકાય છે; વળી તેમાં પણ 'પાર્થિવ' શબ્દની પહેલાં 'સૌશ્રુત' શબ્દનો પ્રયોગ જોવામાં આવે છે, તે ઉપરથી તે કાળમાં સૌશ્રુતોનું એટલે કે સુશ્રુતના પુત્રોનું તથા વિદ્યાર્થીઓનું પાર્થિવો એટલે કે પૃથુવંશી રાજાઓ સારું સન્માન કરતા હતા અને તે કાળે એ સૌશ્રુતોની રાજાઓમાં પ્રતિષ્ઠા અથવા કદર પણ સારી હતી, એવું પણ અનુમાન કરી શકાય છે. વળી 'સૌશ્રુતાઃ પાર્થિવાશ્ચ' એવો બહુવચનગર્ભ જ સમાસ દર્શાવીને 'સૌશ્રુત-પાર્થિવાઃ' એ શબ્દની સિદ્ધિ દર્શાવવામાં આવી છે; તે ઉપરથી આવી ખાતરી કરાવવામાં આવી છે કે પાણિનિના સમયમાં પણ ઘણા સુશ્રુતના સંપ્ર-દાયના અનુયાયી વૈદ્યો, ઘણા પાર્થિવ એટલે કે પૃથુવંશી રાજાઓની સાથે સંબંધ ધરાવી રહ્યા હતા, એમ એ બહુવચનાન્ત પદ મૂકીને નિશ્ચય કરાવ્યો છે. સુશ્રુતસંહિતાના સૂત્રસ્થાનના 'યુક્તિ-સેનીય' નામના અધ્યાયમાં વૈદ્યે ચારે બાજુ નિરીક્ષણ કરી રાજાનું રક્ષણ કરવું અને રાજાની છાવણીઓમાં પણ તે રાજાની સાથે જ રહેવું; તેમ જ રાજાએ પણ એ વૈદ્યનું સારી રીતે સન્માન કરવું એમ કહેવામાં આવ્યું છે. જેમ કે સુશ્રુતના સૂત્રસ્થાનના ૩૪મા અધ્યાયમાં કહ્યું છે કે, 'युक्तसेनस्य नृपतेः परान-भिजिगीषतः। भिषजा रक्षणं कार्यं यथा तदुपदेक्ष्यते॥ चिन्तयेन्नृपतिं वैद्यः श्रेयांसीच्छन् विचक्षणः। वैद्यो ध्वज इवाभाति नृपतद्विद्यभूजितः॥ જે વખતે રાજા પોતાના શત્રુઓને જીતવાની ઇચ્છાથી સેનાની સાથે જોડાયો હોય તે સમયે વૈદ્યે તે રાજાનું જે રીતે રક્ષણ કરવું જોઈએ, તે સંબંધે અહીં ઉપદેશ કરવામાં આવે છે. એ વેળા વૈદ્યે રાજાની ચિંતા રાખવી; અને તે ચતુર વૈદ્યે તે દ્વારા પોતાનાં કલ્યાણ ઇચ્છવાં. એ વેળા રાજાની તે છાવણીમાં વૈદ્ય ધ્વજના જેવો પ્રકાશી રહ્યો હોય અને રાજા તથા તેના જાણકાર પુરુષો પણ તે વૈદ્યનો આદર-સત્કાર કરી રહ્યા હોવા જોઈએ. વળી સુશ્રુતના સૂત્રસ્થાનનો ઉપસંહાર કરતાં પણ આમ કહેવાયું છે કે, મહાત્મા રાજાઓની ચિકિત્સા કરવા માટે પણ માણસે આ આયુર્વેદીય શાસ્ત્રનું અધ્યયન અવશ્ય કરવું; કારણ કે આ આયુર્વેદીય વિદ્યા ભણનારાઓનો રાજાઓની સાથે વિશેષ સંબંધ રહ્યા જ કરે છે, એમ ત્યાં સુશ્રુતના સૂત્રસ્થાનના ઉપસંહારમાં સૂચવ્યું છે; (જેમ કે 'इमं विधिं योऽनुमतं महामुनेर्नृपर्षिमुख्यस्य पठेद्धि यत्नतः। स भूमिपालाय विधातुमौषधं महात्मनां चार्हति सूरिसत्तमः॥—રાજર્ષિઓમાં મુખ્ય મહામુનિ સુશ્રુત અથવા દિવોદાસને માન્ય આ આયુર્વેદીય ચિકિત્સા-વિધિનું જે માણસ કાળજીથી અધ્યયન કરે, તે પોતાના રાજાનું ઔષધ કરી શકે છે અને આચાર્યોમાં ઉત્તમ બની મહાત્મા ઋષિઓનાં પણ ઔષધ કર-વાને યોગ્ય બને છે.) વળી ઋગ્વેદ ૧-૨૪-૬ માં જણાવેલ 'शतं ते राजन् भिषजः सहस्रम्-હે રાજન્! તારી પાસે સો વૈદ્યો અથવા એક હજાર વૈદ્યો કાયમ હાજર રહેવા જોઈએ,' એ મંત્રના પ્રમાણ ઉપરથી પણ ઘણા કાળથી લઈને રાજાઓનો તથા વૈદ્યોનો પરસ્પરનો સંબંધ જાણી શકાય છે. તેમ જ મહાભારતના ઉદ્યોગપર્વના ૧૫૧-૧૫૨ બે અધ્યાયોમાં અને ભીષ્મપર્વના ૧૨૦ મા અધ્યાય-માં તેમજ કૌટિલીય-સંગ્રામને લગતા અધિકરણમાં ૧૦ મા અધ્યાયમાં સંગ્રામને લગતા પ્રસંગમાં વિશેષે કરી શસ્ત્રચિકિત્સાના જાણકાર વૈદ્યોનું રાજાઓની

સેનાઓમાં સહ અસ્તિત્વ દર્શાવેલ છે. જે સમયે રાજાઓની લશ્કરી ચઢાઈ ચાલુ હોય અથવા જેની સામે ચઢાઈ કરવાની તૈયારી ચાલતી હોય અથવા ચઢાઈ માટે જ્યારે લશ્કરી છાવણીઓ પડી હોય તે સર્વ અવસ્થાઓમાં વૈદ્યો ઉપયોગી હોય છે. એ કારણે શસ્ત્રો તથા અસ્ત્રોનો જે વેળા સામસામો મારો ચાલતો હોય, તે સ્થિતિમાં રહેલા સેનાસંપન્ન રાજાઓએ શલ્યવિદ્યામાં નિષ્ણાત વૈદ્યોને ખાસ પાસે જ રાખવા, એ અવશ્ય યોગ્ય જ છે; સુશ્રુત એ શલ્યશાસ્ત્રના આચાર્ય હતા, તેથી તેમનો અને તેમના સંપ્રદાયને અનુસરનારા 'સૌશ્રુત'–તેમના વિદ્યાર્થીઓનો પણ રાજાઓની સાથે નજીકનો સંબંધ હતો, તે સંબંધને સ્વીકારી લોકમાં પ્રચલિત થયેલો 'सौश्रुतपार्थिवाः' શબ્દ પાણિનિ મુનિએ પોતે ગણેલા ગણપાઠમાં દાખલ કરેલો જોવામાં આવે છે, અને તે શબ્દ, તેમના સમયમાં કેવળ સુશ્રુતની જ નહિ; પરંતુ તેમના અનુયાયી 'સૌશ્રુતો' એટલે તેમના વિદ્યાર્થીઓની પણ શસ્ત્રવૈદ્યો પહેલાંની પ્રસિદ્ધિ હતી અને તેઓનો રાજકુળમાં લગભગ ઘણા પ્રમાણમાં શસ્ત્રચિકિત્સા માટે અવરજવર પણ હતી, એમ જણાવે છે. જો કે 'કાશિકા' આદિ વ્યાકરણકર્તાઓ અનુસાર 'सौश्रुतपार्थवाः' એવો જો બીજો પાઠ સ્વીકારવામાં આવે તો 'સૌશ્રુત' એટલે સુશ્રુતના અનુયાયી વિદ્યાર્થીઓનો કે સુશ્રુતના શિષ્ય–વૈદ્યોનો રાજાઓની સાથેનો સંબંધ એ પદ કાશિકા આદિએ સ્વીકારેલ પાઠાન્તર ઉપરથી સમજી શકાય તેમ નથી, એ વાત જુદી છે. પરંતુ સૌશ્રુતોની પ્રસિદ્ધિ અને યોગ્યતા તો એ કાશિકા વગેરેએ સ્વીકારેલ પાઠભેદ ઉપરથી પણ અવશ્ય જણાય જ છે. વ્યાકરણના લેખરૂપ પ્રમાણ ઉપરથી સુશ્રુત વૈદ્યકશાસ્ત્રના આચાર્ય હતા એમ ખાસ કરી જાણવા મળે તેમ નથી, તોપણ 'सुश्रुतस्य छात्राः सौश्रुताः'–સુશ્રુતના વિદ્યાર્થીઓ 'સૌશ્રુત' જાણવા, એમ 'સૌશ્રુત' શબ્દની વ્યુત્પત્તિ દ્વારા સિદ્ધ કરવા માટે પોતાના સ્વમુખે 'સુશ્રુત' શબ્દને (સૌશ્રુત શબ્દના મૂળ તરીકે) દર્શાવતા પ્રાચીન વ્યાકરણકાર કાશિકાકાર અને તેનું વિવરણ કરનાર ન્યાસકારના પણ લેખરૂપ પ્રમાણ ઉપરથી તે મૂળભૂત સુશ્રુત એ સાધારણ અથવા સામાન્ય કોઈ જુદી જ વ્યક્તિ ન હતી, પણ આયુર્વેદવિદ્યાની પ્રવૃત્તિ અથવા પ્રચાર કરવા દ્વારા 'સૌશ્રુત' એટલે કે પોતાના અનુયાયી કે શિષ્યોરૂપ વૈદ્યોના આચાર્ય તરીકે પ્રસિદ્ધ થયા હતા, એમ સ્પષ્ટ સમજાય છે. શલ્યક્રિયા અથવા શસ્ત્રચિકિત્સાના આચાર્ય એ સુશ્રુતને છોડી બીજો તે નામનો કોઈ પણ આયુર્વેદવિદ્યાનો પ્રચાર કરનાર સુશ્રુત ક્યાંય પણ જાણવા મળતો નથી. વૈદ્યોના આચાર્ય એ સુશ્રુતનો નાગાર્જુને પોતાના 'ઉપાયહૃદય' નામના ગ્રંથમાં ઉલ્લેખ કર્યો છે; તેમ જ વાગ્ભટના નાવનીતક(બૌદ્ધગ્રંથ)ના અને 'જ્વરસમુચ્ચય' આદિ ગ્રંથોના લેખોમાં તેમ જ 'જયવર્મા'ના શિલાલેખમાં પણ એ સુશ્રુતના નામનો ઉલ્લેખ મળે છે, તે ઉપરથી તેમ જ એ સુશ્રુતે રચેલ 'સુશ્રુતસંહિતા' ગ્રંથનો અરબસ્તાન આદિ દેશમાં પણ અનુવાદ થયેલો મળે છે, તે ઉપરથી અને હરિવંશના લેખમાં મળતા દિવોદાસનો બ્રાહ્મણ ગ્રંથોમાં તથા ઉપનિષદો વગેરેમાં પણ ઉલ્લેખ મળતો હોવાથી અને તે દિવોદાસ પાસેથી વિશ્વામિત્રના પુત્ર સુશ્રુતે વૈદ્યવિદ્યા ગ્રહણ કરી હતી, એવો ઉલ્લેખ સુશ્રુતસંહિતામાં મળે છે, તે ઉપરથી અને મહાભારતમાં પણ વિશ્વામિત્રના પુત્રોમાં 'સુશ્રુત' નામે તેમનો એક પુત્ર હતો, એમ જોવામાં આવે છે, તે ઉપરથી શસ્ત્રચિકિત્સા શાસ્ત્રના આચાર્ય એ જ સુશ્રુતની વૈદ્યવિદ્યાનો સંપ્રદાય ચાલુ કરનાર આચાર્ય તરીકે પ્રસિદ્ધિ હતી, એમ પૂર્વકાળના તેમના સમય ઉપરથી પણ જાણી શકાય છે. વળી સુશ્રુતસંહિતામાં લગભગ 'આર્યરચના' જોવામાં આવે પણ છે, બૌદ્ધોની છાયા ક્યાંયે દેખાતી નથી; તેમ જ ધાતુઓના તથા રસ–પારદ આદિના સંબંધવાળાં ઔષધોનો ઉપયોગ પણ સુશ્રુતસંહિતામાં લગભગ દેખાતો નથી; અને શૌનક કૃતવીર્ય, પારાશર્ય, માર્કંડેય, સુભૂતિ તથા ગૌતમ નામના અમુક જ કેટલાક પ્રાચીન આચાર્યોનાં નામનો ઉલ્લેખ સુશ્રુતસંહિતામાં કર્યો છે, તેમ જ (પાણિનીય) સ્વરપ્રક્રિયામાં દિવોદાસ તથા સુશ્રુત–એ બન્ને શબ્દોનું ઉદાહરણ મળે છે, તે ઉપરથી એ સુશ્રુત આચાર્યની પ્રાચીનતા સાબિત થાય છે; વળી પહેલાંના સમયથી લઈ એ સુશ્રુત જ શલ્યચિકિત્સાના તથા વૈદ્યકશાસ્ત્રના

આચાર્ય તરીકે ખૂબ પ્રસિદ્ધ છે, તે કારણે સર્વ વિદ્વાનોની બુદ્ધિમાં એ સુશ્રુત શલ્યચિકિત્સક તથા પ્રાચીન વૈદ્યકના આચાર્ય તરીકે રહેલ હોવાથી એ જ સુશ્રુતને છોડી બીજા કોઈ પણ સુશ્રુતની કલ્પના કરવામાં કોઈ પણ પ્રમાણનો આધાર મળતો નથી, એ અભિપ્રાયથી વ્યાકરણકારોએ, વાર્તિકકારે તથા ભાષ્યકારે પણ એ જ સુશ્રુતને પાણિનિ મુનિના કરતાં પણ ઘણા પ્રાચીન જણાવેલ છે અને તે જ સુશ્રુતને દિવોદાસની પેઠે ઉપનિષદોના કાળમાં થયેલ જણાવેલ છે; એમ ખરેખર નિશ્ચય કરવો યોગ્ય છે. એ પ્રમાણે સચોટ પુરાવાને નહિ સ્વીકારીને ખરેખર ઉદાસ થઈ રહેવું કે તે સંબંધે સંશયો કર્યા કરવા તે બિલકુલ યોગ્ય નથી; આ સંબંધે પ્રાચીન પંડિતોએ પણ આમ કહ્યું છે કે, 'व्याख्यानतो विशेषप्रतिपत्तिर्नहि संदेहादलक्षणम्-પ્રાચીન વ્યાખ્યાનો ઉપરથી કોઈ પણ વિષયનું જ્ઞાન કરવું, પણ સંદેહ કરીને શાસ્ત્રીય લક્ષણ વિરુદ્ધ કંઈ પણ માની બેસવું નહિ.'

વળી અગ્નિપુરાણમાં (અ૦ ૨૭૯-૨૯૨ માં) મનુષ્ય, ઘોડાઓ તથા ગાય-બળદો સંબંધી આયુર્વેદને જાણવાની ઇચ્છાથી સુશ્રુતે જ્યારે પૂછ્યું હતું ત્યારે ધન્વંતરિના અવતાર દિવોદાસે એ મનુષ્ય, ઘોડાઓ તથા ગાય-બળદસંબંધી આયુર્વેદનો એ સુશ્રુતને ઉપદેશ કર્યો હતો, એવો ઉલ્લેખ મળે છે. તે ઉપરથી એ ધન્વંતરિની પેઠે તેમનો શિષ્ય સુશ્રુત પણ મનુષ્ય, ઘોડા તથા ગાય-બળદો સંબંધી આયુર્વેદનો વિશેષ જ્ઞાતા હશે, એમ જણાય છે. એમ તે અગ્નિપુરાણમાં જણાવેલ સુશ્રુત પણ ધન્વંતરિના સાહચર્યથી સુશ્રુતસંહિતાના રચયિતા જ હોવા જોઈએ. કોઈ એક વ્યક્તિ હોય તે પણ અનેક વિદ્યાર્થીને લગતાં અનેક શાસ્ત્રોથી વિશેષ જ્ઞાતા પણ હોય, એમ ઘણીવાર ઘણાં સ્થળે જોવામાં આવે છે. વળી શાલિહોત્ર ગ્રંથમાં પૂછનાર તરીકે સુશ્રુતના નામનો નિર્દેશ કરેલો મળે છે. અશ્વશાસ્ત્રના પ્રવર્તક તે શાલિહોત્રના વિષયમાં શ્રી ગિરીન્દ્રનાથે વિશેષપણે નિરૂપણ કરેલ છે. (જુઓ, ઇન્ડિયન હિસ્ટોરિકલ 'ક્વોર્ટર્લિ' વો. ૧૬ પેજ ૪૭), કલકત્તામાં છપાયેલ જયદત્ત વિરચિત 'અશ્વચિકિત્સિત'ની ભૂમિકામાં પણ તે વિષે કંઈક વર્ણન આપ્યું છે. તે સંબંધે વિસ્તૃત વર્ણન શાલિહોત્રના ગ્રંથમાંથી જ જાણી લેવું યોગ્ય છે. એ શાલિહોત્ર ગ્રંથનો કોઈકોઈ અંશ કોઈકોઈ પુસ્તકાલયમાં મળે છે, એવું સાંભળવામાં આવે છે; જોકે મેં તે ગ્રન્થનો કોઈ ભાગ જોયો નથી, તોપણ પ્રથમ દર્શાવેલ હેમાદ્રિના 'લક્ષણપ્રકાશ' ગ્રન્થમાં અશ્વોને લગતા પ્રકરણમાં શાલિહોત્રે જણાવેલ અશ્વશાસ્ત્રનાં કેટલાંક વચનો ઉતારેલાં જોવામાં આવે છે, તેમાં સુશ્રુત, મિત્રજિત તથા ગાંધાર વગેરે પુત્રોએ અને 'ગર્ગ' આદિ શિષ્યોએ જ્યારે પ્રશ્નો પૂછ્યા હતા, ત્યારે શાલિહોત્ર આચાર્યે અશ્વને લગતા વિષયોનો ઉપદેશ કર્યો છે અને પ્રશ્ન પૂછનાર તરીકે શાલિહોત્રના પુત્ર સુશ્રુતનો ઉલ્લેખ કરેલો જોવામાં આવે છે. એ સુશ્રુત શાલિહોત્રનો ભલે શિષ્ય હોય તોયે કોઈ બીજા ગ્રન્થમાં તેનો પુત્ર તરીકે નિર્દેશ પણ કરેલો જોવામાં આવે એ સંભવિત છે; પરંતુ એ શાલિહોત્રીય અશ્વશાસ્ત્રમાં તો पुत्राः शिष्याश्च पृच्छन्ति विनयेन महामुनिम्'-શાલિહોત્રના પુત્રો અને શિષ્યોએ તે મહામુનિને વિનયથી આમ પૂછ્યું હતું: 'એમ શાલિહોત્રના પુત્રો અને શિષ્યોનો અલગ અલગ નિર્દેશ કર્યો હોવાથી તેમજ સુશ્રુતનો અનેક વાર પુત્ર તરીકે સ્પષ્ટ ઉલ્લેખ કરેલ હોવાથી શાલિહોત્ર મુનિએ જોને અશ્વશાસ્ત્રનો ઉપદેશ કર્યો હતો, તે સુશ્રુત શાલિહોત્રનો પુત્ર જ હતો, એમ જણાય છે (આ સંબંધે શાલિહોત્રીય ગ્રંથમાં આમ જણાવ્યું છે: 'शालिहोत्रमृषिश्रेष्ठं सुश्रुतः परिपृच्छति। एवं पृष्टस्तु पुत्रेण शालिहोत्रोऽभ्यभाषत ॥ शालिहोत्रमपृच्छन्त पुत्राः सुश्रुतसंगता। व्याख्यातं शालिहोत्रेण पुत्राय परिपृच्छते ॥ मित्रजित्प्रमुखाः पुत्रा भूपः पितरमब्रुवन्। शालिहोत्रः सुतं प्राह हयानां स्वरलक्षणम्-ઋષિઓમાં શ્રેષ્ઠ શાલિહોત્રને સુશ્રુતે પૂછ્યું ત્યારે પોતાના પુત્ર-એ-સુશ્રુતે પૂછેલા શાલિહોત્રે તેને ઉપદેશ કર્યો હતો. તે જ પ્રમાણે પોતાના પુત્રોએ સુશ્રુતની સાથે એકત્ર મળી શાલિહોત્રને પૂછ્યું હતું, ત્યારે શાલિહોત્રે પ્રશ્ન કરતા એ પુત્રની આગળ અશ્વશાસ્ત્રનું વ્યાખ્યાન કર્યું હતું; પછી મિત્રજિત્ વગેરે પુત્રોએ ફરી પોતાના પિતા શાલિહોત્રને જ્યારે પૂછ્યું હતું, ત્યારે શાલિહોત્રે પોતાના તે પુત્રને ઘોડાઓના

સ્વરનું લક્ષણ કહ્યું હતું.' ઇત્યાદિ. સુશ્રુતસંહિતામાં શલ્યપ્રસ્થાન–શસ્ત્રચિકિત્સાશાસ્ત્રના આચાર્ય સુશ્રુતને તો વિશ્વામિત્રના પુત્ર તરીકે દર્શાવેલ છે; અને મહાભારતનો લેખ જોતાં એ સુશ્રુતસંહિતાનું વચન તે સાથે મળતું આવે છે, એમ પહેલાં અમે કહ્યું પણ છે. આ ઉપોદ્ઘાતમાં પહેલાં આયુર્વેદના આચાર્યોની જ્યાં ગણતરી કરી છે ત્યાં શાલિહોત્રે જણાવેલ ઘોડાના અભિષેકના મંત્રોરૂપ જે શ્લોકો કહ્યા છે, તેઓમાં આયુર્વેદના કર્તા આચાર્યોનો નિર્દેશ કર્યો છે, તેમાં આત્રેયનો, તેમના શિષ્યોનો તથા અગ્નિવેશ, હારીત, ક્ષારપાણિ, જાતૂકર્ણ તથા પરાશર વગેરેનો અને બીજા પણ આચાર્યોનો ઉલ્લેખ કર્યો છે; છતાં તેમાં ધન્વંતરિનો તથા દિવોદાસનો ઉલ્લેખ કર્યો નથી. એ શાલિહોત્રે ઉપદેશ કરેલ તથા ધન્વંતરિએ જેને ઉપદેશ કર્યો હતો, તે બને સુશ્રુત જો એક જ હોત તો અશ્વવૈદ્યકના આચાર્ય શાલિહોત્ર અથવા તેમનો શિષ્ય સુશ્રુત, પોતાના તે જ સમયમાં ઘણા પ્રસિદ્ધ આચાર્ય ધન્વંતરિનો તથા દિવોદાસનો તે આયુર્વેદકર્તા આચાર્યોની નામાવલિમાં નામથી પણ ઉલ્લેખ કેમ ન કરત? સુશ્રુતસંહિતાના રચયિતા સુશ્રુત પણ અશ્વશાસ્ત્રના વિભાગવાળા વૈદ્યકમાં પણ એક અશ્વશાસ્ત્રરૂપ લગભગ એક જ શાસ્ત્રના આચાર્ય તરીકે પ્રસિદ્ધ થયેલા અથવા પોતાના તે પિતા આચાર્ય શાલિહોત્રનો ક્યાંયે કોઈ પ્રસંગે પણ નિર્દેશ કેમ ન કરત? સુશ્રુત સંહિતાનું ઉત્તરતંત્ર બીજા આચાર્યોના વૈદ્યક વિષયોથી સારી રીતે ભરપૂર છે અને પાછળના સમયે તે રચાયું છે, છતાં તે ઉત્તરતંત્રમાં સુશ્રુતે કે સુશ્રુતના કોઇ અનુયાયી સંસ્કર્તાએ એ શાલિહોત્રનું નામ ક્યાંય પણ કેમ લખ્યું નહિ હોય? એ ઉપરથી આવું સાબિત થાય છે કે, શાલિહોત્રે જેને ઉપદેશ કરેલો હતો તે તેમનો પુત્ર સુશ્રુત, ધન્વંતરિએ જેમને ઉપદેશ કરેલ છે તે વિશ્વામિત્રનો પુત્ર સુશ્રુત–એ બને જુદા જુદા જણાય છે. 'દુર્લભગણ' નામના વિદ્વાને રચેલ 'સિદ્ધ-ઉપદેશસંગ્રહ' નામના અશ્વસંબંધી વૈદ્યકના ગ્રંથમાં આવો નિર્દેશ કર્યો છે કે, 'शालिहोत्रेण गर्गेण सुश्रुतेन च भाषितम्। तत्त्वं यद् वाजिशास्त्रस्य तत्सर्वमिह भाषितम्–શાલિહોત્રે, ગર્ગાચાર્યે તથા સુશ્રુતે અશ્વશાસ્ત્રનું જે રહસ્ય કહ્યું છે, તે સર્વ અહીં મેં કહ્યું છે,' એ નિર્દેશ ઉપરથી સુશ્રુત પણ અશ્વવૈદ્યનો ઉપદેશ કરનાર હતા, એમ આવી મળે છે. તેમ જ અગ્નિપુરાણના કહેવા પ્રમાણે ધન્વંતરિના શિષ્ય સુશ્રુત પણ અશ્વવૈદ્યકના જાણકાર હતા, એમ સમજાય છે, તો ઉપર દર્શાવેલ અશ્વવૈદ્યક ગ્રંથમાં જે સુશ્રુતને દર્શાવેલ છે તે સુશ્રુત શાલિહોત્રનો પુત્ર સુશ્રુત હશે કે ધન્વંતરિનો શિષ્ય સુશ્રુત હશે?–એ સ્પષ્ટ જાણી શકાતું નથી. અથવા ઉપરના શ્લોકમાં દુર્લભગણે જે સુશ્રુત દર્શાવેલ છે, તે સુશ્રુત શાલિહોત્રના તથા ગર્ગના સાહચર્યથી શાલિહોત્રનો પુત્ર કે શિષ્ય જ સુશ્રુત હોવો જોઈએ અને તે દુર્લભગણના કથન ઉપરથી એ શાલિહોત્રીય–સુશ્રુતે રચેલો અશ્વશાસ્ત્રસંબંધી કોઈ ગ્રંથ પણ હોવો જોઈએ; પરંતુ એ શાલિપુત્રના પુત્ર સુશ્રુતનો તેવો કોઈ પણ (અશ્વશાસ્ત્રસંબંધી) ગ્રંથ હાલમાં મળતો નથી; તેમ જ એવા કોઈ ગ્રંથનો કોઈ ઉલ્લેખ અથવા વચનનો કોઈ ઉતારો પણ ક્યાંય મળતો નથી. તે સંબંધે વધારે લખવાથી શું? પરંતુ ઉપર દર્શાવેલ ગણકૃતના ગ્રંથ વિના બીજા કોઈ આયુર્વેદીય ગ્રંથોમાં પણ તેવા (અશ્વશાસ્ત્રને લગતા સુશ્રુતકૃત) ગ્રંથનું માત્ર નામ પણ મળતું નથી; તે કારણે એ (शालिहोत्रीय) सुश्रुतना વિષયમાં હાલ કંઈ પણ કહી શકાય તેમ નથી. ધન્વંતરિના શિષ્ય સુશ્રુતનો તો (સુશ્રુતસંહિતા) ગ્રંથ મળે છે. બીજા ગ્રંથોમાં પણ તે સુશ્રુતનો નિર્દેશ કરેલ છે. બીજા આચાર્યોએ પણ એ સુશ્રુતનું નામ પોતપોતાના ગ્રંથોમાં ગ્રહણ કરેલું છે અને શિલાલેખ આદિમાં મળતા ઉલ્લેખ ઉપરથી પણ તે ધન્વંતરિશિષ્ય–સુશ્રુતની જેવી પ્રસિદ્ધિ છે, તેવી એ શાલિહોત્રના પુત્ર–સુશ્રુતની પ્રસિદ્ધિ જોવામાં આવતી નથી. એ કારણે જ્યાં સુશ્રુતનું કથન મળે ત્યાં બીજું કોઈ પ્રમાણ જ્યાં સુધી ન મળે ત્યાં સુધી શલ્યશાસ્ત્ર–શસ્ત્રચિકિત્સાશાસ્ત્રના આચાર્ય ધન્વંતરિશિષ્ય સુશ્રુત જ હરકોઈની બુદ્ધિમાં આવી હાજર થાય છે; જોકે ઉપર દર્શાવેલ બને સુશ્રુતની એકતા છે, એમ મનમાં રાખી શાલિહોત્રના લેખના પ્રમાણ ઉપરથી સુશ્રુતને શાલિહોત્રનો

પુત્ર માની લઈ, નકુલે રચેલા અશ્વચિકિત્સિત ગ્રંથના પ્રારંભે આવું મંગલાચરણ મળે છે: 'पायाद्वः स तुरङ्गघोषतनयः श्रीशालिहोत्रो मुनिः—તુરંગઘોષના પુત્ર શ્રીશાલિહોત્ર મુનિ તમારું રક્ષણ કરો.' એમ શરૂઆતના પદ્યમાં લખાયું જોવામાં આવે છે, તેમાં 'તુરંગઘોષ' શબ્દથી 'અશ્વઘોષ'નું ગ્રહણ કરવામાં આવ્યું છે અને તે દ્વારા શાલિહોત્રને અશ્વઘોષના પુત્ર તરીકે દર્શાવી તુરંગઘોષ, હયઘોષ તથા અશ્વઘોષ—એ ત્રણે નામો એક જ વ્યક્તિનાં સૂચવ્યાં છે અને તે અશ્વઘોષના પુત્ર તરીકે શાલિહોત્રને જણાવ્યા છે તેમ જ એ શાલિહોત્રના પુત્ર સુશ્રુત હતા, એમ 'કનિષ્ક'ના સમયમાં થયેલા અશ્વઘોષથી પણ શાલિહોત્ર તથા સુશ્રુત અર્વાચીન હતા, એમ તેઓની અર્વાચીનતા સાબિત કરવાની કોઈક વિદ્વાનની કુશળતા જોવામાં આવે છે; પરંતુ નેપાલ દેશમાં (નકુલકૃત) એ અશ્વચિકિત્સિતના જે બે પુસ્તકો હાલમાં મળે છે, તેમાં ઉપર દર્શાવેલ મંગલાચરણનું પદ્ય જ નથી, તેવા મુદ્દામાં જ આ મતનું ખંડન થઈ જાય છે. અથવા કોઈ તે અશ્વચિકિત્સિતના પુસ્તકમાં ભલે તે મંગલાચરણનું પદ્ય હોય, તોપણ શાલિહોત્રના ગ્રંથમાં તેમ જ 'અશ્વચિકિત્સિત' શાલિહોત્ર મુનિના પ્રશ્નોની સાથે તથા ઇંદ્રની સાથે જે સંબંધ બતાવ્યા છે, તે (અશ્વશાસ્ત્રને લગતા) મૂળ સંહિતાના કર્તા તરીકે બતાવેલ છે અને શાલિહોત્રને (અશ્વશાસ્ત્રના) પ્રાચીન આચાર્ય કહેવામાં આવ્યા છે. શાલિહોત્રના ગ્રંથમાં ઇક્ષ્વાકુ તથા સગરરાજાનો શાલિહોત્રની સમીપે જે પ્રશ્ન દર્શાવ્યો છે, તે પણ શાલિહોત્રની પ્રાચીનતા દર્શાવે છે. વળી તે શાલિહોત્ર મુનિના નામનો ઉલ્લેખ કેવળ પંચતંત્ર આદિ (અર્વાચીન) ગ્રંથોમાં જ મળે છે, એમ નથી; પરંતુ મહાભારતમાં પણ વનપર્વમાં (૭૨ મા અધ્યાયમાં 'शालिहोत्रोऽथ किंतु स्याद्वयानां कुलतत्त्ववित्—પરંતુ 'શાલિહોત્ર' ઘોડાઓના કુળના રહસ્યને જાણનાર હતા.' એમ) ઘોડાઓનાં રહસ્યને જાણનાર નળ રાજાના આખ્યાનમાં તે શાલિહોત્રનો ઉલ્લેખ મળે છે. ત્યાં 'ઘોડાઓના કુળને જાણનાર' એવું વિશેષણ આપીને પ્રકરણવશાત્ જે શાલિહોત્રનો ઉલ્લેખ કર્યો છે, તે જ એ શાલિહોત્ર અશ્વવૈદ્યના આચાર્ય હતા, એવો નિશ્ચય કરાય છે. હાલમાં જે શાલિહોત્રસંહિતા મળે છે, તે શાલિહોત્રના જ હસ્તલેખરૂપ છે, અથવા સંસ્કાર દ્વારા તે સંહિતા રૂપાંતરને અથવા કંઈ જુદાં રૂપને પણ કદાચ પામી હોય અથવા તે શાલિહોત્રના સંપ્રદાયની પરંપરાથી પ્રાપ્ત થયેલ ઉપદેશરૂપ પણ હોય, એ વાત જુદી છે; પરંતુ અશ્વશાસ્ત્રના પરમશ્રેષ્ઠ—મૂલ આચાર્ય તો શાલિહોત્ર જ હોઈ ને તે ઘણા પ્રાચીન હતા એમાં તો સંશય જ નથી, અને પ્રાચીન મુનિ તે શાલિહોત્રનું યુધિષ્ઠિરના ભાઈ નકુલે પોતાના ગ્રંથમાં મંગલાચરણ કરતી વેળા પોતાની અશ્વવિદ્યાના આચાર્ય તરીકે (જણાવી) સારી રીતે જે માન દર્શાવ્યું છે, તે પણ યોગ્ય જ છે; અને તે દ્વારા પૂર્વાપર—ગ્રંથની સંગતિ પણ ઠીક ઠીક થાય છે. એવા પૂર્વકાળથી પ્રસિદ્ધ પ્રાચીન આચાર્યનો ત્યાગ કરી 'તુરંગઘોષ' શબ્દ ઉપરથી 'અશ્વઘોષ'ની કલ્પના કરીને તેમના પુત્ર શાલિહોત્રની તથા એ શાલિહોત્રના પુત્ર તરીકે સુશ્રુતની કલ્પના કરવી, એ તો ખરેખર ઇતિહાસને ખોટો ઠરાવે છે; અશ્વશાસ્ત્રના પ્રથમ પ્રવર્તક શાલિહોત્ર હતા; એ જ શાલિહોત્ર જો 'અશ્વઘોષ'ના પુત્ર હોય તો 'કનિષ્ક'ની પછી જ આ અશ્વશાસ્ત્રનો ઉત્પત્તિકાળ કહેવો જોઈએ; અને જો એમ સ્વીકારવામાં આવે તો કૌટિલીય (ચાણક્યના) અર્થશાસ્ત્રમાં પણ (અશ્વાધ્યક્ષ—પ્રકરણ, ૩૦ મા અધ્યાયમાં અને સાંગ્રામિકમાં પણ ૩૭ મા પૃષ્ઠમાં હાથી અને ઘોડાનાં કુળ તથા જાતિસંબંધે ઉલ્લેખ છે) તેમ જ અશ્વશાળા અથવા ઘોડાઓનાં રહેઠાણો બનાવવાં તથા આહારની કલ્પના એટલે ઘોડાઓના ખોરાક કેવા તૈયાર કરવા અને ઘોડાઓનું કુલ તથા જાતિઓ કેવાં અને કયાં કયાં હોય, વગેરેનો ઉલ્લેખ—ઇત્યાદિ શાલિહોત્રીય—અશ્વશાસ્ત્રને લગતા ઘણા વિષયો ટૂંકમાં બતાવેલા જોવામાં આવે છે; વળી ઘોડાઓના વૈદ્યો પણ તે કૌટિલીય અર્થશાસ્ત્રમાં ગ્રહણ કર્યા છે; એ બધું તેમાં કયાંથી આવ્યું? તે પણ અવશ્ય કહેવું જોઈએ; વળી અશોક રાજાએ ભારતીય આયુર્વેદીય ચિકિત્સાપદ્ધતિનો સ્વીકાર કરી પોતાના દેશમાં તેને જેમ પ્રમાણભૂત ગણી હતી, તેમ બીજા

દેશોમાં પણ શિલાલેખ દ્વારા તે ભારતીય ચિકિત્સા-પદ્ધતિને પ્રમાણભૂત ઠરાવી છે અને ઘોડા વગેરે પશુઓનાં ચિકિત્સાલયો(દવાખાના)નું ઉદ્ઘાટન જે કર્યું હતું તેમાં કઈ વિદ્યાનો આધાર તેણે લીધો હશે? અશ્વઘોષ બુદ્ધસંપ્રદાયનો હોઈ તે સંપ્રદાયમાં પ્રધાન આચાર્ય હતો, એ તો ખરેખર સ્પષ્ટ જ છે; જ્યારે શાલિહોત્રના લેખમાં ઘોડાઓનો અભિષેક કરવાનું જે પ્રકરણ છે, તેમાં શ્રૌત મહર્ષિ-વૈદિક મોટા મોટા ઋષિઓનાં નામો, બ્રહ્મઘોષ-વેદોની ગર્જના, શ્રૌત-વેદોક્ત, યજ્ઞવિધાન અને ઘોડાઓનાં દેવતાઈ રૂપોનો નિર્દેશ પણ મળે છે; તેમ જ શ્રૌતસ્માર્ત-વૈદિક અને પુરાણોક્ત દેવોનો જ ઉલ્લેખ કરેલો જોવામાં આવે છે, એ ઉપરથી શાલિહોત્ર આચાર્ય વેદમાર્ગના જ અનુયાયી હતા, એમ (તેમણે કરેલા) તે તે ઉલ્લેખો નિશ્ચય કરાવે છે; વળી તે શાલિહોત્રના લેખમાં તથા સુશ્રુતસંહિતામાં બૌદ્ધોની છાયા પણ મળતી નથી, તે પણ એ બને-શાલિહોત્ર તથા સુશ્રુત બુદ્ધ આચાર્ય-અશ્વ-ઘોષનાં સંતાનો-એટલે કે પુત્ર તથા પૌત્ર હતા, એ વાતને મૂળમાંથી ઉડાવી દે છે. વળી અશ્વઘોષ અયોધ્યાનો વતની હતો અને શાલિહોત્ર પશ્ચિમ તથા ઉત્તરની વચ્ચેના પ્રદેશનો રહેવાસી હતો, એમ તે બન્નેના દેશો પણ જુદા જુદા હતા. તે પણ તેઓના પરસ્પરના પિતા-પુત્ર સંબંધમાં વિસંવાદ જ દર્શાવે છે. અશ્વઘોષના પુત્ર તરીકે કલ્પેલા શાલિહોત્રના પુત્ર સુશ્રુતની સાથે શલ્યપ્રસ્થાન -શસ્ત્રચિકિત્સાશાસ્ત્રના આચાર્ય સુશ્રુતનો કદાચ અભેદ સ્વીકારાય એટલે કે બન્ને સુશ્રુત એક જ હતા, એમ આપણે માનીએ તો 'કનિષ્ક' તથા અશ્વઘોષના સમકાલીન નાગાર્જુને તેના પૌત્ર તરીકે માની લીધેલા સુશ્રુતનો પ્રસિદ્ધ વૈદ્ય તરીકે તેમ જ વૈદ્યકશાસ્ત્રના આચાર્ય તરીકે જે મહિમા ગાયો છે, તેનું સમર્થન કયા પ્રકારે કરવું? વળી નાગાર્જુને સુશ્રુતસંહિતાનું સંસ્કરણ કર્યું છે, એમ જે કહેવામાં આવે છે, તે પણ ખોટું ઠરે; માટે તે કંઈ માનવા જેવું નથી.

છેવટે વિક્રમના સંવતથી પૂર્વે છઠ્ઠી શતાબ્દી-માં સુશ્રુતનો સમય હતો, એમ યુક્તિપૂર્વક 'હાર્નલે' નામના એક પાશ્ચાત્ય વિદ્વાન સિદ્ધ કરે છે; તેના લેખ ઉપરથી પણ સુશ્રુતનો સમય તેના કરતાં પણ અર્વાચીન નહિ હોય એમ સિદ્ધ થાય છે. કેટલાક પાશ્ચાત્ય પંડિતો આમ જણાવે છે કે, સુશ્રુતનો સમય બરાબર ચોક્કસ નક્કી કરી શકાતો નથી, તોપણ ઈસવી સનના આરંભથી પૂર્વે છઠ્ઠી શતાબ્દીની પહેલાંનો જ હોવો જોઈએ; પણ તેનાથી અર્વાચીન તો નહિ જ હોય. કેટલાક વિદ્વાનો આમ કહે છે કે, સુશ્રુતમાં સાત પ્રકારના કોઢનું નિરૂપણ કરેલું જોવામાં આવે છે; એ રોગનું જ્ઞાન ભારતીય લોકોને તથા ચીન દેશના લોકોને ૨૫૦૦ વર્ષ પૂર્વે પ્રાપ્ત થયું હતું, એ ઉપરથી સુશ્રુતનું અસ્તિત્વ લગભગ અઢી હજાર વર્ષ પૂર્વે હોવું જોઈએ, એમ પણ માની શકાય છે. સુશ્રુતસંહિતાનો જેણે લેટિન ભાષામાં અનુવાદ કર્યો છે, એવા 'હેસલર' નામના એક પાશ્ચાત્ય વિદ્વાન તેમ જ શ્રી ગિરીન્દ્રનાથ મુખોપાધ્યાય નામના ભારતીય વિદ્વાન પણ ઈસવી સનના આરંભથી એક હજાર વર્ષ પૂર્વે સુશ્રુતનું અસ્તિત્વ હતું, એમ દર્શાવે છે.

આ રીતે ભિન્ન ભિન્ન વિદ્વાનોના અભિપ્રાયો ઉપર વિચાર કરતાં સુશ્રુતસંહિતાનો પૂર્વભાગ ઓછામાં ઓછો ૨૬૦૦ વર્ષની પહેલાંનો હોય એમ જાણી શકાય છે.

સુશ્રુતસંહિતામાં પૂર્વાચાર્યો વિષે 'સુભૂતિ ગૌતમ'નો નિર્દેશ કર્યો છે; એ શાક્યસિંહનો શિષ્ય હતો, એ ઉપરથી બુદ્ધના કાળ પછી સુશ્રુતનું અસ્તિત્વ હોવું જોઈએ, એમ પણ કેટલાક દર્શાવે છે. જોકે 'અષ્ટસાહસ્રિકા' અને 'શતસાહસ્રિક' નામના બૌદ્ધગ્રન્થમાં 'સુભૂતિ'નું નામ મળે છે, પરંતુ તેમાં 'આયુષ્માન્ સુભૂતિ' 'સ્થવિર સુભૂતિ' વગેરે શબ્દોથી જ વ્યવહાર કહેલો છે, પણ 'સુભૂતિ ગૌતમ' એવા નામનો તેમાં કયાંય પણ ઉલ્લેખ દેખાતો નથી. 'બૌદ્ધગ્રન્થોમાં સુભૂતિ'નો અધ્યાત્મ-વિષયમાં જ ઉલ્લેખ છે, પરંતુ તે વૈદ્યવિદ્યાનો આચાર્ય હતો, એમ કયાંય પણ નિર્દેશ કર્યો નથી. સુશ્રુતે જણાવેલ 'સુભૂતિ' ગૌતમ બૌદ્ધ ન હતા, તે તો બુદ્ધના આચાર્યથી જુદા જ પ્રાચીન વૈદ્યક આચાર્ય હતા. એ સુભૂતિ ગૌતમ જો બૌદ્ધ હોય

તો તેને પણ પૂર્વાચાર્યની દૃષ્ટિએ જોતાં સુશ્રુતના લેખમાં બૌદ્ધસંપ્રદાયને લગતી છાયાઓ મળવી જોઈએ? પણ તેમાં બૌદ્ધની છાયા નહિ મળવાથી એ સુભૂતિ ગૌતમ બૌદ્ધ ન હતા તે બાબતને દૃઢ થાય છે. સ્થવિર સુભૂતિનું વ્યાકરણ મળે છે, એ કારણે માત્ર નામની સમાનતા ઉપરથી તે સુભૂતિ પણ પ્રાચીન હોઈને બુદ્ધનો પ્રધાન શિષ્ય હતો, એમ કહી શકાય નહિ

વૈદ્યકશાસ્ત્રના ટીકાકાર વિદ્વાનોએ ક્યાંક 'વૃદ્ધ સુશ્રુતે' કહેલાં વચનો ઉતારેલાં દેખાય છે; પરંતુ તેમણે ટાંકેલાં એ વચનો હાલમાં મળતી સુશ્રુતસંહિતામાં ક્યાંય પણ મળતાં નથી; તેમ જ 'ઔપધેનવમ્ ઔરભ્રમ્' એ સુશ્રુતે કહેલા પદ્યમાં 'સૌશ્રુત'નો અલગ નિર્દેશ કર્યો છે, તે ઉપરથી હાલના સમયમાં મળતી સુશ્રુતસંહિતાથી અલગ જ વૃદ્ધ સુશ્રુતનું 'સૌશ્રુત' નામનું આયુર્વેદીય શાસ્ત્ર પહેલાં હતું, એમ કહેવા માટે પણ સુશ્રુતસંહિતામાં વૃદ્ધ સુશ્રુતનો પૂર્વના વૈદ્યક આચાર્ય તરીકે નિર્દેશ કરેલો હોવો જોઈએ, પણ તે સંબંધે કોઈ નિર્દેશ કર્યો નથી મહાભારત આદિમાં પણ વિશ્વામિત્રના પુત્ર તરીકે સુશ્રુતનો જ ઉલ્લેખ કર્યો છે; તેમ જ મહાભાષ્યકાર, નાવનીતક, નાગાર્જુન, વાગ્ભટ અને જ્વરસમુચ્ચય આદિના લેખમાં પણ સુશ્રુતના નામથી જ નિર્દેશ કરેલ છે અને એક સુશ્રુતનાં વચનોનો જ તે તે ગ્રંથોમાં ઉલ્લેખ દેખાય છે અને 'અરબસ્તાન' આદિ બીજા દૂરના દેશોમાં આ સુશ્રુતની જ સંહિતાનો અનુવાદ પ્રચાર પામ્યો છે; તેમ જ 'કંબોડિયા' આદિ સ્થળે ગયેલા 'યશોવર્મા'ના શિલાલેખમાં પણ આ સુશ્રુતનો જ ઉલ્લેખ કરેલો છે; તેમ જ 'વૃદ્ધ સુશ્રુત'ના નામથી મળતાં વચનોમાં પ્રાચીન રચનારૂપ પ્રૌઢતા દેખાતી નથી. એ કારણે તે વચનોરૂપ વિષયથી વૃદ્ધ સુશ્રુતનો શલ્યશાસ્ત્ર-શસ્ત્રચિકિત્સાશાસ્ત્રના આચાર્ય તરીકે નિશ્ચય થઈ શકતો નથી; વળી સુશ્રુતસંહિતાના આરંભમાં કાશિરાજ દિવોદાસને શરણે આવેલ ઔપધેનવ, ઔરભ્ર, પૌષ્કલાવત, કરવીર્ય, ગોપુરરક્ષિત અને સુશ્રુતનો તે દિવોદાસના શિષ્ય તરીકેનો નિર્દેશ કર્યા પછી 'ઔપધેનવૌરભ્રં સૌશ્રુતં પૌષ્કલાવતમ્। શેષાણાં શલ્યતન્ત્રાણાં મૂલાન્યેતાનિ નિર્દિશેત્ ॥'–ઔપધેનવ, ઔરભ્ર, સૌશ્રુત અને પૌષ્કલાવત–એટલાં શલ્યતંત્રો ને બાકીનાં બીજાં શલ્યતંત્રોનાં મૂળ તરીકે દર્શાવવાં જોઈએ,' એમ તે ઔપધેનવ, ઔરભ્ર, પુષ્કલાવત અને સુશ્રુત આચાર્યે રચેલાં શલ્યતંત્રોને તેના અર્થને જણાવતા પ્રત્યયો જેની અંતે લગાડ્યા હોય છે એવાં 'સૌશ્રુત' આદિ પદો દ્વારા દર્શાવીને તેઓનાં એ શલ્યતંત્રો બીજાં બધાં શલ્યતંત્રોમાં મુખ્ય છે. એમ બતાવી તે તંત્રોમાં દર્શાવેલ 'સૌશ્રુત' તંત્ર બીજાં શલ્યતંત્રો કરતાં પ્રધાન છે, એવો નિર્દેશ કરી તે ન્યાય દ્વારા 'ઔપધેનવ' આદિનાં તંત્રો પણ તે ઔપધેનવાદિ આચાર્યોનાં તંત્રોથી અલગપણે પ્રથમથી જ સિદ્ધ હતાં, એમ કહેવું આવી પડે; તેમ જ 'કૌટિલીય' આદિના પ્રાચીન ગ્રંથોમાં પણ પોતપોતાના તે તે ગ્રંથોમાં પોતાના નામનો ઉલ્લેખ લગભગ દેખાય છે; તેથી પોતાના 'સૌશ્રુત' તંત્રનું પણ 'ઔપધેનવ' આદિ તંત્રોની પેઠે પ્રધાનપણું જણાવવા માટે નિર્દેશ કરવો તે યોગ્ય હોવાથી ટીકાકારોએ તેમ જ અર્વાચીન નિબંધકારોએ ક્યાંક ક્યાંક વૃદ્ધ સુશ્રુતને જે ગ્રહણ કરેલ છે, તે વૃદ્ધ સુશ્રુત કયા હતા? ક્યારે થયા હતા? તેમનો ગ્રંથ કયો છે? કયા શાસ્ત્રના તે આચાર્ય હતા? એમ તેમના સંબંધ તે તે પ્રશ્નો ઊભા થાય છે, એ કારણે પ્રથમ દર્શાવેલ તે પ્રસિદ્ધ અને દિવોદાસના શિષ્ય તરીકે સારી રીતે સાંભળેલા સુશ્રુતને છોડી જેમને જાણવા શક્ય નથી, એવા વૃદ્ધ સુશ્રુતને શલ્યતંત્રના પૂર્વાચાર્ય માનવા તેમાં કોઈ આધારભૂત પ્રમાણ મેળવવું જરૂરી છે. હાલમાં જે સુશ્રુતસંહિતા મળે છે, તેમાં કોઈ કોઈ સ્થળે અર્વાચીન વિષયોનો જે પ્રતિભાસ જણાય છે, તે પણ સંસ્કરણને લઈને તેમાં પ્રતિબિંબિત થયો છે અને ક્યાંક ક્યાંક પાઠભેદનો દોષ પણ જે દેખાય છે, તે વિષે આ ઉપોદ્ઘાતના સંસ્કરણ પ્રકરણમાં આપવામાં આવશે.

વૈદિકી અવસ્થામાં આર્યોનાં નિવાસસ્થળની પરિસ્થિતિ અનુસાર વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમન્ત અને શિશિર નામે છ ઋતુકાળોનો વિભાગ

કરવામાં આવ્યો છે, અને તે કાળવિભાગનો ઉલ્લેખ વૈદિક સાહિત્યમાં દેખાય છે; (જેમ કે યજુર્વેદમાં 'वसन्तेन ऋतुना' ઇત્યાદિ ૨૧-૨૩-૨૮માં વસંત-ઋતુ જણાવી છે; તેમજ 'मन्त्रेषु, वसन्ताय' (૨૪-૨૦) એ મંત્રમાં પણ વસંતઋતુનો ઉલ્લેખ કર્યો છે; તેમજ સામવેદમાં 'वसन्त इन्नुरन्त्यो ग्रीष्म इन्नु रन्त्यः' એ મંત્રમાં વસંત તથા ગ્રીષ્મ-ઋતુ દર્શાવેલ છે; અને 'वर्षाण्यनु शरदो हेमन्त-शिशिर इन्नुरन्त्यः'-(૬-૧૩-૨) એ મંત્રમાં વર્ષા, શરદ, હેમંત તથા શિશિર એ ચાર ઋતુઓ દર્શાવી છે એ રીતે એકંદર છ યે ઋતુઓરૂપ કાલ-વિભાગ વેદમાં જ દર્શાવેલ છે) એ ઋતુઓમાંની વસંત કે બીજી કોઈ પણ ઋતુની શરૂઆત કરી એક ઋતુપર્યાવર્તન એટલે એકવાર છયે ઋતુઓ સમાપ્ત કરીને એક વર્ષરૂપ કાળ પૂર્ણ થયેલો ગણાય છે; એમ પ્રાચીન પૂર્વના સમયની પરિસ્થિતિમાં કલ્પેલો આ ઋતુવિભાગ પાછળથી-આ જ દિવસ સુધી પણ ચાલુ રહેલ હોઈ વસન્તादिभ्यष्ठक् (૪-૨-૬૩) એ પાણિનીય વ્યાકરણસૂત્રમાં પાણિનિ મુનિએ પણ ગ્રહણ કરી બતાવ્યો છે અને હજી પણ લોકોમાં તે ચાલી રહ્યો છે. સુશ્રુતસંહિતાના ઋતુચર્યા-અધ્યાયમાં ઉત્તરાયણથી માંડી શિશિર આદિ હેમંત સુધીની છયે ઋતુઓ પ્રચલિત પ્રક્રિયાને અનુસરતી પ્રથમ બતાવી છે અને તે પછી તરત ટાઢ, ગરમી તથા વર્ષા-એ રૂપે જુદો જુદો સમય જણાવી (તેને અનુસરી) ત્રણે દોષો-વાત, પિત્ત અને કફનો ઉપચય-વધારો, પ્રકોપ-વિકાર તથા સંશમન-શાન્ત કરવારૂપ અવસ્થા સ્વીકારીને 'અમુક આ સમયે ઉપચય તથા પ્રકોપને પામતો અમુક આ દોષ અમુક આ સમયે સંશમન કરવા યોગ્ય હોય છે' એમ જણાવીને (તે તે દોષને) યોગ્ય ઔષધચિકિત્સામાં ઉપયોગી વિશેષ જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે ત્યાં 'इह तु' ઇત્યાદિ ગ્રંથ દ્વારા દક્ષિણાયન-થી શરૂ કરી બીજો પણ કાલવિભાગ ફરી દર્શાવેલ છે; વળી ત્યાં 'વર્ષા, શરદ, હેમન્ત, વસંત, ગ્રીષ્મ અને પ્રાવૃષ' નામની છ ઋતુઓનો ઉલ્લેખ કરી પ્રાથમિક પ્રક્રિયામાં ચાર મહિના ટાઢના અને બે મહિના વરસાદના જણાવ્યા છે; પરંતુ બીજી પ્રક્રિયામાં બે મહિના ટાઢનો અને ચાર મહિના વરસાદનો સમય હોય છે, એમ ફેરફાર આવે છે. આ બીજી પ્રક્રિયા ઔષધચિકિત્સાના વિશેષ જ્ઞાનનો ઉપયોગ કરવા માટે સ્વીકારેલી દેખાય છે. આ કાશ્યપસંહિતામાં ઋતુઓના વિશેષ પ્રમાણને બતાવતો ગ્રંથ ખંડિત થયો હોવા છતાં આત્રેયની ચરકસંહિતામાં તથા ભેડસંહિતામાં ઔષધચિકિત્સા સંબંધ ધરાવતી બીજી જ પ્રક્રિયા ગ્રહણ કરેલી છે. એમ આયુર્વેદીય પદ્ધતિમાં ઔષધ-ચિકિત્સાની દૃષ્ટિએ હેમન્ત તથા શિશિર ઋતુમાં એક સરખી ચિકિત્સા કરી શકાય છે અને પ્રાવૃષ તથા વર્ષાઋતુમાં જુદા જુદા પ્રકારની ચિકિત્સા કરાય છે, એ અમુક વિશેષ ઋતુના ક્રમનું આચાર્યોએ ગ્રહણ કર્યું છે, તે સમજાવવા માટે (સુશ્રુતે ઋતુચર્યાના અધ્યાયમાં) 'इह तु' એ પદ મૂકીને આયુર્વેદીય માર્ગને ઉદ્દેશી પોતાના દેશને અનુસરતો વિભાગ સુશ્રુતમાં દર્શાવ્યો છે; આવા જ આશયથી પરત્વે 'इह' શબ્દનો પ્રયોગ કોઈ ટીકાકારે સ્વીકાર્યો છે, પરંતુ જુદાં જુદાં શાસ્ત્રોમાં સાર્વદેશિક ઋતુ-વિભાગ જે બતાવેલ છે તેની એકરૂપતા દ્વારા સમજ મેળવવામાં તેનું સામંજસ્ય નથી. આપણા આ ભારત દેશમાં કે બીજા પ્રદેશોમાં બધા સ્થળે એકસરખો ઋતુવિભાગ ખરેખર હોતો જ નથી. જુદા જુદા દેશ પ્રમાણે શીતકાળ અને ઉષ્ણકાળમાં ફરક હોય જ છે, એ કારણે ઋતુઓનાં લક્ષણો લગભગ-ઘણા ભાગે જુદાં જુદાં હોય જ છે; સિંહલપ્રદેશ-સિલોનમાં લગભગ સર્વકાળે બધાયે સમયો શીતકાળમાં તથા ઉષ્ણકાળમાં એકસરખા હોય છે, એટલે છયે ઋતુઓ લગભગ સરખી હોય છે; પરંતુ એવું બધે હોતું નથી; કોઈક પ્રદેશમાં ઠંડી વધુ પ્રમાણમાં હોઈને ઘણા લાંબા સમય સુધી કુદરતને કંપાવ્યા કરે છે; જ્યારે કોઈક પ્રદેશમાં ગરમી ખૂબ જ વધેલી હોઈને ઘણા કાળ સુધી તપાવ્યા કરે છે; કોઈક પ્રદેશમાં વરસાદ વધુ પ્રમાણમાં વરસ્યા કરે છે. મદ્રાસ વગેરે પ્રદેશોમાં માગશર અને પોષ મહિનામાં આંબાને મંજરો આવે છે અને ફાગણ તથા ચૈત્ર મહિનામાં કેરીઓ પાકે છે; જેમ જેમ ઉત્તર તરફનો પહાડી પ્રદેશ જોઈએ તો ત્યાં આંબાને મંજરો અને કેરીઓ મોડી આવતી દેખાય છે. જેથી નેપાળના પહાડી પ્રદેશમાં વૈશાખ

મહિનામાં આંબાને માંજર આવે છે અને છેવટે ભાદરવામાં તથા આસો મહિનામાં કેરીઓ પાકે છે. એ જ પ્રમાણે શાક, પુષ્પો, ફળો તથા ઔષધિઓ વગેરેમાં પણ જુદા જુદા દેશને અનુસરી જુદો જુદો સમય અનુભવાય છે; એમ જુદા જુદા પ્રદેશોને અનુસરી ટાઢ ઉષ્ણતા, પાણી તથા વાયુ-હવા વગેરેમાં પણ ફેરફાર થતો હોવાથી જે દેશમાં જેવી પરિસ્થિતિ હોય તેને અનુસરીને જ ગુણ તથા અવગુણ જાણી લઈ વૈદ્યોએ (ચિકિત્સાપદ્ધતિમાં) એ પ્રવૃત્તિ કરવાની હોય છે; એટલા માટે (સુશ્રુતની ઋતુચર્યાના અધ્યાયમાં) 'इह तु' એ પદથી આચાર્યે જે ઉપદેશ કર્યો છે, તે સ્થળ સમજાય છે પૂર્વ પ્રચલિત ઋતુ વિભાગ શરૂઆતમાં દર્શાવીને 'इह तु'-અહીં તો એ પ્રકારના તે અમુક વિશેષ પ્રકારના ઉપદેશના સ્થળમાં પ્રાવૃષ તથા વર્ષારૂપ બમણો વરસાદનો સમય બતાવીને શીતસમયના બે માસ અને વર્ષા સમય-ચોમાસાના ચાર માસ ત્યાં જણાવવા માગે છે. વળી સ્થાનભેદને અનુસરી ચોમાસામાં પણ ઓછા-વધતાપણું ખરેખર અનુભવાય જ છે. આપણા ભારત દેશમાં પણ ગ્રીષ્મઋતુના અંતે જંગાળના ઉપસાગરનું અથવા અરબી ઉપસાગરનું પાણી લઈને મેઘમંડલ વાયુની ગતિને અનુસરતું ચાલી વાયવ્ય દિશા તરફ વધતું તે તે પ્રદેશોમાં અનુક્રમે વરસતું વરસતું જાય છે. હિમાલયનાં અથવા બીજા ઊંચા પર્વતોનાં શિખરોથી અટકી જઈ પશ્ચિમમાં નહિ જઈ શકવાથી 'ચિરાપુંજી' આદિ પ્રદેશોમાં ઘણું અધિક વરસે છે. એ રીતે જેમ જેમ તે પ્રમાણે ખૂબ વરસાદ ચાલુ રહે છે, તેમ તેમ તે તે સ્થળે વરસાદનો સમય વધુ પ્રમાણમાં થતો જાય છે; એમ પ્રકૃતિએ સરજેલી તે તે પ્રાકૃતિક પરિસ્થિતિને અનુસરતો વૈજ્ઞાનિકોનો સિદ્ધાંત છે. સુશ્રુતે જણાવેલ તે સ્થળના ઔષધચિકિત્સાને અનુકૂળ ઋતુવિભાગમાં વર્ષા તથા પ્રાવૃષ ઋતુનાં અમુક વિશેષ સ્વરૂપ અલગ અલગ દર્શાવવામાં આવ્યાં છે. જેમ કાશીના પ્રદેશમાં તો વર્ષાનો સમય બમણો અથવા ચાર મહિનાનો હોતો જ નથી, એ કારણે વર્ષા તથા પ્રાવૃષ ઋતુથી યુક્ત કરેલો બીજો વિભાગ અનુકૂળ થતો જ નથી, એ કારણે (ત્યાં સુશ્રુતે) 'इह तु' એ પદ મૂકીને તે કાશીપ્રદેશને અનુસરતો જ જુદો પ્રદેશ દર્શાવવા માંગ્યો છે, એમ જણાવવા માગે છે. ત્યાં સુશ્રુતની ટીકામાં કાશ્યપનાં વચનરૂપે આ બે શ્લોકો દર્શાવ્યા છે. જેમ કે- 'भूयो वर्षति पर्जन्यो गंगाया दक्षिणे जलम्' तेन प्रावृषवर्षाख्यौ ऋतू तेषां प्रकल्पितौ। गंगाया उत्तरे कूले हिमवद्धिमसंकुले, भूयः शीतमतस्तेषां हेमन्तशिशिरावृतू-ગંગાના દક્ષિણ કિનારે મેઘમંડલ પુષ્કળ જળ વરસાવે છે, તેથી એ કિનારાની ઉપરના પ્રદેશોમાં પ્રાવૃષ તથા વર્ષા નામની (બે બે મહિનાની) બે ઋતુ અથવા ચાર મહિનાનું ચોમાસું ગણાય છે; અને ગંગાના ઉત્તર તરફનો કિનારો હિમાલયના હિમથી છવાયેલો રહે છે, તેથી એ કિનારા પરના પ્રદેશો પર અતિશય વધુ પ્રમાણમાં ટાઢ પડે છે, તેથી ત્યાંના પ્રદેશો પર 'હેમંત અને શિશિર'-એ બે ઋતુઓના ચાર મહિના સુધીની શિયાળાની ઋતુ ગણાય છે.' એમ તે બે શ્લોકો ટાંકીને ગંગાની ઉત્તર બાજુના હિમાલયની તળેટીના પ્રદેશ પર હેમંત અને શિશિર-એ બે ઋતુનો (ચાર મહિનાનો) શીતકાળ ગણાય છે; અને ગંગાની દક્ષિણ તરફના પ્રદેશો પર પ્રાવૃષ તથા વર્ષા-એ બે ઋતુઓ મળી ચાર મહિનાનો વૃષ્ટિકાળ ગણાય છે. આ બે શ્લોકમાં જે 'ગંગા' પદ મૂક્યું છે, તે ઉપરથી 'વારાણસી'ની ગંગા જો લેવામાં આવે તો તેની દક્ષિણ બાજુ તથા ઉત્તરબાજુ-એવા બે ભેદો કહેવા મુશ્કેલ થાય છે. એ કારણે આ શ્લોકમાં મૂકેલા 'ગંગા' એ પદ ઉપરથી ગંગાદ્વારથી ઉપર વર્તતી ગંગાને ગ્રહણ કરીને તેનાથી ઉત્તરમાં હિમાળાનો શીત સમય બમણો વધે છે; અને તે ગંગાદ્વારથી ઉપર ગંગાના દક્ષિણ બાજુના કિનારા પર વૃષ્ટિનો સમય બમણો વધે છે, એ કારણે અહીં એમ દર્શાવેલું સંભવે છે. એ સમાન ન્યાય પ્રમાણે (સુશ્રુતમાં તે સ્થળે) 'इह तु' એ પદો મૂકીને તે વૃષ્ટિનો સમય જ્યાં બમણો હોય છે તે તે સ્થળ (ઉપર જણાવ્યા પ્રમાણે) ગંગાના દક્ષિણ વિભાગને લગતું સ્થાન હોવું જોઈએ, એમ સંભાવના કરી શકાય છે.'

જોકે 'ભાવપ્રકાશ'ના કર્તા પંડિત ભાવમિશ્રે 'કાશીમાં દિવોદાસની પાસે વૈદ્યક વિદ્યાનું અધ્ય-

યન કરવા માટે વિશ્વામિત્રે પોતાના પુત્ર સુશ્રુતને બીજા મુનિઓના સો પુત્રો સાથે મોકલ્યા હતા' એમ કહેવામાં આવ્યું છે× અને સુશ્રુતસંહિતામાં પણ 'આશ્રમમાં રહેલા કાશીના રાજા દિવોદાસની પાસે જઈ સુશ્રુત વગેરેએ આયુર્વેદ સંબંધે પ્રશ્નો કર્યા હતા. તેથી દિવોદાસ પાસેથી તેઓને આયુર્વેદ વિદ્યાનો લાભ થયો હતો,' એવો ઉલ્લેખ કરેલો છે, તે ઉપરથી કાશીમાં કોઈ આશ્રમમાં જઈ સુશ્રુતને દિવોદાસ પાસેથી આયુર્વેદીય વિદ્યાનો ઉપદેશ મળ્યો હોય તે પણ સંભવે છે; પરંતુ તે પ્રમાણે બને હોય તો સુશ્રુતે પોતે ઋતુચર્યાના અધ્યાયમાં 'इह तु' ઇત્યાદિ ગ્રંથદ્વારા પાછળથી દર્શાવેલ ચારે મહિના સુધી જ્યાં વરસાદ વરસ્યા કરે છે, એવા દેશની કાશીમાં અનુકૂળતા ન હોવાથી અને મહાભારત આદિમાં રહેલી દિવોદાસની કથામાં હૈહયવંશી રાજાઓએ જેના પર આક્રમણ કર્યું હતું એવો દિવોદાસ, પોતાના રાજ્યથી ભ્રષ્ટ થઈ ભરદ્વાજના આશ્રમમાં આવ્યો હતો, જેથી સુશ્રુતને તેમની પાસેથી વિદ્યાનો લાભ થયો હોય અથવા રાજ્યથી ભ્રષ્ટ થયેલો દિવોદાસ મુનિઓના આશ્રમમાં આવ્યો હોય અથવા પૂર્વકાળના રાજાઓ પોતાની છેલ્લી ઉંમરમાં વાનપ્રસ્થ જીવન સ્વીકારતા હતા, એમ જોવામાં આવે છે. તે પ્રમાણે રાજા દિવોદાસ વાનપ્રસ્થ આશ્રમ સ્વીકારી તપોવનમાં આવ્યો હોય, ત્યારે જ્યાં વૃષ્ટિનો સમય પુષ્કળ પ્રમાણમાં હોય છે એવા ગંગાદ્વારના દક્ષિણ પ્રદેશમાં દિવોદાસે સુશ્રુતને આયુર્વેદવિદ્યાનો ઉપદેશ કર્યો હોય, એમ પણ ખરેખર કલ્પના કરી શકાય છે; તે ઉપર સુશ્રુતે ઋતુચર્યામાં લખેલ 'इह तु' એ ગ્રંથનું અનુસંધાન અને 'आश्रमस्थम्' એટલે આશ્રમમાં રહેલા દિવોદાસ પાસે સુશ્રુતે વિદ્યાભ્યાસ કર્યો હોય, એ બધું બંધબેસતું થાય છે. જોકે તે કાળે દિવોદાસ મુનિઓના આશ્રમસ્થળમાં આવી વાનપ્રસ્થ તરીકે રહ્યા હતા અને તે સ્થિતિમાં તેમણે સુશ્રુતને આયુર્વેદવિદ્યાનો ઉપદેશ કર્યો હતો, તોપણ તે દિવોદાસ પ્રથમ તો કાશીપ્રદેશના રાજા જ હતા, એમ સમજીને સુશ્રુતે દિવોદાસને કાશીરાજ તરીકે દર્શાવ્યા હોય એમ પણ બને છે. (વ્યાકરણના) મહાભાષ્યના કર્તા પતંજલિએ પાણિનીય વ્યાકરણના 'शाकपार्थिवादि' (૨-૩-૭૦) ગણના ઉદાહરણમાં 'कुतपत्रासाः सौश्रुतः कुतपसौश्रुतः'—કુતપ એટલે કાંબળારૂપ વસ્ત્રને ધારણ કરતો સુશ્રુતનો શિષ્ય 'कुतपसौश्रुत' એ પ્રમાણે મધ્યમપદલોપી કર્મધારય સમાસમાં ઉદાહરણ આપીને આમ દર્શાવ્યું છે કે, 'સુશ્રુતના સંબંધીઓ 'સૌશ્રુત' નામે ઓળખાતા હતા અને તેઓ કામળારૂપ 'કુતપ' વસ્ત્રને મુખ્યત્વે ધારણ કરતા હતા, એવો ઉલ્લેખ કરેલ હોવાથી સુશ્રુતના સંબંધી કોઈ 'સૌશ્રુત' કહેવાતા એ લોકો હિમાલયની સમીપના દેશમાં વસી રહ્યા હતા, એમ જણાય છે. કારણ કે પ્રચંડ ગ્રીષ્મકાળની ગરમીને લીધે ભૂંજવાનાં મોટાં કડાયાં જેવી વારાણસી નગરીમાં જે માણસ વસવાટ કરતો હોય તે મુખ્યત્વે કામળાનું 'કુતપ' વસ્ત્ર ધારણ કરનાર હોય. એમ કહેવામાં કોઈ પણ યુક્તિપૂર્વકનું પ્રમાણ કોઈ ન શકે.

અહીં એ રીતે ઋતુઓના બે વિભાગનો ઉલ્લેખ જે કર્યો છે તે ગણિતની પ્રક્રિયા દ્વારા સંહિતાની રચના તથા સંહિતાના સંસ્કરણની વચ્ચે ૧૫૦૦ વર્ષોના અંતરવાળા સમયભેદને સ્પષ્ટ જણાવે છે, એમ શ્રી એચ્ કેન્દ્રનાથ ઘોષ મહાશયનો વિચાર જોવામાં આવે છે (જુઓ ઇન્ડિયન હિસ્ટોરિકલ ક્વાર્ટર્લિ, વોલ્યુમ IV, પેજ ૩૩૭). પ્રથમ દર્શાવેલી રીતિ પ્રમાણે ઘણા અંતરથી રહિત ધન્વંતરિ, દિવોદાસ અને સુશ્રુતની વચ્ચે એટલા

× ભાવપ્રકાશમાં તે શ્લોકો આ પ્રમાણે છે: 'विश्वामित्रो मुनिस्तेषु पुत्रं सुश्रुतमुक्तवान्। वत्स! नाराणसीं गच्छ त्वं विश्वेश्वरवल्लभाम्। तत्र नाम्ना दिवोदासः काशिराजोऽरित बाहुजः। स हि धन्वंतरिः साक्षादायुर्वेदविदांवरः॥ पितुर्वचनमाकर्ण्य सुश्रुतः काशिकां गतः। तेन सार्धं समध्येतुं मुनिसूनुशतं ययौ॥ મુનિ વિશ્વામિત્રે તે પોતાના પુત્રોમાં 'સુશ્રુત' નામના પુત્રને આમ કહ્યું હતું: 'હે પુત્ર! તું શંકરને પ્રિય વારાણસી નગરીમાં જા; ત્યાં દિવોદાસ નામે ક્ષત્રિય કાશીનો રાજા છે; તે ખરેખર સાક્ષાત્ ધન્વંતરિરૂપ છે અને આયુર્વેદને જાણનારાઓમાં શ્રેષ્ઠ છે.' પિતાનું એ વચન સાંભળી સુશ્રુત કાશિકા નગરીમાં ગયો હતો; તેની સાથે મુનિઓના સો પુત્રો પણ અધ્યયન કરવા ગયા હતા.'

લાંબા સમયનું અંતર સંભવતું નથી; પરંતુ સુશ્રુતના અનુયાયી સૌશ્રુતે અથવા બીજા કોઈ એ પાછળથી સંહિતાનું સંસ્કરણ કર્યું હોય તેમાં ઉપર દર્શાવેલા (૧૫૦૦ વર્ષના) સમયનું એ અંતર સંભવે છે; પરંતુ વર્તમાનકાળની સુશ્રુત-સંહિતાની જ ઉત્તરતંત્રસહિતાનો અનુવાદ સાતમી કે આઠમી શતાબ્દીમાં અરબસ્તાન આદિ બીજા દેશોમાં પણ તે તે દેશોની ભાષામાં થઈ ગયો છે; તેમ જ કંબોડિયામાં ગયેલા યશોવર્માના શિલા-લેખમાં પણ તે સંબંધે ઉલ્લેખ મળતો હોવાથી અને તેટલા દૂર રહેલા બીજા દેશોમાં પણ પ્રચાર થવા માટે અમુક વિશેષ સમયની જરૂરિયાત હોવાથી તેમ જ વાગ્ભટના જ્વરસમુચ્ચય આદિના લેખોમાં પણ ઉત્તરતંત્ર સહિત જ એ સુશ્રુતસંહિતાનો સંવાદ હોવાથી અને નાગાર્જુને કહેલા સંસ્કારનો પ્રવાહ પણ સ્વીકારી લેવામાં આવે તોપણ એ સંસ્કારથી તૈયાર થયેલ હાલ મળતી એ સંહિતાના સ્વરૂપની સ્થિતિ, છેવટે જઈ ને સત્તરસો કે અઢારસો વર્ષ પૂર્વેની હોય એવો નિશ્ચય થાય છે અને તેની ઉપર ગણિતની પ્રક્રિયા દ્વારા પ્રાપ્ત થયેલાં ૧૫૦૦ વર્ષોની મેળવણી કરવાથી મૂળ સુશ્રુતસંહિતાનું અસ્તિત્વ ૩૨૦૦ વર્ષ પહેલાં હોય એમ જણાય છે.

ધન્વંતરિને, દિવોદાસને, વાર્યોવિદને તથા વામકને પણ કાશીના રાજા તરીકે કહેવામાં આવ્યા છે, તેથી એવા ઘણા વૈદ્ય-આચાર્યોએ રાજર્ષિ તરીકે કાશીમાં રહી પૂર્વકાળમાં વૈદ્યવિદ્યાની પ્રતિષ્ઠા કરી છે, એમ જણાય છે. બુદ્ધિનો સમકાલીન કાશીનો યુવરાજ બ્રહ્મદત્ત, આયુર્વેદીય વિદ્યાનું અધ્યયન કરવા માટે 'તક્ષશિલા' નામની નગરીમાં ગયો હતો, એમ બૌદ્ધ-ના 'જાતક' ગ્રંથોમાં જણાવેલું છે, તે ઉપરથી પૂર્વની પરંપરાથી ચાલુ રહેલી આયુર્વેદીય વિદ્યાનું રક્ષણ કરવા માટે કાશીના રાજકુળમાં લાંબાકાળ સુધી પ્રેમ ચાલુ રહ્યો હતો, એમ જણાય છે ઔપધેનવ, ઔરભ્ર, સૌશ્રુત અને પૌષ્કલાવત–એ ચાર વૈદ્યક આચાર્યો સુશ્રુતના સમયમાં એકસરખા હોઈ મુખ્ય ગણાતા હતા, એમ જોકે જણાવવામાં આવ્યું છે; પરંતુ તેમના સમયમાં જેનો પૂર્વપુરુષ અથવા પ્રથમ પુરુષ સુશ્રુત કે ઔપધેનવ પ્રણેતા હોય એવું કર્યું આયુર્વેદતંત્ર પ્રથમ પ્રકટ થયું હતું અથવા એ ચાર આચાર્યોમાંથી કયા આચાર્યનું આયુર્વેદતંત્ર પ્રથમ પ્રકટયું હતું–સુશ્રુતનું કે ઔપધેનવ આદિનું? એ સંબંધે વિશેષ ઉલ્લેખ મળતો નથી, તોપણ નાગાર્જુને તથા વ્યાકરણ મહાભાષ્યકાર પતંજલિ આદિએ સુશ્રુતનું તથા સૌશ્રુતોનું વિશેષ ગ્રહણ કરેલું છે, પણ ઔપધેનવ આદિનો નામથી પણ ક્યાંય નિર્દેશ કર્યો નથી, તે ઉપરથી સુશ્રુતનો સંપ્રદાય પશ્ચિમ દિશાના ભાગમાં તથા ખાસ કરી પૂર્વ પ્રદેશમાં પણ પ્રચાર પામ્યો હતો, એવો તર્ક કરી શકાય છે. તેમાંથી પશ્ચિમના પ્રદેશમાં કામચિકિત્સા-પ્રસ્થાન અને કાશી આદિ પૂર્વપ્રદેશોમાં સુશ્રુતનું શલ્યપ્રસ્થાન પ્રચલિત થયું હતું, એમ ચોક્કસ કહી શકાતું નથી જ. કાશીમાં રહેલ ધન્વંતરિના સંપ્ર-દાયમાં પણ આઠ પ્રસ્થાનનો ઉલ્લેખ જોવામાં આવે છે. ચરકસંહિતાના વિમાનસ્થાનના ૮ મા અધ્યા-યમાં આત્રેય પણ આમ કહે છે કે, 'વિવિધાનિ શસ્ત્રાણિ ભિષગ્ભાં પ્રચરન્તિ લોકે–આ લોકમાં વૈદ્યોનાં વિવિધ શાસ્ત્રો પ્રચાર પામી રહ્યાં છે,' એમ જણાવી આત્રેય પણ (પોતાના સમયમાં) સર્વ બાજુ અનેક પ્રકારની આયુર્વેદીય ચિકિત્સાવિદ્યાનો પ્રચાર પોતાના મુખથી જણાવે છે. ચરકસંહિતા લખાયા પછી પાંચાલ, કાંપિલ્ય આદિ દેશોમાં; ભેડસંહિતા લખાયા પછી ગાંધાર દેશમાં અને કાશ્યપસંહિતા લખાયા પછી ગંગાદ્વાર અને કનખલ આદિ પ્રદેશો પર આયુર્વેદીય વિદ્યાનો ઉપદેશ જોવામાં આવ્યો છે, તે ઉપરથી ત્યાં પણ એ આયુર્વેદવિદ્યા પ્રચાર પામી હતી, એમ દેખાય છે; તે ઉપરથી ગાંધાર દેશથી માંડી કેવળ ગાંધાર દેશ સુધી જ નહિ, પણ બાહ્લિક દેશના વૈદ્ય કાંકાયન પણ તે સમયે હયાત હતા એમ જાણવા મળે છે, તે ઉપરથી બાહ્લિક દેશથી માંડી કાશી પર્યંત પશ્ચિમના તથા ઉત્તરના પ્રદેશોમાં આયુર્વેદનો પ્રચાર તથા ઉન્નતિનું અનુ-માન કરી શકાય છે; પરંતુ કાશીના યુવરાજ બ્રહ્મદત્તે તક્ષશિલા નગરીમાં જઈ વૈદ્યવિદ્યાનું અધ્યયન કર્યું હતું, એમ બૌદ્ધોના જાતકગ્રન્થમાંથી જાણવા મળે છે; તેમ જ બુદ્ધના સમયનો જીવક પણ મગધ દેશમાંથી નીકળી નજીકમાં રહેલી કાશીની ઉપેક્ષા કરી ત્યાં ન જઈને 'તક્ષશિલા' નગરીમાં જ જઈ ત્યાં ભૈષજ્યવિદ્યા એટલે આયુર્વેદીય વિદ્યામાં

વિશેષ વિદ્વાન થયો હતો અને ત્યાંથી અધ્યયન કર્યા પછી પાછા ફરતા એ જીવક વૈદ્યે, તે કાળે વિદ્યા મેળવીને રાજાના પદે આરૂઢ થયેલા બ્રહ્મદત્તના સમયમાં કાશીની અંદર કોઈક શેઠિયાના પુત્રનું પેટ ચીરી શસ્ત્રચિકિત્સા દ્વારા તેને સાજો કર્યો હતો; એ સિવાય બીજા પણ ઘણા રોગીઓને તે જીવક વૈદ્યે તે તે પ્રદેશોમાં-કોઈ ને કાયચિકિત્સાથી અને કોઈ ને શસ્ત્રચિકિત્સાથી-સાજા કરીને ખ્યાતિ મેળવી હતી, એમ 'મહાવગ્ગ' નામના બૌદ્ધગ્રન્થના લેખ ઉપરથી જાણવામાં આવે છે, તેથી અને બીજા (બૌદ્ધ) જાતકગ્રન્થોમાંથી તેમજ દેશપરદેશના લોકો વિદ્યાપ્રાપ્તિ માટે ત્યાં આવતા હતા, તે વૃત્તાંત પણ મળતું હોવાથી બીજી વિદ્યાઓની પેઠે ભૈષજ્ય આયુર્વેદીય વિદ્યા પણ બુદ્ધના નજીકના સમયમાં ક્રમે કરીને કાશીના કરતાં તક્ષશિલા આદિના પ્રદેશોમાં વધુ પ્રચાર પામી હતી અને તે જ પ્રમાણે શલ્યપ્રસ્થાનીય વિદ્યાના વિજ્ઞાનનું પણ તે સમયે વધુ ગૌરવ હતું, એમ જણાય છે; કેમ કે પાછળથી જેમ જેમ સમય જતો ગયો, તેમ તેમ કાશીમાં રાજ્યનો ઉપદ્રવ વધતો ચાલ્યો હતો, એમ ઇતિહાસ દ્વારા જાણવામાં આવે છે. તેથી એ સમયમાં તે તે વૈદ્યવિદ્યા આદિ ઘણી વિદ્યાઓનો (એ કાશીમાં) હ્રાસ થવા લાગ્યો હતો, અને જુદા જુદા આચાર્યોએ પણ વધુ પ્રમાણમાં તે તે વિદ્યાઓની ચર્ચાઓ કરી કરીને તક્ષ શલા આદિ પ્રદેશોમાં તે તે વિદ્યાઓને ઘણી જ વધારી દીધી હતી, એમ પણ સંભવે છે; છેવટે જ્યારે અશોક રાજાના સમયમાં પોતાના દેશની પેઠે વિદેશો સુધી પણ ચિકિત્સાલયો (દવાખાનાં) વગેરેનું ઉદ્ઘાટન થયા કરતું હતું, એ કારણે આ ભૈષજ્ય-વિદ્યા દૂર દૂર સુધીના પ્રદેશોમાં પ્રસરવા પામી હતી; પરંતુ પાછળથી સમય જતાં તેવા એક વિદ્યાપીઠરૂપ તક્ષશિલા આદિમાં તથા તેની સમીપના પ્રદેશોમાં પણ તે તે ભૈષજ્ય આદિ વિદ્યા હ્રાસ પામી હતી એમાં પણ કારણ તો ઇતિહાસો દ્વારા જણાતો રાજ્યોપદ્રવ આદિ જ હોવો જોઈએ; તે જ પ્રમાણે બુદ્ધના સમયમાં કાશીમાં તક્ષશિલા કરતાંયે વધુ પ્રમાણમાં તે ભૈષજ્ય આદિ વિદ્યાનો જાણે હ્રાસ થયો હોય એવો અનુભવ થાય છે.

આત્રેયસંબંધી વિચાર

આ કાશ્યપસંહિતામાં इन्द्रऋषिभ्यश्चतुर्भ्यः काश्यपवसिष्ठात्रिभृगुभ्यस्ते पुत्रेभ्यः शिष्येभ्यश्च प्रदद्युर्हितार्थम्-પ્રથમ ઇંદ્રે કાશ્યપ, વસિષ્ઠ, અત્રિ અને ભૃગુ-એ ચાર ઋષિઓને (લોકના) હિત માટે આયુર્વેદવિદ્યા આપી હતી, પછી તે ઋષિઓએ પોતાના પુત્રોને તથા શિષ્યોને (લોકના) હિત માટે આયુર્વેદવિદ્યા આપી હતી, એમ આયુર્વેદવિદ્યાના પૂર્ણ સંપ્રદાયનો ઉલ્લેખ મળે છે, તે ઉપરથી આયુર્વેદવિદ્યામાં અત્રિ ઋષિનો પણ જુદો એક સંપ્રદાય પૂર્વે ચાલુ રહ્યો હતો, એમ જણાય છે; જેમાં ગોત્રના નામે आत्रेयाख्यो भिक्षुरात्रेयः-આત્રેય નામનો એક ભિક્ષુ-આત્રેય, બીજો કૃષ્ણાત્રેય અને ત્રીજો પુનર્વસુ આત્રેય એ નામે ત્રણ આચાર્યો થયા છે, એમ જણાય છે; એ સિવાય બીજા અનેક આચાર્યો અત્રિની પરંપરામાં થયા હોવા જોઈએ. જેમ કાશ્યપની પરંપરામાં 'મારીચ' શબ્દથી વિશેષણ અપાયેલા કશ્યપ કૌમારભૃત્યસંહિતાના આચાર્ય ગણાય છે, તે જ પ્રમાણે આત્રેયની પરંપરામાં 'પુનર્વસુ' એ નામથી વિશેષણ અપાયેલ આત્રેય 'અગ્નિવેશ' આદિ શિષ્યોને આયુર્વેદવિદ્યાનો ઉપદેશ આપનાર થયા હતા અને તે જ આત્રેય ચરકસંહિતાના મૂળ ઉપદેશકર્તા આચાર્ય કહેવાય છે. તે જ આ પુનર્વસુ આત્રેય, 'ચંદ્રભાગા' નામની માતાના પુત્ર હતા, તેથી ચરકમાં यथाप्रश्नं भगवता व्याहृतं चान्द्रभागिना'-'ચંદ્રભાગા' માતાના પુત્ર આપ ભગવાને બરાબર પ્રશ્ન પ્રમાણે ઉત્તર આપ્યો છે' (જુઓ ચરક-સૂત્રસ્થાન અ૦ ૧૩); તેમજ ભેડસંહિતામાં પણ 'सुश्रोता नाम मेधावी चान्द्रभागमुवाच ह'-જે 'મેધા' નામની બુદ્ધિને ધરાવતો હોઈ એવા 'સુશ્રોતા' નામના શિષ્યે 'ચંદ્રભાગા' માતાના પુત્ર પુનર્વસુ આત્રેયને બરોબર આમ કહ્યું હતું:' એમ 'ચંદ્રભાગા' માતાના પુત્ર હોવાથી જ તે પુનર્વસુ આત્રેયને 'चान्द्रभागः' અને 'चान्द्रभागि' એવા નામથી પણ લોકો કહેતા હતા એમ જોવામાં આવ્યું છે. ચરકમાં સૂત્રસ્થાનના ૧૧ મા અધ્યાયમાં એક-બે ઠેકાણે 'त्रित्वेनाष्टौ समुद्दिष्टाः कृष्णात्रेयेण धीमता-

બુદ્ધિમાન કૃષ્ણાત્રેયે તેઓને ત્રણપણાથી યુક્ત આહ કહ્યા છે' એમ કહી પુનર્વસુ આત્રેયને જ 'કૃષ્ણાત્રેય' એ નામે કહ્યા છે; તેમ જ ભેડસંહિતામાં પણ 'कृष्णात्रेयं पुरस्कृत्य कथाश्चक्रुर्महर्षयः– તે મહર્ષિઓ કૃષ્ણાત્રેયને આગળ કરીને કથાઓ કરી રહ્યા હતા' એમ કોઈ કોઈ ઠેકાણે પુનર્વસુ આત્રેયને જ 'કૃષ્ણાત્રેય' એવા નામે કહેલા જોવામાં આવે છે, તે ઉપરથી કેટલાક વિદ્વાનો આવો મત ધરાવે છે કે, પુનર્વસુ આત્રેયનો જ 'કૃષ્ણાત્રેય' એવા નામથી પણ વ્યવહાર કરાય છે; જ્યારે બીજા કેટલાક વિદ્વાનો તો આમ કહે છે કે, શ્રીકંઠદત્ત, શિવદાસ આદિ વિદ્વાનોએ 'કૃષ્ણાત્રેય'ના નામે શાલાક્ય વિષયને લગતાં જુદાં જુદાં વચનોનો ઉલ્લેખ કરેલો હોવાથી તે 'કૃષ્ણાત્રેય' આત્રેય પુનર્વસુથી જુદા આચાર્ય હતા. વળી ચરકસંહિતામાં આદિથી અંત સુધી 'આત્રેય' એવા નામથી અથવા 'આત્રેય પુનર્વસુ' એ નામથી લગભગ વ્યવહાર કરેલો દેખાય છે; વળી ભેડસંહિતામાં પણ 'પુનર્વસુ' એવા બીજા નામથી આત્રેયનો લગભગ વ્યવહાર કર્યો છે, તેમ જ ચરકમાં તથા ભેડસંહિતામાં આત્રેયની પરંપરામાં થયેલા 'કૃષ્ણાત્રેય' નામના બીજા આચાર્યનો મત ગ્રહણ કરી ક્યાંક નિર્દેશ કરેલો હોવાથી તે 'કૃષ્ણાત્રેય' નામના બીજા આચાર્ય સંભવે છે; વળી 'કૃષ્ણાત્રેય' એવા બે શબ્દોનો એકસાથે પ્રયોગ ક્યાંયે મળતો નથી, તે કારણે પણ 'કૃષ્ણાત્રેય' અને 'પુનર્વસુ આત્રેય' એ નામના બે જુદા જુદા આચાર્યો હતા, એમ પણ કહી શકાય છે.

ચરકસંહિતામાં 'આત્રેય પુનર્વસુ'એ 'વાર્યોવિદ' નામના આચાર્યનો અને તેમની સાથે થયેલા મારીચિ કશ્યપનો પૂર્વાચાર્યની દૃષ્ટિએ ઉલ્લેખ કર્યો છે અને તે બન્નેને પોતે પ્રથમ દર્શાવ્યા છે, તે ઉપરથી પુનર્વસુ આત્રેય એ વાર્યોવિદ તથા મારીચિ કશ્યપ પછી થયેલા હોવા જોઈએ; અને ચરકસંહિતામાં મળતા ઉલ્લેખ ઉપરથી પાંચાલ પ્રદેશના 'કાંપિલ્ય' નગરની રાજધાનીમાં પુનર્વસુ આત્રેય આચાર્ય રહેતા હતા, એમ જણાય છે. વળી એ પ્રમાણે આ કાશ્યપસંહિતામાં ચાર પાદનું જ્યાં વર્ણન કર્યું છે ત્યાં–' अस्य पादचतुष्कस्य मन्यन्ते श्रेष्ठमातुरम्। तदर्थं गुणवन्तो हि त्रयः पादा इहेप्सिताः। नेति प्रजापतिः प्राह भिषङ्मूलं चिकित्सितम्॥'–આ ચાર પાદો જે કહ્યા છે, તેમાં રોગીરૂપ પાદને કેટલાક આચાર્યો શ્રેષ્ઠ માને છે; કેમ કે એ રોગી માટે જ બીજા ત્રણ પાદને આયુર્વેદશાસ્ત્રમાં ઇચ્છિત ગણ્યા છે, એમ કેટલાક કહે છે; પરંતુ એમ કહેવું તે ઠીક નથી, એમ પ્રજાપતિ કશ્યપ કહે છે; કારણ કે કોઈપણ ચિકિત્સાનું મૂળ તો વૈદ્ય જ છે. (માટે વૈદ્ય, ઔષધ, રોગી અને પરિચારક–એ ચાર પાદમાં મુખ્ય તરીકે તો વૈદ્ય જ ગણાય છે.) એમ કેવળ ચાર પાદનું કથન કહેલ છે અને તે પણ સંક્ષિપ્તમાં કહેલ છે; જ્યારે ચરકસંહિતામાં 'ખુડ્ડકચતુષ્પાદ' નામના અધ્યાયમાં તે ચારે પાદોને ચારગણા કરી ૧૬ કલાઓરૂપે વધાર્યા છે; તેમ જ એ ચરકસંહિતામાં આગળ જતાં 'મહાચતુષ્પાદ' નામનો જે અધ્યાય છે, તેમાં પણ તે જ ચાર પાદોનું વિશેષ વિવરણ જે વર્ણવ્યું છે, તે પણ કશ્યપ તથા આત્રેયનું પૂર્વાપરપણું જણાવે છે, એટલે કે કશ્યપની પછી આત્રેય આચાર્ય થયા હતા અને કશ્યપના સમય કરતાં આત્રેયના સમયે અનુક્રમે આયુર્વેદીય વિષયોમાં વિચારોનો વિકાસ થતો ચાલ્યો હતો એમ પણ જણાવે છે.

એ જ પ્રમાણે રોગોનું વર્ણન કરતાં કાશ્યપના આયુર્વેદીય તંત્રમાં સંક્ષેપમાં રોગોનો વિભાગ દર્શાવ્યો છે અને તેને લગતા વિષયો કેવળ ૨૭મા એક જ અધ્યાયમાં બતાવ્યા છે; પણ આત્રેયની સંહિતા–ચરકમાં તો તે રોગોના વિષયમાં ચાર અધ્યાયો લખ્યા છે; તેમાંના એકલા મહારોગાધ્યાયમાં જ કાશ્યપીયસંહિતામાં કહેલા બધા વિષયોને મળતા વિષયો જણાવ્યા છે; અને તે મહારોગાધ્યાયની પહેલાંના 'ક્રિયન્તઃશિરસીય' આદિ ત્રણ અધ્યાયોમાં જુદા જુદા વિશેષ ભેદો જે બતાવ્યા છે, તે વિકાસદૃષ્ટિને પ્રકટ કરે છે; એમ ઘણા પ્રકારનાં દૃષ્ટાંતો મળી શકે છે.

કાશ્યપ અને આત્રેયનું માત્ર કેવળ પૂર્વાપરપણું જ હતું, એટલું જ નથી, પરંતુ ચરકસંહિતામાં

પ્રથમ દર્શાવેલ 'ગર્ભાવક્રાન્તિ' નામના વિષયને લગતા અનેક પ્રકારના મતોનું જ્યાં વર્ણન કરવામાં આવ્યું છે, તેમાં પરસ્પર વિરોધ ધરાવતા અનેક પ્રકારના વિવાદો અને સૂત્રકર્તા ઋષિઓના મતો દર્શાવ્યા છે; અને એ રીતે કુમારશિરસ્, ભરદ્વાજ, કાંકાયન, ભદ્રકાપ્ય, ભદ્રશૌનક, બડિશ, વૈદેહજનક તથા ધન્વંતરિ આદિ આચાર્યોની સાથે મારીચ કાશ્યપને પણ સૂત્રકર્તા ઋષિઓની મધ્યે સૂત્રકર્તા તરીકે આત્રેયે પોતે સ્વમુખે બતાવ્યા છે અને તે તે બધાયે સૂત્રકારોના મતનો તેઓમાં પોતાનાં નામો લઈ લઈને ઉલ્લેખ કર્યો છે; ઉપરાંત એ મહર્ષિઓના ગ્રંથો પણ આત્રેય પુનર્વસુએ જોયા તપાસ્યા છે અને જાણ્યા–અનુભવ્યા પણ છે; એમ સ્પષ્ટ જાણવા મળે છે અને તે ઉપરથી આત્રેય પુનર્વસુના ગ્રંથની રચના થયા પહેલાં જ મારીચ કશ્યપનો ગ્રંથ પ્રસિદ્ધ હતો, એમ પણ સ્પષ્ટ થાય છે.

ચરકસંહિતામાં 'મહાચતુષ્પાદ' નામના અધ્યાયમાં 'प्रतिकुर्वन् सिद्धयति, प्रतिकुर्वन् म्रियते, अप्रतिकुर्वन् सिद्धयति, अप्रतिकुर्वन् म्रियते, तस्माद् मेषजमभेषजेनाविशिष्टम्–કોઈ રોગી પોતાના રોગનો પ્રતિકાર કરે છે અને સાજો થાય છે અને કોઈ રોગી પોતાના રોગનો પ્રતિકાર કરતો નથી તેથી મરે છે અને કોઈ રોગી પોતાના રોગનો પ્રતિકાર અથવા ચિકિત્સારૂપ ઉપાય કરતો નથી, છતાં મરતો નથી, પણ સાજો થાય છે અને કોઈ રોગી પોતાના રોગનો પ્રતિકાર કે ઉપાય કરતો નથી અને મરી જાય છે.' એ ઉપરથી કોઈ પણ રોગનું ઔષધ હોવા છતાં તે નથી જ, એમ ઔષધના હોવા–ન હોવામાં કોઈ વિશેષતા રહેતી નથી.' એવો પોતાના મતથી વિરુદ્ધ મૈત્રેયનો મત બતાવી તેનું ખંડન કરવા તત્પર થઈને 'मिथ्या चिन्तयत इत्यात्रेयः–આત્રેય કહે છે કે, 'આ ખોટો વિચાર કરાય છે' એમ જણાવી પોતાના સિદ્ધાંતનો આત્રેયે ત્યાં ઉલ્લેખ કર્યો છે; તેમ જ ભેડસંહિતામાં 'चतुष्पाद' નામના અધ્યાયમાં 'જે રોગી પોતાના રોગનો પ્રતિકાર ન કરે છતાં તે સાજો થાય છે' એમ કહેનાર મતનું ખંડન કરતા આત્રેયના શબ્દોના મળતા શબ્દોનો ઉલ્લેખ કરી પોતાનું નામ લઈને સિદ્ધાંતનું× પ્રદર્શન કર્યું છે; અને તે દ્વારા ચરકસંહિતામાં ભરદ્વાજની પાસેથી મેળવેલા ચિકિત્સાના વિજ્ઞાનને ગુણયુક્ત કરીને આત્રેય પુનર્વસુએ ઉપદેશ કરેલા ભેડ, અગ્નિવેશ આદિ છ શિષ્યોએ અલગ અલગ આયુર્વેદતંત્રો રચ્યાનો જે ઉલ્લેખ છે, તેની સાથે પોતાનું મળતાપણું દર્શાવતાં ભેડે, પોતાની સંહિતામાં દરેક અધ્યાયમાં 'इत्याह भगवानात्रेयः–એમ ભગવાન આત્રેય કહે છે,' એમ જણાવી, 'આત્રેય પોતાને ઉપદેશ આપનાર પોતાના ગુરુ હતા' એમ દર્શાવ્યું છે અને શરીરની રચનાના વિષયમાં પ્રાચીન આચાર્યોના મતનો જ્યાં ઉલ્લેખ કર્યો છે, ત્યાં કશ્યપના પણ નામનો ઉલ્લેખ કરી આત્રેયની જેમ કશ્યપ પણ ભેડથી

× ભેડસંહિતાના પૃષ્ઠ ૧૫ માં આમ લખ્યું છે: 'सिद्धयति प्रतिकुर्वाण इत्यात्रेयस्य शासनम्, अपि चाप्रतिकुर्वाण इत्यृष्यद्भद्रशौनकः। न वेत्तां बुद्धिमात्रेय शौनकस्त्वानु मन्यते। प्रतिकुर्वति सिद्धिर्हि वर्णोत्साहसमन्विता ॥–જે રોગી પોતાના રોગનો પ્રતિકાર અથવા ઉપાય કરે તે સાજો થાય' એવો આત્રેયનો ઉપદેશ છે.' તે સામે પ્રતિવાદી ભદ્રશૌનક કહે છે કે, રોગનો પ્રતિકાર અથવા ઉપાય ન કરે, તે પણ (દૈવબળથી) સાજો થઈ શકે, પરંતુ શૌનકની એ સમજણને આત્રેય સંમતિ આપતા નથી; અને તે સામે પોતાનો આવો સિદ્ધાંત જણાવે છે કે, 'જે રોગી પોતાના રોગનો પ્રતિકાર કરે છે, તેને શરીરના મૂળ રંગ તથા ઉત્સાહ સાથે આરોગ્ય પ્રાપ્ત થાય જ છે.'

આ વચનમાં ભેડે શૌનકના નામે જે પ્રતિવાદીને લીધો છે, તેના બદલે ચરકે પોતાની સંહિતામાં મહાચતુષ્પાદ અધ્યાયમાં જણાવેલ તે વાદવિવાદમાં મૈત્રેય નામનો પ્રતિવાદી દર્શાવ્યો છે; બાકી તે સંબંધે ચરકનો તથા ભેડનો સિદ્ધાંત મત તો એકસરખો જ દેખાય છે. છપાયેલા ચરકના પાઠમાં સમયને વશ થઈ નામવિપર્યાસ કોઈએ કર્યો હોય, અથવા 'શૌનક' એવું કુળનું નામ હોય અને 'મૈત્રેય' એવું માતા ઉપરથી નામ પડ્યું હોય! કોઈ એક જ આચાર્યનો ભેડે તથા આત્રેયે નિર્દેશ કર્યો હોય એમ પણ સંભવે છે.'

પહેલાં થયા હતા, એમ નિર્વિવાદ નક્કી થાય છે.

ભેડસંહિતામાં આત્રેય તથા કશ્યપનાં નામોનો ઉલ્લેખ કરેલ છે; કાશ્યપસંહિતામાં ભેડના તથા આત્રેય પુનર્વસુનાં નામોનો ઉલ્લેખ કરેલ છે; અને ચરકસંહિતારૂપ આત્રેયસંહિતામાં મારીચિ કશ્યપનાં નામનો ઉલ્લેખ મળે છે; એમ પરસ્પર કરેલા નામના ઉલ્લેખ ઉપરથી અને ચરકસંહિતામાં આત્રેયે વાર્યોવિદનો તથા મારીચિ કશ્યપનો પક્ષ-પ્રતિપક્ષસંવાદ જણાવ્યો છે; તેમજ કશ્યપ-સંહિતામાં વાર્યોવિદને કશ્યપે ઉપદેશ કર્યાનો ઉલ્લેખ છે; અને જેઓનો સમય સમાન હતો એવા અનેક અત્યંત પ્રસિદ્ધ આચાર્યોના પણ પરસ્પર મતોનું ગ્રહણ તથા નામનિર્દેશ પોતપોતાની સંહિતામાં થયેલા હોવાથી આત્રેય અને મારીચ કશ્યપ ભેડ કરતાં થોડા જ સમય પૂર્વે થયેલા લાગે છે અને તે આત્રેય તથા મારીચ કશ્યપ પોતપોતાની સંહિતાઓમાં એકબીજાના નામનો નિર્દેશ કરવા સાથે પરસ્પરના મતનો પણ ઉલ્લેખ કર્યા કરે છે, તે ઉપરથી એ આત્રેય તથા મારીચની ઉંમરમાં ભલે કંઈક સાધારણ ફેરફાર હોય; પરંતુ તેઓ બન્ને એક સમયે થયેલા હોઈ એક જ કાળે હયાતી ધરાવતા હોય, એમ માનવું તે યુક્તિયુક્ત લાગે છે.

અથવા આ કાશ્યપસંહિતામાં પોતાના આશ્રિત અથવા શિષ્ય વૃદ્ધજીવકના તથા વાત્સ્યના મતનો ઉલ્લેખ કશ્યપ પોતે કરે, એ તો અયોગ્ય હોઈ ઘટે જ નહિ, છતાં વૃદ્ધજીવકના તથા વાત્સ્યના નામ તથા મતનો ઉલ્લેખ જે જોવામાં આવે છે, તે પાછળથી આ કાશ્યપસંહિતાનો સંસ્કાર તથા પ્રતિસંસ્કાર (અથવા સુધારો-વધારો) જ્યારે થયો હોય, તે જ સમયે (આ કાશ્યપસંહિતામાં) અવશ્ય પ્રવેશેલો હોવો જોઈએ એ, એમ જ કહેવું યોગ્ય લાગે છે; એ જ પ્રમાણે ભેડ વગેરે જે આચાર્યો મારીચ કશ્યપની પાછળ થયા છે, તેઓનાં પણ નામોનો તથા મતનો ઉલ્લેખ આ કાશ્યપસંહિતામાં જે મળે છે તે પણ આ કાશ્યપસંહિતાનું જ્યારે સંસ્કરણ અથવા સંશોધન થયું હશે, ત્યારે જ પાછળથી પ્રવેશ્યો હોય એમ સંભવે છે.

અને જો એમ હોય તો 'કૌટિલીય અર્થ-શાસ્ત્ર' આદિ પ્રાચીન ગ્રંથોમાં મનુષ્યો, બૃહસ્પતિ તથા વાતવ્યાધિ વગેરેનો તેમ જ યાસ્ક વગેરેએ ગ્રહણ કરેલા પ્રાચીન આચાર્યોનો પક્ષ-પ્રતિપક્ષપણે ઉલ્લેખ જોકે કર્યો છે, તોપણ એટલાં જ પ્રમાણ ઉપરથી તેઓને સમકાલીન કલ્પી શકાય તેમ નથી. ભૂતકાળના આચાર્યોના વિષયોને પણ પોતાની સન્મુખ રહેલ પુસ્તક આદિમાં જે પ્રાપ્ત થયા હોય તેઓને પોતાની બુદ્ધિમાં ધારણ કરી લઈ પર-સ્પરના વિચારરૂપે લખી નાખવામાં આવે, એ પણ પ્રાચીન-પૂર્વકાળની એક શૈલી છે; તે ઉપરથી બીજા આચાર્યોનાં નામ તથા મતનો એક બાજુ માત્ર ઉલ્લેખ કર્યો હોય તે એમના સમકાલીનપણાને સિદ્ધ કરી શકે નહિ. વળી જ્યાં બન્નેય આચાર્યોના ગ્રંથમાં એકબીજાના નામનો ઉલ્લેખ અથવા મતપ્રદર્શન મળતાં હોય ત્યાં જે પાછળથી થયેલ હોય તેનો નિર્દેશ પહેલાં થયેલો કરે, એ સંભવે નહિ, છતાં તેમ થયેલું જોવામાં આવે ત્યાં જીવક તથા વાત્સ્ય આદિ જેવા પ્રતિસંસ્કર્તાની હયાતી-ના સ્થળે આગળપાછળના પણ બન્નેય આચાર્યોના એકબીજાના ગ્રંથોમાં નામનો તથા મતનો નિર્દેશ કરી પાછળના આચાર્યોએ પ્રતિસંસ્કાર પણ કર્યો હોય, એમ સંભવે છે; અથવા તે જ બંને આચાર્યો સમકાલીન હોવાના કારણે તેઓએ પોતે જ એકબીજાના નામ આદિનો પણ નિર્દેશ કર્યો હોય, એમ પણ ઘટી શકે છે; એ કારણે એવા પાછળથી પ્રતિસંસ્કાર પામેલા ગ્રંથોમાં એકબીજાના નામગ્રહણ આદિ જે કરેલ હોય, તે ઉપરથી એ બંને આચાર્યો એકબીજાથી આગળ-પાછળ થયા હોય કે સમકાલીન હોય, એ બાબત ઉપર સૂક્ષ્મ દૃષ્ટિથી અથવા બીજાં એવાં કોઈ સાધનો ઉપરથી વિવેચન કરવું જરૂરી છે.

તિબ્બતીય-ટિબેટની ઉપકથામાં 'તક્ષશિલા' નગરીમાં રહેલા આત્રેય પાસેથી જીવકે અધ્યયન કર્યું હતું, એવો ઉલ્લેખ મળે છે, તેથી એ બુદ્ધના સમયમાં થયેલ જીવકના ગુરુ આત્રેય જ હોવા જોઈએ એટલે કે પુનર્વસુ આત્રેય જ તે જીવકના ગુરુ હશે, એમ માનીને ચરકસંહિતાના મૂળ

આચાર્ય તે જ પુનર્વસુ આચાર્યનો પણ સમય બુદ્ધનો જ સમય હોવો જોઈએ, એમ ઘણા વિવેચનકર્તા વિદ્વાનો કલ્પના કરી રહ્યા છે; પરંતુ એ જીવકના વિષયમાં જેમ તિબેટ દેશની કથાઓ મળે છે, તેમ સિંહલ દેશની તથા બ્રહ્મદેશની પણ ઉપકથાઓ હાલ જોવામાં આવે છે, અને તે બધીયે કથાઓના અંશોમાં પરસ્પર ભિન્નતા પણ જોવામાં આવે છે; જેમ કે જીવકના અભ્યાસનું જ્યાં વર્ણન છે તે 'મહાવગ્ગ' નામના ગ્રંથના લેખ ઉપરથી તક્ષશિલામાં અમુક કોઈક જ દિશાપ્રમુખ (સર્વત્ર પ્રસિદ્ધ) આચાર્ય પાસેથી જીવકનું અધ્યયન જાણવા મળે છે; પણ એ જીવકના ગુરુ આત્રેય જ હતા, એમ સ્પષ્ટ જાણી શકાતું નથી. વળી 'ચુલ્લકસેટ્ઠિ' નામના જાતક ગ્રંથમાં પણ 'તક્ષશિલા' નગરીમાં પાંચસો માણવકના આચાર્ય 'દિશપ્રમુખ' બોધિસત્ત્વનો (જીવકના ગુરુ તરીકે) નિર્દેશ કર્યો છે, અને તેની કથામાં આમ્ર જીવકના નામનો પણ નિર્દેશ કર્યો છે.+ સિંહલ પ્રદેશની ઉપકથામાં તો ઉદ્રે પોતે જેમનો મોટો મહિમા વધાર્યો હતો, એવા 'કપલક્ષ' અથવા 'કપિલાક્ષ' નામના ગુરુ પાસે જીવકનું અધ્યયન થયું હતું, એવો ઉલ્લેખ મળે છે; જ્યારે બ્રહ્મદેશની ઉપકથામાં તોx જીવકે 'તક્ષશિલા' નગરીમાં અભ્યાસ કર્યો ન હતો, પણ વારાણસી–બનારસમાં જઈ તેણે અધ્યયન કર્યું હતું, એમ જણાવ્યું છે; એમ ઉપકથાઓમાં પરસ્પર વિરોધ જણાતો હોવાથી કઈ ઉપકથાને પ્રમાણ તરીકે સ્વીકારવી? બીજી વિરોધી ઉપકથાઓ સાથે વિવાદ ચલાવતી કેવળ તિબેટની કથાનાં વચનો સ્વીકારી લઈ આત્રેય આચાર્યને અર્વાચીન તરીકે ઉતારી પાડવાને તેમજ તેમના અર્વાચીનપણાને સિદ્ધ કરવા માટે જેઓએ ભેટ બાંધી છે, તેવા લોકોને તે ઉપકથાનાં વચનોનો આધાર જો ગમતો હોય તો ભલે ગમે; પરંતુ એવાં દુર્બળ પ્રમાણોનો આધાર લઈ ચરકસંહિતાના મૂળ આચાર્ય આત્રેય પુનર્વસુના સમયનો નિશ્ચય કરવો, તેને હું તો કેવળ દુષ્ટ સાહસ જ માનું છું.

એ આત્રેય પુનર્વસુ જીવકના જો ગુરુ હતા, તો જીવકે પોતાના આયુર્વેદતંત્રમાં એ આત્રેય પુનર્વસુને પોતાના ગુરુ તરીકે કેમ દર્શાવ્યા નથી?

'કયાહ્યુર–વિનય નામના ગ્રંથના ત્રીજા ભાગના ૬૧ મા અધ્યાયમાં (૯૨–૧૦૮ પાનાંમાં) 'જીવકકુમાર' (छवे जे सोन नु) નામના વૈદ્યરાજનું આવું આખ્યાન જોવામાં આવે છે: 'જીવકે પોતાના રાજાની પ્રાર્થના કરી પોતાની આજીવિકાના એક સાધન તરીકે આયુર્વેદીય ચિકિત્સાશાસ્ત્રનું અધ્યયન પ્રથમ કર્યું હતું અને તે પછી 'કપાલભેદન–ચિકિત્સા–વિદ્યા'નું અનુભવ સહિત જ્ઞાન મેળવવા માટે 'તક્ષશિલા' (ધ્યેન્જેગ્) નગરીમાં 'ધ્યુન્ શેકિ ભુ' (નિત્યપ્રજ્ઞ), નામના એક વૈદ્ય, કે જેને એ કપાલભેદન વિદ્યાનું વિશેષ જ્ઞાન હતું, તેની પાસે જવા માટે પોતાના રાજાને પ્રાર્થના કરી હતી. એટલે કે તેમની પાસેથી તે વિદ્યા ભણી લાવવા પ્રથમ સંમતિ મેળવી હતી; તે પછી એ નિત્યપ્રજ્ઞ વિદ્વાન પાસેથી એ આયુર્વેદીય વિદ્યાનું વિશેષ જ્ઞાન મેળવવા માટે તે જીવક ત્યાં–તક્ષશિલામાં આવી રહ્યો હતો; ત્યારે 'મારો પુત્ર આ જીવક–ત્યાં આવેલ છે, માટે તેને અધ્યયન કરવા માટેની

+ જીવક આયુર્વેદીય ચિકિત્સા વિજ્ઞાનના અધ્યયન માટે 'તક્ષશિલા' ગયો હતો; ત્યાંના આચાર્યે તેને ભણાવવા માટે સંમતિ આપી હતી; તે વખતે ઇંદ્રનું સિંહાસન ડોલવા માંડ્યું હતું; કારણ કે જીવક, પોતાના ગુરુ 'કપલક્ષ'ની પાસે અધ્યયન કરી આયુર્વેદવિદ્યામાં અતિશય નિપુણતા મેળવી રહ્યો હતો; તે પછી એ જીવકને ગૌતમ બુદ્ધે, લોકોના રોગોની ચિકિત્સા કરવા અનુમતિ આપી હતી; જુઓ મેન્યુઅલ ઑફ બુદ્ધિઝમ, બાય સ્પેન્સ હાર્ડી, પેજ ૨૩૯)

× જીવકે લોકોને આરોગ્ય અર્પણ કરવા તેમજ રોગોથી છોડાવવા માટે આયુર્વેદીય ચિકિત્સાશાસ્ત્રનું અધ્યયન શરૂ કર્યું હતું; તેણે વારાણસી–બનારસમાં જઈ કોઈક પ્રસિદ્ધ વૈદ્યનું શિષ્યપણું સ્વીકારીને તરત બહુ જ થોડા સમયમાં પોતાની પ્રતિભાશક્તિના પ્રભાવથી આયુર્વેદીય ચિકિત્સાશાસ્ત્રમાં કુશળતા મેળવી લીધી હતી. (જુઓ, લિજેન્ડ ઑફ બાર્મેઝ બુદ્ધ, બાય રાઈટ રેવરેન્ડ પી. બિગ.-ડેટ, પેજ ૧૯૭)

બધી વ્યવસ્થા અથવા ગોઠવણ તમારે કરી આપવી' એવા અભિપ્રાયનો એક કાગળ રાજા બિંબસારે, તે વેળાના 'તક્ષશિલા'ના રાજા 'પદ્મસાર' (पद्म हि ङिङ् पे) ઉપર લખી આપ્યો. તે કાગળ લઈને જીવક, તક્ષશિલા પહોંચ્યો. તે કાગળને લીધે રાજાએ 'નિત્યપ્રજ્ઞ' (द्युत् शेकि मु) નામના પોતાના વૈદ્યરાજને તે સંબંધે સલાહ કરી હતી. તેથી જીવક તે વૈદ્યરાજ પાસે વિદ્યા શીખ્યો હતો; એમ द्युत्-સદા અથવા નિત્ય:, शेकि-પ્રજ્ઞાવા; मू: सूनु: સંબન્ધી–એટલે કે જે સર્વકાળ પ્રજ્ઞાના પુત્ર અથવા તે સાથે સંબંધ ધરાવતા હતા–એવા વ્યુત્પત્યર્થને અનુસરી 'નિત્ય-પ્રજ્ઞ' અથવા તિબેટની ભાષામાં 'द्युत् शेकि मु' નામનો તક્ષશિલાનો વૈદ્યરાજ જીવકનો ગુરુ હતો. એ નિત્યપ્રજ્ઞ કપાલભેદન–ચિકિત્સાવિદ્યામાં વિશેષ પ્રસિદ્ધ હતો. તિબેટની એ મૂળ કથાને અનુસરી જોઈએ તો જીવકનો વિદ્યાગુરુ 'નિત્યપ્રજ્ઞ' નામે એક વૈદ્યરાજ હતા, જે તક્ષશિલાના વતની તથા દિશાપ્રમુખ એટલે કે બધી દિશાઓમાં પ્રસિદ્ધ ગણાતા હતા. મહાપંડિત રાહુલ સાંકૃત્યાયને પાલી-ભાષામાંથી હિંદી ભાષામાં જેનો અનુવાદ કર્યો છે, તે 'વિનયપિટક' નામના એક ગ્રંથમાં પણ આમ લખ્યું છે કે, 'उस समय तक्षशिलामें (एक) दिशा-प्रमुख–એટલે વિગન્તપ્રસિદ્ધ વૈદ્ય રહતા થા. (જુઓ પૃષ્ઠ ૨૬૭) એ ઉપરથી જીવકના ગુરુ આત્રેય હતા, એમ માની શકાતું નથી. જોકે તિબેટની ઉપકથાના આધારે જીવકના ગુરુ આત્રેય હતા, એમ જણાય છે; એ રીતે કેટલાક વિદ્વાનો કહે પણ છે; પરંતુ એ વિદ્વાનોને બીજું બળવાન પ્રમાણ વિચારવાનું સ્થાન તો બને જ છે.

વળી બીજું આત્રેય પુનર્વસુએ અગ્નિવેશને જ્યાં ઉપદેશ આપ્યો હતો, તે સ્થાન તો 'जनपद-मण्डले पांचालक्षेत्रे काम्पिल्यराजधान्याम्'–જનપદ મંડલમાં આવેલ પાંચાલક્ષેત્રમાં 'काम्पिल्य' નામની રાજધાનીમાં હતું, એવો નિર્દેશ કરેલ હોવાથી કાંપિલ્યનો પ્રદેશ જ હતો, એમ સ્પષ્ટ જ થાય છે. જો કદાચ બુદ્ધના સમયમાં થયેલા જીવકના ઇતિહાસરૂપ તિબેટની કથાઓના જાતક આદિ ગ્રંથોમાં 'तक्षशिला' નગરીમાં આત્રેય પાસેથી જીવકે અધ્યયન કર્યું હતું, એવો ઉલ્લેખ મળે છે, તે ઉપરથી 'तक्षशिला'નો અધ્યાપક આત્રેય તે જ અગ્નિવેશના અધ્યાપક હોવા જોઈએ, તો 'तक्षशिला'નો ઉલ્લેખ અગ્નિવેશસંહિતામાં કેમ જોવામાં ન આવે? વળી તક્ષશિલાના પ્રદેશમાં ભોંયરામાં પ્રાચીન ત્રણ નગરો જે નીકળ્યાં હતાં, તેના દક્ષિણ ભાગમાં રહેલો 'विर्माउण्ड' નામનો જે ભાગ છે તે પૂર્વકાળનો હોઈ ઈ. પૂર્વેના ૧૦૦૦–૧૨૦૦ સમયથી માંડી પ્રસિદ્ધ થયો હતો, એમ ઇતિહાસના જાણકારો કહે છે. વ્યાકરણકર્તા પાણિનિએ પણ (सिन्धुतक्षशिलादिभ्योऽणञौ (४–३–९३मा) સૂત્રમાં 'तक्षशिला' નગરીનો નિર્દેશ કર્યો છે; વળી બુદ્ધના સમયની પહેલાંના સમયમાં પણ તક્ષશિલામાં વિદ્યાનો પ્રચાર હતો, એમ ઇતિહાસવેત્તાઓ વર્ણવે છે. મગધદેશનો વતની જીવક અને કાશીનો રાજા બ્રહ્મદત્ત પણ તક્ષશિલામાં વૈદ્યકશાસ્ત્રનું અધ્યયન કરવા માટે 'तक्षशिला' નગરીમાં આવ્યા હતા, એવો ઉલ્લેખ મળે છે. તે ઉપરથી તે કાળે 'तक्षशिला' નગરી બીજી વિદ્યાઓની પેઠે આયુર્વેદીય વિદ્યાનું પણ એક મુખ્ય વિદ્યાપીઠ હતું, એમ 'महावग्ग–जातक' આદિ બૌદ્ધ ગ્રંથોના લેખો ઉપરથી પણ ખરેખર સ્પષ્ટ થાય છે; છતાં પુનર્વસુ આત્રેય અને તેમના શિષ્ય અગ્નિવેશ પણ જો તે સમયના હોત તો આત્રેયસંહિતાના કર્તાએ કે અગ્નિવેશસંહિતાના કર્તાએ એવા પ્રકારની પ્રસિદ્ધ વિદ્યાપીઠરૂપ એ 'तक्षशिलानुं' નામ ગ્રહણ પણ કર્યું ન હોત' તે અગ્નિવેશની સંહિતામાં આત્રેય-પુનર્વસુનાં જેટલાં ઉપદેશસ્થાનો× વર્ણવેલાં છે,

× અગ્નિવેશસંહિતામાં આત્રેય પુનર્વસુએ જ્યાં જ્યાં ઉપદેશ કર્યો છે, તે સ્થાનો આમ કહ્યાં છે: પ્રથમ 'पार्श्वे हिमवतः शुभे'–હિમાલયની શુભ તળેટી પર; પછી આગળ જતાં 'वने चैत्ररथे रम्ये–ચૈત્રરથ નામના સુંદર વનમાં' તે પછી 'जनपद-मण्डले पाञ्चालक्षेत्रे काम्पिल्यराजधान्यां शिष्यमग्निवेश-मब्रवीत्'–જનપદમંડલમાં આવેલ પાંચાલક્ષેત્રમાં કાંપિલ્યની રાજધાનીમાં આત્રેયે અગ્નિવેશ શિષ્યને ઉપદેશ કર્યો હતો.' પછી 'पञ्चगङ्गे पुनर्वसुम्'–પંચ-

તેમાંના એકમાં પણ 'તક્ષશિલા'નું સ્મરણ કર્યું નથી; એવા પ્રકારની અતિશય પ્રસિદ્ધ તક્ષશિલાનું ગ્રહણ કર્યા વિના કાંપિલ્ય આદિમાં રહીને આત્રેયે અગ્નિવેશ આદિને ઉપદેશ કર્યાનો જે ઉલ્લેખ મળે છે, તે ઉપરથી સાબિત થાય છે કે તે આત્રેય તથા અગ્નિવેશ આદિના સમયમાં 'તક્ષશિલા'ની પ્રસિદ્ધિ જ ન હતી. એ તક્ષશિલા જ્યારે વિદ્યાપીઠરૂપે જાહેર થઈ હતી, તે સમયની પહેલાં જ કાંપિલ્યમાં આત્રેય-પુનર્વસુએ અગ્નિવેશને ઉપદેશ કર્યો હતો, એમ જણાય છે. વેદના સમયથી માંડી કાંપિલ્ય દેશ જ ખરેખર પ્રસિદ્ધ હતો. શુક્લ યજુર્વેદની તૈત્તિરીય, મૈત્રાયણીય અને કાઠકસંહિતાઓમાં 'કાંપિલ્ય' શબ્દ મળે છે; તેમ જ 'પાંચાલ' શબ્દ પણ વેદોમાં, બ્રાહ્મણગ્રંથોમાં તથા ઉપનિષદોમાં પણ જોવામાં આવે છે;* એ પ્રમાણે વેદોમાં બ્રાહ્મણ ગ્રન્થોમાં, ઉપનિષદોમાં કે પ્રાચીન ગ્રન્થોમાં ક્યાંય પણ તક્ષશિલાનો ઉલ્લેખ દેખાતો નથી.× મહાભારતમાં પણ આરંભમાં તથા ઉપસંહારમાં જ અને+ રામાયણમાં પણ ઉત્તરકાંડમાં જ તક્ષશિલાનો ઉલ્લેખ મળે છે, તે ઉપરથી તક્ષશિલાનું અસ્તિત્વ વેદના કાળ પછીનું જ સ્પષ્ટ જણાય છે; એમ કેવળ આત્રેય પુનર્વસુએ તથા અગ્નિવેશે પોતપોતાની સંહિતાઓમાં ક્યાંયે 'તક્ષશિલા'નો ઉલ્લેખ કર્યો નથી, એમ નથી; પરંતુ અનેક દેશોનું વર્ણન કરતાં મારીચ કાશ્યપે તથા તેમના શિષ્ય વૃદ્ધજીવકે પણ 'તક્ષશિલા'નો ક્યાંયે ઉલ્લેખ કર્યો નથી; અથવા સુશ્રુતસંહિતામાં કે ભેડસંહિતામાં પણ 'તક્ષશિલા'નું નામ ક્યાંય પણ મળતું નથી. બુદ્ધના સમયમાં થયેલા જીવક આચાર્યે જ કેવળ 'આત્રેય' શબ્દ મૂકીને તે આત્રેય તક્ષશિલામાં હતા, એમ દર્શાવ્યું છે; પરંતુ ચરકસંહિતાના મૂળ આચાર્ય 'આત્રેય'ને તો 'પુનર્વસુ આત્રેય' એવા વિશેષણયુક્ત નામથી અને 'કાંપિલ્ય' સ્થળના રહેવાસી તરીકે બતાવવામાં આવે છે એવો સ્પષ્ટ તફાવત જણાય છે. વળી જો એ જીવક તથા અગ્નિવેશ એક જ આત્રેયના બે શિષ્યો હતા તો જીવકની કથામાં એવા પોતાના મુખ્ય સહાધ્યાયી અગ્નિવેશનું નામ કેમ લખ્યું ન હતું? અને અગ્નિવેશના લેખમાં પણ એવા પ્રખર બુદ્ધિશાળી અને પ્રસિદ્ધ પોતાના સહાધ્યાયી તે જીવકનું નામ કેમ દર્શાવ્યું નહિ તું? વળી અગ્નિવેશના આચાર્ય પુનર્વસુ આત્રેય કેવળ કાયચિકિત્સાના જ આચાર્ય હતા, એમ જણાય છે તેથી અગ્નિવેશ આદિ તેમના શિષ્યોએ તે કાયચિકિત્સાના જ વિષયવાળી સંહિતા રચી છે; જ્યારે જીવકના આચાર્ય તો કાયચિકિત્સાના તો આચાર્ય હતા જ, પરંતુ તે કરતાં યે વિશેષ શલ્યશાસ્ત્રમાં પણ સારી રીતે કુશળ હોઈ પ્રસિદ્ધ થયા હતા, એમ તેમના શિષ્ય જીવકની ચિકિત્સાક્રિયાની

ગંગાના પ્રદેશ પર પુનર્વસુ આત્રેયને અગ્નિવેશે પૂછ્યું હતું; તેમ જ 'कैलासे नन्दनोपमे'–નંદનવન જેવા કૈલાસ પર આત્રેયે અગ્નિવેશને ઉપદેશ કર્યો હતો. (આ બધાં ઉપદેશસ્થળો અગ્નિવેશસંહિતામાં ક્રમશઃ પૃષ્ઠ ૫, ૧૨૯, ૨૩૬, ૪૨૪ અને ૪૮૦ પર મળે છે.)

* યજુર્વેદના ૨૩મા અધ્યાયના ૧૮મા મંત્રમાં 'अम्बे अम्बिके...सुभद्रिकां काम्पीलवासिनीम्'–એમ 'काम्पील' દેશમાં વસનારી કહીને કાંપિલદેશ દર્શાવ્યો છે. અને शतपथ બ્રાહ્મણમાં 'पञ्चालानां समितिमेयाय'–પાંચાલદેશના ક્ષત્રિયોની સભામાં તે ગયો હતો.' એમ કહી 'પાંચાલ' દેશનો ઉલ્લેખ કર્યો છે.

× હાલમાં જે મહાભારત મળે છે, તેમાં આદિપર્વમાં ત્રીજા અધ્યાયમાં બે વાર 'તક્ષશિલા' શબ્દ દેખાય છે; અને સ્વર્ગારોહણપર્વમાં પાંચમા અધ્યાયમાં પણ 'तक्षशिला' શબ્દ જોવામાં આવે છે. આદિપર્વના પહેલા સર્ગમાં ૫૫મા શ્લોક 'गुरवे प्राङ् नमस्कृत्य'–થી માંડી મહાભારતનો આરંભ થાય છે; તેની પહેલાંનો ભાગ તો સૂતે પાછળથી વધાર્યો છે, એમ મહાભારતવિમર્શમાં મેં દર્શાવ્યું છે. (જુઓ ભાંડારકર, ઓરિયેન્ટલ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂશન, વૉલ્યુમ XVI પાર્ટ III,IV માં મેં દર્શાવ્યું છે.)

+ રામાયણમાં ઉત્તરકાંડના ૧૧૪મા અધ્યાયમાં ૨૦૧મા શ્લોકમાં 'તક્ષશિલા' શબ્દનો પ્રયોગ મળે છે.

પદ્ધતિ ઉપરથી સ્પષ્ટ થાય છે; એમ વિદ્વાને લગતા શાસ્ત્રના જાણકારપણામાં પણ તે બંનેના બન્ને આચાર્યોમાં તફાવત સાબિત થાય છે, તે ઉપરથી પણ અગ્નિવેશના ગુરુ આત્રેય એ પુનર્વસુ આત્રેય કેવળ કાયચિકિત્સાના આચાર્ય જુદા હતા. અને જીવકના ગુરુ આત્રેય કાયચિકિત્સા ઉપરાંત શલ્યશાસ્ત્રના પણ પારગામી તરીકે જુદા હતા–એમ તે બન્ને આત્રેયોરૂપ વ્યક્તિનો ભેદ સિદ્ધ કરી બતાવવામાં આવે છે; એમ જોવા ઉપરથી તક્ષશિલાની ચઢતીની પહેલાંનો એ કાશ્યપ, આત્રેય, અગ્નિવેશ, ભેડ તથા દિવોદાસ આદિનો આયુર્વેદીય વિદ્યાનો ઉપદેશ કરવાનો, ગ્રહણનો તથા ધારણ કરવાનો સમય હતો, એમ કેમ કહી ન શકાય ? એમ પાણિનીય વ્યાકરણમાં કચ્છાદિગણ (૧–૨–૧૩૩)માં અને તક્ષશિલાદિગણ (૪–૩–૯૩)માં દેખાતા પશ્ચિમના પ્રસિદ્ધ દેશને કહેનાર 'કાશ્મીર' શબ્દનો પ્રયોગ વેદ તથા બ્રાહ્મણ ગ્રંથમાં જેમ મળતો નથી, તેમ આત્રેયની તથા અગ્નિવેશની સંહિતામાં પણ કયાંયે (એ શબ્દનો પ્રયોગ) મળતો નથી. એ ઉપરથી તે કાળે કાશ્મીર દેશ જોકે અસ્તિત્વ ધરાવતો હશે, તોપણ વિદ્યાપીઠ તરીકેની પ્રસિદ્ધિ થયા પહેલાંનો તેનો એ અસ્તિત્વકાળ ગૌણ સ્વરૂપે હશે, એમ જણાય છે; એમ જો ન હોય તો કાંપિલ્ય અને પાંચાલદેશની આસપાસના પ્રદેશ પર પ્રકટ થયેલી આત્રેયસંહિતામાં કાંપિલ્ય આદિની ખૂબ નજીકમાં રહેલ અને તેવા પ્રકારે પ્રસિદ્ધ છતાં તે કાશ્મીર દેશનો ઉલ્લેખ જે કયાંય પણ કરેલ નથી, એ શું આશ્ચર્ય નથી ઉપજાવતું ?

એમ તિબેટની તે ઉપકથાનું પ્રમાણપણું સ્વીકારી લઈ જીવકના આચાર્ય તરીકે આત્રેયનો પણ સ્વીકાર કરવામાં આવે તોપણ ગોત્રને જણાવનાર 'આત્રેય' શબ્દ દ્વારા અનેક વ્યક્તિઓનો 'આત્રેય' તરીકે વ્યવહાર દેખાતો હોવાથી માત્ર ગોત્રવાચી 'આત્રેય' શબ્દને ગ્રહણ કરીને પણ તે જ એ આત્રેય પુનર્વસુ (જીવકના વિદ્યાગુરુરૂપે) હતા, એવો નિશ્ચય કરી શકાતો નથી; પરંતુ બૌદ્ધોના તે ગ્રંથમાં જણાવેલ જીવકના અધ્યયનના સ્થાન તરીકે બતાવેલી તક્ષશિલાના અધ્યાપક તરીકે તિબેટની તે ઉપકથાના આધારે જણાતા એ આત્રેય પુનર્વસુ આત્રેયથી પાછળ જ થયેલા હોઈને બુદ્ધના સમયમાં થયેલા હોવા જોઈએ, અને તે પુનર્વસુ આત્રેય જુદા જ હોવા છતાં ગોત્રવાચી નામ ઉપરથી 'આત્રેય' તરીકે વ્યવહાર કરાયેલા હોવા જોઈએ, એમ કલ્પના કરી શકાય છે રાજર્ષિ વાર્યોવિદ, બુદ્ધના સમયમાં અથવા તેમના પછી થયા હતા, એમ કોઈ પણ ઇતિહાસમાં જાણવા મળતું નથી, છતાં અમે તો પ્રથમ આમ કહી ગયા કે વાર્યોવિદ અને પુનર્વસુ આત્રેય બંને સમકાલીન હતા અને મારીચ કશ્યપની સાથે તેમનો સમય નજીકનો હોઈ તે ઉપનિષદોનો કાળ હતો; તે ઉપરથી આત્રેય પુનર્વસુનો સમય બુદ્ધના કાળનો હતો, એમ નક્કી કરવા માટે જે સાધનનો આશ્રય લેવાયો છે, તે દુર્બળ જણાય છે.

અગ્નિવેશ સંબંધે વિચાર

ચરકસંહિતામાં આત્રેય પુનર્વસુના મુખ્ય શિષ્ય તરીકે 'અગ્નિવેશ'ને દર્શાવ્યા છે અને ભેડ વગેરેને તેમના સહાધ્યાયી તરીકે કહ્યા છે, તે ઉપરથી એ અગ્નિવેશ વગેરે બધાયે તે આત્રેય પુનર્વસુના સમકાલીન જ હોય, એમ માનવું યોગ્ય લાગે છે.

અગ્નિવેશની સંહિતામાં તક્ષશિલાનો ઉલ્લેખ નથી; પરંતુ 'સિન્ધુતક્ષશિલાદિભ્યોઽણઞૌ (૪–૩, ૯૩) એ પાણિનીય સૂત્રમાં તક્ષશિલાનો ઉલ્લેખ મળે છે; વળી પાણિનિ મુનિએ 'ગર્ગાદિભ્યો યઞ્' (૪–૧–૧૦૫) એ સૂત્રોક્ત ગર્ગાદિગણમાં જતૂકર્ણ, પરાશર તથા અગ્નિવેશ શબ્દોનો ઉલ્લેખ કર્યો છે, તે ઉપરથી અગ્નિવેશનો સમય પાણિનિ મુનિથી પણ પહેલાંનો જાણી શકાય છે. જોકે પાણિનિ મુનિ વિરચિત તે તે ગણોમાં સમાન વર્ગના જ શબ્દો બતાવવામાં આવે છે, એવો કોઈ નિયમ નથી; તોપણ ભાષાની પ્રગતિની દૃષ્ટિએ લગભગ એક જાતના શબ્દોમાં પ્રત્યય આદિની એકરૂપતા હોવાને લીધે શબ્દોનો લગભગ એક આકાર થતો જોવામાં આવે છે; જેથી એ પાણિનિ મુનિએ કહેલા શબ્દોના ગણોમાં તે તે

ઋષિઓ, દેશો, નદીઓ, નદો, નગરો તથા પ્રાણીઓ આદિના વર્ગોને લગતા શબ્દો એકી સાથે ગ્રહણ કરેલા લગભગ જોવામાં આવે છે અને એ ગણાદિ-ગણમાં જાતૂકર્ણ, પરાશર અને વૈદ્યને લગતી ચિકિત્સાને જણાવતા શબ્દોનો પાઠ છે, તેથી તેઓની સમીપમાં સાથે પાઠને પામેલો 'પરાશર' શબ્દ કોઈ વૈદ્ય-આચાર્યને જણાવનાર હોવો જોઈએ; અને તે જ પ્રમાણે એ ગણમાં પ્રવેશેલો 'અગ્નિવેશ' શબ્દ પણ સમાનન્યાયે કરી આત્રેય-ના શિષ્ય વૈદ્ય-આચાર્ય અગ્નિવેશને જણાવનાર લગભગ સંભવે છે અને એમ જો હોય તો અગ્નિ-વેશ આચાર્ય પાણિનિના કરતાં પણ પહેલાં થયેલા હોવા જોઈએ, એમ સાબિત થાય છે.

આ જ ઉપોદ્ઘાતના લેખમાં પ્રથમ આચાર્ય-પરિચ્છેદ પૃષ્ઠ ૩૦માં હેમાદ્રિ-લક્ષણપ્રકાશમાંથી ઉતા-રેલા શાલિહોત્રના શ્લોકોમાં આયુર્વેદના રચયિતા આચાર્યોની જે નામાવલિ લખી છે, તેમાં અગ્નિવેશના તથા હારીત, ક્ષારપાણિ, જાતૂકર્ણ અને પરાશર આદિ તેમના સહાધ્યાયીઓ તરીકે જાણીતા આચાર્યોનાં અને આચાર્ય આત્રેયના પણ નામનો ઉલ્લેખ કરેલો દેખાય છે; વળી 'પાલકાપ્ય' આચાર્યે રચેલા 'હસ્તિ-આયુર્વેદ'માં પણ ચોથા સ્થાનના ચોથા અધ્યાયમાં જુદા જુદા સ્નેહોનું જ્યાં વર્ણન કર્યું છે, તેમાં અગ્નિવેશના મતનો પણ ઉલ્લેખ કર્યો છે; જેમ કે, 'नवनीतं घृतं मस्तिष्कं मज्जा तैलं फलतैलं मेदो वसा शुक्रम्-इत्येते नव स्नेहविशेषाः, तत्र शुक्रमस्तिष्कव्यपेता गार्ग्यः प्रोवाच, प्रयोगतः स्नेहान् सताग्निवेशः, चतुरः स्नेहांस्तेषां प्राह गौतमः-सर्पि. स्तैलं, वसा, मज्जा चेति, भरद्वाजस्तु स्थावरजङ्गमौ द्वौ त्रिशोषौ प्राह-માખણ, ઘી, મસ્તિષ્ક-મગજ, મજ્જા, તેલ, ફળોનું તેલ, મેદ, વસા-ચરબી અને વીર્ય-એમ નવ જુદા સ્નેહો છે; તેમાંના શુક્ર-વીર્ય તથા મસ્તિષ્ક એ બેને કાઢી નાખી સાત સ્નેહો છે, એમ ગાર્ગ્ય કહે છે; અગ્નિવેશ પણ પ્રયોગની દૃષ્ટિએ (ગાર્ગ્યના મત પ્રમાણે જ) સાત સ્નેહો કહે છે; જ્યારે ગૌતમ, એ સાત સ્નેહોમાંથી ત્રણ-માખણ, ફલતૈલ અને મેદને કાઢી નાખી ઘી, તેલ, વસા અને મજ્જા-એમ ચાર સ્નેહો કહે છે; અને ભરદ્વાજ તો સ્થાવર તથા જંગમ-એમ બે જ પ્રકારના સ્નેહોને કહે છે (જુઓ પાલકાપ્યકૃત હસ્તિ-આયુર્વેદ, પૃષ્ઠ ૫૮૧); ચરક-સંહિતામાં પુનર્વસુ આત્રેયના મતે બે પ્રકારના સ્નેહો જે કહ્યા છે તે ભરદ્વાજના મતનો આશ્રય લઈને કહ્યા છે. એ ચાર પ્રકારના સ્નેહો જે દર્શાવ્યા છે, તે ગૌતમના મતના આધારે કહ્યા છે, એમ પાલકાપ્યમાં જણાવ્યું છે; પરંતુ પાલ-કાપ્યમાં પ્રયોગની દૃષ્ટિએ સાત પ્રકારના સ્નેહો જે કહ્યા છે; તે અગ્નિવેશના મતના આધારે કહ્યા છે. હાલમાં જે ચરકસંહિતા મળે છે, તેમાં (ચાર સિવાયના) જુદા જુદા બીજા સ્નેહોનો પણ ઉલ્લેખ જોકે છે, તોપણ ખાસ કરી ચાર સ્નેહોના જ પ્રયોગો જોવામાં આવે છે; છતાં એ તફાવત જે દેખાય છે, તે ચરકસંહિતાનો જ્યારે સંસ્કાર કરાયો હશે, ત્યારે થયો હશે?

પૂર્વકાળના વેદો તથા વેદોનાં અંગોના વિષયો-માં જેમ જ્ઞાન ધરાવતા હતા, તેમ કેટલાક એ પ્રાચીન ઋષિઓ આયુર્વેદના વિષયોમાં પણ જ્ઞાન ધરાવતા હતા, એમ તે તે ગ્રન્થમાં મળતા વિષયો દ્વારા જણાય છે. જો કે તેમાંના અનેક ઋષિઓ સમાન નામવાળા પણ હોય, એવું પણ સંભવે છે; જેમ કે 'मज्झिमनिकाय' નામના બૌદ્ધ-ગ્રન્થમાં ગૌતમ બુદ્ધની સાથે આધ્યાત્મિક ચર્ચા કરવા તત્પર થયેલો 'સચ્ચક (सत्यक)' નામનો એક નિગણ્ઠ (નિર્ગ્રન્થ) નાથનો પુત્ર પણ ગોત્ર-પરક 'અગ્નિવેશ' એવા શબ્દથી તેનો નિર્દેશ કરેલો મળે છે; તેમાં સાધક-બાધક જુદાં જુદાં પ્રમાણો જો ન મેળવાય તો 'તે જ એ અગ્નિવેશ આ હોય નહિ!' એવો નિશ્ચય કરી શકાય નહિ; અને અમુક વિશેષવ્યક્તિનો નિશ્ચય કરી તેમના સંબંધે સંભાવના દૃઢ કરવા માટે બીજાં સાધનોના વિકાસની જરૂર રહે જ છે; તોપણ બ્રાહ્મણગ્રન્થોના તથા ઉપનિષદોને લગતા કાળમાં થયેલા તરીકે સાબિત કરેલા દિવોદાસ, પ્રતર્દન આદિ આચાર્યો કરતાં બહુ જ દૂરના સમયમાં આત્રેય થયા નથી, પણ તેઓના નજીકના જ કાળમાં થયેલા છે, એમ પ્રથમ દર્શાવેલ છે, તેથી આત્રેયના શિષ્ય અગ્નિવેશ

પણ તે આત્રેયના જ કાળમાં થયેલા હોવા જોઈએ; વળી શતપથ-બ્રાહ્મણગ્રન્થમાં આયુર્વેદને લગતા વિષયો પણ મળે છે, તેમ જ તે અગ્નિવેશના વંશને દર્શાવતા બ્રાહ્મણ ગ્રન્થ-શતપથ બ્રાહ્મણમાં 'અગ્નિવેશાદાગ્નિવેશ્યઃ'-અગ્નિવેશથી 'અગ્નિવેશ્ય' નામનો તેમનો પુત્ર થયો હતો' એમ 'અગ્નિવેશ્ય' નામના તે અગ્નિવેશના પુત્રને દર્શાવ્યો છે અને તે અગ્નિવેશ્યના પૂર્વપુરુષ તરીકે જે જણાય છે, તે જ અગ્નિવેશ શું આ (બૌદ્ધગ્રન્થમાં જણાવેલ) શું હશે? એમ પણ ઘણી વાર સંશય થવાનો સંભવ રહે છે.

આ આયુર્વેદીય શાસ્ત્રમાં આત્રેય એ પરમશ્રેષ્ઠ આચાર્ય કહેવાય છે; તેમના છ શિષ્યો અગ્નિવેશ વગેરે મુખ્ય ગણાય છે; તેઓએ પોતાના ગુરુ-એ આત્રેયના ઉપદેશો સ્વીકારીને તેમ જ તેમની આત્રેયસંહિતાનાં વચનો ગ્રહણ કરીને પોતપોતાના વિશેષ વિચારોની ગૂંથણીથી યુક્ત અલગ અલગ પોતપોતાની સંહિતાઓ પ્રકટ કરી છે; તેઓમાં અગ્નિવેશ મુખ્ય તંત્રકર્તા તરીકે પ્રસિદ્ધ હોવાથી અને ચરકસંહિતાના આરંભના ઉલ્લેખ ઉપરથી અગ્નિવેશનું તંત્ર, બીજાઓનાં બધાં તંત્રો કરતાં પ્રધાન અથવા મુખ્ય તરીકે (તે કાળે) હતું, એમ જણાય છે; જેમ આકાશનો મધ્યમાણુ-સૂર્ય જોકે એક જ છે, તોપણ તેની પ્રભા અથવા કાન્તિ, તે તે પ્રદેશોના તારતમ્યને લઈને પ્રતિબિંબમાં પણ ઓછી-વધતી જણાય છે, તે પ્રમાણે આત્રેયના ઉપદેશો પણ અગ્નિવેશ, હારીત, ક્ષારપાણિ વગેરે વિદ્વાન શિષ્યોના અંતઃકરણોમાં પડીને જવું, જેનું ગ્રહણ, ધારણ, મનના પ્રયોગ તથા જુદા જુદા અનુભવોમાં ભિન્નતા હોય, તેને અનુસરી વિશેષ સ્વરૂપે નાનાં મોટાં જુદાં જુદાં તંત્રોની રચના કરવામાં કારણરૂપ થયા હતા-તે બધાંય તંત્રોમાં અગ્નિવેશે રચેલું આયુર્વેદતંત્ર સર્વ કરતાં પ્રથમ અને ઉત્તમ તરીકે લોકમાં જાહેર થયું હતું; એ જ અગ્નિવેશના તંત્રમાં ચરક આચાર્યે જ્યારે સંસ્કાર કર્યો હતો, ત્યારે સર્વત્ર તે પ્રસિદ્ધિને પામ્યું છે; એ અગ્નિવેશતંત્ર અથવા ચરકસંહિતાની એ જ વિશિષ્ટતા છે, કે તેનો જેવો પ્રચાર થયો છે, તેના કરતાં હારીત, ક્ષારપાણિ વગેરે બીજા આચાર્યોના ગ્રન્થોનો પ્રચાર બહુ જ વિરલ થયો છે અને હાલમાં તેમાંનાં કેટલાંક તંત્રોનો વિલોપ થવામાં પણ એ અગ્નિવેશતંત્રની વિશિષ્ટતા પણ ખરેખર કારણરૂપ થયેલ છે.

વળી 'લલિત-વિસ્તર' નામના એક બૌદ્ધ ગ્રન્થના પહેલા અધ્યાયમાં 'अन्यतीर्थिकश्रमणब्राह्मणचरकपरिव्राजकानाम्'-બીજા ધર્મોના શ્રમણો, બ્રાહ્મણો, ચરકો તથા પરિવ્રાજકો સંન્યાસી ઇત્યાદિ કહીને શ્રમણ આદિની પંક્તિમાં કેટલાક ફર્યા કરવાનો સ્વભાવ ધરાવતા તપસ્વીઓને જણાવનાર 'चरक' ત્યાં મળે છે.

ચરક સંબંધે વિચાર

આત્રેય પુનર્વસુનો ઉપદેશ ગ્રહણ કરી રચાયેલી અગ્નિવેશસંહિતાનો પાછળથી ચરક આચાર્યે સંસ્કાર કર્યો છે, એવો ઉલ્લેખ મળે છે. એ ચરક આચાર્ય કોણ હતા? તેમનો સમય કયો હતો? એ વિષે જ્યારે વિચાર કરવામાં આવે છે, ત્યારે જોકે તે તે ગ્રંથોમાં 'ચરક' શબ્દનો જે પ્રયોગ કર્યો છે, તેનો તે તે ગ્રંથોમાં જુદા જુદા અનેક પ્રકારના અર્થો જણાય છે અને તે તે જુદા જુદા તેના અર્થો મળે પણ છે.* તોપણ અમુક તે કોઈ અર્થ ગ્રહણ કરી વૈદ્યોના આચાર્ય 'ચરક' નામે તે પ્રસિદ્ધ હતા અથવા તે નામે અમુક કોઈ આચાર્ય હતા, એમ નક્કી કરીને તે સંબંધે બરાબર કહી શકાતું નથી.×

* જેમ કે કૃષ્ણ યજુર્વેદની એક શાખા 'ચરક'ને નામે પ્રસિદ્ધ છે. એ 'ચરક' શાખાનું અધ્યયન કરનારા બ્રાહ્મણોનો પણ 'ચરક' નામે ઉલ્લેખ 'શતપથ' બ્રાહ્મણ આદિ ગ્રંથોમાં જોવામાં આવે છે.

× 'વરાહમિહિર' નામના બૌદ્ધ આચાર્યે 'બૃહજ્જાતક' નામના ગ્રંથમાં ૧૫-૧મા પ્રવ્રજ્યા અથવા બૌદ્ધદીક્ષારૂપ યોગનું વર્ણન કરતાં આમ લખ્યું છે: 'शाक्या जीविकभिक्षुवृद्धचरका निर्ग्रन्थबन्याशनाः'-શાક્ય-બૌદ્ધ સાધુઓ જીવિક, ભિક્ષુ, વૃદ્ધ તથા ચરક એ નામે પ્રસિદ્ધ હોઈને નિર્ગ્રંથ હોય છે, એટલે કે સર્વ પરિગ્રહથી રહિત હોય

ભાવપ્રકાશમાં આયુર્વેદના આચાર્યોનું જ્યાં વર્ણન કર્યું છે, ત્યાં અંગ સહિત વેદોને તથા અથર્વવેદમાં આવતા આયુર્વેદને જાણતાં 'શેષ'-નાગ આ પૃથ્વીનું વૃત્તાંત જાણવા માટે 'ચરક' ના રૂપે જ્યારે અવતર્યા હતા, ત્યારે તે અવતાર-સ્વરૂપ ચરક આચાર્ય, વેદો તથા વેદોનાં અંગોને જાણનાર કોઈક મુનિના પુત્રરૂપે અવતરી આયુર્વેદના જાણકાર બન્યા હતા અને 'चर इव'–કોઈ ગુપ્તચર–જાસૂસ હોય તેમ આ પૃથ્વી પર વિચરી રહ્યા હતા, એ વ્યુત્પત્તિના આધારે 'चरक' એ નામે પ્રસિદ્ધ થયા હતા. તેમણે આત્રેયના શિષ્યો–અગ્નિવેશ આદિએ રચેલાં આયુર્વેદીય તંત્રો એકત્ર કરી તેઓનું સંસ્કરણ સંશોધન કર્યું છે અને તેમાં સુધારાવધારા કરી 'ચરકસંહિતા' નામનો ગ્રંથ રચ્યો છે' એવું ચરકનું ઐતિહાસિક વૃત્તાંત ભાવપ્રકાશ ગ્રંથકારે લખેલું (ભાવપ્રકાશ ગ્રંથમાં) મળે છે.×

'ચરક' એ શબ્દ (તે નામના એક) વૈદ્ય-રૂપ અર્થને જણાવે છે, જેથી એક બે સ્થળે તે નામે બીજી કોઈ વ્યક્તિ ભલે જણાતી હોય, તોપણ 'चरक' શબ્દનો વ્યવહાર (ચરકસંહિતા વગેરેમાં તે નામના એક) વૈદ્ય તરીકેનો જ જોવામાં આવે છે, એમ પણ કેટલાક વિદ્વાનો વર્ણવે છે; પરંતુ 'चरक' શબ્દનો પ્રયોગ વૈદ્યના પર્યાય તરીકે જો થઈ શકતો હોય તો અભિધાન ગ્રંથરૂપ શબ્દ-

---

અને વનમાં થતાં ફળ આદિનો આહાર કરનારા હોય છે.' એમ ત્યાં 'चरक' શબ્દ ગ્રહણ કર્યો છે. અને 'ભટ્ટોત્પલ' નામના બૌદ્ધ ટીકાકારે તેનો અર્થ 'चरकश्चक्रधरः'–ચરક એટલે ચક્રની નિશાની ધારણ કરનાર એવો અર્થ લખ્યો છે; પરંતુ 'રુદ્ર' નામના ટીકાકારે 'चरका योगाभ्यासकुशला मुद्राधारिणश्चिकित्सानिपुणाः पाखण्डभेदाः'–જેઓ યોગાભ્યાસ કરવામાં કુશળ હોય, ચક્ર-મુદ્રાને ધારણ કરે અને વૈદ્યકીય ચિકિત્સા કરવામાં હોંશિયાર હોય એવા એક પ્રકારના જે પાખંડીઓ હોય છે, તેઓ 'ચરક' નામે કહેવામાં આવે છે.

'શ્રીહર્ષ' નામના મહાકવિએ 'નૈષધચરિત' નામના પોતાના મહાકાવ્યમાં (૪–૧૧૬)માં 'देवार्कर्णय सुश्रुतेन चरकस्योक्तेन जानेऽखिलम्'–એ શ્લોકમાં 'હે દેવ! તમે સાંભળો; એક ચરક એટલે ગુપ્તચર જાસૂસે મને (ખાનગીમાં) જે કહ્યું છે, તે મેં બરાબર સાંભળ્યું છે, તેથી હું તે બધું જાણું છું.' એમ શ્રીહર્ષ કવિએ 'चरक' શબ્દનો અર્થ ગુપ્તચર અથવા જાસૂસ એવો કર્યો છે.

વળી 'ब्रह्मणे ब्राह्मणमिति'–એ તૈત્તિરીયસંહિતાના મંત્રમાં 'चरकाचार्य' એવું જે પદ મૂક્યું છે, તેની ઉપર ભાષ્યકર્તા સાયને 'वंशाग्रनर्तकः'–વાંસની અણી પર નૃત્ય કરનાર અમુક કોઈ એક આગળ પડતો નટ એવો અર્થ લખીને 'चरक' શબ્દનો અર્થ 'અમુક વિશેષ નટ' એવો જણાવ્યો છે.

× જેમ કે 'अनन्तश्चिन्तयामास रोगोपशमकारणम्। संचिन्त्य स स्वयं तत्र मुनेः पुत्रो बभूव ह॥ प्रसिद्धस्य विशुद्धस्य वेदवेदाङ्गवेदिनः। यतश्चर इवायातो न ज्ञातः केनचिद् यतः। तस्माच्चरकनाम्नाऽसौ ख्यातश्च क्षितिमण्डले। आत्रेयस्य मुनेः शिष्या अग्निवेशादयोऽभवन्। मुनयो बहवस्तैश्च कृतं तन्त्रं स्वकं स्वकम्। तेषां तन्त्राणि संस्कृत्य समाहृत्य विपश्चिता। चरकेणात्मनो नाम्ना ग्रन्थोऽयं चरकः कृतः॥ (ભાવપ્રકાશ)–અનંત ભગવાન શેષનાગે પૃથ્વી પરના લોકોના રોગો કયા ઉપાયે શાંત થાય તે પ્રથમ વિચાર્યું હતું; અને તે વિચાર્યા પછી તેમણે પોતે એક મુનિના પુત્રરૂપે ત્યાં પૃથ્વી પર અવતાર લીધો હતો; તે પોતે જ્યાં અવતર્યા હતા, તે મુનિ લોકમાં પ્રસિદ્ધ, અતિશય શુદ્ધ અને વેદો તથા વેદનાં અંગોને જાણતા હતા; એમ તે શેષ ભગવાન પૃથ્વી પર જાણે કોઈ જાસૂસ હોય તેમ આવ્યા હતા, અને એમ કોઈ ન ઓળખે તેમ પૃથ્વી પર 'चरति'-ફર્યા કરતા હતા, 'इति चरकः–' તેથી ચરક નામે પૃથ્વી પર પ્રખ્યાત થયા હતા. તેમણે આત્રેય મુનિના શિષ્યો અગ્નિવેશ વગેરે ઘણા મુનિઓ જે થઈ ગયા છે અને તેઓએ પોતપોતાનાં જે જે આયુર્વેદશાસ્ત્રો રચ્યાં હતાં, તે બધાંનો સંસ્કાર કર્યો હતો; તેમાં સુધારાવધારા કરી, તે બધાંને એકત્ર કરી એ વિદ્વાન ચરક આચાર્યે 'ચરકસંહિતા' નામનો પોતાને નામે નવો જ ગ્રન્થ રચ્યો છે.–ભાવપ્રકાશ.

કોષમાં પણ 'વૈદ્ય'ના પર્યાયોની શ્રેણીમાં તે શબ્દનો પણ ઉલ્લેખ કરેલો હોવો જોઈએ, અને 'સુશ્રુત' આદિ બીજા આચાર્યો વિષે પણ તે 'ચરક' શબ્દનો પ્રયોગ થવો જોઈએ; પરંતુ એવો પ્રયોગ તો થતો નથી, તે છતાં પણ 'ચરકસંહિતા'ના રચયિતા અમુક ખાસ વ્યક્તિમાં જ 'ચરક' શબ્દ રૂઢ તરીકે વપરાય છે અને સ્વભાવથી તે જ વ્યક્તિને જણાવનાર તરીકે દરેકની બુદ્ધિમાં પોતાના તે અર્થને ઉપસ્થિત કરાવે છે; તે ઉપરથી બીજી કોઈ વ્યક્તિમાં ભલે 'ચરક' શબ્દ વપરાતો દેખાતો હોય, તોપણ એ 'ચરક' શબ્દ 'કલિમીમ—કલિયુગનો ભીમસેન' ઇત્યાદિ શબ્દોની પેઠે કેવળ ઔપચારિક એટલે કે માત્ર નામથી કહેવા તરીકે જ વપરાય છે, એમ જ કહેવું જોઈએ. આયુર્વેદને લગતા વિષયો અથર્વવેદમાં વધુ પ્રમાણમાં મળે છે; તેથી કાશ્યપસંહિતામાં તથા સુશ્રુતસંહિતામાં જેમ અથર્વવેદના જ મુખ્ય તરીકે લેવાયેલા ગણાય છે. આ ચરકસંહિતામાં પણ આયુર્વેદને લગતા વિષયોમાં અથર્વવેદની જ પ્રધાનતા કહેવામાં આવે છે; તેથી ચરકાચાર્ય જો કે અથર્વવેદ સિવાયના બીજા વેદની 'ચરક' શાખાનું અધ્યયન કરનાર હતા, તોયે તેમનામાં અથર્વવેદના (આયુર્વેદીય) વિષયોનું અધ્યયન કરવાપણું સંભવતું ન હતું. એમ સમજવું ન જોઈએ; તેથી જેમ આત્રેય મુનિ, 'ગોત્ર' નામે 'આત્રેય' કહેવાતા હતા, તેમ ચરકાચાર્ય પણ (અથર્વવેદ સિવાયના બીજા વેદની) 'ચરક' નામની શાખાને ભણનારા હતા, તેથી પણ એ 'ચરક' એવા (બીજા) નામે પ્રસિદ્ધ થયા હોય, એમ પણ સંભવે છે; અથવા એ 'ચરક' નામે કહેવાતા એ આચાર્યનું 'ચરક' એવું નામ રૂઢ જ હતું અને તેમનું જ એ નામ સંકેતનામ તરીકે જાહેર થયું હોય: અથવા પશ્ચિમ વિભાગમાં પહેલાં 'નાગજાતિ'ના લોકોનો ઇતિહાસ મળે છે, તે ઉપરથી એ ચરકાચાર્ય, નાગ જાતિનો જ કોઈ વિદ્વાન હોય; પરંતુ ભાવપ્રકાશમાં જણાવ્યા પ્રમાણે શેષનાગના અવતારરૂપે હોઈને (લોકો ન જાણે તેમ એ ફરતા હતા તેથી) 'ચરક' એ નામે શું કહેવાયા હશે? બૃહજ્જાતક 'નામના બૌદ્ધ-ગ્રંથની વ્યાખ્યા કરનાર 'રુદ્ર' નામના વિદ્વાનના લેખ અનુસાર જોતાં એ ચરકાચાર્ય વૈદ્યવિદ્યાના વિશેષ વિદ્વાન હતા અને લોકોનો ઉપકાર કરવાની દૃષ્ટિએ 'ભિક્ષુ' વૃત્તિ સ્વીકારીને ગામેગામ ફરી ફરી લોકોને વૈદ્યવિદ્યાનો ઉપદેશ આપતા હતા અને લોકોની આયુર્વેદીય ચિકિત્સા કરીને લોકોનો ઉપકાર કર્યા કરતા હતા. એ ઉપરથી જ તેમનો ચોપાસ ફર્યા કરવાનો સ્વભાવ તથા ભિક્ષુરૂપ અર્થ ગ્રહણ કરી લોકોએ તેમનું 'ચરક' એવું નામ પાડ્યું હતું અને તેથી જ લોકોમાં 'ચરક' એ નામથી તે પ્રસિદ્ધ થયા હતા, એમ પણ લગભગ ઘણા ભાગે સંભવે છે; એ સંબંધે ભલે ગમે તે હોય, પરંતુ તેમની ખ્યાતિ 'ચરક' એ નામથી થઈ હતી; અને તે જ ચરકાચાર્યે આત્રેય સંહિતાનો ઉપદેશ ગ્રહણ કરી અગ્નિવેશે રચેલા આયુર્વેદતંત્રનો પ્રતિસંસ્કાર એટલે સંશોધન અથવા તેમાં સુધારોવધારો કર્યો હતો અને તે પછી એ આયુર્વેદતંત્રને 'ચરકસંહિતા' એ નામે પ્રસિદ્ધ કર્યું હતું. વળી તે ચરકાચાર્ય, આયુર્વેદીય ચિકિત્સાવિદ્યામાં અતિશય નિષ્ણાત હતા, તેથી જ પહેલાંના સમયથી માંડીને જ તેમની આચાર્યોની મધ્યે ગણના કરી મોટામોટા વિદ્વાનોએ તેમનું ઉત્તમ માન કર્યું હતું, એમ જણાય છે; વળી તેમની વૈદ્યવિદ્યામાં સર્વોત્કૃષ્ટ વિદ્વત્તા હતી, તેથી-જ વાગ્ભટ વગેરે વિદ્વાનો પણ એ ચરકાચાર્યની વિશેષ પ્રશંસા કરે છે; તેમજ 'જયંત ભટ્ટ' નામના મહાવિદ્વાન પણ 'ન્યાયમંજરી' નામના પોતાના ગ્રંથમાં આમ લખે છે કે, 'ચરક વગેરે આચાર્યોએ દેશ, કાલ તથા પુરુષની દશાના ભેદો અનુસાર સમરત સમાસ પામેલ અને વ્યસ્ત એટલે સમાસ નહિ પામેલ છૂટાં પદો તથા તેમના અર્થોની શક્તિનો નિશ્ચય પ્રત્યક્ષ કર્યો હતો;' એમ ઘણા માન સાથે એ ચરક આચાર્યનું સ્મરણ કરે છે.

ચરક આચાર્યના સમયનો વિચાર કરવામાં આવે તો 'કઠચરકાલ્લુક્' (૪-૩-૧૦૯) એ સૂત્ર રચીને પાણિનિ મુનિએ 'ચરક' શબ્દનો નિર્દેશ કર્યો છે, તે ઉપરથી ચરકાચાર્ય પણ

પાણિનિ મુનિના પહેલાં હોવા જોઈએ, એમ કેટલાક વિદ્વાનોએ પ્રતિપાદન કર્યું છે; પરંતુ પાણિનિએ ઉપર્યુક્ત સૂત્રમાં 'चरक' શબ્દ દર્શાવ્યો છે, તેને 'कठ' શબ્દનું સાહચર્ય હોવાથી ચરણ-વ્યૂહ અથવા શાખાધ્યેતૃવાચી શબ્દના કથનનો તે સંવાદ એટલે કે તે સૂત્રમાં બતાવેલ 'कठ' તથા 'चरक' શબ્દો તે તે વેદશાખાનું અધ્યયન કરનાર વ્યક્તિને જણાવે છે, તેથી તે તે સંહિતાના દ્રષ્ટા કોઈ ઋષિને લેવા સૂચવે છે અથવા તે તે સંપ્રદાયના અનુયાયી બીજા કોઈ પ્રાચીન મહર્ષિને જણાવે છે, એમ નક્કી થાય છે. એ 'चरक' નામની વેદશાખાની સંહિતા પણ આજે છપાયેલી મળે છે. વળી 'माणवकचरकाभ्यां खञ्' (૫-૧-૧૪) એ બીજા પાણિનીય સૂત્રમાં જે 'चरक' શબ્દ લેવાયો છે, તે પણ 'खञ्' પ્રત્યયમાંનો ञ् इत् હોવાનું પ્રયોજન (स्वरित) સ્વર કરવાનું છે, એમ દર્શાવીને તે સ્વરનો ઉપયોગ ખાસ કરી વૈદિકી પ્રક્રિયામાં હોવાથી લૌકિક એક 'चरक' નામની વ્યક્તિને દર્શાવનાર તરીકે એ 'चरक' શબ્દ અહીં સૂત્રમાં લીધો છે, એમ કલ્પના કરવામાં આવે, તેના કરતાં 'चरक' શાખાનું અધ્યયન કરનાર હરકોઈ વ્યક્તિને જ ગ્રહણ કરવા માટે તે શબ્દ સૂત્રમાં મુકાયો છે, એવી કલ્પના કરવી યોગ્ય લાગે છે.

યાજ્ઞવલ્કયx સ્મૃતિની વ્યાખ્યામાં 'વિશ્વરૂપ' નામના આચાર્યે 'तथा च चरकाः पठन्ति'-ચરક નામની વેદશાખા ભણનારાઓ એ પ્રમાણે ભણે છે.' એ વાક્ય ટાંકીને તેમાં બન્ને અશ્વિનીકુમારોને વૈદ્યકીય ચિકિત્સાનો ઉપદેશ દર્શાવી ઉપલક વૈદ્ય-વિષયનો પ્રતિભાસ જણાય છે, તોપણ મદ્યનો આપત્તિકાળમાં ઉપયોગ કરાય તે બ્રહ્મચર્યનો નાશ કરનાર થતો નથી,' એમ સૂચવી તે મદ્યનો સાધક તરીકે નિર્દેશ કરેલ હોવાથી એની સમાન શ્રેણીમાં વાજસનેય શાખા ભણનારાઓનાં વચનો પણ ટાંકી બતાવી તેના સાહચર્યથી 'चरकाः' એ શબ્દ મૂકીને ચરકશાસ્ત્રનું અધ્યયન કરનારાઓને ત્યાં પાણિનીય સૂત્રમાં દર્શાવ્યા છે, એમ સ્પષ્ટ સમજાય છે. વળી કાશિકાવૃત્તિના* લેખ અનુસાર વૈશંપાયનના શિષ્યોનો જ 'चरक' તરીકેનો વ્યવહાર પણ ચરકશાખાના પ્રવર્તક તરીકે જ જોવામાં આવે છે.

શુક્લયજુર્વેદની સંહિતાના ૩૦ મા અધ્યાયમાં 'પુરુષમેધ' યજ્ઞનું જે પ્રકરણ છે, તેના ૧૮ મા મંત્રમાં 'दुष्कृताय चरकाचार्यम्'-એવું મંત્રપ્રતીક જોવામાં આવે છે; તેનું હિંદી ભાષામાં ભાષ્ય કરનાર મિત્રે 'चरकाचार्य' શબ્દનો અર્થ વૈદ્યશાસ્ત્રનો આચાર્ય, એવો કર્યો છે; તે ઉપરથી વૈદ્યોના આચાર્ય ચરક ઘણા પ્રાચીન સમયમાં થયા હતા એમ પણ કોઈ વિદ્વાન કહે છે; પરંતુ એવા પ્રકારનું અમુક વ્યક્તિને જ દર્શાવનારું વ્યાખ્યાન કરવામાં મૂલ પ્રમાણ્યું હોઈ શકે? એક જ યજ્ઞ કરનારો યજમાન, પુરુષમેધ યજ્ઞમાં ચરકાચાર્યને દુષ્કૃત દેવતાને ઉદ્દેશી બલિદાન તરીકે અર્પણ કરે, તો

x યાજ્ઞવલ્કયની ટીકા-બાલક્રીડા ૧-૨-૩૨માં વિશ્વરૂપ આચાર્ય આમ લખે છે: 'तथा च चरकाः-पठन्ति-' श्वेतकेतुं ह्यारुणेयं ब्रह्मचर्यं किलाश्वौ जग्राह तमश्विनावूचतुः-मधुमांसौ किल ते भैषज्यमिति, स होवाच-ब्रह्मचर्यमानी कथं मध्वश्नीयामिति. तौ होचतुः-'यदा चात्मना पुरुषो जीवति, अथान्यत् सुकृतं करोमीत्यात्मानं सर्वतो गोपायेत्' अथ खल्वाहुर्वाजसनेयिनः इत्यादि'-આરુણિના પુત્ર શ્વેતકેતુ પાસે તેણે બ્રહ્મચર્ય ગ્રહણ કર્યું હતું, ત્યારે તેને (કોઈ માંદગી આવી હશે ત્યારે) અશ્વિનીકુમારોએ કહ્યું: 'મદ્ય અને માંસ એ બંને તારા માટે ઔષધ છે' તે સાંભળી તેણે કહ્યું કે, 'હું બ્રહ્મચર્ય પાળું છું, તો મદ્ય-માંસ કેમ ખાઉં?' તે સાંભળી અશ્વિનીકુમારોએ કહ્યું કે, 'પુરુષ પોતે જો જીવતો રહે છે, તો પછીથી બીજું પુણ્ય કરી શકે છે; એટલે 'હું જો જીવતો રહીશ તો પાછળથી પુણ્ય કરીશ,' એમ માનીને હરકોઈ માણસે કોઈ પણ ઉપાયથી પોતાનું રક્ષણ કરવું.' તે પછી વાજસનેયી વેદશાખા ભણનારા તેઓએ આમ કહ્યું હતું' વગેરે.

* કાશિકાવૃત્તિ-(૪-૩-૧૦૪)માં લખ્યું છે કે, 'चरक इति वैशम्पायनाख्या, तत्संबन्धेन सर्वे तदन्तेवासिनश्चरका इत्युच्यन्ते'-'चरक' એવું વૈશંપાયનનું નામ છે; તેના સંબંધથી તેમના બધાયે શિષ્યો 'चरक' નામે કહેવાય છે.

તેના પછીનો બીજો યજ્વા–યજમાન, અશ્વમેધ યજ્ઞમાં દુષ્કૃત દેવતાને ઉદ્દેશી કોનું બલિદાન અર્પણ કરશે? એ જ અભિપ્રાયને ધ્યાનમાં રાખી 'મહીધર' નામના સંસ્કૃત ભાષ્યકારે 'चरकाणाम् आचार्यगुरुम्'–ચરક શાખાનું અધ્યયન કરનારાઓના આચાર્ય એટલે ગુરુનું દુષ્કૃત દેવતાને ઉદ્દેશી બલિદાન દેવું' એમ અસ્પષ્ટ વિવરણ કર્યું છે. 'ચરક શાખા ભણનારાઓના આચાર્ય' એવો અર્થ કરી ચરક શાખાવાળાઓનું ગ્રહણ કરવામાં આવે, તે પણ અહીં પ્રકરણ વિરુદ્ધ લાગે છે; અથવા કોઈ પણ શાખાવિશેષના અનુયાયી અમુક કોઈ ખાસ વ્યક્તિ લેવાય તે પણ ઠીક લાગતું નથી. કેમ કે એ જ મંત્રમાં કિતવ–જુગારી –કપટી વગેરે લગભગ જેઓ દુરાચારી હોઈ નીચી શ્રેણીના જે પુરુષો હોય છે, તેઓનું જ તેમના યોગ્ય દેવતાઓને ઉદ્દેશી બલિદાન આપવામાં આવતું હોવું જોઈએ, એમ જણાય છે; તે ઉપરથી એ મંત્રમાં દુષ્કૃત દેવતાને ઉદ્દેશી જે ચરકાચાર્યનું સમર્પણ કરવા જણાવેલ છે, તે પણ કોઈ દુષ્ટ વૃત્તિ ધરાવતો જ ચરકાચાર્ય હોય, એમ ઉચિત લાગે છે અહીં જ્ઞાનકોષકારનો મત છે કે, આ 'चरकाचार्य' એ પદ, ચરક શાખાનું અધ્યયન કરનારાઓના આચાર્ય, એવો જ અર્થ જણાવનાર હોઈ એ શાખાનું અધ્યયન કરનારાઓ ઉપર આક્ષેપ સૂચવવા માટે મુકાયું છે; પરંતુ 'શતપથ' બ્રાહ્મણ ગ્રંથમાં 'ચરક નામની વેદશાખાને ભણનાર' કોઈ પણ વ્યક્તિબોધક 'चरक' પદ ઘણાં સ્થળે ઘણીવાર જોવામાં આવે છે, તોપણ અમુક કોઈ વિશેષ કર્મમાં માત્ર તેના સંપ્રદાયને જ ત્યાં તે જણાવે છે, પણ તે સંબંધી આક્ષેપને જણાવતું નથી; વળી તૈત્તિરીય બ્રાહ્મણમાંરહેલા એક મંત્રમાં પણ 'दुष्कृताय चरकाचार्यम्'–એવું વાક્ય છે, તેના પર 'સાયન' ભાષ્યકારે 'चरकाचार्य-वंशाग्रव(ग)नर्तनाय शिक्षयितारं नटविशेषम्– વાંસની ટોચ પર રહીને નૃત્ય કરવાનું શીખવનાર અમુક વિશેષ (દુરાચારી)–મુખ્ય નટનું દુષ્કૃત દેવતાને ઉદ્દેશી બલિદાન અર્પણ કરવું' એવો અર્થ કર્યો છે; પરંતુ ત્યાં ચરક શાખાના કોઈ આચાર્યનું બલિદાન દેવાનો અભિપ્રાય નથી; તે જ પ્રમાણે કૃષ્ણ યજુર્વેદના એક મંત્રમાં તેવું પદ જોવામાં આવે છે, પરંતુ ત્યાં પણ એ જ પ્રમાણે પ્રકરણશુદ્ધિને અનુસરી સાયનાચાર્યના વ્યાખ્યાનની પેઠે એવા કોઈ દુરાચારીને દુષ્કૃત દેવતા સામે બલિદાનરૂપે લાવવો, એવો જ યોગ્ય અર્થ ઘટાવ્યો છે; વળી 'चरः–स्पशः, चरः एव चरकः'–'ચર' શબ્દનો ગુપ્તચર–જાસૂસ એવો અર્થ થાય છે; અને તે 'ચર' એ જ 'ચરક' પણ કહેવાય છે; કેમ કે 'ચર' શબ્દથી એના એ જ અર્થમાં ક પ્રત્યય લગાડી 'ચરક' શબ્દ સિદ્ધ કરી શકાય છે; એમ 'નૈષધ' કાવ્યમાંx 'ચરક' શબ્દનો

---

x જે વેળા દમયંતી નળ રાજા ઉપરના પ્રેમને વશ થઈ મૂર્છિત થઈ ગઈ હતી, તે વખતે તેની સખીઓએ દમયંતીના પિતાને તે બાબતની ખબર આપી ત્યારે દમયંતીનો પિતા વૈદ્ય અને મંત્રીઓ સાથે તરત જ ત્યાં આવ્યો અને તે વખતે મંત્રીઓ તથા વૈદ્યે રાજાને કહ્યું કે, 'कन्याऽन्तःपुराबाधनाय यद्धीकाराऽऽ न दोषा नृपं द्वौ मंत्रिप्रवरश्च तुल्यमगदंकारश्च तावूचतुः देवाकर्णय सुश्रुतेन चरकाख्योक्तेन जानेऽखिलं स्यादस्या नलदं विना न दलने तापस्य कोऽपि क्षमः ॥ (નૈષધી૦ ૪–૧૧૬) –આ દમયંતીના શરીરમાં જે પીડા થઈ છે, તેમાં અધિકારના કારણે કોઈ દોષો કારણ નથી, પરંતુ 'देवाकर्णय सुश्रुतेन चरकाख्योक्तेन जानेऽखिलं स्यादस्या नलदं विना न दलने तापस्य कोऽपि क्षमः'–(આ ઉત્તરાર્ધ શ્લોકવાક્યના બે અર્થો નીકળે છે; તેમાં પ્રથમ મંત્રી રાજાને આવી સૂચના કરે છે કે, 'હે દેવ–રાજા! તમે સાંભળો: એક ચરક–ગુપ્તચર–જાસૂસે મને જે ખાનગી ખબર આપી છે અને મેં તે બરાબર સાંભળી છે, તે ઉપરથી હું સમજી શક્યો છું કે આ દમયંતીના શરીરના તાપને 'नलदं विना'–એટલે નલ રાજાને આના પતિ તરીકે મેળવી આપનાર કોઈ પણ માણસ વિના શાંત કરવા બીજો કોઈ પણ સમર્થ નથી.' (એમ મંત્રીએ કહ્યા પછી દમયંતીના પિતાને રાજવૈદ્યે આમ જણાવ્યું કે–) 'હે દેવ–રાજા! તમે સાંભળો; 'ચરક' નામના વૈદ્યક આચાર્યે ચરક-

અર્થ 'ગુપ્તચર-જાસૂસ' કર્યો છે, તેવો જ અર્થ અહીં પણ સ્વીકારી એવા ગુપ્તચરોના આચાર્ય કોઈ અતિશય મુખ્ય પુરુષને ગ્રહણ કરી (તે જો દુરાચારી હોય તો) તેનું બલિદાન 'દુષ્કૃત દેવતાને દેવું' એવો પણ અર્થ અહીં સંભવે છે. એવો અર્થ જો લેવાય તો પ્રકરણશુદ્ધિ જળવાય છે અને તેવા કોઈ કિતવ-દુરાચારી કપટી માણસને બલિદાનરૂપે દુષ્કૃત દેવતા સામે હાજર કરવો, જેથી એ દુરાચારી હોવાના કારણે 'योग्यं योग्याय दातव्यम्-જેની જેવી યોગ્યતા હોય તેવી તેને યોગ્ય વસ્તુ અર્પણ કરવી જોઈએ.' એ ન્યાયને અનુસરી દુષ્કૃત દેવતાને તેવો કોઈ દુરાચારી નિવેદન કરવો, એ જ બરાબર ઘટે છે; વળી યજુર્વેદ ઉપર ભાષ્ય લખનાર 'દયાનંદ સરસ્વતી' સ્વામીએ તો 'चरकाचार्य' પદનો અર્થ 'ભક્ષકો એટલે બહુ જ ખાનારા-ખાઉધરા લોકોનો આચાર્ય એટલે અતિશય વધુ પ્રમાણમાં જે ખાધા કરતો હોય એવા ખૂબ જ ખાઉધરા માણસનું દુષ્કૃત દેવતાને બલિદાન ધરી દેવું' એવો અર્થ કર્યો છે; અને એવો અર્થ 'चर गतिभक्षणयोः'-'चर' ધાતુ 'જવું ને ખાવું' એ બેય અર્થમાં વપરાય છે, એ કારણે તે 'ખાવું' અર્થ ધ્યાનમાં લઈને લખ્યો હોવો જોઈએ.

વ્યાકરણના મહાવિદ્વાન શ્રી નાગેશભટ્ટે પોતે રચેલા 'મંજૂષા' નામના ગ્રંથમાં ચરકમાંથી અમુક વચનો ટાંકીને આમ લખ્યું છે કે 'चरके पतञ्जलिः'-ચરકમાં પતંજલિ એમ કહે છે.' એમ લખી ચરક આચાર્યને જ પતંજલિ તરીકે જણાવ્યા છે; તેમજ 'पातञ्जलमहाभाष्य-चरकप्रतिसंस्कृतैः-પાતંજલ મહાભાષ્યના કર્તા ચરકાચાર્યે પ્રતિસંસ્કાર કરેલા ગ્રંથો' એમ ચક્રપાણિદત્તે પોતાની ટીકામાં લખ્યું છે; એ બન્નેનાં તે વચનોને પ્રમાણ ગણીને તેમ જ વિજ્ઞાનભિક્ષુ, ભોજ તથા ભાવમિશ્ર આદિ વિદ્વાનોનાં વચનોને પણ પ્રમાણ તરીકે સ્વીકારી કેટલાક વિદ્વાનો ચરક તથા પતંજલિને એક જ વ્યક્તિ માને છે તથા કેટલાક તેમને જુદી જુદી વ્યક્તિ માને છે. આ વિષયમાં મારું માનવું નીચે પ્રમાણે છે:

પતંજલિએ 'अरुणद् यवनः साकेतम्'-યવનરાજાએ અયોધ્યાને જ્યારે ઘેરો ઘાલ્યો હતો; ત્યારે એ યવનોના આક્રમણને ઓળંગ્યા પછી 'पुष्यमित्रं याजयामः'- અમે પુષ્યમિત્ર રાજા પાસે યજ્ઞ કરાવીએ છીએ' એમ જણાવી અશોક રાજા પછી વૈદિક ધર્મને સજીવન કરતા પુષ્યમિત્ર રાજાને પોતાના સમયમાં વર્તતો લખી જણાવે છે, તે ઉપરથી વિક્રમ સંવતના આરંભની પૂર્વે લગભગ બસો વર્ષે થયાં હતાં, એવો નિશ્ચય કરી શકાય છે. મહાશય ભાંડારકરે પણ મહાભાષ્ય, પુરાણો અને પાશ્ચાત્ય ઇતિહાસો વગેરેને ખૂબ તપાસ્યા પછી મહાભાષ્યકાર-પતંજલિનો સમય ઈસ્વીસન પૂર્વે ૨૦૦ નો નક્કી કર્યો છે; એ પ્રમાણે જો હોય તો ચરકને ઘણા પ્રાચીન તરીકે સ્વીકારવામાં દૂર સુધી જવું પડે તેમ છે. માત્ર 'ત્રિપિટક'ના લેખ ઉપરથી ચરકને 'કનિષ્ક'ના સમયના સ્વીકારવામાં આવે તો 'કનિષ્ક'ના તથા 'પુષ્યમિત્ર'ના સમયમાં લગભગ બસો કે ત્રણસો વર્ષનું અંતર ગણાતું હોવાથી ચરક તથા પતંજલિ-એ બન્ને આચાર્યને એક જ વ્યક્તિરૂપે કલ્પવા એ વાત મારી જાય છે; વળી યોગમાં અને વ્યાકરણમાં 'પતંજલિ' એ નામે વ્યવહાર જેમનો કરેલો છે, તેમનો વૈદ્યકશાસ્ત્રમાં ઉલ્લેખ મળતો નથી; પરંતુ 'વૈદ્યકશાસ્ત્ર'માં 'ચરક' એવું નામ કહેવામાં કારણ શું હોય? વ્યાકરણના મહાભાષ્યમાં 'गोनर्दीयास्त्वह'-'ગોનર્દ' દેશના પતંજલિ તો આમ કહે છે' એવો નિર્દેશ કરી મહાભાષ્યના કર્તા પતંજલિ પોતાને 'ગોનર્દ' દેશના વતની જણાવે છે, એ પણ ખાસ વિચારવા જેવું છે. 'ગોનર્દ' દેશ પણ 'एङ् प्राचां देशे'-એ પાણિનીય સૂત્રના વ્યાખ્યાનમાં કાશિકાકારે 'ગોનર્દીય' શબ્દના ઉદાહરણ દ્વારા પૂર્વના દેશની અંદર આવેલા-પેટાદેશ તરીકે જણાવેલ છે, એ જ

સંહિતામાં જે વચનો કહ્યાં છે, તેના આધારે તથા 'સુશ્રુત' નામના વૈદ્યના આચાર્યે જે કહ્યું છે, તે ઉપરથી હું બધું જાણી શકું છું કે આ દમયંતીના શરીરના તાપને 'नलदं विना'-એટલે સુગંધી વાળો-ખસ ખસોટીને શરીર પર લગાવ્યા વિના બીજો કોઈ પણ ઉપચાર નાશ કરવા સમર્થ નથી.

'ગોનર્દ' દેશને હાલમાં 'ગોંડા પ્રદેશ' તરીકે મહાશય ભાંડારકર જણાવવા માગે છે. કાશ્મીરનો પૂર્વકાળનો ઇતિહાસ જોતાં 'ગોનર્દ' નામનો જાનો રાજા જાણવા મળે છે, તે ઉપરથી કાશ્મીરનો પ્રદેશ જ 'ગોનર્દ' દેશ હોય, એવો પણ કેટલાક વિદ્વાનનો મત છે. વ્યાકરણના ભાષ્યકર્તા પોતે જ જો 'ગોનર્દીય' હોય અને તેમનો તથા ચરકનો જો અભેદ હોય એટલે કે 'ગોનર્દીય-પતંજલિ' તથા 'ચરક' એ બેય નામે જો એક જ વ્યક્તિ હોય તો ચરકે પ્રતિસંસ્કાર કરેલા કોઈ પણ ભાગમાં પોતાના 'ગોનર્દ' દેશનો ઉલ્લેખ કેમ નથી કર્યો? ચરકસંહિતામાં તો પાંચાલ, પંચનદ અને કાંપિલ્ય પ્રદેશનો ઉલ્લેખ છે, પણ 'ગોનર્દ' દેશનો ઉલ્લેખ ક્યાંય પણ નથી. 'ચરક' એવું 'પતંજલિ'નું બીજું એક નામ જ હોય તો ભાષ્યકર્તા એ પતંજાલ, ઠેર ઠેર 'गोनर्दीयस्त्वाह – ગોનર્દ દેશના પતંજલિ તો આમ કહે છે' એમ પોતાને 'ગોનર્દીય' એવા બીજા નામે જેમ કહે છે, તેમ ક્યાંયે એકવાર પણ 'चरकस्त्वाह –'ચરક' એવું બીજું નામ ધરાવતા પતંજલિ તો આમ કહે છે' એમ કહેવાનું કેમ ભૂલી જાય? તો એ રીતે સમય, નામ તથા દેશોના ભેદથી તે ચરક તથા પતંજલિ ભિન્નભિન્ન સિદ્ધ થાય છે; વળી પતંજલિનો મહાભાષ્યનો લેખ વચ્ચે વચ્ચે લોકોક્તિ-યુક્ત હોઈ ટૂંકો અને વિસ્તૃત ઘણી વાક્યરચનાઓથી ભરપૂર અને એકદમ સમજવો મુશ્કેલ હોઈ ઘણા જ જુદા પ્રકારનો છે, જ્યારે ચરકસંહિતામાં તો ચરકના લેખ તરીકે મનાતો અમુક ભાગનો લેખ ગંભીર અર્થવાળો હોવા છતાં પણ રસયુક્ત તેમ જ મનોહર રચના દ્વારા સહૃદયી વિદ્વાનોના હૃદયને આનંદ આપતો ભિન્ન શૈલીનો જણાય છે. એમ લેખશૈલી પણ એક બીજાથી જુદી હોઈને તે ચરક તથા પતંજલિ એકબી જાથી જુદા જ હતા, એમ આ સાબિત થાય છે. વળી ચરકે અગ્નિવેશના તંત્રનો કેવળ માત્ર સંસ્કાર રૂપે ઉલ્લેખ કરેલ છે, જ્યારે પતંજલિ તો વ્યાકરણ ઉપર મહાભાષ્યરૂપ નવો વિશાળ ગ્રંથ રચે છે અને યોગ ઉપર સૂત્રરૂપ સર્વ શ્રેષ્ઠ ગ્રંથની રચના કરે છે; એ જ પતંજલિ, જો વૈદ્યકશાસ્ત્રના આચાર્ય હોય તો તેમાં પોતાના ખાસ નવા જ પ્રતિભા યુક્ત નિબંધ લેખ લખવો છોડી દઈ બીજાના લેખનો માત્ર સંસ્કાર કરીને જ પોતાના આત્માને સંતોષ કેમ પમાડે?

ચક્રદત્તની ટીકામાં શિવદાસે 'तदुक्तं पातञ्जले' તે વચન પાતંજલ યોગશાસ્ત્રમાં અથવા મહાભાષ્યમાં આમ કહ્યું છે, એવું ઉદ્દેશ વચન લખ્યા પછી જે શ્લોક ઉતાર્યો છે, તે રસના એક વિષય તરીકે દેખાય છે અને ચરકસંહિતામાં તે શ્લોકવાક્ય ક્યાંય મળતું જ નથી, તે ઉપરથી વૈદ્યક વિષે પતંજલિનું જુદું જ 'पातंजलतंत्र' હોવું જોઈએ, એમ જણાય છે; એમ વૈદ્યકના રસવિષયમાં જેમણે ગ્રન્થરચના કરી હતી, તે ધાતુ-રસાયનના આચાર્ય પતંજલિ (પોતે જ ચરકાચાર્ય હોય તો) ચરકસંહિતામાં રસ તથા ધાતુ આદિને લગતાં ઔષધોનો વિષય કેમ ન પેસાડી દે? ચરકમાં ખરેખર ધાતુઓનાં ટૂંકમાં કેવળ નામો જ દર્શાવવામાં આવ્યાં છે અને એક વાર રસેન્દ્ર-પારદનું ગ્રહણ કરેલ છે, તે સિવાય એવો એક પણ રસ-ધાતુવિષયક ઔષધરૂપે પ્રયોગ ક્યાંય પણ વિશેષ પ્રકારે બતાવેલો મળતો નથી; અથવા એ ચરકસંહિતામાં ક્યાંય પણ 'મારા બીજા રસવૈદ્યક ગ્રન્થમાં અમુક આ બાબત વિસ્તારથી કહી છે' એવી સૂચન પણ આપ્યું ન હોય એવું દેખાતું નથી; વળી એક જ વૈદ્યકના વિષયમાં બે પ્રકારે ગ્રન્થરચના કરનાર જો એક જ વ્યક્તિ હોય તો રસવૈદ્યકમાં 'पातञ्जलतंत्रम्-' પતંજલિએ રચેલું આ વૈદ્યકશાસ્ત્ર છે એમ લખે છે અને બીજી બાજુ ચરકસંહિતામાં 'अग्निवेशकृते चरकप्रतिसंस्कृते'-આ આયુર્વેદીયતંત્ર અગ્નિવેશ આચાર્યે રચેલું છે અને ચરકે તેનો પ્રતિસંસ્કાર કર્યો છે, એવો ઉલ્લેખ કરે છે; તેમ જ 'कायचिकित्सायां चरकसंहिता-શારીરિક ચિકિત્સામાં ચરકસંહિતા એક ઉત્તમ ગ્રન્થ છે' એમ જુદાં જુદાં નામોથી વ્યવહાર કરવામાં કયો હેતુ હોવો જોઈએ? ચરકે પોતે પોતાના દ્વારા, અધૂરો ગ્રંથ પ્રતિસંસ્કારપૂર્ણ કરનાર દઢબલે, પ્રાચીન ટીકાકર્તાઓ, ભટ્ટાર હરિચન્દ્ર

આદિએ અને વાગ્ભટ આદિ બીજા આચાર્યોએ પણ બધે સમાનરૂપે 'ચરક' નાથી જ વ્યવહાર કરેલો છે, છતાં અર્વાચીન ચક્રપાણિ તથા નાગેશ આચાર્યે એ જ 'ચરક' આચાર્યનો 'પતંજલિ' નારૂપે કેમ ઉલ્લેખ કર્યો છે, ? તેમ જ ભોજ આદિએ પણ એ જ પતંજલિને (ચરકના રૂપમાં) વૈદ્યવિદ્યાના આચાર્ય તરીકે યોગમાં પણ આચાર્ય તરીકે અને વ્યાકરણમાં પણ (મહાભાષ્યરૂપ) ગ્રન્થના કર્તા તરીકે જે બતાવ્યા છે, તે ખરેખર ઘટતું નથી. વળી 'पातञ्जलमहाभाष्यचरकप्रतिसंस्कृतैः। मनोवाक्कायदोषाणां हर्त्रेऽहिपतये नमः'–પતંજલિનારૂપે મહાભાષ્ય રચીને તેમ જ ચરકનારૂપે અગ્નિવેશસંહિતાનો પ્રતિસંસ્કાર કરીને લોકોનાં મન, વચન તથા કાયાના દોષોને દૂર કરનાર અહિપતિ–શેષનાગ ભગવાનને નમસ્કાર થાઓ.' એ શ્લોકવાક્યના લેખના 'ચરક' એ જ 'પતંજલિ' હતા, એમ જે સિદ્ધ કરવું તે પણ આ શ્લોકવાક્યના શબ્દોના રહસ્યાર્થને અનુકૂળ જણાતું નથી; કારણ કે આ શ્લોકમાં 'चरक' પદ જે મૂક્યું છે તે 'चरक' નામની એક વ્યક્તિને જણાવનાર છે, એવું જો સ્વીકારવામાં આવે તો 'चरकायाहिरत्नये नमः'–શેષનાગનો અવતાર 'ચરક'ને અથવા ચરકસ્વરૂપ શેષનાગને નમસ્કાર એમ કહેવું યોગ્ય હતું. વળી ઉપર જણાવેલા શ્લોકમાં 'चरक' શબ્દનો 'प्रतिसंस्कृत' પદની સાથે બંધબેસતો અન્વય પણ ઘટતો નથી; છતાં 'नामैकदेशो नामग्रहणम्'–નામનો એકભાગ અથવા અમુક એક અંશ લીધો હોય ત્યાં તેની ઉપરથી આખુંયે નામ લેવાઈ જાય છે, એ ન્યાય ઉપરથી 'चरकसंहिता' એવા આખા નામનું 'चरक' એવા તેના અમુક અંશથી પણ ગ્રહણ કરી તેનો 'प्रतिसंस्कृत' એ પદની સાથે અન્વય થઈ શકે; તે પ્રમાણે સ્વીકારી તે સમજી શકાય કે 'ચરક' નામનો ગ્રંથ વિશેષ જે પૂર્વકાળથી પ્રસિદ્ધ છે, તેના પ્રતિસંસ્કર્તા 'પતંજલિ' હતા; પરંતુ આમ તો જાણી શકાતું જ નથી. ચરક એ જ પતંજલિ હતા. વળી 'चरके पतञ्जलिः' એ નાગેશ ભટ્ટનું જે વચન છે, તેનો કયો આશય છે ? (તે હવે આપણે અહીં તપાસીએ.)* 'ચરકસંહિતા' ગ્રંથમાં પતંજલિનું આમ કહેવું છે. એવો તે નાગેશના કહેવાનો અભિપ્રાય હોય તો તેમણે તે ચરકસંહિતામાંથી ટાંકેલાં વચનો આનુપૂર્વીથી ચરકસંહિતામાં હોવાં જોઈએ. પરંતુ તેમણે ઉતારેલાં વાક્યો એ ચરકસંહિતામાં મળતાં નથી, તેથી તેમના એ આશયને અટકાવે છે. આ ચરકસંહિતામાં જ સૂત્રસ્થાનના અગિયારમા અધ્યાયમાં અને વિમાનસ્થાનના ચોથા અધ્યાયમાં પણ 'આપ્ત પુરુષ કોને કહેવો ?' એ સંબંધે જે વ્યાખ્યા કરી છે, તે કાંઈ બીજી જ આનુપૂર્વીથી મેળવાય છે. પરંતુ તેમણે ઉતારેલી આનુપૂર્વી ઉપરથી મેળવાતું નથી. એ કારણે 'ચરકની ઉપર પતંજલિ એમ કહે છે' એવો અર્થ લઈ ને ચરકના વ્યાખ્યાનમાં પતંજલિ એમ કહે છે, એમ પણ તે ઉપરથી સમજી શકાય છે, તો ચરકની વ્યાખ્યા કરનાર પતંજલિનું આ વચન છે, એમ પણ તે નાગેશ ભટ્ટ જણાવવા માગતા હોય, એમ પણ સમજી શકાય છે અને તે ઉપરથી પતંજલિની ચરક ગ્રંથ ઉપર કોઈ પણ વ્યાખ્યા જોકે હાલમાં મળતી નથી, પણ તે પહેલાં હોવી જોઈએ, એમ તે વચન ઉપરથી જાણી શકાય છે; અને હાલમાં કેટલાક વિદ્વાનો આમ વર્ણવે પણ છે કે, 'પતંજલિ ચરક ગ્રંથ ઉપર વ્યાખ્યા કરનાર તરીકે કહેવાય છે, પણ ચરક એ જ પતંજલિ હતા, એમ કહેવું તે ઠીક નથી' વળી ચરક ગ્રંથની 'મંજૂષા' નામની

* વ્યાકરણ આચાર્ય શ્રી નાગેશ ભટ્ટે 'नागेशमञ्जूषा' નામે એક વ્યાકરણગ્રંથ લખ્યો છે, તેમાં તેમણે 'आप्तोपदेशशब्दः शब्दः प्रमाणम्। आप्तो नाम अनुभवेन वस्तुतत्त्वस्य कात्स्न्येन निश्चयवान्, रागादिवशादपि नान्यथावादी यः स इति चरके पतञ्जलिः (नागेशमञ्जूषायाम्) –આપ્ત પુરુષોના ઉપદેશરૂપે શબ્દ તે પ્રમાણ ગણાય છે. 'આપ્ત' એટલે અનુભવ દ્વારા વસ્તુના તત્ત્વનો જેણે સંપૂર્ણ નિશ્ચય કર્યો હોય અને રાગ આદિને વશ થઈને પણ જે કદી વિપરીત વચન ન બોલે અથવા શાસ્ત્રવિરુદ્ધ અસત્ય વચન જે કદી ન ઉચ્ચારે તે 'આપ્ત' કહેવાય એમ ચરક ગ્રંથમાં પતંજલિ કહે છે.'

એક વ્યાખ્યા હતી અને તે પતંજલિએ રચેલી હતી. 'આર્યપ્રદીપ' નામના આધુનિક પુસ્તકમાં લખેલું છે, એ ઉપરથી પતંજલિ, ચરક ગ્રંથની 'મંજૂષા' નામની ટીકાના કર્તા હતા, એમ પણ કેટલાક વિદ્વાનો કલ્પના કરે છે. નાગેશ ભટ્ટે રચેલા 'મંજૂષા' નામના વ્યાકરણગ્રંથમાં પૂર્વે લખેલ ચરકનાં વાક્યોનો ઉતારો પણ છે. 'મંજૂષા' તો નાગેશે રચેલો વ્યાકરણનો ગ્રંથ છે અને તે પ્રસિદ્ધ જ છે; પરંતુ પતંજલિએ રચેલી 'મંજૂષા' નામની ચરકની ટીકા ક્યાંય દેખાતી નથી કે સાંભળાતી પણ નથી અથવા 'ચક્રપાણિ' આદિ ટીકાકારોએ તે પતંજલિકૃત 'મંજૂષા' નામની ચરક ટીકાનો ક્યાંય નિર્દેશ પણ કર્યો નથી; તેથી જ્યાં સુધી બીજું કોઈ સાધન મળે નહિ ત્યાં સુધી તે સંબંધે નિશ્ચય કરવો શક્ય નથી, એ કારણે પ્રથમ દર્શાવેલ 'चरकप्रतिसंस्कृतैः'—એ શબ્દો અને 'चरके पतञ्जलिः' એ નાગેશનાં વચનનો અર્થ અસ્ફુટ જ રહે છે, તેથી એ શબ્દો ચરકની તથા પતંજલિની એકતાને સિદ્ધ કરવા પ્રમાણ તરીકે સ્વીકારવા યોગ્ય નથી.

વળી બીજું—જે કોઈ વિષય અથવા દેશ વગેરેનો જે માણસે વિશેષ પરિચય કર્યો હોય તે જ વિષય કે દેશ વગેરે તે માણસના હૃદયમાં વારંવાર પરોવાયેલો હોઈ વખતોવખત યાદ આવ્યા જ કરે છે; જેમ કે મહાભાષ્યમાં પાટલિપુત્ર (પટણા)નો અનેકવાર ઉલ્લેખ જોવામાં આવે છે, તે ઉપરથી મહાભાષ્યકારને તે પાટલિપુત્રનો વિશેષ પરિચય હોવો જોઈએ અથવા તે પાટલિપુત્ર તેમનું નિવાસસ્થાન હોવું જોઈએ; તેથી જ એ પાટલિપુત્ર ભાષ્યકારના હૃદયમાં વારંવાર યાદ આવતું જણાય છે. કોઈ એક વ્યક્તિએ અનેક વિષયોમાં ગ્રંથરચના કરી હોય અને અમુક એક ગ્રંથમાં બીજા ગ્રંથ સાથે સંબંધ પામેલા વિષયોનો ઉપન્યાસ કરવાનો પ્રસંગ કર્યો હોય ત્યારે 'अमुत्र प्रतिपादितमेतत्'—આ બાબત અમુક બીજા ગ્રંથમાં આમ પ્રતિપાદન કરેલ છે; એમ બન્નેની એકવાક્યતા જણાવવાનો ગ્રંથકારોનો સંપ્રદાય હોય છે. એમ અનેક પ્રકારના નિબંધકારો કે ગ્રંથકર્તાઓના કેટલાક વિષયો, વચનો તથા યુક્તિઓ અતિશય પ્રિય થઈ (બીજા) અનેક પ્રકારના જુદાં જુદાં પ્રસ્થાનો કે શાસ્ત્રગ્રંથોમાં મેળવી એકત્ર કરી મૂકેલ પણ જોવામાં આવે છે; જેમ કે ભામતીકાર વાચસ્પતિ મિશ્રે ગ્રંથના આરંભમાં મૂકેલ વ્યાપક વિરુદ્ધ ઉપલબ્ધિ પ્રમાણરૂપ યુક્તિ બીજાં દર્શનોમાં તથા પોતાના નિબંધ-ગ્રંથોમાં પણ કંઈક રૂપે વિપર્યાસ કરીને ઘણી વાર મૂકી છે; એ જ પ્રમાણે ચરક આચાર્ય અને મહાભાષ્યકાર પતંજલિ જો એક હોય તો મહાભાષ્યના વિષયો ચરકના લેખમાં અને ચરકના વિષયો મહાભાષ્યમાં તેમના કેવળ એક જ હૃદયમાં રહેલા હોઈને પગલે પગલે કેમ ન મળે? જોકે આત્રેયના શિષ્ય અગ્નિવેશની સંહિતાનું ચરકે કેવળ પ્રતિસંસ્કરણ અથવા સંશોધન જ કર્યું છે; તેથી તેમને મૂળ ગ્રંથને પરવશ રહીને પોતાની કલમને સંકોચ સાથે ચલાવી હોય, તે કારણે વ્યાકરણ શાસ્ત્રના આચાર્યપણાના દૃષ્ટાન્તરૂપ વચનો અમુક ખાસ શબ્દો કે બીજા હેતુઓ કે લક્ષણો ચરકસંહિતામાં પ્રવેશાવ્યાં ન હોય, એમ પણ કહી શકાય તેમ છે; તોપણ મહાભાષ્યના લેખમાં તો કેવળ સૂત્રોને જ વશ રહેવાનું હોઈને પોતાની ઇચ્છાનુસાર પોતાની વાણીની ધારાઓ વડે, ઉદાહરણો વડે, સાધક વચનો વડે અને કહેવતો દ્વારા પણ વિજ્ઞાનસંબંધી તથા વ્યાખ્યાન સંબંધી પોતાની કુશળતાને ભાષ્યકાર સારી રીતે બતાવી શકે છે અને ચરકાચાર્યે પોતાના ભાવમાં ગૂંથેલા વૈદ્યકના વિષયોને પણ અવસર મેળવી ઘણાં સ્થળોમાં લખી શકે છે; છતાં તેમણે કોઈ પણ સ્થળે તે કોઈ પણ વિષયોનો ઉલ્લેખ કરેલ દેખાતો નથી. જે અંશમાં સૂત્રાદિને પરવશ થઈ કોઈ નિર્દેશ કર્યો હોય, તેવા અંશનો તે તે સંબંધી રહસ્યનો વિકાસ થાય, એ કારણે જે કહેવામાં આવે, તે તેમની કોઈ યોગ્યતાને જણાવી ન શકે; જેમકે वातिकम्, पैत्तिकम्, श्लैष्मिकम् ઇત્યાદિ શબ્દોની સિદ્ધિ કરનારાં ઉદાહરણો જે આપ્યાં હોય, તેવાં એ ઉદાહરણોરૂપ ચિહ્નો, વૈદ્યકશાસ્ત્રમાં વિદ્વાનપણું જણાવનારાં થઈ શકે નહિ; કેવળ ત્યાં જ 'तस्य निमित्तं संयोगोत्पातौ'—એ (૫-૧-૩૮) પાણિનીય સૂત્રમાં 'तस्य निमित्तम्—તેનું નિમિત્ત' એ પ્રકરણમાં 'वातपित्तश्लेष्मण्यः शमनकोपभयोरुप-

संख्यानं कर्तव्यं, संनिपाताच्चेति वक्तव्यम्–વાત, પિત્ત અને શ્લેષ્મન્ શબ્દથી તેમ જ 'સંનિપાત' શબ્દથી તેનું શમન કરનાર તથા તેઓને કોપાવનાર કે વધારનાર એ બે અર્થમાં 'ઇકણ્' પ્રત્યય થાય, એવાં બે વાર્તિકોને વશ થઈ 'वातिकम्, पैत्तिकम्, श्लैष्मिकं, सांनिपातिकम्' એ ઉદાહરણો આપ્યાં છે; એ જ પ્રમાણે 'उदःस्थास्तम्भोः पूर्वस्य (૮-૪-૬૧) એ પાણિનીય સૂત્રમાં 'उदपूर्वस्ते स्कन्दे च्छन्दस्युपसंख्यानं रोगे'–'उद्' ઉપસર્ગ પૂર્વમાં હોય અને તેની સામે 'स्कन्द' શબ્દ આવ્યો હોય તો વેદમાં 'રોગ' અર્થમાં 'स्कन्द' શબ્દનો સ્ ઊડી જાય છે' એ વાર્તિકનું ઉદાહરણ અવશ્ય કહેવું જ જોઈએ. એ કારણે 'उत्स्कन्दको रोगः' એ ઉદાહરણ ભાષ્યકારે આપ્યું છે; પરંતુ જ્યાં તે પ્રમાણે અથવા તેથી ઊલટી રીતે કે બીજા પ્રકારે ઉદાહરણ આપવું એ બાબતમાં ગ્રંથકારનું સ્વતંત્રપણું હોય, ત્યાં તેવું ઉદાહરણ અપાય તે એ ગ્રંથકારના અંતઃકરણની વાસનાને જણાવે છે; જેમ કે ભાષ્યકારે 'हूयः संप्रसारणम् (૬-૧--૬૨) એ સૂત્રના વ્યાખ્યાનમાં 'अन्तरेणापि निमित्तशब्दं निमित्तार्थोऽवगम्यते–નિમિત્તશબ્દ વિના પણ એ નિમિત્તનો અર્થ જણાય છે' એ ન્યાય મૂકીને 'दधित्रपुसं प्रत्यक्षो ज्वरः–દહીં અને કાકડી એકીસાથે ખવાય એ પ્રત્યક્ષ જ્વર છે એટલે કે જ્વરનું નિમિત્તકારણ બને છે, એમ જણાવાય છે; તેમ જ 'नड्वलोदकं पादरोगः'–'નડ' નામનું ઘાસ–બરુ જ્યાં ઊગ્યું હોય તે પ્રદેશના સંબંધવાળું પાણી એ પ્રત્યક્ષ પગનો રોગ છે એટલે કે પગના રોગનું નિમિત્તકારણ બને છે, એમ જણાવવામાં આવ્યું છે; તેમજ आयुर्वै घृतम्'–× ઘી એ ખરેખર આયુષરૂપ છે એટલે કે ઘી એ આયુષ વધારવામાં નિમિત્તકારણ બને છે, એમ જણાવવામાં આવે છે; એવાં ઉદાહરણો અથવા દૃષ્ટાન્તો આપ્યાં છે; તેમાં आयुर्वै घृतम्–ઘી એ ખરેખર આયુષ છે' એ દૃષ્ટાન્તની પેઠે જ 'दधित्रपुसं प्रत्यक्षो ज्वरः, नड्वलोदकं पादरोगः' એ બંને ઉદાહરણો પણ પ્રાચીન આચાર્યોનાં બે વાક્યોનો જ ઉતારો છે, એમ જણાયું છે; તેમાં કારણ તથા કાર્યનો એકરૂપે જ વ્યવહાર કરેલો દર્શાવ્યો છે; એમ તે તે કારણ તથા કાર્યનો અભેદવ્યવહાર દર્શાવનારાં બીજાં ઘણાં ઉદાહરણો સંભવે છે, છતાં એ વૈદ્યકને લગતાં જ ઉદાહરણો ભાષ્યકારે જે આપ્યાં છે, તે ઉપરથી એ પતંજલિ આચાર્ય વૈદ્યકસંપ્રદાયના જ્ઞાતા હતા, એમ લોકોને જણાય છે; પણ એટલા ઉપરથી એ પતંજલિ પોતે જ 'चरकाचार्य' હતા, એમ સાબિત થતું નથી; છતાં એ પતંજલિ તથા ચરક એ બન્ને જો એક જ આચાર્યરૂપ હોય તો વ્યાકરણને લગતા ગ્રંથમાં પ્રાસંગિક ગ્રહણ કરેલા એવા વિષયો પોતાના વૈદ્યક ગ્રંથ–ચરકસંહિતામાં પણ અસાધારણ તરીકે તેમણે કેમ લખ્યા ન હોય? દહીં અને કાકડી–બન્ને સાથે ખવાય તો તે જ્વરનું કારણ બને છે અને 'नड्वलोदक'–એટલે બરુ જ્યાં ઊગ્યું હોય તે પ્રદેશના સંબંધવાળું પાણી પગના રોગનું કારણ બને છે, એવો ઉલ્લેખ ચરકમાં કેમ મળતો નથી? વળી 'उत्कन्दक' નામનો કોઈ રોગ ભાવપ્રકાશ વગેરે ગ્રંથોમાં જોવા મળે છે, પણ ચરકમાં મળતો નથી; વળી મહાભાષ્યકારે તેમને પોતાને એટલો બધો પરિચય હશે તેથી અથવા પોતે વસવાટ કર્યો હશે તેથી પ્રેમને લીધે પાટલિપુત્ર(પટણા)નો ઘણીવાર પોતાના મહાભાષ્યમાં ઉલ્લેખ કર્યો છે, ત્યારે ચરકસંહિતામાં એકવાર પણ તેનો ઉલ્લેખ કરેલો કેમ મળતો નથી; તેમજ વૈદ્યાચાર્યોનું સ્મરણ કરાવતાં અગ્નિવેશ, પરાશર અને જતુકર્ણ–એ પદોને વ્યાકરણકાર પાણિનિએ ગર્ગાદિગણમાં આપ્યાં છે, તો તેમનાં ઉદાહરણો આપવાની જરૂર હતી, છતાં ભાષ્યકારે તે પદોનાં ઉદાહરણો આપ્યાં નથી; વળી ભાષ્યકારે પોતાના મહાભાષ્યમાં ત્રણ સ્થળે× 'अग्नि-

× આ શ્લોકવાક્યનો આ આખો શ્લોક આ પ્રમાણે છે: 'आयुर्घृतं नदी पुण्यं भयं चौरः सुखं प्रिया ॥ वैरं द्यूतं गुरुर्ज्ञानं श्रेयो ब्राह्मणपूजनम् ॥–ઘી ખરેખર આયુષરૂપ હોઈ આયુષને અવશ્ય વધારે છે; નદી એ પુણ્યરૂપ હોઈ પુણ્યને અવશ્ય વધારે છે; ચોર એ ખરેખર ભયજનક છે; પોતાની પ્રિયાપત્ની એ સુખરૂપ છે જુગાર એ વૈરરૂપ છે; ગુરુ એ જ્ઞાનરૂપ છે અને બ્રાહ્મણનું પૂજન એ કલ્યાણરૂપ છે.

× આ ત્રણ સ્થળોમાંનું પહેલું–'आद्यन्त-

વેદ્ય' શબ્દનો ઉલ્લેખ કર્યો છે તોપણ સ્વરના વિષયમાં જ તેનું ગ્રહણ કરી વૈદ્યોના આચાર્યરૂપે અગ્નિવેશને જણાવવાનો પ્રયત્ન ભાષ્યકારે ક્યાંય પણ કર્યો નથી; તેમજ ચરકે દર્શાવેલા પ્રાચીન વૈદ્ય-આચાર્યોનું અસાધારણ નામ પણ મહાભાષ્યકારે ક્યાંયે જણાવ્યું નથી.

વળી 'कतूक्थादि(પાણિનીય સૂત્ર-૪-૨-૬૦)નું વ્યાખ્યાન કરતી વેળા 'उक्थादि' ગણમાં 'आयुर्वेद' શબ્દ પ્રવેશ્યો છે, છતાં તેને 'ठक्' પ્રત્યય લાગતાં જે રૂપ સિદ્ધ થાય છે, તેને ભાષ્યકારે બતાવ્યું નથી; વળી ત્યાં જ 'विद्यालक्षण०' ઇત્યાદિ વાર્તિક સંબંધી વિદ્યાનું ઉદાહરણ આપતી વેળા 'वायसविधिकः, सार्पविधिकः, आङ्कविद्यः, वार्मविद्यः, वैद्यिः' એવાં દૃષ્ટાંતો આપીને પણ ભાષ્યકાર પોતે આચાર્યભાવે આશ્રય કરેલી આયુર્વેદ વિદ્યાનું ઉતાવળમાં નામ પણ લેતા નથી; વળી 'रोगाख्यायां ण्वुल्बहुलम्' (૩-૩-૧૦૮) એ પાણિનીય સૂત્રનું વ્યાખ્યાન કરતી વેળા રોગવાચી શબ્દોનાં ઉદાહરણો આપ્યાં છે; પણ रोगाद्यापनयने (૫-૪-૪૯) એ પાણિનીય સૂત્રના ચિકિત્સારૂપ વિલક્ષણ અર્થમાં 'तसिल्' પ્રત્યયનું, જેમ કાશિકા વગેરેમાં 'प्रवाहिकातः कुरु-પ્રવાહિકા રોગની તું ચિકિત્સા કર' ઇત્યાદિ ઉદાહરણો આપ્યાં છે, તેમ ભાષ્યકારે એક પણ ઉદાહરણ આપ્યું નથી, એ ભાષ્યકાર પોતે જ જો ચરકાચાર્ય હોય તો ખરેખર આશ્ચર્ય ઉપજાવે છે.

વળી 'चतुर्थ्यर्थे बहुलं छन्दसि' (૨-૩-૬૨) એ પાણિનીય સૂત્રમાં છઠ્ઠી વિભક્તિના અર્થમાં ચોથી વિભક્તિ કહેવી એમ તે વાર્તિકના ઉદાહરણરૂપે 'तैत्तिरीय' ઉપનિષદના વાક્યમાં રજસ્વલાઓએ પાળવા યોગ્ય નિયમો ધર્મશાસ્ત્રને અનુસરતા જણાવ્યા છે;* એ નિયમોથી ઊલટી રીતે જે સ્ત્રી વર્તે તેને અનિષ્ટ સંતતિની ઉત્પત્તિરૂપ ફળો પ્રાપ્ત થાય છે, તેનું નિરૂપણ મહાભાષ્યમાં વિશેષ રીતે કરવામાં આવ્યું છે. એ જ પ્રમાણે સુશ્રુતમાં શારીરસ્થાનના બીજા અધ્યાયમાં રજસ્વલા સ્ત્રીના નિયમો મહાભાષ્યકારે બતાવ્યા પ્રમાણે ફળ દર્શાવવાપૂર્વક બતાવ્યા છે; જ્યારે

वदेकस्मिन् (૧-૧-૨૦) એ પાણિનીય સૂત્ર, બીજું સ્થળ-'स्वरितात् संहितायामनुदात्तानाम्' (૧-૨-૩૯) એ પાણિનીય સૂત્ર અને ત્રીજું સ્થળ-'समासस्य' (૬-૧-૨૨૩) એ પાણિનીય સૂત્ર પર જે ભાષ્યો મળે છે તે સમજવાં.

* જેમ કે 'तिस्रो रात्रीः या स्वर्वेण पिबति तस्यै स्वर्वो जायते, यां मलवद्वाससं सम्भवन्ति यस्ततो जायते सोऽभिशस्तः, यामरण्ये तस्यै स्तेनः, यां परार्चीं तस्यै ह्रीतमुख्यप्रगल्भः, या स्नाति तस्या अप्सु मारुकः, चाऽभ्यङ्क्ते तस्यै दुश्चर्या, या प्रलिखते तस्यै खलतिरपमारी, याऽङ्क्ते तस्यै काणः, या दतो धावते तस्यै श्यावदन्, या नखानि निकृन्तते तस्यै कुनखी, या कृणत्ति तस्यै क्लीबः, या रज्जुं सृजति तस्या उद्बन्धुकः. या पर्णे न पिबति तस्य उन्मादको जायते, अहल्यायै जारमनायै तन्तुः-રજસ્વલા થયા પછી જે સ્ત્રી ઠીંગણા માણસે આપેલું પાણી પીએ, તેને ઠીંગણો છોકરો જન્મે છે; રજસ્વલા ધર્મવાળી હોઈ જે મેલાં વસ્ત્રો પહેરેલી સ્ત્રી સાથે જો મૈથુન કરે તો તેનાથી જે સંતાન જન્મે તે સર્વત્ર શાપિત થાય; જે રજસ્વલા થયેલીને જંગલમાં ભોગવે તે સ્ત્રીને ચોર સંતાન જન્મે; જેને ઊંધા માથે રાખી જે પુરુષ ભોગવે તે સ્ત્રીને શરમાળ સંતાન જન્મે; જે રજસ્વલા સ્ત્રી સ્નાન કરે તેને પાણીમાં ડૂબી મરનાર સંતાન જન્મે; જે સ્ત્રી રજસ્વલા હોવા છતાં શરીરે માલિશ કરે તેને દુષ્ટ ચરિત્રવાળી પ્રજા જન્મે; જે રજસ્વલા સ્ત્રી જમીનને ખોતરે તેને ટાલિયું અને અકાળે મરનાર સંતાન જન્મે; જે રજસ્વલા સ્ત્રી આંખમાં આંજણ આંજે તેને કાણો છોકરો જન્મે; જે રજસ્વલા સ્ત્રી દાંત સાફ કરે, તેને કાળાશયુક્ત પીળા દાંતવાળું સંતાન જન્મે; જે રજસ્વલા સ્ત્રી નખ કાપે તેને ખરાબ નખવાળી પ્રજા થાય; જે રજસ્વલા સ્ત્રી કોઈ જીવની હિંસા કરે તેને નપુંસક સંતાન થાય; જે રજસ્વલા સ્ત્રી દોરડી ગૂંથે તેને ગળાં બાંધનારો છોકરો થાય અને જે સ્ત્રી રજસ્વલા થઈ પાંદડાંથી પાણી પીએ તેને ગાંડો છોકરો જન્મે; અને જે સ્ત્રી અહલ્યાની પેઠે પોતાના યારમાં મન રાખે તેને તાંતણા જેવું નબળું સંતાન થાય.

પતંજલિ સાથે ચરકાચાર્યની એકતા કલ્પી લીધી છે, છતાં ચરકાચાર્યે શારીરસ્થાનના જાતિસૂત્ર નામના અધ્યાયમાં રજસ્વલાના નિયમો સામાન્યપણે જ કહ્યા છે; જ્યારે મહાભાષ્યમાં તે જ ધર્મોને વિશેષરૂપે કહ્યા છે; વળી ચરકાચાર્યે રજસ્વલાના નિયમોનાં ફળોનો ઉલ્લેખ જ કર્યો નથી અને પાત્રના અંશમાં પણ ચરક તથા પતંજલિનાં કથન એકબીજાને મળતાં આવતાં નથી, એ પણ ધ્યાનમાં લેવા જેવું છે. (એટલે કે ચરક તથા પતંજલિ બંને જુદા જ છે.)

વળી ભાષ્યકારના કહેવા પ્રમાણે 'स्त्यै' ધાતુનો અર્થ ઘનરૂપ થઈ થીજી જવું, એવો સ્વીકારી તે ધાતુમાંથી 'स्त्री' શબ્દની સિદ્ધિ કહી છે. (એટલે કે स्त्यायतः–घनीभवतः शुक्रशोणिते अस्याम्–જેમાં પુરુષનું વીર્ય તથા સ્ત્રીરજ એકત્ર થઈ ઘટ્ટ થાય–ગર્ભરૂપે થીજી જાય તે સ્ત્રી.) અને 'सू' ધાતુનો પ્રવૃત્તિરૂપ અર્થ સ્વીકારી તેમાંથી 'पुंस्' શબ્દની સિદ્ધિ સૂચવી છે. (જેમકે 'सूते–प्रवर्तते प्रजोत्पत्यै इति पुमान्–પ્રજાની ઉત્પત્તિ માટે જે પ્રવૃત્તિ કરે તે પુરુષ' એ ભાવ દર્શાવ્યો છે.) એ ઉપરથી જેમાં ઘનીભાવ થાય છે, એરૂપ અર્થ સ્વીકારી સ્ત્રીત્વ વ્યવહાર લોકમાં ચાલે છે, એમ ભાષ્યકાર સૂચવે છે; ચરકના લેખ અનુસાર તો ઘનીભાવરૂપ અર્થ સ્વીકારી પુરુષપણું પ્રદર્શિત કરાય છે અને પ્રસવ એ માતાનો ધર્મ હોવાથી 'षूङ् प्राणिगर्भविमोचने–પ્રાણીને ગર્ભમાંથી છૂટું પાડવું' એવો सू ધાતુનો અર્થ પાણિનીય ધાતુપાઠને અનુસરતો લઈ જેમ લોકમાં કહેવાય છે તેમ 'स्त्री सूते, माता सूते–સ્ત્રી પ્રસવે છે, માતા પ્રસવે છે' એવો સ્વારસિક બંધબેસતો જ (स्त्री શબ્દાર્થમાં) પ્રયોગ દર્શાવ્યો છે; પરંતુ ભાષ્યકારે કહેલી પ્રક્રિયા પ્રમાણે તો પ્રસવને પુરુષનો ધર્મ બતાવ્યો છે એટલે કે 'પ્રજાની ઉત્પત્તિ માટે જે પ્રવૃત્તિ કરે છે તે પુરુષ' એમ સૂચવીને 'पुमान् सूते'–પુરુષ જ પ્રજાની ઉત્પત્તિ માટે પ્રવૃત્તિ કરે છે, એ જ પ્રમાણે સ્વારસિક અથવા બરાબર બંધબેસતો દર્શાવ્યો છે; જ્યારે 'माता सूते–માતા ગર્ભને પ્રસવે છે' એ પ્રયોગ તો જુદો અર્થ કહેવાની ઇચ્છાથી કેવળ ઔપચારિક જ હોઈ માત્ર કહેવાનો જ છે–પણ સાચો નથી, એમ જણાવવા માટે છે; એમ ચરકની તથા ભાષ્યકારની પ્રક્રિયા જુદી જુદી છે. એમ ઉપર દર્શાવેલ પ્રમાણો ઉપરથી અને બાધક દલીલો ઉપરથી ચરક અને પતંજલિને એક જ વ્યક્તિ કહેવી, તેના કરતાં તે બંનેને જુદા જુદા આચાર્યો તરીકે સ્વીકારવા, એ જ મારી દૃષ્ટિએ યોગ્ય દેખાય છે.

વળી બીજું ચરકસંહિતામાં શારીરસ્થાનના પહેલા અધ્યાયમાં પુરુષના વર્ણનના પ્રસંગમાં યોગનો વિષય પણ જોવામાં આવે છે; તેનો પાતંજલ યોગના વિષયની સાથે સરખામણી કર્યાના ઉલ્લેખનો જે વિષય છે, તેનો પણ વિચાર કરતાં આમ જણાય છે; શારીરના પ્રથમ અધ્યાયમાં પ્રથમ દર્શાવેલ ત્રેવીસ પ્રશ્નોમાં છયે ધાતુઓના સમવાયરૂપ અથવા ચોવીસે તત્ત્વોના સમવાયરૂપ વેદનાના યોગને દૂર કરવાને યોગ્ય એવા કર્મપુરુષમાં એકવીસ પ્રશ્નોનું સમાધાન કરી 'क्व चैता वेदनाः सर्वा निवृत्तिं यान्त्यशेषतः–આ બધીયે વેદનાઓ સંપૂર્ણપણે કઈ સ્થિતિમાં અટકી જાય છે' એ બાબત બતાવીને બધી યે વેદનાઓથી દૂર થયેલા પુરુષ વિષેના બીજા પ્રશ્નનો ઉત્તર આપવા માટે 'योगे मोक्षे च सर्वासां वेदना नामवर्तनम् । मोक्षे निवृत्तिर्निःशेषा योगो मोक्षप्रवर्तकः ॥ –યોગમાં અને મોક્ષરૂપ અવસ્થામાં બધી ય વેદનાઓ રહેતી નથી; કારણ કે મોક્ષ પ્રાપ્ત થતાં સંપૂર્ણ નિવૃત્તિ પ્રાપ્ત થાય છે કોઈ પણ વેદના રહેતી જ નથી અને યોગ પણ મોક્ષ માટે જ પ્રવૃત્તિ કરાવનાર હોય છે;' એમ અંતઃકરણના વિષયવાળા અને દુષ્ટ યોગના કારણે થતાં સુખદુઃખથી રહિતપણારૂપ અવસ્થાના ઉદયસ્વરૂપ યોગનું ત્યાં ગ્રહણ કરવામાં આવ્યું છે તે પછી ફરી પાંચમા અધ્યાયમાં પ્રથમ કહેલા જ વિષયનું વિવરણ કરવા માટે અગ્નિવેશે જ્યારે પૂછ્યું હતું ત્યારે આત્રેયે પ્રવૃત્તિ તથા નિવૃત્તિનો વિભાગ કરી દર્શાવતાં નિવૃત્તિરૂપ મોક્ષમાં પૂર્વોક્ત સત્સંગ, બ્રહ્મચર્ય આદિનું સાધન તરીકે બ્રહ્મરૂપ વાક્યો દ્વારા વિશેષે કરી ફરી પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એમ તે બન્ને આગળપાછળના અધ્યાયોમાં એક જ વિષય જુદા પ્રકારે આત્રેયે જ નિરૂપણ કર્યો છે; એમ પ્રતિસંસ્કર્તા ચરકના રૂપમાં માની લીધેલા પતંજલિ-

ની પહેલાંનો જ એ લેખનો વિષય છે, એમ લાગે છે.

સુશ્રુતમાં ચિકિત્સાશાસ્ત્રમાં ઉપયોગી હોવાના કારણે તેમાં અધિકારી ઠરાવેલા અને પંચમહાભૂતો તથા જીવાત્માના સમવાયરૂપ કર્મપુરુષનું સ્વરૂપ કહ્યું છે; તે જ પ્રમાણે ભેડસંહિતામાં પણ તેવા જ પ્રકારના છ ધાતુઓ તથા ચેતનાના સમવાયરૂપ કર્મપુરુષનું સ્વરૂપ કહ્યું છે અને આ કાશ્યપીય સંહિતામાં પણ 'शरीरेन्द्रियात्मसत्त्वसमुदयं (रूपं) पुरुषमाचक्षते, आत्मानमेके–शरीर, ઇંદ્રિયો, આત્મા–જીવ અને સત્ત્વ–અંતઃકરણના સમુદાયરૂપ પુરુષ છે, એમ કહે છે અને તેને જ કેટલાક આત્મા પણ કહે છે.' એમ શરીર તથા शरीरि–જીવાત્માનો સમવાય જ દર્શાવ્યો છે અને તેને જ અનુસરતા પ્રાચીન સિદ્ધાન્તની રીતિ પ્રમાણે આત્રેયે પણ તેટલું જ દર્શાવી પોતાના વૈદ્યકીય દર્શનનું જ પરિપાલન કરવું યોગ્ય માનીને તે પછી એ પ્રકરણમાં મોક્ષ માટે ઉપયોગી યોગનો જે વિષય બતાવ્યો છે તે તો પાછળથી ચરકે જ પ્રતિસંસ્કરણ કરતી વેળા પ્રવેશાવેલો હોવો જોઈએ, એમ સ્વીકારીએ; તોપણ એ ચરકની તથા પતંજલિનાં યોગસૂત્રોમાં કહેલી યોગપ્રક્રિયા એક જ રૂપમાં મેળવી શકાતી નથી; કારણ કે પાતંજલ યોગદર્શનમાં 'योगश्चित्तवृत्तिनिरोधः' (૧–૨)–ચિત્તની વૃત્તિઓને વિષયો તરફ જતી રોકવી એ 'યોગ' કહેવાય છે અને 'ता एव सबीजः समाधिः' (૧–૪૬) એમ વિષયોથી રોકેલી તે ચિત્તવૃત્તિઓને જ 'સબીજ સમાધિ' કહી છે; પછી 'तस्यापि निरोधे सर्वनिरोधान्निर्बीजः समाधिः (૧–૫૦)–એ સબીજ સમાધિનો પણ નિરોધ થાય ત્યારે સર્વ બાબતોનો નિરોધ થઈ જાય છે, એ કારણે તે જ 'નિર્બીજ સમાધિ કહેવાય છે.' ઇત્યાદિ સૂત્રો દ્વારા અંતઃકરણની બહારની વૃત્તિઓને વિષયોથી રોક્યા પછી તે વૃત્તિઓને કેવળ આત્માકાર સ્વરૂપે સ્થાપી દેવી અને તે પછી છેવટે તે આત્માકાર થયેલી વૃત્તિને પણ રોકી લઈ વાયુરહિત પ્રદેશમાં રહેલા દીવાની જેમ તે વૃત્તિને વ્યવસ્થિત કરવી જોઈએ; એમ જણાવી સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત નામની બે કક્ષારૂપ ભેદો દ્વારા યોગના બે પ્રકારે વિભાગ કર્યા છે; અને એવા પ્રકારના યોગનો ઉદય થતાં 'ऋतंभरप्रज्ञा' આદિ યોગનાં ફળો તેમ જ મોક્ષનું સ્વરૂપ સિદ્ધ થાય છે; જેમ કે 'तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम्' (૧–૩) તે વેળા એટલે ઉપર્યુક્ત યોગના બંને પ્રકારો સિદ્ધ થાય છે ત્યારે દ્રષ્ટા–જીવાત્મા પોતાના મૂળ સ્વરૂપમાં સ્થિતિ કરે છે અને 'पुरुषार्थशून्यानां गुणानां प्रतिप्रसवः, कैवल्यं स्वरूपनिष्ठा वा चितिशक्तेः–(૪–૩૪) પુરુષાર્થરહિત ગુણોનું પ્રાકટ્ય થાય છે; કેવળ આત્માની પોતાના મૂળ સ્વરૂપમાં સ્થિતિ થાય છે અથવા ચૈતન્યશક્તિ પોતાના અસલ સ્વરૂપમાં સ્થિર થાય છે.' એમ આત્માના અસંગ, કૂટસ્થ અને માત્ર ચૈતન્યસ્વરૂપમાં વિશ્રાંતિ થાય છે, એવા છેલ્લા સિદ્ધાંતરૂપે વર્ણવાય છે; પરંતુ ચરકસંહિતામાં તો—

आत्मेन्द्रियमनोऽर्थानां संनिकर्षात् प्रवर्तते ।
सुखदुःखमानरम्भाद्यात्मस्थे मनसि स्थिरे ॥
निवर्तते तदुभयं वशित्वं चोपजायते ।
सशरीरस्य योगज्ञास्तं योगमृषयो विदुः ॥ इति

આત્મા, ઇંદ્રિયો, મન અને તેઓના વિષયોનો પરસ્પર સંબંધ થવાથી સુખ, દુઃખ, માન અને ક્રોધાદિનો આવેશ વગેરે ચાલુ થાય છે; પરંતુ આત્મામાં રહેલું મન જ્યારે સ્થિર થયું હોય છે, ત્યારે તે બંને દૂર થાય છે અને શરીરરહિત મન આત્માને વશ રહે છે; એ સ્થિતિને યોગ જાણનારા ઋષિઓ 'યોગ' કહે છે. એમ ઇંદ્રિયો તથા અંતઃકરણ આદિને બહારના વિષયોથી પાછાં વાળીને મનની આત્મામાં સ્થિરતા કરવી, એ યોગ કહેવાય છે; તેમ જ 'मोक्षो रजस्तमोऽभावाद् बलवत् कर्मसंक्षयात् । वियोगः कर्मसंयोगैरपुनर्भव उच्यते ॥'–બળવાન કર્મોનો સારી રીતે ક્ષય થવાથી રજોગુણ તથા તમોગુણ રહેતા નથી, એ કારણે (જીવનો) સંસારથી મોક્ષ (છુટકારો) થાય છે અને એમ કર્મના સંયોગોથી જે વિયોગ થાય, એ જ અપુનર્ભવ અથવા પુનર્જન્મથી રહિતપણું અથવા 'મોક્ષ' કહેવાય છે. એમ રજોગુણ અને તમોગુણ દૂર થાય અને કેવળ સાત્ત્વિકતા પ્રાપ્ત થઈ જાય, તેથી કર્મોનો ક્ષય થતાં શરીર, અંતઃકરણ

આદિની સાથે આત્માનો જે સ્થાયી વિયોગ થાય, એ જ મોક્ષ છે, એમ તે મોક્ષ અવસ્થાનું વર્ણન કરવામાં આવે છે.

હવે એ ઉપર્યુક્ત બંને આચાર્યોની મોક્ષ વિષેની માન્યતાની જો તુલના કરવામાં આવે તો ચરકના મતે કેવળ શુદ્ધ સત્ત્વગુણ જ બાકી રહેવાના કારણે કેવળ આત્માકાર અંતઃકરણની વૃત્તિની સ્થિરતા થવારૂપ યોગ દ્વારા ત્રિગુણાત્મક અવસ્થાથી પ્રાપ્ત થતા શરીરનો તથા અંતઃકરણનો સંયોગ દૂર થવારૂપ સ્થિતિની જે સ્થિરતા થાય એ જ 'મોક્ષ' પદનો અર્થ છે; જ્યારે પતંજલિના મતે તો છેવટે નિર્બીજ સમાધિરૂપ સ્થિતિ પ્રાપ્ત થવાના કારણે અંતઃકરણની સર્વ વૃત્તિઓનો વિલય થવાથી એ વૃત્તિઓનો ફરી ઉદય જ ન થાય, એ રૂપ યોગ દ્વારા અંતઃકરણની વૃત્તિઓરૂપ સુખ-દુઃખની છાયાનો ઉદય ન થવાના કારણે કૂટસ્થ ચૈતન્યમાત્રરૂપે આત્માનું જે પ્રતિષ્ઠાપન થાય એ જ મોક્ષનું સ્વરૂપ છે; એમ ચરકના તથા પતંજલિના મતમાં મુખ્ય પ્રકાર અથવા યથાર્થ અનુભવજન્ય જ્ઞાન તથા તેના ફળરૂપ મોક્ષમાં સ્વરૂપતઃ વિલક્ષણતા છે; તે કારણે ચરકે કહેલો યોગ-'आत्मस्थे मनसि स्थिरे रजस्तमोऽभावात् शुद्धसत्त्वसमाधानात् -આત્મામાં રહેલું મન સ્થિર થાય ત્યારે રજોગુણ અને તમોગુણનો અભાવ દૂર થવાથી શુદ્ધ સત્ત્વગુણનું મનમાં સારી રીતે સ્થાપન થવાથી યોગસિદ્ધિ થઈ ગણાય છે,' એમ ચરકે મૂકેલાં તે તે પદોનો સ્વારસ્ય અથવા રહસ્યરૂપ અર્થને જોતાં રજોગુણ તથા તમોગુણયુક્ત મનોવૃત્તિનો પરિત્યાગ થવાના કારણે વિશુદ્ધ સત્ત્વગુણ જ બાકી રહ્યો હોય, તેથી સાત્ત્વિકવૃત્તિપ્રધાન એવું મન આત્મામાં સ્થિરતા ધારણ કરે છે, એમ જણાવી પતંજલિના મતે સંપ્રજ્ઞાત સમાધિની કક્ષામાં પ્રતિપાદન કરેલા યોગના વિષયમાં જ પ્રવેશ થયાની મનની સ્થિતિ સૂચવી દીધી છે; પરંતુ એથી આગળ મનનો લય આદિનું જો પ્રતિપાદન કર્યું હોત તો જ સાત્ત્વિક મનોવૃત્તિનો પણ પરિત્યાગ થવાના કારણે માત્ર ધ્યેય-વસ્તુના જ પ્રકાશવાળી અવસ્થારૂપ અસંપ્રજ્ઞાત સમાધિની અવસ્થાવાળો જ યોગ એ ઉપરથી સમજી શકાત. પતંજલિના મતે તો સંપ્રજ્ઞાત સમાધિની કક્ષાથી ઉપર રહેલી અસંપ્રજ્ઞાત સમાધિની કક્ષામાં યોગની વિશ્રાંતિ થાય છે અને તેથી જ (સ્વરૂપાવસ્થાનરૂપ) કૃતકૃત્યસિદ્ધિ થાય છે, એવું પ્રતિપાદન કરવામાં આવે છે, એમ મુખ્ય કક્ષામાં જે વિલક્ષણતા રહી છે, તે જ આમ વિચારવા યોગ્ય છે. એ રીતે-

'आवेशश्चेतसो ज्ञानमर्थानां छन्दतः क्रिया।
दृष्टिः श्रोत्रं स्मृतिः कान्तिरिष्टताप्यदर्शनम्॥
इत्यष्टविधमाख्यातं योगिनां बलमैश्वरम्।
शुद्धसत्त्वसमाधानात् तत्सर्वमुपजायते॥

પ્રથમ ચિત્તનો વિષયોમાં પ્રવેશ, તે પછી એ વિષયોનું જ્ઞાન, પછી તેમાં પોતાની ઇચ્છાનુસાર ક્રિયા, પછી તે વિષયો સંબંધી દર્શન, શ્રવણ, સ્મરણ, ઇચ્છા અને તે તે વિષય પોતાને ઇષ્ટ થયા પછી પણ તેઓનું અદર્શન, એમ આઠ પ્રકારનું યોગીઓનું ઐશ્વરી બળ કહેવામાં આવ્યું છે; એ બધું શુદ્ધ સત્ત્વગુણનું મનમાં સારી રીતે ધારણ થવાથી ઉત્પન્ન થાય છે'

એમ ચરકના મતે 'પરપુરપ્રવેશ' આદિ આઠ જ યોગ સંબંધી વિભૂતિઓ કહી છે અને તે પણ આત્મામાં મનની સ્થિરતા થવારૂપ મુખ્ય પ્રમેય પ્રાપ્ત થયેલ હોય, તેની વિભૂતિઓ કહેવાય છે; અને તે વિભૂતિઓ ઐશ્વરી બળના રૂપે કહેવાય છે; પરંતુ પતંજલિના મતે આત્મા જેનો વિષય ગણ્યો છે એવા યોગનાં ફળો 'ઋત ભરા' પ્રજ્ઞા વગેરે જ કહ્યાં છે; તે યોગની સાધના અવસ્થામાં અભ્યાસની દૃઢતા માટે જેમ ત્રાટક વગેરેની જરૂર હોય છે, તેમ પ્રત્યયકાયરૂપ આદિ તે તે જુદા જુદા વિષયોમાં કરાતા ધારણા, ધ્યાન અને સમાધિ-એ ત્રણરૂપ યોગનાં અંગભૂત સંયમ જ વિભૂતિરૂપ હોઈને તે દ્વારા પરચિત્તજ્ઞાન-બીજાઓના ચિત્તના અભિપ્રાયો જાણવા, સર્વભૂતરુતજ્ઞાન-બધાં પ્રાણીઓના અવાજો સમજાય, પૂર્વજાતિજ્ઞાન એટલે કે પૂર્વજન્મનું જ્ઞાન, હસ્તિબલ-હાથીના જેટલું બળ પ્રાપ્ત થાય, ભુવનજ્ઞાન-સમગ્ર જગતનું જ્ઞાન થાય, તારાવ્યૂહજ્ઞાન-તારામંડળનું જ્ઞાન થાય અને કાયવ્યૂહજ્ઞાન-એટલે કે શરીરની રચનાનું જ્ઞાન થાય, વગેરે ઘણી સિદ્ધિઓ (પાતંજલ યોગસૂત્રના) વિભૂતિપાદમાં વર્ણવેલી છે; એમ વિશેષે

કરી જુદો જ હેતુ–હેતુમદ્ભાવ અથવા કારણ-કાર્ય-ભાવ બતાવ્યો છે અને તેની પ્રક્રિયા પણ જુદી જ દર્શાવી છે; તેમ જ કોઈ એક વિષયમાં પણ જુદા જુદા પારિભાષિક શબ્દોનો વ્યવહાર કરાય છે અને વિભૂતિઓની આઠની જ સંખ્યા નથી પણ પાતંજલયોગ સિદ્ધ થયા પછી અનેક સંખ્યામાં તે આવી મળે છે, એમ જણાવ્યું છે અને તે વિભૂતિઓ પણ 'ते समाधावुपसर्गाव्युत्थाने सिद्धयः (૩-૩૬)-સમાધિ અવસ્થામાં તો ઉપદ્રવરૂપ જ હોઈ ને વિઘ્નકર્તા જ ગણાય છે; પણ સમાધિમાંથી ઊઠવાની જે વ્યુત્થાન અવસ્થા હોય છે, તેમાં સિદ્ધિરૂપે કામ કરે છે.' એમ સિદ્ધિઓને મુખ્ય યોગમાર્ગનો વ્યાઘાત એટલે નાશ કરનાર જ માનેલી હોવાથી વિઘ્ન કરનાર જ ગણીને તેઓનું વર્ણન કર્યું નથી.

વળી યોગના તથા મોક્ષના ઉપાયનું જ્યાં વર્ણન કર્યું છે ત્યાં પણ આમ જ કહ્યું છે કે–

'सतामुपासनं सम्यगसतां परिवर्जनम्।
ब्रह्मचर्योपवासश्च नियमाश्च पृथग्विधाः॥
धारणं धर्मशास्त्राणां विज्ञानं विजने रतिः।
विषयेष्वरतिर्मोक्षे व्यवसायः परा धृतिः॥

(યોગ તથા મોક્ષને પ્રાપ્ત કરવા) સત્પુરુષોનું સારી રીતે સેવન, દુર્જનોનો સંપૂર્ણ પરિત્યાગ, બ્રહ્મચર્ય, ઉપવાસ અથવા બ્રહ્મચર્યરૂપ ઉપવાસ, જુદા જુદા નિયમોનું પાલન, ધર્મશાસ્ત્રોનું ધારણ એટલે પઠન-પાઠન તથા વિજ્ઞાન–આનુભવિક જ્ઞાન, એકાંતમાં વસવા પર પ્રીતિ અથવા એકાંત-વાસમાં આનંદનો અનુભવ, વિષયો પર અપ્રીતિ, મોક્ષ માટેનો વ્યવસાય કે ઉદ્યમ કર્યા જ કરવો અને ઉત્તમ પ્રકારનું ધૈર્ય હતાશાદિને વળગી જ રહેલું ન્હોઈએ' એમ જણાવી સજ્જનોનો સંગ તથા દુર્જનોના સંગનો ત્યાગ કરવો વગેરે ઘણા ઉપાયો વર્ણવવામાં આવ્યા છે. આ ઉપાયોમાંના બ્રહ્મચર્ય વગેરે કેટલાક ઉપાયો તો પાતંજલમતે પણ યમ-નિયમ આદિ અંગોમાં સમાઈ જાય છે; પણ સત્સંગ, ઉપવાસ તથા શાસ્ત્રધારણ વગેરેનો તે પાતંજલમતે યોગનાં કે મોક્ષનાં સાધનોમાં ઉલ્લેખ કરાતો નથી; પરંતુ ઊલટાં તે પાતંજલમતે અભ્યાસને તથા વૈરાગ્યને યોગના કારણ તરીકે જણાવી પ્રણવ–ૐકારની ઉપાસના, મૈત્રી આદિ ચિત્તની શુદ્ધિ માટેનાં કર્મો, પ્રાણાયામ તથા આસન વગેરેને યોગનાં અંગરૂપે ખાસ (કર્તવ્ય તરીકે) કહેવામાં આવે છે; જ્યારે ચરકસંહિતામાં તેઓનો ઉલ્લેખ કરાતો નથી, એમ યોગનાં સાધનોના અંશમાં સર્વાંશે સારૂપ્ય નથી; જેથી કેટલાક અંશે જે તુલના અને સમાનતા મળે છે, તે તો મુખ્ય ગ્રહણ કરવા યોગ્ય અંશમાં સર્વ સ્થળે અવશ્ય સંભવે જ છે; કારણ કે યોગવિદ્યા કેવળ પતંજલિથી જ પ્રકટ થઈ છે, એમ તો છે જ નહિ; પરંતુ તેમની પહેલાં પણ યોગવિદ્યાનું તો અસ્તિત્વ હતું જ અને તેનું વર્ણન પણ મહાભારત આદિ (પ્રાચીન) ગ્રંથોમાં પણ કરવામાં આવ્યું જ છે; વળી 'हिरण्यगर्भो योगस्य वक्ता'–ખુદ બ્રહ્મા યોગવિદ્યાનો ઉપદેશ કરનાર છે' એમ કહી હિરણ્ય-ગર્ભ–બ્રહ્માના જ સમયથી માંડી યોગવિદ્યાનો શાશ્વતિક અથવા કાયમી ઉદય જણાવવામાં આવ્યો છે. 'મોહેં–જો-દરોના ભોંયરામાંથી પણ યોગસાધના-માં બેઠેલા પુરુષની મૂર્તિ મળી આવી છે, તે ઉપરથી યોગની એકધારી પ્રવૃત્તિ ઘણા પૂર્વકાળથી ભારતદેશમાં ચાલુ રહી જ છે, એમ 'સર્જન માર્શલ' નામના વિદ્વાને પણ પોતાના રીપોર્ટમાં તેનો ઉલ્લેખ કર્યો છે.* શ્રીયુત દાસગુપ્તે પણ તે સંબંધે લખ્યું છે.× એમ સ્વરૂપથી, કારણોથી, ફળથી, વિશેષ ઉપાયોથી, પારિભાષિક શબ્દો પણ જુદા જુદા હોવાથી ચરકની તથા પતંજલિની વિલક્ષણતા દેખાઈ આવે છે અને વળી પતંજલિની યોગપ્રક્રિયામાં કાળે કરી અનુક્રમે વિષયોના વિકાસ-નું પણ અનુસંધાન મળે છે અને ચરકની તથા પતંજલિની લેખશૈલી પણ એકબીજાથી જુદી પડે છે, એ કારણે તે બંને લેખના લેખક જુદા જુદા છે એટલે કે ચરકસંહિતાના લેખક ચરકા-ચાર્ય એ જુદી વ્યક્તિ છે અને પતંજલિ પણ એ ચરકથી જુદા જ મહાભાષ્યાદિના લેખક છે,

* જુઓ 'મોહેં જો દરો એન્ડ હિંદુઝ સિવિલાઇઝેશન,' વોલ્યુમ–૧, પેઇજ–૫૪.

× જુઓ 'હિસ્ટરી ઑફ ઇન્ડિયન ફિલોસોફી', બાય દાસગુપ્ત, વોલ્યુમ–૧, પેઇજ–૨૨૬.

એમ જણાય છે.

મહાભારતમાં (આશ્વમેધિક પર્વના પેટા પર્વ અનુગીતા પર્વમાં ૧૮ મા અધ્યાયમાં) 'अतः परं प्रवक्ष्यामि योगशास्त्रमनुत्तमम्'–હવે હું સર્વોત્તમ યોગશાસ્ત્ર કહું છું,' એમ શરૂઆત કરીને યોગવિદ્યા દર્શાવી છે.* તેમાં પણ એ જ પ્રમાણે (ચરક, પતંજલિ આદિના કથન પ્રમાણે) ઇંદ્રિયોના નિરોધ અથવા જયપૂર્વક મનની આત્મામાં પ્રથમ સ્થિરતા કરીને મોક્ષનો યોગ આચરવો અને તેના ઉપાય તરીકે યોગશાસ્ત્રનો અભ્યાસ કરવો; એકાંતવાસ કરવામાં સ્વભાવ કેળવી સંયમ પાળવો અને ઇંદ્રિયોનો જય આદિ સાધનો સિદ્ધ કરવાં જોઈએ. એમ (સિદ્ધ થયેલા), યોગ દ્વારા પોતાની ઇચ્છા પ્રમાણે અનેક શરીરોમાં પ્રવેશ અથવા અનેક શરીર ધારણ કરવાની શક્તિ પ્રાપ્ત કરી શકાય છે; દેવોને પણ વશ કરી શકાય છે, નિર્ભયપણું પ્રાપ્ત થાય છે, કોઈ જાતનો ક્લેશ કે દુઃખ રહેતાં નથી; અને નિઃસ્પૃહપણું ઇત્યાદિ ગુણો (તે યોગીમાં) ઉત્પન્ન થાય છે; એમ મહાભારત આદિ પ્રાચીન ગ્રંથોમાં જે પ્રાચીન યોગનો વિષય નિરૂપણ કર્યો છે, તેની છાયાનું સર્વાંશે અનુસરણ ભલે કરવામાં ન આવ્યું હોય, તોપણ હવે યોગવિષયની પ્રક્રિયાનું સાંનિધ્ય

* જેમ કે :–

'अतः परं प्रवक्ष्यामि योगशास्त्रमनुत्तमम् ।
युञ्जन्तः सिद्धमात्मानं यथा पश्यन्ति योगिनः ॥१५॥
तस्योपदेशं वक्ष्यामि यथावत्त्वं निबोध मे ।
यैर्द्वारैश्चारयन्नित्यं पश्यत्यात्मानमात्मनि ॥१६॥
इन्द्रियाणि तु संहृत्य मन आत्मनि धारयेत् ।
तीव्रं तप्त्वा तपः पूर्वं मोक्षयोगं समाचरेत् ॥१७॥
तपस्वी सततं युक्तो योगशास्त्रमथाचरेत् ।
मनीषी मनसा विप्रः पश्यन्नात्मानमात्मनि ॥१८॥
स चेच्छक्नोत्ययं साधुर्योक्तुमात्मानमात्मनि ।
ततः एकान्तशीलः स पश्यत्यात्मानमात्मनि ॥१९॥
संयतः सततं युक्त आत्मवान् विजितेन्द्रियः ।
तथाऽयमात्मनाऽऽत्मानं संप्रयुक्तः प्रपश्यति ॥२०॥
... ...
यदा हि युक्तमात्मानं सम्यक्पश्यति देहभृत् ।
न तस्येहेश्वरः कश्चित् त्रैलोक्यस्यापि यः प्रभुः ॥२४
अन्यान्याश्चैव तनवो यथेष्टं प्रतिपद्यते ।
विनिवृत्त्य जरामृत्यू न शोचति न हृष्यति ॥२५॥
देवानामपि देवत्वं युक्तः कारयते वशी ।
ब्रह्म चाव्ययमाप्नोति हित्वा देहमशाश्वतम् ॥२६॥

હવે જે સર્વોત્તમ યોગશાસ્ત્ર છે, તેને હું કહું છું; એ શાસ્ત્ર અનુસાર યોગને સિદ્ધ કરનારા યોગીઓ પોતાના આત્માને સિદ્ધ થયેલો જુએ છે; એ યોગશાસ્ત્રનો હું હવે બરાબર ઉપદેશ કરું છું, તેને તમે મારી પાસેથી બરાબર સાંભળો; જે દ્વારો વડે હંમેશાં, પ્રવૃત્તિ કરતો યોગી પોતાના આત્મા વિષે આત્માનો કાયમ સાક્ષાત્કાર કરે છે; હરકોઈ સાધક પુરુષે (પ્રથમ તો) પોતાની ઇંદ્રિયોને વિષયોથી વાળીને મનને આત્મા વિષે ધારણ કરવું; પછી તીવ્ર તપ તપીને પ્રથમ મોક્ષ માટેનો યોગ સાધવો; એમ કાયમ યોગમાં જોડાઈ રહેતા યોગીએ યોગશાસ્ત્રનો અભ્યાસ કરવો; બુદ્ધિમાન બ્રાહ્મણે મનથી પોતાના આત્મામાં આત્માને જોયા કરવો જોઈએ. એવો તે સાધુપુરુષ પોતાના આત્મા વિષે (મનરૂપ)આત્માને જોડી દેવા જો શક્તિમાન થાય છે, તો તે પછી એકાંતે વસવાનો તેવો સ્વભાવ થતાં પોતાના આત્મા વિષે આત્માનું દર્શન તે કર્યા જ કરે છે. એવો તે સંયમી પુરુષ નિરંતર એ ઉપર્યુક્ત યોગમાં જોડાયેલા રહીને આત્મનિષ્ઠ તથા અતિશય જિતેંદ્રિય બને છે. અને એમ સારી રીતે જોડાયેલા રહી પોતાના આત્મા–મન વડે આત્માનો સાક્ષાત્કાર કર્યા જ કરે છે; એમ જ્યારે પોતાના આત્મા–મનને આત્મા વિષે સારી રીતે યુક્ત થયેલું તે દેખે છે, ત્યારે તેનો કોઈ ઈશ્વર નથી, પણ તે પોતે જ ત્રણે લોકનો ઈશ્વર બને છે; તેને જો ઇચ્છા થાય તો જુદાં જુદાં અનેક શરીરોમાં પોતાની ઇચ્છાનુસાર પ્રવેશ કરી શકે છે અને ઘડપણ તથા મરણને પણ ઓળંગી જઈ કોઈનો શોક કરતો નથી અને કોઈનાથી હર્ષ પણ પામતો નથી. એમ યોગયુક્ત બની સર્વને વશ રાખનાર તે યોગી દેવોની ઉપર પણ દેવપણું કરાવે છે અને છેવટે નાશવંત એવા આ દેહનો ત્યાગ કરી અવિનાશી બ્રહ્મને પ્રાપ્ત કરે છે.

ચરકે દર્શાવેલી આ યોગપ્રક્રિયામાં દેખાય છે, તે ઉપરથી સાબિત થાય છે કે એ પ્રાચીન જ યોગનો માર્ગ આ ચરકાચાર્યે લીધેલો છે અને પતંજલિએ જ યોગમાર્ગને પ્રથમ કહ્યો છે, એમ નથી, એવું લાગે છે; તે ઉપરથી એ બન્ને આચાર્યો—ચરક તથા પતંજલિની આ જુદી જુદી જણાતી બે યોગપ્રક્રિયાના ભેદો પણ એ બેય આચાર્યોની એકતાને સિદ્ધ કરવા સમર્થ થઈ શકતા નથી; પરંતુ ઊલટા તે બન્ને આચાર્યો જુદા જુદા હતા, એમ સિદ્ધ કરવા આગળ આવે છે.'

વળી યોગસૂત્રોના કર્તા પતંજલિ અને વ્યાકરણ-મહાભાષ્યના કર્તા પતંજલિ એક છે કે એ બંને પતંજલિ જુદા જુદા છે, એ વિષયમાં પણ વિદ્વાનોનો મતભેદ છે; મહાભાષ્યકારનો સમય; ધાતુઓ સંબંધી રસાયનોના વિષયોનું જ્યારે ઉત્થાન અથવા પ્રબળપણે પ્રચારની શરૂઆત જે કાળે થઈ હતી, તેની પહેલાંનો હોઈને રસાયનશાસ્ત્રના આચાર્ય પતંજલિ પણ જુદા જ હતા; કેવળ તેઓના નામની જ સમાનતા હતી, એવો પણ કેટલાક વિદ્વાનોનો વિચાર છે.* એમ તે પતંજલિઓ તથા ચરક—એ બધાની એકતા છે કે અનેકતા છે? તેઓ બધા જુદા જુદા હતા કે એક જ હતા, એ વિષે જુદા જુદા વિચારો કર્યા કરવાથી ચાલુ વિષયમાં વિચ્છેદ થઈ જાય, એવો ભય રહે છે; માટે હવે તે બાબતોના વિચારો કરવાનું માંડી વાળવામાં આવે છે.

'અલ્બેરુની' નામનો એક લેખક તો અગ્નિવેશ તથા ચરકની પણ એકતાનું અનુસંધાન કરે છે; પરંતુ એ વાત તો ચરકસંહિતાના પ્રત્યેક અધ્યાયની અંતે 'अग्निवेशकृते तन्त्रे चरके प्रतिसंस्कृते—આ આયુર્વેદશાસ્ત્ર અગ્નિવેશે રચ્યું છે અને ચરકે પ્રતિસંસ્કાર કરી સુધાર્યું—વધાર્યું છે' એમ તંત્રકાર અગ્નિવેશને જણાવતો તથા પ્રતિસંસ્કર્તા તરીકે ચરકને જણાવતો ઉલ્લેખ સ્પષ્ટ કરવામાં આવ્યો છે, તે ઉપરથી અગ્નિવેશ અને ચરક એ બન્ને જુદા જુદા જ હતા, એમ સાબિત થાય છે અને 'અલ્બેરુની'ની માન્યતા મારી જાય છે; એમ તે બંને આચાર્યો જુદા જુદા જ હતા, અને તે તે વ્યક્તિનો ભેદ પણ છે જ, છતાં તે બેય કૃતિઓ કેવળ એક જ સ્વરૂપે બાકી રહેલી હોવાથી યશરૂપે બાકી રહેલા તે બન્નેના ગ્રંથનું તાત્પર્ય જોતાં ખેદની વાત છે કે હાલમાં તેઓ બન્ને જાણે એક જ હોય તેવું થઈ ગયું છે.

હાલમાં મળતી (ચરકે) પ્રતિસંસ્કારયુક્ત કરેલી ચરકસંહિતામાં પણ પ્રાચીન સાંખ્યદર્શનનો જ અતિ વધુ પ્રમાણમાં આશ્રય કરેલો હોવાથી અને બૌદ્ધમતની છાયા પણ પ્રવેશેલી ન હોવાથી સંસ્કાર વખતે પ્રવેશેલા જણાતા લેખના વિષયોમાં પણ પ્રાચીન પ્રૌઢરચના દેખાય છે, એ કારણે પ્રતિસંસ્કારકર્તા ચરક પણ અર્વાચીન નથી, એમ જણાય છે; પરંતુ 'સિદ્ધિસ્થાનતૃતીય' નામના અધ્યાયમાં ન્યાયદ્વારા દર્શન કરવા યોગ્ય 'ન્યાય—નિગ્રહસ્થાન' આદિ ઘણા પદાર્થો જોવામાં આવે છે, તે એને લગતા વિષયની અતિશય પ્રાચીનતાનો સ્વીકાર કરવા સામેથી રોકી દે છે. શ્રૌત (વેદોને લગતા) દાર્શનિક ગ્રંથોમાં ગૌતમસૂત્રોની પૂર્વે અને બૌદ્ધ દાર્શનિક ગ્રંથોમાં નાગાર્જુન વિરચિત× ઉપાય(કૌશલ્ય)હૃદય આદિ ગ્રંથોની પૂર્વે ન્યાયને લગતા છલજાતિ નિગ્રહસ્થાન આદિ 'વિગૃહ્યસંભાષા'માં ઉપયોગી પદાર્થોનું નિરૂપણ મળતું નથી, એ કારણે બૌદ્ધોનો 'મહાયાનિક વિચાર' નામનો ગ્રંથ જ્યારે પ્રકટ થયો ત્યારે બન્ને બાજુ (વૈદિક તથા બૌદ્ધમતે) સંઘર્ષ ચાલુ થતાં પક્ષ—પ્રતિપક્ષ—જય—પરાજયના નિયમોની વ્યવસ્થા વિકાસ પામી, એવું અનુસંધાન કરવું યોગ્ય જણાય છે; અને તે ઉપરથી એ વિકાસ થયા પહેલાંના કેટલાક

* જુઓ 'હિસ્ટરી ઑફ ધ્ન્ડિયન ફિલોસૉફી', ભાગ દાસગુપ્ત, વૉલ્યુમ ૧, પેજ ૨૬૧ તેમ જ 'યોગ સિસ્ટમ ઑફ પતંજલિ,' ભાગ જે. એચ. વૂડ.

× આ 'ઉપાયહૃદય' નામનો ગ્રંથ બૌદ્ધ દાર્શનિક આચાર્ય નાગાર્જુને રચેલો છે; એ ગ્રંથ વિવાદના વિષયથી યુક્ત છે; એ મૂળ ગ્રંથ હાલમાં જોવામાં આવતો નથી, પણ ચીની ભાષામાં તેનો અનુવાદ મળે છે. પ્રો. 'તુચ્ચી' મહાશયે તે ચીની ભાષાના અનુવાદનો સંસ્કૃતમાં પણ અનુવાદ કર્યો છે.

સમયથી માંડી એકદમ ઝડપી પ્રમાણમાં આ વિવાદનો વિષય ચાલુ થયેલો હોઈને ગૌતમ તથા નાગાર્જુન આદિ આચાર્યોએ એવા (વિવાદ-વિષયક) ગ્રંથોની રચના કરીને બન્ને બાજુથી તે વિવાદના વિષયમાં પરિષ્કારો કરી કરીને તે વિષયને નિયમિત કર્યો હોય, એમ જણાય છે. પક્ષ-પ્રતિપક્ષ ભાવને લીધે એ જ વિવાદને પાછળથી થયેલા દિઙ્નાગ-ધર્મકીર્તિ આદિ બૌદ્ધ આચાર્યોએ પ્રમાણસમુચ્ચય, પ્રમાણવાર્તિકવાદ, ન્યાયહેતુબિંદુ આદિ ગ્રંથો રચીને તેઓમાં અને ન્યાય-વૈશેષિક દર્શનાચાર્યોએ વાત્સ્યાયન-ભાષ્ય, ઉદ્યોતકર, વાર્તિકતાત્પર્ય, ટીકા તાત્પર્ય પરિશુદ્ધિ ગ્રંથો રચીને તે તે ગ્રંથોમાં અને જૈનાચાર્યોએ 'તત્ત્વ-સંગ્રહ' આદિ પોતપોતાના ગ્રંથોમાં મધ્યકાળે પણ ઘણો વધારી મૂકેલો જોવામાં આવે છે; તે કારણે જ્યાં જ્યાં વિચાર કરવાનો અવસર મળ્યો ત્યાં ત્યાં વિમર્શ અથવા સામસામું ઘર્ષણ થાય એવાં પદોનો પાછળથી થયેલો પ્રવેશ તે તે સમયને લગતો જ જણાય છે. આયુર્વેદને લગતા પ્રાચીન ગ્રંથોમાં સુશ્રુતે તથા ભેડ આચાર્યે તે તે વાદને લગતા પદાર્થો દાખલ કરવામાં કેવળ ઉદા-સીનતા જ રાખી છે. કશ્યપે પણ વૈદ્યોના પરસ્પર વિમર્શ અથવા વિચારોનો વિષય મૂકીને તેમાં 'સંધાયભાષા'નું જ પ્રદર્શન પ્રથમ કરાવ્યું છે અને તે પછી 'વિગૃહ્યસંભાષા'નો વિષય બહુ જ થોડા જ પ્રમાણમાં સૂચિત કર્યો છે, પરંતુ તેનો લાંબો વિસ્તાર કર્યો નથી; એમ જોઈને આત્રેયે તથા અગ્નિવેશે પણ પોતપોતાની સંહિતામાં પ્રાચીન આચાર્યોએ ગ્રહણ કરેલા માર્ગે 'સંધાયભાષા'માં જ વિશ્રાંતિ લેવી યોગ્ય ગણવી જરૂરી હતી; કારણ કે ચિકિત્સાના વિષયમાં પક્ષ-પ્રતિપક્ષભાવ ઊભો કરી જેમતેમ કરીને પણ પોત-પોતાના પક્ષને સ્થાપવાનો અને સામાના પક્ષને ઉડાવી દેવા દુરાગ્રહ પકડવા જતાં વસ્તુના યથાર્થ તત્ત્વને છુપાવી દેવાથી અનર્થ થવાનો સંભવ થાય છે, એ કારણે યથાર્થ વસ્તુતત્ત્વનું જ અનુસંધાન રાખવું યોગ્ય થઈ પડે છે; પરંતુ વિગૃહ્ય ભાષામાં ઉપયોગી છલજાતિ, નિગ્રહ-સ્થાન આદિનો જે પ્રપંચ કરવો તે હિતકારી માર્ગને કાંટાઓથી વ્યાપ્ત બનાવે છે. હાલમાં જે ચરકસંહિતા મળે છે, તેમાં વાદના વિષયનો જ્યાં ઉલ્લેખ કરેલો છે, તેમાં 'विगृह्यभाषा तीव्रं हि केषांचिद् द्रोहमाचरेत् कुशला जनाभिन्दन्ति कलहं समितौ सताम्' –(વિમાન૦ અ. ૮) વિગૃહ્યભાષા જ ખરેખર કેટલાક લોકોનો અવશ્ય દ્રોહ કરે છે; એ કારણે કુશળ વિદ્વાનો સજ્જનોની સભામાં (વિગૃહ્યભાષાનો ઉપયોગ કરી તે દ્વારા) કજિયો ઊભો કરવાનું પસંદ કરતા જ નથી.' એમ જણાવી સંધાયભાષામાં જ વિષયનો ઉપસંહાર કરવામાં પોતાનો પક્ષપાત ત્યાં જ પ્રથમ દર્શાવ્યો છે; તે ઉપરથી એટલા ગ્રંથ સુધીનો જ ગ્રંથવિષય આત્રેયવિરચિત ત્યાં મૂક્યો હોવો જોઈએ; તે પછી 'વિગૃહ્યભાષા'ના જુદા જુદા પદાર્થો ગ્રહણ કરી ચાલુ કરેલો ગ્રંથવિષય 'इमानि खलु पदानि भिषग्वादज्ञानार्थमधिगम्यानि भवन्ति'– આ પદો ખરેખર વૈદ્યોને વાદનું જ્ઞાન થાય તે માટે જાણવા યોગ્ય છે, એમ શરૂઆત કરી 'इति वादमार्गपदानि यथोद्देशमभिनिर्दिष्टानि भवन्ति'–એ પ્રમાણે વાદના માર્ગને લગતાં એ પદો, ઉદ્દેશ પ્રમાણે જેમ ટૂંકમાં વસ્તુસંકીર્તન કર્યું છે, તે રીતે અહીં બતાવવામાં આવ્યાં છે, ત્યાં સુધીનો ગ્રંથવિભાગ (વિગૃહ્યભાષાના) ઉપક્રમ તથા ઉપ-સંહારરૂપે અલગ કરેલો હોઈને પરંપરા માટે ચાલુ રહેલા માર્ગે પાછળથી ચરકના સમયમાં પણ પેઠેલો હોઈ ખરેખર સંદેહ ઉપજાવે છે. પૂર્વકાળમાં પણ જુદો જુદો મત ધરાવતા અનેક પ્રકારના આચાર્યો થયા હતા; જેથી તેઓના માંહેમાંહેના વિચારો અને તે માટેના વાદના નિયમો પણ જુદાં જુદાં પ્રમાણો મેળવ્યા વિના થતા ન હતા, એમ નિશ્ચય વિના કહી શકાય તેમ નથી. ભાસ કવિના પ્રતિમાનાટકમાં પ્રાચીન આચાર્યોનાં શાસ્ત્રોમાં 'મેધાતિથિ' નામના આચાર્યનું ન્યાય-શાસ્ત્ર પણ પ્રતિષ્ઠા પામેલું જણાય છે; તેમાં પણ વાદના વિષયનો ઉલ્લેખ સંભવે છે; પરંતુ એમાં બૃહસ્પતિના અર્થશાસ્ત્રનો ઉલ્લેખ અલગ હોવાથી 'આ ન્યાયશાસ્ત્ર છે' એવો માત્ર શબ્દથી તર્ક, મીમાંસા અથવા જુદો જ વિષય જણાય છે. જોકે તે તર્કશાસ્ત્ર હોવા છતાં તેમાં વાદનો વિષય હતો

કે નહિ ? અથવા જો હતો તો કેવા સ્વરૂપનો તે હતો ! એ અંગે નિશ્ચય કરી શકાતો નથી. ગૌતમ, નાગાર્જુન આદિની પહેલાંના ગ્રંથોમાં એ વિષય મળતો નથી, તેથી એવી પ્રતીતિ થાય છે કે, સામાન્યપણે જ ચાલ્યા આવતા એ જ વિષયોનો ગૌતમ, નાગાર્જુન આદિએ રચેલા ગ્રંથોમાં મલ્લ–પ્રતિમલ્લ અથવા પક્ષ–પ્રતિપક્ષભાવનો ઉદય થતાં વિશેષ પ્રસાર થયો છે, એમ કહેવું શક્ય છે; એ વિષયોને નજરમાં રાખતાં ખૂબ ઝીણો વિચાર કરી ચરક, ગૌતમ તથા નાગાર્જુને દર્શાવેલ વાદના વિષયોની તુલના કરતાં અને આગળ–પાછળની પર્યાલોચના કરતાં ન્યાયના અવયવો, સિદ્ધાંતો અને તેઓના જુદા જુદા ભેદો વગેરેમાં ચરક તથા ગૌતમનાં કથનો વિષે જોકે સમાનતા જોવામાં આવે છે; તોપણ ગૌતમે ત્રણ પ્રકારની કથાઓને ઉદ્દેશી 'સંઘાય-સંભાષા'રૂપ વાદને તત્ત્વ જાણવાની ઇચ્છા ધરાવતી કથારૂપ માન્યો છે અને 'વિગૃહ્યસંભાષા'રૂપ વિવાદને પક્ષ–પ્રતિપક્ષને લગતી કથારૂપ ગણ્યો છે અને છલ, જાતિ, નિગ્રહસ્થાન વગેરેને જલ્પવાદમાં ઉપયોગી તરીકે દર્શાવ્યાં છે; જ્યારે ચરકે તો, જેમ નાગાર્જુને ઉપાયહૃદય ગ્રંથમાં માનેલ છે તેમ, વાદ પણ વિવાદનો પર્યાયરૂપ જ છે, એવો અભિપ્રાય ધરાવી તેની પાછળ જ છલ, જાતિ, નિગ્રહસ્થાન વગેરે પણ લાગુ રહ્યા કરે છે, એમ દર્શાવ્યું છે અને પછી તેમાં પણ છલ, જાતિ તથા નિગ્રહસ્થાનના જુદા જુદા ભેદો માન્યા છે અને ચરકના કથનની અપેક્ષાએ ગૌતમના કથનમાં વિલાસો તથા સંખ્યાની અધિકતા મળે છે. તે ઉપરથી તે કાળે તેઓની વિકસિત અવસ્થા જણાઈ આવે છે; અને ઉપાય-હૃદયમાં કેટલાક પદાર્થોમાં ગૌતમ તથા ચરકે કહેલી રીતિથી જુદી જ પ્રક્રિયા દર્શાવીને તે દ્વારા ટૂંકમાં બધું બતાવ્યું છે, છતાં અધિક–ન્યૂનના ત્રણ પ્રકારો, દૃષ્ટાંતોના બે પ્રકાર અને સિદ્ધાંતના ચાર પ્રકાર અને વીસ પ્રકારના પ્રશ્નોત્તરના સંબંધો વગેરે ઘણા વિશેષ વિષયો વિકસિત થયેલા દેખાય છે; એ ઉપરથી વિકાસવાદનો ક્રમ ગ્રહણ કરવામાં આવે તો ચરકના સમયથી માંડી ગૌતમ અને નાગાર્જુનના સમયમાં વિચારોનો વિકાસ મળી આવે છે અને તે ઉપરથી ચરક, ગૌતમ તથા નાગાર્જુન ભલે એક જ વિવાદયુગમાં અનુસ્યૂત –પરોવાયેલા જણાય છે, તોપણ તેઓનું અમુક થોડા સમયની અંતરે આગળપાછળપણું સાબિત થતાં ગૌતમ તથા નાગાર્જુનના સમયથી ચરકનો સમય પહેલાંનો હોય એમ જણાય છે. શ્રીયુત સુરેન્દ્રનાથ દાસગુપ્ત મહાશયે પણ બન્ને બાજુના 'વિગૃહ્ય સંભાષા'ના વિષયોનો વિચાર કર્યા પછી ગૌતમ કરતાં ચરક પ્રથમ થયેલા હોવા જોઈએ, એવો પોતાનો અભિપ્રાય સ્પષ્ટ જાહેર કર્યો છે. (જુઓ 'હિસ્ટરી ઓફ ઇંડિયન ફિલોસોફી,' વોલ્યુમ ૧, બાય દાસગુપ્ત.)

વળી 'બૌદ્ધત્રિપિટક' નામના એક બૌદ્ધ ગ્રંથનો ચીનીભાષામાં અનુવાદ થયેલો મળે છે; તેમાં 'કનિષ્ક' નામના એક રાજાનો 'ચરક' નામે રાજવૈદ્ય હતો એમ જણાવ્યું છે; એ વૈદ્યે તે રાજાની રાણીનો દુશ્ચિકિત્સ્ય (મટાડવો મુશ્કેલ) રોગ મટાડ્યો હતો, એવું વર્ણન મળે છે; તે ઉપરથી ચરક આચાર્ય, 'કનિષ્ક' રાજાના સમયમાં થયા હતા એમ જાણવા મળે છે અને તેથી આમ કહી શકાય છે કે, ચરક આચાર્ય, લગભગ પહેલી શતાબ્દી એટલે કે ઈસવી સનના પહેલા જ સૈકામાં થયા હતા, એમ પાશ્ચાત્ય પંડિત 'સિલવાન્ લેવી'-એ સ્વીકાર્યું છે; તે કાળે દાર્શનિક આચાર્ય નાગાર્જુનનો પણ ઐતિહાસિક સમય જાણવા મળે છે અને 'નાગાર્જુન' વિરચિત 'ઉપાય-હૃદય' ગ્રંથમાં જેમ 'વિગૃહ્ય સંભાષા'ને લગતા વિષયો મૂક્યા છે, તેમ ચરકના લેખમાં પણ વિગૃહ્ય સંભાષાને લગતા વિષયો મૂકેલા મળે છે; તે ઉપરથી આચાર્ય નાગાર્જુન તથા ચરકા-ચાર્યનો બેયનો સમય 'કનિષ્ક' રાજાના સમયને મળતો આવે છે; પરંતુ શિલાલેખ તથા ઐતિ-હાસિક વૃત્તાંત વગેરે ઉપરથી 'કનિષ્ક' રાજા બૌદ્ધ સંપ્રદાયનો સાબિત થાય છે અને 'નાગાર્જુન' આચાર્ય પણ 'કનિષ્ક' રાજાના સમયમાં થયા હતા, એમ લગભગ પુરવાર થયું છે, તોપણ અગ્નિવેશતંત્રના પ્રતિસંસ્કર્તા ચરક આચાર્ય 'કનિષ્ક' રાજાના કુલવૈદ્ય હતા, એ ઉલ્લેખના સંબંધમાં પ્રમાણ મેળવવા વિષે મતભેદ છે; 'કીથ' નામના પાશ્ચાત્ય પંડિતનો પણ એ જ

પ્રમાણે મત છે.

ચરક આચાર્ય જો 'કનિષ્ક' રાજાના સમયમાં થયા હોય તો તેમના લેખમાં ક્યાંય પણ બૌદ્ધસંપ્રદાયની છાયાનો પ્રવેશ કેમ દેખાતો નથી? તેમ જ ચરકસંહિતામાં પણ વૈદિક મંત્રો વગેરેનો નિર્દેશ કરી શ્રૌતપ્રક્રિયા દ્વારા જ વ્યવહાર જો કર્યો છે, તે પણ કેમ ઘટે? માટે (ચરક આચાર્યને કનિષ્ક રાજાના સમયના કહેવા) એ પણ વ્યાઘાત છે એટલે કે પ્રમાણથી સાબિત થઈ શકતું નથી, એમ ઘણા વિદ્વાનો કહે છે. વળી આત્રેય તથા અગ્નિવેશના ગ્રંથનો ચરક આચાર્યે કેવળ પ્રતિસંસ્કાર કર્યો, એમ કહેવાથી અને તે પ્રાચીન આચાર્યના લેખમાં સાંખ્યદર્શન તથા શ્રૌતપ્રક્રિયા વિદ્યમાન છે, તે ઉપરથી ચરકે કહેલા તે સંસ્કરણમાં બૌદ્ધમતની છાયાનો પાછળથી પણ પ્રવેશ થવા પામ્યો નથી; એટલા ઉપરથી પ્રતિસંસ્કર્તા ચરકનું અતિશય પ્રાચીનપણું સિદ્ધ કરી શકાતું નથી, એમ પણ કેટલાક વિદ્વાનો કહે છે. વળી કેટલાક વિદ્વાનો આમ પણ કહે છે કે, 'ચરકના પ્રતિસંસ્કારમાં ક્યાંક ક્યાંક સ્વભાવવાદનાં ઉલ્લેખસ્થળ છે; ત્યાં ચરક આચાર્ય બૌદ્ધમતને જણાવે છે,' એમ ટીકાકાર ચક્રપાણિએ વ્યાખ્યાન કર્યું છે, એ ઉપરથી ચરકના પ્રતિસંસ્કારમાં અમુક અંશે બૌદ્ધમતનો પણ પ્રવેશ થયો છે; એ સામે કેટલાક વિદ્વાનો તો આમ કહે છે કે, 'સ્વભાવવાદ એકલા બૌદ્ધનો જ છે, એવું નથી; પરંતુ બૌદ્ધોના સમયની પહેલાંથી પણ સ્વભાવવાદ તો ચાલુ જ હતો' એ કારણે ચરકના પ્રતિસંસ્કારમાં સ્વભાવવાદના ઉલ્લેખ ઉપરથી તેમ બૌદ્ધમતનો પાછળથી પ્રવેશ થયો છે, એમ પણ કહી શકાય નહિ, એ રીતે પણ કેટલાક વિદ્વાનો તે સામે કહે છે.

વળી જો 'ચરક' કનિષ્ક રાજાના કુલવૈદ્ય હોય તો આચાર્ય નાગાર્જુન, પોતે રચેલા 'ઉપાયહૃદય' નામના ગ્રંથમાં ચિકિત્સાના વિષયમાં સુશ્રુતનું સ્મરણ કરે છે, પણ પોતાના જ સમયના અને પોતાના જ બૌદ્ધ સંપ્રદાયના રાજા 'કનિષ્ક'-ના કુલવૈદ્ય તરીકે પ્રસિદ્ધ થયેલા વિદ્વાન ચરકાચાર્યનું સ્મરણ કેમ ન કરે? અને તે ચરક આચાર્યનો નામથી પણ ઉલ્લેખ કરવો કેમ વીસરી જાય? એ વિષે પણ વિચાર કરતાં આપણું ચિત્ત ચગડોળે ચઢે છે! (ખૂબ વિચારમગ્ન બને છે!) એ સિવાય બીજાં સાધનોથી એ નાગાર્જુન કરતાં પણ ચરકાચાર્યનું અર્વાચીનપણું જો સિદ્ધ કરવામાં આવ્યું હતું, તો આચાર્ય નાગાર્જુને સુશ્રુતનું સ્મરણ કરવા છતાં ચરકનો ક્યાંય ઉલ્લેખ પણ કર્યો ન હોવાથી એ નાગાર્જુન કરતાં ચરકનો સમય અર્વાચીન છે, એમ સ્વીકારાયું હતું! નાગાર્જુનનો 'ઉપાયહૃદય' નામનો ગ્રંથ તો દાર્શનિક ગ્રંથ છે, તેમાં અમુક લેશ માત્ર સ્વરૂપે પ્રવેશેલા પ્રાસંગિક વૈદ્યકના વિષયમાં પૂર્વકાળના આત્રેય, અગ્નિવેશ એમ કશ્યપ આદિનાં નામોનો જેમ નિર્દેશ કર્યો નથી તેમ પોતાના કરતાં ઘણા જ નજીકના કાળમાં થયેલા ચરકાચાર્ય અને પોતાના બૌદ્ધમતમાં પ્રવેશેલા પોતે જોયેલા પ્રસિદ્ધ વૈદ્ય જીવકના નામનો નિર્દેશ એ નાગાર્જુન આચાર્યે કર્યો નથી, તે ખરેખર સંભવે જ નહિ; એમ તેમણે પોતાના ગ્રંથમાં તેમનો ઉલ્લેખ કર્યો નથી તેટલા જ માત્ર ઉપરથી તે ચરકાચાર્ય તથા જીવકનું જો અર્વાચીનપણું સ્વીકારી લેવાય તો આત્રેય વગેરેનું પણ તે જ પ્રમાણે અર્વાચીનપણું હોય એવી શંકા કેમ ન કરાય? સુશ્રુતનો સંપ્રદાય જેમ કાશીમાં ઉદય પામેલો ગણાય છે, તેમ ચરકનો સંપ્રદાય પાંચાલ, કાંપિલ્ય આદિ પશ્ચિમના પ્રદેશમાં ઉદય પામેલો ગણાય છે. તે કારણે તે તે વિભાગી પ્રદેશોમાં તેમના એ બંને સંપ્રદાયનો વિકાસ થાય તે તો યોગ્ય ગણાય, છતાં પૂર્વના પ્રદેશોમાં સુશ્રુતના સંપ્રદાયનો વિકાસ તથા પ્રસિદ્ધિ વિશેષ થઈ હતી. જેથી શ્યામ-કંબોડિયા પ્રદેશમાં થયેલા 'યશોવર્મા' તથા જયવર્માના શિલાલેખોમાં વૈદ્યોના આચાર્ય તરીકે ઉલ્લેખ કરેલો મળે છે.+ નાગાર્જુનનો દક્ષિણ

+ જેમકે 'सुश्रुतोदितया वाचा समुदाचारसारया। एको वैद्यः परत्रापि प्रजाव्याधीन् जहार यः॥ आयुर्वेदाब्ज-वेदेषु वैद्यवीरैर्विशारदैः। योऽघातयद् राष्ट्ररुजो रुजादीन् मेघजायुधैः॥—સુશ્રુતની વાણી ઉત્તમ ઊંચા આચાર-રૂપ સારવાળી છે, તે દ્વારા એક વૈદ્યે પરદેશોમાં

દેશમાં તથા મગધ દેશમાં પણ વિશેષ કરી સંબંધ હતો, તે કારણે પૂર્વ તરફના વિભાગમાં ઘણા પ્રસિદ્ધ હોવાના કારણે અને પોતાના સમાજમાં માન પણ પામેલા હોવાથી સુશ્રુત જ તેમને પ્રથમ યાદ આવી ગયા હોય, તેથી પણ નાગાર્જુને તેમનો જ પોતાના ગ્રંથમાં ઉલ્લેખ કર્યો હોય, એમ પણ કહી શકાય; પરંતુ ચરક, કનિષ્ક રાજાના જે કુલગુરુ હોય અને તેમનો પોતાના સમયમાં સદ્‌ભાવ હોય તેમજ તેમનો પોતાને પરિચય પણ હોય, ઉપરાંત એ જ કારણે વિદ્વાનોનો પરિચય વગેરે પણ પોતાને થયેલ હોય છતાં એ ચરકને નાગાર્જુને સુશ્રુત કરતાં પણ પ્રથમ ક્રમ યાદ કર્યા નહિ હોય? વળી 'રાજતરંગિણી' ગ્રંથના કર્તાએ પણ 'કનિષ્ક' રાજાના વૃત્તાંતમાં ચરકનો ઉલ્લેખ ક્રમ કર્યો નહિ હોય? ગૌતમનું સૂત્ર પ્રકટ થયું તેની પહેલાં ન્યાયના 'વિતંડા' વગેરે પદાર્થોનો પણ પ્રચાર હતો. ચરકની લેખશૈલી (વૈદિક) બ્રાહ્મણ ગ્રંથોને અનુસરતી જોવામાં આવે છે તેથી પણ ચરક, 'કનિષ્ક'ના સમયના ન હતા, એમ 'સિલ' વગેરે વિદ્વાનો કહે છે.

આ રીતે આપણે ચરકના સમયની તપાસ કરીએ છીએ ત્યારે આપણને ઉપપત્તિવાદ જેમાં સમાયેલ હોય છે, તેવા ઘણા વિદ્વાનોના મતો નજરે જોવામાં આવે છે. ચરકનો સમય બરાબર નક્કી કરવા માટે હજુ બીજાં ઘણાં પ્રમાણોનું સંશોધન કરવું જરૂરી છે. શ્રીયુત પ્રફુલ્લચંદ્રરાયે પણ ચરકના તથા સુશ્રુતના સમયનો વિચાર કરવામાં ઘણો વિસ્તાર કર્યો છે.× અને 'વમન-

વાર્યોવિદ, દારુવાહ, નમ્રજિત અને બીજ આચાર્ય સંબંધે વિચાર

આ કાશ્યપસંહિતામાં રોગાધ્યાય વિષે કાશ્યપે માનેલા રોગોના બે પ્રકારસંબંધ+ વાદી તરીકે 'વિરેચનીય' અધ્યાય વિષે પણ ગ્રંથની ત્રુટિને લીધે અસ્પષ્ટ રહેલા અમુક વિશેષ મતના વાદી તરીકે-'इति वार्योविदः' (સ્થાન-અ. ૩) એમ 'વાર્યોવિદ' નામના આચાર્યનો સિદ્ધિસ્થાનના ત્રીજા અધ્યાયમાં ઉલ્લેખ મળે છે. વળી 'કુક્કુણકચિકિત્સાધ્યાય'ની અંતે વાર્યોવિદ રાજાની આગળ મારીચ કશ્યપે બાલરોગજન્યનો ઉપદેશ× દર્શાવ્યો છે. તેમજ આ કાશ્યપસંહિતાના ઉત્તરભાગમાં ઘણી વાર 'જીવક'નો પ્રશ્ન હોય અને તેને ઉદ્દેશી સંબોધન અપાયું હોય છતાં 'પાર્થિવ' એમ ખિલસ્થાનના ૧૦મા અધ્યાયમાં, 'विशांपते' એમ ખિલસ્થાનના ૧૦મા અધ્યાયમાં અને 'नृपोत्तम' એમ પણ ખિલસ્થાનના ૧૦મા અધ્યાયમાં તેમ જ 'हे नृप, हे नराधिप,' એમ પણ વચ્ચે વચ્ચે રાજાને ઉદ્દેશી સંબોધનો અપાયેલાં જોવામાં આવે છે; તે તે સંબોધનો બીજે કોઈ પણ રાજા ત્યાં ત્યાં દર્શાવેલ ન હોવાથી એક સ્થળે નામ લઈને દર્શાવેલા એ જ 'વાર્યોવિદ' રાજાને જણાવે છે. એમ 'દેશસાત્મ્ય' નામના અધ્યાયમાં 'काशिराजो (काशिराजं) महामुनिः (ખિલસ્થાન-અ૦ ૨૫) એ રીતે કાશીના રાજા તરીકે જે દર્શાવેલ છે તે પણ એ જ 'વાર્યોવિદ' હોવા જોઈએ, એમ જણાય છે. તે ઉપરથી એ લેખના પ્રમાણ દ્વારા આમ સમજી શકાય છે કે, મારીચ કાશ્યપના ઉપદેશને યોગ્ય-શિષ્ય 'વાર્યોવિદ' નામનો કાશીરાજા,

પણ પ્રજાઓના રોગો મટાડ્યા હતા. વળી જે સુશ્રુતે આયુર્વેદરૂપી અથર્વવેદમાં અનેક વીર વૈદ્યો તૈયાર કરી તેઓ દ્વારા ઔષધોરૂપ અસ્ત્રોનો ઉપયોગ કરાવી રાષ્ટ્રને પીડા કરતા રોગોનો નાશ કરાવ્યો હતો.

× જુઓ 'હિસ્ટરી ઓફ હિન્દુ કેમિસ્ટ્રી', વોલ્યુમ ૧, પી. સી. રાય.

+ જેમકે 'द्वौ रोगौ निजश्चागन्तुश्चेति वार्योविदः રોગો બે પ્રકારના છે, એક તો નિજદોષજ રોગ અને બીજો આગંતુ એટલે બહારનાં કારણોથી થતો રોગ, એમ વાર્યોવિદ આ કાશ્યપસંહિતામાં જણાવે છે.'

× કાશ્યપસંહિતાના ખિલસ્થાન-અધ્યાય ૧૩માં આમ જણાવ્યું છે:

इति वार्योविदायेदं महीपाय महामुनिः।
शशंस सर्वमाखिलं बालानामथ भेषजम् ॥

'મહાન ઋષિ મારીચ કશ્યપે વાર્યોવિદ રાજાને આ સમગ્ર બાળકોનાં ઔષધો અથવા બાલચિકિત્સાશાસ્ત્ર ખરેખર સંપૂર્ણ ઉપદેશ્યું હતું.'

વૈદ્યોના આચાર્ય તરીકે મારીચ કાશ્યપનો જ સમકાલીન થયો હતો. આત્રેયસંહિતામાં (ચરક, સૂત્રસ્થાનના) 'વાતકલાકલીય' નામના ૧૩ મા અધ્યાયમાં મારીચ તથા વાર્યોવિદનો પક્ષ-પ્રતિપક્ષ ભાવે જે નિર્દેશ કર્યો છે, તે પણ તે બંનેનું એકી વખતે સમકાલીનપણું હતું એમ જણાવે છે. (ચરકના સૂત્રસ્થાનના એ ૧૩મા અધ્યાયમાં 'वातकलाकलज्ञानमधिकृत्य परस्परमतानि जिज्ञासमानाः समुपविश्य महर्षयः पप्रच्छुरन्योन्यम्... ...तच्छ्रुत्वा बडिशवचनमुवाच वार्योविदो राजर्षिः-વાયુના અંશે-અંશોનું જ્ઞાન છે તેને ઉદ્દેશી એકબીજાના મતો અથવા અભિપ્રાયોને જાણવા ઇચ્છતા મહર્ષિઓ એક સ્થળે સાથે એકઠા બેસી એકબીજાને તે સંબંધે પ્રશ્નો પૂછવા લાગ્યા હતા. તે વેળા 'બડિશ' નામના મહર્ષિનું વચન સાંભળી વાર્યોવિદ રાજર્ષિએ તેમને આમ કહ્યું હતું) એમ તે 'વાતકલાકલીય' (નામના ચ. સૂ. ૨૨ મા) અધ્યાયમાં 'यज्जः पुरुषीय' નામના (ચ. સૂ. ૨૫ મા) અધ્યાયમાં અને 'આત્રેય ભદ્રકાપ્યીય' નામના (ચ. સૂ. ૨૬ મા) અધ્યાયમાં પણ આત્રેયની સાથે એકઠા થયેલા મહર્ષિઓમાં પણ સાથે રહેલા વાર્યોવિદને જણાવવામાં આવ્યા છે, એ ઉપરથી આત્રેય તથા વાર્યોવિદનું પણ એક સમયે અસ્તિત્વ હતું અને ત્યાં ત્યાં વાર્યોવિદના વિશેષ મતનો પણ ઉલ્લેખ કર્યો છે, તે ઉપરથી વાર્યોવિદ પણ એક વૈદ્ય-આચાર્ય હતા, એમ પણ સ્પષ્ટ જણાવે છે. (ચરક-સૂત્રસ્થાન ૨૫ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'पुरा प्रत्यक्षधर्माणं भगवन्तं पुनर्वसुम्। समेतानां महर्षीणां प्रादुरासीदियं कथा-वार्योविदस्तु नेत्याह, नह्येकं कारणं मनः तथर्षिणां विवदतामुवाचेदं पुनर्वसुः'-પૂર્વે સમગ્ર વસ્તુઓના ધર્મ અથવા રહસ્યો પ્રત્યક્ષ દેખાતાં હતાં, એવા ભગવાન પુનર્વસુની આગળ બધા મહર્ષિઓ જ્યારે એકઠા મળ્યા હતા, ત્યારે આ કથા તેઓમાં ચર્ચાઈ હતી; તે વેળા વાર્યોવિદ રાજર્ષિએ પણ પોતાનો અભિપ્રાય આમ જણાવ્યો હતો કે, 'ના, એમ ન હોય, એકલું મન કારણ હોઈ શકે નહિ' એમ તે મહર્ષિઓ પરસ્પર વિવાદ ચલાવતા હતા, ત્યારે પુનર્વસુ આત્રેયે આ વચન કહ્યું હતું. વળી ચરક સૂત્ર૦ ૨૬ મા અધ્યાયમાં પણ આમ જણાવ્યું છે કે, 'आत्रेयो भद्रकाप्यश्च... श्रीमान् वार्योविदश्चैव राजा मतिमतां वरः। तेषां तत्रोपविष्टानामिममर्थवती कथा... षड्वृषा इति वार्योविदो राजर्षिः'-આત્રેય, ભદ્રકાપ્ય અને બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ શ્રીમાન વાર્યોવિદ રાજા, એ બધા ત્યાં બેઠા હતા, ત્યારે તેઓની આવી અર્થયુક્ત કથા ચાલી હતી. તે વેળા રાજર્ષિ વાર્યોવિદે આમ કહ્યું હતું કે, 'રસો છ છે,') વળી ચરકના સૂત્રસ્થાનના 'यज्जः पुरुषीय' નામના ૨૫ મા અધ્યાયમાં 'વામક' રાજાને પણ આત્રેયના સમકાલીન કાશીપતિ તરીકે જણાવ્યા છે, તે ઉપરથી એ 'વામક' પણ કાશીનો રાજા હોઈ વૈદ્યાચાર્ય પણ હતો, એમ પણ જણાય છે. (જેમ કે-'तदनन्तरं काशिषतिर्वामको वाक्यमर्थवित् आत्रेयस्य वचनमनुनिशम्य पुनरेव वामकः काशिपतिरुवाच भगवन्तमात्रेयम् ॥-તે પછી અર્થને જાણનારા કાશિપતિ 'વામકે' આવું વાક્ય કહ્યું હતું: ...પછી આત્રેયનું વચન સાંભળ્યા પછી એ કાશીપતિ વામકે ફરી આત્રેય ભગવાન પ્રત્યે આમ કહ્યું હતું: એમ કાશીના રાજા તરીકે આ ત્રણ વ્યક્તિઓ મળે છે-દિવોદાસ, વામક અને વાર્યોવિદ. એ ત્રણે રાજાઓ કેવા રૂપે આગળપાછળ થઈ ગયા છે, એ વિષે તેઓના આટલા જ ઇતિહાસ ઉપરથી જાણવું શક્ય નથી; વળી હાલના સમયમાં વાર્યોવિદ રાજર્ષિનો કોઈ ગ્રંથ અથવા વચનોદ્ધાર લગભગ મળતો નથી, તોપણ આત્રેયની તથા કાશ્યપની સંહિતાઓમાં તે વાર્યોવિદનો મત ઉતારવામાં આવેલો દેખાય છે, તે ઉપરથી તે આત્રેયના તથા કાશ્યપના સમયમાં પ્રસિદ્ધિને ધારણ કરતા રાજર્ષિ 'વાર્યોવિદ' તે કારણે અમુક એક વિશેષ વૈદ્યાચાર્ય હતા તેમ જાણી શકાય છે. એ વાર્યોવિદને કશ્યપે બાલરોગજન્ય અથવા 'બાલચિકિત્સાશાસ્ત્ર'નો ઉપદેશ કર્યો હતો, એમ કાશ્યપ સંહિતામાં જ જણાવેલ છે, તે ઉપરથી એ વાર્યોવિદ પણ 'કૌમારભૃત્યપ્રસ્થાન' અથવા બાલચિકિત્સાશાસ્ત્રના શું એક આચાર્ય હશે! કારણ કે એમ ઉપર જણાવ્યા પ્રમાણે આત્રેય પુનર્વસુ

તથા મારીચ કશ્યપની સાથે વાર્યોવિદ પણ સમકાલીન હતા, એમ તે બંને આચાર્યોએ પોતપોતાની સંહિતામાં જણાવેલ છે અને એ વાર્યોવિદના નામનો એમાં ઉલ્લેખ પણ કર્યો છે, તે ઉપરથી એ 'વાર્યોવિદ' નામના વૈદ્ય-આચાર્ય, તે આત્રેય પુનર્વસુ અને મારીચ કશ્યપ એ બંનેના સમયથી લગભગ નજીકના જ સમયમાં થયા હતા, એમ તેમણે કરેલ તેમના નામનો ઉલ્લેખ જણાવે છે.

વળી આ કાશ્યપસંહિતામાં-'उपास्यमानमृषिभिः कश्यपं वृद्धजीवकः। चोदितो दारुवाहेन वेदनाशैऽभ्यचोदयत् ॥-ઋષિઓથી સેવાઈ રહેલા કશ્યપને દારુવાહે પ્રેરેલા વૃદ્ધજીવકે, આયુર્વેદીય જ્ઞાન માટે આમ પૂછ્યું હતું.' એમ બતાવી પૂર્વભાગમાં વૃદ્ધજીવકને પ્રશ્ન કરનાર જણાવી દારુવાહને તે તે વૃદ્ધજીવકને પ્રશ્ન કરવા પ્રેરણા કરનાર તરીકે જણાવવામાં આવે છે; વળી તે કાશ્યપસંહિતામાં જ રોગાધ્યાયમાં 'રોગો પાંચ પ્રકારના હોય છે,' એમ રોગોના પાંચ પ્રકારપણાના વાદી તરીકે 'पञ्च रोगा आगन्तु-वात-पित्त-कफ-त्रिदोषजा इति दारुवाहो राजर्षिः-રોગો પાંચ પ્રકારના છે; જેમકે આગંતુજ, વાતજ, પિત્તજ, કફજ અને ત્રિદોષજ, એમ પાંચ પ્રકારના (સર્વ રોગો) હોય છે' એમ દારુવાહ નામના રાજર્ષિ કહે છે.' એ પ્રમાણે આ કાશ્યપસંહિતામાં કહેલ છે એમ તે દારુવાહનો રાજર્ષિ તરીકે ઉલ્લેખ કર્યો છે. રોગોના બે પ્રકાર હોય છે. રોગોનું બે પ્રકારપણું કહેનાર વાદી તરીકે 'વાર્યોવિદ'ને કહ્યા છે અને રોગોના પાંચ પ્રકારપણાના વાદી તરીકે રાજર્ષિ દારુવાહને અલગ અલગ જણાવ્યા છે. તે ઉપરથી એ 'વાર્યોવિદ' તથા 'દારુવાહ' બંને જુદી જુદી વ્યક્તિઓ હતી, એમ સ્પષ્ટ થાય છે; પરંતુ તે ઉપરથી એ 'દારુવાહ' રાજર્ષિ ક્યાં જન્મ્યા હતા અથવા મૂળ ક્યાંના હતા? એ સ્પષ્ટ થઈ શકતું નથી, પરંતુ અષ્ટાંગસંગ્રહના ઉત્તરસ્થાનમાં વિષના વેગનો વિષય જ્યાં ચાલુ કર્યો છે ત્યાં પુનર્વસુ, નમજિત્, વિદેહ, આલંબાયન અને ધન્વંતરિના જુદાજુદા મતોનો ઉલ્લેખ કરી બતાવ્યો છે, તે ઉપરથી 'નમજિત્' નામના એક વૈદ્ય-આચાર્ય જણાય છે. તેમની 'ઇન્દુ' નામની વ્યાખ્યામાં 'नमजितो दारुवाहिनः'-'નમજિત્' એ જ દારુવાહી હતા, એમ નમજિત્ અને દારુવાહી-એ બેય શબ્દોને એક જ વ્યક્તિને જણાવનાર તરીકે ગ્રહણ કર્યા છે. જો કે તેમાં 'दारुवाहिन्' એવો 'इन्' પ્રત્યયાન્ત શબ્દ લીધો છે, તોપણ* ચરકની ચક્રપાણિકૃત ટીકામાં 'दारुवाह' એવા નામે વચનો ટાંકેલાં જોવામાં આવે છે, તે ઉપરથી અને કાશ્યપીય સંહિતામાં પણ 'दारुवाह'ના નામે મતનો ઉલ્લેખ કર્યો છે, તે ઉપરથી માત્ર છેલ્લા અક્ષર-'इन्'થી જુદી જણાતી આ વ્યક્તિ એક જ લાગે છે (એકંદર નમજિત્ દારુવાહ કે દારુવાહિન્ એ નામે એક વ્યક્તિ છે, એમ નક્કી થાય છે.) અથવા બીજા કોઈ ઠેકાણે 'दारुक' એ નામે જે વ્યક્તિ જણાવી છે, તે જ 'नामैकदेश०' એ ન્યાયથી એટલે કે કોઈના નામનો કોઈ ઠેકાણે અમુક એક ભાગ ગ્રહણ કર્યો હોય, તો તે ઉપરથી તે આખા નામવાળી વ્યક્તિ જેમ સમજી શકાય છે, તે જ પ્રમાણે 'दारुक' એ જ 'दारुवाह' એવા આખા નામવાળી વ્યક્તિ શું હશે? એ 'दारुवाह' નામની વ્યક્તિ સાથે જ 'नमजित्' નામની વ્યક્તિની એકતા ગણીને (એટલે કે 'दारुवाह' એ જ 'नमजित्' અને તે 'नमजित्' એ જ दारुवाह' એમ સમજીને જ) ભેડસંહિતાના છાપેલા પુસ્તકમાં-' गान्धारभूमौ राजर्षिर्नमजित् स्वर्गमार्गदः। संगृह्य पादौ पप्रच्छ चान्द्रभागं पुनर्वसुम् ॥ एवमुक्तस्तथा तस्मै महर्षिः पार्थिवर्षये। विषयोगेषु विज्ञानं प्रोवाच वदतां वरः॥ (જુઓ ભેડસંહિતા, પૃષ્ઠ ૩૦)-'ગાંધાર' દેશની ભૂમિ પર 'નમજિત્' નામે રાજર્ષિ હતો. તે લોકોને સ્વર્ગનો માર્ગ આપનાર હતો. તેણે એક સમયે ચંદ્રભાગા માતાના પુત્ર પુનર્વસુને તેમના બન્ને પગ પકડી પ્રશ્ન પૂછ્યો હતો, ત્યારે વક્તાઓમાં શ્રેષ્ઠ મહર્ષિ આત્રેયે વિષના યોગો વિષેનું વિજ્ઞાન કહ્યું હતું.' અહીં મૂળ શ્લોકના બીજા ચરણમાં 'राजर्षि-

* જેમકે यदाह दारुवाहः 'सूक्ष्म सूक्ष्मतरास्वेषु च०' ઇત્યાદિ જુઓ-ચક્રપાણિની વ્યાખ્યા ચરક, ચિકિત્સાસ્થાન અધ્યાય ૩.

નમ્રજિત્' એવો પાઠ જોવામાં આવે છે, તોપણ મહાભાગ્યશાળી શ્રીમાન યાદવજી વૈદ્યરાજે 'તંજોર' મુસ્તકાલયમાંથી મેળવેલા એક પુસ્તકમાંથી 'राज-र्षिर्नम्रजित्स्वर्णमार्गदः–રાજર્ષિ નમ્રજિત્ સોનેરી માર્ગ બતાવનાર હતો' એવો પાઠ મેળવીને આગળ–પાછળના વાક્યને અનુસરી પ્રથમા વિભક્ત્યન્ત પાઠ જ યોગ્ય લાગતાં તે પાઠને અનુસરી 'નમ્રજિત્' એ નામનો ગાંધાર દેશનો એક રાજા 'ભેડ' આચાર્યના સમાનકાળે થયો હતો; તેણે એક સમયે ચંદ્રભાગા માતાના સંબંધને ગ્રહણ કરી 'चान्द्रभाग' એવું વિશેષણ ધરાવતા અને આગળ–પાછળના સંબંધથી પ્રસિદ્ધ પુનર્વસુ–આત્રેયની પાસે વિષના વિષયને લગતો પ્રશ્ન પૂછ્યો હતો, એમ જણાય છે. 'અષ્ટાંગહૃદય' નામના આયુર્વેદીય ગ્રંથમાં 'रसाद् रक्तम्–રસમાંથી લોહી ઉત્પન્ન થાય છે,' એ વાક્ય ઉતારી* અરુણદત્તની વ્યાખ્યામાં એ વચનનો ઉતારો× નમ્રજિત્ના વાક્યરૂપે જણાવેલો દેખાય છે. તે ઉપરથી તેમજ અષ્ટાંગસંગ્રહમાં વિષના વિષયમાં 'इति नम्रजितो मतम्–નમ્રજિત્નો એવો મત છે,' એવો ઉલ્લેખ મળે છે, તે ઉપરથી અને 'ભેડ' આચાર્યે પણ વિષના વિષયમાં એ પ્રશ્ન પૂછેલો દેખાય છે, તે ઉપરથી તે જ એ 'નમ્રજિત્' 'દારુવાહ' છે, એમ તે સંવાદ દૃઢ થાય છે. દારુવાહ એ જ નમ્રજિત્ રાજા છે, એમ જણાવા મળે છે. 'ઇંદુ'ના લેખના આધારે+ નમ્રજિત્ અને દારુવાહ–એ બંને એક જ વ્યક્તિ હોવાથી એ બંનેના વિષયમાં તે તે નામે મળતા વિશેષો 'गुणोपसंहार'-ન્યાય અનુસાર સમ-વયપ્રાપ્ત થતા હોઈને એ ગાંધાર રાજર્ષિ કેવળ વિષના જ વિષયમાં આચાર્ય હતા, એમ ન હતું; પરંતુ વૈદ્યવિદ્યામાં પણ આચાર્ય હતા, એમ જણાવે છે. વળી પ્રથમ દર્શાવેલ શાલિહોત્રે કહેલ અશ્વશાસ્ત્રમાં પણ આયુર્વેદના કર્તા આચાર્યોની ગણતરીમાં પણ 'નમ્રજિત્'નું નામ દેખાય છે; એ નમ્રજિત્ પણ આ 'દારુવાહ' જ હોવા જોઈએ.

માત્સ્યપુરાણમાં વાસ્તુશાસ્ત્રના ઉપદેશક તરીકે પણ 'નમ્રજિત્'નો ઉલ્લેખ કરેલો મળે છે; (જેમ કે 'भृगुरत्रिर्वसिष्ठश्च विश्वकर्मा मयस्तथा। नारदो नम्र-जिच्चैव विशालाक्षः पुरन्दरः।.....अष्टादशैते विख्याता वास्तुशास्त्रोपदेशकाः॥–ભૃગુ, અત્રિ, વસિષ્ઠ, વિશ્વ-કર્મા, મય, નારદ, નમ્રજિત્ તથા વિશાલાક્ષ અને ઇંદ્ર આદિ ૧૮ પુરુષો, વાસ્તુશાસ્ત્રનો ઉપદેશ કરનાર તરીકે વિખ્યાત થયેલા કહેવાય છે.'–જુઓ માત્સ્યપુરાણ, અધ્યાય ૨૫૨) એ નમ્રજિત્ ગાંધારનો રાજા હશે કે બીજો કોઈ હશે? એ તેના ઉપરથી નક્કી કરી શકાતું નથી.

વળી* ઐતરેય બ્રાહ્મણમાં ક્ષત્રિય જાતિના યજ્ઞ

---

* અષ્ટાંગહૃદયમાં આમ લખ્યું છે: 'दुष्यति प्रथमे रक्तं द्वितीये श्वयथूद्भवः। सप्तमे मरणं वेग इति नम्रजितो मतम्॥–વિષના પહેલા વેગમાં રક્ત–લોહી બગડે છે, બીજે વેગ થતાં સોજો ઉત્પન્ન થાય છે અને છેલ્લો સાતમો વેગ થતાં મરણ થાય છે, એવો નમ્રજિત્નો મત છે.'

× અષ્ટાંગહૃદયની ટીકા અરુણદત્તની મળે છે; તેમાં શારીરસ્થાનના ત્રીજા અધ્યાયમાં આ વચનો ટાંક્યાં છે: 'नम्रजिदप्याह–' तत्राहाररसात् पूर्वं रस-धातुर्विवर्धते। रक्तं धातुरसाश्चैव रक्ताख्यान्मांसमेव च'॥–નમ્રજિત્ પણ આમ કહે છે: 'આહારના રસમાંથી પ્રથમ રસધાતુ વધે છે; એ રસધાતુમાંથી રક્ત–લોહી તથા ધાતુઓના રસો વધે છે અને રક્તમાંથી માંસ વધે છે;' ઇત્યાદિ.

+ અષ્ટાંગહૃદયના તે વાક્ય ઉપર ઇંદુની આવી વ્યાખ્યા મળે છે: 'नम्रजितो दारुवाहिनोऽप्यत्र दुष्यति प्रथमे रक्तमित्यादिक्रमेण सप्त वेगा इति मतम्–દારુવાહી–નમ્રજિત્નો પણ આ વિષે આ મત છે કે, વિષના પહેલા વેગમાં રક્ત–રુધિર દૂષિત થાય છે, ઇત્યાદિ ક્રમે વિષના સાત વેગો સાબિત થાય છે.'

* આનંદાશ્રમમાં છપાયેલા 'ઐતરેય' બ્રાહ્મણના ૩૫–૮ના પૃષ્ઠ ૮૯૨ માં આમ જણાવ્યું છે: 'तमेवमेतं भक्षं प्रोवाच रामो भार्गवेयो विश्वन्तराय सौष-ध्नाय।...मीमाय वैदर्भाय नम्रजिते गान्धाराय...ते ह ते सर्व एव महाजग्मुरेतं भक्षं भक्षयित्वा सर्वे हैव महाराजा आसुरादित्य इव ह स्म श्रियं प्रतिष्ठितास्तपन्ति सर्वाभ्यो दिग्भ्यो बलिमावहन्तः।...उग्रं हास्य राष्ट्रमव्यथ्यं भवति य एवमेतं भक्षं भक्षयति क्षत्रियो यजमानः'–ભૃગુવંશી

કરનાર પુરુષો, ફલરૂપે ચમસ–ચરુનું ભક્ષણ કરવાનો સાંપ્રદાયિક–પરંપરાગત રિવાજ જોવામાં આવે છે; તે વિષે નમ્રજિત્–ગાંધારનો ઉલ્લેખ છે; એ ફલ-દર્શક ચમસભક્ષણથી ગાંધાર મહારાજા 'નમ્રજિત્' નામનો ક્ષત્રિય પ્રતિષ્ઠિત લક્ષ્મીવાળો અને સર્વ શત્રુઓ પર વિજય મેળવનાર થયો હતો, એવો ઇતિહાસ મળે છે.' એમ ઐતરેય બ્રાહ્મણમાં જે ગાંધાર મહારાજાને દર્શાવ્યો છે, તે જ એ 'નમ્રજિત્' રાજાને દેશ, નામ આદિની સમાનતા ઉપરથી 'ભેડ' આચાર્યે સન્માન સાથે રાજર્ષિ તરીકે દર્શાવ્યો છે, તે ઉપરથી પણ ગાંધારરાજા એ નમ્રજિત્ હોય એ જ યોગ્ય જણાય છે. વળી 'શતપથ'* બ્રાહ્મણમાં પણ નીતિ શક્તિ પર પ્રાણરૂપ મૃત્તિકાના ઉપધાન-પ્રસંગે નમ્રજિતના પુત્ર સ્વર્જિતનો અને ગાંધાર નમ્રજિતનો પણ ઉલ્લેખ છે; ત્યાં પ્રાણનો મહિમા કહેનાર તરીકે અને રાજવંશીઓના બંધુપણાનો નિર્દેશ કરીને શારીરવિદ્યાના આચાર્ય અને ગાંધાર રાજર્ષિ તરીકે નમ્રજિતનો જ તે દ્વારા નિર્દેશ કરેલો જણાય છે; તેમ જ એ વિષયમાં તે નમ્ર-જિતના પુત્રનો 'સ્વર્જિત' એ નામે ઉલ્લેખ કરેલો જણાય છે તેમ જ ભેડ આચાર્યના લેખમાં પણ 'સ્વર્ગમાર્ગદઃ—સ્વર્ગનો માર્ગ આપનાર' એવું વિશેષણ નમ્રજિતને આપ્યું છે, તે શું તેના કોઈ વિજયના વૃત્તાંતને સમજાવે શું સૂચવે છે? એમ એ સંવાદ ઉપરથી નમ્રજિતનો કાળ ઐતરેય તથા શતપથ બ્રાહ્મણના કાળથી અર્વાચીન નથી પણ પ્રાચીન છે, એવો નિશ્ચય કરાય છે, તો 'નમ્રજિતો દારુવાહિનોઽપ્યત્ર—નમ્ર જિત્ અને દારુવાહિનો પણ આ વિષયમાં' એવા 'ઇન્દુ' ટીકાકારના લેખમાં 'અપિ' શબ્દની હયાતી હોવાથી તે નામની બે વ્યક્તિઓની કલ્પના જોકે કરી શકાય છે, તોપણ ઔપદેશિક સંબંધને લીધે નમ્ર-જિતનો સંબંધ તેમજ પુનર્વસુ આત્રેયનો તથા તેમના શિષ્ય 'ભેડ' આચાર્યનો પણ સંબંધ ઐતરેય તથા શતપથ બ્રાહ્મણના કાળ કરતાં પ્રાચીન જ હોય એમ પ્રાપ્ત થાય છે; તે ઉપરથી અમે 'સ્વર્ણમાર્ગદઃ' એ પદ દેખાતું હોવાથી પારસિક મહારાજા 'દારાયસ'નો જે સમય (ઈ. પૂ. ૫૧૨–૪૮૫ હતો, તે જ સમય ગાન્ધાર મહારાજા નમ્રજિતનો તથા ભેડનો હતો, એવી કલ્પના કરવી યોગ્ય લાગતી નથી.

એ રીતે મહાભારતમાં પ્રલયના સમયે અદૃશ્ય થયેલા વેદો તથા ઇતિહાસો વગેરેને તપના બળથી મેળવી તે તે વિદ્યાઓનો પ્રકાશ કરનારા મહર્ષિઓનો નિર્દેશ કર્યો છે, ત્યાં કૃષ્ણા-ત્રેયનો પણ ચિકિત્સાશાસ્ત્રના ઉપદેશક તરીકે ઉલ્લેખ કરેલો જોવામાં આવે છે; એ કૃષ્ણાત્રેય જ પુનર્વસુ આત્રેય હોય કે ન હોય, એ નક્કી થઈ શકતું નથી. 'ભેડ સંહિતા'માં પણ ચરક સંહિતા વિષેના કૃષ્ણાત્રેયના ઉપદેશનો ઉલ્લેખ મળે છે, તે ઉપરથી તે કૃષ્ણાત્રેયની સાથે થયેલા પુનર્વસુ આત્રેયનો કાળ, મહાભારતના કાળથી પણ પ્રાચીન હોય એમ તે મહાભારતના ઉલ્લેખ ઉપરથી પણ

પરશુરામે તે જ આ ભક્ષચમસ–ચરુ 'સુપદ્મન્'ના પુત્ર વિશ્વન્તરને, વિદર્ભદેશના રાજા ભીમને અને ગાંધારરાજા નમ્રજિત્ને ઉદ્દેશી તૈયાર કરાવ્યો હતો; જેથી તે બધાયે મહારાજાઓ તે ચરુ ભક્ષણ કરીને મહાન ફળ પામ્યા હતા; તેઓ બધા ખરેખર મહારાજાઓ બન્યા હતા અને સૂર્ય જેવી શોભા તથા સંપત્તિને પણ પામ્યા હતા અને પ્રતાપી બન્યા હતા; વળી તેઓ બધી દિશાઓમાંથી કર લાવતા હતા; કારણ કે જે કોઈ યજમાન ક્ષત્રિય એમ તે ઉપર્યુક્ત ભક્ષ–ચરુનું ભક્ષણ કરે છે, તેનું રાષ્ટ્ર ખરેખર વ્યથારહિત એટલે કે કોઈ પણ પીડા વિનાનું થાય છે.'

* વળી શતપથ બ્રાહ્મણના ૮–૧–૪–૧૦ માં પણ આમ કહ્યું છે કે, 'अथ ह स्माह स्वर्जिन्नाम्रजितः, नम्रजिद्वा गान्धारः प्राणो वै समञ्चनप्रसारणं यस्मिन् वा अङ्गे प्राणो भवति तत् सं चाञ्चति च प्रसारयति ...तदुवाच राजन्यबन्धुरिव त्वेव तदुवाच–તે પછી નમ્રજિત્ના પુત્ર સ્વર્જિતે અથવા ગાંધાર નમ્રજિતે કહ્યું કે, પ્રાણ જ સારી રીતે ગતિ તથા પ્રસારણ એટલે શરીરમાં ખૂબ સંચાર કરે છે; અથવા જે અંગમાં પ્રાણ સારી રીતે ગતિ કરે છે અને તે પ્રાણ બીજાને ગતિ કરાવે છે, એ કારણે તે રાજાઓના બંધુ જેવો છે; એમ તેણે ખરેખર કહ્યું હતું.'

જાણી શકાય છે.

તે ઉપરથી આત્રેયના સમકાલીન તરીકે મારીચ કશ્યપનો ઉલ્લેખ મળે છે; વાર્યો-વિદના સમકાલીન તરીકે મારીચ કશ્યપ તથા આત્રેય પુનર્વસુ સાબિત થાય છે; કૃષ્ણાત્રેય અને પુનર્વસુ આત્રેય એ બંને એક જ વ્યક્તિ છે એવો નિશ્ચય, ચિકિત્સાશાસ્ત્રના પ્રવર્તક તરીકે કૃષ્ણાત્રેયનો મહાભારતમાં નિર્દેશ, આત્રેયના શિષ્ય તરીકે ભેડનો ઉલ્લેખ, ભેડના સમકાલીન તરીકે આત્રેય પુનર્વસુ હોઈને ભેડ તે આત્રેયના શિષ્ય હતા; ગાંધારરાજા એ જ નગ્નજિત હતો, એવો ઉલ્લેખ; નગ્નજિત અને દારુવાહ એ બેય એક જ હતા, પણ જુદા જુદા ન હતા; વળી દારુવાહનો કાશ્યપસંહિતામાં નિર્દેશ, ગાન્ધારરાજા નગ્નજિતનું ઐતરેય બ્રાહ્મણમાં કથન, ગાંધારરાજા પ્રાણુવેત્તા હતા અને નગ્નજિતનો પુત્ર સ્વર્જિત્ હતો, એમ શતપથ બ્રાહ્મણમાં વર્ણન; દિવોદાસનું બ્રાહ્મણ ગ્રંથોમાં તથા ઉપનિષદોમાં કથન; ધન્વંતરિ એ દિવોદાસના પૂર્વપુરુષ હતા, એવું વર્ણન; એ બધું ચારેબાજુ તપાસ કરી વિચાર કરતાં મારીચ કશ્યપ, પુનર્વસુ આત્રેય, ભેડ, નગ્નજિત્, દારુવાહ અને વાર્યોવિદ–એ બધાયે આયુર્વેદ-ચિકિત્સા-વિદ્યાના આચાર્ય હતા; અને તેઓ બધાય ઐતરેય બ્રાહ્મણ તથા શતપથ બ્રાહ્મણના કાળથી પણ પૂર્વકાળના હતા અને ધન્વન્તરિ તથા દિવોદાસની પેઠે બ્રાહ્મણ ગ્રંથો તથા ઉપનિષદ ગ્રંથોના સમયમાં પણ તેઓ અસ્તિત્વ ધરાવતા હતા અથવા અમુક થોડા અંશે આગળપાછળ વર્તતા હોવા જોઈએ એમ નક્કી કરવા માટે સરળ માર્ગ આપણી સામે ખુલ્લો થાય છે.

તેથી એમ વેદકાળથી માંડી આ ભારતીય આયુર્વેદવિદ્યા પ્રતિષ્ઠા પામી છે અને બ્રાહ્મણ ગ્રંથો તથા ઉપનિષદોના કાળમાં પણ મહર્ષિઓએ તે આયુર્વેદવિદ્યાની પ્રતિષ્ઠા ભારતમાં વધારી છે અને તેમાં પણ ઘણા આચાર્યોએ પશ્ચિમ વિભાગમાં વિશેષે કરી આ આયુર્વેદવિદ્યાને અતિશય ઉન્નતિ પમાડી છે, એમ પણ નક્કી કરી શકાય છે; તો હવે તે સંબંધે વધુ લખવું જરૂરી નથી.

રસગ્રંથો વિષે વિચાર

'ભાવપ્રકાશ' વગેરે અર્વાચીન ગ્રંથોમાં કેટલાંક વિદેશીય ઔષધો, કેટલીક વિદેશી પ્રક્રિયા, ધાતુ-રસ વગેરેના વિશેષ પ્રયોગો અને અહિફેન-અફીણ વગેરેના ઉપયોગો–ઇત્યાદિ અર્વાચીન વિષયો મળે છે, અને તે ઉપરથી કેટલાક સમયની પહેલાંના 'સિદ્ધયોગ' આદિમાં 'પારદ' આદિ ધાતુઓ વગેરેના સામાન્યતઃ પ્રયોગો પણ જોવા મળે છે, તોપણ એ 'ભાવપ્રકાશ'ના કાળની પહેલાંના વાગ્ભટના સમય સુધી પણ એવા વિષયો વિશેષે કરી કોઈ પણ ઔષધયોગોમાં પ્રવેશેલા ન હતા, એમ જોવામાં આવે છે. એથી શતાબ્દીના પુસ્તકના લેખ તરીકે મનાયેલ 'આખરે' ઉદ્ધાર કરેલ 'નાવનીતક' આદિમાં અને તેનાથી પણ પહેલાંના મનાયેલા તેમ જ 'હાર્લ' નામના અંગ્રેજ શોધકે મેળવેલા લેખના પુસ્તકમાં પણ 'સોનું' વગેરે ધાતુઓનો ઉલ્લેખ જોવે કે કરવામાં આવ્યો છે, તોપણ તેનાં શોધન વગેરે-ની વિશેષ પ્રક્રિયા અને 'પારદ' આદિના ઉપયોગો પણ મળતા નથી; છેવટે 'મહાવગ્ગ' નામના બૌદ્ધ ગ્રંથોક્ત 'જીવક' વૈદ્યના ઐતિહાસિક વૃત્તાંતમાં આયુર્વેદીય ચિકિત્સામાં અનુપયોગી વનસ્પતિના વિષય વિષે ગુરુએ પ્રેરણા કરેલ જીવકે એવા પ્રકારની એક પણ વનસ્પતિ મળતી નથી, કે જે ચિકિત્સાના વિષયમાં ઉપયોગી ન હોય, એમ કહ્યું હતું; તેમાં ઘીનાં નસ્ય આદિ ઔષધો વડે અથવા શસ્ત્રક્રિયા દ્વારા રોગીઓની ચિકિત્સા કરવા કહ્યું છે; પરંતુ રસ, ધાતુઓ વગેરેનો ક્યાંય પણ ઉપયોગ કરવા જણાવ્યું નથી. એમ તે રસ, ધાતુઓ વગેરેનો જોવે કે અનુપયોગ જ મળે છે, તોપણ જીવકના સમય સુધી પણ રસ, ધાતુ આદિને લગતાં ઔષધોનો ઉપયોગ કરવાનો પ્રચાર ન હતો, એમ જણાવ-વામાં આવે છે; વળી ચરક તથા સુશ્રુતમાં પણ ધાતુઓને લગતાં અથવા મણિઓને લગતાં ઔષધો વિષે કેવળ નામ માત્રથી કથન કરેલું જોવામાં આવે છે. પરંતુ તે ધાતુઓ કે મણિઓ વગેરેનું શોધન અથવા તે દ્વારા સિદ્ધ થયેલાં ઔષધોનો કે પારદયુક્ત ઔષધોનો ઉલ્લેખ

અથવા અફીણ વગેરેનો નિર્દેશ કરેલો નથી; પરંતુ કાશ્યપીય આયુર્વેદતંત્રમાં જે ખિલભાગ કહ્યો છે, તે વિષે આત્રેય સંહિતામાં તથા ભેડ સંહિતામાં જેમ લોહભસ્મ તથા તામ્રભસ્મનો સોજા વગેરે ઉપર ઉપયોગ કરવાનો ઉલ્લેખ મળે છે, તે જ પ્રમાણે તે બંને ભસ્મોનો સોજા વગેરેની ઉપર ઉપયોગ કરવાનો ઉલ્લેખ બે કે ત્રણવાર જ મળે છે; વળી કાશ્યપીય આયુર્વેદતંત્રમાં ધાતુઓ વગેરેનું શોધન તથા ભસ્મ કરવાની ક્રિયા વગેરેનો પણ નિર્દેશ કર્યો નથી, તેમ છતાં તે ધાતુઓની ભસ્મનો ખાવામાં ઉપયોગ કરવા વિષેનો લેખ મળે છે; તે ઉપરથી એ ધાતુઓ વગેરેનું શોધન આદિ કરવા વિષે પણ એ તંત્રકારનો અભિપ્રાય હોવો જોઈએ, એવું અનુમાન કરી શકાય છે; એટલાં સિવાય ધાતુ આદિનો તથા પારદનો ઉપયોગ આ કાશ્યપીય તંત્રમાં જોવામાં આવતો નથી, અથવા અફીણ વગેરેનો ઉપયોગ કે એ સિવાયના બીજા ધાતુ આદિને લગતા વિષયો પણ જેમ જોવામાં આવતા નથી; તેમ જ જેમ જેમ પ્રાચીનતા તરફ નજર કરવામાં આવે છે, તેમ તેમ એ પાછળથી થયેલા વિષયોની વિરલતા અને અનુપાદાન એટલે કે તે તે (રસાદિને લગતા) અર્વાચીન વિષયોનું ક્યાંય પણ ગ્રહણ કરેલ નથી એમ જોવામાં આવે છે.

તો પછી આ રસાયનવિદ્યાની ઉત્પત્તિ ક્યાંથી અને ક્યારે થઈ હશે, એ વિષે જો વિચાર કરવામાં આવે તો આ રસાયનવિદ્યામાં પ્રયોગ કરાતો 'કેમિસ્ટ્રી' શબ્દ, અલ્કેમી-વિજ્ઞાનને જણાવે છે; વળી એ 'કેમિસ્ટ્રી' શબ્દ, મિશ્ર દેશને લગતા 'કયામી' એ શબ્દ ઉપરથી સિદ્ધ થયો છે. તે ઉપરથી જણાય છે કે, આ રસાયનવિદ્યા મિશ્ર દેશમાંથી પ્રકટ થયેલી છે અને પછી આરબ દેશમાં તથા ગ્રીસ દેશમાં પ્રસાર પામીને, ત્યાંથી યુરોપ દેશમાં તે પ્રસાર પામી હતી, એવો કોઈક વિદ્વાનનો મત છે.

કેટલાક વિદ્વાનો આ રસાયન વિદ્યા વિષે પોતાનો આવો અભિપ્રાય જણાવે છે કે 'મિશ્ર દેશમાં આ રસાયનવિદ્યાને જણાવનાર આ 'કયામી' શબ્દ મળતો નથી; અથવા તે મિશ્ર દેશમાં આ રસાયન વિદ્યા પ્રથમ ઉત્પન્ન થઈ હતી, એ સંબંધે કોઈ ઐતિહાસિક વૃત્તાંત પણ જાણવા મળતું નથી; માટે આ 'કેમિસ્ટ્રી' શબ્દ ત્રીજી શતાબ્દીમાં થયેલ આરબ પ્રદેશના 'કિમાઈ' શબ્દ ઉપરથી સિદ્ધ થયો છે; અને તે 'કિમાઈ' શબ્દ 'અલ્કેમી' શબ્દના અર્થમાં વપરાય છે, એમ 'સિનિસ' નામનો એક (અંગ્રેજ) વિદ્વાન પોતાના અભિધાન ગ્રન્થ-શબ્દકોષમાં જણાવે છે; એટલે કે આ રસાયનવિદ્યા મિશ્ર દેશમાં કે ગ્રીસ દેશમાં ઉત્પન્ન થઈ નથી. જો આ વિદ્યા મિશ્ર દેશમાં કે ગ્રીસ દેશમાં ઉત્પન્ન થઈ હોય તો 'હેરોડોટ્સ, ડાયોડોરસ્, પ્લુટાર્ચ અને પ્લીની વગેરે તે તે દેશના પ્રાચીન વિદ્વાનોએ તે રસાયનવિદ્યાના વિષયમાં કંઈ પણ ઉલ્લેખ કેમ કર્યો ન હોય? મિશ્ર દેશના તથા ગ્રીસ દેશના વિદ્વાનોને (ઈસવીસન) ત્રીજી કે ચોથી શતાબ્દી સુધી રસાયનવિદ્યાનું જ્ઞાન જ ન હતું. અલ્કેમી (રસાયન) વિદ્યામાં પારદનો પ્રયોગ પાછળથી જ થયેલો જણાય છે; વળી તે ઉપરથી પશ્ચિમના દેશોમાં રસાયનવિદ્યાને જાણનાર વિદ્વાનોમાં સૌની પહેલાં આરબ દેશનો 'ન્યાબર' નામનો એક વિદ્વાન થયો હતો, એમ નક્કી થયું છે; અને તે વિદ્વાન થયા પછી જ આ રસાયનવિદ્યા ચારે બાજુ પ્રસાર પામી છે, એમ કેટલાક વિદ્વાનો કહે છે; વળી કેટલાક વિદ્વાનો આમ કહે છે કે, વૈદિક સમયમાં સોમરસનો વ્યવહાર ઘણા પ્રમાણમાં દેખાતો હતો, તે ઉપરથી સાબિત થાય છે કે, રસાયનવિદ્યાની ઉત્પત્તિ, ઋગ્વેદના કાળથી માંડીને જ ભારત દેશમાં થઈ હતી; અને એ જ મૂળ કારણ હોવાથી ચરક આદિના સમયમાં યૂષ અને શારીરરસ અગદમાં રસ શબ્દનો વ્યવહાર કરાતો હતો; તે પછી રસના જેવો ચંચળતાનો ગુણ ગ્રહણ કરીને પારદમાં તથા પ્રવાહી કરી શકાતી ધાતુઓમાં પણ તે 'રસ' શબ્દનો વ્યવહાર કરવાની શરૂઆત થઈ હતી, એમ ભારત દેશની રસપ્રક્રિયાનું અતિશય પુરાતની મૂળ શોધાઈ ચૂકયું છે. એ રસપ્રક્રિયા જ રસનો વિષય ધરાવતા તાંત્રિક ગ્રન્થોમાં પ્રથમપણું ધરાવતી હોઈને એ રસના વિષયથી અનુગ્રહણયુક્ત

થયેલા એટલે કે રસનો વિષય જ જેમાં પ્રધાનતા ધરાવે છે એવા પાછળના રસગ્રન્થોમાં વિકસિત થયેલી જોવામાં આવે છે; તે આ રસપ્રક્રિયાને નાગાર્જુને ખૂબ જ વધારી હતી એમ વિવેચક વિદ્વાનોના વિચારો પ્રકટ થયા છે; પતંજલિએ 'લોહશાસ્ત્ર' રચ્યું હતું, એમ ઘણાં સ્થળે દર્શાવવામાં આવ્યું છે. 'પારસ્પિક' મતના પ્રવર્તક 'જરથોસ્ત'ની પહેલાં જ તેમના દેશમાં જે 'માગી' જાતના લોકો રહેતા હતા, તેમણે રસાયનની આ ગુપ્ત વિદ્યા ભારત દેશના બ્રાહ્મણો પાસેથી મેળવી હતી, એમ તેઓના ઇતિહાસ ઉપરથી પણ જણાય છે. ગ્રીસ દેશના રસાયનગ્રન્થોમાં પણ એ રસાયનવિદ્યાના વિષયમાં 'પર્સિયા' તેમજ તેની પહેલાંના અથવા તેની પૂર્વમાં આવેલા દેશોનો નિર્દેશ લગભગ ઘણાં સ્થળે કરેલો છે; તે ઉપરથી આ રસને લગતાં ઔષધોની બનાવટ સૌ પહેલાં આ ભારતમાં જ કરવામાં આવી હોવાનું જણાય છે. વળી ભારતના વૈદ્યો અર્બસ્તાન વગેરે દેશોમાં જતા હતા, તેમ જ ચરક તથા સુશ્રુત વગેરે ગ્રન્થોનો અરબી ભાષામાં અનુવાદ પણ થયેલો મળે છે અને ભારતીય ચિકિત્સાનો તે દેશમાં સારો આદર પણ થયેલો દેખાય છે, તે ઉપરથી જણાય છે કે, ભારતમાંથી જ આ રસાયનવિદ્યાનો પ્રચાર આરબ વગેરે દેશોમાં થયો હતો. અગિયારમી અને બારમી શતાબ્દીના સમયમાં આરબ દેશમાં પણ રસપ્રક્રિયા ઉચ્ચ સ્થાને વિરાજતી હતી, એમ તે આરબ દેશના ઇતિહાસ ઉપરથી જણાય છે; તેથી રસના શોધન વગેરેનું જ્ઞાન ભારતને આરબ દેશમાંથી મળ્યું છે, એમ કહેવું તે બરોબર યોગ્ય નથી. આ રસાયનવિદ્યાનો ઘણી શતાબ્દી સુધી પાશ્ચાત્ય લોકોએ તેમ જ યુરોપ દેશના લોકોએ પણ, તે ગ્રહણ કરવા યોગ્ય નથી એવી બુદ્ધિથી તેનો સ્વીકાર કર્યો ન હતો; પરંતુ સમય જતાં તે વિદ્યાના ગુણોનું બરાબર જ્ઞાન થતાં અર્વાચીન સમયથી જ પશ્ચિમના દેશોમાં પણ તે રસાયનવિદ્યાનો પ્રચાર થયો હતો, એમ ઇતિહાસલેખકો પી. સી. રોય વગેરે લખે છે.

સાતા રંગનો પારસ ગ્રીસ દેશમાં અને રોમ દેશમાં પણ ગયેલ છે, એવો લેખ મળે છે, અને તેનું વર્ણન કરતાં 'જયસ્વાલ' નામના વિદ્વાને 'રાતો પારદ એ રસસિન્દૂર છે' એમ કોષ્ટકમાં આપેલું જોવામાં આવે છે; પરંતુ રસસિન્દૂરમાં 'રક્તપારદ'–રાતો પારો એવો શબ્દપ્રયોગ ક્યાંય જોવામાં આવતો નથી, તોપણ 'હિંગુલ–હિંગલોક'ના પર્યાયોમાં એ 'રક્તપારદ' શબ્દનો પ્રયોગ મળે છે, તેથી તે આ 'રક્તપારદ' એ શબ્દ માત્ર 'હિંગુલ'ને જ જણાવે છે, એમ લાગે છે.

આપણા ભારતમાં રસવિદ્યાનું જ્ઞાન પહેલાંથી જ હતું, એમ તો પહેલી શતાબ્દીમાં હયાતી ધરાવતા× ભર્તૃહરિના 'उत्खातं निधिशङ्कया क्षितितलं ध्माता गिरेर्धातवः'–ખજનાઓની શંકાથી પૃથ્વીનું તળિયું ખોદી નાખ્યું, અને પર્વતમાં થતી ધાતુઓને ધાણી–ફૂંકીને તેઓની ભસ્મો બનાવી એવા ઉલ્લેખ ઉપરથી પણ દૃઢ ખાતરી કરાય છે, એ રીતે પણ કેટલાક વિદ્વાનો વર્ણન કરે છે.

વળી ધાતુઓ સંબંધી વિજ્ઞાન પ્રથમથી જ હતું, એમ તો આત્રેય, સુશ્રુત અને કાશ્યપ આદિના ધાતુઓ સંબંધીના ઉલ્લેખ ઉપરથી પણ જણાય છે. બાળકો જોવાં જન્મે કે તરત જ તેઓને સોનાનું પ્રાશન કરાવવું અને સોનાની બનાવટવાળો અવલેહ વગેરે પણ ચટાડવો, તેમજ તેનું જે કંઈ ફળ તથા મહત્ત્વ છે, તે પણ કશ્યપે (પોતાની સંહિતામાં) ઉપદેશેલું છે; વળી ધાતુઓ તથા રસોના ધારણ આદિથી આયુષ, આરોગ્ય આદિ કલ્યાણકારી ફળની પ્રાપ્તિ થાય છે, એવો ઉલ્લેખ શ્રુતિઓ તથા સ્મૃતિઓ વગેરેમાં ઘણા સ્થળે મળે છે, તે ઉપરથી સાબિત થાય છે કે ઘણા જૂના કાળથી જ માંડીને ધાતુઓના તથા રસોના ઉપયોગનું જ્ઞાન ભારત દેશના લોકોને અવશ્ય હતું, યજુર્વેદમાં 'प्रथमो दैव्यो भिषक्–શ્રીરુદ્રદેવ સૌની પહેલાંના દેવોના વૈદ્ય હતા' એમ જણાવીને શ્રીરુદ્રદેવને પણ સૌની પહેલાંના વૈદ્યોના આચાર્ય તરીકે પ્રતિપદન કરવામાં આવે છે. વળી આત્રેય વગેરે તો સૌની પહેલાંના વૈદ્યોના આચાર્ય

× આ ભર્તૃહરિની હયાતી પહેલી શતાબ્દીમાં હતી, એ બાબત વિચારવા જેવી છે.

તરીકે બ્રહ્માને જણાવે છે, પણ ત્યાં ત્યાં ક્યાંય પણ રુદ્રદેવને વૈદ્યોના આચાર્ય તરીકે કહ્યાનો ઉલ્લેખ મળતો નથી. તંત્રશાસ્ત્રને લગતા 'નાથ-સંપ્રદાય'ના ગ્રંથોમાં તો 'રસવૈદ્યક'નો વિષય ઘણાં સ્થળે જોવા મળે છે; વળી તંત્રશાસ્ત્રને લગતા નાથસંપ્રદાયમાં તો શિવને રસશાસ્ત્રના પરમ આચાર્ય તરીકે દર્શાવવામાં આવ્યા છે; તે ઉપરથી તાંત્રિક આદિમાં પ્રચલિત 'રસ-વૈદ્યક' આદિરૂપ એક જુદા જ શાસ્ત્રના મૂળ આચાર્ય રુદ્રદેવ જ હોવા જોઈએ, એમ માનવું તે યોગ્ય જ છે; વળી રસનો વિષય પ્રાચીન તંત્રગ્રંથોમાં પણ મળતો હોવાથી ચરક, સુશ્રુત અને કાશ્યપ તંત્ર આદિમાં જો કે તેનું લેશમાત્ર જ દર્શન થાય છે, તે ઉપરથી એ રસ-વૈદ્યકનો વિષય અર્વાચીન છે, એમ તો કહી શકાય તેમ નથી જ.

ધાતુઓનાં શોધન આદિ યોગ દ્વારા તંત્ર-શાસ્ત્રોક્ત ભારતીય રસવિદ્યા પણ અનેક પ્રકારના રસોને લગતાં ઔષધોની બનાવટની પ્રક્રિયા ઘણા જૂના કાળમાં ગુપ્ત હોઈને પ્રચલિત ન હતી અથવા ઘણા જ થોડા અંશરૂપે ચાલુ રહી હતી; પરંતુ પાછળના સમયમાં 'નાગાર્જુન' આદિ ભારતીય રસવિદ્યાના આચાર્યોએ તેને પ્રકાશમાં આણી હતી અને વિકસિત કરી હતી; જેના લીધે ઘણા જૂના ગ્રંથોમાં વિશેષે કરી તે વિદ્યા જોવા મળતી ન હતી, એમ કહેવાને પણ મન તૈયાર થાય છે; માટે હવે તે સંબંધે અહીં વધુ કહેવાની અગત્ય નથી.

૩ : પ્રતિસંસ્કારની તુલના અને વિષયોનો વિભાગ

પ્રાચીન આચાર્યોના નામથી મળતી સંહિતા-ઓમાં વૃદ્ધજીવકના તંત્રરૂપ પહેલી 'કાશ્યપ-સંહિતા' બીજી ચરકસંહિતારૂપ 'આત્રેય-સંહિતા' અથવા 'અગ્નિવેશસંહિતા;' ત્રીજી 'સુશ્રુતસંહિતા'રૂપ 'ધન્વન્તરિસંહિતા' અને ચોથી 'ભેડસંહિતા' એ ચાર સંહિતાઓ પ્રાચીન ગણાય છે; તેઓમાં ક્યાંક ક્યાંક અર્વાચીનપણાનો સંશય કરાવતાં અમુક પદો, વાક્યો તથા પ્રકરણોનો પાછળથી જ પ્રવેશ થયો છે, તે પણ સંસ્કારવશથી જ થયેલ હોવો જોઈએ, એમ ખાસ પ્રથમ દર્શાવવામાં આવ્યું છે; તેમાં કાશ્યપ-સંહિતાના સંક્ષિપ્ત અમુક સ્વરૂપરૂપી વૃદ્ધજીવકના તંત્રનું પ્રતિસંસ્કરણ 'વાત્સ્ય' નામના આચાર્યે કર્યું હતું, એમ આ કાશ્યપસંહિતાના કલ્પસ્થાનમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે; તેમ જ 'આત્રેય-સંહિતા'રૂપ અગ્નિવેશના તંત્રનું પ્રતિસંસ્કરણ 'ચરક' નામના આચાર્યે કરેલ છે; એમ હાલમાં મળતી ચરકસંહિતામાં પ્રત્યેક અધ્યાયને અંતે મળતા 'अग्निवेशकृते तन्त्रे चरकप्रतिसंस्कृते—આ આયુર્વેદીય તંત્ર અગ્નિવેશે રચ્યું છે અને ચરકે તેનો પ્રતિસંસ્કાર કર્યો છે' એ શ્લોકમાં સ્પષ્ટ જ કહ્યું છે; તેમ જ સુશ્રુતસંહિતાનું પ્રતિસંસ્કરણ, તેના મૂળ ગ્રંથમાં ક્યાંયે સ્પષ્ટ કહેવામાં આવ્યું હોય એમ દેખાતું નથી; તોપણ 'ડલ્હન' આદિ ટીકાકારોએ આવો ઉલ્લેખ કરેલો મળે છે કે, સુશ્રુતસંહિતાનું પણ પ્રતિસંસ્કરણ નાગાર્જુને કરેલું છે; એમ સુશ્રુત-સંહિતાનું પ્રતિસંસ્કરણ કરનાર 'નાગાર્જુન' ભલે હોય કે ન હોય, પરંતુ હાલ મળતી સુશ્રુત-સંહિતામાં ત્યાં ત્યાં જુદા જુદા વિષયો જોવામાં આવે છે, ઇત્યાદિ ઉપરથી હાલમાં મળતું સુશ્રુત-સંહિતાનું સ્વરૂપ અવશ્ય પ્રતિસંસ્કાર દ્વારા જ તૈયાર થયું છે, એમ તો બધા વિદ્વાનોએ નક્કી કર્યું જ છે. ભેડસંહિતામાં પણ કશ્યપના મત તરીકે જણાવેલ 'चक्षुरिति काश्यपः—માનવશરીરમાં પ્રથમ ચક્ષુ બને છે,' એ પ્રમાણેનો જે 'ચક્ષુર્નિ-વૃત્તિવાદ' કહ્યો છે, તે કશ્યપનો પોતાનો જ ભેડસંહિતામાં ટાંકેલ હોઈને ભેડના મતરૂપે જણાય છે; તેમ જ ૭ વર્ષની ઉંમર થયા પછી જ માણસને વિરેચન અપાય એમ દર્શાવતો જે વિરેચનવાદ છે, તે પણ હાલમાં મળતી ભેડસંહિતામાં વિસ્તારવાદને દર્શાવે છે, એમ કહેવાયું જ છે; વળી ભેડસંહિતામાં 'જ્વરસમુચ્ચય'-માંથી ટાંકેલાં ભેડનાં વચનો જોતાં ભેડના નામથી ટાંકેલા લગભગ પચાસ ઉપરના શ્લોકોમાં હાલમાં છપાયેલી ભેડસંહિતામાં માત્ર દોઢ જ

શ્લોક મળતો આવે છે.* તે ઉપરથી જ્વર-પ્રકરણની પેઠે બીજું પણ પ્રકરણો લગભગ જુદાક જ હોઈને વચ્ચે વચ્ચે લગભગ અધૂરાં અને વિષયાન્તરરૂપે દેખાય છે. તે ઉપરથી એ ભેડસંહિતામાં પણ ફરી પ્રતિસંસ્કરણ થયેલ હોવું જોઈએ, એમ સ્પષ્ટ જણાય છે; તે ઉપરથી એવા પ્રકારનો એ જોટાળો ભેડસંહિતામાં જે મળે છે, તે બુદ્ધિને ઊલટા માર્ગે લઈ જાય છે; કારણ કે એક જ ગુરુ-આત્રેયનો ઉપદેશ ગ્રહણ કરી અલગ અલગ તંત્રને રચનારા અગ્નિવેશ તથા ભેડનાં તંત્રોમાં પાછળથી લગભગ ઘણા અંશે રચનામાં સમાનતા દેખાય છે અને કોઈ કોઈ અંશમાં ખૂબ જ મળતાપણું પણ લાવવામાં આવ્યું છે, તે જોતાં બુદ્ધિનું પરાવર્તન થાય છે; એમ ભેડસંહિતામાં જે દોષ દેખાય છે, તેનું કારણ માત્ર કાળ જ છે, એમ કહી શકાય; ભેડસંહિતાનું પુનઃ પ્રતિસંસ્કરણ થયું હોવાનો કયાંયે ઉલ્લેખ મળતો નથી, છતાંય તે સંહિતાનું પણ પુનઃ પ્રતિસંસ્કરણ થયું હોવું જોઈએ.

તેમાં આત્રેયસંહિતા આદિને ગ્રહણ કરી રચાયેલ 'અગ્નિવેશતંત્ર' આદિનું સંસ્કરણ ચરક આદિ આચાર્યોએ કેવા રૂપમાં કર્યું છે? એવો વિચાર આવતાં ચરકના સંસ્કરણમાં દર્શાવેલ સંશોધન કરવાનો પ્રકાર આમ વર્ણવેલ છે:- 'विस्तारयति लेशोक्तं संक्षिप्त्यतिविस्तरम्। संस्कर्ता कुरुते तन्त्रं पुराणं च पुनर्नवम्-હરકોઈ તંત્ર કે શાસ્ત્રનો પ્રતિસંસ્કાર કરનાર પુરુષ તે તંત્રમાં કે શાસ્ત્રમાં જે થોડા સ્વરૂપમાં કહ્યું છે, તેનો વિસ્તાર કરે છે અને જે વિભાગ ઘણો વિસ્તૃત હોય તેને સંક્ષિપ્ત કરી ટૂંકાવે છે; એમ તે પુરાણ અથવા જૂના તંત્ર કે શાસ્ત્રને ફરી નવું જ બનાવી દે છે.' એને જ પ્રતિસંસ્કાર કર્યા કહેવાય છે. તાડપત્રમાં લખાયેલ ચરકસંહિતામાં પ્રતિસંસ્કારના લક્ષણને જણાવતા આ શ્લોકમાં આવું પાઠાન્તર મળે છે- 'लेशोक्तं विस्तरत्यर्थं संक्षिप्त्यतिविस्तरम्, संस्कारः कुरुते तन्त्रं संस्कृतं च पुनर्नवम्-હરકોઈ તંત્ર કે શાસ્ત્રમાં જે સંશોધન કરાય છે, તે જે વિષય થોડા પ્રમાણમાં કહેલ હોય તેનો વિસ્તાર કરે છે અને જે વિષય ઘણા વિસ્તારથી કહેલ હોય તેને ટૂંકાવે છે; એમ સંસ્કાર તંત્રને ફરી નવા રૂપમાં રજૂ કરે છે.)' આમ જે વિષય સંક્ષિપ્ત હોય તેનો વિસ્તાર કરાય અને જે વિષય વિસ્તારથી કહેલ હોય તેને ટૂંકાવાય, એમ ચરકના પ્રતિસંસ્કરણની બે પદ્ધતિ જોવામાં આવે છે; અને તે જ બે પ્રકાર આવી રચનારૂપે મળે છે કે-પહેલાંનો જે ગ્રન્થ સંક્ષિપ્ત હતો, તેના સ્થાને વિસ્તૃત બીજો લેખ લખીને તેની રચના કરી છે અને પહેલાંનો જે ગ્રંથ પ્રથમથી વિસ્તારરૂપે લખાયો હોય, તેને યથાયોગ્ય ટૂંકાવીને રચવામાં આવે, એમ આવાપ અને ઉદ્વાપ એટલે કે વધુ ઉમેરવું અને લાંબું કાઢી નાખવું કરી-એ માર્ગે નવા જેવી જ રચના કરાય તેને 'પ્રતિસંસ્કાર' કર્યો ગણાય છે; અથવા પહેલાંનો ગ્રંથ જે ટૂંકમાં હોય અને વધુ સ્પષ્ટ ન હોય તેને પાછળથી સ્પષ્ટ કરી બીજા વિસ્તૃત લેખરૂપે તૈયાર કરાય અને પહેલાંનો ગ્રંથ જ્યાં વિસ્તૃત રૂપમાં હોય તેને સહેલાઈથી ગ્રહણ-ધારણ કરી શકાય એ માટે સારાંશ લઈને જે ટૂંકાવવામાં આવે અને સંક્ષિપ્ત જુદા લેખરૂપે પણ તૈયાર કરાય; એમ સંગ્રહ-વિગ્રહ પ્રક્રિયા દ્વારા કે પુનરુક્તિની પ્રક્રિયાથી પણ પ્રતિસંસ્કાર કરવાનું સંભવે છે; આ રીતની બે પદ્ધતિમાંથી જો પહેલી આવાપ-ઉદ્વાપ પ્રક્રિયા દ્વારા આત્રેયસંહિતાનો પ્રતિસંસ્કાર કરવાનું સ્વીકારવામાં આવ્યું હોત, તો એ આત્રેયસંહિતારૂપ અગ્નિવેશતંત્રના મૂળ ગ્રન્થનું સ્વરૂપ ઘણા અંશે વિપર્યાસને પામી જાત; અને જો એમ થાય તો ગ્રંથની નવી જ રચના થઈ ગણાય. તેથી ચરકસંહિતામાં ગ્રંથની અંદર આત્રેયના તથા અગ્નિવેશના

* જેમ કે મૂળ ભેડસંહિતાનાં પુસ્તકમાં અધો શ્લોક આમ મળે છે: 'शोषयत्येव भूतानि दारुणो त्रिषमज्वरः-વિષમજ્વર-ચઢીતર થયેલો તાવ દારુણ હોઈ ભયંકર સ્વરૂપ ધારણ કરે છે અને પ્રાણીઓને સૂકવી નાખે છે;' વળી એક શ્લોક આવો મળે છે: 'त्रिफला कषायसिद्धेन घृतेन मतिमान् भिषक्। स्नेहयेत यथान्यायं युक्त्या वृषघृतेन वा-વિષમજ્વરમાં બુદ્ધિમાનવૈદ્યે ત્રિફલાના કવાથમાં પકવેલા ઘીથી રોગીને સ્નેહન કરાવવું; અથવા અરડૂસાના કવાથમાં પકવેલા ઘીથી યથાયોગ્ય યુક્તિથી સ્નેહન કરાવવું જોઈએ.' (જુઓ મૂળ પુસ્તક પૃષ્ઠ ૧૨૧, ૧૨૨)

પ્રત્યુત્તર તથા પ્રશ્ન આદિને મૂકવાનું પણ શું પ્રયોજન રહે? વળી તે વિષયમાં જે કંઈ કહેવાનું હોય તેને સામાન્ય તથા વિશેષરૂપે ક્રમીબદ્ધ રીતે કહેવામાં ન આવે, પણ સંક્ષેપ તથા વિસ્તારનારૂપે અને વાક્યના ભેદ દ્વારા વારંવાર કહેવાની જે રીતિ ચરકસંહિતામાં મળે છે, તેમાં હેતુ કયો રહે? એ કારણે મૂળસંહિતામાં કેવળ આવાપ–ઉદ્વાપની પ્રક્રિયા દ્વારા પ્રતિસંસ્કાર કરી ચરકસંહિતાની નવી જ રચના કરવામાં આવી નથી, પણ મૂળ ગ્રંથમાં જ્યાં જે વિષયને ટૂંકાવીને કહ્યો છે, તેને સ્પષ્ટ કરવારૂપે વિસ્તૃત લેખ દ્વારા રજૂ કરવામાં આવેલ છે અને જ્યાં જે વિષયને વિસ્તૃતરૂપે કહેવામાં આવ્યો છે, ત્યાં તેને ટૂંકા ઉપાયથી તેના અર્થને ગ્રહણ–ધારણ કરવામાં ઉપયોગી ટૂંકા લેખ દ્વારા રજૂ કરીને પુનરુક્તિની પ્રક્રિયા દ્વારા પણ ચરકાચાર્યે પ્રતિસંસ્કાર કર્યો છે, એમ કલ્પના કરાય છે.

વિભક્તિગર્ભપદન્યૂહરૂપ અથવા વિભક્તિયુક્ત પદરચનાની ગોઠવણીરૂપે પણ જોવામાં આવે છે. વળી તે તે અધ્યાયના ઉપસંહારમાં જે જે સંગ્રહશ્લોક અપાયો છે, તેમાં પણ જે અધ્યાયના જે નામની રચના કરવામાં આવી છે, તે જ નામથી તે અધ્યાયનો ઉલ્લેખ કરેલો જોવામાં આવે છે. તે ઉપરથી તે તે અધ્યાયનાં તે તે નામો અધ્યયન કરનારના સંપ્રદાયમાત્રથી કલ્પી કાઢેલાં નથી, પણ ગ્રંથકર્તાની પોતાની જ લેખનીમાંથી નીકળેલાં તે નામો છે, એવો નિશ્ચય કરાય છે. ભેડસંહિતામાં પણ સૂત્રસ્થાન, વિમાનસ્થાન, શારીરસ્થાન, ઇંદ્રિયસ્થાન આદિ સ્થાનોમાં તે તે અધ્યાયની શરૂઆતનાં વાક્યનાં પ્રતીકોને લઈ લઈને જ તે તે અધ્યાયોનાં નામો પાડવામાં આવ્યાં છે; તેમાં કેટલાંક નામોમાં એક–બે વર્ણનો ફેરફાર કરેલો છે, તોપણ કેટલાંક નામો તો ચરકસંહિતાના અધ્યાયોનાં તથા ભેડસંહિતાના અધ્યાયોના એક સરખાં જ જોવામાં આવે છે; જેમકે (જુઓ કોષ્ટક)

અધ્યાયનાં નામો	ચરકમાં અધ્યાયનું આરંભવાક્ય	ભેડમાં અધ્યાય–આરંભવાક્ય
न वेगान्धारणीयः	न वेगान् धारयेद्धीरः	न वेगान् धारयेद् धीमान्
मात्राशितीयः	मात्राशी स्यादहारमात्रा	मात्राशी स्याद्विपक्वाशी
आत्रेयभद्रकाप्यीयः	आत्रेयो भद्रकाप्यश्च	आत्रेयः खण्डकाप्यश्च
यस्य श्यावनिमित्तियः	यस्य श्यावे परिक्लेते	यस्य श्यावे उभे नेत्रे
अवाक्शिरसीयः	अवाक्शिरा वा जिह्वा वा	अवाक्शिरा वा जिह्वा वा

હાલમાં જે ચરકસંહિતા મળે છે, તેના સ્વતંત્રપણે રચયિતા ચરકાચાર્ય નથી, પરંતુ તે પ્રથમથી જ તૈયાર થયેલ છે. આત્રેય સંહિતાગર્ભિત જે અગ્નિવેશતંત્ર હતું, તેના કેવળ પ્રતિસંસ્કર્તા જ છે. એ વિષેનો વિચાર કરતાં નીચેનાં પ્રમાણ મળે છે. જેમકે આત્રેયસંહિતામાં નિદાન, ચિકિત્સિત આદિ સ્થાનોમાં લગભગ તે તે વિષયોને ગ્રહણ કરીને જ અધ્યાયોનાં નામોનો નિર્દેશ કર્યો છે, તોપણ સૂત્ર, વિમાન, શારીર આદિ સ્થાનોમાં કયાંક વિશેષ વિષયનો સ્વીકાર કર્યો છે, છતાં અધ્યાયની શરૂઆતમાં વાક્યનું પ્રતીક અથવા અમુક ભાગ લઈ દીર્ઘંજીવિતીય, અપામાર્ગતંડુલીય, આરગ્વધીય, કતિધાપુરુષીય, અતુલ્યગોત્રીય, આદિ અધ્યાયોનાં નામો રચ્યાં છે, ત્યાં ત્યાં કેટલાંક નામો એ રીતે આત્રેય સંહિતામાં તથા ભેડસંહિતામાં પરસ્પર એક સરખાં ઇંદ્રિયોપક્રમણીય–તિસ્રૈષણીય–વાતકલાકલીય–વિધિશોણિતીય–દશપ્રાણાયતનીય–દશમૂલીય–અષ્ટોદરીય–રસવિમાન–પુરુષનિર્ણય(વિ)ચય–ખુડીકાગર્ભાવક્રાન્તિ–જાતિસૂત્રીય આદિ અધ્યાય–નામો જોવામાં આવે છે. વળી સ્નેહાધ્યાય, સ્વેદાધ્યાય આદિના અને નિદાન–અધ્યાય તથા ચિકિત્સા–અધ્યાય આદિના વિષયોને ગ્રહણ કરી તે તે અધ્યાયોનાં નામો જે રચાયાં છે, તેઓનાં નામની સાથે સ્વતઃ સમાનતા જોકે સંભવે છે, તોપણ એમ બંને સ્થળે એક જ પ્રતીકથી અધ્યાયનો આરંભ કરાય છે; વળી વિભક્તિથી યુક્ત પ્રતીક લઈને પણ અધ્યાયનું નામ કરવામાં આવ્યું છે; જેઓનાં નામ સમાન

હોય છે, એવા અધ્યાયોમાં વિશેષ વિષયોની જ સમાનતા દેખાય છે, તે એક જ સૂત્રને અનુસરી જુદા જુદા કર્તાઓએ રચેલા બે લેખોમાં સંભવે છે; પણ પરસ્પર અપેક્ષા રાખ્યા વિના અને એક જ સૂત્રની અપેક્ષા રાખ્યા વિના જે બંને લેખો તૈયાર થયા હોય, તેઓમાં એવી સમાનતા સાહજિક સંભવે જ નહિ એ કારણે આત્રેય મુનિએ તે તે અધ્યાયોનાં આરંભનાં વાક્યોમાં પ્રતીક લઈને તે દ્વારા શરૂઆત કરી ઉપદેશેલા અધ્યાયનાં વાક્યો તથા વિષયોને ગ્રહણ કરી પોતે જાણેલાનું પોષણ અથવા પુષ્ટિ કરવારૂપ જુદા જુદા અર્થોને પણ અંદરના ભાગમાં દાખલ કરી ભેડે તથા અગ્નિવેશે અલગ અલગ તંત્રો રચ્યાં હોવાથી એવા પ્રકારની પરસ્પર સમાનતા થયેલી જણાય છે.

આત્રેયસંહિતામાં ક્યાંક ક્યાંક અધ્યાયની શરૂઆતનાં વાક્યનું પ્રતીક ગ્રહણ કરી કેટલાક અધ્યાયોનાં નામો રચાયાં છે, જ્યારે ભેડસંહિતામાં અધ્યાયના આદિવાક્યનું પ્રતીક જુદું હોય છે, તોપણ બંને સંહિતાઓમાં તે તે અધ્યાયોનાં નામો એકસરખાં જોવામાં આવે છે; જેમ કે–

ભેડસંહિતા અને ચરક સંહિતાના અધ્યાયોનાં નામો–	ચરકમાંનું પ્રતીક	ભેડમાંનું પ્રતીક
વ્યાધિતરૂપીયમ્	દ્વૌ પુરુષૌ વ્યાધિતરૂપૌ ભવતઃ	ગુરુર્વ્યાધિનરઃ કશ્ચિત્
શરીરવિચયઃ	શરીરવિચયઃ શરીરોપકારાર્થ	ઇહ ખલ્વોજસ્તેજઃ
શરીરસંખ્યા	શરીરસંખ્યામવયવશઃ	ઇહ ખલુ શરીરે ષટ્ ત્વચે
પૂર્વરૂપીયમ્	પૂર્વરૂપાણ્યસાધ્યાનામ્	અન્તર્લોહિતકાયસ્તુ
ગોમયચૂર્ણીયમ્	યસ્ય ગોમયચૂર્ણાભમ્	ચૂર્ણં શિરસિ યસ્યૈવ

એમ આત્રેયસંહિતામાં તે તે અધ્યાયના આરંભનાં પ્રતીકો ગ્રહણ કરી અધ્યાયોનાં નામોનો જે વ્યવહાર કર્યો છે, તે જ પ્રમાણે અગ્નિવેશે પણ વ્યવહાર કર્યો છે; ત્યારે ભેડે પોતાની સંહિતામાં અધ્યાયોના આરંભનાં પ્રતીકો જુદાં રાખીને પણ (પ્રાચીન–આત્રેયની) પૂર્વપરંપરાથી ઊતરી આવેલાં તે જ નામો વડે અધ્યાયોનો વ્યવહાર કર્યો છે એટલે કે આત્રેયે તથા અગ્નિવેશે પોતે પોતાની સંહિતામાં અધ્યાયોનાં જે નામો રાખ્યાં છે, તે જ નામો ભેડે પણ પોતાની સંહિતામાં રાખીને વ્યવહાર કરેલો જણાય છે; કેમકે તે તે અધ્યાયોનાં નામો અને પ્રતીકો (પોતપોતાના ગુરુ) આત્રેયે જ રાખેલાં હોવાથી (તેમના જ બે શિષ્યો) અગ્નિવેશકૃત સંહિતા અને ભેડકૃત સંહિતા એ બેયમાં એક એક અધ્યાયવાર અને અધ્યાય તથા પ્રતીક એ બેયને અનુસરી એકસરખાપણું જે જળવાયું છે, તે યોગ્ય જ છે; કેમ કે જો કેવળ અગ્નિવેશનું જ અનુસરણ તેના સહાધ્યાયી ભેડે કર્યું હોત તો તેમાં જે મૂળ કારણ છે, તેને જાણવું મુશ્કેલ થાત; વળી ચરક આચાર્યે તે તે પ્રતીકો દ્વારા અધ્યાયોનો આરંભ કરી પોતે જ ચરકસંહિતા જો રચી હોત, તો તેનાથી પહેલાં થયેલા ભેડે તેનું અનુસરણ કરેલું છે, એમ કેમ માની શકાત? તેમજ ભેડસંહિતામાં તથા અગ્નિવેશ સંહિતામાં બન્નેમાં એકંદર સ્થાનોની સંખ્યા જે આઠની છે અને અધ્યાયોની સંખ્યા પણ (બન્નેમાં) ૧૨૦ની છે, તે સંખ્યાની સમાનતા પણ એ જ દર્શાવે છે કે તેઓ બને સહાધ્યાયી હોવાથી પોતપોતાની સંહિતાઓમાં એકસરખી જ સ્થાનસંખ્યા તથા અધ્યાયસંખ્યા રાખે તે યોગ્ય જ છે. વળી ભેડસંહિતામાં 'ચતુષ્પાદ' નામના અધ્યાયમાં પૃષ્ઠ ૧૫ ઉપર 'સિદ્ધ્યતિ પ્રતિકુર્વાણ ઇત્યાત્રેયસ્ય શાસનમ્–જે રોગી પોતાના રોગનો પ્રતિકાર કરે છે, તે રોગથી મુક્ત થઈ સાજો થાય છે, એવો શ્રી આત્રેયનો ઉપદેશ છે' એમ જણાવી, 'રોગની ચિકિત્સા કરવી ન જોઈએ' એવા અપ્રતીકારવાદનું ખંડન કરતાં પોતાના ગુરુ આત્રેયના મતને તે આત્રેયના નામને ગ્રહણ કરવા સાથે તેમના મતને તેમના શબ્દની છાયાને ગ્રહણ કરવાપૂર્વક જેમ જણાવે છે, તે જ પ્રમાણે હાલમાં મળતી ચરકસંહિતામાં પણ (સૂત્રસ્થાનના ૧૦મા) 'મહાચતુષ્પાદ' નામના અધ્યાય-

માં આત્રેયના મત અનુસાર જ અપ્રતીકારવાદનું ખંડન વિસ્તારપૂર્વક કરી બતાવીને ભેડનો મત અને પોતાનો–અગ્નિવેશનો મત પણ પોતાના ગુરુ આત્રેયના જ મત પ્રમાણે જ દર્શાવી તે સંબંધે સમાનતા જણાવી છે. એવા પ્રકારનો આત્રેયનો મત પોતપોતાની બન્ને સંહિતાઓમાં દર્શાવીને પોતપોતાના મતનું ગુરુના મત સાથે સમાનપણું જે મળે છે, તે આત્રેયનો ઉપદેશ પ્રથમથી જ તેવા પ્રકારનો હતો એટલે કે રોગીએ પોતાના રોગની ચિકિત્સા અવશ્ય કરવી જોઈએ, એમ પરંપરાથી ચાલુ રહેલી તેવા મતની પરંપરાને સ્પષ્ટ જણાવે છે. વળી 'ખુડ્ડાકચતુષ્પાદ' નામના અધ્યાયમાં ભેડસંહિતામાં તથા ચરકસંહિતામાં 'મૃદ્વણ્ડચક્ર' ઇત્યાદિ સિદ્ધાંતના શ્લોકો એક સરખારૂપે જે મળે છે, તે પણ મૂળ આત્રેયસંહિતામાંથી જ ઊતરી આવ્યા હોય, એમ જ માનવું યોગ્ય જણાય છે; એવાં રૂપે બેય બાજુથી મળતા આવતા અધ્યાયોનાં નામો તથા વિષયો આદિ ઉપરથી એ બેય સંહિતાઓ અગ્નિવેશકૃત–ચરકસંહિતા તથા ભેડસંહિતાની અંદર બરાબર એકસરખી રીતે ચાલુ રહેલી આત્રેયસંહિતા, એ બેય સંહિતાઓના મૂળરૂપે પહેલાં હતી જ. તે જ આત્રેયસંહિતાનો પોતપોતાની સંહિતાઓમાં સમાવેશ કરી, તેના વિષયોને ગ્રહણ કરી જ્યાં જ્યાં જેમ યોગ્ય લાગ્યું તેમ પોતાના વિશેષ વિચારોથી પુષ્ટ કરેલી પોતપોતાની ઉક્તિઓ દ્વારા વચ્ચે વચ્ચે ચારે બાજુથી પોષીને ટૂંકાવવું જેને પ્રિય હતું એવા ભેડ આચાર્યે (તે જ આત્રેયસંહિતાને) ટૂંકા રૂપમાં પોતાના નામે ભેડસંહિતા રચી છે; અને વિસ્તારપ્રિય અગ્નિવેશે વિસ્તૃત સ્વરૂપે તે જ (આત્રેયસંહિતાને) પોતાના નામે અલગ તંત્રરૂપે પ્રકટ કરી છે. ભેડે ચતુષ્પાદના વિષયમાં એક જ અધ્યાય રચ્યો છે; તેમાં પ્રથમથી જ આત્રેય તથા શૌનકનો વિવાદવિષય ગ્રહણ કરી વૈદ્ય આત્રેયના જ્ઞાનની વિશિષ્ટતાયુક્ત દૃષ્ટિ સિદ્ધાંતરૂપે દર્શાવી છે અને તે પછી ચારે પાદોના વર્ણનને અંતે સિદ્ધાંતરૂપે વૈદ્યની પ્રધાનતાના વાદનો ઉલ્લેખ ટૂંકમાં દર્શાવ્યો છે; જ્યારે આત્રેયી સંહિતામાં એ ચતુષ્પાદના વિષયમાં બે અધ્યાયો રચાયા છે; તેમાંના પહેલા ખુડ્ડાક અધ્યાયમાં ચારે પાદોનું વર્ણન કરી સિદ્ધાંતરૂપે ખાસ વૈદ્યરૂપ પાદના પ્રધાનપણાનો ઉલ્લેખ કર્યો છે; તે પછી બીજા અધ્યાયમાં મૈત્રેય–શૌનકના તથા આત્રેયના બે મતનો પક્ષ–પ્રતિપક્ષભાવરૂપે નિર્દેશ કર્યો છે; એમ તે જ વિષયો એક અધ્યાયમાં ટૂંકારૂપે અને બીજા અધ્યાયમાં વિસ્તૃત સ્વરૂપે પ્રતિપાદન કરેલા જોવામાં આવે છે. એ જ પ્રમાણે લગભગ ઘણાં સ્થળોમાં અગ્નિવેશતંત્રમાં તથા ભેડતંત્રમાં અનુક્રમે લંબાણનું તથા સંક્ષેપનું જ અનુસંધાન કરી શકાય તેમ છે.

કાશ્યપસંહિતામાં, ચરકસંહિતામાં, ભેડસંહિતામાં તથા સુશ્રુતસંહિતામાં પણ ગદ્યમય તથા પદ્યમય વાક્યો જોવામાં આવે છે; વળી ક્ષારપાણિ, જતૂકર્ણ તથા હારીત વગેરેનાં વાક્યો પણ કેટલાંક ગદ્યરૂપે અને કેટલાંક પદ્યરૂપે ટીકાકારોએ (પ્રાસંગિક) ઉતારેલાં જોવામાં આવે છે; તે ઉપરથી તેમના ગ્રંથો પણ ગદ્ય-પદ્ય બેય પ્રકારની રચનાઓથી મિશ્ર હોવા જોઈએ, એવું તે તે વાક્યો અનુમાન કરાવે છે. 'જ્વરસમુચ્ચય' નામના ગ્રંથમાં કેવળ એક જ્વરનો જ વિષય ગ્રહણ કરી તે વિષયમાં કાશ્યપ, આત્રેય તથા સુશ્રુત આદિનાં તેમજ હારીત વગેરે સહાધ્યાયી આચાર્યોનાં અને બીજા પણ પ્રાચીન આચાર્યોનાં કેવળ પદ્યરૂપ વાક્યોને ઉતારેલાં જોવામાં આવે છે; વળી તે ગ્રંથમાં લીધેલાં હારીત, ક્ષારપાણિ, જતૂકર્ણ તથા ભેડ વગેરે સહાધ્યાયી આચાર્યોનાં વાક્યો ગ્રહણ કરી, તેઓના અનુસંધાનમાં શબ્દોની આનુપૂર્વી તથા રચનામાં તફાવત હોવા છતાં પણ જાણે કે એક જ આચાર્યના ઉપદેશનો સૂત્રરૂપે ગૂંથાયેલો એકસરખો નિબંધ હોય એમ જણાય છે. ભેડતંત્રની પેઠે જતૂકર્ણ, હારીત, ક્ષારપાણિ વગેરે આત્રેયના શિષ્યોના તથા બીજા પણ આચાર્યોનાં તંત્રો જો સંપૂર્ણ મળતાં હતાં અને ભેડતંત્ર પણ જો આખુંયે અખંડ મળતું હોત, તો એ બધાંયે તંત્રોને આગળ રાખી બરાબર વિચારણા કરી જોતાં એક જ ઉપદેશરૂપ મૂળનું સર્વ બાજુ અનુસરણ હોઈને તે તે બધાંયે અંશો પ્રાચીન તરીકે જણાઈને કેવળ આત્રેયી સંહિતાના જ જાણવામાં આવત અને તે જ આત્રેયી સંહિતાના એ અંશો પરસ્પર વ્યાવૃત્ત થઈ તેની જ એક વિશેષદૃષ્ટિના વિકાસોરૂપ અથવા

સંસ્કાર કે સંશોધનની જ વિભૂતિઓરૂપે પરિચ્છેદદૃષ્ટિએ પ્રસાર પામેલાં છે, એમ પણ અનુભવી શકાત; તેમ જ અગ્નિવેશના તંત્રની તથા ચરકના પ્રતિસંસ્કારની પણ વિશેષતા પ્રકટ કરવા માટે વિશેષ જોવાનો લાભ મળવાથી સહેલું થઈ પડત. એમ એકંદર જ્વરસમુચ્ચયમાં ટાંકેલાં કેટલાંક વચનોના વિષયમાં એકબીજા સાથે મળતાપણું પણ તે તે સહાધ્યાયી આચાર્યોનાં નાનાં મોટાં ચિત્રરૂપી ભૂમિકાઓ ઉપર એક જ આત્રેય આચાર્યના જ ઉપદેશરૂપી બીજની વાવણી થયેલી હોવાથી ચોપાસ સજાતીય અનેક અંકુરોનો જ એક ઉદય થયો છે, એવી ખાતરી કરાવે છે.

ચરકસંહિતાની બાબતમાં વિચાર કરતાં ચરકના નામે પ્રસિદ્ધ થયેલી એ ચરકસંહિતા ચરકાચાર્યની જ કૃતિ છે, એમ ટૂંકારૂપમાં જે પહેલાંનું અગ્નિવેશતંત્ર હતું, તેનો જ સર્વાંશે ફેરફાર કરી નાખી તેમાં અમુક અમુક વધારો કરીને ચરકાચાર્યે તે એક નવું જ તંત્ર રચ્યું છે, એમ આયુર્વેદને જાણનારા મહર્ષિઓના મેળાવડામાં તે તે વિષયોને લગતા જે જુદા જુદા વિચારો પ્રકટ્યા હતા, તેઓને સાંભળીને, પાછળથી તે બધા વિચારોનો એકત્ર સંગ્રહ કરી ચરક આચાર્યે આ ચરકસંહિતા રચી છે, એમ અનેક પ્રકારના વિચારો તથા વિતર્કો જોવામાં આવે છે; પરંતુ પૂર્વોક્ત દિશાએ મૂળરૂપ આત્રેયસંહિતા અને તે સંહિતા જેનું મૂળ છે એવા અગ્નિવેશતંત્રની જ પ્રથમ હયાતી સ્પષ્ટ જણાય છે, તે ઉપરથી અને 'अग्निवेशकृते तन्त्रे चरकप्रतिसंस्कृते –અગ્નિવેશે રચેલું જ આ તંત્ર છે અને તેમાં ચરકે પ્રતિસંસ્કાર કર્યો છે એટલેકે સંશોધન કરીને સુધારોવધારો કર્યો છે,' એમ ચરક પોતે જ ચરકસંહિતામાં પ્રત્યેક સ્થાન તથા અધ્યાયના અંતે સ્પષ્ટતા કરે છે; એમ ચરકનાં પોતાનાં જ તે વચન ઉપરથી તંત્રના રચયિતા તો અગ્નિવેશ જ છે, પણ ચરકે તો બીજાં તંત્રોમાંથી ચૂંટીને સંગ્રહેલા અને પોતાના વિચાર પર આરૂઢ થયેલા તે તે બીજા વિષયો વડે તે અગ્નિવેશતંત્રમાં વધારો કરીને તેમ જ એ સિવાયના બીજા પણ સંસ્કારયોગ્ય વિધિઓ રચીને એ અગ્નિવેશતંત્રના પ્રતિસંસ્કર્તા તરીકે જ પોતાની જાહેરાત કરી છે. છતાં એ ચરકસંહિતાના રચયિતા ખુદ ચરક પોતે જ જો હોય તો એ આચાર્ય, પોતાનું જ નામ એ તંત્રના કર્તા તરીકે કેમ ન લખત? અગ્નિવેશનાં નામો ગ્રંથની અંદર સંબોધન આદિના રૂપમાં ઘણીવાર મળે છે; પરંતુ ચરકનું નામ 'चरकप्रतिसंस्कृते' એ સિવાય બીજે ક્યાંય પણ ગ્રંથની અંદર મળતું નથી; વળી ઉત્તરગ્રંથને પૂર્ણ કરનાર દૃઢબલ પણ 'अतस्तन्त्रोत्तममिदं चरकेणातिबुद्धिना। संस्कृतं तत्तु संसृष्टं विभागेनोपलभ्यते। यत्य द्वादशसाहस्री हृदि तिष्ठति संहिता। चिकित्सा वह्निवेशस्य स्वस्थातुरहितं प्रति ॥–બુદ્ધિમાન ચરકે આ ઉત્તમ તંત્રનો પ્રતિસંસ્કાર કર્યો છે; અને તેથી જ આ તંત્ર વિભાગવાર રચાયેલું જણાય છે; બાર હજાર શ્લોકપ્રમાણનું આ તંત્ર જે માણસના હૃદયમાં કંઠસ્થ હોય છે, તે માણસ સ્વસ્થ અને રોગીને ઉદ્દેશી કહેલી અગ્નિવેશની ચિકિત્સા બરાબર સમજીને કરી શકે છે.' એમ કહીને ચરકને કેવળ પ્રતિસંસ્કર્તા તરીકે જ જણાવે છે અને અગ્નિવેશકૃત સંહિતાને બાર હજાર શ્લોકપ્રમાણની સ્પષ્ટ દર્શાવે છે. ચરકે જો વિશેષ રચના કરી હોય કે સ્વતંત્રપણે ચરકસંહિતા રચી હોય તો એ ચરકની પછી થયેલા અને તે ચરકના જ આશ્રિત દૃઢબલ પણ તેના ગ્રંથને પૂર્ણ કરનાર હોઈને અગ્નિવેશને તંત્રના કર્તા તરીકે જણાવીને ચરકને તે તંત્રના પ્રતિસંસ્કર્તા તરીકે કેમ લખે? ચરકનો સ્વભાવ સર્વ તરફ સંચરણ કર્યા કરી મુસાફરી જ કરવાનો હતો. તેથી જ તેમનું 'चरतीति चरकः'–ફર્યા કરતા હોવાથી 'ચરક' એવું સાર્થક નામ પ્રસિદ્ધ થયું હતું. એવી સાર્થક સંજ્ઞાને ધારણ કરતા એ ચરક આચાર્યે સર્વ બાજુ અગ્નિવેશતંત્રનો પ્રતિસંસ્કાર, કરીને તેનો પ્રચાર પણ કર્યો હતો અને પ્રવચન દ્વારા તથા પ્રયોગની કુશળતા દ્વારા તે માર્ગે લોકોનો ઉપકાર પણ કરવા માંડ્યો હતો, એ કારણે જ તે અગ્નિવેશનું જ તંત્ર 'चरकसंहिता' એવા તેમના નામે પ્રસિદ્ધિને પામ્યું હોવાનો પણ સંભવ છે. એવી તે પ્રસિદ્ધિ જ ચરકાચાર્યને ગ્રંથના કર્તા તરીકેની ભ્રાંતિ ઉપજાવવામાં કારણ બની હોય, એમ હું માનું છું.

એમ પૂર્વોક્ત દૃઢબલની સંસ્કરણ પરિભાષામાં

કહેલી રીતિ અનુસાર અગ્નિવેશ વિરચિત અને ચરકપ્રતિસંસ્કૃત ચરકસંહિતારૂપ આયુર્વેદતંત્રમાં ક્યાંક ક્યાંક અમુક અમુક પદો, અમુક અમુક વાક્યો અથવા અમુક અમુક સંદર્ભો, પ્રતિસંસ્કર્તા ચરકાચાર્યની કલમે લખાયાં હોય, એમ પણ સંભવે છે; સામાન્યપણે અનુસંધાન કરતાં કેટલાક એવા પણ વિષયો દેખાય છે, કે જે ચરકાચાર્યની શૈલીની પ્રતીતિ કરાવે છે.'

વળી ચરકસંહિતામાં જે વાદ-ન્યાયનો વિષય દર્શાવ્યો છે, તેમાં પાછળના વિષયનો જ વિકાસ દેખાય છે અને તે વિકાસ ચરકના સમયનો હોય, એવી પણ સંભાવના કરી શકાય છે, એમ પ્રથમ દર્શાવવામાં આવ્યું જ છે.

ભેડસંહિતામાં સ્વેદપ્રક્રિયાના વિભાગનું જે નિરૂપણ કર્યું છે, તેમાં સંકર, પ્રસ્તર, સેક આદિ આઠ વિભાગો કહ્યા છે; જ્યારે હાલમાં મળતી ચરકસંહિતામાં ભેડે જણાવેલા આઠ વિભાગો ઉપરાંત બીજા પણ તેનાથી જુદા પાંચ ભેદો ગ્રહણ કરીને તેર પ્રકારના સ્વેદો દર્શાવવામાં આવેલા દેખાય છે; કેમ કે તેર પ્રકારનો સ્વેદોનો વિભાગ આત્રેયે પોતે જ ઉપદેશ્યો છે, તો એ આત્રેયને જ અનુસરતી ભેડસંહિતામાં પણ તેટલા જ સ્વેદોના ભેદો હોવા જોઈએ ને? પરંતુ કાશ્યપસંહિતામાં પણ આઠ જ પ્રકારના સ્વેદોનો વિભાગ દર્શાવ્યો છે, તે ઉપરથી એ સ્વેદો સંબંધી વિચાર આઠ વિભાગની સાથે જ સંબંધવાળો હોય, એમ જણાય છે; પરંતુ પ્રાચીન આઠ વિભાગની સાથે યોજેલા બીજા (પાંચ) ભેદોમાં જે ન્તાક અને હોલાક-એ બે શબ્દો જેમ બાહ્ય દેખાય છે, તેમ બીજા ભેદોને પણ પાછળથી યોજી દઈ તેર ભેદોનું વર્ણન જે કરેલું છે, તે ચરક આચાર્યની વિકાસ દૃષ્ટિનો એક પુરાવો હોવાનું અનુમાન કરાવે છે.

વળી ભેડસંહિતામાં ખુડ્ડિકાગર્ભાવક્રાન્તિનો અધ્યાય એક જ છે; તેમાં હરકોઈ ગર્ભ, માતા-પિતા બન્નેથી ઉત્પન્ન થાય છે, એ મતને ભરદ્વાજ માનતા નથી; માટે પ્રથમ તેમના મતનું ખંડન કર્યા પછી એ સિદ્ધાંતમતનું આત્રેય પ્રતિપાદન કરે છે અને તે સિદ્ધાંતમતનો તેમણે નિર્દેશ કર્યો છે; જ્યારે ચરકમાં પણ ખુડ્ડિકા અધ્યાયમાં તે જ વિષય છે; એમ તે બંને સંહિતાઓમાં તે તે અધ્યાયમાં તે વિષય એક સરખો મળે છે; તે ઉપરથી એવા મૂળ રૂપમાં જ આત્રેયનો સિદ્ધાંત અને અગ્નિવેશનો સિદ્ધાંત તે અધ્યાયમાં મૂકવામાં આવ્યો છે; ચરકમાં તે ખુડ્ડિકા અધ્યાય પછી ફરી બીજો 'મહાગર્ભાવક્રાન્તિ' નામનો અધ્યાય છે; તેમાં ગર્ભ સંબંધી જ જુદા જુદા વિષયોનું નિરૂપણ કર્યું છે; પણ એ વિષયો ભેડસંહિતામાં મળતા નથી, તેથી એ વિષયો ચરકે પોતાના અનુભવ અને અભ્યાસથી ઉમેર્યા હોવાનું જણાય છે. અથવા 'ખુડ્ડિકા' એ પદ જોવામાં આવે છે, તે ઉપરથી 'મહાગર્ભાવક્રાન્તિ' અધ્યાયની પણ પહેલાં તે અધ્યાય અગ્નિવેશની સંહિતામાં હોવો જોઈએ, જ્યારે ભેડસંહિતામાં તે અધ્યાય ખંડિત થયો હોય એમ પણ સંભવે છે.

હાલમાં જે ચરકસંહિતા વિદ્યમાન છે, તેના આરંભના ગ્રંથમાં ઋષિઓના એકત્ર મળેલા સમુદાયમાં ભરદ્વાજે ઇંદ્ર પાસેથી મેળવેલું આયુર્વેદ જાહેરમાં પ્રકાશિત કર્યો હતો, તેથી આત્રેયે તે આયુર્વેદને મેળવ્યો હતો અને પછી આત્રેયે અગ્નિવેશ આદિ પોતાના શિષ્યોને તે આયુર્વેદ ભણાવ્યો હતો; તે પછી તે અગ્નિવેશ આદિ શિષ્યોએ પોતપોતાનાં નામે નવાં આયુર્વેદતંત્રો રચ્યાં હતાં; પછી તે અગ્નિવેશ આદિનાં તંત્રો પૃથ્વી પર પ્રતિષ્ઠા પામ્યાં હતાં; તેમાંના અગ્નિવેશતંત્રમાં અગ્નિવેશે જે કંઈ કહ્યું હતું, તેના કરતાં વધુ સુધારોવધારો કરી ચરકે તે ગ્રંથનો પ્રતિસંસ્કાર કર્યો, તેથી સાંપ્રદાયિકપણે તેની ઉત્કૃષ્ટતા આદિ મહિમાનું ગાન કરવું તે યોગ્ય છે. વળી અગ્નિવેશે પોતે પાછળથી આ આયુર્વેદવિદ્યાની પ્રાપ્તિ ભારદ્વાજના ઉપદેશથી થઈ છે, એમ ક્યાંય પણ સૂચન કર્યું નથી; પરંતુ ભલેનું ભારદ્વાજના મતનું તો તેમણે ખંડન કરેલું દેખાય છે અને ભારદ્વાજ સાથે તેનો વિશેષ સંબંધ હતો, એમ ઉલ્લેખ કરવામાં પણ તેમની ઉદાસીનતા જણાય છે; વળી 'अथातो दीर्घजीवितीयमध्यायं व्याख्यास्यामः, इति ह स्माह भगवानात्रेयः-હવે અહીંથી 'દીર્ઘજીવિતીય' નામના અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીએ છીએ, એમ ભગવાન આત્રેયે

કહ્યું હતું' એ બંને વાક્યોની અંતે 'हिताहितं सुखं दुःखम्' ઇત્યાદિ શરૂઆત કરીને જ અગ્નિવેશે પોતાના તંત્રનો પ્રારંભ કર્યો છે, તેમાં વચ્ચેના ભાગમાં ગ્રંથની અવતરણિકાનો જે અંશ છે, તે ચરકાચાર્યે પૂરેલો હોવો જોઈએ, એમ પણ કલ્પના કરી શકાય છે. 'हिताहितम्'–ઇત્યાદિ જે ગ્રંથ છે, તેની પ્રાચીન પ્રૌઢતાને યોગ્ય લેખની છાયા, તેનાં પૂર્વનાં વાક્યમાં મળતી આવતી નથી, તે પણ એ જ કહેવાને એટલે કે ચરકપૂરિત હોય, એમ જણાવવાને હૃદયને તત્પર બનાવે છે.

હાલમાં મળતી ચરકસંહિતામાં તથા ભેડસંહિતામાં 'न वेगान् धारणीय' નામના જે બે અધ્યાયો મળે છે, તેની તુલના કરતાં ચરક સંહિતામાં મળતા લેખમાં વેગનો નિરોધ કરવાની યોગ્યતા-અયોગ્યતા સાથે સંબંધ ધરાવતો વિષય જોવામાં આવે છે; પણ ભેડના લેખમાં તો એ અધ્યાયના આરંભમાં તથા ઉપસંહારમાં જો કે તે વિષયનું અસ્તિત્વ છે, તોપણ વચ્ચે તેની અંદર પેસાડી દીધેલા દંતધાવન, ધૂમવર્તિ આદિ બીજા વિષયો પણ તેના સ્થાને જોવામાં આવે છે, તે ઉપરથી અગ્નિવેશના સંદર્ભમાં શુદ્ધિ જણાય છે અને ભેડના લેખમાં કે તેમની રચનામાં અથવા તેમની સંહિતાનું જે પુસ્તક હાલમાં મળે છે, તેમાં ફેરફાર થયેલો હોઈ તે વિષયમાં અશુદ્ધિ જણાય છે.

'નવનીતક' નામના બૌદ્ધ ગ્રંથમાં 'આત્રેય'-ના મત તરીકે આપેલા ઘણા યોગો તથા ઔષધો ચરકસંહિતામાં પણ મળે છે છતાં બેત્રણ ઔષધો મળતાં નથી; તેમ જ શ્રી ચક્રપાણિએ તથા શિવદાસ વગેરેએ અગ્નિવેશના નામથી ઉતારેલા કેટલાક શ્લોકો ચરકસંહિતામાં દેખાતા નથી, તે ઉપરથી એમ અનુમાન થઈ શકે છે કે અગ્નિવેશ-સંહિતામાંથી સંસ્કરણ વખતે તેમાંનો કેટલોક ભાગ કાઢી નાખવામાં પણ આવ્યો હોય!

એ રીતે ભેડસંહિતાને તથા અગ્નિવેશના તંત્રને સામે રાખી વિચારવામાં આવે તો (તેઓમાં) બીજાં સ્થળો ઉપર પણ ચરકસંહિતામાં તથા ભેડસંહિતામાં પણ પ્રાપ્ત થયેલા ઘણા ફેરફારો દેખાય છે.

ચરકસંહિતામાં ઘણા અધ્યાયોની અંદર પણ ત્યાં ત્યાં કહેલાં ગદ્યવાક્યોના અર્થોને લગભગ પદ્યો દ્વારા અને ક્યાંક ગદ્યો દ્વારા પણ વિસ્તારથી અને ક્યાંક સંક્ષેપના સ્વરૂપે પણ પ્રતિપાદન કરવામાં આવે છે; વળી વચ્ચે વચ્ચે પણ 'भवन्ति चात्र, अत्र श्लोकाः–અહીં આવા શ્લોકો છે, અહીં આ શ્લોકો છે' ઇત્યાદિ રૂપે ક્યાંક સંક્ષેપમાં બતાવેલા વિષયને ક્યાંક પ્રતિપાદન કરનાર અર્થને પણ જણાવતા પદ્યલેખો અને પ્રત્યેક અધ્યાયની અંતે 'अत्र श्लोकाः–અહીં આ શ્લોકો છે' એમ ઉદ્દિષ્ટ અર્થને અથવા સંક્ષેપમાં કહેવાયેલા અર્થનો સંગ્રહ કરનારા શ્લોકો પણ જોવામાં આવે છે; વળી જે વિષય સંક્ષિપ્ત હોય તેને વિસ્તૃત કરીને સમજવામાં સહેલા બનાવ્યા છે; તેમ જ જે વિષય વિસ્તારથી કહ્યો હોય તેને ટૂંકાવીને સહેલાઈથી ધારણ કરવામાં આવે એવા લેખો, પ્રાચીન આચાર્યોના લેખોમાં પણ મળે છે. વ્યાકરણ મહાભાષ્યકારની પણ એવી જ શૈલી જોવામાં આવે છે; તેમજ 'કુસુમાંજલિ' વગેરે ગ્રન્થોમાં પણ કારિકામાં પ્રતિપાદન કરવા યોગ્ય અર્થોનું પૂરણિકારૂપ ગદ્યવાક્યો દ્વારા સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે; તેમજ 'शास्त्रदीपिका' તથા 'ભામતી' આદિ ગ્રન્થોમાં પણ વિસ્તૃત પ્રબંધના અર્થની–વિપરીત વિસ્તૃત ભાવોની કારિકારૂપે સંક્ષેપમાં સમજૂતી આપેલી જોવામાં આવે છે. સુશ્રુત અને કાશ્યપ સંહિતા વગેરે ગ્રન્થોમાં પણ સંગ્રહ–વિગ્રહરૂપે બે પ્રકારનું વર્ણન તે તે સ્થળે જોવા મળે છે. એમ એક વિષયને ટૂંકમાં તથા વિસ્તારથી નિરૂપણ કરવાની પદ્ધતિ મૂળ આચાર્યની પણ સંભવે છે; પૂર્વના આચાર્યે એક પ્રકારે જે વિષય કહ્યો હોય તેને પાછળથી સંસ્કર્તા વળી બીજા પ્રકારે પણ નિરૂપણ કરે, એમ પણ સંભવે છે; જે વિષયો ગહન હોઈને સમજવા કઠિન જણાતા હોય, તેઓનું રહસ્ય સમજવાને ઉપયોગી થાય, તે માટે એમ જુદી વચનપદ્ધતિથી જે સમજાવવામાં આવે, તેથી પુનરુક્તિદોષ લાગુ થતો નથી. એમ જણાવવા માટે (ચરક–નિદાનસ્થાનમાં અધ્યાય પહેલામાં આ ૪૧મો) શ્લોક મળે છે: 'गद्योक्तो यः पुनः श्लोकैरर्थः समनुगीयते। तद्व्यक्तिव्यवसायार्थं

દ્વિરુક્તં તન્ન ગર્હ્યતે-જે વિષય પ્રથમ ગદ્યમાં કહ્યો હોય તેને જ ફરી શ્લોકો દ્વારા કહેવામાં આવે છે, તે ગદ્યમાં કહેલા અર્થની સ્પષ્ટતા માટે અને સહેલાઈથી સમજાવવા માટે કહેવાય છે; તેથી એવા પ્રકારની પુનરુક્તિ નિંદા કરવા યોગ્ય ન ગણાય.' એ રીતે ટૂંકાણમાં અને વિસ્તારથી કહીને ગ્રન્થરચનાની જે કુશળતા હોય છે, તે 'પ્રૌઢિર્વ્યાસસમાસૌ ચ'-ટૂંકમાં તથા વિસ્તારથી ગ્રન્થરચના કરવી એ પ્રૌઢિ છે એટલે કે મહત્તા છે.' એકંદર પુનરુક્તિ એક ગુણરૂપ છે, પણ દોષરૂપ નથી.

એ રીતે ચરક આચાર્યે અગ્નિવેશના તંત્રના એક એક વાક્યને લઈને બરાબર ઘટનાની પૂર્તિ કરવા, સંક્ષિપ્ત કરવા અને સ્પષ્ટીકરણ કરવા માટે તેમ જ ગ્રહણ-ધારણ કરવા ઉપયોગી થાય એ કારણે પોતે જાતે જ પૂરણ કરવા યોગ્ય અને વધારો કરવા દ્વારા પુષ્ટિ કરવા યોગ્ય તરીકે જે પદો તથા વાક્યો જોયાં તેઓને પ્રથટ્ટકામાં એટલે કે મોટાં મોટાં વાક્યોના સમુદાયમાં મેળવી મૂળનાં વાક્યોને તથા પોતાનાં વાક્યોને તલ-ચોખાને મિશ્ર કરવામાં આવે તેમ મિશ્ર કરી દઈને જ પ્રતિસંસ્કરણ કરેલ છે. જેમ કે ભારત ગ્રંથમાં જુદાં જુદાં આખ્યાનો વગેરેને તેમ જ વૈશંપાયન વગેરેના પ્રશ્નો તથા પ્રત્યુત્તરો વગેરેને અને બીજાં પૂરણિકા વાક્યોને આદિ-અંતમાં આરંભના તથા ઉપસંહારના ગ્રન્થોને અંદર જોડી દઈ ભારતને જ 'મહાભારત'રૂપે કરી દેવામાં આવ્યું છે, એ રીતે જ લગભગ ચરક આચાર્યે આ અગ્નિવેશના તંત્રમાં પ્રતિસંસ્કરણ કરીને પરિમાર્જિત સ્વરૂપ તૈયાર કર્યું છે; જેથી મૂળ ગ્રન્થને અધીન રહીને જ મૂળ ગ્રન્થનો જેવો વિષયોનો પૂર્વાપરનો ક્રમ છે, તે જ ક્રમ પ્રતિસંસ્કાર કર્યા પછી પણ જાળવી રાખ્યો છે, એ કારણે આજે મળતી આ ચરકસંહિતામાં સુશ્રુતસંહિતા કરતાં ગ્રન્થસંદર્ભ બરાબર સંકળાયેલ રહ્યો નથી, એ રીતે ચરકાચાર્યે પણ શૃંખલાબદ્ધ ગ્રન્થરચના કરી નથી. પરંતુ ચરકાચાર્યે જો સ્વતંત્રપણે ગ્રન્થરચના કરી હોત, તો એવા પ્રકારના પ્રૌઢ વિદ્વાન એ આચાર્ય પૂર્વાપરગ્રન્થસંદર્ભની શુદ્ધિ કરત નહિ. એવા પ્રકારના સંસ્કરણમાં જ્વરસમુચ્ચયમાં આશ્વિન-અશ્વિનીકુમારોનાં તથા ભારદ્વાજ આદિનાં પણ વચનો મળતાં હોવાથી તેમની સંહિતાઓમાંથી પણ સંગ્રહ કરેલા વિષયો, ચરકાચાર્યે પાછળથી (અગ્નિવેશતંત્રમાં) આવેલા હોવા જોઈએ; એમ ઘણા પ્રયત્નો દ્વારા પ્રતિસંસ્કાર કરીને તે ચરકાચાર્યે આ પ્રાચીન (અગ્નિવેશની) સંહિતાને ઘણા વિચારો અને વિષયો દ્વારા પૂર્ણતાને પમાડેલી હોવી જોઈએ; જેનું પરિપૂર્ણ જ્ઞાન થયાથી બીજાં આયુર્વેદતંત્રો સંપૂર્ણ રીતે જણાઈ ગયેલાં બની જાય છે, એમ આ ચરકસંહિતાની આદરણીયતાને એ ચરકસંહિતાને અંતે દૃઢબલ સ્વમુખે આમ જાહેર કરે છે: 'યદિહાસ્તિ તદન્યત્ર યન્નેહાસ્તિ ન તત્ ક્વચિત્' ઇતિ-આ ચરકસંહિતામાં જે કંઈ છે તે જ બીજાં આયુર્વેદતંત્રોમાં છે, પરંતુ જે કંઈ આ ચરકસંહિતામાં નથી, તે બીજે પણ ક્યાંય નથી.' એમ તે પ્રકારના આ ગુણગૌરવના કારણે પોતાના 'ચરક' એ નામની સાર્થકતાને અનુસરી સર્વત્ર ઘૂમી વળી આ ચરકસંહિતાનો પ્રચાર કરવાના કારણે ખરેખર આ ગ્રન્થ આભ્યન્તર દૃષ્ટિએ જોતાં કે આત્રેયસંહિતા અને અગ્નિવેશસંહિતા-રૂપ જ છે, તોયે બાહ્ય દૃષ્ટિએ વર્તમાન સંહિતા ચરકસંહિતા નામથી પ્રસિદ્ધ છે.

ભેડસંહિતામાં પણ ચરકસંહિતા જેટલા જ અધ્યાયો મળે છે. ભેડસંહિતા ૧૨૦ પ્રમાણ અધ્યાયોમાં મળતી હતી અને તેમાં સ્થાનો પણ આઠ જ હતાં, તેમ જ એ ભેડગ્રન્થ પણ આત્રેય તથા અગ્નિવેશે કરેલા ઉપદેશના જ કથનરૂપ હોઈને પરિપૂર્ણ જ હતો; પરંતુ કાળને વશ થઈ તેમાં અપરભાગનાં પ્રકરણ પછીનો ઉત્તરવિભાગ વિલુપ્ત થવાથી તેમ જ ચરકના સમયમાં પણ તેનો પ્રતિસંસ્કાર નહિ થવાથી પાછળથી આત્રેયે ઉપદેશ કરેલા તેમના શિષ્ય હારીત આદિના ઉપદેશોમાંથી તે તે વિષયો ઉમેરીને દૃઢબલે જ તે ભેડસંહિતાનું પ્રતિસંસ્કરણ કર્યું હોય, એમ ખરેખર કલ્પના કરી શકાય છે; કારણ કે પાછળથી ઉમેરેલા તેટલા ભાગમાં પહેલાંના કરતાં પાછળથી ઊતરી આવેલો લગભગ પદ્યોમય તે વિભાગનો લેખ જુદો જ જણાય છે અને તે જ જુદો પડતો લેખ એમ જ સાબિત કરી આપે છે કે પાછળથી દૃઢબલે જ એ

ભેડસંહિતામાં પ્રતિસંસ્કાર કરેલો હોવો જોઈએ.

વળી ટીકાકાર ચક્રપાણિ તથા શિવદાસ આદિએ અગ્નિવેશના નામે ઉતારેલાં કેટલાંક વચનો ઉપરથી તેટલા સમય સુધી અગ્નિવેશનું તંત્ર જ મળતું હતું, એમ પણ કલ્પના કરી શકાય છે; પરંતુ જો એમ હોય તો દઢબલના સમયમાં પણ તે અગ્નિવેશતંત્રની સ્થિતિનો સંભવ હોવાથી એ અગ્નિવેશતંત્રથી જ શેષ ભાગની પૂર્તિ નહિ કરી, શિલોંછવૃત્તિ અનુસાર બીજાં ઘણાં તંત્રોમાંથી વિષયોને ચૂંટી ચિકિત્સાસ્થાન સુધીના ૧૭ અધ્યાયો અને સિદ્ધિસ્થાન તથા કલ્પસ્થાનની પૂર્તિ કરવામાં શો હેતુ હશે? અગ્નિવેશતંત્રમાંથી પૂર્તિ નહિ કરતાં બીજાં તંત્રોમાંથી જ વિષયોને ચૂંટી પૂર્તિ કર્યાનો ઉલ્લેખ દઢબલે પોતે જ કર્યો છે. લગભગ એક હજાર વર્ષો પૂર્વે લખાયેલ પુસ્તકો કરતાં પણ ચણ પ્રાચીન જણાયેલા 'જ્વરસમુચ્ચય' ગ્રંથમાં ચરકનાં વચનો ટાંકેલાં મળે છે, છતાં અગ્નિવેશનાં પોતાનાં વચનો ટાંકેલાં મળતાં નથી તે ઉપરથી અને વાગ્ભટ આદિએ પણ ચરકનાં જ વચનોનો ઉલ્લેખ કર્યો છે તથા 'હારુંરસીદ' ખલીફાના સમયમાં પણ આ ચરકસંહિતાનો જ અનુવાદ થયેલો મળે છે, તે ઉપરથી આવું અનુમાન થઈ શકે છે કે, વાગ્ભટ અને દઢબલ વગેરેના સમયની પહેલાં અગ્નિવેશનું તંત્ર વિલુપ્ત થઈ ગયેલું હોવું જોઈએ. ચક્રપાણિ અને શિવદાસના સમય સુધી પણ અગ્નિવેશનું તંત્ર જો કે મળતું હતું, તેમાં અગ્નિવેશના અને ચરકના તે તે વિષયમાં સમાનતા તથા વિષમતા જો કે દર્શાવવા યોગ્ય હતી, છતાં અમુક જ ગણ્યાંગાંઠ્યાં અગ્નિવેશનાં વચનોનો જે ઉતારો દેખાય છે, તે પ્રાચીન નિબંધોમાં અને ટીકાઓમાં કરેલાં તે તે વચનોના ઉતારા ઉપરથી તે અગ્નિવેશનું તંત્ર તે તે નિબંધો અને ટીકાઓના સમય સુધી મળતું હતું, એમ જણાવે છે.

સુશ્રુતસંહિતાના સંસ્કરણ વિષે તો સ્પષ્ટપણે કોઈ પણ ગ્રંથમાં લેખ મળતો જ નથી, છતાં કેવળ 'प्रतिसंस्कर्ताऽपीह नागार्जुनः—આ સુશ્રુતસંહિતાનો પણ પ્રતિસંસ્કર્તા નાગાર્જુન હતો' એવો ડલ્હણનો લેખ મેળવીને કેટલાક વિદ્વાનો નાગાર્જુનને સુશ્રુતસંહિતાના પ્રતિસંસ્કર્તા તરીકે માને છે. કદાચ એ નાગાર્જુન સુશ્રુતસંહિતાનો પ્રતિસંસ્કર્તા ભલે ન ન હોય તોપણ સુશ્રુત આચાર્ય, તે નાગાર્જુનથી પહેલાં થયા હતા, એમ તો તે ઉપરથી સિદ્ધ થાય જ છે; પરંતુ હાલમાં મળતી સુશ્રુતસંહિતાનો નાગાર્જુને પ્રતિસંસ્કાર કર્યો હોય, તે સંબંધે કયાંય પણ બળવાન સાધન મળતું નથી, એમ તો પહેલાં જ કહેવામાં આવ્યું છે; છતાં એ નાગાર્જુન, સુશ્રુતસંહિતાનો જો પ્રતિસંસ્કર્તા હોત તો જેમ ચરકે 'अग्निवेशकृते तंत्रे चरकप्रतिसंस्कृते એમ પ્રતિસંસ્કર્તા તરીકે પોતાના નામનો ઉલ્લેખ ચરકસંહિતામાં કર્યો છે; તેમ નાગાર્જુને પણ સુશ્રુતસંહિતામાં તેના પ્રતિસંસ્કર્તા તરીકે પોતાના નામનો ઉલ્લેખ કેમ કર્યો ન હોય? આર્ય નાગાર્જુનની તથા બીજા નાગાર્જુનની પણ તેઓના બીજા ગ્રંથોમાં શલ્યના વિષયમાં સૂચના કયાંયે મળતી નથી. આર્ય નાગાર્જુનના 'ઉપાયહૃદય' નામના ગ્રંથમાં સુશ્રુતના નામનું કથન જો કે મળે છે, તોપણ પ્રથમ દર્શાવેલ ભૈષજ્યવિદ્યાના નિરૂપણ વખતે શલ્યનો વિષય અલગ લીધો નથી; વળી શાંતિપ્રધાન બૌદ્ધમાર્ગમાં પ્રતિષ્ઠા પામીને દઢ સ્થિતિએ રહેલા અને બોધિસત્ત્વના સ્થાને પહોંચેલા નાગાર્જુન જેવા વિદ્વાન, શસ્ત્રસાધ્ય શલ્યવિદ્યામાં કેમ પ્રવૃત્તિ કરે? એમ ચિત્તમાં સંદેહ થાય છે. વળી આર્ય નાગાર્જુને કે બીજા તાંત્રિક નાગાર્જુને આ સુશ્રુતસંહિતાનું જો સંસ્કરણ કર્યું હોય તો તેમાં બૌદ્ધસંપ્રદાયને લગતી છાયા દેખાવી જ જોઈએ; પરંતુ આ સુશ્રુતસંહિતામાં કયાંય પણ લેશમાત્ર બૌદ્ધસંપ્રદાયની છાયા મળતી જ નથી; પરંતુ તેથી ઊલટી રીતે—'महेन्द्रारामकृष्णानां ब्राह्मणानां गवामपि। तपसा तेजसा वापि प्रशाम्यध्वं शिवाय वै ॥— મહેંદ્ર, શ્રીરામ, શ્રીકૃષ્ણ, બ્રાહ્મણો અને ગાયોના તપથી અથવા તેજથી પણ તમે સર્વનું કલ્યાણ કરવા શાન્ત થાઓ.' એમ શ્રીરામ તથા શ્રીકૃષ્ણ આદિના મહિમાનો ઉલ્લેખ કર્યો છે અને ત્યાં ત્યાં વૈદિક મંત્રોનો પ્રયોગ પણ જોવામાં આવે છે; તેમ જ અધ્યાત્મના વિષયમાં સાંખ્યદર્શનનું ગ્રહણ કરેલું દેખાય છે; તેથી નાગાર્જુનને સુશ્રુતસંહિતાના પ્રતિસંસ્કર્તા સિદ્ધ કરવા માટે બળવાન પ્રમાણની જરૂર જણાય છે. જો કે સુશ્રુતનો પ્રતિસંસ્કાર થયો

હોય, એમ તો આપણે જાણી શકીએ છીએ અને ઘણા પૂર્વના તથા પશ્ચિમના પણ વિદ્વાનો તેવો અભિપ્રાય પણ ધરાવે છે. વળી સુશ્રુતમાં ક્યાંક અર્વાચીન વિષયો પણ પાછળથી પ્રવેશ્યા હોય એમ પણ જોવામાં આવે છે, તે ઉપરથી સુશ્રુતમાં પણ પ્રતિસંસ્કારની થયો છે, એમ તો મારો પણ અભિપ્રાય છે; પરંતુ એ સુશ્રુતના પ્રતિસંસ્કારમાં ચરકસંહિતાની પેઠે ક્યાંય પણ પુનરુક્તિમય પ્રતિસંસ્કાર લગભગ દેખાતો નથી; વળી સુશ્રુતનો પ્રતિસંસ્કાર કરનારે પોતે જ ઉત્તરતંત્રનો ભાગ યોજ્યો હોય, એમ પણ સ્પષ્ટ જણાતું નથી. પરંતુ મારી પાસે નેવાર સંવત ૬૩૩ માં લખાયેલું સુશ્રુતનું એક તાડપત્રલિખિત પુસ્તક છે, તેની ટિપ્પણીમાં પ્રથમ ભાગમાં 'सुश्रुते शल्यतन्त्रे –શલ્યતંત્ર–સુશ્રુતમાં' 'उत्तरतन्त्रान्ते–ઉત્તરતંત્રના છેડે' એમ જણાવી 'इति सौश्रुते महोत्तरतन्त्रे चतुःषष्टितमोऽध्यायः–એ પ્રમાણે સુશ્રુતના મહાન ઉત્તરતંત્રમાં ૬૪ મો અધ્યાય સમાપ્ત થયો;' તે પછી એ સુશ્રુતમાં નિઘંટુ પણ હશે, એ કારણે તે ઉત્તરતંત્રના છેલ્લે રહેલો નિઘંટુભાગ સમાપ્ત થતાં 'सौश्रुत्यां संहितायां महोत्तरायां निघण्टुः समाप्तः–સુશ્રુતસંહિતામાં મહાન ઉત્તરભાગ વિષે નિઘંટુ સમાપ્ત થયો' એવો પણ લેખ દેખાય છે. 'सुश्रुतस्य इयं सौश्रुती तस्यां' એવા 'इदम्' ના અર્થમાં લાગેલ તદ્ધિત પ્રત્યયાન્ત 'सौश्रुत' શબ્દ ઉપરથી સુશ્રુતના ગ્રંથનો સ્વીકાર પણ સંભવે છે. પરંતુ આગળના તથા પાછળના ભાગનો રચયિતા જો એક જ હોય તો એક જ રૂપે ઉલ્લેખ હોય તે યોગ્ય હોવાથી પૂર્વ ભાગમાં સુશ્રુત શબ્દ મૂકીને સુશ્રુતનો લેખ હોવો જોઈએ અને ઉત્તરભાગમાં 'सौश्रुत' શબ્દનો પ્રયોગ હોવાથી તે સુશ્રુતના વંશજ 'सौश्रुत' આચાર્યનો જુદા જ પ્રકારનો લેખ છે, એમ પ્રતીતિ થાય છે. એ નિઘંટુભાગમાં શરૂઆતમાં દિવોદાસના ઉપદેશના સંબંધનો ઉલ્લેખ જોકે દેખાય છે, તોપણ મૂળ આચાર્ય એક હોવાથી આખોય ગ્રંથ સમૂળ હોવાથી તેનું વિશેષ પ્રમાણપણું સ્થાપવા માટે એવા પ્રકારનો નિર્દેશ કરવો સંભવિત હોવાથી એનો લેખ પણ કંઈક અંશે ઊતરી આવેલ હોય. એ નિઘંટુભાગમાં ઉત્તરભાગના અમુક વિશેષ શબ્દો પણ પ્રવેશેલા હોવાથી તે નિઘંટુભાગ પણ સૌશ્રુતનો જ હોય એમ યોગ્ય લાગે છે. વળી ઉત્તરતંત્રની યોજના કર્યા પછી અપૂર્ણ અંશને પૂર્ણ કરનાર સૌશ્રુત આચાર્યે પૂર્વભાગમાં પણ અમુક ખાસ સંસ્કરણ કરેલું હોવું જોઈએ. મહાભાષ્યકારે 'सौश्रुत' શબ્દથી ઘટાવેલું દૃષ્ટાંત જોવામાં આવે છે સૌશ્રુતોની અથવા સુશ્રુતના વંશજોની પણ પહેલાં પ્રસિદ્ધિ હશે; કેમ કે સુશ્રુતના વંશજ–સૌશ્રુતો શલ્યવિદ્યાને જાણનારા હતા, તેથી તેઓનો રાજાઓની સાથેનો સંબંધ ગ્રહણ કરી 'सौश्रुतपार्थिवो' એટલે કે સુશ્રુતના વંશજોના સંબંધવાળા રાજાઓ, એમ પહેલાંથી જ તેઓની પ્રસિદ્ધિ હતી, એમ પહેલાં દર્શાવ્યું જ છે. તે ઉપરથી સુશ્રુતના વંશજ અથવા સુશ્રુતના સાંપ્રદાયિક 'सौश्रुत' નામના કોઈ આચાર્યે સુશ્રુતનું પૂર્વતંત્ર સંસ્કારયુક્ત કર્યું હશે અને ઉત્તરતંત્ર તથા નિઘંટુભાગ–એ બેની યોજના કરી હશે, એવું અનુમાન કરાય છે.

પૂર્વાચાર્યની સંહિતાને મળવા છતાં પણ બીજા આચાર્યોના ગ્રંથોમાંથી પણ મળતી વિશેષતાઓને લઈ પૂર્વસંહિતામાંની ન્યૂનતાને દૂર કરી સર્વાંગપૂર્તિ કરવા માટે પ્રયત્ન કરવો તે ઉત્તમ તરીકે દેખાવાને લીધે જ પાછળના યોજકે બીજાં તંત્રોમાંથી જાણેલા વિષયોનું પણ સંયોજન કર્યું હોય અને પહેલાંની દિવોદાસની સંહિતાને ગ્રહણ કરી રચવામાં આવેલી સુશ્રુતસંહિતામાં ઉત્તરતંત્રરૂપે છેલ્લો ભાગ પણ રચેલો હોવો જોઈએ. ઉત્તરભાગમાં દાખલ કરેલા વિષયો વિદેહરાજાએ કહેલાં શાલાક્ય આદિ બીજાં તંત્રો સાથે સંબંધવાળા છે, એમ તેમના પોતાના જ કથન ઉપરથી સ્પષ્ટ થાય છે; તે ઉત્તરતંત્રમાં રહેલ કૌમારભૃત્ય–બાલચિકિત્સાના પ્રકરણમાં મૂળની અંદર બીજા આચાર્યોનો જે નિર્દેશ કર્યો છે, તેમાં 'कुमाराबाधहेतुभिः–બાળકોને પીડા કરવામાં કારણભૂત'–એમ સામાન્ય ઉલ્લેખ કર્યો છે, તોપણ તેની ટીકાના કર્તાએ પાર્વતક, બંધક, જીવક આદિએ, એવો નિર્દેશ કરેલ હોવાથી તેમ જ જીવકનો આ ગ્રંથભાગ પણ તેમાં મળતો હોવાથી કાશ્યપ, જીવક આદિએ કહેલા તેમના વિષયોને પણ ગ્રહણ કરી ઉત્તરતંત્રમાં યોજ્યા હોય, એવી સંભાવના કરી શકાય છે.

સુશ્રુતના ઉત્તરતંત્રમાં રસના જુદા જુદા ભેદોને દર્શાવતો ૬૪મો અધ્યાય અને દોષોના જુદા જુદા ભેદોને દર્શાવતા છેલ્લા અધ્યાયની વચ્ચેનો ૬૫મો અધ્યાય 'તંત્રયુક્તિ' અધ્યાય કહેવાય છે; એ બંને અધ્યાયોની એકી વખતે આલોચના કરતાં તે બંને અધ્યાયોમાં અધિકરણથી આરંભી ઊહ્ય સુધીની બત્રીસ પ્રકારની તંત્રયુક્તિઓ જણાવી છે અને તેમાં સમાઈ જતા ઉદ્દેશ, નિર્દેશ, ઉપદેશ, અપદેશ, પ્રદેશ અને અતિદેશ આદિ અસાધારણ જુદા જુદા ભેદો બીજા ગ્રંથોમાં નહિ જોયેલા જણાવ્યા છે. અને તે સિવાય બીજા પણ પદાર્થો કેવળ પોતપોતાના વૈદ્યક તથા નીતિના વિષયોને લગતાં ઉદાહરણો સિવાય દર્શાવ્યા છે; તેમ જ તે તે પદાર્થોના વ્યાખ્યાનનું પણ સમાનપણું જોઈને એક પર બીજાની છાયા હોવાનું જણાય છે. એમાં કોની કોના પર છાયા છે એ વિષયમાં પરસ્પર વિચાર કરતાં, કૌટિલીય અર્થશાસ્ત્રમાં ઔપનિષદ–અધિકરણની સમાપ્તિ થતાં ગ્રંથની અંતે શાસ્ત્રીય યુક્તિનું જેમ પ્રદર્શન કરાવ્યું છે, તેમ સુશ્રુતના ઉત્તરતંત્રમાં પણ સાથે સાથે આપવા યોગ્ય રસભેદનાં તથા દોષભેદનાં બે પ્રકરણોની વચ્ચે તંત્રયુક્તિનો અધ્યાય આપવામાં આવ્યો છે તે પૂર્વાપર અથવા બીજાના સંસ્કરણની અંદર પાછળથી પ્રવેશ પામ્યો હોય એવી સંભાવના કરાવે છે. ચરકસંહિતામાં પણ ગ્રંથની અંતે તંત્રયુક્તિના વિષયો માત્ર ઉદ્દેશરૂપે જ દાખલ કરેલા જોવામાં આવે છે; અને તે વિષયો પણ દઢબલે ઉમેરેલા એક અંશરૂપે જ છે. પાછળથી બનેલા એવા પણ એ ઉત્તરતંત્રમાં ધન્વન્તરિની ઉક્તિરૂપે પૂર્વભાગની સાથે સંબંધ જણાવીને પ્રમાણિકપણું જણાવવા માટે 'યથોવાચ ભગવાન્ ધન્વન્તરિઃ–ભગવાન ધન્વન્તરિએ જે પ્રમાણે કહેલ છે, તે પ્રમાણે આ છે,' એમ પૂર્વભાગની પેઠે લખાણ લેખકે પાછળથી ઉમેરેલું છે, એવી પણ સંભાવના કરી શકાય છે; તે ઉપરથી આ સુશ્રુતસંહિતામાં પાછળથી દાખલ કરવા યોગ્ય જુદા જુદા વિષયો, મૂળ ગ્રંથની આગળ ઉત્તરતંત્રરૂપે અલગપણે જ બરાબર આવ્યા છે, પણ ચરકની પેઠે મૂળ ગ્રંથની સાથે જ વિષયને મેળવી દઈ એકાકાર કરવામાં આવેલ નથી. જેને લીધે નવીન અને પ્રાચીન એમ બે વિષયોમાં બીજી સંહિતાઓમાંથી જે વિષયો લીધા હોય તેઓનો ભેદ કરી શકાય છે. સુશ્રુતસંહિતામાં પહેલા અધ્યાયને અંતે 'સવિંશમધ્યાયશતં પઞ્ચસુ સ્થાનેષુ સંવિભજ્ય ઉત્તરે તન્ત્રે શેષાનર્થાન્ વ્યાખ્યાસ્યામ – પહેલાંનાં પાંચ સ્થાનોમાં ૧૨૦ અધ્યાયોને વિભાગવાર ગોઠવી દઈ તે પછીના ઉત્તરતંત્રમાં બાકીના વિષયોનું અમે વ્યાખ્યાન કરીશું' એવો પાઠ મળવાથી પહેલાંની (હસ્તલિખિત) સંહિતાના સમયમાં પણ ઉત્તરતંત્ર હોવું જોઈએ, એમ જાણી શકાય છે અને તે દ્વારા એમ પણ નક્કી થઈ શકે છે કે, પૂર્વ ભાગ અને ઉત્તરભાગ-બંને સમકાલીન હોવા જોઈએ; પરંતુ મારા સંગ્રહાલયમાં એક પ્રાચીન તાડપત્રમાં હસ્તલિખિત પુસ્તક છે, તેમાં ત્યાં ત્યાં ઘણાં સ્થળે જુદા જુદા પાઠભેદો મળે છે; 'અત્રાપિ સંવિભજ્ય ઉત્તરે વક્ષ્યામઃ–આ પૂર્વ ભાગમાં પણ કેટલાક વિષયોને વિભાગવાર દર્શાવ્યા પછી બાકીના વિષયોને અમે ઉત્તરતંત્રમાં કહીશું.' એવો પાઠ મળે છે; જે ઉપરથી '૧૨૦ અધ્યાયોને પાંચ વિષયોમાં વિભાગવાર ગોઠવ્યા પછી ઉત્તરતંત્રમાં બાકીના વિષયો અમે કહીશું,' એવો જ ગ્રંથનો આશય સમજાય છે; એથી ઉત્તરતંત્રનો નિર્દેશ ખરેખર કર્યો જ નથી એમ જણાય છે; વળી ત્રીજા અધ્યાયના પ્રારંભમાં અધ્યાયોની ગણતરી કરતાં છપેલાં પુસ્તકમાં દેખાતો 'તદુત્તરં ષટ્ષષ્ટિઃ–તે પછી ૬૪ અધ્યાયો છે,' એ અંશ પણ તાડપત્રલિખિત પુસ્તકમાં મળતો નથી; પરંતુ 'અતઃ પરં સ્વનામ્નૈવ તન્ત્રમુત્તરમુચ્યતે'–હવે પછી પોતાના નામે જ કહેવાતું ઉત્તરતંત્ર કહેવામાં આવે છે, એમ શરૂઆત કરીને રચેલા ઉત્તરતંત્રના વિષયોનો સંગ્રહ કરી બતાવનારા 'વિધિનાઽધીત્ય યુક્તાના ભવન્તિ પ્રાણદા ભુવિ–આ સુશ્રુતસંહિતાનું વિધિથી અધ્યયન કરી તેમાંના યોગોનો ઉપયોગ કરી જાણનારા વૈદ્યો પૃથ્વી પર (મરણની અણી પર પહોંચેલા) રોગીઓને પ્રાણ આપનારા થાય છે.' એ છેલ્લા શ્લોક સુધીના શ્લોકો તાડપત્રના પુસ્તકમાં પણ મળે છે. તે પછી ઉત્તરતંત્રના ભાગની યોજના કર્યા પછી તેના વિષયની સૂચિના આ શ્લોકો પણ પાછળથી પ્રવેશેલા હોય, એમ સંભવે છે.

વૃદ્ધજીવકના તંત્રમાં તો 'पूर्वतन्त्राः काश्यप-संहिताया महत्त्वेन वृद्धजीवकेन संक्षिप्य तन्त्रं निर्मितम्–પહેલાંની કાશ્યપસંહિતા ઘણી જ મોટી હોવાને લીધે વૃદ્ધજીવક વૈદ્યે તે કાશ્યપસંહિતાને ટૂંકાવી આ વૃદ્ધજીવકીય તંત્ર રચ્યું છે' એવો લેખ સંહિતાકલ્પ અધ્યાયમાં મળે છે. તે ઉપરથી જણાય છે કે કાશ્યપસંહિતા પ્રથમ જે રૂપે હતી, તે જ સ્વરૂપે વૃદ્ધજીવકનું તંત્ર નથી, પરંતુ સંક્ષિપ્તરચનાને લઈને સ્પષ્ટરૂપે તેનું રૂપાન્તર જ થયું છે. પરંતુ વૃદ્ધજીવકે, કાશ્યપસંહિતાનો સંક્ષેપ કરતાં મૂળ સંહિતાને પડતી મૂકીને સ્વતંત્રપણે રચના કરી નથી, પણ તે કાશ્યપસંહિતાનાં ઉપદેશરૂપ વાક્યોનો અને તેના અર્થોનો અંદરના ભાગમાં સમાવેશ કરીને જ વચ્ચે વચ્ચે છૂટા પાડવા યોગ્ય વિસ્તૃત અંશોને છોડી દઈ એ સંહિતાનું કેવળ સંક્ષિપ્ત રૂપ જ કરી દીધું છે; એમ તેના લેખ ઉપરથી જણાય છે.

આ વૃદ્ધજીવકના તંત્રમાં છેક અંતપર્યંત પૂર્વભાગમાં રહેલ 'ખિલ' વિભાગમાં પણ 'इत्याह भगवान् कश्यपः–એમ ભગવાન કશ્યપે કહ્યું છે' 'इति ह स्माह भगवान् कश्यपः–એમ ભગવાન કશ્યપે કહ્યું છે' એમ શરૂઆતના તથા ઉપસંહારમાં પણ વાક્યોની એકરૂપતા જોવામાં આવે છે; તોપણ તેની અંદરનાં બધાં વાક્યો કશ્યપનાં નથી, પરંતુ સિદ્ધાન્ત–ઉપદેશવાક્યો જ કશ્યપનાં છે અને તે તે વાક્યોને તે તે વિષયનો ઉપન્યાસ કરવાને ઉમેરારૂપે જ બતાવેલાં છે અને તે જ આરંભનાં તથા ઉપસંહારનાં તે વાક્યો વગેરેને પાછળથી વૃદ્ધજીવકે તંત્રનું સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે ઉમેર્યાં હોય એમ પણ સંભવે છે. બધાયે અધ્યાયોમાં શરૂમાં તથા અંતે પણ 'इत्याह कश्यपः–એમ કશ્યપે કહ્યું છે' એવો જે ઉલ્લેખ કર્યો છે, તે પણ પોતે દર્શાવેલ બધોય વિષય પોતાની કપોલકલ્પનારૂપ નથી, પણ કશ્યપની પોતાની જ રચના હોઈને કશ્યપે રચેલી સંહિતાના સારરૂપ જ છે અને તેથી જ તેનું પ્રમાણપણું છે, એમ ઠસાવવા માટે જીવકે જ તે તે ઉલ્લેખ કરેલો હોવો જોઈએ. 'इत्याह कश्यपः–એમ કશ્યપ કહે છે' એમ શરૂઆતમાં કહીને દર્શાવેલા એવા પણ પ્રકરણની અંદર પૂર્વભાગમાં 'साहसादतिबालस्य सर्वे नेच्छन्ति कश्यपः–જે બાળકો અતિશય નાનાં હોય તેઓ વિષે હરકોઈ ચિકિત્સા સાહસથી કરવા કશ્યપ ઇચ્છતા નથી.' તેમ જ 'मज्जवसयोस्तु मण्डं सर्वेषां कश्यपः पूर्वम्–મજ્જા તથા વસા એ સ્નેહોનું અનુપાન તો મંડ હોય છે; પણ ભગવાન કશ્યપ બધાયે સ્નેહોનું અનુપાન પહેલું ઉષ્ણજલ માને છે.' વળી 'अथ कश्यपोऽब्रवीत्–सर्वमप्येतदसम्यक्'–પછી કશ્યપ બોલ્યા તે બધુંયે બરાબર નથી' ઇત્યાદિ સ્થળો ઉપર અને ખિલભાગમાં પણ 'पाययेदिति कश्यपः (અધ્યાય ૧૦, શ્લોક ૭૩) આમાતિસારમાં નીચેનું ઔષધ પાવું,' એમ કશ્યપ કહે છે, તેમજ 'यथा स्वमिति कश्यपः (અ. ૧૦–૬૬) –સગર્ભા સ્ત્રીના અતિસારમાં દોષાનુસાર ચિકિત્સા કરવી જોઈએ.' એમ કશ્યપ કહે છે. વળી 'पेय इति ह स्माह कश्यपः (અ. ૧૦–૫૮)–વાતપિત્તજ્વરમાં વિદારિગંધા આદિનો કવાથ પીવો જોઈએ એમ કશ્યપે કહ્યું છે.' ઇત્યાદિ સ્થળે વારંવાર કશ્યપ શબ્દનો ઉલ્લેખ કર્યો છે, તેથી જીવકે તે શ્રીકશ્યપના સિદ્ધાન્તોનો અર્થાનુવાદ સૂચવ્યો છે. અથવા વૃદ્ધજીવકને ઉપદેશ આપનાર મારીચકશ્યપ ત્યાં ત્યાં 'इति कश्यपः–એમ કશ્યપ કહે છે,' એમ કહીને જે દર્શાવવામાં આવે છે, તેમાં પ્રાચીન કશ્યપની પરંપરા જણાવવાનો એ અભિપ્રાય છે. શબ્દથી, અર્થથી અથવા બન્ને પ્રકારે જે સિદ્ધાંત આદિનાં વચનો જે ગ્રહણ કર્યાં છે તે 'प्राधान्येन व्यपदेशाः भवन्ति–હરકોઈ વ્યવહારો પ્રધાનપણે થાય છે' એ ન્યાય અનુસાર કશ્યપના જ છે. 'મનુસ્મૃતિ' આદિ પ્રાચીન નિબંધો અથવા ગ્રંથોમાં શિષ્ય ભૃગુએ મનુના ઉપદેશોને શબ્દ દ્વારા તથા અર્થ દ્વારા સંગ્રહ કરેલા દેખાય છે અને 'સામશ્રવ' આદિ શિષ્યોએ યાજ્ઞવલ્ક્યના ઉપદેશોને શબ્દથી તથા અર્થથી સંગ્રહ કરેલા જોવામાં આવે છે, એ શૈલી અહીં પણ યોગ્ય હોઈને સ્વીકારેલી જોવામાં આવે છે. પૂર્વના સંપ્રદાયનો જ્યાં જ્યાં ઉલ્લેખ કર્યો છે, ત્યાં કશ્યપની પેઠે જ તેમના પુત્રો જે 'કાશ્યપ' નામે ઓળખાતા હતા, તેમના પ્રત્યે પણ આચાર્યભાવ જણાવવામાં આવ્યો છે, તોપણ દરેક અધ્યાયના આરંભે તથા ઉપસંહારમાં પણ 'इति ह स्माह कश्यपः–એમ કશ્યપે

કહ્યું છે.' એ રીતે ગ્રન્થની અંદર પણ ત્યાં ત્યાં 'कश्यपोऽब्रवीत्–એમ કશ્યપ બોલ્યા', 'इति कश्यपः–એમ કશ્યપે કહ્યું છે.' ઇત્યાદિરૂપે બધાં સ્થળે 'કશ્યપ' શબ્દથી જ એ વૃદ્ધજીવકના આચાર્યનો ઉલ્લેખ કરવામાં આવે છે.

આ ગ્રંથમાં 'સંહિતાકલ્પ' નામના ગ્રંથ-વિભાગની અંદર 'પૂર્વનો ભાગ' અને તેની પછીનો 'ઉત્તરભાગ'–'ખિલભાગ' એમ બે ભાગો જોવામાં આવે છે; એ બન્ને ભાગમાં દરેક અધ્યાયનો આરંભ કર્યો છે ત્યાં અને ઉપસંહાર કર્યો છે, ત્યાં પણ 'इत्याह कश्यपः–એમ કશ્યપ કહે છે' એ પ્રકાર કશ્યપના ઉપદેશરૂપે ઉલ્લેખ કર્યાનાં વાક્યો મળે છે; વળી 'જ્વરસમુચ્ચય'માં પણ કશ્યપના નામે આપેલાં વાક્યો, આ ગ્રંથના પૂર્વ-ભાગ અને ઉત્તરભાગ બન્નેમાં મળે છે. પૂર્વભાગમાં બધે ઠેકાણે કશ્યપને પોતાના ઉપદેષ્ટા તરીકે જીવકનાં વચનો છે અને ઉત્તરભાગમાં પણ અધિકાંશ જીવકનો જ અને ક્યાંક ક્યાંક બીજી વ્યક્તિનો પણ ઉપદેશ આપવા યોગ્ય શિષ્ય તરીકે ઉલ્લેખ કરેલો મળે છે; આ સંહિતાના પૂર્વભાગમાં તથા ઉત્તરભાગમાં એક જ ઉપદેશને જણાવનારાં વાક્યો અને પૂર્વ-ગ્રંથની સાથે ઉત્તરગ્રંથને અને ઉત્તરગ્રંથની સાથે પૂર્વગ્રંથને સારી રીતે જોડનારાં વાક્યો બન્ને ભાગોમાં મળે છે; (જેમ કે પૂર્વભાગમાં) 'पप्रच्छ-विनयाद्विद्वान् कश्यपं वृद्धजीवकः। सूत्रस्थाने भगवता निर्दिष्टो द्विविधो ज्वरः॥ पुनरष्टविधा प्रोक्तो निदाने तत्त्वदर्शिनौ॥–વિદ્વાન્ વૃદ્ધજીવકે કશ્યપને વિનય-થી આમ પૂછ્યું હતું કે, આપ ભગવાને સૂત્રસ્થાનમાં જ્વરને બે પ્રકારનો કહ્યો છે; અને ફરી તત્ત્વદ્રષ્ટા આપે એ જ જ્વરને નિદાનસ્થાનમાં આઠ પ્રકારનો કહ્યો છે;' વળી 'सूत्रस्थाने भगवता द्वौ त्रयौ परिकीर्तितौ। तयोर्विस्तरमिच्छामि श्रोतुं लक्षणमेव च॥–આપ ભગવાને સૂત્રસ્થાનમાં બે ત્રણો કહ્યા છે; તેઓનો વિસ્તાર અને લક્ષણ હું સાંભળવા ઇચ્છું છું' તેમ જ વિશેષકલ્પમાં આમ કહ્યું છે કે, 'सूतिकोप-क्रमाध्याये यच्च वक्ष्ये खिले मुने। तदिहापि प्रयोक्तव्यं सन्निपातचिकित्सितम्॥–હે મુને! ખિલભાગમાં સૂતિ-કોપક્રમ નામના અધ્યાયમાં જે હું કહેવાનો છું, તે જ સંનિપાતની ચિકિત્સાનો અહીં પણ પ્રયોગ કરવા યોગ્ય છે. વળી ખિલભાગ અધ્યાય ૧લાના ૩-૪થા શ્લોકમાં આમ કહ્યું છે: 'कश्यपं सर्व-शास्त्रज्ञं सर्वलोकगुरुं गुरुम्। भार्गवः परिपप्रच्छ संशयं संशितव्रतः। प्रोक्तं ज्वरचिकित्सायां विषमत्वस्य कारणम्। वक्तुमर्हसि तत्त्वेन सविशेषं सविस्तरम्॥–સર્વ શાસ્ત્રો-ને જાણનાર અને સર્વ લોકોના ગુરુ કશ્યપ ગુરુને તીક્ષ્ણ વ્રતોનો આશ્રય કરનાર ભૃગુવંશી વૃદ્ધજીવકે પોતાનો આવો સંશય પૂછ્યો હતો; જ્વરચિકિત્સા-માં આપે વિષમજ્વર થવાનું કારણ જે કહ્યું હતું, તેને હવે વિશેષ સાથે વિસ્તાર સહિત યથાર્થ રીતે કહેવાને આપ યોગ્ય છો.' વળી ૧૩મા અધ્યાયમાં ૨૫ મા ગદ્યમાં આમ કહ્યું છે કે, 'अथ खलु अस्माभिः पूर्वं यद्रसविमानेऽभिहितं लालादिचतुर्विंशतिविधमाहार-मानं तस्येदानीं प्रतिकल्पविशेषानुपदेक्ष्यामः॥–હવે પહેલાં અમે જ રસવિમાનમાં જે 'લાલા' આદિ ચોવીસ પ્રકારનું આહારનું પ્રમાણ કહ્યું છે, તેના દરેક કલ્પમાં થતા વિશેષોનો અમે ઉપદેશ કરીએ છીએ.' તેમ જ ૧૭મા અધ્યાયમાં ૨૫ મા શ્લોકમાં આમ કહ્યું છે કે, 'परिषेकास्तु बालानां दन्तजन्मनि ये मया। कीर्तितास्ते प्रयोक्तव्याः परिभूताक्षि रोगिषु॥–બાળકોને જ્યારે દાંત આવતા હોય ત્યારે કરવાનાં જે સિંચનો મેં કહ્યાં છે, તેઓનો પ્રયોગ પરિભૂત–દુખવા આવેલી આંખના રોગવાળા વિષે પણ કરવો જોઈએ.' તેમ જ 'पूर्वज्वरनिदाने तु प्रोक्तः प्रत्येकशो मया। यथावदेषां रूपाणि संप्रवक्ष्याम्यतः परम्॥–પહેલાં જ્વરના નિદાનમાં દરેક જ્વરનો વિસ્તાર મેં જે કહ્યો છે, તેઓનાં હવે બરાબર રૂપો અથવા લક્ષણો હું તમને કહું છું.'

એમ બન્ને ભાગો પરસ્પર સંબંધવાળા દેખાય છે, તે ઉપરથી આખીયે સંહિતાનું જાણે એક જ શરીર હોવાથી આખોય આ ગ્રંથ 'કાશ્યપસંહિતા'-રૂપે ઉપલક જણાય છે; પરંતુ પૂર્વભાગની અંતે પૂર્વગ્રંથના ઉપસંહારરૂપે 'સંહિતાકલ્પ' અધ્યાય ગ્રંથની સમાપ્તિને દર્શાવનાર મળી આવે છે; કોઈક અંશે પણ ગ્રંથ જો બાકી હોય તો આખાયે ગ્રંથની અંતે જ ઉપસંહાર કરવો ઘટે છે. આત્રેયની અને ભેડની બે પ્રાચીન આયુર્વેદીય સંહિતાઓ હાલમાં જે મળે છે તે સૂત્રસ્થાન,

નિદાનસ્થાન આદિ આઠ સ્થાનોથી યુક્ત હોઈ ૧૨૦ અધ્યાયો દ્વારા પૂર્ણ થયેલી જોવામાં આવે છે; તે જ પ્રમાણે આ કાશ્યપસંહિતામાં પણ પૂર્વ ભાગમાં જ આઠ સ્થાનો છે અને તેટલા જ (૧૨૦) અધ્યાયો પૂર્ણ કરવામાં આવ્યા છે. સંહિતાકલ્પ નામના અધ્યાયનો જે લેખ છે, તે ઉપરથી પણ 'सूत्रस्थाननिदानानि विमानान्यात्मनिश्चयः। इन्द्रियाणि चिकित्सा च सिद्धिः कल्पाश्च संहिता॥ (શ્લોક-૭મો)–સૂત્રસ્થાન, નિદાનસ્થાન, વિમાનસ્થાન, શારીરસ્થાન, ઇંદ્રિયસ્થાન, ચિકિત્સાસ્થાન, સિદ્ધિસ્થાન અને કલ્પસ્થાન–એમ આઠ સ્થાનો આ કાશ્યપસંહિતામાં છે.' એમ જણાવીને આ સંહિતાના આઠ જ વિભાગો દર્શાવવામાં આવ્યા છે; તે સંહિતાની અંતે 'समाप्ता चेयं संहिता'–આ સંહિતા સમાપ્ત થઈ છે; અને अतःपरं खिलस्थानं भविष्यति'–હવે પછી ખિલસ્થાન કહેવામાં આવશે, એમ સંહિતાની સમાપ્તિને સૂચવતું ટિપ્પણીનું વાક્ય પણ જોવામાં આવે છે. એ ઉપરથી આઠ સ્થાનો અને ૧૨૦ અધ્યાયોથી યુક્ત આ સંહિતાને વૃદ્ધજીવકે સંક્ષેપમાં જુદો જ રચનાવિન્યાસ કરીને પૂર્વ–ભાગરૂપે આ કાશ્યપ સંહિતા પ્રકટ કરી છે, એમ જણાય છે.

તે પછી જે કહેવાયું નથી તેને પરિશિષ્ટરૂપે પૂર્ણ કરવારૂપે પૂર્વ ભાગમાં કહેલા કેટલાક વિષયોનો વિકાસ કરવાની પ્રક્રિયા દ્વારા આમતેમથી સંગ્રહ કરેલા કશ્યપે કહેલા જાણવા યોગ્ય વિશેષ વિષયોની યોજના કરીને પૂર્વ ભાગમાં કહેલા ક્રમને ગ્રહણ કર્યા વિના જ છૂટા છૂટા વિષયોના સંગ્રહરૂપ કરેલ એંશી અધ્યાયનો ખિલ ભાગ જે રચ્યો છે, તે 'आगंतुओने छेल्ले बेसाडवा' એ ન્યાય પ્રમાણે સુશ્રુતમાં રચેલ ૧૨૦ અધ્યાયના પૂર્વની સંહિતા પછીના ઉત્તરતંત્રની પેઠે જ ફરી યોજેલો જોવામાં આવે છે.

મેઘદૂત આદિ કેટલાક ગ્રંથોમાં કથાના ભાગોના બે વિભાગ કરીને પૂર્વભાગ અને ઉત્તરભાગરૂપે વિભાગો દર્શાવીને જેમ નિયમન કરેલ છે, તેમ આ સંહિતામાં સર્વ સ્થળે નિયમન કરવું શક્ય નથી. તોપણ કાદંબરી અને દશકુમાર આદિ ગ્રંથોમાં પૂર્વભાગ અને ઉત્તરભાગની રચનામાં ભેદ છે અને ક્યાંક કર્તાનો ભેદ છે, એવો પણ સ્પષ્ટ ઉલ્લેખ છે. એવા ગ્રંથોમાં પાછળથી ઉમેરેલા ભાગનો કેવળ 'ઉત્તરભાગ'ના નામે જ અલગ વ્યવહાર કરાય છે. ગ્રંથનું નામ તો જે એક જ પ્રથમથી રખાયું હોય તે જ–કાદંબરી, દશકુમારચરિત, ધ્વન્યાદિ જ રખાયું હોય છે. રામાયણમાં પણ શ્રીરામચંદ્રની સભામાં કુશે તથા લવે ગાયેલા ભાગથી માંડીને જ ઉત્તરભાગ પાછળથી જ ઉમેરેલો હોવો જોઈએ, એવો ઘણા વિદ્વાનોનો મત છે. તે પાછળથી ઉમેરાયેલા ભાગને 'ઉત્તરકાંડ' નામે કહેવાય છે, તોપણ આખાયે ગ્રંથનો તો એક જ નામે વ્યવહાર કરાય છે; એવાં સ્થળોમાં જ્યાં ઉત્તરભાગમાં લેખનશૈલીનો તફાવત હોય છે, ત્યાં કર્તાના ભેદથી અથવા સમયના ભેદથી રચનાનો ભેદ લગભગ અનુભવાય છે. સુશ્રુતમાં પણ પૂર્વભાગ વિષે કૌમારભૃત્ય–બાલચિકિત્સા, શાલાક્ય આદિ જુદા જુદા વિષયો વિકાસ દ્વારા સંયોજનતાથી–પરાપર યોજના વડે યોગ્ય રીતે અપાયેલા મળે છે, તે ઉપરથી તેઓનો કર્તા એક જ જણાતાં ત્યાં ત્યાં વિસ્તાર સહિત વર્ણનની યોગ્યતા હોવા છતાં તે પૂર્વભાગમાં શલ્યપ્રસ્થાન અથવા શાસ્ત્રચિકિત્સાને લગતા શાસ્ત્રની પ્રધાનતા જાળવવા માટે તેવા વિષયો બહુ જ થોડા પ્રમાણમાં લીધેલા જોવામાં આવે છે. જે વિષયો બીજાં શાસ્ત્રોને લગતા છે, તેઓને વિસ્તૃતરૂપે લખી ઉત્તરતંત્રના રૂપમાં ફરી અપાયેલા મળી આવે છે અને તે તે વિષયો પાછળથી જ ઉમેરેલા છે, એમ જાણવું યોગ્ય હોઈને જ તે તે વિષયોના વિભાગને 'ઉત્તરતંત્ર' કહે છે; તે ઉત્તરતંત્રના લેખમાં તથા રચનામાં તફાવત જણાય છે, તે ઉપરથી તેના નિર્માણના ભેદનું પણ અનુમાન કરી શકાય છે; એ જ પ્રમાણે કાશ્યપીય તંત્ર–કશ્યપસંહિતાનો પણ ખિલભાગ જો કે પૂર્વભાગની સાથે જ રચાયેલો હોત તો પૂર્વ ભાગમાં આપેલા જ્વર આદિના વિષયોની સાથે ખિલભાગમાં કહેલા જ્વર આદિ વિષયોની સમાનતાને દૃષ્ટિમાં રાખી તેને અનુસરી વર્ણન કરવામાં આવ્યું હોત પરંતુ ખિલભાગમાં પુનઃ તે જ વિષયોનું કથન હોવાના કારણે ઉપદેશ, સ્થાન, સમય અને ઉપદેશ કરવા

યોગ્ય વ્યક્તિનો ભેદ આદિ જણાતો હોવાથી પૂર્વગ્રંથ અને ખિલભાગમાં પણ ગ્રંથકર્તાનો, સમયનો તથા રચનાનો પણ તફાવત માલૂમ પડે છે. ઋગ્વેદ આદિમાં ખિલરૂપે જોડાયેલા ભાગનો સમય જુદો હોય, એમ વિદ્વાનો સ્વીકારે છે; એમાં 'ખિલ' નામથી જે નિર્દેશ કર્યો છે, તે જ સમય તથા કર્તાના ભેદને પ્રકટ કરે છે. વળી આ કાશ્યપસંહિતામાં પણ 'સંહિતાકલ્પ' નામના અધ્યાયમાં 'तन्त्रं सखिलमुच्यते–ખિલભાગ સહિત આયુર્વેદતંત્ર કહેવામાં આવે છે,' એવું વાક્ય જોવામાં આવે છે, તે ઉપરથી ખિલ ભાગ પણ વૃદ્ધજીવકના તંત્રનો ભાગ જણાય છે તથા જે ખિલભાગમાં આવેલા વિષયો પણ કાશ્યપના ઉપદેશરૂપે જ આ વૃદ્ધજીવકના હોવાથી ખિલ ભાગ સહિત આ આખોય ગ્રંથ 'કાશ્યપસંહિતા' જ જણાય છે; પરંતુ આ સંહિતાના પૂર્વભાગમાં આ શ્લોક મળે છે: 'उपास्यमानमृषिभिः कश्यपं वृद्धजीवकः। चोदितो दारुवाहेन वेदनार्थेऽभ्यचोदयत्– ઋષિઓ જેમની ઉપાસના કરી રહ્યા હતા, એવા કશ્યપને વૃદ્ધજીવકે, દારુવાહની પ્રેરણાથી પોતાને જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે આવો પ્રશ્ન પૂછ્યો હતો,' આ રીતે દારુવાહે પ્રેરણા કરેલા વૃદ્ધજીવકને કશ્યપે ઉપદેશ કર્યો હતો, એમ જણાય છે; તે પ્રમાણે પૂર્વભાગમાં લગભગ ઘણા અધ્યાયોમાં જીવકનો પ્રશ્ન હોય છે અને પછી કશ્યપ તેને પ્રત્યુત્તર આપે છે, એમ જોવામાં આવે છે; વળી 'વત્સ' એ ભૃગુની સંતતિ હોવાથી તે વત્સના પુત્ર વાત્સ્યને ભૃગુવંશમાં પૂર્વપુરુષ તરીકે દર્શાવેલ છે; અને તેની પરંપરામાં થયેલા જીવકને 'ભાર્ગવ' શબ્દથી સંબોધન આપવું યોગ્ય છે, તોપણ કેવળ એક જ સ્થળે 'मार्गवास्थीनि' એમ 'માર્ગવ' શબ્દથી જીવકને સંબોધન આપેલું છે; એ સિવાય બીજાં બધાંયે સ્થળો પર 'જીવક' શબ્દથી જ સંબોધન કરેલું છે; એનાથી ઊલટું ઉત્તરભાગમાં તો દારુવાહના નામનો ખિલકુલ ઉલ્લેખ જ નથી; 'જીવક' શબ્દથી સંબોધન પણ ક્યાંક ક્યાંક છે; ઘણું કરી 'ભાર્ગવ' શબ્દથી સર્વ સ્થળે સંબોધન કરેલું દેખાય છે. વળી જેમાં अंतर्वत्नी–સગર્ભા સ્ત્રીની ચિકિત્સા છે, તે 'કુક્કુણુક' નામના અધ્યાય વગેરેમાં ક્યાંક 'જીવક' અને 'ભાર્ગવ' એવા બન્ને શબ્દોથી જીવકને સંબોધન અપાયું છે અને ક્યાંક જીવકનો પ્રશ્ન છોડીને 'नृप!' 'नराधिप!' 'विशांपते'–હે રાજા! ઇત્યાદિરૂપે રાજાને આપેલાં સંબોધનો પણ મળે છે. કોઈ એક સ્થળે–ખિલસ્થાન ૧૩ મા અધ્યાયમાં 'इति वार्योविदायेदम्'–એમ વાર્યોવિદને કશ્યપે ઉપદેશ કર્યો હતો, એમ જણાવી વાર્યોવિદની આગળ કશ્યપે ઉપદેશ કર્યો હતો એવો પણ ઉલ્લેખ મળે છે. આ કાશ્યપસંહિતાની લેખરચનાનું અનુસંધાન કરતાં પૂર્વભાગમાં લગભગ લેખની પ્રૌઢતા અને આર્ષભાવની પ્રચુરતા તથા વિષયોની ગંભીરતા દેખાય છે; અને ઉત્તરભાગમાં તો લગભગ વિકાસ પામેલા વિષયો અને નિરૂપણની શૈલી પણ સરળ અને સુંદર જોવામાં આવે છે; વળી રેવતીકલ્પ, ચર્મદલ, જાતકર્મ–ઉત્તરીય અને શલ્યચિકિત્સિત આદિ અધ્યાયોમાં ક્યાંક પૂર્વભાગને અનુસરતી પ્રૌઢ આર્ષરચના તેમ જ વિષયોનો ગંભીર ભાવ મળે છે. એમ ઘણું કરી દારુવાહે પ્રેરણા કરેલા જીવકને કશ્યપે કરેલા ઉપદેશોને મુખ્યત્વે ગ્રહણ કરી રચાયેલો પૂર્વભાગ પ્રૌઢ રચના શૈલીવાળો દેખાય છે અને જીવકને તથા વાર્યોવિદ આદિ બીજાઓને જુદા જુદા સમયે કશ્યપે ઉપદેશેલા વિષયોને ગ્રહણ કરીને રચાયેલો ઉત્તરભાગ વિકાસ પામેલી શૈલીથી રચાયેલો જણાય છે; અને એમ તે જુદી જુદી પદ્ધતિથી રચાયેલા વિભાગો કલમ તથા સમયના ભેદનું અનુમાન કરાવે છે.

વળી સંહિતાકલ્પ–અધ્યાયના કથન પ્રમાણે વૃદ્ધજીવકે રચેલું તંત્ર કેટલાક કાળ સુધી લુપ્ત થયું હતું, તે મળી આવતાં વાત્સ્યે તેનું સંસ્કરણ કર્યું હતું, એવો નિર્દેશ કર્યા પછી ત્યાં–સંહિતાકલ્પના શ્લોક ૨૮ માં 'स्थानेष्वष्टसु शाखायां यद् यन्नोक्तं प्रयोजनम्। तत् तद् भूयः प्रवक्ष्यामि खिलेषु निखिलेन ते॥–આઠ સ્થાનોરૂપ જુદા જુદા વિભાગમાં જે જે પ્રયોજન કહેવાયું નથી, તે તે સમગ્ર હું તમને ખિલભાગમાં વધુ પ્રમાણમાં કહીશ.' એમ જે વચન મળે છે, તે વાત્સ્યનું જ હોવું યોગ્ય છે; તે ઉપરથી આઠ સ્થાનોરૂપે જ કાશ્યપસંહિતાનો સંક્ષેપ કરી વૃદ્ધજીવકે પૂર્વ-

ભાગરૂપ પોતાનું તંત્ર રચ્યું હોવું જોઈએ. તે આઠ સ્થાનોરૂપ વૃદ્ધજીવકના તંત્રમાં જે વિષયો કહેવાયા ન હતા, તે વિષયોને પ્રયોજનો સાથે બીજા આચાર્યોના ગ્રંથોમાંથી ઉપદેશની પરંપરારૂપે જે પ્રાપ્ત થયા હતા તે તેમ જ કશ્યપે જે વિષયોને ઉપદેશ્યા હતા, તે સર્વને ગ્રહણ કરી વાત્સ્યે જ ખિલભાગરૂપે છેવટે તેની યોજના કરી હોય એમ જણાય છે; એમ વાત્સ્યે એ ખિલભાગની યોજના કરી હોય તોપણ કાશ્યપના જ તે ઉપદેશોનો શબ્દ દ્વારા તથા અર્થ દ્વારા આમતેમ-આજુબાજુથી સંગ્રહ કરેલો હોવો જોઈએ. તેથી જ નાના-મોટારૂપે રહેલા અને તે તે જુદા જુદા ગ્રંથોમાંથી પ્રાપ્ત થયેલા લેખોમાંથી ગ્રહણ કરેલા અંશોનો જુદા જ ભાવે અહીં ખિલભાગમાં ક્યાંક પ્રૌઢ રચનાથી અને ક્યાંક સાધારણ પ્રક્રિયાથી ગ્રંથનું લખાણ જે દેખાય છે, તે બરાબર બંધબેસતું જણાય છે; તે ખિલભાગમાં વાર્યોવિદ, કાંકાયન, ભારદ્વાજ, દારુવાહ, હિરણ્યાક્ષ તથા વૈદેહ નામના પૂર્વકાળના તથા તે તે કાળના આચાર્યોના મતોનો નિર્દેશ કરી વૃદ્ધજીવકનો પણ વિશેષ મત દર્શાવ્યો છે. એ વૃદ્ધજીવક પોતાનો સમકાલીન અને (કશ્યપનો) શિષ્ય હોવાથી તેના મતને પણ કશ્યપે પોતે અથવા જીવકે પૂર્વપક્ષની શ્રેણીમાં દર્શાવીને છેવટે છેલ્લા સિદ્ધાંતરૂપે કશ્યપના મતનો નિર્દેશ કર્યો હોય, એ શક્ય છે; પરંતુ પાછળના સિદ્ધિસ્થાનના 'વમન-વિરેચન' અધ્યાયમાં કૌત્સ, પારાશર્ય, વૃદ્ધકાશ્યપ, વૈદેહ તથા વાર્યોવિદ નામના પ્રાચીન તથા તે સમયના આચાર્યોનો મત દર્શાવ્યા પછી વાત્સ્યનો મત દર્શાવ્યો છે અને તે પછી એ બધાયે આચાર્યોને પૂર્વવાદ જણાવી છેલ્લા સિદ્ધાંત તરીકે કશ્યપનો મત દર્શાવવો જોઈએ, તેના સ્થાને વાત્સ્ય પેસી ગયો છે અને સિદ્ધાંતવાદરૂપે નિર્દેશ કરેલા કશ્યપના મતની પહેલાં પૂર્વવાદરૂપે ઘણા કાળ પછી થયેલા પ્રતિસંસ્કર્તા વાત્સ્યનો કશ્યપે કે જીવકે નિર્દેશ કરવો અયોગ્ય હોવાથી આ ગ્રંથના સંસ્કર્તા એ વાત્સ્ય જ હશે કે નહિ એવી શંકા કરવી યોગ્ય નથી.

વળી આ ગ્રંથમાં જેઓનો ઉલ્લેખ કર્યો છે, તે કૌત્સ, પારાશર્ય વગેરે બધાયે આચાર્યો પ્રાચીન જ છે, તેથી તેઓની સમાન શ્રેણીમાં દર્શાવેલા વાત્સ્ય પણ પ્રાચીન જ હોવા જોઈએ. 'શતપથ' બ્રાહ્મણમાં જે 'વંશબ્રાહ્મણ' છે, તેમાં ભારદ્વાજ, પારાશર્ય, અગ્નિવેશ્ય, હારીત, કાશ્ય, ગાલવ, જાતૂકર્ણ અને આત્રેય આદિ ઘણા પ્રાચીન ઋષિઓને દર્શાવેલા જણાય છે, તેઓની સાથે વાત્સ્યનો પણ ઉલ્લેખ છે; તે તે નામવાળા આયુર્વેદના આચાર્યો પણ આયુર્વેદના ગ્રંથોમાંથી જાણી શકાય છે; જો કે એ 'શતપથ' બ્રાહ્મણમાં તો બ્રહ્મવિદ્યાની જ પરંપરાનો નિર્દેશ કર્યો છે, તે ઉપરથી તે તે ઉપર્યુક્ત નામવાળા આચાર્યો આયુર્વેદના આચાર્યો હોય, એમ જાણી શકાતું નથી, પણ તે તે સમાન નામોવાળા બીજા પણ આચાર્યો હોય એમ પણ સંભવે છે, તોપણ તે આચાર્યો કેવળ બ્રહ્મવિદ્યાને જ જાણતા હોય અને આયુર્વેદને જાણતા ન હોય એવો પણ નિશ્ચય કરી શકાય તેમ નથી; વળી એ બધાયે આચાર્યોની પૂર્વકક્ષામાં ગણાતા અને સ્વર્ગના વૈદ્ય તરીકે પ્રસિદ્ધ થયેલા અશ્વિનીકુમારોનો પણ તે શતપથ બ્રાહ્મણમાં ઉલ્લેખ હોવાથી તેમની પરંપરામાં ઊતરી આવેલા તે તે આચાર્યો પણ આયુર્વેદના વિષયમાં આચાર્યો તરીકે હોય એ પણ સંભવિત છે, આયુર્વેદના ગ્રંથોમાંથી તે તે આચાર્યોને આયુર્વેદના આચાર્ય તરીકે જાણી શકાય છે, તો એવાં ઘણાં નામોનું એ વંશબ્રાહ્મણમાં લગભગ સાથે હોવાપણું જોવામાં આવે છે, તે ઉપરથી તેઓ આયુર્વેદના પણ આચાર્યો હોવાની શક્યતા છે.

પ્રતિસંસ્કાર કરનાર વાત્સ્યે કેવળ ખિલભાગની યોજનાનો જ વિનાશ કર્યો છે, એવું નથી; પરંતુ 'संस्कृतं तत् पुनस्तन्त्रं वृद्धजीवकनिर्मितम्-વૃદ્ધજીવકે બનાવેલા આખાયે તંત્રનો તે વાત્સ્યે ફરી સંસ્કાર કર્યો છે' એમ સંહિતાકલ્પ અધ્યાયના ૨૭મા શ્લોકમાં તેમનું પોતાનું જ લખાણ મળે છે; તે ઉપરથી પ્રતીત થાય છે. પરંતુ વાત્સ્ય દ્વારા પોતાના વિચારોને મેળવી અનેક વિષયોવાળા ખિલભાગને અલગરૂપે જોડવાથી માલૂમ પડે છે કે તેણે પૂર્વ ભાગમાં મૂળ ગ્રંથના ફેરફાર રૂપ કોઈ વિશેષ સંસ્કાર કર્યો નથી; પરંતુ પૂર્વ ગ્રંથમાં જ માત્ર ક્યાંક ક્યાંક ઉમેરણી કરનારાં વાક્યો અને ક્યાંક પોતાનો વિશેષ મત તેમ જ તે સમયે પ્રાપ્ત

થયેલા કેટલાક વિષયોને આપ્યા છે અને તેથી તેના મૂળ રૂપમાં કોઈ ફેરફાર થવા પામ્યો નથી.

દરેક પ્રતિસંસ્કાર કરનારાઓ હરકોઈ વસ્તુ કે નિબંધમાં વિશેષ ગુણોનું સ્થાપન કરી તેનો વિશેષ પ્રચાર કરવા માટે જ પ્રવૃત્તિ કરે છે, એમ ઉપર દર્શાવેલી પ્રક્રિયા દ્વારા સંસ્કરણ કરવાથી તે તે પ્રાચીન સંહિતાઓમાં કોઈ લખાણનો ક્યાંક સંકોચ અને ક્યાંક વિકાસ આદિ દ્વારા નવા પ્રતિભાસિત થયેલા વિષયોનો પ્રવેશ થવાને લીધે જે અંશો અયોગ્ય દેખાયા હોય તેઓનો ફેરફાર કરવો વગેરે જુદા જુદા વિશેષ સંસ્કારો દ્વારા નવા કરાયેલાં દેખાતાં જુદાં જુદાં રૂપો પમાડી દીધાં હોય, તેથી પ્રતિસંસ્કાર કરનારાઓનો પ્રયત્ન ભલે યોગ્ય થયો ગણાય; પરંતુ આ વિષયમાં અમારા મનમાં આમ જણાય છે; એ રીતે એ પ્રાચીન સંહિતાઓનાં વારંવાર સંસ્કરણો થયા કરે, તેથી પ્રાચીન સંહિતાનાં લખાણો અને અર્વાચીન પ્રતિસંસ્કાર કરનારાઓનાં લખાણોનો જેમ પાણી અને દૂધ મિશ્ર થયાં હોય ત્યારે તેઓનો પરસ્પર જેમ સમાવેશ થઈ જાય છે, તેવો સમાવેશ પ્રતિસંસ્કાર કરનારાઓના નિબંધોમાં કે રચનાશૈલીમાં પ્રાચીન સંહિતાઓનો અંદરના ભાગમાં એકતારૂપે સમાવેશ તો થયેલ હોતો જ નથી; તેમ જ તે ઉપરથી પ્રાચીન આત્રેયની સંહિતામાં અગ્નિવેશે જે ઉમેરો કર્યો હોય અને તે પછી અગ્નિવેશની સંહિતામાં ચરક આચાર્યે જે સંસ્કરણ કર્યું હોય; તેમજ કાશ્યપસંહિતામાં વૃદ્ધજીવકે જે કંઈ સંક્ષેપ કર્યો હોય અને તે વૃદ્ધજીવકના તંત્રમાં જે કંઈ વાત્સ્યે ફરી સંસ્કરણ-કર્યું હોય તેમાં 'આ સંહિતામાં આટલાં વાક્યો કે પદો આનાં છે એટલે કે અમુક ભાગ મૂળ આચાર્યનો છે અને અમુક ભાગ પ્રતિસંસ્કાર કરનારનો છે, એ તારવવું મુશ્કેલ થઈ પડે છે; જેમ પ્રાચીન 'નાવનીતક' નામનો મૂળ ગ્રંથ પાછળથી નવા પ્રવેશેલા લેખની સાથે પ્રતિસંસ્કારયુક્ત થઈને 'લાહોર' માંથી તેનું પ્રકાશન થયું છે; તેમાં તેનો પ્રતિસંસ્કાર કરનારાએ અપૂર્ણ વિષયોનો ઉમેરો કરી ઉપકાર જ કર્યો છે; તેમ જ એ સંસ્કરણમાં વાગ્ભટ તથા નગેન્દ્રનાથ વગેરે પાછળના વિદ્વાનોએ ઉપજાવી કાઢેલાં ઔષધોનો પણ પાછળથી પ્રવેશ કરાવેલ હોવાથી અનુભવસિદ્ધ તે તે ઘણાં ઔષધો વડે તેમાં ઘણો વધારો તથા ઉમેરો પણ કરાયો છે, એ પણ સંતોષનો જ વિષય છે; પરંતુ એ પ્રકાશનમાં લિપિનો ભેદ હોવાને લીધે કોઠાઓ વગેરેરૂપે અથવા વ્યાખ્યારૂપે નવા ઉમેરણ ભાગનું જો પ્રકાશન થયું હોત, તો આટલો અંશ પ્રાચીન છે અને આટલો અંશ નવા સંસ્કરણ વખતે પ્રવેશેલો છે, એમ સારી રીતે અલગ અલગ તારવણી થઈ શકત. જો કે હાલમાં મૂળ માત્ર નાવનીતક ગ્રંથ યુરોપમાં તથા લાહોરમાં અલગ અલગ છપાયેલો મળી શકે છે, તેથી એ બન્ને ગ્રંથને મેળવી જોતાં તેમાંના પ્રાચીન અંશોને તથા નવીન અંશોને હવે તારવી શકાય છે, તોપણ અમુક સમયને વશ થતાં એ હમણાં મળતું મૂળ પુસ્તક પણ જો ન મળે તો માત્ર પ્રતિસંસ્કાર કરાયેલા પુસ્તક ઉપરથી જ તેવા પ્રકારે પ્રાચીન-અર્વાચીન વિષયોની તારવણી કરવી શક્ય જ ન બને; અને ઊલટું વાગ્ભટ તથા નગેન્દ્રનાથ આદિના ઉલ્લેખરૂપ પ્રમાણ ઉપરથી નગેન્દ્રનાથ વિદ્વાનની પછી મૂળ નાવનીતક ગ્રંથ રચાયો હશે, એવી શંકા પાછળના લોકોને થાય; તે જ પ્રમાણે કોઈ સમયે ચરક તથા વાત્સ્ય દ્વારા પ્રતિસંસ્કૃત ગ્રંથોથી કાશ્યપસંહિતા, આત્રેયસંહિતા, વૃદ્ધજીવકીયતંત્ર તથા અગ્નિવેશ તંત્રની અલગ સ્થિતિ અવશ્ય હશે જ. રૂપાંતર પ્રતિસંસ્કારોને લીધે પ્રાચીન ગ્રંથોનો પ્રચાર ઓછો થતો ગયો અને એટલા માટે એ મૂળ પાછળથી પ્રાચીન ગ્રંથો લુપ્ત થઈ ગયા. વળી પ્રતિસંસ્કરણમાં પહેલાંના કેટલા અંશો ત્યજી દેવાયા હોય, કેટલા નવા અંશો પ્રવેશ પામ્યા હોય અને કેટલા અંશો રૂપાંતરને પામ્યા હોય જેથી ગ્રંથના તે તે અંશોની સાથે તે તે મૂળ આચાર્યના સમયનો નિર્ણય કરવો કઠિન બને છે.

મસ્તિષ્કમાં ઉદય પામનારા અનેક પ્રકારના વિચારો તથા જુદા જુદા આચાર્યોના ઉપદેશ વગેરેનાં અનુસંધાનોને કારણે નવા નવા અમુક અમુક વિચારો પણ ઉત્પન્ન થાય છે; તેમજ પૂર્વના આચાર્યોના સિદ્ધાંતો પણ પાછળના જુદા જુદા આચાર્યોના જુદા જુદા વિચારો દ્વારા વિપરીત સ્વરૂપે પ્રતિભાસિત થતા હોઈ રૂપાંતરને અથવા પરિત્યાગને

પણ પ્રાપ્ત થતા સંભવે છે; કયાંક કયાંક પૂર્વના સિદ્ધાંતો નિર્મળ હોવા છતાં પાછળથી સંસ્કરણ થતાં પુરુષમાં સુલભ એવા દોષોના કારણે મલિનતા પામી રહ્યા છે. ચરકસંહિતામાં ચિકિત્સિતસ્થાનના છેલ્લા ૧૭ અધ્યાયો અને સિદ્ધિસ્થાન અને કલ્પસ્થાન વિલુપ્ત થયેલ હોઈને જો મળતાં ન હતાં, તો દઢબલ આચાર્યે પાછળથી તે ૧૭ અધ્યાયો અને સિદ્ધિસ્થાન તથા કલ્પસ્થાન રચીને ચરકસંહિતાને પૂર્ણ કરી અને તેમાં તેટલો વિભાગ દઢબલની રચનારૂપ હોઈને તેમાં આત્રેયની, અગ્નિવેશની કે ચરકાચાર્યની લેખણનો પ્રવેશ થવા પામ્યો નથી, તે કારણે છેવટના ભાગમાં અલગ રહેલા એ દઢબલ વિરચિત ભાગમાં વિચારોની જે યોગ્યાયોગ્યતા હોય તે બાબતમાં દઢબલની જવાબદારી રહે છે; એ જ પ્રમાણે અગ્નિવેશે તથા ચરકે પણ પોતપોતાના ખાસ વિચારો અને લેખોને અમુક વિભાગરૂપે અલગ અલગ જણાવ્યા હોત અથવા અગ્નિવેશનું તંત્ર આજે પણ જો અલગ મળતું હોત, તો એ બન્ને ભાગની મેળવણી કરતાં તે તે ભાગમાં દેખાતા સારાનરસા વિચારો અને લખાણો કે વચનો તેના તેના ઉપર જ પોતાની અતિશયતા અથવા અલગ અલગ રચના સ્વરૂપને પામી શકત; આમાં કોનાં વચનો કે વિચારો યોગ્ય-અયોગ્ય છે, એમ આપણે પણ જાણી શકત; પરંતુ તે તે આગળના અને પાછળના આચાર્યોનાં વચનો અને વિચારો ગંગા તથા યમુનાની પેઠે એક જ સ્વરૂપમાં સારી રીતે મિશ્ર થઈ ગયા છે, અને પહેલાંનું તંત્ર કયું એ કંઈ અલગ જાણી શકાતું નથી, ત્યારે કયાંક કયાંક જે સારાનરસા વિચારો હાલમાં જે દેખાઈ રહ્યા છે, તેનો યશ અને અપયશ પ્રાચીન આચાર્યને કે પાછળના આચાર્યને ઘટે જાય, તે અંગે પણ કંઈ નિશ્ચય થઈ શકે તેમ નથી; તે કારણે પાછળના આચાર્યોના સમયમાં પણ જે વિપરીત ભાવ થયો હોય તે પ્રાચીન આચાર્યોનો હોય, એવી પણ શંકા ઉપજાવનાર સંભવી શકે છે; આ પ્રસંગ કેવળ ચરકસંહિતા વિષે જ પ્રાપ્ત થાય છે એવું નથી; પરંતુ સુશ્રુતસંહિતામાં તથા કાશ્યપસંહિતામાં પણ પાછળથી થયેલ સંસ્કરણ વખતે જે જે કેટલીક વિકૃતિઓ પ્રવેશી ગઈ છે અને જે જે કેટલાક અર્વાચીન વિષયો કયાંક કયાંક મળી રહ્યા છે, તે કોના છે? મૂળ ગ્રંથકારના તે તે દોષો વગેરે છે કે પ્રતિસંસ્કાર કરનારના છે? એ વિષે કોઈ નિશ્ચય થઈ શકતો નથી, તેથી મૂળસંહિતાના રચયિતા તે તે મહર્ષિઓમાં અર્વાચીનપણાની શંકા ઉપજાવનાર થાય છે અથવા તે તે સંહિતાકાર મહર્ષિઓના જ તેવા ખોટા સિદ્ધાંતો હશે કે શું? એવી પણ શંકા ઉપજાવી શકે છે; જેમ કે ભારતમાં પાછળથી સુધારોવધારો થયો, તેથી એ ભારત 'મહાભારત'ના સ્વરૂપને પામ્યું; અને તે પછી પણ તેનું વારંવાર સંસ્કરણ થયા કર્યું, તે વેળા તેમાં જે જે અમુક શબ્દો પ્રવેશ્યા છે, તેના પ્રવેશનો સમય નક્કી કરી શકાતો નથી, તેથી એમાંનું મૂળ ભારત પણ અર્વાચીનપણાની શંકા તરફ આકર્ષાઈ જતું દેખાય છે! એ જ પ્રમાણે ચરકસંહિતામાં પણ દેખાતો વિકસિત નિગ્રહસ્થાનનો ઉત્તર વિશેષવિષય પણ આત્રેયના, અગ્નિવેશના કે ચરકના લેખમાંથી પ્રાપ્ત થયો છે કે કેમ એમ નિશ્ચય કરી શકાતો નથી, તે કારણે આત્રેયમાં પણ અર્વાચીનપણાની શંકાનું આકર્ષણ કરનાર તે તે થાય છે. એ જ પ્રમાણે આ કાશ્યપસંહિતામાં પણ ઉત્સર્પિણી, અવસર્પિણી, ઇત્યાદિ કેટલાક જે અમુક શબ્દો જોવામાં આવે છે, તે વાત્સ્યે કરેલા પ્રતિસંસ્કરણ વખતે જ પ્રવેશેલા હોય, એ યોગ્ય લાગે છે, તોપણ તે તે શબ્દો કાશ્યપના, વૃદ્ધજીવકના કે વાત્સ્યના હશે, એમ ચોક્કસ નિર્ણય કરી શકાતો નથી. કશ્યપ તથા વૃદ્ધજીવકની પ્રાચીનતાને સિદ્ધ કરનારાં ઘણાં પ્રમાણો અસ્તિત્વ ધરાવે છે, તોપણ એ બન્નેનું અર્વાચીનપણું તો નહિ હોય એવી શંકા તે શબ્દો ઊભી કરી શકે છે.

પ્રાચીન ગ્રંથોમાં જ આમતેમથી ઊલટસૂલટ કરી નવા વિચારોને પાછળથી ઘુસાડી દઈ ફરી સંસ્કાર કરવાનું કેવળ ભારતીય ગ્રંથોમાં જ ચાલુ છે, એમ નથી; પરંતુ અગાઉના સમયમાં બીજા દેશોમાં પણ આવી જ પદ્ધતિ ચાલુ રહેલી હતી; જેમ કે ગ્રીસ દેશના પ્રાચીન વૈદ્યાચાર્ય—'હિપોક્રિટસ્'ના ગ્રંથમાં પણ એ જ પ્રમાણે પ્રાચીન તથા નવીન વિષયોનો તલ—

ચોખાની ખીચડી પ્રમાણે મિશ્ર ભાવ થયેલો હોવાથી એટલે કે અવિભાગની પદ્ધતિથી વારંવાર સંસ્કરણ થયેલ હોવાના કારણે ત્યાંના લોકો પણ આમાંના કયા વિષયો પ્રાચીન છે અને કયા વિષયો નવીન છે, એમ વિવેચન કે પૃથક્કરણ કરી શકતા નથી. એમ મિશ્ર દેશમાં પણ 'ઑવર્ટસ-ધ્યેપિરસ' નામના પ્રાચીન ગ્રંથનું પણ વારંવાર સંસ્કરણ થયા કર્યું હતું; કારણ કે પૂર્વના ગ્રંથોમાં જ નવા વિચારોનો ઉદય થતાં તે વિચારો પણ પાછળથી તે પૂર્વના ગ્રંથમાં જ ઘુસાડી દેવાય છે; ક્યાંક તે પૂર્વગ્રંથના છેવટના ભાગમાં તે વિચારો લખી દેવાય છે; અથવા ટીકા કે ટિપ્પણી આદિના રૂપે બધાયે નવા વિચારોને પણ ગ્રંથની વચ્ચે જ ઘુસાડી દેવાનું એ સંસ્કરણ નિમિત્તે થયેલ હોય છે. પ્રાચીન ગ્રંથનો કેવળ સારભાગ જ તેમાં નાખી દેવાયેલો હોય છે; તેમ જ સ્થાન-ભેદને અનુસરી જે જે પાઠભેદો અથવા જુદાં જુદાં પાઠાંતરો મળ્યાં હોય તેઓને પણ તે ગ્રંથમાં જ પાછળથી ઘુસાડી દેવામાં આવેલ છે. જેથી પૂર્વગ્રંથમાં કયા અંશો પ્રાચીન છે અને કયા અંશો સંસ્કરણ વખતે પ્રવેશેલા છે એ પણ જાણી શકાતું નથી; એમ સમયે સમયે નવા નવા વિચારો થવા લાગ્યા હોય ત્યારે તે તે વિચારોને તે એક જ પૂર્વગ્રંથમાં પાછળથી ઘુસાડી દેવાથી આગળ-પાછળના ગ્રંથના લેખમાં મેળ ખાતો નથી અને વ્યાઘાતદોષ પણ નજરે દેખાય છે; એમ આગળ-પાછળના વિચારોનું મિશ્રણ કરવાનો સંપ્રદાય પ્રાચીન હોઈને સમય જતાં સર્વત્ર ગડબડ થતી જ આવી છે.

પૂર્વે દર્શાવેલી યુક્તિઓથી મહાવગ્ગ, પાલી-જાતક અને તિબ્બતીય-તિબેટની કથાઓ વગેરે દ્વારા પણ પ્રાચીન તરીકે દેખાતા ધન્વંતરિ, કશ્યપ તથા જીવક વગેરે તેમ જ તેમના સમાન ન્યાયે આત્રેય તથા સુશ્રુત આદિના ગ્રંથોના પણ પ્રતિ-સંસ્કારને લીધે પ્રાપ્ત થયેલ અર્વાચીન વિષયને જણાવનાર કોઈ પદ, વાક્ય કે વિષયને માત્ર જોવાથી મૂળ ગ્રંથને પણ અર્વાચીનપણા તરફ આકર્ષવાનો પ્રયાસ જો થાય તો ૨૩૦૦ વર્ષની પૂર્વે અશોક રાજાએ દેશભરમાં સર્વસાધારણ ઔષધાલયો જ્યારે ઉઘાડ્યાં હતાં, ત્યારે તેમાં સુવિચારપૂર્ણ અને મર્યાદાસંપન્ન ગ્રંથોની જરૂર જણાતાં અને તે ઔષધાલયોમાં પ્રસિદ્ધ થયા હોય એવા વૈદ્યોની પણ જરૂરિયાત જણાતાં તેમ જ સારી રીતે પરીક્ષા કરાયેલાં ઔષધોની અને અભિનંદનપાત્ર ઔષધચિકિત્સાની પણ જરૂર ઊભી થતાં તેને કેવી રીતે પરિપૂર્ણ કરાય એ વિચારવા જેવું થઈ પડ્યું હતું. કશ્યપ, આત્રેય તથા સુશ્રુત વગેરે પ્રાચીન પ્રૌઢ વિદ્વાનો અને તેમના ગ્રંથોને જો પાછળના કાળમાં થયેલા તરીકે ઉતારી પાડવામાં આવે, તો એમના એ ગ્રંથોની પૂર્વે થયેલા તેવા પ્રાચીન ગ્રંથો તે કાળે પ્રસિદ્ધ હતા જ નહિ, એવી કલ્પના કરાય છે. ઈસ્વી સન પૂર્વે ૪૦૧ના સમયમાં 'મેમયૂન' નામનો એક પારસી સમ્રાટ થયો હતો; તેના રાજકુળનો વૈદ્ય ટી. સી. યસ નામે એક યવન વૈદ્ય હતો, એમ તેનો ઇતિહાસ જોતાં મળે છે; તેમ ભારતમાં તે કાળે કોઈ પણ બીજા દેશનો વૈદ્ય એ અશોકે ઉઘાડેલાં ઔષધાલયોમા આવ્યો હોય એવું વૃત્તાંત ક્યાંય પણ મળતું નથી. ઈસ્વી સનની પૂર્વના કાળે થયેલ 'મહાવગ્ગ' નામનો પ્રાચીન બૌદ્ધોને લગતા વૈદ્યકનો ગ્રંથ પણ આત્રેય આદિના સિદ્ધાંતને જ અનુસરતો હોઈને એમના સિદ્ધાંતથી અલગ પડતો ન હતો; કેમ કે બધાથી પ્રથમરૂપે મળેલા કશ્યપ, આત્રેય અને સુશ્રુત આદિના ગ્રંથોનો તેમ જ તેઓના જાણકાર વિદ્વાનોને છોડી દઈ, જેઓની તે સમયે ખ્યાતી ન હતી એવા કોઈક બીજા આચાર્યો કે વિદ્વાનોની કલ્પના કરીને શિલાલેખોમાં તેઓને સ્થાપી દઈ તે ચિકિત્સાલયો, ઔષધશાળાઓ સફળતાને કઈ રીતે પ્રાપ્ત કરત? આત્રેય વગેરે તે પ્રાચીન મહર્ષિઓ, અશોકે શરૂ કરેલાં તે ચિકિત્સાલયોની પછીથી જો થયા હોત તો લોકકલ્યાણની દૃષ્ટિથી અત્યંત સ્વીકારવાયોગ્ય તેવા પ્રકારનાં તે સાધારણ ઔષધાલયોની પણ તેઓએ (આત્રેય વગેરેએ) ઉપેક્ષા કેમ કરી હોત? એટલે કે તેઓના વર્ણનને લગતો કોઈ ઉલ્લેખ તે આત્રેય વગેરેએ કેમ કર્યો ન હતો? પરંતુ તેઓના તે પાછળના પ્રભાવને લગતો તે આત્રેય

આદિનો કોઈ પણ લેખ જોવામાં આવતો નથી.

એમ કેટલાક સ્થૂલ સિદ્ધાંતો, ખોટા સિદ્ધાંતો અથવા કેટલાક અપૂર્ણ અંશો પણ સુશ્રુત આદિના તે તે ગ્રંથોમાં આજે પણ કયાંક કયાંક જોવામાં આવે છે, તે પણ કેટલાક વિદ્વાનોને અશ્રદ્ધા ઉપજાવનાર થાય છે; તેમાં કારણ આ જ છે કે, મૂળ લખાણ અને તેમાં પાછળથી થયેલ પ્રતિસંસ્કાર એ બંને દૂધ અને પાણીની પેઠે એટલા બધા મિશ્ર થઈ ગયા છે, તે જ એ અશ્રદ્ધામાં મૂળરૂપે થવા સંભવે છે; કાળબળથી હાલમાં વિજ્ઞાન તથા બીજી વિદ્યાઓ અને જુદાં જુદાં યંત્રો ઉત્તરોત્તર એટલાં બધાં આગળ પડતાં આગળ આવતાં જાય છે, કે જેથી આજના સમયમાં નવા નવા સિદ્ધાંતો જાહેરમાં પ્રકટ થતા જાય છે, તેથી પ્રાચીન મહર્ષિઓના પૂર્વકાળના સિદ્ધાંતો સ્થૂળ અથવા ખોટા સિદ્ધાંતોરૂપે ભલે ભાસતા જણાય; પરંતુ વિચારદૃષ્ટિ ખરેખર મર્યાદિત બની નથી; એક માણસે જે વસ્તુને સારી રીતે જોઈ છે, તેને જ હાલમાં બીજો વિપરીત સ્વરૂપે જોવા માંડે છે. એક સમયે સારી રીતે જે સિદ્ધ કરી બતાવ્યું હોય તેને પણ બીજે સમય આવતાં તેથી જુદા પ્રકારે વિચારવામાં આવે છે; જેમ કે ભારતીય વૈદ્યકશાસ્ત્રમાં પૂર્વકાળથી આરંભી ચાલુ રહેલી શોધેલ ધાતુઓની તથા રસરૂપ ઔષધોના ઉપયોગની પદ્ધતિને વિદેશીય વિદ્વાનો ઘણી શતાબ્દી સુધી સ્વીકારવાને તૈયાર નહોતા. તે જ એ ધાતુવિદ્યા તથા રસાયણૌષધોના ઉપયોગની પદ્ધતિને એ જ વિદેશીય વિદ્વાનો સ્વીકારવા યોગ્ય તથા ઉત્તમ તરીકે સિદ્ધ કરી બતાવવા લાગ્યા છે અને તે પદ્ધતિએ તેઓ વ્યવહાર પણ કરવા લાગ્યા છે; તે જ પ્રમાણે પૂર્વના કેટલાક સિદ્ધાંતોને પાશ્ચાત્ય વિદ્વાનોએ વૈજ્ઞાનિક પ્રગતિના કારણે ઘણા સમય સુધી ખોટા સિદ્ધાંતો તરીકે જાહેર કર્યા હતા, તોપણ એ જ પ્રાચીન સિદ્ધાંતોને આજના સમયમાં ફરી તેઓનું સારી રીતે શોધન કરી ફરી સ્થાપિત કરવામાં આવે છે. પ્રાચીન સમયમાં વિજ્ઞાનરૂપ સાધન કેવા સ્વરૂપનું હતું, એ કંઈ જાણી શકાતું નથી, તોપણ પ્રાચીન સંપ્રદાયની પરંપરાએ અનુભવનો વિકાસ થવાથી અને લાંબા કાળ સુધી તે તે વિષયોમાં તત્પરપણું હોવાને લીધે તેમ જ તપશ્ચર્યા તથા ધ્યાનબળથી જોવાના કારણે એ પ્રાચીન મહર્ષિઓનાં હૃદયો સારી રીતે ઉજ્જ્વળ થયાં હતાં, તેથી એ ઉજ્જ્વળ હૃદયોમાં પ્રતિભાસિત થયેલા વિષયો ઘણા પ્રકારે નિર્મળ પણ હોય એમ સંભવે છે.

એકના એક જ વિષયને ફરી ફરી વિચારવામાં તે અત્યંત શુદ્ધ બને છે; એ જ રીતે ગ્રંથકર્તાએ પોતે જે પૂર્વ નિબંધ વિશુદ્ધ કર્યો હોય, તેમાં પણ અન્ય વિચારોનો ઉદય થતાં આવાપ એટલે નવું ઉમેરવું અને ઉદ્વાપ એટલે જૂનું વધારા પડતું કાઢી નાખવું—એ પદ્ધતિ દ્વારા જુદા જ પ્રકારે સંસ્કાર કરવામાં આવે તો પોતાના જ હૃદયમાં વારંવાર પ્રતિભાસિત થયેલા વિચારો એકરૂપ થઈને પાછળથી ગ્રંથમાં પરોવાઈ ગયા હોય, તેથી પરસ્પર સંપર્ક પામીને મુખ્ય પ્રમેય—સિદ્ધાંતને અનુસરી તે જ કાળના વિષયોનો અનુપ્રવેશ થવાથી, જે સંસ્કાર થાય તે (બીજા) વધુ પડતા ગુણોનું સ્થાપન કરવા માટે જ થાય છે; પણ ફરી સમય જતાં બીજા સમયે શંકાથી થતો ગોટાળો ઉપજાવવામાં કારણ થાય નહિ; અને એવા પ્રકારના સંસ્કરણને જ વિદ્વાનો આમ વખાણે છે:

'आवापोद्धरणे तावद् यावद्दोलायते मनः।
पदस्य स्थापिते स्थैर्ये हन्त सिद्धा सरस्वती॥

અર્થાત્ જ્યાં સુધી મન સ્થિર ન થાય ત્યાં સુધી આવાપ અને ઉદ્વાપ થતા રહે છે; પરંતુ પદ સ્થિર થતાં અર્થાત્ પદ—પદાર્થના સંબંધનું સમ્યક્ જ્ઞાન થવાથી સરસ્વતી સિદ્ધ થાય છે અર્થાત્ પોતાના વશમાં આવે છે.' પરંતુ પછી આલોચના કરતાં પ્રાચીન મહર્ષિઓ વગેરેના ઉપદેશરૂપ ગ્રંથોમાં અભિપ્રાય-ભેદથી પૂર્વ-આચાર્યોનાં વાક્યોમાં વિપરીતપણું ભાસવાથી અને તે તે સમયના નવા વિચારોની સાથે પૂર્વના વિચારોનું વિપરીતપણું સ્વીકારવાથી નવા ઉદય પામેલા વિશેષ વિચારોનો પાછળથી પ્રવેશ કરાવી પૂર્વના ગ્રંથનું આવાપ તથા ઉદ્વાપની ક્રિયા દ્વારા પરિવર્તન, વિકસન કે સંક્ષેપણ કરવાથી રૂપાંતરને કરવારૂપ પ્રતિસંસ્કાર થતાં અર્વાચીન

વિદ્વાનોની મનોવૃત્તિ ઉચિત જણાતી નથી; કારણ કે પૂર્વના સિદ્ધાંતોનો વિપર્યાસ થતાં પ્રાચીન સિદ્ધાંતનું સ્વરૂપ જ બદલાઈ જાય છે; અથવા બીજા દોષની શંકા થવાને લીધે પ્રાચીન સિદ્ધાંત ખોટી રીતે ભાસે છે; એટલા માટે પૂર્વકાળનાં સૂત્રો, ભાષ્યો વગેરેમાં જે કહ્યું હોય અથવા ન કહ્યું હોય કે બે વાર કહ્યાનો વિચાર આવતાં શોધનીય બુદ્ધિ થતાં તેમાં શુદ્ધિ કરવાનો વિચાર આવે ત્યારે તે તે સૂત્રો વગેરેના અક્ષરોને જેમ હોય તે જ પ્રમાણે રહેવા દઈ જુદા જુદા વિદ્વાનો પોતાના જુદા જુદા વિચારોને વાર્તિક આદિરૂપે અથવા અલગ નિબંધરૂપે દર્શાવે છે; પરંતુ તે પ્રાચીન સૂત્રો, ભાષ્યો વગેરેમાં રહેલાં પદોને કે વાક્યોને ફેરવતા નથી; એ જ પ્રકારે સમયવશ નવા વિચારોનો ઉદય થવાને લીધે, વિચારોના વિકાસના કારણે અને પૂર્વ-આચાર્યોના ખોટા સિદ્ધાંતોનો ભાવ દર્શાવીને પાછળથી પ્રતિસંસ્કારને ઇચ્છતા (અર્વાચીન) વિદ્વાનોએ મૂળ ગ્રંથોને એ જ સ્થિતિમાં રાખીને તેમાં ખિલરૂપે અલગ સંયોજન અથવા પોતાના વિશેષ વિચારો સાથે કરાયેલ વ્યાખ્યાન વગેરે જે કરવામાં આવે, તો પ્રાચીન તથા અર્વાચીન વિષયોનું મિશ્રણ થવા ન પામે, તેથી અલગ અલગ પ્રાચીન કે અર્વાચીન વિષયો પણ જાણી શકાય, વિચારોના વિકાસનું વિજ્ઞાન પણ સમજાય અને આગલા-પાછલા લેખોના સારા-નરસાપણાનો વિભાગ પણ અલગ અલગ જાણી શકાય, તેથી કોઈ પ્રકારની ગડબડ રહે નહિ.

વળી જે ગ્રંથો પ્રાચીન ભાવથી યુક્ત છે, તે ગ્રંથોમાં પણ સંશયયુક્ત જણાતા કેટલાક અમુક શબ્દોને જોવા માત્રથી જ આખોય ગ્રંથ અર્વાચીન છે, એમ કેટલાક આધુનિક વિદ્વાનો કહે છે; પરંતુ પ્રાચીન ગ્રંથોમાં કોઈ જાતનો વિશેષ સંસ્કાર થયો જ ન હોય, છતાં પણ તેવા પ્રકારના શબ્દોનો પાછળથી પ્રવેશ થયાનો સંભવ હોય તેવા ગ્રંથોમાં તેટલા જ માત્ર સાધનથી તેવા ગ્રંથનું અર્વાચીનપણું કલ્પી કાઢવું તે ખરેખર યોગ્ય નથી. કેટલાક વિવેચક વિદ્વાનો એવા અમુક શબ્દોને અથવા બીજા કેટલાક વિષયોને તે તે ગ્રંથોમાં અંદરના ભાગમાં જે પ્રતિભાસિત થયેલા હોય તે તરફ પોતાનું લક્ષ્ય રાખીને તેમ જ પોતાના અભિપ્રેત વિષયને સાધન સહિત બહાર ખુલ્લો કર્યા વિના જ કેવળ આ ગ્રંથનો અમુક આ સમય હોવો જોઈએ, એમ દર્શાવીને પોતાની સંશય ભરેલી દૃષ્ટિને લોકોની આગળ જાહેરમાં મૂકે છે; પરંતુ તેઓની એ દૃષ્ટિમાં કયાં સાધનો અનુસંધાન પામેલાં છે, એ તો જાણી શકાતાં જ નથી. એમ અસ્પષ્ટ સાધનો દ્વારા વિચારોનો માર્ગ ઢાંકી દેવામાં આવે છે; તેઓના મનમાં પ્રતિભાસિત થયેલા વિષયો કે સાધનો જો અસાધારણ હોય અને તેઓનું સ્પષ્ટ જ્ઞાન જો થઈ શકતું હોય તો જ તે તે વિષયો કે સાધનોનું યથાર્થપણું નક્કી કરવા માટે બીજાઓના વિચારોની દૃષ્ટિને પ્રવૃત્ત કરવા માટે સુવિધા થાય, એમ મને લાગે છે.

આ ગ્રંથ સંહિતારૂપ અને તંત્રરૂપ છે

આ ગ્રંથમાં 'સંહિતાકલ્પ' નામના અધ્યાયમાં 'संहिताकल्पं व्याख्यास्यामः'—હવે અમે સંહિતાકલ્પનું વ્યાખ્યાન કરીએ છીએ, એવો આરંભ કરીને 'स सृष्टोऽन्येन वैद्येन प्रब्रूयात् संहिताविधिम्—બીજો વૈદ્ય તેને જ્યારે પૂછે ત્યારે તેણે સંહિતાનો વિધિ તેને કહેવો;' તેમ જ 'कतिस्थानमिदं तन्त्रं कस्मात् तन्त्रमिति स्मृतम्। अष्टौ स्थानानि बोध्यानि ततोऽतस्तन्त्रमुच्यते। खिलान्यशीतिरध्यायास्तन्त्रं सखिलमुच्यते। धारणं ह्यस्य तन्त्रस्य वेदानां पारणं यथा। तपसा निर्मितं तन्त्रमृषयः प्रतिपेदिरे। जगृहेऽग्रे महातन्त्रं सैंचिक्षेप पुनः स तत्। ततः कलियुगे नष्टं तन्त्रमेतद् यदृच्छया। अनायासं प्रसाद्याथ लब्धं तन्त्रमिदं महत्। संस्कृतं तत् पुनस्तन्त्रं वृद्धजीवकनिर्मितम्॥'—આ તંત્રમાં કેટલાં સ્થાનો છે? આને કયા કારણે તંત્ર કહ્યું છે? આ સંહિતામાં આઠ સ્થાનો છે, તેથી આને તંત્ર કહેવામાં આવે છે. આ સંહિતામાં જે ખિલસ્થાન છે, તેમાં ૮૦ અધ્યાયો છે; અને તેથી આ તંત્રને ખિલ સહિત કહેવામાં આવે છે; આ તંત્રને જો મોઢે કરાય તો તે વેદોનાં ધારણ જેવું માંગલિક છે. આ તંત્રને તપના બળથી રચવામાં આવ્યું છે, તેથી ઋષિઓએ આ તંત્રનો સ્વીકાર કર્યો છે; આ મહાતંત્રનો ઋચીકના

પવિત્ર પુત્ર જીવકે પ્રથમ સ્વીકાર કર્યો હતો, અને પછી તે જીવકે આ મોટા તંત્રને ટૂંકાવીને રચ્યું હતું; તે પછી કલિયુગમાં આ તંત્ર દૈવેચ્છાથી નાશ પામ્યું હતું; પરંતુ 'અનાયાસ' નામના એક યક્ષે આ તંત્રને ધારણ કરી રાખ્યું હતું; તેથી વૃદ્ધજીવકના વંશજ બુદ્ધિમાન વાત્સ્યે તે 'અનાયાસ' યક્ષને પ્રસન્ન કરી આ મહાતંત્રને મેળવ્યું હતું અને વૃદ્ધજીવકે બનાવેલા તે આ તંત્રનો એ વાત્સ્યે સંસ્કાર કર્યો હતો એવો ઉલ્લેખ કર્યા પછી ત્યાં એ સંહિતાકલ્પ અધ્યાયમાં 'समाप्ता चेयं संहिता—આ કાશ્યપસંહિતા સમાપ્ત થઈ છે' એમ ઉપસંહાર કરવામાં આવ્યો છે, એ રીતે ત્યાં આ ગ્રંથનો સંહિતારૂપે તથા તંત્રરૂપે એમ બન્ને પ્રકારે વ્યવહાર કર્યો છે, એમ મૂળગ્રંથમાં જ ટિપ્પણીના વાક્ય ઉપરથી જોવામાં આવે છે. જોકે આ ગ્રંથ ઉપક્રમમાં (શરૂઆતમાં) તથા ઉપસંહારમાં ખંડિત થયેલ હોવાથી આ ગ્રંથનું આરંભનું અવતરણ તથા છેલ્લો ઉપસંહાર કેવા પ્રકારનો હતો, એ બંને જાણવા જાણવાનું સાધન મળ્યું નથી, એ કારણે તે દ્વારા જાણી શકાય એવી વિશેષતા તો ગુપ્ત જ રહેલી છે.

પરંતુ એ વાત નક્કી જાણી શકાય છે કે, આ ગ્રંથનો 'સંહિતા' શબ્દથી વ્યવહાર કર્યાનો કાળ એ 'તંત્ર' શબ્દના વ્યવહારના કાળથી ઘણો પહેલાંનો છે. પહેલાંના આર્ષયુગમાં જે ગ્રંથો રચાયા છે, તે બધા લગભગ સંહિતાના રૂપે લખાયા છે; તે પછી પૂર્વના આચાર્યોએ જે ગ્રંથો રચ્યા છે, તે બધાનો તંત્રના રૂપે વ્યવહાર કરાય છે. 'સંહિતા' શબ્દનો અર્થ એવો છે કે, તે "સંહનન" ક્રિયારૂપ હોઈને છૂટાછવાયા તે તે આર્ષ પ્રતિભાનાં જ્ઞાનબળથી પ્રાપ્ત થયેલ પ્રકાશરૂપ ઉપદેશ વગેરેને સામૂહિકરૂપે એક સ્થળે જોઠવણી કરવી. એ રૂપી અર્થને પોતાની અંદર ગર્ભરૂપે જણાવે છે; જ્યારે તંત્ર શબ્દ એવો છે કે પ્રકરણ, સંદર્ભ આદિ વિશેષ ઉપન્યાસો દ્વારા શાસ્ત્રના રૂપને પ્રાપ્ત થયેલા અર્થને દર્શાવે છે; એ કારણે આત્રેય, ધન્વન્તરિ, કશ્યપ આદિએ ઉપદેશેલા ગ્રંથો 'સંહિતા'રૂપ ગણાય છે અને અગ્નિવેશ, સુશ્રુત, વૃદ્ધજીવક આદિ એ મૂળસંહિતાઓમાં પ્રકરણો જોઠવીને તેમ જ ઉમેરો વગેરે કરી રચેલા ગ્રંથો શાસ્ત્રના રૂપને પ્રાપ્ત થઈ 'તંત્ર'રૂપે બંધાયેલા હોઈને 'તંત્ર' એ નામે ઓળખવાને યોગ્ય ગણાય છે; આ જ અભિપ્રાયથી 'तन्त्रप्रणेताप्रथममग्निवेशो यतोऽभवत् । अथ भेडादयश्चक्रुः स्वं स्वं तन्त्रं'—સૌ પહેલું તંત્ર બનાવનાર 'અગ્નિવેશ' થયા હતા; તે પછી ભેડ વગેરેએ પોતપોતાનાં તંત્રો રચ્યાં હતાં.'

સંહિતાઓની રચના ઋષિઓ દ્વારા સ્વયં અથવા એમના ઉપદેશોને શબ્દથી કે અર્થથી ગ્રહણ કરી શિષ્યો વગેરે નિર્માણ કરવાનો સંપ્રદાય છે; તેમ જ શિષ્યો વગેરેએ નિર્માણ કરી હોય, તોપણ તેઓના માત્ર અનુવાદરૂપે મૂળ આચાર્યના નામે 'સંહિતા'નો વ્યવહાર જોવામાં આવે છે; જ્યારે તંત્રકર્તાઓ મૂળસંહિતાનો જ અંદર સમાવેશ કરી દઈ ઉપક્રમ, ઉપસંહાર, પ્રશ્નો, પ્રત્યુત્તરો અને પોતાના તેમ જ બીજાના જે મતભેદો હોય તેઓને આપીને એને 'તંત્ર'નું રૂપ આપે છે. પરંતુ જે પ્રતિસંસ્કર્તાઓ હોય એટલે કે મૂળ સંહિતામાં કે તંત્રમાં સંશોધન કરનારા જે હોય તેઓ તો જુદા જુદા વિશેષો પાછળથી તે તે સંહિતા કે તંત્રમાં આપીને ગ્રંથના આકારને મોટો બનાવે છે; એમ પ્રતિસંસ્કાર કરનારની રચનામાં તંત્ર સમાઈ જાય છે અને તે તંત્રની અંદર સંહિતાનો સમાવેશ થઈ જાય છે.

જે રીતે મળતી ચરક અને સુશ્રુતની સંહિતાઓમાં ક્રમશઃ આત્રેય તથા ધન્વંતારની ઉક્તિઓ ગુરુઓનાં વાક્યો તરીકે, તેમ જ અગ્નિવેશનાં તથા સુશ્રુતનાં ઉક્તિઓ ઉમેરેલાં વાક્યો તરીકે, શિષ્યનાં સૂત્ર તરીકે અને બીજા આચાર્યોની ઉક્તિઓ એકીય સૂત્રમાં તથા ચરક, દઢબલ આદિની ઉક્તિઓ પ્રતિસંસ્કાર કરનારનાં સૂત્રોરૂપે એક જ ગ્રંથમાં ગૂંથેલ હોઈને તે બેય હાલમાં મળતી ચરકની તથા સુશ્રુતની સંહિતાઓમાં સમાવેશ પામેલાં જણાય છે; તે જ પ્રમાણે આ કાશ્યપ સંહિતામાં પણ કશ્યપનાં વચનો ગુરુનાં સૂત્રરૂપે, વૃદ્ધજીવકનાં વચનો શિષ્યનાં સૂત્રરૂપે, અન્ય આચાર્યોનાં વચનો એકીયસૂત્રરૂપે અને વાત્સ્યનાં વચનો પ્રતિસંસ્કાર કરનારનાં સૂત્રરૂપે એક જ આ ગ્રંથમાં વ્યવસ્થિત

આપેલાં છે.

જેમ મહર્ષિ આત્રેયે પ્રથમ ઉપદેશેલી સંહિતાને ગ્રહણ કરી અગ્નિવેશે પોતાના નામે જે ચિકિત્સાતંત્ર રચ્યું, તેને જ ચરકાચાર્યે પ્રતિસંસ્કારયુક્ત કરી પ્રકાશિત કર્યું; એમ આત્રેયસંહિતા જ અગ્નિવેશકૃત તંત્રના સ્વરૂપને પ્રાપ્ત થઈ અને તે જ આજે ચરકસંહિતારૂપે જોવામાં આવે છે; તે જ પ્રમાણે 'સંહિતાકલ્પ' અધ્યાયના લેખ ઉપરથી જણાય છે કે મૂળ જે કાશ્યપસંહિતા હતી, તે ઘણી જ મોટી હોવાથી વૃદ્ધજીવકે તેને ટૂંકાવીને વૃદ્ધજીવકીયતંત્રના નામે જુદાં સ્વરૂપે થઈ હતી અને સમય જતાં વાત્સ્યે કરેલા પ્રતિસંસ્કારને પ્રાપ્ત થઈ ને આજે આ ગ્રંથરૂપે આપણે તેને મેળવી રહ્યા છીએ; આ ગ્રંથની જેમ જેમ ઉત્તર કક્ષા ઉત્પન્ન થતી ગઈ તેમ તેમ તેની પહેલાંની કક્ષા અલગ અલગ થવા માંડી, તોપણ તેમાં (પ્રતિસંસ્કાર દ્વારા) આવાપ અને ઉદ્વાપ દ્વારા સંસ્કાર વગેરે થવાથી તૈયાર થયેલા જુદા સ્વરૂપે પ્રચાર થયા છતાં અમુક સમયે તેનો વિલોપ થયો હતો; અથવા ઉત્તરની કક્ષામાં અંદરના સ્વરૂપમાં પ્રવેશેલી તે સંહિતા એક ગ્રંથ તરીકે થઈ હતી; એમ ત્રીજી સંસ્કારકક્ષાને પામ્યા પછી વ્યવસ્થિત થયેલી આ સંહિતાઓ તંત્રોરૂપે અથવા પ્રતિસંસ્કાર પામેલાં તંત્રોરૂપે આજે આપણા જોવામાં આવે છે: જોકે આગળપાછળનો ગ્રંથ બરાબર તપાસતાં ક્યાંક પ્રાચીન પ્રૌઢ લેખશૈલી દેખાય છે અને ક્યાંક સાધારણ લેખશૈલી જણાય છે, તેથી પરસ્પર ઘણા પ્રાચીન લેખની સાથે મેળવણી કરવાથી અથવા સૂક્ષ્મદૃષ્ટિએ નિરીક્ષણ કરતાં પણ ક્યાંક પરિચ્છેદના પ્રકાશની ઝાંખી જોકે પ્રકાશે છે, તોપણ ચરકસંહિતામાં કેટલો અંશ આત્રેયનો છે? અથવા કેટલો અંશ અગ્નિવેશનો છે? અથવા કયો લેખ ચરકાચાર્યનો છે? તેમ જ સુશ્રુતસંહિતામાં કેટલો અંશ ધન્વંતરિનો છે? અને તે મૂળ સંહિતામાં કેટલો અંશ દિવોદાસનો છે? અથવા કયો અંશ સુશ્રુતનો કે પ્રતિસંસ્કાર કરનારનો છે? તેમ જ આ કાશ્યપસંહિતામાં પણ કેટલો અંશ મૂળ કાશ્યપસંહિતાનો છે? અથવા કયો અંશ વૃદ્ધજીવકનો છે? અથવા કયો લેખ શબ્દને કે અર્થને લગતો હોઈ વાત્સ્યનો છે? અથવા વૃદ્ધજીવકે કરેલ સંક્ષેપ કેવો છે? તે બધું સર્વાંશતઃ અથવા સંપૂર્ણ વિભાગવાર યથાતથ્યસ્વરૂપે કે જે પ્રમાણે તે હોય તે પ્રમાણે આપવા કે જાણવા સમર્થ થવાતું નથી.

કશ્યપ, આત્રેય, ભેડ તથા સુશ્રુતના ગ્રંથોની પરસ્પર તુલના

પ્રાચીન સંહિતાઓમાં પહેલાંથી મળતી ચરકની, ભેડની તથા સુશ્રુતની સંહિતાઓ અને આ નવી મળી આવેલી કશ્યપની સંહિતાને આગળ રાખી તેઓનાં સ્થાનો, અધ્યાયો તથા પ્રકરણો આદિ દ્વારા કરાયેલી ગ્રંથરચના તથા વિષયોનો જો વિચાર કરવામાં આવે તો પરસ્પર આવી સમાનતા અને વિષમતા જોવામાં આવે છે:

આ કાશ્યપસંહિતાનાં પ્રકરણો તથા અધ્યાયોનું ગ્રંથકારે પોતે જ કલ્પસ્થાનના છેલ્લા અધ્યાયમાં આમ વર્ણન કરેલ છે:

अष्टौ स्थानानि वाच्यानि ततोऽतस्तन्त्रमुच्यते ।
अध्यायानां शतं विंशं योऽधीते स तु पारगः ॥
सूत्रस्थाननिदानानि विमानान्यात्मनिश्चयः ।
इन्द्रियाणि चिकित्सा च सिद्धिः कल्पाश्च संहिताः ॥
सूत्रस्थानं चिकित्सा च त्रिंशदध्यायके उभे ।
निदानानि विमानानि शारीराण्यष्टकानि तु ।
।सद्धयो द्वादशाध्यायाः कल्पाश्चैवेन्द्रियाणि च ।
खिलान्यशीतिरध्यायास्तन्त्रं सखिलमुच्यते ॥

આ કાશ્યપસંહિતામાં અથવા વૃદ્ધજીવકીય તંત્રમાં આઠ સ્થાનો કહ્યાં છે અને તે જ કારણે આને 'તંત્ર' કહેવામાં આવે છે. આખાય આ તંત્રમાં એકંદર ૧૨૦ અધ્યાયો છે; તેઓનું જે અધ્યયન કરે છે, તે આ તંત્રનો પારગામી થાય છે. આમાં જે સ્થાનો છે તેઓ આ નામે છે— સૂત્રસ્થાન, નિદાનસ્થાન, વિમાનસ્થાન, શારીરસ્થાન, ઇંદ્રિયસ્થાન, ચિકિત્સાસ્થાન, સિદ્ધિસ્થાન અને કલ્પસ્થાન—એમ આઠ સ્થાનોથી યુક્ત આ કાશ્યપસંહિતા છે. તેમાં સૂત્રસ્થાન અને ચિકિત્સાસ્થાન—એ બેમાં ત્રીસ ત્રીસ અધ્યાયો છે; નિદાનસ્થાન, વિમાનસ્થાન અને શારીરસ્થાનમાં આઠ આઠ અધ્યાયો છે; સિદ્ધિસ્થાન, કલ્પસ્થાન અને ઇન્દ્રિયસ્થાનમાં પ્રત્યેકમાં બાર બાર અધ્યાયો

છે, અને ખિલસ્થાનમાં ૮૦ અધ્યાયો છે; એમ આ વૃદ્ધજીવકીય તંત્ર ખિલસ્થાન સહિત કહેવાય છે. (એમ આ વૃદ્ધજીવકીય તંત્રમાં આઠ સ્થાનોના અધ્યાય ૧૨૦ છે અને તેમાં ખિલ-સ્થાનના ૮૦ અધ્યાયો જો મેળવાય તો એકંદર ૨૦૦ અધ્યાયો પૂરા છે.) આ ઉપરથી આ કાશ્યપસંહિતાનાં તથા ચરકની, ભેડની તથા સુશ્રુતની સંહિતાઓનાં સ્થાનો તથા અધ્યાયોની જો મેળવણી કરવામાં આવે તો નીચે દર્શાવેલ કોષ્ટક ઉપરથી તે આમ સમજી શકાય છે:

સ્થાનો	વૃદ્ધજીવકતંત્ર	ચરક	ભેડતંત્ર	સુશ્રુત
સૂત્રસ્થાન અધ્યાયો	૩૦	૩૦	૩૦	૪૬
નિદાનસ્થાન ,,	૮	૮	૮	૧૬
વિમાનસ્થાન ,,	૮	૮	૮	×
શારીરસ્થાન ,,	૮	૮	૮	૧૦
ઇંદ્રિયસ્થાન ,,	૧૨	૧૨	૧૨	×
ચિકિત્સાસ્થાન ,,	૩૦	૩૦	૩૦	૪૦
સિદ્ધિસ્થાન ,,	૧૨	૧૨	૯ (૧૨?)	૮
કલ્પસ્થાન ,,	૧૨	૧૨	૮ (૧૨?)	×
	૧૨૦	૧૨૦	૧૨૦	૧૨૦
ખિલભાગ–,,	૮૦	×	×	૬૬

એમ ચારે ગ્રંથોમાં જેટલાં સ્થાનો છે અને તે તે સ્થાનમાં જેટલા અધ્યાયો છે, તે જોતાં ખિલભાગ સિવાય કશ્યપની, ચરકની તથા ભેડની સંહિતાઓમાં સ્થાનોની તથા અધ્યાયોની એકંદર ૧૨૦ ની સંખ્યા સમાન જણાય છે; ફક્ત કાશ્યપ-સંહિતામાં ખિલભાગ વધુ હોઈને તેમાં ૮૦ અધ્યાયો વધુ છે અને સુશ્રુતમાં પણ ખિલભાગ વધુ હોઈ તેમાં ૬૬ અધ્યાયો વધુ છે; કેવળ કશ્યપની તથા ચરકની સંહિતાઓમાં સિદ્ધિસ્થાન તથા કલ્પસ્થાનમાં આગળ–પાછળ કર્યાનો ફેરફાર છે. (એટલે કે કાશ્યપસંહિતામાં પહેલું સિદ્ધિ-સ્થાન છે અને તે પછી કલ્પસ્થાન છે; જ્યારે ચરકસંહિતામાં પહેલું કલ્પસ્થાન છે અને તે પછી સિદ્ધિસ્થાન છેલ્લું છે.) ગ્રંથના અવયવોનો વિભાગ જ્યાં કર્યો છે, ત્યાં પહેલા ભાગની છાયા બીજામાં તથા ત્રીજામાં લીધેલી જણાય છે. અથવા ઉપર્યુક્ત દરેક સંહિતાકારોએ (પોતાના પૂજ્ય) એક જ પૂર્વાચાર્યના સંપ્રદાયનું અનુસરણ કરેલું જણાય છે; કારણ તે તે સર્વ આચાર્યોના તે તે પાછલા ભાગમાં વર્તતા નજીકના સંબંધના કારણે એક સરખી છાયાનું ગ્રહણ ખરેખર ઘટે છે; તેમાં પણ ચરકસંહિતા અને ભેડસંહિતામાં એક જ પ્રકારની ચિકિત્સાનો માર્ગ અથવા એક જ ચિકિત્સાશાસ્ત્ર જણાતું હોવાથી અને પોતાના એક જ ગુરુ–આત્રેયનો ઉપદેશ સ્વીકારીને અગ્નિવેશે તથા ભેડ આદિએ પોતપોતાના તંત્રની રચના કર્યાનો ઉલ્લેખ મળતો હોવાથી તેમ જ વિષયોના ઘણા જ નજીકના સંબંધના કારણે તેનો નામનિર્દેશ કરવામાં તથા વિષયોનું નિરૂપણ કરવા-માં ખાસ કરી સમાનતા અનુભવાય છે. જેમ કે ચરકમાં નિદાનસ્થાન વિષે આઠ મુખ્ય રોગો લેવામાં આવ્યા છે, તે જ પ્રમાણે ભેડના ગ્રંથમાં નિદાન-સ્થાન વિષે આઠ જ મુખ્ય રોગો લેવામાં આવ્યા છે; વળી તે બન્ને સંહિતાઓના ચિકિત્સિત સ્થાનમાં પણ પ્રથમ ઉદ્દેશક્રમથી દર્શાવેલા તે જ આઠ રોગોને પ્રથમ ગ્રહણ કર્યા પછી જ પોત-પોતાની બુદ્ધિ પ્રમાણે ઘણા રોગોની પણ ચિકિત્સા આપી છે. વળી તે બેય સંહિતાઓના સૂત્રસ્થાનમાં એક સરખા નામવાળા અને એક સરખા જ વિષયો-વાળા અધ્યાયો પ્રથમ જ દર્શાવ્યા છે; એ જ પ્રમાણે આગળ જતાં પણ (બીજાં સ્થાનોમાં) ઘણા પ્રકારે પરસ્પરની છાયાનું અનુસરણ કરેલું છે, એમ તે તે વિભાગોને તપાસતાં જોવામાં આવે છે; કેવળ ભેડ આચાર્યની રચના ટૂંકી હોઈ સાધારણ જોવામાં આવે છે, જ્યારે આત્રેયની અથવા અગ્નિવેશની સંહિતામાં પ્રથમથી જ પ્રૌઢ લેખની શૈલી ચાલુ હોઈને તે દ્વારા વિષયોનું પણ ગંભીરપણું હોવાને લીધે પાછળથી ચરકે તથા દઢબલે સંસ્કરણ કરીને પણ વિકાસ કરેલ, અગાધ જ્ઞાનથી યુક્ત અને અનેક રહસ્યોથી પૂર્ણ અસાધારણ રચના જોવામાં આવે છે.

આ કાશ્યપસંહિતામાં કૌમારભૃત્ય–બાલ-ચિકિત્સાશાસ્ત્રનો ગ્રંથ હોવાથી બાળકોને લગતા વિષયોને અનુસરી–ધાવ માતા, ગર્ભિણી સ્ત્રી તથા સુવાવડી આદિને લગતા સંબંધને લીધે અનેક

પ્રકારના વિષયો, ગ્રહો, જુદા જુદા રોગો અને તેઓને લગતી ઔષધ-ચિકિત્સા આદિના અનેક જુદા જુદા ભેદો હોવા છતાં જે જે ભાગો મળે છે, તેમાં સ્નેહાધ્યાય આદિ સમાન નામોવાળા સાધારણ વિષયો અતિશય વિરુદ્ધ ન હોય એવી પ્રક્રિયા દ્વારા આમ જોવામાં આવે છે:

કાશ્યપસંહિતામાં			અને	આત્રેયચરકસંહિતામાં
૨૨ વિષયોની સંખ્યાવાળો		સ્નેહાધ્યાય	,,	૧૩ ની સંખ્યાવાળો સ્નેહાધ્યાય
૨૩ ની સંખ્યાવાળો		સ્વેદાધ્યાય	,,	૧૪ ,, ,, સ્વેદાધ્યાય
૨૪ ,,	,,	ઉપકલ્પનીય અધ્યાય	,,	૧૫ ,, ,, ઉપકલ્પનીય અધ્યાય
૨૫ ,,	,,	વેદનાધ્યાય	,,	૧૬ ની સંખ્યા૦ ચિકિત્સાપ્રાભૃતીય અધ્યાય
૨૬ ,,	,,	ચિકિત્સસંપદીય અધ્યાય	,,	૧૭ ની સંખ્યા૦ ક્રિયન્તઃશિરસીય અધ્યાય
૨૭ ,,	,,	રોગાધ્યાય	,,	૧૮ ની સંખ્યા૦ ત્રિશોથાધ્યાય
				૧૯ ની સંખ્યા૦ અષ્ટોદરીય રોગાધ્યાય
				૨૦ ની સંખ્યા૦ મહારોગાધ્યાય
				૨૧ ની સંખ્યા૦ અષ્ટૌનિન્દિતીય અધ્યાય

આત્રેયસંહિતામાં અને કાશ્યપસંહિતામાં ક્યાંક ક્યાંક શબ્દોની આનુપૂર્વીમાં અને ક્યાંક ક્યાંક શબ્દોની રચનામાં જોકે વિભેદ ભલે છે, તોપણ વિષયોના ઉપન્યાસમાં અને ક્યાંક લખાણની શૈલીમાં પણ પરસ્પર જાણે કે એકસરખી જ છાયા હોય એમ જોવામાં આવે છે.

કાશ્યપસંહિતાના વૃદ્ધજીવક વિરચિત ખિલ ભાગમાં અધ્યાય ૩ જાનો ૧૦૬ ઠ્ઠો શ્લોક આમ મળે છે:

यथा विषं यथा शस्त्रं यथाऽग्निरशनिर्यथा।
तथौषधमविज्ञातं विज्ञातममृतोपमम्॥

જેમ અજાણ્યું વિષ, અજાણ્યું શસ્ત્ર, અજાણ્યો અગ્નિ અને અજાણ્યો અશનિ-વજ્રપાત નુકસાન કરે છે, તે જ પ્રમાણે અજાણ્યું ઔષધ નુકસાન કરે છે; પરંતુ ખાસ કરી જાણેલું તથા અનુભવેલું તે જ ઔષધ અમૃતતુલ્ય ગુણકારી થાય છે, તે જ પ્રમાણે આત્રેય-ચરકસંહિતામાં સૂત્રસ્થાનના પ્રથમ અધ્યાયમાં ઉપર જણાવેલી રચના જેવો જ આ શ્લોક મળે છે–

यथा विषं यथा शस्त्रं यथाऽग्निरशनिर्यथा।
तथौषधमविज्ञातं विज्ञातममृतं यथा॥

આ શ્લોકનો ભાવ એક સરખો જ છે, કેવળ થોડા અંશે રચનાભેદ જ માત્ર છે; એમ સમાન આનુપૂર્વીવાળા શ્લોકો બેય સંહિતાઓમાં મળે છે, તો આવો તે શ્લોક પહેલાંનો એક જ હોઈને પાછળના બીજાએ કંઈક ફેરફાર કરીને લીધો હશે કે બીજા કોઈ પૂર્વના આચાર્યનો તે શ્લોક પાછળથી બેય જણાએ લીધો હોય એમ પણ સંભવે છે. વળી કાશ્યપની સંહિતામાં આ બીજો શ્લોક આ પ્રકારે મળે છે:

'औषधं चापि दुर्युक्तं तीक्ष्णं संपद्यते विषम्।
विषं च विधिना युक्तं भेषजायोपकल्पयेत्॥

એટલે કે કોઈ ઔષધનો દુરુપયોગ કર્યો હોય અથવા ખોટી રીતે વપરાયું હોય તો તે ઔષધ તીક્ષ્ણ વિષરૂપ થઈ પડે છે; જ્યારે કોઈ વિષ હોય તેનો પણ જો વિધિથી ઉપયોગ કર્યો હોય તો તે ઔષધરૂપ થઈ પડે છે;' આવા જ આશયના બે શ્લોકો આત્રેયસંહિતા–ચરકમાં સૂત્રસ્થાનના પહેલા અધ્યાયમાં આ પ્રમાણે મળે છે:

औषधं ह्यनभिज्ञातं नामरूपगुणैस्त्रिभिः।
विज्ञातं चापि दुर्युक्तमनर्थायोपपद्यते॥
योगादपि विषं तीक्ष्णमुत्तमं भेषजं भवेत्।
भेषजं चापि दुर्युक्तं तीक्ष्णं संपद्यते विषम्॥

કોઈ ઔષધ તેના નામ, રૂપ તથા ગુણો–એ ત્રણે દ્વારા જો અજાણ્યું હોય અથવા તે ત્રણે દ્વારા ભલે જાણીતું હોય, પણ તેનો જો દુરુપયોગ કર્યો હોય, તો તે અનર્થ ઉપજાવનાર થાય છે; જ્યારે ભલે તીક્ષ્ણ વિષ હોય, તેનો પણ યોગ્ય રીતે ઉપયોગ કરીને વાપર્યું હોય તો તે ઉત્તમ ઔષધરૂપ થાય છે; એ જ રીતે કોઈ ઉત્તમ ઔષધ હોય તેનો

પણ જો દુરુપયોગ કર્યો હોય તો તે ઔષધ પણ તીક્ષ્ણ વિષરૂપે થઈ પડે છે.'

એ જ પ્રમાણે કાશ્યપીય સંહિતાના ખિલ ભાગમાં જ્વરચિકિત્સાના બીજા અધ્યાયમાં ૪૨મો શ્લોક આ પ્રમાણે મળે છે: 'सर्पिः पित्तं शमयति शैत्यात् स्नेहाच्च मारुतम् । समानगुणमप्येतत् संस्काराज्जयते कफम् ॥–ઘીમાં શીતળતાનો ગુણ છે, તેથી પિત્તનું તે શમન કરે છે અને સ્નેહ ગુણને લીધે વાયુને પણ તે મટાડે છે; તે જ પ્રમાણે એ ઘીમાં જોકે કફના જેવા જ ગુણો રહ્યા છે, તોપણ બીજાં ઔષધો દ્વારા તે ઘીને સંસ્કારયુક્ત કર્યું હોય તો એ સંસ્કારના કારણે તે જ ઘી વધેલા કફને પણ ઓછો કરી મટાડે છે એમ કાશ્યપીય સંહિતામાં ઘીના જેવા ગુણો કહ્યા છે, તેવા જ ગુણો આત્રેયસંહિતા–ચરકના નિદાનસ્થાનના પહેલા અધ્યાયમાં આ શ્લોકની અંદર જુદી શબ્દરચનાથી આમ કહ્યા છે, જેમ કે–

'स्नेहाद्वातं शमयति शैत्यात् पित्तं नियच्छति । घृतं तुल्यगुणं दोषं संस्काराच्तु जयेत् कफम्'॥

સ્નેહના કારણે ઘી વાયુનું શમન કરે છે અને શીતલતાના ગુણથી તે જ ઘી પિત્તને પણ શમાવે છે; તેમ જ કફદોષના જેવા જ ગુણોવાળું હોવા છતાં તે ઘી, બીજા ઔષધથી સંસ્કારયુક્ત જો કર્યું હોય તો એ કફદોષને પણ મટાડે છે.' વળી કાશ્યપીય સંહિતામાં આવા શ્લોકો મળે છે–'मज्जावसे वसन्ते, प्रावृषि तैलं पिबेच्छरदि सर्पिः । सर्पिर्वा सर्वेषां सर्वस्मिन् शस्यते पातुम् ॥ अनुपानमुष्णमुदकमुक्तं घृतस्य तैलस्य यूषमिच्छन्ति । मज्जवसयोस्तु सर्वेषां कश्यपः पूर्वम् ॥–વસંતઋતુમાં મજ્જા અને વસારૂપ અનુપાન પીવું, પ્રાવૃષઋતુમાં તૈલરૂપ અનુપાન પીવું અને શરદઋતુમાં ઘીરૂપ અનુપાન પીવું; અથવા સર્વ ઋતુમાં સર્વનું અનુપાન ઘી પીવાય તે ઉત્તમ છે; ઘીનું અનુપાન ગરમ પાણી કહ્યું છે; અને તેલનું અનુપાન યૂષ હોય એમ વૈદ્યો ઇચ્છે છે; તે જ પ્રમાણે મજ્જા તથા વસાનું અનુપાન પણ યૂષ હોય એમ વૈદ્યો માને છે; પરંતુ કશ્યપ તો સર્વનું અનુપાન પ્રથમ જણાવેલ–ગરમ પાણી જ જણાવે છે. 'આવા જ અભિપ્રાયને ચરક–સૂત્રસ્થાનના ૧૩મા અધ્યાયમાં આમ જણાવે છે:

'सर्पिः शरदि पातव्यं वसा मज्जा च माधवे ।
तैलं प्रावृषि नात्युष्णशीते स्नेहं पिबेन्नरः ॥
जलमुष्णं घृते पेयं यूषस्तैले तु शस्यते ।
वसामज्जोस्तु मण्डः स्यात् सर्वेषूष्णमथाम्बु वा ॥

શરદઋતુમાં ઘી પીવું; વસંતઋતુમાં વસા તથા મજ્જા પીવી. પ્રાવૃષઋતુમાં તેલ પીવું, પરંતુ અતિઉષ્ણ ન હોય કે શીત ન હોય એવી ઋતુમાં માણસે હરકોઈ સ્નેહ પીવો; પરંતુ ઘીની પાછળ ઉષ્ણજલરૂપ અનુપાન પીવું; તેલની પાછળ તો અનુપાન તરીકે યૂષ પીવાય તે ઉત્તમ ગણાય છે; વસા તથા મજ્જાની પાછળ તો અનુપાન તરીકે મંડ જ હોવો જોઈએ; અથવા હરકોઈ સ્નેહનું અનુપાન ઉષ્ણ પાણી જ ઉત્તમ ગણાય છે.' એમ તે એક જ અર્થ બંને સંહિતાઓમાં જુદી જુદી રચનાઓ દ્વારા જણાવેલ દેખાય છે.

(૩) વળી કાશ્યપીય રોગાધ્યાયમાં રોગના વિષયને ઉદ્દેશી એકથી માંડી આઠ સુધીના જુદા જુદા પક્ષો બતાવ્યા છે અને છેલ્લે અસંખ્યાતનો વાદ પણ દર્શાવ્યો છે; તે જ પ્રમાણે આત્રેયી-સંહિતા–ચરકમાં પણ સૂત્રસ્થાન વિષે ૨૬મા અધ્યાયમાં રસના વિષયમાં એકથી માંડી આઠ સુધીના જુદા જુદા પક્ષો અને આખરે અસંખ્યેયપણાનો વાદ પણ કહ્યો છે; એમ સમાન પ્રક્રિયા દેખાય છે.

(૪) વળી રોગના ઉદ્દેશમાં પણ કાશ્યપીય-તંત્રમાં ૮૦ વાતિક રોગો, ૪૦ પૈત્તિક રોગો અને ૨૦ શ્લૈષ્મિક–કફસંબંધી રોગો કહ્યા છે. વળી ત્યાં જે જે રોગો બતાવ્યા છે, તેઓને જ તેટલા જ પ્રમાણમાં નામથી પણ લગભગ સરખા જ ચરકના સૂત્રસ્થાનમાં ૨૦મા અધ્યાયમાં ઉદ્દેશક્રમથી કહ્યા છે, એમ તે વિષયમાં પણ ઘણા ભાગે સમાનતાનું જ અનુસંધાન કરી શકાય છે.

(૫) તેમ જ કાશ્યપીય સંહિતામાં લક્ષણાધ્યાયમાં સાત્ત્વિક, રાજસ તથા તામસ જીવોના જેમ પેટાવિભાગો બતાવ્યા છે, તે જ પ્રમાણે આત્રેયીસંહિતામાં પણ શારીરના ૭મા અધ્યાયમાં કેવળ સાત્ત્વિક પ્રાણીઓમાં જ એક ભેદ ઓછો દર્શાવીને બીજા વિભાગો તો સમાન જ કહ્યા છે; એ જ પ્રમાણે બંને સંહિતાઓમાં લેખશૈલી તપાસવામાં આવે તો બન્નેમાં ગંભીર વિચારોથી

અનુસ્યૂત અને નવા નવા તર્કવિતર્કોથી ગૂંથાયેલ અતિશય પ્રૌઢ લેખ અનુભવાય છે.

સુશ્રુતસંહિતામાં પણ ખિલભાગની પહેલાંના ભાગમાં ૧૨૦ અધ્યાયો છે; એમ ત્રણે અને ચારે સંહિતાઓમાં એકંદર અધ્યાયોની સંખ્યા સમાન જ છે; માત્ર વિમાનસ્થાન, ઇંદ્રિયસ્થાન તથા સિદ્ધિસ્થાન સિવાયનાં પાંચ જ સ્થાનો છે અને તેઓમાં અધ્યાયોની સંખ્યા પણ અસમાન મળે છે; છતાં 'ગર્ભાવક્રાન્તિ' અધ્યાય વગેરેમાં બાલ-ધાત્રી આદિના સંબંધવાળા વિષયો પણ અનુસ્યૂત કરી દાખલ કર્યા છે અને કર્ણવેધ, રત્નપરીક્ષા, સામુદ્રિક લક્ષણ અને સત્ત્વના જુદા જુદા ભેદો વગેરે કેટલાક વિષયો લગભગ વૃદ્ધજીવકના તંત્રમાં જેમ કહ્યા છે, તે જ પ્રમાણે બતાવી તેની તુલના કરી છે; જો કે સુશ્રુતનું એ તંત્ર શલ્યપ્રધાન છે એટલે શસ્ત્રક્રિયાને મુખ્ય તરીકે જણાવે છે, છતાં સત્ત્વપ્રધાન વિષયો સાથે સંબંધવાળા વિષયો પૂર્વભાગમાં અને શાલાક્ય આદિ પ્રસ્થાનના પેટા વિષયો ખિલભાગમાં કહ્યા છે; એ સુશ્રુતના ખિલભાગમાં માત્ર ૬૬ અધ્યાયો જ છે; વૃદ્ધજીવકના તંત્રમાં તો બાળકને ઉપયોગી વિષયો મુખ્ય છે અને તેઓને પૂર્વભાગમાં ટૂંકી પ્રક્રિયા દ્વારા દર્શાવીને ખિલભાગમાં પણ લગભગ તેવા જ ધાત્રી આદિની સાથે સંબંધવાળા કેટલાક ખાસ વિષયો પૂર્વભાગમાં કહ્યા છે તોપણ વિશેષરૂપે તેઓનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે; તેથી આ વૃદ્ધજીવકીય તંત્રમાં ૮૦ અધ્યાયો છે; જો કે અમુક રીતે તેમાં સમાનતા છે, તોપણ બીજી રીતે બન્ને તંત્રોનો માર્ગ જુદો જુદો છે અને તે બન્ને તંત્રોમાં વિષયોના વિભાગોનું નિરૂપણ કરવાની પ્રક્રિયામાં તથા રોગોના નિર્દેશ આદિમાં પણ વિષમતા જોવામાં આવે છે.

એમ પૂર્વોક્ત આર્ષગ્રંથોની રચના જ્યારે વિચારીએ છીએ, ત્યારે શારીર, ઇંદ્રિય, વિમાન, સિદ્ધિ આદિ સ્થાનોના વિશેષ વિષયોને જુદાં જુદાં સ્થાનોમાં પાછળથી પ્રવેશાવી દઈ, ક્યાંક સુશ્રુતમાં તે તે વિશેષસ્થાનોને અલગ લીધાં નથી, તોપણ બીજાં તંત્રોમાં જેમ બધાયે વિષયો લેવાયા છે, તેમ એ સુશ્રુતમાં પણ (બીજાનાં) આઠે સ્થાનોના વિષયો તો ગ્રહણ કર્યા જ છે, અને તે દ્વારા પેટા અધ્યાયોમાં ક્યાંક ક્યાંક વિષમતા છે, તોપણ ઘણામાં સમાનતા છે અને સળંગ અધ્યાયોની સંખ્યા પણ બધાંયે તંત્રોમાં એકસરખી જ છે; તેમ જ પ્રતિપાદન કરવા યોગ્ય વિષયોમાં પણ પોતપોતાનાં પ્રસ્થાનો સાથે સંબંધવાળા જુદા જુદા વિષયોને એ જ પ્રમાણે રાખ્યા છે, છતાં સાધારણ વિષયોને સર્વ સ્થળે પ્રવેશાવ્યા જ છે; વળી તે તે સ્થાનના અધ્યાયોમાં તે તે વિષયોના નિરૂપણની પણ સમાનતા છે; જોકે કેટલાક અધ્યાયોને ઓછા-વધતા રાખ્યા છે, તોપણ તે તે અધ્યાયોની સંજ્ઞાઓમાં સમાનતાનું જે અનુસંધાન કર્યું છે, તે ઉપરથી આમ સાબિત થાય છે કે તે બધીયે સંહિતાઓમાં પૂર્વના એક સંપ્રદાયનું અનુસરણ કરવામાં આવ્યું છે; અથવા સમીપના સમયમાં પ્રચલિત એક જ પ્રકારની રચનાશૈલી જણાવી છે.

જોકે તે તે કાળે કશ્યપે, આત્રેયે તથા ધન્વંતરિએ સ્વીકારેલા સંપ્રદાયોની શાસ્ત્રીય પદ્ધતિ ભલે જુદી જુદી છે તોપણ તેઓનું પરસ્પરનું સાર્વત્રિક જ્ઞાન એક જ છે અને તેઓને તેના તેના એ જ્ઞાન તરફ સારી રીતે આદર પણ જણાય છે.

કાશ્યપીય તંત્રમાં આત્રેય-પુનર્વસુના નામનો નિર્દેશ કર્યો છે અને તેમના મતનો ઉતારો પણ કર્યો છે; જેમ કે દ્વિવ્રણીય અધ્યાયમાં શલ્યપ્રક્રિયાને મનમાં રાખી આમ લખ્યું છે-

'परतन्त्रस्य समयं प्रब्रुवन्न च विस्तरम् ।
न शोभते सतां मध्ये लुब्धः काक इवार्चितः ॥
अवश्यं भिषजात्वेतज् ज्ञातव्यमनसूयया ।
तस्मात् समयमात्रं भोः शृणु बालहितैप्सया ॥

-બીજાના શાસ્ત્રસિદ્ધાંતને ભલે કહેવામાં આવે, પણ તેને વિસ્તારથી કહેવો ન જોઈએ; કેમ કે બીજાના શાસ્ત્રીય સિદ્ધાંતને જે વૈદ્ય વિસ્તારથી કહેવા માંડે તે પૂજા કરેલા લાલચુ કાગડાની પેઠે સભાની વચ્ચે શોભતો નથી; છતાં વૈદ્યે અદેખાઈ કર્યા વિના એ પારકા શાસ્ત્રનો સિદ્ધાંત પણ અવશ્ય જાણવો જોઈએ; એ કારણે હે શિષ્ય! બાળકોનું હિત કરવાની ઇચ્છાથી તું એ (શલ્યપ્રક્રિયાના) પારકા શાસ્ત્રીય સિદ્ધાંત માત્રનું જ (ટૂંકમાં) તું શ્રવણ કર' એમ કહીને શલ્યપ્રધાન વિદ્યા અથવા શસ્ત્રચિકિત્સાની વિદ્યાને અવશ્ય

સ્વીકારવા યોગ્ય તો દર્શાવી જ છે અને તે પછી ઘણા નાના બાળક વિષે તે શલ્યચિકિત્સકોની ચિકિત્સાને સંશમનરૂપે, (પાટો વગેરેના) બંધન-રૂપે, ઉત્કિલન કરવારૂપે, પ્રક્ષાલન-ધોઈને સાફ કરવારૂપે, કલ્કના પ્રણિધાન-મૂકવારૂપે, શોધનરૂપે, રોપણ-રઝવવારૂપે અને સવર્ણીકરણ એટલે કે વ્રણની ચામડીને બાજુની ચામડીના જેવા રંગવાળી કરવી-વગેરે ક્રિયાઓથી (વ્રણનું) શમન કરવું, પણ અતિશય નાનાં બાળકો વિષે સ્રાવણ, પાટન-શસ્ત્રથી ચીરવું, દહન-ડામ દેવા, ચીરેલું સીવવું, એષણ તથા સાહસ આદિ ક્રિયાઓ ન કરવી જોઈએ એવો ઉપક્રમ અથવા આરંભ કર્યા પછી રોગાધ્યાયમાં આમ બંધન, વ્રણરોપણ આદિ પ્રયોગો કહ્યા છે:

वैसर्पणं चात्र वदन्ति सिद्धं रक्तावसेकं च विशोषणं च। नत्वेव बालस्य विशोषणं हितं नैवातिसंशोधनरक्तमोक्षणे॥ स्निग्धैः सुशीतैर्मधुरैरदाहिभिस्तत्रोपचारोऽशनलेपसेचनैः॥

-હરકોઈ રક્તજ દોષોમાં વિસર્પ રોગના જેવી જ સિદ્ધ ચિકિત્સા કરવી એમ વૈદ્યો કહે છે. ઉપરાંત રક્તાવસેક એટલે કે બગડેલા લોહીને સ્રાવી કાઢવું અને શરીરનું વિશોષણ-વધુ પડતું સૂકવી નાખવું, એમ પણ વૈદ્યો કહે છે; પરંતુ બાળકના શરીરનું વિશોષણ કરવું તે હિતકારી નથી; તેમ જ બાળકને વધુ પ્રમાણમાં સંશોધન ઔષધ આપવું નહિ, તેમ જ તેના રુધિરનું સ્રાવણ પણ કરવું ન જોઈએ; પરંતુ તે બાળકને તો સ્નિગ્ધ, અતિશય શીતળ, મધુર અને દાહ ન ઉપજાવે એવા ખોરાક આપીને, લેપ લગાડીને તથા સિંચનો કરીને ઉપચારો કરવા જોઈએ. છતાં યોગ્ય શલ્યક્રિયા પણ અશ્મરી પ્રકરણમાં આમ દર્શાવી છે:

शल्यवत्यश्मरी बस्तौ वर्धमानाऽवतिष्ठते।
क्षीयते क्षीयमाणस्य पुष्पमाणस्य पुष्यति॥
तस्मान्न नित्यं रुजति तस्योद्धरणमिष्यते।
अश्मर्युद्धरणं तीक्ष्णमौषधं स्रोत ईरणम्।
साहसादतिबालेषु सर्वं नेच्छति कश्यपः॥

-જે પથરી શલ્યના જેવી હોઈને બસ્તિરૂપ-મૂત્રાશયમાં વધ્યા કરતી હોય છે, તેનો રોગી જો ક્ષીણ થયા કરતો હોય તો એ પથરી પણ ક્ષીણ થાય છે-ઓછી ઓછી થતી જાય છે અને તેનો રોગી જો પુષ્ટ થયા કરતો હોય તો તેની એ પથરી પણ વધ્યા કરે છે. એ કારણે તે પથરી એ રોગીને કાયમ પીડા ઉપજાવતી નથી, તેથી તેને શસ્ત્ર દ્વારા બહાર કાઢી નાખી હોય, એ જ ઇષ્ટ ગણાય છે. એવી પથરીને બહાર કાઢવા તીક્ષ્ણ ઔષધ પણ આપી શકાય છે; તેમ જ તે દ્વારા સ્રોતોને પ્રેરણા કરી શકાય છે; છતાં બહુ નાનાં બાળકો વિષે તો એવું (શસ્ત્રકર્મ કે તીક્ષ્ણ ઔષધપ્રયોગ-રૂપ) સાહસ કર્મથી કોઈ પણ કર્મ ન કરવું જોઈએ, એમ કશ્યપ ઇચ્છે છે.

એમ પથરીને શસ્ત્રક્રિયા દ્વારા બહાર કાઢી નાખવાનું પ્રથમ કહ્યા પછી પણ બહુ નાનાં બાળકોના વિષયમાં કશ્યપે તેવું સાહસકર્મ કરવાનો નિષેધ કર્યો છે; એ ઉપરથી શલ્યપ્રસ્થાન અથવા શસ્ત્રકર્મને લગતી ક્રિયાનો આદર સાથે પરિચય, તેનો પ્રયોગ તથા અપ્રયોગ કરવાનું જ્ઞાન કશ્યપને પૂરેપૂરું હતું એમ જોવામાં આવે છે.

આત્રેયસંહિતામાં પણ કશ્યપના મતનો ઉલ્લેખ અને 'ધાન્વન્તર' ઘૃતનો પ્રયોગ પણ મળે છે; અને (ચરક-ચિકિત્સાસ્થાનના અધ્યાય પાંચમામાં) આમ જણાવેલ છે કે, 'दाहे धान्वन्तरीयाणामन्यापि मिषजां मतम्'-આ કફજ ગુલ્મરોગમાં (શસ્ત્ર-કર્મની પેઠે) ડામ દેવારૂપી અગ્નિકર્મ પણ કરવું, એવો ધન્વંતરિના શિષ્યો (સુશ્રુત આદિનો) મત છે.' ઇત્યાદિ વાક્યો દ્વારા લગભગ ધન્વંતરિના શિષ્યો-સુશ્રુત આદિની ચિકિત્સાપદ્ધતિ દર્શાવી છે, તે ઉપરથી એ આત્રેયને પણ તેનું જ્ઞાન વિશેષે કરી ખાસ હોવું જોઈએ એમ જણાય છે.

ભેડસંહિતામાં પણ ચરકે દર્શાવેલ આત્રેયના મતનો ઉલ્લેખ તથા કશ્યપના મતનો ઉલ્લેખ કર્યો છે; જેમ કે 'पिबेत् कल्याणकं सर्पिर्धान्वन्तरमथापि वा'-છિદ્રોદરમાં કલ્યાણક ઘૃત અથવા ધાન્વંતર ઘૃત પણ પીવું જોઈએ.' વળી આમ પણ કહ્યું છે કે, 'धान्वन्तरं पिबेत् सर्पिः स्नेहनार्थेषु कुष्ठितः'-કોઢિયા રોગીની જેમ આ છિદ્રોદરમાં સ્નેહન માટે ધાન્વંતર ઘૃત રોગીએ પીવું;' તેમ જ આમ પણ

કહ્યું છે કે, 'धान्वन्तरं पिबेत् सर्पिः प्राजापत्यमथापि वा'–છિદ્રોદરમાં ધાન્વંતરિ ઘૃત અથવા પ્રાજાપત્ય ઘૃત પણ પીવું જોઈએ. એમ ધાન્વંતર એટલે ધન્વંતરિએ કહેલાં ઔષધોનો ઉપયોગ છિદ્રોદરમાં કરવા જણાવેલ છે; તેમ જ અર્શસ્ રોગ ઉપર શસ્ત્રક્રિયા કરવા પણ દર્શાવેલ છે. એ ઉપરથી એ ભેડ આચાર્યે પણ આત્રેયના તથા કશ્યપના ઉપદેશનો તથા ધન્વંતરિના સંપ્રદાયનો સારી રીતે આદર કરેલો જણાય છે.

સુશ્રુતસંહિતામાં પણ અશ્મરી–પથરી પ્રકરણની ચિકિત્સાના ૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'घृतैः क्षारैः कषायैश्च क्षीरैः सोत्तरबस्तिभिः । यदि नोपशमं गच्छेच्छेदस्तत्रोत्तरो विधिः ॥ कुशलस्यापि वैद्यस्य यतः सिद्धिरिहाध्रुवा । उपक्रमो जघन्योऽयमतः स परिकीर्तितः ॥–અશ્મરી રોગ ઔષધપક્વ ઘૃતો દ્વારા, ક્ષારો દ્વારા, ઔષધપક્વ દૂધના પ્રયોગોથી અને ઉત્તરબસ્તિઓના પ્રયોગોથી જો ઉપશમ ન પામે એટલે કે મટે નહિ, તો જ તેનો છેદ કરવો એટલે કે શસ્ત્રકર્મથી તે અશ્મરીને કાપી કાઢવી જોઈએ; આમ અશ્મરીછેદનનો ઉપચાર છેલ્લામાં છેલ્લો જ કરવા કહેલ છે; કેમ કે અશ્મરીના છેદનકર્મમાં વૈદ્ય ભલે કુશળ હોય તોયે તેમાં તેને સફળતા મળવી એ અત્યોકૃસ છે; માટે એમાં શસ્ત્રક્રિયાની ચિકિત્સા કરવી, તે છેલ્લામાં છેલ્લી અને અધમ કહેવામાં આવી છે એવો ઉલ્લેખ કરીને, શલ્યતંત્રના આચાર્ય હોવા છતાં સુશ્રુતે કાયચિકિત્સા પ્રસ્થાન અથવા ઔષધચિકિત્સાને જ દર્શાવતા શાસ્ત્ર તરફ પોતાનો આદર બતાવ્યો છે. ધન્વંતરિ જો કે આઠે આયુર્વેદીય શાસ્ત્રોના આચાર્ય તરીકે જાણીતા છે, તોપણ તેમણે બીજાં શાસ્ત્રોને લગતા ગ્રંથોમાં કૌમારભૃત્ય અથવા બાલચિકિત્સા આદિને લગતા વિષયો પણ વિશેષે કરી બતાવેલા હોવા જોઈએ; આ સુશ્રુતનો ગ્રંથ જોકે વધુ પ્રમાણમાં શસ્ત્રકર્મને જ અનુસરે છે તોયે તેમાં પૂર્વભાગમાં લખેલા શારીરસ્થાનમાં ગર્ભિણી વ્યાકરણ' આદિ, નામના અધ્યાયમાં કૌમારભૃત્ય એટલે કે બાલચિકિત્સા સંબંધી વિષયો પણ પ્રસંગાનુસાર અમુક થોડા અંશે પણ અવશ્ય બતાવ્યા છે; તે સ્થળે બીજાં પ્રસ્થાનનો ઉલ્લેખ જ કર્યો નથી અને એવા બાલચિકિત્સાને લગતા વિષયનું જે વર્ણન કરેલ છે, તે કાશ્યપને લગતા સિદ્ધાંત તરફ લક્ષ્ય રાખીને કે પોતાની જ પ્રજ્ઞાથી કરેલ છે, તે કંઈ નક્કી કરી શકાતું નથી; કિંતુ એટલા બાલચિકિત્સાને લગતા વિષયનું તેમણે વર્ણન કરેલ છે, તે ઉપરથી એ ધન્વંતરિ આચાર્ય અથવા સુશ્રુત પણ કૌમારભૃત્ય અથવા બાલચિકિત્સા વિષેના વિષયમાં પણ અમુક પ્રમાણમાં ખાસ વિચારો ધરાવતા હતા, એમ પણ કહી શકાય છે; તેમજ એક એક પ્રસ્થાન અથવા કાયચિકિત્સા આદિને લગતાં એક એક શાસ્ત્રના આચાર્યો પણ જુદાં બીજાં પ્રસ્થાનોના આચાર્યોના વિષયોમાં પણ પ્રવેશ કરી તે તે બીજાં પ્રસ્થાનોના આચાર્યોના તે તે બીજા વિષયો તરફ પણ આદરભાવ દર્શાવે છે. આજના સમયમાં પણ શારીરશાસ્ત્ર અને તેના તેના અમુક વિભાગરૂપ જુદી જુદી ચિકિત્સાઓ કરવામાં નિષ્ણાત ગણાતા પાશ્ચિમાત્ય ડાક્તરો પણ જુદા જુદા અમુક અમુક ખાસ અવયવોની ચિકિત્સાઓ કરવા વિષે પોતે તે તે વિષયને લગતું જ વિશેષ વિજ્ઞાન ધરાવતા હોય છે. તેઓ પણ પોતાના વિષયથી જુદા બીજા અમુક વિષયોના આચાર્યો તરફ પણ પોતાનો આદરભાવ દર્શાવે છે; જેમ કે કેવળ કાયચિકિત્સા કરનારા હોય તેઓ પણ અમુક પ્રસંગે શસ્ત્રચિકિત્સાઓ કરનારાઓની જરૂર ધરાવે છે અને કેવળ શસ્ત્રચિકિત્સા કરનારા હોય તેઓ પણ અમુક અમુક યોગ્ય ઔષધચિકિત્સા કરવાના પ્રસંગે કાયચિકિત્સા કરનારાઓની જરૂર ધરાવે છે અને તે યોગ્ય પણ છે; પરંતુ આત્રેય, ભેડ આદિ આચાર્યોએ પોતપોતાની સંહિતાઓમાં જેમ કાશ્યપ તથા આત્રેય આદિ બીજા આચાર્યોનાં નામો લઈ લઈ તેઓને તે તે વિષયોના આચાર્યો તરીકે ગ્રહણ કર્યા છે, તેમ સુશ્રુતે પોતાની સંહિતામાં કોઈ પણ કાયચિકિત્સકોનાં નામો દર્શાવી તેમનો ઉલ્લેખ કર્યો નથી, કેવળ તેઓનાં શાસ્ત્રોને લગતા વિષયોનું જ સૂચન કરેલું છે; તે જ પ્રમાણે કશ્યપે પોતાની સંહિતામાં આત્રેયના નામનો નિર્દેશ કર્યો છે, તોપણ 'શિષ્યોપક્રમણીય' નામના અધ્યાયમાં 'धन्वन्तरये स्वाहा' એમ દેવતારૂપે ધન્વં-

તરિના નામનો નિર્દેશ કર્યો છે, પણ તે સિવાય ધન્વંતરિનો અમુક આચાર્ય તરીકે પોતાના હાલમાં મળતા ગ્રંથમાં કોઈ પણ વિભાગમાં નામનો નિર્દેશ કરેલો દેખાતો નથી; કેવળ એ ધન્વંતરિના–શલ્યસંપ્રદાયનો જ ક્યાંક ઉલ્લેખ કર્યો છે; એ શલ્યસંપ્રદાયને તેમણે ધન્વંતરિનો દર્શાવ્યો છે કે દિવોદાસનો અથવા કોઈ આચાર્યોનો તે શલ્યસંપ્રદાય દર્શાવ્યો છે, એમ ચોક્કસ જાણી શકાતું નથી; વેદમાં આ શલ્યવિદ્યાનો વિષય મળે છે, તે ઉપરથી વેદના સમયથી માંડીને જ ધારાવાહિક રીતિ અનુસાર–પરંપરાથી આ ચાલુ રહેલી છે અને તે જ શલ્યવિદ્યાને આત્રેય, કશ્યપ આદિએ પણ પ્રથમથી જ તેનો સારી રીતે આદરભાવ કર્યો હતો; વળી આત્રેયે પણ પોતાની સંહિતામાં ધન્વંતરિનો જ ઉલ્લેખ કર્યો છે, પરંતુ દિવોદાસનો કે સુશ્રુતનો ઉલ્લેખ કર્યો જ નથી; કેવળ 'धान्वंतरिय' શબ્દનો તેમણે જે ઉલ્લેખ કર્યો છે, તે ઉપરથી ધન્વંતરિના શિષ્યો–સુશ્રુત વગેરેને કે તે સિવાયના બીજા પૂર્વકાળના ધન્વંતરિના શલ્યસંપ્રદાયના આચાર્યોને જણાવવાનો તેમનો અભિપ્રાય છે, એ સંબંધે કંઈ નક્કી કરી શકાતું નથી; કેવળ તેમના એ લખાણ ઉપરથી શસ્ત્રસંપ્રદાયના પ્રાચીન આચાર્યોના માર્ગના પોતે જાણકાર હતા, એટલું જ સમજી શકાય તેમ છે.

આ કાશ્યપગ્રંથનો વિષય

આ કાશ્યપગ્રંથ અથવા વૃદ્ધજીવકના તંત્રનો મુખ્ય વિષય કૌમારભૃત્ય અથવા બાલચિકિત્સા છે; તેનું પ્રયોજન પણ કૌમારભૃત્ય જ છે એટલે કે બાળકોનું ભરણપોષણ કઈ રીતે કરવું? ધાવમાતાના ધાવણના દોષનું સંશોધન કયા માર્ગે કરવું? તેમ જ દુષ્ટ ધાવણ ધાવવાથી બાળકોને થયેલા રોગોનું સંશમન કેવી રીતે કરવું જોઈએ? એય સુશ્રુતે પણ સૂત્રસ્થાનના પહેલા જ અધ્યાયમાં જણાવ્યું છે; અને તેમ જણાવીને સુશ્રુતે પોતાનો ગ્રંથ શલ્યપ્રધાન હોવા છતાં સૂત્રસ્થાનના ઉદ્દેશગ્રંથના અનુસારે ઉત્તરતંત્રના ૨૭ થી ૩૮ સુધીના બાર અધ્યાયોમાં કૌમારભૃત્ય–બાલચિકિત્સાનું જ વર્ણન કર્યું છે; પરંતુ ત્યાં વિશેષે કરી ગ્રહો, સ્કંદ નામનો બાલગ્રહ તથા પૂતના આદિ બાલગ્રહોને દૂર કરવાના ઉપાયો અને તેમાં ઉપયોગી કેટલાંક ઔષધો જ કેવળ દર્શાવ્યાં છે, એ કારણે એ વિષયમાં જાણવા યોગ્ય ઘણા વિષયો બાકી રહેલા હોવાથી એ સુશ્રુતે દર્શાવેલ કૌમારભૃત્ય અમુક અંશમાં જ દર્શાવેલું જાણી શકાય છે. પોતાનો ગ્રંથ મુખ્યત્વે કરી કાયચિકિત્સાને જ લગતો હોવાથી ચરકાચાર્યે પણ આયુર્વેદનાં આઠ અંગોમાં કૌમારભૃત્યને માત્ર નામથી જ દર્શાવીને તે વિષયમાં કેવળ ઉદાસીનતા જ દાખવી છે.

પરંતુ આ કાશ્યપસંહિતામાં તો બાળકોની ઉત્પત્તિ વિષે, રોગો વિષે, રોગોનાં નિદાનો વિષે, રોગોના પ્રતિકારો અથવા ઉપાયો વિષે, ગ્રહ આદિનો પ્રતિષેધ કરવા વિષે અને બાળકોનો સંબંધ ધરાવતી સગર્ભા સંબંધે, અથવા જેને કસુવાવડ થઈ હોય તે સ્ત્રી સંબંધે અને બાળકને ધાવણ ધવડાવતી ધાત્રી આદિના દોષોને દૂર કરવા માટેના જાણવા યોગ્ય વિષયોને તેમ જ તે તે વિષયોના આધાર તરીકે શારીરસ્થાનના, ઇંદ્રિયસ્થાનના તથા વિમાનસ્થાન આદિના પણ તે તે વિષયોને મુખ્યત્વે ગ્રહણ કરી પ્રાસંગિક બીજા વિષયોને પણ વચ્ચે વચ્ચે સંપૂર્ણ ભરી ભરીને નિરૂપણ કરેલું જોવામાં આવે છે, તે ઉપરથી આદિથી માંડી અંત સુધીમાં કેવળ કૌમારભૃત્યને લગતો જ વિષય આખાયે ગ્રંથમાં પરોવાયેલ છે, એમ આ ગ્રંથનો જે જે વિભાગ ઉપલબ્ધ હોઈને મળે છે, તેમાં જેમ જણાય છે, તે જ પ્રમાણે આ ગ્રંથનો જે જે વિભાગ ત્રુટક હોઈને હાલમાં ક્યાંય મળતો નથી તેમાં તેમાં પણ એ કૌમારભૃત્યનો જ વિષય સર્વત્ર આપેલો હોવો જોઈએ, એમ સંભવે છે. એ કારણે આ ગ્રંથ સર્વાંગપૂર્ણ કૌમારભૃત્યના જ વિષયનું સંપૂર્ણ સ્થાન છે, એમ કહેવું તે બરાબર ઘટે છે.

વળી આ ગ્રંથમાં ત્યાં ત્યાં દર્શાવેલ બાળકો સંબંધી પ્રશ્નો તથા પ્રત્યુત્તરો જોતાં 'कौमारभृत्यमष्टानां तन्त्राणामाद्यमुच्यते–આઠે તંત્રોમાં કૌમારભૃત્ય એ પ્રથમ કહેવાય છે.' અને 'कौमारभृत्यमतिवर्धनमेतदुक्तम्'–કૌમારભૃત્ય–બાલચિકિત્સા એ

જ ઘણો ઉત્તમ વિષય કહેવાય છે, ઇત્યાદિ ગ્રંથની અંદરના લેખો જોતાં, તેમ જ ક્યાંક ક્યાંક 'कौमारभृत्ये इति' એવાં સંહિતાકલ્પ અધ્યાયમાં ટિપ્પણીરૂપ લખાણો દેખાય છે, તે ઉપરથી એ જ મુખ્યત્વે સ્પષ્ટ કરી શકાય છે કે આ કાશ્યપીય ગ્રંથમાં કૌમારભૃત્ય વિષય જ મુખ્ય છે.

પ્રાચીન 'નાવનીતક' નામના ગ્રંથમાં કૌમારભૃત્ય વિષયનો જ ૧૪ મો અધ્યાય દર્શાવ્યો છે; તેમાં કાશ્યપનો તથા જીવકનો પણ નામનિર્દેશ કરેલો છે અને તેની સાથે સાથે અનેક પ્રકારના ઔષધપ્રયોગોનો પણ ઉલ્લેખ કરેલો જોવામાં આવે છે, તે ઉપરથી અને (વાગ્ભટના) અષ્ટાંગહૃદયના ઉત્તરતંત્રમાં કૌમારભૃત્ય વિષયના ત્રણ અધ્યાયો લખવામાં આવ્યા છે, તેમાં કશ્યપે કહેલ કંતરોગનું ઔષધ લીધું છે અને ગ્રહો–વળગાડ વગેરેને દૂર કરનાર દશાંગધૂપનું પણ ગ્રહણ કર્યું છે અને તે પણ કશ્યપે આ ગ્રંથમાં શરૂઆતમાં જે કહેલ છે, તેની જ છાયાનું અનુસરણ જણાય છે; તેમજ ધાવણના દોષ તથા ધાવણની પરીક્ષા આદિ પણ તે ત્રણ અધ્યાયમાં કહેલાં જોવામાં આવે છે; તે ઉપરથી એ નાવનીતકારે તથા અષ્ટાંગહૃદયકારે પણ કૌમારભૃત્યના વિષયમાં આ કાશ્યપગ્રંથનો જ આશ્રય લીધો હોય, એમ દેખાય છે. વળી સુશ્રુતે કહેલા કૌમારભૃત્ય વિષયમાં 'ये च विस्तरतो दृष्टाः कुमारा बाध्यहेतुभिः–બાળકોને પીડાનાં કારણોથી થતા જે રોગો વિસ્તારથી જોવામાં આવ્યા છે' એમ સામાન્ય નિર્દેશ તેમણે કરેલો છે. તોપણ એ તેમનાં વચનની વ્યાખ્યા કરતાં ડલ્હણે 'पार्वतक-जीवकबन्धकप्रभृतिभिः–પાર્વતક, જીવક તથા બંધક વગેરે આચાર્યોએ તે તે બાલચિકિત્સારૂપ ઉપાયો તેમના રોગો સંબંધે વિસ્તારથી કહ્યા છે' એ વચનથી કૌમારભૃત્ય–બાલચિકિત્સાના આચાર્યોનો ઉલ્લેખ કર્યો છે; તેમાંના ત્રણમાં માત્ર બેનાં જ નામનો ઉલ્લેખ નથી; અને આ જીવકીયતંત્રનો ગ્રંથ મળવાથી જીવક તો ફરી જીવી જ રહ્યા છે; તેમ જ 'कौमारभृत्यास्त्वपरे जङ्गमस्थावराश्रयात् । द्वि-योनिं ब्रुवते धूपं काश्यपस्य मते स्थिताः ॥–બીજા પણ કૌમારભૃત્યના જે આચાર્યો થયા છે, તેઓ પણ કશ્યપના મતમાં રહીને જંગમ તથા સ્થાવરના આશ્રયથી બે પ્રકારની ઉત્પત્તિવાળો ધૂપ કહે છે' એમ કલ્પસ્થાનના ધૂપકલ્પમાં ઉલ્લેખ મળે છે, તે ઉપરથી કૌમારભૃત્યમાં બીજા પણ પ્રાચીન આચાર્યો થઈ ગયા છે; અને તે બીજા આચાર્યો પણ કશ્યપના સંપ્રદાયનો આશ્રય કરનારા હતા; તેથી સાબિત થાય છે કે કૌમારભૃત્યમાં કશ્યપ મુખ્ય આચાર્ય તરીકે થયા છે.

કૌમારભૃત્યમાં શરીરની પ્રકૃતિમાં કંઈ ફેરફાર થવાથી તેમજ સ્કંદ, રેવતી આદિ ગ્રહોના વળગાડના કારણે અને માતાના ધાવણ આદિના દોષથી જે જે બાળકોને લગતી પીડાઓ થાય છે, તે તે દૂર કરવા માટે અનેક પ્રકારનાં ઔષધો કહ્યાં છે અને ઘણાયે બાળકોના રોગોને મટાડનાર ઉપાયો તેમ જ બીજા પણ એ બાબતને લગતા વિષયોનું વર્ણન કરવામાં આવે છે; તે આ કૌમારભૃત્ય કાયચિકિત્સાને લગતા તથા ભૂતવિદ્યાને લગતા તેમજ બાલગ્રહોપશમમાં ઉપયોગી વિષયોને મુખ્યત્વે કરી સ્વીકારે છે અને તે જ વિષયોનું સારી રીતે પોષણ કરે છે. અને તેના સંબંધને લીધે ધાત્રી તથા સૂતિકા આદિના સંબંધવાળા વિષયોને પણ પ્રધાનપણે ગ્રહણ કરી તેઓનું પણ સારી રીતે પોષણ કરી જુદાં શાસ્ત્રરૂપે રહેલ છે, એ કારણે તે કૌમારભૃત્યમાં ચિકિત્સાપ્રસ્થાનની પેઠે ભૂતવિદ્યાપ્રસ્થાનના વિષયો પણ સમાવેશ થયેલ છે; જેમ આયુર્વેદીય ઔષધોને લગતી વિદ્યા, વેદના કાળમાં પણ વિદ્યમાન હતી, તે જ પ્રમાણે ભૂત, ગ્રહ આદિનો પ્રતિષેધ કરવાની વિદ્યા પણ પ્રાચીન વેદકાળમાં પણ અસ્તિત્વ ધરાવતી હતી જ. છાન્દોગ્ય ઉપનિષદના સાતમા અધ્યાયમાં 'नक्षत्रविद्यां भूतविद्यां सर्वजनविद्याम्' એ વચન દ્વારા નક્ષત્રોને લગતી જ્યોતિષવિદ્યા, ભૂતવિદ્યા તથા સર્વજનવિદ્યા આદિ પ્રાચીન વિદ્યાઓનો ઉલ્લેખ કરી ભૂતવિદ્યા પણ દર્શાવવામાં આવી છે; વળી અથર્વવેદમાં પણ તે તે પ્રાચીન વિદ્યાઓને લગતા વિષયો અને તે તે વિષયોમાં ઉપયોગી મંત્રો પણ ઘણા મળી આવે છે એમ તે સંબંધે પહેલાં કહેવાયું જ છે; આમ અથર્વવેદમાં આ આયુર્વેદ વિદ્યા તથા ભૂતવિદ્યા વગેરે મળે છે, તે જ કારણે તે તે વિદ્યાને 'આથર્વણવિદ્યા' એ નામથી પણ કહેવામાં આવે છે. ઇતિહાસની

દૃષ્ટિએ પણ આ ભૂતવિદ્યા પુરાણકાળમાં પણ જાણીતી હતી, તેથી અતિશય પ્રાચીન કાળથી જ તે વિદ્યા પોતાનું અસ્તિત્વ જણાવે છે.

કૌમારભૃત્ય-બાલચિકિત્સામાં ક્રિયા તથા કાળના ગુણોની શ્રેષ્ઠતા દર્શાવતું ઉત્તરતંત્ર મળે છે; તેમાં બાળકોને પીડા કરનારા ગ્રહો, કેટલાક અમુક તે તે દિવસો સુધી, મહિનાઓ સુધી અથવા અમુક વર્ષો સુધી પીડા કરનારા એ જુદા જુદા બાલગ્રહો વર્ણવ્યા છે તેમ જ તે તે ગ્રહોને દૂર કરનારા કેટલાક મંત્રપ્રયોગો, કલ્પો તથા કેટલાંક ઔષધો વગેરે તેમજ ધાતુ આદિને લગતા ઘણા પ્રકારના પ્રયોગો પણ બતાવવામાં આવ્યા છે; વળી તે ઉત્તરતંત્રમાં શકુની, રેવતી તથા પૂતનાઓથી જુદા બીજા લગભગ સો બાલગ્રહો અને તેઓને હઠાવનારા મંત્રો પણ મળે છે; તેમજ 'વિધાનમાલા' આદિ ગ્રંથમાંથી ઉતારેલાં સ્કંદપુરાણ તથા માર્કંડેયપુરાણ આદિનાં વાક્યો પણ ટાંકેલાં જોવામાં આવે છે, અને *'બાલ-ચિકિત્સામૃત' નામનો ગ્રંથ તથા કલ્યાણવર્માએ કરેલ 'બાલતંત્રપ્રયોગસુધાનિધિ' વગેરે અર્વાચીન નિબંધો તથા ગ્રંથો પણ આજના-અર્વાચીન બાલતંત્રના વિષયમાં મળી આવે છે. એ બંને બાજુના-પ્રાચીન અર્વાચીન ગ્રંથોના વિષયોની જો તુલના કરવામાં આવે તો ક્રિયા-કાલ-ગુણ-ઉત્તર-તંત્ર આદિમાં બતાવેલા વિષયોમાં વિકાસ અવસ્થા-ની પ્રક્રિયા જોવામાં આવે છે; પરંતુ તેના કરતાંયે ફાસ્યપસંહિતામાં ઘણા પ્રાચીન સંપ્રદાયનો આશ્રય કરેલો દેખાય છે. સુશ્રુત ગ્રંથમાં પણ જે બાલગ્રહો દર્શાવવામાં આવ્યા છે, તેઓ પણ અવિકાસ અવસ્થાનો અનુભવ કરાવે છે.

વળી રાવણે રચેલું 'બાલકુમારતંત્ર' અથવા 'દશગ્રીવ બાલતંત્ર' નામે કહેવાતું એક પ્રાચીન× બાલતંત્ર મળે છે; એનો અનુવાદ ચીની ભાષામાં છઠ્ઠી કે સાતમી શતાબ્દીમાં થયેલો છે, એમ સાંભળવામાં આવે છે; એ ગ્રન્થના વિષયમાં 'બિબ્લિયોથિક નેશનલ પેરિસ' નામના એક અંગ્રેજી પુસ્તકમાં વધુ નિરૂપણ કરેલું છે; તે કાળે તેટલા દૂર પ્રદેશમાં તે બાલતંત્રનો અનુવાદ થયેલો હોવાથી તેનાથી પણ પ્રાચીન એવા એ તંત્રમાં પણ વર્ષ, મહિના અને દિવસના ભેદને અનુસરી વ્યવસ્થિત રહેતા પૂતના આદિ જુદા જુદા ગ્રહોનો ઉલ્લેખ કર્યો છે, તેથી એ વિકસિત પ્રક્રિયા પણ અર્વાચીન નથી, એમ કહી શકાય તેમ નથી, એ કારણે તે અવિકસિત પદ્ધતિની પ્રાચીનતા તેના કરતાં પણ ઘણા પૂર્વકાળની હોવી જોઈએ.'

* આ 'બાલચિકિત્સામૃત' નામનો ગ્રંથ પોતાનાં તથા બીજાઓનાં પદ્યોના સંગ્રહરૂપ છે અને તેમાં બાલસંબંધી રોગોમાં ઔષધોનો સંગ્રહ કર્યો છે; તેનું એક પુસ્તક લગભગ જીર્ણ અવ-સ્થામાં નેપાલના રાજકીય પુસ્તકાલયમાં છે.

× આ બાલતંત્રમાં નંદા, સુનંદા, પૂતના, મુખમંડિકા, કટપૂતના, શકુનિકા, શુષ્કરેવતી, અર્યકા, સૂતિકા, નિર્ઋતિકા, પિલિપિચ્છિકા અને કામુકા-એ નામે ૧૨ માતૃકાઓ દર્શાવી છે; તે ગ્રંથનો લેખ આ રીતનો છે: પ્રથમે દિવસે માસે વર્ષે વા ગૃહ્ણાતિ નન્દના નામ માતૃકા-બાળક જન્મ્યા પછી તેના શરીરમાં પહેલા દિવસે, પહેલા મહિને કે પહેલા વર્ષે 'નન્દના' નામની માતૃકા પ્રવેશે છે;' 'તયા ગૃહીતમાત્રેણ પ્રથમં ભવતિ જ્વરઃ, અશુભં શબ્દં મુઞ્ચતિ, આત્કારં ચ કરોતિ, સ્તન્યં ન ગૃહ્ણાતિ, બલિં તસ્ય પ્રવક્ષ્યામિ યેન સંપદ્યતે શુભમ્; નદ્યુભયતટ-મૃત્તિકાં ગૃહીત્વા પુત્તલ્લિકાં કૃત્વા શુક્લૌદનં, શુક્લપુષ્પં, શુક્લાઃ સપ્તધ્વજાઃ, સપ્તપ્રદીપાઃ, સપ્તસ્વસ્તિકાઃ, સપ્તવટકાઃ, સપ્તશષ્કુલિકાઃ, સપ્તજમ્બૂફલાનિ, સપ્તમુષ્ટિકાઃ, ગન્ધાઃ, પુષ્પં, તામ્બૂલં, મત્સ્યમાંસં, સુરાગ્રભક્તં ચ પૂર્વસ્યાં દિશિ ચતુષ્પથે મધ્યાહ્ને બલિર્દેયઃ, તતોઽશ્વત્થપત્રં કુમ્ભે પ્રક્ષિપ્ય શાન્ત્યુદકેન સ્નાપયેત્, રસોનસિદ્ધાર્થકમેષશૃઙ્ગનિમ્બ-પત્રશિવનિર્માલ્યૈર્બાલકં ધૂપયેત્, 'ૐ નમો રાવણાય, અમુકસ્ય વ્યાધિં હન હન, મુઞ્ચ મુઞ્ચ હ્રીં ફટ્ સ્વાહા' એવં દિનત્રયં બલિં દત્ત્વા ચતુર્થે દિવસે બ્રાહ્મણં ભોજયેત્, ततः સંપદ્યતે સુખમ્-એ 'નંદના' માતૃકા જે બાળકના શરીરમાં પ્રવેશી હોય તેને પ્રથમ તો તાવ આવે છે; તેથી એ બાળક ચીસો પાડે છે, ધાવણ ધાવતું નથી; માટે એ નંદના માતૃકાથી તે બાળક-ને છોડાવવા માટે તેને જે બલિદાન આપવું જોઈએ, તે હું કહું છું. એ બલિદાન આપવાથી એ માતૃકા તે બાળકને છોડી દે છે, તેથી એ બાળકને સુખ

બાલગ્રહના રૂપે 'સ્કંદ'નો ઉલ્લેખ અને તેના આરાધનનું વિધાન આ સંહિતામાં દેખાય છે; સ્કન્દગ્રહની ઉપાસનાપ્રણાલી પ્રાચીન છે. છાન્દોગ્ય ઉપનિષદમાં તથા ગીતામાં અને મહાભાષ્ય આદિ ગ્રન્થોમાં પણ સ્કન્દનો ઉલ્લેખ મળે છે. (જેમ કે છાંદોગ્યમાં 'भगवान् सनत्कुमारस्तं स्कन्दं इत्याचक्षते–ભગવાન સનત્કુમાર તેને 'સ્કન્દ' એ નામે કહે છે;' તેમ જ ભગવદ્ગીતામાં 'सेनानीनामहं स्कन्दः–सेनापतिओમાં (દેવોના સેનાપતિ) સ્કન્દ હું છું' અને વ્યાકરણના મહાભાષ્યમાં 'जीविकार्थे चापण्ये' એ સૂત્રનું વ્યાખ્યાન કરતી વેળા 'शिवः स्कन्दः' એમ સ્કન્દનું નામ દર્શાવે છે.) વળી મહાભારતના વનપર્વમાં સ્ત્રીઓના ગર્ભનો નાશ કરનાર બાળકોની રક્ષા કરનાર તરીકે 'સ્કન્દ'નો ઉલ્લેખ મળે છે; તેમ જ સ્કંદ વગેરેનું બાલગ્રહરૂપે વર્ણન મહાભારતમાં તથા સુશ્રુતમાં પણ લગભગ સરખું દેખાય છે. પારસ્કર ગૃહ્યસૂત્રમાં પણ નવાં જન્મેલાં બાળકોનો વિનાશ કરવામાં કારણ તરીકે 'સ્કન્દ'નો ઉલ્લેખ મળે છે.

આ વિષયમાં શ્રીમન્મથ મુખોપાધ્યાયે વિશેષ વર્ણન કર્યું છે. (જુઓ ઇંડિયન હિસ્ટોરિકલ ક્વાર્ટર્લિ, વોલ્યુમ ૭ પેઈજ ૩૦૯.)

આ કાશ્યપસંહિતામાં સ્થળે સ્થળે અનેક નવીન વિષયો, વિચારો અને સુંદર નિરૂપણશૈલી તથા વિશેષ દૃષ્ટિકોણ આ નિબંધના વિષયમાં પ્રાચીન ઋષિઓના વિચારોની ઉચ્ચતા પ્રકટ કરે છે. જેમ કે દંતજન્ય–અધ્યાયમાં દાંતના જુદા જુદા ભેદો, તેઓને લગતી સંપત્તિ તથા વિપત્તિ અને કુમારો તથા કુમારીઓના દાંતમાં તફાવત–વગેરે દાંતને લગતા નાના નાના વિષયો તથા જુદાં જુદાં વિજ્ઞાનો બીજા ગ્રન્થોમાં કયાંય પણ મળતાં નથી, માત્ર આ કાશ્યપસંહિતામાં મળે છે.

સ્વેદાધ્યાયમાં સ્વેદના વિષયમાં ઘણા જાણવા યોગ્ય વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે; હાલના અર્વાચીન સમયમાં અર્થાત્ બાષ્પ–સ્વેદન આદિની પદ્ધતિના કરતાં આ કાશ્યપસંહિતામાં અપાયેલી તે બાષ્પ–સ્વેદન આદિની પદ્ધતિમાં કોઈ પણ વિચારની ખામી કહી શકાય તેમ નથી; તેમાંયે બાળકોના સ્વેદન વિષે માર્મિક પદ્ધતિ બરાબર દેખાય છે.

લક્ષણાધ્યાયમાં સામુદ્રિક લક્ષણોનું ખાસ નિરૂપણ કરવામાં આવ્યું છે; પરંતુ છેવટે તે ખંડિત થયેલાં મળે છે. 'લક્ષણપ્રકાશ' ગ્રન્થમાંથી ઉતારેલી 'પારાશરસંહિતા'માં પણ આવાં જ પ્રૌઢ સામુદ્રિક લક્ષણો છે; તેથી આ સંહિતાના ખંડિત વિષય સંબંધે પારાશરસંહિતામાંથી જ આધાર લેવો શક્ય છે.

હરકોઈ રોગમાં બીજા ઉપદ્રવોની ઉત્પત્તિ વિષે પહેલાંના રોગનો કે ઉપદ્રવનો જ પ્રથમ પ્રતીકાર કે ઉપાય કરવો જોઈએ, એવા મતને કબૂલ રાખ્યા વિના જ અતિશય તીવ્રચિકિત્સાની શરૂઆત કરી દઈ બન્નેના હિતમાં તથા પ્રતીકાર વિષે પોતાનો મત દર્શાવ્યો છે.

પ્રસવમાં વિલંબ થવાથી અન્ય આચાર્યોના વ્યાયામ તથા મુસલ વગેરે દ્વારા આઘાત કરવાના પક્ષનું યુક્તિપૂર્વક ખંડન કરવામાં આવ્યું છે.

જે બાળકો બહુ નાનાં હોય તેઓની પથરીને કાઢી નાખવા માટે તીક્ષ્ણ ઔષધ આદિના પ્રયોગ વિષે માર્મિક અનુજ્ઞા આપી નથી.

થાય છે; નદીના બેય કિનારાની માટી લાવી. તેમાંથી એક પૂતળી બનાવવી, તેને ભાતનું નૈવેદ્ય ધરવું, ધોળાં પુષ્પો ચઢાવવાં, પછી ધોળી સાત બન્નઓ તેની આગળ ફરકાવવી, સાત દીવા કરવા, સાત સાથિયા પૂરવા, સાત વડાં ધરવાં, સાત પૂરીઓ ધરાવવી, સાત બાંધૂડાં ધરવાં; સાત પિંડિયાં ધરવાં તેમ જ ચંદન, પુષ્પ, તાંબૂલ, માછલાંનું માંસ અને મદિરાયુક્ત ભાત ધરી પૂર્વ દિશામાં ચૌટામાં બપોરના વખતે બલિદાન દેવું. પછી પીપળાનું એક પાન એક ઘડામાં નાખી તે શાંતિના જળથી પેલા બાળકને સ્નાન કરાવવું; તેમ જ લસણ, સરસવ, બકરાનું શીંગડું, લીંબડાનાં પાન અને શિવનાં નમણથી તે બાળકને ધૂપ દેવો; અને ॐनमो रावणाय अमुकस्य व्याधिं हन हन मुञ्च मुञ्च ह्रीं फट् स्वाहा–રાવણને ॐ નમસ્કાર હો; અમુક આ બાળકના રોગનો તમે નાશ કરો, નાશ કરો; અમુક આ બાળકને માતૃકાથી છોડાવો, છોડાવો.' 'ॐ ह्रीं फट् स्वाहा' એ મંત્ર ભણતા રહી ત્રણ દિવસો સુધી બલિદાન દેવું અને ચોથા દિવસે એક બ્રાહ્મણને જ જમાડવો, તેથી સુખ થાય છે.'

બાળકો વગેરેમાં બસ્તિકર્મ સારી રીતે યોજ્યું હોય અને તે બસ્તિકર્મ અમૃતનું સ્થાન ધરાવતું હોય, તો જ વૈદ્યનું તથા રોગીનાં માતા-પિતા વગેરેનું તથા બાળક વગેરે સર્વનું તે કલ્યાણ કરનાર થાય છે; પરંતુ એ જ બસ્તિકર્મનો પ્રયોગ હોઈ બરાબર થયો ન હોય તો તે વૈદ્ય વગેરે સર્વને નુકસાનકર્તા થાય છે, એ કારણે બાળકને કઈ ઉંમરે બસ્તિકર્મનો પ્રયોગ કરવો જોઈએ, એ બાબતમાં ઘણા આચાર્યોનો તથા પોતાનો પણ મત બતાવી ગંભીર વિચાર દર્શાવેલ છે.

બાળકોના 'કૃચ્છ્ર' રોગમાં ત્રણ પૈડાંવાળો રથ બનાવવાનો ઉલ્લેખ પણ મળે છે.

રેવતીકલ્પમાં શ્લોક ૬૨ માં–'एकनाभिकयोः कस्मात् तुल्यं मरणजीवितम्। रोगारोग्यं सुखं दुःखं न तु तृप्तिः समानजा ॥'–જોડકાં બાળકોની નાભિ એક હોય છે તે કારણે તે બંને બાળકોનું મરણ, જીવન, રોગ, આરોગ્ય, સુખ તથા દુઃખ એક સરખાં હોય છે, છતાં તેઓની તૃપ્તિ સમાન કેમ નથી હોતી? ઇત્યાદિ વિચિત્ર પ્રશ્ન જોડકાં બાળકો વિષે કરેલ છે અને ઉત્તર પણ યુક્તિ સાથે અપાયો છે.

વળી 'વિષમજ્વરનિર્દેશ' નામના અધ્યાયમાં તરિયા, ચોથિયા વગેરે જ્વરમાં તે તે પ્રકટ થતા એ જ્વરના આવિર્ભાવમાં જે યુક્તિઓ હોય છે, તેઓનું વર્ણન છે. (જુઓ ખિલસ્થાન અધ્યાય ૫મો).

બાળકોને છઠ્ઠા મહિને અન્નપ્રાશન કરાવવું જોઈએ, એવું વિધાન છે, તે વિષે પણ આ કાશ્યપ આચાર્યે તેના સંસ્કાર કરવાનું દર્શાવીને છઠ્ઠે મહિને બાળકને માત્ર ફળ જ (મોસંબીનો રસ વગેરેનું) પ્રાશન કરાવવું યોગ્ય ગણાય છે; પછી તે બાળક બાર મહિનાનું થાય અને ખોરાકની ઇચ્છા કરે, ત્યારે તેને થોડું હલકું ભોજન આપવું જોઈએ; કેમ કે જેનું અગ્નિબળ હજી વધ્યું ન હોય એવા ઘણા નાની ઉંમરના બાળકને આપેલો ખોરાક કોમળ હોય તે જ પચે છે. એ કારણે તેવા ઘણા નાના બાળકને ફળના રસનો જ ઉપયોગ કરાવવો જોઈએ; અને પછી તે બાળક એક વર્ષ ઉપરની ઉંમરનું થાય ત્યારે જ તેને ખોરાકનો ઉપયોગ કરાવવો જોઈએ, એમ કહેવામાં આવ્યું છે. આજના એલોપથીના નિષ્ણાત દાક્તરો પણ એ જ પ્રમાણે નાનાં બાળકોને ફળના રસનો જ ઉપયોગ કરાવવા કહે છે અને એક વર્ષની ઉંમર થયા પછી જ કોમળ-હલકો ખોરાક શરૂ કરવો ઠીક છે, એમ જણાવે છે. (આ સંબંધે જુઓ ખિલસ્થાન અધ્યાય ૧૩ મો.)

આ સંહિતાના વેદનાધ્યાયમાં જે બાળકો વાણી દ્વારા પોતાની વેદના-દુઃખ પ્રકટ કરવા અશક્ત હોય છે–જેઓને હજી કંઈ બોલતાં આવડતું નથી, તેઓના તે તે રોગોને તથા તેઓનાં તે તે અંગોની વેદનાને વૈદ્યે તે બાળકોની તે તે જુદી જુદી ચેષ્ટાઓ ઉપરથી જાણી લેવા કાળજી રાખવી જોઈએ, એમ આનુમાનિક વિજ્ઞાનનું વર્ણન કર્યું છે.

ચરકસંહિતામાં નિદાન, પૂર્વરૂપ, રૂપ વગેરે રોગોને જાણવાના ઉપાયો વિમાનસ્થાનના ચોથા અધ્યાયમાં આમ કહ્યા છે: 'आप्ततश्चोपदेशेन प्रत्यक्षकरणेन च। अनुमानेन हि व्याधीन् सम्यग् विद्याद् विचक्षणः ॥'–વિચક્ષણ-વિદ્વાન અને ચતુર એવા વૈદ્યે આપ્ત પુરુષો પાસેથી મળેલા ઉપદેશ દ્વારા રોગીને પ્રત્યક્ષ જોવાના સાધનથી અને અનુમાનથી પણ રોગોને સારી રીતે જાણી લેવા જોઈએ.' એમ કહી પ્રત્યક્ષ વગેરે પ્રમાણોને પણ રોગીના રોગોને જાણવાના ઉપાયો રૂપે દર્શાવ્યાં છે; તેમ જ સુશ્રુતે પણ રોગીને જોવો, સ્પર્શ કરવો અને પ્રશ્નો પૂછવા વગેરે પણ રોગજ્ઞાનના ઉપાયોનો ઉલ્લેખ કર્યો છે; એ ઉપરથી સાબિત થાય છે કે પ્રાચીન આચાર્યોના સંપ્રદાયમાં રોગીને જોવો, સ્પર્શ કરવો, પ્રશ્નો પૂછવા વગેરે તેમ જ નિદાન આદિ પાંચ રૂપોને પણ વિશેષ સ્પષ્ટ સમજી લઈ રોગોનું બરાબર જ્ઞાન કરવા દર્શાવ્યું છે; પરંતુ નાડીપરીક્ષા દ્વારા રોગોનું જ્ઞાન કરવાનું ચરક, સુશ્રુત આદિ પ્રાચીન ગ્રંથોમાં તેમ જ આ કાશ્યપસંહિતામાં પણ ક્યાંય કહેવામાં આવ્યું નથી; પણ નાડીપરીક્ષા દ્વારા રોગનું જ્ઞાન કરવાનું કેવળ અર્વાચીન ગ્રંથોમાં જ જણાવવામાં આવ્યું છે; અને તે નાડીપરીક્ષાનો વિષય પાછળના અર્વાચીન કાળમાં જ ચાલુ થયો છે, એમ જણાય છે; નાડીપરીક્ષાનું જ્ઞાન, ભારતના લોકો પાસેથી જ ચીનના લોકોને પ્રાપ્ત થયું હતું; તેથી એ નાડી-

વિજ્ઞાન કેવળ ભારતનું જ છે, એવો પણ એક મત છે; આ નાડીવિજ્ઞાનની પ્રક્રિયા ભારતમાં જ ઉત્પન્ન થયેલી છે અથવા બીજા દેશની છાયા દ્વારા આ દેશમાં પણ પ્રચલિત થઈ છે, તે એક જુદો વિષય હોઈ અહીં એને વિચારવું યોગ્ય માન્યું નથી. એકંદર હરકોઈ પ્રકારે પ્રાચીન ગ્રંથોમાં આ વિષયનો ઉલ્લેખ કર્યો નથી, તેથી તે નાડીવિજ્ઞાનનો વિષય પૂર્વકાળમાં પણ હતો, એમ સાબિત કરવા માટે કોઈ બીજું પ્રમાણની પણ જરૂરિયાત રહે છે; બાળકના વિષયમાં અતિશય નાનાં બાળકોને બોલવાની શક્તિનો હજી વિકાસ થયેલો હોતો નથી, તેથી તે નાનાં બાળકો પોતાને થતી વેદના બરાબર જણાવી શકતાં નથી, તે કારણે તે નાનાં બાળકોની જુદી જુદી ચેષ્ટાઓ-લક્ષણો ઉપરથી જ તેઓના રોગને જાણવાની પદ્ધતિ પણ આ કાશ્યપસંહિતામાં વેદનાધ્યાયની અંદર અને તે સિવાય બીજા સ્થળે પણ વર્ણવેલી છે.

પ્રાચીન આચાર્યો સૂક્ષ્મ વિચારશક્તિ દ્વારા વિકાસ પામેલી દૃષ્ટિવાળા હતા, તેથી તેઓ જે જે વિષયોમાં પ્રવૃત્તિ કરતા હતા, તે તે વિષયમાં ઊંડા ઊતરી શકતા હતા અને પછી પોતે તે તે વિષયોનું પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરી માર્મિક ઉપદેશો દ્વારા શિષ્યોને તે તે વિષયોનું બરાબર જ્ઞાન કરાવી શકતા હતા. તે જ પ્રમાણે કશ્યપે 'કૌમારભૃત્ય'-બાલચિકિત્સાના વિષયમાં પોતે પ્રવૃત્તિ કરીને બીજા આચાર્યોના સર્વસાધારણ વિષયોની પેઠે બાળકો તથા ઘણાં નાનાં બાળકોને પણ ઉપયોગી અનેક વિષયો સારી રીતે સૂચવ્યા છે એમ જાણવા મળે છે.

વાત, પિત્ત અને કફ-એ ત્રણે દોષોનો નિર્દેશ વૈદિક લેખમાં પણ મળે છે; જેમ કે ઋગ્વેદમાં 'ત્રિધાતુ શર્મ વહતં શુભસ્પતિ' એ વાક્યમાં ત્રિધાતુ એટલે વાત, પિત્ત અને કફ-એ ત્રણ ધાતુઓ અથવા દોષોનો ઉલ્લેખ કર્યો છે. એ ત્રિધાતુ શબ્દનું વ્યાખ્યાન સાયનાચાર્યે વાત, પિત્ત અને કફરૂપી ત્રણ દોષોને સૂચવતું કર્યું છે; 'બ્લુમફિલ્ડ' નામના એક અંગ્રેજ વિદ્વાને પણ એ 'ત્રિધાતુ' શબ્દનો અર્થ-એ જ વાત, પિત્ત અને કફરૂપી ત્રણ દોષો એવો સ્વીકાર્યો છે; છતાં જીમર વગેરે કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનોએ તે 'ત્રિધાતુ' શબ્દનો અર્થ બીજો જ કર્યો છે; પરંતુ અથર્વવેદમાં મળતાં 'વાતગુલ્મ, વાતીકૃત' ઇત્યાદિ પદોમાં બીજો અર્થ ઘટતો નથી, એ કારણે સર્વ સ્થળે એકરૂપે જ અર્થ સ્વીકારવો તે યોગ્ય હોવાથી ઉપરના ઋગ્વેદના વાક્યમાં રહેલ 'ત્રિધાતુ' શબ્દનો અર્થ-ત્રણ દોષો-વાત, પિત્ત અને કફ એવો જ ઘટે છે, પણ બીજો અર્થ ઘટતો નથી, એમ પી. સી. રાયે 'હિસ્ટરી ઑફ હિન્દુ કેમિસ્ટ્રી', વૉલ્યુમ પહેલાની ભૂમિકામાં લખ્યું છે. વળી પ્રાચીન ગ્રંથોમાં પણ આત્રેય, સુશ્રુત અને કશ્યપ આદિએ પણ આરંભથી માંડી આજ સુધીમાં ભારતીય પ્રક્રિયામાં ત્રિદોષપદ્ધતિને ધારાપ્રવાહની ગતિએ સ્વીકારેલી છે; તેમ જ સુશ્રુતમાં વાત, પિત્ત અને કફ-એ ત્રણ ધાતુઓ કે દોષોથી પ્રાણીમાત્રનું શરીર ઉત્પન્ન થયેલ દર્શાવ્યું છે; અને રોગની ઉત્પત્તિમાં પણ એ ત્રિધાતુ અથવા ત્રિદોષને જ હેતુ તરીકે ઘણીવાર બતાવેલ છે. સુશ્રુતમાં કોઈ સ્થળે ત્રિદોષને દેહની તથા રોગની ઉત્પત્તિમાં કેટલાક આચાર્યોના મતે કારણ તરીકે માન્યાનો ઉલ્લેખ કરી રુધિરને પણ રોગ તથા દેહની ઉત્પત્તિમાં ચોથા કારણ તરીકે સ્વીકારવા દર્શાવેલ છે; (જેમ કે સુશ્રુતના સૂત્રસ્થાનના ૨૧ માં અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'वातपित्तश्लेष्माण एव देहसंभवहेतवः, तैरेवाव्यापन्नैरधोमध्योर्ध्वसंनिविष्टैः शरीरमिदं धार्यते, अगारमिव स्थूणाभिरितसुमिरतश्च त्रिस्थूणमाहुरेके। त एव व्यापन्नाः प्रलयहेतवः तदेभिरेव शोणितचतुर्थैः संभवस्थितिप्रलयेष्वविरतं शरीरं भवति-વાત, પિત્ત અને કફ-એ ત્રણ જ શરીરની ઉત્પત્તિમાં કારણ છે; એ ત્રણે દોષો અથવા ધાતુઓ અવ્યાપન્ન હોય એટલે કે બિલકુલ વિકાર પામી ન હોય તો શરીરના નીચેના, મધ્યના તથા ઉપરના ભાગમાં બરાબર સ્થિતિ કરીને આ શરીરનું ધારણ-પોષણ કર્યા કરે છે; જેમ કોઈ ઘર ત્રણ થાંભલીઓના આધારે બરાબર ટકી રહે છે, તેમ આ શરીર પણ બિલકુલ વિકારને નહિ પામેલી એ ત્રણ ધાતુઓ વાત, પિત્ત અને કફના આધારે બરાબર ટકી રહે છે. એ જ કારણે કેટલાક વિદ્વાનો આ શરીરને 'ત્રિસ્થૂણ' એટલે કે વાત, પિત્ત અને કફના આધારે ટકી રહેનારું કહે છે; પરંતુ એ જ

ત્રણ ધાતુઓ કે ત્રણ દોષો વિકાર પામીને જો બગડ્યા હોય તો આ શરીરના વિનાશમાં કારણ બને છે; એમ એ ત્રણ દોષો–વાત, પિત્ત અને કફ તેમ જ ચોથું રક્ત–લોહી–એ ચારથી આ શરીર ઉત્પત્તિ, સ્થિતિ તથા નાશના સમયે પણ સર્વકાળે યુક્ત જ હોય છે.) પૂર્વકાળના 'મહાવગ્ગ' નામના પ્રાચીન વૈદ્યકગ્રંથમાં અને ખાવર નામના પાશ્ચાત્ય વિદ્વાને મેળવેલ 'નવનીત' આદિ ગ્રંથોમાં પણ ત્રિદોષની જ પ્રક્રિયાનો આશ્રય કરેલો દેખાય છે; તેમ જ જીવકની ચિકિત્સાપ્રક્રિયામાં અને 'મહાવગ્ગ' નામના ગ્રંથમાં તેમ જ 'વિનયપિટક' નામના બૌદ્ધ ગ્રંથમાં પણ ત્રિદોષ પદ્ધતિ જ સ્વીકારેલી દેખાય છે; કાત્યાયનના વાર્તિકમાં પણ વાત, પિત્ત અને કફનું સહોચ્ચારણ જોવામાં આવે છે. ઈસ્વી સન પૂર્વે ૪૬૦ પહેલાં થયેલ 'હિપોક્રીટસ' નામના પ્રાચીન પાશ્ચાત્ય વિદ્વાનના જન્મની પહેલાં પણ ભારત દેશમાં ત્રિદોષની પદ્ધતિ પ્રચલિત હતી; તેમના વૈદ્યક–વિજ્ઞાનમાં પણ પિત્ત, કફ, રક્ત તથા જલ–એ ચારને જ શરીરના કારણભૂત દોષ કે ધાતુ તરીકે દર્શાવેલા છે, તે પણ ભારતની પ્રાચીન ત્રિદોષ-પદ્ધતિની અસરમાં આવવાથી તેમજ તેમના મનમાં સુશ્રુતના વિજ્ઞાનની પ્રગતિના વિચારોનો જ વિકાસ થયો છે, એમ અનુમાન કરી શકાય છે.

અહીં આમ ભાસે છે: પૂર્વના વિજ્ઞાનમાં સ્પષ્ટ અલગ અલગપણે સર્વમાં પ્રવેશીને રહેલા અગ્નિ તથા સોમ અથવા ઉષ્ણ અને શીત–એ બે જ મૂળ તત્ત્વો જણાય છે અને તે જ શરીરમાં ભાસે છે; આથી જ વેદની યજ્ઞપ્રક્રિયામાં શરૂઆતથી જ અગ્નિ તથા સોમની ઉપાસના ચાલુ રહી છે; શરીરની પરિસ્થિતિમાં શીત અને ઉષ્ણ ભાવે સોમ તથા અગ્નિનાં જ રૂપો રહેલાં છે અને શુક્ર તથા શોણિત–આર્તવ–એ બે જ દેહની ઉત્પત્તિમાં કારણ હોવાથી તેના સંબંધના કારણે ગર્ભને પણ અગ્નિ તથા સોમથી ઉત્પન્ન થયેલો છે એમ સુશ્રુતમાં પણ દર્શાવ્યું છે.* વાયુ પણ એ બન્ને અગ્નિ તથા સોમમાંથી ઉત્પન્ન થાય છે. તેથી એ અગ્નિ તથા સોમ એ બેમાંથી એકનો પણ શરીરની અંદર પ્રવેશ થાય તોપણ પદાર્થની ક્રિયામાં વિશેષ વિકાસ થાય, એ દૃષ્ટિએ સત્ત્વ, રજસ્ તથા તમસ્‌ની પેઠે અગ્નિ, વાયુ તથા સોમનાં જ સ્વરૂપ વાત, પિત્ત અને કફ એ ત્રણે ધાતુઓ છે; એ જ ત્રણે ધાતુઓ દેહનું ધારણ–પોષણ કરે છે અને ત્રણેમાં વિકાર થવાથી દોષનું સ્વરૂપ પામીને રોગોને ઉત્પન્ન કરનાર પણ એ ત્રણ જ ધાતુઓ થાય છે, એમ પ્રાચીન આયુર્વેદના વિદ્વાનોએ નક્કી કર્યું છે; આ ત્રિદોષ પદ્ધતિનું મૂળ પણ એ જ ત્રણ ધાતુઓ છે, એમ સમજી તે જ કશ્યપ, આત્રેય તથા ભેડ આદિ પ્રાચીન આચાર્યોએ તે તે ત્રિદોષપદ્ધતિ સ્વીકારી છે અને અનુક્રમે જેમ જેમ વિશેષ વિચારો પ્રકટ થતા ગયા, તેમ તેમ નવાં નવાં તત્ત્વો પણ વિદ્વાનોની સમક્ષ પ્રકાશવા લાગ્યાં; એ ઉપરથી જ સુશ્રુત આચાર્યે ઘણી વાર વાત, પિત્ત અને કફ–ત્રણ દોષોને સર્વના મૂળ નિદાન અથવા કારણ તરીકે સ્વીકારીને પણ પ્રથમ કક્ષામાં એ ત્રણેને દોષો તરીકે માન્યા છતાં બીજી કક્ષામાં વિકાર પામેલું રક્ત પણ ઘણા અનર્થ ઉપજાવે છે, એવો વિચાર આવતાં પૂર્વોક્ત ત્રણે દોષોની પેઠે ચોથા રક્તનું પણ પ્રધાનપણું કહીને વ્રણ આદિમાં તે રક્તનો પણ પ્રાધાન્યવાદ ઉપદેશ્યો છે; વળી 'હિપોક્રીટ્સ'ના વૈદ્યક વિજ્ઞાનમાં પિત્ત, કફ, રક્ત અને જલ–એ ચારને જ દોષ અથવા શરીરની મૂળ ધાતુ તરીકે જે દર્શાવેલ છે, તે પણ ભારત દેશની જ પ્રાચીન ત્રિદોષપદ્ધતિની વાસનાથી રંગાયેલા તે વિદ્વાનના મનમાં સુશ્રુતના વિજ્ઞાનની પ્રગતિના જ વિચારોનો વિકાસ થયેલો જાણી શકાય છે. એમ જે જે વિચાર વિકાસ થયેલો છે, તે બધો કાળના ક્રમથી ચાલી આવતી પુરાતની પદ્ધતિનો જ સંપૂર્ણ સુધારો

* જેમ કે સુશ્રુત, સૂત્રસ્થાનના ૧૪ મા અધ્યાયમાં 'આર્તવં શોણિતં ત્વાગ્નેયમ્, અગ્નીષોમીયત્વાદ્ ગર્ભસ્ય–સ્ત્રીનું રજ તથા લોહી એ બંને અગ્નિનું જ સ્વરૂપ છે; કેમ કે ગર્ભને અગ્નિ તથા સોમના સંબંધવાળો કહ્યો છે; વળી સુશ્રુતના ૪૦ મા અધ્યાયમાં પણ આમ કહ્યું છે કે, 'तच्च वीर्यं द्विविधमुष्णं शीतं च, अग्नियोमीयत्वाज्जगतः–વીર્ય બે પ્રકારનું છે: ઉષ્ણ અને શીતલ; કેમ કે આ જગત અગ્નિ તથા સોમના સંબંધથી યુક્ત છે.

છે, એમ દૃઢ સાબિત કરી બતાવે છે.

કાશ્યપસંહિતામાં આવેલ કલ્પસ્થાનના લશુનકલ્પમાં આશ્ચર્યકારક તેમજ વિસ્તૃત લશુનકલ્પનો પ્રયોગ આપ્યો છે. ચીન દેશના 'કાસગર' નામના એક સ્થાનમાં બૌદ્ધના સ્તૂપની સાથે સાથે બાવર નામના એક પશ્ચિમના શોધકને ભોંયરામાંથી સાત ગ્રંથો મળ્યા છે; જેમાંના ત્રણ ગ્રંથો વૈદ્યકના છે; જેમાંનો એક 'નાવનીતક', બીજો લસણના વિશેષ ગુણોની વિશેષતા જણાવનારો અને ત્રીજો અનેક પ્રકારના યોગો તથા ઔષધોને જણાવતો એક લેખરૂપે છે; એ ત્રણેના લેખનો સમય પ્રાચીન છે, તોપણ તે ગ્રંથોની રચનાનો કાળ તેઓના લખાણના સમય કરતાં પણ વધુ પ્રાચીન છે, એમ તે સંબંધે પ્રથમ કહ્યું જ છે; છપાયેલા નાવનીતક ગ્રંથમાં પણ શરૂઆતમાં કાશીરાજે સુશ્રુતની આગળ વિસ્તાર સાથે લસણના પ્રયોગની વિધિ ઉપદેશેલી બતાવી છે; તેમાં લસણની ઉત્પત્તિ વિષે ક્યાંક ક્યાંક પ્રયોગના અંશોમાં તફાવત જોવામાં આવે છે, તોપણ કાશ્યપસંહિતામાં જણાવેલ લશુનકલ્પના પ્રયોગની છાયા લગભગ ઘણા ભાગે દેખાય છે; વળી ભાષાની રચના તપાસતાં પણ નાવનીતકના લેખ કરતાં કાશ્યપનો લેખ પ્રાચીન હોવાનું લાગે છે. ચરકસંહિતામાં પણ લસણનો ઉપયોગ છે. એમ પહેલાંના સમયના ઔષધચિકિત્સાના ગ્રંથોમાં લસણનો ઉપયોગ જોકે મળે છે, તેથી તે અર્વાચીન સમયનો છે, એવી શંકા ઉપજાવવા સમર્થ નથી; લસણ એ ખરેખર પોતાના ગુણોના ગૌરવને લીધે કેવળ એકેન રસેન–એક જ રસથી 'ઉન'–ઓછું હોવાથી તે 'રસોન' એવા સાર્થક સંસ્કૃત નામે કહેવાય છે; તેમ જ આયુર્વેદ વિષેનાં ઔષધોમાં પણ તે લસણ ચડિયાતું કહેવાય છે. ધાર્મિક દૃષ્ટિએ ધર્મશાસ્ત્રના–સ્મૃતિ ગ્રંથોમાં દ્વિજ વર્ણના બ્રાહ્મણાદિ ત્રણ વર્ણો માટે લસણનો ઉપયોગ કરવાનો નિષેધ ભલે કહેવાયો છે, અને તેથી એ દ્વિજ વર્ણો લસણનો ઉપયોગ કરે તે નિંદનીય છે, તોપણ આયુર્વેદીય ઔષધોને લગતા ગ્રંથોમાં તે લસણના ગુણોમાં ગૌરવ હોવાના કારણે તેની પ્રશંસા કેમ ન કરાય? આ કાશ્યપસંહિતામાં લસણની ઉત્પત્તિ પૂર્વના કાળમાં (ઈશ્વરના) અમૃતમય ઓડકારમાંથી થઈ હતી, એમ કહીને સ્થાનના દોષથી તે લસણ દુર્ગંધથી યુક્ત બન્યું છે, એ કારણે દ્વિજ વર્ણના લોકોએ તેનો સ્વીકાર કરવો ન જોઈએ, એમ ધર્મશાસ્ત્રની મર્યાદાનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે; તેમ જ લોકો પર ઉપકાર કરવાની દૃષ્ટિએ તે લસણના ગુણોનો મહિમા તથા તેનો કલ્પ પણ 'લશુનકલ્પ' નામના અધ્યાયમાં મહર્ષિ કશ્યપે જણાવ્યો છે; અમુક જાતિઓને અનુસરી 'સુરા'–મદ્ય વગેરે અભક્ષ્ય પદાર્થોનો સર્વ શાસ્ત્રોમાં નિષેધ કર્યો છે, છતાં હાથીના, માંસના તથા ગધેડાંના મૂત્ર આદિ દ્રવ્યોના ગુણોનો વિચાર કરી તે તે અમુક રોગોમાં તે તે દ્રવ્યોનો ઉપયોગ કરવાના ઉલ્લેખો પણ આર્ષ ઔષધોના ગુણોના કારણે કરવા માટે ઘણાં સ્થળો મળે છે; તે ઉપરથી એવો ઉપદેશ કરનારા તે તે મહર્ષિઓએ ધર્મમાર્ગનો પરિત્યાગ કર્યો હતો; અથવા તેઓએ તેવો ઉપદેશ કર્યો છે, માટે તે તે ભક્ષ્ય પદાર્થો પણ ધર્મમાં દૃઢ વ્રતવાળાઓએ સ્વીકારવા જોઈએ, એવી શંકા પણ કરવી યોગ્ય નથી; આ સંબંધે આમ કહ્યું જ છે કે, 'न शास्त्रमस्तीत्येतावत् प्रयोगे कारणं भवेत्। रसवीर्यविपाका हि श्वमांसस्यापि वैद्यकै॥ (वात्स्यायनीय कामसूत्र–सां. अ. अ. २)–શાસ્ત્રમાં અમુક અભક્ષ્ય દ્રવ્યોનો પણ (અમુક રોગ પર) ઉપયોગ કરવા કહેવાયું છે, એ કારણે તેનો ઉપયોગ કરવામાં તે કારણ છે, એમ સમજી હરકોઈ પ્રકારે તે તે અભક્ષ્ય દ્રવ્યોનો ઉપયોગ કરી ન શકાય; કારણ કે વૈદ્યકશાસ્ત્રમાં તો કૂતરાના માંસના રસનું, વીર્ય–પ્રભાવ કે સામર્થ્યનું તથા વિપાક અથવા પાચનક્રિયા પછીના પરિણામનું પણ વર્ણન કરવામાં આવ્યું છે; તેથી કૂતરાંનું તે માંસ અભક્ષ્ય છતાં ભક્ષ્ય માની શકાતું નથી.'

વળી 'શ્યેનયાગ' હિંસારૂપ હોય છે, તેથી તે સ્વીકારવા યોગ્ય નથી, તોપણ તેનો દોષ સ્વીકારીને આભિચારકર્મ દ્વારા આ લોકનું શુભ પરિણામ જે માણસ ઇચ્છતો હોય તેણે પોતાનું ઇચ્છિત સિદ્ધ કરવા માટે 'श्येनेन अभिचरन् यजेत–જે માણસ આભિચારકર્મ

કરવા ઇચ્છતો હોય તેણે 'શ્યેનયાગ' કરવો જોઈએ,' એવું શ્રૌતવિધાન મળતું હોવાથી તે શ્યેનયાગ પણ અવશ્ય કરી શકાય છે; કેમ કે જે માણસ કોઈની હિંસા કરવા ઇચ્છતો હોય, તેને એ 'શ્યેનયાગ' કર્મ ઉપાયરૂપ ગણાય છે, એમ શબરસ્વામીએ તે શ્યેનયાગ કરવાનું સમર્થન પણ કરેલ છે. લશુનનો ઉલ્લેખ પણ ગૌતમ ધર્મસૂત્રમાં (૧૫-૩૦ માં), મનુસ્મૃતિમાં (૫-૫-૧૯ માં), યાજ્ઞવલ્ક્યસ્મૃતિમાં (૧-૧૭૬માં,) અને મહાભારતમાં પણ (૮, ૨૦૩૪માં તેમ જ ૧૩-૪૩૬૩ માં,) કરેલ છે.

વળી હિંગનો પ્રયોગ જોવામાં આવે છે, તે પણ અર્વાચીનપણાની શંકા ઉપજાવી શકે તેમ નથી; કારણ કે ઘણા ભારતીય ગ્રંથોમાં ઘણા કાળની પહેલાં પણ હિંગનો સ્વીકાર કરવામાં આવ્યો છે; ધાર્મિક ગ્રંથોમાં પણ શ્રાદ્ધ વગેરેમાં હિંગને પિતૃઓને પ્રિય તરીકે ગણવામાં આવે છે; અને તેથી તેનો ઉલ્લેખ મળે છે. ચરકમાં, સુશ્રુતમાં તથા કશ્યપની આ સંહિતામાં પણ તે તે ઘણાં ઔષધોમાં હિંગનો સહયોગ વર્ણવવામાં આવે છે; વળી કાશ્યપીય-આ સંહિતા વગેરે ગ્રંથોમાં હિંગને કહેનાર-તેનો બીજો પર્યાય શબ્દ 'બાહ્લિક'નો પણ પ્રયોગ કરવામાં આવે છે; એ ઉપરથી 'બાહ્લિક' નામના બીજા દેશમાંથી એ હિંગદ્રવ્યનો ભારતના લોકો સાથેનો પરિચય તેમ જ તેનો ભારતમાં ઉપયોગ પણ કરાયેલો હોવો જોઈએ; જે ઉપરથી એ હિંગનો તે 'બાહ્લિક' દેશના નામે પણ વ્યવહાર થતો જણાય છે. વળી બીજું પણ આ કારણ છે કે ભારત તથા બાહ્લિક (બલખ-અફઘાનિસ્તાન) દેશનો પરસ્પર સંબંધ તથા તે તે દેશોના વૈદ્યોનો પરસ્પર પરિચય પણ પહેલાંના કાળથી જ હતો, એમ આત્રેય, કાશ્યપ આદિએ બાહ્લિક વૈદ્ય-કાંકાયનના નામનો નિર્દેશ કરેલો છે, તે ઉપરથી અને બાહ્લિક વૈદ્યોનો વારંવાર ઉલ્લેખ કરેલો હોવાથી પણ જાણી શકાય છે; બાહ્લિક (બલખ) દેશ પણ યવનોના આક્રમણની પહેલાં ઈરાનીય જાતિના રાજાઓના સામ્રાજ્યમાં હતો; તે કાળે ત્યાં 'ઈરાન' જાતિ વસતી હતી; તેની ઉન્નતિનો એ સમય હતો અને તે વેળા ત્યાંના વૈદ્યો તથા તેઓનાં ઔષધોનું ભારતના પ્રાચીન ગ્રંથોમાં લીધેલાં છે, તે પણ ઘટે જ છે.

'ભાવપ્રકાશ' (નામના આયુર્વેદીય) ગ્રંથમાં પારસિક દેશમાં થતા યવાની-અજમાનો ઉલ્લેખ કર્યો છે, તે ઉપરથી બીજા પાશ્ચાત્ય દેશોમાં થતી વસ્તુઓનું ગ્રહણ પણ જોવામાં આવે છે, તોપણ ચરક, સુશ્રુત અને કાશ્યપીયસંહિતા આદિ પ્રાચીન ગ્રંથોમાં, અન્ય પાશ્ચાત્ય દેશોની વસ્તુઓનો તે પ્રમાણે ઉલ્લેખ કરેલો નથી; કિંતુ માત્ર 'યવાની' એ શબ્દનો નિર્દેશ જ કરેલો મળે છે. 'યવાની' એ શબ્દ 'યવન' શબ્દ ઉપરથી સિદ્ધ થયો નથી અથવા 'યવન' લોકોના સંબંધને પણ સૂચવતો નથી; પરંતુ 'યવાની' શબ્દ તો પાણિનીય વ્યાકરણમાં 'इन्द्रवरुण०' (૪-૧-૪૯) એ પાણિનીય સૂત્રના પેટા વાર્તિક-'यवाद्दोषे' એ દ્વારા-'दुष्टो यवो यवानी'-એટલે કે દોષયુક્ત જવને 'યવાની' કહેવામાં આવે છે, એ અર્થમાં સ્ત્રીલિંગ-સૂચક તરીકે સિદ્ધ કરવામાં આવે છે; એ કારણે તે 'યવાની' શબ્દ પણ ભારત દેશનો જ હોઈને પ્રાચીન છે, તે સંબંધે બીજી કોઈ પણ શંકા કરવી યોગ્ય નથી.

ગ્રંથમાં આવેલા દેશોનું વર્ણન

ઉપલબ્ધ કાશ્યપસંહિતાના છેલ્લા પાનામાં (ખિલસ્થાનમાં) 'દેશસાત્મ્ય' નામનો જે અધ્યાય છે, તેમાં અમુક દેશ પરત્વે થતા અમુક ખાસ રોગો બતાવવા માટે આ આયુર્વેદવિદ્યાની ઉન્નતિની દૃષ્ટિએ પ્રસિદ્ધ કુરુક્ષેત્રને મધ્ય (કેન્દ્ર) કલ્પીને તદનુસાર પૂર્વ આદિ દિશાઓમાં રહેલા અમુક ખાસ દેશોનો ઉલ્લેખ મળે છે. એ અધ્યાય આખોય મળી આવ્યો હોત, તો બીજા પણ તે સમયના ઘણા દેશો જાણવામાં આવ્યા હોત; પરંતુ આ પુસ્તક ઘણું સ્થળે ખંડિત થયેલું છે, તેથી ભૂખ્યા માણસના મોંમાંથી બળાત્કારે જેમ અધો કોળિયો છીનવી લેવા સમાન ઉત્કટ જિજ્ઞાસાને કાબૂમાં રાખવી જરૂરી બને છે. આ ગ્રંથનો અંતિમ વિભાગ પણ લુપ્ત થવાથી પશ્ચિમના તથા ઉત્તરના દેશોનો પરિચય નહિ મળવા છતાં પણ પૂર્વ દિશામાં રહેલા અને દક્ષિણ દિશામાં રહેલા કેટલાક દેશોનો પરિચય મળે છે.

જે કે પૂર્વ તથા દક્ષિણુમાંના બધાયે પ્રાચીન દેશોનો તેમાં ઉલ્લેખ કર્યો નથી, તોપણ તે તે રોગોને યોગ્ય અમુક અમુક કેટલાક દેશોનો તો તેમાં ઉલ્લેખ કરેલો હોવો જ જોઈએ; તે દેશોમાં પ્રિયંગુ-નવધ્વાન-વાનસી-કુમુદ-વિવેહ તથા ધટ વગેરે દેશોનો બીજા મળી આવેલા ગ્રંથોમાં સંવાદક-નિર્દેશ મળતો ન હોવાથી કંઈ નિશ્ચય થઈ શકતો નથી, તોપણ તેની સાથેના નીચે દર્શાવેલ દેશોનાં નામો પ્રાચીન લાગતાં હોવાથી એ બધાયે પ્રાચીનકાળથી વ્યવહાર કરાતાં જણાય છે; વળી નીચેના દેશોનાં નામો પ્રાચીન પરિચયની સાથે 'કનિંગહામ' નામના વિદ્વાને, નંદલાલ મહોદયે તેમ જ ઈ. જે. રેપ્સને પોતપોતાના પ્રાચીન ભૌગોલિક ગ્રંથો—એન્સિયન્ટ જોગ્રોફી ઑફ ઇન્ડિયા, જોગ્રોફિકલ ડિક્ષનરી તેમ જ એન્સિયન્ટ ઇન્ડિયા (કેંબ્રિજ હિસ્ટરી ઑફ ઇન્ડિયા-વોલ્યુમ ૧) માં બતાવેલાં મળે છે.

જેમ કે વચ્ચે કુરુક્ષેત્રનો પ્રદેશ સો યોજન પ્રમાણનો છે; તે સર્વત્ર પ્રસિદ્ધ છે.

પૂર્વ દિશાના દેશો.

તેમ જ પૂર્વના પ્રદેશો મહાભારત(સભાપર્વ અ. ૨૯) માં 'કુમાર' નામના દેશનો ઉલ્લેખ મળે છે; એ કુમાર દેશ 'રીવા' નામની નદીની સમીપે આવેલો છે એમ કહેવાય છે.

કટીવર્ષ—આજે બંગાળના વર્ધમાન પ્રાંતમાં 'કટવા પ્રદેશ' નામથી પ્રસિદ્ધ છે.

મગધ—ઋગ્વેદમાં અને અથર્વવેદમાં પણ મગધ દેશનો ઉલ્લેખ મળે છે; એ દેશની પ્રસિદ્ધિ પ્રાચીન સમયથી જ તે જ નામે જણાય છે; વળી મગધનો ઉલ્લેખ તૈત્તિરીય બ્રાહ્મણ (૩-૪-૧૧)માં છે; અને જૈમિનીય બ્રાહ્મણમાં પણ (૧૬૫) છે.

ઋષભદ્વીપ મહાભારતના વનપર્વમાં અ૦ ૮૫માં ઋષભનો ઉલ્લેખ છે; બૃહત્સંહિતામાં પણ દક્ષિણ બાજુ 'ઋષભ'નો નિર્દેશ કરેલ છે; મદુરાની સમીપે 'ઋષભ' નામનો એક પહાડી પ્રદેશ છે એમ કેટલાક કહે છે; પરંતુ પૂર્વના દેશમાં જ રહેલો ઋષભ દ્વીપ, એ મહાભારતકારને માન્ય થયો હશે.

પૌંડ્રવર્ધનક—એ જ 'પુંડ્રવર્ધનક' નામે પણ કહેવાય છે. તે પુંડ્ર દેશની રાજધાની હતી. હરિવંશ, પદ્મપુરાણ, બ્રહ્માંડપુરાણ આદિમાં 'વાસુદેવ' નામના રાજાની રાજધાની તરીકે પણ તેનો નિર્દેશ કરવામાં આવે છે; તે જ પ્રદેશ હાલમાં માળવા પ્રાંતમાં આવેલ 'પાંડુવા' નામનો પ્રદેશ કહેવાય છે. મહાભારતમાં ભીમના દિગ્વિજયકાળે પૂર્વ દિશામાં પુંડ્ર દેશ કહેવાતો હતો. વરાહસંહિતામાં એ પૌંડ્ર દેશનો ઉલ્લેખ કરેલો છે. પાર્જિટરે પુંડ્ર તથા પૌંડ્ર એવા બે દેશ સ્વીકારી પુંડ્ર દેશને ગંગાની ઉત્તરે આવેલ અંગ તથા વંગ દેશની વચ્ચે જણાવેલ છે; અને પૌંડ્ર દેશને ગંગાની દક્ષિણે રહેલા 'સંથાલ' પરગણાની વચ્ચે રહેલ 'વીરભૂમ' પ્રદેશ તરીકે જણાવેલ છે.

મૃત્તિકાવર્ધમાનક—એ પ્રદેશ 'વર્ધમાન' નામનો દેશ હોવો જોઈએ. માર્કંડેયપુરાણમાં અને વેતાલપંચવિંશતિ આદિમાં તે દેશને વિંધ્યાચળની ઉત્તરે આવેલો જણાવ્યો છે અને દેવીપુરાણના ૪૬મા અધ્યાયમાં વંગદેશ-બંગાળની સમીપે તે વર્ધમાન દેશનો ઉલ્લેખ કરેલો છે.

'કર્વટ' દેશ—મહાભારતમાં ભીમના દિગ્વિજયના વર્ણનમાં પૂર્વ દિશામાં કર્વટ દેશનો ઉલ્લેખ છે અને બૃહત્સંહિતામાં પણ એ કર્વટ દેશનો નિર્દેશ કરેલો છે.

માતંગ પ્રદેશ—એ 'યુક્તિકલ્પતરુ' ગ્રંથમાં કામરૂપ દેશની દક્ષિણ-પૂર્વમાં માતંગ દેશનો રત્નોની ખાણરૂપે નિર્દેશ કરેલો છે.

તામ્રલિપ્ત—એ પ્રદેશનો મહાભારતમાં ભીષ્મપર્વના અધ્યાય ૯માં અને સભાપર્વના અધ્યાય ૨૯માં ભીમસેનના દિગ્વિજય પ્રસંગે તેમ જ બૃહત્સંહિતામાં અને પુરાણકાળના બૌદ્ધ ગ્રંથમાં તથા કુમારચરિત આદિમાં પણ નિર્દેશ કર્યો છે; હ્યુ-એન-સંગે પણ એ દેશનો ઉલ્લેખ કર્યો છે. અશોકના શિલાલેખમાં પણ તે પ્રદેશને બતાવ્યો છે. એ પ્રદેશ વંગ દેશ—બંગાળના મેદિનાપુરના પ્રાંતમાં આવેલ છે અને તે જ હાલ 'તમલૂક' નામે પ્રસિદ્ધ થયેલો જણાય છે.

ચીનક—અથવા 'ચીન' દેશનો ઉલ્લેખ મહાભારતમાં સભાપર્વના ૫૧મા અધ્યાયમાં છે; તેમ જ મનુસ્મૃતિના ૧૦મા અધ્યાયના ૪૪ શ્લોકમાં પણ તેનો ઉલ્લેખ કરેલો મળે છે; સાહિત્યપરિષદની

પત્રિકામાં 'ચીન' શબ્દને વર્તમાન 'અનામા' દેશને જણાવનાર તરીકે દર્શાવ્યો છે; કૌશેયવસ્ત્ર–રેશમી કપડું 'ચીનાંશુક' કહેવાય છે અને તેની એ પ્રસિદ્ધિ પ્રાચીન કાળથી ચાલુ છે. 'બર્મા' પ્રદેશમાં રેશમનો વેપાર વધુ પ્રમાણમાં ચાલુ છે અને તે જ કારણે એ પ્રદેશને ચીનનું રાજ્ય કહેવામાં આવતું હતું. 'चीनक' એ શબ્દમાં 'क' પ્રત્યય લગાડી તે બર્મા પ્રદેશને 'નાનું ચીન' એ નામે જણાવવામાં આવતો હતો.

કૌશલ્ય–એ 'કોશલ દેશ' તથા ઉત્તર કોશલ દેશ તરીકે રામાયણના ઉત્તરકાંડના ૧૦મા અધ્યાયમાં તેમ જ પદ્મપુરાણમાં ઉત્તર વિભાગના ૬૮મા અધ્યાયમાં અને 'અવદાનશતક' આદિમાં પણ દર્શાવેલ છે.

કલિંગ દેશ–મહાભારતમાં વનપર્વના ૧૧૩-મા અધ્યાયમાં સહદેવના વિજય પ્રસંગે તેમ જ બૃહત્સંહિતામાં તથા અશોકના શિલાલેખમાં પણ તેનો ઉલ્લેખ મળે છે; મહાભારતના સમયમાં ઉત્કલ દેશના ઘણા ભાગો કલિંગ રાજ્યના પેટા વિભાગો તરીકે ગણાતા હતા; અને કાલિદાસના સમયમાં કલિંગ તથા ઉત્કલ નામના બે દેશો જુદા જુદા હતા (જુઓ રઘુવંશ–સર્ગ ૪ થો).

દાક્ષિણાત્ય અથવા દક્ષિણના દેશો

'કાંચી'–મહાભારતના ભીષ્મપર્વના અધ્યાય ૧ લામાં અને પદ્મપુરાણના ઉત્તર વિભાગના ૭૪મા અધ્યાયમાં એનો ઉલ્લેખ કરેલો મળે છે; વળી મહાભાષ્યમાં પણ ચીર, ચોલ તથા કાંચીનો ઉલ્લેખ છે. એ 'કાંચી' નામની નગરી દ્રવિડ તથા ચોલ દેશની રાજધાની હતી. આજે પણ એ જ કાંચી 'કાંજીવર' નામે પ્રસિદ્ધ છે.

કાવીર–એ 'કાવેરી' નામની નદીની સમીપનો પ્રદેશ હોય એમ કલ્પી શકાય છે. 'કાવેરી' નદીનો ઉલ્લેખ સ્કંદપુરાણ આદિમાં દેખાય છે. કાલિદાસે પણ 'રઘુવંશ' કાવ્યના ૪ થા સર્ગમાં એ કાવેરી નદીનો ઉલ્લેખ કર્યો છે.

ત્રિરિપાલી–એ 'ત્રિચિનાપલ્લી'નું બીજું નામ હોય એમ લાગે છે. રાવણના સેનાપતિ 'ત્રિશિરસ્' ના નામ પરથી પહેલાં એનું નામ 'ત્રિશિરઃપલ્લી' હતું. એ જ નગરીનું બીજું નામ 'ઉરગપુર' તથા 'નિચુલપુર' એવું કહેવાયું છે; કારણ કે એ જ ત્રિચિનાપલ્લી પૂર્વે પાંચ રાજાઓની તથા ચોલ રાજાઓની રાજધાની હતી.

ચીરરાજ્ય–આ ચીર દેશનો ઉલ્લેખ મહાભાષ્યમાં પણ કરેલો છે. 'ચીર' શબ્દ એ 'કૈરલ-પુત્ર' શબ્દનો અપભ્રંશ હોઈને ટૂંકા બીજા નામે કહેવાયો છે; એ જ ચીર દેશ હાલમાં મૈસૂર રાજ્યમાં સમાઈ ગયો છે.

'ચોર' દેશ–આ દેશનું જ બીજું નામ 'ચોલ' છે; એટલે ચોર તથા ચોલ એક જ છે; અશોકના શિલાલેખમાં 'ચોડ' એ શબ્દથી વ્યવહાર કરેલો છે; કાંચીપુરનો રાજા 'ચોલ' નામે જે હતો, તેના નામે એ દેશ પણ 'ચોલ' નામે પ્રસિદ્ધ થયો છે. પદ્મપુરાણમાં 'ચોલ' દેશનો ઉલ્લેખ દ્રવિડ દેશમાં કરેલો મળે છે. પાણિનીય વ્યાકરણના ગણપાઠમાં પણ દેશવાચી 'ચોલ' શબ્દ જોવામાં આવે છે; બૃહત્સંહિતામાં પણ 'ચોલ' શબ્દનો ઉલ્લેખ કરેલો છે. આ ચોલ દેશ આજે 'કોરોમંડલ' પ્રદેશમાં સમાઈ ગયો છે.

પુલિન્દ–આ નામનો દેશ મહાભારતમાં સહ-દેવના દિગ્વિજય પ્રસંગે દક્ષિણ તરફ આવેલો વર્ણવેલ છે. અશોકના શિલાલેખમાં પણ આ દેશનું નામ દેખાય છે. નર્મદાના કિનારા પર વિંધ્યાચળ પર્વતના મધ્ય પ્રદેશમાં પુલિંદ દેશ આવેલો છે, એમ એક પાશ્ચાત્ય વિદ્વાન સ્મિથ દર્શાવે છે. 'તારાતંત્ર' નામના ગ્રંથમાં કામરૂપ દેશના ઉત્તરભાગે અને મહાભારતના વનપર્વમાં હરિદ્વારના ઉત્તર–પશ્ચિમ પ્રદેશમાં પણ 'પુલિંદ' દેશનો ઉલ્લેખ કરેલ હોવાથી પુલિંદાધિપતિ–ભીલ લોકોનો વસવાટ ગણીને પણ તેનો પુલિંદ દેશ તરીકે પ્રયોગ થયેલો જણાય છે. હિમાલયના છેડાના ભાગમાં વસતિ જાતિઓમાં પણ 'પુલિંદ' શબ્દનો પ્રયોગ પાછળથી થયો છે, એમ પણ તેઓ જણાવે છે.

દ્રવિડ દેશ–મહાભારતના વનપર્વમાં અને વરાહસંહિતામાં તથા મનુસ્મૃતિ આદિમાં પણ આ દ્રવિડ દેશનો ઉલ્લેખ કર્યો છે. મદ્રાસથી માંડી કન્યા-કુમારી સુધીના દેશ 'દ્રવિડ' દેશના નામે વ્યવહાર કરાયો હતો. 'બૂલર'ના નામે પાશ્ચાત્ય વિદ્વાન દ્રવિડ

દેશનું જ બીજું નામ 'ચોલ' કહે છે.

કરઘાટ–મહાભારતના સભાપર્વ અધ્યાય ૩૧માં સહદેવના દિગ્વિજય પ્રસંગે દક્ષિણમાં 'કરઘાટ' નામના દેશનો ઉલ્લેખ છે; તેમ જ સ્કંદપુરાણના સહ્યાદ્રિ ખંડમાં 'કારાષ્ટ્ર' દેશની રાજધાની દર્શાવી છે; ભાંડારકરે પણ E. H. D. પુસ્તકમાં આ કરઘાટ દેશ વર્ણવ્યો છે; હાલમાં તે જ કરઘાટ દેશ 'કરાડ' નામે પ્રસિદ્ધ છે, એમ જણાય છે.

કાન્તાર–મહાભારતમાં સહદેવના દિગ્વિજય પ્રસંગે 'કાન્તારક' દેશનો ઉલ્લેખ છે. એને જ 'અરણ્યક' કહે છે. મહાભારતના સભાપર્વના ૩૧મા અધ્યાયમાં અને દેવીપુરાણમાં પણ 'અરણ્ય' નામના પ્રદેશનો ઉલ્લેખ છે. એ જ અરણ્યપ્રદેશ હાલમાં 'ઔરંગાબાદ' તથા દક્ષિણ કોંકણ કહેવાય છે. ત્યાંની રાજધાની 'તગર' નામે હતી, એ જ હાલમાં 'દૌલતાબાદ' નામે કહેવાય છે.

વરાહ–વિતસ્તાની દક્ષિણે વરાહના અવતારનું જે મૂળ સ્થાન હતું, તેની બાજુએ પ્રસિદ્ધિ દર્શાવતું હોય તેમ કૌશિકી નદીના તીર પર 'નેપાળ' દેશની સમીપે 'કોકામુખ' નામનું જે તીર્થસ્થાન છે, તેની જ પ્રાચીન સમયથી માંડી વરાહક્ષેત્ર તરીકે પ્રસિદ્ધિ છે. વરાહપુરાણમાં પણ આ ક્ષેત્રનો મહિમા ગવાય છે; પરંતુ આ સંહિતામાં તે વરાહક્ષેત્રની દક્ષિણના દેશોમાં ગણતરી કરી છે; તેથી પશ્ચિમના અને પૂર્વના બે દેશોનો સંગમ ઘટતો ન હોવાથી દક્ષિણમાં રહેલો તે બીજો જ પૂર્વકાળે પ્રસિદ્ધ વરાહ દેશ હોય, એવો આ વરાહદેશવાચી શબ્દનો અભિપ્રાય લાગે છે. હાલમાં જે 'વરાર' નામે પ્રસિદ્ધ દેશ કહેવાય છે, તે જ આ 'વરાહ' દેશ હશે કે શું ?

આભીર–ગુજરાતના દક્ષિણ તથા પૂર્વભાગમાં રહેલો નર્મદાના મુખ પ્રદેશનો જ પૂર્વે 'આભીર' નામે વ્યવહાર કરાતો હતો; એ જ આભીર પ્રદેશને ગ્રીક લોકો 'Abira' કહેતા. મહાભારતના સભાપર્વના ૩૧ મા અધ્યાયમાં સમુદ્રની સમીપે 'સોમનાથ'ની નજીકમાં આવેલ ગુજરાત દેશની સરસ્વતી નદીના તીરે જે લોકો વસે છે, તેઓને 'આભીરો' કહેવામાં આવે છે. ગુજરાતની દક્ષિણે આવેલ સુરતનો પ્રદેશ પણ આભીર દેશમાં ભળેલો હતો, એવો પણ કોઈકે વિદ્વાનનો મત છે. 'તારાતંત્ર' ગ્રંથમાં કોંકણ દેશની દક્ષિણ બાજુ 'તાપતી' નદીના પશ્ચિમ કિનારા સુધીનો પ્રદેશ 'આભીર' નામે દર્શાવેલ છે. 'લ્યાસન' નામના વિદ્વાન તો 'વાયન્તિલ' ગ્રંથમાં દર્શાવેલ આહીર દેશને જ 'આભીર' માને છે. ભારતની પશ્ચિમ બાજુ આવેલી 'તાપતી'થી માંડી દેવગઢ સુધીનો દેશ 'આભીર' નામે છે, એમ ઇલિયડનો મત છે. 'વન્ડિક' નામના વિદ્વાન તો સિંધુ નદીની પૂર્વમાં આવેલ પ્રદેશને 'આભીર' માને છે. વિષ્ણુપુરાણના પાંચમા અધ્યાયમાં તેમ જ બ્રહ્માંડપુરાણમાં આભીર દેશમાં સિંધુ નદીનો ઉલ્લેખ કર્યો છે; 'આભીર' શબ્દ જાતિવાચક હોવાથી તે આભીર જાતિના–ભીલ, ભરવાડો કે રબારી લોકોના રહેઠાણને ગ્રહણ કરી બીજા પણ દેશો 'આભીર' નામથી વ્યવહાર કરાયેલા છે; પરંતુ આ કાશ્યપસંહિતામાં કુરુક્ષેત્રને વચ્ચે ગણી દક્ષિણ બાજુ વર્ણન કરાતો ગુજરાત પ્રાન્તનો જે પ્રદેશ છે, તે જ આભીર દેશ સંભવે છે; જ્યાં હાલમાં પણ ભીલ લોકો રહે છે. બૃહત્સંહિતામાં પણ દક્ષિણ તથા નૈર્ઋત્યના ભાગમાં આભીર દેશ દર્શાવેલો છે.

એ પ્રમાણે ઉપર દર્શાવેલા દેશો પ્રાચીન જ હોય, એમ સમજાય છે; આ દેશોમાંના મગધ દેશમાં મહારાષ્ટ્ર દેશ સમાયેલો છે, તેથી મગધ દેશનો નિર્દેશ મહારાષ્ટ્ર તરીકે મળે છે તથા કૌશલ્ય દેશનો પણ ઉલ્લેખ મળે છે. કોશલ દેશ ઇસવી સન પૂર્વે ૪૦૦ના સમયમાં મગધરાજ્યના એક અંગ તરીકે વર્ણવાય છે. બુદ્ધના સમયમાં કોશલ દેશની પ્રતિષ્ઠા પણ હતી. મગધ દેશમાં મહારાષ્ટ્રની પરિસ્થિતિ મૌર્યવંશી રાજાઓની પૂર્વે નન્દના કાળમાં બુદ્ધના સમયમાં થયેલ શિશુનાગ વંશના અજાતશત્રુ રાજાના સમયમાં પણ હતી એમ આર. ડી. બેનર્જી મહોદયે અને એચ. ચૌધરીએ પણ પોતાના 'પ્રાચીન ભારત' નામના પુસ્તકમાં વર્ણવેલી છે. કોશલ દેશનો અલગ ઉલ્લેખ હોવાથી તેમ જ પાંચ્ય દેશનું વર્ણન કરેલું ન હોવાથી મગધ દેશમાં સાથે સાથે મહારાષ્ટ્ર દેશનો જે આ ઉલ્લેખ કરેલ છે, તે બુદ્ધના સમયની પરિસ્થિતિ સૂચવે છે. આ કાશ્યપસંહિતાના ખિલભાગમાં વાત્સ્યે ઉમેરો કર્યો છે, તેમાં એમ જોવામાં આવે છે, તેમ જ વાત્સ્યે કરેલા પ્રતિસંસ્કરણમાં

ઉત્સર્પિણી તથા અવસર્પિણી–એ બે શબ્દો તથા શ્રમણ, નિર્ગ્રંથ, શક, પલ્લવ, હૂણ આદિ સંશયજનક શબ્દો પણ જોવામાં આવે છે, તેથી પણ વાત્સ્યનો સમય બુદ્ધદેવના સમયની સમીપનો હોવો જોઈએ, એવું અનુમાન કરાય છે.

વળી આ કાશ્યપસંહિતાના જ પૂર્વ ભાગમાં 'ભોજનકલ્પ' નામના અધ્યાયમાં શ્લોક ૪૦–૫૧ માં પણ કેટલાક દેશોનાં નામોનો ઉલ્લેખ કર્યો છે; તેઓમાં કેટલાક પ્રસિદ્ધ દેશો–કુરુ–કુરુક્ષેત્ર, નૈમિષ, પાંચાલ, કોશલ, શૂરસેન, મત્સ્ય, દશાર્ણ, શિશિરાદિ કે હિમાદ્રિ, વિપાશા, સારસ્વત, સિન્ધુ, સૌવીર, કાશ્મીર, ચીન, અપરચીન, ખશ, બાહ્લિક, કાશી, પુંડ્ર, અંગ, વંગ–કલિંગ, કિરાત આદિ દેશોનું મહાભારત આદિ પ્રાચીન ગ્રન્થોમાં પણ વર્ણન મળે છે; તેથી તે તે દેશો પ્રાચીન છે, એમ નક્કી ગણાય છે; અને તે સિવાયના બીજા માણીચર–હારીતપાદ–હાસેરક, શાતસાર, રામણ, કાચ, અનૂપક, પદ્મન એ દેશોનાં નામો પણ બીજા ગ્રંથોમાં સુલભ નથી; એ કારણે તે તે દેશો જોકે અપ્રસિદ્ધ છે, તોપણ પૂર્વકાળે તે દેશોનો પણ વ્યવહાર થયેલો હતો એમ જણાય છે. એ દેશો કઈ દિશામાં આવેલા હતા? પશ્ચિમ કે ઉત્તરના પ્રદેશમાં હતા? તે સંબંધે વિદ્વાનોએ વિચારવા જેવું છે. આ સંહિતાના બિલ ભાગમાં દેશોનો ઉલ્લેખ કર્યો છે, તેમાં 'મગધ' દેશનો મહારાષ્ટ્ર તરીકે નિર્દેશ કર્યો છે, તોપણ 'મગધ' એ નામથી તેનો નિર્દેશ કર્યો નથી; કોશલ દેશનો તો ઉલ્લેખ કર્યો છે; તે સિવાયના બીજા પણ કેટલા વિશેષ દેશોનો ત્યાં ઉલ્લેખ કર્યો છે, પણ અહીં તેઓનો નિર્દેશ કર્યો નથી; ઊલટાનો પહેલાંના તરીકે નિશ્ચય કરાતા સિંધુ, સૌવીર, કુરુ, પાંચાલ અને બાહ્લિક વગેરે પ્રાચીન દેશોમાંના કેટલાક દેશોનો વ્યવહાર પાછળથી વિલુપ્ત થયો છે, તોપણ તે જ દેશો પૂર્વભાગના લેખમાં જોવામાં આવે છે એ કારણે આ પૂર્વભાગ તથા ઉત્તરભાગમાં મળતા અમુક વિશેષ દેશોના ઉલ્લેખોનું અનુસંધાન કરતાં બુદ્ધના સમયની સમીપે જણાતા વાત્સ્ય કરતાં પૂર્વભાગના રચયિતા વૃદ્ધજીવકની તથા તેમના મૂળ આચાર્ય કશ્યપની પ્રાચીનતાનું વિશેષે કરી અનુસંધાન કરાય છે. (હવે તે સંબંધે વધુ વિસ્તાર કરવો જરૂરી નથી.)

(૪) ભારતીય ઔષધચિકિત્સાનું સમર્થન

આ ભારતીય આયુર્વેદવિદ્યાનો વિકાસ પોતાના પ્રાચીન સંપ્રદાયની પરંપરાથી જ થયો છે અથવા એમાં કોઈ બીજા દેશના વૈદ્યકે પણ પગપેસારો કર્યો છે? અથવા યુરોપના પ્રદેશમાં પણ સર્વની પહેલાં ગ્રીસ દેશની અંદર સભ્યતા તથા ચિકિત્સાના વિકાસનો ઇતિહાસ જણાતો હોવાથી ત્યાંની ચિકિત્સાનો ભારતીય ચિકિત્સા પર કોઈ પ્રભાવ છે કે નહિ? બીજા દેશોની ચિકિત્સાઓનો પ્રભાવ ન હોવા છતાં પણ ભારતીય ચિકિત્સા આપણા દેશમાં જ સીમિત રહી છે કે તેનો પ્રભાવ બીજા દેશોમાં પણ પહોંચ્યો છે, ઇત્યાદિ વિષયોના વિચાર વિના ભારતીય આયુર્વેદના પ્રવાહની પૂર્વકાળની પરિસ્થિતિ બરાબર જાણી શકાય તેમ નથી; તેમ જ પૂર્વકાળના આયુર્વેદીય આચાર્યોનો ઔપદેશિક સંપ્રદાય એટલે કે ઉપદેશને લગતી પરંપરા પણ કેવળ–ભારતીય પરંપરા દ્વારા જ શિથિલતાને પામી જાય. એ કારણે આ વિષયમાં પણ વિવેચન કરવું તે અહીં પ્રાચીન આચાર્યોના ઔપદેશિક સંપ્રદાયને ટકાવી રાખનાર એ કારણે તે વિષયના વિચારમાં અનેક વિદ્વાનોના મતોને પણ જણાવી મારો પોતાનો વિચાર પણ પ્રકટ કરું છું.

કેટલાક વિદ્વાનો ભારતીય ચિકિત્સા કરતાં પાશ્ચાત્ય ચિકિત્સાની પ્રાચીનતા સિદ્ધ કરવાની ઇચ્છાથી બંનેમાં કંઈક સાદૃશ્ય જોઈને ભારતીય વૈદ્યક પર પાશ્ચાત્ય વૈદ્યકનો પ્રભાવ માને છે અને ભેડ આચાર્ય ગાંધાર દેશના વતની હતા એવો ઉલ્લેખ મળતો હોવાથી યવનોના સંબંધના કારણે તેમના વૈદ્યકમાં યવન લોકોના વૈદ્યકનો પ્રભાવ પાછળથી પ્રવેશ્યો છે, એમ પણ વર્ણવે છે.

બીજા કેટલાક વિદ્વાનો આમ વર્ણવે છે: સૌની પહેલાં યુરોપના વિભાગમાં ભૈષજ્યવિદ્યા અથવા વૈદ્યકીય ચિકિત્સાનો ઉદય થયો હતો; એટલે કે ઈસવી સનની શરૂઆત થયા પહેલાં પાંચમી શતાબ્દીમાં (ઈ. પૂ. ૪૬૦ માં) 'થિયોફ્રેસ્ટસ' નામના ગ્રીક વિદ્વાનના લેખમાં પણ ઘણીખરી ભારતીય વનસ્પતિઓનો–જીરું, આદું, મરિયાં,

તજ, એલચી અને તેજપત્ર વગેરેનો–ઔષધોમાં પ્રયોગ કરાય છે; તે ઔષધો ભારતમાંથી મેળવાય છે; એ જ પ્રમાણે બીજા પણ પ્રાચીન પાશ્ચાત્ય વિદ્વાનોએ ભારતીય વનસ્પતિ, ઔષધી આદિનો ઉલ્લેખ કરેલો દેખાય છે, તે ઉપરથી જણાય છે કે તે તે પાશ્ચાત્ય વૈદ્યો ઉપર ભારતીય વૈદ્યકના વિજ્ઞાનનો પ્રભાવ પડ્યો હતો.

આ બંને પ્રકારનો વિચાર કરતાં વસ્તુ-તત્ત્વનો નિશ્ચય કરવા માટે ભૈષજ્યવિદ્યાની પેઠે સભ્યતા પણ આ દેશમાંથી તે તે દેશોમાં ગઈ હતી અને ત્યાંથી આવી છે, એ સંબંધે પૂર્વનો ઇતિહાસ વગેરેનો વિચાર કરવાની પણ આવશ્યકતા હોવાથી લેશરૂપે તેને લગતા વિષયોના આધારની સાથે ચાલુ વિષયમાં લખવા પ્રેરે છે :

ભારતના લોકોની પેઠે પોતાને 'આર્ય' કહેવડાવતા પશ્ચિમના લોકોના પ્રાથમિક ઉત્પત્તિના સ્થાન વિષે વિચાર કરતાં 'उत्तरध्रुवसन्निहितप्रदेशः प्राक्तनोऽभिज्ञनः। तत एव क्रमशः प्रसरणेन परित आर्याणामुद्गमः–ઉત્તર ધ્રુવની નજીકનો પ્રદેશ જ પ્રાચીન લોકોનું નિવાસસ્થળ હતું; ત્યાંથી આર્ય લોકો ક્રમશઃ ફેલાયા છે એમ કેટલાકોનું માનવું છે. જ્યારે બીજા કેટલાક વિદ્વાનો ઘણા દૂર ઉત્તરના ભાગમાં જ આર્ય લોકોનું પ્રથમ ઉત્પત્તિસ્થાન હતું; તે પછી જુદી જુદી શાખાઓમાં પ્રસાર પામતા કેટલાક આર્યો પાશ્ચાત્ય પ્રદેશોમાં અને કેટલાક પૂર્વના પ્રદેશોમાં જઈને વસ્યા હતા; તેમાંની પૂર્વની શાખારૂપે જ આપણે ભારતીય લોકો છીએ, એમ જણાવે છે; પરંતુ સંસારનાં ઉપલબ્ધ સાહિત્યો-માં ઋગ્વેદ એ સૌથી પ્રથમ તેમ જ પ્રાચીન સાહિત્ય છે. ઋગ્વેદમાં આવેલા દેશો, નદીઓ, નગરો, ગામડાં તથા પર્વતો વગેરે બધાં પાંચાલ, સિંધુ, સૌવીર આદિ દેશોની સમીપમાં જ આવેલાં દેખાય છે; ત્યાં વસી રહેલા આર્ય લોકો, બીજા કોઈ પણ સ્થળેથી આવ્યા હોય કે તેઓનું બીજું કોઈ પહેલાંનું રહેઠાણ હોય એવો ક્યાંય પણ કંઈ ઉલ્લેખ કરેલો મળતો નથી; વળી દેવજાતિઓ તથા અસુર જાતિઓનો પરસ્પર સંઘર્ષ આદિનાં વૃત્તાંતો ત્યાં જ બનેલાં મળે છે; એનું અનુસંધાન જોતાં પાંચાલ, સિંધુ તથા સૌવીરનો પ્રદેશ અને તેની સમીપમાં રહેલ ઈરાન, બેબિલોનિયા, અસીરિયા આદિ પ્રદેશ જ આર્ય લોકોનું પ્રથમનું નિવાસસ્થળ હોય એમ જણાય છે. અસ્તુ, આ પ્રથમ ઉદ્ગમસ્થળ કોઈ પણ હો પરંતુ જેઓ ખરેખર પ્રાચીન જાતિઓ છે, તેઓની પ્રાચીન ભાષાઓમાં ઋગ્વેદની ભાષા જ તેમાંથી ઉત્પન્ન થયેલ અને તેની સમાન રૂપે લગભગ મળતી જોવામાં આવે છે, તે ઉપરથી ભાષાના તત્ત્વની દૃષ્ટિએ પણ ઘણા કાળથી માંડીને પહેલાં એક જ મૂળ વૃક્ષમાંથી ચોપાસ શાખાઓ ફેલાઈ હોય, એમ વિવેચકો અનુમાન કરે છે.

એમ કેવળ ભાષાદૃષ્ટિ જ મળતી આવે છે, એટલું જ નહિ પરંતુ ઘણી પ્રાચીન પાશ્ચાત્ય જાતિઓનાં તથા ભારતીય જાતિમાં બીજા વિષયોની સભ્યતાની પણ લગભગ ઘણા પ્રકારે સમાનતા જણાઈ આવે છે; તેમાં વધુ પ્રમાણમાં પ્રાચીન પરિસ્થિતિમાં વર્તતી જે સભ્યતા છે, તેમાંથી ચાલુ થઈને ફેલાયેલી શાખાઓમાં પ્રસાર પામેલી સભ્યતા, પાશ્ચાત્ય પ્રાચીન જાતિઓમાં તેમ જ ભારતીય શાખામાં પણ ઓછાવધતા ભાવે સમાન પ્રકારની લાગે છે, અથવા વેદકાળની આર્ય સભ્યતા ચારે બાજુ પ્રસરતી રહીને પાશ્ચાત્ય પ્રદેશની પ્રથમની જાતિઓમાં પણ પોતાનું પ્રતિબિંબ પાડી રહી છે, એવો પણ બીજો વિચાર પેદા થાય છે.

'બેબિલોનિયા' દેશના 'કસાઇટિસ્' વંશના રાજકુમારોનાં નામોમાં સૂર્ય, ઇંદ્ર તથા મરુત્ શબ્દો મળે છે; તેમ જ પશ્ચિમ એશિયાના 'કેપેડોસિયા' નામના સ્થાનમાં 'હિતાઇટી' અને 'મિત્તાની' નામની એ બે પ્રાચીન જાતિઓમાં પરસ્પર લડાઈ થઈ હતી; પછી તેઓની સંધિ થતાં તે સંબંધી જે શિલાલેખ મળે છે, તેમાં એ બેય જાતિનો વૈવાહિક સંબંધ થતાં સાક્ષી તરીકે મિત્ર, વરુણ, ઇંદ્ર તથા નાસત્યોનાં નામો મળે છે; તેમ જ 'યોગસઙ્કાય' નામના શિલાલેખમાં સંખ્યા-વાચક આદિ શબ્દો મળે છે; અને સિરિયા તથા પેલેસ્ટાઇન દેશમાં ઉત્પન્ન થયેલા રાજાઓનાં નામોનો આર્યોના જેવાં નામોના સરખો ઉલ્લેખ મળે છે, તે ઉપરથી વૈદિક સભ્યતાનો પ્રાચીન સમયમાં પણ એટલે દૂર પ્રચાર થયેલો હતો એમ સ્પષ્ટ થાય છે.

'સુમેરિયન્' પ્રદેશના પહેલાંના જે રાજાઓનું વર્ણન ભારતીય ગ્રંથોમાં જોવામાં આવ્યું છે, તેમાં તે પ્રાચીન રાજાઓનાં નામોમાં કેવળ વર્ણ અથવા અમુક અક્ષરની તથા અપભ્રંશ ભાષાની સમાનતા જોવામાં આવે છે; (જેમકે સુમેરિયન્ પ્રદેશના એ પ્રાચીન રાજાઓ–ઉકકુસિ, વકકુસ, નિમિરૂદ, પુનપુન, નક્ષઅનેન···શગુર, મનિશમંજ, નરમઅંશ, દલીપ ઇત્યાદિ નામો પૂર્વકાળના આર્ય-રાજાઓ ઇક્ષ્વાકુ, વિકુક્ષિ, નિમિ, પુરંજય, અનેના, સમર, અસમંજસ, અંશુમાન્ તથા દિલીપ–ઇત્યાદિ જેવાં લગભગ ઘણી જ સમાનતાવાળા જોવામાં આવે છે (જુઓ સરસ્વતી માસિકનો ૧૯૩૭ની સાલના એપ્રિલનો અંક); વળી બેબિલોનિયા દેશનો 'મનસ' નામનો એક પહેલો વ્યવસ્થાપક જે થઈ ગયો છે, તેની સમાનતા, ભારતીય ગ્રંથમાં કહેવાયેલા 'મનુ'ના નામ સાથે અને તેના કાર્ય સાથે પણ મળે છે; તેમ જ તે દેશના શિલાલેખ આદિમાં મળતા જૂના વ્યાવહારિક નિયમોમાં પણ લગભગ મનુના વ્યવહારોની સમાનતા મળે છે. વળી 'સુમેરિયન્' પ્રદેશમાં મળતાં નામ, વસ્તુઓ તથા લેખો વગેરેમાં પણ ભારતીય ગ્રંથમાં જોયેલાં તે તે નામો વગેરેની સમાનતા લગભગ મળી આવે છે, એમ 'વાડેલ' મહાશયે પણ નિરૂપણ કર્યું છે. એમ બન્ને તરફના રાજાઓની આનુક્રમિક સમાનતા, સુમેરિયન્ પ્રદેશના રાજાઓએ ભારત દેશ પર આધિપત્ય સ્થાપ્યું હોય તે કારણે અથવા ભારત દેશના રાજાઓએ સુમેરિયન્ પ્રદેશ સુધી પોતાનું આધિપત્ય સ્થાપ્યું હોય, તેથી–એમ બન્ને પ્રકારે સંભવે છે; અને એવું તો સંભવે જ નહિ કે એક દેશના રાજાઓએ બીજા દેશની ઉપર પોતાનું આધિપત્ય સ્થાપ્યું ન હોય?

પૂર્વકાળમાં દેવોનો તથા અસુરોનો પરસ્પરનાં કાર્યોને લીધે જ્યારે વિરોધ થતો હતો ત્યારે પરસ્પર યુદ્ધ વગેરે જે થતાં હતાં તે વિષયોને લઈ પુરાણોમાં તથા ઋગ્વેદમાં પણ અસુરોનો ઉલ્લેખ ઘણાં સ્થળે જોવામાં આવે છે. વળી અસિરિયન્ તથા બેબિલોનિયન્ જાતિના લોકોના ઉપાસ્ય મુખ્ય દેવો 'અસુર, બેહર' એ નામે મળે છે; તેમજ 'અસીરિયન્' એ શબ્દ પણ પ્રાચીન ભારતીય લોકોએ વિશેષે કરી પરિચય કરેલા અસુરોને જાણે ઓળખાવતો હોય તેવો દેખાય છે.

આજના સમયમાં સિટાન લાયડ ને ડૉક્ટર હેનરી ફ્રેંકફોર્ટના અધ્યક્ષપદે ઇરાક પ્રદેશના 'ટયલ અગર' નામના સ્થાનમાં ભૂગર્ભની તપાસ થઈ હતી, ત્યારે તેમાં ભંગાર સ્થિતિમાં બચી ગયેલા મંદિરની અંદરના કોઠામાં અનેક મહત્ત્વપૂર્ણ પ્રાચીન વસ્તુઓ મળી આવી હતી તેમ જ કેટલીક મોહેં–જો–દરોના ભૂગર્ભમાંથી મળેલી વસ્તુઓને મળતી વસ્તુઓ પણ મળી આવી હતી, તે ઉપરથી ઇરાક દેશની પાંચ હજાર વર્ષો પહેલાંની સભ્યતા ઉપર ભારતીય સભ્યતાનો પ્રભાવ પડ્યો હતો, એમ જણાય છે; તેમ જ સર આરેલસ્ટીનની શોધખોળમાં બલૂચિસ્તાનના તથા દક્ષિણ ઈરાનના પ્રદેશમાં જે જે પ્રાચીન વસ્તુઓ મળી આવી છે, તેઓને જોતાં ભારત તથા પ્રાચીન સુમેરિયા પ્રદેશનો એટલે કે હાલના ઈરાનનો પણ પ્રાચીન કાળમાં પરસ્પર એકસરખી સભ્યતાનો સંબંધ હતો.

પેલેસ્ટાઈન પ્રદેશના ભૂગર્ભમાંથી નીકળેલી સભ્યતાની પરીક્ષા કરવા માટે તે પ્રદેશની ઉપર સમયે સમયે જુદા જુદા દેશના લોકોએ આક્રમણ કર્યું હતું, એ કારણે ત્યાં તે તે સ્થાનો પર તેના તેના સંબંધવાળાં પૂર્વનાં લક્ષણો જે કે મળે છે, તોપણ એક સ્થાન પર સર્વ કરતાં પ્રાચીનપણાને લીધે મોહેં–જો–દરોના ઉત્તર પ્રદેશમાં મળેલાં લક્ષણોને મળતાં પ્રાચીન ભારતીય સભ્યતાનાં ચિહ્નો મળી આવવાથી ભારત દેશની જ સભ્યતાનો પ્રકાશ ત્યાં સૌની પહેલાં પ્રસર્યો હતો, એમ મેથિક સોસાયટીનો લેખ સાબિત કરે છે.

આજના સમયમાં અવર–જવરનાં સાધનોનો ઘણો વિકાસ થયેલો છે. છતાં મિરજાપુર વગેરેનાં સુંદર માટીનાં વાસણોને ખૂબ જ નજદીકના શહેરમાં પણ લઈ જવામાં લોકોને ખૂબજ સાવધાની રાખવી પડે છે. વળી ઘણા લાંબા અને દુર્ગમ પહાડી તથા રેતાળ આદિ પ્રદેશો જેની વચ્ચે આવ્યા કરે છે, એવા મિશ્ર, પેલેસ્ટાઈન, ઈરાક તથા ભારતના લાંબો કાળ ટકનારા અલંકારો વગેરેને લઈ જવામાં તથા લાવવામાં ઘણી સુવિધા છે તોપણ ઘણી થોડી પણ ટકાઉ માટીનાં વાસણો વગેરે

સહન કરી શકતાં નથી; પણ તેની કારીગરીની પરસ્પર સમાનતા જોઈને એમ કહી શકાય કે તે તે દેશને પરસ્પરનો અસાધારણ પરિચય હતો.

કેવળ એટલું જ નહિ પરંતુ પાશ્ચાત્ય લોકોની પ્રાચીન શાખાઓમાં અને ભારતીય લોકોની પ્રાચીન પરિસ્થિતિમાં ધાર્મિક, સામાજિક અને આધ્યાત્મિક આદિ ઘણા વિષયોમાં સમાનતાની દ્યોતક સભ્યતાનાં ચિહ્નો ઇતિહાસોને લગતા ભિન્ન ભિન્ન લેખો ઉપરથી અનેક સ્થાનો પર મળે છે.*

વળી પ્રત્યક્ષ અનુભવને જ પ્રમાણ માનીને ભારતની પ્રાચીન અવસ્થાનું અનુસંધાન કરવામાં આવે તો આ ભારતની સભ્યતા ઘણી પ્રાચીન જણાય છે; તેમ જ મોહેં-જો-દરોનાં વિશાળ

* મિશ્રદેશના પૂર્વકાળના સંપ્રદાયમાં જેનું પરિવર્તન થઈ શકે તેમ ન હોય એવી કુલપરંપરાને અનુસરતાં પુરોહિતપણું, સેનાવૃત્તિ શિલ્પ, વ્યાપાર તથા દાસત્વભાવ-એ ચાર વિભાગમાં ભારતીય વર્ણભેદ-છાયા મળે છે. ત્યાંના પ્રાચીન ઇતિહાસની સમાન જલપ્લાવન(સમુદ્રયાત્રા)નું વર્ણન તથા પ્રજાપતિના સ્થાનને લગતો 'ક' શબ્દયુક્ત દેવતાનો ઉલ્લેખ મળે છે. તેમ જ તે તે દેશની ભાષામાં માત-ઇવુ-આત્મૂ-પુષ-ઉષા-આપ-અપૂપ-નર-આદિ ઘણા શબ્દોમાં સંસ્કૃત-માતા-ઇમ-આત્મા-પુષ્ય-ઉષા-આપ-અપૂપ-નર આદિ શબ્દોમાં કંઈક ફેરફાર થયા છતાં શબ્દથી અને અર્થથી સમાનતા દેખાય છે. આ વિષયમાં શ્રી ધાનચંદ્રે (ત્રિમાસિક મૈથિક સોસાયટી વોલ્યુમ ૨૧, નં ૩, પેઈજ ૨૫૦ માં) તથા શ્રી અવિનાશચંદ્રે પણ (ઋગ્વેદિક ઇન્ડિયા-વોલ્યુમ ૧ પેઈજ ૨૪૫ માં) ઘણું લખ્યું છે. બીજા મંત્રોમાં પણ શાખાભેદના કારણે કરાયેલા પાઠભેદ વિના જ કેવળ એક જ ક્રમથી ભારતમાં મળતો વૈદિક સાવિત્રીમંત્ર જણાયાથી તે ઋગ્વેદના સૌરમંત્રો વડે પ્રતિપાદન કરવા યોગ્ય સૂર્યદેવની ઉપાસના કરાય છે, એવો ભારતીય પ્રાચીન અસાધારણ ધર્મ છે; તેમ જ ભારતની દૂર પશ્ચિમભાગમાં રહેલું પ્રાચીન તેમજ વિશાળ નષ્ટભ્રષ્ટ થયેલું સૂર્યનું એક મંદિર છે, તે પણ ભારતના લોકોની લાંબા કાળથી ચાલુ રહેલી સૂર્યની ઉપાસનાને જણાવે છે; તેમ જ મિશ્ર દેશના પ્રાચીન નગરમાં સૂર્યઉપાસના પ્રચલિત ન હતી, તેને પાછળથી ત્યાંના રાજાના સમયમાં અટકાવ થયા છતાં બળજબરીથી ચાલુ થયાનો ઇતિહાસ મળે છે. પાંચ હજાર વર્ષ પહેલાંના તે રાજાના સમાધિના મૃતદેહની સાથે વૈદિક વચનોની છાયાને અનુસરતું સૂર્યનું સ્તોત્ર કોતરેલું મળે છે; વળી પાંચ હજાર વર્ષોની પહેલાંના મિશ્ર દેશમાં મળેલાં વાસણો, શિલ્પકળા વગેરેની હાલમાં શોધખોળ થવાથી મોહેં-જો-દરોના હરપ્પા આદિ પ્રદેશના ભૂગર્ભમાંથી નીકળેલ પ્રાચીન ભારતની વસ્તુઓ તથા શિલ્પકળા આદિની તુલના કરતાં કેવળ બન્ને દેશોની સમાનતા જ જણાય છે, એટલું જ નહીં કિંતુ મિશ્ર દેશની અપેક્ષાએ ભારતીય કલાઓની શ્રેષ્ઠતાને લઈને વિદ્વાનો મિશ્રની અપેક્ષાએ ભારતને અધિક પ્રાચીન માને છે.

વળી રોમ દેશની ઇટ્રુસ્કન નામની પ્રાચીન જાતિની ધાર્મિક બાબતમાં સાતમી અને પાંચમી પેઢીઓમાં વૈવાહિક સંબંધના નિષેધના વિષયમાં 'वध्वा वरस्य वा तातः कूटस्थाद् यदि पञ्चमः-વહુનો કે વરનો પિતા મૂળ પુરુષથી જો સાતમો હોય તો જ તેઓનો પરસ્પર વૈવાહિક સંબંધ થઈ શકે' એ પ્રાચીન સ્મૃતિવાક્યમાં દર્શાવેલા નિયમની સમાનતા મળવાથી પ્રાચીન રોમ, ગ્રીસ આદિ દેશોના સંપ્રદાયમાં મળતા લિંગપૂજન, નંદિપૂજન, પિતૃશ્રાદ્ધ, અગ્નિશાળા, અગ્નહોમ, ગુરુકુલની શિક્ષાપદ્ધતિ, જાતસંસ્કાર, પુનર્જન્મવાદ અને અધ્યાત્મવાદ આદિ બાબતોમાં ભારતની બાબતોનું અસાધારણ પ્રતિબિંબ મળવાથી; તથા અંગ્રેજ જાતિની પહેલાંની અવસ્થારૂપ કેલ્ટ નામની એક જાતિના ધર્માચાર્યરૂપ ડ્રુઈડ જાતિના ધાર્મિક નિયમોમાં વીસ વર્ષ સુધી બ્રહ્મચર્યધારણ, છેલ્લી ઉંમરમાં વાનપ્રસ્થ આચરણ, ઉચ્ચ કુળમાં વિદ્યાદાન, આત્માના અમરપણાનો વાદ, ઇત્યાદિમાં ભારતના અસાધારણ ધર્મની છાયા જોવામાં આવવાથી ભારતીય સભ્યતાનો સંબંધ કેવળ ઘણા પ્રાચીન મૂળ શાખાઓમાં જ રહ્યો નથી પણ તેના પછી પણ વિભક્ત થયેલી પેટા જાતિઓ તથા પેટા શાખાઓમાં પણ મળે છે.

ભૂગર્ભમાંથી ઘણીયે અતિશય પ્રાચીન દેવમૂર્તિઓ પણ મળેલી છે; તેમાં બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ્વર–શંકરના ત્રણ મિશ્ર રૂપોવાળી ત્રિમૂર્તિ–ગુરુ દત્તાત્રેયની મૂર્તિ; તેમ જ હાથી, વાઘ, તરવારયુક્ત અને મૃગ સહિત શિવની મૂર્તિ અને સ્ત્રીરૂપ દેવતાની-મૂર્તિ પણ જોવામાં આવે છે; વળી સ્ત્રીદેવતાની મૂર્તિઓ પણ સિંધુના તીર ઉપર રેતાળ સ્થાનોમાં બલામ, પર્સિપોલિસ, ઓશિયામાઈનોર, સિરિયા, પેલેસ્ટાઈન, સાઇપ્રસ, એજીઅન્સીતટ, બાલ્કન તથા મિશ્રદેશોમાં પણ અને ગ્રીસ દેશના કેટા દ્વીપમાં આગળની બેય સપાટી પર સિંહ અને વાઘથી યુક્ત 'મીનન' નામે વ્યવહાર કરાતી દેવીની મૂર્તિ છે. તેમ જ 'એલેોનિયા' દેશમાં 'સિંહવાહના' નામની દેવીની મૂર્તિ પ્રાચીન હોય એમ જણાય છે, એમ મેાંહે–જો-દરેાના વિવરણવાળા પુસ્તક અનુસાર ભારત* તથા અન્ય દેશોમાં એક ભારતીય સમાન સૂત્રની પરસ્પરની સમાનતા દર્શાવે છે.

ભારતીય લોકોના પૂર્વકાળમાં દૂર દૂરના જુદા જુદા દેશો સુધી પણ લોકો જતા–આવતા હતા, તેથી તેઓનો પરિચય જણાય છે; વૈદિકી અવસ્થામાં પણ 'ભુજ્યુ' વગેરેનું બીજા દ્વીપોમાં ગમનનો વૃત્તાંત મળે છે. પ્રાચીન ઇતિહાસનું અનુસંધાન કરતાં યયાતિરાજાના અનુદ્રુહ્ય, તુર્વસુ વગેરે જે પુત્રો-

* ભારતમાં બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ્વર–શંકરની ઘણા પ્રાચીનકાળથી જ ઉપાસના કરવામાં આવે છે; છતાં જુદા જુદા બીજા દેવોની પણ ઉપાસનાનો માર્ગ દેશકાળના અંતરે પ્રચલિત કરવામાં આવ્યો છે; તેમાં તે તે ઉપાસનાના માર્ગોનો પરસ્પર વાદવિવાદ ચાલુ થયો હતો, તેને દૂર કરવા માટે બધા માર્ગોનું એકીકરણ કરીને ઉમા–મહેશ્વર–હરિ–હર આદિની પેઠે બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ્વરના અભેદભાવને જણાવતી અને એ ત્રણેના મિશ્ર આકારવાળી ત્રિમૂર્તિ (ગુરુ દત્તાત્રેયરૂપે) પણ ઉપાસના પ્રચલિત થઈ. જેમ કે દિલીપ રાજાએ 'કામિકાચલ' નામના પર્વતની ઉપર એ ત્રિમૂર્તિની ઉપાસના કરી હતી, એમ દેવીપુરાણમાં પણ ૬૦ મા અધ્યાયમાં કહેલું જોવામાં આવે છે. ભારતના અસાધારણ દેવતાઓ (બ્રહ્મા–વિષ્ણુ–મહેશ વગેરે) પ્રાચીન કાળથી જ પ્રસિદ્ધ હોઈ ઉપાસના કરવા યોગ્ય જણાય છે; જે ઉપરથી 'મોંહે–જો' નામના વિશાળ પ્રદેશ ઉપર પણ ત્રિમૂર્તિ, શિવમૂર્તિ વગેરેની મૂર્તિઓ મળે છે તે યોગ્ય જ છે; એવી મૂર્તિઓની સાથે મળેલી સ્ત્રીરૂપ મૂર્તિ પણ ભારતના લોકોએ જૂના કાળથી ઉપાસેલી સ્ત્રીરૂપ દેવતાની જ મૂર્તિ સમજવી. શક્તિની ઉપાસના કરવાનો સંપ્રદાય ભારતમાં પ્રાચીનકાળથી જ ચાલુ છે; કુલજ્ઞતિઓ પણ ભારતમાં પૂર્વકાળથી જ ચાલુ રહેલી છે; મહાભારત, રામાયણ, પુરાણો વગેરેમાં પણ દુર્ગાદેવીની ઉપાસનાના અનેક ઇતિહાસો મળે છે; પૂર્વકાળથી જ વેદની પેઠે પ્રસિદ્ધ તંત્રશાસ્ત્ર વગેરે પણ ઘણાં શાસ્ત્રોમાં પણ શક્તિનો મહિમા, તેની ઉપાસના તથા ઉપાસક મહર્ષિઓનું વર્ણન મળે છે. પૂર્વ–પશ્ચિમમાં કિલ્લાની જેમ ફેલાયેલ હિમાલયના ઉત્તર તથા દક્ષિણ ભાગમાં અવરજવર કરવામાં સાધન–ઘાટી–દ્વારરૂપ ઉડ્યાન, જલંધર, પૂર્ણગિરિ, કામરૂપ એ ચાર શક્તિનાં મહાપીઠો છે; ત્યાં ત્યાં બીજાં પણ સેંકડો પીઠો તથા ઉપપીઠો આવેલાં છે; તેઓને પણ ભારતમાં માન્ય ગણવામાં આવે છે. શક્તિના જુદા જુદા ભેદો–કાલી વગેરેની ઉત્પત્તિનાં ચરિત્રો તથા ઇતિહાસો પણ ભારતના જ ગણાય છે. શક્તિની ઉપાસનાનો સંપ્રદાય બે હજાર વર્ષોની પાછળનો છે, એમ કેટલાક વિદ્વાનો કહે છે, તેઓની વાત કરવા માટે મોંહે–જોના વિશાળ પ્રદેશમાં મળેલી એવી ઘણી પ્રાચીન મૂર્તિઓ પણ વિવેચકોનાં નેત્રો ઉઘાડી નાખે છે.

એમ સેતુબંધથી માંડી છેક હિમાલય પર્વત સુધી ચારે બાજુ વ્યાપીને રહેલો અને ભારતમાં જ ઉત્પન્ન થયેલી શક્તિની ઉપાસનાનો સંપ્રદાય પોતાના ગુણના મહિમાથી શાખા, ઉપશાખાઓ દ્વારા વિશેષ ફેલાતો રહીને બીજા દેશોમાં મળેલી સ્ત્રીસ્વરૂપ દેવતાઓની મૂર્તિઓનાં તે દેશમાં પડેલાં જુદાં જુદાં નામો દ્વારા વ્યવહાર કરાતો હોવા છતાં તે તે દેશોમાં ભારતીય સભ્યતાનો પ્રભાવ પ્રસારી રહ્યો છે.

ને, પોતાની આજ્ઞા નહિ પાળવા બદલ પિતા-યયાતિએ તે પુત્રોને બીજા દ્વીપોમાં કાઢી મૂકવા; પાંડવોએ મેળવેલો દૂર દૂર આવેલા દેશો ઉપરનો વિજય; મહાભારતની યુદ્ધભૂમિ ઉપર દૂર દેશના રાજાઓનું એકઠું થવું; ભારતના રાજાઓનો ગાંધાર વગેરે પશ્ચિમ પ્રાંતના રાજાઓની સાથે વૈવાહિક સંબંધ; પુરાણોમાં 'નીલ' નામની નદીનો ઉલ્લેખ; પાશ્ચાત્ય દેશના પ્રાચીન ઇતિહાસો, મુદ્રાઓ આદિમાં સમાન નામવાળા કેટલાક રાજાઓનો નામોનો ભારત, હરિવંશ આદિમાં મળતો ઉલ્લેખ; મનુ-સંહિતામાં પણ બીજા દેશોની જુદી જુદી જાતિઓનાં મૂળ પ્રવાહનો નિર્દેશ મળે છે; ઇત્યાદિ બાબતો, દ્વારા પ્રાચીન ભારતનો બીજા જુદા જુદા દેશોમાં સંબંધ હતો, એમ જણાવે છે; પાછળથી પણ (ઈ. પૂ. ૨૧૭ના સમયમાં) TSIN SHIH HUANUNGTI સમ્રાટના રાજ્યમાં ભારતમાં-થી અઢાર ભિક્ષુઓ ચીનદેશમાં ગયા તથા વૃત્તાંતનો ઈ. પૂ. ૨૦૦ શતાબ્દીમાં 'CHANGKIN' નામનો ચીનદેશનો એક પુરુષ ભારતમાં આવ્યાનો વૃત્તાંતનો કાલિદાસ નાગે ઉલ્લેખ કર્યો છે.

વળી પ્રાચીન સમયનાં આવજાનાં સાધનોના વિષયમાં ઘણા વિવેચકોના ભિન્ન ભિન્ન મત છે. પરંતુ સમય જ સાચી હકીકતને સ્પષ્ટ કરશે; અથવા તે જ પ્રમાણે બીજા પ્રકારે પણ ભારતીય પ્રાચીન આર્યોની તેમ જ પાશ્ચાત્ય પ્રાચીન જાતિઓની સભ્યતાઓ-માં પણ ઘણા જૂના કાળમાં પણ નજીકનો પરસ્પર સંબંધ હતો, એમ કહી શકાય છે.

આમ જુદી જુદી સભ્યતાઓનો તે સંબંધ ને બાજુ પર રાખી પ્રકૃત વૈદ્યક વિષય પર વિચારીએ :

લોકમાં જેટલાં પ્રાચીન વૈદ્યકો છે, તે બધામાં ઋગ્વેદ પછી અથર્વવેદનું વૈદ્યક સાહિત્ય સર્વ કરતાં પહેલું છે, એમ માની શકાય છે. અથર્વવેદ ભારતીય ચિકિત્સાવિજ્ઞાનનું ઉત્પત્તિસ્થાન હોઈને વૈજ્ઞાનિકોની દૃષ્ટિમાં પણ અમૂલ્ય છે, એમ કહી શકાય છે.

અથર્વવેદમાં તે તે રોગો ઉપર મંત્રપ્રક્રિયા દ્વારા તથા ઔષધપ્રક્રિયા દ્વારા—એમ બે પ્રકારની ચિકિત્સાનું વિધાન છે; એમ હોવાના કારણે જ કૌશિક સૂત્રકારે પણ ક્યાંક મંત્રના ઉપયોગથી, ક્યાંક કેવળ જળ આદિનાં સિંચનથી અથવા ક્યાંક (મંત્રરેલું) કેવળ જળ પાઈને પણ ચિકિત્સા-પ્રયોગ કરેલો દેખાય છે; ક્યાંક તો મંત્રની સાથે પણ તે તે રોગો પર અમુક વિશેષ ઔષધોનો ઉપયોગ કરવામાં આવ્યો છે; રોગની ઉત્પત્તિમાં કારણ તરીકે અમુક દુષ્ટ દેવોને, ગ્રહોને, સ્કંદ આદિને અથવા યાતુધાન—રાક્ષસો વગેરે માનવામાં આવ્યા છે અને તેઓને દૂર કરવાના મંત્રોમાં તે તે દેવાદિનાં નામો પણ મળે છે; તે તે દેવો આદિને દૂર કરવાની દૃષ્ટિએ મંત્રોને લગતી પ્રક્રિયા તેમ જ તે તે રોગોને દૂર કરવા માટેનાં અમુક ખાસ ઔષધોની પ્રક્રિયા પણ અથર્વવેદીય ચિકિત્સામાં મળે છે; પણ તે પછી ઉત્તરોત્તર સમય જતાં મંત્રવિદ્યા દ્વારા ઉપચાર કરવાના માર્ગથી ચડિયાતા માર્ગ તરીકે ઔષધો દ્વારા ઉપચાર કરવાનો માર્ગ પ્રસાર પામ્યો હતો; પરંતુ છેવટે હજી પણ ક્યાંક ક્યાંક અમુક અમુક અંશોથી માંત્રિક વિદ્યા પણ ઉપચારરૂપે અમુક અમુક ગ્રંથોમાં તથા વ્યવહારોમાં પણ ચાલુ રહી છે, એમ અમે પહેલાં કહ્યું છે.

અસિરિયા અને બેબિલોનિયા દેશમાં પ્રાચીન કાળમાં ભારતીય દૃષ્ટિની પેઠે અપવિત્ર પુરુષનો સહવાસ કે સંબંધ, તેની સાથે વાતચીત અને ઉચ્છિષ્ટ ભોજન આદિ કારણે પણ રોગોની ઉત્પત્તિ માની હતી; તેમ જ રોગો એ ભૂત, પ્રેત, પિશાચ આદિના ઉપદ્રવરૂપ હોઈને જોવામાં મુશ્કેલ ભયંકર મૂર્તિ આદિની કલ્પનારૂપે માન્યા છે અને રોગોને દૂર કરવા માટે મંત્રીને જલ આદિ પાવાં, અમુક ખાસ ઔષધો ખાવાં, અમુક ઔષધિને ધારણ કરવી, અમુક માળા કે હાર અથવા માદળિયાં પહેરવાં કે બાંધવાં; અમુક પીસેલાં દ્રવ્યોની રજ વગેરેથી રોગીઓને ચોપાસ ઢાંકી દેવા; અમુક વૃક્ષોનાં કૂંણાં પાન વગેરેથી રોગીને માર્જન કરવું; રોગને કરનાર દુષ્ટ દેવતા-ઓને ઉદ્દેશી બકરાં, ભૂંડ આદિનું બલિદાન દેવું; તાંત્રિક પદ્ધતિની પેઠે વિરોધી વ્યક્તિના કેશ, નખ, પગની રજ આદિને મંત્રીને તેની પ્રતિકૃતિ—પૂતળું બનાવી તેના વડે અપમાર્જન કરવું; ઋગ્વેદમાં મળતા 'માર્ડીક' નામના દેવની સમાન છાયા

અને નામ દ્વારા તે માર્ડુક નામના દેવની ઉપાસના કરી તે દ્વારા રોગો દૂર કરવા વગેરે અથર્વ-વેદમાં કહેલા તથા તાંત્રિક આદિ લગભગ ભારતીય પ્રયોગોના જેવા ઘણા ઉપાયો વગેરે જોવામાં આવે છે.

વળી જખ્મો પહેલાં ઔષધનો ઉપયોગ, વિરે-ચનનો મહિમા, તેલ દ્વારા વિરેચન, ઉદરના રોગમાં પહાડી લવણનો ઉપયોગ, લસણનો ઉપયોગ, મેહ-રોગમાં મૂત્રની પરીક્ષા, દાંતના રોગમાં કીડાઓનું કારણપણું–ઇત્યાદિ પણ આયુર્વેદીય વિચારોને અનુસરતા વિચારો તથા વસ્તુઓના ઉપયોગો પણ તે અસિરિયા તથા બેબિલોનિયાના લોકોમાં જોવા મળે છે; વળી જોવા અથર્વવેદના સંપ્રદાયમાં જ શાંતિ, પુષ્ટિ આદિનો પ્રયોગ કરનારા ધાર્મિક આચાર્યો પોતાની માંત્રિક પ્રક્રિયાથી અને ઔષ-ધાદિના ઉપયોગ દ્વારા રોગોને દૂર કરનારા હતા તે જ પ્રમાણે વૈદ્યો પણ રોગોને મટાડનારા હતા; અને તે બધાને 'આથર્વણ' કહેવામાં આવતા હતા, તે જ પ્રમાણે મિશ્ર આદિ દેશોને લગતા પૂર્વકાળના વૃત્તાંતમાં પણ ધર્મગુરુઓ જ રોગો વગેરેના ચિકિત્સક–વૈદ્યો અથવા દાક્તરો તરીકે હતા એમ જાણવામાં આવે છે, જેથી તેઓનાં દેવાલયો જ મુખ્યત્વે કરી ચિકિત્સાસ્થાનો કે દવાખાનાં તરીકે હતાં; તેવાં સ્થળો ઉપર તે તે ઔષધોને લગતા ઉલ્લેખવાળા લેખો પણ મળી આવતા હતા.

વળી બેબિલોનિયા દેશમાં રોગીઓની ચિકિત્સા માટે દુકાનો વગેરેમાં તથા લોકોના સમુદાયોમાં રોગીઓને લાવી હાજર કરાતા હતા એવાં વૃત્તાંતો મળે છે. તે ઉપરથી તે કાળે ત્યાં ભૈષજ્ય-વિદ્યાની વિશેષ ઉન્નતિ ન હતી, એમ 'હેરોડોટસ્' નામનો ઐતિહાસિક વિદ્વાન કહે છે; તે ઉપરથી 'ક્યાંબ્લ્સ થોમ્સ' નામનો એક વિદ્વાન પણ આમ જણાવે છે કે, બેબિલોનિયામાં તે કાળે વૈદ્યકશાસ્ત્ર ઉન્નતિને પામ્યું ન હતું; વળી જે શસ્ત્રવૈદ્યો શલ્યચિકિત્સામાં કંઈ વિપરીત કરે કે ખોટી ચિકિત્સા કરે તો તેઓને શિક્ષા કરવી, એવો 'હેમ્મુર્બ્' નામના રાજાના સમયમાં રાજ્યનો નિયમ જ હતો, એમ દર્શાવતા 'અર્દનના' નામના એક વૈદ્યે ઈ. પૂ ૭૦૦ના સમયે લખેલા વૃત્તાંત-પત્રમાં લખેલું મળી આવ્યું છે; તેમ જ કોઈના નેત્રની ચિકિત્સા કરવાથી સાત–આઠ દિવસોમાં આરોગ્ય થતું હતું–નેત્રરોગ મટી જતો હતો અને નાસિકાના વ્રણમાંથી બહારના ભાગમાં ઉપચાર કરવાથી જે રુધિરસ્રાવ થતો હતો, તેની અંદર ઔષધનો પાટો બાંધી દઈ પ્રતીકાર કરાતો હતો. ઇત્યાદિ પ્રતીકારો વગેરે સફળતાનો ઉલ્લેખ પણ મળી આવે છે, તે ઉપરથી પૂર્વના સમયથી જ ત્યાં બેબિલોનિયા પ્રદેશમાં ભૈષજ્યવિજ્ઞાન પણ ઉન્નતિને પામ્યું હતું.

અસિરિયામાં પ્રાચીન કાળમાં પણ શસ્ત્ર-ચિકિત્સા વિશેષરૂપે પ્રચલિત હતી, એમ હેરબર્ટ લોએ લખ્યું છે.

મિશ્રદેશના પ્રાચીન 'પેપરી' નામના તાડ-પત્ર ઉપર ૧૫૦ રોગો લખ્યા છે; તેમ જ એબર્સ નામના તાડપત્રમાં જ્વર, ઉદરરોગ, જલોદર, દન્તશૌથ વગેરે ૧૭૦ પ્રકારના રોગો વર્ણવેલા મળે છે. તેમ જ તે દેશના બારમા વંશના સમયમાં લખેલા એક પુસ્તકમાં તે દેશની કોઈ એક સ્ત્રીના રક્ત-વિકાર, તેમજ અર્બુદ–રસોળી વગેરે રોગો કહ્યા છે અને આજના સમયમાં પણ મળી આવતા નેત્રરોગોના જુદા જુદા ભેદો આપેલા છે. તેમાં સૂક્ષ્મ રોગોની પણ ગણતરી કરેલી જોવામાં આવે છે, તે ઉપરથી રોગોની ઉપેક્ષા નહોતી; પરંતુ તે કાળે ત્યાંના વિદ્વાનોમાં રોગો વિષેનું વિજ્ઞાન ઘણું જ ઉન્નત હતું, એમ જણાય છે. વળી 'હેરોડોટ્સ' નામના વિદ્વાન પણ નીલ નદીની સમીપના પ્રદેશને સ્વાસ્થ્યદાયક વર્ણવે છે; ત્યાંના લોકોમાં પણ અસિરિયા આદિ બીજા પ્રદેશોની જેમ ભૂત, પ્રેત અને દેવોનો પ્રકોપ આદિ કારણથી રોગની ઉત્પત્તિ કહેવાતી હતી; ચિકિત્સાના વિષયને લગતા ગ્રંથો પણ મંત્રમય હતા; તેમ જ ધાર્મિક પુરોહિતો જ વૈદ્યો હતા, એમ 'જ્યોર્જ ફાઉસર્ટ' પણ જણાવે છે. વળી પ્રાચીન મિશ્ર દેશમાં પણ અથર્વવેદને અનુસરતું મંત્ર–તંત્ર સહિત ચિકિત્સા-વિજ્ઞાન તથા રસાયનશાસ્ત્રનો વ્યવહાર પણ હતો, એમ શ્રી સુરેન્દ્રનાથ દાસ દર્શાવે છે.

રોમ દેશની પ્રાચીન 'ઇટ્રુસ્કન' નામની જાતિના તથા ગ્રીસ દેશની પ્રાચીન જાતિના પ્રાચીન ઇતિહાસમાં પણ રોગનિવારણ માટે દેવતાની ઉપાસના, પ્રાર્થના તથા બલિદાનો દેવાં વગેરે મંત્રોને લગતા ઉપચારો પણ મળી આવે છે.

'કેલ્ટીક' જાતિમાં પણ વૈદ્યકનો તથા ધર્મનો પરસ્પર ઘણો જ દૃઢ સંબંધ છે. તેઓના ધર્મ-ગુરુઓ 'ડ્રુઇડ' નામે કહેવાય છે, અને તેઓ જ વૈદ્યો તરીકે કામ કરતા હતા; અથર્વવેદની પદ્ધતિની પેઠે તેઓની પણ મંત્રોને લગતી તથા ઔષધોને લગતી ચિકિત્સામાં દૃષ્ટિ હતી, એમ. ટી. બર્નસ લખે છે.

યુરોપની 'ટ્યૂટન' નામની જાતિની પ્રાચીન ચિકિત્સામાં 'મર્સબર્ગ' નામના માંત્રિક પ્રયોગની સાથે કેટલાક ભારતીય વૈદિક મંત્રોની સમાનતા મળે છે; અને કૃમિયોગમાં તથા અસ્થિભંગને લગતી ચિકિત્સામાં પણ વિશેષરૂપમાં તે વૈદિક મંત્રો સાથેની સમાનતા ઘણી જ સ્પષ્ટ દેખાય છે, એમ 'એડાલબાર્ટ કૂન્' નામના એક પ્રવાસી વિદ્વાન લખે છે. એ જાતિમાં પ્રાચીન કાળમાં ભૂતોને, દેવના પ્રકોપને તથા પાપોને રોગનાં કારણો-રૂપે દર્શાવેલ છે અને દેવના પ્રકોપથી ઉત્પન્ન થયેલા રોગમાં પશુનું બલિદાન દેવાનો ઉપાય જણાવ્યો છે તેમ જ રોગને દૂર કરવા માટે ઝાડની છાલ ઉપર તે તે દેવનો મંત્ર લખીને હાથ પર ધારણ કરાવવા, તે તે મંત્રોનો પાઠ, મંત્રધારણ અને દેવની મૂર્તિને સ્નાન કરાવેલું પાણી પિવડાવવું તથા ધૂપ વગેરે દ્વારા ભૂતોને દૂર કરવાં વગેરે ક્રિયાઓ મળે છે. એમ જે. જી. જોલી પણ વર્ણવે છે. વળી એ વિષયોના અનુસંધાનમાં અથર્વવેદની પ્રક્રિયા તથા ભારતીય આયુર્વેદને લગતી પ્રક્રિયાની પણ લગભગ સમાનતા મળે છે; વળી લિથુનિયા આદિ બીજી જાતિઓમાં પણ અમુક શબ્દો, આચારો, વ્યવહારો તથા આયુર્વેદીય વિષયો આદિમાં ભારતીય છાયાનું અનુસરણ દેખાય છે.

ઉત્તર અમેરિકાના 'રેડ ઇન્ડિયન આરોકી' જાતિના લોકોની પ્રાચીન માંત્રિક ચિકિત્સામાં પણ અથર્વવેદને લગતા મંત્રોના પ્રયોગની સમાનતા ઘણા ભાગે જોવામાં આવે છે, એમ પણ જે. જોલી લખે છે.

ચીનમાં સાડાચાર હજાર વર્ષો પહેલાંના પ્રાચીન ગ્રંથમાં જ્વરના દશ હજાર પ્રકારો અને આમાશયના ચૌદ વિભાગો બતાવ્યા છે; વળી તે ગ્રન્થમાં નાડીપરીક્ષાની બાબતમાં વિશેષ વિધાન આવ્યું છે. ઈસવી સન પૂર્વે ૪૦૦ વર્ષના પૂર્વકાળથી આરંભી દરેક વર્ષે ઉત્પન્ન થતા રોગોનું નિઘણ્ટુ અથવા ગણતરીપત્રક આપેલું છે. વળી ચીનના ચિકિત્સાગ્રંથમાં આદું, દાડમડીનાં મૂલ, વજ્રનાગ, ગંધક, પારો, અનેક પ્રકારનાં પ્રાણીઓનાં મલ-મૂત્ર અને અસંખ્ય ઝાડોનાં પાંદડાં તથા મૂળિયાં વગેરેનો પણ ઔષધરૂપે ઉલ્લેખ કરેલો મળે છે. ચીનમાં આજે પણ ઝાડ, પાન તથા મૂળિયાં વગેરે અનેક દ્રવ્ય ઔષધ રૂપમાં વેચાય છે. શીળી ટાંકવાનું વિજ્ઞાન પણ ત્યાં પ્રાચીન કાળમાં હતું એમ ચિકિત્સાશાસ્ત્રના ઇતિહાસનો રચનાર 'ગ્યારિસન્' જણાવે છે. ચીનના લોકોએ બરાબર ભારતના લોકો પાસેથી આયુર્વેદીય ઔષધ-ચિકિત્સાની વિદ્યા મેળવી હતી; એમ શ્રી સુરેન્દ્રનાથ ગુપ્તે પણ ('ભારતના ઇતિહાસની રૂપરેખા' માં) જણાવ્યું છે.

ચીનનું રાજ્ય ઈ. પૂ. ૨૦૦ વર્ષના સમયનું હોઈને કોઈ કોઈ વ્યક્તિનો મત છે કે કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં ચીનનો ઉલ્લેખ હોવાથી કૌટિલ્યશાસ્ત્ર પ્રાચીન નથી; પરંતુ એનાથી વિપરીત 'અવેસ્તા' નામના ગ્રંથમાં પાંચ જાતિઓ દર્શાવેલી છે તેમાં ચીનનો પણ ઉલ્લેખ મળે છે, તે ઉપરથી ચીન દેશ પ્રાચીન જ છે. 'ચીન નામનું માંડલિક રાજ્ય ઈસવી સન પૂર્વે ૯૦૦ની શતાબ્દીમાં અસ્તિત્વ ધરાવતું હતું,' એમ 'મોદી'એ દર્શાવ્યું છે, એમ જયચંદ્ર વિદ્યાલંકાર વર્ણવે છે.

'તુર્કીન પ્રદેશથી દક્ષિણમાં 'કારાશર' નામનું એક સ્થાન છે; ત્યાં પહેલાના સમયમાં કેટલાક પ્રાચીન 'કૂચ' જાતિના લોકો વસતા હતા. ઈસવી સનના પ્રારંભમાં તેઓ ત્યાં ક્યારે વસ્યા હશે, એ વિષે કંઈ પણ જાણવામાં આવતું નથી; એ 'કૂચ' જાતિ આર્યોની શાખામાંની જ

એક હોવી જોઈએ, એમ બધા વિદ્વાનો માને છે; પાછળથી બીજી કે ત્રીજી શતાબ્દીના સમયમાં વેપારી લોકોની સાથે બૌદ્ધધર્મનો પ્રચાર કરવા માટે ત્યાં ભારતીય બૌદ્ધસાધુઓ આવ્યા હતા તેઓને જોઈને ' પૂર્વના દેશમાં ઉત્પન્ન થયેલા આ સાધુઓ આપણા પોતાના જ ભારતીય છે,' એવો તેમના તરફ આત્મીય ભાવ બતાવીને તેઓએ તેમનો ઘણો જ સત્કાર કર્યો હતો, એવું તેમના ઇતિહાસ (ઇંડિયા ઑન્ડ ચાઇના નં. ૨ના ૨૪માં પાન)માં જણાવેલું જ છે.

એ ' કૂચ ' જાતિ અને તેમના પ્રદેશના વિષયમાં ચીની ભાષામાં લખેલો તેમનો પૂર્વકાળનો ઇતિહાસ આમ મળે છે: બીજી કે ત્રીજી શતાબ્દીમાં મધ્ય એશિયાની સમીપના પ્રદેશો પર વિજય મેળવ્યા છતાં ચીન રાજ્યે તે બળવાન કૂચ જાતિના વસવાટવાળા તેમના એ પ્રદેશ પર આક્રમણ કરવું અશક્ય સમજીને તે બંને દેશોનો પરસ્પર મિત્રતાનો સંબંધ સ્થાપિત થયો હતો. ઈસવી સનની શરૂઆત થયા પછી ૨૬૫ થી ૩૧૬ વર્ષ સુધીના વચ્ચેના સમયમાં ત્યાં બૌદ્ધધર્મ પૂર્ણપણે પ્રચાર પામ્યો હતો. ' કુમારજીવ ' નામનો એક બૌદ્ધ સાધુ ત્યાં જ થયો હતો; બીજા પણ ઘણા બૌદ્ધ ભિક્ષુઓ ત્યાં વસવાટ કરી રહ્યા હતા; પછી તો બૌદ્ધસ્તૂપથી યુક્ત ઘણાં બૌદ્ધ મંદિરો ત્યાં બંધાયાં હતાં; એ બધાં મંદિરો આજે પણ ત્યાં ભૂગર્ભમાંથી મળી આવે છે. ભારતીય વેપારીઓ અને બૌદ્ધધર્મનો પ્રચાર કરનાર ભિક્ષુઓ પણ એ જ માર્ગે ચીન દેશમાં આવ-જા કર્યા કરતા હતા. ઈસવી સનના વર્ષની શરૂઆત થઈ તેની પહેલાંના સમયથી જ આરંભીને દક્ષિણના રહેવાસીઓનો ચીન દેશમાં વ્યાપાર કરવા માટેનો માર્ગ પણ એ જ (કૂચપ્રદેશ) હતો. ' હ્યુયેનસંગ ' નામનો એક ચીન દેશનો સાધુ પણ એ જ માર્ગે ભારતમાં આવ્યો હતો; એ રીતે એનાથી ચીન તથા ભારતના સંબંધનું પૂર્વવૃત્તાંત ઘણું જ પ્રાચીન હોવાનું વર્ણન મળે છે; એ કૂચ દેશમાં ભૂગર્ભનું જો શોધન કરવામાં આવે તો એથી પણ પાછળના સમયમાં ચાલુ થયેલા ઇતિહાસમાં પ્રાચીન ભારત સંબંધી ઘણાં જુદાં જુદાં વિશેષ વૃત્તાંતો કે દ્રવ્યો ત્યાંથી મેળવી શકાય, એવી આશા રાખી શકાય છે; વળી ત્યાં બ્રાહ્મીલિપિમાં લખાયેલાં પ્રાચીન સંસ્કૃત પુસ્તકોનો ભારતીય સંસ્કૃત ગ્રંથો ઉપરથી કૂચભાષામાં અનુવાદ થયેલો મળે છે અને લાકડાંની પટ્ટી ઉપર કોતરાયેલા તથા લખેલા ઘણા અનુવાદ ગ્રંથો પણ મળી આવેલા છે; વળી ત્યાં ભૂગર્ભમાંથી ઘણી પ્રાચીન વસ્તુઓ પણ મળી આવી છે, એમ પણ ' સ્ટાઈને ' દર્શાવ્યું છે.

ભાષાતત્ત્વના વિદ્વાન એ. સી. ' ઉલનર 'ને ત્યાંની કૂચ ભાષાની સંસ્કૃત સાથે તુલના કરતાં કેટલાક ભારતીય આયુર્વેદિક ઔષધિવાચક સંસ્કૃત શબ્દો તેમાંથી શોધીને આપેલા છે, જે કેટલાક અવિકૃત (મૂળ) અવસ્થામાં તથા કેટલાકમાં ઉચ્ચારણ અથવા થોડોઘણો સ્વરૂપનો ભેદ છે. ' રોયલ એશિયાટિક સોસાયટી 'ની પત્રિકામાં તે તે રૂપો આ પ્રમાણે પ્રસિદ્ધ થયાં છે:

કૂચ ભાષામાં	સંસ્કૃતમાં	કૂચ ભાષામાં	સંસ્કૃતમાં
માચ્ચષ્ઠ	માञ્જિષ્ઠા	સૂક્ષ્મેલ	સૂક્ષ્મેલા
કરઞ્જપીચ	કરञ્જબીજ	પ્રિયઙ્કુ	પ્રિયઙ્ગુ
અપમાર્ક	અપામાર્ગ	વિરઙ્ક	વિડઙ્ગ
સારિપ	શારિવા	ઉપદ્રવ	ઉપદ્રવ
મર્ગી	માર્ગી	શાલવર્ણી	શાલપર્ણી
કિઞ્ચેલ	કિञ્જલ્ક	કિરોત	ગિલોધ
તકરુ	તગર	કુન્તર્ક	ગુન્દ્રક
પૃઙ્કરચ	ભૃઙ્ગરાજ	ચિપક	જીવક
કરુણસારિ	કાલાનુસારી	શઙ્ખપો	શિંશપા
પિતરી	વિદારી	પિપ્પાલ	પિપ્પલી
અશ્વકાન્તા	અશ્વગન્ધા	મોતર્તે	અજમોદા
તેચવતી	તેજોવતી	કોરોશા	ગોરોચન
મેત	મેદા	પિસ્સૌ	વિશ્વા
ખાદિર	ખદિર	સુમાં	સોમ

એમ પહેલાંના અનિશ્ચિત સમયથી લઈ એટલે બધે દૂર રહેલી પ્રાચીન કૂચ જાતિ પણ આર્યોની જ એક જાતિ છે, એવો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે, તે ઉપરથી પાછળથી તેમની સાથે જોડાયેલ ભારતીય લોકોના આત્મીય તરીકે તેઓનો ઘણો જ આદર છે, એવો પણ ઉલ્લેખ મળે છે, તેથી ભારતીય આર્ય જાતિ તરીકે નક્કી થયેલ કૂચ લોકોની

ભાષામાં પણ ભારતીય ઔષધિવાચક શબ્દોના વિકૃત તેમ જ અવિકૃતરૂપે મળવાથી એમ કહી શકાય કે ભારતીય જાતિના તે દેશમાં જવાની સાથે તે તે શબ્દો પણ ત્યાં ગયેલા હશે કે અમુક સમય થતાં તે શબ્દો ત્યાં પહોંચી ગયા હશે કે શું? એમ બેય પ્રકારે ભારતીય આયુર્વેદ તેટલા દૂર દેશ-કાળમાં પણ પ્રચાર પામેલ હોઈને પોતાનું પ્રાચીન ગૌરવ બતાવવા સમર્થ થાય છે.

ઈરાન દેશના મૂળ વતની પારસી લોકોના 'અવેસ્તા' નામના મૂળ ગ્રંથમાં અથર્વવેદની ભાષાનો તેમ જ તેમની પોતાની ભાષામાં પણ દેવવાણી-સંસ્કૃતનો સમીપનો સંબંધ દેખાય છે; વળી એ પારસી લોકોના ઉપાસનીય દેવતા ભારતીય લોકોએ પરિચય કરેલ 'અસુર' શબ્દના જ માત્ર ઉચ્ચારણનો ભેદ થતાં 'અહુર' એ નામે કહેવાય છે; વળી અગ્નિની ઉપાસના, ગાયોની પૂજા, સૂર્યની ઉપાસના, હોમની પ્રધાનતા અને મિત્ર આદિ દેવતાઓ વગેરે ઘણા વિષયોમાં પણ પ્રાચીન ભારતનો પ્રકાશ તે પારસીઓમાં ભાસે છે; વળી ઈરાન જાતિના લોકો, ભારતીય આર્યોથી જ જુદા પડ્યા છે, એમ ઇતિહાસવેત્તાઓ પણ ઉલ્લેખ કરે છે. ઈરાનના પ્રદેશમાં 'એકમેનિયન્સ્' નામના રાજાના કુળમાં તેમ જ 'પ્રથમ ડેરિયસ્' નામના રાજાના સમયમાં 'ડેમોકેડિયસ' નામનો એક ગ્રીક વૈદ્ય અને સમય જતાં 'સ્ટેસિયસ્' તથા 'અપોલોનીડસ્' નામના બીજા બે ગ્રીક વૈદ્યો હતા. ઈરાન દેશની તેમ જ ગ્રીક દેશની ઔષધચિકિત્સામાં ઘણા ભાગે વિચારોની સમાનતા હોવાથી ઈરાન દેશમાં ગ્રીક દેશના વૈદ્યકનો પણ પ્રભાવ પડ્યો હતો, એવો પણ ઉલ્લેખ મળે છે. વળી ઈરાનના પ્રદેશ ઉપર 'એસેનિયન્સ્' રાજાના વંશમાં રાજકુલની અંદર જેમ ગ્રીક દેશના વૈદ્યો કામ કરતા હતા, તે જ પ્રમાણે ભારત દેશના વૈદ્યો પણ હતા. વળી તે વેળા એ ઈરાન દેશના વૈદ્યોની તેમજ એ દેશમાં આવી વસેલા વિદેશીય વૈદ્યોમાં પરસ્પર પ્રતિસ્પર્ધા પણ હતી, એવો સ્પીગલ પણ ઉલ્લેખ કરે છે; એ ઉપરથી ઈરાન દેશના વૈદ્યકમાં જે જે અંશોમાં ગ્રીસ દેશને લગતા અસાધારણ વિષયો જણાય છે, તે તે અંશોમાં ગ્રીસ દેશનો પ્રભાવ પડ્યો હોય; એમ માનીએ તોપણ વૈદ્યકના વિષયમાં જે ભારતીય આયુર્વેદ સંબંધી રોગો તથા શારીરક આદિને લગતા વિષયો તથા વિચારો સમાન રીતે મળે છે, અથવા ગ્રીસ આદિ દેશોમાં પણ સાધારણ એવા ભારતીય વિચારો જે મળે છે, તેઓમાં ભારતીય વૈદ્યોનો અને ભારતીય વૈદ્યકનો જ પ્રભાવ સમજવો જોઈએ. વળી ગ્રીસ વૈદ્યકમાં ભારતીય આયુર્વેદના વિષયોની પણ સમાનતા છે, એમ 'ફ્રાથે' બરાબર દર્શાવ્યું છે; કારણ કે તે અંશોમાં પણ ત્યાં ત્યાં સાક્ષાત્ અથવા પરંપરાએ ભારતીય પ્રભાવ પડ્યો છે, તે પણ અહીં પાછળથી જણાવવામાં આવશે. વળી ઈરાન સાથે ભારતનોખૂબ નજદીકનો સંબંધ પણ છે; એ જ ઈરાન દેશના પહેલા 'ડેરીયસ' નામના રાજાની સહાયતાથી ઈસવી સન પૂર્વે ૪૭૯ ના સમયમાં 'પ્લેટિયાની રણભૂમિ'-ના પ્રદેશ પર ગ્રીસ યોદ્ધાઓની સાથે ભારતીય સૈનિકોના યુદ્ધનો ઉલ્લેખ પણ મળે છે; તે ઉપરથી ઈરાન અને ભારતનો પરસ્પર ઘનિષ્ઠ સંબંધ હોવાનું સાબિત થાય છે; વળી ત્યાં ભારતીય વૈદ્યોની પણ હાજરી હોવાથી તેમની તે દેશમાં પ્રતિષ્ઠા હતી એમ જણાય છે અને તેથી જ ભારતીય વૈદ્યોનો પણ તે ઈરાન દેશમાં પ્રભાવ પડેલો જણાવી શકાય છે; તેમ જ ઈરાનની 'પશુ' ભારતી-ફારસી ભાષામાં ભિષજ, ભેષજ, મંત્ર આદિ શબ્દોની સમાનતા પણ મળેછે; જેમ કે 'ભેષજ'ના બદલે 'વેષજ' શબ્દ, 'ભિષક્' શબ્દના બદલે 'ભિજિષ્ક' અને 'માત્ર' ઇત્યાદિ શબ્દો પણ (ભારતીય ભાષાને મળતા) મળે છે. 'આર્મિનયન્' ભાષામાં પણ એ જ શબ્દોનાં બીજાં સ્વરૂપો અથવા રૂપાંતરો (Bzhishk, Bzhshkel) જોવામાં આવે છે. ઈરાની ભાષામાં પણ વૈદ્યવાચક શબ્દ 'ભિજિષ્ક' એ પ્રમાણે મળે છે; અને ઔષધવાચક શબ્દ 'વેષજ' એવો મળે છે; અને તે પણ ભારતીય ભિષગ્ તથા ભેષજ શબ્દના જ એક જુદા ઉચ્ચારરૂપે અથવા અમુક વિશેષસ્વરૂપે પ્રસિદ્ધ થયેલો જણાય છે; તેવા જ પ્રકારના અથર્વવેદમાં કહેલા તથા ઋગ્વેદમાં પણ કહેલા એ બન્ને મુખ્ય શબ્દો પણ ભારત દેશમાંથી જ ત્યાં જઈ દાખલ થયા હોય તો તે ઉપરથી પણ ભારતીય આયુર્વેદનો પ્રભાવ

ત્યાં પડેલો હોય એવું અનુમાન કરી શકાય છે. પારસી ધર્મના પ્રવર્તક 'જરથુષ્ટ્ર'થી પણ પહેલાં થયેલા તે દેશના નિવાસી 'માગી' જાતિના લોકોએ પણ આ ગુપ્ત વૈદ્યકવિદ્યા ભારત દેશના બ્રાહ્મણો પાસેથી મેળવેલી હતી, એમ ચોથી શતાબ્દીના 'રોમ' ઇતિહાસના લેખકો 'અમીનસ્' 'મર્સિનસ્' વગેરેના લેખોમાં મળી આવે છે, તે ઉપરથી ઈરાનઘણા પ્રાચીન કાળથી ભારતીય વૈદ્યકનો સ્પષ્ટ પ્રભાવ અને ભારતીય વૈદ્યોનો વૃત્તાંત મળવાથી ભારતીય આયુર્વેદનો પ્રકાશ લાંબા કાળથી હતો, એમ સ્પષ્ટ થાય છે. આયુર્વેદના ચરકના તથા વૃદ્ધજીવકના ગ્રંથો વગેરેમાં બાહ્લીક દેશના વૈદ્ય 'કાંકાયન'ના નામનો નિર્દેશ કર્યો છે. પ્રાચીન કાળમાં ઘણા કાળ સુધી ઈરાન દેશના રાજાની માલકીમાં રહેલો 'બલ્ખ' પ્રદેશ 'બાહ્લીક' નામે ઓળખાતો હતો. એ દેશનો 'કાંકાયન' વૈદ્ય સુશ્રુતની વ્યાખ્યામાં જણાવેલ છે અને તેને સુશ્રુતનો સહાધ્યાયી કહેલ છે; એને પ્રમાણિક માની ત્યાં આપેલ 'બાહ્લીકમિષજાંવરઃ—બાહ્લીક દેશના વૈદ્યોમાં શ્રેષ્ઠ તરીકે કહેવાય છે અને તે કાંકાયન વૈદ્યે જે વૈદ્યકવિદ્યાનો પ્રચાર કર્યો હતો, તે પણ ભારતની જ વૈદ્યકવિદ્યા હતી, એમ સાબિત થાય છે; બીજા પ્રકારે પણ ભારતીય આચાર્યોની સાથે પક્ષ—પ્રતિપક્ષભાવે જેનો સંવાદ દર્શાવ્યો છે, તે 'કાંકાયન' વૈદ્ય તરફ એક 'આચાર્ય' જેવું સન્માન બતાવવામાં આવેલું હોવાથી અને નિબંધ, સંગ્રહ આદિમાં પણ સંસ્કૃત ભાષામય તેમનાં વચનો પણ ટાંકેલાં જોવામાં આવે છે, તે ઉપરથી પણ તે કાંકાયનનો સંપ્રદાય અન્ય દેશનો ન હોતાં, ભારતીય વૈદ્યોને અનુસરતો જ સાબિત થાય છે. વળી બુદ્ધના સમયમાં થયેલ જીવકવૈદ્યને ગુરુ તરીકે સ્વીકારેલ આત્રેયે તથા કાશ્યપે પણ પોતપોતાના ગ્રંથોમાં દર્શાવેલ અને બાહ્લીક વૈદ્યોમાં કાંકાયનનો સમય ગ્રીક વૈદ્યોની સાથે સંપર્કમાં આવેલા પૂર્વે ઉલ્લેખ કરેલા ઈરાની રાજાઓના સમયથી ઓછામાં ઓછી એક બે શતાબ્દી પૂર્વનો મળવાથી, ત્યાં બાહ્લીક દેશમાં પણ ભારતીય લોકોનો તથા વૈદ્યોનો સંબંધ તથા પ્રભાવ પણ પ્રાચીન જ સિદ્ધ થાય છે. જો કે ચોક્કસાઈપૂર્વક કંઈ ન કહી શકવા છતાં પણ ઈરાનના પ્રદેશમાંથી કે ભારતના દેશમાંથી અમુક ટેટલાક વૈદ્યકીય વિષયો ગ્રીસના વૈદ્યકમાં પ્રતિબિંબ પામેલા જ છે, એનો મત પણ 'એનસાઇકલોપીડિયા બ્રિટાનિકા'માં દર્શાવેલ છે.

દૂર દૂર દેશોમાં એ પ્રકારે શાખા—ઉપશાખા—રૂપ અનેક પ્રાચીન જાતિઓમાં પણ ઓછા—વધતારૂપે ભારતીય પ્રાચીન વ્યવહારોની તથા અથર્વવેદની સમાન માંત્રિક પ્રયોગ તથા ઔષધ-પ્રયોગ દ્વારા ચિકિત્સાસંપ્રદાયને જણાવનારાં અનેક લક્ષણો જોવામાં આવે છે; જેનો વિસ્તારભયથી અહીં સંકેતમાત્ર જ કર્યો છે. આ ઉદાહરણોથી ભારત તથા બીજા દેશોના પ્રાચીન કાળથી જ ચાલુ રહેલા પરસ્પરના સંબંધનો, વ્યવહારનો તથા વિદ્યા, વિજ્ઞાન આદિના અંદર પ્રવેશનો નિશ્ચય થાય છે.

પ્રાચીન ભારતની સભ્યતાનો જુદા જુદા વિભાગોની જેમ આયુર્વેદીય વિભાગ પણ પ્રાચીન-કાળનો છે. આધ્યાત્મિક વિચારોમાં તેમ જ બાહ્ય કલા—કૌશલ્ય આદિમાં પણ પહેલાંના સમયથી જ વિકસિત થયેલી દૃષ્ટિને ધારણ કરી ભારત દેશ સર્વને આશ્રય કરવા યોગ્ય અને શારીરયાત્રા અથવા સ્વાસ્થ્ય રાખવામાં ઉપયોગી આયુર્વેદીય ચિકિત્સા-પદ્ધતિમાં ઉદાસીન ન જ રહે, આયુર્વેદીય સંહિતાઓમાં પણ લોકસૃષ્ટિની સાથેના જ કાળમાં બ્રહ્માથી આયુર્વેદની ઉત્પત્તિ થઈ હતી, એવું પ્રતિપાદન કરવામાં આવે છે. વૈદિક સાહિત્યમાં જેમ જુદી જુદી વિદ્યાઓ મળે છે તે જ પ્રમાણે વૈદ્યક સંબંધી વિષયો પણ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા તૈત્તિરીય આદિમાં પણ મળે છે અને અથર્વવેદમાં વિશેષે કરી વૈદ્યક સંબંધી વિષયો મળી આવે છે.

વૈદિક કાળથી જ આયુર્વેદીય વિદ્યાનું સન્માન થતું હોવાથી એને ઉપવેદ નામ આપવામાં આવ્યું છે. વૈદિક કાળમાં પ્રથમ મહર્ષિઓ જુદાં જુદાં અનેક શાસ્ત્રોમાં અભ્યાસ કરી પારગામી થયા હતા, તે જ પ્રમાણે આયુર્વેદીય શાસ્ત્રમાં પણ તે તે મહર્ષિઓ ઘણો જ અભ્યાસ કરી તત્ત્વદ્રષ્ટા થતા હતા; વળી તે વૈદિક સમયમાં પણ સેંકડો વૈદ્યો, હજારો ઔષધો

અને અનેક પ્રકારના રોગો તથા તે તે રોગોના ઉપાયો પણ ઘણા જ હતા, એમ પ્રથમ પ્રતિપાદન કરેલું જ છે; તેમ જ તે પછીના કાળમાં પણ આધુનિક વિચારો પ્રમાણે લગભગ આજથી ત્રણ-ચાર હજાર વર્ષોની પહેલાંના પ્રાચીનકાળમાં પણ અસ્તિત્વ ધરાવતાં ઐતરેય-શતપથ-કૌષીતકી આદિ બ્રાહ્મણગ્રંથોમાં અને છાંદોગ્ય ઉપનિષદમાં, ગર્ભોપનિષદમાં, શ્રૌત્ર-સૂત્ર આદિમાં તથા ગૃહ્યસૂત્રો આદિમાં તેમ જ રામાયણ-મહાભારત આદિ પુરાણોમાં પણ અંગ-પ્રત્યંગ વગેરે શારીર વિભાગો, તેને લગતા રોગો અને તે તે રોગોને દૂર કરનાર ઉપાયોરૂપ ઔષધો આદિને એ જ પ્રમાણે ગ્રહણ કરીને આયુર્વેદને લગતા વિષયો અને તે સંબંધી ઇતિહાસો, ઉપાખ્યાનો તથા ઉલ્લેખો પણ મળે છે. મહાભારતમાં યુદ્ધ આદિના પ્રસંગે પણ સાંગ્રામિક ચૈત્યોની સાથે વૈદ્યો તથા ચિકિત્સકોને પણ લઈ જવામાં આવતા હતા અને સર્વ ઉપકરણો તથા સાહિત્યો સહિત ઘણા શાસ્ત્રકુશળ વૈદ્યોને પણ યુદ્ધોની છાવણીઓમાં સાથે રાખવામાં આવતા હતા, અને તેઓ દ્વારા ઘાયલ થયેલા સૈનિકોની ચિકિત્સાઓ કરાવવામાં આવતી હોય એમ તે તે પ્રાચીન ગ્રંથોમાં લખેલું જોવામાં આવે છે. (રામ-રાવણના યુદ્ધમાં ઘાયલ થયેલા લક્ષ્મણની છાતીમાંથી શક્તિપ્રહાર દૂર કરાયો હતો; મહાભારતના ભીષ્મપર્વમાં ૧૨૦ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે 'उपातिष्ठन्नथो वैद्याः शल्योद्धरणकोविदाः। सर्वोपकरणैर्युक्ताः कुशलैः साधु शिक्षिताः॥ શસ્ત્રોથી ઘાયલ થયેલા સૈનિકોનાં શલ્યોને ખેંચી કાઢવામાં કુશળ વૈદ્યો પોતાનાં બધાં સાધનોની સાથે તે તે યુદ્ધપ્રસંગોમાં હાજર રહેતા હતા, એ બધાયે વૈદ્યો તે તે શારીરચિકિત્સામાં સારી રીતે શિક્ષણ પામ્યા હતા. વળી ઉદ્યોગપર્વના ૧૫૧મા અધ્યાયમાં પણ આમ કહેવાયું છે કે, कोशं यन्त्रायुधं चैव ये च वैद्याश्चिकित्सकाः। तत्संगृह्य ययौ राज्ञां ये चापि परिचारकाः॥ રાજાઓના પરિચારકો-સેવકો વગેરે પણ તે યુદ્ધકાળે કોશ-ખજાનો, યંત્રો, આયુધો તથા ચિકિત્સા કરનાર વૈદ્યોને પણ સાથે રણસંગ્રામમાં લઈ જતા હતા. વળી ઉદ્યોગપર્વના ૧૫૨મા અધ્યાયમાં પણ આમ કહેવામાં આવ્યું છે કે, 'शिबिराणि महार्हाणि राजा तत्र पृथक्पृथक्। तत्रासन् शिल्पिनः प्राज्ञाः शतशो दत्तवेतनाः। सर्वोपस्करणैर्युक्ता वैद्याः शास्त्रविशारदाः॥ તે રણભૂમિ પર રાજાઓની અલગ અલગ મહાકિંમતી છાવણીઓ હતી; અને તે તે છાવણીઓમાં પગારદાર સેંકડો મહાબુદ્ધિમાન કારીગરો કામ કરતા હતા; તેમ જ બધાં સાહિત્યો સહિત શાસ્ત્રકુશળ વૈદ્યોને પણ ત્યાં હાજર રાખવામાં આવ્યા હતા.) આ વિષયને 'મથ્થુ' નામના વિદ્વાને પણ બતાવેલ છે; વળી રામાયણમાં સુષેણ નામના વૈદ્યની કથા પણ પ્રસિદ્ધ જ છે; કૌટિલીય સાંગ્રામિક ૧૦મા અધિકરણમાં પણ શસ્ત્ર, યંત્ર, અગદ, સ્નેહ તથા વસ્ત્ર પણ સેનાના પાછળના ભાગમાં હોવાનો નિર્દેશ મળે છે (જેમ કે-चिकित्सकाः शस्त्रयन्त्रागदस्नेहवस्त्रहस्ताः स्त्रियश्चान्नपानरक्षिण्यः उद्धर्षणीयाः पृष्ठतोऽनुगच्छेयुः-સૈનિકોનાં સૈન્યોની પાછળ વૈદ્યો, શસ્ત્રો, યંત્રો, ઔષધો, સ્નેહો તથા વસ્ત્રો જેમના હાથમાં હોય એવા વૈદ્યો અને ખોરાકપાણીને સાચવતી સ્ત્રીઓ પણ જેની સાથે મૈથુન કરી શકાય એવી હોઈને તે સૈન્યોના પાછળના ભાગમાં જતી હોય છે. (જુઓ કૌટિલીય અધિકરણ ૧૦મું) પુરાણો તથા ઇતિહાસો વગેરેમાં પણ આ વિષય પર્યાપ્ત મળે છે.

ગુરુદક્ષિણા નિમિત્તે આપવાના ઘોડાઓ મેળવવા ગાલવ જ્યારે કાશીપતિ દિવોદાસની સમીપે આવ્યો હતો, ત્યારે તેણે હિમાલયના મૂલ પ્રદેશમાં વાયવ્ય દિશામાં મારીચ કશ્યપનો આશ્રમ બતાવ્યો છે, તે ઉપરથી દિવોદાસની બહુ પહેલાં નહિ, અથવા તેના સમાનકાળે મારીચ કશ્યપ હિમાલયની સમીપ આશ્રમ કરીને રહેતા હતા, એવો મહાભારતનો ઉલ્લેખ મળે છે. વળી તે મારીચ કશ્યપનો ઋકસર્વાનુક્રમ સૂત્રમાં તથા બૃહદ્દેવતામાં પણ ઉલ્લેખ છે; તેમ જ આત્રેયના સહભાવી તરીકે તેમના સમાનકાળે જ તે થયા છે, એવો પણ ઉલ્લેખ છે; વાયોવિદ્દનું મારીચ કશ્યપ તથા આત્રેય પુનર્વસુની સાથે અસ્તિત્વ હતું; કૃષ્ણાત્રેય તથા પુનર્વસુ આત્રેય બંને એકી વખતે થયા હતા; ચિકિત્સાશાસ્ત્રના પ્રવર્તક કૃષ્ણાત્રેયનો મહાભારતમાં નિર્દેશ મળે છે; આત્રેયના શિષ્ય તરીકે ભેડનો ઉલ્લેખ મળે છે અને તે ભેડની સાથે જ થયેલ અને આત્રેય પુનર્વસુના શિષ્ય તરીકે

ગાંધારરાજ નગ્નજિત્નો ઉલ્લેખ મળે છે. તે નગ્નજિત્ તથા દારુવાહ બંને એક જ કાળે સાથે થયા હતા; એ દારુવાહનો કાસ્યપીય તંત્રમાં નિર્દેશ કર્યો છે; ગાંધારરાજ નગ્નજિત્નો ઐતરેય બ્રાહ્મણમાં નિર્દેશ કર્યો છે; ગાંધારરાજ પ્રાણુવિત્ હોઈ પ્રાણાચાર્ય હતા અને નગ્નજિત્ તથા તેનો પુત્ર જે સ્વર્જિત્ હતો તેનું કથન શતપથ બ્રાહ્મણમાં છે; દિવોદાસનું વર્ણન કૌષીતકી બ્રાહ્મણમાં, કૌષીતકી ઉપનિષદ્માં, કાઠકસંહિતાના બ્રાહ્મણભાગમાં તેમ જ મહાભારતમાં પણ મળે છે; અને તે દિવોદાસના પૂર્વપુરુષ તરીકે ધન્વંતરિ મળે છે; એમ સર્વ તરફ નજર કરતાં અને બધી રીતે વિચારતાં મારીચ કશ્યપ, પુનર્વસુ આત્રેય, ભેડ, નમજિત્, દારુવાહ અને વાર્યોવિદ–એ બધા આયુર્વેદીય ઔષધચિકિત્સા વિદ્યાના આચાર્યો હતા અને તે બધાયે ઐતરેય, કૌશીતકી, શતપથ બ્રાહ્મણ અને કાઠક બ્રાહ્મણથી પણ પહેલાંના સમયે થયા હતા; તેમ જ ધન્વંતરિ તથા દિવોદાસની પેઠે બ્રાહ્મણગ્રંથો અને ઉપનિષદોની સાથે થયેલા હોય અથવા અમુક થોડા કાળે આગળપાછળ થયેલા હોવા જોઈએ; એમ પહેલાં પણ બતાવેલું જ છે.

આત્રેય–કશ્યપ આદિએ પણ કેટલાક પૂર્વાચાર્ય તરીકે માન્ય કરેલ પુરુષોનાં નામો પોતપોતાની સંહિતાઓમાં ગ્રહણ કરેલાં દેખાય છે. એ આત્રેય વગેરે આચાર્યો જોકે સંહિતાઓના કર્તા છે, તોપણ તેઓએ કેટલાક પૂર્વાચાર્યોએ ઉપદેશેલા છૂટાછવાયા વિષયોને એકત્ર કરી સ્પષ્ટ કરી બતાવ્યા છે.

એમ વૈદિકકાળથી આવેલી અને ક્રમશઃ વિકાસ પામીને વધેલી ચિકિત્સાવિદ્યા, પ્રાચીન ગ્રંથોનો વિલોપ થવાથી આજના સમયે જોકે મળતી નથી, તોયે હાલમાં મળતા આત્રેયના, સુશ્રુતના તથા કશ્યપ આદિના ગ્રંથોની અંદર રહેલા વિષયોનો વિચાર કરતાં તેઓના સમયમાં ખૂબ ઉન્નતિને પામી હોય એવો અનુભવ થાય છે; જેઓએ શારીરચિકિત્સાની મુખ્યતા ગણી છે, એવા આત્રેય, સુશ્રુત, કશ્યપ તથા ભેડ આદિ આચાર્યોએ શસ્ત્રચિકિત્સાનું સૂચન કરીને શલ્યવિદ્યાને પણ જોકે પ્રાચીન જણાવી છે, તોપણ એ શલ્યવિદ્યા એક જુદા જ ચિકિત્સાશાસ્ત્રરૂપે હોઈને અત્યંત ઉન્નતિને ધારણ કરતી જણાય છે; એ જ આત્રેય આદિએ લખેલા શાલાક્ય આદિ જુદા જુદા છ વિભાગોમાં પણ વિચારપૂર્ણ પ્રૌઢ ગ્રંથો અવશ્ય હોવા જોઈએ; પરંતુ કાળવશ એ શાલાક્યતંત્રને લગતા ગ્રંથો પણ લુપ્ત થયા છે, તે ખેદજનક છે.

અશ્વિનીકુમારો, ભારદ્વાજ, જતૂકર્ણ, પરાશર, હારીત, ક્ષારપાણિ, ભાનુપુત્ર ભોજ× તથા કપિલબલ આદિ આચાર્યોના ભૂતતંત્રને લગતા મૂળ ગ્રંથો જોકે આજે મળતા નથી, તોપણ તેઓનાં વચનો તાડપત્રમાં લખાયેલા મૂળ જ્વર–સમુચ્ચય ગ્રંથમાં મળે છે; તેમ જ બીજા કેટલાક આચાર્યોનાં ઘણાં વચનો પાછળથી બનેલા તંત્રસાર ગ્રંથમાં અને ચરક આદિની વ્યાખ્યાઓમાં પણ ટાંકેલાં મળે છે; એમ તે તે વચનો મળતાં હોવાથી તેટલા કાળ સુધીમાં પણ તે તે આચાર્યોના ગ્રંથો મળતા હોવા જોઈએ અને તેઓનો અભ્યાસ પણ થતો હોવો જોઈએ.

આત્રેય, કશ્યપ આદિ પ્રાચીન આચાર્યો, કાંપિલ્ય અને ગંગાદ્વાર આદિ સ્થાનોમાં તથા ભિન્નભિન્ન સ્થાનોમાં રહેનારા બીજા આચાર્યો તે તે સ્થળો ઉપર જ માત્ર પોતાના ઉપદેશની પરંપરા વડે શિષ્યોના સંપ્રદાય આદિની વૃદ્ધિ કરતા હતા, તેમ જ પોતપોતાના વિચારોને જ કેવળ પ્રકટ કરતા હતા એમ નહોતું, પણ આત્રેય વૈદ્યોનાં વિદ્યાપીઠોમાં સ્થપાયેલા તે તે વૈદ્ય આચાર્યોએ તે તે પ્રદેશ પર એકત્ર થઈને વૈદ્યોના સંમેલનની સમિતિ સ્થાપીને પોતપોતાના વિચારોમાં પ્રકટ થયેલા નવા નવા અને પ્રાચીન વિષયોની વિચારણાઓ જેમ કરાય છે, તેમ પ્રાચીનકાળમાં પણ જે કોઈ કાળે દેશના તથા વિદેશમાંથી આવેલા તે કાળના પ્રસિદ્ધ તે તે આચાર્યોએ તે તે* સ્થાનોમાં

× આ 'ભોજ' આચાર્ય સુશ્રુત આદિનો સમકાલીન છે, પણ ધારાનગરીનો રાજા ભોજ નથી.

* હિમાલયની સમીપે ચૈત્રરથ વનમાં, જનપદ મંડળમાં, પાંચાલ–ક્ષેત્રમાં, કાંપિલ્ય–નગરની રાજધાનીમાં અને 'પંચગંગ' નામના પ્રદેશ પર આયુર્વેદને લગતા વિચારો કરવા માટે મહર્ષિઓ-

એકત્ર થઈને પરિષદની સ્થાપના કરીને પણ પરસ્પર વિચારવિનિમય કરતા હતા; કારણ કે એમ વિચારો કરવાથી સરાણ ઉપર ઘસાતાં રત્નોની પેઠે તે તે સિદ્ધાંતોરૂપી રત્નો નવા નવા વિચારો અને પોતપોતાના અભિપ્રાયને લગતા બીજા વિચારો પણ પોતપોતાની સંહિતાઓમાં સ્થાન પામતા હતા. વ્યાકરણ–આચાર્ય પાણિનિએ પણ 'गर्गादिभ्यो यञ्' એ સૂત્રમાં દર્શાવેલ ગર્ગાદિગણમાં જતૂકર્ણ, પરાશર તથા અગ્નિવેશ શબ્દોનો ઉલ્લેખ કરીને, 'कथादिभ्यष्ठक्' એ સૂત્રમાં કથાદિગણની અંદર 'આયુર્વેદ' શબ્દનો 'तत्र साधुः' એ અર્થમાં 'आयुर्वेद साधुः इति आयुर्वेदिकः' આયુર્વેદમાં સારો, એ અર્થને જણાવતો 'आयुर्वेदिक' શબ્દ સિદ્ધ કરેલો છે. તેથી જણાય છે કે તે કાળે પણ આયુર્વેદવિદ્યા સારી રીતે ઉન્નતિ પામેલી અવસ્થામાં હતી અને તે આયુર્વેદવિદ્યામાં કુશળ એવા વિદ્વાનો પણ તે કાળે ઘણા હતા. વળી 'मन्त्रायुर्वेदप्रामाण्यवच्च तत्प्रामाण्यमाप्तप्रामाण्यात्'–મંત્રો અને આયુર્વેદ જેવાં પ્રમાણ છે, તે જ પ્રમાણે વેદો પણ પ્રમાણભૂત છે; કેમ કે વેદો એ આપ્તવાક્યો છે, તેથી જ તેઓની પ્રમાણતા ગણાય છે. (જુઓ ગૌતમસૂત્ર ૨–૧–૬૭) એમ કહીને સૂત્રકાર ગૌતમે તે તે ઔષધ માટેના ઉપયોગના ઉપદેશ અનુસાર તે તે રોગોની નિવૃત્તિ આદિના લાભને લીધે આયુર્વેદને તથા વિષ, ભૂતો અને અશનિ–વજ્રપાતને અટકાવનાર મંત્રોને તે તે વિશેષ પ્રયોગમાં ફલસિદ્ધિ ચોક્કસ થતી હોવાના કારણે જેમ વ્યવસ્થિત પ્રમાણભૂત ગણવામાં આવે છે, તેમ એ બધાંની તુલનામાં સર્વ વેદોનું પણ પ્રમાણપણું છે, એમ જણાવી આયુર્વેદ આદિનું પ્રામાણ્ય વ્યવસ્થિત ઠરાવી એ બધાયે પ્રાચીન આચાર્યોના સમયમાં પણ આયુર્વેદ વિદ્યાનો પ્રચાર તથા ઘણું માન પણ હતું, તેથી જ તે આયુર્વેદનું પણ પ્રમાણપણું સ્વીકારાયું હતું, એમ જણાય છે; આ વિષયમાં 'ન્યાયમંજરી' ગ્રંથના કર્તા જયંત ભટ્ટે પણ (ન્યાયમંજરીના પૃષ્ઠ ૨૫૬–૨૬૦માં) સારી રીતે નિરૂપણ કર્યું છે.

'મહાવગ્ગ' આદિ પાલીભાષાના ગ્રંથોના લેખમાં પણ કાલાંજન, રસાંજન, સ્રોતાંજન તથા ગૈરિક–ગેરુ વગેરે ઔષધોના, ભગંદર આદિ રોગોના, ત્રિદોષના તથા સ્વેદન–અસ્તિકર્મ આદિ ભારતીય આયુર્વેદના વિષયોનો તે પાલી ભાષાના શબ્દોમાં વ્યવહાર કરેલો મળે છે તેમ જ જીવક વૈદ્યે કરેલી આયુર્વેદીય ચિકિત્સાનું વૃત્તાંત પણ મળે છે. તે ઉપરથી બુદ્ધના સમયમાં પણ ઈ. પૂ. ૬૦૦ વર્ષના કાળે પણ આપણા પ્રાચીન આયુર્વેદનો પ્રચાર હતો, એમ સ્પષ્ટ થાય છે.

મહાવગ્ગ ગ્રંથમાં દર્શાવેલ જીવક વૈદ્યના ચરિત્રનું અનુસંધાન જોતા ગુરુએ પરીક્ષા કરવા વનસ્પતિ આદિનું આલોચન કરવા માટે મોકલેલા એ જીવકે એક પણ અનુપયોગી વનસ્પતિ મળતી નથી, એવું વર્ણન કર્યું છે; તેમ જ ઔષધના પ્રયોગદ્વારા ઘણા તીવ્ર રોગોની પણ તેમણે ચિકિત્સા કરી હતી. એ વૃત્તાંત ઉપરથી કાયચિકિત્સામાં તથા આંતરડાં ચીરવાં અને ખોપરી ચીરવી સુધીની શસ્ત્રક્રિયા દ્વારા પણ તે જીવકે ચિકિત્સા કરી હતી, તે ઉપરથી શલ્યપ્રસ્થાનમાં પણ તે જીવકનું અસાધારણ વિજ્ઞાન હતું, એમ જણાય છે. વળી એ જીવક સંબંધે મહાવગ્ગમાં તથા તિબેટ અને જાતક આદિમાં લેખ મળે છે, તે ઉપરથી તેમજ તે જીવકે બુદ્ધની તથા તે સમયના રાજાઓ વગેરેની પણ ચિકિત્સા કર્યાનો નિર્દેશ કર્યો છે, તેથી એ જીવકનું બુદ્ધના સમયમાં અસ્તિત્વ હતું અને તેના લખાણ ઉપરથી તેણે તક્ષશિલા નગરીમાં અધ્યયન કર્યું હતું એવો પણ નિશ્ચય કરી શકાય છે; પરંતુ મહાવગ્ગના લેખ ઉપરથી કોઈ પ્રસિદ્ધ આચાર્ય પાસેથી જીવકે અધ્યયન કર્યું હોય એમ સાબિત થાય છે; તિબેટની કથાના આધારે જણાય છે કે તે જીવકે આત્રેય પાસેથી અધ્યયન કર્યું હતું, એમ પણ કેટલાક વિદ્વાનો કહે છે; પણ તેનું મૂળ મળતું નથી, એમ પહેલાં આ ઉપોદ્ઘાતમાં જ કહ્યું છે; વળી તે જીવકે જે આત્રેય પાસેથી

નાં સંમેલનો ભરાતાં હતાં, એમ ચરકસંહિતામાં ત્યાં ત્યાં ઘણાં સ્થળે ઉલ્લેખ કરેલો છે; વળી ત્યાં જ વિમાનસ્થાનમાં પરિષદનું પણ નિરૂપણ કરેલું છે. કાશ્યપસંહિતામાં પણ 'જાતિસૂત્રીય' નામના અધ્યાયમાં 'इति परिषद्' એમ તથા 'मूयांस' ઇત્યાદિ દ્વારા પણ પરિષદનો તથા વિદ્વત્સમવાયનો પણ ઉલ્લેખ મળે છે.

અધ્યયન કર્યું હશે, તે ચરકસંહિતાના મૂલ આચાર્ય પુનર્વસુ આત્રેય જ હતા, એમ પણ તે ઉપરથી નક્કી કરી શકાતું નથી. વળી ચરકસંહિતાના લેખ ઉપરથી પણ પુનર્વસુ આત્રેય, ભિક્ષુ આત્રેય તથા કૃષ્ણાત્રેય એમ ત્રણે આત્રેયો તે વેળા વૈદ્યવિદ્યાના આચાર્યો તરીકે પ્રસિદ્ધ હતા, એમ જણાય છે. 'આત્રેય' એ ગોત્રવાચી અથવા વંશસૂચક નામ છે, તે કારણે એ અત્રિના વંશજ અનેક આગળપાછળના પુરુષોને 'આત્રેય' એ નામે કહી શકાય છે; તેથી જીવકના આચાર્ય તરીકે જે આત્રેયને સ્વીકાર્યા છે, તે કયા 'આત્રેય' એ સંબંધે કોઈ નિશ્ચય કરી શકાતો નથી, તે કારણે 'આત્રેય' શબ્દમાત્રની જ સમાનતા ઉપરથી તે જ પુનર્વસુ આત્રેય જીવકના ગુરુ હતા, એમ કહી શકાય તેમ નથી. પુનર્વસુ આત્રેયે ચરકસંહિતામાં 'તિસ્રૈષણીય' નામના અધ્યાયમાં ત્રણ પ્રકારનાં ઔષધોનું જ્યાં વર્ણન કર્યું છે ત્યાં 'શસ્ત્રપ્રણિધાનં પુનશ્છેદન-ભેદન-વ્યધન-દારણ-લેખન-ઉત્પાટન-પ્રચ્છન- સીવન-એષણ-ક્ષાર- જલૌકસશ્ચ'-છેદન-કાપવું, ભેદન-ચીરવું, વ્યધન-વીંધવું, દારણ-ફાડવું, લેખન-ખોતરવું, ઉત્પાટન-ઉખેડવું, પ્રચ્છન-છરકા મારવા, સીવવું, એષણ-એટલે કે નાડીની ગતિનું શોધન, ક્ષારકર્મ, અગ્નિકર્મ-ડામ દેવા અને જળો મૂકવી-એ બધાં કર્મો શસ્ત્રપ્રણિધાન એટલે કે શસ્ત્રક્રિયારૂપ ગણાય છે' એમ કહીને ત્યાં એ શસ્ત્રપ્રણિધાનના માત્ર નામનું કથન કરી બતાવ્યું છે; અને તે પણ તે અધ્યાયને લગતા વિષયોની અંતે કૃષ્ણાત્રેયના ઉલ્લેખરૂપ હોવાથી તેમણે તે ઉલ્લેખ કરી બતાવ્યો હોય, એમ જણાય છે; વળી કાશ્યપસંહિતામાં 'પરતન્ત્રસ્ય સમયમ્'-શલ્યવિદ્યા એ પરતંત્રરૂપ છે એટલે કે બીજાના તંત્રનો વિષય છે, એવો ઉલ્લેખ કર્યો છે; તે જ પ્રમાણે આત્રેય પણ 'ધાન્વન્તરિયાણામ્'-શલ્યતંત્ર એ ધન્વન્તરિના શિષ્યોનો વિષય છે, એમ જણાવીને તેમ જ 'એકે'-કેટલાક શસ્ત્રચિકિત્સકો શસ્ત્રક્રિયાને મુખ્ય ગણે છે' ઇત્યાદિ શબ્દો વડે શલ્યતંત્રનો ધાન્વન્તર સંપ્રદાય દર્શાવેલ છે; ચરકસંહિતાના ચિકિત્સાસ્થાનમાં પણ 'દ્વિવ્રણીય' નામના અધ્યાયમાં શસ્ત્રચિકિત્સાશાસ્ત્રને લગતા ઉપચારોનો પણ નિર્દેશ કર્યો છે; પરંતુ તે નિર્દેશને પાછળથી દઢબલે પૂરેલા અંશરૂપે જ સમજવો જોઈએ. ટીકાકારોનો તે સંબંધે મતભેદ હોવાના કારણે તે અંશને આત્રેયના તથા અગ્નિવેશના અંશ તરીકે કહેવામાં આવે છે, તો પણ તે ૧૯ અધ્યાયમાં 'इति षड्विधमुद्दिष्टं शस्त्रकर्म मनीषिभिः વિદ્વાનોએ (પાટન, વ્યધન, છેદન, લેખન, પ્રચ્છન તથા સીવન-એમ છ પ્રકારનું શસ્ત્રકર્મ કહ્યું છે' જુઓ ચરક દ્વિવ્રણીય-ચિકિત્સિતસ્થાન-૫૯ મો શ્લોક) અને 'तेषां चिकित्सा निर्दिष्टा यथास्वं स्वे चिकित्सिते'-બધાના તે ૧૬ ઉપદ્રવોની ચિકિત્સા પોતપોતાના ચિકિત્સકોના તે તે અધ્યાયોમાં બતાવેલ છે (જુઓ ચરક-દ્વિવ્રણીય ચિકિત્સિતસ્થાન શ્લોક ૧૧૯) એમ કહીને એકંદર શલ્યચિકિત્સાનો સંપ્રદાય તેને લગતાં બીજાં શલ્યશાસ્ત્રને લગતો દર્શાવ્યો છે, એમ જણાય છે; વળી તે દ્વિવ્રણીય અધ્યાયની પહેલાંના અર્શશ્ચિકિત્સિત પ્રકરણ નામના ૧૪ મા અધ્યાયમાં અર્શસોના ઉપચારરૂપે અનેક પ્રકારના ઔષધોના પ્રયોગોને પ્રથમ દર્શાવીને 'तत्राहुरेके शस्त्रेण कर्तनं हितमर्शसाम्। दाहं क्षारेण चाप्येके दाहमेके तथाऽग्निना। अस्त्येतद्भूरितन्त्रेण धीमता। दृष्टकर्मणा। क्रियते त्रिविधं कर्मभ्रंशस्तत्र सुदारुणः॥-એ અર્શસોની ચિકિત્સા વિષે કેટલાક વૈદ્યો કહે છે કે અર્શસોને શસ્ત્રથી કાપી નાખવા તે હિતકારી કર્મ છે; પણ કેટલાક કહે છે કે અર્શસને ક્ષારથી બાળી નાખવા જોઈએ; અને કેટલાક કહે છે કે અર્શસોને અગ્નિથી બાળી નાખવા તે હિતકારી છે; એમ ઉપર દર્શાવેલી અર્શસોની ચિકિત્સા ઠીક છે, પણ તે ચિકિત્સાને ઘણાં આયુર્વેદીય તંત્રનો જેણે અભ્યાસ કર્યો હોય અને જેણે તે તે શસ્ત્રકર્મ આદિ ચિકિત્સા નજરે જોઈ હોય તેવો બુદ્ધિમાન વૈદ્ય જ તે ત્રણપ્રકારની ચિકિત્સાને કરે તે યોગ્ય ગણાય છે; પરંતુ તેમાં દારુણ ભ્રંશ એટલે મૂલથી થતું નુકસાન પણ સંભવે છે.' (જુઓ-ચરક-અર્શશ્ચિકિત્સિત-અધ્યાય ૧૪-શ્લોક ૩૩-૩૪) એમ કહીને શસ્ત્રક્રિયા, ક્ષારક્રિયા તથા દાહક્રિયારૂપ ક્રિયા ભલે કેટલાક અનુભવી વિદ્વાન વૈદ્યો ભલે કરે, પરંતુ એ ક્રિયા પરકીય છે એટલે કે અનુભવી શસ્ત્રચિકિત્સક વૈદ્યોની ગણાય છે, એમ દર્શાવીને આમ સૂચન પણ કર્યું છે કે બિન અનુભવી વૈદ્ય તે ક્રિયા

જો કરે તો તેથી હાનિ થવાનો સંભવ છે, માટે તેવી શસ્ત્રકર્મ આદિરૂપ ચિકિત્સાને ઘણાં આયુર્વેદીય શલ્યતંત્ર આદિનું જ્ઞાન ધરાવનાર અનુભવી શસ્ત્ર-વૈદ્ય જો હોય તે જ એ શસ્ત્રક્રિયા આદિ કર્મ ભલે કરે, એમ કહીને ખુદ આત્રેય આચાર્યે તે શસ્ત્રકર્મ આદિ પરકીય ચિકિત્સામાં પોતાનું તટસ્થપણું જણાવ્યું છે. સુશ્રુતમાં 'अष्टसु प्रस्थानेषु कतमत् प्रस्थानमुपदिशामि'–આઠ આયુર્વેદીય પ્રસ્થાનો –તંત્રો છે, તેમાંથી કયા તંત્રનો ઉપદેશ કરું?' એમ દ્વિવોદાસે જેમ કહ્યું છે તેમ પુનર્વસુ આત્રેયે ક્યાંય કહેલું દેખાતું નથી, તેથી આત્રેયસંહિતામાં વિષતંત્ર આદિ ખીજા વિષયોનો પાછળથી જોકે પ્રવેશ થયો છે, તો પણ આત્રેયે પોતાના શિષ્યોને શલ્યવિદ્યાનો ક્યાંય ઉપદેશ કર્યો નથી અને પોતાના મુખ્ય છ શિષ્યોને આત્રેયે કાયચિકિત્સાના વિષયમાં જ ગ્રંથરચના કરવાની આજ્ઞા કરી છે, તેથી તે શિષ્યોએ પણ કાયચિકિત્સાને લગતા જ પોત-પોતાના ગ્રંથો રચ્યા છે, પણ શલ્યપ્રસ્થાનમાં આત્રેયના કોઈ પણ શિષ્યનું નામ દેખાતું નથી, તે ઉપરથી જેમ આજના સમયમાં કાયચિકિત્સાના વિષયમાં તથા શસ્ત્રચિકિત્સાના વિષયમાં અસા-ધારણ વિદ્વત્તા ધરાવતા વૈદ્યોની અલગ અલગ પ્રસિદ્ધિ હોય છે, તેમ એ આત્રેય આદિ આચાર્યોના સમયમાં પણ પુનર્વસુ આત્રેયની પણ કાયચિકિત્સાના વિષયમાં જ અસાધારણ યોગ્યતા હતી એમ જણાય છે; 'મહા-વર્ગ' ગ્રંથમાં જણાવેલ જીવકવૈદ્ય તો કાયચિકિત્સામાં જેવા અસાધારણ વિદ્વાન જણાય છે, તેમ શલ્ય-ચિકિત્સામાં પણ તેમની અસાધારણ યોગ્યતા જોવામાં આવે છે; એ જીવકવૈદ્ય, પુનર્વસુ આત્રેયનો જો શિષ્ય હોય તો એવા અસાધારણ સહાધ્યાયીના નામનો અગ્નિવેશ આદિ છ પુનર્વસુ આત્રેયના શિષ્યો-ની સાથે ઉલ્લેખ કરવો જોઈતો હતો. વળી આત્રેય પુનર્વસુની પણ પહેલાં અત્રિની પરંપરામાં થયેલ કોઈ બીજા જ આત્રેયના શિષ્ય જીવક હોવા જોઈએ, એવી પણ કલ્પના કરી શકાતી નથી; કારણ કે જો એમ હોય તો ચરકસંહિતામાં આરંભના ગ્રંથમાં કે વચ્ચેના કોઈ ભાગમાં પણ પૂર્વના પ્રસિદ્ધ આચાર્યોનાં નામોનો જેમ નિર્દેશ કર્યો છે, તેમ અતિવિખ્યાત અને મહાન વૈદ્ય જીવકનું નામ ક્યાંય પણ કેમ નહિ આવ્યું હોય! બુદ્ધના સમયમાં થયેલા જીવકના ગુરુ આત્રેયથી પણ પુનર્વસુ આત્રેય અર્વાચીન હોય એવી કલ્પના જો કરવામાં આવે તો કાશીના રાજા વારોવિદ તથા વામક આદિ વૈદેહ નિમિનું સમકાલીન વર્ણન કરતા પુનર્વસુ આત્રેયે 'જાતક' આદિ ગ્રંથ અનુસાર વૈદકનું અધ્યયન કરનારા કાશીપતિ બ્રહ્મદત્તના નામનો ઉલ્લેખ કેમ કર્યો નથી? એમના સમકાલીન કાશ્યપે પણ એનું નામ કેમ આપ્યું નથી? અગ્નિવેશના આચાર્ય પુનર્વસુ આત્રેયનો તો કાંપિલ્યનગરના રહેવાસી તરીકે નિર્દેશ મળે છે; અને બુદ્ધના સમયમાં થયેલા જીવકના આચાર્ય આત્રેયને તો તક્ષશિલાના રહેવાસી તરીકે દર્શાવવામાં આવે છે; વળી કાંપિલ્ય નગર તો વેદના સમયથી માંડી પ્રસિદ્ધ છે અને તક્ષશિલા તો પાછળથી પ્રસિદ્ધ થઈ છે, એમ પહેલાં કહ્યું છે. વળી પુનર્વસુ આત્રેયને જો અર્વાચીન તરીકે કલ્પવામાં આવે તો તેમણે ચરક-સંહિતામાં ક્યાંય પણ તે પ્રસિદ્ધ તક્ષશિલા તથા પાટલિપુત્રના નામનો ઉલ્લેખ કેમ નહિ કર્યો હોય? એમ બધો વિચાર કરતાં આત્રેય પુનર્વસુનો કાળ અર્વાચીન હોવો શક્ય જ નથી; માટે તે પુનર્વસુ આત્રેયથી પાછળ થયેલા અને વસિષ્ઠ આદિ શબ્દની પેઠે ગોત્રના નામે 'આત્રેય' શબ્દથી વ્યવહાર કરાયેલા કોઈ શલ્યપ્રસ્થાનની તથા કાય-ચિકિત્સાની યોગ્યતાવાળા તક્ષશિલાના રહેવાસી તે આત્રેય આચાર્ય જુદા જ હોવા જોઈએ; અને તે જ બુદ્ધના સમયના આત્રેયની પાસેથી તેમના જ કાળના જીવકે અધ્યયન કરેલું હોવું જોઈએ, એમ કહી શકાય તેમ છે; એ કારણે કેવળ 'આત્રેય' શબ્દ માત્રને જ ગ્રહણ કરી 'પુન-र्वसु आत्रेय જ એ જીવકના ગુરુ હતા' એમ સિદ્ધ કરવામાં બળવાન પ્રમાણની જરૂર રહે છે, ઇત્યાદિ બધું આ ઉપોદ્ઘાતમાં જ પ્રથમ પ્રતિ-પાદન કરેલું જ છે. વળી આ કાશ્યપસંહિતાનું સંશોધન કરનાર વૃદ્ધજીવક તથા બુદ્ધના સમયમાં થયેલ તે જીવકવૈદ્ય પણ એકબીજાથી જુદા હતા અને તેઓ બંને પણ આગળપાછળ જ થયા છે, એમ પણ પહેલાં જણાવ્યું છે, તે ઉપરથી જાણી લેવું; એમ વિચારતાં જણાય છે કે તિબેટની કથામાં

જણાવેલ આત્રેય પણ પુનર્વસુ આત્રેયથી જુદા જ છે, એમ સાબિત થાય છે.

જો પૂર્વોક્ત વિવરણના આધાર પર આ તંત્રના આચાર્ય વૃદ્ધજીવક તથા 'મહાવગ્ગ' આદિ બૌદ્ધ ગ્રંથોમાં દર્શાવેલ પ્રસિદ્ધ શ્રેષ્ઠ વૈદ્ય જીવક–એ બન્નેનાં જન્મસ્થાન, ગુરુકુલ અને ચિકિત્સાનો ઇતિહાસ વગેરે એકબીજાથી જુદાં પડે છે એ જ તે બંનેને એકબીજાથી જુદા જ સિદ્ધ કરી બતાવે છે અને તે બન્નેની એકતા સિદ્ધ કરવામાં ઘણા જ વિરુદ્ધ પુરાવા દેખાય છે, તોપણ પોતપોતાના વિષયોના કારણે રાગયુક્ત દૃષ્ટિવાળા લોકોએ લખેલા ઇતિહાસોમાં તે તે પ્રકારે જુદા જુદા ઉલ્લેખો હોવા છતાં માત્ર પ્રમેય અંશનું અનુસંધાન કરી અમે જણાવેલા વિષયમાં સંવાદ અથવા પ્રમાણો દ્વારા સરખામણી માનવા યોગ્ય છે. મહાવગ્ગ ગ્રંથમાં જીવકના પૂર્વ ચરિત્રનું અનુસંધાન કરી તદનુસાર 'કુમારભૂત' એવું તેનું બીજું નામ કહેવું તે જ યોગ્ય છે, તોપણ 'કુમારભચ્ચો' એવા વિશેષણથી 'કુમારભૃત્ય' એવો વિશેષ પરિચય મળે છે, તે ઉપરથી તે વિશેષણને સિદ્ધ કરનાર તરીકે રાજકુમાર અભયકુમારે તે જીવકને પાળીપોષી મોટો કર્યો હતો, તે સ્વરૂપને દર્શાવતું તેનું પૂર્વવૃત્તાંત પણ દર્શાવેલું જ છે, તેથી તે બાબતમાં બંધબેસતો કોઈ બીજો પુરાવો છે જ નહિ; પાલી ગ્રંથના લેખ ઉપરથી તે જીવક વૈદ્ય જો 'કુમારભૃત્ય' તરીકે સાબિત થાય છે, તો તેથી તેનો કૌમારભૃત્ય કે બાલચિકિત્સાનો વિદ્વાન જ તે હોય એમ પ્રમાણભૂત કહી શકાય; કારણ કે પૂર્વના સંપ્રદાયને અનુસરતાં કૌમારભૃત્ય શબ્દથી બાલચિકિત્સા જ સમજાય છે. કવિ કાલિદાસે પણ 'કુમારમૃત્યાકુશલૈ'રનુષ્ઠિતે ભિષગ્ભિરાસૈરથ ગર્ભમર્મણિ' એમ રઘુવંશના ત્રીજા સર્ગમાં કહીને એ 'બાલચિકિત્સામાં કુશળ વૈદ્યોએ ગર્ભનું પોષણ કર્યું ત્યારે' એમ જણાવી એ જ અભિપ્રાય જણાવ્યો છે; વળી એવા તે મહાન વૈદ્ય જીવકના બાલચિકિત્સાના વૃત્તાંતનો કદાચ ઉલ્લેખ મળતો ન હોય, તોપણ તે બાલચિકિત્સાના વિદ્વાન ન હોય એમ પણ સંભવે નહિ; પૂર્વનું વૃત્તાંત જોતાં ક્યાંક નૈસર્ગિક વિષયની ઉપસ્થિતિ થાય છે; તેમાં કોઈ દૈવી શક્તિ અથવા એવા કોઈક કૌતુકનો ઉલ્લેખ કરાયો હોય, એમ ત્યાં દેખાય છે. તેમાં ઊંડો વિચાર કરતાં એવું કંઈક રહસ્ય કોઈક જુદી પ્રક્રિયા દ્વારા આનંદ ઉપજાવનાર તરીકે જણાયેલું ભાસે છે; આ કાશ્યપીય તંત્રમાં આવું લખાણ મળે છે કે કશ્યપનો શિષ્ય–જીવક જ્યારે પાંચ વર્ષની ઉંમરનો હતો, ત્યારે તેણે ગંગાના ધરામાં ડૂબકી મારી કે તરત તે જ ક્ષણે વળિયાં ને પળિયાંથી તે વ્યાપ્ત બની ગયો હોઈ વૃદ્ધ જેવો જણાવા લાગ્યો હતો, એ પણ એક આશ્ચર્યજનક વૃત્તાંત ગણી શકાય. તેમ જ બૌદ્ધ ગ્રંથોમાં જણાવેલા જીવકનું પણ પહેલાંનું તેની ઉત્પત્તિ આદિ બાલપણાનું વૃત્તાંત પણ અસાધારણ છે; એમ તે બંને જીવકનું બાલરહસ્ય કંઈક ઘણું ગૂઢ ભાસે છે. પંચનદ, ગાંધાર આદિ પશ્ચિમના વિભાગમાં જુદાજુદા અનેક આચાર્યોએ વૈદ્ય–વિદ્યાનો વધારો કરેલો હોવો જોઈએ; કારણ કે વૈદ્યક તંત્રોના આચાર્ય તરીકે આત્રેયનો ત્યાં નિર્દેશ કર્યો છે; જોકે મહાવગ્ગના લેખમાં આત્રેયનો ઉલ્લેખ મળતો નથી, તોપણ તિબેટની ગાથામાં આવો ઉલ્લેખ છે કે તક્ષશિલાનગરીમાં આત્રેયની પાસેથી વૈદ્યવિદ્યા ગ્રહણ કરી હતી; ચરકમાં આત્રેયે મરીચિ કશ્યપનો ઉલ્લેખ કર્યો છે, છતાં એવા પ્રસિદ્ધ જીવકનો ક્યાંય પણ ઉલ્લેખ કર્યો નથી, તેથી કાશ્યપસંહિતાના કર્તા મારીચ કશ્યપના કરતાં જીવક તેમના પાછીથી થયેલો હોવો જોઈએ, એમ સાબિત થાય છે. વૃદ્ધજીવકીયતંત્ર–આ કાશ્યપસંહિતામાં પણ પ્રાચીન કાશ્યપમુનિની સાથે જીવકના પ્રશ્ન તથા પ્રતિવચનનો સંબંધ જોવામાં આવે છે, તે પણ આ પોતાનો ગ્રંથવૃ દ્ધજીવકીયતંત્ર મૌલિક છે, એવો અભિપ્રાય સૂચવે છે. જો એમ છે તો તેના લખાણમાં પણ ઉત્સર્પિણી, અવસર્પિણી, નિર્ગ્રન્થ આદિ તે સમયના લૌકિક અમુક અમુક શબ્દોનો પાછળથી આ વૃદ્ધજીવકીય તંત્રમાં પ્રવેશ થયેલો પણ સંભવે છે. એ રીતે સ્થાલીપુલકન્યાયે ઉપલક દૃષ્ટિથી જોતાં નામના અમુક એક ભાગની માત્ર સમાનતા મળતી હોવાથી આત્રેય પણ તે જ પુનર્વસુ આત્રેય હોય અને વૃદ્ધજીવક પણ બૌદ્ધ ગ્રંથોમાં કહેલ તે પ્રસિદ્ધ વૈદ્ય

જીવક હોય એમ જબરજસ્તીથી તે બન્ને આત્રેયની તથા બંને જીવકની જો સમાનતા સ્વીકારવામાં આવે તોપણ આત્રેયનો તથા જીવકનો સમય બુદ્ધકાલીન જ સિદ્ધ થાય છે એ ઉપરથી પણ તેઓ આજથી ૨૬૦૦ વર્ષોથી વધુ અર્વાચીન સિદ્ધ થતા નથી.

બુદ્ધના સમયમાં થયેલા જીવકે પણ શલ્યપ્રક્રિયા દ્વારા અને બીજાં અનેક પ્રકારનાં ઔષધોના પ્રયોગો કરીને પણ તે જીવક ઘણો જ યશસ્વી બન્યો હતો અને તેણે પોતાના બંને હાથે બેય પ્રસ્થાનોને સમાન કક્ષામાં રચીને તે કાળે બહુ પ્રખ્યાત કર્યા હોય! સદ્‌ગુરુનો ઉપદેશ અને અધ્યયનના બળથી ઉત્પન્ન થયેલી અધ્યયનની તથા અધ્યાપનની પ્રણાલીના ગૌરવનું પણ તે જીવકમાં અનુસંધાન કરવું યોગ્ય જણાય છે, તેથી તેના સમયમાં પ્રચારવશ સેંકડો ઉપરાંત જુદી જુદી વ્યક્તિઓ ઓછા-વધતા પ્રમાણમાં આયુર્વેદવિદ્યાને જાણનાર હોવાનો સંભવ હોવાથી; તેમ જ કાયચિકિત્સામાં તથા શલ્યપ્રસ્થાનમાં પણ જાણકારોનો તે સમય હોઈ આયુર્વેદવિદ્યાનાં રસાયનો દ્વારા પૂર્ણ યૌવનને આરૂઢ થયેલો હોવો જોઈએ, એમ જણાય છે.

આત્રેયના શિષ્ય તરીકે કહેવાયેલા એ જીવકે કાયચિકિત્સાનું જ્ઞાન મેળવવા માટે આત્રેયસંહિતાનું જ અધ્યયન કરેલું હોવું જોઈએ અને તેમના એ કાળમાં તે આત્રેયસંહિતા પણ ચરકે પ્રતિસંસ્કાર કરેલી નહિ હોય તેવી મૂળ સ્થિતિમાં જ હશે; તેમ જ એ જીવક વૈદ્યે શલ્યપ્રસ્થાનમાં વિશેષ જ્ઞાન મેળવવા માટે, આત્રેયસંહિતામાં પણ સમાન દૃષ્ટિથી ધન્વંતરિનો ઉલ્લેખ મળતો હોવાથી પૂર્વકાળથી જ અસાધારણપણે પ્રસિદ્ધિ ધરાવતી સુશ્રુતસંહિતાનું અથવા તેની જ પૂર્વાવસ્થારૂપ ધન્વંતરિસંહિતાનું જ અધ્યયન કરેલું હોવું જોઈએ એમ તે જીવકના ઇતિહાસમાં વર્ણવેલી તેની કાયચિકિત્સામાં તથા શલ્યવિદ્યામાં કુશળતારૂપ ફલના બળથી અવશ્ય કલ્પી શકાય છે; વળી એ જ જીવકે અથવા તે સિવાયના બીજા જીવકે પણ બાલતંત્રનું પરિપૂર્ણ જ્ઞાન મેળવવા માટે પણ તેના કાળમાં પ્રસિદ્ધ એવી આ કાશ્યપસંહિતાનું જ અધ્યયન કરેલું હોવું જોઈએ, ઉપરાંત તેના સમયમાં આયુર્વેદીય પરંપરામાં પ્રાપ્ત થયેલ હોઈ તે સમયે જે જે આશ્વિનસંહિતા તથા ભારદ્વાજસંહિતા આદિ બીજી સંહિતાઓ મળતી હશે, તેઓનું પણ જ્ઞાન મેળવવા સારુ અધ્યયન કર્યું હશે; કેમ કે તેમના સમયમાં મળતા એ આર્ષગ્રંથોની અને પ્રાચીનકાળમાં પ્રસિદ્ધ તથા ઇતિહાસમાં પણ મળનારા આત્રેય આદિ આચાર્યોને છોડી અનુપસ્થિત વિદેશી આચાર્યો પાસેથી અધ્યયન કર્યું હોય એવી કલ્પના કરવી એ સંગત લાગતી નથી; કેમ કે એવું કંઈ પણ જો હોત તો આત્રેયનો ઉલ્લેખ કરનારી તિબેટની કથા અને જાતક આદિ ગ્રંથોમાં તે પ્રકારનો ઉલ્લેખ અવશ્ય કર્યો હોત.

ભારત દેશનો પશ્ચિમ વિભાગ પૂર્વના સમયથી લઈને જ ભિન્ન ભિન્ન વિદ્યાના સંપ્રદાયથી ઉન્નત છે અને તેમાં પણ તક્ષશિલાનગરીની આસપાસનો પ્રદેશ બુદ્ધના સમયથી પહેલાં થઈ ચૂકેલા પાણિનિ તથા વ્યાડિ જેવા બીજા પણ સેંકડો વેદ-વેદાંગ તથા આયુર્વેદના પંડિતો દ્વારા પ્રતિષ્ઠિત હતો. આ વિષયમાં 'રાઈસ ડેવિડ' નામના વિદ્વાનનો મત 'ભારતી' નામના માસિકની ૪૮ મા વર્ષની પત્રિકાના ૭૦૪ના પૃષ્ઠ પર આ પ્રમાણે દર્શાવેલો મળે છે કે 'તક્ષશિલા' વિશ્વવિદ્યાલયમાં આયુર્વેદ, ધનુર્વેદ, ગાંધર્વવિદ્યા, અર્થશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર તથા ધર્મશાસ્ત્ર વગેરે અનેક પ્રકારની વિદ્યાઓના અધ્યયનની તથા અધ્યાપનની પ્રવૃત્તિ ચાલ્યા જ કરતી હતી અને તેમાં પણ આયુર્વેદશાસ્ત્રની ચર્ચા ખૂબ જ વધુ પ્રમાણમાં થયા કરતી હતી; વળી તે વિશ્વવિદ્યાલયમાં બેબ્લોનિયન, મિસર, ફિનીશિયન, સિરિયન, અરબિયન તથા ચીન વગેરે દેશના પણ ઘણા પંડિતો વૈદ્યકીય શિક્ષાના સંબંધને ઉદ્દેશી એકઠા થતા હતા, આ પ્રમાણે તક્ષશિલા વિશ્વવિદ્યાલયના મહિમાનું વર્ણન છે; તેમ જ એ 'રાઈસ ડેવિડ' નામના વિદ્વાને એમ વર્ણન કરતાં કરતાં આમ પણ જણાવ્યું છે કે તે સમયમાં એ તક્ષશિલાનગરીમાં ગ્રીસ દેશના વૈદ્યો પણ આયુર્વેદનું શિક્ષણ લેવા માટે આવ્યા કરતા હતા અને ત્યાંના જ એ વિશ્વવિદ્યાલયમાં જીવક પણ જઈને આયુર્વેદવિદ્યાનું અધ્યયન કરતો હતો. આ ઘણું ખરું તેની

પાછળના સમયમાં થયેલા બૌદ્ધધર્મના ફેલાવાના કાળને દૃષ્ટિમાં રાખીને લખવામાં આવ્યું છે.

વળી બૌદ્ધધર્મના જાતકગ્રંથોમાં પણ તક્ષશિલા વિદ્યાલયમાં ભારતના તે તે પ્રદેશોમાંથી આવેલા વિદ્યાર્થીઓ ભારતના જ અધ્યાપકો પાસેથી ભારતના જ પૂર્વકાળના સંપ્રદાયોને લગતા ગ્રંથો જેવા કે સ્મૃતિઓ, આયુર્વેદ, ધનુર્વેદ, અર્થશાસ્ત્ર વગેરેનું પણ અધ્યયન કરતા હતા, એવો ઉલ્લેખ કરેલો જોવામાં આવે છે; તેમાં યે આત્રેય પાસેથી જીવકના અધ્યયનનો સમય તો ઘણો જ પહેલાંનો હતો, છતાં જીવકના અધ્યયન સંબંધી અને પાછળના બૌદ્ધ સમયને લગતા વિષયની એક જ સૂત્રમાં જે ગૂંથણી કરી છે, તે ભ્રમને ઉપજાવે છે; વળી 'મહાવગ્ગ' ગ્રંથમાં જણાવેલ જીવકના અધ્યયન સમયે મગધ દેશમાં પણ બૌદ્ધધર્મની અવસ્થા શરૂઆતના રૂપમાં જ હતી; બુદ્ધદેવના ઐતિહાસિક વૃત્તાંત ઉપરથી પણ તે સમયમાં મગધ, સાકેત, કપિલવસ્તુ આદિ નજદીકના દેશોમાં જ તે બૌદ્ધધર્મનો પ્રભાવ જણાય છે; 'મજ્ઝનિકાય' વગેરે પાલી ભાષાના ત્રિપિટક ગ્રંથોનું અનુસંધાન જોતાં યમુનાની પશ્ચિમ દિશાના ભાગમાં બુદ્ધદેવનું ગમન અને ધર્મનો પ્રચાર મળતો નથી; તક્ષશિલાના પરિચયને કરાવતો મહાવગ્ગનો લેખ પણ તે પ્રદેશમાં બૌદ્ધધર્મનો પ્રભાવ દર્શાવતો નથી; એલેકઝેંડરના આવવાના સમયે પણ બીજા રાજાથી આશ્રય કરેલા તક્ષશિલાના પ્રદેશમાં બૌદ્ધધર્મનો પ્રભાવ જણાતો નથી; પાછળથી અશોક રાજાના સમયમાં અથવા મિલિંદરે બૌદ્ધધર્મ ગ્રહણ કર્યો તે પછી ત્યાં બૌદ્ધધર્મનો પ્રચાર થવાથી તક્ષશિલા વિદ્યાલયમાં પણ તે બૌદ્ધધર્મનો પ્રભાવ પ્રકટ થયો હતો; એ કાળે ગ્રીક વૈદ્યો ત્યાં જો આવ્યા હોય તો તે પછીના સમયમાં જ બૌદ્ધધર્મના પ્રસારનો સમય જ સંભવે છે. બુદ્ધના સમયમાં થયેલા જીવકના અધ્યયનના સમયે પણ જન્મથી જ જેણે સત્તા મેળવી ન હતી એવા 'હિપોક્રિટિસ'નું આગમન પણ ઘટતું નથી; તેમ જ તેના પછીના બીજાઓનું અધ્યાપકપણું તો બિલકુલ ઘટે તેમ નથી; તેના સમયમાં ગ્રીકવિદ્યાની સુગંધ મેળવવા માટે ભારતના લોકો યવનદેશમાં જવા લાગ્યા હતા અને પ્રાચીન યવનલોકો અહીં ભારતમાં આવીને આ ભારતના વૈદ્યકશાસ્ત્રમાં ઘણું ધ્યાન આપવા લાગ્યા હતા; અને તે વેળા કોઈ પણ ગ્રીક વૈદ્ય ભારતમાં અધ્યાપક બન્યો હોય એવું વૃત્તાંત ભારતના કે ગ્રીસદેશના ઇતિહાસમાં પણ ક્યાંય મળતું નથી. જે વેળા 'મેગસ્થનિજ' નામનો એક ગ્રીક વૈદ્ય પોતે રાજદૂતપણું સ્વીકારી ભારતમાં આવ્યો હતો, તે વેળા તેણે પણ યવનજાતિના ગ્રીક વૈદ્યોનું ભારતમાં અધ્યાપકપણું કે તેમનો પ્રભાવ દર્શાવ્યો નથી, પણ ઊલટું ચંદ્રગુપ્તના રાજ્યમાં રહેતા પોતાના વિદેશી લોકો જ્યારે માંદા પડતા હતા ત્યારે તેઓને આરોગ્ય પ્રાપ્તિ થાય તે માટે ભારતીય વૈદ્યોને જ નીમવાની વ્યવસ્થા કરાતી હતી, એવો તેણે પોતે ઉલ્લેખ કર્યો છે, તે ઉપરથી ભારતમાં તે વેળા આયુર્વેદવિદ્યા ભારતીય વૈદ્યોના હાથમાં જ રહી હતી અને વિદેશીય વૈદ્યોનો લેશ માત્ર પણ પ્રભાવ પડતો ન હતો, એમ સ્પષ્ટ જણાય છે.

'હિપોક્રિટસ' સંબંધે વિચાર

પાશ્ચાત્ય ગ્રીકવૈદ્યકમાં મુખ્યત્વે 'હિપોક્રિટ્સ'નું આચાર્યપદ દર્શાવેલું છે; તેનો જન્મ 'કોસ' નામના સ્થાનમાં ઈસવી સન પૂર્વે ૪૬૦માં અથવા બીજા મતમાં ઈસવી સન પૂર્વે ૪૫૦માં થયો હતો; તેણે પોતાના પિતા–Heraclides પાસેથી અને Herodicus નામના પ્રોફેસર પાસે અધ્યયન કર્યું હતું, વળી તે ઉપરાંત પોતાના વૈદ્યકીય વિદ્યામાં વધારો કરવા દૂર દેશોમાં પણ તે ગયો હતો; તેના જીવનકાળ સંબંધે પણ ૮૫ અથવા ૧૧૦ વર્ષ સુધીની અવધિમાં મતભેદ છે. 'હિપોક્રિટ્સ'ને વૈદ્યકીય-વિદ્યા ભણાવવા નિમિત્તે આજીવિકા મળતી હતી એમ 'પ્રોટાગોરસ' નામના ગ્રંથમાં તેમ જ દર્શન વિષયના 'ફેડ્રસ' નામના ગ્રંથમાં 'પ્લેટો' નામના વિદ્વાને બે વાર તેનું નામ લીધું છે; પરંતુ 'હિમિયસ' નામના ઇંદ્રિયવિજ્ઞાનના વિષયવાળા ગ્રંથમાં તે 'પ્લેટો' એ તેનું નામ બિલકુલ લીધું જ નથી. 'અરિસ્ટોટલ' નામના એક વિદ્વાને પોતાના નૈતિક ગ્રંથમાં એક જ વાર તેનું નામ લીધેલું દેખાય છે; એ જોવાથી 'હિપોક્રિટ્સ' વૈદ્યકવિદ્યા ભણાવીને પોતાની આજીવિકા ચલાવનાર

એક વિદ્વાન હતો, એમ સાબિત થાય છે 'ગ્રીસ'-નો ઇતિહાસ લખનાર 'હીરોડોટ્સ' નામના વિદ્વાને 'પાયથાગોરસ' આદિ વિદ્વાનોનાં નામોનો ઉલ્લેખ કર્યો છે, તોપણ પોતાની છેલ્લી ઉંમરે પહોંચેલા આ 'હિપોક્રિટ્સ'ના નામનો કયાંય નિર્દેશ કર્યો નથી, તે ઉપરથી આમ જણાય છે કે ત્યાં સુધી તેની પ્રસિદ્ધિ થઈ ન હોય. વળી 'હિપોક્રિટ્સ'ના 'કોસ' સ્થાનના પ્રાચીન વૃત્તાંતની શોધ કરનાર 'હરન્લેગ' નામના એક વિદ્વાને 'કોસ' સ્થાન સંબંધે ઘણું લખ્યું છે; છતાં તેણે પણ આ 'હિપોક્રિટ્સ'ના વિષયમાં ઉદાસીનતા જ સેવી હોવાનું દેખાય છે; વળી બીજા પણ ગ્રીસ દેશના પ્રાચીન ગ્રંથોમાં આ 'હિપોક્રિટ્સ' સંબંધે કોઈ પણ વિશેષ નિર્દેશ કર્યો નથી.

ઈસવી સન પૂર્વે ૪૨૭મા વર્ષથી માંડીને ઈસવી સન પૂર્વનાં ૪૦૦ વર્ષોના સમયથી બહુ પાછળ ન હોય તે કાળમાં 'રુફાદન' નામના એક વિદ્વાને ગ્રંથોનું સંપાદન કર્યું હતું, એવો મહાશય 'ગલન' નામના વિદ્વાનનો મત છે; અને 'લિટર' નામના એક મહાશય વિદ્વાનનો આવો મત છે કે ઈસવી સન ૪૩૦થી પૂર્વે ૪૧૦ સુધીમાં ગ્રીસગ્રંથોનું સંપાદન થયું હતું; છંદ અને વ્યાકરણના લેખની શૈલીઓનું અનુસંધાન કરતાં એલેકઝાંડરની પછી 'હિપોક્રિટ્સ'ના ગ્રંથની રચના ઈસવી સન ૩૦૦ના સમયમાં થયેલી હતી, એવો કોઈક વિદ્વાનનો મત છે; એ હિપોક્રિટ્સના નામથી યુક્ત ઘણા ગ્રંથો જોવામાં આવે છે; તેઓમાં પરસ્પર વિરોધયુક્ત લેખશૈલી જુદી જુદી દેખાય છે, તે ઉપરથી એ બધાયે ગ્રંથો 'હિપોક્રિટ્સ'ના જ છે. એમ સંપૂર્ણપણે સર્વની આગળ કહી શકાય તેમ નથી; એમ 'ગ્રેમર' નામના વિદ્વાને કહ્યું છે; છતાં બીજા કેટલાક વિદ્વાનો એ બધા ય ગ્રંથો 'હિપોક્રિટસ'ના ભલે ન હોય, પણ તે ગ્રંથોમાં ઘણા ગ્રંથો તેના વંશજોએ તેમ જ તેના શિષ્યોએ અથવા તેના અનુયાયીઓએ લખ્યા છે. એમ 'ડ્રેપર' નામના વિદ્વાને તથા પી. સી. રાય મહાશયે લખ્યું છે; ઉપરાંત બીજા પણ ઘણા વિદ્વાનોએ તેમ જ લખ્યું છે. 'હિપોક્રિટ્સ'ની પહેલાં થયેલા 'ડેમોકેડિસ'નો ગ્રંથ પણ 'હિપોક્રિટ્સ'ના ગ્રંથોમાં પેસી ગયો છે. એમ જણાય છે, તેમાંનો 'ઓફોરિજ' નામનો એક ગ્રંથ 'ડાર્ઇ ક્લિસસ' નામના વિદ્વાને સૌ પહેલાં જાણ્યો હતો; બીજો એક 'આર્ટિક્યુલેશન' નામનો ગ્રંથ 'ટેરિયસ' નામના એક વિદ્વાને સૌ પહેલાં જાણ્યો હતો અને તે સિવાયના બીજા બે ત્રણ ગ્રંથો 'મેનન' નામના એક વિદ્વાનને સૌ પહેલાં જાણ્યા હતા; વળી 'નેચર ઑફ મેન' નામનો એક ગ્રંથ 'અરિસ્ટાટલ' નામના એક વિદ્વાને પ્રથમ જાણ્યો હતો; પરંતુ એ વિદ્વાન પણ તે ગ્રંથને 'પાલિવસ' નામના એક વિદ્વાનનો લખેલો સમજે છે. અમુક કોઈ ગ્રંથ 'હિપોક્રિટ્સ'ના પોતાના જ લેખમય છે, એમ નિશ્ચયથી કહી શકાતું નથી; એવો કોઈ પણ ગ્રંથ મળતો નથી, કે જે વૈદ્યક વિદ્યાના પિતાના પદે આરૂઢ થયેલા 'હિપોક્રિટ્સ'ની રચનારૂપ છે એમ કહી શકાય, છતાં તેના નામથી પ્રસિદ્ધ થયેલા ગ્રંથોના સંગ્રહમાં લગભગ સો જેટલા ગ્રંથો એવા છે કે જેઓમાં પરસ્પર જુદા અને વિરુદ્ધ વિચારો દેખાય છે. જુદા જુદા સંપ્રદાયના અને ગ્રીસ દેશથી જુદા બીજા દેશોના અને જુદા જુદા કાળમાં થયેલા અનેક વિદ્વાનોએ રચેલા તે તે અનેક પ્રકારના ગ્રંથોનો એ સંગ્રહ જણાય છે, જેઓના સમયનું પરસ્પરનું અંતર છ શતાબ્દી સુધીનું પણ જણાય છે; તેમાંના કેટલાક ગ્રંથો તો રોમ દેશમાં A.D. ત્રીજી શતાબ્દી સુધીમાં તૈયાર થયા હોય, છતાં અહીં તે સંગ્રહમાં પ્રવેશેલા છે, એમ E.B. અંગ્રેજી મહાકોશમાં જણાવ્યું છે. 'હિપોક્રિટ્સ' તો એક મહાન પુરુષ જ કહેવાય છે; તેણે કોઈ પણ ગ્રંથરચના કરી નથી, છતાં તેનું નામ સમસ્ત જગતમાં જાહેર થયું છે, એવો 'વિલામાવિજ' નામના એક વિદ્વાનનો મત છે. અરિસ્ટાટલની પહેલાં 'કાર્પસ' નામના ગ્રંથ-સંગ્રહમાં 'હિપોક્રિટ્સ'ના લેખોનો ઉતારો કરેલો દેખાતો નથી, તે ઉપરથી 'હિપોક્રિટ્સ'ના નામે પ્રસિદ્ધ થયેલા ગ્રંથોનો કર્તા 'હિપોક્રિટ્સ' નથી, પરંતુ 'પાલિવસ' નામનો કોઈ બીજો જ વિદ્વાન છે, એવો પણ મત 'હિપોક્રિટ્સ'ના ગ્રંથોના અનુવાદની ભૂમિકામાં દેખાય છે. પ્રાચીન ગ્રંથોમાં

પણ કાળવશ જુદા જુદા પાઠોનો ઉમેરો અને ઘટાડો વગેરે થવાથી ઘણો ફેરફાર થયો હોય છે, ઇત્યાદિ પાશ્ચાત્ય વિદ્વાનોના તથા બીજા વિદ્વાનોના પણ જુદા જુદા મતો હોય છે; એવા લગભગ સો જેટલા 'હિપોક્રિટ્સ'ના નામથી પ્રસિદ્ધ થયેલા ગ્રંથો ઘણું કરી એક એક વિષયના એક એક પ્રકરણરૂપે નાના નાના જોવામાં આવે છે. A. D. ૧૩૦-૨૦૦ના સમયમાં 'ગાલન' નામના એક વિદ્વાને 'હિપોક્રિટ્સ'ના નામે પ્રસિદ્ધ કરેલા કેટલાક ગ્રંથોનું વિવરણ પણ કર્યું છે; તેણે પણ 'હિપોક્રિટ્સ'ના નામે પ્રસિદ્ધ કરેલા ગ્રંથોને જુદાં રૂપે મેળવ્યા હતા. તેણે મેળવેલા ગ્રંથોમાં પણ ઘણા ગ્રંથો 'એશિયા-માઇનર' પ્રદેશમાંથી અને એક-બે ગ્રંથો 'સિસલી' પ્રદેશમાંથી પણ મેળવ્યા હતા, એમ દેખાતું હોવાથી તે ગ્રંથની પુરાતની ગ્રીસ રાજ્યમાં પ્રાપ્તિ થતી ન હતી પણ અમુક અવસ્થામાં જ તે ગ્રંથ ત્યાં મળતો હતો, એમ જણાય છે; જો તેના નામથી દેખાતા બધાયે ગ્રંથો તેના પોતાના જ હોય અને તેના સમયમાં તે થયા હોત તો એમના ગ્રંથોનો ગ્રીસ દેશમાં તેમના સમયથી માંડીને જ અતિશય પ્રચાર થયો હોત; અને તો જ 'પ્લેટો' તથા 'અરિસ્ટોટલ' એ બંને વિદ્વાનોએ વૈદ્યક શાસ્ત્રોના અધ્યાપનના વિષયમાં તેમ જ આધ્યાત્મિક વિષયમાં પણ એ 'હિપોક્રિટ્સ'ના નામનું કથન જેમ કર્યું છે, તેમ 'પ્લેટો' એ કરેલા 'ટિમિયસ્' નામના ગ્રંથમાં તેમ જ ગ્રીસદેશના બીજા પ્રાચીન ગ્રંથોમાં પણ તે 'હિપોક્રિટિસ'ના વૈદ્યક ગ્રંથના પ્રચારનો સંબંધ ગ્રહણ કરીને ઘણા ઉલ્લેખો અવશ્ય મળ્યા હતા; વળી વૈદ્યકના પિતાપદે પ્રતિષ્ઠા પામેલા 'હિપોક્રિટ્સ'ના સંપ્રદાયનો પ્રચાર વિશેષે કરી પોતાના જ દેશમાં જો થયેલો હતો, તો તેના પછીથી થયેલા વિદ્વાનો વૈદ્યકવિદ્યાના અમુક વિશેષને મેળવવા માટે પાછળથી મિશ્રદેશમાં દોડ્યા ન હોત. 'હિપોક્રિટ્સ'ના સમય પછી ઈ. પૂ. ૩૮૨-૩૬૪ વર્ષોની અંદર 'યૂડાકસ' નામના એક ગ્રીસ દેશના માણસે મિશ્ર દેશમાં જઈને પંદર મહિના સુધી 'હેલિયોપોલિસ' નામના સ્થાનમાં વસતા વૈદ્યના એક પુરોહિત પાસેથી વૈદ્યકવિદ્યાનું અધ્યયન કર્યું હતું, એમ ઇતિહાસમાં જાણવા મળે છે; એ પૂર્વકાળની પેઠે ઉત્તરકાળમાં પણ ગ્રીસ દેશના લોકોને વૈદ્યકવિદ્યાનું અધ્યયન કરવા માટે મિશ્ર દેશમાં જવું પડ્યું હતું, ત્યાં સુધી પણ ગ્રીસ દેશમાં મિશ્ર દેશનો પ્રભાવ પડ્યો છે, એમ ઇતિહાસકારો વર્ણવે છે.

પોતાના સંપ્રદાયનો પ્રચાર કરવા માટે હોય, પણ 'સ્નીડસ' નામના સ્થાનના અને બીજા મત પ્રમાણે 'કોસ' નામના પણ પૂર્વકાળના પુસ્તકાલયને 'હિપોક્રિટ્સે' સળગાવ્યું એવા હઠાગ્રહથી અથવા આમતેમથી પણ વિદ્યાની વિશેષ વૃદ્ધિ થાય તે માટે હિપોક્રિટ્સે યુવાવસ્થામાં જ પોતાના સ્થાનનો પરિત્યાગ કરી બીજા સ્થાને જવારૂપ તેનું પૂર્વવૃત્તાંત પણ મળે છે; એમ તેણે કરેલો પોતાના સ્થાનનો પરિત્યાગ તેના પોતાના મુખ્ય સ્થાનમાં પ્રચાર કરવાની સહેલાઈને તો રોકે જ છે! વળી તે કાળે છાપવાની કળા વગેરે તો હતી જ નહિ, તેથી આજની પેઠે તેની કોઈ વૈદ્યકીય પ્રક્રિયાનો એકદમ પ્રચાર કરવાનું સાધન પણ તે સમયે ન હતું; છતાં ઘણા પ્રકારના પ્રતીકોને લગતા લેખો આમતેમ જ મળે છે તે અધ્યયન તથા અધ્યાપનની પુષ્કળતા અને પૂર્વકાળના વિશેષ પ્રચારને પણ તે પ્રગટ કરે છે. ગ્રીસ દેશમાં કે એલેકઝંડ્રિયામાં તેનો વિશેષ પ્રચાર પહેલાં થયો હોય કે વર્તમાનમાં હોય તો વિદ્વાન 'ગ્યાલન'ની દૃષ્ટિ બહાર તે ન હોત. એશિયામાઇનર-સિસિલીના પ્રદેશથી જ તેની પ્રાપ્તિનો પ્રયાસ પણ ન સંભવત, એમ 'લિટરે' પણ કહે છે. ગ્રીસની બહાર મિશ્ર દેશમાં ઈસવી સનની ત્રીજી શતાબ્દીમાં થયેલ 'ઇન્ડ્રિયસ' નામના વિદ્વાને અને રોમ દેશમાં પહેલી શતાબ્દીમાં થયેલા 'એસ્લિલમિથાડીસ' નામના 'હિપોક્રિટ્સ'થી વિરુદ્ધપણે પરિશીલન કરેલું પણ જણાય છે. 'કોસ' નામના સ્થળે 'હિપોક્રિટ્સ'ના સાંપ્રદાયિક પુસ્તકાલયની સ્થિતિનું પ્રમાણ પણ મળતું નથી, એમ 'લિટરે' કહે છે. સો કે ત્રણસો વર્ષની અંદર 'કોર્પસ' સંગ્રહ થયેલ હોય, એમ 'લિટરે'ના કહેવા ઉપરથી કલ્પના થઈ શકે છે. 'ગ્યાલન'ના વ્યાખ્યાન પછી જ તે સંગ્રહ થયેલ હોવો જોઈએ, તેથી જુદાં રૂપવાળી થયેલી અવસ્થામાં આમતેમ વર્તતા અને તેના નામથી વ્યવહાર પામેલા ગ્રંથો, જેટલા પ્રમાણમાં મળ્યા તેટલા પ્રમાણમાં 'ગ્યાલને'

તે ગ્રંથનું સંકલન કર્યું છે. તેમાંના કેટલાક ગ્રંથોનું વ્યાખ્યાન પણ કરેલું હોવાથી ઉત્તરોત્તર પોતાના દેશમાં તથા બીજા દેશોમાં પણ તેના વિજ્ઞાનનો પ્રકાશ મળતો રહ્યો છે. ત્રીજી શતાબ્દી સુધીમાં નવા બનેલા ગ્રંથોનો પણ તેમાં પ્રવેશ થયો હોવાથી અને નવા જન્મેલા રોમન સામ્રાજ્યનો તેને આશ્રય મળવાથી ઈસવીસનની સાતમી શતાબ્દીમાં લૅટિન ભાષામાં પણ તે ગ્રંથોનો અનુવાદ થયો છે. યુરોપના કેટલાક દેશોમાં પણ એ સંપ્રદાય ફેલાયો હતો અને પ્રાચીનકાળમાં જેમ જેમ તેના નામે પ્રસિદ્ધ થયેલા ગ્રંથોનો વિશેષ પ્રચાર થયો હતો, તેવો પ્રચાર પૂર્વકાળમાં ગ્રીસ દેશમાં પણ થયો ન હતો. એમ કહેવું ઉચિત છે.

'ગ્યાલન'ના સમય સુધી પણ પૂર્વના ઍસિરિયા, પર્શિયા, બૅબિલોનિયા આદિ દૂરના દેશોમાં 'હિપોક્રિટ્સ'ના ગ્રન્થો નહિ મળવાથી ત્યાં પણ 'હિપોક્રિટ્સ'ની વિદ્યા નહિ હોવાથી મંડૂકપ્લુતિ ન્યાયથી પ્રથમ ભારતમાં તે વિદ્યા હોવાનું શી રીતે સંભવે !

ગ્રીસ તથા ભારતની ચિકિત્સાની સમાનતા

હિપોક્રિટ્સના વૈદક લેખમાં નિદાનો વિષે, જ્વર આદિ રોગો વિષે, ભૈષજ્યપ્રક્રિયા અથવા વૈદકીય ચિકિત્સાપદ્ધતિમાં તથા ઔષધોમાં, અનેક વિષયોમાં ભારતીય આયુર્વેદવૈદકની સમાનતા છે. ક્રીથ, મૈકડોલેન વગેરે વિદ્વાનો એમ પ્રતિપાદન કરે છે. અમારી દૃષ્ટિએ પણ મોટે ભાગે ગ્રીસના તથા ભારતના વૈદકની સમાનતા જણાય છે. ભારતીય ગ્રંથોમાં રોગો વગેરેની ઉત્પત્તિ તથા નિવૃત્તિ જાણવા માટે અને તેને લગતાં અરિષ્ટોનું અનુસંધાન કરવા માટે 'સ્વપ્નાધ્યાય' લખાયેલા હોય છે. તે જ પ્રમાણે ઍસિરિયા અને બૅબિલોનિયાના પ્રદેશોમાં પણ ઈ. સ. પૂર્વે ૬૬૮–૬૨૬ ના સમયમાં થયેલી 'અસુરબનિપાલ' અથવા સંસ્કૃતની દૃષ્ટિએ 'અસુર-અવનિપાલ' નામના રાજાના કાળમાં તે તે દેશોમાં પણ સ્વપ્નો વિષેના વિચારોને લગતી એક સંસ્થા ચાલુ થઈ હતી. તેવા જ પ્રકારનો વિચાર ગ્રીસદર્શનમાં પણ પહેલાં આલેખાયેલો પ્રતિબિંબિત હતો અને તે 'હિપોક્રિટ્સ'ના લેખમાં દર્શાવાયેલી છે. તે વિચાર ઈ. સ. પૂર્વે ચોથી શતાબ્દી સુધી ચાલુ રહ્યો હતો. પાછળથી વિલય પામ્યો હતો, એવો પણ ઉલ્લેખ મળે છે. ભારતીય આયુર્વેદમાં રુદ્રના કોપ વગેરેના કારણે લોકોમાં મરકી વગેરેની ઉત્પત્તિ થાય છે, એમ વર્ણવવામાં આવે છે. એવા જ પ્રકારના દૈવના કોપથી રોગ આદિની ઉત્પત્તિનો પ્રાચીન વિચાર ગ્રીસ દેશમાં પણ હતો એમ 'હોમર'ના લેખ ઉપરથી જણાય છે. 'હિપોક્રિટ્સ'ની પહેલાં થયેલા તેમના પૂર્વપુરુષ 'ઍસ્કિલપિયેસ'ના પણ એવા જ વિચારો હતા.

એ જ પ્રમાણે ભારત દેશમાં પ્રાચીન વૈદકવિદ્યા દાર્શનિક વિષયની સાથે જેમ મળેલી હતી, તેમ જ ગ્રીસ દેશમાં પણ 'હિપોક્રિટ્સ' પહેલાંનાં સો વર્ષમાં આરંભાયેલી વૈદકવિદ્યા પણ દાર્શનિક વિષય સાથે સંબંધ પામેલી હતી, એમ વર્ણવવામાં આવે છે. તે પછી એ દાર્શનિક વિષયોને દૂર કરી કેવળ વૈદકવિદ્યાને નવા જ સ્વરૂપમાં 'હિપોક્રિટ્સે' જાહેરમાં મૂકી હતી, એવો ઉલ્લેખ મળે છે. તે ઉપરથી પ્રાચીન દેશોમાં ભારતીય પૂર્વકાળના સ્રોતોની સમાનતાવાળા સ્રોતો જ વિદ્યમાન હતા, ત્યારે ગ્રીસ દેશમાં પણ તેની છાયાવાળા સ્રોતો વિદ્યમાન હતા. પાછળથી ગ્રીસ દેશની અંદર પ્રાચીન સ્રોતોમાં પણ ફેરફાર થયો હતો અને 'હિપોક્રિટ્સ'ના સમયમાં નવા સ્વરૂપનો ઉદય થયો હોય એમ જણાય છે. પરંતુ 'હિપોક્રિટ્સે' નવા સ્વરૂપમાં ઉપજાવી કાઢેલા વૈદકના વિજ્ઞાનનો પ્રભાવ જો ભારત દેશ પર પડ્યો હોત, તો તે ગ્રીસ દેશની પેઠે જ દાર્શનિક આદિ પ્રાચીન સ્રોતોના વિષયથી રહિત જ વૈદકવિદ્યા ભારતમાં પણ દેખાવા માંડી હોત; તેમ જ 'હિપોક્રિટ્સે' નવા ઉપજાવેલા વિશેષ વિષયો અને તેઓના શબ્દોની છાયા વગેરે પણ ભારત દેશમાં પાછળથી વિસ્તાર પામ્યાં હતાં; પણ તેવું કંઈ ભારતીય વૈદ્યકવિદ્યામાં નવું થયેલું દેખાતું નથી. ભારતીય વૈદ્યકવિદ્યા જે પ્રમાણે પ્રથમથી જ દાર્શનિક વિષયથી ઓતપ્રોત છે તે જ પ્રમાણે આજે પણ ચાલુ રહેલી છે; પ્રાચીન ભારતીય પરંપરાથી પ્રાપ્ત થયેલા વિષયો 'હિપોક્રિટ્સ'ના વૈદ્યકમાં ભલે ન દેખાય; પરંતુ તેથી જલદી ભારતીય વૈદ્યકની પ્રતિષ્ઠા વધી

ગયા પછી જ 'હિપોક્રિટ્સ'ના વૈદ્યકનો ઉદય થયેલો જણાય છે.

શરીરનાં રહેલાં મૂળ તત્ત્વો–કફ, વાત અને પિત્ત–ગ્રીસ દેશમાંથી ભારતમાં આવ્યાં હોય એમ પણ કહી શકાય તેમ નથી. પશ્ચિમના વિદ્વાનો ત્રિધાતુવાદ એટલે કે વાત, પિત્ત અને કફ–એ ત્રણ ધાતુઓ શરીરનું મૂળ છે એ સિદ્ધાંત મૂળ ગ્રીસ દેશમાંથી ઊપજ્યો છે, એમ કહેવા તૈયાર થતા નથી, પણ મિશ્ર દેશના મેતૂ સંપ્રદાયમાંથી એ ત્રિધાતુવાદ લેવાયો છે. એવું ઉદાહરણ છે. ભારતીય આયુર્વેદના વિષયમાં 'ક્રીથ'ના કથનનો વિચાર કરતાં તેમાં નૈતિક વિશેષ વયનો દેખાય છે, તોપણ ઉપક્રમ તથા ઉપસંહારની દૃષ્ટિએ ગ્રીસના વૈદ્યક કરતાં ભારતીય વૈદ્યક ખૂબ જ પહેલાંનું છે અને તે જ ભારતીય વૈદ્યક ગ્રીસના વૈદ્યકનું પણ મૂળ છે, એમ જાહેર કરવામાં તે મિશ્ર દેશના વિદ્વાનો સંમત થતા હોય એમ જણાય છે. વળી ઘણા પહેલાંના સમય તરફ દૃષ્ટિ કરતાં પણ ઋગ્વેદના (૧-૩૪-૬) 'त्रिर्नो अश्विना दिव्यानि भेषजा त्रिः पार्थिवानि त्रिरुदत्तमद्भवः । ओमानं शंयोर्ममकाय सूनवे त्रिधातु शर्म वहन्तं शुभस्पती'–એ આશ્વિન સૂક્તનો* મંત્ર જોતાં 'ત્રિધાતુ' શબ્દના અર્થરૂપે વાત, પિત્ત તથા કફરૂપી ત્રણ ધાતુઓ ગ્રહણ કરી તેના શમનથી થતા સુખની પ્રાપ્તિ માટેની પ્રાર્થના જોવામાં આવે છે. તે ઉપરથી અને અથર્વવેદમાં 'बलास-कफ'ના રોગનું નિદાન–ચિકિત્સા આદિ (૬-૧૪-૧-૩માં) કહેલ છે; પિત્તના રોગનું નિદાન આદિ અથર્વવેદના ૧-૨૪-૧, ૧૮, ૩, ૫ મંત્રમાં કહેલ છે અને વાયુના રોગનાં ઔષધ, નિદાન વગેરે અથર્વવેદના ૪-૧૩-૨ મંત્રમાં કહેલ છે; તેમ જ વરુણપુત્ર અર્ચિ; શૌચિષ આદિ જુદા જુદા અમુક શબ્દોથી કફ, વાત અને પિત્તજ્વરનો નિર્દેશ કરેલો દેખાય છે, તે ઉપરથી ભારતીય વૈદ્યકમાં વાત, પિત્ત અને કફરૂપી ત્રણ ધાતુઓનો વાદ વેદના કાળથી જ ચાલ્યો આવે છે, એમ જણાય છે. કૌશિક-સૂત્રમાં પણ ત્રિદોષનો ઉલ્લેખ છે, એમ 'ક્રીથ' કહે છે. મહાભારતમાં પણ તે ત્રિદોષ અથવા ત્રિધાતુઓનો ઉલ્લેખ મળે છે. શરીરનું મૂળ કારણ–'કફ, પિત્ત અને વાત' નામનાં તત્ત્વો છે, એવા શ્રી 'મત્થુ' વગેરે ઘણા વિદ્વાનોના મતો આપેલા છે, પરંતુ હરકોઈ પ્રકારે એ એક ભિન્ન પ્રશ્ન છે; 'ત્રિધાતુવાદ' એ ભારત દેશનો જ 'પુરાણો વાદ' છે; એમ પ્રાચીન વૈદિક કાળથી માંડી પરંપરાથી ચાલુ રહેલો ત્રિદોષવાદ કે ત્રિધાતુવાદ ગ્રીસ દેશમાંથી ભારતમાં આવ્યો હોય એમ માનવું એ યુક્તિયુક્ત નથી. જે કાળે ભારતીય વૈદ્યક શાસ્ત્રનું વિજ્ઞાન ભારત દેશમાં પ્રકટ થયું હતું, તે જ કાળે સોમ, સૂર્ય તથા વાયુની જેમ વિસર્ગ, આદાન તથા વિક્ષેપનું કાર્ય કરનાર શરીરની અંદરનાં તત્ત્વો કફ, વાત અને પિત્તના સંબંધવાળું વિજ્ઞાન પણ ઉદય પામ્યું હતું. સંભવ છે કે ભારત દેશનું એ પ્રાચીન વિજ્ઞાન, બીજાં વિજ્ઞાનોની સાથે બીજા દેશોમાં પણ ફેલાવો પામ્યું હોય તેથી આ ત્રિધાતુ સંબંધી વાદ, એ ભારત દેશનો જ છે અને 'હિપોક્રિટ્સે' પણ તે ત્રિધાતુવાદ ભારત દેશનો જ સ્વીકાર્યો છે, એમ જે. જે. મોદી નામના વિદ્વાને પણ જણાવ્યું છે.

વળી ભારતનો 'પાંચભૌતિક'વાદ પણ પ્રાચીન છે. આયુર્વેદમાં પણ આત્રેય, ધન્વન્તરિ તથા કશ્યપ વગેરે એ શરીરને પંચભૂતાત્મક અથવા પાંચ ભૂતોમય જ દર્શાવ્યું છે; કારણ કે એ પાંચ ભૂતો ભલે સમુદાયરૂપે શરીરમાં રહ્યાં હોય તોય

* આ મંત્રનું સાયન ભાષ્ય આ છે: હે અશ્વિના! અસ્મભ્યં दिव्यानि द्युलोकवर्तीनि भेषजा त्रिर्दत्तम्, तथा पार्थिवानि पृथिव्यामुत्पन्नानि औषधानि त्रिर्दत्तम्। अदभ्य अन्तरिक्ष सैकाशादप्यौषधवानि त्रिर्दत्तम्, शमोरेतन्नाम कस्य बृहस्पति पुत्रस्य संबन्धिन् मोमानं सुख विशेषं ममकाय सूनवेमदीयाय पुत्राय दत्तम्। हे शुभस्पती–शोभनस्यौषधजातस्य पालकौ युवां त्रिधातु-वातपित्तश्लेष्म–धातुत्रय स्पशमन विषयं सुख वहेतम्–प्राययतम्॥'–હે બંને અશ્વિનીકુમારો! તમે અમને દિવ્ય-સ્વર્ગીય ઔષધો ત્રણ વાર આપો; તેમ જ પૃથ્વીમાં ઉત્પન્ન થયેલ ઔષધો ત્રણ વાર આપો; અને અંતરિક્ષમાંથી પણ ત્રણ વાર ઔષધો આપો. વળી 'શંયુ' નામનો બૃહસ્પતિનો જે પુત્ર છે, તેના જેવાં વિશેષ સુખો પણ તમે મારા પુત્રને આપો. તમે ઉત્તમ ઔષધ સમુદાયના રક્ષક છો, તેથી તમે વાત, પિત્ત તથા કફના શમનથી થતું સુખ અમને પમાડો.'

ચેતનારહિત સ્થિતિમાં થાય ત્યારે 'મૃત્યુ' શબ્દથી પણ વ્યવહાર પામે છે. તે પાંચ ભૂતો ભિન્ન ભિન્ન થઈ જતાં મૃત્યુનો 'પંચત્વ' (મરણ) શબ્દથી વ્યવહાર કર્યો છે, (જુઓ ચરકના શારીરનો પ્રથમાધ્યાય–'परं खादीन्यहंकारादुत्पद्यन्ते यथाक्रमम्। ततः संपूर्णसर्वाङ्गो जातोऽभ्युदित उच्यते॥–તે પછી અહંકાર તત્ત્વમાંથી અનુક્રમે આકાશ વગેરે તત્ત્વો ઉત્પન્ન થાય છે. તે પછી એ ગર્ભ જ્યારે સર્વાંગે સંપૂર્ણ થઈને જન્મે છે, તે વખતે એ જન્મ્યો કે ઉત્પન્ન થયો, એમ કહેવાય છે. વળી 'शरीरं हि गते तस्मिन् शून्यागारमचेतनम्। पञ्चभूतावशेषत्वात् पञ्चत्वं गतमुच्यते'॥ એ ચેતના ધાતુ જે કાળે શરીરમાંથી ગયેલ હોય ત્યારે સૂના ઘરની પેઠે અચેતન થયેલું કહેવાય છે; અને તે વેળા એ શરીરમાં પાંચ ભૂતો જ બાકી રહ્યાં હોય છે, તેથી (એ મરેલું શરીર 'પંચત્વને પામ્યું' એમ કહેવાય છે.') એ પાંચ ભૂતોમાં આકાશ તત્ત્વને (પ્રત્યક્ષ ન હોવાથી) અલગ ન ગણીને લોકાયત આદિ–ચાર્વાક વગેરે મતવાદીઓએ માત્ર 'ચતુર્ભૂત'વાદ સ્વીકાર્યો છે અને તે ભારત દેશમાં પ્રચલિત છે; તે જ પ્રમાણે 'હિપોક્રિટ્સે' પણ ચાતુર્ભૌતિકવાદને પૂર્વના વિદ્વાનોએ સ્વીકારેલ હોઈ એકરૂપે ગ્રહણ કરીને તે વિષે પોતાની અભિરુચિ નથી એમ દર્શાવેલ છે. ગ્રીસ દેશમાં આ ચાતુર્ભૂતવાદને 'એંપિડોક્લિસ' નામના વિદ્વાને પ્રથમ ઉપજાવ્યો હતો. એમ ત્યાંના ધાર્મિક ઇતિહાસમાં મળે છે; એ 'એંપિડોક્લિસ' ઈરાન તથા ભારત દેશની સમીપે રહેલા પૂર્વ દેશ સુધી આવ્યો હતો, અને ત્યાંથી દાર્શનિક વિષયનું સંપૂર્ણ જ્ઞાન મેળવીને તેણે ગ્રીસ દેશમાં દાર્શનિક વિષયનો પ્રચાર કર્યો હતો, એમ જણાય છે. તે 'એંપિડોક્લિસે' સ્વીકારેલો એ 'ચાતુર્ભૌતિક' પૂર્વવાદનું ખંડન કરી હિપોક્રિટ્સે પોતાના હૃદયમાં ભારતીય પ્રાચીન પાંચભૌતિકવાદને પરોક્ષ અથવા પરંપરાગત સ્વીકાર્યો હોય એમ લાગે છે. પાંચ ભૂતોમાંના એક આકાશતત્ત્વને દૂર કરી ચાર ભૂતોમાંથી શરીરની ઉત્પત્તિ થાય છે, એવો ભારતીય પૂર્વસિદ્ધાંત મળે છે, પરંતુ બધાં ભૂતોના કારણનું ખંડન કરવાનો વાદ ભારતમાં, પૂર્વકાળથી હોય, એમ દેખાતું નથી. 'હિપોક્રિટ્સ'ના વિચારોનું મૂલ્યન જો ભારત દેશમાં થયું હોત તો ભૂતોના કારણનો ખંડનવાદ પણ ભારતીય વૈદ્યકશાસ્ત્રમાં જણાયો હોત! એમ 'હિપોક્રિટ્સે' જેનું ખંડન કર્યું છે, તે પૂર્વવાદ ભારત દેશમાં મળે અને 'હિપોક્રિટ્સે' જણાવેલ તેનો પ્રતિક્ષેપવાદ ભારત દેશમાં ન મળે, તથા તે બેમાંથી કયો વાદ પહેલાંનો અને કયો વાદ પાછળનો, તેમ જ કયા વાદનો બીજા દેશમાં પ્રકાશ પડ્યો, એ નક્કી કરવા વિદ્વાનો સમર્થ થઈ શકે છે.

વળી આત્રેયસંહિતા–ચરકમાં 'वातकलाकलीय' નામના અધ્યાયમાં એકબીજાના મતોને જાણવા ઇચ્છતા મહર્ષિઓ એકઠા મળી જ્યારે વિચાર કરવા લાગ્યા ત્યારે કુશ, ભરદ્વાજ, કાંકાયન, ભાર્ગવ અને વાર્યોવિદ નામના આચાર્યોએ વાતદોષની પ્રધાનતા જણાવી છે અને મરીચિએ પિત્તદોષની પ્રધાનતા કહી છે અને 'કાવ્ય' આચાર્યે કફદોષની પ્રધાનતા જણાવી છે. તે સાંભળી આત્રેયે 'सर्व एव खलु वातपित्तश्लेष्माणः प्रकृतिभूताः पुरुषमायुषा महतोपादयन्ति'–વાત, પિત્ત અને કફ–એ બધાયે શરીરમાં પ્રકૃતિરૂપ અથવા મૂળ કારણ તરીકે રહેલા હોઈને પુરુષને દીર્ઘ આયુષ સાથે જોડે છે, એમ ત્રણ દોષોના મિશ્ર પ્રાધાન્યવાદને પોતાના વિચારરૂપે દર્શાવેલ છે;' ત્યારે 'હિપોક્રિટ્સે' પણ એકએકની પ્રધાનતાનો વાદ કેટલાકના મતરૂપે પ્રથમ દર્શાવીને પાછળથી દરેક દોષોની પ્રધાનતારૂપ સમુચ્ચયવાદ દર્શાવેલો દેખાય છે; એકએક દોષની પ્રધાનતા દર્શાવતા વાદો કોના કોના છે? એ સંબંધે કોઈના નામનો નિર્દેશ કર્યો નથી; તેમ જ સમુચ્ચયવાદને પણ પોતે ઉપજાવી કાઢેલા સિદ્ધાંતરૂપે દર્શાવેલ, નથી. આત્રેયે પણ તે તે મતોનો પ્રથમ ઉલ્લેખ કર્યા પછી બધા દોષોનો સંમિલિતપણાનો વાદ તો પોતાના સિદ્ધાંતરૂપે દર્શાવેલ છે; તે ઉપરથી ભારતમાં એકએક દોષની પ્રધાનતા દર્શાવતા વાદો પણ પ્રથમથી પ્રચલિત જ હતા અને પાછળથી સમુચ્ચયવાદ કહી બતાવ્યો છે; તે એકએકની પ્રધાનતાવાળા વાદોમાં અને પોતાના સિદ્ધાંતરૂપ સમુચ્ચયવાદમાં પણ આત્રેયે પોતાની અભિરુચિ દર્શાવી છે તે સ્પષ્ટ જણાય છે.

એટલું જ નહિ, પણ દંતરોગમાં ચરકમાં

તથા સુશ્રુતમાં પણ પૈત્તિક વગેરે જુદા જુદા ભેદો દર્શાવ્યા છે; તે જ પ્રમાણે ડૉ. 'હિપોક્રિટ્સે' પણ દંતવેષ્ટન-શોથ-દાંતનાં પેઢાં પરનો સોજારૂપ રોગનો ઉલ્લેખ કર્યો છે તેમાં પિત્તને દોષ તરીકે દર્શાવેલ છે; એમ તે પૈત્તિક દંતરોગના નિદાન તરીકે ભારતીય વૈદ્યોએ જે સ્વીકારેલ છે, તે પિત્ત-દોષને જ દર્શાવેલ છે; એમ Pituita (Bile) એ શબ્દમાં અપભ્રંશ સ્વરૂપની દૃષ્ટિથી પણ દેખાય છે.

એ જ પ્રમાણે મુખના દુર્ગંધપણાના પ્રતીકારના વિષયમાં જે ઔષધ બતાવ્યું છે, તેનો 'ભારતીય ઔષધ' એ શબ્દથી વ્યવહાર કર્યો છે, એમ ડૉ. જે. જે. મોદીએ કહ્યું છે. ભારતમાંથી જ એ રોગ વિષેનું જાણવામાં આવ્યું હોય, તેથી જ તેનું 'ભારતીય ઔષધ' એવું નામ રાખ્યું હોય, એમ સંભવે છે. વળી બીજું આ એક જ પદ તેના ભારતીય વૈદ્યકના વિજ્ઞાનને સિદ્ધ કરી બતાવે છે; વળી બીજું શું કે 'હિપોક્રિટ્સ'ના મેટિરિયાનેડિકા-નિઘંટુગ્રંથમાં 'જતમનસી (જટામાંસી)', જિઞ્જિવેર (શૃઙ્ગવેર),' 'પિપરનિગ્રમ્ (મરીચં પિપ્પલી વા),' 'પેપેરી (પિપ્પલી)' 'પેપેરિયસેરિજા (પિપ્પલીમૂલમ્),' 'કોસ્તસ (કુષ્ઠં),' કર્દમો મોસ (કર્દમમ્), સકરુન (શર્કરા) ઇત્યાદિ ઔષધવાચક શબ્દો, ભારતીય આયુર્વેદના સંસ્કૃત શબ્દોને લગભગ મળતા હોઈ અપભ્રંશ છે, એમ સ્પષ્ટ દેખાય છે. વળી ભારતીય 'તિલ'-તલને કહેનાર 'સિસમં ઇણ્ડિકમ્' એ શબ્દમાં અને ભારતીય 'કરઞ્જ'ને કહેનાર 'ગ્યાલેડુપા ઇણ્ડિકા' શબ્દમાં ભારત દેશને કહેનાર 'ઇણ્ડિક (ઇણ્ડિયન)' શબ્દનો પ્રયોગ દેખાય છે, તે ઉપરથી હિપોક્રિટ્સને ભારત દેશનું જ્ઞાન, ભારતીય જુદી જુદી વસ્તુઓનો વ્યવહાર તથા તેનો સ્વીકાર કરેલો જણાય છે. વળી 'હિપોક્રાસ' નામના યોગવિષયક એક ઔષધમાં ભારતીય અસાધારણ વસ્તુઓ-ત્વક, તજ, આર્દ્રક-આદું, શર્કરા-સાકરનો પ્રવેશ દેખાય છે; એ યોગ સંબંધી ઔષધનો 'હિપોક્રાસ' નામસંકેત રાખેલો હોવાથી તેને જ એ વસ્તુઓનું પરિજ્ઞાન હતું, એમ દૃઢ થાય છે. ઈસવી સન પૂર્વે ૩૫૦ મા વર્ષમાં થયેલ 'થિયોફ્રેન્ટ્સ' નામના એક વિદ્વાને પણ 'ફિકસ ઇન્ડિકા' નામના એક ઔષધમાં 'ઇન્ડિકા' શબ્દ દર્શાવ્યો છે. એમ લગભગ ઘણા ભાગે ભારતીય વનસ્પતિઓ તથા ઔષધિઓ ગ્રીસ દેશમાં ગઈ હતી, એવો ઉલ્લેખ 'પોકાક' આદિ ઘણા વિદ્વાનોએ કર્યો છે. વળી જે ઔષધો ભારત દેશમાં જ ઉત્પન્ન થાય છે, જે ઔષધોનો ભારતીય વૈદ્યો જ તે તે રોગો ઉપર ઉપયોગ કરે છે, તે ઔષધોનું પૂર્ણ જ્ઞાન કર્યા વિના ગ્રીસ દેશના વૈદ્યોના હૃદયમાં સ્વતઃ ભાસ થયો હોય એવી કલ્પના કરી શકાય નહિ. એ જ દૃષ્ટાંત ઉપરથી ડૉ. 'હિપોક્રિટ્સ'ના વૈદ્યક વિષયમાં ભારતીય વૈદ્યકના વિષયોને લગતા રોગો, નિદાનો, ઔષધો તથા ઉપચારો વગેરેમાં જે સમાનતા દેખાય છે, તેમાં પણ તેનું ભારતીય વિજ્ઞાન જ મૂળ કારણ છે, એમ સિદ્ધ થાય છે; એ જ પ્રમાણે આ વિષયમાં ઘણાં પ્રમાણો બતાવીને ડૉ. જે. જે. મોદીએ 'ઈઝ આયુર્વેદ એ યોકારે' એમાં અને 'રોયલ એશિયાટિક્સ સોસાયટી'માં વંચાયેલ પત્રમાં પણ સર્વ વિદેશીય ચિકિત્સા પદ્ધતિઓનું મૂળ ભારતીય આયુર્વેદપદ્ધતિ જ છે, એમ જણાવેલ છે. તેમના વૈદ્યક ગ્રંથમાં પણ માત્ર ભારતમાં જ ઉત્પન્ન થયેલ અનેક એવી વનસ્પતિઓ તથા ઔષધીઓ દર્શાવી છે, જે ઉપરથી શબ્દ દ્વારા અને અર્થ દ્વારા પણ ભારતીય વૈદ્યક વિજ્ઞાન તે 'હિપોક્રિટ્સ'ને પરોક્ષ અથવા પરંપરાએ પ્રાપ્ત થયું હતું, એમ અનિચ્છાએ સ્વીકારવું પડે છે.

જોકે ભારત દેશમાંથી ગ્રીસે જુદાં જુદાં ઘણાં વિજ્ઞાનો ગ્રહણ કર્યાં છે; પરંતુ વૈદ્યકવિદ્યા ગ્રહણ કરી છે કે નહિ ? અથવા વૈદ્યકવિદ્યા ઉપર ગ્રીસનો પ્રભાવ પડ્યો હશે કે નહિ ? એવો નિશ્ચય કરી શકાતો નથી, એમ પ્રથમ દર્શાવીને 'ત્રિપિટકસંવાદેન ચરકસ્ય કનિષ્કસામયિકત્વાવગમે ભારતીયવૈદ્યકાત્ પ્રાક્તનત્વં હિપોક્રિટસસ્ય, તેન ગ્રીસસ્ય ભારતે પ્રભાવઃ પતિતઃ'-ત્રિપિટકના સંવાદ ઉપરથી ચરકનો કનિષ્ક સમય જણાય છે, ત્યારે હિપોક્રિટ્સ ભારતીય વૈદ્યકથી પણ પૂર્વે થયેલ હોવો જોઈએ અને તે ઉપરથી ભારત દેશ ઉપર ગ્રીસનો પ્રભાવ પડેલો હોવો જોઈએ, એમ મેકડોનલે પાછળથી લખેલું જોવામાં આવે છે; પરંતુ જો ચરક

આચાર્ય જ આ આત્રેયસંહિતાના મૂળ આચાર્ય હોત તો એમ આગળપાછળનું અનુસંધાન થઈ શકત; ત્યારે ચરક આચાર્ય તો ચરકના નામથી પ્રસિદ્ધ થયેલી આત્રેયસંહિતાના મૂળ રચયિતા છે જ નહિ; પરંતુ એ ચરક તો પાછળથી આત્રેયસંહિતાના પ્રતિસંસ્કારકર્તા તરીકે જ પ્રસિદ્ધ થયા છે; જ્યારે સંહિતાનો કાળ તો આત્રેય તથા અગ્નિવેશના સમય તરીકે જ પ્રસિદ્ધ છે, એમ પહેલાં કહેવાયું જ છે. વળી કાશ્યપ, ભેડ આદિના નિર્દેશનો સંવાદ પણ આ જ બાબતને દૃઢીભૂત કરે છે; અને આત્રેય તો છેક ઉપનિષદોના કાળમાં જ થયા હતા, એમ પણ અહીં કહ્યું જ છે. છેવટે જર્ઈને તિબેટની કથાઓનો આધાર લેવામાં આવે તોપણ છુદ્ધ કરતાં આત્રેય અર્વાચીન નથી; એમ જ સિદ્ધ થાય છે. આમ પૂર્વાપરના ન્યાયથી આગળ–પાછળ બરાબર જોતાં ઊલટો આત્રેયની જ વિદ્યાનો પ્રભાવ 'હિપોક્રિટ્સ'ના વૈદ્યક ઉપર પડ્યો હોય એમ કહેવું તે જ યોગ્ય છે.

'ઍપિડેક્લિસ' નામનો એક ગ્રીક વૈદ્ય 'હિપોક્રિટ્સ' કરતાં પહેલાં થયેલો છે; તેણે પણ અધ્યાત્મવિદ્યાનું અધ્યયન પૂર્વના (ભારત) દેશમાંથી જ કર્યું છે અને વૈદ્યકવિદ્યાનું અધ્યયન પણ ત્યાંથી કર્યું હોય, એમ સંભવે છે. વળી કેટલાક વિદ્વાનો આમ પણ કહે છે કે, 'હિપોક્રિટ્સે' ભારત દેશમાંથી જ વૈદ્યકવિદ્યાનું અધ્યયન કરેલું હોવું જોઈએ; તેમ જ એ 'હિપોક્રિટ્સ' ભારત દેશમાં આવ્યો હતો, એમ જોંડળના મહારાજા ભગવતસિંહજીએ લખેલી ટૂંકી–'શૉર્ટ હિસ્ટરી ઑફ આર્યન'માં જણાવ્યું છે. 'ઍપિડેક્લિસ' નામનો ગ્રીક વૈદ્ય, ભારત દેશની નજદીક આવ્યો હતો એમ પુરવાર થાય છે. પણ હિપોક્રિટ્સ ભારત દેશમાં આવ્યો હતો, એમ સિદ્ધ થતું નથી. કેમ કે એ 'હિપોક્રિટ્સે' કેવળ પોતાના જ દેશમાં રહી વિદ્યા મેળવી હતી, તેમ તેણે દૂર દેશો સુધી જઈને પણ વિજ્ઞાનોનો અભ્યાસ કર્યો હતો, એમ વિદ્વાનોના નિર્દેશ ઉપરથી 'હિપોક્રિટ્સ' પહેલાંના કાળથી જ વૈદ્યક આદિ વિદ્યાઓમાં પ્રતિષ્ઠા પામેલા ભારત દેશમાં અથવા તેની નજદીકના પ્રદેશમાં ન આવ્યો હોય, એમ સંભવતું નથી. આથી ભારતમાંથી તેણે વિદ્યા ગ્રહણ કરી હોય કે પ્રદાન કર્યું હોય એવો કોઈ નિશ્ચય કરી શકાતો નથી.

જોકે પહેલા 'ડેકિડસ' રાજાના સમયમાં-ઈસવી સન પૂર્વે ૫૨૧ માં 'ડેમોસેડિસ' નામનો એક યવન વૈદ્ય ઈરાન દેશમાં આવ્યો હતો, એવું વૃત્તાંત મળે છે, તોપણ તેનો સમય હિપોક્રિટ્સની પહેલાંનો હોવાથી તેના દ્વારા હિપોક્રિટ્સના સંપ્રદાયનો પ્રભાવ પડ્યો છે, એવી શંકાને પણ સ્થાન નથી. 'હિપોક્રિટ્સ'ના સમય પછી 'અર્ટક્ષીરમેકાનૂન' નામના રાજાના સમયમાં ઈ. સ. પૂર્વે ૪૦૪–૩૫૯ એકંદર લગભગ ચોથી શતાબ્દીમાં ટેરિયસ નામની વ્યક્તિ ઈરાન દેશમાં અને ભારત દેશની સમીપે આવી હતી અને 'મેગસ્થનિસ' ચોથી શતાબ્દીના અંતે ભારત દેશમાં આવ્યો હતો, એવું વૃત્તાંત મળે છે, તોપણ એ બન્ને 'હિપોક્રિટ્સ'ના સંપ્રદાયના જ અનુયાયી હતા, એવું કોઈ પ્રમાણ મળતું નથી. ટેરિયસે હિપોક્રિટ્સના 'આર્ટિકુલેસન' નામના ગ્રંથનો એક વાર નિર્દેશ કર્યો છે, પણ તેથી એ તેના સંપ્રદાયનો હતો, એમ સિદ્ધ થતું નથી. રાજાનું દૂતપણું સ્વીકારી ભારત દેશમાં આવેલો 'મેગસ્થનિસ' જોકે ગ્રીસનો વૈદ્ય હતો, છતાં ગ્રીક વૈદ્યકના વિષયોનો ઉપદેશ, પ્રચાર કે પ્રયોગ તેણે કર્યો હોય એવો કોઈ ઉલ્લેખ ક્યાંય પણ મળતો નથી; ઊલટું તેણે પણ ભારતીય વૈદ્યોની પ્રશંસા કરી છે અને તે દ્વારા વિદેશના લોકોનું આરોગ્ય પ્રાપ્ત કર્યાનો ઉલ્લેખ પણ તેણે કર્યો છે વળી તે પોતે વૈદ્ય હોવા છતાં તેણે ભારતીય વૈદ્યોનો સારી રીતે આદર કર્યો છે અને તેઓ દ્વારા ઔષધો પણ તેણે તૈયાર કર્યાં હતાં. તદુપરાંત ભારતીય વૈદ્યકના વિજ્ઞાનની સમૃદ્ધિ પણ તેણે સિદ્ધ કરી બતાવી છે.

ભારત દેશની નજીક આવેલ ટેરિયસે પણ 'હિપોક્રિટ્સ'ના સંપ્રદાયનો કે બીજા કોઈ પણ સંપ્રદાયનો કે ગ્રીસ દેશના વૈદ્યકનો પણ ભારતમાં પ્રચાર આદિ કરેલ હોય એવું વૃત્તાંત મળતું નથી; તેમ જ 'ઇંડિકા' નામના પોતાના ગ્રંથમાં પણ તેવો કોઈ ઉલ્લેખ હોય કે તે દ્વારા પણ ભારત દેશમાં તેનો પ્રભાવ પડ્યો હોય એવું દેખાતું નથી. ઊલટું તેણે ઉત્તર ભારતમાં આવીને ત્યાંથી પાછા ફરીને ૨૩ ગ્રંથરૂપ 'પર્સિકા'

નામના ગ્રંથમાં તેમ જ 'ઇંડિકા' નામના ગ્રંથમાં પણ ભારતના વિષે તેણે ઘણું ઘણું નિરૂપણ કર્યું છે. વળી તે ગ્રંથમાં ભારત દેશના હાથીઓ, વાંદરાં, પોપટ, મેના અને બીજા ક્રીડાઓના રંગ આદિના વિષયનું વર્ણન કરેલ છે, તેમ જ જુદી જુદી વનસ્પતિઓનું પણ વર્ણન કર્યું છે. ભારત દેશમાં મસ્તકના રોગો, દાંતના રોગો, નેત્રના રોગો, મુખવ્રણ તથા અસ્થિવ્રણ આદિ અમુક રોગો થતા જ નથી, એવી નોંધ મળતી હોવાથી ભારત દેશમાં આવીને ઈરાન દેશના સમ્રાટ, રાજકુળના વૈદ્યપદે પ્રતિષ્ઠા પામેલા એ ગ્રીક વૈદ્યે ભારતીય વિષયોનો સંગ્રહ કર્યો હતો; તેમ જ પૂર્વકાળથી પ્રતિષ્ઠા પામેલી વૈદ્યકવિદ્યાના જુદા જુદા વિષયોનો વિશેષે સંગ્રહ કરીને આત્મસંતોષ માન્યો હતો.

પ્રાચીન ગ્રીક વૈદ્યક સંપ્રદાય

ભારત દેશમાં 'હિપોક્રિટ્સ'ના વૈદ્યકનો પ્રભાવ ભલે પડ્યો ન હોય, કિંતુ 'હિપોક્રિટ્સ'ની પહેલાં પણ ગ્રીસ દેશમાં 'ગ્રીનોસન્સ ઑફ કાસ, ફર્સ્ટ પ્રિરેટિક ઇપિડોક્લિસ' તથા સ્નિડોસ એ નામના ત્રણ સંપ્રદાયો હતા, જેમાં ડેમોક્રેડિસ વગેરે 'પાયથાગોરસ'ના સમકાલીન વૈદ્યક વિદ્વાનો હતા. તેઓનો પ્રભાવ ભારત ઉપર પડ્યો હતો કે નહિ? એવો તર્ક પણ અસ્થાને છે. એ ત્રણે પૂર્વકાળના સંપ્રદાયોનું અસ્તિત્વ પણ 'હિપોક્રિટ્સ'ની પહેલાં સો વર્ષની અંદર જ હતું. એથી વધારે સંપ્રદાયોનું પ્રાચીનપણું તો નથી. તે સંપ્રદાયોમાં પણ જે મંત્રપ્રધાન જણાય છે, તે જ સંપ્રદાય પ્રાચીન છે. બીજા તે સિવાયના બે સંપ્રદાયો તો દાર્શનિક વિષયથી મિશ્રિત છે. 'પાયથાગોરસ' નામનો પહેલો ગ્રીક વિદ્વાન પણ ભારત દેશમાંથી જ અધ્યાત્મવિદ્યાને ગ્રીસ દેશમાં લઈ ગયો હતો. તેના સમકાલીન હોવાથી અને તેની સાથે સમન્વય હોવાના કારણે પાયથાગોરસના સંબંધમાં હવે જે કહેવાશે તે એ બંને સંપ્રદાયો સાથે ભારતીય વિષયોનો સંપર્ક દેખાતો હોવાથી ગ્રીસ દેશમાં તેઓની પ્રથમ ઉત્પત્તિ અથવા તેવા વિજ્ઞાન સાથેનો સંબંધ પણ મળી શકતો નથી. 'સુસાનગર'ના કેદખાનામાં પોતાના નોકરોની સાથે કેદ કરેલા 'ડેમોક્રેડિસે' ઘોડા પરથી પડી જવાના કારણે ઈરાનના રાજાનો પગ ભાંગી ગયો હતો. તેને શસ્ત્ર વિના જ પોતાના સ્થાને સાંધી દઈને રાજાને સાજો કર્યો હતો; એનો 'ડેમોક્રેડિસે'ને ભાગ્યવશ યશ મળ્યો હતો; છતાં તે વિષયમાં શસ્ત્ર આદિ સાધનો વિના જ કરાયેલી તે ચિકિત્સાની સંપૂર્ણતા જણાતી નથી એવો ઉલ્લેખ મળતો હોવાથી જણાય છે કે, એ 'ડેમોક્રેડિસ'ના સમયમાં ગ્રીક વૈદ્યકની બાલ્યાવસ્થા સાબિત થાય છે.

જો ગ્રીકમાં શરૂથી જ વૈદ્યકવિદ્યા પ્રૌઢભાવે વિશેષે કરીને ફેલાઈ હોત, તો તેના પછીના કાળમાં 'હિપોક્રિટ્સ'ને વૈદ્યકવિદ્યાના પિતૃપદે આરૂઢ કરવામાં આવ્યો ન હોત. 'હિપોક્રિટ્સ'ને એ વૈદ્યકવિદ્યાના પિતૃપદે સ્થાપિત કરવાથી તે કાળે ગ્રીસ દેશમાં વિજ્ઞાન સહિત વૈદ્યકવિદ્યાની બાલ્યાવસ્થા જ જણાવી છે. તે સમયે ગ્રીસ દેશમાં વૈદ્યકવિદ્યાનો સરસ પ્રચાર થયો હોત તો મિશ્ર દેશમાં ગયેલી વૈદ્યકવિદ્યાને જોઈને પ્રવાસી 'પાયથાગોરસ'ને આશ્ચર્ય ન થાત એમ 'પ્રોટસ્' જણાવે છે. તે ઉપરથી તે કાળે બીજા દેશમાં વૈદ્યકવિદ્યાનો પ્રકાશ હોવાથી 'કાસ' આદિ ગ્રીસના પ્રદેશમાં વિજ્ઞાન સહિત વૈદ્યકવિદ્યાની શરૂઆત છતાં મિશ્ર દેશ આદિની પેઠે તે વૈદ્યકવિદ્યા હજી પ્રશંસાપાત્ર નીવડી નહોતી, એ જ કારણે પાથાગોરસને આશ્ચર્ય થયું હતું. ગ્રીસ દેશમાં વિજ્ઞાન સહિત વૈદ્યકીય વિજ્ઞાન ઈ. સ. પૂર્વે છઠ્ઠી શતાબ્દીથી માંડીને જ આરંભ પામ્યું હતું, એમ પ્રો. 'ઓસલર' પણ ટાંકે છે. વળી 'હિપોક્રિટ્સ' પહેલાંના તે (ત્રણ) સંપ્રદાયોમાં પણ ભારતીય વૈદ્યકની જેમ દાર્શનિક વિષયોનું મિશ્રપણું અને ભારતીય વિશેષ શબ્દોની છાયા વગેરે તેમજ ભારતીય વિજ્ઞાનનાં ચિહ્નો પણ મળે છે. ગ્રીસના વૈદ્યકની પહેલાં જ મિશ્ર દેશમાં વૈદ્યકવિદ્યા અસ્તિત્વ ધરાવતી હતી, તે ઉપરથી ગ્રીસ દેશમાં વૈદ્યકનું વિજ્ઞાન મિશ્ર દેશમાંથી પ્રાપ્ત થયું હતું તથા ભારત દેશનાં અસાધારણ ચિહ્નો પણ ગ્રીસ દેશમાં ભારતીય વિજ્ઞાનનો પ્રકાશ ફેલાયો હતો, એમ જણાવે છે; એટલે ગ્રીસ દેશમાં વૈદ્યકના વિજ્ઞાનનો જ ઉદય થયો છે અને તે મિશ્ર દેશના પૂર્વ પ્રવાહની જેમ ભારત દેશનો પણ પૂર્વ પ્રવાહ જ છે, એમ વિવેચકો ઉલ્લેખ કરે છે.

ઉત્તર દેશની અતિશય પ્રાચીન મૂળ સભ્યતાની

શાખા તથા પ્રશાખાના ભેદોએ કરીને પૂર્વ શાખા દ્વારા જેમ ભારત દેશમાં ભૈષજ્યવિજ્ઞાન ચાલુ થયું છે, તેમ પશ્ચિમ શાખા દ્વારા ગ્રીસ આદિ દેશોમાં પણ ભૈષજ્ય વિજ્ઞાન પહેલાંના કાળથી જ ચાલુ થયું છે. વળી પ્રાચીન ગ્રીસ મહાકવિ 'હોમર'ના ઓડિસી નામના ગ્રંથમાં, દૈવના બળથી જ રોગોની ઉત્પત્તિ થાય છે અને દૈવકૃપાથી જ રોગોની નિવૃત્તિ પણ થાય છે' એ કારણે દેવતાર્ચ પૂજા, મંત્રો તથા ઉપાસના આદિથી રોગો દૂર થાય છે, એવો નિર્દેશ મળે છે. એ 'હોમર'ના જ 'ઇલિયડ' નામના ગ્રંથમાં શસ્ત્રકર્મની ઝાંખી દેખાય છે, તે પણ 'ઇજિપ્તોનિયા'ના પ્રભાવથી જ ત્યાં સંક્રાંત થઈ હોય એવો 'ગ્રેમર' નામક વિદ્વાનનો અભિપ્રાય છે. તેમના બે ગ્રંથોમાં ક્યાંય પણ 'ઓપિયા' આદિ ઔષધનો ઉપયોગ દર્શાવાયો નથી. પ્રાચીન કાળની ધારણા અનુસાર દેવોની ઉપાસના, મંત્રો આદિ ઉપાયો જ રોગોના ઉપાય તરીકે વર્ણવ્યા હોવાથી તેના જ લેખમાં દેવોની કૃપાથી મિશ્ર દેશે રોગોને શમાવનારી ઔષધિઓ મેળવી છે, એવો ઉલ્લેખ મળે છે. તે ઉપરથી મિશ્ર દેશના વિષયનો ઉલ્લેખ કરીને પોતાના દેશ વિષે કંઈ પણ ઉલ્લેખ કર્યો નથી, પણ મૌન જ ધારણ કર્યું છે, તેથી તેટલા કાળ સુધી પણ ગ્રીસ દેશમાં વૈજ્ઞાનિક અમુક વૈદ્યકવિદ્યાનો ઉદય થયો ન હતો અથવા બીજા દેશમાંથી પણ આવી પ્રાપ્તિ થઈ ન હતી, એમ સ્પષ્ટ થાય છે.

ગ્રીસ દેશમાં જે પૌરાણિક કથાઓ છે, તેમાં વૈદ્યક વિદ્યાનું દર્શન થાય છે, છતાં તેમાં સમગ્ર વૈદ્યકવૃત્તાંત દેખાતું નથી, એ વૃત્તાંત પૂર્વનાં સ્રોતોમાંથી જ નીકળ્યું હોય એમ 'વાઇઝ' નામના એક વિદ્વાન જણાવે છે.

ભારતીય વૈદ્યકમાં અને ગ્રીક વૈદ્યકમાં વિષયોની સમાનતા ઘણી દેખાય છે, એમ પહેલાં કહ્યું જ છે. માત્ર બે કે ત્રણ વિષયોમાં વિદ્વાનોના હૃદયોમાં આકસ્મિક પ્રકટ થતો સંવાદ સંભવે છે, પરંતુ અનેક વિષયોના અસાધારણ વિષયોનો એક બાજુથી બીજી બાજુ પ્રભાવના પડવા સિવાય પરોક્ષ કે પરંપરાગત આવજા વગેરે અમુક વિશેષ સંપર્ક સિવાય વિષયોનું પ્રતિબિંબ જે પડ્યું છે, તે જાણવું મુશ્કેલ થાય છે. પોતાને આર્ય માનતા લોકોના મૂળ પ્રવાહની છાયારૂપે શાખાઓમાં તથા ઉપશાખાઓમાં જે અનુસરણ છે, તે માંત્રિકપ્રક્રિયા તથા ઔષધચિકિત્સાની પ્રક્રિયાના અંશમાં પ્રથમથી જ મળે છે, તોપણ શાખા-ઉપશાખાઓમાં વિભાગ પામેલી વૈજ્ઞાનિક તથા વૈદ્યક વિદ્યા ભારતની જેમ ગ્રીસ દેશમાં પણ પ્રથમથી જ વિસ્તરેલી. તેને સિદ્ધ કરનારાં પ્રમાણો અપ્રાપ્ય હોવાથી ગ્રીસ વૈદ્યકમાં તથા ભારતીય વૈદ્યકમાં જે સમાનતા દેખાય છે તે ભારત દેશમાંથી ત્યાં અથવા ત્યાંથી ભારતમાં પરોક્ષ કે બીજા દેશ દ્વારા વૈદ્યક વિજ્ઞાનનું સંક્રમણ થયું છે, એવો અનુભવ કરાવે છે. ગ્રીસ વૈદ્યકનો પ્રભાવ જો ભારત દેશમાં પડ્યો હોત તો ગ્રીસ વૈદ્યકમાં જોવાતા તેના મસ્તિષ્કના અંકુરિત વિષયો ખાસ શબ્દો અને તેની અમુક વિશેષ પ્રાક્રિયાઓ ભારતીય વૈદ્યકમાં અમુક ઓછા-વધતા રૂપે પણ અવશ્ય મળી આવત, પરંતુ તે તો ખરેખર મેળવાતાં નથી; ઊલટા પ્રથમ દર્શાવેલ દિશાએ ભારતીય અસાધારણ વિષયોનો ભાસ તેમ જ ભારતીય શબ્દોની છાયાનો ભારતીય મુખ દ્વારા જ ક્યાંક ઉલ્લેખ થયેલ પ્રાચીન ગ્રીક વૈદ્યકમાં દેખાય છે.

'નાલંદા' વિશ્વવિદ્યાલયમાં (અમુક) રોગો પર શસ્ત્રચિકિત્સા થતી હતી, એવું જણાવીને ભારતીય આયુર્વેદમાં શારીરિક વિષે કોઈ પણ વૈદેશિક શબ્દ જોવામાં આવતો નથી, પણ ઊલટું પાશ્ચાત્ય વૈદ્યકમાં શરીરના અમુક અવયવોને બતાવનારા શબ્દો, ભારતીય પ્રાચીન શબ્દોની છાયાને દર્શાવતા ઘણા દેખાય છે, એમ 'ડોરોથિયા ચેપ્લિન' જણાવે છે.

યવન લોકોએ ભારતીય વિષયો લીધા છે

અમુક વૈદ્યકમાં તે દેશની 'મિનોયન' નામની આદિ જાતિના સ્વચ્છતા સંબંધી નિયમો; 'મેસોપોટેમિયા, ઍસિરિયા તથા મિશ્ર ઇરાન અને ભારતમાં મળતું શારીરરચનાનું જ્ઞાન; અને ભૂતપ્રેત આદિથી રોગોની ઉત્પત્તિ થાય છે, એવા વાદ તેમ જ ઔષધરચનાની વિદ્યા અને અનેક ઔષધોના સંબંધે આયુર્વેદીય આચાર તથા વ્યવહારો તેમજ શલ્ય સંબંધી શસ્ત્રવિજ્ઞાનનું ગ્રહણ એ ઉપરથી તેના પ્રાદુર્ભાવમાં ચારે પ્રવાહો પ્રકટ થયા હતા એમ

તે અંશો અપ્રમાણભૂત છે એમ કહી શકાતું નથી એમ 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા'માં પણ ઉલ્લેખ મળે છે. છતાં ફ્રેરાન વૈદ્યકની જેમ ભારતીય વૈદ્યકના અમુક ટેટલાક વિષયો ગ્રીસ વૈદ્યકમાં પ્રવેશ પામ્યા છે, એ સ્પષ્ટ થાય છે.

કયા કયા સમયમાં કયા કયા દેશમાંથી વૈદ્યક-વિદ્યા સંબંધી કયા કયા વિષયો ગ્રીસ દેશમાં પ્રવેશ પામ્યા છે એ જણાવવું જોકે મુશ્કેલ છે, તોપણ ભારત દેશમાંથી ગ્રીસ દેશમાં તે તે વિષયો ટેટલા વિસ્તર્યા છે, એ કલ્પી શકાતાં પ્રમાણો અહીં દર્શાવે છે.

'હિપોક્રિટ્સ'પહેલાંથયેલા દાર્શનિક હેરાક્લિટ્સે ઈસવી સન પૂર્વે ૫૦૪ માં એક પુસ્તક લખ્યું છે, તેમાં ઘણી વાર જેનો ઉલ્લેખ કર્યો છે તે 'પાથાગોરસ' નામનો એક ગ્રીસ વિદ્વાન ઈસવી સન પૂર્વે ૫૮૨–૪૭૦ ના સમયમાં ગ્રીસ દેશમાં જન્મ્યો હતો. એ 'પાથાગોરસ' ભારતમાં આવ્યો હતો અને અહીંથી આધ્યાત્મિક તથા દાર્શનિક વિષયોને જાણી લઈ તેનો ગ્રીસ દેશમાં પ્રચાર કર્યો હતો, એમ 'પોફિરિક' તથા 'ખોરર' વગેરે પાશ્ચાત્ય તથા ભારતીય વિદ્વાનોએ ઉલ્લેખ કરેલો છે. વળી તે 'પાથાગોરસ' વૈદ્યક વિદ્યા ભારતમાંથી શીખ્યો હતો એવો સ્પષ્ટ ઉલ્લેખ જોકે મળતો નથી, તોપણ પાથાગોરસની એક સંસ્થા ઈસવી સન પૂર્વે છઠ્ઠી શતાબ્દીમાં સ્થપાઈ હતી, એ કારણે પાથાગોરસના સંપ્રદાયના અનુયાયીઓ તથા તેની પાછલી ઉંમરમાં થયેલા તેના શિષ્યો પ્રથમ દાર્શનિક હોઈને તે સંસ્થામાં પ્રથમથી જ વૈદ્યક વિદ્યા દાખલ કરાઈ હતી અને તેઓની જ વિદ્યાનો પ્રભાવ 'હિપોક્રિટ્સ' ના વિજ્ઞાન ઉપર પડ્યો હતો એવો પણ ઉલ્લેખ મળે છે. ભારત પાસેથી વૈદ્યક વિદ્યાનો સમુદાય પાથાગોરસ લઈ ગયો હતો અને તેના અનુયાયીઓ ત્યાં સૌની પહેલાં જ વૈદ્યકવિદ્યા શીખેલા હોઈને જ દાર્શનિક ગણાતા હતા અને તેઓ જ 'હિપોક્રિટ્સ'ના સમયમાં ભારતીય વિજ્ઞાનનો ઉદય કરવા માટે નિર્મિત થયા હોય એમ સંભવ છે. 'પાથાગોરસ' એ નામ તો સંસ્કૃત છે, પણ ગ્રીસ ભાષામાં 'પુત્થગોરસ' એવું નામ જાહેર છે, એવો બુદ્ધ ગુરુ 'પોફિરિક'નો તથા 'કેલણ્ડક' વગેરે વિદ્વાનોનો અભિપ્રાય મળે છે. વળી 'પાથાગોરસ'ના દર્શનમાં ભારતીય તથા બૌદ્ધદર્શન પ્રત્યે ઝોક તો વધુ પ્રમાણમાં છે; એમ કેવળ તેના દર્શનમાં જ નહિ, પણ તેના ગણિતમાં પણ ભારતીય પ્રાચીન શુલ્વગણિતના વિષયોની સમાનતા દેખાય છે, એમ ડો. થિબોટ તથા વિભૂતિભૂષણદત્ત જણાવે છે. તે કાળે ખૂબ પ્રસિદ્ધ પામેલા દર્શન, ગણિત વગેરે ઘણા વિષયોને શીખેલા એ પાથાગોરસે દાર્શનિક વિષયોથી સભર અને વિશેષે કરી લોકમાં ઉપયોગી હોઈને લાંબા કાળથી પ્રતિષ્ઠા પામેલી ભારતીય ભૈષજ્યવિદ્યા પણ લગભગ શીખેલી હોવી જોઈએ. એમ તે ભારતીય ભૈષજ્ય-વિદ્યાને પણ પાથાગોરસ ગ્રીસ દેશમાં લઈ ગયો હતો એમ 'બેડો' નામના પાશ્ચાત્ય વિદ્વાને સુશ્રુતના અનુવાદની ભૂમિકામાં લખ્યું છે. તેમ જ કે. એલ. ભિષગ્રત્ને અને ગોંડલના કાકોર સાહેબે તથા જી. એન. મુખોપાધ્યાયે પણ લખ્યું છે. પાથાગોરસના અનુયાયીઓ જો કે દાર્શનિક હતા, તોપણ તેમનો ભૈષજ્યવિદ્યા સંબંધી પ્રભાવ 'હિપોક્રિટ્સ'ની ઉપર પડેલો જોવામાં આવે છે, તે ઉપરથી પાથાગોરસને પણ ભૈષજ્ય વિદ્યાનું વિજ્ઞાન લગભગ ઘણા અંશે હોવું જોઈએ, એમ માની શકાય છે. વળી 'ક્રોટન'નો રહેવાસી 'અલ્કમેઓન' નામનો વિદ્વાન પણ 'પાથાગોરસ'ની સંસ્થાનો અનુયાયી હતો. તે પણ વૈદ્યકવિદ્યાનો રસિયો હતો અને તેણે 'હિપોક્રિટ્સ'ના સંપ્રદાય ઉપર સંપૂર્ણ પ્રભાવ દર્શાવ્યો હતો, એવો પણ ઉલ્લેખ છે. તે ઉપરથી 'પાથાગોરસ'ની સંસ્થા વૈદ્યકવિદ્યા સાથે પણ સંબંધ ધરાવતી હતી, એવું અનુમાન થાય છે. 'પાથા-ગોરસ'ની વિદ્યાના વિષયોનું નિરીક્ષણ કરતાં 'માનવ શરીરમાં માનસિક તથા શારીરિક જે વિકારો થયા હોય તેઓને દૂર કરવા સંગીતનો પ્રયોગ યોજી શકાય તેમ જ આકૃતિની પરીક્ષા દ્વારા શરીરની અંદરના વિકારો બરાબર સમજી શકાય છે; તેમ જ પશુઓનું માંસ શરીરને અહિતકારી હોવાથી તેનાથી દૂર રહેવું એ જ વધારે કલ્યાણકારી છે; અને આરોગ્યની સંપત્તિ માટે પથ્યના વિષયમાં ખૂબ આદર હોવો જોઈએ; શારીરિક શક્તિ વધારવા માટે ઉપાયો યોજ્યા જ કરવા જોઈએ; તેમ જ જુદી જુદી વ્યક્તિની

પ્રકૃતિમાં વિષમતા હોય છે, એટલે દરેક વ્યક્તિની પ્રકૃતિ જુદી જુદી હોય છે, એ કારણે સર્વનો આહાર એકસરખો હોવો ન જોઈએ એ પણ દરેકની પ્રકૃતિ અનુસાર આહારની ગોઠવણ જરૂરી છે,' એવા એવા વિષયો પણ પાથાગોરસની વૈદ્યક-વિદ્યામાં મળે છે. એ ઉપરથી જણાય છે કે પાથા-ગોરસના જેટલા આદેશો છે તેઓમાં શરીરની જાળવણી કરવા માટે પોતાને અનુકૂળ હોય એવાં પથ્યોનું પાલન તથા નિયમોનું પરિપાલન કરવાના ઉપદેશ માટે ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું છે. પાથાગોરસના સંપ્રદાયમાં રોગોને દૂર કરવા માટે શરીરની અંદર ઉપયોગ કરવા યોગ્ય ઔષધોના પ્રયોગો કરતાં વિશેષે કરી પથ્ય આહાર-વિહાર આદિના નિયમોનું પાલન કરવા માટે અને ઔષધોના ઉપયોગ બાબતમાં લેપ આદિ શારીરિક ઉપચારો કરવા તરફ વિશેષ દૃષ્ટિ હતી. વળી ઈસવી સન પૂર્વે ૫૩૦માં 'ક્રોટન'માં જઈને પાથાગોરસ ઉપદેશો આપતો. ત્યાં એકઠા થયેલા ત્રણસો માણસોએ તેનો ઉપદેશ સ્વીકારીને ઔષધોનાં ઉપયોગ કરતાં પણ પથ્ય આહાર-વિહાર આદિના નિયમો દ્વારા શરીરનું સ્વાસ્થ્ય મેળવવાનો ઉપાય કરવા માટે સોગંદ લીધા હતા. એમ ઘણા દેશોમાં પર્યટન કરતો એ 'પાથાગોરસ' જ્યારે મિશ્ર દેશમાં આવ્યો હતો, ત્યારે ત્યાં વૈદ્યકવિદ્યાનો વિશેષ પ્રચાર જોઈને પોતે વિસ્મય પામ્યો હતો. વળી ક્રોટન પ્રદેશમાં પાથાગોરસની સાથે થયેલો તેના જ સંપ્રદાયનો 'મિલો' નામનો તેનો એક જમાઈ હતો. તેણે ભૈષજ્ય વિષય સંપ્રદાય ચાલુ કર્યો હતો અને તે સંપ્રદાય ઈસવી સન પૂર્વે ત્રીજી-ચોથી શતાબ્દીમાં ચાલુ થયો હતો. તેણે 'ઑપ્સ' નામના એક વિદ્વાને બતાવેલા ભૈષજ્યશાસ્ત્ર સંબંધી ઉપદેશો આપ્યા હતા; તેમ જ તેનો ઉપદેશ જેઓ ગ્રહણ કરતા હતા, તેઓ પણ તેનો આદરસત્કાર કરતા હતા; વળી મિશ્ર દેશમાં ભૈષજ્યવિદ્યાની ઉન્નતિ જોઈને પાથાગોરસ ખૂબ હર્ષ પામ્યો હતો; જેથી ભૈષજ્યવિદ્યાના પ્રવર્તક 'ઇમોકેડિસ'ના શિષ્ય બની પાથાગોરસ પણ ભૈષજ્યવિજ્ઞાન તરફ ખૂબ આદરભાવ ધરાવવા લાગ્યા હતા, તેમ જ તે ભૈષ-જ્યવિદ્યાના જાણકાર થઈને તે વિદ્યાના પ્રચારક પણ થયા હતા. વળી તે પાથાગોરસ ભારતમાંથી દાર્શનિક વિષયને શીખીને ગયો હતો; તેમ જ મિશ્ર દેશમાં ગયેલી ભૈષજ્યવિદ્યાનો તે દ્રષ્ટા હતો, એવો ઉલ્લેખ મળે છે. સ્વાસ્થ્યને લગતા ઘણા ઉપદેશો દ્વારા તેણે એ ભૈષજ્ય-વિદ્યા તરફ પોતાની અભિરુચિ દર્શાવી છે, તેથી ભૈષજ્યના વિષયનું તેની પાસે ઊંડું જ્ઞાન ન હતું, છતાં મિશ્ર દેશની ભૈષજ્ય વિદ્યાથી તે પ્રભાવિત થયો હતો. તે ભૈષજ્યના વિષયમાં પહેલાંના સમયથી જ પ્રતિષ્ઠા પામેલ ભારતીય વૈદ્યકથી પણ તેને વિસ્મય ઉત્પન્ન થયો હોય એમ પણ ઘટે છે.

વળી 'હિપોક્રિટ્સ'ની બહુ પહેલાં નહિ, પણ બહુ જ નજીકના પૂર્વકાળમાં ગ્રીસ દેશમાં વૈદ્યકના ત્રણ સંપ્રદાયો હતા. તેમાંના એકનો પ્રવર્તક 'ઍંપિડોકિલસ' નામે જે ગ્રીક વિદ્વાન થઈ ગયો, તે પણ ઈરાન તથા ભારતના સમીપના પ્રદેશો સુધી આવ્યો હતો અને તે પણ ભારતની જ દાર્શનિક વિદ્યાને ગ્રીસમાં લઈ ગયો હતો, એમ પી. સી. રાય લખે છે. ભારતમાં જેમ પાંચ-ભૌતિકવાદ ચાલુ છે, તેમ ચાતુર્ભૌતિકવાદ પણ પૂર્વકાળથી જ મળે છે; એ જ ચતુર્ભૂતવાદને તે ઍંપિડોકિલસે, ગ્રીસ દેશમાં જાણે તે નવો હોય એમ ફેલાવ્યો છે. વળી નવો જ હોય એવો ભૈષજ્યસંપ્રદાય પણ ઉપજાવી કાઢ્યો છે; પરંતુ પાછળથી તેણે સ્વીકારેલા ચાતુર્ભૌતિકવાદનું 'હિપોક્રિટ્સે' ખંડન કર્યું છે; તેમ જ એ 'હિપોક્રિટ્સે' પોતાના દેશમાં પહેલાંથી ચાલતા ત્રણ સંપ્રદાયોમાં કેટલીક વધઘટ કરી પોતાનો આગવો સંપ્રદાય ઉપજાવી કાઢ્યો છે, એમ જણાય છે. તે ઉપરથી એ 'હિપોક્રિટ્સ'ની પહેલાં થયેલા તે ઍંપિડોકિલસે ભારતમાં આવીને અથવા ઈરાન દ્વારા ભારતની જ દર્શનવિદ્યા જેમ શીખી હતી તેમ દાર્શનિક વિષયોથી મિશ્ર થયેલી ભૈષજ્ય-વિદ્યા પણ ભારતમાંથી જ શીખી હોવી જોઈએ અને તેમાં જ પાછળથી 'હિપોક્રિટ્સે' સુધારો-વધારો કરી તેનો જ પ્રચાર કરેલો હોવો જોઈએ. આથી ભારતનું જ ભૈષજ્યવિજ્ઞાન ગ્રીસમાં પ્રવેશ્યું છે અને તે જ ભારતીય ભૈષજ્યવિજ્ઞાન જ 'હિપો-ક્રિટ્સ'ના હૃદયમાં પણ પ્રવેશેલું હોવું જોઈએ

ઘણાંયે બીજાં પ્રમાણો દ્વારા જણાય છે કે, ઈરાન, ભારત આદિ પૂર્વના દેશોમાં આવીને ભારતીય વિદ્યાને પરોક્ષ અથવા પરંપરાગત પાશ્ચાત્ય દેશોમાં લઈ જવામાં કડીરૂપ બીજા પણ કેટલાક ગ્રીક વિદ્વાનો પૂર્વકાળના ઐતિહાસિક વૃત્તાંતોમાં ગુમપણે છૂપાઈને રહ્યા છે, તેવાં પ્રમાણો નાશ પામ્યાં હોવાથી તેની સ્પષ્ટતા જણાતી નથી.

'હિપોક્રિટૂસ'ની પહેલાંના સમયમાં જ નહિ, પણ પછી ભારતીય વ્યવહારો જોવા માટે 'ઇવિમેરસ' નામનો એક વિદ્વાન ભારતમાં આવ્યો હતો. તેણે પણ ભારતીય સભ્યતા જોઈને તેનો અભ્યાસ કર્યો હતો; તેમ જ એની પહેલાં પણ બીજા કેટલાક ગ્રીસ દેશના લોકો ભારતીય સભ્યતાનો અભ્યાસ કરવા ભારતમાં આવ્યા હોવા જોઈએ. એમ પૂર્વમાંથી અને ભારતની સમીપમાં રહેલા બીજા પણ યવનોએ ભારતમાં આવીને કેટલીક ભારતીય સભ્યતાઓને શીખી લઈ પોતાના દેશમાં દાખલ કરેલી હોવી જોઈએ, એમ સંભવે છે.

ભારતીય વિદ્વાનોનું ગ્રીસગમન

કેવળ ગ્રીસ દેશના જ લોકો ભારતમાં આવતા હતા, એમ ન હતું પણ ભારતના વિદ્વાનો અને વૈદ્યો પણ પશ્ચિમના–ગ્રીસ વગેરે દેશોમાં જતા હતા, ત્યાંથી કંઈ કંઈ લાવતા હતા, ત્યાં કંઈ કંઈ મોકલતા હતા, ત્યાંની રીતભાતનો આદરસત્કાર કરતા હતા અને ત્યાં જઈ ઉપદેશ વગેરે પણ આપતા હતા, એમ પૂર્વકાળના ઇતિહાસ વગેરે વૃત્તાંતોમાં જાણવા મળે છે. ઈસવી સન પૂર્વે ૩૩૦ના સમયમાં થયેલ પ્રસિદ્ધ ગવૈયો એરિસ્ટોટલનો શિષ્ય અરિસ્ટોક્સેન નામે થઈ ગયો. તેના લેખ ઉપરથી આમ જણાય છે કે ગ્રીસની રાજધાની 'એથેન્સ'માં રહેતા 'સોક્રેટિસ' નામના પ્રસિદ્ધ દાર્શનિકની સાથે મનુષ્યના આત્માના વિષયમાં તેના સિદ્ધાંતને હાંસીરૂપે જણાવતા કોઈક ભારતીય વિદ્વાનનું પરસ્પર આધ્યાત્મિક સંભાષણ થયું હતું એમ જાણવામાં આવ્યું છે; અને 'એયુસેબિયસ' નામના એક વિદ્વાને પણ તેના સંવાદનો ઉલ્લેખ કર્યો છે. તે ઉપરથી ઈસવી સન પૂર્વે ચોથી શતાબ્દીની પહેલાં પણ ભારતીય વિદ્વાનોનો યવનલોકોની સાથે પરિચય થયો હતો, એમ એચ. જી. રોલિન્સનના લેખ ઉપરથી જણાય છે. એલેકઝાન્ડરના ભારતગમન પહેલાં પણ ભારતીય વિદ્વાનોનું ગ્રીસ દેશમાં ગમન થયું હતું અને ભારતીય વિદ્વાનોએ ગ્રીસ ભાષાનું વિજ્ઞાન મેળવ્યું હતું તેમ જ ગ્રીસદેશના વિદ્વાનો કરતાં પણ ભારતીય લોકોના વિચારોનું ગૌરવ પણ સ્પષ્ટ જણાય છે.

એલેકઝાન્ડર દ્વારા ભારતીય જ્ઞાન પ્રકાશનો પ્રસાર

જે દેશ ખરેખર પોતાની ઉન્નતિ ઇચ્છે છે, તે દેશ એના એ કાળમાં વિદ્યા આદિથી બીજા જે દેશો સમૃદ્ધ થયા હોય તેનું પણ અવલોકન કરે છે. અને પોતાનું ગૌરવ સ્થાપવા માટે તેઓનાં જુદાં જુદાં વિજ્ઞાનોને પોતાને ત્યાં પ્રચલિત કરવા પ્રયત્ન પણ કરે છે. વળી બીજા દેશની જે વિદ્યા સારી રીતે ઉન્નતિ પામી હોય, તેનો ઉત્તમ યશ જે ફેલાયો હોય તેનો પરિચય, તેની ભાષાનું વિજ્ઞાન, પ્રયોગોના અનુભવની સફળતા અને તે પછી તેના તરફની શ્રદ્ધા તથા વિશ્વાસને વધારવા માટે તે દેશના ગ્રંથો પણ ગ્રહણ કરવામાં આવે છે. તે દેશના વિદ્વાનોનું સન્માન કરાય છે અને તેઓની પ્રક્રિયા પણ સ્વીકારાય છે. ભારતીય વૈદ્યક વિજ્ઞાન ખૂબ પ્રાચીન કાળથી ઉન્નત પદે રહેલું હતું તેને સાંભળવા, જોવા–ભણવા, વિચારવા અને ઘણા જ આદરપૂર્વક તેને શીખવા માટે ગ્રીક આદિ વિદેશીય વિદ્વાનો ભારત દેશમાં આવવા લાગ્યા હતા, તે ખરેખર આશ્ચર્યજનક નથી. જે દેશ બીજા દેશને જીતી લેવા ઇચ્છતો હોય તે દેશ, જેના પર ચઢાઈ કરવી હોય તે દેશનાં બળ, પરાક્રમ, સભ્યતા તથા પરિસ્થિતિને પ્રથમથી જ બરાબર જોઈ તપાસીને જ તે પછી પોતાના પગ પહોળા કરે છે, એ નિયમ પ્રમાણે યવનરાજ એલેકઝાન્ડર ભારત દેશ પર ચઢાઈ કરવા તૈયાર થયો હતો, તેની પહેલાં જ ભારત દેશની પરિસ્થિતિ બરાબર જાણવા માટે તેના અનેક ચતુર યવન અધિકારીઓ અહીં આવેલા હોવા જ જોઈએ; નજદીકમાં બીજા યવનોએ જ ભારત ઉપરની યવનલોકોની દૃષ્ટિને ઉઘાડી પાડી હોવી જોઈએ. વિજયની ઇચ્છાથી ભારત પર ચઢી આવીને તેના કોઈ પણ પ્રદેશને જીતી લઈ યવનરાજ એલેકઝાન્ડર

એકદમ તુરત પોતાના દેશ તરફ જ પાછો ફર્યો હતો. તેમાં લાંબા કાળથી આ ભારત દેશમાં વસી રહેલાં તેનાં પોતાનાં જ સૈન્યોને અશાંતિ થઈ હોય એ જ કેવળ કારણ જણાતું નથી. પણ પોતાના સૈન્યોએ દર્શાવેલા પ્રથમના માર્ગને છોડી નવા નૌકામાર્ગે એકદમ પોતાના દેશમાં તે પાછો ફર્યો હતો. તેમાં 'મુદ્રારાક્ષસ'-માં જણાવેલાં વચનો વિચારતાં કોઈ બીજું કારણ પણ હોવું જોઈએ, એમ વિચારી શકાય છે. યવનરાજા એલેકઝાન્ડર ભારત દેશમાં પ્રવેશ કરી ચૂક્યો હતો; છતાં એકદમ તે પાછો ફર્યો હતો, એવો ઉલ્લેખ મળતો હોવાથી તે કાળે ચાણક્ય જેનો પ્રધાન હતો, એવો રાજા ચન્દ્રગુપ્ત ભારતમાં રાજ્યશાસન ચલાવી રહ્યો હતો. તેથી વચ્ચે વચ્ચે થયેલા આઘાતોને સહન કરવા છતાં ભારતે પોતાના સંપ્રદાયનું રક્ષણ કર્યા કર્યું હતું, તેથી આ ભારતની ઉપર યવન લોકોનો પ્રભાવ ફેલાવા પામ્યો ન હતો એમ જણાય છે. તક્ષશિલા, કાશી, ઉજ્જયિની તથા વિદર્ભ આદિ દેશોમાં ભારતીય વિશ્વવિદ્યાલયો તે કાળે પણ હતાં. જે વેળા એલેક-ઝાન્ડરે તક્ષશિલા પર આક્રમણ કર્યું હતું, તે સમયે તક્ષશિલાનગરી સમસ્ત એશિયા ખંડમાં સર્વ કરતાં ચડિયાતી હોઈને સર્વોત્કૃષ્ટ એક ભારતીય વિદ્યા-પીઠરૂપ હતી; કેમ કે તે સમયે તક્ષશિલામાં બધીએ કળાઓ, બધાં વિજ્ઞાનો, સૈનિકોને લગતી વિદ્યા, તેમ જ વૈદ્યકવિદ્યા એ સર્વને સંપૂર્ણ ભણાવનારા ઘણા મોટા મોટા વિદ્વાનો ત્યાં વસી રહ્યા હતા અને દેશવિદેશોમાંથી આવતા ઘણા વિદ્યાર્થીઓથી સમૃદ્ધ આ વિશ્વવિદ્યાલય હતું. એ વિશ્વવિદ્યાલય ભારતીય વિદ્યાઓનું ઘણું પ્રસિદ્ધ સ્થાન હતું. તેમાં સર્વ વિદ્યાઓ કરતાં વધુ પ્રમાણમાં ચડિયાતી ભૈષજ્યવિદ્યા વિષે એ વિશ્વવિદ્યાલયની વિશેષ પ્રસિદ્ધિ તથા પ્રતિષ્ઠા હતી, એમ 'વિલ ડુરાન્ટ' નામના વિદ્વાન વર્ણવે છે. એ તક્ષશિલાનગરી પણ અતિશય મોટી તથા ઉન્નતિને પામ્યા કરતા એક મોટા ક્ષેત્રરૂપ હતી, એમ 'એરિયન' દર્શાવે છે.

વળી તે કાળે સિંધુનદીની સમીપે રહેલું જે મૂષક રાજ્ય હતું, તેના વર્ણનમાં જણાવવામાં આવ્યું છે કે, તે પ્રદેશના લોકો ૧૩૦ વર્ષ સુધી જીવી શકતા હતા. એવું લાંબું આયુષ તેઓ ભોગવતા હતા, તેમાં નિદાન અથવા મૂળ કારણ-રૂપે તેઓનો પ્રમાણસરનો ખોરાક જ હતો; વળી ત્યાંના એ લોકો બીજી વિદ્યાઓ કરતાં વૈદ્યક-વિદ્યાનું જ અધ્યયન કરવા તત્પર રહેતા હતા, એમ એલેકઝાન્ડરના ઇતિહાસનો લેખક 'એરિ-યન' કહે છે, એમ 'સ્મિથ' વર્ણવે છે. એ મૂષક રાજ્યના પ્રદેશમાં ૧૩૦ વર્ષનું આયુષ તે અસાધારણ તરીકે લેખાતું હતું અને 'એલેકઝાન્ડર' રાજા સિંધુ નદીના પ્રદેશ સુધી આવ્યો હતો, તેમાં એ મૂષક રાજ્યનો વિશેષ ઉલ્લેખ કરાયો છે, તે પણ એક કારણ હોવું જોઈએ. 'સ્ટ્રાબો' નામના એક વિદ્વાન પણ આમ વર્ણવે છે કે, મૂષક રાજ્યના પ્રદેશમાં લોકો આયુર્વેદવિદ્યા સિવાય બીજી વિદ્યામાં વધુ રસ ધરાવતા ન હતા. વળી 'પાયાગોરસ' આદિ બીજા ગ્રીસ દેશના વિદ્વાનોનાં વૃત્તાંતોમાં પણ આમ જ સ્પષ્ટ લખાણ મળે છે કે, ભારત દેશમાં આધ્યાત્મિક આદિ બીજી વિદ્યા-ઓમાં પણ વધુ ગૌરવ ભૈષજ્યવિદ્યાને પ્રાપ્ત કરાય અને તેમાં જ પૂર્ણતા મેળવાય તેમ હતું, એમ સ્પષ્ટ જણાવ્યું છે; તેમ જ એલેકઝાન્ડરની સાથે ભારતીય વિદ્વાનો તક્ષશિલામાંથી જવા ઇચ્છતા ન હતા; છતાં તેમાંના 'કલ્યાણ' નામના એક દાર્શનિક વિદ્વાનને તે એલેકઝાન્ડર ઘણા જ આદરસત્કારપૂર્વક પોતાની સાથે લઈ ગયો હતો. એ દાર્શનિક વિદ્વાન ગ્રીસ દેશના રાજાની પાસ કાયમ રહેનારા અનેક દાર્શનિક વિદ્વાનોમાં બધા કરતાં અતિશય મહાન તથા માન્ય થઈ પડ્યો હતો. પાછળથી એ 'કલ્યાણ' નામના વિદ્વાને પોતાના શરીરનો ત્યાગ કરવાની ઇચ્છાથી ચિતા પર આરોહણ કર્યું હતું, તે સમયે ગ્રીસ દેશના રાજાએ તે વિદ્વાનનું ખૂબ જ સન્માન, ગૌરવ તથા સંમાન કર્યું હતું, એમ 'એરિયન' તથા 'સ્ટ્રાબો' નામના બે વિદ્વાનોએ વર્ણવ્યું છે અને 'રાયસને' પણ તેવું જ વર્ણન કરેલું મળે છે: તે 'કલ્યાણ' વિદ્વાન ગ્રીસ દેશ સુધી ગયો હતો, એમ 'મેક્સમૂલર' પણ વર્ણવે છે; આ એક જ દૃષ્ટાંત તે કાળે ભારત દેશનું આધ્યાત્મિક ગૌરવ

કેટલું હતું તે દર્શાવે છે.

રાજા એલેકઝાન્ડરની પોતાની લશ્કરી છાવણીમાં બીજા ઘણા યવનવૈદ્યો વિદ્યમાન હતા, છતાં પોતાના તે યવનવૈદ્યોને સર્પના વિષની ચિકિત્સાનું જ્ઞાન ન હતું, એ કારણે સર્પના વિષની ચિકિત્સા કરનારા ઘણાયે ભારતીય વૈદ્યોને લશ્કરી છાવણીમાં રાખ્યા હતા. વળી તે ભારતીય વૈદ્યોમાં બીજા રોગોની પણ ચિકિત્સા કરવાની કુશળતા એલેકઝાન્ડરે જોઈ હતી, તેથી પોતાના દેશ તરફ પાછા ફરતી વેળા પણ તે ભારતીય વૈદ્યોને આદરસત્કાર-પૂર્વક પોતાની સાથે લઈ ગયો હતો. તે વખતે રસ્તામાં પોતાની છાવણીના જે જે લોકોને સર્પદંશ થયા હતા, તેઓની ચિકિત્સા પણ ભારતીય વૈદ્યો પાસે જ કરાવી હતી; તેમ જ પોતાના દેશમાં જઈને પણ સર્પદંશ પામેલા લોકોની ચિકિત્સા ભારતીય વૈદ્યો પાસે જ કરાવી હતી, એમ તેના વૃત્તાંતમાંથી જાણવા મળે છે. આથી સાબિત થાય છે કે ભારતીય આયુર્વેદનો પ્રભાવ પાછળથી પણ ગ્રીસ દેશમાં પ્રચાર પામ્યો હતો.

ભારતીય જ્ઞાનપ્રકાશને ફેલાવતા અશોકના શિલાલેખો

કેવળ પૂર્વકાળમાં જ નહિ, પણ પાછળથી અશોક સમયમાં તેણે સ્થાપેલા તેર શિલાલેખોના આશરે આઠસો યોજનના પ્રદેશોની વચ્ચે અન્તિયોક નામના યવન રાજાના, 'તુર્મયસ' રાજાના, અન્તિકોન રાજાના, 'મગ' નામના રાજાના, અલીકસુંદર અથવા એલેકઝાન્ડર રાજાના દેશોમાં તેમ જ યવન દેશોમાં, કંબોજ દેશમાં, નીચ, ચોલ, પાંડય, તામ્રપર્ણી, દરદ, વિષ, ભોજનાલ, નાભપ્રાન્ત, ભોજ, પિતિનિકય, આંધ્ર, તથા પુલિંદ આદિ દેશોમાં પણ અશોકનો ધર્મવિજય તથા ધર્માનુશિષ્ટિ (શિલાલેખ) મળે છે; એ લેખો ઉપરથી ભારતના ઘણા જ પ્રદેશો–સિરિયા, મિશ્ર, મેકડોનિયા, પશ્ચિમ મિશ્ર, એપિરસ, યવન તથા કંબોજ આદિ દેશોમાં પણ અશોક રાજાએ ધર્મનું સ્થાપન કર્યું હતું એમ જણાય છે; વિમલ-પ્રભાની કાલચક્ર નામની વ્યાખ્યામાં પણ બુદ્ધના નિર્વાણ પછી તે તે દેશોમાં તે તે ભાષાઓમાં યાનત્રય, પિટકત્રય બૌદ્ધગ્રંથોનો અનુવાદ થયો છે. તે ઉપરથી તે તે સ્થળે અશોકે કરેલો ધર્મપ્રચાર દર્શાવવામાં આવ્યો છે; તેમાં પણ પારસિક દેશની નીલ નદીની ઉત્તરે 'રુકમ' દેશનો પણ ઉલ્લેખ છે.

અશોક રાજાએ કેવળ ધર્મવિજય તથા ધર્માનુશાસન જ કર્યું છે, એમ નથી, પણ તેનો એક બીજો શિલાલેખ 'શાહાવાજગડી' નામના પ્રદેશમાં પણ આવા લખાણવાળો જોવામાં આવે છે: 'सर्वत्र विजिते देवानां प्रियस्य प्रियदर्शिनो राज्ञो ये चान्ता यथा चोडाः पाण्ड्याः सत्यपुत्रः केरल-पुत्रस्ताम्रपर्णी चान्तियाको नाम यवनराजो ये चान्ये तस्यान्तियोकस्य सामन्ता राजानः सर्वत्र देवानां प्रियस्य प्रियदर्शिनो राज्ञो द्वे चिकित्से कृते मनुष्यचिकित्सा च, पशुचिकित्सा च, औषधानि मनुष्योपगानि, च, पशुप-गानि च, यत्रयत्र न सन्ति सर्वत्र हारितानि, च रापितानि च, मार्गेषु वृक्षा रोपिता उदपानानि च खानितानि प्रति-भोगाय पशुमनुष्याणाम्'–અશોક રાજાએ જે જે દેશો જીત્યા હતા; તે બધાયે દેશોમાં દેવોને પ્રિય તથા પ્રિયદર્શન યુક્ત એ રાજાએ પશુચિકિત્સા તથા મનુષ્યચિકિત્સા કરાવી હતી. છેલ્લા જે દેશોમાં–ચોડ, પાંડય, સત્યપુત્ર, કેરલપુત્ર, તામ્રપર્ણી તથા અન્તિયોક નામે રાજાઓ હતા અને તે સિવાયના જે બીજા રાજાઓ હતા. વળી અન્તિયોક રાજાના જે સમાન્તર રાજાઓ હતા. તે બધાના પ્રદેશોમાં દેવોને પ્રિય તથા પ્રિયદર્શનયુક્ત એ અશોક રાજાએ બે ચિકિત્સા યોજી હતી: એક મનુષ્યચિકિત્સા અને બીજી પશુચિકિત્સા. મનુષ્યોને ઉપયોગી તથા પશુઓને ઉપયોગી ઔષધો પણ હાજર રખાવ્યાં હતાં. જે જે દેશોમાં તેવાં ઔષધો ન હતાં, ત્યાં તે રાજાએ એ ઔષધો મંગાવ્યાં હતાં અને રોપાવ્યાં પણ હતાં. વળી તે તે બધાયે દેશોના માર્ગોમાં એ રાજાએ વૃક્ષો રોપાવ્યાં હતાં તેમ જ પશુઓ તથા મનુષ્યોને ઉપભોગ માટે જળાશયો પણ ખોદાવ્યાં હતાં. 'એ પ્રમાણે બીજા શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે અશોક રાજાએ ભારત દેશમાં તેમ જ બીજા પણ તે તે પ્રદેશોમાં અને ભારતની બહાર રહેલા તે તે દેશોમાં તેમ જ 'અન્તિયોક' નામના યવનરાજાના દેશની પાસપાસ રહેલા બીજા દેશના રાજાઓના તે તે

દેશોમાં પણ અશોક રાજાએ મનુષ્યોને તથા પશુઓને ઉપયોગી બે પ્રકારનાં ઔષધોની વ્યવસ્થા કરાવી હતી; તેમજ ઔષધીરૂપ વૃક્ષો, ફૂલઝાડો તથા ફૂલકાયી વગેરે ઝાડો રોપાવ્યાં હતાં અને જરૂરિયાત પ્રમાણે સર્વત્ર તે વૃક્ષોને લઈ જવામાં આવ્યાં હતાં, એવો શિલાલેખ મળે છે. તે ઉપરથી ભારત દેશની જેમ બીજા બહારના અંતિયોક આદિના દેશોમાં પણ છેક સુધી ભારતીય ચિકિત્સાપદ્ધતિ અને ભારતીય ઔષધોની પણ જરૂરિયાત, પ્રવૃત્તિ તથા પ્રચાર પણ અશોક રાજાએ કર્યો હતો, એમ સ્પષ્ટ થાય છે. વળી અશોકના તેરમા 'ધર્મવિજય' નામના શિલાલેખમાં 'અન્તિયોક' નામના રાજાની સાથે તુર્મય, અન્તિકેાન, મગ તથા અલિકસુંદર–એ ચાર રાજાઓનો પણ સ્પષ્ટ જ ઉલ્લેખ છે; તેમાં ચારે તરફના આહસો યોજન પ્રદેશમાં રહેલા તે તે દેશોનો નિર્દેશ કરેલો દેખાય છે. બીજા શિલાલેખમાં 'અન્તિયોક' નામના યવનરાજનું પણ નામ લઈને ગ્રહણ કર્યું છે; તેમજ બીજા રાજાઓ, જેઓ તે અન્તિયોક રાજાના સામંત રાજાઓ હતા, એમ જણાવીને તે રાજાના દેશની ચારે બાજુ રહેલાઓનો સામાન્ય તરીકે જ ઉલ્લેખ કરેલો જોવામાં આવે છે, તોપણ 'અન્તિયોક'ના સાહચર્યથી ભૌગોલિક દૃષ્ટિએ 'સીરિયા' પ્રદેશની ચારે તરફ રહેલા હોવાથી સામંતપણાની યોગ્યતાને લીધે પણ તેરમા શિલાલેખમાં 'અન્તિયોક'ની સાથે બતાવેલા જે તુર્મય, અન્તિકેાન, મગ તથા અલીકસુંદર–એ રાજાઓને જે તે શિલાલેખમાં રાજાઓ તરીકે જણાવેલા હોવા જોઈએ. ગ્રીસ દેશનો રાજા એલેકઝાન્ડર અશોક રાજાની પહેલાંનો હોવાથી અશોક રાજાના સમયના બીજા રાજાઓની સાથે તેની સમકાલીનતા નહિ હોવા છતાં ભારતમાં તેના આવવાને લીધે પ્રથમના રાજાઓને એલેકઝાન્ડર પરિચિત હોવાથી પૂર્વકાળને લક્ષ્યમાં લઈને એ શિલાલેખમાં 'અલીકસુંદર' શબ્દથી ગ્રીસના રાજા એલેકઝાન્ડરને જણાવ્યા વિના, અશોકના સમયનો 'એપિરસ' પ્રદેશનો અને બીજાના મતમાં કોરિન્થ પ્રદેશનો જ 'એલેકઝાન્ડર' હોવાનું ઐતિહાસિકો માને છે. વળી તે શિલાલેખમાં 'રાજાઓ' એ પદ મૂકેલું દેખાય છે, તે ઉપરથી અશોકનો સમકાલીન જ તે એલેકઝાન્ડર હોવો જોઈએ; તેમ છતાં આઠસો યોજનની સપાટીવાળા તે તે પ્રદેશોમાં અશોકનો ધાર્મિક પ્રભાવ પડ્યો હતો અને સિરિયાની ચારે બાજુ રહેલા તે તે દેશોમાં ભારતીય ઔષધો પણ પ્રાપ્ય હતાં, તેથી તે તે ઔષધોનો પ્રભાવ પણ વિશેષે કરી પડ્યો હતો; તેમજ ગ્રીસની પૂર્વના પ્રવાહના સ્થાન તરીકે સ્વીકારાયેલા મિશ્ર દેશમાં પણ એ ભારતીય પ્રભાવનો પ્રકાશ પડેલો હતો, એમ અશોકના એ બે શિલાલેખો ઉપરથી જણાય છે. વળી ગ્રીસ દેશ મિશ્ર સીરિયાની સમીપે રહેલો હોવાથી ગ્રીસ દેશે ભારતનો તથા ભારતની વિદ્યાનો પણ પરિચય પ્રાપ્ત કરેલો હોવો જોઈએ, તેમજ ગ્રીસ દેશની અધ્યાત્મવિદ્યામાં ભારતના દર્શનનો પ્રભાવ મળે છે, તેથી અને 'હિપોક્રિટિસ' ના નામે ઉત્તરોત્તર ગ્રંથસંકલન થયેલું હોવાથી તેમજ એ ગ્રંથોમાં ભારતીય આયુર્વેદના વિષયોની સમાનતા પણ જણાય છે, તે ઉપરથી દાર્શનિક અને ધાર્મિક વિષયની જેમ ભૈષજ્યવિજ્ઞાનના વિષયમાં પણ સાક્ષાત્ અથવા પરંપરાએ અશોકના સમયમાં પણ ભારતીય વિજ્ઞાન ગ્રીસ દેશમાં વિસ્તર્યું હતું, આમ તે અશોકના સમયે પણ ભારતીય આયુર્વેદ વિદ્યાનો, ભારતીય ચિકિત્સાપદ્ધતિનો, ભારતીય ઔષધોનો, ભારતીય વૈદ્યોનો તેમજ ભારતીય વૈદ્યક ગ્રંથોનો પણ એ પાશ્ચાત્ય દેશોમાં પણ કેટલો વિસ્તાર અને કેટલું ગૌરવ હતું, એ બરોબર સમજી શકાય છે.

ગ્રીસ-ભારતના પ્રાચીન સંબંધો

હાલમાં તેનાં ખાસ વિશેષ પ્રમાણ મળતાં નથી, તોપણ પ્રાચીન ગ્રીસ દેશનો તથા ભારતનો પરસ્પર અવરજવરનો સંબંધ તથા વ્યાપારી સંબંધ નિર્દેશાયેલો હતો. તે કારણે ભારતીય વૈદ્યકવિજ્ઞાન ગ્રીસ દેશના કાને પડેલું હોવું જોઈએ એમ જણાય છે, તેમજ એલેકઝાન્ડરના સમયથી લઈને ઘણા કાળ સુધી ગ્રીસનો તથા ભારતનો સંબંધ અતિશય વ્યાપક થયેલો જણાય છે, તે ઉપરથી તેમજ 'હિપોક્રિટસ', 'ડિઓસ્કોરાઇડીસ' અને 'ગ્લાયન' આદિના લેખમાંના અનુસંધાન ઉપરથી અનેક પ્રકારનાં ઔષધો તેમજ રોગોને નિર્મૂળ કરવાની પદ્ધતિઓ

પણ ભારતીય વૈદ્યોએ જે અપનાવી છે, તે જ ઔષધો તથા રોગ દૂર કરનારી પદ્ધતિઓ ગ્રીક વૈદ્યોએ પણ અપનાવેલી જણાય છે, એમ 'બક' જણાવે છે.

વળી ભારતીય અને ગ્રીસના પ્રાચીન વૈદ્યક વિજ્ઞાનમાં પણ ઘણી સમાનતા દેખાય છે; છતાં તે ગ્રીક વિજ્ઞાન પર ભારતીય વિજ્ઞાનનો પ્રભાવ પડ્યો છે, એમ કેટલાક માનતા નથી અને કેટલાક તે બાબતમાં સંશય કરે છે, એ પણ આશ્ચર્યજનક છે. હસ્તલિખિત પ્રાચીન પુસ્તકો ઉપરથી પહેલાંના પ્રસિદ્ધ પ્રાચીન ભારતીય ગ્રંથોનો સમય નક્કી કરવો એ મુશ્કેલ જ હતું; પરંતુ ભારતીય આચાર્યોનાં વિજ્ઞાન તથા કલાઓ વગેરે લગભગ ઘણી શાખાઓમાં બીજાની અપેક્ષા કે જરૂર રાખ્યા વિના જ વિચાર કરે છે, અને વિદેશીય વિજ્ઞાનના પ્રકાશનો અનાદર જ કરેલો હોય છે; વળી ભારતીય ભૈષજ્યના વિષયમાં સંશોધન કરતાં તે વિષયોનું ઉત્પત્તિસ્થાન ભારત છે, એમ સાબિત થયું છે. વળી ભારતીય પ્રાચીન ભૈષજ્યવિદ્યાનો વિચાર કરતાં, તેમના ગૂઢ વિચારો, સૂક્ષ્મ બુદ્ધિ, વિકાસ તથા લેખની શ્રેષ્ઠતા આદિનું અવલોકન કરતાં તેમનું સ્થાન અતિશય ઉચ્ચ હતું એમ 'ન્યુબર્ગર' જણાવે છે.

પશ્ચિમના દેશોની સાથે ભારતનો પ્રાચીન કાળથી જ પરસ્પર પરિચય, સંપર્ક તથા વ્યવહાર હતો એમ 'હેરોડોટસ' અને 'ફીલોસ્ટ્રેસ' વગેરે પ્રાચીન પાશ્ચાત્ય વિદ્વાનો ઉલ્લેખ કરે છે. વળી જૈસોડસ, આફ્રિસેનસ અને અફ્રિકેનસ વગેરે તે તે પ્રાચીન આચાર્યોએ સંગ્રહ કરેલા લેખો પણ એ જ બાબતને દૃઢ કરે છે. 'પ્લેની' નામનો એક ગ્રીક વિદ્વાન ઈસવી સન પહેલી શતાબ્દીમાં થઈ ગયો છે. તેના લેખ ઉપરથી પણ જણાય છે કે ભારતીય વનસ્પતિઓ, ઔષધો, રોગો તથા ઔષધોના વેચાણ માટે તે વનસ્પતિઓ ગ્રીસ દેશમાં લઈ જવામાં આવતી એથી તે વનસ્પતિઓ આજે ત્યાં મળે છે. ગ્રીસનો તથા ભારતનો પરસ્પરનો સંબંધ પહેલાં પણ હતો અને ભારતીય વૈદ્યોએ ત્યાં મટાડેલા પક્ષાઘાત, અશ્મ-

પિત્ત આદિ રોગો પર ધંતૂરાનું ઉપયોગીપણું યુરોપીય દાક્તરોને સ્વીકાર્ય નથી, એમ 'રોમલ' ઉલ્લેખ કરે છે, અને પાશ્ચાત્ય દાક્તરો ઉપર ભારતીય વિજ્ઞાનનો પ્રભાવ પડેલો છે તે પણ દર્શાવે છે. પ્રાચીન વૈદ્યક ઉપર ભારતીય આયુર્વેદનો પાછળથી પણ કેટલાક અંશે પ્રભાવ પડ્યો હતો. ભારતીય તથા ગ્રીક વૈદ્યોની વૈદ્યકીય પ્રણાલીમાં સમાનતા દેખાય છે, એમ 'હોમેલ્ટન' નામનો એક વિદ્વાન સારી રીતે માને છે. 'બેનરજી' નામનો ભારતીય વિદ્વાન પણ એવું જ વિવરણ કરે છે; તેમ જ શ્રીયુત રમેશચંદ્ર દત્ત પણ પોતાના પુસ્તકમાં એનું સમર્થન કરે છે.

પૂર્વે 'મંક' નામનો એક ભારતીય વૈદ્ય ઈ. સ. ૭૦૦ માં અરબસ્તાનના રાજા ખલિફા હારુન અલ-રસીદના રાજકુલમાં ગયો હતો અને તે રાજાનો રોગ મટાડ્યો હતો; એટલું જ નહિ, પણ તેણે ચરકના વિષતંત્રનો અનુવાદ ત્યાંની 'પર્શિયન' ભાષામાં કર્યો છે; તેમ જ 'શલ્ય' નામનો બીજો કોઈ એક ભારતીય વૈદ્ય ખાલિફા 'હારુન-અલ-રશીદ' રાજાના રાજકુળમાં વૈદ્ય તરીકે સ્થાન પામ્યો હતો. તે વૈદ્યે 'પ્યાલિસ્ટાઇન' પેલેસ્ટાઇન પ્રદેશમાં જઈ ત્યાંથી ઇજિપ્તમાં જઈ પોતાનો દેહ છોડ્યો હતો, એમ 'ઇબ્નઅસેવ' નામના અરબી વિદ્વાને જણાવ્યું છે.

એમ ઉપર દર્શાવ્યા પ્રમાણે 'પાથાગોરસ'થી લઈને ઘણાયે ગ્રીક લોકો વિદ્યા મેળવવા માટે ભારતમાં વખતોવખત આવ્યા છે અને તેઓ ભારતમાંથી અને ભારતના નજીકના પ્રદેશમાંથી ભારતીય ભાષાજ્ઞાન મેળવી ગયા છે. તે જ પ્રમાણે કેટલાક ભારતીય વિદ્વાનો ગ્રીસમાં ગયા છે અને ત્યાં તેઓનો ઘણો જ આદરસત્કાર થયો છે. વળી ભારતમાંથી પાછા ફરતી વેળા કેટલાક ગ્રીક રાજાઓ ભારતીય વૈદ્યોની વિદ્વત્તા તથા પરિચયના કારણે તેઓને પોતાના દેશમાં સાથે લઈ ગયા હતા; અશોકના સમયમાં મળેલા શિલાલેખ પ્રમાણે પાશ્ચાત્ય દેશોમાં ભારતીય ભૈષજ્યવિદ્યા પહોંચી ગઈ હતી અને ત્યાં તેનો પ્રચાર થયો હતો, એમ ઐતિહાસિક વૃત્તાંત મળે છે. જે જે ગ્રંથો 'હિપોક્રિટ્સ'ના નામથી પ્રસિદ્ધ થયા છે,

તે બધાયે ઘણા જૂના નથી, પણ પાછળથી તેઓનું વિજ્ઞાન વિસ્તર્યું છે અને તેમાં જે લેખો લેવાયા છે તેમાં પણ વિદ્વાનોએ ભારતીય વિજ્ઞાન બરાબર જોયું છે; છતાં તેમાં ભારતીય વૈદ્યકનું કોઈ અસાધારણ ચિહ્ન તો મળતું જ નથી, ઊલટું ભારતીય વૈદ્યકની છાયા ગ્રીક વૈદ્યકમાં મળી આવે છે. તે ઉપરથી અને તત્કાલીન પરસ્પર પરિચય તથા અવરજવરને કારણે 'પાથાગોરસ' આદિ ગ્રીક વિદ્વાનોએ તથા ભારતીય વૈદ્યોએ ભારતીય વૈદ્યકના ઓછાવધતા અંશોથી પણ વખતોવખત ગ્રીક વૈદ્યકનું શરીર પુષ્ટ કરવા માટે સંપાદન કરેલું હોય એમ જણાય છે. 'હિપોક્રિટસ'ના સમયથી આરંભીને તેની પહેલાંના કેટલાક સમયની પહેલાં ગ્રીક વૈદ્યક ઉદય પામ્યું હતું, ત્યારે તેની ઉપર મિશ્ર દેશ, બેબિલોનિયા વગેરે પ્રાચીન દેશોનાં વિજ્ઞાનોનો પ્રભાવ ઓછાવધતાપણે પડ્યો જ હતો, છતાં ગ્રીક વૈદ્યક, બીજા દેશોની પેઠે પરોક્ષ કે પરંપરાગત ભારત દેશનું દેવાદાર અવશ્ય બન્યું જ છે, એટલે કે ભારતના વૈદ્યકમાંથી પણ તેણે અમુક અંશો અવશ્ય લીધા જ છે, પરંતુ પાછળથી ઉદય પામેલી વિજ્ઞાન સહિત વૈદ્યક વિદ્યા તેની પહેલાં જ પ્રતિષ્ઠા પામેલા ભારતીય આયુર્વેદના વૈદ્યક ઉપર લેશમાત્ર પ્રકાશ આપવા સમર્થ થઈ નથી, એમ નિઃશંકપણે એધડક કહી શકાય છે.

મહાવિદ્વાન 'હિપોક્રિટ્સે' વૈદ્યક વિષયમાં બીજા દેશોમાંથી અને જુદી જુદી પદ્ધતિઓ દ્વારા પણ ઉપયોગી વિષયોનું નિરીક્ષણ કરી પોતાના વિચારોરૂપી કસોટી પર કસી ઉજ્જ્વળ બનાવેલા વિષયોને હાથ ધરી ઘણા ઉત્તમ નિબંધોનું સંપાદન કરેલું છે. પરિણામે લખાણમાં એ 'હિપોક્રિટ્સ' પાશ્ચાત્ય દેશના વૈદ્યકના પિતાપદે આરૂઢ થયો હતો. 'હિપોક્રિટ્સ'ના જે વિષયો તેના પોતાના પરિષ્કાર પામેલા વિચારોમાંથી ઉત્પન્ન થયા છે, તેઓ વિષે તો તેનું પોતાનું જ જ્ઞાતાપણું હોવું જોઈએ, પરંતુ તેના એ વિચારોથી ફલિત વિષયોમાં જેમાં ભારતીય આયુર્વેદના વિષયોને મળતા શબ્દો, વિષયો કે વિચારો દેખાય છે, તેઓમાં પરોક્ષ કે પરંપરાએ પણ ભારતીય પ્રાચીન વૈદ્યકનું જ પ્રતિબિંબ પડેલું દેખાય છે. પહેલાંના બાહ્ય દેશોના વૈદ્યકીય સંપ્રદાયોનું ભારતીય પૂર્વાચાર્યોએ જો અનુસરણ કર્યું હોય તો ભારતીય પૂર્વાચાર્ય-વિરચિત ગ્રંથો પણ બાહ્ય સંપ્રદાયોને અનુસરતા જ હોવા જોઈએ, પણ તે પ્રમાણે નથી; કિંતુ પ્રથમ દર્શાવેલ રીત પ્રમાણે એક જ મૂષામાં સીંચેલા રસમાંથી જેમ અનેક પ્રતિમાઓ ઉત્પન્ન થાય છે, તેમ એક જ ભૂમિકા પર ઉત્પન્ન થયેલી આ જુદી જુદી રચનાઓ પ્રાચીન આયુર્વેદના એક જ આર્ષસ્રોત અથવા મહર્ષિઓની વાણીરૂપ પ્રવાહમાંથી જ થયેલા પોતાના વિભિન્ન સ્વરૂપને જણાવે છે. હાલમાં જે જે વિદ્યમાન તેની પહેલાંના પણ જે જે આર્ષગ્રંથો મળે છે, તે તે બધાયે પોતાનામાં રહેલા વિષયોનો વિભેદ દર્શાવે છે, તોપણ એ એક જ આર્ષસ્રોતમાંથી બહાર પડતી આકૃતિ દ્વારા અસ્તિત્વ ધરાવતા હોવા જોઈએ એવું અનુમાન કરાય છે. એટલે 'હિપોક્રિટ્સે' ચાલુ કરેલ અથવા તેની પહેલાંના ગ્રીક વૈદ્યકનો પ્રકાશ પણ વેદના કાળથી એક જ તંતુમાં પૂરાવેલો હોઈને ઇતિહાસની દૃષ્ટિએ અથવા ભૌગોલિક દૃષ્ટિએ પણ તેનાથી બમણા પૂર્વકાળમાં પણ પ્રકાશ દર્શાવે છે, છતાં એ પ્રકાશ ભારતીય આયુર્વેદના વૈદ્યક ઉપર પડ્યો હોય, એમ માની શકાતું નથી જ.

જોકે પાંચ હજાર વર્ષ પહેલાં પણ ભારતમાં જ્યોતિષવિદ્યાના જાણકારો થઈ ગયા છે, એમ પાશ્ચાત્ય વિદ્વાનો પણ કહે છે; પરંતુ ગ્રીસ દેશમાં જ્યોતિષવિદ્યાની ઉન્નતિના વિષયમાં બીજી શતાબ્દીમાં કોઈ એક યવન વિદ્વાને યાવની ભાષામાં જાતકગ્રંથ રચ્યો હતો, તેમાં વિચારોનું ગૌરવ હોવાને લીધે તેનો પ્રસાર થતાં ભારતના વિદ્વાનોએ તેનો આદરસત્કાર કર્યો હતો, તેથી સંસ્કૃત ભાષામાં તેનો અનુવાદ કરાયો હતો અને 'યવનજાતક' નામે ભારત દેશમાં તે વિખ્યાત થયો હતો.

તે પછી થયેલા 'વરાહમિહિર' વગેરે જ્યોતિષ આચાર્યોએ પણ આ યવનઆચાર્યનો નિર્દેશ કર્યો છે. રમલ, તર્મજક આદિ વિષયો પણ પાછળથી ભારતીય જ્યોતિષ-વિજ્ઞાનમાં પ્રવેશેલા હતા અને તે જ પ્રમાણે રોમનો સિદ્ધાંત પણ ભારતમાં પ્રસિદ્ધિને પામ્યો હતો; પરંતુ પ્રાચીન ભારતીય વૈદ્યક યવનો દ્વારા મળ્યું હોય એવું કોઈ ઉદાહરણ મળતું નથી. જો પ્રાચીન વૈદ્યક

વિષયમાં કોઈ પણ યવનોનો સંપર્ક અથવા સહયોગ જો થયો હોત તો શારીરકમાં અથવા શલ્યપ્રક્રિયા કે શસ્ત્રચિકિત્સામાં અથવા કાયચિકિત્સા વિષેનાં ઔષધોમાં કે ઉપચારોવિષયક બીજી કોઈ પણ વૈદ્યકીય પ્રક્રિયા કે ચિકિત્સાપદ્ધતિમાં યાવનીય વૈદ્યકનું પ્રતિબિંબ આયુર્વેદના ગ્રંથોમાં જરૂર જોવા મળત.

જોકે આત્રેય, કશ્યપ વગેરે પ્રાચીન આચાર્યો 'काङ्कायनो नाम बाह्लीकभिषक्, बाह्लीकभिषजो वा, वाह्लीकास्त्वपरे '—'કાંકાયન' નામનો બાહ્લીક દેશનો એક વૈદ્ય હતો અથવા તે સિવાયના બીજા પણ બાહ્લીક દેશના વૈદ્યો પ્રસિદ્ધ હતા અને બીજા પણ બાહ્લીક દેશના વૈદ્યો ત્યાં આત્રેય આદિ આચાર્યોની સભામાં હાજર રહેતા હતા એવો નિર્દેશ કરે છે. એમ જે બાહ્લીક દેશનો ઉલ્લેખ કર્યો છે, તે જ બાહ્લીક દેશ ગ્રીક લોકોના આક્રમણ પહેલાં 'બલ્ખ' નામે પ્રસિદ્ધ હોઈને ઈરાનનો જ પ્રદેશ કહેવાતો હતો. તે કાળે ત્યાં પણ વૈદ્યકવિદ્યાની સારી ઉન્નતિ થયેલી હતી અને તે આત્રેય આદિએ કહેલા અમુક આચાર્યોના વિચારોની શ્રેણીમાં કાંકાયનનો નિર્દેશ કરેલ હોવાથી ભારતીય વૈદ્યક-પ્રક્રિયાથી જુદાપણું બતાવતી નથી. અમુક વિષયમાં જ સાધારણ ફેર પડે છે. સુશ્રુતની વ્યાખ્યાકર્તાનો લેખ જો પ્રમાણયુક્ત હોય તો સુશ્રુત આચાર્યના સહાધ્યાયની પંક્તિમાં કાંકાયનનો ઉલ્લેખ હોવાથી 'बाह्लीकभिषजां वरः'—બાહ્લીક દેશના વૈદ્યોમાં કાંકાયનને શ્રેષ્ઠ વૈદ્ય તરીકે દર્શાવેલ છે, તોપણ તેનું વૈદ્યકવિજ્ઞાન તો ભારતીય વૈદ્યક વિજ્ઞાનને અનુસરતું જણાય છે.

ભારતીય વૈદ્યક ઉપર જો યવન આચાર્યોનો પ્રભાવ પડ્યો હોત તો એ યવન આચાર્યોના નામનો ઉલ્લેખ આત્રેય વગેરે પ્રાચીન આચાર્યોએ અવશ્ય કર્યો હોત. તે ઉપરથી જણાય છે કે તે યવન આચાર્યોના જ્ઞાનનો પ્રાચીન પ્રભાવ આયુર્વેદ વિદ્યા ઉપર પડ્યો જ નથી.

ગ્રીસમાં શસ્ત્રચિકિત્સાનો પ્રચાર પણ પાછળથી થયો છે

જોકે શરીરધારી મનુષ્યોની સ્વાસ્થ્યસંપત્તિ માટે ઓછાવધતાઅંશે વૈદ્યકીય ઔષધચિકિત્સાની જેમ રાજાઓનાં પરસ્પર યુદ્ધો થયા જ કરતાં હોય છે, તેથી પહેલાંના જ સમયથી બધાયે દેશોમાં થતાં યુદ્ધોમાં જે સૈનિકો વગેરે ઘાયલ થયા હોય તેમના ઉપચાર માટે શલ્યચિકિત્સા પણ અમુક અંશે પૂર્વના કાળમાં પણ થતી હતી. 'હોમર'ના લેખ ઉપરથી ગ્રીસમાં પણ શસ્ત્રવિદ્યાની જાણે ઝાંખી જ થતી હોય, એમ લાગતું હતું, તોપણ ભારતીય વૈદ્યકવિજ્ઞાનને વિદેશોમાં પહોંચાડનાર પાથાગોરસ આદિ પાશ્ચાત્ય વિદ્વાનોએ જેમ ગ્રીક દેશમાં કાયચિકિત્સાને સૌ પહેલાં સ્થાપી હતી, તેમ વૈજ્ઞાનિક શસ્ત્રચિકિત્સા પણ પ્રથમ શરૂ કરી હતી. પણ એ શસ્ત્રવિજ્ઞાન તો કાયચિકિત્સાના વિજ્ઞાનના ઉદયની પછી અમુક સમયના અંતરે જ ગ્રીક દેશમાં પ્રખ્યાત થયું હતું એમ જણાય છે. મિશ્ર દેશમાં ત્રીજી શતાબ્દીમાં વિજ્ઞાન સહિત શસ્ત્રવિદ્યા મોજૂદ હતી; એ અભૂતપૂર્વ શસ્ત્રવિદ્યાને ગ્રીક દેશે ઈસવી સન પૂર્વે પહેલી શતાબ્દીમાં મિશ્ર દેશ પાસેથી મેળવી હતી, એવો ઉલ્લેખ મળે છે. હિપોક્રિટ્સના લેખ ઉપરથી પણ તે કાળે તેને પોતાને જ શરીરની શિરાઓ, ધમનીઓ, હાડકાં વગેરે શારીરક જ્ઞાન સંપૂર્ણ ન હતું, એમ જણાય છે. જી. એન. બેનર્જી નામે વિદ્વાન પણ એમ જ માને છે. હિપોક્રિટ્સને વ્યાયામથી મળતા શારીરિક આદિ બાહ્યજ્ઞાન સિવાય આંતરશારીરજ્ઞાન વિશેષે કરી ન હતું, એમ લિટરે પોતાનો જે મત દર્શાવ્યો છે, તે સંબંધે 'ગ્રોટસ' નામના વિદ્વાન પણ એ જ અભિપ્રાય દર્શાવે છે. હિપોક્રિટ્સના ગ્રંથમાં અમુક અંશે જ શારીરિક જ્ઞાન જોવામાં આવે છે અને તે પણ મિશ્ર દેશમાંથી તેને પ્રાપ્ત થયું હતું. વળી ગ્રીસ દેશમાં માણસનાં હાડકાં, ધમનીઓ વગેરેના વિષયનું જ્ઞાન દર્શાવતો પૂર્વકાળનો કોઈ ખાસ લેખ મળતો નથી, એમ 'ફ્રાયસ' પણ કહે છે. સુશ્રુતના જેવો પ્રાચીન શારીરિક ગ્રંથ પહેલાં ગ્રીસ દેશમાં ન હતો, એમ બેનર્જી પણ જણાવે છે.

શસ્ત્રવિદ્યા પ્રથમ ભારતમાં કાશી વગેરે પૂર્વના દેશમાં ચાલુ થઈ હતી, તેથી ભારતના પશ્ચિમ વિભાગમાં—તક્ષશિલા આદિ સ્થળે કાયચિકિત્સાનું જ વિજ્ઞાન પ્રથમ હયાત હતું, તેથી જ પાશ્ચાત્ય લોકો પોતાની નજીકના તક્ષશિલા આદિ

પશ્ચિમના પ્રદેશમાંથી કાયચિકિત્સાનું જ્ઞાન પોતાના દેશમાં લઈ ગયા હતા. તે પછી કાળક્રમે પૂર્વના દેશમાં પણ એ શસ્ત્રવિદ્યાનો પ્રસાર, સંપર્ક તથા પરિચય વગેરે થયો હતો તે વખતે ત્યાંના શસ્ત્રવિજ્ઞાનને પણ પશ્ચિમના લોકો પોતાના દેશમાં પાછળથી લઈ ગયા હતા, એવો કોઈક વિદ્વાનનો મત છે; પરંતુ તે વિષે આ અનુસંધાન કરવા જેવું છે–શસ્ત્રવિદ્યાનો સંપ્રદાય કાશીરાજ દિવોદાસે સ્થાપ્યો હતો, તે કારણે એ સંપ્રદાય મુખ્યત્વે કાશી દેશનો જ જાણવામાં આવ્યો છે, તોપણ આત્રેય, ભેડ, કશ્યપ આદિએ પણ 'धान्वन्तराः'–ધન્વન્તરિસંપ્રદાયના વિદ્વાનો તે શસ્ત્રવિદ્યાને જાણનારા છે, એવો બહુવચનાન્ત શબ્દવિશેષનો પ્રયોગ કરી એ શસ્ત્રવૈદ્યકને પણ એક જુદી વૈદ્યકીય પદ્ધતિરૂપે દર્શાવેલ છે; અને પોતપોતાના ઉપદેશો કાયચિકિત્સાપ્રધાન છે; તેમાં પણ શસ્ત્રચિકિત્સા સંબંધી કેટલાક વિષયોનું તેઓએ સૂચન કર્યું છે, તે ઉપરથી આત્રેય આદિ પૂર્વાચાર્યોએ કાયચિકિત્સાના વિજ્ઞાન દ્વારા પશ્ચિમના પ્રદેશને જે ઉજ્જ્વલ કર્યો હતો, તેમાં શસ્ત્રવિદ્યાનું વિજ્ઞાન પ્રચાર પામ્યું હતું અને તે સંપ્રદાયના વૈદ્યો પણ ઘણા થયા હતા એમ જણાય છે; જીવક વૈદ્ય તક્ષશિલામાં અધ્યયન કરીને ઉત્તમ પ્રકારની વિદ્યા પામ્યો હતો; તથા તે એક ઉચ્ચ કક્ષાનો શસ્ત્રવૈદ્ય હતો, એવો 'મહાવગ્ગ' નામના બૌદ્ધ ગ્રંથોમાં ઉલ્લેખ છે, તે ઉપરથી એ જીવક વૈદ્યનું શસ્ત્રચિકિત્સાવિજ્ઞાન ઘણું જ ઉત્કૃષ્ટ હતું, એમ સ્પષ્ટ થાય છે. સુશ્રુતસંહિતામાં દિવોદાસના શિષ્ય તરીકે દર્શાવેલા સુશ્રુતના સહાધ્યાયીઓ જુદા જુદા દેશના હતા. તેઓમાં શલ્યના વિષયમાં ઉત્તમ તંત્રકર્તા તરીકે ચાર આચાર્યોનો નિર્દેશ કરવામાં આવ્યો છે; (જેમ કે औपधेनव-मौरभ्रं सौश्रुतं पौष्कलावतम्। शेषाणां शल्यतन्त्राणां मूलान्येतानि निर्दिशेत् ॥ ઉપધેનુ નામના આચાર્યે રચેલું એક 'औपेधेनव' શલ્યતંત્ર, બીજું 'ઔરભ્ર' નામના આચાર્યે રચેલું 'औरभ्र' નામનું શલ્યતંત્ર, ત્રીજું સૌશ્રુતે રચેલું 'सौश्रुत' નામનું શલ્યતંત્ર અને ચોથું 'पुष्कलावत' નામના આચાર્યે રચેલું 'પૌષ્કલાવત' નામનું શલ્યતંત્ર.) 'પુષ્કલાવત'ના રચયિતા આચાર્ય પ્રાચીન ગાંધાર દેશના રાજા હતા. તેમનો વંશવાટ કુલપરંપરાનો હતો, અને તે જ એ 'पुष्कलावत' નામે રાજા હોવા જોઈએ; એમનો સંપ્રદાય પણ તક્ષશિલાની આસપાસ પ્રચલિત થયેલો હોવો જોઈએ. 'औपधव' નામના આચાર્ય પણ પશ્ચિમ પ્રદેશના હોવા જોઈએ; અને બાહ્લીક દેશના વૈદ્ય કાંકાયનની પેઠે 'औरभ्र' અથવા 'ઉરભ્ર' આચાર્ય પણ આધુનિક ભારત બહારના હોઈને પશ્ચિમ તથા ઉત્તરની વચ્ચેના દેશના હોવા જોઈએ. એમ જોતાં તક્ષશિલા, ગાંધાર આદિની નજીકનો પ્રદેશ સુશ્રુત સંપ્રદાયના ફેલાવાથી રહિત હતો, તોપણ તક્ષશિલા તથા ગાંધાર વગેરેની આસપાસનો પ્રદેશ પશ્ચિમ દેશોમાં પ્રસિદ્ધિ પામેલા તરીકે જુદા જુદા આચાર્યોના સંપ્રદાયોના ઉલ્લેખને લીધે શસ્ત્રવિદ્યાના વિજ્ઞાનથી તે સમૃદ્ધ થયો હતો, એમ જણાય છે.

જીવક વૈદ્યે જે સમયે તક્ષશિલામાં અધ્યયન કર્યું હતું, તે કાળે પણ તેના ગુરુએ (એક માણસની) ખોપરીનું ઑપરેશન કર્યું હતું, આથી જીવકની દૃષ્ટિ વધુ કુશળ બની હતી, એમ જાતક ગ્રંથમાંથી જાણવા મળે છે; તેમ જ તક્ષશિલામાં અભ્યાસ પૂરો કર્યા બાદ પણ જીવકે પોતે એક પ્રસિદ્ધ માણસની ખોપરીનું ઑપરેશન કર્યું હતું, એમ 'મહાવગ્ગ' ગ્રંથમાંથી જાણવા મળે છે. તે ઉપરથી તક્ષશિલામાં પણ હાંસડીની ઉપરના વિભાગોમાં શસ્ત્રકર્મ દ્વારા ચિકિત્સા કરવાનું વિજ્ઞાન પણ પ્રચાર પામ્યું હતું, એમ કહી શકાય છે.

'એલેકઝાન્ડર' રાજા ઈસવી સન પૂર્વે ૩૨૭માં ભારતમાં આવ્યો હતો અને ભારતમાંથી પાછા ફર્યા બાદ પોતાના દેશ ગ્રીકમાં તેનું મરણ થયું હતું, તે પછી ઈસવીસન પૂર્વે ૩૦૪ મા વર્ષમાં મિશ્ર દેશની અંદર 'એલેકઝાંડ્રિયા'માં જે સંગ્રહાલયનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું, તેમાં 'હીરો ફિલ્સ' અને 'એરાસિસ્ટ્રટસ' નામના બે વિદ્વાનોએ શારીરિકજ્ઞાન સંબંધી લેખોનું જે સ્થાપન કર્યું હતું, તે બીજી શતાબ્દીમાં થયેલા 'ગ્યાલન' નામના ગ્રીક વિદ્વાને શોધ કર્યા છતાં એ ગ્યાલને મિશ્ર દેશમાંથી જ

શારીરવિજ્ઞાન મેળવ્યું હતું, તેથી બીજા વિષયોનું અનુસંધાન રાખ્યા સિવાય મિશ્ર દેશમાં ત્રીજી શતાબ્દીથી માંડીને શારીરિકનું તથા શસ્ત્રવિદ્યાનું તેમને વિશેષ જ્ઞાન થયું હતું. વળી ગ્રીસ દેશનાં, મિશ્ર દેશનાં શલ્યવૈદ્યકસંબંધી શસ્ત્રોમાં પણ ભારતીય શલ્યવૈદ્યક શસ્ત્રોની સમાનતા પણ મળે છે; ગ્રીક વૈદ્યકનાં શસ્ત્રો સુશ્રુતમાં કહેલાં શસ્ત્રોના જેવાં જ છે, એવો વિદ્વાનોનો ઉલ્લેખ છે. અને આજે પણ જે સમાનતા દેખાય છે તે પણ ભારતીય શસ્ત્રવૈદ્યકનો અમુક અંશોથી વિદેશો પર જે પ્રભાવ પડ્યો હતો, તેનું દર્શન કરાવે છે.

ભારત દેશમાં અનેક પ્રકારની વિદ્યાઓ સંપૂર્ણ રીતે વિદ્યમાન છે અને વિશેષે કરી બીજી વિદ્યાઓ કરતાં શલ્યવૈદ્યકીય વિભાગની વિદ્યા તેમ જ કાયચિકિત્સા વિભાગનું તથા ભૈષજ્યવિજ્ઞાનનું ગૌરવપણું તક્ષશિલા આદિ પ્રદેશોમાં અતિશય પ્રાચીન હતું, તેને નજરે જોયા પછી તેના ગુણોના ગૌરવ દ્વારા પોતાના દેશને ઉન્નત કરવા માટે ગ્રીસના મહાન રાજા એલેકઝાન્ડરે પ્રયત્ન કરવા માંડ્યો હતો; તેમ જ એ રાજાએ ગાંધાર દેશના આચાર્ય પૌષ્કલાવતનો તથા સુશ્રુતનો પણ સંપ્રદાય તક્ષશિલા, પુષ્કલાવત અને ગાંધાર આદિ દેશોમાં ઘણો વૃદ્ધિ પામ્યો હતો; તેમ જ વૈજ્ઞાનિક શસ્ત્રવિદ્યા પણ તે તે દેશોમાં ખૂબ વધી હતી તેનો પણ વિશેષે કરી ખૂબ આદરસત્કાર અને સ્વીકાર કર્યો હતો. ઉપરાંત એ એલેકઝાન્ડર રાજા ભારતીય વૈદ્યોને પોતાની છાવણીમાં સાથે જ રાખતો હતો તથા પોતાના દેશમાં પણ સાથે જ લઈ ગયો હતો એવું જે વૃત્તાંત મળે છે તે પણ ભારતીય વૈદ્યકજ્ઞાનને ગૌરવાન્વિત કરે છે. વળી વિષયોથી વિરાગ પામી વાનપ્રસ્થવૃત્તિ જેણે સ્વીકારી હતી એવા આધ્યાત્મિક વિદ્વાન 'કલ્યાણ' તેમ જ તક્ષશિલાના રાજાની પ્રેરણા તથા સહાયને સ્વીકારીને એલેકઝાન્ડર રાજા પોતાના દેશમાં વિદ્યાનું ગૌરવ સ્થાપવા માટે તેને સાથે લઈ ગયો હતો. લેખોમાં ઉપયોગી થઈ પડે એવા અનેક શસ્ત્રવૈદ્યોને તથા ઘણા કાયચિકિત્સક વૈદ્યોને પણ તે પોતાના દેશમાં લઈ ગયો હોવો જોઈએ. એલેકઝાન્ડરના ઇતિહાસમાં પણ એ બાબત જાણવા મળે છે કે ઈ. સ. પૂર્વે ૩૨૭ માં એલેકઝાન્ડર ભારતમાં આવ્યો હતો. પાછો ફર્યા બાદ તે મરણ પામ્યો હતો, ત્યારે તેની યાદગીરીમાં ઉઘાડવામાં આવેલી એલેકઝાંડ્રિયા નામક સંસ્થામાં પણ વૈજ્ઞાનિક શસ્ત્રવૈદ્યકની ઉન્નત્તિ થયેલી જોવામાં આવે છે તે જ ભારતીય વૈદ્યકવિજ્ઞાનની ગુણવત્તા તથા પ્રભાવની ખાતરી કરાવે છે.

ઇરાન દેશમાં મિશ્ર દેશના વૈદ્યોએ 'ઉરીયસ' પહેલાની ચિકિત્સા કરી હતી, તે ઉપરથી મિશ્ર દેશમાં ઇસવી સન પૂર્વે ત્રીજી શતાબ્દીની પહેલાં પણ શલ્યવૈદ્યક પ્રચલિત હતું, એમ જણાય છે; પરંતુ એ દેશમાં તે ભારતીય વૈદ્યો સફળ થયા ન હતા. ત્યાં તેઓની જે હાલત બની હતી, તેને પણ તે કહે છે; વળી મિશ્રદેશમાં પૂર્વકાળમાં શારીરક વિજ્ઞાનનો કોઈ સંચાર નહોતો, પ્રચલિત હતું તે પણ ભારતીય વિજ્ઞાનથી પ્રભાવિત હતું.

ગ્રીસદેશમાં જે પ્રાચીન મૂર્તિઓ મળી છે, તેઓમાં માંસપેશીઓની રચના અડસટ્ટે થયેલી જણાય છે, તે ઉપરથી ત્યાં શારીરિક જ્ઞાન પહેલાંના સમયથી હતું, એવો તર્ક પણ કરી શકાતો નથી; કારણ કે ચિત્રમાં રહેલી મૂર્તિઓમાં માંસપેશીઓની રચના તો ભારતમાં તથા સુમેરિયા, બેબિલોનિયા આદિ પ્રદેશોમાં પ્રાચીન સમયથી મળે છે. ચિત્રની મૂર્તિઓમાં માંસપેશીઓની (વ્યવસ્થિત) રચનાની સુંદરતા કે બેડોળપણું હોય તે તો ચિત્રકારનું નૈપુણ્ય કે અનૈપુણ્યને જણાવે છે; વળી અંદરના શારીરિક અવયવોનું ઊંડું જ્ઞાન હોય તો જ ચિત્રકલામાં પણ ગુણસ્થાપન સંભવે છે; એ વિષે બે મત નથી; પરંતુ ચિત્રની રચના માત્ર જોવાથી અવયવોનું વિશેષજ્ઞાન કલ્પી શકાય તેમ નથી. શસ્ત્રવૈદ્યકમાં ઉપયોગી શારીરિક વિજ્ઞાન તો આભ્યંતરનું સૂક્ષ્મ જ્ઞાન હોઈ ઘણા વિષયોથી પુષ્ટ થયેલું છે. આજના સમયમાં પણ જે લોકો ચિત્રકલામાં નિષ્ણાત થયા હોય, તેઓ પણ અંદરના શારીરિક જ્ઞાન વગરના હોય છે; વળી જેઓ અંદરના શારીરિક જ્ઞાનથી પરિચિત હોય તેઓ રચનામાં નિપુણ હોતા નથી એમ પણ બને છે. શરીરનું બહારનું જ્ઞાન તથા અંદરનું વિજ્ઞાન ભિન્ન હોય છે,

તેથી બાહ્ય વિજ્ઞાનદર્શન, અંદરના વિજ્ઞાનને જણાવી દેવા સમર્થ થતું નથી.

મિલાંડર નામે એક ગ્રીક વિદ્વાન અયોધ્યા સુધીના ભારતદેશમાં આવ્યો હતો જેણે પાછળથી બૌદ્ધધર્મ સ્વીકાર્યો હતો પાલીભાષાના 'મિલિન્દ-પ્રશ્ન' નામક ગ્રંથમાં તેને જે ઉપદેશ આપ્યો છે, તેમાં 'ધન્વંતરિ' આદિનો ઉલ્લેખ કર્યો જ છે; જે માણસ બાણથી વીંધાયો હોય તેના વ્રણમાં માંસનો વિકાર તથા ત્રણે દોષોની વૃદ્ધિ થતાં જ્વર આદિની ઉત્પત્તિ થાય ત્યારે વ્રણને શસ્ત્રથી ખોતરી કાઢી ક્ષાર આદિથી તેને સાફ કરી તેની ઉપર લેપ લગાડી સોજો ઉતારી નાખી શસ્ત્રચિકિત્સકો જે ઉપચાર કરે છે, તેમાં કોઈ જાતનું પાપ લાગતું નથી, પણ લોકોનો ઉપકાર થાય છે, એવાં દૃષ્ટાંતો દ્વારા વ્રણોનો ઉપચાર કરવામાં, શસ્ત્રક્રિયા કરવામાં તથા વ્રણ ઉપર બંધન બાંધવા માટેના સૂક્ષ્મ વિશેષો અને વિરેચનો, રોગોની ઉત્પત્તિનાં નિદાનો તથા ઔષધોના પ્રયોગો વગેરે વૈદ્યકવિષયોના ઉલ્લેખો પણ તેમાં જણાવ્યા છે.

ઈસવી સન પૂર્વે છસો વર્ષો પહેલાં પણ ભારતીય ભૈષજ્યવિદ્યા ઘણી ઉન્નતિ પામેલી હતી. તેમાં શસ્ત્રચિકિત્સા, હાડકાં વગેરે શારીરિક જ્ઞાન સંબંધી નૈપુણ્ય પણ હતું; ભારતીય પ્રાચીન વૈદ્યક ગ્રંથોમાં પણ શારીરિક વિજ્ઞાનનું વિશેષ વિવરણ જોવા મળે છે. 'હિપોક્રિટ્સ'ના સંપ્રદાયમાં મુડદાને છેદવાની ક્રિયાનું વિવરણ જણાતું નથી; 'ટેરીયસ' નામનો ગ્રીસ વિદ્વાન ભારતમાં આવ્યો હતો તે ઉપરથી ગ્રીસ દેશના શારીરિક વિજ્ઞાનનું મૂળ ભારતીય શારીરિક વિજ્ઞાન જ છે, એ બાબતમાં કોઈથી પણ ના પાડી શકાય તેમ નથી.

પ્રાચીન મિશ્રદેશમાં પણ ભારતીય વૈદ્યક-વિજ્ઞાન જ હતું

ગ્રીસદેશના પ્રાચીન વિદ્વાનો તથા બીજા ઘણા વિદ્વાનોના લેખોનું અનુસંધાન કરવાથી ગ્રીક દેશના વૈદ્યકનું મૂળ મુખ્યરૂપે મિશ્રદેશના વૈદ્યકવિજ્ઞાનમાં રહેલું જણાય છે. ગ્રીસદેશમાં વૈજ્ઞાનિક વૈદ્યકના ઉદય પહેલાં જ મિશ્રદેશમાં વૈજ્ઞાનિક વૈદ્યક પ્રતિષ્ઠા પામ્યું હતું, એમ જાણવા મળે છે. વળી તે તે દેશનું સામીપ્ય આ સૂચવે છે; તે ઉપરથી મિશ્રદેશનાં ભૈષજ્યવિજ્ઞાનનાં બીજોમાંથી પણ ગ્રીસદેશમાં તેના નવા અંકુરો ઉદય પામ્યા હોય એમ જણાય છે. મિશ્રદેશમાં જે ભૈષજ્યવિજ્ઞાન હતું અને હાલ છે, તેમાં બીજા દેશનાં વિજ્ઞાને જ પાછળથી પ્રાણ પૂર્યા હોય અથવા તો પોતાના બળથી જ પ્રતિષ્ઠાને પામ્યું હોય તે સંભવે છે.

ઈસવી સન ૩૨૭માં એલેકઝાન્ડ્રિયામાં ભૈષજ્ય-વિજ્ઞાન વિશેષ ઉદય પામ્યું હતું તેમાં ભારતીય વિજ્ઞાનનો પ્રભાવ સંભવિત લાગે છે, તે કારણે એ સમયથી લઈને પણ મિશ્રદેશમાં ભારતીય ભૈષજ્ય-વિજ્ઞાનનું અનુસરણ થયેલું હોય એમ જ કહેવું યોગ્ય લાગે છે. અશોકના શિલાલેખમાં પણ મિશ્રદેશના અધિપતિ તરીકે 'તુરમય' નામના રાજાનો નિર્દેશ કર્યો છે. અને એ જ રાજાએ એલેકઝાંડ્રિયાના પ્રસિદ્ધ પુસ્તકાલયનું સ્થાપન કર્યું હતું. વળી તે પુસ્તકાલય-નો કાર્યાધ્યક્ષ ભારતીય ગ્રંથોનો અનુવાદ કરવા માટે અતિશય ઉત્સુક રહેતો હતો, એમ એપિફેનિસ નામના વિદ્વાને વર્ણવ્યું છે. વળી ભાંડારકરકૃત 'અશોક' નામના પુસ્તકમાં પણ આ વર્ણન જોવામાં આવે છે. ઈસવી સન ૪૭૯ માં સમયમાં ઈરાન તથા ગ્રીસ દેશનું 'પ્લેટિયા'ની રણભૂમિ પર જે યુદ્ધ થયું હતું તેમાં ગ્રીસ યોદ્ધાઓની સાથે ભારતીય સેનાનું પણ યુદ્ધ જામ્યું હતું. તેનું અનુસંધાન જોતાં ઈરાન સાથે ભારત દેશનો મૈત્રીસંબંધ ઘણો મજબૂત હતો, એમ સ્પષ્ટ જણાય છે. ગ્રીસ ભારતને બરાબર જાણતો હતો અને ભારત ગ્રીસને પણ અવશ્ય જાણતો જ હોવો જોઈએ, તે ઉપરથી ગ્રીસને તથા ભારતને હિપોક્રિટ્સની પહેલાં પણ પરસ્પર પરિચય હતો એ સાબિત થાય છે. એ યુદ્ધમાં ભારતના લોકોની જેમ મિશ્રદેશના લોકો પણ સાથે હતા, એ કારણે મિશ્ર તથા ભારત દેશનો પણ પરસ્પર પરિચય સંભવે છે. વળી યુદ્ધ કરવાની ઇચ્છાથી પારકા દેશ પર ચડાઈ કરવા માટે ભારતીય સેના જ્યારે તે સમયે જતી હશે, તે વેળા એ સેનાની સાથે મહાભારતમાં દર્શાવેલ કૌટિલીય ચાણક્યના લેખ અનુસાર ભારતીય વૈદ્યો પણ અવશ્ય હોવા જ જોઈએ. તે કાળે કેવળ ગ્રીસ દેશે જ નહિ, પણ વિશેષે કરી સાથે જોડાયેલા

મિશ્રલોકોની સાથે પણ ભારતીય વૈદ્યોને પરિચય થયો હશે, એવું અનુમાન કરી શકાય છે.

મિશ્ર-મિસર દેશનું પ્રાચીન ભૈષજ્યવિજ્ઞાન કેવા સ્વરૂપનું હતું ? એ જાણવા માટે ઍબિરસ તથા પેપિરસ નામનાં તાડપત્રોને પ્રાચીન ભૈષજ્ય-વિજ્ઞાનનાં ચિહ્નરૂપે મેળવવામાં આવ્યાં છે; તે તાડપત્રોમાં 'કાહુન પેપિરસ'નો સમય લગભગ ઈસવી સન પૂર્વે ૧૮૫૦ નો જણાય છે; 'ઍડવિન સ્મિથે' મેળવેલા તાડપત્રોનો સમય લગભગ ઈસવી સન ૧૬૦૦ નો જણાય છે અને ઍબિરસ તથા પેપિરસ નો સમય લગભગ ઈસવી સન એક હજાર વર્ષ પહેલાંનો જણાય છે; પરંતુ એ સર્વમાં સમય વિષે જે નિર્દેશ કર્યો છે તે સંબંધે વિદ્વાનોનો મતભેદ હોવાથી સમયમાં થોડું ઘણું ઓછા-વધતાપણું સંભવે છે. તેમાંના કાહુન પેપિરસ પત્રમાં વિરેચનાદિ વિષય છે; ઍડવિન સ્મિથે મેળવેલા તાડપત્રોમાં શલ્ય સાથે સંબંધ ધરાવતા ૪૮ વિષયો છે; રોગોનું પૂર્ણ જ્ઞાન, તેઓના ઉપાયો, વ્યવહારમાં પ્રચલિત ઔષધો અને રોગોની ચિકિત્સાપદ્ધતિ પણ બતાવી છે; અને ઍબિરસ-પેપિરસના પત્રમાં સર્પદંશથી માંડી ક્ષય સુધીના ૧૭૦ રોગો અથવા મતભેદની દૃષ્ટિએ ૭૦૦ રોગો દર્શાવ્યા છે, એમ વિવેચકો વર્ણવે છે. વળી એ સિવાય કેટલાક રોગોના પ્રતીકારોની વ્યવસ્થા જણાવતા પત્રો પણ મળેલા છે. તેઓમાં ગરોળીનું લોહી, સૂવરના કાન, દાંત, માંસ તથા મેદનું વર્ણન, કાચબાના મસ્તિષ્કનું વર્ણન, સૂઈ ગયેલી સ્ત્રીના ધાવણના ગુણદોષ, બ્રહ્મચારિણી સ્ત્રીના મૂત્રના ગુણો અને મનુષ્ય, ગધેડા, કૂતરા, સિંહો, બિલાડા તથા ચૂક નામના ક્રીડાના વાર્થના ગુણદોષ વગેરે બતાવી તેઓનો ઔષધો-રૂપે ઉપયોગ બતાવેલ છે. વળી તેમાંનાં કેટલાક પત્રોમાં મંત્રોને લગતી પદ્ધતિ બતાવી છે. આ ઉપરથી જણાય છે કે તે પ્રાચીન મિશ્રદેશીય લોકો ઘણું ખરું માંત્રિક પ્રયોગો પર વિશ્વાસ ધરાવતા હતા. વળી ત્યાં મિશ્ર દેશમાં બારમા વંશના રાજાની રાણીએ દાટેલ એક મુડદાની સાથે 'ચષક' નામના યજ્ઞ સંબંધી પત્રો, નાની દર્વી-કડછીઓ, સૂકાં ઔષધો અને મૂળિયાં પણ મળ્યાં હતાં એમ પણ 'વિલ ડુરાન્ટ' નામના વિદ્વાન જણાવે છે; આવાં જે જે પત્રો વગેરે મળેલાં હતાં તે ઉપરથી મિશ્ર દેશમાં પહેલાના સમયમાં પણ ભૈષજ્યપ્રવૃત્તિ અથવા વૈદ્યકવિજ્ઞાન અસ્તિત્વમાં હતું. વળી એ મિશ્ર દેશમાં ભૈષજ્યવિદ્યા સંબંધી લેખો ત્વક્પત્ર-તાડપત્રોરૂપે મંદિરોમાં સ્થાપવામાં આવતા હતા અને રાજકુળમાં પણ માંત્રિક તથા ભૈષજ્ય-વૈદ્યક-પદ્ધતિ ચાલુ હોઈ તેની પ્રતિષ્ઠા પણ હતી. ઘણા લોકો કહે છે કે, ઍબિરસ-પેપિરસ નામના પત્રમાં મનુષ્યોને અને દેવોને આરોગ્ય આપનાર તરીકે 'રા' નામના દેવતાનો ઉલ્લેખ છે, જેમ ભારતમાં 'સૂર્ય' દેવ તરીકે પૂજ્ય છે, તેમ મિશ્ર દેશમાં 'રા' નામના 'દેવ' કે 'દેવી' પૂજ્ય છે.

'અસિરિયા' તથા 'બેબિલોનિયા'માં પણ પહેલાં ભૈષજ્યજ્ઞાન હતું

'અસિરિયા' તથા 'બેબિલોનિયા'ના પ્રદેશમાં પણ પ્રાચીન ભૈષજ્ય અથવા વૈદ્યક સંબંધી વિષયો મળી આવે છે. 'બેબિલોનિયા'નો પ્રાચીન રાજા-'હેમૂર્વન' નામે ઈસવી સન પૂર્વે ૧૦૦ માં અથવા બીજા મત પ્રમાણે ઈસવી સન પૂર્વે ૨૫૦૦ માં થયો હતો; તેના સમયના તેર લેખો મળી આવ્યા હતા. એ લેખોમાં જે વૈદ્યો પોતાના ઉત્તમ અભિપ્રાયથી વ્રણ આદિની ચિકિત્સા કરે તેઓને ઇનામ તરીકે આપવાના દ્રવ્યનું તથા શસ્ત્રચિકિત્સામાં જે વૈદ્યો કંઈ વિપરીત કરે તો તેઓને જે શિક્ષા કરવી જોઈએ તે બાબતોનું વર્ણન કરેલું છે. જે વૈદ્યો મિથ્યા ઉપચાર અથવા ખોટી ચિકિત્સા કરે, તેઓને જે શિક્ષા કરવી જોઈએ, તે બાબત આપણા મનુ વગેરે સ્મૃતિકારોએ પણ દર્શાવી છે. (જેમ કે મનુસ્મૃતિમાં ૯મા અધ્યાયના ૨૮ મા શ્લોકમાં કહ્યું છે કે-'चिकित्सकानां सर्वेषां मिथ्याप्रचरतां दमः। अमानुषेषु प्रथमो मानुषेषु तु मध्यमः॥-જે વૈદ્યો ખોટી ચિકિત્સા કરતા હોય, તેઓને શિક્ષા થવી જ જોઈએ; જો તેઓએ મનુષ્યજાતિ સિવાય-પશુ વગેરેની ખોટી ચિકિત્સા કરી હોય તો તેઓને પ્રથમ દંડ-પહેલા પ્રકારની સામાન્ય શિક્ષા કરવી અને તેવા વૈદ્યોએ જો કોઈ મનુષ્યની ખોટી ચિકિત્સા કરી હોય તો તેઓને મધ્યમ દંડ એટલે કે બીજા પ્રકારની શિક્ષા કરવી જોઈએ,' આ જ

પ્રમાણે યાજ્ઞવલ્ક્યસ્મૃતિમાં પણ બીજા અધ્યાયના ૨૪૨ મા શ્લોકમાં આમ જણાવ્યું છે કે–'મિષક્ મિથ્યાચરન્ દણ્ડ્યસ્તિર્યક્ષુ પ્રથમં દમમ્। માનુષે મધ્યમં રાજપુરુષેષૂત્તમં દમમ્ ॥–જે વૈદ્ય ખોટી ચિકિત્સા કરે તેને અવશ્ય શિક્ષા કરવી જ જોઈએ. એ વૈદ્યે પશુ–પક્ષીમાં ખોટી ચિકિત્સા કરી હોય તો પહેલી સામાન્ય શિક્ષા તેને કરવી; પણ કોઈ મનુષ્યમાં ખોટી ચિકિત્સા કરી હોય તો તેને મધ્યમ–બીજા પ્રકારની શિક્ષા કરવી અને જો કોઈ રાજપુરુષ કે રાજાના અધિકારીઓ વિષે ખોટી ચિકિત્સા કરી હોય તો ઉત્તમ એટલે છેલ્લામાં છેલ્લી મોટી શિક્ષા કરવી જોઈએ.) 'હેમૂર્વન' રાજાના સમયનું પૂર્ણ વર્ણન મળવાથી તેના સમયની સાચી પરિસ્થિતિ બરાબર જાણી શકાતી નથી; પરંતુ ત્યાર પછી અસુરવનિપાલ રાજાના સમયમાં ભૈષજ્યવિદ્યા વિષે વિશેષ જાણવા મળે છે; જેમ કે એ રાજાએ પહેલાંના સમયથી ચાલુ રહેલ માંત્રિક ઉપચારનાં ઉપયોગિતા ઓછી કરાવી હતી; પરંતુ તેના સમયમાં પણ મંત્ર દ્વારા કરાતા રોગોના ઉપચારો ચાલુ રહ્યા હતા. મિશ્રમાં ભૈષજ્યજ્ઞાનનો થયેલો પ્રસાર બેબિલોનિયાને આભારી છે, એમ કેટલાક વિદ્વાનો કહે છે.

મિશ્ર, બેબિલોનિયા, ઈરાન તથા ચીનમાં ભારતીય શબ્દોની સમાનતા

મિશ્ર, બેબિલોનિયા, એસિરિયા, ચાલ્ડિયા તથા સુમેરિયા આદિ પ્રાચીન દેશોની સભ્યતાનું વિહંગાવલોકન કરતાં તેમાં ભારતીય શબ્દોની છાપ જોવા મળે છે; તેમ જ ભારતીય વિષયોના ઉલ્લેખો પણ તે તે દેશોનાં પ્રાચીન સ્થાનો વિષે મળી આવે છે. ઇક્ષ્વાકુ વગેરે પ્રાચીન ભારતીય રાજાઓનાં નામો જેવાં નામો પણ સુમેરિયા વગેરે પ્રદેશોના રાજાઓનાં મળી આવે છે; તે ભારત તથા તેની સભ્યતાની સમાનતાનો સંબંધ દર્શાવે છે. અમુક કેટલાક અંશોમાં વૈદ્યક સંબંધી કોષ્ટક શબ્દો તથા અમુક ખાસ વિષયો વગેરેમાં પણ સમાનતા છે એવું ઉપોદ્ઘાતમાં દર્શાવ્યું છે. વળી ભારતના અમુક અમુક શબ્દો સાથે જે સમાનતા મળે છે, તે આ કોષ્ટક ઉપરથી જાણી શકાશે :

ભારતમાં	મિશ્રમાં	ભારતમાં	બેબિલોનિયામાં
સૂર્ય (હરિ)	હોરસ	અહિ	ઈ
ઈશ્વર	ઓસિરીસ	સત્યવ્રત	હસિસદ્
ઈશ્વરી	ઈસિસ્	અહિહન્	ઈહન્
શિવ	સેવ	દહન	દગાનુ
શક્તિ	સેખેત	ચન્દ્ર	સિન
પ્રકૃતિ	પસ્ત	વાયુ	વિન
શ્વેત	સેત	મરુત્	મતુ, મર્તુ
માતૃ	મેતેર	દિનેશ	દિયાનિસુ
સૂર્યવંશી	સૂરિયસ	માર્દિક	મર્દૂક
ક્ષત્રિય	ખેત	અપ્	અપ્સુ
અત્રિ	અત્તિસ્	તમસ્	ત્વામત
મિત્ર	મિશ્ર	પુરોહિત	પટેસિસ
શરદ્	સરદી	શ્રેષ્ઠિ	સેઠ
રવિ	રા	તૈમાત	તિયામત્

વળી ભારતમાં જેમ શિવલિંગપૂજા તથા ધર્મ અને બળદ તરફ આદરભાવ જોવામાં આવે છે, તેમ બેબિલોનિયામાં પણ પૃથ્વીની પૂજા વગેરે ઘણા પ્રકારની સમાનતા જણાય છે.

ઈરાનના લોકોનો પ્રાચીન મૂળગ્રંથ 'જેન્દાવસ્તા' ચાર ભાગોમાં છે. તેમાંનો એક 'વેન્દિદાદ' નામનો વિભાગ છે; તેનાં પ્રકરણોમાં ભૈષજ્યવૈદ્યક સંબંધી વિષયો છે. તેમાં જણાવ્યા પ્રમાણે સામાવંશમાં ઉત્પન્ન થયેલા 'થ્રિત' નામનો વૈદ્ય સૌ પ્રથમ હતો. તેણે લોકોના રોગ મટાડવા માટે 'અહુરોમજ્દા' નામના દેવની સારી રીતે પ્રાર્થના કરી હતી; તેથી તેણે ચંદ્ર સમાન નિર્મળ, શીતળ અને બળદાતા દશ હજાર ઔષધિઓ મેળવી હતી. તે વૈદ્યની માન્યતામાં પણ વનસ્પતિઓનો રાજા 'હઓમ–સોમ' હતો; વળી તે 'થ્રિત' વૈદ્યે 'ક્ષપ્રવૈર્ય' તથા 'સહસ્રવર' એ બંનેની પાસેથી રોગોને દૂર કરનારા ઉપાયો જાણી લીધા હતા અને પછી શસ્ત્રચિકિત્સાનું વિજ્ઞાન મેળવીને જ્વર–તાવ, કાસ–ઉધરસ, શિરોરોગ તથા ક્ષય વગેરે રોગોને મટાડ્યા હતા, એવા ઐતિહાસિક વૃત્તાંતો, તે તે રોગોના વિશેષ ઉપચારો વગેરે અને વૈદ્યોએ ઇન્દ્રિયોના જ્ઞાનયુક્ત, ઔષધોના જ્ઞાનયુક્ત તથા ઔષધોની રચનાના જ્ઞાનયુક્ત, સારા સ્વભાવ-

વાળા અને રોગીઓને પ્રસન્ન રાખનાર થવું જોઈએ, વગેરે પ્રકારની શિખામણો પણ તે 'વેન્દિદા' નામના ગ્રંથમાં મળે છે. વળી 'ઝેન્દ' ભાષાની અવસ્થામાં તથા વૈદિક સાહિત્યની આલોચના કરતાં તેમાંના દેવતાઓ સંબંધી તથા વૈદિક દેવતાઓ સંબંધી શબ્દોની સમાનતા મળે છે; એમ કેવળ તેઓની દેવતાના વિષયમાં સમાનતા દેખાય છે; એટલું જ નહિ, પણ તેઓની ગાથાઓનો અનુવાદ જોતાં તેમાં સંસ્કૃત શબ્દોની સમાનતા પણ ઘણી ભાળે છે, એમ વર્ણવવામાં આવે છે. વળી પ્રાચીન ભારતના સંપ્રદાયની પેઠે અગ્નિની ઉપાસના, હોમ, ઇષ્ટિ, યાગ વગેરેને લગતા વિષયો પણ તે ગ્રંથવિભાગમાં છે, તેમ જ 'હઓમ' શબ્દના પર્યાય 'સોમની પ્રશંસા' અને તે સોમની ઔષધિઓના રાજા તરીકે તેમ જ યાગ કરવાનો ઉપયોગ વગેરે વિષયો પણ તે ગ્રંથ-વિભાગમાં દેખાય છે.

'ઝેન્દ' ભાષામાં તથા સંસ્કૃત ભાષામાં નીચેના શબ્દોમાં સમાનતા જોવામાં આવે છે:

સંસ્કૃત	ઝેન્દ	સંસ્કૃત	ઝેન્દ
સરસ્વતી	હરહ્વયતી	અસુર	અહુર
સપ્તસિન્ધુ	હપ્તહિન્દુ	દેવ	દૈવ
સોમ	હઓમ	વિશ્વેદેવ	વિશ્યોદૈવ
નાસત્ય	નાહત્ય	નરાશંસ	નૈર્યોસંઘ
અર્યમન્	એર્યમન્	વાયુ	વયુ
વિવસ્વત્	વિવઙ્ઘ્વત્	વૃત્રહા	વેરેત્રઘ્ન
કાવ્યઉશનસ્	કવઉસ	દાનવ	દાનવ
અધ્વર્યુ	રથ્વી	ઇષ્ટિ	ઇશ્તિ
આહુતિ	આજૂ ઇતિ	હોતા	ઝઓતા
બર્હિઃ	વરેશ્મન્	આપ્રી	આફ્રી
ગાથા	ગાથા	પશુ	પશુ
અથર્વન્	અથ્રવન્	અહિ	અજિ
યજ્ઞ	યસ્ન	અપાંનપાત્	અપંનપાટ્

વેદમાં જેમ તેત્રીસ દેવતાઓ મુખ્ય ગણાય છે, તેમ 'અવસ્તા' ગ્રંથમાં પણ તેત્રીસ દેવતા-ઓ મુખ્ય ગણાય છે. એ બધું જોતાં પ્રાચીન ઈરાનનો તથા પ્રાચીન ભારતનો સંબંધ મિશ્ર, એસિરિયા તથા બેબિલોનિયા દેશોના કરતાં વધારે ગાઢ હતો એમ જણાય છે.

ચીન દેશમાં પણ પ્રાચીન ભૈષજ્ય-વૈદ્યકનો વિષય મળે છે, એમ પહેલાં આ ઉપોદ્ઘાતમાં જ દર્શાવવામાં આવ્યું છે. એ ચીન દેશના સર્વથી પ્રાચીન ભૈષજ્યગ્રંથ-વૈદ્યકનો સમય ઈ. સ. પૂર્વે ૨૫૬૭ વર્ષ વવામાં આવે છે. ચીન દેશમાં ભારતીય તથા બૌદ્ધધર્મના પ્રભાવનું પડવું, તે તે ધર્મનો પ્રચાર કરનારા ભારતીય લોકોનું ચીનમાં જવું, ભારતીય ગ્રંથોનો પણ તે ચીનમાં પૂર્વકાળથી માંડીને પ્રસાર, મહાભારત આદિ ભારતીય પ્રાચીન ગ્રંથોમાં ચીન દેશનું તથા ચિનાઈ વસ્ત્ર વગેરેનું વર્ણન. તંત્રગ્રંથોમાં પણ ચીન દેશના આચારનો નિર્દેશ અને કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ ચીન દેશથી આવેલી વસ્તુઓ પર અમુક શુલ્ક-દાણ લેવાની વ્યવસ્થાનો નિર્દેશ ઇત્યાદિ પરસ્પરના વ્યવહારો તથા સાધનો પણ મળી આવે છે. તે ઉપરથી વૈદિક સમયમાં તે ચીન દેશ કયા નામે ઓળખાતો હતો, તે જોકે જાણવામાં નથી, તોપણ તેનો ભારતની સાથે અને ભારતનો તે ચીન દેશ સાથે અવરજવર તથા વેપાર વગેરે સંબંધ પૂર્વકાળથી જ હતો, એમ સ્પષ્ટ થાય છે. કાશ્યપસંહિતામાં પણ ચીન દેશનો ઉલ્લેખ છે. ભારત અને ચીન-એ બંને દેશની વચ્ચેના માર્ગમાં 'કારાશર' નામનું એક સ્થાન છે. ત્યાં પ્રાચીન 'કૂચ' ભાષા ચાલુ છે. તે ભાષામાં પણ ભારતીય ઔષધવાચક અમુક અમુક શબ્દોની સમાનતા જોવા મળે છે.

પ્રાચીન ભારતનો બીજા દેશો સાથેનો સંબંધ

એસિરીયા, બેબિલોનિયા, મેસોપોટેમિયા, મિશ્ર આદિ દેશોમાં શાખા-ઉપશાખારૂપે પ્રાચીન વર્તમાન પાશ્ચાત્ય જાતિઓમાં તથા અમેરિકામાં રહેલ 'રેડ ઇન્ડિયન' વગેરે જાતિઓમાં ભારતીય ગ્રંથો વિષે તથા ભૂગર્ભમાં મળેલ વિષયો, આચારો તથા વ્યવહારો તથા આયુર્વેદીય ભૈષજ્ય-વિદ્યાની પણ ઓછાવધતીરૂપે તુલના જોવામાં આવે છે. જેમ અથર્વવેદમાં ભૂત આદિના વાદની પ્રક્રિયાથી તથા માંત્રિક પ્રક્રિયાથી મિશ્ર ભૈષજ્ય (વૈદ્યક) મળે છે, તેમ લગભગ એવા જ પ્રકારનો ભૈષજ્ય-સંપ્રદાય પ્રાચીન બધાયે દેશોમાં તથા ઘણી ખરી પ્રાચીન જાતિઓમાં મૂળગત રહેલો છે, એમ વિવેચકો વર્ણવે છે; છતાં આ રીતે આવાં

અસાધારણ પ્રમાણો કાકતાલીય ન્યાયથી પોતાની મેળે-આપોઆપ ઉપજવી કાઢવાં, એ ખરેખર યોગ્ય નથી. પ્રાચીન ભારતની તેમ જ બીજા પ્રાચીન દેશોની આવી સમાનતા લગભગ ઘણા અંશોમાં પરોક્ષ અથવા પરંપરાગત પરસ્પરના પરિચયને, સંબંધને તથા વ્યવહારને દર્શાવનારી છે.

પૂર્વકાળથી જ ભારતનો બીજા દેશોની સાથેનો સંબંધ અવશ્ય હતો, એમ અનેક વિદ્વાનોએ ઉલ્લેખ કર્યો છે. મિશ્ર દેશમાં અને તેની સમીપનાં બીજાં સ્થાનોમાં પણ ભારતનો વેપારવણજ હતો, એમ ઈ. સ. ૧૦૦માં થયેલા મિશ્ર દેશના વિદ્વાન પરિપ્લસે જણાવ્યું છે.

વળી સર વિલિયમ જોન્સ, મેજર વિલ્ફોર્ડ, લુર્સસ જ્યાકોલિઓટ્ વગેરે વિદ્વાનોએ પણ ભારતમાંથી જ સભ્યતા, કલાઓ તથા સ્મૃતિઓનાં જ્ઞાન મિશ્ર દેશમાં ગયાં છે, એમ કહ્યું છે.

ભારતીય ભૈષજ્યવિદ્યાનો પ્રભાવ ગ્રીસના વૈદ્યક ઉપર પડ્યો હતો, એમ પાશ્ચાત્ય વિદ્વાનો શંકિત હૃદયે માને છે. મિશ્ર, પર્શિયા તથા અરેબિયા દ્વારા ભારતીય ભૈષજ્યવિજ્ઞાન ગ્રીસ દેશમાં ગયું છે અને મિશ્ર, પર્શિયા તથા અરેબિયા દેશોએ પણ ભારત પાસેથી જ તે જ્ઞાન મેળવ્યું છે, એમ જે. જે. મોદી પોતાનો મત પ્રકટ કરતાં વાર્ઈજ નામક વિદ્વાનનો મત દર્શાવ્યો છે કે બધાયે દેશોની ભૈષજ્ય-વૈદ્યક પદ્ધતિઓનું મૂળ તો એક જ છે, તેમ જ પાથાગોરસે અથવા હિપોક્રિટ્સના પૂર્વજોએ પણ જે ભૈષજ્યવિજ્ઞાન સર્વપ્રથમ શીખ્યું છે, તે પણ મિશ્ર દેશના ઋષિઓની સહાયથી મેળવ્યું છે; તેમ જ મિશ્ર દેશના લોકોએ પણ રહસ્યોથી ભરપૂર એવા પૂર્વના દેશમાંથી તે જ્ઞાન મેળવ્યું છે.

મોનિયરના કહેવા મુજબ ભારત જ્યોતિષ, ગણિત, વિજ્ઞાન વગેરેમાં પારંગત હતું. સભ્યતા તથા જ્ઞાનનાં તત્ત્વો પણ પૂર્વમાંથી પશ્ચિમમાં ગયાં છે, પશ્ચિમમાંથી પૂર્વમાં નહિ.

પૂર્વકાળમાં સિંધુ નદીની પેલી પારના દેશોનો સમાવેશ કરી દઈ તે કાળે સર્વ દેશોના કેન્દ્ર તરીકે સ્થપાયેલા તક્ષશિલા તથા શરાવતી નગરીની સમીપના પ્રદેશથી પૂર્વમાં રહેલ આસામ દેશને તેમ જ દક્ષિણમાં રહેલ 'ચોલ' આદિ દેશો તથા ઘણા કાળથી પ્રતિષ્ઠા પામેલ ભારતની પશ્ચિમમાં રહેલ મિશ્ર આદિ દેશોમાં પરસ્પર અવરજવર, વેપારવિનિમય તથા પરિચય આદિ ન હોવામાં શું બાધક હતું ?

વૈદિક કાળમાં પણ 'ભુજ્યુ' વગેરે બીજા દ્વીપોમાં ગયેલા પિતા વગેરેએ દેશનિકાલ કરેલા અનુદ્રુહ્યુ તથા તુર્વસુએ બીજાને વંશ ચાલુ કર્યો હતો. વળી પાંડવોએ દૂરના દેશો ઉપર પણ વિજય મેળવ્યો હતો, તે ઉપરથી જણાય છે કે પૂર્વકાળેય ભારતીય લોકો બીજા બેટોમાં અવરજવર કરતા હતા. ઋગ્વેદ આદિમાં પણ સમુદ્રમાં પ્રયાણ કરતી નૌકાઓનો ઉલ્લેખ મળે છે. પ્રાચીન ગ્રંથોમાં સમુદ્રમાર્ગે વેપાર કરતા વેપારીઓએ અમુક દાણ લેવી, એવી વ્યવસ્થા કરેલી જોવા મળે છે. વેદમાં 'પણિ' એ નામે કહેલા અને બીજા દેશોમાં જનારા એક પૃથક્ શ્રેણીરૂપમાં વિદ્યમાન વેપારીઓનો નિર્દેશ કરેલો જોવામાં આવે છે; તે વેપારીઓએ પશ્ચિમ-એશિયા, ગ્રીસ, મિશ્ર તથા સેમેટિક પ્રદેશોમાં પણ ભારતનો પ્રભાવ પાડેલો હતો. મહાજનક તથા શંખ-જાતકમાં પણ ભારતીય વેપારીઓ સિંહલદ્વીપમાં બેબિલોનિયા તથા સૌવર્ણભૂમિના પ્રદેશોમાં જતા હતા એવો ઉલ્લેખ મળે છે. કાલિદાસ કવિએ પણ રઘુવંશકાવ્યમાં રઘુરાજાને પર્શિયા ઉપર સ્થળમાર્ગે ચઢાઈ કરવા માટેની દૃષ્ટિ આપી છે. રઘુવંશના ૪થા સર્ગમાં આમ કહે છે કે, પારસીકાંસ્તતો જેતું પ્રતસ્થે સ્થલવર્ત્મના—તે પછી રઘુરાજાએ સ્થળમાર્ગે પર્શિયા જીતવા પ્રયાણ કર્યું હતું,' પાછળથી પણ ચીન દેશમાંથી બોતાન ઘાટીના રસ્તે ભારત દેશમાં આવેલો 'ફા-હ્યાન' નામનો ચીની યાત્રી સિલોનના નૌકામાર્ગે પોતાના દેશ ચીન તરફ પાછો ફર્યો હતો; તેમ જ ગ્રીસમાં તથા રોમમાં નૌકા દ્વારા જ સહેલાઈથી ભારતીય હાથીઓ તથા સિંહો વગેરેને લઈ જવાનું વૃત્તાંત મળે છે. વળી ભારતથી એકદમ પાછા ફરતા યવનરાજા એલેકઝાન્ડરની સેના માટે પર્યાપ્ત થતી નૌકાઓનું વર્ણન જોતાં મિશ્ર, મેસોપોટેમિયા વગેરે દેશોમાં સ્થળમાર્ગ કરતાં પણ જળમાર્ગ અનુકૂળ જણાયાથી ભારતના પાશ્ચાત્ય દેશોની સાથે

પહેલાંના કાળથી જ પરસ્પર આવજા, પરિચય તથા વેપારવિનિમય વગેરે વ્યવહાર હતો.

ધન્વંતરિ આદિની પ્રાચીનતા

ભારતીય આયુર્વેદ વિજ્ઞાનના પ્રવાહના મૂળ ઉત્પત્તિ-સ્થાનનો વિચાર કરતાં જણાય છે કે હાલમાં આયુર્વેદના જે ગ્રંથો મળે છે, તેના આચાર્ય તરીકે ગણાતા ધન્વંતરિ, દિવોદાસ, કાશ્યપ, આત્રેય, અગ્નિવેશ, ભેડ તથા સુશ્રુત વગેરેનો સમય અર્વાચીન નથી પણ પ્રાચીન છે. મહાભારતમાં, હરિવંશમાં, બીજાં પુરાણોમાં, 'મિલિન્દપહ્નો' નામના પાલી-ગ્રંથમાં તથા 'અયોધરજાતક'માં ધન્વંતરિનો ઉલ્લેખ મળે છે; તેમ જ ભીમસેનના પુત્ર દિવોદાસનો હરિવંશમાં, મહાભારતમાં તથા કઠકસંહિતામાં પણ ઉલ્લેખ મળે છે; તેમ જ પ્રતર્દનના પિતા તરીકે દિવોદાસનો નિર્દેશ કૌષીતકિબ્રાહ્મણમાં, કૌષીતકિઉપનિષદમાં, કાત્યાયનના ઋક્સર્વાનુક્રમમાં તથા મહાભાષ્યમાં પણ મળે છે; તેમ જ ભેડે દર્શાવેલ ગાંધારના નમજિતનો ઐતરેય તથા શતપથબ્રાહ્મણમાં નિર્દેશ કરેલો છે. દિવોદાસે વસાવેલી વારાણસી-કાશી નગરીનો 'મહાવગ્ગ' આદિ ગ્રંથમાં નિર્દેશ કરેલો જોવામાં આવે છે. મારીચ કાશ્યપનો મહાભારતમાં, ઋક્સર્વાનુક્રમમાં, બૃહદ્દેવતામાં તથા અથર્વસર્વાનુક્રમમાં નિર્દેશ જોવામાં આવે છે અને ભેડનો આત્રેયના શિષ્ય તરીકે તેમ જ ગાંધારના નમજિતના સાથી તરીકે નિર્દેશ કરવામાં આવ્યો છે. વળી આત્રેયનો મરીચ કાશ્યપે નિર્દેશ કર્યો છે અને ભેડ આચાર્યે વાકયો ટાંકીને પોતાના ગુરુ તરીકે પણ નિર્દેશ કર્યો છે; અને મહાભારતમાં તે આત્રેયને 'કૃષ્ણાત્રેય' એવા બીજા નામે પણ દર્શાવેલ છે. ભારદ્વાજનો પણ મહાભારતમાં નિર્દેશ મળે છે; તેમ જ ભારદ્વાજ, ધન્વંતરિ, દિવોદાસ, આત્રેય, મારીચિ કાશ્યપ, નમજિત, દારુવાહ તથા વાર્યોવિદ-એ બધાયે આચાર્યો પરસ્પર સંબંધને ધરાવતા હોઈ તેઓ ઉપનિષદકાળમાં થયેલા હતા. એમ ઉપનિષદના કાળનો વિચાર કરતાં પાશ્ચાત્ય વિદ્વાનોનો તે સંબંધે જે મત છે, તે પહેલાં આ ઉપોદ્ઘાતમાં દર્શાવેલ છે, તોપણ કૌષીતકિ અને ઐતરેયમાં ઈ. સ. પૂર્વે ૨૫૦૦ નો તે કાળ જણાવેલ છે, એમ ચિંતામણિ વિનાયક દર્શાવે છે; તેમ જ જ્યોતિષની ગણતરી અનુસાર ઈ. સ. પૂર્વે ૧૮૫૦-૨૯૦૦નો તે ઉપનિષત્કાળ હોવો જોઈએ, એમ દીક્ષિતે સાબિત કર્યું છે. પાલીના લેખ અનુસાર તેમ જ મહાવગ્ગના લેખ અનુસાર અને સિંહલદેશની તથા બ્રહ્મદેશની ઉપકથાના આધારે અને તિબેટનો પ્રાચીન લેખ જોઈને પણ જીવકના ગુરુ આત્રેય જ છે એમ સિદ્ધ કરવામાં કોઈ પ્રમાણ મળતું નથી, એ કારણે તક્ષશિલામાં ભણીને પાંચાલ, ગંગાદ્વાર વગેરે પ્રદેશોમાં ફરીફરીને તે આત્રેયે ઉપદેશ આપ્યા હતા; તેથી તેમણે પ્રસિદ્ધ તક્ષશિલાને વિદ્યાપીઠ તરીકે અવશ્ય સ્વીકારી હોવી જોઈએ. તેમણે એ તક્ષશિલાનું નામ પણ કયાંય નોંધ્યું નથી, એ કારણે તેમ જ મારીચ કાશ્યપે તો એ આત્રેયનું નામ પોતાની સંહિતામાં નોંધ્યું છે, તેથી આત્રેય પુનર્વસુનો કાળ અર્વાચીન નથી, એમ નક્કી થાય છે, તે તિબેટની ઉપકથાને ધ્યાનમાં લઈ જીવકના ગુરુ આત્રેય બુદ્ધના સમકાલીન છે, એવી શંકા કરવી તે યોગ્ય નથી. જીવકના ગુરુ આત્રેયનો સ્વીકાર કરીએ, તોપણ એવા ગોત્રના નામે કોઈ બીજા જ આત્રેયનો ઉલ્લેખ કરાયેલ હશે, પણ આત્રેય પુનર્વસુ એ તો તેનાથી જુદા જ હોઈને ઉપનિષત્કાળના જ સમજાય છે, એમ આ ઉપોદ્ઘાતમાં દર્શાવ્યું છે.

સુશ્રુતના સમયને જે. જે. મોદી ઈ. સ. ૧૫૦૦નો જણાવે છે અને ડોરોથિયા ચેપલિન ધન્વંતરિનો સમય હિપોક્રિટ્સના સમયથી ૧૨૦૦ વર્ષ પહેલાંનો વર્ણવે છે. શ્રીયુત અક્ષયકુમાર મજૂમદાર વિદેહરાજા જનકનો સમય ઈસવી સન પૂર્વે ૨૫૦૦ વર્ષનો કહે છે; અગસ્ત્યનો સમય ઈસવી સન પૂર્વે ૨૨૦૦ વર્ષનો જણાવે છે; જાબાલનો સમય ઈસવી સન પૂર્વે ૨૦૦૦ વર્ષનો, જાજલીનો સમય ૧૯૦૦ વર્ષનો, પૈલનો સમય ઈસવી સન પૂર્વે ૧૮૦૦નો, કવષનો સમય ઈસવી સન પૂર્વે ૧૮૦૦નો, ધન્વંતરિનો સમય ઈસવી સન પૂર્વે ૧૬૦૦નો, ભીમરથના પુત્ર દિવોદાસનો સમય ઈસવી સન પૂર્વે ૧૫૦૦નો, ચરક તથા સુશ્રુતની સંહિતાનો સમય ઈસવી સન પૂર્વે ૧૪૦૦નો તથા ૧૫૦૦નો દર્શાવે છે. ભારતમાં ભૈષજ્યવિદ્યા પણ ઘણા પહેલાંના સમયથી જ ઉન્નતિ પામેલી હતી એમ

'કી' નામક વિદ્વાન કહે છે. ધર્મદર્શન, વિજ્ઞાન, કલા, સંગીત તથા ભિષજ્ય વિદ્યામાં ઈસવી સન પૂર્વે ૧૫૦૦ થી ઈસવી સન પૂર્વે ૫૦૦ વર્ષ સુધી ભારતની સરસાઈ કરવા બીજું કોઈ પણ રાષ્ટ્ર સમર્થ ન હતું, એમ જે. સી. એટરજી પણ જણાવે છે.

પ્રાચીન તરીકે નક્કી કરાયેલા ધન્વન્તરિ, આત્રેય તથા કશ્યપ આદિના મૂલ ગ્રન્થોમાં મિશ્ર દેશના વિદ્વાનો તથા હિરોડોટ્સ આદિના લેખોની પેઠે પાછળથી થયેલા સંશોધનને લીધે અર્વાચીનપણાની શંકા થાય છે, અને તેવા કેટલાક અંશો પાછળથી ઉમેરાયા હોય એમ ભલે સ્વીકારવામાં આવે તોપણ જીર્ણોદ્ધાર થવાથી પ્રાચીન મંદિરો, મહેલાતો વગેરેમાં સર્વાંશે નવીનતા જેમ કહી શકાતી નથી તેમ આ બધા ગ્રંથોની પ્રાચીન મૌલિકતા નાશ પામતી નથી.

સુમેરિયન આદિ મિશ્ર પ્રદેશોની ઉન્નતિ તથા સભ્યતા જ્યારે પૂર્વકાળનાં મળતી હતી, ત્યારે તેની સાથે સંબંધ ધરાવતું ભારત મોહનિદ્રામાં સૂઈ રહ્યું હોય એમ અવશ્ય માની શકાય જ નહિ. મિશ્રદેશના ભોંયરામાંથી એક મુડદું જે મળી આવ્યું હતું તેની ખોપરી તોડતાં અને સાંધતાં જે ચિહ્નો મળી આવ્યાં હતાં તેનું આજના નિષ્ણાત શલ્યવેત્તાઓ પણ સમર્થન કરે છે. મિશ્રદેશમાં વિક્રમ સંવતથી માંડીને અઢીસો વર્ષ પૂર્વે ઈસવી સન પૂર્વે ૩૦૧ માં વર્ષમાં શસ્ત્રવિદ્યા ફૂલીફાલી હતી; તે પછી બસો વર્ષ વીત્યાં ત્યારે એ મિશ્ર દેશમાં પણ શલ્યવિદ્યાની ઉન્નતિને લીધે ગ્રીસ દેશમાં પણ શલ્યવિદ્યાનો ઉદય થયો હતો, એમ ઇતિહાસવેત્તાઓ લખે છે.

સુશ્રુતના શલ્યવિજ્ઞાનમાં બીજા દેશની શલ્યવિદ્યાની છાયા મળતી નથી, એ કારણે સુશ્રુતના સમયનો વિચાર કરતાં છેવટમાં છેવટ ૨૬૦૦ વર્ષોથી અર્વાચીન કહેવો શક્ય નથી, તેમજ પાશ્ચાત્ય વિદ્વાનોનું પણ આ મતમાં સમર્થન છે તેથી બીજા દેશોની પહેલાં જ સુશ્રુતના સમયમાં ભારતીય શલ્યવિદ્યા પ્રૌઢ અવસ્થાને પામી હતી, એમ જણાય છે. કાશ્યપસંહિતામાં તથા આત્રેયસંહિતામાં પણ શલ્યવિદ્યાના વિષયનો ઉલ્લેખ મળે છે. તે ઉપરથી એ કાશ્યપસંહિતા અને આત્રેયસંહિતાના સમયની પહેલાં પણ ભારતીય શલ્યવિદ્યાનો પ્રચાર હતો એમ જણાય છે.

'મહાવગ્ગ' નામના બૌદ્ધગ્રંથમાં જીવકનો જે ઇતિહાસ છે, તેમાં પણ માણસની ખોપરી ચીરવી તથા આંતરડાં વીંધવાં આદિ શલ્યશાસ્ત્ર સંબંધી અને બીજાં કાયચિકિત્સાશાસ્ત્ર જ્ઞાન વિષે ભારત નિપુણ હતું, એમ દેખાય છે. તે જીવકના સમયની પહેલાં પણ રામાયણ, મહાભારત આદિના યુદ્ધોમાં બાણ આદિનાં શલ્યો–અણીઓ વગેરે શરીરની અંદર ખૂંપી જતાં હતાં, તેઓને અવશ્ય કાઢી નાખવામાં આવતાં હતાં અને તેઓના જખમોને પણ રૂઝવી દેવાતા હતા, તેથી તે સમયમાં પણ એ શલ્યો વગેરેને બહાર કાઢી નાખવાની વિદ્યા અવશ્ય પ્રચલિત હતી એમ 'શલ્યોદ્ધરણ' નામની તે શલ્યવિદ્યાનું અસ્તિત્વ તે કાળે હતું એમ જણાય છે. આયુર્વેદનો તે પ્રવાહ તેની પહેલાંના સમયથી જ ચાલુ રહ્યો હતો, તે સંબંધે વિચાર કરતાં અથર્વવેદ તથા ઋગ્વેદ આદિમાં પણ ભગ્નસંધાન વગેરે શલ્યચિકિત્સાના વિષયો જોવામાં આવે છે.

ભારતીય જ્ઞાનપ્રવાહનો પ્રત્યેક દેશકાળમાં પ્રસાર

જેમના ગ્રંથો હમણાં મળે છે તે ધન્વંતરિ, આત્રેય, કશ્યપ તથા ભેડ વગેરે આચાર્યો આપણા ભારતીય આયુર્વેદશાસ્ત્રના મૂળ આચાર્યો તરીકે ગણાય છે; એટલું જ નહિ, પણ પાછળથી પ્રસિદ્ધ થયેલ સંહિતાઓના કર્તાઓ–કાશ્યપ, આત્રેય, સુશ્રુત વગેરે પણ એક એક શાસ્ત્રના અધિષ્ઠાતાઓ બનેલા કેટલાક પૂર્વના આચાર્યોના નામે દર્શાવવામાં આવ્યાં છે અને કેટલાક તો નામનિર્દેશ વિના જ 'અપરે'–બીજાઓ અને 'પરે'–તેથીયે બીજાઓ ઇત્યાદિ શબ્દોથી જ સૂચવાયેલા છે. એ આચાર્યોથી પણ અતિશય પહેલાંના ભારદ્વાજ, અશ્વિનીકુમારો વગેરે પણ સંહિતાઓના કર્તાઓ તરીકે ઓળખાય છે; અશ્વિનીકુમારો વગેરેની તે તે સંહિતાઓ કાળના બળને લીધે (નષ્ટ થઈને) આજે જોવામાં આવતી નથી, તોયે તે તે સંહિતાઓના વિષયોને લગતા વચનોના ઉતારા વગેરે હાલમાં મળતા તાડપત્ર લિખિત 'જ્વરસમુચ્ચય' આદિ

પ્રાચીન વૈદ્યકગ્રંથોમાં મળે જ છે. હાલમાં મળતા આયુર્વેદીય ગ્રંથોમાંથી અશ્વિનીકુમાર, ઇંદ્ર, ભરદ્વાજ વગેરે તો પરમશ્રેષ્ઠ આચાર્યો તરીકે ઓળખાય છે, અને તેઓની પરંપરાએ આ આયુર્વેદ સંપ્રદાય ખૂબ ફેલાયો છે, એમ પણ જણાય છે. અશ્વિનીકુમારો તથા ઇંદ્ર વગેરેનું વૈદ્યપણું તો વેદમાં પણ વર્ણવવામાં આવ્યું છે; આથી આ આયુર્વેદસંપ્રદાય પરંપરાને લીધે ભારતનો જ્ઞાનપ્રવાહ અતિ ઉન્નત અવસ્થામાં છે; તેથી ઘણા અતિશય પ્રાચીન ભારતના સમયથી માંડીને જ વૈદિક વિજ્ઞાનરૂપ એક મોટા પર્વતમાંથી ઝર્યા કરતો આયુર્વેદીય જ્ઞાનપ્રવાહ તે તે આચાર્યોના વિચારોરૂપ ધારાઓથી પુષ્ટ થઈને ઘણા સમય સુધી ઘણા દેશો પર્યંત ફેલાયા કર્યો છે. એ ભારતીય જ્ઞાનપ્રવાહ વાંસના અંકુરોની પેઠે કેવળ ઉપરછલ્લો જ રહ્યો હતો; પરંતુ અનેક પ્રદેશના ઘણા આચાર્યોનો સંપર્ક પામતાં ચારે બાજુ ફેલાઈ ગયો હતો એમ જણાય છે.

'કાંકાયન' નામનો (વિદેશીય) વૈદ્ય સુશ્રુતનો સહાધ્યાયી હતો, એમ (ટીકાકાર) ડલ્હણે દર્શાવ્યું છે, 'बाह्लीकभिषक्' 'बाह्लीकभिषजां वरः'– 'કાંકાયન' એ ખરેખર બાહ્લીક દેશનો વૈદ્ય જ હતો અને તે બાહ્લીકના વૈદ્યોમાં શ્રેષ્ઠ ગણાતો હતો, એમ આત્રેયે તેને બાહ્લીક દેશના ઉત્તમ વૈદ્ય તરીકે દર્શાવેલો દેખાય છે. મારીચ કાશ્યપે પણ તે કાંકાયનના મતને તેના નામોચ્ચાર સાથે ગ્રહણ કરી દર્શાવેલ છે, તે ઉપરથી એ કાંકાયન પણ તેના સમયના વિદ્વાનોમાં વિશેષ જાણીતો હોઈ બાહ્લીક દેશના વતની તરીકે ખૂબ પ્રાચીન હોય એમ દેખાય છે. બાહ્લીક દેશના વૈદ્યોમાં તે કાંકાયન મુખ્ય હતો અને દિવોદાસના શિષ્ય તરીકે લોકો તેને ઓળખતા હતા. વળી તેના સમયમાં કેવળ ભારત દેશમાં જ ભારતીય ભૈષજ્યવિદ્યાનો પ્રચાર હતો, એટલું જ નહિ, પણ ભારત દેશની બહાર પણ આદર્શરૂપ ભૈષજ્યવિદ્યા ફેલાઈ હતી; ભારતમાં બહારના પ્રદેશોમાંથી ભૈષજ્યવિદ્યાનો અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીઓ આવતા એમ પણ જણાય છે. એ રીતે કાંકાયન પણ તે કાળે ભારતની બહારના બાહ્લીક દેશમાંથી ભૈષજ્યવિદ્યાનો અભ્યાસ કરવા માટે આવ્યો હતો અને દિવોદાસનો શિષ્ય બની તેની પાસે આયુર્વેદવિદ્યા ભણ્યો હતો, એમ તે કાંકાયન દિવોદાસનો શિષ્ય હતો, છતાં આયુર્વેદ વિદ્યામાં તે અતિશય પ્રવીણ બન્યો હતો, તેથી જ તેના સમયના ભારતીય પૂર્વાચાર્યોએ પણ તેના મતનો પોતપોતાની સંહિતામાં નિર્દેશ કરી બતાવ્યો છે, તે ઉપરથી તે પૂર્વાચાર્યોનો એ કાંકાયન સાથે પણ પરસ્પર પરિચય હતો, એમ સ્પષ્ટ થાય છે.

એ રીતે કેવળ કાંકાયન જ દિવોદાસનો શિષ્ય હતો એવું નથી, પણ ઔપધેનવ, વૈતરણ, ઔરભ્ર, પૌષ્કલાવત, કરવીર્ય, ગોપુરરક્ષિત અને ભોજ વગેરે પણ તે કાળે દિવોદાસના શિષ્યો તરીકે હતા, એમ સુશ્રુતના લેખ ઉપરથી જણાય છે. 'આયોધર' નામક પાલી ગ્રંથમાં બુદ્ધનાં પૂર્વજન્મકૃત શુદ્ધ કર્મોના ઉલ્લેખ સાથે ભૂતકાળના વૈદ્ય–આચાર્ય તરીકે ધન્વંતરિ હતા અને તેમની સાથે તેમના સહાધ્યાયી તરીકે ભોજ તથા વૈતરણ પણ હતા, એમ દર્શાવ્યું છે તે ઉપરથી બુદ્ધદેવ આદિને પણ તે ધન્વંતરિ આદિની સાથે પરિચય હતો જ, એમ ખાતરી કરાવે છે; એમ જોતાં તે ઔપધેનવ આદિ પૂર્વકાળના આચાર્યો નામ વગેરેની સમાનતા છતાં જુદા જુદા દેશના હતા, એમ જણાય છે.

પૌષ્કલાવત, કરવીર્ય, ઔરભ્ર આદિ આચાર્યો વિષેનો વિતર્ક

પૂર્વકાળના લોકો પિતાના, માતાના, આચાર્યના, ગોત્રના, દેશના કે ગુણકથન ઉપરથી નામાંકિત થતા હતા. તે મુજબ 'પૌષ્કલાવત' શબ્દ પણ અમુક દેશને કે તે નામની વ્યક્તિને સૂચવે છે. પરંતુ 'પુષ્કલાવત' એ નામે અમુક કોઈ વ્યક્તિ ભારતીય ઇતિહાસમાં હોય એમ જાણવા મળતું નથી; કિંતુ 'પુષ્કલાવત' નામનો કોઈ પ્રદેશ હોય તેવું સમર્થન મળે છે. તે ઉપરથી બનેલું 'પૌષ્કલાવત' 'पुष्कलावतदेशे भवः' પુષ્કલાવત નામના દેશમાં જે ઉત્પન્ન થયો હોય તે પૌષ્કલાવત એ નામે ઓળખાયો છે. વળી 'પૌષ્કલાવત' નામનો એક દેશ આ કારણે તે નામે પ્રસિદ્ધ થયો છે, 'भरतपुत्रेण

पुष्कलेन निवेशितः' ભરતનો પુત્ર 'પુષ્કલ' નામે હતો, તેણે જે દેશ વસાવ્યો તે 'પૌષ્કલાવત' એ નામે ઓળખાયો એમ વિષ્ણુપુરાણમાં જણાવેલું છે. આ સંબંધે વાલ્મીકિ પુરાણમાં પણ ઉલ્લેખ છે.

વળી આસન્દીવત્ પસ્ત્યાવત્, શર્યણાવત્, વગેરે વેદમાં આવેલાં નામો સાથે મહાભારતમાં કહેલ 'વારણાવત' નામની સાથે સમાનતા ધરાવતું આ 'પૌષ્કલાવત' નામ પોતાના સ્વરૂપથી પણ ભારતના પશ્ચિમ વિભાગમાં રહેલા પ્રાચીન દેશની ખાતરી કરાવે છે; કેમ કે 'પુષ્કલાવતી' એ નામની ગાંધાર રાજ્યની પ્રાચીન રાજધાની પણ હતી; જે 'એલેકઝાન્ડર'ની ચડાઈ વખતે પણ મોજૂદ હતી. ટાલેમી વગેરે ઘણા પ્રાચીન ગ્રીસ વિદ્વાનોએ પણ સિંધુની નજીકના પ્રદેશમાં જ આ 'પુષ્કલાવતી' નગરીનો એક મોટા શહેર તરીકે ઉલ્લેખ કર્યો છે, તે ઉપરથી ગ્રીકલોકોએ પણ એ 'પુષ્કલાવતી' નગરીનો વિશેષ પરિચય કર્યો હતો અને તેનું વિશેષ વર્ણન પણ કર્યું હતું; તે ઉપરથી માની શકાય છે કે આ 'પૌષ્કલાવત' નામના આચાર્ય એ પુષ્કલાવતીના પ્રદેશના જ રહેવાસી હોવા જોઈએ; એ પુષ્કલાવતને સુશ્રુતે શલ્યપ્રધાનતંત્રના કર્તા તરીકે વિશેષે કરી ખાસ દર્શાવેલ છે અને તેમની શસ્ત્રવૈદ્યકમાં ગાંધાર-પ્રદેશની પહેલાં પણ સ્થિતિ હતી એમ તે જ સુશ્રુત સૂત્રસ્થાનના ૪થા અધ્યાયના શ્લોકમાં જણાવે છે: 'औपधेनवमौरभ्रं सौश्रुतं पौष्कलावतम्। शेषाणां शल्यतन्त्राणां मूलान्येतानि निर्दिशेत्'–ઉપધેનુએ રચેલું 'ઔપધેનવ' નામનું શલ્યતંત્ર, ઉરભ્રે રચેલું 'ઔરભ્ર' નામનું શલ્યતંત્ર, સુશ્રુતે રચેલું 'સૌશ્રુત' નામનું શલ્યતંત્ર અને પુષ્કલાવતે રચેલું 'પૌષ્કલાવત' નામનું શલ્યતંત્ર–એ ચાર શલ્યતંત્રોને બાકીનાં બધાંયે શલ્યતંત્રોનાં મૂળરૂપે દર્શાવવાં જોઈએ.'

તે જ પ્રમાણે 'કરવીર્ય' શબ્દ 'करवीरप्रदेशे भवः'–'કરવીર' નામના પ્રદેશમાં ઉત્પન્ન થયેલો હોઈને તે અર્થને જણાવતો હોય એમ સમજાય છે. 'કરવીર' નામનું શહેર, દૃષદ્વતી નામની નદીના કિનારે હતું, એમ જણાય છે. 'કાલિકા-પુરાણમાં પણ એ 'કરવીર' નામના શહેરનો ઉલ્લેખ મળે છે. 'દૃષદ્વતી' નામની નદી વેદમાં પણ પ્રસિદ્ધ છે; એ 'કરવીર' શહેરમાં ઉત્પન્ન થયેલા હોવાથી તે આચાર્ય 'કરવીર્ય' કહેવાયા આથી 'કરવીર' શહેરના તે હોય એમ સંભવ છે; અથવા શસ્ત્રચિકિત્સામાં તેઓ ઘણા કુશળ હતા. એ કારણે 'करगतं शस्त्रचिकित्सा कौशलरूपं वीर्यं वहन् आचार्यविशेषः 'करवीर्य' इति नाम्ना प्रसिद्धः इत्यपि संभवति'–શસ્ત્રચિકિત્સામાં કુશળતા-રૂપ પરાક્રમ અથવા સામર્થ્યને પોતાના હાથમાં જે ધારણ કરતા હતા, એ કારણે તે વિદ્વાન 'કરવીર્ય' એ નામે પ્રસિદ્ધ થયા હતા, એમ પણ સંભવે છે.

વળી ઈરાન દેશનો પ્રાચીન 'અવેસ્તા' નામનો એક ગ્રંથ છે, તેની અંદર પણ 'વેન્દિદાદ' નામનું એક ભૈષજ્યવૈદ્યકને લગતું પ્રકરણ છે; તેમાં તેનો સંબંધ ધરાવતું શલ્યચિકિત્સાનું જે વિજ્ઞાન છે, તેના મૂળ આચાર્યને 'ક્ષપ્રવૈર્ય' એ નામે કહેલા છે; આજના સમયમાં જેનો વ્યવહાર કરાય છે તે 'વેન્દિદાદ' શબ્દનું પ્રાચીન સ્વરૂપ 'વિદેવોદાત' એવું કહેવાય છે. વૈદિક સંપ્રદાયમાં યોગ્ય ભાવને જણાવતા સુર, દેવ આદિ શબ્દોમાં તેઓનો ખરાબ અર્થનો અવભાસ થવાના કારણે જ ખરેખર સારો અર્થ જણાય તે માટે અસુર, વિદેવ આદિ પ્રયોગ જોવામાં આવે છે, એ ન્યાય અનુસાર 'દૈવોદાત' શબ્દમાં પણ 'દિવ' શબ્દની સાથે 'વિ' શબ્દનો સંબંધ થવાથી ભૈષજ્યવિદ્યાયુક્ત વિભાગને જણાવનાર એવો અર્થ તે શબ્દ જણાવે છે; તે જ અપભ્રંશના ભાવ દ્વારા દિવોદાસનો સંપ્રદાય એવા અર્થને શું જણાવે છે? એવો તર્ક પણ ઉદ્ભવે છે.

વળી 'થ્રિત' નામના ઈરાની વૈદ્યે 'અહુરમજદ' નામના એક ઈરાની વૈદ્યકના આચાર્ય પાસેથી ઔષધિઓનું જ્ઞાન મેળવ્યું હતું; અને 'ક્ષપ્રવૈર્ય' તથા 'સોહરવર' નામના બે ઈરાની વૈદ્યક આચાર્યો પાસેથી કાયચિકિત્સાનું વિજ્ઞાન તથા શસ્ત્રચિકિત્સાનું વિજ્ઞાન મેળવ્યું હતું; તેમાંના શસ્ત્રવિજ્ઞાનને આજે બહાર પ્રકટ કરનાર 'ક્ષપ્રવૈર્ય' નામના એક ઈરાની વૈદ્યનો ઉલ્લેખ કરવામાં આવે છે; હવે 'થ્રિત' નામના વૈદ્યનો પણ આચાર્ય તરીકે જેઓનો

નિર્દેશ કર્યો છે એ ક્ષત્રવૈર્ય તથા સોહરવર–એ બે આચાર્યો કોણ હતા? એવું અનુસંધાન કરવું તે અહીં યોગ્ય છે. 'વિદેવોદાત' એ શબ્દમાં 'દેવોદાસ' એ શબ્દનું પ્રતિભાન થાય છે, તેથી તેના સાહચર્ય વડે ચિકિત્સાવિજ્ઞાનના એક વિશેષ આચાર્ય 'સોહરવર'માં સુશ્રુતની અને શલ્યચિકિત્સાવિજ્ઞાનને નવીન પ્રકટ કરનાર 'ક્ષત્રવૈર્ય'માં દિવોદાસના શિષ્ય અને શલ્યપ્રસ્થાનના આચાર્ય તેમજ સુશ્રુતના સહાધ્યાયી 'કરવીર્ય' શબ્દથી કહેવાયેલા અને કાર્યના સંબંધથી પ્રસિદ્ધ એવા 'કરવીર્ય' આચાર્યની કોઈ ઝાંખી ઉદ્ભવે છે. ભારતીય પૂર્વાચાર્યોએ કરેલો નિર્દેશ બાહ્લીક વૈદ્ય કાંકાયનનો ભારત દેશની સાથે જેમ પરિચય જણાવે છે, તેમ 'વેન્દિદાદ' શબ્દનો નિર્દેશ, ભારતીય આચાર્ય દિવોદાસ, સુશ્રુત તથા કરવીર્ય નામના આચાર્યોનો ઈરાન દેશ સાથેનો સંબંધ શું જણાવે છે? 'અવેસ્તા' નામના ઈરાન દેશના ગ્રંથમાં અમુક અમુક ભારતીય શબ્દોની તથા વિષયો વગેરેની સમાનતા દેખાય છે, એમ પહેલાં આ ઉપોદ્ઘાતમાં જ કહેવાયું છે; તેમ જ એ ગ્રંથમાં જણાવેલ વૈદ્યકવિજ્ઞાનનું અનુસંધાન કરતાં પણ શબ્દોનું આ અર્થસામ્ય જણાય છે:

અથર્વવેદમાં	અવેસ્તામાં	અર્થ
तक्मन्	तक्नु	જ્વર
अप्वा	अजह्व	ખરાબ રીતે
पामा (સુશ્રુતમાં પણ)	पामन्	ચામડીનો રોગ–ખસ
शीर्षक्तिः	सारस्त्य	શિરોરોગ–મસ્તકરોગ
×सारणः	सारन	ઝાડાનો રોગ અથવા શિરોરોગ

એ પ્રમાણે અવેસ્તામાં 'કુરુષ' શબ્દનો અર્થ દુષ્ટવ્રણ, 'દુરુક્' શબ્દનો અર્થ અશ્મરી–પથરી 'અઘોસ્તિ' શબ્દનો અર્થ શીર્ણાસ્થિ–સડેલું હાડકું અને 'દહુ' શબ્દનો અર્થ જ્વર એવો કરેલ છે અને તે તે શબ્દો કુરુક્, દૂષત્, અસ્થિ અને દાહ એ સંસ્કૃત શબ્દોમાંથી અપભ્રંશ બન્યા હોય એમ જણાય છે; એ સિવાય બીજા શબ્દોમાં પણ અનુસંધાન જોતાં ઘણામાં સમાનતા અને પ્રતિચ્છાયા જણાય છે.

વળી અવેસ્તામાં મન સંબંધી અને શરીર સંબંધી–એમ બે પ્રકારનું સ્વાસ્થ્ય વર્ણવાયું છે. સુશ્રુતમાં પણ 'पुनश्च द्विविधाः शारीरा, मानसाश्च'–(જુઓ સૂત્રસ્થાન અધ્યાય ૨૪મો) બે પ્રકારના રોગો થાય છે: એક શરીરના તથા બીજા મનના; એમ બે પ્રકારના રોગોનો ઉલ્લેખ મળે છે; વળી અવેસ્તામાં એક 'मन्थ'–મંત્રરૂપ ઉપાય, બીજો 'उर्वर–महीरुह–વનસ્પતિના ઉપયોગરૂપ ઔષધી–ઉપાય અને ત્રીજો 'केरेत'–कर्तिका–कर्तरी–करपत्रं वा–शस्त्रप्रयोगरूप ઉપાય–એમ ત્રણ રોગોને દૂર કરવાના ઉપાયો કહ્યા છે; તે જ પ્રમાણે ભારતીય ભૈષજ્ય સંપ્રદાયમાં પણ मन्त्रौषधशस्त्ररूपास्त्रिधा प्रतीकारोपायाः पूर्वानुवृत्ता दृश्यन्ते'–મંત્રરૂપ, ઔષધપ્રયોગરૂપ તેમજ શસ્ત્રરૂપ ત્રણ પ્રકારના રોગોના પ્રતીકારરૂપ ઉપાયો મળે છે; વળી અવેસ્તામાં જે 'गौकिरन' શબ્દ મળે છે, તેનું પાછળથી 'गोकर्त' એવું રૂપ થયું છે; તેનો સર્વ કરતાં મુખ્ય ઔષધીરૂપ વૃક્ષ એવા ભાવથી નિર્દેશ કર્યો છે; જે શબ્દ 'गोकर्ण'–એટલે 'अश्वगंधा'ના સંસ્કૃત પર્યાયની એ 'गोकिरन' એ રૂપે જાણે વિકૃતિ થઈ હોય એમ લાગે છે; અશ્વગંધા–આસંધનું આયુર્વેદમાં પણ પ્રાશસ્ત્ય છે; 'सोम' એ શબ્દ યજ્ઞનો સંબંધ ધરાવનાર તથા ઔષધી તરીકે હોઈને બે પ્રકારે ઉપયોગમાં આવતો બંને ઠેકાણે દેખાય છે; અવેસ્તામાં ભૈષજ્યવિજ્ઞાન, વૈદ્ય, રોગ તથા રોગને દૂર કરવાનો ઉપાય, એમ ચાર પાદો વૈદ્યકીય ચિકિત્સાના કહ્યા છે; તે જ પ્રકારે આયુર્વેદીય સંપ્રદાયમાં પણ ભૈષજ્યવિજ્ઞાન, વૈદ્ય, રોગ તથા પરિચારક–એમ કોઈકે અંશમાં ગણતરીના અંશરૂપે વિભેદ પડે છે, તોપણ ધન્વન્તરિ, કશ્યપ, આત્રેય તથા ભેડ આદિ આચાર્યોએ (વૈદ્યકીય ચિકિત્સાના) ચાર પાદોનો સિદ્ધાંત વર્ણવેલો છે.

(જેમ કે સુશ્રુતના સૂત્રસ્થાન–૩૪ મા અધ્યાયમાં 'वैद्योः व्याध्युपसृष्टश्च भेषजं परिचारकः। एते पादाश्चिकित्सायाः कर्मसाधनहेतवः'–વૈદ્ય, રોગી, ઔષધ તથા પરિચારક એ ચારને ચિકિત્સારૂપ કર્મને

× આ શબ્દનો વૈદિક અર્થ અતીસાર–ઝાડાનો રોગ થાય છે અને 'અવેસ્તા'માં તેનો અર્થ શિરોરોગ એવો કહેલો છે.

સિદ્ધ કરવામાં કારણ તરીકે કહ્યા છે; તેમજ કાશ્યપીય તંત્રમાં પણ भिषक् भेषजम् आतुरः परिचारकः–વૈદ્ય, ઔષધ, રોગી તથા પરિચારક એ ચારને ચિકિત્સામાં ઉપયોગી કહ્યા છે; તેમ જ ચરક-સૂત્રસ્થાન-૯ મા અધ્યાયમાં પણ 'भिषग् द्रव्याण्युपस्थाता रोगी पादचतुष्टयम्–વદ્ય, ઔષધદ્રવ્યો, પરિચારક તથા રોગી–એ ચાર પાદો ચિકિત્સાનાં સાધન ગણાય છે

વળી 'થ્રિત' નામના ઈરાની વૈદ્યે 'અહુર-મજ્દ' નામના તેના ગુરુ પાસેથી વિષનો પ્રતીકાર અથવા ઉપાય કરવા માટે 'विसचित्त' એટલે વિષચિકિત્સા અથવા 'વિષકૃત્ય' મેળવ્યું હતું; તેમજ શલ્યચિકિત્સા માટે सौवर्णाग्रच्छुरिका–સોનાના અગ્રભાગવાળી એક છરી પણ મેળવી હતી, એમ વર્ણવવામાં આવે છે; એમાં 'विसचित' એ શબ્દમાં વિષની ચિકિત્સા અથવા વિષ ઉપર કરવાનું કૃત્ય, એવો અર્થ છાયારૂપે ભાસે છે. ભારતીય સંપ્રદાય-માં પણ કર્ણવેધ એટલે કે કાન વીંધવાની ક્રિયા કરવાની હોય ત્યારે સોનાની સોય લેવી જોઈએ, એમ મળે છે; અને 'ચૂડાકુર' કર્મ એટલે કે બાળમોવાળા ઉતારવાની ક્રિયામાં સોનાના હાથાના સંબંધવાળો જ અસ્ત્રો લેવા જણાવવામાં આવે છે. સુશ્રુતમાં શલ્યચિકિત્સા માટેનાં શસ્ત્રોનું જ્યાં વર્ણન કરેલ છે, ત્યાં તે તે શસ્ત્રો 'प्रायशो लौहानि भवन्ति'–लगभग લૌહ એટલે કે લોહાઃ पञ्च सुवर्णा-दयः'–સોનું વગેરે પાંચ ધાતુઓની મુખ્યતાવાળાં તે શસ્ત્રો લેવાવાં જોઈએ, એમ કહેલ છે. ઈરાનનો તે 'અવેસ્તા' ગ્રંથ જોતાં ઈરાનનો પ્રથમ વૈદ્ય જે 'થ્રિત' થઈ ગયો છે, તેના આચાર્ય અથવા ગુરુ તરીકે જણાવેલ જે 'क्षत्रवैर्य' શબ્દ છે, તેમાં કરવીર્ય, ક્ષેત્રવીર્ય અથવા ક્ષતવીર્ય ઇત્યાદિ ભારતીય સંસ્કૃતની છાયા જાણે જણાતી હોય એમ દેખાય છે. તે કારણે ભારતીય સંપ્રદાયમાં જણાતો 'કરવીર્ય' કે બીજો કોઈ અજાણ્યો ભારતીય વૈદ્ય આચાર્ય જાણે તે 'ક્ષત્રવૈર્ય' નામે હોય એમ જણાય છે.

તૂરફાંગ સ્થાનમાં હાર્નલ નામના પાશ્ચાત્ય વિદ્વાનોએ જે પ્રાચીન લેખો મેળવ્યા છે, તેમાં 'जीवकाय बुद्धेन कृते भैषज्योपदेशे'–જીવકવૈદ્યને બુદ્ધદેવે ભૈષજ્ય-વૈદ્યકવિદ્યાનો ઉપદેશ કર્યો હતો, એમ પહેલાં આ ઉપોદ્ઘાતમાં જ દર્શાવ્યું છે. તે લેખમાં સંસ્કૃતની સાથે પ્રાચીન ઈરાની ભાષામાં કરેલો અનુવાદ પણ મળે છે. તે ઉપરથી જણાય છે કે ભારતીય ભૈષજ્ય વિષય ઈરાનમાં પણ લેવાયો હતો અને તેના તરફ આદર હોઈને પોતાની ઈરાની ભાષામાં તેનો અનુવાદ કરીને પણ તેનો પ્રચાર કરાયો હતો એમ તે લેખ દર્શાવે છે.

વળી અવેસ્તામાં ભૈષજ્યપ્રસ્થાન એટલે કે વૈદ્યકશાસ્ત્રને પ્રકટ કરનાર તરીકે 'થ્રિત'નો તેમજ રોગોને દૂર કરનારી પ્રાર્થના કરનાર 'થ્રૈતાન'નો નિર્દેશ કર્યો છે; તે ઉપરથી અને વેદમાં પણ 'त्रित' તથા 'त्रैतन' એ બેયનાં નામો મળે છે; તેથી વેદમાં તથા અવેસ્તામાં દર્શાવેલા એ બન્ને, શબ્દના સામીપ્યથી બન્ને એક જ હોવા જોઈએ, એવી ઘણા વિદ્વાનોની માન્યતા છે. વળી ઋગ્વેદમાં 'त्रैतन'નો પણ એક વાર ઉલ્લેખ કરેલો મળે છે, તો પણ એ 'त्रैतन' તો મારી નાખવાની ઇચ્છાથી 'दीर्घतमस्' નામના ઋષિને જળમાં તથા અગ્નિમાં નાખી દેનાર તથા તેમનાં અંગોને છેદી નાખનાર 'दास' જાતિનો હતો, એમ દર્શાવ-વામાં આવ્યું છે. તેમ જ બન્ને અશ્વિનીકુમારોએ તે દીર્ઘતમસનું વારંવાર રક્ષણ કર્યું હતું એવો પણ ઉલ્લેખ મળે છે. તે ઉપરથી એ दीर्घतमस्' ઋષિનો કોઈ શત્રુ એ 'त्रैतन' નામે હતો, પરંતુ એ त्रैतनने तथा ભૈષજ્ય–વૈદ્યકવિદ્યાને કોઈ જાતનો સંબંધ ન હતો, એમ તે વૈદિક લેખ ઉપરથી જણાય છે; તે જ પ્રમાણે 'त्रित' એ શબ્દનો ઉલ્લેખ ઋગ્વેદમાં તથા અથર્વવેદમાં પણ ઘણીવાર કરેલો દેખાય છે. તો પણ કોઈકે કોઈને તે 'त्रित' શબ્દને અગ્નિ આદિ અમુક દેવતારૂપ અર્થને કહેનાર તરીકે કહ્યો છે. જ્યાં એ 'त्रित' શબ્દને મનુષ્યભાવ જણાવનાર તરીકે સૂચવ્યો છે, ત્યાં ક્યાંક સૂક્તદ્રષ્ટા ઋષિ તરીકે એ 'त्रित' શબ્દના અર્થનો ઉલ્લેખ મળે છે. એવાં સ્થળો પર 'त्रित' શબ્દનો જુદો જુદો અર્થ મળે છે; પરંતુ જ્યાં વેદમાં 'आप्त्यः, आप्त्यः, त्रितः, એવા શબ્દો મળે છે, તેના બદલે અવેસ્તામાં 'आथ्वयः, त्रित' એવા શબ્દો લગભગ સમાનતા-

વાળા દેખાય છે; પરંતુ ત્યાં એ 'ત્રિત' શબ્દનો અર્થ–પરિવેદન–જાણવું–અનુભવ કરવો, દુષ્ટસ્વપ્ન, સ્વર્ણકાર–સોની, માલાકાર–માળી વગેરે અને દુષ્કૃત માર્જન–પાપને ધોઈ નાખવું–દૂર કરવું, એવો પણ અર્થ દર્શાવનાર તે 'ત્રિત' શબ્દનો ઉલ્લેખ દેખાય છે. તે ઉપરથી વૈદિક સંપ્રદાયમાં 'ત્યાગ કરવા યોગ્યપણું, એવો પણ અર્થ ગ્રહણ કરેલો હોવાથી જેમ 'સુર' શબ્દના વિપરીત અર્થને જણાવનાર 'અસુર' શબ્દનો અર્થ સમજાય છે, તેમ 'ત્રિત' શબ્દમાં પણ વિપક્ષભાવ એટલે કે વિપરીત અથવા વિરુદ્ધ અર્થ–ત્યાજ્ય કરવા યોગ્યપણું, એવો અર્થ સમજાય છે.

'ત્રિત' અથવા ઇરાની વૈદ્ય 'થ્રિત'એ બન્નેની એકાત્મ્યતા હોવાથી વૈદિક આશ્વિન સંપ્રદાયની જેમ ઇરાનના 'થ્રિત' વૈદ્યનો વૈદ્યકીય સંપ્રદાયનો સમય પણ પ્રાચીન સિદ્ધ થાય છે; કિંતુ વેદમાં દેખાતા 'ત્રિત' નામના માણસ સાથે ભૈષજ્ય–વૈદ્યકના વિષયનો સંબંધ ક્યાંયે દેખાતો નથી. છતાં 'તૈત્તિરીય સંહિતા'માં એક સ્થળે (૧–૮–૧૦–૨ માં) આયુષ્યને આપનાર તરીકે 'ત્રિત' નામના ઋષિની પ્રાર્થના મળે છે. તે ઉપરથી વૈદિક અથવા વેદમાં જણાવેલ 'ત્રિત' વિષે પણ ભૈષજ્ય–વૈદ્યક વિષયનો સંબંધ જોવામાં આવે છે, એમ 'માર્ટિન' નામનો પાશ્ચાત્ય વિદ્વાન કહે છે. તો પણ તે સ્થળે 'ત્રિત' શબ્દનો અર્થ–'અગ્નિ' થાય છે, એવું ટીકાકારોએ વ્યાખ્યાન કરેલ છે; તેમ જ રાજસૂય યજ્ઞને લગતું એ પ્રકરણ હોવાથી 'ત્રિત' શબ્દનો અર્થ 'અગ્નિ' જ બંધબેસતો જણાતો હોવાથી એ 'ત્રિત'માં ભૈષજ્ય વિષયનો સંબંધ સંભવી શકતો નથી, એમ સ્પષ્ટ થાય છે; એટલે એ વિષયમાં વિચારવા જેવું છે.

તે જ પ્રમાણે 'ઔરભ્ર' શબ્દ પણ 'ઉરભ્રસ્ય અપત્યમ્ અથવા 'ઉરભ્રે ભવઃ'–'ઉરભ્ર' નામના માણસનો પુત્ર અથવા 'ઉરભ્ર' નામના દેશમાં જે ઉત્પન્ન થયો હોય તે 'ઔરભ્ર' કહેવાય છે; એ અર્થ સ્વીકારી 'ઉરભ્ર' નામની કોઈ વ્યક્તિનો પુત્ર અથવા 'ઉરભ્ર' નામના દેશમાં ઉત્પન્ન થયેલો કોઈ વૈદ્ય હોવો જોઈએ; પરંતુ 'ઉરભ્ર' નામની કોઈ વ્યક્તિ અથવા 'ઉરભ્ર' નામનો કોઈ દેશ પૂર્વના ભારતમાં જાણવામાં નથી. વસ્તુતઃ 'ઉરભ્ર' શબ્દ તથા 'ઉરણ' એ શબ્દ 'ઘેટું' એ અર્થને જણાવનાર તરીકે પ્રસિદ્ધ છે. વેદમાં પણ એ અર્થને જણાવનાર એ બન્ને શબ્દો મળે છે. વળી 'ઊર્ણાવતી' નામની એક નદી સિંધમાં વહે છે એવો ઉલ્લેખ વેદમાં પણ મળે છે; તેમ જ ગાંધાર દેશમાં અને તેનાથી ઉત્તરમાં આવેલા દેશોમાં 'ઉરભ્ર'–ઘેટાં પુષ્કળ હોય છે, એમ પ્રાચીનકાળથી જ ઘેટાં આસપાસના પ્રદેશમાં પુષ્કળ હોય છે અને એ સંબંધને કારણે પણ તે નદીનું નામ 'ઊર્ણાવતી'–એટલે જેની સમીપના પ્રદેશોમાં ઘેટાં પુષ્કળ હોવાથી તેમનાં ઊર્ણા–ઊન જેની આજુબાજુ ઘણું પેદા થાય છે; એવું સાર્થક નામ હોવા સંભવ છે. વળી 'અધ્વર્યવો ય ઉરણં જઘાન (ઋગ્વેદમંત્ર–૨–૧૪–૪) એ મંત્રમાં ઇંદ્રે 'ઉરણ' નામના અસુરને માર્યો હતો, એવો ઉલ્લેખ મળે છે. વળી 'બેબિલોન' દેશનાં પ્રાચીન નગરોમાં 'ઉર' એ નામનું એક શહેર પણ મળે છે. એ શહેર ચાલ્ડિયનોના સમયમાં 'અબ્રાહમ' નામના રાજાનું મુખ્ય રાજધાનીનું સ્થાન ગણાતું હતું. 'સુમેરિયન' લોકોનો સમય ઈસવી સન પૂર્વે ૩૦૦૦ વર્ષનો ગણાય છે; તે સમયે ત્યાં 'સેમેટિક' રાજાની સત્તાનો પ્રારંભ થયો હતો; ત્યારે 'સારગાન' વંશજોની પછી 'ઉરગુર' અથવા 'ઉર એન ગર' નામનો એક રાજા થયો હતો. તેના સમયમાં 'ઉરનગર' શહેર મુખ્ય હોઈને રાજધાનીરૂપ હતું અને 'બેબિલોન'ના સમયના અંત સુધી તે શહેર ધાર્મિક વિષયમાં તથા વાઙ્મય–શાસ્ત્રીય જ્ઞાનના વિષયમાં અતિશય પ્રસિદ્ધ હતું. એ ઉરનગરમાં પ્રાચીન 'ઉરનમ્મુ' નામના તેમ જ 'વર્સિન' નામના બે રાજાઓના બે શિલાલેખો મળી આવ્યા છે; વળી 'અસીરિયન' પ્રદેશની પૂર્વકાળની જાતિઓને 'અસુર' તરીકે સ્વીકારવામાં આવે છે. ઇંદ્રે 'ઉરણ' નામનો જે અસુર માર્યો હતો, તે એ 'અસીરિયન' દેશનો હોય એમ કલ્પી શકાય છે. 'ઉર' શબ્દ 'ઉરભ્ર' આદિ શબ્દોમાં પણ અનુસર્યો છે, તેથી 'ઉરભ્ર'ને પણ તે 'અસીરિયન' દેશનો સંબંધ હોય, એવો મનમાં

સંશય કરાવે છે. 'ઉર' પ્રદેશમાં ભારત દેશના સાગવૃક્ષનું કાષ્ઠ મળ્યું હતું, એમ એ. સી. દાસ વર્ણવે છે. તે દેશવાચક 'ઉર' શબ્દના સંબંધને કારણે જો 'ઉરભ્ર' શબ્દ બન્યો હોય તો જેમ કાંકાયને બાહ્લીક પ્રદેશને પોતાના વસવાટથી શોભાવ્યો હતો, તેમ દિવોદાસના શિષ્ય ઉરભ્ર આચાર્યે 'ઉર' પ્રદેશને પોતાના વસવાટ અથવા જન્મથી શોભાવ્યો હોય એમ જણાય છે.

કેટલાક વિદ્વાનો ગોપુર-રક્ષિત એવા નામથી ગોપુર તથા રક્ષિત-એ નામના જુદા જુદા બે આચાર્યોને માને છે; કેટલાક તો તે આખું 'ગોપુર-રક્ષિત' નામના એક જ આચાર્યને સ્વીકારે છે, દક્ષિણ દેશના શિલ્પગ્રન્થમાં 'ગોપુર' એ નામનો નિર્દેશ મળે છે. તથા આજકાલ પણ દક્ષિણના દેશોમાં ગોપુરની વિશેષ પ્રસિદ્ધિ હોવાથી 'ગોપુર' નામથી વ્યવહાર કરાયેલા આચાર્ય દક્ષિણ દેશના પણ હોય એમ સંભવે છે; કિંતુ મહાભારતમાં અને રામાયણમાં પણ 'ગોપુર' શબ્દનો અર્થ શહેરનો દરવાજો એવો થાય છે તેથી એટલા પ્રમાણ ઉપરથી પણ કોઈ નિશ્ચય કરવો શક્ય નથી. અથવા 'ગોપુર' એ નામે કોઈ અજાણ્યું શહેર હોય એવો સંભવ છે અને તે શહેરના સંબંધ ઉપરથી વ્યવહાર કરાયેલ 'ગોપુર-રક્ષિત' એ નામના પણ આચાર્ય સંભવે છે.

પ્રાચીન ભોજદેશના કાન્યકુબ્જ (કનૌજ) પ્રદેશમાં આવેલી ભાગીરથીના દક્ષિણ કિનારે પંદર-સોળ કોસના ઘેરાવામાં ફેલાયેલું હોવાનું વર્ણન મળે છે. દિવોદાસના શિષ્ય ભોજનું સંભવતઃ એ દેશના નામ પ્રમાણેનું નામ હતું.

તેમ જ 'उपधेनोरपत्यम्'-ઉપધેનુ નામની કોઈ વ્યક્તિનું જે સંતાન તે 'औपधेनव' નામના આચાર્ય સમજી શકાય છે. આ 'औपधेनव' નામના આચાર્ય બીજા કોઈ પણ પ્રદેશમાં થયા હોય એમ જાણવામાં નથી; કિંતુ उपगोरपत्यमौपगवः 'ઉપગુ' નામના કોઈ ઋષિનો પુત્ર 'औपगव' નામે હતો, એ પાણિનીય વ્યાકરણપ્રયોગના ઉદાહરણ પર મહાભાષ્યકારે 'उपगवपत्यरूपेण औपगवो निर्दिष्टः 'ઉપગુ' નામના ઋષિના સંતાનરૂપે 'औपगव'ને દર્શાવેલ છે. વિષ્ણુપુરાણમાં 'મિથિલા' નગરીના રાજા 'સીરધ્વજ'ના ભાઈ કાશીરાજાએ કુશધ્વજના વંશમાં ઉત્પન્ન થયેલો 'उपगु' નામનો એક ક્ષત્રિય હતો, એમ કહ્યું છે; તેમ જ વસિષ્ઠના ગોત્રમાં ઉત્પન્ન થયેલો એક ઋષિ પણ 'उपगु' નામે મળે છે. વળી ઔરવ-કૌત્સ રાજાના પુરોહિત સૌશ્રવસ ઉપગુનું આખ્યાન 'પંચવિંશબ્રાહ્મણ' ૧૪-૬-૮માં જોવામાં આવે છે; તેમ જ 'औपगवेर्युनश्छात्रा औपगवीयाः' ઉપગુના યુવસંતક(સંતાન ઔપગવ)-ના વિદ્યાર્થીઓ 'औपगवीय' કહેવાયા હતા, એમ મહાભાષ્યકારે (૪-૧-૩-૯૦) માં લખ્યું હોવાથી વિદ્યાર્થી સંપ્રદાયપ્રવર્તક 'औपगव' નામે હતો, એમ જણાય છે. તે જ પ્રસિદ્ધ 'औपगव' શું 'औपधेनव' હશે? કારણ કે પર્યાય શબ્દોથી પણ પૂર્વના લેખકોનો કયાંક વ્યવહાર કરાયેલો દેખાય છે. તો એ 'औपधेनव' આચાર્ય કયાં થયા હતા? એ સંબંધે કોઈ નિશ્ચય કરી શકાતો નથી.

જોકે દઢ પ્રમાણોના અભાવે કેવળ તર્કોના આધારે કંઈ પણ નિશ્ચય થઈ શકતો નથી, તોપણ ઉપર કહેલા આ આચાર્યોનાં નામો ભારતના ભિન્નભિન્ન પ્રદેશોમાં જેમ દ્વારના અસ્તિત્વની સંભાવના જણાવે છે, તેમ બહારના દૂર સુધીના પ્રદેશોમાં પણ ધન્વન્તરિના સંપ્રદાયના પ્રકાશનો પ્રસાર થવામાં દ્વાર તરીકે હોવા સંભવે છે; એ ન્યાય પ્રમાણે કેવલ ધન્વન્તરિના જ સંપ્રદાયનો નહિ, કિંતુ બીજા વિભાગના પણ વૈદ્યકીય જ્ઞાનપ્રકાશોના પ્રસાર થવા માટે દ્વારો હોવાં જોઈએ. બીજું શું? ઋગ્વેદમાં પણ વૈદ્યવાચી 'ભિષક્' શબ્દનો તેમજ ઔષધ-વાચી 'ભેષજ' શબ્દનો પ્રયોગ કરાય છે. અને તે જ બંને શબ્દોના વિકૃત આકારને સ્પષ્ટ જણાવતા 'વિજિષ્ક' અને 'વેષજ' એ બે શબ્દો ઇરાન દેશની 'પશુ ભારતીય' (પહલવી) ભાષામાં દેખાય છે; તેમ જ એ જ બંને શબ્દો વિકૃત સ્વરૂપ ધારણ કરી 'વિઝિષ્ક' અને 'વેઝષ્ક' એવા સ્વરૂપે 'અર્મિનિયન' ભાષામાં પણ મળે છે, એમ પહેલાં આ ઉપોદ્ઘાતમાં દર્શાવ્યું છે. વૈદ્ય તથા ઔષધવાચી મુખ્ય શબ્દો એ (વિકૃત) રૂપે પણ પૂર્વકાળમાં દૂરના બીજા દેશોમાં જો ફેલાયેલા જણાય છે તો આ વૈદ્યકીય વિદ્યાના

શાસ્ત્રોના વિષયો ચોપાસ ફેલાયા હોય એમાં કંઈ આશ્ચર્ય નથી. 'વાડેલ' નામના વિદ્વાને પણ સુમેરિયન પ્રદેશના પ્રાચીન મુદ્રામાં મળેલા સાંકેતિક અક્ષરો વડે કેટલાક તે દેશના શબ્દોની તથા ભારતીય શબ્દોની સમાનતા આમ જણાવી છે :

સુમેરિયન	સંસ્કૃત	સુમેરિયન	સંસ્કૃત	સુમેરિયન	સં૦
ભૃગુ	ભૃગુ	સક્ષ	શક્ર	ગુધિયા	ગાધિ
વર્ગત્ર	ભાર્ગવ	ઇન્દુરુ	ઇન્દ્ર	સુસિન	સુષેણ
ગુર્ગુ	ગર્ગ	અસ્સિ	અશ્વિ	એમદ્ગલ	મુદ્ગલ
હનક	જનક	ગલ્હ	ગાલવ	ઉર્વસ	હર્યશ્વ

એ દિશાએ ઘણા શબ્દોનો બિંબ-પ્રતિબિંબ ભાવ જણાવીને સમાનપણું માનેલું છે. વધારે શું ? પણ ધન્વંતરિ તથા દિવોદાસનું પણ તે દેશમાં પ્રાકટ્ય કલ્પેલું છે. તે દેશમાં થયેલા પૂર્વકાળના રાજાઓ વગેરેને ઈસવી સન વર્ષના આરંભથી લગભગ બે-ત્રણ હજાર વર્ષો પૂર્વે દર્શાવ્યા છે. પ્રથમ આ ઉપોદ્ઘાતમાં શાલિહોત્રીયનો નિર્દેશ કર્યો છે, તેમાં આયુર્વેદશાસ્ત્રના કર્તાઓનો જે ઉલ્લેખ કર્યો છે, તેની અંદર ગાલવનો પણ ઉલ્લેખ હોવાથી તેમ જ ચરકના આરંભ ગ્રંથમાં પણ આયુર્વેદના પ્રવર્તક આચાર્યોમાં તે ગાલવનું નામ મળતું હોવાથી એ ગાલવ પણ આયુર્વેદ વિદ્યાના આચાર્ય હતા એમ જણાય છે. વળી ગાલવનો કાશી રાજા દિવોદાસ સાથેનો સમાગમ અને મારીચ કાશ્યપનો આશ્રમ પણ તે ગાલવે જોયો હતો, એ બાબત મહાભારતમાં કહેલ છે, એમ પહેલાં આ ઉપોદ્ઘાતમાં દર્શાવ્યું જ છે. એ ગાલવને ઘોડો મેળવવાની ઇચ્છા થતાં તે પ્રસંગે આમતેમ દૂર સુધી તેણે પર્યટન કર્યું હતું, એમ મહાભારતના લેખ ઉપરથી જણાય છે. 'સુમેરિયન' પ્રદેશની પ્રથમની મુદ્રામાં 'ગલ્હ' નામે જે દેખાયા છે, તે જ એ 'ગાલવ' હોવા જોઈએ એમ વાડેલે માન્યું છે. વળી મુદ્ગલ તથા મૌદ્ગલ્ય વગેરે પણ ભારતમાં વૈદ્ય-આચાર્ય તરીકે હતા, એમ જાણવા મળે છે. તેમ જ સુમેરિયન પ્રદેશના એમદ્ગલમાં 'અજૂ' એવું વૈદ્યવિદ્યાના જ્ઞાનને જણાવનાર વિશેષણ છે, એમ પણ 'વાડેલ' કહે છે. એ રીતે જો ગલ્હ તથા ગાલવ શબ્દની તેમ જ એમદ્ગલ તથા મુદ્ગલ શબ્દોની પરસ્પર જો એકતા સંભવતી હોય તો ભારતીય આયુર્વેદ વિદ્યાના આચાર્યોએ 'સુમેરિયન' પ્રદેશને પણ પોતાના પ્રભાવથી યુક્ત કર્યો હોય, એમ તર્ક સંભવી શકે છે. પરંતુ તે ઘણો પ્રાચીન વિષય હોવાથી; તેમ જ પ્રાચીન મુદ્રાના અક્ષરોનો પણ એકમતપણે નિશ્ચય થયેલો ન હોવાથી, તેમ જ તે દેશમાં મનાયેલા ગાલવ, ધન્વંતરિ તથા દિવોદાસ આદિમાં વૈદ્યકશાસ્ત્રના જ્ઞાતાપણું આદિ વિષયો મળતા ન હોવાને કારણે, પરિપૂર્ણપણે અનુસંધાન થયા વિના માત્ર એટલેથી જ આ બાબતમાં યથાર્થપણે કંઈ પણ કહી શકાતું નથી.

આ કાશ્યપસંહિતાના ભોજનકલ્પ અધ્યાયમાં સાત્મ્ય-અશન એટલે પોતાની પ્રકૃતિને માફક ખોરાક ખાવાનો જે પ્રસંગ છે, તેમાં કાશ્મીર, ચીન, અપર ચીન આદિ દેશોની સાથે બાહ્લીક, દાસેરક, શાતસાર અને રામણ નામના દેશોનો પણ ઉલ્લેખ મળે છે. 'દાસેરક' નામનો દેશ માળવા પ્રાંતનો એક ભાગ છે, એમ કેટલાક વિદ્વાનો કહે છે. પરંતુ મહાભારતમાં અનેક સ્થળે 'દાસેરક' દેશનો ઉલ્લેખ હોવા છતાં 'માલવા'નો પૃથક્ ઉલ્લેખ કરેલો દેખાય છે. (જુઓ મહાભારત ભીષ્મપર્વ ૧૧૭, ૧૩૨-૧૩૩, તેમ જ દ્રોણપર્વ ૧૧, ૧૬-૧૭). તે ઉપરથી જણાય છે કે એ દાસેરક નામનો દેશ માલવા દેશથી જુદો જ હોવો જોઈએ. તેમ જ 'શાતસાર' એ કયો દેશ છે એ જાણી શકાતું નથી. તોપણ બાહ્લીક તથા રામણ દેશના સાહચર્યથી દાસેરક તથા શાતસાર નામના બન્ને દેશો નજીક નજીકના પ્રદેશ હોવા જોઈએ, એવું અનુમાન થાય છે. 'રામણ' દેશ 'અર્મેનિયા' દેશને કહ્યો છે. 'રામણ' નામના પર્વતનો પણ ઉલ્લેખ (ઈરાની ધર્મગ્રંથ) જેન્દાવસ્તા'માં છે; વળી મહાભારતમાં ઉત્તર પ્રદેશની જુદી જુદી અનેક જાતિઓનો નિર્દેશ કર્યો છે, ત્યાં હૂણ, પારસીક અને ચીન આદિની સાથે 'રમણ' નામની જાતિઓનો તેમ જ 'નિષધ'ની ઉત્તરે 'રમણ' વર્ષ (ખંડ)નો પણ નિર્દેશ જોવામાં આવે છે; (જેમ

કે ભીષ્મપર્વના ૯ મા અધ્યાયમાં उत्तराश्चापरे म्लेच्छाः क्रूराः भरतसत्तम। यवनाश्चीनकाम्बोजा दारुणा म्लेच्छ जातयः॥ सकृद्ग्रहाः कुलत्थाश्च हूणाः पारसिकैः सह। तथैव रमणाश्चीनास्तथैव दशमालिकाः॥ હે ભરતશ્રેષ્ઠ રાજા! ઉત્તર પ્રદેશના બીજા મ્લેચ્છદેશો ક્રૂર છે; તેઓ યવન, ચીન, કાંબોજ અને દારુણ મ્લેચ્છ જાતિઓના છે; વળી તેઓ સકૃદ્ગ્રહ, કુલત્થ, હૂણ, પારસીક, રમણ, ચીન, તથા દશમાલિક નામે પણ કહેવાય છે. વળી ભીષ્મપર્વના ૮ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે 'दक्षिणेन तु श्वेतस्य निषधस्योत्तरेण तु। वर्षं रमणकं नाम जायन्ते तत्र मानवाः॥ શ્વેત નિષધની દક્ષિણમાં તથા ઉત્તરમાં પણ 'રમણક' નામનું એક વર્ષ–ખંડ છે. ત્યાં મનુષ્યો ઉત્પન્ન થાય છે.' એવો ઉલ્લેખ જોવામાં આવે છે. તે ઉપરથી 'અમેનિયા'ના પ્રદેશ સુધી ભારતીય પૂર્વાચાર્યોનો પરિચય હતો; એવું અનુમાન કરી શકાય છે. રાજા એલેકઝાન્ડરની સાથે જેઓને લઈ જવામાં આવ્યા હતા અને અશોકના સમયમાં આમતેમ જેઓને મોકલ્યા હતા, તે વિદ્વાનોનાં નામો ક્યાં હતાં? એ બાબતને ઇતિહાસ છુપાવે છે. ઈસુ ખ્રિસ્તના સમયમાં મિશ્ર દેશમાં 'થેરાપ્યૂત' નામે પ્રસિદ્ધ એવા કેટલાક વિરક્ત 'ભિક્ષુ' જીવન ગાળનારા (સાધુઓ) હતા; જેઓની શિક્ષાનો પ્રભાવ ઈસુ ખ્રિસ્તની ઉપર પણ પડ્યો હતો. એ ભિક્ષુઓ પૂર્વદેશમાં વસવાટ કરતા હતા અને ધર્મના ઉપદેશ સાથે ચિકિત્સા પણ કરતા હતા. એ ભિક્ષુઓના નામે પાશ્ચાત્ય ચિકિત્સાશાસ્ત્રમાં 'થેરાપ્યૂતિકસ' નામનો અમુક વિભાગ છે; એ 'થેરાપ્યૂત' નામના ભિક્ષુઓનું જીવન ભારતીય થેરો(સ્થવિર) ભિક્ષુઓના જેવું હતું. અશોકના સમયમાં જે ભિક્ષુઓ તથા ચિકિત્સક વૈદ્યો પાશ્ચાત્ય પ્રદેશોમાં ગયા હતા તેઓની જ સંતતિરૂપે એ 'થેરાપ્યૂત' ભિક્ષુઓ હોવા જોઈએ, એમ ભારતીય ઇતિહાસના ગ્રંથમાં 'જયચંદ્ર વિદ્યાલંકાર' વર્ણવે છે. (જુઓ ભારતીય ઇતિહાસની રૂપરેખા ભાગ બીજો પૃષ્ઠ ૫૬૬); 'પોકાક' પણ ('ઇંડિયા ધેન ઈસિ બાય પોકાક'માં) એમ જ નિરૂપણ કરે છે. બીજા દેશોના ઇતિહાસોમાં પણ કેટલાક તેમાંના વિષયો છુપાઈ રહેલા હોવા જોઈએ. વળી બીજા દેશોના ઇતિહાસોમાં ગયેલાં કેટલાંક ભારતીય નામો પણ તે તે દેશોની જુદી જુદી ભાષાઓમાં લગભગ વિકૃતિ પામીને અપરિચિત થઈ ગયાં હોય છે અને તે તે દેશની જુદી જુદી વ્યક્તિઓનાં જાણે નામો હોય, તેમ જણાય છે. જેમ કે, 'ક્લેનસ' નામની ભારતીય વ્યક્તિ 'કલ્યાણ' એ નામે હોવી જોઈએ, એમ વિવેચકો જણાવે છે.

ચરક, સુશ્રુત, કાશ્યપ તથા ભેડ આદિના પ્રાચીન ગ્રંથોમાં આવેલાં પૂર્વના આચાર્યોનાં તથા બીજાઓનાં નામો પણ એક એક લઈને તેઓની વ્યાખ્યા કરાય, વિચારણા કરાય; તેમ જ વિષયોનું અનુસંધાન કરવામાં આવે તોપણ દેશ, કાળ તથા સ્વરૂપ અનુસાર આયુર્વેદની પૂર્વાવસ્થાનો થોડો ઘણો પરિચય મળી શકે છે; પરંતુ વિસ્તારભયથી અહીં વધુ આપ્યું નથી.

વૈદિક સાહિત્યમૂલક ભારતીય ભૈષજ્ય છે

વૈદિક સાહિત્યમાં માંત્રિક પ્રક્રિયા એટલે કે મંત્રો દ્વારા થતી રોગોની ચિકિત્સા જોકે મળે છે તોપણ કેવળ ભેષજપ્રક્રિયા અથવા આયુર્વેદીય ઔષધો દ્વારા થતી રોગોની ચિકિત્સા પણ ઓછી નથી; પરંતુ ઘણા અસાધારણ વિષયો ઋગ્વેદમાં પણ જોવામાં આવે છે. અને અથર્વવેદમાં પણ શરીરને લગતાં ઔષધો અથવા શરીરને લગતાં વર્ણનો, ઔષધીઓ, શસ્ત્રવૈદ્યકને લગતા વિષયો, રોગોના નિર્દેશો તેમ જ રોગોના ઉપચારો એવા એવા ભૈષજ્યના વિષયો ઓતપ્રોત છે, એમ આ ઉપોદ્ઘાતમાં પ્રથમ દર્શાવ્યું જ છે. શરીરમાં રહેલાં ત્રણસો સાઠ હાડકાંઓનું જ્ઞાન, સો ધમનીઓ, એક હજાર શિરાઓ તથા ધમનીઓનું જ્ઞાન પણ પૂર્વકાળથી ચાલુ રહેલું છે, એમ મંત્રનાં ચિહ્નો ઉપરથી પણ સ્પષ્ટ થાય છે. (અથર્વવેદના ૧૦, ૮, ૪માં આમ જણાવ્યું છે કે 'द्वादश प्रधयश्चक्रमेकं त्रीणि नभ्यानि क उ तत् चिकेत। तत्राहतास्त्रीणि शतानि शङ्कवः षष्टिश्च काला अविचाचला ये॥'–આ મનુષ્ય શરીરમાં બાર પ્રધિઓ–જમીનને સ્પર્શતા છેડાઓ છે; એક ચક્ર છે, ત્રણ નાભિમાં રહેલાં ચક્રો છે. તે ક્યાં છે તે જાણવું

જોઈએ. વળી તે શરીરમાં ત્રણસો હાડકાંરૂપ ખીલા છે અને ઉપરાંત સાઠ એવા હાડકાંરૂપ ખીલાઓ છે, કે જે અતિશય સ્થિર છે. વળી તે અથર્વવેદમાં જ ૧-૧૭-૩માં આમ કહ્યું છે કે, 'शतस्य धमनीनां सहस्रस्य हिराणाम् । अस्थुरिन् मध्यमा इमाः साकमन्ता अरंसत ॥'-આ શરીરમાં સો ધમની નામની નાડીઓ છે અને એક હજાર હિરાઓ અથવા શિરાઓ છે; તેમની વચ્ચે રહેલી અને તેમની સાથે જોડાયેલી સતત વહી રહી છે. વળી અથર્વવેદમાં ૭-૩૬-૨માં આમ કહ્યું છે કે, 'इमा यास्ते शतं हिराः सहस्रं धमनीरुत । तासां ते सर्वासामहमश्मना विलमप्यधाम् ॥'-આ શરીરમાં જે સો શિરાઓ અથવા એક હજાર ધમનીઓ છે, તે સર્વના બિલ-છિદ્રને મેં પત્થરથી ઢાંકી દીધું છે. વળી શતપથ બ્રાહ્મણમાં પણ ૧૨-૧-૩૦/૧૨-૩-૨માં શરીરનાં ત્રણસો સાઠ હાડકાંઓનું વર્ણન છે. વૈદિકી-યાગ પ્રક્રિયામાં પશુ-ઓને લગતા વિભાગમાં કેવળ પશુઓના જ મેધ-યજ્ઞમાં નહિ પણ મનુષ્યોના પણ મેધ-યજ્ઞોમાં તે તે અવયવોનું પૃથક્કરણ તથા તે તે અવયવોને છૂટા કરી દેવા અને પાછા જોડી દેવાની ક્રિયા જોવામાં આવે છે. અથર્વવેદની એ કંડિકાઓનો અર્થ ફરી ભાષ્ય દ્વારા તપાસવો જરૂરી છે. તેને લગતા વિષયોના વિશેષ વિજ્ઞાનને સ્પષ્ટ કરી બતાવે છે; તેમ જ પશુઓની વપા-ચરબી તથા હૃદય આદિને બહાર કાઢવાની ક્રિયામાં હાથની કુશળતા પણ વિજ્ઞાનવર્ધક અભ્યાસ દર્શાવે છે. વળી અથર્વ-વેદના દશમા કાંડના બીજા સૂક્તમાં શરીરને લગતાં હાડકાંઓનું અનુક્રમપૂર્વકનું વર્ણન સારી રીતે કરેલું મળે છે. તે ઉપરથી સાબિત થાય છે કે, વેદના કાળના ભારતીય વિદ્વાનોએ પ્રથમ શરીરના અને શરીરને લગતા વિજ્ઞાનનો સંબંધ બતાવતા વિષયો બરાબર જાણેલા હતા, એમ વૈદિકવિષયના વિદ્વાનો કીથ તથા મેકડોનલ એ બંનેએ પણ લખ્યું છે.

વળી ઋગ્વેદ, અથર્વવેદ તથા યજુર્વેદના મંત્રોનાં લિંગ અથવા નિશાનીઓ દ્વારા વિશેષે કરી ઔષધીઓનું જ્ઞાન તથા તેનો વિનિયોગ પ્રથમ આ ઉપોદ્ઘાતમાં દર્શાવેલ છે જ; તેમ જ વિકૃત, ભગ્ન-ભાંગેલા વગેરે અવયવોનું રૂઝવવું તથા સાંધવું વગેરે માટે ઔષધીઓની પ્રાર્થના પણ અથર્વવેદમાં જોવામાં આવે છે. વળી ઋગ્વેદમાં 'સોમ' નામની ઔષધીનું ઔષધીઓના રાજા-તરીકે વર્ણન પણ ઘણે સ્થળે ઘણી વાર મળે છે. જે કાળે સોમ-ઔષધીને લગતી યાજ્ઞિક અથવા યજ્ઞસંબંધી પ્રક્રિયા ચાલુ રહેલી હતી, ત્યારે એ પ્રક્રિયાની સાથે જ સોમ ઔષધિનું પ્રધાન ઔષધી-પણું પણ જોવામાં આવે છે. વળી બંને અશ્વિની-કુમારો દેવતાઈ વૈદ્યો હતા અને સોમ તથા બન્ને અશ્વિનીકુમારોનો અતિશય ઘાટો સંબંધ હતો, એમ પણ ઘણાં મંત્ર ચિહ્નો જણાવે છે. સુશ્રુતમાં પણ સોમનો ઔષધી તરીકે નિર્દેશ ઘણી વાર ઘણે સ્થળે કરેલ છે. તેમ જ સોમનો યાજ્ઞિકી સંસ્થામાં અને ભેષજ સંસ્થા અથવા ઔષધોને લગતી કોઈ સંસ્થામાં પણ વિશેષ સંબંધ હોય છે, એમ પણ જણાય છે અને તે ઉપરથી આ ભૈષજ્ય વિદ્યા ઘણી પ્રાચીન છે; એમ પણ દર્શાવી શકાય છે. અથર્વવેદમાં 'કુષ્ઠ' એટલે 'કઠ' નામના ઔષધ અથવા કોઢ રોગના ઔષધનું વર્ણન જેમાં આવે છે, તે સૂક્તમાં ઇક્ષ્વાકુ, કાશ્ય તથા વસ નામના ક્ષત્રિયોએ પૂર્વના કાળમાં કુષ્ઠ-કઠ ઔષધીનું જ્ઞાન મેળવ્યું હતું, એવો નિર્દેશ કરેલો જોવામાં આવે છે. તે ઉપરથી જુદી જુદી ઔષધીઓની શોધ અને તેને લગતું જ્ઞાન પહેલાંના કાળથી જ ઘણા લોકોને હતું, એમ પણ અથર્વવેદના તે મંત્રના પ્રમાણથી જાણી શકાય છે (જેમ કે અથર્વવેદના ૪-૧૨ અને ૩-૫ માં ઔષધી પ્રત્યે આવી પ્રાર્થના જોવામાં આવે છે; 'सं ते मज्ञा मज्ज्ञा भवतु, समु ते परुषाः परुः । सं ते मांसस्य विस्रस्तं समस्थ्यपि रोहतु ॥ मज्ञा मज्ज्ञा सं धीयतां चर्मणा चर्म रोहतु । असृक् ते अस्थि रोहतु मांसं मांसेन रोहतु ॥ लोम लोम्ना सं कल्पया त्वचा संकल्पया त्वचम् । असृक ते अस्थि रोहतु छिन्नं सं धेह्योषधे ॥'-હે ઓષધિ ! તારી મજ્જા વડે આ રોગીની મજ્જા સારી રીતે ઉત્પન્ન થાઓ; તારી પરુસ્-ગ્રંથિથી આ રોગીની ગ્રંથિઓ સારી રીતે તૈયાર થાઓ; તારા માંસ વડે માંસ પણ સારી રીતે તૈયાર થાઓ અને તે માંસ સાથે આનું હાડકું જોડાઈ જાય; વળી તારી

મજ્જા વડે આની મજ્જા સંધાઈ જઓ અને તારી ચામડી–છાલથી આ રોગીની ચામડી ઊગી નીકળો; વળી તારું અસૃક્–લોહી જેવો રસ આના હાડકામાં ઊગી નીકળો અને તારા માંસ વડે માંસ ઊગી નીકળો. વળી તારાં રૂંવાડાં વડે આનાં રૂંવાડાં સારી રીતે તું તૈયાર કરી દે અને તારી છાલ વડે આની ચામડીને બરાબર તૈયાર કરી દે; વળી તારું લોહી આનાં હાડકાં પર વહેવા માંડો અને આનું છેદાયેલું હાડકું તું સાંધી દે.' આ સિવાય અથર્વવેદનો ૧૯-૩૯-૯ માં કુષ્ઠ–કૂઠ ઔષધીને ઉદ્દેશી આમ કહ્યું છે: 'यं त्वा वेद पूर्व इक्ष्वाको यं वा त्वा कुष्ठ काम्यः। यं वा वसो यमास्यस्तेनासि विश्वभेषजः॥– હે કુષ્ઠ! એટલે હે કૂઠ ઓષધિ! તને પ્રથમ ઇક્ષ્વાકુએ જાણી હતી; તેમ જ કામ્ય નામના ક્ષત્રિયે તે પછી તને જાણી હતી અને વસ તથા યમાસ્ય નામના ક્ષત્રિયે પણ પ્રથમ તને જાણી હતી; તે ઉપરથી તું વિશ્વભેષજ અથવા સમગ્ર રોગોના ઔષધરૂપ છે' એટલું જ નહિ; પરંતુ વેદના મંત્રો તે કાળની હજારો ઔષધીઓને તથા તે કાળના સેંકડો વૈદ્યોનું પણ વિશેષ જ્ઞાન જણાવે છે; એમ કેવળ વેદના જ કાળમાં નહિ; પરંતુ ત્રણ યુગો પહેલાં પણ ઓષધી-ઓનું પૂર્ણ જ્ઞાન (લોકોને) હતું, એમ 'या ओषधीः पूर्वा जाता देवेभ्यस्त्रियुगं पुरा'–જે ઔષધીઓ ત્રણ યુગો પહેલાં દેવો માટે ઉત્પન્ન થઈ હતી,' એ વૈદિકમંત્રના પ્રમાણથી જ સાબિત થાય છે.

વળી બીજું–વેદમાં કહેલી 'નક્ષત્રોને લગતી ઇષ્ટિમાં 'शतभिषज' નામના નક્ષત્રના 'याज्या' તથા 'અનુવાક્યો' નામના બે તૈત્તિરીય મંત્રોમાં વરુણની તથા 'शतभिषज' નામના નક્ષત્રની સેંકડો ઔષધીઓને ઉત્પન્ન કરીને તે દ્વારા લોકોનું આયુષ્ય વધારવું વગેરેનું વર્ણન કરવામાં આવે છે (જેમ કે–'क्षत्रस्य राजा वरुणोऽधिराजः नक्षत्राणां शतभिषग्वसिष्ठः। तौ देवेभ्यः कृणुतो दीर्घमायुः। शतं सहस्रामेषजानि धत्तः॥ (અનુવાક્યા)–ક્ષત્રિયોનો રાજા વરુણ અને નક્ષત્રોનો રાજા 'शतभिषज' નામનું નક્ષત્ર છે; તે બને વશ રહ્યાં હોઈ દેવોનું આયુષ્ય વધારે છે; તેમ જ સેંકડો તથા હજારો ઔષધોને તે બને ધારણ કરે છે.' અહીં સાયનનું આ ભાષ્ય પણ અહીં ઉતારવામાં આવે છે. 'तौ वरुणशतभिषजौ देवेभ्यो–देवार्थं यजमानस्य दीर्घमायुः कृणुतः, तत्सिद्ध्यर्थं शतसंख्याकानि सहस्रसंख्याकानि च भेषजान्यौषधानि धत्तः संपादयतः–એ વરુણદેવ તથા શતભિષજ નક્ષત્ર-એ બને દેવો માટે તથા યજમાનનું લાંબું આયુષ કરે છે. અને આયુષની સિદ્ધિ માટે સેંકડો ને હજારો સંખ્યામાં ઔષધો મેળવી આપે છે.' વળી 'यज्ञं नो राजा वरुण उपयातु। तन्नो विश्वे अभि संयन्तु देवाः। तन्नो नक्षत्रं शतभिषगूजुषाणम्। दीर्घमायुः प्रतिरद् भेषजानिः (याज्या)–આનું પણ સાયનભાષ્ય અહીં આમ ઉતારવામાં આવે છે; 'शतभिषगाख्यं तन्नक्षत्रं नोऽस्मभ्यं दीर्घमायुश्चिरकालमायुष्यं भेषजानि तदर्थान्यौषधानि च प्रतिरत्–प्रकर्षेण ददातु'–શતભિષજ નામનું જે નક્ષત્ર છે તે અમને લાંબું આયુષ અને તે આયુષ માટેનાં ઔષધો આપો.' (તૈત્તિરીય બ્રાહ્મણ–૩ કા૦ ૧ પ્ર૦) આમ આ મંત્રલિંગ અથવા મંત્રના પ્રમાણ ઉપરથી સેંકડો ઔષધોને આપનાર તરીકે આ વિશેષ નક્ષત્ર શતભિષજના નામનો વ્યવહાર પૂર્વકાળનો છે, એમ જણાય છે. વળી તે જ તૈત્તિરીય બ્રાહ્મણના એક આ બીજા વાક્યમાં અસુરોના સેંકડો પ્રહારોની ચિકિત્સા કરાયેલી હોવાથી દેવોને આરોગ્યની પ્રાપ્તિ જે નક્ષત્રના નિમિત્તે થઈ હતી, તે જ 'शतभिषज' નક્ષત્ર કયા કારણે તે નામ ધારણ કરે છે તેની બીજી એક વ્યાખ્યા પણ ત્યાં તૈત્તિરીય બ્રાહ્મણમાં આમ દર્શાવી છે. જેમ કે 'यच्छतमभिषज्यन् तच्छतभिषक्' આનું પણ સાયનભાષ્ય અહીં આમ ઉતારવામાં આવે છે: 'यस्मिन् नक्षत्रेऽसुरकृतं प्रहाराणां शतं देवा अभिषज्यन्–अनायासेन चिकित्सितवन्तः तस्य शतभिषगिति नाम। જે નક્ષત્રના કારણે અથવા જે નક્ષત્રને લીધે દેવો, અસુરોના સેંકડો પ્રહારોની અનાયાસે ચિકિત્સા કરી શક્યા હતા, તે કારણે એ નક્ષત્રનું 'शतभिषग्' એવું નામ પડ્યું છે.

વળી કૃત્તિકા આદિ નક્ષત્રોનો કાળ ગણતરીના આધારે અતિશય પ્રાચીન જણાય છે. તે નક્ષત્રોમાંના એક નક્ષત્રવાચી 'शतभिषग्' શબ્દ વૈદિક સમયમાં પણ નિરૂઢ હતો એટલે કે ઘણો પ્રસિદ્ધ હતો. તેનું અનુસંધાન કરતાં સેંકડો ને

હજારો ઔષધીઓ તથા તેના ઉપયોગો તેના ઉપરથી જ મળી આવે છે અને તેઓથી થતા લાભો પણ તે ઉપરથી જણાય છે. એ કારણે ઘણા પૂર્વના કાળથી જ તે તે સેંકડો ને હજારો ઔષધીઓ હતી, એમ જણાય છે.

આધ્યાત્મિક પ્રક્રિયાને જણાવતાં ઉપનિષદમાં પણ 'નાડી આદિનું' વિજ્ઞાન મળે છે. (જેમ કે शतं चैका हृदयस्य नाड्यस्तासां मूर्धानमभिनिःसृतैका। तयोर्ध्वमायन्नमृतत्वमेति विष्वगन्या उत्क्रमणे भवन्ति ॥ (કઠોપનિષદ્ ૬-૧૬) હૃદયની નાડીઓ ૧૦૧ છે; તેમાંની એક નાડી છેક મસ્તક તરફ નીકળી છે; એ નાડી દ્વારા ઊંચે જતો જીવાત્મા અમરપણું પામે છે; અને બાકીની બીજી સો નાડીઓ શરીરમાં ચોપાસ ફેલાયેલી છે; અને તે ઊર્ધ્વગતિ કરવામાં કામ લાગે છે.) એમ યોગ માર્ગમાં પણ શરીર સંબંધી જે સૂક્ષ્મ નાડીઓ પ્રાણોને વહી રહી છે, તેમનું લગભગ ઘણું વિજ્ઞાન અને પોતાની ઇચ્છાનુસાર અંદરના વાયુનું સંચારણ તથા નિરોધન-રોકવું આદિમાં કુશળતા પણ મેળવી શકાય છે.

તંત્રશાસ્ત્રને લગતી પદ્ધતિમાં પણ ષટ્ચક્રોનું ભેદન અને તે તે સ્થાનોમાંથી વર્ણોની ઉત્પત્તિનું જ્ઞાન તેમ જ મસ્તકના ભાગમાં કાન, આંખ, નાક વગેરેની સાથે સંબંધ ધરાવતી અને તે તે ઇંદ્રિયને લગતું વિજ્ઞાન જણાવતી નાડીઓનું અનુસંધાન અને તે તે જ્ઞાનને પ્રાપ્ત કરાવતી, નાડીઓના કેંદ્રસ્થાન તરીકે ગણાતા ગુરુપદ વિષે કુંડલિની નામની નાડીમાંથી ઉઠાડવામાં આવેલી જીવશક્તિનું સંયોજન કરી તે દ્વારા પ્રાપ્ત થતા લાભનો સ્વાદ લેવો, ઇત્યાદિ સૂક્ષ્મ આભ્યન્તર વિશેષ વિજ્ઞાનો, અંતર્મુખ અથવા અંતઃકરણ તરફ વહેતા વિશેષજ્ઞાન કે આત્મતત્ત્વના જ્ઞાનનો અવભાસ કરાવે છે. વળી મોહેં-જો-દરોનાં ભૂગર્ભમાંથી મળી આવેલી યોગાવસ્થાની મૂર્તિઓની રચના જોઈને પણ જણાય છે કે યૌગિક આંતરિક ક્રિયાઓનું વિજ્ઞાન પ્રાચીન હતું. વસંત રેલે નામના એક યોગશાસ્ત્રકુશળ વિદ્વાને વૈદિક મંત્રોનો આશ્રય કરી તે તે મંત્રોના આધારે શરીરની અંદર રહેલાં નાડીચક્રો તથા તે તે ચક્રોના અધિષ્ઠાયક દેવતાઓ વગેરેના વિષયમાં લગભગ ઘણો પ્રકાશ પાડ્યો છે. (જુઓ ધ વૈદિક ગોડઝ ઍઝ ફિગર્સ ઑફ યોગોલોજી-વસંત જિ. રેલે)

યાજ્ઞવલ્ક્યસ્મૃતિમાં યોગના સંબંધથી શરીરની ઉત્પત્તિનું પ્રદર્શન કરાવતી વેળા વિવરણ સહિત ત્રણસો સાઠ હાડકાં, પ્રાણોનાં સ્થાનો, સાતસો શિરાઓ, નવસો સ્નાયુઓ, બસો ધમનીઓ, પાંચસો માંસપેશીઓ, મસ્તકના વાળ તથા શરીર પરનાં રૂંવાડાંની સંખ્યા, શરીરમાં રહેતા રસ આદિનાં માપો અને હૃદયમાંથી નીકળેલી બોંતેર હજાર નાડીઓ જણાવીને એ નાડીઓનું વિજ્ઞાન-યોગમાં ઉપયોગી હોય છે, એમ પણ દર્શાવ્યું છે. (જુઓ યાજ્ઞવલ્ક્યસ્મૃતિનો પ્રાયશ્ચિત્ત અધ્યાય, યતિધર્મ પ્રકરણ, શ્લોક ૮૪-૧૧૦). વળી રામાયણ તથા મહાભારત આદિમાં પણ શસ્ત્રવૈદ્યકનો વિષય દર્શાવેલો છે, એમ પણ પ્રથમ આ ઉપોદ્ઘાતમાં જ કહેલું છે. વળી કૌટિલીય અર્થશાસ્ત્રમાં પણ 'શસ્ત્રવૈદ્યક' ને લગતા વિષયો ઘણા પ્રમાણમાં મળી આવે છે; અને તેના જ ચૌદમા ઔપનિષદ નામના અધિકરણમાં શત્રુઓનો નાશ કેવી રીતે કરવો, અદ્ભુત આશ્ચર્યો ઉપજાવવાં, વિષજન્યયોગ, મંત્રયોગ, પોતાના બળનો જો નાશ થયો હોય તો તેનો પ્રતીકાર કેવી રીતે કરવો એ સંબંધી ઘણી ઔષધી આદિના પ્રયોગો પણ છે.

વેદ એ સંસારમાં મળતાં સર્વ સાહિત્યોમાં ખરેખર શ્રેષ્ઠ ગ્રંથ છે. ઘણી પ્રાચીન 'હિતાઇતી' તથા 'મિત્તાની' નામની બે જાતિઓની પરસ્પર સંધિને જણાવતો એક શિલાલેખ મળે છે. તેમાં નાસત્ય-અશ્વિનીકુમારો મિત્ર, વરુણ ઇંદ્ર આદિ વૈદિક દેવતાઓનો સાક્ષી તરીકે ઉલ્લેખ કરેલો છે, એમ પહેલાં આ ઉપોદ્ઘાતમાં જ દર્શાવ્યું છે. તેનું અનુસંધાન જોતાં તે કાળે પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવા માટે સાક્ષી તરીકે વૈદિક દેવતાઓનો સ્વીકાર કરાતો દેખાય છે. એ વૈદિક સભ્યતા, કેવળ તે કાળે જ હતી, એમ જણાતું નથી; પરંતુ તે સમયે એટલે બધે દૂર રહેલ જુદી ભાષાઓ બોલતી જુદી જુદી જાતિઓના શિલાલેખમાં પણ વૈદિક દેવતા-

ઓને સાક્ષી તરીકે નિર્દેશ તથા ઉદ્ધરણ મળવાથી વૈદિક સભ્યતા સર્વ કરતાં શ્રેષ્ઠ છે, એવી પૂર્વકાળની સભ્યતા દર્શાવે છે. કેવળ એટલું જ નહિ પણ જે બંને નાસત્યો–અશ્વિનીકુમારો આયુર્વેદીય વૈદ્યક શાસ્ત્રના સૌથી પહેલાંના આચાર્યો છે અને ઋગ્વેદ આદિ સાહિત્યમાં જેમનું ઘણું જ વિશેષ વર્ણન કરેલું દેખાય છે, તેમનો શિલાલેખમાં સાક્ષી તરીકેનો જે ઉલ્લેખ કરેલ છે, તે ભારતીય આયુર્વેદીય વિજ્ઞાનની પ્રાચીનતા સૂચવે છે.

વળી વૈદિકી યજ્ઞસંસ્થાઓમાં અશ્વમેધ યજ્ઞની ઘણી મોટી પ્રતિષ્ઠા હતી; પહેલાંના કાળમાં અનેક શક્તિશાળી રાજાઓ દ્વારા પોતાના રાજ્યની ચારે તરફ રહેલા બધા રાજાઓને નમાવીને પોતાનું ગૌરવ પ્રસિદ્ધ કરવા માટે તથા પરલોકનું કલ્યાણ પ્રાપ્ત કરવા માટે કરાતા એ યજ્ઞના અનુષ્ઠાનનું અનેક સ્થાનો પર વર્ણન મળે છે. વેદકાળથી માંડીને એ અશ્વમેધ યજ્ઞ ચાલુ રહ્યો હતો અને છેલ્લે વૈદિક ધર્મને ફરી સજીવન કરતા 'પુષ્યમિત્ર' નામના રાજાએ પણ તે અશ્વમેધ યજ્ઞ કર્યો હતો અને તે દ્વારા પોતાનું નામ ગૌરવ સાથે સ્થાપિત કર્યું હતું. એ જ પ્રમાણે સમુદ્રગુપ્તના શિલાલેખમાં પણ અશ્વમેધનો જે ઉલ્લેખ કર્યો છે, તેના તરફ પણ ઘણી જ માનદૃષ્ટિથી જોવામાં આવે છે. એ અશ્વમેધ યજ્ઞ, વેદની બધી યે શાખાઓમાં, સંહિતાઓમાં, બ્રાહ્મણગ્રંથોમાં તથા શ્રૌતસૂત્રોમાં પણ બતાવેલો છે એવા તે અશ્વમેધ યજ્ઞમાં રાજાઓની જે પરિષદ ભરાતી હતી, તેમાં મહર્ષિઓની આગળ એક વર્ષ સુધી ગવાતી તે તે ગાથાઓમાં ત્રીજા દિવસે ભેષજવિદ્યાનું આખ્યાન ગવાતું હતું, એમ આશ્વલાયનસૂત્રમાં તથા શાંખ્યાયનસૂત્રમાં પણ દર્શાવેલું મળે છે. વળી એ અશ્વમેધ યજ્ઞમાં ભેષજવિદ્યાનું કીર્તન થતું હતું, એમ વિદ્વાન 'મેક્સમૂલરે' પણ ઉલ્લેખ કર્યો છે. વળી વેદની ઋગ્, યજુઃ, સામ તથા અથર્વવેદની શાખાઓ વિભક્ત થવાનું 'ચરણવ્યૂહ' ગ્રંથકાર પ્રતિપાદન કરે છે. તેમાંની ઘણી શાખાઓ કાળધર્મને કારણે નાશ પામી છે. તોપણ તેમાંની ઘણી યે શાખાઓ આજે પણ મળે છે. તેમાંની કેટલીક શાખાઓ આજે શ્રૌત–સ્માર્ત–સૂત્ર આદિ રૂપે મળે છે. મૂળ શ્રુતિઓની શાખાઓનો નાશ થઈ ગયો છે એમ પણ અનુમાન થાય છે. તે આ વેદ, પોતાની આનુશ્રવિક પ્રક્રિયા અથવા પરંપરાથી સંભળાતી પદ્ધતિ દ્વારા, એ બે શાખારૂપે અત્યંત પ્રાચીનકાળથી આર્યોની તથા અસંખ્ય મહર્ષિઓની વસતિઓમાં, હૃદયોમાં તથા મુખોમાં ઓતપ્રોત થયેલી, સર્વવ્યાપક અને પૂજનીય એવી પોતાની સ્થિતિ દર્શાવે છે. એવા પ્રકારના વૈદિક સંપ્રદાયમાં અશ્વમેધ જેવા મહત્ત્વપૂર્ણ યજ્ઞના અંગ તરીકે ભેષજ્યનું આખ્યાન તે કાળે ગવાતું હતું. એ આખ્યાન શ્રુતિના અધ્યયન તથા અધ્યાપનની પ્રક્રિયા દ્વારા તેમ જ હમેશાં કરાતા પારાયણ તથા અભ્યાસની રીતિથી, યાજ્ઞિક તથા પ્રયોગ, ચર્યા, અનુષ્ઠાનરૂપે તેમ જ આર્ત્વિજ્ય અથવા ઋત્વિજોને લગતાં કર્મોના માર્ગે ઋષિઓનાં રહેઠાણોમાં ઉચ્ચ સ્વરે ઉચ્ચારાતું હતું. મંદિર આદિમાં રહેલ કેટલાક ભૈષજ્ય–વૈદ્યકીય લેખોના વિષયો કરતાં તેમ જ ક્યાંક મળી આવેલ શિલાઓમાં રહેલા ભૈષજ્ય સંબંધી વિષયો કરતાં પણ, પહેલાં પ્રતિષ્ઠા પામેલી વૈદિક સભ્યતાના ઉદયની સાથે સાથે ભારતીય ભૈષજ્યપ્રસ્થાન અથવા આયુર્વેદીય શાસ્ત્રનું મહત્ત્વ, વ્યાપક સ્થિતિ તથા અત્યંત પ્રાચીનતા સિદ્ધ થાય છે.

એમ અનેક શાખાઓમાં ફેલાયેલ ઋગ્–અથર્વ આદિ વેદોમાં પણ ઘણા ભાગે પોતાનો વિષય ઓતપ્રોત હોવાથી, તેમ જ યજ્ઞને લગતા પ્રયોગમાં પણ જેનું આખ્યાન મધ્યમાં ગવાતું હોવથી આયુર્વેદના નામે એક વિશેષ વૈદિકશાસ્ત્ર તરીકે પહેલાંના કાળથી જુદું પડેલ હોવાથી, ભારતીય ભૈષજ્ય વિજ્ઞાનની પ્રાચીનતા નિશ્ચિત રૂપે પ્રગટ થાય છે.

આ સંબંધે કોલ્બ્રુકે સાચું જ કહ્યું છે કે 'હિંદુઓ જગતના હમેશાં ગુરુ જ રહ્યા છે, શિષ્ય બન્યા જ નથી.' તે જ પ્રમાણે મોનિયર વિલિયમ્સે પણ આમ જ કહ્યું છે કે– 'કેસ–સભ્યતા અને પ્રકાશનો પ્રથમ અંકુર હંમેશાં પૂર્વમાં જ ઉદય પામ્યો છે અને પૂર્વમાંથી તેનો પ્રચાર પશ્ચિમમાં થયો છે, પણ પશ્ચિમમાંથી પૂર્વમાં તેનો પ્રચાર થયો નથી.'

ભારતીય ભૂગર્ભ અનુસાર પ્રાચીન ભૈષજ્ય દૃષ્ટિ

જે ભારતની પ્રાચીન સભ્યતા ખરેખર મિશ્ર મેસોપોટામિયા આદિ પ્રાચીન સભ્યતાની સાથે બરાબર મળતી આવતી હોઈ તેનાથી પણ આગળ વધેલી છે તે ભારતના 'મોહેં-જો-દરો' પ્રદેશના ભૂગર્ભમાંથી મળેલ નિવાસસ્થાન, સ્નાનાગાર, મળ-પ્રણાલી આદિની સ્થાપત્યવિદ્યાનો પંડિતો દ્વારા પ્રશંસિત પ્રાચીન નિર્માણ કલાથી પાંચ હજાર વર્ષો પૂર્વે પણ ભારતીય સ્વાસ્થ્ય વિજ્ઞાનનો પૂર્ણરૂપે પરિચય મળે છે. વળી તે જ ભૂગર્ભમાંથી મોટો એક સ્યામ ગોળો પણ મળ્યો છે. તેની તપાસ કરતાં ડૉ. 'સનાઉલ્લા' નામના રસાયન આચાર્યે તેમજ ડૉ. 'હમીદ' નામના એક ત્રીજ વૈદ્યે પરીક્ષા કર્યા પછી જાહેર કર્યું છે કે 'આ શિલાજિતનો ગોળો છે અને પહાડી પ્રદેશમાંથી તે અહીં આવ્યો છે. મૂત્રના રોગ આદિ ઘણા રોગોમાં તે ઉપયોગમાં આવે છે. એમ ઔષધ-કર્મમાં જ એનો વિશેષ ઉપયોગ થાય છે' ઇત્યાદિ વિવરણ આપ્યું છે. એવા પ્રકારના પરીક્ષકોના વિવરણની સાથે તે ગોળાનું વૃત્તાંત 'જન માર્શલે' પણ પ્રકાશિત કર્યું છે. આમ શિલાજિતનું જે દર્શન થયું છે, તે 'ભૈષજ્યવિદ્યાનો પ્રકાશ કરવા ઉજ્જ્વળ દીવા જેવું પ્રકાશે છે. વળી શિલાજિતનો ઉપયોગધન્વન્તરિ, આત્રેય તથા કશ્યપ આદિએ પણ ઘણો ઘણો દર્શાવ્યો છે. (બૌદ્ધ) નાવનીતક ગ્રંથમાં પણ તે શિલાજિતનો પ્રયોગ છે એ શિલાજિતની ઉત્પત્તિ જોવાતેવા પ્રદેશમાં થતી પણ નથી. પરંતુ દૂરના પહાડી પ્રદેશોમાંથી તે શિલાજિતને લાવવામાં આવે છે. તેનો ઉપયોગ કેવળ ઔષધ માટે જ પ્રાચીન વૈદ્યોએ દર્શાવ્યો છે. એનો મહા-રસાયનકલ્પ તથા મહિમા ભારતીય આયુર્વેદમાં ગવાય છે; લાંબા કાળ સુધી ભૂગર્ભમાં હોવાથી નષ્ટ થયેલી ઔષધી ન મળે તે સ્વાભાવિક છે, પણ ભાગ્યવશાત્ જે ઔષધિ મળી છે, તે, ભારતીય ગૌરવ વધારે છે.

વળી તે જ ભૂગર્ભ આદિ પ્રદેશમાં ખરેખર મૃગોની ઉત્પત્તિ તો અવશ્ય ન જ હોવી જોઈએ, પણ એ મૃગ આદિની ઉત્પત્તિ તો હિમાલયનાં શિખરો ઉપર જ સંભવે છે. છતાં એવા મૃગોનાં શિંગડાં પણ અનેક ઢગલારૂપે થયેલાં તે ભૂગર્ભ આદિ સ્થાનોમાં મળ્યાં હતાં; અથર્વવેદની સંહિતા-માં હરણનાં શિંગડાંને ક્ષેત્રિય રોગ-ક્ષય, કોઢ, અપસ્માર-વાઈ વગેરે રોગોનો નાશ કરવામાં ઉપયોગી જણાવવામાં આવે છે.× તે ઉપરથી વૈદિક સમયમાં પણ એ હરિણનાં શિંગડાંને ઔષધરૂપે સ્વીકારવામાં આવતાં હતાં એમ જણાતું હતું. તે ભૂગર્ભમાં હરિણનાં શિંગડાંઓ-નો પણ સંગ્રહ કરેલો હોવો જોઈએ. હરિણનાં શિંગડાંઓનો આજે પણ શૃંગપુટ આદિ ઔષધોમાં ભારતીય વૈદ્યો ઉપયોગ કરે જ છે. એ કારણે તે ભૂગર્ભમાં હરિણનાં શિંગડાંઓનો ઔષધ માટે તથા વેપાર માટે પણ સંગ્રહ કરેલો હોવો જોઈએ, એવો પોતાનો આશય સર્જન માર્શલે પણ પ્રકટ કર્યો છે.

વળી એ ભૂગર્ભ પ્રદેશમાં ઘણાં ધાતુઓનાં તથા માટીનાં રમકડાં પણ મળેલાં છે. કાશ્યપીય આયુર્વેદતંત્રમાં જાતકર્મોત્તરીય અધ્યાયમાં અને ચરકમાં પણ 'જાતિસૂત્રીય' નામના અધ્યાયમાં વિનોદ માટે તેમ જ બુદ્ધિના વિકાસ માટે પણ અનેક પ્રકારનાં પશુ-પક્ષી વગેરેની આકૃતિઓનાં બાળકોને રમવાનાં રમકડાંઓનું વર્ણન મળે છે. આમ રમકડાંઓનો પણ આયુર્વેદીય વિષયોની સાથેનો સંબંધ હોય તે ખરેખર આશ્ચર્યકારક નથી. એમ તે બધાં આયુર્વેદને લગતાં સાધનો તે ભૂગર્ભ પ્રદેશમાં મળેલાં હતાં. તે ઉપરથી ભારતીય ભૈષજ્ય વિદ્યા ઇતિહાસની દૃષ્ટિએ પણ પાંચ હજાર વર્ષોથી પણ પ્રાચીન હોય એમ સાબિત થાય છે.

ભિન્નભિન્ન દેશના પ્રાચીન ભૈષજ્યોના વિમર્શની આવશ્યકતા

અહીં એ કહેવું જરૂરી છે કે 'મોહેં-જો-

× જેમ કે અથર્વવેદ-૩, ૭, ૧-૨ માં આમ જણાવ્યું છે, 'हरिणस्य रघुष्यदोधिशीर्षणि भेषजम् सक्षेत्रियंम्। विषाणया विषूचीनमनीनशत्। अनु त्वा हरिणो वृषा पद्भिश्चतुर्भिरुक्रमीत्। विषाणे विष्यगुष्टितं यदस्य क्षेत्रियं हृदि।

દરો'ના ભૂગર્ભ આદિનું અનુસંધાન કરવાથી સ્પષ્ટ થાય છે કે ભારતીય સભ્યતા પાંચ હજાર વર્ષોથી પ્રાચીન સિદ્ધ થાય છે તે જ પ્રમાણે પ્રાચીન લેખ, વસ્તુઓ વગેરેનાં લક્ષણો જોવાથી મિશ્ર, બેબિલોનિયા, સિરિયા, ચીન આદિ દેશોની સભ્યતા પણ ચાર–પાંચ હજાર વર્ષોથી પણ જૂની હોવી જોઈએ, એવો નિશ્ચય થાય છે. પૂર્વકાળમાં પણ સભ્યતાથી સમૃદ્ધ તરીકે જણાતા એ પ્રાચીન દેશોમાં અનેક પ્રકારનાં જુદાં જુદાં જ્ઞાન–વિજ્ઞાનો અવશ્ય હોવાં જોઈએ. તેમાં પણ વિશેષે કરી જીવનમાં ઉપયોગી તથા વ્યાવહારિક ભૈષજ્ય વિદ્યા પણ અવશ્ય હોવી જ જોઈએ. ઘણી ઉન્નતિ પામેલા પ્રાચીન દેશોના ભૈષજ્ય વિષયમાં પોતાના પૂર્વકાળના જ્ઞાનપ્રવાહો પણ અવશ્ય હોવા જ જોઈએ. 'પેપેરી' નામના તાડપત્રમાં દર્શાવેલ પલ્લીરુધિર–ગરોળીનું લોહી, ભૂંડ આદિનું માંસ તથા મેદ અને કાચબાનું મસ્તિષ્ક અને મનુષ્યનું વીર્યરૂપ ઔષધ વગેરે ભારતીય આયુર્વેદના સંપ્રદાયમાં લગભગ મળતાં નથી, તોપણ તેના અસાધારણ પૂર્વના પ્રવાહમાંથી જાણે ચાલુ રહ્યાં હોય, એમ જણાય છે. એ બીજા દેશોમાં પણ પોતપોતાના પૂર્વસંપ્રદાયથી ચાલુ રહેલા અસાધારણ વિષયો હોવા જોઈએ. બાહ્લીક વૈદ્ય કાંકાયનના દૃષ્ટાંત ઉપરથી બીજા પણ કેટલાક વિદેશી વૈદ્યો ભારતીય વૈદ્યોને અને ભારતીય વૈદ્યો પણ વિદેશીય વૈદ્યોને એકબીજાને જાણીતા હોવા જોઈએ. આ કાશ્યપસંહિતામાં ખિલભાગમાં 'સૂતિકોપક્રમણીય' નામના અધ્યાયમાં 'વૈદેશ્યાશ્ચ પ્રયચ્છન્તિ વિવિધા મ્લેચ્છજાતયઃ'–આ સૂતિકાચિકિત્સામાં અનેક પ્રકારની મ્લેચ્છ જાતિઓ અને વિદેશી વૈદ્યો રુધિર, માંસનો રસ, કંદ, મૂળ, ફળ વગેરે આપે છે.' આ વાક્યમાં વિદેશીય વિવિધ મ્લેચ્છ જાતિઓ, એવો સામાનાધિકરણ્ય વિશેષણ–વિશેષ્યભાવે ઉલ્લેખ કરીને ભારત દેશની બહાર રહેલી અનેક પ્રકારની મ્લેચ્છ જાતિઓને આ ગ્રંથકાર વૃદ્ધજીવકને પણ અવશ્ય જાણીતી હોવી જોઈએ એમ જણાય છે. અહીં વાપરેલો 'મ્લેચ્છ' શબ્દ મહાભારત, હરિવંશ આદિ પ્રાચીન ગ્રંથોમાં પણ વાપરેલો દેખાય છે. જેમ કે 'યયાતિ'ના ઉપાખ્યાનમાં પિતાની આજ્ઞા નહિ પાળવાથી 'તુર્વસુ', 'અનુ' તથા 'દ્રુહ્યુ'ને તેમના પિતાનો જ શાપ થવાથી તેઓ ત્રણે વેદબાહ્ય મ્લેચ્છોના વંશોના પ્રવર્તક થયા હતા, એવો ઉલ્લેખ કરેલો મળે છે; 'પ્રત્યન્તો મ્લેચ્છદેશઃ સ્યાત્' મ્લેચ્છોનો દેશ ભારત પ્રદેશની છેડે આવેલો છે, એમ કોશકાર–અમરસિંહે પણ નિર્દેશ કરેલો હોવાથી ઘણુંખરું ભારત દેશના સીમાડે રહેલા બધાય દેશોને 'મ્લેચ્છ' દેશ તરીકે જણાવેલ છે. પાણિનીય ધાતુપાઠમાં 'મ્લેચ્છ' ધાતુને ગ્રહણ કરી છે; અને મહાભાષ્યકાર પતંજલિએ પણ 'તેઽસુરાઃ હેલયો હેલય ઇતિ પરાબભૂવુઃ, તસ્માન્મ્લેચ્છા મા ભૂમેત્યધ્યેયં વ્યાકરણમ્'–તે અસુરો 'હે અલિઓ–ભમરા! હે આંલિઓ' એમ બોલતા બોલતા એકબીજાનું અપમાન કર્યા કરે છે; એમ આપણે પણ મ્લેચ્છો ન બની જઈએ એ કારણે વ્યાકરણ ભણવું જોઈએ, એવો નિર્દેશ કરીને તે મહાભાષ્યકારે અસુરોને 'મ્લેચ્છ' તરીકે દર્શાવ્યા છે. સમુદ્રના કિનારે મળેલી વસ્તુઓમાં લગભગ સમાન સંકેતો મળે છે, તે ઉપરથી ઈરાનિયન, અસીરિયન વગેરે પ્રાચીન મ્લેચ્છ જાતિઓનો તથા ભારતીય લોકોનો પરસ્પર પરિચય જણાય છે. તે ઉપરથી તે કાળે પ્રસિદ્ધ એવા ઈરાનયન, અસીરિયન વગેરે વિશેષ જ્ઞાન ધરાવતી ભારતબાહ્ય વિવિધ મ્લેચ્છ જાતિઓને અહીં 'મ્લેચ્છ' શબ્દથી જણેલી હોય એમ પણ સંભવે છે. અહીં કાશ્યપસંહિતામાં વિદેશીય 'મ્લેચ્છ' વૈદ્ય તરીકેનો જે ઉલ્લેખ કર્યો છે, તે 'ખિલભાગ'માં હોવાથી વૃદ્ધજીવકના કે વાત્સ્યના સમયમાં આંતર્દેશીય ચિકિત્સાનું જ્ઞાન હોવાથી જ તેમણે તેવો ઉલ્લેખ કર્યો હશે. ચરકમાં પણ વિમાનસ્થાનમાં 'વિવિધાનિ હિ ભિષજાં શાસ્ત્રાણિ પ્રચરન્તિ લોકે'–વૈદ્યોનાં વિવિધ પ્રકારનાં શાસ્ત્રો લોકમાં પ્રચાર પામી રહ્યાં છે' એમ કહીને લોકમાં અનેક પ્રકારના વૈદ્યકીય શાસ્ત્રોનો પ્રચાર દર્શાવ્યો છે. જેમ આજના સમયમાં સૌરચિકિત્સા અથવા સૂર્યકિરણ દ્વારા કરાતી ચિકિત્સા, જલચિકિત્સા, ભૈષજ્ય–ઔષધીય ચિકિત્સા તથા શસ્ત્રચિકિત્સા આદિ અનેક પ્રકારની ચિકિત્સાપદ્ધતિઓનો પ્રચાર થઈ રહ્યો છે તેમ એ ચરકના કાળે

ભારતમાં તથા બીજા દેશોમાં પણ જુદી જુદી ચિકિત્સાપદ્ધતિઓથી પણ વૈદ્યકીય ચિકિત્સાનો પ્રચાર ચાલુ હશે એમ જણાય છે. વેદકાળથી માંડીને ચાલ્યા કરતો ભારતીય આયુર્વેદનો સંપ્રદાય એ ખરેખર ભારતીય જ છે. એમ જોકે આ ઉપોદ્ઘાતમાં પ્રતિપાદન કર્યું જ છે, તોપણ કાળક્રમથી ભારતીય વિષયોનો વિદેશીય સંપ્રદાયોમાં અને વિદેશીય સંપ્રદાયને લગતા વિષયોનો ભારતીય સંપ્રદાયમાં ઓછાવધતા અંશોદ્વારા પાછળથી પ્રવેશ થવાનું સંભવે છે. અનેક પ્રાચીન દેશોમાં ગયેલા પ્રાચીન ભૈષજ્ય વિષયોનું બરાબર અનુસંધાન કર્યા વિના તે સંબંધી તે કાળનું ભૈષજ્ય સંબંધી જ્ઞાન કેવા સ્વરૂપનું અને કઈ અવસ્થાનું હતું? તેમ જ તેઓનું પોતાનું જ એ અસાધારણ પ્રાચીન જ્ઞાનઝરણ હોય છે, કે પારકા દેશના એ જ્ઞાનઝરણમાંથી પણ તે તે વિષયો શું પ્રતિફલિત થયા હશે? એ જાણવું ઘણું કઠિન છે. તે તે શાસ્ત્રોમાં તથા તે તે પ્રદેશોમાં ગયેલા એ ઉચ્ચ કક્ષાના વિષયોનો બરાબર વિચાર કર્યા પહેલાં તેના પરિચ્છેદની દૃષ્ટિ કેવળ કલ્પનામાં જ પરિણમે છે, પણ છેવટનું નિર્ણયાત્મક જ્ઞાન કંઈ પણ થઈ શકતું નથી.

પ્રાચીન દેશમાં ગયેલા પ્રાચીન વિષયોને લઈ જુદી જુદી પ્રત્યેકની આલોચના કરવામાં આવે તો કંઈક પરિણામ લાવવામાં સહાયતા મળી શકે છે કે તે સમયે આ અંશમાં આ બે સંપ્રદાયોની સમાનતા હતી કે આ બે સંપ્રદાયોની પરસ્પર વિષમતા કે જુદા જુદાપણું હતું. સમાન વિષયોનો પણ અમુક સંપ્રદાયથી અમુકનો ઉદ્ગમ થયો હતો તથા અમુક અમુક વિષય તે તે સંપ્રદાયના પોતાના જ હતા. જોકે પ્રાચીન દેશોની પૂર્વકાળની પરિસ્થિતિને બરાબર જણાવનારાં પહેલાંનાં ઘણાંખરાં ચિહ્નો કાળવશાત્ વિલુપ્ત થઈ જવાથી તે તે દેશોની પૂર્વકાળની સ્થિતિ બરાબર જાણવી મુશ્કેલ થાય છે તોપણ તેમાંનાં જે કોઈ અવશિષ્ટ પ્રાચીન ચિહ્નો મળી આવે છે તેના આધારે તેની અંતઃસ્થિતિનું થોડું ઘણું જ્ઞાન થઈ શકે છે; જેમ કે મિશ્રદેશમાં પ્રાચીન ભૈષજ્ય સંબંધી તાડપત્ર ઉપર રહેલા રોગ દૂર કરવાના પ્રતીકારો–ઉપાયો તથા તે માટેના વ્યવસ્થાસૂચક પત્રો–કાગળો વગેરે જે કંઈ મળે છે, તેમ જ અસિરિયા પ્રદેશમાં 'હેમૂર્વન્' રાજાના સમયના શિલાલેખ પર રહેલા ભૈષજ્ય સંબંધી જે તેર લેખો મળ્યા છે, અને ઈરાનના પ્રાચીન અવેસ્તા ગ્રંથમાંનાં વેન્દિદાદ, યઝ્ન તથા યસ્ત નામનાં પ્રકરણોમાં ભૈષજ્ય સંબંધી જે વિષયો જોવામાં આવે છે, અને 'સુમેરિયન' પ્રદેશના ભોંયરાંઓમાંથી નીકળેલા અને ઈંટો પર કોતરાયલા જે લેખો બ્રિટિશ મ્યૂઝિયમ નામના સંગ્રહસ્થાનમાં સંઘરેલા સંભળાય છે, તેમાં પણ ભૈષજ્ય સંબંધી વિષયો મળે છે એમ કહેવાય છે. ચીનમાં પણ પ્રાચીન ભૈષજ્ય સંબંધી વિષયો મળે છે. એ રીતે શોધ કરતાં બીજા પણ ભૈષજ્ય સંબંધી ઘણા વિષયો મળી શકે છે. ચારે તરફ વિચારદૃષ્ટિ ફેલાવ્યા સિવાય પોતપોતાની સાંપ્રદાયિક પદ્ધતિથી જ મૌલિકપણાના દુરાગ્રહના કારણે રોકાઈ જતાં એક જ બાજુ ઢળેલી દૃષ્ટિ, વાસ્તવિક પરિસ્થિતિનું માપ કાઢવા માટે યોગ્યતા લાવી શકતી નથી. એ કારણે પૂર્વના ઇતિહાસો દ્વારા, અને મોહેં–જો–દરો આદિ (ભૂગર્ભનાં) સ્થળોમાંથી નીકળેલી પૂર્વકાળની વસ્તુઓ તથા પહેલાંના વિશેષ વિચારો નજર સમક્ષ રાખી પાંચ હજાર વર્ષોથી અધિક કાળની સભ્યતાવાળા તથા પ્રાચીન કાળમાં પણ પરસ્પરનો પરિચય અવરજવર તથા સંપર્કવાળા ભારત, મિશ્ર, ઈરાન, ચાલ્ડિયા, બાહ્લીક, બેબિલોનિયા, સિરિયા, ચીન આદિ પ્રાચીન દેશોના જેટલા પણ ભૈષજ્યના વિષયો મળ્યા છે અથવા મળતા રહે છે તે બધાને આગળ રાખીને તેમ જ ભારતીય પ્રાચીન આયુર્વેદની પરિસ્થિતિનું અનુસંધાન કરી, સમાન, વિષમ અને તુલનાત્મક દૃષ્ટિથી વિચારી કયા વિષયો કયાંના છે, કયા વિષયો કયાંથી શરૂ થયા છે, કયા વિષયો કયાં પ્રથમ જણાયા છે, કયો અંશ કયાં પ્રતિબિંબિત થયો છે, અને કોનો પ્રભાવ કોના ગૌરવને સ્થાપવા માટે અને કોની સમૃદ્ધિ માટે થયો છે? એ વિચારવું જોઈએ. બાકી તો બીજા દેશનો પ્રકાશ ધારણ કરનારા અને અર્ધી ઉંમરે પહોંચેલા ગ્રીક વૈદ્યકનો ભારતીય વૈદ્યક ઉપર પ્રભાવ પડ્યો છે, એ શંકા બિલકુલ નિર્મૂળ છે.

૫ : ઉપસંહાર

પ્રાચીન આચાર્યોનું ગૌરવ

આ બાબત વિદ્વાનોના જાણવામાં આવી ચૂકી છે કે પૂર્વના સમયમાં ધન્વંતરિ, કશ્યપ, આત્રેય આદિ આચાર્યોએ વિચારરૂપી કસોટી પર ઘસીને ઉજ્જ્વળ કરેલાં સિદ્ધાંતોરૂપી રત્નોને પશ્ચિમના વિજ્ઞાનરૂપી સૂર્યની પ્રભાથી અંજાઈ ગયેલી દૃષ્ટિવાળા અનેક વિદ્વાનો હાલમાં ઘણા જ માન સાથે જુએ છે. એથી સમજી શકાય છે કે તે તે પ્રાચીન આચાર્યોનો વિજ્ઞાનસાગર કેટલો બધો અગાધ હતો કે જેમાં આજે પણ રત્નોની કમીના નથી. એવા અત્યુચ્ચ કક્ષાના ભારતીય ઉત્તમ ગ્રંથો ભારત દેશની પ્રાચીન વિભૂતિઓ છે. આજે મળતા નિબંધોમાં સર્વ કરતાં એ જ ગ્રંથોની પ્રધાનતા જોવામાં આવે છે; કેમ કે એ પ્રાચીન ગ્રંથોના વિષયોનું સૂક્ષ્મ દૃષ્ટિથી અનુસંધાન કરવામાં આવે તો તેમાંનાં પ્રત્યેક વાક્યો સારરૂપ તેમ જ નિષ્કર્ષપૂર્ણ તથા સૂત્રમય જણાય છે. જેને પરિષ્કૃત બુદ્ધિવાળા વિદ્વાનો પોતાનાં પ્રવચન દ્વારા વિશાળ વિષયને રૂપ આપે છે. જેમ ભૂગર્ભમાંથી અનેક જાતનાં રત્નો મેળવી શકાય છે, તે જ પ્રમાણે એ પ્રાચીન ગ્રંથોની ઊંડી ખાણમાંથી પરિશ્રમ કરનારા વિદ્વાનો સંખ્યાતીત અસંખ્ય સિદ્ધાંતોરૂપી રત્નોને તીક્ષ્ણ બુદ્ધિ દ્વારા શોધીને મેળવી શકે છે. પૂર્વના સમયમાં મળનારા એ પ્રકારના સંસ્કારી વિચારોથી તત્કાલીન વિચારોની ઉન્નતિનું સમ્યક્ જ્ઞાન થાય છે; પરંતુ તે પછી વિચારોની વૃદ્ધિનું એક પણ ઉદાહરણ મળતું નથી. શલ્યપ્રસ્થાનમાં સુશ્રુતસંહિતા પછી કેવળ વાગ્ભટ વગેરે બે–ત્રણ વિદ્વાનોએ જ બહુ થોડા પ્રમાણમાં શલ્યક્રિયાનો નિર્દેશ કર્યો છે, અને તેમાં પણ સુશ્રુતના વિજ્ઞાનની આંશિક છાયા જ દેખાય છે. ઐતિહાસિક દૃષ્ટિથી પણ વૃદ્ધજીવકના સમય સુધી આ વિજ્ઞાન આપણને દેખાય છે. આટલી ઉન્નતિની ભૂમિકા પર આરૂઢ થયેલું એ શલ્યચિકિત્સા વિજ્ઞાન એકદમ કયા કારણે વિલીન થયું? શસ્ત્રક્રિયામાં લેશ પણ વિપરીત થતાં તે દ્વારા શું અનર્થની શંકાઓ થવા લાગી હશે? અથવા એ શસ્ત્રક્રિયા ભીષણ છે એવી દૃષ્ટિથી તેનો શું ત્યાગ કર્યો હશે? અથવા શાંતિપ્રિય બ્રાહ્મણ આદિ શસ્ત્રચિકિત્સકોએ તેની ઉપેક્ષા કરી હશે? કે ધર્મશાસ્ત્રકારોની દૃષ્ટિએ શસ્ત્રક્રિયાની નિંદા થવાથી અધ્યાત્મવાદની દૃષ્ટિએ એમાં હિંસા દેખાવાથી અથવા અહિંસાવાદ અને દશપારમિતા* સિદ્ધાંતનો વિકાસ થવાથી એનો લોપ થયો હશે? આમાંથી કયું મૂળ કારણ તે શલ્યવિદ્યાનો હ્રાસ થવામાં કારણરૂપે હશે? જેથી સર્વનો ઉપકાર કરનાર હોવા છતાં એ શલ્ય વિજ્ઞાન અને તે વિષેનું હસ્તકૌશલ્ય અને તે શલ્યવિદ્યાનો ઉપદેશ તથા તેનાં ઉપકરણો, શસ્ત્રો વગેરે સમગ્ર પરિષ્કાર એકદમ હ્રાસ પામતો પામતો વિદ્વાનોના હાથમાંથી નીકળી જઈ આજકાલ ભારતમાં વિદ્યા તથા વિજ્ઞાનથી શૂન્ય ગણાતી નાપિત–હજ્જમ વગેરે જાતિઓમાં લેશમાત્રરૂપે મળે છે. ધન્વન્તરિ જેવા પૂર્વકાળના આચાર્યોએ ઉન્નત પમાડેલી તે પ્રાચીનવિદ્યા આજકાલ એવી વ્યક્તિઓના હાથમાં જઈને ઉત્તરોત્તર, હ્રાસ પામતા દીવા જેમ હોલવાવાની તયારીમાં હોય તેમ, અસ્ત પામવાની રાહ જોયા કરે છે! ગુણગ્રાહી તથા ઉન્નત પાશ્ચાત્ય વિદ્વાનોએ અર્વાચીન સમયમાં વિશ્રાંતિ પામ્યા વિના એકધારી મહેનત કરવી ચાલુ રાખીને વિચારો દ્વારા તથા પરિષ્કરણ સંશોધનો અને નવા નવા પ્રયોગો તથા અનુભવો દ્વારા એ શલ્યવિદ્યાનું રૂપાંતર કરી, શલ્યવિદ્યા, ગર્ભચિકિત્સા, બાલચિકિત્સા, કાયચિકિત્સા અને વિકૃતિ વિજ્ઞાનમાં વિશેષરૂપે ઉન્નતિ કરી લીધી છે. જેથી પોતાની પ્રાચીન વિદ્યા ભૂલેલા ભારત દેશ ઉપર હાલમાં સર્વ તરફ પ્રસરેલી એ પાશ્ચાત્ય વિજ્ઞાનયુક્ત કુશળતાએ ઉપકાર કરવા માંડ્યો છે. આપણા આ ભારત દેશમાં કેવળ શલ્યપ્રસ્થાન અથવા શસ્ત્રચિકિત્સા જ આવી દુર્દશા પામ્યું છે

---

* દશપારમિતા–બૌદ્ધ ધર્મગ્રંથોમાં બુદ્ધત્વની પ્રાપ્તિ માટે દશ ગુણોની પરાકાષ્ઠા સુધી પહોંચવું જરૂરી છે. એ દશ ગુણો 'પારમિતા' કહેવાય છે. પારમિતા એટલે ઉચ્ચતમ અવસ્થા કે પૂર્ણતા. એ દશ ગુણો છે: ૧ દાન, ૨ શીલ, ૩ ક્ષાન્તિ, ૪ વીર્ય, ૫ ધ્યાન, ૬ પ્રજ્ઞા, ૭ ઉપાય, ૮ પ્રણિધાન, ૯ બલ અને ૧૦ જ્ઞાન.

એટલું જ નથી, પણ શાલાક્ય આદિ બીજા પ્રસ્થાનો પણ જેવાં (ઉચ્ચ દશામાં) ઉત્પન્ન થયાં હતાં તેવાં જ જરાજીર્ણપણું પામ્યાં છે. કાયચિકિત્સાપ્રસ્થાનમાં પાછળથી પણ હજારો વૈદ્યકવિદ્યાના વિદ્વાનો પ્રકટ થયા હતા અને સેંકડો વૈદ્યકગ્રંથો પણ રચાયા હતા, જેઓનો સમૂહ એકત્ર કરતાં આજે પણ મહાન ગ્રંથરાશિ જોઈ શકાય તેમ છે; પરંતુ આત્રેય આદિ મહર્ષિઓના સમયમાં જેવા સિદ્ધાંતો અને વિચારો આંતરિક વિદ્યાના બળથી ઉત્પન્ન થયેલા જે સિદ્ધાંતો અને વિચારોને લઈને આયુર્વેદ સમૃદ્ધ થયો હતો તેવા ઉન્નત તેમ જ નવીન વિચાર તે પછી પ્રકટ્યા નથી. એકબીજાની સ્પર્ધાપૂર્વક પ્રકટ થઈને આ કેવળ પ્રાચીન વિચારોને જ જુદી રચનારૂપે બતાવીને અથવા નવીન અનુભૂત ઔષધિઓ દ્વારા સંવર્ધિત કરીને પ્રાચીન ગ્રંથોના કેવળ અનુવાદ અથવા સંગ્રહરૂપ નવાં શરીરોને ધારણ કરી ભિન્ન ભિન્ન નિબંધ આપણી સામે રજૂ થાય છે ભૈષજ્યના વિષયમાં વિશેષરૂપે નિરીક્ષણ કરતાં ધાતુ-રસ-ભૈષજ્યપ્રસ્થાન અથવા ધાતુસંબંધી તથા રસસંબંધી વૈદ્યકશાસ્ત્ર નવા નવા યોગો તથા ઔષધો આદિ પ્રકટ કરીને, તેમ જ નવા અનુભવ અનુસાર અનેક ગ્રંથોની રચનારૂપે આજે પણ જાણે કે ખૂબ વૃદ્ધિ પામેલું દેખાય છે; કારણ કે હાલમાં પણ ચારે બાજુ આયુર્વેદીય વૈદ્યો એ માર્ગ ઉપયોગરૂપે, પ્રયોગરૂપે કે સફળતા તરીકે સ્વીકારી રહ્યા છે. એનો વિશેષ પ્રચાર આજે પણ આયુર્વેદવિદ્યાનું તથા પ્રસ્થાનો કે શાસ્ત્રોનું સારી રીતે રક્ષણ કરે છે તેમ કહેવામાં કોઈ અતિશયોક્તિ થતી નથી. પ્રાચીન મહર્ષિઓની જેમ તેમના પછીના ભૈષજ્યવૈદ્યક વિદ્યામાં કુશળ ગણાતા જે જે વિદ્વાનો થયા છે, તેમણે પણ વિચારોની પરંપરાના અનુસરણ દ્વારા નવા નવા સિદ્ધાંતોને જન્મ પ્રકટ કર્યા હોત; તેમ જ પૂર્વના સિદ્ધાંતોનું પણ જે પરિષ્કરણ-સંશોધન કર્યા કર્યું હોત, અધૂરા અંશોને જે પૂર્ણ કર્યા હોત, અનુભવમાં ઊતરેલા વિશેષ સંસ્કારોનો જે ઉપદેશ કર્યો હોત અને ઉચ્ચ વિચારોથી પૂર્ણ પ્રૌઢ ઉત્તમ નિબંધોને વારંવાર રચ્યા કર્યા હોત, તો ભારતીય આયુર્વેદનું વિજ્ઞાન પણ આટલા સમય સુધીમાં ઉન્નતિના શિખરે પહોંચ્યું હોત. કાળક્રમે થયેલી આયુર્વેદ તરફની ઉપેક્ષાના કારણે હ્રાસ પામેલા ભારતીય આયુર્વેદની પ્રાચીન ગૌરવને નજરમાં રાખીને, ઘણા શ્રેષ્ઠ વૈદ્યો અને વિદ્વાનો તેનો પ્રચાર, પરિષ્કાર તથા તેને આશ્રય આપવા માટે નવા વિચારોમય નિબંધો, પ્રચારની સંસ્થાઓ, પરિષ્કારના માર્ગો અને ઔષધ બનાવનારી શાખાઓ-ફાર્મસીઓ વગેરે પ્રકટ કરી આયુર્વેદની પુષ્ટિ માટે પ્રવૃત્તિ કરતા દેખાય છે. આજકાલ ગણનાથ સેને પ્રત્યક્ષ શારીર તથા સિદ્ધાંતનિદાન-ગ્રંથની રચના કરીને પ્રાચીન શારીર-અવયવ-વિજ્ઞાનમાં અને રોગના નિદાનમાં ઘણો વિશેષ વિચાર પ્રકટ કર્યો છે. તે જ પ્રમાણે કવિરત્ન શ્રીયામિનીભૂષણરાયે પણ રોગવિનિશ્ચય શાલાક્ય, વિષ તથા પ્રસૂતિના વિષયમાં નાનાં નાનાં તંત્રો રચ્યાં છે. તેમ જ ડૉક્ટર બાલકૃષ્ણ શિવરામ મુંજે એ નેત્રચિકિત્સાના વિષયમાં કોઈ પણ એક ગ્રંથ પ્રકાશિત કરેલો છે. એ સંસ્કૃત ભાષામાં રચાયેલા નવા નિબંધો જોઈને આયુર્વેદની ઉન્નતિની ઘણી આશા રહે છે. જોકે આ ભારતીય આયુર્વેદવિદ્યા જરા-જીર્ણ બની છે, તોપણ હાલમાં જાગ્રત થયેલા સૂક્ષ્મ બુદ્ધિશાળી ઉદ્યોગી ભારતીય વિદ્વાનોનો; તેમ જ બીજા પણ સહયોગી આલંબન વિદેશી વિદ્વાનોના રસાયન દ્વારા જ આપણો આયુર્વેદ, ચ્યવન ઋષિની માફક ફરી યૌવન પામશે એમ આશા રાખી શકાય છે. સમયવશાત્ ઘણા વિષયોમાં વૈજ્ઞાનિક પ્રગતિ થઈ હોવાથી તેમ જ પરિષ્કાર પામેલી રાસાયણિક પ્રક્રિયાને કારણે અને નવાં ઉપજાવી કાઢેલ દૂર સુધી જોવાનાં, અંદરના ભાગમાં જોવાનાં જુદાં જુદાં યંત્ર વડે; તેમ જ નવા તર્ક-વિતર્કો કરતા તે તે દેશના વિદ્વાનોના સાક્ષાત્ લેખો, નિબંધો આદિ દ્વારા અથવા પરસ્પર આપસઆપસમાં કરાતા વિચારોને લીધે અને શરીરના અવયવોને સૂક્ષ્મપણે જોવાનાં સાધનો વડે; તેમ જ નવા વિચારોમય સેંકડો નિબંધોના (હાલમાં) થતા પ્રકાશન દ્વારા પાશ્ચાત્ય વિદ્વાનોએ આજના સમયમાં ભૈષજ્ય-વૈદ્યક વિદ્યાને અનેક શાખાઓથી ઉન્નતિના માર્ગે આરૂઢ કરી છે; છતાં તે વૈદ્યક વિદ્યાની આલોચના કરતાં પ્રાચીન ભારતીય આયુર્વેદવિદ્યાનો, કેટલાક વિદ્વાનોની વિચારદૃષ્ટિમાં

સ્થૂળ તેમ જ બાળક્રીડા ભલે પ્રતિભાસિત થતી હોય; પરંતુ દુર્ગમ પહાડો, નદીઓ, વનના મધ્ય પ્રદેશો, દુષ્કર દેશાંતરોમાં પ્રયાણ અને ત્યાંના ત્યાંના વિદ્વાનો સાથેના આભ્યંતર સંપર્કો તથા વિચારો જે કાળે વિશેષ થતા હતા એવા તે પૂર્વકાળના સમયમાં, જંગલોના મૃગોની સાથે વસવાટ કરતા હોઈને જેઓએ (હાલનાં) યંત્રો આદિ જુદાં જુદાં ભૌતિક સાધનો મેળવ્યાં ન હતાં, છતાં કેવળ પ્રણિધાન-શક્તિ દ્વારા જેમણે પોતાની તીક્ષ્ણ અંતર પ્રજ્ઞાના બળનો જ આશ્રય મેળવ્યો હતો એવા પ્રાચીન આચાર્ય આત્રેય, કશ્યપ તથા ધન્વન્તરિ આદિએ જે વિચારો આવિષ્કૃત કર્યા હતા તેઓને આધુનિક ઉન્નત વિજ્ઞાન દ્વારા પરિષ્કૃત દૃષ્ટિવાળા વિદ્વાનો આજે પણ જે આદર કરે છે તે ઓછા ગૌરવની વાત નથી. ભારતીય તથા અન્ય વિદ્વાનો પણ ચિરકાર સુધી એમની આ કૃપાને લીધે ઋણી રહેશે. એ પ્રાચીન આર્યોને આપણે સેંકડો વાર અભિનંદન કરવું જોઈએ.

પ્રાચીન ગ્રંથોનો નાશ અને રક્ષણ

દેવતાર્ઈ યુગના આરંભથી લઈ આર્યોના જ્ઞાન તથા વિજ્ઞાનનો પ્રવાહ સંહિતાઓ, બ્રાહ્મણ-ગ્રંથો, ઉપનિષદો, સૂત્રો, તંત્રો, ભાષ્યો, ટીકાઓ, ઉપટીકાઓ તથા નિબંધો આદિરૂપે અનેક શાખાઓ દ્વારા ખૂબ વહી રહ્યો છે અને તે-ઋષિઓ, આચાર્યો તથા નિબંધકારો આદિના વિચારોની ધારાઓ દ્વારા-પોષણ પામ્યા કરતો રહી માનવોરૂપી ક્ષેત્રને ચારે બાજુથી રસયુક્ત કર્યા કરે છે, તેથી આજે તે વિજ્ઞાનના સેંકડો વિભાગો અને તે તે દરેક વિભાગોના અનેક પ્રાચીન આચાર્યો, તેમ જ તે તે આચાર્યોના ઉચ્ચ અને અતિ ઉચ્ચપણું ધરા-વતા જુદા જુદા વિચારો પણ જાણવામાં આવે છે. પરંતુ આર્યોના મૂળ, સર્વસ્વભૂત અને આદિ કાળના વિજ્ઞાનના મહાકલ્પવૃક્ષરૂપ ભગવાન વેદની પણ કેટલીક શાખાઓ અને તે વેદનાં અંગો તથા ઉપાંગો પણ વિચ્છેદ વિલુપ્ત થઈ ગયાં છે. ઘણી શાખા-ઓનાં તો નામ પણ બાકી રહ્યાં નથી તથા કેટ-લીક શાખાઓનાં નામો સંહિતાઓમાં, બ્રાહ્મણગ્રંથો માં તથા સૂત્રોમાં કયાંક કયાંક કંઈક નિર્દેશ મળે છે; પૂર્વકાળના મહર્ષિઓ વગેરેના તથા આચાર્યોના ઉપદેશોરૂપ લેખો પણ લુપ્ત થયા છે, છતાં બીજા આચાર્યોએ કયાંક કયાંક ઉલ્લેખ કરેલા કેટલાક આચાર્યોના જુદા જુદા મતો માત્ર નામરૂપે મળે છે વળી કેટલાકનાં તો નામો પણ વિલુપ્ત થઈ ગયાં હશે.

જો આપણે આજકાલ કોઈ પણ વિષયના કોઈ એક પણ ઉપલબ્ધ પ્રાચીન ગ્રંથનું અધ્યયન કરીએ તો એમાંથી આપણને ઘણા પ્રાચીન આચાર્યો, એમણે જાણેલા ગ્રંથો તથા મુખ્ય મુખ્ય મતોનો કેવળ નામોલ્લેખ મળે છે. યાસ્કના નિરુક્ત-માં બીજા પણ વેદના અર્થોનું નિર્વચન અથવા વ્યાખ્યા કરનારાઓ જે થઈ ગયા છે, તેમનાં માત્ર નામો જાણવા મળે છે. પાણિનીય સૂત્રોમાંથી શાકલ્ય, ગાલવ, ગાર્ગ્ય, આપિશલિ, કાશ્યપ તથા સ્ફોટાયન વગેરે પ્રાચીન વ્યાકરણ-આચાર્યો માત્ર નામથી જાણવા મળે છે; તેમ જ પારાશર્ય, કર્મન્દ, શિલાલિ, કૃશાશ્વ વગેરે અને ભિક્ષુસૂત્ર તથા નટસૂત્ર આદિ જુદાં જુદાં શાસ્ત્રોના કર્તા આચાર્યો પણ એ પાણિનીય સૂત્રોમાંથી કેવળ નામો દ્વારા જાણવામાં આવે છે. વળી કૌટિલીય અર્થશાસ્ત્રમાંથી પરાશર, ઉશનસ્, વિશાલાક્ષ, કૌણપ, દન્ત, ભરદ્વાજ, વાતવ્યાધિ, બાહુ, દન્તી-પુત્ર, પિશુન આદિ પૂર્વ કાળના બીજા અર્થ-શાસ્ત્રના આચાર્યો પણ માત્ર નામથી જાણવામાં આવે છે. સાયનના વેદભાષ્યમાંથી મેધાતિથિ, શાકપૂણિ, અગ્નિસ્વામી વગેરે પૂર્વ કાળના વેદનું વ્યાખ્યાન કરનારા કેવળ નામથી જાણવામાં આવે છે. પૂર્વમીમાંસા તથા ઉત્તરમીમાંસાનાં સૂત્રોમાંથી આશ્મરથ્ય, કાશકૃત્સ્ન, ઔડુલોમિ તથા બાદરિ વગેરે પૂર્વના વેદ તથા ઉપનિષદના અર્થો પર મીમાંસા કરનારાઓનાં માત્ર નામો જણાય છે. એમ હાલમાં મળતા શ્રૌત-સ્માર્ત-દર્શન-જ્યોતિષ આદિના ગ્રંથોમાંથી પણ હજારો પૂર્વ કાળનાં સંહિતા, તંત્ર, સૂત્ર, વ્યાખ્યાન તથા નિબંધ આદિના કર્તા મહર્ષિઓ વગેરે તે તે વિષયના આચાર્યો કેવળ નામરૂપે જ બાકી રહેલા જાણવા-માં આવે છે. વળી કેટલાક ભારતીય દાર્શનિક ગ્રંથો તથા બૌદ્ધ ગ્રંથો ચીનની તથા તિબેટની ભાષાઓમાં થયેલા અનુવાદો રૂપે જ હાલમાં

મળતા હોઈને કેવળ છાયા રૂપે જ બાકી રહ્યા છે. લગભગ હજાર વર્ષોની પણ પહેલાં થયેલા સેંકડો ગ્રંથો હાલમાં છિન્નભિન્ન થઈ નાશ પામેલા જણાયા છે. એમ શ્રુતિ, સ્મૃતિ, આગમ, વેદાંગ, ઉપાંગ અને દર્શનો આદિમાં; તેમ જ બૌદ્ધ, આર્હત, જૈન આદિ જુદા જુદા સંપ્રદાયોમાં પણ અફસોસની વાત છે કે, રૂંવાડાં ખડાં કરી દે એવો મહાન વિપ્લવ થયેલ છે.

આ આયુર્વેદના વિષયમાં પણ હાલમાં મળતા આત્રેય, સુશ્રુત અને ભેડની સંહિતામાં અને આ કાશ્યપસંહિતામાં પણ ઉલ્લેખ ઉપરથી કાપ્ય, વાર્યોવિદ, વામક, વૈદેહ, કાંકાયન, હિરણ્યાક્ષ, શૌનક, પારાશર્ય, ગાર્ગ્ય, માઠર, કૌત્સ, મૌદ્ગલ્ય, કુશિક, સુભૂતિ, માર્કણ્ડેય તથા કરવીર્ય વગેરે ઘણા પ્રાચીન આયુર્વેદીય આચાર્યોનાં નામો જાણવામાં આવે છે. એમનામાંના કેટલાકનાં વચનો તથા મતો પણ ત્યાં ત્યાં ટાંકેલાં મળે છે; પણ તે તે આચાર્યોના એ ઉત્તમ ગ્રંથો ક્યાં વિલીન થઈ ગયા છે ? તે બધાયે આચાર્યોના તે તે ગ્રંથો જો મળી શકે અને તે બધા ગ્રંથોનું જો સંકલન કરવામાં આવે તો આયુર્વેદીય ગ્રંથોનો એક મહાન સમુદાય આપણી સામે ખડો થઈ જાય. બે કે ત્રણ જે ગ્રંથો હાલમાં મળે છે, તેમાં અવગાહન કરવામાં આવે તો પ્રતિભા જ્ઞાનના પ્રકાશથી ઉજ્જ્વળ એવા સેંકડો ગંભીર તત્ત્વોને લગતા ઉપદેશોનું જ્ઞાન મળી શકે છે

એ જ પ્રમાણે જો જુદાં જુદાં અનેક શાસ્ત્રોમાં વિભાગ પામેલા બધાયે પ્રાચીન આચાર્યોના ગ્રંથો જો મળી આવ્યા હોત તો કેટલાક ઉત્તમ વિચારોરૂપી રત્નો વડે જિજ્ઞાસુ પુરુષોનાં હૃદયોરૂપી સ્થાનો પરિપૂર્ણ ભરાઈ ગયાં હોત. પૂર્વ કાળના દયાળુ એ મહર્ષિઓ વગેરેએ પોતાના વિચારોરૂપી ધારાઓના રસથી વિજ્ઞાનરૂપી કલ્પવૃક્ષને સારી રીતે વધારી-ઉછેરીને તેમણે આપણી ઉપર અનુગ્રહ કર્યો છે. તો પણ સર્વાંગે પુષ્ટ એવાં તેનાં ફળોથી આપણે જાણે વંચિત રહ્યા હોઈએ એટલે કે તે કલ્પવૃક્ષનાં ફળો આપણને જાણે કે મળ્યાં જ ન હોય અથવા તે ફળોનો સ્વાદ આપણે જાણે અનુભવ્યો જ ન હોય તેમ આપણે (શૂન્ય જેવા) બેસી રહ્યા છીએ.

પહેલાંના સમયથી જ તે તે કાળે થયેલ પ્રાકૃતિક અને વૈકૃતિક આકસ્મિક અથડામણોને લીધે તેમ જ જુદાં જુદાં રાષ્ટ્રોનાં પરસ્પર થયેલાં યુદ્ધો વગેરે નૈતિક ઉપદ્રવોથી અને વિદેશી રાજાઓનાં વારંવાર થયેલાં વિનાશક આક્રમણોને લીધે અને પરસ્પર થયેલા સાંપ્રદાયિક સંઘર્ષોને કારણે તક્ષશિલા, નાલંદા અને વિક્રમશિલા આદિ શહેરોમાં જે જે મોટાં પુસ્તકાલયો હતાં, તે બધાં ભસ્મીભૂત અને ધૂળધાણી થઈ ગયાં હતાં; તેમ જ જળપ્રલય તથા અગ્નિપ્રલય આદિ ઉપદ્રવોથી પણ તે તે કાળનો પ્રાચીન ગ્રંથરત્નો વિનાશ પામ્યાં હતાં, એમ કેવળ પૂર્વકાળમાં જ બન્યું હતું એવું નથી; પરંતુ આજકાલ પણ પ્રાચીન વિદ્યાસ્થાનોમાં તેમજ ગામડાંઓમાં રહેલી પાઠશાળાઓમાં રહેલાં સેંકડો ગ્રંથરત્નો અગ્નિ વગેરેના ઉત્પાતથી ક્ષણવારમાં ભસ્મીભૂત થઈ જાય છે. એ કારણે તેમજ પૂર્વકાળના વિદ્વાનોએ સંગ્રહ કરેલા કેટલાક ઉત્તમ ગ્રંથોનું, તેના પરિવાર તથા સંતતિમાં કોઈ રક્ષણ કરનાર ન હોવાથી અથવા તે તે ગ્રંથોના રક્ષણ માટે બેદરકારી હોવાથી તેમજ ભઠ્ઠીઓના મુખમાં, નદીના પ્રવાહોમાં કે બજારોમાં વીખરાઈ જવાને કારણે, અથવા ભોંયરાં, ધૂળના ઢગલાઓમાં પડી રહેવાથી, જીર્ણ થયેલ હોવાથી કે ઊધઈ વગેરેથી જે ગ્રંથો બચી જવા પામ્યા હતા તે પણ ઉત્તરોઉત્તર એક પછી એક વિનાશ પામ્યા કરે છે. આ બધું વિચારતાં કયા વિદ્યાપ્રેમી માણસનું મન દુઃખથી ચિરાઈ ન જાય ? કારણ કે જ્ઞાનમય એ પ્રાચીન ભંડારોનો એ રીતે વિનાશ થવો એ મોટા ખેદનું કારણ છે.

એ પ્રાચીન વિદ્યાને વિનાશમાંથી બચાવવા માટે આજકાલ સેંકડો પ્રયત્નશીલ ગુણગ્રાહી તેમજ દયાળુ ભારતીય તથા પાશ્ચાત્ય વિદ્વાનો બધે ફરી ફરીને ઘણા પ્રાચીન ગ્રંથોને શોધીને તેનો પુસ્તકોની શોધ કરવા માટે ઉદ્ધાર પણ કરી રહ્યા છે. 'ખોટાન્' આદિ પ્રદેશોમાં રહેલ ભૂગર્ભ આદિમાંથી ઉદ્ધાર કરેલા 'બાબર મેન્યુસ્ક્રિપ્ટ' આદિ

નામોથી પ્રસિદ્ધ અને 'નાવનીતક' આદિ વિકલાંગ હોઈ છિન્નભિન્ન થયેલા પૂર્વકાળના લેખો આજે તેમાં દૃષ્ટાંતરૂપે થયા છે. કેટલાક વિદ્વાનો ચીન, તિબેટ આદિ પ્રદેશોની યાત્રા કરી ત્યાંથી મેળવેલા મૂળ લેખોનો અનુવાદ કરી લે છે અને કેટલાકનો ઉદ્ધાર કરે છે એટલે કે તેઓને મૂળ સ્થિતિમાં બહાર પાડે છે. એવા વિદ્વાનોનો એ પ્રયાસ ઘણા અભિનંદનને પાત્ર છે. લગભગ વિનાશોન્મુખ થયેલી પ્રાચીન વિદ્યા, દાતાઓ, ગુણગ્રાહીઓ, શ્રીમંત તથા બુદ્ધિમાનોના હાથના આલંબનથી અમુક અંશે બચવા પામેલ પોતાની રક્ષાના સાધનની જરૂર ધરાવે છે. જે પુરાતની ઉત્તમ ગ્રંથો આજે પણ બચવા પામ્યા છે, તે સેંકડો પ્રયત્નોથી પણ શોધવા જેવા, અને શક્તિમાન પુરુષો દ્વારા સારી રીતે ઉદ્ધાર કરવા જેવા છે. પ્રત્યેક માટે એવી બળવાન આશા આપણે સેવીએ છીએ.

પુરાતની વસ્તુઓ બાહ્ય દૃષ્ટિથી અને પુરાતની લેખો આભ્યંતર દૃષ્ટિ દ્વારા પોતાની પ્રાચીન પરિસ્થિતિ જણાવે છે. કારણકે એ પુરાતની વસ્તુઓ તથા પુરાતની લેખો સિવાય ભૂતકાળના સમયનું બીજું કયું બરાબર વિજ્ઞાનનું સાધન હોઈ શકે? પૂર્વકાળના પદાર્થો અથવા જે કોઈ મળી આવ્યા હોય તે જ ઓછા-વધતા ભાવે પોતાનું પુરાતનપણું કંઈક પણ અવશ્ય દર્શાવે જ છે અમુક અંશે સંભાવના કરી શકાય એવા કંઈક પૂર્વકાળ તથા પાછલા કાળના સંબંધદ્વારા જણાતી પ્રાચીન સભ્યતારૂપ એક જ સૂત્રમાં ગૂંથાયેલ અસીરિયન, બેબિલોનિયન, સુમેરિયન, મિશ્ર આદિ પ્રાચીન જાતિઓના પાશ્ચાત્ય દેશોમાં, પણ કાળક્રમ પ્રમાણે 'એલેક્ઝેંડ્રિયા'માં રહેલ વિશાળ પુસ્તકાલય બળી જતાં તેમ જ સમયે સમયે ત્યાં થયા કરતા રાજનૈતિક અને સાંપ્રદાયિક વિપ્લવોને લીધે, પાશ્ચાત્ય દેશોમાં પણ પ્રાચીન ઐતિહાસિક વિષયો લગભગ વિનાશ પામેલા હોવા જોઈએ. તો પણ તે તે દેશોમાં મળતી અનેક વસ્તુઓ તથા લેખોની સાથે; તેમ જ મુડદાંઓ ખોદકામને લીધે, અને કયાંક મળી આવેલ મંદિરો, કીર્તિસ્તંભો-પિરામિડ, સ્તૂપ વગેરે પરનાં ઐતિહાસિક વૃત્તાંતો ઉપરથી, તેમ જ કયાંક ઈંટો, શિલાઓ તથા ધાતુઓ વગેરે ઉપર લખાયેલ ગ્રંથો તથા ઐતિહાસિક વૃત્તાંતો વગેરે, અને લાંબા કાળથી ટકી રહેલ કોરણીપ્રક્રિયા તથા લાંબા કાળથી ત્યાં ત્યાં પ્રચલિત પુરાતની લક્ષણો ઉપરથી અસીરિયન, બેબિલોનિયન, સુમેરિયન, મિશ્ર આદિ પ્રાચીન દેશોની જાતિઓની અનુક્રમે ચાલુ રહેલ પ્રાચીન સભ્યતાની પરિસ્થિતિનો સમય નક્કી થાય છે. તેની સાથે એ નક્કી થયેલી અનુકૂળતા દ્વારા ઘણા પૂર્વ કાળથી આરંભી ચાલુ રહેલ પૂર્વ કાળના વિષયોનું પરિપૂર્ણ જ્ઞાન મેળવવા માટેનો માર્ગ લગભગ સુલભ થાય છે. ભારતીય સંપ્રદાયમાં પણ પૂર્વ કાળથી માંડી આહિતાગ્નિ અથવા લૌકિક અગ્નિથી મુડદાં બાળવાની વ્યવસ્થા હોવાને લીધે, તેમ જ બાકી રહેલી વસ્તુઓનો પણ દાન આદિ દ્વારા વિનાશ થઈ જતો હોવાથી અને મંદિરો વગેરેનો પણ ઘણી વાર થયેલા વિપ્લવો દ્વારા નાશ થયો હોવાથી, તેમ જ પ્રાચીન રીતિની આનુશ્રવિક પદ્ધતિને લીધે કે સંહિતાઓ સૂત્રો વગેરેને પરંપરાથી સાંભળી સાંભળીને મુખપાઠ કરવાની પદ્ધતિ ચાલતી હોવાને લીધે, એટલે કે તે તે સંહિતાઓ, સૂત્રો વગેરે પ્રાચીન ગ્રંથોને લખી લેવાની રુચિ લોકોને બહુ જ ઓછી થતી હતી; પરંતુ પાછળથી ભોજપત્ર, તાડપત્ર આદિ ઉપર તે તે ગ્રંથોનું લખાણ ચાલુ થયું હતું. તે તે પત્રો ઉપરના તે પ્રાચીન લેખો પણ લાંબા કાળે છિન્નભિન્ન થયેલા હોય તેથી અને વચ્ચે વચ્ચે થતાં પરસ્પરનાં તથા વિદેશીય આક્રમણો, યુદ્ધો વગેરે અથડામણોને લીધે એ પ્રાચીન લખાણો વગેરે લગભગ બળી ગયાં હતાં અથવા છિન્નભિન્ન થઈ વિનાશ પામ્યાં હતાં. છતાં ભારતીય પુરાતની લેખો, પૂર્વવૃત્તાંતો વગેરેનું આજના સમયમાં ખોતામ, કાસગર આદિમાં ભોંયરાંમાં શોધ કરતાં અને ચીન, તિબેટ વગેરે પ્રદેશોમાં રહેલા લેખો વગેરે સાથેનું અનુસંધાન આદિ કરવાથી, અથવા અનુસંધાન કરી શકાય એવાં પુરાતની ઇતિહાસ વગેરેનાં લક્ષણો ઘણાં જ ઓછાં થયેલ હોવાથી, તેમ જ પુરાણ આદિની કથાઓ જોકે મળે છે તોપણ મહાભારતનાં ગણેશઆખ્યાન જેવાં આખ્યાનો તથા અર્વાચીન વિષયો વચ્ચે વચ્ચે પાછળથી પ્રવેશેલાં હોવાથી, તેમ જ આલંકારિક દૃષ્ટિથી પ્રવેશેલી અતિશયોક્તિઓને લીધે અને તે

તે સાંપ્રદાયિક હસ્તક્ષેપો પણ થવાથી, અને પોત-પોતાની અનુકૂળ રીતિ દ્વારા પૂર્વના વિષયોનો વિલોપ તથા પરિવર્તન થવાથી; તેમજ પુરાતની અંશોનું દેશાંતરના લેખ, શિલાલેખ તથા ભૂગર્ભમાંથી મળેલ વિજ્ઞાન આદિ સાથે મેળવણી કરીને તે દ્વારા પ્રમાણપૂર્વક સિદ્ધ કરવામાં આવતું હોવાથી, આજના સમયમાં 'મોહેં-જો-દરો' આદિના ભૂગર્ભમાંથી મળેલાં પરિપૂર્ણ સાધનોની જ્યાં સુધી પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ભારતદેશના પૂર્વ કાળની પરિસ્થિતિ જાણવી મુશ્કેલ છે; અથવા તે વિષે બીજા પ્રકારે કલ્પના કરવી પણ અયોગ્ય હોય એમ જણાતું હતું. પરંતુ આજના સમયમાં મોહેં-જો-દરો, હરપ્પા આદિ પ્રદેશનાં ભોંયરાંઓનું અનુસંધાન અથવા તપાસ કરતાં તેમાંથી મળેલા તે તે વિષયોથી પ્રાચીન ભારતીય પરિસ્થિતિ ઉપર ઘણો પ્રકાશ પાડી શકાય છે. ભારતમાં મોહેં-જો-દરો, હરપ્પા આદિના પ્રદેશો જેવા પુરાતની પ્રદેશો ગંગાના તીર સુધી ઘણા હોય એવી સંભાવના કરી શકાય છે. કાળક્રમ પ્રમાણે હરપ્પા અને મોહેં-જો-દરોનાં ભોંયરાંમાંથી મળેલા પુરાતની અક્ષરોના લેખો આજ સુધીમાં જેમ જેમ પ્રકાશમાં આવવા માંડ્યા તેમ તેમ પ્રાચીન ભારતનું પુરાતની વૃત્તાંત પ્રકાશમાં આવતું જશે.

આ સંબંધે બીજું પણ આ એક કહેવા જેવું છે અને તે વિવેચક-સંશોધકો આગળ રજૂ કરવું યોગ્ય લાગે છે. આજના સમયમાં છાપખાનાંઓનો ઘણો પ્રચાર થવાથી ભારતમાં તથા બીજા દેશોમાં પણ પ્રચલિત હોઈ નવા નવા મળેલા અને જેઓ હજી સુધી પ્રકાશમાં ન હતા એવા પણ ઘણા ભારતીય ગ્રંથો પ્રકાશમાં આવી રહ્યા છે. એક જ ગ્રંથની હજારો પ્રતો પ્રકટ થઈને ઘેર ઘેર પ્રચાર પામી રહી છે. એ કારણે પ્રચલિત એવા ગ્રંથોનો વિશેષ વિકાસ થઈ રહ્યો છે. કેટલાક અપ્રકટ ગ્રંથોનો સર્વ સાધારણ અથવા દરેકને મળી શકે તેવો પ્રકાશ થઈ રહ્યો છે જેથી શોધવું, તપાસવું કે લખવું વગેરે પરિશ્રમ વિના જ થોડા ખર્ચે હરકોઈ ગ્રંથ મળી શકે છે. એટલું જ નહિ પણ પોતાના પૂર્વજ બાપ-દાદાઓ વગેરેએ પણ કદી ન જોયેલા અને ન સાંભળેલા એવા ઘણા ગ્રંથો અનાયાસે જોવા અથવા અભ્યાસ કરવા મેળવી શકાય છે. એ મોટા સંતોષનું સ્થાન છે; પરંતુ છપાઈમાં ઓછી કિંમત, ટાઈપો તથા શાહી, એ બધું ઠીક મજબૂત અથવા લાંબો કાળ ચાલે તેવું હોય છે. છતાં કેટલાક ગ્રંથો ખરાબ કાગળ ઉપર છપાય છે, તેથી પહેલાં જે મજબૂત તાડપત્રો કે ચોપડાના કાગળો પર હાથથી અને કલમથી જે ગ્રંથો લખાતા હતા, તેની તુલના કરતાં આજનાં છાપખાનાંઓમાં હલકા કાગળો પર છપાતા ગ્રંથો લાંબો કાળ ટકી શકતા નથી. પહેલાંનાં છપાયેલાં પુસ્તકો આજે લગભગ સો વર્ષે તો વિકૃત અક્ષરોવાળાં ઝાંખાં અને છિન્નભિન્ન કાગળોવાળાં થઈ ગયેલાં દેખાય છે. વળી છાપેલાં પુસ્તકો મળવાં સુલભ થવાથી આજે લેખ-નકલો અથવા હાથે લખવાની લહિયા લોકોની કળા ઉત્તરોત્તર હ્રાસ પામતી જાય છે. પદચ્છેદની સ્પષ્ટતા, શુદ્ધિ, સુંદર બાઇન્ડિંગ વગેરે દ્વારા મનને આકર્ષતાં છાપેલાં પુસ્તકો મળવાં સુલભ થવાને કારણે હસ્તલિખિત પુસ્તકો સંગ્રહાલય વગેરેમાં વિદ્યમાન હોય છે, છતાં તેમની સાચવણી તરફ આદરદૃષ્ટિ રહેતી નથી. છપાયેલાંનું પુનર્મુદ્રણ, અધ્યયન, અધ્યાપન એ બધું પરંપરાથી ચાલુ રહેલું હોય તો જ સંભવે છે. પરંતુ તે બધું પરંપરાથી ચાલુ રહેલું ન હોય ત્યાં પુનર્મુદ્રણ ઇચ્છવામાં આવતું નથી. તેથી એક વાર છપાયેલા હોય અને ફરી છાપવા બંધ થયા હોય તેવા ગ્રંથો આજે મળવા દુર્લભ થઈ પડેલા જોવામાં આવે છે. છપાઈની દૃષ્ટિએ લખવું બંધ પડવા માંડ્યું છે અને એક વાર છપાયા પછી તે તે ગ્રંથો ફરી છપાવા મુશ્કેલ થયા છે. બંને પ્રકારે વંચિત રહેલા પ્રાચીન ગ્રંથો ઉત્તમ હોવા છતાં પ્રથમ છપાયેલ પુસ્તકનું આયુષ પૂરું થતાં એકસો કે બસો વર્ષ થતાં તે ગ્રંથો નષ્ટ થાય છે. કાલવશાત્ જે વિષયો આનુશ્રવિક હતા, એટલે કે પરંપરાએ મોઢે રખાતા હોઈ પુસ્તકો પર લખાતા ન હતા એવા બીજા વિષયો પણ આજે અસ્તિત્વમાં રહ્યા જ નથી. જે વિષયો બાકી રહ્યા છે, તે પણ પ્રાચીન ગ્રંથોનું કેવળ સ્મરણ જ કરાવતા રહી હાથ-માંથી છૂટી જશે ત્યારે ભવિષ્યકાળમાં જાણવામાં પણ નહિ આવે. એ મોટા અનર્થની શંકા રહે છે.

એ ભાવિ અનર્થનો પહેલેથી વિચાર કરી જે ગ્રંથોનો લોપ કરવો અયોગ્ય છે તેવા ગ્રંથોની કેટલીક પ્રતોને મજબૂત સ્થાયી કાગળો પર પ્રકાશિત કરવાની પ્રવૃત્તિ વિષે છાપખાનાવાળાઓએ વીચારવું જોઈએ; જેથી કેટલીક પ્રતો પણ લાંબો કાળ ટકી શકે. પુસ્તકાલયોમાં પણ તેવા મજબૂત કાગળો પર છપાયેલા ઉત્તમ ગ્રંથોની અમુક પ્રતો સંધરવી જોઈએ. તેની કિંમત ભલે વધારે રાખવામાં આવે, પણ તે પ્રતો લાંબા કાળ સુધી ટકે તો ખરી; એટલું જ નહિ, પણ કેટલાક ગ્રંથોનો વિલોપ કરવો તદ્દન અયોગ્ય છે. એવા પ્રાચીનકાળના સર્વસ્વરૂપ ગ્રંથો–જેવા કે, વેદસંહિતાઓ, બ્રાહ્મણગ્રંથો, સૂત્રો અને ભાષ્યગ્રંથો વગેરે તો અધ્યયન-અધ્યાપનની પરંપરામાં પ્રવેશ્યા હોય કે ન પ્રવેશ્યા હોય, છતાં તેમને તો ઘણો ખર્ચ કરીને પણ તાડપત્રો ઉપર, કે ચોપડાઓના જાડા કાગળો વગેરે ઉપર ઉત્તમ પ્રકારે લખાવીને પુસ્તકાલયોમાં સારી રીતે સંધરી–સાચવીને રાખી મૂકવા માટે વિદ્વાનો ઉદ્ધાર કરવાનું વ્રત ધરાવતા શ્રીમંતોની શુભ દૃષ્ટિ પ્રસરવી જોઈએ. જેથી મજબૂત કાગપત્ર કે તાડપત્ર વગેરે ઉપર લખાયેલાં તે તે ઉત્તમ પુસ્તકો સાતસો કે આઠસો વર્ષ સુધીનાં આયુષવાળાં બને. તેમાંયે તાડપત્ર ઉપર લખાયેલાં તો એક હજારથી પણ વધુ વર્ષ ટકી શકેલાં આજે મળે છે તેમ હવે પછીના કાળમાં પણ લાંબા કાળ સુધી મળવાં સુલભ થાય. ભોજપત્ર ઉપર લખાયેલું પિપ્પલાદની શાખાનું એક સંહિતા પુસ્તક આજે પણ બાકી રહેલું હોઈને લાંબા કાળ સુધી તે શાખાને મેળવવાના સાધન તરીકે ઉપયોગી થઈ પડ્યું છે. એ જ પ્રમાણે એક પ્રમાણવાર્તિકનું પુસ્તક તાડપત્ર ઉપર લખાયેલું હોઈ, તે રૂપી બખતરથી રક્ષાયેલું હોઈને, હજારો વર્ષો સુધી એક ગુફામાં ઢંકાયેલું રહ્યા છતાં આજે પણ (બહાર આવી) ફરી સજીવન થઈ રહ્યું હોય એવું જણાય છે. આ સંબંધે વધારે લખવાથી શું? પણ ઈંટો પર કોતરાયેલા લેખો અને શિલાલેખો પણ ભૂગર્ભ-ભોંયરામાંથી પ્રકટ થઈને, નામથી પણ વિનાશ પામેલ ત્રણ હજાર વર્ષો પહેલાંના લોકોની સભ્યતાને જાહેરમાં પ્રકાશિત કરે છે. એટલું જ નહિ, પણ મોહેં-જો-દરો, હરપ્પા આદિના ભૂગર્ભમાંથી નીકળેલી જુદી જુદી મુદ્રાઓ, સિક્કા વગેરે પણ પાંચ હજાર વર્ષો પહેલાંની પ્રાચીન સભ્યતાને પ્રકાશિત કરી ભારતના પ્રાચીન ગૌરવને ઉજ્જ્વળ કરે છે. તાડપત્ર પર લખાયેલ પુસ્તકો જોકે તેટલા બધા લાંબા કાળ સુધી તો ન જ ટકી શકે તોપણ એક હજાર વર્ષોથી અધિક વર્ષો સુધી તો અવશ્ય વિનાશ ન જ પામે. આ જ કાશ્યપસંહિતાનું પુસ્તક, તાડપત્ર ઉપર જ લખેલું મળ્યું હતું. તે હાલમાં લાંબા કાળે પણ પોતાનો પ્રકાશ કરી નાશ પામ્યું નથી, એ દાખલા-રૂપ છે. લાંબા કાળ સુધી સારી રીતે રક્ષણ કરવાનું સાધન આ જ છે એટલે કે તાડપત્રો પર ઉત્તમ પુસ્તકો લખાવીને સંધરી રાખવાં જોઈએ. એ વાત બુદ્ધિમાન શ્રીમંતોને અવશ્ય રુચિ જવી જોઈએ; એવી આશા રાખતો વિરમું છું.

નેપાલ–કાષ્ઠમંડપ–ખટમંડુ–રાજધાની–
વૈશાખ–શ્રીધન્વન્તરિ જયંતી દિન–૧૯૬૪

નેપાલગ્રંથમાળા–પ્રથમ પ્રકાશન:

શ્રી શ્રી શ્રીમાન્ નેપાલ–મહારાજા–યુદ્ધસમશેર–'જંગબહાદૂર' રાણા સાહેબ અનેક પ્રકારની પદવીથી વિશેષે કરી શોભી રહ્યા છે. તેમનો વિદ્યા-પ્રેમ અને પોતાના દેશમાં મળેલ અમુક પ્રાચીન ગ્રંથનું પ્રકાશન કરવાની અભિરુચિ ઘણી જ અભિનંદનીય છે. માટે તેમને અભિનંદન આપીને ઉપોદ્ઘાતના લખાણ સહિત આ કાશ્યપસંહિતા, નેપાળ-ગ્રંથમાળાના પ્રથમ સ્તબક–પહેલા ગુચ્છરૂપે પ્રકાશિત કરવામાં આવી છે.

આ ઉપોદ્ઘાતનું લખાણ કરતી વેળા જેમની સહાય લેવાઈ છે તેમના તરફનું આભાર–પ્રદર્શન

આ ઉપોદ્ઘાતનું લખાણ કરતી વેળા પ્રાચીન અને અર્વાચીન તેમ જ પૂર્વના તથા પશ્ચિમના જે જે વિદ્વાનોના ગ્રંથોનો તેમ જ વિશેષ વિચારોનો આધાર લઈ તેમાંના વચનો ઉતારી ટાંકી બતાવ્યાં છે, તેમનો હું અધમર્ણ અથવા દેવાદાર છું. કેવળ કૃતજ્ઞપણું દર્શાવી તે તે વિદ્વાનોનું સ્મરણ કર્યા

સિવાય તેમનું ઋણ અદા કરવા બીજો કોઈ માર્ગ મને જણાતો નથી.

આ ગ્રંથનું પ્રકાશન તથા સંશોધન કરવામાં વિદ્વાનોમાં શ્રેષ્ઠ મહાભાગ્યશાળી વૈદ્ય શ્રી યાદવજી ત્રિકમજીએ પરિશ્રમપૂર્વક ઘણી જ સહાય કરી છે, તેથી હું તેમને ઘણું જ માન આપી અનેક ધન્યવાદો આપું છું. વળી આ ઉપોદ્ઘાતના લખાણમાં અસાધારણ સહયોગ આપનાર અને પ્રૂફસંશોધનમાં પણ સહાય આપનાર પંડિતશ્રેષ્ઠ સે.મનાથ શર્માને પણ સેંકડો ધન્યવાદો હું આપું છું. વળી ડૉક્ટર ગોકુલચંદ્ર અને માસ્ટર ઈ.વિહારીશરણે પણ આ ઉપોદ્ઘાતના લખાણમાં અંગ્રેજી ગ્રંથોમાં રહેલ કેટલાંક લખાણોની સૂચનાઓ આપી છે, તેથી તે બન્નેનો ઉપકાર પણ હું ભૂલી શકું તેમ નથી.

આવા ગહન અથવા કઠિન વિચારો પ્રકટ કરવામાં કેવળ આયુર્વેદીય ગ્રંથોનું અને બીજા સંસ્કૃત ગ્રંથોનું પરિશીલન જ પરિપૂર્ણ થઈ શકે તેમ નથી; પરંતુ ભારતીય ઇતિહાસોનું જ્ઞાન જેમ જરૂરી ગણાય તેમ ગ્રીસ, મિશ્ર, ઈરાન આદિ દેશ-દેશાંતરોના ઇતિહાસોનું જ્ઞાન પણ પૂરેપૂરું હોવું જરૂરી છે. જુદી જુદી અનેક ભાષાઓના વિષયોનું વિજ્ઞાન અને પૂર્વના તથા પશ્ચિમના વિદ્વાનોના ગ્રંથકાર, પ્રકીર્ણ લેખરૂપ ભિન્ન વિચારોનું અનુસંધાન, ઊહાપોહ અને અંતર્દૃષ્ટિથી વસ્તુઓનું યથાર્થ જ્ઞાન ઇત્યાદિ, એવાં એવાં ઘણાં સાધનોની પણ આવશ્યકતા છે. આવાં સાધનો દ્વારા ગંતવ્ય માર્ગ ઉપર જવાનું સાહસ કરનાર મારાથી આ થોડાઘણા શબ્દો દ્વારા અભિલક્ષિત સ્થાન ઉપર કઈ રીતે પહોંચી શકાય? દુર્બળ અંગોથી આ વિષમ માર્ગમાં ચાલવું એ તો બાજુએ સાહસ જ છે. પરંતુ 'नभः पतन्त्यात्मसमं पतत्रिणः'—આકાશમાં પક્ષીઓ પોતપોતાના ગજા પ્રમાણે ઊડે છે'—એ ન્યાયે યથાશક્તિ ઉચિત માર્ગમાં વાણીનો વિનિયોગ તથા સરસ્વતી સેવા માનીને આયુર્વેદનો મેં વિશેષ અભ્યાસ કર્યો નથી, છતાં આયુર્વેદના પ્રકાશક પ્રાચીન મહર્ષિઓનું ધ્યાન કરીને આ મુદ્રણના અવસર પર સાહિત્યની દૃષ્ટિએ આયુર્વેદના ગ્રંથોનો તથા આ સંહિતાનો અભ્યાસ કરવાથી જે વિચાર આવ્યા તેને આ ઉપોદ્ઘાતરૂપી પુષ્પાંજલિ દ્વારા આપના કરકમળમાં સાદર સમર્પિત કરું છું. હું એક અનભ્યસ્ત વ્યક્તિ હોવાથી તેમાંની ત્રુટિ માટે ક્ષમા યાચના કરું છું.

ઉપોદ્ઘાત સમાપ્ત

મહર્ષિ મારીચકશ્યપ વિરચિત

काश्यपसंहिता

અથવા

वृद्धजीवकीयतंत्र

(कौमारभृत्य)

सूत्रस्थान

लेहाध्याय*

લેહનવિષયમાં શ્રીવૃદ્ધજીવકના
શ્રીકશ્યપ પ્રત્યે પ્રશ્નો

.....।

.....॥

किंवा लेहयितव्यं च किंवा लेहितलक्षणम् ।
मतिलेहितदोषाः के के च दोषा अलेहिते ॥१॥
मन्दलीढस्य किं रूपं गुणदोषाश्च तत्र के ।
के लेहनोद्भवा रोगाः कश्च तेषामुपक्रमः ॥२॥

* આ વૃદ્ધજીવકીય તંત્ર–કાશ્યપસંહિતા તાડપત્રમાં હસ્તલેખિત મળી છે અને તે પણ ખંડિત રૂપમાં જ મળેલી હોઈને આ પ્રમાણે છપાઈ છે. જો કે આ ગ્રંથ પૂર્ણરૂપમાં મળતો નથી, પણ હસ્તલિખિત જે મળેલ છે, તેમાં પણ શરૂનાં ૨૮ પાનાં મળેલાં ન હતાં. ૨૯મા પાનમાં જે શરૂઆત થઈ છે તે આ લેહાધ્યાયથી મળે છે. ૨૯ મા પાન પહેલાં ૨૮ મા પાનામાં કયા વિષયો હશે, તે કહેવું મુશ્કેલ છે. સૂત્રસ્થાનના આ લેહાધ્યાયમાં લેહન સંબંધે વૃદ્ધજીવકે પ્રથમ પ્રશ્નો પૂછ્યા છે અને તેનો શ્રી કશ્યપે ઉત્તર આપ્યો છે. આ અધ્યાયનો મુખ્ય વિષય લેહન છે. બાળકોનું સ્વાસ્થ્ય, બલ, બુદ્ધિની વૃદ્ધિ માટે પ્રાચીનકાળમાં બાળકોને અનેક પ્રકારનાં લેહનો ચાટણના રૂપે ચટાડાતાં હતાં. જેમ આજકાલ બાળકોને સ્વસ્થ રાખવા અનેક પ્રકારના બિસ્કીટોનો ઉપયોગ કરાય છે. આ અધ્યાયમાં જે લેહન યોગો બતાવ્યા છે, તેમાં સુવર્ણનો મધ સાથે ઉપયોગ વધુ મળે છે, તે આમાં જણાશે.

एतन्मे भगवन् सर्वं वक्तुमर्हसि तत्त्वतः ।
सुख(खं)दुःखं हि बालानां दृश्यते लेहनाश्रयम् ॥

હે ભગવન્ ! (બાળકોને) ચટાડવા યોગ્ય શું હોય છે અથવા જે ચટાડયું હોય તેનું લક્ષણ શું ? વધુ પ્રમાણમાં જે ચટાડયું હોય તેના કયા કયા દોષો હોય છે ? જે વસ્તુ કે ઔષધ ચાટવા યોગ્ય હોય તે ન ચાટવામાં આવે તો કયા દોષો હોય છે ? જે વસ્તુ કે ઔષધ ઓછા પ્રમાણમાં ચાટયું હોય તેનું સ્વરૂપ કેવું હોય છે ? તેમાં ગુણો તથા દોષો કયા હોય છે ? (જે ચાટવા યોગ્ય ન હોય તે) ઔષધ ચાટવાથી કે ચટાડવાથી કયા રોગો ઉત્પન્ન થાય છે ? (એ રોગો જે થયા હોય) તેમની ચિકિત્સા કઈ હોય છે ? આ બધું તમે મને યથાર્થ રીતે કહેવાને યોગ્ય છો. કારણ કે બાળકોને સુખ તથા દુઃખ જે દેખાય છે, તે અમુક વસ્તુ કે ઔષધ તેઓને ચટાડવાને લીધે થયેલ હોય છે. ૧–૩

શ્રી કશ્યપનો ઉત્તર

इति पृष्टो महाभागः कश्यपो लोकपूजितः ।
प्रश्नं प्रोवाच निखिलं प्रजानां हितकाम्यया ॥४॥

લોકમાં પૂજાયેલા મહાભાગ્યશાળી કશ્યપને (જીવકે) એમ પ્રશ્નો પૂછ્યા હતા, ત્યારે પ્રજાઓના હિતની ઇચ્છાથી તેમણે એ સમગ્ર પ્રશ્નોના ઉત્તર આ રીતે આપ્યા હતા. ૪

સગર્ભા સ્ત્રીની રસધાતુના ત્રણ વિભાગ

यदन्नपानं प्रायेण गर्भिणी स्त्री निषेवते ।
रसो निर्वर्तते तादृक् त्रिधा चास्याः प्रवर्तते ॥५॥

ઘણું ખરું સગર્ભા સ્ત્રી જે અન્નપાન લે છે, તેનો જેવો રસ બને છે, તેના વિભાગો ત્રણ પ્રકારે ચાલુ થાય છે. ૫

વિવરણ : સગર્ભા સ્ત્રી જે ભોજનનું સેવન કરે છે, તે દ્વારા તેમાં પોતાના શરીરનું અને તેના ગર્ભાશયમાં રહેલા ગર્ભનું પણ તે ગર્ભની ઓર દ્વારા પોષણ થાય છે. આ સંબંધે સુશ્રુતે પણ આમ કહ્યું છે કે 'गर्भस्य खलु रसनिमित्ता परिवृद्धिर्भवति'–ગર્ભની વૃદ્ધિ તેની માતાએ સેવેલા ખોરાકના રસના કારણે થાય છે.' તેની સાથે સાથે ગર્ભિણીના સ્તનમાં પણ ખૂબ વૃદ્ધિ થાય છે. આ સંબંધે પણ સુશ્રુતે શારીરના ચોથા અધ્યાયમાં આમ કહ્યું છે કે शेषं चोर्ध्वतरमागतं पयोधरावभिप्रतिपद्यते, तस्मात् गर्भिण्यः पीनोन्नतपयोधरा भवन्ति–ઓર બન્યા પછી બાકી રહેલ એ રજનો ભાગ ઊંચે જઈ સ્તનમાં પ્રાપ્ત થાય છે, તેથી સગર્ભા સ્ત્રીના બને સ્તન પુષ્ટ અને અતિશય ઊંચાં બને છે. 'આ સુશ્રુત ગ્રંથની ટીકામાં ડલ્હણ આમ લખે છે: 'स्तनाश्रयमेव कफोपरञ्जितं स्तन्यतामुपगतं प्रसूतायाः पुनराहाररसेनाप्यायते–સગર્ભા સ્ત્રીનું રજ ઊંચે જઈ સ્તનનો જ આશ્રય કરી કફ સાથે મળીને ધાવણરૂપે થાય છે અને તે ધાવણ સુવાવડી સ્ત્રીએ ખાધેલા ખોરાકના રસથી વધ્યા કરે છે. ચરકે પણ શારીરના છઠ્ઠા અધ્યાયમાં આમ કહ્યું છે કે 'स च सर्वरसवानाहारस्त्रिया आपन्नसत्त्वायास्त्रिधा रसः प्रतिपद्यते–स्वशरीरपुष्टये स्तन्याय गर्भवृद्धये च'–સગર્ભા થયેલી સ્ત્રીએ બધાયે રસોથી યુક્ત જે ખોરાક ખાધો હોય તે ત્રણ પ્રકારનું કામ કરનાર થઈ ત્રણ પ્રકારના થાય છે. એક તો એ રસનો એક ભાગ તેના પોતાના શરીરની પુષ્ટિ માટે થાય છે, બીજા પ્રકારે થયેલો તે આહારરસ બીજા–ધાવણના રૂપમાં થવા માટે છે અને ત્રીજા પ્રકારે થયેલો તેમાંનો ત્રીજો આહારરસ ગર્ભની વૃદ્ધિ કરવા માટે કામે લાગે છે.'

ત્રણ રસવિભાગનાં ત્રણ કાર્યો

मातृपुष्ट्यर्थमेकांशो द्वितीयो गर्भपुष्टये ।
तृतीयः स्तनपुष्ट्यर्थं, नार्या गर्भस्तु पुष्यति ॥६॥

(સગર્ભા સ્ત્રીએ સેવેલા ખોરાકપાણીમાંથી પણ રસનો) એક ભાગ એ સગર્ભા માતાની પુષ્ટિ માટે ઉપયોગી થાય છે; બીજો રસવિભાગ ગર્ભની પુષ્ટિ માટે ઉપયોગી થાય છે, અને ત્રીજો રસવિભાગ એ સગર્ભા સ્ત્રીના સ્તનની પુષ્ટિ માટે ઉપયોગી થાય છે. અને એ ત્રીજા રસવિભાગમાંથી ગર્ભ પણ પુષ્ટ થાય છે. ૬

પ્રાણીઓની પ્રકૃતિ થવામાં કારણ અને ત્રણ પ્રકૃતિઓ

तादृक्प्रकृतयस्तस्माद्गर्भात् प्रभृति देहिनः ।
वातपित्तकफस्थूणास्तिस्रः प्रकृतयश्च ताः ॥७॥

(માતાએ સેવેલા ખોરાકપાણીમાંથી થયેલા રસનો જેવો સ્વભાવ હોય તેવી.) દરેક પ્રાણીઓની ગર્ભથી માંડીને પ્રકૃતિ બને છે; જેમ કે એ પ્રકૃતિઓ વાતસ્થૂળ અથવા વાતદોષપ્રધાન, પિત્તસ્થૂળ અથવા પિત્તદોષપ્રધાન અને કફસ્થૂળ એટલે કફદોષપ્રધાન–એમ ત્રણ પ્રકારની છે. ૭

વિવરણ : (અર્થાત્ ગર્ભને જેવા પ્રકારનું પોષણ મળ્યું હોય તેવા પ્રકારની તેની પ્રકૃતિ બને છે. આ સંબંધે સુશ્રુતે શારીરના ચોથા અધ્યાયમાં આમ કહ્યું છે કે 'शुक्रशोणितसंयोगे यो भवेद् दोष उत्कटः । प्रकृतिर्जायते तेन '–પિતાનું શુક્ર તથા માતાના રજસ્–રુધિરનો ગર્ભાશયમાં સંયોગ થતાં તે મિશ્રણમાં જે દોષ ઉત્કટ હોઈ અધિકતા ધરાવતો હોય તેને અનુસરીને તે ગર્ભમાં આવેલ બાળકની પ્રકૃતિ થાય છે. તે બદલાવી મુશ્કેલ હોય છે. હિતોપદેશમાં પણ આ સંબંધે આ વચન મળે છે કે 'यः स्वभावो हि यस्यास्ति तस्यासौ दुरतिक्रमः । श्वा यदि क्रियते राजा किं स नाश्नात्युपानहम्–જેનો જે સ્વભાવ હોય તે છૂટવો મુશ્કેલ બને છે; કારણ કે કૂતરાને રાજા બનાવવામાં આવે તોયે તે શું ખાસડું ખાતો નથી? ખાય જ છે.' એકંદર આયુર્વેદના સિદ્ધાંત અનુસાર વાત, પિત્ત અને કફ એ ત્રણ દોષોના આધારે આ શરીર ટકી રહે છે. જેમ કોઈ ઘર થાંભલાઓના ટેકે ટકી રહે છે તેમ પ્રાણીનું આ શરીર વાતાદિ

ત્રણ દોષોની સામ્ય અવસ્થાને લીધે ધારણ કરાય છે. એ જ અભિપ્રાયથી અહીં વાત, પિત્ત અને કફ–એ ત્રણ દોષોને સ્થૂણ–થાંભલા સાથે સરખાવેલ છે. સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૨૧ મા અધ્યાયમાં 'સ્થૂણા શબ્દનો આ રીતે પ્રયોગ કર્યો છે; જેમ કે–'वातपित्तश्लेष्माण एव देहसंभवहेतवः। तैरेवाव्यापन्नैरधोमध्योर्ध्वसन्निविष्टैः शरीरमिद धार्यते-गारमित्र स्थूणाभिस्तिसृभिरत्रिस्थूणमाहुरेके'–વાત, પિત્ત અને કફ–એ ત્રણ જ આ શરીરની ઉત્પત્તિનાં કારણો છે. એ ત્રણ જ આ શરીરમાં નીચે, વચ્ચે તથા ઊંચેના ભાગમાં રહેલા હોઈ આ શરીરને ધારણ કરી રહ્યા છે. જેમ ત્રણ થાંભલીઓ ઘરને ધારણ કરે છે તેમ આ જ કારણે કેટલાક વિદ્વાનો આ શરીરને 'ત્રિસ્થૂણ' (એટલે વાત, પિત્ત અને કફરૂપી ત્રણ થાંભલાઓવાળું) નામથી પણ કહે છે. ૭

લોકો સાત પ્રકૃતિવાળા હોય છે

वातिकाः पैत्तिकाः केचित् कफिनश्चैव देहिनः।
द्वन्द्वप्रकृतयश्चान्ये समस्थूणास्तथाऽपरे॥
अरोगास्तु समस्थूणा वातिकाद्याः सदाऽऽतुराः॥

કેટલાક માણસો વાતિક–વાતપ્રકૃતિવાળા, કેટલાક પૈત્તિક–પિત્તપ્રકૃતિવાળા, કેટલાક બીજા લોકો કફિન્–કફપ્રકૃતિવાળા હોય; એ સિવાય બીજા દ્વન્દ્વપ્રકૃતિવાળા એટલે કે વાતપૈત્તિક, વાતશ્લૈષ્મિક તથા પિત્તશ્લૈષ્મિક પ્રકૃતિવાળા હોય છે. અને તે સિવાયના બીજાઓ સમસ્થૂણા એટલે કે સમપ્રકૃતિવાળા હોઈ જેઓમાં વાત, પિત્ત અને કફ એ ત્રણે એકસરખાં હોય છે; (આમ સાત પ્રકૃતિવાળા લોકો આ જગતમાં જોવા મળે છે.) તેમાંના જે સમસ્થૂણા હોય છે તેઓ નીરોગી હોય છે અને તે સિવાયના વાતિક આદિ છ પ્રકૃતિવાળા લોકો સર્વકાળ રોગી રહ્યા કરે છે. ૮

વિવરણ: સુશ્રુતમાં પણ પ્રકૃતિના સાત પ્રકાર આમ કહ્યા છે: 'सप्त प्रकृतयो भवन्ति दोषैः पृथक् द्विशः समस्तैश्च'–અલગ અલગ ત્રણ દોષથી વાતિક, પૈત્તિક અને શ્લૈષ્મિક એમ ત્રણ પ્રકૃતિઓ હોય છે. અને બે બે દોષ મળી બીજી ત્રણ વાતપૈત્તિક, વાતશ્લૈષ્મિક તથા પિત્તશ્લૈષ્મિક એવી પ્રકૃતિઓ હોય છે. એમ ૭ ઉપરાંત સાતમી પ્રકૃતિ, બધા દોષ એક સરખા મળી 'સમપ્રકૃતિ' હોય છે.' ચરકે પણ સૂત્રસ્થાનના ૭ મા અધ્યાયમાં આ સાત પ્રકૃતિઓવાળા લોકોને આમ જણાવ્યા છે: 'समपित्तानिलकफाः केचिद् गर्भादिमानवाः। दृश्यन्ते वातलाः केचित् पित्तला श्लेष्मलास्तथा॥ કેટલાક માણસો ગર્ભથી માંડીને જ સમપિત્ત, સમવાત અને સમકફવાળા જોવામાં આવે છે અને કેટલાક માણસો ગર્ભથી માંડીને જ વાતલ–વાતાધિક, પિત્તલ–પિત્તાધિક અને શ્લેષ્મલ–કફાધિક પ્રકૃતિવાળા હોય છે; અને અહીં તથા શબ્દ હોવાથી આમ પણ કહેવા માગે છે કે કેટલાક માણસો ગર્ભથી માંડીને જ સાતમી 'સંસૃષ્ટ' અથવા 'દ્વંદ્વજ' પ્રકૃતિવાળા હોય છે.'

અહીં મૂળ ગ્રંથમાં વાતિક, પૈત્તિક અને કફિન્ એ ત્રણ પ્રકૃતિઓ કહી છે પરંતુ ખરું જોતાં તે ઉપરથી વાતાધિક, પિત્તાધિક અને કફાધિક એવી જ ત્રણ પ્રકૃતિઓ સમજવાની છે. એટલે વાતદોષપ્રધાન, પિત્તદોષપ્રધાન અને કફદોષપ્રધાન જ પ્રકૃતિ જે જે હોય તેમાં તેમાં તે તે દોષની અધિકતા હોઈ તે તે પ્રકૃતિવાળા માણસ સર્વકાળ રોગી જ રહે છે. પરંતુ જે સમસ્થૂણા પ્રકૃતિવાળા હોય તેઓમાં વાતાદિ ત્રણે દોષોની સમ–અવસ્થા હોય છે. તેથી તેને જ રોગરહિત અવસ્થા અથવા 'સ્વાસ્થ્ય' કહેવામાં આવે છે. આ જ આશય ચરકે સૂત્રસ્થાનના ૯મા અધ્યાયમાં જણાવ્યો છે કે 'विकारो धातुवैषम्यं साम्यं प्रकृतिरुच्यते। सुखसंज्ञकमारोग्यं विकारो दुःखमेव च॥' વાતાદિ ધાતુઓની વિષમતા એટલે કે ન્યૂનાધિકપણું એ વિકાર અથવા રોગ છે અને વાતાદિ દોષો કે ધાતુઓનું સામ્ય એટલે સમાન અવસ્થા એ જ પ્રકૃતિ એટલે કે સ્વાસ્થ્ય અથવા આરોગ્ય કહેવાય છે. એ આરોગ્ય જ 'સુખ' નામે કહેવાય છે અને જે વિકાર છે તે જ 'દુઃખ' ગણાય છે.

અહીં કોઈને આવી શંકા થાય કે આ લોકમાં કોઈ પણ વ્યક્તિ સમ–વાત–પિત્ત–કફ કદી હોઈ શકે જ નહિ; કારણ કે દરેક વ્યક્તિના આહારવિહારમાં થોડીઘણી પણ વિષમતા હોય જ છે;

અને દરેક બાળકની માતાના આહારરસ અનુસાર જ દરેક વ્યક્તિઓની પ્રકૃતિ બંધાય છે; અને માતાના આહારની પણ વિષમતા હોવાના કારણે કોઈ પણ બાળક સમધાતુ-પ્રાકૃતિક હોવાનો સંભવ નથી. એમ એકંદર કોઈ કોઈ દોષ વધારે થવાથી હરકોઈ વ્યક્તિ વાતાધિક પ્રકૃતિ, પિત્તાધિક પ્રકૃતિ કે કફાધિક પ્રકૃતિ જ હોઈ શકે છે. આથી આમ કહેવું તે યોગ્ય નથી કે, 'वातिकाद्या सदाऽऽतुराः'-એટલે કે વાતપ્રધાન આદિ છ પ્રકૃતિઓવાળા સદાય રોગી હોય છે. ભગવાન આત્રેયે ચરકસંહિતાના વિમાનસ્થાનમાં આ તર્કનું ખંડન કરતાં આમ કહ્યું છે કે, 'समवातपित्तश्लेष्माणं ह्यरोगमिच्छन्ति भिषजः, यतः प्रकृतिश्चारोग्यम्, आरोग्यार्था च भेषजप्रवृत्तिः, सा चेष्टरूपा, तस्मात् सन्ति समवातपित्तश्लेष्मप्रकृतयः, न तु खलु सन्ति वातप्रकृतयः, पित्तप्रकृतयः, श्लेष्मप्रकृतयो वा, तस्य तस्य किल दोषस्याधिक्यभावात् सा सा दोषप्रकृतिरुच्यते मनुष्याणाम्, न च विकृतेषु दोषेषु प्रकृतिस्थत्वमुपपद्यते, तस्मान्नेताः, प्रकृतयः सन्ति, सन्ति तु खलु वातलाः, पित्तलाः, श्लेष्मलाश्च, अप्रकृतिस्थास्तु ते ज्ञेयाः'-જે માણસ એક સરખા વાત, પિત્ત અને કફથી યુક્ત હોય, તેને જ વૈદ્યો રોગરહિત માને છે; કારણ કે આરોગ્ય એ જ પ્રકૃતિ છે અને હરકોઈ ઔષધનું સેવન પણ આરોગ્ય મેળવવા માટે જ કરાય છે અને તે ઔષધ-સેવન ઇષ્ટરૂપ જ હોય છે. તેથી સાબિત થાય છે કે 'સમવાતપિત્તકફવાળા લોકો હોય છે, પણ કેવળ વાતપ્રકૃતિવાળા, કેવળ પિત્તપ્રકૃતિવાળા અને કેવળ કફપ્રકૃતિવાળા લોકો હોતા નથી; કેમ કે દરેક વ્યક્તિમાં તે તે અમુક અમુક દોષની અધિકતા હોય છે અને તેને મનુષ્યોની દોષપ્રકૃતિ-વાતાધિક, પિત્તાધિક અને કફાધિક કહેવામાં આવે છે; કારણ કે જે જે દોષો વિકૃત થયા હોય તેમાં પ્રકૃતિસ્થપણું કહેવાતું જ નથી. માટે એ પ્રકૃતિઓ નથી, પણ તેમને વાતલ, પિત્તલ તથા શ્લેષ્મલ કહેવામાં આવે છે; એટલે કે તેમને તો અપ્રકૃતિસ્થ જાણવા જોઈએ.'

એકંદર જેઓ 'સમવાતપિત્તકફ' હોય તેઓને વૈદ્યો નીરોગી અથવા સ્વસ્થ કહે છે. અર્થાત્ પ્રકૃતિ એ જ આરોગ્ય છે અને એ આરોગ્ય માટે ઔષધસેવન કરાય છે. ચરકે સૂત્રસ્થાનના ૯મા અધ્યાયના ૪થા શ્લોકમાં ચિકિત્સાનું લક્ષણ જણાવતાં આમ સૂચન કર્યું છે-'चतुर्णां भिषग्गादीनां शस्तानां धातुवैकृते। प्रवृत्तिर्धातुसाम्यार्था चिकित्सेत्यभिधीयते॥ ધાતુઓની વિકૃતિ થાય એટલે કે શરીરમાં જે પ્રમાણમાં ધાતુઓ જોઈએ તેમાં વધઘટ થતાં કોઈ રોગ થાય ત્યારે ઉત્તમ ગુણોને ધરાવતા વૈદ્ય, ઔષધ, સેવક તથા રોગી-એ ચારેની ધાતુઓની સમાનતારૂપ રોગરહિત સ્થિતિ કરવા માટે જે ક્રિયા ચાલુ કરાય તે 'ચિકિત્સા' કહેવાય છે.' એમ ખરું જોતાં વાતિક, પૈત્તિક અને શ્લૈષ્મિક એ પ્રકૃતિ નથી પણ એ તો દોષોની પ્રધાનતા હોઈ 'દોષપ્રકૃતિ' કહેવાય છે; અથવા રોગયુક્ત અવસ્થા ગણાય છે. આ અભિપ્રાયથી ચરકે સૂત્રસ્થાનના સાતમા અધ્યાયમાં સ્પષ્ટ કહ્યું છે કે 'तेषामनातुराः पूर्वे वातलाद्याः सदाऽऽतुराः'-સાત પ્રકૃતિઓ ધરાવતા લોકોમાં પહેલાંના સમવાતાદિ પ્રકૃતિવાળા નીરોગી હોય છે પણ વાતલ આદિ દોષપ્રકૃતિવાળા હમેશાં રોગી જ કહેવાય છે.'

ઉપર્યુક્ત પ્રકૃતિઓના જ્ઞાનની આવશ્યકતા

एताः प्रकृतयः प्रोक्ता देहिनां वृद्धजीवक!॥९॥
एता आश्रित्य तत्त्वज्ञो भेषजान्युपकल्पयेत्।
य एता वेद तत्त्वेन न स मुह्यति भेषजे॥१०॥

હે વૃદ્ધજીવક! લોકોની એ સાત પ્રકૃતિઓ અહીં મેં કહી છે. એ પ્રકૃતિઓ અનુસાર તત્ત્વવેત્તા વૈદ્યે ઔષધોની યોજના કરવી જોઈએ. જે વૈદ્ય આ (સાતે) પ્રકૃતિઓને બરોબર જાણે છે તે ઔષધચિકિત્સા કરવામાં મૂંઝાતો નથી. ૯,૧૦

ઔષધ માત્રાની ક્રમશઃ યોજના

बिल्व(ड)ङ्गफलमात्रं तु जातमात्रस्य देहिनः।
भेषजं मधुसर्पिर्भ्यां मतिमानुपकल्पयेत्॥११॥
वर्धमानस्य तु शिशोर्मासे मासे विवर्धयेत्।
अथामलकमात्रं तु परं विद्वान्न वर्धयेत्॥१२॥

બુદ્ધિમાન વૈદ્યે જન્મેલા બાળકને વાવડિંગના દાણા જેટલી માત્રામાં ઔષધ મધ તથા ઘી સાથે આપવું. પછી એ બાળક જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ દરેક મહિને ઔષધનું પ્રમાણ વધાર્યા કરવું. અને

છેવટ જતાં એક આમળા જેટલા પ્રમાણથી વધુ ઔષધ આપવું નહિ. ૧૧,૧૨

વિવરણ : પ્રાચીન કાળમાં વૈજ્ઞાનિક માપ-તોલનો વ્યવહાર ન હતો પણ પ્રચલિત વસ્તુઓનું જ માપ-તોલ વ્યવહારમાં લેવાતું હતું; તેથી જ અહીં ખૂબ નાનાં બાળકને ઔષધપ્રમાણ એક વાવડિંગ જેટલું જણાવી અનુક્રમે વધારતાં વધારતાં છેવટે મોટા માણસને એક આમળા જેટલું ઔષધ-પ્રમાણ આપવા સૂચવ્યું છે. સુશ્રુતમાં તો શારીર-સ્થાનમાં ઔષધનું પ્રમાણ જુદા જ પ્રકારે દર્શાવેલ છે; જેમ કે 'तत्र मासादूर्ध्वं क्षीरपायामङ्गुलि-द्वयग्रहणसमितामौषधमात्रां विद्यात्, कोलास्थिसंमितां कल्कमात्रां क्षीरान्नादाय, कोलसमितामन्नादाय'– બાળક જન્મે તે પછી ધાવણ ધાવતું થાય અને એક મહિનાનું થાય તે પછી તેને આંગળીના બે વેઢા પર લેતાં જેટલું પ્રમાણ થાય તે પ્રમાણમાં ઔષધમાત્રા આપવી. પછી એ બાળક દૂધ અને ખોરાક ખાતું થાય ત્યારે તેને મોટા બોરના ઠળિયા જેટલી કલ્કરૂપ ઔષધમાત્રા આપવી; અને તે પછી એ બાળક મોટી ઉંમરનું થાય ત્યારે તેને મોટા એક બોરના જેટલી કલ્કરૂપ ઔષધની માત્રા આપવી જોઈએ. બીજા એક ગ્રંથમાં ઔષધ-પ્રમાણ સંબંધે આમ જણાવ્યું છે : 'प्रथमे मासि जातस्य शिशोर्भेषजरक्तिका। अवलेह्या तु कर्तव्या मधुक्षीरसिताघृतैः ॥ एकैकां वर्धयेत्तावद् यावत् संवत्सरो भवेत्। तदूर्ध्वं माषवृद्धिः स्यात् यावत् षोडशवार्षिकः ॥'–નાનું બાળક જન્મે તેને એક મહિનો થાય ત્યાં સુધી ઔષધની એક રતી પ્રમાણ મધ, દૂધ, સાકર તથા ઘી મિશ્ર કરી ચાટણરૂપે આપ્યા કરવી. તે પછી એ બાળક એક વર્ષનું થાય ત્યાં સુધી દર મહિને એ ઔષધનું માપ એક એક રતી વધારતા જવું; અને ત્યાર પછી બાળક સોળ વર્ષનું થાય ત્યાં સુધી દરેક વર્ષે એને અપાતા ઔષધના માપમાં એક એક માસાનું પ્રમાણ વધાર્યા કરવું. ૧૦–૧૨

ઔષધ ચટાડવા યોગ્ય બાળકો

अक्षीरा जननी येषामल्पक्षीराऽपि वा भवेत्।
दुष्टक्षीरा प्रसूता या धात्री वा यस्य तादृशी ॥१३॥
दुष्यजाताभृशव्याधिपीडितायाश्च ये सुताः।
वातिकाः पैत्तिका ये च ये च स्युः कफवर्जिताः ॥
स्तन्येन ये न तृप्यन्ति पीत्वा पीत्वा रुदन्ति च।
अनिद्रा निशि ये च स्युर्ये च बाला महाशनाः ॥१५
अल्पमूत्रपुरीषाश्च बाला दीप्ताग्नयश्च ये।
निरामयाश्च तनवो मृद्वङ्गा ये च कर्शिताः ॥१६
वर्चःकर्म न कुर्वन्ति बाला ये च त्र्यहात् परम्।
एवंविधाञ्छिशूनाह लेहयेदिति कश्यपः ॥१७॥

જે બાળકોની માતાને ધાવણ આવતું ન હોય અથવા બહુ જ ઓછા પ્રમાણમાં ધાવણ આવતું હોય; વળી જે સુવાવડી માતાનું ધાવણ અથવા ધાવ માતાનું ધાવણ બગડ્યું હોય; વળી જે બાળકોની માતાને ઘણી જ મુશ્કેલીએ પ્રસવ થયો હોય અથવા જે બાળકોની માતા અતિશય રોગથી પીડાયેલી હોય; વળી જે બાળકો વાતાધિક અથવા પિત્ત-પ્રધાન પ્રકૃતિવાળાં હોય; તેમ જ જે બાળકો ખૂબ જ ઓછા પ્રમાણમાં કફ ધરાવતાં હોય; વળી જે બાળકો ધાવણથી તૃપ્ત થતાં ન હોય અને ધાવણ ધાવી ધાવીને રડ્યા કરતાં હોય; વળી જે બાળકોને રાત્રે નિદ્રા આવતી ન હોય તેમ જ જે બાળકો વધુ પ્રમાણમાં ખોરાક ખાતાં હોય છતાં ખૂબ જ થોડા પ્રમાણમાં મૂત્ર અને વિષ્ઠા કરતાં હોય; વળી જે બાળકોનો જઠરાગ્નિ વધુ પ્રમાણમાં પ્રદીપ્ત હોય અને જે બાળકો બિલકુલ રોગ-રહિત હોય છતાં શરીરે પાતળાં અથવા પુષ્ટ ન હોય, કોમળ શરીરવાળાં તથા ક્ષીણ શરીરવાળાં હોય અને જે બાળકોને બરા-બર નિયમિત ઝાડો આવતો ન હોય પણ ત્રણ દિવસ પછી ઝાડો આવતો હોય, એવાં બાળકોને ઔષધ ચટાડ્યા કરવું જોઈએ એમ કશ્યપે કહ્યું છે. ૧૩–૧૭

જેઓને ઔષધ ન ચટાડાય એવાં બાળકો

.....च मन्दाग्निजठरो जनः।
निद्रालुर्बहुविण्मूत्रः स्वल्पो यो दृढगात्रकः ॥१८॥
कल्याणमातृकोऽजीर्णी गुरुस्तन्योपसेविता(तः)।
सुतः सर्वरसाशिन्या ऊर्ध्वजत्रुरुजान्वितः ॥१९॥

आमे ज्वरेऽतिसारे च कामलाशोथपाण्डुषु ।
हृद्रोगश्वासकासेषु गुदवस्त्युदरामये ॥ २० ॥
नानाहे गण्डवैसर्पे छर्द्यरोचकयोः(बेले) ।
.....हे सर्वग्रहेषु च ॥ २१ ॥
न लेहयेदलसके नाहन्यहनि नाशितम् ।
न दुर्दिनपुरोवाते नासात्म्यं नातिमात्रया ॥ २२ ॥

જેનો જઠરાગ્નિ મંદ હોય, જેનો સ્વભાવ વધુ ઊંઘ્યા કરવાનો હોય, જેને ઝાડો-પેશાબ ખૂબ થયા કરતો હોય, જે કલ્યાણ માતૃક-જેની માતા મૃત્યુ પામી હોય અથવા જેને સાવકી માતા હોય, જેને અજીર્ણ રહ્યા કરતું હોય, જેનું શરીર અતિશય નાનું હોય, જેના શરીરના અવયવો મજબૂત હોય, જેની માતા નીરોગી હોય, પચવામાં ભારે એવા ધાવણથી પોષાયો હોય, બધા રસોનું સેવન કરનારી માતાનો જે બાળક હોય, હેડકીથી ઉપરના રોગોથી જે યુક્ત હોય, જેને આમરોગ, જ્વર, અતિસાર, કમળો, સોજો, પાંડુ, હૃદયરોગ, શ્વાસ, કાસ-ઉધરસ, ગુદરોગ, બસ્તિનો રોગ, ઉદરરોગ, આનાહ-મળબંધ, ગંડમાળા, વિસર્પ-રતવા, ઊલટી, અરોચક રોગ, બધાયે ગ્રહોનો વળગાડ હોય તથા અલસક રોગ હોય તેવા રોગોમાં બાળકને ઔષધ ચટાડવું નહિ. વળી દરરોજ ઔષધ ન ચટાડવું અને દિવસે જેણે ખાધું ન હોય તેને પણ ઔષધ ન ચટાડવું; તેમ જ વાદળાંથી દિવસ છવાયેલ હોય, જે વખતે પૂર્વદિશાનો વાયુ વાતો હોય તે વેળા પણ ઔષધ ચટાડવું નહિ. તેમ જ જે ઔષધ અસાત્મ્ય હોય એટલે કે શરીરની પ્રકૃતિને માફક ન હોય તેવું ઔષધ પણ ચટાડવું નહિ અને વધુ માત્રામાં ઔષધ ચટાડવું નહિ. ૧૮-૨૨

વિવરણ : અહીં ૧૮મા શ્લોકમાં 'कल्याणमातृकः' એ પદ મૂક્યું છે, તેનો અર્થ-' कल्याणी माता यस्य सः જેની માતા કલ્યાણયુક્ત હોય; અહીં ' कल्याण ' શબ્દનો અર્થ-અક્ષય, સ્વર્ગ એવો પણ થઈ શકે છે; એટલે કે જેની માતા અક્ષય સ્વર્ગ કે મોક્ષને પ્રાપ્ત થઈ હોય અથવા જેની માતા વિમાતા કે ઓરમાન હોય તે બાળક પણ ' कल्याणमातृक ' કહેવાય છે. વળી ૧૮મા શ્લોકના ઉત્તરાર્ધના છેલ્લા ચરણમાં ' ऊर्ध्वजत्रुरुजान्वितः '-એ પદ છે. તેનો અર્થ આવો સમજવો કે જેને જત્રુ એટલે કે ડોકના મૂળમાં કે તેની ઉપરના કાન, આંખ, મોઢું, નાક તથા માથું-એ સ્થાનોમાં કોઈ રોગ થયો હોય એવા શાલાક્ય રોગવાળા બાળકને ઔષધ ચટાડવું નહિ. છેલ્લા ૨૧મા શ્લોકમાં ' अलसक ' નામે જે રોગ કહ્યો છે, તે ' विसूचिका ' નો જ એક ભેદ છે. તેની વ્યાખ્યા આવી મળે છે : ' प्रयाति नोर्ध्वं नाधस्तात् आहारो न विपच्यते । आमाशयेऽलसीभूतस्तेन सोऽलसकः स्मृतः ॥ વધી ગયેલા કફના કારણે માણસે ખાધેલો ખોરાક જ્યારે ઊંચે જતો નથી અને નીચે પણ જતો નથી તેમ જ બરાબર પચતો પણ નથી; પરંતુ આળસુ જેવો થઈને આમાશયમાં પડી રહે છે, તે રોગ ' અલસક ' કહેવાય છે.' સુશ્રુતે પણ ઉત્તરતંત્રના ૫૩મા અધ્યાયના છઠ્ઠા શ્લોકમાં આ અલસક રોગનું આવું લક્ષણ કહ્યું છે કે, ' कुक्षिरानह्यतेऽत्यर्थं प्रताम्येत् परिकूजति । निरुद्धो मारुतश्चैव कुक्षावुपरि धावति ॥ वातवर्चोनिरोधश्च यस्यात्यर्थं भवेदपि । तस्यालसकमाचष्टे तृष्णोद्गारौ च यस्य तु ॥- જે માણસની કુખ અથવા પેટ અતિશય ચારે બાજુથી બંધાઈ તંગ થઈ જાય, ખૂબ વધુ પ્રમાણમાં અવાજ કરે અને પીડાય, જેનો અપાનવાયુ અત્યંત રોકાઈ જઈને કુખમાં ઉપરના ભાગમાં દોડ્યા કરે અને તે વાયુનો તથા વિષ્ઠાનો અત્યંત રોધ જેમાં થઈ જાય અને તેવા રોગીને વધુ પડતી તરશ તથા ઓડકાર આવ્યા કરે, એ રોગને વિદ્વાનો (અજીર્ણ અથવા વિસૂચિકાનો જ એક ભેદ) ' અલસક ' નામે કહે છે. ૧૮-૨૨

સગર્ભાએ સેવેલ અન્નપાન બાળકને માફક આવે

सेवितान्यन्नपानानि गर्भिण्या यान्यभ.....।
तानि सात्म्यानि बालस्य तस्मात्तान्युपचारयेत् ॥
देशकालाग्निमात्राणां न च कुर्याद्व्यतिक्रमम् ॥ २३ ॥

ગર્ભિણી માતાએ જે અન્નપાન સેવ્યાં

હોય, તે બાળકને સાત્મ્ય અથવા શરીરને માફક આવે છે. માટે તે જ અન્નપાનનું માતાએ (પોતાના) બાળકને સેવન કરાવવું જોઈએ અને તે ઉપરાંત દેશ, કાળ તથા અગ્નિના પ્રમાણનું ઉલ્લંઘન કરવું નહિ (અર્થાત્ સાત્મ્ય અન્નપાનનું પણ દેશ, કાળ તથા અગ્નિની માત્રાને અનુસરતું જ સેવન કરાવવું. નહિ તો તે સાત્મ્ય અન્નપાન પણ વિપરીતાર્થકારી સિદ્ધ થાય છે.) ૨૩

વિવરણ : તે જ અન્નપાન બાળકને માફક આવે છે કે જે અન્નપાન માતાએ સગર્ભાવસ્થામાં સેવ્યું હોય; કારણ કે માતાના આહારરસથી જ ગર્ભની પુષ્ટિ થઈ હોય છે. તેથી ગર્ભના પ્રત્યેક અવયવોમાં એ જ આહારરસનો પ્રભાવ વ્યાપ્ત થયો હોય છે. વળી માતાએ જે પ્રકારનો આહાર સેવ્યો હોય તેવી જ પ્રકૃતિ એ ગર્ભસ્થ બાળકની બંધાયેલી હોય છે. આયુર્વેદમાં 'સાત્મ્ય' શબ્દનો અર્થ—જેનું નિરંતર સેવન શરીરની પ્રકૃતિને અનુકૂળ આવે તે. ચરકે વિમાનસ્થાનના ૧લા અધ્યાયમાં આ સંબંધે આમ લખ્યું છે કે 'સાત્મ્યં નામ તત્ યદા આત્મન્યુપશેતે, સાત્મ્યાર્થો હ્યુપશયાર્થઃ—જે વસ્તુ પોતાના શરીરને માફક આવે એ જ 'સાત્મ્ય' શબ્દનો અર્થ છે; અને 'ઉપશય' શબ્દનો જ પર્યાય 'સાત્મ્ય' છે. એકંદર સાત્મ્ય તથા ઉપશય એ બન્ને એકબીજાના પર્યાય હોઈને એક જ અર્થ જણાવે છે. ૨૩

બાળકોને સુવર્ણ ચટાડવાની વિધિ

દ્રવ્યાણાં લેહનીયાનાં વિધિશ્ચૈવોપદેક્ષ્યતે ॥
વિધૂય્ય ધૌતે હૃદિ પ્રાઙ્મુખી લઘુના ઽમ્બુના ॥૨૪
સામધ્ય મધુસર્પિર્ભ્યાં લેહયેત્ કનકં શિશુમ્ ॥
સુવર્ણપ્રાશનં હ્યેતન્મેધાગ્નિબલવર્ધનમ્ ।
આયુષ્યં મઙ્ગલં પુણ્યં વૃષ્યં વર્ણ્યં ગ્રહાપહમ્ ॥ ૨૫ ॥
માસાત્ પરમમેધાવી વ્યાધિભિર્ન ચ ધૃષ્યતે ।
ષડ્ભિર્માસૈઃ શ્રુતધરઃ સુવર્ણપ્રાશનાદ્ભવેત્ ॥ ૨૬ ॥

બાળકોને ચટાડવા યોગ્ય દ્રવ્યોની વિધિ અહીં બતાવે છે. માતાએ પૂર્વ દિશા તરફ મોઢું રાખી ધોયેલા પથ્થર ઉપર થોડા પાણી સાથે સુવર્ણ ઘસવું. પછી તેમાં મધ અને ઘી (અસમાન ભાગે) મેળવીને બાળકને ચટાડી દેવું. એમ કાલુ કરેલ એ સુવર્ણપ્રાશન 'મેધા' નામની બુદ્ધિની ધારણાશક્તિને, જઠરના અગ્નિને તથા બળને વધારનાર થાય છે. વળી તે સુવર્ણપ્રાશન આયુષ્યને હિતકારી, મંગલકારક, પુણ્યવર્ધક, વૃષ્ય હોઈ વીર્યવર્ધક, વર્ણ્ય હોઈ શરીરના રંગને સારો કરનાર તથા ગ્રહોની પીડાનો નાશ કરનાર થાય છે. એમ એક મહિના સુધી સુવર્ણપ્રાશન કરનાર તે બાળક અતિશય ઉત્તમ 'મેધા'વાળો થાય છે અને કોઈ પણ રોગથી પીડાતો નથી. તેમ જ એ રીતે સુવર્ણપ્રાશન કરવાથી હરકોઈ પુરુષ છ મહિનામાં 'શ્રુતધર' બને છે અર્થાત્ એની સ્મરણશક્તિ વધે છે. ૨૪–૨૬

વિવરણ : કોઈ પણ બાળક જન્મે, તે પછી તેના જાતકર્મ સંસ્કાર કરાય છે. તેમાં પણ આ સુવર્ણપ્રાશનવિધાન મળે છે. જેમ કે સુશ્રુતસંહિતાના શારીરસ્થાનમાં આ સુવર્ણપ્રાશનવિધાન આમ જણાવ્યું છે કે, 'અથ કુમારં શીતાભિરદ્ભિરાસ્ય જાતકર્મણિ કૃતે મધુસર્પિરનન્તચૂર્ણમઙ્ગુલ્યાઽનામિકયા લેહયેત્—બાળક જન્મે તે પછી તેને શીતળ જલ પાઈને—છાંટીને જાતકર્મ કરાવવું. તે પછી મધ તથા ઘીથી મિશ્ર કરેલ અનન્તચૂર્ણ—સુવર્ણભસ્મ (જમણા હાથની) વચલી આંગળી પર લઈને બાળકને ચટાડવું. આ સુશ્રુતના પાઠમાં કેટલાંક પુસ્તકમાં આવો પાઠભેદ પણ મળે છે: 'મધુસર્પિરનન્તા બ્રાહ્મીરસેન સુવર્ણચૂર્ણમઙ્ગુલ્યાઽનામિકયા લેહયેત્'—મધ, ઘી, ધમાસો કે ધરા તથા બ્રાહ્મીના રસ સાથે ઘસેલું કે મિશ્ર કરેલું સોનાનું ચૂર્ણ—ભસ્મ (માતા એકે સૂયાણીએ) પોતાના જમણા હાથની વચલી આંગળી પર લઈને ચટાડવું.' વાગ્ભટે આ પ્રાશન કે લેહનની વિધિ આમ જુદા પ્રકારે કહી છે: 'ઐન્દ્રી—બ્રાહ્મી શંખપુષ્પી વચાકલ્કમધુઘૃતોપેતં હરેણુમાત્રં કુશલાભિમન્ત્રિતં સૌવર્ણેનાશ્વત્થપત્રેણ વા મેધાયુર્બલજનનં પ્રાશયેદ્ વા વચાઽનન્તા શતાવર્યન્યતમચૂર્ણમ્'—ઇન્દ્રવર્ણી, બ્રાહ્મી, શંખાવલી અને વજ્રનો કલ્ક મધ તથા ઘી સાથે મિશ્ર કરી વટાણા જેટલો લેવો અને તેને કુશલ પુરુષે મંત્રેલો હોય

તે એ બાળકને ચટાડવો અથવા સુવર્ણના ચૂર્ણની ભસ્મની સાથે મિશ્ર કરી મધ અને ઘી બાળકને ચટાડવું; અથવા પીપળાના પાનના કલ્ક સાથે મધ અને ઘી મેળવી બાળકને ચટાડવું; અથવા વજ, ધમાસો કે ધરો અથવા શતાવરી–એમાંના કોઈપણ એકનું ચૂર્ણ મધ તથા ઘી સાથે બાળકને જન્મ પછીના ત્રણ ચાર દિવસ સુધી તેની માતાને ધાવણ ન આવે તેટલા કાળ પર્યંત ચટાડવું જોઈએ. પ્રસૂતા સ્ત્રીના ધાવણને વહેતા સ્રોતો પ્રથમ ત્રણ ચાર દિવસો સુધી બંધ રહે છે. તેથી તેને ધાવણ જ્યાં સુધી ન આવે ત્યાં સુધી તેના તરતના જન્મેલા બાળકને ઉપર જણાવ્યા પ્રમાણે ઔષધ ચટાડવું. પ્રસૂતા સ્ત્રીને પ્રસવ પછી ધાવણ ક્યારે આવે અને તેને ધાવણ આવે ત્યાં સુધી તેના બાળકને સૂયાણી સ્ત્રીએ શું ચટાડવું, તે સંબંધે સુશ્રુતે શારીરના ૧૦મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'धमनीनां हृदिस्थानां विवृतत्वादनन्तरम्। चतु रात्रात् त्रिरात्राद्वा स्त्रीणां स्तन्यं प्रवर्तते॥ तस्मात् प्रथमेऽहिन मधुसर्पिरनन्तमिश्रं मन्त्रपूतं त्रिकाल पाययेत्। द्वितीये लक्ष्मणासिद्धं सर्पिस्तृतीये च'–પ્રસવ પામેલી સ્ત્રીઓના હૃદયમાં રહેલી (દુગ્ધવહા) ધમની નાડીઓ, પ્રસવ પછી ત્રણ કે ચાર દિવસે ખુલ્લી થાય છે. તેથી તે સૂવાવડી સ્ત્રીને ત્રણ કે ચાર દિવસો પછી સ્તનમાં ધાવણ આવવા લાગે છે. એ કારણે તે પ્રસૂતા સ્ત્રીને ધાવણ ન આવે ત્યાં સુધી તેના જન્મેલા બાળકને પહેલા દિવસે મધ અને ઘીથી મિશ્ર કરેલા ધમાસાનો કે ધરાનો રસ મંત્રથી મંતરેલો ત્રણે કાળ પાવો. પછી બીજા દિવસે અને ત્રીજા દિવસે લક્ષ્મણા–હનુમાનવેલાના કવાથમાં પકવેલું ઘી પાવું.' એમ સુશ્રુતે ત્યાં સુવર્ણપ્રાશન કરાવવા જણાવેલ નથી, પણ બાળકનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તેવાં જુદાં જુદાં ચાટણોનો પ્રયોગ કરવા સૂચવેલું છે. જ્યારે અહીં કાશ્યપસંહિતામાં તો સુવર્ણપ્રાશન જ કરાવવા સૂચવેલ છે અને તેને 'आयुष्यम्'–આયુષને હિતકારી પણ જણાવેલ છે. આ સંબંધે સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના 'मेधायुष्कामीय' નામના ૨૮મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'अत ऊर्ध्वं प्रवक्ष्यामि, आयुष्कामरसायनम्, मन्त्रौषधसमायुक्तं संवत्सरफलप्रदम्, बिल्वस्य चूर्णं पुष्पे तु हुतं वारान् सहस्रशः। श्रीसूक्तेन नरः कल्पे समुवर्णं दिने दिने॥ सर्पिर्मधुयुतं लिह्यादलक्ष्मी-नाशनं परम्॥ હવે આયુષને ઇચ્છતા મનુષ્ય માટેનું રસાયન હું કહું છું. એ રસાયન મંત્ર તથા ઔષધની સાથે બરાબર યોજવાથી એક વર્ષમાં ફળ આપે છે. જેમ કે બિલ્વપત્રનું ચૂર્ણ પુષ્યનક્ષત્રમાં શ્રીસૂક્તનો પાઠ કરતાં કરતાં એક હજાર વાર હોમ્યું હોય અને તે કલ્પપ્રયોગ જ્યાં સુધી ચાલુ હોય ત્યાં સુધી પુરુષ દરરોજ મધ અને ઘી સાથે સોનાનો વરખ ચાટે તો તે અલક્ષ્મી–દરિદ્રતાનો નાશ કરનાર થાય છે. ૨૪,૨૫

બીજા મેધાજનક ચારણો.

ब्राह्मी मण्डूकपर्णी च त्रिफला चित्रको वचा।
शतपुष्पाशतावर्यौ दन्ती नागबला त्रिवृत्॥ २७॥
एकैकं मधुसर्पिर्भ्यां मेधाजननमभ्यसेत्।
कल्याणकं पञ्चगव्यं मेध्यं ब्राह्मीघृतं तथा॥ २८॥

બ્રાહ્મી, મંડૂકપર્ણી–મજીઠ, ત્રિફલા–હરડે, બહેડાં ને આમળાં, ચિત્રક, વજ, શતપુષ્પા–સુવા કે વરિયાળી, શતાવરી, નેપાળો, નાગબલા નામની ખપાટ તથા નસોતર–એમાંના કોઈ પણ એકનું બારીક ચૂર્ણ કરી મધ અને ઘી સાથે ચાટવાનો અભ્યાસ કરવો; તેમ જ 'કલ્યાણક' નામનું ઘી તથા 'બ્રાહ્મી-ઘૃત' એ બેમાંથી એકનો પણ ચાટવામાં ઉપયોગ કરવો. ૨૭,૨૮

વિવરણ: અહીં છેલ્લે જણાવેલ 'કલ્યાણક ઘૃત'નો ચરકસંહિતાના 'ઉન્માદચિકિત્સિત' નામના ૯ મા અધ્યાયમાં આવો પાઠ મળે છે કે 'विशाला त्रिफला कौन्ती देवदार्वेलवालुकम्। स्थिरा नतं रजन्यौ द्वे सारिवे द्वे प्रियङ्गुकम्। नीलोत्पलैलामञ्जिष्ठा दन्तीदाडिमकेशरम्, तालीसपत्र बृहती मालत्याः कुसुमं नवम्। विडङ्गं पृश्निपर्णी च कुष्ठं चन्दनपद्मकौ। अष्टाविंशतिभिः कल्कैरेतैः कर्षसंमितैषक्। चतुर्गुणे जले सम्यक् घृतप्रस्थं विपाचयेत्। अपस्मारे ज्वरे कासे शोणे मन्देऽनले क्षये। वातरक्ते प्रतिश्याये तृतीयकचतुर्थके। छर्द्यर्शोमूत्रकृच्छ्रेषु विसर्पोपहतेषु च। कण्डपाण्डवामयोन्मादविषमेहगदेषु च। भूतोपहतचित्तानां गद्गदाना-

मरेतसाम्। शस्तं स्त्रीणां च वन्ध्यानां धन्यमायुर्बलप्रदम्, अलक्ष्मीपापरक्षोघ्नं सर्वग्रहविनाशनम्॥ कल्याणकमिदं सर्पिः श्रेष्ठं पुंसवनेषु च॥–ઇન્દ્રવરણું, ત્રિફલા–હરડે, બહેડાં અને આમળાં, કૌન્તી–રેણુકા નામનું ગન્ધદ્રવ્ય, દેવદાર, અણુકબાબ, મોટો સમેરવો, તગર, હળદર અને દારુ હળદર–અને સારિવા એટલે કાળી ધોળી એમ ઉપલસરી, ધઉંલા, નીલકમલ, એલચી, મજીઠ, નેપાળાનું મૂળ, દાડમદાણા, નાગકેસર, તાલીસપત્ર, મોટી ભોંરીંગણી, માલતી–જાઈનું નવું–તાજું પુષ્પ, વાવડિંગ, નાનો સમેરવો, કઠ, ચંદન–રતાંજળી અને પદ્મકાષ્ઠ એટલાં (૨૮) દ્રવ્યોને એક એક તોલા પ્રમાણમાં લઈ તેમનો કલ્ક તૈયાર કરી વૈદ્યે એક પ્રસ્થ–૬૪ તોલા ગાયના ઘીમાં તે કલ્ક તથા ઘીથી ચારગણું પાણી મિશ્ર કરી તે ઘીને બરાબર સારી રીતે પકવવું. પ્રવાહી બળી જતાં તૈયાર થયેલું એ 'કલ્યાણક' નામનું શ્રેષ્ઠ ઘી અપસ્માર–વાઈના રોગમાં, જ્વરમાં, ઉધરસમાં, શોષ કે શરીરના સૂકાવામાં, મન્દાગ્નિમાં, ક્ષયમાં, વાતરક્તમાં, પ્રતિશ્યાય–સળેખમમાં, તરિયા કે ચોથિયા તાવમાં, ઊલટીમાં, અર્શસ રોગમાં, મૂત્રકૃચ્છ્ર રોગમાં, વિસર્પથી પીડાતા લોકોને ચોળવા, પાંડુરોગમાં, ઉન્માદ–ગાંડપણમાં, વિષવિકારમાં, મેહરોગમાં, ભૂતના વળગાડયુક્ત ચિત્તમાં, ગદ્‌ગદ–અસ્પષ્ટ વાણીવાળાઓ અને વીર્યહીન પુરુષોને ફાયદો કરે છે; તેમ જ વાંઝણી સ્ત્રીઓને ગર્ભપ્રદ થઈને ઉત્તમ ફાયદો કરે છે. ધન મેળવવા પ્રેરણા આપે છે, આયુષ તથા બલ આપે છે; અલક્ષ્મીનો, પાપનો તથા રાક્ષસોનો નાશ કરે છે. સર્વ ગ્રહો કે વળગાડોનો વિનાશ કરે છે અને પુંસવન એટલે પુરુષ સંતતિ ઉત્પન્ન કરવામાં ફાયદો કરે છે. 'આ ઘીની માત્રા એક તોલો યોગ્ય ગણાય છે. વળી અહીં દર્શાવેલ બીજું 'પંચગવ્યઘૃત' પણ ચરકના ચિકિત્સિતસ્થાનમાં અપસ્માર ચિકિત્સિત નામના ૧૦ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'गोशकृद्रसदध्यम्लक्षीरमूत्रैः समं घृतम्। सिद्धं पिबेदपस्मारकामलाज्वरनाशनम्॥–ગાયના છાણનો રસ, ગાયનું ખાટું દહીં, ગાયનું દૂધ તથા ગાયનું મૂત્ર એટલાંને સમાન ભાગે લઈ તેમાં પકવેલું ગાયનું ઘી જો પીધું હોય તો તે અપસ્માર, કમળો તથા જ્વરનો નાશ કરનાર થાય છે.' વળી તે જ પ્રમાણે અહીં દર્શાવેલ બ્રાહ્મીઘૃતનો પાઠ પણ ત્યાં ચરકના ચિકિત્સિતસ્થાનના ૧૦ મા અધ્યાયમાં આ પ્રમાણે લખેલ છે. 'ब्राह्मीरसवचाकुष्ठशंखपुष्पीभिरेव च॥ पुराणं घृतमुन्मादालक्ष्म्यपस्मारपाप्मजित्–બ્રાહ્મીનો રસ, વજ, કઠ તથા શંખાવળીનો કલ્ક મિશ્ર કરી પકવેલું જૂનું ઘી ઉન્માદને, અલક્ષ્મીને, અપસ્મારને તથા પાપોને દૂર કરે છે. ૨૭,૨૮

મેધા, આયુષ તથા બલને વધારનાર સમંગાદિલેહ

समङ्गा त्रिफला ब्राह्मी द्वे बले चित्रकस्तथा।
मधु सर्पिरिति प्राश्यं मेधायुर्बलवृद्धये॥२९॥

સમંગા–મજીઠ, ત્રિફલા–હરડે, બહેડાં અને આમળાં, બ્રાહ્મી તથા બે બલા–ખપાટબલા તથા અતિબલા અને ચિત્રક–એટલાંને સમાન ભાગે લઈ બારીક ચૂર્ણ કરી મધ તથા ઘી સાથે (યોગ્ય માત્રામાં) જો ચાટવામાં આવે તો 'મેધા' નામની બુદ્ધિની ધારણાશક્તિ, આયુષ તથા બલને તે વધારે છે. ૨૯

ઉત્તમ મેધાજનન કુષ્ઠાદિ ઘૃત

कुष्ठं वटाङ्कुरा गौरी पिप्पल्यस्त्रिफला वचा।
ससैन्धवैर्घृतं पक्वं मेधाजननमुत्तमम्॥३०॥

કઠ, વડના અંકુર, ગૌરી–પીળા સરસવ, પીપર, ત્રિફળા, વજ તથા સૈંધવ–એટલાં સમાન ભાગે લઈ, તેમનો કલ્ક કરી તે કલ્કથી ચારગણું ઘી અને ઘીથી ચારગણું પાણી એકત્ર કરી તે ઘી પકવવું. આ ઘી ઉત્તમ 'મેધા' નામની ધારણાશક્તિને ઉત્પન્ન કરે છે. ૩૦

ભૂતબાધા આદિથી રક્ષા કરનાર અભય ઘૃત

ब्राह्मी सिद्धार्थकाः कुष्ठं सैन्धवं सारिवा वचा।
पिप्पल्यश्चेति तैः सिद्धं घृतं नाम्नाऽभयं स्मृतम्॥
न पिशाचा न रक्षांसि न यक्षा न च मातरः।
प्रबाधन्ते कुमारं तं यः प्राश्नीयादिदं घृतम्॥३२॥

બ્રાહ્મી, સરસવ, કઠ, સૈંધવ, સારિવા–ઉપલસરી, વજ અને પીપર–એટલાંને સમાન ભાગે લઈ તેમનો કલ્ક બનાવી, તે કલ્કથી

ચારગણું ઘી અને ઘીથી ચારગણું પાણી એકત્ર કરી પકવેલું ઘી 'અભયઘૃત' કહેવાય છે. આ ઘીને યોગ્યમાત્રામાં જે બાળક ચાટે તેને પિશાચો, રાક્ષસો, યક્ષો કે માતૃકાઓ પીડા કરી શકતાં નથી. ૩૧,૩૨

વિવરણ : અષ્ટાંગહૃદય-ઉત્તરતંત્રના ૧ લા અધ્યાયમાં પણ આ અભયઘૃતનો આગે પાઠ લખ્યો છે–'બ્રાહ્મીસિદ્ધાર્થકવચાસારિવાકુષ્ઠસૈન્ધવૈઃ। સકણૈઃ સાધિતં પીતં વાઙ્મેધાસ્મૃતિકૃદ્ઘૃતમ્। આયુષ્યં પાપરક્ષોઘ્નં ભૂતોન્માદનિબર્હણમ્'–બ્રાહ્મી, સરસવ, વજ, ઉપલસરી, કઠ, સૈંધવ અને પીપર એટલાંને સમભાગે લઈ તેમનો કલ્ક બનાવી તે કલ્કથી ચારગણું ઘી અને ઘીથી ચારગણું પાણી એકત્ર કરી પકવેલું આ 'અભયઘૃત' જે પીધું હોય તો વાણી, 'મેધા' નામની બુદ્ધિની ધારણા શક્તિ તથા સ્મરણશક્તિને વધારે છે. તેમ જ આયુષને હિતકારી, પાપનો તથા રાક્ષસોનો નાશ કરનાર અને ભૂતજનિત ઉન્માદને પણ મટાડે છે. ૩૧,૩૨

બાળકોને માટે સંવર્ધન ઘૃત

खदिरः पृश्निपर्णी च स्यात्(न्दनः) सैन्धवं बले।
केवुकेति कषायः स्यात् पादाशष्टो जलाढके॥३३
अर्धप्रस्थं पचेदत्र तुल्यक्षीरं घृतस्य तु।
घृतं संवर्धनं नाम लेह्यं मधुयुतं सदा॥ ३४॥
निर्याधिर्वर्धते शीघ्रं संसर्पत्याशु गच्छति।
पङ्गुमूकाश्रुतिजडा युज्यन्ते चाशु कर्मभिः॥३५॥

ખેર, નાનો સમેરવો, સ્યન્દન–ટિમરુ કે અર્જુન–આસોંદરો, સૈંધવ, બન્ને બલા તથા અતિબલા નામની બે જાતની ખપાટો અને કેવુક અથવા કેમુક નામનું કંદશાક-એટલાને સમાન ભાગે લઈ અધકચરાં કરી તેમનો એક આઢક–૨૫૬ તોલા પાણીમાં ક્વાથ બનાવવો. જો ક્વાથ એક ચતુર્થાંશ બાકી રહે ત્યારે તેમાં અર્ધો પ્રસ્થ–૩૨ તોલા ઘી અને ઘી જેટલું દૂધ મિશ્ર કરી પકવવું. પ્રવાહી બળી જતાં પક્વ થયેલું જે ઘી 'સંવર્ધન ઘૃત' નામે કહેવાય છે. આ ઘી મધની સાથે બાળકને ચટાડવાથી તે સર્વ રોગથી રહિત થઈ એકદમ વધવા માંડે છે, સરકવા–ખસવા માંડે છે અને જલદી ચાલવા માંડે છે. વળી આ ઘૃતનું સેવન કરવાથી પાંગળાં કે લૂલાં લંગડાં બરાબર ચાલવા માંડે છે, મૂંગાં બોલવા માંડે છે, બહેરાં સાંભળવા માંડે છે અને જડ કે મૂર્ખ પણ શાણાં બને છે. ૩૩–૩૫

બ્રાહ્મીસ્વરસપક્વ ઘૃત

स्वरसस्याढके ब्राह्म्या घृतप्रस्थं विपाचयेत्।
स (वत्सा)ऽजागोपयसामाढकाढकमावपेत्॥३६॥
त्रिफलांऽशुमती द्राक्षा वचा कुष्ठं हरेणवः।
पिप्पलीपिप्पलीमूलचव्यचित्रकनागरम्॥ ३७॥
त्वक्पत्रबालकोशीरचन्दनोत्पलपद्मकम्।
शतावरी नागबला दन्ती पाठा प्रियङ्गुका॥ ३८॥
देवदारु हरिद्रे द्वे जीवनीयश्च यो गणः।
विडङ्गो गुग्गुलुर्जातिः.....॥ ३९॥
.....।
.....॥

બ્રાહ્મીનો સ્વરસ એક આઢક–૨૫૬ તોલા તૈયાર કરી તેમાં એક પ્રસ્થ–૬૪ તોલા ઘી અને એક એક આઢક ગાયનું તથા બકરીનું દૂધ નાખવું અને નીચે દર્શાવેલ દ્રવ્યોનો કલ્ક નાખી તે ઘી પકવવું; જેમ કે ત્રિફળા, અંશુમતી–મોટો સમેરવો, દ્રાક્ષ, વજ, કઠ, હરેણુ–રેણુકા નામનું સુગંધી દ્રવ્ય, પીપર, ગંઠોડા, ચવક, ચિત્રક, સૂંઠ, તજ, તેજપત્ર, વાળો, ઉશીર નામે સુગંધીવાળો, ધોળું ચંદન, ઉત્પલ–નીલકમળ, પદ્મક કે લાલ કમળ, શતાવરી, નાગબલા, દન્તી–નેપાળો, કાળીપાટ, પ્રિયંગુકા–ધઉંલા, દેવદાર, હળદર અને દારુહળદર, જીવનીયગણ, વાવડિંગ, ગૂગળ તથા જાતિ–જાવંતરી–એટલાં દ્રવ્યો સમાનભાગે લઈ તેમનો કલ્ક નાખી ઘી પકવવું. આ બ્રાહ્મી પક્વ ઘીનો ચાટણ તરીકે પ્રયોગ કરવાથી ઉપરના સંવર્ધન ઘૃતના જેવો જ ફાયદો કરે છે. ૩૬–૩૯

વિવરણ : અહીં જણાવેલ આ બ્રાહ્મીસ્વરસમાં પકવાતા ઘૃતના પાઠમાં છેલ્લે જે જીવનીય

ગણ જણાવ્યો છે, તેને ચરકે સૂત્રસ્થાનના ૪ થા અધ્યાયના ૨૫ મા સૂત્રમાં આમ ગણેલ છે: 'जीवकर्षभकौ मेदा महामेदा काकोली क्षीरकाकोली मुद्गमाषपर्ण्यौ जीवन्ती मधुकमिति दशेमानि जीवनीयानि भवन्ति– જીવક, ઋષભક, મેદા, મહામેદા, કાકોલી, ક્ષીરકાકોલી, મુદ્ગપર્ણી, માષપર્ણી, જીવન્તી-મીઠી બરખોડી અને જેઠીમધ–આ દશ દ્રવ્યો જીવનીય ગણમાં ગણાય છે. આમાંનાં પહેલાં આઠ 'અષ્ટવર્ગ'નાં કહેવાય છે અને તે લગભગ અલભ્ય હોય છે તેથી તે આઠનાં પ્રતિનિધિ તરીકે અનુક્રમે વિદારીકંદ, શતાવરી તથા અશ્વગંધા–આસંધ લેવાય છે; કારણ કે 'राज्ञामप्यष्टवर्गस्तु यतोऽयमतिदुर्लभः' આ અષ્ટવર્ગનાં દ્રવ્યોનો સમુદાય રાજાઓને–ધનિકોને મળવો પણ અત્યંત દુર્લભ છે.' ૩૬–૩૯

ઇતિ શ્રીકાશ્યપસંહિતા સૂત્રસ્થાન ૧૮ મો.
(૧ લો) લેહાધ્યાય સમાપ્ત

ક્ષીરોત્પત્તિ અધ્યાય ૧૯ મો.

દૂષિત થયેલ માતાના દૂધનાં લક્ષણો.

..... ।
..... ॥
.....शकुनी कटुतिक्तके।
स्कन्दषष्ठीग्रहौ ज्ञेयौ व्यापन्ने सान्निपातिके।
पूतना स्वादुकटुके शेषाः संसृष्टदोषजाः ॥ १,२॥

માતાનું ધાવણ જો તીખું અને કડવું જણાય તો 'શકુની' નામના બાલગ્રહથી તેને દૂષિત થયેલું સમજવું. માતાનું બરાબ થયેલું ધાવણ સાન્નિપાતિક ત્રણે દોષનાં લક્ષણવાળું જણાય તો તેમાં 'સ્કંદ' નામના બાલગ્રહને તેમ જ ષષ્ઠી ગ્રહને કારણ તરીકે સમજવા. પરંતુ માતાનું ધાવણ જો મીઠાશયુક્ત તીખું થયેલું જણાય તો તેમાં પૂતના નામના બાલગ્રહને કારણ તરીકે જાણવો. એ સિવાયના બાકીના બીજા દોષો કે રસાસ્વાદો માતાના ધાવણમાં જો જણાય તો એ સંસૃષ્ટ અથવા મિશ્ર બાલગ્રહોના વળગાડના કારણે થયેલા જાણવા. ૧,૨

વિવરણ: આ અધ્યાય શરૂઆતથી ખંડિત મળે છે; આ અધ્યાયમાં ધાવણના દોષ સંબંધે, ધાવણની વૃદ્ધિ માટે તથા દુષ્ટ ધાવણના સંશોધન માટેના અનેક ઉપાયો કહેવામાં આવેલ છે. તેમાં પ્રથમ બાલગ્રહના આવેશના કારણે દુષ્ટ થયેલ ધાવણનાં લક્ષણો કહેવાની અહીંથી શરૂઆત કરી છે.૧,૨

દુષ્ટ બનીને જુદા જુદા રસયુક્ત બનેલ ધાવણથી થતા વિકારો.

बहुविण्मूत्रता स्वादौ कषाये मूत्रविड्ग्रहः।
तैलवर्णे बली तुल्या घृतवर्णे महाधनः ॥ ३ ॥
यशस्वी धूमवर्णे तु शुद्धे सर्वगुणोदितः ॥
तस्मात् संशोधनपरा नित्यं धात्री प्रशस्यते ॥४॥

માતાનું ધાવણ દુષ્ટ બની વધુ પ્રમાણમાં મધુર બની ગયું હોય તો (તે ધાવણ ધાવવાથી) બાળકને વધુ પ્રમાણમાં ઝાડો અને પેશાબ થવા માંડે છે અને દુષ્ટ થયેલું માતાનું ધાવણ જો કષાય–તૂરા રસવાળું બન્યું હોય તો તે ધાવવાથી બાળકને મૂત્ર અને વિષ્ઠાની કબજિયાત થાય છે; તેલના જેવા રંગવાળું હોય તો બાળક બળવાન બને છે અને સમાન રસોવાળું હોય તેમ જ ઘીના જેવા રંગવાળું હોય તો બાળક મહાધનવાન થાય છે. અને ધુમાડાના જેવા રંગવાળું થઈ જાય તો એ ધાવણ ધાવનાર બાળક યશસ્વી થાય છે અને સંપૂર્ણ રીતે શુદ્ધ હોય તો એ ધાવણ ધાવનાર બાળક સર્વ ગુણોથી યુક્ત થાય છે. ૩

એ કારણે બાળકને ધવડાવનારી ધાવ હમેશાં સંશોધન ઔષધોનું સેવન કરતી હોય તો (બાળકને ધવડાવવાના કામમાં) તે ઉત્તમ ગણાય છે.

વિવરણ: અર્થાત્ બાળકનું સ્વારસ્થ, તેને ધવડાવનાર ધાવ કે તેની માતાના શુદ્ધ ધાવણ પર આધાર રાખે છે; માટે તે ધાવ કે માતાનું ધાવણ શુદ્ધ રહે તે માટે તેને વમન-વિરેચન આદિ સંશોધન આપવાં જરૂરી છે. ૩,૪

ધાવણ શુદ્ધ કરવાનાં સાધનો.

कषायपानैर्वमनैर्विरेकैः पथ्यभोजनैः।
वाजीकरणसिद्धैश्च स्नेहैः क्षीरं विशुध्यति ॥५॥

ધાવણને શુદ્ધ કરનાર ક્વાથો પીવાથી, વમનકારક તથા વિરેચનકારક ઔષધોના સેવનથી, પથ્ય-ભોજનો જમવાથી અને વાજીકરણ દ્રવ્યોથી પક્વ કરેલાં સ્નેહો-ઘી-તેલ વગેરેના સેવનથી ધાવણ શુદ્ધ થાય છે. ૫

ધાવણને શુદ્ધ કરનાર શ્રેષ્ઠ શોધન

ત્રિફલા સત્રિકટુકા પાઠા મધુરસા વચા।
કોલચૂર્ણં ત્વચો જમ્બ્વા દેવદારુ ચ પેષિતમ્ ॥૬॥
સર્ષપપ્રસૃતોન્મિશ્રં પાતવ્યં ક્ષૌદ્રસંયુતમ્।
એતત્ સ્તન્યસ્ય દુષ્ટસ્ય શ્રેષ્ઠં શોધનમુચ્યતે ॥૭॥

ત્રિફળા-હરડે, બહેડાં અને આમળાં; ત્રિકટુ-સૂંઠ, મરી અને પીપર; કાળીપાટ, જેઠીમધ અથવા દ્રાક્ષ, વજ, બોરનું ચૂર્ણ, જાંબુડાના ઝાડની છાલ, દેવદાર અને સરસવ એટલાં દ્રવ્યોને એકત્ર કરી તેમનું આઠ તોલા ચૂર્ણ બનાવી તેને મધની સાથે ધાવમાતાએ ચાટવું. કેમ કે એ ચૂર્ણ દુષ્ટ થયેલા ધાવણનું શ્રેષ્ઠ શોધન કહેવાય છે. ૬,૭

વિવરણ : અહીં જણાવેલ પ્રસૃત-પ્રમાણ ૮ તોલા ચૂર્ણનું માપ એકી વખતે લેવું એ યોગ્ય નથી પણ તેની યોગ્ય માત્રા-૧ તોલાની જ લેવાય તે જ યોગ્ય છે. ૫-૭

ધાવણની શુદ્ધિ માટે બીજો ઉપાય

શૃઙ્ગવેરપટોલાભ્યાં પિપ્પલીચૂર્ણચૂર્ણિતમ્।
યૂષપથ્યં વિદધ્યાચ્ચ હ્યન્નપાનં ચ યલ્લઘુ ॥૮॥

આદું, પરવરના પાનનો રસ અને પીપરનું ચૂર્ણ મિશ્ર કરી તેનું સેવન કરવાથી દુષ્ટ ધાવણ શુદ્ધ થાય છે. તેની ઉપર યૂષ (ઓસામણ)નું અનુપાન સેવવું તેમ જ હલકું અન્નપાન લેવું. ૮

વિવરણ : ૧૮ ગણા પાણીમાં મગ વગેરે (કઠોળ) પકાવો તેનું પાતળું પ્રવાહી જે તૈયાર થાય તે 'યૂષ' કહેવાય છે. આ સંબંધે (અન્ય ગ્રંથમાં) કહેવાયું છે કે 'અષ્ટાદશગુણે નીરે શિમ્બીધાન્યશૃતોરસઃ। વિરલાન્નો ઘનઃ કિઞ્ચિત્ પેયાતો યૂષ ઉચ્યતે ॥'-કાંઈ પણ કઠોળ ધાન્યથી અઢારગણા પાણીમાં તે કઠોળધાન્યને પકવી જે રસ તૈયાર થાય તે 'યૂષ' કહેવાય છે. આ યૂષમાં 'પેયા' કરતાં કઠોળ ધાન્ય ઓછા પ્રમાણમાં હોય છે; અથવા 'વૈદલાન્ વિતુષાન્ ભ્રષ્ટાન્ ચતુર્ભાગામ્બુસાધિતાન્। નિષ્પીડ્ય તોયમેતેષાં સંસ્કૃતં યૂષ ઉચ્યતે ॥'-મગ વગેરે કઠોળ ધાન્યને ભૂંજી, શેકીને ફોતરાં વિનાના કરી, તેનાથી ચારગણા પાણીમાં પકાવવા. પછી તેમને કપડાથી ગાળી લીધેલું જે પાણી હોય તેને ઘીથી વઘારવું એ 'યૂષ' કહેવાય છે.' આ યૂષ પેયા કરતાં કંઈક ઘાટો હોય છે-આ અભિપ્રાયથી જ કહેવાયું છે કે 'યૂષઃ કિંચિત્ ઘનઃ સ્મૃતઃ'-પેયા કરતાં જે કંઈક વધુ ઘાટો હોય તે 'યૂષ' કહેવાય છે.' ૮

ધાવણનું ઉત્તમ શોધન

ધાતકીપુષ્પમેલા ચ સમઙ્ગા મરિચાનિ ચ।
જમ્બ્વૂત્વચં સમધુકં ક્ષીરશોધનમુત્તમમ્ ॥૯॥

ધાવડીનાં ફૂલ, એલચી, મજીઠ, કાળાં મરી, જાંબૂડીની છાલ અને જેઠીમધ, એટલાંને સમાનભાગે લઈ ચૂર્ણ કરી મધ સાથે ચાટવાથી ધાવણને શુદ્ધ કરે છે. ૯

ધાવણને વધારનારા પ્રયોગો

નાડિકા સગુડા સિદ્ધા હિઙ્ગુજાતિસુસંસ્કૃતા।
ક્ષીરં માંસરસો મદ્યં ક્ષીરવર્ધનમુત્તમમ્ ॥૧૦॥
વાજીકરણસિદ્ધં વા ક્ષીરં ક્ષીરવિવર્ધનમ્।
ઘૃતતૈલોપસેવા ચ બસ્તયશ્ચ પયસ્કરાઃ ॥૧૧॥

નાડિકા-કરલીના શાકને ગોળથી મિશ્ર કરી પક્વ કરવું અને તેમાં હિંગ તથા જાયફળ નાખી સારી રીતે સંસ્કારયુક્ત કરેલ દૂધ, માંસરસ અને મધનું સેવન કરવાથી તે દૂધને વધારે છે; અથવા વાજીકરણ દ્રવ્યોનું ચૂર્ણ નાખી પક્વ કરેલું દૂધ સેવવાથી પણ સુવાવડીના ધાવણને વધારે છે; અથવા ઔષધપક્વ ઘીનું કે તેલનું સેવન તેમ જ (અનુવાસન) બસ્તિઓ પણ સુવાવડીના ધાવણને વધારે છે. ૧૧

ધાવણને શુદ્ધ કરનાર ઔષધ દ્રવ્યો

પાઠા મહૌષધં દારુ મૂર્વામુસ્તકવત્સકાઃ।
સારિવારિષ્ટકટુકાઃ કૈરાતં ત્રિફલા વચા ॥૧૨॥

गुडूची मधुकं द्राक्षा दशमूलं सदीपनम् ।
रक्षोघ्नश्च पटोलश्च गणः क्षीरविशोधनः ॥ १३ ॥
लाभतः कथितस्तेषां कषायः स तु सेवितः ।
क्षीरं शोधयति क्षिप्रं चिरव्यापन्नमप्युत ॥ १४ ॥

કાળીપાટ, સૂંઠ દારુહળદર અથવા દેવદાર, મોરવેલ, મોથ, ઇંદ્રજવ, સારિવા–ઉપલસરી, અરિષ્ટ–લીંબડો, કડુ, કરિયાતું, ત્રિફળા–હરડે, બહેડાં ને આમળાં; વજ, ગળો, જેઠીમધ, દ્રાક્ષ, દશમૂળ, દીપનીય-ગણ, રક્ષોઘ્ન, સરસવ, પરવળ, ક્ષીરવિશોધન અથવા સ્તન્ય શોધકગણ એમાંનું જે કોઈ દ્રવ્ય મળે તેનો કવાથ કરી સેવવાથી લાંબા કાળથી બગડેલું સ્ત્રીનું ધાવણ શુદ્ધ થાય છે. ૧૨–૧૪

વિવરણ : ચરકના ૪ થા અધ્યાયના ૪૨ મા સૂત્રમાં પણ આ દશ દ્રવ્યો ધાવણને શુદ્ધ કરનાર કહ્યાં છે : 'पाठामहौषधसुरदारुमुस्तमूर्वागुडूचीवत्सकफलकिराततिक्तकदुरोहिणी सारिवा इति दशेमानि स्तन्यशोधनानि भवन्ति'–કાળીપાટ, સૂંઠ, દેવદાર, મોથ, મોરવેલ, ગળો, ઇંદ્રજવ, કરિયાતું, કડુ અને સારિવા–ઉપલસરી–એ દશ દ્રવ્યોમાંથી કોઈ પણ એકનો કવાથ ધાવણને શુદ્ધ કરનાર હોય છે; तथाऽन्येषां तिक्तकषायकटुकमधुराणां द्रव्याणां प्रयोगः क्षीरविकारविशेषानभिसमीक्ष्य मात्रां कालं चेति क्षीरविशोधनानि'–તે જ પ્રમાણે બીજા કડવા, તૂરા, તીખા અને મધુર દ્રવ્યોનો પ્રયોગ ધાવણના જુદા જુદા વિકારોને જોઈ માત્રા તથા સમય તરફ લક્ષ આપીને જો કર્યો હોય તો તે ધાવણને શુદ્ધ કરે છે.' આ જ પ્રકારે સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૩૮ મા અધ્યાયમાં સ્તન્યવિશોધન એટલે ધાવણને શુદ્ધ કરનાર વચાદિ, હરિદ્રાદિ તથા મુસ્તાદિ–એમ ત્રણ દ્રવ્યગણ કહ્યાં છે; 'वचामुस्ताऽतिविषामभयाभद्रदारूणि नागकेसरं चेति, कलशीकुटजबीजानि मधुकं चेति, एतौ वचाहरिद्रादी गणौ स्तन्यविशोधनौ। मुस्ताहरिद्रादारुहरिद्राहरीतकयामलकविभीतककुष्ठहैमवतीवचापाठाकटुरोहिणीशार्ङ्गेष्टातिविषाद्राविडीमल्लातकानिचित्रकश्चेति। एष मुस्तादिको नाम्ना गणः श्लेष्मनिषूदनः। योनिदोषहरः स्तन्यशोधनः पाचनस्तथा ॥'–વજ, મોથ, અતિવિષ, હરડે તથા દેવદાર અને નાગકેસર–એ ૭ દ્રવ્યો મળી 'વચાદિગણ' કહેવાય છે. હળદર, દારુહળદર, નાનો સમેરવો, ઇંદ્રજવ અને જેઠીમધ–એ પાંચ દ્રવ્યો મળી 'હરિદ્રાદિગણ' કહેવાય છે; આ બને વચાદિગણ તથા હરિદ્રાદિગણ ધાવણને શુદ્ધ કરનાર છે. તેમ જ મોથ, હળદર, દારુહળદર, હરડે, આમળાં, બહેડાં, કઠ, ધોળી વજ, રાતી વજ, કાળીપાટ, કડુ, પીલુડી અતિવિષ, એલચી, ભિલામાં તથા ચિત્રક–એ સોળ મળી 'મુસ્તાદિગણ' કહેવાય છે અને તે કફનો નાશ કરે છે, યોનિના દોષો દૂર કરે છે, ધાવણને શુદ્ધ કરે છે અને પાચન હોઈ ખાધેલા ખોરાકને પચાવે છે.' આ સિવાય સુશ્રુતના સૂત્રસ્થાનમાં ૩૮ મા અધ્યાયમાં 'પટોલાદિગણ'ને પણ આમ લ્યો છે : 'पटोलचन्दनकुचन्दनमूर्वागुडूचीपाठाः कट्वरोहिणी च। पटोलादिर्गणः पित्तकफारोचकनाशनः। ज्वरोपशमनो व्रण्यश्छर्दिकण्डूविषापहः'–પરવળ, ચંદન, રતાંજળી, મોરવેલ, ગળો, કાળીપાટ તથા કડુ–આ સાત દ્રવ્યો મળી 'પટોલાદિગણ' કહેવાય છે; આ પટોલાદિગણ પિત્તનો, કફનો તથા અરોચકનો નાશ કરે છે; જ્વરને શમાવે છે, વ્રણને મટાડે છે અને ઊલટીનો, ચળનો તથા વિષનો નાશ કરે છે. ૧૨–૧૪

ઉપર્યુક્ત પાઠાદિ કષાયનાં દોષાનુસાર અનુપાનો

सक्षौद्रः कफसंसृष्टे सघृतः शेषयोर्भवेत् ।
नेत्येके श्लेष्मणः स्थानात् क्षीरं हि कफसंभवम् ॥

સુવાવડી સ્ત્રીનું ધાવણ જો કફસંસૃષ્ટ હોય અને કફથી દૂષિત થયું હોય તો ઉપરનો કષાય મધ સાથે આપવો; પણ બાકીના બે દોષો–વાત અને કફના સંબંધવાળો હોય તો ઉપરના કષાય ઘી સાથે આપવો; છતાં કેટલાક વિદ્વાનો આ સંબંધે આમ પણ કહે છે કે ધાવણ જો કફથી દૂષિત થયેલું હોય તો ઉપરના કષાયને ઘી સાથે આપવો નહિ; કેમ કે ઘી એ કફનું સ્થાન છે અને દૂધ કે ધાવણ પણ કફમાંથી જ ઉત્પન્ન થાય છે. ૧૫

ધાવણના શોધનકાળે પથ્થ-અપથ્થ

मसूराः षष्टिका मुद्गाः कुलत्थाः शालयो घृतम् ।
गव्यमाजं पयः काले लवणं चाप्यनौद्भिदम् ॥ १६ ॥
आहारविधिरुद्दिष्टः स्तन्यशोधनकालिकः ।
गुर्वन्नक्षेहमांसानि दिवास्वप्नं च वर्जयेत् ॥ १७ ॥

મસૂર, સાઠીચોખા, મગ, કળથી, શાલિ-ડાંગરના ચોખા, ઘી, ગાયનું કે બકરીનું દૂધ તથા સિંધાલૂણ એટલાં આહારદ્રવ્યો સ્ત્રીના ધાવણની શુદ્ધિની ક્રિયા ચાલુ હોય તે કાળે પથ્થ છે; પણ ભારે ખોરાક, સ્નેહો, તેમ જ માંસ અને દિવસની નિદ્રા એ અપથ્થ છે. ૧૬,૧૭

વિવરણ : આ સંબંધે ચરકે પણ શારીરના ૮ મા અધ્યાયમાં આમ કહ્યું છે : 'पानाशन-विधिस्तु दुष्टक्षीराया यवगोधूमशालिषष्टिकमुद्गहरेणुककुलत्थ-सुरासौवीरकतुषोदकमैरेयमेदकलशुनकरञ्जप्रायः स्यात् । क्षीरदोषांश्चावेक्ष्यावेक्ष्य तत्तद्विघातं कार्यं स्यात्'–જે સ્ત્રીનું ધાવણ દુષ્ટ હોય તેના ખોરાક–પાણીની વ્યવસ્થા જવ, ઘઉં, શાલિ–ડાંગરના ચોખા, સાઠીચોખા, મગ, લસણ, તથા કરંજ–એટલાં જેમાં લગભગ હોય એ પ્રમાણે કરવી જોઈએ અને ધાવણના દોષો જોઈ તપાસીને તે તે દોષોને દૂર કરનારી ચિકિત્સા પણ કરવી. ૧૬,૧૭

સુકાતા ધાવણને વધારવાના ઉપાયો

शोधनाद्वा स्वभावाद्वा यस्याः क्षीरं विशुष्यति ।
तस्याः क्षीरप्रजनने प्रयतेत विचक्षणः ॥ १८ ॥
मधुराण्यन्नपानानि द्रवाणि लवणानि च ।
मद्यानि सीधुवर्ज्यानि शाकं सिद्धार्थकादृते ॥ १९ ॥
वराहमहिषादूर्ध्वं मांसानां च रसो हितः ।
लशुनानां पलाण्डूनां सेवनं शयनं सुखम् ॥ २० ॥
(क्रोधाध्व)भयशोकानामायासानां च वर्जनम् ।
अ...या भवति वत्स इति क्षीरविवर्धनम्[१] ॥ २१ ॥

વિદ્વાન વૈદ્યે જે સ્ત્રીનું ધાવણ શુદ્ધ કરવાથી કે સ્વભાવથી સુકાતું હોય તેને ધાવણ આવે તે માટે પ્રયત્ન કરવો. મધુર અને પ્રવાહી અન્નપાન, ખારા પદાર્થો, સીધુ સિવાયનાં મદ્ય, સરસવ સિવાયનું શાક અને ભૂંડ તથા પાડા સિવાયનાં માંસનો રસ હિતકારી થાય છે. તેમ જ લસણનું તથા ડુંગળીનું સેવન અને આરામપૂર્વક સૂઈ રહેવું પણ હિતકારી છે; પરંતુ ક્રોધ, મુસાફરી, ભય, શોક તથા પરિશ્રમનો ત્યાગ કરવો. હે વત્સ! એમ જે સ્ત્રીનું ધાવણ સુકાતું હોય તેવા ધાવણને વધારનારા ઉપાયો કહ્યા છે. ૧૮-૨૧

વિવરણ : અહીં સીધુ સિવાયના મદ્યોનું સેવન કરવા જણાવેલ છે. એ સીધુ મદ્યનું લક્ષણ ભાવપ્રકાશમાં આમ લખ્યું છે : 'इक्षोः पक्वैः रसैः सिद्धः सीधुः पक्वरसश्च सः । आमैस्तैरेव यः सीधुः स च शीतरसः स्मृतः ॥ ' શેલડીના પકવ કરેલા રસમાંથી જે મદ્ય તૈયાર કરવામાં આવે તે સીધુ કહેવાય છે; અને શેલડીના તે કાચા રસમાંથી જે મદ્ય તૈયાર કરાય તે શીતલ રસવાળું સીધુ મદ્ય કહેવાય છે. આ જ પ્રકારે શાર્ઙ્ગધરસંહિતામાં પણ કહેવાયું છે કે, 'ज्ञेयः शीतरसः सीधुरपक्वमधुरद्रवैः । सिद्धः पक्वरसः सीधुरपक्वमधुरद्रवैः–પકવ કરેલ મધુર પ્રવાહીમાંથી બનાવેલ મદ્ય શીતરસ સીધુ નામે જાણવું અને અપકવ–કાચા મધુર પ્રવાહી રસમાંથી તૈયાર કરેલ મદ્ય શીતરસ સીધુ કહેવાય છે.' ૧૯-૨૧

ધાવણ વધારનાર ક્ષીરિવૃક્ષ-વલ્કલ-કષાય

वटादीनां च वृक्षाणां क्षीरिकायाश्च वल्कलम् ।
पाक्यः कषायः क्वथितः क्षीरं तेन पुनः स्रुतम् ॥ २२ ॥
पाक्यं गुडविडोपेतं सघृतं शालिमाशयेत् ।
अपि शुष्कस्तनीनां तत् क्षीरोपजननं परम् ॥ २३ ॥

ક્ષીરિવૃક્ષો–વડ વગેરેની છાલનો ક્વાથ બનાવી તેમાં જવખાર તથા ગાયનું દૂધ નાખી તેનો પાક કરવો. તેમાંનો પ્રવાહી ક્વાથ બળી ગયા પછી કેવળ દૂધ જ બાકી રહે ત્યારે તેને અગ્નિ પરથી નીચે ઉતારી લઈ તેની સાથે સંચળ, ગોળ તથા બિડલવણથી મિશ્ર કરેલ અને ઘીથી યુક્ત કરેલ શાલિ–ડાંગરના ચોખાનો ભાત, દૂધ સાથે આપવાથી સુકાઈ ગયેલા સ્તનોવાળી (ખૂબ નબળી) સ્ત્રીઓના ધાવણને અત્યંત વધારે છે. ૨૨,૨૩

ધાવણ વધારનાર બીજો પ્રયોગ

शालिषष्टिकदर्भाणां कुशगुन्द्रेत्कटस्य च ।
सारिवावीरणेक्षूणां मूलानि कुशकाशयोः ॥ २४॥
येषानि पूर्वकल्पेन श्रेष्ठं क्षीरविवर्धनम् ।
स्वभावनष्टे शुष्के वा दुष्टे साध्वीक्षिते हितम् ॥२५॥

શાલિ–ડાંગર, સાઠી ધાન્ય, દર્ભ, 'કુશ' નામનો બીજો દર્ભ, 'ગુન્દ્રા' નામનો ત્રીજો દર્ભ, 'ઇત્કટ' નામનું ઘાસ–બરુ, સારિવા–ઉપલસરી, 'વીરણ' નામનો સુગંધી વાળો, શેલડી, કુશ–દાભની જાતિ અને કાશ–કાસડો એટલાંના મૂળિયાં સમાનભાગે લાવી તેમનો ૧૬ ગણા પાણીમાં ક્વાથ બનાવવો. એ ક્વાથ એકચતુર્થાંશ બાકી રહે ત્યારે તેને અગ્નિ પરથી નીચે ઉતારી વસ્ત્રથી ગાળીને પીવો અથવા તે ક્વાથમાં યોગ્ય પ્રમાણમાં ગાયનું દૂધ નાખી તે ક્વાથરૂપ પ્રવાહી બળી જાય ત્યાં સુધી પકવવું અને પછી તે દૂધની સાથે શાલિ–ડાંગરના ચોખાનો ભાત (પહેલાંની જેમ સંચળ, ગોળ, બિડલવણ તથા ઘીથી મિશ્ર કરેલો) જમવો; એથી જે સ્ત્રીનું ધાવણ સ્વભાવથી જ નાશ પામ્યું હોય અથવા સુકાઈ ગયું હોય, અથવા કોઈ સાધ્વી કે રઝળતી ભિખારણ વગેરેની દૃષ્ટિના દોષથી દૂષિત થયું હોય તોપણ એ ધાવણને શુદ્ધ કરી વધારે છે. ૨૪,૨૫

વિવરણ : ઉપરના ૨૨ મા શ્લોકની શરૂઆતમાં જ ક્ષીરિવૃક્ષો કહ્યાં છે, તે આમ સમજવાં: न्यग्रोध उदुम्बर-अश्वत्थ-पारीषप्लक्षपादपाः–વડ, ઉંબરો પીપળો, પારસપીપળો તથા પીપળ–એ પાંચે ક્ષીરિવૃક્ષો એટલે કે જેમાંથી દૂધ જેવું સફેદ ક્ષીર બહાર નીકળે છે તેવાં વૃક્ષો કહ્યાં છે. એ સિવાય બીજી સ્તન્યવર્ધક અથવા ધાવણને વધારનાર ઔષધીઓ ચરકે શારીરના ૮ મા અધ્યાયમાં આમ કહી છે. જેમ કે 'क्षीरजननानि तु मद्यानि सीधुवर्ज्यानि ग्राम्यानूपौदकानि च शाकधान्यमांसानि द्रवमधुराम्लभूयिष्ठाश्चाहाराः क्षीरिण्यश्चौषधयः क्षीरपानं चानायासश्चेति क्षीरणशालिषष्टिकेक्ष्वक्षुवालिका दर्भकुशकाशगुन्द्रेत्कटमूलकषायाणां च पानमिति क्षीरजननान्युक्तानि ॥ '–'સીધુ' સિવાયનાં મદ્યો સ્ત્રીના ધાવણને ઉત્પન્ન કરે અને વધારે છે; તેમ જ ગામમાં રહેતાં પશુઓનાં માંસ, આનૂપ–જલપ્રાયપ્રદેશનાં પ્રાણીઓનાં માંસ, જળમાં ઉત્પન્ન થતાં પ્રાણીઓનાં માંસ; શાક, ધાન્ય તથા માંસના આહારો તેમ જ વધુ પડતા પ્રવાહી, મધુર તથા ખાટા ખોરાકો જેમાં છીર કે દૂધ હોય છે એવી ઔષધીઓ, દૂધ પીવું અને વધુ પડતો પરિશ્રમ ન કરવો–એ સુવાવડી સ્ત્રીના ધાવણને વધારે છે; તેમ જ વીરણવાળો, શાલિ–ડાંગરના ચોખા, સાઠીચોખા, શેલડી અને 'ઇક્ષુબાલિકા' નામની નાની જાતની શેલડી, દર્ભ, 'કુશ' નામનો દાભ, કાસડો, ગુન્દ્ર–ઘાસ અને ઇત્કટ–બરુ ઘાસના મૂળિયાંના કષાયો પીવાથી તે ધાવણ વધારે છે.' આ જ પ્રકારે સુશ્રુતે પણ શારીરના ૧૦મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'क्रोधशोक-अवात्सल्यादिमिश्र स्त्रियाः स्तन्यनाशो भवति । अथास्याः क्षीरजननार्थं सौमनस्यमुत्पाद्य यवगोधूमशालिषष्टिकमांसरससुरासौवीरकपिण्याकलशुनमत्स्यकसेरुकशृङ्गाटकबिसविदारीकन्दमधुकशतावरीनालिकाडलाबूकालशाकप्रभृतीनि विदध्यात् '–ક્રોધ, શોક અને અવાત્સલ્ય એટલે બાળકને ધવડાવવાનો પ્રેમભાવ ન હોય વગેરે કારણે પણ સ્ત્રીના ધાવણનો નાશ થાય છે. એમ નાશ પામેલ ધાવણને વધારવા માટે સ્ત્રીનું મન પ્રસન્ન રહે એમ કરવું. તે પછી જવ, ઘઉં, શાલિ-ડાંગર તથા સાઠીચોખાનો ભાત ખવડાવવો. સુરા–મદિરા તથા સૌવીરક–કાંજીનું સેવન કરાવવું. તે ઉપરાંત ખોળ, લસણ, માછલાં, કસેરુકંદ, શીંગોડાં, કમલ–મૃણાલ, વિદારીકંદ, જેઠીમધ, શતાવરી, નાળિયેર, મીઠી તૂંબડી–દૂધી અને કાલશાક–શરપંખો વગેરેનો પણ ઉપયોગ કરાવવો. એમ તે તે સ્તન્યવર્ધક આયુર્વેદીય ઔષધીઓનો ઉપયોગ કરાવવાથી જો કે ધાવણ વધે છે અને ન આવતું હોય તો આવે છે, એ ઠીક છે, પણ સુશ્રુતે પ્રથમ તો આ બાબત ઉપર જ ભાર મૂક્યો છે કે પ્રથમ સ્ત્રીના મનની પ્રસન્નતા હોવી જોઈએ. ધવડાવનાર માતા કે ધાવનું મન જો પ્રસન્ન ન હોય તેમ જ બાળક પ્રત્યે તેનો પ્રેમ પણ ન હોય તો તેના ધાવણને વધારવા માટેના તે બધાયે ઉપાયો લગભગ વ્યર્થ નીવડે છે. જેમ પુરુષના વીર્યની પ્રવૃત્તિમાં તેનો માનસિક ભાવ એ પ્રથમ કારણ છે તે જ

પ્રમાણે સ્ત્રીના ધાવણની પ્રવૃત્તિમાં પણ તેનો માનસિક–વાત્સલ્યયુક્ત પ્રસન્નતાનો ભાવ એ મુખ્ય કારણ હોય છે. આ સંબંધે પણ સુશ્રુતે નિદાનસ્થાનના ૧૦મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'आहाररसयोनित्वा-देवं स्तन्यमपि स्त्रियाः। तदेवापत्यसंस्पर्शाद् दर्शनात् स्मरणादपि॥ ग्रहणाच्च शरीरस्य शुक्रवत् संप्रवर्तते। स्नेहो निरन्तरस्तत्र प्रसवे हेतुरुच्यते॥'–જે કે સ્ત્રીને ધાવણ ઉત્પન્ન થવામાં ખોરાકનો રસ એ મુખ્ય કારણ છે, તો પણ એ ધાવણ તે સ્ત્રીને બાળકનો સ્પર્શ થવાથી, દેખવાથી, સ્મરણ થવાથી અને બાળકને હાથમાં લેવાથી પણ પુરુષના વીર્યની પેઠે (એટલે કે જેમ સ્ત્રીને જોતાં, તેનો સ્પર્શ થતાં કે તે સ્ત્રીનું સ્મરણ થતાં અને મૈથુન માટે તે સ્ત્રીને ગ્રહણ કરતાં પુરુષનું વીર્ય પોતાના સ્થાનેથી એકદમ ચાલુ થઈ લિંગમાંથી બહાર આવવા પ્રવર્તમાન થાય છે તેમ) સ્તનમાંથી ધોધમાર વહેવા લાગે છે; એમ એકંદર સ્ત્રીનો બાળક પ્રત્યેનો જે સ્નેહ હોય છે તે જ એના ધાવણનો એકધારો સ્રાવ થવામાં કારણ કહેવાય છે. ૨૨–૨૫

શુદ્ધ ધાવણનાં લક્ષણો

अव्याहतबलाङ्गायुररोगो वर्धते सुखम्।
शिशुधात्र्योरनापत्तिः शुद्धक्षीरस्य लक्षणम्॥२६॥

ધાવણ જો શુદ્ધ હોય તો તેને ધાવતું બાળક નાશ નહિ પામેલ બળ, અંગો તથા આયુષ્યની વૃદ્ધિવાળો થઈ તંદુરસ્ત રહીને ઊછરી મોટું થાય છે; તેમ જ એ બાળકને તથા તેને ધવડાવનારી માતા કે ધાવને પણ કોઈ પ્રકારનું કષ્ટ પડે નહિ એ જ શુદ્ધ ધાવણનું લક્ષણ ગણાય છે. ૨૬

વિવરણ: ચરકે પણ શારીરના ૮ મા શુદ્ધ ધાવણના ભૌતિક ગુણો આમ દર્શાવ્યા છે: 'प्रकृत-वर्णगन्धरसस्पर्शमुदपात्रे दुह्यमानमुदकं व्येति, प्रकृतिभूत-त्वात्, तत् पुष्टिकरमारोग्यकरं चेति स्तन्यसम्पत्'–માતાનું કે ધાવનું જે ધાવણ સ્વાભાવિક વર્ણ, ગંધ, રસ તથા સ્પર્શથી યુક્ત હોય તેને પાણીથી યુક્ત કોઈ પાત્રમાં જો દોહવામાં આવે તો તેનામાં સ્વાભાવિકપણું હોવાના કારણે પાણીની સાથે તે એકરસ થઈ મળી જાય છે. એવું તે ધાવણ બાળકની પુષ્ટિ તથા આરોગ્ય કરનાર થાય છે. એમ શુદ્ધ ધાવણની પરીક્ષા કહેવામાં આવી છે. એ જ પ્રમાણે સુશ્રુતે પણ શારીરના ૧૦ મા અધ્યાયમાં શુદ્ધ ધાવણનું લક્ષણ અને તેની પરીક્ષા આમ કહી છે: 'अथास्याः स्तन्यमप्सु परीक्षेत, तच्चेत् शीतलममलं तनु शङ्खाभमासमप्सु न्यस्तमेकीभावं गच्छ-त्यफेनिलमतन्तुमस्रोत्प्लवते न सीदति वा तच्छुद्धमिति विद्यात्। तेन कुमारस्यारोग्यं शरीरोपचयो बलवृद्धिश्च भवति।' પ્રસવ થયા પછી બાળકને ધવડાવતી વેળા ધાવના કે માતાના ધાવણને પાણીમાં નાખી પરીક્ષા કરવી જોઈએ. એ ધાવણ જો શીતળ, નિર્મળ અને શંખ જેવું સફેદ હોય તો તેને પાણીમાં નાખતાં એ પાણીની સાથે મળી જાય છે, તેમાં ફીણ રહેતું નથી, તાંતણા જણાતા નથી, ઊંચે ઊછળતું નથી અને બગડી જતું નથી. એવા ધાવણને વૈદ્યે શુદ્ધ જાણવું. એવું શુદ્ધ ધાવણ ધાવવાથી બાળકનું આરોગ્ય, શરીરની પુષ્ટિ તથા બળની વૃદ્ધિ થાય છે. વળી આવાં જ શુદ્ધ ધાવણનાં લક્ષણો સુશ્રુતે નિદાનસ્થાનમાં પણ આમ કહ્યાં છે કે, 'यत् क्षीर-मुदके क्षिप्तमेकीभवति पाण्डुरम्। मधुरं चाविवर्णं च प्रसन्नं तद् विनिर्दिशेत्॥–સ્ત્રીના ધાવણને પાણીમાં નાખવાથી તેની સાથે એકરૂપ થઈ જાય છે. જે ધોળાશ યુક્ત પીળાશવાળું જણાય છે, જે સ્વાદમાં મધુર અને નહિ બદલાયેલા રંગવાળું રહે છે, તેને વૈદ્યે શુદ્ધ તરીકે જણાવવું.

શુદ્ધ–અશુદ્ધ ધાવણના લાભ–અલાભ

संभवन्ति महारोगा अशुद्धक्षीरसेवनात्।
तेषामेवोपशान्तिस्तु शुद्धक्षीरनिषेवणात्॥२७॥

બાળક જો અશુદ્ધ ધાવણનું સેવન કરે તો તેનાથી એ બાળકને મોટા રોગો થાય છે; અને શુદ્ધ ધાવણનું સેવન કરવાથી એ જ મોટા રોગોની શાંતિ થાય છે. ૨૭

ઉપચારથી કહેવાતાં વજ્રો

तृणं कीटं तुषं शूकं मक्षिकाङ्गमलाष्टकम्-
(ङ्गानि लोष्टकः)।
केशोर्णास्थ्यादिकं विद्याद्वज्रमित्युपचारतः॥२७॥

ઘાસ અથવા તણખલું, કીડો, ધાન્યનું ફોતરું, 'શૂક' નામનો કીડો, માખીનું કોઈ

પણ અંગ, મનુષ્યના શરીરના આઠ મેલ, માટીનું ઢેકું, માથાના વાળ, ઘેટાં કે બકરાંનું ઊન તથા હાડકાં વગેરેને ઉપચારથી વજ્ર જાણવાં. (એટલે કે ખોરાકમાં ખવાઈ જતી ઉપર જણાવેલી વસ્તુઓ વજ્ર જેવી ભયંકર હોઈને વજ્ર નામે ગણાય છે.) ૨૭

ઉપર્યુક્ત વજ્ર ખાવામાં આવવાથી થતું નુકસાન

सहान्नपानेन यदा धात्री वज्रं समश्नुते ।
पच्यमानेन पाकेन ह्यनन्नत्वान्न पच्यते ॥ २८ ॥
अपच्यमानं विक्लिन्नं वायुना समुदीरितम् ।
रसेन सह संपृक्तं याति स्तन्यवहाः सिराः ॥ २९ ॥
सर्वस्रोतांसि हि स्त्रीणां विवृतानि विशेषतः ।
तत् पयोधरमासाद्य क्षिप्रं विकुरुते स्त्रियाः ॥ ३० ॥

કોઈ ધાવ કે બાળકને ધવડાવતી માતા, કોઈ ખાનપાનની સાથે ભૂલથી એ વજ્રને જો ખાઈ જાય, તો (જઠરાગ્નિથી) એ પચવા માંડે કે પચવાની અવસ્થામાં જાય તોયે તે ખોરાક ન હોવાથી પચતું નથી. એમ નહિ પચતું એ વજ્ર વિશેષ કરી પચપચતું થઈને વાયુ દ્વારા ઊંચે જઈને રસની સાથે મળી જાય છે અને પછી તે વજ્ર ધાવણને વહેતી સિરાઓમાં જઈ પહોંચે છે. કારણ કે સુવાવડી સ્ત્રીઓના બધાયે સોતો વિશેષ કરી પહોળા થયેલા હોય છે તેથી એ વજ્ર સ્ત્રીના સ્તનમાં પહોંચી જઈ જલદી વિકાર કરે છે. ૨૮–૩૦

ઉપર્યુક્ત વજ્રથી થતા વિકારો

रूपाणि पीतवज्रायाः प्रवक्ष्याम्यत उत्तरम् ।
अजीर्णमरतिर्ग्लानिरनिमित्तं व्यथाऽरुचिः ॥ ३१ ॥
पर्वभेदोऽङ्गमर्दश्च शिरोरुग् द(क्ष)वथुग्रहः ।
कफोत्क्लेदो ज्वरस्तृष्णा विड्भेदो मूत्रसंग्रहः ॥ ३२
स्तम्भः स्रावश्च कुचयोः सिराजालेन संततः ।
शोथशूलरुजादाहैः स्तनः स्पृष्टुं न शक्यते ॥ ३३ ॥
स्तनकीलकमित्याहुर्भिषजस्तं विचक्षणाः ।
कीलवत् कठिनोऽङ्गेषु बाधमानो हि तिष्ठति ॥ ३४ ॥

હવે ઉપર જણાવેલ વજ્રને જે સ્ત્રી ખાનપાન સાથે ખાઈ–પી ગઈ હોય તે સ્ત્રીને જે વિકારો થાય છે તે હું કહું છું, સાંભળો. અજીર્ણ, બેચેની, ગ્લાનિ થાય, કોઈપણ કારણ વિના પીડા અને ખોરાક પર અરુચિ થાય; શરીરના સાંધાનો તોડ થાય; બધાં અંગો ભાંગે; માથામાં પીડા થાય; શરીરમાં સંતાપ થાય; અથવા વધુ પ્રમાણમાં છીંકો આવ્યા કરે; ઊબકા આવે, શરીર ઝલાઈ જાય; કફની મોળ આવ્યા કરે; જ્વર લાગુ પડ્યો હોય; વધુ પડતી તરશ લાગ્યા કરે; વિષ્ઠાનાં ભેદ–છોતા પાણી થઈ જાય; મૂત્ર રોકાય, શરીરનાં અંગો જકડાય; સ્તનમાંથી સાવ થયા કરે; શરીરની શિરાઓનો સમુદાય ચોપાસ બહાર ખુલ્લો થઈને છવાયેલો જણાય; બન્ને સ્તન ઉપર સોજો, સ્તનમાં શૂલ ભોંકાતાં હોય એવી પીડા અને દાહ થતો હોવાને લીધે સ્તનનો સ્પર્શ પણ થઈ શકે નહિ–સ્તનની એવી થયેલી સ્થિતિને વિદ્વાન વૈદ્યો 'સ્તનકીલક' એટલે કે સ્તનવિદ્રધિ નામનો રોગ કહે છે; કારણ કે એ રોગ કીલ–ખીલા જેવો કઠિન હોઈ અંગોમાં પીડા ઉપજાવ્યા કરે છે. ૩૧–૩૪

ઉપર્યુક્ત 'સ્તનકીલક' તથા 'વજ્ર' સંબંધે વધુ જાણવા જેવું

एष पित्तात्मना शीघ्रं पाकं भेदं च गच्छति ।
कफाच्चिरं क्लेशयति वातादाशु निवर्तते
(विवर्धते) ॥ ३५ ॥
शाखाशिरोभिस्तु यदि विमार्गान्न प्रपद्यते ।
आकृष्यमाणं बालेन क्षिप्रं निर्याति स्तनात् ॥ ३६ ॥
निर्दुह्यमानमुत्पीडाद्वज्रं सक्षीरशोणितम् ।
अथवाऽभ्येति सहसा प्रत्यक्षं चोपलभ्यते ॥ ३७ ॥

ઉપર દર્શાવેલ 'વજ્રકીલક' પિત્તની અધિકતા હોય તો તેનાથી જલદી પાકીને ફૂટી જાય છે. કફની અધિકતાના કારણે જો થયો હોય તો લાંબાકાળ સુધી હેરાન કર્યા કરે છે અને વાયુની અધિકતા હોય તો તેના કારણે એકદમ વધવા માંડે છે. બાળક

જ્યારે ધાવતું હોય ત્યારે તેને જો ખેંચવા માંડે છે તો એ સ્તનકીલકરૂપે થયેલું એ (ઉપર્યુક્ત) વજ્ર મુખ્ય શિરાઓ દ્વારા જો વિમાર્ગો તરફ જતું રહે તો સ્તનમાંથી બહાર નીકળી જાય છે અથવા દબાવવાથી તેને દોહવા માંડયું હોય તો એ વજ્ર ધાવણ તથા લોહીની સાથે એકદમ બહાર નીકળી આવે છે અને તે પ્રત્યક્ષ જોઈ શકાય છે. ૩૫-૩૭

વિવરણ: ઉપર જણાવેલો 'સ્તનકીલક' રોગ અથવા એ સિવાયનો બીજો કોઈપણ સ્તનને લગતો રોગ સાધારણ રીતે સગર્ભા સ્ત્રીને કે સુવાવડી સ્ત્રીને જ થાય છે. સુશ્રુતે નિદાનસ્થાનમાં જણાવેલ સ્તન સંબંધી રોગોના વર્ણનમાં આમ કહ્યું છે કે, 'धमन्यः संवृतद्वाराः कन्यानां स्तनसंश्रिताः। दोषा विसरणात्तासां न भवन्ति स्तनामयाः। तासामेव प्रजातानां गर्भिणीनां च ताः पुनः। स्वभावादेव विवृता जायन्ते संभवन्त्यतः॥ सक्षीरौ वाऽथ दुग्धौ वा प्राप्य दोषः स्तनौ स्त्रियाः। रक्तं मांसं च संदूष्य स्तनरोगाय कल्पते'-જેમનાં લગ્ન થયાં ન હોય એવી કન્યાઓના સ્તનમાં રહેલી ધમની નાડીઓનાં દ્વાર સાંકડાં હોય છે. તેથી તેઓમાં દોષો ફેલાઈ શકતા નથી. એ કારણે કન્યાઓને સ્તનને લગતા રોગો થતા નથી; પરંતુ જે સ્ત્રીઓ પ્રસવ પામેલી હોય કે સગર્ભા થઈ હોય તેમના સ્તનની ધમની નાડીઓ સ્વભાવથી જ ખુલ્લાં દ્વારવાળી થાય છે. તેથી તેમને સ્તનને લગતા રોગો થવા સંભવે છે. એવી પ્રસૂતા કે સગર્ભા સ્ત્રીઓના બન્ને સ્તન ધાવણથી યુક્ત થયા હોય કે ધાવણથી રહિત હોય તોયે તેમના સ્તનમાં દોષ પ્રાપ્ત થઈ શકે છે અને અંદરના લોહીને તથા માંસને અત્યંત દૂષિત કરી સ્તનનો રોગ ઉપન્નવવા સમર્થ થાય છે.' ૩૪-૩૭

સ્તનકીલક રોગની ચિકિત્સા

घृतपानं प्रथमतः शस्यते स्तनकीलके।
स्रोतांसि मार्दवं स्नेहाद्यान्ति वज्रं च च्याव्यते॥३८
नर्दोहो मर्दनं युक्त्या पायनं च गलेन च।
शीताः सेकाः प्रलेपाश्च विरेकः पथ्यभोजनम्॥ ३९
स्रावणं चाविदग्धस्य दोषदेहव्यपेक्षया।
पक्वस्य पाटनं कुर्यान्मृजां विद्रधिवच्च तत्॥४०॥

સ્તનકીલક રોગમાં પ્રથમ તો ઘી પાવું એ ઉત્તમ ઉપાય કહેવાય છે; કારણ કે એમ સ્નેહપાન કર્યાથી અંદરનાં બધા સ્રોતો મૃદુ બને છે તેથી અંદર રહેલું વજ્ર બહાર સ્રવાવી શકાય છે. વળી એ સ્તનકીલક પર શીતળ સિંચનો, પ્રલેપો, વિરેચન તથા પથ્યભોજન હિતકારી થાય છે; પરંતુ એ સ્તનકીલક બરાબર પાકેલ ન હોય તો દોષ તથા દેહબલ તરફ દૃષ્ટિ રાખી તદનુસાર તેમાંના વજ્રને બહાર સ્રવાવી કાઢવું; પરંતુ એ સ્તનકીલક જો પાકી ગયેલ હોય તો તેને વૈદ્યે વિદ્રધિની પેઠે ચીરી કાઢવું અને તે પછી વિદ્રધિની પેઠે જ તેનું શોધન પણ કરવું. ૩૮-૪૦

સ્તનકીલક ન થાય તેવી ધાત્રી

परवद्धितभोक्त्री च परलालिततर्पणा।
परवेश्मरता धात्री मुच्यते स्तनकीलकात्॥४१॥

જે ધાત્રી બીજાની જેમ એટલે કે બીજા શ્રેષ્ઠ લોકોની પેઠે હિતકારી ભોજન જમતી હોય, બીજાઓ દ્વારા લાલન-પાલન તથા તર્પણ કરાતી હોય અને બીજાઓના ઘરમાં આનંદથી રહ્યા કરતી હોય તે સ્તનકીલક રોગથી મુક્ત રહે છે એટલે કે તેને સ્તનકીલક રોગ થતો નથી. ૪૧

સ્તનકીલક રોગ લગભગ થાય તેમાં કારણ

दर्शनीयौ स्तनौ पीनौ सुजातौ संहतौ समौ।
सुकरौ पर्यकीलौ च दृष्ट्वा त्वीक्ष-
(त्विच्छ)न्ति दुर्हृदः॥४२॥
ततो रुजामवाप्नोति कार्यं तन्त्रावचारणम्।
इति ह स्माह भगवान् कश्यपः॥४३॥

જે સ્ત્રીનાં સ્તન દેખાવડા, પુષ્ટ સુંદર આકૃતિવાળા, પરસ્પર એકબીજા સાથે મળેલા, એકસરખા, ઉત્તમ અને ગોળાકાર હોય છે, તેના એ બન્ને સ્તન તરફ દુષ્ટ હૃદયવાળા લોકો પોતાની નજર નાખ્યા કરે છે. એ (દૃષ્ટિદોષના) કારણે તે સ્ત્રીને સ્તનરોગ થાય છે.

માટે એ સ્તનરોગ મટાડવા તંત્રપ્રયોગના ઉપચાર પણ કરવા, એમ ભગવાન કશ્યપે કહ્યું હતું. ૪૨,૪૩

સ્તનરોગનું તાંત્રિક અવચારણ

पारहत्याममांसं तु निशि नेयं चतुष्पथम् ॥
एतच्छ्रुत्वा वचस्तथ्यमृषिपत्न्यः प्रहर्षिताः ।
प्रशशंसुर्महात्मानं कश्यपं लोकपूजितम् ॥ ४४ ॥

સ્તનના રોગવાળી એ સ્ત્રીએ રાત્રિના સમયે કાચું માંસ પોતાના સ્તન ઉપરથી ઉતાર ઉતારીને (રાત્રે) ચકલા વચ્ચે મૂકી આવવું. એ સત્ય વચન સાંભળી ઋષિઓની પત્નીઓ અત્યંત હર્ષ પામી હતી અને લોકમાં પૂજાયેલા મહાત્મા કશ્યપની પ્રશંસા કરવા લાગી હતી. ૪૪

ઇતિ 'ક્ષીરોત્પત્તિ' નામનો ૧૯ મો
અધ્યાય સમાપ્ત

'દંતજન્મિક'–અધ્યાય ૨૦ મો

अथातो दन्तजन्मिकमध्यायं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી આરંભી અમે 'દન્તજન્મિક' નામના અધ્યાયનું વ્યાખ્યાન કરીશું, એમ ભગવાન કશ્યપે કહ્યું હતું. ૧,૨

દાંતની ઉત્પત્તિ સંબંધે વૃદ્ધ જીવકના પ્રશ્નો

अथ खलु भगवन् देहिनां जातानामभिवर्धमानानां कतिषु मासेषु दन्ता निषिच्यन्ते, निषिक्ताश्च कियता कालेन मूर्तीभवन्ति, मूर्तीभूताश्च कदाद्भिद्यन्ते, कानि चैषां पूर्वरूपाणि, के चोपद्रवाः, कश्चैषामुपक्रमः, किञ्च दन्तजन्म प्रशस्तमप्रशस्तं च किं, कस्माच्च स्वमङ्गमभिवर्धमानं प्राणसंशयाय भवति, कियन्तश्च दन्ताः, कति चैषां द्विजाः, कियता च कालेन पतन्ति, पतिता वा जायन्ते, दन्तसंपदसंपच्च कीदृशीति ॥ ३

મનુષ્યોને જન્મ પછી ઊછરતાં કેટલા મહિને (પેઢામાં) દાંત આવવા શરૂ થાય છે? અને પેઢામાં આવવા માંડે તે પછી દાંત કેટલા કાળે મૂર્તરૂપે પ્રત્યક્ષ દેખાવા માંડે છે? અને એમ પ્રત્યક્ષ દેખાઈને (પેઢામાંથી) ક્યારે બહાર નીકળે છે? એ દાંત આવવાના હોય ત્યારે તેમનાં પૂર્વરૂપો કયાં હોય છે? ઉપદ્રવો કયા થાય છે અને તે ઉપદ્રવોની ચિકિત્સા કઈ હોય છે? વળી દાંતની કેવી રીતની ઉત્પત્તિ ઉત્તમ–અધમ ગણાય છે? એ દાંત (દરેક પ્રાણીનું) પોતાનું જ અંગ છે છતાં જો અધિક વધવા માંડે તો કયા કારણે તે પ્રાણના સંશયરૂપ થાય છે? દાંતની સંખ્યા કેટલા પ્રમાણમાં હોવી જોઈએ? એ દાંતમાં કેટલા દાંત 'દ્વિજ' એટલે બેવાર ઉત્પન્ન થનારા હોય છે? અને કેટલા કાળે તે દાંત પડે છે? અને તે પડેલા દાંત કેટલા કાળે ફરી ઉત્પન્ન થાય છે? દાંતની સંપત્તિ કેવી હોય અને દાંતની અસંપત્તિ કેવી હોય છે? ૩

ભગવાન કશ્યપે આપેલા પ્રત્યુત્તરો

अथोवाच भगवान् कश्यपः–इह खलु नृणां द्वात्रिंशद्दन्ताः, तत्राष्टौ सकृज्जाताः स्वरूढदन्ता भवन्ति, अतः शेषा द्विजाः । यावत्स्वेव च मासेषु दन्ता निषिच्यन्ते तावत्स्वहःसूद्भिद्यन्ते । यावत्स्वेव च मासेषु जातस्य सत उद्भिद्यन्ते तावत्स्वेव च वर्षेषु पतिताः पुनरुद्भिद्यन्ते । तत्र मध्ये द्वावुत्तरौ राजदन्तसंज्ञौ भवतः, तौ पवित्रौ, तस्मात्ताभ्यां खण्डे न श्राद्धमर्हति, अपवित्रो हि सः । तयोरुभयतः पार्श्वयोरपि वस्तौ(?), तयोरपि दंष्ट्रे, शेषाः स्वरूढा हानध्या इति चोच्यन्ते; तथाऽधस्तात् ॥ ४ ॥

(તે પ્રશ્નો સાંભળ્યા) પછી ભગવાન કશ્યપ બોલ્યા: 'આ લોકમાં માણસોને બત્રીસ દાંત હોય છે. તેમાંના આઠ એકવાર ઉત્પન્ન થયેલા હોય છે અને તે પોતાના સ્વરૂપમાં જ ઊગેલા હોય છે. એ સિવાયના બાકીના દાંત 'દ્વિજ' એટલે કે બેવાર ઉત્પન્ન થતા હોય છે. જેટલા મહિને દાંત પેઢામાં આવે છે તેટલા જ દિવસોમાં તે દાંત (પેઢાની) બહાર ઊંચા આવી પ્રકટી નીકળે છે, તેમ જ જન્મેલા બાળકના એ દાંત જેટલા મહિ-

નાઓમાં પેઢાંની બહાર ઊગી પ્રકટી નીકળે છે, તેટલાં જ વર્ષોમાં એ દાંત પડી જઈ ફરી ઉત્પન્ન છે. એ બધા દાંતમાં ઉપરની પંક્તિની વચ્ચેના બે દાંત શ્રેષ્ઠ હોઈ 'રાજદન્ત' એટલે કે દાંતના રાજા કહેવાય છે; અને તે બન્ને પવિત્ર છે. એ કારણે તે બેમાંથી એક પણ ખંડિત થાય કે પડી જાય ત્યારે તે માણસ પિતૃઓનું શ્રાદ્ધ કરવા લાયક ગણાતો નથી; કેમ કે તે માણસ અપવિત્ર થયેલો ગણાય છે. એ બન્ને વચ્ચેના દાંતની બેય બાજુ, બેય પડખે પણ જે બે દાંત રહ્યા હોય છે તે બન્ને 'બસ્ત' કહેવાય છે, અને તે બન્ને દાંતની બન્ને બાજુ એક એક મળી બે દંષ્ટ્રાઓ કહેવાય છે; (એમ તે છ દાંત થયા.) તે સિવાયના બાકીના પોતાના સ્વરૂપમાં જ ઊગેલા (૧૦) દાંત 'હાનવ્ય' એટલે કે હડપચીના સંબંધવાળા કહેવાય છે. એમ ૧૬ દાંત જેમ ઉપરની પંક્તિમાં છે તે જ પ્રમાણે નીચેની પંક્તિમાં પણ (૧૬) દાંત મળી કુલ ૩૨ દાંત હોય છે. ૪

છોકરા કરતાં છોકરીઓને દાંત જલદી અને થોડી પીડાએ આવે છે

तत्र कुमारीणामाशुतरमल्पाबाधकरं च दन्तजन्म, सुषिरत्वाद्दंशानां मृदुस्वभावाच्च; प्रकृष्टकालमाबाधाबहुलं तु कुमाराणामाचक्षते, घनत्वाद्दंशानां स्थिरस्वभावाच्च। दन्तानां निषेकमूर्तित्वोद्भेदवृद्धिपतनपुनर्भावनिवृत्तिस्थितिपरिक्षयचलनपतनदृढदुर्बलता जातिविशेषान्निषेकात् स्वभावान्मातापित्रोरनुकरणात् स्वकर्मविशेषाच्चेत्याचक्षते महर्षयः; तथाऽन्येऽपि शरीरवृद्धिह्रासगुणदोषप्रादुर्भावाः ॥५॥

તેમાં છોકરીઓને ખૂબ ઝડપથી અને બહુ જ થોડી પીડાએ દાંત આવે છે; કારણ કે છોકરીઓના દાંત પોલાણવાળા અને કોમળ સ્વભાવના હોય છે; પરંતુ છોકરાઓને દાંત આવતાં ઘણો લાંબો કાળ થાય છે અને તેમને અનેક જાતની પીડાઓ પણ ઘણી થાય છે એમ વધો કહે છે. વળી છોકરાઓના દાંત ઘટ્ટ હોય છે અને સ્થિર સ્વભાવવાળા પણ હોય છે. વળી દાંતનું સૌ પહેલાં ઊંડાણમાં સિંચન થવું, મૂર્તિમાન થઈ પ્રકટ થવું, સંપૂર્ણ ઊંચે આવી બહાર નીકળવું, વધવું, પડવું, ફરી ઉત્પન્ન થવું, બરાબર આવી ગયા પછી સ્થિર થવું, તે પછી ચારે બાજુથી ઘસારો થવો, હાલવા માંડવું અને દુર્બળ થઈ છેવટે નીકળી પડવું–એ બધું અમુક જાતિને અનુસરી સિંચન, સ્વભાવ, માતાપિતાના અનુસરણ તથા પોતાના કર્મના વિશેષથી થાય છે, એમ મહર્ષિઓ કહે છે. તેમ જ બીજા પણ શરીરની વૃદ્ધિ, હ્રાસ, ગુણો તથા દોષોના પ્રાદુર્ભાવો પોતાના અમુક ખાસ કર્મ આદિને કારણે થયા કરે છે. ૫

વિવરણ : અહીં આમ કહેવા માગે છે કે દાંતના ઘણા વિકારો અને તેમનું નીકળી જવું વગેરે બીજી પણ ક્રિયાઓ આનુવંશિક હોય છે એટલે કે વંશપરંપરા અનુસાર થયા કરતી જણાય છે. દાંત સુંદર હોવા એ ખરેખર વંશપરંપરાપ્રાપ્ત વારસો છે; એટલે કે માતાપિતાના દાંત જો સારા અને સુંદર હોય તો સંતાનોના દાંત પણ લગભગ સારા અને સુંદર હોય છે એમ લગભગ જોવામાં આવે છે. ૫

દાંતની અમાંગલિક ઉત્પત્તિ અને તેની શાંતિ વગેરે

नृणां तु चतुर्थादिषु मासेषु दन्ता निषिच्यन्ते। तत्र सदन्तजन्म च, पूर्वमुत्तरदन्तजन्म च, विरलदन्तजन्म च, हीनदन्तता च, अधिकदन्तता च, करालदन्तता च, विवर्णदन्तता च, स्फुटितदन्तता चामङ्गल्या भवति। तत्र शान्त्यर्थं मारुतीमिष्टिं निर्वपेत्, स्थालीपाकमनाहिताग्नेः प्राजापत्यमित्येके, तथाऽन्येष्वपि स्वाङ्गोनाधिकभावेषु तथा तद्घोरं प्रशाम्यति ॥६॥

ચોથા મહિનાથી માણસોના દાંત મૂળમાં ખૂબ ઊંડા ઉત્પન્ન થતા જણાય છે; (દરેકને સૌ પહેલાં નીચે વચલા દાંત આવવા જોઈએ.) તેમાં કોઈ બાળકનો દાંત સાથે જન્મ થાય;

કોઈને ઉપરના દાંત પહેલાં આવે; કોઈને દાંત આછા આછા આવે; કોઈને (૩૨ની સંખ્યાથી) અધિક દાંત આવે; કોઈને કરાલ–ખૂબ બિહામણા દાંત આવે. કોઈને મેલા દાંત આવે; કોઈને ફૂટેલા–ચિરાયેલા અથવા ખંડિત દાંત આવે; એ દાંતની અમાંગલિક ઉત્પત્તિ થઈ ગણાય છે. તે માટે શાંતિ કરવા 'મારુતી' ઇષ્ટી કરવી જોઈએ અથવા જે માણસ અગ્નિહોત્રી ન હોય તેણે સ્થાલીપાક-પુરોડાશના હોમવાળી પ્રાજાપત્ય ઇષ્ટી કરવી એમ કેટલાક આચાર્યો કહે છે. એ જ પ્રમાણે બીજાં પણ શરીરનાં અંગ–ઉપાંગો ઓછાં–વધતાં હોય ત્યારે પણ તે ઉપર્યુક્ત ઇષ્ટીઓમાંની ઇષ્ટી કરવી જોઈએ જેથી તે ઘોર અનિષ્ટની શાંતિ થાય છે. ૬

વિવરણ: અહીં મૂલમાં 'કરાલ' દાંત સંબંધે ભાવપ્રકાશના મધ્યમ ખંડમાં મુખરોગ પ્રકરણની અંતર્ગત દંતરોગ સંબંધે કહેવાયું છે કે, '...शनैः प्रकुरुते यत्र दन्ताश्रितोऽनिलः। करालान् विकटान् दन्तान् स करालो न सिद्ध्यति'–જેમાં દાંતમાં પહોંચેલો વાયુ ધીમે ધીમે દાંતને કરાલ–ભયંકર અને વિકટ–બેડોળ કરી મૂકે છે, તે દાંતનો 'કરાલ' નામનો રોગ અસાધ્ય હોઈ મટતો નથી.' દાંતનો આ 'કરાલ' નામનો રોગ સુશ્રુતે અને 'સંગ્રહ' નામના ગ્રંથકારે પણ કહ્યો છે. વ્યાકરણ દૃષ્ટિએ આ 'કરાલ' શબ્દની વ્યાખ્યા તેના અસલી ગૂઢ અર્થને બરાબર સમજાવે છે; જેમ કે 'कीर्यते–विक्षिप्यते इति करः, कॄविक्षेपे ऋदोरप्' इति सूत्रेण 'अप्' प्रत्ययः, कराय विक्षेपाय अलन्ति–पर्याप्नुवन्ति दन्ताः अस्मिन् वायोः प्रकोपात् इति करालः–જેમાં વાયુના આશ્રય અને પ્રકોપથી દાંત વિક્ષેપ અથવા મોઢાની બહાર નીકળી જવા તત્પર થાય છે, તે દાંતનો રોગ 'कराल' કહેવાય છે. ૬

દાંતની ચાર પ્રકારની ઉત્પત્તિ

चतुर्विधं तु दन्तजन्माचक्षते सामुद्गं, संवृतं, विवृतं, दन्तसंपदिति। तत्र सामुद्गं क्षयि, नित्यसंपातात्, संवृतमधन्यं मलिष्ठं, विवृतं वीतमनित्यलालोपहतमसंछन्नदन्तत्वादाशुदन्तवैवर्ण्यकरमासन्नाबाधमिति ॥७॥

વિદ્વાનો ચાર પ્રકારની દાંતની ઉત્પત્તિ કહે છે: સામુદ્ગ, સંવૃત, વિવૃત અને દંતસંપત્. તેમાં જે ક્ષય પામવાના અથવા ઘસાવાના સ્વભાવવાળી દાંતની ઉત્પત્તિ થાય તે 'સામુદ્ગ' કહેવાય છે; કારણ કે તેમાં દાંત કાયમ ખરી પડ્યા કરે છે. બીજી જે 'સંવૃત' નામની દાંતની ઉત્પત્તિ હોય છે તે (સાંકડી હોઈ) અધન્ય હોઈ ધન આપનારી થતી નથી અને અત્યંત મલિન હોય છે. ત્રીજી જે 'વિવૃત' નામની દાંતની ઉત્પત્તિ હોય છે તે વચ્ચેવચ્ચે જગ્યાવાળી છૂટીછવાઈ હોઈને મેલ વગરની હોવા છતાં તેમાંથી કાયમ લાળ ઝર્યા કરે છે અને હોઠથી દાંત બરાબર ઢંકાયેલ રહેતા નથી અને એકદમ દાંતને ખરાબ કરનાર હોય છે. તેમ જ તેમાં દાંતની પીડા લગભગ થતી જ રહે છે. (૫૨ંતુ ચોથી જે 'દંતસંપત્' નામની દાંતની ઉત્પત્તિ થાય છે, તે સર્વાંશે બરાબર હોઈ ઉત્તમ ગણાય છે.) ૭

માસવાર નિષિક્ત દાંતનાં ફળ અને 'દંતસંપત્'નાં લક્ષણો

चतुर्थे तु मासि दन्ता निषिक्ता दुर्बला भवन्त्याशुक्षयिणश्चामयबहुलाश्च, पञ्चमे स्यन्दनाश्च प्रहर्षिणश्चामयबसुलाश्च षष्ठे प्रतीपाश्च मलग्राहिणश्च विवर्णाश्च घुणदन्ताश्च भवन्ति, सप्तमे द्विपुटाः स्फोटिनश्च राजिमन्तश्च खण्डाश्च रूक्षाश्च विषमाश्चोन्नताश्च भवन्ति, तथाऽष्टमे मासि सर्वगुणसंपन्ना भवन्ति। पूर्णता समता घनता शुक्लता स्निग्धता श्लक्ष्णता निर्मलता निरामयता किञ्चिदुत्तरोन्नतता, दन्तबन्धनानां च समता रक्तता स्निग्धता बृहद्धनस्थिरमूलता चेति दन्तसंपदुच्यते। हीनोल्बणसिताऽसिताऽप्रविभक्तदन्तबन्धनत्वमप्रशस्तमृषयो वदन्ति। तत् स्वभावाद्दन्तोदूखलकेषु यच्छोणितं गर्भे निषिक्तं तदेव जातस्य समतोऽभिवर्धमानस्य क्रमेण ... . ॥८॥

જે દાંત જન્મથી ચોથા મહિને નિષિક્ત થયા હોય એટલે કે પેઢામાં ઊંડેથી ઊગવા લાગ્યા હોય તે દુર્બળ હોય છે; એકદમ ઘસારો પામવાના સ્વભાવવાળા અને ઘણા રોગથી યુક્ત થાય છે. પાંચમા મહિને આવવા શરૂ થયેલા દાંત (પરુ વગેરે) ઝર્યા કરવાના સ્વભાવવાળા, પૂય અંધાઈ જનારા તથા ઘણા રોગોથી યુક્ત થાય છે. છઠ્ઠા મહિનામાં ઊંડેથી આવવા શરૂ થયેલા દાંત પ્રતીપ-વાંકાચૂકા, મેલને ગ્રહણ કરનારા હોઈ મેલા રંગે ફીકા અને 'ઘુણ' નામના કીડા જેવા કે કીડાએ જાણે ખાધા હોય તેવા થાય છે. સાતમા મહિને નિષિક્ત અથવા આવવા શરૂ થયેલા દાંત બે પડવાળા, ખરી પડવાના સ્વભાવવાળા, રેખાવાળા, ખંડિત, રૂક્ષ, વિષમ-ઊંચાનીચા અને ઊંચે ગયેલા હોય છે; પરંતુ આઠમા મહિને આવવા શરૂ થયેલા દાંત સર્વ ગુણોથી યુક્ત થાય છે. એમ દાંતોનું પૂર્ણપણું, એકસરખાપણું ઘટ્ટપણું, ધોળાપણું, સ્નિગ્ધપણું, લીસાપણું, નિર્મળપણું, નીરોગીપણું, આગલા ભાગમાં કંઈક ઊંચાપણું તેમ જ દાંતનાં બંધન-પેઢાંનું એકસરખાપણું, રાતાપણું, સ્નિગ્ધપણું અને મોટાં ઘટ્ટ સ્થિર મૂળપણું જે હોય તે 'દંતસંપત્' એટલે કે દાંતની શ્રેષ્ઠતા કહેવાય છે; પણ દાંતની સંખ્યામાં ઓછાપણું, દાંતની ઉગ્રતા, એકદમ વધુ ધોળાપણું એકદમ કાળાશ અને પેઢાંનું એકદમ ગીચપણું જે હોય તેને ઋષિઓ નિંદિત કહે છે. વળી દાંતનાં પેઢાંઓમાં જે લોહી હોય છે, તે ગર્ભની અંદર સ્વભાવથી જે સીંચાયું હોય તે જ રહેલું હોઈ જન્મ થયા પછી એકસરખી રીતે વૃદ્ધિ પામતા માણસમાં તે જ લોહી અનુક્રમે વધ્યા કરે છે. ૮

વિવરણ: આ ૮ મા સૂત્રમાં છેલ્લે ગ્રંથ ખંડિત અવસ્થામાં મળે છે. તેથી જે કંઈ મળે છે તેમાં યથાસંભવ પૂર્તિ કરી લેવી, એ જરૂરી છે. એકંદર અહીં જણાવેલી બાબત ઉપરાંત વધુ આમ પણ સમજવાનું છે કે બાળકોને પહેલા દાંત આવવા લાગે છે ત્યારે તેમને અનેક પ્રકારના રોગો પણ લાગુ થાય છે. આયુર્વેદના ગ્રંથોમાં આ સંબંધે આમ લખેલું જોવા મળે છે: 'પૃષ્ઠભઙ્ગે બિડાલાનાં બર્હિણાં શિખરોદ્ગમે। દન્તોદ્ભેદે ચ બાલાનાં ન હિ કિંચિન્ન દૂયતે ॥'-બિલાડાની પીઠ ભાંગી પડે ત્યારે અને મોરપક્ષીઓને માથા ઉપર કલગી બહાર નીકળે ત્યારે તથા નાનાં બાળકોને જ્યારે દાંત આવે છે ત્યારે કોઈ પણ દુઃખ અથવા રોગ ન થાય એમ બનતું નથી-એકંદર તે સમયે બાળકોને ઘણા રોગો લાગુ થાય છે. કોઈ બાળકને તાવ લાગુ થાય છે. કોઈને ઊલટી થવા લાગે છે. કોઈને વધુ પડતા ઝાડા થવા માંડે છે. કોઈને ઉધરસ આવવા માંડે છે. કોઈ બાળકને આંચકી આવવી લાગુ થાય છે અને કોઈ બાળકને દાંત આવતી વેળા ખૂજલી કે ચેળ આવે છે.

દાંત આવવાના હોય ત્યારે પૂર્વરૂપ તરીકે બાળકના મોઢામાંથી લાળો ઝરવા માંડે છે, પેઢાં સૂજેલાં જણાય છે, પેઢામાં વેદના થાય છે અને કોઈ પણ વસ્તુને કાપવાની તેને ઇચ્છા થાય છે. એવા ઉપદ્રવો દાંત આવતી વેળા જે થાય છે, તેમનું જો પ્રબલ સ્વરૂપ ન હોય તો તેમની કોઈ ખાસ ચિકિત્સા કરવાની જરૂર હોતી નથી; કારણ કે દાંત નીકળતી વેળા થતા બાળકોના તે તે ઉપદ્રવો તો બધા દાંત આવ્યા પછી આપોઆપ જ શમી જાય છે. આ સંબંધે આમ કહેવાયું છે કે 'દન્તોદ્ભેદેષુ રોગેષુ ન બાલ્યમતિમન્ત્રયેત્। સ્વયમેવોપશામ્યન્તિ જાતદન્તસ્ય યે ગદાઃ ॥'-બાળકોને દાંત નીકળતી વેળા જે જે રોગો થાય છે, તેમને મટાડવા માટે ઔષધીય ઉપચારો કરી બાળકને વધુ હેરાન કરવું ન જોઈએ; કારણ કે દાંત નીકળતી વેળા થયેલા રોગો તો બધા દાંત આવી જાય ત્યારે આપોઆપ જ શાંત થઈ જાય છે.' છતાં દાંત આવતી વેળા થતા ઉપદ્રવો જો વધુ ગંભીર હોય તો તેને શાંત કરવા માટેના ઉપાયો અવશ્ય કરવા જોઈએ. વધુ કાળજી એ રાખવાની કે દાંત આવતી વેળા બાળકને ઝાડાની

કમજિયાત રહેવી ન જોઈએ, પણ વધુ ઝાડા થતા હોય તો સાદા ઉપાયો દ્વારા ઓછા કરવા પ્રયત્ન કરવો. લીંબુના ટુકડા પેઢાં પર ઘસવાથી દાંત એકદમ આવવા માંડે છે તેમ જ દાંત આવતા હોય ત્યારે બાળકોના ખોરાકમાં ઘટાડો કરવો જોઈએ અને ચૂસવા માટે મોઢામાં કોઈ કઠણ વસ્તુ આપવી જોઇએ, જેથી બાળકની હાડપચીનો પૂર્ણ વિકાસ થાય છે. ૮

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં દન્તજન્મિક નામનો ૨૦ મો અધ્યાય સમાપ્ત

ચૂડાકરણીય અધ્યાય ૨૧ મો

બાળકોની કાનની કિનાર વધારવાના બે ઉપાયો

.....

.....

रोहिणी स्वयङ्गुप्तामूलं द्वे हरिद्रे बृहतीफल-
रसैघृतार्धवत् पचेत्, पच्यमानेऽपामार्गं चावपेत्।
सिद्धेन कर्णपालीमहन्यहनि अक्षयेद्विमृद्नीयाच्च,
आशु वर्धते पीना समा च पाली भवति।
मधूच्छिष्टसर्जरसयववत्सकैरण्डान्यन्तर्धूमं दग्ध्वा
तेन भस्मना अक्षितां कर्णपालीं विमृद्नीयात्,
आशु वर्धते पीना समा च पाली भवतीति ॥१॥

.....

કડુ, કૌંચાંના મૂળ, હળદર, દારુહળદર અને ભોંરીંગણીનો રસ એકત્ર કરી તેમાં તેનાથી અર્ધું (ગાયનું) ઘી પકવવું. એને પકવતી વખતે અંદર અધેડાનું ચૂર્ણ નાખવું. પ્રવાહી બળી જતાં પકવ થયેલા ઘીને અગ્નિ પરથી નીચે ઉતારી ગાળી લઈ બાટલો ભરી લેવો. એમ તૈયાર થયેલા ઘીથી દરરોજ કાનની કિનારે માલિસ કરવાથી તે મોટી લાંબી, પુષ્ટ, એકસરખી સુંવાળી અને ચીકણી થાય છે. વળી (એ ઉપર દર્શાવેલ ઘીના માલિસથી સ્નિગ્ધ થયેલી) એ કર્ણપાલી પર મીણ, રાળ, જવ, ઇંદ્રજવ અને એરંડાના પાનને અન્તર્ધૂમ વિધિથી એટલે કે તેમનો ધુમાડો અંદર જ રહે પણ બહાર નીકળી ન જાય એ રીતે બાળી નાખી તૈયાર કરેલી ભસ્મ ચોપડીને ખૂબ મસળવું. તેથી પણ એ કર્ણપાલી વધે છે અને પુષ્ટ થઈ એકસરખી સુંવાળી અને ચીકણી થાય છે. ૧

વિવરણ : સુશ્રુતે પણ કર્ણપાલી વધારવા માટે સૂત્રસ્થાનના ૧૬ મા અધ્યાયમાં આમ જણાવ્યું છે : ૧. 'अथास्याप्रदुष्टस्याभिवर्धनार्थमभ्यङ्गः। तद् यथा– गोधा-प्रतुद-विष्किर-आनूप-औदक-वसा-मज्जानौ पयः सर्पिस्तैलं गौरसर्षपजं च यथालाभं संभृत्यार्कालर्कबलाति-बलानन्तापामार्गाश्वगन्धाविदारिगन्धाक्षीरशुक्लाजलशूक-मधुरवर्गपयस्याप्रतिवापं तैलं वा पाचयित्वा स्वनुगुप्तं निदध्यात्। स्वेदितोन्मर्दितं कर्णं स्नेहेनैतेन योजयेत्। अथानुपद्रवः सम्यग् बलवांश्च विवर्धते '–હવે જે કાન કોઈ પણ દોષથી દુષ્ટ થયેલ ન હોય તેને વધારવા માટે આ માલિસનો પ્રયોગ અહીં કહેવાય છે; જેમ કે ચંદન ઘો, તેતર અને કૂકડાં વગેરે વિષ્કિર પક્ષીઓ (જેઓ જમીન ખોતરીને તેમાંથી પોતાનો ખોરાક શોધી ખાય છે તે); કાબર અને કબૂતર વગેરે પ્રતુદ પક્ષીઓ (જેઓ પોતાના ખોરાકને ચાંચથી ફોલી ખાય છે તે); સુવર અને પાડા વગેરે આનૂપ પશુઓ (જેઓ પાણીના કિનારે કિનારે ચરી ખાય છે તે); અને (રોહિત વગેરે) જલચર જીવોની ચરબી તથા મજ્જા અને ઘી તથા સરસવનું તેલ–એ ચાર સ્નેહોમાંથી જેટલા મળે તેટલાને એકત્ર કરી તેમને, તેથી ચારગણા દૂધમાં પકવીને બાટલી ભરી રાખવી, અથવા એકલા સરસિયા તેલમાં આકડો, ધોળો આકડો, બલા–બલદાણા, અતિબલા નામની ખપાટ, ધોળી ઉપલસરી, અધેડો, આસંધ, વિદારીકંદ, દૂધ જેવો સફેદ અથવા દૂધ કે છીરથી યુક્ત ફગવેલાનો કંદ, 'જલશૂક' નામનો પાણીમાં થતો કીડો કે શેવાળ અને મધુર વર્ગની ઔષધીઓનો કલ્ક નાખી એ તેલ પકવવું. પછી એ તેલને મોટા બાટલામાં ભરી લઈ તે બાટલાનું મોઢું બંધ કરી બરાબર સુરક્ષિત રાખી મૂકવું. પછી બાળકના કાનને બાફ દઈ મસળીને ઉપર્યુક્ત સ્નેહથી કે તેલથી એ કાન પર માલિસ કરવું; જેથી કોઈ પણ ઉપદ્રવ વિના કાન ખૂબ વધે છે અને બરાબર

બળવાન થાય છે. વળી ત્યાં જ સુશ્રુતમાં આ બીજો યોગ પણ આમ કહ્યો છે : ૨. યવાશ્વગન્ધાયષ્ટ્યાહ્વૈ-સ્તિલૈશ્ચોદ્વર્તનં હિતમ્ '–જવ, આસંધ, જેઠીમધ અને તલ–એટલાનો કલ્ક બનાવી તેને કાન પર ચોળવાથી કાન તેમ જ–૩. શતાવર્યશ્વગન્ધાભ્યાં પયસ્યેરણ્ડ-જીવનૈઃ । તૈલં વિપક્વં સક્ષીરમભ્યઙ્ગાત્ પાલિર્વર્ધનમ્ ' ॥–શતાવરી, આસંધ પયસ્યા–ક્ષીરવિદારી વધે છે. ખરણેર, એરંડો અને કાકોલી આદિ જીવનીય-ગણની ઔષધીઓ સમાન ભાગે લઈ તેમનો કલ્ક બનાવી તેનાથી ચારગણું તેલ અને એ તેલથી ચાર ગણું દૂધ એકત્ર કરી પકવેલા એ તેલની માલિસ કરવાથી કાનની કિનારી વધે છે' આ બધા ઉપાયો કર્યા છતાં કાન જો ન વધે તો તે માટેનો ઉપાય પણ સુશ્રુતે આમ કહ્યો છે કે, ૪. 'યે તુ કર્ણા ન વર્ધન્તે વિધિનાઽનેન યોજિતાઃ । તેષામપાઙ્ગ-દેશેષુ કુર્યાત્ પ્રચ્છાનમેવ તુ ॥ બાહ્યચ્છેદં ન કુર્વીત વ્યાપદ્યેત તતો ધ્રુવાઃ ॥–' ઉપર બતાવેલી વિધિ કર્યા છતાં જો કાન ન વધે તો એ કાનના અપાંગ પ્રદેશ–પૂતળીના નીચેના ભાગ પર શસ્ત્ર વડે છેદ કરવો; પણ એ ધ્યાનમાં રાખવું કે પૂતળીથી બહારના ભાગમાં છેદ કરવો નહિ; કેમ કે તેથી તો ઊલટા કાનના રોગોરૂપ બીજા ઉપદ્રવો થાય છે.' ૧

અજાણ્યાએ કાન ન વીંધવા

नाभिषग्राजपुत्राणामन्येषां वा महात्मनाम् ।
कर्णान् विध्येत् सुखप्रेप्सुरिह लोके परत्र च ॥
आमच्छेदेऽत्ययो ह्यत्र कुवेधाद्वोपजायते ।
अभिषक् तत्र मन्दात्मा किं करिष्यत्यशास्त्रवित् ॥

કાન વીંધવાનું ન જાણનાર વૈદ્ય આ લોકમાં તથા પરલોકમાં જો સુખ ઇચ્છતો હોય તો તેણે કોઈ રાજપુત્રોના કે બીજા કોઈ મોટા લોકોના બાળકોના કાન વીંધવા નહિ; કેમ કે તેવા અજાણ માણસથી બરાબર કાન ન વીંધાતાં અયોગ્ય રીતે કાન જો વીંધાઈ જાય, અને તેથી જો ઉપદ્રવ થાય તો એ કાનને વીંધી નહિ જાણનારો તે મૂર્ખ કુવૈદ્ય શાસ્ત્ર જાણતો ન હોઈને શું કરી શકશે–અર્થાત્ તે કયા શાસ્ત્રીય ઉપચારો કરી શકશે ?

અનુભવીએ જ બાળકના કાન વીંધવા

कदा वेध्यं कथं वेध्यं कुत्र वेध्यं कथं व्यधः ।
हितोऽहितोऽत्ययः कश्च तत्राज्ञः किं प्रपत्स्यते ॥
तस्माद्भिषक् सुकुशलः कर्णे विध्येद्विचक्षणः ।
शिशोर्हर्षप्रमत्तस्य धर्मकामार्थसिद्धये ॥
इति ह स्माह भगवान् कश्यपः । २

કાન કયારે વીંધવા ? કેવી રીતે વીંધવા ? કયા પ્રદેશમાં વીંધવા ? અને વેધ કયા પ્રકારે કરવો ? કયો વેધ હિતકારી થાય ? અને અયોગ્ય રીતે કાન વીંધાઈ જાય તો કયો ઉપદ્રવ થાય ? એ વિષે જે કંઈ જાણતો ન હોય તેવો વૈદ્ય તે વિષયમાં શું કરી શકવાનો છે ? માટે કુશળ અને વિદ્વાન વૈદ્યે ધર્મ, કામ તથા અર્થની સિદ્ધિ માટે હર્ષથી અતિશય મત્ત એવા બાળકના કાન વીંધવા જોઈએ, એમ ભગવાન કશ્યપે કહ્યું હતું. ૨

વિવરણ : આપણા આ ભારત દેશના બધાયે પ્રદેશોમાં જન્મ પછી દરેક બાળકના કાન વીંધવાનો રીવાજ છે. એમાં લગભગ આ કારણ જાણવા મળે છે કે કાન વીંધવાથી ઘણા રોગો થતા નથી; એવી પ્રાચીન ઋષિઓની માન્યતા છે. આપણા ચિકિત્સા-ગ્રંથોમાં તથા ધર્મશાસ્ત્રોમાં અનેક સ્થળે આ સંબંધે ઉલ્લેખ કરેલો મળે છે. સુશ્રુતમાં કાન વીંધવાની વિધિ ઘણા જ વિસ્તારથી લખી છે અને તેમાં સાથે સાથે તેનું પ્રયોજન, ઉપદ્રવો તથા ચિકિત્સા આદિનું પણ વર્ણન મળે છે. જેમ કે સુશ્રુતના ચિકિત્સાસ્થાનના ૧૬મા અધ્યાયમાં આ સંબંધે કહ્યું છે કે– ' રક્ષાભૂષણનિમિત્તં બાલસ્ય કર્ણૌ વિધ્યેતે । તૌ ષષ્ઠે માસિ સપ્તમે વા શુક્લપક્ષે પ્રશસ્તેષુ તિથિકરણમુહૂર્તનક્ષત્રેષુ કૃતમઙ્ગલસ્વસ્તિવાચનં ધાત્ર્યઙ્કે કુમારધરાઙ્કે વા કુમારમુપવેશ્ય બાલક્રીડનકૈઃ પ્રલોભ્યા-ભિસાન્ત્વયન્ ભિષગ્ વામહસ્તેનાકૃષ્ય કર્ણં દૈવકૃતે છિદ્રે આદિત્યકરાવભાસિતે શનૈઃ શનૈર્દક્ષિણહસ્તેનજુૅ વિધ્યેત્, પ્રતનુકં સૂચ્યા, બહલમારયા, પૂર્વં દક્ષિણં કુમારસ્ય, વામં કુમાર્યાઃ, તતઃ પિચુવર્તિં પ્રવેશયેત્ ॥'–બાળકની રક્ષા માટે તેમ જ બાળકને કાનમાં આભૂ-ષણો પહેરાવવા માટે બાળકના કાન વીંધવામાં આવે છે. એ ભેય કાનને છઠ્ઠા કે સાતમા મહિનામાં સુદમાં

સારી તિથિ, કરણ, મુહૂર્ત અને નક્ષત્ર હોય તે વેળા જેનાં મંગલ અને સ્વસ્તિવાચન કર્યાં હોય એવા બાળકને ધાવમાતાના ખોળ માં અથવા કુમારનું ધારણ પોષણ કરનાર કોઈ બીજાના ખોળામાં બેસાડીને તે બાળકને રમવાનાં રમકડાંઓથી લલચાવી, ખૂબ સાંત્વન આપતાં વૈદ્યે એ બાળકના કાનને પોતાના ડાબા હાથથી ખેંચવો અને પછી તે કાનની બૂટીમાં દૈવે જ જે છિદ્ર કરી રાખ્યું છે, તેને સૂર્યના પ્રકાશથી બરાબર જોઈ તપાસીને તે જ છિદ્રમાં ધીમે ધીમે વૈદ્યે પોતાના જમણા હાથથી સોય પકડીને તેની તીક્ષ્ણ અણીથી બહુ બારીક વેધ કરવો. તેમાં છોકરાનો પ્રથમ જમણો કાન વીંધવો અને છોકરીનો પ્રથમ ડાબો કાન વીંધવો. એમ કાન વીંધ્યા પછી તે બરાબર વીંધાયેલ હોય તો તેમાં કાચા તેલથી ભીંજવેલી પૂમડાની વાટ નાખીને તેનાથી ચારે બાજુ સિંચન કરવું.' આ ઉપરથી જણાય છે કે બાળકોના કાન વીંધવાથી તેમનું બાલગ્રહોથી રક્ષણ થાય છે અને તેમને કાનમાં આભૂષણો પહેરવાની પણ સગવડ થાય છે. આ સંબંધે પણ કહેવાયું છે કે 'कर्णव्यधे कृते बालो न ग्रहैरभिभूयते ! भूष्यते तु सुखं यस्मात् कार्यस्तत् कर्णयोर्व्यधः ॥'–કાન વીંધવાથી બાળકને ગ્રહો પીડા ઉપજાવી શકતા નથી અને તે કાનમાં આભૂષણો ધારણ કરી શકાય તેથી તેનું મોહું પણ સુશોભિત થાય છે. એ કારણે બાળકના બન્ને કાન વીંધવા જોઈએ.' વળી આમ કર્ણવેધનક્રિયા બાળકને છઠ્ઠે કે સાતમે મહિને કરાય છે, એમ સુશ્રુતે જે કહ્યું છે, તેની ઉપર ટીકાકાર ડલ્હણ પોતાનો આવો અભિપ્રાય દર્શાવે છે કે, 'કાન વીંધતી વેળા છઠ્ઠો કે સાતમો મહિનો લેવાનો કહેલ છે. તે જન્મથી છઠ્ઠો કે સાતમો મહિનો સમજવો ન જોઈએ. પણ ચૈત્રી વર્ષનો છઠ્ઠો મહિનો માધ માસ અને સાતમો ફાગણ માસ સમજવો જોઈએ; કેમ કે એ બે મહિના લગભગ શિશિર ઋતુ હોવાથી એ ઋતુમાં કાન વીંધ્યા હોય તો તે પાકવાનો ભય ઓછો રહે છે અને તેનો વણ પણ ઝટ રૂઝાઈ જાય છે. આ અભિપ્રાયથી જ ધર્મશાસ્ત્રોમાં કર્ણવેધન ક્રિયાને જન્મથી માંડી છઠ્ઠા કે સાતમા મહિને કરવા કહેલ નથી, પણ જન્મ પછી ત્રીજા કે પાંચમા વર્ષે કરવા કહેલું છે. જેમ કે કાત્યાયને ગૃહ્યસૂત્રના ૧–૨ માં કહ્યું છે કે 'कर्णवेधो वर्षे तृतीये पञ्चमे वा'–કાન વીંધવાની ક્રિયા જન્મથી માંડી ત્રીજા કે પાંચમા વર્ષે કરવી જોઈએ.' વળી આ કર્ણવેધન કાનની બુટ્ટીમાં જે છિદ્ર જેવું નિશાન દૈવે કરેલ હોય છે, તેમાં જ કરવું જોઈએ, એમ કહીને અહીં આ સૂચન કર્યું છે કે કાનની એ બુટ્ટીમાં કોઈ શિરા કે ધમની નાડી હોતી નથી, તેમ જ કોઈ તરુણ અસ્થિ–હાડકું હોતું નથી. તેથી કર્ણવેધન માટે દૈવે જ ત્યાં બારીક છિદ્ર જેવું નિશાન પ્રથમથી જ કરી રાખેલ હોય છે. કાન વીંધ્યા પછી એ છિદ્રમાં તેલમાં ભીંજવેલો પાતળો દોરો નાખી દેવામાં આવે છે. તેથી એ છિદ્ર ફરી પૂરાઈ જતું નથી. કાન વીંધ્યા પછી તેમાં જો ભૂલ થઈ હોય તો કેટલાક ઉપદ્રવો પણ થાય છે; જેમ કે ધમની નાડી જો વીંધાઈ ગઈ હોય તો રક્તસ્રાવરૂપ ઉપદ્રવ થાય છે. નાડીવેધ જો થઈ જાય તો વેદના થાય છે અને વણમાં સફાઈ વગેરે કાળજી જો ન રહે તો જ્વર વગેરે ઉપદ્રવ પણ થાય છે.

આ અધ્યાય નામ 'ચૂડાકરણીય' એવું રાખ્યું છે. તે ઉપરથી આમાં શરૂઆતનું ચૂડાકર્મ પ્રકરણ અવશ્ય હોવું જોઈએ, પણ તે ખંડિત થયેલું જણાય છે. ચૂડાકર્મ એ બાળકના સોળ સંસ્કારો પૈકી આઠમો વૈદિક સંસ્કાર છે. તેમાં બાળકના જે જન્મસિદ્ધ માથાના વાળ હોય તેનું મુંડન કરવામાં આવે છે; આ સંસ્કાર જન્મથી ત્રીજે વર્ષે કરાય છે; જેમ કે આશ્વલાયન ગૃહ્યસૂત્રના ૧–૧૭–૧ માં આ વચન મળે છે કે 'तृतीये वर्षे चौलम्'–જન્મથી ત્રીજા વર્ષે બાળકના ચૌલ સંસ્કાર અથવા ચૂડાકરણ કર્મ કરાય છે; છતાં પારસ્કરના ગૃહ્યસૂત્રમાં આ વચન મળે છે કે 'सांवत्सरिकस्य चूडाकरणम्'–બાળક એક વર્ષનું થાય ત્યારે તેનો ચૂડાકરણ સંસ્કાર (બાળમોવાળા ઉતરાવવા રૂપે) કરાય છે.

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં ચૂડાકરણીય નામનો
૨૧ મો અધ્યાય સમાપ્ત

સ્નેહાધ્યાય અધ્યાય ૨૨ મો

अथातः स्नेहाध्यायं व्याख्यास्यामः ॥ १॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २॥

હવે અહીંથી સ્નેહાધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું, એમ ભગવાન (કશ્યપે પોતાના શિષ્ય વૃદ્ધજીવક પ્રત્યે) કહ્યું હતું. ૧,૨

સ્નેહનાં બે ઉત્પત્તિસ્થાનો

स्नेहो द्वियोनिरुक्तश्चतुर्विकल्पश्चराचरसमुत्थः ।
सर्पिर्मज्जवसाख्यं खगमृगजलजप्रभवमाहुः ॥ ३॥
तैलानि चोद्भिदेभ्यस्तिलचूतसर्षपबिभीतबिल्वेभ्यः ।
एरण्डातसिशिग्रुमधूकमूलककरञ्जेभ्यः ॥ ४॥

સ્નેહનાં ઉત્પત્તિસ્થાનો સ્થાવર અને જંગમ એમ બે પ્રકારનાં છે. તેના ભેદો ચાર પ્રકારના કહ્યા છે. ઘી, મજ્જા અને વસા નામના ત્રણ સ્નેહો પક્ષી, પશુઓ અને જલચર પ્રાણીઓમાંથી ઉત્પન્ન થાય છે, એમ વિદ્વાનો કહે છે અને તેલરૂપી ચોથો સ્નેહ જમીન ફોડીને બહાર નીકળતાં ઉદ્ભિદોમાંથી અને તલ, આંબા, સરસવ બહેડાં, બિલ્વફળ, એરંડા, અળસી, સરગવો, મહુડો, મૂળા અને કરંજમાંથી મળે છે. ૩-૪

વિવરણ: ચરકે સૂત્રસ્થાનના ૧૩ મા અધ્યાયમાં આ સ્નેહો સંબંધે આમ કહ્યું છે: 'स्नेहानां द्विविधा सौम्य! योनिः स्थावरजंगमा- સ્નેહોની યોનિ એટલે ઉત્પત્તિસ્થાન બે પ્રકારનાં કહ્યાં છે; એક સ્થાવર અને બીજું જંગમ. તેજ બાબતે ત્યાં વળી આમ કહેલ છે કે- 'तिलः पियालाभिषुकौ बिभीतक-श्चित्राभवैरण्डमधूक-सर्षपाः । कुसुम्भबिल्वारुकमूलकातसीनिकोचकाक्षोडक-रक्तशिग्रुकाः ॥ स्नेहाश्च याः स्थावरसंज्ञितास्तथा, स्युर्जङ्गमा मत्स्यमृगा सपक्षिकाः । तेषां दधिक्षीरघृतामिषं वसा, स्नेहेषु मज्जा च तथोपदिश्यते ॥-તલ, ચારોળી, 'अभिषुक' નામનું ઉત્તરાપથપ્રદેશપ્રસિદ્ધ દ્રવ્ય, બહેડાં, 'ચિત્રા' નામે ગોરખકાકડીનું બીજ અથવા મોટી કાકડી કે રાતો એરંડો, હરડે, એરંડો, મહુડાં, સરસવ, કસુંબો, બીલાં, આરુક- આલુ કે લિલામાનાં ફૂલ, મૂળાનાં બી, અળસી, પિસ્તાં, અખરોડ કરંજ અને સરગવો-એટલાં 'સ્થાવર' જાતિના સ્નેહનાં સ્થાનો છે; તેમજ માછલાં, પશુઓ તથા પક્ષીઓ-એટલાં જંગમ પ્રાણીઓ ૩૫ સ્નેહાશ્રયો છે. આ જંગમ પ્રાણીઓનાં સ્નેહોમાં દહીં, દૂધ, ઘી, માંસ, વસા-ચરબી તથા મજ્જાનો ઉપદેશ કરાય છે. '૩,૪

ઉપર્યુક્ત સ્નેહોમાં શ્રેષ્ઠતા કોની કોની?

घृततैलवसामज्जां पूर्वः पूर्वो वरोऽन्ये (न्ये)भ्यः ।
मुख्यं घृतेषु गव्यं संस्कारात् सर्वसात्म्याच्च ॥ ५॥

ઘી, તેલ, વસા અને મજ્જા, એ ચાર પ્રકારના સ્નેહોમાં છેલ્લાં છેલ્લાં કરતાં પહેલો પહેલો શ્રેષ્ઠ ગણાય છે એટલે કે છેલ્લી મજ્જા કરતાં વસા ઉત્તમ છે, વસા કરતાં તેલ ઉત્તમ છે અને તેલ કરતાં ઘી ઉત્તમ ગણાય છે. બધી જાતના ઘીમાં પણ ગાયનું ઘી મુખ્ય અથવા ઉત્તમ છે; કેમ કે તે ગાયનું ઘી સંસ્કારથી અને દરેકને માફક આવતું હોવાથી શ્રેષ્ઠ ગણાય છે. ૫

વિવરણ: ગાયનું ઘી સંસ્કારથી ઉત્તમ છે એમ કહેવામાં આ અભિપ્રાય છે કે ગાયનું ઘી બીજાં દ્રવ્યો સાથે એકત્ર થાય છે ત્યારે પોતાના ગુણોનો ત્યાગ કરતું નથી અને બીજાં દ્રવ્યોના ગુણોને ગ્રહણ પણ કરે છે; જ્યારે તે સિવાયના બીજા સ્નેહોમાં એ ગુણ હોતો નથી. બીજા સ્નેહો તો પોતાની સાથે બીજાં દ્રવ્યો એકત્ર થાય છે, ત્યારે પોતાનો ગુણ છોડી દે છે. આ જ કારણે ચરકમાં બીજા સ્નેહો કરતાં ઘીને શ્રેષ્ઠ કહ્યું છે; જેમકે ચરકે ત્યાં સૂત્રસ્થાનના ૧૩મા અધ્યાયમાં જ આમ કહેલું છે કે 'सर्पिस्तैलवसामज्जा । सर्वस्नेहो-त्तमा मताः । एभ्यश्चैवोत्तमं सर्पिः संस्कारस्यानुवर्तनात् ॥' ઘી, તેલ, વસા અને મજ્જા-એ ચાર સ્નેહો બધાયે સ્નેહોમાં ઉત્તમ મનાય છે. એ ચારેમાં પણ બીજા કરતાં ઘી ઉત્તમ મનાયું છે; કેમકે તે ઘી, પોતાની સાથે મળેલાં બીજાં દ્રવ્યોના સંસ્કાર કે ગુણને અનુસરે છે અને પોતાના ગુણોનો ત્યાગ પણ કરતું નથી. આ સિવાય બીજા સંગ્રહગ્રન્થમાં પણ ઘીનું સર્વોત્તમપણું આમ કહ્યું છે કે 'माधुर्यादविदाहित्वाज्जन्माद्येव च शीलनात्'—ઘીમાં

બીજા કરતાં વધુ મધુરપણું છે. તે ઉપરાંત વધુ પ્રમાણમાં તે દાહક નથી–પણ શાન્તિદાયક છે અને જન્મથી માંડીને જ તે ઘીનું સેવન ચાલુ કરવામાં આવે છે.' ઉપરાંત હરકોઈ વ્યક્તિને તે માફક આવે છે. ૫

ઘીના સામાન્ય ગુણો

विनिहन्ति पित्तमनिलं पीतं सर्पिः कफं न च चिनोति। जनयति बलाग्निमेधाः शोधयति शुक्रं च योनिं च ॥६॥

પીધેલું ઘી પિત્તનો તથા વાયુનો નાશ કરે છે અને કફનો સંગ્રહ કરતું નથી; તેમ જ સતત સેવાતું ઘી બળને, જઠરના અગ્નિને તથા મેધાને વધારે છે, અને પુરુષના વીર્યને તથા સ્ત્રીની યોનિને શુદ્ધ કરે છે.

વિવરણ : ચરકે પણ નિદાનસ્થાનના પહેલા અધ્યાયમાં ઘીના સામાન્ય ગુણો આમ કહ્યા છે કે 'स्नेहात् वातं शमयति शैत्यात् पित्तं नियच्छति। घृतं तुल्यगुणं दोषं संस्कारात्तु जयेत् कफम् ॥' ઘીમાં સ્નેહ–ચીકાશ વધુ છે, તેથી વાયુને શમાવે છે અને શીતળતાના કારણે પિત્તને પણ શાંત કરે છે. વળી ઘીમાં તથા કફમાં એકસરખો ગુણ છે, છતાં સંસ્કારયુક્ત થવાથી કફદોષને પણ તે કાબૂમાં લે છે. તેમ જ સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૪૫મા અધ્યાયમાં ઘીના વિશેષ ગુણો આ પ્રમાણે વર્ણવ્યા છે : 'घृतं तु मधुरं सौम्यं मृदु शीतवीर्यम् अल्पाऽभिष्यन्दि स्नेहन-उदावर्त-उन्माद-अपस्मार-शूल- ज्वर-आनाह—वात-पित्त-प्रशमनम् अग्निदीपनं स्मृति-मतिमेधा-कान्ति-स्वर-लावण्य-सौकुमार्य-ओजस्-तेजो-बलकरम् आयुष्यं वृष्यं मेध्यं वयःस्थापनं गुरु चक्षुष्यं श्लेष्माभिवर्धनं पाप्म-अलक्ष्मी-प्रशमनं विषहरं रक्षोघ्नं च ॥'–ઘી મધુર, સૌમ્ય, સુંવાળું, શીતળ વીર્યવાળું, થોડું અભિષ્યંદી એટલે ચીકાશ અને ભારેપણાથી રસવાહી શિરાઓને રૂંધી દઈને શરીરમાં ભારેપણું કરનાર, શરીરમાં ચીકાશ વધારનાર તેમ જ ઉદાવર્તને, ઉન્માદને, અપસ્માર–વાઈને, શૂળને, જીર્ણજ્વરને, આનાહ–મલબંધ અથવા કબજિયાતને, વાયુને તથા પિત્તને અત્યંત મટાડનાર અને જઠરના અગ્નિને પ્રદીપ્ત કરનાર તેમ જ સ્મરણશક્તિને, બુદ્ધિને, ધારણાશક્તિને, કાંતિને, સ્વરને, લાવણ્યને વધારનાર તેમ જ શરીરની કોમળતા, ઓજસ, તેજ તથા બળને કરનાર, આયુષ્યને વધારનાર, વીર્ય વધારનાર, મેધાને હિતકારી, ઉંમરને સ્થિર રાખનાર, પચવામાં ભારે, ચક્ષુને હિતકારી, કફને વધારનાર અને પાપ તથા અલક્ષ્મીને અત્યંત શમાવનાર, વિષને દૂર કરનાર તથા રાક્ષસોનો નાશ કરનાર છે. ૬

તેલના સામાન્ય ગુણો

उष्णं कफानिलघ्नं स्वरवर्णकरं तनुस्थिरीकरणम्। भग्नच्युतसन्धानं धातुव्रणशोधनं तैलम् ॥७॥

તલનું તેલ ઉષ્ણ હોઈ કફનો તથા વાયુનો નાશ કરનાર, સ્વર તથા શરીરના વર્ણને કરનાર, શરીરને સ્થિર કરનાર, ભાંગેલાંને તથા સાંધા ખસી ગયા હોય તેને સાંધનાર અને ધાતુઓને તથા વર્ણને શુદ્ધ કરી સાફ કરનાર છે. ૭

વિવરણ : ચરકે સૂત્રસ્થાનના ૧૩ મા સ્નેહાધ્યાયમાં તેલના ગુણો આમ લખ્યા છે : 'मारुतघ्नं न च श्लेष्मवर्धनं बलवर्धनम्। त्वच्यमुष्णं स्थिरकरं तैलं योनिविशोधनम् ॥'–તલનું તેલ વાયુનો નાશ કરે છે, કફને વધારતું નથી, પણ બળને વધારે છે, ચામડીને હિતકારી, ઉષ્ણ–ગરમ, શરીરને સ્થિર કરનાર તથા યોનિને વિશેષ શુદ્ધ કરનાર છે.' વળી સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૪૫ મા અધ્યાયમાં તલના તેલના ગુણો જે કહ્યા છે, તે ત્યાં જોઈ લેવા. ૭

મજ્જાના તથા વસાના સામાન્ય ગુણો

मज्जावसे विशेषाद्वातघ्ने वृष्यसंमते चैव। बलिनां तत्सात्म्यानां प्रजाबलायुः स्थिरीकरणे॥८॥

મજ્જા તથા વસા વિશેષ કરી વાયુનો નાશ કરનાર અને વૃષ્ય હોઈ વીર્યવર્ધક તરીકે જ મનાયેલી છે; જેઓ બળવાન હોય અને તે મજ્જા તથા વસા જેઓને સાત્મ્ય હોય તેવા લોકોને એ વસા તથા મજ્જા પ્રજાની, બળની તથા આયુષ્યની સ્થિરતા માટે હિતકારી થાય છે. ૮

વિવરણ : ચરકે સૂત્રસ્થાનના ૧૩ મા અધ્યાય-

માં આ મજ્જા તથા વસાના આવા ગુણો લખ્યા છે : 'विद्धभग्नाहतभ्रष्टयोनिकर्णशिरोरुजि । पौरुषोपचये स्नेहे व्यायामे चेष्यते वसा । बलशुक्रकरस्लेष्म मेदोमज्जविवर्धनः । मज्जा विशेषतोऽस्थ्नां च बलकृत् स्नेहने हितः ॥' શરીરનો કોઈ ભાગ વીંધાયો હોય, ભાંગ્યો હોય, ઘવાયો હોય કે કંઈ વાગ્યું હોય, યોનિ પોતાના સ્થાનેથી ખસી ગઈ હોય, કાનનો કે મસ્તકનો રોગ થયો હોય; પુરુષપણું વધારવું હોય, શરીરમાં સ્નેહન કરવું હોય ત્યારે અને કસરત કર્યા પછી વસાનું સેવન ઇચ્છવામાં આવે છે. પરંતુ મજ્જા નામનો સ્નેહ પદાર્થ (જે હાડકાની અંદર રહેતી ચરબી કહેવાય છે તે) માણસના બળને, વીર્યને, રસને, કફને, મેદને તથા મજ્જાને વિશેષ વધારે છે; તેમ જ હાડકાંને વધુ પ્રમાણમાં બળવાન બનાવે છે અને સ્નેહન માટે ખાસ હિતકારી છે. એકંદર વસાનું તથા મજ્જાનું સેવન મુખ્યત્વે બળની તથા વીર્યની વૃદ્ધિ કરે છે. ૮

तलनुं तेल अने घीनो नित्यप्रयोग जरूरी छे

नित्यानित्यात्मविधौ तिलतैलघृते बुधः प्रयुञ्जीत । एरण्डशङ्खिनीभ्यां स्नंसनमन्यद्रसायनं नास्ति ॥९॥

સમજુ માણસે પોતાની નિત્યની કે અનિત્યની ક્રિયામાં તલના તેલનો તથા ઘીનો પ્રયોગ વધુ કરવો જોઈએ; અને એરંડાના તથા શંખાવળીના તેલથી બીજું કોઈ વિરેચન રસાયન નથી. ૯

વિવરણ : અર્થાત્ દૈનિક પ્રયોગમાં ઘીનો તથા તલના તેલનો પ્રયોગ હિતકારી થાય છે, પણ વિરેચનના કામમાં તો એરંડ તેલનો તથા શંખાવળીના તેલનો જ પ્રયોગ કરવો જોઈએ. ૯

ऋतुपरत्वे स्नेहप्रयोग

मज्जावसे वसन्ते, प्रावृषि तैलं, पिबेच्छरदि सर्पिः । सर्पिर्वा सर्वेषां सर्वस्मिञ्छस्यते पातुम् ॥१०॥

વસંતઋતુમાં મજ્જા અને વસા; પ્રાવૃષ્-ચોમાસામાં તલનું તેલ અને શરદઋતુમાં ઘી પીવું જોઈએ; અથવા હરકોઈ ઋતુમાં દરેક માણસે ઘી પીવું તે ઉત્તમ ગણાય છે. ૧૦

વિવરણ : અહીં વસંત, પ્રાવૃષ્ તથા શરદ-ઋતુને સાધારણ કાળ ગણ્યો છે; કેમકે તે ત્રણ ઋતુમાં ઠંડી અને ગરમી સામાન્ય હોઈ ને તે ત્રણે ઋતુને સમશીતોષ્ણ કહી છે. એ કારણે એ ત્રણ ઋતુઓ શોધનની દૃષ્ટિએ યોગ્ય કહેવાય છે. વળી પ્રથમ સ્નેહન કર્યા પછી સ્વેદન કરીને પંચકર્મ-દ્વારા શોધન કરાય તે યોગ્ય છે. આ સંબંધે અષ્ટાંગસંગ્રહના સૂત્રસ્થાનના ૨૫મા અધ્યાયમાં આમ કહેવામાં આવ્યું છે : 'तैलं प्रावृषि वर्षान्ते सर्पिरन्यौ तु माधवे । सर्वं सर्वस्य च स्नेहं युञ्जयात् भास्वति निर्मले ॥ ऋतौ साधारणे'–અર્થાત્ પ્રાવૃષ્ અને વર્ષા ઋતુમાં માણસે તેલ પીવું; પરંતુ વૈશાખ મહિનામાં ઘી તથા બીજા સ્નેહ–વસા તથા મજ્જાનું સેવન હિતકારી થાય છે. જે કાળે સૂર્ય નિર્મળ હોય એટલે વાદળિયો કાળ ન હોય તેવા સાધારણ ઋતુકાળમાં હરકોઈ વ્યક્તિને ગમે તે સ્નેહનો પ્રયોગ કરાવી શકાય છે.' વસ્તુતઃ વધુ શીતકાળમાં અને વધુ ગરમીના સમયમાં સ્નેહ-પાનનો નિષેધ કરાયો છે, છતાં આત્યયિક અથવા ખાસ જરૂરી વ્યાધિમાં સ્નેહપાન હરકોઈ સમયે પણ અપવાદ તરીકે કરવા કહેલ છે. ૧૦

સ્નેહપાન પછીનાં અનુપાનો

अनुपानमुष्णमुदकं घृतस्य, तैलस्य यूषमिच्छन्ति । मज्जवसयोस्तु मण्डं, सर्वेषां कश्यपः पूर्वम् ॥११॥

ઘી પીધા પછી તેના અનુપાન તરીકે ગરમ પાણી પીવું. તલનું તેલ પીને તેની ઉપર અનુપાન તરીકે યૂષ–કઠોળનું ઓસા-મણ પીવું; મજ્જા અને વસા પીને તેની ઉપર અનુપાન તરીકે મંડ પીવો. એમ વૈદ્યો ઇચ્છે છે; અથવા ભગવાન કશ્યપ કહે છે કે કોઈ પણ સ્નેહનું પાન કરી તેની ઉપર અનુપાન તરીકે ગરમ પાણી જ પીવું જોઈએ. ૧૧

વિવરણ : ચરકે પણ સૂત્રસ્થાનના ૧૩મા અધ્યાયમાં સ્નેહનાં અનુપાનો આવા જ અભિપ્રાયથી આમ દર્શાવ્યાં છે : 'जलमुष्णं घृते पेयं यूषस्तैलेऽनुशस्यते । वसामज्ज्नोस्तु, मण्डः स्यात् सर्वेष्वूष्णमथाम्बु वा । ઘીરૂપી સ્નેહ પીધો હોય તો તેની પાછળ અનુપાન તરીકે ગરમ પાણી પીવું. તેલરૂપી સ્નેહ પીધો હોય તો તેની પાછળ અનુપાન તરીકે યૂષ પીવો તે વખણાય છે; અને વસા કે મજ્જારૂપ

સ્નેહ પીધો હોય તો તેની પાછળ અનુપાન તરીકે મંડ પીવો જોઈએ; અથવા દરેક સ્નેહપાનનું અનુપાન ગરમ પાણી જ યોગ્ય ગણાય છે.' આમાં દરકોઈ સ્નેહની પાછળ ગરમ પાણીના અનુપાન સંબંધે સુશ્રુત પણ સૂત્રસ્થાનના ૪૬મા અધ્યાયમાં આમ કહે છે: 'ઉષ્ણોદકાનુપાનન્તુ સ્નેહાનામથ શસ્યતે। ઋતે મલ્લાતકં સ્નેહા સ્નેહાત્તૌવરકાત્ તથા'– બિલામાંના તથા ચેરયાંના તેલ સિવાયનાં બીજાં દરકોઈ સ્નેહનું પાન કરી તેની ઉપર ગરમ જળનું અનુપાન પીવું તે ઉત્તમ ગણાય છે.' (બિલામાંનું તથા ચેરિયાનું તેલ અતિશય ગરમ હોય છે, તેની ઉપર ગરમ પાણીનું અનુપાન સેવાય નહિ પણ શીતલ જળ જ અનુપાન તરીકે યોગ્ય ગણાય છે.)૧૧

ગરમ પાણી પીવાથી થતા ફાયદા

शूलकफानिलतृष्णाहिक्कारोचकविबन्धगुल्मघ्नम्।
व्रणधातुमृदूकरणं दीपनमुष्णोदकमुशन्ति ॥ १२॥

ગરમ પાણી પીવાથી શૂલનો, કફનો, વાયુનો, તરશનો, હેડકીનો, અરોચકનો, વિબંધ–કબજિયાતનો તથા ગુલ્મરોગનો નાશ થાય છે; તેમ જ વ્રણને તથા ધાતુઓને ગરમ પાણી જ કોમળ બનાવે છે અને ગરમ પાણી જઠરના અગ્નિને પ્રદીપ્ત કરે છે, એમ વૈદ્યો કહે છે. ૧૨

ગરમ પાણીના અનુપાનની વિધિ

पादावशेषसिद्धं तद्दोषघ्नैः शृतं जलं मुख्यम्।
पेयं कवलग्राह्यं स्नेहं हि तथा विलाययति ॥ १३॥

તે તે દોષોનો નાશ કરનાર દ્રવ્યો નાખીને પાણી ઉકાળ્યું હોય અને તે એક ચતુર્થાંશ બાકી રહે તેમ પકવ્યું હોય તો તે પાણી અનુપાનરૂપે પીવામાં મુખ્ય ગણાય છે. એવા પ્રકારનું તે ગરમ પાણી કવલરૂપે ગ્રહણ કરી પીવું જોઈએ. એવા પ્રકારે પીધેલું એ ગરમ પાણી સેવેલા સ્નેહને ઓગાળી નાખે છે. ૧૩

વિવરણ: અહીં 'કવલ'રૂપે ગ્રહણ કરી પીવાય, એમ કહેવામાં આ અભિપ્રાય છે કે મોઢામાં ગ્રહણ કરેલું પાણી અંદર ચોપાસ ફરી શકે તે કોળિયા પ્રમાણનું પાણી 'કવલ' પ્રમાણ સમજી શકાય છે. આ સંબંધે કહેવાયું છે કે. 'સુખં સઞ્ચાર્યતે યા તુ માત્રા સા કવલગ્રહા। અસઞ્ચાર્યા તુ યા માત્રા ગણ્ડૂષઃ સ પ્રકીર્તિતઃ'–મોઢામાં ધારણ કરેલ જે ખાનપાનનું પ્રમાણ સુખપૂર્વક અનાયાસે મોઢામાં ચોપાસ ફેરવી શકાય તે માત્રા 'કવલ'રૂપે ગ્રહણ કરેલી ગણાય છે; પરંતુ જે ખાનપાનને મોઢામાં ધારણ કર્યા પછી ચોપાસ સુખેથી ફેરવી ન શકાય તે 'ગંડૂષ' પ્રમાણ ગણાય છે. ૧૩

ગરમ જળના અનુપાનનો નિષેધ

पयसि दधनि मधुमये तूक्ते नोष्णोदकं भवेत्पथ्यम्।
पित्ते रक्तस्रावे गर्भच्यवने च गर्भदाहे च ॥ १४॥

દૂધ પીધા પછી, દહીં ખાધા પછી, મધ સાથેનું ઔષધ કે કોઈ દ્રવ્ય લીધા પછી પિત્તનો પ્રકોપ થયો હોય ત્યારે, રક્તસ્રાવ થતો હોય ત્યારે, ગર્ભપાત થયેલ હોય અને ગર્ભમાં દાહ થતો હોય તે વેળા અનુપાન તરીકે ગરમ પાણી પીવાય નહિ. ૧૪

સ્નેહની પ્રવિચારણાઓ

ओदनविलेपिकाभ्यां रसमांसक्षीरदधियवागूभिः।
काम्बलिकसूपयूषैः पेयाशनभक्ष्यविकृतीभिः ॥१५॥
स्नेहप्रयोग इष्टः सोर्ध्वाधः कर्मभिः खला(ड)भ्यङ्गैः।
चक्षुर्वदनश्रोत्रैर्धारणयोगश्च सात्म्यज्ञैः ॥ १६॥

ભાત, વિલેપી, માંસરસ, માંસ, દૂધ, દહીં યવાગૂ, કાંબલિક, સૂપ–દાળ, યૂષ, પેયા, અશન–ખોરાક, ભક્ષ્યના વિકારો, વમન રૂપ ઊર્ધ્વકર્મ, વિરેચનરૂપ અધઃકર્મ, ખલ અથવા ખડ, અભ્યંગ–માલિસ, ચક્ષુ–નેત્રતર્પણ, મુખમાં ગંડૂષ ધારણ તથા શ્રોત્ર–કર્ણપૂરણ–એ વીસમાં સ્નેહ પ્રયોગ કરાય તે ઇષ્ટ છે, એમ સ્નેહના સાત્મ્યને જાણનારાઓએ કહ્યું છે. ૧૫,૧૬

વિવરણ: ચરકના ૧૩ મા સ્નેહાધ્યયમાં પણ સ્નેહની આ પ્રવિચારણાઓ આમ કહી છે: 'ઓદનશ્ચ વિલેપી ચ રસો માંસં પયો દધિ। યવાગૂઃ સૂપશાકૌ ચ યૂષઃ કામ્બલિકઃ ખડઃ ॥ શષ્કવસ્તિલપિષ્ટં ચ મદ્યં લેહાસ્તથૈવ ચ। ભક્ષ્યમભ્યઞ્જનં વસ્તિસ્તથા

चोत्तरवस्तयः । गण्डूषः कर्णतैलं च नस्यं कर्णाक्षितर्पणम्। चतुर्विंशतिरित्येताः स्नेहस्य प्रविचारणाः' ॥–ભાત, વિલેપી, માંસરસ, માંસ, દૂધ, દહીં, યવાગૂ-રાબ, દાળ, શાક, યૂષ, કાંપલિક યૂષ, ખડયૂષ, સાથવો, તલવટ, મદ્ય, લેહ, ભક્ષ્ય પદાર્થ, માલિસ, બસ્તિ, ઉત્તરબસ્તિ, ગંડૂષધારણ, કાનમાં નાખવાનું તેલ, નસ્યકર્મ, કાનનું તર્પણ તથા નેત્રનું તર્પણ–એ ચોવીસ સ્નેહની પ્રવિચારણા એટલે ઉપયોગના વિષયો છે. એટલે કે આટલામાં સ્નેહનો ઉપયોગ કરવો જરૂરી હોય છે. આમ ચરકે ૨૪ પ્રવિચારણા કહી છે. તેમાં યૂષ, કાંપલિક યૂષ તથા ખડયૂષ સંબંધે જાણવું જોઈએ, તે અહીં જણાવાય છે–'હરડેકાર્ષ કઠોળની દાળને તેનાથી અઢારગણા પાણીમાં પકવી અર્ધું પાણી બાકી રહે ત્યારે તે 'યૂષ' તૈયાર થયો કહેવાય છે; અને 'तक्रं कपित्थं चाङ्गेरी मरिचाजातिचित्रकैः । सुक्तः खडयूषोऽयं यूषः काम्बलिकोऽपरः । दध्यम्लल्वणस्नेहतिलमाषसमन्वितः।' છાશ, કોઠ-ફલ-ગર્ભ, ખારીલૂણી, મરી, જીરું અને ચિત્રકમૂલ ચૂર્ણ નાખી પકવેલું ઓસામણ 'ખડયૂષ' કહેવાય છે; પણ દહીં કે બીજી ખટાઈ, લવણ, સ્નેહ, તલ તથા અડદ નાખી પકવેલું ઓસામણ 'કાંપલિક યૂષ' કહેવાય છે.' આ સિવાય ખડયૂષ તથા કાંપલિક યૂષનું લક્ષણ આમ પણ મળે છે કે, 'पिशितेन रसस्तत्र यूषो धान्यैः खडः फलैः । मूलैश्च तिलकल्काम्लप्रायः काम्बलिकः स्मृतः ॥–માંસના રસા સાથે ધાન્ય નાખી પકવેલું ઓસામણ પણ 'ખડ' કહેવાય છે; અને ફલ તથા મૂળ સાથે તલનો કલ્ક અને ખટાઈ જેમાં લગભગ વધુ હોય તેવું પકવેલું ઓસામણ તે 'કાંપલિક' યૂષ કહેવાય છે. ૧૫,૧૬

કઈ પ્રકૃતિવાળાએ કયારે સ્નેહપાન કરવું ?

पित्तानिलप्रकृतयः स्नेहं रात्रौ पिबेयुरुष्णे च।
श्लेष्माधिको दिवोष्णे निर्मलसूर्ये लघुत्वे च॥ १७॥

પિત્ત પ્રકૃતિવાળા અને વાત પ્રકૃતિવાળા માણસોએ રાત્રે સ્નેહપાન કરવું. ઉષ્ણકાળમાં પણ તે બન્ને પ્રકૃતિવાળાએ રાત્રે જ સ્નેહપાન કરવું. પરંતુ કફની અધિકતાવાળા માણસે દિવસે તેમ જ ઉષ્ણકાળમાં અને જ્યારે સૂર્ય નિર્મળ હોય ત્યારે શરીર હલકું હોય તે વેળા સ્નેહપાન કરવું જોઈએ. ૧૭

વિવરણ : નીચેના શ્લોકમાં વાતપ્રકૃતિ કે પિત્તપ્રકૃતિવાળો માણસ વધુ ગરમીના સમયમાં જો સ્નેહપાન કરે તો અમુક રોગોનો ભોગ બને છે, એમ જે કહેવાશે તેના અપવાદ તરીકે અહીં આમ જણાવવા માગે છે કે જો આત્યયિક રોગ હોય, જેમાં સ્નેહપાન ખાસ જરૂરી હોય તો પિત્તપ્રકૃતિ અને વાતપ્રકૃતિવાળા માણસો પણ ભલે ઉષ્ણકાળ હોય તોયે રાત્રિના સમયે સ્નેહપાન કરી શકે છે. તે જ પ્રમાણે કફાધિક પ્રકૃતિવાળા માણસ માટે પણ વધુ શીતકાળમાં સ્નેહપાન કરવું ન જોઈએ, એમ નીચેના ૧૮મા શ્લોકમાં જે નિષેધ સૂચવ્યો છે, તેના જ અપવાદ તરીકે અહીં આમ જણાવવા માગે છે કે કફાધિક પ્રકૃતિવાળાને પણ આત્યયિક રોગના કારણે સ્નેહપાન કરવું જરૂરી જણાય તો દિવસે ગરમ હોય અને સૂર્ય નિર્મળ હોય તે વખતે શરીરમાં હલકાપણું હોય તો સ્નેહપાન કરવું. ચરકમાં પણ આવો જ અભિપ્રાય સૂત્રસ્થાનના ૧૩મા અધ્યાયના ૧૯મા શ્લોકમાં આમ કહેવાયો છે કે, 'वातपित्ताधिके रात्रावुष्णे चापि पिबेन्नरः । श्लेष्माधिके दिवा शीते पिबेच्चामलभास्करे ॥'–જે માણસ વાતાધિક પ્રકૃતિવાળો હોય તેમ જ પિત્તાધિક પ્રકૃતિવાળો હોય અથવા વાતપિત્ત મિશ્ર પ્રકૃતિવાળો હોય તેણે પણ અતિશય ઉષ્ણકાળમાં સ્નેહપાન કરવું ન જોઈએ. છતાં આત્યયિક રોગ હોય, જેમાં સ્નેહપાન કર્યા વિના છૂટકો જ ન હોય તો તેણે અતિશય ઉષ્ણકાળમાં પણ રાતે સ્નેહપાન કરવું; તે જ પ્રમાણે કફાધિક પ્રકૃતિવાળા માણસે અતિશય શીતકાળમાં સ્નેહપાન કરવું ન જોઈએ, એવો નિષેધ હોવા છતાં આત્યયિક રોગના કારણે તેને શીતકાળમાં પણ સ્નેહપાન કરાવવું જરૂરી જણાય તો અતિશય શીતકાળમાં પણ દિવસના જ સમયે ગરમી હોય અને સૂર્ય નિર્મળ હોય ત્યારે સ્નેહપાન કરવું.' અષ્ટાંગસંગ્રહકારે પણ આ સંબંધે આમ જણાવ્યું છે કે, 'सर्वं सर्वस्य च स्नेहं युञ्जाद् भास्वति निर्मले।

ऋतौ साधारणे, दोषसाम्येऽनिलघ्ने घृते। दिवा-निश्य-निले पित्ते संसर्गे पित्तवत्यपि। त्वरमाणे तु शीतेऽपि दिवा तैलं च योजयेत्॥ उष्णेऽपि रात्रौ सर्पिश्च दोषादीन् वीक्ष्य चान्यथा॥'–દરેક વ્યક્તિને હરકોઈ સ્નેહનો પ્રયોગ, સૂર્ય નિર્મળ હોય ત્યારે જ કરાવવો જોઈએ; અને તે પણ સાધારણ ઋતુકાળમાં એટલે અતિશય શીત ન હોય અને અતિશય ગરમી ન હોય તેવી ઋતુમાં જ ઉપર જણાવ્યા પ્રમાણે દરેકને હરકોઈ સ્નેહનું પાન કરાવી શકાય છે; પરંતુ દોષોની સમાનતા હોય કે વાયુ, પિત્ત મિશ્ર દોષો હોય અને કેવળ કફની જ અધિકતા હોય તો દિવસના સમયે સ્નેહપાન કરાવાય; પરંતુ વાયુની અધિકતા હોય તો જરૂર જણાતાં રાત્રે સ્નેહપાન કરાવવું. પિત્તાધિક હોય કે વાયુ–પિત્તનો સંસર્ગ હોય તોયે જરૂર જણાતાં રાત્રે જ સ્નેહપાન કરાવવું. પિત્તવાળો માણસ પણ સ્નેહપાન કરવા ઉતાવળ કરતો હોય તો શીતકાળે પણ તેને દિવસે તૈલરૂપ સ્નેહ પાઈ શકાય છે અને ઉષ્ણકાળે પણ રાત્રિના સમયે ઘીરૂપ સ્નેહ પાઈ શકાય છે. એમ દોષ આદિને જોઈ તપાસીને આત્યયિક રોગમાં સ્નેહપાન કરાવી શકાય છે; પણ તેથી ઊલટું હોય તો વાતાધિકને તથા પિત્તાધિકને કે વાતપિત્તમિશ્ર પ્રકૃતિવાળાને અતિશય ઉષ્ણકાળે સ્નેહપાન કરાવાય નહિ; અને કેવળ કફાધિક અથવા કફવાયુ મિશ્ર પ્રકૃતિવાળાને અતિશય શીતકાળમાં સ્નેહપાન કરાવવું નહિ. સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૧ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે 'शीतकाले दिवास्नेहमुष्णकाले पिबेन्निशि। वातपित्ताधिको रात्रौ वातश्लेष्माधिको दिवा॥'–શીતકાળમાં દિવસે અને ઉષ્ણકાળમાં રાત્રે સ્નેહપાન કરવું; પરંતુ વાતની અધિકતાવાળાએ, પિત્તની અધિકતાવાળાએ અને વાતપિત્તની મિશ્રતાવાળાએ (ખાસ જરૂર હોય તો બારેમાસ ઉનાળામાં પણ) રાત્રે સ્નેહપાન કરવું અને વાતાધિક, કફાધિક તથા વાતકફ-મિશ્ર પ્રકૃતિવાળાએ (ખાસ જરૂર પડે તો અતિ શીતકાળે પણ) દિવસના સમયે સ્નેહપાન કરવું.' ૧૭

અયોગ્યકાળે સ્નેહપાનથી થતા રોગો

तन्मूर्च्छोन्मादादीन् पूर्वो लभते विपर्ययेण पिबन्। वाक्काहरुचिपर्वण्युच्छ्वासं च समृच्छते शेषः॥१८॥

કેવળ પિત્તાધિક, વાતાધિક અને વાતપિત્તમિશ્ર પ્રકૃતિવાળો હોવા છતાં જે માણસ ઉપર જણાવેલ વિધિથી ઊલટી રીતે એટલે ઘણી ગરમીના સમયે પણ સ્નેહપાન કરે તો વધુ પડતી તરસના રોગને, મૂર્ચ્છાના રોગને તથા ઉન્માદ વગેરે રોગને પ્રાપ્ત કરે છે. તે જ પ્રમાણે કેવળ કફાધિક પ્રકૃતિવાળો કે વાતકફમિશ્ર પ્રકૃતિવાળો હોવા છતાં જે માણસ અતિશય શીતકાળમાં સ્નેહપાન કરે તો કબજિયાત, અરુચિ તથા સાંધાઓમાં શૂલની વેદનાને પામે છે. ૧૮

અચ્છસ્નેહપાનની ત્રણ માત્રાઓ

स्नेहाच्छपाने त्रिविधा तु मात्रा ह्रस्वाऽथ मध्या महती तृतीया ह्रस्वा दिनार्धेन, दिनेन मध्या, जीर्यत्यहोरात्रवशात् प्रधाना॥१९॥

અચ્છસ્નેહપાન એટલે કેવળ શુદ્ધ સ્નેહપાનની ત્રણ પ્રકારની માત્રા મનાયેલ છે. એક હ્રસ્વ માત્રા, બીજી મધ્યમ માત્રા અને ત્રીજી ઉત્તમ માત્રા અપાય છે. તેમાંની જે માત્રા અર્ધા દિવસે પચે તે હ્રસ્વ માત્રા કહેવાય છે. જે માત્રા આખા દિવસે પચે તે મધ્યમ માત્રા ગણાય છે અને જે માત્રા એક દિવસરાત્રે (ચોવીસ કલાકે) પચે તે ઉત્તમ માત્રા કહેવાય છે. ૧૯

વિવરણ : એકંદર જે માત્રા અર્ધા દિવસે–એટલે છ કલાકે પચે તે હ્રસ્વ અચ્છસ્નેહમાત્રા સમજવી. જે આખો દિવસ એટલે બાર કલાકે પચે તે મધ્યમ અચ્છસ્નેહમાત્રા જાણવી અને જે આખા એક અહોરાત્ર એટલે કે ચોવીસ કલાકે પચે તે ઉત્તમ અચ્છસ્નેહમાત્રા કહેવાય. ચરકે પણ આ અચ્છસ્નેહની માત્રા આ જ પ્રમાણે સૂત્રસ્થાનના ૧૩ મા અધ્યાયના ૨૯ મા શ્લોકમાં આમ કહી છે કે, 'अहोरात्रमहः कृत्स्नमर्धाह्नं च प्रतीक्षते। प्रधाना मध्यमा ह्रस्वा स्नेहमात्रा जरां प्रति। इति तिस्रः समुद्दिष्टा मात्राः स्नेहस्य मानतः॥'–શુદ્ધ સ્નેહની જે માત્રા પચવામાં ચોવીસ કલાકની જરૂરિયાત ધરાવે તે ઉત્તમ માત્રા જાણવી. જે માત્રા પચવામાં આખો

એક દિવસ ૧૨ કલાકની જરૂરિયાત ધરાવે તે શુદ્ધ સ્નેહની મધ્યમ માત્રા કહેવાય અને જે સ્નેહ માત્રા પચવામાં ૭ કલાકની જરૂરિયાત ધરાવે તે સ્નેહની હ્રસ્વ માત્રા કહેવાય. એમ સ્નેહના પ્રમાણને ઉદ્દેશી ત્રણ માત્રાઓ કહી છે. સુશ્રુતે પણ સ્નેહની ત્રણ માત્રાઓ ચિકિત્સાસ્થાનના ૩૧ મા અધ્યાયમાં આમ કહી છે કે, 'या मात्रा परिजीर्येत चतुर्भागगतेऽहनि । सा मात्रा दीपयत्यग्निमल्पदोषे च पूजिता ॥ या मात्रा परिजीर्येत तथार्धे दिवसे गते । सा वृष्या बृंहणी चैव मध्यदोषे च पूजिता ॥ या मात्रा परिजीर्येत चतुर्भागावशेषिते । स्नेहनीया च या मात्रा बहुदोषे च पूजिता ॥ या मात्रा परिजीर्येत्तु तथा परिणतेऽहनि । ग्लानिमूर्छामदान् हित्वा सा मात्रा पूजिता भवेत् ॥ अहोरात्रादसन्दुष्टा या मात्रा परिजीर्यति । सा तु कुष्ठविषोन्मादग्रहापस्मारनाशिनी ॥'– એક પ્રહર દિવસ ચડતાં પચે તે સ્નેહમાત્રા જઠરના અગ્નિને પ્રદીપ્ત કરે છે અને થોડા દોષવાળા માટે હિતકારી થાય છે. તેમ જ અર્ધો દિવસ જતાં પચે તે માત્રા વીર્યને વધારે, પુષ્ટિકારક થાય અને મધ્યમ દોષવાળાને હિતકારી થાય અને દિવસનો ચોથો ભાગ બાકી રહે ત્યારે પચે તે માત્રા શરીરને અત્યંત સ્નિગ્ધ કરે છે અને ઘણા દોષવાળાને અત્યંત હિતકારી થાય છે. સામાન્ય રીતે સ્નેહની માત્રા ગ્લાનિ, મૂર્છા તથા મદને ઉત્પન્ન ન કરે અને દિવસ બાંધવાના સમયે પચે; પરંતુ કોઢ, વિષ, ઉન્માદ, ગ્રહદોષ તથા અપસ્મારનો નાશ કરવા ચોવીસ કલાકે પચે અને કોઈપણ દુષ્ટ વ્યાધિને ઉત્પન્ન ન કરે તેવી આપવી જોઈએ. ૧૯

ઉત્તમ સ્નેહમાત્રાને યોગ્ય વ્યક્તિઓ

दीप्ताग्नयो बलिनः स्नेहनित्या
उन्मादिनो धृतिविण्मूत्रसक्ताः ।
गुल्मार्दिताश्चाहिदष्टा विरूक्षा
वैसर्पिणः प्रवरां ते पिबेयुः ॥३०॥

જેઓના જઠરાગ્નિ પ્રદીપ્ત હોય, જેઓ બળવાન હોઈ કાયમ સ્નેહનું સેવન કરતા હોય, જેઓને ઉન્માદરોગ લાગુ થયો હોય, જેઓ ધૈર્યવાન હોઈ વિષ્ઠા તથા મૂત્રને રોક્યા કરતા હોય, અથવા જેઓને મૂત્રકૃચ્છ્રનો રોગ અને ઝાડાની કબજિયાત હોય તેથી જેઓનો ઝાડો ગંઠાઈ જતો હોય, ગોળાના રોગથી જેઓ પીડાતા હોય, જેઓને સર્પ કરડ્યો હોય, જેઓ ખૂબ રૂક્ષ બની ગયા હોય અને જેઓને રતવાનો રોગ લાગુ થયો હોય તેઓએ સ્નેહની ઉત્તમ માત્રા પીવી. ૨૦

વિવરણ : આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૧૩ મા અધ્યાયમાં ૩૧-૩૨ શ્લોકમાં આમ કહ્યું છે કે, 'प्रभूतस्नेहनित्या ये क्षुत्पिपासासहा नराः । पावकश्चोत्तमबलो येषां ये चोत्तमा बले ॥ गुल्मिनः सर्पदष्टाश्च वीसर्पोपहताश्च ये । उन्मत्ताः कृच्छ्रमूत्राश्च गाढवर्चस एव च । पिबेयुरुत्तमां मात्रां–જેઓ કાયમ પુષ્કળ સ્નેહનું સેવન કરતા હોય, જેઓ ભૂખ અને તરશને સહન કરી શકતા હોય, જેઓનો જઠરાગ્નિ ઉત્તમ બળવાન હોય, જેઓ બળમાં ઉત્તમ ગણાતા હોય, ગુલ્મના રોગથી જેઓ યુક્ત હોય, જેઓને સર્પ કરડ્યો હોય, જેઓ રતવાના રોગથી પીડાયા હોય, જેઓને મૂત્રકૃચ્છ્ર રોગ લાગુ થયો હોય અને જેઓની વિષ્ઠા ગઠાઈ જતી હોય તેઓએ સ્નેહની (ઉપર કહેલી) ઉત્તમ માત્રા પીવી. ૨૦

મધ્યમ સ્નેહમાત્રાને યોગ્ય વ્યક્તિઓ

प्रमेहकुष्ठानिलशोणितारुचि-
विचर्चिकास्फोटविषेषु कण्डौ ।
मृदौ तथाऽग्नौ प्रवदन्ति मध्यां
बले च मध्या अज्ञाने च ये स्युः ॥ २१ ॥

જેઓને પ્રમેહ, કોઢ, વાતરક્ત, અરુચિ, વિચર્ચિકા–કોઢનો એક ભેદ–હાથ વગેરે અવયવોમાં પડતા ચીરા, વિષવિકાર તથા ચળનો રોગ લાગુ થયો હોય, જઠરનો અગ્નિ ઓછો થયો હોય અને જેનામાં શરીરનું બળ મધ્યમ હોય તેમ જ જેઓનો ખોરાક પણ મધ્યમ હોય તેઓને સ્નેહની મધ્યમ માત્રા આપવી, એમ વૈદ્યો કહે છે. ૨૧

વિવરણ : આ સંબંધે પણ ચરકે સૂત્રસ્થાનના ૧૩ મા અધ્યાયના ૩૫-૩૬ શ્લોકોમાં આમ કહ્યું છે. 'अरुच्कस्फोटपिडकाकण्डुपामाभिरर्दिताः । कुष्ठिनश्च

ग्रमीढाश्च वातशोणितिकाश्च ये । नातिबद्धाशिनश्चैव मृदुकोष्ठास्तथैव च । पिबेयुर्मध्यमां मात्रां मध्यमाश्चापि ये बले ॥' જેઓ અરુંષિકા નામના ક્ષુદ્ર રોગથી, ફોલ્લાઓથી, નાની ફોલ્લીઓથી, ખણજથી અને ખસના રોગથી પીડાયા હોય; જેઓ કોઢિયા, પ્રમેહના રોગી તથા વાતરક્ત–રોગથી યુક્ત થયા હોય; અતિશય વધુ પ્રમાણમાં ખાતા ન હોય; કોમળ કોઠાવાળા હોય અને મધ્યમ (શરીર)બળ ધરાવતા હોય તેઓએ એ સ્નેહની મધ્યમ માત્રા પીવી.' ૨૧

સ્નેહની હ્રસ્વમાત્રાને યોગ્ય વ્યક્તિઓ

बालेषु वृद्धेषु सुखोचितेषु
जीर्णेऽतिसारे ज्वरकासयोश्च ।
येषां हि कोष्ठो न गुणाय रिक्तो
मन्दाग्निकार्श्ये च कनीयसी स्यात् ॥ २२ ॥

બાળકો, વૃદ્ધો તથા સુખમાં ટેવાયેલાઓને, જૂનો અતિસાર રોગ, જૂનો જ્વર તથા ઉધરસના રોગમાં અને જેઓનો કોઠો ખાલી થયેલો હોઈને કંઈ ગુણ કે ફાયદો કરતો ન હોય તેમ જ મંદાગ્નિમાં તથા શરીર કૃશ થયું હોય ત્યારે સ્નેહની ખૂબ ઓછી માત્રા આપવી. ૨૨

વિવરણ : આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૧૩ મા અધ્યાયના ૩૮–૩૯ શ્લોકોમાં આમ કહ્યું છે કે, 'ये तु वृद्धाश्च बालाश्च सुकुमाराः सुखोचिताः । रिक्तकोष्ठत्वमहितं येषां मन्दाग्नयश्च ये ॥ ज्वरातिसारकासाश्च येषां चिरसमुत्थिताः । स्नेहमात्रां पिबेयुस्ते ह्रस्वां ये चावरा बले ॥' જેઓ વૃદ્ધ થયા હોય, બાળક હોય, અતિશય કોમળ હોય, સુખમાં ટેવાયેલા હોય, જેઓને કોઠો ખાલી થતાં અહિત થતું હોય, જેઓનો જઠરાગ્નિ મંદ થયો હોય અને જેઓને ઘણા લાંબા કાળથી જ્વર, અતિસાર તથા ઉધરસ થયેલ હોય તેમ જ જેઓનું શરીરબળ ઘટી ગયું હોય તેઓએ સ્નેહની હ્રસ્વ માત્રા પીવી.' ૨૨

સ્નેહની જુદી જુદી માત્રાના ફાયદા

दोषानुकर्षिण्यनुसारिणी च
यत्नोपचर्या बलवर्धनी च ।
ज्येष्ठाऽथ मध्या न बलं निहन्ति
त्वन्योन्ययोः (?) स्नेहयते सुखाच्च ॥ २३ ॥
ह्रस्वा परीहारसुखाऽविकारा
वृष्याऽथ बल्याऽप्यनुवर्तनी च ।
देशं वयःकालबलाग्निसात्म्या-
न्यालक्ष्यमात्रां मतिमान् विदध्यात् ॥ २४ ॥

સ્નેહની ઉત્તમ માત્રા દોષોનું અનુકર્ષણ કરનારી હોઈ શરીરના બધા માર્ગોને અનુસરનારી હોય છે અને કાળજીથી સેવવા યોગ્ય હોઈ શરીરના બળને વધારનારી છે. તે જ પ્રમાણે સ્નેહની મધ્યમ માત્રા પણ અન્યોન્યને હિતકારી હોઈને સુખેથી સ્નેહન કરે છે; તેમ જ સ્નેહની હ્રસ્વ માત્રા પરિહારમાં એટલે પરેજીમાં સુખકારક હોઈ કોઈ પણ વિકારને કરતી નથી; વૃષ્ય હોઈ વીર્યવર્ધક છે, બળ આપનારી અને લાંબા કાળ સુધી શરીરમાં ટકનારી હોય છે; માટે બુદ્ધિમાન વૈદ્યે દેશ, ઉંમર, કાળ બળ તથા સાત્મ્યને જોઈને ઉપરની સ્નેહમાત્રા આપવી જોઈએ. ૨૪

વિવરણ : ચરકે સૂત્રસ્થાનના ૧૩ મા અધ્યાયમાં આ ત્રણે સ્નેહમાત્રાના પ્રયોગથી થતા ગુણો કહ્યા છે : 'विकारान् शमयत्येषा शीघ्रं सम्यक् प्रयोजिता । दोषानुकर्षिणी मात्रा सर्वमार्गानुसारिणी । बल्या पुनर्नवकरी शरीरेन्द्रियचेतसाम् ॥' સ્નેહની ઉત્તમ માત્રા બરાબર યોજાઈ હોય તો તે સર્વ વિકારોને શમાવે છે. શરીરના દોષોનું અનુકર્ષણ કરનારી એટલે કે ખેંચી કાઢનારી હોઈ ને શરીરના સર્વ માર્ગોને અનુસરે છે. બધાય સ્રોતોમાં ફેલાઈ જાય છે, બળને આપે છે અને શરીર, ઇંદ્રિયો તથા ચિત્તને ફરી નવાં, તાજાં બનાવે છે; અને સ્નેહની મધ્યમ માત્રા, 'मात्रैषा मन्दविभ्रंशा न चातिबलहारिणी । सुखेन च स्नेहयति शोधनार्थे च युज्यते ॥' ઓછા પ્રમાણમાં વિભ્રંશ કરનારી હોઈ ને દોષોને સમૂળગા દૂર કરતી નથી. છતાં સુખપૂર્વક સ્નેહન કરે છે અને શોધન માટે યોજવામાં આવે છે; પરંતુ હ્રસ્વ માત્રા કે ઓછી સ્નેહમાત્રા 'परिहारे सुखा चैव मात्रा स्नेहनबृंहणी । वृष्या बल्या निराबाधा चिरं चाप्यनुवर्तते ॥' પરેજીમાં સુખકારક, સ્નેહન કરનારી, વીર્યવર્ધક, બળપ્રદ તથા કોઈપણ પીડાથી રહિત હોય છે;

વળી તે હ્રસ્વ માત્રા શરીરમાં લાંબાકાળ સુધી ટકી રહે છે.' ૨૪

ઉપરના સ્નેહો કોને હિતકર છે?

पित्तानिलात्माऽनिलपित्तरोगी
क्षामः शिशुर्वर्णबलायुरक्तः (क्षी)।
मेधेन्द्रियार्थी विषशस्त्रदाहै-
रार्तः पिबेयुर्घृतमेव काले ॥ २५ ॥

જે માણસ પિત્ત તથા વાયુની મિશ્ર પ્રકૃતિવાળો હોય, વાયુના તથા પિત્તના મિશ્રરોગથી યુક્ત થયો હોય, શરીરે ક્ષીણ થયો હોય, શરીરનો વર્ણ, બળ તથા આયુષ મેળવવા ઇચ્છતો હોય અને મેધા તથા ઇંદ્રિયશક્તિને ઇચ્છતો હોય તેમ જ વિષવિકારથી, શસ્ત્રપીડાથી અને દાહથી જેઓ પીડાયા હોય તેઓએ યોગ્ય સમયે ખરેખર ઘી પીવું. ૨૫

વિવરણ: અહીં દર્શાવેલ ઘીરૂપ સ્નેહને પીવા લાયક વ્યક્તિઓએ પણ યોગ્ય સમયે પીવું, એમ જણાવીને 'पिबेच्छरदि सर्पिः'–ઘી પીવા લાયક વ્યક્તિએ પણ શરદઋતુમાં ઘી પીવું; ચરકે પણ સૂત્રસ્થાનના ૧૩ મા સ્નેહાધ્યાયમાં ઘીરૂપી સ્નેહ પીવાને યોગ્ય વ્યક્તિઓ આમ જણાવી છે કે, 'वातपित्तप्रकृतयो वातपित्तविकारिणः। चक्षुष्कामाः क्षताः क्षीणा वृद्धा बालास्तथाऽबलाः। आयुःप्रकर्ष-कामाश्च बलवर्णस्वरार्थिनः। पुष्टिकामाः प्रजाकामाः सौकुमार्यार्थिनश्च ये॥ दीप्त्योजः स्मृतिमेधाग्निबुद्धीन्द्रिय-बलार्थिनः। पिबेयुः सर्पिरार्त्ताश्च दाहशस्त्रविषाग्निभिः॥'–જેઓ વાતપિત્તમિશ્ર પ્રકૃતિવાળા હોય, વાતપિત્ત-મિશ્ર દોષના રોગી હોય, નેત્રનું તેજ વધારવા ઇચ્છતા હોય, ક્ષતથી ક્ષીણ થયા હોય, વૃદ્ધ અને બાળકો હોય, તેમ જ બલરહિત થયા હોય, જેઓ વધુ આયુષ્ય ઇચ્છતા હોય, બલ, શરીરનો સારો રંગ તથા ગળાનો સારો અવાજ ઇચ્છતા હોય, પુષ્ટિની ઇચ્છા ધરાવતા હોય, સંતતિને ઇચ્છતા હોય, કોમળપણું ઇચ્છતા હોય, કાંતિ, ઓજસ, સ્મરણશક્તિ, મેધા, જઠરાગ્નિનું બળ તથા ઇંદ્રિયનું બળ જેઓ ઇચ્છતા હોય અને દાહથી, શસ્ત્રથી, વિષથી તથા અગ્નિથી જેઓ પીડાયા હોય; તેઓએ ઘી પીવું. સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૧ મા અધ્યાયમાં ઘીના ગુણો આમ લખ્યા છે: જેઓ શરીરે રૂક્ષ થયા હોય, ક્ષતથી અને વિષવિકારથી પીડાયા હોય, વાત અને પિત્તના વિકારથી યુક્ત થયા હોય અને જેઓની મેધા તથા સ્મરણશક્તિ ઓછી થઈ ગઈ હોય તેઓએ ઘી પીવું એ ઉત્તમ ગણાય છે.' ૨૫

તૈલરૂપ સ્નેહને યોગ્ય વ્યક્તિઓ

प्रवृद्धमेदःकफमांसवाता
नाडीकृमिव्याध्यनिलार्तदेहाः।
क्रूरानुकोष्ठास्तनुवीर्यकामा-
स्तैलं पिबेयुर्न तु तीव्रकुष्ठे ॥ २६ ॥

જેઓમાં મેદ, કફ, માંસ તથા વાયુ વધી ગયો હોય, જેઓનું શરીર નાડી-વ્રણથી, કૃમિરોગથી અને વાયુથી પીડાતું હોય, જેઓનો કોઠો કઠિન હોય, જેઓનું વીર્ય પાતળું થયું હોય અને જેઓ વીર્યની વૃદ્ધિને ઇચ્છતા હોય તેઓએ તલના તેલરૂપી સ્નેહ પીવો જોઈએ; પણ જેઓનો કોઠો તીવ્ર ગરમીથી યુક્ત હોય તેઓએ તૈલપાન કરવું નહિ. ૨૬

વિવરણ: ચરકે પણ સૂત્રસ્થાનના ૧૩ મા અધ્યાયના ૪૪–૪૬ શ્લોકોમાં આ સંબંધે આમ કહ્યું છે કે, 'प्रवृद्धश्लेष्ममेदस्काश्चलस्थूलगलोदराः। वातव्याधिभिराविष्टा वातप्रकृतयश्च ये। बले तनुत्वं लघुतां दृढतां स्थिरगात्रताम्। स्निग्धश्लक्ष्णतनुत्वक्तां ये च काङ्क्षन्ति देहिनः॥ कृमिकोष्ठाः क्रूरकोष्ठास्तथा नाडि-भिरर्दिताः। पिबेयुः शीतले काले तैलं तैलोचिताश्च ये॥'–જેઓના શરીરમાં કફ તથા મેદ વધી ગયા હોય, જેઓનાં ગળાં અને પેટ ખૂબ જાડાં હોઈ હાલ્યા કરતાં હોય, વાયુના રોગથી જેઓ ઘેરાઈ ગયા હોય, જેઓની પ્રકૃતિ વાતદોષપ્રધાન હોય, જેઓ બળને, પાતળાં શરીરને, શરીરમાં હલકાઈને, શરીરની મજબૂતાઈને, શરીરની સ્થિરતાને અને શરીરની-ચામડીને સ્નિગ્ધ, ચળકતી અને સુંવાળી ઇચ્છતા હોય, જેઓના કોઠામાં કરમિયા વધી ગયા હોય, જેઓનો કોઠો કઠણ હોય અને જેઓ નાડીવ્રણથી પીડાયા હોય તેઓ તૈલપાનને યોગ્ય

હોઈ શીતલકાળમાં તૈલપાન કરે.' જોકે તૈલપાનને યોગ્ય કાળ તો પ્રાવૃષૃઋતુ જ કહી છે પરંતુ આત્યયિક-વિનાશક રોગ થયો હોય અને તત્કાળ સ્નેહપાન જરૂરી હોય તેઓ શીતકાળમાં પણ સ્નેહપાન કરી શકે છે. આ અભિપ્રાયથી અષ્ટાંગસંગ્રહના સૂત્રસ્થાનના ૨૫ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'નિશ્યનિલે પિત્તે સંસર્ગે પિત્તવત્યપિ। ત્વરમાણે તુ શીતેઽપિ દિવા તૈલં ચ યોજયેત્ ॥'-વાયુના રોગમાં રાત્રે અને પિત્તમાં તથા વાતપિત્તના સંસર્ગમાં કે કેવળ પિત્ત દોષવાળાને પણ રાત્રે જ સ્નેહપાન કરાવવું. પણ જે રોગમાં તાત્કાલિક સ્નેહપાન જરૂરી હોય તેનાં શીતકાળમાં પણ દિવસે તૈલપાન કરાવી શકાય છે. ૨૬

વસાસ્નેહને યોગ્ય વ્યક્તિઓ

संशुष्कमेदःकफरक्तशुक्रा
वातातपाध्वश्रमरौक्ष्यनित्याः।
मृशाग्नयो वातनिपीडिताङ्गा
वसां पिबेयुर्धृतिधातुकामाः ॥ २७॥

જેઓમાં મેદ, કફ, રક્ત અને વીર્ય સૂકાઈ ગયાં હોય, જેમાં વાતદોષ, સૂર્યના તડકાનું સેવન, શ્રમ તથા રુક્ષતા કાયમી થઈ પડ્યાં હોય, જેઓનો જઠરાગ્નિ અતિશય વધુ હોય, જેઓનાં અંગ વાયુથી પીડાયાં હોય અને જેઓ ધૈર્ય તથા ધાતુઓની વૃદ્ધિ ઇચ્છતા હોય તેઓએ 'વસા' નામનો સ્નેહ પીવો જોઈએ. ૨૭

વિવરણ : આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૧૩ મા અધ્યાયના ૪૭-૪૯ શ્લોકોમાં આમ કહ્યું છે કે, 'वातातपसहा ये च रूक्षा भाराध्वकर्शिताः। संशुष्करेतोरुधिरा निष्पीतकफमेदसः। अस्थिसन्धिशिरास्नायुमर्मकोष्ठम्हारुजः। बलवान् मारुतो येषां खानि चावृत्य तिष्ठति ॥ महश्चाग्निबलं येषां वसासात्म्याश्च ये नराः। तेषां स्नेहयितव्यानां वसापानं विधीयते ॥'-જેઓ વાયુને તથા સૂર્યના તાપને સહન કરી શકતા હોય, જેઓ શરીરે રૂક્ષ થયા હોય, ભાર તથા મુસાફરીથી જેઓ શરીરે કૃશ થયા હોય, જેઓનું વીર્ય તથા રુધિર સુકાઈ ગયાં હોય અને જેઓનો કફ તથા મેદ ખૂબ ચૂસાઈ ગયાં હોય, જેઓને હાડકાંમાં, સાંધાઓમાં, શિરાઓમાં, સ્નાયુઓમાં, મર્મમાં તથા કોઠામાં મોટી પીડા થતી હોય, જેઓનો વાયુ બળવાન થઈ શરીરનાં બધાં છિદ્રોને ખૂબ ઢાંકી દઈને રહ્યો હોય, જેઓનું અગ્નિબળ ઘણું વધારે હોય અને જેઓને વસા સાત્મ્ય હોઈ માફક આવી હોય તેઓને વસાપાન કરાવીને સ્નેહયુક્ત કરવા જોઈએ. આ જ પ્રમાણે સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૧ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'व्यायामकर्शिताः शुष्करेतोरक्ता महारुजः। महाग्निमारुतप्राणा वसायोग्या नराः स्मृताः' ॥-જે લોકો વધુ પડતા પરિશ્રમથી કૃશ થયા હોય, જેઓનાં વીર્ય તથા લોહી સૂકાઈ ગયાં હોય, મહારોગથી જેઓ યુક્ત થયા હોય અને જેઓના જઠરનો અગ્નિ અને પ્રાણવાયુ બળવાન હોય તેઓને વસાપાન માટે યોગ્ય માન્યા છે.' ૨૭

મજ્જાસ્નેહને યોગ્ય વ્યક્તિઓ

दीप्ताग्नयो घस्मराः स्नेहनित्याः
क्लेशक्षमाः क्रूरकोष्ठानिलार्ताः।
मज्ज्ञानमेतेषु भिषग्विदध्यात्
स्नेहो भवेत्सात्म्यतो यस्य यो वा ॥ २८॥

જેઓના જઠરનો અગ્નિ પ્રદીપ્ત હોય, જેઓ ઘણુ જ ખાઉધરા હોય, જેઓ કાયમ સ્નેહપાન કરતા હોય, કલેશને જેઓ સહી શકતા હોય, જેઓનો કોઠો કઠણ હોય અને વાયુથી જેઓ પીડાતા હોય તેઓને વૈદ્યે મજ્જાસ્નેહ પીવાને આપવો અથવા જેને જે સ્નેહ માફક આવે તેઓને તે સ્નેહ આપવો. ૨૮

વિવરણ : ચરકે પણ સૂત્રસ્થાનના ૧૩ મા અધ્યાયમાં ૫૦ મા શ્લોકમાં આમ કહ્યું છે કે, 'दीप्ताग्नयः क्लेशसहा घस्मराः स्नेहसेविनः। वातार्ताः क्रूरकोष्ठाश्च स्नेह्या मज्ज्ञानमाप्नुयुः ॥'-જેઓના જઠરાગ્નિ પ્રદીપ્ત હોય, કલેશને જેઓ સહી શકતા હોય, ખૂબ ખાઉધરા હોય, સ્નેહનું સેવન કરવા જેઓ ટેવાયેલા હોય, વાયુથી પીડાતા હોય, કઠણ કોઠાવાળા હોય અને સ્નેહન કરવાને જેઓ લાયક હોય તેઓએ મજ્જાસ્નેહ પીવો.' સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૧મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું

છે કે, 'क्रूराशयाः क्लेशसहा वातार्ता दीप्तबह्नयः। मज्जानमाप्नुयुः सर्वे सर्पिर्वा स्वौषधान्वितम्'—જેઓના કોઠા કઠણ હોય, ક્લેશને જેઓ સહી શકતા હોય, વાયુથી જેઓ પીડાતા હોય અને જેઓના જઠરાગ્નિ પ્રદીપ્ત હોય તેઓએ મજ્જાસ્નેહ પીવો જોઈએ અથવા હરકોઈ માણસે પોતાનાં ઔષધો નાખી પકવેલું ઘી જ પીવું જોઈએ. ૨૮

સ્નેહનયોગ્ય વ્યક્તિઓ

व्यायाममद्यचिन्तामैथुननित्याः श्रमाध्वकृशदेहाः। स्नेह्यास्तथाविधाः स्युर्बलकालवयोऽग्निसात्म्यज्ञैः॥२९

જેઓ કાયમ વ્યાયામ એટલે શારીરિક પરિશ્રમ કરતા હોય, હંમેશાં મદ્યપાન કરતા હોય, ચિંતામાં તત્પર રહેતા હોય અને મૈથુન કરવામાં હંમેશાં તૈયાર રહેતા હોય, પરિશ્રમ અને મુસાફરીના થાકથી જેઓનાં શરીર દુર્બળ થઈ ગયાં હોય, તેઓને બળ, કાળ, ઉંમર, જઠરાગ્નિનું બળ તથા સાત્મ્ય જાણનારા વૈદ્યોએ સ્નેહનથી સ્નિગ્ધ કર્યા કરવા જોઈએ. ૨૯

વિવરણ : ચરકમાં પણ ૧૩મા અધ્યાયના ૫૨મા શ્લોકમાં સ્નેહનયોગ્ય વ્યક્તિઓ આમ કહી છે કે, 'स्वेद्याः शोधयितव्याश्च रूक्षा वातविकारिणः। व्यायाममद्यस्त्रीनित्याः स्नेह्याः स्युर्ये च चिन्तकाः॥ જેઓ સ્વેદન તથા શોધનને યોગ્ય હોય, શરીરે રૂક્ષ થયા હોય, વાયુના વિકારથી જેઓ યુક્ત થયા હોય, જેઓ કાયમ શારીરિક પરિશ્રમ કરતા હોય અને હંમેશાં સ્ત્રીનું સેવન કરતા હોય તેમ જ જેઓ ચિંતા કર્યા કરતા હોય, તેઓને સ્નેહન કરાવવું જરૂરી ગણાય છે.' આમાં જેઓ સ્વેદનયોગ્ય તથા શોધનયોગ્ય હોય તેઓને પણ પ્રથમ સ્નેહન દ્વારા સ્નિગ્ધ કરવા જોઈએ એમ ભાર દઈ જણાવ્યું છે. તે સંબંધે પણ ચરકે ૧૩ મા અધ્યાયના ૯૯ મા શ્લોકમાં આમ જણાવ્યું છે કે, 'स्नेहमग्रे प्रयुञ्जीत ततः स्वेदमनन्तरम्। स्नेहस्वेदोपपन्नस्य संशोधनमनन्तरम्॥'—સૌ પહેલાં માણસને સ્નેહનો પ્રયોગ કરાવવો અને તે પછી સ્વેદનો પ્રયોગ કરાવવો જોઈએ; એમ સ્નેહન તથા સ્વેદનથી જેને યુક્ત કર્યા હોય તેને જ વૈદ્યે સંશોધન તથા બીજું સંશમન આપવું જોઈએ. ૨૯

સ્નેહને અયોગ્ય વ્યક્તિઓ

न स्नेहयेद्गर्भिणीं न प्रसूतां
न क्षीरपं नैव दग्धातिवृद्धौ।
न श्लेष्मपित्तोपहतान्तराग्निं
मूर्च्छारुचिग्लानिभृशामतृट्सु॥३०॥
बस्तौ न नस्तश्च विधिक्रियायां
छर्द्यां ज्वरे विट्प्रकोपे कफे च।
बृहत्त्वजाड्येषु गलामयेषु
न स्नेहयेत् स्नेहमदात्ययेषु॥३१॥
तेषां स्नेहाच्छपानान्ते (स्ते) वर्धन्ते व्याधयो भृशम्।
असाध्यतां वा गच्छन्ति स्नेहपानाभिवर्धिताः॥३२

સગર્ભા સ્ત્રીને, સુવાવડી સ્ત્રીને, ધાવણ ધાવતા બાળકને, દાઝેલા માણસનું અંગ અત્યંત ફૂલી ગયું હોય તેને, કફ અને પિત્તના કારણે જેનો જઠરાગ્નિ નાશ પામ્યો હોય; મૂર્ચ્છા, અરુચિ, ગ્લાનિ, અતિશય આમદોષ તથા વધુ પડતી તરસ જેને લાગ્યા કરતી હોય તેને, બસ્તિ તથા નસ્યકર્મ જેને કરવામાં આવે તેને, ઊલટીમાં, જ્વરમાં, વિષ્ઠાનો પ્રકોપ થયો હોય તે અતિસારના રોગમાં, કફ વધી પડ્યો હોય ત્યારે, શરીરની ખૂબ સ્થૂલતા તથા જડતામાં, ગળાના રોગમાં અને વધુ પડતા સ્નેહસેવનના કારણે મદાત્યયરોગ થયો હોય ત્યારે સ્નેહનક્રિયા કરવી નહિ એટલે કે ઉપરના રોગોમાં સ્નેહપાન કરાવાય નહિ; કારણ કે ઉપર દર્શાવેલ રોગોવાળાને સ્નેહપાન કરાવવાથી તેમના એ રોગો ખૂબ વધી જાય છે, એટલું જ નહિ પણ સ્નેહપાનથી અત્યંત વધી ગયેલા તેમના એ રોગો અસાધ્ય બને છે એટલે કે કોઈ પણ ઉપચારથી કદી મટતા નથી. ૩૦–૩૨

વિવરણ : ચરકના સૂત્રસ્થાનના ૧૩ મા અધ્યાયમાં ૫૩–૫૬ શ્લોકોમાં પણ સ્નેહનને અયોગ્ય વ્યક્તિઓ આમ કહી છે કે, 'संशोधनादृते येषां रूक्षणं संप्रवर्तयते। न तेषां स्नेहनं शस्तम् उत्लन्नकफमेदसाम्। अभिष्यन्दाननगुदा नित्यं मन्दाग्नयश्च ये। तृष्णामूर्छापरीताश्च गर्भिण्यस्तालुशोषिणः॥ अन्नद्विष-

ચ્છર્દયન્તો જઠરામગરાર્દિતાઃ । દુર્બલાશ્ચ પ્રતાન્તાશ્ચ સ્નેહ-ગ્લાના મદાતુરાઃ ॥ ન સ્નેહા વર્તમાનેષુ ન નસ્તો વસ્તિ-કર્મસુ। સ્નેહપાનાત્ પ્રજાયન્તે તેષાં રોગાઃ સુદારુણાઃ ॥' જેઓને સંશોધન કર્યા વિના જ રૂક્ષણ કરવાનું કહેવાશે, તેઓને સ્નેહન કરવું તે સારું નથી; તેમ જ જેઓનો કફ તથા મેદ વધી ગયો હોય, જેઓનું મોઢું અને ગુદા કફનો સ્રાવ સ્રવ્યા કરતાં હોય, જેઓ કાયમ મંદાગ્નિથી યુક્ત રહેતા હોય તરસ અને મૂર્ચ્છાથી જેઓ ઘેરાઈ જતા હોય, સગર્ભા થયેલી સ્ત્રીઓ, તાળવું સૂકાયા કરવાનો જેઓને રોગ હોય, ખોરાક ઉપર જેઓને અણગમો રહેતો હોય, જેઓને ઊલટી થયા કરતી હોય, ઉદરરોગથી અને ગર-વિષથી જેઓ પીડાતા હોય, ક્ષયના રોગથી યુક્ત થયા હોય, જેઓ શરીરે દુર્બળ થયા હોય, અતિશય ક્ષીણ હોય, સ્નેહથી જેઓ ગ્લાનિ પામતા હોય, મદ અથવા કેફથી જેઓ આતુર હોય અને જેઓને બસ્તિકર્મ તથા નસ્યકર્મ ચાલુ કરાયું હોય, તેઓને સ્નેહપાન કરાવવું ન જોઈએ; કારણ કે તેઓને સ્નેહપાન કરાવવાથી અતિશય દારુણ રોગો થાય છે. સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૧ મા અધ્યાયમાં સ્નેહનને અયોગ્ય વ્યક્તિઓ આમ જણાવી છે કે, 'વિવર્જયેત્ સ્નેહપાનમજીર્ણી ચોદરી ક્વરી। દુર્બલોઽરોચકી સ્થૂલો મૂર્છાર્તો મદપીડિતઃ। છર્દ્યર્દિતઃ પિપાસાર્તઃ શ્રાન્તઃ પાનક્રમાન્વિતઃ। દત્તવસ્તિ-વિરિક્તશ્ચ વાન્તો યશ્ચાપિ માનવઃ। અકાલે દુર્દિને ચૈવ ન ચ સ્નેહં પિબેન્નરઃ। અકાલે ચ પ્રસૂતા સ્ત્રી સ્નેહ-પાનં વિવર્જયેત્। સ્નેહપાનાદ્ભવન્ત્યેષાં નૃણાં નાનાવિધા ગદાઃ। ગદા વા કૃચ્છ્રતાં યાન્તિ ન સિદ્ધ્યન્તથવા પુનઃ। ગર્ભાશયે સશેષાઃ સ્યુ રક્તક્લેદમલાસ્તતઃ। સ્નેહં જઠરાગ્નિષેવેત પાચનં રૂક્ષમેવ ચ ॥' અજીર્ણના રોગીએ, ઉદરના રોગીએ, જ્વરવાળાએ, દુર્બળે, અરોચકના રોગીએ, જાડા માણસે, મૂર્છાથી પીડાયેલાએ, તરસના રોગીએ, થાકેલાએ, મદ્યપાનથી થયેલી ગ્લાનિવાળાએ, જેને બસ્તિ તથા વિરે-ચન અપાયું હોય તેણે, જે માણસને ઊલટી થઈ હોય તેણે તેમ જ દુર્દિન હોય ત્યારે મનુષ્યે સ્નેહપાન તજવું જોઈએ; તેમ જ જે સ્ત્રીને કસુવાવડ થઈ હોય તેણે પણ સ્નેહપાન છોડવું જોઈએ; કેમ કે ઉપર જણાવેલી કોઈ પણ વ્યક્તિ જો સ્નેહપાન કરે તો તેથી તે લોકોને અનેક પ્રકારના રોગો થાય છે અથવા તેઓના જે રોગો હોય તે કષ્ટ કરીને સાધ્ય બને છે અથવા અસાધ્ય થાય છે. કોઈ પણ ઉપચારથી મટતા નથી. વળી સુવાવડી સ્ત્રીના ગર્ભાશયમાં લોહી, ક્લેદ-પચપચા-પણું તથા મળો બાકી રહ્યા હોય છે તેથી સુવાવડી સ્ત્રીએ સ્નેહપાન છોડવું જોઈએ અને પાચન તથા રૂક્ષ ઔષધ સેવવું જોઈએ.

સ્નેહના અયોગનું લક્ષણ

વાયોરપ્રગુણત્વં રૌક્ષ્યં ખરતાઽધૃતિર્જ્વલનહાનિઃ।
શુષ્કગ્રથિતપુરીષં લક્ષણમસ્નિગ્ધગાત્રસ્ય ॥ ૩૩ ॥

જે માણસનો વાયુ અપ્રગુણ હોય એટલે કે પોતાના ગુણોથી યુક્ત કે અનુલોમ થયો ન હોય, જેનામાં સ્નેહપાન કર્યા છતાં રૂક્ષતા હોય, ધૈર્ય ન હોય, જઠરનો અગ્નિ મંદ હોય અને જેની વિષ્ઠા સૂકાયેલી તથા ગંઠાયેલી હોય તે માણસનું શરીર બરા-બર સ્નિગ્ધ થયું નથી એમ સમજવું. આ સ્નેહના અયોગનું લક્ષણ છે. ૩૩

વિવરણ : ચરકે પણ સૂત્રસ્થાનના ૧૩ મા અધ્યાયમાં ૧૭ મા શ્લોકમાં સ્નેહના અયોગનાં આ લક્ષણો કહ્યાં છે; જેમ કે 'પુરીષં ગ્રથિતં રૂક્ષં વાયુરપ્રગુણો મૃદુઃ। પક્ત્રા ખરત્વં રૌક્ષ્યં ચ ગાત્ર-સ્યાસ્નિગ્ધ લક્ષણમ્ ॥'–જેની વિષ્ઠા ગંઠાયેલી અને રૂક્ષ હોય, જેનો વાયુ પોતાના ગુણોથી રહિત હોઈ અનુલોમ થયો ન હોય, જેનો જઠરાગ્નિ મૃદુ એટલે મંદ હોય, જેના શરીરમાં કઠોરપણું તથા રૂક્ષતા હોય તેના શરીરમાં સ્નેહપાન બરાબર લાગુ થયું નથી, એમ જાણવું. એ જ પ્રમાણે સુશ્રુતે પણ ચિકિત્સા-સ્થાનના ૩૧ મા અધ્યાયમાં સ્નેહના અયોગનું અથવા સ્નેહપાનને યોગ્ય વ્યક્તિનું આ લક્ષણ કહ્યું છે કે, 'પુરીષં ગ્રથિતં રૂક્ષં કૃચ્છ્રાદન્નં વિપચ્યતે। ઉરો વિદહતે વાયુઃ કોષ્ઠાદુપરિ ધાવતિ। દુર્વર્ણો દુર્બલ-શ્ચૈવ રૂક્ષો ભવતિ માનવઃ ॥'–જેને સ્નેહપાનની બરાબર અસર થઈ ન હોય અથવા જેને સ્નેહ-પાનની જરૂર હોય તે માણસની વિષ્ઠા ગંઠાઈ ગયેલી હોય છે અને તે વિષ્ઠા રૂક્ષ હોય છે, તેણે

ખાધેલો ખોરાક મુશ્કેલીએ પચે છે. તેની છાતી બળે છે. તેનો વાયુ કોઠાની ઉપર દોડે છે. તેના શરીરનો રંગ ખરાબ થઈ જાય છે. તે માણસ શરીરે દુર્બળ-રૂક્ષ થઈ જાય છે. ૩૩

સ્નેહપાન બરાબર લાગુ પડેલાનું લક્ષણ

धृतिमृदुपुरीषत्वं मेधापुष्ट्यग्नितेजसां वृद्धिः।
काले शरीरवृत्तिः स्निग्धस्य वदन्ति लिङ्गानि ॥३४॥

જેનામાં ધૈર્ય જણાય, જેની વિષ્ઠા કોમળ થાય, જેની મેધા-ધારણાશક્તિની, પુષ્ટિની, જઠરના અગ્નિની તથા તેજની વૃદ્ધિ થાય; અને યોગ્ય સમયે શરીરની પ્રવૃત્તિ બરાબર થાય, આટલાં લક્ષણો જેને સ્નેહપાનનો સમ્યગ્યોગ થયો હોય તેનામાં જણાય છે. ૩૪

વિવરણ : આ સંબંધમાં ચરકે પણ સૂત્રસ્થાનના ૧૩ મા અધ્યાયના ૫૮ મા શ્લોકમાં આમ કહ્યું છે કે, 'वातानुलोम्यं दीप्तोऽग्निर्वर्चः स्निग्धमसंहतम्। मार्दवं स्निग्धता चाङ्गे स्निग्धानामुपजायते ॥' જેઓને સ્નેહપાનનો સમ્યગ્યોગ થયો હોય તે માણસને વાયુ અનુકૂળ ગતિવાળો થાય છે, જઠરનો અગ્નિ પ્રદીપ્ત થાય છે, વિષ્ઠા સ્નિગ્ધ થાય અને ગંઠાયેલી ન રહે, શરીરમાં કોમળપણું થાય છે અને અંગમાં સ્નિગ્ધપણું થાય છે. ૩૪

અતિશય વધુ સ્નેહપાન કર્યાનું લક્ષણ

गौरवजाड्योत्क्लेशाध्मानानि पुरीषमविपक्वम्।
अरुचिरपि पाण्डुतन्द्रे वदन्त्यतिस्निग्धलिङ्गानि॥

જે માણસે અતિશય વધુ સ્નેહપાન કર્યું હોય તેનામાં આ લક્ષણો થાય છે, એમ વિદ્વાનો કહે છે; જેમ કે તેના શરીરમાં ભારેપણું, જડપણું, ઉત્ક્લેશ-મોળ, ઊબકા, આધ્માન-પેટનો આફરો, વિષ્ઠામાં અપક્વતા -કચાશ, અરુચિ, શરીરમાં પાંડુતા અને તંદ્રા એટલે કે નિદ્રા જેવું ઘેન થાય છે. ૩૫

વિવરણ : આ સંબંધે ચરકે સૂત્રસ્થાનના ૧૩ મા અધ્યાયમાં ૫૯ મા શ્લોકમાં આમ કહ્યું છે કે, 'पाण्डुता गौरवं जाड्यं पुरीषस्याविपक्वता। तन्द्रारुचिरुत्क्लेशः स्यादतिस्निग्धलक्षणम्' ॥-શરીરમાં ફીકાશ, ભારેપણું, જડતા, વિષ્ઠાની કચાશ, તન્દ્રા-નિદ્રા જેવું ઘેન, અરુચિ અને મોળ-ઊબકા આવે; એટલાં લક્ષણો જેને સ્નેહનો અતિયોગ થયો હોય તેને થાય છે. આ જ પ્રકારે સુશ્રુતે ચિકિત્સાસ્થાનના ૩૧ મા અધ્યાયમાં કહ્યું છે કે, 'मक्तद्वेषो मुखस्रावो गुददाहः प्रवाहिका। पुरीषातिप्रवृत्तिश्च भृशं स्निग्धस्य लक्षणम्'-ખોરાક પર અણગમો, મોઢામાંથી લાળોનું ઝરવું, ગુદામાં દાહ, પ્રવાહિકા-ઝાડા-મરડો અને વિષ્ઠાની અતિશય પ્રવૃત્તિ એટલાં લક્ષણો જેને સ્નેહનો અતિયોગ થયો હોય તેને થાય છે.' ૩૫

સ્નેહપાન પહેલાંનાં હિતકર કર્મો

द्रवमितलघूष्णमन्नं काले सात्म्यं बलाग्निरुग्युक्तम्
स्वः स्नेहपानमिच्छन् भुञ्जीत शयीत गुप्तश्च ॥३६॥

જે માણસ આવતી કાલે સ્નેહપાન કરવા ઇચ્છતો હોય તેણે (આગલા દિવસે) પ્રવાહી, માપસર, હલકું, ઉષ્ણ-ગરમાગરમ, સાત્મ્ય-પોતાની શરીરપ્રકૃતિને માફક, બળ તથા જઠરાગ્નિને પ્રદીપ્ત કરનારું અન્ન આવું અને એકાંતમાં (બ્રહ્મચર્ય પાળીને) સૂવું. ૩૬

વિવરણ : અહીં મૂળમાં ઉત્તરાર્ધના પહેલા ચરણમાં 'स्वः' પદના બદલે 'श्वः' એવો પાઠ હોય તો જ અર્થમાં તે બંધબેસતો થાય એમ સમજીને અમે श्वः એ પદ રાખીને તેને અનુસરી 'આવતી કાલે' અર્થ રાખ્યો છે. આ સંબંધે ચરકે સૂત્રસ્થાનના ૧૩મા અધ્યાયમાં ૬૦મા શ્લોકમાં આમ જણાવ્યું છે કે, 'द्रवोष्णमनभिष्यन्दि भोज्यमन्नं प्रमाणतः। नातिस्निग्धमसंकीर्णं श्वः स्नेहं पातुमिच्छता॥ જે માણસ આવતી કાલે સ્નેહપાન કરવા ઇચ્છતો હોય તેણે આગલા દિવસે પ્રવાહી, ગરમ, અભિષ્યંદી-કફવર્ધક ન હોય એવું, પ્રમાણસર, અતિશય સ્નિગ્ધ ન હોય એવું અને જે અસંકીર્ણ હોય એટલે કે બેત્રણ ધાન્યો ભેગાં કરીને રાંધ્યું ન હોય એવું અન્ન ખાવું જોઈએ.' ૩૬

સ્નેહપાન કર્યા પછીનાં હિતકર કર્મો

उष्णोदकोपचारी जितेन्द्रियः स्यान्निवातशयनस्थः। व्यायामवेगरोषत्यागी स्नेहाच्छपोऽस्वप्नः ॥ ३७ ॥

સ્નેહપાન કર્યા પછી માણસે (તે પચે ત્યાં સુધી સહેવાય તેવું) ગરમ-ઉકાળેલું

પાણી પીવું; જિતેંદ્રિય રહેવું; વાયુ વગરના પ્રદેશમાં રહેવું; કસરત અથવા શારીરિક શ્રમનો ત્યાગ કરવો; મળમૂત્રાદિના વેગને રોકવાનો ત્યાગ કરવો; ક્રોધ છોડવો અને દિવસે નિદ્રાનો ત્યાગ કરવો. ૩૭

વિવરણ : આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૧૩મા અધ્યાયમાં ૬૨–૬૪ શ્લોકોમાં આમ કહ્યું છે કે, 'स्नेहं पीत्वा नरः स्नेहं प्रतिभुञ्जान एव च। उष्णोदकोपचारी स्यात् ब्रह्मचारी क्षपाशयः ॥ शक्रन्मूत्रानिलोद्गारानुदीर्णांश्च न धारयेत्। व्यायाममुच्चैर्वचनं क्रोधशोकौ हिमातपौ ॥ वर्जयेदप्रवातं च सेवेत शयनासनम्। स्नेहनित्योपचाराद्धि जायन्ते दारुणाः गदाः। સ્નેહપાન કર્યા પછી માણસે (એ સ્નેહ પચી ગયા પછી) બીજા સ્નેહથી યુક્ત ભોજન કરવું; ગરમ જળનું સેવન કરવું; બ્રહ્મચર્ય પાળવું; રાત્રે સૂવું પણ દિવસે ન સૂવું; મળ, મૂત્ર, વાયુ તથા ઓડકારના વેગોને રોકવા નહિ. શારીરશ્રમનો, મોટેથી બોલવાનો, ક્રોધનો, શોકનો, ઠંડીનો તથા સૂર્યના તાપનો ત્યાગ કરવો; વાયુરહિત પ્રદેશનું સેવન કરવું; સૂવાનું તથા બેસવાનું પણ વાયુરહિત પ્રદેશમાં રાખવું; કારણ કે સ્નેહનું પાન કર્યા પછી નિયમ વિરુદ્ધ ખોટા આચારવિચારોને સેવવાથી તો ભયંકર રોગો ઉત્પન્ન થાય છે' વળી ચરકે સિદ્ધિસ્થાનમાં પણ પહેલા અધ્યાયમાં ૫૩ મા શ્લોકમાં આમ કહ્યું છે કે, 'कालस्तु वस्त्यादिषु यति यावाँस्तावान् भवेद्द्विः परिहारकालः। अत्यासनस्थानवचांसि पानं स्वप्नं दिवा मैथुनवेगरोधान् ॥ शीतोपचारातपशोकरोषांस्त्यजेदकालाहितभोजनं च ॥ બસ્તિ આદિમાં જેટલો કાળ જાય છે, તેનાથી બેગણો કાળ પરિહાર કે પરેજીનો હોવો જોઈએ; તેમ જ વમન આદિ પંચકર્મનું સેવન કરનારે ઘણું બેસી રહેવું, વધુપડતું ઊભા રહેવું, અતિશય બોલવું, ઘણું ચાલવું, દિવસની નિદ્રા, મૈથુન, (મલમૂત્રાદિના) વેગોને રોકવા, શીતળ ઉપચારો, સૂર્યનો તાપ, શોક, રોષ, અકાળે ભોજન તથા અહિતકારી ભોજનનો ત્યાગ કરવો.' આ જ પ્રકારે અષ્ટાંગસંગ્રહકારે પણ કહ્યું છે કે, 'भोज्योष्णं मात्रया पाय्यन् स्नेहः पिबन् पीतवानपि। द्रवोष्णमनभिष्यन्दि नातिस्निग्धमसंकरम्। उष्णोदकोपचारी स्यात् ब्रह्मचारी क्षपाशयः। व्यायामवेगसंरोधशोकहर्षहिमातपान् ॥ प्रवातयानापानाध्वभाष्यात्यशनसंस्थितीः। नीचात्युच्चोपधानाहः स्वप्नधूमरजांसि च। यान्यहानि पिबेत् तानि तावन्त्यन्यान्यपि त्यजेत् ॥–જે માણસ આવતી કાલે સ્નેહપાન કરવાનો હોય અને જેણે સ્નેહપાન ગઈ કાલે કર્યું હોય તેણે ગરમ ભોજન અને ગરમ પાણી યોગ્ય પ્રમાણમાં પીવું; પ્રવાહી ગરમ, અભિષ્યન્દ (કફ) નહિ કરનાર, અતિશય સ્નિગ્ધ ન હોય એવું તેમ જ અસંકીર્ણ એટલે અમુક જાતનાં જુદાં જુદાં અન્નના મિશ્રણથી રહિત ભોજન જમવું; ગરમ પાણીનું સેવન કરવું; બ્રહ્મચર્ય પાળવું; રાત્રે શયન કરવું પણ દિવસે નિદ્રા ન લેવી; શારીરક શ્રમ ન કરવો, મળમૂત્રાદિના વેગો રોકવા નહિ તેમ જ શોક, હર્ષ, હિમ તથા સૂર્યના તાપનો ત્યાગ કરવો; વળી પુષ્કળ વાયુવાળા પ્રદેશમાં જવાનો, બેસવાનો, મુસાફરીનો, બહુ બોલવાનો, ખૂબ ખાવાનો અને ખૂબ બેસી રહેવાનો ત્યાગ કરવો; ખૂબ નીચાં અને ખૂબ ઊંચાં ઓશીકાં વગેરેનો, દિવસની નિદ્રાનો, ધુમાડાનો અને રજ–ધૂળ વગેરેનો પણ ત્યાગ કરવો જોઈએ. એ રીતે જેટલા દિવસો સુધી સ્નેહપાન ચાલે તેટલા દિવસો સુધી અને સ્નેહપાન છોડ્યા પછી પણ તેટલા જ દિવસો સુધી નિયમોનું પાલન કરવું. ૩૭

કેવા કોઠાવાળો કેટલા દિવસે સ્નિગ્ધ થાય ?

संस्निह्यति मृदुकोष्ठो नरस्त्रिरात्रेण, सप्तरात्रेण। स्नेहाच्छपानयोगाज्जीवक! यः क्रूरकोष्ठस्तु ॥३८॥

જે માણસ કોમળ કોઠાવાળો હોય તે સ્વચ્છ સ્નેહ પીવાથી ત્રણ દિવસે સ્નિગ્ધ થાય; અને હે જીવક! જે કઠણ કોઠાવાળો હોય તે, સ્વચ્છ સ્નેહના પાનથી સાત દિવસે સ્નિગ્ધ થાય છે. ૩૮

વિવરણ : આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૧૩ મા અધ્યાયના ૬૫ મા શ્લોકમાં આમ કહ્યું છે કે 'मृदुकोष्ठस्त्रिरात्रेण स्निह्यत्यच्छोपसेवया। स्निह्यति क्रूरकोष्ठस्तु सप्तरात्रेण मानवः' ॥–જે માણસ કોમળ કોઠાવાળો હોય તે સ્વચ્છ સ્નેહને પીવાથી ત્રણ દિવસે સ્નિગ્ધ થાય છે; તેમ જ જે માણસ કઠણ

કોઠાવાળો હોય તે માણસ સ્વચ્છ સ્નેહને પીવાથી સાત દિવસે સ્નિગ્ધ થાય છે. ૩૮

કોમળ કોઠાવાળાને આપવાનું વિરેચન

द्राक्षापीलुत्रिफलागोरसतप्ताम्बुतरुणमद्यानि। भुक्त्वाऽथ पायसं यो मृदुकोष्ठः स्निग्ध्य(स्य)ते नान्यः ॥ ३९ ॥

જે માણસ કોમળ કોઠાવાળો હોય તે દ્રાક્ષ, પીલુ, ત્રિફળા, ગોમૂત્ર, ગરમ પાણી, તાજું મદ્ય અને દૂધ કે દૂધપાક એમાંનું એક પણ દ્રવ્ય સેવીને વિરેચન પામે છે, પણ બીજો કઠણ કોઠાવાળો માણસ ઉપર જણાવેલામાંથી વિરેચન પામતો નથી. ૩૯

વિવરણ : આ સંબંધે ચરકે સૂત્રસ્થાનના ૧૩ મા અધ્યાયના ૬૬–૬૭ શ્લોકમાં આમ કહ્યું છે કે 'गुडमिश्रुरसं यस्तु क्षीरमुल्लोडितं दधि । पायसं कृसरं सर्पिः काश्मर्यत्रिफलारसम् ॥ द्राक्षारसं पीलुरसं जलमुष्णमथापि वा । मद्यं वा तरुणं पीत्वा मृदुकोष्ठो विरिच्यते । विरेचयन्ति नैतानि क्रूरकोष्ठं कदाचन । भवति क्रूरकोष्ठस्य ग्रहण्यत्युल्बणानिला '॥–ગોળ, શેરડીનો રસ, દહીંની ઉપરનું મસ્તુ–પાણી, દૂધ, વલોવેલું દહીં, દૂધપાક, (તલ, ચોખા અને અડદની) ખીચડી કે યવાગૂ–રાબ, ઘી, ગાંભારીનો રસ, ત્રિફળાનો રસ, દ્રાક્ષનો રસ, પીલુનો રસ, ગરમ પાણી અથવા તાજું મદ્ય–એમાંનું કોઈ પણ એક પીને કોમળ કોઠાવાળાને વિરેચન થાય છે; પણ કઠણ કોઠાવાળાને આમાંની કોઈ પણ વસ્તુથી વિરેચન થતું નથી; કારણ કે કઠણ કોઠાવાળાની ગ્રહણી અતિશય ઉગ્ર કે વધારે પડતા વાયુથી વ્યાપ્ત હોય છે. સુશ્રુતે ચિકિત્સાસ્થાનના ૩૨ મા અધ્યાયના ૧૭ મા સૂત્રમાં આમ ત્રણ પ્રકારના કોઠા વર્ણવ્યા છે, જેમ કે 'तत्र मृदुः क्रूरो मध्य इति त्रिविधः कोष्ठो भवति । तत्र बहुपित्तो मृदु । स दुःखेनापि विरिच्यते, बहुवातश्लेष्मा क्रूरः स दुर्विरेच्यः, समदोषो मध्यमः, स साधारणः, तत्र मृदौ मात्रा मृद्वी. तीक्ष्णा क्रूरे, मध्ये मध्या कर्तव्येति '–તેમાં માણસોના ત્રણ પ્રકારના કોઠા હોય છે. એક તો મૃદુ–કોમળ કોઠો, બીજો કઠણ કોઠો અને ત્રીજો મધ્યમ કોઠો હોય છે. તેમાંનો જેનામાં પિત્ત ઘણું વધારે હોય તે કોમળ કોઠો હોય છે; તેવા કોઠાવાળાને દૂધ આપવાથી વિરેચન થાય છે. જેમાં વાયુ અને કફ વધુ પ્રમાણમાં હોય તે કઠણ કોઠો કહેવાય છે. એવા કઠણ કોઠાવાળાને કોઈ પણ વિરેચનથી રેચ થવો મુશ્કેલ થાય છે; પરંતુ જેમાં ત્રણે દોષો એક સરખા પ્રમાણમાં હોય તે મધ્યમ કોઠો કહેવાય છે અને તે સાધારણ ગણાય છે. તેમાંના કોમળ કોઠાવાળાને વિરેચનની માત્રા કોમળ અપાય છે; કઠણ કોઠાવાળાને વિરેચનની માત્રા તીક્ષ્ણ અપાય છે અને મધ્યમ કોઠાવાળાને વિરેચનની માત્રા મધ્યમ અપાય છે. ૩૯

કોમળ કોઠાવાળાને વિરેચનમાં સરળતા

पित्तबहुलेतरल्पा ग्रहणी भवति मृदुकोष्ठिनां तस्मात् । सुविरेच्या मृदुकोष्ठाः प्रायः पित्तं ह्यधोभागि ॥ ४० ॥

કોમળ કોઠાવાળા માણસની ગ્રહણી વધુ પડતા પિત્તથી યુક્ત હોય છે પણ તે ગ્રહણીમાં વાયુ અને કફ ઓછા પ્રમાણમાં હોય છે; તેથી તેવા કોમળ કોઠાવાળાને સરળતાપૂર્વક વિરેચન કરાવી શકાય છે; કારણ કે (તેવા કોમળ કોઠાવાળાનો) પિત્તદોષ નીચેના ભાગમાં રહેલો હોય છે. ૪૦

વિવરણ : ચરકે સૂત્રસ્થાનના ૧૩ મા અધ્યાયમાં ૬૯ મા શ્લોકમાં આ સંબંધે આમ કહ્યું છે કે, 'उदीर्णपित्ताऽल्पकफा, ग्रहणी मन्दमारुता ॥ मृदुकोष्ठस्य तस्मात् स, सुविरेच्यो नरः स्मृतः '–જેનો કોઠો કોમળ હોય છે તે માણસની ગ્રહણી નાડી વધુ પડતા પિત્તદોષથી યુક્ત હોઈ ઓછા કફવાળી અને થોડા વાયુવાળી હોય છે તેથી તેવી ગ્રહણીવાળા–કોમળ કોઠાવાળાને વિરેચન કરાવવું સહેલું થાય છે. અહીં જણાવેલી 'ગ્રહણી'થી નાના આંતરડાનો પ્રારંભિક ભાગ સમજાય છે. તેનું માપ ૧૨ આંગળનું હોય છે. તેમાં અર્ધપક્વ અન્નને પચાવવા માટે પિત્તાશયમાંથી પાચક પિત્ત અને અગ્ન્યાશયમાંથી તેનો રસ અલગ અલગ સ્રોતો દ્વારા એકત્ર થઈને ગ્રહણીમાં પહોંચે છે. પછી ગ્રહણી દ્વારા પાચન થઈ તે આગળ જાય છે. તેને 'પિત્તધરા' કલા કહેવામાં આવે છે. આ સંબંધે સુશ્રુતે આમ કહ્યું છે કે, 'षष्ठी

पित्तधरा नाम या कला परिकीर्तिता । पक्वामाशय-मध्यस्था ग्रहणी परिकीर्तिता ॥–' 'પિત્તધરા' નામની જે છઠ્ઠી કલા કહી છે તે પક્વાશય અને આમાશયની વચ્ચે રહેલી હોઈને 'ગ્રહણી' કહેવાય છે. એ જ પ્રકારે ચરકમાં પણ તે ગ્રહણીને 'અગ્નિનું અધિષ્ઠાન' માની છે; જેમ કે 'अग्न्यधिष्ठानमन्नस्य ग्रहणाद् ग्रहणी मता । नाभेरुपरि सा ह्यग्निबलोपस्तम्भ-बृंहिता । अपक्वं धारयत्यन्नं पक्वं त्यजति चाप्यधः ॥–' નાભિની ઉપરના ભાગમાં જે ગ્રહણી નાડી રહેલી છે તે અગ્નિનું અધિષ્ઠાન એટલે આશ્રયસ્થાન મનાયેલી છે અને અગ્નિના બળના ટેકાથી તે પુષ્ટ થયેલી હોઈને અપક્વ ખોરાકને ધારણ કરે છે અને પક્વ થયેલા ભાગને નીચેના માર્ગે ત્યજે પણ છે.'

નહિ પચેલા સ્નેહનું લક્ષણ

तृष्मूर्छामुखशोषैः शब्दद्वेषाङ्गमर्दजृम्भाभिः ।
तन्द्रीवाग्देहसादैः स्नेहज्ञा(ज्ञोऽ)जीर्यतीत्याह ॥४१॥

સ્નેહના ગુણોને જાણનારા આમ કહે છે કે તરશ, મૂર્ચ્છા, મોઢાનું સૂકાવું, શબ્દ સાંભળવા તરફ અણગમો, અંગોનું ભાંગવું, બગાસાં, તન્દ્રા–નિદ્રા જેવું ઘેન, વાણીમાં મંદતા અને શરીરમાં કૃશતા–એ લક્ષણો ઉપરથી સ્નેહ પચ્યો નથી એમ જાણવું. ૪૧

સ્નેહના અજીર્ણની ચિકિત્સા

जीर्णाजीर्णविशङ्का केवलमुष्णोदकं पिबेत् तद्धि ।
उद्गारस्य विशुद्धिं जनयति भक्ताभिलाषं च ॥४२॥

જે માણસને સ્નેહના અજીર્ણની શંકા થતી હોય તેણે કેવળ ઉષ્ણજલ પીધા કરવું; કેમ કે તે ઉષ્ણજલ ઓડકારની વિશુદ્ધિ અને ખોરાક ઉપરની રુચિ ઉપજાવે છે. ૪૨

કયા સ્નેહનું અજીર્ણ થયું છે તે જણાવતાં ચિહ્નો

तैलेऽधिको(के) विदाहः, सर्पिषि मूर्च्छा, वसासु हृल्लासः । मज्जनि गौरवमेषां दोषैरल्पा प्रवृत्तिस्तु ॥ ४३ ॥

તેલરૂપી સ્નેહનું જો અજીર્ણ થયું હોય તો (શરીરમાં) અધિક દાહ થાય. ઘીરૂપી સ્નેહનું અજીર્ણ થયું હોય તો માણસને મૂર્ચ્છા થાય. વસારૂપી સ્નેહનું અજીર્ણ થયું હોય તો મોળ–ઊબકા આવે; મજ્જારૂપી સ્નેહનું અજીર્ણ થયું હોય તો માણસના શરીરમાં ભારેપણું થાય. વળી સ્નેહના અજીર્ણવાળાની પ્રવૃત્તિ પણ વધેલા દોષોના કારણે ઓછી થઈ જાય–પોતાનાં ધારેલાં કાર્યો તેઓ બરાબર કરી શકે નહિ. ૪૩

સ્નેહના અજીર્ણમાં વમન કરાવવું

स्नेहाजीर्णे तृष्णा शूलं परिकर्तिका च यस्य स्यात् ।
समतीतजरणकाले तस्य प्रच्छर्दनं श्रेयः ॥४४॥

જેને સ્નેહનું અજીર્ણ થાય તેને વધુ તરશ લાગ્યા કરે; શૂલ ભોંકાયા જેવી પીડા થાય અને પેટમાં ચારે બાજુ જાણે વાઢ થતી હોય એવી પીડા થાય છે; તે માણસને સ્નેહપાચનનો કાળ વીતી જાય ત્યારે ઊલટી કરાવવી એ ઉત્તમ ઉપાય છે. ૪૪

વિવરણ : ચરક પણ સૂત્રસ્થાનના ૧૩ મા અધ્યાયના ૭૩ મા શ્લોકમાં આમ કહ્યું છે કે, 'अजीर्णे यदि तु स्नेहे तृष्णा स्याच्छर्दये भिषक् । शीतोदकं पुनः पीत्वा भुक्त्वा रूक्षान्नमुल्लिखेत् ॥'– સ્નેહનું જો અજીર્ણ થયું હોય તો વધુ પડતી તરશ લાગ્યા કરે છે. તે વેળા વૈદ્યે એ રોગીને ઊલટી કરાવવી જોઈએ. તે પછી શીતળ પાણી પાઈને અને રૂક્ષ ખોરાક ખવડાવી ફરી ઊલટી કરાવવી. સુશ્રુતે સ્નેહની અજીર્ણ અવસ્થામાં ગરમ પાણી પાઈને વમન કરાવવાનું કહ્યું છે. જેમ કે– 'एवं चानुपशाम्यन्त्यां स्नेहमुष्णाम्बुना वमेत् ॥'– સ્નેહનું અજીર્ણ થતાં ઊલટી થવા માંડે અને તે ઊલટી જો શાંત ન થાય તો વૈદ્યે એ રોગીને ગરમ પાણી પાઈને તેના કોઠામાં રહેલા અને નહિ પચેલા સ્નેહને ઓકાવી કાઢવો જોઈએ. ચરકના તથા સુશ્રુતનો આ વિરોધનો પરિહાર કરવા અષ્ટાંગસંગ્રહકારે આમ કહ્યું છે કે, 'अजीर्णे बल-वत्यां तु शीतैर्दिह्याच्छिरो मुखम् । छर्दयेत् तदशान्तौ च पीत्वा शीतोदकं पुनः । रूक्षान्नमुल्लिखेत् भुक्त्वा तादृश्यां तु कफानिले ॥ समदोषस्य निःशेषं स्नेहमुष्णा-म्बुनोद्धरेत् ॥'–(પિત્ત પ્રકૃતિવાળા માણસને) સ્નેહનું અજીર્ણ થયું હોય અને તે વેળા બળ તરફ

લાગવા માંડે તો શીતળ દ્રવ્યોથી માથા અને મુખ પર લેપ લગાડવો; છતાં એ તરસ જો શાંત ન થાય તો શીતળ પાણી પાઈને તે અજીર્ણ સ્નેહને ઓકાવી કઢાવવો જોઈએ. પરંતુ કફમિશ્ર વાયુપ્રકૃતિવાળાને જો સ્નેહનું અજીર્ણ થયું હોય તો એ માણસને રૂક્ષ અન્ન જમાડી તેની ઉપર ગરમ પાણી પાઈને પછી વમન કરાવવું જોઈએ; પરંતુ જે માણસમાં બધાયે દોષો એકસરખા હોય અને તેને જો સ્નેહનું અજીર્ણ થયું હોય તો તેને સહેવાય તેવું ગરમ પાણી પાઈને તે સ્નેહના અજીર્ણનું વમન કરાવવું જોઈએ એ અર્થાત્ પિત્તપ્રકૃતિવાળાને સ્નેહના અજીર્ણમાં શીતળ પાણી પાઈને વમન કરાવવું અને કફવાતમિશ્ર પ્રકૃતિવાળાને તેમ જ શ્રમદોષ પ્રકૃતિવાળાને ગરમ પાણી પાઈને સ્નેહના અજીર્ણનું વમન કરાવવું. એમ જણાવી અષ્ટાંગસંગ્રહકારે ચરક તથા સુશ્રુતનાં પરસ્પર વિરુદ્ધ કથનમાં આવતો વિરોધ દૂર કર્યો છે. ૪૪

સ્નેહનું અજીર્ણ ન થયું હોય તેનાં લક્ષણો

उद्गारस्य विशुद्धिः कांक्षा स्थिरता लघुत्वमविषादः।
बलवागिन्द्रियसंपज्जातेर्णे स्नेहे बलसुखे च ॥ ४५ ॥
कर्णाक्षिप्राणबलं स्मृतिकेशौजसां वृद्धिधृतिपुष्टिः।
शान्तिस्तद्व्याधीनां भुक्त्वाऽनु स्नेहपीतस्य ॥४६

સ્નેહ જો પચી ગયો હોય તો શુદ્ધ ઓડકાર આવે; ખોરાક ખાવાની અને બીજાં કામો વગેરે કરવાની ઇચ્છા થાય; શરીરમાં સ્થિરતા અને હલકાશ થાય; મનમાં કોઈ પણ જાતનો ખેદ ન રહે; બળ, વાણી તથા ઇંદ્રિયોની સંપત્તિ એટલે ઉત્તમ ગુણો અને યુક્તપણું થાય; અને બળ તથા સુખ પણ થાય. વળી કાન, નેત્રો અને પ્રાણમાં બળ આવે; સ્મરણશક્તિ, કેશ તથા ઓજની વૃદ્ધિ થાય; બુદ્ધિ અને ધીરજની પુષ્ટિ થાય; અને તે તે રોગોની શાંતિ થાય; એમ સ્નેહપાન કર્યા પછી તે પચી જાય ત્યારે એ લક્ષણો થાય છે. ૪૫,૪૬

સ્નેહના અવપીડ-નસ્યના ગુણો

पित्तानिलामयघ्नं बस्त्यूरुकटीदृढीकरं वृष्यम्।
ऊर्जस्करं श्रमघ्नं विद्यात् स्नेहावपीडं तु ॥४७॥

સ્નેહનું અવપીડ-નસ્ય નાકમાં ટીપાં પાડવામાં આવે તો તેથી માણસોના પિત્તના તથા વાયુના રોગોનો નાશ થાય છે; મસ્તિ, મૂત્રાશય, સાથળો તથા કેડની દૃઢતાને કરે છે; વૃષ્ય હોઈ વીર્યની વૃદ્ધિ કરે છે; મનોબળને પણ કરે છે અને શ્રમનો નાશ કરે છે. ૪૭

વિવરણ : 'અવપીડન નસ્ય' એટલે કે કોઈ પણ ઔષધ આદિના કલ્કને નીચોવી તેના રસનાં ટીપાં નાકમાં નાખવામાં આવે, તેને 'અવપીડ નસ્ય' કહેવામાં આવે છે. આ સંબંધે કહ્યું છે કે, 'अवपीड्य दीयते यस्मादवपीडस्ततः स्मृतः। कल्कीकृतादौषधाद्यः पीडितो निःसृतो रसः। सोऽवपीडः समुद्दिष्टस्तीक्ष्णद्रव्यसमुद्भवः। गलरोगे सन्निपाते निद्रायां विषमज्वरे। मनोविकारे कृमिषु युज्यते चावपीडनम्॥' અમુક કોઈ ઔષધને કલ્કરૂપ કરી તેને નીચોવીને તેમાંથી કાઢવામાં આવતા રસને અવપીડ કહેવામાં આવે છે અને અમુક કોઈ તીક્ષ્ણ દ્રવ્યમાંથી ઉત્પન્ન થયેલા એ નાકમાં નાખવાના રસને 'અવપીડન નસ્ય' કહેવામાં આવે છે. તે 'અવપીડન નસ્ય' ગળાના રોગમાં, સન્નિપાતમાં, નિદ્રા ન આવતી હોય તે રોગમાં, વિષમજ્વરમાં, મનના વિકારમાં તથા કૃમિરોગમાં આપવું યોગ્ય ગણાય છે. ૪૭

સ્નેહના સમ્યક્ સેવનથી થતા ફાયદા

वर्णस्वरमेधौजःशुक्रायुर्धृतिबलाग्निसंवृद्धिः।
विण्मूत्रानिलवृत्तिः सुखेन संभोजनस्नेहात् ॥४८॥

સ્નેહનું સારી રીતે સેવન કરવાથી શરીરનો વર્ણ, ગળાનો અવાજ, મેધાશક્તિ, ઓજસ, વીર્ય, આયુષ્ય, ધૈર્ય, બળ તથા જઠરના અગ્નિની સારી રીતે વૃદ્ધિ થાય છે અને વિષ્ઠાની, મૂત્રની તથા વાયુની સુખપૂર્વક પ્રવૃત્તિ થાય છે. ૪૮

અયોગ્ય રીતે સેવેલા સ્નેહથી થતા દોષો

ज्वरपाण्डुकुष्ठशोथास्तृण्मूर्छाच्छर्द्यरोचकोत्क्लेदाः।
ग्रहणीन्द्रियोपघातस्तैमित्यानाहशूलाद्याः ॥ ४९ ॥
स्नेहापचारजास्ते रोगाः,स्वेदोपपादिता ये(ते)षु।
वमनविरेचनयोगा रूक्षाशनतक्रमूत्राद्याः ॥ ५० ॥

અયોગ્ય રીતે સેવેલા સ્નેહના કારણે

જ્વર, પાંડુ, કોઢ, સોજા, વધુ પડતી તરસ, મૂર્છા, ઊલટી, અરુચિ, મોળ–ઊબકા, ગ્રહણી-રોગ, ઇંદ્રિયોની અસ્વસ્થતા, સ્તંભિત્ય–જડતા, આનાહ–મલબંધ (આફરો) અને શૂલ વગેરે રોગો થાય છે. એમ સ્નેહના અયોગ્ય રીતે સેવન કરવાથી થયેલા તે રોગો સ્વેદનરૂપ ઉપચારથી યુક્ત કર્યા હોય તેમ જ વમન તથા વિરેચનના યોગોથી યોજ્યા હોય અને રૂક્ષ ખોરાકથી, તકના સેવનથી તથા ગોમૂત્રના સેવનથી મટે છે.

વિવરણ : ચરકે પણ સૂત્રસ્થાનના ૧૩ મા અધ્યાયમાં ૭૭–૭૮ મા શ્લોકમાં આમ કહ્યું છે, કે तत्राप्युल्लेखनं शस्तं स्वेदः कालप्रतीक्षणम्। प्रति प्रति व्याधिबलं बुद्ध्वा स्रंसनमेव च। तक्रारिष्टप्रयोगश्च रूक्षणान्नसेवनम्। मूत्राणां त्रिफलायाश्च स्नेहव्यापत्ति-मेषजम्॥' સ્નેહના અયોગ્ય સેવનથી ઉત્પન્ન થયેલા એ ઉપદ્રવોમાં પણ ઊલટી, સ્વેદન, કાળપ્રતીક્ષા એટલે કે સ્નેહના દોષનો નાશ થાય ત્યાં સુધી રાહ જોઈને ભોજન કરવું નહિ. દરેક દરેક તંદ્રા આદિ થયેલા વ્યાધિનું બળ જોઈને તેના પ્રમાણમાં સ્રંસન જ કરવું જોઈએ એટલે કે વિરેચન કરાવવું. ચરકના ચિકિત્સાસ્થાનમાં કહેલો તક્રારિષ્ટ પ્રયોગ કરાવવો; રૂક્ષ પીણાં તથા રૂક્ષ અન્નનું સેવન કરાવવું. તેમ જ મૂત્રોનું તથા ત્રિફળાનું સેવન કરાવવું; એ અવિધિથી સેવેલા સ્નેહના ઉપદ્રવોનાં ઔષધો છે.'

સ્નેહના ઉપદ્રવોનાં કારણ અને સંશોધન

मात्राकालवियुक्तः स्नेहः सात्म्योपचारगुणहीनः
युक्तो व्यापदमृच्छति तस्मिन् संशोधनं पथ्यम्॥५१

જે સ્નેહ માત્રા અને કાળ વગર સેવ્યો હોય તેમ જ સાત્મ્ય ઉપચારો તથા ગુણોથી રહિત હોય તેવો સ્નેહ યોજ્યો હોય તો તે ઉપદ્રવોને ઉત્પન્ન કરનાર થાય છે. એવા તે સ્નેહમાં સંશોધન આપવું એટલે કે વમન તથા વિરેચન કરાવવું તે હિતકારી થાય છે. ૫૧

વિવરણ : આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૧૩મા અધ્યાયમાં ૭૬મા શ્લોકમાં આમ કહ્યું છે કે, 'अकाले चाहितश्चैव मात्रया न च योजितः। स्नेहो मिथ्योपचाराच्च व्यापद्येतातिसेवितः॥' જે સ્નેહ અકાળે સેવ્યો હોય, અહિતકારી હોય છતાં સેવ્યો હોય, માપસર સેવ્યો ન હોય, ખોટી વિધિથી સેવ્યો હોય અને ખૂબ વધુ પ્રમાણમાં જે સ્નેહ સેવ્યો હોય તે વ્યાપત્તિને પામે છે; એટલે કે ઉપદ્રવોને ઉપજાવવામાં કારણ થાય છે. ૫૧

કેવળ સ્નેહનું સેવન કોણે ન કરવું ?

स्नेहद्वेषी क्षामो मृदुकोष्ठः स्नेहमद्यनित्यश्च।
अध्वप्रजागरस्त्रीश्रान्ता नाच्छं पिबेयुस्ते॥५२॥
तेषामन्नैर्विविधैः स्नेहस्य विचारणा सात्म्यम्।
निर्दिष्ट्वा मासाद्यैः कालाग्निवयःप्रकर्षाच्च॥५३॥
गुरुपानभोज्यमांसैर्गुडदधितिलशाकदुग्धनिर्यूहैः।
न स्नेहयेत् प्रमेहे न कुष्ठककफशोषरोगार्तान्॥५४॥

જે માણસને સ્નેહ તરફ અણગમો હોય, શરીરે જે દુર્બળ હોય, જેનો કોઠો કાયમને માટે સ્નેહનું તથા મદ્યનું સેવન કરતો હોય; મુસાફરી કરીને, ઘણા ઉજાગરા કરીને અને ખૂબ સ્ત્રીસેવન કરીને જે થાકયો હોય તેણે કેવળ સ્નેહ પીવો નહિ; પરંતુ એવા લોકોને તો વિવિધ પ્રકારનાં અન્નની સાથે સ્નેહ આપવાથી માફક આવે છે; પરંતુ એ સ્નેહનો યોગ પણ માસ કે ઋતુ આદિનો નિર્દેશ કરી તેમ જ કાળ, જઠરાગ્નિ તથા ઉંમરનો વિચાર કરી જે સાત્મ્ય હોય તે જ યોજવો જોઈએ. વળી ભારે ખોરાક, પીણાં, ભોજનો માંસ, ગોળ, દહીં, તલ, શાક, દૂધ તથા નિર્યૂહ દ્વારા સ્નેહનો યોગ કરવાથી સાત્મ્ય થાય છે; પણ પ્રમેહમાં સ્નેહન કરાવવું નહિ અને કોઢના, કફના તથા શોષના રોગીઓને પણ સ્નેહન કરાવવું નહિ. ૫૨–૫૪

વિવરણ : આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૧૩ મા અધ્યાયના ૮૨ મા શ્લોકમાં આમ કહ્યું છે કે, 'स्नेहद्विषः स्नेहनित्या मृदुकोष्ठाश्च ये नराः। क्लेशासह्या मद्यनित्यास्तेषामिष्टा विचारणा॥' જેઓ સ્નેહના દ્વેષી હોય એટલે કે જેઓને કેવળ એકલો સ્નેહ પીવો ગમતો ન હોય, જેઓ કાયમ સ્નેહનું સેવન કરતા હોય, જેઓનો કોઠો કોમળ

હોય, જેઓ (એકલો સ્નેહ પીવાનું) કષ્ટ સહન કરી શકતા ન હોય અને જેઓ કાયમ મદ્યસેવન કરતા હોય, તેઓને ખોરાક વગેરેની સાથે સ્નેહને ભેળીને આપવો તે ઇષ્ટ ગણાય છે. આવો જ ભાવ સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૧ મા અધ્યાયમાં આ શ્લોકમાં જણાવ્યો છે; જેમ કે सुकुमारं क्रूरं वृद्धं शिशुं स्नेहद्विषं तथा। तृष्णार्तमुष्णकाले च सहभक्तेन दापयेत् ॥' જે માણસ અતિશય કોમળ, કૃશ, દુર્બળ, વૃદ્ધ, બાળક, (એકલા) સ્નેહનો દ્વેષી અને તરશના રોગથી પીડાયેલ હોય તેને એકલો સ્નેહ પાવો નહિ પણ ખોરાકની સાથે કે એકલા ભાતની સાથે સ્નેહની યોજના કરવી; તેમ જ ઉષ્ણકાળે પણ ખોરાકની સાથે જ સ્નેહોનો પ્રયોગ કરાવવો.' ૫૨–૫૪

પ્રમેહ આદિ રોગવાળાઓને કયા પ્રકારે સ્નેહયુક્ત કરવા ?

तद्दोषघ्नैर्द्रव्यैः स्नेहैः सिद्धैर्यथास्वमविकारैः।
स्नेह्यास्तथाविधाः स्युस्त्रिफलासव्योषलवणाद्यैः॥

ઉપર કહેલા પ્રમેહ આદિ રોગવાળાઓને તેમના તે દોષનો નાશ કરનારા ત્રિફલા, વ્યોષ–ત્રિકટુ તથા લવણ આદિ દ્રવ્યો નાખી પકવ કરેલા નિર્વિકાર સ્નેહો વડે સ્નેહયુક્ત કરવા જોઈએ. ૫૫

વિવરણ : ચરકે પણ આ સંબંધે સૂત્રસ્થાનનાં ૧૩ મા અધ્યાયના ૯૨ મા શ્લોકમાં આમ કહ્યું છે કે, 'स्नेहैर्यथास्वं तान् सिद्धैः स्नेहयेदविकारिभिः पिप्पलीभिर्हरीतक्या सिद्धैस्त्रिफल्याऽपि वा' જેઓ સ્નેહપાન માટે અયોગ્ય ગણાય છે તેવા રોગીઓને તેઓના રોગ અનુસાર દ્રવ્યો નાખી પકવ કરેલા અવિકારી સ્નેહો આપીને સ્નિગ્ધ કરવા જોઈએ; જેમ કે કોઢના રોગી માટે પીપરનું ચૂર્ણ નાખી પકવ કરેલ, સોજાના રોગી માટે હરડેનું ચૂર્ણ નાખી પકવેલ અને પ્રમેહના રોગી માટે ત્રિફળાનું ચૂર્ણ નાખી પકવેલ સ્નેહ પાઈને સ્નિગ્ધ કરવા.' આ જ પ્રકારે અષ્ટાંગસંગ્રહકારે પણ આમ કહ્યું છે કે, 'गुडानूपामिषक्षीरतिलमाषसुरा दधि। कुष्ठशोफप्रमेहेषु स्नेहार्थं न प्रकल्पयेत्। त्रिफला पिप्पली कृष्णा गुग्गुल्वादिविपाचितान्। स्नेहान् यथास्वमेतेषां योजयेदविकारिणः॥' ગોળ, આનૂપ–જળપ્રાય પ્રદેશનાં પશુપક્ષીઓનાં માંસ, દૂધ, તલ અડદ, મદિરા તથા દહીં એટલાં દ્રવ્યોનો કોઢના, સોજાના તથા પ્રમેહના રોગોમાં સ્નેહપાન કરવા માટે ઉપયોગ કરવો નહિ; પરંતુ ત્રિફળા, પીપર, હરડે તથા ગૂગળ આદિ દ્રવ્યો નાખીને પકવેલા નિર્વિકારી સ્નેહોનો યોગાયોગ્ય તે તે રોગાનુસાર ઉપયોગ કરાવવો જોઈએ. ૫૫

સ્નેહથી સ્નિગ્ધ કરેલાને સ્વેદન કરવું

स्नेहितदेहस्यादौ स्वेदमनन्तरमथ प्रयुञ्जीत।
सम्यक्स्निग्धस्विन्नैर्विशोधनमनन्तरं कार्यम्॥५६॥

જેના શરીરને સ્નેહપાનથી સ્નિગ્ધ કર્યું હોય તેને એ સ્નેહન કર્યા પછી સ્વેદનનો પ્રયોગ કરાવવો જોઈએ. જે માણસ સ્નેહથી સારી રીતે સ્નિગ્ધ થયો હોય અને સ્વેદનથી સ્વેદયુક્ત થયો હોય તેને એ બે ક્રિયાઓ પછી જ સંશોધન કર્મ કરાવવું જોઈએ. ૫૬

વિવરણ : આ સંબંધે પણ ચરકે સૂત્રસ્થાનના ૧૩ મા અધ્યાયના ૯૯ મા શ્લોકમાં આમ કહ્યું છે કે, 'स्नेहमग्रे प्रयुञ्जीत ततः स्वेदमनन्तरम्। स्नेहस्वेदोपपन्नस्य संशोधनमथेतरत्॥ હરકોઈ માણસને જ્યારે સંશોધનથી યુક્ત કરવો હોય ત્યારે પ્રથમ તો તેને સ્નેહનો પ્રયોગ કરાવવો જોઈએ અને એમ સ્નેહથી સ્નિગ્ધ થયેલા તેને સ્વેદનનો પ્રયોગ કરાવવો જોઈએ. એમ સ્નેહનથી સ્નિગ્ધ તથા સ્વેદનથી જેને સ્વેદયુક્ત કરેલ હોય તેને એના પછી સંશોધન કરાવી શકાય છે. ૫૬

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં 'સ્નેહાધ્યાય' નામનો ૨૨ મો અધ્યાય સમાપ્ત

સ્વેદાધ્યાય–અધ્યાય ૨૩ મો

अथातः स्वेदाध्यायं व्याख्यास्यामः॥ १॥
इति ह स्माह भगवान् कश्यपः॥ २॥

હવે અહીંથી 'સ્વેદાધ્યાય' નામના અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું, એમ કાશ્યપે પોતાના શિષ્ય વૃદ્ધજીવક પ્રત્યે કહ્યું હતું. ૧,૨

સ્વેદ સંબંધે વૃદ્ધજીવકના પ્રશ્નો

सम्यक्स्निग्धस्य भगवन् कथं स्वेदं प्रयोजयेत् ।
अनत्ययं भिषग्बाले द्रव्यं स्वेदोपगं च किम् ॥३॥
मन्दातिसम्यक्स्विन्नानां बालानां लक्षणं च किम् ।
कः स्वेद्यो न च कः स्वेद्य इत्युक्तः प्राह कश्यपः ॥४॥

હે ભગવન્ ! જે માણસને સ્નેહન દ્વારા સારી રીતે સ્નિગ્ધ કરેલ હોય તેને (એ કર્મ પછી) વૈદ્યે સ્વેદન કેવી રીતે કરાવવું ? કયું દ્રવ્ય બાળકને કોઈપણ અત્યંત પીડા ઉપજાવ્યા વિના સ્વેદનમાં સહાયતા કરનાર થાય છે. વળી જે બાળકોને સ્વેદનનો મંદયોગ કે અયોગ થયો હોય અથવા સ્વેદનનો અતિયોગ કે સમ્યગ્યોગ થયો હોય તેમનું લક્ષણ શું હોય છે ? વળી સ્વેદ આપવાને યોગ્ય અને અયોગ્ય કોણ હોય છે તે આપ કહો. એમ વૃદ્ધજીવકે જ્યારે પ્રશ્નો પૂછ્યા હતા, ત્યારે કશ્યપે તેને આમ કહ્યું હતું. ૩,૪

ભગવાન કશ્યપનો ઉત્તર

शृणु स्वेदविधिं कृत्स्नं वृद्धजीवक ! तत्त्वतः ।
यथा बाले प्रयोक्तव्यः प्रयुक्तश्च यथा हितः ॥ ५ ॥

હે વૃદ્ધજીવક ! સ્વેદ આપવાની જે વિધિ છે, તેને સંપૂર્ણ રીતે તત્ત્વથી યથાર્થ સાંભળો. બાળકને સ્વેદનો પ્રયોગ જે રીતે હિતકારી થાય તે રીતે કરાવવો જોઈએ. ૫

દોષ પ્રમાણે સ્વેદ આપવો જોઈએ

स्तैमित्यशूलकाठिन्यविबन्धानाहवाग्ग्रहैः ।
हृल्लासारुच्यलसकशीतासहनवेपनैः ॥ ६ ॥
वातश्लेष्मोद्भवं दृष्ट्वा पृथग्वा स्वेद इष्यते ।
वाते स्निग्धः कफे रूक्षो द्वयोः साधारणो मतः ॥७

સ્તૈમિત્ય–જડતા, શૂલ, કઠોરતા, વિબંધ-કબજિયાત, આનાહ જેમાં આડો ગંઠાઈ બંધાઈને બહાર ન નીકળે તે રોગ, બરાબર બોલી ન શકાય તે રોગ, મોળ, ઊબકા, અરુચિ–કંઈપણ ખાવાપીવાની રુચિ ન થાય તે, અલસક નામનો એક અજીર્ણને લગતો રોગ, ટાઢ સહન થઈ શકે નહિ તે રોગ અને કંપારી, એ રોગરૂપી તે તે લક્ષણો જોઈને તેમાં જે જે દોષની અધિકતા હોય તે તે દોષાનુસાર વાતિક, શ્લૈષ્મિક અથવા વાતજ કે કફજ વિકાર જોઈ તે તે દોષને દૂર કરનાર સ્વેદ આપવો તે ઇષ્ટ ગણાય છે; જેમ કે વાતદોષમાં સ્નિગ્ધ સ્વેદ, કફ દોષમાં રુક્ષ સ્વેદ અને વાત અને કફ બન્ને દોષ હોય તો સાધારણ સ્વેદ એટલે કે સ્નિગ્ધતા અને રૂક્ષતાની મિશ્રતા હોય એવો સ્વેદ આપવો યોગ્ય મનાયો છે. ૬,૭

વિવરણ : આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૧૪ મા અધ્યાયમાં ૭ મા શ્લોકમાં આમ કહ્યું છે કે, 'वातश्लेष्मणि वाते वा कफे वा स्वेद इष्यते । स्निग्धरूक्षस्तथा स्निग्धो रूक्षश्चाप्युपकल्पितः ॥' વાતકફ–બે દોષ જેમાં મિશ્ર હોય એવા રોગમાં અથવા જેમાં કેવળ વાતદોષ મુખ્ય હોય કે કેવળ કફદોષ જેમાં મુખ્ય હોય એવા રોગમાં સ્વેદ આપવો તે ઇષ્ટ ગણાય છે. એ સ્વેદ સ્નિગ્ધરુક્ષ–મિશ્ર હોય કે કેવળ સ્નિગ્ધ અથવા રુક્ષ પણ હોવો જોઈએ અર્થાત્ કેવળ વાતદોષમાં કેવળ સ્નિગ્ધસ્વેદ, કેવળ કફદોષમાં કેવળ રુક્ષસ્વેદ અને વાતકફમિશ્ર દોષમાં સ્નિગ્ધરુક્ષ–મિશ્રસ્વેદ આપવો જોઈએ. ૬ ૭

બાળકોને આપવા યોગ્ય સ્વેદ

बालानां कृशमध्यानां स्वेद आवस्थिको हितः ।
शीतव्याधिशरीराणां बालानां च विशेषतः ॥ ८ ॥

જે બાળકો કૃશ–દુર્બળ હોય અને જે બાળકો મધ્યમ બળવાળાં હોય તેમને આવસ્થિકસ્વેદ એટલે કે તે તે બાળકોનાં શરીરની અવસ્થાને અનુસરતો સ્વેદ આપવો હિતકારી થાય છે અને તેમાંય જે બાળકો શરદીથી કે કોઈ રોગથી યુક્ત શરીરવાળા હોય તેમને તો વિશેષે કરી તે તે અવસ્થાને અનુસરતો સ્વેદ આપવો હિતકારી થાય છે. ૮

વિવરણ : અહીં આમ કહેવા માગે છે કે શરદી વધુ પ્રમાણમાં હોય તો સ્વેદ કે શેક વધુ

પ્રમાણમાં આપવો જોઈએ. તે જ પ્રમાણે રોગ જો વધુ બળવાન હોય અને શારીરિક બળ પણ વધારે હોય તો તેને અનુસરી યોગ્ય પ્રમાણમાં સ્વેદ આપી શકાય છે; પરંતુ રોગ ઓછો હોય અને શારીરિક બળ પણ ઓછું હોય તો સ્વેદ પણ ઓછો આપવો જોઈએ. ૮

કયાં અંગો પર કેટલા પ્રમાણમાં સ્વેદ અપાય ?

વૃષણૌ હૃદયં ચક્ષુર્મૃદુ વા સ્વેદયેન્ન વા ।
શેપોવક્ષ્ણસન્ધીંસ્તુ મધ્યમં શેષમિષ્ટતઃ ॥ ૯ ॥

બન્ને વૃષણ, હૃદય તથા આંખ ઉપર બહુ જ ઓછો સ્વેદ (શેક) આપવો જોઈએ અથવા બિલકુલ સ્વેદ આપવો ન જોઈએ; તેમ જ શેપસ્-પુરુષચિહ્ન વંક્ષણ નામના જાંઘના સાંધા અને એ સિવાયના શરીરના બીજા સાંધાઓ પર મધ્યમ સ્વેદ આપવો જોઈએ અને તે સિવાયનાં બાકીનાં અંગો પર પોતાની ઇચ્છાનુસાર સ્વેદ આપી શકાય છે. ૯

વિવરણ : અહીં દેશભેદ અનુસાર મૃદુ, મધ્યમ તથા મહાન-એમ ત્રણ પ્રકારના સ્વેદો બતાવ્યા છે. તેમાં વૃષણ, હૃદય તથા નેત્રોની ઉપર ખરી રીતે સ્વેદન કરવું જ ન જોઈએ છતાં તે તે અવયવોની ઉપર પણ સ્વેદ આપવો જરૂરી જણાય તો પણ અતિશય કોમળ એટલે ખૂબ જ ઓછા પ્રમાણમાં સ્વેદ આપવો જોઈએ. તે જ પ્રમાણે માણસની જનનેન્દ્રિય, વંક્ષણ-સાંધા અને એ સિવાયના શરીરના બીજા સાંધાઓની ઉપર સ્વેદ આપવાની જરૂર જણાય તો મધ્યમ સ્વેદ આપવો અને તે સિવાયનાં શરીરનાં બીજાં અંગો પર જરૂર હોય તે પ્રમાણે મધ્યમ તથા મહાસ્વેદ-એમાંનો કોઈ પણ સ્વેદ નિર્ભય થઈને આપી શકાય છે. આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૧૪ મા અધ્યાયના ૯ મા શ્લોકમાં પણ આમ કહ્યું છે કે, ' વૃષણૌ હૃદયં દૃષ્ટી સ્વેદયેન્મૃદુ નૈવ હિ । મધ્યમં વક્ષ્ણં શેષમઙ્ગાવયવમિષ્ટતઃ । બે વૃષણ, હૃદય, નેત્રો એટલાં સ્થાનો ઉપર કોમળ જ સ્વેદ કરવો અથવા તે તે સ્થાનો પર સ્વેદ કરવો ન જોઈએ; તેમ જ વંક્ષણ નામના જાંઘના બે સાંધાની ઉપર મધ્યમસ્વેદ કરવો જોઈએ અને તે સિવાયનાં બાકીનાં અંગો ઉપર પોતાની ઇચ્છાનુસાર સ્વેદ કરવો. ૯

બાળકને સ્વેદ આપતી વેળા રાખવાની સાવધાની

કુમુદોત્પલપદ્માનાં પત્રૈરાચ્છાદ્ય લોચને ।
વાસસા વાઽથ ઋક્ષ્ણેન બાલે સ્વેદં પ્રયોજયેત્ ॥ ૧૦
મુક્તાવલીચન્દ્રકાન્તશીતામ્બુકરભાજનૈઃ ।
સ્પૃશેદભીક્ષ્ણં હૃદયં બાલસ્ય સ્વેદકર્મણિ ॥ ૧૧ ॥

બાળકને ખૂબ શરદી વગેરેના કારણે જ્યારે સ્વેદ આપવામાં આવે ત્યારે તે બાળકનાં બન્ને નેત્રો પર કુમુદ, નીલકમલ તથા લાલકમળનાં પાંદડાં ઢાંકીને અથવા સુંવાળાં વસ્ત્રથી તે બાળકના બન્ને નેત્રોને ઢાંકીને સ્વેદ આપવો જોઈએ; તેમ જ મોતીની માળાઓ, ચંદ્રકાન્તમણિ અને શીતળ પાણીથી ભરેલું જળપાત્ર એમાંના કોઈપણ દ્વારા તે બાળકના હૃદયને વારંવાર સ્પર્શ કરાવતા રહેવું. ૧૦,૧૧

વિવરણ : આ સંબંધે પણ ચરકે સૂત્રસ્થાનના ૧૪ મા અધ્યાયમાં ૧૦-૧૧ શ્લોકોમાં આમ કહ્યું છે કે, ' सुशुद्धैर्लक्तकैः पिण्डया गोधूमानामथापि वा । पद्मोत्पलपलाशैर्वा स्वेदः संवृत्य चक्षुषी ॥ मुक्तावलीभिः शीताभिः शीतैर्भाजनैरपि । जलार्द्रैर्जलजहस्तैः स्विद्यतो हृदयं स्पृशेत् ॥-અતિશુદ્ધ બળતાનાં પૂમડાંથી, ઘઉંના લોટની થેપલીથી અથવા પદ્મ કે ઉત્પલજાતિનાં કમળોનાં પાંદડાંથી બન્ને નેત્ર આદિને ઢાંકીને તે પછી તેની ઉપર કોમળ સ્વેદ કરવો અને શીતળ મોતીઓની માળાઓથી, શીતળ જલપાત્રોથી અને પાણીથી ભીનાં કરેલાં કમળોથી કે પોતાના હાથથી હૃદયને સ્પર્શ કર્યા કરવો. સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૨ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે, ' स्नेहाभ्यक्तशरीरस्य शीतैराच्छाद्य चक्षुषी । स्विद्यमानस्य च मुहुर्हृदयं शीतलैः स्पृशेत् ॥-જેને સ્વેદ આપવાનો હોય ત્યારે તેના શરીરને પ્રથમ સ્નેહથી માલિસ કરવું અને તે પછી તેનાં બન્ને નેત્રોને શીતળ વસ્ત્રો

વગેરેથી ઢાંકી દેવાં અને તે પછી તેના હૃદયને શીતળ દ્રવ્યોથી વારંવાર સ્પર્શ કરતા રહીને સ્વેદ આપવો શરૂ કરવો જોઈએ. આ જ પ્રમાણે અષ્ટાંગસંગ્રહકારે પણ સૂત્રસ્થાનના ૨૬મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે 'पद्मोत्पलादिभिः सक्तुपिण्डया वाच्छाद्य चक्षुषी । शीतैर्मुक्तावली पद्मकुमुदोत्पलभाजनैः ॥ मुहुः करैश्च तोयार्द्रैः स्विद्यतो हृदयं स्पृशेत् ॥–' જેને સ્વેદ આપવાનો હોય તેનાં બન્ને નેત્રોને લાલ કમળ, નીલકમલ વગેરેથી કે સાથવાની થેપલીથી ઢાંકી દેવાં જોઈએ તેમ જ તેના હૃદયને શીતળ મોતીઓના હારોથી અથવા લાલકમળ, કુમુદ–પોયણાં, નીલકમળ તથા શીતળ જલપાત્રોથી કે પાણીથી ભીના કરેલ હાથથી વારંવાર સ્પર્શ કરતા રહેવું જોઈએ.' ૧૦,૧૧

सुखपूर्वकं स्वेदः भाटे वधु सूचन

कर्पूरचूर्णमास्येन धारयेत् स्विद्यतः सुखम् ।
फलाम्लयुक्तं खण्डं वा मृद्वीकां वा सशर्कराम् ॥१२

વળી જેને સ્વેદ આપવાનો હોય તેને સુખપૂર્વક સ્વેદ પ્રાપ્ત થાય તે માટે તેના મોઢામાં કપૂરનું ચૂર્ણ રખાવવું અથવા ફળની ખટાશયુક્ત ખાંડ કે સાકર સહિત દ્રાક્ષ મોઢામાં રખાવવી–અર્થાત્ સ્વેદન આપતી વેળા એ માણસના મોઢામાં કપૂર અથવા ખાંડ સાથે ખાટાં ફળ કે મુનક્કા દ્રાક્ષ રખાવવી જેથી તેને સુખપૂર્વક સ્વેદન પ્રાપ્ત થાય. ૧૨

સ્વેદ આપવો બંધ ક્યારે કરવો ?

शीतगौरवविष्टम्भशूलादीनां निवर्तने ।
तद्विपर्ययभावे च स्वेदं प्राज्ञो निवर्तयेत् ॥१३॥

શીત, ગૌરવ–શરીરમાં ભારેપણું, વિષ્ટંભ–ઝાડાની કબજિયાત તથા શૂલ આદિ વેદના જ્યારે મટી જાય એટલે કે તેથી વિપરીતપણું થાય–અર્થાત્ શરીરમાં ગરમી–હલકાપણું, ઝાડાની છૂટ તથા વેદના શાંત થાય ત્યારે વિદ્વાન વૈદ્યે સ્વેદ આપવો બંધ કરવો. ૧૩

સ્વેદના અતિયોગનાં લક્ષણો

विषादमूर्च्छातृड्दाहपित्तकोपारतिभ्रमाः ।
स्वराङ्गहानिर्वैह्वल्यमतिस्विन्नस्य लक्षणम् ॥ १४॥

જેને સ્વેદ અપાયા પછી વિષાદ, મૂર્ચ્છા, વધુ પડતી તરશ, દાહ, પિત્તનો પ્રકોપ, બેચેની તથા ભ્રમ થાય, ગળાનો અવાજ ઓછો થઈ જાય, અંગોમાં હાનિ તથા વિહ્વળપણું થાય, તેને વધુ પ્રમાણમાં સ્વેદ અપાયો છે એમ સમજવું. ૧૪

વિવરણ : આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૧૪ અધ્યાયના ૧૩ મા શ્લોકમાં આમ કહ્યું છે કે 'पित्तप्रकोपो मूर्छा च शरीरसदनं तृषा । दाह स्वेदाङ्गदौर्बल्यमतिस्विन्नस्य लक्षणम् ' ॥–જેને વધુ પ્રમાણમાં સ્વેદ અપાઈ ગયો હોય, તેને પિત્તનો પ્રકોપ, મૂર્ચ્છા, શરીરની શિથિલતા, વધુ પડતી તરશ, દાહ, વધુ પરસેવો અને અંગોની દુર્બળતા–એ લક્ષણો થાય છે. સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૨મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે 'स्विन्नेऽत्यर्थं सन्धिपीडाविदाहः स्फोटोत्पत्तिः पित्तरक्तप्रकोपः । मूर्छा भ्रान्तिर्दाहतृष्णे क्लमश्च ' ॥–જેને વધુ પ્રમાણમાં સ્વેદયુક્ત કર્યો હોય તેના સાંધામાં પીડા તથા વિશેષ દાહ થાય; શરીર પર ફોલ્લા ઉત્પન્ન થાય; પિત્તનો તથા રક્તનો પ્રકોપ થાય; મૂર્ચ્છા તથા ભ્રમ થાય અને દાહ તથા ગ્લાનિ થાય છે' આ જ પ્રમાણે અષ્ટાંગસંગ્રહમાં પણ કહ્યું છે કે, 'पित्तासकोपस्तृड्मूर्छास्वराङ्गसदनभ्रमाः । सन्धिपीडाज्वरश्यावरक्तमण्डलदर्शनम् ॥ स्वेदातियोगाच्छर्दिश्च '– સ્વેદના અતિયોગથી રક્તપિત્તનો પ્રકોપ થાય, વધુ પડતી તરશ લાગ્યા કરે; મૂર્છા, સ્વર તથા અંગની શિથિલતા, ભ્રમ અને સાંધાઓમાં પીડા થાય, જ્વર આવે અને શરીર પર કાળાં તથા રાતાં મંડલો–ચકામાં નીકળી આવે અને ઊલટી પણ થાય. ૧૪

સ્વેદના અતિયોગવાળાની ચિકિત્સા

तच्चिकित्सां प्रयुञ्जीत यथा वैसर्पिणां तथा ।
रागव्रणविसंज्ञाभिः कृच्छ्रसाध्यं तमादिशेत् ॥१५॥

રતવાના રોગીની જેમ સ્વેદના અતિયોગવાળાની ચિકિત્સા કરવી; પરંતુ જ્યારે તેને શરીરે રતાશ આવી જાય, વ્રણ થયો હોય તેમ જ બેભાન થયો હોય તેને કૃચ્છ્રસાધ્ય જાણવો. ૧૫

વિવરણ : આ સંબંધે ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૨૧ મા અધ્યાયમાં ૪૩ મા શ્લોકમાં વિસર્પની ચિકિત્સા આમ દર્શાવી છે : લઙ્ઘનોલ્લેખને શસ્તે તિક્તકાનાં ચ સેવનમ્ । કફસ્થાનગતે સામે રૂક્ષશીતૈઃ પ્રલેપનમ્ ' ॥–જે વિસર્પ (સાધ્ય સ્થિતિવાળો હોઈ) આમદોષ સહિત હોય અને કફના સ્થાનમાં ગયો હોય તો એ રોગીને લંઘન તથા વમન કરાવવું એ ઉત્તમ ઉપાય છે; તેમ જ કડવા પદાર્થોનું સેવન કરાવવું અને રૂક્ષ તથા શીતળ પ્રલેપોથી લેપ લગાડવા. એ પ્રકારની વિસર્પની ચિકિત્સા સ્વેદના અતિયોગમાં પણ કરી શકાય છે. અષ્ટાંગસંગ્રહકારે પણ આ જ ચિકિત્સાવિધાન દર્શાવ્યું છે પણ તેમણે વધુમાં શીતળ પ્રલેપોનો નિષેધ કરી સમશીતોષ્ણ પ્રલેપો લગાડવા કહ્યું છે. ચરકે પણ સૂત્રસ્થાનના ૧૩ મા અધ્યાયના ૧૪ મા શ્લોકમાં સ્વેદના અતિયોગવાળાને કરવાની ચિકિત્સા આમ જણાવી છે : ' उक्तस्तस्याशितीये यो ग्रैष्मिकः सर्वशो विधिः । सोऽतिस्विन्नस्य कर्तव्यो मधुरः स्निग्धशीतलः ' ॥–સૂત્રસ્થાનના ' तस्याशितीय ' નામના છઠ્ઠા અધ્યાયમાં ચરકે ગ્રીષ્મઋતુચર્યા સંબંધે જે સંપૂર્ણ, મધુર, સ્નિગ્ધ તથા શીતળ વિધિ કહી છે તે જ વિધિ સ્વેદના અતિયોગવાળાને પણ કરવી યોગ્ય છે. પરંતુ ગ્રીષ્મમાં જે મદ્યપાન બતાવ્યું છે તે સ્વેદના અતિયોગવાળાને હિતકારી નથી, એમ ત્યાં ટીકાકારોએ અભિપ્રાય જણાવ્યો છે. ૧૫

અતિસ્વિન્ન થયેલાનું લક્ષણ

वातस्याप्रगुणत्वं च गुरुत्वं स्तब्धगात्रता ।
मन्दस्विन्ने न च ग्लानिस्तृष्णादीनां च विभ्रमः ॥१६॥
तत्र स्वेदं प्रयुञ्जीत भिषग्भूयो विचारयन् ।
बलकालवयोदोषान् पथ्यचेष्टाशनस्थितीः ॥१७॥

જેને જરૂરિયાત કરતાં બહુ ઓછા પ્રમાણમાં સ્વેદ કરાયો હોય તેનો વાયુ અનુલોમ થઈ પોતાના યોગ્ય માર્ગે ગતિ ન કરે, શરીરમાં ભારેપણું થાય; શરીરના અવયવો જકડાઈ જાય; અને ગ્લાનિ તથા તૃષ્ણા આદિની શાંતિ થાય નહિ; એવી સ્થિતિમાં વૈદ્યે રોગીના બળનો, કાળનો, ઉંમરનો, દોષોનો, પથ્યનો ચેષ્ટાનો, ખોરાકનો તથા સ્થિતિનો બરાબર વિચાર કરી ફરી વધુ સ્વેદનો પ્રયોગ કરાવવો જોઈએ. ૧૬,૧૭

સ્વેદના સમ્યગ્યોગનાં લક્ષણો

स्वेदाभिनन्दिता सौख्यं मृदुता रोगदेहयोः ।
काले विसृष्टिः क्षुत्तृष्णा सम्यक् स्विन्नस्य लक्षणम् ॥

જે સ્વેદને વખાણે જેને સુખનો અનુભવ થાય; રોગ હલકો પડે અને શરીર કોમળ થાય, યોગ્ય સમયે મલમૂત્રની છૂટ થાય અને ભૂખ અને તરસ લાગે; એ બધાં સ્વેદના સમ્યગ્યોગ થયાનાં લક્ષણો જાણવાં. ૧૮

વિવરણ : અર્થાત્ ઉપર દર્શાવેલાં લક્ષણો જોઈને વૈદ્યે જાણી લેવું જોઈએ કે આ રોગીને યોગ્ય પ્રમાણમાં સ્વેદ થયો છે સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૨મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે, ' स्वेदाल्लाघवं व्याधिहानिर्लघुत्वं शीतार्थित्वं मार्दवं चातुरस्य । सम्यक्स्विन्ने लक्षणं प्राहुरेतन्मिथ्याऽस्विन्ने व्यत्यये नैतदेव ॥ ' સ્વેદનો સમ્યગ્યોગ થયો હોય તો રોગીને પરસેવો છૂટે છે; રોગ ઓછો થાય છે; શરીરમાં હલકાપણું થાય છે; શીતળતાની ઇચ્છા થાય છે; શરીરમાં કોમળપણું થાય છે એ લક્ષણો થાય છે એમ વૈદ્યો કહે છે, પણ જેને સ્વેદનો મિથ્યાયોગ કે અયોગ થયો હોય તેનામાં એ ઉપર દર્શાવેલાં લક્ષણો થતાં જ નથી; પણ તેથી વિપરીત જ લક્ષણો થાય છે. અષ્ટાંગસંગ્રહમાં પણ જેને સ્વેદનો સમ્યગ્યોગ થયો હોય તેનાં લક્ષણો ટૂંકમાં આમ કહ્યાં છે કે, ' शीतशूलक्षये स्विन्नो जातोऽङ्गानां च मार्दवे '–રોગીના શરીરમાં રહેલ શીતનો તથા શૂલનો જ્યારે નાશ થાય અને શરીરનાં અંગોનું કોમળપણું થાય ત્યારે તેને સ્વેદથી બરાબર યુક્ત થયેલો જાણવો. ૧૮

સ્વેદને અયોગ્ય વ્યક્તિઓ

पित्तात्मा पित्तरोगी च गर्भिणी मधुमेहिनः ।
क्षुत्तृष्णाशोषरोषार्ताः कामल्युदरिविक्षताः ॥१९॥
कार्श्यमद्यविषार्ताश्च भृशाग्नितिमिरस्रुताः ।
भ्रष्टभग्नविदग्धाङ्गा न स्वेद्यास्ते कथंचन ॥ २० ॥

જેની પિત્તપ્રકૃતિ હોય, જેને પિત્તનો રોગ હોય, સગર્ભા સ્ત્રી, મધુમેહનો રોગી, ક્ષુધા, તૃષા અને શોષના રોગથી જેઓ

પીડાતા હોય, જેઓને કમળાનો તથા ઉદરનો રોગ હોય, જેઓને છાતીમાં ચાંદું હોય અથવા જેઓ ઘાયલ થયા હોય, કૃશપણું, મદ્ય તથા વિષની અસરથી જેઓ પીડાતા હોય, જેઓનો જઠરાગ્નિ અતિશય તીવ્ર હોય, જેઓ નેત્રના તિમિર રોગથી પીડાતા હોય, અતિસારરોગથી જેઓ યુક્ત હોય, જેઓનાં અંગો સ્થાન પરથી ખસી ગયાં હોય, ભાંગી ગયાં હોય કે ખૂબ દાઝી ગયાં હોય તેઓને સ્વેદ આપવો ન જોઈએ. ૧૯,૨૦

વિવરણ : આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૧૪ મા અધ્યાયના ૧૫–૧૮ શ્લોકોમાં આમ કહ્યું છે કે, 'कषायमद्यनित्यानां गर्भिण्या रक्तपित्तिनाम् । पित्तिनां सातिसाराणां रूक्षाणां मधुमेहिनाम् ॥ विदग्धभ्रष्टबध्नानां विषमद्यविकारिणाम् । श्रान्तानां नष्टसंज्ञानां स्थूलानां पित्तमेहिनाम् । तृष्यतां क्षुधितानां च क्रुद्धानां शोचतामपि । कामल्युदरिणां चैव क्षतानामाढ्यरोगिणाम् ॥ दुर्बलातिविशुष्काणामुपक्षीणौजसां तथा । भिषक् तैमिरिकाणां च न स्वेदमवतारयेत् ॥'–જેઓ પાચન આદિ કષાયો અને મદ્ય હમેશાં પીતા હોય; જે સ્ત્રી સગર્ભા હોય, જેઓ રક્તપિત્તના રોગી હોય, જેઓ પિત્તપ્રધાન પ્રકૃતિ ધરાવતા હોય, અતિસારથી જેઓ યુક્ત થયા હોય, જેઓ શરીરે લૂખા થઈ ગયા હોય, જેઓ મધુમેહના રોગી હોય, જેઓ અગ્નિથી દાઝ્યા હોય, જેઓની ગુદા પાકી ગઈ હોય કે પોતાના સ્થાનેથી ખસી ગઈ હોય અથવા જેઓને 'ગુદભ્રંશ' નામનો રોગ થયો હોય, જેઓને વિષવિકાર કે મદ્યવિકાર થયો હોય, શ્રમ કરીને જેઓ થાક્યા હોય, શરીરે જેઓ જાડા હોય, જેઓને પિત્તના પ્રકોપથી મેહરોગ થયો હોય, જેઓને વધુ પ્રમાણમાં તરશ લાગ્યા કરતી હોય, જેઓ ભૂખ્યા હોય, ક્રોધ પામ્યા કરતા હોય, શોક કર્યા કરતા હોય, કમળાના રોગી હોય, પેટના રોગી હોય, જેઓને (છાતીમાં) ચાંદાં પડ્યાં હોય અથવા શસ્ત્રથી જેઓ ઘાયલ થયા હોય, આઢ્યવાત કે વાતરક્તના જે રોગી હોય, જેઓ શરીરે દુર્બળ થયા હોય, જેઓ ઘણા જ સુકાઈ ગયા હોય, જેઓનું ઓજસ ક્ષીણ થયું હોય અને જેઓ નેત્રના તિમિરરોગથી યુક્ત થયા હોય તેઓને વૈદ્યે સ્વેદ આપવો ન જોઈએ. સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૨ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે 'पाण्डुमेही रक्तपित्ती क्षयार्त्तः क्षामोऽजीर्णी चोदरार्तोगदार्तः ॥ तृट्छर्द्यार्तो गर्भिणी पीतमद्यो नैते स्वेद्या यश्च मर्त्योतिसारी ॥ स्वेदादेषां यान्ति देहा विनाशं वासाध्यत्वं यान्ति चैषां विकाराः ॥'–પાંડુરોગી, મેહરોગી, રક્તપિત્તથી પીડાયેલો, ક્ષયનો રોગી, શરીરે જે ક્ષીણ થયો હોય, અજીર્ણનો રોગી, ઉદરનો રોગી, 'ગર' નામના વિષથી જે પીડાયેલો હોય, તરશ અને ઊલટીથી જે પીડાયો હોય, જે સ્ત્રી સગર્ભા હોય, જેણે મદ્યપાન કર્યું હોય તે બધાંને અને અતિસારના રોગીને વૈદ્યે સ્વેદ આપવો ન જોઈએ; કારણ કે એ લોકોને સ્વેદ આપવાથી તેમના દેહ નાશ પામે છે અથવા તેમના વિકારો અસાધ્ય બને છે. ૧૯,૨૦

સ્વેદ આપવા લાયક રોગો

स्वरभेदप्रतिश्यायगलग्रहशिरोरुजि ।
मन्याकर्णशिरःशूले गौरवे श्वासकासयोः ॥२१॥
कुक्षिपार्श्वकटीपृष्ठविड्ग्रहे मूत्रयक्ष्मणि ।
शुक्राघाते पक्षवधे कोष्ठानाहविबन्धयोः ॥ २२॥
विनामार्दितजृम्भासु हनुमन्याशिरोग्रहे ।
अङ्गमर्दे महत्त्वे च वेपथौ वातकण्टके ॥ २३ ॥
शीतशोथामवल्ली(ल्ली)षु पाणिपादाङ्गमारुते ।
आयामाक्षेपशूलादौ स्वेदः पथ्यतमो नृणाम् ॥२४

સ્વરભેદ થયો હોય, સળેખમ થયું હોય, ગળું ઝલાઈ ગયું હોય, માથામાં પીડા થતી હોય, ગળાની મન્યા નાડીમાં, કાનમાં તથા મસ્તકમાં શૂલ નીકળતું હોય; શરીરમાં ભારેપણું થયું હોય, દમ કે કાસ–ઉધરસના રોગમાં; કૂખ, કેડ, પડખાં અને પીઠ ઝલાઈ ગયેલ હોય અને વિષ્ઠાની કબજિયાતમાં, મૂત્રરોગમાં, ક્ષયરોગમાં, વીર્યના અટકાવમાં, પક્ષઘાતમાં, કોઠાના આફરામાં, મળમૂત્રના અટકવામાં, વાયુના કારણે થયેલ શરીરના વિનામ–નમી જવામાં, 'અર્દિત' નામના મોઢાના લકવામાં, બૂંભા–બગાસાના રોગમાં, હડપચીના,

'મન્યા' નાડીના તથા મસ્તકના ઝલાવામાં, અંગમર્દ–શરીર ભાંગતું હોય તેમાં, મહત્ત્વ–અંડવૃદ્ધિ આદિમાં, કંપારીના રોગમાં, પગમાં કાંટા ભોંકાતા હોય એવી વાયુની વેદનામાં, શરદીમાં, સોજામાં, આમવાતમાં, ખાલીના રોગમાં, હાથમાં, પગમાં કે બીજા કોઈ અંગમાં વાયુ હોય; આયામ, આક્ષેપ કે શૂલ આદિ રોગમાં માણસોને સ્વેદ–શેક અથવા બાફ અપાય તે અતિશય હિતકારી થાય છે. ૨૧–૨૪

વિવરણ : ચરકે પણ સૂત્રસ્થાનના ૧૪ મા અધ્યાયના ૧૯–૨૩ શ્લોકમાં સ્વેદયોગ્ય રોગો આમ ગણ્યા છે; જેમ કે 'प्रतिश्याये च कासे च हिक्काश्वासेष्वलाघवे । कर्णमन्याशिरःशूले स्वरभेदे गलग्रहे ॥ अर्दितैकाङ्गसर्वाङ्गपक्षाघाते विनामके । कोष्ठानाहविबन्धेषु शुक्राघाते विजृम्भिके ॥ पार्श्वपृष्ठकटीकुक्षिसंग्रहे गृध्रसीषु च । मूत्रकृच्छ्रे महत्त्वे च मुष्कयोरङ्गमर्दने ॥ पादोरुजानुजङ्घार्ति संग्रहेश्वयथावपि । खल्लीष्वामेषु शीते च वेपथौ वातकण्टके । सङ्कोचायामशूलेषु स्तम्भगौरवसुप्तिषु । सर्वेष्वेव विकारेषु स्वेदनं हितमुच्यते ॥ સળેખમમાં, ઉધરસમાં, હેડકીમાં, શ્વાસમાં, શરીરના ભારેપણામાં; કાનના, મન્યા નાડીના તથા મસ્તકના શૂળમાં, ગળાનો અવાજ બેસી ગયો હોય ત્યારે, ગળાના ઝલાવામાં, અર્દિત નામના મોઢાના લકવામાં, એકાંગવાત અને સર્વાંગવાતમાં, પક્ષાઘાતમાં, વાયુના કારણે શરીરના વિનામ–નમી જવામાં, ફોડાના આફરામાં, ઝાડાની કબજિયાતમાં, વીર્યના આઘાત અટકવામાં બગાસાના રોગમાં, પડખાના, પીઠના, કેડના, કૂખના ઝલાવામાં, ગૃધ્રસી–વાયુના રાંઝણ રોગમાં, મૂત્રકૃચ્છ્રમાં, બન્ને વૃષણના અંડવૃદ્ધિ રોગમાં કે વધરાવળમાં, અંગમર્દન કે શરીરના ભાંગવામાં, પગ, સાથળ, ઢીંચણ તથા જાંઘ-પગની પીંડીઓમાં પીડા થતી હોય કે તેમના ઝલાઈ જવામાં અથવા ત્યાં ત્યાં સોજો આવ્યો હોય ત્યારે પણ; તેમ જ ટાલના કે ખાલી ચડવારૂપ વાતરોગમાં, આમસંબંધી રોગમાં, શીતમાં, કંપારીના રોગમાં, વાતકંટક રોગમાં, સંકોચમાં, આયામરોગમાં, શૂળમાં, વાયુથી જકડાઈ જવારૂપ રોગમાં, શરીરના ભારેપણામાં અને જડતા થવી, એટલા વિકારોમાં સ્વેદન હિતકારી કહેવાય છે. ૨૧,૨૪

બાળકો માટેના આઠ પ્રકારના સ્વેદો આપવાના

जन्मप्रभृति बालानां स्वेदमष्टविधं भिषक् ।
प्रयुञ्जीत यथाकालं रोगदेहव्यपेक्षया ॥ २५ ॥

બાળકોને જન્મથી માંડી વૈદ્યે રોગ તથા શરીરની અપેક્ષા રાખી તે તરફ ધ્યાન આપીને સમય અનુસાર આઠ પ્રકારના સ્વેદનો પ્રયોગ કરાવવો જોઈએ. ૨૫

આઠ સ્વેદોની ગણના

हस्तस्वेदः प्रदेहश्च नाडीप्रस्तरसंकराः ।
उपनाहोऽवगाहश्च परिषेकस्तथाऽष्टमः ॥ २६ ॥

હસ્તસ્વેદ, પ્રદેહ, નાડીસ્વેદ, પ્રસ્તરસ્વેદ, સંકરસ્વેદ, ઉપનાહસ્વેદ, અવગાહસ્વેદ અને આઠમો પરિષેક–એમ આઠ સ્વેદો કહ્યા છે.૨૬

વિવરણ : ચરકમાં અગ્નિસંસ્કારયુક્ત સ્વેદોની સંખ્યા ૧૩ની કહી છે; જેમ કે 'सङ्करः प्रस्तरो नाडी परिषेकोऽवगाहनम् । जेन्ताकोऽश्मघनः कर्षुः कुटीभूकुम्भिकैव च । कूपो होलाक इत्येते स्वेदयन्ति त्रयोदश' સંકર, પ્રસ્તર, નાડીસ્વેદ, પરિષેક, અવગાહન, જેન્તાક, અશ્મઘન, કર્ષુ, કુટી, ભૂ, કુંભિક, કૂપ તથા હોલાક એમ ૧૩ અગ્નિસંસ્કારયુક્ત સ્વેદો કહેવાય છે.' એ સિવાય જેમાં અગ્નિનો સંબંધ હોતો નથી એવા બીજા ૧૦ સ્વેદો પણ ચરકે આમ ગણ્યા છે : જેમ કે 'व्यायाम उष्णसदनं गुरुप्रावरणं क्षुधा । बहुपानं भयक्रोधावुपनाहातपाः । स्वेदयन्ति दशैतानि नरमग्निगुणाहते ॥' વ્યાયામ, ગરમ ઘર, કામળો વગેરે, ભારે ઓઢવાનું–ભૂખ, ઘણું પીણું, ભય, ક્રોધ, ઉપનાહ–પોટીસ બાંધવી વગેરે યુદ્ધ તથા સૂર્યનો તાપ–એ દશ માણસને અગ્નિના ગુણ વિના સ્વેદયુક્ત કરે છે. આ બધામાં અગ્નિનો સાક્ષાત્ સંબંધ હોતો નથી, છતાં માણસને સ્વેદ ઉપજાવે છે. સુશ્રુતે ચાર પ્રકારના સ્વેદો ગણ્યા છે; જેમ કે તાપસ્વેદ, ઉષ્મસ્વેદ, ઉપનાહસ્વેદ અને દ્રવસ્વેદ; એ જ પ્રમાણે સુશ્રુતે અગ્નિના સંબંધ વિનાના સ્વેદો આમ કહ્યા છે કે, 'कफमेदोऽन्विते वायौ निवातातप-

गुरुप्रावरणनियुद्धाध्वव्यायाममारहरणामर्षैः स्वेदमुत्पादयेत्' કફ અને મેદની સાથે વાયુના પ્રકોપ હોય તો વાયુરહિત ઘરમાં સૂર્યના તડકાનું સેવન, ભારે ઓઢવાનાં કામળા વગેરે, મલ્લયુદ્ધ, મુસાફરી, વ્યાયામ, કસરત, ભારને ઉપાડવો અને ક્રોધ કરવો એ બધાં સ્વેદને ઉપજાવે છે. આમ છતાં અહીં કાશ્યપસંહિતામાં જે આઠ સ્વેદો કહ્યા છે તે બાલચિકિત્સાને અનુસરી કહ્યા છે; કેમકે આ સંહિતા મુખ્યત્વે બાલચિકિત્સાને જ અનુસરે છે. ૨૬

બાળકને હસ્તસ્વેદ ક્યારે ?

जातस्य चतुरो मासान् हस्तस्वेदं प्रयोजयेत् ।
अप्रमादी निवातस्थो विधूमाग्न्यूष्मणा शनैः ॥२७॥

બાળક ચાર મહિનાનું થયા પછી તેને હસ્તસ્વેદનો પ્રયોગ કરી શકાય છે. કાળજી રાખીને (બાળકને ખોળામાં રાખી) વાયુરહિત સ્થાનમાં બેસવું અને પછી ધુમાડા વિનાના અગ્નિ પર હાથને તપાવીને બાળકને ધીમે ધીમે સ્વેદ આપવો. ૨૭

સ્વેદ વધારે ક્યારે અપાય

निवर्तमाने बालस्य सौकुमार्ये यथाक्रमम् ।
प्रवर्तमाने काठिन्ये तेषां स्वेदं प्रवर्धयेत् ॥ २८ ॥

બાળકની કોમળતા જેમ જેમ ઓછી થતી જાય અને અનુક્રમે તેનામાં કઠિનતા આવતી જાય તેમ તેમ તેને સ્વેદ આપવામાં વધારો કર્યે જવો. ૨૮

હમેશાં કોમળ રહેતાં બાળકો

सन्ति चाप्यपरे बालाः सुकुमाराः सदासुखाः ।
घृतक्षीराशिनः कल्या ईश्वराणां महात्मनाम् ॥२९॥

ધનાઢ્ય લોકોનાં બાળકોમાં કેટલાંક કોમળ તથા હમેશાં સુખી હોય છે, કેમ કે તેઓ ઘી–દૂધનો આહાર વધુ કરે છે, તેથી નિરોગી રહ્યા કરે છે. ૨૯

મધ્યમ બાળકો

मध्यमा मध्यमानां च दरिद्राणां च दुःखिनाम् ।
निषेकदेशसात्म्ये च तान् विद्यात् पण्डितो भिषक् ॥

જેઓ દરિદ્રી અને દુઃખી હોય તેવા મધ્યમવર્ગના લોકોનાં બાળકો મધ્યમ હોય છે એટલે કે બહુ કોમળ કે બહુ સુખી હોતા નથી; માટે પંડિત વૈદ્યે તે બાળકોનાં નિષેક એટલે કે જન્મસ્થાનો તથા સાત્મ્ય જાણવાં જોઈએ. જેથી તેમના કુળ અને પાલનપોષણના પ્રકાર જાણીને વૈદ્યે તે પ્રમાણે તેમની ચિકિત્સા કરવી. ૩૦

રોગની દૃષ્ટિએ બધા સરખા છે

अविशेषेण बाधन्ते सर्वे सर्वान्नरान् गदाः ।
विशेषस्तु महान् दृष्टो दक्षिणाहारभेषजे ॥ ३१ ॥

બધા રોગો સર્વ લોકોને કોઈપણ તફાવત રાખ્યા વિના એક સરખા જ પીડે છે; તો પણ ધન, આહાર તથા ઔષધ વિષેનો ભેદ રહે છે. ૩૧

(એટલે કે રોગો તો બધાયે લોકોને હેરાન કરે છે અને તેમાં રોગો એ કંઈ પણ જોતા નથી કે આ ધનવાન છે અને આ નિર્ધન છે. છતાં ધનવાન લોકો સારો ખોરાક ખાઈ શકે છે તેથી રોગોના સપાટામાં ઓછા આવે છે, જ્યારે નિર્ધન લોકો ધનના અભાવથી સારો ખોરાક ખાઈ શકતા નથી. તેથી વધુ પ્રમાણમાં રોગના ભોગ બને છે. ધનવાન લોકો જ્યારે રોગી બને છે, ત્યારે પણ ધનના કારણે ઉત્તમ ઔષધોનું સેવન કરીને તેમ જ પથ્ય ખોરાક પણ સાથે સેવીને તરત જ રોગમુક્ત થાય છે, જ્યારે નિર્ધન લોકો રોગના ભોગ બને છે, ત્યારે ધનના અભાવથી ઉત્તમ ઔષધ સેવી શકતા નથી અને રોગને અનુસરતો પથ્ય ખોરાક પણ લઈ શકતા નથી.) ૩૧

બાળકને સ્વેદ આપતી વેળા રાખવાની કાળજી

देशकालवयोमात्रासर्वरुग्गुरुलाघवैः ।
स्वेदोऽतिरिक्तो हीनो वा हन्याद्बालं यथा विषम् ॥

દેશ, કાળ, ઉંમર, માત્રા તથા સર્વ રોગોના ભારેપણાને અને હલકાપણાને અનુસરી વૈદ્યે યોગ્ય પ્રમાણમાં સ્વેદ આપવો; કારણ કે વધુ કે ઓછો સ્વેદ બાળકને વિષની પેઠે મારી નાખે છે. ૩૨

બાળકને સ્વેદ આપવા સંબંધે વધુ સૂચન

तस्मादवेक्ष्य देशादीन् काठिन्यं सुकुमारताम् ।
शिशोः स्वेदं प्रयुञ्जीत यशोधन्या(र्मा)र्थसिद्धये ॥

એથી વૈદ્યે દેશકાળ વગેરેનો વિચાર કરી, બાળકની કઠિનતા અને કોમળતાને જોઈ પોતાને યશ, ધર્મ તથા ધનની પ્રાપ્તિ થાય તે માટે બાળકને યોગ્ય પ્રમાણમાં સ્વેદનો પ્રયોગ કરાવવો. ૩૩

પ્રદેહસ્વેદ કયા રોગીને આપવો ?

गलकर्णशिरोमन्याकर्णाक्षिचिबुकोरसि ।
अभिष्यन्दात् समुच्छ्रने प्रदेहस्वेद इष्यते ॥ ३४ ॥

અભિષ્યંદના કારણે ગળું, કાન, માથું, મન્યા નાડી, આંખ, હડપચી અને છાતી સૂજી ગયેલ હોય ત્યારે 'પ્રદેહસ્વેદ' આપવો ઇષ્ટ ગણાય છે. (આ પ્રદેહસ્વેદ એટલે સહેવાય તેવો ગરમ ઔષધાદિનો લેપ લગાડવો તે.) ૩૪

પ્રદેહસ્વેદનાં સાધનો

एरण्डवृषशिग्रूणां त्वक्पत्रैः कल्कसाधितैः ।
समूत्रबुक(किण्व)लवणैः प्रदेहः स्यात् सुखोष्मभिः ॥
शीतीभूतं तु निर्मृज्य लेपयेदपरापरम् ।
अनेकशस्तु विज्ञाय स्विन्नं स्वेदं निवर्तयेत् ॥३६॥
द्रव्यैर्वातकफघ्नैश्च प्रदेहः शिग्रुवद्धितः ।
अन्यैरपि करीषैश्च गोखराश्वाविबस्तजैः ॥ ३७ ॥

એરંડો, અરડૂસો અને સરગવાની છાલ અને પાંદડાંનો કલ્ક તૈયાર કરી તેને ગોમૂત્રમાં, બકરાના હૃદયના માંસ તથા લવણ સાથે મેળવી સહેવાય તેવો ગરમ કર્યા પછી તેના વડે રોગીના તે સોજાવાળાં અંગો પર લેપ લગાડવો જોઈએ; (એ પ્રદેહસ્વેદનું વિધાન કહ્યું છે.) પછી તે શીતળ થઈ જાય ત્યારે તેને લૂછી નાખી તે સ્થળે ફરી તે જ બીજો ગરમ લેપ કર્યા કરવો. એમ અનેકવાર સ્વેદ આપવાથી તે રોગીને બરાબર સ્વેદયુક્ત થયેલો(એટલે પરસેવો આવેલો) જાણીને સ્વેદ આપવો બંધ કરવો એ જ પ્રમાણે બીજાં વાતનાશક તથા કફનાશક દ્રવ્યો–ગાયનું છાણ, ગધેડાની કે ઘોડાની લાદ અને ઘેટાની કે બકરાંની લીંડીઓને એકત્ર કરી તેમને પણ ગરમ કરી લેપ લગાડવારૂપે પ્રદેહસ્વેદ આપવો. અથવા બીજાં પણ તેવાં વાતનાશક અને કફનાશક દ્રવ્યોનો કલ્ક બનાવી તેને પણ સહેવાય તેવાં ગરમ કરીને તેનો પણ પ્રદેહસ્વેદ સરગવાની જેમ હિતકારી થાય છે. ૩૫–૩૭

નાડીસ્વેદની વિધિ

वंशमुञ्जनलाद्यैश्च यथायोगं यथासुखम् ।
नाडीस्वेदं प्रयुञ्जीत निवाते वस्त्रसंवृतम् ॥ ३८ ॥

જેને સ્વેદ આપવો હોય તે માણસને (ગરમ કામળા વગેરે) વસ્ત્ર ઓઢાડીને વાયુરહિત પ્રદેશમાં બેસાડી વાંસની, મુંજઘાસની કે નડ–બરુઘાસની વગેરે જે કોઈ પણ મળે તેની નળી વડે સુખ થાય તે રીતે નાડીસ્વેદનો પ્રયોગ કરવો. ૩૮

વિવરણ : આ નાડીસ્વેદ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૧૪મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'स्वेदनद्रव्याणां पुनर्मूलफलपत्रशुङ्गादीनां मृगशकुनिपिशितशिरःपदादीनामुष्णस्वभावानां वा यथार्हमम्ललवणस्नेहोपसंहितानां मूत्रक्षीरादीनां वा कुम्भ्यां वाष्पमनुद्वमन्त्यामुक्त्वथितानां नाड्या शरेषीकावंशदलकरञ्जार्कपत्रान्यतमकृतया गजाग्रहस्तसंस्थानया व्यामदीर्घया व्यामार्धदीर्घया वा व्यामचतुर्भागाष्टभागमूलाग्रपरिणाहस्रोतसा सर्वतो वातहरपत्रसंवृतच्छिद्रया द्विस्त्रिर्वा विनामितया वातहरसिद्धस्नेहाभ्यक्तगात्रो वाष्पमुपहरेत् वाष्पो ह्यनूर्ध्वगामी विहतचण्डवेगस्त्वचमविदहन् सुखं स्वेदयतीति, इति नाडीस्वेदः'–સ્વેદન માટેનાં દ્રવ્યો–મૂળિયાં, ફૂલ, પાંદડાં અંકુરો કે છાલ વગેરેને અથવા મૃગોનાં કે પક્ષીઓનાં માંસ, માથાં અને પગ વગેરે જે ઉષ્ણ સ્વભાવનાં હોય તેમને અથવા યથાયોગ્ય ખટાશ, લવણ તથા સ્નેહથી યુક્ત કરેલ ગોમૂત્ર આદિ મૂત્રોને કે દૂધ વગેરેને કોઈ એક હાંડલી વગેરેમાં પ્રથમ નાખવાં; પરંતુ એ હાંડલી વગેરે વાસણ વરાળ બહાર નીકળી ન જાય એવાં જોઈએ. પછી તે હાંડલીમાં નાખેલાં તે ઉપર્યુક્ત દ્રવ્યોને અગ્નિ દ્વારા ખૂબ ઉકાળવાં જોઈએ. પછી તે ઉકાળેલાં દ્રવ્યોની બાફને તે હાંડલીમાં જોડી દીધેલી નીચે કહેવાતી એક નળી દ્વારા તે સ્વેદને યોગ્ય માણસને આપવી. એ સ્વેદ લેનાર માણસે પોતાના શરીર પર ગરમ કામળો વગેરે કંઈ ઓઢેલું હોવું જોઈએ.

જે દ્વારા તે સ્વેદ અપાય છે, તે નળી શર નામના ઘાસની કે પાન બાજરિયાંના અગ્ર ભાગની અથવા વાંસની કે કરંજનાં પાનની કે આકડાના પાનની કરેલી હોવી જોઈએ. તેની આકૃતિ હાથીની સૂંઢના અગ્રભાગ જેવી હોય. તેની લંબાઈ એક, અર્ધી કે દોઢ વાંભની હોય. વળી એ નળીના મૂળ ભાગના સ્રોતની ગોળાઈ વાંભના ચોથા ભાગ જેટલી હોય. તેમજ એ નળીની ચોપાસનાં છિદ્રો વાયુનાશક એરંડાનાં પાન વગેરેથી બરાબર લપેટી લઈ ઢાંકેલાં હોવાં જોઈએ અને તે નળી બે કે ત્રણ સ્થળે વાંકી વળેલી હોવી જોઈએ. એવા પ્રકારની નળીથી એ સ્વેદયોગ્ય રોગીએ તે નાડીસ્વેદ લેવો; પરંતુ એ સ્વેદ લેનાર માણસે વાયુનાશક દ્રવ્યોથી તૈયાર કરેલ સ્નેહ વડે શરીર પર માલિસ કરેલું હોવું જોઈએ. એમ તે નળીથી લેવાતી એ બાફ ઊંચે જઈ શકતી નથી અને બે–ત્રણ ઠેકાણે તે નળી વાંકી વળેલી હોવાને લીધે તે બાફનો ઉગ્ર વેગ પણ ઓછો થઈ જાય છે; જેથી સ્વેદ લેનાર રોગીની ચામડીને તે સ્વેદ દાહ કરતો નથી પણ સુખ થાય એવું સ્વેદન આપે છે. આ રીતે નાડીસ્વેદ કહ્યો છે. સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૨મા અધ્યાયમાં આ નાડીસ્વેદ સંબંધે આમ જણાવ્યું છે કે, 'पार्श्वच्छिद्रेण वा कुम्भेनाधोमुखेन तस्य मुखमभिसंधाय तस्मिंश्छिद्रे हस्तिशुण्डाकारां नाडीं प्रणिधाय तं स्वेदयेत् । सुखोपविष्टं स्वभ्यक्तं गुरुप्रावरणावृतम् । हस्तिशुण्डिकया नाड्या स्वेदयेद् वातरोगिणम् । सुखा सर्वाङ्गगा ह्येषा न च क्लिष्नाति मानवम् । व्यामार्धमात्रा त्रिर्वंका हस्तिहस्तसमाकृतिः । स्वेदनार्थे हिता नाडी कलिञ्जी हस्तिशुण्डिका' ॥–પ્રવાહીથી ભરેલી ધગધગતી હાંડલીના મોઢા ઉપર જેના પડખામાં છિદ્ર કર્યું હોય તેવો બીજો એક ઘડો જે મુખે ઢાંકી, તેના એ છિદ્રમાં હાથીની સૂંઢના જેવા આકારની એક નળી નાખીને તે દ્વારા જે બાફ અપાય છે તે ઉષ્મસ્વેદ કહેવાય છે. વાયુના રોગીને ત્યાં સુખપૂર્વક બેસાડી તેના શરીરે સારી રીતે માલિસ કરી, તેના શરીર પર ગરમ કામળો ઓઢાડી, હાથીની સૂંઢ જેવી પેલી નળી અંદર આપીને તેને બાફ લવડાવવી. એ નળી તે રોગીને સુખકારક સ્વેદ આપે છે પણ ગભરાવી નાખતી નથી. અર્ધી વાંભ લાંબી એ નળી બાફનો વેગ રોકવા માટે ત્રણ ઠેકાણે વાંકી વાળેલી અને તેની આકૃતિ હાથીની સૂંઢ જેવી હોય છે. વાંસ વગેરેથી બનાવેલી તે નાડી સ્વેદનના કામમાં હિતકારી થાય છે (આ ઉષ્મસ્વેદના ભેદને નાડીસ્વેદ કહે છે') અષ્ટાંગહૃદયમાં પણ આ નાડીસ્વેદનું વિધાન કહ્યું છે. ૩૮

પ્રસ્તરસ્વેદનું વિધાન

उष्णान् पुलाकानास्तीर्य पायसं कृसरादि वा ।
वाससान्तरिते(तं) बालमभ्यक्तं शाययेत् सुखम् ॥
पञ्चाङ्गुलोरुवूकार्कपत्रैर्वा स्नेहितोष्णितैः ।
प्रस्तरस्वेदमित्याहुरभीक्ष्णपरिवर्तिनः ॥ ४० ॥

ગરમ ગરમ પુલાક–બાફેલું ક્ષુદ્ર ધાન્ય અથવા પાયસ–ખીર અથવા કૃસરા–ખીચડી (પાટ પર) પાથરીને તેની ઉપર એક વસ્ત્ર ઓઢાડી જે બાળકને સ્વેદ આપવો હોય તેના શરીરે માલિસ કરી તેને તે શય્યા પર સુખેથી સુવાડવો અથવા ધોળા એરંડાનાં કે લાલ એરંડાનાં પાંદડાં અથવા આકડાનાં પાંદડાંને સ્નેહયુક્ત કરી ગરમ કરીને તે પાંદડાં શય્યા પર બિછાવી તેની ઉપર જેના શરીરે માલિસ કર્યું હોય એવા બાળકને સુવાડી સ્વેદ આપવો અને તે વેળા એ બાળકને વારંવાર પડખાં ફેરવાવ્યા કરવાં; એ સ્વેદને વૈદ્યો પ્રસ્તરસ્વેદ કહે છે. ૩૯,૪૦

વિવરણ : આ સંબંધે પણ ચરક સૂત્રસ્થાનના ૧૪મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'शूकशमीधान्यपुलाकानां वेशवारायसकृशरौत्कारिकादीनां वा प्रस्तरे कौशेयाविकोत्तरप्रच्छदे पञ्चाङ्गुलोरुवूकार्कपत्रप्रच्छदे वा स्वभ्यक्तसर्वगात्रस्य शयानस्योपरि स्वेदनं प्रस्तरस्वेद इति विद्यात् ॥'–શૂકધાન્ય–જળ વગેરે, શમીધાન્ય–મગ વગેરે કઠોળ ધાન્ય અથવા પુલાક–બાફેલાં ક્ષુદ્ર ધાન્ય, વેશવાર–વેસણ, પાયસ–ખીર–દૂધપાક વગેરે અથવા કૃસરા–ખીચડી એમાંના કોઈ પણ એકની કે જેટલાં મળી શકે અથવા તૈયાર થઈ શકે તેટલાં તે હરકોઈની શય્યા બનાવી તેની ઉપર રેશમી વસ્ત્રનો કે ઊનનો ઓછાડ ઓઢાડી અથવા ધોળા

એરંડાનાં કે લાલ એરંડાનાં પાન કે આકડાનાં પાન બિછાવી તેની ઉપર જેના આખા શરીર પર સારી રીતે માલિસ કર્યું હોય એવા રોગીને સુવાડવો. પછી તેની ઉપર રેશમી વસ્ત્ર કે ઊનનું વસ્ત્ર ઓઢાડીને જે સ્વેદ આપવામાં આવે છે. તેને 'પ્રસ્તરસ્વેદ' જાણવો. સુશ્રુતે પણ આ પ્રસ્તરસ્વેદ સંબંધે ચિકિત્સાસ્થાનના ૩૨ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'કોશધાન્યાનિ વા સમ્યગુપસ્વેદ્યાસ્તીર્ય કિલિઞ્જેઽન્યસ્મિન્ વા તત્પ્રતિરૂપકે શયાનં પ્રાવૃત્ય સ્વેદયેત્ ॥'–અથવા શીંગમાં થતાં ધાન્ય–અડદ વગેરેને સારી પેઠે બાફી તેને વાંસ વગેરેનાં તેવી કોઈ બીજી લાંબી પાટ વગેરે પર પાથરી તેની ઉપર ઓછાડ ઓઢાડી, તેની ઉપર રોગીને સુવાડીને, તેની ઉપર ગરમ કામળો વગેરે કોઈ વસ્ત્ર ઓઢાડી જે બાફ અપાય તે પણ ઉષ્મસ્વેદનો જ એક ભેદ 'પ્રસ્તરસ્વેદ' કહેવાય છે. અષ્ટાંગસંગ્રહમાં પણ આ સંબંધે આમ કહ્યું છે કે, 'યથાર્હસ્વેદદ્રવ્યાણિ પિહિતમુખાવામુખાયાં સમ્યગુપસ્વેદ્ય નિવાતશરણશયનસ્થં કિલિઞ્જે પ્રસ્તીર્યાવિકકૌશેયવાતહરપત્રાન્યતમોત્તરપ્રચ્છદે રૌરવાજિનપ્રાવારાદિભિઃ સ્વચ્છન્નં સ્વેદયેદિતિ સંસ્તરસ્વેદઃ ॥'–જેનું મોઢું બંધ કર્યું હોય એવી હાંડલીમાં સ્વેદનયોગ્ય દ્રવ્યોને સારી રીતે બાફી જ્યાં વાયુની બહુ આવ–જા ન હોય એવા ઘરમાં બિછાવેલ પથારી ઉપર રાખેલ વાંસના કોઈ પાત્ર ઉપર પ્રથમ મૃગચર્મ કે કોઈ જાડો ઓછાડ વગેરે ઓઢાડી દઈ તેની ઉપર રોગીને સારી રીતે વસ્ત્ર આદિ ઓઢાડીને સુવાડીને તેને જે સ્વેદ આપવામાં આવે છે તે સંસ્તરસ્વેદ કહેવાય છે. ૩૯,૪૦

સંકરસ્વેદનું વિધાન

पायसैः कृशरैर्मांसैरोदनैस्त्रिकठोरकैः ।
उष्णैः सलवणस्नेहैरम्बरास्तरितैः सुखैः ॥ ४१ ॥
किण्वातसीदधिक्षीरसंयुक्तैः पिण्डकैः कृतैः ।
स्थानस्वेदनमिच्छन्ति सङ्करस्वेद उच्यते ॥ ४२ ॥

લવણ અને સ્નેહથી યુક્ત કરેલ ગરમ અને સુખકારક ખીર કે દૂધપાક કૃશર–ખીચડી, માંસ, ભાત કે ત્રણ પ્રકારની કઠણ વસ્તુઓ–રેતી, ધૂળ અને પથ્થરને વસ્ત્રની ઉપર બિછાવીને તેમાં કિણ્વ–સુરાબીજ અથવા મદિરાની નીચેનું કીટું, અળસી, દહીં તથા દૂધ મેળવી પિંડાકાર બનાવી તે દ્વારા (રોગીના શરીરમાં) અમુક સ્થાનો પર વૈદ્યો સ્વેદ આપવાનું ઇચ્છે છે, તેને સંકરસ્વેદ કહેવામાં આવે છે. ૪૧,૪૨

વિવરણ : એટલે કે આ સ્વેદન અમુક સ્થાન ઉપર કે અમુક અંગની ઉપર જ કરવાનું છે પણ શરીરનાં સર્વ સ્થાનો પર કરવાનું નથી. આ સંકરસ્વેદ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાન ૧૪ મા અધ્યાયના ૮૦ મા શ્લોકમાં આમ કહ્યું છે કે, 'तत्र वस्त्रान्तरितैरवस्त्रान्तरितैर्वा पिण्डैर्यथोक्तैरुपस्वेदनं सङ्करस्वेद इति विद्यात्'–તેમાં સ્વેદ માટેનાં દ્રવ્યો તલ, અડદ વગેરે (બાફેલાં–ગરમાગરમ) જે વસ્ત્રના આંતરે બિછાવી પિંડાકાર–ગોળા બનાવી તેના વડે જે સ્વેદ આપવામાં આવે છે તેને 'સંકરસ્વેદ' કહેવામાં આવે છે. અથવા આ સ્વેદને ચરકે સૂત્રસ્થાનના એ ચૌદમા અધ્યાયમાં જ ૨૪ મા શ્લોકમાં 'પિંડસ્વેદ' એ નામે પણ કહેલ છે; જેમ કે–तिलमाषकुलत्थाम्लघृततैलामिषौदनैः । पायसैः कृशरैर्मांसैः पिण्डस्वेदं प्रयोजयेत्'–તલ, અડદ, કળથી. કાંજી વગેરે ખટાશથી; ઘી, તેલ. માંસના રસથી મિશ્ર કરેલ ભાત, દૂધની ખીર, ખીચડી કે રાબ અને માંસ–એટલાં દ્રવ્યોમાંથી કોઈ પણ ગરમ દ્રવ્યને એકત્ર કરી તેનો પિંડો બનાવી સ્વેદ આપવો એ પિંડસ્વેદ કહેવાય છે. એમ તે વાયુના રોગીને સ્નિગ્ધ દ્રવ્યોથી પિંડસ્વેદ આપવો એમ દર્શાવીને કફના રોગીને રુક્ષ–પિંડસ્વેદ આપવાનાં દ્રવ્યો ત્યાં જ ચરકે આમ દર્શાવ્યાં છે : 'गोखरोष्ट्रवराहाश्वशकृद्भिः सतुषैर्यवैः । सिकतापांशुपाषाणकरीषायसपूटकैः । श्लैष्मिकान् स्वेदयेत् पूर्ववार्तिकान् समुपाचरेत् ॥'–ગાય–બળદ, ગધેડાં, ઊંટ, વરાહ કે ભૂંડ અને ઘોડા–એ પ્રાણીઓનાં તાજાં છાણ, ફોતરાં સહિત પીસી નાખેલા જવ, રેતી, ધૂળ કે માટી, પથરા, સૂકાં છાણાંનું ચૂર્ણ અને લોઢાનું ચૂર્ણ–એટલાં દ્રવ્યોની પોટલીઓ બનાવી કફ સંબંધી રોગીઓને તેના વડે રુક્ષ સ્વેદ આપવો; પરંતુ ઉપર્યુક્ત તલ વગેરે દ્રવ્યોથી વાયુસંબંધી રોગો પર સ્નિગ્ધ સ્વેદ આપવો જોઈએ. અષ્ટાંગસંગ્રહકારે પણ આ પિંડસ્વેદ અથવા સંકરસ્વેદ સંબંધે આમ લખ્યું

છે કે, 'तत्र मृत्कपालपाषाणलोष्टूलोहपिण्डानग्निवर्णान् संदंशेन गृहीत्वाम्भस्यम्ले वा निमज्जेत् । तैरार्द्राविकवस्त्रेण वेष्टितैः श्लेष्ममेदोभूयिष्ठ सरुजमङ्गं । ग्रन्थिमद् वा स्वेदयेत् । पांशुसिकतागवादिकरीषधान्यबुसपुलाकपलालैर्वाऽम्लोत्क्वथितैः पूर्ववद् वेष्टितैः । गवादिशकृतार्द्रेण पिण्डीकृतेन वा उपनाहद्रव्योत्कारिकाकुसरमांसपिण्डैर्वा वातरोगेष्विति पिण्डस्वेदः, स एव सङ्कराख्यः '–તેમાં માટીનાં ઠીકરાં, પથ્થર માટીનાં ઢેફાં અને લોઢાના ગોળાઓને અગ્નિમાં લાલચોળ તપાવી સાંણસીથી પકડી ખાટા પાણીમાં ઝબોળવા–હારવા; પછી તેમને ભીના ઊનના વસ્ત્રથી વીંટી રોગીનું જે અંગ કફ તથા મેદથી વ્યાપ્ત હોય અને પીડા ઉપજાવતું હોય કે ગાંઠોવાળું–ગંડાઈ ગયું હોય તેના ઉપર સ્વેદ આપવો; અથવા ધૂળ, રેતી, ગાય વગેરેનાં સૂકાં છાણાં, ધાન્યનાં ફોતરાં, ક્ષુદ્ર ધાન્યના બાફેલા બાફળા કે પરાળને ખાટાં દ્રવ્ય સાથે ઉકાળી પહેલાંની જેમ તેમને ગરમ કામળાથી વીંટી તેનાથી સ્વેદ આપવો; અથવા ગાય વગેરેના તાજા ગરમ છાણના પિંડા બનાવી તેના વડે સ્વેદ આપવો; અથવા પોટીસ બાંધવાનાં દ્રવ્યો ઉત્કારિકા, ખીચડી કે માંસના ગરમગરમ પિંડોનો વાયુના રોગો પર પિંડસ્વેદ આપવો. (અડી દક્ષાંવેલ ઉત્કારિકાનું લક્ષણ 'અરુણ' નામના વૈદ્યે આમ લખ્યું છે: यव–माष–एरण्डबीज–अतसी–कुसुम्भबीजादिभिः पिष्टश्चिन्नैर्लेप्सिकाकृतिर्यः स्वेदनोपायः स उत्कारिका–જવ, અડદ, એરંડાનાં બીજ, અળસી, અને કસુંબાનાં બીજ આદિને પીસી બાફીને લાપસી જેવાં કરી તેમને વસ્ત્રમાં લપેટી તેના દ્વારા જે સ્વેદન અપવામાં આવે છે તે ઉત્કારિકાસ્વેદ ગણાય છે. ૪૧–૪૨

ઉપનાહસ્વેદની પ્રશંસા

किण्वातसीदधिक्षीरलवणैः साम्लचिक्कणैः ।
कुष्ठादिभिश्च सस्नेहैरुपनाहः प्रशस्यते ॥ ४३ ॥

કિણ્વ–સુરાબીજ–મદિરાની નીચેનું કિટ્ટ, અળસી, દહીં, દૂધ, લવણ–સૈંધવ, અમ્લ–કાંજીની ખટાશ અને ચીકણા પદાર્થો કૂંઠ વગેરેને સ્નેહથી યુક્ત કરી જે ઉપનાહ–પોટીસરૂપે બંધાય તે 'ઉપનાહ' નામનો સ્વેદ વખણાય છે.

વિવરણ : ચરકે સૂત્રસ્થાનના ૧૪ મા અધ્યાયના ૩૪–૩૭ શ્લોકોમાં આ ઉપનાહ સ્વેદનાં દ્રવ્યો વગેરે કહ્યાં છે, જેમ કે 'गोधूमशकलैश्चूर्णैर्यवानामम्लसंयुतैः । सस्नेहकिण्वलवणैरुपनाहः प्रशस्यते ॥ गन्धैः सुरायाः किण्वेन जीवन्त्या शतपुष्पया । उमया कुष्ठतैलाभ्यां युक्त्या चोपनाहयेत् । चर्मभिश्चोपनद्धव्यः सलोमभिरपूतिभिः । उष्णवीर्यैरलाभे तु कौशेयाविकशाटकैः । रात्रौ बद्धं दिवा मुञ्चेन्मुञ्चेद्रात्रौ दिवाकृतम् । विदाहपरिहारार्थं स्यात् प्रकर्षस्तु शीतले ॥' ઘઉંના ટુકડા, ફાડા કે કરકરો લોટ તથા જવના લોટમાં ખાટી કાંજી વગેરની ખટાશ નાખી તેમ જ તેલ સહિત મદિરાનું કિટ્ટ તથા લવણ–સૈંધવ નાખી તૈયાર કરેલ ઉપનાહ(પોટીસ)સ્વેદનો ઘાટો પ્રલેપ કરવો એ વાયુમાં વખણાય છે; પરંતુ કફમાં ચંદન કે અગુરુ વગેરે સુગંધી દ્રવ્યોથી મંદિરાનાં કિટ્ટાં, મીઠી ખરખોડી અને સુવાથા (પોટીસરૂપે) સ્વેદ આપવો એ યોગ્ય ગણાય છે. તેમ જ વાતભિશ્ર કફમાં કફ તથા તેલથી યુક્ત અળસીથી ઉપનાહ પોટીસરૂપે સ્વેદ આપવો એ યોગ્ય ગણાય છે. એ ઉપનાહસ્વેદ દુર્ગંધથી રહિત અને ચોંટાડથી યુક્ત એવાં ઉષ્ણવીર્ય–ગરમ ચામડાંથી બંધનરૂપે બાંધવો જોઈએ; પરંતુ એવાં ચામડાં જો ન મળે તો રેશમી વસ્ત્રોથી કે ઘેટાંના ઊનના કામળાના પાટાથી તે ઉપનાહસ્વેદ બાંધવો જોઈએ એ અર્થાત્ જ્યાં સ્વેદ આપવો હોય ત્યાં ઉપનાહ–પોટીસ મૂકીને તેની ઉપર કોઈ પણ વસ્ત્રનો કે રેશમી વસ્ત્રનો પાટો અથવા ચામડાંની પટ્ટી બાંધી દેવી જોઈએ જેથી અંદરની ગરમી સ્થિર રહી શકે છે, પરંતુ ઉપનાહબંધન જો લાંબા સમય સુધી એમનું એમ બંધાયેલું રહે તો તે સ્થાને બળતરા થવા સંભવ રહે છે. તેથી અમુક સમયે તે બંધન દોડી નાખી તે પછી તે ઉપનાહ બદલી નાખવો જરૂરી હોય છે. ૪૩

પ્રાણિજન્ય પદાર્થથી અવગાહસ્વેદ

खराजाविबिडालेन(लोन्द्र)द्वीपिसिंहतरक्षुजैः ।
... . ॥ ४४ ॥

ગધેડાં, બકરાં, ઘેટાં, બિલાડાં, ઉંદ્ર નામનું એક પશુ, વાઘ કે દ્વીપડો, સિંહ

તથા એમાંના કોઈ પણ પ્રાણીના માંસથી (પકવી) તૈયાર કરેલ પ્રવાહી દ્વારા અવગાહસ્વેદ આપવો જોઈએ. ૪૪

વિવરણ : આ શ્લોક વચ્ચેથી ખંડિત મળે છે, તેથી આનો અભિપ્રાય શું છે એ કહેવું કઠિન છે; તોયે આ સ્વેદાધ્યાયમાં આ શ્લોક મળે છે તે ઉપરથી અને આઠ પ્રકારના સ્વેદો પ્રથમ ગણી બતાવ્યા છે તે ઉપરથી આમાં અવગાહસ્વેદ જણાવ્યો હોય એમ લાગે છે. અવગાહસ્વેદ લેવાનો પ્રકાર આ હોય છે કે કોઈ ટબ વગેરેમાં અવગાહસ્વેદ લેવાનાં દ્રવ્યોથી પકવેલ પ્રવાહી ભરીને તેમાં બેસીને જે સ્વેદ લેવાય તે 'અવગાહસ્વેદ' કહેવાય છે; ચરકે સૂત્રસ્થાનના ૧૪ મા અધ્યાયમાં ૩૩ મા શ્લોકમાં 'નાડીસ્વેદ' કહ્યા પછી અવગાહસ્વેદનો પ્રકાર આમ કહ્યો છે કે, 'एत एव च निर्यूहाः प्रयोज्या जलकोष्ठके। स्वेदनार्थं घृतक्षीरतैलकोष्ठांश्च कारयेत् ॥' આ શ્લોકની ઉપર ત્યાં ચરકે જે ત્રણ નાડીસ્વેદો માટેના ઉકાળા કહ્યા છે, તેમને જ પાણીની કોઠીમાં કે ટબમાં ભરી સ્વેદન માટે તેમનો પ્રયોગ કરવો જોઈએ; અને એ જ પ્રમાણે ઔષધપક્વ ઘીનાં, દૂધનાં તથા તેલના કોઠા કે મોટાં ટબ વગેરે પાત્રો ભરી તેમાં બેસી તે દ્વારા અવગાહનસ્વેદો આપવાની જોગવણ (વૈદ્યે) કરાવવી; અર્થાત્ ત્યાં ચરક ગ્રંથમાં સૂત્રસ્થાનના ૧૪ મા અધ્યાયના ૨૮ થી ૩૨ શ્લોક સુધીમાં કહેલ ગ્રામ્ય, આનૂપમાંસ આદિ તેમ જ વરણ, વાયવરણો વગેરે તથા ભૂતીક આદિ દ્રવ્યોના ક્વાથથી તેમ જ ઘી દૂધ અને તેલથી ટબ ભરીને અવગાહસ્વેદ લેવો જોઈએ. તેમ જ એ ચરકમાં જ ત્યાં સૂત્રસ્થાનના ૧૪ મા અધ્યાયમાં ૪૪ મા સૂત્રમાં અવગાહસ્વેદની વિધિ આમ કહેલ છે કે 'वातहरोत्क्वाथक्षीरतैलघृतपिशितसोष्णसालिलकोष्ठकावगाहस्तु यथोक्त एव अवगाहः' વાયુનો નાશ કરનારાં દ્રવ્યોનો ગરમ ક્વાથ, દૂધ, તેલ, ઘી, માંસનો રસ અને ગરમ પાણીથી ભરેલી કોઠી કે ટબમાં અવગાહન કરવું એટલે કે તેની વચ્ચે બેસી જવું અને તેની બાફ લેવી. તે જ ઉપર જણાવ્યા પ્રમાણેનો અવગાહસ્વેદ સમજવો. અષ્ટાંગસંગ્રહના સૂત્રસ્થાનના ૨૬ મા અધ્યાયમાં પણ આ સંબંધે આમ કહ્યું છે કે' 'तैरेवाद्भिः पूर्णे महति कटाहे कुण्डे द्रोण्यां वावगाहयेत्' તે જ ગરમ ક્વાથજળથી ભરેલા મોટા કડાયામાં-કુંડામાં કે કોઠીમાં રોગીને બેસાડી 'અવગાહસ્વેદ' અપાવવો.' સુશ્રુતે ચિકિત્સાસ્થાનના ૩૨ મા અધ્યાયમાં આ અવગાહસ્વેદને જ દ્રવસ્વેદના રૂપમાં આમ વર્ણવ્યો છે કે, 'द्रवस्वेदस्तु बातहरद्रव्यक्वाथपूर्णे कोष्ठे कटाहे द्रोण्यां वावगाह्य स्वेदयेत्, एवं पयोमांसरसयूषतैलघान्याम्लघृतवसामूत्रेष्वगाहयेत्' દ્રવસ્વેદ તો વાયુનાશક દ્રવ્યોના ક્વાથથી ભરેલા કડાયામાં કે કોઠીમાં રોગીને બેસાડી સ્વેદ અપાય તે સમજાય છે. પણ સુશ્રુતે આ અવગાહસ્વેદને જ દ્રવસ્વેદ કહ્યો છે. વળી ચરકે સૂત્રસ્થાનના ૧૪મા અધ્યાયમાં ૪૩મા સૂત્રમાં પરિષેકસ્વેદ પણ આમ લખ્યો છે કે, 'वातिकोत्तरवातिकानां पुनर्मूलादीनामुत्क्वाथैः सुखोष्णैः कुम्भीर्वर्षुलिकाः प्रनाडीर्वा पूरयित्वा यथार्हसिद्धस्नेहाभ्यक्तगात्रं वस्त्रावच्छन्नं परिषेचयेदिति परिषेकः' કેવળ વાતપ્રધાન દ્રવ્યોનાં કે પ્રબળ વાયુનાશક અથવા ત્રણે દોષોનો નાશ કરનાર દ્રવ્યોનાં મૂળિયાં વગેરેના સહેવાય તેવા ગરમ ઉત્કૃષ્ટ ક્વાથોથી મોટી કોઠીઓ કે નાના ઘડા કે જેમાં જળીઓમાં નાળચાં જોડ્યાં હોય; એવા નાના ઘડા કે ઝારીઓ ભરી (વાંસ કે બરૂ વગેરેની) મોટી નળીઓને પેલી કોઠીઓમાં જોડી યથાયોગ્ય તૈયાર કરેલા સ્નેહોથી જેના શરીર પર સારી રીતે માલિસ કર્યું હોય અને વસ્ત્ર ઓઢાડ્યું હોય એવા માણસની ઉપર નળીઓ દ્વારા સિંચન કરવું (અને તે દ્વારા સ્વેદ આપવો) એ પરિષેક સ્વેદ કહેવાય છે.' ૪૪

ઇતિ શ્રીકાશ્યપસંહિતા 'સ્વેદાધ્યાય' નામનો ૨૬ મો અધ્યાય સમાપ્ત

ઉપકલ્પનીય–અધ્યાય ૨૪ મો

.....।
.....॥
.....**प्रोक्तं चिकित्सितम्।**

વિવરણ : જોકે અહીં શરૂઆતનો ભાગ ખંડિત છે, તેથી આ કયા વિષયને દર્શાવતો અધ્યાય છે એમ કહેવું મુશ્કેલ છે, પણ ચરકમાં સૂત્રસ્થાનના સ્નેહાધ્યાય તથા સ્વેદાધ્યાય કહ્યા પછી ૧૫ મો 'ઉપકલ્પનીય' અધ્યાય કહ્યો છે, તે

ઉપરથી અહીં પણ સ્નેહાધ્યાય તથા સ્વેદાધ્યાય પછીનો આ ઉપકલ્પનીય અધ્યાય હોવો જોઈએ એમ માની શકાય છે. ચરકે ઉપકલ્પનીય અધ્યાયમાં સ્નેહન તથા સ્વેદન પછી વમન તથા વિરેચન કરાવવા માટે વૈદ્યે તે માટેનાં જે દ્રવ્યો તૈયાર રાખવાં જોઈએ તે સંબંધે પ્રથમ કહ્યું છે. આ કાશ્યપસંહિતામાં પણ સ્નેહાધ્યાયમાં જણાવેલ સ્નેહન પછી સ્વેદન કરાવવા કહ્યું છે અને તે સ્વેદન કરાવ્યા પછી સારી રીતે સ્નિગ્ધ અને સ્વેદયુક્ત થયેલા તે રોગીને સંશોધન કરાવાય એ જ યોગ્ય હોય એમ લાગે છે. આ કારણે સ્વેદસંબંધી વર્ણન કર્યા પછી અહીં સંશોધનનું જ પ્રકરણ હોય એમ કહી શકાય છે. સંશોધનનો અભિપ્રાય વમન તથા વિરેચન જ હોય, એ કારણે આ અધ્યાય વમન–વિરેચનરૂપી સંશોધનને જ સૂચવતો હોવો જોઈએ. તેમ જ પ્રસંગ અને બીજા ગ્રંથોના વિષયો જોઈને પણ કહી શકાય કે, અહીં પ્રારંભમાં જે ખંડિત ભાગ જણાય છે તેમાં વમન અને વિરેચનરૂપ સંશોધનની જ વિધિ હોવી જોઈએ. એ કારણે અહીં શરૂઆતમાં ચરકમાં કહેલી વમનવિધિનું ટૂંકમાં વર્ણન કરે છે. જેમ કે ચરકે સૂત્રસ્થાનના ૧૫મા અધ્યાયમાં ૭મા સૂત્રમાં આમ કહ્યું છે કે, 'ततस्तं पुरुषं स्नेहस्वेदोपपन्नमनुपहतमनसमभिसमीक्ष्य सुखोषितं सुप्रजीर्णभक्तं शिरःस्नातमनुलिप्तगात्रं सग्विणमनुपहतवस्त्रसंवीतं देवताग्निद्विजगुरुवृद्धवैद्यानर्चितवन्तं, इष्टे नक्षत्रतिथिकरणमुहूर्ते कारयित्वा ब्राह्मणान् स्वस्तिवाचनं प्रयुक्ताभिराशीर्भिरभिमन्त्रितां मधुमधुकसैन्धवफाणितोपहितां मदनफलकषायमात्रां पाययेत् ॥'–સંશોધનની પહેલાં જેને સ્નેહન તથા સ્વેદન કર્મ કરાવ્યું હોય તે પુરુષને સંશોધન આપવા યોગ્ય છે કે નહિ તે જોઈ લેવો. પછી સુખેથી સ્વસ્થ બેઠેલા અને સારી રીતે ખોરાક પચી ગયો હોય તેમ જ માથાબોળ જેણે સ્નાન કર્યું હોય અને શરીર પર જેણે વિલેપન લગાવ્યું હોય અને પુષ્પમાળા તથા સ્વચ્છ વસ્ત્રો ધારણ કરી દેવોની, અગ્નિની, બ્રાહ્મણોની, ગુરુઓની, વૃદ્ધોની તથા વૈદ્યોની પૂજા કરી હોય એવા તે પુરુષ પાસે બ્રાહ્મણો દ્વારા સ્વસ્તિવાચન કરાવીને અને તે બ્રાહ્મણોએ આપેલા આશીર્વાદો વડે મંત્રેલા મધ, જેઠીમધ, સૈંધવ તથા ફાણિત–અર્ધપક્વ શેલડીના રસથી યુક્ત એવા મીંઢળના ઉકાળાની માત્રા (વમન કરાવવા) પાવી.' આ વમનઔષધકવાથમાં મધ અને સૈંધવ નાખવાથી કફ પાતળો થાય છે. આ વમનઔષધ પાતી વેળા એ ખાસ જોવું જોઈએ કે તેણે આગલા દિવસે ખાધેલો ખોરાક પચ્યો છે કે નહિ? કારણ કે તેણે ખાધેલો એ ખોરાક પચ્યો ન હોય, એ અવસ્થામાં તેને જો સંશોધન ઔષધ અપાય તો તેનો પ્રભાવ વિપરીત થાય છે. વમનકારક ઔષધ પાયા પછી થોડીવાર રાહ જોયા છતાં જો વમન ચાલુ ન થાય તો વૈદ્યે એ રોગીના ગળામાં આંગળીઓ નાખીને પણ વમન કરાવવું જોઈએ. પણ તે વેળા આ વસ્તુ લક્ષ્યમાં રાખવાની કે તે રોગીને વમનનો અતિયોગ, હીનયોગ કે મિથ્યાયોગ થવો ન જોઈએ. તે યોગીને વમનરૂપ સંશોધનનો સમ્યગ્યોગ થઈ જાય તે પછી તેને વિરેચનરૂપ સંશોધનનો પ્રયોગ કરાવવો જરૂરી જણાય તો ફરી સ્નેહન તથા સ્વેદનકર્મ કરાવીને વિરેચન પ્રયોગ કરાવવો; એમ ચરકે સૂત્રસ્થાનના ૧૫મા અધ્યાયના ૧૮મા સૂત્રમાં વિસ્તારથી કહ્યું છે. અહીં આ અધ્યાયના આરંભનો જે ખંડિત ભાગ હશે તેમાં વમન–વિરેચનરૂપ સંશોધનનું પ્રકરણ હશે એમ જણાય છે. હવે પછી તે વમન–વિરેચનના અતિયોગ આદિથી જે ઉપદ્રવો થાય છે તેની ચિકિત્સા કહેવામાં આવી છે, તે જ નીચે કહેવામાં આવે છે.

સંશોધનથી શુદ્ધ થયેલાને આપવાનું ભોજન

अतः पञ्चजनात् कञ्चित्सम्यक्शुद्धं प्रकाङ्क्षितम् ।
लघुं विशदसर्वाङ्गं प्रसन्नेन्द्रियमिच्छुकम् ॥ १ ॥
सुखाम्बुसिक्तसर्वाङ्गमनुलिप्तं विभूषितम् ।
कृतपूजानमस्कारं मनोज्ञासनवेश्मगम् ॥ २ ॥
पुराणरक्तशालीनां मण्डपूर्वां सुसाधिताम् ।
यवागूं त्रिःस्रुतामुष्णां दीपनीयोपसंस्कृताम् ॥३॥
भोजयेद्युक्तलवणां रूक्षां युक्ताशितो भवेत् ।
भोजनेषु सुहृद्येषु सुधौतेष्वपराह्णिके ॥ ४ ॥

એ રીતે વમનવિરેચનરૂપ સંશોધનથી

જે સારી રીતે શુદ્ધ થવાથી શરીરે જે હલકો થયો હોય, જેનાં બધાં અંગો સ્વચ્છ થયાં હોય, જેની ઇંદ્રિયો પ્રસન્ન થઈ હોય તેથી જમવાની જે ઇચ્છા રાખતો હોય, સહેવાય તેવા ગરમ જળથી જેણે સર્વાંગે સ્નાન કર્યું હોય, શરીર પર જેણે વિલેપન લગાડેલું હોય, (વસ્ત્રાલંકારોથી) જે શણગારેલ હોય, જેણે પૂજા તથા નમસ્કાર કર્યા હોય, સુંદર આસનોવાળા ઘરમાં જે બેઠો હોય, એવા તે કોઈ એક 'पञ्चजनात्'-મનુષ્યમાંથી એકને, જૂના લાલ શાલિ-ડાંગરના ચોખાની ઉત્તમ પ્રકારે તૈયાર કરેલી યવાગૂ-રાબ બપોર પછીના સમયે મંડ સાથે જમાડવી; એટલે કે પ્રથમ (सिक्थकैरहितो मण्डः) ફૂબ પાતળું ઓસામણ પાઈને પછી યવાગૂ પાવી. એ યવાગૂ ત્રણ વાર ગાળી હોય, ગરમાગરમ હોય અને યોગ્ય પ્રમાણમાં મીઠું નાખેલી હોય એવી રાબને અતિશય સુંદર અને સારી રીતે ધોયેલાં પાત્રોમાં પીરસી હોય તેવા પ્રકારના ભોજનને તે માણસે યોગ્ય પ્રમાણમાં ખાવું જોઈએ. ૧-૪

સંશોધનના સમ્યગયોગનું લક્ષણ

शिरोललाटहृद्ग्रीवावृषणे साक्षशङ्खके।
स्वेदश्चेत् पीतमण्डस्य सम्यक्शुद्धं तमादिशेत्॥५
उद्गारवातकर्मभ्यां विशुद्धाभ्यां दिने दिने।
निरुपद्रवपुष्टिभ्यां सम्यक्शुद्धं विनिर्दिशेत्॥६॥

ઉપર જણાવ્યા પ્રમાણે મંડ સાથે યવાગૂપાન કર્યા પછી જે માણસને મસ્તક, લલાટ, હૃદય, ડોક, વૃષણ, આંખો અને લમણાંની ઉપર પરસેવો આવે તો એ માણસ સંશોધનના સમ્યગ્યોગથી શુદ્ધ થયો છે એમ વૈદ્યે જાહેર કરવું. તેમ જ જેને તથા બીજાં વાયુનાં કર્મો ઓડકાર અનુલોમન પ્રકારે હમેશાં ચાલુ રહે અને ઉપદ્રવરહિત શરીરપુષ્ટિ થયા કરે, તેને વૈદ્યે સંશોધનના સમ્યગ્યોગથી શુદ્ધ થયેલો જાહેર કરવો. ૫,૬

સંશોધન પછીનો સંસર્જન-ભોજનક્રમ

सुखोषितं जीर्णभक्तं द्वितीयेऽहनि भोजयेत्।
यवागूं तु तृतीयेऽह्नि दद्यादस्मै विलेपिकाम्॥७
दीपनोदकसंसिद्धां रूक्षामुष्णां ससैन्धवाम्।
चतुर्थे मुद्गमण्डः स्यादोदनश्च सुसाधितः॥८॥
पुराणरक्तशालीनां भृष्टानां वा कृशात्मनः।
निस्तुषाणां च मुद्गानां मण्डः
स्यादु(द्यु)क्तवेषणः (सनः)॥९॥
ईषत्फलाम्लः कर्तव्यो मुद्गमण्डोऽह्नि पञ्चमे।
ईषत्स्नेहः कृतः षष्ठे सप्तमे च विधीयते॥१०॥
जाङ्गलानां रसं सिद्धं तनुकं मांसवर्जितम्।
दिनेऽष्टमेऽथ नवमे दद्यात् स्नेहाल्पसंस्कृतम्॥११
दशमैकादशे चाह्नि लवणस्नेहसंस्कृतः।
फलाम्लसिद्धो युक्तोष्णः शस्यते रसकौदनः॥१२
उष्णोदकानुपानौ तु स्यातां वातकफात्मकौ।
तत उत्तरकालं तु भोज्यसंसर्ग इष्यते॥१३॥
एषां(ष)मण्डादिसंसर्गां सर्वव्याधिक्रियोपगः।
एनं व्यभिचरन्मोहाद्दारुणांल्लभते गदान्॥१४॥

એમ પહેલા દિવસે મંડપૂર્વક યવાગૂ જમીને જે સ્વસ્થ રહ્યો હોય અને જેનો ખોરાક પચી ગયો હોય એવા માણસને બીજા દિવસે પણ યવાગૂ જમાડવી અને ત્રીજા દિવસે (જેમાં પ્રવાહીપણું ઓછું હોય એવી ઘટ્ટ) વિલેપિકા આપવી. એ વિલેપિકા દીપનીય ઔષધપક્વ પાણીમાં પકવેલી હોય; રુક્ષ, ગરમાગરમ અને સૈંધવ નાખેલી હોવી જોઈએ. પછી ચોથા દિવસે મગનો મંડ-ઓસામણ અને સારી રીતે ચડેલો ભાત આપવો. એ ભાત કૃશ શરીરવાળા એ રોગીને જૂની લાલ ડાંગરનો આપવો અને મંડ પણ મગને પ્રથમ ભૂંજી નાખી ફોતરાં વગરના કરી તેનો જ બનાવેલો હોય અને તેમાં યોગ્ય પ્રમાણમાં વેસણ પણ નાખેલ હોવું જોઈએ. પછી પાંચમા દિવસે એ જ મંડમાં થોડી (દાડમ આદિ) ફળની ખટાશ નાખીને આપવો. છઠ્ઠા તથા સાતમા

દિવસે એ જ મંડને સહેજ સ્નેહથી યુક્ત કરી આપવો. પછી આઠમા દિવસે જાંગલ પશુ–પક્ષીઓના માંસનો પાતળો રસ પકવ કરીને આપવો. નવમા દિવસે એ જ માંસને થોડા સ્નેહથી સંસ્કારયુક્ત કરીને આપવો. પછી દશમા અને અગિયારમા દિવસે એ જ માંસરસને લવંગ તથા સ્નેહથી વઘારીને ભાતની સાથે આપવો જોઈએ. પણ તે રસયુક્ત ભાત ફળની ખટાશ નાખી તૈયાર કરીને આપ્યો હોય તો તે ઉત્તમ ગણાય છે. જે માણસ વાતપ્રધાન તથા કફપ્રધાન પ્રકૃતિવાળા હોય તેમને ઉષ્ણ જળનું અનુપાન આપવું જોઈએ. એમ ઉપર દર્શાવ્યા પ્રમાણે ભોજન સંસર્જન ક્રમની યોજના સમાપ્ત થાય તે પછી તો (હંમેશનો) સામાન્ય ક્રમ ચાલુ કરવો. ઉપર જણાવેલ મંડ આદિ ભોજનસંસર્જન ક્રમ સર્વ રોગોને લગતી ક્રિયાને અનુસરનાર છે, છતાં જે રોગી એ ભોજનસંસર્જન ક્રમ મોહથી સાચવતો નથી તેને ભયંકર રોગો થાય છે. ૭–૧૪

વિવરણ : અહીં ભોજનક્રમમાં જે 'યવાગૂ' કહી છે, તે ચોખા, મગ, તલ વગેરે મેળવીને જે રાબ તૈયાર કરી હોય તે સમજવી. છતાં આ પ્રમાણે તેનું ખાસ લક્ષણ મળે છે કે, 'યવાગૂ ષડ્‌ગુણે તોયે સિદ્ધા સ્યાત્ કૃસરા ઘના। તણ્ડુલૈર્મુદ્‌ગમાષૈશ્ચ તિલૈર્વા સાધિતા હિ સા। યવાગૂર્ગ્રાહિણી બલ્યા તર્પણી વાતનાશિની। ધાન્યથી છ ગણા પાણીમાં જે રાંધી હોય, (અને સાધારણ પાતળી હોય) તે 'યવાગૂ' કહેવાય છે; પરંતુ ચોખા, મગ, અડદ અથવા તલને મેળવીને જે ઘાટી તૈયાર કરી હોય તે 'કૃસરા'–ખીચડી કહેવાય છે. આમાંની યવાગૂ ગ્રાહિણી હોઈ ઝાડાને કબજે કરનારી, બલવર્ધક, તૃપ્ત કરનારી તેમ જ વાયુનો નાશ કરનારી હોય છે. ખરી રીતે મંડ, પેયા અને વિલેપી–એ ત્રણે યવાગૂના જ ભેદો છે. રંધાઈ ગયેલ ચોખા વગેરે ધાન્યની ઉપરનો જે પાતળો પ્રવાહી ભાગ હોય છે તે 'મંડ' કહેવાય છે; પરંતુ ધાન્યથી ચૌદ ગણા પાણીમાં પકવવી જેમાંથી ધાન્ય વિભાગ કાઢી નંખાયેલા ન હોય તે પ્રવાહી 'પેયા' કહેવાય છે. તેમ જ ધાન્યથી ચૌદગણા પાણીમાં જે રાંધી પ્રવાહી ભાગ ઘટ્ટ થઈ જાય તે વિલેપી કહેવાય છે. આ સંબંધે પણ કહેવાયું છે કે 'सिक्थकैः रहितो मण्डः पेया सिक्थसमन्विता। विलेपी बहुसिक्था स्यात् यवागू विरलद्रवा॥ ધાન્યના કણ વગરનો ઉપરનો જે કેવળ પ્રવાહી ભાગ હોય તે 'મંડ' કહેવાય છે. જેમાં ધાન્યભાગ રહેલો હોય તે પ્રવાહી ભાગ 'પેયા' કહેવાય છે. જેમાં ધાન્યનો ભાગ પુષ્કળ હોય ને કંઈક ઓછી ઘાટી હોય તે 'વિલેપી' કહેવાય છે અને જેમાં પ્રવાહી ભૂબો ઓછું હોય તે 'યવાગૂ' કહેવાય છે. અહીં મૂળમાં ૯મા શ્લોકમાં 'युक्तवेसनः' એમ 'वेसन' શબ્દપ્રયોગ કર્યો છે. તેનો ગુજરાતી અર્થ 'વેસણ' થાય છે. આ વેસનનું લક્ષણ આવું મળે છે કે 'दाल्यश्वणकाणान्तु निस्तुषाः यत्नपेषिताः। तच्चूर्णं बेसनं प्रोक्तं– અણા વગેરેની દાળને ફોતરાં વિનાની કરી ઘંટીમાં બારીક દળેલા લોટને 'વેસન' કહેવામાં આવે છે. ચરકે સૂત્રસ્થાનના ૧૫મા અધ્યાયમાં ૧૮મા સૂત્રમાં આમ કહ્યું છે કે 'अर्धेनं सायाह्ने परे वाऽह्नि सुखोदकपरिषिक्तं पुराणानां लोहितशालितण्डुलानां स्वयक्लिन्नानां मण्डपूर्वां सुखोष्णां यवागूं पाययेदग्निबलमाभिसमीक्ष्य च। एवं द्वितीये तृतीये चान्नकाले; चतुर्थे त्वन्नकाले तथाविधानामेव शालितण्डुलानामुत्स्विन्नां विलेपीमुष्णोदकद्वितीयामस्नेहलवणामल्पस्नेहलवणां वा भोजयेत्। एवं पञ्चमे षष्ठे चान्नकाले; सप्तमे त्वन्नकाले तथाविधानामेव शालीनां द्विप्रसृतं सुस्विन्नमोदनमुष्णोदकाऽनुपानं तनुना तनुस्नेहलवणोपपन्नेन मुद्‌गयूषेण भोजयेत्; एवमष्टमे नवमे चान्नकाले; दशमे त्वन्नकाले लावकपिञ्जलादीनामन्यतमस्य मांसरसेनौदकलावणिकेनापि सारवता भोजयेदुष्णोदकानुपानम्; एवमेकादशे द्वादशे चान्नकाले; अत ऊर्ध्वमनुगुणान् क्रमेणोपभुञ्जानः सप्तरात्रेण प्रकृतिभोजनमागच्छेत्॥–વમન૩૫ સંશોધનનો જેણે પ્રયોગ કર્યો હોય એવા તે માણસને સાંજના સમયે કે બીજા દિવસે સહેવાય તેવા ગરમ પાણીથી સ્નાન કરાવવું. તે પછી તેના અગ્નિનું બળ જોઈને જૂની રાતી કાંગરના ચોખાની યવાગૂ–રાબ

ગરમાગરમ પાવી. એ રાબ ધાન્યથી સોળ ગણા પાણીમાં સારી રીતે રંધાઈ ગયેલી હોઈ ને દાણાવાળી છતાં ખૂબ પ્રવાહી પાતળી અને સહેવાય તેવી ગરમ હોવી જોઈએ; પરંતુ તેની યે પહેલાં પ્રથમ તો રાબની ઉપરનો મંડ એટલે વધુ પાતળો પ્રવાહી ઓસામણરૂપ ભાગ પાવો જોઈએ. એમ બીજા અને ત્રીજા ટંકના અન્નકાળે પણ એ જ પ્રમાણે મંડપૂર્વક જ એવી રાબ તેને પાવી જોઈએ. પછી ચોથા ટંકના અન્નકાળે પણ એવા જ પ્રકારની જૂની રાતી ડાંગરના ચોખાની વિલેપી એટલે જેમાં ચોખા કરતાં પાણી ચારગણું હોય અને જેમાં ધાન્યના કણ ઘટ્ટ રાખ્યા હોય પણ ગાળી કાઢ્યા ન હોય એવી પાત્રને ચોંટી રહે એવી રાબ ખવડાવવી. પરંતુ તેની સાથે ગરમ પાણી જ હોવું જોઈએ અને તે વિલેપીમાં સ્નેહ કે લવણ નાખેલ ન હોવાં જોઈએ અથવા બહુ જ ઓછા પ્રમાણમાં લવણ તથા સ્નેહ નાખી શકાય છે. એ જ પ્રમાણે પાંચમા તથા છઠ્ઠા અન્નકાળે પણ એવી જ વિલેપી ખવડાવવી. સાતમા અન્નકાળે પણ તેવા જ લાલ જૂની ડાંગરના ચોખા પ્રસૃત પ્રમાણ–૧૬ તોલા લઈ તેનો ભાત અને મગનો યૂષ તૈયાર કરી તેનું ભોજન કરાવવું. એ ભોજનનું અનુપાન ગરમ પાણી જ હોવું જોઈએ. પરંતુ દશમા અન્નકાળે તો લાવાં કે કપિંજલ પક્ષીઓમાંના કોઈપણ પક્ષીઓના માંસરસની સાથે જૂની રાતી ડાંગરના ચોખાનો ભાત તેને જમાડવો. પણ એ માંસરસ મીઠાના પાણીવાળો અને ખૂબ ઘટ્ટ બનાવેલો હોવો જોઈએ. તેનું અનુપાન પણ ગરમ પાણી જ હોવું જોઈએ. એ જ પ્રમાણે અગિયારમા તથા બારમા અન્નકાળે પણ એવા જ ભાતનું ભોજન કરાવવું. પરંતુ તે પછીના દિવસોમાં તો ખોરાકના કઠણ, ભારે અને મધુર પદાર્થોનો ઉપયોગ કરતો કરતો સાત દિવસ સુધીમાં પોતાની પ્રકૃતિ પ્રમાણેના મૂળ સ્વાભાવિક ખોરાક પર તે આવી જાય છે. સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૯મા અધ્યાયમાં આ સંબંધે આમ લખ્યું છે કે 'प्रस्थे परिस्रुते देया यवागूः स्वल्पतण्डुला । द्वे चैवार्धाढके देये तिस्रश्चाप्यार्धाढके गते ॥ विलेपीमुचिताद्भक्ता-च्चतुर्थांशकृतां ततः । दद्यादुक्तेन विधिना क्लिन्नसिक्थामपिच्छिलाम् ॥ अस्निग्धलवणं स्वच्छमुद्गयूषयुतं ततः । अंशद्वयप्रमाणेन दद्यात् सुस्विन्नमोदनम् । ततस्तु कृतसंज्ञेन हृद्येनेन्द्रियबोधिना । त्रीनंशान् वितरेद्भोक्तुमात्तरायौदनं मृदुम् ॥ ततो यथोचितं भक्तं भोक्तुमस्मै विचक्षणः । लावैणहरिणादीनां रसौदद्यात् सुसंस्कृतैः ॥ संसर्गेण विवृद्धेऽग्नौ दोषकोपभयाद् भजेत् । प्राक् स्वादुतिक्तौ स्निग्धाम्ललवणान् कटुकं ततः ॥ स्वाद्वम्ललवणान् भूयः स्वादुतिक्तावतः परम् ॥ स्निग्धरूक्षान् रसाश्चैव व्यत्यासात् स्वस्थवत्ततः । અહીં લોહીના સ્રાવણ તથા રોગીના આહારની મુદતનું પ્રમાણ બતાવવામાં આવે છે. ચોપન તોલા લોહીનું સ્રાવણ કરવું હોય તો એ ઓછું પ્રમાણ છે. એકસો આઠ તોલા લોહીનું સ્રાવણ કરવું હોય તો એ મધ્યમ પ્રમાણ છે; અને બસો સોળ તોલા લોહીનું સ્રાવણ કરવું હોય તો એ ઉત્તમ પ્રમાણ છે; જો ચોપન તોલા લોહીનું સ્રાવણ કર્યું હોય તો એક ટંક થોડા ચોખાવાળી રાબ પાવી. જો એકસો આઠ તોલા લોહીનું સ્રાવણ કરાયું હોય તો બે ટંક થોડા ચોખાવાળી રાબ પાવી. જો બસો-સોળ તોલા લોહીનું સ્રાવણ કરાયું હોય તો ત્રણ ટંક થોડા ચોખાવાળી રાબ પાવી. તે પછી હમેશના તેના ખોરાકના પ્રમાણ કરતાં એક ચતુર્થાંશ ઓછા પ્રમાણમાં લીધેલા ચોખાથી બનાવેલી, પચપચતી, ચીકાશ વગરની અને સ્નેહ તથા લવણ વિનાની વિલેપી તથા મગનું સ્વચ્છ ઓસામણ ઉપર કહેલી વિધિ પ્રમાણે એટલે કે એક, બે કે ત્રણ ટંક સુધી આપવાં. એમ જેટલા ટંક સુધી રાબ પાઈ હોય તેટલા ટંક પછી હમેશના આહારના પ્રમાણના ખોરાકના પ્રમાણના એક દ્વિતીયાંશ જેટલા ચોખાનો સારી પેઠે સ્નિગ્ધ કરેલો ભાત ઉપર જણાવેલ ક્રમ પ્રમાણે એટલે કે એક, બે અને ત્રણ ટંક સુધી દેવો. પછી હમેશના આહારના ત્રણ ચતુર્થાંશ જેટલા ચોખાનો કોમળ ભાત હૃદયને પ્રિય અને ઇંદ્રિયોને જાગ્રત કરે એવા ઓસામણની સાથે ઉપર કહેલા ક્રમ અનુસાર એટલે કે એક, બે અને ત્રણ ટંક સુધી આપવો. પછી ચતુર વૈદ્ય આ રોગીને લાવાં પક્ષી, એણ–કાળિયાર મૃગ અને હરણ વગેરેના માંસના રસોને સારી રીતે સંસ્કારયુક્ત કરી તેની સાથે હમેશના અભ્યાસ પ્રમાણે સંપૂર્ણ ભાત જમવા આપવો. (એમ વિધિ કરવાથી જેનું ચોપન

તોલા લોહી કાઢ્યું હોય તેને પાંચમા ટંકે, જેનું એકસો આઠ તોલા લોહી કાઢ્યું હોય તેને નવમા ટંકે અને જેનું બસોસોળ તોલા લોહી કાઢ્યું હોય તેને તેરમા ટંકે અને તેના ખોરાકનો સંપૂર્ણ ભાત જમવા આપવો.) એવા ભોજનસંસર્ગક્રમથી જેનો જઠરાગ્નિ વૃદ્ધિ પામ્યો હોય એવા તે રોગોનો દોષોનો પ્રકોપ થાય તો એવો ભય મનમાં રાખી વૈદ્યે તેને વારાફરતી પરસ્પર વિરુદ્ધ રસો ભોજનમાં આપ્યા કરવા જોઈએ; જેમ કે પ્રથમ મધુર તથા કડવો રસ દેવો; તે પછી ખાટો, ખારો અને તીખો રસ આપવો; પછી મધુર, ખાટો તથા ખારો અને તે પછી મધુર તથા કડવો રસ દેવો. એમ સ્નિગ્ધ તથા રૂક્ષ રસોનો વારાફરતી યોગ આપ્યા કરવો. એવી યોજના કરીને વૈદ્યે તે શુદ્ધ થયેલા રોગીને સ્વસ્થ બનાવવો. સ્વસ્થ બન્યા પછી જ તે રોગીએ પોતાનો હંમેશનો ટેવાયેલો ખોરાક ખાવો. એમ કહ્યા પછી આગળ જતાં સુશ્રુતે આમ કહ્યું છે કે જે વ્યક્તિને કેવલ સ્નેહન અથવા કેવલ વમન જ કરાવ્યું હોય તેને સાત દિવસમાં તેનો સામાન્ય ખોરાક આપી શકાય છે; પરંતુ જેને શિરાવેધન તથા બીજું વિરેચન કે શોધન આદિ અપાયું હોય તેણે એક મહિના સુધી હલકું ભોજન જમીને રહેવું જોઈએ. આ સંબંધે ત્યાં સુશ્રુતે જ આમ કહ્યું છે કે, 'केवलं स्नेहपीतो वा वान्तोयश्चापि केवलम्। स सप्तरात्रं मनुजो भुञ्जीत लघुभोजनम्'॥–જેણે દોષનું કે રોગનું સંશમન કરવા કેવળ સ્નેહપાન જ કર્યું હોય તેણે અથવા જેણે અજીર્ણ દૂર કરવા કેવલ વમન જ કર્યું હોય તેણે ઉપર જણાવેલા રસોના ક્રમને અનુસરી, સાત રાત્રિ વીતે ત્યાં સુધી થોડા પ્રમાણમાં હલકું ભોજન જમવું. પરંતુ જેણે શોધનના અંગરૂપે વમન કર્યું હોય તેણે તો વાગ્ભટના કહ્યા પ્રમાણે કરવું; જેમ કે વાગ્ભટ કહે છે કે, 'पेयां विलेपीमकृतं कृतं च यूषं रसं त्रीनुभयं तथैकम्। क्रमेण सेवेत नरोऽन्नकालीन् प्रधानमध्यावरशुद्धिशुद्धः'–ઉત્તમ, મધ્યમ અને હીન–એમ ત્રણ પ્રકારની જે શુદ્ધિ છે, તેમાંથી ઉત્તમ શુદ્ધિ દ્વારા શુદ્ધ થયેલાએ ત્રણ ટંક પેયા–રાબ પીવી. તે પછી ત્રણ ટંક વિલેપી પીવી. તે પછી ત્રણ ટંક અકૃતયૂષનો અને પછી કૃતયૂષનો ઉપયોગ કરવો, તે પછી ત્રણ ટંક માંસના રસાનો ઉપયોગ કરવો. પરંતુ મધ્યમ શુદ્ધિથી જે શુદ્ધ થયો હોય તેણે બે ટંક પેયા–રાબનો, બે ટંક વિલેપીનો, બે ટંક સૂકું, મરી, લવણ વગેરેથી સંસ્કાર આપ્યા વિનાના મોળા યૂષનો, બે ટંક સંસ્કાર આપેલા યૂષનો અને બે ટંક માંસના રસાનો ઉપયોગ કરવો; પણ જે માણસ હીનશુદ્ધિથી શુદ્ધ થયો હોય તેણે એક ટંક રાબનો, એક ટંક વિલેપીનો, એક ટંક સંસ્કાર આપ્યા વિનાના મોળા યૂષનો અને એક ટંક સંસ્કાર આપેલા યૂષનો અને એક ટંક માંસના રસાનો ઉપયોગ કરવો જોઈએ; કેમ કે એમ કરવામાં આવે તો જ સુશ્રુતના ચિકિત્સિતસ્થાનના ૩૬ મા અધ્યાયમાં કહેલા વિષય પ્રમાણે ઉત્તમ શુદ્ધિવાળાના વમન તથા વિરેચનની વચ્ચે એક પખવાડિયાનું અંતર સંભવી શકે.

ઉપર કહેલા સંસર્જનક્રમ ઓળંગવાથી થતા ઉપદ્રવો.

ज्वरामकामलापाण्डुकर्णकुष्ठगलामयाः।
हिक्कातिसारश्वयथुकासाद्या व्यभिचारजाः॥१५॥
शूलातिसारौ शुद्धस्य शीतपानान्नसेवनात्।
शोथोदरज्वरा अम्लभृशस्नेहदिवाशयात्॥१६॥

ઉપર કહેલો સંસર્જનક્રમ જો ઓળંગાય તો તેથી જ્વર, આમદોષ, કમળો, પાંડુ, કાનનો રોગ, કોઢ, ગળાનો રોગ, હેડકી, અતિસાર, શ્વયથુ–સોજો અને કાસ–ઉધરસ વગેરે રોગો ઉત્પન્ન થાય છે; તેમ જ (વમન–વિરેચનરૂપ) સંશોધનના સેવનથી શુદ્ધ થયેલો માણસ જો શીતળ પાણી કે શીતળ ખોરાકનું સેવન કરે તો તેથી શૂળ અને અતિસાર રોગ થાય છે. તેમ જ (એ શોધન દ્વારા) શુદ્ધ થયેલો માણસ જો ખાટા પદાર્થોનું સેવન કરે, વધુ પડતો સ્નેહ સેવે કે દિવસે ઊંઘે, તો તેથી સોજો, ઉદરરોગ તથા જ્વરરૂપ ઉપદ્રવો થાય છે. ૧૫,૧૬

વિવરણ : સુશ્રુતે ચિકિત્સાસ્થાનના ૩૯ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે, 'तैलपूर्णमिवृदभाण्डसधर्माणो व्रणातुराः। स्निग्धशुद्धनेत्र-

રોગાર્તા જ્વરાતીસારિણશ્ચ યે ॥ ક્રુધ્યતઃ કુપિતં પિત્તં કુર્યાતાંસ્તાનુપદ્રવાન્ । આયાસ્યતઃ શોચતો વા ચિત્તં વિભ્રમમૃચ્છતિ ॥ મૈથુનોપગમાદ્ઘોરાન્ વ્યાધીનાપ્નોતિ દુર્મતિઃ । આક્ષેપકં પક્ષઘાતમઙ્ગપ્રગ્રહમેવ ચ ॥ ગુદ્યપ્રવેશે શ્વયથું કાસશ્વાસૌ ચ દારુણૌ । રુધિરં શુક્રવચ્ચાપિ સરજસ્કં પ્રવર્તતે । લભતે ચ દિવાસ્વપ્નાત્તાંસ્તાન્ વ્યાધીન્ કફાત્મકાન્ । પ્લીહોદરં પ્રતિશ્યાયં પાણ્ડુતાં શ્વયથું જ્વરમ્ ॥ મોહં સદનમજ્ઞાનામવિપાકં તથાઽરુચિમ્ । તમસા ચાભિભૂતસ્તુ સ્વપ્નમેવાભિનન્દતિ ॥ ઉચ્ચૈઃ સંભાષણાદ્ વાયુઃ શિરસ્યાપાદયેદ્રુજમ્ । આનદ્ધ્યં જાડ્યમજિહ્મત્વં બાધિર્યં મૂકતા તથા ॥ હનુમોક્ષમધીમન્થમર્દિતં ચ સુદારુણમ્ । નેત્રસ્તમ્ભં નિમેષં વા તૃષ્ણાં કાસં પ્રજાગરમ્ ॥ લભતે દન્તચાલં ચ તાંસ્તાંશ્ચાન્યાનુપદ્રવાન્ । યાનયાનેન લભતે છર્દિમૂર્ચ્છાભ્રમક્લમાન્ ॥ તથૈવાઙ્ગગ્રહં ઘોરમિન્દ્રિયાણાં ચ વિભ્રમમ્ । ચિરાસનાત્તથા સ્થાનાચ્છ્રોણ્યાં ભવતિ વેદના ॥ અતિચઙ્ક્રમણાદ્વાયુર્જઙ્ઘયોઃ કુરુતે રુજઃ ॥ સક્થિપ્રશોષં શોષં વા પાદહર્ષં મથાપિ વા । શીતસંભોગતોયાનાં સેવા મારુતવૃદ્ધયે । તતોઽઙ્ગમર્દવિષ્ટમ્ભશૂલાધ્માનપ્રવેપકાઃ । વાતાતપાભ્યાં વૈવર્ણ્યં જ્વરં ચાપિ સમાપ્નુયાત્ । વિરુદ્ધાધ્યશનાન્મૃત્યુર્વ્યાધિં વા ઘોરમૃચ્છતિ ॥ અસાત્મ્યભોજનં હન્યાદ્ બલવર્ણમસંશયમ્ । અનાત્મવન્તઃ પશુવદ્ ભુઞ્જતે યેઽપ્રમાણતઃ । રોગાનીકસ્ય તે મૂલમક્ષીણં પ્રાપ્નુવન્તિ હિ ॥' વ્રણના રોગીઓ, જેણે સ્નેહપાન કર્યું હોય, શોધન ઔષધ સેવીને જે શુદ્ધ થયા હોય, નેત્રના રોગથી જેઓ પીડાતા હોય, જ્વરથી જેઓ યુક્ત થયા હોય અને જેઓ અતિસારના રોગી હોય, તેઓ તેલથી ભરેલા માટીના કાચા વાસણ જેવા હોઈ ખાવાપીવામાં સહેજ પણ ભૂલ કરે તો અનેક ઉપદ્રવોવાળા થઈ જાય છે. જેમ કે તેઓમાંનો કોઈપણ ક્રોધ કરે તો તેથી તેમાંનું પિત્ત કોપે છે અને તે પિત્તજન્ય અનેક ઉપદ્રવોને કરે છે. તેઓમાંનો કોઈપણ જો શારીરિકશ્રમ સેવે કે શોક કરે તો તેઓનું ચિત્ત ભ્રમિત બની જાય છે. વળી તેઓમાંનો કોઈ પણ જો મૈથુન સેવે તો તેથી એ દુર્મતિ માણસ ઘોર રોગોને પામે છે; જેમ કે તે માણસ તાણ, આંચકી, લકવો, શરીરનું ઝલાઈ જવું, ગુહ્યપ્રદેશમાં સોજો, દારુણ ઉધરસ તથા શ્વાસ કે દમનો રોગ પામે છે એટલું જ નહિ પણ એ પુરુષ સ્ત્રી સાથે જ્યારે મૈથુન સેવે છે ત્યારે તેની ગુહ્ય ઇંદ્રિયમાંથી વીર્યની પેઠે રુધિર પણ નીકળે છે અને જેની સાથે તે મૈથુન કરે છે તે સ્ત્રીની યોનિમાંથી પણ રજની સાથે રુધિર વહેવા માંડે છે. વળી તે ઉપર કહેલા પુરુષોમાંનો જો કોઈપણ પુરુષ દિવસે નિદ્રા લે તો કફપ્રધાન થઈ તે, અનેક રોગોને પ્રાપ્ત કરે છે; જેમ કે બરોળના રોગથી યુક્ત-પ્લીહોદરના રોગને, સળેખમને, પાંડુરોગને, સોજાને, જ્વરને, મૂરછાને, અંગોના શિથિલપણાને, ખોરાકના અવિપાકરૂપ રોગને તથા અરુચિને પામે છે અને મોહથી પરાભવ પામીને કેવળ સૂઈ રહેવાનું જ પસંદ કરે છે. વળી એમાંનો કોઈપણ રોગી જો ઊંચા અવાજે ભાષણ કરે છે તો તેનો વાયુ પ્રકોપ પામીને મસ્તકમાં પીડા ઉપજાવે છે અને તે ભાષણ કરનાર રોગી આંખે અંધાપો, જડપણું, નાકથી કોઈપણ ગંધને ગ્રહણ ન કરવું, કાને બહેરાશ, મૂંગાપણું, હડપચીનું છૂટા પડવાપણું, અધિમંથરોગ, અતિશય દારુણ અર્દિત-વાયુનો રોગ, નેત્રોનું સજ્જડ થવું, આંખના કેવળ પલકારા જ થયા કરે તે નિમેષરોગ, વધુ પડતી તરશનો રોગ, ઉધરસ, ખૂબ ઉજાગરા અને દાંતના ખખડી જવારૂપ કે હાલી જવારૂપ દંતચાલ નામના રોગને તેમ જ એ સિવાયના બીજા પણ ઉપદ્રવોને પ્રાપ્ત કરે છે. વળી તેમાંનો કોઈપણ રોગી કોઈ વાહન પર બેસી જો મુસાફરી કરે તો તેથી ઊલટી, મૂર્છા, ભ્રમ તથા ક્લમ-ગ્લાનિને પામે છે. તેમ જ અંગોનું ઝલાઈ જવું અને ઇંદ્રિયોના ઘોર વિભ્રમને પણ પામે છે. વળી તેમાંનો કોઈ રોગી લાંબા કાળ સુધી એક આસને બેસી રહે કે એકાસને ઊભો જ રહે તો તેથી પણ તેની કેડની નીચેના ભાગમાં વેદના થાય છે. તેમ જ એમાંનો કોઈ પણ રોગી જો અતિશય વધુ પ્રમાણુમાં ચાલે તો તેથી તેનો વાયુ તેની બંને પગની પિંડીઓમાં વેદના કરે છે, સાથળોને અતિશય સૂકવી નાખે છે; અથવા તે સાથળો પર સોજો કરે છે અથવા પાદહર્ષ નામનો રોગ પણ થાય છે. વળી તેમાંનો કોઈ રોગી શીતળ પદાર્થોનો જો ઉપભોગ કરે કે શીતળ પાણીનું જો વધુ સેવન કરે તો તેથી તેનો વાયુ ખૂબ વધી જાય છે. તેથી

અંગોનું ભાંગવું, વિષ્ટમ્ભ-શરીરનું જકડાવું, શૂળ, આફરો અને અંગોનો કંપ થાય છે. વળી તેમાંનો કોઈ રોગી વધુ પ્રમાણમાં વાયુનું કે સૂર્યના તાપનું સેવન કરે તો તેથી તેના શરીરનો રંગ બદલાઈ જાય અને તેને જ્વર પણ આવે છે. વળી તેમાંનો કોઈ રોગી જો વિરુદ્ધ ભોજન કરે તો તેથી મરણને કે ઘોર વ્યાધિને પામે છે. પોતાની પ્રકૃતિને માફક ન હોય એવું તે ભોજન કરે, તો તેથી તેના બળનો તથા શરીરના રંગનો તે અવશ્ય નાશ કરે છે. એમાંના જે રોગીઓ (પશુની પેઠે) પોતાના મનને કાબૂમાં રાખ્યા વિના પ્રમાણથી વધારે ભોજન કરે છે, તેઓ રોગોની એક છાવણીરૂપ અજીર્ણને અવશ્ય પ્રાપ્ત કરે છે. ૧૫,૧૬

ખોરાક બરાબર પચ્યો હોય તેનાં લક્ષણો

कांक्षा बुभुक्षा वैशद्यं लघुता स्थिरता सुखम्
स्वस्थवृत्तानुवृत्तिश्च सम्यग्जीर्णान्नलक्षणम् ॥१७॥

ખોરાક ખાવાની ઇચ્છા થાય, ભૂખ લાગે, શરીરનું કે મન-ઇંદ્રિયો આદિની પ્રસન્નતા જણાય, શરીરમાં હલકાપણું અનુભવાય, શરીરની સ્થિરતા અનુભવાય, સુખ-સ્વસ્થતા થાય અને સ્વસ્થના વર્તનનું અનુસરણ થાય-એ બધાં ખાધેલો ખોરાક બરાબર પચ્યો હોય તેનાં લક્ષણો જણાય છે.

ખોરાક બરાબર પચ્યો ન હોય તેનાં લક્ષણો

विषादो गौरवं तन्द्री श्लेष्मसेकारतिभ्रमाः ।
स्वस्थवृत्तोपरोधश्च तदजीर्णस्य लक्षणम् ॥ १८ ॥

વિષાદ જણાય, શરીરમાં ભારેપણું જણાય, નિદ્રા જેવું ઘેન જણાય, કફનો વધારો જણાય, કફની લાળો ઝરે, બેચેની જણાય, ભ્રમ થાય કે ચક્કર આવે અને સ્વસ્થ જેવું વર્તન થઈ ન શકે, તે (બધાં) અજીર્ણનાં લક્ષણો જાણવાં. ૧૮

ઉપર કહેલા અજીર્ણના ચાર ભેદો

आमं विदग्धं सश्लेष्म रसशेषं तथैव च ।
चतुर्विधमजीर्णं तु तस्य वक्ष्यामि लक्षणम् ॥१९॥

આમાજીર્ણ, વિદગ્ધાજીર્ણ, શ્લેષ્માજીર્ણ અને રસશેષાજીર્ણ-એમ ચાર પ્રકારનાં અજીર્ણ હોય છે, તેમનાં લક્ષણો હવે હું (નીચે પ્રમાણે) કહું છું. ૧૯

વિવરણ : સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૪૬ મા અધ્યાયમાં અજીર્ણના આ ભેદો આમ કહ્યા છે, જેમ કે: आमं विदग्धं विष्टब्धं कफपित्तानिलैस्त्रिभिः । अजीर्णं केचिदिच्छन्ति चतुर्थं रसशेषतः । કફના પ્રકોપથી થતું આમાજીર્ણ, પિત્તના પ્રકોપથી થતું વિદગ્ધાજીર્ણ, વાયુના પ્રકોપથી થતું વિષ્ટબ્ધાજીર્ણ કે શ્લેષ્માજીર્ણ અને ચોથું રસના શેષથી કેટલાક વૈદ્યો 'રસશેષાજીર્ણ' કહે છે.

ઉપર કહેલા અજીર્ણનાં સામાન્ય લક્ષણો

यथाभुक्तं भवेदामे, धूमोद्गारो विदाहिनि ।
सश्लेष्मणि गुरुत्वं तु, रसशेषे तु हृद्द्रवः ॥२०

આમાજીર્ણમાં જાણે કે મેં હમણાં જ ખાધું છે, એમ રોગી માને છે. વિદાહી-વિદગ્ધાજીર્ણમાં જાણે કે પોતાના મોઢામાંથી ધુમાડા નીકળતા હોય તેમ રોગીને જણાય અને તે ઉપરાંત ઉપરાઉપરી ઓડકાર આવ્યા કરે. કફયુક્ત-શ્લેષ્માજીર્ણમાં તો શરીરમાં ભારેપણું જણાય અને રસશેષ-અજીર્ણથી હૃદયનો દ્રવ-ઓગળવું કે ભારેપણું થાય છે. ૨૦

વિવરણ : આ સંબંધે પણ સુશ્રુતે સૂત્રસ્થાનના ૪૬ મા અધ્યાયમાં કહ્યું છે કે, 'माधुर्यमन्नं गतमामसंज्ञं विदग्धसंज्ञं गतमम्लभावम् । किंचिद् विपक्वं भृशतोदशूलं विष्टब्धमाबद्धविरुद्धवातम् । उद्गारशुद्धावपि भक्तकाङ्क्षा जायते । કફના દોષથી દૂષિત થયેલો ખોરાક મધુરપણાને પામવાથી થયેલું અજીર્ણ આમાજીર્ણ કહેવાય છે.' ખાધેલો જે ખોરાક પિત્તના કારણે દૂષિત થઈને તેમ જ કંઈક પચેલો, નહીં પચેલો રહી ખાટાપણાને પામી જવાથી થયેલું અજીર્ણ વિદગ્ધાજીર્ણ કહેવાય છે. એ અજીર્ણમાં ખોરાક કંઈક અંશે જ પચ્યો હોય, તેથી કોઈ ભોંકાયા જેવી પીડા થાય અને તેમાં વાયુ ચારે બાજુથી બંધાયેલો અની વિરુદ્ધ ગતિ કરે છે. રસશેષ અજીર્ણમાં ઓડકારની શુદ્ધિ હોય તોપે ખોરાક ખાવાની ઇચ્છા ન થાય અને હૃદયનું ભારેપણું થાય છે; એ રસશેષ અજીર્ણને

વૈદ્યો ઓયું અજીર્ણ કહે છે. અષ્ટાંગસંગ્રહકારે પણ સૂત્રસ્થાનના ૧૧ મા અધ્યાયમાં કહ્યું છે કે, 'तत्रामे गुरुतोत्क्लेदः शोथो गण्डाक्षिकूट्योः । उद्गारश्च यथाभुक्तमविदग्धः प्रवर्तते । विष्टब्धे शूलमाध्मानं विविधा वातवेदनाः । मलवातप्रवृत्तिश्च स्तम्भो मोहोऽङ्गपीडनम् । विदग्धे भ्रमतृण्मूर्छा पित्ताच्च विविधा रुजः । उद्गारश्च सधूमाम्लः स्वेदो दाहश्च जायते ॥ रसशेषेऽन्न विद्वेषो हृदयाशुद्धिगौरवे ॥ તેમાંના આમાજીર્ણમાં શરીરમાં ભારેપણું મોળ, ઊબકા તથા ગાલ ઉપર અને આંખોના ખૂણા પર સોજો આવે છે. વિદગ્ધાજીર્ણમાં જે પ્રમાણે ખોરાક ખાધો હોય તે જ પ્રકારના ઓડકાર આવ્યા કરે અને વિષ્ટબ્ધાજીર્ણમાં પેટમા શૂળ નીકળે, પેટનો આફરો થાય અને જુદા જુદા પ્રકારની વાયુની વેદનાઓ થયા કરે છે. મલ-મૂત્ર અને નીચેનો વાયુ પ્રવર્તે નહિ પણ રોકાઈ જાય છે. શરીરના અવયવો સજ્જડ થઈ જાય અને મૂર્છા કે બેભાન સ્થિતિ થઈ જાય અને અંગોમાં પીડા થાય છે. વળી વિદગ્ધઅજીર્ણમાં ચક્કર આવે, વધુ પડતી તરસ લાગ્યા કરે અને મૂર્છા થાય, તેમજ પિત્તના દોષને લીધે અનેક પ્રકારની પીડાઓ થાય છે; વળી ઓડકાર પણ ધુમાડા સાથે ખાટો આવે; પરસેવો વધુ થાય તેમજ શરીરમાં દાહ થાય; રસશેષઅજીર્ણમાં ખોરાક પર અણગમો થાય; હૃદયની અશુદ્ધિ તથા ભારેપણું થાય છે. ૨૦

બધાં અજીર્ણોનાં સામાન્ય લક્ષણો

तन्द्राशूलारतिग्लानितृड्विदाहारुचिभ्रमाः ।
अङ्गमर्दज्वरानाहाः सर्वेष्वप्यल्पशो गदाः ॥२१॥
सर्वैरसाध्यतोत्कृष्टैः क्रमशो याप्यसाध्यते ।
साध्यानां साधनं यत्तु तन्मे प्रवदतः शृणु ॥२२॥
आमस्योद्धरणं पथ्यं, विदग्धे प्रावृतः स्वपेत् ।
सप्लेष्मणि भवेत् स्वेदः, परिशोष्यो रसाधिके ॥२३॥

બધાં અજીર્ણોમાં નિદ્રા જેવું ઘેન, શૂલ ભોંકાયા જેવી પીડા, બેચેની, શરીરમાં પરિશ્રમ વિના થાક, વધુ પડતી તરસ, બળતરા, અરુચિ-ભ્રમ થાય, અંગમર્દ-શરીરનું ભાંગવું, જ્વર તથા મળ-મૂત્રની કબજિયાત; એટલા રોગો થોડા થોડા પ્રમાણમાં પણ થાય છે. એ બધાયે એકી વખતે જો પ્રબળ થયા હોય તો તે દરેક અજીર્ણ અસાધ્ય બને છે. પરંતુ તે રોગો જો થોડા પ્રમાણમાં હોય તો તે ક્રમશઃ યાપ્ય કે સાધ્ય બને છે. તેમાંથી જે અજીર્ણ સાધ્ય હોય છે, તેમાંનું સાધન હું તમને જે કહું છું, તે તમે સાંભળો. આમાજીર્ણમાં આમનો ઉપવાસો દ્વારા નિકાલ કરવો તે હિતકારી છે. વિદગ્ધાજીર્ણમાં ગરમ કામળા વગેરે ઓઢીને સૂઈ રહેવું; તેમ જ કફયુક્ત અજીર્ણમાં પરસેવો થાય એમ કરવું જોઈએ અને રસશેષઅજીર્ણમાં તે રોગીને ખૂબ સૂકવી નાંખવો જોઈએ. ૨૧-૨૩

વિવરણ : અષ્ટાંગસંગ્રહકારે પણ કહ્યું છે કે વિદગ્ધાજીર્ણમાં 'तत्रामुक्त्वा दिवा स्वप्यात् । કંઈ પણ જમ્યા વિના દિવસે સૂઈ રહેવું જોઈએ. સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૪૬ મા અધ્યાયમાં આ બધાં અજીર્ણોની આ પ્રમાણે ચિકિત્સા કહી છે; જેમ કે तत्रामे लङ्घनं कार्यं विदग्धे वमनं हितम् । विष्टब्धे स्वेदनं पथ्यं रसशेषे शयीत च ' ॥-તેમાંના આમાજીર્ણમાં લંઘન કરવું જોઈએ. વિદગ્ધાજીર્ણમાં વમન-ઔષધ પીને ઊલટી કરવી જોઈએ. વિષ્ટબ્ધાજીર્ણમાં સ્વેદન કરવું એટલે કે ખૂબ ઓઢીને શરીરમાંથી પરસેવો બહાર કાઢવો તે જરૂરી સમજવું અને રસશેષઅજીર્ણમાં કંઈ પણ ખાધા વિના સૂઈ રહેવું તે હિતકારી થાય છે. ઉપર દર્શાવેલ ચિકિત્સામાં આવશ્યકતા અનુસાર ફેરફાર પણ કરી શકાય છે; જેમ કે અષ્ટાંગસંગ્રહકાર કહે છે કે 'यथावस्थं हितं भवेत् '-અજીર્ણમાં તેની અવસ્થાને અનુસરી વર્તન કરાય તે હિતકારી થાય છે. ૨૩

અજીર્ણમાં હિતકર ઔષધકલ્પના

यदुक्तं पथ्यमशनं तदेवैतेषु शस्यते ।
दीर्घकालौषधानां तु मुद्गमण्डः सदाडिमः ॥२४॥
सस्नेहलवणव्योषः पेयो मांसरसोऽपि वा ।
बालमूलकयूषो वा हितः शाल्योदनस्तथा ॥२५॥
चिकित्सितं पञ्चजनान् (द्) राज्ञो राजोपमस्य वा ।
धनिनां निर्धनानां वा यथार्थमुपकल्पयेत् ॥ २६ ॥

ઉપર દર્શાવેલ અજીર્ણમાં પથ્ય ખોરાક

આપવાનો કહ્યો છે એ આ અજીર્ણોમાં યોગ્ય છે અને આમાં દીર્ઘકાળ (કેમ કે લીધેલો ખોરાક સમય જતાં પોતે જ પચી જાય છે) ઔષધ, દાડમના દાણા સાથે મગનો મંડ, સ્નેહ તથા લવણથી યુક્ત વ્યોષ–સૂંઠ, મરી અને પીપરનો ઉકાળો અથવા માંસનો રસ પીવો જોઈએ અથવા કૂણા મૂળાનો યૂષ–ઉકાળો કે ઓસામણ અને તેની સાથે શાલિ–ડાંગરનો ભાત ખાવો એ પણ હિતકારી થાય છે. તેમાંનું હરકોઈ ચિકિત્સિત જે રાજાને, રાજા જેવા માણસને, ધનવાનને કે નિર્ધનને યોગ્ય હોય તે, કોઈપણ વૈદ્ય આદિ પાસેથી જાણીને કલ્પવું જોઈએ. ૨૪–૨૬

લાંબું આયુષ મેળવાય તેવું સંશોધન કરવું

बलघ्नं दोषशमनं बलवर्णसुखावहम् ।
सम्यक् संशोधनं कृत्वा दीर्घमायुरवाप्नुते ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २७ ॥

જે સંશોધન દોષોના બળનો નાશ કરનાર, દોષોને શમાવનાર, શરીરના બળ, વર્ણ તથા સુખને કરનાર હોય તે કરીને અજીર્ણનો રોગી લાંબું આયુષ મેળવે છે, એમ ભગવાન કાશ્યપે કહ્યું છે. ૨૭

વિવરણ : આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૧૫મા અધ્યાયમાં કહ્યું છે કે, 'अनेन विधिना राजा राजमात्रोऽथवा पुनः । यस्य वा विपुलं द्रव्यं स संशोधनमर्हति ॥ दरिद्रस्त्वादृतं प्राप्य प्राप्तकालं विरेचनम् । पिबेत् काममसंभृत्य संभारानपि दुर्लभान् । न हि सर्वमनुष्याणां सन्ति सर्वपरिच्छदाः । न च रोगा न बाधन्ते दरिद्रानपि दारुणाः । यद् यच्छक्यं मनुष्येण कर्तुमौषधमापदि । तत् तत् सेव्यं यथाशक्ति वसनान्यशनानि च ॥–એ વિધિથી રાજાએ, રાજા જેવા માણસે કે જેની પાસે પુષ્કળ ધન હોય તેવા માણસે સંશોધન સેવવું યોગ્ય છે; પણ દરિદ્ર માણસ તો આપત્તિ આવ્યા પછી એટલે કે વમન–વિરેચનને યોગ્ય રોગ પ્રાપ્ત થયા પછી જ દુર્લભ સામગ્રીઓ એકઠી કર્યા વિના પણ તે તે સમયને યોગ્ય વમન તથા વિરેચનકારક ઔષધ સેવી શકે છે. પણ દરેક મનુષ્યને દરેક સામગ્રી પ્રાપ્ત થઈ શકતી નથી અને દારુણ રોગો દરિદ્રોને પણ પીડા કરી શકતા નથી એમ હોતું નથી. માટે દરેક મનુષ્યે રોગ ત્યારે જે જે ઔષધ કરવું ઘટે તે કરવું જ જોઈએ; અને વસ્ત્રો તથા આહારો પણ યથાશક્ય સેવવા જ જોઈએ. એમ તે સંશોધન સેવ્યાથી જે ફળ પ્રાપ્ત થાય છે તે સંબંધે પણ ચરકે ત્યાં જ કહ્યું છે કે 'मलापहं रोगहरं बलवर्णप्रसादनम् । पीत्वा संशोधनं सम्यक् आयुषा युज्यते चिरम्' ॥–જે સંશોધન મળનો નાશ કરનાર, રોગને દૂર કરનાર અને બળ તથા શરીરના રંગને ખૂબ સ્વચ્છ કરનાર હોય તેવા સંશોધનને સારી રીતે–સેવવાથી લાંબુ આયુષ્ય મળે છે. અષ્ટાંગસંગ્રહકારે પણ આ સંબંધે કહ્યું છે કે, 'बुद्धिप्रसादं बलमिन्द्रियाणां धातुस्थिरत्वं ज्वलनस्य दीप्तिम् । चिराच्च पाकं वयसः करोति संशोधनं सम्यगुपास्यमानम्' ॥–હરકોઈ સંશોધનને સારી રીતે સેવવાથી બુદ્ધિની પ્રસન્નતા, ઇંદ્રિયોનું બળ, ધાતુઓની સ્થિરતા, અગ્નિનું દીપન થાય છે અને વૃદ્ધાવસ્થા પણ લાંબાકાળે આવે છે. ચરકે પણ સૂત્રસ્થાનના ૧૩મા અધ્યાયમાં આ સંબંધે કહ્યું છે કે–दोषाः कदाचित् कुप्यन्ति जिता लङ्घनपाचनैः । जिताः संशोधनैर्ये तु न तेषां पुनरुद्भवः'–જે દોષોને લંઘનોથી અને પાચન ઔષધોથી કાબૂમાં લેવાયા હોય તે કોઈપણ કાળે (ફરી) કોપે છે–વિકારયુક્ત થઈ રોગોને ઉત્પન્ન કરનાર થાય છે; પરંતુ જે દોષોને સંશોધન–ઔષધોથી જીત્યા હોય કે કાબૂમાં લીધા હોય તેમની ફરી ઉત્પત્તિ થતી નથી.'

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં ઉપકલ્પનીય નામનો ૨૪ મો અધ્યાય સમાપ્ત

વેદનાધ્યાય–અધ્યાય ૨૫ મો

अथातो वेदनाध्यायं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી અમે વેદનાધ્યાયનું વ્યાખ્યાન કરીએ છીએ, એમ ભગવાન કશ્યપે કહ્યું હતું. ૧,૨

વૃદ્ધજીવકનો કશ્યપને પ્રશ્ન

उपास्यमानमृषिभिः कश्यपं वृद्धजीवकः ।
चोदितो दारुवाहेन वेदनार्थेऽभ्यचोदयत् ॥ ३ ॥
बालकानामवचसां विविधा देहवेदनाः ।
प्रादुर्भूताः कथं वैद्यो जानीयाल्लक्षणार्थतः ॥ ४ ॥

એક સમયે બધા ઋષિઓ ભગવાન કશ્યપની સેવા કરી રહ્યા હતા ત્યારે દારુવાહે પ્રેરણા કરેલા વૃદ્ધજીવકે વેદનાના વિષયમાં કશ્યપને પૂછ્યું હતું કે, 'હે ભગવન્! નાનાં બાળકો કંઈ બોલી શકતાં નથી તો તેમને અનેક પ્રકારની જે વેદનાઓ પ્રકટ થઈ હોય તેને વૈદ્ય લક્ષણોથી અને અર્થથી કેવી રીતે જાણી શકે? ૩,૪

કશ્યપનો ઉત્તર

इति पृष्टो महाभागः कश्यपो लोकवृद्धपः ।
प्रोवाच वेदनास्तस्मै कारणैर्बालदेहजाः ॥ ५ ॥

લોકમાં રહેલા વૃદ્ધ પુરુષોમાં શ્રેષ્ઠ એવા અને મહાન ભાગ્યશાળી કશ્યપને વૃદ્ધજીવકે એમ પૂછ્યું, ત્યારે તેમણે બાળકોના દેહમાં ઉત્પન્ન થતી વેદનાઓને, તે વૃદ્ધજીવકને કારણો સાથે કહી હતી. ૫

શિરઃશૂલ વેદના અને તેનાં લક્ષણો

भृशं शिरः स्पन्दयति निमीलयति चक्षुषी ।
अवक्रुजत्यरतिमानस्वप्नश्च शिरोरुजि ॥ ६ ॥

જ્યારે મસ્તકમાં પીડા થાય છે ત્યારે બાળક માથાને વારંવાર હલાવ્યા કરે છે; પોતાની આંખોને મીંચી રાખે છે, અસ્પષ્ટ અવાજો કરે છે, બેચેનીવાળું થાય છે અને (દિવસે કે રાત્રે) ઊંઘતું નથી. ૬

કર્ણવેદના અને તેનાં લક્ષણો

कर्णौ स्पृशति हस्ताभ्यां शिरो भ्रमयते भृशम् ।
अरत्यरोचकास्वप्नैर्जानीयात् कर्णवेदनाम् ॥ ७ ॥

જે કારણે બાળક કાનને બે હાથે અડક્યા કરે માથાને ખૂબ ભમાવ્યા કરે અને બેચેની, અરુચિ અને ઊંઘ નહિ ત્યારે વૈદ્યે એ લક્ષણો ઉપરથી તેની કર્ણવેદનાને જાણી લેવી જોઈએ. ૭

બાળકના મુખરોગનાં લક્ષણો

लालास्रवणमत्यर्थं स्तनद्वेषारतिर्व्यथाः ।
पीतमुद्गिरति क्षीरं नासाश्वासी मुखामये ॥ ८ ॥

બાળકને જ્યારે મુખનો રોગ થાય ત્યારે તેના મોઢામાંથી ઘણી લાળો ઝરે છે, તેને ધાવણ ધાવવું ગમતું નથી; બેચેની થાય છે, મોઢામાં પીડા થાય છે, તેથી તેણે જે ધાવણ ધાવ્યું હોય કે દૂધ પીધું હોય તેને ઓકી કાઢે છે અને નાસિકાથી શ્વાસ લે છે. ૮

કંઠવેદનાનાં લક્ષણો

पीतमुद्गिरति स्तन्यं विप्रम्भिश्लेष्मसेवनम् ।
ईषज्ज्वरोऽरुचिर्ग्लानिः कण्ठवेदनयाऽर्दिते ॥ ९ ॥

બાળક જ્યારે ગળાની વેદનાથી પીડાયું હોય ત્યારે પણ ધાવેલા ધાવણને તે ઓકી કાઢે છે; તેમજ ઝાડાની કબજિયાત કરનાર તથા કફને વધારનાર પદાર્થોનું સેવન તેને ધવડાવનારી માતાએ કરેલું જાણી શકાય છે; થોડો જ્વર રહ્યા કરે છે, અરુચિ થાય છે અને તેને કંઈ ગમતું નથી. ૯

અધિજિહ્વિકા રોગ

लालास्रावोऽरुचिर्ग्लानिः कपोले श्वयथुर्व्यथा ।
मुखस्य विवृतत्वं च जानीयादधिजिह्विकाम् ॥ १० ॥

જ્યારે બાળકના મોઢામાંથી લાળ ઝરે, અરુચિ થાય, ગ્લાનિ જણાય, મોઢા પર સોજો આવે, ગભરામણ થાય અને મોઢું પહોળું થાય ત્યારે તેને અધિજિહ્વિકા નામનો રોગ જાણવો.

વિવરણ: આ અધિજિહ્વિક રોગનું લક્ષણ સુશ્રુતે નિદાનસ્થાનના ૧૬મા અધ્યાયમાં આમ લખ્યું છે કે, 'જિહ્વાગ્રરુપ: શ્વયથુ: કફાત્તુ જિહ્વા-પ્રવન્ધોપરિ રક્તમિશ્રાત્ જ્ઞેયોઽધિજિહ્વા: ખલુ રોગ એષ:'—જીભના મૂળ બંધનસ્થાનની ઉપર કફેલા લોહી સાથે મિશ્ર થયેલા વિકૃત કફના કારણે સોજો દેખાય ત્યારે એ જ રોગને 'અધિજિહ્વ' નામે જાણવો. ૧૦

ગ્રહરોગનાં લક્ષણો

ज्वरारुचिमुखस्रावा निष्ठनेच्च गलग्रहे ।
कण्डू(ण्ठ)के श्वयथुः कण्ठे ज्वरारुचिशिरोरुजः ॥ ११

ગ્રહના કારણે થયેલા રોગમાં બાળકને જ્વર આવે, અરુચિ થાય, મોઢામાંથી લાળો ઝરે, ગળું ઝલાઈ જતાં તે બાળક શ્વાસોચ્છ્વાસ લેતાં કણસે છે; શરીર પર ચળ આવે, ગળામાં સોજો થાય, જ્વર, અરુચિ તથા માથામાં પીડા થાય છે. ૧૧

વિવરણ: અહીં મૂળ શ્લોકના પૂર્વાર્ધમાં ગ્રહરોગ અને ઉત્તરાર્ધમાં કંઠશોષ એટલે ગળા પરના સોજાનો રોગ કહ્યો છે, એમ ટીકાકારનો અભિપ્રાય છે. ૧૧

બાળકના જ્વરનાં પૂર્વ લક્ષણો

मुहुर्नमयतेऽङ्गानि जृम्भते कासते मुहुः ।
धात्रीमालीयतेऽकस्मात् स्तनं(न्यं) नात्यभिनन्दति ॥
प्रस्रावोष्णत्ववैवर्ण्ये ललाटस्यातितप्तता ।
अरुचिः पादयोः शैत्यं ज्वरे स्युः पूर्ववेदनाः ॥१३॥

બાળકને જ્વર આવે ત્યારે પોતાના અંગોને તે વારંવાર નમાવે છે, બગાસાં આય અને આળસ મરડે, વારંવાર ઉધરસ આય; તેમ જ અકસ્માત્ પોતાની ધાત્રી–માતાની ગોદમાં ભરાઈ જાય છે. ધાવણ ધાવવું પસંદ પડતું નથી; મોઢામાંથી લાળો ખૂબ ઝર્યા કરે છે. તેનું શરીર ગરમ રહ્યા કરે છે. શરીરનો રંગ બદલાઈ જાય છે; લલાટ અતિશય તપ્યા કરે છે; અરુચિ થાય અને બન્ને પગ ઠંડા થઈ જાય છે; આટલી વેદનાઓ બાળકના જ્વરમાં પ્રથમથી થાય છે. ૧૨,૧૩

બાળકના અતિસારનાં પૂર્વ લક્ષણો

देहवैवर्ण्यमरतिर्मुखग्लानिरनिद्रता ।
वातकर्मनिवृत्तिश्चेत्यतीसाराग्रवेदनाः ॥ १४ ॥

બાળકને જ્યારે અતિસાર–ઝાડા થવાના હોય, ત્યારે તેને પહેલાંથી આ વેદનાઓ થાય છે: શરીરનો રંગ બદલાવો, બેચેની, મુખ ઝાંખું થવું; નિદ્રાનો અભાવ અને વાયુનું કર્મ અટકી પડે છે-બંધ થાય છે એટલે કે વાયુનું અનુલોમન થતું નથી. ૧૪

બાળકના ઉદરશૂલરોગનાં લક્ષણો

स्तनं च्युदस्यते रौति चोत्तानश्चावभज्यते ।
उदरस्तब्धता शैत्यं मुखस्वेदश्च शूलिनः ॥ १५ ॥

બાળકને શૂલરોગ થાય છે ત્યારે તે ધાવવું છોડી દે છે; રડ્યા કરે છે; ચત્તું રહી શરીરને ભાંગે છે; પેટની સ્તબ્ધતા થાય છે, શરીરમાં શીતળતા થાય છે અને મોઢા પર પરસેવો આવ્યા કરે છે. ૧૫

ઊલટીનાં પૂર્વ લક્ષણો

अनिमित्तमभीक्ष्णं च यस्योद्गारः प्रवर्तते ।
निद्राजृम्भापरीतस्य छर्दिस्तस्योपजायते ॥ १६ ॥

જે બાળકને કોઈ પણ નિમિત્ત વિના ઓડકાર ચાલુ થાય; નિદ્રા અને બગાસામાં જે બાળક ઘેરાઈ જાય તેને ઊલટીનો રોગ લાગુ થાય છે. ૧૬

બાળકના શ્વાસરોગ તથા હેડકીનાં પૂર્વ લક્ષણો

निष्टनत्युरसाऽत्युष्णं श्वासस्तस्योपजायते ।
अकस्मान्मारुतोद्गारः कृशे हिक्का प्रवर्तते ॥ १७ ॥

જે બાળક છાતીમાંથી ઘણો ગરમ શ્વાસોચ્છ્વાસ લે છે અથવા કણસે છે તેને શ્વાસ અથવા હાંફણનો રોગ ઉત્પન્ન થાય છે; તેમ જ શરીરે જે કૃશ હોય તેને અકસ્માત વાયુના ઓડકાર ચાલુ થાય છે; તેને હેડકીનો રોગ ચાલુ થાય છે. ૧૭

તરશના રોગથી પીડાયેલાનાં લક્ષણો

स्तनं पिबति चात्यर्थं न च तृष्य(ष्ण)ति रोदिति ।
शुष्कौष्ठतालुस्तोयेप्सुर्दुर्बलस्तृष्णयाऽर्दितः ॥ १८ ॥

જે બાળક ધાવતું નથી અને ઘણું તૃષાતુર થઈ રડ્યા કરે છે; તેમ જ જેના હોઠ અને તાળવું સૂકાતું હોઈને વારંવાર પાણીની ઇચ્છા કર્યા કરે છે અને શરીરે દુર્બળ થઈ જાય છે, તેને તરશના રોગથી પીડાયેલ જાણવું. ૧૮

આફરાના રોગવાળાં બાળકનાં લક્ષણો

विशालस्तब्धनयनः पर्वभेदारतिक्रमी ।
संरुद्धमूत्रानिलविट् शिशुरानाहवेदनी ॥ १९ ॥

જે બાળક આફરાના રોગની વેદનાથી યુક્ત થયેલ હોય તેનાં નેત્રો (પીડાના કારણે)

ફાટીને સજ્જડ થઈ જાય છે; પર્વ-સાંધાઓમાં તોડ થાય છે; બેચેની અને પરિશ્રમ વિના થાક જણાય છે; તેમ જ તેનાં મૂત્ર, અધોવાયુ તથા વિષ્ઠા રોકાઈ જાય છે. ૧૯

વાઈ તથા ઉન્માદનું રોગી બાળક

अकस्मादट्टहसनमपस्माराय कल्पते ।
प्रलापारतिवैचित्त्यैरुन्मादं चोपलक्षयेत् ॥ २० ॥

જે બાળક અકસ્માત્ અટ્ટહાસ્ય કરે-મોટેથી હસવા માંડે તેને વાઈ નો રોગ ઉત્પન્ન થાય છે; તેમ જ વધુ પડતો બકવાટ, બેચેની તથા ચિત્તની વ્યગ્રતા ઉપરથી બાળકના ઉન્માદ (ગાંડપણના)રોગને ઓળખી લેવો. ૨૦

મૂત્રકૃચ્છ્રનું રોગી બાળક

रोमहर्षोऽङ्गहर्षश्च मूत्रकाले च वेदना ।
मूत्रकृच्छ्रे दशत्योष्ठौ बस्तिं स्पृशति पाणिना ॥२१

જે બાળકને મૂત્રકૃચ્છ્ર થાય તેને રોમહર્ષ થાય-શરીરનાં રુવાંટાં ખડાં થઈ જાય; અંગહર્ષ થાય-એટલે કે શરીરમાં કમકમાટી થાય અને મૂત્ર કરતી વેળા વેદના થાય; તેથી પોતાના બન્ને હોઠને તે દાંતે અને હાથ વડે બસ્તિ-મૂત્રાશયનો સ્પર્શ કર્યા કરે છે. ૨૧

બાળકના પ્રમેહરોગનાં લક્ષણો

गौरवं बद्धता जाड्यमकस्मान्मूत्रनिर्गमः ।
प्रमेहे मक्षिकाका(क्का)न्तं मूत्रं श्वेतं घनं तथा ॥२२

બાળકને જ્યારે પ્રમેહરોગ થાય ત્યારે તેના શરીરમાં ગૌરવ-ભારેપણું, મળ-મૂત્રમાં કબજિયાત, અકસ્માત્ મૂત્રનું નીકળી પડવું અને બહાર નીકળેલા મૂત્ર ઉપર માખીઓનું છવાઈ જવું, મૂત્રનો રંગ ધોળો અને મૂત્રમાં ઘટ્ટપણું-એ લક્ષણો હોય છે. ૨૨

બાળકના અર્શસ્ રોગનાં લક્ષણો

बद्धपक्वपुरीषत्वं सरक्तं वा कृशात्मनः ।
गुदनिष्पाडनं कण्डूं तोदं चार्शांसि लक्षयेत् ॥२३॥

બાળકના અર્શસ્રોગમાં વિષ્ઠા બંધાયેલી-ગંઠાયેલી અને પકવ હોઈ બરાબર પચેલી હોય છે અથવા તે વિષ્ઠામાં રતાશ હોય છે; એના શરીરમાં ક્ષીણતા થાય છે; ગુદામાં અતિશય પીડા અને જાણે સોયો ભોંકાતી હોય એવી વેદના થાય છે, તે ઉપરથી વૈદ્યે તે બાળકનો અર્શસ્ રોગ જાણવો. ૨૩

બાળકના અશ્મરીરોગનું લક્ષણ

सशर्करातिमूत्रत्वं मूत्रकाले च वेदना ।
प्रततं रोदिति क्षामस्तं ब्रूयादश्मरीगदम् ॥ २४ ॥

જે બાળકના મૂત્રમાં સાથે શર્કરા-રેતી જેવા કણ બહાર આવે અને મૂત્ર પણ અતિશય થાય; તેમ જ મૂત્રના સમયે વેદના થાય, એકધારું રુદન કર્યા કરે અને તેથી જ્યારે તે બાળક ક્ષીણ થઈ જાય ત્યારે વૈદ્યે તેના એ રોગને પથરીનો રોગ કહેવો.

બાળકના રતવાના રોગનાં પૂર્વ લક્ષણો

रक्तमण्डलकोत्पत्तिस्तृष्णा दाहो ज्वरोऽरतिः ।
स्वादुशीतोपशायित्वं विसर्पस्याग्रवेदनाः ॥ २५ ॥

જ્યારે બાળકના શરીર પર રાતા રંગનાં ચકરડાં ઊઠી નીકળે; વધુ પડતી તરસ લાગે; જ્વર આવે; બેચેની જણાય; છતાં મધુર અને શીતળ પદાર્થો માફક આવે, ત્યારે વૈદ્ય જાણવું કે આ બાળકને વિસર્પની અગ્રવેદના કે તેનાં પૂર્વરૂપનાં લક્ષણો થઈ ચૂક્યાં છે. ૨૫

બાળકની વિસૂચિકાનાં લક્ષણો

दह्यन्तेऽङ्गानि सूच्यन्ते भज्यन्ते निष्पतन्त्यति ।
विसूचिकायां बालानां हृदि शूलं च वर्धते ॥२६॥

બાળકોની વિસૂચિકા-કૉલેરાના રોગમાં તેનાં અંગો બળવા લાગે છે જાણે કે સોયો ભોંકાતી હોય તેવી પીડા થાય છે; અંગો ભાંગે છે, અતિશય અવાજ કરે છે અને હૃદયમાં શૂલ ભોંકાયા જેવી પીડા વધે છે. ૨૬

બાળકના અલસક રોગનાં લક્ષણો

शिरो न धारयति यो भिद्यते जृम्भते मुहुः ।
स्तनं वमति नात्यर्थं ग्रथितं छर्दयत्यपि ॥ २७ ॥
विषादाध्मानारुचिभिर्विद्यादलसकं शिशोः ।
विसूचिकालसकयोर्दुर्ज्ञाने लक्षणौषधे ॥ २८ ॥

બાળક જ્યારે પોતાના મસ્તકને થોડી

વાર બરોબર ધારણ કરી શકતું નથી, તેના શરીરમાં તોડ થાય છે, વારંવાર બગાસાં આય છે, વધુ પ્રમાણમાં સ્તનપાન કરતું નથી, ગાંઠાગાંઠાવાળી ઊલટી પણ કરે છે અને ખેદ, આફરો તથા અરુચિરૂપ લક્ષણો પણ સાથે હોય છે તે ઉપરથી વૈદ્યે બાળકનો અલસક રોગ જાણવો. ઉપર જણાવેલ વિસૂચિકા તથા અલસક રોગનાં (અલગ અલગ) લક્ષણો તથા ઔષધ જાણવાં મુશ્કેલ બને છે. ૨૭,૨૮

વિવરણ : અહીં જણાવેલ અલસક તથા ઉપર કહેલ વિસૂચિકા એ બને રોગ આમદોષથી ઉત્પન્ન થાય છે, છતાં તે બનેનાં અલગ અલગ લક્ષણો તથા ઔષધો જાણવાં મુશ્કેલ બને છે. એ બે રોગને અલગ અલગ સમજવા માટે ચરકે વિમાનસ્થાનના બીજા અધ્યાયમાં કહ્યું છે કે, 'तत्र विसूचिकामूर्ध्वं चाधश्च प्रवृत्तामामदोषां यथोक्तरूपां विद्यात्' અર્થાત્ વિસૂચિકા રોગ આમના દોષથી ઉત્પન્ન થાય છે અને તેમાં ઉપરના અને નીચેના બન્ને માર્ગે ઊલટી તથા ઝાડાના રૂપે આમદોષ બહાર નીકળ્યા કરે છે; તેમ જ તેનું રૂપ અથવા લક્ષણો ઉપર કહ્યા પ્રમાણે જાણવાં. અષ્ટાંગસંગ્રહમાં પણ આ સંબંધે કહ્યું છે કે, 'विविधैर्वेदनोद्भेदैर्व्याप्तादिसृष्टकोष्ठतः। सूचीभिरिव गात्राणि विध्यतीति विसूचिका' વિસૂચિકા નામનો રોગ આમદોષજનિત હોઈ તે વાયુ આદિ દોષોના પ્રકોપથી ઉત્પન્ન થાય છે. તેમાં અનેક પ્રકારની વેદનાઓ ઉત્પન્ન થાય છે અને શરીરનાં અંગો જાણે કે સોયોથી ભોંકાતાં હોય એવાં પીડાય છે. વળી સુશ્રુતે પણ આ સંબંધે કહ્યું છે કે, 'सूचीभिरिव गात्राणि तुदन् सन्तिष्ठतेऽनिलः। यस्याजीर्णेन सा वैद्यैर्विसूचीति निगद्यते॥' જે માણસનો વાયુ અજીર્ણના કારણે પ્રકોપ પામીને સોયોથી અંગોને જાણે વીંધતો હોય તેવી પીડા ઉપજાવે છે, તે રોગને વૈદ્યો વિસૂચી કહે છે. વળી ચરકે ત્યાં જ વિમાનસ્થાનના બીજા અધ્યાયમાં વિસૂચિકા રોગનો જ ભેદ–અલસક રોગનું આવું લક્ષણ કહ્યું છે કે, 'दुर्बलस्याल्पाग्नेर्बहुश्लेष्मणो वातमूत्रपुरीषवेगविधारिणः स्थिरगुरुबहुरूक्षशीतशुष्कान्नसेविनस्तदन्नपानमनिलप्रपीडितं श्लेष्मणा च विवद्धमार्गमतिमात्रप्रलीनमलसत्वान्न बहिर्मुखी भवति, ततश्छर्तिसारवर्ज्यान्यामप्रदोषलिङ्गानि यथोक्तान्यभिदर्शयत्यतिमात्राणि; अतिमात्रप्रदुष्टाश्च दोषाः प्रदुष्टामबद्धमार्गास्तिर्यग्गाच्छन्तः कदाचित्केवलमेवास्य शरीरं दण्डवत्स्तम्भयन्ति, ततस्तमलसकमसाध्यं ब्रुवते। જેનો જઠરાગ્નિ દુર્બળ હોય, જેનો કફ ઘણો જ વધી ગયો હોય અને જે વાયુના, મૂત્રના તથા વિષ્ઠાના વેગોને રોક્યા કરતો હોય તેમ જ સ્થિર, ભારે, ખૂબ લૂખા, ઠાંઢા અને સૂકા અન્નનું જે સેવન કર્યા કરતો હોય, તે માણસનું એ અન્નપાન વાયુથી અતિશય પીડાયેલું થઈ ને તેમ જ કફને લીધે રોકાયેલા માર્ગવાળું થઈ ને અમુક સ્થળે વધુ પ્રમાણમાં ભરાઈ રહે છે અને આળસુ થઈ ને ઉપરના કે નીચેના માર્ગે બહાર નીકળતું નથી. એ કારણે ઊલટી તથા ઝાડા સિવાયનાં આમપ્રદોષનાં પ્રથમ કહેલાં ચિહ્નોને વધુ પ્રમાણમાં દર્શાવ્યા કરે છે અને ખૂબ જ દુષ્ટ થયેલા દોષો, ઘણા દુષ્ટ થયેલા આમના કારણે રૂંધાયેલા માર્ગવાળા થઈ આડાઅવળા જવા લાગે છે. તેથી કેઈ વેળા એ માણસના શરીરને કેવળ લાકડીની પેઠે સજ્જડ કરી નાખે છે તેથી એ રોગને વૈદ્યો 'અલસક' નામે કહે છે. અને તે અસાધ્ય હોય છે. આ અલસક રોગ સંબંધે બીજા તંત્રમાં પણ કહ્યું છે કે, प्रपाति नोर्ध्वं नाधस्तान्नाहारोऽपि विपच्यते। आमाशयेऽलसीभूतस्तेन सोऽलसकः स्मृतः।' જેનો ખોરાક વાયુ તથા કફના પ્રકોપથી આમાશયમાં ભરાઈ રહીને ઉપરના કે નીચેના માર્ગે ગતિ કરતો નથી, પણ આમાશયમાં જ આળસુ થઈ ભરાઈ રહે છે તે રોગને વૈદ્યોએ 'અલસક' કહ્યો છે. (એમ વિસૂચિકામાં આમદોષ ઉપરના મુખમાર્ગે અને નીચેના ગુદામાર્ગે ગતિમાન હોય છે એટલે કે ઝાડા અને ઊલટી બન્ને ચાલુ હોય છે, ત્યારે અલસક રોગમાં આમદોષ બેમાંથી એકેય માર્ગે ગતિ કરતો નથી, પણ આળસુની પેઠે આમાશયમાં જ ભરાઈ રહે છે. આમ વિસૂચિકા તથા અલસક રોગનો ભેદ સમજી શકાય છે.) ૨૭,૨૮

બાળકના નેત્રરોગનાં લક્ષણો

दृष्टिव्याकुलता तोदशोथशूलाश्रुरक्तताः ।
सुप्तस्य चोपलिप्यन्ते चक्षुषी चक्षुरामये ॥ २९ ॥

બાળકના નેત્રરોગમાં બન્ને નેત્રોમાં વ્યાકુળતા, નેત્રોમાં સોયો ભોંકાયા જેવી પીડા, આંખો પર સોજો, શૂળ, આંસુઓનું વહ્યા કરવું અને નેત્રોમાં રતાશ થાય છે. વળી તે નેત્રરોગી બાળક જ્યારે ઊંઘી ગયું હોય ત્યારે એનાં બન્ને નેત્રોમાં ચીપડા વળીને ચોટી જાય છે. ૨૯

બાળકનો સૂકી અને ભીની ચેળનો રોગ

घर्षत्यङ्गानि शयने रोदितीच्छति मर्दनम् ।
शुष्ककण्डूवऽर्दितं विद्यात्ततश्चार्द्रा प्रवर्तते ॥३०॥
सुखायते मृद्यमानं मृद्यमानं च शूयते ।
शूतं स्रवति सस्फोटा(?)मार्द्रायां शूलदाहवत् ॥३१

બાળક જ્યારે પથારીમાં અંગો ઘસે છે, રડ્યા કરે છે અને શરીરને ખૂબ મસળવા ઇચ્છે છે, ત્યારે તે બાળકને સૂકી ચેળનો રોગ થયો છે એમ જાણવું. સૂકી ચેળ આવતી હોય તેમાંથી ભીની ચેળનો રોગ ચાલુ થાય છે. તેમાં ઘસાવાથી તેને આનંદ આવે છે; પણ એ ઘસાતો ભાગ સૂજી જાય છે અને સૂજી ગયેલા ભાગમાંથી પાણી વહે છે, તેમ જ એ ભીની થયેલી ચેળમાં શૂળ તથા દાહ થાય છે. ૩૦,૩૧

આમદોષનાં પૂર્વરૂપો

स्तैमित्यमरुचिर्निद्रा गात्रपाण्डुकताऽरतिः ।
रमणाशनशय्यादीन् धात्रीं च द्वेष्टि नित्यशः ॥
अज्ञातः ज्ञातरूपश्च ज्ञातश्चाज्ञातदर्शनः ।
आमस्यैतानि रूपाणि विद्याद्वैद्यो भविष्यतः ॥३३॥

બાળકને આમદોષ થવાનો હોય ત્યારે વૈદ્ય તેનાં આ પૂર્વરૂપો જાણવાં; જેમ કે સ્તૈમિત્ય–શરીર જાણે કે ભીના કપડાથી લપેટ્યું હોય એમ લાગે; અરુચિ થાય; ઊંઘ વધુ આવે; શરીરમાં ફીકાશ થાય, બેચેની થાય, રમવામાં અને ખોરાક લેવામાં તથા સૂઈ રહેવામાં અને ધાત્રી ઉપર તેને કાયમ અણગમો થાય. પોતે સ્નાન કર્યું ન હોય છતાં તેનું રૂપ જાણે કે સ્નાન કર્યું હોય એવું જણાય; તે જ પ્રમાણે પોતે જે કે સ્નાન કર્યું હોય છતાં જાણે કે સ્નાન કર્યું જ ન હોય એવું તેને લાગે છે. ૩૨,૩૩

બાળકના પાંડુ રોગનાં લક્ષણો

नाभ्यां समन्ततः शोथः श्वेताक्षिनखवक्रता ।
पाण्डुरोगेऽग्निसादश्च श्वयथुश्चाक्षिकूटयोः ॥३४॥
पीतचक्षुर्नखमुखविण्मूत्रः कामलार्दितः ।
उभयत्र निरुत्साहो नष्टाग्निरुधिरस्पृहः ॥ ३५ ॥

બાળકને જ્યારે પાંડુરોગ થાય ત્યારે તેની નાભિ ઉપર ચારે બાજુથી સોજો આવે; તેનાં નેત્રો, નખ અને મોઢું ધોળા રંગનાં–ફીકાં થઈ જાય છે. તેનો જઠરાગ્નિ મંદ થાય છે. આંખનાં બન્ને પોપચાં પર સોજો આવે છે. તેનાં નેત્રો, નખ, મોઢું, વિષ્ઠા તથા મૂત્ર, પીળા રંગનાં થાય છે. તે કમળાના રોગથી પીડાય છે. પાંડુરોગ અને કમળો એ બન્ને રોગમાં બાળક ઉત્સાહરહિત થઈ જાય છે. તેનો જઠરાગ્નિ મંદ થાય છે અને તેને પ્રાણીનાં રુધિર(પીવા)ની ઇચ્છા થાય છે; અથવા આ રોગમાં વૈદ્યને બાળકને રુધિર આપવાની જરૂર જણાય છે. ૩૪,૩૫

બાળકનાં મદાત્યય રોગનાં લક્ષણો

मूर्च्छापजागरच्छर्दिधात्रीद्वेषारतिभ्रमैः ।
त्रिभिरोद्वेगतृष्णाभिर्विद्याद्बाले मदात्ययम् ॥३६॥

મૂર્છા, ઉજાગરા, ઊલટી, ધાવ તરફ અણગમો, બેચેની, ભ્રમણા કે ચક્કર આવે, વધુ પડતો ભય થાય, કંટાળો અને વધુ પડતી તરસ એટલાં લક્ષણો ઉપરથી બાળકનો મદાત્યય રોગ જાણવો. ૩૬

બાળકના પીનસરોગનાં તથા ઉરોઘાતનાં લક્ષણો

मुहुर्मुखेनोच्छ्वसिति पीत्वा पीत्वा स्तनं तु यः ।
स्रवतो नासिके चास्य ललाटं चाभितप्यते ॥३७॥

स्रोतांस्यभीक्ष्णं स्पृशति पीनसे क्ष्वेडते कासते ।
उरोघाते तथैव स्यान्निष्पन्द्युरसाऽधिकम् ॥३८॥

બાળકને પીનસ થયેલ હોય ત્યારે તે વારંવાર ધાવણ ધાવતાં ધાવતાં મોઢેથી શ્વાસ લે છે. તેના નાકનાં બન્ને છિદ્રો ગળે છે. તેનું લલાટ ચારે બાજુથી તપ્યા કરે છે. બધાયે સ્રોતોને તે વારંવાર અડક્યા કરે છે. તેને છીંકો તથા ઉધરસ આવ્યા કરે છે. તે જ પ્રમાણે બાળકના ઉરોઘાત કફથી છાતી જકડાઈ જવી. રોગમાં પણ એ જ લક્ષણો થાય છે અને વધુમાં તે બાળક છાતીથી કણસ્યા કરે છે. ૩૭,૩૮

બાળકને થતા જંતુ-દંશનાં લક્ષણો

स्वस्थवृत्तपरो बालो न शेते तु यदा निशि ।
रक्तबिन्दुचिताङ्गश्च विद्यात्तं जन्तुकादितम् ॥३९॥

બાળક સ્વસ્થવૃત્ત પરાયણ અર્થાત્ તદ્દન નીરોગી હોય, છતાં રાત્રે જ્યારે ઊંઘે નહિ અને તેનાં અંગો લાલ રંગનાં બિંદુથી છવાઈ જાય ત્યારે તેને જંતુઓના દંશથી પીડાયેલો જાણવો. ૩૯

વિવરણ : સુશ્રુતે પણ આ સંબંધે શારીરનાં ૧૦ મા અધ્યાયમાં ટૂંકમાં કહ્યું છે કે, 'अङ्गप्रत्यङ्गदेशे तु रुजा यत्रास्य जायते । मुहुर्मुहुः स्पृशति तं स्पृश्यमाने च रोदिति ॥ निमीलिताक्षो मूर्धस्थे शिरोरोगे न धारयेत् ॥ वस्तिस्थे मूत्रसघाते रुजा तृष्यति मूर्च्छति । विण्मूत्रसङ्गवैवर्ण्यचक्षुर्ध्मानान्त्र कूजनैः । कोष्ठे दोषान् विजानीयात् सर्वत्रस्थांश्च रोदनैः'–જ્યારે બાળકના અંગોમાં તથા પ્રત્યંગમાં ઉપાંગોમાં પીડા ઉત્પન્ન થાય છે, ત્યારે તે બાળક વારંવાર તે તે અંગ–ઉપાંગનો સ્પર્શ કરે છે અને માથામાં પીડા થતી હોય ત્યારે આંખો મીંચીને રડ્યા કરે છે. અને માથું સ્થિર રાખી શકતો નથી. વળી તે બાળકના મૂત્રાશયમાં મૂત્રનો સમુદાય રોકાઈ રહ્યો હોય ત્યારે તેને પીડા થાય છે, તરસ લાગ્યા કરે છે અને બેભાન થઈ જાય છે. વળી જ્યારે તે બાળકનાં વિષ્ટા તથા મૂત્ર અટકી જાય ત્યારે તેના શરીરનો રંગ બદલાઈ જાય છે, ઊલટીઓ થાય છે, પેટનો આફરો થાય છે અને આંતરડાંમાં ગુડ–ગુડ અવાજ થાય છે. તે ઉપરથી તેના કોઠામાં રહેલા દોષો જાણવા અને રડવા ઉપરથી તેના દોષોને સર્વ સ્થાને રહેલા જાણવા. ૩૯

બાળકના ગ્રહરોગનાં લક્ષણો

यदा तु ललिता धात्री सुखिनी सर्वभोगिनी ।
पश्यत्यभीक्ष्णं दुःस्वप्नं स्वयं क्षीरं प्रवर्तते ॥ ४० ॥
बालो वि(ऽप)स्मरते चास्याः सहसाऽङ्कात् पतत्यपि ।
असज्जनेन संसर्गं याति संभोजनं तथा ॥ ४१ ॥
मृतापत्यावकीर्णाभिः परवृद्ध्यसहिष्णुभिः ।
अमङ्गलानि घोराणि पश्यत्याचरतेऽपि च ॥४२॥
सेवते विपरीतानि मृत्युं चोदयते शिशोः ।
सुप्ते शिशौ निलीयन्ते पक्षिणो दारुणोदयाः ॥४३
विडालो लङ्घयत्येनं परधूमं च जिघ्रति ।
परावतारणबलिं प्रेक्षते लङ्घयत्यपि ॥ ४४ ॥
दुर्गन्धदेहवक्त्रत्वं नासिकाग्रे मलोद्भवः ।
अहृद्यरक्तमाल्यानां मातापुत्रनिषेवणम् ॥ ४५ ॥
भस्माङ्गारतुषादीनामधिरोहणसेवनम् ।
रोदित्यकस्मात्त्रसति छायाशीलविपर्ययः ॥ ४६ ॥
अल्पाशितोऽतिविण्मूत्रस्त्वविण्मूत्रो विपर्यये ।
भविष्यतां निमित्तानि ग्रहाणां वेदनाश्च ताः ॥४७॥
न यः शिरो धारयति क्षिपत्यङ्गानि दुर्बलः ।
श्वासाध्मानपरीताभ्यामन्तवच्चोपलक्ष्यते ॥ ४८ ॥
विनोद्यमानो बहुधा विनोदं नाभिनन्दति ।
तृट्प्रमीलकनिद्रार्तः कूजत्यपि कपोतवत् ॥ ४९ ॥

જે સમયે બાળકનું લાલન–પાલન કરનારી ધાત્રી સુખી તથા સર્વ ભોગોને ભોગવી રહી હોય છતાં વારંવાર ખરાબ સ્વપ્નો જુએ અને તેના સ્તનમાંથી આપોઆપ ધાવણ વહેવા માંડે; તેમ જ તે પોતાને ધાવતા બાળકને ભૂલી જાય અથવા તેના ખોળામાંથી એકાએક બાળક પડી પણ જાય; તેમ જ એ ધાવમાતા કોઈ દુર્જન સાથે સંસર્ગ પામે અને તે દુર્જન સાથે ભોજન કરવા લાગે; તે ઉપરાંત જેનાં સંતાનો મરી ગયાં હોય તેવી સ્ત્રીઓ સાથે અથવા જેઓએ પોતાનાં વ્રતો ખંડિત કર્યાં હોય

અને જેઓ બીજાની આબાદી સહન કરી શકતી ન હોય તેવી સ્ત્રીઓ સાથે સોબત પામી હોય; અથવા એ ધાવ માતા પોતે અમંગલોને દેખતી અને આચરતી પણ હોય તેમ જ પોતે સેવવા યોગ્ય ન હોય એવાં વિરુદ્ધ કર્મો સેવતી હોય, ત્યારે તે ધાવમાતા પોતાને ધાવતા બાળકનું (ગ્રહના વળગાડ નિમિત્તે) મૃત્યુ સૂચવે છે. વળી તે બાળક જ્યારે સૂતેલું હોય ત્યારે ભયંકર આકૃતિવાળાં પક્ષીઓ ત્યાં તેની આસપાસ માળાઓ બનાવીને રહે છે અથવા બિલાડો તે બાળકને ઓળંગી જાય છે અને જાણે તે બાળક ધુમાડાને સૂંઘતું હોય તેમ લાગે છે. વળી તે બાળક બીજા પર ઉતારેલા ઉતારને એકીટસે જુએ છે; અને ઓળંગે પણ છે. વળી તે બાળકનો દેહ તથા મોઢું (અકસ્માત્) દુર્ગંધથીયુક્ત થાય છે અને તે બાળકની નાસિકાના અગ્રભાગે (અકસ્માત) મેલ ઉત્પન્ન થાય છે. વળી જ્યારે તે બાળકની માતા અને તે બાળક પોતે હૃદયને ન ગમે એવાં રાતાં પુષ્પોની માળાને ધારણ કરે છે; ઉપરાંત એ બાળક આપોઆપ ભસ્મના, અંગારા-કોલસાના તથા ધાન્યના ફોતરાંના ઢગલા પર ચઢી બેસે છે, અકસ્માત્ રડવા માંડે છે, ઓચિંતું બીએ છે અને તે બાળકની છાયામાં તથા શીલ-સ્વભાવમાં અણધાર્યો ફેરફાર થઈ જાય છે; તેમ જ એ બાળકનો ખોરાક ઘણો જ ઓછો હોય છતાં તેને વિષ્ઠા તથા મૂત્ર વધુ પ્રમાણમાં આવે છે અને તેથી ઊલટું એટલે કે તે બાળક ખૂબ વધુ પ્રમાણમાં ખોરાક ખાય છે છતાં તેને વિષ્ઠા અને મૂત્ર ખૂબ જ ઓછા પ્રમાણમાં આવે છે; ત્યારે જાણવું કે એ બાળકને ભવિષ્ય માટે વળગનારા ગ્રહોની વેદનાઓ થવાની છે અને તેમનાં એ નિમિત્તો તે વેદનાઓને સૂચવી રહ્યાં છે. વળી જ્યારે તે બાળક પોતાના મસ્તકને સ્થિર ધારણ કરી શકતું નથી અને દુર્બળ થઈ પોતાનાં અંગોને આમતેમ ફેંક્યા કરે છે અથવા શ્વાસરોગ તથા આફરાથી એ બાળક ઘેરાઈ જાય છે ત્યારે તે બાળકનો અંતકાળ સમીપ છે, એમ જાણી શકાય છે. જ્યારે કોઈ બાળક અકસ્માત બેચેન બન્યું હોય અને તે વેળા તેને અનેક પ્રકારે તે આનંદમાં રહે તેવા રમાડવા વગેરેના પ્રયત્નો કરવા છતાં તે બાળક વિનોદને પસંદ જ ન કરે (પણ રડ્યા જ કરે છે) ત્યારે પણ જાણવું કે તે બાળક ગ્રહરોગથી કે કોઈ બાલગ્રહની પીડાથી પીડાઈ રહ્યું છે. વળી જ્યારે બાળક વધુ પડતી તરસ, ઘેન કે નિદ્રાથી પીડાતું હોય અને કબૂતરની પેઠે અસ્પષ્ટ અવાજ કર્યા કરે ત્યારે પણ જાણવું કે તે બાળક ગ્રહરોગની વેદનાથી વ્યાપ્ત બન્યું છે. ૪૦-૪૯

વિવરણ: અહીં ૪૨મા શ્લોકમાં પહેલા ચરણમાં 'મૃતાપત્ય' શબ્દ પછી 'અવકીર્ણિન્' શબ્દ મૂક્યો છે. તેની વ્યાખ્યા વ્યાકરણ દૃષ્ટિએ આવી થાય છે-અવકીર્યતે અવકરણં વા કૃ વિક્ષેપે અથવા કૃત્ હિંસાયામ્-ઇત્યસ્માત્ ભાવે ક્તઃ, અવકીર્ણ-વિક્ષિપ્ત-વિનાશિતં વ્રતં બ્રહ્મચર્યરૂપં યેન સઃ-'ઇષ્ટાદિભ્યશ્ચ' (૫-૨-૮૮) ઇતિ પાણિનીયતદ્ધિત-સૂત્રેણ ઇનિઃ પ્રત્યયઃ-જેણે બ્રહ્મચર્યરૂપ વ્રતને ખંડિત કર્યું હોય તે 'અવકીર્ણિન્' કહેવાય છે. ધર્મ-શાસ્ત્રમાં પણ આ સંબંધે આવો શ્લોક મળે છે-'કામતો રેતસઃ સેકં વ્રતસ્થસ્ય દ્વિજન્મનઃ। અતિક્રમં વ્રતસ્યાહુર્ધર્મજ્ઞા બ્રહ્મવાદિનઃ। અવકીર્ણી ભવેદ્ ગત્વા બ્રહ્મચારી તુ યોષિતમ્। ગર્દભં પશુમાલભ્ય નૈર્ઋતં સ વિશુદ્ધ્યતિ॥-જે દ્વિજન્મા-બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્યે, બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવાનું વ્રત લીધું છતાં જાણીબૂજીને એ વ્રતનું જે ખંડન કરે, તેને ધર્મના જાણકાર બ્રહ્મવાદીઓ વ્રતનો અતિક્રમ કહે છે; વળી જે બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય બ્રહ્મ-ચારી હોય છતાં જાણીબૂજીને સ્ત્રી પાસે જઈ મૈથુન સેવી બ્રહ્મચર્યવ્રતનું ખંડન કરે તેણે

(प्रायश्चित्तरूपे) निर्ऋति देव जेनो अधिष्ठाता छे, એવા ગંધારાનું યજ્ઞમાં બલિદાન દેવું જોઈએ, જેથી તે વિશુદ્ધ થાય છે. ૪૮–૪૯

બાળકના અસાધ્ય રોગો મટે નહિ

पीड्यमानस्य रूपाणि ज्वरच्छर्त्यतिसारिषु ।
वैद्यो दृष्ट्वैव जानीयात् कृच्छ्रं सर्वं न सिध्यति ॥५०

જે વખતે કોઈ બાળક જ્વર, ઊલટી અને અતિસારના રોગથી પીડાતું હોય ત્યારે તે રોગોનાં લક્ષણો તપાસીને જાણવું જોઈએ કે જે રોગ કષ્ટસાધ્ય હોય તે સર્વ મટતો નથી. ૫૦

બાળકોની વિવિધ વેદનાઓ

इत्येता विविधाः प्रोक्ता वेदना बालदेहजाः ।
प्रायोद्भवानां रोगाणां कश्यपेन महर्षिणा ॥५१॥

મહર્ષિ કશ્યપે એ પ્રમાણે જે વિવિધ વેદનાઓ બાળકોના શરીરમાં ઉત્પન્ન થાય છે, તે તે લગભગ ઉત્પન્ન થતા ઘણા યે રોગો સંબંધે અહીં કહી છે ૫૧

તે તે રોગોની ચિકિત્સા ચિકિત્સિત સ્થાનમાં જોવી

तेषां चिकित्सितं स्वं स्वमविरुद्धं यथाक्रमम् ।
दृष्ट्वा चिकित्सितस्थाने दोषतश्चाभ्यु(प्यु)पक्रमेत् ॥

તે રોગોની જે ચિકિત્સા પોતપોતાને વિરુદ્ધ ન હોય તે અનુક્રમે આ ગ્રંથમાં ચિકિત્સિત સ્થાન વિષે તે તે દોષને અનુસરતી જોઈને કરવી, એમ ભગવાન કશ્યપે કહ્યું હતું. ૫૨

इति श्रीकश्यपसंहितायां वेदनाध्याय नामनो
२५ मो अध्याय समाप्त

चिकित्सासंपदीय : अध्याय २६ मो

अथातश्चिकित्सासंपदीयमध्यायं व्याख्यास्यामः ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી 'ચિકિત્સાસંપદીય' નામના અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું એમ ભગવાન કશ્યપે કહ્યું હતું. ૧,૨

चिकित्सासंपद्यथोपपद्यते तमुपायमनुव्याख्यास्यामः । चत्वारः खलु पादाश्चिकित्सितस्योपपद्यन्ते । ते यदा गुणवन्त उपपद्यन्ते तदा साध्यो व्याधिर्नातिवर्तते । तद्यथा–भिषक्, भेषजम्, आतुरः, परिचारक इति ॥ ३ ॥

ચિકિત્સાસંપદ જે પ્રકારે ઘટે છે, તે ઉપાયનું પણ હવે પછી અમે વ્યાખ્યાન કરીશું. ચિકિત્સિત એટલે ચિકિત્સાના ખરેખર ચાર જ પાદો ઘટે છે. તે ચારે પાદો જ્યારે ગુણવાન તરીકે ઘટે છે, ત્યારે કોઈ પણ વ્યાધિ સાધ્ય થઈને પોતાની એ સાધ્યતાને ઓળંગતો નથી એટલે કદી પણ અસાધ્ય બનતો નથી. તે ચારે પાદો આ પ્રમાણે છે–ભિષક્–વૈદ્ય, ભેષજ, આતુર–રોગી અને પરિચારક–સેવા ચાકરી કરનાર–નોકર. ૩

વિવરણ : અહીં ચિકિત્સાના સાધનરૂપ ચાર પાદો કહ્યા છે, પણ એ ચિકિત્સા પણ સાધ્ય રોગની જ કરવા માટે સાધનોની જરૂર સમજવી જોઈએ પણ અસાધ્ય રોગની તો ચિકિત્સા જ કરવાની હોતી નથી એમ ચરક કહે છે કે, 'साधनं न त्वसाध्यानां व्याधीनामुपदिश्यते'–સાધ્ય વ્યાધિઓના જ સાધનનો આયુર્વેદમાં ઉપદેશ કરાય છે, પણ અસાધ્ય રોગોના સાધનનો ઉપદેશ કરાતો નથી. એ સાધનો અહીં ચાર પાદ રૂપે કહે છે કે–વૈદ્ય, ઔષધ, રોગી તથા પરિચારક. ચરકે પણ સૂત્રસ્થાનના ખુડ્ડાકચતુષ્પાદ નામના ૯ મા અધ્યાયમાં કહ્યું છે કે–'भिषग् द्रव्यमुपस्थाता रोगी पादचतुष्टयम् । गुणवत् कारणं ज्ञेयं विकारव्युपशान्तये ॥ '–રોગની શાંતિ માટે વૈદ્ય, દ્રવ્ય, ઉપસ્થાતા, પરિચારક અને રોગી–એમ ચાર કારણ કે સાધનોને ગુણવાન જાણવા. એ જ પ્રમાણે સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૩૪મા અધ્યાયમાં કહ્યું છે કે, 'वैद्यो द्रव्याण्युपस्थाता च भेषजं परिचारकः । एते पादाश्चिकित्सायाः कर्मसाधनहेतवः ॥–વૈદ્ય, રોગી, ઔષધ તથા પરિચારક–એ ચારને ચિકિત્સારૂપ કર્મના સાધન અથવા કારણ તરીકે પાદો કહ્યા છે.'૩

ઉપર કહેલા ચાર પાદો પૈકી વૈદ્યના ગુણો

तत्र भिषक् सुतीर्थान्यायेनार्षज्ञानप्राप्तो विज्ञानवाननेकशो दृष्टकर्मा विदितसिद्धयोगो दक्षो दक्षिणः शुचिरनुद्धतवेषः सर्वभूतेषु बन्धुभूतः सिद्धिमान् धर्मार्थदर्शी सत्यदयादानार्जवनिरतो देवद्विजगुरुसिद्धानां पूजयिता चाभिगन्ता चोत्तरोत्तरप्रतिपत्तिकुशलो गुरुवृद्धसेवी न्यायाभिनिवेशी व्यपगतभयलोभमोहक्रोधानृतोऽपैशुन्योऽमद्यलौल्यः सुमुखश्चाव्यसनी चेति ॥ ४ ॥

તેમાં વૈદ્યરૂપ પાદ યોગ્ય ગુરુની પાસે મેળવેલા જ્ઞાનથી યુક્ત હોવો જોઈએ; તેમ જ ન્યાયપૂર્વક આર્ષજ્ઞાન જેણે મેળવ્યું હોય તેવો હોઈ અનુભવજ્ઞાનથી યુક્ત હોવો જોઈએ. તેમ જ એ વૈદ્ય અનેકવાર ચિકિત્સાકર્મ (પ્રત્યક્ષ) જોયેલું હોવું જોઈએ. અનેક સિદ્ધ યોગો અથવા ઔષધપ્રયોગોને તેણે જાણેલા હોવા જોઈએ. દક્ષ તથા કુશલ હોઈ બાહ્ય-આભ્યંતર પવિત્રતાથી તે યુક્ત હોવો જોઈએ; તેનો વેષ ઉદ્ધત ન હોય પણ પવિત્ર હોવો જોઈએ. પ્રાણીમાત્ર તરફ બંધુભાવે વર્તતો હોય અને સિદ્ધહસ્ત હોય; ધર્મ તથા અર્થને માટે રોગીને જોતો હોય; સત્ય, દયા, દાન તથા સરલતા જાળવવામાં ઘણો તત્પર હોય; તેમ જ દેવોની, બ્રાહ્મણોની, વડીલોની અને સિદ્ધોની પણ પૂજા કરનારો હોય-અને એ દેવ, બ્રાહ્મણ, ગુરુ, તથા સિદ્ધોની સામે જઈ તેમનો આદરસત્કાર પણ કરતો હોય; ઉત્તરોત્તર તેમનો સત્કાર કરવામાં કુશલ હોય; ગુરુઓ તથા વૃદ્ધોની સેવા કરવાના સ્વભાવવાળો હોય; ન્યાય જાળવવામાં આગ્રહવાળો હોય, જેનામાંથી ભય, લોભ, મોહ, ક્રોધ તથા અસત્ય દૂર થયાં હોય; પૈશુન્ય-ચાડીચૂગલી કરવાથી દૂર રહેતો હોય; મદ્યપાન કરતો ન હોય; લોલુપતાથી રહિત હોય; સુંદર મુખવાળો હોય અને કોઈ પણ વ્યસનથી પણ રહિત હોવો જોઈએ.૩,૪

વિવરણ : આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ખુડ્ડાકચતુષ્પાદ નામના ૯ મા અધ્યાયમાં વૈદ્યના આ ચાર મુખ્ય ગુણોનો આમ ઉલ્લેખ કર્યો છે કે 'श्रुतेः पर्यवदातत्वं बहुशः दृष्टकर्मता । दाक्ष्यं शौचमिति ज्ञेयं वैद्ये गुणचतुष्टयम् ॥' શાસ્ત્રનું ઉત્તમ જ્ઞાન, અનુભવ, ચતુરાઈ અને શુદ્ધતા-એ ચાર ગુણો તો વૈદ્યમાં અવશ્ય હોવા જોઈએ. વૈદ્યના આ ગુણો સંબંધે સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૩૮મા અધ્યાયમાં કહ્યું છે કે-'तत्राधिगतशास्त्रार्थो दृष्टकर्मा स्वयं कृती । लघुहस्तः शुचिः शूरः सज्जोपस्करभेषजः ॥ प्रत्युत्पन्नमतिर्धीमान् व्यवसायी विशारदः । सत्यधर्मपरो यश्च स भिषक् पाद उच्यते ॥-જેણે સમગ્ર શાસ્ત્રોના અર્થો જાણ્યા હોય, વૈદ્યકીય ચિકિત્સાકર્મ જેણે પ્રત્યક્ષ જોયું હોય, પોતે પણ એ ચિકિત્સાકર્મમાં કુશળતા ધરાવતો હોય; જેનો હાથ ચિકિત્સાક્રિયામાં ઝડપી હોય; બાહ્ય-આભ્યન્તર પવિત્રતાથી જે યુક્ત હોય, શૂરો તથા ચિકિત્સાનાં સાધનોને તથા ઔષધને તૈયાર રાખનારો, તત્કાળ ઉપાય સૂઝાડતી બુદ્ધિથી યુક્ત હોઈ ઉત્તમ બુદ્ધિ ધરાવનાર, ઉદ્યમી, હોંશિયાર અને સત્ય ધર્મમાં જે તત્પર હોય તેવો જે વૈદ્ય હોય તે ચિકિત્સાનો પહેલો પાદ અથવા પ્રથમ સાધન કહેવાય છે. ૩,૪

ઔષધસંપત્ અથવા ઔષધના ગુણો

तत्र भेषजसंपत्—सुभूमौ जातं, काले चोद्धृतं, काले चोत्पन्नम्, अविकारि, अग्नितोयजन्तुविण्मूत्रजरादिभिरनुपहतं, तत्तद्रोगयोग्यं, क्रमेण च विधिवदुपपादितमिति ॥ ५ ॥

તેમાં આવી ભેષજસંપત્તિ ઉત્તમ ગણાય છે-જે ઔષધ એટલે ઔષધિ ઉત્તમ ભૂમિ પર ઉત્પન્ન થયેલ હોય, યોગ્ય સમયે ઉખાડી કાઢેલ હોય, યોગ્ય સમયે ઉત્પન્ન થયેલ હોય, જે અવિકારી હોય એટલે કે વિકાર કરનાર ન હોય; અગ્નિ, પાણી, જીવજંતુ, વિષ્ઠા, મૂત્ર તથા જરાથી બગડી ગયેલ ન હોય તેમ જ અતિશય પાકેલ કે જીર્ણ થયેલ પણ ન હોય અને તે તે રોગને યોગ્ય હોઈ અનુક્રમે વિધિપૂર્વક સિદ્ધ કરેલ હોય

તે ઔષધ કે ઔષધિ ગુણવાન ગણાય છે.

વિવરણ : ચરકે પણ સૂત્રસ્થાનના ૯ મા અધ્યાયમાં ઔષધિના ગુણો આમ કહ્યા છે–'बहुता तत्र योग्यत्वमनेकविधविकल्पना । संपच्येति चतुष्कोऽयं द्रव्याणां गुण उच्यते ॥ '–બહુપણું, રોગ અને રોગી ઉપરની યોગ્યતા, અનેક પ્રકારની અને સંપત્તિ અથવા અતિશય ગુણસંપન્નતા–એ ચાર પ્રકારના દ્રવ્યોનો ગુણ કહેવાય છે. અર્થાત્ પરિપૂર્ણ–યોગ્યમાત્રા, વ્યાધિમાં ઉપયોગીપણું, એક જ ઔષધિમાંથી અનેક પ્રકારની બનાવટ અને રસ આદિથી યુક્તપણું–એ ઔષધિરૂપ દ્રવ્યના ગુણ કહ્યા છે. સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૩૪ મા અધ્યાયમાં આ સંબંધે કહ્યું છે કે–'प्रशस्तदेशसंभूतं प्रशस्तेऽहनि चोद्धृतम् । युक्तमात्रं मनस्कान्तं गन्धवर्णरसान्वितम् । दोषघ्नमग्लानिकरमविकारि विपर्यये । समीक्ष्य दत्तं काले च भेषजं पाद उच्यते ॥ '–જે ઔષધ ઉત્તમ દેશમાં ઉત્પન્ન થયેલ હોય, જેને સારા દિવસે ઉખેડી આણ્યું હોય, યોગ્યમાત્રામાં જે અપાયું હોય, મનને જે ગમે એવું હોય, ઉત્તમ વર્ણ તથા ગંધથી જે યુક્ત હોય, દોષોનો જે નાશ કરનાર હોય, જે ગ્લાનિ કરનાર ન હોય અને ઊલટી રીતે અપાયું હોય તોપણ જે વિકાર કરનાર ન હોય તેવું જે ઔષધ તે આયુર્વેદીય ચિકિત્સામાં બીજો પાદ અથવા બીજું સાધન કહેવાય છે. અહીં મૂળમાં સુભૂમૌ જાતં એમ કહીને સૂચવ્યું છે કે જે ઔષધનો ઉપયોગ કરવાનો હોય તે ઉત્તમ ભૂમિમાં ઉત્પન્ન થયેલ હોવું જોઈએ. એવી ઉત્તમ ઔષધિની યોગ્ય ભૂમિનું વર્ણન પણ સુશ્રુત સૂત્રસ્થાનના ૩૭ મા અધ્યાયમાં કરે છે કે 'श्वभ्रशर्कराश्मविषवल्मीकरामशानावातनदेवतायतनसिक्ताभिरनुपहतामनूषरामभङ्गुरामदूरोदकां स्निग्धां प्ररोहवतीं मृद्वीं स्थिरां समां कृष्णां गौरीं लोहितां वा भूमिमौषधार्थं परीक्षेत् '–જે ભૂમિ ખાડા–ટેકરાવાળી ન હોય, બહુ જ રેતાળ ન હોય, પથરાઓથી રહિત હોય, રાફડા વિનાની હોય, સ્મશાનરૂપ સ્થાનથી રહિત હોય, દેવસ્થાન વિનાની હોય અને મોટી રેતીવાળી પણ ન હોય અને ભાગેલી ન હોય, જે જમીન ખારવાળી ન હોય, ભાંગેલી એટલે ચિરાડો વિનાની હોય, જેની સમીપે જલાશય હોય, તેથી જે સ્નિગ્ધ અંકુરોવાળી, કોમળ, સ્થિર, સપાટ, કાળી, ધોળી અથવા લાલ હોય તેવી જમીનની, વૈદ્યે ઔષધિ ઉગાડવા માટે પરીક્ષા કરવી. એવી ગુણસંપન્ન જમીનમાં જે ઔષધિ ઊગી હોય તેમાં પણ જે ગુણો હોવા જોઈએ તેની પરીક્ષા માટે પણ સુશ્રુતે સૂત્રસ્થાનના ૩૭ મા અધ્યાયમાં કહ્યું છે કે, 'तस्यां जातमपि कृमिविषशस्त्रातपपवनदहनतोयसबाधमार्गैरनुपहतमेकरसं पुष्टं पृथ्ववगाढमूलमुदीच्यां चौषधमाददीतेत्यौषधभूमिपरीक्षाविशेषः सामान्यः '–૩૫૨ દર્શાવેલી ગુણયુક્ત ભૂમિ ઉપર પણ જે ઔષધિ ઊગી હોય તે પણ કીડા, વિષ, શસ્ત્ર, તાપ, પવન, અગ્નિ તથા પાણીથી ભાગેલી ન હોય, એકરસથી યુક્ત, પુષ્ટ, પૃથ્વી પર જેનાં ઊંડાં મૂળ ગયાં હોય અને ઉત્તર દિશામાં જે ઊગેલી હોય તેવી ઔષધીને વૈદ્યે ગ્રહણ કરવી. એમ ઔષધી તથા તેને યોગ્ય ભૂમિની વિશેષ પરીક્ષા સામાન્યપણે કહી છે. એ ઉપર્યુક્ત ઔષધીને ઉખાડી લાવવાના કાળસંબંધે પણ સુશ્રુતે સૂત્રસ્થાનના ૩૭ મા અધ્યાયમાં કહ્યું છે કે, 'सौम्यान्यौषधानि सौम्येष्वृतुष्वाददीताग्नेयान्याग्नेयेषु, एवमव्यापन्नगुणानि भवन्ति । सौम्यान्यौषधानि सौम्येषु ऋतुषु गृहीतानि सोमगुणभूयिष्ठायां भूमौ जातान्यतिमधुरस्निग्धशीतानि जायन्ते '–સૌમ્ય ઔષધોને સૌમ્ય ઋતુઓમાં ગ્રહણ કરવાં જોઈએ. અગ્નિગુણપ્રધાન ઔષધોને અગ્નિગુણપ્રધાન ઋતુઓમાં ગ્રહણ કરવાં જોઈએ. એમ કાલ અનુસાર ગ્રહણ કરેલાં ઔષધોના ગુણો વિનાશ પામતા નથી. વળી એ રીતે સૌમ્ય ઔષધોને જો સૌમ્ય ઋતુઓમાં ગ્રહણ કર્યાં હોય અને તે ઔષધો અધિક સૌમ્ય ગુણને ધરાવતી જમીનમાં જો ઉત્પન્ન થયાં હોય તો તે અતિશય મધુર, બહુ પ્રમાણમાં સ્નિગ્ધ તથા અતિશય શીતળ બને છે. ૫

આતુરસંપત્ અથવા રોગીના ગુણો

तत्रातुरसंपत्—साध्यरोगता, सत्त्वबलबुद्धिशरीरेन्द्रियधृतितेजसां दार्ढ्यं, निदानपूर्वरूपातङ्कोपद्रवयात्रोपशयानुपशयज्ञानां यथावदाख्यानं, धात्र्या वा श्रद्दधानता, देवद्विजगुरुभिषग्भेषजसुहृदामभिनन्दनम्, आस्तिक्यं, विनयप्रधानता, यथोक्तकारित्वं वशित्वं चेति ॥ ६॥

જે રોગીનો ગુણ સાધ્ય હોય, જે રોગીમાં સત્ત્વ, બળ, બુદ્ધિ, શરીર, ઇંદ્રિય, ધૈર્ય તથા તેજની દૃઢતા હોય, જે રોગીની આગળ તેના રોગનાં નિદાન, પૂર્વરૂપ, રોગ, તેના ઉપદ્રવો, યાત્રા એટલે તેના શરીરને ટકવાનાં સાધન, તેને જે વસ્તુ ઉપશય-માફક હોય અને જે વસ્તુ અનુપશય હોય-માફક ન હોય તે બધું બરાબર કહેવામાં આવે; તેમ જ બીજાની આગળ તે રોગી બધું બરાબર કહી શકે; તેમ જ જે બાળક-રોગીને પોતાની ધાવમાતા ઉપર શ્રદ્ધા અથવા વિશ્વાસ હોય અને જે રોગી દેવો, બ્રાહ્મણો, ગુરુ-વડીલો, વૈદ્ય, ઔષધ અને પોતાના મિત્રો તરફ સન્માન ધરાવતો હોય; જે રોગીમાં આસ્તિકપણું હોય, વિનયની મુખ્યતા હોય, વૈદ્ય જેમ કહે તેમ કર્યા કરતો હોય અને જે રોગી પોતાની ઇંદ્રિયોને વશ રાખી શકતો હોય, તે રોગીને ઉત્તમ ગુણોથી યુક્ત જાણવો. ૬

વિવરણ : ચરકે પણ સૂત્રસ્થાનના ૯ મા અધ્યાયમાં રોગીના ગુણો આમ કહ્યા છે કે, 'स्मृतिर्निर्देशकारित्वमभीरुत्वमथापि च। ज्ञापकत्वं च रोगाणामातुरस्य गुणाः स्मृताः॥'-જે રોગીમાં સ્મરણ-શક્તિ હોય, વૈદ્યના કહેવા પ્રમાણે જે કર્યા કરતો હોય, જેનો સ્વભાવ બીકણ ન હોય અને જે રોગી વૈદ્યની આગળ પોતાના રોગોને જણાવ્યા કરતો હોય, તે રોગી ઉત્તમ ગુણોથી યુક્ત ગણાય છે. એ જ પ્રમાણે સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૩૪ મા અધ્યાયમાં કહ્યું છે કે 'आयुष्मान् सत्त्ववान् साध्यो द्रव्यवानात्मवानपि। आस्तिको वैद्यवाक्यस्थो व्याधितः पाद उच्यते।-જે રોગી લાંબા આયુષ્યવાળો હોય, સત્ત્વવાન્ એટલે કે હૃદયના બળથી યુક્ત હોય, જેનો રોગ સાધ્ય હોય, જેની પાસે દ્રવ્ય-ધન હોય, મનને તથા ઇંદ્રિયોને જે વશ રાખતો હોય, ઈશ્વર પ્રત્યે આસ્તિકતાથી યુક્ત હોય અને વૈદ્યના વાક્યમાં સ્થિતિ કરતો હોય એટલે કે કહેવા પ્રમાણે કરતો હોય તે રોગી પણ ચિકિત્સાનો એક પાદ એટલે કે બીજું અંગ કહેવાય છે. ૬

પરિચારકના-સેવકના ગુણો

तत्र परिचारकसंपत्—विपक्वकषायता, आरोग्यं, शक्तिः, भर्तृभक्तिः, उपचारज्ञता, दाक्ष्यं शौचम्, आशुकारित्वम्, सर्वकर्मसु कौशलम्, अघृणित्वम्, अक्षुद्रपुत्रत्वम्, अद्वैविध्यं, दमो, जितक्रोधादिता, सहिष्णुता चेति॥ ७॥

જે કષાયો એટલે કે ઔષધિ વગેરે પકવવાનું કાર્ય કરી શકે છે, જેનામાં આરોગ્ય હોય, શરીરની શક્તિ પણ જેમાં બરાબર હોય, પોતાના સ્વામી પર જેની ભક્તિ હોય, સેવા જે બરાબર જાણતો હોય; ચતુરાઈ, પવિત્રતા, ઝડપથી કાર્ય કરવાનો સ્વભાવ, સર્વ કર્મોમાં કુશલપણું અને જેનામાં ઘૃણા ન હોય, જે ક્ષુદ્ર વ્યક્તિનો પુત્ર ન હોય અર્થાત્ ખાનદાન હોય, જેનામાં ભેદભાવ ન હોય એટલે કે જે અહીંની વાત ત્યાં ને ત્યાંની વાત અહીં કરતો ન હોય, દમ એટલે કે ઇંદ્રિયો પરનો કાબૂ જેનામાં હોય, જેણે ક્રોધને જીત્યો હોય અને જેનામાં સહનશીલતા પણ હોય એવો પરિચારક-સેવક હોય તે પણ ચિકિત્સામાં ઉત્તમ સાધન ગણાય છે. ૭

વિવરણ : ચરકે પણ સૂત્રસ્થાનના ૯ મા અધ્યાયમાં આ સંબંધે કહ્યું છે કે 'उपचारज्ञाता दाक्ष्यमनुरागश्च भर्तरि, शौचं चेति चतुष्कोऽयं गुणः परिचरे जने॥'-ઉપચાર એટલે કે રોગીની સેવા કરી જાણનારપણું, ચતુરાઈ, પોતાના સ્વામી-રોગી પર પ્રેમ અને શૌચ એટલે કે બાહ્ય-આભ્યંતર પવિત્રતા-એ ચાર ગુણો રોગીના પરિચારક(સેવક)માં હોવા જોઈએ. એ પ્રમાણે ચરકે ચિકિત્સાનાં અંગભૂત-ચાર પાદ-વૈદ્ય, ઔષધ, રોગી તથા તેના પરિચારક પ્રત્યેકને ચાર ચાર ગુણોથી યુક્ત જણાવી છેલ્લે તે સંબંધે કહ્યું છે કે, 'कारणं षोडशगुणं सिद्धौ पाद-चतुष्टयम्'-એ રીતે ચિકિત્સાની સફળતામાં જે ચાર પાદો વૈદ્ય, ઔષધ, રોગી તથા પરિચારકને કારણ તરીકે કહ્યા છે, તે પ્રત્યેકમાં મુખ્યત્વે ચાર ચાર ગુણો હોય તે મળીને એકંદરે તે સોળ ગુણોથી યુક્ત ચાર પાદો સમજાય છે. આ જ પ્રમાણે અષ્ટાંગસંગ્રહકારે પણ કહ્યું છે કે, 'चतुष्पादं षोडश-

कलं भेषजमेति भिषजो भाषन्ते'–ઉપર જણાવેલ ચાર પાદો સોળ કલાવાળા એટલે કે પ્રત્યેકના ચાર ચાર ગુણો મળી સોળ ગુણોથી યુક્ત હોય તે જ ભેષજ છે એટલે કે સંપૂર્ણ અંગોવાળી ચિકિત્સા છે, એમ વૈદ્યો કહે છે. ૭

तत्र श्लोकाः—આ સંબંધે આ શ્લોકો પણ ભગવાન કશ્યપે કહ્યા છે :

अस्य पादचतुष्कस्य मन्यन्ते श्रेष्ठमातुरम् ।
तदर्थं गुणवन्तो हि त्रयः पादा इहेप्सिताः ॥८॥
नेति प्रजापतिः प्राह भिषङ्मूलं चिकित्सितम् ।
भिषग्वशे त्रिवर्गो हि सिद्धिश्च भिषजि स्थिता ॥९॥
स युनक्ति प्रयुङ्क्ते च शास्ति च ज्ञानचक्षुषा ।
तस्माज्ज्ञाने सविज्ञाने युक्तः श्रेष्ठतमो भिषक् ॥१०
यदा चतुर्णां पादानां संपद्भवति जीवक ! ।
तदा धर्मार्थयशसां वैद्यो भवति भाजनम् ॥११॥
इति ह स्माह भगवान् कश्यपः ॥

ઉપર જે ચાર પાદો કહ્યા છે, તેમાંથી જે રોગીરૂપ પાદ છે તેને વૈદ્યો શ્રેષ્ઠ માને છે; કારણ કે તે રોગીની ચિકિત્સા માટે જ બીજા ત્રણ ગુણવાન પાદોને ઇચ્છવામાં આવે છે. એમ કેટલાક વૈદ્યો કહે છે, તે સામે પ્રજાપતિ આમ કહે છે કે 'ના, એમ કહેવું તે બરાબર યોગ્ય નથી કારણ કે રોગીની જે ચિકિત્સા કરવામાં આવે છે, તેનું મૂળ તો વૈદ્ય જ છે કેમ કે ત્રિવર્ગ–ઔષધી, રોગી તથા પરિચારક–એ ત્રણેના સમુદાય વૈદ્યને વશ રહે છે અને ચિકિત્સાની સિદ્ધિ પણ વૈદ્યના આધારે રહેલી હોય છે. વળી તે વૈદ્ય જ પોતાની જ્ઞાનદૃષ્ટિથી ઔષધનો પ્રયોગ કરે છે અને તેનો પ્રયોગ કરવા અને કરાવવા રોગીને તથા પરિચારકને ઉપદેશ આપે છે અથવા આજ્ઞા કરે છે. એ કારણે અનુભવ સહિત જ્ઞાનમાં જોડાઈ રહેતો વૈદ્ય જ ચારે પાદોમાં અતિશય શ્રેષ્ઠ કહેવાય છે. હે જીવક! ચારે પાદોની સંપત્તિ ભલે હોય, પરંતુ તેમાં વૈદ્ય જો ઉત્તમ હોય તો જ તે ધર્મ, અર્થ અને યશનું પાત્ર બને છે એમ ભગવાન કશ્યપે કહ્યું હતું.

વિવરણ : આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાન ૯ મા અધ્યાયમાં આમ કહીને વૈદ્યની જ શ્રેષ્ઠતા સ્વીકારી છે; જેમ કે–' विज्ञाता शासिता योक्ता प्रधानं भिषगत्र तु । पक्तौ हि कारणं पक्तुर्यथा पात्रेन्धनानलाः ॥ विजेतुर्विजये भूमिश्चमूः प्रहरणानि च । आतुराद्यास्तथा सिद्धौ पादाः कारणसंज्ञिताः । वैद्यस्यातश्चिकित्सायां प्रधानं कारणं भिषक् । मृद्दण्डचक्रसूत्राद्याः कुम्भकाराद् ऋते यथा ॥ न वहन्ति गुणं वैद्याद् ऋते पादत्रयं तथा ॥ '–જેમ રસોઈ કરનાર માણસની રસોઈની ક્રિયામાં વાસણો, લાકડાં અને અગ્નિ–એ ત્રણે અવશ્ય સહાયકારી કારણો છે અને તે જ પ્રમાણે વિજય કરનાર યોદ્ધાની વિજય મેળવવાની ક્રિયામાં રણમેદાન, સૈન્ય તથા શસ્ત્રો સહાયકારી કારણ છે; એ જ પ્રમાણે વૈદ્યની ચિકિત્સાક્રિયાની સિદ્ધિમાં રોગી વગેરે ત્રણે પાદો સહાયક હોઈ સહાયકારી કારણો અવશ્ય છે, છતાં એ બધામાં વૈદ્ય જ ચિકિત્સાક્રિયાની સફળતામાં મુખ્ય કહેવાય છે.' આ જ અભિપ્રાય સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૩૪ મા અધ્યાયમાં આમ કહ્યો છે કે ' वैद्यहीनास्त्रयः पादा गुणवन्तोऽप्यपार्थकाः । उद्गातृहोतृब्रह्माणो यथाऽध्वर्युं विनाऽध्वरे ॥ वैद्यस्तु गुणवानेकस्तारयेद् आतुरान् सदा । प्लवं प्रतितरैर्हीनं कर्णधार इवाम्भसि ॥ '–વૈદ્ય વિનાના ત્રણે પાદો–ઔષધ, રોગી તથા પરિચારક ભલે ગુણવાન હોય તોયે નિષ્ફલ નીવડે છે. જેમ યજ્ઞમાં 'અધ્વર્યુ' નામના યજુર્વેદી યાજ્ઞિક ઋત્વિજ વિના ઉદ્ગાતા, હોતા તથા બ્રહ્મા એ ત્રણે યાજ્ઞિક ઋત્વિજો યજ્ઞક્રિયા કરવામાં નિષ્ફલ નીવડે છે, તે જ પ્રમાણે એક જ ગુણવાન વૈદ્ય હોય તો જ રોગીઓને તેમના રોગોમાંથી સર્વકાળ મુક્ત કરે છે; જેમ બલાસીઓ ભલે સારા ન હોય, પણ એક સુકાની જો ઉત્તમ હોય તો તે પાણીમાં નૌકાને તારી શકે છે, એ જ પ્રમાણે વૈદ્ય જો ઉત્તમ હોય તો રોગીને રોગથી રાહત આપી શકે છે. વળી ચિકિત્સાનું લક્ષણ પણ ચરકે આમ કહ્યું છે : 'चतुर्णां भिषगादीनां शस्त्राणां धातुवैकृते । प्रवृत्तिर्धातुसाम्यार्था चिकित्सेत्यभिधीयते ॥'–રોગીના શરીરમાં ધાતુઓનો વિકાર થાય ત્યારે વૈદ્ય આદિ ચારે પાદો ઉત્તમ હોય અને તે ચારેની ધાતુઓનું સમાનપણું કરવા માટે જે ઉત્તમ પ્રવૃત્તિ થાય, એ જ

'ચિકિત્સા' કહેવાય છે. આ જ આશયને મનમાં રાખી અહીં આ ૨૬મા અધ્યાયનું 'ચિકિત્સાસંપદીય' એવું સાર્થક નામ રાખ્યું છે.'

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં 'ચિકિત્સાસંપદીય' નામનો ૨૬મો અધ્યાય સમાપ્ત

રોગાધ્યાય : અધ્યાય ૨૭ મો

अथातो रोगाध्यायं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી અમે રોગાધ્યાય કહીએ છીએ, એમ ભગવાન કશ્યપે કહ્યું હતું. ૧,૨

રોગોની સંખ્યા પરત્વે જુદા જુદા મતો

एको रोगो रुजाकरणसामान्यादिति भार्गवः प्रमतिः, द्वौ रोगौ निजश्चागन्तुश्चेति वार्योविदः, त्रयो रोगाः साध्ययाप्यासाध्या इति काङ्कायनः, चत्वारो रोगा आगन्तुवातपित्तकफजा इति कृष्णो भारद्वाजः, पञ्च रोगा आगन्तुवातपित्तकफत्रिदोषजा इति दारुवाहो राजर्षिः, षड्रोगाः षड्रसत्वादन्नपानस्येत्यृषिषड्वयः(?); सप्त रोगा वातद्येकैकद्वित्रिदोषजा इति हिरण्याक्षः, अष्टौ रोगा वाताद्येकैकद्वित्रिदोषागन्तुनिमित्ता इति वैदेहो निमिः, अपरिसङ्ख्येयाः समहीनाधिकदोषभेदादिति वृद्धजीवकः, एवमनवस्थानमुपलभ्याह भगवान् कश्यपो–द्वावेव खलु रोगौ निजश्चागन्तुश्च, तावनेकविस्तरावितिः ॥ ३ ॥

ઉત્તમ બુદ્ધિવાળા ભાર્ગવ આચાર્ય કહે છે કે પીડા કરવી એ બધા રોગોની એક સરખી ક્રિયા છે. તેથી દરેક રોગ રોગ તરીકે તો એક જ છે; તે સામે વાર્યોવિદ આચાર્ય કહે છે કે નિજ અને આગન્તુ–એમ બે પ્રકારના હોવાથી રોગો બે છે. તે સામે 'કાંકાયન' નામના આચાર્ય કહે છે કે, સાધ્ય, યાપ્ય તથા અસાધ્ય–એમ પ્રત્યેક રોગ ત્રણ પ્રકારના હોય છે. તેથી રોગોની સંખ્યા ત્રણ ગણાય છે. તે સામે 'કૃષ્ણ ભારદ્વાજ' નામના આચાર્ય કહે છે કે, આગન્તુ, વાતજ, પિત્તજ અને કફજ એમ રોગો ચાર પ્રકારના હોઈ તેમની સંખ્યા ચારની છે. દારુવાહ રાજર્ષિ કહે છે કે આગન્તુજ, વાતજ, પિત્તજ, કફજ અને ત્રિદોષજ–એમ રોગો પાંચ પ્રકારના છે. ઋષિ ષડ્વય કહે છે કે દરેક ખોરાકપાણીમાં છ રસો રહેલા હોય છે, તેથી રોગોની સંખ્યા પણ છની હોવી જોઈએ. તે સામે 'હિરણ્યાક્ષ' નામના આચાર્ય એમ કહે છે કે વાતાદિ એક એક દોષથી થતા ત્રણ પ્રકારના રોગો–વાતજ, પિત્તજ અને કફજ; તેમ જ બબ્બે દોષથી થતા–વાતપૈત્તિક, વાતશ્લૈષ્મિક અને પિત્તશ્લૈષ્મિક–એ ત્રણ મળી છ રોગો અને સાતમો ત્રિદોષજ–એક રોગ મળી રોગોની સંખ્યા સાતની થાય છે. તે સામે વૈદેહ નિમિ આચાર્ય કહે છે કે વાતાદિ એક એક દોષજ ત્રણ, બબ્બે દોષજ ત્રણ, ત્રિદોષજ એક અને આગન્તુજ એક મળી એકંદર રોગો આઠ પ્રકારના હોય છે. તે સામે વૃદ્ધજીવક એમ કહે છે કે રોગો અગણિત છે; કારણ કે દોષોના ભેદો સમ, હીન તથા અધિક–એમ ઘણા હોય છે; જ્યારે ભગવાન કશ્યપ કહે છે કે, અવસ્થા તરફ દૃષ્ટિ કરીને નક્કી એમ સમજાય છે કે રોગો બે જ પ્રકારના છે–એક નિજ–દોષજ અને બીજો આગન્તુજ રોગ હોય છે અને તે જ બે રોગો અનેક વિસ્તારવાળા થાય છે. ૩

નિદાન આદિના તથા ચિકિત્સાના વિસ્તાર ઉપરથી અસંખ્ય રોગો

हेतुप्रकृत्यधिष्ठानविकल्पायतनार्थतः ।
ज्ञेया रोगा असङ्ख्येयाश्चिकित्सानां च विस्तरात् ॥
अधिष्ठानद्वयं तेषां शरीरं मन एव च ।
मानसानां च रोगाणां कुर्याच्छारीरवत् क्रियाम् ॥

રોગોના હેતુ, પ્રકૃતિ તથા આશ્રયોના ભેદને કારણે તેમ જ ચિકિત્સાઓના વિસ્તાર ઉપરથી રોગોને અગણિત જાણવા. એ રોગોનાં આશ્રયસ્થાનો બે છે : એક શરીર તથા બીજું મન. (એમ એકંદરે શરીરના રોગો

તથા મનના રોગો અસંખ્ય છે એમ સમજવું.) તેમાંના માનસરોગોની ચિકિત્સા શરીરના રોગોની જેમ જ કરવી. ૪,૫

વિવરણ: આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૨૦મા અધ્યાયમાં કહ્યું છે કે, 'चत्वारो रोगा भवन्ति–आगन्तुर्वात–पित्त–श्लेष्मनिमित्ताः। तेषां चतुर्णामपि रोगाणां रोगत्वमेकविधं रुपसामान्यात्। द्विविधा पुनः प्रकृतिरेषाम् आगन्तु–निजविभागात्। द्विविधं चैषामधिष्ठानं मनःशरीर–विशेषात्। विकाराः पुनरेषामपरिसंख्येयाः, प्रकृत्यधिष्ठानलिङ्गायतनविकल्प–विशेषात्। तेषामपरिसंख्येयत्वात्'–રોગો ચાર પ્રકારના હોય છે–આગન્તુ, વાતનિમિત્ત, પિત્તનિમિત્ત અને કફનિમિત્ત. તે ચારે રોગોમાં 'રોગપણું' તો એક જ પ્રકારનું હોય છે; કેમ કે બધાયે રોગોમાં કષ્ટપીડા એ તો એક સરખી જ હોય છે; છતાં એ રોગોની પ્રકૃતિ તો બે જ પ્રકારની હોય છે. તે જ પ્રમાણે એ રોગોનાં આશ્રયસ્થાન પણ મન તથા શરીરના ભેદથી બે પ્રકારનાં હોય છે. તોપણ એ રોગોના વિકારો અગણિત હોય છે; કારણ કે તે રોગોની પ્રકૃતિ, આશ્રયો, લક્ષણો, નિદાનો, વેદના તથા વિકલ્પોના ભેદ અસંખ્ય હોય છે.' વળી તે જ ચરકે સૂત્રસ્થાનના ૧૮મા અધ્યાયમાં પણ કહ્યું છે કે 'त एवापरिसंख्येया भिद्यमाना भवन्ति हि। निदान–वेदनावर्णस्थानसंस्थाननामभिः॥'–એ જ ચાર પ્રકારના રોગો નિદાનોને કારણે, વેદનાઓને લીધે, વર્ણોના સ્થાનો કે આશ્રયોના ભેદથી, આકૃતિઓને લીધે તથા નામોના ભેદથી અસંખ્ય પ્રકારના થાય છે. ૪,૫

દુઃખ એટલે વ્યાધિ અને સુખ એટલે સ્વાસ્થ્ય

धातुस्थूणात्मवैषम्यं तद्दुःखं व्याधिसंज्ञकम्।
धातुस्थूणात्मसाम्यं तु तत्सुखं प्रकृतिश्च सा॥६॥

ધાતુઓ એટલે વાત, પિત્ત અને કફરૂપી જે ત્રણ, શરીરના આધારભૂત સ્થંભો છે, તેમના મૂળ સ્વભાવમાં જે વિષમતા થાય, એ જ વ્યાધિ એવી (બીજી) સંજ્ઞા ધરાવતું દુઃખ છે પરંતુ એ ત્રણ ધાતુઓરૂપ જે ત્રણ સ્થંભો છે, તેમના સ્વભાવમાં એકસરખાપણું હોય એ જ સુખ છે અને એ જ પ્રકૃતિ અર્થાત્ રોગરહિત અવસ્થા છે. ૬

વિવરણ: આવો જ અભિપ્રાય આ સંહિતાના પ્રથમ લેહનાધ્યાયમાં સૂચવ્યો છે કે, 'अरोगास्तु समस्थूणा वातिकाद्याः सदाऽऽतुराः'–વાતાદિ જેઓમાં એક સરખા હોય તે સર્વકાળ નીરોગી હોય છે; પણ જે લોકોમાં વાત પ્રકૃતિ આદિ સ્થૂલતા ઓછીવત્તી થાય છે તે હમેશાં રોગી ગણાય છે. એ જ પ્રમાણે ચરકે પણ સૂત્રસ્થાનના ૭મા અધ્યાયમાં કહ્યું છે કે, 'समदोषत्वानिलकफाः केचिद् गर्भादि मानवाः। दृश्यन्ते वातला केचित् पित्तलाः श्लेष्मलास्तथा॥ तेषामनातुराः पूर्वे वातलाद्याः सदातुराः॥'–કેટલાક માણસો ગર્ભાવસ્થાથી માંડી એક સરખા વાત, પિત્ત અને કફથી યુક્ત જોવામાં આવે છે અને કેટલાક ગર્ભાવસ્થાથી માંડી વાતાધિક પ્રકૃતિવાળા, કેટલાક પિત્તાધિક પ્રકૃતિવાળા અને કેટલાક કફાધિક પ્રકૃતિવાળા હોય છે. તેમાંના પહેલા પ્રકારના નીરોગી હોય છે અને ન્યૂનાધિક દોષોવાળા સર્વકાળ રોગી જ રહ્યા છે. એકંદર દોષોની સમાવસ્થા જ સ્વાસ્થ્ય છે અને દોષોની ન્યૂનાધિકતા જ રોગીપણું છે. આ જ આશય ચરકે સૂત્રસ્થાનના પહેલા અધ્યાયમાં આ રીતે કહ્યો છે કે, 'धातुसाम्यक्रिया चोक्ता तन्त्रस्यास्य प्रयोजनम्'–શરીરની ધાતુઓનું એકસરખાપણું કરવું અને તે દ્વારા રોગીને નીરોગી કરવો એ જ આ આયુર્વેદ શાસ્ત્રનું પ્રયોજન કહેવાયું છે.'

ચિકિત્સાનું પ્રયોજન

अव्याहतशरीरायुरभिवर्धेत वा कथम्।
इत्यर्थं भेषजं प्रोक्तं विकाराणां च शान्तये॥७॥

શરીર તથા આયુષ કોઈ અડચણ સિવાય વધે, તેને માટે તેમ જ વિકારોની શાંતિ માટે આયુર્વેદીય ચિકિત્સા કહેવામાં આવી છે. (શરીર તથા આયુષની વૃદ્ધિ કે સ્વસ્થવૃત્ત તે ચિકિત્સાનું પહેલું પ્રયોજન છે અને ઉત્પન્ન થયેલા રોગોની શાંતિ કરવી તે ચિકિત્સાનું બીજું પ્રયોજન છે.) ૭

વિવરણ: સુશ્રુતે પણ આ સંબંધે સૂત્રસ્થાનના પહેલા અધ્યાયમાં કહ્યું છે કે, 'इह खल्वायुर्वेदप्रयोजनं व्याध्युपसृष्टानां व्याधिपरिमोक्षः, स्वस्थस्य

રક્ષણં ચ' ॥ આ જગતમાં આયુર્વેદનાં પ્રયોજન બે છે : રોગોથી ઘેરાયેલા લોકોને રોગોથી છોડાવવા અને નીરોગી માણસના સ્વાસ્થ્યની રક્ષા કરવી. ચરકે પણ સૂત્રસ્થાનના ૩૦ મા અધ્યાયમાં કહ્યું છે કે, 'प्रयोजनं चास्य स्वस्थस्य स्वास्थ्यरक्षणमातुरस्य विकारप्रशमनं चेति ' નીરોગી માણસના સ્વાસ્થની રક્ષા કરવી અને ઉત્પન્ન થયેલા રોગોને મટાડવા એ આયુર્વેદનાં (બે) પ્રયોજનો છે. ૭

રોગોની બે પ્રકારની પ્રકૃતિ

निजागन्तुनिमित्ता च द्विविधा प्रकृती रुजाम् ।
नखदन्ताग्निपानीयवधबन्धाधिदेवताः (तः) ॥८॥

'निज'=ત્રણ દોષો તથા આગન્તુ=બાહ્યકારણ–એમ બે નિમિત્ત રોગોનાં બે પ્રકારનાં કારણો છે; તેમાંના આગન્તુ કારણથી થતા રોગો નખ, દાંત, અગ્નિ, પાણી, વધ, બંધન તથા અધિદેવતા, શાપ અને અભિચારકર્મ–એ બાહ્ય કારણોથી થાય છે. ૮

વિવરણ : અર્થાત્ વાતાદિ દોષોની ન્યૂનાધિકતાથી અને નખ, દાંત વગેરે બાહ્ય કારણોથી પણ રોગો ઉત્પન્ન થાય છે. એ પ્રકારનાં રોગોનાં મૂળ કારણો મળે છે. આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૨૦ મા અધ્યાયમાં કહ્યું છે કે, मुखानि तु खलु आगन्तोर्नखदशनपतनाभिघाताभिचाराभिशापाभिषङ्गव्यधबन्धपीडनरज्जुदहनमन्त्राशनिभूतोपसर्गादीनि, निजस्य तु मुखं वातपित्तश्लेष्मणां वैषम्यम् ' આગન્તુ રોગોનાં શરૂઆતનાં કારણો–નખ વાગવો, દાંત વાગવા, કયાંય પડી જવું, શસ્ત્ર આદિનો પ્રહાર થવો, કામાદિનો કે ભૂત આદિનો સંબંધ થવો, અભિચારકર્મ, અભિશાપ, વધ થવો કે માર પડવો, બંધન થવું, વીંધાઈ જવું, વીંટાઈ જવું, પીડાવું કે દબાઈ જવું, દોરડીથી બંધાવું, આગથી દાઝી જવું, શસ્ત્રથી ઘાયલ થવું, વીજળી કે વજ્ર પડવું, ભૂતોનો વળગાડ થવો અને ઉલ્કાપાત વગેરે ઉત્પાતો થવા અથવા કીટાણુઓનો ત્રાસ થવો વગેરે હોય છે; પરંતુ निजस्य तु खलु मुखं वातपित्तश्लेष्मणां वैषम्यं' નિજવિકાર કે દોષજન્ય વ્યાધિનું કારણ તો વાયુની, પિત્તની તથા કફની ન્યૂનાધિકતા થવી એ જ છે.' ૮

આગન્તુ તથા નિજ રોગોનાં કારણો

शापाभिचारादागन्तुर्निजा वातादिहेतवः ।
वातपित्तकफानां तु देहे स्थानानि मे शृणु ॥९॥

શાપના તથા અભિચારના કારણે આગન્તુ વ્યાધિ ઉત્પન્ન થાય છે અને નિજ–દોષજ વ્યાધિઓનાં કારણો વાતાદિ દોષો જ હોય છે. હવે એ વાત, પિત્ત અને કફનાં શરીરમાં જે સ્થાનો છે, તે તમે મારી પાસેથી સાંભળો. ૯

વાતાદિ દોષોનાં શરીરમાં સ્થાનો તથા કર્મો

सर्वगानामपि सतां प्रायः स्थानं च कर्म च ।
अधोनाभ्यस्थिमज्ज्ञानौ वातस्थानं प्रचक्षते ॥१०॥
पित्तस्यामाशयः स्वेदो रक्तं सह लसीकया ।
मेदः शिर उरो ग्रीवा सन्धिर्बाहुः कफाश्रयः ॥११॥

વાતાદિ દોષો શરીરમાં સર્વગામી છે તો પણ તેનું મુખ્ય સ્થાન તથા કર્મ અલગ અલગ હોય છે. નાભિની નીચેનો પ્રદેશ, હાડકાં તથા મજ્જા–એટલાંને શરીરમાં વાયુનું મુખ્ય સ્થાન કહે છે. પિત્તનું મુખ્ય સ્થાન આમાશય, પરસેવો, લોહી તથા લસીકા (નામનું ચામડીની નીચે રહેતું પાણી) છે; તેમ જ મેદ, મસ્તક, છાતી, ગળું, સાંધા અને બાહુ–એટલાં શરીરમાં રહેલ કફનાં મુખ્ય સ્થાનો છે. ૧૦.૧૧

કફ, પિત્ત અને વાયુનાં વિશેષ સ્થાનો

हृदयं तु विशेषेण श्लेष्मणः स्थानमुच्यते ।
आमपक्वाशयौ स्थानं विशेषात् पित्तवातयोः ॥१२॥

કફનું વિશેષ સ્થાન હૃદય કહેવાય છે. પિત્તનું વિશેષ સ્થાન આમાશય છે અને વાયુનું વિશેષ સ્થાન પક્વાશય છે. ૧૨

વિવરણ : આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૨૦ મા અધ્યાયમાં કહ્યું છે કે, 'तेषां त्रयाणामपि दोषाणां शरीरे स्थानविभाग उपदेक्ष्यते, तद्यथा-वस्तिः पुरीषाधानं कटिः सक्थिनी पादावस्थीनि च वातस्थानानि, तत्रापि पक्वाशयो विशेषेण स्वेदो रसो लसीका रुधिरमामाशयश्च पित्तस्थानानि, तत्राप्यामाशयो

विशेषेण पित्तस्थानं, उरः शिरो ग्रीवा पर्वाण्यामाशयो मेदश्च श्लेष्मणः स्थानानि, तत्राप्युरो विशेषेण श्लेष्मणः स्थानम्। શરીરમાં વાતાદિ ત્રણે દોષોનાં સ્થાનોનો વિભાગ આ પ્રમાણે કહે છે. બસ્તિ, મૂત્રાશય, પુરીષાધાન-વિષ્ઠાધાર, કેડ, બે સાથળો, બે પગ અને હાડકાં એટલાં વાયુનાં સ્થાન છે; છતાં પક્વાશય એ વાયુનું ખાસ સ્થાન છે; તેમ જ પરસેવો, લસીકા નામનું એક પ્રકારનું પાણી, લોહી તથા આમાશય એટલાં પિત્તનાં સ્થાનો છે. તેમાં પણ આમાશય એ પિત્તનું ખાસ સ્થાન છે. છાતી, માથું ડોક, શરીરના અવયવોના સાંધા, આમાશય તથા મેદ એટલાં કફનાં સ્થાનો છે. તેમાં છાતી એ કફનું ખાસ સ્થાન છે. અષ્ટાંગસંગ્રહમાં પણ સૂત્રસ્થાનના ૧૨ અધ્યાયમાં કહ્યું છે કે, 'पक्वाशय-कटिसक्थिश्रोत्रास्थिस्पर्शनेन्द्रियम्। स्थानं वातस्य तत्रापि पक्वाधान विशेषतः। नाभिरामाशयः स्वेदो लसीका रुधिरं रसः। दृक् स्पर्शनं च पित्तस्य नाभिरत्र विशेषतः॥ उरः कण्ठः शिरः क्लोम पर्वाण्यामाशयो रसः। मेदो घ्राणं च जिह्वा च कफस्य सुतरामुरः॥ પક્વાશય, કેડ, સાથળ, કાન, હાડકાં અને ચામડી એટલાં વાયુનાં સ્થાનો છે. તેમાં પણ પક્વાશય વાયુનું ખાસ સ્થાન છે; તેમ જ નાભિ, આમાશય, પરસેવો, લસીકા નામનું પાણી, રુધિર, લોહી, રસ, દૃષ્ટિ અને ત્વચા ઇંદ્રિય એટલાં પિત્તનાં સ્થાનો છે. તેમાં નાભિ પિત્તનું મુખ્ય સ્થાન છે. છાતી, કંઠ-ગળું, માથું, તરશ લાગવાનું સ્થાન, શરીરના દરેક સાંધા, આમાશય, રસ, મેદ, ઘ્રાણેન્દ્રિય અને જીભ, એટલાં શરીરમાં રહેલાં કફનાં સ્થાનો છે. તેમાંયે છાતી એ કફનું ખાસ સ્થાન છે. ૧૨

આગન્તુ અને નિજ રોગોમાં રહેલ ભેદ

आगन्तुर्बाधते पूर्वं पश्चाद्दोषान् प्रपद्यते।
निजस्तु वीयते पूर्वं पश्चाद्वृद्धः प्रबाधते॥१३॥

આગન્તુ એટલે બહારનાં કારણોથી ઉત્પન્ન થયેલો રોગ પ્રથમ (સીધો) શરીરને પીડે છે અને તે પછી એ આગન્તુ રોગ પણ વાતાદિ દોષથી યુક્ત થાય છે; પરંતુ નિજ એટલે વાતાદિ દોષના પ્રકોપથી ઉત્પન્ન થયેલ રોગ તો પ્રથમ દોષોને વધુ પ્રમાણમાં એકઠા કરે છે અને તે પછી વધી જઈને શરીરને અતિશય પીડે છે. ૧૩

વિવરણ: આ સંબંધે પણ ચરકે સૂત્રસ્થાનના ૨૦ મા અધ્યાયમાં કહ્યું છે કે, 'आगन्तुर्हि व्यथापूर्वं समुत्पन्नो जघन्यं वातपित्तश्लेष्मणां वैषम्यमापादयति, निजे तु वातपित्तश्लेष्माणः पूर्वं वैषम्यमापद्यन्ते, जघन्यं व्यथामभिनिर्वर्तयन्ति'-આગન્તુ રોગ, બાહ્યકારણથી સીધો ઉત્પન્ન થઈ પ્રથમ પીડા ઉપજાવી પાછળથી વાત, પિત્ત અને કફની ન્યૂનાધિકતા પામે છે; પણ નિજ-દોષજન્ય વ્યાધિમાં તો પ્રથમથી જ વાત, પિત્ત અને કફ વિષમતા પામે છે અને ચોપાસ વ્યથા ઉપજાવે છે. ૧૩

આગન્તુ રોગની ચિકિત્સા નિજના જેવી જ કરવી

तस्मादागन्तुरोगाणामिष्यते निजवत् क्रिया।
निजानां पूर्वरूपाणि दृष्ट्वा संशोधनं हितम्॥१४॥

આગન્તુ-રોગો પણ છેવટે વાતાદિ દોષોની જ વિષમતા છે, તો તે રોગોની ચિકિત્સા પણ નિજરોગોની પેઠે કરવામાં આવે તે ઇષ્ટ ગણાય છે અને નિજ રોગોમાં પણ વૈદ્ય તેમનાં પૂર્વરૂપોને જોઈ તપાસીને પ્રથમ સંશોધન ઔષધ આપે તે હિતકારી થાય છે. ૧૪

ઓજસ્નું લક્ષણ

हृदि श्लेष्मानुपश्लिष्टमाशयावं रक्तपीतकम्।
तदोजो, वर्धते जन्तुस्तद्वृद्धौ, क्षीयते क्षये॥१५

હૃદયમાં જે પદાર્થ કફની સાથે સંબંધ પામેલો ન હોય, સહેજ કાળાશયુક્ત પીળો હોય અને રતાશયુક્ત પીળો પણ જે હોય તે 'ઓજસ્' કહેવાય છે. એ ઓજસ્ જેમ વધે છે તેમ પ્રાણી વધે છે અને જેમ ઘટે છે તેમ પ્રાણી ક્ષીણ થાય છે. ૧૫

વિવરણ: ચરકે સૂત્રસ્થાનના ૧૭મા અધ્યાયમાં આ ઓજસનું લક્ષણ આમ લખ્યું છે: 'हृदि तिष्ठति यच्छुद्धं रक्तमीषत् सपीतकम् ओजः शरीरे संख्यातं तन्नाशान्न विनश्यति॥'-હૃદયમાં જે

શુદ્ધ વસ્તુ રાતા રંગની અને થોડી પીળાશવાળી રહે છે, તેને શરીરમાં રહેલું ઓજસ કહ્યું છે. તેનો નાશ થવાથી માણસ નાશ પામે છે. એ જ પ્રમાણે સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૧૫ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'ओजः सोमात्मकं स्निग्धं शुक्लं शीतं स्थिरं सरम्। विविक्तं मृदु मृत्स्नं च प्राणायतनमुत्तमम्॥ देहः सावयवस्तेन व्याप्तो भवति देहिनाम्। तदभावाच्च शीर्यन्ते शरीराणि शरीरिणाम्॥'–ઓજસ એ ચંદ્રસ્વરૂપ હોઈ શીતળ, સ્નિગ્ધ, ધોળા રંગનું, સ્થિર, સરકવાના સ્વભાવવાળું, અતિશય શુદ્ધ, કોમળ, સુંવાળું અને ઉત્તમ હોઈ ને પ્રાણોનું આશ્રયસ્થાન છે. તે ઓજસ જો ન હોય તો પ્રાણીઓનાં શરીર નાશ પામે છે.' કેટલાક વિદ્વાનો એ ઓજસને આઠમી ધાતુ કહે છે. આ સંબંધે પણ સુશ્રુતે સૂત્રસ્થાનના ૧૫મા અધ્યાયમાં કહ્યું છે કે 'तत्र रसादीनां शुक्रान्तानां धातूनां यत् परं तेजस्तत् खलु ओजस् तदेव बलमित्युच्यते॥'–તેમાં રસથી માંડી વીર્ય સુધીની જે સાત ધાતુઓ છે, તેમનું જે છેલ્લું શ્રેષ્ઠ તેજ હોય તે જ 'ઓજસ' કહેવાય છે અને તેને જ 'બલ' કહેવામાં આવે છે. ખરું જોતાં ઓજસ તથા બલમાં ભેદ છે પરંતુ સામાન્ય રીતે ઓજસ તથા બળને એક માન્યાં છે; કારણ કે બળની ઉત્પત્તિનું મુખ્ય કારણ ઓજસ જ છે. તેથી જ ઓજસનો ક્ષય થતાં બળનો સૌથી વધારે ક્ષય થાય છે. આ ઓજસના વિષયમાં પ્રાચીન ગ્રંથોમાં જુદું જુદું વર્ણન મળે છે. અર્વાચીન વિદ્વાનો હજી સુધી એ વિષે કોઈ નિર્ણય કરી શક્યા નથી, છતાં ચરકની ટીકાના કર્તા ચક્રપાણિએ પોતાની ટીકામાં બે પ્રકારના ઓજસનું વર્ણન કર્યું છે: 'एतेन द्विविधमोजो दर्शयति-परमपरं च। तत्राञ्जलिप्रमाणमपरम्, अल्पप्रमाणं तु परम्–अर्धाञ्जलिपरिमितस्यौजसो धमन्य एव हृदयाश्रिताः स्थानम् तथा प्रमेहे अर्धाञ्जलिपरिमितमेवोजः क्षीयते, नाष्टबिन्दुकम्। अस्य हि किंचित्क्षयेऽपि मरणं भवति, प्रमेहे तु ओजः क्षये जीवत्येव। तावत्, ओजः क्षयलक्षणमपि अर्धाञ्जल्योजः क्षय एव बोद्धव्यम्॥'–આ ઉપરથી ઓજસને બે પ્રકારનું દર્શાવે છે: એક 'પર' અને બીજું 'અપર.' તેમાંનું એક બોબા પ્રમાણનું ઓજસ 'અપર' કહેવાય છે અને તેથી બોબા પ્રમાણનું ઓજસ 'પર' કહેવાય છે. હૃદયનો આશ્રય કરનારી ધમનીઓ અર્ધા બોબા પ્રમાણના ઓજસથી યુક્ત રહે છે. માટે તે ઓજસનું સ્થાન હૃદય જ છે. પ્રમેહમાં અર્ધ અંજલિ પ્રમાણના જ ઓજસનો ક્ષય થાય છે. પણ આઠ બિંદુ પ્રમાણનું જે ઓજસ છે, તેનો તો ક્ષય થતો જ નથી; કારણ કે આઠ બિંદુપ્રમાણમાં રહેલા ઓજસનો સહેજ પણ ક્ષય થાય તો માણસનું ખરેખર મરણ જ થાય છે. જ્યારે પ્રમેહમાં તો ઓજસનો ક્ષય થાય છે તોપણ માણસ જીવે જ છે. તે ઉપરથી સાબિત થાય છે કે ઓજસના ક્ષયનું લક્ષણ પણ અર્ધ અંજલિ પ્રમાણના ઓજસના ક્ષયમાં ઘટી શકે છે. આ ઓજસના સંબંધે સંપૂર્ણ નિશ્ચય થઈ શકતો નથી, તો પણ આટલું તો સ્પષ્ટ થાય જ છે કે શરીરમાં 'ઓજસ' નામનો અતિ મહત્ત્વનો કોઈ એક પદાર્થ અવશ્ય છે. તેમાંનો આઠ બિંદુપ્રમાણ હૃદયમાં રહે છે અને તેમાંથી સહેજ પણ ક્ષય થતાં માણસ મરણ પામે છે. તે સિવાયનું બીજું જે 'અપર' નામનું ઓજસ છે, તે હૃદયમાં સંબંધ ધરાવતી ધમનીઓનો આશ્રય ધરાવે છે. તેનો ક્ષય થતાં પ્રાણી મરણને શરણ થતું નથી; જેમ કે મધુમેહ આદિ રોગોમાં એ 'અપર' સંજ્ઞાધારી ઓજસનો જ ક્ષય થાય છે છતાં માણસ જીવે જ છે.' ૧૫

ઓજસને વધારનાર સાધનો.

मधुरस्निग्धशीतानि लघूनि च हितानि च।
ओजसो वर्धनान्याहुस्तस्माद्बालांस्तथाऽऽशयेत्॥

મધુર, સ્નિગ્ધ, શીતળ, પચવામાં હલકા અને હિતકારી પદાર્થ અથવા એવા બોરાક ઓજસને વધારનાર છે, એમ વિદ્વાનો કહે છે, માટે બાળકોને તેવા બોરાક જમાડવા જોઈએ. ૧૬

વાતાદિ દોષોનું સમાન-વિષમપણું સુખ–દુઃખનું કારણ

वृद्धिवर्णबलौजोऽग्निमेधायुःसुखकारणम्।
वातादिसाम्यं, वैषम्यं विकारायोपकल्पते॥ १७॥

વાતાદિ દોષોની સમાનતા શરીરની વૃદ્ધિ, વર્ણ, બળ, ઓજસ, જઠરાગ્નિ, મેધા, આયુષ તથા સુખનું કારણ ગણાય છે;

પરંતુ એ વાતાદિ દોષોની વિષમતા વિકાર ઉત્પન્ન કરવામાં કારણ છે. ૧૭

વિવરણ : આ સંબંધે પણ ચરકે સૂત્રસ્થાનમાં કહ્યું છે કે, ' વિકારો ધાતુવૈષમ્યં સામ્યં પ્રકૃતિરુચ્યતે। સુખસંજ્ઞકમારોગ્યં વિકારો દુઃખમેવ ચ ॥-શરીરમાં (વાતાદિ) ધાતુઓની ન્યૂનાધિકતા થાય એ રોગોનું કારણ છે. એ જ વાતાદિધાતુઓની સમતા આરોગ્ય કહેવાય છે. તેમાં જે વિકાર છે તે તો દુઃખમાં જ છે. ૧૭

અસંખ્ય રોગોમાંથી મોટા મોટા રોગો કહેવાની પ્રતિજ્ઞા

तेषामपरिमेयानां विकाराणां स्वलक्षणैः ।
अविकृततमान् व्याधीन् यथास्थूलान् प्रचक्ष्महे ॥

રોગો અગણિત છે. તેમાંથી જે રોગો પોતાનાં લક્ષણો વડે સ્પષ્ટ જણાયા છે, તેવા મોટા મોટા રોગોને અમે કહીએ છીએ. ૧૮

વાતિક, પૈત્તિક તથા કફજ રોગોની ગણતરી

अशीतिर्वातिका रोगाश्चत्वारिंशत्तु पैत्तिकाः ।
विंशतिः कफजाः प्रोक्ता वातरोगान्निबोध मे ॥१९

વાયુના પ્રકોપથી થતા રોગો ૮૦ હોય છે; પિત્તના પ્રકોપથી થતા રોગો ૪૦ છે અને કફના પ્રકોપથી થતા રોગો ૨૦ કહ્યા છે. તેમાંના વાતિક રોગોને (પ્રથમ) તમે મારી પાસેથી સાંભળો. ૧૯

વિવરણ : ચરકે પણ સૂત્રસ્થાનના ૨૦ મા અધ્યાયમાં આ પ્રમાણે રોગોની ગણતરી કરી છે : ' अशीतिर्वातविकाराः चत्वारिंशत्पित्तविकाराः, विंशतिः श्लेष्मविकाराः-એંસી વાયુના વિકારથી થતા રોગો કહ્યા છે–ચાલીસ પિત્તના વિકારથી થતા રોગો છે અને-વીસ કફથી થતા વિકારો સમજવા. ૧૯

૮૦ વાતજ વિકારોનો નામથી નિર્દેશ

पादभ्रंशः पादशूलं नखभेदो विपादिका ।
पादसुप्तिर्वातखुडो वातगुल्फोऽनिलग्रहः ॥२०॥
गृध्रसीपिण्डिकोद्वेष्टौ जानुविश्लेषभेदकौ ।
ऊरुस्तम्भोरुसादौ च पाङ्गुल्यं वातकण्टकः ॥२१॥
गुदभ्रंशो गुदार्तिश्च वृषणाक्षेपकस्तथा ।
शेफःस्तम्भः श्रोणिभेदो वंक्षणानाहविड्ग्रहौ
(ड्ग्रहौ) ॥ २२ ॥
उदावर्तोऽथ कुब्जत्वं वामनत्वं त्रिकग्रहः ।
पृष्ठग्रहः पार्श्वशूलमुदरावेष्टहृद्ग्रवौ ॥ २३ ॥
हृन्मोहो वक्षसस्तोदो वक्षोद्धर्षापरोधकौ ।
ग्रीवास्तम्भो बाहुशोषः कण्ठोद्ध्वंसो हनुग्रहः ॥२४
दन्तचालौष्ठभेदौ च मूकत्वं वाग्ग्रहस्तथा ।
कषायास्यास्यशोषौ च घ्राणनाशो रशाज्ञता ॥२५
बाधिर्यमुच्चैः श्रवणं कर्णशूलमशब्दता ।
वर्त्मसंकोचविष्टम्भौ तिमिरं शूलमक्षिषु ॥ २६॥
व्युदासो भ्रूव्युदासश्च शङ्खभेदः शिरोरुजा ।
स्फुटनं केशभूमेश्च दण्डकाक्षेपकोऽर्दितम् ॥२७॥
एकाङ्गकः पक्षवधः श्रमभ्रमविजृम्भिकाः ।
प्रलापो वेपथुर्ग्लानी रौक्ष्यं निद्रापरिक्षयः ॥ २८ ॥
श्यावारुणावभासत्वमनवस्थानमेव च ।
हिक्काश्वासौ विषादश्च वन्ध्यात्वं षाण्ढ्यमेव च ॥२९
प्रतिश्यायः शरण्यश्च प्राधान्येनानिलात्मकाः ।
तेष्वनुक्तेषु चान्येषु वायोः स्वं रूपमुच्यते ॥ ३० ॥

પાદભ્રંશ–જ્યાં પગ માંડવો હોય ત્યાં ન મૂકાતાં બીજે પડે. પાદશૂલ–પગમાં નીકળતું શૂલ. નખભેદ–નખનું ચિરાવું, વિપાદિકા–પગનું ફાટવું. પાદસુપ્તિ–પગની જડતા એટલે કે પગ ઉપર સ્પર્શ થાય તેની ખબર જ ન પડે. વાતખુડ–પગની પીંડી અને સાંધામાં વાયુનો પ્રકોપ. વાતગુલ્ફ–પગની ઘૂંટીમાં વાયુનો પ્રકોપ. અનિલગ્રહ–વાયુથી શરીરનું જકડાવું. ગૃધ્રસી–વાયુના પ્રકોપથી કેડની પાછળનો ભાગ ઝલાય તે–રાંઝણ વગેરે. પિંડિકોદ્વેષ્ટ–પગની પિંડીઓમાં ગોટલા ચડે તે. જાનુવિશ્લેષ–પગના ઢીંચણો જાણે જુદા પડી જતા હોય એવી પીડા. જાનુભેદ–ઢીંચણો જાણે ચિરાઈ જતા હોય તેવી વાયુને લીધે થતી પીડા. ઉરુસ્તંભ–વાયુના પ્રકોપથી ઢીંચણો સજ્જડ થઈ જાય તે. ઉરુસાદ–વાયુના કારણે પગની સાથળો જેમાં શિથિલ થઈ જાય તે વાયુનો રોગ. પાંગુલ્ય–પાંગળાપણું. વાતકંટક–વાયુના પ્રકોપથી કાંટા ભોંકાતા

હોય એવી પીડા. ગુદભ્રંશ–વાયુના પ્રકોપથી ગુદા પોતાના સ્થાનથી ખસી પડે તે. ગુદાર્તિ–ગુદામાં વાયુના પ્રકોપથી જે પીડા થાય તે. વૃષણક્ષેપ–વાયુના પ્રકોપથી વૃષણો ખેંચાઈને ઊંચે ચઢી જાય પણ નીચે ન ઊતરે. શેફઃસ્તંભ–વાયુના પ્રકોપથી પુરુષની જનનેંદ્રિય સજ્જડ થઈ અકડાઈ જાય, શ્રોણિભેદ–કેડની પાછળના ભાગમાં વાયુના કારણે થતો તોડ. વંક્ષણાનાહ–સાંધાનું ઝલાઈ જવું. વિડ્ગદ કે વિડ્ગ્રહ–ઝાડાની કબજિયાત. ઉદાવર્ત–વાયુ પ્રકોપ પામી ઊંચે ઘૂમરીઓ લે તે વાતરોગ. કુબ્જતા–વાયુથી થતું કુબડાપણું. વામન–વાયુના કારણે માણસ ઠીંગણો રહે. ત્રિકગ્રહ–વાયુના પ્રકોપથી કેડની પાછળનો તે નામનો સાંધો ઝલાઈ જાય તે. પૃષ્ઠગ્રહ–વાયુના કારણે પીઠ ઝલાઈ જાય તે. પાર્શ્વશૂલ–વાયુના કારણે પડખામાં થતું શૂળ. ઉદરાવેષ્ટ–વાયુના પ્રકોપથી પેટમાં જાણે ઘૂમરી પડતી હોય તેવી પીડાવાળો રોગ. હૃદ્દ્રવ–વાયુના પ્રકોપથી હૃદય જાણે ફરકતું હોય એવી પીડા થાય. હૃન્મોહ–વાયુના કારણે હૃદયમાં થતી મૂંઝવણ. વક્ષસ્તોદ–વાયુના પ્રકોપથી છાતીના ફેફસામાં સોયો ભોંકાતી હોય એવી જેમાં પીડા થાય તે રોગ. વક્ષોઽધર્ષ–વાયુના પ્રકોપથી છાતીમાં જાણે કંઈ ઘસાતું હોય એવી પીડા થાય. વક્ષઉપરોધક–વાયુના પ્રકોપથી છાતીમાં કંઈ રોકાતું હોય એવી પીડા થાય તે. ગ્રીવાસ્તંભ–વાયુના દબાણથી ડોક સજ્જડ થઈ જાય તે. બાહુશોષ–વાયુને લીધે બન્ને હાથ સૂકાઈ જાય તે રોગ. કંઠોઽધ્વંસ–વાયુના પ્રકોપથી ગળું બેસી જાય તે રોગ. હનુગ્રહ–વાયુના કારણે હડપચી ઝલાઈ જાય તે; દન્તચાલ–વાયુના પ્રકોપથી બધા દાંત હાલવા માંડે તે. ઓષ્ઠભેદ–વાયુને લીધે હોઠ ચિરાઈ જાય. મૂક્તા–વાયુના પ્રકોપથી થતું મૂંગાપણું. વાગ્ગ્રહ–વાયુના પ્રકોપથી બોલતાં અટકી જવાય તે. કષાયાસ્યતા–વાયુને લીધે મોઢું તૂરું રહ્યા કરે. આસ્યશોષ–વાયુના કારણે મોઢું સૂકાયા કરે. ઘ્રાણનાશ–વાયુના પ્રકોપથી જેમાં ઘ્રાણેન્દ્રિયની ગંધગ્રહણશક્તિ નાશ પામે તે. રશાજ્ઞતા–વાયુના પ્રકોપથી જીભને રસનું જ્ઞાન ન થાય તે રોગ. આધ્માન–વાયુના પ્રકોપથી થતું બહેરાપણું. ઉચ્ચૈઃશ્રવણ–વાયુના પ્રકોપથી કર્ણેન્દ્રિયને ધીમા શબ્દો કે અવાજો પણ ઘણા મોટા સંભળાય તે રોગ. કર્ણશૂલ–વાયુના પ્રકોપથી જ કાનમાં થતું શૂળ. અશબ્દિતા–એટલે કે વાયુના પ્રકોપથી કોઈ પણ શબ્દ કે અવાજ થયો ન હોય છતાં તે થયો હોય એવું સંભળાય. વર્ત્મસંકોચ–વાયુના પ્રકોપથી આંખની પાંપણો બરાબર ઉઘડે નહિ કે બિલકુલ બંધ જ ન થાય. વિષ્ટંભ–વાયુના પ્રકોપથી શરીરના અવયવો જકડાઈ જાય, તિમિર–વાયુના પ્રકોપથી આંખે અંધારાં આવે તે નેત્રપટલ રોગ. અક્ષિશૂલ–જેમાં વાયુના પ્રકોપથી નેત્રમાં જાણે શૂલ ભોંકાતાં હોય એવી પીડા થાય; અક્ષિવ્યુદાસ–જેમાં વાયુના પ્રકોપથી આંખો ઊંચે ચઢી જાય. ભ્રૂવ્યુદાસ–વાયુના પ્રકોપથી માણસની ભમ્મર ઊંચી ચઢી જાય. શંખભેદ–વાયુના પ્રકોપને લીધે માથાંનાં બે લમણાં જાણે ચિરાઈ જતાં એવી પીડા થાય. શિરોરુજા–વાયુના કારણે માથામાં થતી પીડા. કેશભૂમિસ્ફુટન–વાયુના પ્રકોપથી વાળની જગ્યા ચિરાઈ જાય તે રોગ. દણ્ડકાક્ષેપક–જેમાં શરીર ખેંચાઈને લાકડી જેવું સજ્જડ થઈ જાય. અર્દિત–જેમાં મોઢાનો કોઈ પણ ભાગ વાંકો થઈ જાય તે–મોઢાનો લકવો. એકાંગક–જેમાં શરીરનું અમુક અંગ વાયુથી ઝલાઈ જાય તે–શરીરના એક અંગનો લકવો. પક્ષવધ–જેમાં શરીરના એક પડખામાં કે શરીરની એક બાજુમાં વાયુનો પ્રકોપ થઈ લકવો થઈ જાય તે એકબાજુના લકવાનો રોગ. શ્રમ–વાયુના કારણે જણાતો થાક. ભ્રમ–વાયુના પ્રકોપથી માણસને ચક્કર આવે

તે રોગ. વિજૃમ્ભિકા–જેમાં વાયુના પ્રકોપથી માણસને બગાસાં કે આળસ આવ્યા કરે તે–વાતરોગ. પ્રલાપ–વાયુના પ્રકોપથી થતો બકવાટ વેપથુ–વાયુના પ્રકોપના કારણે કંપારીનો રોગ. ગ્લાનિ–જેમાં વાયુના પ્રકોપથી શરીરમાં ધાતુઓનો ક્ષય થતાં બેચેની રહ્યા કરે તે વાતરોગ. રુક્ષતા–જેમાં વાયુના પ્રકોપથી શરીરમાં લૂખાપણું થઈ જાય તે એક વાત રોગ. નિદ્રાપરિક્ષય કે નાશ વાયુના પ્રકોપથી ઊંઘ ઉડી જાય તે એક વાતરોગ. શ્યાવારુણાવભાસતા–જેમાં શરીરનો રંગ પીળાશયુક્ત કાળો અથવા ઈંટના જેવો રતાશવાળો થઈ જાય તે એક વાતરોગ. અનવસ્થા–જેમાં વાયુના પ્રકોપને લીધે માણસનું ચિત્ત અસ્થિર બની જાય તે. હિક્કા–વાયુના પ્રકોપથી થતો હેડકીનો રોગ. શ્વાસ–વાયુના પ્રકોપથી જેમાં હાંફ–દમ ચડે છે તે એક વાતરોગ. વિષાદ–વાયુના પ્રકોપથી થતો ખેદ. વંધ્યત્વ વાયુના પ્રકોપથી સ્ત્રીમાં વાંઝિયાપણું થાય છે તે એક વાતરોગ. ષાંઢ્ય–વાયુના પ્રકોપથી પુરુષમાં નપુંસકપણું થઈ જાય તે વાતરોગ અને પ્રતિશ્યાય–સળેખમ–મુખ્યત્વે થતા વાયુથી આ ૮૦ રોગો કહ્યા છે. એ સિવાય બીજા જે વાતરોગો કહ્યા નથી તેમાં પણ વાયુનું લક્ષણ કહેવામાં આવે છે. ૨૦–૩૦

વિવરણ: ચરકે પણ સૂત્રસ્થાનના ૨૦ મા અધ્યાયમાં લગભગ અહીં કહેલા જ વાતરોગો આમ ગણ્યા છે: तत्रादौ वातविकाराननुव्याख्यास्यामः-तद्यथा 'नखभेदश्च, विपादिका च, पादशूलं च, पादभ्रंशश्च, प्रादसुप्तता च, वातखुड्डुता च गुल्फग्रहश्च, पिण्डिकोद्वेष्टनं च, गृध्रसी च, जानुभेदश्च, जानुविश्लेषश्च, उरुस्तम्भश्च, उरुसादश्च, पाङ्गुल्यं च, गुदभ्रंशश्च, गुदर्तिश्च, वृषणोत्क्षेपश्च, शेफस्तम्भश्च, वङ्क्षणानाहश्च, श्रोणिभेदश्च, विड्भेदश्च, उदावर्तश्च, खञ्जत्वं च, (कुब्जत्वं च), वामनत्वं च, त्रिकग्रहश्च, पृष्ठग्रहश्च, ग्रीवावमर्दश्च, उदरावेष्टश्च, हृन्मोहश्च, हृदद्रवश्च, वक्ष उद्धर्षश्च, वक्ष उपरोधश्च, (वक्षस्तोदश्च), बाहुशोषश्च, ग्रीवास्तम्भश्च, मन्यास्तम्भश्च, कण्ठो ध्वंसश्च, हनुस्तम्भश्च, ओष्ठभेदश्च, (अक्षिभेदश्च), दन्तभेदश्च, दन्तशैथिल्यं च, मूकत्वं च (गद्गदत्वं च,) वाक्सङ्गश्च, कषायास्यता च, मुखशोषश्च, श्रवणं च, अरसज्ञता च, (अगन्धता च, घ्राणनाशश्च) कर्णशूलं च, अशब्दश्रवणं च, उच्चैःश्रुतिश्च, बधिर्यं च, वर्त्मस्तम्भश्च, वर्त्मसंकोचश्च, तिमिरं च, अक्षिशूलं च, अक्षिव्युदासश्च, भ्रूव्युदासश्च, शंखभेदश्च, ललाटभेदश्च, शिरोरुक् च, केशभूमिस्फुटन च, अर्दितं च, एकाङ्गरोगश्च, सर्वाङ्गरोगश्च (पक्षवधश्च) आक्षेपकश्च, दण्डकश्च, श्रमश्च, भ्रमश्च, वेपथुश्च, जृम्भा च, विषादश्च (हिक्का च) अतिप्रलापश्च, ग्लानिश्च, रौक्ष्यं च, पारुष्यं च, श्यावारुणावभासता च, अस्वप्नश्च, अनवस्थितत्वं चैत्यशीतिर्वातविकाराः, वातविकाराणामपरिसंख्येयानामविष्कृततमा व्याख्याताः' ॥–તેમાં પ્રથમ વાયુના વિકારોને અમે નામથી કહીએ છીએ: નખભેદ, વિપાદિકા, પાદશૂલ, પાદભ્રંશ, પાદસુપ્તતા, વાતખુડ્ડુતા, ગુલ્ફગ્રહ, પિંડિકોદ્વેષ્ટન, ગૃધ્રસી, જાનુભેદ, જાનુવિશ્લેષ, ઉરુસ્તંભ, ઉરુસાદ, પાંગુલ્ય, ગુદાભ્રંશ, ગુદાર્તિ, વૃષણોત્ક્ષેપ, શેફસ્તંભ, વંક્ષણાનાહ, શ્રોણિભેદ, વિડ્ભેદ, ઉદાવર્ત, ખંજત્વ, (કુબ્જત્વ), વામનત્વ, ત્રિકગ્રહ, પૃષ્ઠગ્રહ, ગ્રીવાવમર્દ, ઉદરાવેષ્ટ, હૃન્મોહ, હૃદદ્રવ, વક્ષઉદ્ધર્ષ, વક્ષઉપરોધ, (વક્ષસ્તોદ), બાહુશોષ, ગ્રીવાસ્તંભ, મન્યાસ્તંભ, કંઠોદ્ધ્વંસ, હનુસ્તંભ, ઓષ્ઠભેદ (અક્ષિભેદ), દન્તભેદ, દન્તશૈથિલ્ય, મૂકત્વ(ગદ્ગદત્વ), વાક્સંગ, કષાયાસ્યતા, મુખશોષ, અરસજ્ઞતા, (અગન્ધતા, ઘ્રાણનાશ), કર્ણશૂલ, અશબ્દશ્રવણ, ઉચ્ચૈઃશ્રુતિત્વ, બાધિર્ય, વર્ત્મસ્તંભ, વર્ત્મસંકોચ, તિમિર, અક્ષિશૂલ, અક્ષિવ્યુદાસ, ભ્રૂવ્યુદાસ, શંખભેદ, લલાટભેદ, શિરોરુક્, કેશભૂમિસ્ફુટન, અર્દિત, એકાંગરોગ, સર્વાંગરોગ (પક્ષવધ), આક્ષેપક, દંડક, શ્રમ, ભ્રમ, વેપથુ, જૃમ્ભા, વિષાદ (હિક્કા), અતિપ્રલાપ, ગ્લાનિ, રૌક્ષ્ય, પારુષ્ય, શ્યાવારુણાવભાસતા, અસ્વપ્ન અને અનવસ્થિતત્વ–એમ ૮૦ વાયુના રોગો કહ્યા છે પરંતુ ખરી રીતે એ વાતરોગો અગણિત છે. તેઓમાં મુખ્ય મુખ્ય જ અહીં કહ્યા છે. ૨૦–૩૦

વાયુનાં લક્ષણો તથા કર્મો

શૈત્યં રૌક્ષ્યં લઘુત્વં ચ ગતિશ્ચેત્યથ કર્મ ચ ।
વિશદારુણપારુષ્યસુપ્તિસંકોચવૈરસમ્ ॥ ૩૧ ॥
શૂલતોદકષાયત્વશૌષિર્યસ્ખરકમ્પનમ્ ।
સાદહર્ષૌ કાર્શ્યવર્તધ્યાસસ્રંસનમેદનમ્ ॥ ૩૨ ॥
ઉદ્વેષ્ટદંશભઙ્ગાશ્ચ શોષશ્ચાનિલકર્મ તત્ ।
મધુરામ્લોષ્ણલવણસ્તત્રોપક્રમ ઇષ્યતે ॥ ૩૩ ॥

શીતળતા, રુક્ષતા અને લઘુતા–એ વાયુના ગુણો છે અને ગતિ એ વાયુનું કર્મ છે. વિશદતા, અરુણતા, કઠોરતા, જડતા, સંકોચ, વિરસપણું, સોય ભોંક્યા જેવી પીડા, કષાયતા, છિદ્રયુક્ત હોવું તે, કઠોરતા અને કંપારી ઉપજાવવી, શરીરમાં શિથિલતા કરવી, રુવાંટાં ખડાં કરવાં, દુખળાપણું કરવું, ગોળ ભમવું કે ભમાવવું, વિસ્તાર પામવો; સહેજ ખસવું–નીચે પાડવું કે પડવું અને ચીરવા જેવી પીડા ઉપજાવવી એ પણ (શરીરમાં વધેલા કે કોપેલા) વાયુનાં કર્મો છે. વળી તે જ પ્રમાણે હાથપગમાં ગોટલા ચડવા, જાણે કંઈ કરડતું હોય તેવું લાગે, શરીર ભાંગે તથા શરીરનું સુકાવું–એ પણ વાયુનાં કર્મ છે; તેમ જ (શરીરમાં વધેલા કે કોપેલા) એ વાયુની ચિકિત્સા આ પ્રમાણે સમજવી મધુર, ખાટા, ગરમ તથા ખારા પદાર્થોનું સેવન કરવાથી ઉપર કહેલા વાયુના વિકારો શમે છે. ૩૧–૩૩

વિવરણ: ઉપર દર્શાવેલ વાયુના ગુણકર્મ તથા ચિકિત્સાસંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૨૦મા અધ્યાયમાં કહ્યું છે કે, 'सर्वेष्वपि खल्वेतेषु वातविकारेषूक्तेष्वन्येषु चानुक्तेषु वायोरिदमात्मरूपमपरिणामि कर्मणश्च स्वलक्षणं, यदुपलभ्यं तदवयवं वा विमुक्तसंदेहा वातविकारमेवाध्यवसन्ति, कुशलाः, तद् यथा–रौक्ष्यं लाघवं वैशद्यं शैत्यं गतिरमूर्तित्वं चेति वायोरात्मरूपाणि, एवंविधत्वाच्च कर्मणः स्वलक्षणमिदमस्य भवति, तं तं शरीरावयवमाविशतः तद्यथा–स्रंस–भ्रंश–व्यासङ्गभेद–हर्ष–तर्ष–वर्त–मर्द–कम्प–चाल–तोद–व्यथा–चेष्टादीनि तथा स्वर–परुष–विशद–सुप्तिरता–अरुण–कषाय–विरस–मुखशोष–शूल–सुप्ति–सकुञ्चन–स्तम्भन–खञ्जतादीनि च वायोः कर्माणि, तैरन्वितं वातविकारमेवाध्यवस्येत्–ઉપર્યુક્ત વાયુના એ બધાયે વિકારોમાં તેમ જ બીજા પણ જે વાતવિકારો અહીં કહ્યા નથી, તેમાં પણ (કોપેલા) વાયુનું નીચે કહેવાતું રુક્ષત્વ આદિ પોતાનું લક્ષણ હોય જ છે. તેમ જ સ્રંસન આદિ તે વાયુના કર્મનું લક્ષણ પણ અવશ્ય હોય જ છે; કેમ કે તે બધાયે વાયુનાં અવ્યભિચારી લક્ષણો હોય છે. વળી તે વાયુના તે તે કર્મનો જે અવયવ હોય તેને પણ બરાબર જાણી લઈને કુશલ વૈદ્યો સંદેહરહિત થઈને તે વાતવિકારને નિશ્ચયપૂર્વક જાણી શકે છે અને નિશ્ચય કરે છે કે ખરેખર આ વાયુનો જ વિકાર છે. જેમ કે રુક્ષતા, લઘુતા, વિશદતા, શીતલતા, ગતિ અને અસ્થિરતા–એ પણ વાયુનાં જ લક્ષણો છે. વાયુના કર્મનાં પણ સ્વલક્ષણો આ પ્રકારનાં હોય છે: વાયુ, માણસના શરીરમાં અમુક અમુક અવયવોમાં જ્યારે પ્રવેશ કરતો હોય ત્યારે તેનાં આ લક્ષણો જણાય છે: નીચે પડી જવું, અમુક સ્થાનેથી ભ્રષ્ટ થવું કે અમુક કોઈ સ્થાન ચૂકી જવાય, વિસ્તાર થાય, અમુક સાથે આસક્ત થઈ જવાય, જાણે ચિરાઈ જતું હોય એમ જણાય; રોમાંચ થાય, વધુ પડતી તરસ લાગે, ગોળ ગોળ ભમી જવાય, શરીર જાણે ભાંગતું હોય તેમ જણાય, ધ્રુજારી થાય, અમુક સ્થાનેથી ખસી જવાય, સોય ભોંકાતી હોય એવી પીડા થાય, ભય લાગે કે ગભરામણની પીડા થાય તેમ જ બીજી જે કોઈ ચેષ્ટા વગેરે થાય છે તે વાયુના જ કર્મનાં લક્ષણો છે. તેમ જ કઠોરતા, કઠિનતા, વિશદતા, છિદ્રયુક્ત થવું તે અને ઈંટના જેવી રતાશ થાય, તુરાશ જણાય, મુખ બેસ્વાદ બને, ગળું સુકાય અને શરીર પણ સુકાય, સ્પર્શનું જ્ઞાન ન થાય, શરીરના અવયવો કે નાડીઓ અથવા સ્નાયુઓ સંકોચાય, શરીર સજ્જડ થઈ જાય અને લંગડાપણું થાય–એ પણ વાયુનાં કર્મો છે. એમાંના કોઈપણ કર્મથી યુક્ત જે કોઈ અંગ થાય તેને પણ વાયુનો જ વિકાર છે એવો નિશ્ચય કરવો. વળી ચર ત્યાં જ સૂત્રસ્થાનના ૨૦મા અધ્યાયમાં વાયુની પ્રાસંગિક ચિકિત્સા પણ દર્શાવી છે, તે मधुराम्ललवणस्निग्धोष्णैरुपक्रमैरुपक्रमेत, स्नेहस्वेदास्थापनानुवासननस्तःकर्मभोजनाभ्यङ्गोत्सादनपरि-

षेकादिभिर्वातहरैर्मात्रां कालं च प्रमाणीकृत्य; आस्थापनानुवासनं तु खलु सर्वोपक्रमेभ्यो वाते प्रधानतमं मन्यन्ते भिषजः, तद्धयादित एव पक्वाशयमनुप्रविश्य केवलं वैकारिकं वातमूलं छिनत्ति, तत्रावजिते वातेऽपि शरीरान्तर्गता वातविकाराः प्रशान्तिमापद्यन्ते यथा वनस्पतेर्मूले छिन्ने स्कन्धशाखावरोहकुसुमफलपल्लवादीनां नियतो विनाशस्तद्वत्'–એ વાતવિકારનું મધુર, ખાટા તથા ખારા એવા સ્નિગ્ધ પદાર્થો વડે તેમજ ઉષ્ણ પદાર્થોથી ચિકિત્સા કરવી જોઈએ. વળી એ વાયુને જીતવા માટે સ્નેહન, સ્વેદન, આસ્થાપનબસ્તિ, અનુવાસનબસ્તિ, નસ્યકર્મ, ભોજન, અભ્યંગ, તેલમાલિસ, ઉત્સાદન તથા પરિષેક–સિંચન આદિ વાતહર કર્મોથી પણ માત્રા તથા કાળને અનુસરતી વાતવિકારચિકિત્સા શરૂ કરવી જોઈએ. વાયુની સર્વ ચિકિત્સાઓમાં વૈદ્યો આસ્થાપનબસ્તિને તથા અનુવાસનબસ્તિને મુખ્ય ચિકિત્સારૂપે માને છે કારણ કે તે આસ્થાપન તથા અનુવાસન બસ્તિ આરંભથી જ પક્વાશયમાં પ્રવેશી કેવલ વિકારરૂપે થયેલા વાયુના મૂળને જ કાપી નાખે છે અને પક્વાશયનો વિકૃત વાયુ પણ તેનાથી જો જિતાય તો શરીરની અંદર ગયેલા બીજા સર્વ વાતવિકારો પણ મૂળમાંથી જ જતા રહે છે; જેમ કોઈ વનસ્પતિનું મૂળ કપાઈ જાય તો તેનું થડ, શાખા, અંકુરો, પુષ્પો, ફળ તથા પાંદડાં વગેરેનો પણ વિનાશ અવશ્ય થાય જ છે. ૩૧–૩૩

પિત્તના ચાલીસ વિકારો

ओषः प्लोषो भ्रमो दाहो वमथुर्धूमकाम्लकौ।
अन्तर्दाहो ज्वरोऽत्यौष्ण्यमतिस्वेदोऽङ्गदाहकः ॥३४
त्वग्दाहः शोणितक्लेदो मांसक्लेदोऽङ्गशीर्य(र)णम्।
मांसपाकश्चर्मदलो रक्तविस्फोटमण्डले ॥ ३५ ॥
रक्तपित्तं च कोठाश्च कक्ष्या हारिद्रनीलके।
कामला तिक्तवक्त्रत्वं रक्तगन्धास्यता तथा ॥३६
अतृप्तिः पूतिवक्त्रत्वं जीवादानं तमस्तृषा।
मेढ्रपायुगलाक्ष्यास्यपाको हारिद्रमूत्रविट् ॥ ३७ ॥

ઓષ–પિત્તના પ્રકોપથી આખાયે અંગમાં જેથી તીવ્રદાહ થાય તે, પ્લોષ–પિત્તના પ્રકોપથી શરીરના અમુક પ્રદેશમાં જ અગ્નિ વડે જાણે દાહ થતો હોય તેવો દાહ જેમાં થાય તે, ભ્રમ–પિત્તના પ્રકોપથી શરીર ભમી જાય, ચક્કર આવે તે દાહ–પિત્તના પ્રકોપથી આખાય શરીરમાં તીવ્ર બળતરા થાય તે, વમથુ–પિત્તના પ્રકોપથી માણસને ઊલટી થયા જ કરે તે, ધૂમક–પિત્તના પ્રકોપના કારણે માથું ડોક આદિમાંથી જાણે ધુમાડા નીકળતા હોય એમ જણાય તે, અમ્લક–પિત્તના પ્રકોપથી અંદરના પ્રદેશમાં દાહ સાથે હૃદયમાં શૂળ નીકળે અને સાથે સાથે ખાટા ઓડકાર આવ્યા કરે તે અન્તર્દાહ–પિત્તના પ્રકોપથી શરીરની અંદર બળતરા થાય તે જ્વર–પિત્તના પ્રકોપે તાવ આવે તે, અતિઉષ્ણતા–પિત્તના પ્રકોપથી અતિશય તપારો રહ્યા કરે તે, અતિસ્વેદ–પિત્તના પ્રકોપથી શરીરમાં ખૂબ પરસેવો આવ્યા કરે તે, અંગદાહ–પિત્તના પ્રકોપને લીધે શરીરનાં બધાંયે અંગોમાં જે દાહ થાય તે, ત્વગ્દાહ–પિત્તના પ્રકોપને લીધે શરીરની ચામડીમાં દાહ થયા કરે તે, શોણિતક્લેદ–પિત્તના પ્રકોપથી માણસના શરીરમાં લોહી પચપચતું અને દુર્ગંધયુક્ત તથા પાતળું થઈ જાય તે, માંસક્લેદ–પિત્તના પ્રકોપથી માણસના માંસમાં પચપચાપણું અને દુર્ગંધ થાય તે, અંગશીર્ણ–પિત્તના પ્રકોપથી માણસનાં અંગો જાણે તૂટી પડતાં હોય તે, માંસપાક–પિત્તના પ્રકોપથી માણસના શરીરનું માંસ પાકવા માંડે તે, ચર્મદલ–પિત્તના પ્રકોપથી માણસના શરીર પરની ચામડી ફાટી જાય; રક્તવિસ્ફોટ–પિત્તના પ્રકોપથી માણસના શરીર પર રાતા રંગનાં ચકતાં ફૂટી નીકળે તે, રક્તમંડલ–પિત્તના પ્રકોપથી માણસના શરીર પર રાતા રંગનાં ગોળાકાર મંડળો થાય; રક્તપિત્ત–લોહીના પ્રકોપ સાથે માણસના શરીરમાં પિત્તનો પણ પ્રકોપ થાય; કોઠ–પિત્તના પ્રકોપથી માણસના શરીર પર ઝામઠાં ઊઠી નીકળે; કક્ષ્યા–પિત્તના પ્રકોપથી માણસના બન્ને હાથ, પડખાં, ખભા વગેરે ભાગ ઉપર પીડા કરતી કાળી ગાંઠો નીકળે

તે, હારિદ્ર–પિત્તના પ્રકોપથી માણસનું શરીર હળદરના જેવા રંગનું પીળું થઈ જાય તે, નીલિકા–પિત્તના પ્રકોપથી માણસનું શરીર નીલવર્ણું કે વાદળી થઈ જાય તે, કામલા–પિત્તના પ્રકોપથી માણસનું શરીર પીળું થઈ જાય તે રોગ–કમળો; તિક્તવક્ત્રતા–પિત્તના પ્રકોપથી માણસનું મોઢું કડવું થઈ જાય તે, રક્તગન્ધાસ્યતા–પિત્તના પ્રકોપથી માણસનું મોઢું લોહીની ગંધ જેવી ગંધવાળું થઈ જાય; અતૃપ્તિ–પિત્તના પ્રકોપથી માણસને ખોરાક ખાધા છતાં તૃપ્તિ ન થાય તે, પૂતિવક્ત્રતા–પિત્તના પ્રકોપથી માણસનું મોઢું દુર્ગંધવાળું થાય, જીવાદાન–પિત્તના પ્રકોપથી માણસના શરીરમાંથી જીવતું લોહી બહાર નીકળે તે, તમસ્–પિત્તના પ્રકોપથી માણસની આંખે અંધારાં આવે તે, તૃષા–પિત્તના પ્રકોપથી માણસને વારંવાર તરસ લાગ્યા કરે તે, મેઢ્રપાક–પિત્તના પ્રકોપથી પુરુષનું ગુહ્ય ચિહ્ન પાકે તે, પાયુપાક–પિત્તના પ્રકોપથી માણસની ગુદા પાકે તે ગલપાક–પિત્તના પ્રકોપથી માણસનું ગળું પાકી ઊઠે તે, અક્ષિપાક–પિત્તના પ્રકોપથી માણસનાં નેત્રો પાકી જાય તે, આસ્યપાક–પિત્તના પ્રકોપથી માણસનું મોઢું પાકી જાય તે, હારિદ્રમૂત્ર–પિત્તના પ્રકોપથી માણસનું મૂત્ર હળદરના જેવું પીળું બહાર આવે; હારિદ્રવિટ્–પિત્તના પ્રકોપથી માણસની વિષ્ઠા પીળા રંગની થઈ જાય તે એમ ચાલીસ પિત્તના રોગો જાણવા. ૩૪–૩૭

વિવરણ : ચરકે પણ સૂત્રસ્થાનના ૨૦ મા અધ્યાયમાં પિત્તના ૪૦ રોગો આમ ગણ્યા છે: પિત્તવિકારાશ્ચત્વારિંશદત ઊર્ધ્વં વ્યાખ્યાસ્યન્તે, તદ્યથા–ઓષશ્ચ, પ્લોષશ્ચ, દાહશ્ચ, દવથુશ્ચ, ધૂમકશ્ચ, અમ્લકશ્ચ વિદાહશ્ચ, અન્તર્દાહશ્ચ (અન્ત્રદાહશ્ચ), ઉષ્માધિક્યં ચ, અતિસ્વેદશ્ચ (અન્ત્રસ્વેદશ્ચ), અન્ત્રગન્ધશ્ચ, અન્ત્રાવદરણં ચ, શોણિતક્લેદશ્ચ, માંસક્લેદશ્ચ, ત્વગ્દાહશ્ચ, માંસદાહશ્ચ, ત્વગવદરણં ચ, ચર્માવદરણ ચ, રક્તકોઠાશ્ચ (રક્તવિસ્ફોટાશ્ચ,) રક્તપિત્તં ચ, રક્તમણ્ડલાનિ ચ, હરિત્વં ચ, હારિદ્રત્વં ચ, નીલિકા ચ, કક્ષા ચ, કામલા ચ, તિક્તાસ્યતા ચ (લોહિતગન્ધાસ્યતા ચ), પૂતિમુખતા ચ, તૃષ્ણાયા આધિક્યં ચ, અતૃપ્તિશ્ચ, આસ્યપાકશ્ચ, ગલપાકશ્ચ, અક્ષિપાકશ્ચ ગુદપાકશ્ચ, મેઢ્રપાકશ્ચ, જીવાદાનં ચ, તમઃપ્રવેશશ્ચ હરિતહારિદ્રમૂત્રનેત્રવર્ચસ્ત્વં ચત્વારિંશત્ પિત્તવિકારાણામપરિસંખ્યેયાનામાવિષ્કૃતતમા ભવન્તિ ॥' હવે અહીંથી ૪૦ પિત્તના વિકારો કહેવામાં આવે છે: ઓષ, પ્લોષ, દાહ, દવથુ, ધૂમક, અમ્લક, વિદાહ, અન્તર્દાહ (અંત્રદાહ), ઉષ્માધિક્ય, અતિસ્વેદ (અંત્રસ્વેદ), અંત્રગંધ, અંત્રાવદરણ, શોણિતક્લેદ, માંસક્લેદ, ત્વગ્દાહ, માંસદાહ, ત્વગ્અવદરણ, ચર્માવદરણ, રક્તકોઠ (રક્તવિસ્ફોટ), રક્તપિત્ત, રક્તમંડલ, હરિત્વ, હારિદ્રતા, નીલિકા, કક્ષા, કામલા તિક્તાસ્યતા (લોહિતગન્ધાસ્યતા,) પૂતિમુખતા, તૃષ્ણાયા આધિક્યં ચ એટલે કે વધુ પડતી તરસ લાગ્યા કરે, અતૃપ્તિ, આસ્યપાક, ગલપાક, અક્ષિપાક, ગુદપાક, મેઢ્રપાક, જીવાદાન, તમઃપ્રવેશ એટલે કે જાણે અંધકારમાં પ્રવેશ થતો હોય તેવું લાગે અને હરિતહારિદ્રમૂત્રનેત્રત્વ એટલે કે પિત્તના પ્રકોપથી મૂત્ર, નેત્ર તથા વિષ્ઠા હળદરના જેવા પીળા રંગનાં થાય, એમ ૪૦ પિત્તના પ્રખ્યાત વિકારો છે અહીં કહ્યા છે. ૩૪,૩૭

પિત્તનાં પોતાનાં લક્ષણો

इति प्रधानाः पित्तार्त्तैः, स्वं रूपं तस्य वक्ष्यते ।
लाघवं तैक्ष्ण्यमौष्ण्यं च वर्णाः शुक्लारुणादते ॥३८
वैगन्ध्यं कटुकाम्लत्वमीषत्स्नेहश्च पित्तजाः ।
दाहोष्णपाकप्रस्वेदकण्डूकोठस्रवादिभिः ॥ ३९ ॥

પિત્તના મુખ્ય રોગો ઉપર પ્રમાણે ૪૦ કહ્યા છે. હવે તે પિત્તનું પોતાનું જે લક્ષણ છે તે અહીં કહેવામાં આવે છે. હલકાપણું, તીક્ષ્ણપણું અને ઉષ્ણતા–એ પિત્તના ધર્મો છે; અને પોળા સિવાયના તેના રંગો હોય છે તેમ જ ખરાબ કે કાચા માંસ જેવી ગંધ, તીખાશ, ખટાશ તથા સહેજ સ્નેહ–એ પણ પિત્તનાં લક્ષણો છે. વળી દાહ, ઉષ્ણતા, પાક, ઘણો જ પરસેવો, પોળ, કોઢ–ધામડાં તથા સ્રાવ વગેરે ઉપરથી પણ પિત્તનો પ્રકોપ જાણી શકાય છે. ૩૮,૩૯

વિવરણ : ચરકે પણ સૂત્રસ્થાનના ૨૦ મા અધ્યાયમાં આ સંબંધે કહ્યું છે કે, 'सर्वेष्वपि खल्वेतेषु पित्तविकारेष्वन्येषु चानुक्तेषु पित्तस्वेदमात्मरूपमपरिणामि कर्मणश्च स्वलक्षणं, यदुपलभ्य तदवयवं वा विमुक्तसंदेहः पित्तविकारमेवाध्यवस्यन्ति कुशलाः, तद्यथा-औष्ण्यं तैक्ष्ण्यं लाघवमनतिस्नेहो वर्णश्च शुक्लारुणवर्जो, गन्धश्च विस्रो रसौ च कटुकाम्लौ पित्तस्यात्मरूपाणि एवंविधत्वाच्च कर्मणः स्वलक्षणमिदमस्य भवति तं तं शरीरावयवमाविशतः तद् यथा-दाहौष्ण्यपाकस्वेदक्लेदकोथस्रावरागा यथास्वं च गन्धवर्णरसाभिनिर्वर्तनं पित्तस्य कर्माणि तैरन्वितं पित्तविकारमेवाध्यवस्येत् ॥' આ બધા પિત્તવિકારોમાં તથા બીજા જે કહ્યા નથી, તે બધામાં પણ (કોપેલા) પિત્તનું જે (હવે કહેવાશે) તે ઉષ્ણત્વ આદિ પોતાનું જે અવ્યભિચારી લક્ષણ હોય તેને તેમ જ તેના કર્મનું જે હવે કહેવાશે તે દાહાદિ સ્વલક્ષણ હોય અથવા તેનો જે અવયવ હોય તેને બરાબર જાણ્યા પછી સંદેહરહિત થયેલા કુશળ વૈદ્યો 'આ પિત્તવિકાર જ છે' એમ નિશ્ચય કરે છે. ઉષ્ણતા, તીક્ષ્ણતા, પ્રવાહીપણું, હલકાપણું, અતિશય સ્નેહનો અભાવ, ધોળો તથા અરુણ સિવાયનો વર્ણ, રંગ, દુર્ગંધી ગંધ, તીખો તથા ખાટો રસ તથા સરત્વ એટલાં પિત્તનાં પોતાનાં લક્ષણો હોય છે. એવા પ્રકારનું પિત્ત પ્રાણીના શરીરમાં તે તે અવયવમાં પ્રવેશ્યું હોય ત્યારે તેના કર્મનું પોતાનું લક્ષણ આ પ્રકારનું થાય છે : દાહ, ગરમી, પાક, સ્વેદ-પરસેવો આવવો; પચપચાપણું, કોહવાટ ચેળ, સ્રાવ, રતાશ કરવી; પોતાના જેવો જ ગંધ, રંગ તથા રસ બનાવવો એ બધાં પિત્તનાં પોતાનાં જ કર્મો છે. એ કર્મોથી જે યુક્ત હોય તેને પિત્તનો જ વિકાર નિશ્ચયપૂર્વક જાણવો. ૩૮,૩૯

પિત્તની સામાન્ય ચિકિત્સા

विद्यात् पित्तविकारार्तं कर्मैतत् तदुपक्रमः ।
कषायतिक्तमधुरस्नेहस्रंसनशोषणाः ॥ ४० ॥

ઉપર જણાવેલા વિકારો ઉપરથી માણસને પિત્તના વિકારોથી પીડાયેલો જાણવો. તેની ચિકિત્સારૂપ કર્મ આમ સમજવું : તૂરા, કડવા અને મધુર પદાર્થો યોજવા. સ્નેહન, સંસન તથા શોષણ કરવું. ૪૦

વિવરણ : ચરકે પણ સૂત્રસ્થાનના ૨૦મા અધ્યાયમાં પિત્તની સામાન્ય ચિકિત્સા આમ કહી છે-तं मधुरतिक्तकषायशीतैरुपक्रमैरुपक्रमेत्, स्नेहविरेचनप्रदेहपरिषेकाभ्यङ्गावगाहनादिभिः पित्तहरैर्मात्रां कालं च प्रमाणीकृत्य विरेचनं तु सर्वोपक्रमेभ्यः पित्ते प्रधानतमं मन्यन्ते भिषजः, तद्धयादित एवामाशयमनुप्रविश्य केवलं वैकारिकं पित्तमूलं चापकर्षति तत्रावजिते पित्तेऽपि शरीरान्तर्गताः पित्तविकाराः प्रशान्तिमापद्यन्ते यथाऽग्नौ व्यपोढे केवलमग्निगृहं शीतीभवति तद्वत् '-એ પિત્તના વિકારોની ચિકિત્સા મધુર, કડવા અને તૂરા રસવાળા શીતળ પદાર્થો દ્વારા કરવી જોઈએ. તેમ જ પિત્તને દૂર કરનાર સ્નેહો-વિરેચનો, પ્રદેહો, સિંચનક્રિયાઓ, અભ્યંગ-માલિસ તથા અવગાહન આદિથી પણ માત્રા તથા કાળને અનુસરી ચિકિત્સા શરૂ કરવી. તેમાં પણ વૈદ્યો, વિરેચનને તો બીજી સર્વ ચિકિત્સાઓ કરતાં મુખ્ય માને છે. કારણ કે તે વિરેચન આરંભથી જ પિત્તના મુખ્ય સ્થાનરૂપ આમાશયમાં એટલે કે આમાશયની નીચેના ભાગરૂપ ગ્રહણીમાં પ્રવેશ કરી કેવળ વિકાર કરનાર પિત્તનાં મૂળને નીચેથી બહાર ખેંચી કાઢે છે અને એ આમાશયની નીચેના ભાગમાં રહેલું તે વૈકારિક પિત્ત તેનાથી જિતાય છે. તેથી જેમ અગ્નિ દૂર થતાં આખુંયે અગ્નિગૃહ શીતળ થઈ જાય છે તેમ શરીરની અંદર રહેલા બીજા બધાયે પિત્તના વિકારો જિતાય છે. ૪૦

કફના વીસ વિકારો

स्तैमित्यं गुरुताऽङ्गस्य निद्रातन्द्रातितृप्तयः ।
मुखमाधुर्यसंस्रावकफोद्गारबलक्षयाः ॥ ४१ ॥
हृल्लासोऽथ मलाधिक्यं धमनीकण्ठलेपकौ ॥४२॥
आमं च गलगण्डश्च वह्निसाद उदर्दकः ।
श्वेतावभासताऽङ्गानां तथा मूत्रपुरीषयोः ॥४३॥

स्तैमित्य એટલે કે શરીરને ભીનાં કપડાંથી જાણે લપેટ્યું હોય તેમ જણાય; શરીરનાં અંગોમાં જડતા, નિદ્રા, તંદ્રા, વધારે પડતી તૃપ્તિ, મોઢાની મધુરતા, મોઢામાંથી લાળો ઝરવી; મોઢામાંથી વધુ પ્રમાણમાં કફ બહાર નીકળવો; બળનો ક્ષય, મોળ,

મળની અધિકતા, ધમની અને ગળું કફથી લેપાઈ જાય; આમની ઉત્પત્તિ અને ગળામાં ગૂમડાં કે ગડ થાય; જઠરનો અગ્નિ મંદ પડે; છાતી કફથી ભરાઈ જાય; શરીરનાં બધાં અંગોમાં ધોળાશ આવે; તેમ જ મૂત્ર તથા વિષ્ઠામાં પણ ધોળાશ થઈ જાય-એમ કફના વીસ વિકારો હોય છે. ૪૧-૪૩

વિવરણ : કફના વિકારો ઘણા છે, તોપણ તેમાં જે મુખ્ય ગણાય છે, તેટલાની જ અહીં ગણતરી કરી છે. ચરકે પણ સૂત્રસ્થાનના ૨૦મા અધ્યાયમાં કફના મુખ્ય રોગોની સંખ્યા આમ ૨૦ની જ કહી છે: 'श्लेष्मविकारांश्च विंशतिमत ऊर्ध्वं व्याख्यास्यामः, तद्यथा-तृप्तिश्च तन्द्रा च, निद्राधिक्यं च, स्तैमित्यं च, गुरुगात्रता च, आलस्यं च, मुखमाधुर्यञ्च, मुखस्रावश्च, श्लेष्मोद्गिरणं च, मलस्याधिक्यं च, कण्ठोपलेपश्च, बलासश्च, हृदयोपलेपश्च धमनीप्रविचयश्च, गलगण्डश्च, अतिस्थौल्यं च, शीताग्निता च, उदर्दश्च, श्वेतावभासता च, श्वेतमूत्र-नेत्र-वर्चत्वं चेति विंशतिः श्लेष्मविकाराः, श्लेष्मविकाराणामपरिसंख्येयानामाविष्कृतमाद्याख्याताः॥'-હવે પછી વીસ કફના વિકારો અમે કહીએ: છીએ તૃપ્તિ, તન્દ્રા-નિદ્રા જેવું ઘેન, વધુ પડતી નિદ્રા, સ્તૈમિત્ય, શરીરનું ભારેપણું, આળસ, મોઢું મધુર રહ્યા કરે, મોઢામાંથી કફની લાળો ઝરે, મોઢામાંથી કફ બહાર નીકળ્યા કરે, મળની અધિકતા થાય, ગળું કફથી લેપાયેલું રહે, બળનો નાશ થાય, ખાધેલો ખોરાક પચે નહિ, કફથી હૃદય લેપાયેલું રહે, ગળું પણ કફથી લેપાયેલું રહે, ધમની નાડીઓ કફથી ખરડાયેલી રહે, ગળામાં ગૂમડાં કે ગાંઠ થાય, શરીરમાં કફ વધવાથી અતિશય જાડાપણું થાય, જઠરનો અગ્નિ મંદ થઈ જાય, છાતી કફથી ભરાઈ જાય, શરીરમાં ધોળાશ જણાય અને મૂત્રમાં, નેત્રમાં તથા વિષ્ઠામાં ધોળાપણું થાય-એમ વીસ કફના પ્રકટ વિકારો અહીં કહેવામાં આવે છે.

કફનાં લક્ષણો અથવા કફનું સ્વરૂપ

कफजानामसंख्यानां प्रधानाः परिकीर्तिताः ।
स्नेहशैत्यगुरुश्वेतमाधुर्यं कफलक्षणम् ॥ ४४ ॥
श्लक्ष्णता चामयोत्पत्तौ तस्य कर्माणि चक्षते ।
स्नेहादि चिरकारित्वं बन्धोपचयसुप्तयः ॥ ४५ ॥

કફજન્ય અસંખ્ય રોગોમાંથી મુખ્યરોગોનાં લક્ષણો કહેવામાં આવ્યાં છે: શરીરમાં સ્નેહ, શીતળતા, ભારેપણું, ધોળાશ, મધુરપણું અને ચિકણાપણું થાય એ કફનું લક્ષણ છે. કફના રોગનાં કર્મોને વૈદ્યો આ પ્રમાણે ગણાવે છે-સ્નેહ આદિ જણાય, રોગનાં લક્ષણો લાંબા કાળ સુધી જણાવાં અથવા કાર્યમાં વિલંબ થાય; બંધાઈ જવું; ઉપચય-કફનો સંચય, આળસ અને શરીરનું જકડાવું-એ બધાંને કફનાં કર્મો કહે છે.૪૪,૪૫

વિવરણ : આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૨૦મા અધ્યાયમાં કહ્યું છે, કે 'सर्वेष्वपि तु खल्वेतेषु श्लेष्मविकारेषु अन्येषु च चानुक्तेषु श्लेष्मण इदमात्मरूपमपरिणामि, कर्मणश्च स्वलक्षणं यदुपलभ्य तदवयवं वा विमुक्तसंदेहाः श्लेष्मविकारमेवाध्यवस्यन्ति कुशलाः, तद् यथा श्वेत्यशैत्यस्नेहगौरवमाधुर्यमास्न्यानि श्लेष्मण आत्मरूपाणि, एवंविधत्वाच्च कर्मणः स्वलक्षणमिदमस्य भवति, तं तं शरीरावयवमाविशतः, तद्यथा-श्वैत्यशैत्यकण्डुस्थैर्यगौरवस्नेहस्तम्भसुप्तिक्लेदोपदेहबन्धमाधुर्यचिरकारित्वानि श्लेष्मणः कर्माणि, तैरन्वितं श्लेष्मविकारमेवाध्यवस्येत्'-ઉપર જણાવેલા બધાયે કફના વિકારોમાં અને એ સિવાયના જે બીજા કફવિકારો કહ્યા નથી, તેમાં પણ (કોપેલા) કફનું જે આ સ્વરૂપ લક્ષણ હોય છે તેમ જ એ કફના પોતાના કર્મનું જે લક્ષણ હોય છે, તેમ જ શરીરના તે તે અવયવમાં પ્રવેશ કરતા કફનું જે લક્ષણ તથા કર્મ હોય છે, તેને જાણીને સંદેહરહિત થયેલા કુશલ વૈદ્યો, તે તે વિકારને આ કફનો જ વિકાર છે એમ નિશ્ચયપૂર્વક કહી શકે છે. શરીરમાં તે તે અવયવની શીતળતા, ધોળાપણું, ભારેપણું, સ્નેહ, મધુરતા, સ્થિરતા, ચીકાશ અને કોમળતા થાય છે, તે કફનાં પોતાનાં લક્ષણો સમજવાં. એવા પ્રકારનો તે કફ હોય છે, તેથી માણસના શરીરમાં તે કફ પ્રવેશે ત્યારે તેના કર્મનું લક્ષણ આવું જણાય છે: અવયવોનું શીતળપણું, ધોળાપણું, ચેળ, સ્થિરતા, ઊંચાઈ, ભારેપણું, સ્નેહ, સજ્જડપણું, જડતા, પચપચતાપણું, કફથી ખરડાવું,જકડાવું, મધુરતા અને લાંબાકાળે કાર્ય કરવાપણું વગેરે જે થાય તેને

કફનાં કર્મો સમજવાં. એ કર્મોથી જે યુક્ત થાય તેને વૈદ્યે 'આ કફનો જ વિકાર છે' એમ નિશ્ચય-પૂર્વક કહેવું. ૪૪,૪૫

કફના વિકારની સામાન્ય ચિકિત્સા

विष्टम्भश्चेति, तत्र ज्ञः कषायकटुतिक्तकैः ।
रूक्षोष्णैश्चाप्युपचरेन्मात्राकालौ विचारयन् ॥४६॥

કફના વિકારમાં વિદ્વાન વૈદ્યે માત્રા અને કાળનો વિચાર કરીને તૂરા, તીખા, કડવા, રુક્ષ તથા ઉષ્ણ પદાર્થો દ્વારા ઉપચારો કરવા. ૪૬

વિવરણ : અર્થાત્ કફના વિકારમાં વૈદ્યે તૂરા, તીખા, કડવા, રુક્ષ તથા ઉષ્ણ પદાર્થો દ્વારા સ્નેહન, સ્વેદન તથા પંચકર્મોનો પ્રયોગ કરવો જોઈએ. આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૨૪મા અધ્યાયમાં કહ્યું છે કે, 'तं कटुकतिक्तकषायतीक्ष्णोष्णरूक्षैरुपक्रमैरुपक्रमेत स्वेदनवमनशिरोविरेचनव्यायामादिभिः श्लेष्महरैर्मात्रां कालं च प्रमाणीकृत्य, वमनं तु सर्वोपक्रमेभ्यः श्लेष्मणि प्रधानतमं मन्यन्ते भिषजः, तद्धयादित एवामाशयमनुप्रविश्य केवलं वैकारिकं श्लेष्ममूलमपकर्षति, तत्रावजिते श्लेष्मण्यपि शरीरान्तर्गताः श्लेष्मविकाराः प्रशान्तिमापद्यन्ते यथा-भिन्ने केदारसेतौ शालियवषष्टिकादीन्यनभिष्यन्दमानान्यम्भसा प्रशोषमापद्यन्ते तद्वदिति-કફના એ વિકારને તીખા, કડવા તથા તૂરા રસવાળા અને તીક્ષ્ણ, ઉષ્ણ તથા રુક્ષ-પદાર્થોયુક્ત ચિકિત્સાકર્મ વડે ચિકિત્સા કરવી જોઈએ; તેમ જ સ્વેદન, વમન, શિરોવિરેચન તથા કસરત વગેરે કફને દૂર કરે એવાં કર્મો દ્વારા પણ માત્રા તથા કાળને અનુસરી ચિકિત્સા કરવી. તેમાં પણ વૈદ્યો, કફના રોગમાં વમનને જ મુખ્ય ચિકિત્સારૂપે માને છે; કારણ કે તે વમનકારક ઔષધ પ્રથમ જ આમાશયમાં પ્રવેશે છે અને તે પછી ત્યાં રહેલા કેવળ વૈકારિક અને કફના મૂલરૂપ દોષને ખેંચીને બહાર કાઢી નાખે છે. એમ તે દોષ જિતાયો હોય તો શરીરની અંદર રહેલા કફના વિકારો અત્યંત શાંતિ પામે છે. જેમ ક્યારાની પાળ જો તૂટેલી હોય તો તેમાંનું પાણી બહાર વહી જતાં તે ક્યારામાં રહેલ ડાંગર, જવ, સાઠી વગેરેના છોડવા પાણીની ભીનાશ દૂર થતાં અત્યંત સુકાઈ જાય છે તેમ ઉપર જણાવેલ કષાય, કડવા આદિ રસોથી યુક્ત દ્રવ્યોના ઉપયોગથી તેમ જ તે સિવાયના સ્વેદન, વમન, શિરોવિરેચન, વ્યાયામ આદિ કફનાશક ક્રિયાઓ દ્વારા કફનું શમન થાય છે છતાં કફના રોગોનું શમન કરવા માટે વૈદ્યોએ વમનનું જ પ્રાધાન્ય માન્યું છે. ૪૬

વાતનાશન ચિકિત્સામાં અનુવાસનની શ્રેષ્ઠતા

स्नेहस्वेदोपचारौ च तेषु कर्माणि पञ्च च ।
वातघ्नानां तु सर्वेषामनुवासनमुत्तमम् ॥ ४७ ॥

ઉપર કહેલ વાત, પિત્ત અને કફના રોગોમાં પ્રથમ સ્નેહન તથા સ્વેદનરૂપ બે ઉપચારો કરી શકાય છે અને તે પછી તે તે દોષજનિત રોગોમાં પંચકર્મરૂપ ચિકિત્સા પણ કરી શકાય છે. છતાં વાતનાશક બધાયે ઉપચારોમાં અનુવાસનબસ્તિ ઉત્તમ ગણાય છે.

પિત્તનાશક ચિકિત્સામાં વિરેચનની તથા કફનાશન ચિકિત્સામાં વમનની શ્રેષ્ઠતા

पित्तघ्नानां विरेकश्च वमनं श्लेष्मघातिनाम् ।

પિત્તનો નાશ કરનારી ચિકિત્સાઓમાં વિરેચન શ્રેષ્ઠ છે અને કફનાશન ચિકિત્સાઓમાં વમનને શ્રેષ્ઠ કહ્યું છે.

ચિકિત્સિતસ્થાનમાં કહેવાનારા રોગો

येषां चिकित्सितस्थानमर्थे तु परिकीर्तितम् ॥४८
तांस्तु रोगान् प्रवक्ष्यामि न ह्यत्रैतत् समाप्यते ।
महागदोऽथ संन्यास ऊरुस्तम्भस्त्वेकशः ॥४९
ज्वरव्रणाममृग्व्रस्यः कामला वातशोणितम् ।
अर्शांस्यपि तथाऽऽयामो द्विविधा व्याधयस्तु ते ॥
वातासृक्श्वित्रशोथास्तु त्रिविधाः परिकीर्तिताः ।
ग्रहण्यक्षिविकाराश्च कर्णरोगा मुखामयाः ॥५१॥
अपस्माराः प्रतिश्यायः शोषाणां हेतवो मदाः ।
चतुर्विधास्ते निर्दिष्टा मूर्च्छा क्लैब्यानि चैव हि ॥
तृष्णाच्छर्दिश्वासकासगुल्मप्लीहारुचिव्यथाः ।
हिक्कोन्मादशिरोरोगा हृद्रोगाः पाण्डुसंज्ञकाः ॥५३
एते पञ्चविधाः प्रोक्ताः, षड्विधानपि मे शृणु ।
उदावर्ता अतीसाराः, सवैसर्पा अथामयाः ॥५४॥

मेहिनां पिडकाः कुष्ठं सप्त सप्तोपलक्षयेत् ।
शुक्रदोषाः पयोदोषा मूत्राघातोदराणि च ॥५५॥
अष्टावष्टौ वदन्त्येतान् ग्रहास्तु दश कीर्तिताः ।
योनिव्यापत्कृमिमेहान् विंशतिं विंशतिं विदुः ॥५६

જે રોગોના વર્ણન માટે ચિકિત્સતસ્થાન કહેવાયું છે, તે રોગો હું અહીં કહું છું; પરંતુ તે રોગોને લગતું આ પ્રકરણ અહીં સમાપ્ત થતું નથી. સંન્યાસ (મૂર્ચ્છારોગ) એ મહારોગ છે અને ઊરુસ્તંભ પણ એક મહારોગ છે. તે બન્નેને એક એક પ્રકારના કહ્યા છે; તેમ જ જ્વર, વ્રણ, આમદોષ, ગૃધ્રસી, કમળો, વાતરક્ત, અર્શસ્ તથા આયામ-(અન્તરાયામ તથા બહિરાયામ) એ રોગો બે પ્રકારના હોય છે. વાતરક્ત, ધોળો કોઢ અને સોજો-એ રોગો ત્રણ ત્રણ પ્રકારના પણ કહ્યા છે. ગ્રહણી, નેત્રવિકારો, કાનના રોગો, મુખના રોગો, અપસ્માર-વાઈના રોગો, સળેખમ, શોષનાં કારણો-(સાહસ, વેગરોધ, ક્ષય તથા વિષમાસન) અને મદો, મૂર્છા તથા કલીબતા-એ રોગોને ચાર ચાર પ્રકારના દર્શાવ્યા છે. તરસ, ઊલટી, શ્વાસ, ઉધરસ, ગોળાના રોગો, અરોળના રોગો, અરુચિ, વ્યથા, હેડકીઓ, ઉન્માદ, મસ્તકના રોગ, હૃદયના રોગો તથા પાંડુ એ રોગોને પાંચ પ્રકારના કહ્યા છે. હવે જે રોગો છ પ્રકારના પણ છે, તે તમે મારી પાસેથી સાંભળો : ઉદાવર્ત, અતીસાર તથા વિસર્પ-રતવાના રોગો-છ છ પ્રકારના હોય છે અને મેહના રોગીઓને જે ફોલ્લીઓ થાય છે તે તથા કુષ્ઠરોગ-એ રોગોને સાત સાત પ્રકારના જાણવા. શુક્રદોષ, ધાવણના દોષો, મૂત્રાઘાત તથા ઉદરરોગો એટલાને વૈદ્યો આઠ પ્રકારના કહે છે; અને ગ્રહદોષ-જન્ય રોગો દશ કહ્યા છે. યોનિના રોગો, કૃમિ રોગો તથા મેહરોગોને વીસ વીસ કહે છે. ૪૮-૫૬

વિવરણ : અહીં રોગોની જે આ ગણતરી છે, તે ટૂંકમાં કહી છે; એટલે કે તેમાં આ પ્રકાર કહ્યો છે કે અહીં એક એક રોગના ત્રણ વર્ગો, બે બેના આઠ વર્ગો, ત્રણ ત્રણના ત્રણ વર્ગો, ચાર ચારના આઠ વર્ગો, પાંચ પાંચના પંદર વર્ગો, છ છના બે વર્ગો, સાત સાતના ત્રણ વર્ગો, આઠ આઠના ચાર વર્ગો, દશ દશનો એક વર્ગ તથા વીસ વીસના ત્રણ વર્ગો જણાવ્યા છે; ચરકે પણ સૂત્રસ્થાનના ૧૯ મા અષ્ટોદરીય નામના અધ્યાયમાં ૪૮ રોગાધિકાર તરીકે આ વર્ગોને વિસ્તારથી વર્ણવ્યા છે. ૪૮-૫૬

ઉપદ્રવનું લક્ષણ

एते समासतः प्रोक्ताश्चिकित्सास्थानहेतवः ।
पूर्वोद्भवनिमित्तेन योऽपरो जायते गदः ॥५७॥

ઉપર જે રોગોના વર્ગો કહ્યા છે, તે ટૂંકમાં અહીં બતાવ્યા છે અને તે ચિકિત્સાના સ્થાનમાં હેતુઓ રૂપે થાય છે. અને જે રોગ પ્રથમ ઉત્પન્ન થયેલા રોગના કારણે ઉત્પન્ન થાય છે, તે બીજા રોગને 'ઉપદ્રવ' નામે કહ્યો છે. ૫૭

વિવરણ : આ સંબંધે સુશ્રુતે સૂત્રસ્થાનના ૩૫મા અધ્યાયમાં કહ્યું છે કે, 'तत्र औपसर्गिको यः पूर्वोत्पन्नं व्याधिं जघन्यकालजातो व्याधिरुपसृजति स तन्मूलमूलक एवोपद्रवसंज्ञः । તેમાં જે ઔપસર્ગિક વ્યાધિ હોય છે, તે પ્રથમ ઉત્પન્ન થયેલા રોગમાં મળી જઈને પાછળથી છેલ્લા કાળે ઉત્પન્ન થાય છે અને તે જ પ્રથમના વ્યાધિના મૂળમાંથી ઉત્પન્ન થયેલો હોઈને 'ઉપદ્રવ' એ નામે કહેવાય છે. ચરકમાં પણ આ ઉપદ્રવરૂપ રોગનું આવું લક્ષણ કહ્યું છે : 'उपद्रवस्तु खलु रोगोत्तरकालजो रोगाश्रयो रोग एव, स्थूलोऽणुर्वा रोगात् पश्चाज्जायते, इति उपद्रवसंज्ञः ઉપદ્રવરૂપે થતો રોગ એ જ કહેવાય છે કે જે એક મૂળ રોગના છેવટના કાળમાં ઉત્પન્ન થયેલો હોય છે અને તેથી એને પ્રથમના મૂળરોગનો આશ્રય હોય છે. એમ એક મૂળ રોગમાંથી ઉત્પન્ન થયેલો નાનો કે મોટો બીજો રોગ હોય તે જ 'ઉપદ્રવ' નામે કહેવાય છે.

ઉપદ્રવોની ચિકિત્સા

तमुपद्रवमित्याहुरतीसारो यथा ज्वरे ।
चिकित्सितं तथोत्पत्तिं तेषामेके प्रचक्षते ॥५८॥

उपद्रवाणामित्येके पूर्वं नेत्याह कश्यपः ।
उभयत्रैव यद्युक्तं पानभोजनमेषजम् ॥ ५९ ॥
शान्तये तत् प्रयुञ्जीत न वर्धेते तथा ह्युभौ ।
यं वा तीव्रतरं पश्येद् व्याधिं विद्वान् स्वलक्षणैः ॥६०
तमेवोपक्रमेतादौ सिद्धिकामो भिषग्वरः ।

ઉપર જણાવેલ રોગને વૈદ્યો ઉપદ્રવ કહે છે; જેમ જ્વરમાં અતીસાર–ઝાડા થઈ જાય, તેને ઉપદ્રવ કહેવામાં આવે છે. તે ઉપદ્રવોની ચિકિત્સા તથા ઉત્પત્તિ બાબત કેટલાક આચાર્યો કહે છે કે–ઉપદ્રવોની ચિકિત્સા પહેલી ન કરવી, એમ કશ્યપ કહે છે. એટલે જે મૂળ રોગ હોય તેની ચિકિત્સા પહેલાં કરવી અને તે રોગની પાછળ થયેલા ઉપદ્રવરૂપ રોગની ચિકિત્સા તેની પછીથી કરવી જોઈએ. કેટલાક આચાર્યો આમ કહે છે કે એ બન્નેમાં એટલે કે પ્રથમના મૂળ વ્યાધિમાં તથા તેની પાછળ થયેલા ઉપદ્રવરૂપ રોગમાં તે બન્નેની શાંતિ માટે જે પાન, ભોજન તથા ઔષધ યોગ્ય હોય તેની યોજના એકી વખતે કરવી જોઈએ, જેથી તે બન્ને રોગો વધે જ નહિ; અથવા પોતાની ચિકિત્સાને સફળ કરવા ઇચ્છતા શ્રેષ્ઠ વૈદ્યે તે મૂળ વ્યાધિના ઉપદ્રવનાં પોતપોતાનાં લક્ષણોથી જે રોગને વધારે તીવ્ર જુએ, તેની જ ચિકિત્સા પહેલાં શરૂ કરવી. ૫૮–૬૦

પિત્તજ તથા રક્તજ રોગનાં એક જ નિદાન

यो हेतुः पित्तरोगाणां रक्तजानां स एव तु ॥६१॥
शोणितं कुपितं जन्तुं क्लिश्नाति बहुभिर्मुखैः ॥६२॥

પિત્તના રોગોમાં જે નિદાનો હોય તે જ નિદાનો રક્તજ રોગોનાં પણ હોય છે. કોપેલું રુધિર જ અનેક પ્રકારે પ્રાણીને પીડે છે. ૬૧,૬૨

વિવરણ : અહીં આમ કહેવા માગે છે કે જે કારણોથી પિત્ત પ્રકુપિત થાય છે, તે જ કારણથી માણસનું રુધિર પણ પ્રકુપિત થાય છે. તેથી જ પ્રાચીન શાસ્ત્રોમાં પિત્તને રુધિરનો એક મળ માનવામાં આવ્યો છે. આ સંબંધે સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૪૬ મા અધ્યાયમાં કહ્યું છે કે, 'कफः पित्तं मलः स्वेषु स्वेदः स्यान्नखरोम च। नेत्रविट् त्वक्षु च स्नेहो धातूनां क्रमशो मलाः ॥' શરીરમાં જે કફ છે તે રસનો મળ છે; જે પિત્ત છે તે રુધિરનો મળ છે; નાક, કાન તથા મુખ વગેરે સ્રોતોમાં જે મેલ થાય છે, તે માંસનો મેલ છે; જે પરસેવો થાય છે તે મેદનો મેલ છે; નખ તથા જે રુવાંટાં છે તે હાડકાંઓનો મેલ છે; આંખના ચીપડા તથા ચામડીની ઉપર જે સ્નેહ હોય છે તે મજ્જાનો મેલ છે. એમ રસ આદિ ધાતુઓના મેલ અનુક્રમે કહ્યા છે. (શરીરમાં જે વીર્ય છે તે તો હજારવાર ગાળેલા સુવર્ણ જેવું નિર્મળ છે, તેથી તેનો મેલ હોઈ શકે જ નહિ; છતાં કેટલાક વિદ્વાનો આમ કહે છે કે જે પુરુષના વૃષણો ખેંચી કાઢવામાં આવે છે, તેની મૂછ વગેરેના વાળ ખરી પડે છે. તે ઉપરથી સાબિત થાય છે કે મૂછ વગેરેના વાળ એ વીર્યના મેલરૂપે હોવા જોઈએ; પણ ડલ્હણ વગેરે ટીકાકારો એ માન્યતાનું ખંડન કરે છે.) અહીં મૂળમાં કહ્યા પ્રમાણે પિત્તનો તથા રુધિરનો પરસ્પર નજીકનો સંબંધ છે. એ જ કારણે પિત્તને કોપાવનારાં કારણોથી જ રક્ત પણ પ્રકુપિત થાય છે. આ સંબંધે સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૨૧ મા અધ્યાયમાં કહ્યું છે કે, 'पित्तप्रकोपणैरेव चाभीक्ष्णं द्रवस्निग्धगुरुभिराहारैर्दिवा-स्वप्नक्रोधानलातपश्रमाभिघाताजीर्णविरुद्धाध्यशनादिभि-र्विशेषैरसृक् प्रकोपमापद्यते' પિત્તને કોપાવનારા પદાર્થોનું જ નિરંતર સેવન કરવાથી તેમ જ પ્રવાહી, સ્નિગ્ધ તથા ભારે ખોરાકોનું વધુ સેવન કરવાથી, દિવસની નિદ્રાથી, ક્રોધથી, અગ્નિથી, તડકાથી, શ્રમથી, અભિઘાતથી, અજીર્ણથી, વિરુદ્ધ ભોજન કરવાથી, ખૂબ વધારે ભોજન કરવાથી અને તેવા જ બીજા પ્રકારોથી રુધિરનો વિકાર થાય છે. તેમ જ વાયુથી બગડેલું લોહી વાયુના પ્રકોપના સમયે કોપે છે, પિત્તથી બગડેલું લોહી પિત્તના પ્રકોપ સમયે કોપે છે અને કફના પ્રકોપથી બગડેલું લોહી કફના પ્રકોપ સમયે બગડે છે. ૬૧,૬૨

વિકૃત લોહીથી થતા રોગો

વૈવર્ણ્યસંતાપશિરોક્ષિરોગદૌર્બલ્યદૌર્ગન્ધ્યતમઃપ્રવેશાઃ। વૈસર્પવિદ્રધ્યુપજિહ્વગુલ્મરક્તપ્રમેહપ્રદરાતિનિદ્રાઃ ॥ ૬૩ ॥

મન્દાગ્નિતા સ્રોતસાં પૂતિભાવઃ
ક્ષયઃ સ્વેદમદાનિલાસૃક્ ।
તૃષ્ણાઽરુચિઃ કુષ્ઠવિચર્ચિકાશ્ચ
કણ્ડ્વઃ સકોઠાઃ પિડકાઃ સકણ્ડ્વઃ ॥૬૪॥

વૈવર્ણ્ય–શરીરનો રંગ બદલાઈ જાય તે; સંતાપ, મસ્તકના રોગો, નેત્રના રોગો, શરીરમાં દુર્બલપણું; અંધારાં આવવાં; રતવા; વિદ્રધિ, ઉપજિહ્વ, ગુલ્મરોગ, લોહીવા, રક્તપ્રદર, અતિનિદ્રા, મંદાગ્નિ, સ્રોતોની દુર્ગંધ; ગળાનો અવાજ બેસી જાય; વધુ પરસેવો આવે; મળ કે મદ વધુ થાય; વાયુ વધી જાય; રુધિરનો સ્રાવ, વધુ પડતી તરસ દરેક પદાર્થ ઉપર અરુચિ થાય એટલે કે કંઈ પણ ગમે નહિ; કોઢ, પગમાં ચિરાડો પડે, ચેળ, કોઠ–ગ્રામઠાંનો રોગ અને ચેળયુક્ત ફોલ્લીઓ થાય–તે બધા રક્તવિકારથી થતા રક્તજ રોગો જાણવા. ૬૩,૬૪

વિવરણ : સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૨૪ મા અધ્યાયમાં રક્તજ રોગો આમ ગણ્યા છે : કુષ્ઠ–વિસર્પ - પિડકા– મશક - નીલિકા– તિલકાલક–ન્યચ્છ - વ્યઙ્ગેન્દ્રલુપ્ત–પ્લીહ - વિદ્રધી– ગુલ્મ–વાતશોણિત - અર્શસ્–અર્બુદ–અઙ્ગમર્દ–અસૃગ્દર–રક્તપિત્ત-પ્રભૃતયો રક્તદોષજાઃ ગુદ–મુખમેઢ્રપાકાશ્ચ -કોઢ, રતવા, ફોલ્લીઓ, મસ, દાઝ, શરીર પર થતાં કાળાં તલ જેવાં ચાઠાં, લાખાં, ખીલ, ટાલ, બરોળનો રોગ, ગોળાનો રોગ, વાતશોથ–વાતરક્ત, અર્શસ્, રસોળી–કેન્સર, શરીરનું ભાંગવું, લોહીવા–પ્રદર, રક્તપિત્ત વગેરે અને ગુદપાક, લિંગપાક તથા મુખપાક–એ બધાએ રોગો રક્તના દોષથી ઉત્પન્ન થાય છે. આ જ પ્રકારે ચરકે પણ સૂત્રસ્થાનના ૨૮ મા અધ્યાયમાં રક્તના દોષથી થતા રોગો આ પ્રમાણે કહ્યા છે– 'કુષ્ઠત્વીસર્પપિડકા રક્તપિત્તમસૃગ્દરઃ। ગુદમેઢ્રાસ્યપાકાશ્ચ પ્લીહા ગુલ્મોઽથ વિદ્રધી ॥ નીલિકા કામલા વ્યઙ્ગ પિપ્પલ-વસ્તિલકાલકાઃ। દદ્રુશ્વર્મદલં શ્વિત્રં પામાકોઠાલમણ્ડલમ્। રક્તપ્રદોષાજ્જાયન્તે–કોઢ, રતવા, ફોલ્લીઓ, રક્તપિત્ત, લોહીવા, ગુદપાક, લિંગપાક, મુખપાક, બરોળનો રોગ, ગોળાનો રોગ, વિદ્રધિ, નીલિકા–દાઝ, કમળો ખીલ, જતુમણિ રોગ, શરીર પર થતાં કાળાં તલ જેવાં ચાઠાંનો રોગ, દાદર, ચર્મદલ–એક જાતનો કોઢ, શ્વિત્ર–ધોળા કોઢનો રોગ ખસ, કોઠ–ગ્રામઠાંનો રોગ અને અલસમંડલ–એટલા રોગો રક્તના દોષથી ઉત્પન્ન થાય છે.' ૬૩,૬૪

ઉપર કહેલા રક્તજ રોગોની ચિકિત્સા

અન્યે ચ રોગા વિવિધા અનુક્તા-
સ્તેષ્વાદિતઃ સ્રંસનમેવ પથ્યમ્ ।
વૈસર્પવચ્ચાત્ર વદન્તિ સિદ્ધં
રક્તાવસેકં ચ વિશોષણં ચ ॥ ૬૫ ॥

ઉપર જે રક્તવિકારથી થતા રોગો કહ્યા છે તે સિવાયના બીજા પણ અનેક પ્રકારના રક્તજ રોગો થાય છે. તે અહીં કહ્યા નથી. તે બધાયે રક્તજ રોગોમાં શરૂઆતમાં સ્રંસનરૂપ વિરેચન ચિકિત્સા કરવી એ જ પથ્ય ગણાય છે; તેમ જ એ બધાએ રક્તજ રોગોમાં રતવાની પેઠે રક્તસ્રાવણ તથા વિશોષણ એટલે કે શરીરને સૂકવવું તે પણ સફળ ચિકિત્સારૂપ થાય છે. ૬૫

વિવરણ : અહીં જણાવેલ રક્તાવસેક ચિકિત્સા કરતી વેળા સુશ્રુતે સૂત્રસ્થાનના ૧૪ મા અધ્યાયમાં કહેલ કેટલીક બાબતો અવશ્ય ધ્યાનમાં રાખવા જેવી છે. જેમ કે–તદતિપ્રવૃત્તં શિરોઽભિતાપમાન્ધ્યમધિમન્ધ્યં તિમિરમ્પ્રાદુર્ભાવં ધાતુક્ષયમાક્ષેપકં પક્ષાઘાતમેકાઙ્ગવિકારં તૃષ્ણાદાહૌ હિક્કાં કાસં શ્વાસં પાણ્ડુરોગં મરણં ચાપાદયતિ, 'તસ્માન્ન શીતે નાત્યુષ્ણે નાસ્વિન્ને નાતિતાપિતે। યવાગૂં પ્રતિપીતસ્ય શોણિતં મોક્ષયેદ્ ભિષક્ ॥'–બગડેલું લોહી કાઢતી વખતે એ લોહી પુષ્કળ પ્રમાણમાં જો સ્રવાવી કાઢવું હોય તો રોગીના મસ્તકમાં ચારે બાજુ તપારો ઉપજાવે છે; અંધાપાનો રોગ ઉત્પન્ન કરે છે, 'અધિમંથ' અને 'તિમિર' નામના નેત્રરોગોને પણ ઉત્પન્ન કરે છે, ધાતુઓનો ક્ષય કરે છે, તાણ–આંચકીનો રોગ ઉપજાવે છે; લકવાનો રોગ કરે છે, શરીરના એક બાજુના અંગમાં વિકાર ઉત્પન્ન કરે છે; વધુ

પડતી તરસ અને દાહને કરે છે; તેમ જ હેડકી, ઉધરસ, શ્વાસરોગ, પાંડુરોગ તથા (કદાચ) મરણ પણ નીપજાવે છે. એ કારણે શીતકાળમાં કે ઘણી ગરમી પડતી હોય ત્યારે ઉનાળામાં રુધિરસ્રાવણ કરવું નહિ; રોગીને સ્વેદનક્રિયા કરવામાં ન આવી હોય તો પણ રક્તસ્રાવણ કરાવવું નહિ; તેમ જ રોગીને સૂર્યનાં કિરણો વગેરેથી અતિશય તાપ લાગ્યો હોય તે વખતે રુધિરસ્રાવણ કરાવવું નહિ. જે રોગીને રુધિરસ્રાવણ કરવું હોય તેને પ્રથમ બે કે ત્રણવાર યવાગૂ-રાબ પાઈને તે પછી જ વૈદ્યે તેના શરીરમાંથી રક્તસ્રાવણ કરાવવું જોઈએ. (અહીં 'યવાગૂ' શબ્દથી તલની રાબ સમજવી); કેમ કે તરત જ સ્નેહન કરે છે; અને રુધિરનો ઉત્ક્લેદ કરે છે; છતાં કેટલાક વૈદ્યો અહીં આમ કહે છે, કે મગની કણીઓ નાખી બનાવેલી સહેજ પાતળી યવાગૂ જો રોગી પીએ તો તેને તે વધુ હિતકારી થાય છે. યવાગૂમાં ઘણું કરી ક્લેદ તથા સ્વેદન કરવાનો સ્વભાવ હોય છે. વળી યવાગૂ પ્રવાહી તથા ગરમાગરમ પાવામાં આવી હોય તો રોગીના લોહીને તરત જ પીગળાવે છે. તેથી રુધિરસ્રાવણ કર્યા પહેલાં રોગીને યવાગૂ અવશ્ય પાવી જોઈએ. આર્ય વૈદ્યકમાં આવી ચોક્કસ માન્યતા છે કે ફસ ખોલતી વેળા પ્રથમ બગડેલી જ વસ્તુ બહાર નીકળે છે, તેથી એવી વિકૃત વસ્તુ જલદી બહાર નીકળી આવે, એ માટે રોગીને ઉપર જણાવેલી યવાગૂ સૌ પહેલાં જરૂર પાવી જોઈએ, કે જેથી એ વિકૃત વસ્તુ શરીરમાંથી જલદી બહાર નીકળી આવે એ જ કારણે રુધિરસ્રાવણ કરાવનારને યવાગૂ પહેલાં જ પાવી જોઈએ; કારણ કે તે યવાગૂ લોહીમાં પૃથક્કરણ કરી દોષોને તરત અલગ કરી નાખે છે. ૬૫

બાળકની ચિકિત્સા સંબંધે ભગવાન કશ્યપનો અભિપ્રાય

न त्वेव बालस्य विशोषणं हितं
नैवातिसंशोधनरक्तमोक्षणे।
स्निग्धैः सुशीतैर्मधुरैरदाहिभि-
स्तत्रोपचारोऽशनलेपसेचनैः ॥ ६६ ॥

બાળકને વિશોષણ કરવું એટલે કે તેના શરીરને અત્યંત સૂકવવું તે જરાપણ હિતકારી નથી; તેમ જ અતિશય સંશોધન તથા રક્તમોક્ષણ ચિકિત્સા પણ બાળકને હિતકારી થતી નથી જ; એ કારણે બાળકના રોગમાં સ્નિગ્ધ, અત્યંત શીતળ, મધુર અને દાહ ન કરે એવા જ ખોરાક, લેપ તથા સેચનો દ્વારા ઉપચાર કરવો જોઈએ. ૬૬

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં રોગાધ્યાય નામનો
૨૭ મો અધ્યાય સમાપ્ત

લક્ષણાધ્યાય–અધ્યાય ૨૮ મો

अथातो लक्षणाध्यायं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી 'લક્ષણાધ્યાય' નામના અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીએ છીએ એમ ભગવાન કાશ્યપે (પોતાના શિષ્યને) કહ્યું હતું. ૧,૨

વિવરણ : આ અધ્યાયનું નામ 'લક્ષણાધ્યાય' એવું રાખવામાં કારણ આ છે કે, 'बालानां शरीरस्थ शुभ-अशुभलक्षणसूचकोऽयमध्याय इति लक्षणाध्यायनाम्ना कथ्यते' બાળકોનાં શરીરમાં શુભ તથા અશુભસૂચક જે ચિહ્નો હોય છે, તેનું આ અધ્યાયમાં વર્ણન કરવામાં આવ્યું છે, એ કારણે આ અધ્યાયનું 'લક્ષણાધ્યાય' એવું સાર્થક નામ જાણી શકાય છે. ૧,૨

બાળકોનાં શુભ–અશુભ લક્ષણો જાણવા વૃદ્ધજીવકના પાંચ પ્રશ્નો

भगवँल्लक्षणैर्बाला आयुष्मन्तो भवन्ति कैः।
सुखिनो दुःखिनः कैः कर्वैद्यो विद्यादनायुषः ॥ ३ ॥
इति स्रवानि मर्त्यानां सत्त्वानां लक्षणं च किम्।
प्रशस्तं निन्दितं देहे यद्यत्तत्तदिहोच्यताम् ॥ ४ ॥

હે ભગવન્! કયાં (શુભ) લક્ષણો કે ચિહ્નો ઉપરથી બાળકો લાંબા આયુષ્યવાળા થાય છે? અને કયાં (શુભ) લક્ષણોથી તે બાળકો સુખી થશે, એમ જણાય છે? વળી કયાં અશુભ લક્ષણો ઉપરથી વૈદ્ય બાળકોને દુઃખી તથા લાંબા આયુષ

વગરના જાણી શકે છે? વળી મનુષ્યોનાં સત્ત્વો કેટલાં હોય છે? અને મનુષ્યોના આ દેહમાં સત્ત્વોનું જે ઉત્તમ તથા નિંદિત લક્ષણ હોય, તે પણ આપ અહીં કહો. ૩,૪

ભગવાન કાશ્યપનું કથન

पञ्चावदानवचनं श्रुत्वा प्रोवाच काश्यपः।
कृत्स्नं लक्षणविज्ञानं सत्त्वं निन्दितपूजितम् ॥ ५ ॥

વૃદ્ધજીવકે ઉપરના શ્લોકોમાં પાંચ પ્રશ્નો પૂછ્યા છે, તે સાંભળી (ભગવાન) કાશ્યપ મનુષ્યોના શરીરમાં જે શુભ-અશુભ લક્ષણો હોય છે, તેનું વિશેષ જ્ઞાન તેમ જ માણસોનું ઉત્તમ સત્ત્વ તથા નિંદિત સત્ત્વ આમ સંપૂર્ણ કહેવા લાગ્યા. ૫

इह खलु कुमाराणां वृद्धजीवक! स्निग्धतनुश्लक्ष्णताम्रा नखा आधिपत्याय भवन्ति, स्थूला आचार्याणां, राजीमन्तश्च दीर्घाश्चायुष्मतां, निम्नशुक्तितुषाकृतयो दरिद्राणां, रूक्षा दुःखभागिनां, पुष्पिता लुण्ठानां, श्वेता मण्डला अनायुषां, स्फुटिता अस्वतन्त्राणां, विवर्णा व्यसनिनां, समुन्नता निपिण्डान्ता अल्पाः सुखभागिनां, विपुलैर्नखैर्मध्यत्वमाह, स्थूलाः श्वेता विषमाश्च प्रव्राजयन्ति। पादैः पीनैः सुप्रतिष्ठितैरूर्ध्वलेखैरायुष्मन्तो धनवन्तोऽधिपतयः, स्वस्तिकलाङ्गलकमलशङ्खचक्रहयगजरथप्रहरणमङ्गलाङ्कितैः राजानः, ताम्रैः स्निग्धैः सुभगाः, उत्कु(त्क)टकैर्मध्यधनायुषः, श्वेतैरधनाः, अलेखैः परकर्मकराः, बहुलेखैः रोगिणः, सुवृत्तश्लक्ष्णपार्ष्णिभिः सर्वगुणोपपन्ना भवन्ति, हीनपार्ष्णिभिरनायुषः प्रजाहीनाः, चिपिटाः पारदारिकाः। अङ्गुलीनखपादैर्दीर्घैर्दीर्घायुषो, ह्रस्वैर्ह्रस्वायुषः। अङ्गुलीभिर्बन्धनाभिर्भाग्यवन्तो, गूढपर्वाभिर्भोगिनः, स्थूलपर्वाभिराचार्याः,लोमशाभिरधनाः। खरपरुषतनुविषमस्फुटितमलिना पार्ष्णिरप्रशस्ता। उत्तरपादमुन्नतमसिरमलोमकं प्रशस्यते, विषमं विपरीतं च तस्कराणाम्। गुल्फौ गूढावल्पदलोसिरौ प्रशस्येते, धननाशायोल्वणौ, विपुलौ परिक्लेशाय। प्रजङ्घा तन्वी प्रशस्यते, स्थूला पतिपुत्रद्रव्यसुखक्षयकरी स्तेनाय च। जङ्घे चानुद्वृद्धे असिरे अलोमिके प्रशस्येते, शुष्कस्थूलसिरालोमशे विपरीते, वैधव्यकर्यौ तु नारीणाम्। जानुनी च गूढे धन्ये। ऊरू मांसोपचितौ गूढसिरौ रूक्ष्णौ प्रशस्येते। स्फिचौ निर्वृत्तावलम्बौ..... निर्व्रणावलोमशावविषमौ प्रशस्येते, शुष्कावनपत्यानां, लम्बौ प्रधाननाशाय, महान्तौ पौंश्चल्याय, अल्पकौ शीलवताम्। कुकुन्दरौ गम्भीरावलोमशौ प्रविभक्तौ समौ प्रशस्येते, लोमशौ प्रव्रज्यायै, प्रदक्षिणावर्तौ तु धन्यौ, विपुलौ दीर्घायुषां, श्लिष्टावनायुषाम्। जघनमुरसा तुल्यं प्रशस्यत इत्येके। कुमाराणामुरस्तु विशालतरं, जघनं तु कुमारीणां, न तु मध्याय कल्पते। वृषणौ प्रलम्बौ बृहतौ गौरस्य, कृष्णौ कृष्णस्य, गौरौ रक्तस्य, श्यामौ श्यामस्य, रक्तौ लोमशौ मध्यौ स्मृतौ, पीनौ प्रशस्येते, विपरीतौ दौर्भाग्यपुंस्त्वप्रजाहानिकरौ, स्वल्पायुषां, दुःखाय चैके, गोखरहयाजाविकाकृती तु सुभगानामायुष्मतां च विज्ञेयौ। प्रजननं मृदु दीर्घमुच्छ्रितं बृहत्ताम्रनिर्वृत्तमणि महाकोशं महास्रोतः प्रशस्यते, तनु ह्रस्वं लम्बि विकोशं श्वेतश्यावविस्तृतं वामावृत्तमप्रशस्तम्। मूत्रमनाविद्धमतनुकमनल्पमृजुवेगं प्रशस्यते, तद्विपरीतमतिगन्धि सवेदनमत्युष्णं विवर्णमनिमित्तकालमशब्दमप्रशस्तं; कन्यकानां च स्फालितमूत्रत्वमुभयोर्वाऽनपत्यकरम्। योनिः शकटाकृतिरपत्यलाभाय, पीना सौभाग्याय, लम्बाऽपत्यवधाय, मण्डला व्यभिचरणाय, उत्क्षिप्ताऽनपत्यत्वाय, सूचीमुखी दौर्भाग्याय, भृशविवृतसंवृतशुष्का लम्बा विषमा विलिङ्गा क्लेशलाभाय, मध्यनिविडा कन्याप्रजननाय, उन्नता रमणीया मांसला पुत्रजन्मने, व्यञ्जनवती च धन्या, अतिलोमशा वैधव्यकरी, व्यञ्जनहीना त्वयशसे, पिप्लुमद्रसावती व्यभिचारप्रव्रज्यायै। तथैव लोमराज्युभयतो मध्यमागता नातिघना प्रशस्यते, वैधव्यायातिस्थूला, अतिस्थूलघनलोमा पौंश्चल्याय, अधोजाता दौर्भाग्याय, नाभिमतिवृत्ता मध्यत्वाय। कुक्षी समुन्नतौ प्रशस्येते, लोमशौ प्रव्रज्यायै, सिरालौ कुभोजनाय, निम्नौ दारिद्र्याय, समौ मध्यत्वाय. दक्षिणोन्नतौ पुत्रजन्मने, वामोन्नतौ विपरीतौ।

ईषदुन्नतमुदरमशिथिलमकठिनमविपुलं प्रशस्यते, दारिद्र्याय शुष्कम्, उन्नतं भोगाय, विशालविषमं विषमशीलभोगाय कल्पते, भृशशुष्कमनपत्यं; स्त्रियाश्चाधस्तादुपचितमसिरमतिविपुलमवलिकमनायुषे, मध्यं नाभेरुपरिष्टादनायुषे, एकवलिकं धन्यं, द्विवलिकं बुद्धिलाभाय, त्रिवलिकं सौभाग्याय, चतुर्वलिकं प्रजायुषे, बहुवलिकमध्यमनायुषे भवत्युदरम्। नाभिः गम्भीरा प्रदक्षिणा वृत्तोन्नद्धिनी लोमसिरावर्तवर्जिता प्रशस्यते, गर्ताकृतिरुन्नता सुखदुःखकरी, विषमोन्नताऽनायुष्या, स्वल्पाकृतिरनपत्या, विदेशस्था प्रव्राजयति, बृहती गम्भीरोन्नताऽऽधिपत्याय। नाभ्या प्रायुर्व्याख्यातः। पार्श्वे वृत्ते मांसले स्निग्धे अलोमसिरे प्रशस्येते, लोमसिरे प्रव्राजयेते। पृष्ठं सममुपरिविशालमसिरमलोमकमनावर्तकं प्रशस्यते, मध्ये निम्नमायुष्मतां, निर्भुग्नं दुःखभागिनां, संक्षिप्तमनायुषां, लोमशममैत्राणामल्पापत्यानां च। लोमस्कन्धो वणिग्भारजीवी कितवो रङ्गजीवी वा, शुष्कांसो दरिद्रः, तावुभौ दीर्घायुषौ कदाचित् प्रव्रजेतामपि; स्निग्धांसः कर्षकः, पीनांस आढ्यः, कठिनांसः शूरः, शिथिलांसोऽस(श)क्तः; उन्नतांसः पुमान् प्रशस्यते, भ्रष्टांसा कन्या; विपरीते तद्गुणहानिः। कक्षावुन्नतौ पृथुलौ पीनौ सुव्यञ्जनौ प्रशस्येते, विपरीतावधन्यौ, भृशलोमशौ च नारीणाम्। तथा बाहू आनुपूर्व्योपचितौ गूढारत्नी दीर्घौ जानुस्पृशौ प्रशस्येते, सिराततावायुष्मतां, पक्ष्म (श्म)वन्तौ प्रजावताम्, असिरावप्रजानां, तिर्यक्सिरौ कृच्छ्रजीविनां, तिलघन्तौ प्रव्राजयतः, मशकलक्षणवन्तौ कलहाय। मणिबन्धने स्थूले पुंसः प्रशस्येते, तनू स्त्रियाः। उभयोरेव तिस्रो यवपङ्क्तयोऽच्छिन्नाः प्रशस्यन्ते, प्रथमा धन्या, द्वितीया मुख्या, तृतीया प्रजायुषे, सर्वाश्चेदविच्छिन्नाः स्निग्धा व्यक्तगम्भीरलिखिता आधिपत्याय, चतस्रो राजर्षेः, पञ्च षट् शतपुत्रस्य, सप्त देवनिकायानाम्, एकाऽपि चेदविच्छिन्ना व्यक्ता सुखायोपपद्यते।.....

.....

.....

.....

.....

.....

स्त्रीणां चातिदीर्घाश्चातिह्रस्वाश्च निन्दिताः। केशभूमिः स्निग्धा लोहिता निर्मला निर्व्रणा च प्रशस्यते॥

मत्तगजवृषभसिंहहंसशार्दूलहंसगतयोऽधिपतयः, स्तिमितगतयो धन्याः, चपलगतयश्चपलसुखदुःखलाभिनः, तिर्यग्गतयस्त्वधन्याः स्खलनाश्चाङ्गविस्फोटिनश्चाप्रशस्ताः। तथा, अतिगौरमतिकृष्णमतिदीर्घमतिह्रस्वमतिकृशमतिस्थूलमतिलोमशमलोमशमतिमृद्वतिकठिनं च शरीरेष्व(रम)प्रशस्तमुच्यते। तथा बालानां रुषितरुदितस्वप्नप्रजागरक्रोधहर्षविसर्गादानपङ्क्तिकस्थैर्यगाम्भीर्याणि युक्तानि गुणाधिकानि प्रशस्यन्त इति॥६॥

હે વૃદ્ધજીવક! આ લોકમાં જે બાળકના (હાથ–પગના) નખ ચળકતા, પાતળા, સુંવાળા અને તાંબા જેવા લાલ હોય તો તે અધિપતિ કે સ્વામી અથવા કોઇ અમલદાર થાય છે. જાડા નખ હોય તો આચાર્ય થાય છે. રેખાવાળા તથા લાંબા નખવાળાનું આયુષ લાંબું હોય છે. દરિદ્રના નખ ઊંડી છીપ જેવી કે ધાન્યના ફોતરાં જેવી આકૃતિવાળા હોય છે. દુખિયારાના નખ લૂખા હોય છે. લૂંટારુ–ચોરના નખ પુષ્પોના જેવી ગંધવાળા હોય છે. ધોળા અને ગોળ નખવાળાનું આયુષ ટૂંકું હોય છે. ફાટેલા કે ચિરાયેલા નખવાળા પરાધીન હોય છે. કિક્કા નખવાળા વ્યસની કે દુઃખી થાય છે. અત્યંત ગોળ અને નાના નખવાળા સુખ ભોગવે છે. મોટા નખવાળા તે મધ્યમ સ્થિતિવાળા રહે છે. ખૂબ મોટા, ધોળા અને વાંકાચૂકા નખવાળા સંન્યાસી થાય છે. જેના પગ પુષ્ટ, સારી પ્રતિષ્ઠાવાળા–સ્થિર અને તળિયામાં ઊર્ધ્વરેખાવાળા હોય છે તેઓ લાંબા આયુષવાળા અને ધનવાન થાય છે. જેના પગમાં સાથિયા, હળ, કમળ, શંખ, ચક્ર, ઘોડો, હાથી, રથ, કોઈ પણ શસ્ત્ર તથા માંગલિક પદાર્થોનાં ચિહ્નો હોય

છે તેઓ રાજા થાય છે. લાલ રંગના અને ચળકતા પગવાળા ભાગ્યશાળી થાય છે. ઉભડક પગવાળા મધ્યમ ધન તથા મધ્યમ આયુષવાળા; ધોળા પગવાળા નિર્ધન, કોઈ પણ જાતની રેખા વગરના પગવાળા પારકાં કામ કરનારા નોકર; ઘણી રેખાઓવાળા રોગી; સારી રીતે ગોળ અને લીસી પાનીવાળા સર્વગુણસંપન્ન; નાની પાનીવાળા ટૂંકા આયુષવાળા અને સંતાન વિનાના હોય છે. ચપટા પગવાળાઓ પરસ્ત્રીલંપટ થાય છે. જેના હાથપગની આંગળીઓ, નખો અને પગ વધુ પડતાં લાંબાં હોય તેઓ દીર્ઘાયુષી થાય છે અને જેના હાથપગની આંગળીઓ, નખ તથા પગ ટૂંકા હોય તેઓ ટૂંકા આયુષવાળા થાય છે. હાથપગની ઘટ્ટ આંગળીઓવાળા ભાગ્યશાળી થાય છે, જેના હાથ–પગની આંગળીઓના વેઢા મોટા હોય તેઓ વૈભવી બને છે. જાડા વેઢાવાળા વિદ્વાન થાય છે; પણ જેની આંગળીઓ રુવાંટાંવાળી હોય તેઓ નિર્ધન થાય છે. જેના પગની પાની ખરબચડી, પાતળી, વાંકીચૂકી, ફાટેલી અને મલિન હોય તે ઉત્તમ ગણાતી નથી. જેના પગનો આગળનો ઉપરનો ભાગ ઊંચો હોય, નાડીઓ દેખાતી ન હોય અને રુવાંટાં વગરનો હોય તે વખણાય છે; પરંતુ તેનાથી ઊલટી સ્થિતિવાળો કે વાંકોચૂકો અને વિપરીત હોય તે ચોર કે લૂંટારુનું ચિહ્ન ગણાય છે. એવાં અશુભ લક્ષણવાળો બાળક ભવિષ્યમાં ચોર બને છે. જેની ઘૂંટીઓ માંસથી ઢંકાયેલી હોય, બહાર બહુ દેખાતી હોય, નાની હોય અને રુવાંટાં વગરની હોય અને શિરાઓ પણ બહાર દેખાતી ન હોય તે વખણાય છે. જેની બન્ને ઘૂંટીઓ ખૂબ જ બહાર નીકળેલી હોય તો તે ધનનો નાશ કરનારી થાય છે. જેની બન્ને ઘૂંટીઓ ઘણી મોટી હોય તે ઘણું દુઃખ આપનાર થાય છે. જેની પગની પીંડીઓ પાતળી હોય તે વખણાય છે; પરંતુ જેના પગની પીંડીઓ જાડી હોય તે પતિનો–શેઠ કે સ્વામીનો, પુત્રનો, દ્રવ્યનો તથા સુખનો નાશ કરનાર થાય છે; તેમ જ ચોરી કરાવનાર પણ તે બને છે. વળી જેની બન્ને જાંઘો અનુક્રમે બંધાયેલી, શિરાઓ વગરની અને રુવાંટાં વિનાની હોય તે વખણાય છે; પરંતુ જે સ્ત્રીઓની બન્ને જાંઘાઓ સુકાયેલી, જાડી, શિરાઓથી યુક્ત અને રુવાંટાંવાળી હોય તે અશુભ ગણાય છે અને તે વિધવા બને છે. જેના બન્ને ઢીંચણ માંસથી ભરાવદાર હોઈ તે વખણાય છે. તેમ જ જેની બન્ને સાથળો માંસથી ભરાવદાર, ગૂઢ શિરાઓવાળી અને લીસી હોય તે વખણાય છે. જેના બે કુલા ગોળ અને ટૂંકા હોય તે પણ વખણાય છે. તે બન્ને કુલા વ્રણરહિત, રુવાંટાં વિનાના અને સરખા હોય તે પણ વખણાય છે; પરંતુ જે સ્ત્રીના બે કુલા રૂક્ષ હોય તે સંતાનરહિત થાય છે; અને લાંબા હોય તો પોતાના મુખ્ય માણસનો નાશ કરનારા થાય છે. તેમ જ જો બન્ને કુલા ખૂબ મોટા હોય તો એ વ્યભિચારીપણું સૂચવે છે; પણ જો ખૂબ જ નાના હોય તો તે સદાચારી બને છે; જેના બે કુલામાં રહેલા 'કુકુન્દર' નામના ખાડાઓ ઊંડા, રુવાંટાં વિનાના, ઘણા વિભાગ પામેલા અને એક સરખા હોય તે વખણાય છે; પરંતુ એ બન્ને કુકુન્દર જો રુવાંટાંવાળા હોય તો સંન્યાસ લેવડાવે છે; પરંતુ જમણી બાજુએ વળતા વાળવાળા હોય તો ઉત્તમ ગણાય છે. જેમનું આયુષ લાંબું હોય તેઓના એ બન્ને 'કુકુન્દર' નામના ખાડા વિશાળ હોય છે; પણ જેમનું આયુષ ટૂંકું હોય તેમના બન્ને 'કુકુન્દર' નામના ખાડા એકબીજા સાથે જોડાયેલા હોય છે; કેટલાક વિદ્વાનો કહે છે, કે માણસનો

કેડનો આગલો ભાગ છાતી જેવો પહોળો હોય તે વખણાય છે; અને જે કુમારોના છાતી અતિશય વિશાળ હોય તે જ વખણાય છે. કુમારીઓનું વિશાળ જઘન હોય તે ઉત્તમ ગણાય છે; અને બન્ને મધ્યમ હોય તો ઉત્તમ ગણાતા નથી. ગૌરવર્ણા બાળકના બે વૃષણ ખૂબ લાંબા અને મોટા હોય છે; પરંતુ કાળા રંગના બાળકના કાળા હોય છે; લાલ રંગના બાળકના ધોળા હોય છે, અને શ્યામ રંગના પુરુષના પણ શ્યામ હોય છે. જે પુરુષનાં બન્ને વૃષણ લાલ રંગનાં અને રુવાંટીવાળાં હોય તે મધ્યમ ગણાય છે. પરંતુ જેના બન્ને વૃષણો પુષ્ટ હોય તે વખણાય છે. બે વૃષણો પુષ્ટ ન હોય તે દુર્ભાગીપણું, પુરુષત્વની હાનિ તથા ઓછી પ્રજાનું સૂચક છે. જેનું આયુષ ઘણું ઓછું હોય તેના બન્ને વૃષણો ખૂબ નાના હોય છે; અને તેવા ખૂબ નાના વૃષણો દુઃખ ઉપજાવનાર થાય છે, એમ કેટલાક વિદ્વાનો કહે છે. જેમના બન્ને વૃષણો બળદ, ઘોડો, બોકડો તથા ઘેટાના વૃષણના જેવી આકૃતિવાળા હોય તેમને ઉત્તમ ભાગ્યવાન તથા લાંબા આયુષવાળા જાણવા જોઈએ. પુરુષનું પ્રજનન-ચિહ્ન લાંબું, ઊંચું, મોટું, લાલ રંગના ગોળ મણિવાળું મોટા કોશવાળું, મોટા સ્રોતવાળું હોય તે ઉત્તમ ગણાય છે; પરંતુ જેનું લિંગ પાતળું-નાનું, લટકતું, કોશો વિનાનું, ધોળા તથા કાળાશયુક્ત સ્રાવવાળું અને ડાબી બાજુ વળેલું હોય તે ઉત્તમ ગણાતું નથી. જેનું મૂત્ર ત્રુટક ધારવાળું ન હોય, પાતળું ન હોય, પુષ્કળ પ્રમાણમાં બહાર નીકળતું હોય અને સીધા વેગવાળું હોય તે વખણાય છે. પણ તેથી જે વિપરીત હોઈ અતિશય ગંધાતું, વેદના સહિત, અતિશય ગરમ, બદલાયેલા રંગવાળું, કોઈ પણ નિમિત્ત અને સમય વિનાનું તથા અવાજ વગરનું હોય તે મૂત્ર ઉત્તમ ગણાતું નથી. વળી જે કન્યાઓનું મૂત્ર ફેલાયેલું નીકળે અથવા જે બાળકનું મૂત્ર પણ તેવું જ ફેલાયેલું નીકળે તો તે સંતાનહીન રહે છે. જે કન્યાની યોનિ ગાડાના જેવી આકૃતિવાળી હોય તે સંતાનને આપે છે. પુષ્ટ હોય તે સૌભાગ્યદાયક છે; પણ લાંબી હોય તે તો સંતાનોની નાશક છે. જે ગોળ હોય તે વ્યભિચાર કરાવનાર સમજાય છે અને ઉપસેલી હોય તે સંતાનરહિતપણું સૂચવે છે. સોય જેવા સાંકડા મોઢાવાળી દુર્ભાગીપણું જણાવે છે. પહોળી, સાંકડી કે સૂકાયેલી; લાંબી, વાંકીચૂંકી કે ઊંચીનીચી અને ચિહ્નથી રહિત હોય તે ક્લેશ આપનાર થાય છે. જે વચ્ચેથી જાડી હોય તે કન્યાને ઉત્પન્ન કરનારી અને ઊંચાઈવાળી, સુંદર અને માંસથી ભરાવદાર હોય તે પુત્રને જન્મ આપનારી થાય છે. કોઈ પણ નિશાનીવાળી યોનિ ઉત્તમ, ઘણાં રુવાંટાંવાળી યોનિ વૈધવ્યસૂચક, નિશાની વગરની અપયશદાયક, મસના ચિહ્નવાળી તથા મેદવાળી યોનિ વ્યભિચાર કરાવનારી અથવા સાધ્વીની દીક્ષા આપનારી થાય છે. તે જ પ્રમાણે જે યોનિની રુવાંટાંની પંક્તિ બન્ને બાજુ થઈને મધ્યભાગમાં આવી હોય અને અતિશય ઘાટી ન હોય તે વખણાય છે. અને ઘટ્ટ હોય તે વિધવાપણું આપે છે; તેમ જ અત્યંત જાડી અને ઘટ્ટ રુવાંટાંવાળી હોય તે વ્યભિચારપણું કરાવનાર થાય છે. રુવાંટાંની પંક્તિ નીચેના ભાગમાં ઉત્પન્ન થઈ હોય તે દુર્ભાગીપણું સૂચવે છે અને નાભિને ઓળંગીને રહેલી હોય તો તે અધમપણું સૂચવે છે. જેની બન્ને કૂખ ખૂબ ઉન્નત હોય તે વખણાય છે; અને રુવાંટાવાળી હોય તો દીક્ષા અપાવનાર અને શિરાઓથી વ્યાપ્ત હોય તો ખરાબ ભોજન મળે છે. ખૂબ ખાડાવાળી હોય તો દરિદ્રપણું; એક સરખી

હોય તો મધ્યમપણું જણાવે છે. જો બન્ને કૂખ જમણી બાજુથી ઊંચી હોય તો પુત્રનો જન્મ સૂચવે છે; ડાબી બાજુથી ઊંચી હોય તો વિપરીત ફળ આપે છે. જેનું પેટ સહેજ ઊંચું હોય, શિથિલ ન હોય, કઠણ હોય અને ખૂબ વિશાળ ન હોય તે વખણાય છે; પરંતુ સૂકું હોય તે દરિદ્રતા સૂચવે છે. ઊંચું હોય તે ભોગ-વૈભવ આપનાર થાય છે, તેમ જ વિશાળ તથા ઊંચુંનીચું હોય તે વિપરીત શીલ-સદાચાર કે સ્વભાવ તથા વિપરીત ભોગ આપનાર થાય છે; પરંતુ અત્યંત સૂકું હોય તે સંતાનરહિતપણું જણાવે છે. તેમ જ નીચેથી પુષ્ટ હોઈ શિરાઓથી રહિત, અત્યંત વિશાળ અને કરચલી તેમ જ હોય તે અલ્પ આયુષ બતાવે છે. જેનો મધ્યભાગ નાભિથી ઉપર હોય તે પણ અલ્પ આયુષને જણાવે છે. જેનું પેટ એક જ કરચલીવાળું હોય તે ધન આપનાર થાય છે; બે કરચલીઓવાળું હોય તે બુદ્ધિનો લાભ સૂચવે છે; ત્રણ કરચલીઓ-વાળું હોય તે સૌભાગ્યનું સૂચક છે અને ચાર કરચલીઓવાળું હોય તે પ્રજ્ઞા તથા આયુષની વૃદ્ધિ જણાવે છે. જેની નાભિ ઊંડી હોય, જમણી બાજુ કુંડાળું વળતી હોય, ઊંચી તથા રુવાંટી અને શિરાઓના આવર્તથી રહિત હોય તે વખણાય છે. જેની નાભિ ખાડા જેવા આકારવાળી અને ઊંચાઈ વિનાની હોય તે સુખ તથા દુઃખ બન્ને આપનારી થાય છે; પરંતુ જેની નાભિ વિષમ-ઉન્નત હોય તે અલ્પાયુષ જણાવે છે; જેની નાભિ અતિશય થોડા આકારવાળી હોય તે નિઃસંતાનપણું જણાવે છે. જેની નાભિ પોતાના સ્થાનમાં રહી ન હોય તે સંન્યાસ લેવડાવે છે; પરંતુ જેની નાભિ મોટી, ગંભીર તથા ઊંચી હોય તે અધિપતિપણું સૂચવે છે. આ નાભિ સંબંધે જે કંઈ ફળ દર્શાવ્યું છે તે જ ફળ ગુદા સંબંધે જાણવું. જેનાં બન્ને પડખાં ગોળ, માંસથી ભરાવદાર, લીસાં અને સુંવાળાં હોય તેમ જ રુવાંટાં તથા શિરાઓ વગરનાં હોય તે ઉત્તમ ગણાય છે; પરંતુ રુવાંટાં અને શિરાઓવાળાં હોય તો તે સંન્યાસ લેવડાવે છે. જેની પીઠ એકસરખી ઉપરના ભાગમાં વિશાળ તથા શિરાઓ અને રુવાંટાં વગરની હોય તેમ જ આવર્તથી પણ રહિત હોય તે વખણાય છે. જેની પીઠ વચ્ચેના ભાગમાં નીચાણવાળી હોય, તે લાંબા આયુષને સૂચવે છે; પરંતુ જેની પીઠ ખૂબ વાંકીચૂકી અને વળેલ હોય તે દુઃખ પામે છે. જેનું આયુષ ટૂંકું હોય તેનો વાંસો ખૂબ ટૂંકો હોય છે. જેનો વાંસો રુવાંટાંવાળો હોય તે મિત્રો વિનાનો તથા થોડાં સંતાનો-વાળો થાય છે. જેની બાંધ ઉપર રુવાંટાં હોય તે વેપારી, ભાર ઉપાડનાર, જુગારી અથવા રંગ ઉપર આજીવિકા ચલાવનાર થાય છે; જેના બન્ને શૂષ્ક હોય તે દરિદ્રી થાય; તેમ જ જેના બન્ને રુવાંટાંવાળા હોય અને સુકાયેલ પણ હોય તે બન્ને લક્ષણોવાળા માણસો લાંબા આયુષવાળા થાય અને કદાચ તે બન્ને સંન્યાસી પણ થાય. જેનો બન્ને સ્નિગ્ધ હોય તે ભોગવૃત અને છે અને જેનો બન્ને પુષ્ટ હોય તે ધનવાન થાય છે. જેનો બન્ને કઠિન હોય તે શૂરો થાય. જે પુરુષના બન્ને શિથિલ હોય અને ઊંચા હોય તે વખણાય છે. જે કન્યાઓના બન્ને નીચા ઝૂકી પડ્યા હોય તે પણ વખણાય છે; પરંતુ તેથી વિપરીત એટલે કે કન્યાઓ ઉન્નત બન્નેવાળી અને બાળક શિથિલ કે નીચે ઝૂકી પડેલ બન્નેવાળા હોય તો તેમના ગુણમાં તે નિમિત્તે ઊણપ ગણાય છે. જેની બે કાખ ઉન્નત, પહોળી, પુષ્ટ અને સારાં લક્ષણથી યુક્ત હોય તે વખણાય છે; પરંતુ એ લક્ષણથી વિપરીત હોય તે અધમ ગણાય છે. જે સ્ત્રીઓની બેય બગલો

પુષ્કળ વાળવાળી હોય તે અધમ ગણાય છે. જેના બન્ને બાહુ અનુક્રમે પુષ્ટ હોય; ગૂઢ હોય અને લાંબા હોઈ છેક ઢીંચણ સુધી પહોંચતા હોય તે વખણાય છે. જેનું આયુષ લાંબું હોય તેના બે બાહુ શિરાઓથી છવાયેલા હોય અને જેમના બન્ને બાહુ રુવાંટાંથી છવાયેલા હોય તેમને ઘણી પ્રજા થાય છે. જેના બાહુ શિરાથી રહિત હોય તેમને ત્યાં પ્રજા થતી નથી; તેમ જ જેના બન્ને બાહુ ત્રાંસી શિરાઓવાળા હોય તેઓ મુશ્કેલીએ જીવન ગાળે છે; ઘણા તલવાળા હોય તેમને સંન્યાસ લેવો પડે છે અને બાહુમાં મસાની નિશાનીઓ હોય તે કંજિયા કરે છે. પુરુષના હાથનાં બન્ને કાંડાં જાડાં હોય અને સ્ત્રીના હાથનાં બન્ને કાંડાં પાતળાં હોય તે ઉત્તમ ગણાય છે. સ્ત્રી કે પુરુષનાં બન્ને કાંડાની ઉપર જવની ત્રણ પંક્તિઓ ત્રુટક ન હોય તે ઉત્તમ ગણાય છે. તે ત્રણ પંક્તિઓમાંની પહેલી પંક્તિ ધન આપનારી થાય છે; બીજી પંક્તિ મુખ્ય ગણાય છે અને ત્રીજી પંક્તિ પ્રજા તથા આયુષને વધારનારી ગણાય છે. એ બધીયે પંક્તિઓ ત્રુટક ન હોય અને સ્નિગ્ધ હોય તથા સ્પષ્ટ તેમ જ ઊંડી હોય તો અધિપતિપણું પામે છે. કોઈ રાજર્ષિ હોય તેને હાથનાં કાંડાં ઉપર જવની ચાર પંક્તિઓ હોય છે. જે માણસના હાથના કાંડા પર જવની છ પંક્તિઓ હોય તો તે સો પુત્રોનો પિતા થાય છે; અને જેના હાથના કાંડા પર જવની સાત પંક્તિઓ હોય તે દેવોના સમૂહની જાતિમાંથી જન્મેલો સમજાય છે. એકંદરે જેના હાથના કાંડા પર એક પણ એકધારી, ત્રુટક ન હોય એવી જવની પંક્તિ હોય તો તે સુખકારક થાય છે. સ્ત્રીઓના વાળ ઘણા લાંબા તથા ઘણા ટૂંકા હોય તો તે નિંદિત ગણાય છે. કેશની ભૂમિ, વાળનાં મૂળ સ્નિગ્ધ, રાતા રંગનાં અને નિર્મળ મણરહિત હોય તો તે પ્રશંસાપાત્ર ગણાય છે. જે સ્ત્રીઓ કે પુરુષો મદોન્મત્ત હાથી, બળદ, સિંહ, વાઘ અને હંસના જેવી ચાલવાળાં હોય તે અધિપતિઓ થાય છે એટલે કે અમુક ધન આદિના સ્વામીપણાને પ્રાપ્ત કરે છે. જે સ્ત્રીઓ કે પુરુષોની ચાલ શાંત અથવા ખૂબ ધીમી હોય તેઓ પણ ધન્ય હોઈ ધનને લાયક અથવા ધન્યવાદપાત્ર થાય છે. જે સ્ત્રીઓ કે પુરુષો ચપળ ગતિવાળા હોય તેઓ ચંચળ સુખદુઃખને પામનાર થાય છે; પરંતુ જેઓ વાંકીચૂકી ગતિવાળાં હોય છે તેઓ અધન્ય હોઈ ધન આદિને પ્રાપ્ત કરવા યોગ્ય ગણાતાં નથી. જેઓ ઠોકરો ખાતા ચાલતા હોય અને શરીરે ચિરાયેલા હોય તેઓ અપ્રશસ્ત હોઈને વખણાયેલા નથી. વળી જેનું શરીર ઘણું ગૌરવર્ણું, ઘણું કાળું, ઘણું જ લાંબું, ખૂબ જ ટૂંકું, ખૂબ પાતળું, ખૂબ જાડું, અતિશય રુવાંટાંવાળું કે રુવાંટાં વિનાનું, ઘણું જ કોમળ તેમ જ ઘણું કઠણ હોય તે નિંદિત છે. તેમ જ જે બાળકોનો રોષ, રુદન, નિદ્રા, જાગવું, ક્રોધ, હર્ષ, મળમૂત્રનો ત્યાગ, આહાર આદિનું ગ્રહણ, પાચન, સ્થિરતા અને ગંભીરતા એ ગુણો યોગ્ય પ્રમાણમાં કે અધિક હોય તો તેઓ વખણાય છે.

વિવરણ : ચરકે શારીરસ્થાનના ૮ મા અધ્યાયમાં લાંબાં આયુષવાળાં બાળકોનાં લક્ષણો આમ લખ્યાં છે. तत्रेमान्यायुष्मतां कुमाराणां लक्षणानि भवन्ति। तद्यथा– एकैकजा मृदवोऽलकाः स्निग्धाः सुवद्धमूलाः कृष्णाः केशाः प्रशस्यन्ते, स्थिरा बहला त्वक्, प्रकृत्याकृतिसंपन्नमीषत्प्रमाणातिवृत्तमनुरूपमातपत्रोपमं शिरः; व्यूढं दृढं समं सुश्लिष्टशङ्खसन्ध्यूर्ध्वव्यञ्जनमुपचितं वलिनमर्धचन्द्राकृतिललाटं, बहली विपुलसमपीठौ समौ नीचैर्वृद्धौ पृथुतोऽवनतौ सुश्लिष्टकर्णपुत्रकौ महाच्छिद्रौ कर्णौ. ईषत्प्रलम्बिन्यावसङ्गते समे संहते महत्यौ भ्रुवौ, समे समाहितदर्शने व्यक्तभागविभागे बलवती तेजसोपपन्ने स्वङ्गपाङ्गे

चक्षुषी, ऋज्वी महोच्छ्वासा वंशसंपन्नेषदवनताग्रा नासिका, महद्द्वयुभयनिविष्टदन्तमास्यम्, आयामविस्तारोपपन्ना श्लक्ष्णा तन्वी प्रकृतिवर्णयुक्ता जिह्वा, श्लक्ष्णं युक्तोपचयमूष्मोपपन्नं रक्तं तालु, महानदीनः स्निग्धोऽनुनादी गम्भीरसमुत्थो धीरः स्वरः, नातिस्थूलौ नातिकृशावास्यप्रच्छादनौ रक्तावोष्ठौ, महत्यौ हनू, वृत्ता नातिमहती ग्रीवा, व्यूढमुपचितमुरः, गूढं जत्रु पृष्ठवंशश्च, विप्रकृष्टान्तरौ स्तनौ, अंसपातिनी स्थिरे पार्श्वे, वृत्तपरिपूर्णायतौ बाहू सक्थिनी अङ्गुल्यश्च, महदुपचितं पाणिपादं, स्थिरवृत्ताः स्निग्धारक्ताम्रास्तुङ्गाः कूर्माकाराः करजाः, प्रदक्षिणावर्ता सोत्सङ्गा च नाभिः, उरस्त्रिभागहीना समा समुपचितमांसा कटी, वृत्तौ स्थिरोपचितमांसौ नात्युन्नतौ नात्यवनतौ श्फिचौ, अनुपूर्ववृत्तावुपचययुक्तावूरू, नात्युपचिते नात्यपचिते एणीपदे, प्रगूढसिरास्थिस्नन्धौ जङ्घे, नात्युपचितौ नात्यपचितौ गुल्फौ पूर्वोद्दिष्टगुणौ पादौ कूर्माकारौ, प्रकृतियुक्तानि वातमूत्रपुरीषाणि तथा स्वप्नजागरणायासस्मितरुदितस्तनग्रहणानि यच्च किंचिदन्यदप्यनुक्तमस्ति तदपि सर्वं प्रकृतियुक्तमिष्टं, विपरीतं पुनरनिष्टम्, इति दीर्घायुर्लक्षणानि ॥ બાળકનું નામ પાડ્યા પછી તેના આયુષનું માપ જાણવા માટે તે બાળકની પરીક્ષાની શરૂઆત કરવી. તેમાં લાંબું આયુષ ધરાવતાં બાળકોનાં આ નીચે કહેવાતાં લક્ષણો હોય છે: જે બાળકના વાળ પ્રત્યેક અલગ અલગ મૂળવાળા, ટૂંકમળ, ઓછા, સ્નિગ્ધ કે ચળકતા હોય, અતિશય બાંધેલ મૂળવાળા અને કાળા હોય તે સારા ગણાય છે. જેની ચામડી સ્થિર તથા ખૂબ ઘાટી અને જાડી હોય (તેમ જ સ્નિગ્ધ ચળકતી હોય) તે સારી ગણાય છે જેનું મસ્તક સ્વાભાવિક પ્રમાણથી કંઈક અધિક માપવાળું હોય છતાં શરીરને યોગ્ય હોઈ છત્રની ઉપમાવાળું હોય; જેનું લલાટ વિશાળ, દૃઢ, એકસરખું, સારી રીતે વળેલી લમણાંની સંધિઓવાળું, ઊર્ધ્વરેખારૂપ ચિહ્નવાળું, ચારે બાજુ પુષ્ટ, કરચલીઓવાળું તથા અર્ધચંદ્રાકાર હોય; જેના બન્ને કાન જાડા, વિશાળ, એક સરખી પીઠવાળા (એટલે કે જ્યાં કાનનો સંયોગ હોય છે તે વિશાળ અને એક સરખો હોય) અને તે કાન પાછળના ભાગમાં નીચા નમેલા, સારી રીતે બંધ બેસતા કાનનાં બૂટિયાંવાળા અને મોટા છિદ્રવાળા હોય; જેની બન્ને ભ્રમર કંઈક લાંબી, એકબીજી સાથે નહિ મળેલી, એક સરખી, ઘાટી રુંછાડથી યુક્ત તથા મોટી હોય; જેનાં નેત્રો એક સરખાં હોઈ સરખી રીતે જોનારાં, સારી રીતે સ્થપાયેલાં, નમેલાં તથા સ્થિરપણે જોનારાં હોય; વળી એ નેત્રોનો કાળોધોળો ભાગ બરાબર સ્પષ્ટ હોય, બળવાન હોય, તેજથી યુક્ત અને સુંદર પોપચાં તથા અપાંગ-કટાક્ષ કે ખૂણાઓથી યુક્ત હોય; જેની નાસિકા સીધી, લાંબા શ્વાસ લેનારી, ઊંચી દાંડીવાળી અને કંઈક નીચા નમેલ અગ્રભાગવાળી હોય; જેનું મોઢું મોટું, સીધું તથા સારી રીતે બેઠ એવા દાંતની પંક્તિવાળું હોય; જેની જીભ યોગ્ય લંબાઈ તથા વિસ્તારથી યુક્ત, લીસી, સુંવાળી, ચીકાશયુક્ત અને પાતળી હોય; તેમ જ પ્રકૃતિયુક્ત એટલે સ્વાભાવિક ધોળાશથી યુક્ત રતાશવાળી હોય; જેનું તાળવું પણ સ્વાભાવિક સુંવાળું, યોગ્ય પુષ્ટતાવાળું, ઉષ્ણ તથા રતાશવાળું હોય; જેનો સ્વર મોટો, દીનતારહિત, સ્નિગ્ધ, પડઘો પડે એવો, ગંભીર, નાભિપ્રદેશમાંથી ઉત્પન્ન થનાર તથા ધીર હોય; જેના બે હોઠ જાડા ન હોય; તેમ જ ઘણા પાતળા પણ ન હોય, મોઢાને બરાબર ઢાંકી દે તેવા અને લાલ રંગના હોય; વળી જેની હડપચી મોટી હોય, જેની ડોક ગોળ તથા અતિશય વિશાળ ન હોય, જેની છાતી અતિશય વિશાળ તથા પુષ્ટ હોય; જેની છાતી તથા ગળાની સંધિ-હાંસડી ગૂઢ હોય એટલે બહાર દેખાતી ન હોય; તેમ જ જેનો મેરુદંડ અથવા પીઠની દાંડી પણ ગૂઢ હોઈ બહાર દેખાતી ન હોય; જેનાં બન્ને સ્તન વચ્ચે ઘણું અંતર હોય, જેનાં પડખાં બાહુની નીચે ગયેલાં હોઈને સ્થિર હોય, બન્ને બાહુ ગોળ, ભરાવદાર અને લાંબા હોય; જેના હાથપગ મોટા અને ખૂબ ભરાવદાર હોય; જેના નખ સ્થિર, ગોળ, ચળકતા, લાલ, ઊંચા તથા કાચબાના જેવા ઉન્નત હોય; જેની નાભિ જમણી તરફ વળાંકવાળી હોઈ કે વચ્ચેના ભાગમાં ઊંડી હોય, જેની કેડ છાતીના માપ કરતાં ત્રીજા ભાગે ઓછી હોય; (એટલે કે પુરષની છાતીનું

માપ પોતાના ૨૪ આંગળ માપનું હોય, તેમાં ત્રીજે ભાગ એટલે ૧૬ આંગળ માપની પુરુષની કેડ હોવી જોઈએ;) તેમ જ એ કેડ એક સરખી હોઈ માંસથી ભરાવદાર પણ હોવી જોઈએ; જેના બન્ને કૂલા ગોળાકાર, સ્થિર, માંસથી ભરાવદાર, અતિશય ઊંચા કે નીચા પણ ન હોય; જેની બે સાથળો અનુક્રમે ગોળ અને માંસથી ભરાવદાર હોય; જેની જાંઘો એટલે પગની પિંડીઓ ઘણી ભરાવદાર ન હોય તેમ જ અતિશય પાતળી પણ ન હોય એટલે કે તે જાંઘાઓ મૃગલીની જાંઘા જેવી હોઈને અતિશય ગૂઢ શિરાઓ તથા હાડકાંના સાંધાવાળી હોય; જેના બે પગની ઘૂંટીઓ પણ અતિશય ભરાવદાર ન હોય અને અતિશય પાતળી પણ ન હોય; જેના બે પગ પહેલાં કહેલા વર્ણનથી યુક્ત હોઈ કાચબાના જેવા આકારના હોય; જેના અધોવાત, મૂત્ર, વિષ્ઠા, મુખચિહ્ન તથા મૂવું–જમવું, પરિશ્રમ, મંદહાસ્ય, રડવું તથા ધાવવું એ બધી ક્રિયાઓ સ્વાભાવિક હોય એ ઉત્તમ ગણાય છે; પણ એથી જે વિપરીત હોય તો અધમ ગણાય છે. એમ દીર્ઘ આયુષનાં લક્ષણો અહીં કહ્યાં છે. એ જ પ્રમાણે સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૩૫ મા અધ્યાયમાં બાળકોનાં દીર્ઘ આયુષનાં, મધ્યમ આયુષનાં તથા અલ્પ આયુષનાં લક્ષણો આમ કહ્યાં છે: 'गूढसन्धिसिरास्नायुः संहताङ्गः स्थिरेन्द्रियः । उत्तरोत्तरसुक्षेत्रो यः स दीर्घायुरुच्यते ॥ गर्भात्प्रभृत्यरोगो यः शनैः समुपचीयते । शरीरज्ञानविज्ञानैः स दीर्घायुः समाश्रतः ॥ मध्यमस्यायुषो ज्ञानमत ऊर्ध्वं निबोध मे । अधस्तादक्षबोर्यस्य लेखाः स्युर्व्यक्तमायताः ॥ द्वे वा तिस्रोऽधिका वाऽपि पादौ कर्णौ च मांसलौ । नासाग्रमूर्ध्वं च भवेदूर्ध्वं लेखाश्च पृष्ठतः ॥ यस्य स्युस्तस्य परममायुर्भवति सप्ततिः ॥ यजन्यस्यायुषो ज्ञानमत ऊर्ध्वं निबोध मे । ह्रस्वानि यस्य पर्वाणि मुष्कहच्चापि मेहनम् ॥ तथोरस्यवलीढानि न च स्यात्पृष्ठमायतम् । ऊर्ध्वं च श्रवणौ स्थानान्नासा चोच्चा शरीरिणः ॥ हसतो जल्पतो वाऽपि दन्तमांसं प्रदृश्यते । प्रेक्षते यश्च विभ्रान्तं स जीवेत्पञ्चविंशतिम् ॥ જેના સાંધા, સિરાઓ તથા સ્નાયુઓ માંસથી ઢંકાયેલ હોઈ બહાર દેખાતા ન હોય, જેનું અંગ મજબૂત હોય, જેની ઇંદ્રિયો સ્થિર હોય અને જેનું શરીર ઉત્તરોત્તર સુંદર હોય, તે માણસ લાંબા આયુષવાળો કહેવાય છે. જે માણસ ગર્ભથી માંડી નીરોગી હોય, શરીરથી, જ્ઞાનથી અને વિજ્ઞાનથી જે ધીમે ધીમે પુષ્ટ થતો હોય તે ટૂંકમાં દીર્ઘાયુષ કહેવાય છે. પરંતુ હવે જે માણસનું આયુષ મધ્યમ હોય તેનું જ્ઞાન તમે મારી પાસેથી સાંભળોઃ જે માણસનાં અક્ષક નામનાં બે અસ્થિઓની નીચે લાંબી બે, ત્રણ કે તેથી અધિક સ્પષ્ટ રેખાઓ હોય, જેના બે પગ અને કાન માંસથી પુષ્ટ હોય, જેની નાસિકાનો અગ્રભાગ ઊંચો હોય અને પીઠના ભાગમાં ઊંચી ઊભી રેખાઓ હોય; તેનું વધારેમાં વધારે આયુષ ૭૦ વર્ષનું હોય છે. હવે જે માણસનું આયુષ ઓછું હોય તેનું જ્ઞાન તમે મારી પાસેથી સાંભળોઃ જે માણસની આંગળીઓના વેઢા ટૂંકા હોય, પુરુષચિહ્ન અતિશય મોટું હોય, જેની છાતીમાં આડાંઅવળાં રુવાંટાંના ચકરડાં હોય, જેની પીઠ વિશાળ ન હોય, જેના બે કાન તથા નાક તેમના સ્થાનથી ઊંચા હોય અને જે માણસ જ્યારે હસે, તથા વાતચીત કરે ત્યારે જેના દાંતનાં પેઢાં બહાર દેખાય છે અને જે ચકરવકર જોયા કરે છે, તે માણસ (વધુમાં વધુ) પચીસ વર્ષ સુધી જીવે છે. ૬

આ વિષયમાં અહીં નીચેના શ્લોકો મળે છે:

यथा वक्त्रं तथा वृत्तं यथा चक्षुस्तथा मनः ।
यथा स्वरस्तथा सारो यथा रूपं तथा गुणाः ॥१

માણસનું જેવું મોઢું હોય તેવું તેનું વર્તન કે ચરિત્ર જણાય છે. માણસનાં જેવાં નેત્રો હોય તેવું તેનું મન હોય છે એટલે માણસના નેત્રના ભાવો કે ચેષ્ટાઓ ઉપરથી તેનું મન જાણી શકાય છે. માણસનો જેવો અવાજ હોય તેવું તેનું માનસિક બળ જણાય છે અને માણસનું જેવું રૂપ હોય તે ઉપરથી તેના ગુણો જાણી શકાય છે.

વિવરણ: આ સંબંધે બીજા સ્થળે પણ

કહેવાયું છે કે-'आकारैरिङ्गितैर्गत्या चेष्टया भाषणेन च। नेत्रवक्त्रविकारैश्च लक्ष्यतेऽन्तर्गतं मनः॥' માણસના બહારના આકાર, અંદરની ચેષ્ટાઓ, અવરજવર, બહારની ચેષ્ટા, ભાષણ કે બોલવું અને મોઢાના તથા આંખના વિકારો ઉપરથી તેના મનનો ભાવ જાણી શકાય છે. ૧

સત્ત્વના ત્રણ ભેદો

त्रिविधं सत्त्वमुद्दिष्टं कल्याणक्रोधमोहजम्।
श्रेष्ठमध्याधमत्वं च तेषां प्रोक्तं यथाक्रमम्॥२॥

માણસોનું સત્ત્વ એટલે કે માનસિક અભિપ્રાય ત્રણ પ્રકારના હોય છે; એક તો કલ્યાણ-સૌમ્યપણાથી ઉત્પન્ન થાય છે; બીજું ક્રોધથી ઉત્પન્ન થાય છે અને ત્રીજું મોહથી ઉત્પન્ન થાય છે. અનુક્રમે તેમાંના કલ્યાણથી થતા સત્ત્વને શ્રેષ્ઠ, ક્રોધથી થતા સત્ત્વને મધ્યમ અને મોહથી થતા સત્ત્વને અધમ કહ્યું છે. ૨

વિવરણ: આ સંબંધે ચરકે પણ શારીરસ્થાનના ૪થા અધ્યાયમાં કહ્યું છે કે, 'त्रिविधं खलु सत्त्वं शुद्धं राजसं तामसमिति। तत्र शुद्धमदोषमाख्यातं कल्याणांशत्वात्, राजसं सदोषमाख्यातं रोषांशत्वात्, तथा तामसमपि सदोषमाख्यातं मोहांशत्वात्॥' માણસોનું સત્ત્વ ત્રણ પ્રકારનું હોય છે. એક શુદ્ધ સત્ત્વ, બીજું રાજસ સત્ત્વ અને ત્રીજું તામસ સત્ત્વ હોય છે. તેમાંનું શુદ્ધ સત્ત્વ નિર્દોષ કહેલું છે; કેમ કે તે કલ્યાણના અંશરૂપ હોય છે; બીજું રાજસ સત્ત્વ દોષયુક્ત કહ્યું છે કેમ કે તે ક્રોધના અંશરૂપ હોય છે, અને ત્રીજું તામસ સત્ત્વ પણ દોષયુક્ત જ કહેલું છે કેમ કે તે મોહના અંશરૂપ હોય છે. ૨

આ ત્રણ સત્ત્વના પ્રત્યેકના વધુ ભેદો
अष्ट सप्त त्रिधा चैषां क्रमाद्भेदः प्रवक्ष्यते।
सत्त्वानां, सत्त्वविज्ञानं हितमौषधकल्पने॥ ३॥

ઉપર જણાવેલ ત્રણ પ્રકારના સત્ત્વને પણ અનુક્રમે આઠ, સાત તથા ત્રણ પ્રકારનું કહેવામાં આવશે; માણસોના એ સત્ત્વનું વિશેષ જ્ઞાન ઔષધકલ્પનામાં હિતકારી થાય છે. ૩

બ્રાહ્મસત્ત્વનું લક્ષણ

तपःसत्यदयाशौचदानशीलरतं समम्।
ज्ञानविज्ञानसंपन्नं ब्राह्मं विद्याज्जितेन्द्रियम्॥ ४॥

જે શુદ્ધ સત્ત્વ તપ, સત્ય, દયા, શૌચ-બાહ્ય-અભ્યંતર પવિત્રતા, દાન તથા શીલ-સદ્વર્તનમાં આસક્ત હોય; તેમ જ 'સમ' હોઈ પ્રાણીમાત્ર તરફ સમાન ભાવથી યુક્ત હોય અને જ્ઞાન તથા વિજ્ઞાનથી યુક્ત હોય તેમ જ જિતેંદ્રિય હોય, તે શુદ્ધ સત્ત્વને 'બ્રાહ્મસત્ત્વ' કહેવામાં આવે છે. ૪

વિવરણ: આ સંબંધે ચરકે પણ શારીરના ૪થા અધ્યાયમાં કહ્યું છે કે, 'शुचिं सत्याभिसन्धं जितात्मानं संविभागिनं ज्ञानविज्ञानवचनप्रतिवचनशक्तिसम्पन्नं स्मृतिमन्तं कामक्रोधलोभमानमोहेर्ष्याहर्षामर्षापेतं समं सर्वभूतेषु ब्राह्मं विद्यात्॥'-જે માણસ પવિત્ર, સત્ય પ્રતિજ્ઞાવાળો, જિતાત્મા કે જિતેંદ્રિય, પોતાની સંપત્તિનો વિભાગ કરી આપવાનો સ્વભાવ ધરાવનાર; જ્ઞાન-વિજ્ઞાન, વચન-બોલવું તથા પ્રતિવચન એટલે કે પ્રશ્નોના પ્રત્યુત્તર આપવાની શક્તિથી યુક્ત, સ્મરણશક્તિથી યુક્ત, અને કામ, ક્રોધ, લોભ, માન, મોહ, ઈર્ષ્યા, હર્ષ તથા અસહિષ્ણુતાથી રહિત હોય અને સર્વ પ્રાણીઓ વિષે સમભાવથી યુક્ત હોય તેને 'બ્રાહ્મ' સત્ત્વથી યુક્ત જાણવો. એ જ પ્રમાણે સુશ્રુતે પણ શારીરસ્થાનના ૪થા અધ્યાયમાં કહ્યું છે કે, 'शौचमास्तिक्यमभ्यासो वेदेषु गुरुपूजनम्। प्रियातिथित्वमिज्या च ब्रह्मकायस्य लक्षणम्॥'-જે માણસમાં શૌચ એટલે બાહ્ય-આભ્યન્તર પવિત્રતા હોય, આસ્તિકપણું હોય, વેદો વિષેનો અભ્યાસ હોય, વડીલો તથા પૂજ્ય વ્યક્તિઓ વિષેનો પૂજ્યભાવ હોય, અતિથિઓ ઉપર પ્રેમ હોય અને યજ્ઞ-યાગ આદિ તથા ઈશ્વરપૂજન કરવા જે તત્પર રહેતો હોય તે બ્રહ્મકાય એટલે બ્રહ્મસત્ત્વયુક્ત શરીરવાળાનું લક્ષણ જાણવું. ૪

પ્રાજાપત્ય સત્ત્વનું લક્ષણ

प्रजावन्तं क्रियावन्तं धर्मशीलं जगत्प्रियम्।
अनीर्ष्यमशठं प्राज्ञः प्राजापत्यं वदेच्छुचिम्॥५॥

જે માણસ ઘણી પ્રજાવાળો હોય, યજ્ઞયાગાદિ

ક્રિયાઓ કરવામાં તત્પર રહેતો હોય, ધર્મશીલ હોઈ ધર્માચરણ કરવાનો સ્વભાવ ધરાવતો હોય, આખાય જગતને પ્રિય થયો હોય, ઈર્ષ્યાથી રહિત હોય, શઠતા વગરનો હોય મહાબુદ્ધિમાન હોય અને બાહ્ય–આભ્યંતર પવિત્રતાથી યુક્ત હોય તેને 'પ્રાજાપત્ય' નામના શુદ્ધ સત્ત્વથી યુક્ત કહેવો. ૫

આર્ષસત્ત્વનું લક્ષણ

शौचव्रतेज्याध्ययनब्रह्मचर्यदयापरम्।
जितमानमदक्रोधं वक्तारं चार्षमादिशेत्॥ ६॥

જે માણસ શૌચ એટલે બાહ્ય આભ્યંતર પવિત્રતા, વ્રતો, યજ્ઞયાગાદિ ક્રિયાઓ, અધ્યયન, બ્રહ્મચર્ય તથા દયા પાળવામાં તત્પર રહેતો હોય; માન, મદ તથા ક્રોધને જેણે જીત્યા હોય અને જે ઉત્તમ વક્તા હોય તેને 'આર્ષ' નામના શુદ્ધ સત્ત્વથી યુક્ત કહેવો. ૬

વિવરણ : આ સંબંધે ચરકે પણ શારીરસ્થાનના ૪થા અધ્યાયમાં કહ્યું છે કે, 'इज्याध्ययनव्रतहोमब्रह्मचर्यपरमतिथिव्रतमुपशान्तमदमानरागद्वेषमोहलोभरोषं प्रतिभावचनविज्ञानोपधारणशक्तिसम्पन्नमार्षं विद्यात्।'–જે માણસ યજ્ઞયાગાદિ ક્રિયાઓ કરનાર અને વેદાધ્યયન, વ્રત, હોમ તથા બ્રહ્મચર્ય પાળવામાં પરાયણ, અતિથિસત્કાર કરવાનું વ્રત ધારણ કરનાર, જેના મદ, માન, રાગ, દ્વેષ, મોહ, લોભ તથા રોષ ગયાં હોય, જે પ્રતિભા નામની બુદ્ધિની શક્તિથી યુક્ત અને વિજ્ઞાનશક્તિ તથા મેધા નામની બુદ્ધિની શક્તિથી યુક્ત હોય તેને આર્ષસત્ત્વ કે ઋષિસંબંધી શુદ્ધસત્ત્વથી યુક્ત જાણવો. સુશ્રુતે પણ શારીરના ૪થા અધ્યાયમાં આ ઋષિસત્ત્વનું લક્ષણ આમ કહ્યું છે: 'जपव्रतब्रह्मचर्यहोमाध्ययनसेविनम्। ज्ञानविज्ञानसम्पन्नमृषिसत्त्वं नरं विदुः॥' જે માણસ તપ, વ્રતો, બ્રહ્મચર્ય, હોમ તથા અધ્યયનનું સેવન કરતો હોય અને જ્ઞાન તથા વિજ્ઞાનથી યુક્ત હોય તેને ઋષિસત્ત્વથી યુક્ત જાણવો. ૬

ઐંદ્રસત્ત્વનું લક્ષણ

त्रिवर्गनित्यं विद्वांसं शूरमक्लिष्टकारिणम्।
प्राहुरैन्द्रं महाभागमधिष्ठातारमीश्वरम्॥ ७॥

જે માણસ ધર્મ, અર્થ અને કામને પ્રાપ્ત કરવા કાયમ તત્પર રહેતો હોય; વિદ્વાન અને શૂરો હોય; ઉત્તમ કર્મો કરવાના સ્વભાવવાળો હોય તેમ જ મહાન ભાગ્યશાળી હોઈ અધિષ્ઠાતાથી યુક્ત તથા ઐશ્વર્યવાન હોય, તે માણસને 'ઐંદ્ર' નામના શુદ્ધ સત્ત્વથી યુક્ત જાણવો. ૭

વિવરણ : ચરકે પણ શારીરના ૪થા અધ્યાયમાં આ ઐન્દ્રસત્ત્વને આમ કહ્યું છે કે, 'ऐश्वर्यवन्तमादेयवाक्यं यज्वानं शूरमोजस्विनं तेजसोपेतमक्लिष्टकर्माणं दीर्घदर्शिनं धर्मार्थकामाभिरतमैन्द्रं विद्यात्। જે માણસ ઐશ્વર્યવાન, સૌને ગ્રહણ કરવા યોગ્ય વાક્યવાળો, યજ્ઞયાગ કર્યા કરનારો, શૂરો, ઓજસ્વી, તેજથી યુક્ત, ઉત્તમ કર્મ કરવાના સ્વભાવવાળો, ભવિષ્યના લાંબા સમય સુધીના ભાવીને જોઈ શકે તેવો અને ધર્મ, અર્થ તથા કામ સંપાદન કરવામાં જે સંપૂર્ણ પ્રેમ ધરાવતો હોય તેને 'ઐન્દ્ર' નામના શુદ્ધ સત્ત્વથી યુક્ત જાણવો. સુશ્રુતે પણ શારીરના ૪થા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે– 'माहात्म्यं शौर्यमाज्ञा च सततं शास्त्रबुद्धिता। भृत्यानां भरणं चापि माहेन्द्रं कायलक्षणम्॥'–મહાત્માપણું, શૂરાપણું, આજ્ઞા કરવાનું સામર્થ્ય, નિરંતર શાસ્ત્રનું જ્ઞાન અને ભરણ–પોષણ કરવા યોગ્ય લોકોનું ભરણ–પોષણ પણ કરે, એ 'માહેન્દ્ર' નામના શુદ્ધ સત્ત્વનું લક્ષણ જાણવું. ૭

યામ્યસત્ત્વનું લક્ષણ

त्यक्तदम्भभयक्रोधं प्राप्तकारिणमीश्वरम्।
समं मित्रे च शत्रौ च याम्यं विद्यात् सुनिश्चितम्॥ ८॥

જેણે દંભ, ભય તથા ક્રોધ ત્યજ્યા હોય, યોગ્ય સમયે જે કાર્ય કરવાનું પ્રાપ્ત થાય તે કર્યા કરવાનો જેનો સ્વભાવ હોય, જે સર્વ કાર્ય કરવાને સમર્થ હોય અને જે મિત્ર તથા શત્રુ તરફ પણ સમાનભાવ રાખતો હોય તેને ખરેખર 'યામ્ય' નામના પાંચમા શુદ્ધ સત્ત્વથી યુક્ત જાણવો. ૮

વિવરણ : ચરકે પણ શારીરના ૪થા અધ્યાયમાં આ સંબંધે આમ લખ્યું છે કે–'लेखास्यवृत्त प्राप्तकारिणमसंप्रहार्यमुत्थानवन्तं स्मृतिमन्तमैश्वर्यालम्बिनं व्यगतरागद्वेषमोहं याम्यं विद्यात्। જેનું વર્તન યોગ્ય મર્યાદામાં રહેલું હોય, પ્રાપ્ત થયેલ કર્તવ્યને કરે એવો જેનો સ્વભાવ હોય, કોઈપણ વસ્તુનો સંચય કરવાનો જેનો સ્વભાવ ન હોય અથવા જેને પ્રહાર કરવો શક્ય ન હોય; જે હરકોઈ કાર્ય કરવા ઉત્સાહથી તૈયાર હોય; જે સ્મરણશક્તિથી યુક્ત હોય, ઐશ્વર્યનો આશ્રય કરનાર હોય અને જેનો રાગ, દ્વેષ, ઈર્ષ્યા તથા મોહ ગયા હોય એવા માણસને 'યામ્ય' નામના શુદ્ધ સત્ત્વથી યુક્ત જાણવો. સુશ્રુતે પણ શારીરના ૪થા અધ્યાયમાં આ યામ્ય સત્ત્વ આમ કહ્યું છે કે 'प्राप्तकारी दृढोत्थानो निर्भयः स्मृतिमान् शुचिः। रागमोहमदद्वेषैर्वर्जितो याम्यसत्त्ववान्॥'–જે માણસ આવી પડેલાં કાર્યો કરવાના સ્વભાવવાળો હોય, દૃઢ ઉત્સાહશક્તિવાળો હોય, નિર્ભય તથા સ્મરણશક્તિથી યુક્ત હોય, પવિત્ર તથા રાગ, મોહ, મદ અને દ્વેષ વગરનો હોય તેને યમદેવ સંબંધી યામ્ય સત્ત્વથી યુક્ત જાણવો. ૮

વારુણસત્ત્વનું લક્ષણ

अशुचिविशुचिः शूरः शीघ्रक्रोधप्रसादवान्।
पुण्यशीलो महाभागो वारुणो वरुणप्रियः॥ ९॥

જે માણસ અમુક અંશે અપવિત્ર હોય છતાં અમુક અંશે વિશેષ પવિત્ર પણ હોય; શૂરો હોય તેમ જ જલદી ક્રોધ કરનાર તથા જલદી પ્રસન્ન થનાર કે કૃપા કરનાર પણ હોય; પુણ્ય કરવાના સ્વભાવવાળો તથા શીલવાન પણ હોય અને મહાન ભાગ્યશાળી હોઈ વરુણદેવને પ્રિય પણ હોય તેને 'વારુણ' નામના શુદ્ધ સત્ત્વથી યુક્ત જાણવો. ૯

વિવરણ : ચરકે પણ શારીરના ૪થા અધ્યાયમાં આ સંબંધે કહ્યું છે કે–'शूरं धीरं शुचिमशुचिद्वेषिणं यज्वानमम्भोविहाररतिमक्लिष्टकर्माणं स्थानकोपप्रसाद वारुणं विद्यात्।'–જે માણસ શૂરો, ધીર, પવિત્ર, અપવિત્રતાનો દ્વેષ કરનાર, યજ્ઞ કરવાના સ્વભાવવાળો, જળમાં વિહાર કરવા ઉપર પ્રેમ ધરાવનાર, ક્લેશ વિનાનાં ઉત્તમ કર્મો કરનાર અને યોગ્ય રથાને ક્રોધ કરનાર તથા પ્રસન્ન થનાર હોય તેને 'વારુણ' સત્ત્વથી યુક્ત જાણવો. સુશ્રુતે પણ શારીરના ૪થા અધ્યાયમાં આ વારુણકાયનું લક્ષણ આમ કહ્યું છે–' शीतसेवा सहिष्णुत्वं पिङ्गल्यं परिकेशता। प्रियवादित्वमित्येतद्वारुणं कायलक्षणम्॥ શીતળતાનું સેવન, સહનશીલતા, પિંગળાં નેત્રો, પિંગળા વાળ અને પ્રિય બોલવું–એટલાં વારુણકાય–એટલે કે વારુણસત્ત્વથી યુક્ત માણસનાં લક્ષણો જાણવાં. ૯

કૌબેરસત્ત્વનું લક્ષણ

स्थानमानपरीचारधर्मकामार्थलोभिनम्।
क्रोधप्रसादफलदं कौबेरं प्राहुरूर्जितम्॥ १०॥

જે માણસ સ્થાન, માન, આદરભાવ, સેવા, ધર્મ, કામ તથા ધનનો લોભી હોય અને ક્રોધ તથા પ્રસન્નતાનું ફળ આપી શકતો હોય અને શરીર તથા મનથી જે બળવાન હોય તેને વિદ્વાનો 'કૌબેર' નામના શુદ્ધ સત્ત્વના ભેદથી યુક્ત જાણવો. ૧૦

વિવરણ : ચરકે પણ શારીરસ્થાનના ૪થા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે–'स्थानमानोपभोगपरिवारसम्पन्नं सुखविहारं धर्मार्थकामनित्यं शुचिं व्यक्तकोपप्रसादं कौबेरं विद्यात्॥' જે માણસ સ્થાન, માન ઉપભોગ તથા પરિવારથી યુક્ત હોય, સુખપૂર્વક વ્યવહાર કરનાર, ધર્મ, અર્થ અને કામના સેવનમાં કાયમ તત્પર રહેનાર, પવિત્ર અને જેનો ક્રોધ તથા પ્રસન્નતા સ્પષ્ટ હોય એવાને 'કૌબેર' નામના શુદ્ધ સત્ત્વથી યુક્ત જાણવો. સુશ્રુતે પણ શારીરના ૪થા અધ્યાયમાં આ કૌબેરસત્ત્વયુક્ત શરીરધારીનું આવું લક્ષણ કહ્યું છે કે, 'मध्यस्थाता सहिष्णुत्वमर्थरयागमसंचयौ। महाप्रसवशक्तित्वं कौबेरं कायलक्षणम्॥ જે માણસ બધી બાબતોમાં મધ્યસ્થપણું કે તટસ્થભાવ જાળવતો હોય, જેનામાં સહનશીલતા હોય, ધનની આવક તથા સંગ્રહને જે કરી જાણતો હોય અને જેનામાં પ્રજા ઉત્પન્ન કરવાની મોટી શક્તિ હોય તેને કૌબેરસત્ત્વયુક્ત શરીરના લક્ષણોવાળો જાણવો.' ૧૦

ગાન્ધર્વ સત્ત્વનું લક્ષણ

શ્લોકાખ્યાનેતિહાસજ્ઞં ગન્ધમાલ્યામ્બરપ્રિયમ્ ।
નૃત્તગીતોપહાસજ્ઞં ગાન્ધર્વં સુભગં વિદુઃ ॥ ૧૧ ॥

જે માણસ શ્લોકો, આખ્યાનો તથા ઇતિહાસને જાણતો હોય, જેને ચંદન, પુષ્પમાળા તથા ઉત્તમ વસ્ત્રો પ્રિય હોય અને નૃત્ય, ગીત તથા ઉપહાસ પણ જે કરી જાણતો હોય તેને વૈદ્યો શુદ્ધ સત્ત્વના ભેદ ગાન્ધર્વસત્ત્વથી યુક્ત ઉત્તમ ભાગ્યવાન જાણે છે. ૧૧

વિવરણ : આ સંબંધે ચરકે પણ શારીરસ્થાનના ૪ થા અધ્યાયમાં કહ્યું છે કે, 'પ્રિયનૃત્યગીતવાદિત્રોલ્લાપકં શ્લોકાખ્યાયિકેતિહાસપુરાણેષુ કુશલં ગન્ધમાલ્યાનુલેપનવસનસ્ત્રીવિહારનિત્યમનસૂયકં ગાન્ધર્વં વિદ્યાત્ ॥'–જેને નૃત્ય, ગીત અને વાદિત્રના ઉલ્લાપો–સ્તોત્રો પ્રિય હોય; શ્લોકો, આખ્યાયિકા, ઇતિહાસો તથા પુરાણોમાં જે કુશળ હોય; ચંદન, પુષ્પમાળા, વિલેપન, વસ્ત્રો તથા સ્ત્રીઓ સાથેના વિહારો જેને કાયમ ગમતા હોય; અને જેને અસૂયા એટલે કે પારકા ગુણો તરફ દોષો પ્રકટ કરવા ગમતા ન હોય તે માણસને શુદ્ધ સત્ત્વના આઠમા ભેદ ગાન્ધર્વસત્ત્વથી યુક્ત જાણવો. સુશ્રુતે પણ શારીરના ૪ થા અધ્યાયમાં આ ગાન્ધર્વકાયનું આવું લક્ષણ કહ્યું છે: 'ગન્ધમાલ્યપ્રિયત્વં ચ નૃત્યવાદિત્રકામિતા। વિહારશીલતા ચૈવ ગાન્ધર્વે કાયલક્ષણમ્ ॥' જેને ચંદન તથા પુષ્પમાલા પ્રિય હોય તેમ જ નૃત્ય અને વાદિત્રોની ઇચ્છા જેને થયા જ કરતી હોય અને વિહાર કરવાનો જેનો સ્વભાવ હોય તેને ગાન્ધર્વસત્ત્વથી યુક્ત જાણવો.

બીજા પણ શુભ ને સાત્ત્વિક ભાવો જાણવા
યે ચાન્યેઽપિ શુભા ભાવાઃ શુદ્ધાસ્તે ચાપિ સાત્ત્વિકાઃ । પતત્ કલ્યાણભૂયિષ્ઠં શુદ્ધં સત્ત્વમિહાષ્ટધા ॥ ૧૨ ॥

ઉપર જે સાત્ત્વિક ભાવો કહ્યા તે સિવાયના બીજા શુભ તથા શુદ્ધ ભાવોને પણ સાત્ત્વિક જાણવા; પણ જેમાં ઘણું જ કલ્યાણ હોય છે તેવું આઠ પ્રકારનું શુદ્ધસત્ત્વ અમે અહીં કહ્યું છે.

વિવરણ : ચરકમાં તથા સુશ્રુતમાં શુદ્ધ સત્ત્વના ૭ ભેદો કહ્યા છે; જ્યારે અહીં 'પ્રાજાપત્ય' સત્ત્વને વધુ જણાવી શુદ્ધ સત્ત્વના આઠ ભેદો કહ્યા છે. ચરક આ શુદ્ધ સત્ત્વને આમ સાત પ્રકારનું કહી બતાવે છે: 'ઇત્યેવં શુદ્ધસ્ય સત્ત્વસ્ય સપ્તવિધં ભેદાંશં વિદ્યાત્ કલ્યાણાંશત્વાત્, સંયોગાત્તુ બ્રાહ્મમત્યન્તશુદ્ધં વ્યવસ્યેત્ ॥'–એમ શુદ્ધ સત્ત્વના સાત પ્રકારોરૂપ ભેદોના અંશો જાણવા; કેમ કે તેમાં કલ્યાણના અંશો રહેલા હોય છે; પરંતુ તે બધાંવનો સંયોગ બ્રાહ્મસત્ત્વોમાં ખાસ થયેલો હોય છે. એ કારણથી 'બ્રાહ્મસત્ત્વ'ને અત્યંત શુદ્ધ જાણવું. સુશ્રુતે પણ આ જ શુદ્ધ સત્ત્વોને શુદ્ધકાય એ નામે કહેલ છે: 'સપ્તેતે સાત્ત્વિકાઃ કાયાઃ'–એમ આ સાતને સાત્ત્વિક શરીરવાળા કહ્યા છે. ૧૨

શુદ્ધસત્ત્વનું સામાન્ય લક્ષણ

આરોગ્યં પ્રશમો રૂપં જ્ઞાનવિજ્ઞાનમાર્યતા ।
દીર્ઘમાયુઃ સુખાત્યક્તં સામાન્યં શુદ્ધલક્ષણમ્ ॥ ૧૩ ॥

આરોગ્ય, જ્ઞાન, વિજ્ઞાન, શાંતિ, રૂપ, સ્વામીપણું, લાંબું આયુષ્ય અને કાયમ સુખીપણું–એ શુદ્ધસત્ત્વનું સામાન્ય લક્ષણ સમજવું. ૧૩

રાજસસત્ત્વના ભેદ : આસુરસત્ત્વ

ઈશ્વરોઽસૂયકશ્ચણ્ડ આત્મપૂજોપધિપ્રિયઃ ।
સાનુક્રોશભયો રૌદ્રો હન્તા શૂરસ્તથાઽઽસુરઃ ॥ ૧૪

જે માણસ ઈશ્વર હોઈ ઐશ્વર્યવાન હોય; (બીજાના ગુણો પર દોષારોપણ કરવારૂપ) અસૂયાથી રહિત હોય, ઉગ્ર સ્વભાવવાળો હોય; પોતાની પૂજા તથા છળ–કપટ જેને પ્રિય હોય, દયા તથા ભયથી જે યુક્ત હોય; ઉગ્ર સ્વભાવવાળો હોય; હત્યા કરનારો તથા શૂરો હોય તેને આસુરસત્ત્વથી યુક્ત જાણવો. ૧૪

વિવરણ : ચરકે પણ આ આસુર સત્ત્વ આમ કહ્યું છે: 'શૂરં ચણ્ડમસૂયકમૈશ્વર્યવન્તમૌપધિકં રૌદ્રમનનુક્રોશમાત્મપૂજકમાસુરં વિદ્યાત્ ।'–જે માણસ

શૂરો, ઉગ્ર, અસૂયાવાન, ઐશ્વર્યવાન, કપટી, ભયંકર, કૃપાથી રહિત અને પોતાની પૂજા કરનાર હોય તેને આસુરી સત્ત્વથી યુક્ત જાણવો. આ જ પ્રમાણે સુશ્રુતે પણ શારીરના ૪થા અધ્યાયમાં આમ કહ્યું છે કે 'ઐશ્વર્યવન્તં રૌદ્રં ચ શૂરં ચણ્ડમસૂયકમ્। એકાશિનં ચૌદરિકમાસુરં સત્ત્વમાદિશમ્ ॥' જે માણસ ઐશ્વર્યવાન, ભયાનક, શૂરો, ઉગ્ર, અસૂયાવાળો અને એકલપેટો હોય તેને આસુરી સત્ત્વથી યુક્ત જાણવો. ૧૪

રાક્ષસસત્ત્વ

क्रूरच्छिद्रप्रहारी च रोषेर्ष्यामर्षसन्ततः।
वैरमांसाशनायासः कलहार्थी च राक्षसः ॥૧૫

જે માણસ ક્રૂર હોય, લાગ જોઈ ને પ્રહાર કરનારો હોય, રોષ, ઈર્ષ્યા તથા અસહિષ્ણુતાથી વ્યાપ્ત હોય, વૈર કરવામાં તથા માંસનો આહાર કરવા માટે શ્રમ કરતો હોય અને કલહ–કજિયાની ઇચ્છા રાખવાના સ્વભાવવાળો હોય તેને રાક્ષસસત્ત્વથી યુક્ત જાણવો.

વિવરણ : ચરકે પણ શારીરના ૪થા અધ્યાયમાં આ રાક્ષસ સત્ત્વનું આવું લક્ષણ કહ્યું છે: अमर्षिणमनुबन्धकोपं छिद्रप्रहारिणं क्रूरमाहारातिमात्ररुचिमामिषप्रियतमं स्वप्नायासबहुलमीर्षुं राक्षसं विद्यात्। एकान्तग्राहिता रौद्रमसूया धर्मवाह्यता। भृशमात्मस्तवश्चापि राक्षसं कायलक्षणम् ॥ જે અસહનશીલ હોય, એકધારો ક્રોધ કરનાર, લાગ જોઈ ને પ્રહાર કરવાનો સ્વભાવ ધરાવનાર, ક્રૂર, આહારમાં અતિશય રુચિવાળો, માંસ જેને અતિશય પ્રિય હોય તેમ જ નિદ્રા તથા પરિશ્રમ જે વધુ કર્યા કરતો હોય અને જે ઈર્ષ્યાળુ હોય તેને રાક્ષસી સત્ત્વથી યુક્ત જાણવો. સુશ્રુતે પણ શારીરના ૪થા અધ્યાયમાં આ રાક્ષસકાયનું લક્ષણ આમ કહ્યું છે: 'एकान्तग्राहिता रौद्रमसूया धर्मवाह्यता। भृशमात्मस्तवश्चापि राक्षसं कायलक्षणम् ॥'–એકાન્ત ગ્રહણ કરવાનો જેનો સ્વભાવ હોય, જે ભયંકર હોય, અસૂયાયુક્ત હોય, જે ધર્મથી વિરુદ્ધ વર્તતો હોય અને જેને પોતાનાં વખાણ ખૂબ ગમતાં હોય તે રાક્ષસી સત્ત્વથી યુક્ત લક્ષણવાળો જાણવો. ૧૫

પૈશાચસત્ત્વ

शुचिद्विड्शुचिः क्रूरोऽभीरुर्भीषयिताऽऽविलः।
मद्यमांसप्रियः शङ्की पैशाचो बहुभोजनः ॥૧૬॥

જે માણસ પવિત્રનો દ્વેષ કરે, પોતે પણ અપવિત્ર રહ્યા કરે, ક્રૂર હોય, જે સ્વભાવે બીકણ ન હોય પણ બીજા લોકોને જે ભય પમાડ્યા કરતો હોય, શરીરથી અને મનથી જે મેલો હોય; મદ્ય તથા માંસ જેને પ્રિય હોય, સર્વ તરફ શંકા કરવાનો જેનો સ્વભાવ હોય અને જે ખૂબ જ ખાઉધરો હોય તેને પિશાચના પૈશાચસત્ત્વથી યુક્ત જાણવો. ૧૬

વિવરણ : ચરકે પણ શારીરના ૪થા અધ્યાયમાં આ પૈશાચસત્ત્વનું લક્ષણ આમ લખ્યું છે: महालसं स्त्रैणं स्त्रीरहस्काममशुचिं शुचिद्वेषिणं भीरुं भीषयितारं विकृतविहाराहारशीलं पैशाचं विद्यात्। જે ઘણો જ આળસુ સ્ત્રીલંપટ, સ્ત્રીઓ સાથે એકાંત ઇચ્છનાર, પોતે અપવિત્ર હોઈ પવિત્રનો દ્વેષ કરનાર, સ્વભાવનો બીકણ છતાં જે બીજાઓને ભય પમાડતો હોય અને વિકૃત વિહાર તથા આહારનું સેવન કરવાનો જેનો સ્વભાવ હોય તેને પિશાચના સત્ત્વથી યુક્ત જાણવો. સુશ્રુતે પણ શારીરના ૪થા અધ્યાયમાં આ પિશાચકાયનું લક્ષણ આમ કહ્યું છે કે, 'उच्छिष्टाहारता तैक्ष्ण्यं साहसप्रियता तथा। स्त्रीलोलुपत्वं नैर्लज्ज्यं पैशाचं कायलक्षणम् ॥ જેને બીજાનો એઠો આહાર જ વધુ ગમે છે, જેનામાં તીક્ષ્ણતા હોય, સાહસ કર્મો જેને પ્રિય હોય, સ્ત્રીઓ વિષે જે વધુ લંપટ હોય અને જેમાં નિર્લજ્જપણું હોય તે પિશાચ સંબંધી શરીરવાળાનું લક્ષણ જાણવું. ૧૬

સાર્પસત્ત્વનું લક્ષણ

तीक्ष्णमायासबहुलं निद्रालुं बहुवैरिणम्।
अक्रुद्धभीरुं स्त्रैणं च सार्पं नित्यौष्ठलेहिनम् ॥૧૭

જે માણસ તીક્ષ્ણ હોય, વધુ પડતો પરિશ્રમ કર્યા કરતો હોય, વધુ પડતી નિદ્રા કરવાનો જેનો સ્વભાવ હોય, જેના શત્રુઓ ઘણા હોય, જ્યાં સુધી ક્રોધ ન પામ્યો હોય

ત્યાં સુધી ખીકણુ સ્વભાવને ધારણ કરનાર, સ્ત્રીઓ વિષે લંપટ તથા કાયમ હોઠને જે ચાટ્યા કરતો હોય તેને સાર્પસત્ત્વથી યુક્ત જાણવો. ૧૭

વિવરણ : ચરકે પણ શારીરના ૪ થા અધ્યાયમાં આ સાર્પસત્ત્વનું લક્ષણ આમ કહ્યું છે : 'क्रुद्धं शूरमक्रुद्धभीरुं तीक्ष्णमायासबहुलं संत्रस्तगोचरमाहारविहारपरं सार्पं विद्यात् ।' જે ક્રોધી હોય, શૂરો હોય છતાં ક્રોધ પામ્યો ન હોય ત્યાં સુધી ખીકણુ સ્વભાવનો હોય, તીક્ષ્ણ હોય, વધારે પરિશ્રમ કર્યા કરતો હોય, મંત્ર કે મંત્રણાઓ જેનો સુંદર વિષય હોય અને આહાર-વિહાર કરવામાં જે તત્પર રહેતો હોય, તેને સાર્પ સત્ત્વથી યુક્ત જાણવો. સુશ્રુતે પણ શારીરના ૪ થા અધ્યાયમાં આ સર્પસત્ત્વને આમ કહ્યું છે : 'तीक्ष्णमायासिनं भीरुं चण्डं मायान्वितं तथा। विहाराचारचपलं सर्पसत्त्वं विदुर्नरम् ॥' જે તીક્ષ્ણ હોય, વધુ પડતો પરિશ્રમ કર્યા કરતો હોય, ખીકણ સ્વભાવનો હોય, ઉગ્ર હોય, કપટથી યુક્ત હોય તેમ જ વિહાર તથા આચારમાં જે ચપળ હોય તેને વિદ્વાનો સત્ત્વથી યુક્ત જાણે છે. ૧૭

याक्षसत्त्वनुं लक्षण

दानशय्यात्यलङ्कारपानभोजनमैथुनैः ।
नित्योपेतं प्रमुदितं याक्षं विद्यात् प्रमक्षणम् ॥१८

જે કાયમ દાન, શય્યા, ઘણા અલંકારો, પાન, ભોજન તથા મૈથુનથી યુક્ત હોય, અત્યંત હર્ષ પામેલો હોય તેમ જ ઘણા પ્રમાણમાં ખોરાક ખાતો હોય તેને યાક્ષસત્ત્વથી યુક્ત જાણવો. ૧૮

વિવરણ : આ યાક્ષસત્ત્વ ચરકમાં કે સુશ્રુતમાં દેખાતું નથી.

भूतसत्त्वनुं लक्षण

अहङ्कृता महाहारा वैरिणो विकृताननाः ।
विरूपा विकृतात्मानो भूतसत्त्वा निशाप्रियाः ॥१९

જેઓ અહંકારી હોય, ઘણા પ્રમાણમાં આહાર સેવતા હોય, બધા સાથે વૈરભાવથી યુક્ત રહેતા હોય, જેમનાં મોઢાં બેડોળ હોય, જેમનાં રૂપ પણ વિપરીત હોય, જેઓનો આત્મા વિકારયુક્ત હોય અને રાત્રિનો સમય જેમને પ્રિય હોય એવા લોકોને ભૂતસત્ત્વથી યુક્ત જાણવા. ૧૯

વિવરણ : આ સંબંધે ચરકે શારીરના ૪ થા અધ્યાયમાં આમ કહ્યું છે : आहारकाममतिदुःखशीलाचारोपचारमसूयकमसंविभागिनमतिलोलुपमकर्मशीलं प्रैतं विद्यात् ।' જે વધુ ખોરાક ઇચ્છતો હોય, અત્યંત દુઃખી સ્વભાવ, આચાર તથા ઉપચારથી યુક્ત હોય, અસૂયાથી યુક્ત હોઈ બીજાઓના ગુણો પર દોષારોપણ કર્યા કરતો હોય, અતિથિઓ વગેરેને તેમનો વિભાગ આપતો ન હોય, અતિશય લાલચુ હોય અને કર્મો ન કરવાનો જેનો સ્વભાવ હોય તે પ્રેતસત્ત્વ એટલે કે ભૂતસત્ત્વથી યુક્ત જાણવો. સુશ્રુતે પણ શારીરસ્થાનના ૪ થા અધ્યાયમાં આ ભૂતસત્ત્વને જ પ્રેતસત્ત્વ કહ્યું છે; જેમ કે असंविभागमलसं दुःखशीलमसूयकम् । लोलुपं चाप्यदातारं प्रेतसत्त्वं विदुर्नरम् ॥' જે અતિથિઓ વગેરેને તેમનો વિભાગ આપતો ન હોય, આળસુ હોય, દુઃખી સ્વભાવનો હોય, અસૂયા કર્યા કરતો હોઈ બીજાઓના ગુણો પર દોષારોપ કરતો હોય, લાલચુ હોય અને કોઈને કંઈ પણ દાન કરતો ન હોય તેને વિદ્વાનો પ્રેતસત્ત્વથી યુક્ત જાણે છે. ૧૯

शाकुनसत्त्वनुं लक्षण

अमर्षिकुत्सिताहारवाग्घृणं नित्यशङ्कितम् ।
चलं दुर्मेधसं भीरुं शाकुनं विद्यनोकसम् ॥२०

જે અસહનશીલ હોય, નિંદિત આહારનું સેવન કરતો હોય, નિંદિત વાણીનો ઉચ્ચાર કરતો હોય, કાયમ શંકાથી યુક્ત હોય, ચંચળ તથા દુષ્ટ બુદ્ધિવાળો હોય, બીકણ સ્વભાવનો હોય અને જેને રહેવાનું કોઈ સ્થાયી ઘર ન હોય તેને તમે શાકુનસત્ત્વથી યુક્ત જાણો. ૨૦

વિવરણ : ચરકે પણ શારીરના ૪ થા અધ્યાયમાં આ શાકુનસત્ત્વનું આ લક્ષણ આપ્યું છે : 'अनुषक्तकाममजस्रमाहारविहारपरमनवस्थितममर्षिणमसंचयं शाकुनं विद्यात् ।' નિરંતર કામવાસનામાં આસક્ત રહેતો હોય, કાયમ આહારવિહારમાં જે તત્પર રહેતો હોય,

જે અનવસ્થિત હોઈ કોઈ ચોક્કસ રથળે સ્થિર રહેતો ન હોય, ક્રોધી સ્વભાવનો તથા અસહનશીલ હોય અને કોઈપણ વસ્તુનો જે સંગ્રહ કરતો ન હોય તેને શાકુનસત્ત્વ એટલે પક્ષીના જેવા સત્ત્વવાળો જાણવો. સુશ્રુતે પણ શારીરના ચોથા અધ્યાયમાં આ શાકુનસત્ત્વનું આવું લક્ષણ લખ્યું છે: 'प्रवृद्धकामसेवी चाप्यजस्राहार एव च। अमर्षणोऽनवस्थायी शाकुनं कायलक्षणम्॥' અતિશય વધેલા કામનું સેવન કરવા જે ટેવાયેલો હોય, હમેશાં કેવળ આહારનું જ સેવન કર્યા કરતો હોય, કંઈ પણ સહન કરી શકતો ન હોય અને જેનું રહેઠાણ પણ કોઈ ચોક્કસ ન હોય તેને શાકુનકાય એટલે કે પક્ષીના જેવા સત્ત્વયુક્ત શરીરવાળો જાણવો. ૨૦

રાજસસત્ત્વનો ઉપસંહાર

इत्येतद्राजसं सत्त्वं सप्तधा क्रोधकारितम्।
व्यामिश्रगुणदोषं च रज एवोपलक्षयेत्॥२१॥

એમ ઉપર જણાવ્યા પ્રમાણે સાત પ્રકારનું રાજસ સત્ત્વ કહેવાયું. એ રાજસ સત્ત્વ ક્રોધના કારણે ઉત્પન્ન થયેલું હોય છે. તેમાં ગુણ અને દોષ–બેયનું મિશ્રણ હોય છે અને તેથી જ તેમાં રજોગુણને જ કારણ તરીકે ઓળખવો જોઈએ. ૨૧

વિવરણ: ચરકમાં તથા સુશ્રુતમાં અહીં જણાવેલ આ રાજસસત્ત્વના સાત ભેદોને બદલે છ જ ભેદો કહ્યા છે. કેમ કે ત્યાં અહીં જણાવેલ યાક્ષસત્ત્વ કહ્યું નથી. ચરક. શારીરના ૪થા અધ્યાયમાં આમ જણાવે છે કે, 'इत्येवं खलु राजसस्य सत्त्वस्य षड्विधं भेदांशं विद्यात् रोषांशत्वात्। એમ રાજસસત્ત્વના છ જ પ્રકારના ભેદોરૂપ અંશો જાણવા; કેમકે તે છયે ભેદો રોષના જ અંશરૂપ હોય છે. સુશ્રુતમાં પણ આ રાજસ સત્ત્વને છ ભેદવાળું જણાવ્યું છે: 'षडेते राजसाः कायाः॥' આ છ રાજસ શરીરવાળા કે રાજસસત્ત્વવાળા માણસો કહ્યા છે. ૨૧

તામસ સત્ત્વના ભેદો: પાશવ સત્ત્વ

आहारमैथुनपरं स्वप्नशीलममेधसम्।
अथैवं पाशवं विद्यान्मूजाऽलङ्कारवर्जितम्॥२२॥

જે માણસ આહાર તથા મૈથુન કરવામાં જ તત્પર રહેતો હોય, ઊંઘ્યા કરવાના સ્વભાવવાળો હોય, 'મેધા' નામની બુદ્ધિની ધારણાશક્તિથી રહિત હોય અને બાહ્ય આભ્યંતર શુદ્ધિ તેમ જ આભૂષણોથી પણ રહિત હોય, એવાને પાશવ સત્ત્વથી યુક્ત જાણવો. ૨૨

વિવરણ: ચરકે પણ શારીરના ૪થા અધ્યાયમાં આ પાશવસત્ત્વને આમ જણાવ્યું છે: 'निराकरिष्णुमधमवेशं जुगुप्सिताचाराहारं मैथुनपरं स्वप्नशीलं पाशवं विद्यात्।' જેનો સ્વભાવ સર્વનો અનાદર કરવાનો હોય, જેનો વેશ અધમ હોય, જેનો આચાર તથા આહાર નિન્દિત હોય, મૈથુન કરવામાં જે તત્પર રહેતો હોય અને ઊંઘ્યા કરવું એ જેનો સ્વભાવ હોય તેને પાશવસત્ત્વથી યુક્ત જાણવો. સુશ્રુતે પણ શારીરના ૪થા અધ્યાયમાં આ પાશવસત્ત્વના ગુણો આમ કહ્યા છે: 'दुर्मेधस्त्व मन्दता च स्वप्नमैथुननित्यता। निराकरिष्णुता चैव विज्ञेयाः पाशवा गुणाः॥' દુષ્ટબુદ્ધિ જડતા, કાયમ સ્વપ્નમાં મૈથુન કરવાનો સ્વભાવ અને કોઈનું પણ અપમાન કરવાનો સ્વભાવ પાશવ એટલે પશુ સંબંધી ગુણો જાણવા.

માત્સ્યસત્ત્વનું લક્ષણ

भीरुमप्रक्षमाद्यूनं कामक्रोधवशं गतम्।
हिंस्रमात्मपरं विद्यान्मात्स्यं सुप्रजसं शठम्॥२३

જે માણસ બીકણ સ્વભાવનો હોય, ઉત્તમ બુદ્ધિથી રહિત હોય, કેવળ પોતાનું જ પેટ ભરવામાં તત્પર રહેતો હોય, કામ તથા ક્રોધને વશ થઈ ગયો હોય, હિંસા કરવાનો સ્વભાવ ધરાવતો હોય, કેવળ પોતાના માટે જ તત્પર રહેતો હોય, અધિક સંતાનોવાળો હોય અને શઠ હોય તેને માત્સ્યસત્ત્વ એટલે કે મત્સ્યના જેવા સત્ત્વથી યુક્ત જાણવો. ૨૩

વિવરણ: ચરકે પણ શારીરના ૪થા અધ્યાયમાં આ માત્સ્ય સત્ત્વનું આવું લક્ષણ કહ્યું છે: 'भीरुमबुधमाहारलुब्धमनवस्थितमनुषक्तकामक्रोधं मरणशीलं तोयकामं मात्स्यं विद्यात्।' જેનો સ્વભાવ બીકણ હોય, જેને કોઈપણ સમજણ કે વિશેષ જ્ઞાન ન હોય, ખોરાક માટે જે લાલચુ હોય, જે

અનવસ્થિત હોઈ ચંચળ હોય, જે વધુ પ્રમાણમાં કામાસક્ત તથા ક્રોધાસક્ત હોય, સરકવું જેનો સ્વભાવ હોય અને વધુ પ્રમાણમાં જે જળની ઇચ્છા ધરાવતો હોય તેને માત્સ્ય સત્ત્વ કે માછલાંના જેવા સત્ત્વથી યુક્ત જાણવો. સુશ્રુતે પણ શારીરના ૪ થા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે અનવસ્થિતતા મૌર્ખ્યં ભીરુત્વં સલ્લિખાર્થિતા। પરસ્પરાભિમર્દશ્ચ માત્સ્યસત્ત્વસ્ય લક્ષણમ્ ॥ જે માણસમાં વધુ પડતી અસ્થિરતા હોય; વધુ પડતી મૂર્ખતા પણ હોય અને પાણીની ઇચ્છા જેને વિશેષ થયા કરતી હોય અને પરસ્પર એકબીજાનો જે નાશ કરવા તત્પર રહે તેને માત્સ્યસત્ત્વનાં લક્ષણવાળો જાણવો.

વાનસ્પત્યનું લક્ષણ

વધબન્ધપરિક્લેશશીતવાતાતપક્ષમમ્ ।
બુદ્ધ્યઙ્ગહીનમલસં વાનસ્પત્યં વદેદ્જુમ્ ॥૨૪॥

જે માણસ વધ અને બંધનનાં દુઃખોને તેમ જ ટાઢ, વાયરા તથા સૂર્યના તડકાને પણ સહન કરી શકતો હોય; બુદ્ધિથી અને અમુક અંગોથી રહિત હોય તેમ જ આળસુ અને સરળ હોય, તેને વાનસ્પત્ય કે વનસ્પતિના સત્ત્વથી યુક્ત કહેવો. ૨૪

વિવરણ : ચરકે પણ શારીરના ૪થા અધ્યાયમાં આ વાનસ્પત્ય સત્ત્વનું લક્ષણ આમ કહ્યું છે: 'अलसं केवलमभिनिविष्टमाहारे सर्वबुद्ध्या हीनं वानस्पत्यं विद्यात् ।' જે માણસ આળસુ, કેવળ આહારમાં જ રચ્યોપચ્યો રહેતો હોય અને કોઈપણ પ્રકારની બુદ્ધિથી રહિત હોય તેને વાનસ્પત્ય એટલે કે વનસ્પતિના જેવા સત્ત્વથી યુક્ત જાણવો. સુશ્રુતે પણ શારીરના ૪થા અધ્યાયમાં આ વાનસ્પત્ય સત્ત્વ આમ કહ્યું છે: 'एकस्थानरतिर्नित्यमाहारे केवले रतः । वानस्पत्यो नरः सत्त्वधर्मकामार्थवर्जितः ॥ '–જે માણસ એક જ સ્થાન પર રહેવામાં આનંદ માનતો હોય, હમેશાં કેવળ ખોરાક ખાવામાં જ આસક્ત રહેતો હોય અને ધર્મ, કામ તથા અર્થ–એ ત્રણે પુરુષાર્થોથી જે રહિત હોય તેને વાનસ્પત્ય સત્ત્વથી યુક્ત જાણવો.

ત્રણે તામસસત્ત્વના કથનનો ઉપસંહાર

इत्येतत्त्रिविधं सत्त्वं तामसं मोहसंभवम् ।
यच्चामेध्यमकल्याणं सर्व तच्चापि तामसम् ॥૨૫

એમ ત્રણ પ્રકારનાં તામસસત્ત્વ અહીં (ઉપર જણાવ્યા પ્રમાણે) કહ્યાં છે. એ ત્રણે તામસસત્ત્વ મોહથી ઉત્પન્ન થાય છે. એકંદર જે કંઈ બુદ્ધિની મેધાશક્તિને હિતકારક ન હોય કે અપવિત્ર હોય, કલ્યાણસ્વરૂપ ન હોય તે સર્વને પણ તામસસત્ત્વ જ કહેવું જોઈએ. ૨૫

વિવરણ : આ સંબંધે ચરક પણ શારીરના ૪થા અધ્યાયમાં કહે છે કે, 'इत्येवं खलु तामसस्य सत्त्वस्य त्रिविधं भेदांशं विद्यान्मोहांशत्वात् ।' તામસસત્ત્વના ત્રણ પ્રકારના ભેદો જાણવા અને તે મોહનો જ અંશ હોવાથી 'તામસ' ગણાય છે.' સુશ્રુતે પણ શારીરના ૪થા અધ્યાયમાં આ સંબંધે કહ્યું છે કે, 'इत्येते त्रिविधाः कायाः प्रोक्ता वै तामसास्तथा ॥' એ પ્રમાણે આ ત્રણ પ્રકારનાં શરીરો જે કહ્યાં છે તે ખરેખર તામસ જ હોય છે. ૨૫

સત્ત્વ, રજસ અને તમસનાં લક્ષણો

सत्त्वं प्रकाशकं विद्धि, रजश्चापि प्रवर्तकम् ।
तमो नियामकं प्रोक्तमन्योन्यमिथुनप्रियम् ॥૨૬॥

સત્ત્વગુણને તમારે પ્રકાશક જાણવો; રજોગુણને પ્રવૃત્તિ કરાવનાર જાણવો અને તમોગુણને નિયામક એટલે કે ઉત્તમ પ્રવૃત્તિથી અટકાવનાર કહ્યો છે. સામસામાં મૈથુન કરવાં એ જ તમોગુણીને પ્રિય હોય છે.

વિવરણ : આ સંબંધે સાંખ્યકારિકામાં કહ્યું છે કે, 'सत्त्वं लघुप्रकाशकमिष्टमुपष्टम्भकं चलं च रजः । गुरुवरणकमेव तमः प्रदीपवच्चार्थतो वृत्तिः ॥ प्रीत्यप्रीतिविशादात्मकाः प्रकाशप्रवृत्तिनियमार्थाः । अन्योन्याभिभवाश्रयजननमिथुनवृत्तयश्च गुणा ॥' સત્ત્વ, હલકો, પ્રકાશ કરનાર અને સર્વને પ્રિય હોય છે; પણ રજોગુણ થંભાવી દેનાર તથા ચંચલ હોય છે; જ્યારે તમોગુણ ભારે હોય છે; જ્ઞાનને ઢાંકી દેનાર હોય છે અને દીપકની પેઠે અર્થદ્વારા વર્તે છે. ત્રણે ગુણો પ્રીતિ, અપ્રીતિ અને વિશદ સ્વભાવવાળા તેમ જ પ્રકાશ, પ્રવૃત્તિ તથા નિયમન કરવારૂપ પ્રયોજનવાળા અને એકબીજાનો પરાભવ, આશ્રય, ઉત્પન્ન કરવું તથા યુગલવૃત્તિવાળા હોય છે.'

ગુણો અનુસાર ફલભાગ

यदा यच्चाधिकं यस्य स देही तेन भावितः ।
शुभाशुभान्याचरति फलं भुङ्क्ते तथाविधम् ॥२७

જે પ્રાણીમાં જ્યારે જે ગુણ અધિક હોય, ત્યારે તે ગુણથી ભાવિત થયેલો એ માણસ શુભ-અશુભનું આચરણ કરે છે અને તેવા પ્રકારનું ફળ ભોગવે છે. ૨૭

કેવી ધાત્રી પ્રશસ્ય અને અપ્રશસ્ય હોય ?

समानसत्त्वा बालानां तस्माद्धात्री प्रशस्यते ।
उद्वेगत्रासकरी विपरीता न शस्यते ॥ २८ ॥

ઉપર દર્શાવેલા કારણથી જ સમાન સત્ત્વવાળી ધાત્રી બાળકો માટે વખણાય છે પરંતુ (બાળકથી) વિપરીત સત્ત્વવાળી ધાત્રી વખણાતી નથી. ૨૮

બાળકના જીવિતમાં કારણ ધાત્રી

न जीवन्त्यथ जीवन्ति कृच्छ्रा धात्रीविपर्यये ।
समानसत्त्वा बालानां पुष्टिरायुर्बलं सुखम् ॥ २९

ધાત્રી જો વિપરીત સત્ત્વવાળી હોય તો બાળકો જીવી શકતાં નથી અને કદાચ જીવે છે તો મુશ્કેલીએ જીવતાં રહે છે. માટે બાળકોના સમાન સત્ત્વવાળી ધાત્રી હોય તો બાળકોની પુષ્ટિ, આયુષ, બલ તથા સુખ વધે છે. ૨૯

હરકોઈ શરીરના નવ સાર

त्वगसृङ्मांसमेदोऽस्थिमज्जशुक्राणि धातवः ।
ओजः सत्त्वं च सर्वं च तत्सारं तु निबोध मे ॥३०

ત્વચા, રુધિર, માંસ, મેદ, હાડકાં, મજ્જા તથા શુક્ર-એ સાત(શરીરની) ધાતુઓ અને ઓજસ્ તથા સત્ત્વ-એમ એ નવ પદાર્થો શરીરમાં સારરૂપ હોય છે, એમ તમે મારી પાસેથી જાણો. ૩૦

વિવરણ : ચરકમાં જે જે લક્ષણો દ્વારા મનુષ્યનાં બળની પરીક્ષા કરાય છે તે પ્રકૃતિ-વિકૃતિ આદિ સાથે મનુષ્યશરીરનો સાર પણ દર્શાવેલ છે; એટલે કે મનુષ્ય શરીરના સાર દ્વારા પણ રોગીના બળની પરીક્ષા કરવા ચરકે વિમાનસ્થાનના ૮ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'सारतश्चेति-सारास्यष्टौ पुरुषाणां बलमानविशेषज्ञानार्थमुपदिश्यन्ते । तद्यथा-त्वग्रक्तमांसमेदोऽस्थिमज्जशुक्रसत्त्वानि । — માણસોનાં શરીરમાં કેટલું બળ છે તેનું માપ જાણવા માટે તેમના શરીરમાં આઠ સારોનો અહીં ઉપદેશ કરાય છે : ત્વચા, રુધિર, માંસ, મેદ, હાડકાં, મજ્જા, વીર્ય તથા સત્ત્વ એટલે મન. એમ મનુષ્યના શરીરના બળનું માપ જાણવા માટે તેના આઠ સારો જાણવા જરૂરી હોય છે. એ સારો વિષે પ્રથમ સાત ધાતુઓ દર્શાવી છે. તે વિષે ટીકાકાર ચક્રપાણિ 'ધાતુ' શબ્દની વ્યાખ્યા આમ લખે છે કે, 'विशुद्धतरो धातुरुच्यते' અર્થાત્ અતિશય વિશુદ્ધ જે સાર હોય છે, તે 'ધાતુ' કહેવાય છે. જે બાળકમાં જે ગુણની વિશેષતા હોય, તેને તેનો સાર કહેવામાં આવે છે. જેમકે જે બાળકમાં સત્ત્વગુણની અધિકતા હોય તો તે બાળકને સત્ત્વસાર કહેવામાં આવે છે. એમ ચરકમાં માણસના આઠ સારો કહ્યા છે. જ્યારે આ કાશ્યપસંહિતામાં અહીં નવ સાર કહ્યા છે અને તેમાં 'ઓજસ્'ને અધિક ગણ્યું છે. ૩૦

ત્વક્સાર બાળકનું લક્ષણ

त्वग्रोगरहितो भोगी प्रसन्नव्यञ्जनच्छविः ।
सद्यःक्षतप्ररोहश्च त्वक्सारः सुतनूरुहः ॥ ३१ ॥
रक्तसारोऽरुणाभासः.....॥

જે બાળક ચામડીના રોગથી રહિત હોય, ભોગ-વૈભવોથી યુક્ત હોય, જેની કાંતિ તથા શરીર ઉપરનાં ચિહ્નો સ્પષ્ટ હોય, જેને ત્વચા ઉપર કોઈ ચાંદું પડયું હોય કે કોઈ ઘાવ થયો હોય તો તે તરત જ રુઝાઈ જાય છે અને જેનાં રુંવાટાં સ્વચ્છ હોય તે માણસને 'ત્વક્સાર' કહેવામાં આવે છે. ૩૧

પરંતુ—'रक्तसारोऽरुणाभासः'—જેની શરીરકાંતિ અરુણના જેવી લાલ ઝાંયવાળી હોય તે 'રક્તસાર' કહેવાય છે.

વિવરણ : આ કાશ્યપસંહિતાનું 'સૂત્રસ્થાન' અહીં સુધીનું મળે છે. અહીંથી તે ખંડિત થયેલું જણાય છે, તેથી આ વિષયનો જે અપૂર્ણ ભાગ રહ્યો છે, તેની પૂર્તિ બીજા ગ્રંથોના આધારે કરવી જોઈએ. તેથી તે સંબંધે ચરકના વિમાન-સ્થાનમાંથી અહીં ઉતારવામાં આવે છે. ચરકે

ત્યાં વિમાનના ૮ મા અધ્યાયમાં ત્વક્‌સારનું લક્ષણ આમ લખ્યું છે–तत्र स्निग्धश्लक्ष्णमृदुप्रसन्नसूक्ष्मास्वगम्भीरसुकुमारलोमा सप्रभेव च त्वक् त्वक्साराणां, सा सारता सुखसौभाग्यश्वैर्योपभोगबुद्धिविद्यारोग्यप्रहर्षणान्यायुश्चानित्वरमाचष्टे । જેની ત્વચા સમરૂપ કે અત્યંત શુદ્ધ હોય, તેની એ ચામડી તથા તે ઉપરનાં રુવાંટાં સ્નિગ્ધ, સુંવાળાં, કોમળ, સ્વચ્છ, પાતળાં, ઓછાં, ગંભીર તથા સુકુમાર હોય અને તેમની એ ચામડી જાણે કાંતિયુક્ત હોય તેમ ચમકતી જણાય અને તેઓનું એ ત્વક્‌સારપણું તેમનાં સુખ, સૌભાગ્ય, ઐશ્વર્ય, ઉપભોગ, બુદ્ધિ, વિદ્યા, આરોગ્ય, આનંદીપણું તથા લાંબું આયુષ સૂચવે છે. તે પછી ત્યાં વિમાનસ્થાનના ૮ મા અધ્યાયમાં ચરકે રક્તસારનાં આવાં લક્ષણો કહ્યાં છે: कर्णाक्षिमुखजिह्वानासौष्ठपाणिपादतलनखललाटमेहनं स्निग्धरक्तं श्रीमद् भ्राजिष्णु रक्तसाराणां, सा सारता सुखमुदग्रतां मेधां मनस्वित्वं सौकुमार्यमनतिबलमक्लेशसहिष्णुत्वमुष्णासहिष्णुत्वं चाचष्टे–જેમનું રુધિર શ્રેષ્ઠ હોય, તેમના કાન, નેત્રો, મોઢું, જીભ, નાક, હોઠ, હાથ–પગનાં તળિયાં, નખ, લલાટ, તથા લિંગ ચીકાશવાળાં તથા લાલ રંગનાં હોય છે; તેમ જ શોભાયુક્ત તથા દેદીપ્યમાન હોઈ કાંતિથી જાણે કે ચમકતાં જણાય છે. એવું રક્તસારપણું માણસોના સુખને, વિશાળ 'મેધા' નામની બુદ્ધિની ધારણાશક્તિને, મનસ્વીપણાને, કોમળપણાને, મધ્યમ બળને તથા ઉષ્ણતાને સહન કરવાના સ્વભાવ વિનાનું સૂચવે છે.' રક્તસારનું લક્ષણ કહ્યા પછી ત્યાં વિમાનસ્થાનના ૮ મા અધ્યાયમાં ચરક માંસસારનું લક્ષણ સૂચવે છે કે, 'शङ्खललाटकक्काटिकाऽक्षिगण्डहनुग्रीवास्कन्धोदरकक्षवक्षःपाणिपादसन्धयो गुरुस्थिरमांसोपचिता मांससाराणां, सा सारता क्षमां धृतिमलौल्यं वित्तं विद्यां सुखमार्जवमारोग्यं बलमायुश्च दीर्घमाचष्टे ।'–જેનું માંસ અતિશય શુદ્ધ ધાતુરૂપ હોય તેનાં લમણાં, લલાટ, આંખ, ગાલ, હડપચી, ડોક, ખાંધ, પેટ, બગલ, હાથ અને પગના સાંધા સ્થિર, ભારે, ઉત્તમ તથા માંસથી પુષ્ટ હોય છે. એ માંસરૂપ સારથી યુક્તપણું ક્ષમાને, સહનશીલતાને, ધીરજને, લોલુપતાથી રહિતપણાને, ધનને, વિદ્યાને, સુખને, સરળતાને, નિષ્કપટીપણાને, આરોગ્યને, બળને, તેમ જ લાંબા આયુષને સૂચવે છે. માંસસારનું લક્ષણ કહ્યા પછી ચરક ત્યાં જ મેદરૂપ સારવાળા પુરુષોનું લક્ષણ આમ કહે છે: 'वर्णस्वरनेत्रकेशलोमनखदन्तौष्ठमूत्रपुरीषेषु विशेषतः स्नेहो मेदः साराणां, सा सारता वित्तैश्वर्यसुखोपभोगप्रदानान्यार्जवं सुकुमारोपचारतां चाचष्टे ।'–જેમના શરીરમાં મેદરૂપ સાર હોય એટલે કે જેમનું મેદ શુદ્ધ ધાતુરૂપ હોય, તેમના શરીરનો રંગ, સ્વર, નેત્રો, કેશ, રુંવાટાં, નખ, દાંત, હોઠ, મૂત્ર તથા વિષ્ઠામાં વિશેષે કરી ચીકાશ હોય, એ મેદરૂપ સારવાળા માણસનું લક્ષણ છે. એવો મેદરૂપ સાર જેમના શરીરમાં હોય તે માણસ ધનવાન, ઐશ્વર્યવાન, સુખી, ઉપભોગવાન, દાનવાન તથા સરળતાયુક્ત હોય છે અને તેણે અતિશય કોમળ પદાર્થોનું સેવન કરેલું હોય તેને બતાવે છે.' તે પછી એ ચરક આચાર્યે ત્યાં જ વિમાનસ્થાનના ૮ મા અધ્યાયમાં અસ્થિસાર પુરુષનાં આવાં લક્ષણ કહ્યાં છે: 'पार्ष्णिगुल्फजान्वरत्निजत्रुचिबुकशिरःपर्वस्थूलाः स्थूलास्थिनखदन्ताश्चास्थिसाराः, ते महोत्साहाः क्रियावन्तः क्लेशसहाः सारस्थिरशरीरा भवन्त्यायुष्मन्तश्च ।' જેમના પગની પાની, ઘૂંટી, ઢીંચણ, ટચલી આંગળી સિવાયની બુલ્લી મૂઠી, ગળાની હાંસડી, હડપચી, માથું અને શરીરના બધા સાંધા ખૂબ જાડા હોય તેમ જ જેમના હાડકાં, નખ તથા દાંત પણ જાડા હોય, તેમને હાડકારૂપ સારવાળા એટલે કે તેમનાં હાડકાં શુદ્ધ અસ્થિરૂપ ધાતુવાળા હોય છે; તેથી તેઓમાં મોટો ઉત્સાહ હોય છે, અને તેઓ બધી ક્રિયાઓ કરવામાં સમર્થ અને બધા કલેશો સહન કરનારા હોય છે અને તે ઉત્તમ અસ્થિરૂપ સારના કારણે સ્થિર શરીરવાળા તથા લાંબાં આયુષવાળા હોય છે. એમ ત્યાં અસ્થિસાર પુરુષોનું લક્ષણ કહ્યા પછી ચરકે મજ્જારૂપ સારવાળાઓનું લક્ષણ પણ આમ કહ્યું છે: 'तन्वङ्गा बलवन्तः स्निग्धवर्णस्वराः स्थूलदीर्घवृत्तसन्धयश्च मज्जसाराः, ते दीर्घायुषो बलवन्तः श्रुतविज्ञानवित्तापत्यसम्मानभाजश्च भवन्ति ।' મજ્જા–ધાતુરૂપ સારવાળા પુરુષો, પાતળાં સુંદર અંગોવાળા, બળવાન, સ્નિગ્ધ–સ્નેહયુક્ત–ચળકતા શરીરના રંગવાળા અને સ્નિગ્ધ–સ્નેહયુક્ત સ્વરવાળા તથા જાડા, લાંબા

અને ગોળ સાંધાઓવાળા હોય છે. વળી તે મજ્જા-સારવાળા પુરુષો લાંબાં આયુષ્યવાળા, બળવાન શાસ્ત્રજ્ઞાન તથા અનુભવજ્ઞાનથી યુક્ત અને સન્માન પામનારા હોય છે' એમ ત્યાં મજ્જાસારવાળા પુરુષોનાં લક્ષણો બતાવ્યા પછી ચરક ત્યાં જ વિમાનસ્થાનના ૮ મા અધ્યાયમાં શુક્રસારવાળા પુરુષોનાં લક્ષણો આમ કહે છે: 'सौम्याः सौम्यप्रेक्षिणश्च क्षीरपूर्ण-लोचना इव प्रहर्षबहुलाः स्निग्धवृत्तसारसमसंहतशिखरि-दशनाः प्रसन्नस्निग्धवर्णस्वराभ्राजिष्णवो महास्फिचश्च शुक्रसाराः, ते स्त्रीप्रियाः; प्रियोपभोगा बलवन्तः सुखैश्वर्यारोग्यवित्तसम्मानापत्यभाजश्च भवन्ति। જેઓમાં શુદ્ધ શુક્રધાતુરૂપ સાર રહેલો હોય તે પુરુષો દેખાવે સૌમ્ય, શાંતિપૂર્વક જોનારા અને તેમનાં નેત્રો જાણે કે દૂધથી ભર્યાં હોય તેવાં હોય છે. તેઓમાં ઘણા પ્રમાણમાં હર્ષ રહેલો હોય છે. તેઓના દાંત સ્નિગ્ધ, ચળકતા, ગોળ, મજબૂત, એકસરખા અને એકીસાથે રહેલા હોવા ઉપરાંત તીક્ષ્ણ અને અણિયાળા હોય છે. તેમના શરીરનો વર્ણ તથા ગળાનો અવાજ પ્રસન્ન, સ્વચ્છ તથા સ્નિગ્ધ હોય છે અને શરીરે તેજસ્વી અને મોટા કુલાવાળા હોય છે. વળી તેવા શુક્રસાર અથવા શુદ્ધવીર્યરૂપ ધાતુવાળા પુરુષો સ્ત્રીઓને પ્રિય હોય છે તેમ જ એવા પુરુષોને ઉપભોગો પ્રિય હોય છે. તેઓ બળવાન હોય છે અને સુખ, ઐશ્વર્ય, આરોગ્ય, ધન, સન્માન તથા સંતાનોને પ્રાપ્ત કરે છે. એમ ત્યાં શુક્રસાર પુરુષોનાં લક્ષણો કહ્યા પછી ચરકે સત્ત્વરૂપ સારવાળા પુરુષોનાં લક્ષણો પણ ત્યાં આમ કહ્યાં છે: 'स्मृतिमन्तोभक्तिमन्तः कृतज्ञाः प्राज्ञाः शुचयो महोत्साहाः दक्षा धीराः समरविक्रान्तबोधिन-स्त्यक्तविषादाः स्वव्यवस्थितगतिगंभीरबुद्धिचेष्टाः कल्याणा-भिनिवेशिनश्च सत्त्वसाराः, तेषां स्वलक्षणैरेव गुणा व्या-ख्याताः।' સત્ત્વ એટલે ઉત્તમ મનરૂપ સારવાળા પુરુષો સ્મરણશક્તિથી યુક્ત, ભક્તિમાન, કૃતજ્ઞ, ઘણા ઉત્તમ જ્ઞાનવાળા, પવિત્ર, મોટા ઉત્સાહવાળા ચતુર, ધૈર્યસંપન્ન, યુદ્ધમાં પરાક્રમપૂર્વક યુદ્ધ કરનારા, ખેદનો ત્યાગ કરનારા, સારી વ્યવસ્થિત ગતિવાળા, ગંભીર બુદ્ધિ તથા ગંભીર ચેષ્ટાઓથી યુક્ત અને કલ્યાણમાં જ આગ્રહવાળા હોય છે. સત્ત્વસાર પુરુષોના ગુણો તેમનાં પોતાનાં લક્ષણો ઉપરથી અહીં કહ્યાં છે. ચરકે આઠ સારોનાં જુદાં જુદાં લક્ષણો કહ્યા પછી એ આઠે સારો જેઓમાં એકીસાથે રહેલ હોય તેવા પુરુષોનાં લક્ષણો પણ ચરકે વિમાનસ્થાનના ૮મા અધ્યાયમાં આમ કહ્યાં છે: 'तत्र सर्वैः सारैरुपेताः पुरुषा भवन्त्य-तिबलाः परमगौरवयुक्ताः क्लेशसहाः सर्वारम्भेष्वात्मनि जातप्रत्ययाः कल्याणाभिनिवेशिनः स्थिरसमाहितशरीराः सुसमाहितगतयः सानुनादस्निग्धगम्भीरमहास्वराः सुखैश्वर्यवित्तोपभोगसम्मानभाजो मन्दजरसो मन्द-विकाराः प्रायस्तुल्यगुणविस्तीर्णायुषश्चिरजीविनश्च भवन्ति।' તેમાં ઉપર જણાવેલાં બધાં સત્ત્વોથી યુક્ત પુરુષો અતિશય બળવાન હોય છે, ગૌરવ-વાળા હોય છે; કોઈ પણ કલેશ, સંકટ કે દુઃખને સહન કરી શકે તેવા હોય છે; કાર્યના આરંભમાં તેમને પોતાની જાત ઉપર વિશ્વાસ હોય છે (કે અમે આ કાર્યને અવશ્ય સંપૂર્ણ કરી શકીશું); દરેક કલ્યાણમાં તેઓ આગ્રહ ધરાવે છે. તેમનાં શરીર સ્થિર અને ઉત્તમ પ્રકારના બંધારણવાળાં હોય છે. તેમની ચાલ પણ સારી રીતે વ્યવસ્થિત થયેલી હોય છે. તેમના ગળાનો અવાજ પણ પાછળથી ગર્જનાવાળો, સ્નિગ્ધ ગંભીર અને મોટો હોય છે. જ્યાં હોય ત્યાં તેઓ સુખ, ઐશ્વર્ય, ઉપભોગ, વૈભવ તથા સન્માન પ્રાપ્ત કરે છે. તેમની વૃદ્ધાવસ્થા મંદ હોય છે એટલે કે ઘણી જ ઓછી અસર કરનારી હોય છે. તેમને કોઈ રોગ થાય તે પણ ખૂબ ઓછા પ્રમાણમાં થાય છે. તેમનાં જે સંતાનો થાય તે પણ લગભગ તેમના જેવાં જ ગુણયુક્ત અને ઘણી સંખ્યામાં હોય છે અને તે પુરુષો લાંબો કાળ જીવનારા હોય છે.' એમ ઉપર ચરકે દર્શાવેલા આઠ સારો અહીં દર્શાવ્યા છે. તે જ સારોને સુશ્રુતે સૂત્રસ્થાનના ૩૫મા અધ્યાયમાં ટૂંકમાં કહી બતાવ્યા છે: स्मृतिभक्तिप्रज्ञाशौर्यशौचोपेतं कल्याणाभिनिवेशं सत्त्व-सारं विद्यात्, स्निग्धसंहतश्वेतास्थिदन्तनखं बहुलकाम-प्रजं शुक्रेण, अक्रृशमुत्तमबलं स्निग्धगम्भीरस्वरं सौभा-ग्योपपन्नं महानेत्रं च मज्ञा, महाशिरःस्कन्धं दृढदन्त-हन्वस्थिनखमस्थिभिः, स्निग्धमूत्रस्वेदस्वरं बृहच्छरीर-मायाससहिष्णुं मेदसा, अच्छिद्रगात्रं गूढास्थिसन्धि मांसोपचितं च मांसेन, स्निग्धताम्रनखनयनतालुजिह्वौष्ठ-

पाणिपादतलं रक्तेन, सुप्रसन्नमृदुत्वग्रोमाणं त्वक्सारं विद्यादिति। एषां पूर्वं पूर्वं प्रधानमायुःसौभाग्ययोरिति। જે પુરુષ સ્મરણશક્તિથી યુક્ત, ભક્તિમાન પ્રજ્ઞા–બુદ્ધિવાળો, શૌર્યવાન અને બાહ્ય આભ્યન્તર પવિત્રતાથી યુક્ત તથા કલ્યાણ માટે આગ્રહવાળો હોય તેને સત્ત્વરૂપ સારથી યુક્ત જાણવો. જેનાં હાડકાં, દાંત અને નખો સ્નિગ્ધ, એકીસાથે સારી રીતે ગોઠવાયેલાં હોય અને જેનામાં કામવાસના વધુ હોય તેમ જ જેને ઘણાં સંતાનો હોય તેને શુક્રરૂપ સારથી યુક્ત જાણવો. જે માણસ શરીરે પાતળો અથવા દુર્બળ ન હોય; ઉત્તમ બળથી યુક્ત હોય જેના ગળાનો અવાજ સ્નિગ્ધ તથા ગંભીર હોય; જે ઉત્તમ ભાગ્યવાળો હોય અને જેનાં નેત્રો ઉત્તમ હોય તેને ઉત્તમ મજ્જારૂપ સારથી યુક્ત જાણવો. જેનું માથું અને ખાંધ મોટાં હોય જેના દાંત, હડપચી, હાડકાં તથા નખ મજબૂત હોય તેને ઉત્તમ હાડકારૂપ સારથી યુક્ત જાણવો. જેનું મૂત્ર, પરસેવો તથા ગળાનો અવાજ સ્નિગ્ધ હોય, જેનું શરીર મોટું હોય અને શરીરના પરિશ્રમને જે સહન કરી શકતો ન હોય તેને મેદરૂપ સારથી યુક્ત જાણવો. જેનું શરીર કોઈ પણ છિદ્રથી રહિત હોય, જેનાં હાડકાં અને સાંધા માંસથી ભરાવદાર હોઈ બહારના ભાગમાં દેખાતા ન હોય અને જેનું આખુંયે શરીર માંસથી પુષ્ટ હોય તેને માંસરૂપ સારથી યુક્ત જાણવો. જેના નખ, નેત્રો, તાળવું, જીભ, હોઠ અને હાથ–પગનાં તળિયાં લાલ હોય તેને લોહીરૂપ ધાતુના સારથી યુક્ત જાણવો. જેની ચામડી અને રુવાંટાં અતિશય સ્વચ્છ તથા કોમળ હોય તેને ઉત્તમ ત્વચારૂપ સારથી યુક્ત જાણવો. અહીં જણાવેલા આઠ સારોમાં છેલ્લેથી માંડી પહેલો સાર ઉત્તમ જાણવો.'

इति श्रीकाश्यपसंहितायां सूत्रस्थान समाप्त

सूत्रस्थान समाप्त

મહર્ષિ મારીચકશ્યપ વિરચિત

काश्यपसंहिता

અથવા

वृद्धजीवकीयतंत्र

(कौमारभृत्य)

૩ : विमानस्थान

कर्णविज्यावष्ठीवन विमान
અધ્યાય ૧ લો

.....

.....

આ અધ્યાયની છેલ્લાં બે જ પંક્તિઓ મળે છે. બાકીનો આખોય અધ્યાય ખંડિત હોઇ મળી શકતો નથી. આ અધ્યાયની સમાપ્તિને સૂચવતું છેલ્લું વાક્ય 'इति कर्णाविज्यावष्ठीवनं विमानम्' એ પ્રમાણે મળે છે.' પણ તેનો કયો અર્થ થાય, એ કહેવું મુશ્કેલ છે; છતાં આટલું તો કહી શકાય જ છે કે આ અધ્યાયનો અમુક વિષય છે. 'अवेक्षितजान् गदान्' એમ નીચેના વાક્યમાં જે પદો મળે છે, તે જોવાથી જાણી શકાય છે કે આ અધ્યાયમાં દૃષ્ટિદોષથી જે રોગો ઉત્પન્ન થયા હોય તેમનું વર્ણન હોવું જોઈએ. છેવટે તેમના દેવતા તથા નક્ષત્ર આદિની પૂજા દ્વારા તેઓનો પ્રતિકાર કહેવામાં આવ્યો છે. આથી વધારે આ અધ્યાયમાં કયા વિષયો છે, તે કહેવું મુશ્કેલ છે.

.....पृथक् पूजा हिताशनम् ।
तिथिनक्षत्रदेवार्चा घ्नन्त्यवेक्षितजान् गदान् ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥

અલગ અલગ પૂજા અને હિતકારી ભોજન કરાય; તેમ જ તે તે તિથિ, નક્ષત્ર તથા દેવતા–એ દૃષ્ટિદોષથી ઉત્પન્ન થયેલા રોગોનો નાશ કરે છે, એમ ભગવાન કશ્યપે કહ્યું હતું.

इति कर्णविज्यावष्ठीवन विमान समाप्त

शिष्योपक्रमणीय विमान
અધ્યાય ૨ જો

अथातः शिष्योपक्रमणीयं विमानमध्यायं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી 'शिष्योपक्रमणीय' વિમાન નામના અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીએ છીએ એમ ભગવાન કશ્યપે કહ્યું હતું. ૧,૨

વિવરણ : આ અધ્યાયનું નામ 'शिष्योपक्रमणीय' એવું રાખવામાં આવ્યું છે. તેમાં અભિપ્રાય આ છે કે, અધ્યયન કરવા માટે શિષ્યે ગુરુ સમીપે કેવી રીતે આવવું જોઈએ તેનું જેમાં પ્રથમ કથન છે અને પછી તે શિષ્યને ગુરુ કેવા પ્રકારે ઉપદેશ આપે અને તેની પહેલાં એ શિષ્ય વિદ્યાનો અધિકારી છે કે નહિ ઇત્યાદિ જાણવા માટે ગુરુ શિષ્યની પરીક્ષા કરે અને તે પછી જ શિષ્યની યોગ્યતા જાણીને ગુરુ તે શિષ્યને વિદ્યાનો ઉપદેશ કરે એમ દર્શાવવા આ અધ્યાય શરૂ કરવામાં આવેલ છે. ૧–૨

अथ खलु गुरुः शिष्यमभिगतं विद्यार्थिनं शिष्यगुणान्वितं विधिनोपनयेदुदगयने पुण्याहे नक्षत्रेऽश्वयुजि रोहिण्यामुत्तरास्वन्यस्मिन् वा । पुण्ये प्रागुदक्प्रवणदेशे गोमयेनाद्भिश्च गोचर्ममात्रं स्थण्डिलमुपलिप्य; यथोक्तं तत्र लक्षणोल्लेखनाग्निप्रणयनपरिसमूहनपर्युक्षणब्रह्मप्रणीतास्तरणाज्योत्पवनाधाराज्यभागाग्निहोमान् कृत्वा, पालाशीः समिधो घृताक्ता जुहोति–अग्नये

स्वाहा, सोमाय स्वाहा, प्रजापतये स्वाहा, कश्यपाय स्वाहा, अश्विभ्यां स्वाहा, इन्द्राय स्वाहा, धन्वन्तरये स्वाहा, सरस्वत्यै स्वाहा, पूर्णभगाय स्वाहा, अग्नये स्विष्टकृते स्वाहा, इति हुत्वा; ब्राह्मणं हविष्यौदनेन दक्षिणावन्तं तर्पयित्वा, देवांश्च बलिभिः, गुरवे पूर्णकुम्भं दक्षिणां दत्त्वा, 'दधिक्राव्ण' इति प्राङ्मुखो दधि प्राश्य, उपस्पृश्याद्भिः, परिक्रम्य प्रदक्षिणं, गुरोर्बाहुं संस्पृश्य ब्रूयात्-असावहं पुत्र इति, पादौ संस्पृश्य ब्रूयात्-असावहं शिष्य इति ॥३॥

તે પછી પોતાની સામે આવેલા શિષ્યને વિદ્યાનો અર્થી-વિદ્યા મેળવવા આતુર અને શિષ્યોના ગુણોથી યુક્ત જાણીને ગુરુ તે શિષ્યને વિધિપૂર્વક પોતાની સમીપ લાવે. તે વેળા ઉત્તરાયણના સૂર્ય હોવા જોઈએ; પવિત્ર દિવસ હોય અને તે દિવસે અશ્વિની, રોહિણી કે ઉત્તરાફાલ્ગુની કે ઉત્તરાષાઢા નક્ષત્ર હોવું જોઈએ. એવા શુભ દિવસે પ્રથમ પવિત્ર અને પૂર્વ તથા ઉત્તર દિશાની વચ્ચેના પ્રદેશને ગાયનું છાણ મેળવેલા પાણીથી લીંપવો જોઈએ. એ પ્રદેશ પણ 'ગોચર્મ' પ્રમાણ હોવો જોઈએ-એટલે કે ૨૧૦૦ હાથ લાંબો પહોળો હોવો જોઈએ. આ 'ગોચર્મ' પ્રમાણના સંબંધે આવો એક શ્લોક પણ મળે છે; જેમ કે-'सप्तहस्तेन दण्डेन त्रिंशद्दण्डैर्निवर्तनम् । दश तान्येव गोचर्म दत्त्वा स्वर्गे महीयते ॥'-સાત હાથની એક લાકડી તૈયાર કરી તે લાકડીથી ચારે બાજુ ત્રીસ લાકડી ભરીને જેટલા હાથની સંખ્યા મળે તેને દશગણી કરીને તે એકંદર સંખ્યા ૨૧૦૦ની ગણી તેટલા હાથ ભૂમિનું દાન કરવામાં આવે તે ગોચર્મ ભૂમિનું દાન કર્યું ગણાય છે. એટલી ભૂમિનું દાન કરીને માણસ સ્વર્ગલોકમાં 'પૂજાય છે.' એમ તે ગોચર્મ પ્રમાણ સ્થંડિલને લીંપીને તે પછી એ સ્થંડિલ પર પ્રથમ કહ્યા પ્રમાણે જમીનને ખોતરી કાઢવી જોઈએ. તે પછી તે જમીન પર અગ્નિ પધરાવવો. પછી પરિસમૂહન એટલે કે આમતેમ વિખરાયેલી વસ્તુઓને એકત્ર કરવી; પર્યુક્ષણ કરવું એટલે ત્યાં ચારેબાજુ પાણી છાંટવું; બ્રહ્મપ્રણિતાસ્તરણ કરવું-એટલે કે બ્રહ્મા બનેલા ઋત્વિજનું ત્યાં આસન બિછાવવું; આજ્યોત્પવન એટલે કે ઘીને પવિત્ર કરી ઓગાળવું; આઘારાજ્ય-આહુતિ એટલે કે મુખ્ય હોમના આદિમાં તથા અંતમાં જે આહુતિ અપાય છે, તેમાંથી યજ્ઞના કુંડના ઉત્તર ભાગ તરફ એક આહુતિ અને યજ્ઞના કુંડના દક્ષિણભાગમાં બીજી આહુતિ અપાય છે, તે સમજવી; જેમકે ॐ अग्नये स्वाहा, इदमग्नये इदं न मम,' એમ બોલી યજ્ઞ-કુંડના ઉત્તરભાગમાં આહુતિ આપવી; અને ॐ सोमाय स्वाहा, इदं सोमाय, इदं न मम' એમ બોલી યજ્ઞના કુંડના દક્ષિણ ભાગમાં જે બીજી આહુતિ અપાય-તે બન્ને આહુતિઓને 'आघाराज्याहुति' કહેવામાં આવે છે; અને તે પછી આજ્યભાગ-આહુતિ આપવી; જેમ કે કુંડના મધ્ય ભાગે 'ॐ प्रजापतये स्वाहा इदं प्रजापतये, इदं न मम' એમ બોલી કુંડની વચ્ચે એક આહુતિ આપવી અને તે પછી 'ॐ इन्द्राय स्वाहा, इदमिन्द्राय, इदं न मम' એમ બોલી બીજી એક આહુતિ પણ કુંડના મધ્ય ભાગે આપવી એ 'आज्यभागाहुति' કહેવાય છે.' એમ અગ્નિહોમ કર્યા પછી બાબરાની સમિધો ઘીથી પલાળી નીચે પ્રમાણે દેવતાઓને ઉદ્દેશી આહુતિઓ દેવી: 'अग्नये स्वाहा, सोमाय स्वाहा, प्रजापतये स्वाहा, कश्यपाय स्वाहा, अश्विभ्यां स्वाहा, इन्द्राय स्वाहा, धन्वन्तराय स्वाहा, सरस्वत्यै स्वाहा, पूर्णभगाय स्वाहा, अग्नये स्विष्टकृते स्वाहा'-એમ બોલી દશ દેવોને ઉદ્દેશી દશ આહુતિઓ દેવી. તે પછી હવિષ્યાન્ન-ભાત જમાડી બ્રાહ્મણને તૃપ્ત કરી તેને દક્ષિણા આપવી અને દેવોને બલિદાન અર્પણ કરી તૃપ્ત કરવા.

ગુરુને પૂર્ણ કલશનું દાન દઈ દક્ષિણા દેવી. તે પછી 'दधि क्राव्णः०' એ મંત્ર ભણી શિષ્યે પૂર્વતરફ મુખ રાખી દહીંનું પ્રાશન કરવું; અને તે પછી જલ વડે ઉપસ્પર્શ કરી–મોઢું સાફ કરી–લૂછીને ગુરુને પ્રદક્ષિણા કરવી. અને પછી ગુરુના જમણા હાથનો સ્પર્શ કરી–પોતાના હાથમાં લઈને તે ગુરુને આમ કહેવું કે, 'હું આપનો પુત્ર છું.' એમ કહી ગુરુના બન્ને પગનો સ્પર્શ કરી ફરી તેમને (હાથ જોડી) આમ કહેવું કે, 'આ હું તમારો શિષ્ય છું.' ૩

विवरण : અહીં ઉપર 'स्विष्टकृत' આહુતિ, જે છેલ્લી દશમી કહી છે, તે જે કે એક બતાવી છે, પણ તે આહુતિ બે અપાય છે અને તે વેળા આ મંત્ર ભણવામાં આવે છે: ॐ यदस्य कर्मणोऽत्यरीरिचं यद्वा न्यूनमिहाकरवम्, अग्निष्टुत् स्विष्टकृत् विद्यात्। सर्वं स्विष्टं सुहुतं करोतु मे'– એમ મંત્ર ભણી બીજો આ મંત્ર પણ ભણવો– 'अग्नयेस्विष्टकृते सुहुतहुतो सर्वप्रायश्चित्ताहुतीनां कामानां समर्थयित्रै सर्वान्न; कामान् समर्धय स्वाहा। એ મંત્રોચ્ચાર કર્યા પછી 'इदमग्नये स्विष्टकृते इदं न मम' એમ બોલી સ્વિષ્ટકૃત હોમની બે આહુતિઓ ઘીથી તથા ભાતથી આપવી જોઈએ.' એમ અહીં જે વિદ્યાધ્યયનની વિધિ કહી છે, તેથી કંઈ વિશેષ ચરકે પણ વિમાનસ્થાનના ૮મા અધ્યાયમાં આમ જણાવ્યું છે: एवं विधमध्ययनार्थमुपस्थितमारिराधयिषुमाचार्यश्चानुभाषेत—अथोदगयने शुक्लपक्षे प्रशस्तेऽहनि तिष्यहस्तश्रवणाश्वयुजामन्यतमेन नक्षत्रेण योगमुपगते भगवति शशिनि कल्याणे कल्याणे च करणे मैत्रे मुहूर्ते मुण्डः स्नातः कृतोपवासः कषायवस्त्रसंवीतः समिधोऽग्निमाज्यमुपलेपनमुदकुम्भांश्च गन्धहस्तो माल्यदामप्रदीपहिरण्यहेमरजतमणिमुक्त विद्रुमक्षौमपरिधिकुशलाजसर्षपाक्षतांश्च शुक्लांश्च सुमनसो ग्रथिताग्रथितांश्च मेध्यांश्च भक्ष्यान् गन्धांश्च घृष्टानादायोपतिष्ठस्वेति, अथ सोऽपि तथा कुर्यात्। तमुपस्थितमाज्ञाय समे शुचौ देशे प्राक्प्रवणे उदक्प्रवणे वा चतुष्किष्कुमात्रं चतुरस्रंस्थण्डिलं गोमयोदकेनोपलिप्ते कुशास्तीर्णे सुपरिहितं परिधिभिश्चतुर्दिशं यथोक्तचन्दनोदककुम्भक्षौमहेमहिरण्यरजतमणिमुक्ताविद्रुमालंकृतं मेध्यभक्ष्यगन्धशुक्लपुष्पलाजसर्षपाक्षतोपशोभितं कृत्वा, तत्र पालाशीभिरिङ्गुदीभिरौदुम्बरीभिर्माधुकीभिर्वा समिद्भिरग्निमुपसमाधाय प्राङ्मुखः शुचिरध्ययनविधिमनुविधाय मधुसर्पिर्भ्यां त्रिस्त्रिर्जुहुयादग्निमाशीः प्रयुक्तैर्मन्त्रैर्ब्रह्माणमग्निं धन्वन्तरिं प्रजापतिमश्विनाविन्द्रमृषींश्च सूत्रकारानभिमन्त्रयमाणः पूर्वं स्वाहेति। शिष्यश्चैनमन्वालभेत हुत्वा च प्रदक्षिणमग्निमनुपरिक्रामेत् ततोऽनुपरिक्रम्य ब्राह्मणान्स्वस्ति वाचयेत्, भिषजश्चाभिपूजयेत्। એવા પ્રકારનો ગુણસંપન્ન શિષ્ય ભણવા માટે પોતાની સમીપે જ્યારે આવે અને પોતાની સેવા કરવા ઇચ્છે ત્યારે આચાર્યે તેને આમ કહેવું જોઈએ કે 'ઉત્તરાયણના સમયે માઘ મહિનાથી માંડી છ મહિના સુધીના કોઈપણ મહિનામાં શુક્લપક્ષ–અજવાળિયામાં ઉત્તમ દિવસે પુષ્ય, હસ્ત, શ્રવણ કે અશ્વિની–એમાંના કોઈપણ નક્ષત્ર સાથે કલ્યાણકારી ભગવાન ચંદ્રનો યોગ હોય અને (ભવ–બાલવ આદિ) કોઈ કલ્યાણકારી કરણ હોય તેમજ (શિવભુજગ આદિ) મૈત્ર–અનુકૂલ મુહૂર્ત હોય ત્યારે મસ્તકે મુંડન કરાવી ઉપવાસ તથા સ્નાન કરી કષાય રંગનું–લાલ કે ભગવું વસ્ત્ર ધારણ કરી, હાથમાં ચંદન તથા (ખાખરો વગેરે) સમિધો કે હોમકાષ્ઠો અને અગ્નિ, ઘી, ગાયનું છાણ વગેરે લીંપવાનાં દ્રવ્યો, જળ ભરેલા કલશો, પુષ્પમાળા, દીપક, સુવર્ણ, રૂપું, મણિઓ, મોતીઓ, વિદ્રુમ–પરવાળાં, રેશમી વસ્ત્રો તથા પરિધિઓ એટલે કે હોમવાના કુંડની ચારે બાજુ સ્થાપવાની એક એક હાથ માપની ખાખરા વગેરેની લાકડીઓ; દર્ભ, લાજ કે ડાંગરની ધાણી, સરસવ, અક્ષત–અખંડ ચોખા, (માળારૂપે) ગૂંથેલાં અને નહિ ગૂંથેલાં ધોળાં પુષ્પો, (તલના લાડુ વગેરે) મેધ્ય–બુદ્ધિવર્ધક પવિત્ર ભક્ષ્ય પદાર્થો તથા ઘસેલાં સુગંધી દ્રવ્યો પણ સાથે લઈ તું મારી પાસે (ભણવા) આવજે.' એમ ગુરુ આજ્ઞા કરે ત્યારે શિષ્ય પણ તે જ પ્રમાણે વર્તે. ગુરુની આજ્ઞા પ્રમાણે શિષ્ય પાછો પોતાની સમીપે આવેલો જણાય ત્યારે તે આચાર્યે એકસરખા–નહિ નીચા કે ઊંચા–સપાટ, પવિત્ર પ્રદેશ પર અથવા પૂર્વ દિશામાં કે ઉત્તર દિશામાં અનુક્રમે નીચાણવાળા પ્રદેશ પર ચાર હાથ ચોખ્ખું સ્થંડિલ(વેદી) બનાવવું અને તેને ગાયના છાણથી લીંપવું. તેની ઉપર દર્ભ પાથરવા.

અને (ઉપર જણાવેલ) પરિધિઓ કે ખાખરા વગેરેની લાકડીઓથી ચારે બાજુ તેને સારી રીતે વીંટવું. પછી શિષ્યે આણેલ ચંદન, પાણીથી ભરેલા કળશો, રેશમી વસ્ત્ર, સુવર્ણ, રૂપું, મણિ તથા પરવાળાંથી ચારે દિશાઓમાં તે સ્થંડિલને શણગારવું. તેમ જ પવિત્ર તલના લાડુ વગેરે ભક્ષ્ય પદાર્થો, સુગંધી દ્રવ્યો, ધોળાં પુષ્પો, લાજ કે શાળની ધાણી, સરસવ તથા અક્ષત-તે સ્થંડિલને શોભીતું કરવું; તે પછી તેની ઉપર ખાખરાની, ઇંગોળિયાંની ઉંબરાની કે મહુડાની સમિધો કે હોમકાષ્ઠોથી અગ્નિઆધાન-પ્રજ્વલિત અગ્નિનું સ્થાપન કરી, પવિત્ર થઈ ને પૂર્વ દિશા તરફ મુખ રાખી, અધ્યયનની વિધિને અનુસરી એટલે કે વેદનો આરંભ કરવાની વિધિ આશીર્વાદાત્મક મંત્રો કે ઋચાઓ ઉચ્ચારી બ્રહ્માને, અગ્નિને, ધન્વન્તરિને, પ્રજાપતિને, અશ્વિનીકુમારોને, ઇંદ્રને તથા ભરદ્વાજ આદિ સૂત્રધાર ઋષિઓને પ્રથમ (ચોથી વિભક્તિ લગાડી) અભિમંત્રિત કરીને (અંતે) સ્વાહા પદનો ઉચ્ચાર કરી એટલે કે 'બ્રહ્મણે સ્વાહા' ઇત્યાદિ કહીને મધ અને ઘીથી ત્રણ ત્રણ વાર આહુતિઓ આપવી. એમ હોમ કર્યા પછી અગ્નિને (જમણી બાજુ રાખી) પ્રદક્ષિણા કરવી; અને તે પ્રદક્ષિણા કર્યા પછી બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવવું અને વૈદ્યોનું પણ પૂજન કરવું.' સુશ્રુતે પણ સૂત્રસ્થાનના બીજા અધ્યાયમાં શિષ્યને આયુર્વેદની દીક્ષા આપવાનો પ્રકાર આમ જ કહ્યો છે: જેમકે-

उपनयनीयस्तु ब्राह्मणः प्रशस्तेषु तिथिकरणमुहूर्त्तनक्षत्रेषु प्रशस्तायां दिशि शुचौ समे देशे चतुर्हस्तं चतुरस्रं स्थण्डिलमुपलिप्य गोमयेन दर्भैः संस्तीर्य रत्नपुष्पैर्लाजभक्तैरन्नैश्च पूजयित्वा देवता विप्रान् भिषजश्च तत्रोल्लिख्याभ्युक्ष्य दक्षिणतो ब्रह्माणं स्थापयित्वाऽग्निमुपसमाधाय खदिरपलाशदेवदारुविल्वानां समिद्भिश्चतुर्णां वा क्षीरिवृक्षाणां न्यग्रोधोदुम्बराश्वत्थमधूकानां दधिमधुघृताक्ताभिर्दार्वीहौमिकेन विधिना सप्रणवाभिर्महाव्याहृतिभिः स्रुवेणाज्याहुतीर्जुहुयात्। प्रतिदैवतमृषींश्च स्वाहाकारं जुहुयात्। शिष्यमपि कारयेत् ॥ જે બ્રાહ્મણ શિષ્યને પોતાની સમીપ લાવી વિદ્યાધ્યયન માટે દીક્ષા આપવાના હોય તેણે ઉત્તમ તિથિ, કરણ, મુહૂર્ત અને નક્ષત્રયુક્ત દિવસે ઉત્તર દિશામાં પવિત્ર તથા સપાટ પ્રદેશ પર ચાર હાથનું ચોરસ સ્થંડિલ બનાવી તેને ગાયના છાણથી લીંપી તેની ચોપાસ ધ્વજ બિછાવી, પુષ્પો, શાળની ધાણી તથા રત્નોથી દેવોનું, બ્રાહ્મણોનું તથા વૈદ્યોનું પૂજન કરી સ્થંડિલની ઉપર થોડું પાણી છાંટી તેની દક્ષિણ બાજુ બ્રહ્માનું આસન સ્થાપી સ્થંડિલની ઉપર અગ્નિને પધરાવી (સામવેદીય અગ્નિહોત્રી બ્રાહ્મણે પ્રસિદ્ધ) દાર્વીહોમની વિધિ પ્રમાણે દહીં, મધ તથા ઘીવાળી ખેર-ખાખરો દેવદાર તથા બીલી-એ ચાર ક્ષીરી વૃક્ષોની સમિધોનો હોમ કરી ॐ भूः स्वाहा, ॐ भुवः स्वाहा, ॐ स्वः स्वाहा, ॐ भूर्भुवः स्वः स्वाहा' એમ મહાવ્યાહૃતિઓના ઉચ્ચારપૂર્વક ઘીની આહુતિઓ હોમવી; તેમ જ બ્રહ્મા-પ્રજાપતિ, અશ્વિનીકુમાર તથા ઇંદ્ર એ પ્રત્યેક દેવતાઓને ઉદ્દેશીને તેમ જ ધન્વન્તરિ, ભરદ્વાજ તથા આત્રેય આદિ ઋષિઓને પણ ઉદ્દેશી બ્રહ્મણે સ્વાહા ઇત્યાદિ મંત્રોચ્ચાર કરીને આહુતિઓ હોમવી. તેમ જ શિષ્ય પાસે પણ એ મંત્રોનો ઉચ્ચાર કરાવી ઘીની આહુતિઓ હોમાવવી. ૩

શિષ્યના ગુણો

अथ शिष्यगुणाः-क्षान्तिर्दाक्ष्यं दाक्षिण्यमानुकूल्यं शौचं कुले जन्म धर्मसत्याहिंसासामकल्याणज्ञानविज्ञानस्थितिविनिवेशः पाटवं यथोक्तकारित्वं ब्रह्मचर्यमनुत्सेको लोभेर्ष्याविवर्जनमिति; अतोऽन्यथा दोषैः सवर्ज्यः ॥ ४ ॥

હવે આ ચોથા સૂત્રમાં શિષ્યના ગુણો કહેવાય છે: ક્ષાન્તિ-ક્ષમા, દાક્ષ્ય-ચતુરાઈ-હોંશિયારી, દાક્ષિણ્ય-ડહાપણ, આનુકૂલ્ય-ગુરુને અનુકૂળ રહેવું, શૌચ-બાહ્ય-આભ્યંતર પવિત્રતા, ઉત્તમ કુળમાં જન્મ; ધર્મ, સત્ય, અહિંસા, સામ-શાંતપણું, કલ્યાણ, જ્ઞાન તથા વિજ્ઞાનમાં સ્થિતિ-અને તેમાં પ્રવેશ થવો-બરોબર સમજાવું, પાટવ-ચતુરાઈ, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કરવું, બ્રહ્મચર્ય પાળવું, અનુત્સેક-ગર્વનો અભાવ એટલે ગર્વ ન હોવો; લોભ તથા ઈર્ષ્યાનો ત્યાગ કરવો; એ શિષ્યના ગુણો છે. પણ એથી ઊલટા દોષોવાળા શિષ્યનો ગુરુએ ત્યાગ

કરી દેવો. ૪

વિવરણ : ચરકે પણ વિમાનસ્થાનના ૮ મા અધ્યાયમાં શિષ્યના ગુણો આ પ્રમાણે કહ્યા છે,જેમકે– 'अध्यापने कृतबुद्धिराचार्यः शिष्यमेवादितः परीक्षेत। तद्यथा-प्रशान्तमार्यप्रकृतिमक्षुद्रकर्माणमृजुचक्षुर्मुखनासावंशं तनुरक्तविशदजिह्मभ्रुविकृतदन्तौष्ठममिष्मिणं धृतिमन्तमनहंकृतं मेधाविनं वितर्कस्मृतिसम्पन्नमुदारसत्त्वं तद्विद्यकुलजमथवा तद्विद्यवृत्तं तत्त्वाभिनिवेशिनमव्यङ्गमव्यापन्नेन्द्रियं निभृतमनुद्धतवेशमव्यसनिनमर्थतत्त्वभावकमकोपनं शीलशौचाचारानुरागदाक्ष्यप्रादक्षिण्योपपन्नमध्ययनाभिकाममर्थविज्ञाने कर्मदर्शने चानन्यकार्यमलुब्धमनलसं सर्वभूतहितैषिणमाचार्यसर्वानुशिष्टप्रतिपत्तिकरमनुरक्तमेवंगुणसमुदितमध्याप्यमेवाहुः।' જે શિષ્યને ભણાવવા જેમણે વિચાર્યું હોય કે નિર્ણય કર્યો હોય એવા આચાર્યે પ્રથમ તો તે શિષ્યની પરીક્ષા કરવી જોઈએ. જેમકે જે શિષ્ય અતિશય શાન્ત, આર્ય–ઉત્તમ પ્રકૃતિ–સ્વભાવવાળો, ક્ષુદ્ર–હલકાં કર્મ નહિ કરનાર, જેનાં નેત્રો, મોઢું અને નાકની દાંડી સીધી હોય, જેની ભ્રમ પાતળી, લાલ તથા સ્વચ્છ હોય, જેના દાંત અને હોઠ વિકૃત–ખેડોળ ન હોય, જે નાકમાંથી બોલતો ન હોય એટલે ગૂંગણો ન હોય, ધૈર્યસંપન્ન હોય, અહંકારથી રહિત હોય, મેધા નામની બુદ્ધિની ધારણાશક્તિથી જે યુક્ત હોય, વિતર્ક તથા સ્મરણશક્તિથી જે યુક્ત હોય, મોટા સત્ત્વ એટલે મનોબળથી જે યુક્ત હોય, તદ્વિદ્યા–આયુર્વેદને જાણનારના કુળમાં જે જન્મ્યો હોય અથવા આયુર્વેદવિદ્યાને જાણનારના જેવા વર્તનવાળો હોય, તત્ત્વ–વસ્તુમાં જે અભિનિવેશ એટલે આગ્રહને ધરાવતો હોય, કોઈપણ વ્યંગ–ખોડ–ખાંપણથી જે રહિત હોય, જેની કોઈપણ ઇંદ્રિય વ્યાપન્ન કે બગડેલી અથવા ખરાબ થયેલી ન હોય, જે અતિશય શાંત હોય, જેનો વેશ ઉદ્ધત ન હોય, જેને કોઈ પણ જાતનું વ્યસન ન હોય, કોઈ પણ વસ્તુના તત્ત્વનો જે વિચારક હોય, ક્રોધી સ્વભાવનો ન હોય; શીલ–શૌચ, આચાર, અનુરાગ, દાક્ષ્ય–ચતુરાઈ તથા પ્રાદક્ષિણ્ય એટલે સર્વ પ્રત્યે અનુકૂળપણે વર્તનાર, અધ્યયન માટે પૂર્ણ ઇચ્છા ધરાવનાર, શાસ્ત્રીય અર્થને બરાબર સમજવા માટે, અનુભવમાં લેવા માટે તથા શાસ્ત્રીય કર્મ જોવા માટે બીજાં બધાં કાર્યો પડતાં મૂકનાર, લોભથી અને આળસથી રહિત, સર્વ પ્રાણીઓનું હિત ઇચ્છનાર, આચાર્યની બધી શિખામણ કે ઉપદેશોનો સ્વીકાર કરનાર અને ગુરુ ઉપરના અનુરાગ–પ્રેમથી યુક્ત એવા પ્રકારના જ ગુણસમુદાયથી યુક્ત–શિષ્યને વિદ્વાનો અધ્યાપન કરાવવા કે ભણાવવા યોગ્ય કહે છે. સુશ્રુતે પણ સૂત્રસ્થાનના બીજા અધ્યાયમાં શિષ્યના ગુણો આ પ્રમાણે કહ્યા છે; જેમકે–'ब्राह्मणक्षत्रियवैश्यानामन्यतममन्वयवयः शीलशौर्यशौचाचारविनयशक्तिबलमेधाधृतिस्मृतिमतिप्रतिपत्तियुक्तं तनुजिह्मौष्ठदन्ताग्रभ्रूजुवक्त्राक्षिनासं प्रसन्नचित्तवाक्चेष्टं क्लेशसहं च भिषक् शिष्यमुपनयेत्। अतो विपरीतगुणं नोपनयेत् ॥'–જે શિષ્ય બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય જાતિમાંથી કોઈ પણ એક જાતિનો હોય; ઉત્તમ વંશ, યોગ્ય ઉંમર, શીલ–સદ્વર્તન, શૌર્ય–પરાક્રમ, શૌચ–પવિત્રતા, આચાર, વિનયશક્તિ, બળ, મેધા નામની બુદ્ધિની ધારણા–શક્તિ, ધૃતિ, સ્મરણશક્તિ, બુદ્ધિ અને પ્રતિપત્તિ એટલે કે અર્થ ગ્રહણ કરવાની શક્તિથી જે યુક્ત હોય, જેની ભ્રમ, હોઠ અને દાંતની અણીઓ પાતળી હોય, જેનું મોઢું, નેત્રો અને નાક સરળ–સીધાં હોય જેના ચિત્તની તથા વાણીની ચેષ્ટા પ્રસન્ન હોય, અને ક્લેશોને જે સહન કરી શકતો હોય એવા શિષ્યને વૈદ્યે ભણાવવા માટે પોતાની સમીપ લાવવો; પણ એથી જે વિપરીત ગુણો ધરાવતો હોય તેને ભણાવવા માટે પોતાની સમીપ લાવવો નહિ. ૪

ગુરુ–આચાર્યના ગુણો

अथ गुरुः–धर्मज्ञानविज्ञानोहापोहप्रतिपत्तिकुशलो गुणसंपन्नः सौम्यदर्शनः शुचिः शिष्यहितदर्शी चोपदेष्टा च भिषक्शास्त्रव्याख्यानकुशलस्तीर्थागतज्ञानविज्ञानः कल्योऽनन्यकर्माऽध्यावृत्तः शिष्यगुणान्वितश्च। अतोऽन्यथा दोषैर्वर्ज्यः ॥५॥

તે પછી ધર્મ, જ્ઞાન, વિજ્ઞાન, ઊહા–પોહ–તર્ક–વિતર્ક અને યુક્તિઓમાં કુશળ, સર્વગુણસંપન્ન, સૌમ્ય–શાંત દેખાવના, પવિત્ર, શિષ્યનું હિત જોનારા, સમીપમાં બેસાડી ઉપદેશ કરનારા, વૈદ્યકશાસ્ત્રનું વ્યાખ્યાન કરવામાં કુશળ, ગુરુપરંપરાથી જેમને જ્ઞાન

તથા વિજ્ઞાન પ્રાપ્ત થયેલ હોય, જે ઉપદેશ દેવામાં કલ્ય-સમર્થ હોય, પઠન-પાઠન કરવા સિવાય બીજું કાર્ય જેમને ન હોય, કેવળ અધ્યાપનકર્મથી જે પાછા ફરેલા ન હોય અને ઉપર્યુક્ત શિષ્યના ગુણોથી પણ જે યુક્ત હોય, તેવા ગુરુ-આચાર્યનો શિષ્યે પોતાના ગુરુ તરીકે સ્વીકાર કરવો; પરંતુ એથી વિપરીત એટલે દોષોથી જે યુક્ત હોય તેનો શિષ્યે ત્યાગ કરવો. ૫

વિવરણ : ગુરુના આ ગુણો સંબંધે પણ ચરકે વિમાનસ્થાનના ૮ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'ततोऽनन्तरमाचार्यं परीक्षेत । तद्यथा-पर्यवदातश्रुतपरिदृष्टकर्माणं दक्षं दक्षिणं शुचिं जितहस्तमुपकरणवन्तं सर्वेन्द्रियोपपन्नं प्रकृतिज्ञं प्रतिपत्तिज्ञमुपस्कृतविद्यमनहङ्कृतमनसूयकमकोपनं क्लेशक्षमं शिष्यवत्सलमध्यापकं ज्ञानसमर्थं चेति, एवंगुणो ह्याचार्यः सुक्षेत्रमार्तवो मेघ इव सस्यगुणैः सुशिष्यमाशु वैद्यगुणैः सम्पादयति ॥ ५ ॥ તે પછી શિષ્યે આચાર્યની પણ આમ પરીક્ષા કરવી; જેમ કે જેમનું શાસ્ત્રીય જ્ઞાન ચારે બાજુથી ઉજ્જ્વળ-શુદ્ધ હોય, જેમણે ચિકિત્સાક્રિયને પોતાની નજરે પ્રત્યક્ષ જોઈ હોય, જે પોતે પણ ચિકિત્સાકર્મમાં કુશળ હોય, વળી જે શિષ્યને દક્ષિણ-અનુકૂળ હોય, બહારથી અને અંદરથી પણ જે શુચિ-પવિત્ર હોય, જેમણે પોતાના હાથ પર ક્રિયા માટેનો કાબૂ મેળવ્યો હોય અથવા જેમણે પોતાના હાથથી ઝડપી ક્રિયા કરવાની શક્તિ મેળવી હોય; જેમની પાસે ચિકિત્સાક્રિયાનાં બધાં ઉપકરણો કે સાધનો તૈયાર રહેતાં હોય; જેમની બધી ઇંદ્રિયો પરિપૂર્ણ હોય એટલે કે જેમની કોઈ પણ ઇંદ્રિય ખોડથી રહિત હોય; રોગીની પ્રકૃતિ-સ્વભાવને જે જાણતો હોય, તેમ જ રોગ પર જે ચિકિત્સા કરવાની હોય તેને પણ જે જાણતો હોય; જેની વિદ્યા બીજાં શાસ્ત્રોના જ્ઞાનથી ઉપકૃત-શુદ્ધ થયેલી હોય, અહંકારથી જે રહિત હોય, અસૂયા-અદેખાઈથી પણ રહિત હોય, ક્રોધી સ્વભાવના ન હોય, ક્લેશોને જે સહન કરી શકતા હોય, શિષ્ય ઉપર પ્રેમાળ હોય અને અધ્યાપન કરાવનાર હોઈ ભણને સમજાવવા માટે જે સમર્થ હોય; એવા પ્રકારના આચાર્ય ઋતુકાળનો મેઘ જેમ કોઈ ઉત્તમ ખેતરને ધાન્યના ગુણોથી યુક્ત બનાવે તેમ ઉત્તમ શિષ્યને તરત જ વૈદ્યના ગુણોથી યુક્ત બનાવે છે. ૫

શિષ્યને ગુરુનો ઉપદેશ

अथ शिष्यानुशासनं-भोः सौम्येनानुकूलेन धार्मिकेण जितेन्द्रियेणाहूताध्यायिना च भवितव्यं, सर्वनिवेदिना समानदुःखेन देशकालज्ञेन धृतिमता च भवितव्यं, लोभक्रोधमोहेर्ष्याप्रहासवैरमद्यमांसस्त्रीभ्यो निवर्त्तयि(त्ति)तव्यं, गुरुशुश्रूषाऽवशेषेणाध्येतव्यं, न चाननुज्ञातेन न चानभ्यर्च्य वा गुरुमसमाप्तविद्येन वा प्रचरितव्यम् ॥६॥

હે શિષ્ય ! તારે સૌમ્ય-શાંત, અનુકૂળ, ધાર્મિક, જિતેંદ્રિય અને બોલાવ્યા પછી ભણવાના સ્વભાવવાળા થવું; તેમ જ બધું જાણનાર, સમાન દુઃખવાળા, એટલે મારા દુઃખને પોતાનું દુઃખ સમજનાર, દેશ તથા કાળને જાણનાર તથા ધીરજથી યુક્ત થવું; લોભથી, ક્રોધથી, મોહથી, ઈર્ષ્યાથી, વધુ પડતા હાસ્યથી, વૈરભાવથી, મદ્યપાનથી, માંસસેવનથી અને સ્ત્રીઓથી અટકવું-દૂર રહેવું; ગુરુની સેવાને ત્યજ્યા વિના ભણવું; ગુરુની આજ્ઞા વિના, ગુરુનું પૂજન કર્યા વિના અને ગુરુ પાસે વિદ્યા સમાપ્ત કર્યા વિના તારે કોઈની ચિકિત્સાદિક્રિયા કરવી ન જોઈએ. ૬

વિવરણ : આ સંબંધે પણ ચરકે વિમાનસ્થાનના ૮ મા અધ્યાયમાં કહ્યું છે કે, 'अथैनमग्निसकाशे ब्राह्मणसकाशे भिषक्सकाशे चानुशिष्यात्-ब्रह्मचारिणा श्मश्रुधारिणा सत्यवादिनाऽमांसादेन मद्यसेविना निर्मत्सरेणाशस्त्रधारिणा च भवितव्यम्, न च ते मद्वचनात्किंचिदकार्यं स्यादन्यत्र राजद्विष्टात्प्राणहराद्विपुलादधर्म्यादनर्थसम्प्रयुक्ताद्वाऽप्यर्थात्, मदर्पणेन मत्प्रधानेन मत्प्रियहितानुवर्तिना च शश्वद्भवितव्यं पुत्रवद्वाऽस्यदर्थिवच्चोपचरताऽनुवस्तव्योऽहमनुत्सुकेनावहितेनानन्यमनसा विनीतेनावेक्ष्यकारिणाऽनसूयकेन, न चानभ्यनुज्ञातेन प्रविचरितव्यं, अनुज्ञातेन प्रवि-

चरता पूर्वं गुर्वर्थोपान्वाहरणे यथाशक्ति प्रयतितव्यं, कर्मसिद्धिमर्थसिद्धिं यशोलाभं प्रेत्य च स्वर्गमिच्छता त्वया गोब्राह्मणमादौ कृत्वा सर्वप्राणभृतां शर्माशासितव्यमहरहरुत्तिष्ठता चोपविशता च सर्वात्मना चातुराणामारोग्ये प्रयतितव्यं जीवितहेतोरपि चातुरेभ्यो नाभिद्रोग्धव्यं, मनसोऽपि च परस्त्रियो नाभिगमनीयास्तथा सर्वमेव परस्वं, निभृतवेशपरिच्छदेन भवितव्यमशौण्डेनापापेनापापसहायेन च श्लक्ष्णशुक्लधर्म्यधन्यसत्यशर्म्यहितमितवचसा देशकालविचारिणा स्मृतिमता ज्ञानोत्थानोपकरणसम्पत्सु नित्यं यत्नवता, न च कदाचिद्राजद्विष्टानां राजद्वेषिणां वा महाजनद्विष्टानां महाजनद्वेषिणां वाऽप्यौषधमनुविधातव्यं तथा सर्वेषामत्यर्थविकृतदुष्टदुःखशीलाचारोपचाराणामनपवादप्रतीकाराणां मुमूर्षूणां च तथैवासन्निहितेश्वराणां स्त्रीणामनध्यक्षाणां वा, न च कदाचित्स्त्रीदत्तमामिषमादातव्यमननुज्ञातं भर्त्राऽथवाऽध्यक्षेण, आतुरकुलं चानुप्रविशता त्वया विदितेनानुमतप्रवेशिना सार्धं पुरुषेण सुसंवीतेनावाक्शिरसा स्मृतिमता स्तिमितेनावेक्ष्यावेक्ष्य मनसा सर्वमाचरता बुद्धया सम्यगनुप्रवेष्टव्यं, अनुप्रविश्य च वाङ्मनोबुद्धीन्द्रियाणि न क्वचित् प्रणिधातव्यान्यत्रातुरादातुरोपक्रमार्थाद्वाऽऽतुरगतेष्वन्येषु वा भावेषु न चातुरकुलप्रवृत्तयो बहिर्निश्चारयितव्याः, हसितं चायुषः प्रमाणमातुरस्य न वर्णयितव्यं जानताऽपि तत्र यत्रोच्यमानमातुरस्यान्यस्य वाऽप्युपघाताय संपद्यते, ज्ञानवताऽपि च नात्यर्थमात्मनो ज्ञाने विकत्थितव्यं, आत्मादपि हि विकत्थमानादत्यर्थमुद्विजन्त्यनेके ॥' તે પછી આચાર્ય, એ શિષ્યને અગ્નિ સમક્ષ, બ્રાહ્મણ સમક્ષ અને વૈદ્ય સમક્ષ આમ ઉપદેશ આપે કે, 'તારે બ્રહ્મચારી રહી દાઢી–મૂછ ધારણ કરવાં; સત્યવાદી થવું, માંસાહાર ન કરવો, પવિત્ર અને મેધાવર્ધક પદાર્થોનું સેવન કરવું, માત્સર્ય કે દ્વેષભાવથી રહિત થવું તેમ જ શસ્ત્રો ધારણ ન કરવાં. રાજાનો દ્વેષ, પ્રાણઘાતક મોટો અનર્થ અને અનર્થથી યુક્ત કોઈપણ બાબત સિવાય તારે મારા વચનથી કોઈ અકાર્ય ન કરવું એટલે કે રાજાના અપરાધ વગેરે સિવાય બીજું કોઈ પણ કાર્ય કરવા હું જો આજ્ઞા કરું તો તરત જ તારે તે કાર્ય અવશ્ય કરવું; પરંતુ રાજાનો અપરાધ વગેરે કરવા કહ્યાય હું આજ્ઞા કરું તો યે તારે તે કાર્ય કદી ન જ કરવું. તું જે કંઈ લાવે તે તારે મને હમેશાં અર્પણ કરવું. તારી બધી ખાણેતોમાં તારે મને જ હંમેશાં મુખ્ય ગણવો. મને જ અધીન કે વશ થઈ તારે રહેવું અને મારું પ્રિય તથા હિત જે કંઈ હોય તેને જ અનુસરવા તારો કાયમી સ્વભાવ હોવો જોઈએ. જેમ પુત્ર પિતાને સેવે, દાસ જેમ સ્વામી કે શેઠને અનુસરે, અર્થાત્ કે યાચક જેમ ધનવાનને અનુસરે તે જ પ્રમાણે તારે મારી સેવા કરતા રહી મારું અનુસરણ કરવું; તેમ જ તારે ઉત્સુકતારહિત કે અતિશય ઉત્કંઠારહિત થઈને સાવધાન, એકાગ્રચિત્ત, વિનયસંપન્ન, જોઈ તપાસી–વિચારીને કાર્ય કરનાર, અસૂયાથી કે બીજાઓના ગુણો પર દોષારોપ ન કરી કેવળ મારી આજ્ઞા કે અનુજ્ઞા–સલાહ પ્રમાણે જ તારે વર્તન કરવું. વળી મેં તને જ્યારે આજ્ઞા કરી હોય ત્યારે અને આજ્ઞા ન કરી હોય ત્યારે પણ તારે, એ રીતે જ વર્તવું જોઈએ કે, પ્રથમ તારા ગુરુ મારા માટે જ હરકોઈ વસ્તુ લાવવા યથાશક્ય પ્રયત્ન કરવો જોઈએ. જ્યારે તું વૈદ્ય થાય ત્યારે તારી કર્મસિદ્ધિ કે ચિકિત્સાક્રિયામાં સફળતા, અર્થસિદ્ધિ કે ધનનો લાભ, યશ તથા હરકોઈ લાભની પ્રથમ ઇચ્છા કરવી; અને મરણ પછી સ્વર્ગ માટેની ઇચ્છા રાખ્યા કરવી. વળી તારે ગાયોનું તથા બ્રાહ્મણોનું કલ્યાણ સૌ પહેલાં કરી તે પછી સર્વ જીવોનું પણ કલ્યાણ અવશ્ય ઇચ્છવું. (ઉપરાંત) હરકોઈ વૈદ્ય બનેલા માણસે હંમેશાં સૂતાં, બેસતાં, ઊઠતાં, હરકોઈ સ્થિતિમાં રોગીઓના આરોગ્ય માટે જ પ્રયત્ન કર્યા કરવો જોઈએ. પોતાના જીવન માટે પણ રોગીઓનો દ્રોહ કરવો ન જોઈએ. એટલે કે રોગીઓને પીડા ઉપજાવીને પોતાની આજીવિકાનું સાધન મેળવવું ન જોઈએ. એટલું જ નહિ, પરંતુ તે માટે તારે મનથી પણ વિચાર ન કરવો જોઈએ; તો વાણીથી અને શરીરથી રોગીઓનો દ્રોહ કે પીડા કેમ કરાય? ન જ કરાય. વળી પારકી સ્ત્રીઓ પાસે તારે મનથી પણ વ્યભિચાર કરવા ન જવું, તો વાણીથી અને શરીરથી તું પરસ્ત્રીઓ પાસે કેમ જઈ શકે? ઉપરાંત પારકું સર્વ ધન તારે મનથી પણ ઇચ્છવું ન જોઈએ, તો વાણીથી અને શરીરથી તે પારકું ધન લઈ

લેવા તું કેમ તૈયાર થઈ શકે ? વળી તારે તારો વેશ અને સાધનસામગ્રી બરાબર રાખવી જોઈએ; તેમ જ તારે મદ્યપાન કદી પણ ન કરવું. કોઈપણ પાપ કદીયે ન કરવું. પાપી લોકોની સહાય કે મિત્રતા કદી ન કરવી. તારું વચન કોમળ, નિર્દોષ, ધર્મથી યુક્ત, સર્વને સુખકારક, ધન્યવાદને પાત્ર, પુણ્યથી યુક્ત, સત્ય, હિતકારક, માપસર બોલવું જોઈએ; વળી તારે દેશનો તથા કાળનો વિચાર કર્યા કરવો; સ્મૃતિમાન થવું એટલે કે સ્મરણશક્તિને કેળવવી જોઈએ; જ્ઞાન તથા આરોગ્ય માટેની સર્વ સાધન-સંપત્તિ માટે તારે હમેશાં પ્રયત્ન કરવો, કાળજી રાખવી; જેઓ રાજાના દ્વેષી કે શત્રુ હોય, રાજાના પ્રીતિપાત્ર ન હોય કે રાજાના અપરાધી હોય; મોટા માણસોના દ્વેષી હોય તેમની તારે ઔષધ કે ચિકિત્સા કરવાં નહિ; તેમ જ જે રોગીનું વર્તન તથા ચિકિત્સા બાબતનું વિકૃત અને દુઃખદાયક સ્વભાવનાં હોય, જે રોગી વૈદ્યની સામે વાદવિવાદ કર્યા કરતો હોય કે કોઈ જાતનો સામનો કરતો હોય, અથવા વૈદ્યની નિંદાનો સામનો કરી શકે તેવો ન હોય (તેથી 'જનપદ-ઉદ્ધ્વંસનીય' અધ્યાયમાં જોને ચિકિત્સા માટે ત્યજી દેવા યોગ્ય કહેલ છે) અને મરવા આતુર કે મરી જવા ઇચ્છતા હોય અથવા મરવાની અણી પર આવ્યા હોય તેઓનું ઔષધ કે ચિકિત્સા તારે ન જ કરવી; તેમ જ જે સ્ત્રીઓના પતિ તેઓની સમીપ હાજર ન હોય અથવા જે સ્ત્રીઓના અધ્યક્ષ કે રક્ષક તેમની સમીપ હાજર ન હોય તેવી સ્ત્રીઓની પણ ચિકિત્સા તારે ન કરવી. વળી સ્ત્રીએ આપેલું ધન કે એવી કોઈ ભોગ્ય વસ્તુ, તારે તેના પતિની કે અધ્યક્ષ રક્ષકની અનુજ્ઞા કે સંમતિ વિના તારે (વૈદ્ય તરીકે) કદી લેવી નહિ. વળી તું જ્યારે કોઈ રોગીના ઘરમાં (વૈદ્ય તરીકે) પ્રવેશ કરે ત્યારે તારી સાથે તે રોગીનો કે તેના સર્વ સંબંધીઓનો જાણીતો માણસ અવશ્ય હોવો જોઈએ; તેમ જ એ માણસે તે રોગીના ઘરમાં પ્રવેશ કરવાની સંમતિ કે સલાહ આપેલી હોવી જોઈએ. તે વેળા તેં પોતાને ઘટે એવાં ઉત્તમ વસ્ત્રો પહેરેલાં હોવાં જોઈએ; અને તે વખતે તારે અથવા બીજા કોઈ પણ વૈદ્યે પોતાનું મસ્તક નીચું-નમ્ર રાખવું અને સ્મરણશક્તિથી યુક્ત તથા સ્થિર, શાંત બની, મનથી જોઈ વિચારી સર્વ આચરણ કરવું અને તે પછી એમ સારી રીતે પ્રવેશ કરવો. વળી એમ રોગીના ઘરમાં પ્રવેશ કર્યા પછી પણ વાણી, મન બુદ્ધિ તથા ઇંદ્રિયોને કેવળ એક રોગી તથા એ રોગીનો ઉપકાર કરવા માટેનાં પ્રયોજન સિવાય બીજા કોઈ પણ રોગીને લગતા ભાવો કે વિષયવસ્તુઓમાં કયાંય પણ જોડવાં નહિ. તેમ જ રોગીના ઘરની પ્રવૃત્તિઓનો કયાંય પણ બહાર પ્રચાર ન કરવો. વળી (તું જ્યારે વૈદ્ય બને ત્યારે) રોગીના આયુષનું પ્રમાણ ઓછું કે ઘટી ગયું હોય, અને તે (અનિષ્ટ ચિહ્નોના ઉપરથી) તારા જાણવામાં આવે તો પણ તારે તેનું વર્ણન રોગી સમક્ષ ન કરવું; કેમ કે રોગીનું તે ક્ષીણ થયેલું કે ઘટેલું આયુષ, જો તું ત્યાં જાહેર કરે તો એ રોગીનું કે તેના બીજા કોઈ પ્રિય સંબંધી મનુષ્યનું તેથી મરણ થવાનો સંભવ રહે છે. પોતાના જ્ઞાનનાં વખાણ તારે પોતે કદી કરવાં નહિ; કેમ કે એવા અનેક સજ્જનો હોય છે કે જે કોઈ આપ્ત કે સત્યવક્તા ગણાતો માણસ પણ જો પોતાની આત્મશ્લાઘા કે પોતાનાં વખાણ કરતો હોય તો તે સાંભળીને કંટાળે છે. આ જ પ્રકારે સુશ્રુતે સૂત્રસ્થાનના બીજા અધ્યાયમાં કહ્યું છે કે, 'ततोऽग्निं त्रिः परिणीयाग्निसाक्षिकं शिष्यं ब्रूयात्-कामक्रोधलोभमोहमानाहङ्कारेर्ष्यापारुष्यपैशुन्यानृतालस्यायशस्यानि हित्वा, नीचनखरोमा शुचिना कषायवाससा सत्यव्रतब्रह्मचर्यामिवादनतत्परेणाऽवश्यं, भवितव्यं मदनुमतस्थानगमनशयनासनभोजनाध्ययनपरेण भूत्वा, मत्प्रियहितेषु वर्तितव्यम्, अतोऽन्यथा ते वर्तमानस्याधर्मो भवति, अफला च विद्या, न च प्राकाश्यं प्राप्नोति ॥ अहं वा त्वयि सम्यग् वर्तमाने यदि अन्यथादर्शी स्याम् एनोभाग् भवेयमफलविद्यश्च । द्विजगुरुदरिद्रमित्रप्रव्रजितोपनतसाध्वनाथाभ्युपगतानां चात्मवान्धवानामिव स्वभेषजैः प्रतिकर्तव्यमेवं साधु भवति । व्याधशाकुनिकपतितपापकारिणां न च प्रतिकर्तव्यमेवं विद्या प्रकाशते, मित्रयशोधर्मार्थकामांश्च प्राप्नोति ॥ પછી અગ્નિને ત્રણ પ્રદક્ષિણા કરી તે અગ્નિને જ સાક્ષીરૂપે કરી ગુરુએ

શિષ્યને આમ કહેવું કે 'તારે અભ્યાસ પૂરો થતાં સુધી કામ, ક્રોધ, લોભ, મોહ, માન, અહંકાર, ઈર્ષા, કઠોર વચન, ચાડી-ચૂગલી, મિથ્યા ભાષણ, આળસ અને પરિણામમાં જે વખાણવાલાયક ન હોય એવી પ્રવૃત્તિઓ છોડવી જોઈએ. તેમ જ નખ અને વાળ ઓછા રાખવા; પવિત્ર રહેવું, કષાય રંગનાં ભગવાં કપડાં પહેરવાં; સત્યવ્રત, બ્રહ્મચર્ય અને માનનીય લોકોને અભિવાદન-વંદન કરવામાં અવશ્ય તત્પર રહેવું. મારી આજ્ઞા પ્રમાણે જ સ્થિતિ, ગમન, શયન, આસન, ભોજન તથા અધ્યયનની ક્રિયાઓમાં સાવધાન રહેવું અને મને પ્રસન્ન કરનાર અને જેનાથી મારું હિત થાય તેવાં કાર્યો કરવા તત્પર થવું. આ નિયમોથી તું જો ઊલટી રીતે વર્તીશ તો તને અધર્મ થશે અને તારી વિદ્યા નિષ્ફળ નીવડશે. તેમ જ તે વિદ્યા કયાંય પણ પ્રકાશ નહિ પામે. તે જ પ્રમાણે તું સારી રીતે વર્તતો હોય છતાં હું મારા ધર્મથી જો વિપરીત વર્તું, તો મને પણ પાપ લાગે અને મારી વિદ્યા પણ નિષ્ફળ નીવડે. વળી આયુર્વેદનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી તારે બ્રાહ્મણ, ગુરુ, દરિદ્ર, મિત્ર, તપસ્વી તથા સમીપ રહેનાર સ્નેહીજનો, સત્પુરુષ, અનાથ અને દૂરથી આવેલાઓને પોતાના બાંધવો જેવા ગણી તેઓના રોગની ચિકિત્સા, તારા પોતાના જ ધનથી તૈયાર કરેલાં ઔષધોથી કરવી. એમ કરવાથી તારું કલ્યાણ થશે. વળી પશુઓની હિંસા કરનાર, પતિત-વટલી ગયેલા અને ચોરી તથા વ્યભિચાર કરનાર વગેરે પાપકર્મી લોકોના રોગોની તારે ચિકિત્સા કરવી નહિ. આ પ્રમાણે વર્તવાથી વિદ્યા પ્રકાશે છે અને મિત્ર, યશ, ધર્મ ધન તથા કામસુખને (વૈદ્ય) મેળવે છે. ६

ગુરુ પાસે અધ્યયન કરવાની વિધિ

अथाध्ययनविधिः—गुरुः शुचिरुद्धृतहस्तः शुचौ देशे तद्वच्छिष्यावहितायाथशब्दमोङ्कारं वा पूर्वं प्रयुज्य महाव्याहृतीरनूच्य सावित्रीं च त्रिरभ्यस्याऽधीष्व भो इत्युक्ते(क्त्वा) रूपमेकं निगदेत्, तं चानुपठेत्, तच्छिष्यो रूपहृतं संस्थाहृतं च कुर्यात्, ग्रहणशक्त्यवेक्षः खण्डन-संदर्शनापूर्वग्रहणानि सोढुं यथोक्तश्रवणं तस्याभ्यासो धन्यः, धारणाध्यापनेनार्थतत्त्वाधिगमनं तु मोक्षाय। नानध्यायेष्वधीयीत, न गुरुश्यलीकेषु, न पर्वसु, न सन्ध्यायां, न विद्युदुल्कानभ्रवर्षाऽसूर्यदर्शनेषु (?), न महोत्सवे, न भुक्तवान्, नाद्भुतदर्शने, न गोब्राह्मणगुरुपरात्मपीडायां, न पक्षिणीषु, नाप्यष्टकासु, नात्युच्चनीचप्रतूक्लीबस्वरैः, नामुखाद् गुरोः, नालक्षितं, न संदिग्धं, न च क्षुत्पिपासाव्याधिवैमनस्यादियुक्तोऽभ्यसेत् ॥ ७ ॥

ગુરુએ પવિત્ર થઈ, હાથ ઊંચો રાખી, પવિત્ર પ્રદેશ પર રહીને તેમ જ શિષ્ય પણ તે વેળા બરાબર સાવધાન થયો હોય ત્યારે પ્રથમ 'અથ' શબ્દનો અથવા 'ઓંકાર'નો ઉચ્ચાર કરી તે પછી મહાવ્યાહૃતિઓનો—એટલે કે ઓં ભૂઃ સ્વાહા, ઓં ભુવઃ સ્વાહા, ઓં સ્વઃ સ્વાહા અને ઓં ભૂર્ ભુવઃ સ્વઃ સ્વાહા'નો ઉચ્ચાર કરવો. અને તે પછી સાવિત્રી—ગાયત્રી મંત્રનો ત્રણ વાર ઉચ્ચાર કરવો; અને પછી તે શિષ્યને આમ કહેવું કે 'અધીષ્વ ભોઃ' 'હે શિષ્ય! તું હવે અધ્યયન શરૂ કર.' એમ કહી તેને એક રૂપ અથવા અમુક એક વિષયનો ઉપદેશ કરવો અને ફરી પણ તે જ રૂપ કે વિષયનો તેની પાછળ પોતે પાઠ કરી જવો—તે જ પાઠ ફરી તેને કહી બતાવવો. તે પછી શિષ્ય, તે જ રૂપ અથવા વિષયનો ખૂબ અભ્યાસ કરે અને પુનરાવર્તન દ્વારા બરાબર દૃઢ અથવા સ્થિર કરે. ઉપરનાં ત્રણ વાક્યોમાં આવો ભાવ દર્શાવ્યો છે કે ગુરુએ એક-એક વિષયના સ્વરૂપનો ઉપદેશ કરવો અને ફરી પણ તે જ વિષયના સ્વરૂપનો ઉપદેશ આપવો. શિષ્યે તે જ વિષયને બરાબર સમજવો; તેનું આવર્તન કર્યા કરવું અને તે જ શબ્દસ્વરૂપનું આવર્તન કર્યા કરી તે તે વિષયને ખૂબ દૃઢ કર્યા કરવો. પોતાની ગ્રહણશક્તિ અનુસાર ખંડન, સમ્યગ્દર્શન તથા અપૂર્વ—નવું નવું જે શીખવામાં આવે—તેને બરાબર

રીતે ધારણ કરવું અને બરાબર સાંભળેલાનો જે અભ્યાસ કરે તે ધન્યવાદપાત્ર થાય છે; વધુ પ્રમાણમાં ઉત્તમ બને છે. વળી એ રીતે અભ્યાસ દ્વારા જે તે વિષયને ધારણ વિષય બીજાને ભણાવવામાં સમર્થ બને અને તે દ્વારા તે અર્થતત્ત્વને જે પ્રાપ્ત કરાય તે તો મોક્ષ મેળવી આપવા સમર્થ થાય છે. વળી જે દિવસો (અષ્ટમી-પ્રતિપદા વગેરે) અનધ્યાય માટે કહ્યા છે, તે દિવસો (પરંપરાથી ભણવા માટે અયોગ્ય ગણાતા હોવાથી) તે દિવસોએ ભણવું નહિ. તેમ જ ગુરુને વ્યલીક-દુઃખ- રોગ વગેરે કોઈપણ પીડા થઈ હોય ત્યારે, અને પર્વોના દિવસોએ, બન્ને સંધ્યાકાળના સમયે, વીજળી પડી હોય, ઉલ્કાપાત થયો હોય, વાદળ વિના અકસ્માત વરસાદ પડતો હોય અને (વાદળિયો દિવસ થવાથી) સૂર્યનું દર્શન થતું ન હોય, કોઈ મોટો ઉત્સવ ચાલુ હોય, પોતે ભોજન કર્યું ન હોય એટલે કે ઉપવાસી હોય, અદ્‌ભુત આશ્ચર્ય દેખાતું હોય, ગાયોને, બ્રાહ્મણોને, ગુરુને, હરકોઈ બીજા માણસને કે પોતાને કોઈ પણ પીડા થતી હોય ત્યારે (વિદ્યાર્થીએ) ભણવું નહિ એટલે કે નવો પાઠ ન લેવો. (પણ સ્વાધ્યાય તો કરી શકાય છે.) વળી પક્ષિણી-અમાસ કે પૂનમના દિવસે અને અષ્ટકા નામનું પિતૃઓનું શ્રાદ્ધ જે દિવસે હોય, તે દિવસે પણ (વિદ્યાર્થીએ) ભણવું નહિ. ખૂબ ઊંચા સ્વરે, અતિશય નીચા અવાજે, પ્લુત સ્વરે એટલે કે ત્રણ માત્રા યુક્ત અવાજે કે કલીબ-કાયરના જેવા અવાજે કદી ભણવું નહિ. ગુરુના મુખ વિના બીજા કોઈના મુખથી (નવું) ભણવું નહિ. પોતાને જે અજ્ઞાત લાગતું હોય કે જે સંદેહયુક્ત જણાયું હોય તે પણ ભણવું કે ગોખવું નહિ; તેમ જ જે કાળે પોતે-વિદ્યાર્થી ભૂખ્યો હોય, તરસ્યો હોય, રોગથી યુક્ત બન્યો હોય કે વૈમનસ્ય એટલે વ્યગ્રચિત્તથી યુક્ત કે ઉદાસી થયો હોય ત્યારે પણ અભ્યાસ કરવો નહિ. ૭

વિવરણ : ચરકે પણ વિમાનસ્થાનના ૮ મા અધ્યાયમાં આ સંબંધે આમ લખ્યું છે કે, तत्रायमध्ययनविधिः—कल्यः कृतक्षणः प्रातरुत्थायोपव्यूषं वा कृत्वाऽऽवश्यकमुपस्पृश्योदकं देवगोब्राह्मणगुरुवृद्धसिद्धाचार्येभ्यो नमस्कृत्य समे शुचौ देशे सुखोपविष्टो मनःपुरसराभिर्वाग्भिः सूत्रमनुपरिक्रामन्पुनः पुनरावर्तयेद् बुद्ध्या सम्यगनुप्रविश्यार्थतत्त्वं स्वदोषपरिहारपरदोषप्रमाणार्थम्. एवं मध्यन्दिनेऽपराह्णे रात्रौ च शश्वदपरिहापयन्नध्ययनमभ्यस्येदित्यध्ययनविधिः ॥ તેમાં હરકોઈ શાસ્ત્રના અધ્યયનની વિધિ આ છે કે, જે માણસ શરીરે નીરોગી હોય, તેણે પ્રાતઃકાળે ઊઠી પ્રભાતમાં કરવાના સર્વ કાલનિયમો તથા આવશ્યક ક્રિયાઓ કરી લઈ આચમન કરીને દેવોને, ઋષિઓને, ગાયોને, બ્રાહ્મણોને, ગુરુઓને, વૃદ્ધોને, સિદ્ધોને તથા આચાર્યોને નમસ્કાર કરી સમ-એટલે સપાટ-નહિ ઊંચા કે નહિ નીચા પવિત્ર પ્રદેશ પર સુખપૂર્વક બેસી પોતાના અધ્યયનના દોષો દૂર કરવા માટે અને બીજાના દોષોને સાબિત કરી બતાવવા માટે મનપૂર્વકની વાણીથી તેમ જ બુદ્ધિથી અર્થતત્ત્વને બરાબર સમજી સૂત્રોનો અનુક્રમે પાઠ કરવો; તેમ જ ફરી ફરી તેમનું આવર્તન કરવું. એમ દિવસના મધ્યભાગે, બપોરે, તેમ જ દિવસના પાછલા ભાગે-સાંજના અને રાત્રે પણ કાયમ અધ્યયનનો ત્યાગ કર્યા વિના (વિદ્યાર્થીએ) અભ્યાસ કર્યા જ કરવો. એ અધ્યયન કરવાની વિધિ છે.'

વળી ચરકે त्यजवायोऽय असद्वर्तनो જણાવતાં સૂત્રસ્થાનના ૮ મા અધ્યાયના ૪૭ મા સૂત્રમાં કહ્યું છે કે, 'न विद्युत्स्वनार्तवीषु नाभ्युदितासु दिक्षु नाग्निसंप्लवे न भूमिकम्पे न महोत्सवे नोल्कापाते न महाग्रहोपगमने न नष्टचन्द्रायां तिथौ न सन्ध्ययोर्नामुखाद् गुरोर्नावपतितं नातिमात्रं न तान्तं न विस्वरं नानवस्थितपदं नातिद्रुतं न विलम्बितं नातिक्लीबं नात्युच्चैर्नातिनीचैः स्वरैरध्ययनमभ्यसेत ॥-જે કાળે ઋતુકાળ વિનાની વીજળીઓ થતી હોય, દિશાઓ સળગી ઊઠી હોય કે બરાબર સ્વચ્છ ન હોય;

અગ્નિનો ઉપદ્રવ થયો હોય કે અકસ્માત્ આગ લાગી હોય, ભૂકંપ થયો હોય, મોટો કોઈ ઉત્સવ ચાલુ હોય, ઉલ્કાપાત થયો હોય, મોટા ગ્રહોનો સમાગમ કે ચંદ્રસૂર્યનો ગ્રહણકાળ હોય અને જે તિથિએ ચંદ્ર દેખાયો ન હોય તે દિવસે વેદોનું કે શાસ્ત્રોનું અધ્યયન કરવું નહિ; તેમ જ ગુરુમુખે સાંભળ્યા વિના કે ગુરુના મુખથી ભણ્યા વિના, અક્ષરોનો બરાબર ઉચ્ચાર કર્યા વિના, લૂખા સ્વરે, બેસુરા સ્વરે, ત્રુટક પદોથી, ઘણી ઉતાવળથી, ઓડદમ ધીમેથી, કાયરપણાથી, બહુ ઊંચા સ્વરે કે બહુ નીચા સ્વરે પણ અધ્યયન કરવું નહિ.

અભ્યાસ કરી વૈદ્ય બનેલાનું કર્તવ્ય

अधीत्यानुज्ञातः प्रचरेच्छुक्लवासाः संह(य)तकेशोऽनुद्भ्रान्तो युगमात्रावलोकी पूर्वाभिभाषी सुमुखः। न चातुरकुलमनाहूतः प्रविशेत्, प्रविशंश्च निमित्तानि लक्षयेत्। न च सर्वतोऽवलोकयेदन्यत्रातुरात्। न चातुरकुलेषु स्त्रीभिः प्रेष्याभिरपि सहोपहासं गच्छेत्, न चासामपूजापुरस्कृतं नाम गृह्णीयात्, मान्यस्थानेनैव तु ब्रूयात्, न च ताभिः संव्यवहारमतिप्रणयं वा कुर्यात्, न च भर्तुरविदितं स्त्रीभ्यः किञ्चिदाद्यात्, न चाविदितः प्रदि(वि)शेत्, न च रहसि स्त्रिया सह ब्रूयादासीत वा, न चैनां विवृतां प्रेक्षेत विहसेद्वा, प्रणयन्तीं चोपेक्षेत, न च प्रकाशयेत्। न चातुरकुलगुह्यं बहिः प्रकाशयेत्, नातुरकुलदोषान् प्रथयेत्। दृष्टारिष्टमपि चातुरं न तत्त्वं ब्रूयात्, नित्यमाश्वासयेत्। न मृत्युपरिगतशरीरमसाध्यरोगमनुपकरणं चोपगच्छेत्, नौषधमक्रमेणोपदिशेत्, न पराधीनं कुर्यात्। न स्वयं कृतकर्मौषधं प्रयुञ्जीत, शरीरौषधव्याधिवयसां चावस्थान्तरज्ञः स्यात्। नित्यसंभृतधूपाञ्जनौषधः स्यात्। न चान्यभिषग्भिर्विरोधं गच्छेत्। संयुक्तश्च तैरौषधं प्रकल्पयेत्। प्रगल्भो निःशङ्क उपस्थितपदे विस्पष्टं विचित्रं मृदूपनयवद्ग्राहकमविरुद्धं धर्म्यं सदा ब्रूयात्। प्रजानां हि स्वस्तिकामो भिषगिह चामुत्र च नन्दत इति ॥८॥

ગુરુ પાસે અધ્યયન કર્યા પછી, (વૈદ્ય તરીકે તૈયાર થયેલા શિષ્યે) ગુરુની સંમતિ લઈને (સ્વદેશ–અન્ય દેશ વગેરેમાં) ખૂબ વિચરવું. તે વેળા ધોળાં વસ્ત્રો ધારણ કરવાં; માથાના વાળ બરાબર ઓળવા; જરાયે ભ્રમિત થવું નહિ; વિચરતી વેળા એક યુગ–ધૂંસરી જેટલી લંબાઈ–ચાર હાથ જમીન જોયા કરવાની ટેવ પાડવી. કોઈ પણ સામે મળે ત્યારે તેના બોલ્યા પહેલાં જ પ્રથમ બોલવાની ટેવ પાડવી. મોઢું પ્રસન્ન રાખવું. કોઈ પણ રોગીના ઘેર બોલાવ્યા વિના પ્રવેશ કરવો નહિ. (કોઈ બોલાવે ત્યારે પણ) ઘરમાં પ્રવેશ કરતાં કરતાં નિમિત્તો કે શુકનો અવશ્ય જોવાં. રોગીના ઘરમાં પ્રવેશ કર્યા પછી પણ રોગી સિવાય બીજી કોઈ પણ બાબતું કંઈ જોવું નહિ. રોગીના કુળમાં પણ સ્ત્રીઓની સાથે કે તેમની દાસીઓ સાથે પણ ઉપહાસ કે હાંસી અથવા મશ્કરીઓ કરવી નહિ. એ સ્ત્રીઓના આદરસત્કાર કે સદ્ભાવ વિના તેમનું નામ પણ ન લેવું. માન આપવા યોગ્ય સ્થાન હોય તો જ ત્યાં પોતે બોલવું. રોગીના ઘરમાં જે સ્ત્રીઓ હોય તેમની સાથે વધુ પડતો વ્યવહાર કે અતિશય પ્રેમ અથવા સ્નેહ કરવો નહિ. તે રોગીના ઘરની જે સ્ત્રીઓ હોય તેમના પતિથી જે કંઈ અજાણ્યું હોય તે કંઈ પણ તે સ્ત્રીઓની પાસેથી (વૈદ્ય) લેવું નહિ. રોગીના ઘરનાં જે માણસો હોય તેઓ ન જાણે તેમ તે રોગીના ઘરમાં પ્રવેશ કરવો નહિ; તેમ જ તેમને (બાનગીમાં) કંઈ બતાવવું કે કહેવું નહિ. રોગીના ઘરની કોઈ પણ સ્ત્રી સાથે એકાંતમાં કંઈ બોલવું નહિ કે બેસવું નહિ. રોગીના ઘરની કોઈ પણ સ્ત્રીને નગ્નાવસ્થામાં જોવી નહિ તેમ જ તે સ્ત્રી સાથે ખૂબ હસવું નહિ. રોગીના ઘરની કોઈ પણ સ્ત્રી પ્રેમ કરે તો તેની ઉપેક્ષા કરવી. તેમ જ પોતે પણ એ સ્ત્રીની સાથે

સ્નેહ પ્રકટ ન કરવો. રોગીના કુળની કોઈ ગુપ્ત બાબત બહાર કહેવી નહિ. રોગીના કુળના દોષોને બહાર જાહેર ન કરવા. રોગીનાં અરિષ્ટો કે અશુભસૂચક ચિહ્નો પોતે જોયાં હોય તો પણ રોગીને તે સાચેસાચાં કદી કહેવાં નહિ અને કાયમ તે રોગીને આશ્વાસન જ આપ્યા કરવું. જે રોગીનું શરીર મૃત્યુથી ચોપાસ ઘેરાઈ ગયું હોય અને જે રોગીનો રોગ અસાધ્ય હોય તેની પાસે ઉપકરણો કે પૂરતાં ઔષધાદિ સાધનો વિના કદી જવું નહિ. રોગીને કોઈપણ ઔષધનો તેના ક્રમ વિના ઉપદેશ કરવો નહિ; એટલે કે બરાબર ક્રમપૂર્વક ઔષધ લેવા જણાવવું અને તે બાબતમાં તેને પરાધીન ન કરવો. વળી વૈદ્યે કોઈ પણ કૃત્રિમ ઔષધ કે જે શાસ્ત્રીય પાઠ પ્રમાણે ન હોય તેનો રોગી પર પ્રયોગ કરવો નહિ. રોગીના શરીરની, ઔષધોની, રોગની તથા ઉંમરની જુદી જુદી અવસ્થાઓને વૈદ્યે જાણેલી હોવી જોઈએ; તેમ જ કાયમ ધૂપો, અંજનો તથા ઔષધોને પોતાની પાસે તૈયાર રાખવાં. બીજા વૈદ્યોની સાથે વૈદ્યે કદી પણ વિરોધ કરવો નહિ; બીજા વૈદ્યોની સાથે જોડાઈને જ વૈદ્યે ઔષધો તૈયાર કરવાં. વળી અવસર પ્રાપ્ત થતાં વૈદ્યે બરાબર હિંમત રાખીને તેમ જ શંકારહિત થઈને વિશેષ સ્પષ્ટ, વિચિત્ર-અદ્‌ભુત-આશ્ચર્યકારક, કોમળ નીતિયુક્ત, સામાને ગ્રહણ કરે-આકર્ષે અને જે વિરુદ્ધ ન હોય એવું ધર્મયુક્ત વચન જ હમેશાં બોલવું; કેમકે જે વૈદ્ય પ્રજાઓનું કલ્યાણ ઇચ્છે છે તે જ આ લોકમાં તથા પરલોકમાં આનંદ પામે છે, સુખી થાય છે. ૮

વિવરણ: ચરકે પણ આ સઘળી બાબત સૂત્રસ્થાનના ૮ મા અધ્યાયમાં ખૂબ વિસ્તારથી કહી છે, તે ત્યાં જોઈ લેવી.

બીજા વૈદ્ય સાથે વૈદ્યે કેમ વર્તવું?

અથાન્યો ભિષગભિષદેતસ્મૈ ક્ષમેત, સાન્ત્વા ચાનુનયેત્। પુનઃ પુનઃ કુત્સયન્તં તુ વિગૃહ્યાદિતો ગ્રન્થેનાઽવકિરેત્, ન ચાસ્ય વાક્યાવકાશં દદ્યાત્। બ્રુવતોઽપિ પ્રોક્તં ચ બ્રૂયાત્-નૈતદેવમિતિ। પરિહસેત્, અપશબ્દાંશ્ચાસ્ય વિગૃહ્ણીયાત્, અર્થં કૃચ્છ્રે ચૈનમવતારયેત્, ન ચૈનમવશઃ પરુષયેત્, સ્તોત્રગર્ભૈરેવૈનં ધર્ષયેદિતિ ॥ ૯ ॥

બીજો કોઈ વૈદ્ય જો પોતાની સામે સભ્યતાપૂર્વક વર્તન રાખે તો વૈદ્યે તેની સામે મધુર શબ્દોથી ખૂબ જ વિનય દર્શાવવો-ખૂબ સભ્યતા બતાવવી; પરંતુ એ કોઈ વૈદ્ય જો વારંવાર પોતાની નિંદા કરે, તો તેની સાથે પ્રથમ ગ્રંથના પ્રમાણથી વિગૃહ્ય સંભાષા એટલે પ્રતિવાદીને જીતી લેવા વાદરૂપે પ્રયોગ કરી સામનો કરવો અને પરાજિત કરવો; તેમ જ સામે વાક્યપ્રયોગ કરવાનો એને અવકાશ જ ન આપવો; બોલતો બંધ જ કરી દેવો; છતાં તે સામેથી જો બોલવા માંડે તો તેણે કહેલું જ તેની સામે બોલવું અને તે ઠીક નથી, એમ તેને કહેવું અને તેને મશ્કરીમાં ખૂબ ઉડાવવો. એના અપશબ્દો સામે વિગ્રહ કરવો એટલે કે તે શબ્દોથી તેને પકડમાં લેવો; તેમ જ તેને કઠિન વિષયમાં લઈ જવો; પરંતુ પોતે પોતાનો કાબૂ ગુમાવી તેને કઠોર શબ્દો નહિ કહેતાં મીઠાં વચનોથી જ એને પરાસ્ત કરવો. ૯

વિવરણ: ચરકે પણ વિમાનસ્થાનના ૮ મા અધ્યાયમાં પ્રતિવાદી સામેના વાદનો વિષય આમ લખ્યો છે કે, 'तद्विधेन च सह कथयता आविद्धदीर्घसूत्रसंकुलैर्वाक्यदण्डकैः कथयितव्यं, अतिदृष्टं मुहुर्मुहुरुपहसता परं रूपयता च परिषदमाकोर्दुवता चास्य वाक्यावकाशो न देयः, कष्टशब्दैर्दुवता वक्तव्यो 'नोच्यते' इति, अथवा पुनः 'हीना ते प्रतिज्ञा' इति पुनश्चाह्वयमानः प्रतिवक्तव्यः- परिसंवत्सरो भवापि शिक्षस्व तावत् पर्याप्तिं विद्यास्ते, सकृदपि हि परिक्षेपिकं निहतं निहतमाहुरिति नात्र योगः कर्तव्यः कथंचिदप्येवं श्रेयसा सह विगृह्य वक्तव्यमित्याहुरेके, न त्वेवं ज्यायसा सह विग्रहं प्रशंसन्ति कुशलाः ॥'-એ જ પ્રતિવાદી જો જ્ઞાની-જાણકાર હોય તેમ જ વચન-પ્રતિવચન કહેવાની શક્તિ-

વાળો હોય તો તેની સાથે વાદ કરવો નહિ. પરંતુ એવા પ્રદીપ્ત યશવાળા અને મોટા માણસની સાથે વિગૃહ્યસંભાષા કે જલ્પવાદ કરનારાએ અટપટાં તથા લાંબાં સૂત્રોથી વ્યાપ્ત લાંબાં વાક્યોથી વિગૃહ્યસંભાષા કે વાદ કરવો, તે યોગ્ય ગણાય છે. એવો વિવાદ ચાલતો હોય ત્યારે વાદીએ અતિશય હર્ષમાં આવી જવું અને સામા પ્રતિવાદીને વારંવાર હસી કાઢવો અને મશ્કરીમાં ઉડાવ્યા કરવો. પોતાના આકારો કે ઇશારો દ્વારા પરિષદને ઉદ્દેશી (પોતાના પક્ષનું) નિરુપણ કરતા રહેવું; તેમ જ પેલો પ્રતિવાદી બોલવા તૈયાર થાય ત્યારે તેને બોલવાનો અવકાશ જ ન આપવો. તેની સામે સમજવાં મુશ્કેલ હોય એવાં કઠિન વાક્યોનો ઉચ્ચાર કર્યા કરવો અને તે પછી તે પ્રતિવાદીને વાદીએ આમ કહેવું કે, 'હવે તું બોલી શકતો નથી, તેથી નિરુત્તર થયો છે અને તેથી જ તું પક્કડમાં આવી ગયો છે અને તારી પ્રતિજ્ઞા હીન થઈ છે એટલે કે તેં પ્રતિજ્ઞાનો ભંગ કર્યો છે. જે રીતે તેં પ્રતિજ્ઞા કરી હતી, તેથી જુદા પ્રકારે તું બોલે છે.' તે પછી એ પ્રતિવાદી જો ફરી વાદ કરવા આહ્વાન કરે કે ચેલેંજ ફેંકે તો તેના પ્રત્યે વાદીએ આમ કહેવું–'હજી એક વર્ષ સુધી તમારે ગુરુની પાસે રહી તેમની સેવા કરીને બરાબર અભ્યાસ કરવો અથવા તમારા માટે આટલું જ બસ છે; કેમ કે જે પ્રતિવાદી એકવાર પણ પરાજય પામ્યો હોય, તો વિદ્વાનો તેને પરાજિત જ માને છે. તેની સામે ફરી વાદવિવાદ કરવો જ નહિ એવા પરાજય પામેલા પ્રતિવાદી સાથે ફરી કોઈ પણ વાદવિવાદ કરવો નહિ એમ અતિશય શ્રેષ્ઠ ગણાતા તેવા કોઈ શ્રેષ્ઠ પ્રતિવાદીની સામે પણ વિગૃહ્યસંભાષા કરવી જોઈએ, એમ કેટલાક વિદ્વાનો કહે છે; પરંતુ જે પ્રતિવાદી પોતાના કરતા ઘણો પ્રશંસાપાત્ર હોય, તેની સાથે એ રીતની વિગૃહ્યસંભાષાને કુશળ વિદ્વાનો વખાણતા નથી. ૯

પ્રતિવાદી સામેના વિવાદનો પ્રકાર

भो भिषक्! आयुः किं, किमायुर्वेदस्य-आयुर्वेदत्वं, किं चायुरित्युच्यते, कत्यङ्गश्चायुर्वेदः, कथं चाध्येयः, किमर्थं चाध्येयः, किञ्चास्याद्यं तन्त्रं, कश्चैषां धुर्यः, कतमं च वेदं श्रयति, किं नित्योऽनित्यः, किमाश्रयश्चायुर्वेदः, कानि चैषां सु स्व)लक्षणानि तत्प्रकृतीनां, तिसृणां च वेदनानामतीतवर्त्तमानानागतानां कतमां भिषक् चिकित्सति, किं चास्यायुर्वेद(स्य)साधनं, किं पुण्योऽपुण्यः? इति पृष्टो वा प्रतिब्रूयात्-भोः तत्रायुर्जीवितमित्युच्यते ॥ 'विद' ज्ञाने धातुः, 'विदॢ' लाभे च, आयुरनेन ज्ञानेन विद्यते ज्ञायते, विन्दते लभ्यते न रिष्यतीत्यायुर्वेदः कत्यङ्गश्चायुर्वेद इति अष्टाङ्गः; तस्य कौमारभृत्यं कायचिकित्सा शल्याहर्तृकं शालाक्य विषतन्त्रं भूततन्त्रमगदतन्त्रं रसायनतन्त्रमिति ॥ अत्राह-अङ्गान्येतानि, शरीरमस्य कतमत्, यदाश्रयन्त्यङ्गानि, अङ्गानि हि शरीराश्रयाणि भवन्ति; अत्राह तस्य शरीरं धर्मः, धर्माश्रयं ह्यस्मिन् कर्म सिध्यतीति ॥ कथं चोत्पन्न इति, आह-अथर्ववेदोपनिषत्सु प्रागुत्पन्नः; स्वयंभूर्ब्रह्मा प्रजाः सिसृक्षुः प्रजानां परिपालनार्थमायुर्वेदमेवाग्रेऽसृजत् सर्ववित्, ततो विश्वानि भूतानि । ततस्तं पुण्यमायुर्वेदमनन्तमायुषो वर्धनमाधारमाप्यायनममृतमध्विभ्यां कः प्रददौ, ताविन्द्राय, इन्द्र ऋषिभ्यश्चतुर्भ्यः कश्यपवशिष्ठात्रिभृगुभ्यः; ते पुत्रेभ्यः शिष्येभ्यश्च प्रददुर्हितार्थं धर्मार्थकाममोक्षशक्तिपरिपालनार्थं चेति, एवमुत्पन्नः ॥ कथं चाध्येय इति, गुरोरनुमतेनेति ॥ केन चाध्येय इति, ब्राह्मणक्षत्रियवैश्यशूद्रैरायुर्वेदोऽध्येयः ॥ तत्रार्थपरिज्ञानार्थ पुण्यार्थं चात्मनः प्रजानुग्रहार्थं ब्राह्मणैः, प्रजासंरक्षणार्थ क्षत्रियैः, वृत्त्यर्थं वैश्यैः, शुश्रूषार्थमितरैः धर्मार्थं च सर्वैः । सुखजीवितदानं हि सर्वधर्मस्याधिकं ब्रुवते; ततश्च पुण्य एवमायुर्वेदः । सुखजीवितदानतुष्टाश्च देहिनः कृतज्ञाय संविभजन्ति पुरःस्तुवन्ति च; तदस्य धर्मार्थकामनिर्वर्तकं भवतीति किमर्थं चाध्येय इत्यत्रोक्तम् ॥ किंचास्याद्यं तन्त्रमिति?

कौमारभृत्यमष्टानां तन्त्राणामाद्यमुच्यते ।
आयुर्वेदस्य महतो देवानामिव हव्यपः ॥

अनेन हि संवर्धितमितरे चिकित्सन्ति । बालस्य हृद्यमौषधमन्यत्, प्रमाणमन्य (दन्य) उपक्रमो-

ऽन्ये च विशेषाः ॥ कं च वेदं श्रयति ? अथर्ववेदमित्याह; तत्र हि रक्षाबलिहोमशान्ति..... प्रतिकर्मविधानमुद्दिष्टं विशेषेण, तद्ध्यायुर्वेदे, तस्मादथर्ववेदं श्रयति । सर्वान् वेदानित्येके, पद्यगद्यकथ्यगेयविद्याश्रयादिति; न चैतदेवम्, आयुर्वेदमेवाश्रयन्ते वेदाः । तद्यथा-दक्षिणे पाणौ चतसृणामङ्गुलीनामङ्गुष्ठ आधिपत्यं कुरुते, न च नाम ताभिः सह समतां गच्छति, एकस्मिंश्च पाणौ भवति, एवमेवायमृग्वेदयजुर्वेदसामवेदाथर्ववेदेभ्यः पञ्चमो भवत्यायुर्वेद इति । किं कारणं ? यथाहि वेदेषु सततं ब्रह्मक्षत्रियवर्गसंयुक्तं पुरुषनिश्रेयसं चिन्त्यते, एवमेवास्मिन्नपि वेदे निदानोत्पत्तिलिङ्गारिष्टचिकित्सितैः सततमेव हितसुखकरं त्रिवर्गसारभूतं पुरुषनिश्रेयसं चिन्त्यते; तद्यथा च विविधविज्ञानज्ञानोपपन्ना भाष्यवचनविदोऽष्टाङ्गया बुद्ध्योपपन्ना लङ्घनप्लवनस्थानासनगमनागमनसमर्था अपि च नाम मनुष्या अदेशज्ञानवन्तो नित्यमेव देशज्ञं दैशिकमन्वयुरेवमेव खलु वेदनासु शिक्षाकल्पसूत्रनिरुक्तवृत्तच्छन्दोयज्ञसंस्तरज्ञानसमुच्चयविशेषज्ञा आयुर्वेदमेवानुधावन्ति, तस्मादब्रूमः ऋग्वेदयजुर्वेदसामवेदाथर्ववेदेभ्यः पञ्चमोऽयमायुर्वेदः । यतश्च व्याधितस्यारोग्यमरोगस्य च शेषाः क्रिया धर्मार्थकाममोक्षेषु निर्वर्तन्ते ॥ किं नित्योऽनित्य इति, (नित्य इति ब्रूमः) कुतः ? आर्षवचनप्रामाण्यादविनाशित्वात् साध्यासिद्धेर्देशकालसामान्यादिति ॥ किमाश्रय इति, वातपित्तकफाश्रयः । ते च द्वे द्वे देवते श्रिता; मारुतमाकाशं च वातः श्रितः; अग्निमादित्यं च पित्तं, सोमं वरुणं च कफः; तास्तेषां देवताः । धर्मार्थकामानित्येके, सत्त्वरजस्तमांसीत्येके, साध्यत्वाप्यासाध्यत्वमित्येके ॥ कानि चैषां स्वलक्षणानि तत्प्रकृतीनामित्यत्रोच्यते । तत्र श्लेष्मा स्निग्ध०

.....

.....

વાદીએ પ્રતિવાદીને પ્રથમ આવા પ્રશ્નો પૂછવા : 'હે વૈદ્ય! આયુષ શું છે? આયુર્વેદનું આયુર્વેદત્વ શું છે? આયુષ કોને કહે છે? આયુર્વેદનાં અંગો કેટલાં છે? આયુર્વેદનું અધ્યયન કેવી રીતે કરવું જોઈએ અને શા માટે ભણવો જોઈએ? આયુર્વેદનું પ્રથમ તંત્ર કયું છે? આયુર્વેદનાં એ બધાં તંત્રોમાં મુખ્ય તંત્ર કયું છે? આયુર્વેદ કયા વેદનો આશ્રય કરે છે? આયુર્વેદ નિત્ય છે કે અનિત્ય છે? આયુર્વેદને કોનો આશ્રય છે? આયુર્વેદને જેનો આશ્રય છે, તેનાં ઉત્તમ લક્ષણો કયાં છે? તેમ જ તેમની પ્રકૃતિનાં પોતાનાં લક્ષણો કયાં છે? ભૂતકાળની, વર્તમાનકાળની તથા ભવિષ્યકાળની જે ત્રણ વેદનાઓ છે, તેમાંથી કઈ વેદનાની વૈદ્ય ચિકિત્સા કરે છે? આ આયુર્વેદનું સાધન કયું હોય છે? આયુર્વેદ પુણ્યજનક છે કે અપુણ્યજનક છે એમ પૂછવામાં આવે ત્યારે તે પ્રતિવાદી આવો પ્રત્યુત્તર આપે કે-તેમાં જીવનને આયુષ કહેવાય છે: 'આયુર્વેદ' શબ્દમાં 'વિદ્'-જાણવું એ ધાતુ છે અને 'વિદ્લૃ'-લાભે-વિદ્-મેળવવું; એ પણ ધાતુ સમજી શકાય છે; એટલે કે 'આયુર્વેદ' શબ્દનો અર્થ આવો થાય છે-જે જ્ઞાન વડે આયુષ જાણી શકાય છે અને જેના વડે આયુષ મેળવી શકાય છે અથવા આયુષની પ્રાપ્તિ થાય છે, પણ તેનો નાશ ન થાય, તે 'આયુર્વેદ' કહેવાય છે. હવે તે આયુર્વેદનાં કેટલાં અંગો છે? એ પ્રશ્નના ઉત્તરમાં આયુર્વેદનાં આઠ અંગો છે; જેમ કે-કૌમારભૃત્ય-બાલચિકિત્સા, કાયચિકિત્સા, શલ્યાહર્તૃક એટલે શલ્યને બહાર ખેંચી કાઢવું, શાલાક્ય, વિષતંત્ર, ભૂતતંત્ર, અગદતંત્ર અને રસાયનતંત્ર-એમ આયુર્વેદનાં આઠ અંગો છે. આ અંગો જેનો આશ્રય કરે છે તે આયુર્વેદનું શરીર કયું છે કેમકે અંગો તો શરીરનો જ આશ્રય કરનારાં હોય છે; આનો ઉત્તર પ્રતિવાદીએ આમ આપવો જોઈએ કે આયુર્વેદનું શરીર ધર્મ

છે; કેમ કે ધર્મના આશ્રયવાળું જે કર્મ હોય તે જ સિદ્ધ થાય છે. વળી તે આયુર્વેદ કેવી રીતે ઉત્પન્ન થયો છે? તેના ઉત્તરમાં કહેલું કે અથર્વવેદનાં ઉપનિષદોમાં સૌથી પહેલાં આયુર્વેદ ઉત્પન્ન થયો છે. સ્વયંભૂ–બ્રહ્માએ પ્રજાને સર્જવાની ઇચ્છા કરી હતી, ત્યારે પ્રજાઓનું બરોબર રક્ષણ કરવા માટે સર્વજ્ઞ બ્રહ્માએ પ્રથમ આયુર્વેદને જ ઉત્પન્ન કર્યો હતો; અને તે પછી જ બધાં ભૂત–પ્રાણી–પદાર્થોને તેમણે સર્જ્યાં હતાં. તે પછી એ બ્રહ્માએ તે પવિત્ર અનંત, આયુષને વધારનાર, આયુષનો આધાર, પુષ્ટિ કરનાર અને અમૃતસ્વરૂપ તે આયુર્વેદ, બે અશ્વિની કુમારોને આપ્યો હતો. પછી એ અશ્વિની કુમારોએ તે આયુર્વેદ ઇંદ્રને આપ્યો હતો. પછી તે ઇંદ્રે કશ્યપ, વસિષ્ઠ, અત્રિ, ભૃગુ–એ ચાર ઋષિઓને આપ્યો હતો; અને તે પછી એ ચારે ઋષિઓએ પોતાના પુત્રો તથા શિષ્યોને આપ્યો હતો.

તેમના હિત માટે તેમ જ ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ માટેની પોતાની શક્તિનું રક્ષણ કરવા માટે આયુર્વેદ આપ્યો હતો. એમ તે આયુર્વેદ ઉત્પન્ન થયો છે. તેનું અધ્યયન કેવી રીતે કરવું જોઈએ? તેનો ઉત્તર આ છે કે–ગુરુની સંમતિ પ્રમાણે તે આયુર્વેદ ભણવો જોઈએ. પણ તે આયુર્વેદનું અધ્યયન કોણે કરવું જોઈએ? તો બ્રાહ્મણોએ, ક્ષત્રિયોએ, વૈશ્યોએ તથા શૂદ્રોએ આયુર્વેદનું અધ્યયન કરવું જોઈએ. તેમાં પણ અર્થનું પરિપૂર્ણ જ્ઞાન કરવા માટે, પુણ્ય માટે તેમ જ પોતાની પ્રજાનો–ઉપકાર થાય તે માટે બ્રાહ્મણોએ આયુર્વેદ ભણવો જોઈએ. તેમ જ પ્રજાનું સારી રીતે રક્ષણ થાય તે માટે ક્ષત્રિયોએ આયુર્વેદ ભણવો જોઈએ. તેમ જ વૈશ્યોએ પોતાની આજીવિકા ચાલે તે માટે આયુર્વેદ ભણવો જોઈએ અને લોકોની સેવા કરવા માટે બીજા બધા–શૂદ્ર આદિ લોકોએ આયુર્વેદનું અધ્યયન કરવું જોઈએ; કારણ કે વિદ્વાનો કહે છે કે દરેકને સુખ તથા જીવનનું દાન કરાય, એ સર્વ ધર્મ કરતાં અધિક છે; તે કારણે આયુર્વેદ જ પુણ્યરૂપ અથવા પુણ્યકારક અને પવિત્ર છે, કેમ કે તે આયુર્વેદ દ્વારા સુખ તથા જીવન આપવાથી સંતોષ પામેલા જીવો, કૃતજ્ઞપણું દર્શાવવા માટે તે તે સુખદાતા અને જીવનદાતા વૈદ્ય આદિને પોતાની સંપત્તિમાંથી સારો એવો હિસ્સો અર્પણ કરે છે અને તેની લોકોની આગળ પ્રશંસા પણ કરે છે. આમ આયુર્વેદનું અધ્યયન આ જગતને અથવા વૈદ્ય આદિ સર્વને ધર્મ, અર્થ તથા કામને મેળવી આપનાર થાય છે. એમ કહીને આયુર્વેદ શા માટે ભણવો જોઈએ તેનો ઉત્તર અહીં કહ્યો છે. હવે તે આયુર્વેદનું પહેલું તંત્ર અથવા પ્રથમ અંગ કયું છે? એ પ્રશ્નનો ઉત્તર અહીં આપવો કે 'कौमारभृत्यमष्टानां तंत्राणामाद्यमुच्यते, आयुर्वेदस्य महतो देवानामिव हव्यपः,'–આયુર્વેદનાં આઠ તંત્રો કે અંગો છે. તેમાંનું કૌમારભૃત્ય તંત્ર એટલે કે બાલચિકિત્સાને દર્શાવતું તંત્ર પહેલું કહેવાય છે. જેમ બધા દેવોમાં અગ્નિ મુખ્ય છે, તેમ આ મહાન આયુર્વેદમાં બધાં તંત્રો કે અંગોમાં કૌમારભૃત્ય–બાલચિકિત્સા મુખ્ય તંત્ર છે; કેમ કે કૌમારભૃત્ય–બાલચિકિત્સા દ્વારા જે સારી રીતે ઉછરીને મોટો થયો હોય, તેની બીજાઓ ચિકિત્સા કરે છે. વળી હરકોઈ બાળકના હૃદયને પ્રિય એવું ઔષધ જુદું જ હોય છે. બાલચિકિત્સામાં જે પ્રમાણભૂત થયું હોય તે ઔષધ પણ જુદું જ હોય છે અને બાલચિકિત્સાનો ક્રમ પણ જુદો જ હોય છે અને તેને લગતી આસ ક્રિયા પણ જુદી જ હોય છે. હવે આ આયુર્વેદ કયા વેદનો આશ્રય કરે છે? એ પ્રશ્નનો ઉત્તર અહીં આ છે કે આયુર્વેદ,

અથર્વવેદનો આશ્રય કરે છે; કારણ કે તે અથર્વવેદમાં જ બાળકની રક્ષા, તે નિમિતે દેવોને અપાતાં બલિદાનો, તે તે દેવોને લગતાં હોમ, શાંતિ તથા પ્રતિકર્મનાં વિધાનો પણ ખાસ કરી જેમ બતાવ્યાં છે, તે જ પ્રમાણે આયુર્વેદમાં પણ તેણે રક્ષા, બલિ, હોમ તથા શાંતિ વગેરે બતાવ્યાં છે, એ જ કારણે આયુર્વેદ, અથર્વવેદનો આશ્રય કરે છે–એટલે કે તે અથર્વવેદનો જ એક ઉપવેદ–પેટાવિભાગ તરીકે આયુર્વેદ ગણાય છે; છતાં કેટલાક આચાર્યો આમ પણ કહે છે કે આયુર્વેદ બધાયે વેદોનો આશ્રય કરે છે–સર્વ વેદોનો એક પેટાવિભાગ કહેવાય છે; કેમ કે આયુર્વેદે બધાયે વેદોનાં પદ્યો, ગદ્યો, કથાઓ, ગેય–ગીતો તથા વિદ્યાઓનો આશ્રય કર્યો છે. આમ જે કેટલાક આચાર્યો માને છે, તેની સામે બીજાઓ વળી આમ કહે છે કે, એમ કહેવું બરાબર નથી; કેમ કે બધા વેદો આયુર્વેદનો જ આશ્રય કરે છે. જમણા હાથમાં રહેલો અંગૂઠો જેમ ચાર આંગળીઓમાં મુખ્ય હોઈ તે ચારે આંગળીઓનો અધિપતિ કહેવાય છે, પણ તે ચારે આંગળીઓના સમાન જેવો નથી, પણ તે આંગળીઓથી વિશેષ જ ગણાય છે; છતાં તે અંગૂઠો બધીયે આંગળીઓની સાથે તે એક જ હાથમાં રહેલો હોય છે, તે જ પ્રમાણે આ આયુર્વેદ, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા અથર્વવેદથી અલગ જ હોઈ તેઓ કરતાં અધિક એવો પાંચમો વેદ જ કહેવાય છે; તેમાં કારણ શું છે? કારણ એ કે, વેદોમાં જેમ બ્રહ્મજ્ઞાનીઓ નિરંતર ત્રણ વર્ગો–ધર્મ, અર્થ તથા કામની સાથે જ માણસના નિશ્ચયાત્મક કલ્યાણનો વિચાર કરે છે, તે જ પ્રમાણે આ આયુર્વેદમાં પણ રોગોનાં નિદાન, ઉત્પત્તિ, લિંગ–હેતુઓ, અરિષ્ટો તથા ચિકિત્સાઓની સાથે જ નિરંતર લોકોનાં હિત તથા સુખને કરનાર અને ત્રિવર્ગ–ધર્મ, અર્થ તથા કામની સાથે જ તેમના સારરૂપ નિશ્ચયાત્મક કલ્યાણનો જ વિચાર કરવામાં આવે છે. વળી વિવિધ વિજ્ઞાન તથા જ્ઞાનથી યુક્ત એવા ભાષ્ય-વચનના વેત્તાઓ, આઠ અંગોથી યુક્ત બુદ્ધિ કે જ્ઞાન વડે સંપન્ન અને લંઘન, પ્લવન–પાણીમાં તરવું, સ્થાન–અમુક સમય સુધી ઊભા રહેવું, આસન–એકાસને બેસી રહેવું, ગમન તથા આગમન કરવામાં સમર્થ મનુષ્યો હોવા છતાં આદેશ પૂર્ણ જ્ઞાનથી યુક્ત હોઈને પણ હમેશાં દેશજ્ઞાનના જ્ઞાતા એવા ગુરુને તેઓ અનુસરતા જ હતા એટલે ગુરુ દ્વારા જ જ્ઞાનને પ્રાપ્ત કરનારા હોઈ ગુરુને અવશ્ય અનુસરતા જ હતા. વળી તેઓ શિક્ષા, કલ્પ, સૂત્ર, નિરુક્ત, વૃત્ત, છંદ, યજ્ઞ અને સંસ્તર–જ્ઞાનના વિશેષ સમુચ્ચયને જાણતા હતા, છતાં વેદનાઓ કે રોગો થતાં તે આયુર્વેદની પાછળ જ દોડી જતા હતા એટલે કે આયુર્વેદનું જ શરણ લેતા હતા. એ જ કારણે અમે કહીએ છીએ કે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા અથર્વવેદ–એ ચાર વેદોથી જુદો પાંચમો વેદ આયુર્વેદ જ છે; કારણ કે તે આયુર્વેદ જ રોગીનું આરોગ્ય કરે છે અને જે માણસ રોગરહિત હોય તે પણ બાકીની જે ક્રિયાઓ–ધર્મ, અર્થ, કામ તથા મોક્ષને લગતી હોય છે, તે કરી બતાવે છે. એ આયુર્વેદ શું નિત્ય છે કે અનિત્ય છે? આ પ્રશ્નનો ઉત્તર અમે આમ જ કહીએ છીએ કે તે આયુર્વેદ નિત્ય જ છે; કારણ કે આયુર્વેદ નિત્ય છે તે સંબંધે ઋષિઓનાં વચનો પ્રમાણ તરીકે મળે છે અને આયુર્વેદ અવિનાશી પણ છે. વળી દેશ તથા કાળનું સમાનપણું હોય તો તેથી સાધ્યની સિદ્ધિ જ ન થાય; તેથી પણ આયુર્વેદનું અવિનાશીપણું સિદ્ધ થાય છે. અથવા અહીં આવો પાઠ રાખવો જોઈએ

કે 'साध्यसिद्धिः'–દેશ તથા કાળનું સમાનપણું હોવાથી જ સાધ્યની સિદ્ધિ થાય છે. વળી તે આયુર્વેદને કોનો આશ્રય હોય છે? આનો ઉત્તર આ છે કે વાત, પિત્ત અને કફ–એ ત્રણનો જ આયુર્વેદને આશ્રય છે અને વાત, પિત્ત તથા કફ–એ ત્રણેને એ બે દેવતાઓનો આશ્રય હોય છે; જેમ કે મહાન વાયુ તથા આકાશ–એ બે દેવોનો વાતદોષે આશ્રય કર્યો છે; અગ્નિ તથા આદિત્ય સૂર્ય–એ બે દેવોનો પિત્ત દોષે આશ્રય કર્યો છે; સોમ–ચંદ્ર તથા વરુણ એ બે દેવોનો કફ દોષે આશ્રય કર્યો છે, તેથી એ ત્રણે દોષોના તે તે દેવતાઓ ગણાય છે. કેટલાક આચાર્યો અહીં કહે છે કે–વાત, પિત્ત અને કફ–એ ત્રણે દોષોએ અનુક્રમે સત્ત્વ, રજસ્ તથા તમસ્–એ ત્રણ ગુણોનો આશ્રય કર્યો છે; ત્યારે કેટલાક કહે છે કે આ ત્રણે દોષોએ સાધ્યતા, યાપ્યતા તથા અસાધ્યતાનો આશ્રય કર્યો હોય છે. હવે આ ત્રણે દોષોનાં પોતપોતાનાં લક્ષણો તથા તે તે દોષની પ્રકૃતિવાળાઓનાં કયાં લક્ષણો હોય છે, એ અહીં કહેવામાં આવે છે. કફ સ્નિગ્ધ હોય છે ૧

(વિમાનસ્થાનનો આટલો જ ભાગ મળે છે.)

વિવરણ: વૈદ્યોમાં વિવાદની શરૂઆત થાય ત્યારે એક વૈદ્ય બીજા વૈદ્યને આવો પ્રશ્ન પૂછે કે, 'હે વૈદ્ય! આયુષ એ શું છે? આયુર્વેદનું આયુર્વેદપણું કયું છે? આયુષ કયું કહેવાય છે? આયુર્વેદનાં અંગો કેટલા છે? આયુર્વેદનું પાલન કયા પ્રકારે અને શા માટે કરવું જોઈએ? આયુર્વેદનાં બધાં તંત્રોમાં બધા કરતાં શ્રેષ્ઠ તંત્ર (ગ્રંથવિભાગ) કયો છે? આયુર્વેદનાં બધાં તંત્રોમાં મુખ્ય કયું છે? આયુર્વેદે કયા વેદનો આશ્રય કર્યો છે? આયુર્વેદની પ્રકૃતિનાં પોતાનાં લક્ષણો કયાં છે? ભૂતકાળની, વર્તમાનકાળની તથા ભવિષ્યકાળની જે વેદના કે રોગ હોય, તેમાંથી વૈદ્યે પ્રથમ કોની ચિકિત્સા કરવી જોઈએ? આ આયુર્વેદનું સાધન કયું હોય છે? આયુર્વેદ પુણ્યકારક છે કે પુણ્યકારક નથી? ઇત્યાદિ પ્રશ્નો પૂછવામાં આવે ત્યારે બીજો વિદ્વાન વૈદ્ય તેનો આવો ઉત્તર આપે કે–'હે વૈદ્ય! આયુર્વેદમાં જે 'आयुष' શબ્દ છે, તેનો અર્થ જીવન કે જીવતર થાય છે. એ આયુષ કે જીવન જેનાથી 'विद् ज्ञाने विद्लृ लाभे'–જાણવામાં આવે કે મેળવાય તે 'आयुर्वेद' કહેવાય છે. એકંદર આયુર્વેદથી આયુષ જણાય કે મેળવાય છે, પણ તેનો ખુલાસો કરાતો નથી. હવે તે આયુર્વેદનાં અંગો કેટલાં છે? એ પ્રશ્નનો ઉત્તર આપવામાં આવે છે કે કૌમારભૃત્ય, કાયાંચિકિત્સા, શલ્યહરણ કે શલ્યચિકિત્સા, શાલાક્ય, વિષતંત્ર, ભૂતતંત્ર, અગદતંત્ર અને રસાયનતંત્ર–એ આઠ આયુર્વેદનાં અંગો છે. અહીં ગણેલાં આયુર્વેદનાં આઠ અંગોમાં 'वाजीकरण'નો ઉલ્લેખ કર્યો નથી. તેમ જ વિષના વિજ્ઞાન માટે વિષતંત્ર તથા અગદતંત્ર એ બે શબ્દોનો પ્રયોગ કર્યો છે, તે ઠીક નથી; માટે અહીં વિષતંત્ર કે અગદતંત્ર–એ બેમાંથી એકને બદલે વાજીકરણનો પાઠ રાખવો જોઈએ. એ આયુર્વેદનું શરીર કયું છે? કારણ કે અંગોને શરીરનો જ આશ્રય હોય છે. આનો ઉત્તર આ છે કે 'ધર્મ' એ આયુર્વેદનું શરીર છે; કારણ કે તે ધર્મરૂપ આયુર્વેદના શરીરનો આશ્રય કરીને જ બધી ક્રિયાઓ સિદ્ધ કરી શકાય છે. હવે તે આયુર્વેદ કયાંથી ઉત્પન્ન થયો છે? આનો ઉત્તર અહીં આપવો જોઈએ કે તે આયુર્વેદ સૌ પહેલાં અથર્વવેદનાં ઉપનિષદોમાંથી ઉત્પન્ન થયો છે. સર્વજ્ઞ સ્વયંભૂ બ્રહ્માએ લોકોને ઉત્પન્ન કરવાની જ્યારે ઇચ્છા કરી હતી, ત્યારે પ્રથમ તેમની રક્ષા કરવા માટે આયુર્વેદની રચના કરી હતી; અને તે પછી જ તેમણે મનુષ્યાદિ પ્રાણીઓની ઉત્પત્તિ કરી હતી. તે પછી એ બ્રહ્માએ તે પુણ્યકારક, અનંત, આયુષને વધારનાર, આયુષનો આધાર તથા તૃપ્તિકારક તે આયુર્વેદનો અશ્વિનીકુમારોને ઉપદેશ કર્યો હતો. પછી તે અશ્વિનીકુમારોએ આયુર્વેદનો ઇંદ્રને ઉપદેશ કર્યો હતો. પછી તે ઇંદ્રે કશ્યપ, વસિષ્ઠ, અત્રિ તથા ભૃગુ–એ નામના ચાર ઋષિઓને તે આયુર્વેદનો ઉપદેશ કર્યો હતો. અને પછી એ મહર્ષિઓએ

લોકોના હિત માટે અને સર્વને ધર્મ, અર્થ, કામ તથા મોક્ષરૂપ ચારે પુરુષાર્થોની સિદ્ધિ તથા રક્ષા થાય તે માટે પોતપોતાના પુત્રો તથા શિષ્યોને તે આયુર્વેદનો ઉપદેશ કર્યો હતો. એ પ્રકારે આયુર્વેદ ઉત્પન્ન થઈને લોકમાં પ્રચાર પામ્યો છે. તે આયુર્વેદનું અધ્યયન કયા પ્રકારે કરવું, તે હવે કહેવામાં આવે છે કે, ગુરુની દોરવણી અનુસાર જ આયુર્વેદ ભણવો જોઈએ. તેમાંયે બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો તથા શૂદ્રો પણ આયુર્વેદનું અધ્યયન કરી શકે છે. પણ 'બ્રાહ્મણોએ આયુર્વેદ દ્વારા બધા વિષયોનું જ્ઞાન, પુણ્ય તથા પોતાનું અને બીજાનું પણ કલ્યાણ કરી શકાય એ અભિપ્રાયથી તેનું અધ્યયન કરવું જોઈએ. ક્ષત્રિયોએ આયુર્વેદ દ્વારા લોકોનું રક્ષણ કરી શકાય, એ અભિપ્રાયથી તેનું અધ્યયન કરવું જોઈએ; અને વૈશ્યોએ તે આયુર્વેદ દ્વારા પોતાની આજીવિકા મેળવી શકાય એ અભિલાષાથી તેનું અધ્યયન કરવું જોઈએ; પણ શૂદ્રોએ આયુર્વેદ દ્વારા સર્વની સેવા થઈ શકે અને સર્વ વર્ણોનો ધર્મ તે દ્વારા જળવાય, એ અભિપ્રાયથી તેનું અધ્યયન કરવું જોઈએ. ચરકમાં અહીં શૂદ્રોને આયુર્વેદનું અધ્યયન જણાવ્યું નથી. તેમણે સૂત્રસ્થાનના ૩૦મા અધ્યાયમાં કહ્યું છે કે, 'स चाध्येतव्यो ब्राह्मणराजन्यवैश्यैः। तत्रानुग्रहार्थं प्राणिनां ब्राह्मणः, आरक्षार्थं राजन्यैः वृत्त्यर्थं वैश्यैः, सामान्यतो वा धर्मार्थकामपरिग्रहार्थं सर्वैः- બ્રાહ્મણો, ક્ષત્રિયો તથા વૈશ્યો આયુર્વેદનું અધ્યયન કરી શકે છે. તેમાં બ્રાહ્મણોએ લોકોનું કલ્યાણ કરવા માટે, ક્ષત્રિયોએ લોકોની રક્ષા કરી શકાય એ ઇચ્છાથી, વૈશ્યોએ આયુર્વેદ દ્વારા પોતાની આજીવિકા મેળવી શકાશે એ ઇચ્છાથી આયુર્વેદનું અધ્યયન કરવું; અથવા કોઈપણ વર્ણના માણસે સામાન્યપણે ધર્મ, અર્થ તથા કામનો સ્વીકાર કરી શકાય, એ દૃષ્ટિ રાખીને જ આયુર્વેદનું અધ્યયન કરવું. લોકોને સ્વાસ્થ્ય તથા જીવનદાન એ આયુર્વેદ દ્વારા જ પ્રાપ્ત કરાવી શકાય છે, એ કારણે આયુર્વેદ પુણ્યજનક અથવા પુણ્યરૂપ છે; અને સ્વાસ્થ્ય-સુખ તથા જીવનદાનથી સંતુષ્ટ થયેલા લોકો કૃતજ્ઞ બને છે અને સ્તુતિ-પ્રશંસા પણ કરે છે. તે પ્રકારે ધર્મ, અર્થ તથા કામની પણ નિષ્પત્તિ થાય છે. એવા તે આયુર્વેદનું પ્રારંભિક શ્રેષ્ઠ તંત્ર કયું છે? એનો ઉત્તર આવો આપવો જોઈએ કે જેમ બધાયે દેવોમાં અગ્નિ શ્રેષ્ઠ મનાય છે, તેમ આ મહાન આયુર્વેદનાં ઉપર કહેલાં જે આઠ તંત્રો છે, તેમાં કૌમારભૃત્ય અથવા બાલચિકિત્સા મુખ્ય તંત્ર મનાય છે; કેમ કે એ કૌમારભૃત્ય દ્વારા જ વૃદ્ધિ પામેલા અથવા ઊછરીને મોટા થયેલા બધાયે લોકો, પણ ચિકિત્સા કરી શકે છે. વળી મોટાઓ કરતાં બાળકને આપવાનું ઔષધ વધુ હલ્ય તથા રુચિકર હોવું જોઈએ. તે બાળકને આપવાની ઔષધમાત્રા પણ મોટાઓ કરતાં બહુ જ ઓછા પ્રમાણની હોવી જોઈએ. તે બાળકની ચિકિત્સા, મોટાઓની ચિકિત્સા કરતાં ઘણી જ જુદી પડે છે, તેથી તે બાલચિકિત્સામાં મોટાઓની ચિકિત્સાઓ કરતાં ઘણું જ અંતર અથવા ભિન્નતા સાબિત થાય છે. ઘણા પ્રાચીન આયુર્વેદીય ગ્રંથોમાં ઠેર ઠેર આયુર્વેદને 'પુણ્ય' વિશેષણ આપીને પુણ્યજનક તરીકે સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યો છે; કારણ કે આ આયુર્વેદ દ્વારા સર્વ પ્રાણીઓનું, આ લોકનું તથા પરલોકનું કલ્યાણ સાધી શકાય છે. આ સંબંધે ચરકે સૂત્રસ્થાનના ૧લા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'तस्यायुषो पुण्यतमो वेदो वेदविदां मतः। विद्यते यन्मनुष्याणां लोकयोरुभयोर्हितम्॥ આયુષનો વેદ એટલે કે આયુર્વેદ અતિશય પુણ્યકારક અથવા ઘણો જ પવિત્ર મનાયો છે અને વેદોને જાણનારા-વિદ્વાનોએ તેને માન્ય રાખ્યો છે; કારણ કે મનુષ્યોના બે ય લોકનું જે હિત છે તે આયુર્વેદમાં કહેવામાં આવે છે.' આયુર્વેદનું ઉદ્દેશ્ય લોકોના આયુષમાં વૃદ્ધિ કરવારૂપ તથા સ્વાસ્થ્ય-પ્રદાન કરવારૂપ છે. એ કારણે સંસારમાં આયુર્વેદથી અધિક પુણ્યજનક કંઈ પણ નથી; આ સંબંધે સુશ્રુતે પણ કહ્યું છે કે-'सनातनत्वाद् वेदानाम् अक्षरत्वात्तथैव च। तथा दृष्टफलत्वाच्च हितत्वादपि देहिनाम्। वाक्यसमूहाथवितारात् पूजितत्वाच्च देहिभिः। चिकित्सितात् पुण्यतमं न किंचिदपि शुश्रुमः'॥ વેદો સનાતન-અનાદિ કાળના સ્વયંસિદ્ધ છે અને તે વેદો અક્ષર-અવિનાશી પણ છે; તેમજ એ વેદોનું ફળ પ્રત્યક્ષ દેખાય છે અને પ્રાણીમાત્રના હિતકર્તારૂપ છે. વળી તે વેદો વાણીના સમૂહ તથા

અર્થના વિસ્તારરૂપ છે અને બધાંયે પ્રાણીઓએ તે વેદોને પૂજેલા પણ છે; વળી તે વેદોમાં (આયુર્વેદ દ્વારા) લોકોના રોગોની જે ચિકિત્સા કહી છે, તેનાથી અતિશય પુણ્યજનક બીજું કોઈ પણ (યજ્ઞાદિ કર્મ) અમે સાંભળતા નથી. એ જ પ્રકારે 'यदिदं शाश्वतं पुण्यं स्वर्ग्यं यशस्यमायुष्यं वृत्तिकरं चेति'–॥ આ જે આયુર્વેદીય ચિકિત્સા-શાસ્ત્ર છે તે શાશ્વત હોઈ સનાતન કાળનું–નિત્ય-સિદ્ધ છે, પુણ્યજનક અથવા પવિત્ર છે; તેમ જ સ્વર્ગને તથા યશને આપનાર હોવા ઉપરાંત આયુષ-ને વધારનાર છે અને આજીવિકાને પણ સિદ્ધ કરનાર છે.' આ સંબંધે બીજા સ્થળે પણ કહ્યું છે કે, 'ब्रह्मक्षत्रियविट्शूद्रान् रोगार्तान् परिपाल्य च। यत् पुण्यं महदाप्नोति न तत् सर्वैर्महामखैः'॥ तस्माद् भोगापवर्गार्थी रोगार्त्तै समुपाचरेत्॥ હરકોઈ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર રોગથી પીડાતા હોય, તેમનું (આયુર્વેદીય ચિકિત્સા-દ્વારા) રક્ષણ કરીને વૈદ્ય, જે મહાપુણ્ય મેળવે છે તે સર્વ પ્રકારના મોટા યજ્ઞો કરીને પણ તે દ્વારા મેળવી શકતો નથી. તે કારણે વૈદ્યે આ લોકના તથા પરલોકના ભોગો તથા મોક્ષ મેળ-વવા માટે રોગથી પીડાયેલાની ચિકિત્સા કરવી જોઈએ' અર્થાત્ આયુર્વેદશાસ્ત્રવિધિ અનુસાર અધ્યયન કરી તેમાં બતાવ્યા પ્રમાણે ચિકિત્સા કરીને ઘણા લોકોને સ્વાસ્થ્ય આપી વૈદ્ય અનંત પુણ્યનો ભાગીદાર થાય છે. એ કારણે આયુર્વેદ પુણ્યકારક છે. એવા તે આયુર્વેદે કયા વેદનો આશ્રય કર્યો છે? આનો ઉત્તર આ છે કે–તે આયુર્વેદે અથર્વવેદનો આશ્રય કર્યો છે; કારણ કે આ સંબંધે સુશ્રુતે સૂત્રસ્થાનના પહેલા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'इह खलु आयुर्वेदो नाम यदुपाङ्गमथर्ववेदस्यानुत्वाद्यैव प्रजाः श्लोकशतसहस्र-मध्यायसहस्रं च कृतवान् स्वयंभूः–આ લોકમાં આયુ-વેદ એ ખરેખર અથર્વવેદનું ઉપાંગ છે. તેને સ્વયંભૂ બ્રહ્માએ સૌની પહેલાં પ્રજાઓને ઉત્પન્ન કર્યા વિના જ પ્રથમ ઉત્પન્ન કર્યો હતો. તેનું પ્રમાણ એક લાખ શ્લોકોનું અને એક હજાર અધ્યાયોનું છે. એમ ચરકે પણ આયુર્વેદને અથર્વ-વેદનો જ ઉપવેદ માન્યો છે, કારણ કે અથર્વ-વેદમાં વિશેષે કરી રક્ષા, બલિ, હોમ, શાંતિ આદિનો ઉલ્લેખ મળે છે. એ ઉપરથી સાબિત થાય છે કે આયુર્વેદે અથર્વવેદનો આશ્રય કર્યો છે; છતાં કેટલાક આચાર્યો અહીં આમ પણ કહે છે કે, આયુર્વેદમાં પદ્ય, ગદ્ય, કથા, ગેય, વિદ્યા આદિ રહેલાં છે, તેથી આયુર્વેદને ચારે વેદોનો આશ્રય છે; પરંતુ એમ કહેવું તે ઠીક નથી; છતાં આમ કહી શકાય ખરું કે ચારે વેદોને આયુર્વેદનો આશ્રય છે. જેમ હાથની ચારે આંગળીઓ કરતાં અંગૂઠો શ્રેષ્ઠ છે; એટલે કે ચારે આંગળીઓ કરતાં અંગૂઠાની વિશેષતા છે; એ જ પ્રમાણે આયુર્વેદ પણ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા અથર્વવેદથી જુદો અને તેમના કરતાં શ્રેષ્ઠ પાંચમા વેદરૂપ છે. તેનું કારણ આ છે કે, જેમ વેદોમાં બ્રહ્મજ્ઞાની ઋષિઓ દ્વારા ત્રિવર્ગ–ધર્મ, અર્થ અને કામ સહિત નિઃશ્રેયસ–મોક્ષનો જ વિચાર કર્યો છે, તેમ આયુર્વેદમાં પણ નિદાન, રોગોની ઉત્પત્તિ, લક્ષણ, અરિષ્ટ તથા ચિકિત્સા દ્વારા હિતકારી, સુખકારક અને ત્રિવર્ગના સારરૂપ નિઃશ્રેયસ–મોક્ષનો પણ વિચાર કર્યો છે. વળી જેમ ત્રણ પ્રકારના વૈદિક જ્ઞાન તથા વિજ્ઞાનથી જેઓ યુક્ત હોય, ભાષ્યવચન આદિના જેઓ પંડિત હોય અને અષ્ટાંગબુદ્ધિથી પણ જેઓ યુક્ત હોઈને લાંઘન, પ્લવન–પાણીમાં તરવું, સ્થાન–અમુક સમય સુધી ઊભા રહેવું, આસન એકાસને બેસી રહેવું, હરકોઈ રથાને ગમન–આગમન–આવવું–જવું આદિ ક્રિયાઓ કરવામાં પણ જેઓ સશક્ત હોય, તેવા લોકો પણ જો અમુક દેશ-વિદેશના જ્ઞાનથી રહિત હોય તો તે દેશવિદેશ આદિના જાણકાર લોકોની પાસે જઈને ત્યાંનું જ્ઞાન મેળવે છે, તે જ પ્રમાણે જેઓ શિક્ષા, કલ્પ, સૂત્ર, નિરુક્ત, વૃત્ત, છન્દ, યજ્ઞ સંસ્તર તથા બીજા પણ જ્ઞાન રાશિના ભલે વિશેષજ્ઞ અથવા વિશેષ પ્રકારે જાણનારા હોય, તેઓ પણ જ્યારે કષ્ટદાયક રોગ આદિથી જ્યારે પીડાય છે, ત્યારે આયુર્વેદને જ શરણે જાય છે. એ ઉપરથી આમ કહી શકાય છે કે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા અથર્વવેદથી જુદો આયુર્વેદ જ અવશ્ય પાંચમો વેદ જ છે; કેમ કે રોગી માણસને

સ્વાસ્થ્ય કે આરોગ્ય માટેની સંપૂર્ણ ક્રિયાઓ અને તે ઉપરાંત ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પણ પ્રાપ્તિ આયુર્વેદ દ્વારા જ અવશ્ય થઈ શકે છે અને સ્વસ્થ કે રોગી કોઈ પણ વ્યક્તિને ધર્મ, અર્થ, કામ તથા મોક્ષરૂપ ચારે પુરુષાર્થની જ સિદ્ધિ પરમ ધ્યેય રૂપ હોય છે. હવે તે આયુર્વેદ નિત્ય છે કે અનિત્ય છે? તેનો પણ ઉત્તર અહીં મૂળમાં જ અપાયો છે કે આર્ષ વચનોનાં પ્રમાણોથી સાબિત થાય છે કે આયુર્વેદ અવિનાશી છે અને તેથી જ તેના દ્વારા સાધ્યસિદ્ધ કે ફળનિષ્પત્તિ થઈ શકે છે, તેમ જ દેશ અને કાળની સમાનતાથી પણ જણાય છે કે આયુર્વેદ નિત્ય છે. એવા તે આયુર્વેદનો આશ્રય કે આધાર કયો છે? તેનો પણ ઉત્તર અહીં અપાયો છે કે વાત, પિત્ત અને કફ–એ ત્રણ શારીર પદાર્થો આયુર્વેદનો આશ્રય કે આધાર છે. એ વાત, પિત્ત અને કફ એ ત્રણ પદાર્થોને પ્રત્યેકને બે–બે દેવતાઓનો આશ્રય છે. 'વાત' નામના શારીરપદાર્થને બહારના વાયુદેવનો તથા આકાશદેવતા આશ્રય છે, 'પિત્ત' નામના શારીરપદાર્થને બાહ્ય–આભ્યંતર અગ્નિ તથા આદિત્ય–સૂર્યદેવનો આશ્રય છે; અને કફ નામના શારીરપદાર્થને બાહ્ય–સોમ–કે જલીય તત્ત્વ ચન્દ્રનો તથા વરુણ દેવનો આશ્રય છે; એટલે કે તે બે દેવો વાત, પિત્ત અને કફના છે. કેટલાક આચાર્યો અહીં કહે છે કે, આયુર્વેદનો કે તેના આધારભૂત વાત, પિત્ત અને કફનો આશ્રય ધર્મ, અર્થ અને કામ છે અને કેટલાક આચાર્યો અહીં કહે છે કે, સત્ત્વ, રજસ્ અને તમસ્–એ ત્રણ ગુણો આયુર્વેદના અને વાત, પિત્ત તથા કફના આધારભૂત કે આશ્રયરૂપ છે; અથવા સાધ્ય, યાપ્ય અને અસાધ્ય રોગો એ જ આયુર્વેદના તથા વાત, પિત્ત તથા કફના આશ્રય કે આધાર છે. એ વાત, પિત્ત તથા કફ જ્યારે પ્રકૃતિસ્થ હોય ત્યારે તેમનાં પોતપોતાનાં લક્ષણો કયાં હોય છે? એ પ્રશ્નનો ઉત્તર અહીં મૂળમાં છેલ્લે કહેવાની શરૂઆત કરી છે કે તેમાં કફ એ સ્નિગ્ધ આદિ લક્ષણોવાળો હોય છે.

અહીં આ રીતે આ અધ્યાય વચ્ચેથી ખંડિત થયો છે. છેલ્લે 'तत्र श्लेष्मा स्निग्धः' ઇત્યાદિ વાક્યરચનાની શરૂઆત કરી છે, તે ઉપરથી આમ સમજી શકાય છે કે અહીં ગ્રંથકારે પ્રકૃતિસ્થ કફ આદિનાં લક્ષણો કહેવાની શરૂઆત કરી છે; પરંતુ તે વિભાગ મળતો નથી. આ અધ્યાયના પ્રારંભમાં જે પ્રશ્નો છે, તે જોતાં અહીં આવું અનુમાન થઈ શકે છે કે એ પ્રશ્નોના ઉત્તર પછી 'तिसृणां च वेदनानामतीतवर्तमानानागतानां कतमां भिषक् चिकित्सति'। किं चास्यायुर्वेद(स्य)साधनम्'। ત્રણ પ્રકારની વેદનાઓ જે ભૂત, ભવિષ્ય તથા વર્તમાનકાળની હોય છે, તેમાંથી કઈ વેદનાની વૈદ્ય ચિકિત્સા કરી શકે છે? વળી આ આયુર્વેદનું સાધન કયું છે?' ઇત્યાદિ પ્રશ્નોના ઉત્તરો અહીં પ્રથમ ક્રમશઃ અપાયા છે; પરંતુ છેલ્લે જ્યાંથી આ ગ્રંથ ખંડિત થયેલ છે, તેના સંબંધે વાચકોને જ્ઞાન થાય, તે માટે ચરક, સુશ્રુત આદિ આર્ષ ગ્રંથોનો આધાર લઈ અહીં યથાશક્ય પ્રયત્ન કરવામાં આવે છે, તેમાં સૌથી પહેલાં પ્રકૃતિસ્થ વાતનાં, પિત્તનાં તથા કફનાં લક્ષણો કહ્યાં છે. જેમ કે ચરકે વિમાનસ્થાનના ૮ મા અધ્યાયમાં કહ્યું છે કે, 'श्लेष्मा हि स्निग्धश्लक्ष्णमृदुप्रपुरुषसारसान्द्रनन्दितमितगुरुशीतपिच्छिलाच्छः, तस्य स्नेहात् श्लेष्मलाः स्निग्धाङ्गाः, श्लक्ष्णत्वाच्छ्लक्ष्णाङ्गाः मृदुत्वाद् दृष्टिसुखसुकुमारावदातगात्राः, माधुर्यात्प्रभूतशुक्रव्यायापत्याः, सारत्वात् सारसंहतास्थिशरीराः, सान्द्रत्वादुपचितपरिपूर्णसर्वगात्राः, मन्दत्वान्मन्दचेष्टाहारविहाराः, स्तैमित्यादशीघ्रारम्भाल्पक्षोभविकाराः, गुरुत्वात्साराधिष्ठितावस्थितगतयः, शैत्यादल्पक्षुत्तृष्णासन्तापस्वेददोषाः, पिच्छिलत्वात्सुश्लिष्टसारसन्धिबन्धनाः, तथाऽच्छत्वात्प्रसन्नदर्शनाननाः प्रसन्नवर्णस्वराश्च त एवं गुणयोगच्छ्लेष्मला बलवन्तो वसुमन्तो विद्यावन्त ओजस्विनः शान्ता आयुष्मन्तश्च भवन्ति ॥–કફ ખરેખર સ્નિગ્ધ–ચીકાશવાળો, શ્લક્ષ્ણ–કઠોરતારહિત–સુંવાળો, કોમળ, મધુર, સાર કે પ્રસાદરૂપ, સાન્દ્ર–ઘાટો, મંદ ધીમી ગતિ કે ચેષ્ટાવાળો, સ્તિમિત–થીજી જાય એવો સ્થિર કે ભીનાશવાળો, ગુરુ–ભારે શીતળ, પિચ્છિલ–ચીકાશને કારણે ગુંદરના જેવા તાંતણાવાળો તથા અચ્છ–પારદર્શક હોય છે એવા તે કફના સ્નેહને કારણે જેઓ કફાધિક પ્રકૃતિવાળા હોય છે તેઓ

સ્નિગ્ધ અથવા સ્નેહયુક્ત અંગોવાળા હોય છે. કફમાં શ્લક્ષ્ણપણું કે સુંવાળાપણું હોય છે, તેથી કફાધિક પ્રકૃતિવાળા લોકો શરીરે સુંવાળા અને કઠોરતાથી રહિત હોય છે. કફમાં કોમળપણું હોય છે, તેથી કફાધિક પ્રકૃતિવાળા લોકો શરીરે કોમળ હોય છે; તેમ જ અવદાત એટલે કે ઉજ્જ્વળ અંગોવાળા:–ધોળા હોય છે, કફમાં મધુરતા છે એ કારણે કફાધિક પ્રકૃતિવાળા લોકો પુષ્કળ વીર્યવાળા હોઈ ખૂબ મૈથુન કરી શકનારા તેમ જ ઘણાં સંતાનોવાળા પણ હોય છે. વળી તે કફ સારરૂપ કે પ્રસાદરૂપ હોય છે, તેથી કફપ્રકૃતિવાળા લોકોનાં શરીર પણ સારવાળાં –પ્રસાદયુક્ત, મજબૂત, પુષ્ટ અને સ્થિર હોય છે. કફમાં સાન્દ્રપણું એટલે ઘટ્ટપણું હોય છે, તેથી કફાધિક પ્રકૃતિવાળા લોકોનાં અંગો પણ ઘણાં જ ઘટ્ટ–પરિપુષ્ટ અને પરિપૂર્ણ હોઈ કોઈ પણ ખેડ–ખાપણ વિનાનાં હોય છે, તેમ જ કફ પોતે જ મંદ કે ધીમી ચેષ્ટાવાળો હોય છે, તેથી કફાધિક પ્રકૃતિવાળા લોકો પણ મંદ–ધીમી ચેષ્ટાવાળા હોઈ ધીમે ધીમે આહાર ખાનારા અને ધીમે ધીમે બોલનારા હોય છે; વળી કફમાં સ્તૈમિત્ય કે સ્થિરતા હોય છે, તેથી કફાધિક પ્રકૃતિવાળા લોકો પણ ધીમા હોઈ સ્થિરતાથી કાર્યોના આરંભ કરનારા અને ક્ષોભ તથા વિકારને નહિ પામનારા હોય છે. વળી કફમાં ગુરુપણું અથવા ભારેપણું હોય છે. તેથી કફાધિક પ્રકૃતિવાળા લોકો પણ (હાથીઓની પેઠે) સારથી આશ્રિત ધીમી અને સ્થિર ગતિવાળા હોય છે. વળી કફમાં શીતળતા હોય છે તે કારણે કફાધિક પ્રકૃતિવાળા લોકો થોડી ભૂખ, તરસ, થોડો સંતાપ અને થોડા પરસેવાથી યુક્ત હોઈ થોડા દોષવાળા હોય છે. વળી કફ પોતે જ પિચ્છિલ–ચીકણો અને તાંતણાવાળો હોય છે, તેથી જ કફપ્રકૃતિવાળા લોકોના શરીરનાં બંધનો પણ ચીકાશવાળાં અત્યંત સંયુક્ત તથા સારભૂત આદિથી યુક્ત હોય છે. કફ પોતે અચ્છ કે નિર્મળ હોય છે, એ જ કારણે કફપ્રકૃતિવાળા લોકોનાં નેત્રો અને મુખ પ્રસન્ન હોય છે; તેમ જ તેમના શરીરનો રંગ તથા સ્વર પણ પ્રસન્ન તથા સ્નિગ્ધ હોય છે, એમ કફમાં ઉપર જણાવેલા ગુણો હોય છે. તે જ કારણે કફ પ્રકૃતિવાળા: લોકો શરીરે બળવાન, ધનવાન, વિદ્યાવાન, ઓજસ્વી, શાંત તથા લાંબા આયુષ્યવાળા હોય છે. એમ પ્રકૃતિસ્થ કફનાં લક્ષણો કહ્યા પછી પ્રકૃતિસ્થ પિત્તમાં પણ ચરકે ત્યાં જ વિમાનસ્થાનના ૮ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે– पित्तमुष्णं तीक्ष्णं द्रवं विस्रमम्लं कटुकं च, तस्यौष्ण्यात्पित्तला भवन्ति उष्णासहाः, उष्णमुखाः, सुकुमारावदातगात्राः, प्रभूतपिप्लव्यङ्गतिलकपिडकाः, क्षुत्पिपासावन्तः, क्षिप्रवलीपलितखालित्यदोषाः प्रायोमृदुरक्तकपिलऽल्पश्मश्रुलोमकेशाः, तैक्ष्ण्य त्तीक्ष्णपराक्रमाः, तीक्ष्णान्नयः, प्रभूताशनपानाः, क्लेशासहिष्णवो दन्दशूकाः, द्रवत्वाच्छिथिलमृदुसन्धिबन्धमांसाः, प्रभूतसूक्ष्मस्वेदमूत्रपुरीषाश्च, विस्रत्वात्प्रभूतपूतिकक्षास्यशिरःशरीरगन्धाः, कटुम्लत्वादल्पशुक्रव्यवायापत्याः, त एवं गुणयोगात्पित्तला मध्यबला मध्यायुषो मध्यज्ञानविज्ञानवित्तोपकरणवन्तश्च भवन्ति ॥–પિત્ત ઉષ્ણ, તીક્ષ્ણ, પ્રવાહી, વિસ્ર–આમ કે અર્ધપક્વ અન્નરસના જેવી દુર્ગંધયુક્ત, ખાટું અને તીખું હોય છે. પિત્તમાં ઉષ્ણતા હોય છે. તેથી પિત્તાધિક પ્રકૃતિવાળા લોકો ઉષ્ણતા કે ગરમીને સહન કરી શકતા નથી. તેમનાં શરીરો સુકાં કઠોર અને અવદાત એટલે પીળાશ સાથે ઉજ્જ્વળ હોય છે. તેમના મુખ અને શરીર ઉપર 'પિપ્લુ' નામના વ્યંગ–દાઝ કે કાળી ઝાંય, તલ અને ફોલ્લીઓ પુષ્કળ હોય છે, પિત્તાધિક પ્રકૃતિવાળા લોકોને ભૂખ અને તરસ વધુ લાગે છે. તેમનાં શરીર પર કરચલીઓ જલદી પડવા માંડે છે, પળિયાં જલદી આવી જાય છે અને માથાં ઉપર ટાલ હોય છે. તેમના દાઢી–મૂછના વાળ અને માથાના વાળ લગભગ કોમળ, થોડા અને પીંગળા હોય છે. તેમની પ્રકૃતિરૂપ પિત્તમાં તીક્ષ્ણતા હોય છે, એ કારણે પિત્તાધિક પ્રકૃતિવાળા લોકો તીક્ષ્ણ પરાક્રમો કરનારા હોય છે. વળી તેમના જઠરાગ્નિ તીક્ષ્ણ હોય છે. તેમને ખોરાક તથા પાણી પુષ્કળ જોઈએ છે. તેમનો સ્વભાવ ક્લેશને સહન કરી શકતો નથી. તેમને વારંવાર ખાવા જોઈએ છે. પિત્ત પ્રવાહી છે તેથી પિત્ત પ્રકૃતિવાળા લોકોના સાંધાનાં બંધનો તથા માંસ ઢીલાં અને કોમળ હોય છે. તેમને પરસેવો, મૂત્ર તથા વિષ્ઠા, વધારે

પ્રમાણમાં બહાર આવે છે અને પિત્ત પોતે વિસ્ર કે આમ જેવું દુર્ગંધી હોય છે તેથી પિત્ત પ્રકૃતિવાળા માણસોની બગલ, મોઢું, માથું અને શરીરની ગંધ ખરાબ હોય છે. તેમ જ પિત્ત પોતે તીખું અને ખાટું હોય છે, તેથી પિત્તાધિક પ્રકૃતિવાળા મનુષ્યમાં વીર્ય–મૈથુનશક્તિ તથા સંતાનપ્રાપ્તિ ઓછાં હોય છે. એવા પિત્તના ગુણોનો સંબંધ હોવાના કારણે પિત્ત પ્રકૃતિવાળા માણસો મધ્યમ બળવાળા મધ્યમ આયુષ્યવાળા અને મધ્યમ જ્ઞાન, વિજ્ઞાન ધન તથા સાધનસંપત્તિવાળા હોય છે.' આમ પ્રકૃતિસ્થ પિત્તનાં લક્ષણો કહ્યા પછી ત્યાં જ ચરકે પ્રકૃતિસ્થ વાતનાં લક્ષણો આમ કહ્યાં છે– 'वातस्तु रूक्षलघुचलबहुशीघ्रशीतपरुषविशदः, तस्य रौक्ष्याद्वातला रूक्षापचिताल्पशरीराः, प्रततरूक्षश्यामभिन्नमन्दसक्तजर्जरस्वराः, जागरूकाश्च, लघुत्वाच्च, लघुचपलगतिचेष्टाहाराः, चलत्वादनवस्थितसन्ध्यस्थिभ्रूहनूष्ठजिह्वाशिरःस्कन्धपाणिपादाः, बहुत्वाद्बहुप्रलापकण्डरासिराप्रतानाः, शीघ्रत्वाच्छीघ्रसमारम्भक्षोभविकाराः शीघ्रोत्त्रासरागविरागाः श्रुतग्राहिणोऽल्पस्मृतयश्च ज्ञात्याच्छीताऽसहिष्णवः, प्रततशीतक्लेदोपकृतस्तम्भाः, पारुष्यात्परुषकेशश्मश्रुरोमनखदशनबदनपाणिपादाङ्गाः, वैशद्यात्स्फुटिताङ्गावयवाः, सततसन्धिशब्दगामिनश्च भवन्ति, त एवं गुणयोगाद्वातलाः प्रायेणाल्पबलाश्चाल्पापत्याश्चाल्पसाधनाश्चाधनाश्च भवन्ति ॥–વાયુ તો રૂક્ષ લઘુ, ચળ, ઘણો જ ઉતાવળો, શીતળ, પરુષ, કઠોર તથા વિષદ એટલે કે પિચ્છિલથી વિપરીત હોઈ ચીકાશ વિનાનો હોય છે. વાયુમાં રૂક્ષતા હોય છે, તેથી વાતાધિક પ્રકૃતિવાળા લોકોનાં શરીર રૂક્ષ–લૂખાં અપુષ્ટ અને નાનાં હોય છે. વાત ધિક પ્રકૃતિવાળાનો સ્વર–ગળાનો અવાજ કે ઘાંટો એકધારો રૂક્ષ–લૂખો, ક્ષીણ–ભાંગેલાં કાંસાનાં વાસણના જેવો મંદ હોઈ અટકી અટકીને બોલાતો અને બોખરો હોય છે તેમનો સ્વભાવ વધુ જાગરણ કરવાનો હોઈ ને તેમને ઊંઘ ઓછી હોય છે. વાયુ પોતે લઘુ–હલકો કે ફેરો હોય છે, તેથી વાતાધિક પ્રકૃતિવાળા લોકોની ગતિ–ચાલ કે ચેષ્ટાઓ, આહાર તથા બોલવું પણ લઘુ–હલકું કે ફેરું તથા ચપળ હોય છે. વાયુનો સ્વભાવ ચલ–ચપલ કે અસ્થિર હોય છે, તેથી વાતાધિક પ્રકૃતિવાળા લોકોના સાંધા, નેત્રો, ભમ્મર, ઠરપચી, હોઠ, જીભ, મસ્તક, ખભા અને હાથપગ વગેરે અવયવો કાયમ ચલ–અનવસ્થિત–અસ્થિર કે ચંચલ રહ્યા કરે છે; કાયમ હાલ્યા કરે છે. વાતલ કે વાતાધિક પ્રકૃતિવાળા લોકોમાં વાયુ ઘણા પ્રમાણમાં હોય છે, તેથી વાતલ પ્રકૃતિવાળા લોકો ઘણા જ વાયડા–ઘણો જ બકવાટ કરનારા હોય છે અને તેઓ આખાય શરીરે કંડરાઓ તથા શિરાઓના સમૂહોથી વ્યાપ્ત થયેલા જણાય છે. તેમની કંડરાઓ તથા શિરાઓ સ્પષ્ટ ખુલ્લી દેખાય છે વાયુ ઘણો જ ઉતાવળો હોય છે, તેથી વાતલ કે વાતાધિક પ્રકૃતિવાળા લોકો, ઉતાવળા હોઈ જલદી કામ કરનારા અથવા કરેકોઈ કાર્યનો આરંભ જલદી કરનારા હોય છે, જલદી ક્ષોભ પામનારા અને જલદી વિકારો કે રોગ પામનારા હોય છે. વળી તેઓ જલદી ત્રાસ, રાગ–સ્નેહ કે પ્રેમને પામનારા અને તરત જ વૈરાગ્ય પામનારા હોય છે; તેમ જ એ વાતાધિક પ્રકૃતિવાળા લોકો, જે કંઈ બોલે છે કે સાંભળે છે, તેને જલદી પકડી લેવાનો સ્વભાવ ધરાવે છે, પરંતુ તેમની સ્મરણશક્તિ ઘણી ઓછી હોય છે, તેથી તેઓ જલદી ભૂલી જવાનો સ્વભાવ ધરાવે છે વાયુ પોતે શીતળ હોય છે, તેથી વાતાધિક પ્રકૃતિવાળા લોકો ઠંડી સહન કરી શકતા નથી; તેમ જ કંપારી તથા શરીરનું જકડાવું વગેરે વાતરોગો તેમને રહ્યા જ કરે છે. વાયુમાં પરુષતા અર્થાત્ કઠોરતા કાયમી હોય છે, તેથી વાતાધિક પ્રકૃતિવાળા લોકોના માથાના વાળ, દાઢી–મૂછના વાળ, રુવાંટાં, નખ, દાંત, મોઢું અને હાથપગ કઠોર રહ્યા કરે છે. વાયુમાં વિશદપણું કે પિચ્છિલતા અથવા ચીકાશથી રહિતપણું હોય છે. તે કારણે વાતાધિક પ્રકૃતિવાળા લોકોના અંગના અવયવો ફાટેલા રહે છે; અને તે વાતાધિક માણસો જ્યારે ચાલે છે, ત્યારે તેમના સાંધાઓમાં એકધારો અવાજ થયા કરે છે. એવા ગુણોથી યુક્ત તે વાયુની અધિકતાવાળા લોકો લગભગ ઓછા બળવાળા, ઓછા આયુષ્યવાળા, ઓછા સંતાનોવાળા, ઓછા સાધનોવાળા તથા ઓછા ધનવાળા હોય છે.' હવે વૈદ્યો કઈ વેદનાની ચિકિત્સા કરે છે? એ પ્રશ્નનો અહીં ઉત્તર આપે છે: આ સંબંધે પણ ચરકે શારીર-

૨થાનના પહેલા અધ્યાયમાં અગ્નિવેશના પુનર્વસુ આત્રેય પ્રત્યે આવો પ્રશ્ન જણાવ્યો છે કે, 'अथ चार्तस्य भगवंस्तिसृणां का चिकित्सति। अतीतां वेदनां वैद्यो वर्तमानां भविष्यतीम्॥ भविष्यन्त्या असम्प्राप्तिरतीताया अनागमः। साम्प्रतिक्या अपि स्थाने नास्त्यर्तेः संशयो ह्यतः॥'–હે ભગવન્ આત્રેય! ભૂત, ભવિષ્ય અને વર્તમાન–એ ત્રણ કાળની વેદનાઓ હોય છે, તેમાંની કઈ વેદનાની વૈદ્ય ચિકિત્સા કરવી? ભવિષ્યકાળની વેદના તો હજી ઉત્પન્ન થઈ હોતી જ નથી; અને ભૂતકાળની જે વેદના વીતી ગઈ હોય છે, તેની ચિકિત્સાકાળે પ્રાપ્તિ હોતી નથી અને વર્તમાનકાળની વેદનાની પણ સ્થિતિ હોતી નથી; કેમ કે કાળ નિત્ય ગતિ કરનાર છે. એ કારણે સંશય થાય છે, કે વૈદ્યે કયા કાળની વેદનાની ચિકિત્સા કરવી કોઈ પણ કાળની વેદનાની ચિકિત્સા કરવાનું વૈદ્ય માટે શક્ય જ નથી! તેનું કેમ? આ પ્રશ્નનો ઉત્તર પણ ચરકે ત્યાં શારીરસ્થાનના પહેલા અધ્યાયના ૮૫ મા શ્લોકમાં કહ્યો છે કે 'चिकित्सति भिषक्सर्वा-स्त्रिकाला वेदना इति। यया युक्त्या वदन्त्येके सा युक्तिरुपधार्यताम्॥' વૈદ્ય, ત્રણે કાળની સર્વ વેદનાઓની ચિકિત્સા કરી શકે છે, એમ કેટલાક વિદ્વાનો જે યુક્તિથી કહે છે તે યુક્તિને તમે સાંભળો: 'पुनस्तच्छिरसः शूलं ज्वरः स पुनरागतः। पुनः स कालो बलवांश्छर्दिः सा पुनरागता॥ एभिः प्रसिद्ध-वचनैरतीतागमनं मतम्। कालाश्रयमतीतानामार्तीनां पुनरागतः॥ तमर्तिकालमुद्दिश्य भेषजं यत्प्रयुज्यते। अतीतानां प्रशमनं वेदनानां तदुच्यते॥ आपस्ताः पुनरागुर्मा यामिः शस्यं पुरा हतम्। यथा प्रक्रियते सेतुः प्रतिकर्म तथाऽऽर्ये॥'–અહીં પ્રથમ ભૂતકાળની વેદનાઓની ચિકિત્સાને સૂચવતી આ યુક્તિ જણાવે છે કે માથાનું શૂળ ફરી આવ્યું છે, તે જ્વર ફરી આવ્યો છે, તે ઉધરસ ફરી થઈ છે, તે બળવાન ઊલટી ફરી થઈ છે; આ પ્રસિદ્ધ વચનો ઉપરથી ભૂતકાળની વેદનાઓનું ફરી આવવું જણાય છે; તેમ જ ભૂતકાળની વેદનાઓનો જ તે કાળ ફરી આવ્યો છે; એ વેદનાના કાળને ઉદ્દેશી જે ઔષધનો પ્રયોગ કરાય છે, તે ઔષધ ભૂતકાળની વેદનાને શાંત કરનારું કહેવાય છે. (તેમાં આ દૃષ્ટાંત પણ અપાય છે કે–) જે પાણીએ પહેલાં ધાન્યનો નાશ કર્યો હતો તે જ પાણી ફરી આવ્યાં છે. તેને રોકવા માટે જેમ પાળ કે બંધ બાંધવામાં આવે છે તેમ શરીરમાં આવતી વેદનાને રોકવા માટે ચિકિત્સાકર્મ કરાય છે. આમ ભૂતકાળની વેદનાની ચિકિત્સા જણાવીને ચરકે ત્યાં જ શારીરસ્થાનમાં ભવિષ્યકાળની વેદનાની ચિકિત્સાને સૂચવતી યુક્તિ પણ આમ જણાવે છે– 'पूर्वरूपं विकाराणां दृष्ट्वा प्रादुर्भविष्यताम्। या क्रिया क्रियते सा च वेदनां हन्त्यनागताम्॥'–ભવિષ્યમાં પ્રકટ થનાર વિકારો કે રોગોનું પૂર્વરૂપ જોઈ જે ક્રિયા કે ચિકિત્સા કરાય છે તે ભવિષ્યકાળમાં થનારી તે વેદનાનો નાશ કરે છે.' ભવિષ્યકાળની વેદનાની ચિકિત્સા કરવાની તે યુક્તિ જણાવીને હવે ચરકે ત્યાં જ શરીરના પહેલા અધ્યાયમાં વર્તમાનકાળની વેદનાની ચિકિત્સા કરવાની આ યુક્તિ આમ કહી છે કે, 'पारम्पर्यानुबन्धस्तु दुःखानां विनिवर्तते। सुखहेतूपचारेण सुखं चापि प्रवर्तते॥'–સુખ અથવા આરોગ્યનું કારણ એવા ઉપચારોના સેવનથી દુઃખોનું કે રોગોરૂપ વિકારોની પરંપરાનું અનુસરણ અથવા ફરીફરી આવવું અવશ્ય અટકે છે અને સુખ અથવા આરોગ્ય પણ ચાલુ રહે છે.' એમ સુખકારક આરોગ્યના હેતુ-ઓનું સેવન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે તેને પણ ચરકે ત્યાં શારીરમાં તરત જ આમ કહ્યું છે કે, 'न समा यान्ति वैषम्यं विषमाः समतां न च। हेतुभिः सदृशा नित्यं जायन्ते देहधातवः॥'–યોગ્ય ઉપચારોનું સતત સેવન કર્યા કરવાથી સમ ધાતુઓ વિષમતા પામતી નથી અને વિષમ ધાતુઓ સમપણાને પામતી નથી; કારણ કે દેહની ધાતુઓ હમેશાં હેતુઓના જેવી જ ઉત્પન્ન થાય છે. યુક્તિમેતાં પુરસ્કૃત્ય ત્રિકાલાં વેદનાં ભિષક્। હન્તીયુક્તં–આ યુક્તિને આગળ કરી વૈદ્ય ત્રણે કાળની વેદના-ઓનો નાશ કરે છે. આ ચિકિત્સાના પ્રસંગને અનુસરી અહીં એમ કહ્યું છે. હવે આયુર્વેદનું સાધન કયું છે? એ પ્રશ્નનો ઉત્તર અહીં અપાય છે કે, આયુર્વેદનું સાધન એ કારણ

કહેવાય છે. ચરકમાં ધાતુસામ્યરૂપી કાર્ય અથવા સાધ્ય સિદ્ધ કરવા માટે કારણરૂપ ૭ પદાર્થોનું વર્ણન કરવામાં આવ્યું છે કે-સામાન્ય, વિશેષ, દ્રવ્ય, ગુણ, કર્મ તથા સમવાય; એ ૭ સાધનો દ્વારા ધાતુસામ્યરૂપી કાર્ય-સ્વાસ્થ્ય સિદ્ધ થાય છે ચરકે સૂત્રસ્થાનના ૧ લા અધ્યાયમાં કહ્યું છે કે " इत्युक्तं कारणं, कार्यं धातुसाम्यमिहोच्यते। धातुसाम्य-क्रिया चोक्ता तन्त्रस्यास्य प्रयोजनम्॥ '-એમ (સામાન્ય આદિ ૭) કારણો કહ્યાં; હવે ધાતુઓની સમાનતા-રૂપ કાર્ય (આરોગ્ય કે સ્વાસ્થ્ય) અહીં કહેવાય છે. ધાતુઓની સમાનતારૂપ ક્રિયા કરવી, એ જ આ આયુર્વેદશાસ્ત્રનું પ્રયોજન કહ્યું છે. આમ કહીને આયુર્વેદશાસ્ત્રનું સાધન કે પ્રયોજન કહેવામાં આવ્યું છે.

વિમાનસ્થાન સમાપ્ત

મહર્ષિ મારીચકશ્યપ વિરચિત

काश्यपसंहिता

अथवा

वृद्धजीवकीयतंत्र

(कौमारभृत्य)

४ : शारीरस्थान

અધ્યાય ૧

.....

.....

तस्मात् पञ्चैव खलु ऋतवोऽपि, तदनुपपत्तेर्नास्ति षट्त्वमिति; अत्रोच्यते—रसार्थमेषां षट्त्वं रसविमाने प्रोक्तम् ॥ १ ॥

स कः कलासमूहं कालं द्विविधमकल्पयत्—शुभं चाशुभं च, तौ तुल्यप्र(परि)माणौ भूतवर्तमानानागतविभागात् । तत्र शुभ उत्सर्पिणी, अशुभोऽवसर्पिणी; ते पुनरुभे त्रिविधे युगभेदेन—आदियुग देवयुगं कृतयुगमित्युत्सर्पिणी, त्रेताद्वापरकलियुगान्यवसर्पिणी; तयोरानन्त्यात् परिमाणं नोच्यते । तत्रादियुगदेवयुगेऽचिन्त्यप्र(परि)माणोद्भवे कर्मभोजनपानगतिवीर्यायुषि अनिर्देश्ये । कृतयुगे तु नारायणं नाम देहिनां संहननं शरीरमुत्पद्यते; तस्मात्तदाहुः—तस्य घनं निष्कपालं शिरः, अस्थीनि च सत्त्वास्पदान्याकृतयो वज्रगरीयस्यः, हृदि चास्य महासिरा दशैव, त्वगस्य शिरश्चामेद्यमच्छेद्यं, सर्वतोऽस्य शुक्रं, योजनं चास्योत्सेधः, सप्तरात्रं चास्य गर्भवासः, सद्योजातस्य चास्य सर्वकर्माणि शक्यानि भवन्ति, न चैनं क्षुत्पिपासाश्रमग्लानिशोकभयेर्ष्याऽधर्मचिन्ताधिव्याधिजरा बाधन्ते, न च स्तन्यवृत्तिर्भवति, धर्मतपोज्ञानविज्ञानस्थितियुक्तिश्चाति भवति । तस्य पलितोपमार्ध(?)मायुरुत्कृष्टमाहुरिति ॥ अथ त्रेतायामर्धनारायणं नाम देहिनां संहननं शरीरमुत्पद्यते । तस्यैकास्थिप्रायं शरीरमाकुञ्चनप्रसारणवर्ज्यं, गर्भवासोऽस्याष्टमासिकः, स्तन्यजीविका च, द्वे शिरस्कपाले, पार्श्वयोरेकैकः सन्धिः उरसि च, त्र्यस्थि पृष्ठं, कोष्ठस्य सिरा विंशतिः, शुक्रं च, पलितोपम(?)चतुर्भागमायुरुत्कृष्टं पूर्वाचार्धगुणावसर्पणमिति ॥ अथ द्वापरे कशिकसहननं शरीरमुत्पद्यते केशमात्राणुसुषिरास्थि, अतिश्लिष्टसन्धि, महाहस्तिबलः(लं), सिरानुवेष्टितगात्रः(त्रं), गात्रसन्धिषु चास्य शुक्रं, पलितोपमा(?)ष्टभागमायुरुत्कृष्टं पूर्वाचार्धगुणावसर्पणमिति ॥ अथ कलियुगे प्रज्ञसिपिशितं संहननं शरीरमुत्पद्यते । तस्य षष्टिश्च त्रीणि चास्थिशतानि भृशसुषिराणि मज्जपूर्णानि नलवदासन्नबधानि, चत्वारि मांसपेशीशतानि, सप्त सिराशतानि हृदयमूलानि, नव स्नायुशतानि मस्तुलुङ्गमूलानि, द्वे धमनीशते तालुमूले, सप्तोत्तरं मर्मशतं, त्रीणि महामर्माणि, दश प्राणायतनानि, पञ्च हृदयानि, त्रीणि सन्धिशतान्येकाशीता(त्यधिका)नि, चतुर्दश कण्डराः, कूर्चा द्विचत्वारिंशत्, षट् त्वचः, सप्त धातवः स्रोतांसि द्विविधानि, जातस्य पृथग्दन्तजन्म, दशमासं गर्भवासः संवत्सरादूर्ध्वं प्रतितिष्ठति, वाचं च विसृजति; तस्य वर्षशतमायुरुत्कृष्टं, सुखदुःखाधिव्याधिजरामृत्युपरिगतः, ...सर्वगात्रः, क्षुत्पिपासागौरवश्रमशैथिल्यचित्तेर्ष्यारोषानृतलौल्यपरिक्लेशमोहवियोगप्रायः, संसारगोचरः, आशाबहुल इति द्वे द्वे युगे सत्त्वरजस्तमोन्वये विद्धि । इति पुरुषस्य सृष्टिकारणमुक्तम् ॥ २ ॥

તે કારણે ઋતુઓ પણ બરોબર પાંચ જ હોય છે. છઠ્ઠી ઋતુ ઘટતી જ નથી, એ કારણે ઋતુઓનું છપણું નથી. અહીં કેટલાક લોકો કહે છે કે રસોને માટે એટલે કે જેમ રસો છ છે, તેમ તેપને અનુસરી ઋતુઓનું પણ છ પણું રસવિમાન (નામના ખંડિત ભાગ)માં કહેલ છે. ૧

તે પ્રસિદ્ધ બ્રહ્માએ કલાઓના સમુદાયરૂપ કાળને બે પ્રકારનો કલ્પ્યો છે; એક શુભ કાળ છે અને બીજો અશુભ કાળ છે. તે બન્નેમાં પરિમાણ એકસરખાં છે એટલે કે શુભકાળ પણ ભૂત, વર્તમાન તથા ભવિષ્ય એવા વિભાગથી ત્રણ પ્રકારનો છે અને તે જ પ્રમાણે અશુભકાળ પણ ભૂત, વર્તમાન તથા ભવિષ્ય–એવા ત્રણ વિભાગથી ત્રણ પ્રકારનો છે. તેમાંનો શુભ કાળ 'ઉત્સર્પિણી' અર્થાત્ 'ઉન્નતિકાળ' નામે કહેવાય છે અને અશુભકાળ 'અવસર્પિણી' અર્થાત્ 'અવનતિકાળ' નામે કહેવાય છે (એટલે કે જે કાળમાં આપોઆપ વૃદ્ધિ પ્રાપ્ત થાય છે અથવા લોકોમાં આયુષ આદિ ભાવોને જે આપોઆપ વધારે છે, તે જ ઉત્સર્પિણી-કાળ ઉન્નતિકાળના રૂપમાં હોઈને શુભ કહેવાય છે અને જેમાં લોકોમાં આયુષ આદિ ભાવોમાં આપોઆપ જ હ્રાસ થાય છે, તે અવસર્પિણી નામનો કાળ અવનતિકાળ નામે હોઈને અશુભ કહેવાય છે;) તે બન્ને પ્રકારનો તે કાળ યુગના ભેદથી ત્રણ પ્રકારનો છે; જેમ કે આદિયુગ, દેવયુગ કે કૃતયુગ–એવા જુદા જુદા ભેદોરૂપે જે શુભકાળ આવે છે, તે જ 'ઉત્સર્પિણી' કાળ ગણાય છે અને તે જ ઉન્નતિકાળ અથવા ચઢતીરૂપ કાળ હોઈ ચઢતો કાળ કહેવાય છે અને ત્રેતા, દ્વાપર તથા કલિયુગ–એ ત્રણ યુગોના ભેદોથી 'અવસર્પિણી' નામનો અવનતિનો કાળ કહેવાય છે અને તે અશુભ ગણાય છે. તે બન્ને કાળ અનંત છે, તેથી તેનું માપ કહી શકાતું નથી. તેમાંના આદિયુગ અને દેવયુગ વિચારી ન શકાય એવા માપમાંથી ઉત્પન્ન થાય છે અને તે યુગમાં કર્મ, ભોજન, પાન–પીણાં, ગતિ, વીર્ય તથા આયુષ અનિર્દેશ્ય હોઈને બતાવી કે કહી શકાતાં નથી; અને કૃતયુગમાં તો 'નારાયણ' નામનું લોકોનું સંહનન અથવા શરીર ઉત્પન્ન થાય છે એ કારણે તેનું વિદ્વાનો આવું વર્ણન કરે છે તે 'નારાયણ' શરીરનું મસ્તક દૃઢ–મજબૂત, કપાલ કે ખોપરીથી રહિત હોય છે. તે નારાયણશરીરનાં અસ્થિ સત્ત્વના સ્થાનરૂપ હોઈ ઘણાં મજબૂત હોય છે અને તેની આકૃતિ વજ્રના જેવી અતિશય ગુરુ અથવા ભારે–મજબૂત હોય છે. એ નારાયણ શરીરના હૃદયમાં મોટી શિરાઓ દશ જ હોય છે. નારાયણ શરીરની ચામડી અને માથું અભેદ્ય અને અછેદ્ય હોય છે એટલે કે તે ચીરી કે કાપી શકાય નહિ. એ શરીરમાં ચોપાસ શુક્ર અથવા વીર્ય ભરપૂર હોય છે; અને તેની ઊંચાઈ એક યોજન હોય છે. એ શરીરનો ગર્ભવાસ સાત રાત–દિવસનો હોય છે અને તે શરીર જેવું જન્મે છે કે તરત જ સર્વ કર્મોને તે કરી શકે છે. વળી ભૂખ, તરસ, શ્રમ–થાક, ગ્લાનિ કે ધાતુક્ષય, શોક, ભય, ઈર્ષ્યા, અધર્મ, ચિંતા, આધિ–મનની પીડા, વ્યાધિ–રોગ અને જરા–ઘડપણ તેને પીડા કરતાં નથી. તે શરીરને ધાવણરૂપ (બાલ) આજીવિકા હોતી નથી; અને ધર્મ, તપ, જ્ઞાન તથા વિજ્ઞાનમાં અતિશય સ્થિતિ હોય છે. તેનું ઉત્કૃષ્ટ આયુષ 'પલિતોપમ' કાળનો અર્ધભાગ હોય છે એમ વિદ્વાનો કહે છે.

તે પછી ત્રેતાયુગમાં લોકોનું શરીર 'અર્ધનારાયણ' નામે ઉત્પન્ન થાય છે. તેનું શરીર કેવળ એક જ હાડકાંનું હોઈને સંકોચાવું કે ફેલાવું–એ ક્રિયાથી રહિત

હોય છે. એ શરીરનો ગર્ભવાસ આઠ મહિના સુધીનો હોય છે. તેની બાલ્યકાળની આજીવિકા ધાવણ હોય છે; તેના માથાની બોપરીના બે વિભાગ હોય છે. તેનાં બન્ને પડખામાં એક એક સાંધો હોય છે અને છાતીમાં પણ એક એક જ સાંધો હોય છે. તેની પીઠમાં ત્રણ હાડકાં હોય છે. તેની કોઠાની શિરાઓ વીસ હોય છે. તેનામાં નારાયણ શરીરથી અર્ધું વીર્ય હોય છે. તેનું ઉત્કૃષ્ટ આયુષ પલિતોપમ કાળના ચોથા ભાગનું હોય છે એટલે કે પહેલાંના નારાયણ શરીરના કરતાં અર્ધાગણું ઊતરતું કે ઓછું હોય છે. તે પછીના દ્વાપરયુગમાં 'કૌશિક' નામનું સંહનન–કે શરીર ઉત્પન્ન થાય છે. તેનાં હાડકાં માત્ર કેશ અથવા વાળનાં જેવાં અણુ–સૂક્ષ્મ અને પોલાણવાળાં હોય છે. તેના સાંધા અતિશય ક્ષિપ્ર–પ્રેરણાદાયક હોય છે. તે શરીરમાં એક મોટા હાથીના જેટલું બળ હોય છે. તે શરીરના પ્રત્યેક અવયવો શિરાઓથી બરાબર બંધ બેસતા–વીંટાયેલા હોય છે. તે શરીરમાં દરેક અવયવના સાંધામાં શુક્ર–વીર્ય રહેલું હોય છે. તેનું ઉત્કૃષ્ટ આયુષ એક પલિતોપમ કાળના આઠમા ભાગ જેટલું હોય છે અને એકંદરે પહેલાંના ત્રેતાયુગ કરતાં એમાં અરધા ગુણોનું અવસર્પણ–ઊતરતું કે ઓછું હોય છે. તે પછીના કલિયુગમાં 'પ્રજ્ઞામિ–પિશિત' નામનું લોકોનું સંહનન કે શરીરબંધારણ ઉત્પન્ન થાય છે. તે શરીરમાં ૩૬૦ હાડકાં હોય છે. તે હાડકાં અતિશય મોટાં છિદ્રોવાળાં એટલે વધુ પોલાં હોય છે; અને તે હાડકાં મજ્જાથી ખૂબ ભરેલાં હોય છે અને નળ(નાળી)ની પેઠે એકદમ નળક નળક કે તરત જ ભાંગી પડે એવાં હોય છે. વળી તે શરીરમાં ૪૦૦ માંસની પેશીઓ હોય છે અને હૃદયના મૂળરૂપ ૭૦૦ શિરાઓ હોય છે; તેમ જ મસ્તુલુંગ–મગજનાં મૂળરૂપ ૯૦૦ સ્નાયુઓ હોય છે અને તાળવાના મૂળ રૂપ ૨૦૦ ધમનીઓ હોય છે. વળી ૧૦૭ મર્મભાગો હોય છે, ત્રણ મહામર્મો હોય છે; દશ પ્રાણોનાં સ્થાનો હોય છે, પાંચ હૃદય હોય છે; ૩૮૧ સાંધા હોય છે; ૧૪ કંડરાઓ હોય છે; ૪૨ કૂર્ચા–ગાભા હોય છે; છ ત્વચા–ચામડી હોય છે; સાત ધાતુ અને બે પ્રકારના સ્રોતો હોય છે. એ કલિયુગનું મનુષ્યશરીર જન્મે છે તે પછી તે જન્મથી અલગ (લગભગ છ મહિના પછી) તેના દાંત ઊગે છે. દશ મહિના સુધી તેનો ગર્ભમાં વાસ હોય છે. (જન્મ પછી) એક વર્ષ વીતે છે ત્યારે તે શરીર ઊભું થાય છે અને બોલવા માંડે છે. તેનું ઉત્કૃષ્ટ–વધુમાં વધુ આયુષ સો વર્ષનું હોય છે; અને સુખ, દુઃખ, આધિ–મનોવ્યથા, વ્યાધિ–રોગો, ઘડપણ તથા મૃત્યુથી તે શરીર ચોપાંસ વીંટાયું હોય છે. તેમાં બધાયે અવયવો અલગ અલગ રહ્યા હોય છે. ભૂખ, તરસ, ગૌરવ–ભારેપણું, શ્રમ–થાક, શિથિલપણું, ચિત્તની ઈર્ષ્યા, રોષ તથા અસત્ય–એ બધાં આ મનુષ્યશરીરમાં વધુ પ્રમાણમાં હોય છે. આમ બધ્ધે યુગો સત્ત્વગુણ, રજોગુણ તથા તમોગુણના અનુસરણવાળા હોય છે, એમ તમારે જાણવું. એમ અહીં પુરુષની સૃષ્ટિનું કારણ કહ્યું છે. ૨

વિવરણ: અહીં મૂળમાં 'કલાસમૂહં કાલમ્' નાની નાની કલાઓ કે અંશોનો સમુદાય તે જ કાળ કહેવાય છે. આ ઉપરથી 'કલા' શબ્દનો અર્થ અહીં 'સૂક્ષ્મ' કાળ એવો જ કરવો યોગ્ય જણાય છે. આ સંબંધે સુશ્રુતે સૂત્રસ્થાનના છઠ્ઠા અધ્યાયમાં કહ્યું છે કે, 'સ સૂક્ષ્મામપિ કલાં ન લીયતે ઇતિ કાલઃ'। આ વાક્ય ઉપર ટીકાકાર ડલ્હણે આમ સમજાવ્યું છે કે, 'સઃ કાલઃ સૂક્ષ્મામપિ સ્તોકામપિ કલાં ભાગં ન લીયતે ગતિમત્ત્વાત્ ક્લિષ્ટો ન ભવતિ'।–તે કાળ, સૂક્ષ્મ કલાં એટલે કે થોડો સૂક્ષ્મ

ભાગ પણ લીન થતો નથી એટલે કે પોતે ગતિમાન હોવાથી પોતાના સૂક્ષ્મ ભાગમાં પણ અટકીને તેમાં આસક્ત થતો નથી કે તેમાં વળગી રહેતો નથી કે રોકાઈ રહેતો નથી. એ ઉપરથી કેટલાક વિદ્વાનો અહીં કહે છે કે कलाशब्दं च ककारोकारौ लीधतांश्च लकारमादाय कालशब्दमिव्यक्तितः ॥ '–'कला' શબ્દમાંથી 'क' અને 'ला' માંથી 'आ' ગ્રહણ કરી 'काल' શબ્દને પ્રકટ કરવામાં આવ્યો છે કે સિદ્ધ કરાયો છે.' આ જ કારણે આ બીજા અધ્યાયમાં કહેવાયું છે કે પ્રત્યેક યુગમાં પુરુષનું આયુષ આમ બતાવ્યું છે કે, પ્રત્યેક યુગમાં પુરુષના આયુષનો અને તે તે બીજા ગુણોનો ક્રમશઃ હ્રાસ થતો જાય છે. ચરકસંહિતામાં પણ વિમાન સ્થાનના ત્રીજા અધ્યાયમાં કહ્યું છે કે, 'युगे युगे धर्मपादः क्रमेणानेन हीयते । गुणपादश्च भूतानामेवं लोकः प्रलीयते ॥ संवत्सरशते पूर्णे याति संवत्सरः क्षयम् । देहिनामायुषः काले यत्र यन्मानमिष्यते ॥' પ્રત્યેક યુગમાં એ પૂર્વોક્તક્રમે ધર્મનો એક એક ચતુર્થાંશ અને પ્રાણી પદાર્થ માત્રના ગુણોનો પણ એક એક ચતુર્થાંશ ઓછો ઓછો થતો જાય છે અને એમ થતાં છેવટે લોક નાશ પામે છે. લોકોના જે આયુષના કાળમાં જેટલું પ્રમાણ કે માપ માનવામાં આવ્યું છે, તેમાં યુગનાં સો વર્ષો પૂરાં થાય છે એટલે કે યુગના પ્રમાણમાંથી સોમો અંશ વીતે છે ત્યારે એક વર્ષ ઓછું થાય છે; (જેમ કે કલિયુગમાં માણસોનું સો વર્ષનું આયુષ ગણાય છે, પરંતુ કલિયુગના પોતાના પ્રમાણમાં સો વર્ષ જાય ત્યારે લોકોના આયુષના માપમાં પણ એક વર્ષ ઓછું થતાં ૯૯ વર્ષનું આયુષ થાય છે. ઇત્યાદિ ક્રમથી લોકના આયુષમાં એક એક વર્ષનો ઘટાડો થતાં છેવટે લોકોનો લયકાળ આવી જાય છે;) એમ વિકારો કે રોગોની ઉત્પત્તિનું કારણ ઉપર પ્રમાણે અહીં કહેવાયું છે. અહીં મૂળમાં ઉત્સર્પિણી તથા અવસર્પિણી નામના જે લાંબા પ્રમાણના કાળ કહ્યા છે અને નારાયણ, અર્ધનારાયણ, કૌશિક તથા પ્રજાપતિપિશિત આદિ જે શારીરિક બંધારણો કહ્યાં છે. તે સંબંધી આ સંહિતાના ઉપોદ્ઘાતમાં વિશેષ વિચાર કરવામાં આવેલ છે. ૨

समुदयकारणं तु ब्रूमः—अव्यक्तान् महान्, महतोऽहङ्कारः; अहङ्कारात् खादीनि, तानि अष्टौ भूतप्रकृतयः । चक्षुः श्रोत्रं घ्राणं रसनं स्पर्शनमिति पञ्चेन्द्रियाणि, तान्येव बुद्धीन्द्रियाणि; हस्तौ पादौ जिह्वा गुद उपस्थ इति पञ्च कर्मेन्द्रियाणि; शब्दस्पर्शरसरूपगन्धाः पञ्चेन्द्रियार्थाः; अतीन्द्रियं तु मनः; इत्येते षोडश विकाराः महदादि सर्वं क्षेत्रमव्यक्तमाचक्षते, क्षेत्रज्ञं तु शाश्वतमचिन्त्यमात्मानम् । अस्य लिङ्गानि–चेतनाहङ्कारप्राणापानोन्मेषनिमेषसुखदुःखेच्छाद्वेषस्मृतिधृतिबुद्धयः; तदभावे मृताख्या । शरीरेन्द्रियात्मसत्त्वसमुदयं पुरुषमाचक्षते, आत्मानमेके । ज्ञानस्याभावो भावश्च मनसो लक्षणं, तस्यैकत्वमणुत्वं च द्वौ गुणौ, प्रयत्नज्ञानायौगपद्यादेकं, पृथक् (न) । समनस्कमिन्द्रियमर्थग्रहणसमर्थं भवति । खं वायुस्तेज आपः पृथिवीति पञ्च महाभूतानि शरीरहेतुरुच्यते । शब्दादयस्तेषां गुणाः । गुणवृद्ध्याऽवस्थितानि महाभूतानि दिगात्मा मनः कालश्च द्रव्याणि । द्रव्याश्रया गुणाः । खस्याप्रतिषेधो लिङ्गं, वायोश्चलनं, तेजस औष्ण्यम्, अपां द्रवत्वं, पृथिव्याः स्थैर्यम् । मनःषष्ठानामिन्द्रियाणां त्रीणि त्रीणि विप्रकृष्टसन्निकृष्टवृत्तीनि । मनश्चक्षुःश्रोत्रमिति विप्रकृष्टवृत्तीनि, घ्राणं रसनं त्वगिति सन्निकृष्टवृत्तीनि । तत् सर्वं स्पर्शनलक्षणमाहुः; तद्यथा–पुरुषः सर्वतोगवाक्षं प्रासादमभिरूढस्तांस्तानर्थान् गवाक्षैरालोचयत्येवमयमात्मा शरीरस्थ इन्द्रियैरनुपहतमनःप० ॥३

.....

.....

હવે સૃષ્ટિના સમુદય અર્થાત્ ઉત્પત્તિનું જે કારણ છે, તે પણ અમે અહીં કહીએ છીએ. અવ્યક્ત–મૂલપ્રકૃતિથી મહાન–મહત્તત્ત્વ પ્રથમ ઉત્પન્ન થયું હતું. પછી તે મહત્તત્ત્વમાંથી અહંકાર ઉત્પન્ન થયો હતો. પછી તે અહંકારમાંથી આકાશ વગેરે મહાભૂતો ઉત્પન્ન થયાં હતાં. એમ તે આઠ તત્ત્વો 'ભૂત પ્રકૃતિ' એ નામે કહેવાય છે. ચક્ષુ, શ્રોત્ર, ઘ્રાણ, રસન તથા સ્પર્શન–એ પાંચ જે ઇંદ્રિયો છે, તેમને જ પાંચ

જ્ઞાનેંદ્રિય કહેવામાં આવે છે; અને બે હાથ, બે પગ, જીભ, ગુદા અને ઉપસ્થ–ગુહ્ય–ઇંદ્રિય–એ પાંચ કર્મેંદ્રિયો કહેવાય છે. શબ્દ, સ્પર્શ, રસ, રૂપ તથા ગંધ–એ પાંચ જ્ઞાનેંદ્રિયોના વિષય છે; અને મન એ અતીંદ્રિય તત્ત્વ છે. એમ તે સોળ વિકારો કહેવાય છે. મહત્તત્ત્વથી માંડી તે બધાં તત્ત્વોના સમુદાયને અવ્યક્ત ક્ષેત્ર કહે છે; અને તે ક્ષેત્રને જાણનારો જે ક્ષેત્રજ્ઞ–આત્મા છે, તેને તો શાશ્વત–સનાતન કાળનો–નિત્ય તથા અચિંત્ય–ચિંતવવાને અશક્ય–ચિંતન કરી ન શકાય તેવો કહે છે. એ ક્ષેત્રજ્ઞ આત્માનાં લિંગો કે તેને સૂચવતાં લક્ષણો આ પ્રમાણે છે–ચેતના, અહંકાર, પ્રાણ, અપાન, ઉન્મેષ, નિમેષ (આંખના પલકારા), સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, સ્મરણશક્તિ, ધૈર્ય કે ધીરજ અને બુદ્ધિ કે જ્ઞાનશક્તિ. તે લક્ષણોનો અભાવ થતાં 'માણસ મરી ગયો' એવી સંજ્ઞા લાગુ થાય છે. શરીર, ઇંદ્રિયો આત્મા અને સત્ત્વ–મન–એ તત્ત્વોના સમુદાયને 'પુરુષ' કહે છે અને તે જ સમુદાયને કેટલાક 'આત્મા' પણ કહે છે. જ્ઞાનનો અભાવ એટલે કે જ્ઞાન થાય નહિ તેમ જ જ્ઞાનનો ભાવ–થવું તે મનનું લક્ષણ છે. એકપણું અને અણુપણું અર્થાત્ સૂક્ષ્મત્વ–એ બે મનના ગુણો છે. કોઈ પણ પ્રયત્ન તથા જ્ઞાન એકી વખતે થતાં નથી, એ કારણે તે મન એક જ છે, પણ અલગ નથી. એ મનની સાથે ઇંદ્રિયો જોડાયેલી હોય ત્યારે જ તે ઇંદ્રિયો પોતપોતાના વિષયોને ગ્રહણ કરવા સમર્થ થાય છે. આકાશ, વાયુ, તેજ, પાણી તથા પૃથ્વી–એ પાંચ મહાભૂતો શરીરનું કારણ કહેવાય છે; શબ્દ (સ્પર્શ) આદિ તે મહાભૂતોના ગુણો છે; એ ગુણોની વૃદ્ધિથી રહેલાં (પાંચ) મહાભૂતો, દિશા, આત્મા, મન તથા કાલ–એ નવ દ્રવ્યો કહેવાય છે. ગુણો તે દ્રવ્યોના આશ્રયે રહેલા હોય છે. જેનો કયાંય પણ પ્રતિષેધ અર્થાત્ અભાવ નથી. તે આકાશનું લક્ષણ છે. ચાલવું કે અસ્ખલિત ગમન એ વાયુનું લક્ષણ છે; ઉષ્ણતા તેજનું લક્ષણ છે. પ્રવાહીપણું પાણીનું લક્ષણ છે; સ્થિરતા એ પૃથ્વીનું લક્ષણ છે. મન સહિત છ ઇંદ્રિયોમાંની ત્રણ ત્રણ ઇંદ્રિયો દૂર સુધી અને અતિશય સમીપમાં વર્તનારી હોય છે; જેમ કે મન, ચક્ષુ અને શ્રોત્ર–એ ત્રણ ઇંદ્રિયો ખૂબ સમય સુધી કામ કરનારી હોય છે અને ઘ્રાણેંદ્રિય, રસનેંદ્રિય તથા ત્વચા-ઇંદ્રિય સમીપમાં રહીને કામ કરનારી હોય છે. એ બધી ઇંદ્રિયો સ્પર્શરૂપ લક્ષણવાળી હોય છે. જેમ કોઈ પુરુષ ચારે બાજુ ગોખવાળા પોતાના મહેલની અટારી ઉપર ચઢ્યો હોય અને તે ગોખ અથવા ઝરૂખા દ્વારા તે તે પદાર્થોને જોયા જ કરે છે, તે જ પ્રમાણે આ આત્મા શરીરમાં રહીને હણાયેલી ન હોય એવી બોડખાંપણ વિનાની મન સહિત છ ઇંદ્રિયો વડે તે તે સર્વ વિષયોને જુએ છે–ગ્રહણ કરે છે. ૩

વિવરણ : જો કે મન અચેતન છે, પરંતુ આત્મા ચેતનાયુક્ત હોવાથી તે આત્માની સાથે જોડાઈને મન બધી ક્રિયાઓ કરે છે અને તેથી જ આત્મામાં કર્તાપણાનો વ્યવહાર કરાય છે. આત્માને જ્ઞાનની પ્રવૃત્તિ મન તથા પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા થાય છે, તેથી મન સહિત ઇંદ્રિયોને આત્માનાં–કરણ કે જ્ઞાન સાધનો કહેવામાં આવે છે. આત્માનાં એ કરણો જો નિર્મળ ન હોય તો આત્માને વિષયોનું જ્ઞાન સ્પષ્ટ થતું નથી. આવા અભિપ્રાયથી ચરકે શારીરસ્થાનના પ્રથમ અધ્યાયમાં કહ્યું છે કે, 'आत्मा ज्ञः करणैर्योगाज्ज्ञानं त्वस्य प्रवर्तते। करणानामवैमल्यादयोगाद्वा न प्रवर्तते॥'–આત્મા જ્ઞાની-છે અને જાણકાર છે, છતાં તેનું જ્ઞાન કરણોરૂપ ઇંદ્રિયોની સાથેના યોગથી પ્રવર્તે છે એટલે ઇંદ્રિયો સાથેનો આત્માનો સંબંધ મન દ્વારા જો થાય, તો જ તેને જ્ઞાન થાય છે; પરંતુ તે કરણો કે ઇન્દ્રિયોની જો નિર્મળતા ન હોય કે તે

ઇન્દ્રિયોની સાથે જે આત્માનો યોગ કે સંબંધ જ ન થાય તો આત્માને કોઈ પણ વિષયનું જ્ઞાન થતું જ નથી. સુશ્રુતે પણ શારીરના પહેલા અધ્યાયમાં આ સંબંધે કહ્યું છે કે– 'सर्वभूतानां कारणमकारणं सत्त्वरजस्तमोलक्षणमष्टरूपमखिलस्य जगतः संभवहेतुरव्यक्तं नाम। तदेकं बहूनां क्षेत्रज्ञानामधिष्ठानं समुद्र इवोदकानां भावानाम्। तस्मादव्यक्तान्महानुत्पद्यते तल्लिङ्ग एव। तल्लिङ्गाच्च महतस्तल्लिङ्ग एवाहंकार उत्पद्यते। स च त्रिविधो वैकारिकस्तैजसो भूतादिरिति। तत्र वैकारिकादहंकारात् तैजससहाय्यच्च तल्लक्षणान्येवैकादशेन्द्रियाण्युत्पद्यन्ते। तद्यथा– श्रोत्रत्वक्चक्षुर्जिह्वाघ्राणवाग्घस्तोपस्थपायुपादमनांसीति। तत्र पूर्वाणि पञ्च बुद्धीन्द्रियाणि, इतराणि पञ्च कर्मेन्द्रियाणि, उभयात्मकं मनः, भूतादेरपि तैजससहाय्याच्चतल्लक्षणान्येव पञ्चतन्मात्राण्युत्पद्यन्ते, तद्यथा शब्दतन्मात्रं, स्पर्शतन्मात्रं, रूपतन्मात्रं, रसतन्मात्रं, गन्धतन्मात्रमिति, तेषां विशेषाः शब्दस्पर्शरूपरसगन्धाः; तेभ्यो भूतानि व्योमानिलानलजलोर्व्यः, एवमेषा तत्त्वचतुर्विंशतिर्व्याख्याता।

'અવ્યક્ત' નામનું (પહેલું જ) તત્ત્વ સર્વ પ્રાણી–પદાર્થનું કારણ તથા અકારણ પણ કહેવાય છે. સત્ત્વ, રજસ તથા તમસ–એ ત્રણ લક્ષણોથી તે યુક્ત અને આઠ રૂપોવાળું હોઈ સમગ્ર જગતની ઉત્પત્તિમાં કારણ છે; તે એક જ અવ્યક્ત તત્ત્વ અનેક ક્ષેત્રરૂપે આત્માઓનું અધિષ્ઠાન અથવા આશ્રયસ્થાન છે અને સમુદ્ર જેમ બધાં જળનું આશ્રયસ્થાન છે, તેમ આ અવ્યક્ત બધાયે ભાવો –પ્રાણીપદાર્થનું આશ્રયસ્થાન છે. એ અવ્યક્ત નામના તત્ત્વમાંથી 'મહાન' નામનું મહત્તત્ત્વ ઉત્પન્ન થાય છે. તેથી જે મહત્તત્ત્વમાં પણ એ અવ્યક્તનાં જ લક્ષણો હોય છે. તે અવ્યક્તના જ લક્ષણવાળા મહત્તત્ત્વમાંથી એ અવ્યક્ત તથા મહત્તત્ત્વનાં જ લક્ષણવાળો અહંકાર ઉત્પન્ન થાય છે. તે અહંકાર ત્રણ પ્રકારનો હોય છે: વૈકારિક, તૈજસ અને ભૂતાદિ. તેમાંના તૈજસની સહાયતાવાળા વૈકારિક અહંકારથી તેઓનાં જ લક્ષણોવાળી અગિયાર ઇંદ્રિયો ઉત્પન્ન થાય છે. જેમ કે–શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જિહ્વા, ઘ્રાણ, વાણી, હાથ, ઉપસ્થ–ગુહ્યેન્દ્રિય, પાયુ–ગુદા, પગ તથા મન. તેમાં પહેલી પાંચ ઇંદ્રિયો બુદ્ધીન્દ્રિય કે જ્ઞાનેન્દ્રિય કહેવાય છે; અને બીજી પાંચ કર્મોન્દ્રિય કહેવાય છે. એ બે ઇન્દ્રિયોમય મન હોય છે. તે જ પ્રમાણે તૈજસ અહંકારની સહાયતાવાળા 'ભૂતાદિ' નામના અહંકારમાંથી તેજ અહંકારનાં લક્ષણોવાળી પાંચ તન્માત્રા ઉત્પન્ન થાય છે. જેમ કે–શબ્દતન્માત્ર, સ્પર્શતન્માત્ર, રૂપતન્માત્ર, રસતન્માત્ર અને ગન્ધતન્માત્ર; તે તન્માત્રાઓના જ સ્થૂલભેદો, તે શબ્દ સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ; તે શબ્દાદિ વિશેષોમાંથી જ આકાશ, વાયુ, અગ્નિ, જલ તથા પૃથ્વી–નામનાં પાંચ મહાભૂતો ઉત્પન્ન થાય છે. આ બધાં મળી આ ૨૪ તત્ત્વો અહીં કહ્યાં છે. આ પ્રકૃતિ તથા પુરુષના જ સંયોગમાંથી આ સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. સાંખ્યકારિકામાં આનું ઘણું જ સુંદર વર્ણન ઉત્પ્રેક્ષારૂપે આમ કરવામાં આવ્યું છે: 'पुरुषस्य दर्शनार्थं कैवल्यार्थं तथा प्रधानस्य। पङ्ग्वन्धवदुभयोरपि संयोगस्तत्कृतः सर्गः॥ प्रकृतेर्महांस्ततोऽहंकारस्तस्माद् गणश्च षोडशकः। तस्मादपि षोडशकात्पञ्चभ्यः पंचभूतानि॥' પુરુષના દર્શન માટે તેમ જ પ્રધાન પ્રકૃતિથી કૈવલ્ય–મોક્ષ માટે પાંગળા તથા આંધળાની જેમ તે બન્નેનો સંયોગ થાય છે અને પછી તે સંયોગમાંથી આ સૃષ્ટિ થયેલી છે: જેમકે પ્રકૃતિમાંથી મહત્તત્ત્વ ને મહત્તત્ત્વમાંથી અહંકાર; તે અહંકારમાંથી સોળ તત્ત્વોનો સમુદાય–પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, અગિયારમું મન અને શબ્દાદિ પાંચ વિષયો ઉત્પન્ન થાય છે અને તે પછી એ સોળના સમુદાયમાંથી શબ્દાદિ પાંચતન્માત્રા તથા પાંચ મહાભૂતો થઈને એકંદર ૨૬ તત્ત્વોનો સમુદાય પ્રકૃતિ તથા પુરુષના સંયોગથી જ થાય છે. તેમાં પ્રકૃતિ સ્વભાવથી જડ છે અને પુરુષ એ ચેતન હોવા છતાં સ્વભાવથી જ નિષ્ક્રિય છે, તેથી તે બન્ને અલગ અલગ રહીને સૃષ્ટિને ઉત્પન્ન કરવા સમર્થ થતાં નથી. એ જ કારણે તે બંનેના સંયોગની આવશ્યકતા સૂચવેલી છે. તે પ્રકૃતિ તથા પુરુષનો પરસ્પરનો સંયોગ, વસ્તુતઃ આંધળા તથા પાંગળાના જેવો છે. જેમ આંધળામાં આપોઆપ ચાલવાની શક્તિ નથી અને પાંગળામાં એટલે લંગડામાં પણ આપોઆપ ચાલવાની શક્તિ નથી; પરંતુ જેમ આંધળામાં

પેલા પાંગળાની પ્રેરણાથી માત્ર ચાલવાની શક્તિ પ્રકટે છે અને તે જ પ્રમાણે પાંગળો ભલે માર્ગને દેખે છે પરંતુ તે એકલો આપોઆપ માર્ગે ચાલવા શક્તિમાન નથી, એ જ કારણે તેઓ બન્ને એકબીજા સાથે જોડાઈને માર્ગે જવાની ક્રિયા કરી શકે છે. તે જ પ્રમાણે પ્રકૃતિ અને પુરુષ એકબીજા સાથે મળીને સૃષ્ટિરૂપ કાર્ય ઉત્પન્ન કરવા સમર્થ થઈ શકે છે. તેમાંનો પુરુષ પ્રકૃતિનો સંયોગ એ કારણે ઇચ્છે છે કે તે પ્રકૃતિ દ્વારા પુરુષ વિવેકજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષને મેળવી શકે અને પ્રકૃતિ પણ પુરુષના સંયોગને આ કારણે ઇચ્છે છે કે, પુરુષરૂપી ભોક્તા જો ન હોય તો પોતાનામાં જે ભોગ્યાપણું છે, તે કેવી રીતે સિદ્ધ થઈ શકે? એ જ કારણે અહીં પુરુષરૂપી ભોક્તા તથા પ્રકૃતિરૂપી ભોગ્યાના સંયોગની આવશ્યકતા સૂચવી છે. ઉપર સુશ્રુતના વચનમાં તથા સાંખ્ય-કારિકામાં જે સૃષ્ટિવિકાસક્રમ દર્શાવ્યો છે, તેનું કોષ્ટક આમ બતાવી શકાય–



ઉપર દર્શાવેલ તત્ત્વોમાં પહેલો જે પુરુષ છે, તે જ 'ક્ષેત્રજ્ઞ' એવા બીજા નામે પ્રસિદ્ધ છે, કારણકે ક્ષેત્રં જાનાતિ इति क्षेत्रज्ञः–પ્રકૃતિ અવ્યક્તથી માંડી પાંચ મહાભૂતો સુધીનાં જે ૨૪ તત્ત્વો છે તે ક્ષેત્ર કહેવાય છે અને તે ક્ષેત્રને જે જાણે છે તે ક્ષેત્રજ્ઞ કહેવાય છે. ગીતામાં પણ આ સંબંધે કહ્યું છે કે, 'इदं शरीरं कौन्तेय क्षेत्रमित्यभिधीयते। एतद् यो वेत्ति तं प्राहु क्षेत्रज्ञमिति तद्विदः॥ महाभूतान्यहंकारो बुद्धिरव्यक्तमेव च। इन्द्रियाणि दशैक च पञ्च चेन्द्रिय-गोचराः॥ इच्छा द्वेषः सुखं दुःखं सङ्घातश्चेतनाधृतिः। एतत्क्षेत्रं समासेन सविकारमुदाहृतम्॥' હે કુંતીપુત્ર અર્જુન! આ શરીર ક્ષેત્ર કહેવાય છે. એ ક્ષેત્રને જે જાણે છે તેને ક્ષેત્રજ્ઞ એ નામે તેના જાણકારો કહે છે. પાંચ મહાભૂતો, અહંકાર, બુદ્ધિ, મહત્તત્ત્વ, દશ ઇંદ્રિયો, એક મન, પાંચ ઇંદ્રિયોના વિષયો–શબ્દાદિ, ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, સંઘાત ચેતના તથા ધૃતિ–ધૈર્ય–એ ક્ષેત્રને અહીં ટૂંકમાં વિકારો સાથે કહેલ છે. ચરકે પણ શારીરસ્થાનના પહેલા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે: 'तदेव भावादग्राह्य नित्यत्वान्न कुतश्चन। भावाज्ज्ञेयं, तदव्यक्तमचिन्त्यं व्यक्तमन्यथा॥ अव्यक्तमात्मा क्षेत्रज्ञः शाश्वतो विभुरव्ययः। तस्माच्चदन्यत्तद्व्यक्तं वक्ष्यते चापरं द्वयम्॥ व्यक्तं चेन्द्रियकं चैव गृह्यते तच्चदिन्द्रियैः। अतोऽन्यत् पुनरव्यक्तं लिङ्गग्राह्यमतीन्द्रियम्॥ खादीनि बुद्धिरव्यक्तमहंकारस्तथाष्टमः। भूतप्रकृतिरुद्दिष्टा विकारा-श्चैव षोडशः॥ बुद्धीन्द्रियाणि पञ्चैव पञ्च कर्मेन्द्रियाणि च। समनस्काश्च पञ्चार्था विकारा इति संज्ञिताः॥ इति क्षेत्र समुद्दिष्टं सर्वमव्यक्तवर्जितम्। अव्यक्तमस्य क्षेत्रस्य क्षेत्रज्ञमृषयो विदुः॥ જે વસ્તુ નિત્ય હોય તે જ ભાવથી ગ્રાહ્ય ન હોય; એટલે કે નિત્યપણાને લીધે જ તે વસ્તુ કોઈ પણ ઉત્પત્તિધર્મથી યુક્ત જણાતી નથી; વળી એ જ વસ્તુ અવ્યક્ત હોય એટલે કે પ્રકટ જણાતી નથી; તેમ જ અચિંત્ય હોય એટલે કે ચિત્તથી ચિંતન કરવાને શક્ય પણ હોતી નથી; પરંતુ જે વસ્તુ એ નિત્યથી ઊલટી એટલે કે અનિત્ય હોય તે ભાવથી ગ્રાહ્ય હોય; એટલે કે પ્રકટ જાણી શકાય તેવી હોય અને ચિંત્ય હોય એટલે કે ચિત્તથી ચિંતવી શકાય તેવી હોય છે. આત્મા અવ્યક્ત છે. તે ક્ષેત્રજ્ઞ, શાશ્વત–સના-તન, વિભુ કે વ્યાપક અને અવિનાશી છે. એ આત્માથી જે કંઈ જુદું છે, તે વ્યક્ત પ્રકટ અથવા પ્રત્યક્ષ હોય છે; એ સિવાય બીજું પણ બે (વ્યક્ત તથા અવ્યક્ત) કહેવાય છે; ઇંદ્રિયો વડે જે ગ્રહણ કરાય છે તે 'ઇન્દ્રિયક' એટલે કે ઇંદ્રિય-

ના વિકારરૂપ હોઈને ઇંદ્રિયોથી પ્રત્યક્ષ અનુભવાય છે; તેથી જ તે વ્યક્ત કહેવાય છે. એ સિવાયનું બીજું હેતુ દ્વારા જેનું અનુમાનથી જ્ઞાન કરી શકાય છે તે પણ અતીન્દ્રિય હોઈ અવ્યક્ત કહેવાય છે. આકાશ વગેરે પાંચ મહાભૂતો કે પાંચ તન્માત્રાઓ, બુદ્ધિ કે મહત્તત્ત્વ, અવ્યક્ત મૂળ પ્રકૃતિ તથા આઠમો અહંકાર-એ (આઠ પ્રકારની) 'ભૂત-પ્રકૃતિ' કહેવાય છે અને પાંચ જ્ઞાનેંદ્રિયો, પાંચ કર્મેંદ્રિયો તેમ જ મન સહિત પાંચ વિષયો એ સોળ વિકારો કહેવાય છે. એમ અવ્યક્ત સિવાયનું બધું 'ક્ષેત્ર' કહેવાયું છે; અર્થાત્ ભૂતપ્રકૃતિમાંથી અવ્યક્ત સિવાયની સાત પ્રકૃતિ તથા સોળ વિકારો મળી ૨૩ તત્ત્વો 'ક્ષેત્ર' કહેવાય છે અને એ ક્ષેત્રનો સંબંધ અવ્યક્ત-આત્માને ઋષિઓ 'ક્ષેત્રજ્ઞ' નામે જાણે છે. શ્રી ભગવદ્ગીતામાં 'અવ્યક્ત' શબ્દથી સત્ત્વ, રજસ અને તમસ-એ ત્રણ ગુણોના સામ્યરૂપ મૂળ પ્રકૃતિ લેવામાં આવી છે અને ચરકસંહિતામાં 'અવ્યક્ત' શબ્દથી આત્મા સાથે સંયોગ પામેલી મૂળ પ્રકૃતિ લીધી છે. વળી ચરકના શારીરના પહેલા અધ્યાયમાં આત્માનાં લિંગો અર્થાત્ સૂચક ચિહ્નો આ પ્રમાણે કહેવાયાં છે: 'प्राणापानौ निमेषाद्या जीवनं मनसो गतिः। इन्द्रियान्तर-संचारः प्रेरणं धारणं च यत्॥ देशान्तरगति स्वप्ने पञ्चत्वं ग्रहणं तथा। दृष्टस्य दक्षिणेनाक्ष्णा सव्येनावगमन स्तथा॥ इच्छा द्वेषः सुखं दुःखं प्रयत्नश्चेतना धृति। बुद्धिः स्मृतिरहंकारो लिङ्गानि परमात्मनः॥' પ્રાણ, અપાન, આંખનું મીંચાવું, ઊઘડવું, જીવન, મનની ઇચ્છિત વિષયમાં ગતિ, એક ઇંદ્રિયમાંથી બીજી ઇંદ્રિયમાં મનનું જવું કે વિચરવું, મનને થતી પ્રેરણા, દેહનું પોષણ-પુષ્ટિ, સ્વપ્નમાં એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં જવું, મરણનો સ્વીકાર તેમ જ જમણી આંખે જોયેલાને ડાબી આંખે જાણવું કે ઓળખવું, તેમ જ ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ પ્રયત્ન, ચેતના, ધીરજ, બુદ્ધિ-જ્ઞાન કે સમજણ સ્મરણશક્તિ તથા અહંકાર-એટલાં લક્ષણો પરમાત્મા-જીવ ક્ષેત્રજ્ઞનાં સમજવાં. વૈશેષિક દર્શનમાં પણ આ સંબંધે આમ કહ્યું છે કે 'प्राणापाननिमेषोन्मेषजीवनमनोगतीन्द्रियान्तरविकाराः सुखदुःखेच्छाद्वेष-प्रयत्नाश्चात्मनो लिङ्गानि।' પ્રાણ, અપાન, નિમેષ, ઉન્મેષ (આંખનું બંધ થવું ઊઘડવું), જીવવું, મનની ગતિ, જુદી જુદી ઇંદ્રિયોના વિકારો, સુખ, દુઃખ, ઇચ્છા દ્વેષ અને પ્રયત્ન-એ બધાં આત્માનાં લક્ષણો-ચિહ્નો છે. (આ બધાં ઉપરથી આત્માનું અસ્તિત્વ સમજી શકાય છે). વળી ચરકે શારીરના પહેલા અધ્યાયમાં મનનું લક્ષણ આમ કહ્યું છે: 'लक्षणं मनसो ज्ञानस्य भावो भाव एव च। सति ह्यत्मेन्द्रियार्थानां सन्निकर्षे न वर्तते॥ वर्तृत्वान्मनसो ज्ञानं सान्निध्यात्तच्च वर्तते। अणुत्वमथ चैकत्वं द्वौ गुणौ मनसः स्मृतौ॥-(એક્ષણ વખતે) જ્ઞાનનો અભાવ હોય એટલે જ્ઞાન ન થાય અને જ્યાં (મન) પોતે હોય ત્યાં જ્ઞાન થાય, એ મનનું લક્ષણ છે; જેમ કે આત્માની સાથે ઇંદ્રિયોનો અને તેમના વિષયોનો સંનિકર્ષ-સંબંધ હોય, છતાં જો તેમની સાથે મનનું સાંનિધ્ય ન હોય તો તે તે વિષયનું (આત્માને) જ્ઞાન થતું નથી; પણ તે વેળા મનનું પણ ત્યાં સાંનિધ્ય અર્થાત્ સામીપ્ય હોય છે તો જ આત્માને તે તે વિષયનું જ્ઞાન થાય છે. (મનનું સામીપ્ય હોય ત્યારે જ્ઞાન થાય અને સામીપ્ય ન હોય તો જ્ઞાન ન થાય, એ જ મનનું લક્ષણ છે) અણુપણું એટલે કે સૂક્ષ્મ કરતાં પણ વધુ સૂક્ષ્મ અને એકપણું એ બે મનના ગુણો કહ્યા છે. આત્મા દ્વારા વિષયોનું ગ્રહણ થાય છે, ત્યારે આત્માનો પ્રથમ મન સાથે સંબંધ થાય છે અને પછી એ મન સહિત આત્માનો તે તે ઇંદ્રિયો સાથે અને પછી તે તે ઇંદ્રિયોના વિષયો સાથે સંબંધ થતાં આત્માને તે તે ઇંદ્રિયોના વિષયનું જ્ઞાન થાય છે અને તે પણ એક્ષણે દરેક ઇંદ્રિયોના વિષયોનું જ્ઞાન થતું નથી. તેમાં કારણ આ છે કે મન અતિશય સૂક્ષ્મ તથા એક જ હોઈ એક એક ઇંદ્રિયોની સાથે જ અનુક્રમે (આત્માની ઇચ્છાનુસાર) સંબંધ પામીને તે તે એક એક ઇંદ્રિયના વિષયને ગ્રહણ કરી શકે છે; આવા આશયથી ન્યાયદર્શનમાં પણ કહ્યું છે કે-'युगपज्ज्ञानानुत्पत्तिर्मनसो लिङ्गम्।'-એક વખતે આત્માને બધીયે ઇંદ્રિયોના બધાયે વિષયોનું જ્ઞાન થતું નથી, એ મનની એકતા અથવા એકપણાનું લક્ષણ છે. એ જ કારણે આત્મા ભલે સર્વવ્યાપી તથા સર્વજ્ઞ છે, તોપણ આત્માને એક્ષણે-

વખતે બધીયે ઇંદ્રિયોના બધાય વિષયોનું જ્ઞાન થતું જ નથી; કેમ કે મન એક જ હોવાથી તે તે આત્મા જે જે વિષયનું જ્ઞાન કરવા ઇચ્છે છે, ત્યાં ત્યાં તે એક જ હોઈને તેની સાથે જોડાયેલો હોઈ માત્ર તે તે એક એક જ ઇંદ્રિયના એક એક વિષયનું જ આત્માને જ્ઞાન કરાવે છે. આ વા જ આશયથી વૈશેષિક દર્શનમાં પણ કહેવામાં આવ્યું છે કે, "आत्मेन्द्रियार्थसन्निकर्षे ज्ञानस्य भावश्चाभावश्च मनसो लिङ्गम्।"—આત્માનો મન સહિત અને ઇંદ્રિય સહિત વિષય સાથે જ્યારે સંનિકર્ષ એટલે સંબંધ થાય છે ત્યારે જ આત્માને તે તે ઇંદ્રિયના વિષયનું જ્ઞાન થાય છે અને મનનો જો આત્મા સાથે સંબંધ ન હોય તો આત્માને કોઈ પણ ઇંદ્રિયના વિષયનું જ્ઞાન થતું નથી, એ જ મનના હોવાપણાનું લક્ષણ છે—તે ઉપરથી જ મનનું અસ્તિત્વ સાબિત થાય છે. વળી પ્રત્યેક શરીરમાં મન એક જ હોય છે અને તે પણ અણુ જેવું, સૂક્ષ્મ કરતાં પણ સૂક્ષ્મ હોય છે. અણુપણું તથા એકપણું એ બે મનના ગુણો છે; કેમ કે મન જો અનેક હોય તથા મહત્ પરિમાણ હોય તો આત્માને એકીવખતે બધીયે ઇંદ્રિયોના બધાયે વિષયોનું જ્ઞાન થવા જોઈએ, પણ તેમ થતું નથી, તેથી જ સાબિત થાય છે કે બધાં યે પ્રાણીમાં મન એક જ અને તે સૂક્ષ્મમાં સૂક્ષ્મ હોઈ અણુપરિમાણ છે. આવા જ આશયથી ચરકે સૂત્રસ્થાનના ૮ મા અધ્યાયમાં પણ કહ્યું છે કે "न चानेकत्व मणोवेकं ह्येककालमनेकेषु प्रवर्तते"—મનમાં અનેકપણું નથી પણ એકપણું જ છે અને તે અણુપરિમાણ હોઈ સૂક્ષ્મ કરતાં પણ સૂક્ષ્મ છે, તેથી તે એકી વખતે અનેક ઇંદ્રિયોના અનેક વિષયોમાં પ્રવૃત્તિ કરતું નથી." આવો જ અભિપ્રાય વૈશેષિક દર્શનમાં પણ જણાવ્યો છે કે "प्रयत्नायौगपद्याज्ज्ञानायौगपद्याच्चैकत्वम्"—એકી વખતે મનનો વિષયગ્રહણ માટે પ્રયત્ન હોતો નથી અને તે જ કારણે આત્માને એકી વખતે બધી ઇંદ્રિયોના બધા યે વિષયોનું જ્ઞાન થતું નથી. તે ઉપરથી સાબિત થાય છે કે મનમાં એકપણું છે એટલે કે પ્રત્યેક પ્રાણીના શરીરમાં (જુદું જુદું) મન એક જ હોય છે. અને "गुणवृद्ध्याऽवर्धयन्ति"—આકાશાદિ પાંચે મહાભૂતો એક એક ગુણની વૃદ્ધિથી સ્થિતિ કરી રહ્યાં છે; એટલે કે આકાશમાં કેવળ એક શબ્દરૂપ જ ગુણ છે અને તે પછી વાયુમાં શબ્દ તથા સ્પર્શ બે ગુણો રહેલા હોઈને વાયુમાં શબ્દ ઉપરાંત સ્પર્શગુણ વધ્યો છે; તે પછીના અગ્નિમાં શબ્દ, સ્પર્શ અને રૂપ એ ત્રણ ગુણો હોઈને ત્રીજો એક રૂપ ગુણ વધેલો છે. તે પછીના જળમાં શબ્દ, સ્પર્શ, રૂપ તથા રસ—એ ચાર ગુણો રહેલા હોઈ એક રસ ગુણ વધેલો છે અને તે પછીની પૃથ્વીમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ ગુણો રહ્યા છે; તેથી તેમાં ચાર ગુણો ઉપરાંત એક ગુણ વધ્યો છે. આ વા જ આશયથી ચરકે શારીરના ૧ લા અધ્યાયમાં કહ્યું છે કે, "महाभूतानि खं वायुरग्निरापः क्षितिस्तथा। शब्दः स्पर्शश्च रूपं च रसो गन्धश्च तद्गुणः॥ तेषामेकगुणः पूर्वो गुणवृद्धिः परं परे। पूर्वः पूर्वगुणश्चैव क्रमशो गुणिषु स्मृतः॥ આકાશ, વાયુ, અગ્નિ, જળ, તથા પૃથ્વી એ પાંચ મહાભૂતો કહેવાય છે; તેમ જ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધ-એ પાંચ તે મહાભૂતોના ગુણો કહેવાય છે. તે મહાભૂતોનો પહેલો એક એક ગુણ, પછી પછીનાં તે તે ભૂતોમાં અનુક્રમે વધેલો હોય છે; જેમ કે આકાશમાં એક શબ્દ જ ગુણ છે; અને તે પછીના વાયુમાં શબ્દ ઉપરાંત સ્પર્શ ગુણ વધેલો હોઈ બે ગુણો છે. તે પછીના ત્રીજા અગ્નિમાં શબ્દ, સ્પર્શ તથા રૂપ એ ત્રણ ગુણો હોઈને રૂપગુણ વધેલો છે. તે પછીના જળમાં શબ્દ, સ્પર્શ, રૂપ તથા રસ એ ચાર ગુણો હોઈને એક રસગુણ વધેલો છે અને છેલ્લી પૃથ્વીમાં શબ્દ સ્પર્શ, રૂપ, રસ તથા ગંધ એ પાંચ ગુણો હોઈને છેલ્લો એક ગંધગુણ વધેલો ગણાય છે. વળી ચરકે સૂત્રસ્થાનના ૧ લા અધ્યાયમાં દ્રવ્યો તથા તેમનું લક્ષણ આમ કહેલ છે: "यत्राश्रिताः कर्मगुणाः कारणं समवायि यत्।" કર્મ તથા ગુણો જેમાં આશ્રય કરી રહ્યા છે, અને જે (ગુણ-કર્મનું) સમવાયી કારણ હોય તે દ્રવ્ય કહેવાય છે. એ જ પ્રમાણે વૈશેષિક દર્શનમાં પણ દ્રવ્યનું લક્ષણ આ પ્રમાણે કહ્યું છે કે, "क्रियावद् गुणवत्समवायि कारणं द्रव्यम्। જે ક્રિયાવાન તથા ગુણવાન હોઈ એ ક્રિયા તથા

ગુણનું સમવાયી કારણ હોય તે 'દ્રવ્ય' કહેવાય છે. આ દ્રવ્યસંગ્રહ આમ કહેલો છે કે, 'खादीन्यात्मा मनः कालो दिशश्च द्रव्यसंग्रहः।'–આકાશ વગેરે પાંચ મહાભૂતો, આત્મા, મન, કાળ તથા દિશાઓ–એ નવની ટૂંકમાં દ્રવ્યસંગ્રહ–દ્રવ્યો તર્કિકની ગણતરી છે. આમ દ્રવ્યો કહ્યા પછી ચરકે ગુણનું લક્ષણ પણ સૂત્રસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહેલ છે કે, 'समवायी तु निश्चेष्टः कारणं गुणः'–જે (બીજા) ગુણનું સમવાયી કારણ હોય, દ્રવ્ય સાથે સમવાયી સંબંધથી રહેતો હોય; પરંતુ જે નિશ્ચેષ્ટ હોઈ ક્રિયાશૂન્ય હોય તે ગુણ કહેવાય છે. એ ગુણસંગ્રહ પણ ચરકે ત્યાં સૂત્રસ્થાનમાં આમ જણાવેલ છે કે, 'सार्थाः गुर्वादयो बुद्धि प्रयत्नान्ताः परादयः। गुणाः प्रोक्ताः'...શબ્દ આદિ પાંચ વિષયો, ચિન્ત્ય આદિ પાંચ મનના વિષયો, ગુરુ આદિ ૨૦ ગુણો, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન તથા પર આદિ ૧૦ ગુણો મળી આયુર્વેદમાં લગભગ ૪૫ ગુણો માન્યા છે. આમાંના શબ્દાદિ પાંચ મહાભૂતોના વૈશેષિક–ખાસ ગુણો છે. ચિન્ત્ય, વિચાર્ય, ઉહ્ય, ધ્યેય તથા સંકલ્પ–એ પાંચ મનના વૈશેષિક ગુણો કહ્યા છે. ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ, મંદ, તીક્ષ્ણ, સ્થિર, સર, મૃદુ, કઠિન, વિશદ, શ્લક્ષ્ણ, ખર, સ્થૂલ, સૂક્ષ્મ, સાન્દ્ર તથા દ્રવ અને બુદ્ધિ–એ ૨૦ અને તે ઉપરાંત ઇચ્છા, દ્વેષ સુખ, દુઃખ, પ્રયત્ન, પરત્વ, અપરત્વ, યુક્તિ, સંયોગ, વિભાગ, પૃથક્ત્વ, પરિમાણ, સંસ્કાર અને અભ્યાસ–એમ તે બધા યે ગુણોની સંખ્યા લગભગ ૪૫–૫૦ સુધીની થાય છે. આમાં ગુરુ આદિ ૨૦ સામાન્ય ગુણો ગણાય છે અને બુદ્ધિ, ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ તથા પ્રયત્ન–એ આત્માના ગુણો છે. આ ગુણોની સંખ્યા સંબંધે જુદા જુદા મતભેદો મળે છે. ૩

એમ ઉપરનો શારીર પ્રથમાધ્યાય જેટલો ઉપલબ્ધ છે, તે જણાવીને હવે બીજો શારીર અધ્યાય નીચે આરંભે છે; અહીં પહેલા શારીર અધ્યાયનું નામ મળતું નથી પણ નીચેનો બીજો અધ્યાય નામ સાથે જણાવે છે.

असमानगोत्रीय शारीर
અધ્યાય ૨ જો

આ અધ્યાય શરૂઆતમાં જ ખંડિત મળે છે. અધ્યાયને અંતે સમાપ્તિસૂચક વાક્ય મળે છે. તે જોઈને આ અધ્યાયના નામના સંકેત મળે છે. આ અધ્યાયના નામ તથા પ્રકરણ જોતાં આમ કહી શકાય છે કે–આ અધ્યાયમાં ગર્ભ સંબંધી વિવેચન કરવામાં આવ્યું છે. ગર્ભાશયમાં ગર્ભની માસિક વૃદ્ધિનો વિષય આ અધ્યાયમાં અપાયો છે. ત્રીજા મહિનામાં ગર્ભની ક્રમિક વૃદ્ધિના વિષયથી જ આ ખંડિત અધ્યાયની શરૂઆત થાય છે. આ ઉપરથી અહીં આવું અનુમાન કરી શકાય છે કે આ અધ્યાયના પ્રથમના ખંડિત ભાગમાં ગર્ભધારણની પ્રક્રિયા અને ગર્ભધારણ પછીના પહેલા તથા બીજા મહિનામાં ગર્ભની જે વૃદ્ધિ થાય છે તેને લગતો વિષય અપાયેલો હોવો જોઈએ. તે સબંધે વાચકોને જ્ઞાન થાય તે માટે અમે ચરક તથા સુશ્રુત આદિ આર્ષગ્રંથોને આધારે તે વિષયનું સ્પષ્ટીકરણ કરવા પ્રયત્ન કરીએ છીએ. પ્રથમ તો આ અધ્યાયના નામ ઉપરથી આ સ્પષ્ટ થાય છે કે મનુષ્યોનો પરસ્પર વિવાહ તથા મૈથુન જુદાં જુદાં ગોત્રોવાળાંનાં જ થઈ શકે, એટલે કે સમાન ગોત્ર એમનો પરસ્પર વિવાહ કે મૈથુન કરાય તે શાસ્ત્ર વિરુદ્ધ છે. જો કે સમાન ગોત્રવાળાં સ્ત્રી–પુરુષના વિવાહ તથા મૈથુનથી ગર્ભ તો ઉત્પન્ન થાય જ છે; પરંતુ એ ગર્ભ નીરોગી ન થતાં અવશ્ય રોગી જ થાય છે; આ જ કારણે મનુ મહારાજે સગોત્રીઓના વિવાહનો નિષેધ કર્યો છેઃ જેમ કે असपिण्डा च या मातुरसगोत्रा च या पितुः। सा प्रशस्ता द्विजातीनां दारकर्मणि मैथुने॥–જે કન્યા માતાની સાપંડ કે સગોત્રી ન હોય અને પિતાની પણ સગોત્રી ન હોય તે બ્રાહ્મણાદિ ત્રણ દ્વિજાતિઓને પરસ્પરના દારકર્મ–વિવાહ માટે તથા મૈથુન માટે ઉત્તમ ગણાય છે. આ જ વિષય ચરકસંહિતામાં શારીરસ્થાનના 'असमानगोत्रीय शारीर'નામના બીજા અધ્યાયમાં ચર્ચવામાં આવ્યો છે; માટે હવે અમે ગર્ભધારણ પ્રક્રિયાનું વર્ણન કરીએ છીએ. પુરુષ

જ્યારે પૂર્ણ યુવાવસ્થાએ પહોંચે છે ત્યારે પૂર્ણ યુવાવસ્થાવાળી અને માસિક ઋતુસ્રાવથી શુદ્ધ થયેલી જુવાન સ્ત્રી સાથે મૈથુનકર્મ કરે છે ત્યારે હર્ષથી પ્રેરણા પામેલા તેના શરીરમાંથી શુદ્ધ શુક્ર લિંગ માર્ગે બહાર નીકળીને સ્ત્રીની યોનિના માર્ગે તેના ગર્ભાશયમાં પ્રવેશ કરે છે અને ત્યાં રહેલા આર્તવ સાથે તે મળે છે. તેથી ત્યાં ગર્ભ ધારણ થાય છે. આ ગર્ભધારણક્રિયા સ્ત્રીના ગર્ભધારણને યોગ્ય ઋતુકાળમાં જ થઈ શકે છે. તે ઋતુકાળ નીરોગી સ્ત્રીને લગભગ ૨૮, ૨૮ દિવસે પ્રાપ્ત થાય છે. તે વેળા રજોદર્શન યુક્ત પહેલા ત્રણ દિવસોમાં સ્ત્રીએ શુદ્ધ બ્રહ્મચર્ય પાળવું જોઈએ અને ચોથા દિવસે સ્નાનાદિથી શુદ્ધ થયેલી તે સ્ત્રીએ શૃંગાર આદિથી સુશોભિત થઈ રાત્રે પતિસંગ કરવો જોઈએ. ચોથા દિવસથી માંડી ૧૨ દિવસો સુધીનો તે સમય ગર્ભધારણને યોગ્ય કાળ ગણવામાં આવે છે; માટે પુરુષે તે બાર દિવસના ગર્ભગ્રહણ કાળમાં સ્ત્રી સાથે મૈથુન કરવું જોઈએ; કેમ કે તે પછી તો ૧૬ દિવસો સુધી યોનિ સંકુચિત રહે છે; માટે તે કાળે મૈથુન ક્રિયા કરવી ન જોઈએ આ સંબંધે પણ ચરકે શારીરના બીજા અધ્યાયમાં વિસ્તારપૂર્વક ગર્ભાધાન પ્રકરણ લખ્યું છે. તે ગર્ભને પાંચ ભૂતોનો વિકાર તથા ચેતના–આત્માનો આશ્રય માન્યો છે; એટલે કે ગર્ભમાં જ્યાં સુધી ચેતનાનો સંયોગ થતો નથી ત્યાં સુધી તેને ગર્ભ સંજ્ઞા લાગુ થતી નથી. તે સંબંધે ચરકે ત્યાં કહ્યું છે કે, શુક્રશોણિતજીવસંયોગે તુ ખલુ કુક્ષિગતે ગર્ભસંજ્ઞા ભવતિ'। ગર્ભાશયમાં પુરુષવીર્ય સ્ત્રીરજ તથા જીવનો સંયોગ થાય છે ત્યારે જ તેને 'ગર્ભસંજ્ઞા' લાગુ થાય છે; એમ ગર્ભાશયમાં રહેલા તે ગર્ભનો અનુક્રમે વિકાસ થવા માંડે છે. તે વિષે પણ ચરકે શારીરના ૪થા અધ્યાયમાં કહ્યું છે કે, 'स सर्वगुणवान् गर्भत्वमापन्नः प्रथमे मासि सम्मूर्छितः सर्वधातुकलनीकृतः खेटभूतो भवत्यव्यक्तविग्रहः सदसद्भूताङ्गावयवः। તે ચેતના ધાતુ સર્વ ગુણોથી યુક્ત થઈ ગર્ભપણાને પામે છે, અને પહેલા મહિને તે સર્વગુણોથી સારી રીતે મિશ્ર થઈને સર્વધાતુઓની કલલ કે મિશ્રણરૂપે કહાય છે; અને ખેટ કે શ્લેષ્મા એટલે કે નાકના કફના જેવો બની રહે છે. એ વેળા તેનું શરીર અવ્યક્ત કે અપ્રકટ રૂપે જ હોય છે અને તેના અંગના અવયવો પણ સત–અસતરૂપે જ થયા હોય છે. સુશ્રુતે પણ શારીરના ત્રીજા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે: 'तत्र प्रथमे मासि कललं जायते।'–ગર્ભાશયમાં મિશ્ર થયેલ પુરુષવીર્ય તથા સ્ત્રીરજ પહેલે મહિને એક કલલરૂપે કે મિશ્રરૂપે થાય છે; તેમ જ ચરકે પણ શારીરના ૪થા અધ્યાયમાં આ સંબંધે કહ્યું છે કે, 'द्वितीये मासि घनः सम्पद्यते–पिण्डः पेश्यर्बुदं वा, तत्र पिण्डः पुरुषः स्त्री पेशी अर्बुदं नपुंसकम्।' બીજા મહિને તે ગર્ભ ઘન કે ઘટ્ટ બને છે. તે પિંડાકાર કે પેશી જેવો અથવા અર્બુદ ગોળાકાર ફળના અર્ધભાગ જેવો કે આખુની ટેકરીના જેવા આકારનો તે ગર્ભ થાય છે. તેમાંથી જો તે ગર્ભ ઘન–ઘટ્ટ કે પિંડાકાર થાય છે તો પુરુષરૂપે જન્મે છે; પેશીના જેવા આકારનો જો થાય છે તો સ્ત્રીરૂપે જન્મે છે અને જો અર્બુદના જેવા આકારનો થાય છે તો નપુંસક તરીકે જન્મે છે. એમ ઉપર પ્રાસંગિક પ્રકરણને ઉપલક બતાવીને હવે અહીં જે ખંડિત અધ્યાયમાં બાકીનો ભાગ મળે છે, તે બતાવે છે.

ગર્ભાશયમાં પ્રવેશેલી બીજધાતુનું પ્રથમનું રૂપાંતર

.....

.....

प्राणस्तु बीजधातुं हि विभजत्यस्थिसंख्य(स्थ)या।
प्रविष्टमात्रं बीजं हि रक्तेन परिवेष्ट्यते ॥१॥
शुक्रादस्थस्थितो मांसमुभाभ्यां स्नायवः स्मृताः।
सर्वेन्द्रियाणि गर्भस्य सर्वाङ्गावयवास्तथा ॥ २ ॥
तृतीये मासि युगपच्चिर्वर्तन्ते यथाक्रमम्।
प्रस्पन्दते चेतयति वेदनाश्चावबुद्धयते ॥ ३ ॥

(ગર્ભાશયમાં રહેલો) પ્રાણવાયુ ત્યાં પ્રવેશેલા બીજધાતુ–પુરુષવીર્યને પ્રથમ તો ત્યાં રહેલા સ્ત્રીરક્ત–આર્તવથી વીંટી દે છે; એટલે કે પ્રાણવાયુ દ્વારા પુરુષવીર્યને સ્ત્રી–રક્તાર્તવનું પ્રથમ તો વેષ્ટન થાય છે; અને પછી તેમાંથી અસ્થિ–હાડકાંની આકૃતિરૂપે તેને કરી દેવામાં આવે છે. શુક્ર–વીર્યમાંથી

અને તેની સાથે મળેલાં સ્ત્રીરજસમાંથી પ્રથમ તો હાડકાંની આકૃતિ બંધાય છે અને પછી તેમાંથી માંસ ઉત્પન્ન થાય છે અને તે અસ્થિ-હાડકાં તથા માંસમાંથી સ્નાયુઓ ઉત્પન્ન થતા કહેવાય છે; તેમ જ પછીથી તે ગર્ભાશયમાંના શુક્રાર્તવના મિશ્રણમાંથી ગર્ભની બધી ઇંદ્રિયો તથા બધ્યે અંગોના બધા અવયવો પણ (અનુક્રમે) ઉત્પન્ન થાય છે. તે પછી ત્રીજા મહિને ગર્ભની બધી ઇંદ્રિયો તથા અવયવો અનુક્રમે એકી વખતે ઉત્પન્ન થાય છે. ઉપરાંત એ ગર્ભ ખૂબ ફરકવા માંડે છે, ચેતન યુક્ત થાય છે અને બધી વેદનાઓને પણ જાણી શકે છે. ૧-૩

વિવરણ : આ સંબંધે ચરકે પણ શારીરના ૪થા અધ્યાયમાં કહ્યું છે કે, 'तृतीये मासि सर्वेन्द्रियाणि सर्वाङ्गावयवाश्च यौगपद्येनाभिनिर्वर्तन्ते।' ત્રીજા મહિનામાં ગર્ભની બધી ઇંદ્રિયો તથા બધાયે અંગોના અવયવો પણ એકી વખતે તૈયાર થઈ જાય છે.' સુશ્રુત પણ શારીરના ૩જા અધ્યાયમાં આ સંબંધે કહે છે કે, 'तृतीये हस्तपादशिरसां पञ्च पिण्डका निर्वर्तन्तेऽङ्गप्रत्यङ्गविभागश्च सूक्ष्मो भवति।' ગર્ભ રહ્યા પછી ત્રીજા મહિને બે હાથ, બે પગ અને માથાના પાંચ માંસપિંડો તૈયાર થાય છે અને બીજા અંગો તથા પ્રત્યંગોનો સૂક્ષ્મ વિભાગ પણ તૈયાર થાય છે. વળી ચરકમાં ગર્ભના ત્રીજા મહિનામાં ગર્ભનું હૃદય વિકસિત થાય છે, એમ પણ સૂચિત કર્યું છે; જેમ કે.- 'तस्य यत्कालमेवेन्द्रियाणि सन्तिष्ठन्ते, तत्कालमेवास्य चेतसि वेदना निबन्धं प्राप्नोति तस्मात्तदाप्रभृति गर्भः स्पन्दते प्रार्थयते च, तद् हृद्हृदयमाचक्षते वृद्धाः। मातृज चास्य हृदयं मातृहृदयेनाभिसम्बद्धं भवति रसवाहिनीभिः संवाहिनीभिः, तस्मात्तयोस्ताभिर्भक्तिः संपद्यते। तच्चैव कारणमवेक्षमाणा न द्वै हृदयस्य विज्ञानितं गर्भमिच्छन्ति कर्तुं, विज्ञानने ह्यस्य दृश्यते विनाशो विकृतिर्वा, सज्ञानयोगक्षेमा हि माता तदा गर्भेण केषुचिदर्थेषु, तस्मात्प्रियहिताभ्यां गर्भिणी विशेषेणोपचरन्ति कुशलाः।'-એ ગર્ભમાં જે કાળે બધી ઇન્દ્રિયો ઉત્પન્ન થઈ જાય છે, તે જ કાળે એ ગર્ભમાં રહેલા જીવના ચિત્તમાં (સુખદુઃખના) અનુભવ રૂપ જ્ઞાન પ્રકટ થાય છે. તે જ કારણે તે કાળથી માંડી ગર્ભ ફરકે છે અને પોતે બીજા-પૂર્વકાળના જન્મમાં જે કંઈ અનુભવ્યું હોય, તેની તે ઇચ્છા પણ કરે છે. એને જ અનુભવવૃદ્ધ વિદ્વાનો દૌહૃદ્ય કે 'દૌહૃદ' કહે છે; કેમ કે તે વેળા તે ગર્ભગત જીવમાં માતાનું તથા પોતાનું એમ બે હૃદય યુક્તપણું હોય છે. વળી તે વેળા એ ગર્ભગત જીવનું હૃદય તેની માતાના હૃદયથી જ ઉત્પન્ન થયેલું હોઈને એ માતાના હૃદયની સાથે જ રસવાહિની 'સંવાહિની નાડીઓ દ્વારા ચારે બાજુથી સંબંધ પામેલું હોય છે. તે જ કારણે એ માતાને તથા ગર્ભગત સંતાનને-બન્નેને રસવાહિની નાડીઓ દ્વારા એક જ પ્રકારની ઇચ્છા થાય છે અને એ જ કારણને જોતા વિદ્વાનો તે કાળની એ ગર્ભની ઇચ્છાને તથા સગર્ભા સ્ત્રીની પણ તે જ ઇચ્છાને પૂર્ણ કરે છે; કેમ કે તે કાળની ઇચ્છાને પૂર્ણ કરવામાં ન આવે તો એ ગર્ભનો વિનાશ અથવા વિકાર થતો જોવામાં આવે છે; માટે એ સમયે તે સગર્ભા માતા કોઈ કોઈ ઇચ્છિત વિષયોમાં ગર્ભની તુલ્ય યે ગણેમવાળી જોવામાં આવે છે. તેથી જ કુશળ વૈદ્યો ગર્ભિણી સ્ત્રીના પ્રિય તથા હિતકારક પદાર્થો દ્વારા ખાસ કરી ઉપચારો કરે છે-એટલે કે ગર્ભિણી સ્ત્રીને જે કંઈ પ્રિય તથા હિતકારક પદાર્થો જોઈતા હોય, તે બધા પૂરા પાડવાની કાળજી રાખે છે. આમ ચરકે ત્રીજા મહિનામાં ગર્ભનું સ્પન્દન-ફરકવું વગેરે માન્યું છે, પણ સુશ્રુતમાં આ દૌહૃદ તથા સ્પન્દન વગેરેને ચોથા મહિનામાં થતાં માન્યાં છે; જો કે ખરી રીતે ગર્ભનું સ્પન્દન ગર્ભના ત્રીજા મહિનામાં શરૂ થઈ જાય છે, પરંતુ તે વેળા ગર્ભિણીને તેની બરાબર સમજણ પડતી નથી; પરંતુ ચોથા અને પાંચમા મહિનામાં ગર્ભનું તે સ્પન્દન આદિ વધુ સ્પષ્ટ અનુભવાય છે. ૩

ત્રીજા અને ચોથા મહિનામાં ગર્ભની થતી અવસ્થા

सूक्ष्मप्रत्यक्तकरणस्तृतीये तु मनोऽधिकः।
चतुर्थे स्थिरतां याति गर्भः कुक्षौ निरामयः॥४

ત્રીજા મહિનામાં ગર્ભ સૂક્ષ્મ પ્રકટ થયેલ ઇંદ્રિયાદિ–કરણોથી યુક્ત થાય છે અને તેની સાથે મન પણ તેમાં વધારાનું ઉત્પન્ન થયેલું જણાય છે. પછી ચોથા મહિનામાં ગર્ભ કૂખમાં સ્થિરતા પામે છે અને નિરામય થઈ સર્વ રોગો અર્થાત્ ઉપદ્રવોથી રહિત થાય છે. ૪

વિવરણ : આ સંબંધે પણ ચરકે શારીરના ૪ થા અધ્યાયમાં કહ્યું છે કે, 'चतुर्थे मासि स्थिरतामापद्यते गर्भः, तस्मात्तदा गर्भिणी गुरुगात्रत्वमधिकमापद्यते विशेषेण ॥' ચોથા મહિનામાં ગર્ભ સ્થિરતા પામે છે. તે કારણે ગર્ભિણી સ્ત્રી તે વેળા શરીરના અવયવોમાં ખાસ કરી ભારેપણું પામે છે. કારણ કે તે સમયે ગર્ભમાં વૃદ્ધિ થવાની શરૂઆત થાય છે. સુશ્રુતમાં પણ શરીરના ત્રીજા અધ્યાયમાં આ સંબંધે કહ્યું છે કે, 'चतुर्थे सर्वाङ्गप्रत्यङ्गविभागः प्रव्यक्तो भवति । गर्भहृदयप्रव्यक्तिभावाच्चेतनाधातुरभिव्यक्तो भवति कस्मात् तत्स्थानत्वात् । ચોથા મહિનામાં ગર્ભનાં બધાં યે અંગો તથા પ્રત્યંગો–ઉપાંગોનો વિભાગ ઘણો સ્પષ્ટ થાય છે; કારણ કે તે સમયે તે ગર્ભસ્થાનમાં સ્થિર થયેલો હોય છે; 'तस्माद् गर्भश्चतुर्थे मास्यभिप्रयमिन्द्रियार्थेषु करोति ॥' તેથી એ ગર્ભ ચોથા મહિને ઇંદ્રિયોના વિષયોમાં પોતાનો અભિપ્રાય અથવા ઇચ્છા કરે છે. ૪

પાંચમા મહિનામાં સગર્ભાની સ્થિતિ

गुरुगात्रत्वमधिकं गर्भिण्यास्तत्र जायते ।
मांसशोणितवृद्धिस्तु पञ्चमे मासि जीवक ! ॥५

હે જીવક ! પાંચમા મહિનામાં ગર્ભિણીનાં અંગો વધારે ભારે થાય છે અને ગર્ભનાં માંસ તથા રુધિરની પણ વૃદ્ધિ થાય છે. ૫

વિવરણ : આ સંબંધે ચરકે પણ શારીરના ૪ થા અધ્યાયમાં કહ્યું છે કે, 'पञ्चमे मासि गर्भस्य मांसशोणितोपचयः भवत्यधिकमन्येभ्यो मासेभ्यः, तस्मात्तदा गर्भिणी कार्श्यमापद्यते विशेषेण ।' પાંચમા મહિનામાં ગર્ભના માંસ તથા રુધિરમાં બીજા મહિનાઓ કરતાં વધારો થાય છે, તેથી એ કાળે ગર્ભિણી વધારે પ્રમાણમાં કૃશતા અથવા દુર્બળતા પામે છે. ગર્ભના પાંચમા મહિનામાં તેના માંસ તથા લોહીમાં વધારો થાય છે, તેથી તેનામાં સ્પંદન–ફરકવું પણ વધુ થાય છે.' પરંતુ સુશ્રુતમાં એ મહિનામાં મનનું અધિક સ્પષ્ટપણું થાય છે એમ એથી વિપરીત કહ્યું છે. જેમ કે–'पञ्चमे मनः प्रतिबुद्धतरं भवति ॥' પાંચમા મહિનામાં ગર્ભનું મન વધારે પ્રમાણમાં જાગૃત થાય છે. ૫

પાંચમા અને છઠ્ઠા મહિનામાં સગર્ભાની સ્થિતિ

गर्भिणी पञ्चमे मासि तस्मात् कार्श्येन युज्यते ।
बलवर्णौजसां वृद्धिः षष्ठे मातुः श्रमोऽधिकः ॥६

સગર્ભા સ્ત્રી, પાંચમા મહિનામાં એ કારણે એટલે કે ગર્ભનાં માંસ–રુધિરની વૃદ્ધિ થઈ હોય તેથી કૃશપણું પામે છે–કૂબળી થઈ જાય છે; તેમ જ છઠ્ઠા મહિનામાં ગર્ભનાં બળ, વર્ણ તથા ઓજસની વૃદ્ધિ થાય છે તેથી તેની માતાને અધિક શ્રમ અનુભવાય છે. ૬

વિવરણ : આ સંબંધે ચરકે શારીરના ચોથા અધ્યાયમાં કહ્યું છે કે, 'षष्ठे मासि गर्भस्य मांसशोणितोपचयो भवत्यधिकमन्येभ्यो मासेभ्यः तस्मात्तदा गर्भिणीबलवर्णहानिमापद्यते विशेषेण ।' છઠ્ઠા મહિનામાં ગર્ભના માંસ તથા રુધિરનો વધારો બીજા મહિનાઓ કરતાં વધુ થાય છે, તેથી તે કાળે ગર્ભિણી બળ તથા શરીરના રંગની હીનતા અથવા ન્યૂનતા વધુ પ્રમાણમાં પામે છે. સુશ્રુતે પણ છઠ્ઠા મહિનામાં ગર્ભની વૃદ્ધિમાં આમ આવિર્ભાવ બતાવેલ છે કે, 'षष्ठे बुद्धिः'। છઠ્ઠા મહિનામાં ગર્ભની વધુ વૃદ્ધિ થાય છે. ૬

સાતમા મહિનામાં સગર્ભાની વધુ ગ્લાનિ

सर्वधात्वङ्गसंपूर्णो वातपित्तकफान्वितः ।
सप्तमे मासि तस्माच्च नित्यक्लान्ताऽत्र गर्भिणी ॥७

સાતમા મહિનામાં ગર્ભ બધી ધાતુઓ તથા અંગોથી સંપૂર્ણ તૈયાર થાય છે અને વાત, પિત્ત તથા કફથી પણ યુક્ત થાય છે; તે કારણે સગર્ભા સ્ત્રી સાતમા મહિનામાં કાયમ કલમ એટલે થાકી જાય છે. ૭

વિવરણ : આ સંબંધે ચરકે પણ શારીરના

૪થા અધ્યાયમાં કહ્યું છે કે, 'सप्तमे मासि गर्भः सर्वभावैराप्याय्यते, तस्मात्तदा गर्भिणी सर्वाकारैः क्लान्ततमा भवति ।' સાતમા મહિનામાં ગર્ભ શરીરના સર્વ ભાવોથી વધુ ને વધુ પુષ્ટ થતો જાય છે, તેથી એ કાળે સગર્ભા સ્ત્રી ઘણી થાકેલી લાગે છે; પરંતુ સુશ્રુતે સાતમા મહિનામાં ગર્ભની સ્થિતિ આવી વર્ણવી છે કે, 'सप्तमे सर्वाङ्गप्रत्यङ्गविभागः प्रव्यक्ततरः ॥ સાતમા મહિનામાં ગર્ભનાં બધાં અંગો ઉપાંગોનો વિભાગ સ્પષ્ટ પ્રકટ થઈ જાય છે. ૭

આઠમા મહિનામાં સગર્ભાની સ્થિતિ

अष्टमे गर्भिणीगर्भावाददाते परस्परम् ।
ओजो रसवहायुक्तैः पूर्णत्वाच्छलयत्यपि ॥ ८ ॥
तस्मात्तत्र मुहुर्ग्लाना मुहुर्हृष्टा च गर्भिणी ।
अत्ययं चाप्नुते तस्मान्न मासो गण्यतेऽष्टमः ॥९॥

આઠમા મહિનામાં ગર્ભિણી સ્ત્રી તથા ગર્ભ—એ બન્ને જણ રસવાહી નાડીના યોગથી—તે દ્વારા પરસ્પર—સામસામા ઓજસ્‌ને ગ્રહણ કરે છે અને પૂર્ણપણાને લીધે એકબીજાને છળે પણ છે એટલે કે એકબીજાને ઓજસ્ પૂરું પાડવામાં અપૂર્ણતા પણ રાખે છે, જેથી પરિપૂર્ણ ઓજસ્ પણ પહોંચાડી શકતાં નથી. તે કારણે ગર્ભિણી સ્ત્રી વારંવાર ગ્લાનિ પામે છે અને વારંવાર હર્ષ પણ પામે છે—એટલે કે કોઈ વાર ઓજસ બરાબર મળી રહે છે ત્યારે આનંદી બને છે અને કોઈ વાર ઓજસ્ બરાબર મળતું નથી, તો ગ્લાનિ પામે છે—એમ ગર્ભની તથા સગર્ભાની બન્નેની સ્થિતિ થયા કરે છે; અને કોઈ વેળા તે ગર્ભને પરિપૂર્ણ ઓજસ્ ન મળે તો અત્યય—નાશ પણ પામી જાય છે. તે કારણે એ આઠમો મહિનો પ્રસવકાળ માટે યોગ્ય ગણાતો નથી. ૮,૯

વિવરણ : આ સંબંધે પણ ચરકે શારીરના ત્રીજા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'अष्टमे मासि गर्भश्च मातृतो गर्भतश्च माता रसवाहिनीभिः संवाहिनीभिर्मुहुर्मुहुरोजः परस्परत आददाते गर्भस्यासंपूर्णत्वात्, तस्मात्तदा गर्भिणी मुहुर्मुहुर्ग्लायुक्ता भवति मुहुर्मुहुश्च ग्लाना तथा गर्भः, तस्मात्तदा गर्भस्य जन्मव्यापत्तिमद्भवत्योजसोऽनवस्थितत्वात् ; तं चैवमभिसमीक्ष्याष्टमं मासमगण्यमित्याचक्षते कुशलाः ।'—આઠમા મહિનામાં ગર્ભ માતાથી અને માતા ગર્ભથી રસવાહિની નાડીઓ દ્વારા પરસ્પર વારંવાર ઓજસ્ ગ્રહણ કરે છે. કેમ કે તે વેળા ગર્ભ સંપૂર્ણ તૈયાર થયો હોય છે. તેથી એ વેળા ગર્ભિણી વારંવાર હર્ષથી યુક્ત થાય છે અને વારંવાર ગ્લાનિ પામે છે—ઝાંખી થઈ જાય છે. તે જ પ્રમાણે ગર્ભ પણ તે વખતે વારંવાર હર્ષ અને ગ્લાનિ પામ્યા કરે છે. એ કારણે તે સમયે ગર્ભનો જન્મ થાય તો ઓજસ્ સ્થિતિ વધુ અસ્થિર હોવાને લીધે વિનાશકારક અથવા ઉપદ્રવયુક્ત કે સંકટગ્રસ્ત બને છે. એ અભિપ્રાય તરફ ધ્યાન આપીને કુશળ વૈદ્યો આઠમા મહિનાને અગણ્ય એટલે કે પ્રસવ માટેના યોગ્ય કાળ તરીકે ન ગણવા યોગ્ય કહે છે—આઠમા મહિનાને પ્રસવ માટે અયોગ્ય કહે છે; પરંતુ એ આઠમો મહિનો પૂર્ણ થયા પછીના (નવમાથી માંડી છેક બારમા સુધીના) મહિનાઓને પ્રસવ માટેના યોગ્ય કાળ તરીકે ગણે છે. સુશ્રુતે પણ શારીરના ત્રીજા અધ્યાયમાં આ સંબંધે કહ્યું છે કે, 'अष्टमेऽस्थिराभवत्योजः तत्र जातश्चेन्न जीवेन्निरोजस्त्वान्नैर्ऋतभागत्वाच्च, ततो बलिं मांसौदनमस्मै दापयेत् ॥'—આઠમા મહિનામાં ગર્ભનું ઓજસ્ અસ્થિર હોય છે તેથી તે આઠમા મહિનામાં જન્મેલો ગર્ભ ઓજસથી રહિત હોવાના કારણે અને રાક્ષસના ભાગરૂપ ગણાતો હોવાથી જીવતો નથી. એ કારણે આઠમા મહિને બાળકનો જન્મ ન થાય તે માટે વૈદ્યે રાક્ષસને ઉદ્દેશી માંસથી મિશ્ર કરેલા ભાતનું બલિદાન અપાવવું જોઈએ ૮,૯

નવમા વગેરે મહિનામાં ગર્ભજન્મની યોગ્યતા

नवमादिषु मासेषु जन्म चास्य यथाक्रमम् ।
पूर्वदेहकृतं कर्म गर्भावाससुखासुखम् ॥ १० ॥
जातः स्मरति तावच्च यावन्नोपैति जीविकाम् ।
इति ह स्माह भगवान् कश्यपः जीवकं प्रति ॥११

એ કારણે નવમા વગેરે મહિનામાં આ બાળકનો જે અનુક્રમે જન્મ થાય છે તે યોગ્ય

ગણાય છે. તે ગર્ભસ્થ બાળક નવમા વગેરે મહિનામાં જ્યારે જન્મે છે અને જન્મ્યા પછીની આજીવિકા–ધાવણ ધાવવું–વગેરેને તે જ્યાંસુધી મેળવતો નથી ત્યાં સુધી પોતાના પૂર્વજન્મમાં કરેલાં કર્મને તેમ જ ગર્ભવાસનાં સુખ તથા દુઃખને પણ તે યાદ કરે છે, એમ ભગવાન કશ્યપે પોતાના શિષ્ય જીવક પ્રત્યે કહ્યું હતું ૧૦,૧૧

વિવરણ : અર્થાત્ અહીં આમ જણાવવા માગે છે કે ગર્ભસ્થ બાળક નવમા વગેરે મહિના પછી જન્મીને ધાવણ ધાવવું વગેરે બિલકુલ નવીન આજીવિકાને જેવો મેળવે છે કે તરત જ પૂર્વજન્મના દેહથી કરેલાં કર્મને તથા ગર્ભવાસના સુખદુઃખને ભૂલી જાય છે. બાળકને જન્મ થયા પછી જ્યાં સુધી નવી આજીવિકા મળતી નથી ત્યાં સુધી જ પૂર્વદેહથી કરેલાં કર્મને તથા ગર્ભવાસનાં સુખદુઃખને તે યાદ કર્યા કરે છે; એટલે કે તેને નવું જીવન મળે છે, તે પછી તેને આ દુનિયાના પવનની અસર થતાં તેને પૂર્વજન્મ આદિનું કોઈ પણ જ્ઞાન રહેતું નથી. આ સંબંધે ચરકે શારીરના ચોથા સ્થાનમાં આમ પણ કહ્યું છે કે, 'तस्मिन्नेकदिवसमतिक्रान्तेऽपि नवमं मासमुपादाय प्रसवकालमित्याहुरग्र्याद्दशान्मासात्, एतावान्कालः, वैकारिकमतः परं कुक्षाववस्थानं गर्भस्य।'–નવમાથી બારમા મહિના સુધીના પ્રસવકાળને વૈદ્યો યોગ્ય પ્રસવકાળ કહે છે, પરંતુ એ બારમા મહિનાની ઉપર જો એક પણ દિવસ વીતેલો હોય તો એ કુક્ષિસ્થ ગર્ભને વૈદ્યો વૈકારિક ગર્ભ કહે છે અથવા તેના એ કુક્ષિમાં રહેવાને પણ વૈદ્યો વૈકારિક કહે છે; માટે ઉપર જે આનુપૂર્વિક ક્રમ છે, તે જ ક્રમથી કુખમાં ગર્ભ પરિપૂર્ણ તૈયાર થાય છે. સુશ્રુતે પણ અહીં શારીરના ત્રીજા અધ્યાયમાં કહ્યું છે કે, 'नवमदशमैकादशद्वादशानामन्यतमस्मिन् जायते, अतोऽन्यथा विकारो भवति।'–નવમા, દશમા, અગિયારમા કે બારમા મહિનામાંથી કોઈ પણ એક મહિનામાં જે ગર્ભ જન્મે છે, તે જ એનો યોગ્ય પ્રસવકાળ ગણાય છે; પરંતુ એથી ઊલટા પ્રકારે એટલે કે નવમા મહિના પહેલાં ગર્ભનો જન્મ કે બારમો મહિનો વીત્યા પછી પણ ગર્ભનું જે કુખમાં રહેવું થાય તો તે વિકારરૂપ ગણાય છે; અર્થાત્ ગર્ભનો ગર્ભાશયમાં રહેવાનો સમય સામાન્યપણે ૨૮૦ દિવસ સુધીનો હોય છે. એટલા સમયમાં ગર્ભની આનુમાનિક સ્થિતિ જાણી શકાય છે; એટલે કે છેલ્લા ઋતુકાળના પહેલા દિવસમાં ૨૮૦ દિવસો જોડી દઈ પ્રસવકાળની તિથિ જાણી શકાય છે અથવા છેલ્લા ઋતુકાળના પહેલા દિવસમાં સાત દિવસ ઉમેરી દઈ જે તિથિ આવે તે જ તિથિ નવમા મહિનામાં પ્રસવ તિથિ કહી શકાય છે; જેમ કે દાખલા તરીકે કોઈ સ્ત્રીનો છેલ્લો માસિક સ્રાવ સિપ્ટેમ્બરમાં થયો હોય તો તેમાં સાત દિવસો ઉમેરવાથી આપોઆપ નવમો મહિનો સાટેમ્બર જ પ્રસવકાળ માટે યોગ્ય કહી શકાય છે.' ૧૦,૧૧

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં બીજું 'અસમાન શારીર' નામનું શારીર સમાપ્ત

ગર્ભાવક્રાંતિશારીર–અધ્યાય ૩ જો

अथातो गर्भावक्रान्ति शारीरं व्याख्यास्यामः ॥१ इति ह स्माह भगवान् कश्यपः ॥२॥

હવે અહીંથી આરંભી 'ગર્ભાવક્રાંતિ–શારીર' નામના અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું, એમ ભગવાન કાશ્યપે (વૃદ્ધ જીવક નામના પોતાના શિષ્યને) કહ્યું હતું. ૧,૨

વિવરણ : આ અધ્યાયમાં હવે આ સંબંધે વર્ણવાશે કે ગર્ભાશયમાં ગર્ભ કેવી રીતે ઉત્પન્ન થાય છે? અને ગર્ભમાં જીવનનું કયા પ્રકારે અવક્રમણ–પ્રવેશ થાય છે. સુશ્રુતના શારીરના ત્રીજા અધ્યાયમાં ટીકાકાર ડલ્હણે લખ્યું છે કે, 'अत्र हि शुक्रशोणितं गर्भाशयस्थमात्मप्रकृतिविकारसंमूर्छितं गर्भ इत्युच्यते, तस्यावक्रान्तिरूपगमनमवतरणमिति यावत् गर्भावक्रान्तिः, साऽस्मिन्नस्तीति॥ 'આ ગર્ભાશયમાં પુરુષનું વીર્ય અને સ્ત્રી–રુધિર કે આર્તવ પ્રાપ્ત થઈને–એકત્ર મળી તે ગર્ભાશયમાં સ્થિતિ કરી રહેલ હોય અને પ્રકૃતિના વિકારો સાથે સારી રીતે જે એકાકાર થઈને જે સ્થિતિ કરે, તે 'ગર્ભ' કહેવાય છે; ગર્ભની અવક્રાન્તિ કે પ્રવેશરૂપે ગર્ભાશયમાં ગમન કે પ્રાપ્તિ થાય અથવા

જે અવતરણ કે ઊતરવું થાય, તે જ ગર્ભાશયમાં ગર્ભની 'અવક્રાન્તિ' થયેલી કહેવાય છે.' ૧૨

जीवस्तु खलु भो सर्वगतत्वादीश्वरगुणसमन्वितः पूर्वशरीराच्चावक्रामति परशरीरं चोपक्रामति युगपत्, न कदाचिदपि बीजशोणितवाय्वाकाशादिमनोबुद्धिभिर्वियुक्तपूर्वैः, सर्वगतत्वाच्च न कस्यांचिद्योनौ नोपपद्यते स्वकर्मफलानुभवादिति ॥ ३ ॥

હે જીવક! જીવ તો ખરેખર સર્વમાં રહેલ છે. તે કારણે ઈશ્વરના ગુણોથી યુક્ત છે, છતાં (પૂર્વજન્મકૃત કર્મફળને વશ થઈ) તે જીવાત્મા પહેલાંના શરીરમાંથી (આયુષ્યપૂર્ણ થતાં) બહાર નીકળી જાય છે અને (પોતાનાં કર્મવશાત્ પ્રાપ્ત થયેલ) બીજા શરીરમાં એકી વખતે દાખલ થાય છે. તે વેળા પણ તેનો બીજ-પુરુષવીર્ય, રુધિર-સ્ત્રી-આર્તવ, વાયુ, આકાશ આદિ મન તથા બુદ્ધિની સાથે પહેલાં કોઈ પણ કાળે વિયોગ થયો હોતો નથી અને પોતાનાં કર્મફળનો અનુભવ અથવા ઉપભોગ કરવાનો હોવાથી અને તે જીવનું સર્વગતપણું કે સર્વમાં રહેવાપણું પણ હોવાના કારણે કોઈ પણ યોનિમાં તે કદી ઉત્પન્ન થતો નથી, એમ કદી બનતું નથી. ૩

विवरण: અર્થાત્ જીવાત્મા, એક શરીર છોડીને બીજા શરીરમાં પ્રવેશ કરે છે ત્યારે તેની એ બન્ને ક્રિયા એકી વખતે જ થાય છે અને કોઈ પણ શરીરમાં જ્યારે પ્રવેશ કરે છે, ત્યારે તેને પુરુષના વીર્યનો, સ્ત્રીરજ આર્તવનો, વાયુનો, આકાશ આદિ પાંચ મહાભૂતોનો અને મન તથા બુદ્ધિનો સંયોગ પણ અવશ્ય થાય જ છે—એટલે કે તે બધાંના સંયોગ વિના તેની બીજા શરીરમાં ઉત્પત્તિ સંભવતી જ નથી અને તે જીવાત્મા, સર્વગત હોવાથી પોતાનાં પૂર્વજન્મકૃત ફલભોગ અનુસાર તેને જુદી જુદી અનેક યોનિમાં ઉત્પન્ન થવાનું હોય જ છે ૩

वृद्धजीवक भगवान काश्यपना प्रश्नोत्तरो

गर्भस्य पुनर्भगवन्! के शरीरावयवा आकाशान्निर्वर्तन्ते, के वायोः, के तेजसः, केऽद्भ्यः, के पृथिव्याः, के चास्य मातृतः संभवतः समवयन्ति, के चास्य पितृतः, किमात्मनः, किं च सात्म्यतः, किं च रसतः, किंच सत्त्वतः, कुत्र चैते सर्वभावा अन्वायत्ता भवन्ति, कं चार्थमवेक्षन्ते; इति पृष्टो भगवान् कश्यप उवाच—गर्भस्य खलु भो शब्दश्च श्रोत्रं च लाघवं च सौक्ष्म्यं च विवेकश्च मुखं च कण्ठश्च कोष्ठं चाकाशात्मकानि भवन्ति, स्पर्शश्च स्पर्शनं च रौक्ष्यं च प्रेरणं च धातुव्यूहनं च प्राणश्चापानश्च शरीरचेष्टा च वाय्वात्मकानि भवन्ति, रूपं च चक्षुश्च प्रकाशश्च पित्तं च पक्तिश्चोष्मा च शरीरवृद्धिश्च तैजसानि भवन्ति, रसश्च रसनं च शैत्यं च मार्दवं च द्रवश्च स्नेहश्च क्लेदश्च श्लेष्मा च मेदश्च रक्तं च मांसं च शुक्रं चाप्यानि भवन्ति, गन्धश्च घ्राणं च गौरवं च स्थैर्यं च मूर्तिश्च पार्थिवानि भवन्ति; तस्मात् पुरुषो लोकसंमितः प्रोच्यते। लोहितं च मांसं च नाभिश्च हृदयं च क्लोम च यकृच्च प्लीहा च वृक्कौ च बस्तिश्च पुरीषधारणं चामाशयश्चोत्तरगुदश्च क्षुद्रान्त्रं च स्थूलान्त्रं चेति मातृजानि, केशाश्च रोमाणि च श्मश्रूणि च नखाश्च दन्ताश्चास्थीनि च सिराश्च स्नायवश्च धमन्यश्च शुक्रं चेति पितृजानि, आयुश्चात्मज्ञानं च मनश्चेन्द्रियाणि च प्राणापानौ च धारणं च प्रेरणं च चाकृतिश्च स्वरवर्णपचयविशेषाश्च सुखदुःखे इच्छाद्वेषौ च स्मृतिश्चाहङ्कारश्च प्रयत्नश्चावस्थान्तरगमनं च सत्त्वं च नानायोनिषूपपत्तिश्चेत्यात्मजानि, आरोग्यं चोत्थानं च संतोषश्चेन्द्रियप्रसादश्च स्वरवर्णबीजसंपच्च मेधा च प्रहर्षभूयिष्ठता चेति सात्म्यजानि, शरीराभिनिर्वृत्तिश्च शरीराभिवृद्धिश्च प्राणाश्च बन्धश्च वृत्तिश्च पुष्टिश्चोत्साहश्चेति रसजानि। कल्याणरोषमोहात्मकं तु सत्त्वं त्रिविधमुक्तमग्रे, तत्रौपपादि(दु)कं सत्त्वं मनश्च लयि(?) नित्यं शुभाशुभमिश्रभावानां स्पर्श इत्युच्यते। ते सर्वभावाः स्वकर्मण्यायत्ताः कालं चावेक्षन्ते। वायुर्हि कालसहितः शरीरं विभजति संदधाति चेति ॥ ४ ॥

હે ભગવન્! ગર્ભના શરીરના કયા

અવયવો આકાશમાંથી બને છે? કયા અવયવો વાયુમાંથી બને છે? કયા અવયવો તેજમાંથી ઉત્પન્ન થાય છે? કયા અવયવો જળમાંથી બને છે? કયા અવયવો પૃથ્વીમાંથી તૈયાર થાય છે? કયા અવયવો તેની માતામાંથી ઉત્પન્ન થાય છે? કયા અવયવો એ ગર્ભના પિતામાંથી ઉત્પન્ન થાય છે? કઈ વસ્તુ તે ગર્ભમાંથી પોતામાંથી બને છે? કઈ વસ્તુ સાત્મ્ય એટલે તે ગર્ભની મૂળ પ્રકૃતિને માફક આવવાથી તૈયાર થાય છે? કઈ (અન્નના) રસમાંથી બને છે? કઈ વસ્તુ તે ગર્ભના સત્ત્વમાંથી બને છે? અને તે ગર્ભને લગતા આ બધાયે ભાવો કે પદાર્થો કોને અનુસરી કોના સ્વાધીનમાં રહે છે; તેમ જ કયા પદાર્થની જરૂરિયાત ધરાવે છે? એમ વૃદ્ધજીવકે પૂછ્યું ત્યારે ભગવાન કશ્યપે તેને આમ કહ્યું હતું કે, હે જીવક! ગર્ભનો શબ્દવિષય, શ્રોત્રઇંદ્રિય, લાઘવ–હલકાપણું, સૂક્ષ્મપણું, વિવેક, સુખ, કંઠ–ગળું અને કોષ્ઠ–કોઠો–એટલાં આકાશમય હોઈ આકાશમાંથી ઉત્પન્ન થાય છે; તેમ જ સ્પર્શવિષય, ત્વચા–ઇંદ્રિય, રૂક્ષતા, પ્રેરણા, ધાતુઓનું વ્યૂહન– ગોઠવણી, પ્રાણ, અપાન તથા શરીરની ચેષ્ટા–એટલાં વાયુસ્વરૂપ હોઈ વાયુમાંથી બનેછે; તેમ જ રૂપવિષય, ચક્ષુઇંદ્રિય, પ્રકાશ, પિત્ત, પક્તિ–પાચનક્રિયા, શરીરની ઉષ્ણુતા અને શરીરની વૃદ્ધિ–એટલાં તેજસ હોઈ તેજનો વિકાર અથવા તેજમાંથી બને છે; તેમ જ રસવિષય, જિહ્વાઇંદ્રિય, શીતલપણું, માર્દવ–કોમળપણું, દ્રવ–પ્રવાહીપણું, સ્નેહ, ક્લેદ–ભીનાપણું, કફ, મેદ, રક્ત–લોહી, માંસ તથા શુક્ર–વીર્ય–એટલાં આપ્ય હોઈ જળના વિકારરૂપ કે જળમાંથી બને છે; તેમ જ ગંધવિષય, ઘ્રાણઇંદ્રિય, ગૌરવ એટલે શરીરમાં ભારેપણું, સ્થિરતા અને મૂર્તિ એટલે કઠિનતા કે કઠણપણું–એ બધાં પાર્થિવ અથવા પૃથ્વીના વિકારરૂપ હોઈ પૃથ્વીમાંથી બને છે; (એમ પાંચ મહાભૂતોના વિકારરૂપ અથવા તેઓમાંથી બનેલા હોઈને) તે કારણે પુરુષ લોકસંમિત અથવા લોકતુલ્ય કહેવાય છે. વળી ગર્ભનું રુધિર, માંસ, નાભિ, હૃદય, ક્લોમન્ નામનું પિપાસા અથવા તરસ ઉત્પન્ન કરવાનું સ્થાન, યકૃત્–કાળજું કે કલેજું, પ્લીહા–બરોળ, 'વૃક્ક' નામના બે પડખાંના બે માંસપિંડ–ગુદા, બસ્તિ–મૂત્રાશય, પુરીષધારણ–વિષ્ઠાશય, આમાશય, ઉત્તરગુદા, ક્ષુદ્રાન્ત્ર–નાનું આંતરડું અને સ્થૂલાન્ત્ર–મોટું આંતરડું–એટલાં ગર્ભની માતામાંથી ઉત્પન્ન થાય છે; તેમ જ કેશ–માથાના વાળ, રૂંવાડાં, શ્મશ્રુ–દાઢી–મૂછના વાળ, નખ, દાંત, હાડકાં, શિરાઓ, સ્નાયુઓ, ધમની–નાડીઓ અને શુક્ર–વીર્ય–એટલાં ગર્ભના પિતામાંથી ઉત્પન્ન થાય છે; પરંતુ આયુષ, આત્મજ્ઞાન એટલે કે પોતાના વિષેનું જ્ઞાન, મન, ઇંદ્રિયો, પ્રાણ, અપાન, ધારણ એટલે બધું ધારણ કરી રાખવું, પ્રેરણા, આકૃતિ કે આકાર; સ્વર તથા વર્ણ–રંગનો ઉપચય અર્થાત્ વધારો અથવા તેમાં થતા વિશેષો અર્થાત્ ફેરફારો, સુખદુઃખ, ઇચ્છા, દ્વેષ, સ્મરણશક્તિ, અહંકાર, પ્રયત્ન, જુદી જુદી અવસ્થાને પ્રાપ્ત થવું, સત્ત્વ–માનસિક શક્તિ કે મનોબળ, અનેક યોનિઓમાં ઉત્પન્ન થવું–એટલાં ગર્ભગત–જીવમાંથી પોતાનામાંથી ઉત્પન્ન થાય છે. તે જ પ્રમાણે આરોગ્ય, ઉત્થાન–ઉત્સાહ કે ઉન્નતિ, સંતોષ, ઇંદ્રિયોની પ્રસન્નતા, સ્વરસંપત્–ગળાનો ઉત્તમ અવાજ; વર્ણસંપત્, બીજસંપત્, મેધા નામની બુદ્ધિની ધારણાશક્તિ અને પ્રહર્ષબહુલિષ્ઠતા એટલે કે ઘણા પ્રમાણમાં હર્ષ અથવા આનંદ જે રહ્યા કરે–એ બધાં સાત્મ્ય અથવા પોતાની શરીરપ્રકૃતિને જે માફક હોય તેવા પદાર્થોનું સેવન કર્યાથી ઉત્પન્ન થાય છે; પરંતુ શરીરની ઉત્પત્તિ, શરીરની વૃદ્ધિ.

પ્રાણવાયુ, બંધન, વૃત્તિ–આજીવિકા, પુષ્ટિ અને ઉત્સાહ–એટલાં (ખોરાકના) રસમાંથી ઉત્પન્ન થાય છે. ત્રણ પ્રકારનું સત્ત્વ પ્રથમ કહેવાઈ ગયું છે; એક કલ્યાણરૂપ સત્ત્વ, બીજું રોષમય સત્ત્વ અને ત્રીજું મોહમય સત્ત્વ કહ્યું છે. તેમાં જે સત્ત્વ ઉત્પત્તિ કરવાના સ્વભાવવાળું, મનરૂપ અને કાયમ લય પામવાના સ્વભાવવાળું હોય છે તે શુભ તથા અશુભથી મિશ્ર ભાવોના સ્પર્શરૂપ અથવા અનુભવ કરનાર છે, એમ કહેવાય છે. તે બધા પદાર્થો, જીવના પોતાના કર્મમાં અધીન થયેલા હોઈને કાળની રાહ જોયા કરે છે. ખરેખર વાયુ જ કાળની સાથે રહીને શરીરનો વિભાગ કરે છે અને શરીરને સાંધે છે–એકત્રિત કરે છે. ૪

વિવરણ : ચરકે શારીરના ૭ મા અધ્યાયમાં શરીરના જે પદાર્થો પાંચ મહાભૂતોમાંથી ઉત્પન્ન થાય છે તે સંબંધે જણાવ્યું છે કે, 'तत्र यद्विशेषतः स्थूलं स्थिरं मूर्तिमद्गुरुखरकठिनमङ्गं नखास्थिदन्तमांसचर्मवर्चः केशश्मश्रुनखलोमकण्डरादि तत्पार्थिवं गन्धो घ्राणं च, यदूष्मसरमन्दस्निग्धमृदुपिच्छिलं रसरुधिरवसाकफपित्तमूत्रस्वेदादि तदाप्यं रसो रसनं च, यत्पित्तमूष्मा वो या च भाः शरीरे तत्सर्वमाग्नेयं रूपं दर्शनं च, यदुच्छ्वासप्रश्वासोन्मेषनिमेषाकुञ्चनप्रसारणगमनप्रेरणधारणादि तद्वायवीयं स्पर्शः स्पर्शनं च, यद्विविक्तमुच्यते महान्ति चाणूनि स्रोतांसि तदान्तरीक्षं शब्दः श्रोत्रं च, यत्प्रयोक्तृ तत्प्रधानं, बुद्धिर्मनश्चेति। शरीरावयवसंख्या यथास्थूलभेदेनावयवानां निर्दिष्टा ॥'– આ શરીરમાં જે વિશેષથી સ્થૂલ, સ્થિર, મૂર્તિમાન, ગુરુ–ભારે, ખર–ખરસટ તથા કઠિન અંગો છે, જેવાં કે નખો, હાડકાં, દાંત, માંસ, ચામડી, વિષ્ઠા, કેશ–માથાના વાળ, દાઢી–મૂછના વાળ, રુવાંટાં તથા જે કંડરાઓ વગેરે છે, તેમ જ ગંધ અને ઘ્રાણેન્દ્રિય છે તે પાર્થિવ છે–પૃથ્વીના વધુ અંશોમાંથી બનેલાં છે; તેમ જ આ શરીરમાં જે કંઈ દ્રવ કે પ્રવાહી, સર, મંદ, સ્નિગ્ધ, મૃદુ–કોમળ, પિચ્છિલ–ચીકાશવાળું છે અને જે રસ, રુધિર, વસા, કફ, પિત્ત, મૂત્ર, સ્વેદ–પરસેવો વગેરે એટલે કે વીર્ય વગેરે છે અને રસ તથા રસનેન્દ્રિય છે તે બધાં 'આપ્ય' એટલે કે જળના મુખ્ય વિકારરૂપ અથવા જળપ્રધાન અવયવો છે. વળી આ શરીરમાં જે પિત્ત છે, ઉષ્ણતા કે ગરમી છે અને શરીરમાં જે કાંતિ છે; તેમ જ રૂપ તથા દર્શન છે, તે સર્વ અગ્નિના વિકારરૂપ અથવા અગ્નિતત્ત્વની મુખ્યતા ધરાવનારા તે તે અવયવો છે. વળી આ શરીરમાં જે કંઈ ઉચ્છ્વાસ કે ઊંચા શ્વાસ લેવાય છે, એટલે કે જે શ્વાસો બહાર કાઢવામાં આવે છે, જે પ્રશ્વાસ એટલે કે અંદરના ભાગમાં જે શ્વાસો લેવાય છે; ઉન્મેષ તથા નિમેષ આંખનું ઊઘડવું અને મીંચાવું થાય છે; તેમ જ શરીરના જે જે અવયવોનો સંકોચ થાય છે, તેમ જ પ્રસારણ એટલે જે જે અવયવો ફેલાય છે, ગમન–જવું, પ્રેરણા તથા ધારણ વગેરે જે કરાય છે તે તે વાયવીય હોઈ વાયુતત્ત્વની પ્રધાનતા ધરાવે છે; તેમ જ સ્પર્શવિષય તથા ત્વચા ઇંદ્રિય છે, તે પણ બધાંયે વાયવીય હોઈ વાયુતત્ત્વપ્રધાન છે. વળી આ શરીરમાં જે કંઈ વિવિક્ત એટલે છૂટી જગ્યા છે; તેમ જ મોટા અને આણુ–સૂક્ષ્મ જે સ્રોતો કે છિદ્રો છે, તે અને જે શબ્દવિષય તથા શ્રોત્ર ઇંદ્રિય છે, તે બધાં અંતરિક્ષ એટલે કે આકાશની મુખ્યતા ધરાવનારા પદાર્થો છે. વળી શરીરમાં જે પ્રયોક્તા છે એટલે કે ઇંદ્રિયોને તથા મનને પોતપોતાના વિષયોમાં જે પ્રેરે છે તે (આત્મતત્ત્વ) પ્રધાન છે અને બુદ્ધિ તથા મન પણ પ્રધાન (મૂળ પ્રકૃતિરૂપ) છે; એમ શરીરના અવયવોની સંખ્યા, જે જે અવયવો સ્થૂલ છે, તેમના ભેદો દ્વારા અહીં દર્શાવેલ છે. આ જ પ્રમાણે સુશ્રુતે પણ શારીરના પહેલા અધ્યાયમાં કહ્યું છે કે, 'आन्तरिक्षास्तु–शब्दः शब्देन्द्रियं सर्वच्छिद्रसमूहो विविक्तता च। वायव्यास्तु–स्पर्शः, स्पर्शेन्द्रियं सर्वचेष्टासमूहः सर्वशरीरस्पन्दनं लघुता च तैजसास्तु–रूपं रूपेन्द्रियं वर्णः सन्तापो भ्राजिष्णुता पक्तिरमर्षस्तैक्ष्ण्यं शौर्यं च। आप्यास्तु रसो रसेन्द्रियं सर्वद्रवसमूहो गुरुता शैत्यं स्नेहो रेतश्च। पार्थिवास्तु–गन्धो गन्धेन्द्रियं सर्वमूर्तसमूहो गुरुता चेति।'–શબ્દવિષય, શબ્દને ગ્રહણ કરનારી શ્રોત્રઇંદ્રિય, બધાં જે છિદ્રોનો

સમૂહ અને વિવિક્તપણું એટલે કે શરીરમાં જે જે જગ્યા છે, તે બધા આકાશના વિકારો કે અવયવો છે; તેમ જ સ્પર્શવિષય, સ્પર્શ–ઇન્દ્રિય–ત્વચા, બધાં છિદ્રોનો સમુદાય, આખાય શરીરનું સ્પંદન–ફરકવું વગેરે ચેષ્ટા અને શરીરમાં લઘુતા–હલકાપણું–એ બધાય ભાવો વાયુના વિકારરૂપ છે. તેમ જ રૂપવિષય, રૂપને જોનારી ચક્ષુઇંદ્રિય, વર્ણ એટલે શરીરનો રંગ, સંતાપ, ચળકાટ અથવા તેજસ્વીપણું, પાચનક્રિયા અમર્ષ–ક્રોધ અથવા સહનશીલપણું, તીક્ષ્ણતા અને શૌર્ય અથવા શૂરવીરપણું એ બધાયે ભાવો તેજસ્વી હોઈ–અગ્નિ સંબંધી કે અગ્નિના વિકારરૂપ છે; તે જ પ્રમાણે રસવિષય, રસન નામની જિહ્વાઇંદ્રિય, સર્વ દ્રવ–પ્રવાહીનો સમુદાય, શરીરમાં ગુરુતા–ભારેપણું, શીતળતા, સ્નેહ અને રેતસ–વીર્ય એ બધા યે ભાવો આપ્ય હોઈ જલના વિકારરૂપ છે; તેમ જ ગંધવિષય, ગંધને ગ્રહણ કરનાર ઇંદ્રિય, બધોય મૂર્ત સમુદાય કે કઠિન ભાગ અને ગુરુતા અર્થાત્ શરીરનું કે ભારેપણું–એ બધાય ભાવો પૃથ્વીના વિકારરૂપ હોઈ પાર્થિવ ગણાય છે. આ ઉપરથી સાબિત થાય છે કે આ માનવ–પુરુષ એ બહાર દેખાતા આ મહાન લોકસમુદાયનું જ એક બીજું નાનું સ્વરૂપ જ છે; કારણ કે જેટલા મૂર્તિમાન ભાવો આ લોકમાં બહારના ભાગમાં દેખાય છે તેટલા જ મૂર્તિમાન ભાવો માનવશરીરની અંદર પણ રહેલા હોય છે; જેમ કે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ તથા અવ્યક્ત બ્રહ્મ–એ છ તત્ત્વો બહારના લોકમાં–લોકની અંદર પ્રત્યક્ષ દેખાય છે, તે જ પ્રમાણે તે જ છ પદાર્થો માનવ શરીરની અંદર પણ પ્રત્યક્ષ દેખાય છે. આ સંબંધે ચરકે પણ લોકની તથા માનવ–શરીર–પુરુષની વિસ્તૃત તુલના શારીરના પમા અધ્યાયમાં આમ કરી છે; જેમ કે, 'પુરુષોઽયં લોકસમ્મિત ઇત્યુવાચ ભગવાન્પુનર્વસુરાત્રેયઃ, યાવન્તો હિ લોકે મૂર્તિમન્તો ભાવવિશેષાસ્તાવન્તઃ પુરુષે, યાવન્તઃ પુરુષે તાવન્તો લોકે । ષડ્ધાતવઃ સમુદિતા 'લોક' ઇતિ શબ્દં લભન્તે; તદ્યથા–પૃથિવ્યાપસ્તેજો વાયુરાકાશં બ્રહ્મ ચાવ્યક્તમિત્યેત એવ ચ ષડ્ધાતવઃ સમુદિતા 'લોકઃ' ઇતિ શબ્દં લભન્તે ।' 'તસ્ય પુરુષસ્ય પૃથિવી મૂર્તિઃ, આપઃ ક્લેદઃ તેજોઽભિસન્તાપો, વાયુઃ પ્રાણો, વિયચ્છુષિરાણિ, બ્રહ્માન્તરાત્મા, યથા ખલુ બ્રાહ્મો વિભૂતિર્લોકે તથા પુરુષેઽપ્યાન્તરાત્મિકી વિભૂતિઃ, બ્રહ્મણો વિભૂતિર્લોકે પ્રજાપતિન્તરાત્મનો વિભૂતિઃ પુરુષે સત્ત્વં, યસ્ત્વિન્દ્રો લોકે સ પુરુષેઽહઙ્કારઃ, આદિત્યાસ્તુ આદાનં, રુદ્રો રોષઃ, સોમઃ પ્રસાદો, વસવઃ સુખં, અશ્વિનૌ કાન્તિઃ, મરુદુત્સાહો, વિશ્વેદેવા સર્વેન્દ્રિયાણિ સર્વેન્દ્રિયાર્થાશ્ચ, તમો મોહો, જ્યોતિર્જ્ઞાનં, યથા યથા લોકસ્ય સર્ગાદિસ્તથા પુરુષસ્ય ગર્ભાધાનં, યથા કૃતયુગમેવં બાલ્યં, યથા ત્રેતા તથા યૌવનં, યથા દ્વાપરસ્તથા સ્થાવિર્યં, યથાકલિરેવમાતુર્યં, યથાયુગાસ્તથા મરણમિતિ એવમનુમાનેનાનુક્તાનામપિ લોકપુરુષયોરવયવવિશેષાણામભિવેશે! સામાન્યં વિદ્યાત્ ।–જેમ સમુદાયરૂપે એકત્ર મળેલી છ ધાતુઓ 'લોક' એવા નામે કહેવાય છે; જેમ કે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ અને અવ્યક્ત બ્રહ્મ એ જ છ ધાતુઓ એકઠી મળેલી હોઈને 'પુરુષ' શબ્દને પામે છે, એટલે કે 'પુરુષ' નામે કહેવાય છે. તેમાં જે મૂર્તિ–કઠિન ભાગ છે તે પૃથ્વી છે; ક્લેદ ભીનાશ કે ભેજ છે, તે 'પુરુષ'ના સંબંધવાળું જળ કે પાણી છે; અભિસંતાપ કે ચોપાસ જે ઉષ્મા કે ઉષ્ણતા અથવા ગરમી રહેલી છે એ પુરુષના સંબંધવાળું તેજ છે; 'પ્રાણ' એ પુરુષનો સંબંધ ધરાવતો વાયુ છે. દેહમાં જેટલાં છિદ્રો કે પોલાણ છે તે 'પુરુષ'ના સંબંધવાળું આકાશ છે. દેહમાં રહેલો અંતરાત્મા કે ચૈતન્ય ધાતુ છે, તે પુરુષનો સંબંધ ધરાવતું બ્રહ્મ (પરમાત્માનું સ્વરૂપ) છે. જેમ લોકમાં બ્રહ્મની વિભૂતિઓ કે ઐશ્વર્ય પ્રકટ દેખાય છે તે જ પ્રમાણે અંતરાત્મા ચૈતન્ય ધાતુની વિભૂતિ કે ઐશ્વર્ય પણ પુરુષ–માનવદેહમાં પ્રકટ અથવા સ્પષ્ટ દેખાય છે. લોકમાં જેમ દક્ષ પ્રજાપતિ આદિ મોટા દેવો છે, તે બ્રહ્મ–પરમાત્માની વિભૂતિઓ છે તે જ પ્રમાણે પુરુષમાં જે સત્ત્વ કે મન છે તે અંતરાત્મા–ચૈતન્ય ધાતુની વિભૂતિ છે. લોકમાં જેમ ઇંદ્ર મુખ્ય દેવરૂપે ગણાય છે તેમ દેહમાં પુરુષનો જે અહંકાર છે તે જ ઇંદ્ર છે. વળી જેમ લોકમાં બાર આદિત્યો સૂર્યનાં રવરૂપો છે તે જ પુરુષના દેહમાં આદાન અર્થાત્ ગ્રહણરૂપે રહેલા

છે. લોકમાં જે રુદ્રદેવ છે તે જ પુરુષમાં રોષ કે ક્રોધરૂપે રહેલ છે. લોકમાં જે સોમ કે ચંદ્ર છે, તે જ પુરુષમાં પ્રસાદ કે પ્રસન્નતારૂપે રહેલ છે. લોકમાં જે 'વસુ' નામના દેવો છે તે જ પુરુષમાં મુખ-રૂપે રહેલ છે. લોકમાં જે બે અશ્વિનીકુમારો છે, તે જ માનવ–પુરુષમાં કાંતિરૂપે રહેલ છે. લોકમાં જે ૪૯ મરુત્–વાયુદેવો છે, તે જ પુરુષમાં ઉત્સાહ રૂપે રહેલ છે. લોકમાં જે 'વિશ્વેદેવા 'નામના દેવો છે, તે જ માનવ દેહ–પુરુષમાં બધી ઇંદ્રિયોરૂપે તથા ઇંદ્રિયોના વિષયોરૂપે રહેલા છે. લોકમાં જે તમસ્ કે અંધકાર છે તે જ માનવ દેહમાં મોહ કે અજ્ઞાન રૂપે રહેલ છે. લોકમાં જે જ્યોતિ છે તે જ માનવ દેહધારી પુરુષમાં જ્ઞાનરૂપે રહેલ છે. જેમ લોકની સૃષ્ટિ વગેરે થાય છે તે જ પ્રમાણે માનવદેહ-ધારી પુરુષનું ગર્ભાધાન કે ગર્ભાગમન હોય છે. લોકમાં જેમ કૃતયુગ કે સત્યયુગ છે તે જ માનવ-દેહધારી પુરુષનું બાળપણું કે બાલ્યાવસ્થા છે. લોકમાં જેમ ત્રેતાયુગ પ્રાપ્ત થાય છે, તે જ પ્રમાણે માનવદેહધારી પુરુષમાં તે રૂપે યુવાવસ્થા પ્રાપ્ત થાય છે; લોકમાં જેમ દ્વાપરયુગ પ્રાપ્ત થાય છે, તે જ પ્રમાણે માનવદેહધારી પુરુષમાં (તે યુગરૂપે જ) વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે. જેમ લોકમાં કલિયુગ પ્રાપ્ત થાય છે તે જ પ્રમાણે માનવદેહધારી પુરુષમાં (એ કલિયુગરૂપે જ) આતુરપણું–રોગીપણું પ્રાપ્ત થાય છે. લોકનો જેમ યુગાંત પ્રલય થાય છે, તે જ પ્રમાણે માનવદેહધારી પુરુષનું મરણ થાય છે. એમ હે અગ્નિવેશ! આ ઉપરથી લોકના તથા માનવદેહ-ધારી પુરુષના અમુક અમુક જે અવયવો અહીં કહ્યા નથી, તેમનું પણ એ રીતે સમાનપણું સમજી લેવું. વળી આ માનવદેહમાં જે જે ભાવો ગર્ભની માતાથી ઉત્પન્ન થાય છે તે અહીં જેમ મૂળમાં કાશ્યપ-સંહિતામાં કહ્યા છે, તે જ પ્રમાણે ચરકે પણ શારીર-ના ૪થા અધ્યાયમાં આમ કહ્યાં છે: 'માતૃતશ્ચાયં ગર્ભઃ, નહિ માતુર્વિના ગર્ભોત્પત્તિઃ સ્યાન્ન ચ જરાયુજાનાં, યાનિ ચાસ્ય માતૃતઃ સમ્ભવતઃ સંભવન્તિ, તાન્યનુ-વ્યાખ્યાસ્યામઃ। તદ્યથા–ત્વક્ ચ લોહિતં ચ, માંસં ચ મેદશ્ચ નાભિશ્ચ, હૃદયં ચ, વલોમ ચ યકૃચ્ચ પ્લીહા ચ, વૃક્કૌ ચ, વસ્તિશ્ચ, પુરીષાધાનં ચામાશયશ્ચ પક્વાશયશ્ચોત્તરગુદં ચાધરગુદં ચ ક્ષુદ્રાન્ત્રં ચ સ્થૂલાન્ત્ર ચ વપા ચ વપાવહનં ચેતિ માતૃજાનિ।'–આ ગર્ભ માતાથી પણ આ રીતે ઉત્પન્ન થાય છે; કારણ કે માતા વિના ગર્ભની ઉત્પત્તિ થતી જ નથી. તેમ જ જરાયુજ–એટલે કે ઓરમાં થતાં મનુષ્યો, પશુઓ વગેરે પ્રાણીઓની ઉત્પત્તિ માતા વિના થાય જ નહિ. તેની સમજણ માટે માતાથી ઉત્પન્ન થતાં ગર્ભનાં અંગો વિષે અમે કહીએ છીએ: ત્વચા, રુધિર, માંસ, મેદ, નાભિ, હૃદય, કલોમન તિલક નામનું તરશ લાગવાનું સ્થાન, યકૃત્–કલેજું (લીવર) કે જમણા પડખાની ગાંઠ–પ્લીહા, ડાબા પડખામાં થતી ગાંઠ–બરોળ, વૃક્ક, ગુદા, બસ્તિ–મૂત્રાશય, પુરીષાધાન–મલાશય કે વિષ્ઠાસ્થાન, આમા-શય, પક્વાશય, ઉત્તરગુદ–ગુદાનો નીચેનો ભાગ, ક્ષુદ્રાન્ત્ર અર્થાત્ નાનાં આંતરડાં, સ્થૂલાન્ત્ર–મોટાં આંતરડાં વપા એટલે હૃદયમાં રહેલો મેદ અને વપાવહન એટલે કે તે મેદને વહન કરનાર–વપાવહન–તૈલ-વાર્તિક નામે રહેલા કોમળ પદાર્થ–એટલાં અંગો માતાના રુધિરમાંથી ઉત્પન્ન થતાં હોઈને માતૃ-જન્ય કહેવાય છે. સુશ્રુતે પણ શારીરના ૩ જા અધ્યાયમાં આ સંબંધે કહ્યું છે કે–'માંસ-શોણિતમેદોમજ્જાહૃન્નાભિયકૃત્પ્લીહાન્ત્રગુદપ્રભૃતીનિ મૃદૂનિ માતૃજાનિ।–માંસ, લોહી, મેદ, મજ્જા, હૃદય, નાભિ, યકૃત્–કલેજું, પ્લીહા–બરોળ, નાનું–મોટું આંતરડું અને ગુદા વગેરે કોમળ અંગો કે શરીરના વિભાગો માતાથી ઉત્પન્ન થયેલા છે. તે જ પ્રમાણે પિતાના બીજ–વીર્યમાંથી ગર્ભમાં જે જે અવયવો ઉત્પન્ન થાય છે, તે અહીં કાશ્યપસંહિતાના મૂળ ગ્રંથમાં આ પ્રમાણે કહી બતાવે છે: કેશ–માથાના વાળ, રુવાંટાં, દાઢીમૂછના વાળ, નખ, દાંત, હાડકાં, શિરાઓ, સ્નાયુઓ, ધમની–નાડીઓ અને વીર્ય આ શરીરનાં અંગો કે અવયવો ગર્ભમાં પિતાથી ઉત્પન્ન થયાં હોય છે. આ સંબંધે ચરકે શારીરના ત્રીજા અધ્યાયમાં કહ્યું છે કે–'યાનિ ચાસ્ય પિતૃતઃ સમ્ભવતઃ મવન્તિ, તાન્યનુ-વ્યાખ્યાસ્યામઃ। તદ્યથા–કેશશ્મશ્રુનખલોમદન્તાસ્થિ-સિરાસ્નાયુધમન્યઃ શુક્રમિતિ પિતૃજાનિ।' માનવગર્ભમાં પિતાથી આટલાં અંગો કે પદાર્થો ઉત્પન્ન થાય છે. જેમ કે કેશ: માથાના વાળ, દાઢી–મૂછના વાળ, નખ, રુવાંટાં, દાંત, બધાં હાડકાં, શિરાઓ,

સ્નાયુઓ, ધમની–નાડીઓ અને વીર્ય–એટલાં ગર્ભશરીરમાં તેના પિતાથી (વીર્ય દ્વારા) ઉત્પન્ન થાય છે. વળી સુશ્રુતે પણ શારીરના ત્રીજા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે, 'गर्भस्य केशश्मश्रुरोमास्थिनखदन्तसिरास्नायु धमनीरेतः प्रभृतीनि स्थिराणि पितृजानि'–ગર્ભના માથાના વાળ, દાઢી–મૂછના વાળ, હાડકાં, નખ, દાંત, શિરાઓ, સ્નાયુઓ, ધમનીઓ તથા વીર્ય વગેરે સ્થિર અંગો તેના પિતાથી (વીર્ય દ્વારા) ઉત્પન્ન થાય છે; પરંતુ આયુષ, આત્મજ્ઞાન, મન, ઇંદ્રિયો, પ્રાણ, અપાન, શરીરધારણ, પ્રેરણા, ગતિ, આકૃતિ, સ્વર તથા વર્ણ કે દેહના રંગની વૃદ્ધિ, સુખ–દુઃખ, ઇચ્છા, દ્વેષ, સ્મરણશક્તિ, અહંકાર, પ્રયત્ન, અવસ્થાંતરગમન એટલે કે જુદી અવસ્થામાં જવું, સત્ત્વ તથા અનેક યોનિઓમાં ગમન–જવું એટલાં ગર્ભથી પોતાથી ઉત્પન્ન થાય છે. આ સંબંધે પણ ચરકે શારીરના ત્રીજા અધ્યાયમાં કહ્યું છે કે, यानि तु खल्वस्य गर्भस्यात्मजानि, यानि चास्यात्मतः संभवतः संभवन्ति, तान्यनुव्याख्यास्यामः; तद्यथा–तासु तासु योनिषूत्पत्तिरायुरात्मज्ञानं मन इन्द्रियाणि प्राणापानौ प्रेरणं धारणमाकृतिस्वरवर्णविशेषाः सुखदुःखेच्छाद्वेषौ चेतनाधृतिर्बुद्धिः स्मृतिरहङ्कारः प्रयत्नश्चेत्यात्मजानि।' આ ગર્ભ જ્યારે ગર્ભાશયમાં હોય ત્યારે તેના પોતાથી જે અંગો ઉત્પન્ન થાય છે, તેને અહીં કહીએ છીએ. તે તે યોનિઓમાં તે ગર્ભ જ્યારે ઉત્પન્ન થઈ રહ્યો હોય ત્યારે આયુષ, આત્માનું જ્ઞાન, મન, ઇંદ્રિયો, પ્રાણ, અપાન, પ્રેરણા, ધારણશક્તિ, આકાર, સ્વર તથા વર્ણની વિશેષતા, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, ચેતના, ધૈર્ય, બુદ્ધિ, સ્મરણશક્તિ, અહંકાર અને પ્રયત્ન–એટલાં તે ગર્ભથી પોતાથી ઉત્પન્ન થતાં હોય છે. સુશ્રુતે પણ શારીરના ત્રીજા અધ્યાયમાં આ સંબંધે કહ્યું છે કે, 'इन्द्रियाणि ज्ञानं विज्ञानमायुः सुखदुःखादिकं चात्मजानि।' ઇંદ્રિયો, જ્ઞાન, વિજ્ઞાન, આયુષ, તથા સુખદુઃખ વગેરે ગર્ભથી પોતાથી જ ઉત્પન્ન થાય છે. તે જ પ્રમાણે સાત્મ્ય અથવા પ્રકૃતિને માફક પદાર્થનું સેવન કરવાથી જે ભાવો શરીરમાં ઉત્પન્ન થાય છે, તેનું અહીં મૂળમાં–કાશ્યપસંહિતામાં વર્ણન કરેલ છે. તે જ અહીં ટીકામાં આમ વધુ સ્પષ્ટ રીતે કહે છે, આરોગ્ય, ઉત્થાન કે ઉન્નતિ, સંતોષ, ઇંદ્રિયોની પ્રસન્નતા, સ્વર, વર્ણ તથા બીજનું ઉત્તમપણું, 'મેધા' નામની બુદ્ધિની ધારણાશક્તિ, હર્ષ–પ્રસન્નતા–આનંદ કે મૈથુનક્રિયાની અધિકતા–એટલાં સાત્મ્ય એટલે પોતાની પ્રકૃતિને માફક આવે એવા પદાર્થોના સેવનથી ઉત્પન્ન થાય છે. આ સંબંધે ચરકે પણ શારીરના ત્રીજા અધ્યાયમાં કહ્યું છે કે, यानि चास्य सात्म्यतः संभवतः संभवन्ति, तान्यनुव्याख्यास्यामः। तद्यथा–आरोग्यमनालस्यमलोलुपत्वमिन्द्रियप्रसादः स्वरवर्णबीजसम्पत्प्रहर्षभूयस्त्वं चेति सात्म्यजानि।' ગર્ભાશયમાં ઉત્પન્ન થતાં આ ગર્ભમાં જે જે ભાવો સાત્મ્ય પદાર્થના સેવનથી ઉત્પન્ન થાય છે, તેનું અમે વ્યાખ્યાન કરીએ છીએ. આરોગ્ય, આળસરહિતપણું, દ્રવ્યપણું વસ્તુની ઉપર લોલુપતા કે લાલચથી રહિતપણું, ઇંદ્રિયોની પ્રસન્નતા, સ્વરસંપત્તિ, વર્ણસંપત્તિ, બીજસંપત્તિ અને હર્ષ કે આનંદનું બહુપણું–એ ભાવો આ ગર્ભને જે સાત્મ્ય અથવા માફક હોય, તેના સેવનથી ઉત્પન્ન થાય છે. સુશ્રુતે પણ શારીરના ત્રીજા અધ્યાયમાં આ સંબંધે કહ્યું છે કે, 'वीर्यमारोग्यं बलवर्णौ मेधा च सात्म्यजानि'।–આ માનવગર્ભમાં વીર્ય, આરોગ્ય, બળ, શરીરનો ઉત્તમ વર્ણ તથા 'મેધા' નામની બુદ્ધિની ધારણાશક્તિ–એ ભાવો તે ગર્ભને જે પદાર્થ સાત્મ્ય અથવા પ્રકૃતિને માફક હોય તેના સેવનથી ઉત્પન્ન થાય છે. તેમ જ રસના સેવનથી ગર્ભમાં જે ભાવો ઉત્પન્ન થાય છે, તે અહીં કાશ્યપસંહિતામાં આમ કહ્યા છે કે–શરીરની વૃદ્ધિ, પ્રાણ બંધાય તેવી વૃત્તિ–જીવન કે શરીરયાત્રા, પુષ્ટિ તથા ઉત્સાહ–એ ભાવો, (માતાએ સેવેલા ખોરાકના) રસમાંથી ઉત્પન્ન થતા હોય છે.' ચરકે પણ શારીરના ત્રીજા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે यानि तु खल्वस्य गर्भस्य रसजानि, यानि चास्य रसतः संभवतः संभवन्ति तान्यनुव्याख्यास्यामः, तद्यथा –शरीरस्याभिनिर्वृत्तिरभिवृद्धिः प्राणानुबन्धस्तृप्तिः पुष्टिरुत्साहश्चेति रसजानि।'–ગર્ભાશયમાં આ ગર્ભ જ્યારે ઉત્પન્ન થયો હોય ત્યારે તેણે સેવેલ ખોરાક-

ના રસમાંથી જે ભાવો ઉત્પન્ન થાય છે, તે અમે કહીએ છીએ. જેમ કે શરીરનું થવું, તે શરીરનું વધવું, પ્રાણ સાથેનો સંબંધ, તૃપ્તિ, પુષ્ટિ તથા ઉત્સાહ–એટલા ભાવો ગર્ભે સેવેલા ખોરાકના રસમાંથી ઉત્પન્ન થાય છે. સુશ્રુતે પણ શારીરના ત્રીજા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે, 'शरीरोपचयो बलं वर्णः स्थितिहानिश्च रसजानि।'–શરીરની વૃદ્ધિ, બળ, શરીરનો રંગ, શરીરનું ટકવું, અને શરીરમાં હાનિ કે ન્યૂનતા–એ આ ગર્ભ શરીરે સેવેલા ખોરાકના રસમાંથી ઉત્પન્ન થાય છે. આ સંહિતાના પહેલા લક્ષણાધ્યાયમાં પ્રથમ કહેવાયું છે કે, સત્ત્વ ત્રણ પ્રકારનાં છે એક કલ્યાણસત્ત્વ, રોષ કે ક્રોધસત્ત્વ, અને મોહાત્મક સત્ત્વ એ ત્રણ પ્રકારનાં સત્ત્વમાંથી જે સત્ત્વ શુભ તથા અશુભ ભાવોનું સૂચક હોઈ જ્ઞાન કરાવનાર છે, તે સંબંધે ચરકે શારીરના ત્રીજા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'अस्ति खल्वपि सत्त्वमौपधादुकं यज्जीववत्पृक् शरीरेणाभिसंवध्नाति, यस्मिन्नपगमनपुरस्कृते शीलमस्य व्यावर्तते, भक्तिर्विपर्यस्यते, सर्वेन्द्रियाण्युपतप्यन्ते, बलं हीयते, व्याधय आप्यायन्ते, यस्माद्धीनः प्राणाञ्जहाति, यदिन्द्रियाणामभिग्राहकं च मनः इत्यभिधीयते, तत्त्रिविधमाख्यायते–शुद्धं राजसं तामसं चेति। येनास्य खलु मनो भूयिष्ठं तेन द्वितीयायामजातौ सम्प्रयोगो भवति, यदा तु तेनैव शुद्धेन संयुज्यते तदा जातेरतिक्रान्तावापि स्मरति, स्मर्तं हि ज्ञानमात्मनस्तस्यैव मनसोऽनुबन्धादनुवर्तते, यस्यानुवृत्तिं पुरस्कृत्य पुरुषो जातिस्मर इत्युच्यते इति सत्त्वमुक्तम्'। સત્ત્વ એટલે મન પણ આત્માને શરીરની સાથે જોડનાર તરીકે–તે આત્માની સાથે જ ગર્ભમાં અવશ્ય પ્રાપ્ત થતું હોય ને તે ગર્ભમાં વિદ્યમાન જ હોય છે; કારણ કે મન જીવની સાથે કાયમ રહે છે અને તેથી જ તે મન શરીરની સાથે સંબંધ ધરાવે છે. જે મન (મરણસમયે આ શરીરમાંથી) ખસી જવા તૈયાર થાય છે, ત્યારે એ(મૃત્યુ પામનાર)નો સ્વભાવ બદલાઈ જાય છે, ઇચ્છા પણ પલટાય છે, સર્વ ઇંદ્રિયો સંતાપ પામે છે, બળ ઓછું થઈ જાય છે, વ્યાધિઓ વધી પડે છે અને એ મનથી રહિત થયેલો માણસ પ્રાણોનો ત્યાગ કરે છે. વળી તે મન ઇંદ્રિયોને તેમના વિષયોમાં લઈ જનાર કે પ્રેરણા કરનાર પણ કહેવાય છે. એ મન ત્રણ પ્રકારનું કહેવાય છે: શુદ્ધ, રાજસ અને તામસ. જે કારણે આ આત્માનું મન જે ગુણની અધિકતાવાળું હોય તે જ મનની સાથે તે આત્માને બીજા જન્મમાં પણ સંબંધ થાય છે. જે કાળે આ આત્મા તે જ શુદ્ધ મન સાથે જોડાય છે તે કાળે એને ભૂતકાળની જાતિ કે પૂર્વ જન્મનું પણ સ્મરણ થાય છે. એ આત્માને તે સ્મૃતિજન્ય જ્ઞાન થાય છે. તે એ શુદ્ધ મનના જ અનુબંધ એટલે અનુસરણથી થાય છે. જે શુદ્ધ મનની અનુવૃત્તિ કે અનુસરણને આગળ કરી પુરુષ 'જાતિ સ્મરણ' અથવા પૂર્વજન્મને સ્મરણ કરવાના સ્વભાવવાળો છે, એમ પણ કહેવાય છે. આમ તે સત્ત્વ અથવા મન કહેવામાં આવ્યું છે. ઉપર દર્શાવેલા બધાયે ભાવો આત્માના પોતાના કર્મોથી આશ્રિત હોય છે અને પોતાને અનુકૂળ કાળની પ્રતીક્ષા કરનારા કે રાહ જોનારા હોય છે; એકંદર કાલ સહિત એવો વાયુ જ શરીરનું વિભાજન કર્યા કરે છે તેથી એ કાળ સહિત વાયુ જ શરીરનું ધારણ કરનાર કહેવાય છે.

અહીં આ સંબંધે આ શ્લોકો મળે છે:

शोणितादृधृदयं तस्य जायते हृदयाच्चकृत्।
यकृतो जायते प्लीहा प्लीहः फुप्फुसमुच्यते ॥५॥
परस्परनिबन्धानि सर्वाण्येतानि भार्गव!।
तेषामधस्ताद्विपुलं स्रोतः कुण्डलसंस्थितम् ॥६॥
जरायुणा परिवीतं स गर्भाशय उच्यते।
आमपक्वाशयौ तस्मिन्नन्नपानाश्रयौ गुदः ॥७॥
तस्मात् संजायते वस्तिः परिष्यन्दाच्च पूर्यते।
धमनीमुखसंस्थाने स्रोतसी चाप्यधः स्मृते ॥८॥
विण्मूत्रकृमिपक्वामकफपित्ताशयाः पृथक्।
सन्त्येते देहिनां कोष्ठे स्त्रिया गर्भाशयोऽष्टमः ॥९॥
शुक्रमज्जास्थि पितृतो मातृतो मांसशोणितम्।
षट्कोशं प्रवदन्त्येके देहमेतं हि भार्गव ॥१०॥

.....

.....

હે ભૃગુવંશી વૃદ્ધ જીવક! ગર્ભમાં લોહીમાંથી તેનું હૃદય ઉત્પન્ન થાય છે. પછી તે

હૃદયમાંથી તેનું યકૃત્-કલેજું એટલે લીવર ઉત્પન્ન થાય છે. પછી તે યકૃત્માંથી તેની પ્લીહા-બરોળ ઉત્પન્ન થાય છે. અને પછી તે બરોળમાંથી ફેફસું ઉત્પન્ન થાય છે. એ ફેફસું જરાયુ-ઓળથી ચોપાસ વીંટાયેલું થાય છે ત્યારે તે ગર્ભાશય કહેવાય છે. વળી તે ફેફસામાં અન્નપાનના આશ્રયભૂત એવા આમાશય તથા પક્વાશય રહેલા છે; તેમ જ ગુદા રહેલી છે. પછી તેમાંથી બસ્તિ-મૂત્રાશય ઉત્પન્ન થાય છે. તે બસ્તિ-મૂત્રાશય પરિપ્યંદ એટલે મૂત્રરૂપ સ્રાવથી ભરાય છે. તે બસ્તિની નીચે ધમનીનાં મોઢાના જેવી આકૃતિવાળા બે સ્રોતો રહેલા છે. માણસોના કોઠામાં વિષ્ઠા, મૂત્ર કૃમિ, પક્વ, આમ, કફ તથા પિત્તના આશયો અલગ અલગ રહ્યા છે; અને સ્ત્રીના કોઠામાં ગર્ભાશય એ આઠમો છે. મનુષ્ય-ગર્ભમાં પિતાથી વીર્ય, મજ્જા તથા અસ્થિ-હાડકાં ઉત્પન્ન થાય છે અને માતાથી માંસ તથા રુધિર ઉત્પન્ન થાય છે. કેટલાક આચાર્યો દેહને છ કોશવાળો કહે છે. ૫-૧૦

વિવરણ : ગર્ભના રુધિરમાંથી તેનું હૃદય બને છે. પછી તે હૃદયમાંથી પ્લીહા-બરોળ તથા બરોળમાંથી ફેફસું ઉત્પન્ન થાય છે. એ બધાં અંગો એકબીજા સાથે સંબંધવાળાં છે. તેમની નીચે જરાયુ-ઓળથી વીંટાયેલ અને કુંડલિનીચક્રમાં રહેલ એક મોટું સ્રોતસ્ છે, તેને ગર્ભાશય કહે છે. સુશ્રુત કહે છે કે 'સ્ત્રીણાં તુ બસ્તિપાર્શ્વગતો ગર્ભાશય ઇતિ-' સ્ત્રીઓની બસ્તિ-મૂત્રાશયની પાસે ગર્ભાશય રહેલો હોય છે; તેમ જ એ ફુફ્ફુસની નીચેના ભાગમાં આમાશય, પક્વાશય તેમ જ અન્નપાનનો આશ્રય તથા ગુદા રહેલ છે. તેની સમીપે બસ્તિ-મૂત્રાશય જે રહેલ છે તે મૂત્રના સ્રાવથી પૂર્ણ-ભરેલ હોય છે. તેની નીચે ધમની નાડીના મોઢાં જેવી આકૃતિવાળાં બે સ્રોતસ્ રહેલાં હોય છે. મનુષ્યોના કોઠામાં મળ, મૂત્ર, કૃમિ-કરમિયાં પક્વ, આમ, કફ તથા પિત્તનાં આશ્રયો કે સ્થાનો અલગ અલગ રહેલાં હોય છે. અને સ્ત્રીઓના કોઠામાં આઠમો ગર્ભાશય રહેલો હોય છે. ગર્ભમાં પિતાના વીર્યરૂપ અંશમાંથી વીર્ય, મજ્જા તથા અસ્થિ-હાડકાં ઉત્પન્ન થાય છે અને માતાના આર્તવરૂપ અંશમાંથી ગર્ભનું માંસ તથા રુધિર ઉત્પન્ન થાય છે. કેટલાક આચાર્યો અહીં આવી માન્યતા ધરાવે છે કે, લોઢાના દેહમાં છ કોશો રહેલા છે. ૫-૧૦

અહીં આ અધ્યાય વચ્ચેથી ખંડિત હોય એમ જણાય છે, એ કારણે અહીં તે ખંડિત અંશના વિષયોનું પૂર્ણ જ્ઞાન કરવું કઠિન છે તેથી આટલાથી જ સંતોષ માનવો પડે છે.

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં ગર્ભાવક્રાંતિ-શારીર-અધ્યાય ૩ જો સમાપ્ત

શારીર-વિચયશારીર : અધ્યાય ૪ થો

.....

.....

(દ્વાત્રિંશત્તુ મતા દન્તાસ્તાવન્ત્યૂ) ખલિકાનિ ચ।
પાણિપાદાઙ્ગુલાસ્થીનિ ષષ્ટિઃ સ્યુર્વિંશતિર્નખાઃ ॥૧
પાણિપાદશલાકાસ્તુ વિંશતિઃ પરિકીર્તિતાઃ।
પાણિપાદશલાકાનામધિષ્ઠાનચતુષ્ટયમ્ ॥ ૨ ॥
દ્વે પાર્ષ્ણ્યોરસ્થિની કૂર્ચાશ્ચત્વારઃ પાદયોઃ સ્મૃતાઃ।
દ્વાવેવ હસ્તમણિકૌ ચત્વાર્યાહુરરત્નિષુ ॥ ૩ ॥
જાન્વસ્થિની દ્વે સંખ્યાતે ચત્વાર્યસ્થીનિ જઙ્ઘયોઃ।
દ્વાવૂરુનલકૌ દ્વે ચ ખ્યાતે જાનુકપાલિકે ॥ ૪ ॥
દ્વાવંસાવંસફલકાવપિ દ્વાવેવ ચાક્ષકૌ।
દ્વે બાહુનલકે દ્વે દ્વે શ્રોણિતોલૂષકે તથા ॥ ૫ ॥
એકં જત્રુ ભગાસ્થ્યેકં ગ્રીવા પઞ્ચદશાસ્થિકી।
માર્ગવાડસ્થીનિ પૃષ્ઠ્યાનિ ચત્વારિંશચ્ચ પઞ્ચ ચ ॥૬
ચતુર્દશાસ્થીન્યુરસિ હન્વસ્થ્યેકં તુ નિર્દિશેત્।
શિરસસ્તુ કપાલાનિ ચત્વાર્યાહુર્મનીષિણઃ ॥૭॥
ચતુર્વિંશતિઃ પાર્શ્વે ચ તાવન્તિ સ્થાલકાનિ ચ।
ચતુર્વિંશતિરેવાહુઃ સ્થાલકાર્બુદકાનિ ચ ॥ ૮ ॥
દ્વૌ શઙ્ખૌ પરિસંખ્યાતૌ દ્વે હનુમૂલબન્ધને।
લલાટનાસિકાગણ્ડકૂટાસ્થ્યેકં વિનિર્દિશેત્ ॥૯॥
ઇત્યસ્થિસંખ્યા સામાન્યાદ્ વૃદ્ધિહ્રાસૌ નિમિત્તજૌ॥૧૦

મનુષ્યને ૩૨ દાંત હોય છે; તેટલાં જ (૩૨) દાંતનાં પેઢાં હોય છે. હાથ, પગ અને આંગળીઓનાં હાડકાં ૬૦ હોય છે;

નખો ૨૦ હોય છે; હાથ-પગની આંગળીઓની સળીઓ ૨૦ કહી છે. તે સળીઓનાં અધિષ્ઠાન-આશ્રયસ્થાન ચાર છે. પગની બે પાનીઓનાં હાડકાં બે હોય છે. બે પગનાં કૂર્ચાસ્થિઓ ચાર છે. બે હાથનાં મણિક-કાંડાનાં હાડકાં બે જ છે. અરત્નિઓ-પ્રબાહુઓમાં ચાર હાડકાં હોય છે. ઢીંચણમાં બે હાડકાં ગણ્યાં છે. જંઘા-પગની પીંડીઓમાં ચાર હાડકાં હોય છે. બે સાથળોમાં બે નલકાસ્થિ છે. બે ઢીંચણોની બે કપાલિકા ઢાંકણીઓ રૂપે બે હાડકાં હોય છે. ખભાનાં બે હાડકાં અને અંસફલક ખભાના બે પાટિયાંરૂપે બે હાડકાં હોય છે. 'અક્ષક' નામનાં હાડકાં પણ બે જ હોય છે. બાહુઓના બે નળરૂપ બે નલકાસ્થિ કહેવાય છે. બે કૂલાના બે ઉલૂખલ નામનાં હાડકાં છે. હાંસડીનું હાડકું એક છે. સ્ત્રીની યોનિનું ભગાસ્થિ હાડકું એક છે. ડોકમાં પંદર હાડકાં હોય છે. પીઠમાં 'ભાર્ગવ' નામનાં હાડકાં પિસ્તાલીસ હોય છે. છાતીમાં ચૌદ હાડકાં હોય છે. હડપચીનું હાડકું એક સમજવું. મસ્તકનાં 'કપાલ' નામનાં હાડકાં ચાર છે, એમ વિદ્વાનો કહે છે. પડખામાં ચોવીસ હાડકાં છે. પડખાંઓમાં 'સ્થાલક' નામનાં હાડકાં પણ ચોવીસ છે. 'સ્થાલક-અર્બુદ' નામનાં હાડકાં પણ ચોવીસ છે, એમ વિદ્વાનો કહે છે. શંખ નામનાં બે લમણાંનાં હાડકાં ગણ્યાં છે. હડપચીના મૂળના બંધનરૂપે બે હાડકાં ગણ્યાં છે. લલાટ, નાસિકા, ગંડસ્થળ તથા કટાસ્થિ એક એક (મળી ચાર) સમજવાં. એ પ્રમાણે હાડકાંની સંખ્યા સામાન્યપણે અહીં (૩૬૩) કહી છે, છતાં તેમાં અમુક કોઈ કારણથી વધઘટ સમજવી. ૧-૯

વિવરણ : શરૂઆતમાં જ આ અધ્યાય ખંડિત મળે છે. આ અધ્યાયમાં શરીર સંબંધે વિશેષ જ્ઞાન વર્ણવ્યું છે. 'શરીરવિચય' શબ્દની વ્યાખ્યા કે વ્યુત્પત્તિને ચરકની ટીકાના કર્તા શ્રી ચક્રપાણિ આમ દર્શાવે છે-'शरीरस्य विचयनं-विचयः, शरीरस्य प्रविभागेन ज्ञानमित्यर्थः।' 'શરીર સંબંધે જે વિભાગવાર જ્ઞાન કહેવાય તે 'શરીરવિચય' કહેવાય છે. ચરકે શારીરસ્થાનના પહેલા અધ્યાયમાં પ્રથમ ૩૬૦ હાડકાંઓની ગણતરી કરી બતાવી છે; અહીં કાશ્યપસંહિતામાં પણ શરીરમાં રહેલ હાડકાંઓની ઉપર મુજબ જુદી જુદી ગણતરી કરી બતાવી છે.

અલગ અલગ ગણતરી કરતાં હાડકાંની સંખ્યા ૩૬૩ ની થાય છે. ચરકે શારીરના ૭ મા અધ્યાયમાં ૩૬૦ હાડકાં ગણ્યાં છે, પરંતુ તેમના મતમાં પણ અલગ અલગ ગણતાં એકંદર સંખ્યા ૩૬૮ની થાય છે. ચરકની હિંદી ટીકાના કર્તા જયદેવ વિદ્યાલંકારે હાથ-પગનાં શલાકાસ્થિઓનાં ચાર શલાકાસ્થિઓ તથા હાથપગનાં ચાર પૃષ્ઠાસ્થિને અલગ ન ગણીને ચરકાચાર્યે ગણેલી ૩૬૦ ની સંખ્યાને પૂર્ણ કરી બતાવી છે. તે જ પ્રમાણે અહીં કાશ્યપસંહિતાની ગણતરીમાં પણ તે શલાકાસ્થિઓનાં અધિષ્ઠાનોને જો અલગ ન ગણીએ તો મૂળ સંખ્યા ૩૬૦ની લગભગ ગણી શકાય છે. ચરકે ત્યાં-શારીરના ૭મા અધ્યાયમાં શરીરમાં રહેલાં હાડકાંની ગણતરી આમ કરી બતાવી છે-त्रीणि षष्ट्यधिकानि शतान्यस्थ्नां सह दन्तोलूखलनखैः; तद्यथा— द्वात्रिंशद्दन्ताः, द्वात्रिंशद्दन्तोलूखलानि, विंशतिर्नखाः, विंशतिः पाणिपादशलाकाः, चत्वार्यधिष्ठानान्यासां, चत्वारि पाणिपादपृष्ठानि, षष्ठ्यङ्गुल्यस्थीनि, द्वे पार्ष्ण्योः, द्वे कूर्चयोः, चत्वारः पाण्योर्मणिकाः चत्वारः पादयोर्गुल्फाः, चत्वार्यरत्न्योरस्थीनि, चत्वारि जङ्घयोः, द्वे जानुनोः, द्वे कूर्परयोः, द्वे ऊर्वोः, बाह्वोः मांसयोर्द्वे, द्वावक्षकौ, द्वे तालुनी, द्वे श्रोणिफलके, एकं भगास्थि, पुंसां मेढ्रास्थि, एकं त्रिकसं श्रितम् एकं गुदास्थि, पृष्ठगतानि पञ्चत्रिंशत्, पञ्चदशास्थीनि ग्रीवायां, द्वे जत्रुणि, एकं हन्वस्थि, द्वे हनुमूलबन्धने, द्वे ललाटे, द्वे अक्ष्णोः, गण्डयोर्द्वे, नासिकायां त्रीणि घोणास्थानि, द्वयोः पार्श्वयोश्चतुर्विंशतिश्चतुर्विंशतिः पञ्जरास्थीनि च पार्श्वकानि, तावन्ति चैषां स्थालिकान्यर्बुदाकाराणि तानि द्विसप्ततिः, द्वौ शङ्खकौ, चत्वारि शिरःकपालानि, वक्षसि सप्तदश, इति त्रीणि षष्ट्यधिकानि शतान्यस्थ्नामिति।'-દાંત, દાંતના ઉલૂખલ-ખાંડણિયા-ગોખલા-પેઢાં અને નખો સાથે મનુષ્યશરીરમાં ત્રણસો સાઠ (૩૬૦)

હાડકાં છે; જેમકે-૩૨ દાંત, ૩૨ દાંતનાં પેઢાં, ૨૦ નખો, ૬૦ હાથ-પગની આંગળિયોનાં હાડકાં, ૨૦ હાથ-પગની શલાકા-સળીઓરૂપ હાડકાં; ૪ એ હાથ-પગનાં શલાકાસ્થિઓનાં અધિષ્ઠાન કે આશ્રયસ્થાનો; ૮ હાથ-પગના પૃષ્ઠ કે મૂળની ઉપર રહેલા-પહોંચાનાં હાડકાં, પગની પાનીઓનાં બે બે મળી ૪ હાડકાં, ૨ કૂર્ચાઓ કે ગાભાઓમાં નીચેનાં હાડકાં; ૪ બે હાથનાં મણિકાસ્થિઓ કે મણિબંધ-કાંડાનાં હાડકાં; ૪ બે પગની ઘૂંટીઓનાં હાડકાં; બે હાથની અરત્નિઓ કે પ્રબાહુઓનાં ૪ હાડકાં; પગની બે જંઘા કે પિંડીઓનાં ૪ હાડકાં, બે ઢીંચણોનાં, ૨ કપાલાસ્થિઓ કે ઢાંકણીઓરૂપ હાડકાં; કોણીઓનાં ૨ હાડકાં; બે સાથળોનાં ૨ નલકાસ્થિ-નળીરૂપ હાડકાં; બે બાહુઓનાં ૨ નલકાસ્થિઓ; હાંસડીના ખીલારૂપ ૨ અક્ષકાસ્થિઓ; (અહીં ટીકાકાર ચક્રપાણિ લખે છે કે-'अक्षाविवाक्षकौ जत्रुसन्धेः कीलकौ'-હાંસડીના સાંધાના બન્ને બે અક્ષક-ખીલા હોય તે હાડકાં;) ખભાનાં ૨ હાડકાં; ૨ અંસફલકાસ્થિ; જત્રુ-હાંસડીનું એક હાડકું; શ્રોણિફલક-કૂલાનાં બે હાડકાં; સ્ત્રીનું એક ભગાસ્થિ-યોનિનું એક હાડકું. (અહીં પણ ટીકાકાર ચક્રપાણિ લખે છે કે-भगास्थि-अभिमुखं कटीसंधानकारकं तिर्यगस्थि સામે રહીને કેડનો સાંધો કે જોડાણ કરતું જે તીરછું-ત્રાંસું હાડકું છે તે 'ભગાસ્થિ' કહેવાય છે; પુરુષનું મેઢ્રાસ્થિ-લિંગનું ૧ હાડકું, કૂલાના ત્રિક પ્રદેશનો આશ્રય કરતું ૧ હાડકું; પૃષ્ઠ કે પીઠ ભાગમાં રહેલાં ૩૦ હાડકાં; છાતીમાં રહેલાં ૮ હાડકાં; ડોકમાં રહેલાં ૧૩ હાડકાં; ગળાની નાડીમાં રહેલાં ૪ હાડકાં; તાળવામાં રહેલું ૧ હાડકું; બન્ને પડખાંઓમાં ૧૨-૧૨ મળી ૨૪ હાડકાં; તેટલાં જ ૨૪ હાડકાં 'સ્થાલકાર્બુદ' નામનાં પાંસળીઓના મૂળરૂપે રહેલાં અર્બુદ જેવી આકૃતિનાં છે; હડપચીના મૂળના બંધનરૂપે ૨ હાડકાં છે; ગંડાસ્થિ કે ગાલનાં ૨ હાડકાં છે; કાનનાં ૨ હાડકાં છે; નાકમાં રહેલાં ૩ હાડકાં છે; શંખાસ્થિ-કે લમણાંનાં ૨ હાડકાં છે; અને મસ્તકનાં કપાલાસ્થિ નામનાં ૬ હાડકાં છે; એમ તે બધાં મળી એકંદર ૩૬૦ હાડકાં મનુષ્યના શરીરમાં છે.'

આમ ચરકે તથા કાશ્યપસંહિતામાં ગણેલાં હાડકાં જ્યાં જ્યાં ગણતરીમાં જુદાં પડે છે તે નીચે પ્રમાણે દર્શાવ્યાં છે:

	ચરક	કાશ્યપસંહિતા
હાથ-પગની પાછળનાં	૪	×
કૂર્ચાસ્થિ	૨	૪
હાથનાં મણિકાસ્થિ	૪	૨
ગુલ્ફ-ઘૂંટીનાં હાડકાં	૪	×
કૂર્પર-કોણીનાં હાડકાં	૨	×
અંસફલક-હાડકાં	×	૨
બાહુનાં હાડકાં	×	૨
મેઢ્રાસ્થિ-લિંગનું હાડકું	૧	×
ત્રિકાસ્થિ-કૂલાનું હાડકું	૧	×
ગુદાસ્થિ-ગુદાનું ,,	૧	×
પૃષ્ઠાસ્થિ-પીઠનાં હાડકાં	૩૫	૪૫
જત્રુ-હાંસડીનાં હાડકાં	૨	૧
લલાટનું હાડકું	૨	૧
આંખનાં હાડકાં	૨	×
ગંડાસ્થિ-ગંડસ્થલનાં હાડકાં	૨	૧
નાસિકાસ્થિ-નાકનાં ,,	૩	૧
છાતીમાંનાં હાડકાં	૧૭	૧૪
ઢીંચણનાં કપાલાસ્થિ	×	૨
કૂટાસ્થિ	×	૧
કુલ	૮૨	૭૬

આ સિવાયનાં બીજાં બધાં હાડકાંઓની ગણતરી ચરકની તથા કાશ્યપસંહિતાની પરસ્પર મળતી આવે છે.

પ્રાણોનાં દશ જ સ્થાનો

दशैवायतनान्याहुः प्राणानां तानि मे शृणु ॥११
मूर्धाऽथ हृदयं बस्तिः कण्ठौजः शुक्रशोणितम् ।
शङ्खौ गुदं ततस्त्रीणि महामर्माणि चादितः ॥१२

વિદ્વાનો કહે છે કે, પ્રાણોનાં સ્થાનો દશ જ છે. તે હું કહું છું. તમે મારી પાસેથી સાંભળો. મસ્તક, હૃદય, બસ્તિ-મૂત્રાશય, કંઠ, ગળું, ઓજસ, વીર્ય, લોહી, બે શંખ-લમણા તથા ગુદા એ દશને પ્રાણોનાં સ્થાનો કહેવામાં આવે છે. તેમાંના પહેલાં ત્રણ મસ્તક, હૃદય તથા બસ્તિ-મૂત્રા-

શય, એ ત્રણને મહામર્મ–મોટાં મર્મસ્થાનો કહે છે. ૧૧,૧૨

વિવરણ : ચરકે પણ સૂત્રસ્થાનના ૨૯ મા અધ્યાયમાં આ સંબંધે કહ્યું છે કે, 'दशैवावतनान्याहुः प्राणा येषु प्रतिष्ठिताः । शङ्खौ मर्मत्रयं कण्ठो रक्तं शुक्रौजसी गुदम् ॥ જેઓમાં પ્રાણો, પ્રતિષ્ઠા પામ્યા છે એટલે કે સ્થિતિ કરી રહ્યા છે, તે દશ જ સ્થાનો છે. જેમ કે, બે શંખ–લમણાં, બસ્તિ–મૂત્રાશય; છઠ્ઠું ગળું, સાતમું લોહી, આઠમું શુક્ર–વીર્ય, નવમું ઓજસ્ અને ૧૦ મું ગુદાસ્થાન. એમ સૂત્રસ્થાનમાં કહીને એ જ ચરક શારીરના ૭ મા અધ્યાયમાં કહે છે કે, दश प्राणायतनानि तद्यथा–मूर्धा कण्ठो हृदयं नाभिः गुदं बस्तिः ओजः शुक्रं शोणितं मांसमिति । પ્રાણોનાં સ્થાનો દશ છે: મસ્તક, ગળું, હૃદય, નાભિ, ગુદા, બસ્તિ–મૂત્રાશય, ઓજસ્, વીર્ય, લોહી, તથા માંસ.–એમ ત્યાં ચરકે જ બે શંખ–લમણાને બદલે નાભિ તથા માંસને પ્રાણનાં સ્થાન ગણીને દશ પ્રાણસ્થાનો કહ્યાં છે. અષ્ટાંગસંગ્રહના શારીરના ૫મા અધ્યાયમાં માંસને બદલે જિહ્વાબંધનને પ્રાણનું સ્થાન કહેલ છે·दश प्राणायतनानि–मूर्धा जिह्वा बन्धनं कण्ठो हृदयं नाभिर्बस्तिर्गुदः शुक्रमोजो रक्तं च । પ્રાણનાં સ્થાનો દશ છે: મસ્તક, જીભનું બંધન-સ્થાન, ગળું, હૃદય, નાભિ, બસ્તિ–મૂત્રાશય, ગુદા, વીર્ય, ઓજસ્ તથા રક્ત–લોહી; તેષામાદ્યાનિ સપ્ત-પુનર્મહામર્મસંજ્ઞાનિ । ઉપર જે દશ પ્રાણસ્થાનો કહ્યાં છે, તેમાંનાં પહેલાં સાત 'મહામર્મ' કહેવાય છે.'૧૨

કોઠાનાં ૧૩ અંગો

नाभिः प्लीहा यकृत् क्लोम हृद्वृक्कौ गुदवस्तयः ।
क्षुद्रान्त्रमथ च स्थूलमामपक्वाशयौ वपा ॥
कोष्ठाङ्गानि वदन्ति ज्ञाः प्रत्यङ्गानि निबोध मे ॥१३

નાભિ, બરોળ, યકૃત્–કલેજું કે લીવર, ક્લોમન્–તરસ લાગવાનું સ્થાન, હૃદય, બે વૃક્ક ગુર્દા, ગુદા, બસ્તિ–મૂત્રાશય, ક્ષુદ્રાન્ત્ર-નાનું આંતરડું, સ્થૂલાંત્ર–મોટું આંતરડું, આમાશય, પક્વાશય તથા વપા (હૃદયમાં રહેલો મેદ) એ ૧૩ને વિદ્વાનો કોઠાનાં અંગો કહે છે. એ સિવાયનાં બીજાં જે પ્રત્યંગો છે, તે પણ હું નીચે જણાવ્યા પ્રમાણે કહું છું, તે તમે સાંભળો.

વિવરણ : ચરકે શારીરના ૭ મા અધ્યાયમાં કોઠાનાં અંગો ૧૫ કહ્યાં છે, જેમ કે–पञ्चदश कोष्ठाङ्गानि, तद्यथा–नाभिश्च हृदयं च, क्लोम च, यकृच्च, प्लीहा च, वृक्कौ च; बस्तिश्च, पुरीषाधारश्च, आमाशयश्च, पक्वाशयश्च, उत्तरगुदं च, अधरगुदं च, क्षुद्रान्त्रं च, स्थूलान्त्र च, वपावहनं चेति । નાભિ, હૃદય, ક્લોમન્–તરશ લાગવાનું સ્થાન, યકૃત્–કલેજું, પ્લીહા–બરોળ, વૃક્ક–બે બસ્તિ–મૂત્રાશય, વિષ્ઠાનો આધાર, આમાશય, પક્વાશય, ઉત્તરગુદા, અધરગુદા, નાનું આંતરડું અને મોટું આંતરડું અને ચરબીને વહેનારું સ્થાન–એમ ૧૫ કોઠાનાં અંગો છે. આમાં પુરીષાધારને તેમ જ ઉત્તરગુદા તથા અધરગુદાને અલગ અલગ કહ્યાં છે, તેથી કાશ્યપસંહિતા કરતાં બે વધુ અંગો કહ્યાં છે, એટલે ચરકમાં કોઠાનાં અંગો ૧૫ થાય છે.

૮૭ પ્રત્યંગોની ગણતરી

अक्षिणी नासिके कर्णौ स्तनावोष्ठौ कुकुन्दरौ ।
हस्तौ पादौ भ्रुवौ कूटौ बाहुजङ्घोरुपिण्डिकाः ॥१४
सृक्किणी कर्णशष्कुल्यौ कर्णपुत्राक्षितारके ।
वृषणौ दन्तवेष्टौ च शङ्खकावुपजिह्विके ॥ १५ ॥
दन्तलोहाधिमूलानि द्वे द्वे सर्वाणि निर्दिशेत् ।
बस्तिर्बस्तिशिरः शेफः पृष्ठं सचिबुकोदरम् ॥१६
ललाटमास्यं गोजिह्वा शिरो हृदयमेकशः ।
पाणिपादतलेष्वेव चत्वारि हृदयानि तु ॥ १७ ॥
शाखाहृदयसंज्ञानि पञ्चमं चेतनाश्रयम् ।
अक्षिबन्धानि चत्वारि विद्याद्विंशतिरङ्गुलीः ॥१८॥

બે આંખ, બે નાસિકા, બે કાન, બે સ્તન, બે હોઠ, બે કુકુંદર–જાંઘનાં હાડકાંની અંદરના બે ખાડા, બે હાથ, બે પગ, બે ભમ્મર, બે કૂટ–આંખના ખાડા, બે બાહુની પિંડીકા, બે જંઘા–પગની પિંડીઓ, બે સાથળોની પિંડીકાઓ, બે ગલોફાં, બે કાનના બાહ્યભાગો, બે કર્ણપુત્રક, આંખની કીકીઓ, બે વૃષણો, બે દંતવેષ્ટક એટલે ઉપરનાં તથા નીચેનાં બન્ને પેઢાં, બે શંખક–

લમણાં, બે ઉપજિહ્વિકાઓ-પડજીભો, બે કૂલા, બે ગાલ, બે વંક્ષણ-સાંધા, એક અસ્તિ-મૂત્રાશય, એક-અસ્તિશિર-મૂત્રાશયની ઉપરનો ભાગ, એક શેફસ-પુરુષચિહ્ન તથા સ્ત્રીચિહ્ન, એક પીઠ, એક હડપચી, પેટ, લલાટ, મોઢું, ગોજિહ્વા-જીભની નીચેની પડજીભ, એક મસ્તક અને એક હૃદય, બે હાથપગનાં તળિયામાં રહેલાં એક એક મળી ચાર હૃદય જેઓને શાખાહૃદય કહેવામાં આવે છે, પાંચમું જે હૃદય છે તે ચેતનાનું આશ્રય ગણાય છે, ચાર અક્ષિબંધનો કે આંખનાં બંધનો અને ૨૦ આંગળીઓ એમ તે ૮૭ સંખ્યામાં પ્રત્યંગો જાણવાં.

વિવરણ : ચરકે પણ શારીરના ૭મા અધ્યાયમાં આમ ૫૬ પ્રત્યંગો કહ્યાં છે, જેમ કે—षट्पञ्चाशत्प्रत्यङ्गानि षट्स्वङ्गेषूपनिबद्धानि यानि यान्यपरिसंख्यातानि पूर्वमङ्गेषु परिसंख्यायमानेषु तानि तान्यन्यैः पर्यायैरिह प्रकाश्य व्याख्यातानि भवन्ति; तद्यथा— द्वे जङ्घापिण्डिके, द्वे उरुपिण्डिके, द्वौ श्फिचौ, द्वौ वृषणौ, एकं शेफः, द्वे उखे, द्वौ वङ्क्षणौ, द्वौ कुकुन्दरौ, एकं बस्तिशीर्षम्, एकमुदरं, द्वौ रतनौ, द्वौ श्लेष्मभुवौ, द्वे बाहुपिण्डिके, चिबुकमेकं, द्वावोष्ठौ, द्वे सृक्कण्यौ, द्वौ दन्तवेष्टकौ, एकं तालु, एका गलशुण्डिका, द्वे उपजिह्विके, एका गोजिह्विका, द्वौ गण्डौ, द्वे कर्णशष्कुलिके, द्वौ कर्णपुत्रकौ, द्वे अक्षिकूटे, चत्वारि अक्षिवर्त्मानि, द्वे अक्षिकनीनिके, द्वे भ्रुवौ, एकोऽवटुः, चत्वारि पाणिपादहृदयानि । શરીરનાં મુખ્ય છ અંગોમાં બંધાયેલાં કે તેઓની સાથે જોડાયેલાં પ્રત્યંગો કે તે અંગોના અવયવો કે વિભાગો ૫૬ છે, પ્રથમ જે મુખ્ય છ અંગો ગણ્યાં છે, તેઓને હવે અહીં પ્રત્યંગોમાં ગણવામાં આવતાં નથી; પણ તેઓની સાથે જોડાયેલાં જે પ્રત્યંગો છે, તેઓને જ હવે અહીં ગણી દેખાડવામાં આવે છે, જેમ કે-બે જાંઘની પિંડીઓ, બે સાથળોની પિંડીઓ, બે કૂલા, બે વૃષણ, એક શેફસ-પુરુષચિહ્ન તથા સ્ત્રીચિહ્ન, બે ઉખાઓ એટલે બગલના ખાડા, બે વંક્ષણ નામના સાથળોના સાંધા, બે કુકુંદર એટલે પીઠની કરોડની નીચે કૂલાની અંદરના ખાડા, એક બસ્તિશીર્ષ એટલે કે નાભિની નીચેનો ભાગ, એક પેટ, બે સ્તન, બે ભુજાઓ, બે બાહુપિંડ કે બાહુનાં માંસ, એક ચિબુક-હડપચી, બે હોઠ, બે ગલોફાં, બે દંતવેષ્ટક એટલે કે ઉપર-નીચેનાં બે પેઢાં, એક તાળવું, એક ગલશુંડિકા-પડજીભ, બે ઉપજિહ્વિકા-ગળામાં લાગેલી નાની બે જીભો-ચોરિયા, એક ગોજિહ્વિકા-મુખ્ય જીભ, બે ગાલ, બે કર્ણશષ્કુલિઓ-કાનનાં છિદ્રો, બે કર્ણપુત્રક-કાન, બે અક્ષિકૂટ-આંખના બે ગોળા, ચાર આંખનાં પોપચાં, બે આંખની કીકીઓ, બે ભમરો, એક કાકડો અને ચાર હાથ-પગનાં તળિયાં-એમ ૫૬ પ્રત્યંગો છે. એ જ પ્રમાણે, સુશ્રુતે પણ નીચે દર્શાવ્યા પ્રમાણે પ્રત્યંગો ગણ્યાં છેઃ—मस्तकोदरवृष्ठनाभिललाटनासाचिबुकबस्तिग्रीवा इत्येता एकैकाः । कर्णनेत्रभ्रूशङ्खांसगण्डकक्षस्तनवृषणपार्श्वस्फिग्जानुबाहुरुप्रभृतयो द्वे द्वे, विंशतिरङ्गुल्यः, स्रोतांसि वक्ष्यमाणानि, एष प्रत्यङ्गविभाग उक्तः॥ માથું, પેટ, પીઠ, નાભિ, લલાટ, નાક, હડપચી, બસ્તિ-મૂત્રાશય અને ગ્રીવા-ડોક એટલાં પ્રત્યંગો એક એક અને કાન, આંખ, ભ્રમર, લમણાં, ખભા, ગંડસ્થળ, બગલ, સ્તન, વૃષણ, પડખાં, કૂલા, ઢીંચણ, પડખાં અને સાથળ વગેરે પ્રત્યંગો બે બે, વીસ આંગળીઓ અને જે કહેવાશે તે સ્રોતો મળી આ પ્રત્યંગોનો વિભાગ કહ્યો છે.

સૂક્ષ્મ તથા મોટા—બે પ્રકારના સ્રોતો

स्रोतांसि द्विविधान्याहुः सूक्ष्माणि च महान्ति च।
महान्ति नव जानीयाद् द्वे चाधः सप्त चोपरि॥
नाभिश्च रोमकूपाश्च सूक्ष्मस्रोतांसि निर्दिशेत्॥१९

સ્રોતોને વિદ્વાનો બે પ્રકારના કહે છે; જેમ કે સૂક્ષ્મ સ્રોતો તથા મોટા સ્રોતો. તેમાંથી મોટા સ્રોતો બે નીચેના અને સાત ઉપરના મળી નવ જાણવા. નાભિ તથા રૂંવાડાંનાં છિદ્રોને સૂક્ષ્મ સ્રોતો જાણવા. ૧૯

વિવરણ : અહીં બે પ્રકારના સ્રોતો કહ્યા છે, તેમાંના મોટા સ્રોતો નવ છે; તેમાંના બે—મૂત્રેન્દ્રિય તથા જનનેન્દ્રિય કે ગુહ્યેન્દ્રિય એ બે સ્રોતો દેહના નીચેના ભાગમાં છે અને બે આંખ, બે નાક, બે કાન તથા એક મોઢાનું છિદ્ર

મળી સાત સ્રોતો દેહના ઉપરના ભાગમાં છે; પરંતુ એક નાભિ તથા રૂંવાડાંનાં અસંખ્ય છિદ્રો એ સૂક્ષ્મ સ્રોતો એટલે કે શરીરમાં રહેલાં ખૂબ બારીક છિદ્રો જાણવાં. ચરકે પણ શારીરના ૭મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે, 'नव महान्ति च्छिद्राणि सप्त शिरसि द्वे चाधः।' બે પ્રકારનાં સ્રોતો કે છિદ્રોમાંથી મોટાં નવ છિદ્રો છે; તેમાંનાં સાત દેહની ઉપરના ભાગમાં—બે કાનનાં, બે નાકનાં, બે આંખનાં તથા એક મોઢાનું છિદ્ર મળી ૭ થાય છે અને બે છિદ્રો—એક મૂત્રમાર્ગરૂપ તથા એક વિષ્ઠાના માર્ગરૂપ છિદ્ર મળી મોટાં નવ છિદ્રો દેહમાં છે. ચરકના ટીકાકાર ગંગાધર તે સંબંધે આમ કહે છે કે, પુરુષના શરીરમાં એમ ઉપર ગણ્યા પ્રમાણે નવ મોટાં છિદ્રો છે અને તે સિવાયનું દશમું 'ब्रह्मरन्ध्र' નામનું છિદ્ર પણ છે; પરંતુ સ્ત્રીના શરીરમાં તેર છિદ્રો ગણાય છે; એક યોનિનું છિદ્ર અને બે સ્તનનાં છિદ્રો મળી તેરની સંખ્યા ગણાય છે. એમ માનવદેહમાં રહેલાં મોટાં છિદ્રો ઉપરાંત સૂક્ષ્મ છિદ્રો તો—રૂંવાડાં વગેરે અસંખ્ય છે. ૧૯

હૃદયમાંથી નીકળતી ૧૦ મુખ્ય શિરાઓ

हृदयात् संप्रतायन्ते सिराणां दश मातरः।
ऊर्ध्वं चतस्रो द्वे तिर्यक्चतस्रोऽधोवहाः सिराः ॥२०
व्याप्नुवन्ति शरीरं ता भिद्यमानाः पुनः पुनः।
पर्णानामिव सीवन्यः सरणाच्च सिराः स्मृताः ॥२१

જે દસ શિરાઓ હૃદયમાંથી ચારે બાજુ સારી રીતે ફેલાય છે, તે મુખ્ય હોઈને 'માતર' અર્થાત્ માતાઓ કહેવાય છે. તેમાંની ચાર ઊંચે ફેલાયેલી છે, બે તિરછી ફેલાયેલી છે. અને ચાર શિરાઓ નીચેના ભાગમાં વહે છે. એ દસ જ વારંવાર જુદી જુદી ફેલાઈને આખાયે શરીરમાં ફેલાયેલી છે, જેમ ઝાડનાં પાંદડાંની નસો રેસાઓરૂપે શિરાઓ છે, તેમ આખાય શરીરમાં જે ફેલાય છે, તે કારણે सरणात् सिराः—શિરાઓ કહેવાય છે.

વિવરણ : પહેલાં શારીરસ્થાનના પહેલા અધ્યાયમાં ૭૦૦ શિરાઓ કહી છે; જ્યારે અહીં ૧૦ શિરાઓ કહી છે; આમાં અભિપ્રાય આ છે કે મુખ્ય ૧૦ શિરાઓ જ હૃદયમાંથી જુદા જુદા વિભાગમાં ફેલાઈને ૭૦૦ કે તેથી પણ અધિક સંખ્યામાં થાય છે. સુશ્રુતે શારીરના ૭મા અધ્યાયમાં નાની નાની જલહારિણી કે પાણીના ઘોરિયાનું દૃષ્ટાંત આપી તેમાંથી બીજા ઘણા નાના ઘોરિયાઓ દ્વારા આખાયે ખેતરમાં કે વાડીમાં પાણી ફેલાય છે, તે જ પ્રમાણે હૃદયમાંથી નીકળેલી મુખ્ય ૧૦ શિરાઓમાંથી બીજી નાની નાની શિરાઓ બની આખાયે શરીરને પોષણ આપે છે; આ અભિપ્રાય સુશ્રુતે ત્યાં આમ કહ્યો છે કે—सप्त सिराशतानि भवन्ति, याभिरिदं शरीरमाराम इव जलहारिणीभिः केदार इव च कुल्याभिरुपस्निह्यतेऽनुगृह्यते चाकुञ्चनप्रसारणादिभिर्विशेषैः. द्रुमपत्रसेवनीनामिव च तासां प्रतानाः तासां नाभिर्मूलं, ततश्च प्रसरन्त्यूर्ध्वमधस्तिर्यक् च। માનવશરીરમાં ૭૦૦ શિરાઓ છે, જેઓથી આ શરીર, જેમ પાણીની જુદી જુદી નીકો કે ઘોરિયાઓથી બગીચો પોષાય છે અથવા ખેતરના જુદા જુદા ક્યારાઓ જુદા જુદા નાના ઘોરિયાઓ દ્વારા પાણી મેળવી ધાન્ય પોષણ પામે છે; જેમ ઝાડનાં પાંદડાંમાં રહેલી જુદી જુદી નસો દ્વારા પોષણ મેળવીને એ પાંદડું વૃદ્ધિ પામે છે કે પોષાય છે અને તે નસોના અંકુરો જેમ આખાયે પાંદડામાં ફેલાય છે, તેમ હૃદયમાંથી નીકળતી મોટી દસ નાડીઓ જુદી જુદી આખાયે શરીરમાં ફેલાઈને શરીરને પોષણ આપે છે; તે જ શરીરમાં રહેલી ૭૦૦ નાડીઓ દ્વારા આખુંયે શરીર પોષણ મેળવે છે; એ બધીયે નાડીઓનું મૂળ નાભિ છે; અને તે નાભિમાંથી એ નાડીઓ ઉપર, નીચે તથા તીરછી—આડીઅવળી ફેલાયેલી છે; આ અભિપ્રાય અંગે ત્યાં જ સુશ્રુતે આમ સ્પષ્ટ જણાવેલ છે કે व्याप्नुवन्त्यभितो देहं नाभितः प्रसृताः सिराः। प्रतानाः पद्मिनीकन्दाद्विसादीनो यथा जलम्'॥ નાભિમાંથી ચારેબાજુ ફેલાયેલી શિરાઓ આખાયે શરીરને વ્યાપ્ત કરે છે; જેમ કમળના છોડના કંદમાંથી ફૂટેલા અંકુરો તેમાંથી નીકળેલા કમળના દાંડલા વગેરે બધાયે અવયવોને જળરૂપ પોષણ પહોંચાડે છે, તેમ આખાયે શરીરમાં ફેલાયેલી શિરાઓ તે શરીરને પોષણ

પહોંચાડે છે.' ૨૦,૨૧

ઘર અને શરીરની સરખામણી

यथा काष्ठमयं रूपं तृणरज्ज्वोपवेष्टितम् ।
भवेल्लिप्तं मृदा बाह्यं तथेदं देहसंज्ञकम् ॥ २२ ॥
अस्थीनि स्नायुबद्धानि स्नायवो मांसलेपनाः ।
सिराभिः पुष्यते नित्यं तस्य सर्वं त्वचा ततम् ॥२३॥

જેમ લાકડાનું બનાવેલું કોઈ ઘર, ઘાસ-દોરડાં વગેરેથી ચારે બાજુ વીંટ્યું હોય અને બહારના ભાગમાં માટીથી જેમ લીંપ્યું હોય, તે જ પ્રમાણે દેહસંજ્ઞાધારી આ એક જ ઘર હોઈને તેમાં જે હાડકાં છે, તે લાકડાંરૂપે ગોઠવાયેલાં છે અને હાડકાંરૂપ લાકડાંઓને સ્નાયુઓરૂપી દોરડાંથી બાંધી લેવામાં આવ્યાં છે અને તે સ્નાયુઓને માંસરૂપી માટીથી લીંપી લેવામાં આવે છે; વળી આ દેહસંજ્ઞાધારી ખેતર શિરાઓરૂપી ધોરિયાઓથી કાયમ પોષાય છે. અને તેના બધાયે વિભાગો ચામડી વડે ઉપર ઉપરથી ફેલાયેલા હોઈ તેના વડે જાણે કે મઢાયેલા છે. ૨૨,૨૩

त...तः (संततं) कर्णमूलाभ्यां धमनीनां शतं शतम् ।
तासु नित्योऽनिलस्तिष्ठन्नग्नाषोमौ बिभर्त्यधि ॥२४॥

વળી તે આ દેહસંજ્ઞાધારી ઘર કાનના બે મૂળથી માંડીને સો સો ધમની નામની નાડીઓ વડે ચોપાસ ફેલાયેલું છે; અને તે નાડીઓમાં કાયમ રહેલો વાયુ અંદરના જઠરાગ્નિને તથા સોમતત્ત્વ પ્રવાહી ભાગને પોષ્યા કરે છે. ૨૪

વિવરણ : દરેક કાનના મૂળમાં સો સો ધમની નાડીઓ ફેલાયેલી છે; તેઓમાં વાયુ કાયમ રહે છે અને તે વાયુ દેહના અગ્નિને તથા સોમતત્ત્વને પોષ્યા કરે છે; સુશ્રુતે પણ શરીરના ૯ મા અધ્યાયમાં 'ધમની' શબ્દની વ્યુત્પત્તિ લખી છે અને ટીકાકાર ડલ્હણે ત્યાં આવી ટીકા લખી છે કે, 'ધ્માનાત્-અનિલપૂરણાદ્ધમન્યઃ' જેઓ વાયુનું પૂરણ કર્યા કરે છે, તે કારણે એ નાડીઓ 'ધમની' નામે કહેવાય છે.' એમ જણાવીને ટીકાકારે ત્યાં આમ પણ સૂચન કર્યું છે કે-'ધમનાત્-અનિલપૂરણાદ્ ધમન્યઃ-જેઓ વાયુનું પૂરણ અથવા વાયુને ભરે છે, તે કારણે તે નાડીઓ 'ધમની' કહેવાય છે; વળી ત્યાં ટીકાકારે આમ પણ લખ્યું છે કે-'શબ્દરૂપ-રસગન્ધવહત્વાદિકં ધમનીનામ્-શબ્દ, રૂપ, રસ તથા ગંધને વહન કરવું વગેરે કાર્ય ધમનીઓનું છે.' એમ તે વચનો પરથી સાબિત થાય છે કે, ધમનીઓ એ વાતવાહી નાડીઓ કહેવાય છે. ૨૪

રૂંવાડાંનાં છિદ્રોની સંખ્યા તથા શરીરમાં રહેલા પ્રવાહીનું માપ

साग्रे शतसहस्रे द्वे बहिरन्तश्च कूपकाः ।
रोमकूपानि तावन्ति जातान्येकैकशो यदि ॥२५॥
वृद्धिह्रासौ निषेकाच्च स्वभावाद्विश्वकर्मणः ।
चतुर्भागविहीनानि स्त्रीणां विद्धि स्वभावतः ॥२६॥
कूपके कूपके चापि विद्यात् सूक्ष्मं सिरामुखम् ।
प्रस्विद्यमानस्तैः स्वेदं विमुञ्चति सिरामुखैः ॥२७॥
जातस्य वर्धमानस्य यूनो वृद्धस्य देहिनः ।
स्वेनाञ्जलिप्रमाणेन द्रवाणि प्रमिमीमहे ॥ २८ ॥

માણસના શરીરની બહારના ભાગમાં તથા અંદરના ભાગમાં રૂંવાડાંનાં છિદ્રો બે લાખની ઉપર રહેલાં છે; અને તે એક એક રૂંવાડાંના તેટલી જ સંખ્યામાં છેક ગર્ભમાં આવ્યા પછી જોકે થયેલાં હોય છે, તોપણ વિશ્વકર્મા-પરમેશ્વરના સ્વભાવ અથવા સ્વેચ્છાથી તે રૂંવાડાંના છિદ્રમાં વધારો કે ઘટાડો થઈ શકે છે; પરંતુ સ્ત્રીઓના શરીરમાં તે રુંવાડાંનાં છિદ્રો સ્વભાવથી એક ચોથા ભાગે ઓછાં હોય છે, એમ તમારે જાણવું; વળી તે તે પ્રત્યેક રૂંવાડાંના છિદ્રમાં એક એક શિરાનું સૂક્ષ્મ મુખ પણ રહેલું છે એમ જાણવું; જે વેળા માણસ પરસેવાને બહાર કાઢે છે, તે વેળા તે તે શિરાઓના મુખદ્વારા પરસેવાને બહાર કાઢે છે; કોઈ પણ માણસ જન્મ પછી મોટો થતાં તે યુવાન અને વૃદ્ધ થાય છે, ત્યારે તે માણસના શરીરમાં જે (મૂત્ર-પરસેવો વગેરે) પ્રવાહી હોય છે, તે પોતપોતાની અંજલિ એટલે

એક ખોબો ભરાય તેટલા પ્રમાણમાં હોય છે, એમ અમે તે પ્રવાહીનું માપ કહીએ છીએ. ૨૫-૨૮

શરીરમાં રહેલ મજ્જા વગેરેનું માપ

मज्जमेदोवसामूत्रपित्तश्लेष्माणि विट् तथा ।
एकद्वित्रिचतुष्पञ्चषट्सप्ताञ्जलिकाः स्मृताः ॥२९
शोणिताञ्जलयोऽष्टौ तु नव पक्तिरसस्य तु ।
दशैवाञ्जलयः प्रोक्ता उदकस्य त्वगाश्रयाः ॥३०॥
तेनोदकेन पुष्यन्ति धातवो लोहितादयः ।
अतीसारे पुरीषं च ततो मूत्रं प्रवर्तते ॥ ३१ ॥
व्रणे लसीका पूयं च पिच्छा चातः प्रवर्तते ।
भवन्ति तस्मिन् दुष्टे च दद्रुकण्डूविचर्चिकाः ॥३२
त्वगामयाः किलासानि पामा केशवधस्तथा ।
तदग्निमारुतोद्विद्धं (कृ) पक्वैः स्वेद उच्यते ॥३३॥
श्लेष्मणस्तु प्रमाणेन प्रमाणं तुल्यमोजसः ।
शुक्रस्यार्धाञ्जलिर्देहे मस्तिष्कस्य तथैव च ॥३४॥
एतत् प्रमाणमुद्दिष्टमुत्कृष्टं सर्वमेव तु ।
प्रज्ञाप्तपिशितीयस्य ततो मध्यं ततोऽधमम् ॥३५

શરીરમાં રહેલ મજ્જા, મેદ, વસા, મૂત્ર, પિત્ત, કફ અને વિષ્ઠા-અનુક્રમે એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ અને સાત અંજલિ (ખોબા) કહેવાય છે; લોહી આઠ અંજલિ-આઠ ખોબા રહેલું છે; પાચનરસ નવ અંજલિના માપે રહેલ છે અને ચામડીનો આશ્રય કરી રહેલ પાણી દસ જ અંજલિ-ઓના પ્રમાણમાં કહેલ છે. એ પાણીથી લોહી વગેરે ધાતુઓ પોષણ પામે છે; અને એ જ પાણી અતીસાર ઝાડાના રોગમાં વિષ્ઠારૂપે તથા મૂત્રરૂપે બહાર નીકળે છે; તેમ જ વ્રણ-ઘારું કે ગૂમડું થયું હોય તેમાં એ જ પાણીમાંથી લસીકા, પરુ તથા પિચ્છા-ચીકાશ ચાલુ થાય છે; તેમ જ શરીરમાં રહેલું એ પાણી જો દુષ્ટ કે વિકૃત થયું હોય તો દાદર, ચેળ અને વિચર્ચિકા નામનો (પગ ફાટવાનો) રોગ, ચામડીના રોગો, કિલાસ નામનો ધોળા કોઢનો રોગ, ખસ-ખૂજલી તથા માથાના વાળનો નાશ (ટાલ-રૂપે) થાય છે; વળી અગ્નિ તથા વાયુથી ખૂબ મિશ્ર થયેલું તે જ પાણી સ્વેદ અથવા પરસેવો કહેવાય છે; વળી મનુષ્યના શરીર-માં જેટલા પ્રમાણમાં કફ રહેલો છે, તેટલા જ પ્રમાણમાં ઓજસ્ રહેલું છે; અને મનુષ્યના દેહમાં વીર્યનું માપ અર્ધ અંજલિ એટલે અર્ધો ખોબો કહેવાય છે અને મગજમાં રહેલ 'ધૃતિકા' નામનો પદાર્થ પણ અર્ધા ખોબા પ્રમાણમાં રહેલ છે. આ બધું પ્રમાણ કે માપ ખરેખર ઉત્કૃષ્ટ એટલે કે વધુમાં વધુ કહેલું છે; જે પ્રમાણ 'પ્રજ્ઞાપ્તપિશિતીય' શરીરનું જણાવેલું સમજવું; છતાં તેથી મધ્યમ તથા અધમ પ્રમાણ પણ સંભવે જ છે. ૨૯-૩૫

વિવરણ : આ સંબંધે ચરકે પણ શારીર-ના ૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે— यत्त्वञ्जलिसंख्येयं तदुपदेक्ष्यामः, तत्परं प्रमाणमभिज्ञेयं तच्च वृद्धिह्रासयोगि, तत्र्यमेव; तद्यथा-दशोदकस्याञ्जलयः शरीरे स्वेनाञ्जलिप्रमाणेन यत्तत् प्रच्यवमानं पुरीषमनु-बध्नात्यतियोगेन तथा मूत्रं रुधिरमन्यांश्च शरीरधातून्, यत्तत् सर्वशरीरचरं वाह्या त्वग्बिभर्ति, यत्तु त्वगन्तरे व्रणगतं लसीकाशब्दं लभते, यच्चोष्मणाऽनुबद्धं लोमकूपेभ्यो निष्पतत्स्वेदशब्दमवाप्नोति, तदुदकं दशाञ्जलिप्रमाणं, नवाञ्जलयः पूर्वस्याहारपरिणामधातोर्यं तं रस इत्याचक्षते, अष्टौ शोणितस्य, सप्त पुरीषस्य, षट् श्लेष्मणः, पञ्च पित्तस्य, चत्वारो मूत्रस्य, त्रयो वसायाः, द्वौ मेदसः, एकः मज्ज्ञः, मस्तिष्कस्यार्धाञ्जलिः शुक्रस्य तावदेव प्रमाणं, तावदेव श्लेष्मणश्चौजस इत्येतच्छरीरतत्त्वमुक्तम् ॥ હવે શરીરમાં જે પદાર્થો અંજલિપ્રમાણ એટલે એક ખોબો કે ૧૬ તોલા પ્રમાણમાં રહેલા છે, તેઓનો અમે ઉપદેશ કરીએ છીએ; અહીં જે જે અંજલિનાં પ્રમાણ કહેવાય છે, તે તે ઉત્કૃષ્ટ એટલે કે વધુમાં વધુ પ્રમાણ સમજવાં જોઈએ; અને તે અંજલિપ્રમાણ પણ વૃદ્ધિના તથા હ્રાસના યોગ-વાળું જાણવું; એટલે કે તેમાં વધઘટ પણ સંભવે છે; અને તે આમ તર્ક કરવા યોગ્ય હોઈ અનુમાનથી જ જાણી શકાય છે; જેમ કે આ શરીરમાં દરેક માણસની પોતાની અંજલિ કે

બોળા પ્રમાણમાં એટલે કે ૧૬ તોલા માપની એક અંજલિ ગણી તેવી દશ અંજલિપ્રમાણમાં પાણી રહેલું છે; એ જળ અતિયોગ દ્વારા બહાર કઢાતી વિષ્ઠાને અનુસરે છે એટલે કે અતિસાર વગેરે રોગમાં વધુ પ્રમાણમાં બહાર નીકળતી વિષ્ઠાની સાથે બહાર નીકળે છે; વળી તે જ પાણી અતિયોગ દ્વારા મૂત્રને, રુધિરને તેમ જ શરીરની બીજી ધાતુઓને પણ અનુસરે છે; વળી એ જ દસ અંજલિ પાણી આખાયે શરીરમાં ફરતું રહે છે. તેને બહારની ચામડી અંદરના ભાગમાં ધારણ કરે છે. પણ બહાર નીકળવા દેતી નથી; તેથી જ એ ત્વચા 'ઉદકધરા' કહેવાય છે; વળી એ જ પાણી ત્વચાની અંદર થયેલા ત્રણમાં જઈ 'લસીકા' નામને ધારણ કરે છે; અને તે જ પાણી શરીરની ગરમી ઉષ્મા સાથે સંબંધ પામી રૂંવાડાંનાં છિદ્રોમાંથી જ્યારે બહાર નીકળે છે, ત્યારે તે પરસેવો એ નામથી કહેવાય છે; એમ તે જ પાણી આખાયે શરીરમાં રહેલું હોઈ ૧૦ અંજલિ એટલે ૧૬૦ તોલા ગણાય છે; પરંતુ ખાધેલા ખોરાકનું પાચન થયા પછી સૌની પહેલાં 'રસ' નામની જે ધાતુ તૈયાર થાય છે, તેનું પ્રમાણ કે માપ શરીરમાં નવ અંજલિ કે નવ બોળા એટલે કે ૧૪૪ તોલા હોય છે; અને તે રસમાંથી તૈયાર થતા રુધિરનું પ્રમાણ શરીરમાં આઠ અંજલિ કે ૧૨૮ તોલા હોય છે; પરંતુ ખોરાક પચ્યા પછી તેનો મળ, જે વિષ્ઠારૂપે તૈયાર થાય છે, તેનું પ્રમાણ શરીરમાં સાત અંજલિ કે ૧૧૨ તોલા સુધીનું હોય છે; તેમ જ શરીરમાં જે શ્લેષ્મ-કફ છે, તેનું પ્રમાણ છ અંજલિ કે ૯૬ તોલા સુધીનું હોય છે; અને પિત્તનું પ્રમાણ પાંચ અંજલિ કે ૮૦ તોલા સુધીનું હોય છે; તેમ જ મૂત્રનું પ્રમાણ ચાર અંજલિ કે ૬૪ તોલા સુધીનું હોય છે; પરંતુ ચરબીનું માપ ત્રણ અંજલિ કે ૪૮ તોલા સુધીનું હોય છે; તેમ જ મેદ નામની જે ધાતુ કહેવાય છે, તેનું પ્રમાણ શરીરમાં બે અંજલિ-કે ૩૨ તોલા પ્રમાણમાં હોય છે અને મજ્જા નામની ધાતુનું પ્રમાણ એક અંજલિ કે ૧૬ તોલા પ્રમાણમાં હોય છે; પણ મસ્તિષ્ક અથવા ધૃતિકાનું પ્રમાણ અર્ધી અંજલિ કે આઠ તોલા સુધીનું હોય છે; અને વીર્યનું પ્રમાણ પણ તેટલું જ આઠ તોલા સુધીનું શરીરમાં રહે છે; તેમ જ કફરૂપ એવા ઓજસ્નું પ્રમાણ પણ શરીરમાં તે વીર્યના જેટલું જ અર્ધ અંજલિ કે આઠ તોલા જ હોય છે; એ પ્રમાણે આ શરીરમાં રહેલ તત્ત્વોરૂપ રહસ્ય મેં તમને કહ્યું છે. ૨૯-૩૫

વીર્યપ્રવૃત્તિનો કાળ અને મહાભૂતોનો અન્યોન્યાશ્રય

शुक्रं तु षोडशे वर्षे संपूर्णं संप्रवर्तते ।
अन्योन्यसंश्रयाण्याहुरन्योन्यगुणवन्ति च ॥ ३६ ॥

માણસને જ્યારે સોળમું વર્ષ શરૂ કે પૂરું થાય છે, ત્યારે તેનું વીર્ય સંપૂર્ણ સારી રીતે પ્રવૃત્તિ કરે છે. પરિપક્વ સ્થિતિમાં તૈયાર થઈ (મૈથુનમાં) બહાર નીકળે છે; વળી જેમ લાકડું અને તેમાં રહેલો અગ્નિ તેમ જ તલ તથા તેમાં રહેલું તેલ એકબીજાનો આશ્રય કરી રહ્યાં છે અને એકબીજાના ગુણોથી પણ યુક્ત છે, તેમ બધાંયે મહાભૂતો એકબીજાનો આશ્રય કરી રહેલાં છે અને એકબીજાના ગુણોથી યુક્ત છે. ૩૬

શરીરવિચય-શારીરની સમાપ્તિ

महाभूतानि दृश्यानि दार्वग्नितिलतैलवत् ।
शरीरसंख्या निर्दिष्टा यथास्थूलं प्रकारतः ॥
देहावयवसूक्ष्मं तु भेदानन्त्यं सुदुर्वचम् ॥ ३७ ॥
इति ह स्माह भगवान् कश्यपः ।

એમ સ્થૂલ દૃષ્ટિએ અને સ્થૂલ પ્રકારે દેહના અવયવોના સૂક્ષ્મ વિભાગોને તથા શરીરના અવયવોની સંખ્યાને આ 'શારીર-વિચય શારીર'માં અમે દર્શાવી છે; બાકી શરીરના અવયવના સૂક્ષ્મ ભેદો તો અહીં કહેવા અતિશય મુશ્કેલ છે, એમ ભગવાન કાશ્યપે (આ વિષે) કહ્યું છે. ૩૭

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં શરીર-વિચયશારીર અધ્યાય ૪ થો સમાપ્ત

જાતિસૂત્રીયશારીર : અધ્યાય ૫ મો

અથાતો જાતિસૂત્રીયં વ્યાખ્યાસ્યામઃ ॥ ૧ ॥
ઇતિ હ સ્માહ ભગવાન્ કશ્યપઃ ॥ ૨ ॥

હવે અહીંથી 'જાતિસૂત્રીયશારીર'નું અમે વ્યાખ્યાન કરીશું, એમ ભગવાન કાશ્યપે કહ્યું હતું. (એટલે કે આ અધ્યાયમાં જન્મશાસ્ત્ર અથવા ઉત્પત્તિશાસ્ત્રનું વ્યાખ્યાન કરવામાં આવશે.) ૧,૨

જાતૌ જાતૌ ખલુ સ્વભાવ એવાકૃતિભેદનિર્વર્તયિતા ભવતિ । સ્વભાવતો હ્યસ્ય વાયુપરમાણવઃ સંયોગવિભાગચેષ્ટાધિકારા આકુઞ્ચનપ્રસારણકોષ્ઠાઙ્ગપ્રત્યઙ્ગધાતુચેતનાસ્રોતાંસિ વિભજન્તિ । સમત્વકે ધાતુરિવ નિષિક્તઃ પુરુષઃ પુરુષમભિનિર્વર્તયતિ, ગૌર્ગામશ્વોઽશ્વમેવમાદિ । નૃણામપિ તુ મધ્યે ગર્ભનિર્વૃત્તિઃ । તત્ર દ્વયોર્દમ્પત્યોઃ સ્વભાવાત્ સ્વકર્મપરિણામાદ્વા પ્રજાભિવૃદ્ધિર્ભવતિ, તૌ ધન્યૌ; અતોઽન્યથા ભિષજિતવ્યૌ । સ્નેહસ્વેદવમનવિરેચનાસ્થાપનાનુવાસનૈઃ ક્રમશ ઉપચરેન્મધુરૌષધસિદ્ધાભ્યાં ક્ષીરઘૃતપુષ્ટં પુરુષં, સ્ત્રિયં તુ તૈલમાંસા(માષા)ભ્યામિત્યેકે; સાત્મ્યૈરેવેતિ પ્રજાપતિઃ ॥૩

જાતિ જાતિમાં કે પ્રત્યેક જન્મમાં પ્રાણીના સ્વભાવથી જ આકૃતિનો ભેદ બને છે. એટલે કે જુદી જુદી આકૃતિ બનવામાં પ્રાણીનો સ્વભાવ જ કારણ હોય છે; આ જીવાત્માના સ્વભાવથી જ તેનો સંબંધ ધરાવતા વાયુના પરમાણુઓ તેનો બીજા સાથે સંયોગ, બીજાથી વિભાગ–જુદા પડવું, તથા ચેષ્ટાઓ કરવા અધિક ક્રિયાઓ કરનારા થાય છે; વળી શરીરના અવયવોનું સંકોચાવું, ફેલાવું, કોડાનાં અંગો, પ્રત્યંગો, ધાતુઓ, ચેતન તથા સ્રોતોનો વિભાગ પણ તે વાયુના જ પરમાણુઓ કરે છે; જેમ કોઈ ધાતુને (ગાળીને) બીબામાં ઢાળી હોય તો તે બીબાંના જેવા આકારને ઉત્પન્ન કરે છે, તેમ આ સૃષ્ટિમાં એક પુરુષ કે માણસ બીજા પુરુષ કે માણસને (સ્ત્રીના ગર્ભાશયમાં) ઉત્પન્ન કરે છે. અને તે જ પ્રમાણે એક ગાય કે બળદ બીજી ગાય કે બળદને (પોતાની જાતિમાં) ઉત્પન્ન કરે છે અને તે જ પ્રમાણે એક ઘોડો બીજા ઘોડા વગેરેને (પોતપોતાની જાતિમાં) ઉત્પન્ન કરે છે; મનુષ્યોમાં પણ (સ્ત્રીના) ગર્ભાશયની અંદર બીજા મનુષ્યગર્ભની ઉત્પત્તિ થાય છે; તેમાં સ્ત્રીપુરુષના સ્વભાવથી કે પોતાના કર્મના પરિણામ કે ફળભોગના કારણે પ્રજાની ચારે બાજુ વૃદ્ધિ થયા કરે છે; એવાં તે દંપતી (કે જેઓ પ્રજાને ઉત્પન્ન કરી શકે એવાં નીરોગી હોય તે) ધન્યવાદને પાત્ર છે; પરંતુ એ દંપતી એથી જો વિપરીત સ્થિતિવાળાં હોય એટલે કે રોગી હોઈને પ્રજાને જ ઉત્પન્ન કરી શકે તેવાં ન હોય તો તેઓના તે તે રોગને દૂર કરવા માટે (ઔષધના ઉપચાર દ્વારા) તેઓની ચિકિત્સા કરવી જોઈએ; તેમાંના પુરુષના સ્નેહન, સ્વેદન, વમન, વિરેચન, આસ્થાપન તથા અનુવાસન (૩૫ પંચકર્મ) દ્વારા અનુક્રમે ઉપચારો કરવા ઉપરાંત મધુર ઔષધદ્રવ્યોથી સિદ્ધ કરેલા દૂધ તથા ઘીના પ્રયોગોથી તે પુરુષને પુષ્ટ કરવો જોઈએ; પરંતુ સ્ત્રીને તો ઔષધપક્વ તૈલનો પ્રયોગ કરાવીને તેમ જ માંસ કે અડદનું સેવન કરાવીને પુષ્ટ કરવી જોઈએ એમ કેટલાક આચાર્યો કહે છે; પરંતુ પ્રજાપતિ કશ્યપ તો આમ જ કહે છે કે તે દંપતી–સ્ત્રીપુરુષો જે પદાર્થો સાત્મ્ય–પ્રકૃતિને અનુકૂળ હોય તેઓનું જ સેવન કરાવીને પુષ્ટ કરવાં (અને પ્રજા ઉત્પન્ન કરી શકે તે સ્થિતિમાં તૈયાર કરવાં જોઈએ.) ૩

વિવરણ : અહીં મૂળમાં કોઈ પણ ધાતુને ઓગાળી બીબામાં રેડીને જુદા જુદા આકારો તૈયાર કરવાનું જે દૃષ્ટાંત આપ્યું છે, તે જ પ્રમાણે ચરકે પણ શારીરના ત્રીજા અધ્યાયમાં આમ કહ્યું છે કે– 'भूतानां चतुर्विधा योनिर्भवति–जरायु–अण्ड–स्वेद–उद्भिदः, तासां खलु चतसृणामपि योनीनामेकैका योनिरपरिसंख्येयभेदा भवति भूतानामाकृतिविशेषापरिसंख्येयत्वात्। तत्रजरायुजानामण्डजानां च प्राणिनामेते

ગર્ભકરા ભાવા યાં યાં યોનિમાપદ્યન્તે તસ્યાં તસ્યાં યોનૌ તથા તથા રૂપા ભવન્તિ, તદ્ યથા–કનકરજતતામ્રત્રપુસીસકાન્યાસિચ્યમાનાનિ તેષુ તેષુ મધૂચ્છિષ્ટવિમ્બેષુ તાનિ યદા મનુષ્યવિમ્બમાપદ્યન્તે તદા મનુષ્યવિગ્રહેણ જાયન્તે, તસ્માત્ સમુદાયપ્રભવઃ સન્ સ ગર્ભો મનુષ્યવિગ્રહેણ જાયતે, મનુષ્યો મનુષ્યપ્રભવ ઇત્યુચ્યતે, તદ્યોનિત્વાત્'–પ્રાણીઓની યોનિ ચાર હોય છે : એક જરાયુ, બીજી અંડ, ત્રીજી સ્વેદ અને ચોથી ઉદ્ભિભેદ. એ ચારે પ્રકારની યોનિઓમાંની એક એક યોનિ ખરેખર અસંખ્યાત ભેદોવાળી થાય છે; કારણ કે પ્રાણીઓની તે તે આકૃતિઓના ભેદો જ અગણિત હોય છે; તેમાં જરાયુ કે ઓરથી ઉત્પન્ન થતાં પ્રાણીઓના તેમ જ અંડ કે ઈંડાંમાંથી ઉત્પન્ન થતાં પ્રાણીઓના આ ગર્ભકર ભાવો જે જે યોનિમાં કે ગર્ભની ઉત્પત્તિના કારણમાં પ્રાપ્ત થાય છે, તે તે યોનિમાં તેવા તેવા પ્રકારનાં રૂપોવાળા થાય છે; જેમ કે મીણમાંથી બનાવેલ આકૃતિ દ્વારા માટીમાંથી બનાવેલ તે તે જુદાં જુદાં બીબાંઓમાં સોનું, રૂપું, ત્રાંબું, કલઈ કે સીસું જ્યારે (તપાવી–ઓગાળીને) સિંચવામાં કે રેડવામાં આવે ત્યારે તે ઓગળેલ સોનું વગેરે ધાતુઓ મનુષ્યાકૃતિ બીબામાં સીંચાઈ ને મનુષ્ય શરીર રૂપે ઉત્પન્ન થાય છે, તોપણ મનુષ્યાકૃતિમાં મનુષ્યશરીર રૂપે તે ઉત્પન્ન થાય છે. અને એમ તેની એ મનુષ્યયોનિ કે મનુષ્ય તરીકે ઉત્પન્ન થવાનું કારણ હોવાથી મનુષ્યમાંથી જ ઉત્પન્ન થઈ ને તે ગર્ભ 'મનુષ્ય' એમ કહેવાય છે.' પરંતુ ગર્ભની ઉત્પત્તિમાં કારણ એવાં દંપતી કે સ્ત્રીપુરુષ (રોગી હોઈ ને) ગર્ભને ઉત્પન્ન કરવામાં જો અશક્ત હોય તો તેઓને સશક્ત બનાવવા માટે તેઓની ચિકિત્સા કરવી જોઈએ; આ સંબંધે ચરકે પણ શારીરના ૮ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે અથાપ્યેતૌ સ્ત્રીપુરુષૌ સ્નેહસ્વેદાભ્યામુપપાદ્ય વમનવિરેચનાભ્યાં સંશોધ્ય ક્રમેણ પ્રકૃતિમાપાદયેત, સંશુદ્ધૌ ચાસ્થાપનાનુવાસનાભ્યામુપાચરેત્, ઉપાચરેચ્ચ મધુરૌષધસંસ્કૃતાભ્યાં પુરુષં, સ્ત્રિયં તુ તૈલમાંસાભ્યામ્ ।–હવે એવાં એ સ્ત્રીપુરુષ બન્નેને પ્રથમ તો સ્નેહન તથા સ્વેદનકર્મ કરાવવાં જોઈએ; અને તે પછી વમન તથા વિરેચન ઔષધો દ્વારા સંશોધન કરાવી અનુક્રમે પ્રકૃતિને પમાડવાં જોઈએ એટલે કે તેઓને પેયા આદિના ક્રમપૂર્વક સ્વાભાવિક ભોજન પર લાવવાં જોઈએ. એમ તેઓ બરાબર શુદ્ધ થઈ જાય ત્યારે વૈદ્યે તેઓના આસ્થાપન તથા અનુવાસન બસ્તિ દ્વારા પણ ઉપચાર કરવા જોઈએ; તેમ જ પુરુષને મધુર ઔષધથી સંસ્કારી કરેલા ઘીનું તથા દૂધનું સેવન કરાવવું; પણ સ્ત્રીને તો (ઔષધપક્વ) તેલનું તથા અડદનું ખાસ સેવન કરાવવું જોઈએ. અષ્ટાંગસંગ્રહમાં પણ આ સંબંધે આમ કહ્યું છે કે વિશેષતસ્તુ ઘૃતક્ષીરવદ્ભિર્મધુરૌષધસંસ્કારૈઃ પુરુષં, તૈલેન નારીં પિત્તલૈશ્ચ માંસૈઃ । ઘી અને દૂધથી યુક્ત કરેલ મધુર ઔષધોના સંસ્કારો વડે પુરુષના ખાસ ઉપચારો કરવા અને પિત્તવર્ધક (ઔષધયુક્ત) તેલો તથા માંસો વડે સ્ત્રીના પણ ખાસ વધુ ઉપચારો કરવા જોઈએ. ૩

ગર્ભાધાન યોગ્ય કાળ

યથા ચ પુષ્પમધ્યે ફલમનિર્વૃત્તં સુસૂક્ષ્મમસ્તિ ન ચોપલભ્યતે, યથા ચાગ્નિર્દારુષુ સર્વગતઃ પ્રયત્નાભાવાન્નોપલભ્યતે, તથા સ્ત્રીપુંસયોઃ શોણિતશુક્રે કાલાવેક્ષે સ્વકર્માવેક્ષે ચ ભવતઃ। ષોડશવર્ષયોર્હિ શોણિતશુક્રયોર્મધ્યે પ્રભવતઃ; અર્વાગપિ યદાહારવિશેષાદારોગ્યાચ્ચ પૂર્ણે ભવત ઇતિ પરિષત્ ॥ ૪ ॥

જેમ પુષ્પમાં ફૂલ તૈયાર થયું ન હોય, છતાં અતિશય સૂક્ષ્મ સ્વરૂપે તો રહેલું જ હોય છે, પણ તે સ્થૂળરૂપમાં મળી શકતું નથી; તે પ્રમાણે લાકડામાં અતિસૂક્ષ્મરૂપે અગ્નિ ચોપાસ વ્યાપીને રહેલો જ હોય છે, તે જ પ્રમાણે સ્ત્રી–પુરુષના વીર્યમાં તથા આર્તવમાં ગર્ભ પણ અતિ સૂક્ષ્મરૂપે રહેલો હોઈ અમુક યોગ્ય પરિપક્વકાળની અપેક્ષા કે જરૂરિયાત ધરાવે છે; તેમ જ પોતાનાં કર્મફળના ઉદયકાળની પણ અપેક્ષા કે જરૂરિયાત ધરાવે છે; કારણ કે પુરુષ અને સ્ત્રી જ્યારે સોળ વર્ષની ઉંમરનાં થાય છે ત્યારે જ તેઓના વીર્યમાં તથા આર્તવમાં ગર્ભની ઉત્પત્તિ કરવાનું સામર્થ્ય ઉત્પન્ન થાય છે; છતાં તેટલા સમયની પહેલાં

પણ, જો વિશેષ પૌષ્ટિક આહારનું સેવન કરવામાં આવે અને તેથી આરોગ્ય કે નીરોગીપણું જો હોય તો તેથી પણ એ પુરુષવીર્ય તથા સ્ત્રીઆર્તવ પૂર્ણ થઈને ગર્ભની ઉત્પત્તિ કરવા સમર્થ થઈ શકે છે, એમ વિદ્વાનોનો મત છે. ૪

વિવરણ : સુશ્રુતમાં કહ્યું છે કે, પુરુષની ૨૨ વર્ષની અને સ્ત્રીની ૧૬ વર્ષની ઉંમર થાય ત્યારે તેઓ પરસ્પર મૈથુનક્રિયા કરવાની યોગ્યતા ધરાવે છે; જોકે એટલી ઉંમર પહેલાં પણ પુરુષમાં તથા સ્ત્રીમાં વીર્ય તથા આર્તવની ઉપસ્થિતિ થઈ ચૂકી જ હોય છે, પરંતુ તે કાળે તે વીર્યમાં તથા આર્તવમાં પૂર્ણતા પ્રાપ્ત થયેલી હોતી નથી. એ અભિપ્રાય સુશ્રુતે શારીરસ્થાનના ૪૦ મા અધ્યાયમાં આમ જણાવ્યું છે કે-'ऊनषोडशवर्षायामप्राप्तः पञ्चविंशतिम्। यद्याधत्ते पुमान् गर्भं कुक्षिस्थः स विपद्यते॥ जातो वा न चिरञ्जीवेज्जीवेद्वा दुर्बलेन्द्रियः॥ સોળ વર્ષથી ઓછી ઉંમરવાળી સ્ત્રીમાં પચીસ વર્ષની ઉંમરે નહિ પહોંચેલો પુરુષ જો ગર્ભાધાન કરે તો એ ગર્ભ સ્ત્રીની કુક્ષિમાં જ (અપૂર્ણ અવસ્થામાં રહી) નાશ પામે છે; કદાચ એ (કાચો) ગર્ભ જન્મ પામે તો લાંબો કાળ જીવતો નથી અથવા એવો તે ગર્ભ જન્મીને જો જીવે તો દુર્બળ ઇંદ્રિયોવાળો જ રહે છે. એટલે અહીં આમ જણાવવા માગે છે કે-૧૬ થી ૨૦ વર્ષની ઉંમરવાળી સ્ત્રી સંતાનની ઉત્પત્તિ માટે યોગ્ય ગણાય છે; પરંતુ એથી ઓછી ઉંમરવાળી સ્ત્રીમાં સંતાન જો ઉત્પન્ન થાય તો એ કાચું રહી ભાગ્યે જ જીવે છે; એ જ પ્રમાણે પુરુષ પણ ૨૦ થી માંડી ૩૦ અને ૩૫ વર્ષની ઉંમરનો થઈને સંતાન ઉત્પન્ન કરવા યોગ્ય ગણાય છે; તે પછીની ઉંમરમાં તે પુરુષની સંતાન ઉત્પન્ન કરવાની શક્તિ પ્રતિદિન ઘટતી જાય છે; એ સામાન્ય નિયમ જણાવવામાં આવ્યો છે; એના અપવાદ તરીકે વાજીકરણ ઔષધ આદિના સેવનથી ઘણી મોટી ઉંમરમાં પણ પુરુષ સંતાન ઉત્પન્ન કરવાની યોગ્યતા ધરાવી શકે છે. ૪

અયોગ્ય-યોગ્યકાળે રહેલા ગર્ભ સંબંધે

रजस्वलायाश्चेत् प्रथमेऽहनि गर्भ आपद्येत तं वातगर्भमाचक्षते विफलं वातपुष्पमिवोद्भिदानां; द्वितीयेऽहनि चेत् स्रंसते च्यवते वा; तृतीयेऽहनि सूतिकासने म्रियते, न वा दीर्घायुर्भवति, हीनाङ्गश्च जायते; अतऊर्ध्वमृतुद्वादशाहं ब्राह्मणीनाम्, एकादशाहं क्षत्रियाणां, दशाहं वैश्यानां, नवरात्रमितरासाम्। ऋतुर्बीजकालमवेक्षत इत्याहुर्महर्षयः। अत ऊर्ध्वमकालजमाहुः। अकालजं हीनं दुर्बलमस्थिरमदृढमपीनभङ्गुरं धान्यमिव भवति॥ ५॥

રજસ્વલા સ્ત્રીને પહેલા દિવસે જે ગર્ભ રહે, તેને વૈદ્યો વાતગર્ભ કહે છે; એ ગર્ભ વૃક્ષોના વાતપુષ્પની પેઠે નિષ્ફળ નીવડે છે; પરંતુ તે જ રજસ્વલા સ્ત્રીને જો બીજા દિવસે ગર્ભ રહે છે, તો એ ગર્ભ સ્રવી કે ચ્યવી પડે છે. પણ તે જ રજસ્વલા સ્ત્રીને જો ત્રીજા દિવસે ગર્ભ રહે તો તે ગર્ભ સૂતિકાગૃહમાં જન્મીને તરત જ મરી જાય છે અથવા તે લાંબા આયુષવાળો થતો નથી. અને ઓછાં અંગવાળો જન્મે છે; માટે રજસ્વલા થયા પછી ચોથા દિવસથી માંડી બાર દિવસો સુધીનો બ્રાહ્મણ સ્ત્રીઓનો (ગર્ભધારણ યોગ્ય) ઋતુકાળ ગણાય છે; અને ક્ષત્રિય જાતિની સ્ત્રીઓને રજસ્વલા થયા પછી ચોથા દિવસથી માંડી ૧૧ દિવસો સુધીનો (ગર્ભધારણ યોગ્ય) ઋતુકાળ ગણાય છે; પરંતુ વૈશ્ય જાતિની સ્ત્રીઓનો રજસ્વલા થયા પછી ચોથા દિવસથી માંડી દશ દિવસો સુધીનો (ગર્ભધારણ યોગ્ય) ઋતુકાળ ગણાય છે; પણ તે સિવાય શૂદ્ર જાતિ વગેરે હલકા વર્ણની સ્ત્રીઓનો રજસ્વલા થયા પછી ચોથા દિવસથી માંડી નવ દિવસો સુધીનો (ગર્ભધારણ યોગ્ય) ઋતુકાળ ગણાય છે. એ ઉપર દર્શાવેલો ઋતુકાળ બીજવપન યોગ્ય હોઈને ગર્ભધારણની યોગ્યતાની જરૂરિયાત ધરાવે છે એમ મહર્ષિઓ કહે છે; પરંતુ તે તે દર્શાવેલ ઋતુકાળ વીત્યા પછીનો કાળ તો ગર્ભધારણને અયોગ્ય હોઈ તે કાળે રહેલા

ગર્ભને મહર્ષિઓ અકાળે રહેલો ગર્ભ કહે છે; એવો અકાલજ અથવા અકાળે ઉત્પન્ન થયેલો ગર્ભ હીન–હલકો દુર્બળ, અસ્થિર, નબળો, અપુષ્ટ અને ભંગુર–નાશ પામવાના સ્વભાવવાળો હોઈ તુચ્છ ધાન્ય જેવો થાય છે–લાંબો કાળ ટકતો નથી અને કેવળ નકામો જ નીવડે છે. ૫

વિવરણ : આ સંબંધે ચરકે પણ શારીરના ૮ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'ततः पुष्पात्प्रभृति त्रिरात्रमासीत ब्रह्मचारिण्यधःशायिनी पाणिभ्यामन्नमजर्जरपात्रे भुञ्जाना न च कांचिद् मृज्जामापद्येत। તે ઋતુકાળ પ્રાપ્ત થાય ત્યારથી માંડી સ્ત્રીએ ત્રણ દિવસરાત સુધી બ્રહ્મચર્ય પાળવું, જમીન પર (દર્ભ સિવાય બીજું) કંઈ પણ પાથર્યા વિના સૂવું, (કેવળ દર્ભ જ પાથરીને સૂવું); અને ભાંગેલું ન હોય એવા કેવળ માટીના જ પાત્રમાં ખોરાક લઈ અથવા કોઈ પણ પાત્ર ત્યજી કેવળ પોતાના બે હાથરૂપી પાત્રમાં જ ખોરાક લઈ તે ખાવો અને કોઈ પણ સફાઈનો સ્વીકાર ન કરવો એટલે કે કોઈ પણ પ્રકારે શરીરનો સંસ્કાર કે સફાઈ રાખવી છોડવી જોઈએ. સુશ્રુતે પણ શારીરના ૨ જા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે, ऋतौ प्रथमदिवसात् प्रभृति ब्रह्मचारिणी दिवास्वप्नाञ्जनाश्रुपातस्नानानुलेपनाभ्यङ्गनखच्छेदनप्रधावनहसनकथनातिशब्दश्रवणावलेखनानिलायासान् परिहरेत्। किं कारणं ? दिवा स्वपन्त्याः स्वापशीलः, अञ्जनादन्धः रोदनाद्विकृतदृष्टिः, स्नानानुलेपनाद् दुःखशीलः, तैलाभ्यङ्गात् कुष्ठी, नखापकर्तनात् कुनखी, प्रधावनाच्चञ्चलः, हसनाच्छ्यावदन्तौष्ठतालुजिह्वः, प्रलापी चातिकथनात्, अतिशब्दश्रवणाद्बधिरः, अवलेखनात् खलतिः, मारुतायाससेवनादुन्मत्तो गर्भो भवतीत्येवमेतान् परिहरेत्। ઋતુકાળે પહેલા દિવસથી માંડી સ્ત્રીએ બ્રહ્મચર્યનું પાલન કરવું અને દિવસની નિદ્રાનો, આંજણ આંજવાનો, આંસુ પાડવાનો, સ્નાનનો, અનુલેપનનો, માલિસનો, નખ કાપવાનો, ખૂબ દોડવાનો, ખૂબ હસવાનો, બહુ બોલવાનો, વધુ પડતા મોટા શબ્દો સાંભળવાનો, અવલેખન–જમીન ખોતરવાનો, વધુપડતા વાયુસેવનનો અને વધુ પડતા શારીરપરિશ્રમનો ત્યાગ કરવો. તેમાં કારણ છે કે સગર્ભા સ્ત્રી જો દિવસે ઊંઘે તો તેનો ગર્ભ ઊંઘ્યા કરવાના સ્વભાવવાળો થાય; આંજણ આંજે તો તેનો ગર્ભ આંધળો થાય, રુદન કરે તો તેનો ગર્ભ વિકૃત–રોગી દૃષ્ટિવાળો થાય, સ્નાન કે વિલેપન કરવાથી તે સ્ત્રીનો ગર્ભ દુઃખી સ્વભાવવાળો થાય છે, તેલનું માલિસ કરવાથી તે સ્ત્રીનો ગર્ભ કોઢિયો થાય છે; સગર્ભા સ્ત્રી પોતાના જો નખ કાપે તો તેનો ગર્ભ ખરાબ નખવાળો થાય છે, વધુપડતું જો હસે તો તેનો ગર્ભ કાળાશયુક્ત દાંત, હોઠ, તાળવું અને જીભવાળો થાય છે, અતિશય વધુપડતું બોલવાથી તે સ્ત્રીનો ગર્ભ વધુ પડતા પ્રલાપ–બકવાદ કરનારો થાય છે, અતિશય વધુ શબ્દો સાંભળવાથી તેનો ગર્ભ કાને બહેરો થાય છે, જમીન ખોતરવાથી તે સ્ત્રીનો ગર્ભ માથે ટાલવાળો થાય છે અને વાયુના વધુ પડતા સેવનથી અને વધુ પડતો શારીરપરિશ્રમ કરવાથી તે સ્ત્રીનો ગર્ભ ગાંડો થાય છે. એ કારણે સગર્ભા સ્ત્રીએ તે તે દિવસની નિદ્રા વગેરેનો ત્યાગ કરવો જોઈએ. રજસ્વલા સ્ત્રી સાથે પહેલા ત્રણ દિવસો સુધી મૈથુન કરાય જ નહિ, છતાં કોઈ પુરુષ તે રજસ્વલા સ્ત્રી સાથે મૈથુન કરે અને તે સ્ત્રીના રજોદર્શનના બીજા દિવસે તેને જો ગર્ભ રહે તો તે ગર્ભનો સ્રાવ કે પાત જ થઈ જાય છે. આ સંબંધે સુશ્રુતે નિદાનસ્થાનના ૮ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'आचतुर्थात् ततो मासात् प्रस्रवेद् गर्भविद्रवः। ततः स्थिरशरीरस्य पातः पञ्चमषष्ठयोः'–ગર્ભ રહ્યા પછી ચોથા મહિના સુધી ગર્ભનું પ્રવાહી સ્વરૂપ (કેવળ લોહીરૂપે) હોય છે, તે કારણે ચોથા મહિના સુધી ગર્ભના (કોઈ ઉપદ્રવના કારણે) સ્રાવ થવો સંભવે છે અને તે પછી ગર્ભનું શરીર સ્થિર થાય ત્યારે પાંચમા અને છઠ્ઠા મહિના સુધી (કોઈ ઉપદ્રવના કારણે) ગર્ભનો પાત સંભવે છે. વળી રજસ્વલા સ્ત્રીના પહેલા ત્રણ દિવસોમાં તેની સાથે મૈથુન કરવાથી જે ખરાબ પરિણામ આવે છે અને ચોથા દિવસથી માંડી ૧૨, ૧૧, ૧૦, ૯ દિવસો સુધીના પૂર્ણ ઋતુકાળમાં તે સ્ત્રી સાથે મૈથુન કરવાથી જે યોગ્ય પરિણામ આવે છે, તે સંબંધે પણ સુશ્રુતે શારીરના બીજા અધ્યાયમાં આમ કહ્યું છે:

तत्र प्रथमे दिवसे ऋतुमत्यां मैथुनमनापुष्यं पुंसां भवति, यश्च तत्राधीयते गर्भः स प्रसवमानो विमुच्यते, द्वितीयेऽप्येवं सूतिकागृहे वा, तृतीयेऽप्येमपूर्णाङ्गो-ऽल्पायुर्वा भवति, चतुर्थे तु संपूर्णाङ्गो दीर्घायुश्च भवति। न च प्रवर्तमाने रक्ते बीजं प्रविष्टं गुणकरं भवति, यथा नद्यां प्रतिस्रोतः प्लावितद्रव्यं प्रक्षिप्तं प्रतिनिवर्त्तते नोर्ध्वं गच्छति तद्वदेव द्रष्टव्यम्। तस्मान्नियमवर्ती त्रिरात्रं परिहरेत् अतः परं मासादुपेयात्। ૨૪સ્વલા સ્ત્રી સાથે પહેલા દિવસે જો મૈથુન કરવામાં આવે તો તે પુરુષોના આયુષને ઓછું કરે છે અને જો તે વેળા ગર્ભ રહે છે તો તે પણ જન્મતાં જ મરી જાય છે. તે જ પ્રમાણે એ રજસ્વલા સ્ત્રી સાથે જો બીજા દિવસે મૈથુન કરવામાં આવે તો તેથી પુરુષના આયુષમાં હાનિ થાય છે અને તે દિવસે રહેલો ગર્ભ પણ જન્મતાં જન્મતાં મરણ પામે છે અથવા જન્મ્યા પછી દસ દિવસની અંદર મરી જાય છે; તેમ જ રજસ્વલા સાથે ત્રીજા દિવસે મૈથુન કરવામાં આવે અને તે દિવસે જો ગર્ભ રહે તો તે પણ જીવતો નથી; છતાં કદાચ તે જીવે તોપણ તે અપૂર્ણ અંગોવાળો અથવા અલ્પ આયુષવાળો થાય છે; માટે તે ત્રણ દિવસો ત્યજીને ચોથા દિવસે સ્નાન કરી શુદ્ધ થયેલી રજસ્વલા સ્ત્રી સાથે રાત્રિના સમયે જો મૈથુન કરાય અને તે દિવસે જો ગર્ભ રહે તો તે ગર્ભ સંપૂર્ણ અંગોપાંગવાળો અને લાંબા આયુષવાળો થાય છે; વળી રજસ્વલા સ્ત્રીના પહેલા ત્રણ દિવસો સુધી તો આર્તવ વહ્યા જ કરતું હોય છે, તેથી તે કાળે તેના ગર્ભાશયમાં (પુરુષવીર્યરૂપી) બીજ પ્રવેશ્યું હોય તો તે ગુણકારી કે ફાયદો કરનાર થતું નથી; જેમ નદીમાં કોઈ સામો પ્રવાહ તરવાના સ્વભાવવાળું દ્રવ્ય જો તરતું મૂકાય તો તે પાછું જ ફરે છે, પણ ઉપરવાસ જતું નથી, તે જ પ્રમાણે રજસ્વલાના પહેલા ત્રણ દિવસોમાં તેની સાથે મૈથુન કરી તેના ગર્ભાશયમાં જો વીર્ય સિંચન કરાય તો તે વેળા તો તેમાંથી વહેતા આર્તવ-રુધિરની સાથે તે વીર્ય પાછું જ ફરે છે, પણ ગર્ભાશયની અંદરના ભાગમાં જઈ શકતું જ નથી એમ સમજવું; એ કારણે રજસ્વલાના પહેલા ત્રણ દિવસોનો તો મૈથુનમાં ત્યાગ જ કરવો જોઈએ; પછી ચોથા દિવસથી માંડી ૧૨ દિવસો સુધીમાં સ્ત્રીસંગ કરવાથી ગર્ભની ઉત્પત્તિ થઈ શકે છે. અહીં વધુ આમ પણ સમજવું જોઈએ કે કેવળ ઋતુની યોગ્યતા હોવાથી ગર્ભની ઉત્પત્તિ થાય, એ પણ પૂરતું હોતું નથી, પરંતુ ઋતુ, બીજ, આર્તવ અને કાળ-એ ચારેની પરસ્પર અનુકૂળતા હોય તો જ ગર્ભની ઉત્પત્તિ થઈ શકે છે. જેમ વર્ષા આદિ ઋતુ, ક્ષેત્ર-જમીન, પાણી અને બીજ એ ચારની પરસ્પર અનુકૂળતા હોય તો ધાન્ય વગેરેના અંકુરની ઉત્પત્તિ થઈ શકે છે; તેમ ગર્ભની ઉત્પત્તિમાં પણ જે ચારની અનુકૂળતા હોવી જોઈએ, એમ પણ સુશ્રુત શારીરના બીજા અધ્યાયમાં કહે છે કે-ध्रुवं चतुर्णां सान्निध्याद् गर्भः स्याद्विधिपूर्वकः। ऋतु-क्षेत्राम्बुबीजानां सामग्र्याद्ङ्कुरो यथा॥ જેમ ઋતુ-વર્ષા વગેરે, ક્ષેત્ર-સારી જમીન, પાણી તથા બીજ એ ચારનો યોગ્ય કાળે સહયોગ થવાથી ધાન્ય આદિના અંકુરની ઉત્પત્તિ થાય છે, તે જ પ્રમાણે ઋતુ એટલે સ્ત્રીના રજોદર્શન પછીનો યોગ્ય ગર્ભાધાનકાળ, ક્ષેત્ર-ઉત્તમ ગર્ભાશય, પાણી રસધાતુ તથા બીજ-ઉત્તમ પ્રકારનું પુરુષવીર્ય-એ ચારની જો કે પૂર્ણતા હોય તો જ તેથી વિધિપૂર્વક ગર્ભની ઉત્પત્તિ થાય છે.' એમ સુશ્રુતે ગર્ભની ઉત્પત્તિ તથા અંકુરની ઉત્પત્તિની સુંદર તુલના કરી બતાવી છે. આ ઉપરથી આમ પણ જણાવી દીધું છે કે, સ્ત્રીના રજોદર્શન પછીના ૧૨ દિવસના ઋતુ-કાળ સિવાયના બીજા બધાયે દિવસો ગર્ભની ઉત્પત્તિ માટેનો અકાળ કે અયોગ્ય કાળ કહ્યો છે; એટલે તે અકાળે સ્ત્રી સાથે મૈથુન કરવું ન જોઈએ; આવા જ અભિપ્રાયથી સુશ્રુતે આમ કહ્યું છે કે-' त्रयोदशीप्रभृतयो निन्द्याः '-સ્ત્રીના રજોદર્શન પછીની ૧૨ રાત્રિઓ ગર્ભની ઉત્પત્તિ માટે યોગ્ય ગણાતી હોવાથી તે જ રાત્રિઓમાં તે સ્ત્રી સાથે મૈથુન કરવું જોઈએ, પરંતુ ૧૩ મી રાત્રિથી માંડીને બાકીની રાત્રિઓમાં સ્ત્રી સાથેનું મૈથુન નિષ્ફળ હોઈ કેવળ રોગોને જ ઉત્પન્ન કરનાર થાય છે; એટલું જ નહિ, પણ તે અકાળ અથવા ગર્ભોત્પત્તિ માટેના અયોગ્ય કાળમાં જો ગર્ભ રહે છે, તો તે ગર્ભ પણ ગુણહીન, દુર્બળ, અસ્થિર, અદઢ તથા અલ્પાયુષ થાય છે. ૫

પુત્ર અને પુત્રીની ઉત્પત્તિ થાય તે રાત્રિઓ

युग्मेष्वहःसु पुत्रकामोऽन्यत्र कन्यार्थी हर्षितस्तल्लोऽनुरुद्धः स्त्रियमुपेयादिति सिद्धम् ॥ ६॥

જે પુરુષ પોતાની પત્નીમાં પુત્રની ઉત્પત્તિને ઇચ્છતો હોય તેણે પત્નીના રજોદર્શન પછીની ૧૨ રાત્રિઓમાંથી યુગ્મ–બેકીની રાત્રિએ ૪–૬–૮–૧૦–૧૨ મી રાત્રે પત્ની પાસે મૈથુન કરવા જવું; અને જે પુરુષ પોતાની પત્નીમાં કન્યાની ઉત્પત્તિ થાય એમ જો ઇચ્છતો હોય તો તેણે ઉપર દર્શાવેલા સિવાયની અયુગ્મ રાત્રિએ–૫–૭–૯–૧૧ મી રાત્રે પત્ની સાથે મૈથુન કરવાની ઇચ્છાથી જવું અને તે તે મૈથુનકાળે તે પુરુષે હર્ષયુક્ત, તૃપ્ત તથા સ્ત્રી પ્રત્યે અનુકૂળતાથી યુક્ત રહેવું જોઈએ; એમ વર્તવાથી તે પુરુષનું મનવાંછિત સિદ્ધ થાય છે. ૬

વિવરણ : આ સંબંધે ચરકે પણ શારીરના ૮ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, स्नानात्प्रभृति युग्मेष्वहःसु संवसेतां पुत्रकामौ, अयुग्मेषु दुहितृकामौ । રજોદર્શન પછી ચોથા દિવસે સ્ત્રી જ્યારે સ્નાન કરે ત્યારે તે પત્ની તથા તેના પતિએ પુત્રની ઇચ્છા હોય તો યુગ્મરાત્રિ–૪–૬–૮–૧૦ અને ૧૨ મી રાત્રે મૈથુન માટે સહવાસ કરવો; પરંતુ જો તે બન્નેને કન્યાની ઇચ્છા હોય તો તેઓ બન્નેએ અયુગ્મ રાત્રિ–૫–૭–૯–૧૧ મી રાતે મૈથુન માટે સહવાસ કરવો. આ જ અભિપ્રાય સુશ્રુતે પણ શારીરના ૨ જા અધ્યાયમાં આમ જણાવ્યો છે કે, नारीमुपेयाद्रात्रौ सामादिभिरभिविश्वास्य । विकल्पयैव चतुर्थ्यां षष्ठ्यामष्टम्यां दशम्यां द्वादश्यां चोपेयादिति पुत्रकामः । एषूत्तरोत्तरं विद्यादायुरारोग्यमेव च । प्रजासौभाग्यमैश्वर्यं बलं च दिवसेषु वै ॥ अतः परं प्रञ्चम्यां सप्तम्यां नवम्यामेकादश्यां च स्त्रीकामः, त्रयोदशीप्रभृतयो निन्द्याः ॥ પોતાની પત્નીને રજોદર્શન થાય તે પછી ચોથી, છઠ્ઠી, આઠમી, દસમી તથા બારમી રાત્રે પુરુષે પુત્રની ઇચ્છા ધરાવીને સામ, દામ આદિ ઉપાયોથી પત્નીને રાજી કરીને તેમ જ બીજી પણ બધી તૈયારી કર્યા પછી પત્ની પાસે મૈથુન કરવા જવું; કેમ કે એ રીતે તે બેકીની રાત્રિઓમાં પત્નીનું સેવન કરનાર પુરુષ ઉત્તરોત્તર અધિકાધિક આયુષ્ય, આરોગ્ય, પ્રજા, સૌભાગ્ય, ઐશ્વર્ય તથા બળને અવશ્ય મેળવે છે; પરંતુ જે પુરુષ પોતાની પત્નીમાં કન્યાની ઉત્પત્તિને જો ઇચ્છતો હોય તો તેણે રજોદર્શન પછીની ૫–૭–૯–૧૧ મી રાતે સ્ત્રી પાસે મૈથુન કરવાની ઇચ્છાથી જવું; પરંતુ તે સિવાયની તેરમી રાત્રિ વગેરે રાત્રિઓ તો નિંદનીય હોઈ મૈથુન માટે અયોગ્ય ગણાય છે. ૬

રજોદર્શન પછીના ચોથા દિવસે મૈથુનની વિધિ

अथ शुद्धस्नातां (ता) स्त्रियं (स्त्री) चतुर्थेऽहनि स्नानगृहे श्वेतेन एवाऽन्येन वाससाऽवगुण्ठ्यानवलोकयन्ती शुचिर्देवगृहं प्रविश्योद्घटाग्निं प्रज्वलन्तं घृताक्षतेनाभ्यर्च्य ब्राह्मणमीश्वरं विष्णुं स्कन्दं च संप्रेक्ष्याभिवाद्य, निष्क्रम्य सूर्याचन्द्रमसाविति, न तु प्रेतपिशाचरक्षांसि; शुद्धस्नातमात्रा हि स्त्री यं वा पश्यति मनसा वाऽभिध्यायति तादृशाचारवपुषं प्रायेण जनयति; तस्माद्देवगोब्राह्मणगुरुवृद्धाचार्यान् सतः पश्येत्, कल्याणमनाश्च स्यात् । न तु सन्ध्ययोः स्नानं मैथुनं वोपेयान्नान्यमना इति ॥ ७॥

રજોદર્શન પછીના ચોથા દિવસે સ્ત્રી સ્નાન કરી શુદ્ધ થાય ત્યારે તેણે સ્નાનગૃહમાં જ ધોળું વસ્ત્ર કે બીજા કોઈ રંગનું વસ્ત્ર પહેરી લઈ આજુબાજુ કંઈ પણ જોયા વિના પવિત્ર ભાવે બહાર નીકળી દેવમંદિરમાં પ્રવેશ કરી ત્યાં (હવનહોમથી) વધુ પ્રમાણમાં પ્રજ્વલિત થયેલા દેદીપ્યમાન અગ્નિનું ઘીથી યુક્ત ચોખા વડે પૂજન કરવું અને તે પછી બ્રહ્માનું, શંકરનું, વિષ્ણુનું તથા કાર્તિકેયનું દર્શન કરી તેમને વંદન કરવું; તે પછી ત્યાંથી બહાર નીકળી સૂર્ય તથા ચંદ્રને નમસ્કાર કરવા; પરંતુ પ્રેત, પિશાચ કે રાક્ષસોને નમસ્કાર ન કરવા; કારણ કે રજોદર્શન પછી સ્નાન કરી શુદ્ધ થયેલી તે સ્ત્રી જે કોઈને પ્રથમ જુએ છે કે મનથી પ્રથમ ચિંતવે છે, તેના

જેવા આચાર તથા શરીરવાળા બાળકને તે જન્મ આપે છે; તે કારણે એ સ્ત્રીએ દેવોનું, ગાયોનું, બ્રાહ્મણોનું, ગુરુ-વડીલોનું તથા વૃદ્ધ આચાર્યોનું કે સત્પુરુષોનું જ પ્રથમ દર્શન કરવું અને કલ્યાણયુક્ત મનથી યુક્ત થવું જોઈએ. વળી બન્ને સંધ્યાકાળે તે સ્ત્રીએ સ્નાન કે મૈથુન પણ કરવું ન જોઈએ; અને તે મૈથુનકાળે પણ એ સ્ત્રીએ (પતિ સિવાય) બીજા કોઈમાં પણ મન રાખવું ન જોઈએ. ૭

વિવરણ : સુશ્રુતે પણ શારીરના ૨ જા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે- पूर्वं पश्येद् ऋतुस्नाता यादृशं नरमङ्गना। तादृशं जनयेत्पुत्रं भर्तारं दर्शयेदतः॥ સ્વપ્નોદર્શન પછી ઋતુકાળે-ચોથા દિવસે સ્નાન કરીને શુદ્ધ થયેલી તે સ્ત્રી જેવા પુરુષને પ્રથમ જુએ છે, તેવા જ પુત્રને જન્મ આપે છે, માટે (પોતાના પતિના જેવો પુત્ર થાય એવો અભિપ્રાય મનમાં ધરાવી) તે સ્ત્રીએ પ્રથમ પતિનાં જ દર્શન કરવાં જોઈએ. ૭

ઋતુકાળે મૈથુનની પહેલાંનું અને પછીનું કર્તવ્ય

तत ऋत्विक् पुत्रीयामिष्टिं निर्वपेत्। सिद्धमांसौदना वातघ्नौ (?) वाऽऽज्यभागौ, यवमयः पुरोडाशोऽष्टाकपालो, व्रीहिमयश्चरुः, उभौ वागायुर्युतौ प्रजायेते; न त्वदे.....क्षे, 'आ ब्रह्मन् ब्राह्मण' इति यजमानभागमभिमन्त्र्य शेषं दम्पती प्राश्नीयाताम्। श्वेत ऋषभोऽश्वो वा हिरण्यं वा भिषजे सैव दक्षिणा, सैवमनाहिताग्नेः, शालाग्नौ नैत्यं होमं हुत्वा, तेनैव मन्त्रेण हुतशेषं तौ प्रा(श्नीतः)। शयनीये मृदुस्वास्तीर्णोपहितेऽग्र्ये भत!.....त्र लक्ष्मणामद्भिरालोड्य, 'सोमः पवत' इत्येतेन शतजप्तेन सावित्र्या व्याहृतिभिः 'अपो देवीरुपसृज' इति मन्त्रेण नस्यं दत्त्वा, वामदेव्यं जपित्वा, दक्षिणेन पार्श्वेन स्त्रियं शाययीत, वामपार्श्वेन पुमानूर्ध्वोत्तरेणोपशयीत। शनैः प्रजार्थे चाचरेत्। वीजेऽवसिक्ते विधार्यावसर्पेत्। शीतोदकेन च शौचं कुर्यात्। तत ऊर्ध्वमग्निकर्मप्रतापायासव्यायामशोकादिवर्जनमिति॥ ८॥

તે પછી (પોતાના પુરોહિત દ્વારા) એ ઋતુસ્નાતા-સ્ત્રીના પતિએ પુત્ર સંબંધી 'પુત્રીયા' નામની ઇષ્ટિ કરવી; પછી વાયુનો નાશ કરનાર માંસયુક્ત ભાત અથવા ઘીના બે ભાગો તૈયાર કરાવા; તેમ જ જવના લોટનો પુરોડાશ-પૂડા જે આઠ કકેડાં અથવા તાવડી ઉપર પકવીને તૈયાર કરાય છે તે તૈયાર કરવા; તેમ જ વ્રીહિ-ડાંગરનો ભાત રાંધવો; તે પછી આ બન્ને સ્ત્રી-પુરુષે આ પુરોડાશ અને ભાતના સેવનથી પતિપત્ની બન્ને બુદ્ધિ અને આયુષથી યુક્ત થાય છે. 'आ ब्रह्मन् ब्राह्मणः' એ મંત્રથી યજમાનના ભાગને મંત્રીને બાકીનો ભાગ તે દંપતીએ ખાવો. પછી ધોળો બળદ કે ઘોડો અથવા સુવર્ણની બ્રાહ્મણને દક્ષિણા આપે; તેમ જ વૈદ્યને પણ તે જ દક્ષિણા અપાય છે અને જેણે અગ્નિહોત્ર હોમ્યું ન હોય તેવા (અગ્નિહોત્રી ન હોય તેવા) બ્રાહ્મણને પણ એ જ પ્રમાણે દક્ષિણા આપવી જોઈએ; પછી અગ્નિહોમની યજ્ઞશાળામાં નિત્ય કરવાનો હોમ હોમીને તે દંપતીએ તે જ મંત્રનો ઉચ્ચાર કરી હોમ કરતાં જે બાકી રહેલ હોય તે હુતદ્રવ્યનું પ્રાશન કરવું; તે પછી કોમળ બિછાનાથી બિછાવેલ ઉત્તમ શયન (પલંગ) ઉપર પોતાની એ પત્નીને સુવાડીને 'લક્ષ્મણા' નામની પુત્રદા ઔષધીને પાણીથી પીસી નાખી તેના એ પાણીનું, 'सोमः पवत' એ મંત્રનો સો વાર ઉચ્ચાર કરીને અથવા સો વાર ગાયત્રી મંત્રનો જપ કરીને અથવા 'ॐ भूर् भुवः स्वः' ઇત્યાદિ વ્યાહૃતિઓનો ઉચ્ચાર કરી અથવા 'अपो देवीरुपसृज' એ મંત્ર ભણીને તે સ્ત્રીના નાકમાં નસ્ય આપવું; પછી 'वामदेव्य' એ સામગાન ગાઈને તે સ્ત્રીને પુરુષે પોતાના જમણે પડખે સુવાડવી; અને પુરુષે તે સ્ત્રીના ડાબા પડખે ઉપરથી ઉત્તર તરફ સૂવું. અને તે પછી પ્રજા ઉત્પન્ન કરવા માટે તે સ્ત્રી સાથે મૈથુન કરવું; પોતાનું બીજ કે વીર્ય સ્ત્રીના ગર્ભાશયમાં સીંચાઈ

જાય ત્યારે પુરુષે તે સ્ત્રીની ઉપરથી નીચે ઊતરી જવું અને તે વેળા શીતળ પાણીથી સ્નાન કરી પુરુષે પોતાનું શૌચ અથવા પવિત્રપણું કરવું. તે પછી સ્ત્રીએ અગ્નિકર્મ–રસોડાનું કામ અથવા વધુ પડતો તાપ કે શારીરપરિશ્રમ અને શોક આદિનો ત્યાગ કરવો. ૮

વિવરણ : અહીં જે કહેવાયું છે તે જ અભિપ્રાય ચરકે શારીરના ૮ મા અધ્યાયમાં આમ જણાવેલ છે–ततस्तस्या आशासानाया ऋत्विक् प्रजापतिमभिनिर्दिश्य योनौ तस्याः कामपरिपूरणार्थं काम्यामिष्टं निर्वपेत् 'विष्णुर्योनिं कल्पयतु' इत्यनया ऋचा। ततश्चैवाज्येन स्थालीपाकमभिघार्य त्रिर्जुहुयात्, यथाऽऽम्नायं चोपमन्त्रितमुदकपात्रं तस्यै दद्यात्सर्वोदकार्थान् कुरुष्वेति। ततः समाप्ते कर्मणि पूर्वं दक्षिणपादमभिहरन्ती प्रदक्षिणमग्निमनुपरिक्रामेत्। ततो ब्राह्मणान् स्वस्ति सह मन्त्रैऽऽज्यशेषं प्राश्नीयात्, पूर्वं पुमान् पश्चात्स्त्री, न चोच्छिष्टमवशेषयेत्; ततस्तौ सह संवसेतामहरात्रं तथाविधपरिच्छदावेव च स्यातां, तथेष्टपुत्रं जनयेताम्। તે પછી પુત્રને ઇચ્છતી ઋતુસ્નાતા સ્ત્રીએ પોતાના પતિની સાથે મનમાં પુત્રની ઇચ્છા ધરાવી પોતાથી પશ્ચિમમાં અગ્નિ રાખીને તેમ જ દક્ષિણમાં બ્રાહ્મણને બેસાડી ત્યાં બેસી જવું અને પછી તે બ્રાહ્મણ જેમ કહે તેમ કર્યા કરવું. તે પછી એ ઋત્વિજ–બ્રાહ્મણે પુત્રને ઇચ્છતી એ સ્ત્રીની યોનિમાં એટલે કે યોનિને ઉદ્દેશી તે યોનિરૂપે પ્રજાપતિ–બ્રહ્માનો નિર્દેશ કરવો અને તે પછી એ સ્ત્રીની કામના પૂર્ણ થાય તે માટે 'विष्णुर्योनिं कल्पयतु'–શ્રી વિષ્ણુ ભગવાન આ સ્ત્રીની યોનિને પુત્રની ઉત્પત્તિ માટે સમર્થ બનાવો' એ ઋચા દ્વારા કામ્ય ઇષ્ટિ અથવા પુત્રેષ્ટિને ઉદ્દેશી હોમ કરવો. તે પછી સ્થાલીપાક–ચરુને ઘીથી મિશ્ર કરી તેના વડે વેદમાં કહ્યા પ્રમાણે ત્રણ વાર હોમ કરવો એટલે કે ત્રણ આહુતિઓ આપવી અને તે પછી મંત્રથી મંત્રીને પ્રથમ ત્યાં રાખી મૂકેલું જલપાત્ર 'તું આ જલ વડે બધાં જલકાર્યો કરજે' એમ કહી તે સ્ત્રીને ઋત્વિજે આપવું. પછી એ રીતે કર્મ સમાપ્ત થાય ત્યારે જમણા પગને પ્રથમ ઉપાડતી વેળા એ સ્ત્રીએ પોતાના પતિની સાથે રહી અગ્નિની પ્રદક્ષિણા કરવી. તે પછી બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવી હોમ કરતાં બાકી રહેલા ઘીના બે ભાગ કરી પહેલાં પુરુષે એક ભાગ ખાવો અને પછી સ્ત્રીએ ખાવો. પણ તેમાંથી બાકી રાખવું નહિ. તે પછીની આઠ રાત્રિ સ્ત્રીપુરુષના સહવાસ માટેની યોગ્ય ગણી છે. તે વેળા પણ તેવા જ પ્રકારનાં શ્વેત વસ્ત્રો તેઓએ ધારણ કરવાં; એમ કરવાથી તેઓ પોતાની ઇચ્છા મુજબના પુત્રને મેળવે છે.'

સંતાનની ઉત્પત્તિ થાય તે માટેના મૈથુનસમયે પુરુષે ઉપર અને સ્ત્રીએ પુરુષની નીચે રહેવું જોઈએ, એ જ આસન બરાબર છે; છતાં કામશાસ્ત્રમાં મૈથુન સમયનાં અનેક આસનો કહ્યાં છે, પરંતુ તે આસનોનો ઉદ્દેશ જુદાં જુદાં આસનો દ્વારા મૈથુનનો જુદો જુદો આનંદ મેળવી શકાય તે જ છે, પણ સંતાનની ઉત્પત્તિ માટેનું ઉત્તમ આસન તો પુરુષે ઉપર અને સ્ત્રીએ નીચે રહેવું એ જ કહેવાયું છે. આ સંબંધે ચરકે પણ શારીરના ૮ મા અધ્યાયમાં આમ જ કહ્યું છે કે–'न च न्युब्जां पार्श्वगतां वा संसेवेत, न्युब्जाया वातो बलवान् स योनिं पीडयति, पार्श्वगताया दक्षिणे पार्श्वे श्लेष्मा संच्युतोऽपि दधाति गर्भाशयं, वामे पित्तं पार्श्वे तस्याः पीडितं विदहति रक्तमुक्तं, तस्मादुत्ताना सती बीजं गृह्णीयात्; तस्या हि यथास्थानमवतिष्ठते दोषाः। મૈથુનકાળે પુરુષે સ્ત્રીને ઊંધી રાખીને કે પડખાંભર સુવાડીને તેનું સેવન કરવું ન જોઈએ; કેમ કે સ્ત્રીને ઊંધી સુવાડીને તેની સાથે જો મૈથુન સેવાય તો એ સ્ત્રીનો વાયુ બળવાન થઈને તેની યોનિને પીડા કરે છે; અને પડખાંભર સુવાડીને તે સ્ત્રી સાથે જો મૈથુન કરાય તો તેના જમણા પડખામાં કફ ઝરી આવે અને તે સ્ત્રીના ગર્ભાશયને તે ઢાંકી દે છે; તેમ જ ડાબે પડખે સુવાડીને તે સાથે જો મૈથુન કરવામાં આવે તો તે સ્ત્રીનું પિત્ત, દઝાઈને તે સ્ત્રીના લોહી–આર્તવને તથા તેની સાથે ભળેલા પુરુષના વીર્યને પણ બાળી નાખે છે, એ જ કારણે સ્ત્રીએ મૈથુનવેળા ચત્તાં સૂઈને જ પુરુષના વીર્યરૂપ બીજને ગ્રહણ કરવું, જેથી એ સ્ત્રીના બધાયે

દોષો પોતપોતાના યોગ્ય સ્થાને સ્થિર રહે છે.' એમ મૈથુન કર્યા પછી સ્ત્રીની યોનિમાં વીર્યસિંચન થઈ જાય, એટલે પુરુષે તથા સ્ત્રીએ અલગ અલગ થઈ જવું જોઈએ અને શીતળ પાણીથી શુદ્ધિ કરી લેવી જોઈએ; એટલે કે શીતળ પાણીથી સ્ત્રીએ યોનિ પર અને પુરુષે ગુહ્યભાગ પર સિંચન કરી સફાઈ કરી લેવી. મૈથુન પછી સ્ત્રી પોતાની યોનિ પર શીતલ પાણીથી સિંચન કરે છે, તો યોનિની માંસપેશીઓ વધુ સંકુચિત થવાથી તે યોનિમાં વીર્યની સ્થિરતા થતાં ગર્ભની ઉત્પત્તિની વિશેષ સંભાવના રહે છે; આ સંબંધે ચરકે પણ આમ કહ્યું છે કે 'पर्याप्ते चैनां शीतोदकेन परिषिञ्चेत्-મૈથુન સમાપ્ત થાય ત્યારે એ સ્ત્રીની યોનિ પર શીતલ પાણીથી સિંચન કરવું.' એ વાક્યની ટીકા લખતાં શ્રી ગંગાધર પણ ત્યાં આમ લખે છે કે-एनां कृतरमणां स्त्रियं मैथुनश्रमोष्मप्रशमार्थं शीतोदकेन मुखनयनादिषु योनिषु च परिषिञ्चेत्'।-મૈથુનક્રીડા જેણે કરી હોય એવી તે સ્ત્રીના મૈથુનનો શ્રમ તથા ગરમી શાંત કરવા માટે પુરુષે તે સ્ત્રીના મોઢા પર, નેત્ર પર અને યોનિ પર શીતળ જળ સીંચવું.' વળી ચરકે શારીરના ૮ મા અધ્યાયમાં ગર્ભસ્થાપનકારક ઔષધીઓ પણ ત્યાં આમ દર્શાવી છે, માટે તેનું પણ સેવન કરી શકાય છે; જેમ કે-अत ऊर्ध्वं गर्भस्थापनानि व्याख्यास्यामः-ऐन्द्रीब्राह्मीशतवीर्यासहस्रवीर्याऽमोघाऽव्यथाशिवा बलाऽरिष्टावाट्यपुष्पीविष्वक्सेनकान्ता च, आसामोषधीनां शिरसा दक्षिणेन पाणिना धारणम्, एताभिश्चैव सिद्धस्य पयसः सर्पिषो वा पानं, एताभिश्चैव पुष्ये पुष्ये स्नानं, सदा समालभेत च ताः, तथा सर्वासां जीवनीयोक्तानामोषधीनां सदोपयोगस्तैस्तैरुपयोगविधिभिः, इति गर्भस्थापनानि व्याख्यातानि भवन्ति।'-હવે ગર્ભસ્થાપન ઔષધો અમે કહીએ છીએ; જેમ કે ઐંદ્રી-ગોરખકાકડી કે ઇંદ્રવારુણી, બ્રાહ્મી, શતવીર્યા અને સહસ્રવીર્યા એટલે કે લીલી-ધોળી બે ય જાતની દૂર્વા-ધ્રોખડ, અમોઘા-પાટલા કે પાડલ, અવ્યથા-અળો, શિવા-હરડે, અરિષ્ટા-કડુ, વાટ્યપુષ્પી-પીળી ખપાટ, વિષ્વક્સેનકાંતા-પ્રિયંગુ કે ધાવડી-એ દસ ઔષધીઓને (સગર્ભા સ્ત્રીએ) માથાની ઉપર ધારણ કરવી. અથવા જમણા હાથ ઉપર ધારણ કરવી; તેમ જ એ દસે ઔષધીઓ નાખી તૈયાર કરેલું દૂધ કે ઘી પીવું; તેમ જ દરેક પુષ્ય નક્ષત્રમાં એ ઔષધીઓ નાખી ઉકાળેલા ગરમ જળ વડે સ્નાન કરવું અને તે તે ઔષધીઓનો સર્વ કાળે સ્પર્શ કર્યા કરવો-એટલે કે તે તે ઔષધીઓથી શરીર ચોળવું; તેમ જ જીવનીય ગણમાં કહેલી જીવક, ઋષભક આદિ સર્વ ઔષધીઓનો તે તે ઉપયોગવિધિ અનુસાર સમકાળે ઉપયોગ કરવો; (જેથી સગર્ભા સ્ત્રીનો ગર્ભ સ્થિર થાય છે;) એમ ગર્ભસ્થાપન ઔષધો અહીં કહ્યાં છે એમ ગર્ભ સ્થિર થાય તે પછી પણ તે સગર્ભા સ્ત્રીએ अग्निकर्म એટલે કે અગ્નિની સમીપમાં બેસી કોઈ કાર્ય કરવાનો, આયાસ એટલે વધુ પડતા શારીરશ્રમનો, વ્યાયામ તથા શોક આદિનો પણ ત્યાગ કરવો જોઈએ; આ સંબંધે પણ ચરકે શારીરના ૮ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે-तस्मादहितानाहारविहारान् प्रजासम्पदमिच्छन्ती स्त्री विशेषेण वर्जयेत्, साध्वाचारा चात्मानमुपचरेद्धिताभ्यामाहारविहाराभ्याम् ॥ ८ ॥ એ કારણે ઉત્તમ પ્રજા કે સંતાનને ઇચ્છતી સ્ત્રીએ અહિતકારી આહારવિહારોનો વિશેષે કરી ત્યાગ કરવો જોઈએ અને ઉત્તમ સદાચારનું કે મંગલાચારનું સેવન કરતાં રહી હિતકારી આહારવિહારો દ્વારા પોતાના દેહના યોગ્ય ઉપચારો કર્યા કરવા જોઈએ. (અને એ જ પ્રમાણે પુરુષે પણ હિતકારી આહારવિહારોનું જ સેવન ચાલુ રાખી અહિતકારી આહારવિહારોનો વિશેષે કરી ત્યાગ કરવો જોઈએ.) ૮

ઉત્તમ સંતતિને ઇચ્છતી સ્ત્રીએ સેવવાનાં કર્મો

सा चेदिच्छेद् गौरमोजस्विनं शुचिमायुष्मन्तं पुत्रं जनयेयमिति, तस्या एवं शुद्धस्नानात् प्रभृति शुक्लयवसक्तूनां मधुघृताभ्यां श्वेतायाः श्वेतपुंवत्साया गोः क्षीरेण संसृज्य मन्थं राजते पात्रे कांस्ये वा सदा पाययेत्, शालिगौरयवक्षीरदधिघृतप्रायं च काले मात्रया अश्नीयात्, पुष्पाभरणवासांसि च शुक्लानि बिभृयात्, सायं प्रातश्च श्वेतमश्वं वृषभं वा पश्येत्, सौम्यहितप्रियकथाभिरासीत, अनुकूलपरिवारा च स्यादि-

ષમપત્યં જનયતિ। યા તુ શ્યામં લોહિતાક્ષં વ્યૂઢોરસ્કં પુત્રમિચ્છેત્ કૃષ્ણં વા તત્ર તાદૃગુપચારો ભોજનવસનકુસુમાલઙ્કારાણાં, તાદ્દેશાનુચિન્તનં ચેતિ। યવાગૂં તુ કન્યાર્થિનીભ્યો દદ્યાત્; ક્ષીરોદકતિલસિદ્ધાસ્તુ વર્ણ્યાઃ। ગૌરશ્યામકૃષ્ણેભ્યોઽન્યે વર્ણા નિન્દિતાઃ ॥ ૯ ॥

રજોદર્શન પછી સ્નાન કરી શુદ્ધ થયેલી એ સ્ત્રી જો આમ ઇચ્છે કે 'હું ગૌર–ધોળા રંગના, ઓજસથી યુક્ત પવિત્ર અને આયુષ્માન પુત્રને જન્મ આપું' તો શુદ્ધ સ્નાન કર્યા પછી એ સ્ત્રીને ધોળા ઘઉંનો સાથવો, ધોળા રંગની ગાયના દૂધ સાથે મિશ્ર કરી તેનો બનાવેલ એ મંથ રૂપાના કે કાંસાના પાત્રમાં હમેશાં પાવો જોઈએ; તેમ ભોજનનો સમય થાય ત્યારે તે સ્ત્રીએ, શાલિ–ડાંગરના ચોખાનો ભાત કે ધોળા રંગના જવનો ખોરાક દૂધ સાથે કે દહીં સાથે વધુ ઘીથી યુક્ત કરી યોગ્ય પ્રમાણમાં જમવો અને પુષ્પો, આભૂષણો તથા વસ્ત્રો પણ ધોળા રંગનાં ધારણ કરવાં; તેમ જ દરરોજ સાંજે અને સવારે ધોળા રંગના ઘોડાનું અથવા બળદનું દર્શન કરવું; તેમ જ સૌમ્ય, હિતકારી, પ્રિય કથાઓ કહીને કે સાંભળીને બેસી રહેવું અને પોતાને અનુકૂળ પરિવારથી યુક્ત રહેવું; એમ વર્તવાથી તે સ્ત્રી પોતે ઇચ્છેલા–મનવાંછિત પુત્રને જન્મ આપે છે; પરંતુ જે સ્ત્રી શ્યામ રંગના, લાલ નેત્રોવાળા તથા વિશાળ છાતીવાળા પુત્રને જો ઇચ્છે અથવા કાળા રંગનો હોઈ તે શ્રીકૃષ્ણના જેવા ગુણથી યુક્ત પુત્રને જો ઇચ્છે તો તે વેળા તેના જેવા ઉપચારો તેણે સેવવા; તેમ જ ભોજન, વસ્ત્રો, પુષ્પો તથા અલંકારો પણ તેને અનુસરતાં ધારણ કરવાં. અને તેવા દેશનું અનુચિંતન કરવું; પરંતુ જે સ્ત્રીઓ પોતાને ત્યાં કન્યાઓનો જન્મ ઇચ્છતી હોય, તેઓને તો ભોજનમાં યવાગૂ–રાબ જ આપવી જોઈએ. અને દૂધ, પાણી તથા ધોળા તલના તેલમાં પકાવેલું અન્ન સુંદર (ગૌર) વર્ણ આપનાર છે. ૯

વિવરણ: ચરકે પણ શારીરના ૮ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે– सा चेदेवमाशासीत बृहन्तमवदातं हर्यक्षमोजस्विनं शुचि सत्त्वसंपन्नं पुत्रमिच्छेयमिति शुद्धस्नानाद्यप्रभृत्यस्यै मन्थमवदातयवानां मधुसर्पिर्भ्यां संसृज्य श्वेताया गौः सरूपवत्साया: पयसाऽऽलोड्य राजते कांस्ये वा पात्रे काले काले सप्ताहं सततं प्रयच्छेत्सानाथ, प्राप्ततश्च शालियवान्नविकारान् दधिमधुसर्पिर्भिः पयोभिर्वा संसृज्य भुञ्जीत, तथा सायमवदातशरणशयनासनयानवसनभूषणा च स्यात्, सायं प्रातश्च शश्वच्छ्वेतं महान्तमृषभमाजानेयं हरिचन्दनाङ्कितं पश्येत्, सौम्याभिश्चैनां कथाभिर्मनोऽनुकूलाभिरुपासीत, सौम्याकृतिवचनोपचारचेष्टांश्च स्त्रीपुरुषानितरानपि चेन्द्रियार्थानवदातान् पश्येत्, सहचर्यश्चैनां प्रियहिताभ्यां सततमुपचरेयुः, तथा भर्ता, न च मिश्रीभावमापद्येयाताम्। રજોદર્શન પછી શુદ્ધ થયેલી એ સ્ત્રી જો આવી ઇચ્છા કરે કે, 'હું મોટા શરીરવાળા, શુદ્ધ ગૌર વર્ણવાળા, સિંહ જેવા પરાક્રમી, ઓજસથી યુક્ત, પવિત્ર અને સત્ત્વસંપન્ન પુત્રને મેળવું' તો એ સ્ત્રીને, ચોથા દિવસનું શુદ્ધ સ્નાન કરે તે દિવસથી માંડી શુદ્ધ સ્વચ્છ મંથ–એટલે દૂધથી મિશ્ર કરેલો સાથવો સાત દિવસ સુધી આપવો જોઈએ અને તે પણ રૂપાના કે કાંસાના પાત્રમાં પોતાના જેવા જ રૂપવાળા વાછડીવાળી ગાયના દૂધમાં મિશ્ર કરી તેમાં મધ અને ઘી મેળવીને કાળે કાળે–સવારે ને સાંજે હમેશાં પીવા દેવો જોઈએ. વળી તે સ્ત્રીએ પ્રાતઃકાળમાં શાલિ ડાંગરના ચોખા તથા જવના બનાવેલા પદાર્થોને દહીં, મધ, ઘી તથા દૂધની સાથે મિશ્ર કરી ખાવા જોઈએ; તેમ જ સાંજના સમયે પણ તેવા જ ખોરાકો ખાવા જોઈએ અને હાયમ સ્વચ્છ ઘર, શયન, આસન, યાન, વસ્ત્ર, આભૂષણ તથા વેશથી યુક્ત રહેવું જોઈએ. વળી તે સ્ત્રીએ હમેશાં સાંજે તથા સવારે ધોળા મોટા બળદને કે કુળવાન ધોળા ઘોડાને, સફેદ ચંદનને તથા અંગદ–બાહુભૂષણ કે બાજુબંધને જોવાં જોઈએ; વળી તે સ્ત્રીની પાસે મનને અનુકૂળ

સૌમ્ય કથાઓ કરતા રહી બેસવું જોઈએ; તેમ જ એ સ્ત્રીએ પણ સૌમ્ય આકૃતિ, વચન, ઉપચાર તથા ચેષ્ટાઓથી યુક્ત એવાં સ્ત્રી-પુરુષોને તથા બીજા પણ શુદ્ધ ઉજ્જ્વળ ઇંદ્રિયોના વિષયોને જોયા કરવાં જોઈએ, તેમ જ એ સ્ત્રીની સહચરી-સખીઓ કે બહેનપણીઓ હોય તેઓએ પણ પ્રિય અને હિતકારી વ્યવહારો દ્વારા તે સ્ત્રીના ઉપચારો-સેવા કર્યા કરવી જોઈએ અને તે પ્રમાણે એ સ્ત્રીના પતિએ પણ તેના ઉપચારો કરવા તત્પર રહેવું જોઈએ; પરંતુ તે પછીના સમયે તે સ્ત્રીપુરુષે મિશ્રભાવ-મૈથુનનું સેવન કરવું જોઈએ; એમ તે વિધિથી સાત રાત્રિદિવસ સુધી રહી આઠમા દિવસે તે સ્ત્રીએ પોતાના પતિની સાથે માથાબોળ સ્નાન કરી ફાટેલાં ન હોય એવાં સ્વચ્છ ધોળાં વસ્ત્રો ધારણ કરવાં જોઈએ; તેમ જ નિર્મળ ધોળી પુષ્પમાળાઓ તથા ઉજ્જ્વળ આભૂષણો પણ ધારણ કરવાં જોઈએ. પરંતુ તે સ્ત્રી-પુરુષે સાત રાત્રિ પછી મિશ્રભાવ-મૈથુન કરવા તત્પર ન થવું. વળી ચરકે ત્યાં જ શારીરના ૮મા અધ્યાયમાં આમ પણ કહ્યું છે કે, या तु स्त्री श्यामं लोहिताक्षं व्यूढोरस्कं महाबाहुं च पुत्रमाशासीत, या वा कृष्णं कृष्णमृदुदीर्घकेशं शुक्लाक्षं, शुक्लदन्तं तेजस्विनमात्मवन्तम्, एष एवानयोरपि होमविधिः, किन्तु परिवर्हबर्ज्यं स्यात्, पुत्रवर्णानुरूपस्तु यथाऽऽशो परिवर्होऽन्यकार्यः स्यात्। પરંતુ જે સ્ત્રી શ્યામ રંગવાળા, લાલ નેત્રોવાળા, પહોળી છાતીવાળા અને મોટી ભુજાઓવાળા પુત્રને જોયા ઇચ્છતી હોય અથવા જે સ્ત્રી કાળા રંગના, કાળા, કોમળ, લાંબા કેશવાળા, ધોળાં નેત્રોવાળા, ધોળા દાંતવાળા, તેજસ્વી અને આત્મવાન-જિતેંદ્રિય પુત્રને મેળવવા ઇચ્છતી હોય તો એ બન્ને સ્ત્રીના સંબંધે હોમવિધિ તો એક પ્રકારનો કરવાનો હોય છે, પરંતુ પરિબર્હ-આસન, બિછાનાં, પુષ્પો, ભોજન, વસ્ત્ર તથા ઘર વગેરે તો ઉપર દર્શાવેલ ધોળા વર્ણથી રહિત જ હોવાં જોઈએ; એટલે કે ઇચ્છેલા પુત્રના વર્ણને અનુસરતો, જેવી પોતાની ઇચ્છા હોય તે જ પ્રમાણે તે બન્નેનો બીજો બધો પરિબર્હ-એટલે કે ભોજન, પુષ્પ, આસન, શય્યા, વગેરે હોવાં જોઈએ. વળી જે સ્ત્રી જેવા રંગના પુત્રને ઇચ્છતી હોય, તે સંબંધે પણ ચરકે ત્યાં શારીરના ૮મા અધ્યાયમાં આમ પણ કહ્યું છે કે-या या च यथाविधं पुत्रमाशासीत तस्यास्तस्यास्तां पुत्राशिषमनुनिशम्य तांस्ताञ् जनपदान् मनसाऽनुपरिक्रामयेत्, ताननुपरिक्रम्य या या येषां जनपदानां मनुष्याणामनुरूपं पुत्रमाशासीत सा सा तेषां तेषां जनपदानामाहारविहारोपचारपरिच्छादाननुविधत्स्वेति वाच्या स्यात्; इत्येतत्सर्वं पुत्राशिषां समृद्धिकरं कर्म व्याख्यातं भवति। વળી જે જે સ્ત્રી જેવા પ્રકારના કે જે જે દેશના માણસોના જેવા પુત્રને ઇચ્છતી હોય, તેની તે તે પુત્ર માટેની ઇચ્છાને સાંભળી લઈ તે પછી મનથી તે તે દેશોનું ચિંતન કરવા માટે તેને કહેવું જોઈએ; તે પછી જે જે સ્ત્રી જે જે દેશના મનુષ્યોના જેવા પુત્રને ઇચ્છતી હોય. તે તે સ્ત્રીને તે તે દેશના મનુષ્યોના આહારવિહાર-ઉપચાર તથા પરિચ્છેદો એટલે કે વસ્ત્રાદિ દેશાલંકાર ધારણ કરવાનું કહેવું જોઈએ. એમ આ બધું પુત્રની ઇચ્છાને સિદ્ધ કરવા માટેનું કર્મ કહ્યું છે. ૯

આહારના ચાર પ્રકારો અને રોગ પરત્વે તેનો પ્રયોગ

आहारश्चतुर्विधः, षड्रसाश्रयो, विंशतिविकल्पोगुरुलघुशीतोष्णस्निग्धरूक्षमन्दतीक्ष्णस्थिरसरमृदुकठिनविशदपिच्छिलश्लक्ष्णखरसूक्ष्मस्थूलसान्द्रद्रवविकल्पात्; तेन त्वगादयः शुक्रान्ता धातव आप्यायन्ते। तेषां समानं वर्धनमविरुद्धाशनम्। वातादीनां तु धातूनामन्ये धातवआप्यायिता (रो) भवन्ति; भुज्यमानं मांसं मांसस्य, शोणितं शोणितस्येति; तदधर्मभयादनिष्टं, तद्गुणैस्तु शुचिभिराहारैः क्षीणधातूनाप्याययेत्। शुक्रक्षये क्षीरघृतोपयोगो मधुरस्निग्धजीवनानां चान्येषामपि द्रव्याणामविदाहिनां प्रशस्यते, मूत्रक्षये पुनरिक्षुरसवारुणीमण्डद्रवमधुराम्ललवणतक्रगुडत्रपुसोपक्लेदिनां, पुरीषक्षये यवान्नविकृतिकुल्माषमाषषष्टिकयावकगोरसाम्ललवणस्निग्धशाकोपयोगः, वातक्षये कटुतिक्तकषायलघुरूक्षशीतयवान्नोपयोगः, पित्तक्षये कटुलवणाम्लतीक्ष्णोष्णक्षाराणां, कफक्षये स्निग्धमधुरगुरुसान्द्रादीनाम्॥ १०॥

.....

.....

આહાર અથવા ખોરાક ચાર પ્રકારનો હોય છે અને તેઓને છ રસોનો આશ્રય હોય છે; એ આહારના ૨૦ વિકલ્પો-ભેદો કહેવાય છે; જેમ કે ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રુક્ષ, મંદ, તીક્ષ્ણ, સ્થિર, સર, મૃદુ, કઠિન, વિશદ, પિચ્છિલ, શ્લક્ષ્ણ, ખર, સૂક્ષ્મ, સ્થૂલ, સાંદ્ર અને દ્રવ. એ આહારના કારણે અથવા તે આહારના સેવનથી ત્વચા આદિ શુક્ર-વીર્ય સુધીની (શરીરની) બધી ધાતુઓ ચારે બાજુ વધે છે અને પોષાય છે; એ ધાતુઓની જે સમાનવૃત્તિ અથવા એકધારી જે વૃદ્ધિ થાય તે અનુકૂળ આહાર સેવ્યો ગણાય છે; વાત આદિ ધાતુઓની જે વૃદ્ધિ થાય છે, તેઓના સંબંધે પણ (તેઓ સિવાયની) બીજી ધાતુઓ જ વધારો કરનાર થાય છે; માંસનું સેવન કરવાથી તે માંસનો વધારો કરે છે; રુધિર-લોહીનું સેવન કરવાથી તે રુધિરનો વધારો કરે છે; પરંતુ માંસ તથા રુધિરનું સેવન કરવાથી અધર્મ થવાનો ભય રહે છે, તેથી તે અનિષ્ટ છે-ઇચ્છવાયોગ્ય નથી; તે કારણે એ માંસ આદિના જેવા પૌષ્ટિક ગુણોને ધરાવતી બીજા પવિત્ર આહારોથી જ ક્ષીણ થયેલી ધાતુઓને પુષ્ટ કરવી જોઈએ; વીર્યનો ક્ષય થયો હોય તો દૂધ અને ઘીનો ઉપયોગ કરવો; તેમ જ મધુર, સ્નિગ્ધ તથા જીવનને હિતકારી બીજાં પણ દાહ ન કરે એવાં દ્રવ્યોનો ઉપયોગ કરવો તે વખણાય છે; મૂત્રનો જો ક્ષય થયો હોય તો શેલડીનો રસ, વારુણી-મદિરાનો, મંડદ્રવ-ઉપરનો પ્રવાહી રસ અને તે સિવાયનાં બીજાં પણ મધુર, અમ્લ-ખાટાં તથા ખારાં દ્રવ્યો છાશ, ગોળ અને ત્રપુસ-કાકડી વગેરે ઉપકલેદી એટલે કે શરીરમાં ભીનાશ-લેજ વધારે એવાં દ્રવ્યોનો ઉપયોગ કરવો જોઈએ; વિષ્ઠાનો ક્ષય થયો હોય તો જવના ખોરાકના વિકારો, કુલ્માષ-બાકળા, અડદ, સાઠી-ચોખા, યાવક-ધાન્ય-યવાગૂ કે રાબ, ગોરસ-દૂધ-દહીં વગેરે ખાટા, ખારા અને સ્નિગ્ધ પદાર્થો તેમ જ શાકનો ઉપયોગ કરાવવો જોઈએ; શરીરમાં રહેતા વાતનો ક્ષય થયો હોય તો તીખા, કડવા, કષાય-તૂરા, લઘુ-હલકા, રૂક્ષ તથા શીતલ પદાર્થોનો અને જવના ખોરાકનો ઉપયોગ કરવો; અને જો પિત્તનો ક્ષય થયો હોય તો તીખા, ખારા, ખાટા, તીક્ષ્ણ, ઉષ્ણ-ગરમ અને ક્ષાર પદાર્થોનો ઉપયોગ કરવો અને જો કફનો ક્ષય થયો હોય તો સ્નિગ્ધ, મધુર, ગુરુ-ભારે અને સાન્દ્ર-ઘાટાં વગેરે દ્રવ્યોનો ઉપયોગ કરવો જોઈએ. ૧૦

વિવરણ : આહાર-વિહાર આદિના સેવનથી જો સમાનતા હોય તો શરીરની ધાતુઓમાં વધારો થાય છે; આ સંબંધે ચરકે શારીરસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યું છે કે-'एवमेव सर्वधातुगुणानां सामान्ययोगाद् वृद्धिर्विपर्यासाद्ह्रासः, एतस्मान्मांसमाप्याय्यते मांसेन भूयस्तरमन्येभ्यः शरीरधातुभ्यस्तथा लोहितं लोहितेन, मेदो मेदसा, वसा वसया, अस्थि तरुणास्थ्ना, मज्जा मज्जया, शुक्रं शुक्रेण गर्भस्त्वामगर्भेण । એ જ પ્રમાણે બધી ધાતુઓના ગુણોની વૃદ્ધિ તેઓના જેવા સમાનનું સેવન કરવાથી થાય છે; અને તેથી વિપરીત ગુણવાળાંઓના સેવનથી હ્રાસ-ક્ષીણતા થાય છે; એ જ કારણે માંસના સેવનથી બીજી બધી ધાતુઓ કરતાં માંસ અતિશય વધે છે. લોહીના સેવનથી લોહી વધે છે; મેદના સેવનથી મેદ વધે છે; વસાના સેવનથી વસા વધે છે; હાડકાંથી હાડકાં વધે છે, મજ્જાથી મજ્જા વધે છે; વીર્યથી વીર્ય વધે છે અને કાચા ગર્ભથી ગર્ભ વધે છે.' એમ સામાન્ય નિયમાનુસાર કોઈપણ ધાતુની વૃદ્ધિ માટે તેના જ જેવી ધાતુનું સેવન અશક્ય બને અથવા તે ધાતુ જો ન મળી શકે અથવા તે ધાતુનું સેવન કરવામાં જો કંટાળો આવે તો તે ક્ષીણ થયેલી ધાતુની વૃદ્ધિ કરવા માટે તેના સમાન ગુણ ધરાવતાં બીજાં દ્રવ્યોનો ઉપયોગ કરાવવો જોઈએ. જેમ કે વીર્યની ક્ષીણતા થાય તો વીર્યની વૃદ્ધિ

કરવા માટે મઘરના વીર્યનું સેવન કરાવાય છે; પરંતુ તેનું સેવન કરતાં કંટાળો આવે તો તેના જેવા જ ગુણો ધરાવતાં ઘી-દૂધ વગેરેનું સેવન કરાવી શકાય છે; આ સંબંધે પણ ચરકે શારીરના છઠ્ઠા અધ્યાયમાં આમ કહ્યું છે કે– यत्रत्वेवं लक्षणेन सामान्येन सामान्यवतामाहारविकाराणामसांनिध्यं स्यात् संनिहितानां वाऽप्ययुक्तत्वान्नोपयोगो घृणित्वादन्यस्माद्वा कारणात्, स च धातुरभिवर्धयितव्यः स्यात् तस्य ये समानगुणाः स्युराहारविकारा असेव्याश्च, तत्र समानगुणभूयिष्ठानामन्यप्रकृतीनामप्याहारविकाराणामुपयोगः स्यात्, तद्यथा-शुक्रक्षये क्षीरसर्पिषोरुपयोगो मधुरस्निग्धसमाख्यातानां चापरेषामेव द्रव्याणां, मूत्रक्षये पुनरिक्षुरसवारुणीमण्डद्रवमधुराम्ललवणोपक्लेदिनां पुरीषक्षये कुल्माषमाषकुष्कुण्डाजमद्ययवशाकधान्याम्लानां, वातक्षये कटुतिक्तकषायरूक्षलघुशीतानां, पित्तक्षयेऽम्ललवणकटुकक्षारोष्णतीक्ष्णानां, श्लेष्मक्षये स्निग्धगुरुमधुरसान्द्रपिच्छिलानां द्रव्याणां, कर्मापि च यद्यद्यस्य धातोर्वृद्धिकरं तत्तदासेव्यं, एवमन्येषामपि शरीरधातूनां सामान्यविपर्ययाभ्यां वृद्धिह्रासौ यथाकालं कार्यौ, इति सर्वधातूनामेकैकशोऽतिदेशतश्च वृद्धिकराणि व्याख्यातानि भवन्ति'–જ્યાં એવાં લક્ષણવાળાં કે એવા પ્રકારનાં સામાન્ય કે સમાનતા ધરાવતાં દ્રવ્યો દ્વારા એટલે કે માંસદ્વારા માંસની, લોહી દ્વારા લોહીની વૃદ્ધિ થાય છે; ઇત્યાદિ નિયમ દ્વારા જે ધાતુની વૃદ્ધિ માટે એવાં સામાન્ય યુક્ત આહારના વિકારોની સમીપતા ન હોય, જેથી તેમાં તેવાં દ્રવ્યો ન્હે મળી શકે તેમ ન હોય અથવા એવાં દ્રવ્યો સેવવાં તે અયોગ્ય હોય તેથી તેવાં દ્રવ્યોનાં સેવન તરફ ઘૃણા થાય તે કારણે એવાં દ્રવ્યોનો ન્હે ઉપયોગ કરી ન શકાય અને તેથી ક્ષીણ થયેલી તે તે ધાતુઓની વૃદ્ધિ કરવાનું જરૂરી હોય છતાં તેવાં દ્રવ્યો દ્વારા તે તે ધાતુઓની વૃદ્ધિ કરવાનું જો ન બની શકે, તો તે તે ક્ષીણ થયેલી ધાતુઓના જેવા ગુણ જેમાં અધિક હોય એવી બીજી પ્રકૃતિઓ કે વિભિન્ન અથવા તે તે દ્રવ્યોથી વિજાતીય આહાર-વિહારોનો કે ભોજન કરવા યોગ્ય પદાર્થોનો ઉપયોગ કરવો જોઈએ; જેમ કે વીર્યનો ક્ષય થયો હોય તો દૂધ અને ઘીનો યથાયોગ્ય ઉપયોગ કર્યા કરવો; તેમ જ એ ઘી-દૂધની સાથે પણ મધુર, સ્નિગ્ધ અને શીતલ ગુણવાળાં દ્રવ્યોનો જ ઉપયોગ કરવો જોઈએ; પરંતુ જો મૂત્રનો ક્ષય થયો હોય તો શેલડીના રસનો, વારુણી-મદિરાની ઉપરના મંડ એટલે પાતળા પ્રવાહી રસનો અને તે ઉપરાંત મધુર, અમ્લ-ખાટાં, લવણ-ખારાં અને ઉપક્લેદી-ભીનાશ કે ભેજ અથવા પચપચતાપણું કરે એવાં દ્રવ્યોનો ઉપયોગ કરવો; પરંતુ જો વિષ્ઠાનો ક્ષય થયો હોય તો કુલ્માષ-બાકળા એટલે કે બાફેલા ચણા, કળથી કઠોળ વગેરેની ઘૂઘરીનો, અડદનો, કુષ્કુંડ-ચોમાસામાં થતી છત્રી જેવા આકારની વનસ્પતિ-બિલાડીના ટોપનો, બકરાંના મધ્યદેહનો, જવનો, અનેક પ્રકારનાં શાકોનો તેમ જ ધાન્યામ્લ અથવા આથેલાં ધાન્યની ખટાશરૂપી કાંજીનો ઉપયોગ કરવો; પરંતુ જો વાતનો ક્ષય થયો હોય તો કટુ-તીખાં, તિક્ત-કડવાં, કષાય-તૂરાં, રૂક્ષ-લૂખાં, લઘુ-પચવામાં હલકાં અને શીતલ દ્રવ્યોનો ઉપયોગ કરવો; પણ જો પિત્તનો ક્ષય થયો હોય તો અમ્લ-ખાટા, લવણ-ખારા, કટુક-તીખા, ક્ષારરૂપ, ઉષ્ણ-ગરમ અને તીક્ષ્ણ પદાર્થોનો ઉપયોગ કરાવવો જોઈએ; પરંતુ જો કફનો ક્ષય થયો હોય તો સ્નિગ્ધ, ગુરુ-ભારે, મધુર, સાન્દ્ર-ઘટ્ટ અને પિચ્છિલ-ચીકણાં દ્રવ્યોનો પ્રયોગ કરાવવો જોઈએ; એટલું જ નહિ, પણ જે કર્મ પણ જે જે ધાતુની વૃદ્ધિ કરે, તે તે જ સેવવું જોઈએ; એમ બીજી પણ શરીરની ધાતુઓનાં સમાનતા અને વિપર્યય કે અસમાનતા દ્વારા તેઓની વૃદ્ધિ તથા (વધેલનો) હ્રાસ-પણ સમય અનુસાર કરવો જોઈએ.

એમ (શરીરની) સર્વ ધાતુઓમાંનાં પ્રત્યેકને ઉદ્દેશી ઉપર કહ્યા પ્રમાણેના અતિદેશ દ્વારા સૂચવેલ વૃદ્ધિ-હ્રાસ કરનારાં દ્રવ્ય-ગુણ-કર્મોને અહીં કહેવાઈ ગયેલ સમજી લેવાં જોઈએ.' ૧૦

સગર્ભા સ્ત્રીના સંબંધે આચાર-વ્યવહાર

.....

.....

यानि द्रव्याणि पुण्यानि मङ्गल्यानि शुचीनि च ।
नवान्यभग्नखण्डानि पुंनामानि प्रियाणि च ॥११
गर्भिण्यै तान्युपहरेद्वासांस्याभरणानि च ।
न स्त्रीनपुंसकाख्यानि धारयेद्वा लभेत वा ॥१२॥

જે દ્રવ્યો પુણ્યકારક, માંગલિક, પવિત્ર, નવીન, ભાંગેલાં ન હોય તેમ જ અખંડ હોય, વળી જે દ્રવ્યો પુરુષનું નામ ધરાવતાં હોઈ પુરુષ જાતિનાં હોય અને તે સગર્ભા સ્ત્રીને પ્રિય હોય તેવાં તેવાં દ્રવ્યો તથા વસ્ત્રો અને આભૂષણો પણ તે સગર્ભા સ્ત્રીએ ધારણ કરવાં જોઈએ; પરંતુ સ્ત્રી જાતિનાં નામ ધરાવનારાં અને નપુંસક જાતિને દર્શાવતાં દ્રવ્યો, વસ્ત્રો કે આભૂષણો વગેરેને તે સગર્ભા સ્ત્રીએ ધારણ ન કરવાં અને તે તે દ્રવ્યો તેણે પ્રાપ્ત પણ ન કરવાં. ૧૧,૧૨

ગર્ભિણી માટેના ઘર વગેરે સંબંધે સૂચન

धूपितार्चितसंमृष्टं मशकाद्यपवर्जितम् ।
ब्रह्मघोषैः सवादित्रैर्वादितं वेश्म शस्यते ॥ १३ ॥
(प्रातरुत्थाय)शौचान्ते गुरुदेवार्चने रता ।
अर्चेदादित्यमुद्यन्तं गन्धधूपार्घ्यवार्जपैः ॥ १४ ॥
क्षीयमाणं च शशिनमस्तं यान्तं च भास्करम् ।
न पश्येद्गर्भिणी नित्यं नाप्युभौ राहुदर्शने ॥१५
सोमार्कौ सग्रहौ श्रुत्वा गर्भिणी गर्भवेश्मनि ।
शान्तिहोमपराऽऽसीत मुक्तयोगं तु याचयेत् ॥१६
न द्विष्यादतिथिं भिक्षां दद्यान्न प्रतिवारयेत् ।
स्वयं प्रज्वलिते चाग्नौ शान्त्यर्थं जुहुयाद्घृतम् ॥१७
पूर्णकुम्भं घृतं माल्यं पूर्णपात्रं घृतं दधि ।
न किञ्चित् प्रतिरुध्नीयान्न च बध्नीत गर्भिणी ॥१८
सूत्रेण तनुना रज्ज्वा स्तम्भनं बन्धनानि च ।
वर्जयेद्गर्भिणी नित्यं कामं बन्धानि मोक्षयेत् ॥१९

સગર્ભા સ્ત્રીનું ઘર ધૂપ કરી સુગંધ-યુક્ત કરેલું, પૂજેલું અને સારી રીતે સાફ કરેલું હોવું જોઈએ; તેમ જ એ ઘર મચ્છર વગેરેથી રહિત હોય, વાદિત્રોની સાથે બ્રહ્મના ઘોષ અથવા વેદમંત્રોની ગર્જનાથી યુક્ત હોય; અને વાજાં વગેરે જ્યાં વાગી રહ્યાં હોય તે ઘર ઉત્તમ ગણાય છે. ગર્ભિણી સ્ત્રીએ પણ સવારમાં વહેલાં ઊઠી શૌચ-સ્નાન આદિ (શારીરિક) ક્રિયાઓ કર્યા પછી ગુરુ-વડીલો વગેરેની તથા દેવોની પૂજા કરવામાં રત-આસક્ત થવું જોઈએ; તેમ જ ઉદય પામતા સૂર્યનું ચંદન, ધૂપ, અર્ઘ્યપ્રદાન, જળ તથા જપ વડે પૂજન કરવું. વળી તે સગર્ભા સ્ત્રીએ ક્ષીણ થતા ચંદ્રનાં તથા અસ્ત પામતા સૂર્યનાં કદી દર્શન કરવાં ન જોઈએ; તેમ જ રાહુનાં દર્શન વખતે એટલે કે સૂર્ય કે ચંદ્રનું ગ્રહણ થતું હોય ત્યારે પણ એ સૂર્ય-ચંદ્રનાં દર્શન કરવાં નહિ, પણ ચંદ્ર કે સૂર્ય રાહુથી ઘેરાયેલા સાંભળીને ગર્ભિણીએ ઘરની અંદરના ભાગમાં પ્રવેશ કરી ત્યાં શાંતિ માટેનો જપ કરવા તત્પર થઈને બેસવું અને સૂર્ય-ચંદ્રને રાહુના ગ્રહણનો યોગ છૂટી જાય તે માટેની પ્રાર્થના કરવી. કોઈ પણ અતિથિ આવી ચડે ત્યારે તેનો દ્વેષ ન કરવો અને કોઈ પણ સાધુ-બ્રાહ્મણ ભિક્ષા માગે ત્યારે તેને ભિક્ષા આપવી, પણ તેને ના ન પાડવી. વળી જે અગ્નિ આપો-આપ (અરણિ આદિમાંથી) પ્રજ્વલિત થયો હોય તેમાં ગર્ભિણીએ શાંતિ માટે ઘીનો હોમ કરવો; વળી તે સગર્ભાએ (જલ આદિથી) પૂર્ણ ભરેલો ઘડો કે કળશ, ઘી, પુષ્પમાળા, પૂર્ણ પાત્ર, ઘી તથા દહીં-એમાંના કોઈને પણ પોતાની સામે આવતાં કે પોતાને અપાઈ રહ્યાં હોય તો તેમાંનાં કોઈને પણ રોકવાં નહિ; તેમ જ ગર્ભિણી સ્ત્રીએ સૂતરથી કે દોરડાંથી બંધન વગેરે બાંધવું નહિ; તથા તેણે પોતાનાં બધાં બંધનો ઢીલાં રાખવાં જોઈએ. અર્થાત્ ગર્ભિણી સ્ત્રીએ કોઈ પણ વસ્ત્ર અથવા અન્ય બંધન વગેરે બહુ કસીને બાંધવાં નહિ.

જેનો પ્રસવકાળ નજીક હોય તે ગર્ભનાં લક્ષણો

अथ हीमानि रूपाणि गर्भिण्या उपलक्षयेत् ।
यानि दृष्ट्वा विजानीयाद्बालजन्मा(न्म)न्युपक्रमेत्
(मम्) ॥ २० ॥
मुखग्लानिः क्रमोऽङ्गानामक्षिबन्धनमुक्तता ।
कुक्षेश्च स्यादवस्रंसस्त्वधो भागस्य गौरवम् ॥२१

पृष्ठपार्श्वकटीबस्तिवंक्षणं चातितुद्यति ।
योनिप्रस्रवणोदार्यभक्तद्वेषारतिक्लमाः ॥ २२ ॥
एतानि दृष्ट्वा रूपाणि कृत्वा ब्राह्मणवाचनम् ।
प्रविशेयुः स्त्रियो वृद्धाः कुशलाः शस्तधाविताः ॥२३

હવે ગર્ભિણીનાં આ લક્ષણો (વૈદ્યે) અવશ્ય જાણવાં જોઈએ, કે જેઓને જોઈને તે વૈદ્ય બાળકનો જન્મ વિશેષે કરી જાણી શકે અને તે પછી તે બાળકના જન્મ માટેની બીજી (જોઈતી) તૈયારીઓ કરે; જ્યારે ગર્ભિણી સ્ત્રીના મુખની ગ્લાનિ પામે. શરીરનાં બધાં અંગોમાં શિથિલતા થાય; નેત્રનું બંધન છૂટું થઈ જાય; કુક્ષિ–પેટ અથવા કૂખનું શિથિલપણું થાય; નીચેના ભાગમાં ભારેપણું થાય; પીઠ, પડખાં, કેડ, બસ્તિ–મૂત્રાશય તથા વંક્ષણ–સાંધામાં સોયા ભોંકાતા હોય એવી અત્યંત પીડા થાય છે; ઉપરાંત યોનિમાંથી ખૂબ સ્રાવ થવા માંડે, ઉદારતા થાય, ખોરાક ઉપર અણગમો, બેચેની અને પરિશ્રમ વિનાનો થાક કે શિથિલપણું જણાય; એમ ઉપર જણાવેલાં લક્ષણો જોઈને સગર્ભા સ્ત્રીના પતિ આદિ સંબંધીઓએ બ્રાહ્મણ પાસે સ્વસ્તિવાચન કરાવવું અને પછી ઉત્તમ પ્રકારે શુદ્ધ થયેલી કુશળ વૃદ્ધ સ્ત્રીઓએ તે ગર્ભિણી સ્ત્રીના ઘરમાં પ્રવેશ કરવો. ૨૦–૨૩

વિવરણ: ચરકે પણ શારીરના ૮ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે–तस्यास्तु खल्विमानि लिङ्गानि प्रजननकालमभितो भवन्ति, तद्यथा–क्लमो गात्राणां, ग्लानिराननस्य, अक्ष्णोः शैथिल्यं, विमुक्तबन्धनत्वमिव वक्षसः कुक्षेरवसंसनं, अधोगुरुत्वं, वंक्षणबस्तिकटिकुक्षिपार्श्वपृष्ठनिस्तोदो, योनेः प्रस्रवणं अनन्नाभिलाषश्चेति, ततोऽनन्तरभावीनां प्रादुर्भावः प्रसेकश्च गर्भोदकस्य ।–જે સગર્ભા સ્ત્રી પ્રસવકાળની નજીક પહોંચી હોય તેનાં ચિહ્નો ખરેખર આ પ્રમાણે થાય છે; જેમ કે શરીરના અવયવોની શિથિલતા થાય; મુખનું કરમાવું તથા બન્ને નેત્રોની પણ શિથિલતા થાય અને છાતીનાં બંધનો જાણે છૂટાં પડી ગયાં હોય એવું જણાય; કૂખનું પણ શિથિલપણું થાય; શરીરના નીચલાભાગનું ભારેપણું જણાય; અને વંક્ષણ નામના સાંધા, બસ્તિ–મૂત્રાશય, કેડ, કૂખ, બે પડખાં અને પીઠમાં વેદના કે પીડા થાય; યોનિમાંથી ઘણો સ્રાવ થવા માંડે; ખોરાક ખાવાની ઇચ્છા ન થાય; અને તે પછી 'આવી'–ગર્ભકાળની વેદનાઓ કે વેણો પ્રકટ થાય અને ગર્ભની ચારે બાજુ રહેલું પાણી ફરી જઈ યોનિની બહાર ઝરવા લાગે છે.' સુશ્રુતે પણ શારીરના ૧૦ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે–'जाते हि शिथिले कुक्षौ मुक्ते हृदयबन्धने। सशूले जघना नारी ज्ञेया सा तु प्रजायिनी ॥ સગર્ભા સ્ત્રીની કુક્ષિ જ્યારે શિથિલ થાય અને હૃદયનું બંધન જ્યારે છૂટી પડયું હોય અને જઘન–જાંઘમાં જ્યારે શૂલ નીકળવા માંડે ત્યારે જાણવું કે હવે આ સ્ત્રી પ્રસવની તૈયારીએ પહોંચેલી છે.' એમ જણાવ્યા પછી સુશ્રુતે ત્યાં જ ફરી આમ કહ્યું છે કે–'तत्रोपस्थितप्रसवायाः कटीपृष्ठं प्रति समन्ताद्वेदना भवत्यभीक्ष्णं पुरीषवृत्तिर्मूत्रे प्रसिच्यते योनिमुखाच्छ्लेष्मा च ॥' તે વેળા જ્યારે પ્રસવકાળ સમીપમાં હોય એવી તે સગર્ભા સ્ત્રીને કેડમાં તથા પીઠમાં ચોપાસ વેદના થાય છે; અને વારંવાર વિષ્ઠાની તથા મૂત્રની પ્રવૃત્તિ થાય છે તે માટે યોનિના મુખમાંથી કફનો સ્રાવ ચાલુ થાય છે. એવાં તે લક્ષણો જોયા પછી ઉત્તમ સફાઈ ધરાવતી કુશળ વૃદ્ધ સ્ત્રીઓ તે સગર્ભા સ્ત્રીના ઘરમાં પ્રવેશ કરે. આ સંબંધે પણ ચરકે શારીરના ૮મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–' तां ताः समन्ततः परिवार्य यथोक्तगुणाः स्त्रियः पर्युपासीरन्नाश्वासयन्त्यो वाग्भिर्ग्राहिणीभिः सान्त्वनीयाभिः ।–એ સગર્ભા સ્ત્રીની તેની સમીપે જઈ ઉત્તમ ગુણોવાળી તે સ્ત્રીઓ તેની ચારે બાજુ બેસી જાય અને તેને આશ્વાસન આપતી હોઈને હૃદયને આકર્ષનારી તથા સાંત્વન પમાડનારી વાણીથી આમ કહેવા માંડે છે.' એ જ પ્રકારે સુશ્રુતે પણ શારીરના ૧૦ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'प्रजनविष्यमाणां कृतमङ्गलस्वस्तिवाचनां कुमारपरिवृतां पुत्रामफल्गहस्तां स्वभ्यक्तामुष्णोदकपरिषिक्तामर्थनां सम्भृतां यवागूमाकण्ठात् पाययेत् । ततः कृतोपधाने मृदुनि विस्तीर्णे शयने स्थितामाभुग्नसक्थीमुत्तानामशङ्कनीया-

અતસ્તાઃ સ્ત્રિયઃ પરિણતમયસઃ પ્રજાનનકુશલાઃ કર્તિતનખાઃ પરિચરેયુરિતિ ॥ એ સગર્ભા સ્ત્રી જ્યારે પ્રસવની તૈયારીમાં હોય ત્યારે જે મંગલ સ્વસ્તિવાચન કર્યું હોય, જેની આસપાસ નાના કુમારો વીંટાઈ વળ્યા હોય, પુન્નાગનું ફૂલ જેના હાથમાં હોય, શરીર પર જેણે સારી રીતે માલિશ કર્યું હોય અને ગરમ પાણીથી જેની ઉપર ચોપાસ સિંચન કર્યું હોય, તેવી તે ગર્ભિણી સ્ત્રીને સારી રીતે તૈયાર કરેલી યવાગૂ–રાબ ગળા સુધી–તે ધરાઈ રહે તેટલા પ્રમાણમાં પાવી. તે પછી જેની ઉપર ઓશીકું–તકિયો મૂકેલ હોય એવી કોમળ વિશાળ શય્યા પર તેને બેસાડવી. તે વેળા તેની સાથળોને લગાર વાંકી વાળવી અને તે સ્ત્રીને ચત્તી રાખવી. પછી જેઓની ઉપર કોઈ જાતની શંકા લાવી ન શકાય એવી ચાર સ્ત્રીઓ, જેઓની ઉંમર પરિપક્વ થઈ હોય, પ્રસવ કરાવવામાં જેઓ કુશળ હોય અને જેઓએ નખ કપાવ્યા હોય એવી બીજી ચાર સ્ત્રીઓ તે સગર્ભા સ્ત્રીની બરદાસ કરવા ત્યાં હાજર રહે.' ૨૦–૨૩

પ્રસવ કરાવનારી સુયાણી સ્ત્રીઓનું કર્તવ્ય

ગર્ભિણીં સાન્ત્વયેયુસ્તા હર્ષયેયુઃ પ્રિયંવદાઃ ।
આશ્વાસયેયુર્ધર્માર્થૌ ચોદયન્તં પ્રજાપતિમ્ ॥૨૪॥
લોકાન્ પુત્રવતીનાં ચ સુખાનિ વિવિધાનિ ચ ।
કીર્તયેયુરપુત્રાણાં દુઃખાનિ નિરયાદિષુ ॥ ૨૫ ॥
અદિતિં કશ્યપં દેવમિન્દ્રાણીમિન્દ્રમશ્વિનૌ ।
આયુષ્મતાં પુત્રવતાં મઙ્ગલ્યાનાં ચ કીર્તનમ્ ॥૨૬

એ સ્ત્રીઓ તે સગર્ભા સ્ત્રીને સાંત્વન આપે, પ્રિય વચનો બોલીને તે ગર્ભિણીને તેઓ હર્ષ પમાડે; ધર્મ તથા અર્થની પ્રેરણા કરતા પ્રજાપતિ–બ્રહ્માનું અને પુત્રોથી યુક્ત થયેલી સ્ત્રીઓનાં વિવિધ સુખોનું વર્ણન કરે, તેમ જ પુત્રરહિત સ્ત્રીઓનાં દુઃખોને વર્ણવે અને અદિતિ, કશ્યપ, ઇંદ્રદેવ, ઇંદ્રાણી, અશ્વિનીકુમારો તથા લાંબા આયુષવાળા, પુત્રયુક્ત અને મંગલકારી એવા પુરુષોનું પણ વર્ણન કરે. ૨૪–૨૬

પ્રસવ પહેલાંના કાળના સ્રાવના રંગ ઉપરથી પુત્ર કે પુત્રીનો પ્રસવ કહી શકાય

તન્વીવર્ણોઽલ્પશઃ સ્રાવઃ પિચ્છિલઃ પુત્રજન્મનિ ।
કિંશુકોદકસઙ્કાશઃ પુત્રિકાજન્મ શંસતિ ॥ ૨૭ ॥

પ્રસવ કરવા તત્પર થયેલી એ સ્ત્રીની યોનિમાંથી સ્રવતો તે કાળનો સ્રાવ જો ચીકણો, થોડા પ્રમાણવાળો અને દેખાવમાં ગળોના રસના જેવો હોય, તો એ સ્રાવ પુત્રનો જન્મ સૂચવે છે; પરંતુ જે સ્રાવ આખરાના પુષ્પ–કેસૂડાંના પાણીના જેવા રંગવાળો હોય, તો એ સ્રાવ પુત્રી–કન્યાના જન્મને જણાવે છે. ૨૭

પ્રસવ પછીના કાળના સ્રાવની પરીક્ષા

સૂતેરૂર્ધ્વં તુ યે સ્રાવા નિન્દિતાઞ્ શમયેત્તુ તાન્ ।
તસ્યા અસ્યામવસ્થાયામુપયાચેત દેવતાઃ ॥ ૨૮ ॥

જે સ્ત્રીને પ્રસવ પછીના કાળે જે સ્રાવો થાય છે, તેઓ તો નિંદિત ગણાય છે; માટે તેઓનું તો શમન જ કરવું જોઈએ–તેઓને બંધ કરવા પ્રયત્નો કરવા; તેમ જ એ સ્ત્રીની તે અવસ્થામાં દેવતાઓની પ્રાર્થના કરવી, તેઓની અમુક અમુક બાધાઓ રાખવી. ૨૮

ગર્ભની સ્થિતિ તરફ ધ્યાન આપી સગર્ભાએ વર્તવું

અવ્યાવૃતે સ્ત્રિયા ગર્ભે વિવૃતે ચાપરામુખે ।
ગ્રાહીષુ વર્તમાનાસુ સા વિવર્તેત ગર્ભિણી ॥ ૨૯ ॥

સ્ત્રીનો ગર્ભ જો સંકુચિત થઈ ગયો હોય, તેની જરાયુ–ઓરનું મુખ જો વિવૃત–ખુલ્લું કે ફેલાઈ ગયું હોય અને ગ્રાહી–પ્રસવની વેદનાઓ (વેણો) જો ચાલુ જ રહ્યા કરતી હોય, તો એ સગર્ભા સ્ત્રીએ તે સ્થિતિને અનુસરી વિશેષ વર્તન કરવું, પડખાં ફેરવ્યા કરવાં. ૨૯

પ્રસવની વેદનાઓને અનુસરી જન્મની પરીક્ષા

ન તીક્ષ્ણં ગ્રાહિશૂલેષુ ક્ષિપ્રં નારી પ્રજાયતે ।
વિલમ્બિતાભિરાવીભિર્ગર્ભઃ ક્લેશયતે સ્ત્રિયમ્ ॥૩૦

ગ્રાહી કે પ્રસવકાળની વેદનાઓ જો

તીક્ષ્ણ હોય, તો એ સગર્ભા સ્ત્રી જલદી પ્રસવે છે; પરંતુ વિલંબિત અથવા લાંબા કાળ સુધી ચાલેલી પ્રસવની વેદનાઓથી તો એ ગર્ભ તે સગર્ભા સ્ત્રીને ખૂબ હેરાન કરે છે. ૩૦

પ્રસવની વેદનાઓ વિશેષ હોય તો કરવાના ઉપચારો

केचिदस्यामवस्थायां व्यायामं मुसलादिकम्।
जृम्भाचङ्क्रमणाद्यं च भिषजो ब्रुवते हितम् ॥३१

એ પ્રસવ વેદનાઓ ખૂબ વધી હોય અથવા લાંબા કાળ સુધી ચાલુ રહી હોય તો તે અવસ્થામાં વૈદ્યે મુસળ-સાંબેલાં વગેરેથી કરવાનો વ્યાયામ-શારીરશ્રમ-જૃંભા-આળસ મરડ્યા કરવું અને વધુ પ્રમાણમાં વારંવાર ચાલ્યા કરવું વગેરે હિતકારી કહે છે. ૩૧

વિવરણ : અર્થાત્ ઉપર દર્શાવેલી તે તે ક્રિયાઓ કરવાથી લાંબા કાળ સુધી ચાલુ રહેલી પ્રસવવેદનાઓ બંધ થાય છે અને જલદી પ્રસવ થાય છે. આ સંબંધે ચરકે પણ શારીરના ૮ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે-सा चेदावीभिः संक्लिश्यमाना न प्रजायेतार्थिनी ब्रूयात् उत्तिष्ठ मुसलमन्यतरत् गृहाणीष्वानेनैतदुलूखलं धान्यपूर्णं मृहुर्मुहुरभिजहि, मुहुर्मुहुरवजृम्भस्व, चङ्क्रमस्व चान्तरान्तरा, इत्येवमुपदिशन्त्येके ॥ પ્રસવ માટે તૈયાર થયેલી એ સગર્ભા સ્ત્રી (લાંબી) પ્રસવની વેદનાઓથી જો અતિશય પીડાતી હોય અને જલદી પ્રસવને ન કરી શકતી હોય, તો પ્રસવ કરાવનારીએ તે સ્ત્રીને આમ કહેવું કે-ઊઠ, ઊભી થા, મુસલ કે બીજું કંઈ શ્રમ કરવાનું સાધન ગ્રહણ કર અને તેના વડે ધાન્યથી ભરેલા આ ખાંડણિયામાં વારંવાર પ્રહાર કર-ખૂબ ખાંડ; તેમ જ વારંવાર આળસ મરડ-બગાસાં ખા; તેમ જ વચ્ચે વારંવાર ખૂબ ચાલ્યા કર, એવો તે સ્ત્રીને કેટલાક વૈદ્યો વગેરે ઉપદેશ કરે છે. ૩૧

(કશ્યપમતે) પ્રસવકાળે સ્ત્રીએ અવશ્ય ત્યજવા જેવું

वर्जनीयं तु तत् सर्वं भगवानाह काश्यपः।
नार्याः प्रसवकाले हि शरीरमुपमृद्यते ॥ ३२ ॥
त्रयो दोषाः प्रकुप्यन्ति विचाल्यन्ते च धातवः।
गर्भिणी तदवस्था हि यत्नधार्या विशेषतः ॥३३

પરંતુ ભગવાન કશ્યપ આમ કહે છે કે, તે સર્વ-મુસલ આદિથી ખાંડવું, ખૂબ આળસ મરડવું અને વારંવાર ખૂબ ચાલવું-તે બધાંનો પ્રસવકાળે સ્ત્રીએ અવશ્ય ત્યાગ કરવો જોઈએ; કારણ કે પ્રસવકાળે તેવી ક્રિયાઓ કરવાથી તે સ્ત્રીનું શરીર ઊલટું વધુ પીડાય છે તેમ જ ત્રણે દોષો અતિશય વધુ કોપે છે, શરીરની બધી ધાતુઓ વિશેષ ચલિત થઈ જાય છે; એ જ કારણે એ અવસ્થાવાળી ગર્ભિણી સ્ત્રીને વિશેષે કરી કાળજીથી અવશ્ય સાચવવી જોઈએ.-તે વખતે તેનું ખૂબ ધ્યાન રાખવું. ૩૨,૩૩

પ્રસવકાળ એ સ્ત્રી માટે અતિ ભયંકર છે

अधिकं सौकुमार्यं हि गर्भिण्याः क्लेद्यमेव च।
स्रावकाले विशेषेण विषादभयसंश्रयः ॥ ३४ ॥
एकपादो यमकुले पाद एक इह स्थितः।
दृष्ट्वा दुःखं स्त्रियस्तस्या इत्येवं ब्रुवते मिथः ॥३५

પ્રસવના સમયે સગર્ભા સ્ત્રી વધુ પ્રમાણમાં સુકુમાર અથવા કોમળ વધુ થાય છે, તેમ જ શરીર ભીનાશ અને ચીકાશવાળું લાગે છે. તેમ જ પ્રસવના એ સ્રાવના સમયે વિશેષે કરી-વધુ પ્રમાણમાં વિષાદ-ખેદ તથા ભય થાય એ જ કારણે પ્રસવકાળે પ્રસવ માટે તત્પર થયેલી તે સ્ત્રીના દુઃખને જોઈને સ્ત્રીઓ, પરસ્પર આમ કહે છે કે, 'આ સ્ત્રીનો એક પગ યમના ઘેર અને બીજો પગ અહીં રહ્યો છે-એટલે કે, આમાંથી આ સ્ત્રી ભાગ્યે બચે તેમ છે. ૩૪,૩૫

અર્થાત્ પ્રસવકાળે સ્ત્રીને વ્યાયામ આદિ હિતકર ન થાય

तस्यास्त्वस्यामवस्थायां व्यायामो न प्रशस्यते।
व्यायामः सेव्यमानो हि गर्भिणीमाशु नाशयेत् ॥३६
अतिचङ्क्रमणेनापि हन्याद्गर्भमुपस्थितम्।
अत्ययं प्राप्नुयाद्घोरं देहान्तकरणं महत् ॥ ३७ ॥

એ અવસ્થામાં એટલે પ્રસવકાળની વેદના-

થી સગર્ભા પીડાતી હોય ત્યારે તેને વ્યાયામ કે શારીરશ્રમ કરાવવો, તે યોગ્ય નથી; કેમ કે એ અવસ્થામાં તે જો વ્યાયામ સેવે તો એ સગર્ભા સ્ત્રીનો તરત જ નાશ કરે છે; તેમ એ જો તેને વધુ ચાલવામાં આવે તો તેથી પણ નજીકમાં આવેલા ગર્ભનો તે નાશ કરે છે; એટલું જ નહિ પણ એ વેળા પ્રસવ-પરાયણ થયેલી તે સ્ત્રી જો વ્યાયામાદિ શ્રમ કે વધુ હેરફેર કરે તો તેનાથી દેહનો નાશ કરે તેવા મહાઘોર વિનાશને અથવા મરણ-કારક અનર્થને પ્રાપ્ત થાય છે. ૩૬,૩૭

વિવરણ : ચરકે પણ શારીરના ૮ મા અધ્યાયમાં આ સંબંધે પણ આમ કહ્યું છે કે– तत्रेत्याह भगवानात्रेयः–दारुणव्यायामवर्जनं हि गर्भिण्याः सततमुपदिश्यते, विशेषतश्च प्रजननकाले प्रचलितसर्वधातुदोषावाः सुकुमार्या नार्या मुसलव्यायाम-समीरितो वायुरन्तरं लब्ध्वा प्राणान् हिंस्यात्, दुष्प्रतीकारा हि तस्मिन् काले विशेषेण भवति गर्भिणी, तस्मान्मुसलप्रहणं परिहार्यमृषयो मन्यन्ते, जृम्भणं चङ्क्रमणं च पुनरनुष्ठेयमिति ॥ આત્રેય ભગવાને કહ્યું કે, ના, તે એમ નથી, કારણ કે ગર્ભિણી સ્ત્રીએ વધુ પડતો શારીરશ્રમ તો ત્યજવો જોઈએ, એમ જ તે સંબંધે ઉપદેશ કરાય છે; અને તેમાંયે પ્રસવકાળે તો વિશેષે કરી ખાસ તેવો શારીરશ્રમ અવશ્ય ત્યજવો જ જોઈએ, કેમ કે તે સમયે જેની સર્વ ધાતુઓ તથા દોષો પોતાના સ્થાનેથી વિશેષે ચલિત થયાં કે ખળભળી ઊઠ્યાં હોય તેવી અને અતિશય કોમળ તેવી પ્રસવપરાયણ તે સગર્ભા સ્ત્રીનો વાયુ સાંબેલું લઈ ખાંડવાના પરિશ્રમથી પ્રેરાઈને કે અતિશય પ્રબળ થઈને ઊલટો અવકાશ મેળવી છેક હૃદય સુધી પહોંચી જઈ તે ગર્ભિણી સ્ત્રીના પ્રાણનો પણ નાશ કરે છે! કેમ કે તે પ્રસવના કાળે તો એ ગર્ભિણી સ્ત્રીની કોઈ પણ ચિકિત્સા પણ કરવી અત્યંત મુશ્કેલ હોય છે, તે માટે સાંબેલું લઈ ખાંડવું-કૂટવું વગેરે ક્રિયા તો એ સમયે તે સ્ત્રીએ અવશ્ય ત્યજવી જ જોઈએ, એમ ઋષિઓ માને છે. કેવળ જૃંભણ કે આળસ મરડવું અથવા હાથપગ વગેરે અવયવો પ્રસારવા અને આમતેમ વારંવાર હરફર કરવું તે ઠીક છે. ૩૬,૩૭

સગર્ભાએ કંટાળ્યા વિના શરમ છોડીને પ્રસવ કરવો

उपविष्टाऽसकृत्तस्मादनिर्विण्णा(ऽ)त्रपान्विता ।
वृद्धस्त्रीद्रव्यसंपन्ना प्रजायेत प्रजार्थिनी ॥ ३८ ॥

એ કારણે વારંવાર બેઠેલી (વેદનાથી) નહિ કંટાળેલી અને શરમ વિનાની થયેલી તે સગર્ભા સ્ત્રીએ વૃદ્ધ સ્ત્રીઓ તથા યોગ્ય દ્રવ્યોની સાથે રહી સંતાનની ઇચ્છા રાખીને પ્રસવ કરવો જોઈએ. ૩૮

પ્રસવકાળ થયા છતાં પ્રસવમાં વિલંબ થાય તો તે માટેના ઉપાયો

वचा लाङ्गलिकी कुष्ठं चिरबिल्वैलचित्रकाः ।
चूर्णितं मुख(हु)राजिघ्रेत्तथा शीघ्रं प्रजायते ॥३९
आजिघ्रेद्भूर्जधूपं वा न मेरोर्गुग्गुलोस्तथा ।
अथ(घः) प्रपद्यते गर्भस्तथा क्षिप्रं विमुच्यते ॥४०
पार्श्वसन्धिकटीपृष्ठं तैलेनोष्णेन म्रक्षितम् ।
मृद्वीयुरवकर्षेयुः शनैः प्राङ्मुखाः स्त्रियः सुखाः(खम्)॥

વજ, કલિહારી, કઠ, ચિરબિલ્વ–કરંજ, નાની એલચી તથા ચિત્રક–એટલાં દ્રવ્યોને સમાનભાગે લઈ તેઓનું બારીક ચૂર્ણ કરી તેને જે સગર્ભા સ્ત્રી (પ્રસવમાં વિલંબ થાય ત્યારે) વારંવાર જો સૂંઘે, તો તરત જ પ્રસવ પામે–બાળકને જન્મ આપે છે; અથવા ભોજપત્રનો, નમેરુ–સરલકાષ્ઠ કે દેવપુંનાગ વૃક્ષ કે રુદ્રાક્ષ તથા ગૂગળનો ધૂપ જે સગર્ભા સ્ત્રી સૂંઘે તો તેણીનો (રોકાયેલો પક્વ) ગર્ભ નીચેના ભાગમાં આવે છે અને તરત જ ગર્ભાશયમાંથી છૂટો પડે છે (તેમ જ પ્રસવ પામે છે;) વળી જે સગર્ભા સ્ત્રીનો ગર્ભ પ્રસવકાળ વીત્યા છતાં જો રોકાઈ રહ્યો હોય અને પ્રસવ પામતો ન હોય, તો પ્રસવ કરાવવામાં વધુ જાણકાર એવી શાણી સુયાણી–સ્ત્રીઓ તે સગર્ભા સ્ત્રીનાં બન્ને પડખાં, કેડ અને પીઠના પ્રદેશ પર (સહેવાય એવા) ગરમ તેલથી માલિસ તથા મર્દન કરે અને પછી ધીમે ધીમે સુખ ઉપજાવતી એ સ્ત્રીઓ, તે સગર્ભા સ્ત્રીના ગર્ભને નીચેના ભાગમાં ખેંચ્યા કરે (જેથી તે ગર્ભ ધીમે

ધીમે નીચે મોઢે બહાર આવે છે). ૩૯–૪૧

વિવરણ : આ સંબંધે ચરકે પણ શારીરમાં ૮ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, અથાસ્યૈ દદ્યાત્કુષ્ઠૈલાલાઙ્ગલિકીવચા ચિત્રકબિલ્વચૂર્ણમુપાઘ્રાતુ, સા તન્મુહુર્મુહુરુપજિઘ્રેત્, તથા ભૂર્જપત્રધૂમં વા, તસ્યાશ્ચાન્તરાન્તરા કટીપાર્શ્વપૃષ્ઠસક્થિદેશાનીષદુષ્ણેન તૈલેનાભ્યજ્યાનુસુખમવમૃદ્નીયાત્, ઇત્યનેન તુ કર્મણા ગર્ભોઽવાક્પ્રતિપદ્યતે ॥' (પ્રસવ થવો મુશ્કેલ થાય અને તે વેળા) સગર્ભા સ્ત્રી ખૂબ કષ્ટાય તે પછી એ (કષ્ટાતી) સ્ત્રીને કઠ, એલચી, કલિહારી, વજ, ચિત્રક તથા બિરબિલ્વ–કરંજનું સૂક્ષ્મ ચૂર્ણ સૂંઘવા માટે આપવું; એટલે તે સ્ત્રીએ તે ચૂર્ણને વારંવાર સૂંઘ્યા કરવું; તેમ જ ભોજપત્રની કે શીશમના સારની ધુમાડી દેવી (એટલે તે ધુમાડીને પણ એ કષ્ટાતી સ્ત્રીએ વારંવાર સૂંઘ્યા કરવી.) તેમ જ વચ્ચે વચ્ચે તે સ્ત્રીની કેડ, પડખાં, પીઠ તથા સાથળોના પ્રદેશો પર લગાર ગરમ કરેલા તેલથી માલિસ કર્યા કરવું અને તે સ્ત્રીને સુખ ઊપજે તેમ મર્દન પણ કર્યા કરવું; એ કર્મથી તે સ્ત્રીનો ગર્ભ, માતાના હૃદય–બંધનમાથી છૂટો પડી (યોનિ દ્વારમાં) નીચે મોઢે પ્રાપ્ત થાય છે.' ૩૯—૪૧

અતિશય દુર્બલ સગર્ભા સ્ત્રીને પ્રસવકાળે શું પાવું?

दुर्बलां पाययेन्मद्यमित्येके, नेति काश्यपः।
पूर्वक्लिष्टा तथैवास्या(ऽसौ)यवागूं तृषिता पिबेत् ॥

કેટલાક આચાર્યો આમ કહે છે કે– સગર્ભા સ્ત્રી દુર્બળ હોય તો (પ્રસવકાળે) તે સ્ત્રીને મદ્ય (મદિરા) પીવા આપી શકાય છે; પરંતુ કશ્યપ ભગવાન કહે છે કે તે બરાબર નથી; પણ એ સગર્ભા સ્ત્રી (પ્રસવકાળે) પ્રથમ કષ્ટ પામી હોય કે કષ્ટાઈ હોય; તેમ જ એ વેળા તે જો તરસી થઈ હોય તો તે સ્ત્રીએ એ સમયે યવાગૂ–રાબ પીવી જોઈએ. ૪૨

પ્રસવની તૈયારી વેળાનું કર્તવ્ય

यदा गर्भोदकं योनौ सशूलं संप्रवर्तते।
कालेन चोदितो गर्भो विमुच्य हृदयोदरम् ॥४३
बस्तिशीर्षमधोभागमवगृह्णाति जन्मनि।
ग्लानिश्च जायतेऽत्यर्थं योन्युत्पीडनमेदनम् ॥४४
इत्येतैः कारणैर्विद्याद्गर्भस्य परिवर्तनम्।
अथास्याः प्रसवश्चेति ततः पर्यङ्कमारुहेत् ॥ ४५ ॥
प्रावारमुपधानं वा.....

જે કાળે ગર્ભનું પાણી શૂળની વેદના સાથે યોનિમાં સારી રીતે વહેતું ચાલુ થાય અને (જન્મવેળા) કાળથી પ્રેરાયેલો ગર્ભ, હૃદય તથા ઉદર–ગર્ભાશયના પ્રદેશને વિશેષથી છોડી બસ્તિ–મૂત્રાશયની ટોચે નીચેના ભાગને નીચેથી ગ્રહણ કરે–ખૂબ નીચે આવી જાય, ત્યારે એ પ્રસવપરાયણ થયેલી સ્ત્રીને ઘણી નિરુત્સાહ સ્થિતિ ઉત્પન્ન થાય છે અને યોનિમાં ખૂબ પીડા તથા ભેદન એટલે કે યોનિ જાણે ચિરાઈ જશે કે શું એવી વેદના થવા માંડે છે; એ પ્રમાણેનાં એ કારણો ઉપરથી જાણવું કે ગર્ભનું પરિવર્તન થઈ ચૂક્યું છે, તેથી હવે આ સગર્ભા સ્ત્રીને પ્રસવ થવો જ જોઈએ; એમ જાણ્યા પછી તે સ્ત્રીને ચાદર તથા તકિયાવાળ પલંગ પર ચડાવવી (અને તકિયાના આધારે ચત્તી બન્ને સાથળો પહોળા રખાવી સુવાડવી અને ખૂબ જોર કરવાની તેણીને સૂચના આપવી.) ૪૩–૪૫

વિવરણ : ચરકે પણ આ સંબંધે શારીરના ૮ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે स यदा जानीयाद्विमुच्य हृदयमुदरमस्यास्त्वाविशति बस्तिशिरोऽवगृह्णाति, स्वरयन्त्येनामाशवः, परिवर्तते अधो गर्भ इति, अस्यामवस्थायां पर्यङ्कमेनामारोप्य प्रवाहितुमुपक्रामयेत्। જે કાળે વૈદ્ય અથવા સગર્ભા સ્ત્રીનાં સગાંસંબંધીઓ કે પરિવારનાં લોકો આમ જાણે કે આ ગર્ભિણી સ્ત્રીનો (પરિપક્વ) ગર્ભ, તેના હૃદયરૂપ બંધનને છોડી, ઉદરમાં પ્રવેશી રહ્યો છે અને બસ્તિ–મૂત્રાશયની ઉપરના પ્રદેશને ગ્રહણ કરી ત્યાં સુધી આવી પહોંચ્યો છે; તેમ જ પ્રસવની વેદનાઓરૂપ વેણો, એ સ્ત્રીને પ્રસવ માટે ઉતાવળ કરાવી રહી છે, પીડા ઉપજાવે છે અને તે સગર્ભાનો ગર્ભ, નીચા મોઢે ફરી જઈ યોનિના દ્વાર તરફ આવી રહ્યો છે, એ અવસ્થામાં તે ગર્ભિણીને પલંગ

પર સુવાડી દઈ કે પ્રસવ માટેનું જોર કરવાની તે ગર્ભિણી પાસે શરૂઆત કરાવવી જોઈએ; તેમ જ કોઈ અનુકૂળ સ્ત્રીએ, તે સગર્ભા સ્ત્રીના ડાબા કાનમાં આ મંત્ર જપવો જોઈએ:

क्षितिर्जलं वियत् तेजो वायुर्विष्णुः प्रजापतिः ।
सगर्भां त्वां सदा पान्तु वैशभ्यं च दिशन्तु ते ॥

प्रसुव त्वमविक्लिष्टमविक्लिष्टा शुभानने ।
कार्तिकेयद्युतिं पुत्रं कार्तिकेयाभिरक्षितम् ॥

—પૃથ્વી, જળ, આકાશ, તેજ, વાયુ, વિષ્ણુ અને પ્રજાપતિ ગર્ભ સહિત તારી હમેશ રક્ષા કરો; હે સુંદર મુખવાળી સ્ત્રી! તું લગારે ક્લેશ કે દુઃખ પામ્યા વિના, કાર્તિકેયના જેવી કાન્તિવાળા અને કાર્તિકેય વડે ચારેબાજુથી રક્ષાયેલા ક્લેશરહિત પુત્રનો પ્રસવ કર.' એમ તેને મંત્ર સંભળાવ્યા પછી પણ તાશ્ચૈનાં યથોક્તગુણાः स्त्रियोऽनुशिष्युः—अनागतावीर्मा प्रवाहिष्टाः या ह्यनागतावौः प्रवाहयते व्यर्थमेवास्यास्तत्कर्म भवति, प्रजा चास्या विकृतिमापन्ना श्वासकाशशोषप्लीहप्रसक्ता वा भवति, यथा हि क्षवथूद्गारवातमूत्रपुरीषवेगान् प्रयतमानोऽप्यप्राप्तकालान्न लभते कृच्छ्रेण वाप्यवाप्नोति तथाऽनागतकालं गर्भमपि प्रवाहमाणा. यथा चैषामेव क्षवथ्वादीनां सन्धारणमुपघातायोपपद्यते तथा प्राप्तकालस्य गर्भस्याप्रवाहणं सा यथानिर्देशं कुरुष्वेति वक्तव्या, तथा च कुर्वती शनैः शनैः पूर्वं प्रवाहेत ततोऽनन्तरं बलवत्तरं तस्यां च प्रवाहमाणायां स्त्रियः शब्दं कुर्युः 'प्रजाता प्रजाता धन्यं धन्य पुत्रम्' इति, तथाऽस्था हर्षेणाप्यायन्ते प्राणाः।—જેઓના ગુણો પ્રથમ કહ્યા છે, એવી તે (પારવારૂપ) સ્ત્રીઓ (પ્રસવ માટે તૈયાર થયેલી) એ સગર્ભા સ્ત્રીને તે વેળા આવી શિખામણ આપે કે 'જો તને પ્રસવકાળની વેદનાઓ ન થતી હોય તો તું પ્રસવ માટે પરાણે જોર ન કરીશ, કારણ કે પ્રસવકાળની વેળા કે વેદનાઓ થતી ન હોય તે વેળા જે સગર્ભા સ્ત્રી, પ્રસવ માટે જો જોર કરે તો તેનું એ કર્મ વ્યર્થ જ થાય છે; એટલું જ નહિ, પરંતુ એ સ્ત્રીની પ્રજા કે સંતાન પણ વિકૃત–બેડોળ અથવા કોઈ બોડખાંપણવાળું જન્મે છે; તેમ જ શ્વાસ, ઉધરસ, શોથ–સોજો કે ક્ષયરોગ અથવા બરોળના રોગવાળી તે પ્રજા જન્મે છે. જેમ કોઈ માણસ છીંક, ઓડકાર, અપાનવાયુ, મૂત્ર કે વિષ્ઠાના વેગો આવ્યા ન હોય અને તેઓને આવવાનો કાળ પણ પ્રાપ્ત થયો ન હોય, છતાં તે વેગોને (બળ કરી) લાવવા પ્રયત્ન કરે, તો તે માણસ એ વેગોને મેળવતો કે લાવી શકતો નથી; અથવા મહાકષ્ટે કે મુશ્કેલીએ તે વેગોને મેળવે કે લાવી શકે છે; તે જ પ્રમાણે, જેનો પ્રસવકાળ પ્રાપ્ત થયો ન હોય, એવા ગર્ભનો પ્રસવ કરવા માટે જે સગર્ભા સ્ત્રી જોર કર્યા કરે, તેનું એ જોર વ્યર્થ થાય છે (એટલું જ નહિ, પણ સમય વિના તે જો કરવાથી તેવું જોર કરવાથી ઊલટું નુકસાન થાય છે;) વળી તે જ પ્રમાણે એ છીંક વગેરેના વેગો આવ્યા હોય છતાં તેઓના એ વેગોને જો રોકવામાં આવે તો તે એના નાશ માટે જ થાય છે એટલે કે તેથી તો તે માણસ પોતાનો વિનાશ જ કરી રહ્યો છે; તે જ પ્રમાણે જેનો પ્રસવકાળ પ્રાપ્ત થઈ ચૂક્યો હોય તેવા ગર્ભના (પ્રસવકાળની વેદના કે વેણો આવે ત્યારે) પ્રસવ માટે કરવાનું જોર જો ન કરાય તો તે પણ સગર્ભા સ્ત્રીનો નાશ જ કરનાર થાય છે; માટે તે (પ્રસવપરાયણ) ગર્ભિણી સ્ત્રીને તેની સારવાર કરનારી સ્ત્રીઓએ આમ અવશ્ય કહેવું જોઈએ કે, 'જેમ અમે કહીએ છીએ તેમ જ તું કર' પછી એ સ્ત્રીઓના કહેવા પ્રમાણે કરતી એ ગર્ભિણી સ્ત્રી, પ્રથમ તો ધીમે ધીમે જ પ્રવાહણ એટલે કે પ્રસવ માટે કરવાનું જોર કર્યા કરે અને તે પછી ગર્ભ જેમ જેમ નીચે આવતો જાય તેમ તેમ ખૂબ વધુ પ્રમાણમાં જોર કરે. એમ તે સગર્ભા સ્ત્રી જ્યારે જોર કરી રહી હોય ત્યારે ત્યાં હાજર રહેલી પેલી સ્ત્રીઓ, આવા શબ્દો કર્યા જ કરે કે, 'ધન્ય છે, ધન્ય છે; તું પ્રસવ કરી ચૂકી છે; તેં ધન્યવાદપાત્ર પુત્રને જન્મ આપ્યો છે' એવા શબ્દોને સાંભળતી એ સુવાવડી સ્ત્રીના પ્રાણો હર્ષને લીધે પુષ્ટ તથા તૃપ્ત થાય છે. એમ તે સ્ત્રી હર્ષ પામે ત્યારે તેનો ગર્ભ એકદમ બહાર આવી જાય છે. અને તે ગર્ભ બહાર નીકળી જાય તે પછી એ સ્ત્રીના ગર્ભાશયની અંદર જો બીજો રહી ગયો હોય તેને બહાર કાઢી નાખવાની વિધિ આમ કરવી જોઈએ: ગર્ભ બહાર નીકળી આવે ત્યારે તે સ્ત્રીની પરિ-

ચારિકા સ્ત્રીઓ કે સુયાણીએ એ વખતે પ્રથમ આ કર્તવ્ય કરવું જોઈએ કે, તે સ્ત્રીના ગર્ભાશયમાંથી ગર્ભની બધી ઓર બહાર આવી ગઈ છે કે નહિ? પ્રસવ થાય તે પછી ૪૦ મિનિટ વીતી જાય ત્યાં સુધીમાં ગર્ભાશયમાંથી બધી ઓર બહાર ન આવી જાય તો નીચે કહેલી વિધિથી તે ઓરને બહાર કાઢી નાખવા પ્રયત્ન કરવો જોઈએ. એક સુયાણી સ્ત્રીએ તે સુવાવડી સ્ત્રીના પેટની એકબાજુથી ગર્ભાશયને એ પ્રકારે પકડવો જોઈએ કે જેથી તે ગર્ભાશયનો સંકોચ થતી વેળા તે ગર્ભાશયની સામે એ સ્ત્રીનો અંગૂઠો રહે અને તેની પાછળ એ સ્ત્રીની આંગળીઓ રહે; પછી તે ગર્ભાશયનો સંકોચ કરવા માટે તે ગર્ભાશયને એ પ્રકારે દાબવો જોઈએ કે જેથી ચારે બાજુથી તે ગર્ભાશય સંકોચાતાં તેની અંદરની બધીયે ઓર યોનિ દ્વારા બહાર નીકળી પડે છે. તે પછી યોનિમાં તેલની અનુવાસન તથા આસ્થાપન બસ્તિ આપીને વાયુની અનુલોમન ક્રિયા કરવી જોઈએ, કે જેથી મૂત્રાદિની ક્રિયા નિયમિત ચાલુ થાય છે એમ 'અપરાપાતન'-એટલે કે ઓર પાડવાની ક્રિયા સમાપ્ત થયા પછી 'શિશુપરિચર્યા' અથવા નવા પ્રસવેલા બાળકની સંભાળ રાખવાની ક્રિયા કરવી જોઈએ. તરતમાં જન્મેલ તે બાળક યોનિદ્વારમાંથી બહાર નીકળતી વેળા તે ઘણું જ દુઃખી થયેલ હોય છે કે જેથી તે બાળક અમુક સમય સુધી તો બેભાન જ પડી રહે છે અને તે વેળા પૂરા શ્વાસ પણ લઈ શકતું નથી; તે પછી એ બાળક બરાબર ભાનમાં આવે છે ત્યારે પોતાની મેળે જ રડવા માંડે છે. એ રીતે બાળકનું રડવું જરૂરી ગણાય છે; કેમ કે એમ તે રડવા માંડે છે ત્યારે જ તે દ્વારા તેના શ્વાસોચ્છ્વાસની ક્રિયા બરાબર ચાલુ થાય છે; અને ફેફસાંઓમાં હવાની આવ-જા શરૂ થાય છે; પરંતુ એ રીતે બાળક પોતાની મેળે જો ન રડે તો તેને રડાવવા માટેનો પ્રયત્ન કરવો જોઈએ; તે સબંધે ચરકમાં બાળકના કાનની સમીપે પથ્થરો અફાળવા વગેરે ક્રિયા જણાવી છે કે, अश्मयोः संघट्टनं कर्णयोर्मूले, शीतोदकेनोष्णोदकेन वा मुखे परिषेकः, तथा संक्लेशविहितान् प्राणान् पुनर्लभेत, कृष्णकपालिकाशूर्पेण चैनमभिनिष्पुणीयुर्यत्रचेष्टः स्यात् यावत्प्राणानां प्रत्यागमनम्।- એ બાળકના બન્ને કાનના મૂળની પાસે બે પથ્થરોને પરસ્પર સારી પેઠે અફાળવા જોઈએ જેથી તે બન્ને પથ્થરોનો અવાજ કાનમાં મોટેથી સંભળાય; તેમ જ તે બાળકના મોઢાની ઉપર શીતળ કે ગરમ જળથી સિંચન કરવું, જેથી તે બાળક, પ્રસવકાળના કલેશને લીધે લગભગ જતા રહેલા પ્રાણોને ફરી મેળવે છે; તેમ જ 'કૃષ્ણપાલિકા' એટલે કે ઇષિકા ઘાસની સાંઠીઓથી બનાવેલાં સૂપડાં વડે અથવા કાળી ઠીકરી-રૂપી સૂપડાં વડે એ બાળકને પવન નાખવો, તેમ જ બીજું જે જે કંઈ ઇષ્ટ હોય તે તે બધું કર્મ પણ જ્યાં સુધી તે બાળકના પ્રાણ પાછા આવે ત્યાં સુધી અવશ્ય કરવું, કારણ કે તે તરતમાં જન્મેલું બાળક એવા સ્થાનેથી બહાર આવેલું હોય છે કે જ્યાં બહારના વાયુમંડલ સાથે તેને લગારે સંબંધ જ થયેલ હોતો નથી. બહાર આવ્યા પછી તે બાળકને પોતાનું સ્વતંત્ર જીવન વ્યતીત કરવાનું હોય છે. જીવનની દૃષ્ટિએ તે બાળકને માતાની સાથેનો ખાસ કોઈ પણ સંબંધ રહેતો નથી; તેને પોતાના જીવનનો પ્રારંભ કરવા માટે ઉપર કહેલી વિધિથી તેને રડવાની શરૂઆત કરાવવામાં આવે છે; તેની સાથે જ એ બાળકના ગળામાં જે કફ જામેલો હોય તો તેને પણ આંગળી પર કપડું લપેટી તેના વડે સાફ કરી નાખવો જોઈએ, જેથી તેના શ્વાસોચ્છ્વાસની ક્રિયા બરાબર ચાલુ થઈ શકે છે. જ્યારે તેની સારવારમાં રહેતી સુયાણી-ને બરાબર જણાવામાં આવે કે હવે આ બાળક જીવિત દશામાં રહી પોતાનું સ્વતંત્ર જીવન જીવી રહ્યો છે, ત્યારે તેણે એ બાળકની નાભિના નાળનું છેદન કરવું જોઈએ; તેની વિધિ આ પ્રમાણેની છે કે, બાળકના જન્મ પછી કેટલીક વેળા વીત્યા બાદ નાભિના નાળનું સ્પંદન બંધ પડે છે; તે વખતે નાભિથી બે ઇંચ તથા ત્રણ ઇંચ દૂર બંધન બાંધીને નાભિનું નાળ કાપી નાખવું જોઈએ. નાભિમાંથી લોહીનો સ્રાવ ન વહે, એ જ કારણે તે બંધન બાંધવામાં આવે છે. એમાંનું બીજું બંધન પણ એટલા જ માટે બાંધ-વામાં આવે છે કે ગર્ભમાં કદાચ બે બાળક-જોડકાં-રૂપે હોય તો તેની રક્ષા કરવા માટે બીજું બંધન

પણ અવશ્ય જરૂરી હોય છે; એમ તે નાભિનું નાળ છેદવા પહેલાં આ બાબત પર ધ્યાન આપવું પણ ખાસ જરૂરી હોય છે કે તે નાભિના નાળનું સ્પંદન બંધ પડયું છે કે નહિ ! નાભિનાળનું સ્પંદન બંધ પડ્યા પછી જ તેનું છેદન કરી શકાય છે, એ વાત અવશ્ય ધ્યાનમાં રહેવી જ જોઈએ. એમ નાભિચ્છેદનની ક્રિયા કર્યા પછી જ્યાં નાભિ છેદી હોય ત્યાં ઝટ રૂઝ આવી જાય તે માટે એવું કોઈ ઝટ રૂઝ લાવનારું ચૂર્ણ અવશ્ય ભભરાવી દઈ તેની પર પાટો બાંધી દેવો જોઈએ; તે પછી એ બાળકનાં નેત્ર તરફ ધ્યાન આપવાની પણ ખાસ જરૂર હોય છે; તેનાં એ બન્ને નેત્રોને બરાબર સાફ કરી તેમાં નેત્ર–ઔષધનાં એક બે ટીપાં પણ અવશ્ય પાડી દેવાં જોઈએ, જેથી માતાનો કોઈ પણ સાંસર્ગિક રોગ તે બાળકના નેત્રમાં લાગુ ન પડે; તેમ જ બાળકનાં તે બન્ને નેત્રોમાં બીજી કોઈ પણ વિકૃતિ પણ થવા ન પામે; એમ તે બધી આવશ્યક ક્રિયાઓ થઈ રહે તે પછી તે બાળકને માતાની સમીપે સુવાડી દેવું જોઈએ; કારણ કે પ્રસવના પરિશ્રમને લીધે તે બાળક પણ ખૂબ થાકેલું હોય છે. તેથી તે બાળકના શરીરમાં ઉષ્ણતાનું પ્રમાણ પણ વધ્યા કરતું હોય છે. બે–ચાર દિવસ સુધી તો એ બાળકના શરીરનું ઉષ્ણતામાન લગભગ ૧૦૦ ડિગ્રી સુધી રહે છે; પરંતુ એ કાળે તેના એ ઉષ્ણતામાનને સામાન્ય જ સમજવું જોઈએ, પરંતુ તે સિવાય બીજા કોઈ ખાસ કારણ વિના જ તે બાળકનું ઉષ્ણતામાન ૧૦૩ સુધીનું જો દેખાય તો સમજવું જોઈએ કે તે બાળકના શરીરમાંનું પ્રવાહી અમુક કોઈ અંશે ઓછું હોવું જોઈએ; તે માટેના ઉપચારો તરફ પણ તે વેળા અવશ્ય ધ્યાન અપાવું જોઈએ; અને ઉષ્ણતામાન ઓછું થાય તે માટે કાળજી લેવી જોઈએ; વળી તે વેળા કોઈ પણ કારણે તે બાળકના શ્વાસનો અવરોધ ન થાય તે તરફ પણ અવશ્ય ધ્યાન દેવું જોઈએ; તે બાળકનું ગળું બરાબર સાફ હોય અને નાક પણ સ્વચ્છ હોય તો જ તેના શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં લગારે અવરોધ થતો નથી; માટે તેના ગળાની તથા નાકની સફાઈ તરફ પણ પૂરતી કાળજી રાખવી જોઈએ. વળી તે બાળકના પ્રારંભિક ત્રણ દિવસના ખોરાક માટે પણ પરિચારિકાએ કાળજી રાખવાની હોય છે; કેમ કે પહેલાંના ત્રણ દિવસો સુધી માતાના સ્તનમાં દૂધ ઉત્પન્ન થતું નથી; છતાં જો ઉત્પન્ન થાય છે તો તે પણ ઘણું ઘટ્ટ હોય છે, તેથી એ દૂધ જો ધવડાવવામાં આવે છે તો પચવું ભારે થઈ લગભગ વિરેચન કરનાર થઈ પડે છે; એ જ કારણે પહેલાંના ત્રણ દિવસો સુધી તે બાળકને માતાના દૂધ સિવાય મધ અને ઘી સમાન પ્રમાણમાં ન હોય તેમ મિશ્ર કરી ચટાડવામાં આવે છે; આ સંબંધે ચરકમાં પણ શારીરના ૮ મા અધ્યાયમાં આમ કહેવાયું છે કે ' ततोऽनन्तरं जातकर्म कुमारस्य कार्यम्, तद्यथा–मधुसर्पिषी मन्त्रोपमन्त्रिते यथाम्नायं प्राशितुमस्मै दद्यात्। स्तनमत ऊर्ध्वम्। બાળક જન્મે તે પછી પ્રથમ તો તેનો જાતકર્મ સંસ્કાર કરાય છે અને તે પછી પહેલા ત્રણ દિવસો સુધી સમાન પ્રમાણમાં ન હોય એવાં મધ અને ઘીને મંત્રથી મંત્રીને ચાટવા માટે આપવાં જોઈએ. એમ ત્રણ દિવસો વીતે તે પછી જ એ બાળકને માતાએ ધવડાવવું જોઈએ.' સુશ્રુતે તો શારીરના ૧૦ મા અધ્યાયમાં બાળકને ત્રણ દિવસો સુધી સુવર્ણનું પ્રાશન કરાવવા કહેલ છે; જેમ કે, ' अथ कुमारं शीताभिरद्भिराश्वास्य जातकर्मणि कृते मधुसर्पिरनन्ता ब्राह्मीरसेन सुवर्णचूर्णमङ्गुल्याऽनामिकया लेहयेत्। બાળક જન્મે તે પછી પ્રથમ તો તેને શીતલ પાણીથી સ્નાન કરાવીને પ્રથમ તેના જાતકર્મ સંસ્કાર કરવા અને તે પછી તેને મધ, ઘી, ધમાસો કે ધરો તથા બ્રાહ્મીનો રસ મિશ્ર કરી તે રસ સાથે સોનું ઘસીને ટચલી આંગળીની પાસે રહેલી–અનામિકા આંગળી વડે તે (ત્રણ દિવસો સુધી) ચટાડવું જોઈએ.' આમ ચરક તથા સુશ્રુતનો અભિપ્રાય હોવા છતાં કેટલાક વૈદ્યો તો પ્રથમથી જ તે બાળકને માતાનું દૂધ જ ખોરાકમાં આપે છે; જોકે તે દૂધ પ્રથમ તો ખીરારૂપ હોઈને બાળકને પ્રથમ પચવું ભારે પડે છે અને તેથી વિરેચન પણ કરાવે છે, તો પણ તેથી બાળકનું પેટ સાફ થઈ જતાં કોઈ પણ રોગ રહેવા જ પામતો નથી; તેના આંતરડાંઓમાં જે સુકાયેલો મળ જામ્યો હોય તે પણ નીકળી જવા પામે છે.

એમ દસ દિવસો પસાર થઈ જાય તે પછી એ બાળકના જન્મનક્ષત્ર અનુસાર નામ પાડવું જોઈએ. આ સંબંધે સુશ્રુતે શારીરના ૧૦ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'ततो दशमेऽहनि मातापितरौ कृतमङ्गलकौतुकौ स्वस्तिवाचनं कृत्वा नाम कुर्यातां यदभिप्रेतं नक्षत्रं नाम वा।' બાળકના જન્મ પછીના દસમા દિવસે જેઓએ મંગલ કૌતુક કર્યાં હોય એવાં તે બાળકનાં માતાપિતા સ્વસ્તિવાચન કરીને પોતાને જે પ્રિય હોય તે અથવા જન્મનક્ષત્ર અનુસાર તે બાળકનું નામ પાડે છે.' એમ નામકરણસંસ્કાર થઈ જાય તે પછી એ બાળકના માતાપિતાએ ચરક તથા સુશ્રુતે કહ્યા પ્રમાણે બાળકને વસ્ત્રો, આભૂષણો, મણિધારણ આદિ જે જે કરાવવા વિસ્તારથી કહેલ છે, તે તે બધું અવશ્ય કરાવવું.

ઇતિ શ્રીકાશ્યસંહિતામાં શારીરસ્થાન વિષે 'જાતિસૂત્રીય' નામનો અધ્યાય સમાપ્ત

શારીરસ્થાન સમાપ્ત

મહર્ષિ મારીચકશ્યપ વિરચિત

काश्यपसंहिता

અથવા

વૃદ્ધજીવકીયતંત્ર

(कौमारभृत्य)

૫ : ઇંદ્રિયસ્થાન

ઔષધભેષજેન્દ્રિય : અધ્યાય ૧ લો

(अथात ओषधमेषजीयमिन्द्रियं व्याख्यास्यामः ॥१)
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી ઇંદ્રિયસ્થાનના 'ઔષધ-ભેષજીય' નામના (પહેલા) અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું એમ ભગવાન કશ્યપે *(પોતાના પ્રિય શિષ્ય)* વૃદ્ધજીવક પ્રત્યે કહ્યું હતું. ૧,૨

વિવરણ : અહીંથી શરૂ થતા ઇંદ્રિયસ્થાનનો આ પહેલો અધ્યાય જ મળે છે બીજો એક પણ અધ્યાય મળતો નથી. આ સ્થાનનું નામ 'ઇંદ્રિયસ્થાન' છે; તેમાં અભિપ્રાય આ છે કે 'ઇન્દ્ર' શબ્દનો અર્થ 'જીવાત્મા' એવો થાય છે; તેને જણાવનારાં લક્ષણો 'ઇંદ્રિય' કહેવાય છે, અર્થાત્ જીવાત્માનું અસ્તિત્વ કે જીવન તથા મરણ એ બન્નેને જણાવતાં જે લક્ષણો પ્રસિદ્ધ હોય છે, તે 'ઇન્દ્રિય' કહેવાય છે; તે બન્ને જીવન તથા મરણનાં લક્ષણોને આ ઇંદ્રિયસ્થાનમાં કહેવાય છે. એકંદર જીવાત્માના મરણનાં ચિહ્નો કે લક્ષણો આ ઇંદ્રિયસ્થાનમાં કહેવાશે, અર્થાત્ જે લક્ષણો જોઈ વૈદ્ય રોગીના રોગને અસાધ્ય સમજી શકે અને તે રોગથી રોગીનું મૃત્યુ પણ જાણી શકે, તે લક્ષણો આ ઇંદ્રિયસ્થાનમાં જણાવાય છે; માણસના મૃત્યુને જણાવતાં લક્ષણોને રિષ્ટ કે અરિષ્ટ પણ કહેવામાં આવે છે; તે અરિષ્ટો કે રિષ્ટોને અહીં ઇંદ્રિય-સ્થાનમાં જણાવી ગ્રંથકાર રોગીને, થયેલા રોગની સાધ્યતા તથા અસાધ્યતા પણ વૈદ્યને જણાવી દેવા માગે છે. આ સંબંધે કહેવાયું પણ છે કે, रोगिणो मरणं यस्मादवश्यं भावि लक्ष्यते । तल्लक्षण-मरिष्टं स्याद्रिष्टं चापि तदुच्यते ॥ જેનાથી રોગીનું મરણ અવશ્ય જાણી શકાય છે, તે અનિષ્ટ લક્ષણ 'અરિષ્ટ' તથા 'રિષ્ટ' કહેવાય છે.' ચિકિત્સા કરવા પહેલાં એ અરિષ્ટ લક્ષણોને જાણી લેવાં જરૂરી છે સાધ્યતા કે અસાધ્યતા વિચાર્યા પછી ચિકિત્સા કરાય તે જ યોગ્ય ગણાય છે; કારણ કે જેનું *મરણ નજદીક હોય તેવા રોગી માણસની* ચિકિત્સા કરવાથી કોઈ લાભ થતો નથી, પરંતુ તેથી તો વૈદ્યની જે પ્રતિષ્ઠા હોય તેને હાનિ થાય છે. આ સંબંધે સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૨૯ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે 'असिद्धिमाप्नुयाल्लोके प्रतिकुर्वन गतायुषः । अतोऽरिष्टानि यत्नेन लक्षयेत् कुशलो भिषक् ॥ જેનું આયુષ લગભગ ગયું હોય તેની ચિકિત્સા કરનારો વૈદ્ય લોકમાં કોઈ પણ સિદ્ધિ કે લાભને મેળવતો નથી, એ કારણે કુશળ વૈદ્યે કાળજી રાખી રોગીના મૃત્યુનાં અરિષ્ટો કે અશુભ લક્ષણોને જાણી લેવાં જોઈએ.' આવા જ આશયથી અહીં પ્રથમ ઇંદ્રિયસ્થાન બતાવીને તે પછી જ ચિકિત્સિતસ્થાન કહેવામાં આવશે.' ૧,૨

ચિકિત્સાના બે પ્રકાર

ओषधं भेषजं प्रोक्तं द्विप्रकारं चिकित्सितम् ।
तयोर्विशेषं वक्ष्यामि भेषजौषधयोर्द्वयोः ॥ ३ ॥

ચિકિત્સાને બે પ્રકારની કહી છેઃ એક ઔષધચિકિત્સા તથા બીજી ભેષજચિકિત્સા. એ બન્ને ભેષજ તથા ઔષધનો વિશેષ તફાવત હું અહીં કહું છું. ૩

ઔષધ તથા ભેષજનું લક્ષણ

ઓષધં દ્રવ્યસંયોગં બ્રુવતે દીપનાદિકમ્ ।
હુતવ્રતતપોદાનં શાન્તિકર્મ ચ ભેષજમ્ ॥ ૪ ॥

દીપન આદિ દ્રવ્યના સંયોગને વૈદ્યો 'ઔષધ' કહે છે; અને હોમ, વ્રત, તપ તથા દાન રૂપ શાંતિકર્મને વૈદ્યો 'ભેષજ' કહે છે. ૪

ઉપર્યુક્ત બન્ને ચિકિત્સા નિષ્ફળ થવાથી મરણ

ઉભયં તદ્યદા જન્તોઃ કૃતં ન કુરુતે ગુણમ્ ।
ક્ષીણાયુરિતિ સં(તં)જ્ઞાત્વા ન ચિકિત્સેદ્વિચક્ષણઃ ॥૫

જે રોગીના સંબંધે કરેલી ઉપર કહેલી બન્ને ચિકિત્સા જ્યારે ફાયદો ન કરે ત્યારે ચતુર વૈદ્યે તે રોગીને ક્ષીણ થયેલા આયુષવાળો જાણી તેની ચિકિત્સા કરવી ન જોઈએ. ૫

વિવરણ : આ સંબંધે સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૩૧ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'પ્રેતા ભૂતાઃ પિશાચાશ્ચ રક્ષાંસિ વિવિધાનિ ચ। મરણાભિમુખં નિત્યમુપસર્પન્તિ માનવમ્ ॥ તાનિ ભેષજ વીર્યાણિ પ્રતિઘ્નન્તિ જિઘાંસયા। તસ્માન્મોઘાઃ ક્રિયાઃ સર્વા ભવન્ત્યેવ ગતાયુષામ્ ॥ ૫ ॥ જે માણસ મરણની સામે રહ્યો હોય અથવા મરવાની તૈયારીમાં હોય તેની તરફ પ્રેતો, ભૂતો, પિશાચો તથા વિવિધ રાક્ષસો નિરંતર પ્રાપ્ત થયા કરે છે; અને તેઓ તે તે ભેષજ–ચિકિત્સાનાં સામર્થ્યોનો પણ તે માણસને મારી નાખવાની ઇચ્છાથી નાશ કરી નાખે છે. એ કારણે જેનું આયુષ પૂરું થયું હોય તેના સંબંધે બધી ક્રિયાઓ ખરેખર નિષ્ફળ થાય છે.' ૫

એક મહિનાનું જીવન સૂચવતું અરિષ્ટ

યસ્ય ગોમયચૂર્ણાભં ચૂર્ણં મૂર્ધનિ જાયતે ।
સસ્નેહં શ્રશ્યતે ચૈવ માસાન્તં તસ્ય જીવિતમ્ ॥૬॥

જેના મસ્તક ઉપર ગાયનાં અડાયાં છાણાંના જેવો કે ભૂકો આપોઆપ ઉત્પન્ન થયા કરે અને તે ભૂકો સ્નેહની સાથે (ચીકાશયુક્ત થઈ) જેના માથા ઉપરથી કાયમ ખર્યા કરે, તે માણસનું જીવન એક મહિના સુધીનું છે એમ નક્કી જાણવું. ૬

વિવરણ : ચરકે ઇંદ્રિયસ્થાનના ૧૨ મા અધ્યાયમાં આ શ્લોકને અક્ષરશઃ ઉતાર્યો છે. તે ઉપરથી શંકા થાય કે આ શ્લોક અસલી કોનો હશે ? સુશ્રુતે પણ આ સંબંધે આમ કહ્યું છે કે, 'ગોમયચૂર્ણપ્રકાશસ્ય વા રજસો દર્શનમુત્તમાઙ્ગે વિલ્યનઞ્ચ ॥ ૬ ॥ ગાયનાં અડાયાં છાણાંના ભૂક્કા જેવી રજ જે માણસના માથા પર દેખાય અને પાછી તે રજ વિલય પામે–દેખાતી બંધ થાય, તેને માણસના મરણની નિશાની જાણવી.' ૬

અર્ધા મહિનાનું જીવન સૂચવતું અનિષ્ટ લક્ષણ

કુક્ષિઃ સ્નાતાનુલિપ્તસ્ય પૂર્વં યસ્ય વિશુષ્યતિ ।
આર્દ્રેષુ સર્વગાત્રેષુ માસાર્ધં તસ્ય જીવિતમ્ ॥૭॥

જે માણસે પ્રથમ સ્નાન કરી પછીથી શરીર પર વિલેપન લગાડ્યું હોય, તેની કૂખ બધાં અંગોની પહેલાં અત્યંત સુકાઈ જાય અને બીજાં બધાં અંગો ભીનાં જ રહ્યાં હોય, તેનું જીવન અર્ધો મહિનો બાકી રહ્યું છે, એમ જાણવું. ૭

વિવરણ : ચરકના ઇંદ્રિયસ્થાનના ૧૨ મા અધ્યાયમાં આ શ્લોકનો આવો પાઠ રાખ્યો છે અને તેમાં અહીં જણાવેલ કુક્ષિના સ્થાને 'ઉરઃ' પાઠ રાખ્યો છે; જેમ કે, યસ્ય સ્નાનાનુલિપ્તસ્ય પૂર્વં શુષ્યત્યુરોભૃશમ્। આર્દ્રેષુ સર્વગાત્રેષુ સોઽર્ધમાસં ન જીવતિ ॥–જે માણસે પ્રથમ સ્નાન કરી વિલેપન લગાડ્યું હોય, તેના બધાં અંગો ભીનાં હોય, છતાં તેની છાતી સૌની પહેલાં અત્યંત સુકાઈ જાય છે, તે માણસ અર્ધો મહિનો પણ જીવતો નથી.' એ જ પ્રકારે સુશ્રુતે અહીં બતાવેલ 'કુક્ષિ' શબ્દના સ્થાને 'હૃદય' શબ્દનો પાઠ રાખ્યો છે; જેમ કે–' પ્રાગ્વિશુષ્યમાણહૃદય આર્દ્રશરીરઃ ' ॥ ૭ ॥ જે માણસ, સ્નાન કરી આખા શરીરે ભીનો થયો હોય ત્યારે તેનાં બધાં અંગો ભીનાં હોય ત્યારે સૌના પહેલાં તેનું હૃદય સુકાય તો સમજવું, કે તે માણસનું જીવન ઘણું થોડું જ છે.' ૭

સ્વપ્નાધિપાનગો નાશો જ્યોતિષાં પતનાનિ ચ ।
અગ્નિદાહોપશાન્તિશ્ચ પતનં ગૃહવૃક્ષયોઃ ॥ ૮ ॥

गृहाटवीप्रवेशश्च स्वप्नं स्वप्ने विगर्हितम् ।
कृष्णां दण्डधरां नग्नां मुण्डां लोहितलोचनाम् ॥९॥
स्वप्ने दृष्ट्वैव जानीयाद्यमदूतानुपस्थितान् ।

જે માણસ સ્વપ્નમાં પોતાના અધિપતિ-નો કે પર્વતનો નાશ જુએ, નક્ષત્રાદિને ખરતાં દેખે, અગ્નિથી દાઝે અને તેથી તે શાંતિ અનુભવે, પોતાના કે હરકોઈના ઘરનું અથવા ઝાડનું પડવું દેખે તેમ જ કોઈ ગુફામાં કે જંગલમાં પોતાનો પ્રવેશ થયેલો દેખે, તો તે નિંદિત ગણાય છે; તેમ જ એક નિંદિત સ્વપ્નમાં બે બીજું નિંદિત સ્વપ્ન દેખે, અથવા કાળા રંગની, હાથમાં લાકડીને ધારણ કરતી, માથા પર મુંડન કરાવેલી અને રાતાં નેત્રોવાળી સ્ત્રીને સ્વપ્નમાં દેખે તો સમજવું કે, યમદૂતો પોતાની સમીપે આવી પહોંચ્યા છે–એટલે કે પોતાનું મરણ ઘણું જ નજીક છે એમ જાણવું. ૮,૯

આવી સ્ત્રીને કાલરાત્રિ જાણવી

दीर्घकेशस्तननखीं विरागकुसुमाम्बराम् ॥ १० ॥
स्वप्ने दृष्ट्वा स्त्रियं कृष्णां कालरात्रीं निवेदयेत् ।

જે સ્ત્રીનાં કેશ, સ્તન તથા નખ લાંબા હોય અને જેણીએ અતિશય લાલ રંગના પુષ્પ જેવું વસ્ત્ર પહેર્યું હોય, તેવી કાળા રંગની સ્ત્રીને સ્વપ્નમાં જોઈ તે માણસે એ સ્ત્રીને પોતાના કાળરૂપ રાત્રી જાણવી એટલે કે કાલરાત્રિ અથવા છેલ્લી રાત્રી જાણવી. ૧૦

સ્કંદગ્રહનું ભય સૂચવતું અશુભ સ્વપ્ન

गन्धान् पुष्पाणि वासांसि या रक्तानि निषेवते ॥११
यदा स्वप्ने शिशुर्वाऽपि तदा स्कन्दग्रहाद्भयम् ।
मयूरं कुक्कुटं वस्तं मेषं वा योऽधिरोहति ॥१२॥
रक्तार्चितः सहैतैर्वा तत्रापि स्कन्दतो भयम् ।
घण्टां पताकां यः स्वप्ने विध्वस्तां भुवि पश्यति ॥१३
शयनं शोणिताक्तं वा तत्रापि स्कन्दतो भयम् ।

જે બાળક અથવા તેની માતા સ્વપ્નમાં જ્યારે સુગંધી પદાર્થોનું લાલ રંગનાં પુષ્પોનું તથા રાતાં વસ્ત્રોનું સેવન કરે ત્યારે તે બાળકને સ્કન્દગ્રહથી થનાર ભયને તે (સ્વપ્ન) સૂચવે છે; અથવા જ્યારે તે બાળક સ્વપ્નમાં મોર, કૂકડાં, બકરાં કે ઘેટાં પર સવારી કરે અથવા તે તે મોર વગેરેની સાથે પોતે પૂજાઈને તેઓની પર સવાર થાય, ત્યારે પણ તે બાળકને સ્કન્દગ્રહથી ભય થવાનું છે એમ તે (સ્વપ્ન) સૂચવે છે. વળી જો બાળક સ્વપ્નમાં જમીન પર તૂટી પડેલી ઘંટડીને કે પતાકાને જુએ અથવા પોતાના શયનને લોહીથી ખરડાયેલું જુએ, તો પણ તે (સ્વપ્ન) એ બાળકને સ્કંદગ્રહથી ભયને સૂચવે છે. ૧૧-૧૩

સ્કન્દાપસ્મારગ્રહના ભયને સૂચવતું અશુભ સ્વપ્ન

रक्तपुष्पाम्बरधरा रक्तचन्दनरूषिता ॥ १४ ॥
नृत्यते सह भूतैर्वा स्कन्दापस्मारतो भयम् ।

અથવા જ્યારે બાળકની માતા, સ્વપ્ન-માં લાલ પુષ્પો તથા વસ્ત્રો ધારણ કરીને તેમજ રાતાં ચંદનથી ખરડાઈને ભૂતડાં-ઓની સાથે નૃત્ય કરે, ત્યારે તે માતાએ સમજવું કે પોતાનાં બાળકને સ્કંદ અપ-સ્મારક કે સ્કંદના મિત્રગ્રહ કે વિશાખ નામના ગ્રહથી ભય થવાનો છે. ૧૪

સ્કન્દના પિતા શંકરથી થતા ભયને સૂચવતું અશુભ સ્વપ્ન

रक्तपद्मवनं प्राप्य धात्र्यात्मानं यदाऽर्चति ॥१५॥
बालं वा पद्ममालाभिस्तदा स्कन्दपितुर्भयम् ।

બાળકની ધાવ-માતા સ્વપ્નમાં જ્યારે લાલ કમળોના વનમાં જઈ પોતાના બાળક-ને અથવા પોતાને લાલ કમળોની માળાથી પૂજે, ત્યારે તેણે સમજવું કે પોતાના તે બાળકને સ્કંદગ્રહના પિતા-શ્રીશંકરથી ભય થવાનો છે. ૧૫

પુંડરીકગ્રહના ભયને સૂચવતું અશુભ સ્વપ્ન

रक्तपुष्पवनं धात्री स्वप्नेऽग्निं वा यदा विशेत् ॥१६
दह्यते वाऽग्निना बालः पौण्डरीकाद्भयं तदा ।

બાળકની ધાવ માતા, સ્વપ્નમાં રાતાં

પુષ્પોના વનમાં કે અગ્નિમાં પ્રવેશ કરે અથવા તેનો બાળક (સ્વપ્નમાં) અગ્નિથી દાઝે, ત્યારે તે ધાવ માતાએ સમજવું કે પોતે જેને ધવડાવે છે તે બાળકને પુંડરીક નામના બાલગ્રહથી ભય થવાનો છે. ૧૬

રેવતી નામના બાલગ્રહના ભયને સૂચવતું અશુભ સ્વપ્ન

समुद्रादिषु तोयेषु निमग्ने रेवतीभयम् ॥ १७ ॥

જ્યારે માતા પોતાના બાળકને (સ્વપ્નમાં) સમુદ્ર આદિના જળમાં ડૂબી ગયેલો દેખે ત્યારે તે માતાએ સમજવું કે પોતાના એ બાળકને 'રેવતી' નામના બાલગ્રહથી ભય થવાનો છે. ૧૭

શુષ્ક રેવતી તથા શકુનિગ્રહના ભયને સૂચવતું સ્વપ્ન

शुष्ककूपनदीदर्शी निहन्याच्छुष्करेवती।
मांसादान् पक्षिणो दृष्ट्वा शाकुन्या ब(व)ध्यते शिशुम्

જ્યારે સ્વપ્નમાં માતા સુકાયેલા કૂવા કે નદીને જુએ તો તેણે સમજવું કે મારા બાળકને શુષ્ક રેવતીગ્રહ તદ્દન મારી જ નાખશે; તેમ જ જ્યારે માતા સ્વપ્નમાં માંસાહારી પક્ષીઓને જુએ ત્યારે તેણીએ સમજવું કે, મારો બાળક શકુનિ ગ્રહવડે પકડાશે કે માર્યો જશે. ૧૮

મુખમંડિકા નામના બાલગ્રહથી બાલકનું મરણ સૂચવતું અશુભ સ્વપ્ન

अवडीनाभिदष्टस्तु सद्यो मरणमृच्छति।
हरितालादिभी रङ्गैर्मण्डितः पीतकाम्बरः॥ १९॥
मांसलोऽलङ्कृतः स्वप्ने तं हन्ति मुखमण्डिका।

જ્યારે માતા સ્વપ્નમાં પોતાના બાળકને 'અવડી' નામનાં પક્ષીથી નાભિ પર ઘસાતો કે કોચાતો જુએ, તો તે માતાએ સમજવું કે મારો તે બાળક તત્કાળ મરણ પામશે. અથવા જ્યારે માતા પોતાના બાળકને સ્વપ્નમાં હરતાલ વગેરે રંગોથી શણગારેલો જુએ, તેમ જ પીળાં વસ્ત્રોને ધારણ કરેલો માંસથી ભરાવદાર-પુષ્ટ તથા અલંકારોથી શણગારેલો જુએ, ત્યારે તે માતાએ સમજવું કે 'મુખમંડિકા' નામનો બાલગ્રહ મારા બાળકનો નાશ કરી રહેલ છે. ૧૯

પૂતના નામના બાલગ્રહથી ભયને સૂચવતું સ્વપ્ન

नक्षत्रग्रहचन्द्रार्कतारकाऽक्षिकनीनिकाः ॥ २० ॥
दृष्ट्वा प्रपतिताः स्वप्ने पूतनाभ्यो भयं भवेत्।

જ્યારે સ્વપ્નમાં માતા નક્ષત્રોને, ગ્રહોને, ચન્દ્રને, સૂર્યને, તારાઓને તથા નેત્રોની કીકીઓને નીચે જમીન પર ખરી પડેલી દેખે, ત્યારે તે માતાએ સમજવું કે મારા બાળકને પૂતના નામના બાલગ્રહથી ભય થવાનો છે. ૨૦

'નૈગમેષી' ગ્રહના ભયને પણ ઉપર્યુક્ત સ્વપ્ન સૂચવે

सर्वाण्येतानि रूपाणि नैगमेष्यां प्रपश्यति ॥२१॥

'નૈગમેષી' નામના બાલગ્રહથી બાળકને ભય થવાનો હોય ત્યારે પણ માતા ઉપર કહેલાં બધાં રૂપો કે અશુભ સ્વપ્નદર્શનોને ખાસ જુએ છે. ૨૧

વિષ અને જ્વર દ્વારા બાળકના મૃત્યુને સૂચવતાં અશુભ સ્વપ્નો

कीटवृश्चिकसर्पैर्वा दष्टः स्याद्विषमृत्युकः।
स्वभिर्दुष्टैः खरैर्वाऽपि दक्षिणां याति मुण्डितः ॥२२
कृष्यते मृद्यते तैर्वा ज्वरस्यान्तस्तदुच्यते।

જ્યારે માતા સ્વપ્નમાં પોતાના બાળકને ક્રીડા, વીંછી કે સર્પથી કરડાયેલ દેખે, ત્યારે તેણે જાણવું કે મારા બાળકનું મરણ વિષથી જ થવાનું છે; અથવા પોતાનું બાળક મસ્તક પર મુંડન કરેલું હોઈને દુષ્ટ કૂતરાં કે ગધેડાં પર સવાર થઈ જો દક્ષિણ દિશામાં જાય અથવા તે કૂતરાં કે ગધેડાં તે બાળકને દક્ષિણ દિશામાં ખેંચીને લઈ જાય કે ચૂંથી નાખે, તો તે માતાએ જાણવું કે મારા બાળકનું મરણ જ્વરથી થશે. ૨૨

વિવરણ: અહીં આ શ્લોકના પૂર્વાર્ધમાં સ્વપ્નમાં ક્રીડા, વીંછી અને સર્પનો દંશ થતાં પોતાના બાળકનું મરણ વિષથી થાય છે એમ જણાવ્યું છે; પરંતુ સુશ્રુતમાં આનાથી જુદું આમ

જણાવે છે કે 'उरगो वा जलौको वा भ्रामरो वाऽपि यं दशेत्। आरोग्यं निर्दिशेत् तस्य धनलाभं च बुद्धिमान्॥ માણસને સ્વપ્નમાં સર્પો અથવા હરકોઈ જલચર પ્રાણી કે ભમરો કરડે તો બુદ્ધિમાન જો રોગી હોય તો વૈદ્યે તે માણસનું આરોગ્ય જણાવવું' ઇત્યાદિ શુભ ફલને સૂચવતો શ્લોક છપાયેલ સુશ્રુતમાં મળે છે, પરંતુ તાડપત્રીય પ્રતમાં મળતો નથી. ૨૨

દશ પ્રકારનાં નિષ્ફલ સ્વપ્નો

प्रार्थितं कल्पितं दृष्टमनुभूतं श्रुतं च यत् ॥२३॥
भावितः पश्यति स्वप्ने ह्रस्वं दीर्घं दिवा च यत्।
अफलाः सर्व एवैते निदानोक्तास्तु दोषजाः ॥२४॥

પ્રાર્થિત, કલ્પિત, દૃષ્ટ, અનુભૂત, શ્રુત, ભાવિત, હ્રસ્વ, દીર્ઘ, દિવાસ્વપ્ન તથા નિદાનસ્થાનમાં કહેલ દોષજ સ્વપ્ન એમ દશ પ્રકારનાં સ્વપ્નોને માણસ જુએ છે, પરંતુ એ બધાં યે સ્વપ્નોને શાસ્ત્રમાં સફલ અથવા નિષ્ફળ જ કહ્યાં છે. ૨૪

વિવરણ : ચરકે પણ ઇંદ્રિયસ્થાનના પાંચમા અધ્યાયમાં આમ સાત પ્રકારનાં સ્વપ્નો કહ્યાં છે. 'दृष्टं श्रुतानुभूतं च प्रार्थितं कल्पितं तथा। भाविकं दोषजं चैव स्वप्नं सप्तविधं विदुः॥ तत्र पञ्चविधं पूर्वमफलं भिषगादिशेत्। दिवास्वप्नमतिह्रस्वमतिदीर्घं तथैव च॥ દૃષ્ટ–જોયેલું, શ્રુત–સાંભળેલું, અનુભૂત–અનુભવેલું, પ્રાર્થિત–ઇચ્છેલું કલ્પિત–કલ્પેલું અથવા મનથી સંકલ્પ કરેલું, ભાવિક એટલે ભવિષ્યમાં થનાર શુભઅશુભને સૂચવતું અને દોષજ–વાતાદિ દોષના કારણે પ્રાપ્ત થયેલ એમ સાત પ્રકારના સ્વપ્નને વિદ્વાનો કહે છે. તેમાંનાં પહેલાં પાંચ પ્રકારનાં સ્વપ્નને વૈદ્યે નિષ્ફળ જણાવવાં; તેમ જ દિવસના સ્વપ્નને, અતિશય ટૂંકા સ્વપ્નને તથા અતિશય લાંબા સ્વપ્નને પણ બુદ્ધિમાન વૈદ્યે નિષ્ફળ કહેવું' ટીકાકાર અરુણદત્તે ઉપર કહેલાં સાતે સ્વપ્નોને આમ વિસ્તારથી વર્ણવ્યાં છે; જેમકે यश्चक्षुषा जाग्रदवस्थायां किंचिद् वस्तुजातं दृष्ट्वा तदानीं सुप्तावस्थायां तादृशं वातुजातं संवित्तिरूपतयाऽनुभूयते स 'दृष्ट' उच्यते। જે માણસ પોતાની નજરે જાગ્રત અવસ્થામાં કોઈ પણ વસ્તુઓના સમુદાયને જોઈને તે વખતે સૂઈ જાય ત્યારે તેની એ નિદ્રાની અવસ્થામાં તેવા પ્રકારની તે પ્રથમ પ્રત્યક્ષ જોયેલી વસ્તુઓનો સમુદાય (સ્વપ્નમાં) તેના અનુભવજ્ઞાનના રૂપમાં જે અનુભવાય તે 'દૃષ્ટ'–નજરે જોયેલ સ્વપ્ન કહેવાય છે. 'यश्च शब्दमात्रेण वस्तुजातं श्रोत्रेन्द्रियेण गृह्यते तदिदानीं सुप्तावस्थायां तादृक्संवित्तिरूपतयाऽनुभूयते स 'श्रुत' उच्यते। જે સ્વપ્ન, માત્ર શબ્દરૂપે શ્રોત્રેન્દ્રિય દ્વારા વસ્તુઓના સમુદાયને ગ્રહણ કરાય અને તે પછી તરત સુપ્ત અવસ્થામાં નિદ્રાનો અનુભવ લેતાં તેવા પ્રકારના અનુભવના જ્ઞાનરૂપે જે અનુભવાય તે 'શ્રુત'–સાંભળેલ કહેવાય છે. પરંતુ यस्तु जाग्रदवस्थायां यथायथमिन्द्रियैरनुभूयते सुप्तावस्थायां तादृगन्तः संवित्तिरूपतयाऽनुभूयते सोऽनुभूत' उच्यते। જે સ્વપ્ન જાગ્રત અવસ્થામાં જે વસ્તુઓના સમુદાયને ઇંદ્રિયો દ્વારા અનુભવીને તે પછી તરતની સુપ્ત અવસ્થા કે નિદ્રાવસ્થામાં (સ્વપ્નાવસ્થા થતાં) તેવા જ પ્રકારે અંતરમાં અનુભવજ્ઞાનરૂપે જે અનુભવાય તે અનુભૂત–અનુભવેલું કહેવાય છે.' તેમજ यस्मिन् दृष्टे श्रुतेऽनुभूते वा यत्पूर्वं जाग्रदवस्थायां वस्तुजातं मनसाऽभ्यर्थ्यते तथैव च सुप्तावस्थायामन्तःसंवित्तिरूपतयाऽनुभूयते स 'प्रार्थित' उच्यते।

જેમાં જે સમુદાય પ્રથમ વસ્તુઓનો જાગ્રત અવસ્થામાં જોયેલ હોય કે સાંભળેલ હોય અને તેની જ મનથી ઇચ્છા કરી હોય તે જ સુપ્તાવસ્થામાં–સ્વપ્ન થતાં અંતરના અનુભવના જ્ઞાનરૂપે અનુભવાય તે જ 'प्रार्थित–મનથી ઇચ્છેલ સ્વપ્ન કહેવાય છે.' यस्तु षड्भिः प्रत्यक्षानुमानादिभिर्न दृष्टो नापि श्रुतो नाप्यनुमतो दृष्टश्रुतानुभूतत्वाभावादेव न च प्रार्थितोऽपि तु केवलं मनसा यथेच्छमुत्प्रेक्ष्य यत्किंचिन्नरूपाभिः कल्पनाभिः कल्पितो जाग्रदवस्थायां वस्तुजातान्तःसंवित्तावुपारूढस्तदानीं सुप्तावस्थायां तादृगनुभूयते स 'कल्पितः' પરંતુ જે વસ્તુઓનો સમુદાય પ્રત્યક્ષ, અનુમાન આદિ છ પ્રમાણોથી પ્રથમ જાગ્રત અવસ્થામાં કદી જોયેલ, સાંભળેલ કે અનુમાન પણ કરેલ ન હોય તેમ જ જોયેલ, સાંભળેલ કે અનુભવેલ પણ ન હોય, મનથી કદી ઇચ્છેલ પણ ન હોય, છતાં જાગ્રત અવસ્થામાં મનથી જેની માત્ર કલ્પના જ

કરેલ હોય, તે જ વસ્તુઓનો સમુદાય અંતરમાં કેવળ તે કલ્પનાના જ અનુભવ-જ્ઞાનરૂપે આરૂઢ હોઈને તે વેળા સુપ્તાવસ્થા કે નિદ્રાવસ્થામાં તેવી કલ્પનારૂપે જે અનુભવાય તે જ 'કલ્પિત'-કલ્પના કરેલ સ્વપ્ન કહેવાય છે.' તે જ પ્રમાણે यश्च दृष्टश्रुतादिभ्यः स्वप्नेभ्योऽन्यो विलक्षणः स्वप्नो यथा दृश्यते सुप्तावस्थायामुत्तरकालं तथैव स्वप्नदर्शिना नरेण तन्मुखावगततद्वैरपि प्रत्यक्षतो दृश्यते स 'भाविकः'। જે સ્વપ્ન દૃષ્ટ, શ્રુત આદિ સ્વપ્નોથી જુદું જ હોઈ તેઓ કરતાં વિલક્ષણ અથવા જુદાં લક્ષણવાળું દેખાય અને સુપ્તાવસ્થા કે નિદ્રાવસ્થામાં પાછળથી તે જ પ્રકારે સ્વપ્ન જોનાર માણસ વડે તેના મુખથી જાણેલા તે તે અર્થો દ્વારા પણ જે પ્રત્યક્ષ દેખાય તે 'ભાવિક' સ્વપ્ન કહેવાય છે. વળી दोषजः स स्वप्नो यो वातजः पित्तजः कफजो वा यथायथं दोषाणामनुरूपोऽन्तः संवित्तावनुभूयते स 'दोषज' उच्यते।—જે સ્વપ્ન વાત, પિત્ત કે કફરૂપ દોષના કારણે ઉત્પન્ન થયેલ હોઈ તે તે દોષને બરાબર અનુસરે અને અંતરમાં તેવા અનુભવ-જ્ઞાનરૂપે જે અનુભવાય તે 'દોષજ' સ્વપ્ન કહેવાય છે. એમ ચરકે ઉપર જે સાત સ્વપ્નો કહ્યાં છે, તેમાંનાં પહેલાં પાંચ-દૃષ્ટ, શ્રુત, અનુભૂત, પ્રાર્થિત તથા કલ્પિત-એ તેમ જ ઘણું લાંબું, ઘણું જ ટૂંકું અને દિવાસ્વપ્ન-એ બધાં નિષ્ફળ નીવડે છે; પણ બાકીનાં બે ભાવિક તથા દોષજ એ સ્વપ્ન ફળદાયી થાય છે; એમ ચરક સંહિતામાં પણ દોષજ સ્વપ્નને ફળદાયી માન્યું છે; જ્યારે આ કાશ્યપ સંહિતામાં તો અહીં આ શ્લોકમાં દોષજ સ્વપ્નને પણ નિષ્ફળ કહેલ છે. તે જ પ્રમાણે અષ્ટાંગહૃદયમાં પણ પ્રકૃતિને અનુકૂળ દોષજ સ્વપ્નને નિષ્ફળ માનેલ છે; જેમ કે પિત્તપ્રકૃતિવાળાને તેના પિત્તદોષને અનુકૂળ દોષજ સ્વપ્ન આવે તો તેની પિત્તપ્રકૃતિને તે અનુકૂળ હોઈ નિષ્ફળ થાય છે. આ સંબંધે અષ્ટાંગહૃદયમાં આમ કહ્યું છે કે 'तेष्वाद्या निष्फलाः पञ्च यथा *स्वप्रकृतिर्दिवा विस्मृतो दीर्घह्रस्वोऽपि*'॥—એ બધાંયે સ્વપ્નોમાં પહેલાં પાંચ નિષ્ફળ હોય છે; તેમ જ પોતાની પ્રકૃતિને અનુસરી જે સ્વપ્ન આવે અને દિવસનું સ્વપ્ન, ઘણું જ લાંબું સ્વપ્ન તથા અતિશય ટૂંકું સ્વપ્ન પણ અત્યંત નિષ્ફળ નીવડે છે.' આ ઉપરથી આમ જ કહી શકાય કે હરકોઈ સ્વપ્ન ભાગ્યે જ સાચું હોય છે. ૨૩,૨૪

ફલવાળાં કે સાચાં સ્વપ્નો

यथा तु फलवान् स्वप्नो वृद्धजीवक! तच्छृणु।
अदृष्टमश्रुतानुक्तमकल्पितमभाषितम्॥ २५॥
कार्यमात्रं च यः स्वप्नो जीर्णान्ते फलवांस्तु सः।
एतांश्चान्यांश्च दुःस्वप्नान् दृष्ट्वा रोगी विनश्यति॥
स्वस्थस्तु संशयं गत्वा धर्मशीलो विमुच्यते।

હે વૃદ્ધજીવક, જે સ્વપ્ન ફલવાળું અથવા સાચું નીવડે છે તેને પણ તમે સાંભળો. જે સ્વપ્ન અદૃષ્ટ, અશ્રુત, અનુક્ત, અકલ્પિત તથા અભાષિત હોય એટલે કે નહિ જોયેલ, નહિ સાંભળેલ, નહિ કહેલ, નહિ કલ્પનામાં આવેલ તથા ભાષણથી જે જણાવેલ ન હોય તે પાંચ સ્વપ્નો તેમ જ માત્ર કાર્યરૂપે જે સ્વપ્ન આવેલ હોય અને જે સ્વપ્ન આધેલો ખોરાક પચ્યા પછી આવેલ હોય તે બધાં ફલવાળાં કે સાચાં પડે છે; એવાં સ્વપ્નોને તેમ જ બીજાં પણ બરાબ સ્વપ્નોને જોઈને રોગી માણસ વિનાશ પામે છે. પરંતુ જે સ્વસ્થ કે નીરોગી હોય તે સંશયને પામીને પણ જો ધર્મ કરવાના સ્વભાવવાળો હોય તો વિશેષ કરી મુક્ત થાય છે. એટલે કે જીવતો રહી બચી જાય છે. ૨૫

વિવરણ : આ સંબંધે ચરકે પણ ઇંદ્રિયસ્થાનના ૫ મા અધ્યાયમાં આમ કહેલું છે કે, इत्येते दारुणाः स्वप्ना रोगी यैर्याति पञ्चताम्। अरोगः संशयं गत्वा कश्चिदेव विमुच्यते॥—ઉપર જે દારુણ અનિષ્ટ સ્વપ્નો કહ્યાં છે, તેઓને જોઈ રોગી મરણ પામે છે, પણ નીરોગી માણસ તેવાં સ્વપ્નો જોઈને કોઈક જીવનના સંશયમાં પડીને પણ બચી જાય છે.' આવો જ અભિપ્રાય સુશ્રુતે પણ કહેલ છે કે-'स्वस्थः स लभते व्याधिं व्याधितो मृत्युमृच्छति-ઉપર જણાવેલ અનિષ્ટ સ્વપ્નો જોઈને સ્વસ્થ માણસ હોય તે રોગી બને છે અને જે રોગી હોય તે મરણ પામે છે.' ૨૫,૨૬

શુભ ફલદાયક સ્વપ્નો

यद्यदेव द्विजादीनां स्वप्ने शीतकृशात्मनाम् ॥२७
मलिनाम्बरपुष्पाणां दर्शनं न प्रशस्यते ।
तेषामेव तु हृष्टानां शुद्धपुष्पाम्बरात्मनाम् ॥२८॥
दर्शनं शस्यते स्वप्ने तैश्च संभाषणं शुभम् ।
प्रासादवृक्षशैलांश्च हस्तिगोवृषपूरुषान् ॥ २९ ॥
अधिरोहन्ति ये स्वप्ने तेषां स्वस्त्ययनं कृतम् ।
सूर्यसोमाग्निविप्राणां नृणां पुण्यकृतां गवाम् ॥३०
मत्स्यामिषस्य चाषस्य दर्शनं पुण्यमुच्यते ।
शुक्लपुष्पादर्शच्छत्रग्रहणं तोयलङ्घनम् ॥ ३१ ॥
स्वरक्तदर्शनं चैव सुरापानं च शस्यते ।
गवाश्वरथयानं च यानं पूर्वोत्तरेण च ॥३२॥
रोदनं पतितोत्थानं रिपूणां निग्रहस्तथा ।
पङ्ककूपगुहाभ्यश्च समुत्तारोऽध्वनस्तथा ॥ ३३ ॥
एवंविधानि चान्यानि सिद्धये मुनयोऽब्रुवन् ।

શીતલ તથા કૃશ શરીરવાળા જે દરદીને બ્રાહ્મણ વગેરેનું તથા મેલાં વસ્ત્રો કે પુષ્પોનું દર્શન થાય તે પ્રશંસાપાત્ર નથી. પરંતુ એ જ બ્રાહ્મણ વગેરે હર્ષ પામેલા કે પ્રસન્ન થયેલા હોય અને શુદ્ધ પુષ્પો તથા વસ્ત્રોને તેઓએ જો ધારણ કર્યાં હોય તો સ્વપ્નમાં એવાં શુદ્ધ પુષ્પો તથા વસ્ત્રોને ધારણ કરેલાઓનું દર્શન અને તેવાઓની સાથે સ્વપ્નમાં સંભાષણ કે વાતચીત કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તો તે ઉત્તમ કલ્યાણકારી હોઈ વખણાય છે–ફલદાયી થાય છે. વળી જેઓ સ્વપ્નમાં ઊંચા મહેલો, વૃક્ષો, પહાડો, હાથીઓ, બળદો તથા માણસોની ઉપર ચઢે કે સવારી કરે, તો તેઓને તે સ્વસ્તિ–અયન–કલ્યાણનું આશ્રયસ્થાન બને છે. તેમ જ સ્વપ્નમાં સૂર્ય, ચન્દ્ર, અગ્નિ, બ્રાહ્મણ, પુણ્યશાળી માણસો, માછલાનું માંસ કે ચાષપક્ષીનું જો દર્શન થાય તો તે પુણ્યકારક અથવા પવિત્ર કહેવાય છે. વળી સ્વપ્નમાં ધોળાં પુષ્પ, દર્પણ તથા છત્ર ગ્રહણ કરાય, પાણી ઓળંગાય કે તરી જવાય, પોતાની ઉપર રક્ત–રાગી કે પ્રેમી માણસનું દર્શન થાય અથવા મદિરાનું પાન કરાય તો તે ઉત્તમ ગણાય છે. ફલદાયી થાય છે. વળી સ્વપ્નમાં બળદ, ઘોડો કે રથપર સવારી કરાય, પૂર્વ કે ઉત્તરદિશા તરફ પ્રયાણ કરાય, રોદન કે રડવું થાય, પડી જઈ ઊભા થઈ જવાય, શત્રુઓને જે કબજે કરાય કે શિક્ષા કરવામાં આવે; કીચડ, કૂવા કે ગુફાઓમાંથી બહાર નીકળાય તેમ જ કોઈ માર્ગ ઉપરથી પસાર થઈ જવાય કે રસ્તો ઓળંગી જવાય એવાં એવાં સ્વપ્નો કે બીજાં એવા પ્રકારનાં સ્વપ્નો દેખાય, તે સિદ્ધિ માટે કે અમુક ઇષ્ટ ફલની પ્રાપ્તિ માટે થાય છે, એમ મુનિઓએ કહ્યું છે. ૨૭–૩૩

ઉપર્યુક્ત ઉત્તમ સ્વપ્નોથી થતો લાભ

अदारुणत्वं रोगाणां वैद्यभैषज्यसंभवम् ।
धृतिर्जन्मानुकूल्यं च सत्त्वं धर्मश्च भूतये ॥३४॥

ઉપર કહેલ શુભ સ્વપ્નો દેખાય તો તેથી રોગો ભયંકર નીવડતા નથી–શાંત થાય છે; તેમ જ ઉત્તમ વૈદ્ય તથા ઔષધ પણ મળી રહેવાં સંભવે છે; (રોગી કે અરોગીમાં) ધીરજ પ્રાપ્ત થાય છે. માણસના જીવનમાં બધી અનુકૂલતા થઈ રહે છે. સત્ત્વ–માનસિક બળ પ્રાપ્ત થાય છે, ધર્મ થઈ શકે છે અને સંપત્તિ પણ મળી રહે છે. ૩૪

વિવરણ: ચરક ઇંદ્રિયસ્થાનના પાંચમા અધ્યાયમાં શુભ ફળ આપનાર સ્વપ્ન સંબંધે આમ કહ્યું છે: 'दृष्टः प्रथमरात्रे यः स्वप्नः सोऽल्पफली भवेत् । न स्वप्नेद्यः पुनर्दृष्ट्वा स सद्यः स्यान्महाफलः ॥ अकल्याणमपि स्वप्नं दृष्ट्वा तत्रैव यः पुनः । पश्येत्सौम्यं शुभाकारं तस्य विद्याच्छुभं फलम्–જે સ્વપ્ન પહેલી રાત્રે દેખાય તેનું ફળ ઓછું મળે છે; અને જે શુભ સ્વપ્ન જોયા પછી માણસ ફરી સૂવે નહિ એટલે કે જાંઘી ન જાય, તો તેનું એ શુભ સ્વપ્ન મહાન ફળદાયી થાય છે; વળી જો કોઈ અકલ્યાણકારી કે અશુભ સ્વપ્ન દેખાય પછી ફરી નિદ્રાવશ થતાં તેમાં ને તેમાં જો બીજું શુભકારક સૌમ્ય સ્વપ્ન દેખાય તો તેનું શુભ ફળ જાણવું.'

આવા જ આશયથી સુશ્રુત પણ સૂત્રસ્થાનના ૨૯ મા અધ્યાયમાં આવાં શુભ સ્વપ્નોને દર્શાવે છે. જેમકે–

अत ऊर्ध्वं प्रवक्ष्यामि प्रशस्तं स्वप्नदर्शनम् । देवान् द्विजान् गोवृषभान् जीवितः सुहृदो नृपान् ॥ समिद्धमग्निं साधूंश्च निर्मलानि जलानि च । पश्येत् कल्याणलाभाय व्याधेरपगमाय च ॥ मांसं मत्स्यान् स्रजः श्वेता वासांसि च फलानि च । लभन्ते धनलाभाय व्याधेरपगमाय च ॥ नदीनदसमुद्राश्च क्षुभितान् कलुषोदकान् । तरेत् कल्याणलाभाय व्याधेरपगमाय च । उरगो वा जलौको वा भ्रमरो वाऽपि यं दशेत् । आरोग्यं निर्दिशेत्तस्य धनलाभं च बुद्धिमान् ॥ एवं रूपान् शुभान् स्वप्नान् यः पश्येद् व्याधितो नरः । स दीर्घायुरिति ज्ञेयस्तस्मै कर्म समाचरेत्–હવે હું ઉત્તમ સ્વપ્નોનું દર્શન કહું છું–જે વિદ્વાન કે સમજુ માણસ સ્વપ્નમાં દેવોને, બ્રાહ્મણોને, જીવતાં ગાય–બળદોને, જીવતા મિત્રોને, રાજાઓને, પ્રજ્વલિત અગ્નિને, સાધુ–સંતોને તથા નિર્મળ જલાશયોને જુએ તો તે માણસને કલ્યાણનો લાભ થાય છે, અને જો કોઈ રોગ હોય તો તે દૂર થાય છે; તેમ જ જે માણસ સ્વપ્નમાં માંસ, માછલાં, ધોળાં પુષ્પોની માળાઓ, વસ્ત્રો કે ફળોને જુએ તો તે સ્વપ્નદર્શનથી તે માણસને ધનનો લાભ થાય છે; અને તેને જો કોઈ રોગ થયો હોય તો તે મટે છે; વળી જો કોઈ પણ માણસ સ્વપ્નમાં મોટા મહેલો, ફલયુક્ત વૃક્ષો, મોટા હાથીઓ કે પર્વતો પર ચઢે તો તેવા સ્વપ્નદર્શનથી પણ તે માણસને ધનનો લાભ થાય છે અને તેને જો કોઈ રોગ હોય તો તે પણ મટે છે. વળી જે માણસ સ્વપ્નમાં તોફાની હોર્ય મેલાં જલવાળી નદીઓને, નદોને કે સમુદ્રોને તરે તો યે તે શુભ સ્વપ્ન દેખવાથી તે માણસને કલ્યાણનો લાભ થાય છે અને તેને જો કોઈ રોગ થયો હોય તો તે પણ મટે છે. વળી જે માણસને સ્વપ્નમાં સર્પ, કોઈ જલજંતુ કે ભમરો કરડે, તો તેને પણ બુદ્ધિમાન માણસે તે શુભ દર્શનથી આરોગ્ય તથા ધનનો લાભ જણાવવો. એવા પ્રકારનાં શુભ સ્વપ્નોને જે રોગી માણસ જુએ, તેને વૈદ્યે લાંબા આયુષવાળો જાણવો અને તેનું ચિકિત્સાકર્મ કરવું એટલે કે તેના રોગને દૂર કરવા માટે યોગ્ય ઉપચારો પણ અવશ્ય કરવા ૩૪

અશુભ સ્વપ્નોના ફલનું વારણ કરવાના ઉપયો

दृष्ट्वा स्वप्नान् दारुणान्वेतरान् वा
पूतः स्नातः सर्षपान्निर्वर्णान् ।
हुत्वा सावित्र्या सर्पिषाक्तांस्तिलांश्च
पूतः पापैर्मुच्यते व्याधिभिश्च ॥ ३५ ॥

જે માણસને દારુણ એવાં કોઈ બીજાં સ્વપ્નો જોવામાં આવે, તો (તેજ વખતે શયનમાંથી ઊઠી જઈ) સ્નાન કરી પવિત્ર થઈને અગ્નિના જેવા રંગવાળા પીળા રંગના સરસવોને તેમજ તલને ઘીથી યુક્ત કરી ગાયત્રી મંત્રનો ઉચ્ચાર કરતા રહી તેઓનો અગ્નિમાં હોમ કરવો; અને તેવા પવિત્ર થયેલો તે માણસ એ અશુભ સ્વપ્નના ફલથી મુક્ત થઈ બધાં પાપોથી અને રોગોથી પણ છૂટી જાય છે. તેનાં બધાં પાપો તથા રોગો પણ દૂર થાય છે. ૩૫

વિવરણ : આ સંબંધે સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૨૯ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, स्वप्नानेवंविधान् दृष्ट्वा प्रातरुत्थाय यत्नवान् । दद्यान्माषांस्तिलांल्लोहं विप्रेभ्यः काञ्चनं तथा ॥ जपेच्चापि शुभान् मन्त्रान् गायत्रीं त्रिपदां तदा । दृष्ट्वा तु प्रथमे यामे स्वप्याद् ध्यात्वा पुनः शुभम् ॥ जपेद्वाऽन्यतमं देवं ब्रह्मचारी समाहितः । न चाचक्षीत कस्मैचिद् दृष्ट्वा स्वप्नमशोभनम् ॥ देवतायतने चैव वसेद्रात्रित्रयं तथा । विप्रांश्च पूजयेन्नित्यं दुःस्वप्नात् प्रविमुच्यते ॥ ३ ॥ એવા પ્રકારનાં અશુભ સ્વપ્નોને જોઈને માણસે પ્રાતઃકાળે ઊઠીને કાળજીથી (સ્નાનાદિ ક્રિયા કરીને) બ્રાહ્મણોને અડદનું, તલનું, લોઢાનું તથા સોનાનું દાન દેવું; તે પછી શુભ મંત્રોનો તથા ત્રિપદા ગાયત્રીનો જપ કરવો. રાત્રિના પહેલા પ્રહરે શુભ સ્વપ્ન જોઈને (પથારીમાંથી ઊઠી જઈ) શુભ ધ્યાન ધરીને ફરી સૂઈ જવું; અથવા હરકોઈ દેવનું ધ્યાન ધરી તેના મંત્રનો જપ કરવો અને સારી રીતે એકાગ્ર થઈ બ્રહ્મચારી તરીકે રહેવું. કોઈ વેળા જો અશુભ સ્વપ્ન જોયું હોય તો તેને કોઈની આગળ કહેવું નહિ; અને રાત્રિ

મહર્ષિ મારીચકશ્યપ વિરચિત

काश्यपसंहिता

અથવા

વૃદ્ધજીવકીયતંત્ર

(કૌમારભૃત્ય)

૬ : चिकित्सितस्थान

જ્વર-ચિકિત્સિત : અધ્યાય ૧ લો

अथातो ज्वरचिकित्सितं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી (જ્વરની ચિકિત્સાને દર્શાવતાં) જ્વરચિકિત્સિત નામના અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીએ છીએ, એમ ભગવાન કશ્યપે કહ્યું હતું. ૧,૨

વૃદ્ધજીવકનો કશ્યપને પ્રશ્ન

प्रजापतिं समासीनमृषिभिः पुण्यकर्मभिः ।
पप्रच्छ विनयाद्विद्वान् कश्यपं वृद्धजीवकः ॥ ३ ॥
सूत्रस्थाने भगवता निर्दिष्टो द्विविधो ज्वरः ।
पुनरष्टविधः प्रोक्तो निदाने तत्त्वदर्शिना ॥ ४ ॥

(એક સમયે) પુણ્ય કર્મ કરનારા ઋષિઓની સાથે પ્રજાપતિ કશ્યપ સારી રીતે નિરાંતથી બેઠા હતા, તે વખતે તેમના વિદ્વાન શિષ્ય વૃદ્ધજીવકે તેમને વિનયથી એમ પૂછ્યું હતું, 'હે ભગવન્ ! આપ ભગવાને સૂત્રસ્થાનમાં બે પ્રકારનો જ્વર બતાવ્યો છે; અને તે પછી તત્ત્વદ્રષ્ટા એવા આપે જ નિદાનસ્થાનમાં તે જ્વરને આઠ પ્રકારનો કહ્યો છે (તો એ પ્રકારો અમારે કેવી રીતે સમજવા ?) ૩,૪

વિવરણ : જો કે આ કશ્યપસંહિતાનું સૂત્રસ્થાન ખંડિત હોવાથી આ વિષય તેમાં ક્યાંય મળતો નથી, તો પણ ચરકના ચિકિત્સિતસ્થાનના ત્રીજા અધ્યાયમાં જ્વરના બે પ્રકારોનો ઉલ્લેખ આમ મળે છે–'द्विविधो विधिभेदेन ज्वरः शारीरमानसः । पुनश्च द्विविधो दुष्टः सौम्यश्चाग्नेय एव च ॥ अन्तर्वेगो बहिर्वेगो द्विविधः पुनरुच्यते । प्राकृतो वैकृतश्चैव साध्यश्चासाध्य एव च ॥ ચિકિત્સાના ભેદ ઉપરથી જ્વરને બે પ્રકારનો કહ્યો છે; એક શારીર-જ્વર એટલે કે શરીર સંબંધી અને બીજો માનસ એટલે કે મનને લગતો જ્વર હોય છે. વળી પણ તે જ્વર બે પ્રકારનો દેખાયો છે; એક સૌમ્ય હોઈ શીતજ્વર અને બીજો આગ્નેય હોઈ અગ્નિ સાથે સંબંધવાળો ઉષ્ણજ્વર હોય છે; વળી પણ તે જ્વર બે પ્રકારનો કહેવાય છે; એક અંતર્વેગ એટલે કે અંદરના ભાગમાં વેગવાળો હોય છે અને બીજો બહિર્વેગ એટલે કે બહારના ભાગમાં વેગવાળો હોય છે; તેમ જ વળી પણ તે જ્વર બે પ્રકારનો હોય છે; એક તો પ્રાકૃત જ્વર કહેવાય છે અને બીજો વૈકૃત જ્વર કહેવાય છે; તે જ પ્રમાણે વળી પણ તે જ્વર સાધ્ય તથા અસાધ્ય એમ બે પ્રકારનો અવશ્ય હોય જ છે.' એમ પ્રથમ જ્વરને બે બે પ્રકારનો કહ્યા પછી તે જ જ્વરને ચરકે નિદાનસ્થાનનો ૧લા અધ્યાયમાં આઠ પ્રકારનો કહ્યો છે; જેમ કે–' अथ खल्वष्टभ्यो ज्वरः संजायते मनुष्याणाम् , तद्यथा–वातात् , पित्तात् , कफात् , वातपित्ताभ्यां , वातकफाभ्यां , पित्तश्लेष्माभ्यां , वातपित्तश्लेष्मभ्यः , आगन्तोरष्टमात् कारणात् । માણસોને આ આઠ કારણોથી જ્વર આવે છે; જેમ કે–વાતથી, પિત્તથી, કફથી, વાત અને પિત્ત–બે મિશ્ર થવાથી, વાત અને કફ–બે મિશ્ર થવાથી, પિત્ત અને કફ–બે

સુધી કાર્ય દેવસ્થાનમાં રહેવું; તેમજ હંમેશાં બાલગ્રહોનું પૂજન કરવું; જેથી દુઃસ્વપ્ન જોનાર માણસ તેના અનિષ્ટ દુઃખથી છૂટી જાય છે. ૩૫

છેલ્લો સત્ય ઉપદેશ

कौमारभृत्यमतिवर्धनमुक्तमेतज्-
ज्ञात्वा हि देहगतमिन्द्रियमादिरूपैः ।
अज्ञांश्चिकित्सितपरांस्तु विवर्जयध्वं
शास्त्रं च धर्ममतयः परिपालयध्वम् ॥ ३६ ॥

આ કૌમારભૃત્ય એટલે કે બાલચિકિત્સાને દર્શાવતું આ આયુર્વેદીય શાસ્ત્ર અતિશય વૃદ્ધિ કરનાર અથવા લોકોના કલ્યાણમાં વધારો કરનાર કહ્યું છે; તેનું જ્ઞાન કરી તેમાં જણાવેલ આ ઇંદ્રિયસ્થાનો ફક્ત અરિષ્ટ આદિનાં રૂપો દ્વારા દેહમાં રહેલ અશુભ કે અનિષ્ટને જાણીને હે ધર્મમાં બુદ્ધિવાળા લોકો તમે અમુક અંશે અધૂરી કે અયોગ્ય ચિકિત્સા કરવામાં તત્પર એવા અજ્ઞાની વૈદ્યોનો ત્યાગ કરો અને શાસ્ત્રીય આજ્ઞાનું બરાબર પાલન કરો (જેથી તમને સાચો લાભ થશે).

इति ह स्माह भगवान् कश्यपः

એમ ભગવાન્ કશ્યપે (સત્યવચન) કહ્યું હતું. ૩૬

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં ઇંદ્રિયસ્થાન વિષે 'ઔષધભેષજેન્દ્રિય' નામનો અધ્યાય સમાપ્ત

ઇંદ્રિયસ્થાન સમાપ્ત

મિશ્ર થવાથી; વાત, પિત્ત તથા કફ–એ ત્રણ એકસરખા મિશ્ર થવાથી, સાતમો સાંનિપાતિક જ્વર અને આઠમો આગન્તુ કારણથી–એમ આઠ કારણોને લીધે માણસોને આઠ પ્રકારનો જ્વર આવે છે; એમ भिन्नः कारणभेदेन पुनरष्टविधो ज्वरः ॥ આઠ જુદાં જુદાં કારણોથી ભેદ પામેલો આઠ પ્રકારનો જ્વર કહ્યો છે. ૪

વૃદ્ધજીવકના પ્રશ્નો (ચાલુ)

तेषां ज्वराणां कतमो जातमात्रस्य जायते ।
पूर्वरूपं च रूपं च किञ्च तस्य चिकित्सितम् ॥५॥
इतरेषां ज्वराणां च पूर्वरूपं सलक्षणम् ।
चिकित्सितं च किं तेषामामजीर्णज्वरेषु च ॥६॥
क्षीरपस्य च किं पथ्यं पथ्यं किंचान्नभोजिनः ।
क्षीरान्नभोजिनः किंच ज्वरितस्य शिशोर्हितम् ॥७
कां च वृत्तिं.....
.....
.....

જે બાળક તરતમાં જન્મ્યું હોય તેને એ ઉપર્યુક્ત જ્વરો પૈકી કયો જ્વર આવે છે. એ જ્વરનું પૂર્વરૂપ, રૂપ તથા ચિકિત્સા કઈ હોય છે? એ (બાલજ્વર સિવાયના) બીજા જ્વરોનું લક્ષણ સહિત પૂર્વરૂપ તથા ચિકિત્સા શું હોય છે? વળી તે જ્વરોમાં જે આમજ્વર હોય તથા જીર્ણ-જ્વર હોય તેઓનું પણ પૂર્વરૂપ રૂપ તથા ચિકિત્સા શું હોય છે. વળી જે બાળક ધાવણને ધાવતું હોય તેને શું પથ્ય-હોય છે? તેમ જ જે બાળક અન્નભોજી હોય એટલે કે અનાજનો ખોરાક ખાતું હોય તેને પથ્ય શું હોય છે? વળી જે બાળક દૂધ અને ખોરાક બન્નેનો આહાર સેવતું હોય અને એવા બાળકને જ્વર આવ્યો હોય તેને પથ્ય શું હોય છે? વળી તે બધાયે જ્વરોની વૃત્તિ કે પ્રવૃત્તિ કઈ હોય છે, તે તમે કહો. ૫–૭

વિવરણ : અહીં વૃદ્ધજીવકે જે પ્રશ્નો પૂછ્યા છે, તેનો પ્રત્યુત્તર શ્રીકશ્યપ ભગવાને જે આપ્યો હશે, તે વિભાગ ખંડિત હોઈ ઉપલબ્ધ નથી, તેથી એ પ્રશ્નોના પ્રત્યુત્તરોને અહીં બીજા ગ્રંથોના આધારે અમે આપીએ છીએ–વાતાદિ દોષના પ્રકોપથી શરીરમાં પ્રથમ જે જ્વર–સંતાપ કે તાવ આવે છે, તે શારીર જ્વર કહેવાય છે; તેમ જ એ શારીર જ્વરના કારણે મનમાં તથા ઇંદ્રિયોમાં પણ સંતાપ અથવા વિકાર થાય છે તેથી જ તે શારીર જ્વરનું લક્ષણ આમ કહેવાયું છે કે इन्द्रियाणां च वैकृत्यं देहसन्तापलक्षणम् ।–શરીરમાં જ્યારે જ્વર આવે છે ત્યારે ઇંદ્રિયોનો પણ વિકાર થાય છે અને તેને જ દેહમાં થયેલા સંતાપ કે જ્વરનું લક્ષણ સમજવું, પરંતુ જે માનસ જ્વર કહેવાય છે, તે તો સૌની પહેલાં સીધો જ મનનો આશ્રય કરે છે અને તેમાં મુખ્ય કારણ રજોગુણ તથા તમોગુણની અધિકતા જ હોય છે. આવો માનસ જ્વર પ્રાપ્ત થાય છે ત્યારે પાછળથી તેની અસર શરીરને પણ લાગુ થાય છે. આ સંબંધે ચરકે ચિકિત્સિત સ્થાનના પહેલા અધ્યાયમાં આમ કહ્યું છે કે–' वैचित्यमरतिर्ग्लानिर्मनसस्तापलक्षणम् '–મનમાં વૈ.ચ.ય–વ્યગ્રતા થાય, અરતિ–બેચેની થાય અને ગ્લાનિ–આનંદનો અભાવ અનુભવાય તે મનમાં સંતાપનું લક્ષણ કહેવાય છે. એમ શારીર તથા માનસ જ્વરનું લક્ષણ જાણ્યા પછી સૌમ્ય–શીતજ્વર અને આગ્નેય–ઉષ્ણજ્વરનું જે લક્ષણ ચરકે ચિકિત્સતસ્થાનના ૩જા અધ્યાયમાં કહ્યું છે તે અહીં ઉતારવામાં આવે છે. જેમ કે– वातपित्तात्मकः शीतमुष्णं वातकफात्मकः । इच्छत्युभयमेतत्तज्वरो व्यामिश्रलक्षणः ॥ योगवाही परं वायुः संयोगादुभयार्थकृत् । दाहकृत्तेजसा युक्तः शीतकृत्सोमसंश्रयात् ॥ વાત-પિત્ત બે દોષના સંબંધવાળો હોઈ તે બે દોષના કારણે ઉત્પન્ન થયેલો જ્વર આગ્નેય હોઈ શીતને ઇચ્છે છે; પરંતુ વાતકફરૂપ બે દોષના સંસર્ગથી થયેલો જ્વર શીતથી ઉત્પન્ન થયેલો કે સૌમ્ય હોઈ ઉષ્ણતાને ઇચ્છે છે પરંતુ એ બે બે દોષનાં મિશ્ર લક્ષણવાળો જ્વર વાત-યુક્ત પિત્તથી અને વાતયુક્ત કફથી બન્નેથી શરૂ કરાયેલો હોઈ શીત–ઉષ્ણ બન્નેને ઇચ્છે છે. ' કારણ કે વાયુ અતિશય યોગવાહી છે, તેથી તે વાયુ સંયોગના કારણે બેયનાં કાર્ય કરે છે; એટલે કે એ વાયુ જ્યારે તેજની સાથે જોડાયેલ

હોય છે, ત્યારે દાહને કરે છે, પરંતુ સોમના આશ્રયથી શીતને કરે છે. એમ એકંદર જે જ્વરમાં વાયુની સાથે પિત્તનો સંબંધ થયો હોય તે જ્વર આગ્નેય કહેવાય છે; પરંતુ જે જ્વરમાં એ વાયુ સાથે કફનો સંબંધ થયો હોય ત્યારે તે જ્વર સૌમ્ય અથવા શીતજ્વર કહેવાય છે; એ જ કારણે આગ્નેય જ્વરમાં રોગી શીતને ઇચ્છે છે અને શીતજ્વરમાં રોગી ઉષ્ણતાને ઇચ્છે છે, પરંતુ જે જ્વરમાં વાતની સાથે પિત્તનું તથા કફનું બન્નેનું જો મિશ્રણ થયેલ હોય તો તેવા જ્વરવાળો રોગી શીત અને ઉષ્ણ બન્નેને ઇચ્છે છે. હવે અન્તર્વેગ તથા બહિર્વેગ જ્વરનું લક્ષણ ચરકે ચિકિત્સિતસ્થાનના ૩ જા અધ્યાયમાં જે કહ્યું છે તે અહીં ઉતારવામાં આવે છે. જેમકે અન્તર્દાહોઽધિકાતૃષ્ણા પ્રલાપઃ શ્વસનં ભ્રમઃ। સન્ધ્યસ્થિશૂલમત્યેદો દોષવર્ચો વિનિગ્રહઃ॥ અન્તર્વેગસ્ય લિઙ્ગાનિ જ્વરસ્યૈતાનિ લક્ષયેત્। જે જ્વરમાં શરીરની અંદર દાહ અધિક હોય; તરશ અને પ્રલાપ-બકવાદ પણ વધુ હોય; શ્વાસ, ભ્રમ, ચક્કર તથા સાંધાઓમાં અને હાડકાંમાં શૂળ નીકળતું હોય; પરસેવો ન હોય અને વાતાદિ દોષનું તથા વિષ્ઠાનું અટકવું હોય-એટલે જેનો વેગ અંદર હોય એવા અંતર્વેગજ્વરનાં લક્ષણો જાણવાં. 'પરંતુ સન્તાપોઽત્યધિકો બાહ્યસ્તૃષ્ણાદીનાં ચ માર્દવમ્। બહિર્વેગસ્ય લિઙ્ગાનિ સુખસાધ્યત્વમેવ ચ॥ જે જ્વરમાં બહારનો સંતાપ અધિક હોય પણ તૃષ્ણા કે તરશ વગેરે ઓછાં હોય, તેને બહિર્વેગનાં એટલે કે જેનો વેગ બહારના ભાગમાં હોય એ જ્વરનાં લક્ષણો જાણવાં અને તે બહિર્વેગજ્વર અવશ્ય સુખસાધ્ય જ હોય છે, અનાયાસે ઊતરી જાય છે.'

આ ઉપરાંત પ્રાકૃતજ્વરનાં તથા વૈકૃતજ્વરનાં લક્ષણો પણ ચરકે ચિકિત્સાસ્થાનના ત્રીજા અધ્યાયમાં આમ કહ્યાં છે. જેમ કે-પ્રાકૃતઃ સુખસાધ્યસ્તુ વસન્તશરદુદ્ભવઃ। કાલપ્રકૃતિમુદ્દિશ્ય પ્રોચ્યતે પ્રાકૃતો જ્વરઃ-વસંત અને શરદઋતુમાં જે તાવ ઉદ્ભવે તે પ્રાકૃતજ્વર હોઈને સુખસાધ્ય પણ હોય છે; એમ કાલની પ્રકૃતિ એટલે સ્વભાવને ઉદ્દેશી જે ઉત્પન્ન થાય છે, તેને પ્રાકૃતજ્વર કહેવામાં આવે છે. પરંતુ-પ્રાયેણાનિલજો દુઃખઃ કાલેષ્વન્યેષુ વૈકૃતઃ-જે જ્વર (વર્ષાઋતુમાં) વાયુના પ્રકોપથી ઉત્પન્ન થાય છે તે પણ પ્રાકૃત જ હોય છે, છતાં તે દુઃખકારક હોઈ લગભગ કષ્ટસાધ્ય જ હોય છે; પરંતુ બીજા કાળ હેમંત વગેરેમાં તથા શરદ, વસંત તથા પ્રાવૃષ ઋતુમાં જે જ્વર નિદાનસ્થાનમાં કહેલ કારણથી કોપેલા દોષોને લીધે ઉત્પન્ન થયો હોય તે જ્વર વૈકૃત કહેવાય છે અને તે પણ દુઃખરૂપ હોઈ કષ્ટસાધ્ય જ હોય છે. જેમકે વસંતમાં પૈત્તિક જ્વર આવે અને શરદમાં કફજ્વર આવે તો તે જ્વર વૈકૃત હોઈને કષ્ટસાધ્ય ગણાય છે; છતાં-બલવત્સ્વલ્પદોષેષુ જ્વરઃ સાધ્યોઽનુપદ્રવઃ।-જે જ્વર અતિશય ઓછા દોષોવાળો અને બળવાન માણસોને આવ્યો હોય અને જેમાં કોઈ પણ ઉપદ્રવ ન હોય તો તે જ્વર સુખસાધ્ય થાય છે; પરંતુ-હેતુભિર્બહુભિર્જાતો બલિભિર્બહુલક્ષણઃ। જ્વરઃ પ્રાણાન્તકૃદ્યશ્ચ શીઘ્રમિન્દ્રિય નાશનઃ-જે જ્વર ઘણા બળવાન કારણોથી ઉત્પન્ન થયેલો હોય અને જેમાં ઘણા દોષોનાં લક્ષણો જણાતાં હોય તે જ્વર પ્રાણોનો અંત કરનાર હોઈ તરત જ ઇંદ્રિયોનો નાશ કરનાર થાય છે. એટલે કે આ શ્લોકમાં કહેલો જ્વર અસાધ્ય હોય છે.

વળી અહીં તથા ચરકે આઠ પ્રકારના જ્વરો જે કહ્યા છે, તેમનાં લક્ષણો પણ નિદાનસ્થાનના ૧ લા અધ્યાયમાં કહ્યાં છે જેમકે-વાતજ્વરનું લક્ષણ-તસ્યેમાનિ લિઙ્ગાનિ ભવન્તિ, તદ્યથા-વિષમારમ્ભવિસર્ગિત્વમ્, ઊષ્મણો વૈષમ્યં, તીવ્રતનુભાવાનવસ્થાનાનિ જ્વરસ્ય, જરણાન્તે દિવસાન્તે નિશાન્તે ધર્માન્તે વા જ્વરાભ્યાગમનમભિવૃદ્ધિર્વા જ્વરસ્ય વિશેષેણ પરુષારુણવર્ણત્વં નખનયનવદનમૂત્રપુરીષત્વચામત્યર્થં ક્લમીભાવશ્ચ, અનેકવિધોપમાશ્ચલાચલાશ્ચ વેદનાસ્તેષાં તેષામઙ્ગાવયવાનાં, તદ્યથા-પાદયોઃ સુપ્તતા, પિણ્ડિકયોરુદ્વેષ્ટનં, જાનુનો કેવલાનાં ચ સન્ધીનાં વિશ્લેષણં, ઊર્વોઃ સાદઃ, કટીપાર્શ્વપૃષ્ઠસ્કન્ધબાહૂંસોરસાં ચ ભગ્નરુગ્ણમૃદિતમથિતચટિતાવપીડિતાવનુન્નત્વમિવ, હન્વોશ્ચાપ્રસિદ્ધિઃ સ્વનશ્ચ કર્ણયોઃ, શઙ્ખયોર્નિસ્તોદઃ, કષાયાસ્યતાઽઽસ્યવૈરસ્યં વા, મુખતાલુકણ્ઠશોષઃ, પિપાસા હૃદયગ્રહઃ શુષ્કચ્છર્દિઃ, શુષ્કકાસઃ, ક્ષવથૂદ્ગારવિનિગ્રહઃ, અન્નરસખેદઃ, પ્રસેકારોચકાવિપાકાઃ, વિષાદવિજૃમ્ભાવિનામવેપથુશ્રમભ્રમપ્રલાપજાગરણરોમહર્ષદન્તહર્ષાસ્તથોષ્ણાભિપ્રાયતા, નિદાનોક્તાનાનુપશયો વિપરીતોપશયશ્ચેતિ વાતજ્વરલિઙ્ગાનિ।

વાતજ્વરનાં આ લક્ષણો હોય છે; જેમકે એ વાત-જ્વરનો આરંભ તથા ત્યાગ વિષમ–અનિયમિત કે અયોચ્છસ હોય છે; ઉષ્ણુતા પણ અનિયમિત હોય છે; જ્વરની તીવ્રતા અને ઓછાપણું પણ અનિયમિત હોય છે; ખાધેલો ખોરાક પચ્યા પછી દિવસના અંતે કે પાછલા ભાગે રાત્રિના અંતે કે રાત્રિના પાછલા ભાગે, અથવા વર્ષાઋતુમાં તે જ્વર આવે કે વધી જાય છે; એ જ્વરમાં નખો, નેત્રો, મોઢું, મૂત્ર, વિષ્ઠા અને ચામડી કઠોર તથા ઈંટના જેવા લાલ રંગનાં થઈ જાય છે; તેમાં મૂત્રની તથા વિષ્ઠાની પ્રવૃત્તિ વધુ થતી નથી પણ તે તે અંગોની તથા અવયવની અનેક ઉપમા યોગ્ય અતિશય ચળ તથા વેદનાઓ થાય છે; જેમકે–બેય પગમાં સ્પર્શનું જ્ઞાન ન થાય, પગની બેય પીંડિઓ પર લાકડીઓના જાણે પ્રહારો થતા હોય એમ જણાય; બંને ઢીંચણોના તથા આખાયે શરીરના હાડકાંના સાંધાઓ જાણે કપાઈ જતા હોય એમ જણાય; બંને સાથળોમાં પીડા થાય એટલે કે તે બંને પગ પોતાની ક્રિયા કરવા અસમર્થ બને છે; કેડ જાણે કે ભાંગી પડતી હોય, બેય પડખાં જાણે કે ચિરાઈ જતાં હોય પીઠ જાણે કે મસળાઈ જતી હોય, ખાંધ જાણે કે અરણી-કાષ્ઠની પેઠે મથાઈ જતી હોય, બંને બાહુઓ જાણે કે ચિરાઈ જતાં હોય; બંને ખભા જાણે કે (તે પીલવાની ઘાણીનાં લાકડાંની જેમ) પીડાતા હોય; અને છાતીને જાણે કોઈ ધકેલતું હોય એવું લાગે; એટલેકે એવી વેદના થાય; બંને હડપચી પોતાનો વ્યાપાર કરવા અસમર્થ બને, બન્ને કાનમાં અવાજ થાય, બેય લમણામાં જાણે કે સોયા ભોંકાતા હોય એવી પીડા થાય; મોઢું તૂરા રસથી યુક્ત બને અથવા મોઢું જાણે રસ વિનાનું બેસ્વાદ બન્યું હોય એમ જણાય તેમજ એ મોઢું, તાળવું તથા ગળું સૂકાયા કરે, તરશ લાગ્યા કરે; હૃદય ઝલાઈ જાય, સૂકી ઊલટી થયા કરે એટલે કે ખાલી બકારી કે ઊબકા આવ્યા કરે; સૂકી ઉધરસ કે ખાંસી થાય; છીંક અને ઓડકાર ન આવે ખોરાક ઉપર અરુચિ થાય; મોઢામાંથી લાળો ઝર્યા કરે; અરોચક થાય; એટલે કે મોઢામાં નાખેલો ખોરાક ખાવો ન ગમે; તેમજ ખાધેલો ખોરાક ન પચે; બેદ થાય; બગાસાં આવ્યા કરે; શરીર નમી જાય; શરીરમાં કંપારી આવ્યા કરે. પરિશ્રમ વિના થાક જણાય; ભ્રમ કે ચક્કર આવ્યા કરે, બકવાદ ચાલે, ઊંઘ ન આવે; તેથી ઉજાગરા થાય. શરીરનાં રૂંવાટાં ખડાં થયાં કરે; દાંત અંજાઈ જાય; ઉષ્ણ–ગરમ દ્રવ્યોની ઇચ્છા થાય; નિદાન તરીકે કહેલાંનો ઉપયોગ દુઃખકારક થાય અને એથી ઊલટાં દ્રવ્યોનો ઉપયોગ ઉપશય–સુખકારક થાય એમ વાતજ્વરનાં લક્ષણો કહ્યા પછી ત્યાં જ ચરક પિત્તજ્વરનાં લક્ષણોને આમ કહે છે; જેમકે–

યુગપદેવ કેવલે શરીરે જ્વરાભ્યાગમનમભિવૃદ્ધિર્વા
ભુક્તસ્ય વિદાહકાલે મધ્યન્દિનેઽર્ધરાત્રે શરદિ વા વિશે-
ષેણ, કટુકાસ્યતા, ઘ્રાણમુખકણ્ઠૌષ્ઠતાલુપાકઃ, તૃષ્ણા, ભ્રમો
મદો મૂર્ચ્છા, પિત્તચ્છર્દનમ્, અતીસારઃ, અન્નદ્વેષઃ,
સદનં, સ્વેદઃ, પ્રલાપો રક્તકોઠાભિનિર્વૃત્તિઃ શરીરે, હરિ-
તહારિદ્રત્વં નખનયનવદનમૂત્રપુરીષત્વચામ્, અત્યર્થ-
મૂષ્મણસ્તીવ્રભાવોઽતિમાત્રં દાહઃ શીતાભિપ્રાયતા. નિદો-
નોક્તાનામનુપશયો વિપરિતોપશયશ્ચેતિ પિત્તજ્વરલિઙ્ગાનિ
ભવન્તિ। હવે પિત્તજ્વરમાં લિંગો કે લક્ષણો થાય છે, તે આ પ્રમાણે સમજવાં; એકી વખતે આખાય શરીરમાં જ્વર લાગુ થાય; અથવા એકદમ જ્વર વધી જાય, ખાધેલો ખોરાક જ્યારે પચતો હોય ત્યારે બપોરના વખતે અર્ધરાત્રિના સમયે અથવા શરદઋતુમાં વિશેષ કરી પિત્તજ્વર આવે છે; અને તે વેળા આવ્યો હોય તો ખૂબ વધે છે; એ પિત્તજ્વર આવ્યો હોય ત્યારે મોઢું તીખું થઈ જાય; નાક મોઢું, ગળું, હોઠ અને તાળવું પાકી જાય; તરશ લાગ્યા કરે; મદ, ભ્રમ, મૂર્છા, પિત્તની ઊલટી પિત્તના ઝાડા, ખોરાક પર અણગમો શરીરનું ઢીલું થવું, પરસેવો આવે; બકવાદ ઘણો ચાલે, શરીર પર રાતા રંગનાં ઘામડાં થાય; નખો, નેત્રો, મોઢું, મૂત્ર, વિષ્ઠા તથા શરીર પરની ચામડી હળદરના જેવા રંગની થઈ જાય; શરીરને ઉષ્ણુતા તીવ્ર થઈ જાય; વધુ પ્રમાણમાં દાહ થાય; શીતળતા અને શીતળ પદાર્થો પર રુચિ થાય; અને નિદાન તરીકે જે જણાવેલ છે, તેનું સેવન કે ઉપયોગ કરાય તે દુઃખકારી થાય; પરંતુ એથી ઊલટા પદાર્થોનો ઉપયોગ સુખકારક થાય.

એમ પિત્તજ્વરનાં લક્ષણો કહ્યા પછી ચરક ત્યાં

શ્લેષ્મજ્વર અથવા કફજ્વરનાં લક્ષણો આમ કહ્યાં છે; જેમ કે, યુગપદેવ કેવલે શરીરે જ્વરાભ્યાગમનમભિવૃદ્ધિર્વા ભુક્તમાત્રે પૂર્વરાત્રે વસન્તકાલે વા વિશેષેણ, ગુરુગાત્રત્વં, અનન્નાભિલાષઃ શ્લેષ્મપ્રસેકો, મુખસ્ય ચ માધુર્યં, હૃલ્લાસો, હૃદયોપલેપઃ, સ્તિમિતત્વં, છર્દિઃ, મૃદ્વગ્નિતા, નિદ્રાધિક્યં, સ્તમ્ભઃ, તન્દ્રા, શ્વાસઃ, કાસઃ, પ્રતિશ્યાયઃ, શૈત્યં, સ્વૈત્યં ચ નખનયનવદનમૂત્રપુરીષત્વચામત્યર્થં, શીતપિડકાશ્ચ મૃશમઙ્ગેભ્ય ઉત્તિષ્ઠન્તિ, ઉષ્ણાભિપ્રાયતા, નિદાનોક્તાનામનુપશયો વિપરીતોપશયશ્ચેતિ શ્લેષ્મજ્વરલિઙ્ગાનિ ભવન્તિ।-કફજ્વરમાં જે લિંગો કે લક્ષણો થાય છે, તે આમ સમજવાં; જેમ કે એકી વખતે આખાયે શરીરમાં જ્વર આવી પહોંચે અને ચોપાસ ખૂબ વધી જાય; ખોરાક ખાધો હોય કે તરત અથવા દિવસના પહેલા (ચાર કલાકના) ભાગમાં અથવા રાત્રિના પ્રથમના આરંભકાલે કે આગલી રાત્રે અથવા વસંતકાળે કફ ખાસ વિશેષે કરી કોપે છે અને જ્વરને ઉત્પન્ન કરે છે; તેમ જ અતિશય વધારે છે; કફજ્વર આવ્યો હોય ત્યારે શરીરના અવયવો ભારે થઈ જાય છે; ખોરાક પર અભિલાષ કે ઇચ્છા ન થાય કફની લાળો ઝરે; મોઢું મધુર થઈ જાય; મોળ-ઉબકા આવ્યા કરે; હૃદય જાણે કે કફથી લેપાયું હોય એમ જણાય; શરીરને ભીનાં કપડાંથી જાણે કે લપેટાયું હોય એવું લાગે; ઊલટી થાય; જઠરનો અગ્નિ મંદ થઈ જાય; નિદ્રા ખૂબ આવે; શરીર સજ્જડ થઈ જાય; ઘેન થાય; ઉધરસ આવે; શ્વાસ અને પ્રતિશ્યાય-સળેખમ થાય; ટાઢ વાય અને નખો, નેત્રો, મોઢું, મૂત્ર, વિષ્ઠા તથા ચામડી ખૂબ ધોળી થઈ જાય; આખાયે શરીર પર શીતની ફોલ્લીઓ ઊઠી આવે; ગરમ પદાર્થોની તથા ગરમીની ઇચ્છા થાય; અને નિદાન તરીકે પહેલાંનો ઉપયોગ દુઃખકારી થાય; તેમ જ નિદાનથી વિપરીતનો ઉપયોગ સુખકારી થાય છે; એમ તે કફ જ્વરનાં લક્ષણો જાણવાં.'

એમ વાત, પિત્ત અને કફના જ્વરનાં લક્ષણો કહીને તે જ ક્રમે (ચોથા દ્વન્દ્વજ) વાતપિત્તજ જ્વરનાં લક્ષણોને ચરક આમ કહે છે કે- शिरोरुक् पर्वणां भेदो दाहो रोम्णां प्रहर्षणम्। कण्ठास्यशोषो वमथुस्तृष्णा मूर्च्छा भ्रमोऽरुचिः॥ स्वप्ननाशोऽतिवाग्जृम्भा वातपित्तज्वराकृतिः॥ માથામાં પીડા થાય, શરીરના સાંધાઓ જાણે કે ચિરાઈ જતા હોય તેવું લાગે, આખા શરીરે દાહ-બળતરા થાય, રૂંવાડાં ખડાં થઈ જાય; ગળું અને મોઢું સૂકાય; ઊલટી થાય; તેમજ મૂર્છા-મૂંઝવણ અથવા બેભાન સ્થિતિ થાય; અરુચિ થાય-કંઈ પણ ગમે નહિ; નિદ્રાનો નાશ થાય; ઘણો બકવાદ ચાલે અને બગાસાં આવ્યા કરે; એ વાતયુક્ત પિત્ત દોષથી ઉત્પન્ન થયેલ દ્વન્દ્વજ જ્વરનું લક્ષણ સમજવું. એમ તે ચોથા દ્વન્દ્વજ જ્વરનું લક્ષણ કહ્યા પછી ચરકે તે જ ક્રમે પાંચમા દ્વન્દ્વજ વાતકફજ્વરનું લક્ષણ આમ કહ્યું છે કે शीतको गौरवं तन्द्रा स्तैमित्यं पर्वणां च रुक्। शिरोग्रहः प्रतिश्यायः कासः स्वेदाप्रवर्तनम्॥ सन्तापो मध्यवेगश्च वातश्लेष्मज्वराकृतिः॥-ટાઢ વાય, શરીરમાં ભારેપણું થાય; નિદ્રા જેવું ઘેન-તન્દ્રા થાય; સ્તૈમિત્ય એટલે કે શરીર પર ભીનું કપડું લપેટયું હોય એમ લાગે; સાંધાઓમાં પીડા થાય; માથું પકડાય; પ્રતિશ્યાય-સળેખમ થાય; કાસ-ખાંસી ઉધરસ આવે; પરસેવો લગારે ન આવે સંતાપ હોવાની સાથે જ્વરનો વેગ મધ્યમ હોય; એ વાતયુક્ત કફના (દ્વન્દ્વજ-પાંચમા) જ્વરનું લક્ષણ કહ્યું છે.

તે પછી ચરકે ત્યાં જ છઠ્ઠા કફ-પિત્ત જ્વર(દ્વન્દ્વજ)નાં લક્ષણો આમ કહ્યાં છે, જેમ કે, मुहुर्दाहो मुहुः शीतं स्वेदस्तम्भो मुहुर्मुहुः। मोहः कासोऽरुचिस्तृष्णा श्लेष्मपित्तप्रवर्त्तनम्॥ तिक्ततिक्तास्यता तन्द्रा श्लेष्मपित्तज्वराकृतिः॥ શરીરમાં વારંવાર દાહ થાય અને વારંવાર શીત થાય, ટાઢ લાગે, મોહ-મૂર્છા કે મૂંઝવણ થાય; કાસ-ખાંસી ઉધરસ આવે; અરુચિ-અણગમો થાય તરશ લાગ્યા કરે; કફ અને પિત્તની પ્રવૃત્તિ થાય-બહાર નીકળ્યા કરે, મોઢું કફથી લેપાયું રહે અને કડવું જણાય અને તન્દ્રા કે નિદ્રા જેવું ઘેન થાય-એ કફયુક્ત પિત્તના-દ્વન્દ્વજજ્વરનાં લક્ષણો જાણવાં. એમ છ જ્વરોનાં લક્ષણો કહ્યા પછી ચરકે ત્યાં સાતમા સંનિપાત જ્વરનાં લક્ષણો આમ કહ્યાં છે; જેમ કે संनिपातज्वरस्योर्ध्वम तो वक्ष्यामि लक्षणम्। क्षणे दाहः क्षणे शीतमस्थिसन्धिशिरोरुजा। सास्रजौ कलुषे रक्ते निर्भुग्ने चापि दर्शने॥ सस्वनौ सरुजो

कर्णौ कण्ठः शूकैरिवावृतः । तन्द्रा मोहः प्रलापश्च कासः श्वासोऽरुचिर्भ्रमः ॥ परिदग्धा खरस्पर्शा जिह्वा खरताङ्गता परम् । ष्ठीवनं रक्तपित्तस्य कफेनोन्मिश्रितस्य च ॥ शिरसो लोठनं तृष्णा निद्रानाशो हृदिव्यथा । स्वेदमूत्रपुरीषाणां चिराद्दर्शनमल्पशः ॥ कृशत्वं नातिगात्राणां प्रततं कण्ठकूजनम् । कोठानां श्यावरक्तानां मण्डलानां च दर्शनम् ॥ मूकत्वं स्रोतसां पाको गुरुत्वमुदरस्य च । चिरात्पाकश्च दोषाणां सन्निपातज्वराकृतिः ॥ હવે હું સન્નિપાત જ્વરનું લક્ષણ કહું છું. સાંનિપાતિક-ત્રિદોષ જનિત જ્વરમાં માણસના શરીરમાં ક્ષણવારમાં દાહ અને ક્ષણવારમાં શીત-ટાઢ જણાય છે; હાડકાંઓમાં અને તેના સાંધાઓમાં તથા મસ્તકમાં પીડા થાય છે; બન્ને નેત્રોમાંથી પાણી પડતું હોઈ તે મેલાં, વાંકાં અને રાતાં થઈ જાય છે; બેય કાન અવાજથી યુક્ત અને પીડા સહિત થાય છે; અને ગળું જાણે કે શૂક અથવા ધાન્યનાં કણસલાંઓથી ચોપાસ છવાઈ ગયેલ હોય એમ લાગે છે; જાણે નિદ્રા આવતી હોય એવા ઘેનરૂપે તન્દ્રા, મોહ-મૂંઝવણ, પ્રલાપ-બકવાદ, કાસ-ખાંસી-ઉધરસ, શ્વાસ-હાંફ, અરુચિ કોઈ પણ વસ્તુ પરની રુચિનો અભાવ તથા ચક્કર આવે છે; જીભ પણ ચારે બાજુથી દાઝી ગઈ હોય તેવી અને કઠોર સ્પર્શથી યુક્ત થાય છે; શરીરનાં બધાં અંગો અતિશય ઢીલાં થઈ જાય છે; મોઢામાંથી કફથી મિશ્ર થયેલું રક્તપિત્ત-લોહી સાથેનું પિત્ત થૂંકાય છે; માથું સ્થિર રહેતું નથી, પણ બાજુ પર ઢળી પડે એવું છે; વધુ પડતી તરશ લાગ્યા કરે છે; નિદ્રાનો નાશ થાય છે; હૃદયમાં પીડા અથવા ગભરામણ થાય છે; લાંબા કાળે થોડા થોડા પ્રમાણમાં પરસેવો, મૂત્ર અને વિષ્ઠા જોવામાં આવે છે; શરીરનાં ગાત્રો કે અવયવો ઘણાં કૃશ ન થઈ જાય; એકધારો ગળાનો અવાજ ચાલુ રહ્યા કરે; કોઢ-ચામઠાં તથા (છાતી પર અને પેટની ઉપર વધુ પડતાં) કાળા રંગનાં અને રાતા રંગનાં મંડલો-ચકરડાં કે ચાઠાં શરીર પર દેખાય; મૂંગાપણું થાય; સ્રોતોનો પાક થાય; પેટનું ભારેપણું થઈ જાય અને દોષોનો પાક ઘણા લાંબા કાળે થાય; આટલાં સંનિપાતના જ્વરનાં લક્ષણો જાણવાં.' એમ સાતમા સાંનિપાતિક જ્વરનું લક્ષણ કહ્યા પછી ચરકે ત્યાં ચિકિત્સિતસ્થાનના ત્રીજા અધ્યાયમાં ૮ મા આગંતુ જ્વરનું લક્ષણ આમ લખ્યું છે. જેમ કે- आगन्तुरष्टमो यस्तु स निर्दिष्टश्चतुर्विधः । अभिघाताभिषङ्गाभ्यामभिचाराभिशापतः ॥ ते पूर्वं केवलाः पश्चान्निर्जर्वामिश्रलक्षणाः । हेत्वौषधविशिष्टाश्च भवन्त्यागन्तवो ज्वराः ॥ આઠમો જે આગંતુ જ્વર ગણ્યો છે, તેને ચાર પ્રકારનો દર્શાવ્યો છે. એક અભિઘાતથી થાય છે, બીજો અભિષંગથી, ત્રીજો અભિચારથી અને ચોથો અભિશાપથી થતો હોય છે તે બધાયે આગંતુ જ્વરો પ્રથમ તો કેવળ સ્વતંત્ર તે તે બાહ્ય કારણોથી થયેલા હોય છે, પણ પાછળથી તેઓ પણ દોષોથી મિશ્ર લક્ષણોવાળા થાય છે; છતાં હેતુ અને ઔષધોથી યુક્ત થયેલા તે આગંતુ જ્વરો દોષજ જ્વરોથી જુદા પડે છે એમ તે આઠ જ્વરો કહ્યા પછી ચરકે ચિકિત્સિતસ્થાનના ત્રીજા અધ્યાયમાં આમજ્વરનું લક્ષણ આમ કહ્યું છે કે- अरुचिश्चाविपाकश्च गुरुत्वमुदरस्य च । हृदयस्याविशुद्धिश्च तन्द्रा चालस्यमेव च ॥ ज्वरो विसर्गी बलवान् दोषाणामप्रवर्त्तनम् । लालाप्रसेको हृल्लासो क्षुन्नाशो विरसं मुखम् ॥ स्तब्धसुप्तगुरुत्वं च गात्राणां बहुमूत्रता । न विड्जीर्णा न च ग्लानिर्ज्वरस्यामस्य लक्षणम् ॥ જે જ્વરમાં અરુચિ, અપચો, પેટનું ભારેપણું, હૃદયની શુદ્ધિનો અભાવ તંદ્રા કે નિદ્રા જેવું ઘેન હોય. આળસ, એકદમ ન છોડે એવો બળવાન જ્વર હોય, દોષોની પ્રવૃત્તિ ન હોય એટલે કે દોષો બહાર નીકળવા ચાલુ ન થાય; મોઢામાંથી કફની લાળો ઝર્યા કરે; હૃલ્લાસ-મોળ-ઉબકા-ચાલુ થાય; ક્ષુધાનો નાશ થાય; ભૂખ ન લાગે, મોઢું બેસ્વાદ બની જાય; શરીરના અવયવો સ્તબ્ધ-સજ્જડ અને ભારે થઈ જાય; મૂત્ર ઘણું આવે; પાકી-પચેલી વિષ્ઠા બહાર ન આવે, (પણ કાચી-નહિ પચેલી વિષ્ઠા બહાર નીકળે); તેમ જ ગ્લાનિ કે ક્ષીણતા ન થાય, એ આમજ્વરનાં લક્ષણો જાણવાં. આ આમજ્વરનાં દોષો પરિપક્વ થાય તે માટેની ચિકિત્સા કરવી જોઈએ; તે માટે આમજ્વરની ચિકિત્સા કહી છે-' ज्वरे लङ्घनमेवादौ '- આમજ્વરમાં પ્રથમ લંઘન કરવું એટલે કે દોષો

પાકે ત્યાં સુધી લંઘન એટલે ઉપવાસો જ કરવા જોઈએ; કેમ કે આમને પચાવવા માટે લંઘન જ મુખ્ય ઉપાય છે; તે લંઘનથી આમ-અપક્વ દોષો જલદી પાકે છે અને એમ દોષો પાકયાથી જ્વર તરત ઊતરી જાય છે.

આ સંબંધે અષ્ટાંગસંગ્રહકારે આમ કહ્યું છે-આમાશયસ્થો હ્યવાડગ્નિં સામો માર્গાન્ પિધાપયત્। ત્વિદધાતિ જ્વરં દોષસ્તસ્માલ્લઙ્ઘનમાચરેત્-આમાશયમાં રહેલા દોષો આમની સાથે મળીને અનેક માર્ગોમાં જઈને જઠરના અગ્નિનો પ્રથમ નાશ કરી નાખે છે અને પછી તે દોષ આમજનિત જ્વરને ઉત્પન્ન કરે છે; તે કારણે એ આમદોષનું પાચન કરવાને સૌની પહેલાં લંઘન કરવું જોઈએ (પણ વમન કે વિરેચન ઔષધ આપવું ન જોઈએ). એ આમજ્વર અમુક સમય વીતી પછી જ્યારે જીર્ણ જ્વરરૂપ થાય ત્યારે તેની ચિકિત્સા આમ કરવી જોઈએ-'જીર્ણજ્વરાणાં સર્વેષાં પયઃ પ્રશમનં પરમ્। પેયં તદુષ્ણં શીતં વા યથાસ્વં ભેષજૈઃ શૃતમ્-હરકોઈ જીર્ણ જ્વરોને અત્યંત શાંત કરનાર દૂધ જ શ્રેષ્ઠ ઉપાય છે, માટે જીર્ણજ્વરને અત્યંત શાંત કરનારું શીતલ કે તેને અનુકૂળ ઔષધ નાખી ગરમ કરેલું દૂધ જ પીવું જોઈએ.' વળી તે ઉપરાંત જીર્ણ-જ્વરમાં વૈદ્યે જ્વરના શીત-ઉષ્ણપણાને અનુસરી અભ્યંગ-તેલમાલીસ, શરીર પરના વિલેપનો પણ શીત-ઉષ્ણરૂપે વિભાગ કરીને કરવાં જોઈએ. જ્વરની પ્રવૃત્તિ કે ઉત્પત્તિમાં વૈદ્યે ચરકે ચિકિત્સા-સ્થાનના ૩ જા અધ્યાયમાં ૧૩ મા શ્લોકમાં આમ કહ્યું છે-ઇત્યસ્ય પ્રકૃતિઃ પ્રોક્તા પ્રવૃત્તિસ્તુ પરિગ્રહાત્। નિદાને પૂર્વમુદ્દિષ્ટા રુદ્રકોપાચ્ચ દારુણાત્-એમ એ જ્વરનો મૂળ સ્વભાવ કહ્યો છે; પરંતુ એ જ્વરની પ્રવૃત્તિ-એટલે પ્રથમની ઉત્પત્તિ તો પારકાં ધન લઈ લેવાં વગેરે રૂપ અધર્મનાં કારણોથી થાય છે; તેમ જ અતિશય દારુણ રુદ્રના કોપથી પણ જ્વરની ઉત્પત્તિ એટલે કે પ્રથમ પ્રાદુર્ભાવ જે થયેલ છે, તે નિદાનસ્થાનમાં કહેલ છે. તેમ જ વિમાનસ્થાનના ત્રીજા અધ્યાયમાં પણ ચરકે પરિગ્રહ દ્વારા થતી જ્વરની ઉત્પત્તિ આમ કહી છે-ભ્રમસ્તતિ તુ કૃતયુગે કેષાંચિદત્યાદાનાત્સાંપત્રિકાનાં શરીરગૌરવમાસીત્, શરીરગૌરવાત્ શ્રમઃ, શ્રમાદાલસ્યમ્, આલસ્યાત્ સંચયઃ, સંચયાત્ પરિગ્રહઃ, પરિગ્રહાલ્લોભઃ પ્રાદુર્ભૂતઃ। તતસ્ત્રેતાયાં લોભાદભિદ્રોહઃ, અભિદ્રોહાદનૃતવચનમ્, અનૃતવચનાત્ કામક્રોધમાનદ્વેષપારુષ્યાભિઘાતભયતાપશોકચિન્તોદ્વેગાદયઃ પ્રવૃત્તાઃ, તતઃ ત્રેતાયાં ધર્મપાદોઽન્તર્ધાનમગમત્, તસ્યાન્તર્ધાનાત્ (યુગવર્ષ-પ્રમાણસ્ય પાદહ્રાસઃ) પૃથિવ્યાદીનાં ગુણપાદપ્રણાશોઽભૂત્ તત્પ્રણાશકૃતશ્ચ સસ્યાનાં સ્નેહવૈમલ્ય રસવીર્યવિપાકપ્રભાવગુણપાદભ્રંશઃ, તતસ્તાનિ પ્રજાશરીરાણિ હીનગુણપાદૈશ્ચાહારવિહારૈરયથાપૂર્વમુપષ્ટભ્યમાનાન્યગ્નિમારુતપરીતાનિ પ્રાગ્વ્યાધિભિર્જ્વરાદિભિરાક્રાન્તાનિ અતઃ પ્રાણિની હ્રાસમવાપુરાયુષઃ-ક્રમશ ઇતિ-સત્યયુગનો કેટલોક સમય વીતી જાય છે ત્યારે કેટલાક ધનાઢ્ય લોકો વધુ પ્રમાણમાં ખોરાક ખાય છે એટલે કે આહારના પ્રમાણનો ત્યાગ કરે છે તેથી તેઓના શરીરમાં ભારેપણું થાય છે. એમ શરીરમાં ભારેપણું થવાથી તેઓને શ્રમ-થાક લાગે છે; થાક લાગવાથી આળસ થાય છે આળસ થવાથી (ધનસંગ્રહ કરવારૂપ) સંચય સંઘરો થાય છે; સંચય થવાથી પરિગ્રહ-મમતા થાય છે; અને પરિગ્રહ થવાથી લોભ પ્રકટ થયો હતો. પછી ત્રેતાયુગ શરૂ થતાં એ લોભના કારણે સામસામો દ્રોહ એટલે કે એકબીજાને મારી નાખવાની ઇચ્છા થાય છે; એવો અભિદ્રોહ કે મારી નાખવાની ઇચ્છા થવાથી અસત્ય વચન ચાલુ થાય છે; એમ તે અસત્ય વચન ચાલુ થવાથી કામ, ક્રોધ, માન, દ્વેષ, કઠોરતા, અભિઘાત કે સામસામી મારામારી, ભય તાપ, શોક, ચિંતા, તથા ઉદ્વેગ વગેરે ચાલુ થાય છે; તે પછી ત્રેતાયુગનો બરાબર મધ્યકાળ ચાલુ થતાં ધર્મનો એક ચતુર્થાંશ ભાગ અદૃશ્ય થાય છે; એમ ધર્મનો તે ચતુર્થાંશ અદૃશ્ય થવાથી સત્યયુગના વર્ષ પ્રમાણમાં પણ એક ચતુર્થાંશ ભાગ ઓછો થઈ જાય છે; તેમ જ પૃથ્વી આદિ પાંચ મહાભૂતોના ગુણોમાં પણ એક ચતુર્થાંશ ગુણોનો ભાગ નાશ પામવાને લીધે ધાન્યોનો સ્નેહ-ચીકાશ, નિર્મળતા, રસ, વીર્ય, વિપાક, પ્રભાવ તથા ગુણોમાં પણ એક ચતુર્થાંશ ભાગ ઓછો થઈ જાય છે, તેથી તે કાળની પ્રજાઓનાં શરીરો પણ એક ચતુર્થાંશ ગુણોથી ઓછાં થઈ જાય છે. અને એક ચતુર્થાંશ ઓછા ગુણોવાળા હોઈને જ હીન થયેલ ગુણોવાળા આહાર-વિહારોના લીધે એમનાં

શરીરો (એક ચતુર્થાંશ હીન થયેલા) જઠરાગ્નિ તથા વાયુથી જ ધારણ કરાતાં હોવાથી પહેલાંના જેવાં રહેતાં નથી, પરંતુ તેઓ પણ એક ચતુર્થાંશ ઓછા થઈ જઈ તેઓનાં શરીરોમાં વ્યાપ્ત રહે છે, તેથી એ શરીરો (તે કાળે) પ્રથમ જ જ્વર આદિ રોગોથી આક્રાંત કે દબાયેલાં થાય છે, એ કારણે પ્રાણીઓ ક્રમશઃ આયુષનો પણ હ્રાસ પામ્યાં હતાં એટલે કે તેઓના આયુષના મૂળ પ્રમાણમાં પણ એક ચતુર્થાંશ ઘટાડો થાય છે. તે જ્વરની ઉત્પત્તિ રુદ્રના કોપથી જે પ્રકારે થઈ છે, તેનું વર્ણન ચરકે ચિકિત્સિતસ્થાનના ત્રીજા અધ્યાયમાં આમ કર્યું છે જેમ કે-દ્વિતીયે હિ યુગે શર્વમક્રોધવ્રતમાસ્થિતમ્। દિવ્યં સહસ્રં વર્ષાણામસુરા અભિદુદ્રુવુઃ ॥ તપોવિઘ્નાશમાઃ કર્તું તપોવિઘ્નં મહાત્મનામ્। પશ્યન્ સમર્થશ્ચોપેક્ષાં ચક્રે દક્ષઃ પ્રજાપતિઃ ॥ પુનર્માહેશ્વરઃ ભાગં ધ્રુવં દક્ષઃ પ્રજાપતિઃ। યજ્ઞેન કલ્પયામાસ પ્રોચ્યમાનઃ સુરૈરપિ ॥ ઋચઃ પશુપતેર્યાશ્ચ શૈવ્યશ્ચાહુતયશ્ચ યાઃ। યજ્ઞસિદ્ધિપ્રદાસ્તાભિર્હીનં ચૈવ સ ઇષ્ટવાન્ ॥ અથોત્તીર્ણવ્રતો દેવો બુદ્ધ્વા દક્ષવ્યતિક્રમમ્। રુદ્રો રૌદ્રં પુરસ્કૃત્ય ભાવમાત્મવિદાત્મનઃ ॥ સૃષ્ટ્વા લલાટે ચક્ષુર્વૈ દગ્ધ્વા તાનસુરાન્ પ્રભુઃ। બાણં ક્રોધાગ્નિસંતપ્તમસૃજત્સત્રનાશનમ્ ॥ ततો યજ્ઞઃ સ વિધ્યસ્તો વ્યથિતાશ્ચ દિવૌકસઃ। દાહવ્યથાપરીતાશ્ચ ભ્રાન્તા ભૂતગણા દિશઃ। અથેશ્વરં દેવગણઃ સહ સપ્તર્ષિભિર્વિભુમ્। તમૃગ્ભિરસ્તુવિદ્યાવચ્છિવે ભાવે શિવઃ સ્થિતઃ ॥ શિવં શિવાય ભૂતાનાં સ્થિતં જ્ઞાત્વા કૃતાઞ્જલિઃ। ભિયા ભસ્મપ્રહરન્શિરો નવલોચનઃ ॥ જ્વાલામાલાકુલો રૌદ્રો હ્રસ્વજઙ્ઘોદરઃ ક્રમાત્। ક્રોધાગ્નિરુક્તવાન્ દેવમહં કિં કરવાણિ તે ॥ તમુવાચેશ્વરઃ ક્રોધં જ્વરો લોકે ભવિષ્યસિ। જન્માદૌ નિધને ચ ત્વમપચારાન્તરેષુ ચ ખીજ્ઞ ત્રેતાયુગમાં શંકરે દેવતાઈ એક હજાર વર્ષો સુધી અક્રોધ વ્રત-શાંતિ જાળવવાના વ્રતનો આશ્રય કર્યો હતો; તે વખતે અસુરો તેમની તરફ ધસી ગયા હતા, તે વેળા મહાત્મા શંકરની તપશ્ચર્યામાં એ વિઘ્ન થયું હતું, તેને પ્રજાપતિ દક્ષ જોઈ રહ્યો હતો; અને તે વિઘ્નને દૂર કરવા તે સમર્થ પણ હતો, છતાં તેણે તે તરફ ઉપેક્ષા કરી હતી. વળી તે દક્ષ પ્રજાપતિએ જ્યારે યજ્ઞ કર્યો ત્યારે પણ તે યજ્ઞમાં બધા દેવોએ કહ્યું હતું, તો પણ તેણે મહેશ્વર-શંકરનો યજ્ઞભાગ કલ્પ્યો ન હતો; એટલે કે બધા દેવોના યજ્ઞભાગો ત્યાં ગોઠવાયા હતા, છતાં તેમાં શંકરનો યજ્ઞભાગ ગોઠવાયો ન હતો. વળી ઋગ્વેદના જે મંત્રો 'પાશુપતીઋચા' કહેવાય છે અને જે 'શૈવી' આહુતિઓ કહેવાય છે, તેઓ યજ્ઞની સિદ્ધિને આપનારી છે, છતાં દક્ષ પ્રજાપતિએ તે 'પાશુપતી' ઋચાઓથી અને 'શૈવી' આહુતિઓથી રહિત જ તે યજ્ઞ કર્યો હતો. તે પછી આત્મવેત્તા દેવ શંકરે પોતાનું શાંતિ વ્રત સમાપ્ત કર્યું હતું. તે વખતે દક્ષ પ્રજાપતિના તે અપરાધો તેમણે જાણ્યા હતા, છતાં પોતાનો રૌદ્ર-ભયાનક ઉગ્રભાવ પ્રકટ કર્યો હતો; તેમ જ લલાટમાં રહેલા ત્રીજા નેત્રનો સ્પર્શ કરી-તેને ખુલ્લું કરીને તે નેત્રમાંથી ક્રોધરૂપ અગ્નિને તેમણે બહાર કાઢ્યો હતો અને તે અગ્નિ વડે પેલા અસુરોને તે પ્રભુએ બાળી નાખ્યા હતા. તે પછી પોતાના એ ક્રોધરૂપ અગ્નિથી અતિશય પ્રકાશી રહેલા અને શત્રુઓનો નાશ કરનારા બાળક વીરભદ્રને તેમણે ઉત્પન્ન કર્યો હતો. પછી તે બાલસ્વરૂપ વીરભદ્રે દક્ષના તે યજ્ઞનો નાશ કર્યો હતો અને દેવોને ગભરાવી મૂક્યા હતા. તે સમયે દાહની વ્યથાથી ઘેરાયેલાં પ્રાણીઓના સમુદાયો, દિશાઓમાં ભમી રહ્યા હતા; તે વેળા દેવોના સમુદાયે સપ્તર્ષિઓની સાથે રહી ઋગ્વેદના મંત્રો વડે ઈશ્વર-શંકરની ત્યાં સુધી સ્તુતિ કરી હતી, કે જ્યાં સુધીમાં તે શંકર (ક્રોધ રહિત થઈને) પોતાના શાંત સ્વરૂપમાં સ્થિતિ પામ્યા હતા; એમ પ્રાણીઓનું કલ્યાણ કરવા માટે શંકરને શાંત સ્વરૂપમાં રહેલા જાણી ત્રણ મસ્તકોવાળા, નવ નેત્રોવાળા, ભસ્મરૂપ શાસ્ત્રને ધારણ કરતા, જ્વાળાઓની માળાઓથી વ્યાકુળ અને ભયાનક હોઈ અનુક્રમે ટૂંકી જાંઘ તથા પેટવાળા તે ક્રોધાગ્નિ-વીરભદ્રે, બે હાથ જોડી દેવ-શંકરને આમ પૂછ્યું હતું કે, 'હવે હું આપનું કયું કાર્ય કરું?' પછી તે ઈશ્વરે એ ક્રોધને આમ કહ્યું હતું કે-'તું લોકમાં જન્મના આદિ સમયે, મધ્ય સમયે તેમ જ પ્રાણીઓના જુદા જુદા (અપથ્ય સેવનરૂપ) અપચારોમાં જ્વરરૂપે સ્થિતિ કરજે.'

વળી અષ્ટાંગસંગ્રહમાં પણ જ્વરની ઉત્પત્તિ

આમ વર્ણવી છે; જેમ કે—જ્વરસ્તુ સ્થાણુશાપાત્ પ્રાચેતસત્વમુપાગતસ્ય પ્રજાપતેઃ ક્રતૌ ભાગમપરિકલ્પયતસ્તદ્વિનાશાર્થં પૂર્વજન્માવમાનિતયા રુદ્રાણ્યાપ્રેરિતસ્ય પશુપતેર્દિવ્યમબ્દસહસ્રં પરિરક્ષિતવ્રતઃ ક્રોધમતિ ચિરકાલસમ્ભૃતો વ્રતાન્તે રોષાગ્નિઃ કિઙ્કરરૂપેણ કિલ પિણ્ડિતમૂર્ત્તિ-વીરભદ્રનામા ભસ્મપ્રહરણસ્ત્રિશિરોઽક્ષિ-બાહુપાદઃ પિઙ્ગલ્લોચનો દંષ્ટ્રી શઙ્કુકર્ણઃ કૃષ્ણતનુરુત્ત-માઙ્ગાન્નિશ્ચચાર। સ દેવીવિનિર્મિતયા સહ ભદ્રકાલ્યા પ્રતિરોમકૂપમભિનિઃસૃતૈર્વિવિધવિકૃતાકૃતિભિરનન્તૈર્મયા-નકવામ્યક્રિયાવપુર્ભિરનુચરૈઃ પરિવૃતશ્ચતુર્યુગાન્તકરકાલા-મ્બોદસહસ્રનિનદોઽનુનાદયન્ રોદસી જ્વાલાગર્ભેણ પરીતઃ કલ્પકલારાવેણ મહાભૂતસંપ્લવકારિણા વિધાય દાનવવધ-મધ્વમેધાધ્વરવિધ્વંસનઞ્ચ પ્રાઞ્જલિર્વિજ્ઞાપયામાસ શિવમ્। શિવીભૂતોઽસિ દેવદેવ, દૈવૈઃ પિતામહપ્રમૃતિભિર્જગતઃ પિત્રા ચ ધાત્રાઽભિષ્ટૂયમાનઃ। સમ્પ્રત્યહં કિં કરવાણીતિ। તં શૂલી ક્રોધમાદિદેશ। યસ્માત્ ત્રિદશૈરપ્યજય્ય! મત્ક્રોધ! વ્રતવિઘ્ન ચિકીર્ષુર્દૈત્યસૈન્યં ચ દક્ષો દક્ષહવ્યં ત્વયા જીર્ણમતો જગતોઽસ્ય સસ્થાવરસ્ય જ્વરયિતા જ્વરો ભવાન્ ભવતુ। ત્વં હિ સર્વરોગાણાં પ્રથમઃ પ્રવરો જન્મમરણેષુ તમોમયતયા મહામોહઃ પ્રાગ્જન્મનો વિસ્મારયિતાપચારાન્તરેષુ ચોષ્માયમાણત્વાત્સન્તાપાત્મા દ્વયેષ્વપિ ધ્રુવો ભવેતિ। જ્વર પણ શંકરના શાપથી પ્રાચેતસપણાને પામેલા પ્રજાપતિ દક્ષના યજ્ઞમાં ભગવાન શંકરનો યજ્ઞભાગ જ્યારે ગોઠવાયો ન હતો તેથી એ દક્ષનો વિનાશ કરવા માટે પૂર્વજન્મમાં અપમાન કરાયેલી દેવી રુદ્રાણીએ શંકરને પ્રેરણા કરી હતી, તેથી એ શંકરે એક હજાર વર્ષ સુધી ક્રોધને કાબૂમાં રાખ્યો હતો, એમ ઘણા લાંબા કાળસુધી એકઠો થયેલા એ ક્રોધરૂપ અગ્નિ, તેમના વ્રતની અંતે, દાસના રૂપમાં, એકઠી થયેલી, મૂર્તિવાળો થઈ વીરભદ્ર નામે પ્રકટ થયો હતો; તેનું હથિયાર ભસ્મ જ હતું; તેને ત્રણ મસ્તકો, ત્રણ નેત્રો અને ઘણા પગ હતા; તેનાં નેત્રો પિંગળાં હતાં; તેની દાઢો લાંબી હતી; તેના કાન શંકુ ખીલા જેવા હતા; અને તેનું શરીર કાળું હતું; એવો તે વીરભદ્ર શંકરના મસ્તકમાંથી તે વેળા નીકળ્યો હતો; તેની સાથે દેવી રુદ્રાણીએ બનાવેલી ભદ્રકાળી પણ સાથે હતાં; તેની સાથે તેના અનેક અનુચરો પણ બહાર નીકળેલા હોઈ તેની ચોપાસ વીંટાઈ વળ્યા હતા; એ બધાયે અનુચરો તેનાં દરેક રુવાડાંનાં છિદ્રોમાંથી નીકળ્યા હતા; તેઓની આકૃતિઓ અનેક પ્રકારે બેડોળ હતી; તેઓનો કોઈ અંત ન હતો એટલે કે તેઓની સંખ્યા ગણવી શક્ય ન હોઈને તેઓ અસંખ્ય હતા; તેઓનાં વાકયો, ક્રિયાઓ તથા શરીરો ભયાનક હતાં. એવો તે વીરભદ્ર યુગોના અંત સમયે પ્રલય કરવા ચઢી આવેલો હજારો મેઘમંડળોના જેવી ગર્જના કરતો હતો; તેથી આ પૃથ્વી તથા આકાશના મંડળને પોતાની ગર્જનાઓના પડઘાથી ગજવી રહ્યો હતો; તેની ચોપાસ અગ્નિની જ્વાળાઓ વીંટળાઈ વળી હતી. તેણે પોતે ચિચિયારીઓના ચારેબાજુથી અવાજો કરવા માંડ્યા હતા. જે અવાજો મહાભૂતોનો જાણે કે પ્રલય કરી રહ્યા હતા; તેણે પ્રથમ તો બધા દાનવોનો સંહાર કર્યો હતો અને પછી દક્ષના અશ્વમેધ યજ્ઞનો પણ નાશ કર્યો હતો. તે પછી બે હાથ જોડી તેણે શિવને આમ વિનતિ કરી હતી કે હે દેવોના દેવ! આપ શિવરૂપે સમસ્તના કલ્યાણ સ્વરૂપ થયા છો; તેથી જ બ્રહ્મા આદિ દેવતાઓ અને જગતના પિતા ધાતા વિષ્ણુ ભગવાન પણ આપની સર્વ બાજુ સ્તુતિ કરી રહ્યા છે. તો આપ આજ્ઞા કરો કે હું હવે આપનું કયું કાર્ય કરું?' તે સાંભળી ત્રિશૂળધારી શંકરે પોતાના ક્રોધસ્વરૂપ એ વીરભદ્રને આવી આજ્ઞા કરી હતી કે, 'જે કારણે તું દેવોથી પણ જીતી શકાય તેવો નથી, એવા મારા ક્રોધરૂપ વીરભદ્ર! તેં મારા વ્રતમાં વિઘ્ન કરવાને ઇચ્છતા દૈત્યોના સૈન્યનો તથા દક્ષના હવ્ય યજ્ઞનો પણ નાશ કર્યો છે; અને તે દ્વારા સ્થાવર સહિત આ જગતને તેં જ્વર કે સંતાપ ઉપજાવ્યો છે, તેથી તું એ જ પ્રમાણે જગતના જ્વર નામના રોગરૂપે થા; તું જ ખરેખર બધાયે રોગોમાં પ્રથમ અને શ્રેષ્ઠ ગણાઈશ; પ્રાણીમાત્રના જન્મ તથા મરણ સમયે તું 'તમસ' અંધકાર અથવા અજ્ઞાનકારક થઈ 'મહામોહ' નામે પ્રસિદ્ધ થઈશ અને દરેકને તે (જન્મના) સમયે પૂર્વકાળના જન્મોને ભૂલાવી દઈશ; તેમજ જુદા જુદા અપચારો અથવા લોકોનાં અપથ્ય અયોગ્ય વર્તનો થતાં તેઓમાં વધુ પ્રમાણમાં ઉષ્મા-ગરમી ઉપજાવી (તાવરૂપે) સંતાપસ્વરૂપે પ્રકટ થઈશ, એટલું જ નહિ પણ

તું પ્રાણીઓના આ લોક તથા પરલોક બેયમાં અચળરૂપે રહ્યા કરજે.' એ જ પ્રમાણે સુશ્રુતે પણ ઉત્તરતંત્રના ૩૯ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, રુદ્રકોપાગ્નિસંભૂતઃ સર્વભૂતપ્રતાપનઃ। રુદ્રના કોપરૂપ અગ્નિમાંથી ઉત્પન્ન થઈ ને જ્વર સર્વભૂત પ્રાણીમાત્રને અત્યંત સંતાપ ઉપજાવી રહ્યો છે.' એમ અમે આ કાશ્યપસંહિતાના ચિકિત્સિત-સ્થાનના પહેલા અધ્યાયમાં જે ખંડિત વિભાગ છે, તેમાં પૂર્તિ કરવાનો પ્રયત્ન બીજા ગ્રંથોના આધારે કર્યો છે.

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં ચિકિત્સિતસ્થાન વિષે 'જ્વર-ચિકિત્સિત' નામનો અધ્યાય ૧ લો સમાપ્ત

ગર્ભિણીચિકિત્સિત : અધ્યાય ૨ જો

આ અધ્યાયમાં ગર્ભિણી સ્ત્રીના જુદા જુદા રોગોની ચિકિત્સા આપવામાં આવશે. આ અધ્યાય પણ શરૂઆતમાં ખંડિત મળે છે. તેથી તે તે ખંડિત અંશોમાં પણ પ્રાસંગિક તે તે રોગોની ચિકિત્સા આપવામાં આવી છે.

પેટમાં થતી વાઢની ચિકિત્સા

.....

संयोज्य मधुना शीतं क्षीरं मधु-रसाधिक(त)म्।
शर्करा मधु तैलं च यष्टीमधुकफाणितम्॥
एते हि लेहिता घ्नन्ति तथैव परिकर्तिकाम्॥१॥

મધુર દ્રવ્યો નાખી પકવેલું દૂધ શીતલ થાય ત્યારે તેમાં મધને મિશ્ર કરવું; પછી તેમાં સાકર, મધ, તલનું તેલ, જેઠીમધ ફાણિત-એટલે કે બરાબર નહિ પાકેલ અર્ધપક્વ શેલડીનો રસ મિશ્ર કરી તે ચાટણ જે ચાટયું હોય તે એ પરિકર્તિક-એટલે કે પેટમાં થતી વાઢને અવશ્યને મટાડે છે. ૧

વિવરણ : અહીં મૂલમાં જે ફાણિત કહેલ છે, તેનું લક્ષણ 'આયુ' નામના ગ્રંથમાં આમ કહ્યું છે, જેમ કે-'રૂક્ષો રસસ્તુલ્યઃ પક્વઃ કિંચિદ્ ગાઢો બહુદ્રવઃ। સ એવેક્ષુવિકારેષુ ખ્યાતઃ કાણિત-સંજ્ઞયા॥ શેલડીનો જે રસ પકવ્યો હોય તે કંઈક ગાઢ-ઘાટો રહે અને વધુ પડતો પ્રવાહી રખાય, તેને જ શેલડીના વિકારોમાં 'ફાણિત' નામથી કહેવામાં આવે છે; અહીં જણાવેલ પરિકર્તિકા રોગમાં ગુદા, નાભિ તથા બસ્તિ-મૂત્રાશયમાં જાણે કે વઢાતું હોય એવી પીડા થાય છે; તેને 'પરિકર્તિકા' રોગ કહેવામાં આવે છે. આ સંબંધે સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૪ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે-तत्र गुदनाभिमेढ्रबस्ति-शिरःसु सदाहं परिकर्तनमनिलसङ्गो वायुर्विष्टम्भो भक्ता-रुचिश्च भवति'॥ તેમાં ગુદા, નાભિ, મેઢ્ર-લિંગ, બસ્તિ-મૂત્રાશય તથા માથામાં દાહની સાથે ચોપાસ વાઢ થાય, અપાનવાયુનું અટકવું થાય, વાયુનું વિશેષ સ્તંભન થાય અને ખોરાક પર અરુચિ થાય એ પરિકર્તિકા રોગનું લક્ષણ સમજવું. ૧

પ્રવાહિકા રોગની ચિકિત્સા

फाणितं तिलकल्कं च शर्करा मधुकं तथा।
तण्डुलोदकसंयुक्तं सद्यो हन्ति प्रवाहिकाम्॥२॥
काश्मर्यवृक्षत्वक्कल्कं श्यामामूलं तथैव च।
यवागूं दधिमण्डेन सिद्धामल्पघृतां पिबेत्॥३॥
किराततिक्तकं लोध्रं यष्टीमधुकमेव च।
पातव्यं मधुसंयुक्तं सद्यो हन्ति प्रवाहिकाम्॥४॥

ઉપર જણાવેલ ફાણિત એટલે કે અર્ધ પક્વ શેલડીનો રસ, તલનો કલ્ક-તલવટ, સાકર તથા મધ અથવા જેઠીમધ એટલાંને ચોખાના ઓસામણમાં મિશ્ર કરી પીવાથી પ્રવાહિકા-મરડાનો રોગનો તરત નાશ થાય છે. અથવા ગાંભારી વૃક્ષની છાલનો કલ્ક તથા નસોતરનું મૂળિયું નાખી યવાગૂ-રાબ બનાવવી અને પછી તે દહીંના મંડ-ઉપરના પાણી-સાથે પકવ કરી તેમાં થોડું ઘી નાખી તે પીવી; અથવા કરિયાતું, લોધર ને જેઠીમધના ચૂર્ણમાં મધ મેળવી ચાટવાથી પ્રવાહિકા રોગનો તરત જ નાશ થાય છે. ૨-૪

વિવરણ : પ્રવાહિકા રોગનું લક્ષણ સુશ્રુતે ચિકિત્સાસ્થાનના ૩૪ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, तत्र सवातं सदाहं सशूलं गुरु पिच्छिलं श्वेतं कृष्णं सरक्तं वा मृशं प्रवाहमाणः कफमुपविशति। એટલે કે

તે પ્રવાહિકા રોગમાં માણસ વાયુ સહિત દાહની સાથે, શૂલની વેદના સહિત, ભારે, ચીકાશથી યુક્ત, ધોળા રંગનો, કાળાશયુક્ત અથવા રતાશવાળા કફને અતિશય જોર કરતો બહાર કાઢે છે. ૨–૪

શોથરોગ-સોજાની ચિકિત્સા

वर्षाभूमूलनिष्काथं योजयेद्देवदारुणा ।
तत् पिबेन्मधुसंयुक्तं शूना स्त्री मूर्वया सह ॥५॥

સાટોડીના મૂલનો ક્વાથ બનાવી તેમાં દેવદાર તથા મોરવેલનું ચૂર્ણ અને મધ મિશ્ર કરી સોજાના રોગવાળી સ્ત્રીએ તે પીવો. ૫

કામલારોગ-કમળાની ચિકિત્સા

पिप्पल्यङ्कोठमूलानि वाजिलेण्डरसं तथा ।
माहिषेण पिबेद्दध्ना कामलायां चिकित्सितम् ॥६॥

કમળાના રોગમાં પીપર, અંકોલનાં મૂલ અને ઘોડાની લાદનો રસ ભેંસના દહીંની સાથે પીવો. (તેથી કમળાનો રોગ મટે આ તેનું ઔષધ છે.) ૬

હૃદયરોગનું ઔષધ

मातुलुङ्गरसः पेयः सैन्धवेन सुयोजितः ।
हृदि शूलस्य भैषज्यं श्रेष्ठमित्याह कश्यपः ॥७॥
पिप्पलीमूलकल्कस्तु पत्रं गन्धप्रियङ्गवः ।
मातुलुङ्गरसश्चैव हृदि शूलस्य भेषजम् ॥ ८ ॥
प्रियङ्गवोऽथ पिप्पल्यो भद्रमुस्तं हरेणवः ।
क्षौद्रं बदरचूर्णं च षडङ्गं हृदयौषधम् ॥ ९ ॥

બિજોરાંનો રસ સૈંધવની સાથે મિશ્ર કરીને પીવો. એ હૃદયમાં નીકળતાં શૂલનું તે શ્રેષ્ઠ ઔષધ છે, એમ કશ્યપ કહે છે; તેમજ પીપલીમૂલ-ગંઠોડાનો કલ્ક, તેજપત્ર અને સુગંધી ધઉંલા એટલાંના ચૂર્ણ તથા બિજોરાંનો રસ જો પીધો હોય તો હૃદયમાં નીકળતાં શૂલનું તે ઔષધ બને છે, હૃદયના શૂલને તે મટાડે છે; તેમ જ ધઉંલા, પીપર, નાગરમોથ, વટાણા, મધ બોરનું ચૂર્ણ એ વસ્તુઓને એકત્ર કરી તે સેવાય તો હૃદયરોગનું તે ઔષધ બને છે.

ત્વચાગત વાતરોગની ચિકિત્સા

स्निग्धो मांसरसः पथ्यः सैन्धवेनावचूर्णितः ।
माहिषे पष्टिका वाऽपि स्यादम्ले त्वचि मारुते ॥१०

ત્વચાગત વાયુના રોગમાં સૈંધવનું ચૂર્ણ ભભરાવેલો સ્નિગ્ધ માંસરસ પથ્ય છે અથવા ભેંસના ખાટા દહીંમાં સાઠી ચોખાનો ભાત મિશ્ર કરી ખાવો એ પણ હિતકારી છે.

ઊર્ધ્વવાત રોગની ચિકિત્સા

भद्रदारुहरीतक्यौ सैन्धवं कुष्ठमेव च ।
सफाणितं घृतं चैव लेह ऊर्ध्वानिलापहः ॥११॥

ભદ્રદારુ-દેવદાર, હરડે, સિંધવ અને કઠ, એટલાંનું ચૂર્ણ અને ફાણિત-અપક્વ કાચા ગોળની રાબ અને ઘી એટલાં મિશ્ર કરી લેહ-ચાટણરૂપ બનાવીને જો ચાટવામાં આવે તો ઊર્ધ્વવાત-ગેસના રોગનો તે નાશ કરે છે. ૧૧

હેડકી તથા શ્વાસરોગની ચિકિત્સા

पिप्पल्यो गैरिकं भार्गी हिङ्गु कर्कटकी तथा ।
समाक्षिको भवेल्लेहो हिक्काश्वासनिबर्हणः ॥१२॥

પીપર, ગેરુ, મોથ અને સૂંઠ એટલાંને સમાનભાગે લઈ ચૂર્ણ બનાવી (યોગ્ય માત્રામાં) મધની સાથે મેળવી લેહરૂપે (ચાટણ) બનાવીને ચાટવામાં આવે તો હેડકીનો તથા શ્વાસરોગનો તે નાશ કરે છે. ૧૨

જઠરાગ્નિદીપન ઔષધ

पिप्पली पिप्पलीमूलं मुस्ता नागरमेव च ।
दीपनीयं पिबेदेतं पयसा शर्कराऽन्वितम् ॥१३॥

પીપર, પીપરીમૂળ-ગંઠોડા, મોથ અને સૂંઠ એટલાંના ચૂર્ણને સાકરના ચૂર્ણથી મિશ્ર કરી દૂધની સાથે તે પીવાથી જઠરનો અગ્નિ પ્રદીપ્ત થાય છે. ૧૩

ગર્ભિણીના સદાચાર

नित्यं स्नाता च हृष्टा च शुक्लवस्त्रधरा शुचिः ।
देवविप्रपरा सौम्या गर्भिणी पुत्रभागिनी ॥१४॥
नैवोन्नता न प्रणता न गुरुं धारयेच्चिरम् ।
उद्वेजनं तथा हास्यं संघातं चापि वर्जयेत् ॥१५

પુત્રની ઇચ્છાવાળી સગર્ભા સ્ત્રીએ હમેશાં

સ્નાન કરી, હર્ષયુક્ત તથા પવિત્ર થઈ ધોળાં વસ્ત્રોને ધારણ કરી દેવો તથા બ્રાહ્મણોનું પૂજન કરવું. સૌમ્ય–શાંતસ્વભાવ કેળવે; ખૂબ ઊંચે ચડવું, ઘણું નીચું નમવું, ભારે વસ્તુને લાંબા સમય સુધી ઊંચકવી, ક્રોધ, ખૂબ કંટાળો કે ઉદ્વેગ, વધુ પડતું હસવું અને વધુ પડતા સમુદાયમાં રહેવું આ બધાનો ત્યાગ કરવો.૧૪,૧૫

વિવરણ: અહીં પંદરમા શ્લોકનાં ગર્ભિણીએ નહિ કરવા જેવાનો ઉપદેશ કર્યો છે, તેમાં આ કારણ છે કે પંદરમા શ્લોકમાં જણાવેલી નિષિદ્ધ ક્રિયાઓ કરવાથી સગર્ભા સ્ત્રીનો ગર્ભપાત થઈ જવાનો સંભવ રહે છે; ચરકે પણ શારીરના ૮ મા અધ્યાયમાં સગર્ભા સ્ત્રીના ગર્ભનો નાશ કરનાર ભાવો આમ દર્શાવ્યા છે. જેમ કે–

गर्भोपघातकारास्त्विमे भावा भवन्ति; तद्यथा–उत्कटुकविषमकठिनासनसेविन्या वातमूत्रपुरीषवेगानुपरुन्धत्या दारुणानुचितव्यायामसेविन्यास्तीक्ष्णोष्णातिमात्रसेविन्याश्च गर्भो म्रियतेऽन्तः कुक्षेरकाले वा स्रंसते शोषी वा भवति, तथाऽभिघातप्रपीडनैः श्वभ्रकूपप्रपानोद्देशावलोकनैर्वाऽभीक्ष्णं मातुः प्रपतत्यकाले, तथाऽतिमात्रसंक्षोभिर्यानैरप्रियातिमात्रश्रवणैर्वा, प्रततोत्तानशायिन्याः पुनर्गर्भस्य नाभ्याश्रया नाडी कण्ठमनुवेष्टयति, विवृतशायिनी नक्तञ्चारिणी चौन्मत्तं जनयति, अपस्मारिणं पुनः कलिकलहशीला, व्यवायशीलादुर्वपुष्पमहीकं क्लैब्यं वा, शोकनित्या भीतमपचितमल्पायुषं वा अभिध्यात्री परोपतापिनमीर्ष्युं क्लैब्यं वा स्तेनात्वायासबहुलमतिद्रोहिणमकर्मशीलं वा, अमर्षिणी चण्डमौपधिकमसूयकं वा स्वप्ननित्या तन्द्रालुमबुधमल्पाग्निं वा, मद्यनित्या पिपासालुमल्पस्मृतिमनवस्थितचित्तं वा, गोधामांसप्रिया शार्करिणमश्मरिणं शनैर्मेहिनं वा, वराहमांसप्रिया रक्ताक्षं क्रथनमनतिपरुषरोमाणं वा, मत्स्यमांसनित्या चिरनिमिषं स्तब्धाक्षं वा मधुरनित्या प्रमेहिणं मूकमतिस्थूलं वा, अम्लनित्या रक्तपित्तिनं त्वगक्षिरोगिणं वा, लवणनित्या शीघ्रवलीपलितं खाल्लिरोगिणं वा, कटुकनित्या दुर्बलमल्पशुक्रमनपत्यं वा, तिक्तनित्या शोणितमबलमपचितं वा, कषायनित्या श्यावमानाहिनमुद्रावर्तिनं वा, यद्यच्च यस्य यस्य व्याधेर्निदानमुक्तं तत्तदासेवमानाऽन्तर्वत्नी तद्विकारबहुलमपत्यं जनयति, पितृजास्तु शुक्रदोषा मातृजैरपचारैर्व्याख्याताः, इति गर्भोपघातकारा भावा व्याख्याताः । સગર્ભા સ્ત્રીના ગર્ભનો નાશ કરનારા આ ભાવો અહીં કહેવાય છે. જેમ કે જે સ્ત્રી ઉભડક બેસે, વિષમસ્થાને રહે, કઠિન કર્મોને સેવે, તેમ જ વાયુનો, મૂત્રનો, વિષ્ઠાનો કે મૂત્રનો વેગ રોકે, –દારુણ તથા અયોગ્ય વ્યાયામ, શારીર પરિશ્રમો કર્યા કરે; તીખા, અને ગરમ પદાર્થોને ઘણા પ્રમાણમાં ખાય, તેમ જ અમુક માપમાં જોટલો જોઈએ, તેથી ઓછો ખોરાક ખાય; તે સ્ત્રીનો ગર્ભ કૂખની અંદર મરણ પામે છે; અથવા અકાળે પડી જાય છે; અથવા કૂખની અંદર જ સૂકાઈ જાય છે; તેમ જ એ સગર્ભા સ્ત્રીને લાકડી વગેરેથી જો માર પડે, અથવા તેના ગર્ભાશય ઉપર જો અતિશય દબાણ થાય, કે ખાડા–કૂવામાં અથવા પાણીનો જ્યાં ઘોધ પડતો હોય તેવી ઊંડી ખીણો જો તે સગર્ભા સ્ત્રીને વારંવાર જોવામાં આવે તો પણ એ સ્ત્રીનો ગર્ભ અકાળે પડી જાય છે; તેમ જ વધુ પ્રમાણમાં તે સગર્ભા સ્ત્રી કયાંય અથડામણ કરે એવાં વાહનોમાં બેસી જો કયાંય મુસાફરી કરે; અથવા અપ્રીતિકારક ભાષણોને જો તે વધુ પ્રમાણમાં સાંભળે તો યે તે સ્ત્રીનો ગર્ભ પડી જાય છે. વળી જો એ સગર્ભા સ્ત્રી નિરંતર ચત્તી જ સૂઈ રહે તો તેના ગર્ભની નાભિનો આશ્રય કરતી નાડી, તેના ગર્ભના કંઠને વીંટળાઈ વળે છે. (તેથી તેના એ ગર્ભનું પેટમાં જ મરણ નીપજે છે.) વળી સગર્ભા સ્ત્રી ખુલ્લા પ્રદેશમાં કે એકાંતમાં અથવા હાથ–પગ વગેરે બધાં અંગોને ખૂબ ફેલાવીને સૂવાનો સ્વભાવ ધરાવે અથવા રાત્રિના સમયે ફર્યા કરવાનો સ્વભાવ ધરાવે તો એ સ્ત્રી ઉન્મત્ત–ગાંડાં સંતાનને જન્મ આપે છે. વળી જે સગર્ભા સ્ત્રી, કજિયા–કંકાસ કે મારામારી કર્યા કરવાનો સ્વભાવ ધરાવતી હોય, તે સ્ત્રી અપસ્માર કે વાર્ધના રોગવાળાં સંતાનને જન્મ આપે છે; તેમ જ જે સગર્ભા સ્ત્રી (તે ગર્ભયુક્ત અવસ્થામાં પણ) મૈથુન સેવ્યા કરતી હોય તે પણ નિન્દિત દેહવાળા, લજ્જારહિત અથવા સ્ત્રીલંપટ કે સ્ત્રીવશ અથવા સ્ત્રીના

જેવો સ્વભાવ ધરાવતાં સંતાનને ઉત્પન્ન કરે છે. વળી જે સગર્ભા સ્ત્રી કાયમ શોક કર્યા કરતી હોય તે ભયભીત રહેનાર અને શરીરે દુર્બળ અથવા અલ્પ આયુષવાળા સંતાનને ઉત્પન્ન કરે છે; તેમ જ જે સગર્ભા સ્ત્રી પારકા દ્રોહ કરવાનો તથા પારકાં ધન વગેરે સંબંધે ખૂબ વિચાર કર્યા કરતી હોય તે સ્ત્રી બાળકોને પીડા ઉપજાવનાર, ઈર્ષ્યાળુ, સ્ત્રીને વશ રહેનાર અથવા સ્ત્રીના જેવો સ્વભાવ ધરાવતા સંતાનને ઉત્પન્ન કરે છે; વળી જે સગર્ભા સ્ત્રી (ગર્ભાવસ્થામાં પણ) ચોરી કર્યા કરતી હોય તે ઘણો જ પરિશ્રમ કરનાર, દ્રોહ કરવાનો સ્વભાવ ધરાવનાર કે દુષ્ટ કર્મ કરવાનો સ્વભાવ ધરાવતા પુત્રને જન્મ આપે છે. વળી જે સ્ત્રી સગર્ભા હોય છતાં ક્રોધ કરવાનો સ્વભાવ ધરાવે, તે ઉગ્ર સ્વભાવવાળા કપટી અને અસૂયા દોષવાળા એટલે કે પારકા ગુણો પર દોષારોપ કરનારા પુત્રને જન્મ આપે છે. વળી જે સગર્ભા સ્ત્રી કાયમ ઊંઘ્યા કરતી હોય તે તંદ્રાલુ એટલે કે ઊંઘ જેવા ઘેનમાં રહેવાનો સ્વભાવ ધરાવનાર, અબુધ-મૂર્ખ તથા મંદાગ્નિથી યુક્ત એવા પુત્રને જન્મ આપે છે; તેમ જ જે સ્ત્રી સગર્ભા હોય છતાં કાયમ મદ્યપાન કરતી હોય તે અતિશય તરસ્યા થયા કરતા અને ઓછી સ્મરણશક્તિથી યુક્ત અને અસ્થિર કે વ્યાકુળ ચિત્તવાળા સંતાનને જન્મ આપે છે; તેમ જ જે સગર્ભા સ્ત્રી લગભગ કાયમ ઘોનું માંસ ખાવા ટેવાયેલી હોય તે શર્કરામેહ કે સિકતામેહના રોગવાળા, પથરીના રોગી કે શનૈર્મેહના રોગવાળા પુત્રને ઉત્પન્ન કરે છે. જે સગર્ભા સ્ત્રી લગભગ ભૂંડનું માંસ ખાવાનો સ્વભાવ ધરાવતી હોય તે લાલ નેત્રોવાળા, અકસ્માત રોકાઈ જતા શ્વાસોચ્છ્વાસથી યુક્ત અથવા નિદ્રાવશ સ્થિતિમાં ખૂબ નસકોરાં બોલાવનાર અથવા કહોરૂંવાટાવાળાં સંતાનને ઉત્પન્ન કરે છે. વળી જે સગર્ભા સ્ત્રી કાયમ માછલાંનું માંસ ખાવા ટેવાયેલી હોય તે લાંબા કાળે આંખના પલકારા મારનાર કે સ્તબ્ધ નેત્રોવાળા સંતાનને ઉત્પન્ન કરે છે. વળી જે સગર્ભા સ્ત્રી મધુર પદાર્થોનું કાયમ સેવન કર્યા કરતી હોય તે પ્રમેહના રોગવાળા મૂંગા અથવા જડાં શરીરવાળા સંતાનને જન્મ આપે છે; તેમજ જે સગર્ભા સ્ત્રી હંમેશાં ખાટા પદાર્થોનું સેવન કર્યા કરતી હોય તે રક્તપિત્તના રોગી અથવા ત્વચા કે નેત્રના રોગી સંતાનને ઉત્પન્ન કરે છે. વળી જે સગર્ભા સ્ત્રી હંમેશાં ખારા પદાર્થોનું સેવન કર્યા કરતી હોય તે જલદી વળિયાં અને પળિયાંને પ્રાપ્ત કરનાર તેમ જ ટાલનો રોગ ધરાવતાં સંતાનને ઉત્પન્ન કરે છે. વળી જે સગર્ભા સ્ત્રી વધુ તીખાશવાળા પદાર્થોનું કાયમ સેવન કર્યા કરતી હોય તે દુર્બળ, થોડાં વીર્યવાળા અને જેને સંતાન થાય એવા સંતાનને ઉત્પન્ન કરે છે. જે સગર્ભા સ્ત્રી કાયમ કડવા પદાર્થોને વધુ પ્રમાણમાં સેવ્યા કરતી હોય તે ક્ષયના રોગવાળા, બળરહિત અથવા પુષ્ટિરહિત કૃશ શરીરવાળા સંતાનને ઉત્પન્ન કરે છે. તેમ જ જે સગર્ભા સ્ત્રી કાયમ તૂરા રસનું સેવન કર્યા કરતી હોય તે શ્યામ અથવા ધૂમાડા જેવા ભૂખરવર્ણા, આનાહ–મળબંધથી તંગ પેટવાળા અને ઉદાવર્તના રોગી સંતાનને ઉત્પન્ન કરે છે. એકંદર જે જે વ્યાધિ કે રોગનું નિદાન કહ્યું છે, તેનું તેનું સેવન કર્યા કરતી સગર્ભા સ્ત્રી તે તે નિદાનના નિમિત્તે થતા તે તે રોગથી યુક્ત એવાં સંતાનને જન્મ આપે છે; એમ માતાએ સેવેલા કુપથ્યોના કારણે જે જે ગર્ભદોષ અહીં કહ્યા છે તે ઉપરથી પિતા દ્વારા ઉત્પન્ન થતા વીર્યદોષો કે પિતાએ સેવેલા તે તે કુપથ્યોના કારણે દુષ્ટ બનેલા તેના વીર્યથી જે ગર્ભ ઉત્પન્ન થાય છે, તેમાં પણ તેવા જ વિકારો ઉત્પન્ન થાય છે, એમ પણ અહીં કહેવાઈ ગયું છે, તે સમજી લેવું; એ રીતે અહીં ગર્ભનો નાશ કરનારા ભાવો કહેવામાં આવ્યા છે.

इतिस्माह भगवान् कश्यपः

એમ ભગવાન કશ્યપે અહીં ગર્ભિણી ચિકિત્સિત કહ્યું હતું.

इति गर्भिणीचिकित्सितम् ॥

દુષ્પ્રજાતા–ચિકિત્સિક : અધ્યાય ૩ જો

अथातो दुष्प्रजातचिकित्सितं व्याख्यास्यामः ॥१॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી અમે દુષ્પ્રજાતા એટલે

મહામુશ્કેલીએ પ્રસવ પામેલી અથવા કસુવાવડ જેને થઈ હોય તે સ્ત્રીની ચિકિત્સા અમે કહીએ છીએ એમ ભગવાન કશ્યપે કહ્યું હતું. ૧,૨

વિવરણ : અર્થાત્ જે સ્ત્રીને બરાબર યોગ્ય રીતે પ્રસવ જે થવો જોઈએ, તેમ પ્રસવ થયો ન હોય પણ અયોગ્ય થયો હોય, તે કારણે જે કોઈ વ્યાધિ કે રોગ થાય, તેની ચિકિત્સા અહીં કહેવામાં આવે છે. ૧,૨

દુષ્પ્રજાતાના રોગો અને તેની ચિકિત્સા

યે સ્ત્રીણાં દુષ્પ્રજાતાનાં વ્યાધયઃ સંભવન્તિ હિ ।
નામતસ્તાન્ પ્રવક્ષ્યામિ તેષાં ચૈવ ચિકિત્સિતમ્ ॥૩

જે સ્ત્રીઓ દુષ્પ્રજાતા થઈ હોય એટલે કે જેને કસુવાવડ થઈ ગઈ હોય તે સ્ત્રીને એ દુષ્પ્રસવ નિમિત્તે અવશ્ય રોગો થવાનો સંભવ રહે છે; તે દુષ્પ્રજાતાને થતા રોગને અહીં હું નામવાર દર્શાવું છું; અને તે તે રોગોની ચિકિત્સા પણ હું હવે કહું છું. ૩

દુષ્પ્રજાતાના વાયુનું શમન કરનારી ચિકિત્સા

યાઃ કૃચ્છ્રેણ પ્રજાયન્તે પ્રસૂતાશ્ચામયન્તિ યાઃ ।
સ્નેહસ્વેદૈસ્તતસ્તાસાં ક્ષિપ્રં વાયુઃ પ્રશામ્યતિ ॥૪॥
યવાગૂં દીપનીયાં તુ સ્મૃતિમાન્ દાતુમર્હતિ ।
યથા શેતે સુખં નારી નીરુજા શયને સુખે ॥૫॥

જે સ્ત્રીઓ મહામુશ્કેલીએ પ્રસવ પામે છે અને તેઓના એ દુષ્પ્રસવ કે કસુવાવડના કારણે તેઓ જે રોગી બને છે, તેઓનો (કોપેલો) વાયુ સ્નેહનો દ્વારા તરત જ શાન્ત થાય છે. સ્મરણશક્તિવાળા બુદ્ધિમાન વૈદ્યે તે દુષ્પ્રજાતા સ્ત્રીને જઠરાગ્નિનું પ્રદીપન કરે એવી યવાગૂ-રાબ પણ આપવી જોઈએ જેથી તે સ્ત્રી નીરોગી અથવા પીડા વગરની થઈને પોતાના સુખકારક શયનમાં સુખેથી સૂઈ રહે છે-અર્થાત્ ઉપર કહેલી ચિકિત્સાના કારણે શાન્તિ પ્રાપ્ત કરીને પોતાના શયનમાં સુખેથી સૂઈ રહે છે. ૪,૫

સૂતિકાને રોગો થવાનાં બીજાં પણ કારણો

રાત્રૌ નિર્ગમનાદાસાત્ સહસોત્પતનાદપિ ।
ઈર્ષ્યાશોકભયક્રોધાન્નાનાવેગવિધારણાત્ ॥૬॥
એતૈશ્ચાન્યૈશ્ચ નારીણાં વ્યાધયઃ સંભવન્તિ હિ ।
સૂતિકાનાં દિવાસ્વપ્નાદજીર્ણાદ્ધ્યશનાદપિ ॥૭॥

રાત્રિમાં બહાર નીકળવાથી ત્રાસ કે ભય થવાના કારણે એકાએક ઊંચેથી પડી જવાને લીધે, ઈર્ષ્યા, શોક, ભય કે ક્રોધ થવાથી અને અનેક પ્રકારનો આવેલા વેગોને વિશેષ રોકવાથી કે બીજાં કારણોથી સુવાવડી સ્ત્રીઓને વ્યાધિઓ થવાનો સંભવ થાય છે; તેમજ દિવસે વધુ ઊંઘવાથી, અજીર્ણના કારણે કે અધ્યશન એટલે કે ખોરાક જે ખાધો હોય તે હજી પચ્યો ન હોય છતાં તેની ઉપર ખાવામાં આવે તેથી પણ સૂતિકા સ્ત્રીઓને રોગો થવાનો સંભવ રહે છે. ૬,૭

વિવરણ : અહીં ૭ મા શ્લોકમાં છેલ્લે જે અધ્યશન કહ્યું છે, તેનું લક્ષણ ચરકે ચિકિત્સિત-સ્થાનના ૧૫ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'भुक्तं पूर्वान्नशेषे तु पुनरुध्यशनं मतम्' ॥ પહેલાં ખાધેલો ખોરાક હજી પચ્યો ખાકી હોય છતાં ફરી તે(અજીર્ણ)ની ઉપર જે ભોજન કરાય તેને 'અધ્યશન' માન્યું છે. ૬,૭

કસુવાવડ થયેલી સ્ત્રીને થતા રોગોનાં નામો

યોનિપૃષ્ઠકટીભેદશાખાવાયુરસૃગ્દરઃ ।
વાતાષ્ઠીલા ચ ગુલ્મશ્ચ હૃદિ શૂલં પ્રવાહિકા ॥૮॥
પુરીષમૂત્રસંરોધ આધ્માનં શૂલમેવ ચ ।
શૂયતે દુષ્યતે યોનિર્યોનિશૂલં ચ દારુણમ્ ॥૯॥
વેપથુશ્છર્દનં મોહો મન્યાસ્તમ્ભો હનુગ્રહઃ ।
જ્વરાતિસારો વૈસર્પો દદ્રુપામાવિચર્ચિકાઃ ॥૧૦॥
કિટિભાન્યથ વિસ્ફોટા ગાત્રે ચાર્ધશિરોરુજા ।
હૃદ્રોગાશ્ચાક્ષિરોગાશ્ચ પ્લીહા શ્વયથુકામલે ॥૧૧॥
એતે ચાન્યે ચ બહવો દુષ્પ્રજાતાશરીરજાઃ ।
વ્યાધયઃ સંપ્રકુપ્યન્તિ ચિકિત્સિતમતઃ પરમ્ ॥૧૨

યોનિભેદ, કટીભેદ, શાખાવાયુ, રક્ત-પ્રદર, વાતાષ્ઠીલા, ગુલ્મ-ગોળો, હૃચ્છૂલ-પ્રવા-

હિકા, પુરીષરોધ-વિષ્ઠાનું અટકવું, મૂત્રરોધ-મૂત્રનું અટકવું, આધ્માન-આફરો, શૂલ, યોનિરોધ, યોનિદોષ, ભયંકર યોનિશૂલ, વેપથુ-કંપરોગ, ઊલટી, મોહ-મૂર્ચ્છા, મન્યાસ્તંભ-ગળાની નાડીનું સજ્જડ થવું, હનુગ્રહ-હડપચીનું ઝલાવું, જ્વર, અતિસાર-વધુ પડતા ઝાડા થવા, જ્વરાતિસાર, વૈસર્પ-રતવા, દદ્રુ-દાદરનો રોગ, પામા-ખસનો રોગ, વિચર્ચિકા-બેય હાથ પર થતો ફાટવાનો રોગ-'કિટિભ' નામનો એકજાતનો કોઢ, શરીર પરનો વિસ્ફોટક, અર્ધો માથાની પીડા-આધાશીશી, હૃદયરોગ, નેત્રરોગ, પ્લીહા-બરોળનો રોગ, શ્વયથુ-સોજાનો રોગ, કામલા-કમળાનો રોગ અને તે સિવાયના બીજા ઘણા રોગો કસુવાવડ થયેલી સ્ત્રીના શરીરમાં ઉત્પન્ન થાય છે; એ બધા રોગો ઘણો જ પ્રકોપ કરે છે-ખૂબ વિકાર કરે છે, એ કારણે હવે પછી તેઓની ચિકિત્સા પણ અહીં અમે કહીએ છીએ. ૮-૧૨

વિવરણ : અહીં મૂળમાં રક્તપ્રદર પછી જે 'વાતાષ્ઠીલા' રોગ કહ્યો છે, એ એક જાતનો વાતરોગ જ છે અને મૂત્રાઘાતરોગનો તે એક જ ભેદ જ છે. આ રોગનું લક્ષણ સુશ્રુતે નિદાનસ્થાન ના પહેલા અધ્યાયના ૪૦ મા શ્લોકમાં આમ કહ્યું છે કે, 'अष्ठीलावद्घनं ग्रन्थिमूर्ध्वमायतमुन्नतम्। वाताष्ठीलां विजानीयाद्बहिर्मार्गविरोधिनीम् ॥ નાભિની નીચે 'અષ્ઠીલા' નામના લંબગોળ પથરા જેવી ઘાટી, ઊંચી તથા નીચેના ભાગમાં વિસ્તારવાળી જે સ્થિર અથવા ચંચળ આમતેમ ફરતી ગાંઠ વાયુના પ્રકોપથી થાય છે, તેને વાતાષ્ઠીલા નામે જાણવી. એ વાતાષ્ઠીલા ગાંઠ બહારના માર્ગને રોકનારી હોય છે. એટલે કે લિંગના, યોનિના તથા ગુદાના માર્ગને રોકી લે છે, તેથી વિષ્ઠાનું, મૂત્રનું તથા નીચેની ગતિવાળા અધોવાયુનું અટકવું છે. અહીં આમ સમજવાનું કે આ અષ્ઠીલા-રોગ પિત્તના કે કફના પ્રકોપથી થતી નથી; એ જ અભિપ્રાય દર્શાવવા માટે આ રોગને 'વાતાષ્ઠીલા' નામથી જણાવી તેને વાયુના પ્રકોપથી જ થતો સૂચવ્યો છે.

સુશ્રુતની ટીકાના કર્તા ઘણેકરે આ 'વાતાષ્ઠીલા' રોગને મૂત્રાઘાતનો જ એક ભેદ કહ્યો છે. જેમકે સુશ્રુતે ઉત્તરતંત્રના ૫૮ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહેલ છે-शक्रुन्मार्गस्य बस्तेश्च वायुरन्तरमाश्रितः। अष्ठीलावद्घनं ग्रन्थिं करोत्यचलमुन्नतम्॥ विण्मूत्रानिलसङ्गश्च तत्राध्मानं च जायते। वेदनां च परा बस्तौ वाताष्ठीलेति तां विदुः॥ ઠોઠાની અંદર આશ્રય કરી રહેલો વાયુ વિષ્ઠાના તથા બસ્તિ-મૂત્રાશયના માર્ગની વચ્ચે રહી 'અષ્ઠીલા' નામના લંબગોળ પથ્થરના જેવી ઘાટી ગાંઠને કરે છે. જે ગાંઠ અચલ-સ્થિર તથા ઊંચાઈવાળી હોય છે; એ ગાંઠને લીધે વિષ્ઠાનું, મૂત્રનું તથા અપાનવાયુનું અટકવું થાય છે અને ત્યાં વિષ્ઠાના તથા મૂત્રના માર્ગમાં આધ્માન-આફરો પણ થાય છે અને તે તે માર્ગમાં અતિશય વેદના પણ થાય છે; એ રોગને વૈદ્યો 'વાતાષ્ઠીલા' નામે જાણે છે. છે.' વળી અહીંના મૂળમાં પામા-ખસના રોગ પછી 'વિચર્ચિકા' નામનો જે રોગ કહ્યો છે, તેનું પણ લક્ષણ સુશ્રુતે નિદાનસ્થાનના ૫ મા અધ્યાયમાં આમ કહ્યું છે: राज्योऽतिकण्डूवर्तिरुजः सरुक्षा भवन्ति गात्रेषु विचर्चिकायाम्॥ વિચર્ચિકા રોગમાં શરીરના બધાયે અવયવોમાં ગાત્રોમાં એટલે કે ખાસ કરી બન્ને હાથ ઉપર અતિશય રૂક્ષ હોઈ ખૂબ વધુ પ્રમાણમાં ચેળ, દાહ તથા પીડાથી યુક્ત જે રેખારૂપ ફાટો થાય છે, તે રોગને 'વિચર્ચિકા' નામે કહે છે; પણ એવી જ ફાટો જો પગમાં થાય છે, તો તેને વિપાદિકા કહે છે. (આ વિચર્ચિકા પણ એક જાતનો કોઢનો જ રોગ ગણાય છે.) વળી અહીં 'કિટિભ' નામનો એક જાતનો કોઢ કહ્યો છે, તેનું પણ લક્ષણ સુશ્રુતે ત્યાં નિદાનસ્થાનના ૫ મા અધ્યાયમાં આમ કહ્યું છે; જેમકે यत् स्रावि वृत्तं घनमग्रकण्डु। तत् स्निग्धकृष्णं किटिभं वदन्ति॥ જે ક્ષુદ્ર કોઢ સ્રાવથી યુક્ત ગોળાકાર, ઘટ્ટ, ઉગ્ર ચેળથી યુક્ત, સ્નિગ્ધ અને કાળી ફોલ્લીરૂપે થાય છે, તેને 'કિટિભ' નામે કહે છે. ૮-૧૨

ઉપરના સર્વ સૂતિકા રોગની ચિકિત્સા

द्वे पञ्चमूले भार्गी च मधुशिग्रुः शतावरी ।
उशीरं चन्दनं चैव श्वदंष्ट्रा मदयन्तिका ॥ १३ ॥
द्वे बले वसुकः पाठा पयस्या ह्यमृता तथा ।
वृषादनी सुगन्धा च तथा कार्या पुनर्नवा ॥१४
मूर्वा गृध्रनखी मुस्ता मोरटस्तिल्वकस्तथा ।
इत्येतासां तु मूलानि यथालाभं समानयेत् ॥१५
यवकोलकुलत्थानां त्रयः प्रस्थाः समास्ततः ।
एतान्यष्टगुणे तोये पाचयेद्भिषगुत्तमः ॥ १६ ॥
अष्टभागस्थितं तं तु परिपूतं निधापयेत् ।
तत्रावापमिदं दद्यान्मुष्ट्रिकान्यौषधानि तु ॥ १७ ॥
पिप्पली पिप्पलीमूलं चित्रकं हस्तिपिप्पली ।
चव्यं द्वे रजनी चैव शृङ्गवेरं वचाऽभया ।१८॥
कुष्ठं रास्नाऽजमोदश्च विडङ्गं मरिचानि च ।
भद्रदारुरथैला च भार्गीकुटजतण्डुलाः ॥ १९ ॥
एतेषां कार्षिका भागा लवणानां पलं भवेत् ।
तैलप्रस्थं वसाप्रस्थं निष्काथो द्विगुणो भवेत् ॥२०
क्षीरप्रस्थो दधिप्रस्थो जलप्रस्थस्तथैव च ।
मातुलुङ्गाम्लपेशीनां रसप्रस्थार्धयोजितम् ॥ २१ ॥
शनैर्मृद्वग्निना सिद्धमथैनमवतारयेत् ।
अभ्यञ्जनेषु पानेषु बस्तिकर्मणि चोत्तमम् ॥२२॥
ये तु वातसमुत्थानाः सूतिकानामुपद्रवाः ।
सर्वेषां शमनं श्रेष्ठमेतत्त्रैवृतमुत्तमम् ॥ २३ ॥

(લઘુ તથા બૃહત્) બન્ને પંચમૂલ, ભારંગી, મીઠો સરગવો, શતાવરી, ઉશીર-સુગંધી વાળો ચંદન, ગોખરુ, મદયન્તિકા-મેંદી, બન્ને બલા-ખપાટો, વસુક-બકપુષ્પ, પાઠા-કાળીપાટ, પયસ્યા-ડોડી-ક્ષીરકાકોલી કે જીવન્તી-મીઠી ખરખોડી, અમૃતા-ગળો, વૃષાદની-ઇંદ્રવારુણી, સુગન્ધા-કાળી જીરી, પુનર્નવા-સાટોડી, મૌરટ-મોરવેલ-નો જ ભેદ અને તિલ્વક-લોધર-આમાંથી જેટલા પદાર્થો મળે તેટલાંનાં મૂળિયાં લાવવાં; પછી જવ, કોલ-મોટાં બોર અને કળથી-એ ત્રણેને સમાન ભાગે એક એક પ્રસ્થ મળી ત્રણ પ્રસ્થો એટલે ૬૪-૬૪ તોલા લેવાં; પછી એ બધાંને આંડી કૂટી-અધકચરાં કરી ઉત્તમ વૈદ્યે તે બધાંથી આઠગણા પાણીમાં પકવવાં; એ પાણી જ્યારે અષ્ટમાંશ બાકી રહે ત્યારે તેને અગ્નિ પરથી નીચે ઉતારી લઈ વસ્ત્રથી ગાળીને બાજુ પર મૂકી રાખવું; પછી તેમાં નીચે જણાવેલ ઔષધીઓનું પ્રત્યેકનું ચૂર્ણ એક એક મુઠ્ઠી નાખવું; જેમકે પીપર, પીપરીમૂલ-ગંઠોડા, ચિત્રક, ગજ-પીપર, ચવક, બેય હળદર-હળદર તથા દારુહળદર, સૂંઠ, વજ, હરડે, કઠ, રાસ્ના, અજમોદ, વાવડિંગ, કાળાં મરિયાં, નાગર-મોથ, એલચી, ભારંગી; કુટજ-ઇંદ્રજવ અને તંડુલ-કાચા ચોખા એ પ્રત્યેક ઔષધદ્રવ્ય એક એક તોલો નાખવાં અને પાંચે લવણ એક એક પલ-ચાર ચાર તોલા નાખવાં; તેમજ તલનું તેલ એક પ્રસ્થ-૬૪ તોલા અને વસા-ચરબી પણ એક પ્રસ્થ ૬૪ તોલા નાખવાં; જેથી એ ક્વાથ બેગણો થાય છે; પછી તેમાં એક પ્રસ્થ-૬૪ તોલા દૂધ, એક પ્રસ્થ દહીં, પાણી પણ એક પ્રસ્થ-૬૪ તોલા મેળવીને, બિજોરાંની પેશીઓનો રસ પણ અડધો પ્રસ્થ-૩૨ તોલા તેમાં મેળવી તે બધાંને ધીમા અગ્નિથી પકવવાં; પછી તે પક્વ થાય ત્યારે તેને અગ્નિ પરથી નીચે ઉતારી લેવું; એમ તૈયાર થયેલ તે ઔષધનો અભ્યંજન-માલિસમાં, પીવામાં તથા બસ્તિકર્મમાં પ્રયોગ કરાય તો તે ઉત્તમ હોઈને વાયુથી ઉત્પન્ન થતા જે સૂતિકા-સુવાવડી સ્ત્રીઓના ઉપદ્રવો હોય છે, તે બધાંનું આ શ્રેષ્ઠ અને ઉત્તમ ત્રૈવૃત ઔષધ શમન કરે છે.

ત્રણ જ રાતમાં સૂતિકારોગને મટાડનાર
ઉપર્યુક્ત ઔષધોના કલ્કનો ક્વાથ

एतेषामेव सर्वेषां कल्कं निष्काथ्य पाययेत् ।
यः कश्चित् सूतिकाव्याधिस्तं त्रिरात्रेण साधयेत् ॥२४

ઉપર જે ઔષધદ્રવ્યો કહ્યાં છે, તેઓને સમાન ભાગે લઈ તેઓનો કલ્ક બનાવીને તેનો ક્વાથ કરી સૂતિકા સ્ત્રીને વૈદ્ય જો પાય તો એ સૂતિકાનો જે કોઈ રોગ હોય

તેને ફક્ત ત્રણ જ રાત્રિમાં મટાડે છે. ૨૪

द्वे पञ्चमूल्यौ भार्गी च रास्ना द्वे च पुनर्नवे ।
शिग्रुर्हंसपदी .....
.....
.....

વળી (લઘુ–બૃહત્) બેય પંચમૂલ, ભારંગી, રાસ્ના, બેય સાટોડી–લાલ તથા ધોળી, સરગવો અને હંસપદી–એટલાં દ્રવ્યોનો ક્વાથ કરીને જે સેવાય તોયે સૂતિકારોગ મટે છે. ૨૫

વિવરણ–અહીં છેલ્લો ૨૫ મો શ્લોક ખંડિત મળ્યો છે; તેમાં પણ બીજી ઘણી ઔષધીઓ મેળવવાની બાકી રહે છે. તાડપત્ર પુસ્તકમાં ૧૦૧ મું પાન સુધી આ અધ્યાય મળતો હોઈને સાબિત થાય છે કે આ અધ્યાયમાં ઘણો ભાગ ખંડિત હોઈ મળતો નથી.

ઇતિ શ્રીદુષ્પ્રજ્ઞતા–ચિકિત્સિત અધ્યાય ૩જો સમાપ્ત

બાલગ્રહચિકિત્સિત : અધ્યાય ૪ થો

બાલગ્રહ–રેવતીની પ્રાર્થના

.....
..... श्राभियाचनम् ।
ब्रह्मण्यभावात् क्रुद्धाऽपि प्राह सानुग्रहं वचः ।
एषां व्यतिक्रमाणां त्वं फलमाप्नुहि रेवति ! ॥१॥
सर्वग्रहाणामेका त्वं तुल्यवीर्यबलद्युतिः ।
भविष्यसि दुराधर्षा देवानामपि पूजिता ॥ २ ॥

અહીં પ્રથમ રેવતી 'નામના' બાલગ્રહને ઉદ્દેશી આવી પ્રાર્થના કરે છે–'હે રેવતી તમે કદાચ ક્રોધે ભરાયાં હો તોયે તમારામાં બ્રાહ્મણપણું હોવાના કારણે તમે અનુગ્રહયુક્ત જ વચન કહો છો; આ વ્યતિક્રમો કે અપરાધો જે થયા, તેઓનું ફલ તમે મેળવો; એટલે કે તેના ફલરૂપે તમે ભલે યોગ્ય શિક્ષા કરો; કારણ કે સર્વ બાલગ્રહોમાં તમે એક જ તુલ્ય વીર્ય બલ તથા કાન્તિથી યુક્ત છો. અને તમે એક જ દુરાધર્ષ છો એટલે કે હોકોથી જીતાવાં મુશ્કેલ છો અને દેવોથી પણ પૂજાયેલાં છો. ૧,૨

વિવરણ : આ અધ્યાય પણ શરૂઆતમાં ખંડિત જ મળે છે; જે કંઈ મળે છે; તેમાં બાલગ્રહોથી પીડાતા બાળકોની ચિકિત્સાનું વર્ણન કરવામાં આવ્યું છે. બાલગ્રહોની સંખ્યા નવની થાય છે. આ બાલગ્રહો સંબંધે આમ કહેવાય છે કે જે ઘરમાં દૈવયોગ તથા પિતૃયોગ આદિ ન હોય એટલે કે જ્યાં દેવકાર્યો તથા પિતૃકાર્યો થતાં ન હોય; તેમજ જે ઘેર દેવો, બ્રાહ્મણો તથા અતિથિઓનો સત્કાર થતો ન હોય: તેમ જ જે ઘરમાં આચાર–વિચાર તરફ ધ્યાન અપાતું ન હોય તે ઘરમાં બાલગ્રહો ઘૂસી જઈને ગુપ્ત રીતે બાળકોને પીડે છે, મારી નાખે છે અથવા તે બાળકોને રોગોથી વ્યાપ્ત બનાવે છે; આ સંબંધે સુશ્રુતે ઉત્તર તંત્રના ૨૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–धात्रीमात्रोः प्राक्प्रदिष्टापचाराच्छौचभ्रष्टान्मङ्गलाचारहीनान् । त्रस्तान् दृष्टांस्तर्जितॉंस्ताडितान् वा । पूजाहेतोर्हिंस्युरेते कुमारान् '–ધાવમાતા અને જન્મદાત્રી માતાના બેયના પૂર્વે દર્શાવેલ અપરાધ કે અયોગ્ય વર્તનને લીધે જે બાળકો બાહ્ય–આભ્યંતર અપવિત્રતાથી યુક્ત થયેલ હોય; મંગલકર્મ અને સદાચારથી જેઓ રહિત હોય અથવા જે બાળકોને ત્રાસ પામેલ કે ભયભીત જોયાં હોય, જેઓ તિરસ્કારને પામ્યાં હોય અથવા જેઓને માર માર્યો હોય, તેવાં બાળકોને આ બાલગ્રહો, પોતાની પૂજા થાય, એ કારણે મારી નાખે છે અથવા પીડે છે. એ બાલગ્રહોનાં નામ આ પ્રમાણે છે. ૧. સ્કન્દ, ૨. સ્કન્દાપસ્માર, ૩. શકુનિ, ૪. રેવતી, ૫. પૂતના, ૬. અંધપૂતના કે ગન્ધપૂતના, ૭. શીતપૂતના, ૮. મુખમંડિકા. અને ૯. નૈગમેષ; આ નવ બાલગ્રહોમાં કેટલાક સ્ત્રી–શરીરધારી અને કેટલાક પુરુષ–શરીરધારી છે; તેઓની ઉત્પત્તિના સંબંધે આમ કહેવાય છે કે, દેવોના સેનાપતિ કુમાર કાર્તિકેયની રક્ષા કરવા માટે મહાદેવ તથા પાર્વતીદ્વારા આ ગ્રહોની ઉત્પત્તિ થઈ છે; એ બાલગ્રહો કયા કારણે બાળકોને વળગે છે, તે સંબંધે સુશ્રુતે આવું વર્ણન કર્યું છે ततो भगवति स्कन्दे सुरसेनापतौ कृते । उपतस्थुर्ग्रहाः

ર્વે દીપ્તશક્તિધરં ગુહમ્ ॥ ઊચુઃ પ્રાઞ્જલયશ્ચૈનં વૃત્તિ ન: સવિધત્સ્વ વૈ। તેષામર્થે તતઃ સ્કન્દઃ શિવં દેવમચોદયત્ ॥ તતો ગ્રહાંસ્તાનુવાચ ભગવાન્ ભગનેત્રહૃત્। તિર્યગ્યોનિં માનુષં ચ દૈવં ચ ત્રિતયં જગત્ ॥ પરસ્પરોપકારેણ વર્તતે ધાર્યતેઽપિ ચ। દેવા મનુષ્યાન્ પ્રીણન્તિ તિર્યગ્યોનીંસ્તથૈવ ચ ॥ વર્તમાનૈર્યથાકાલં શીતવર્ષોષ્ણમારુતૈઃ। ઇજ્યાઞ્જલિનમસ્કારજપહોમવ્રતાદિભિઃ ॥ નરાઃ સમ્યક્ પ્રયુક્તૈશ્ચ પ્રીણન્તિ ત્રિદિવેશ્વરાન્। ભાગધેયં વિભક્તં ચ શેષં કિંચિન્ન વિદ્યતે ॥ તદ્યુષ્માકં શુભા વૃત્તિર્બલિભ્યેવ ભવિષ્યતિ। કુલેષુ યેષુ નેજ્યન્તે દેવાઃ પિતર એવ ચ ॥ બ્રાહ્મણાઃ સાધવશ્ચૈવ ગુરવોઽતિથયસ્તથા। નિવૃત્તાચારશૌચેષુ પરપાકોપજીવિષુ ॥ ઉત્સન્નબલિમિક્ષેષુ ભિન્નકાંસ્યોપભોજિષુ। ગૃહેષુ તેષુ યે બાલાસ્તાન્ *ગૃહ્ણીધ્વમશઙ્કિતાઃ* ॥ *તત્ર વો વિપુલા વૃત્તિઃ* પૂજા ચૈવ ભવિષ્યતિ। એવં ગ્રહાઃ સમુત્પન્ના બાલાન્ ગૃહ્ણન્તિ ચાપ્યતઃ ॥ ગ્રહોપસૃષ્ટા બાલાસ્તુ દુશ્ચિકિત્સ્યતમા મતાઃ ॥–તે પછી ભગવાન શંકરે કાર્તિકેય સ્વામીને દેવોના સ્વામી કર્યા હતા. તે વખતે એ બધા બાલગ્રહોએ પ્રદીપ્ત અંગોવાળા કાર્તિકેયની સમીપે જઈ હાથ જોડીને તેમને આમ વિનતિ કરી હતી કે 'તમે અમારી આજીવિકા કરી આપો.' તે સાંભળી કાર્તિકેયે તેઓના માટે શંકર ભગવાનને પ્રાર્થના કરી હતી, તેથી ભગનાં નેત્રોને હરી લેનાર તે શંકરે, એ ગ્રહોને આમ કહ્યું હતું કે–આ ત્રણે જગત પશુ–પક્ષીઓની જાતિઓ તથા મનુષ્યોથી તથા દેવગણોથી યુક્ત હોઈ પરસ્પર એકબીજાનો ઉપકાર કરી અસ્તિત્વ ધરાવે છે અને તેઓ બધાં એકબીજાનું ધારણ–પોષણ કરે છે; જેમ કે મનુષ્યો દેવોને પ્રસન્ન કરે છે; અને તિર્યગ્યોનિ–પશુપક્ષીઓને પણ તે જ પ્રમાણે તેઓ પ્રીતિ ઉપજાવે છે; શીત, ઉષ્ણ, વર્ષા તથા વાયુઓ પોતાના સમય અનુસાર વર્તતા હોઈને મનુષ્યોને તૃપ્ત કરે છે, તેથી મનુષ્યો પણ યજ્ઞ–યાગ, હોમ જોડવા–નમસ્કાર કરવા; તેમજ જપ, હોમ તથા વ્રત આદિ કરીને દેવોને સારી રીતે પ્રસન્ન કરે છે; તેથી તમારા માટે કોઈ પણ ભાગ હવે બાકી રહેતો નથી, તેથી તમારી શુભ આજીવિકા કેવળ બાળકો વિષે જ થઈ શકે તેમ છે; જે કુળમાં દેવો તથા પિતૃઓ પૂજાતા જ ન હોય તેમજ બ્રાહ્મણો, સાધુ–સંતો, ગુરુઓ તથા અતિથિઓ પણ જે કુળમાં પૂજાતા ન હોય અને જે કુળમાંથી આચારો તથા બાહ્યાભ્યંતર પવિત્રતા દૂર થઈ હોય અને જેઓ પારકી રસોઈ પર આજીવિકા ચલાવી રહ્યા હોય, તેવાં ઘરોમાં જઈને તમે શંકારહિત થઈ ત્યાં રહેલાં નાનાં બાળકોને ગ્રહણ કરો–પકડો–વળગો. તેઓમાં તમારી વિશાળ આજીવિકા અને પૂજા અવશ્ય થશે.' એમ તે સમયથી માંડીને ગ્રહો ઉત્પન્ન થયા છે અને શ્રીશંકરની આજ્ઞાથી તેઓ બાળકોને ગ્રહણ કરે છે–વળગે છે અથવા પકડે છે; એમ તે તે ગ્રહોથી સંબંધ પામેલાં તે તે બાળકોને પણ ચિકિત્સા કરવા માટે મુશ્કેલ માન્યાં છે. ખરું જોવામાં આવે તો આ બાલગ્રહો જે કહેવાય છે, તેઓ એક પ્રકારના બાલ રોગો જ છે; તેઓને જ બીજા નામે 'બાલગ્રહો' કહ્યા છે; પ્રાચીન કાળમાં સ્વસ્થવૃત્તની દૃષ્ટિએ સૂતિકાગ્રહોનો સંભવ ન હતો અને તેવો યોગ્ય પ્રબંધ પણ ઓછો હતો, તેથી તે જુદાજુદા પ્રકારના બાલરોગોને જ ગ્રહરોગોનું નામ અપાયું હોય એમ રાવણકૃત બાલતંત્રમાં જોવા મળે છે; એ તંત્રમાં તેઓનું વિસ્તારથી વર્ણન કરેલું છે. એવા બાલગ્રહ–રોગો બાળકને જન્મથી આરંભી ૧૨ વર્ષ સુધી હેરાન કરે છે, તેઓની ઉપલક અવસ્થા જાણે કે બાલગ્રહનો વળગાડ હોય તેવી દેખાય છે; એ અભિપ્રાયથી જ એ રાવણકૃત બાલતંત્રમાં આવું વર્ણન કરેલું મળે છે; જેમ કે બાળકને જન્મ પછી પહેલા દિવસે કે પહેલા મહિને કે પહેલા વર્ષે 'નન્દા' નામની માતૃકા (ગ્રહ) હેરાન કરે છે; તેના કારણે બાળકને જ્વર આવે છે; તેથી આંખો બંધ થઈ જાય છે અને તે બાળકનું શરીર સદાકાળ દુઃખી રહ્યા કરે છે. તેથી તેને કંઈ પણ ગમતું નથી અને તે બાળક રડ્યા કરે છે; વળી એ વેળા તેને કોઈ અવાજ સારો લાગતો નથી અને પોતે અવાજ કર્યા કરે છે; તે પછી એ બાળકને બીજે દિવસે કે બીજે મહિને કે બીજે વર્ષે સુનન્દા નામની માતૃકા (ગ્રહ) વળગે છે અને હેરાન કરે છે; તેથી પણ

એ બાળકની ઉપર જણાવ્યા પ્રમાણે જ દુઃખી અવસ્થા થાય છે; તે પછી બાળકને ત્રીજે દિવસે કે ત્રીજે મહિને કે ત્રીજે વર્ષે 'પૂતના' નામની માતૃકા-ગ્રહ વળગે છે, તેથી એ બાળકને જ્વર આવે છે, તે વારંવાર ઊંચે જોયા કરે છે, તેના શરીરમાં પીડા થાય છે, તેની મુઠ્ઠીઓ બંધ થઈ જાય છે, અને તે રડ્યા કર્યા કરે છે-ચીસો પાડી પાડીને રડે છે; પછી ચોથે દિવસે કે ચોથે મહિને કે ચોથે વર્ષે મુખમંડિકા નામની માતૃકા-ગ્રહ વળગે છે; તેથી એ બાળક આંખો ઉઘાડી જ રાખે છે, તેની ડોક નમી પડે છે, તે વારંવાર રડ્યા કરે છે; તેને ઊંઘ આવતી નથી અને બાળક ધાવતું નથી કે દૂધ પણ પીતું નથી; તે પછી પાંચમે દિવસે, પાંચમે મહિને પાંચમે વર્ષે 'કટપૂતના' નામની માતૃકા-ગ્રહ વળગે છે; તેથી એ બાળકને જ્વર લાગુ થાય છે; પછી છ દિવસે, છઠ્ઠે મહિને કે છઠ્ઠે વર્ષે 'શકુનિકા' નામની માતૃકા કે બાલગ્રહ વળગે છે, તેથી એ બાળકના શરીરમાં પીડા થાય છે અને તે વારંવાર ઊંચે જોયા કરે છે; તે પછી સાતમે દિવસે કે સાતમે મહિને કે સાતમો વર્ષે 'શુષ્કરેવતી' નામની માતૃકા કે બાલગ્રહ એ બાળકને વળગે છે, તેથી એ બાળકના શરીરમાં પીડા થાય છે, જ્વર આવે છે અને તેની મુઠ્ઠીઓ બંધાઈ જાય છે; પછી આઠમા દિવસે કે આઠમા મહિને કે આઠમા વર્ષે તે બાળકને અર્થકા નામની માતૃકા-ગ્રહ પીડે છે; પછી નવમા દિવસે કે નવમા મહિને કે નવમા વર્ષે તે બાળકને 'રવસ્તિમાતૃકા' નામની માતૃકા કે બાલગ્રહ વળગે છે અને હેરાન કરે છે; તે પછી દશમા દિવસે કે દશમા મહિને કે દશમા વર્ષે 'નિર્ઋતા-માતૃકા' નામનો બાલગ્રહ તે બાળકને પીડે છે; પછી અગિયારમા દિવસે કે અગિયારમા મહિને કે અગિયારમા વર્ષે 'કામુકામાતૃકા' નામનો બાલગ્રહ તે બાળકને પીડે છે; તેથી એ બાળક અસ્વસ્થ બને છે; એમ તે બાલગ્રહો જ્યારે તે બાળકને પીડે છે, ત્યારે તેના પ્રતીકારરૂપે જે પૂજા, બલિદાન આદિ કરવાં જોઈએ, તેનું પણ વિસ્તૃત વિવેચન એ રાવણકૃત બાલતંત્રમાં આપવામાં આવેલ છે; તેમ જ તે તે પ્રત્યેક બાલગ્રહોનાં જુદાં જુદાં લક્ષણો પણ રાવણકૃત બાલતંત્રમાં વિસ્તારથી આપેલ છે; તે ત્યાં જ જોઈ લેવાં જોઈએ; યોગરત્નાકર ગ્રંથમાં પણ તે બાલગ્રહોનું સામાન્ય લક્ષણ આ પ્રમાણે કહેલ છે; જેમ કે-

क्षणादुद्विजते बालः क्षणात् त्रस्यति रोदिति। नखैर्दन्तैर्दस्यति धात्रीमात्मानमेव च॥ ऊर्ध्वं निरीक्षते दन्तान् खादेत्कूजति जृम्भति। भ्रुवौ क्षिपति दन्तोष्ठं फेनं वमति चासकृत्॥ क्षामोऽतिनिशिजागर्ति शून्याङ्गो भिन्नविट्स्वरः। मांसशोणितगन्धिश्च न चाश्नाति यथा पुरा॥ दुर्बलो मलिनाङ्गश्च नष्टसंज्ञोऽपि जायते। सामान्यग्रहजुष्टानां लक्षणं समुदाहृतम्॥ જે બાળક સામાન્ય હરકોઈ બાલગ્રહના વળગાડથી યુક્ત થયેલ હોય તે ક્ષણવારમાં ઉદ્વેગ પામે છે, ક્ષણવારમાં ત્રાસ પામે છે, ક્ષણવારમાં રડે છે, નખો અને દાંત વડે પોતાની ધાવને અને પોતાને પણ ચીરી નાખે છે; ઊંચે જોયા કરે છે, દાંતને કચડે છે, અસ્પષ્ટ અવાજો કરે છે, બગાસાં ખાય છે, આળસ મરડ્યા કરે છે, જેમ ભ્રમરોને ઊંચે ફેંકે છે, દાંતથી હોઠ પીસે છે, મોઢામાંથી વારંવાર ફીણ બહાર કાઢે છે, શરીરે ખૂબ ક્ષીણ થઈ જાય છે, ઘણી જ મોડી રાત સુધી જાગે છે, તેનાં અંગો સૂજી જાય છે, તેની વિષ્ઠા છોતાપાણી જેવી થઈ જાય છે, ગળાનો અવાજ બદલાઈ જાય છે, તેના શરીરમાંથી માંસ તથા લોહીની ગંધ આવ્યા કરે છે, પહેલાંની જેમ તે ખોરાક ખાઈ શકતું નથી, શરીરે દુર્બળ થઈ જાય છે, તેનાં અંગો મલિન થઈ જાય છે, તેનું ભાન પણ નાશ પામે છે-આવાં લક્ષણો સામાન્ય બાલગ્રહના વળગાડમાં બાળકમાં જે થાય છે, તે અહીં કહ્યાં છે.' ૧,૨

બાલગ્રહ-રેવતીનાં ૨૦ નામો

नामभिर्बहुभिश्चैव त्वां वक्ष्यन्ति जना भुवि।
वारुणी रेवती ब्राह्मी कुमारी बहुपुत्रिका॥ ३॥
शुष्का षष्ठी च यमिका धरणी मुखमण्डिका।
माता शीतवती कण्डूः पूतनाऽथ निरुञ्जिका॥४॥
रोदनी भूतमाता च लोकमातामहीति च।
शरण्या पुण्यकीर्तिश्च नामानि तव विंशतिः॥५

હે રેવતી! આ પૃથ્વી પર તમને લોકો

ઘણાં નામોથી કહેશે, છતાં તમારાં મુખ્ય નામો આમ ૨૦ છે; જેમ કે–વારુણી,[૧] રેવતી,[૨] બ્રાહ્મી,[૩] કુમારી,[૪] બહુપુત્રિકા,[૫] શુષ્કા,[૬] ષષ્ઠી,[૭] યમિકા,[૮] ધરણી,[૯] મુખમંડિકા,[૧૦] માતા,[૧૧] શીતવતી,[૧૨] કંડૂ[૧૩] પૂતના,[૧૪] નિરુંચિકા,[૧૫] રોદની,[૧૬] ભૂતમાતા,[૧૭] લોકમાતામહી,[૧૮] શરણ્યા[૧૯] અને પુણ્યકીર્તિ.[૨૦] ૩–૫

રેવતીની પૂજા કરનારા નિર્ભય હોય

ये च त्वां पूजयिष्यन्ति श्रद्दधाना जना भुवि।
नैतेषां सर्वभूतेभ्यो भविष्यति भयं क्वचित् ॥६॥

જે શ્રદ્ધાળુ લોકો આ પૃથ્વી પર તમારી પૂજા કર્યા કરશે, તેઓને બધાં ભૂત–પ્રાણી-માત્રથી કયાંય ભય થશે નહિ. ૬

ઉપર્યુક્ત ૨૦ નામોના જપથી પ્રજાવૃદ્ધિ થાય

सायं प्रातश्च नामानि यो जपेत्तव विंशतिम्।
शुचिर्नरः प्रजास्तस्य वर्धिष्यन्ति विपाप्मनः ॥७॥

જે માણસ સવારે અને સાંજે (ઉપર્યુક્ત) રેવતીનાં ૨૦ નામોનો જપ કરે, તે પાપરહિત થઈ પવિત્ર થાય છે અને તેની પ્રજાઓ સંતતિવૃદ્ધિ પામશે. ૭

કાર્તિકેયનું રેવતીને વરદાન

तत उग्रेण तपसा स्कन्दमाराधयन् पुनः।
तस्या मनीषितं ज्ञात्वा रेवतीमब्रवीद् गुहः ॥८॥
भ्रातॄणां च चतुर्णां वै पञ्चमो नन्दिकेश्वरः।
भ्राता त्वं भगिनी षष्ठी लोके ख्याता भविष्यसि ॥९॥

ગુહ–કાર્તિકેયે ઉગ્ર તપથી પ્રથમ સ્કન્દ ગ્રહની આરાધના કરી હતી અને તે પછી રેવતીનું મનોવાંછિત જાણી લઈ તેમણે એ રેવતીને આમ કહ્યું હતું કે–અમે ચાર ભાઈ-ઓ છીએ અને તે ઉપરાંત અમારા પાંચમા ભાઈ નન્દિકેશ્વર છે અને તું અમારી છઠ્ઠી બહેન તરીકે લોકમાં પ્રખ્યાત થઈશ. ૮,૯

કાર્તિકેયનાં વરદાનો (ચાલુ)

यथा मां पूजयिष्यन्ति तथा त्वां सर्वदेहिनः।
असत्तुल्यप्रभावा त्वं भ्रातृमध्यगता सदा ॥१०॥

હે રેવતી! સર્વ લોકો જે પ્રકારે મારી પૂજા કરશે, તે પ્રકારે તારી પણ પૂજા કરશે; કારણ કે ભાઈઓની વચ્ચે રહેલી તું સર્વ કાળ અમારા જેવી પ્રભાવવાળી છે. ૧૦

કાર્તિકેયનાં વરદાનો (ચાલુ)

षण्मुखी नित्यललिता वरदा कामरूपिणी।
षष्ठी च ते तिथिः पूज्या पुण्या लोके भविष्यति ॥

વળી તું છ મુખવાળી હોઈને કાયમ સુંદરી છે; વરદાન દેનારી અને પોતાની ઇચ્છાનુસાર રૂપોને ધારણ કરનારી છે. છઠ એ તારી તિથિ હોઈ લોકમાં પુણ્યકારક તથા પૂજ્ય થશે. ૧૧

ઉપર્યુક્ત વરદાનને લીધે રેવતી સદા પૂજ્ય છે

इत्येवं भगिनी जज्ञे षष्ठी स्कन्दस्य धीमतः।
तस्मात् सा सततं पूज्या सा हि मूलं सुखायुषोः ॥

એમ તે રેવતી, બુદ્ધિમાન સ્કંદ–કાર્તિ-કેયની બહેન થઈ છે, તે કારણે એ 'ષષ્ઠી' નામે પણ પ્રસિદ્ધ થઈને નિરંતર પૂજનીય થઈ છે અને સુખનું તથા આયુષનું પણ ખરેખર મૂળ (કારણ) ગણાય છે. ૧૨

ષષ્ઠીને પૂજનાર લોકમાં સુખી થાય

तस्माच्च सूतिकाषष्ठीं पक्षषष्ठीं च पूजयेत्।
उद्दिश्य षण्मुखीं षष्ठीं तथा लोकेषु नन्दति ॥१३

એ કારણે (પ્રસવ પછીની છઠ્ઠી તિથિ) સૂતિકાષષ્ઠીનું તેમ જ પખવાડિયાની તિથિનું માણસે એ છ મુખવાળી ષષ્ઠી રેવતીને ઉદ્દેશી અવશ્ય પૂજન કરવું; કારણ કે એમ લોકમાં તેની પૂજા કરનારો સુખથી સમૃદ્ધ થઈ આનંદ પામે છે. ૧૩

રેવતીનાં મુખ્ય કર્મો ચિકિત્સા કહેવાની પ્રતિજ્ઞા

इत्येवं रेवती जज्ञे सुरासुरनमस्कृता।
वृद्धजीवक! कर्माणि शृणु तस्याः प्रधानतः ॥१४

(કાશ્યપ બોલ્યા): હે વૃદ્ધ જીવક! એમ તે દેવોમાં તથા અસુરોમાં એ પ્રકારે નમસ્કાર કરાયેલી થઈ છે; હવે તે રેવતીનાં જે મુખ્ય કર્મો છે, તેઓને (હું કહું છું;)

તમે સાંભળો. ૧૪

રેવતીના વળગાડમાં લગભગ થતા રોગો

ज्वरातिसारो वैसर्पः पीडनेन्द्रियदूषणम् ।
आनाहः शूलमरुचिर्मिन्मिनं श्वासकासतृट् ॥१५
निद्रानाशोऽतिनिद्रा च मुखपाको व्रणोद्भवः ।
एकाङ्गकः पक्षवधः क्षीरालसविसूचिकाः ॥ १६ ॥
हिक्का मूर्च्छा मदो मोहो रोदनं स्तब्धनेत्रता ।
स्वरवर्णाग्निभेदश्च पाण्डुत्वं कामलाऽरतिः ॥१७॥
क्षीरदूषणनाशौ च शिरोरुग्हृदयद्रवः ।
नासाक्षिकर्णरोगाश्च त्रासकुञ्जनरोदनम् ॥ १८ ॥
ये चान्ये चैव विविधा ये रोगा नानुकीर्तिताः ।
रेवतीरोषसंभूता भूयिष्ठं त उदाहृताः ॥ १९ ॥

જ્વર, અતિસાર, વૈસર્પ-રતવા, પીડા, ઇંદ્રિયોનું દૂષણ-બગાડ, મળબંધ, શૂલ, અરુચિ, બોબડાપણું, શ્વાસ, ખાંસી, તરસ, નિદ્રાનો નાશ, વધુ પડતી નિદ્રા, મોઢાનું પાકવું, વ્રણની ઉત્પત્તિ, એકાંગવાત, પક્ષવધ અથવા પક્ષઘાતરોગ, 'ક્ષીરાલસક' નામનો એક બાલરોગ, ચૂંક અથવા કોલેરાનો રોગ, હેડકીનો રોગ, મૂર્છાનો રોગ, મદ, મોહ, મૂંઝારો, રડ્યા કરવું, નેત્રોની સ્તબ્ધતા-આંખો સજ્જડ થાય તે, ઘાંટો બદલાઈ જવો, શરીરનો રંગ બદલાઈ જવો, અગ્નિભેદ અથવા જઠરના અગ્નિની મંદતા, પાંડુરોગ, કમળાનો રોગ, બેચેની, ધાવણનું બગડવું, ધાવણનો નાશ, માથાની વેદના, હૃદયનું ધડકવું, ફરકવું; નાકનો રોગ, નેત્રનો રોગ, કાનનો રોગ, ત્રાસ-બીવું, સંકોચાવું-અને રડ્યા કરવું-એ બધા રોગો ઉપરાંત બીજા પણ અનેક પ્રકારના રોગો રેવતીના રોષથી જે ઉત્પન્ન થતા કહેવાય છે, તે લગભગ અહીં કહ્યા છે. ૧૫-૧૯

વિવરણ : અહીં જણાવેલ રેવતી ગ્રહથી થતા રોગોમાં 'ક્ષીરાલસક' નામનો જે રોગ કહ્યો છે, તેનાં લક્ષણ તથા નિદાન અષ્ટાંગહૃદયના ઉત્તર તંત્રના બીજા અધ્યાયમાં આમ કહ્યાં છે-

स्तन्ये त्रिदोषमलिने दुर्गन्ध्यामं जलोपमम् । विबद्ध-
मच्छं विच्छिन्नं फेनिलं चोपवेश्यते ॥ शकृन्नानान्यथा-
वर्णं, मूत्रं पीतं सितं घनम् । ज्वरारोचकतृट्छर्दिशुष्को-
द्गारविजृम्भिकाः ॥ अङ्गभङ्गोऽङ्गविक्षेपः कूजनं वेपथुर्भ्रमः
घ्राणाक्षिमुखपाकाद्या जायन्तेऽन्येऽपि तं गदम् ॥ क्षीराल-
सकमित्याहुरत्ययं चातिदारुणम् । तत्राशु धात्रीं बालं
च वमनेनोपपादयेत् ॥ માતાનું ધાવણ ત્રણે દોષના પ્રકોપથી જ્યારે મલિન થઈ બગડે ત્યારે એ ધાવણ ધાવતું બાળક દુર્ગંધી, કાચી, જલતુલ્ય અથવા ખૂબ બંધાયેલ, સ્વચ્છ, તૂટક-છોતાપાણી અને ફીણવાળી વિષ્ટાને બહાર કાઢે છે; તેમ જ અનેક પ્રકારની વ્યથાથી યુક્ત, જુદા જુદા રંગવાળું અથવા પીળું, ધોળું તથા ઘાટું મૂત્ર બહાર કાઢે છે; તે સાથે એ બાળકને જ્વર, અરોચક, તરસ, ઊલટી, સૂકા ઓડકાર, બગાસાં, અંગોનું ભાંગવું, અંગોનું ફેંકાવું, કણસવું, ભ્રમ, નાકનું પાકવું, આંખનું પાકવું અને મોઢાનું પાકવું વગેરે રોગો તેમ જ બીજા પણ રોગો એ રોગથી ઉત્પન્ન થાય છે; તે રોગને વૈદ્યો અતિ દારુણ અને વિનાશકારી 'ક્ષીરાલસક' એ નામે કહે છે; એ રોગમાં તે બાળકને તેમ જ તેને ધવડાવતી-માતાને વમનચિકિત્સાનો પ્રયોગ કરાવવો જોઈએ એ-કેમ કે એ રોગમાં વમનથી જ તે બાળકને તથા તેને ધવડાવતી ધાવને શાંતિ મળે છે. ૧૫-૧૯

રેવતીની સામાન્ય ચિકિત્સા

तस्मात् साधारणीं तस्याः क्रियां कुर्याद्विचक्षणः ।
अतश्च रेवतीमेके ग्रहमेके वदन्त्यपि ॥ २० ॥

એ કારણે વિચક્ષણ-વિદ્વાન વૈદ્યે તે રેવતીની સાધારણ-સામાન્ય ચિકિત્સા અવશ્ય કરવી. કેટલાક વૈદ્યો આને રેવતી કહે છે અને કેટલાક તેને ગ્રહ પણ કહે છે.૨૦

રેવતીગ્રહના વળગાડ ઉપર સિંચનક્રિયા

अश्वगन्धाऽजशृङ्गी च सारिवे द्वे पुनर्नवे ।
क्षुद्रा सहा विदारी च कषायः परिषेचने ॥२१॥

આસંધ, અજશૃંગી મેંઢાશીંગ, કાળી-ધોળી ઉપલસરી, ધોળી લાલ-બેય સાટોડી, અને ભોરીંગણી, માષપર્ણી (જંગલી મગ કે અડદનો છોડ) કે ઘૃતકુમારી-ઘીકુંવાર અને વિદારીકંદ એટલાં ઔષધદ્રવ્યોને સમાન

બાકી લઈ તેઓને અષકચરાં કરી ઉકાળી ક્વાથ કરીને તે ક્વાથનો રેવતીના વળગાડવાળા બાળકની ઉપર સિંચન માટે ઉપયોગ કરવો. ૨૧

રેવતીના વળગાડમાં કરવાનું અભ્યંગ

पलङ्कषा सर्जरसः कुष्ठं गिरिकदम्बकः ।
देवदारु समञ्जिष्ठं सुरा तैलं सुवर्चिका ॥ २२ ॥
नलदं तुम्बरु त्वक् च समभागानि कारयेत् ।
एतेन गात्रमभ्यज्य ततः संपद्यते सुखी ॥ २३ ॥

પલંકષા-ગૂગળ, રાળ, કઠ, પહાડી કદંબ, દેવદાર, મજીઠ, મદિરા, તલનું તેલ, સુવર્ચિકા-સાજીખારનો એક ભેદ, નલદ-કાળા વાળાનું મૂળ, તુંબરુ-નેપાલી ધાણા કે તેજબલ અને તજ-એટલાને સમાન ભાગે લઈ અષકચરાં કરી તેઓનું પક્વ તેલ બનાવી શરીર પર તેનાથી માલીસ કરવાથી રેવતીના વળગાડવાળું બાળક સુખી થાય છે. ૨૨,૨૩

રેવતીના વળગાડમાં હિતકારી
ઔષધ-પક્વ ક્ષીરપાત

अभ्वकर्णस्य पुष्पाणि धातक्यास्तिन्दुकस्य च ।
ककुभस्य च पुष्पाणि दाडिमस्य धवस्य च ॥ २४ ॥
त्वक्क्षीरी मधुकं चैव क्षीरेण सह पाचयेत् ।
ततो मात्रां पिबेद्बालस्ततः संपद्यते सुखी ॥ २५ ॥

અભ્વકર્ણ-ગર્દભાંડનાં પુષ્પો, ધાવડીનાં ફૂલ,-ટિંબરુનાં ફૂલ, અર્જુન-સાદડનાં ફૂલ, દાડિમનાં ફૂલ, ધાવનાં ફૂલ, વાંસકપૂર અને જેઠીમધ-એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ અષકચરાં કૂટી નાખી દૂધની સાથે પકવવાં. પછી એ દૂધને યોગ્ય માત્રામાં જે બાળક પીએ, તે રેવતી-ગ્રહની પીડામાંથી છૂટી જઈ સુખી થાય છે.

ઉપર્યુક્ત ઔષધપક્વ ઘૃતના સેવનથી
થતા ફાયદા

एतेष्वेव घृतं पक्वमतीसारमरोचकम् ।
हन्ति तृष्णाऽरुचिच्छर्दीः शर्करामधुसंयुतम् ॥ २६ ॥

ઉપર દર્શાવેલ ઔષધદ્રવ્યોમાં જ ઘી પકવ્યું હોય અને પછી તેમાં સાકર તથા મધ મિશ્ર કરી તેને જો સેવ્યું હોય તો તે ઘી પણ ઝાડાના રોગનો, અરોચકનો, વધુ પડતી તરસનો તથા અરુચિનો નાશ કરે છે. ૨૬

રેવતીનો વળગાડ દૂર કરનાર ખાસ પ્રયોગ

उलूकगृध्ररोमाणि कट्वलाबूस्तथाऽजटी ।
यवाः श्वेता घृतं गव्यं पेयोऽयं रेवतीनुदे ॥ २७ ॥

ઘુવડનાં તથા ગીધનાં રૂંવાટાં, કડવી તુંબડી, ભોંય આમલી તથા ધોળા જવ-એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ તેઓને એકી સાથે કૂટી નાખી તેનું ચૂર્ણ કરીને ગાયના ઘીમાં મિશ્ર કરી એ ઔષધયોગને રેવતી-ગ્રહની પીડા મટાડવા માટે પીવો જોઈએ.

રેવતી-ગ્રહના ઉપદ્રવોને શમાવનાર
ઔષધધારણ યોગ

वरुणारिष्टकौ चोभौ पुत्रञ्जीवकचि(त्र)कौ ।
एतेषां तु त्वचं बालो माता धात्री च धारयेत् ॥ २८ ॥
उपद्रवांश्च शमयेद्दृष्ट्वा स्वैः स्वैश्चिकित्सितैः ।
नक्षत्रे चास्य रेवत्यां पुष्टिकर्माणि कारयेत् ॥ २९ ॥

વરુણ-વાયવરણો, બેય લીંબડા-લીંબડો તથા બકાન લીંબડો, પુત્રંજીવક જીયાપોતો અને ચિત્રક-એટલાંની છાલને જે બાળક તથા તે બાળકને ધવડાવતી ધાવમાતા જો ધારણ કરે, તો રેવતી-ગ્રહના વળગાડથી થયેલા ઉપદ્રવોને તેને જોતાં જ તે શમાવે છે; તેમ જ એ ઔષધધારણની સાથે તે તે રેવતી-ગ્રહનિવારક ચિકિત્સાઓનું પણ તે બાળકે સેવન કરવું; તેમ જ રેવતી નક્ષત્રમાં તે બાળકના સંબંધી પુષ્ટિકર્મો પણ કરાવવાં જોઈએ. ૨૮,૨૯

વિવરણ : અહીં છેલ્લે જે પુષ્ટિકર્મો કરવાનાં કહ્યાં છે, તે અને રેવતી-ગ્રહની બીજી ચિકિત્સા પણ સુશ્રુતના ઉત્તરતંત્રના ૩૧ મા અધ્યાયમાં વિસ્તારથી દર્શાવેલ છે, તે ત્યાં જોવી. ૨૮-૨૯

બાલગ્રહ-પૂતનાની ચિકિત્સા

अतश्चोर्ध्वं प्रवक्ष्यामि पूतनायाश्चिकित्सितम् ।
यदुक्तं पूर्वभैषज्यं तच्च सर्वं प्रचारयेत् ॥ ३० ॥

હવે પછી હું (બાલગ્રહ-)પૂતનાની ચિકિત્સા કહું છું; ઉપર જે રેવતી ગ્રહની ચિકિત્સા કહી છે, તે બધીનો પૂતનાગ્રહના વળગાડમાં પણ પ્રયોગ કરાવવો. ૩૦

પૂતના-ગ્રહની ઉત્પત્તિ

असुरो दुन्दुभिर्नाम सुरासुरभयङ्करः ।
स्कन्दमायोधयन्मोहात् क्रुद्धं दृष्ट्वा च षण्मुखम् ॥
विवेश क्रौञ्चस्य गुहां मातुलस्य महागिरेः ।
स्कन्दस्तं च महाशैलं मातुलं तं च दानवम् ॥३२
शक्त्या जघान युगपत्ततो गुहवधाद् गुहः ।
भासीद्वर्णपरिभ्रष्टस्तं समेत्य सुरासुराः ॥ ३३ ॥
दिशः समुद्राः सरितो महाभूतानि तोयदाः ।
पूत्यर्थं धूपयामासुस्ततः पूतोऽभवद् गुहः ॥३४॥
यस्मिन् देशे तु भगवान् पूतः स्कन्दो महाबलः ।
संजज्ञे पूतना तस्मात् सर्वलोकभयङ्करी ॥ ३५ ॥
तामब्रवीद् गुहः पुण्यां पूतनामग्रतः स्थिताम् ।
याहि त्वं भिन्नमर्यादा(न्)चेत्युक्ताऽऽह
तथाऽस्त्विति ॥ ३६ ॥
मलजा पूतना कौञ्ची (क्रौञ्ची) वैश्वदेवी च पावनी ।
पञ्चनामेति चाप्युक्ता शृणु तस्याश्चिकित्सितम् ॥

પૂર્વે 'દુંદુભિ' નામનો એક અસુર હતો. તે દેવોને તથા અસુરોને પણ ભયકારક હતો. તેણે મોહના કારણે શ્રી-કાર્તિકેયના સામે યુદ્ધ કરવા માંડ્યું હતું; ત્યારે તે યુદ્ધમાં છ મુખવાળા કાર્તિકેયને ક્રોધે ભરાયેલા જોઈ (યુદ્ધ પડતું મૂકીને) પોતાના મામા ક્રૌંચ પર્વતની ગુફામાં પેસી ગયો હતો; તે વખતે કાર્તિકેયે પોતાના મામા એ મહાપર્વત-ક્રૌંચને તથા પેલા-દુંદુભિ દાનવને શક્તિ વડે એકસાથે પ્રહાર કર્યો હતો; ત્યારે એ મહાપર્વતની તે ગુફાનો નાશ કરવાથી કાર્તિકેયના શરીરનો રંગ નાશ પામ્યો હતો-શરીરે તે નિસ્તેજ બની ગયા હતા, તેથી દેવો તથા અસુરો તેમની સમીપે આવ્યા હતા; તેમ જ બધી દિશાઓ, સમુદ્રો, નદીઓ, બધાં ભૂત-પ્રાણીઓ તથા મેઘો પણ ત્યાં તેમની સમીપે આવ્યા હતા અને તે કાર્તિકેયની પવિત્રતા અથવા શુદ્ધિ માટે તેઓએ તેમના શરીરને ધૂપ આપીને શુદ્ધ કરવા માંડ્યું હતું, તેથી એ કાર્તિકેય પવિત્ર અથવા શુદ્ધ થયા હતા; એમ જે સ્થળે મહાબળવાળા તે કાર્તિકેય પવિત્ર અથવા શુદ્ધ થયા હતા, તે સ્થળ અથવા પ્રદેશમાંથી સર્વલોકને ભય ઉપજાવનારી 'પૂતના'ગ્રહ ઉત્પન્ન થઈ હતી; તે વખતે એ કાર્તિકેયે પોતાની આગળ ઊભી રહેલી તે પુણ્યજનક પૂતનાને આમ કહ્યું હતું કે, જે લોકોએ મર્યાદા તોડી હોય તેઓની પાસે તું જા (અને તેઓને તું પીડા કર) એમ શ્રી કાર્તિકેયે કહ્યું, ત્યારે 'તથાઽસ્તુ'-ભલે બહુ સારું, એમ કહીને તે પૂતના એવા લોકોની પાસે ગઈ હતી. તે વખતે કાર્તિકેય તે પૂતનાનાં મલજા, પૂતના, ક્રૌંચી, વૈશ્વદેવી તથા પાવની-એવાં પાંચ નામો કહ્યાં હતાં અને તેની ચિકિત્સા પણ આ પ્રમાણે કહી હતી; તેને તમે સાંભળો.૩૧-૩૭

પૂતના(ગ્રહ)ની ચિકિત્સા

करञ्जशोभाञ्जनकावास्फोटा ह्याटरूषकः ।
सप्तपर्णश्च निम्बश्च भार्गी च परिषेचनम् ॥३८॥

કરંજ, બેય સરગવા-કડવો તથા મીઠો, આસ્ફોતા-ઉપલસરી, અરડૂસો, સાતપૂડો, લીંબડો તથા ભારંગી-એટલાં ઔષધ દ્રવ્યોને સમાન ભાગે લઈ તેઓનો ક્વાથ કરી તેનાથી પૂતનાગ્રસ્ત બાળક પર અભિષેક કરવો. ૩૮

પૂતનાગ્રસ્ત બાળકને કરવાનું અભ્યંજન-માલિશ

सुरासौवीरकाभ्यां च हरितालं मनःशिला ।
कुष्ठं सर्जरसं चैव तैलमभ्यञ्जनं पचेत् ॥ ३९ ॥

મદિરા, સૌવીરક, કાંજી, હરતાલ, મનઃશીલ, કઠ અને રાળ-એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ તેઓમાં કલ્ક અથવા ચૂર્ણ નાખીને તેલ પકવવું અને પછી એ પકવ તેલથી પૂતનાગ્રસ્ત દેહવાળા બાળકના શરીર પર માલિશ કરવું. ૩૯

પૂતના-ગ્રહનું શમન કરનાર પિપ્પલ્યાદિધૃત

पिप्पली पिप्पलीमूलं बृहती कण्टकारिका ।
शालपर्णी पृश्निपर्णी मधूकं मधुकस्तथा ॥ ४० ॥
एतं संभृत्य संभारं क्षीरे सर्पिर्विपाचयेत् ।
छर्दिं हिक्कां च शमयेदेतत् सार्पनिषेवतः ॥४१॥

પીપર, પિપ્પરીમૂલ, મોટી ભોરીંગણી મોટો સમેરવો, નાનો સમેરવો, મહુડો અને જેઠીમધ-એટલાં ઔષધદ્રવ્યોને સમાન ભાગે લઈ એકત્ર કૂટી નાખી તે ચૂર્ણને દૂધમાં નાખી તે દ્વારા ઘી પકવવું; એ ઘીના સેવનથી (પૂતના-ગ્રહના વળગાડથી થયેલી) ઊલટી તથા હેડકી મટે છે.૪૦,૪૧

પૂતનાનો વળગાડ શમાવનાર ધૂપયોગ

कुक्कुटस्य पुरीषं च केशाश्वर्म पुराणकम् ।
जीर्णं च भिक्षुसङ्घाटीं सर्पनिर्मोचनं घृतम् ।
धूपमेतं प्रयुञ्जीत सन्ध्याकाले सुखङ्करम् ॥ ४२ ॥

કૂકડાની વિષ્ઠા, માણસના માથાના વાળ, જૂનું ચામડું, બૌદ્ધસાધુનાં જૂનાં કપડાંનાં ચીથરાં, સર્પની કાંચળી તથા ઘી-એટલાં દ્રવ્યો એકત્ર કરી સાયંકાળે તેનો ધૂપ કરવો; એ ધૂપ, પૂતના-ગ્રહના વળગાડવાળા બાળકને સુખકારક થાય છે. ૪૨

પૂતનાના વળગાડમાં ધારણ કરવાનો દ્રવ્યયુક્ત દોરો

अनन्तां कुक्कुटीं बिम्बीमरिष्टामथ कर्कटीम् ।
सूत्रेण ग्रथिता एता धारयेत् पाणिपादयोः ॥४३॥

અનંતા-ઉપલસરી, કુકડવેલ, ગીલોડી, ઢીંબડો અને કાકડાશીંગ-એટલાં ઔષધ-દ્રવ્યોને એક સુતરાઉ દોરામાં પરોવીને પૂતનાગ્રસ્ત રોગી બાળકના હાથમાં તથા પગમાં તે દોરો ધારણ કરાવવો. (તેથી પણ પૂતના-ગ્રહનો વળગાડ છૂટે છે.) ૪૩

ઉપર્યુક્ત ચિકિત્સાઓથી હરકોઈ પૂતના-જનિત રોગ દૂર કરી શકાય

यो यश्चाभिभवेद्व्याधिस्तं च तं च निवर्तयेत् ॥४४

ઉપર જણાવેલી ચિકિત્સાનો પ્રયોગ કરવાથી જે જે પૂતનાજનિત રોગ થયો હોય, તેને તેને દૂર કરી શકાય છે. ૪૪

વિવરણ : આ સિવાય સુશ્રુતે પણ ઉત્તરતંત્રના ૩૨ મા અધ્યાયમાં આ જે ચિકિત્સા કહી છે, તેનો પણ અવશ્ય પ્રયોગ કરાવી શકાય છે; જેમ કે-

कपोतवङ्काऽऽरलुको वरुणः पारिभद्रकः । आस्फोता चैव योज्याः स्युर्बालानां परिषेचने ॥ वचा वयःस्था गोलोमी हरितालं मनःशिला । कुष्ठं सर्जरसश्चैव तैलार्थे वर्गा इष्यते ॥ हितं घृतं तुगाक्षीर्यां सिद्धं मधुरकेषु च । कुष्ठतालीस-खदिरचन्दनस्यन्दने तथा ॥ देवदारु वचा हिङ्गु कुष्ठं गिरिकदम्बकः । एला हरेणवश्चापि योज्याऽउद्धूपने सदा ॥ गन्धनाकुलिकुम्भीके मज्जानो बदरस्य च । कर्कटास्थि घृतं चापि धूपनं सर्षपैः सह ॥ काकादनीं चित्रफलां बिम्बीं गुञ्जां च धारयेत् । मत्स्यौदनं च कुर्वीत कृशरां पललं तथा ॥ शरावसंपुटे कृत्वा बलिं शून्यगृहे हरेत् । उच्छिष्टेनाभिषेकेण शिशोः स्नपनमिष्यते ॥ पूज्या च पूतना देवी बलिभिः सोपहारकैः । मलिनाम्बरसंवीता मलिना रूक्षमूर्धजा ॥ शून्यागाराश्रिता देवी दारकं पातु पूतना । दुर्दर्शना सुदुर्गन्धा कराला मेघकालिका ॥ भिन्ना-गाराश्रया देवी दारकं पातु पूतना ॥ જે બાળકને પૂતનાનો વળગાડ થયો હોય, તેઓનાં શરીર પર ખાલી, અરડૂસી, વાયવરણો, લીંબડો અને ગરણી અથવા ઉપલસરીના ક્વાથોથી સિંચન કરવાની યોજના કરવી; તેમ જ વજ, ગળો, દૂર્વા, હરતાલ, મણશીલ, કઠ અને રાળ-એ બધાંને એકત્ર કરી તેઓના ક્વાથ અને કલ્કથી યુક્ત તલનું તેલ પકવી, એ તેલનું પૂતના-ગ્રહના વળગાડવાળા બાળકના શરીર પર માલિશ કરવું; વળી વાંસકપૂર, કાકોલ્યાદિ મધુર ગણનાં દ્રવ્યો, કઠ, તાલીસપત્ર, ખેર, ચંદન અને મીણો હરમો-એટલાં દ્રવ્યોના ક્વાથ તથા કલ્કથી યુક્ત ઘી પકવવું; અને તે ઘી પૂતનાગ્રહના વળગાડ-વાળા બાળકને પાવું (જોકે અહીં જણાવેલ કાકોલ્યાદિ મધુર ગણમાં વાંસકપૂર આવેલ છે, તો પ ફરીવાર તેનું જે ગ્રહણ કરેલ છે, તે આમ સૂચવે છે કે વાંસકપૂરના બે ભાગ આમાં લેવા). વળી દેવદાર, વજ, હિંગ, કઠ, ધારાકદંબ, એલચી અને 'હરેણુ' નામના સુગંધી દ્રવ્યને એકત્ર કરી કૂટી નાખીને તેનો ધૂપ પૂતના ગ્રહના વળ-

બાઉવાળાને સર્વ કાળ આખા કરવો જોઈએ; તેમ જ નોરવેલ અથવા રાસ્ના, શેવાળ, બોરના ઠળિયાની અંદરનાં મીંજ, કરચલાનું હાડકું, સરસવ અને ઘી એટલાં દ્રવ્યોને પણ એકત્ર કરી તેનો ધૂપ પૂતના ગ્રહના વળગાડવાળાને આપવો જોઈએ; ઉપરાંત, માલકાંકણી, ઇંદ્રવરણાં, કડવાં ધિલોડાં અને ચણોઠી–એટલાંની માળા પૂતનાના વળગાડવાળાને કાયમ ધારણ કરાવવી; વળી માછલાં સાથે રાંધેલો ભાત અને તલ, અડદ તથા ચોખાને મિશ્ર કરી તેની બનાવેલી ખીચડી અને તલનો તલવટ એ બધાંને કોડિયાંના એક સંપુટમાં રાખી કોઈ શૂન્યગ્રહ–એટલે કે વસવાટ વિનાના–ઉજ્જડ ઘરમાં પૂતનાગ્રહને ઉદ્દેશી બલિદાનરૂપે અર્પણ કરવાં; વળી પૂતનાના વળગાડવાળા બાળકને એંઠવાડથી યુક્ત પાણી વડે માથાબોળ સ્નાન કરાવવું તે ઇષ્ટ ગણાય છે; અને ભેટા સહિત બલિદાનો વડે પૂતના દેવીનું હમેશાં પૂજન કરવું; તે પછી એ પૂતનાદેવી પ્રત્યે આવી પ્રાર્થના કરવી કે મેલાં વસ્ત્રોને ધારણ કરનારી, શરીરે પણ મેલી, માથાના લૂખા વાળથી યુક્ત અને વેરાન ઘરમાં વસનારી પૂતના દેવી આ બાળકની રક્ષા કરો; વળી જેનો દેખાવ (બિહામણો હોઈ) જોવો મુશ્કેલ થાય છે, જેના શરીરમાંથી અતિશય દુર્ગંધ નીકળે છે, જેનો દેખાવ ભયંકર છે એવી, મેઘમંડળના જેવી કાળી અને જુદા વેરાન ઘરમાં રહેનારી દેવી પૂતના આ બાળકનું રક્ષણ કરો.'

બાલગ્રહ અંધપૂતના તથા શીતપૂતનાની ચિકિત્સા

अक्षिरोगचिकित्साभिः शमयेदन्धपूतनाम् ।
शीतङ्कारचिकित्साभिः शमयेच्छीतपूतनाम् ॥४५॥

નેત્રના રોગોની ચિકિત્સા કરીને વૈદ્યે તે દ્વારા 'અંધપૂતના' બાલગ્રહનું શમન કરવું, અને શીતલતા કરનારી ચિકિત્સાઓ દ્વારા 'શીતપૂતના'–બાલગ્રહનું શમન કરવું. ૪૫

શીતપૂતનાની બીજી ચિકિત્સા

पिप्पलीपिप्पलीमूलचव्यचित्रकनागरैः ।
पचेद् घृतं पञ्चमूल्या सैन्धवेन च पण्डितः ॥४६
दीपनीयमिति प्रोक्तं सर्पिरेतन्महात्मना ।
सक्षौद्रशर्करं लेह्यं शमयेच्छीतपूतनाम् ॥ ४७ ॥

પીપર, ગંઠોડા, ચવક, ચિત્રક, સૂંઠ, લઘુપંચમૂલ તથા સૈંધવ–એટલાં દ્રવ્યો સમાન ભાગે લઈ, તેઓને કૂટી તેઓના ક્વાથમાં ઘી પકવવું; એમ પક્વ કરેલા તે ઘીને મહાત્મા કાશ્યપે દીપનીય એટલે જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર કહ્યું છે; તેને મધ તથા સાકર સાથે મિશ્ર કરી વૈદ્યે શીતપૂતનાના વળગાડવાળાને ચટાડવું અને તે દ્વારા શીતપૂતનાના* વળગાડને શાંત કરવા. ૪૬,૪૭

કટપૂતનાની ચિકિત્સા

रास्ना पुनर्नवा कुष्ठं तगरं देवदारु च ।
पत्रागुरुहरेण्वश्च गुडूची त्रिफला सिता ॥ ४८ ॥
दशमूलं च तैः सर्पिः पचेत् क्षीरे चतुर्गुणे ।
विशुद्धं लेहयेद्बालं शाम्यते कटपूतना ॥ ४९ ॥

રાસ્ના, સાટોડી, કઠ, તગર, દેવદાર, તેજપત્ર, અગુરુ, હરેણુ નામનું સુગંધી દ્રવ્ય, ગળો, હરડે, બહેડાં, તથા આમળાં, સાકર અને દશમૂલનાં ઔષધદ્રવ્યો–એટલાંને સમાન ભાગે લઈ તેઓને અધકચરાં કરી, ઘીથી ચારગણા દૂધમાં નાખી, તેમાં એ દૂધથી એક ચતુર્થાંશ ઘી પકવવું; પ્રવાહી બળી જતાં પક્વ થયેલું એ વિશુદ્ધ ઘી, કટપૂતનાના વળગાડવાળા બાળકને ચટાડવું, તેથી એ કટપૂતનાનો વળગાડ શમે છે. ૪૮,૪૯

વિવરણ: સુશ્રુતના ઉત્તરતંત્રના ૩૪ મા અધ્યાયમાં આ કટપૂતનાને જ 'શીતપૂતના' એવા બીજા નામે જણાવીને તેની ચિકિત્સા આ પ્રમાણે કહી છે; જેમ કે–कपित्थं सुव्रहां बिम्बीं तथा बिल्वं प्रचीबलम् । नन्दीं भल्लातकं चापि परिषेके प्रयोजयेत् ॥ वस्तमूत्रं गवां मूत्रं मुस्तं च सुरदारु च । कुष्ठं च सर्वगन्धांश्च तैलार्थमवचारयेत् ॥ रोहिणीसर्जखदिरपलाशककुभत्वचः । निष्काथ्य तस्मिन्निष्काथे सक्षीरं विपचेद् घृतम् ॥ गृध्रो-

* આ કટપૂતનાનું બીજું નામ શીતપૂતના સમજવું.

कुरुपुरीषाणि वस्तगन्धामहेस्त्वचः। निम्बपत्राणि मधुकं धूपनार्थं प्रयोजयेत् ॥ धारयेदपि लम्बां च गुञ्जां काकादनीं तथा। नद्यां मुद्गकृतैश्चान्नैस्तर्पयेच्छीतपूतनाम् ॥ दैव्यै देयश्चोपहारो वारुणी रुधिरं तथा। जलाशयान्ते बालस्य स्नपनं चोपदिश्यते ॥ मुद्गौदनाशना देवी सुराशोणितपायिनी। जलाशयालया देवी पातु त्वां शीतपूतना ॥—કોઠ, રાસ્ના, કડવી ઘીસોડી કે કડવાં તુરિયાંની વેલ, બીલી, અબેડી, પારસ પીપળો તથા બીલામાં-સમાન ભાગે લઈ તેઓનો કવાથ કરી શીતપૂતનાના વળગાડવાળા બાળકના શરીર ઉપર સિંચન કરવું; તેમ જ બકરાના તથા ગાયના મૂત્રમાં મોથ, દેવદાર, કઠ તથા સર્વગંધ—એલાદિ ગણનાં સુગંધી દ્રવ્યોનો કલ્ક નાખી તેમાં તલનું તેલ પકવી તેનાથી શીતપૂતનાના વળગાડવાળા બાળકના શરીર પર માલિશ કરવું; તેમ જ હરડે અથવા કડુ, રાળ, ખેર, બાખરો અને કડાછાલ સમાન ભાગે લઈ તેઓને અધકચરાં કૂટી નાખી તેઓનો ક્વાથ બનાવી એ કવાથના ત્રણ ભાગ બાકી રાખી તેમાં તેના જેટલું જ દૂધ નાખી તેમાં તે પ્રવાહીથી ચોથા ભાગનું ઘી નાખી તે પકવવું; પછી તે પકવ થયેલું ઘી યોગ્ય માત્રામાં શીતપૂતનાના વળગાડવાળા બાળકને પાવું; તેમ જ ગીધ અને ઘુવડની વિષ્ટા અથવા ચરક, તલવણી, સર્પની કાંચળી, લીંબડાનાં પાન તથા જેઠીમધ—એટલાંને સમાન ભાગે એકત્ર કરી શીતપૂતનાના વળગાડવાળા બાળકને તેનાથી ધૂપ દેવો; વળી કડવી તુમડી, ચણોઠી તથા માલકાંકણી અથવા કાંટાવાળો ટીંબરવો—એટલાંને સમાન ભાગે લઈ તેઓની માળા બનાવીને શીતપૂતનાના વળગાડવાળા બાળકપહેરા રાખવી તેમ જ નદીના કિનારે જઈ મગના ખોરાકથી બનાવેલાં બલિદાનો વડે શીતતૃપ્ત કરવી; તેમ જ વારુણી—મદિરા તથા રુધિર પણ ન પણ દેવું; વળી કોઈ જલાશયની પાસે શીતપૂતનાના વળગાડવાળાને સ્નાન કરાવવાનો પણ ઉપદેશ કરાય છે; એટલા ઉપચારો કર્યા પછી એ શીતપૂતનાને ઉદ્દેશી આવી પ્રાર્થના કરવી કે—મગ—ભાતનું ભોજન કરનારી મદિરા તથા રુધિરને પીનારી અને જલાશયમાં રહેનારી દેવી શીતપૂતના, 'હે બાળક તારું રક્ષણ કરો.'

અંધપૂતનાની ચિકિત્સા

बिल्वाङ्कोठौ कपित्थार्कौ कार्पासमटरूषकम्।
उरुबूकस्य पत्राणि वंशस्याश्मन्तकस्य च ॥५०॥
प्रपौण्डरीकं मधुकं शतपुष्पा पुनर्नवा।
एतैस्तैलं घृतं वाऽथ पयसा योजितं पचेत् ॥५१॥
एतेन गात्रमभ्यज्य सक्षारं पाययेदिदम्।
मृद्वीकां च पयस्यां च श्रीपर्णीं सारिवां तथा ॥५२
मधूकं नागपुष्पं च शीतपाकीयुतं पिबेत्।
शर्करामधुसंयुक्तं तदा संपद्यते सुखी ॥ ५३ ॥
अथास्य धूपनं दद्यात् सायं प्रातरतन्द्रितः।
गोलोमीसर्पनिर्मोकं वचां सिद्धार्थकांस्तथा ॥५४॥
संसृज्य सर्पिषा तेन धूपयेत् सन्ध्ययोर्भिषक्।
इत्यन्धपूतनायास्तु बिल्वाङ्कोठादि भेषजम् ॥५५॥

બિલ્વફલ, અંકોઠ, કોઠફલ, આકડો, કપાસ, અરડૂસો, રાતા એરંડાનાં પાંદડાં, વાંસનાં પાંદડાં અને પાષાણભેદનાં પાંદડાં, ધોળું કમળ, જેઠીમધ, સૂવા તથા સાટોડી—એટલાં ઔષધદ્રવ્યોને સમાન ભાગે લઈ, અધકચરાં કરી તેઓને દૂધમાં ઉકાળી તેમાં તે પ્રવાહીથી એક ચતુર્થાંશ ઘી કે તેલ નાખી તે પકવવું, પ્રવાહી બળી જતાં પકવ થયેલા એ ઘી કે તેલથી શરીરે માલિસ કરી તેમાં ક્ષાર મેળવીને તે પાવું; તેમ જ મુનક્કા દ્રાક્ષ, પયસ્યા—ક્ષીરકાકોલી, શ્રીપર્ણી સરિવા—ઉપલસરી, મહુડાં, નાગપુષ્પ—નાગકેસર, તથા શીતપાકી-ચણોઠી—એટલાંને સમાન ભાગે લઈ તેઓનું ચૂર્ણ કરી તેમાં મધ તથા સાકર મેળવી આ પૂતનાના વળગાડવાળો જો પીએ તો સુખી થાય છે; વળી આ અંધપૂતનાના વળગાડવાળાને રોજ સવારે તથા સાયંકાળે સાવધાન થઈ નીચે દર્શાવેલ વસ્તુઓ મેળવી ધૂપ દેવો; જેમ કે ગોલોમી—ઘોળી ધ્રોખડ, સર્પની કાંચળી, વજ તથા સરસવ—એટલાંને સમાન ભાગે લઈ તેઓને ઘી સાથે મિશ્ર કરી વૈદ્યે અંધપૂતનાના વળગાડવાળાને સવારે ને સાંજે એ વસ્તુઓથી ધૂપ દેવો એમ

ઉપયુક્ત બિલ્વફલ તથા અંકોઠ આદિ ઔષધદ્રવ્યો અંધપૂતનાની ચિકિત્સારૂપે કહેવામાં આવેલ છે. ૫૦-૫૫

વિવરણ: સુશ્રુતે પણ ઉત્તરતંત્રના ૩૩મા અધ્યાયમાં આ અંધપૂતનાની ચિકિત્સા આમ કહી છે; જેમ કે-तिक्तकद्रुमपत्राणां कार्यः क्वाथोऽवसेचने। सुरा सौवीरकं कुष्ठं हरितालं मनःशिला॥ तथा सर्जरसश्चैव तैलार्थमुपदिश्यते। पिप्पल्यः पिप्पलीमूलं वर्गो मधुरको मधु॥ व्याघ्रपर्णी बृहत्यौ च घृतार्थमुपदिश्यते। सर्वगन्धैः प्रदेहश्च गात्रेष्वस्योश्च शीतलैः॥ पुरीषं कौक्कुटं केशांश्चर्म सर्पत्वचं तथा। जीर्णां च भिक्षुसंघाटीं धूमनायोपकल्पयेत्॥ कुक्कुटीं मर्कटीं शिम्बीमनन्तां चापि धारयेत्। मांसमामं तथा पक्वं शोणितं च चतुष्पथे॥ निवेद्यमन्तश्च गृहे शिशो रक्षानिमित्ततः। शिशोश्च स्नपनं कुर्यात् सर्वगन्धोदकैः शुभैः॥ कराला पिङ्गला मुण्डा कषायाम्बरवासिनी। देवी बालमिमं प्रीता संरक्षत्वन्धपूतना॥-જે બાળકને અંધપૂતના બાલગ્રહનો વળગાડ હોય, તેના શરીર પર કડવાં પાંદડાંવાળાં વૃક્ષો લીંબડો, ત્રણો, અરડૂસો, પરવળ અને ભોરીંગણીનો ક્વાથ બના સિંચનમાં તેનો ઉપયોગ કરવો; તેમ જ ભદિરા, સૌવીરક-કાંજી-ફોતર વગરના કાચા અથવા પાકા જવનો આથો, કઠ, હરતાલ, મણશિલ અને રાળ-એટલાં દ્રવ્યોના ક્વાથથી તેલ પકવી અંધપૂતનાના વળગાડવાળા બાળકના શરીર પર એ તેલનું માલિસ કરવું. તેમ જ પીપર, પીપરીમૂલ, કાકોલ્યાદિ મધુરગણની ઔષધિઓ, મધ, મોટો સમેરવો, નાની મોટી બેય ભોરીંગણી-એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ તેઓને અધકચરાં કરીને તેઓનો ક્વાથ બનાવી તેમાં ઘી પકવવું; એ ઘીને મધ સાથે મિશ્ર કરી અંધપૂતનાના વળગાડવાળા બાળકને પાવું; વળી અંધપૂતનાના વળગાડવાળા બાળકના અંગો પર તથા બેય નેત્રો પર સર્વગંધ-કેસર, અગર, કપૂર, કસ્તૂરી અને ચંદન-એટલાંનો લેપ લગાડવો; તે ઉપરાંત કૂકડાની ચરક, માણસના વાળ, ચામડું, સર્પની કાંચળી તથા બૌદ્ધ સાધુઓનાં જૂનાં કપડાંનાં ચીથરાં-એટલાંને એકઠાં કરી તેઓનો અંધપૂતનાના વળગાડવાળા બાળકની આગળ ધૂપ કરવો; તેમ જ કુકડવેલ, કૌંચાં, કડવાં તૂરિયાં અને ઉપલસરી એટલાંને દોરામાં પરોવી તેની માળા અંધપૂતનાના વળગાડવાળાને ધારણ કરાવવી; તેમ જ અંધપૂતનાના વળગાડવાળા બાળકની રક્ષાનિમિત્તે કાચું તથા પાકું માંસ અને લોહી ચોટામાં નિવેદન કરવું; તેમ જ ઘરની અંદર પણ તેનું બલિદાન અંધપૂતનાને અર્પણ કરવું; તે ઉપરાંત એ બાળકને સર્વગંધનાં-સુગંધી દ્રવ્યયુક્ત ઉત્તમ જળ વડે સ્નાન પણ કરાવવું; પછી તે બાળકની રક્ષા માટે આવી પ્રાર્થના પણ કરવી કે ભયંકર, પિંગળા રંગની, મસ્તકે મુંડન કરાવેલી અને ભગવાં વસ્ત્રોને ધારણ કરતી દેવી અંધપૂતના પ્રસન્ન થઈ ને આ બાળકની રક્ષા કરો.'

મુખમંડિકા-બાલગ્રહની ઉત્પત્તિકથા

जातमात्रं पुरा स्कन्दमुमाशङ्करसन्निधौ।
गन्धालङ्कारपुष्पाद्यैर्मण्डयामास षण्मुखम्॥५६॥
इषुकं चित्रकं चास्य ललाटचक्षुषि (व्यधात्)।
नासिकागण्डचिबुकवक्त्रे चित्रविशेषकान्॥५७॥
गन्धर्वाप्सरसश्चैनं रमयन्ति गणास्तथा।
ततोऽब्रवीद्बालभावान्मातरं भगवान् गुहः॥५८॥
एतमेव महादेवजटाभारं विभूषणम्।
देहीति न च लेभे तं पुनः पुनरपि ध्रुवम्॥५९॥
गुहस्त्वलभमानस्तं रुषितो ललितः सदा।
अपविद्धय क्षितौ सर्वं निर्मृज्य मुखमण्डलम्॥६०
ततः क्षुब्धार्णवो लोका नष्टज्ञाना विचेतसः।
दम्पती चापि संविग्नौ ददतुश्चामृतोद्भवम्॥६१॥
ततः प्रभृति सप्तानां चन्द्रः शिरसि दृश्यते।
रुद्रस्कन्दादिनन्दीनां रेवत्याश्च महात्मनः॥६२॥
अपविद्धं तु यत् क्रोधात् स्कन्देन मुखमण्डलम्।
ततो ग्रहः सा बभूव दारुणा मुखमण्डिका॥६३
निर्दहिष्यन्निव क्रोधात्ततस्तामब्रवीद् गुहः।
अन्नं कुरु महाभागे सङ्कीर्णाकारकर्मणाम्॥६४॥
तथाऽस्त्विति च सा प्राह स्कन्दस्य परिचारिका।
एवं मुखाचि(का) जज्ञे शृणु तस्याश्चिकित्सितम्॥

પૂર્વે સ્કંદદેવ-કાર્તિકેય જેવા જન્મ્યા હતા, કે તે જ સમયે ઉમાદેવી પાર્વતીએ છ મુખવાળા તેમને ભગવાન શંકરની સમક્ષ ચંદન, અલંકાર, આભૂષણો તથા પુષ્પો-વગેરે-

થી શણગાર્યા હતા અને તેમના લલાટમાં તથા નેત્રો પર ચિત્રરૂપે બાણને ચીતર્યું હતું; તેમ જ તેમની નાસિકા, ગાલ, દાઢી તથા મુખ ઉપર બીજાં અલગ ચિત્રો કર્યાં હતાં; તે પછી ગંધર્વો, અપ્સરાઓ તથા (શિવ-પાર્વતીના) ગણો એ કાર્તિકેયને રમાડવા લાગ્યા હતા; તે પછી ભગવાન કાર્તિકેયે બાળપણાથી પોતાની માતા પ્રત્યે આમ કહ્યું હતું કે, 'આ શ્રી મહાદેવજીનો જટાસમૂહ જ તમે મને વિશેષ ભૂષણરૂપે આપો એટલે કે શ્રીમહાદેવજીના જટાના સમુદાયને જ તેમાં રહેલ ચંદ્રરૂપી આભૂષણ સાથે તમે મને આપો'; એમ વારંવાર તે માગ્યા છતાં કાર્તિકેય તે ન જ મેળવી શક્યા ત્યારે તે કાર્તિકેય રોષે ભરાયા અને પોતાના મુખ ઉપરના બધાય અલંકારને ભૂંસી નાખી તેનો પૃથ્વી પર ત્યાગ કરી દીધો હતો; તે કારણે ત્રણે લોકો ખળભળવા લાગ્યા હતા; અને જ્ઞાનભ્રષ્ટ થઈ બેભાન બન્યા હતા; તેમ જ શિવ-પાર્વતી પણ વ્યાકુળ બન્યાં હતાં અને તેમણે પોતાના આભૂષણરૂપ ચન્દ્રને શ્રી કાર્તિકેયને આપી દીધો હતો. તે દિવસથી માંડી શિવ, પાર્વતી, ગણેશ, કાર્તિકેય, નંદી, રુદ્રદેવ તથા રેવતી-એ સાતના મસ્તક પર આભૂષણરૂપે ચંદ્ર દેખાય છે. પરંતુ એ વખતે કાર્તિકેયે પોતાના મુખ ઉપરના જે અલંકારનો ક્રોધથી ત્યાગ કર્યો હતો, તે 'મુખમંડિકા' નામનો ક્રૂર બાલગ્રહ રૂપે ઉત્પન્ન થયેલ હતો; અને તે ગ્રહ ક્રોધથી જાણે કે બધું બાળી નાખશે કે શું એવો દેખાવા લાગ્યો હતો; તેને જોઈ કાર્તિકેયે તે મુખમંડિકા-બાલગ્રહને આમ કહ્યું હતું કે-'હે મહાભાગ્યશાળી મુખમંડિકા! તું જેઓના આકાર તથા કર્મો સંકીર્ણ હોય એટલે કે વિકૃત કે બેડોળ અથવા પોતાના કુળ તથા ધર્મથી વિરુદ્ધ કે વિપરીત હોય અથવા પોતાના કુળ તથા આચાર સાથે બીજાઓના કુળાચારથી મિશ્ર હોય, તેવા વર્ણસંકર લોકોને પોતાના ખોરાકરૂપે બનાવ-તે સાંભળી એ કાર્તિકેયની પરિચારિકા તે મુખમંડિકાએ 'તથાસ્તુ' એમ કહ્યું હતું; અને તે 'મુખચર્ચિકા' એના બીજા નામે લોકમાં જાહેર થઈ હતી; હવે તે મુખચર્ચિકા અથવા મુખમંડિકાની જે ચિકિત્સા છે; તેને તમે સાંભળો. ૫૯-૬૫

મુખમંડિકાની ચિકિત્સા

कपित्थबिल्वतर्कारीबिम्बीगन्धर्वहस्तकाः ।
तैलमेतैस्तु संयुक्तं हितमभ्यञ्जनं शिशोः ॥६६॥

કોઠફલ, બિલ્વફલ, અરણિકા, તૂરિયાં અને એરંડો એટલાં ઔષધ દ્રવ્યોને એકત્ર કરી કૂટીને તેઓના ક્વાથમાં જે તેલ પકવ્યું હોય તેનું મુખમંડિકાના વળગાડવાળા બાળકને અભ્યંજન-માલિશ કરવાથી તે હિતકારી થાય છે. ૬૬

મુખમંડિકાના વળગાડમાં હિતકર લઘુપંચ મૂલાદિ પક્વ ઘૃતયોગ

खुड्डाकं पञ्चमूलं च श्योनाकोऽथ मधूलिका ।
मधूकानि त्वचः क्षीरी पिप्पल्यस्तैर्घृतं पचेत् ॥६७
गव्यं क्षीरं गवां पक्वं शर्कारामधुसंयुतम् ।
पिबेत् कोलमितं बालस्ततः संपद्यते सुखी ॥६८

ખુડ્ડાક નામનાં લઘુપંચમૂળ, અરડૂસો, 'મધૂલિકા' નામનું પાણીમાં થતું જેઠીમધ, મહુડાં, વડ, પીપળો, પીપર, પારસપીપળો અને ઉંબરો-એ ક્ષીરી વૃક્ષોની છાલ તથા પીપર એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ અધકચરાં કરી ગાયના દૂધમાં પકવવાં અને તેની સાથે ગાયનું ઘી દૂધથી ચોથા ભાગે મિશ્ર કરી પકવવું. પ્રવાહી બળી જતાં પક્વ થયેલું તે ઘી, એક કોલ (૬ માસા) પ્રમાણે જે બાળક પીએ, તે (મુખમંડિકાના વળગાડથી મુક્ત થઈ) સુખી થાય છે. ૬૭,૬૮

મુખમંડિકા વારણ, ધૂપન તથા સર્પાદિની જિહ્વા આદિનું ધારણ

कुष्ठं सर्जरसं चैव यवाः सर्पिश्च धूपनम्।
सर्पवीरल्लुचाषाणां जिह्वानां धारणं मणेः ॥६९॥

કઠ, રાળ, જવ અને ઘી–એટલાંનો ધૂપ અપાય, તો મુખમંડિકા ગ્રહને તે કાઢે છે. તેમજ સર્પ, વિરલ્લ તથા ચાષ પક્ષીઓની જીભ તથા મણિને ધારણ કરવાથી પણ તે મુખમંડિકાના વળગાડને દૂર કરે છે; તેમ જ એ મુખમંડિકાના વળગાડવાળાને તેણે જે ભોજન પ્રથમ આપ્યું હોય, તે પચી ગયા પછી જ બીજું ઉત્તમ ભોજન આપવું જોઈએ. ૬૯

વિવરણ : સુશ્રુતે પણ ઉત્તરતંત્રના ૩૫મા અધ્યાયમાં આ મુખમંડિકાના વળગાડની ચિકિત્સા આમ લખી છે : જેમ કે कपित्थ-बिल्वतर्कारीवांशीगन्धर्वहस्तकाः। कुबेराक्षी च योज्याः स्युर्बालानां परिषेचने ॥ स्वरसैर्भृङ्गवृक्षाणां तथा-ऽजहरिगन्धयोः। तैलं वसां च संयोज्य पचेदभ्यञ्जने शिशोः ॥ मधूल्किकायां पयसि तुगाक्षीयौ गणे तथा। मधुरे पञ्चमूले च कनीयसि घृतं पचेत् ॥ वचा सर्ज-रसः कुष्ठं सर्पिश्चोद्धूपनं हितम्। धारयेदपि जिह्वाश्च चाषचीरल्लिसर्पजाः ॥ वर्णकं चूर्णकं माल्यमञ्जनं पारदं तथा। मनःशिला चोपहरेद् गोष्ठमध्ये बलिं तथा ॥ पायसं सपुरोडाशं बल्यर्थमुपसंहरेत्। मन्त्रपूताभिरद्भिश्च तत्रैव स्नपनं हितम् ॥ अलङ्कृता रूपवती सुभगा कामरूपिणी। गोष्ठमध्यालयरता पातु त्वां मुखमण्डिका ॥ કોઠનું ફલ, બિલ્વફળ, અરણીકાષ્ઠ, વાંસકપૂર, ધોળો એરંડો અને કુબેરાક્ષી–કાકચ–એટલાંને સમાન ભાગે લઈ અધકચરાં કરી તેઓનો કવાથ બનાવીને મુખમંડિકાના વળગાડવાળા બાળકના શરીર પર સિંચન કરવા માટે તેનો પ્રયોગ કરાવવો જોઈએ; તેમ જ ભાંગરાનાં પાંદડાં, તલવણીનાં પાંદડાં તથા આસંધનાં પાંદડાંનો સ્વરસ કાઢી તેમાં તેનાથી ચોકચતુર્થાંશ તલનું તેલ તથા વસા–ચરબી મેળવી તેઓને પકવીને એ યુગ્મસ્નેહનો મુખમંડિકાના વળગાડવાળા બાળકના શરીર પર માલિશ કરવા માટે પ્રયોગ કરાવવો જોઈએ; તેમ જ મધૂલિકા–પાણીમાં થતું જેઠીમધ અથવા ગરણીના કે વાંસકપૂર તથા મધુર ગણનાં ઔષધ દ્રવ્યોના કવાથમાં કે લઘુપંચમૂલના જુદા જુદા બનાવેલા કવાથોમાં કે એ બધાંને એકત્ર ખાંડી કૂટીને બનાવેલા કવાથમાં દૂધ મિશ્ર કરી તે પ્રવાહીથી ચોકચતુર્થાંશ ઘી પકવવું. પ્રવાહી બળી જતાં પકવ થયેલું ઘી મુખમંડિકાના બાળકને યોગ્ય પ્રમાણમાં વૈદ્યે પાવું; તેમ જ વજ, રાળ, કઠ તથા ઘીને એકત્ર કરી તેનો ધૂપ મુખમંડિકાના વળગાડવાળાને આપવાથી હિતકારી થાય છે; અથવા ચાષ–અપૈયો, ચિરલ્લિસમળી તથા સર્પની જીભ પણ મુખમંડિકાના વળગાડવાળા બાળકને વૈદ્યે ધારણ કરાવવી; અથવા ગાયોના વાડામાં ગુલાલ, વાટેલા ચોખાનો લોટ, પુષ્પ, આંજણ, પારો અને મધુશીલ–એટલાં તથા દૂધપાક અને પુરો-ડાશ–જવનો રોટલો મુખમંડિકાના બલિદાન માટે અર્પણ કરવાં (તેથી પણ મુખમંડિકા ગ્રહનો વળગાડ મટે છે). વળી ત્યાં જ (ગાયના વાડામાં) મુખમંડિકાનો વળગાડ દૂર કરવા માટે બાળકને મંત્રથી પવિત્ર કરેલા પાણીથી સ્નાન કરાવવું હિતકારી થાય છે; તે પછી એ મુખમંડિકાને ઉદ્દેશી આવી પ્રાર્થના કરવી–જે મુખમંડિકા શણગારેલી, રૂપાળી, ઉત્તમ ભાગ્યવાળી, ઇચ્છાનુસાર રૂપને ધારણ કરનારી તથા ગાયોના મધ્યમાં ઘર કરી વાસ કરવામાં તત્પર રહે છે, તે મુખમંડિકા તારું રક્ષણ કરો.'

(બાલગ્રહ) શીતપૂતનાની ચિકિત્સા

जीर्णे भोजनमप्यस्य ततः शस्तं प्रदापयेत्।
अतश्चोर्ध्वं प्रवक्ष्यामि शीतपूतनयाऽर्दिते ॥७०॥
नादेयी सुरसा बिम्बी कपित्थं जीवकस्तथा।
नदीभल्लातकं श्यामा बिल्वं शीतशिवं तथा ॥७१
एतं (भिः) कषायं निष्काथ्य परिषिञ्चेत् सुखाम्बुना।
एतेन परिषिक्तस्य तैलमभ्यञ्जनं शृणु ॥७२॥
गोमूत्रं वस्तमूत्रं च मुस्तकं देवदारु च।
कुष्ठं च सर्वगन्धाश्च तैलमभ्यञ्जनं पचेत् ॥७३॥

હવે શીતપૂતના(બાલગ્રહ)થી પીડાયેલાની ચિકિત્સા હું કહું છું; નાદેયી–નાગરમોથ, સુરસા–તુલસી, કડવી ઘિલોડી, કોઠ, જીવક તથા નદીમાં થતાં ભિલામાં, શ્યામા–

કાણું નસોતર, બિલ્વફળ તથા શીતશિવ એટલે સૈંધવ અથવા શૈલેયપુષ્પ-છડીલો કે પથ્થરફૂલ-એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ તેઓનો ક્વાથ બનાવી સહેવાય તે રીતે શીતપૂતનાના વળગાડવાળા બાળક પર સિંચન કરવું; પછી એ ક્વાથથી સિંચન કર્યા બાદ નીચે જણાવેલા તેલથી માલિશ કરવું જોઈએ એ પક્વ તેલને તમે સાંભળો-જેમ કે, ગોમૂત્ર, બકરાનું મૂત્ર, મોથ, દેવદાર, કઠ તથા સર્વગંધ-એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ તેઓનો ક્વાથ બનાવી તેમાં એ ક્વાથથી એકચતુર્થાંશ તેલ પકવવું (અને એ તેલનું શીતપૂતનાના વળગાડવાળાને માલિશ કરવું). ૭૦-૭૩

વિવરણ : અહીં મૂળમાં જે સર્વગંધ દ્રવ્ય કહેલ છે, તેનું લક્ષણ સુશ્રુતે સૂત્રસ્થાનના પહેલા અધ્યાયમાં આમ કહ્યું છે કે चातुर्जातककर्पूरं कक्कोलागुरुकुङ्कुमम्। लवङ्गसहितञ्चैव सर्वगन्धं विनिर्दिशेत्॥ તજ, તમાલપત્ર, એલચી અને નાગકેસર-ચાતુર્જાતક કપૂર, કક્કોલ, અગર, કેસર તથા લવિંગ-એટલાં સુગંધી દ્રવ્યોને સમાન ભાગે એકઠાં કરવામાં આવે તેને 'સર્વગંધ' કહેવામાં આવે છે.

શીતપૂતનાનો વળગાડ છોડાવનાર ઘી

खदिरं रोहिणीसारं पलाशं ककुभत्वचम्।
एतं संभृत्य संभारं क्षीरे सर्पिर्विपाचयेत् ॥७४॥
तत् सिद्धं लेहयेत् काले शर्कराक्षौद्रमात्रया।
शीतपूतनया ग्रस्तो मुच्यते पथ्यभोजनः ॥७५॥

ખેરસાર, રોહિણીસાર-કડૂનો કે કાયફલનો સાર, ખાખરાની છાલ કે ફૂલ અને કડાછાલ એટલાં દ્રવ્યોના સમુદાયને એકત્ર કરી તેઓનો કલ્ક બનાવીને તેનાથી ચારગણા દૂધમાં ઘી પકવવું; પ્રવાહી બળી જતાં પક્વ થયેલું તે ઘી, સાકર તથા મધની યોગ્ય માત્રા સાથે યોગ્ય સમયે-સવારે ને સાંજે શીતપૂતનાના વળગાડવાળા બાળકને ચટાડવું અને તેની ઉપર પથ્ય ભોજન કરાવવું; તેથી એ બાળક શીતપૂતનાના વળગાડથી છૂટી જાય છે. ૭૪,૭૫

શીતપૂતનાનો વળગાડ છોડાવનાર ધૂપ

गृध्रोलूकतरक्षूणां पुरीषाणि समानयेत्।
अग्निको वस्तलोमानि पिचुमन्दश्च धूपनम् ॥७६॥
शीतपूतनया ग्रस्ते तच्चेद च चिकित्सितम्।

ગીધની, ઘુવડની, તરક્ષુ-રીંછ કે વરુની વિષ્ઠા-હગાર લાવવી; અને ચિત્રક, બકરાંનાં રૂવાંટાં, તથા પિચુમંદ-લીંબડાનાં પાન લાવવાં-એ બધાંને એકત્ર કરી તેનો શીતપૂતનાના વળગાડવાળાની પાસે ધૂપ કરવો. એ પણ શીતપૂતનાના વળગાડવાળા માટેનો ઉપચાર છે. ૭૬

સર્વ બાલગ્રહોની સામાન્ય ચિકિત્સા

अत ऊर्ध्वं तु सर्वेषां शृणु सामान्यमेषजम् ॥७७
अग्निमन्थः कुरबको वरुणः पारिभद्रकः।
निशाऽनलः पोटगलः पूतिका रोहिषस्तथा ॥७८
एतेन परिषिक्तस्य तैलमभ्यञ्जनं शृणु।
प्रियङ्गु रोचना चैव शतपुष्पा कुटन्नटम् ॥७९॥
तालीसपत्रं नलदं तथा चन्दनसारिवे।
मधूकाङ्कोठमञ्जिष्ठापृथ्वीकाभूतिकानि च ॥८०॥
एतंस्तैलं समं सिद्धं मुद्गाम्लोदकंसंयुतम्।
एतेन बालमभ्यक्तं मुञ्चत्याशु पितृग्रहः ॥८१॥
बिम्बीकाशर्यमधुकं कुलत्था बदरा यवाः।
खुट्टाकपञ्चमूलस्य निष्काथं चात्र दापयेत् ॥८२॥
खर्जूरं मुस्तकं चैव नारिकेलफलानि च।
नालिकाङ्कुरमृद्वीका मधूकं मधुकं तथा ॥८३॥

હવે બધા જે બાલગ્રહોની સામાન્ય ચિકિત્સા તમે સાંભળો : અરણી, કુરબક-કાંટા અશેળિયો, વરુણ-વાયવરણો, લીંબડો, હળદર, પોટગલ-નડધાસ, પૂતિકા-ચિરબિલ્વ-કરંજ, અને રોહિષ-ધાસ-એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ અધકચરાં કરી તેઓનો ક્વાથ કરી તેના વડે હરકોઈ બાલગ્રહના વળગાડમાં સિંચન કરવું અને તેનાથી સિંચન કર્યા પછી જે ઔષધપક્વ તેલથી માલિશ કરવું જોઈએ, તે હવે હું

કહું છું, તમે સાંભળો : પ્રિયંગુ-ઘઉંલા, ગોરોચના, શતપુષ્પા-સુવા, કુટન્નટ-અરડૂસો, તાલીસપત્ર, નલદ-વીરણમૂલ અથવા કાળા વાળાનાં મૂલ, ચંદન-રતાંજળી, સારિવા-અનંતમૂલ કે ઉપલસરી, મહુડાં, અંકોઠ-અખરોટ, મજીઠ, પૃથ્વીકા-મોટી એલચી, અને ભૂતિક-ભૂતૃણ નામનું ઘાસ-એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ તેઓનો કલ્ક બનાવી મગના પાણીમાં તથા ખાટી કાંજીમાં તે કલ્કને તથા એ પ્રવાહીથી એક ચતુર્થાંશ ઓછા તલના તેલને નાખી એ તેલ પકવવું; પ્રવાહી બળી જતાં પકવ થયેલા એ તેલથી બાળગ્રહના વળગાડવાળા બાળકને જે માલિશ કર્યું હોય, તો હરકોઈ પિતૃગ્રહ તે બાળકને છોડી દે છે; તેમ જ સિમ્બી-ઘિલોડી કે તેનાં ફળ, કાશ્મર્ય-ગાંભારીફૂલ, જેઠીમધ, કળથી, બોર, જવ અને લઘુપંચમૂલનાં દ્રવ્યોનો ક્વાથ બનાવી હરકોઈ બાલગ્રહના વળગાડવાળાને તે ક્વાથ આપવો; (તેથી પણ બાલગ્રહ શાંત થાય છે;) તેમ જ ખજૂર, મોથ, નાળિયેરનાં ફલ, કમલનાળના અંકુર, મુનક્કા દ્રાક્ષ, મહુડાં તથા જેઠીમધ-એટલાંનાં સૂકાં ચૂર્ણ જો આપ્યાં હોય, તો યે હરકોઈ બાલગ્રહનો વળગાડ મટે છે. ૭૭-૮૩

*एतानि शुष्कचूर्णानि.....
.....
.....

ઇતિ શ્રીકાશ્યપસંહિતા ચિકિત્સિતસ્થાન વિષે 'બાલગ્રહ-ચિકિત્સિત' નામનો અધ્યાય ૪ થો સમાપ્ત

* આથી આગળનો ભાગ મળતો નથી.

*પ્લીહા-હલીમક-ચિકિત્સિત : અધ્યાય ૫ મો

હલીમકનું લક્ષણ

.....
.....
.....દોऽग्निबलसंक्षयः ।
मूर्च्छा तृष्णा भ्रमस्तन्द्री विषादारुचिगौरवम् ॥१

જઠરના અગ્નિનો તથા બળનો ક્ષય થાય, મૂર્છા કે બેભાન સ્થિતિ, વધુ પડતી તરસ, ભ્રમ, તન્દ્રા કે નિદ્રા જેવું ઘેન, વિષાદ-ખેદ, અરુચિ તથા ગૌરવ-શરીરનું ભારેપણું-એટલાં× હલીમક રોગનાં લક્ષણો જાણવાં. ૧

પૈત્તિક અથવા પિત્તજનિત હલીમક રોગની ચિકિત્સા

तस्य प्रतिक्रियां कुर्याद्वातपित्तहरीं बुधः ।
गुडूचीस्वरसे सिद्धं सक्षीरं माहिषं घृतम् ॥२॥
उपस्निग्धं ततस्तं तु स्रंसयेद्बलकालवित् ।
रसेनामलकानां तु त्रिवृद्युक्तेन युक्तितः ॥ ३ ॥
मधुराण्यविदाहीनि विरिक्तं नित्यमाशयेम् ।
दुर्बलस्य प्रयोज्या तु नित्यं गुडहरीतकी ॥४॥

વિદ્વાન વૈદ્યે આ હલીમકને (મુખ્યત્વે વાતપિત્તજનિત સમજીને) તેને મટાડવા માટે (વધુ પડતા) વાતયુક્ત પિત્તને દૂર કરનારી ચિકિત્સા કરવી જોઈએ; જેમ કે રોગીના બળને તથા કાળને જાણનારા વૈદ્યે ગળોના સ્વરસમાં ભેંસનું દૂધ મિશ્ર કરી (ચાર ગણા) પ્રવાહીમાં તેથી એક ચતુર્થાંશ ઘી પકવવું જોઈએ; પછી તે પકવ ઘીમાંથી હલીમકના રોગીને યોગ્ય માત્રા આપી તે દ્વારા તેને સ્નેહયુક્ત થયેલો જાણી તે પછી એ રોગીને સ્રંસન-ઔષધ આપી વિરેચન કરાવવું જોઈએ. તે સ્રંસન આ પ્રકારે

* આ અધ્યાયનાં શરૂનાં ૮ પાનાં જેટલો ગ્રંથ ખંડિત થયેલ છે તેથી તે ઉપલબ્ધ નથી.

× આ હલીમક રોગ એ પાંડુ રોગનો જ એક ભેદ છે એમ ચરકાદિ ગ્રંથોમાં જણાવવામાં આવ્યું છે, તે ત્યાં જ જોવું જોઈએ.

આપવું જોઈએ : આમળાંના રસને નસોતરના ચૂર્ણથી યુક્ત કરી તે સંસન કે વિરેચન ઔષધ હલીમકના રોગીને (શરૂઆતમાં) આપવું જોઈએ; તે પછી એ સંસન ચિકિત્સા-ની ઉપર વૈદ્યે મધુર હોઈને વિદાહ-બળતરા ન કરે એવાં ભોજનો કાયમ જમાડવાં જોઈએ; પરંતુ જે રોગી દુર્બળ હોય તેને તો વૈદ્યે હમેશાં ગોળયુક્ત હરડેનો ઉપયોગ કરાવવો જોઈએ. ૨-૪

પૈત્તિક હલીમકમાં આવી પણ ચિકિત્સા થાય

रक्तपित्तौषधं यच्च तच्चाप्यत्र प्रशस्यते ।
धात्रीफलानां पक्कानां स्वरसस्याढकं भवेत् ॥५॥
पिप्पल्यो मधुकं द्राक्षा चन्दनोशीरवालकम् ।
घृतप्रस्थं पचेदेतैः पक्के दद्याच्च शर्कराम् ॥६॥
तल्लिह्येन्मधुना प्रातः पथ्याशी नीरुजो भवेत् ।
एतत् पित्तोत्तरे कार्यं, शृणु वातोत्तरेऽपि तु ॥७

અથવા એ પૈત્તિક હલીમકમાં રક્ત-પિત્તને મટાડનારાં જે ઔષધો છે, તેનો પ્રયોગ કરાવવો તે પણ વખણાય છે; અથવા પાકાં આમળાંનો સ્વરસ એક આઢક-૨૫૬ તોલા તૈયાર કરવો; પછી પીપર, જેઠીમધ, દ્રાક્ષ, ચંદન-રતાંજળી તથા ઉશીર વાળો-એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ તેઓનો કલ્ક ૧૬ તોલા તૈયાર કરી તે કલ્ક તથા તેનાથી ચારગણું એક પ્રસ્થ-૬૪ તોલા ઘી પેલાં આમળાંના રસમાં મિશ્ર કરી તે ઘી પકવવું. પ્રવાહી બળી જતાં પક્વ થયેલા તે ઘીની યોગ્ય માત્રા લઈ તેમાં યોગ્ય પ્રમાણ-માં સાકર મિશ્ર કરી એ (પૈત્તિક) હલીમક-ના રોગીએ પ્રાતઃકાળે ચાટવું અને તેની ઉપર (પોતાનો) એ રોગ મટે ત્યાં સુધી પથ્ય ભોજન જમવું. આ પ્રમાણેની આ ચિકિત્સા પિત્તાધિક હલીમકના રોગમાં કરવી. હવે વાતપિત્તક કે વાતપ્રધાન હલી-મકના રોગમાં જે ચિકિત્સા કરવી જોઈએ, તેને કહું છું, તમે સાંભળો. ૫-૭

વાતહલીમક રોગની ચિકિત્સા

कल्याणकं बलातैलं कौमारं वा प्रयोजयेत् ।
कामलापाण्डुशोथानां तुल्यं कुर्याच्च भेषजम् ।
पथ्याशिना च सततं सेव्याऽगस्त्यहरीतकी ॥८॥

વાતપ્રધાન હલીમકના રોગમાં કલ્યાણક ઘૃત, બલાતૈલ કે કુમારકલ્યાણક ઘૃતનું સેવન કરવું; અથવા કમલા રોગ (કમળો), પાંડુ રોગ કે સોજાના રોગમાં જે ચિકિત્સા કરાય છે તેના જેવી ચિકિત્સા પણ કરી શકાય છે; ઉપરાંત એ વાતિક હલીમકના રોગીએ હમેશાં પથ્ય ભોજન કરવું અને અગસ્ત્ય-હરીતકીનું નિત્ય સેવન કરવું. ૮

વિવરણ : અહીં છેલ્લે અગસ્ત્યહરીતકીનું સેવન કરવા જે જણાવેલ છે, તેના સંબંધે ચરકે ચિકિ-ત્સાસ્થાનના ૧૮ મા અધ્યાયમાં આમ જણાવ્યું છે : दशमूलीं स्वयंगुप्तां शङ्खपुष्पीं शटीं बलाम्। हस्तिपिप्प-ल्यपामार्गपिप्पलीमूलचित्रकान् ॥ भार्गीं पुष्करमूलं च द्विपलांशं यवाढकम्। हरीतकीशतं भद्रं जले पञ्चाढके पचेत् ॥ यवे स्विन्ने कषायं तं पूतं तच्चाभयाशतम्। पचेद् गुडतुलां दत्त्वा कुडवं च पृथक् घृतात् ॥ तैलात्सपिप्पली-चूर्णात् सिद्धशीते च माक्षिकात्। लिह्याद् द्वे चाभये नित्यमतः खादेद्रसायनात् ॥ तद्वल्लीपलितं हन्ति वर्णा-युर्बलवर्धनम्। पञ्चकासान् क्षयं श्वासं हिक्कां च विषम-ज्वरम् ॥ हन्यात्तथाऽर्शोग्रहणी हृद्रोगारुचिपीनसान् अग-स्त्यविहितं श्रेष्ठं रसायनमिदं शुभम् ॥ દશમૂલ, કૌંચાંનાં બીજ, શંખપુષ્પી, શટ્કચૂરો, બલા-ખપાટ, ગજપીપર, અધેડો પીપરીમૂલ, ચિત્રક, ભારંગી તથા પુષ્કરમૂલ-એટલાં દ્રવ્યો પ્રત્યેક બે બે પલ-આઠ આઠ તોલા લેવાં; અને એક આઢક-૨૫૦ તોલા જવ લેવા; તેમ જ એક સો નંગ ઉત્તમ હરડે લઈ તેની પોટલી બાંધી પાંચ આઢક એટલે ૧૨૮૦ તોલા પાણીમાં તે બધું પકવવું. પછી તેમાંના જવ બફાઈ જાય અને તેમાંની હરડેની પોટલી પણ બફાઈ જાય. એટલે તે હરડેને બહાર કાઢી લઈ તેમાંના ઠળિયાઓને કાઢી નાખવા અને પેલા કવાથરસને અલગ ગાળી લેવો. પછી તે ગાળેલા કવાથરસમાં પેલી બફાઈ ગયેલી હરડે નાખી દેવી અને પછી તેમાં એક તુલા-૧૦૦ પલ-૪૦૦

તોલા ગોળ નાખવો અને એક કુડવ-૧૬ તોલા ઘી તથા તેટલું જ તલનું તેલ પણ અલગ અલગ નાખવું. પછી તે બધાંનો બરાબર પાક કરવો અને તે પાક ચાટણ જેવો તૈયાર થાય ત્યારે તેને અગ્નિ પરથી નીચે ઉતારી લઈ બરાબર શીતલ થાય ત્યારે તેમાં એક કુડવ-૧૬ તોલા પીપરનું ચૂર્ણ તથા મધ નાખવું; એમ તૈયાર થયેલા તે રસાયનરૂપ લેહમાંથી દરરોજ બે ઠરડે ખાવી. આ શ્રેષ્ઠ રસાયન અગસ્ત્ય મુનિએ કહેલ છે અને તે શુભકારક હોઈ વળિયાં તથા પળિયાંનો નાશ કરે છે; તેમ જ શરીરના રંગને ઉત્તમ કરે છે; આયુષ તથા બળને વધારે છે અને પાંચ પ્રકારના કાસ રોગોનો, ક્ષયનો, શ્વાસનો, હેડકીનો, વિષમજ્વરનો, અર્શસનો, ગ્રહણી રોગનો, હૃદયના રોગનો, અરુચિનો તથા પીનસ-સળેખમનો પણ નાશ કરે છે.

વળી ચરકે ચિકિત્સાસ્થાનના ૧૬ મા અધ્યાયમાં પણ હલીમક રોગની જે ચિકિત્સા કહી છે, તે પણ અહીં જાણવા જેવી હોવાથી ઉતારવામાં આવે છે; જેમકે-गुडूचीस्वरसक्षीरसाधितं माहिषं घृतम्। स पिबेत् त्रिवृतां स्निग्धो रसेनामलकस्य तु ॥ विरिक्तो मधुरप्रायं भजेत्तित्तानिलापहम् ॥ द्राक्षालेहं च पूर्वोक्तं सर्पींषि मधुराणि च। यापनान्क्षीरवर्तींश्च शीलयेत्सानुवासनान् ॥ मृद्वीकारिष्टयोगांश्च पिबेद्युक्त्याऽग्निवृद्धये। कासिकं चाभयालेहं पिप्पलीं मधुकं बलाम्। पयसा च प्रयुञ्जीत यथादोषं यथाबलम् ॥ હલીમકના રોગીએ ગળોનો સ્વરસ તથા ભેંસના દૂધમાં પકવ કરેલું ભેંસનું ઘી પીવું, જેથી તે રોગી સ્નિગ્ધ થાય છે; એમ તે રોગીએ સ્નિગ્ધ થયા પછી આમળાંના રસની સાથે નસોતર પીવું; તેથી તેને બરાબર વિરેચન થઈ જાય ત્યારે તેણે પિત્તનો તથા વાયુનો નાશ કરનાર લગભગ મધુર ખોરાકો સેવવા જોઈએ; તેમ જ પૂર્વોક્ત દ્રાક્ષાલેહ, મધુર ઘૃત અને દૂધની યાપન બસ્તિઓ પણ તે હલીમકના રોગીએ લેવી; વળી તે ઉપરાંત એ હલીમકના રોગીએ જઠરાગ્નિની વૃદ્ધિ માટે મુનક્કા દ્રાક્ષથી બનાવેલા અરિષ્ટ યોગો પણ યુક્તિપૂર્વક પીવા; અને કાસ-ચિકિત્સામાં જે કહેલ છે તે અભયાવલેહ અથવા અગસ્ત્યહરીતકીનો પણ પ્રયોગ કરવો જોઈએ; અથવા દોષાનુસાર તથા જઠરાગ્નિના બલ પ્રમાણે (સમાન ભાગે) પીપર, જેઠીમધ તથા બલા-ખપાટના ચૂર્ણનો પણ પ્રયોગ કરવો. ૮

इति ह स्माह भगवान् कश्यपः ॥ ९ ॥

એમ ભગવાન કશ્યપે અહીં કહ્યું છે. ૯

વિવરણ : જો કે આ અધ્યાયમાં તેના નામ અનુસાર પ્લીહોદર અથવા પ્લીહાવૃદ્ધિરોગ-બરોળ વધવારૂપ રોગની તથા હલીમક રોગની પણ ચિકિત્સા કહેલી હોવી જોઈએ, પણ આ અધ્યાયનો શરૂઆતનો ભાગ ખંડિત હોઈને મળી શકતો નથી, તેથી એ પ્લીહારોગની ચિકિત્સા પણ તે સાથે ખંડિત થયેલી જણાય છે, એ કારણે અહીં શરૂઆતમાં પ્લીહારોગ સંબંધે કંઈ કહેવામાં આવ્યું નથી, કેવળ હલીમકની જ ચિકિત્સા અહીં પ્રારંભમાં કહેલી મળે છે. આ હલીમક રોગ એ પાંડુરોગ, કામલા તથા કુંભકામલાનું એક વધી ગયેલું સ્વરૂપ છે; એ અભિપ્રાયથી ચરકે ચિકિત્સિત સ્થાનના ૧૩ મા અધ્યાયમાં હલીમક રોગનું સ્વરૂપ આમ દર્શાવ્યું છે : यदा तु पाण्डोर्वर्णः स्याद्धरितश्यावपीतकः। बलोत्साहक्षयस्तन्द्रा मन्दाग्नित्वं मृदुज्वरः ॥ स्त्रीष्वहर्षोऽङ्गमर्दश्च श्वासस्तृष्णाऽरुचिर्भ्रमः। हलीमकं तदा तस्य विद्यादनिलपित्ततः ॥ જે વખતે પાંડુરોગીના શરીરનો રંગ હરિયાળો, કાળાશયુક્ત પીળો કે તદ્દન પીળો થઈ જાય તેમ જ તેના બલનો તથા ઉત્સાહનો નાશ થઈ જાય, તંદ્રા કે નિદ્રા જેવું ઘેન રહ્યા કરે, જઠરનો અગ્નિ મંદ થઈ જાય, ધીમો ધીમો તાવ રહે, સ્ત્રીઓ વિષે હર્ષ ન રહે-સ્ત્રીઓને ભોગવવા માટે આનંદ કે ઉત્સાહ ન થાય, અંગમર્દ હોઈ શરીર ભાંજે; શ્વાસ, વધુ પડતી પાણીની તરસ લાગે, અરુચિ થાય, ભ્રમ-ચક્કર આવવા માંડે ત્યારે વાયુ તથા પિત્ત બન્નેના પ્રકોપથી થયેલો તે હલીમક રોગ જાણવો. (એકંદર, પાંડુરોગની જ વધી ગયેલી એક અવસ્થા તે જ હલીમક રોગ સમજવો) આ સંબંધે સુશ્રુતે પણ ઉત્તરતંત્રના ૪૪ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે- तं वातपित्ताद्धरितपीतनीलं हलीमकं नाम वदन्ति तज्ज्ञाः ॥ વાયુ અને પિત્તના પ્રકોપથી તે પાંડુરોગી કે કુંભકામલાનો રોગી

જ્યારે હરિયાળા અથવા પીળા રંગવાળો થઈ જાય ત્યારે તે રોગને એ રોગના જાણકાર વૈદ્યો 'હલીમક' નામે કહે છે. વાગ્ભટે તો લાઘરક તથા હલીમકનાં લક્ષણો એકઠાં લખી લાઘરક તથા હલીમકને એકએકના પર્યાય જ માન્યા છે. વળી સુશ્રુતમાં હલીમકની ચિકિત્સા અલગ કહી નથી, તેથી પણ વાગ્ભટની માન્યતાને પુષ્ટિ મળે છે; પરંતુ ડલ્હણે લાઘરક તથા હલીમકને એક-એકથી જુદા ગણ્યા છે; એ જ અભિપ્રાયથી આ ગ્રન્થ કાશ્યપસંહિતામાં હલીમકની ચિકિત્સા અલગ કહી છે; અને તે હલીમક વાત-પિત્ત ઉભયદોષ જનિત કહ્યો છે. હવે અહીં પ્લીહારોગનું વર્ણન લખવામાં આવે છે. જેમાં પ્લીહા-બરોળ વધી જાય તેને પ્લીહારોગ કહે છે. ચરકે ચિકિત્સા સ્થાનના ૧૬ મા અધ્યાયમાં આ પ્લીહારોગનાં નિદાનો આમ કહ્યાં છે—अंशतस्यातिसंक्षोभाद्यानयानातिचेष्टितैः । अतिव्यवायभाराध्ववमनव्याधिकर्शनैः ॥ वामपार्श्वाश्रितः प्लीहा च्युतः स्थानात्प्रवर्धते । शोणितं घा रसादिभ्यो विवृद्धं तं विवर्धयेत् ॥ तस्य प्लीहा कठिनोऽष्ठीलेवादौ वर्धमानः कुक्षेवलसंस्थान उपलभ्यते, स चोपेक्षितः क्रमेण कुक्षिं जठरमग्न्यधिष्ठानं च परिक्षिपन्नुदरमभिनिर्वर्तयति । જેણે અતિશય વધુ પ્રમાણમાં ભોજન કર્યું હોય અને પછી તે માણસ ઘોડા પર કે ગાડું વગેરે વાહનો પર મુસાફરી કરે અથવા વધુ પડતી ચેષ્ટા કે ચાલવું વગેરે શારીરક્રિયાઓ કર્યા કરે, તેને લીધે શરીરને અત્યંત ક્ષોભ કે અથડામણ થાય તે કારણે; તેમ જ અતિશય વધારે મૈથુનકર્મ કરે કે વધુ પડતો ભાર ઉપાડે અથવા પગપાળા વધુ પડતી મુસાફરી કરે; અથવા વધુ પડતી ઊલટી થાય કે રોગ વગેરેના કારણે શરીરમાં કૃશતા કે ક્ષીણતા થાય, તેથી શરીરના ડાબા પડખે રહેલી પ્લીહા-બરોળની ગાંઠ પોતાના સ્થાનેથી ખસી જઈને ખૂબ વધવા માંડે છે; અથવા રસ આદિ દ્વારા ખૂબ વધી ગયેલું રુધિર તે પ્લીહાને ખૂબ વધારી મૂકે છે; તેથી એ પ્લીહા ખૂબ કઠિન બની જાય છે; પ્રથમ તો તે અઠીલા જેવી લંબગોળ અને કઠિન થઈને લુહાર લોઢાના લોઢાના ઘણ જેવી જણાય છે; અને પછી વધતી એ પ્લીહા-ગાંઠ કાયબાની પીઠના જેવી ઊંચી આકૃતિવાળી જણાય છે; એમ વધ્યા કરતી એ પ્લીહાની જો ઉપેક્ષા કરાય એટલે કે તેની તત્કાળ યોગ્ય ચિકિત્સા ન કરાય તો અનુક્રમે પડખાંના પ્રદેશને જઠર-પેટને તેમ જ અગ્નિના આશ્રય સ્થાન ગ્રહણીને પણ ચારે બાજુથી વધારી દઈ પ્લીહોદર નામના રોગને ઉત્પન્ન કરે છે. એમ ચરકે પ્લીહોદરના નિદાનો કહ્યા પછી ત્યાં જ આ પ્લીહોદરનાં લક્ષણો આમ કહ્યાં છે; જેમ કે—तस्य रूपाणि-दौर्बल्यारोचकाविपाकत्वंमूत्रग्रहतमःप्रवेशपिपासाङ्गमर्दच्छर्दिमूर्च्छाङ्गसादकासश्वासमृदुज्वरानाहाग्निनाशकार्श्यास्यवैरस्यपर्वभेदाः कोष्ठे वातशूलं चापि चोदरमरुणवर्णं विवर्णं वा नीलहरितहारिद्रराजिमद्भवति । એ પ્લીહોદરનાં લક્ષણ છે, જે આ પ્રમાણે થાય છે—શરીરમાં દુર્બલતા, અરોચક એટલે કે ખોરાક વગેરે પર અરુચિ, અવિપાક એટલે કે ખાધેલો ખોરાક ન પચે; ઝાડો અને પેશાબ બંધ થઈ જાય; અંધકાર સિવાય બીજું કંઈ જ ન દેખાય કે ન જણાય; અથવા આંખે અંધારાં આવે, તરસ વધુ લાગ્યા કરે; અંગમર્દ થાય એટલે કે શરીર ભાંગે-તૂટે; ઊલટીઓ થાય, મૂર્છા આવે; અંગસાદ એટલે કે અંગોમાં શિથિલતા થાય; ઉધરસ, આવે; શ્વાસ થાય; મૃદુ જ્વર-ધીમો તાવ આવે; આનાહ-પેટ તંગ થઈ જાય અથવા મલમૂત્ર બંધાઈ-રોકાઈ જાય; જઠરના અગ્નિનો નાશ થાય; શરીરમાં કૃશતા કે દુર્બલતા થાય; શરીર પાતળું બની જાય; આસ્યવૈરસ્ય એટલે કે મોઢું બેસ્વાદ બને; પર્વભેદ એટલે કે શરીરના સાંધા જાણે કે તૂટી જતા હોય કે ચિરાઈ જતા હોય એમ લાગે, કોઠામાં વાત અને શૂલ અથવા વાતજનિત શૂલ નીકળે અને પેટ પણ અરુણવર્ણ એટલે રતાશ પડતું થઈ જાય; અથવા વિવર્ણ-ફિક્કું થઈ જાય અને નીલવર્ણી-લીલી કે હરિયાળા રંગની કે હળદરના જેવા રંગની રાતી રેખાઓથી યુક્ત થાય!

સુશ્રુતે પણ નિદાન સ્થાનના ૭ મા અધ્યાયમાં આ રોગની સંપ્રાપ્તિ આમ દર્શાવી છે; જેમ કે—विदाह्यभिष्यन्दिरतस्य जन्तोः प्रदुष्टमत्यर्थमसृक् कफश्च । प्लीहाभिवृद्धिं सततं करोति प्लीहोदरं तत्प्रवदन्ति

तज्ज्ञाः ॥ वामे च पार्श्वे परिवृद्धिमेति विशेषतः सीदति चातुरोऽत्र । मन्दज्वराग्निः कफपित्तलिङ्गैरुपद्रुतः क्षीणबलोऽतिपाण्डुः ॥ ' જે માણસ અતિશય દાહ કરનાર અને અભિષ્યન્દી-કફવર્ધક પદાર્થોના સેવનમાં આસક્ત રહેતો હોય, તેનું લોહી અને કફ અતિશય દુષ્ટ બને છે; અને તે પછી એ દુષ્ટ બનેલું લોહી તથા કફ એ માણસના ડાબા પડખામાં રહેલ પ્લીહા-બરોળની હમેશાં વૃદ્ધિ કરે છે; એ રોગને તેના જાણકાર વૈદ્યો ' પ્લીહોદર ' નામનો રોગ ઉત્પન્ન થયેલો કહે છે. એ રોગમાં માણસના ડાબા પડખે રહેલી તે બરોળ વધવા માંડે છે, તેથી એ રોગમાં તે રોગી વિશેષે કરી પીડાય છે; તેને ધીમો જ્વર આવે છે અને તેનો જઠરાગ્નિ પણ મંદ થઈ જાય છે; એમ કફનાં તથા પિત્તનાં લક્ષણોથી ઉપદ્રવ પામેલો એ પ્લીહોદરનો રોગી બળથી ક્ષીણ થઈ અતિશય પાંડુ-ફિક્કા રંગનો થઈ જાય છે. ' આ પ્લીહાવૃદ્ધિ રોગની ચિકિત્સા પણ ચરકે ચિકિત્સાસ્થાનના ૧૩ મા અધ્યાયમાં આમ કહી છે કે-चिकित्सां संप्रकुर्वीत यथादोषं यथाबलम् । स्नेहं स्वेदं विरेकं च निरूहमनुवासनम् ॥ समीक्ष्य कारयेद् वाही वामे वा व्यधयेत् शिराम् ॥ પ્લીહાવૃદ્ધિના રોગમાં વૈદ્યો, રોગીના દોષ તથા બલને અનુસરી સારી રીતે ચિકિત્સા કરે છે: પ્રથમ તો તે રોગીને સ્નેહન, સ્વેદન તથા વિરેચન આપ્યા પછી જરૂરિયાત જોઈ તપાસીને નિરૂહબસ્તિ તથા અનુવાસનબસ્તિ પણ આપે છે; અથવા ડાબા હાથમાં શિરાવેધન પણ કરે છે. સુશ્રુતે પણ ચિકિત્સિત સ્થાનના ૧૪મા અધ્યાયમાં આમ કહ્યું છે કે-' પ્લીહોદરિણઃ स्निग्धस्विन्नस्य दग्धा भुक्तवतो वामबाहौ कूर्पराभ्यन्तरतः शिरां विध्येद्विमर्दयेत् पाणिना प्लीहानं रुधिरस्यन्दनार्थम् ' ।-પ્લીહોદરના રોગીને પ્રથમ સ્નેહથી સ્નિગ્ધ કરી સ્વેદન વડે સ્વેદયુક્ત કરવો. તે પછી તે રોગીને દહીં સાથે ભોજન કરાવવું અને તે પછી તેના ડાબા*હાથમાં શિરાવેધન કરવું; તેમજ બરોળના લોહીને સ્રવાવી કાઢવા માટે વૈદ્યે બરોળની ઉપર પોતાના હાથ વડે ખૂબ મર્દન કરવું.-ततः संशुद्धदेहं समुद्रशुक्तिकाक्षारं पयसा पाययेत्, हिङ्गुसौवर्चिकाक्षारेण सुतेन पलाशक्षारेण वा यवक्षारम् । पारिजातकेक्षुरपामार्गक्षारं तैलसमृष्टं शोभाञ्जनकषायं वा, पिप्पलीसैन्धवचित्रकयुक्तं पूतिकरञ्जक्षारं वाम्लप्लुतं विडलवणपिप्पलीप्रगाढम्, पिप्पली-पिप्पलीमूलचित्रक-शृङ्गवेर-यवक्षार-सैन्धवानां पालिकाभागं । घृतप्रस्थं तत्तुल्यं क्षीरं तदैकध्यं विपाचयेदेतत् षट्पलकं नाम सर्पिः प्लीहाग्निसङ्गगुल्मोदरावर्तश्वयथु-पाण्डुरोगकासश्वासप्रतिश्यायोर्ध्ववातविषमज्वरानपहन्ति, मन्दाग्नि र्वा हिङ्ग्वादिचूर्णमुपभुञ्जीत-તે પછી વિરેચન વડે જેનો દેહ શુદ્ધ થયો હોય એવા તે રોગીને સમુદ્રની છીપનો ક્ષાર દૂધની સાથે પાવો; અથવા હિંગ, સાજીખાર કે ઝારેલા ખાખરાના ક્ષારની સાથે જવખાર પાવો; અથવા રગતરોહિડો, એખરો તથા અધેડાનો ક્ષાર તેલની સાથે પાવો; અથવા સરગવાના ક્વાથને પીપર, સૈંધવ તથા ચિત્રકના ચૂર્ણથી મિશ્ર કરી પાવો: અથવા કાંજીથી સ્રવાવી કાઢેલ કરંજનો ક્ષાર બિડલવણ તથા પીપરના ચૂર્ણથી મિશ્ર કરી પાવો; વળી પીપર, પીપરીમૂળ, ચિત્રક, સૂંઠ, જવખાર અને સૈંધવ-એ દરેક ઔષધદ્રવ્યને ચાર ચાર તોલા પ્રમાણમાં લેવાં. તેમ જ ઘીને ચોસઠ તોલાભાર લેવું અને દૂધ પણ ૬૪ તોલાભાર લેવું; એ સર્વને એકઠાં કરી પકવવાં, એટલે ષટ્પલક નામનું ઘી તૈયાર થાય છે; એ ઘી (યોગ્ય માત્રામાં પીધું હોય તો) જઠરાગ્નિની મંદતા, ગુલ્મ-ગોળાનો રોગ, ઉદરરોગ, ઉદાવર્તરોગ, સોજો, પાંડુરોગ, ખાંસી શ્વાસ, ઊર્ધ્વવાત(એટલે નીચે નહિ બેસીને ઊંચા જ ચાલ્યા કરતા શ્વાસ)ને તથા વિષમજ્વરને પણ મટાડે છે; વળી જો તે પ્લીહોદરવાળાનો અગ્નિ મન્દ થઈ ગયો હોય, તો તે ઉપર આ (સુશ્રુતમાં) ચિકિત્સિતસ્થાનના પાંચમા અધ્યાયના ૨૪ મા વિષયમાં કહેલ હિંગ્વાદિ ત્રણના ચૂર્ણનો ઉપયોગ કરાવવો, જેથી જઠરાગ્નિની મંદતા પણ મટે છે. એ પ્રકારે આ પ્લીહોદરમાં ચિકિત્સા કરાય છે અને તે ઉપરાંત ષટ્પલ કે ક્ષીરપલઘૃત, ગુડહરીતકી અને વર્ધમાનપીપ્પલીપ્રયોગ પણ કરાવી શકાય છે; અને આ રોગમાં જો વાત અને કફની પ્રધાનતા હોય તો ચરકે જણાવેલ અગ્નિકર્મ પણ કરાવી શકાય છે; જેમ કે ચરકે આમ કહ્યું છે

* આ સંબંધે શાર્ઙ્ગધરસંહિતા, અધ્યાય ૮નો ૨૧મો વિષય જુઓ.

કે-' अग्निकर्म च कुर्वीत भिषग्वातकफोल्वणे । ' પ્લીહોદરના રોગમાં જો વાત અને કફ-એ બે દોષ જો ઉગ્ર બની ગયા હોય, તો વૈદ્યે રોગીને અગ્નિકર્મ પણ કરવું-એટલે કે ચરકે ચિકિત્સિત સ્થાનના પાંચમા અધ્યાયમાં જે અગ્નિકર્મ ગુલ્મરોગના અધિકારમાં કહેલ છે, તે પણ કરવું; પરંતુ જો પૈત્તિક એટલે કે પિત્તપ્રધાન પ્લીહોદરરોગ હોય તો જીવનીયગણ એટલે કે જીવક, ઋષભક આદિ જીવનીય ગણનાં ઔષધદ્રવ્યોથી પકવેલ ઘૃતયોગો પાવા, ક્ષીરબસ્તીઓ આપવી, રક્તમોક્ષણ કરાવવું અને સંશોધન તથા દુગ્ધપાન પણ કરાવવું તે ઉત્તમ કહેવાય છે.' ૯

इति श्रीकाश्यपसंहितायां 'प्लीह-हलीमक-चिकित्सित' नामनो अध्याय पमो समाप्त

ઉદાવર્ત-ચિકિત્સિત : અધ્યાય ૬ ઠ્ઠો

अथात उदावर्तचिकित्सितमध्यायं व्याख्यास्यामः॥१ इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી અમે ઉદાવર્તચિકિત્સિત નામના અધ્યાયનું વ્યાખ્યાન કરીશું એમ ભગવાન કશ્યપે (જીવક શિષ્ય પ્રત્યે) કહ્યું હતું.

ઉદાવર્તનાં પૂર્વરૂપો, લક્ષણો વગેરે

कषायकटुतिक्तरूक्षशीतपूतिशुष्कशाकवल्लूरपिण्याकसुनिषण्णकदुग्धिकाकोद्रवश्यामाकनीवारयवककट्ट(?)वेत्राग्रकर्कन्धूकपित्थबिल्वकरीरगाङ्गेरुकीलिकुचपारावतभव्यकाञ्जिकशुक्तारनालतुषोदकमुद्गकलायातसीप्रभृतिनिषेवणाद्रुक्षात्मनो वातभूयिष्ठप्रकृतेर्वेगविधारणादनिलः प्रकुपितो देहमूर्ध्वमुदावृत्य वायुनोदानेन प्रत्याहतो गुदमाशयं कृत्वाऽधोवहानि स्रोतांसि दूषयित्वा विण्मूत्रकफपित्तानिलशुक्रमार्गानुपरुणद्धि, तत आनाहमुपजनयति प्राणहरं, तल्लक्षणं वा । क्षीरमुपसेवमानस्य शिशोरचिरं वा कटीधारणाद्वस्तिगुदसंरोधनादतिरोदनात् प्रजागरादस्नेहात्क्षीरानुपसेवनाद्वेगविधारिण्या उपवासप्रमिताशनविषमाशनप्रजागरचित्तेर्ष्याव्यायामनित्यायाः क्षीरमामोद्यते वायुना; तत् पीयमानमुदावर्ताय संपद्यते । तत्र षडुदावर्ताः । वातविण्मूत्रशुक्रच्छर्दिक्षवथूनां संधारणादप्रवृत्तेश्च षण्णां षडुच्यन्ते । तदुदावर्तसामान्यात्तु तमेकमेवाहुरेके । तेषां नवेगान्धारणीये ऽध्याये लक्षणान्यौषधानि चोक्तानि। तानीहापि तु दारुणत्वादस्य व्याधेर्यत्किञ्चिदुपदेक्ष्यामः। शूलमूर्च्छादाहानाहाध्मानानि, प्रवृत्तिद्वेषो, वैवर्ण्यं, संज्ञानाशस्खलनपतनविलपनतृष्णाहिक्काश्वासप्रस्वेदाऽङ्गारपरिकर्तिकाभिरभीक्ष्णं बाध्यते, बस्तिगुदहृदयपार्श्ववंक्षणोदरशूलमूरुसादो व्यथा चेत्युदावर्तलक्षणानि । पञ्चादौ पूर्वरूपाणि भवन्ति ॥ ३ ॥

કષાય-તૂરા રસવાળા, કટુ-તીખા, તિક્ત-કડવા, રૂક્ષ-લૂખા, શીતલ-ટાઢા, પૂતિ-દુર્ગન્ધી, સડેલા તથા સૂકા પદાર્થો વધુ સેવવાથી, તેમજ શાક, વલ્લૂર-સૂકાં માંસ, પિણ્યાક-તલનો ખોળ, સુનિષણ્ણક, ચતુષ્પત્રી કે ચોપતિયા શાક, દૂધી, કોદરા, સામો, નીવાર, યવક નામનું હલકું ધાન્ય, 'કકટુ' નામનું ક્ષુદ્ર ધાન્ય, નેતરનો અગ્ર ભાગ, કર્કન્ધૂ-મોટાં બોર, કપિત્થ-કોઠફલ, બિલ્વફળ, કરીર-કેરડાં, ગાંગેરુકી-ગંગોઠીફલ, લિકુચ-લકુચફલ, પારાવત-કબૂતરનું માંસ કે તે નામે એક પ્રકારનાં ફાલસાં, ભવ્ય ફલ, કાંજી, શુક્ત-સિરકો, આરનાલ નામની કાંજી, તુષોદક નામની ફોતરાંની કાંજી, મગ, કલાય-વટાણા તથા અળસી વગેરે ધાન્યનું વધુ સેવન કરવાથી જેની પ્રકૃતિ રૂક્ષ હોય અને તેથી જ જેની પ્રકૃતિ વધુપડતી વાયુથી યુક્ત હોય તેનો વાયુ અતિશય પ્રકોપ પામે છે; તેમ જ મલ-મૂત્ર આદિના આવેલા વેગો પણ વિશેષે કરી રોકવાથી વાયુ અતિશય વધુ કોપે છે અને પછી તે વાયુ દેહના ઉપરના ભાગમાં ઊંચે રોકાઈ જઈ ઉદાનવાયુની સાથે અથડાઈને ગુદાના માર્ગમાં પહોંચી જઈને ત્યાં પોતાનું સ્થાન કરી બેસે છે; અને પછી નીચે વહન કરતા સ્રોતો-માર્ગોને દૂષિત કરી ખરાબ કરે છે, તેમજ વિષ્ઠા, મૂત્ર, કફ, પિત્ત, વાયુ તથા વીર્યના માર્ગોને રોકી લે છે; તેથી આનાહ-મળ-મૂત્રબંધનો રોગ ઉપજાવે છે; એ રોગ પ્રાણને હરનાર છે અથવા તેવાં પ્રાણહારક લક્ષણોથી તે રોગ યુક્ત હોય છે. વળી જે બાળક

દૂધને સેવતું હોય કે પીતું હોય, તે બાળકને થોડો સમય પણ કેડની ઉપર ધારણ કરી રાખેલ હોય, તેથી તેની બસ્તિ-મૂત્રાશય તથા ગુદા અતિશય રોકાઈ જાય છે તેથી અને અતિશય વધુ પ્રમાણમાં જે બાળક રડ્યા કરતું હોય તેથી અથવા તે બાળકને કે કોઈ માણસને અતિશય વધુ પ્રમાણમાં ઉજાગરો થવાથી, અથવા કોઈ પણ માણસ સ્નેહનું વધુ સેવન કરતો ન હોય કે દૂધનું બરાબર સેવન કરતો ન હોય, તે અથવા કોઈ સ્ત્રી મળ-મૂત્રાદિના આવેલા વેગોને રોકવાનો સ્વભાવ ધરાવતી હોય, અથવા કોઈ સ્ત્રી કાયમ ઉપવાસો કર્યા કરતી હોય અથવા અમુક પ્રમાણમાં માપસર જ ખોરાક ખાતી હોય અથવા વિષમ ભોજન કે અનિયમિત ખોરાક અથવા પ્રકૃતિથી વિરુદ્ધ ખોરાક ખાતી હોય, રાતના ઉજાગરા કર્યા કરતી હોય, મનમાં ઈર્ષ્યાથી યુક્ત રહેતી હોય કે વધુપડતો વ્યાયામ કે શરીરશ્રમ કર્યા કરતી હોય, તેવી સ્ત્રીનું ધાવણ વાયુથી વિકૃત બને છે; અને તે વિકૃત ધાવણને જે બાળક ધાવતું હોય, તેને ઉદાવર્ત રોગ લાગુ થાય છે. ઉદાવર્ત રોગો છ જાતના કહેવામાં આવ્યા છે. એક તો વાયુનો આવેલો વેગ રોકવાથી, બીજો આવેલી વિષ્ઠાનો વેગ રોકવાથી, ત્રીજો આવેલા મૂત્રનો વેગ રોકવાથી, ચોથો વીર્યનો વેગ રોકવાથી, પાંચમો ઊલટીનો વેગ રોકવાથી અને છઠ્ઠો આવેલી છીંકનો વેગ રોકવાથી ઉદાવર્ત્ત રોગ થાય છે; તેમ જ એ વાયુ વગેરે છયેની જો પ્રવૃત્તિ ન થાય એટલે કે વાયુના પ્રકોપથી તે છયે આવતા અટકી પડે, તેથી પણ છ પ્રકારના ઉદાવર્ત રોગો ઉત્પન્ન થાય છે; એમ છ ઉદાવર્ત રોગો ઉત્પન્ન થતા કહેવાય છે. છતાં કેટલાક આચાર્યો એ છયે ઉદાવર્ત રોગોમાં સામાન્ય ઉદાવર્તપણું તો એક જ રહેલું છે, તે કારણે ઉદાવર્તરોગ એક જ ગણાવે છે, તેથી ઉદાવર્ત-રોગ એક જ પ્રકારનો છે. એ ઉદાવર્ત રોગોનાં લક્ષણો તથા ઔષધો 'न वेगान् धारणीय' નામના અધ્યાયમાં કહ્યાં છે; તેઓને અહીં પણ એ રોગનું દારુણપણું હોવાથી અમે ઉપદેશીએ છીએ. એ રોગમાં પેટમાં શૂળ, મૂર્છા, દાહ, આનાહ-મલબંધ, આધ્માન-આફરો, કોઈ પણ પ્રવૃત્તિનો દ્વેષ એટલે કે કંઈ પણ કામ કરવું ન ગમે; શરીરનો રંગ બદલાઈ જાય, સંજ્ઞા કે ભાન નાશ પામે, સ્ખલન-ચાલતાં ઠોકરો અવાય, પડી જવાય, વિલાપ કરાય અથવા વધુ બકવાદ ચાલે, વધુ પડતી તરસ લાગે, હેડકીઓ ઊપડે, શ્વાસ-હાંફ થાય; વધુ પડતો પરસેવો આવ્યા કરે; અંગારાના જેવી બળતરા થાય; અને પરિકર્તિકા કે પેટમાં જાણે વાઢ થતી હોય તેવી પીડા થાય-આ ઉપદ્રવોથી તે ઉદાવર્તનો રોગી વારંવાર પીડાય છે; તેમ જ બસ્તિ-મૂત્રાશયમાં, ગુદામાં, હૃદયમાં, પડખાંમાં, વંક્ષણ-સાંધામાં તથા ઉદર-પેટમાં શૂળ ભોંકાયા જેવી પીડા થાય; બેય સાથળોમાં શિથિલતા થાય; અને વ્યથા-પીડા પણ થાય; એમ અહીં ઉદાવર્તનાં આ લક્ષણો કહ્યાં છે. તેમાંનાં પહેલાં પાંચ ઉદાવર્તમાં પૂર્વરૂપો તરીકે હોય છે. ૩

વિવરણ : અહીં ઉદાવર્તમાં પ્રથમ થતા આનાહ કે મલબંધનું લક્ષણ સુશ્રુતે ઉત્તરતંત્રના ૫૬ મા અધ્યાયમાં આમ લખ્યું છે-' आमं शङ्कुह्वा निचितं क्रमेण भूयो विबद्धं विगुणानिलेन । प्रवर्तमानं न यथास्वमेनं विकारमानाहमुदाहरन्ति ॥ तस्मिन् भवत्यामसमुद्भवे तु ।' આહારનો ન પચેલો રસ 'આમ' કહેવાય છે; તે અથવા વિષ્ઠા અનુક્રમે સંચય પામીને તેમ જ દુષ્ટ વાયુથી બંધાઈને અથવા સુકાઈને પોતાના માર્ગે બહાર ન નીકળે, એ વિકારને વૈદ્યો 'આનાહ' કહે છે; એ આનાહ રોગ જો આમથી ઉત્પન્ન થયો હોય, તો 'तृष्णाप्रतिश्यायशिरोविदाहाः आमाशये शूलमथो गुरुत्वं हृल्लासउद्गारविघातन च ॥ स्तम्भः कटीपृष्ठपुरी-

ષમૂત્રે શૂલોડથ મૂર્છાથ શકૃદ્ વમિશ્ચ । શ્વાસશ્ચ પક્વાશયજે ભવન્તિ, લિઙ્ગાનિ ચાત્રાલસકોદ્ભવાનિ ॥ તેમાં વધુ પડતી તરસ, પ્રતિસ્યાય–સળેખમ, માથામાં બળતરા, આમાશયમાં શૂળ, શરીરનું ભારેપણું, મોળ અને ઓડકારનું અટકવું–એ લક્ષણો થાય છે; પરંતુ એ આનાહ જો વિષ્ઠા રોકાવાથી થયો હોય તો કેડ અને પીઠ ઝલાઈ જાય છે; વિષ્ઠા તથા મૂત્ર અટકી પડે છે; શૂળ નીકળે છે; મૂર્છા થાય છે; વિષ્ઠાની ઊલટી થાય છે; શ્વાસ–હાંફ થાય છે અને તે ઉપરાંત આમાં 'અલસક' નામના ઉદર-રોગનાં લક્ષણો થાય છે; એમ એકંદર તે આનાહ રોગ આમદોષના કારણે થાય છે; અને ઉદાવર્ત રોગ જે કારણે થાય છે, તે પણ અહીં મૂળમાં જ બતાવેલ છે, તેનો અનુવાદ જોવાથી સ્પષ્ટ થાય છે; ચરકે પણ ચિકિત્સિત સ્થાનના ૨૬ મા અધ્યાયમાં ઉદાવર્તનાં નિદાનો તથા સમાપ્તિ આમ કહેલ છે; જેમ કે–કષાયતિક્તોષ્ણરૂક્ષભોજ્યૈઃ સંધારણોદીરણમૈથુનૈશ્ચ । પક્વાશયે કુપ્યતિ ચેદપાનઃ સ્રોતાંસ્યધોગાનિ બલી સ રુદ્ધ્વા ॥ કરોતિ વિણ્મારુતમૂત્રસઙ્ગં ક્રમાદુદાવર્તમતઃ સુઘોરમ્ ॥ કષાય–તૂરાં, તિક્ત–કડવાં, ઉષ્ણ તથા રૂક્ષ ભોજનો સેવવાથી અને મળ-મૂત્રાદિના નહિ આવેલા વેગોને બળજબરીથી પ્રકટ કરવાથી તેમ જ વધુ પ્રમાણમાં મૈથુન સેવવા-થી પક્વાશયમાં જો અપાન વાયુ કોપે અથવા વિકૃત બને તો એ બળવાન વાયુ, નીચેના એટલે કે મૂત્રાશય તથા ગુદા આદિ નીચેના પ્રદેશોમાં જતા સ્રોતો કે માર્ગોને રૂંધી લઈ વિષ્ઠાની, મળવાતની તથા મૂત્રની રુકાવટને કરે છે; અને એમ અનુક્રમે તે વિષ્ઠા વગેરેના રોકાણરૂપ કારણથી અત્યંત ભયાનક એવા ઉદાવર્ત રોગને ઉત્પન્ન કરે છે. એ જ પ્રકારે સુશ્રુતે પણ ઉત્તર-તંત્રના ૫૫ મા અધ્યાયમાં ઉદાવર્ત વિષે કહેલ છે; તે ઉદાવર્તને અહીં પણ વાત, વિષ્ઠા, મૂત્ર, વીર્ય, ઊલટી તથા છીંક–એ છને રોકવાથી તેમજ એ છયેની પ્રવૃત્તિ જ ન થાય એટલે બહાર જ નીકળતાં અટકી પડે તેથી પણ છ પ્રકારનો ઉદાવર્ત રોગ થાય છે. આ બધાયે પ્રકારોમાં ઉદા-વર્તપણું તો સમાન જ હોય છે, તેથી કેટલાક આચાર્યો આ ઉદાવર્તને એક જ પ્રકારનો માને છે; છતાં ચરકે તો સૂત્રસ્થાનના ૧૯ મા અધ્યાયમાં આમ છ પ્રકારના ઉદાવર્ત કહ્યા છે; જેમ કે-ષડુદાવર્તા યથા વાત–મૂત્ર–પુરીષ–શુક્રચ્છર્દિ–ક્ષવથુ-જાઃ 'છ પ્રકારના ઉદાવર્ત રોગો થાય છે અને તેઓ વાયુના, મૂત્રના, વિષ્ઠાના, વીર્યના, ઊલટીના તથા છીંકના રોકવાથી ઉત્પન્ન થાય છે.' પરંતુ સુશ્રુતે ઉત્તરતંત્રના ૫૫ મા અધ્યાયમાં વાયુ, મળ, મૂત્ર, બગાસાં આદિને રોકવાથી ૧૩ પ્રકારના ઉદાવર્તો કહ્યા છે.' આ ઉદાવર્તોનાં લક્ષણો તથા ચિકિત્સા 'ન વેગાન્ ધારણીય' અધ્યાયમાં કહેવાઈ ગયેલ છે.' આ રોગ જ્યારે દારુણ–ભયંકર થાય ત્યારે તેમાં કેટલાંક જે લક્ષણો થાય છે, તેમને પણ અહીં મૂર્છા, દાહ, આનાહ આદિ નામે કહેલ છે; તેમાં શરૂઆતનાં શૂળ, મૂર્છા, દાહ, આનાહ તથા આધ્માન–એમ જે પાંચ કહ્યાં છે, તેમને ઉદાવર્તનાં પૂર્વરૂપ તરીકે સમજવાં જોઈએ. આ સંબંધે ચરકે પણ ચિકિત્સાસ્થાન-ના ૨૬ મા અધ્યાયમાં ઉદાવર્તનાં આ લક્ષણો કહ્યાં છે. જેમ કે રુગ્બસ્તિહૃત્કુક્ષ્યુદરેષ્વભીક્ષ્ણં સ્પૃષ્ટ-પાર્શ્વષ્વતિદારુણા સ્યાત્ । આધ્માનહૃલ્લાસવિકર્તિકાશ્ચ તોદોડવિપાકશ્ચ સવસ્તિશોથઃ ॥ વર્ચોડપ્રવૃત્તિર્જઠરે ચ ગણ્ડાન્યૂર્ધ્વશ્ચ વાયુર્વિહતો ગુદે સ્યાત્ । કૃચ્છ્રેણ શુક્રસ્ય ચિરાત્પ્રવૃત્તિઃ સ્યાદ્વા તનુઃ સ્યાત્સ્વરરૂક્ષશીતા ॥ બસ્તિ–મૂત્રાશયમાં, હૃદયમાં, કુક્ષિ–કૂખમાં અને પેટમાં પીડા થાય; પીઠ તથા પડખાંમાં પણ અતિશય દારુણ–તીવ્ર વેદના થાય; પેટમાં આધ્માન–આફરો, હૃલ્લાસ–મોળ–ઊબકા તથા ગુદામાં વિકર્તિકા–ચાઢ જેવી વેદના થાય; તોદ એટલે સોય ભોંકાય જેવી વેદના થાય; અવિપાક એટલે કે ખાધેલો ખોરાક ન પચે; બસ્તિ–મૂત્રાશયની ઉપર સોજો આવે; વિષ્ઠાની અપ્રવૃત્તિ એટલે ઝાડો બરાબર ન આવે અથવા ઝાડા-ની કબજિયાત રહે;–પેટમાં ગડ–ગૂમડું કે ગુદામાં ગડ થાય; ગુદામાં રોકાયેલો વાયુ ઊંચે ગતિ કરનારો થાય અને આ ઉદાવર્તનો રોગી જ્યારે મૈથુન કરવા તૈયાર થાય ત્યારે તેનું વીર્ય ઘણા લાંબા કાળે ક્ષરે–ઝરે, એટલે બહુ જ લાંબા કાળે તેનું વીર્ય પોતાના સ્થાનેથી છૂટે છે; અથવા તે રોગીનું વીર્ય પાતળું, ખર–કઠોર, રૂક્ષ તથા શીતલ બની જાય છે. (એકંદરે, વીર્ય તો ઘટ્ટ, ચીકણું,

સ્નિગ્ધ, તથા લગાર ગરમ હોય છે, પરંતુ ઉદાવર્તના રોગવાળાનું વીર્ય એથી વિપરીત ગુણવાળું થાય છે. અને તેની પ્રવૃત્તિ-આહાર આવવું લાંબા કાળે થાય છે.) અહીં દર્શાવેલ આનાહના સંબંધમાં માધવનિદાન ગ્રંથમાં આમ કહેવાયું છે કે आमं शकृद्वा निचितं क्रमेण भूयो विबद्धं वितुणानिलेन । प्रवर्तमानं न यथास्वमेनं विकारमानाहमुदाहरन्ति ॥ વિગુણ કે વિપરીત થઈ ઠાપેલા વાયુના કારણે-કાચી, વિષ્ટા અતિશય એકત્ર થઈ ખૂબ ગંઠાઈ જાય, અને અનુક્રમે ખૂબ બંધાઈ જઈને બરાબર પ્રવૃત્તિ ન કરે-બહાર ન નીકળે-તે વિકારને વૈદ્યો આનાહ-મળબંધ રોગ કહે છે; તેમજ સુશ્રુતે આધ્માનરોગનું લક્ષણ આમ કહ્યું છે કે साटोपमत्युग्रुरुजमाध्मातमुदरं भृशम् । आध्मानमिति जानीयाद् घोरं वातनिरोधजम् । વાયુના નિરોધથી ઉત્પન્ન થયેલા જે રોગમાં પેટ આટોપ-આડંબર યુક્ત થઈ ઢમઢોલ બની ફૂલી આફરી જાય, તેથી પેટમાં અતિશય ઉગ્ર પીડા થાય, તે લક્ષણવાળા રોગને 'આધ્માન' નામે જાણવો.' ૩

ઉદાવર્તની ચિકિત્સા

पञ्चजनमादावुष्णलवणतैलाभ्यक्तं यथायोगं स्विन्नशरीरं फलवर्तिभिरुपक्रमेत् । विस्रंसितं च संतमुष्णस्निग्धमधुरलवणप्रायमशनं यवगोधूमयष्टिकशाकघृतप्रायमानूपोदकमांसप्रायं वाऽऽहारमनुपद्रवाय बलिने उपकल्पयेत् । कोशातकीकटुवलाबुबीजपिप्पलीसैन्धवहिङ्गुवचाहरितालमनःशिलामाषचूर्णैर्गोमूत्रपिष्टैः फलवर्त्यः उपवाता (कल्पा) घृताक्ते कटुतैलाक्ते वा गुदे शलाकया प्रणयेत् । पूर्ववदेव चोपचारः । अभ्यङ्गाच्छादनपरिषेकाशनानि तानि चास्य स्निग्धोष्णानि विदध्यात् । सक्तुवाट्यकुलमाषापूपवास्तुकयवशाकसुधापत्रत्रिवृच्छाकपञ्चाङ्गुलश्रीफलासुवर्चलाकाकमाचीकलायपालङ्क्यादिभिश्च शाकैर्घृतसिद्धैर्भोजयेद्यवान्नम् । त्रिवृत्पीलुपर्योत्कारान् वा गोमूत्रेण पाययेत् । त्रिवृद्धरीतकीश्यामासुधाः क्षीरेण युक्ता मूत्रैर्वाऽऽनाहभेदनम् । त्रिफलादन्तीश्यामात्रिवृत्कम्पिल्लकपीलुस्वर्णक्षीरीवचासप्तलानीलिकाग्रहपुषीचूर्णानि सुधाक्षीरेण गुटिका आमलकमात्राः कृत्वा तत एकां भक्षयित्वोष्णोदकमूत्रानुपानादानाहैर्मुच्यते । एतान्येव त्रिफलादीनि क्षीरमूत्रवर्जितानि पञ्चकट्वकपञ्चलवणहिङ्गुकुष्ठक्षारद्वयशतपुष्पापाठाश्रीफलयुतानि चूर्णानि कृत्वा बिडालपदकं क्षीरमद्योष्णवारिगोमूत्रान्यतमपीतमानाहशूलगुल्मभगन्दरार्शसां निर्णाशनं चूर्णं, नाराचकमित्युच्यते तत् ॥ ४ ॥

ઉદાવર્તના રોગીને પ્રથમ ગરમ પાણી સહિત તેલ વડે અભ્યક્ત-માલિશથી યુક્ત કરવો; પછી તેના શરીરને સ્વેદથી યુક્ત કરી ફલવર્તિઓ દ્વારા તેના ઉપચારો કરવા; તે દ્વારા તે વિસ્રંસિ થાય-તેને ઝાડો બરાબર આવી જાય તે પછી તેને ગરમ, સ્નિગ્ધ, મધુર તથા લગભગ લવણયુક્ત ખોરાક જમાડવો અથવા જવ, ઘઉં, સાઠીચોખા, શાક અને લગભગ ઘીથી યુક્ત આનુપમાંસ કે જલચર જીવોનાં માંસ જેમાં વધુ પ્રમાણમાં હોય એવો આહાર જમાડવો; પરંતુ એવો ખોરાક જેને જમાડાય તે માણસ કોઈ પણ ઉપદ્રવથી રહિત હોઈ બળવાન હોવો જોઈએ; તેમજ એવા તે રોગીને જે ફલવર્તિઓ વડે ઉપચાર કરવામાં આવે, તે ફલવર્તિઓ કોશાતકી-કડવાં તૂરિયાં કે ગલકાં, કડવી તુંબડીનાં બીજ, પીપર, સૈંધવ, હિંગ, વજ, હરતાલ, મણશીલ તથા અડદના લોટમાં ગોમૂત્ર નાખી પીસી નાખી તૈયાર કરેલી હોવી જોઈએ. અને પછી તે ફલવર્તિઓને ઘીથી ચોપડેલી હોય; અથવા કડુ તેલ-સરસિયાથી ચોપડેલી હોઈને ગુદામાં સળી દ્વારા પેસાડેલી હોવી જોઈએ; એમ પહેલાં કહ્યા પ્રમાણે જ તે રોગના ઉપચારો કરવા; જેમ કે-અભ્યંગ-માલિશ, આચ્છાદન-વસ્ત્રો, પરિષેક-સિંચનો તથા અશન-ભોજનો સ્નિગ્ધ અને ગરમ જ તૈયાર કરવાં જોઈએ; સાથવો, વાટચ-જવનો મંડ કે ઓસામણ અથવા જવના ફાડા; કુલ્માષ-બાકળા કે મગની અથવા અડદની ઘૂઘરી, અપૂપ-માલપૂડા, વાસ્તુક-અથવાનું શાક, જવ, શાક, સુધાપત્ર-સેહુંડ

થોરનાં પાન, નસોતરનું શાક, પંચાંગુલ-એરંડો, સિવારિકા-સિતાવર શાક, શ્રીફલા-બિલ્વફળ, સુવર્ચલા-હરહુર, કાકમાચી-પીલુડી, કલાય-વટાણા તથા પાલક્ય-પાલક ભાજી-વગેરેમાંથી બનાવેલા શાકને ઘીથી વઘારીને તેની સાથે જવનો ખોરાક ઉદાવર્તના રોગીને જમાડવો જોઈએ; અથવા ત્રિવૃત્-નસોતર પીલુ કે જવના ઉત્કાર-કૂરિયાં ગોમૂત્રની સાથે (ઉદાવર્તના રોગીને) પાવાં જોઈએ. વળી નસોતર, હરડે, શ્યામા-કાંગ અને સુધા-સેહુંડ-થોર-એટલાંને પીસી નાખી દૂધની સાથે ઉકાળી ઉદાવર્તના રોગીને ગોમૂત્રની સાથે પાવાં જોઈએ, તેથી એ રોગમાં પૂર્વરૂપે થયેલ આનાહ-મળબંધ તૂટે છે-મટે છે. વળી ત્રિફલા-હરડે, બહેડાં અને આમળાં, નેપાળો, કાળું નસોતર, કપીલો, પીલુ, સ્વર્ણક્ષીરી-દારુડી, વજ, સમલા-સાતલા થોર-શિકાકાઈ, નીલિકા-ગળી અને ગ્રહણી-ધોળા સરસવ-એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ ચૂર્ણ કરી તેમાં સુધા-સેહુંડ થોરનું છીર મેળવી ઘૂંટી લઈ તેની આમળાં જેવડી ગોળીઓ બનાવીને તેમાંથી એક ગોળી ખાઈને તેની ઉપર ગરમ પાણી અથવા ગોમૂત્રનું અનુપાન સેવ્યું હોય તો ઉદાવર્તના પૂર્વરૂપ આનાહથી મુક્ત થવાય છે-આનાહ રોગ મટાડી શકાય છે; અથવા ઉપર્યુક્ત જ ત્રિફલા આદિ દ્રવ્યોને સમાન ભાગે લઈ તેમાં સુધા-ક્ષીર-સેહુંડથોરનું દૂધ મેળવવું નહિ તેમજ ગોમૂત્ર પણ અનુપાનમાં છોડી દઈ પાંચ કટુક દ્રવ્યો-પીપર, પીપરીમૂળ, ચવક, ચિત્રક તથા સૂંઠનું ચૂર્ણ સમાન ભાગે મેળવી, પાંચ લવણો-સિંધવ, સંચળ, બિડલવણ, સમુદ્રલવણ તથા સાભર લૂણનું ચૂર્ણ પણ મિશ્ર કરવું; તેમજ હિંગ, બે ક્ષાર-સાજીખાર તથા જવખાર, શતપુષ્પા-સુવા, કાળીપાટ અને શ્રીફલ-બિલ્વફલનું ચૂર્ણ પણ સરખા ભાગે મેળવવું; પછી તે ચૂર્ણમાંથી એક બિડાલપદક એક તોલો પ્રમાણમાં લઈ દૂધ, મદિરા, ગરમ પાણી કે ગોમૂત્ર એમાંનાં કોઈ પણ એક અનુપાન સાથે તે જો સેવાય, તો આનાહ-મળબંધ, શૂળ, ગુલ્મ, ભગંદર તથા અર્શસ્ (હરસ-મસા) રોગનો તે નાશ કરે છે. આ ચૂર્ણ 'નારાચક' ચૂર્ણ એ નામે કહેવાય છે. ૪

અહીં આ શ્લોકો મળે છે

तत्र श्लोकाः—

यदि व्यतिक्रमेदेतानुदावर्त उपक्रमान् ।
युक्तोष्णलवणं तस्य निरूहमुपकल्पयेत् ॥ ५ ॥
आस्थापनं च.....
.....
.....

ઉદાવર્ત રોગ, ઉપર્યુક્ત ચિકિત્સાઓને જો ઓળંગી જાય એટલે કે ઉપર જણાવેલ કોઈ પણ ચિકિત્સાથી જો ન મટે, તો તે રોગીને યોગ્ય પ્રમાણમાં ગરમ પાણી લઈ તેમાં યોગ્ય માત્રામાં લવણ મિશ્ર કરી તેનાથી નિરૂહ કે આસ્થાપન બસ્તિ આપવી. ૫×

વિવરણ: ચરકે ચિકિત્સિતસ્થાનના ૨૬ મા અધ્યાયમાં આ ઉદાવર્તની ચિકિત્સાનો આવો ક્રમ દર્શાવ્યો છે; જેમકે-"तं तैलशीतज्वरनाशनाक्तं स्वेदैर्यथोक्तैः प्रविलीनदोषम् । उपाचरेद्वर्तिनिरूहबस्तिस्नेहैर्विरेकैरनुलोमनान्नैः ॥ ઉદાવર્તના રોગીને પ્રથમ તો શીત જ્વરનો નાશ કરનાર (ચરક-ચિકિત્સિત સ્થાન અધ્યાય ત્રીજામાં) શીતજ્વરનો નાશ કરનાર 'अगुरु-આદ્ય તૈલ' વડે અભ્યંગ-માલિશ કરવું; તે પછી (ચરક સૂત્રસ્થાન-૧૪મા અધ્યાયમાં કહેલ) સ્વેદનો વડે દોષોનો નાશ થઈ જાય ત્યાં સુધી ઉપચારો કરવા અને તે પછી એ રોગીના દોષોને બહાર કાઢી નાખવા માટે વર્તિ, નિરૂહબસ્તિ, સ્નેહનો, વિરેચનો તથા દોષોનું અનુલોમન કરે એવા ખોરાકો આપી ઉપચારો કરવા." એમ કહ્યા

× હસ્તલિખિત તાડપત્ર-ગ્રંથમાં અહીં લગભગ બે પાનાં ગ્રંથ ત્રુટક જણાય છે.

પછી ચરકે ત્યાં ફલવર્તિઓનો તથા પ્રધમન ચૂર્ણોનો પણ ઉદાવર્તમાં ઉપયોગ કરવા જણાવેલ છે.' અને છેવટે ત્યાં જ આમ લખ્યું છે કે 'तेषां विधाते तु भिषग्विदध्यात्स्वभ्यक्तसुस्विन्नतनोर्निरूहम्। ऊर्ध्वानुलोमौषधमूत्रतैलक्षीराम्लवातघ्नयुतं सतीक्ष्णम् ॥ ઉદાવર્ત રોગની ચિકિત્સાઓ ઉપર કહેવામાં આવી. તેમનો પ્રયોગ કર્યા છતાં તેઓ જો નિષ્ફળ જાય કે તે બધીયે ચિકિત્સાઓ કર્યા છતાં ઉદાવર્ત જો ન મટે, તો વૈદ્યે એ રોગીને સારી રીતે (અગુર્વાદિ) તૈલથી માલિશયુક્ત કરી સ્વેદનથી પણ યુક્ત કરવો અને પછી વમન-વિરેચનકારક ઔષધ દ્વારા અને ગોમૂત્ર, તેલ, દૂધ તથા અમ્લ-ખાટાં દ્રવ્યો-કાંજી વગેરે વાતનાશક ઔષધોથી પણ વિરેચન આપીને છેવટે અતિશય તીક્ષ્ણ નિરૂહબસ્તિ આપવી. એ નિરૂહબસ્તિમાં વાતાદિ દોષને અનુસરતાં દ્રવ્યોની યોજના કરવી જોઈએ. એમ તે સંબંધે પણ ચરક ત્યાં ચિકિત્સિતસ્થાનના જ ૨૬ મા અધ્યાયમાં આમ કહે છે કે-वातेऽधिकेऽम्लं लवणं सतैलं क्षीरेण पित्ते तु कफे समूत्रम्। समूत्रवर्चोऽनिलसङ्गमाशु गुदं सिराश्च प्रगुणीकरोति ॥ ઉદાવર્ત રોગમાં જો વાયુ અધિક હોય, તો નિરૂહબસ્તિને ખાટાં દ્રવ્યો લવણ તથા તેલથી યુક્ત કરવી; પિત્તની જો અધિકતા હોય તો નિરૂહબસ્તિને દૂધથી યુક્ત કરવી; અને જો કફદોષ અધિક હોય, તો નિરૂહબસ્તિને ગોમૂત્રથી યુક્ત કરવી. (એમ દોષાનુસાર દ્રવ્યોથી યુક્ત કરેલી) એ નિરૂહબસ્તિ જો અપાય, તો મૂત્રની, વિષ્ઠાની તથા મળ-વાતની રુકાવટને તરત જ દૂર કરે છે; અને ગુદાને તથા તેને લગતી સિરાઓને પોતપોતાનું કાર્ય કરવા અતિશય તૈયાર કરી આપે છે-એટલે કે તે તે માર્ગોમાં પ્રાપ્ત થયેલાં બંધનોને દૂર કરી તે તે માર્ગોની અત્યંત શુદ્ધિ કરે છે. ૫

ઇતિ શ્રી કાશ્યપસંહિતામાં 'ઉદાવર્ત ચિકિત્સિત' નામનો અધ્યાય ૬ ઠ્ઠો સમાપ્ત

राजयक्ष्मा-चिकित्सित : अध्याय ७ मो

.....

.....

.....(रोगा)नीकविनाशनम्।
पिप्पल्यो विंशतिः श्रेष्ठा उदकार्धाढके स्मृताः॥१
चतुर्भागावशेषं तं छागक्षीरेण तावता।
स्मृतं नित्यं पिबेच्छोषी तेनैवाश्नीत नित्यदा[1] ॥२
विना वाऽन्नोदकं शक्त्या तत्प्रधानो विमुच्यते।

હવે અહીંથી રોગાનીક-રોગોના સમુદાયરૂપ-રાજયક્ષ્મા-ક્ષયરોગની ચિકિત્સા કહેવામાં આવે છે. ઉત્તમ પ્રકારની ૨૦ પીપરને અર્ધા આઢક-એ પ્રસ્થ ૧૨૮ તોલા પાણીમાં પકવવી; તે પાણી બળતાં ચોથા ભાગે બાકી રહે, ત્યારે તેમાં તેના જેટલું જ બકરાનું દૂધ નાખી તેને પકવવું; એ દૂધમાંથી પાણીનો ભાગ બળી જાય ત્યારે તેને અગ્નિ પરથી નીચે ઉતારી લઈ શોષના કે ક્ષયના રોગીએ નિત્ય તે દૂધ પીવું અને તે દૂધ સાથે જ ખોરાક આવો; અથવા પોતાની શક્તિ અનુસાર અન્ન-જળનો ત્યાગ કરીને જ રહેવું; અને મુખ્ય તરીકે એ દૂધનો જ આહાર કરવો, જેથી તે રોગી રાજયક્ષ્મા-ક્ષયથી છૂટી જાય છે. ૨

વિવરણ : આ સાતમા અધ્યાયમાં રાજયક્ષ્મા-ક્ષયની ચિકિત્સા કહેવામાં આવી છે. આ ક્ષયરોગનું રાજયક્ષ્મા એવું નામ પાડવામાં કારણ આ છે કે-આ રોગ પ્રથમ નક્ષત્રોના રાજા ચન્દ્રમાને થયો હતો, તેથી જ આ રોગનું 'રાજયક્ષ્મા' એવું નામ પડયું છે. આ અભિપ્રાયથી ચરકે ચિકિત્સિત સ્થાનના ૮ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે-यक्ष्मात्स राज्ञः प्रागासीद्राजयक्ष्मा ततो मतः। આ ક્ષયરોગ પ્રથમ રાજા-ચંદ્રને થયો હતો, તેથી આ ક્ષયરોગને રાજયક્ષ્મા એ નામે કહ્યો છે. સુશ્રુતે પણ ઉત્તરતંત્ર નામના અધ્યાયમાં આમ કહ્યું છે કે-આ ક્ષયરોગને જ 'શોષ' એ નામે પણ કહેવામાં આવે છે; કારણ કે संशोषणाद्रसादीनां शोष इत्यभिधीयते। क्रिया क्षयकरत्वाच्च क्षय इत्युच्यते पुनः॥ આ ક્ષયરોગ શરીરની રસ વગેરે ધાતુઓનું સારી

રીતે શોષણ કરે છે, એ કારણે તેને 'શોષ' એ નામે કહેવામાં આવે છે; તેમ જ શરીરની ક્રિયાઓનો ક્ષય-ધસારો કરે છે, તે કારણે આ રોગને 'ક્ષય' એ નામે પણ કહેવામાં આવે છે. અહીં આ અધ્યાય શરૂમાં જ ખંડિત મળે છે; તે ખંડિત ભાગમાં આ રાજયક્ષ્મા રોગનાં નિદાનો, સંપ્રાપ્તિ, પૂર્વરૂપ તથા લક્ષણો કહ્યાં હોવાં જોઈએ એમ લાગે છે. આ રાજયક્ષ્મા રોગનાં મુખ્ય ચાર કારણો માનવામાં આવે છે; જેમ કે-(૧) પોતાના શરીરનું બળ કે શક્તિ જેટલા પ્રમાણમાં હોય તેથી અધિક કાર્યો કરવાં, (૨) મળ-મૂત્રાદિના આવેલા વેગોને રોકવા, (૩) શરીરની ધાતુઓનો ક્ષય-ધસારો થવો અને (૪) વિષમ ભોજન એટલે કે પોતાને અનુકૂળ ન હોય એવો પણ ખોરાક અનિયમિત કે ઓછા પ્રમાણમાં ખાવો. ૧ ૨

૧૨ વર્ષના જૂના ક્ષયરોગની ચિકિત્સા

द्वादशाब्दानतीतो वा स्निग्धस्विन्नोऽथ शोधितः॥३
पिबेत् क्षीरेण पिप्पल्यः (लीः) पञ्च पञ्च च वर्धयेत्।
शतं तथैव ह्रसयेद्भोजनोदकवर्जितः।
पिप्पलीवर्धमानं तु सर्वरोगविनाशनम्॥४॥

અથવા આ રાજયક્ષ્મા રોગ થયો હોય તેને જો બાર વર્ષ વીતી ગયાં હોય, તો એ રોગીને સ્નેહ પાઈને પ્રથમ સ્નેહયુક્ત અથવા સ્નિગ્ધ કરવો અને તે પછી તેને સ્વેદનો દ્વારા સ્વેદયુક્ત કે સ્વિન્ન કરવો જોઈએ; તે પછી એ રોગીને શોધન ઔષધો દ્વારા શોધિત કરી આ 'વર્ધમાનપિપ્પલી'નો પ્રયોગ કરાવવો જોઈએ; જેમ કે-એવા ક્ષયરોગીએ દરરોજ પાંચ પાંચ પીપરોને દૂધ સાથે પીવી-એટલે કે રોજ પાંચ પાંચ પીપરોને વધારતા રહી સો સુધી વધારીને પીવરાવવી અને પછી પાંચ પાંચ પીપરો હમેશાં ઓછી કરતા રહી છેલ્લે પાંચ પીપર સુધી આવી પહોંચવું; ત્યાં સુધીમાં એટલે કે આવો આ 'વર્ધમાનપિપ્પલી'નો પ્રયોગ ચાલુ હોય, ત્યાં સુધીમાં તે માણસે કેવળ દૂધનો જ આહાર લઈ અન્ન-જળનો ત્યાગ કરવો જોઈએ. એમ કરવામાં આવેલ આ 'પિપ્પલીવર્ધમાન'નો પ્રયોગ બધાયે રોગનો નાશ કરે છે. ૩-૪

ક્ષીરપરિપક્વ ૧૮૦ પીપરનો પ્રયોગ

पिप्पलीनां शतं वाऽपि शृतं तोयाढके सदा।
पादशिष्टं समक्षीरं श्रपयेत् पुनरेव तत्॥५॥
कफाधिके तु सक्षौद्रं, सघृतं पवनाधिके॥
पित्तोत्तरे शर्करया सेवमानः सुखी भवेत्॥६॥

૧૦૦ પીપરને એક આઢક ૨૫૬ તોલા પાણીમાં ઉકાળવી; તેમાંથી એક ચતુર્થાંશ પાણી બાકી રહે, ત્યારે તેમાં તેના જેટલું દૂધ નાખી ફરી પણ તે પીપર તેમાં પકાવવી. તેમાંથી પાણીનો ભાગ બળી જાય અને કેવળ દૂધ જ બાકી રહે ત્યારે તે દ્રાણાને અગ્નિ પરથી ઉતારી લઈ તે જ્યારે શીતલ થાય ત્યારે તેમાં મધ મિશ્ર કરી કફની અધિકતાવાળા ક્ષયરોગમાં તેનું સેવન કરવું; વાયુની અધિકતાવાળા ક્ષયરોગમાં તે દૂધ સહિત પીપરમાં યોગ્ય પ્રમાણમાં ઘી મિશ્ર કરી તેનું સેવન કરવું; અને પિત્તની અધિકતાવાળા ક્ષય રોગમાં સાકરથી યુક્ત કરેલ એ દૂધ સહિત પીપરનું સેવન કરનારો (તેનો ક્ષયરોગ મટી જવાથી) સુખી થાય છે. ૫,૬

ઉપર કહેલ પિપ્પલીવર્ધમાન તથા પિપ્પલીક્ષીરના પ્રયોગ વિષે

पिप्पलीवर्धमानं तु वातश्लेष्मोत्तरे हितम्।
सर्वत्र पिप्पलीक्षीरं हितं कालादिदर्शनात्॥७॥

ઉપર્યુક્ત પિપ્પલીવર્ધમાનનો પ્રયોગ તો વાતયુક્ત કફની અધિકતાવાળા (દ્વન્દ્વજ) ક્ષયરોગમાં હિતકારી થાય છે; પરંતુ સમય આદિને જોઈને સેવેલું પિપ્પલીક્ષીર તો હરકોઈ (દોષજનિત) ક્ષયરોગમાં હિતકારી થાય છે. ૭

ક્ષયરોગને મટાડનાર નાગબલા પ્રયોગ

शरन्मुखे नागबलामूलान्युद्धृत्य शोषयेत्।
सन्निघाय नवे भाण्डे ब्रह्मचारी जितेन्द्रियः॥८॥

સ્ત્રીશૂદ્રવર્જો વિજને ચૂર્ણં ક્ષીરેણ પાયયેત્ ।
પ્રથમે દિવસે કર્ષં તતશ્ચોર્ધ્વં વિવર્ધયેત્ ॥ ૯ ॥
તતઃ પલં પલં નિત્યં પાયયેત્ પયસા શુચિઃ ।
જીર્ણે તસ્મિન્ પિબેત્ ક્ષીરં ભક્તોદકવિવર્જિતઃ ॥ ૧૦ ॥
માસાત્ સાપદ્રવં શોષં હન્તિ નાગબલા નૃણામ્ ।
પ્રજામાયુર્બલં મેધાં પ્રયતાય દદાત્યપિ ॥ ૧૧ ॥
ષણ્માસેન શ્રુતધરઃ સર્વરોગવિવર્જિતઃ ।
અશીતિકોઽપિ ચ યુવા ભવેત્ સંવત્સરાન્નરઃ ॥ ૧૨ ॥

'નાગબલા' નામની ઔષધનાં મૂળિયાંને શરદૃતુના આરંભમાં ઉખાડી લાવી સૂકવી નાખવાં; પછી તેઓનું ચૂર્ણ બનાવી નવા વાસણમાં રાખી તેમાંથી યોગ્યમાત્રામાં લઈને વૈદ્યે દૂધની સાથે રોગીને એકાંતમાં તે પિવડાવવું; એમ તે ચૂર્ણનું સેવન કરનારે બ્રહ્મચારી રહી જિતેન્દ્રિય થવું; તેમ જ સ્ત્રીનો તથા શૂદ્રનો ત્યાગ કરવો. પહેલા દિવસે તે ચૂર્ણ એક તોલો લેવું અને તે પછી તેનું પ્રમાણ વધારતા રહેવું. તે પછી વૈદ્યે પવિત્ર થઈ એ રોગીને તે ચૂર્ણ હમેશાં એક એક પલ-ચાર ચાર તોલા પ્રમાણમાં દૂધની સાથે પાવું. એમ પીધેલું તે ચૂર્ણ પચી જાય ત્યારે દૂધ પીવું, પણ અનાજ તથા પાણી છોડી દેવું. એમ સેવેલી તે નાગબલા, એક મહિનામાં ઉપદ્રવોની સાથે માણસોના શોષરોગ-ક્ષયનો નાશ કરે છે; અને નિયમનિષ્ઠ માણસને પ્રજા, આયુષ, બળ તથા 'મેધા' નામની બુદ્ધિની ધારણાશક્તિને પણ તે આપે છે; એમ નાગબલા ચૂર્ણનો પ્રયોગ છ મહિના સુધી જો સેવ્યો હોય, તો (તેના પ્રભાવથી) મનુષ્ય શ્રુતધર અથવા સર્વ શાસ્ત્રને ધારણ કરનાર-વિદ્વાન થઈને સર્વ રોગોથી રહિત થાય છે; અને એક વર્ષ સુધી આ નાગબલાના સેવનથી માણસ એંશી વર્ષનો થયો હોય તોપણ યુવાન બની જાય છે. ૮-૧૨

નાગબલા જેવો જ બીજો પ્રયોગ

મણ્ડૂકપર્ण્યાઃ શુણ્ઠ્યાશ્ચ બ્રાહ્મ્યાશ્ચ મધુકસ્ય ચ ।
તદ્ગુણઃ સર્વરોગઘ્નો વિધિર્નાગબલાસમઃ ॥ ૧૩ ॥

એ જ પ્રમાણે મંડૂકપર્ણી-મજીઠ, સૂંઠ, બ્રાહ્મી તથા જેઠીમધને સમાન ભાગે લઈ તેના ચૂર્ણનો પણ દૂધની સાથે જો પ્રયોગ કર્યો હોય તો તે પણ નાગબલાના જેવો જ ગુણકારક હોઈ સર્વ રોગોનો નાશ કરનાર થાય છે. ૧૩

ક્ષયનાશક આજ રસાયન

ઉદ્વર્તિતસ્ત્વજાલેણ્ડૈરજામૂત્રાભિષેચિતઃ ।
અજાક્ષીરં પિબેન્નાન્યદજાભિશ્ચ વસેત્ સહ ॥ ૧૪ ॥
અવસ્તાદવટેઽજાનાં વસઞ્છોષી વિમુચ્યતે ।
આજં રસાયનં હ્યેતત્ ક્ષયઘ્નં બલવર્ધનમ્ ॥ ૧૫ ॥

ક્ષયનો જે રોગી બકરીની લીંડીઓથી શરીરે ઉદ્વર્તન-ઉબટણ કરે, બકરીના મૂત્રથી શરીર પર ચોપાસ સિંચન કરે, એકલું બકરીનું દૂધ જ પીએ પણ બીજું દૂધ ન પીએ, બકરીઓની સાથે જ વસવાટ કરે અને કોઈ ખાડામાં કે નીચાણના ભાગમાં બકરીઓની સાથે જ વસે, તે ક્ષયરોગથી મુક્ત થાય છે; (આવા પ્રકારનું) આજ રસાયન એટલે બકરીઓનું જ સેવન કરવારૂપ આ રસાયન ઔષધ ક્ષયરોગનો નાશ કરનાર હોઈ બળને વધારનાર થાય છે. ૧૪,૧૫

હરડેઓ કફજનિત રોગનાશક
અભયારિષ્ટ યોગ

હરીતકીનાં શ્રેષ્ઠાનાં દ્વે શતે જર્જરીકૃતે ।
દશમૂલસુધાદન્તીકરઞ્જાધોગુડાસનાઃ ॥ ૧૬ ॥
મયૂરકં દેવદારુ નિચુલં કુટજાટજી (?) ।
કટઙ્કટેરી બૃહતી રાસ્ના શ્યોનાકચિત્રકૌ ॥ ૧૭ ॥
વરુણં ચેતિ સંકુટ્ય પઞ્ચવિંશતિકૈઃ પલૈઃ ।
પડ્દ્રોણેઽપાં પચેદેતદ્યાવત્ પઞ્ચાઢકં સ્થિતમ્ ॥
તસ્મિન્ પૂતે ગુડતુલાં દત્ત્વા ભૂયશ્ચ સાધયેત્ ।
પરિવૃત્તં સમાલક્ષ્ય ઘૃતભાણ્ડે નિધાપયેત્ ॥ ૧૯ ॥
મરિચાનિ વિડઙ્ગાનિ ભાર્ગીં શાકયવાંસ્તથા ।
આવપેત્ કુટજીજાનિ પિપ્પલીપ્રસ્થમેવ ચ ॥ ૨૦ ॥
મધુપ્રસ્થં ચ સંસૃજ્ય માસાદૂર્ધ્વં પ્રયોજયેત્ ।
પથ્યાશી માત્રયા કાલે મુચ્યતે કફજૈર્ગદૈઃ
મહાભયારિષ્ટ ઇતિ કશ્યપેન પ્રકલ્પિતઃ ॥ ૨૧ ॥

બસો શ્રેઠ હરડે લઈને તેઓને ફૂટી

નાખી (ઠળિયા દૂર કરી) તેની સાથે દશમૂલ, બોર, નેપાળો, કરંજ, અધેડો, અસન, બેરડો, અધેડો, દેવદાર, સમુદ્રફલ, ઇંદ્રજવ, અટજી, દારુહળદર, મોટી ભોરીંગણી, રાસ્ના, અરડૂસો, ચિત્રક તથા વાયવરણો—એટલાં ઔષધ દ્રવ્યો (બધાં મળી)—૧૦૦ તોલા લઈ કૂટી નાખી મિશ્ર કરવાં; પછી તે બધાંને ૬૧૪૪ તોલા પાણીમાં પકવવાં; એમ તે પકવ થયેલું તે પાણી પાંચ આઢક બાકી રહે ત્યારે તેને વસ્ત્રથી ગાળી લઈ તેમાં ૪૦૦ તોલા ગોળ મિશ્ર કરી ફરી તે પકવવું; બરાબર તે પરિપકવ થઈ ઘટ્ટ થયેલું જણાય ત્યારે તેને અગ્નિ પરથી નીચે ઉતારી લઈ ઘીના રીઢા વાસણમાં રાખી લેવું; પછી તેમાં કાળી મરી, વાવડિંગ, ભારંગી, ઇંદ્રજવ, સોપારી અને પીપરનું ચૂર્ણ—એટલાં દ્રવ્યો ૬૪ તોલા નાખવાં અને ૬૪ તોલા મધ મિશ્ર કરવું; પછી તે વાસણને બરાબર (અંદર હવા ન જાય તેમ) બંધ કરવું અને એક મહિના પછી તેને ખુલ્લું કરી તેમાંના એ તૈયાર થયેલ 'મહાભયારિષ્ટ' ઔષધનો (ક્ષયના) રોગીને વૈદ્યે યોગ્ય માત્રામાં પ્રયોગ કરાવવો; તે પ્રયોગ ચાલતો હોય ત્યાંસુધી એ રોગીએ પથ્યભોજન કરવું; આ 'મહાભયારિષ્ટ'ને પૂર્વે કાશ્યપ ઋષિએ તૈયાર કર્યો હતો; આ પ્રયોગથી મનુષ્ય હરકોઈ કફજનિત રોગોથી છૂટી જાય છે. ૧૯–૨૧

ક્ષયરોગમાં કરવાનું ઉદ્વર્તન-ઉબટણ

अपामार्गोऽश्वगन्धा च नाकुली गौरसर्षपाः ।
तिला बिल्वं च कल्कः स्यात् क्षयेषूद्वर्तनं हितम् ॥

અધેડો, આસંધ, નાકુલી—રાસના, ધોળા સરસવ, તલ અને બિલ્વફલ—એટલાને સમાન ભાગે લઈ તેઓનો કલ્ક બનાવી તેનું જો ઉદ્વર્તન—ઉબટણ કરાય તો ક્ષયના રોગમાં તે હિતકારી થાય છે. ૨૨

ક્ષયરોગનો નાશ કરનાર ઇંદ્રાણીઘૃત

लशुनानां पलशतं निस्तुषं जर्जरीकृतम् ।
जलद्रोणेषु दशसु श्रपयेत् पादशेषितम् ॥ २३ ॥
घृताढकद्वयं तत्र विपचेज्जीवनैः सह ।
आजस्य पयसो द्रोणं क्वाथं च दशमूलिकम् ॥२४
आवपेत्तद्घृतं गोप्यं प्रयोज्यं मासतः परम् ।
इन्द्राणीघृतमित्येतद्राजयक्ष्मविनाशनम् ।
वन्ध्याषण्ढकवृद्धानां कामदं पथ्यभोजिनाम् ॥२५॥

લસણ ચારસો તોલા લઈ તેનાં ફોતરાં કાઢી નાખી ચોખ્ખી કળીઓ કાઢી નાખી ૧૦૨૪૦ તોલા પકવવી; પછી તે પાણી એક ચતુર્થાંશ બાકી રહે ત્યારે તેમાં જીવનીય દ્રવ્યોનો કલ્ક ૧૨૮ તોલા સહિત ૫૧૨ તોલા ઘી નાખવું અને બકરીનું દૂધ તથા દશમૂલનો ક્વાથ પણ ૨૫૬, ૨૫૬ તોલા નાખવાં; પછી તે બધાંને પકવવાં; તે બધાં પ્રવાહી બળી જાય એટલે પક્વ થયેલું તે ઘી ઇંદ્રાણીઘૃત રીઢા વાસણમાં નાખી ધાન્યના ઢગલામાં રાખી મૂકવું; પછી એક મહિનો થઈ જાય ત્યારે તે ઘીનો યોગ્ય માત્રામાં પ્રયોગ કર્યો હોય તો તેની ઉપર પથ્ય ભોજન કરનારના ક્ષયરોગનો તે નાશ કરે છે; તેમ જ વાંઝણી સ્ત્રીની, નપુંસકની તથા વૃદ્ધ પુરુષોની કામનાને તે પૂર્ણ કરે છે. ૨૩–૨૫

ક્ષયરોગને મટાડનાર લસણનો પ્રયોગ

लशुनं वाऽपि कल्पेन यथोक्तेनोपचारयेत् ।
घृतस्यार्धाढके गव्ये जर्जरं लशुनाढकम् ॥ २६ ॥
घृतभाण्डे समावाप्य वर्षं धान्येषु गोपयेत् ।
षण्मासमष्टमासं वा चतुर्मासमथो ततः ॥
पेयं नागबलावच्च सर्वरोगैर्विमुच्यते ॥ २७ ॥

શાસ્ત્રમાં કહેલા કલ્પ દ્વારા પણ લસણનો ઉપચાર કરી શકાય છે; જેમ કે ૧૨૮ તોલા ગાયના ઘીમાં ૨૫૬ તોલા લસણને અધકચરું કરીને નાખવું. પછી તે ઘી સહિત લસણને ઘીના રીઢા વાસણમાં નાખી એક વર્ષ સુધી તે વાસણને ધાન્યના ઢગલામાં સુરક્ષિત રાખી મૂકવું જોઈએ;

એમ આઠ મહિના, છ મહિના કે ચાર મહિના રાખ્યા પછી તે ઘી સહિત લસણને (ઉપર કહેલ) નાગબલાના સેવનની પેઠે સેવવું જોઈએ, જેથી એમ તે લસણયુક્ત ઘીનું સેવન કરનાર માણસ બધાય રોગોથી છૂટી જાય છે. ૨૬,૨૭

બધા રોગોને મટાડનાર દ્રાક્ષાઘૃત અને પીલુઘૃત

इन्द्राणीघृतकल्पेन द्राक्षासर्पिर्विपाचयेत् ।
तथा पीलुघृतं चैव सर्वरोगैर्विमुच्यते ॥ २८ ॥

ઉપર જે વિધિથી ઇંદ્રાણીઘૃત પકવવા કહેલ છે, તે જ વિધિથી દ્રાક્ષાઘૃત તથા પીલુઘૃત વૈદ્યે પકવવું એમ તે બેય ઘૃત પકવીને તે ઇંદ્રાણીઘૃત પ્રમાણે જ તેનું સેવન કરનાર માણસ બધા રોગોથી છૂટી જાય છે. ૨૮

ક્ષયરોગને મટાડનાર બીજા ઉપાયો

इष्टयो रोहिणीस्नानं तयोर्मङ्गलसेवनम् ।
रुद्रपूजा धृतिः शौचं ब्रह्मचर्यं च शान्तये ॥२९॥

યજ્ઞો, રોહિણી નક્ષત્રમાં કરાતું સ્નાન, યજ્ઞમાં તથા રોહિણી નક્ષત્રમાં કરાતું મંગલ પદાર્થોનું સેવન, રુદ્રદેવ શંકરની પૂજા, ધીરજ, પવિત્રતા અને બ્રહ્મચર્યનું પાલન–આટલા પણ ક્ષયરોગની શાંતિ કરવા સમર્થ થાય છે.

વિવરણ : આ સંબંધે ચરકે પણ ચિકિત્સિત સ્થાનના ૮ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–यया प्रयुक्तया चेष्ट्या राजयक्ष्मा पुराजितः । तां वेद-विहितामिष्टिमारोग्यार्थी प्रयोजयेत् ॥ પૂર્વે ક્ષયરોગી બનેલા ચંદ્રમાએ ('આદિત્યેષ્ટિ' નામની) જે ઇષ્ટિ કરેલ હતી અને તે ઇષ્ટિ કરીને તે ચંદ્રમાએ પોતાનો ક્ષયરોગ મટાડ્યો હતો, તે વેદોક્ત ઇષ્ટિને ક્ષયના રોગીએ આરોગ્યની ઇચ્છા રાખીને (બ્રાહ્મણો દ્વારા) કરાવવી.

ક્ષયરોગના ઉપદ્રવોની ચિકિત્સા કરાય

षडेकादश चोक्तानि यानि रूपाणि यक्ष्मिणः ॥
त एवोपद्रवास्तेषां शान्तौ स्यात् स्वं चिकित्सितम् ।

ક્ષયરોગીનાં જે છ તથા અગિયાર રૂપો કે લક્ષણો કહ્યાં છે, તે જ તેના ઉપદ્રવો ગણાય છે; અને તેઓની શાંતિ માટે તે ઉપદ્રવોની પોતપોતાની જ ચિકિત્સા કરવી જોઈએ. ૩૦

વિવરણ : આ અધ્યાય આરંભમાં ખંડિત મળે છે; તેના એ ખંડિત ભાગમાં જ ક્ષયરોગના છ તથા અગિયાર ઉપદ્રવો કહેલા હોવા જોઈએ, એમ અહીંના આ ૩૦ મા શ્લોકનું પૂર્વાર્ધ જોતાં સ્પષ્ટ થાય છે. આ સંબંધે ચરકે પણ ચિકિત્સિત સ્થાનના ૮ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, कासोऽसतापो वैस्वर्यं ज्वरः पार्श्वशिरोरुजा । शोणितश्लेष्मणोच्छर्दिः श्वासः कोष्ठामयोऽरुचिः ॥ रूपाण्येकादशैतानि यक्ष्मिणः षडिमानि वा । कासो ज्वरः पार्श्वशूलं स्वरवर्चो गदोऽरुचिः ॥ ઉધરસ, અસંતાપ એટલે કે બળાનો તપારો, વૈસ્વર્ય એટલે કે ગળાનો અવાજ બદલાઈ જવો, જ્વર, બેય પડખાંઓમાં પીડા, માથાનો દુખાવો, લોહીવી તથા કફની ઊલટી, શ્વાસ, હાંફ, કોઠાનો રોગ તથા અરુચિ–આટલાં અગિયાર રૂપો કે લક્ષણો ક્ષયરોગમાં સ્પષ્ટ હોય છે અથવા આ છ લક્ષણો દેખાય છે; જેમ કે–ઉધરસ, જ્વર, પડખામાં શૂળ, સ્વરભેદ–રોગ મળબંધ તથા અરુચિ–આ છ રૂપો કે લક્ષણો ક્ષયરોગમાં અવશ્ય હોય છે'–અર્થાત્ જો દોષ પ્રબળ હોય, તો ક્ષયરોગમાં અહીં પ્રથમ જણાવેલ ૧૧ લક્ષણો જણાય છે અને દોષ જો અતિશય પ્રબળ ન હોય તો અહીં છેલ્લાં જણાવેલ છ રૂપો કે લક્ષણો ક્ષયરોગમાં જણાય છે. સુશ્રુતે પણ ઉત્તરતંત્રના ૪૧ મા અધ્યાયમાં ક્ષયરોગમાં થતાં અગિયાર તથા છ લક્ષણો આમ કહ્યાં છે; જેમ કે–स्वरभेदोऽनिलाच्छूलं सलोचश्चांसपार्श्वयोः । ज्वरो दाहोऽतिसारश्च पित्ताद्रक्तस्य चागमः ॥ शिरसः परिपूर्णत्वम-भक्तच्छन्द एव च । कासः कण्ठस्य चोद्ध्वंसो विज्ञेयः कफकोपतः ॥ एकादशभिरेतैर्वा षड्भिर्वापि समन्वितम् । कासातिसारपार्श्वार्तिं स्वरभेदारुचिज्वरैः ॥ त्रिभिर्वा पीडितं लिङ्गैर्ज्वरकासासृगामयैः । जह्याच्छोषार्दितं जन्तु-मिच्छन् सुविपुलं यशः ॥ માણસને જ્યારે શોષ કે ક્ષયરોગ થાય ત્યારે તેમાં જો વાયુનો વધુ પ્રકોપ

હોય તો તેથી સ્વરભેદ-ગળાનો અવાજ બદલાઈ જાય કે બેસી જાય, શૂળ ભોંકાતું હોય એવી પીડા તથા બેય બાજુ પડખાંઓનું સંકોચાવું થાય; પિત્તનો વધુ પ્રકોપ હોય તો તેથી જ્વર, દાહ, ઝાડા તથા (છાતીમાંથી) મુખ દ્વારા લોહીનું આવવું થાય; પરંતુ કફનો જો વધુ પ્રકોપ હોય તો તેથી માથાનું ભારેપણું, ખોરાક ઉપર અણગમો, ઉધરસ તથા ગળાનું બેસી જવું થાય, એમ સમજવું; જે વૈદ્યને અતિશય મોટા યશની ઇચ્છા હોય તેણે ઉપર દર્શાવેલ અગિયાર અથવા છ લક્ષણો(૩૫ રોગો)થી જે ક્ષય રોગી પીડાયો હોય તેનો ત્યાગ કરી દેવો; એવા રોગીની ચિકિત્સા કરવી છોડી દેવી જોઈએ. અહીં સુશ્રુતે ક્ષયરોગીને વાયુના પ્રકોપથી સ્વરભેદ, શૂળ તથા પડખાંનું તથા બાજુનું સંકોચાવું-એ ત્રણ લક્ષણો થતાં જણાવ્યાં છે; પિત્તના પ્રકોપથી જ્વર, દાહ, અતિસાર તથા મોઢેથી લોહીનું પડવું-એ ચાર લક્ષણો થતાં જણાવ્યાં છે; અને કફના પ્રકોપથી માથાનું ભારેપણું, ખોરાક પર અરુચિ, ઉધરસ તથા ગળાનો અવાજ બેસી જવો-એ ચાર લક્ષણો જણાવ્યાં છે; એમ વાયુથી ત્રણ, પિત્તથી ચાર અને કફથી પણ ચાર મળી કુલ અગિયાર લક્ષણોથી યુક્ત ક્ષય-રોગને અસાધ્ય સૂચવ્યો છે. વળી ક્ષયરોગમાં પ્રથમ શરૂઆતમાં જે છ લક્ષણો થાય છે, તે પણ સુશ્રુતે આમ કહ્યાં છે: भक्तद्वेषो ज्वरः श्वासः कासः शोणित-दर्शनम् स्वरभेदश्च जायन्ते षड्जाते राजयक्ष्मणि ॥' ક્ષયરોગ ઉત્પન્ન થયો હોય ત્યારે તેની સાથે ખોરાક પર અણગમો, જ્વર, શ્વાસ, ઉધરસ, થૂંકતાં લોહીનું દેખાવું અને ગળાનો અવાજ બદલાઈ જવો કે બેસી જવો-એ છ લક્ષણો થાય છે'; એમ ચરકે તથા સુશ્રુતે ક્ષયરોગનાં અગિયાર અને છ લક્ષણો કહ્યાં છે અને તે પછી સુશ્રુતે બીજાં પણ ત્રણ લક્ષણોને બીજા આયુર્વેદતંત્ર અનુસાર દર્શાવી ક્ષયરોગની સાધ્યતા-અસાધ્યતા આમ દર્શાવી છે કે-'एकादशभिरेतैर्वा षड्भिर्वापि समन्वितम्। त्रिभिर्वा पीडितं लिङ्गैर् ज्वर-कासासृगामयैः। जह्याच्छोणितदर्शनं जन्तुमिच्छन् सुविपुलं यशः॥ ક્ષયનો જે રોગી ઉપર દર્શાવેલ અગિયાર લક્ષણોથી અથવા છ લક્ષણોથી કે જ્વર, ઉધરસ તથા લોહીનું આવવું કે લોહીનું પડવું-એ ત્રણ લક્ષણોથી જે યુક્ત થયો હોય, તેને અસાધ્ય સમજી વૈદ્ય અતિશય વિશાળ યશની ઇચ્છા રાખી તેની ચિકિત્સા કરવી છોડવી જોઈએ.' ૩૦

इति ह स्माह भगवान् कश्यपः॥

એમ ભગવાન કશ્યપે કહ્યું હતું.

इति श्रीकाश्यपसंहितायां 'राजयक्ष्माचिकित्सित' नामनो ७ मो अध्याय समाप्त

ગુલ્મ-ચિકિત્સિત: અધ્યાય ૮ મો

अथातो गुल्मिनां चिकित्सितं व्याख्यास्यामः॥१॥
इति ह स्माह भगवान् कश्यपः॥ २॥

હવે અહીંથી માંડી ગુલ્મરોગોવાળા લોકોની ચિકિત્સાનું અમે વ્યાખ્યાન કરશું એમ ભગવાન કશ્યપે કહ્યું હતું. ૧,૨

ગુલ્મરોગોની સંખ્યા તથા તેઓનાં સ્થાનો

वातादिसर्वरक्तोत्थाः कुक्षिहृत्पार्श्वबस्तिजाः।
पञ्च सर्वापदामग्र्या गुल्माः सूत्रे निदर्शिताः॥३

વાતજ, પિત્તજ, કફજ, સાંનિપાતિક તથા રક્તજ એમ પાંચ ગુલ્મરોગો થાય છે અને તેઓ કૂખ, હૃદય, બે પડખાં તથા બસ્તિ-મૂત્રાશયમાં ઉત્પન્ન થાય છે. એ પાંચે ગુલ્મરોગોને બધા રોગોમાં અગ્રેસર તરીકે સૂત્રસ્થાનમાં (પહેલાં) દર્શાવ્યા છે.

વિવરણ: ચરકે પણ ચિકિત્સિત સ્થાનના ૫ મા અધ્યાયમાં ગુલ્મરોગનાં પાંચ સ્થાનો આમ કહ્યાં છે; જેમ કે-बस्तौ च नाभ्यां हृदि पार्श्वयोश्च स्थानानि गुल्मस्य भवन्ति पञ्च॥ મૂત્રાશયમાં, નાભિમાં, હૃદયમાં અને બે પડખાંમાં એમ પાંચ ગુલ્મ-રોગોનાં સ્થાનો હોય છે. ૩

ગુલ્મરોગનાં સામાન્ય નિદાનો તથા સંપ્રાપ્તિ

चेष्टान्नपानसामान्या दोषाः प्रकुपिता नृणाम्।
आमाशयमधिष्ठाय ततो गुल्मान् प्रकुर्वते॥४॥

તે તે દોષોની સમાનતા ધરાવતી ચેષ્ટાઓ તથા અન્નપાનના સેવનથી અતિશય કોપેલા લોકોના દોષો પ્રથમ આમાશયનો આશ્રય કરે છે અને તે પછી ગુલ્મરોગોને

કરે છે. ૪

(વિવરણ : ચરક પણ ચિકિત્સિતસ્થાનના ૫મા અધ્યાયમાં ગુલ્મરોગોનાં નિદાનો તથા સંપ્રાપ્તિ આ પ્રમાણે કહેલ છે; જેમ કે–વિદ્રૂલ્લેષ્મપિત્તાતિપરિસ્રવાદ્વા તૈરેવ વૃદ્ધૈરતિપીડનાદ્વા । વેગૈરુદીર્ણૈર્વિહતૈરધો વા વાહ્યાભિઘાતૈરતિપીડનૈર્વા ॥ રૂક્ષાન્નપાનૈરતિસેવિતૈર્વા શોકેન મિથ્યાપ્રતિકર્મણા વા । વિચેષ્ટિતૈર્વા વિષમાતિમાત્રૈઃ કોષ્ઠે પ્રકોપં સમુપૈતિ વાયુઃ ॥ કફં ચ પિત્તં ચ સ દૂષયિત્વા પ્રોદ્ધૂપમાર્ગાન્વિનિબદ્ધવર્ત્મતાભ્યામ્ । હૃન્નાભિપાર્શ્વોદરવસ્તિશૂલં કરોત્યધો યાતિ ન બદ્ધમાર્ગઃ ॥ વિષ્ઠા, કફ તથા પિત્તનો અતિશય વધુ પ્રમાણમાં (વમન તથા વિરેચન દ્વારા) સ્રાવ થઈ જવાથી અથવા એ જ વિષ્ઠા, કફ તથા પિત્ત અતિશય વધુ પ્રમાણમાં વધી જવાને લીધે વાયુને રુકાવટ થવાથી તેમ જ વાયુ, મૂત્ર તથા વિષ્ઠાના આવેલા વેગોને રોકવાથી અથવા બહારના (લાકડીઓ વગેરેના) પ્રહારો કે માર પડવાથી અત્યંત પીડા થઈ હોય કે બીજા કોઈ કારણે પીડા થવાથી–તે કારણોથી; અથવા લૂખા, ખોરાક–પાણી ખૂબ વધારે સેવવાથી અથવા શોક કરવાથી કે વમન–વિરેચનાદિ ચિકિત્સાઓરૂપ ક્રિયાઓને ખોટી રીતે કરવાથી, અથવા શરીરની ચેષ્ટાઓરૂપ વિવિધ વ્યાપારોને ખૂબ વધુ પ્રમાણમાં કરવાથી કોઠામાં રહેલો વાયુ પ્રકોપ પામે છે એટલે વિકૃત બને છે. તેથી ગુલ્મરોગ ઉત્પન્ન થાય છે; આ સિવાયનાં બીજાં પણ ગુલ્મરોગનાં જે નિદાનો નિદાનસ્થાનમાં કહ્યાં છે, તેઓને પણ અહીં સમજી લેવાં જોઈએ એમ ગુલ્મરોગનાં નિદાનો કહ્યા પછી ચરક ત્યાં જ ગુલ્મરોગની સંપ્રાપ્તિને પણ આમ કહે છે કે–એમ ઉપર્યુક્ત નિદાનોથી કોપેલો કે વિકૃત થયેલો વાયુ, કફને તથા પિત્તને પણ વિકૃત કરીને તેમ જ એ બન્ને કફ તથા પિત્તને પોતપોતાનાં સ્થાનેથી ખસેડીને તે બન્નેના–ઉપરના તથા નીચેના માર્ગોને પણ એ બન્ને દ્વારા જ રોકી લઈ હૃદયમાં, નાભિમાં, બન્ને પડખાંમાં, પેટમાં તથા બસ્તિરૂપ મૂત્રાશયમાં પણ શૂળ ભોંકવા જેવી પીડાને ઉત્પન્ન કરે છે અને પોતાનો માર્ગ તો તે–વિષ્ઠા, કફ તથા પિત્તથી બંધાયેલો જ હોય છે, તે કારણે એ વાયુ, ઉપર કે નીચે–ક્યાંય પણ જઈ શકતો નથી. જેથી તે જ રોકાયેલો વાયુ ગુલ્મરોગને ઉત્પન્ન કરે છે. ૪

વાતગુલ્મનાં વિશેષ નિદાનો

वातलेष्वन्नपानेषु वातलो यः प्रसज्जति ।
धावति प्लवते ऽधीते भृशं गायति नृत्यति ॥५॥
शीतवाताम्बुसेवी च शीतरूक्षकटुप्रियः ।
व्यायाधिक्लिष्टः कृशो रूक्षः सेवते तीक्ष्णमौषधम् ॥६
उदीरयति च्छर्दिं च बलाच्छर्दयतेऽपि वा ।
निरुणद्धि च वातादीन् तृप्तः पिबति वा बहु ॥७
शीघ्रयानेन वा याति व्यवायं वाऽतिसेवते ।
व्यायामाध्ययनस्त्रीषु बालो रूक्षश्च यो रतः ॥८॥
एतैश्चान्यैश्च कुपितो मारुतो दोषसंचयम् ।
करोति यत्र तत्रास्य स्थाने गुल्मोनिचीयते ॥९

જે માણસ, વધુ પ્રમાણમાં વાતપ્રકૃતિવાળો હોય છતાં વાયુને વધારનાર આહાર-પાણીના સેવનમાં ખૂબ આસક્ત રહે છે; તેમ જ ખૂબ દોડે છે, કૂદે છે, મોટેથી ભણે છે, ખૂબ ગાય છે અને નાચે છે; તેમ જ ઠંડી, પવન અને પાણીનું જે વધુ સેવન કરે, જેને ઠંડા રૂક્ષ તથા તીખા પદાર્થો પ્રિય હોય તેથી તેઓને જે વધુ સેવે; જે રોગના કારણે કલેશ પામ્યો હોય કે ક્ષીણ થઈ ગયો હોય, શરીરે દુર્બળ થયો હોય, લૂખા શરીરવાળો થયો હોય, તીક્ષ્ણ ઔષધનું જે વધુ સેવન કર્યા કરતો હોય, બળજબરીથી ઊલટી કરવા જે પ્રયત્ન કરે અથવા વાયુ વગેરેના આવેલા વેગોને પણ જે રોકે વળી જે માણસ તૃપ્ત થયો હોય છતાં વધુ પાણી પીધા કરે; ઉતાવળી ગતિવાળા વાહન પર બેસી જે મુસાફરી કરે; વધુ પ્રમાણમાં જે મૈથુન સેવે; જે માણસ નાની ઉંમરનો અને શરીરે રૂક્ષ હોય છતાં વ્યાયામ, કસરત કે વધુ પડતો શારીર શ્રમ, વધુ પડતું અધ્યયન ચાલુ રાખે તેમ જ સ્ત્રીઓ વિષે મૈથુન કરવામાં આસક્ત રહે એવાં અને બીજાં કર્મો કરવારૂપ નિદાનોથી અને બીજાં

પણ તેવાં વાયુવર્ધક નિદાનો સેવવાથી કોપેલો વાયુ જે જે સ્થાનમાં દોષોનો સંચય કરે તે તે સ્થાનમાં ગુલ્મ રોગને ઉત્પન્ન કરે છે. ૫–૯

વિવરણ : અહીં આ પાંચ શ્લોકોમાં વાતજ ગુલ્મરોગની નિદાનપૂર્વકની સંપ્રાપ્તિ કહી છે; ચરકે પણ નિદાનસ્થાનના ત્રીજા અધ્યાયમાં વાતજ ગુલ્મરોગનાં નિદાનો તથા સંપ્રાપ્તિ આમ જુદા જ પ્રકારે દર્શાવી છે; જેમ કે–યદા પુરુષો વાતલો વિશેષેણ ઉત્તરવમનવિરેચનાતીસારાણામન્યતમેન કર્શનેન કર્શિતો વાતલમાહારમાહરતિ શીતં વા વિશેષેણાતિમાત્રમસ્નેહપૂર્વં વા વમનવિરેચને પિબત્યનુદીર્ણા વા છર્દિમુદીરયતિ વાતમૂત્રપુરીષવેગાન્નિરુણદ્ધત્યશિતો વા પિબતિ નવોદકમતિમાત્રમતિમાત્રસંક્ષોભિણા વા યાનેન યાત્યતિવ્યવાયવ્યાયામમદ્યરુચિર્વાઽભિઘાતમૂચ્છતિ વા વિષમાશનશયનાસનસ્થાનચઙ્ક્રમણસેવી ભવત્યન્યદ્વા કિંચિદેવંવિધં વિષમમતિમાત્રં વ્યાયામજાતમારભતે, તસ્યાપચારાદ્વાતઃ પ્રકોપમાપદ્યતે સ પ્રકુપિતો મહાસ્રોતોઽનુપ્રવિશ્ય રૌક્ષ્યાત્કઠિનીભૂતમાપ્લુત્ય પિણ્ડિતોઽવસ્થાનં કરોતિ હૃદિ બસ્તૌ પાર્શ્વયોર્નાભ્યાં વા, સ શૂલમુપજનયતિ ગ્રન્થીશ્ચાનેકવિધાન્, પિણ્ડિતશ્ચાવતિષ્ઠતે, સ પિણ્ડિતત્વાદ્ ગુલ્મ ઇત્યુચ્યતે ॥–જ્યારે કોઈ માણસ પ્રથમથી જ વાતાધિક પ્રકૃતિવાળો હોય, છતાં વધુ પ્રમાણમાં જ્વર, વમન, વિરેચન કે અતિસારમાંના કોઈ પણ એકાદ કર્ષણ કરનાર કારણથી કૃશ અથવા ક્ષીણ થયો હોય; તેમ જ એ જ વાતાધિક પ્રકૃતિવાળો હોવા છતાં વાયુવર્ધક આહારને અથવા શીતલ–ટાઢા ખોરાકને ખાય, અથવા વિશેષે કરી વધુ સ્નેહપૂર્વક ન હોય એવાં વમન તથા વિરેચનકારક ઔષધને તે પીએ અથવા ઉદરમાં ન આવેલી ઊલટીને જ પરાણે ઉદરમાં લાવે અથવા જે ઉદરમાં આવેલા, મૂત્રના તથા વિષ્ઠાના વેગોને જે રોકે; અથવા જે માણસ ખૂબ જમ્યો હોય અને તેની ઉપર જે નવું પાણી વધુ પ્રમાણમાં પીએ, જમ્યા પછી અતિશય ક્ષોભ પમાડતાં કે ઊછળતાં વાહનોપર સવારી કરે. અથવા જે માણસ વધુ પ્રમાણમાં મૈથુન, કસરત કે શારીરપરિશ્રમ, મદ્યપાન કે શોક કરવા તરફ રુચિ ધરાવ્યા કરે; અથવા (અતિમૈથુન આદિને સેવતો) જે માણસ અભિઘાત કે માર–પ્રહારને પામ્યો હોય; અથવા જે માણસ વિષમ ભોજન કે અનિયમિત ખોરાક ખાધા કરે અથવા વિષમ કે ઊંચાં–નીચાં શયન, આસન, ઊભા રહેવું કે પરિભ્રમણ–ભમ્યા કરવાની ટેવ પાડી હોય અથવા બીજું પણ કંઈ એવા જ પ્રકારનું વિષમ વ્યાયામ–સેવન કે વધુ ઊંચે–નીચે દોડવું વગેરે જે વધારે પ્રમાણમાં કરવાની શરૂઆત કરે, તેના એ અયોગ્ય આચરણથી વાયુ પ્રકોપ પામે છે–વિકૃત બને છે, અને પછી અતિશય કોપેલો તે વાયુ મહાસ્રોતસ્ એટલે આમાશય તથા પક્વાશયમાં પ્રવેશ કરે છે, અને પછી રૂક્ષતાને લીધે કઠણરૂપે થઈ (ઉપર નીચે કૂદીકૂદી) પિંડાકાર કે ગોળ આકૃતિને ધારણ કરી હૃદયમાં, બસ્તિ–મૂત્રાશયમાં, બે પડખાંમાં કે નાભિમાં તે સ્થિતિ કરે છે; પછી તે વાયુ શૂળને ઉત્પન્ન કરે છે અને અનેક પ્રકારની ગાંઠોને પણ ઉપજાવે છે; અને તે ગોળાકાર થયેલ હોય છે, તે કારણે 'ગુલ્મ' એ નામનો રોગ કહેવાય છે.' ૫–૯

ગુલ્મરોગનાં પૂર્વરૂપો

અગ્નિનાશોઽરુચિઃ શૂલં ચ્છર્દ્યુદ્ગારાન્ત્રકૂજનમ્।
પુરીષવર્તનં કાર્શ્યં ગુલ્માનાં પૂર્વલક્ષણમ્ ॥ ૧૦॥

જઠરના અગ્નિનો નાશ–મંદતા, અરુચિ, શૂળ, ઊલટી, ઓડકાર, આંત્રકૂજન–આંતરડામાં અવાજ, વિષ્ઠાનું રોકાવું કે ગોળાકાર થવું અને કાર્શ્ય–એટલે શરીરનું કૃશપણું કે દુર્બળતા–એટલાં ગુલ્મરોગનાં પૂર્વલક્ષણ કે પૂર્વરૂપો જાણવાં. ૧૦

વિવરણ : ચરકે પણ નિદાનસ્થાનના ત્રીજા અધ્યાયમાં ગુલ્મરોગનાં પૂર્વરૂપો આમ કહ્યાં છે:– એષાં તુ ખલુ પઞ્ચાનાં ગુલ્માનાં પ્રાગભિનિર્વૃત્તેરિમાનિ પૂર્વરૂપાણિ ભવન્તિ, તદ્યથા–અનન્નાભિલષણં, અરોચકાવિપાકૌ, અગ્નિવૈષમ્યં, વિદાહો ભુક્તસ્ય, પાકકાલે ચાયુક્તયા છર્દ્યુદ્ગારૌ, વાતમૂત્રપુરીષવેગાનામપ્રાદુર્ભાવઃ પ્રાદુર્ભૂતાનાં ચાપ્રવૃત્તિઃ ઈષદાગમનં વા, વાતશ્લોટોપાન્ત્રકૂજનાપરિહર્ષણાતિવૃત્તપુરીષતા, બુભુક્ષા, દૌર્બલ્યં, સૌહિત્યસ્ય ચાસહત્વમિતિ ગુલ્મપૂર્વરૂપાણિ ભવન્તિ।–આ

પાંચે ગુલ્મો હજી ઉત્પન્ન થયાં ન હોય ત્યારે તેઓની ઉત્પત્તિને સૂચવતાં આ પૂર્વરૂપો થાય છે; જેમ કે–ખોરાક ખાવાની ઇચ્છા ન થાય અરોચક થાય એટલે કંઈ પણ રુચે કે ગમે નહિ. ખાધેલો ખોરાક પચે નહિ, અગ્નિની વિષમતા કે મંદતા થાય, ખાધેલા ખોરાકનો વિદાહ થાય; ખોરાક પચવાનો સમય થતાં કોઈ પણ કારણ વિના જ ઊલટી તથા ઓડકારો આવે; અપાનવાયુના, મૂત્રના તથા વિષ્ઠાના વેગો પ્રકટ ન થાય; અથવા તેઓના વેગો પ્રકટ થયા હોય છતાં તેઓની પ્રવૃત્તિ ન થાય અથવા લગાર બહાર નીકળે; પેટમાં વાયુના કારણે શૂળ નીકળે, પેટ આફરી આવે; આંતરડાંમાં અવાજ થાય; રૂંવાડાં ચોપાસ ઊભાં થઈ જાય; ખૂબ બંધાઈ જવાને લીધે વિષ્ઠાનો આકાર અત્યંત જોળ થઈ જાય; અથવા પેટમાં વિષ્ઠા ખૂબ વધુ પ્રમાણમાં એકઠી થઈ જાય; કંઈ પણ ખાવાની ઇચ્છા ન થાય; શરીર દુર્બળ થઈ જાય; તેમ જ તૃપ્તિ સહન થઈ ન શકે એટલે કે તૃપ્તિ પર્યંત ખોરાક ખાવો સહન ન થાય. (કારણ કે તૃપ્તિ થાય ત્યાં સુધી ખોરાક ખાવાથી ગ્લાનિ થાય.) સુશ્રુતે પણ ઉત્તરતંત્રના ૪૨ મા અધ્યાયમાં આ પ્રકારે જ કહેલ છે. ૧૦

વાતજગુલ્મનાં લક્ષણો

शूलं मूर्च्छा ज्वरस्तोदः कार्श्यं तृ(कृ)ष्णाऽरुणात्म(भ)ता।
पार्श्वोसाक्षकशूलं च वातगुल्मस्य लक्षणम् ॥११॥

(પેટમાં) શૂળ ભોંકાતું હોય એવી વેદના થાય; મૂર્છા અથવા બેભાન સ્થિતિ થાય; જ્વર આવે; તોદ એટલે કે સોયા ભોંકાતા હોય એવી વેદના થાય; શરીરમાં ક્ષીણતા થાય; વધુ પડતી તરશ લાગ્યા કરે. અરુણના જેવો કાળાશયુક્ત રાતો (શરીરનો) રંગ થઈ જાય; પડખામાં, ખભામાં તથા હાંસડીમાં શૂળ નીકળે; એટલાં વાતજનિત ગુલ્મરોગનાં લક્ષણો જાણવાં. ૧૧

વિવરણ: યદ્યપિ પણ નિદાનસ્થાનના ત્રીજા અધ્યાયમાં વાતજ ગુલ્મનાં આવાં લક્ષણો કહ્યાં છે; જેમ કે–स मुहुराधमति, मुहुरुत्स्त्वमापद्यते, अनियतविपुलाणुवेदनश्च भवति चलत्वाद्वायोः, पिपीलिकासञ्चार इवाङ्गेषु, तोदस्फुरणायामसङ्कोचसुप्तिहर्षप्रलयोदयबहुलः, तदातुरश्च सूच्येव शङ्कुनेव चातिविद्धमात्मानं मन्यते, अपि च दिवसान्ते जीर्यति शुष्यति चास्यास्यं, उच्छ्वासश्चोपरुध्यते, हृष्यन्ति चास्य रोमाणि वेदनायाः प्रादुर्भावे, प्लेहाटोपान्त्रकूजनाविपाकोदावर्ताङ्गमर्दं मन्या शिरःशङ्खशूलव्रध्नरोगार्त्तनमुद्रवन्ति, कृष्णारुणरुषत्वङ्नखनयनवदनमूत्रपुरीषश्च भवति, निदानोक्तानि चास्य नोपशेरते, विपरीतानि चोपशेरत इति वातगुल्मः। એ વાતજગુલ્મ રોગ વારંવાર વિસ્તૃત થાય છે, વારંવાર નાનો-સૂક્ષ્મ થઈ સંકોચ પામે છે; તેની વેદનાઓ અચોક્કસ હોઈ કોઈ વેળા અતિશય મોટી અને કોઈ વેળા અતિશય ઓછી પણ થાય છે; કેમ કે વાયુ ચંચલ છે; અને તે જ કારણે અંગો પર જાણે કે વારંવાર કીડીઓ ફર્યા કરતી હોય એવું લાગે છે; તેમ જ સોય ભોંકયા જેવી પીડા, ચિરાતું હોય એવી વેદના, ફરકવું, આયામ-વિસ્તાર, સંકોચ, સુરતી કે જડતા એટલે કે સ્પર્શનું અજ્ઞાન અને હર્ષ એટલે કે રોમાંચ કે રૂવાડાં ખડાં થઈ જાય; એમ એ બધાંનો નાશ તથા ઉત્પત્તિ લગભગ થયા કરે છે. વળી તે વેળા એ વાતગુલ્મનો રોગી, સોયથી કે ખીલાથી ચોપાસ પોતે જાણે અત્યંત વીંધાયો હોય તેમ પોતાને માને છે. વળી દિવસના અંત સમયે તે રોગીને તાવ આવી જાય અને તેનું મોઢું સુકાય છે; તેનો શ્વાસોચ્છ્વાસ રુંધાય છે; તેનાં રૂંવાડાં ખડાં થઈ જાય છે; અને તેને જ્યારે વેદના પ્રકટ થાય છે ત્યારે પ્લીહા–બરોળ, પેટનો આફરો, આંતરડાંનો અવાજ, અપચો, ઉદાવર્ત, અંગમર્દ કે શરીરનું ભાંગવું, ગળાની શિરામાં શૂળ, મસ્તકમાં શૂળ, લમણાંઓમાં શૂળ, તથા બ્રધ્નરોગ–એટલા ઉપદ્રવો એ વાતગુલ્મના રોગીને થાય છે. વળી તે વાતગુલ્મના રોગીની ત્વચા, નખો, મુખ, મૂત્ર અને વિષ્ઠા કાળા રંગનાં, અરુણના જેવા રંગનાં તથા કઠોર થઈ જાય છે. નિદાનમાં કહેલાં દ્રવ્યો તે રોગીને સુખકારી થતાં નથી, પરંતુ એથી જ વિપરીત હોય તે તેને સુખકારક થાય છે; એવાં લક્ષણોથી જે યુક્ત હોય તે વાતગુલ્મ કહેવાય છે. ૧૧

પિત્તજ ગુલ્મનાં લક્ષણો.

ઊષાયણં જ્વરો દાહસ્તૃષ્ણાવિડ્ભેદપીતતાઃ ।
પિત્તગુલ્મે વિજાનીયાત્ પિત્તલાન્નોષ્ણસેવિનઃ ॥૧૨

પિત્તના ગુલ્મમાં બળતરા, તાવ, દાહ, વધુ પડતી તરશ, વિષ્ઠાનો ભેદ અથવા પાતળા ઝાડા થવા તથા શરીરના રંગમાં પીળાશ થાય છે, એ લક્ષણો જાણવાં; અને જે માણસ પિત્તવર્ધક ખોરાક તથા ગરમ પદાર્થોનું સેવન કરવા ટેવાયેલો હોય, તેને આ પિત્તજ ગુલ્મરોગ થાય છે. ૧૨

વિવરણ : ચરકે પણ નિદાનસ્થાનના ત્રીજા અધ્યાયમાં આ પિત્તજ ગુલ્મનાં આવાં લક્ષણો કહ્યાં છે. જેમ કે, 'પિત્તં ત્વેનં વિદહતિ કુક્ષૌ હૃદયસિ કણ્ઠે ચ, સ વિદહ્યમાનઃ સધૂમામેવોદ્ગારમુદ્ગિરતિ અમ્લાન્વિત, ગુલ્માવકાશશ્ચાસ્ય દહ્યતે ઇયતે ધૂપ્યતે ઊષ્માયતે સ્વિદ્યતિ ક્લિદ્યતિ, શિથિલ ઇવ ચ સ્પર્શાસહોઽલ્પરોમાઞ્ચો ભવતિ, જ્વરભ્રમદવથુપિપાસાગલવદનતાલુશોષપ્રમોહવિડ્ભેદાશ્ચૈનમુપદ્રવન્તિ, હરિતહારિદ્રત્વઙ્નખનયનવદનમૂત્રપુરીષશ્ચ ભવતિ, નિદાનોક્તાનિ ચાસ્ય નોપશેરતે, વિપરીતાનિ ચોપશેરત ઇતિ પિત્તગુલ્મઃ । પિત્તગુલ્મના રોગીને એ પિત્ત પણ કૂખમાં, હૃદયમાં, છાતીમાં તથા કંઠમાં અતિશય દાહ કરે છે; એમ અત્યંત દાહ પામતો એ રોગી જાણે કે ધુમાડાથી યુક્ત થયો હોય એવા ખટાશવાળા ઓડકાર બહાર કાઢે છે; એ રોગીનું તે પિત્તગુલ્મનું સ્થાન પણ દાહ પામી બળ્યા કરે છે, સંતાપ પામે છે, જાણે કે ધુમાડા કાઢતું હોય અને ઉષ્ણતાને બહાર કાઢતું હોય એવું લાગે છે; તે ઠેકાણે પરસેવો આવ્યા કરે છે; વળી તે સ્થાનની ઉપર ક્લેદ કે ભીનાશ રહ્યા કરે છે; જાણે કે તે ઢીલું થઈ ગયું હોય તેવું લાગે છે; (વ્રણની જેમ) કોઈ પણ સ્પર્શને તે સહન કરતું નથી; અને તે સ્થાન પરનાં રુવાંટાં ઓછાં થઈ જાય છે; વળી એ પિત્તગુલ્મના રોગીને જ્વર આવે છે, ભ્રમ થાય છે, નેત્ર વગેરેમાં દાહ થાય છે; વધુ પડતી તરશ લાગ્યા કરે છે; તેનું ગળું, તાળવું તથા મોઢું સુકાયા કરે છે, અતિશય મોહ કે બેભાનપણું થાય છે અને વિષ્ઠા કે ઝાડાપાણી થઈ જાય છે; એટલા ઉપદ્રવો તે પિત્તગુલ્મના રોગીને થાય છે; તેની ત્વચા, નખ, નેત્રો, મોઢું, મૂત્ર તથા વિષ્ઠા લીલાં તથા હળદરના જેવા પીળા રંગનાં થઈ જાય છે; નિદાનરૂપે કહેલાં દ્રવ્યો તેને સુખકારક થતાં નથી, પરંતુ તેથી વિપરીત દ્રવ્યો, તેને સુખકારક થાય છે એમ પિત્તનો ગુલ્મરોગ કહ્યો છે.' એ જ પ્રમાણે, ચરકે ચિકિત્સાસ્થાનના પાંચમા અધ્યાયમાં પણ આમ કહ્યું છે કે—જ્વરઃ પિપાસા વદનાઙ્ગરાગઃ શૂલં મહજ્જીર્યતિ ભોજને ચ । સ્વેદો વિદાહો વ્રણવચ્ચ ગુલ્મઃ સ્પર્શાસહઃ પૈત્તિકગુલ્મરૂપમ્ ॥ જ્વર આવે, વધુ પડતી તરશ લાગે, મોઢાનો અને શરીરનો રંગ બદલાઈ જાય, ખાધેલો ખોરાક પચવા માંડે ત્યારે મોટું શૂળ ઉપડે; પરસેવો થાય; વધુ પડતો દાહ—બળતરા થાય; વ્રણ કે ગૂમડાં જેવો ગુલ્મ થાય, જેનો સ્પર્શ કોઈ સ્પર્શ કરે તે પણ સહન થઈ ન શકે; એ પિત્તજનિત ગુલ્મનું લક્ષણ જાણવું. ૧૨

કફજનિત ગુલ્મનાં લક્ષણો.

રોમહર્ષો જ્વરશ્છર્દિરરુચિર્હૃદયગ્રહઃ ।
મૂત્રાક્ષિનખવિટ્શૌક્લ્યં શૈત્યં ચ કફગુલ્મિનઃ ॥૧૩

કફના પ્રકોપથી જેને ગુલ્મરોગ થયો હોય, તેને રોમહર્ષ થાય—તેના શરીર પરનાં રુવાંટાં ખડાં થયા કરે; જ્વર આવે; ઊલટી થાય; અરુચિ થાય—કંઈ પણ ન ગમે; હૃદયનું ઝલાવું થાય; અને મૂત્ર, નેત્રો, નખ તથા વિષ્ઠા ધોળાં થઈ જાય તેમ જ શરીરમાં શીતલતા થાય. ૧૩

વિવરણ : આ કફજ ગુલ્મરોગનાં લક્ષણો ચરકે પણ નિદાનસ્થાનના ત્રીજા અધ્યાયમાં આમ કહ્યાં છે; જેમ કે— શ્લેષ્મા ત્વસ્ય શીતજ્વરારોચકાવિપાકાઙ્ગમર્દહર્ષહૃદ્રોગચ્છર્દિનિદ્રાલસ્યસ્તૈમિત્યગૌરવશિરોમિતાપાનુપજનયતિ, અપિ ચ ગુલ્મસ્ય સ્થૈર્યગૌરવકાઠિન્યાવગાઢસુપ્તતાઃ, તથા કાસશ્વાસપ્રતિશ્યાયાન્ રાજયક્ષ્માણં ચાતિપ્રવૃદ્ધઃ, શ્વૈત્યં ચ ત્વઙ્નખનયનવદનમૂત્રપુરીષેષૂપજનયતિ, નિદાનોક્તાનિ ચાસ્ય નોપશેરતે, તદ્વિપરીતાનિ ચોપશેરત ઇતિ શ્લેષ્મગુલ્મઃ । એ કફગુલ્મના રોગીનો તે કફ શીતજ્વર, અરોચક, અપચો, અંગમર્દ—શરીરનું ભાંગવું, હર્ષ—રોમાંચ, હૃદયરોગ, ઊલટી, નિદ્રા, આળસ, સ્તૈમિત્ય—એટલે કે શરીરને જાણે

ભીનાં કપડાંથી લપેટયું હોય તેવી ભીનાશ, શરીરમાં ગૌરવ–ભારેપણું અને મસ્તકનો સંતાપ ઉપજાવે છે. વળી તે કફગુલ્મની સ્થિરતા, ભારેપણું, કઠિનતા, કે ઘટ્ટપણું તથા જડતા એટલે સ્પર્શ કરાય તોયે ખબર ન પડે; તેમ જ ઉધરસ, શ્વાસ, સળેખમ તથા ક્ષયરોગને પણ ઉત્પન્ન કરે છે; વળી તે કફ જો ખૂબ વધી જાય તો ત્વચા, નખ, નેત્રો, મોઢું, મૂત્ર તથા વિષ્ઠામાં ધોળાશ ઉપજાવે છે; અને તે કફગુલ્મના રોગીને નિદાન તરીકે કહેલાં દ્રવ્યો સુખકારક થતાં નથી; પરંતુ એ નિદાનથી વિપરીત દ્રવ્યો સુખકારક થાય છે, એમ અહીં કફગુલ્મ કહ્યો છે.' આ જ પ્રમાણે, ચરકે ચિકિત્સિત-સ્થાનના પાંચમા અધ્યાયમાં પણ કહેલ છે.'૧૩

સાંનિપાતિક ગુલ્મનાં લક્ષણો

सर्वाण्येतानि रूपाणि लक्ष्यन्ते सान्निपातिके।

સાંનિપાતિક ગુલ્મમાં ઉપર જણાવેલ એક એક દોષજનિત ગુલ્મમાં કહેલાં લક્ષણો પણ બધાં યે એકત્ર જણાય છે.

વિવરણ : આ સંબંધે ચરકે પણ નિદાન-સ્થાનમાં આમ કહ્યું છે કે, 'त्रिदोषहेतुलिङ्गसन्निपातस्तु सान्निपातिकं गुल्ममुपदिशन्ति कुशलाः। स विप्रतिषिद्धोपक्रमत्वादसाध्यो निचयगुल्मः।–ત્રણે દોષોનાં નિદાનોનાં લક્ષણોનો સંનિપાત–એકત્ર સહયોગ થાય ત્યારે સાંનિપાતિક ગુલ્મ થાય છે, એમ કુશળ વૈદ્યો કહે છે. એ સાંનિપાતિક ગુલ્મ તે જ નિચયગુલ્મ કહેવાય છે અને તેમાં જે ચિકિત્સા કરાય તે વિરુદ્ધ પડે છે, તેથી એ ગુલ્મ અસાધ્ય ગણાય છે.

રક્તગુલ્મ સ્ત્રીઓને જ થાય

रक्तगुल्मः स्त्रिया योनौ जायते न नृणां क्वचित् ॥१४

રક્તગુલ્મ કેવળ સ્ત્રીની યોનિમાં જ થાય છે, પરંતુ તે રક્તગુલ્મ પુરુષોને કદી થતો જ નથી. ૧૪

વિવરણ : આ રક્તગુલ્મ સંબંધે ચરકે નિદાનસ્થાનના ત્રીજા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'शोणितगुल्मस्तु खलु स्त्रिया एव भवति न पुरुषस्य, गर्भकोष्ठार्तवागमनवैशेष्यात्।–રક્તગુલ્મ કે રુધિરગુલ્મ તો ખરેખર સ્ત્રીને જ થાય છે, પણ પુરુષને થતો નથી; કારણ કે ગર્ભકોષ્ઠ–ગર્ભાશયમાં આર્તવ-રુધિરનું આવવું, એ રૂપી તેની વિશેષતા સ્ત્રીના સંબંધે જ હોય છે. વળી આ સંબંધે ભોજ તંત્રમાં પણ આમ કહ્યું છે કે, 'स्त्रीणामार्तवजो गुल्मो न पुंसामुपजायते। अन्यस्त्वसृग्भवो गुल्मः स्त्रीणां पुंसाञ्च जायते॥–આર્તવ–રુધિરમાંથી ઉત્પન્ન થતો ગુલ્મ કેવળ સ્ત્રીઓને જ થાય છે, પરંતુ પુરુષોને તે ગર્ભ ઉત્પન્ન થતો નથી; પરંતુ સામાન્ય રુધિરના દોષથી કે વિકારથી બીજો જે ગુલ્મ થાય છે, તે તો સ્ત્રીઓને તથા પુરુષોને–બેયને ઉત્પન્ન થાય છે.' છતાં એ બીજો રક્તદોષજન્ય ગુલ્મનો સમાવેશ તો પિત્તજ ગુલ્મમાં જ થઈ શકે છે.' ૧૪

રક્તગુલ્મનાં નિદાનો તથા સંપ્રાપ્તિ

दुष्प्रजाता(ऽऽम)गर्भा च गर्भस्रूर्बहुमैथुना।
मन्वक्ष[1]गर्भकामा च बहुशीतार्तवा च या ॥१५
उदावर्तनशीला च वातलान्ननिषेविणी।
या स्त्री तस्याः प्रकुपितो वातो योनिं प्रपद्यते ॥१६
निरुणद्ध्यार्तवं तत्र मासिकं सञ्चिनोति च।
रक्ते च संस्थिते नारी गर्भिण्यस्मीति मन्यते ॥१७

જે સ્ત્રી દુષ્પ્રજાતા કે કસુવાવડથી યુક્ત થઈ હોય–જેને કસુવાવડ થઈ ગઈ હોય, જે સ્ત્રીનો ગર્ભ આમ–કાચો હોય, જે સ્ત્રીને ગર્ભસ્રાવ થઈ ગયો હોય, જે સ્ત્રી ઘણું મૈથુન કરતી હોય; વળી જે સ્ત્રી વારંવાર ઘણી જ ઉતાવળ કરી ગર્ભ-ધારણની ઇચ્છા ધરાવતી હોય, જે સ્ત્રીનું આર્તવ ઘણું જ શીતલ હોય, જે સ્ત્રીને ઉદાવર્ત રોગ થવાનો સ્વભાવ થઈ ગયો હોય, વળી જે સ્ત્રી વધુ પડતા વાતવર્ધક ખોરાકનું સેવન કરવા ટેવાયેલી હોય, તે સ્ત્રીનો વાયુ અતિશય કુપિત થઈ યોનિમાં પ્રાપ્ત થાય છે; અને તે વાયુ, ત્યાં આર્તવને અત્યંત રોકી રાખે છે અને માસિક-આર્તવના સ્રાવને પણ સારી રીતે એકત્ર કરી રાખે છે; એમ તે રક્ત કે આર્તવ ત્યાં રોકાઈ રહ્યું હોય, ત્યારે તે સ્ત્રી હું

૧ 'अन्वगन्धश्च मनुगेऽनुपदम्' इत्यमरः। अतिशीघ्रमिति यावत्।

'હું ગર્ભિણી છું' એમ માને છે. ૧૫-૧૭

વિવરણ : ચરકે પણ ચિકિત્સાસ્થાનના પાંચમા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે, 'ऋतावनाहारतया भयेन विरूक्षणैर्वेगविनिग्रहैश्च। संस्तम्भनोल्लेखनयोनिदोषैर्गुल्मः स्त्रियं रक्तभवोऽभ्युपैति ॥– જે સ્ત્રીને જ્યારે ઋતુકાળ પ્રાપ્ત થયો હોય કે નવી પ્રસૂતિ થઈ હોય, અથવા જે સ્ત્રીનો કાચો ગર્ભ પડી ગયો હોય, ત્યારે એ સ્ત્રી, બરાબર યોગ્ય પ્રમાણમાં જે આહાર લેતી હોય, તે જો ન લઈ શકે; અથવા ગર્ભસ્થિતિને કારણે ભયભીત રહેતી હોય; અને તે વેળા રૂક્ષ આહારોનું જો સેવન કરે, અથવા મળ-મૂત્રાદિના આવેલા વેગોને રોકે; અથવા જે સ્ત્રી ઋતુકાળે ચાલુ થયેલા આર્તવને જો રોકે; અને તે કાળે તેને લગતાં ઔષધને સેવે, ઉલ્લેખન કે વમનકારક ઔષધ આદિને સેવી જો વમન કરે, અથવા જે સ્ત્રીની યોનિ દોષોથી યુક્ત હોય તે સ્ત્રીને તે તે જુદાં જુદાં કારણોથી તેના એ દુષ્ટ-રક્ત-રુધિર કે આર્તવથી થનારો એ દુષ્ટ રુધિરજન્ય ગુલ્મરોગ પ્રાપ્ત થાય છે. આ જ પ્રમાણે ચરકે નિદાનસ્થાનના ત્રીજા અધ્યાયમાં અને સુશ્રુતે પણ ઉત્તરતંત્રના ૪૨ મા અધ્યાયમાં જે કહ્યું છે તે ત્યાં જોવું. ૧૫-૧૭

રક્તગુલ્મનું લક્ષણ

स्तनमण्डलकृष्णात्वं रोमराजिः सदोहदा।
गर्भिणीरूपमप्यक्तं भजते सर्वमेव तु ॥ १८ ॥
वि(अ)पाकपाण्डुकार्श्यानि भवन्त्यभ्यधिकानि तु।
इत्येवं लक्षणं स्त्रीणां रक्तगुल्मं प्रचक्षते ॥ १९ ॥

જે સ્ત્રીના સ્તનમંડલનો અગ્ર ભાગ કાળો થાય, રોમરાજી કે રુવાંટાંની પંક્તિ સ્પષ્ટ જણાય, દોહદો અથવા ગર્ભકાળે અનેક પદાર્થો વિષેની જેવી ઇચ્છાઓ થાય છે તેવી ઇચ્છાઓ જે સ્ત્રીને થયા કરે, અને ગર્ભિણી સ્ત્રીનાં જે લક્ષણો થાય છે તે લક્ષણો જે સ્ત્રીમાં અવ્યક્ત કે અસ્પષ્ટ થયેલાં જણાય, તેમ જ એ ઉપરાંત ખોરાકનો અપચો, શરીર પાંડુવર્ણું થાય અને દુર્બળતા થાય, એવાં લક્ષણો જેમાં થાય તેને વૈદ્યો સ્ત્રીઓનો રક્તગુલ્મ કહે છે.૧૮,૧૯

વિવરણ : આ સંબંધે ચરકે પણ નિદાનસ્થાનના ત્રીજા અધ્યાયમાં આમ કહ્યું છે કે, तस्याः शूलकासातिसारछर्यरोचकाङ्गमर्दनिद्रालस्यस्तैमित्यकफप्रसेकाः समुपजायन्ते, स्तनयोश्च स्तन्यं, ओष्ठयोः स्तनमण्डलयोश्च कार्ष्ण्यं, ग्लानिश्चक्षुषोः, मूर्च्छा, हृल्लासो, दौहृदः, श्वयथुः पादयोः, ईषच्चोद्गमो रोमराज्याः, योन्याश्चारालत्वं, अपि च योन्या दौर्गन्ध्यमास्रावश्चोपजायते, केवलश्चास्याः गुल्मः पिण्डित एव स्पन्दते, तामगर्भां गर्भिणीमित्याहुर्मूढाः ।–એ રક્તગુલ્મના રોગવાળી સ્ત્રીને શૂળ, ઉધરસ, અતિસાર-ઝાડા, ઊલટી, અરોચક, અંગમર્દ-શરીરનું ભાંગવું, નિદ્રા, આળસ, ભીનું કપડું જાણે શરીર પર લપેટ્યું હોય તેવું લાગે અને કફની લાળો ઝરે; ઉપરાંત, તેના બન્ને સ્તનમાં ધાવણ ઉત્પન્ન થાય, બન્ને હોઠ અને બન્ને સ્તનમંડલના અગ્ર ભાગમાં કાળાશ થાય; બન્ને નેત્રોમાં ગ્લાનિ, ઝાંખ કે કોઈ વસ્તુ જોવા માટે કંટાળો આવે; મૂર્છા-મોહ કે બેભાન સ્થિતિ થાય; હૃલ્લાસ-મોળ-ઉબકા આવે; દોહદ થાય-જુદી જુદી વસ્તુઓની ઇચ્છા થાય; બન્ને પગમાં સોજો આવે; રુવાંટાંની પંક્તિ લગાર ઊભી થયા કરે; યોનિની વિશાળતા થાય; વળી યોનિમાં દુર્ગંધપણું થાય; યોનિમાંથી થોડો થોડો સ્રાવ થયા કરે, એવાં સગર્ભા સ્ત્રીના જેવાં લક્ષણો રક્તગુલ્મવાળી સ્ત્રીને થાય છે; છતાં તેમાં આ તફાવત હોય છે કે, એ રક્તગુલ્મની રોગી સ્ત્રીનો એ ગુલ્મ કેવળ પિંડિત-ગોળાકારે જ હોઈને આખોયે તેજરૂપે ફરકે છે; એમ તે રક્તગુલ્મની રોગી સ્ત્રી, વસ્તુતઃ ગર્ભરહિત જ હોય છે, છતાં મૂઢ-અજ્ઞાની લોકો તે સ્ત્રીને ગર્ભયુક્ત કે સગર્ભા કહે છે.' આ જ પ્રમાણે, ચરકે ચિકિત્સાસ્થાનના ત્રીજા અધ્યાયમાં કહ્યું છે અને સુશ્રુતે પણ ઉત્તરતંત્રના ૪૨ મા અધ્યાયમાં પણ એમ કહ્યું છે. ૧૮,૧૯

ગુલ્મનું સ્વરૂપ તથા તેની સાધ્યતા-અસાધ્યતા

अनेकदोषसङ्घातो गुल्मवद्गुल्म उच्यते।
त्रिदोषजादते गुल्माः सिद्ध्यन्ति न चिरोत्थिताः॥२०

જેમ ગુલ્મ કે વનસ્પતિના મૂળનો ગુચ્છો અને રેસાઓ કે તાંતણા કે તંતુ-

ઓથી ગીચ જમ્યો હોય છે, તેમ આ ગુલ્મરોગ પણ અનેક દોષોના સમુદાયથી ખૂબ જમ્યો હોય છે, તે કારણે તે ગુલ્મ કહેવાય છે; જે ગુલ્મ ત્રિદોષથી કે ત્રણે દોષોના સંનિપાતથી ઉત્પન્ન થયો હોઈ સાંનિપાતિક હોય, તે સિવાયના એક એક દોષથી ઉપન્ન થયેલા ગુલ્મો સિદ્ધ થાય છે એટલે કે ચિકિત્સાથી મટે છે, પણ સાંનિપાતિક ગુલ્મ મટતો જ નથી; તેમ જ એક એક દોષજનિત પણ જે ગુલ્મો લાંબા કાળથી ઉત્પન્ન થયેલા હોય અને ચિકિત્સારહિત જ રહ્યા હોય, તેઓ પણ (પાછળથી ગમે તેટલી ચિકિત્સા કરાય તોયે) મટતા નથી. ૨૦

વિવરણ : સુશ્રુતે પણ ઉત્તરતંત્રના ૪૨ મા અધ્યાયમાં આ ગુલ્મરોગનું સ્વરૂપ અથવા વ્યાખ્યા આમ કહી છે; જેમ કે, 'कुपितानिलमूलत्वाद् गूढमूलोदयादपि। गुल्मवद्वा विशालत्वाद् गुल्म इत्यभिधीयते॥– ગુલ્મરોગની ઉત્પત્તિમાં મૂળ કારણ કોપેલો વાયુ જ મુખ્ય હોય છે; અને ઊંડા મૂળવાળા કંદ આદિની પેઠે આ ગુલ્મરોગનાં મૂળ પણ ઊંડાં-ગૂઢ હોય છે, અથવા લતા કે વેલ વગેરેના ગુચ્છાની જેમ તેની વિશાળતા હોય છે; એ કારણે પણ આ 'ગુલ્મ' એ નામે કહેવાય છે. ૨૦

વાત-ગુલ્મરોગીની પ્રાથમિક ચિકિત્સા

गुल्मिनं प्रथमं वैद्यः स्नेहस्वेदोपपादितम्।
यथास्वदोषशमनैरौषधैः समुपक्रमेत्॥ २१॥

જેને ગુલ્મરોગ થયો હોય તેને વૈદ્યે પ્રથમ સ્નેહન તથા સ્વેદન ચિકિત્સા કર્યા પછી જે પ્રમાણે ગુલ્મનો રોગ હોય તેને અનુસરી શમન ઔષધો વડે સારી રીતે ઉપચારો કરવા. ૨૧

વિવરણ : આ સંબંધમાં ચરકે ચિકિત્સાસ્થાનના પાંચમા અધ્યાયમાં આમ કહ્યું છે કે– भोजनाभ्यञ्जनैः पानैर्निरूहैः सानुवासनैः। स्निग्धस्य भिषजा स्वेदः कर्तव्यो गुल्मशान्तये॥...सर्वत्र गुल्मे प्रथमं स्नेहस्वेदोपपादिते। या क्रिया क्रियते सिद्धिं सा याति न विलक्षिते–વાતગુલ્મના રોગીને તેના ગુલ્મનું શમન કરવા માટે શરૂઆતમાં ભોજનો, અભ્યંજનો–માલિશ, પાન–પીણાંઓ દ્વારા અને અનુવાસન સહિત નિરૂહબસ્તિઓ દ્વારા વૈદ્યે સ્નિગ્ધ કરી સ્વેદન પણ કરવું જોઈએ; કારણ કે જે રોગી, અતિશય રૂક્ષ કરાયો હોય, તેની જે જે ચિકિત્સા કરાય છે, તે તે સિદ્ધિ સફળતાને પામતી નથી. ૨૧

बृंहणं चातिगुल्मेषु भृशं चातिविरूक्षणम्।
अतिसंशोधनं चैव गुल्मिनां न प्रशस्यते॥२२॥

ગુલ્મ રોગમાં વધુ પડતું બૃંહણ, વધુ પડતું રૂક્ષણ અને વધુ પડતું સંશોધન પણ તે ગુલ્મરોગીઓના સંબંધે વખણાતાં નથી. ૨૨

વિવરણ : ચરકે પણ ચિકિત્સાસ્થાનના પાંચમા અધ્યાયમાં આમ કહ્યું છે કે: तस्मान्ना नातिसौहित्यं कुर्यान्नातिविलङ्घनम्–ગુલ્મરોગમાં જઠરાગ્નિ મંદ હોય ત્યારે તે ગુલ્મ વધી જાય છે અને તે જઠરાગ્નિ જેમ પ્રદીપ્ત થાય છે, તેમ ગુલ્મરોગ અત્યંત શાંત થાય કે મટી જાય છે; એ કારણે ગુલ્મના રોગી માણસે, તે ગુલ્મમાં વધુ પડતી તૃપ્તિ કરવી નહિ; તેમ જ વધુ પડતી લાંઘણો પણ ન કરવી. ૨૨

વાતગુલ્મની ખાસ ચિકિત્સા
'દશાંગઘૃત'નો પ્રયોગ

अभया पिप्पली व्योषं यावशूकोऽथ चित्रकः।
सौवर्चलं विडङ्गानि वचा चेत्यक्षसंमिताः॥२३॥
सम्यक्पक्वं घृतप्रस्थं तत् पिबेच्च यथाबलम्।
घृतं दशाङ्गमित्येतद्वातगुल्मनिवारणम्॥ २४॥

હરડે, પીપર, વ્યોષ–સૂંઠ, મરી અને પીપર, જવખાર, ચિત્રક, સંચળ, વાવડિંગ અને વજ–એટલાં દ્રવ્યો દરેક એકએક તોલો લેવાં; તેઓનો કલ્ક બનાવી એક પ્રસ્થ ઘીમાં તે કલ્કને મેળવી તેમાં ચાર પ્રસ્થ જળ નાખી તે બધું પકવવું. પ્રવાહી બળી જતાં સારી રીતે પકવ થયેલું તે ઘી, વાતગુલ્મના રોગીએ પોતાના બળ અનુસાર પીવું; એમ પીધેલું આ દશાંગઘૃત વાતગુલ્મને મટાડે છે. ૨૩,૨૪

વાતગુલ્મવિનાશક ષટ્પલ ઘૃતયોગ

सैन्धवं यावशूकश्च पिप्पली हस्तिपिप्पली।
शुण्ठी चित्रक इत्येषां षड्भागाः पलिका पृथक्॥

तुल्यक्षीर घृतं प्रस्थ पक्वं षट्पलमुच्यते ।
षट्पलं सर्वगुल्मेषु वैद्याः प्राहुर्यथाऽमृतम् ॥२६

સૈંધવ, જવખાર, પીપર, ગજપીપર, સૂંઠ અને ચિત્રક–એ દ્રવ્યોના પ્રત્યેકના અલગ અલગ એક એક પલ–ચાર ચાર તોલા પ્રમાણના છ ભાગો લેવા; પછી તેઓનો કલ્ક બનાવી, તે બધાંના જેટલા જ પ્રમાણ ગાયનું ઘી તેની સાથે મેળવી એક પ્રસ્થ ૬૪ તોલા ઘી પકવવું; પ્રવાહી બળી જતાં પકવ થયેલું એ ઘી, 'ષટ્પલ' નામે કહેવાય છે; એ 'ષટ્પલ' ઘૃતને વૈદ્યો હરકોઈ ગુલ્મરોગમાં અમૃતતુલ્ય ગુણકારી કહે છે. ૨૫,૨૬

વિવરણ : આ સંબંધે ચરકે પણ ચિકિત્સિત સ્થાનના ૫ મા અધ્યાયમાં આમ કહ્યું છે–'षट्पलं वा पिबेत्सर्पिर्यदुक्तं राजयक्ष्मणि–રાજયક્ષ્મા–ક્ષયના રોગની ચિકિત્સામાં 'ષટ્પલ' નામના ઘૃતનો જે પ્રયોગ કહ્યો છે, તે ગુલ્મરોગમાં પણ પીવો જોઈએ.'૨૫,૨૬

વાતગુલ્મને મટાડનાર 'શૈશુક' ઘૃતયોગ

अभया पिप्पली द्राक्षा गुडूची सपुनर्नवा ।
लवणक्षारगन्धर्वभार्गीरास्नारसाञ्जनम् ॥ २७ ॥
तुल्यक्षीरं पचेदेतैर्घृतमक्षसमैर्भिषक् ।
शैशुकं नाम तत् सर्पिर्वातगुल्मनिवारणम् ॥२८

હરડે, પીપર, દ્રાક્ષ, ગળો, સાટોડી, લવણ–સૈંધવ, સાજીખાર, ધોળો એરંડો, ભારંગી, રાસ્ના અને રસાંજન, રસવંતી–એટલાં દ્રવ્યોને સમાન ભાગે એક એક તોલો લઈ તેઓનો કલ્ક બનાવી, તેના જેટલા દૂધમાં તે કલ્ક મિશ્ર કરી તે દૂધના જેટલું જ ઘી તે સાથે વૈદ્યે પકવવું; પ્રવાહી બળી જતાં પકવ થયેલું તે ઘી 'શૈશુક' નામે કહેવાય છે; તે ઘીનું જો સેવન કર્યું હોય, તો વાતગુલ્મના રોગને તે મટાડે છે. ૨૭,૨૮

ગુલ્મરોગમાં હિતકારી એરંડતૈલ

स्निग्धस्विन्नसमाश्वस्तं गुल्मिनं संसयेत्ततः ।
विरेचनेन मृदुना तैलेनैरण्डजेन वा ॥ २९ ॥

ગુલ્મનો રોગી, સ્નેહથી સ્નિગ્ધ થયો હોય અને પછી સ્વેદન દ્વારા સારી રીતે આશ્વાસન પામ્યો હોય તે પછી તેને એરંડતૈલરૂપી વિરેચન આપીને સંસન કરાવવું જોઈએ. ૨૯

ઉપર્યુક્ત વિરેચન પછી આપવાનું ભોજન

विरिक्तं च यथाकालं नातिरूक्षाणि भोजयेत् ।
युक्ताम्लवणोष्णानि युक्तस्नेहरसानि च ॥३०॥
भोजयेद्गुल्मिनं नित्यं निदानगुरुवर्जकम् ।
न चातिभोजनं नित्यं शस्यते सर्वगुल्मिनाम् ॥३१

જેને વિરેચન અપાયું હોય એવા વાતગુલ્મના રોગીને, યોગ્ય સમયે અતિશય રૂક્ષ ન હોય એવાં ભોજન જમાડવાં; એ ભોજન યોગ્ય ખટાશ તથા લવણથી યુક્ત અને ગરમ હોવાં જોઈએ; તેમાં યોગ્ય પ્રમાણમાં સ્નેહ રસ પણ હોવો જોઈએ; પણ તેમાં વાતગુલ્મનાં નિદાનરૂપ દ્રવ્ય તથા ભારે પદાર્થો ન હોય; તેમ જ હરકોઈ ગુલ્મના રોગીને કાયમ વધુ પ્રમાણમાં ભોજન જમાડવું તે વખણાય નહિ. ૩૦,૩૧

વાતગુલ્મ, ઉદાવર્ત તથા બરોળનું શૂળ મટાડનારી પેયા

पिप्पलीं पिप्पलीमूलं चव्यं चित्रकनागरम् ।
बिल्वं कपित्थं बदरं वृषकं गणिकारिकाम् ॥३२
हिङ्गदाडिमजीवन्तीवृक्षाम्लं साम्लवेतसम् ।
पौष्करं शटिदन्त्या च लवणानि च सर्वशः ॥३३
द्वौ क्षारावजमोदं च तुल्यं शुष्काणि चूर्णयेत् ।
मातुलुङ्गरसेनैते वटका बदरोपमाः ॥ ३४॥
कृताः सुखाम्बुना पेया मद्यैरम्लेन वा भिषक् ! ।
वातगुल्ममुदावर्तं प्लीहशूलं च नाशयेत् ॥ ३५ ॥

પીપર, પિપરીમૂળ–ગંઠોડા, ચવક, ચિત્રક, સૂંઠ, બિલ્વફળ, કોઠફળ, બોર, અરડૂસો, અરણિ, હિંગ, દાડમબીજ, જીવંતી–મીઠી ખરખોડી, વૃક્ષામ્લ–કોકમ, અમ્લવેતસ, પુષ્કરમૂળ, પટકચૂરો, નેપાળાનાં મૂળ અને બધાંયે લવણો, સાજીખાર અને જવખાર અને અજમોદ–એટલાં સૂકાં દ્રવ્યોને

સમાન ભાગે લઈ તેઓનું ચૂર્ણ કરી લેવું; પછી તે ચૂર્ણ બિલ્વેરાંનો રસ મેળવી તેની બોર જેવડી ગોળીઓ બનાવી લેવી. પછી વૈદ્યે તે ગોળીઓને સહેવાય તેવા ગરમ પાણી સાથે, મદ્ય સાથે કે (દાડમ વગેરેની) ખટાશ સાથે વાતગુલ્મના રોગીને પાવી; તેથી વાતગુલ્મનો, ઉદાવર્ત રોગનો તથા બરોળના શૂળનો તે નાશ કરે છે. ૩૨-૩૫

વાતગુલ્મમાં પથ્ય ખોરાક

मयूरांस्तित्तिरीन् क्रौञ्चान् कपोतान् वनकुक्कुटान्।
यवगोधूमशालींश्च वातगुल्मी सदाऽश्नि(श्नी)यात्॥

વાતગુલ્મના રોગીએ હમેશાં મોરપક્ષીનું, તેતરપક્ષીનું, ક્રૌંચપક્ષીનું, કપોત-કબૂતરી કે હોલાનું અને જંગલી કૂકડાંનું માંસ ખાવું; તેમ જ જવ, ઘઉં તથા શાલિ-ડાંગરનો ભાત જમવો. ૩૬

વિવરણ : ચરકે પણ ચિકિત્સિત-સ્થાનના પાંચમા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે- कुक्कुटाश्च मयूराश्च तित्तिरिक्रौञ्चवर्तकाः। शाल्यो मदिरा सर्पिर्वातगुल्ममिषज्जितम्॥ हितमुष्णं द्रवं स्निग्धं भोजनं वातगुल्मिनाम्। समण्डवारुणीपानं पक्वं वा धान्यकैर्बिल्वम्-વાતગુલ્મના રોગીને કૂકડાં, મોર, તેતર, ક્રૌંચ-પક્ષી તથા વર્તક-બકલાં પક્ષીનું માંસ પકવી તે ગરમ ખાવું હિતકર છે. તેમ જ મદિરા, ઘી અને ગરમાગરમ પ્રવાહી સ્નિગ્ધ ભોજન જમવું તે પણ હિતકારી થાય છે; ઉપરાંત ઉપરના મંડ કે પાણીની સાથે વારુણી મદિરા પીવી અથવા ધાણાથી પકવેલું પાણી પીવું તે પણ હિતકારી થાય છે. ૩૬

એમ સ્નેહન કર્યા છતાં વાતગુલ્મ ન મટે તો

यदि तु स्निह्यमानस्य वातगुल्मो न शाम्यति।
हितमास्थापनं तस्य तथैवाप्यनुवासनम्।
क्षीरानुपानाममयां सगुडां संप्रयोजयेत्॥ ३७॥

એવી રીતે જે રોગીને સ્નેહનથી સ્નિગ્ધ કરાયા છતાં તેનો વાતગુલ્મ જો ન મટે, તો તેને આસ્થાપન તથા અનુવાસન પણ અપાયા કરાય તો તે પણ હિતકારી થાય છે; તેમ જ ગોળ સાથે હરડેના દૂધરૂપી અનુપાન સાથે સારી રીતે પ્રયોગ કરાવવો જોઈએ. ૩૭

વિવરણ : ચરકે પણ ચિકિત્સિત સ્થાનના પાંચમા અધ્યાયમાં આમ કહ્યું છે કે- बस्तिकर्म परं विद्याद् गुल्मघ्नं तद्धि मारुतम्। स्वे स्थाने प्रथमं जित्वा सद्यो गुल्ममपोहति॥ વાયુના ગુલ્મમાં બસ્તિ-કર્મ કરવું, તે વાયુગુલ્મનાશક શ્રેષ્ઠ ચિકિત્સા છે એમ જાણવું; કારણ કે તે બસ્તિકર્મરૂપ ચિકિત્સા પોતાના સ્થાનમાં રહેલા વાયુને જીતીને તરત જ ગુલ્મને મટાડે છે.

गुल्मिनां बद्धवर्चसां.....।
.....
.....॥ ૮॥

વાતગુલ્મના જે રોગીઓની વિષ્ઠા બંધાઈ ગઈ હોય કે ગંઠાઈને બહાર નીકળતી ન હોય, તેને પણ બસ્તિકર્મરૂપ ચિકિત્સા જ હિતકારી થાય છે. ૩૮

વિવરણ : આ અધ્યાય અહીં સુધીનો મળે છે; તેથી અહીં મૂળમાં આ ગુલ્મરોગ સંબંધે ઘણું કહેવાનું બાકી રહી ગયેલું અથવા ખંડિત થયેલું જણાય છે; તેથી તે અધૂરા વિષયને અહીં સુશ્રુત-માંથી તથા ચરકમાંથી આપ્યો છે. ચરકે ચિકિ-ત્સિત સ્થાનના પાંચમા અધ્યાયમાં આ બદ્ધ વર્ચસ્ક વાતગુલ્મમાં હિતકારી પ્રાથમિક ચિકિત્સા આમ કહી છે; જેમ કે बद्धविण्मारुतं स्नेहैरादितः समुपाचरेत्। વાતગુલ્મમાં જે રોગીની વિષ્ઠા તથા વાયુ બંધાઈ કે રોકાઈ ગયેલ હોય, તેને પ્રથમ સ્નેહનો દ્વારા બરાબર ઉપચારો કરવા. અથવા સુશ્રુતે ઉત્તરતંત્રના ૪૨ મા અધ્યાયમાં આમ ઠીક કહ્યું છે કે- बद्धवर्चोनिलानां तु सार्द्रकं क्षीरमिष्यते। વાતગુલ્મના જે રોગીની વિષ્ઠા તથા વાયુ બંધાઈ ગયાં હોય, તેઓને તો આદુંનો કલ્ક નાખી પકવ કરેલું દૂધ પાવું તે યોગ્ય ગણાય છે.' આ સિવાય આ અધ્યાયમાં બીજા ગુલ્મોની ચિકિત્સા કહેવા જે બાકી રહી ગયેલ છે, તે પણ અહીં ચરક તથા સુશ્રુતમાંથી અહીં આપી છે. જેમ કે ચરકે પિત્તગુલ્મની ચિકિત્સા ચિકિત્સિત સ્થાનના ૫ મા અધ્યાયમાં આમ કહી છે-

स्निग्धोष्णेनोदिते गुल्मे पैत्तिके स्रंसनं हितम्। रूक्षोष्णेन तु संभूते सर्पिः प्रशमनं परम्॥ પિત્તજનિત ગુલ્મ જો સ્નિગ્ધ તથા ઉષ્ણ દ્રવ્યોના સેવનરૂપ નિદાનથી ઉત્પન્ન થયો હોય, તો તેમાં સ્રંસન, એટલે મૃદુ વિરેચન અપાય તે હિતકારી થાય છે; પરંતુ રૂક્ષ તથા ઉષ્ણ દ્રવ્યના સેવનરૂપ નિદાનથી જો પિત્તગુલ્મ ઉત્પન્ન થયો હોય, તો (औषधपक्व) ઘૃતપાન એ શ્રેષ્ઠ પ્રશમનરૂપ હોઈ હિતકારી થાય છે. સુશ્રુતમાં પણ ઉત્તરતંત્રના ૪૨ મા અધ્યાયમાં આ પિત્તગુલ્મની ચિકિત્સા આમ કહી છે કે– पित्तगुल्मार्दितं स्निग्धं काकोल्यादि घृतेन तु। विरिक्तं मधुरैर्योगैर्निरूहैः सानुवासनैः॥ પિત્તગુલ્મથી પીડાયેલા રોગીને 'કાકોલ્યાદિ' ઘૃત પાઈને પ્રથમ સ્નિગ્ધ કરવો અને પછી મધુર યોગોના વિરેચન પ્રયોગોથી યુક્ત કરીને અનુવાસન સહિત નિરૂહ બસ્તિઓ પણ તેને આપવી જોઈએ; પરંતુ જો પિત્તગુલ્મ વિદગ્ધ થતો લાગે છે એમ જણાય, તો પ્રથમ રુધિરસ્રાવણ કરાવવું જોઈએ; તેથી એ પિત્તગુલ્મ વિદાહને નહિ પામે; એ વિદગ્ધ થતા ગુલ્મરોગમાં પ્રથમ રુધિરસ્રાવણ કર્યા પછી તે રોગીને જાંગલ પશુ-પક્ષીઓનાં માંસના રસો આપીને તે રોગીનું તર્પણ કરવું જોઈએ; એમ કરવા છતાં તે ગુલ્મમાં વિદાહ જો ચાલુ જ રહ્યા કરે, તો એ ગુલ્મમાં શસ્ત્રક્રિયા કરવી જોઈએ; આ સંબંધે ચરકે પણ આમ કહ્યું છે કે– रक्तपित्तातिवृद्धत्वात्क्रियामनुपलभ्य च। यदि गुल्मो विदह्येत शस्त्रं तत्र भिषग्जितम्॥ જો પિત્તગુલ્મમાં પ્રથમથી રક્તપિત્ત અત્યંત વધી ગયું હોય તે કારણે રુધિર સ્રાવણરૂપ ચિકિત્સા જો કરી શકાઈ જ ન હોય અને તેથી એ ગુલ્મમાં વિદાહ શરૂ થાય, તો તેમાં શસ્ત્રક્રિયા કરવી જોઈએ, એવો વૈદ્યોનો અભિપ્રાય છે.' પરંતુ કફજનિત ગુલ્મમાં જે ચિકિત્સા કરવી જોઈએ, તે સંબંધે ચરક આમ કહે છે કે– शीतैर्गुरुभिः स्निग्धैर्गुल्मे वाते कफात्मके। अवम्यस्यास्यकायाग्नेः कुर्याल्लङ्घनमादितः॥ શીતલ અને ગુરુ, પચવામાં ભારે ખોરાકો ખાવારૂપ નિદાનથી જો કફપ્રકોપજનિત ગુરુ રોગ થયો હોય, પરંતુ એ કફગુલ્મનો રોગી (નિર્બળ હોવાથી) વમન કરાવવાને યોગ્ય ન હોય અને તેના શરીરનો અગ્નિ-જઠરાગ્નિ પણ બહુ જ ઓછા પ્રમાણમાં હોય તો એ-કફગુલ્મના રોગીએ પ્રથમ લંઘનરૂપ ચિકિત્સા શરૂ કરવી જોઈએ.' એમ યોગ્ય પ્રમાણમાં લંઘન કરાવીને વૈદ્યે, તે કફગુલ્મના રોગીને ઉષ્ણ-ગરમ, કટુ-તીખા તથા તિક્ત, કડવાં દ્રવ્યો આપીને તેના ઉપચારો કરવા-એટલે કે તેવ ભોજન દ્રવ્યો આપવાની કાળજી રાખવી જોઈએ; પરંતુ એ કફગુલ્મના રોગીને સાથે સાથે જો મળબંધ પણ હોય, તો તેને યુક્તિપૂર્વક સ્નેહન આપી સ્નિગ્ધ કરવો જોઈએ; એમ લંઘન, વમન અને સ્નેહન આપવા પૂર્વકની સ્વેદન ચિકિત્સા કરીને તેનામાં જે વાયુની અધિકતા થઈ હોય, તે ઓછી કરીને વૈદ્યે તે રોગીના જઠરાગ્નિને પ્રદીપ્ત કરીને પછી તેને ક્ષાર તથા કટુ-તીખાં દ્રવ્યોથી પકવ કરેલા ઘૃતપાનનો પ્રયોગ કરાવવો જોઈએ; છતાં તે કફગુલ્મ જો હઠ પકડીને શાંત ન થાય, તો એવા તે કફગુલ્મના રોગીને વૈદ્યે ક્ષારનો પ્રયોગ, અરિષ્ટપાન તથા અગ્નિકર્મ કરાવવું જોઈએ; આ સંબંધે પણ ચરકે ચિકિત્સિત સ્થાનના ૫ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે– कृतमूलं महावास्तुं कठिनं स्तिमितं गुरुम्। जयेत्कफकृतं गुल्मं क्षारारिष्टाग्निकर्मभिः॥ दोषप्रकृतिगुल्मर्तुयोगं बुद्ध्वा कफोल्वणे। बलदोषप्रमाणज्ञः क्षारं गुल्मे प्रयोजयेत्॥ एकान्तरं द्व्यन्तरं वा त्र्यहं विश्रम्य वा पुनः। शरीरबलदोषाणां वृद्धिक्षपणकोविदः॥ श्लेष्माणं मधुरं स्निग्धं मांसक्षीरघृताशिनः। भित्त्वाभित्त्वाऽऽशयात्क्षारः क्षरत्वात्क्षारयत्यधः॥ मन्देऽग्नावरुचौ सात्म्ये मद्ये सस्नेहमश्नताम्। प्रयोज्या मार्गशुद्ध्यर्थमरिष्टाः कफगुल्मिनाम्॥ लङ्घनोल्लेखनैः स्वेदैः सर्पिष्यानैर्विरेचनैः। बस्तिभिर्गुटिकाचूर्णक्षारारिष्टगणैरपि॥ श्लैष्मिकः कृतमूलत्वाच्चास्य गुल्मो न शाम्यति। तस्य दाहो हृते रक्ते शरलोहादिभिर्हितः॥ औष्ण्यात्तैक्ष्ण्याच्च शमयेदग्निर्गुल्मे कफानिलौ। तयोः शमाच्च संघातो गुल्मस्य विनिवर्तते॥ જેણે પોતાનાં મૂળ અંદર-ઊંડાં કર્યાં હોય કે બાંધ્યાં હોય, જેનો ફેલાવો મોટા પ્રદેશમાં થયેલ હોય, જે કઠિન અને સજ્જડ જકડાયેલ હોય અને ભેજવાળો હોય અને જે ભારે હોય, એવા કફજનિત ગુલ્મને ક્ષાર, અરિષ્ટો તથા અગ્નિકર્મ-ડામ દેવાથી મટાડવો જોઈએ; વળી કફની અધિકતાવાળા તે કફોલ્બણ ગુલ્મમાં રોગીનું બલ તથા દોષનું પ્રમાણ જાણ-

નાર વૈદ્યે રોગીનાં દોષપ્રકૃતિ, ગુલ્મ તથા ઋતુનો યોગ જાણ્યા પછી ક્ષારનો પ્રયોગ કરાવવો જોઈએ; તેમ જ શરીરનું બળ વધારવાનું તેમ જ દોષોનો નાશ કરવાનું જાણનાર તે વૈદ્યે એ કફગુલ્મનો નાશ કરવા માટે એક દિવસને આંતરે, બે દિવસને આંતરે કે ત્રણ દિવસને આંતરે વિશ્રાંતિ લઈ ફરી ફરી તે ગુલ્મના રોગીને ક્ષારનો પ્રયોગ કરાવ્યા કરવો જોઈએ. એમ પ્રયોગ કરેલો તે ક્ષાર પોતાના ક્ષારપણાના ગુણને લીધે જેનો સ્વભાવ, માંસ, દૂધ તથા ઘી ખાવાનો હોય એવા તે કફગુલ્મના રોગીના મધુર તથા સ્નિગ્ધ કફને તેના મૂળ સ્થાનમાંથી કાપી કાપીને નીચે-ગુદાના માર્ગે ઝારી કાઢે છે. સ્નેહયુક્ત ખોરાક ખાતા લોકો કફગુલ્મના રોગીઓ થાય છે ત્યારે તેઓના જઠરનો અગ્નિ મંદ હોય અને અરુચિ હોય. તેથી તેઓને મધ હિતકારી હોઈ માફક આવે છે; તેમ જ તેઓના માર્ગની શુદ્ધિ માટે તે કફગુલ્મના રોગીઓને અરિષ્ટોના પ્રયોગો કરાવવા જોઈએ. વળી જે માણસનો કફગુલ્મ, અંદર-ઊંડાં મૂળવાળો થયો હોય, તેથી તેનો એ ગુલ્મ, લંઘન, વમન, સ્વેદન, ઘૃતપાન, વિરેચન, બસ્તિઓ, ગુટિકાઓ, ચૂર્ણો, ક્ષાર તથા અરિષ્ટોના સમુદાયોરૂપ ઉપર્યુક્ત ચિકિત્સાથી પણ એ ન મટે, તો તે ગુલ્મમાંથી રુધિરસ્રાવણ કર્યા પછી તેની ઉપર અગ્નિથી તપાવેલાં બાણ કે લોઢાના સળિયાથી ડામ દેવો તે હિતકારી થાય છે; કારણ કે કફના ગુલ્મ ઉપર એમ કરવામાં આવેલ તે ડામરૂપ અગ્નિકર્મ, પોતાની ઉષ્ણતાથી અને તીક્ષ્ણતાથી તેમાં રહેલા કફને તથા વાયુને શમાવે છે અને એ રીતે કફનું તથા વાયુનું શમન થવાથી ગુલ્મનો ગાંઠરૂપ થયેલો તેનો જ સ્રાવ પણ વીખરાઈ જાય છે, ' અને કફગુલ્મની ચિકિત્સા કહ્યા પછી ચરક. ત્યાં જ (દ્વન્દ્વજ તથા) સાંનિપાતિક-ગુલ્મની પણ ચિકિત્સક આમ કહે છે કે, ' ત્र्यामिश्रदोषैर्त्र्यामिश्र एष एव क्रियाक्रमः । ' મિશ્રદોષોવાળા દ્વન્દ્વજ તથા સાંનિપાતિક ગુલ્મમાં પણ ઉપર જણાવેલ ચિકિત્સાપદ્ધતિ કરવી જોઈએ; સુશ્રુતે પણ ઉત્તરતંત્રના ૪૨ મા અધ્યાયમાં આ ગુલ્મરોગ માંહેના રક્તગુલ્મ સંબંધે આમ કહ્યું છે કે- 'पित्तવद्रक्तगुल्मिन्या नार्याः कार्यः क्रियाविधिः । विशेषमपरं चास्याः शृणु रक्तविभेदनम् ॥ पलाशक्षारतोयेन सिद्धं सर्पिः प्रयोजयेत् ॥ दद्यादुत्तरबस्तिं च पिप्पल्यादिघृतेन तु । उष्णैर्वा भेदयेद्भिन्नं विधिरसृग्दरो हितः'- સ્ત્રીને જે રુધિરજન્ય ગુલ્મ થાય છે, તેની ચિકિત્સા પિત્તગુલ્મના જેવી કરવી આ વિષયમાં તે રક્તગુલ્મનું ભેદન કરનારી બીજી વિશેષ ચિકિત્સા પણ હું કહું છું, તેને તમે સાંભળો : ખાખરાની ભસ્મના પાણીથી પકવેલું ઘી તે રક્તગુલ્મવાળી સ્ત્રીને પાવું; અને પિપ્પલ્યાદિ ઉષ્ણગણના ઔષધોથી પકવેલા ઘીથી તે રક્તગુલ્મના રોગવાળી સ્ત્રીને ઉત્તરબસ્તિ આપવી; અથવા તે ગરમ પિપ્પલ્યાદિગણના ઔષધદ્રવ્યોનો પ્રયોગ કરાવીને તે સ્ત્રીના રક્તગુલ્મને ભેદી નંખાવવો-ચીરી નંખાવવો જોઈએ. એમ તે રક્તગુલ્મનું ભેદન કરાવ્યા પછી તેમાં રક્તપ્રદરમાં જે ચિકિત્સા કરાય છે, તે ચિકિત્સા કરવી જોઈએ'.

આ સંબંધે ચરકે પણ ચિકિત્સાસ્થાનના પાંચમા અધ્યાયમાં આમ કહ્યું છે કે-'स रौधिरः स्त्रीभव एव गुल्मो । मासि व्यतीते दशमे चिकित्स्यः- આર્તવના રુધિરવિકારથી થતો એ રક્તગુલ્મ સ્ત્રીઓને જ થાય છે, તેથી (એ ગુલ્મમાં ગર્ભના જેવાં પણ લક્ષણો હોવાથી) તેની ચિકિત્સા દસમો મહિનો વીત્યા પછી જ કરવી જોઈએ ' કારણ કે તે દસમા મહિનાનો સમય જ એ રક્તગુલ્મના સુખસાધ્યપણાનું લક્ષણ છે. આ સંબંધે પણ કહેવાયું છે કે ' रक्तगुल्मे पुराणत्वं सुखसाध्यस्य लक्षणम् '-રક્તગુલ્મ જૂનો થાય એ જ તેની સુખસાધ્યતાનું લક્ષણ છે. એ જ કારણે ગર્ભનો આખરી સમય દસમો મહિનો વીત્યા પછી જ તેની ચિકિત્સા કરવી જોઈએ; કારણ કે તેમાં અને ગર્ભનાં ચિહ્નોમાં કોઈ ભેદ જણાતો નથી, આમ કહેવું તે ઠીક નથી; કારણ કે રક્તગુલ્મમાં ગર્ભથી જુદાં અને રક્તગુલ્મને જ જણાવનારાં લક્ષણો, ખાસ આ રીતે જુદાં પડે છે; જેમ કે ' यः स्पन्दते पिण्डित एव नाङ्गैः '-જે પિંડાકારે થઈને આખો જ ફરકે છે, તે રક્તગુલ્મ જ હોય છે, પરંતુ ગર્ભ હોતો નથી; કારણ કે ગર્ભ તો પ્રત્યેક અંગોથી જ ફરકે છે એટલે કે ગર્ભનાં અલગ અલગ અંગો ફરકે છે, જ્યારે રક્તગુલ્મ તો આખોયે પિંડાકારે હોઈને ફરકે

છે. આમ પૂર્વાચાર્યોએ જ કહ્યું છે, તેથી ગર્ભનાં તથા રક્તગુલ્મનાં અલગ અલગ લક્ષણો અવશ્ય જાણી શકાય છે અને તે ઉપર જ તે રક્તગુલ્મને તથા ગર્ભને પણ અવશ્ય ઓળખી શકાય છે; છતાં પ્રાચીન આચાર્યોએ તે રક્તગુલ્મની ચિકિત્સા દસમો મહિનો વીત્યા પછી જ કરવા જે કહે છે, તેનું કારણ તે દસમો મહિનો વીત્યા પછીનો કાળ જ તે રક્તગુલ્મની સાધ્યતાનું લક્ષણ છે; એટલે કે દસ મહિનાનો કાળ વીતી ગયા પછી તે રક્તગુલ્મની રોગી સ્ત્રીની ચિકિત્સા શરૂ કરવી અને તે વેળાએ સ્ત્રીને પ્રથમ સ્વેદન તથા સ્નેહન કરાવ્યા પછી એરંડ તેલ અથવા તે સિવાયનું બીજું મૃદુ વિરેચન આપવું જોઈએ. આ સંબંધે પણ ચરકે ચિકિત્સિત સ્થાનના પાંચમા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'રૌધિરસ્ય તુ ગુલ્મસ્ય ગર્ભકાલવ્યતિક્રમે। સ્નિગ્ધસ્વિન્નશરીરાયૈ દદ્યાત્સ્નેહવિરેચનમ્ '–ગર્ભકાળ વીતી જાય એટલે કે ગર્ભનો પ્રસવ કાળ–દસમો મહિનો વીતી જાય ત્યારે રુધિરના રક્તગુલ્મની ચિકિત્સા કરવી જોઈએ; (અને તે આર્તવજન્ય તો કેવળ સ્ત્રીને જ થાય છે, માટે ઉપર્યુક્ત તે સમય વીત્યા પછી જેનું શરીર સ્નેહયુક્ત તથા સ્વેદયુક્ત કરાયું હોય એવી તે રક્તગુલ્મની રોગી સ્ત્રીને (એરંડ-તેલ આદિ) સ્નિગ્ધ વિરેચન આપવું જોઈએ'. એકંદરે તે રક્તગુલ્મને શિથિલ કરવા માટે પલાશ-ક્ષારયમક એટલે કે ખાખરાના ક્ષારની સાથે સમાનભાગે તલનું તેલ તથા ઘીને સમાનભાગે મેળવી તેનો પ્રયોગ કરાવવો જોઈએ; એ પ્રયોગ કર્યા છતાં તે રક્તગુલ્મનું જો ભેદન ન થાય તો એ રક્તગુલ્મની રોગી સ્ત્રીને દશમૂલ કવાથની ઉત્તર-બસ્તિ આપવી તેમ જ તેની યોનિનું પણ શોધન કરવું જોઈએ; યોનિમાંથી જ્યારે રક્ત વહેવા માંડે ત્યારે સ્ત્રીને માંસના રસની સાથે ભાત જમાડવો જોઈએ તેમ જ તેલ અને ઘી મિશ્ર કરી તેનાથી તેની યોનિ પર માલિશ પણ કરવું જોઈએ; અને પીવા માટે મદ્ય પણ આપવું જોઈએ; આ સંબંધે આ કાશ્યપસંહિતામાં જ ખિલસ્થાનના 'રક્તગુલ્મ-વિનિશ્ચય' અધ્યાયમાં સ્પષ્ટ વિવેચન ખુદ આ ગ્રંથકાર પોતે જ કરશે. અહીં પણ ગર્ભમાં તથા રક્તગુલ્મમાં જે ભેદ કે તફાવત હોય છે, તેનું લક્ષણ તથા ચિકિત્સા આદિનો વિસ્તાર વર્ણવેલ છે, તે વિષયને અહીં જ જોવો જોઈએ. ૩૭

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં ચિકિત્સિતસ્થાન વિષે 'ગુલ્મ-ચિકિત્સિત' નામનો ૯ મો અધ્યાય સમાપ્ત

કુષ્ઠ-ચિકિત્સિત-અધ્યાય ૯ મો

કુષ્ઠોનાં પૂર્વરૂપો

.....

.....

स्वेदो वाऽतिखरत्वमङ्गानामतिश्लक्ष्णता वा वैवर्ण्यं रौक्ष्यं लोमहर्षः पिपासा गौरवं रागो दौर्बल्यं वेपथुः पिडकारुषां संभवश्चातिवेदना च क्षत-विसर्पणमिति ॥ १ ॥

કુષ્ઠરોગ (કોઢ) થવાનો હોય ત્યારે પ્રથમ તેનાં અહીં દર્શાવેલાં પૂર્વરૂપો એટલે પ્રથમથી થતાં લક્ષણો અહીં કહેવાય છે; જેમ કે પરસેવો વધુ પ્રમાણમાં થાય; અથવા અંગોમાં અતિશય ખરસટપણું થાય, અથવા અતિશય સુંવાળાપણું કે લીસાપણું થાય; તેમ જ શરીરની વિવર્ણતા કે રંગનું બદલાવું, લૂખાપણું, રુવાંટાં ખડાં થવાં, વધુ પડતી તરશ, શરીરમાં ભારેપણું, રતાશ, દુર્બળતા, કંપારી, ફોલ્લીઓ, મર્મ-સ્થાનોમાં અતિશય વેદના તથા ચાંદાઓનો ફેલાવો થાય છે. (આ બધાં કોઢરોગનાં પૂર્વરૂપો સમજવાં.) ૧

વિવરણ : ચરકે પણ નિદાનસ્થાનના પાંચમા અધ્યાયમાં આ કોઢરોગનાં પૂર્વરૂપો આમ કહ્યાં છે : तेषामिमानि खलु पूर्वरूपाणि; तद्यथा–अस्वेदन–प्रति-स्वेदन-पारुष्यमतिश्लक्ष्णता वैवर्ण्यं कण्डूर्निस्तोदः सुप्तता परिदाहः परिहर्षो लोमहर्षः खरत्वमुष्मायणं गौरवं श्वयथु र्विसर्पागमनमभीक्ष्णं कायच्छिद्रेष्वपदेहः पक्वदग्धदष्टक्षतोप-स्खलितेष्वतिमात्रं वेदना स्वल्पानामपि च व्रणानां दुष्टिर-संरोहणं चेति कुष्ठपूर्वरूपाणि भवन्ति ।–કુષ્ઠરોગોનાં આ પૂર્વરૂપો થાય છે, જેમ કે પરસેવો ન આવે અથવા વધારે પડતો પરસેવો આવે, અંગોમાં કર્કશપણું થાય, અતિશય સુંવાળાપણું થાય, શરીરનો રંગ

બદલાઈ જાય, ચેળ આવે, સોય ભોંકાય જેવી પીડા થાય, સ્પર્શની ખબર ન પડે, અતિશય દાહ થાય, ઝણઝણાટ થાય, રુવાંટાં ખડાં થઈ જાય, અંગોમાં ખરસટપણું થાય, જાણે કે શરીરની ઉષ્ણતા બહાર નીકળતી હોય એમ લાગે; શરીરમાં ભારેપણું થાય; સોજો આવે; અને શરીરમાં રતવાની ઉત્પત્તિ થાય; તેમ જ શરીરના છિદ્રોમાં મેલનો થર થઈ જાય; તેમ જ જાણે કે પાકેલ, દાઝી ગયેલ, કરડાયેલ, ભાંગી ગયેલ, ક્ષત થયેલ કે ચાંદાં પડ્યાં હોય કે ઘવાયાં હોય અથવા ઠોકરો લાગી હોય એવાં અંગોમાં ઘણી વેદના થાય; અને ખૂબ નાના ત્રણો કે ચાંદાં પડ્યાં હોય એવાં અંગોની વિકૃતિ થાય અને તે ત્રણો કે ચાંદાંઓમાં રૂઝ ન આવે.'

વળી એ જ ચરકે ચિકિત્સિતસ્થાનના ૭ મા અધ્યાયમાં પણ આમ કહ્યું છે કે, 'स्पर्शाज्ञत्वमतिस्वेदो न वा वैवर्ण्यमुन्नतिः। कोठानां लोमहर्षश्च कण्डूस्तोदः श्रमः क्लमः। व्रणानामधिकं शूलं शीघ्रोत्पत्तिश्चिरस्थितिः। दाहः सुप्ताङ्गता चेति कुष्ठलक्षणमग्रजम् ॥–કોઢનાં આવાં પૂર્વરૂપો થાય છે; જેમ કે જે કોકાણે કોઢ નીકળવાનો હોય ત્યાં ચામડી બહેરાશ મારી જાય; પરસેવો ઘણો આવે અથવા બિલકુલ ન આવે; શરીરમાં ફીકાશ થાય કે શરીરનો રંગ બદલાઈ જાય; તેમ જ કોઢ અથવા ધ્રામડાં ઊપસી આવે–જાણે કે ભમરી કરડી ગઈ હોય તેવો સોજો થઈ આવે; રુવાંટાં ખડાં થઈ જાય; શરીરે ચેળ આવે; તોદ એટલે કે જાણે સોયો ભોંકાતો હોય તેવી પીડા થાય; જણાય અને કોઈ પણ મહેનત કર્યા વિના થાક લાગે; તેમ જ નહિ જેવું કોઈ જ કારણ હોય છતાં તત્કાળ ત્રણોની ઉત્પત્તિ થઈ જાય; અને તે લાંબો કાળ ટકી રહે–એકદમ મટે નહિ; ચળ ભોંકાય જેવી વેદના અધિક થાય; શરીરમાં જડતા જણાય અને દાહ થાય; આટલાં કુષ્ઠનાં પૂર્વરૂપો જાણવાં.

એ જ પ્રમાણે સુશ્રુતે પણ નિદાનસ્થાનના ૫ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'त्वक्पारुष्यमकस्माद्रोमहर्षः कण्डूः स्वेदवाहुल्यमस्वेदनं वाऽङ्गप्रदेशानां स्वापः क्षतविसर्पणमसृजः कृष्णता चेति ॥–ચામડીની કઠોરતા થાય, અકસ્માત રુવાંટાંનો હર્ષ થાય–રોમાંચ થઈ જાય; શરીર પર ચેળ આવે; પરસેવો વધુ આવે અથવા બિલકુલ પરસેવો ન આવે; અંગોના પ્રદેશોનું જડપણું થાય; શરીર પર ચાંદાંનો ફેલાવો થાય અને શરીરનું લોહી કાળું બની જાય–એ કોઢનાં પૂર્વરૂપો સમજવાં. ૨

કોઢની ઉત્પત્તિનાં કારણો, લક્ષણો ભેદો

तत ऊर्ध्वमक्रियावतां कुष्ठानि जायन्ते। तत्र, श्यावारुणशूलकण्डूचिमिचिमखरत्वपारुष्यसंस्तम्भायामैर्वातोत्तराणि विद्यात्; दाहवेदनाज्वरविड्भेदोषायनपाकस्रावकोठानिकर्णा(?)क्षिप्रोत्थानैः शीतमधुरकषायसर्पिरनुशयैश्च पित्तोत्तराणि विद्यात्; श्वेतपाण्डुघनोत्सेधगुरुस्तैमित्यस्तम्भमहापरिग्रहाग्निसादैः शीता दतरानुशयैः कफोत्तराणि विद्यात्; व्याविद्धरूपबहुस्फुटितपरिस्रावकृमिदाहरुजोपेतशरीरावयवपातनशुचिविगन्धिशोथबहुलमनेकोपद्रवं सान्निपातिकं रक्तत्वात् काकणमित्युच्यते। द्विदोषजानीतराणि; तान्यनुव्याख्यामः-वातोत्तरे कपालकुष्ठं, पित्तोत्तरे त्वौदुम्बरं, कफोत्तरे मण्डलकुष्ठ, वातपैत्तिकमृष्यजिह्वं, पित्तश्लैष्मिकं पौण्डरीकं सिध्मं च, इति समासलक्षणम्। विस्तरतस्त्वष्टादश कुष्ठानि; तान्यनुव्याख्यास्यामः-सिध्मं च विचर्चिका च पामा च दद्रुश्च किटिभं च कपालं च स्थूलारुष्कं च मण्डलकुष्ठं च विषजं चेति नव साध्यानि; पौण्डरीकं च श्वित्रं च ऋष्यजिह्वं च शतारुष्कं चौदुम्बरं च काकणं च चर्मदलं चैककुष्ठं च विपादिका चेति नवासाध्यानि। सर्वं तु कुष्ठं त्वङ्मांसरुधिरलसीकाश्रयं स्पर्शाज्ञं चेति; वर्धमानं च वैरूप्यकरं भवति। तत्तु(त्र) रजोध्वस्तमलाबुवारणपुष्पीपुष्पसदृशं सिध्मं;श्याम लोहितव्रणवेदनास्रावपाकवती विचर्चिका; कण्डूतोदपाकस्रावारुष्मती पामा; रौक्ष्यकण्डूदाहस्राववन्ति मण्डलानि वृद्धिमन्ति दद्रुः; कृष्णश्यावारुणखरपरुषस्रावबृद्धिमन्ति गुरूणि प्रशान्तानि च पुनः पुनरुत्पद्यन्ते किटिभानि; कृष्णखरपरुषमलिनमनेकसंस्थानमण्डलं .कण्डूलमृतुसन्धिषूष्णे चातिबाधते कपालाकृति कपालं; पिच्छास्रावदाहकण्डूतोदज्वरवैसर्पमहाव्रणपरिग्रहं मृदुखरनिभं महारुष्कं; मण्डलैर्बन्धुजीव-

कुसुमोपमैर्दाहकण्डूवेदनास्रावबद्धिर्मण्डलकुष्ठं; लूताकीटपतङ्गसर्पदशनदष्टमुपेक्षितं व्यभिचारेण खरीभवति कृच्छ्रसाध्यं विषजं; महाशयमुत्सेधं जातं चिराद्मेदि पुण्डरीकपलाशवर्णं पौण्डरीकं; श्वेतभावाच्छ्वित्रं पञ्चविधमुत्तरत्रोपदेक्ष्यामः; ऋष्यजिह्वोपमं पारुष्यवैवर्ण्यगौरवणविक्लदर्ऋष्यजिह्वं; नीललोहितपीतासितैरनेकरुद्भिः खरैः स्राविभिरुपद्रुतं शतारुष्कं; पक्वोदुम्बरफलसदृशमस्राविजडमनेकमौदुम्बरं व्याख्यातं; काकणं हस्तिचर्मसदृशं खरं; वृद्धिमच्चर्मदलं वैसर्पोद्भवं नित्यविसर्पि स्राववेदनाकिमिमदेककुष्ठं पाणिपादाङ्गुष्ठौष्ठजङ्घादण्डदेशेषु स्फुटितस्राविवेदनावतीमविपाकिनीं विपादिकां विद्यात्। सर्वरोगाश्चैव मोहादुपेक्ष्यमाणा असाध्यतां यान्ति, असाध्यास्त्वाशु नृणां घ्नन्ति; तस्मादात्महिताय आशु प्रयतेत ॥२॥

એમ ઉપર દર્શાવ્યા પ્રમાણે પૂર્વરૂપો થયા પછી જેઓ ક્રિયા ન કરે કે ચિકિત્સા આદિ ઉપચારો કે તેની શક્તિ કરનાર યજ્ઞ-યાગાદિ ક્રિયાઓ જેઓ ન કરે, તેઓને કોઢ રોગો ઉત્પન્ન થાય છે; તેમાં જેઓ શ્યામ રંગનાં એટલે કે કાળાશયુક્ત પીળાં હોય, અરુષ રંગનાં એટલે કે ઈંટના જેવી રતાશવાળાં, શૂલ ભોંકયા જેવી વેદનાવાળાં, કંડૂ-ચેળથી યુક્ત, ચિમચિમ-કે ચમચમાટથી યુક્ત, ખરસટપણું, કઠોરતા, સજ્જડપણું અને આયામ એટલે કે વિસ્તારથી ફેલાવો પામનાર-એ લક્ષણોથી જે યુક્ત હોય તેઓને વાતપ્રધાન દોષથી ઉત્પન્ન થયેલ કોઢ જાણવા; તેમ જ દાહ, વેદના, જ્વર, વિષાનું છોતાપાણી થવું, બળતરા, પાકવું, સ્રાવ, કોઠ-ધામઠાં, અનિકણું તથા તત્કાળ ઉત્પન્ન થવું-એ લક્ષણોથી યુક્ત અને શીતળ, મધુર, તૂરાં દ્રવ્યો તથા ઘી જેમાં માફક આવે, તે લક્ષણોવાળાં જ હોય તે ઉપરથી પિત્તની અધિકતાવાળો-પિત્તપ્રધાન કોઢ રોગ જાણવો; વળી જે ધોળાં, પાંડુ, ધોળાશયુક્ત પીળાં, ઘાટાં, ઊંચાઈવાળાં, ભારે, ભીનાં કપડાંથી જાણે લપેટ્યાં હોય તેવાં, સજ્જડપણાથી યુક્ત, મોટા વિસ્તારથી યુક્ત અને જેમાં જઠરની અગ્નિની મંદતા પણ સાથે હોય તેમ જ શીતળ પદાર્થો સિવાયના બીજા પદાર્થો જેમાં માફક હોય તેવા કોઢ રોગોને કફપ્રધાન જાણવાં; વળી જે કોઢરોગમાં બધા દોષોનાં લક્ષણો મિશ્ર હોય, ઘણું જ ચિરાયેલાં જે હોય, જેમાંથી પરિસ્રાવ થતો હોય, જેમાં કીડાઓ પણ જણાતા હોય, દાહ કે બળતરા જેમાં સાથે હોય અને પીડાથી પણ જે યુક્ત હોય, શરીરના અવયવોને જે પાડી નાખતાં હોય, જેમાંથી અપવિત્ર દુર્ગંધ આવતી હોય, સોજા વધુ હોય અને અનેક ઉપદ્રવોથી જે યુક્ત હોય, તે કોઢરોગને સાંનિપાતિક જાણવો; અને રતાશપણું સાથે હોય છે તેથી તે સાંનિપાતિક કોઢ રોગની 'કાકણ' એ નામે પણ કહેવામાં આવે છે; હવે જે કોઢરોગો બે દોષ એકત્ર થવાથી થયેલ હોય, તે બીજા પણ અહીં અમે કહીએ છીએ. જેમાં વાતદોષની અધિકતા હોય, તે 'કપાલકુષ્ઠ' કહેવાય છે; જેમાં પિત્તદોષની અધિકતા હોય, તે 'ઔદુંબર કુષ્ઠ' કહેવાય છે; પરંતુ જેમાં કફ દોષ અધિક હોય તેને 'મંડલકુષ્ઠ' કહેવામાં આવે છે; પણ જેમાં કફ અને પિત્ત એ દોષની અધિકતા હોય કે તે બન્ને દોષથી જેની ઉત્પત્તિ થઈ હોય, તેને 'ઋષ્યજિહ્વ' નામે કહે છે; અને જે કુષ્ઠ પિત્ત તથા કફ-એ બે દોષોથી ઉત્પન્ન થયેલ હોય, તેને 'પૌંડરીક' અને 'સિધ્મ' એ નામે કહે છે; એમ ટૂંકમાં તે કુષ્ઠનાં લક્ષણો કહ્યાં છે. આ કુષ્ઠરોગોને જો વિસ્તારથી કહીએ તો તેઓના અઢાર ભેદો થાય છે; તેઓનાં નામો આ પ્રમાણે છે: સિધ્મ,[૧] વિચર્ચિકા,[૨] પામા,[૩] દદ્રુ,[૪] કિટિભ,[૫] કપાલ,[૬] સ્થૂલારુષ્ક,[૭] મંડલકુષ્ઠ[૮] અને વિષજ[૯]-એ નવ કુષ્ઠ રોગો સાધ્ય હોય તો ઉપચારોથી મટે છે; પરંતુ પૌંડરીક,[૧]

શ્વિત્ર,[૨] ઋષ્યજિહ્વ,[૩] શતારુષ્ક,[૪] ઔદુંબર,[૫] કાકણ,[૬] ચર્મદલ,[૭] એકકુષ્ઠ[૮] તથા વિપાદિકા[૯]–એ નવ કુષ્ઠરોગો અસાધ્ય હોઈ કોઈ પણ ઉપચારોથી મટતા નથી; એ બધાય–અઢારે કુષ્ઠરોગો ત્વચાનો, માંસનો, લોહીનો અને 'લસીકા' નામના પાણીનો આશ્રય કરે છે અને સ્પર્શનો નાશ કરે છે–એટલે કે સ્પર્શ કરતાં વેદના કરે છે; તેમ જ વૃદ્ધિ પામતા એ અઢારે કુષ્ઠરોગો શરીરમાં બેડોળપણું કરે છે. તેમાં જે કુષ્ઠ રજથી ખરડાયેલ હોય અને તુંબડાનાં કે વારણપુષ્પી–વાયવરણાંનાં પુષ્પ જેવા આકારનું હોય તે 'સિધ્મ' કુષ્ઠ કહેવાય છે. વળી જે કાળા રંગનું કે લાલ રંગનું હોય અને વ્રણ, વેદના, સ્રાવ તથા પાકવાથી યુક્ત હોય, તે 'વિચર્ચિકા' નામનો કુષ્ઠરોગ કહેવાય છે; જેમાં ચેળ, સોય ભોંકયા જેવી પીડા, પાક, સ્રાવ અને ચાંદા કે ફોલ્લા હોય તે 'પામા'[૩] નામે કુષ્ઠ કહેવાય છે; જેમાં રૂક્ષતા, ચેળ, દાહ તથા સ્રાવયુક્ત મંડલો કે ચકતાં થાય અને તે વધ્યા કરે છે, તે 'દદ્રુ'[૪] નામનો કુષ્ઠ કહેવાય છે; તેમ જ કાળા રંગનાં શ્યામ, પીળાં અરુણ–ઈંટના જેવાં, લાલ રંગનાં, ખરસટ, કઠોર અને સ્રાવથી યુક્ત હોઈ, ભારે તથા અતિશય શાંત જે કુષ્ઠો વારંવાર ઉત્પન્ન થાય છે, તેઓને 'કિટિભ'[૫] કહેવામાં આવે છે. કાળાં, ખરસટ, કઠોર તથા મલિન હોઈ અનેક આકૃતિવાળું જે મંડલ, ખરજથી યુક્ત હોય અને ઋતુના સંધિકાળમાં થઈ ઉષ્ણકાળમાં અતિશય પીડે છે, તે કપાલ–કે ઘડાની, ઠીકરીના જેવી આકૃતિવાળો હોઈ, તે 'કપાલ'[૬] નામે કુષ્ઠ કહેવાય છે; જે કુષ્ઠ ચીકાશવાળા સ્રાવથી યુક્ત, વેદનાવાળો, દાહ, ચેળ, સોય ભોંકયા જેવી પીડાવાળો, જ્વર, રતવા તથા મહાવણોના ઘેરાવથી યુક્ત હોય, કોમળ તથા ખરસટ જેવું પણ હોય તે 'મહારુષ્ક' નામે કુષ્ઠ કહેવાય છે. જે કુષ્ઠ બપોરિયાના પુષ્પ જેવાં મંડલો કે ચકતાંથી યુક્ત હોય અને દાહ, ચેળ તથા સ્રાવવાળાં મંડલો જેમાં હોય છે, તે 'મંડલકુષ્ઠ' કહેવાય છે. જે કુષ્ઠ કરોળિયા, કીડા, પતંગિયાં કે સર્પના કરડવાથી થઈને જો ઉપેક્ષા કરાયું હોય તો ઉપચારની ભૂલને લીધે કઠોર બની જાય છે, તે કૃચ્છ્રસાધ્ય 'વિષજ' કુષ્ઠ કહેવાય છે. જે કુષ્ઠ મોટા પ્રદેશમાં ઉત્પન્ન થયેલું અને સારી રીતે ઊંચાઈવાળું થયું હોય, લાંબા કાળે ભેદ પામનારું અને ચિરાઈ જવાના સ્વભાવવાળું અને ધોળાં કમળની પાંખડીઓ જેવા રંગવાળું હોય તે 'પૌંડરીક કુષ્ઠ' કહેવાય છે; જે કુષ્ઠમાં ધોળાશ હોય તે કારણે જે 'શ્વિત્ર' નામે કહેવાય છે, તે પાંચ પ્રકારનું હોય છે અને તેનો અમે છેલ્લે ઉપદેશ કરીશું. જે કુષ્ઠને 'ઋષ્ય' નામના મૃગની જીભની ઉપમા અપાય છે અને જેમાં કઠોરતા, ફીકાશ કે રંગનો પલટો થયો હોય, જેનો રંગ ધોળો થયો હોય અને જેમાં વિક્લેદ–પચપચતાપણું હોય, તે 'ઋષ્યજિહ્વ' નામનો કુષ્ઠરોગ કહેવાય છે; જેમાં નીલ–લોહિત–લીલાં, લાલ, પીળાં અને કાળાં અનેક કઠોર અરુષ–ચાંદાં હોય આને તે પણ સ્રાવને સ્રવી રહ્યાં હોય અને તે રૂપી ઉપદ્રવોથી જે ઉપદ્રવો પામ્યો હોય તે 'શીતકુષ્ઠ' નામનો કુષ્ઠરોગ કહેવાય છે. જે કુષ્ઠ પાકેલા ઉંબરાના ફળ જેવો હોય તેથી જેમાંથી સ્રાવ સ્રવતો ન હોય તેને 'ઔદુંબર' નામનો કુષ્ઠ રોગ કહેલો છે; 'કાકણ' નામનો કુષ્ઠરોગ હાથીના ચામડા જેવો ખરસટ હોય અને વધ્યા કરતો હોય, તે 'ચર્મદલ' નામનો કુષ્ઠરોગ કહેવાય છે; જે કુષ્ઠરોગ, રતવામાંથી ઉત્પન્ન થાય અને કાયમ ફેલાયા કરવાના સ્વભાવથી યુક્ત હોય તેમ જ સ્રાવ, વેદના તથા કીડાઓથી યુક્ત હોય તે 'એકકુષ્ઠ

નામનો કુષ્ઠરોગ કહેવાય છે. જે કુષ્ઠ રોગ હાથ, પગ, અંગૂઠા, હોઠ, જાંઘના દાંડાના પ્રદેશમાં ફૂટેલું–ચિરાડના રૂપમાં થયેલ હોય, સ્રાવથી યુક્ત અને વેદનાવાળું હોય, પણ પાકવાના સ્વભાવથી રહિત હોય, તેને 'વિપાદિકા' નામનો કુષ્ઠરોગ જાણવો; એકંદર બધાયે રોગોના મોહના કારણે જો ઉપેક્ષા કરાય કે બેદરકારી કરી તેઓની ચિકિત્સા ન કરાય, તો અસાધ્યપણું પામે છે; અને એમ અસાધ્ય બનેલા રોગો તો માણસોને તરત જ મારી નાખે છે; તેથી પોતાના હિત માટે કોઈ પણ રોગની તરત જ ચિકિત્સા કરવા પ્રયત્ન કરવો. ૨

વિવરણ : જે લોકો યજ્ઞ–યાગ, હોમ, બલિદાન અને અતિથિઓની સેવા આદિમાં કાયમ તત્પર રહેતા નથી, તેઓને કોઢરોગ ઉત્પન્ન થઈ જાય છે. આ સંબંધે ચરકે ચિકિત્સાસ્થાનના ૭ મા અધ્યાયમાં કુષ્ઠરોગનાં નિદાનો કહેતી વેળા આમ કહ્યું છે કે–'વિપ્રાન્ગુરૂન્ધર્ષયતાં પાપં કર્મ ચ કુર્વતામ્'–જેઓ બ્રાહ્મણો તથા વડીલોનું અપમાન કર્યા કરતા હોય અને પાપકર્મને કર્યા કરતા હોય, તેઓને કોઢરોગ ઉત્પન્ન થાય છે; તેમાંના વાતિક કુષ્ઠનું લક્ષણ અહીં ખાસ ગ્રંથમાં પ્રથમ કહ્યું છે; તે જ પ્રમાણે સુશ્રુતે પણ નિદાનસ્થાનના પાંચમા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'કુષ્ઠેષુ તુ ત્વક્સંકોચસ્વાદશોફમેદકૌષ્ણ્યસ્વરોપઘાતા વાતેન જે 'કોઢ'રોગમાં વાયુના પ્રકોપથી ચામડીનો સંકોચ, જડતા, પરસેવો, સોજા, ચિરાવું, લગાર ઉષ્ણતા અને સ્વરનો નાશ એટલે કે ગળાનો અવાજ બેસી જાય છે.' તે જ પ્રમાણે ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–રૌક્ષ્યં શોષસ્તોદઃ શૂલં સંકોચનં તથાઽઽયાસઃ। પારુષ્યં હર્ષઃ શ્યાવારુણત્વં ચ॥ કુષ્ઠેષુ વાતલિઙ્ગમ્॥ કોઢના રોગમાં રૂક્ષતા, શોષ–શરીરનું સુકાવું કે ગળાનો શોષ, સોય ભોંકાયા જેવી પીડા, શૂલ–શૂલ ભોંકાતું હોય તેવી પીડા, સંકોચાવું, આયાસ કે શરીરશ્રમ, કઠોરતા, રોમાંચ ઊભાં થવાં અને શરીરનો રંગ કાળાશયુક્ત–પીળા અને અરુણ જેવો રાતો થાય તો–એ વાયુના પ્રકોપનાં લક્ષણો જાણવાં; પરંતુ પિત્તના પ્રકોપથી જે કુષ્ઠરોગ થાય તેમાં જે લક્ષણો થાય છે, તેઓને સુશ્રુતે નિદાનસ્થાનના પાંચમા અધ્યાયમાં આમ કહ્યા છે કે– પાકાવદરણાઙ્ગુલિપતનકર્ણનાસાભઙ્ગાક્ષિરાગસત્ત્વોત્પત્તયઃ પિત્તેન'–પાકવું, ચિરાઈ જવું, આંગળીઓનું પડી જવું, કાન તથા નાકનું ભાંગવું–મરડાઈ જવું, આંખોમાં રતાશ અને સત્ત્વગુણની ઉત્પત્તિ–એ લક્ષણો કોઢમાં પિત્તના પ્રકોપથી થાય છે.' તે જ પ્રમાણે ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–દાહો રાગઃ પરિસ્રવઃ પાકઃ। વિસ્રો ગન્ધઃ ક્લેદસ્તથાઽઙ્ગપતનં ચ પિત્તકૃતમ્॥ અંગો પર દાહ, બળતરા, રતાશ, પિત્તનો સ્રાવ–ઝરવું, પાકવું, દુર્ગંધ, ક્લેદ–પચપચાપણું–કોહવાટ કે સડો તથા અંગોનું ખરી પડવું–એ લક્ષણો કોઢરોગમાં પિત્તના પ્રકોપને લીધે થાય છે.' કફના પ્રકોપથી કોઢમાં જે લક્ષણો થાય છે, તેઓને પણ સુશ્રુતે નિદાનસ્થાનના પાંચમા અધ્યાયમાં આમ કહ્યાં છે. જેમ કે–કણ્ડૂવર્ણભેદશોફાસ્રાવગૌરવાણિ શ્લેષ્મણા। કોઢરોગમાં કફના પ્રકોપથી શરીરમાં ચેળ, રંગનું બદલાવું, રતાશ, સ્રાવનો અભાવ અને અંગોનું ભારેપણું થાય છે.' તેમ જ ચરકે પણ ચિકિત્સાસ્થાનમાં આ સંબંધે આમ કહ્યું છે કે–સ્વૈત્યં શૈત્યં કણ્ડૂઃ સ્થૈર્યં સોત્સેધગૌરવસ્નેહાઃ। કુષ્ઠેષુ તુ કફલિઙ્ગં જન્તુભિરભિભક્ષણં ક્લેદઃ॥ અંગોનું ધોળાપણું, શીતલતા, ચેળ, સ્થિરતા, ઊંચાઈ કે ઊપસવા સાથે ભારેપણું, સ્નેહ–ચીકાશ, કીડાઓથી ચોપાસ ભક્ષણ તથા ક્લેદ–પચપચાપણું–કોહવાટ કે સડો એટલાં લક્ષણો કોઢમાં કફના પ્રકોપથી થાય છે, પરંતુ સાંનિપાતિક–ત્રિદોષજનિત કોઢરોગમાં જે લક્ષણો થાય છે, તેઓને અહીં મૂળમાં આમ કહ્યાં છે કે તેમાં બધાં યે લક્ષણોનું મિશ્રણ હોય છે; તેથી તેમાં અંગો વધુ પ્રમાણમાં ચિરાયેલાં થાય છે, તેથી સ્રાવ પણ ખૂબ વધુ પ્રમાણમાં થાય છે; કૃમિઓ તથા દાહ અધિક થાય; તેમ જ શરીરના અવયવો વધુ પ્રમાણમાં ખરી પડે; તેમાં દુર્ગંધીપણું તથા સોજો વધુ પ્રમાણમાં હોય અને તેથી ઉપદ્રવો પણ થાય છે; એ સાંનિપાતિક કોઢનો રંગ, રાતો હોય છે, તેથી તેને 'કોઢ-

ષ્ણુક' નામે કહે છે; 'કાકણુક' એ નામ ચણોઠીનું છે. એમ એકંદર સાંનિપાતિક કોઢનો રંગ ચણોઠીના જેવો હોય છે, તેથી જ એ સાંનિપાતના કોઢને 'કાકણુક' નામ અપાયું છે; તે ઉપરાંત દ્વિદોષજ એટલે કે બે દોષના પ્રકોપથી પણ જે કોઢરોગ ઉત્પન્ન થાય છે તે વાત-પિત્તજ, પિત્ત-કફજ અને વાત-શ્લેષ્મજ કહેવાય છે; તેમાં જે કોઢ વાયુની અધિકતાવાળો હોય તે 'કપાલકુષ્ઠ' કહેવાય છે; પિત્તની અધિકતાવાળો હોય તે ઔદુંબર કુષ્ઠ કહેવાય છે અને કફની અધિકતાથી જે કુષ્ઠ થાય છે, તે મંડલકુષ્ઠ કહેવાય છે; પરંતુ વાયુની તથા પિત્તની બેયની અધિકતાથી જે કોઢ રોગ થાય છે તે 'ઋષ્યજિહ્વ' પિત્ત અને કફની અધિકતાથી જે કોઢ થાય છે તે પૌંડરીક તથા સિધ્મકુષ્ઠ કહેવાય છે; એમ તે તે સંક્ષિપ્ત લક્ષણો કહ્યાં છે; પરંતુ ખરી રીતે બધાયે કુષ્ઠરોગો ત્રિદોષથી જ ઉત્પન્ન થતા હોઈને ત્રિદોષજ કહેવાય છે; તોપણ જુદા જુદા દોષોની પ્રધાનતા લેવામાં આવે તો તે તે કુષ્ઠનાં તે તે જુદાં જુદાં નામો કહેવામાં આવ્યાં છે. આ અભિપ્રાયથી જ ચરકે પિત્ત અને કફની અધિકતાથી થતા કોઢને 'પુંડરીક' નામે કહ્યો છે અને વાતની તથા કફની અધિકતાથી થતા કોઢને 'સિધ્મ' નામે કહ્યો છે. જેમ કે ચરકે ચિકિત્સાસ્થાનના ૭ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે-

વાતેઽધિકતરે કુષ્ઠં કાપાલં મણ્ડલં કફે । પિત્તે ત્વૌદુમ્બરં વિદ્યાત્કાકણં તુ ત્રિદોષજમ્ ॥
વાતપિત્તે શ્લેષ્મપિત્તે વાતશ્લેષ્મણિ ચાધિકે । ઋષ્યજિહ્વં પુંડરીકં સિધ્મકુષ્ઠં ચ જાયતે ॥

વાયુની અધિકતા હોય તો 'કાપાલ' નામે કુષ્ઠરોગ ઉત્પન્ન થાય છે, અને જો કફની અધિકતા હોય તો 'મંડલ' નામનો કોઢરોગ ઉત્પન્ન થાય છે; તેમ જ પિત્તની અધિકતાથી જે કોઢરોગ ઉત્પન્ન થાય છે તેને 'ઔદુંબર' કુષ્ઠરોગ જાણવો અને ત્રણે દોષોના પ્રકોપથી જે કોઢરોગ થયો હોય તેને 'કાકણુ' નામે જાણવો.' પરંતુ વાયુ તથા પિત્તથી થયેલ કુષ્ઠરોગ, કફ તથા પિત્તથી થયેલ કુષ્ઠરોગ તથા વાયુ તથા કફથી થયેલ-દ્વિદોષ કોઢરોગ અનુક્રમે ઋષ્યજિહ્વ, પુંડરીક તથા સિધ્મ નામે દ્વિદોષજ કુષ્ઠરોગ ઉત્પન્ન થાય છે.' આમ આ કોઢરોગના એકંદર ૧૮ પ્રકારો થાય છે; જેમ કે-સિધ્મ,[૧] વિચર્ચિકા,[૨] પામા,[૩] દદ્રુ,[૪] કિટિભ,[૫] કપાલ,[૬] સ્થૂલારુષ્ક,[૭] મંડલ[૮] અને વિષજ[૯]-આ નવ કુષ્ઠરોગો સાધ્ય ગણાય છે; તેમ જ પૌંડરીક,[૧] શ્વિત્ર,[૨] ઋષ્યજિહ્વ,[૩] શતારુષ્ક,[૪] ઔદુંબર,[૫] કાકણુક,[૬] ચર્મદલ,[૭] એકકુષ્ઠ[૮] તથા વિપાદિકા,[૯] આ નવ કુષ્ઠ અસાધ્ય ગણાય છે; ચરકે તથા સુશ્રુતે પણ આ ૧૮ કુષ્ઠોમાંના પહેલા ૧૧ને ક્ષુદ્રકુષ્ઠ તથા બીજા નવ કુષ્ઠોને મહાકુષ્ઠો કહેલ છે અને બીજા સાતકુષ્ઠ રોગોને મહાકુષ્ઠ રોગો કહ્યા છે; આ કાશ્યપસંહિતામાં કોઢના ૧૮ ભેદો જે કહ્યા છે, તેમાંના સ્થૂલારુષ્ક, વિષજ તથા શ્વિત્રનો ઉલ્લેખ ચરકમાં મળતો નથી; તે જ પ્રમાણે ચરકમાં ચર્મધ્ય, અલસક તથા વિસ્ફોટક નામના જે કુષ્ઠો કહ્યા છે, તેનો ઉલ્લેખ આ કાશ્યપસંહિતામાં મળતો નથી. વળી ચરકમાં શ્વિત્ર કે કિલાસ નામનો કુષ્ઠરોગ ૧૮ થી અલગ જ કહ્યો છે. વળી આ કાશ્યપસંહિતા ગ્રંથની પેઠે તે શ્વિત્ર કુષ્ઠની ગણતરી ૧૮ થી અલગ કહી નથી. તે જ પ્રકારે સુશ્રુતની પેઠે અરુષ, ઔદુંબર, ઋષ્યજિહ્વ કપાલ, કાકણુક, પુંડરીક તથા દદ્રુ-એ સાતને મહાકુષ્ઠ તરીકે કહેલ છે; તેમ જ સ્થૂલારુષ્ક મહાકુષ્ઠ, એકકુષ્ઠ, ચર્મદલ, વિસર્પ, પરિસર્પ, સિધ્મ, વિચર્ચિકા, કિટિભ, પામા અને રસકા-એ ૧૧ ને મહાકુષ્ઠ કહેલ છે; એ બધા યે કુષ્ઠરોગોને ત્વચા, માંસ, રુધિર તથા લસીકા-એ ચારનો આશ્રય હોય છે; તેમ જ એ કુષ્ઠરોગો સ્પર્શજ્ઞાનનો નાશ કરે છે અને એકદમ વધી જઈને માણસને બેડોળ બનાવી મૂકે છે; એકંદર કુષ્ઠરોગમાં પ્રથમ વાત, પિત્ત અને કફ-એ દોષો દુષ્ટ અથવા વિકૃત બને છે અને પછી એ ત્રણે દુષ્ટ દોષો ત્વચાને, લોહીને માંસને તથા લસીકાને પણ દૂષિત કરે છે; એમ તે ચારે શરીરસ્થ ધાતુઓ કુષ્ઠરોગની આશ્રિત બને છે-તેઓના જ આશ્રયે કુષ્ઠરોગો ઉત્પન્ન થાય છે. આ સંબંધે ચરકે ચિકિત્સાસ્થાનના ૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે-

વાતાદયસ્ત્રયો દુષ્ટાસ્ત્વગ્ રક્તં માંસમમ્બુ ચ । દૂષયન્તિ સ દુષ્ટાનાં સમવો દ્રવ્યસંગ્રહઃ-વાત વગેરે ત્રણ દોષો પ્રથમ દુષ્ટ બનીને તે પછી ત્વચાને, રુધિરને,

માંસને તથા લસીકા નામના પાણીને વિકૃત બનાવે છે; એમ કુષ્ઠરોગમાં વાતાદિ ત્રણ તથા ત્વચા વગેરે ચાર મળી સાતનો સમુદાય કુષ્ઠ બને છે; એ જ પ્રમાણે ચરકે નિદાનસ્થાનના પાંચમા અધ્યાયમાં પણ આમ કહ્યું છે કે–દૂષ્યાશ્ચ શરીરધાતવસ્ત્વઙ્માંસશોણિતલસીકાશ્ચતુર્ધા દોષોપઘાતવિકૃતાઃ–કોઢરોગમાં વાત, પિત્ત અને કફ–એ ત્રણે દોષો દુષ્ટ બનેલા હોય છે અને તે દોષોના વિકારથી વિકૃત બનીને ત્વચા, માંસ રુધિર તથા લસીકા–એ ધાતુઓ વિકૃતરૂપે વિકાર પામેલી હોય છે.' રતવા રોગમાં પણ વાતાદિ ત્રણે દોષો વિકૃત બને છે અને તેઓથી વિકૃત બનેલી વિકૃત ધાતુઓ પણ ત્વચા, રક્ત, માંસ તથા લસીકા એ ચાર જ હોય છે, છતાં કુષ્ઠ અને વિસર્પ રોગમાં જે ભેદ હોય છે, તેને અમે આ સંહિતાના ખિલસ્થાનના વિસર્પચિકિત્સાધ્યાયમાં જણાવેલ છે. અહીં આ સંહિતામાં સિધ્મકુષ્ઠનું લક્ષણ આમ કહ્યું છે કે, જેની ઉપર ધૂળ લાગી હોય એમ જણાય અને જે વારણપુષ્પીનાં ફૂલ જેવું હોય તેને સિધ્મકુષ્ઠ કહે છે. આ સંબંધે ચરકે નિદાનસ્થાનના ૫ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે-પરુષારુણવિશીર્ણબહિસ્તનૂન્યન્તઃસ્નિગ્ધાનિ શુક્લરક્તાવભાસાનિ બહૂન્યલ્પવેદનાન્યલ્પકણ્ડૂદાહપૂયલસીકાનિ લઘુસમુત્થાનાન્યલ્પમેદક્રમીણ્યલાબુપુષ્પસઙ્કાશાનિ સિધ્મકુષ્ઠાનીતિ વિદ્યાત્–જે કુષ્ઠ–કોઢ, અરુણના જેવો રાતો, બહારના ભાગમાં વીખરાયેલ અને અંદરના ભાગમાં સ્નિગ્ધ હોય તેમ જ ધોળી, તથા લાલ ઝાંયથી યુક્ત હોય, ઘણા પ્રમાણમાં હોવા છતાં થોડી વેદનાવાળો હોય તેમ જ થોડી ચેળ, દાહ, પરુ તથા લસીકાથી યુક્ત હોય, અને જલથી જે ઉત્પન્ન થતાં હોય તેમ જ થોડા પ્રમાણમાં જે ચિરાઈ જતાં હોય અને જેમાં કીડા પણ ઓછા હોય; અને જેઓનો દેખાવ અલાબુ પુષ્પ–તુંબડીના ફૂલ જેવો હોય, તેઓને સિધ્મકુષ્ઠ જાણવો. વળી એ જ ચરકે ચિકિત્સિતસ્થાનના ૭ મા અધ્યાયમાં પણ આમ કહ્યું છે કે–શ્વેતં તામ્રં તનુ ચ યદ્રજો ધૃષ્ટં વિમુઞ્ચતિ। અલાબુપુષ્પવર્ણં તત્ સિધ્મં પ્રાયેણ ચોરસિ–જે કુષ્ઠ ધોળારંગનો, તાંબા જેવો લાલ, અને આછો હોય; તેમ જ જેને ઘસ્યો હોય તો જેમાંથી રજ જેવું છૂટે છે; જેનો રંગ અલાબુપુષ્પ–તૂંબડીના ફૂલ જેવો હોય તેમ જ લગભગ છાતી પર જે ઉત્પન્ન થાય છે, તે 'સિધ્મ' નામનો કોઢરોગ કહેવાય છે. સુશ્રુતે પણ નિદાનસ્થાનના પાંચમા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે–કણ્ડ્વન્વિતં શ્વેતમપાતિ સિધ્મ વિદ્યાત્તનુ પ્રાયશ ઊર્ધ્વકાયે–જે કુષ્ઠરોગ ચેળથી યુક્ત, ધોળો અને અપાયથી યુક્ત હોઈ મટી શકે તેવો હોય, તેને 'સિધ્મ' નામે જાણવો. તે કુષ્ઠરોગ આછો હોય અને ઘણું કરી શરીરના ઉપરના ભાગમાં થાય છે. આમ કહીને આ સિધ્મકુષ્ઠને સાધ્ય જણાવેલ છે; છતાં ચરકે આ સિધ્મકુષ્ઠને મહાકુષ્ઠમાં ગણેલ છે અને સુશ્રુતે આને ક્ષુદ્રકુષ્ઠ માનેલ છે. આમ પરસ્પરનો જે આ વિરોધ જણાય છે, તેનો પરિહાર ટીકાકાર ડલ્હણે આ પ્રમાણે જણાવેલ છે જેમ કે–'સિધ્મકુષ્ઠં દ્વિવિધં–સિધ્મં પુષ્પિકાસિધ્મં ચ। પુષ્પિકાસિધ્મસ્ય સુખસાધ્યત્વાત્ સુશ્રુતે ક્ષુદ્રકુષ્ઠેષુ પાઠઃ, સિધ્મસ્ય દુઃખસાધ્યત્વાચ્ચરકે મહાકુષ્ઠે પાઠ ઇષ્યતે દોષઃ–સિધ્મકુષ્ઠ બે પ્રકારના થાય છે; એક તો સિધ્મ નામે જ કહેવાય છે અને બીજા પુષ્પિકાસિધ્મ નામે કહેવાય છે; તેમાંનો પુષ્પિકાસિધ્મ સુખસાધ્ય હોય છે એટલે કે યોગ્ય ઉપચારો દ્વારા સહેલાઈથી મટી શકે તેવો હોય છે, તેથી સુશ્રુતે એ પુષ્પિકાસિધ્મને ક્ષુદ્રકોઢ રોગોમાં ગણેલો છે; જ્યારે ચરકમાં 'સિધ્મ' નામના કુષ્ઠરોગને દુઃખસાધ્ય ગણી યોગ્ય ઉપચારોથી પણ મટવો મુશ્કેલ માન્યો છે, તેથી એ ચરકે સિધ્મકુષ્ઠને મહાકુષ્ઠમાં ગણેલ છે; એ કારણે તે ચરકની તથા સુશ્રુતની માન્યતા બરાબર હોવાથી કોઈ દોષ નથી; એકંદર સિધ્મકુષ્ઠના બે ભેદો હોઈ ને તેઓને સિધ્મ તથા પુષ્પિકાસિધ્મ નામે કહેલ છે. તેમાંના પુષ્પિકાસિધ્મને સાધ્ય માની સુશ્રુતે તેને ક્ષુદ્રકુષ્ઠમાં ગણેલ છે અને સિધ્મ નામના કુષ્ઠને અસાધ્ય ગણી ચરકે તેને મહાકુષ્ઠમાં ગણેલ છે; તેથી સિધ્મકુષ્ઠને જે દૃષ્ટિએ સાધ્ય–અસાધ્ય તથા ક્ષુદ્રકુષ્ઠ કે મહાકુષ્ઠ કહેલ છે, તે યોગ્ય જ છે. આ અભિપ્રાયથી આ કાશ્યપસંહિતામાં પણ સિધ્મના પુષ્પિકા 'સિધ્મ' નામના ભેદ તરફ જ લક્ષ્ય રાખી સિધ્મકુષ્ઠને સાધ્ય કુષ્ઠોમાં નાખ્યો છે; તે પછી અહીં મૂળમાં 'વિચર્ચિકા' નામના કુષ્ઠરોગનું લક્ષણ આમ જણાવ્યું છે કે, જેમાં કાળાશયુક્ત રાતા રંગના વ્રણ થાય કે જેઓમાં વેદના,

પાકવું તથા સ્રાવ પણ થાય છે. આ સંબંધે ચરકે ચિકિત્સિતસ્થાનના ૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે-સકણ્ડુપિડકા શ્યાવા બહુસ્રાવા વિચર્ચિકા-જેમાં ચેળ સાથે ફોલ્લીઓ થાય જેઓનો રંગ કાળાશયુક્ત રાતો હોય અને જેમાંથી સ્રાવ પણ ઘણો થાય છે; સુશ્રુતે પણ નિદાનસ્થાનના પંચમા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'રાજ્યોડતિકણ્ડૂવર્તિરુજઃ સરૂક્ષા મવન્તિ ગાત્રેષુ વિચર્ચિકાયામ્। કણ્ડૂમતી દાહરુજોપપન્ના ॥-'વિચર્ચિકા' નામના કુષ્ઠરોગમાં શરીરના અવયવો પર અતિશય ચેળ અને પીડાથી યુક્ત રેખાઓ ઉત્પન્ન થાય છે; એ બધી રેખાઓ ચેળવાળી અને દાહ તથા પીડાથી યુક્ત હોય છે.' વળી 'પામા' નામનો જે કુષ્ઠરોગ અહીં કહ્યો છે, તેનું લક્ષણ અહીં તો આમ જ કહ્યું છે કે-જેમાં ચેળ, સોય ભોંકાય જેવી પીડા, પાકવું તથા સ્રાવથી યુક્ત જે ફોલ્લીઓ થાય તે નાની નાની હોય, તે પામા-ખસ-ખૂજલી કહેવાય છે; આ સંબંધે ચરકે ચિકિત્સિતસ્થાનના ૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'પામા શ્વેતારુણશ્યાવાઃ પિડકા કણ્ડુલા મૃશમ્।-જે ફોલ્લીઓ ધોળી, લાલ અથવા કાળાશયુક્ત રાતી થાય અને અતિશય ચેળથી યુક્ત હોય, તે પામા કહેવાય છે.' આ જ પ્રમાણે સુશ્રુતે પણ નિદાનસ્થાનના ૫ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'સાસ્રાવકણ્ડૂપરિદાહકામિઃ પામાઽણુકામિઃ પિડકામિરુદ્યાઃ ॥-જે પિડકા-ફોલ્લી ચોપાસ થતા દાહથી યુક્ત હોય, પરંતુ બારીક હોય, તે ઉપરથી તેનો 'પામા' તરીકે તર્ક કરી શકાય છે. તે પછી અહીં દદ્રુ-દાદર નામના કોઢનું લક્ષણ કહ્યું છે કે-જેમાં રૂક્ષતા, ચેળ, બળતરા તથા સ્રાવ પણ હોય એવાં ગોળ ચકતાં વધ્યા કરે છે. તેને 'દદ્રુ' નામનો કુષ્ઠરોગ કહે છે. આ સંબંધે ચરકે ચિકિત્સિતસ્થાનના ૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'સકણ્ડુરાગપિડકં દદ્રુમણ્ડલમુદ્વતમ્।-ચેળ અને રતાશવાળી ફોલ્લીઓ સહિત, જે ચકતાં ઉત્પન્ન થાય છે તેને 'દદ્રુ' કહેવામાં આવે છે.' સુશ્રુતે પણ નિદાનસ્થાનના ૫ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે, 'અતસીપુષ્પવર્ણાનિ તામ્રાણિ વા વિસર્પીણિ પિડકાવન્તિ ચ દદ્રુકુષ્ઠાનિ।-અળસીના પુષ્પના જેવો રંગવાળો રાતો અને ફેલાવાના સ્વભાવવાળો જે હોય, તે દદ્રુકુષ્ઠ-એટલે દાદર નામનો કોઢરોગ કહેવાય છે.' આ દદ્રુકુષ્ઠને ચરકે ક્ષુદ્રકુષ્ઠમાં ગણેલ છે અને સુશ્રુતે મહાકુષ્ઠમાં ગણાવેલ છે. 'સિધ્મકુષ્ઠ'ની પેઠે આ દદ્રુકુષ્ઠ પણ ધોળા તથા કાળા રંગનો થાય છે; કાળો દદ્રુકુષ્ઠ અસાધ્ય ગણાય છે, તેથી સુશ્રુતે તેને મહાકુષ્ઠમાં ગણેલ છે; અને ધોળો દદ્રુકુષ્ઠ સુખસાધ્ય હોય છે, તેથી ચરકે તેને ક્ષુદ્રકુષ્ઠમાં ગણેલ છે. સુશ્રુતના નિદાનસ્થાનના ૫ મા અધ્યાયની ટીકામાં ડલ્હણ આમ લખે છે કે, 'દ્રદ્રુકુષ્ઠં દ્વિવિધં સિતમસિતં ચ. અસિતસ્ય મહોપક્રમસાધ્યત્વાદનુવન્ધિત્વપ્રકર્ષાચ્ચ મહાકુષ્ઠેષુ મધ્યે સુશ્રુતે પાઠઃ સિતદદ્રુકુષ્ઠસ્ય સુખસાધ્યત્વાદુત્તરોત્તરધાત્વનુપ્રવેશાભાવાત્તથાઽત્યર્થપીડારહિતત્વાચ્ચ ચરકે ક્ષુદ્રકુષ્ઠેષુ મધ્યે પાઠ ઇત્યદોષઃ। '-દદ્રુકુષ્ઠ-'દાદર' નામનો કોઢરોગ બે પ્રકારનો હોય છે. એક ધોળા રંગનો તથા બીજો કાળા રંગનો થાય છે; તેમાંનો કાળા રંગનો દાદર-કોઢ મોટી ચિકિત્સાથી સાધ્ય હોઈ મટે છે અને તે ઘણા લાંબાકાળ સુધી ચાલુ રહે છે. એ કારણે સુશ્રુતે તેની ગણતરી મહાકુષ્ઠમાં કરી છે; પરંતુ ધોળા રંગના દાદર-કોઢ રોગ સુખસાધ્ય હોવાથી તેનો પ્રવેશ ઉત્તરોત્તરની ધાતુઓમાં હોતો નથી તેમ જ તેમાં અતિશય પીડા પણ હોતી નથી. એ કારણે તે ધોળા દાદર-કોઢને ચરકે ક્ષુદ્રકુષ્ઠમાં ગણેલ છે; એમ તે બન્ને ગ્રંથોની માન્યતામાં કોઈ દોષ નથી.' એમ દદ્રુકુષ્ઠનું લક્ષણ કહ્યા પછી અહીં મૂળમાં 'કિટિભ' નામના કુષ્ઠનું લક્ષણ આ પ્રમાણે કહ્યું છે કે-કિટિભ નામનો કોઢરોગ કાળો અથવા શ્યામ-કાળાશયુક્ત રાતો અથવા ઈંટ જેવા અરુણ રંગનો કેવળ રતાશવાળો હોય છે; તેમ જ એ કિટિભ-કુષ્ઠરોગ ખરસટ, કઠોર તથા સ્રાવથી યુક્ત હોઈ વધ્યા જ કરે છે; કદમાં મોટો હોય છે અને એક વાર મટીને ફરી ફરી થયા જ કરે છે.' આ સંબંધે ચરકે ચિકિત્સાસ્થાનના ૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'શ્યાવં કિણખરસ્પર્શં પરુષં કિટિમં સ્મૃતમ્।-'કિટિભ' નામનો કુષ્ઠરોગ કાળાશયુક્ત, રાતા અને વ્રણથી થતા ચિહ્ન જેવો હોઈ ને કઠોર સ્પર્શવાળો છે.' એકંદર તે કિટિભ કુષ્ઠરોગ વ્રણની નિશાની જેવો ખરસટ

તથા કઠોર હોય છે; સુશ્રુતે પણ નિદાનસ્થાનના પમા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે, 'यत् स्रावि वृत्तं घनमुग्रकण्डु। तत् स्निग्धकृष्णं किटिभं वदन्ति ॥–જે કુષ્ઠરોગ સ્રાવથી યુક્ત, ગોળ, ઘટ્ટ, ઉગ્ર ચેળથી યુક્ત તથા સ્નિગ્ધ કાળા રંગનો હોય તેને વૈદ્યો 'કિટિભ' કહે છે.' એમ 'કિટિભ' નામનો કુષ્ઠરોગ કહ્યા પછી અહીં મૂળ-કાશ્યપ-સંહિતામાં 'કપાલકુષ્ઠ' નામના કોઢરોગનું લક્ષણ આ પ્રમાણે કહ્યું છે; જેમ કે, જેનો રંગ કાળો હોય, જે ખરસટ, કઠોર તથા મલિન હોય અને જેનું અનેક સ્થાન હોઈ આકાર મંડલાકાર-ગોળ હોય છે, તેને 'કપાલકુષ્ઠ' કહે છે; આમાં પણ ચેળ આવે છે; જ્યારે બે ઋતુઓનો સંધિકાળ આવે છે-એટલે કે એક ઋતુ સમાપ્ત થઈને બીજી ઋતુની શરૂઆત થાય છે ત્યારે તેમ જ ઉષ્ણુકાળમાં આ કપાલકુષ્ઠરોગ અત્યંત કષ્ટદાયી બને છે. એ કુષ્ઠરોગની આકૃતિ ઘડાના ઠીકરાં જેવી હોય છે, તેથી જ તેને 'કપાલકુષ્ઠ' નામે કહેવામાં આવે છે. આ સંબંધે ચરકે ચિકિત્સાસ્થાનના ૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'कृष्णारुणकपालाभं यद्रूक्षं परुषं तनु। कपालं तोदबहुलं तत्कुष्ठं विषमं स्मृतम् ॥–જે કુષ્ઠરોગ કાળા રંગનો, અથવા અરુણના જેવા રાતા રંગનો અને ઘડાની ઠીકરી જેવો દેખાય તેમ જ રૂક્ષ, કઠોર તથા પાતળો હોઈને જેમાં સોયા ભોંકાય જેવી વધુ જ પીડા થાય તેને વિષમ-દુઃખદાયી એવો 'કપાલકુષ્ઠરોગ' કહ્યો છે. એ જ પ્રમાણે ચરકે નિદાનસ્થાનના પાંચમા અધ્યાયમાં પણ આના સંબંધે આમ કહ્યું છે કે-रूक्षारूणपरुषाणि विषमविसृतानि खरपर्यन्तानि तनून्युद्वृत्तबहिस्तनूनि सुप्तसुप्तानि दूषितलोमाचितानि निस्तोदबहुलान्यल्पकण्डूदाहपूयलसीकान्याशुगतिसमुत्थानान्याशुभेदीनि जन्तुमन्ति कृष्णारुणकपालवर्णानि कपालकुष्ठानीति विद्यात्। જે કુષ્ઠરોગો રૂક્ષ, ઈંટના જેવા અરુણવર્ણા કે લાલ, વિષમ રીતે ફેલાયેલા કઠોર હોઈને ઊંચા-નીચા ફેલાયેલા, પાતળા અને ઉપસેલાં હોઈ બહારના ભાગમાં પણ પાતળા જડથી પણ જડ એટલે કે જેની ઉપરના સ્પર્શનું જ્ઞાન કદીય ન થાય, ખડા થયેલા રુવાંટાંથી વ્યાપ્ત, સોયા ભોંકાતા હોય એવી પીડાથી જે લગભગ વ્યાપ્ત હોય, જેમાં ચેળ, દાહ, પરુ તથા લસીકા થોડાં હોય ઝડપથી ગતિ કરનાર તથા ઝડપથી ઉત્પન્ન થઈ જનારા હોય, જેમાં જંતુઓ વ્યાપ્ત હોય અને જેઓનો વર્ણ કે રંગ કાળો તથા અરુણના જેવો લાલ હોવા ઉપરાંત ઘડાની ઠીકરીના જેવો પણ હોય, તેઓને 'કપાલકુષ્ઠ' નામના કોઢરોગો જાણવા. સુશ્રુતે પણ આ સંબંધે આમ કહ્યું છે કે-'कृष्णकपालिकाप्रकाशानि कपालकुष्ठानि-જેનો પ્રકાશ કે ઝાંખ કાળા રંગના ઘડાની ઠીકરીના જેવો હોય, તેઓને કપાલ-કુષ્ઠ' નામનો કોઢરોગ જાણવો એમ તે કપાલકુષ્ઠ રોગનું લક્ષણ કહ્યા પછી, હવે અહીં મૂળમાં 'સ્થૂલારુષ્ક' તથા 'મહારુષ્ક' કોઢરોગનું લક્ષણ કહે છે કે જે કુષ્ઠરોગ પિચ્છા અથવા શીમળાના ગુંદર જેવી ચીકાશથી યુક્ત સ્રાવવાળા હોય તેમ જ વેદના, દાહ, ચેળ, સોય ભોંકાય જેવી પીડા, જ્વર અને રતવા પણ જેમાં સાથે હોય અને જેના મૂળમાં મોટાં મોટાં ચાંદાં હોય તેમ જ કોમળ તથા ખરસટ પણ જે હોય તેઓને 'મહારુષ્ક' નામનો કોઢરોગ કહેવામાં આવે છે. આ સંબંધે સુશ્રુતે પણ નિદાનસ્થાનના પાંચમા અધ્યાયમાં આમ કહ્યું છે કે-स्थूलानि सन्धिष्वतिदारुणानि स्थूलारुषि स्युः कठिनान्यारुषि-જે કુષ્ઠરોગો સાંધા-ઓમાં સ્થૂલ અને અતિશય દારુણ હોઈ સ્થૂલ ધારાંથી યુક્ત અને કઠિન ધારાંવાળા પણ હોય-એટલે કે જેમાં અત્યંત દારુણ મોટા મોટા વ્રણો થાય તેઓને સ્થૂલારુષ્ક અથવા મહારુષ્ક કોઢરોગ કહેવામાં આવે છે; પરંતુ ચરકે આ કુષ્ઠરોગને અલગ ગણેલો નથી. આની પછી 'મંડલકુષ્ઠ' નામના કોઢરોગનું લક્ષણ આમ કહ્યું છે કે જેમાં બપોરિયા કે જાસૂદનાં ફૂલના જેવાં રાતાં ચગદાં થાય છે અને દાહ, ચેળ, વેદના તથા સ્રાવ પણ જેમાં સાથે જ હોય તેઓને 'મંડલકુષ્ઠ' નામનો કોઢનો રોગ કહે છે. ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૭ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે-श्वेतं रक्तं स्थिरं स्यानं स्निग्धमुत्सन्नमण्डलम्। कृच्छ्रमन्योन्यसंसक्तं कुष्ठं मण्डलमुच्यते-જેનો રંગ ધોળો કે લાલ હોય અને જે સ્થિર, સમુદાયરૂપે મળેલ, સ્નિગ્ધ તથા ઉપસેલા ઘેરાવવાળો હોય તેમ જ કષ્ટસાધ્ય હોઈ એકબીજાની સાથે જે

મળેલ હોય તે 'મંડલકુષ્ઠ' નામનો કોઢરોગ કહેવાય છે. એકંદર આ કોઢનાં ચગદાં પરસ્પર એકબીજાની સાથે જોડાયેલાં હોય છે. વળી નિદાનસ્થાનના પાંચમા અધ્યાયમાં પણ ચરકે આ સંબંધે આમ કહ્યું છે કે,–स्निग्धानि गुरूण्युत्सेधवन्ति श्लक्ष्णस्थिरपीनपर्यन्तानि शुक्लरक्तावभासानि शुक्लरोमराजीसन्ततानि बहुबहलशुक्लपिच्छिलस्रावीणि बहुक्लेदकण्डूकृमीणि सक्तगतिसमुत्थानमेदीनि परिमण्डलानि मण्डलकुष्ठानीति विद्यात्–જે કુષ્ઠરોગ સ્નેહયુક્ત હોઈ ભારે ઊંચાઈવાળા, સુંવાળા, સ્થિર અને પુષ્ટ છેડાવાળા હોય, તેમ જ ધોળી અને લાલ ઝાંયવાળા અને ધોળાં રુંવાંટાંની પંક્તિથી છવાયેલા હોય તેમ જ ઘણા ઘાટા તથા ધોળા ચીકણા સ્રાવથી મુક્ત હોઈ ખૂબ જ ક્લેદ–પચપચાપણું, ચેળ અને કીડાઓથી પણ યુક્ત હોય અને જેઓની ગતિ અને ઉત્પત્તિ બન્ને એકબીજાની સાથે મળેલ હોઈને જેઓનો ભેદ–ચિરાવું કે ફાટવું–પણ એકબીજાની સાથે હોય, એવા ચોપાસ ગોળાકાર ચગદાંવાળા જે હોય, તેઓને 'મંડલકુષ્ઠ' નામના કોઢરોગ જાણવા.' અહીં બપોરિયાનું ફૂલ જણાવીને તેનું સાદસ્ય કહ્યું છે; તે બપોરિયાના પુષ્પનું વર્ણન 'રાજનિઘંટુ'–નામના આયુર્વેદીય શબ્દકોશમાં આમ વર્ણવ્યું છે; જેમ કે–अस्य पुष्पं मध्याह्ने विकसति पराह्णे च सूर्योदये शुष्यति। આ બપોરિયાના ઝાડનું ફૂલ ખરા બપોરના સમયે ખીલે છે અને દિવસ નમતાં તેમ જ સૂર્યનો ઉદય થાય ત્યારે સુકાઈ જાય છે.' એમ 'મંડલકુષ્ઠનું' લક્ષણ કહ્યા પછી મૂળ–કાશ્યપસંહિતામાં વિષજકુષ્ઠનું લક્ષણ આમ કહ્યું છે; જેમ કે–શરીરના જે પ્રદેશ પર કરોળિયો, કીડો, પતંગિયું કે સર્પના દાંતનો દંશ થયો હોય અને તેની જો ઉપેક્ષા કરવામાં આવે, તો એ શરીરપ્રદેશ ખરસટ થઈ જાય છે, તેને વિષજકુષ્ઠ કહે છે; અને તે કષ્ટસાધ્ય હોઈ મટવો મુશ્કેલ હોય છે. તે પછી 'પુંડરીક' કુષ્ઠનું લક્ષણ આમ કહ્યું છે કે–જેની ઉત્પત્તિનો પ્રદેશ ઘણો જ મોટો હોય, જે ઉપસેલું હોઈ ઉન્નત હોય, જેને ઉત્પન્ન થતાં ઘણી જ વાર લાગે અને ફાટતાં પણ લાંબો સમય લાગે છે; વળી જેનો રંગ 'પુંડરીક' નામના રાતા કમળના પુષ્પ જેવો હોય અથવા કેસૂડાં જેવો હોય તેને પૌંડરીક કુષ્ઠ કહે છે. આ સંબંધે ચરકે ચિકિત્સાસ્થાનના ૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–सश्वेतं रक्तपर्यन्तं पुण्डरीकदलोपमम्। सोत्सेधं च सरागं च पुण्डरीकं तदुच्यते॥ જે કુષ્ઠ ધોળાશ–યુક્ત હોય પણ જેના છેડા રાતા હોય, તેથી જેને પુંડરીક કમળની ઉપમા આપી શકાય છે; વળી ઊંચાઈ સહિત હોઈ ઉપસેલ હોય તેમ જ રતાશથી જે યુક્ત હોય તે 'પુંડરીક' નામનો કોઢનો રોગ કહેવાય છે. વળી તે પણ ચરકે નિદાનસ્થાનના પાંચમા અધ્યાયમાં આમ કહ્યું છે કે–शुक्लरक्तावभासानि रक्तपर्यन्तानि रक्तराजीसन्ततान्युत्सेधवन्ति बहुबहलरक्तपूयलसीकानि कण्डूकृमिदाहपाकवन्त्यागुगतिसमुत्थानमेदीनि पुण्डरीकपलाशसङ्काशानि पुण्डरीकाणीति विद्यात्। કોઢના જે રોગો ધોળા તથા રાતી ઝાંયવાળા હોય, રાતા છેડાવાળા, રાતી રેખાઓથી છવાયેલા, ઊંચાઈથી યુક્ત, અતિશય ઘાટા લોહી, પરુ તથા લસીકા–નામના (ચામડીની અંદરના) પાણીથી યુક્ત, ચેળ, કીડા, પાકવું તથા બળતરાથી યુક્ત, ઝડપી ગતિવાળા તથા ઝડપી ઉત્પત્તિવાળા હોય અને જેનો રંગ પુંડરીક કમળની પાંખડી તથા કેસૂડાં જેવો હોય, તેઓને 'પુંડરીક' નામનો કુષ્ઠરોગ જાણવો.

સુશ્રુતે પણ નિદાનસ્થાનના પાંચમા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે– पुण्डरीकपत्रप्रकाशानि पौण्डरीकाणि श्लेष्मणा। જેઓનો પ્રકાશ અથવા ઉપરનો ચળકાટ પુંડરીક–કમળની પાંખડીના જેવો હોય તેઓને 'પૌંડરીક' નામના કોઢ જાણવા અને તેઓની ઉત્પત્તિ કફના પ્રકોપથી થાય છે.' એમ પુંડરીક કોઢને કહ્યા પછી અહીં કાશ્યપસંહિતામાં 'શ્વિત્ર' નામના કોઢરોગનું આવું લક્ષણ કહ્યું છે; જેમ કે–'શ્વિત્ર' નામનો કોઢ ધોળા રંગનો હોય છે, તેથી જ તેને 'શ્વિત્ર' નામે કહ્યો છે. તેના પાંચ પ્રકારો હોય છે. તેઓનું વર્ણન આગળ જતાં કરાશે. ચરકે ૧૮ પ્રકારના કોઢના રોગોમાં આ શ્વિત્રને ગણ્યો નથી, પણ તેઓથી જુદો કહીને તેને અલગ વર્ણવ્યો છે. આ શ્વિત્ર કુષ્ઠને 'કિલાસ' એવા બીજા નામે પણ કહ્યો છે, તેમ જ સુશ્રુતે પણ નિદાનસ્થાનના

પાંચમા અધ્યાયમાં આના સંબંધે આમ કહ્યું છે કે-'किलासमपि कुष्ठविकल्प एव, तत्त्रिविधं वातेन, पित्तेन, श्लेष्मणा चेति।' 'કિલાસ' રોગ પણ એક જાતનો કોઢનો જ ભેદ છે; તે ત્રણ પ્રકારે થાય છે: વાયુથી, પિત્તથી અને કફથી-અર્થાત્ શ્વિત્ર અને કિલાસ-બન્નેમાં તથા કોઢમાં તફાવત આ છે કે કોઢરોગ ચામડી, લોહી તથા માંસ એ ત્રણેનો આશ્રય કરી ઉત્પન્ન થાય છે અને આ શ્વિત્ર તથા કિલાસ-એ બન્ને કેવળ ચામડીનો જ આશ્રય કરી ચામડી ઉપર જ થાય છે. આ સંબંધે પણ આમ કહ્યું છે કે-'कुष्ठकिलासयोरन्तरं त्वग्गतमेव किलासमपरिस्रावि च'। કુષ્ઠરોગ-કોઢ તથા કિલાસ રોગમાં તફાવત કેવળ ચામડીને લગતો જ હોય છે; એટલે કોઢમાં માંસ, લોહી અને ચામડી-ત્રણે વિકૃત થઈ બગડે છે અને કિલાસરોગ કેવળ ચામડીનો જ આશ્રય કરી ચામડીની ઉપર જ થાય છે; તેમ જ શ્વિત્ર અને કિલાસનો તફાવત પણ આ છે કે કિલાસ રોગ કેવળ ચામડી ઉપર જ થાય છે. અને શ્વિત્રકુષ્ઠરોગ ચામડીથી નીચે ઊંડે ઊતરી ધાતુઓમાં પણ પહોંચી જાય છે. આ સંબંધે આમ કહ્યું છે કે-त्वग्गतन्तु यदस्रावि किलासं तत्प्रकीर्तितम्। यदा त्वचमतिक्रम्य तद्धातूनवगाहते ॥ हित्वा किलाससंज्ञां च श्वित्रसंज्ञां लभेत तत् ॥ 'કિલાસ' કોઢ ચામડી ઉપર જ થાય છે અને તેમાંથી કોઈ પણ જાતનો સ્રાવ થતો જ નથી; પરંતુ એ જ કિલાસ કોઢ ચામડીને ઓળંગી નીચે ઊંડો ઊતરે છે અને ધાતુઓમાં પ્રવેશ કરે છે, ત્યારે તે જ 'કિલાસ' કિલાસરૂપે ન રહેતાં 'શ્વિત્ર' સંજ્ઞાને પ્રાપ્ત કરે છે. ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૭ મા અધ્યાયમાં શ્વિત્રકોઢના આવા ત્રણ ભેદો કહ્યા છે, જેમ કે-दारुणं चारुणं श्वित्रं किलासं नाममिस्त्रिभिः। यदुच्यते तत् त्रिविधं त्रिदोषं प्रायशश्च तत् ॥ કિલાસરોગ જ આ ત્રણ નામોથી કહેવાય છે: એક દારુણ, બીજો અરુણ તથા ત્રીજો શ્વિત્ર કહેવાય છે. એમ તે કિલાસકોઢ ત્રણ પ્રકારનો હોઈ તેમાં ત્રણે દોષનો લગભગ એકીસાથે જ પ્રકોપ હોય છે. 'ક્ષાલુકિ તંત્ર' નામના આયુર્વેદ ગ્રંથમાં કિલાસના જ ધાતુઓને લગતા આશ્રયથી આવા ત્રણ ભેદો કહ્યા છે; જેમ કે-वारुणं तत्तु विज्ञेयं मांसधातुसमाश्रयम्। मेदः श्रितं भवेच्छ्वित्रं दारुणं रक्तसंश्रयम्। કિલાસના જ આવા ત્રણ ભેદો થાય છે, તેમાં કારણ આ છે કે-ચામડી પર જ હોય ત્યારે તે 'કિલાસ' કહેવાય છે; પણ તે જ કિલાસ મેદ ધાતુનો આશ્રય કરે છે, ત્યારે 'શ્વિત્ર' નામે કહેવાય છે અને રક્તનો આશ્રય કરે છે, ત્યારે 'દારુણ' તથા 'અરુણ' નામે કહેવાય છે.' એકંદર કિલાસને જ્યારે માંસ ધાતુનો આશ્રય થાય છે ત્યારે તે દારુણ નામે અથવા ચરકના મતે અરુણ નામે કહેવાય છે; પરંતુ મેદધાતુનો તે આશ્રય કરે છે ત્યારે 'શ્વિત્ર' કહેવાય છે અને રક્તધાતુનો તે જ્યારે આશ્રય કરે છે, ત્યારે 'દારુણ' નામે કહેવાય છે.' કેવળ ત્વચાનો જ કિલાસને આશ્રય હોય છે, ત્યાં સુધી જ તે 'કિલાસ' નામે કહેવાય છે; પણ તે જ્યારે મેદનો, માંસનો તથા રક્ત-રુધિરનો આશ્રય કરે છે, ત્યારે તો તેનાં ઉપર્યુક્ત-શ્વિત્ર, દારુણ તથા અરુણ એવાં નામો પડે છે; એમ ધાતુભેદના આશ્રયથી તેઓનાં જુદાં જુદાં નામોની પેઠે રંગો પણ જુદા જુદા જ થાય છે; છતાં બીજા કુષ્ઠરોગોની પેઠે આ કિલાસ તથા શ્વિત્રથી ધાતુઓમાં વધુ વિકાર થતો નથી. જે કોઢરોગમાં ઋષ્ય-નામના મૃગની જીભની પેઠે કઠોરતા, ફીકાશ કે જુદા જુદા રંગો, ધોળાશ તથા પચપચાપણું હોય તે 'ઋષ્યજિહ્વ' નામનો કુષ્ઠ રોગ કહેવાય છે. આ સંબંધે ચરકે ચિકિત્સાસ્થાનના ૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે-कर्कशं रक्तपर्यन्तमन्तःश्यावं सवेदनम्। यदृष्यजिह्वासंस्थानमृष्यजिह्वं तदुच्यते ॥ જે કોઢરોગ કઠોર હોય, જેના છેડા લાલ હોય, અંદરના ભાગમાં જે કાળાશયુક્ત પીળો હોય, જેમાં સાથે વેદના પણ હોય અને જેનો આકાર ઋષ્ય-મૃગ-ની જીભના જેવો હોય તે 'ઋષ્યજિહ્વ' નામનો કોઢરોગ કહેવાય છે.' વળી ચરકે નિદાનસ્થાનના પાંચમા અધ્યાયમાં આ કોઢ સંબંધે આમ કહ્યું છે કે-परुषाण्यरुणवर्णानि बहिरन्तःश्यावानि नीलपीतताम्रावभासान्याशुगतिसमुत्थानान्यल्पकण्डूक्लेदकृमीणी दाहभेदनिस्तोदपाकबहुलानि

શૂકોપહતોપમવેદનાન્યુત્સન્નમધ્યાનિ તનુપર્યન્તાનિ કર્કશાપિડકાચિતાનિ દીર્ઘપરિમણ્ડલાનિ ઋષ્યજિહ્વાકૃતીનિ ઋષ્યજિહ્વાનીતિ વિદ્યાત્। જે કોઢરોગ કઠોર, અરુણ જેવા રાતા રંગના, બહાર અને અંદરના ભાગમાં કાળાશયુક્ત પીળા રંગના, નીલવર્ણની, પીળી તથા તામ્રવર્ણી ઝાંયવાળા, ઝડપદાર ગતિ અને ઉત્પત્તિવાળા, થોડી ચેળ, પચપચતાપણું તથા ફોડાઓથી યુક્ત, તેમ જ દાહ, ચીરાવું, સોય ભોંકાયા જેવી અને પાક જેમાં વધારે હોય તેમ જ 'શૂક' અથવા ધાન્યનાં કણસલાંની અણીથી વીંધાયેલ અંગના જેવી વેદના કરનાર તેમ જ મધ્ય ભાગમાં ઊંચાઈવાળા હોઈ ઉપસેલા, છેડાના ભાગમાં પાતળા તથા કઠોર ફોલ્લીઓથી છવાયેલા અને લાંબા ઘેરાવાવાળા હોય તેઓને ઋષ્યજિહ્વ નામના કોઢ રોગ જાણવા.' સુશ્રુતે પણ નિદાનસ્થાનના પાંચમા અધ્યાયમાં આ સંબંધે આમ જણાવ્યું છે કે-ઋષ્યજિહ્વાપ્રકાશાનિ खराणि ઋષ્યજિહ્વાનિ।'-જેઓનો પ્રકાશ એટલે દેખાવ ઋષ્ય-મૃગની જીભ જેવો હોઈ ખરસટ હોય તેઓને 'ઋષ્યજિહ્વ' નામના કોઢરોગ જાણવા.' આમ ઋષ્યજિહ્વનું લક્ષણ કહ્યા પછી 'શતારુષ્ક' કોઢનું લક્ષણ અહીં કાશ્યપસંહિતામાં આમ કહે છે કે-જે કોઢસ્રાવથી યુક્ત, નીલ, લાલ, પીળા તથા કાળા વગેરે અનેક વર્ણથી યુક્ત તેમ જ કઠોર વણોવાળા હોય તે 'શતારુષ્ક' નામે કહેવાય છે.' આ સંબંધે ચરકે ચિકિત્સાસ્થાનના ૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'रक्तं श्यावं सदाहार्ति शतारुः स्याद् बहुव्रणम्।-જે કોઢરોગ લાલ, કાળાશયુક્ત પીળાશવાળો, દાહની પીડાથી યુક્ત હોય તે ઘણાં વણોવાળો હોઈ 'શતારુ' કહેવાય છે.' આ અભિપ્રાયથી જ આ રોગનું નામ 'शतानि अरूंषि यस्मिन् इति शतारुष्कः'-આવું રાખ્યું છે કે જેમાં સેંકડો 'અરુષ્'-વણો હોય છે, તેથી 'शत-अरुष्क'-સેંકડો વણોવાળો એમ સાર્થક નામનો આ કોઢ કહેવાય છે.' એમ તે 'શતારુષ્ક' કોઢનું લક્ષણ કહ્યા પછી અહીં મૂળ-કાશ્યપસંહિતામાં 'ઔદુંબર' નામના કોઢરોગનું લક્ષણ કહ્યું છે અને ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૭ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે, 'कण्डूविदाहरुग्रागपरीतं लोमपिञ्जरम्। उदुम्बरफलाभासं कुष्ठमौदुम्बरं विदुः॥-ચેળ, બળતરા, પીડા તથા રતાશથી જે વ્યાપ્ત હોય, રુવાંટાંથી જે પિંગળા રંગનું હોય અને જેની ઝાંઈ ઉંબરાના ફળના જેવી હોય, તેને વિદ્વાનો ઔદુંબરકુષ્ઠ કહે છે.' વળી ચરકે પણ નિદાનસ્થાનના ૫ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે, 'ताम्राणि ताम्रखररोमराजीभिरचनद्धानि बहलानि बहुबहलरक्तपूयलसीकानि कण्डूक्लेदकोथदाहपाकवन्त्याशुगतिसमुत्थानभेदीनि ससन्तापकृमीणि पक्वोदुम्बरफलवर्णाण्युदम्बरकुष्ठानीति विद्यात्।-જે કોઢરોગ રાતા રંગના, તાંબા જેવી રતાશવાળા; કઠોર, રુવાંટાંની પંક્તિથી છવાયેલ, અતિશય ઘટ્ટ, ખૂબ ઘાટાં લોહી, પરુ તથા લસીકાથી યુક્ત, ચેળ, સડો, કોહવાટ, દાહ તથા પાકથી યુક્ત, જલદી ગતિ કરનાર, ઉત્પન્ન પણ જલદી થનાર અને તરત ચિરાડોથી યુક્ત, સંતાપ સાથે કીડાઓથી યુક્ત અને જેઓનો રંગ પાકાં ઉંબરાના ફળ જેવો હોય તેઓને ઉદુંબરકુષ્ઠ જાણવા.' સુશ્રુતે પણ નિદાનસ્થાનના ૫ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'पित्तेन पक्वोदुम्बरफलाकृतिवर्णान्यौदुम्बराणि।-પિત્તના પ્રકોપથી પાકા ઉંબરાના ફળ જેવી આકૃતિ તથા વર્ણ-રંગવાળા જે કોઢરોગ થાય છે, તેઓને ઔદુંબરકુષ્ઠ જાણવા.' એમ તે ઔદુંબરકુષ્ઠનું લક્ષણ કહ્યા પછી અહીં મૂળ ગ્રંથમાં 'કાકણ' કુષ્ઠનું લક્ષણ આમ કહ્યું છે કે-એ 'કાકણ' કોઢ હાથીના ચામડા જેવા ખરસટ હોય છે.' આ સંબંધે ચરકે ચિકિત્સાસ્થાનના ૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'यत्काकणन्तिकावर्णमपाकं तीव्रवेदनम्। त्रिदोषलिङ्गं तत्कुष्ठं काकणं नैव सिध्यति॥-જેનો રંગ ચણોઠીના જેવો હોય, જેમાં પાક ન થાય, તીવ્ર વેદનાથી જે યુક્ત હોય અને ત્રણે દોષના પ્રકોપનાં જેમાં લક્ષણો હોય એવો 'કાકણ' નામનો કોઢ કોઈ પણ ઉપચાર કે ચિકિત્સાથી કદી મટતો જ નથી.' એટલે કે 'કાકણ' કોઢ અસાધ્ય હોઈ કોઈ પણ ચિકિત્સાથી કદી મટતો જ નથી.' વળી પણ ચરકે નિદાનસ્થાનના ૫ મા અધ્યાયમાં આ સંબંધે

આમ કહ્યું છે કે, 'काकणन्तिकावर्णान्यादौ पश्चात् सर्वकुष्ठलिङ्गसमन्वितानि पापीयसां सर्वकुष्ठलिङ्गसंभवेन अनेकवर्णानि काकणकानि विद्यात्, तान्यसाध्यानि।–જેઓનો રંગ શરૂઆતમાં ચણોઠીના જેવો હોય, પણ પાછળથી બધાયે કોઢનાં જેમાં લક્ષણો હોય અને ઘણા પાપી લોકોને બધાયે કોઢરોગો થવાનો સંભવ હોય છે, તેથી જેઓનો રંગ અનેક પ્રકારનો હોય તેઓને 'કાકણક' નામનો કોઢરોગ જાણવો; અને તે 'કાકણક' સંબંધે નિદાનસ્થાનના પાંચમા અધ્યાયમાં સુશ્રુતે પણ આમ કહ્યું છે કે–' काकणन्तिकाफलसदृशाण्यतीवरक्तकृष्णानि। જે કોઢ ચણોઠીના ફૂલ જેવા અતિશય રાતા તથા કાળા હોય તેને 'કાકણ' નામે કહે છે.' એમ તે કાકણક કુષ્ઠને કહ્યા પછી અહીં મૂળમાં 'ચર્મદલ' કોઢને કહ્યો છે. આ સંબંધે ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૭ મા અધ્યાયમાં આમ કહેલ છે કે–' रक्तं सकण्डुसस्फोटं सरुग् दलति चापि यत्। तच्चर्मदलमाख्यातं संस्पर्शासहमुच्यते॥ જે કોઢ રાતો, ચેળવાળો, ફોલ્લા સહિત, પીડાયુક્ત હોઈ દળિયાંરૂપે વીખરાઈ જાય છે, તેને 'ચર્મદલ' નામનો કોઢ કહે છે. તેનો સ્પર્શ પણ સહન થઈ શકતો નથી, એમ કહેવાય છે.' સુશ્રુતે પણ નિદાનસ્થાનના પાંચમા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે–' स्युर्येन कण्डूव्यथनौषन्त्रोषचोषास्तलेषु तच्चर्मदलं वदन्ति। જે કોઢથી હાથપગના તળિયામાં ચેળ, પીડા, દાહ તથા શોષ થાય છે, તેને વૈદ્યો 'ચર્મદલ' નામનો કોઢ કહે છે. એકંદર આ કોઢ માણસોના હાથ–પગના તળિયામાં થાય છે.' આમ તે ચર્મદલ કુષ્ઠને કહ્યા પછી અહીં મૂળમાં 'એકકુષ્ઠ' નામે કુષ્ઠરોગ કહ્યો છે, જેની ઉત્પત્તિ વિસર્પ રોગમાંથી થાય છે, તેથી જ તે વિસર્પણ એટલે ફેલાવો પામવાના સ્વભાવવાળો હોય છે; તેમ જ સ્રાવ, વેદનાથી તથા કૃમિઓથી યુક્ત હોય છે. આ સંબંધે ચરકે ચિકિત્સાસ્થાનના ૭મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, ' अस्वेदनं महावास्तु यन्मत्स्यशकलोपमम्। तदेककुष्ठं... જે કોઢ વેદના રહિત (અથવા अस्वेदनं પાઠ હોય તો સ્વેદ એટલે પરસેવાથી રહિત) હોઈ મોટા પ્રદેશમાં થનાર હોય અને માછલાંના શકલ-ભીંગડાંની ઉપમાને યોગ્ય એટલે કે તેના જેવો હોય તે 'એકકુષ્ઠ' કહેવાય છે.' સુશ્રુતે પણ નિદાનસ્થાનના પાંચમા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે ' कृष्णारुणं येन भवेच्छरीरं तदेककुष्ठं प्रवदन्ति कुष्ठम्॥ '–જે કોઢથી શરીર કાળાશયુક્ત, રતાશથી યુક્ત થઈ જાય, તેને વૈદ્યો 'એકકુષ્ઠ' નામનો કોઢરોગ કહે છે.' એમ એકકુષ્ઠ કોઢનું લક્ષણ કહ્યા પછી અહીં મૂળમાં 'વિપાદિકા' નામના કોઢનું આવું લક્ષણ કહ્યું છે કે જેનાથી હાથ, પગ, અંગૂઠા, હોઠ તથા પગની પીડા–જે ઘા ફાટી જાય છે, જેમાં સ્રાવ તથા વેદના પણ સાથે હોય છે, પરંતુ જેમાં પાક થતો નથી, તેને 'વિપાદિકા' નામનો કોઢ કહ્યો છે. ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૭ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે, 'वैपादिकं पाणिपादस्फुटनं तीव्रवेदनम्।'–જેમાં હાથપગ ચિરાઈ જાય છે અને તીવ્ર વેદના થાય છે, તે 'વૈપાદિક' નામનો કોઢરોગ કહેવાય છે.' સુશ્રુતે પણ નિદાનસ્થાનના પાંચમા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે ' विपादिका पादगतेयमेव '–' વિપાદિકા નામનો કોઢ પગમાં જ થાય છે–જેથી પગ ફાટી જાય છે.' આ સુશ્રુતવાક્ય ઉપર ડલ્હણે આવી ટીકા લખી છે: 'इयमेव विचर्चिका पादगता यदा स्यात् तदा विचर्चिकासंज्ञां विहाय विपादिकासंज्ञां प्राप्नोतीत्यर्थः–આ કોઢરોગ જ્યારે પગમાં થાય છે, તેથી જ્યારે પગ ફાટી જાય છે, ત્યારે પોતાનું 'વિચર્ચિકા' નામ છોડી દઈ 'વિપાદિકા' નામને પામે છે.' એકંદર 'વિચર્ચિકા' કોઢ જ્યારે પગમાં થાય છે, ત્યારે તે જ કોઢ 'વિપાદિકા' નામે કહેવાય છે. વસ્તુતઃ બધાયે રોગોની અજ્ઞાનતાને લીધે જ્યારે ઉપેક્ષા કરાય છે, તેથી જ અસાધ્ય બને છે; અને એમ અસાધ્ય બનેલા રોગો જ માણસોને આખરે મારી નાખે છે; એ કારણે પોતાનું હિત ઇચ્છનાર માણસે, હરકોઈ રોગની તાત્કાલિક ચિકિત્સા ચાલુ કરી દેવી જોઈએ, જેથી તે કોઈ પણ રોગ બેદરકારીથી અસાધ્ય ન થાય.

कुष्ठेष्वादौ वातोत्तरेषु घृताच्छपानमनेकशो मण्डान्तरितं प्रशस्यते, तिक्तसर्पिष इतरोत्तरयोः, वमनविरेचनास्था (पन)० ....

હરકોઈ વાતોત્તર એટલે વાતપ્રધાન કોઢ-

રોગમાં અનેકવાર સ્વચ્છ ઘી (એકલું જ) પીવાય તે ઉત્તમ હોઈ વખણાય છે; અથવા મંડયુક્ત કે મંડરહિત ઘી પીવું તે પણ ઉત્તમ ગણાય છે; પરંતુ પિત્તપ્રધાન કે કફ-પ્રધાન કોઢરોગમાં 'તિક્તઘૃત' પીવું જોઈએ; તેમ જ વમન, વિરેચન તથા આસ્થાપન બસ્તિ સેવાય તે પણ ઉત્તમ કાર્ય કરે છે. ૩

વિવરણ: આ કુષ્ઠચિકિત્સિત અધ્યાય આ કાશ્યપસંહિતામાં ખંડિત મળે છે, તેથી હવે આ કુષ્ઠરોગોમાંના મુખ્ય મુખ્યની ચિકિત્સા વિષે બીજા આર્ષગ્રન્થોના આધારે લખવું ઠીક લાગે છે; જેમ કે ચરકે ચિકિત્સાસ્થાનના ૭ મા અધ્યાયમાં વાતાધિક કુષ્ઠની ચિકિત્સા સંબંધે આમ કહ્યું છે કે–વાતોત્તરેષુ સર્પિર્વમનં શ્લેષ્મોત્તરેષુ કુષ્ઠેષુ। પિત્તોત્તરેષુ મોક્ષો રક્તસ્ય વિરેચનં ચાગ્રે–વાતાધિક કોઢરોગમાં કેવળ સ્વચ્છ ઘી પીવું; અને કફાધિક કોઢરોગમાં વમન ઔષધ લઈ વમન કરવું અને પિત્તાધિક કોઢ-રોગમાં રુધિરસ્રાવણ કરાવવું અને તે પછી વિરે-ચન ઔષધ સેવી વિરેચન કરાવવું જોઈએ–અર્થાત્ વાતિક કોઢરોગમાં ઘૃતપાન, પૈત્તિક કોઢરોગમાં રુધિરસ્રાવણ તથા વિરેચન અને શ્લૈષ્મિક–કફાધિક કોઢરોગમાં વમન કરાવવું એ (પ્રાથમિક) ચિકિત્સા છે; એમ આવશ્યકતા અનુ-સાર ઉપર્યુક્ત ચિકિત્સાથી કોઢશુદ્ધિ થાય છે અને વાતાધિકમાં વાતપ્રકોપથી બચવા માટે સ્નેહપાન જ જરૂરી ગણાય છે. વળી પણ ચરકે ચિકિત્સાસ્થાનના ૭ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે–સ્નેહસ્ય પાનમિષ્ટં શુદ્ધે કોષ્ઠે પ્રવાહિતે રુધિરે। વાયુર્હિ શુદ્ધકોષ્ઠં કુષ્ઠિનમબલં વિશતિ શીઘ્રમ્–કોઢના રોગીનો કોઠો શુદ્ધ થયો હોય, લોહી વહી ગયું હોય ત્યારે નિર્બળ થયેલા તે રોગીમાં વાયુ તુરત પ્રવેશ કરે છે, તેથી તેણે સ્નેહનું પાન કરવું, તે ઇષ્ટ ગણાય છે. એ સામાન્ય ચિકિત્સા સાથે જ સ્થાનિક ચિકિત્સા પણ અવશ્ય કરવી જોઈએ; જેમ કે–તે સ્થાનને સ્વેદન કર્મ કરીને કૂર્ચશસ્ત્રથી સારી રીતે લેખન પણ કરવું, જેથી રક્તનો ઉત્કલેશ ઓછો થઈ જાય છે; એ પ્રકારે શુદ્ધિ થઈ ગયા પછી આવશ્યકતા અનુ-સાર લેપ લગાડી દેવો જોઈએ; પરંતુ એ લેપ લગાડ્યા પહેલાં ઉપર્યુક્ત સ્થાનિક તથા આશય સંબંધી શુદ્ધિ કરવાની અવશ્ય જરૂર હોય છે. કોઢના રોગમાં આભ્યન્તર અને બાહ્ય વ્યાધિ સર્વ પ્રકારે વાવડિંગ તથા ખેરનો પ્રયોગ કરવો તે શ્રેષ્ઠ મનાય છે. આ સંબંધે પણ ચરકે ચિકિત્સાસ્થાનના ૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–પાનાહારવિધાને પ્રસેચને ધૂપને પ્રદેહે ચ। કૃમિનાશનં વિડઙ્ગં વિશિષ્યતે કુષ્ઠિનાં ખદિરઃ–કોઢના રોગમાં પીવામાં તથા આહારના વિધા-નમાં, સિંચનક્રિયામાં, ધૂપનમાં તથા પ્રદેહ કે લેપ-નમાં કૃમિનો નાશ કરનાર વાવડિંગનો પ્રયોગ કરવો તે ઉત્તમ ગણાય છે; તેમ જ ખેરનો પ્રયોગ કરાય તે પણ કોઢરોગનો નાશ કરે છે; તેમ જ 'શ્વિત્ર' નામના રોગમાં પણ પ્રથમ વમન તથા વિરેચન દ્વારા આશયની શુદ્ધિ કરવી જોઈએ; તે પછી ત્વચાને સુવર્ણ કરનારા લેપનો તેમ જ બીજા પણ કુષ્ઠનાશક જે પ્રયોગો છે, તેમનો પણ પ્રયોગ કરાવવો જોઈએ.

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં 'કુષ્ઠચિકિત્સિત' નામનો ૯ મો અધ્યાય સમાપ્ત

મૂત્રકૃચ્છ્ર–ચિકિત્સિત–અધ્યાય ૧૦ મો

મૂત્રકૃચ્છ્રનું નિદાન તથા સંપ્રાપ્તિ

.....

.....

कटीस्कन्धातिधरणात् पित्तं क्रुद्धं कफानिलौ।
अनुसृत्य यदा बस्तिं दूषयन्ति तदाश्रयाः॥
मूत्रकृच्छ्रं तदा जन्तोर्दारुणं संप्रवर्तते॥ १॥

જ્યારે કેડ તથા ખાંધ ઉપર અતિશય ભાર ઉપાડવાથી પિત્ત કુપિત થઈ વિકૃત બને છે, ત્યારે કફ તથા વાયુને તે અનુ-સરે છે; પછી તે (એકત્ર મળેલા) ત્રણે દોષો બસ્તિને જ્યારે દૂષિત કરે છે; ત્યારે એ બસ્તિ કે મૂત્રાશયનો આશ્રય કરનારા એ ત્રણે દોષો માણસને દારુણ મૂત્રકૃચ્છ્ર એટલે કે ઘણી મુશ્કેલીએ-મહાકષ્ટથી જેમાં મૂત્ર ઊતરે છે, તે રોગને ઉત્પન્ન કરે છે. ૧

વિવરણ: આ અધ્યાય શરૂઆતમાં જ ખંડિત મળે છે. આ અધ્યાયમાં મૂત્રકૃચ્છ્ર રોગની ચિકિત્સા

કહેવામાં આવી છે. મૂત્રકૃચ્છ્ર રોગમાં ઘણા જ કષ્ટથી મૂત્ર બહાર નીકળે છે; તેનું અહીં પ્રથમ નિદાન કહે છે કે–કેડ તથા ખાંધ ઉપર વધુ પ્રમાણમાં ભાર ઊંચકવાથી પ્રથમ તો પિત્ત જ અત્યંત વિકાર પામે છે; પછી તે વિકૃત થયેલ પિત્ત કફને તથા વાયુને અનુસરે છે–તેઓને અનુકૂળ થઈ તે બેય સાથે જ્યારે મળે છે, ત્યારે મૂત્રાશયને દૂષિત કરે છે. તે વેળા–એ બસ્તિ બગડવાથી માણસને દારુણ 'મૂત્રકૃચ્છ્ર' રોગ ચાલુ થાય છે; આ સંબંધે ચરકે ચિકિત્સાસ્થાનના ૨૬ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'व्यायामतीक्ष्णौषधसूक्ष्मद्यप्रसङ्गनित्यद्रुतपृष्ठयानात्। आनूपमत्स्याध्यशनादजीर्णात्स्युर्मूत्रकृच्छ्राणि नृणामिहाष्टौ–વધુ પડતો વ્યાયામ–શરીરશ્રમ, તીક્ષ્ણ ઔષધ તથા મદ્યનું સેવન કરવાથી તેમ જ હમેશાં ઉતાવળી ગતિ કરનારાં વાહનો પર મુસાફરી કરવાથી અને આનૂપ–જલપ્રાય પ્રદેશમાં ઉત્પન્ન થતાં પ્રાણીઓના માંસનું ઉપરાઉપરી ભક્ષણ કરવાથી અને અજીર્ણની ઉપર વધુ ખાવાથી અને હરકોઈ પ્રકારના ખોરાકનો અપચો થવાથી માણસોને આઠ પ્રકારના મૂત્રકૃચ્છ્ર રોગો ઉત્પન્ન થાય છે.' ૧

વાતિક મૂત્રકૃચ્છ્રનું લક્ષણ

सफेनमल्पमरुणं कालं वा शूलसंततम्॥
मूत्रमानद्धवर्चस्त्वं वाताघातस्य लक्षणम्॥ २॥

જેમાં મૂત્ર ફીણ સાથે થોડું થોડું, અરુણના જેવા રાતા રંગનું અથવા કાળા રંગનું તેમ જ સાથે સાથે શૂલ બોંકાતું હોય એવી વેદનાથી વ્યાપ્ત થઈ બહાર નીકળે અને જેમાં વિષ્ઠા પણ બંધાઈ કે ગંઠાઈ જાય તે વાતજનિત મૂત્રકૃચ્છ્રનું લક્ષણ જાણવું. ૨

વિવરણ: આ સંબંધે પણ ચરકે ચિકિત્સાસ્થાનના ૨૬ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'तीव्रा हि रुग्वंक्षणबस्तिमेढ्रे स्वल्पं मुहुर्मूत्रयतीह वातात्–વાયુના પ્રકોપથી થયેલા મૂત્રકૃચ્છ્રમાં રોગીને, સાંધા, મૂત્રાશય તથા લિંગમાં તીવ્ર પીડા થાય છે; અને ઘણા ઓછા પ્રમાણમાં તે વારંવાર મૂત્ર કર્યા કરે છે.' સુશ્રુતે પણ ઉત્તરતંત્રના ૫૯ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે–'अल्पमल्पं समुत्पीड्य मुष्कमेहनबस्तिभिः। फलद्धिरिव कृच्छ्रेण वाताघातेन मेहति–વાતાઘાત એટલે વાયુના પ્રકોપથી થયેલા મૂત્રકૃચ્છ્રને લીધે તેનો રોગી પોતાના વૃષણ, લિંગ તથા બસ્તિ–મૂત્રાશય જાણે ચિરાઈ જતા હોય તેમ તે દ્વારા તેઓને ખૂબ દબાવી દબાવીને મહામુશ્કેલીએ થોડું થોડું મૂત્ર કરે છે.'

પિત્તજનિત-મૂત્રકૃચ્છ્રનું લક્ષણ

सदाहवेदनं पीतमत्युष्णं बाष्पसंहितम्।
स्विद्यमानमुखो मूत्रं कुरुते पैत्तिके शिशुः॥३॥

પિત્તના વિકાર કે પ્રકોપથી થયેલા મૂત્રકૃચ્છ્રમાં બાળક દાહ તથા વેદનાની સાથે પીળા રંગનું ઘણું ગરમ અને બાફથી યુક્ત મૂત્ર કરે છે અને તે વેળા તેના મોઢા પર પરસેવો આવ્યા કરે છે. ૩

વિવરણ: ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૨૬ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે, 'पीतं सरक्तं सरुजं सदाहं कृच्छ्रान्मुहुर्मूत्रयतीह पित्तात्।–પિત્તના પ્રકોપથી થયેલા મૂત્રકૃચ્છ્રમાં તેનો રોગી, પીળું, રતાશથી યુક્ત, પીડા સહિત અને દાહયુક્ત મૂત્રને મહાકષ્ટથી વારંવાર મૂતરે છે.' સુશ્રુતે પણ આ સંબંધે ઉત્તરતંત્રના ૫૯ મા અધ્યાયમાં આ સંબંધે આમ લખ્યું છે કે, 'हारिद्रमुष्णं रक्तं वा मुष्कमेहनबस्तिभिः। अग्निना दह्यमानाभैः, पित्ताघातेन मेहति॥–પિત્તના પ્રકોપથી થયેલા મૂત્રકૃચ્છ્રના કારણે રોગી હળદરના જેવી પીળાશવાળું અથવા રાતા રંગનું મૂત્ર જાણે કે અગ્નિથી વૃષણ, લિંગ તથા મૂત્રાશય બળ્યા કરતાં હોય તેમ તે દ્વારા મૂતરે છે.'

કફજનિત મૂત્રકૃચ્છ્રનાં લક્ષણો

बहुलं कुरुते मूत्रामल्पबाधं सितं घनम्।
बस्तिगौरवशोथौ च मूत्राघाते कफात्मके॥ ४॥

કફપ્રધાન અથવા જેમાં મુખ્યત્વે કરી કફનો પ્રકોપ થયો હોય અને તે કારણે જે મૂત્રકૃચ્છ્રરોગ થયો હોય તેમાં રોગી થોડી પીડાથી યુક્ત, ધોળા રંગનું તથા ઘાટું મૂત્ર કરે છે અને તે સાથે તેમાં બસ્તિ–મૂત્રાશયનું ભારેપણું થાય છે તથા તેની ઉપર સોજો પણ આવે છે. ૪

વિવરણ : ચરકે પણ આ સંબંધે ચિકિત્સાસ્થાનના ૨૬ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'बस्तेः सलिङ्गस्य गुरुत्वशोथौ मूत्रं सपिच्छं कफमूत्रकृच्छ्रे ।–કફના પ્રકોપથી થયેલા મૂત્રકૃચ્છ્રમાં રોગીની બસ્તિ–મૂત્રાશય તથા લિંગ–બન્નેનું ભારેપણું થઈ જાય છે અને તે બન્નેની ઉપર સોજો આવે છે; તેમ જ તે રોગી પિચ્છા કે ચીકાશયુક્ત મૂત્ર કરે છે.' સુશ્રુતે પણ આ સંબંધે ઉત્તરતંત્રના ૫૬ મા અધ્યાયમાં આમ લખ્યું છે કે, 'स्निग्धं शुक्लमनुष्णं च मुष्कमेहनबस्तिभिः । संदृष्टरोमागुरुभिः श्लेष्माघातेन मेहति ॥–કફજનિત કે કફના પ્રકોપથી ઉત્પન્ન થયેલા મૂત્રકૃચ્છ્રને લીધે રોગી ભારે થયેલ વૃષણ, લિંગ તથા બસ્તિ–મૂત્રાશય દ્વારા ચીકણું, ધોળા રંગનું અને ગરમ ન હોય એવું મૂત્ર કરે છે અને તે વેળા તેના શરીરનાં રૂંવાડાં ખડાં થઈ જાય (એવી વેદના થાય) છે. ૪

દ્વિદોષજ સાંનિપાતિક મૂત્રકૃચ્છ્રનાં લક્ષણો

द्वन्द्वजं द्वन्द्वरूपेभ्यः सर्वेभ्यः सान्निपातकम् ।
रक्तजं पित्तवज्ज्ञेयं सरक्तस्य च मूत्रणात् ॥५॥

બે દોષના પ્રકોપથી થયેલ મૂત્રકૃચ્છ્રમાં બન્ને દોષનાં લક્ષણો જણાય છે અને બધાયે દોષોના પ્રકોપથી થયેલું સાંનિપાતિક મૂત્રકૃચ્છ્ર બધાયે દોષોનાં લક્ષણોથી યુક્ત હોય છે; પરંતુ લોહીના વિકારથી થયેલું મૂત્રકૃચ્છ્ર પિત્તનાં બધાંયે લક્ષણોથી યુક્ત હોય છે અને વધુમાં તે મૂત્રકૃચ્છ્રમાં મૂત્ર સાથે લોહી પણ બહાર નીકળે છે, તે ઉપરથી તે મૂત્રકૃચ્છ્રને રુધિરના પ્રકોપ અથવા વિકારથી થયેલું જાણી શકાય છે. ૫

વિવરણ : આ સંબંધે ચરકે ચિકિત્સાસ્થાનના ૨૬ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'सर्वाणि रूपाणि तु सन्निपाताद्भवन्ति तत्कृच्छ्रतमं तु कृच्छ्रम् ।–ત્રણે દોષોના સંનિપાતથી થયેલા મૂત્રકૃચ્છ્રમાં ત્રણે દોષોનાં બધાં લક્ષણો જણાય છે અને તે મૂત્રકૃચ્છ્ર અતિશય કષ્ટદાયક હોઈને મહા મુશ્કેલીએ મટે છે. સુશ્રુતે પણ ઉત્તરતંત્રના ૫૬ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે, 'दाहशीतरुजाविष्टो नानावर्णं मुहुर्मुहुः । ताम्यमानस्तु कृच्छ्रेण सन्निपातेन मेहति ॥–સંનિપાતથી જે મૂત્રકૃચ્છ્ર થયું હોય, તેના કારણે રોગી બનેલો માણસ અનેક રંગવાળું મૂત્ર વારંવાર મૂતરે છે અને તે વેળા પણ તે પીડાયા જ કરે છે.' આ ઉપરાંત અહીં મૂળમાં રક્તજ મૂત્રકૃચ્છ્ર એટલે કે રુધિરના દોષોથી થતા મૂત્રકૃચ્છ્રનું પણ લક્ષણ કહ્યું છે કે–રક્તજ મૂત્રકૃચ્છ્ર પિત્તજનિત મૂત્રકૃચ્છ્રના જેવાં જ લક્ષણોવાળું હોય છે, છતાં વધુમાં તેમાં આ લક્ષણ ખાસ જણાય છે કે, તે રક્તજ મૂત્રકૃચ્છ્રમાં મૂત્રનો રંગ રાતો થાય છે; આ સંબંધે પણ ચરકે ચિકિત્સાસ્થાનના ૨૬ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'क्षताभिघातात्क्षतजं क्षयाद्वा प्रकोपितं बस्तिगतं विबद्धम् । तीव्रार्ति मूत्रेण सहाल्पमल्पमायाति तस्मिन्नतिसञ्चिते च । आध्माततां विन्दति गौरवं च बस्तिर्लघुत्वं च विनिःसृतेऽस्मिन् ॥–કોઈ (શલ્ય આદિથી) ક્ષત થવાને લીધે અથવા લાકડી વગેરેથી અભિઘાત એટલે માર પડવાથી અથવા રસ આદિ ધાતુઓનો ક્ષય થવાથી બસ્તિ કે મૂત્રાશયમાં રહેલું લોહી પ્રકોપ પામીને વિશેષ બંધાઈ જાય છે અને તે કારણે તે તીવ્ર પીડાને કરે છે; તેમ જ એ લોહી મૂત્રની સાથે મળી જઈ પથરીના રૂપે થઈ જઈને થોડું થોડું અટકી અટકીને મૂત્રના માર્ગે બહાર આવે છે. વળી જો તે લોહી બસ્તિમાં ખૂબ એકઠું થઈ જાય તો બસ્તિ–મૂત્રાશયનું ફૂલી જાઈ છે અને લાગે છે. અને જ્યારે બહાર નીકળી જાય છે ત્યારે તે બસ્તિ જાણે કે હલકી થઈ ગઈ હોય એમ લાગે છે.'૫

સાંનિપાતિક મૂત્રકૃચ્છ્રમાં થતા ઉપદ્રવો

विशेषाः सन्निपातोत्थे मूर्च्छाभ्रमविलापकाः ।
सर्वेषु कार्श्यमरतिररुचिः सानवस्थितिः ।
तृष्णाशूलविषादातिस्त एव स्युरुपद्रवाः ॥६॥

સાંનિપાત કે ત્રિદોષના પ્રકોપથી થતા મૂત્રકૃચ્છ્રમાં આ નીચે જણાવેલા ઉપદ્રવો થાય છે; જેમ કે મૂર્છા, ભ્રમ એટલે ચક્કર આવે; બકવાદ ચાલે; તેમ જ હરકોઈ મૂત્રકૃચ્છ્રમાં શરીરમાં કૃશપણું, બેચેની, અરુચિ, માનસિક અસ્થિરતા, તૃષ્ણા

એટલે વધુ પડતી તરશ લાગ્યા જ કરે; સોયા ભોંકાતા હોય એવી પીડા થાય; ખેદ થયા કરે અને અતિ પીડા પણ થાય છે.૬

વિવરણ : અહીં આ કાશ્યપસંહિતામાં વાતિક, પિત્તજ, શ્લૈષ્મિક–કફજ, વાતપૈત્તિક, વાતશ્લૈષ્મિક, પિત્તશ્લૈષ્મિક, સાન્નિપાતિક તથા રક્તજ એમ આઠ મૂત્રકૃચ્છ્રો કહ્યાં છે; અને ચરકમાં વાતિક, પૈત્તિક, શ્લૈષ્મિક, સાન્નિપાતિક, અશ્મરીજ, શર્કરાજ, શુક્રજ તથા રક્તજ એમ આઠ મૂત્રકૃચ્છ્રો કહ્યાં છે; અને સુશ્રુતમાં વાતિક, પૈત્તિક, શ્લૈષ્મિક, સાંનિપાતિક, અભિઘાતજ, પુરીષજ, અશ્મરીજ અને શર્કરાજ–એ નામે આઠ મૂત્રકૃચ્છ્રો કહ્યા છે.૬

મૂત્રકૃચ્છ્ર તથા પ્રમેહમાં તફાવત

चिरात् प्रमेहाः कुप्यन्ति सद्यः कृच्छ्राणि देहिनाम्
विशेषः कृच्छ्रमेहानां कृच्छ्रे दाहोऽति चेन्द्रिये ॥७
कृच्छ्राण्याशु निवर्तन्ते प्रमेहास्तु प्रसङ्गिनः ।
पित्तप्रायाणि कृच्छ्राणि वातस्थानाश्रयाणि च ॥८

પ્રમેહો લાંબાકાળે અને મૂત્રકૃચ્છ્રો તરત જ માણસોને હેરાન કરે છે. વળી મૂત્રકૃચ્છ્રો તથા પ્રમેહોમાં બીજો પણ આ ખાસ ભેદ હોય છે કે મૂત્રકૃચ્છ્રોમાં ઇંદ્રિયમાં અતિશય દાહ થાય છે; જ્યારે મેદમાં તેવો દાહ થતો નથી. વળી મૂત્રકૃચ્છ્રો એકદમ મટી જાય છે, જ્યારે પ્રમેહો અમુક પ્રસંગે ધીમેધીમે મટે છે; તેમ જ મૂત્રકૃચ્છ્રોમાં લગભગ પિત્તની પ્રધાનતા હોય છે અને વાયુના સ્થાનનો તેમને આશ્રય હોય છે.૭,૮

तस्मात् सामान्ययोगेन चिकित्सा ह्युपदेक्ष्यते ।
शरमूलानि निष्काथ्य शीतं पूतं च तज्जलम् ।
शर्करामधुसंयुक्तं पिबेत् कृच्छ्रोपशान्तये ॥ ९ ॥

એ કારણે તેઓની ચિકિત્સા સામાન્ય યોગથી લગભગ સમાનરૂપે કહેવામાં આવશે; જેમ કે હરકોઈ મૂત્રકૃચ્છ્રમાં તેની શાંતિ માટે કાસડાનાં મૂળિયાંનો ક્વાથ કરી તેનું શીતલ પાણી ગાળી લઈ તેમાં સાકર તથા મધ મિશ્ર કરી તે પીવું.૯

मधुकं शरमूलं च त्रिफला सितवारिका ।
घृतं सशर्कराक्षौद्रं मूत्रकृच्छ्रनिवारणम् ॥ १० ॥

તેમ જ જેઠીમધ, કાસડાનું મૂળ, ત્રિફળા તથા સિતવારિકા એટલે સિંહલદેશની પીપર–એટલાંને સમાન ભાગે લઈ ઉકાળી તે ક્વાથમાં (શીતળ થાય ત્યારે) સાકર તથા મધ મિશ્ર કરી પીવાથી હરકોઈ મૂત્રકૃચ્છ્ર મટે છે. ૧૦

तार्णस्य पञ्चमूलस्य रसं निष्काथ्य पाययेत् ।
शर्कराक्षौद्रसंयुक्तं सर्वकृच्छ्रनिवारणम् ॥ ११ ॥

વળી પાંચ પ્રકારનાં ઘાસનાં મૂળિયાં ઉકાળી તેનો ક્વાથરસ તૈયાર કરી, તે શીતલ થાય ત્યારે તેમાં સાકર તથા મધ મિશ્ર કરી પીવાથી પણ હરકોઈ મૂત્રકૃચ્છ્ર મટે છે. ૧૧

शतावरी पृथक्पर्णी कुलत्थबदराणि च ।
शर्करामधुसंयुक्तो लेहो मूत्रग्रहापहः ॥ १२ ॥

તેમ જ શતાવરી, નાનો સમેરવો, કળથી અને બોર એટલાંનું ચૂર્ણ કરી તેમાં સાકર તથા મધ મેળવેલું ચાટણ ચાટવાથી મૂત્રકૃચ્છ્રનો નાશ કરે છે. ૧૨

विपरीतं प्रमेहेभ्यो मूत्रकृच्छ्रेषु कल्पयेत् ।
औषधं पानमन्नं च सुस्निग्धं मृदु शोधयेत् ॥१३

મૂત્રકૃચ્છ્રમાં પ્રમેહોથી વિપરીત ઔષધ-પાન તથા અન્ન–ખોરાકની યોજના કરવી, તેમ જ અતિશય સ્નિગ્ધ, કોમળ, શોધન, વમન, વિરેચનકારક પ્રયોગ કરાવવો જોઈએ.

मधुराणीक्षुविकृतीस्त्रपुसानि घृतं पयः ।
सेवेत वर्जयेन्नित्यं यत् संग्राहि विदाहि च ॥१४

વળી મૂત્રકૃચ્છ્રોમાં શેરડીના મધુર વિકારો, ત્રપુસ–કાકડી–ચીભડાં, ઘી તથા દૂધનું સેવન કરવું અને કબજિયાત કરનાર તથા વિશેષ દાહ કરવાના સ્વભાવવાળાં જ દ્રવ્યો હોય તેઓનો કાયમ ત્યાગ કરવો. ૧૪

વિવરણ : આ સંબંધે ચરકે, ચિકિત્સા-સ્થાનના ૨૬મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, व्यायामसंधारणशुष्कमक्षपिष्टान्नवातार्ककरव्यवायान् । खर्जू-

रक्तालुककपित्थजम्बूबिसं कषायं न रसं भजेत । હરકોઈ મૂત્રકૃચ્છ્રના રોગીએ કસરત અથવા વધુ પડતો શારીરશ્રમ, મલ-મૂત્રાદિના આવેલા વેગો રોકવા સૂકા ખોરાકો, લોટના ખોરાકો, વાયુનું વધુ સેવન, સૂર્યનાં કિરણોનું વધુ સેવન, મૈથુનોનું સેવન, ખજૂરનું સેવન, 'शालूक' નામનું જળમાં થતું કંદ, કોઠ, જાંબૂ, બિસ તથા કષાય-તૂરારસનું સેવન કરવું ન જોઈએ. ૧૪

રક્તજ મૂત્રકૃચ્છ્રની ચિકિત્સા

ऋषकोऽथ बृहत्यौ द्वे श्वदंष्ट्रा वसुकावुभौ ।
शृङ्गवेरं यवाश्चैव दर्भो वृक्षादनी बला ॥ १५ ॥
पिप्पली तैः शृतं क्षीरं घृतमात्रादि(वि)मूर्च्छितम्।
सरक्ते पाययेत् कृच्छ्रे क्षिप्रमेतेन साध्यति ॥१६॥

ઋષક-કહ્લર નામનું કંદ, નાની-મોટી બેય ભોરીંગણી, શ્વદંષ્ટ્રા-ગોખરુ, બેય કુટજ-કડવી-મીઠી બેય કડાછાલ, શૃંગવેર-આદું, જવ, દર્ભ વૃક્ષાદની-વંદો અથવા વંડા, બલા-ખપાટ અને પીપર, એટલાં ઔષધ-દ્રવ્યો નાખી ઉકાળેલું દૂધ, અમુક પ્રમાણમાં ઘી આદિથી મિશ્ર કરી રક્તજ મૂત્રકૃચ્છ્રના રોગીને પાવું તેથી તરત જ એ મૂત્રકૃચ્છ્ર મટે છે. ૧૫,૧૬

મૂત્રકૃચ્છ્રને મટાડનાર લેહ

कनीयसीं पञ्चमूलीं कुलत्थं बदराणि च ।
शर्करामधुसंयुक्तो लेहो मूत्रग्रहे हितः ॥ १७ ॥

લઘુ પંચમૂળ-મોટો સમેરવો, નાનો સમેરવો, મોટી ભોરીંગણી, નાની ભોરીંગણી અને ગોખરુ, કળથી અને બોર એટલાંનું ચૂર્ણ કરી તેમાં સાકર તથા મધ મેળવી ચાટવાથી તે મૂત્રકૃચ્છ્રમાં હિતકારી થાય છે. ૧૭

મૂત્રકૃચ્છ્રનાશક રસ

सशैन्धवो रसः कार्यो मूत्राघाते घृतायु(न्वि)तः ।
सतार्णपञ्चमूलो वा रास्नागोक्षुरकेण वा ॥१८॥

પંચતૃણ-દર્ભ, કાસ, ખરુ, રોહિષ તથા શેરડીના રસમાં કે રાસ્ના તથા ગોખરુના રસમાં સિંધાલૂણ તથા ઘી મિશ્ર કરી સેવવાથી મૂત્રકૃચ્છ્રમાં તે હિતકર થાય છે. ૧૮

મૂત્રકૃચ્છ્રને મટાડનાર યવાગૂ

द्वौ करञ्जौ निगर्भा(?)च कर्पासो मधुशिग्रुकः ।
श्वदंष्ट्रा वसुकौ द्वौ च मृणालं चोत्पलानि च ॥१९॥
पिप्पल्यः सैन्धवं चैव सूक्ष्मैला मरिचानि च ।
एतैः सिद्धां पिबेद्वालो यवागूं ससुवर्चलाम् ॥२०

બે કરંજ, નિગર્ભા (અપ્રસિદ્ધ અથવા કેળ), કપાસ, મીઠો સરગવો, ગોખરુ, કડવા-મીઠા બેય જાતના વસુક-આકડા, મૃણાલ-કમળનાલ, નીલકમળ, પીપર, સૈંધવ, નાની એલચી અને કાળાં મરિયાં, એટલાંનું ચૂર્ણ નાખી તૈયાર કરેલી યવાગૂમાં સંચળ મિશ્ર કરી મૂત્રકૃચ્છ્રના રોગી બાળકે તે પીવા જોઈએ. ૧૯,૨૦

ઉપર કહેલ ઔષધોનો લેહ

एतैरेवौषधैर्लेहं शर्करामधुसंयुतम्
प्रयुञ्जीत घृतं चैव पक्वं कृच्छ्रनिवारणम् ॥ २१ ॥

અથવા ઉપર કહેલાં ઔષધોનું જ ચૂર્ણ કરી તેમાં સાકર તથા મધ મિશ્ર કરી તેનો ચાટણરૂપે પ્રયોગ કરવો અથવા એ ઔષધોથી ઘી પકવીને તેનો પ્રયોગ કરવાથી પણ મૂત્રકૃચ્છ્ર મટે છે. ૨૧

લઘુપંચમૂલાદિ રસયોગ

कनीयसी पञ्चमूली पञ्चकोलयवैः सह ।
कुलत्थमधुशिग्रूणि कार्यश्च सतिलो भवेत् ॥२२॥
मन्दस्नेहो रसस्त्वेष सौवचलयुतो भवेत् ।
मूत्राघाते प्रयोक्तव्यः शर्करासु विशेषतः ॥२३॥

લઘુપંચમૂળ-મોટો સમેરવો, નાનો સમેરવો, નાની મોટી બન્ને ભોરીંગણી, પંચ-કોલ, પીપર, પીપરીમૂળ, ચવક, ચિત્રક અને સૂંઠ, તેમ જ જવ, કળથી, મીઠો સરગવો તથ તલ એટલાંનો રસ ક્વાથરૂપે કરવો; તે તૈયાર થાય ત્યારે તેને ગાળી લઈ તેમાં થોડું ઘી તથા સંચળ મેળવીને તેનો મૂત્રકૃચ્છ્રમાં પ્રયોગ કરવો જોઈએ; તેમ જ સાકર જેમાં સાથે આવતી હોય એવા મૂત્રકૃચ્છમાં તો વિશેષે કરી ખાસ આ

રસયોગ સેવવો જરૂરી હોય છે. ૨૨,૨૩

શર્કરા, પથરી તથા મૂત્રકૃચ્છ્રનાં લક્ષણોની તુલના

एकत्रिदोषजैः कृच्छ्रैः शर्कारास्तुल्यलक्षणाः।
सुवर्णचूर्णसदृशास्तथा सर्षपसन्निभाः ॥ २४ ॥
रोचनेव गवां पित्ते संभवन्त्यनिलात्मनाम्।
वातेनोन्मथितं मूत्रं खजित पापकर्मणाम्।
शर्कराः स्युर्विवृद्धास्ता अश्मर्यः संभवन्त्यथ ॥२५

એક અને ત્રણ દોષનાં કારણે થતા મૂત્રકૃચ્છ્રની સાથે શર્કરા કે પથરી સમાન લક્ષણોવાળી હોય છે. એ શર્કરાઓ સુવર્ણના ચૂર્ણ જેવી હોય છે અને દેખાવમાં સરસવના દાણા સરખી જણાય છે. જેમ વાયુનો સ્વભાવ ધરાવતી ગાયોના પિત્તમાં ગોરોચના થાય છે, તેમ પાપકર્મી લોકોનું મૂત્ર વાયુના પ્રકોપથી વલોવાઈને શર્કરારૂપે થાય છે અને તેઓ અતિશય વધી જાય તે પછી પથરીના રૂપે પણ થઈ જાય છે. ૨૪,૨૫

વિવરણ : આ સંબંધે ચરકે ચિકિત્સાસ્થાનના ૨૬મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'क्रमेण पित्तेष्विव रोचना गोः' જેમ વાતાધિક પ્રકૃતિવાળી ગાયના પિત્તમાં ગોરોચના ઉત્પન્ન થાય છે, તેમ વાતાધિક પ્રકૃતિવાળા લોકોના મૂત્રમાં અનુક્રમે શર્કરા-સાકરના જેવી કાંકરીઓ થાય છે. સુશ્રુતે પણ આ સંબંધે નિદાનસ્થાનના ત્રીજા અધ્યાયમાં એક બીજું ઉદાહરણ આપીને મૂત્રકૃચ્છ્રમાંથી શર્કરા તથા તેના વધવાથી જેમ અશ્મરી થાય છે, તે આમ જણાવ્યું છે. 'अम्सु स्वच्छा (स्था)स्वपि यथा निषिक्तासु नवे घटे। कालान्तरेण पङ्कः स्यादश्मरीसंभवस्तथा ॥ જેમ માટીના કોઈ નવા ઘડામાં સ્વચ્છ પાણી ભરવામાં આવ્યું હોય, છતાં અમુક સમય જતાં તેમાં જેમ કાદવ જામે છે, તેમ મૂત્રાશયમાં રહેલા સ્વચ્છ મૂત્રમાં પણ અમુક કાળે પથરીની ઉત્પત્તિ થાય છે.' તેમ જ અશ્મરીનું કેન્દ્ર પણ લગભગ સુકાયેલો કફ જ બને છે. તે સંબંધે પણ સુશ્રુતે નિદાનસ્થાનના ત્રીજા અધ્યાયમાં આમ કહ્યું છે કે- चतस्रोऽश्मर्यः भवन्ति श्लेष्माधिष्ठानाः। જેઓનું આશ્રયસ્થાન કફ હોય છે, એવી અશ્મરીઓ ચાર પ્રકારની થાય છે: वातज, पित्तज, कफज અને शुक्रज. જોકે અશ્મરીઓનાં અનેક કારણો આયુર્વેદમાં કહ્યાં છે, તોપણ મુખ્યત્વે તેનાં બે જ કારણો સંભવે છે. શોધનનો અભાવ અને આહારવિહારમાં અપથ્ય સેવન. ૨૪,૨૫

અશ્મરી તથા શર્કરાનાં લક્ષણો

तदेतल्लक्षणं तासां नित्यमेव तु वेदना।
शर्करा सहमूत्रेण निर्घातत्यपि कस्यचित् ॥२६॥
शल्यवत्यश्मरी बस्तौ वर्धमानाऽवतिष्ठते।
क्षीयते क्षीयमाणस्य पुष्यमाणस्य पुष्यति ॥२७॥

અશ્મરી-પથરી તથા શર્કરા-કાંકરીનું લક્ષણ આમ કહ્યું છે. તેઓમાં કાયમ વેદના તો અવશ્ય હોય જ છે. કોઈકે માણસને શર્કરા મૂત્રની સાથે અહાર નીકળી પણ જાય છે; પરંતુ અશ્મરી તો મૂત્રાશયમાં શલ્યરૂપે વધતી જ રહે છે; તેનો રોગી જો ક્ષીણ થતો જાય તો તેની અશ્મરી પણ ક્ષીણ થયા કરે છે; અને તેનો રોગી જો પુષ્ટ થતો જાય છે, તો તેની અશ્મરી પણ પુષ્ટ થયા કરે છે.૨૬,૨૭

વિવરણ : આ સંબંધે સુશ્રુતે પણ નિદાનસ્થાનના ત્રીજા અધ્યાયમાં આમ કહ્યું છે કે- अथ जातासु नाभिबस्तिसेवनीमेहनेष्वन्यतमस्मिन् मेहतो वेदना मूत्रधारासङ्गः सरुधिरमूत्रता मूत्रविकिरणं गोमेदकप्रकाशमत्याविलं सतिकतं विसृजति, धावनलङ्घनप्लवनपृष्ठयानोष्णाध्वगमनैश्चास्य वेदना भवन्ति। નાભિ, મૂત્રાશય, સેવની કે સીવણી અને લિંગ એમાંથી કોઈ પણ સ્થાને જ્યારે અશ્મરીઓ થઈ હોય ત્યારે તેનો રોગી જ્યારે પેશાબ કરે છે, ત્યારે તેને વેદના થાય છે; મૂત્ર અટકી અટકીને થાય છે; મૂત્રમાં રુધિર પણ સાથે આવે છે. મૂત્ર વીખરાઈ જાય છે; મૂત્રનો રંગ ગોમેદ મણિના જેવો પિંગળો થાય છે; મૂત્ર મેલું નહોતાં સ્વચ્છ થાય છે; તેમાં રેતી જેવી કાંકરી પણ સાથે હોય છે; અને તે પથરીનો રોગી જ્યારે દોડે છે, કૂદે ઓળંગે છે, વાહન-ઘોડા વગેરેની પીઠ પર

બેસે છે, અથવા માર્ગમાં મુસાફરી કરે છે, ત્યારે તેને વેદના થાય છે. વળી અષ્ટાંગહૃદયમાં પણ આ પથરીનાં લક્ષણો આ પ્રમાણે કહ્યાં છે; જેમ કે—

सामान्यलिङ्गं रुङ्नाभिसेवनीबस्तिमूर्धसु। विशीर्णधारं मूत्रं स्यात्तयामार्गनिरोधने॥ तद्व्यपायात्सुखं मेहेदच्छं गोमेदकोपमम्। तत्क्षोभात् क्षते सास्रमाघासाच्चातिरुग्भवेत्॥

અશ્મરીનું સામાન્ય લક્ષણ આ છે કે, અશ્મરીને રોગ થયો હોય તો નાભિ, સેવની, મૂત્રાશય તથા તેની ઉપરના ભાગમાં પીડા થાય તેમ જ એ અશ્મરીના કારણે મૂત્રનો માર્ગ જો અટક્યો હોય તો મૂત્રની ધારા તૂટક તૂટક બહાર નીકળે. અને એ અશ્મરી દૂર થતાં માણસ સુખેથી મૂત્ર કરે છે. વળી એ મૂત્ર ગોમેદક નામના મણિના જેવું પિંગળા રંગનું બહાર આવે અને એ અશ્મરીનો સારી રીતે ક્ષોભ થાય કે, અંદરના ભાગમાં આડી-અવળી ચાલે કે ખસે તો તે કારણે ત્યાં અશ્મરીના સ્થળે ચાંદું પડવાથી તેના રોગીને એ કારણે વધુ શ્રમ થવાથી આંખમાં આંસુ આવી જાય એવી અતિશય પીડા થાય છે. ૨૬,૨૭

અશ્મરીને બહાર કાઢવી નહિ પણ ઔષધ ઉપચારથી ઓગાળી દેવી

तस्मान्न नित्यं रुजति तस्योद्धरणमिष्यते। अश्मर्युद्धरणं तीक्ष्णमौषधं स्रोत ईरणम्। साहसादतिबालेषु सर्वं नेच्छति कश्यपः॥२८॥

એ કારણે કાયમની પીડા કરે તોયે અશ્મરીને (ઓપરેશનથી) બહાર કાઢી નાખવી ન જોઈએ પણ ઔષધના ઉપચારથી તેને ઓગાળી નાખવાનો પ્રયત્ન કરવો જોઈએ એટલે કે અશ્મરીનું જે સ્રોતસ હોય તેને પ્રેરણા કરે એવું તીક્ષ્ણ ઔષધ જ ઉપયોગમાં લેવું જોઈએ; છતાં અશ્મરીનો રોગી નાનું બાળક હોય તો તેની અશ્મરીને બહાર કાઢવી કે તીક્ષ્ણ ઔષધ પ્રયોગ આદિ કોઈ પણ ઉપચાર ન કરવો, એમ કશ્યપ ઇચ્છે છે. ૨૮

વિવરણ: આ સંબંધે સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે—અશ્મરી જો તાજી હોય તો ઔષધો વડે તેને મટાડી શકાય છે. પરંતુ અશ્મરી (જૂની થઈને) જો ઘણી વધી ગઈ હોય તો તેનું છેદન કરવું તે જ યોગ્ય છે પરંતુ અશ્મરીનાં પૂર્વરૂપો જણાતાં હોય તો સ્નેહન આદિ ચિકિત્સાથી જ તેનું વારણ કરી શકાય છે. વળી સુશ્રુતે પણ આમ કહ્યું છે કે—घृतैः क्षारैः कषायैश्च क्षीरैः सोत्तरबस्तिभिः। यदि नोपशमं गच्छेच्छेदस्तत्रोत्तरो विधिः—ઘૃતપ્રયોગ, ક્ષારપ્રયોગ અને ઉત્તરબસ્તિ સાથે અપાયેલ ઔષધપક્વ દૂધના પ્રયોગોથી પણ અશ્મરી જો ન મટે તો તેનું છેદન કરવું જોઈએ અને પછી ઉત્તરબસ્તિઓથી તેઓને બહાર કાઢી નાખવી જોઈએ.' ૨૮

इति ह स्माह भगवान् (कश्यपः)। २९

એમ ભગવાન કાશ્યપે અહીં કહ્યું હતું.

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં ચિકિત્સિતસ્થાન વિષે 'મૂત્રકૃચ્છ્રચિકિત્સિત' નામનો અધ્યાય ૧૦ મો સમાપ્ત

द्विव्रणीय-चिकित्सित-अध्याय ११ मो

अथातो द्विव्रणीयं नामाध्यायं व्याख्यास्यामः॥१॥ इति ह स्माह भगवान् कश्यपः॥ २॥

હવે અહીંથી દ્વિવ્રણીય નામના અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું એમ ભગવાન કશ્યપે કહ્યું હતું. ૧,૨

વિવરણ: આ અધ્યાયમાં નિજ તથા આગન્તુ—એવા બે ભેદથી ઉત્પન્ન થતા વ્રણોની ચિકિત્સા કહેવામાં આવશે; એ અભિપ્રાયથી આ અધ્યાયનું 'દ્વિવ્રણીય-ચિકિત્સિત' એવું સાર્થક નામ અપાયું છે. સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના પહેલા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે-तत्र तुल्ये व्रणसामान्ये द्विकारणोत्थानप्रयोजनसामर्थ्याद् द्विव्रणीय' इत्युच्यते—તેમાં બે વ્રણોની સમાનતા એકસરખી હોય છતાં બન્ને વ્રણોનાં ઉત્થાન તથા પ્રયોજન અથવા ચિકિત્સાનાં કારણો જુદાં જુદાં હોવાના સામર્થ્યથી આ અધ્યાય દ્વિવ્રણીય એ નામે કહેવાય છે. આ સુશ્રુતના વાક્ય પર ટીકાકાર ડલ્હણ આમ લખે છે કે—व्रणसामान्यं व्रणजाति 'व्रणत्वमित्यर्थः. तस्मिंस्तुल्येऽपि द्विकारणोत्थान-प्रयोजन-सामर्थ्याद् 'द्विव्रणीय' इत्युच्यते। द्विकारणं द्विहेतुकं यदुत्थानमुत्पत्तिः तस्य प्रयोजनं शीतक्रियादि, तस्य सामर्थ्यं शक्तिः, तस्माद् 'द्विव्रणीय' इत्यु-

ચ્યતે–વ્રણનું સામાન્ય એટલે વ્રણની જાતિ કે વ્રણમાં રહેલું વ્રણપણું જોકે એકસરખું જ હોય છે, તોપણ વ્રણનાં કારણોની ઉત્પત્તિ બે પ્રકારની હોય છે એટલે કે વ્રણો બે કારણે ઉત્પન્ન થાય છે અને તેનું પ્રયોજન–શીતલ ચિકિત્સા વગેરેનું સામર્થ્ય પણ બે પ્રકારનું હોય છે તે કારણે તેને લગતો આ અધ્યાય 'દ્વિવ્રણીય' એમ કહેવાય છે.૧,૨

વૃદ્ધજીવકનો પ્રશ્ન અને પ્રજાપતિ કશ્યપનો પ્રત્યુત્તર

सूत्रस्थाने भगवता द्वौ व्रणौ पारकीर्तितौ।
तयोर्विस्तरमिच्छामि श्रोतुं लक्षणमेव च ॥३॥
अनुग्रहाय बालानां चेष्टाहारौषधानि च।
इति पृष्टः स शिष्येण संपूज्याह प्रजापतिः ॥४॥

વૃદ્ધજીવકે કહ્યું કે આપ ભગવાને સૂત્રસ્થાનમાં બે વ્રણો કહ્યાં હતાં. તે બન્નેનો વિસ્તાર તથા લક્ષણ હું હવે સાંભળવા ઇચ્છું છું, તો બાળકોની ઉપર અનુગ્રહ કરવા માટે આપ તે બન્ને વ્રણોને ઉત્પન્ન કરનારી ચેષ્ટા, આહાર તથા બન્ને વ્રણોનાં ઔષધોને કહો. એમ પોતાના શિષ્ય વૃદ્ધજીવકે પૂછ્યું હતું, ત્યારે પ્રજાપતિ કશ્યપે પૂછ્યું તે શિષ્યના એ પ્રશ્નની સારી રીતે પ્રશંસા કરીને તેના પ્રત્યે આમ કહ્યું હતું. ૩,૪

तरतन्त्रस्य समयं प्रब्रुवन्न च विस्तरम्।
न शोभते सतां मध्ये लुब्धः काक इवार्चितः ॥
अवश्यं भिषजा त्वेतज्ज्ञातव्यमनसूयया।
तस्मात् समयमात्रं भो शृणु बालहितेप्सया ॥

જે માણસ પરતંત્ર–બીજાના શાસ્ત્રનો જ વિષય કહે, છતાં તેનો જે વિસ્તાર ન કહે એટલે કે તેને જે વિસ્તારથી ન સમજાવે, તો લોભી કાગડો ભલે પૂજાય, તોયે સજ્જનોમધ્યે તે શોભતો નથી, એમ અસૂયારહિત વૈદ્યે તે અવશ્ય સમજવું જોઈએ; એ કારણે હે વૃદ્ધજીવક બાળકોના હિતની ઇચ્છાથી તમે તે બે વ્રણના સંબંધમાં જે સિદ્ધાંત છે, તેને જ તમે સાંભળો. ૫,૬

બે વ્રણો અને તેઓના ભેદોના કથનપૂર્વક ચિકિત્સાસૂચન

अथ खलु द्वौ व्रणौ निजश्चागन्तुश्च। निजो वाता द्येकैकसर्वद्वन्द्वजः। क्षतभङ्ग(ग्न)विद्धपाटितदग्धच्छिन्ननिष्पिष्टाभिरू (लू) नशस्त्रतृणकाष्ठाग्निविषदन्तनखशापमन्त्रमूलकर्मादिज आगन्तुः। तस्य निजवदेव लक्षणमौषधं च स्वतर्केणानुविदध्यात् ॥ ७ ॥

બે જ વ્રણો હોય છે; એક નિજ એટલે વાતાદિ દોષજ તથા બીજો આગંતુ હોય છે; તેમાંનો નિજ વાતાદિ એક એક દોષથી થતો ત્રણ પ્રકારનો, સર્વ દોષોથી થતો ચોથો અને દ્વંદ્વજ પાંચમો એમ ભેદો હોય છે; અને આગંતુ વ્રણ–ક્ષત, ભગ્ન વિદ્ધપાટિત, દગ્ધ, છિન્ન, નિષ્પિટ, અભિલૂન તથા શસ્ત્ર, તૃણ, કાષ્ઠ, અગ્નિ, વિષ, દાંત, નખ, શાપ, મંત્ર અને મૂલકર્મ આદિથી ઉત્પન્ન થયેલા હોય છે; તેનું લક્ષણ તથા ઔષધ પોતાના તર્ક વડે જ પાછળથી સમજી કરી લેવું. ૭

વિવરણ : સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૧લા અધ્યાયમાં આમ કહ્યું છે, 'द्वौ व्रणौ भवतः शारीर आगन्तुश्चेति। तयोः शारीरः पवनपित्तकफशोणितसन्निपातनिमित्तः, आगन्तुरपि पुरुषपशुक्षिव्यालसरीसृपप्रपतनपीडनप्रहाराग्निक्षारविषतीक्ष्णौषधशकलकपालशृङ्गचक्रेषु परशु शक्तिकुन्ताद्यायुधाभिघातनिमित्तः–બે વ્રણો થાય છે–એક શારીર એટલે કે શરીરના વાતાદિદોષોના કારણે થાય છે અને બીજો આગન્તુ થાય છે. તેમાંનો શારીરવ્રણ વાત, પિત્ત, કફ, રુધિર તથા સંનિપાત–ત્રણે દોષોના એકસાથે પ્રકોપ થવાના કારણે થાય છે અને બીજો આગન્તુ પણ માણસ, પશુ, પક્ષી, સર્પ કે સરકી જનારાં પ્રાણીના કરડવાથી કે ક્યાંયથી પડવું, પીડાવું, કોઈનો પ્રહાર થવો, અગ્નિથી દાઝવું, ક્ષાર પડવો, વિષ કે ઝેરની અસર થવી, તીક્ષ્ણ ઔષધ લગાડવું, કાષ્ઠ વગેરેનો ટુકડો, ઠીકરી, શીંગડું, ચક્ર, બાણ, ફરશી, શક્તિ કે ભાલો વગેરે હથિયારથી જખમ થવાના કારણે જે વ્રણ થાય તે આગન્તુ

વ્રણ કહેવાય છે.' એ જ પ્રમાણે અષ્ટાંગસંગ્રહમાં પણ કહ્યું છે કે, 'સ ચ દ્વિવિધો નિજ આગન્તુશ્ચ। તત્ર નિજો દોષસમુત્થઃ। આગન્તુઃ શાસ્ત્રાનુશસ્ત્રો પલ્લગુડનખદશનવિષાણવિષારુષ્કરાદિ નિમિત્તઃ। તે વ્રણ બે પ્રકારના થાય છે; એક વાતાદિ દોષના પ્રકોપથી થાય છે તે નિજવ્રણ કહેવાય છે અને બીજું શસ્ત્ર વગેરેના પ્રહારથી અથવા ઘાસની અણી, ઘેકેા, નખ, દાંત કે શીંગડું વાગી જવાથી કે વિષ અથવા અરુષ્ક-મર્મસ્થાનમાં પ્રહાર વગેરેના કારણે જે વ્રણ થાય છે તે આગન્તુ વ્રણ કહેવાય છે.' એમ બે પ્રકારના જે વ્રણેા કહ્યા છે, તેમાંના જે શારીરવ્રણ સુશ્રુતે કહ્યો છે તે શરીરને લગતા વાતાદિ દોષના પ્રકોપથી થતેા નિજવ્રણ જ સમજવા છે. આગન્તુ વ્રણેાનું પણ પ્રત્યક્ષ કારણ ભલે જુદું હેાય છતાં તેનું લક્ષણ તથા ઔષધ નિજવ્રણના જેવું જ હેાઈને તેમાં પણ દોષેાના સંબંધ પાછળથી થાય છે, તેથી તેને પણ પાછળથી નિજવ્રણમાં જ ગણવેા પડે છે; એ જ અભિપ્રાય ચરકે ચિકિત્સાસ્થાનના ૨૫મા અધ્યાયમાં આમ કહ્યો છે કે 'વ્રણાનાં નિજહેતૂનામાગન્તૂનામશામ્યતામ્। કુર્યાદોષબલાપેક્ષી નિજાનામૌષધં યથા॥ જે વ્રણેા પાછળથી નિજહેતુ થયા હેાય એટલે કે દોષેાના પ્રકોપના કારણે થયા હેાય તેવા પ્રહારના કારણે થયેલ તે વ્રણેા પેાતાની ચિકિત્સાથી જો ન મટે તેા, તે બધામાં નિજવ્રણને લગતું જ ઔષધ ઉપયેાગમાં લેવું જોઈએ. એ જ પ્રમાણે અષ્ટાંગસંગ્રહકારે પણ આમ કહ્યું છે કે 'સોઽપિ પુનર્વાતાદિભિરધિષ્ઠિતો નિજતાં ભજતે। એ આગન્તુવ્રણ પણ પાછળથી વાતાદિદોષેાથી આશ્રિત બની નિજપણાને પામે છે.' સુશ્રુત પણ ચિકિત્સાસ્થાનના પહેલા અધ્યાયમાં આમ કહે છે કે 'ઉત્તરકાલં તુ દોષોપપ્લવવિશેષાચ્છારીરવત્ પ્રતીકારઃ-આગન્તુ વ્રણ પણ પાછળથી દોષેાનેા સંબંધ થતાં શરીરવ્રણ-નિજની પેઠે જ પ્રતીકારને યેાગ્ય બને છે અર્થાત્ પાછળથી દોષેાનેા સંબંધ થતાં આગન્તુવ્રણની પણ ચિકિત્સા નિજવ્રણના જેવી જ કરવી. ૭

વાતિક, પૈત્તિક, કફજ તથા દ્વિદોષજ સંસૃષ્ટ વ્રણનાં લક્ષણેા

स्तम्भकाठिन्यालपस्रावशूलतोदस्फुरणकषायास्यत्वैर्वातिकं विद्यात्, ज्वरदाहमोहतृष्णाशुपाकलौहित्यावदारणारुचिदौर्गन्ध्यैः पैत्तिकं विद्यात्, स्तैमित्यशैत्यमार्दवमन्दवेदनास्नेहपाण्डवचिरकारित्वातिस्रावैः कफजं विद्यात्, सर्वरूपं सान्निपातिकं, द्विदोषं संसृष्टं विद्यात्॥ ८॥

જેમાં સજ્જડપણું, કઠિનતા, થેાડેા સ્રાવ, શૂલ કે સોંય ભોંકયા જેવી પીડા, ફરકવું અને જેનું મેાઢું કષાય રંગનું થયું હેાય તેને વાતિક વ્રણ જાણવેા, પરંતુ જેમાં જ્વર, દાહ, મેાહ, વધુ પડતી તરશ, જલદી પાકવું, રતાશ, ચીરવું, અરુચિ તથા દુર્ગંધપણું હેાય તેા એ વ્રણને પિત્તજનિત જાણવેા; તેમ જ જેમાં ભીનાશ, શીતળતા, કેામળપણું, ધીમી વેદના, સ્નેહ, ફીકાશ, લાંબા કાળ સુધી ચાલુ રહેવાપણું તથા વધુ પડતેા સ્રાવ થતેા હેાય તેને કફજ વ્રણ જાણવેા; પરંતુ જેમાં બધાયે દોષેાનાં લક્ષણેા જણાતાં હેાય તે વ્રણને સાંનિપાતિક-સર્વ દોષેાના એકત્ર મળવાથી થયેલ જાણવેા અને જેમાં બે દોષેાનાં લક્ષણેા જણાતાં હેાય તેને દ્વિદોષજ-સંસૃષ્ટ લક્ષણવાળેા-દ્વન્દ્વજ વ્રણ જાણવેા. ૮

વિવરણ: ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૨૫ મા અધ્યાયમાં વાતિકવ્રણનું લક્ષણ આમ કહ્યું છે, જેમકે स्तब्धः कठिनसंस्पर्शो मन्दस्रावोऽतितीव्ररुक्। तुद्यते स्फुरति श्यावो व्रणो मारुतसंभवः॥ જે વ્રણ સજ્જડ, કઠિન સ્પર્શવાળેા, થેાડા ધીમા સ્રાવવાળેા અને અતિશય તીવ્ર પીડાથી યુક્ત હેાઈને સોંયેા ભોંકયા જેવી પીડા કરે, ફરકે અને કાળાશયુક્ત પીળેા હેાય તેને વાયુના પ્રકોપથી ઉત્પન્ન થયેલેા જાણવેા. 'અષ્ટાંગસંગ્રહકારે પણ ઉત્તરતંત્રના ૨૯ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે-तत्र श्यावोऽरुणः कृष्णो भस्मास्थिकपोतगलान्यतमवर्णो वा दधिमस्तुक्षारामबुमांसधावनपुलाकोदकनिभाल्पस्रावो रूक्षश्चटचटायमानशीलोऽकस्माद्विविधशूलस्फुरणायामतोदभेदस्वापबहुलो निर्मांसश्च वातात्। તેમાં વાયુના પ્રકોપથી થયેલ વ્રણ શ્યામ રંગનેા હેાઈ કાળાશયુક્ત પીળેા અથવા

બિલકુલ કાળા રંગનો હોઈ ભસ્મ કે હાડકાંના રંગનો જણાય છે; અથવા કબૂતરના ગળાના જેવા રંગનો હોય છે; અથવા દહીંનું પાણી કે ક્ષાર જલના જેવા રંગનો કે માંસ ધોયાના પાણીના જેવા રંગનો કે પુલાક–કુરિયાંના જેવા રંગનો હોઈ થોડા સ્રાવથી યુક્ત તેમ જ રુક્ષ હોય ચટચટ અવાજને કરવાના સ્વભાવનો હોય છે; અને અકસ્માત થતાં વિવિધ–શૂલની વેદના, ફરકવું, આયાસ, સોય ભોંકયા જેવી વેદના, ભેદ–ચિરાવું તથા સ્પર્શના અજ્ઞાનરૂપ જડતા જેમાં લગભગ વધારે હોય અને માંસથી જે રહિત થયા હોય તેને વાયુથી થયેલો જાણવો.

સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૧ લા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે–तत्र श्यावारुणाभस्तनुः शीतः पिच्छिलोऽल्पस्रावो रूक्षश्चटचटायमानशीलः स्फुरणायामतोदभेदवेदनाबहुलो निर्मांसश्चेति वातात्। તેમાં જે વ્રણ વાયુના પ્રકોપથી થયેલ હોય તે શ્યામ–કાળાશયુક્ત પીળો, અરુણના જેવી આભા, ઝાંઈવાળો, પાતળો, નાનો, શીતળ, પિચ્છા કે ચિકાશથી યુક્ત થોડા સ્રાવવાળો, રૂક્ષ, ચટચટ અવાજવાળો, ફરકવું, આયાસ, સોય ભોંકયા જેવી વેદના અને ચિરાઈ જવાની વેદના જેમાં લગભગ વધારે હોય અને માંસથી રહિત હોય છે.' એમ વાયુના વ્રણનું લક્ષણ અહીં કહ્યા પછી પિત્તજનિત વ્રણનું લક્ષણ આમ કહે છે કે–જેમાં જ્વર, દાહ, મોહ, તૃષ્ણા–વધુ પડતી તરશ, જલદી પાકવું, રતાશ, ચિરાવું, અરુચિ તથા દુર્ગંધીપણું જેમાં ખાસ હોય તેને પૈત્તિક અથવા પિત્તજનિત વ્રણ જાણવો. ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૨૫ મા અધ્યાયમાં પિત્તજ વ્રણનાં લક્ષણો આમ કહ્યાં છે–तृष्णामोहज्वरक्लेददाहदुष्टयवदारणैः। व्रणं पित्तकृतं विद्यादगन्धैः स्रावैश्च पूतिकैः॥ જેમાં વધુ પડતી તરશ, મૂર્છા, જ્વર, સંતાપ, ક્લેદ–પચપચાપણું, દાહ, સડો, ચીરાવું અને દુર્ગન્ધયુક્ત સ્રાવથી યુક્તપણું હોય તો તેને પિત્તથી કરાયેલ કે ઉત્પન્ન થયેલ વ્રણ જાણવો. અષ્ટાંગસંગ્રહકારે પણ ઉત્તરતંત્રના ૨૯મા અધ્યાયમાં પિત્તજ વ્રણનું લક્ષણ આમ કહ્યું છે કે–क्षिप्रजः पीतनीलहरितकृष्णकपिलपिङ्गलो गोमूत्रभस्मशङ्खकिंशुकोदकमार्द्वीकतैलाभोष्णभूरिक्लेदो दाहोषाज्वररागपाकावदरणधूमायनान्वितः क्षारोक्षितक्षतोपमवेदनः पित्तात्। જે વ્રણ પિત્તના પ્રકોપથી ઉત્પન્ન થાય તે તરત ઉત્પન્ન થાય છે પીળા, લીલા, હરિયાળા, કાળા, પીળા કે પિંગળા વર્ણનો હોય છે. ગોમૂત્ર, ભસ્મ, શંખ, કેસૂડાનું પાણી, દ્રાક્ષ કે તેલના જેવી ઝાંઈવાળો, ગરમ અને ઘણા પચપચાટવાળો દાહ, ગરમી, સંતાપ, રતાશ, પાકવું, ચરાવું અને જાણે ધુમાડા નીકળતા હોય તેવા પીડાથી યુક્ત અને ક્ષારથી છાંટેલા ઘાવના જેવી વેદનાવાળો તેમ જ ફોલ્લીઓથી છવાયેલો હોય છે. 'સુશ્રુતે પણ આ સંબંધે ચિકિત્સાસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યું છે કે–क्षिप्रजः पीतनीलाभः किंशुकोदकाभोष्णस्रावी दाहपाकरागविकारी पीतपिडकाजुष्टश्चेति पित्तात्॥ પિત્તના પ્રકોપથી થતો વ્રણ ઝડપથી ઉત્પન્ન થાય, પીળા–લીલી ઝાંઈવાળો હોય, કેસૂડાંના પાણી જેવા ગરમ સ્રાવને સ્રવ્યા કરનાર; દાહ, પાકવું તથા રતાશરૂપી વિકારવાળો અને પીળી ફોલ્લીઓથી છવાયેલો હોય છે.' એમ પિત્તજ વ્રણનાં લક્ષણો કહ્યા પછી અહીં આ કાસ્યપસંહિતામાં કફજ વ્રણનાં લક્ષણો આમ કહ્યાં છે: જેમાં કચકચતાપણું, શીતળતા, કોમળતા, ઓછી વેદના, સ્નિગ્ધતા અને રંગમાં ફીકાશ હોય તેમ જ લાંબા કાળ સુધી જે ચાલ્યા કરી લાંબા વખતે જે પાકે અને જેમાં સ્રાવ અધિક હોય તેને કફજ વ્રણ જાણવો.' ચરકે પણ આ સંબંધે ચિકિત્સાસ્થાનના ૨૫ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'बहुपिच्छो गुरुः स्निग्धः स्तिमितो मन्दवेदनः। पाण्डुवर्णोऽल्पसंक्लेदश्चिरकारी कफव्रणः॥ કફથી થતો વ્રણ ઘણી ચિકાશથી યુક્ત, ભારે, સ્નિગ્ધ, ભિનાશવાળો, ફીકા રંગનો, ઓછી વેદનાવાળો, થોડા કચકચાટથી યુક્ત અને લાંબા કાળે પીડનાર હોઈ ઘણા લાંબા વખત સુધી ચાલુ રહે છે. અષ્ટાંગસંગ્રહમાં પણ ઉત્તરખંડના ૨૯ મા અધ્યાયમાં આ કફજ વ્રણનું આવું લક્ષણ કહ્યું છે જેમ કે–स्निग्धः स्थूलौष्ठः पाण्डुश्चण्डकण्डूर्नवनीतवसा मज्जपिष्टतिलनारिकेलाम्बुसदृशश्वेतशीतबहलपिच्छिलक्लेदः स्वापस्तम्भस्तैमित्यगौरवोपदेहयुक्तः सिरास्नायुजालावततो मन्दवेदनः कठिनश्च कफात्–કફના પ્રકોપથી થયેલ વ્રણ સ્નિગ્ધ, સ્થૂલ હોઠવાળો, ફીકાશથી યુક્ત, ઉગ્ર

ચેળવાળો, માખણ જેવી ચરબીથી યુક્ત, મજ્જામાં પીસી નાખેલ તલ અથવા નાળિયેરના પાણીના જેવા દેખાવનો, ધોળા, શીતલ, ઘટ્ટ અને ચીકણા ભેજવાળો; જડતા, સજ્જડપણું, ભીના કપડાથી લપેટ્યા જેવો, ભારેપણું તથા લેપથી યુક્ત અને શિરાઓ તથા સ્નાયુનાં જાળાંઓથી છવાયેલો અને ધીમી ઓછી વેદનાવાળા હોય છે. સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૧ લા અધ્યાયમાં આ કફજ વ્રણનું આવું લક્ષણ કહ્યું છે કે–प्रततचण्डकण्डूबहुलः स्थूलौष्ठः स्निग्धसिरास्नायुजालावततः कठिनः पाण्डुवभासो मन्दवेदनः शुक्लशीतसान्द्रपिच्छिलास्रावी गुरुश्चेति कफात्–કફના પ્રકોપથી થયેલ વ્રણ અતિશય છવાયેલી ઉગ્ર ચેળ તથા ખણજથી યુક્ત, સ્થૂલ હોઠવાળો, ગુરુચ્છા, શિરા તથા સ્નાયુઓનાં જાળાંથી છવાયેલ, કઠણ, ફિક્કા રંગની ઝાંઈથી યુક્ત, ધીમી વેદનાવાળો, ધોળા, શીતલ, ઘટ્ટ અને ચીકણા સ્રાવથી યુક્ત હોઈ ભારે હોય છે, એમ તે એક એક દોષના પ્રકોપથી થયેલ તે વ્રણને જાણ્યા પછી એ ત્રણે દોષોના એકત્ર મળવાથી ઉત્પન્ન થયેલો સાંનિપાતિક વ્રણ તથા બે દોષના પ્રકોપથી થયેલો દ્વંદ્વજ વ્રણ અહીં મૂળમાં કહેલ છે. તે જ પ્રમાણે સુશ્રુતે ચિકિત્સાસ્થાનના ૧ લા અધ્યાયમાં રક્તજ વ્રણ પણ આમ કહ્યો છે જેમ કે–प्रवालदलनिचयप्रकाशः कृष्णस्फोटपिडकाजालोपचितस्तुरङ्गस्थानगन्धिः सवेदनो धूमायनशीलो रक्तस्रावी पित्तलिङ्गश्चेति रक्तात्–રુધિરના પ્રકોપથી થયેલ વ્રણ પરવાળાંનાં દળિયાના સમૂહો જેવા પ્રકાશવાળો, કાળા રંગના ફોલ્લા તથા ફોલ્લીઓના સમૂહથી છવાયેલ હોઈ ઘોડાના રહેઠાણના જેવી અથવા તીક્ષ્ણ ક્ષારના જેવી ગંધવાળો, વેદનાથી યુક્ત, જાણે ધુમાડો નીકળતો હોય તેવા સ્વભાવવાળો, લોહીના સ્રાવથી યુક્ત અને જેનાં પિત્તના જેવાં લક્ષણો હોય તેને લોહીના કોપથી થયેલ વ્રણ જાણવો.' ૮

इत्यत्र श्लोकः–અહીં આ પ્રમાણે શ્લોક મળે છે :

सर्वव्रणानां प्रकृतिनिरुक्ता दोषदर्शनात्।
न हि दोषाननाश्रित्य व्रणः कश्चिच्छरीरिणः ॥९॥

દોષોને જોઈને તે પ્રમાણે બધાયે વ્રણોની પ્રકૃતિ કહી છે; કારણ કે પ્રાણીને દોષોનો આશ્રય કર્યા વિના કોઈ પણ વ્રણ થતો જ નથી. ૯

तेषामुपक्रमं धात्रीबालनिग्रहौ, संशमनं, बन्धनम्, उत्क्लिन्नप्रक्षालनं, कल्कप्रणिधानं, शोधनं, रोपणं, सवर्णीकरणम्; इत्येतैः स्नेहपानसंभोजनोपनाहस्वेदोष्णपरिषेकमधुराम्ललवणैर्वातव्रणं, शीतोदकदुग्धपरिषेकशीतप्रलेपनमधुरकषायतिक्तकल्कघृतपानमुद्गशालिजाङ्गलोपचारैरुष्णाम्लकटुलवणबन्धनसंपूरणवर्जनैश्च पैत्तिकव्रणम्, उष्णतीक्ष्णतिक्तकटुकषायक्षारसंशोधनोपनाहस्वेदनोष्णवारिपरिषेकलङ्घनबन्धनस्रावणैः कफव्रणं शमयेत्। अतो युक्त्येतरान्। स्रावणपाटनदहनसीवनैषणसाहसादीन्यतिबालेषु न कुर्यादिति ॥१०

એ વ્રણોની ચિકિત્સા આમ કરવી–ધાવમાતાની ચિકિત્સા, (વ્રણના રોગી) બાળકની ચિકિત્સા, સંશમન, બંધન, ઉત્ક્લિન્ન એટલે જે કંઈ કલેદયુક્ત થયું હોય કે કોહી ગયું હોય તેને ખૂબ ધોઈ નાખવું, (વ્રણમાં) કલ્કને ભરવો, શોધન તથા રુઝવવાની ક્રિયા કરવી અને શરીરની જે મૂળ ચામડી હોય તેના જેવો વ્રણની રુઝાયેલી ચામડીનો રંગ કરવો–એ ક્રિયાઓ દ્વારા વ્રણની ચિકિત્સા કરવી; તેમ જ સ્નેહને પાવો, સારી રીતે ભોજન કરાવવું, ઉપનાહ એટલે વ્રણ ઉપર પોટીસ બાંધવી. બાફ દઈ પરસેવો લાવવો, ઉષ્ણ (પ્રવાહી) ઔષધ-દ્રવ્યથી વ્રણની ઉપર સિંચન કરવું; તેમ જ મધુર, ખાટાં તથા ખારાં દ્રવ્યોનું સેવન કરાવી વાતજ વ્રણની ચિકિત્સા કરવી; તેમ જ શીતળ પાણી તથા શીતળ દૂધના સિંચનથી, શીતળ પ્રલેપના લેપનથી અને મધુર, તૂરા તથા કડવા દ્રવ્યોના કલ્કો વડે ઘૃતપાન કરાવવાથી અને મગના, શાલિ ડાંગરના તથા જાંગલ-પશુપક્ષીના માંસનો ઉપયોગ કરાવવારૂપ ઉપચાર વડે ઉષ્ણ, અમ્લ, તીખા પદાર્થો અને ખારા પદાર્થોનો તેમ જ બંધન તથા સંપૂરણ ક્રિયાનો ત્યાગ કરાવી પૈત્તિક વ્રણને

મટાડવો જોઈએ; તેમ જ ઉષ્ણ, તીક્ષ્ણ, કડવા તથા તીખા કષાયો તથા ક્ષાર દ્રવ્યો, સંશોધનો, ઉપનાહો, સ્વેદનો, ઉષ્ણ જલનાં સિંચનો, લંઘનો, બંધનો તથા રુધિરસ્રાવણો કરાવી કફજ વ્રણને મટાડવા જોઈએ. એવી જ યોજના દ્વારા બીજા સાંનિપાતિક કે બે દોષના કે રક્તજ વ્રણોને પણ વૈદ્યે મટાડવા જોઈએ; પરંતુ વ્રણના બાળક રોગીઓ પર સ્રાવણ—રુધિર ઝરાવવું, ચીરવું, બાળી નાખવું કે ડામ દેવો અને સીવવું, એષણ કે શલાકા વડે અન્વેષણ તથા બીજા કોઈ સાહસ પ્રયોગોરૂપી ચિકિત્સા ન કરવી. ૧૦

વિવરણ: સુશ્રુતે ચિકિત્સાસ્થાનના ૧ લા અધ્યાયમાં વ્રણોની આમ ૬૪ પ્રકારની ચિકિત્સા કહી છે જેમ કે-तस्य व्रणस्य षष्टिरुपक्रमा भवन्ति। तद्यथा—अपतर्पणमालेपः परिषेकोऽभ्यङ्गः स्वेदो विस्लापनमुपनाह पाचनं विस्रावणं स्नेहो वमन विरेचनं छेदनं भेदनं दारणं लेखनमेषणमाहरणं व्यधनं विस्रावणं सीवनं सन्धानं पीडनं शोणितस्थापनं निर्वापणमुत्कारिका कषायो वर्तिः कल्क सर्पिस्तैलं रसक्रियाऽवचूर्णनं व्रणधूपनमुत्सादनमवसादनं मृदुकर्म दारुणकर्म क्षारकर्माग्निकर्म कृष्णकर्म पाण्डुकर्म प्रतिसारणं रोमसञ्जनन लोमापहरणं बस्तिकर्मोत्तरबस्तिकर्म बन्धः पत्रदानं कृमिघ्न बृंहणं विषघ्नं शिरोविरेचनं नस्यकवलधारणं धूमो मधु सर्पिर्यन्त्रमाहारो रक्षाविधानमिति। હરકોઈ વ્રણની આવી ૬૦ ચિકિત્સાઓ કહી છે; જેમ કે-અપતર્પણ, આલેપ, પરિષેક—સિંચન, માલિસ, બાફ, ચીમળાવવું, પોટીસનું બંધન, પકવવાની ક્રિયા, વિસ્રાવણ કે રુધિર ઝારવું, સ્નેહ, વમન, વિરેચન, છેદન, ચીરવું, ભેદવું, શલાકા કે સળી નાખીને અન્વેષણ, પરુ વગેરેને દૂર કરવું; બાંધવું, ઝારવું, સીવન કે સીવવું, સાંધવું, દાબવું, શોણિત સ્રાવસ્થાપન, નિર્વાપણ, ઉત્કારિકા, કષાય, વર્તિ—વાટ નાખવી, કલ્કરૂપ ઔષધ કરવું, પકવેલ ઘી, તેલ, રસક્રિયા કરવી, અવચૂર્ણન—કોઈ ચૂર્ણરૂપ ઔષધ ભભરાવવું, વ્રણધૂપન—વ્રણને ધૂપ દેવો, ઉત્સાદન કે ઉબટણ કરવું. અવસાદન, મૃદુકર્મ, દારુણકર્મ, ક્ષારકર્મ, અગ્નિકર્મ—ડામ વગેરે, કૃષ્ણકર્મ, પાંડુકર્મ, પ્રતિસારણ, રોમસંજનન—રૂંવાડાં દૂર કરવાં, બસ્તિકર્મ, ઉત્તરબસ્તિકર્મ, બંધ, પત્રદાન, કૃમિઘ્ન—કીડાનો નાશ કરનાર કર્મ, બૃંહણ—પૌષ્ટિક ક્રિયા, વિષઘ્ન—વિષનો નાશ કરનાર, ઔષધકર્મ, શિરોવિરેચન, નસ્યકર્મ, કવલધારણ, ધૂમક્રિયા, મધુસર્પિસ્—મધ તથા ઘી સ્રાડાવું યંત્રક્રિયા, આહાર તથા રક્ષાવિધાન—એમ સાઠ ચિકિત્સાઓ વ્રણ ઉપર કરી શકાય છે. આ સાઠ ચિકિત્સાનું વિસ્તૃત વિવરણ સુશ્રુતમાં ચિકિત્સાસ્થાનના પહેલા જ અધ્યાયના ૨૬ મા વિષયમાં વિસ્તારથી આપ્યું છે. ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૨૫ મા અધ્યાયમાં વ્રણોની ૩૩ ચિકિત્સાઓ આમ કહી છે—यथाक्रममतश्चोर्ध्वं शृणु सर्वानुपक्रमान्। शोफघ्नं षड्विधं चैव शस्त्रकर्मावपीडनम्॥ निर्वापणं ससन्धानं स्वेदः शमनमेषणम्। शोधनारोपणीयौ च कषायौ सप्रलेपनौ। द्वे तैले तद्गुणे पत्रच्छादन द्वे च बन्धने। भोज्यमुत्सादनं दाहो द्विविधः सावसादनः॥ काठिन्यमार्दवकरे धूपने लेपने शुभे। व्रणावचूर्णनं वर्ण्ये लेपनं लोमरोहणम्॥ इति षट्त्रिंशदुद्दिष्टा व्रणानां समुपक्रमाः—વ્રણના સોજાનો નાશ કરનાર કર્મ, ૭ પ્રકારનું શસ્ત્રકર્મ, અવપીડન, નિર્વાપણ, સંધાન, સ્વેદન, શમન, એષણ, શોધનકષાય, રોપણકષાય, શોધનપ્રલેપ, રોપણપ્રલેપ, શોધનતૈલ, રોપણતૈલ એમ બે તેલો, એવા જ ગુણવાળાં બે ઔષધપક્વ ઘૃતો—શોધનઘૃત, રોપણઘૃત, પત્રચ્છાદન, સવ્ય તથા દક્ષિણ બંધન, પથ્ય ભોજન, ઉત્સાદન, બે પ્રકારનો દાહ, અવસાદન, ઉત્તમ પ્રકારનું કાઠિન્યકર ધૂપન, માર્દવકરધૂપન, કાઠિન્યકરલેપન, માર્દવકરલેપન, વ્રણ-અવચૂર્ણન, વર્ણવિલેપન તથા રોમરોહણ એટલે કે રૂંવાડાં ઉગાડે તેવી ચિકિત્સા—એમ વ્રણોની છત્રીસ ચિકિત્સાઓ ચરકે કહી છે. અહીં મૂળમાં પ્રથમ વાતવ્રણની ચિકિત્સા આમ કહી છે—वातज व्रणमां स्नेहपान, स्निग्धभोजन, स्निग्ध उपनाह—પોટીસ, સ્નિગ્ધસ્વેદ, ઉષ્ણપરિષેક તેમ જ મધુર, અમ્લ તથા લવણ દ્રવ્યોથી ચિકિત્સા કરવી જોઈએ. ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૨૫ મા અધ્યાયમાં વાતવ્રણની ચિકિત્સા આમ કહી છે—

પૂર્વે કષાયૈઃ સર્પિર્ભિર્જયેદ્વા મારુતોત્તરાન્ । તથા–સંપૂરણૈઃ સ્નેહપાનૈઃ સ્નિગ્ધૈઃ સ્વદોષપ્રશાહનૈઃ પ્રદેહૈઃ પરિષેકૈશ્ચ વાતવ્રણમુપાચરેત્–વાયુની અધિકતાવાળા–વાતજનિત વ્રણોને પ્રથમ તો કષાયો વડે અથવા ઔષધપક્વ ઘૃતો વડે મટાડવા જોઈએ; તેમ જ સંપૂરણો કે બૃંહણક્રમોથી અથવા વાતહર પ્રવાહી દ્રવ્યોથી, સ્નેહોનું પાન કરાવવાથી સ્નિગ્ધ પ્રલેપો કરવાથી અને ચારેબાજુ સ્નિગ્ધ સિંચનો કરાવીને વાતજનિત વ્રણોના ઉપચારો કરવા જોઈએ.'

એમ વાતજ વ્રણની ચિકિત્સા કહ્યા પછી અહીં મૂળમાં પિત્તજ વ્રણની ચિકિત્સા આ રીતે કરવા કહે છે કે–શીતળ જલ, દૂધનું સિંચન, શીતળ લેપ તથા મધુર કષાય અને કડવાં દ્રવ્યોથી તૈયાર કરેલા કલ્કો, ઘૃતપાન, મગ, શાલિ–ડાંગરના ચોખા અને જાંગલ પશુ–પક્ષીઓના માંસના રસોનું સેવન તેમજ ઉષ્ણ, ખાટા, તીખા પદાર્થો, બંધનો, સંપૂરણ–બૃંહણો આદિના ત્યાગથી પૈત્તિક વ્રણની ચિકિત્સા કરવી. આ સંબંધે ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૨૫ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–शीतलैर्मधुरैस्तिक्तैः प्रदेहपरिषेचनैः । सर्पिष्पानैर्विरेकैश्च पैत्तिकं शमयेद् व्रणम् ॥ પિત્તજનિત વ્રણને વૈદ્યે શીતળ, મધુર અને કડવા પ્રદેહો તથા ચારે તરફ કરવાનાં સિંચનો વડે તેમ જ ઔષધપક્વ ઘૃતપાનો તથા વિરેચનો આપીને મટાડવો જોઈએ. એમ પિત્તજ વ્રણની ચિકિત્સા કહ્યા પછી અહીં મૂળમાં કફવ્રણની ચિકિત્સા કહે છે કે–ઉષ્ણ, તીક્ષ્ણ, કડવા, તીખા અને તૂરા, પદાર્થોના ક્વાથોનો ઉપયોગ કરાવી ક્ષારો, સંશોધનો, ઉપનાહો, સ્વેદનો, ઉષ્ણ જળનાં સિંચનો, લંઘનો તથા સ્રાવણ કે રુધિરસ્રાવો કરાવી કફજ વ્રણને વૈદ્યે મટાડવા જોઈએ.' આ સંબંધે ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૨૫ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–कषायकटुरूक्षोष्णैः प्रदेहपरिषेचनैः । कफव्रणं प्रशमयेत्तथा लङ्घनपाचनैः ॥ તૂરા, તીખા, રૂક્ષ તથા ઉષ્ણ પ્રદેહો અને પરિષેચનો વડે વૈદ્યે કફજ વ્રણને શમાવવો તેમ જ લંઘનો કરાવી પાચન ઔષધો દ્વારા પણ તે વ્રણને મટાડવો.' એવી ઔષધની યોજનાઓ કરીને વૈદ્યે બીજા વ્રણોની પણ ચિકિત્સા કરવી. પરંતુ યાદ રાખવું કે રુધિરસ્રાવ ચિરાવું, ડામવું, સીવન–ચીરીને સીવી લેવું, એષણ–સળીને નાખી વ્રણની તપાસ કરવી અને સાહસ આદિનો પ્રયોગ ઘણાં નાનાં બાળકોને ઉદ્દેશી વૈદ્યે ન કરવો. ૧૦

अत्र श्लोकाः–અહીં નીચેના આ શ્લોકો છે :

વ્રણને પાટો બાંધી જ રાખવો

जीर्णैः प्रक्षालितैर्वस्त्रैस्तथा बद्धं निधापयेत् ।
यथौषधं न पतति बालकं च न पीडयेत् ॥११

જૂનાં ધોયેલાં વસ્ત્રોથી વૈદ્યે (હરકોઈ) વ્રણને (પાટો) બાંધી જ રાખવો; જેથી અંદર નાખેલું ઔષધ બહાર નીકળી ન જાય અને બાળકને પીડા પણ ન કરે. ૧૧

વ્રણ ઉપરના મધ્યમ બંધની પ્રશંસા

वैसर्पः श्वयथुर्दाहो ज्वरस्तृडतिबन्धनात् ।
शिथिलादनवस्थानं मध्यमस्तु प्रशस्यते ॥ १२ ॥

વ્રણ ઉપર મજબૂત પાટો બાંધવાથી તેના રોગીને (એ બંધનના સ્થાને) રતવા, સોજો, દાહ થાય છે અને જ્વર તથા વધુ પડતી તરશ લાગ્યા કરે છે અને ઢીલો પાટો બરાબર રહી શકે નહિ, એ કારણે મધ્યમ પ્રકારનો પાટો બાંધવો એ બંધન બ તે ઉત્તમ ગણાય છે. ૧૨

વ્રણ પરના યોગ્ય બંધનથી થતા ફાયદા

वातार्कतृणकाष्ठाम्बुमक्षिकादिभयाद्व्रणम् ।
बन्धो रक्षति शीघ्रं च दह्यते न च खादति ॥

વ્રણ ઉપર જે યોગ્ય પાટો બાંધી રાખવામાં આવે તો એ બંધન બહારના વાયુથી, સૂર્યના તાપથી, તણખલાંથી, લાકડાંથી, પાણીથી અને માખીઓ વગેરેના ભયથી વ્રણની રક્ષા કરે છે; ઉપરાંત તે વ્રણ એકદમ બળે છે–પાકી જાય છે અને કીડા વગેરે તેને ખાઈ જતા નથી. ૧૩

વિવરણ : આ સંબંધે સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૧૯ા અધ્યાયમાં આમ કહ્યું છે કે–यस्माच्छुध्यति बन्धेन व्रणो याति च मार्दवम् । रोहत्यपि च निःशङ्कस्तस्माद्बन्धो विधीयते ॥ વ્રણ ઉપર (યોગ્ય) બંધન બાંધવાથી વ્રણ જે કારણે શુદ્ધ

થાય છે, કોમળપણાને પામે છે અને નિઃશંક રીતે રુઝાઈ જાય છે, તે કારણે વ્રણ ઉપર બંધન કરવામાં આવે છે. ૧૩

કયા વ્રણને બાંધવો નહિ ?

જ્વરવૈસર્પદાહાર્તં રક્તપિત્તોલ્વણં વ્રણમ્ ।
ન બધ્નીયાદ્વિરૂક્ષસ્તુ સર્વં પ્રક્ષાલયેદ્વ્રણમ્ ॥૧૪

જે વ્રણ જ્વર, રતવા તથા દાહથી પીડાતો હોય અને રક્તપિત્તથી ઉગ્ર બન્યો હોય તેની ઉપર બંધન બાંધવું નહિ; તેમ જ હરકોઈ વ્રણને દિવસમાં બે વખત ધોઈને સાફ કરવો જોઈએ. ૧૪

વ્રણને શુદ્ધ કરનાર તથા રુઝવનાર કલ્ક

મે હરિદ્રે તિલાઃ સર્પિઃ સૈન્ધવં મધુકં ત્રિવૃત્ ।
અરિષ્ટપત્રમિત્યેષ કલ્કઃ શોધનરોપણઃ ॥ ૧૫ ॥

બન્ને હળદર, તલ, ઘી, સૈંધવ, જેઠીમધ, નસોતર અને લીંબડાનાં પાન—એટલાંને સમાનભાગે લઈ (વાટી) કલ્ક ચટણી જેવી લુગદી બનાવી વ્રણ ઉપર બાંધવાથી વ્રણને સ્વચ્છ કરી રુઝવે છે. ૧૫

વિવરણ : સુશ્રુતે ચિકિત્સાસ્થાનના ૧ લા અધ્યાયમાં વ્રણ ઉપર કલ્ક મૂકવા સંબંધે આમ કહ્યું છે કે—'पूतिमांसप्रतिच्छन्नान् महादोषांश्च शोधयेत् । कल्कीकृतैर्यथालाभं ..॥ સડેલા માંસમાં ઢંકાયેલા વ્રણના મોટા દોષોને જે પ્રમાણે મળે તેવાં શોધન કે રોપણ ઔષધદ્રવ્યો મેળવી તેઓનો કલ્ક બનાવી તેના વડે તે વ્રણોનું શોધન તથા રોપણ કરવું જોઈએ.' ૧૫

વ્રણ-શોધન તથા રોપણ માટે રસક્રિયા તથા નિર્વાપણ પ્રયોગ

શોધને રોપણે ચૈવ યુક્ત્યા ક્ષૌદ્રરસક્રિયા ।
તત્ર નિર્વાપણે ચોક્તા ઘૃતેનોદકસક્તવઃ ॥ ૧૬ ॥

વ્રણના શોધન તથા રોપણ માટે યુક્તિથી મધ સહિત રસક્રિયાનો પ્રયોગ કરવો; તેમ જ વ્રણના દાહને શમાવવા માટે પાણી સાથે મિશ્ર કરેલ સાથવાનો ઘી સાથે પ્રયોગ કરવા કહેલ છે. ૧૬

વિવરણ : અહીં મૂળ શ્લોકના ઉત્તરાર્ધમાં બતાવેલ 'નિર્વાપણ'નો અર્થ—વ્રણમાં થતા દાહને શમાવવા માટેના લેપો તૈયાર કરવા એ સમજાય છે. આ સંબંધે સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૧ લા અધ્યાયમાં આ વિધાન બતાવેલ છે—क्षतोष्मणो निग्रहार्थं सन्धानार्थं तथैव च । सद्यो व्रणेष्वायतेषु क्षौद्रसर्पिर्विधीयते ॥ તુરતમાં તાજા થયેલા વિસ્તારવાળા જખમોમાં પ્રહાર આદિની ગરમીને અટકાવવા માટે તેમ જ ચિરાઈ ગયેલા અવયવને સાંધવા માટે મધ તથા ઘી—એ બેની યોજના કરવી. (જુઓ સુશ્રુતના પહેલા અધ્યાયમાં વિષય ૪ થો) વળી સુશ્રુતે રસક્રિયાનું પ્રયોજન પણ ત્યાં આમ બતાવ્યું છે—'तैलेनाशुध्यमानानां शोधनीयां रसक्रियाम् । व्रणानां स्थिरमांसानां कुर्याद् द्रव्यैरुदीरितैः ॥ સ્થિર માંસવાળા જે વ્રણો તેલથી શુદ્ધ થતા ન હોય તેઓને શુદ્ધ કરવા માટે રસક્રિયા કરવી; જેમ કે સુશ્રુતના સૂત્રસ્થાનના દ્રવ્યસંગ્રહણીય નામના ૩૮ મા અધ્યાયમાં કહેલા 'शालसार' આદિ ગણનાં દ્રવ્યોનો તેમ જ બીજાં પણ શોધનદ્રવ્યોનો પટોલનો અને ત્રિફલાનો વિધિપૂર્વક કવાથ કરી તેમાં ફટકડી, હીરાકસી, મણશિલ, તથા હરતાલનું ચૂર્ણ નાખી ફરી તે કવાથને પકવવો. તે ઘાટો થઈ મલમ જેવો તૈયાર થાય ત્યારે તે કવાથમાં બિલ્વોરાંનો રસ તથા મધ નાખી તેનું ખૂબ મર્દન કરી તે મલમને વ્રણ ઉપર લગાડવો. એ મલમને વ્રણ ત્રણ દિવસો સુધી જ વ્રણની ઉપર રાખવો, પણ તેથી વધારે વખત ન જ રાખવો.' વળી ત્યાં સુશ્રુતે વ્રણના નિર્વાપણનું પ્રયોજન પણ આમ કહ્યું છે કે—'दाहपाकज्वरवतां व्रणानां पित्तकोपतः । रक्तेन चाभिभूतानां कार्यं निर्वापणं भवेत् ॥ यथोक्तैः शीतलद्रव्यैः क्षीरपिष्टैर्घृतप्लुतैः । दिह्याद्बहु(हु)लान् सेकान् सुशीतांश्चावचारयेत् ॥ જે વ્રણો પિત્તના કે રુધિરના પ્રકોપથી વિકૃત થયા હોય અને તેથી જ બળતરા તથા પાકવાના જ્વરથી યુક્ત થયા હોય તેવા વ્રણોનું નિર્વાપણ એટલે કે શમન કરવું; જેમ કે સુશ્રુતના જ સૂત્રસ્થાનના 'भिषक्' નામના ૩૬ મા અધ્યાયમાં બીજા વિષયમાં કહેલાં દૂર્વા વગેરે દ્રવ્યોને દૂધમાં લસોટીને તેમાં ઘી મિશ્ર કરી તેના પાતળા પાતળા શીતળ લેપો દાહવાળા વ્રણો પર કરવા અને તે ઉપરાંત શીતળ દ્રવ્યોથી

સિંચન કરવું.' વળી ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૨૫ મા અધ્યાયમાં વ્રણો પર કરવાનું નિર્વાપણ આમ કહ્યું છે કે-' सर्पिषा शतधौतेन पयसा मधुकाम्बुना । निर्वापयेत् सुशीतेन रक्तपित्तोत्तरान् व्रणान् । જે વ્રણો રક્તપિત્તની અધિકતાવાળા હોય તેઓની ઉપર સો વાર પાણીથી ધોયેલા ઘી વડે અથવા અતિ શીતળ દૂધથી કે જેઠીમધના પાણીથી નિર્વાપણ કે શમન કરવું.' ૧૬

વ્રણને રૂઝવનાર કલ્ક

समङ्गधातकीपुष्पमम्रस्थामलकीत्वचम् ।
घृतं कृष्णास्तिला मांसी कल्कोऽयं व्रणरोपणः ॥

મજીઠ, ધાવડીનાં ફૂલ, છેક ટોચે રહેલી આમલીની છાલ, કેારા તલ અને જટામાંસી-એટલાં દ્રવ્યોને સમભાગે લઈ પીસી નાખીને તે તૈયાર કરેલ કલ્કને વ્રણની ઉપર લગાડ્યો હોય તો વ્રણને એ રૂઝવી નાખે છે. ૧૭

વિવરણ : સુશ્રુતમાં પણ રોપણને ઉદ્દેશી આવું વિધાન બતાવ્યું છે, જેમ કે-पित्तरक्तविषागन्तून् गम्भीरानपि च व्रणान् । रोपयेद्रोपणीयेन क्षीरसिद्धेन सर्पिषा । कफवाताभिभूतानां व्रणानां मतिमान् भिषक् । कारयेद्रोपणं तैलं भैषज्यैस्तद्यथोदितैः ॥ જે વ્રણો પિત્તથી, રક્તવિકારથી અને વિષના વિકારથી થયા હોય તેમ જ જે વ્રણો આગંતુ હોઈ બહારના કારણોથી થયા હોય તેમ જ જે વ્રણો ગંભીર હોય તેઓને રૂઝવવા માટે બુદ્ધિમાન વૈદ્યે રોપણ તૈલ તૈયાર કરવું; જેમ કે આ સુશ્રુત ગ્રંથના જ સૂત્રસ્થાનમાં 'ભિષક્' નામના ૩૬મા અધ્યાયના ૭ મા વિષયમાં તેની બનાવટ આ પ્રમાણે કહી છે કે વડ વગેરે ક્ષીરિવૃક્ષોની છાલોનો કવાથ અથવા બીજા પ્રકારનો હિતકારી કવાથ તૈયાર કરવો; જે વ્રણો બિલકુલ વેદના વગરના હોય અથવા થોડી વેદનાથી યુક્ત હોય પણ ગંભીર હોય તેઓના રોપણ-રૂઝવવા માટે સુશ્રુતના આ જ અધ્યાયમાં કહેલી સોમવલ્લી, બાલી, ગળો અને આસંધ વગેરે દ્રવ્યોની વાટો કરવી તે હિતકારી થાય છે. વળી જે વ્રણો પિત્તજ, રક્તજ, વિષજ તથા આગન્તુ હોય તેમ જ ગંભીર હોય તેઓનું પણ આ સુશ્રુતના આ અધ્યાયમાં કહેલ પૃશ્નિપર્ણી-નાનો સમેરવો તથા ક્ષીરવાળાં વજેરે દ્રવ્યોનો કલ્ક નાખી તૈયાર કરેલ ઘીથી રોપણ કરવું જોઈએ; પરંતુ જે વ્રણો કફ તથા વાયુથી પીડાયા હોય તેઓનું પણ રોપણ બુદ્ધિમાન વૈદ્યે આ સુશ્રુતના આ જ કહેલ તગર તથા અગર વજેરે ઔષધદ્રવ્યોનો કલ્ક નાખી વિધિ પ્રમાણે તૈલ પકવવું. ૧૭

વ્રણરોપણ તૈલ

एतैरेवौषधैः सर्वैः सर्पिस्तैलमथो पचेत् ।
व्रणरोपणमित्याहुः कटफलं वाऽत्रचूर्णितम् ॥१८॥

ઉપર દર્શાવેલ મજીઠ વગેરે બધાંયે ઔષધદ્રવ્યોથી વૈદ્ય તેલ પકવવું. એ તેલને વૈદ્યો 'વ્રણરોપણ' એ નામે કહે છે અથવા એ વ્રણની ઉપર કાયફળનું ચૂર્ણ ભભરાવ્યું હોય તો વ્રણને રૂઝવે છે. ૧૮

પાકતા તથા પાકી ગયેલા વ્રણનું લક્ષણ

ज्वरदाहपिपासार्त्या पच्यमानं व्रणं वदेत् ।
तेषां निवृत्तौ जानीयात् पक्वं पीनोन्नताकृतिम् ॥

જે વ્રણના રોગીને સંતાપ, દાહ તથા વધુ પડતી તરશ લાગ્યા કરતી હોય અને તેથી તે પીડાતો હોય તો તેનો એ વ્રણ પાકવા લાગ્યો છે, એમ વૈદ્યે કહેવું; પરંતુ એ જ્વર, દાહ અને તે વધુ પડતી તરશ દૂર થાય ત્યારે પુષ્ટ અને ઊંચી આકૃતિવાળો થયેલ તે વ્રણને પાકી ગયેલો જાણવો. ૧૯

મર્મસ્થાનમાં થયેલ વ્રણની ઉપેક્ષા કરી આ ચિકિત્સા કરવી

मर्मस्थश्चेदुपेक्ष्यः स्याद्वालं धात्रीं च पूरयेत् ।
गादध्ना म्रक्षितं चैनं बध्नीयाल्लवणान्वितम् ॥२०॥

જે વ્રણ મર્મસ્થાનમાં થયેલ હોય તો તેને ચીરવા વગેરે માટે પ્રયત્ન કરવો ન જોઈએ; પરંતુ એ વ્રણમાં બાલ (વાળો નામનું સુગંધી દ્રવ્ય) તથા આમળાંનું ચૂર્ણ જ ભર્યા કરવું જોઈએ; તેમ જ ગાયના દહીં સાથે કાલવેલા તે ચૂર્ણમાં લવણ તેને વ્રણ ઉપર બાંધવું. ૨૦

મર્મસ્થાનમાં નહિ થયેલ વ્રણની ચિકિત્સા

अमर्मजं पाटयेद्वा नेत्येके पूर्वदर्शनात् ।
रक्तक्षयादल्पभावाद्वन्याद्वालं कुपण्डितः ॥ २१ ॥

જે વ્રણ મર્મસ્થાનમાં થયેલ ન હોય તેને તો ચીરવો જોઈએ અથવા કેટલાક આચાર્યો કહે છે કે પ્રથમ બરાબર જોઈ-તપાસીને એમ તે વ્રણને પણ ચીરવો ન જોઈએ; કારણ કે વ્રણને ચીરવામાં જે કુશળ ન હોય તે મૂર્ખ વૈદ્ય, (હરકોઈ વ્રણને ચીરવા લાગે તો) તેથી લોહી ઓછું થાય તે કારણે (વ્રણના એ રોગી) એ બાળકને મારી નાખે છે. ૨૧

ચીરેલા વ્રણ પર લગાડવાનો લેપયોગ

पाटितं वा व्र.....
.....
.....(मञ्जि) ष्ठाऽथ मनःशिला।
प्रलेपः सघृतक्षौद्रः सवर्णकरणः परम्॥

અથવા તે વ્રણને ચીર નાખી તેની ઉપર મજીઠ તથા મણશીલનું ચૂર્ણ, ઘી તથા મધની સાથે કાલવીને તેનો લેપ લગાડવો જોઈએ; એમ લગાડેલો તે લેપ વ્રણને રુઝવી નાખી ચામડીને મૂળ રંગવાળી કરે છે. ૨૨

વ્રણની ચામડીને સવર્ણ કરનારો લેપ

त्रिफला जातिपुष्पाणि कासीसं लोहपत्रिका।
लेपः सगोमयरसः सवर्णकरणः परम्॥ २३॥

ત્રિફલા, જાવંત્રી, હીરાકસી અને લોઢાના પતરાનું બારીક ચૂર્ણ—એટલાં ગાયના છાણના રસ સાથે પીસી નાખી તૈયાર કરેલો તે લેપ વ્રણ ઉપર લગાડવાથી ચામડીને અસલી મૂળ રંગની કરે છે. ૨૩

વિવરણ: આ સંબંધે સુશ્રુતના ચિકિત્સા-સ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યું છે કે—दुरूढत्वात् कृष्णानां पाण्डुकर्म हितं भवेत्। सप्तरात्रं स्थितं क्षीरे छागले रोहिणीफलम्॥ तेनैव पिष्टं सुश्लक्ष्णं सवर्णकरणं हितम्॥ જે વ્રણો અયોગ્ય રીતે રુઝાયા હોઈને કાળા રંગના થઈ ગયા હોય, તેઓને અસલી રંગમાં લાવવા માટે પાંડુકર્મ કરવું હિતકારી થાય છે; 'રોહિણી' નામની હરડેનાં ફૂલને અથવા કડવી તુંબડીનાં ફળને સાત રાત સુધી બકરીના દૂધમાં બારીક વાટીને તેનો લેપ એ કાળા પડી ગયેલા વ્રણ ઉપર લગાડવો; તેથી ત્યાંની કાળી ચામડી મટીને મૂળ ચામડીના જેવા રંગવાળી થઈ જાય છે. ૨૩

વ્રણ રુઝાયા પછી ત્યાં ફૂંવાડાં ઉગાડવાનો ઉપાય

चतुष्पदानां त्वग्रोमखुरशृङ्गास्थिभस्मना।
तैलाक्ता चूर्णिता भूमिर्मर्मवेल्लोमरुहा पुनः॥ २४

(વ્રણ રૂઝાયા પછી) તે સ્થળે ફરી ફૂંવાડાં ઉગાડવાં હોય તો ચોપગાં પશુઓની ચામડી, ફૂંવાડાં, ખરી, શીંગડાં તથા હાડકાંની ભસ્મ બનાવી, રૂઝાયેલ વ્રણવાળી ચામડીના પ્રદેશ પર ફૂંવાડાં ઉગાડવાં હોય ત્યાં પ્રથમ તલનું તેલ લગાવી પેલી ભસ્મનું ચૂર્ણ ચોપડવું; તેથી એ જગ્યાએ ફરી ફૂંવાડાં ઊગી નીકળે છે. ૨૪

વિવરણ: આ સંબંધે ચરકે પણ ચિકિત્સા-સ્થાનના ૨૫ મા અધ્યાયમાં આ જ શ્લોક અક્ષરશ: લીધો છે. ૨૪

બાળકોની આઠ ફોલ્લીઓનાં નામો, રૂપો તથા ચિકિત્સા

अथ खलु बालानामष्टौ पिडकाः स्वशरीरदोषात् स्वदोषाच्चोत्पद्यन्ते। तासां निदानलक्षणे प्रोक्ते; नामरूपचिकित्सां च ब्रूमः—शाराविका च कच्छपिका च जालिनी च ताः कफप्रायाः, सर्षपिका वाऽलजी च विद्रधिश्च ताः पित्ताधिकाः, विनता वाताधिका, सर्वदोषजा त्वरुंषिका। तासां लक्षणानि—मध्ये निम्ना शाराविका, श्लक्ष्णोन्नता कच्छपिका, सिरजालतनुच्छिद्रवती जालिनी, सर्षपाभाऽल्पाऽऽशुपाकिनी बहुला वा सर्षपिका, बह्वल्पदरवाऽऽशुपाकवैसर्पाऽलजी, विनता तूदरे पृष्ठे वाऽवगाढनीला रुजावती, मांसपाकस्तु पित्तप्रकोपो वा उत्पद्यते, स एव सन्धिषु मर्मसु वा विद्रधिरित्युच्यते, विदह्याशु अङ्गं विदीर्यत इति विद्रधिः, सा बहिरन्तश्चोत्पद्यते; ते चोभे बालानां कृच्छ्रसाध्ये त्रिदोषजा त्वरुंषिका चतुर्विधा दोषभेदादेकैकाधिकसमदोषत्वात्; शूलतोदाटोपस्फुरणानाहपामा वातलिङ्गानि, ज्वरतृष्णादाहमोहमदप्रलापाः

पित्तलिङ्गानि, शैत्यपैच्छिल्यबहुक्लेदारुचिस्तैमित्यानि कफलिङ्गानि, सर्वैः समदोषत्वम्, अन्यत्रापि च व्रणे पूर्वोक्तानि च लक्षणानि ॥ २५ ॥

બાળકોના શરીર પર તેઓના પોતાના શરીરના દોષથી અને તેઓના પોતાના દોષના કારણે ખરેખર આઠ પ્રકારની ફોલ્લીઓ ઉત્પન્ન થાય છે. તેઓનાં નિદાનો તથા લક્ષણો તો પહેલાં કહેવાયાં જ છે. હવે તેઓનાં નામો, રૂપો તથા ચિકિત્સાને અમે કહીએ છીએ; એ આઠ પ્રકારની જે ફોલ્લીઓ થાય છે; તેમાંની શરાવિકા, કચ્છપિકા તથા જાલિની નામની ત્રણ તો લગભગ કફની પ્રધાનતા ધરાવે છે. સર્ષપિકા, અલજી અને વિદ્રધિ નામની ત્રણ ફોલ્લીઓ લગભગ પિત્તની અધિકતા કે પ્રધાનતા ધરાવે છે. વિનતા નામની સાતમી ફોલ્લી વાયુની અધિકતાવાળી હોય છે અને અરુંષિકા નામની આઠમી ફોલ્લી બધાયે દોષોના પ્રકોપથી ઉત્પન્ન થતી હોઈને 'સાંનિપાતિકી' કહેવાય છે. હવે તેઓનાં લક્ષણો આ પ્રમાણે સમજવાં: 'શરાવિકા' નામની ફોલ્લી કોડિયા જેવા આકારની હોઈ વચ્ચે ઊંડી હોય છે; 'કચ્છપિકા' નામની ફોલ્લી (કાચબા જેવી હોઈ) શ્લક્ષ્ણ-સુંવાળી તથા વચ્ચે ઊંચી હોય છે; 'જાલિની' નામની ફોલ્લી શિરાઓના સમૂહથી છવાયેલી અને પાતળ છિદ્રથી યુક્ત હોય છે; 'સર્ષપિકા' નામની ફોલ્લી લગભગ સરસવના જેવી પ્રકાશતી હોઈને નાની તથા જલદી પાકનારી હોય છે; 'અલજી' નામની ફોલ્લી ઘણા ઉપદ્રવોથી યુક્ત, જલદી પાકવાવાળી અને એકદમ ફુલાઈ જનારી હોય છે; 'વિનતા' નામની ફોલ્લી તો મધ્યમાં અથવા પીઠના ભાગમાં ઊંડાણવાળી તથા નીલા રંગની હોઈને પીડાથી યુક્ત હોય છે. જે ફોલ્લીમાં માંસનો પાક અથવા પિત્તનો પ્રકોપ ઉત્પન્ન થાય છે, તે જ બધા સાંધાઓમાં કે મર્મભાગોમાં થતી હોઈ 'વિદ્રધિ' એ નામે કહેવાય છે. એ વિદ્રધિ ફોલ્લી એકદમ દાહ ઉપજાવીને અંગને અતિશય ચીરી નાખે છે, તે કારણે 'વિદ્રધિ' એ નામે કહેવાય છે. એ વિદ્રધિ શરીરના બહારના ભાગ પર કે અંદરના ભાગમાં પણ ઉત્પન્ન થાય છે. એ વિદ્રધિ બાળકોને જો થઈ હોય તો ઘણી જ મુશ્કેલીએ મટે છે. 'અરુંષિકા' નામની જે ફોલ્લી ત્રણે દોષના પ્રકોપથી ઉત્પન્ન થાય છે, તે ચાર પ્રકારની હોય છે; દોષોના ભેદને લીધે તે અરુંષિકા એક એક દોષની અધિકતાવાળી થઈને વાતાધિકા, પિત્તાધિકા અને કફાધિકા—એમ ત્રણ પ્રકારની થાય છે અને બધાયે દોષો જેમાં એકસરખા કોપ્યા હોય તે ચોથી 'સમદોષજા' નામે કહેવાય છે; જે અરુંષિકામાં શૂલ, તોદ, આટોપ, ફરકવું, મલબંધ તથા ખસ પણ સાથે હોય તેને વાયુનાં ચિહ્નો જાણવાં. જેમાં જ્વર, વધુ પડતી તરશ, દાહ, મોહ, મદ તથા પ્રલાપ ખાસ હોય તેઓને પિત્તનાં લક્ષણો જાણવાં; તેમ જ શીતળપણું, ચિકાશ, પચપચાપણું, અરુચિ તથા સૌમિત્ય એટલે કે ભીના કપડાથી જાણે લપેટી હોય એવું લાગે તેને કફનાં લક્ષણો જાણવાં. (એ તે તે લક્ષણો ઉપરથી તે તે અરુંષિકાને તે તે એક એક દોષની અધિકતાવાળી જાણવી;) પરંતુ બધાયે દોષોના પ્રકોપથી થયેલી—સાંનિપાતિક અરુંષિકામાં તો એ ત્રણે દોષોની સમાનતા હોવાના કારણે તે અરુંષિકાને સર્વ સમદોષજા—સાંનિપાતિકી અરુંષિકા જાણવી, આ બધી ફોલ્લીઓ સિવાયના બીજા વ્રણોમાં પણ ઉપર દર્શાવેલ તે તે લક્ષણો ઉપરથી તે તે દોષજન્ય તે તે વ્રણો જાણી શકાય છે. ૨૫

વિવરણ: સુશ્રુતે નિદાનસ્થાનના ૬ઠ્ઠા અધ્યાયમાં ૧૦ પિડકાઓનાં લક્ષણો આમ કહ્યાં છે, જેમ કે-

'तत्र वसामेदोम्यामभिषन्नशरीरस्य त्रिभिर्दोषैश्चानुगतधातोः प्रमेहिणो दश पिडकाः जायन्ते । तद्यथा—शराविका सर्षपिका कच्छपिका जालिनी विनता पुत्रिणी मसूरिका अलजी विदारिका विद्रधिका चेति । તેમાં જે પ્રમેહના રોગી માણસનું શરીર વસા અને મેદથી યુક્ત બન્યું હોય અને જેના શરીરની ધાતુઓ ત્રણે દોષથી અનુસરાયેલી હોય તેના શરીર પર દશ ફોલ્લીઓ ઉત્પન્ન થાય છે; તે જેમ કે શરાવિકા, સર્ષપિકા, કચ્છપિકા, જાલિની, વિનતા, પુત્રિણી, મસૂરિકા, અલજી, વિદારિકા તથા વિદ્રધિકા—એ દશ ફોલ્લીઓનાં લક્ષણો આ પ્રમાણે હોય છે; શરાવિકાનું લક્ષણ આ છે કે—વચ્ચેથી તે દબાયેલી હોય છે. ચરકે પણ સૂત્રસ્થાનના ૧૭મા અધ્યાયમાં 'શરાવિકા' નામની ફોલ્લીનું લક્ષણ આ પ્રમાણે કહ્યું છે કે—' अन्तोन्नता मध्यनिम्ना श्यावाकलेदरुजान्विता। शराविका स्यात्पिडका शरावाकृतिसंस्थिता ॥ 'શરાવિકા' નામની જે ફોલ્લી થાય છે, તે છેડેથી ઊંચી, મધ્યમાં ઊંડી, શ્યામરંગની હોઈને કાળાશયુક્ત પીળી, પચપચાપણું તથા પીડાથી યુક્ત અને કોડિયાંના જેવી હોય છે, તેથી 'શરાવિકા' એ નામે કહેવાય છે.' એ જ પ્રકારે સુશ્રુતે પણ નિદાનસ્થાનના ૬ ઠ્ઠા અધ્યાયમાં આ પ્રમાણે જ કહ્યું છે.' તે પછી 'કચ્છપિકા' નામની ફોલ્લીનું લક્ષણ પણ અહીં મૂળમાં આમ કહ્યું છે કે જે ફોલ્લી સુંવાળી અને કાચબાની પીઠ જેવી ઊંચી હોય તેને 'કચ્છપિકા' નામની ફોલ્લી જાણવી. ચરકે પણ સૂત્રસ્થાનના ૧૭મા અધ્યાયમાં આ 'કચ્છપિકા' ફોલ્લીનું લક્ષણ આમ કહ્યું છે કે—' अवगाढार्तिनिस्तोदा महावास्तुपरिग्रहा । श्लक्ष्णा कच्छपपृष्ठाभा पिडकाकच्छपी मता ॥ જે ફોલ્લી નીચેના ભાગમાં ઊંડી હોય, પીડા તથા સોય ભોંકાયા જેવી વેદનાથી યુક્ત હોય, જેનું ઉત્પત્તિસ્થાન ખૂબ વિસ્તારવાળું હોય, સ્પર્શમાં જે સુંવાળી તથા દેખાવમાં કાચબાની પીઠ જેવી જે જણાતી હોય, તેને 'કચ્છપિકા' એ નામે માની છે.' સુશ્રુતે પણ નિદાનસ્થાનના ૬ ઠ્ઠા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે—'सदाहा कूर्मसंस्थाना ज्ञेया कच्छपिका बुधैः ॥ જે ફોલ્લી બળતરાથી યુક્ત હોય અને કાચબાના જેવા આકારની હોય તેને વિદ્વાનોએ 'કચ્છપિકા' નામે જાણવી.' તે પછી 'જાલિની' નામની ફોલ્લીનું લક્ષણ અહીં મૂળમાં આમ કહ્યું છે કે—જે ફોલ્લી શિરાઓના સમુદાયથી યુક્ત હોય અને જેમાં નાનાં નાનાં છિદ્રો પણ હોય તેને 'જાલિની' નામની ફોલ્લી જાણવી.' ચરકે પણ સૂત્રસ્થાનના ૧૭મા અધ્યાયમાં આ 'જાલિની' ફોલ્લાનું આવું સ્વરૂપ લક્ષણ કહ્યું છે કે—' स्तब्धा शिराजालवती स्निग्धस्रावा महारुजा। रुजानिस्तोदबहुला सूक्ष्मच्छिद्रा च जालिनी ॥ જે ફોલ્લી સજ્જડ હોય, શિરાઓનાં જાળાંથી યુક્ત હોય, ચીકણા સ્રાવને સ્રવતી હોય, ખૂબ ફેલાયેલી હોય, જેમાં પીડા અને સોય ભોંકાયા જેવી વેદના ઘણી જ થતી હોય તેમ જ જેમાં સૂક્ષ્મ છિદ્રો જણાતા હોય તે ફોલ્લીને 'જાલિની' નામે જાણવી.' એ પછી 'સર્ષપિકા' નામની ફોલ્લીનું સ્વરૂપ અહીં મૂળમાં આવું કહ્યું છે કે—જેનો આકાર સરસવના જેવો હોય, જે નાની હોય અને એકદમ પાકી જનારી હોય અને જેની સંખ્યા ખૂબ વધુ પ્રમાણમાં હોય તેને 'સર્ષપિકા' નામની ફોલ્લી જાણવી.' ચરકે પણ સૂત્રસ્થાનના ૧૭મા અધ્યાયમાં આ ફોલ્લીનું લક્ષણ આમ કહ્યું છે કે—' पिडका नातिमहती क्षिप्रपाका महारुजा । सर्षपी सर्षपाभाभिः पिडकाभिश्चिता भवेत् ॥ જે ફોલ્લી ઘણી મોટી ન હોય, જલદી પાકવાના સ્વભાવવાળી અને ખૂબ પીડાને ઉપજાવતી હોય તેમ જ સરસવના જેવા દેખાવની બીજી ઘણી ફોલ્લીઓથી ચારે બાજુ જે છવાયેલી હોય તેને 'સર્ષપી કે સર્ષપિકા' એ નામે જાણવી. આ જ પ્રકારે સુશ્રુતે પણ નિદાનસ્થાનના ૬ ઠ્ઠા અધ્યાયમાં આ સર્ષપીનું લક્ષણ આવું જ કહ્યું છે. તે પછી અહીં મૂળમાં 'અલજી' નામની ફોલ્લીનું લક્ષણ કહે છે કે—જે ફોલ્લી અનેક ઉપદ્રવોથી યુક્ત હોય અને જલદી પાકવાના સ્વભાવવાળી હોય; તેમ જ ચારે તરફ ફેલાવાના સ્વભાવવાળી હોય તે 'અલજી' નામની ફોલ્લી કહેવાય છે. આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૧૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે—' दहति त्वचमुत्थाने तृष्णामोहज्वरप्रदा । विसर्पत्यनिशं दुःखाद्दहत्यग्निरिवालजी ॥ જે ફોલ્લી ઉત્પન્ન થાય છે, ત્યારે ત્વચાને જાણે

બાળી નાખતી હોય તેવો દાહ કરે છે. તેની સાથે વધુ પડતી તરશ, મોહ-મૂંઝારો તથા જ્વર પણ આવે છે અને નિરંતર વિશેષ ફેલાય છે; તેમજ દુઃખના કારણે અગ્નિના જેવી જાણે બળતરાને કરે છે તેને 'અલજી' નામની ફોલ્લી કહી છે.' સુશ્રુતે પણ નિદાનસ્થાનના ૬ ઠ્ઠા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે-'રક્તા સિતા સ્ફોટવતી દારુણા ત્વલજી મવેત્। 'અલજી' નામની ફોલ્લી તો રાતી અને ધોળી પણ થાય અને તેની ચોપાસ ફેલાવા છવાયેલા હોઈને તે ભયંકર હોય છે.' તે પછી અહીં મૂળમાં વિનતા નામની ફોલ્લીનું લક્ષણ આમ કહ્યું છે કે 'જે ફોલ્લી પેટ અથવા પીઠ પર થાય છે, રંગમાં જે નીલી હોઈ ઊંડી હોય છે અને પીડાથી જે યુક્ત હોય તે 'વિનતા' નામે કહેવાય છે.' આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૧૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે-'અવગાઢરુજાક્લેદા પૃષ્ઠે વાઽપ્યુદરેઽપિ વા। મહતી વિનતા નીલા પિડકા વિનતા મતા ॥ જે ફોલ્લી ઊંડી પીડા તથા કચ-કચાટથી યુક્ત, કદમાં મોટી, અને વિશેષ નમેલી તથા લીલા રંગની હોય તેને 'વિનતા' નામે માની છે. તે પછી અહીં મૂળમાં 'વિદ્રધિ' નામની ફોલ્લીનું લક્ષણ આમ કહ્યું છે કે-જેમાં માંસનો પાક થાય, પિત્તનો પ્રકોપ હોય અને તેની ઉત્પત્તિ સાંધાઓમાં કે મર્મસ્થાનમાંથી થતાં તેને વિદ્રધિ નામની ફોલ્લી કહી છે. એ વિદ્રધિ તરત જ દાહ ઉપજાવે તથા એકદમ અંગને ચિરાયેલું કરી મૂકે છે, તેથી 'વિદ્રધિ' નામે કહેવાય છે. એ વિદ્રધિના બે પ્રકારો છે: એક શરીરની અંદર થાય તે 'અંતર વિદ્રધિ' અને બીજી જે શરીરની બહાર થાય છે તે બાહ્ય વિદ્રધિ' કહેવાય છે. આ બન્ને વિદ્રધિ બાળકોને થઈ હોય તો કૃચ્છ્રસાધ્ય-ઘણી મુશ્કેલીએ મટે છે. ચરકે પણ સૂત્રસ્થાનના ૧૭ મા અધ્યાયમાં આ બન્ને વિદ્રધિઓનું આવું લક્ષણ કહ્યું છે કે-વિદ્રધિં દ્વિવિધામાહુર્બાહ્યામાભ્યન્તરીં તથા। બાહ્યા ત્વક્સ્નાયુમાંસોત્થા કણ્ડરાભા મહારુજા।-વૈદ્યો વિદ્રધિને બે પ્રકારની કહે છે એક બાહ્ય વિદ્રધિ અને બીજી અંતર વિદ્રધિ તેમાંની બાહ્યવિદ્રધિ ત્વચા, સ્નાયુ તથા માંસમાંથી ઉત્પન્ન થાય છે. તેનો દેખાવ 'કંડરા (નામના લાંબા સ્થૂલ સ્નાયુ) જેવો હોય છે અને તેમાં અતિશય મોટી પીડા થાય છે. એમ બાહ્ય વિદ્રધિનું લક્ષણ કહ્યા પછી ચરકે ત્યાં જ અંતર વિદ્રધિનું પણ આવું સંપ્રાપ્તિપૂર્વકનું લક્ષણ કહ્યું છે કે, 'અન્તઃ શરીરે 'માંસાસૃગા-વિશન્તિ યદા મલાઃ। તદા સંજાયતે ગ્રન્થિર્ગમ્ભીરસ્થઃ સુદારુણઃ ॥ હૃદયે ક્લોમ્નિ યકૃતિ પ્લીહ્નિ કુક્ષૌ ચ વૃક્કયોઃ ॥ શરીરની અંદર રહેલા મળો કે વાતાદિ દોષો (દુષ્ટ થઈને કે વિકાર પામીને) જ્યારે શરીરની અંદર જ માંસમાં તથા લોહીમાં પ્રવેશ કરે છે, ત્યારે હૃદયમાં, ક્લોમન્ નામના તરશ લાગવાના સ્થાનમાં, લીવરમાં, બરોળમાં 'વૃક્ક' નામના બે માંસખંડ-જે કુખમાં બેય બાજુ પર રહેલા છે, તેની ઉપર, નાભિમાં, 'વંક્ષણ' નામના બે સાથળના સાંધાઓમાં કે મૂત્રાશયમાં 'અંતર વિદ્રધિ' નામની અંદર જ એક જાતની ગાંઠ ઉત્પન્ન થાય છે; તેમાં તીવ્ર વેદના થયા કરે છે.' એમ વિદ્રધિનું લક્ષણ કહ્યા પછી અહીં મૂળમાં 'અરુષિકા'નું આવું લક્ષણ કહ્યું છે કે જે ફોલ્લી બધાય દોષોના પ્રકોપથી ઉત્પન્ન થાય છે, તે અરુંષિકા નામે કહેવાય છે. તેના ચાર પ્રકારો હોય છે: વાતજ, પિત્તજ, કફજ અને ચોથી ત્રિદોષજ-સાંનિપાતિકી થાય છે. અરુંષિકાના સંબંધે સુશ્રુતે નિદાનસ્થાનના ૧૩ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે-'અરુંષિ બહુવક્ત્રાણિ બહુક્લેદાનિ મૂર્ધનિ। કફાસૃક્ કૃમિકોપેન નૃણાં વિદ્યાદરુંષિકામ્ ॥ માણસના મસ્તકમાં કફ, લોહી તથા કીડાના વિકારથી ઘણાં વાંકાં અને ઘણા જ કચકચાપણાથી યુક્ત અરુંષ એટલે વ્રણો અથવા નાળાંઓ થાય છે. તેઓને 'અરુંષિકા' નામે જાણવાં.' તે અરુંષિકા વાતજ, પિત્તજ, કફજ તથા ત્રિદોષજ પણ થાય છે. જેથી તેના પણ ચાર પ્રકારો થાય છે જેમ કે જેમાં શૂલ, સોય ભોંકાયા જેવી પીડા, આટોપ, અંગોનું ફરકવું, મલબંધ તથા ખસનો રોગ સાથે હોય તેને વાતજ અરુંષિકા કહે છે. વળી જેમાં

જ્વર, વધુ પડતી તરશ, દાહ, મૂર્ચ્છા કે મૂઝવણ, મદ તથા બકવાદ પણ સાથે હોય તેને પિત્તજ અરુંષિકા જાણવી. વળી જેમાં શીત, ચીકાશ કે પચપચાપણું, ઘણો જ ભેજ કે ભીનાશ હોય અને અરુચિ તથા સ્તૈમિત્ય એટલે કે ભીનાં કપડાંથી લપેટ્યા જેવી સ્થિતિ જણાય તો તેને કફજ અરુંષિકા જાણવી; પરંતુ જેમાં બધા દોષોનાં લક્ષણો જણાતાં હોય તેને સર્વ દોષજ–સાન્નિપાતિકી અરુંષિકા જાણવી.' ૨૫

तत्र श्लोकाः—એ વિષે આ શ્લોકો મળે છે:

पूर्वं सराविकाद्यासु सुस्निग्धस्य विरेचनम्।
शस्यते च भिषक्! तासु व्रणकर्म यथोचितम्॥

'शराविका' આદિ ઉપર કહેલી ફોલ્લીઓ થાય ત્યારે વૈદ્ય તેના રોગીને પ્રથમ સારી રીતે સ્નિગ્ધ કરી વિરેચન આપવું અને તે પછી એ ફોલ્લીઓમાં યથાયોગ્ય વ્રણકર્મ કરવું એટલે કે જે પ્રમાણે ઘટે તે પ્રમાણે વ્રણને લગતી ચિકિત્સા કરવી તે ઉત્તમ ગણાય છે. ૨૬

વિવરણ: સુશ્રુતે પણ આ સંબંધે ચિકિત્સાસ્થાનના ૧૨ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે तत्र शस्त्रप्रणिधानमुक्तं व्रणक्रियोपसेवा च। તે 'शराविका' આદિ ફોલ્લીઓ થઈ હોય ત્યારે શસ્ત્રક્રિયા કરવી, એમ ધન્વન્તરિએ કહ્યું છે; તેમ જ વ્રણને લગતી ક્રિયા કે ચિકિત્સા પણ સેવવી જોઈએ.' ૨૬

ઉપર્યુક્ત ફોલ્લીઓ કાચી હોય ત્યારે કરવાની ચિકિત્સા

निवर्तनमपक्कासु पिडकासु प्रयोजयेत्।
परिषेकैः प्रलेपैश्च घृतपानैर्हिताशनैः॥ २७॥

ઉપર્યુક્ત પિડકાઓ કાચી હોય ત્યારે તેઓની ઉપર સિંચન, પ્રલેપ, ઘૃતપાન તથા હિતકારી ભોજનો કરવારૂપ ચિકિત્સાનો પ્રયોગ કરાવવો જોઈએ. ૨૭

વિવરણ: સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૧૨ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે 'अपक्वानां पिडकानां शोफवत् प्रतीकारः। ઉપર્યુક્ત જે ફોલ્લીઓ કાચી હોય ત્યારે તેની ચિકિત્સા સોજાની જેમ કરવી જોઈએ.' વળી તે સુશ્રુતે જ ચિકિત્સાસ્થાનના ૨૩ મા અધ્યાયમાં સોજા॥ જે સામાન્ય ચિકિત્સા કહી છે, તે જ કાચી કે ફોલ્લીઓની પણ કરવી. ૨૭

અરુંષિકાની ખાસ ચિકિત્સા

अरुंषिकासु सततं शिरसो मुण्डनं हितम्।
स्नापनं म्रक्षणं चैव व्रणतैलैरनेकशः॥ २८॥

અરુંષિકા પિડકાઓ થઈ હોય ત્યારે નિરંતર મસ્તકનું મુંડન કરાવવું તેમ જ વ્રણને લગતાં તેલો વડે અનેકવાર મસ્તક પર માલિશ તથા સ્નાન કરાવવું તે હિતકારી થાય છે. ૨૮

અરુંષિકા પરની રસક્રિયા તથા મર્દન

द्वे हरिद्रे त्रिकटुकं सैन्धवं वा (च) मनःशिला।
सुवर्णजो जपा जातिर्वचा कुष्ठं रसक्रिया॥
अश्वघ्नमूलोदकणादशमूलं फलत्रयम्।
एतैर्गोमूत्रसंयुक्तैः प्रमृद्नीयादरुंषिकाम्॥
एतैरेव पचेत्तैलं हन्ति तच्चाप्यरुंषिकाम्॥ ३०॥

બન્ને હળદર–હળદર તથા દારુહળદર, સૂંઠ, મરી અને પીપર; સૈંધવ, મણશીલ, સોનેરી જાસૂદનાં ફૂલ, જાઈ, વજ તથા કઠ–એટલાં ઔષધદ્રવ્યોની જો રસક્રિયા કરાય; તેમ જ કણેરના મૂળનું પાણી, પીપર, દશમૂળ તથા ત્રિફલા–એટલાં દ્રવ્યો સમાનભાગે લઈ તેઓનું ચૂર્ણ કરી તેને ગોમૂત્ર સાથે મેળવી અરુંષિકા પર મર્દન કરાય અને તે જ ઉપર્યુક્ત દ્રવ્યો વડે તેલ પકવી અરુંષિકા પર મર્દન કરાય તો તે (બંને પ્રકારની) ચિકિત્સા પણ અરુંષિકાનો નાશ કરે છે. ૨૯,૩૦

વેદનાયુક્ત અરુંષિકા પર કરવાનું ઉદ્વર્તન તથા લેપ

अथ चेद्वेदनां दद्यात्तिलैरुद्वर्तयेत्ततः॥
स्वादुना व्रणतैलेन नवनीतेन वा दिहेत्॥३१॥

અરુંષિકા ફોલ્લી જો વેદના કરે તો, તેની ઉપર (પીસી નાખેલા) તલથી ઉદ્વર્તન અથવા ઉબટણ કરવું, પછી તેની ઉપર સ્વાદિષ્ટ વ્રણતેલ વડે કે માખણ વડે

લેપ લગાવવો. ૩૧

લોહીથી ભરેલી અરુંષિકાને છેદી કરવાનો લેપ

अथो सलोहितां छिन्नां क्षुरेणारुंषिकां भिषक् ।
तुल्याभ्यां क्षीरमूत्राभ्यां सिद्धोष्णाभ्यां प्रलेपयेत् ॥

અરુંષિકા જો લોહીથી ભરેલી હોય તો વૈદ્યે તેને અસ્ત્રથી કાપી નાખી (તેમાંનું બગડેલું લોહી કાઢીને) તેની ઉપર સમાનભાગે પકવ કરેલ ગાયના ગરમ દૂધ વડે તથા ગોમૂત્ર વડે પ્રલેપ કરવો. ૩૨

ઉપર કહેલી ચિકિત્સા નિષ્ફળ થાય તે રુધિરસ્રાવણ

न चेदेवं निवर्तेरन् स्रावणं तु ततः परम् ॥३३॥

એમ ઉપર દર્શાવ્યા પ્રમાણે કર્યા છતાં અરુંષિકા જો ન મટે તો તેમાંથી રુધિરનું સ્રાવણ કરવું જોઈએ. ૩૩

વિવરણ : આ સંબંધે સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૨૦મા અધ્યાયમાં આમ કહ્યું છે કે– 'अरुंषिकां हृते रक्ते सेचयेन्निम्बवारिणा–લોહીથી ભરેલી અરુંષિકામાંથી બગડેલા લોહીનું સ્રાવણ કર્યા પછી તેની ઉપર લીંબડો નાખી ઉકાળેલા પાણીનું સિંચન કરવું; તે પછી તેની ઉપર લવણયુક્ત ઘોડાની લાદનો કે હરતાલ વગેરેનો લેપ કરવો.'૩૩

અરકીલિકા રોગની નિદાનપૂર્વકની સંપ્રાપ્તિ

यदा पक्वेष्टकाचूर्णैरभीक्ष्णं गुण्ड्यते शिशुः ।
त्रपुसैर्वारुबीजं वा खादतोऽङ्गेषु शुष्यति ॥ ३४ ॥
मेदोऽभिवर्धनं चान्नं दिवास्वप्नं च सेवते ।
तस्य मेदः प्रकुपितं वायुना त्वचमाहृतम् ॥३५॥
मेदःपूर्णत्वचानद्धा जनयत्यरकीलिकाः ।
लवकर्तन(तप्रेता)दृश्यन्ते च क्वचित् क्वचित् ॥३६
कर्कन्धुगोस्तनप्रख्या वर्धमाना भवन्ति च

જ્યારે પાકી ઈંટના ચૂર્ણથી બાળકને વારંવાર ખરડ કરાય અથવા ચીભડાં કે કાકડીનાં બીજ બાળક ખાધા કરે તો તેથી તેનાં અંગો સૂકાવા માંડે અને મેદને વધારનારું અન્ન જો સેવે, તેમ જ દિવસે સૂવાનું જો ચાલુ રાખે તો તે બાળકની મેદધાતુ વિકાર પામે અને પછી તે વિકૃત મેદને વાયુ ચામડી પર લાવે તો મેદથી ભરપૂર બનેલી ચામડી ઉપર ચોપાસ છવાયેલી 'અરકીલિકા' અથવા સળીઓ જેવી ખીલીઓના રોગને ઉત્પન્ન કરે છે. એ ખીલીઓ પ્રથમ થોડું થોડું ખોતરવાથી કે ખણવાથી ક્યાંક ક્યાંક દેખાય છે; પછી તો વધવા માંડીને બોરના જેવડી કે ગાયના આંચળના જેવી થાય છે. ૩૪–૩૬

વિવરણ : સુશ્રુતે નિદાનસ્થાનના બીજા અધ્યાયમાં આ અરકીલિકાને ચર્મકીલના રૂપમાં વર્ણવી છે; જેમ કે–व्यानस्तु प्रकुपितः श्लेष्माणं परिगृह्य बहिः स्थिराणि कीलवदर्शांसि निर्वर्तयति, तानि चर्मकीलान्यर्शांसीत्याचक्षते–પ્રકોપ પામેલો વ્યાનવાયુ, કફને પોતાની સાથે ગ્રહણ કરી બહારના ભાગમાં ખીલાના જેવા સ્થિર અર્શસોને ઉત્પન્ન કરે છે; તેઓને વૈદ્યો 'ચર્મકીલ' અર્શસ નામે કહે છે.

અષ્ટાંગહૃદયમાં આ અરકીલિકાને જ કાળા-ધોળા 'ચર્મકીલ' અથવા મસા કહ્યા છે; જેમ કે– 'मांसोन्मस्तून्नततरान् चर्मकीलान् सितासितान्–ધોળા અને કાળા ચર્મકીલ થાય છે તે (ચામડીની ઉપર થતા હોઈને) મસાઓ કરતાં અતિશય ઊંચા હોય છે.' ૩૪–૩૬

ઉપર કહેલી અરકીલિકાની ચિકિત્સા

तासां दहनमेवाग्रे तप्तैः स्नेहैर्गुडेन वा ॥
एकैकशो हितं जन्तोरुच्छित्वा वा क्षारसारणम् ।
बन्धनं क्षारसूत्रैर्वा व्रणकर्म ततः परम् ॥ ३७ ॥

ઉપર જણાવેલ અરકીલિકા રોગને પ્રથમ તો તપાવેલ તેલ કે ઘીથી અથવા ગોળથી બાળી નાખવો એ જ ઠીક છે; અથવા માણસ તે એક એક અરકીલિકાને કાપી નાખી તેની ઉપર ક્ષાર ભભરાવી દેવો તે પણ હિતકારી થાય છે અથવા ક્ષારથી યુક્ત કરેલા સૂતરના દોરાથી તે અરકીલિકાને બાંધવી જોઈએ અને તે પછી તેની ઉપર વ્રણને લગતી ચિકિત્સા કરવી. ૩૭

અરકીલિકા અથવા હરકોઈ ત્વચા-રોગનાં નિદાનો

विरुद्धाजीर्णशयनपूतिपर्युषितात्युष्णविषमाशना-

सुर.....णादवलङ्घनादवधूननाद्बीजानां कोद्रवशणबीजमूलकातसीकार्पासानां तुवरीकुलत्थादीनां दह्यमानानां गन्धाघ्राणात् तथा वस्त्रावकर्तनालभल्लातकास्थि .... ३८॥

વિરુદ્ધ ભોજન (દૂધ, માછલાં વગેરે ભેગાં કરી ખાવું), પહેલાંનું ખાધેલું પચ્યું ન હોય છતાં તેની ઉપર ખાવું, કોહી ગયેલું વાસી ઘણું ગરમ અને અયોગ્ય સમયે અને પોતાને માફક ન હોય તે ખાવું, તેનાથી તેમ જ કોઈ પણ કામમાં ઉતાવળ કરવાથી, વધુ પડતા ઉપવાસો કરવાથી, બિયાંને ઝાટકવાથી અથવા કોદરા, શણનાં બીજ, મૂળા કે મૂળિયાં, અળસી, કપાસ, તુવેર કે કળથી વગેરેને કોઈ બાળતું હોય ત્યારે તેની ગંધને સૂંઘવાથી કે વસ્ત્રોને કાતરવાથી અને આલ કે હરતાલ તથા ભિલામાંના ઠળિયાને કાઢવા વગેરે કામ કરવાથી પણ આ અરકીલિકા રોગ (અથવા હરકોઈ ત્વચારોગ કે ચામડીના રોગો) ઉત્પન્ન થાય છે. ૩૮

વિવરણ: અહીં આ સૂત્ર-ખંડિત છે; પણ આરંભના શબ્દો જોતાં એમ લાગે છે કે આ સૂત્રમાં અરકીલિકા કે કોઈ ત્વચારોગનાં નિદાનો અહીં જણાવેલાં હોય એમ લાગે છે. ૩૮

અરકીલિકામાં પથ્ય

....शालिपिष्टकसाधितम्। क्षातं सशर्करक्षौद्रनवनीतं ....लेहयेत्नवनीतं वा लेहयेद्वा तर्पश्चितम् (?)। दीप्ताग्निमवसन्नाग्नि स्तन्येनेव तु धारयेत्॥ ३९॥

શાલિચોખા-ડાંગરના લોટથી પકવેલ રાબ શીતળ થાય ત્યારે તે ચટાડવી અથવા સાકર તથા મધથી મિશ્ર કરેલ માખણ ચટાડવું અથવા એકલું માખણ કે એકલી મલાઈ ચટાડવી; ઉપરનું ચાટણ પ્રદીપ્ત અગ્નિવાળા (અરકીલિકાના) રોગી બાળકને જ આપી શકાય છે; પણ જેનો અગ્નિ મંદ થયો હોય તેને તો માતાના ધાવણ ઉપર જ રાખવો જોઈએ. ૩૯

બાળકના ક્ષતની ચિકિત્સા

चपलानां तु बालानां सर्पतां वा तथा भृशम्॥४०॥ तृणकाष्ठेष्टकाशस्त्रैरन्यैर्वाऽपि क्षतं भवेत्। आमच्छेदवदे(वेदं) दारुणस्तस्य चात्ययः॥४१॥ संदध्यात्तं विनिर्मृज्य सिञ्चेदुष्णोदकेन च। अथातिरुधिरस्रावे संस्तम्भ्यः शीतवारिणा॥४२ स्वेदयेद्वा प्रसङ्गे तु दहनं क्षारमेव वा। सहितं मधुसर्पिर्भ्यां बध्नीयात् पथ्यभोजिनः॥४३ उभयोर्घृतपानं च विदध्याद् व्रणवत् क्रियाम्।

જે બાળકો ચપળ હોય અથવા ખૂબ રીંખતાં હોય તેઓને ઘાસ, લાકડાં, ઈંટ કે શસ્ત્રોની સાથે ઘર્ષણ થવાથી (શરીર પર કે હાથ-પગ ઉપર) ચાંદાં પણ પડી જાય છે. તેની વેદના કાચા વ્રણના છેદનની પેઠે તીક્ષ્ણ થાય છે. તે ક્ષતની ઉપર ગરમ પાણીથી સિંચન કરી તેને લૂછી નાખીને સંધાન કરવું-ચીરાડ પડી હોય તેને સાંધવી; પણ જો રુધિરનો સ્રાવ વધુ થતો હોય તો શીતળ પાણી રેડીને તે રુધિરસ્રાવને રોકવો; તેમ જ તેની ઉપર બાફ કે શેક કરવારૂપ ચિકિત્સા કરવી; અથવા પ્રસંગો આવશ્યક જણાય તો ડામવારૂપ ક્રિયા કે ક્ષારકર્મ-ક્ષાર ભભરાવવારૂપ ચિકિત્સા જ કરવી અથવા મધ અને ઘી બન્નેનો લેપ લગાડી પાટો બાંધી દેવો. ઉપરાંત તે ક્ષતવાળાં બાળકને પથ્ય ભોજન કરાવવું અથવા તે બન્નેના રોગીને એટલે કે ઉપર કહેલ અરકીલિકા કે ક્ષતના રોગી બાળકને ઘી પાવું તેમ જ એ બેયની ચિકિત્સા વ્રણના જેવી કરવી. ૪૦-૪૩

બાળકને થતી દાદર અને તેની ચિકિત્સા

शीतकालेषु भूयिष्ठं बालानां कुक्षिशायिनाम्॥४४ स्वमूत्रोपहताङ्गानां मूत्रसंक्लिन्नवाससाम्। तृणेषु वा शयानानां स्नानोद्वर्तनवर्जिनाम्॥ ४५

कृमिमत्कुणयूकानां संभवात्तैश्च भक्षणात्।
गात्रं दद्रुलतां याति कटिदेशे विशेषतः ॥४६॥
म्रक्षणोद्वर्तनस्नानं गन्धधूपनिवेषणम्।
बालानां शस्यते तत्र शय्यायाश्च विकल्पनम्॥

શીતકાળમાં (ધાવણાં) બાળકો માતાના પડખામાં લગભગ સૂઈ રહેતાં હોય છે; તે વેળા તેઓનાં અંગો પોતાનાં (વિષ્ઠા તથા) મૂત્રથી ખરડાયેલાં થાય છે અને તેઓએ પહેરેલાં વસ્ત્રો પણ મળમૂત્રથી ભીનાં થયેલાં હોય છે અથવા જે બાળકો ઘાસની ચટાઈ ઓ પર સૂઈ રહેતાં હોય તેમ જ (શીતકાળને લીધે) સ્નાન કે કપડાંથી લૂછી સાફ કરવાની ક્રિયા વગરનાં રહેતાં હોય તેઓનાં કપડાં વગેરેમાં કીડા, માંકડ–જૂ વગેરેની ઉત્પત્તિ થાય છે અને તેઓથી તે બાળકોને હેરાનગતિ પણ સંભવે છે. એ કારણે તે બાળકોનાં અંગો બહારના ભાગમાં દાદરના રોગથી વ્યાપ્ત બને છે અને તેમાં પણ તેઓના કેડના પ્રદેશ પર દાદરનાં ચાઠાં વિશેષે કરી થાય છે તે વખતે એ બાળકોને તેલમાલિશ, અમુક ચોળવાનાં દ્રવ્યોથી તે દાદરોને ચોળવી. એ બાળકોને સ્નાન કરાવવું અને સુગંધી ધૂપનું સેવન કરાવવું એ ઉત્તમ ઉપચાર કહેવાય છે; તેમ જ એ બાળકની શય્યાને વારંવાર બદલ્યા કરવી તે પણ હિતકારી થાય છે. ૪૪–૪૭

બાળક ભય પામી જાગી જાય તેનાં કારણ

नित्यमेव तु बालानां निशि स्नेहविमर्दनम्।
हितं निद्राकरं बल्यं वर्धनं श्रमनाशनम् ॥ ४८॥
तस्माच्च शस्यते नित्यं बालानां परिमर्दनम्।
महासेनस्य तुष्ट्यर्थं सृष्टः शक्रेण धीमता ॥ ४९॥
कुञ्जरो दुस्सहो नाम ऐरावण(त)बलद्युतिः।
स स्कन्देनोपवाह्यश्च कृतः शाखविशाखयोः ॥५०
आभ्यां परमतुष्टाभ्यां ग्रामपोऽस्त्यश्वमभिः कृतः।
उपग्रहाणां सर्वेषामाधिपत्यं च लम्भितः॥५१॥
स यदा क्रुध्यते जन्तोः पूजाकालेष्वपूजितः।
पक्षच्छिद्रेषु संध्यासु समाजेषूत्सवेषु च ॥ ५२॥
स्वप्ने त्रासयते बालं चतुर्दंष्ट्रो महागजः।
सुबुद्धयते त्रास्यमानः सहसा वित्रसन् द्रुतम्॥

બુદ્ધિમાન ઇંદ્રે પૂર્વે કાર્તિકેયને પ્રસન્ન કરવા માટે 'ઐરાવણ(ત)' હાથીના જેવો બળવાન અને કાંતિમાન 'દુસ્સહ' નામના હાથીને સર્જ્યો હતો; એ હાથી પર કાર્તિકેય સવારી કરતા હતા અને તે હાથીને શાખ તથા વિશાખ નામના પોતાના બે સેવકોને સોંપ્યો હતો. તેથી ઘણા પ્રસન્ન થયેલા તે બંનેએ હાથીને પાષાણોવાળા એક ગામનો અધિપતિ બનાવ્યો હતો; તેમ જ બધાયે ઉપગ્રહોના પણ અધિપતિપદે સ્થાપ્યો હતો અને (યક્ષરૂપે થયેલા) તે હાથીને પૂજાના સમયે જો પૂજ્યો ન હોય તો એ પૂજા કરનારા ઉપર તે ક્રોધે ભરાય છે તો પખવાડિયામાં છિદ્રોના સમયે એટલે અમુક તિથિના ક્ષય-કાલ હોય ત્યારે, સંધ્યા સમયે સમાજ એકઠો મળ્યો હોય ત્યારે, કોઈ ઉત્સવનો પ્રસંગ હોય તે વેળા અને સ્વપ્નમાં (પોતાની પૂજા ન કરનાર) એ બાળકને ત્રાસ પમાડે છે–બીવડાવે છે; એ મોટો હાથી ચાર દાઢો-વાળો છે; તે હાથી બાળકને જ્યારે બીવડાવે ત્યારે તે બાળક ભય પામીને તરત જાગી જાય છે. ૪૮–૫૩

ઉપર્યુક્ત બાલગ્રહે સ્પર્શ કરેલાની નિશાની

यत्रैतमङ्गं स्पृशति गण्डस्तत्रास्य जायते।
मेदोलसीकापूर्णानि प्रसज्यन्ते बहून्यपि ॥ ५४॥
पच्यन्ते कानिचित्तेषां निरायान्त्यपराण्यपि।

એ દુઃસહ બાલગ્રહ, બાળકને જે જે અંગો પર સ્પર્શ કરે છે, તે તે જગ્યાએ બાળકને ગડગૂમડ થાય છે અને તે ગૂમડાં મેદ તથા લસીકાથી પૂર્ણ થઈ પુષ્કળ ભરાઈ જાય છે; તેમાંનાં કેટલાંક પાકી જાય છે અને બીજાં કેટલાંક એમનાં એમ મટી પણ જાય છે. ૫૪

દુઃસહની પૂજાનો કાળ

दुःसहं पूजयेत्तत्र पञ्चम्यां नागसत्तमम् ॥
कुलोचितेन न्यायेन तथा नश्यन्ति तान्यपि ॥५५

એમ તે દુઃસહ-બાલગ્રહ જ્યારે વળગ્યો હોય ત્યારે એ શ્રેષ્ઠ હાથીની માણસે પાંચમની તિથિએ પૂજા કરવી જોઈએ; એમ પોતાના કુળને યોગ્ય ન્યાયથી એ હાથીને પૂજ્યો હોય તો તેના સ્પર્શથી બાળકનાં અંગો પર થયેલાં ગૂમડાં કે ફોલ્લા પણ મટી જાય છે. ૫૫

બાળકને થતા રોગનાં બીજાં પણ બાહ્ય કારણો

घृतक्षीराशिनो नित्यं श्लैष्मिकस्यातिभोजिनः।
स्वपतो मांसमेदोऽसृग्वृद्धः संवर्तते गदः ॥५६॥

જે બાળક હમેશાં ઘી તથા દૂધ આવા ટેવાયેલ હોય, કફાધિક પ્રકૃતિવાળો, ખૂબ આવાની ટેવથી યુક્ત હોય તેમ જ દિવસે પણ ઊંઘ્યા કરતો હોય તેનામાં માંસ, મેદ અને લોહી વધ્યા કરે છે અને તે કારણે એ બાળકને રોગ થયા કરે છે અને તે પણ વધ્યા જ કરે છે. ૫૬

ઉપર્યુક્ત બાલરોગનિવારણ માટેના ઉપચારો

तस्मान्मातासुतौ चात्र वमनेनोपपादयेत्।
शाल्यन्नमुद्गमण्डांस्तु सप्ताहं चोपचारयेत् ॥५७

એ ઉપર્યુક્ત કારણે બાળકને તે તે (કફપ્રધાન) રોગ થાય ત્યારે વૈદ્ય તે બાળકને તથા (ધાવણ ધવડાવતી) તેની માતાને વમનકારક ઔષધ આપીને ઉપચારો કરવા અને સાત દિવસો સુધી શાલિડાંગરના ચોખા અને મગનું ઓસામણ આપીને ભોજન કરાવવું. ૫૭

એ ઉપચારોથી પણ તે બાલરોગ ન મટે તો ?

अशाम्यत्सु विवर्धत्सु शरदाहोऽपि शस्यते।
तयैषां छिद्यते मूलं पक्वेषु व्रणवत् क्रिया ॥५८

ઉપર દર્શાવેલ ઉપચારો કર્યા છતાં તે (ઉપર જણાવેલ) તે બાલગ્રહજન્ય રોગ ગૂમડાં વગેરે ન મટે, પણ જો ખૂબ જ વધ્યા કરે તો શરઘાસની સળીથી તે રોગને ડામવો કે બાળી નાખવો એ ઉત્તમ ગણાય છે, કારણ કે તેથી એ ગૂમડાંનું મૂળ જ છેદાઈ જાય છે, પણ એ ગૂમડાં જો પાકી ગયાં હોય તો તેઓની ચિકિત્સા વ્રણોના જેવી કરવી. ૫૮

આ અધ્યાયનો ઉપસંહાર

इति विविधरोगभेषजं मुनिः
शिशुजनहिताय कश्यपोऽब्रवीत्।
तदिदमुपलक्ष्य पण्डितो भिष-
क्शिशुजनहिताय धारयेत् सदा ॥५९॥

એ પ્રમાણે કશ્યપ મુનિએ બાલસમૂહના હિત માટે વિવિધ રોગોનાં ઔષધો કે ચિકિત્સા કહેલ છે; તેને પંડિત વૈદ્યે બરાબર લક્ષ્યમાં લઈ બાલસમુદાયના હિત માટે હમેશાં હૃદયમાં ધારણ કરવી. ૫૯

इति ह स्माह भगवान् कश्यपः ॥

એમ ભગવાન કાશ્યપે કહ્યું હતું.

॥ इति श्रीकाश्यपसंहितायां चिकित्सास्थाने विषे 'द्विव्रणीय' नामनो अध्याय ११ मो समाप्त ॥

પ્રતિશ્યાય-ચિકિત્સિત-અધ્યાય ૧૨ મો

अथातः प्रतिश्यायचिकित्सितं व्याख्यास्यामः ॥१॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી પ્રતિશ્યાય-સળેખમની ચિકિત્સાને અમે કહીશું એમ ભગવાન કશ્યપે કહ્યું હતું. ૧,૨

પ્રતિશ્યાયના નિદાનપૂર્વકની સંપ્રાપ્તિ

गुरुमधुरशीतरूक्षाभ्यवहारात् सततं द्विविधं वा स्तन्यं पीत्वा पीत्वा स्वपतो नित्यं गुरुत्वाजीर्णयोश्च स्तानात् सश्लेष्मणश्च शीतोदकपानादवगाहनाच्च भुक्ते चातिपिबतो वेगविधारणाच्च सततं संरुद्धवेगस्याभ्यवहाराच्च नित्यं चानुपहितशायिनोऽतिपार्श्वशयनशायिनोऽपावृतमुखशायिनोऽन्यैश्च निदानैर्मन्दाग्नेर्विषमाशिनो वातः प्रकुपित ऊर्ध्वकफाशयं प्रदूष्य स्रोतांसि प्रतिश्याययति; स यदा मुखस्रोतांसि दूषयति तदा

मुखरोगा जायन्ते, यदा श्रोत्रं तदा कर्णरोगाः, यदा नासिकामूलं प्रति कफं पित्तमसृग्वा श्रयति तदा प्रतिश्याय इत्युच्यते ॥ ३ ॥

જે બાળક ભારે, મધુર, શીતળ અને રૂક્ષ ખોરાક ખાધા કરે તેથી અથવા (માતાનું તથા ગાય, ભેંસ વગેરેનું) બે પ્રકારનું દૂધ વારંવાર પીધા કરે અને (દિવસે પણ) વધુ પ્રમાણમાં હમેશાં ઊંઘ્યા કરે અને શરીરમાં (ખોરાકનું) ભારેપણું હોય તેમ જ અજીર્ણ પણ હોય છતાં ટાઢા પાણીથી જે સ્નાન કરે, તેથી અથવા જે બાળક કફપ્રધાન પ્રકૃતિવાળો હોય છતાં શીતળ પાણી પીધા કરે તેથી અથવા શીતળ પાણીમાં પ્રવેશ કરે; તેમ જ ખોરાક ખાઈને તેની ઉપર વધુ પ્રમાણમાં પાણી પીધા કરે તેથી અથવા મળ–મૂત્રાદિના વેગો જે આવ્યા હોય તેઓને જે રોક્યા કરે કે એ વેગોને રોકીને પણ તેની ઉપર જે ખોરાક ખાધા કરે તેથી અથવા જે કાયમ શરીર પર કંઈ પણ પહેર્યા વિના સૂઈ રહે અથવા એક જ પડખે જો સૂઈ રહેવાની ટેવ પાડે તેમ જ મોઢું ઢાંકી દઈ જે સૂઈ રહે તેને, અથવા એવાં બીજાં (વાતકફવર્ધક) નિદાનોને જે સેવે અથવા જેનો જઠરાગ્નિ મંદ થયો હોય તેમ જ અનિયમિત ખોરાકને જે ખાધા કરે, તેનો વાયુ પ્રકોપ પામીને વિકૃત બને છે અને પછી તે વાયુ ઉપરના ભાગમાં રહેલા કફાશયને દૂષિત કરીને સ્રોતોને પ્રતિશ્યાયયુક્ત કરે–એટલે વિપરીત ગતિવાળાં કરે છે; એમ તે વિકૃત વાયુ જે મોઢાના સ્રોતોને દૂષિત કરે છે ત્યારે મોઢાના રોગો ઉત્પન્ન થાય છે; જ્યારે શ્રોત્ર ઇંદ્રિયને દૂષિત કરી બગાડે છે ત્યારે કાનના રોગો ઉત્પન્ન થાય છે અને જ્યારે નાસિકાના મૂળ તરફ કફની, પિત્તની અથવા રુધિરની ગતિ કરાવે છે ત્યારે તે (રોગ) 'પ્રતિશ્યાય' (સળેખમ) એ નામે કહેવાય છે. ૩

વિવરણ : સુશ્રુતે પણ ઉત્તરતંત્રના ૨૪મા અધ્યાયમાં આ પ્રતિશ્યાયનાં નિદાન તથા સંપ્રાપ્તિ આ પ્રમાણે કહેલ છે; જેમ કે—नारीप्रसङ्गः शिरसोऽभितापो धूमो रजः शीतमतिप्रतापः । संधारणं मूत्रपुरीषयोश्च सद्यः प्रतिश्यायनिदानमुक्तम् । चयं गता मूर्धनि मारुतादयः पृथक् समस्ताश्च तथैव शोणितम् । प्रकोप्यमाणा विविधैः प्रकोपणैर्नृणां प्रतिश्यायकरा भवन्ति हि–વધુ પ્રમાણમાં સ્ત્રીસેવન, મસ્તકનો ચોપાસ તપારો, ધુમાડાનું સેવન, ધૂળ, ટાઢ તથા વધુ પ્રમાણમાં સૂર્યનો તાપ સેવાય, મૂત્ર અને વિષ્ઠાના વેગો જે આવ્યા હોય તેઓને રોકવા એ તરત જ પ્રતિશ્યાયનાં નિદાનરૂપે થયેલા કહેવાય છે. વળી વાયુ વગેરે દોષો મસ્તકમાં એકઠા અથવા અલગ અલગ કોપ્યા હોય તેમ જ લોહી પણ અનેક પ્રકારના દોષોને કોપાવનાર પદાર્થોના સેવનથી કોપિત કરાયું હોય કે વિકાર પમાડાયું હોય ત્યારે તેઓ અવશ્ય માણસોને પ્રતિશ્યાય કે સળેખમ કરનારા થાય છે.' ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૨૬મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે 'सन्धारणाजीर्णरजोऽतिभाष्यक्रोधार्तुवैषम्यशिरोऽभितापैः । प्रजागरातिस्वपनाम्बुशीतैरवश्यया मैथुनवाष्पधूमैः ॥ संस्त्यानदोषे शिरसि प्रवृद्धो वायुः प्रतिश्यायमुदीरयेत्तु ॥ મળ–મૂત્રાદિના આવેલા વેગોનું રોકાણ, અજીર્ણ, ધૂળ, જ્વર, વધુ પડતું બોલવું, ક્રોધ કરવો, ઋતુની અનિયમિતતા અને મસ્તકનો તપારો, રાત્રિના વધુ ઉજાગરા, વધુ પ્રમાણમાં નિદ્રાનું સેવન, શીતળ પાણીનું અવસ્યાય, હિમ કે ઝાકળમાં આવજા કરવી કે બાષ્પમાં તથા ધુમાડામાં વધુ આવજા કરવાથી વાતાદિ દોષો મસ્તકમાં ખૂબ એકઠા થાય અને વાયુ પણ માથામાં ખૂબ વધી જાય ત્યારે તેઓ પ્રતિશ્યાય–સળેખમને ઉત્પન્ન કરે છે. ૩

तस्य प्रतिनद्धा इव शिरोमुखनासिका भवन्तीष्टानिष्टाघ्यक्ताश्च ग(न्धाः) . ते तस्य वातात् प्रतिबन्धः, कफादवैशद्यं, रक्तात् परिक्लेदः, पित्ताद्दौर्गन्ध्यं स्रोतस उपजायते ॥ ४ ॥

જેને પ્રતિશ્યાય–સળેખમ થયેલ હોય તેનું માથું, મોઢું અને નાસિકા જાણે

બંધાઈ ગયાં હોય તેવાં થઈ જાય છે; તેઓને સુગંધ કે દુર્ગંધની ખબર પડતી નથી; એ પ્રતિશ્યાય રોગમાં વાયુના પ્રકોપથી સ્રોતોનો પ્રતિબંધ થાય છે, કફના પ્રકોપથી અવૈશદ્ય એટલે કે માથું વગેરેના સ્રોતો સ્વચ્છ રહેતા નથી પણ ચીકણા રહે છે, રુધિરના પ્રકોપથી પચપચાપણું થાય છે અને પિત્તના પ્રકોપથી તે સ્રોતોમાં દુર્ગંધ પણું થાય છે. ૪

स एतदवस्थो जाड्यारोचकहृल्लासप्रतिघातार्थं भृशोष्णतीक्ष्णाम्ललवणेषु प्रसज्यते, ततोऽस्य पित्तं प्रकुप्यति। बलाभिवर्धनात्तस्य ज्वरं तृष्णामन्तर्दाहमरति..... नी स्रोतसां वैगन्ध्यं पाकं च दिवाकरावर्तं चोत्पादयति॥ ५॥

એ અવસ્થાવાળો તે પ્રતિશ્યાયનો રોગી જડતા, અરોચક તથા ઉબકાથી યુક્ત થાય છે; તેથી તેઓનો નાશ કરવા માટે ઘણા ઉષ્ણ, તીક્ષ્ણ, ખાટા અને ખારા પદાર્થોનું સેવન કરવામાં ઘણો આસક્ત થાય છે; તે કારણે એ રોગીનું પિત્ત વધુ વિકાર પામે છે અને તે પિત્તનું બળ વધી જવાથી તે રોગીને જ્વર, વધુ પડતી તરશ, અંદરના ભાગમાં દાહ, બેચેની, ધમનીઓ તથા સ્રોતોનું વૈગન્ધ્ય—વિરુદ્ધ ગંધથી યુક્તપણું તેમ જ પાકવું પણ થાય છે એને દિવાકરાવર્ત એટલે સૂર્યાવર્ત કે આધાશીશીના રોગને પણ તે ઉપજાવે છે. ૫

વિવરણ : અહીં છેલ્લે દર્શાવેલ 'દિવાકરાવર્ત' કે સૂર્યાવર્ત રોગ, એક પ્રકારનું શિરઃશૂલ કે મસ્તકના શૂલનો રોગ કહેવાય છે. તેમાં સૂર્યના ઉદયની સાથે મસ્તકમાં જાણે સોયા ભોંકાતા હોય તેવી વેદના ચાલુ થાય છે અને સૂર્યનો અસ્ત થયા પછી તે વેદના મટી જાય છે. આ સંબંધે સુશ્રુતે ઉત્તરતંત્રના ૨૫ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે— **सूर्योदयं या प्रति मन्दमन्दमक्षिभ्रुवं रुक् समुपैति गाढम्। विवर्धते चांशुमता सहैव सूर्यावृत्तौ विनिवर्तते च॥ शीतेन शान्तिं लभते कदाचिदुष्णेन जन्तुः सुखमाप्नुयाच्च। तं भास्करावर्तमुदाहरन्ति सर्वात्मकं कष्टतमं विकारम्॥** જે વેદના કે પીડા ધીમે ધીમે આંખ તથા ભમરમાં વધવા માંડે છે, તે સૂર્યના ઉદયની સાથે જ ચાલુ થાય છે (જેમ જેમ સૂર્ય આકાશમાં ઊંચે ચઢતો જાય છે તેમ તે પીડા ખૂબ વધવા માંડે છે અને સૂર્ય જેમ નમવા માંડે છે, તેમ તેમ એ વેદના ઓછી થતી જાય છે; અને સૂર્યનો અસ્ત થતાં એ વેદના બિલકુલ શાંત થાય છે.) વળી એ વેદના ઠંડા ઉપચારોથી કોઈ વેળા શાંતિ પામે છે અને ગરમ ઉપચારોથી પણ કોઈ વેળા તે વેદના શાંત થતાં તેનો રોગી સુખ પામે છે. એ રોગને વૈદ્યો ભાસ્કરાવર્ત કે સૂર્યાવર્ત કહે છે અને તે ઘણો કષ્ટદાયી છે.' ૫

પ્રતિશ્યાયના ચાર ભેદો.

अतश्चैनं चतुर्विधमृषयो वदन्ति—वातिकः, पैत्तिकः, श्लैष्मिकः, सान्निपातिक इति। तद्यथा—यो रौति न रमते जागर्त्यभीक्ष्णं क्ष्वेति नासिका चोत्तानस्यापि तनुश्लेष्म.....

.....

भवति स्निग्धोष्णालवणाम्लोपशयि चेत्तं प्रतिश्यायं वातिकं विद्यात्; ज्वरदाहपिपासाप्रलापितालुशोषमुखनासिकाक्षिपाकैराशुकफसंपाकै...

.....

.....(पैत्ति)कं विद्यात्; चिरकारित्वारोचकहृल्लासशिरोगौरवातिस्रावमन्दक्षवथुमन्याग्रहहृदयप्रलेपाविपाकैरुष्णकटुकषायरूक्षणोपशयैः प्रतिश्यायं कफजं विद्यात्, सर्वरूपं स्रोतोवैगन्ध्यकृमि..... (सान्निपातिकं विद्यात्)॥ ६॥

એ વાતાદિ દોષના કારણે ઋષિઓ તે સૂર્યાવર્ત રોગને ચાર પ્રકારનો કહે છે—એક વાતિક, બીજો પૈત્તિક, ત્રીજો શ્લૈષ્મિક અને ચોથો સાંનિપાતિક પ્રતિશ્યાય થાય છે. જ્યારે એ પ્રતિશ્યાયનો રોગી બાળક રડ્યા કરે, રમે નહિ, અતિશય છીંકો ખાય, ચત્તો સૂઈ રહે તોયે તેની નાસિકા પાતળા કફને સ્રવ્યા કરે અને સ્નિગ્ધ, ઉષ્ણ, લવણ તથા ખાટા પદાર્થો તે રોગીને માફક આવે ત્યારે તે પ્રતિશ્યાયને વૈદ્યે વાયુના પ્રકો-

પથી થયેલો જાણવો. ૬

પરંતુ જે પ્રતિશ્યાયમાં જ્વર, દાહ, વધુ પડતી તરશ, બકવાદ, તાળવાનો શોષ અને મોઢું, નાસિકા તથા આંખના પાકવાની સાથે કફ પણ જલદી પાકે, એ લક્ષણો ઉપરથી એ પ્રતિશ્યાય રોગને પિત્તના પ્રકોપથી થયેલ જાણવો; પરંતુ જેમાં લાંબા-ચિરકારીપણું અને અરોચક, મેળ-ઉબકા, માથાનું ભારેપણું કરીને અતિશય સ્રાવ, ધીમી છીંક, મન્યા નામની ગળાની નાડીનું બલાવું, હૃદય પર કફનો પ્રલેપ અને ખોરાકનો અપચો રહી અને જેમાં ઉષ્ણ તીખા, કડવા, તૂરા તથા રૂક્ષ પદાર્થો માફક આવે, તે ઉપરથી એ પ્રતિશ્યાયને કફના પ્રકોપથી ઉત્પન્ન થયેલો જાણવો; પરંતુ જેમાં સર્વ દોષોનાં લક્ષણો હોય અને સ્રોતોમાં દુર્ગંધ તથા કૃમિઓ થાય તે ઉપરથી એ પ્રતિશ્યાયને સાંનિપાતિક જાણવો. ૬

વિવરણ : અહીં પ્રતિશ્યાયના ચાર ભેદો જેમ કહ્યા છે, તે જ પ્રમાણે ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૨૬ મા અધ્યાયમાં પ્રતિશ્યાય રોગના આવા ચાર ભેદો કહ્યા છે :-'घ्राणार्तितोदैः क्षवथुर्जलाभः स्रावोऽनिलात्स्वरमूर्धरोगः । જેમાં વાયુના પ્રકોપને લીધે નાકમાં પીડા અને સોય ભોંકાયા જેવી વેદના થાય, ઉપરાઉપરી છીંકો આવે, નાકમાંથી પાણીના જેવો સ્રાવ થાય, ગળાનો અવાજ બદલાઈ જાય અને માથામાં પણ પીડા થાય તે પ્રતિશ્યાયને વાતજ કે વાયુના પ્રકોપથી થયેલો સમજવો; પરંતુ नासाग्रपाकज्वरवक्त्रशोषतृष्णोष्ण-पीतस्रवणानि पित्तात् ॥ પિત્તના પ્રકોપથી થયેલા પ્રતિશ્યાયમાં, નાસિકાના અગ્રભાગનું પાકવું, જ્વર, મોઢાંનું સૂકાવું, વધુ પડતી તરશ અને નાકમાંથી પીળા રંગનો સ્રાવ થાય, પણ કફજ પ્રતિશ્યાયમાં कासारुचिस्रावघनप्रसेकाः कफाद् गुरुः स्रोतसि चापि कण्डूः ।-કફદોષના પ્રકોપના કારણે ઉધરસ, અરુચિ અને નાકમાંથી ઘાટો સ્રાવ અને કફનો પ્રસેક-સિંચન થાય ઉપરાંત સ્રોતમાં પણ ચેળ આવ્યા કરે એ પ્રતિશ્યાયને કફજ જાણવો.' તેમજ सर्वाणि रूपाणि तु सन्निपातात्स्युः पीनसे तीव्ररुजेऽतिदुःखे ॥ ૬ ॥ ત્રણે દોષોના સન્નિપાત કે એકીસાથે થયેલા પ્રકોપથી જે પ્રતિશ્યાય થાય તેમાં બધાયે દોષોનાં બધાયે લક્ષણો હોય છે અને તે સાન્નિપાતિક પ્રતિશ્યાય રોગમાં માણસના મસ્તકમાં તીવ્ર પીડા તથા ઘણું દુઃખ થાય છે. ૬

સાંનિપાતિક પ્રતિશ્યાયમાં વધુ વિશેષતા

वातश्लेष्मोत्तरः प्रायः प्रतिश्यायस्त्रिदोषजः ।
बलाग्निवर्णशमनो निहन्ता चाप्युपेक्षितः ॥ ७ ॥

વાત-કફ બન્ને દોષની પ્રધાનતા ધરાવતો પ્રતિશ્યાય રોગ, લગભગ ત્રણે દોષોના પ્રકોપથી થયેલો હોય છે; તે પ્રતિશ્યાય (માણસના) બલ, જઠરાગ્નિ તથા શરીરના રંગનો નાશ કરે છે અને ચિકિત્સા કરવામાં તેની જો ઉપેક્ષા કરી હોય તો એ પ્રતિશ્યાય મારી પણ નાખે છે. ૭

તે સાંનિપાતિક પ્રતિશ્યાયની ચિકિત્સા

तस्मात् प्रथमतस्तस्मिन्नुपवासः प्रशस्यते ।
सुखोष्णं दीपनीयाम्बु पिबेद्वा पाञ्चमूलिकम् ॥૮॥

એ કારણે તે વાતકફપ્રધાન-ત્રિદોષજ પ્રતિશ્યાયમાં પ્રથમ તો ઉપવાસ કરવો એ જ વખણાય છે અથવા (લઘુ)પંચમૂલનો દીપનીય ક્વાથ સહેવાય તેવો ગરમ પીવો. ૮

ત્રિદોષજ ઉપર્યુક્ત પ્રતિશ્યાયમાં વધુ ચિકિત્સા

यथाशक्त्य..... .....दकेऽपि वा ।
यवागूं रक्तशालीनामुष्णां त्रिलवणान्विताम् ।
पिबेद्यवानामथवा दृष्ट्वा दोषबलाबलम् ॥ ९ ॥

અથવા યથાશક્તિ ઉપવાસ કર્યા પછી પણ ઉપર્યુક્ત ક્વાથજલ પીવું અને તેની ઉપર ત્રણ લવણ(સૈંધવ, સંચળ તથા બિડલવણ)થી યુક્ત કરેલી રાતા શાલિ-ડાંગરના ચોખાની રાબ ગરમાગરમ પીવી અથવા દોષોના બળ તથા અબળને જોઈ જવની રાબ ગરમાગરમ પીવી. ૯

પ્રતિશ્યાયની સામાન્ય પ્રાથમિક ચિકિત્સા

अग्निप्रावरणोपेतो निवातशयनासनः ।
लघ्वन्नमुष्णं भुञ्जानो मुच्यते नातिसंपिबेत् ।
वेष्टनं धूमपानं च .....
..... गुडहरीतकीम् ॥ १० ॥

હરકોઈ પ્રતિશ્યાયના રોગીએ પ્રથમ અગ્નિનું તથા ઉત્તમ પ્રકારના ઓઢવાના સાધનનું સેવન કરવું; તેમ જ વાયુ-રહિત પ્રદેશમાં બિછાવેલ શયન તથા આસનનું સેવન કરવું અને (પચવામાં) હલકો ગરમ ખોરાક જે ખાધા કરે અને વધુ પાણી ન પીએ તો એ પ્રતિશ્યાય રોગથી મુક્ત થાય છે. વળી તે પ્રતિશ્યાયના રોગીએ મસ્તક પર વેષ્ટન-ગરમ રૂમાલ વગેરે બાંધી રાખવું; ધૂમપાન કરવું તેમ જ ગોળ સાથે હરડે ખાવી. ૧૦

વિવરણ: સુશ્રુતે પણ આ સંબંધે ઉત્તર-તંત્રના ૨૪ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે– निवातशय्यासनचेष्टनानि मूर्ध्नो गुरूष्णं च तथैव वासः । तीक्ष्णा विरेकाः शिरसः सधूमा रूक्षं यवान्नं विजया च सेव्या ॥ હરકોઈ પ્રતિશ્યાયના રોગીએ વાયુરહિત પ્રદેશ પર પોતાની શય્યા તથા બેઠક રાખવી તેમ જ મસ્તકને ભારે ગરમ વસ્ત્રથી વીંટી રાખવું, તીક્ષ્ણ વિરેચનકારક દ્રવ્યો આપવાં, રૂક્ષ જવનો ખોરાક આપવો અને ગોળ સાથે હરડેનું સેવન કરાવવું. ૧૦

ઉપર્યુક્ત ચિકિત્સાથી ફાયદો ન થાય તો?

जीर्णे च सर्पिषः पानं निशि भुक्त्वा प्रशस्यते ।
अशाम्यमाने तेनापि पुराणं पाययेद्घृतम् ।
षट्पलं पञ्चगव्यं वा कल्याणकमथाभयम् ॥११॥
पवान्नं च सदाऽश्नीयुष्णं लवणस्नेहव(र्धि)तम् ।
पिप्प.....
.....सं पिबेद्वा मरिचान्वितम् ॥१२॥

(ઉપર દર્શાવેલ ચિકિત્સાથી જેમાં ફાયદો ન થાય) અને તે પ્રતિશ્યાય જૂનો થઈ જાય તો રાત્રિના સમયે ભોજન કર્યા પછી એ રોગી જો ઘી પીએ તો એ પ્રશંસા-પાત્ર હોઈ હિતકારી થાય છે; છતાં એમ કર્યાથી પણ જો પ્રતિશ્યાય મટે નહિ, તો એ રોગીને જૂનું ઘી પીવડાવવું જોઈએ; અથવા તે જૂના પ્રતિશ્યાયના રોગીને ષટ્પલ, પંચગવ્ય, કલ્યાણક કે અભયઘૃત પાવું જોઈએ; તેમ જ જવનો અતિશય ઉષ્ણ ખોરાક લવણ તથા સ્નેહરહિત હમેશાં જમા-ડવો જોઈએ; તેમ જ પીપરના ક્વાથરૂપ રસને મરિયાંના ચૂર્ણની સાથે રોગીએ પીવો જોઈએ. ૧૧,૧૨

પ્રતિશ્યાયનો સાદો ઉપાય

मरिचानि मुखे नित्यं धारयेदापरिक्षयम् ।
सैन्धवोष्णोदकोपेतां पिबेच्छुण्ठीं विमुच्यते ॥१३

પ્રતિશ્યાયના રોગીએ તે પ્રતિશ્યાય જ્યાં સુધી ન મટે ત્યાં સુધી હમેશાં મોઢામાં આખાં (કાળાં) મરિયાં રાખ્યા કરવાં; તેમ જ સૈંધવયુક્ત ગરમ જળમાં સૂંઠનું ચૂર્ણ નાખીને તે હમેશાં પીધા કરવું; તેથી પ્રતિશ્યાય રોગ મટી જાય છે. ૧૩

પિપ્પલીવર્ધમાનયોગથી કે ગુડાભયાના પ્રયોગથી પણ પ્રતિશ્યાય મટે

पिप्पलीवर्धमानं वा युञ्जानो वा गुडाभयाम् ।
पथ्याशी रोगतत्त्वज्ञः सात्म्यज्ञश्च विमुच्यते ॥१४

અથવા રોગના તત્ત્વનો જાણકાર અને પોતાના સાત્મ્ય કે પ્રકૃતિને હિતકારક વસ્તુને સમજનાર જે માણસ 'પિપ્પલી-વર્ધમાન'નો પ્રયોગ કરે કે ગુડાભયા-એટલે કે ગોળ સહિત હરડેનું સેવન કરે અને તેની ઉપર પોતાને જે હિતકારી હોય તેવું ભોજન જે જમે, તે પણ પ્રતિ-શ્યાયના રોગથી છૂટી જાય છે. ૧૪

પ્રતિશ્યાયને મટાડનાર પટોલપત્ર-ત્રિફલાયોગ

पटोलपत्रत्रिफला.....
.....प्रतिश्यायाद्विमुच्यते ॥ १५ ॥

વળી પ્રતિશ્યાયનો રોગી જે માણસ પટોલપત્ર કે પરવળનાં પાન તથા ત્રિફળાંનું

સાથે સેવન કરે તો તેથી પણ એ પ્રતિશ્યાય રોગથી મુક્ત થાય છે. ૧૫

પ્રતિશ્યાયને મટાડનાર સાદો પ્રયોગ

अपानं सर्पिषाऽभ्यज्य निर्वाते स्वेदयेत् सदा।
विष्टम्भिगुरुशीतान्नं दिवास्वप्नं च वर्जयेत् ॥१६

પ્રતિશ્યાયનો જે રોગી પોતાના અપાન પ્રદેશ–ગુદાના ભાગને ઘી લગાવી વાયુરહિત (એકાંત) પ્રદેશમાં તેના પર હમેશાં શેક કરે તેમ જ કે બાડાની કબજિયાત કરનાર, પચવામાં ભારે અને ટાઢાં અન્ન–ખોરાકનો તેમ જ દિવસની નિદ્રાનો પણ જે ત્યાગ કરે, તેનો પણ પ્રતિશ્યાય મટી જાય છે. ૧૬

વિવરણ : સુશ્રુતે પણ ઉત્તરતંત્રના ૨૪મા અધ્યાયમાં પ્રતિશ્યાયને મટાડનાર આ સાદો પ્રયોગ આમ કહ્યો છે; જેમ કે–'शीताम्बुयोषिच्छिशिरावगाह-चिन्तातिरूक्षाशनवेगरोधान्। शोकं च मद्यानि नवानि चैव विवर्जयेत् पीनसरोगजुष्टः ॥–જે માણસને પ્રતિશ્યાય કે સળેખમ થયું હોય તેણે શીતળ પાણીનું સેવન, સ્ત્રીનું સેવન, શીતળ જળમાં પ્રવેશ, ચિંતા, અતિરૂક્ષ ખોરાક, મળ–મૂત્રાદિના આવેલા વેગોને રોકવાનો, શોક તથા નવાં મદ્યો પીવાનો ત્યાગ કરવો જોઈએ.' ૧૬

ઉપર્યુક્ત પ્રતિશ્યાયની ચિકિત્સા નાના બાળકને હિતકારી છે

प्रतिश्यायस्य यत् प्रोक्तमेतत् सर्वं चिकित्सितम्।
अतिबालस्य तत् सर्वं धात्री कुर्यादशङ्किता।
इति ह स्माह भगवान् कश्यपः ॥ १७ ॥

પ્રતિશ્યાયની જે ચિકિત્સા ઉપર કહી છે, તે બધીયે અતિશય નાના બાળકને ઉદ્દેશી માતાએ નિઃશંક થઈને કરવી એમ ભગવાન કશ્યપે કહ્યું છે. ૧૭

ઇતિ કાશ્યપસંહિતામાં ચિકિત્સિતસ્થાન વિષે
'પ્રતિશ્યાય–ચિકિત્સિત' નામનો
અધ્યાય ૧૨ મો સમાપ્ત

ઉરોઘાત–ચિકિત્સિત : અધ્યાય ૧૩ મો

(अथातः उरोघात)चिकित्सितं व्याख्यास्यामः ॥१॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી ઉરોઘાતની ચિકિત્સાનું અમે વ્યાખ્યાન કરીએ છીએ, એમ ભગવાન કશ્યપે કહ્યું હતું. ૧,૨

વિવરણ : ઉરોઘાત એ રોગનો જ બીજો પર્યાય 'ઉરઃક્ષત' છે એમ અહીં સમજવું. ચરકે તથા સુશ્રુતે 'ઉરોઘાત' રોગ ક્યાંય કહ્યો જ નથી, પણ 'ઉરઃક્ષત' એ નામે જ રોગ જણાવી તેની જ ચિકિત્સા પોતપોતાના ગ્રંથોમાં કહી છે. આ 'ઉરઃક્ષત' રોગ ક્ષય અથવા 'રાજયક્ષ્મા'નું જ એક અલગ સ્વરૂપ છે, જેમાં ફેફસાંમાં ચાંદાં પડે છે અને ફેફસાંનો તે ભાગ ઘટ્ટ બની જાય છે. ૧,૨

ઉરોઘાતનાં નિદાન તથા ચાર ભેદો

स्वहेतुकुपिता दोषा उरोघातं चतुर्विधम्।
कुर्वन्ति सेवमानानां लौल्यमध्यशनादि च ॥ ३॥

જે લોકો અપથ્ય આહારાદિમાં જીભની લોલુપતાને સેવ્યા કરે છે તેમ જ ઉપરાઉપરી ખાવાનું ચાલુ રાખે છે, તેઓના દોષો પોતાના એ નિદાનોથી કોપે છે અને તેઓ ચાર પ્રકારના ઉરોઘાત રોગને નિપજાવે છે.૩

વિવરણ : ચરકે ચિકિત્સાસ્થાનના ૧૧ મા અધ્યાયમાં આ ઉરોઘાતના જ એક ભેદ અથવા પર્યાયરૂપ ઉરઃક્ષતની નિદાનપૂર્વકની સંપ્રાપ્તિ આમ કહી છે :–'धनुषाऽऽयस्यतोऽत्यर्थं भारमुद्वहतो गुरुम्। ...ઇત્યાદિ। જે માણસ ધનુષ લઈ, તે દ્વારા ઘણો શ્રમ કર્યા કરે છે અથવા ઘણો બોજો ઊઠાવ્યા કરે છે એમ અનેક પ્રકારનાં છાતીને પરિશ્રમ આપનારાં કાર્યો કર્યા કરે છે, તેઓની છાતીમાં–ફેફસાંમાં ચાંદાં પડી જાય છે અથવા તેઓની છાતી ચિરાઈ જાય છે; તેથી એ છાતીમાં ખૂબ બળતરા થયા કરે છે અને પછી તે માણસનાં પડખાંમાં પીડા થવા માંડે છે અને તેઓનું અંગ સુકાઈ જાય છે; તે પછી ધીમે ધીમે તે માણસનું વીર્ય, બળ, વર્ણ, રુચિ તથા જઠરાગ્નિ મંદ થઈ જાય છે; તેમ જ જ્વર, વેદના, માનસિક

નિર્બળતા, ઝાડા તથા ઉધરસરૂપ લક્ષણો પ્રત્યક્ષ પ્રકટ થાય છે એવો ઉરોઘાત કે ઉરઃક્ષતનો રોગી જ્યારે ઉધરસ ખાય છે, ત્યારે તેની છાતીમાંથી દૂષિત શ્યામ રંગનું લોહી, પીળા દુર્ગંધી કફ તેમજ અતિશય ઘાટા લોહીથી મિશ્ર બળખા મોઢાથી બહાર નીકળે છે; એવાં લક્ષણવાળો તે ઉરઃક્ષતનો રોગી ક્ષીણવીર્ય તથા ક્ષીણ ઓજસવાળો થઈ અતિશય દુર્બળ બની જાય છે. ૩

ઉરોઘાત કે ઉરઃક્ષતનાં વિશેષ લક્ષણો

शीतज्वरः प्रतिश्यायः कण्ठः शूकैरिवावृतः ।
उत्कासिक(का)मन्दक……॥ ४ ॥

ઉપર કહેલ ઉરોઘાત કે ઉરઃક્ષત રોગ જેને થયો હોય તેને શીતજ્વર તથા પ્રતિશ્યાય રોગ લાગુ થાય છે અને તેનું ગળું જાણે કે (ઘઉંનાં) કણસલાં કે ભૂંસાંથી જાણે છવાયું હોય તેવું થઈ જાય છે અને વધુમાં ઘણી જ ઉધરસ પણ સાથે ચાલુ હોય છે અને તે સાથે મંદક રોગ પણ તેને લાગુ થાય છે. ૪

વિવરણ : ચરકે પણ ચિકિત્સિતસ્થાનના ૧૧ મા અધ્યાયમાં આ ઉરોઘાત કે ઉરઃક્ષત રોગનાં લક્ષણો આમ કહ્યાં છે: 'उरोरूक् शोणितच्छर्दिः कासो वैशेषिकः क्षते । क्षीणे सरक्तमूत्रत्वं पार्श्वपृष्ठकटिग्रहः ॥ ઉરઃક્ષતના રોગીને છાતીમાં પીડા થાય, લોહીની ઊલટી થાય, ઉધરસ ચાલુ રહે અને તે રોગી ક્ષીણ થાય ત્યારે તેના મૂત્રની સાથે લોહી નીકળે છે અને તેનાં પડખાં, પીઠ તથા કેડ ઝલાઈ જાય છે. ૪

ઉરોઘાત ચિકિત્સા

……

…… समेति समाख्याता सर्वरोगविनाशिनी ।
एषैव व्योषसहिता हन्युरोघातमुद्बलम् ॥ ५ ॥
कफाधिके तु सक्षौद्रा लीढाऽऽरोग्याय कल्पते ॥

ઉરોઘાત કે ઉરઃક્ષતમાં કેવળ એક વાંસકપૂર જ અપાય તો તેને જ સર્વ રોગનો વિનાશ કરનાર કહેલ છે; પણ તેને જ વ્યોષ એટલે સૂંઠ, મરી તથા પીપર સાથે મેળવીને અપાય, તો અતિશય બળવાન ઉરોઘાતનો પણ તે નાશ કરે છે. ૫

વિવરણ : અહીં શ્લોકમાં પહેલું જ પદ ખંડિત જણાય છે; તે 'समेति' છે, પણ તેના બદલે આવો પાઠ રખાય કે 'वंशजति' અથવા 'पलंङ्कषा' તો ખરેખર અહીં મૂકેલા ૫ મા શ્લોકનો આવો બંધ બેસતો અર્થ નીકળી શકે કે વંશજા-વાંસકપૂર અથવા પલંકષા-લાખને સર્વ રોગોનો વિનાશ કરનાર કહેલ છે; અને એ જ વાંસકપૂરને કે લાખને વ્યોષ-સૂંઠ, મરી તથા પીપરથી યુક્ત કરેલ હોય અને પછી તેને જો સેવ્યું હોય તો અતિશય બળવાન ઉરોઘાત કે 'ઉરઃક્ષત' રોગનો તે નાશ કરે છે. ૫

પરંતુ એ ઉરોઘાત કે ઉરઃક્ષત જો કફાધિક હોય એટલે કે કફદોષની અધિકતા ધરાવતો હોય તો તેમાં પણ એ જ 'वंशजा'-વાંસકપૂર કે લાખને મધ સાથે જો ચટાડાય તો તે નીરોગી કરવાનું સામર્થ્ય ધરાવે છે. ૬

ત્રિદોષજ-સાંનિપાતિક ઉરોઘાતની ચિકિત્સા

पित्तश्लेष्मोत्तरो व्याधिरुरोघातस्त्रिदोषजः ।
तस्मात् पित्तकफघ्नानि धात्री (नित्यं समाचरेत्)॥

ઉરોઘાત રોગ કે ઉરઃક્ષત રોગ ત્રણે દોષોના પ્રકોપથી (કોઈ બાળકને) ઉત્પન્ન થયો હોય, તોયે તેમાં પિત્ત અને કફની જ અધિકતા વધુ હોય છે; માટે તે રોગમાં ધાત્રી-માતાએ હમેશાં પિત્તનો તથા કફનો નાશ કરનારાં ઔષધોના ઉપચારો કરવા. ૭

વિવરણ : આ સંબંધે ચરકે ચિકિત્સાસ્થાનના ૧૧ મા અધ્યાયમાં આ ચિકિત્સા લખી છે કે, 'उरो मत्वा क्षतं लाक्षां पयसा मधुसंयुताम् । सद्य एव पिबेज्जीर्णे पयसाऽद्यात्सशर्करम् ॥ જ્યારે માણસને પોતાની છાતી ક્ષતયુક્ત કે ચાંદાં પડેલી કે ઘવાયેલી જણાય ત્યારે તેણે મધ સાથે લાખનું ચૂર્ણ ચાટવું અને તેની ઉપર દૂધ પીવું; તે પછી એ ઔષધ પચી જાય કે તરત જ દૂધ તથા સાકરથી યુક્ત (ભાતનું) ભોજન કરવું. આ ઉપરથી સાબિત થાય છે કે ઉરોઘાત કે ઉરઃક્ષત રોગમાં લાખના ચૂર્ણનો પ્રયોગ ઉત્તમ ગણાય છે; છતાં તે

ઉપરાંત એલાદિગુટિકા, યષ્ટ્યાદિઘૃત, અમૃતપ્રાશઘૃત અને તે સિવાયના અનેક પ્રકારના ઘી અને તેલના પ્રયોગો પણ વખણાય છે. ૭

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં 'હરીતાદ્યાત-ચિકિત્સિત' એ નામનો અધ્યાય ૧૩ મો સમાપ્ત

શોફ-ચિકિત્સિત : અધ્યાય ૧૪ મો

अथातः शोफचिकित्सितं व्याख्यास्यामः ॥ १ ॥ इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી શોફ-સોજાની ચિકિત્સાનું અમે વ્યાખ્યાન કરીશું, એમ ભગવાન કાશ્યપે કહ્યું હતું. ૧,૨

वमनविरेचनोपवासव्यवायकर्शनापथ्याजीर्णेषु यः सदाऽत्यर्थलवणाम्लकटुक्षारोष्णोपसेवी भवति) ..... यत्नान्ते वा लवणादिषु प्रसज्यते, यथेष्टं च शीतोदकस्नानपानशयनव्यवायव्यायामादिभिर्व्यभिचरति तथा तद्गुणक्षीरा वा भवति, तस्याः श्वयथुर्नाम रोग उत्पद्यते दारुणश्चतुर्विधः। दोषा ह्यस्याः .....

.....

.....पथः कृष्णारुणवर्णोऽल्पो रूक्षः पिपीलिकापूर्ण इव सवेदनः पीडितश्च निम्नो भवत्यनिमित्त(रुज)श्चोष्णस्नेहाभ्यां प्रशाम्यति तं वातिकं विद्यात्; नीललोहितपीत.....

.....॥३॥

વધુ પડતાં વમનો તથા વિરેચનો સેવાય, વધુ ઉપવાસો કર્યા હોય કે કોઈ વ્યાધિ કે રોગના કારણે શરીરમાં ક્ષીણતા થઈ હોય અથવા અપથ્ય સેવન કે અજીર્ણ થયું હોય, તે વખતે પણ જે માણસ હમેશાં ખારા, ખાટા, તીખા અને ક્ષારયુક્ત ગરમાગરમ પદાર્થોનું સેવન કરવાનો સ્વભાવ ધરાવતો હોય અથવા તે તે લવણ આદિ પદાર્થોમાં જે અતિશય આસક્ત રહેતો હોય અથવા જે બાળકની ધાવમાતા શીતળ પાણીથી સ્નાન-પાન કરવામાં કે સૂવામાં, મૈથુનસેવનમાં અને શારીરપરિશ્રમ આદિમાં અનિયમિતપણું કર્યા કરતી હોય કે તે ધાવમાતાનું ધાવણ પણ જો તેવા વિકૃત ગુણવાળું હોય, તો તે સ્ત્રીને તેમ જ તેને ધાવતા બાળકને પણ સોજો નામનો દારુણ રોગ ઉત્પન્ન થાય છે અને તેના ચાર પ્રકારો હોય છે; (જેમ કે, વાતિક, પૈત્તિક, કફજ તથા આગંતુ) તેમાં એ સ્ત્રીના દોષો જ કારણરૂપે હોય છે અને તે સોજો માર્ગ દ્વારા કાળો કે અરુણના જેવા રંગનો હોય, થોડો રૂક્ષ અને કીડીઓથી જાણે ભરેલો હોય તેમ વેદનાથી યુક્ત, પીડાયુક્ત તથા ઊંડો હોય, જેમાં કોઈ નિમિત્ત વિના પીડા થતી હોય અને જે ઉષ્ણસેવન તથા સ્નેહથી અતિશય શાંત થાય છે, તે સોજાને વાતિક-વાતજ કે વાયુના પ્રકોપથી ઉત્પન્ન થયેલો જાણવો; પરંતુ જે સોજો નીલા રંગનો, લાલ તથા પીળો હોય તેને પિત્તજ-પૈત્તિક અથવા પિત્તના પ્રકોપથી થયેલ જાણવો. (અહીંથી આ અધ્યાય ખંડિત જણાય છે, તેથી તેનું અનુસંધાન ચરકાદિ ગ્રંથમાંથી નીચે વિવરણમાં આપેલું જોઈ લેવું.) ૩

વિવરણ : અહીં મૂળ ગ્રંથમાં શોફ રોગને ચાર પ્રકારનો જેમ કહ્યો છે, તેમ ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૧૨ મા અધ્યાયમાં આ શોફ રોગને પ્રથમ વાતિક, પૈત્તિક તથા કફજ એમ ત્રણ પ્રકારનો જણાવીને છેવટે તેના નિજ તથા આગન્તુ એવા બે ભેદો પણ કહ્યા છે. તે ઉપરથી પણ શોફના ચાર ભેદો જ ચરકના મતે સાબિત થાય છે; પરંતુ સુશ્રુતે તો ચિકિત્સાસ્થાનના ૨૩ મા અધ્યાયમાં શોફ રોગને પાંચ પ્રકારનો કહ્યો છે; જેમ કે-વાતિક, પૈત્તિક, શ્લૈષ્મિક, સાંનિપાતિક તથા વિષજ એમ પાંચ ભેદો સુશ્રુતે કહ્યા છે. આમાંથી ચાર ભેદોને તો ચરકની માન્યતા પ્રમાણે 'નિજ'માં સમાવી શકાય છે અને વિષજ શોફને આગન્તુમાં ગણી શકાય છે, તેથી સુશ્રુતના મતે પણ ચાર જ પ્રકારના શોફ રોગો કહી શકાય તેમ છે; પરંતુ એ સિવાયના બીજા કેટલાય ગ્રંથોમાં શોફ રોગને ૯ પ્રકારનો

માન્યો છે; જેમ કે-એક એક દોષથી થતા ત્રણ, બે બે દોષોના સંસર્ગથી થતા દ્વિદોષજ પણ ત્રણ, ત્રિદોષજ એક, અભિઘાતજ એક અને વિષજ-એક એમ ૯ ની સંખ્યામાં શોફને કેટલાક માને છે, પરંતુ આમાંથી દ્વિદોષજને ત્રિદોષથી અલગ માનવાની જરૂર નથી અને અભિઘાતજને તથા વિષજને પણ આગન્તુમાં ગણી લેવામાં આવે તો ચાર પ્રકારના જ શોફ રોગ ગણાય તે જ બરાબર છે. એ જ અભિપ્રાયથી અહીં કાશ્યપસંહિતામાં શોફ રોગને ચાર પ્રકારનો જે કહ્યો છે, તે બરાબર છે; તેમાંથી દોષજ શોફને મુખ્ય ગણી તેનાં નિદાનો અહીં લગભગ કહ્યાં છે, પણ આગન્તુ શોફનું અલગ નિદાન કહેલ નથી, તે પણ ઠીક જ છે. ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૧૨ મા અધ્યાયમાં નિજ શોફનાં નિદાનો આમ કહ્યાં છે: 'शुद्धस्यामयामक्त-कृशबलानां क्षाराम्लतीक्ष्णोष्णगुरूपसेवा। दध्यामसूच्छा-कविरोधिदुष्टगरोपसृष्टान्ननिषेवणं च ॥ अर्शांस्यचेष्टा न च देहशुद्धिर्मर्मोपघातो विषमा प्रसूतिः। मिथ्योपचारः प्रतिकर्मणां च निजस्य हेतुः श्वयथोः प्रदिष्टः॥ જે લોકો શુદ્ધિ-વમન-વિરેચનથી, રોગોના કારણે અથવા ઉપવાસો કરવાથી તથા નિર્બળ થયા હોય; તેમ જ ખારા, ખાટા, તીક્ષ્ણ, ઉષ્ણ તથા પચવામાં ભારે પદાર્થોનું સેવન કરવામાં આવે અથવા વધુ પડતાં દહીં, કાચા ખોરાક, માટી, શાક, વિરુદ્ધ ભોજન, બગડેલાં અન્ન કે 'ગર' નામના કૃત્રિમ વિષથી મિશ્ર કરેલ ખોરાક ખવાય; તેમ જ અર્શસ રોગ હોય, શરીરનું હલનચલન બહુ ઓછું થતું હોય, શરીરની સફાઈ બરાબર થતી ન હોય, મર્મસ્થાનોમાં જો કંઈ લાગી જાય, સુવાવડી સ્ત્રીને કસુવાવડ થાય અથવા ગર્ભપાત વગેરે થાય અથવા કોઈ રોગની ચિકિત્સા ખોટી કરાઈ જાય તો-એ બધાં દોષજન્ય શોફ રોગનાં નિદાનરૂપ થાય, એમ કહેલ છે. એ જ પ્રમાણે સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૨૩ મા અધ્યાયમાં દોષજન્ય શોફનાં નિદાનો કહ્યાં છે. તેમાંનાં વાતદોષજન્ય-વાતિક સોજાનાં લક્ષણો અહીં મૂળમાં કહ્યાં છે કે જે સોજો કાળો, અરુણના જેવા રંગનો લાલ અને થોડા પ્રમાણમાં હોય તેમ જ રૂક્ષ હોય, તેને વાતિક અથવા વાતદોષના પ્રકોપથી થયેલો જાણવો. એ વાતિક શોફમાં જાણે કીડીઓ ભરાઈ ગઈ હોય તેવી વેદના થાય છે અને તે વાતિક સોજો નીચાણમાં ઢળતો હોઈ ને કોઈ પણ કારણ વિના જ ઉત્પન્ન થઈ જાય છે; તેમ જ એ વાતિક સોજો ઉષ્ણ ઉપચારના તથા સ્નેહના પ્રયોગથી મટી જાય છે; તે ઉપરથી સમજાય છે કે એ સોજો વાયુના જ પ્રકોપથી થયેલો હોય છે. આ સંબંધે પણ ચરકે ચિકિત્સાસ્થાનના ૧૨ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે 'चलत्तनुत्वक्परुषोऽरुणोऽसितः प्रसुप्तिहर्षार्तियुतोऽनिमित्ततः। प्रशाम्यति प्रोन्नमति प्रपीडितो दिवावली च श्वयथुः समीरणात् ॥ જે સોજો ચંચળ, પાતળી ચામડીવાળો, કઠોર, અરુણના જેવા રંગનો કાળો, જડતા, રોમાંચ તથા પીડાથી યુક્ત હોય, કોઈ પણ કારણ વિના થયો હોય અને દિવસના સમયે જે બળવાન બની ઘણી પીડાથી યુક્ત થાય, તે સોજાને વાયુના પ્રકોપથી થયેલો જાણવો. એમ તે વાતિક સોજાનાં લક્ષણો કહ્યા પછી અહીં મૂળમાં પિત્તના કારણે થયેલા સોજાનાં લક્ષણો કહ્યાં છે કે જે સોજો લીલો, લાલ અને પીળા રંગનો હોય તેને પૈત્તિક અથવા પિત્તજ શ્વયથુ જાણવો.' આટલું અહીં મૂળ ગ્રંથમાં મળે છે. એ ઉપરથી આ અધ્યાયનો બાકીનો ભાગ ખંડિત જણાય છે; કેમ કે ચારે પ્રકારના સોજાઓનાં નિદાનો, લક્ષણો તથા ચિકિત્સાકથન અહીં હોવાં જ જોઈએ; પણ તે અહીં મળતાં નથી. એટલે અમુક અંશે આ ગ્રંથના આ અધ્યાયમાં પૂર્તિ થાય અને લગભગ સંબંધ મળી રહે; આ કારણે તે બધો અવશિષ્ટ ભાગનો સારાંશ અહીં વિવરણમાં અન્ય ગ્રંથોમાંથી ઉતારી આપ્યો છે. જેમ કે ચરકે ચિકિત્સાસ્થાનના ૧૨ મા અધ્યાયમાં પિત્તજ સોજાનાં લક્ષણો આમ કહ્યાં છે 'मृदुः सुगन्धोऽसितपीतरागवान्भ्रमज्वरस्वेदतृषामदा-न्वितः। य उच्यते स्पर्शरुगक्षिरागकृत्स पित्तशोथो भृश-दाहपाकवान् ॥ જે સોજો કોમળ, સુગંધી, કાળો, પીળો અને રતાશવાળો હોય તેમ જ ચક્કર આવવાં, જ્વર, પરસેવો, વધુ પડતી તરશ તથા ઘેનથી યુક્ત હોય તેમજ સ્પર્શ થતાં જેમાં પીડા થાય

અને દાહ પણ થાય; નેત્રમાં જે રતાશ ઉપજાવે અને અતિશય બળતરા ઉપજાવીને જે પાકયુક્ત થાય, તે સોજો પિત્તજ અથવા પિત્તના પ્રકોપથી થયેલો હોય એમ જાણવું.' વળી આથી વધુ પણ ચરકે સૂત્રસ્થાનના ૧૮ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે-'स क्षिप्रोत्थानप्रशमो भवति कृष्णपीतनीलताम्रावभास उष्णो मृदुः कपिलताम्रलोमा उष्यते दूयते दह्यते धूप्यते ऊष्मायते स्विद्यति क्लिद्यते न च स्पर्शमुष्णं वा सुषूयते इति पित्तशोथः-પિત્તના પ્રકોપથી ઉત્પન્ન થયેલો તે પિત્તનો સોજો જલદી ઉત્પન્ન થઈ જલદી મટે છે; તેમાં કાળી, પીળી, નીલવર્ણી તથા ત્રાંબા જેવા રંગની ઝાંઈ હોય, વળી તે ગરમ, પીંગળાં, કોમળ રુવાંટાંથી યુક્ત હોઈને દાહ ઉપજાવે છે, સંતાપ પમાડે છે, બળતરા કરે છે, તપારાથી યુક્ત હોય છે; ઉષ્ણતાથી યુક્ત હોય છે; પરસેવાથી યુક્ત રહે છે; તેમાં ભીનાશ પણ સાથે હોય છે તેમજ ઉષ્ણ સ્પર્શને જે સહન કરી ન શકે, તે પિત્તનો સોજો કહેવાય છે.' આ જ પ્રકારે સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૨૩ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે-'पित्तश्चयथुः पीतो रक्तो वा शीघ्रानुसार्योषचोषादयश्चात्र वेदनाविशेषाः।' પિત્તના પ્રકોપથી થયેલો-પિત્તજ શ્વયથુ-સોજો પીળા રંગનો અથવા રાતો, જલદી કામ કરનાર અને દાહ તથા શોષ વગેરે જુદી જુદી વેદનાઓ તેમાં થયા કરે છે. અષ્ટાંગસંગ્રહમાં પણ આ સંબંધે આમ કહ્યું છે કે-'पीतरक्तासिताभासः पित्तादाताम्ररोमकृत्। शीघ्रानुसारप्रशमो मध्ये प्रारभ्यते तनोः॥ सतृड्दाहज्वरस्वेददवक्लेदमदभ्रमः। शीताभिलाषी विड्भेदी गन्धी स्पर्शासहो मृदुः॥-પિત્તના પ્રકોપથી જે સોજો થયો હોય તે પીળો, રાતો અને કાળી ઝાંઈથી યુક્ત હોય છે. તેની ઉપરનાં રુવાંટાંને પણ લગાર ત્રાંબા જેવા રંગના જે કરી નાખે છે; ઝડપથી કામ કરનાર અને જલદી શાંતિ પામે છે; અને શરીરની મધ્યમાં તે થાય છે. વળી તે પિત્તજ સોજામાં સાથે સાથે તરશ, દાહ, જ્વર, સ્વેદ, તપારો, ક્લેદ, મદ અને ચકરીનો રોગ પણ હોય છે; તેમાં શીતળતાની અભિલાષ થયા કરે છે, વિષ્ઠાનું ભેદન-છોતાપાણી થાય છે, અને તેમાંથી ગંધ પણ નીકળ્યા કરે છે, કોઈ પણ સ્પર્શને તે સહન કરી શકે નહિ અને તે કોમળ હોય છે. તેજ પ્રમાણે ચરકે ચિકિત્સિતસ્થાનના ૧૨ મા અધ્યાયમાં પણ શ્લૈષ્મિક-કફજ સોજાનાં આ લક્ષણો આમ કહ્યાં છે કે-गुरुः स्थिरः पाण्डुररोचकान्वितः प्रसेकनिद्रावमिवह्निमान्द्यकृत्। स कृच्छ्रजन्मप्रशमो निपीडितो-न चोन्नमेद्रात्रिबली कफात्मकः॥ કફપ્રધાન-કફજ સોજો ભારે, સ્થિર, ફિક્કો, અરોચકથી યુક્ત, કફના ઝરણને કરતો, નિદ્રા, ઊલટી તથા અગ્નિની મંદતાને પણ કરે છે; એ કફજ સોજો દુઃખપૂર્વક જન્મી તથા મટે છે; અને તેને જો દાબ્યો હોય તો કોઈ પણ બાજુમાં ઊંચો-નીચો ન થાય અને રાત્રિમાં બળવાન બને છે; વળી તે ચરકે સૂત્રસ્થાનના ૧૮ મા અધ્યાયમાં પણ આ કફજ સોજાનાં આવાં લક્ષણો કહ્યાં છે:-'स कृच्छ्रोत्थानप्रशमो भवति, पाण्डुः श्वेतावभासः स्निग्धः श्लक्ष्णो गुरुः स्थिरः स्त्यानः शुक्लाग्ररोमा स्पर्शोष्णसहश्चेति। श्लेष्मशोथः। તે કફજ સોજો મુશ્કેલીએ ઉત્થાન તથા શાંતિ પામે, ફિક્કો, ધોળી ઝાંઈવાળો તેમજ સ્નિગ્ધ, સુંવાળો, ભારે, સ્થિર, જામેલો, ધોળાં અગ્ર, અણીઓવાળાં રુવાંટાંથી યુક્ત અને સ્પર્શ કરતાં ઉષ્ણતાને સહન કરનાર હોય છે, તે શ્લેષ્મશોથ-કફજ સોજો કહેવાય છે.' એ જ પ્રકારે, સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૨૩ મા અધ્યાયમાં આ કફજ સોજાનું લક્ષણ આમ કહ્યું છે—'श्लेष्मश्चयथुः पाण्डुः शुक्लो वा स्निग्धः कठिनः शीतो मन्दानुसारी कण्ड्वादयश्चात्र वेदनाविशेषाः।'-કફના પ્રકોપથી થયેલ-કફજ સોજો ફિક્કા રંગનો, ધોળો, સ્નિગ્ધ, કઠિન, શીતળ, ધીમે ધીમે થતો હોઈને તેમાં ચેળ વગેરે અનેક પ્રકારની જુદી જુદી વેદનાઓ થાય છે.'

અષ્ટાંગસંગ્રહકારે પણ આ કફજ સોજા સંબંધે આમ કહ્યું છે કે-'कण्डूमान् पाण्डुरोमत्वक्कठिनः शीतलो गुरुः। स्निग्धः श्लक्ष्णः स्थिरः स्त्यानो निद्राच्छर्ग्यग्निसादकृत्॥ आक्रान्तो नोन्नमेत् कृच्छ्रशमजन्मा निशाबलः। स्रवेन्नासृक् चिरात्पिच्छां कुशशस्त्रादिविक्षतः॥ स्पर्शोष्णकाङ्क्षी च कफाद्॥ કફના પ્રકોપથી થયેલો સોજો ચેળથી યુક્ત, ફિક્કાં રુવાંટાં તથા ફિક્કી ચામડીથી યુક્ત, કઠિન, શીતળ, ભારે, સ્નિગ્ધ-

થી યુક્ત, શ્લક્ષ્ણ, સ્થિર, ગંઠાયેલ, નિદ્રા કરનાર, ઊલટી કરાવનાર અને જઠરાગ્નિની મંદતાને કરનાર, આંત્રણોથી દબાયેલો હોય તો તે કોઈ પણ બાજુથી ઊંચો ન થાય કે નમે નહિ; જેમાં ખાડો પડે નહિ; ઘણી મુશ્કેલીએ જે શમે કે મટે અને મહામુશ્કેલીથી જે જન્મે કે બહાર પ્રકટ થાય; રાત્રિના સમયે જેનું બળ કે જોર વધે; એ સોજાને દર્ભ કે શસ્ત્ર આદિથી વિશેષે કરી ક્ષત કર્યો હોય કે ચીર્યો હોય ત્યારે તેમાંથી લાંબા કાળે પણ લોહી ન ઝરે, પણ પિચ્છા કે શીમળાના ગુંદરની જેવી ચીકાશને સ્રવે; અને સ્પર્શથી ઉષ્ણતાને તે ધરાવે છે.' એમ ત્રણ પ્રકારના સોજાઓ જે કહ્યા તેઓમાંનો કયો સાધ્ય હોય અને કયો અસાધ્ય હોય તે સંબંધે અહીં કહેવામાં આવે છે કે જે માણસનું માંસ ક્ષીણ થયું ન હોય તેનો એક દોષમાંથી થયેલ સોજો નવો હોય અને જો બળવાન ન હોય તે સુખસાધ્ય થાય છે; પરંતુ જે સોજો કૃશ તથા બળરહિત માણસને થયો હોય તેમ જ વમન આદિ ઉપદ્રવોથી યુક્ત હોય અને જે સોજો મર્મપ્રદેશ સુધી પહોંચી ગયો હોય તેમ જ જે સોજો આમાશય અંગમાં ફેલાયો હોય તેને અસાધ્ય સમજવો.

હવે તે ઉપર કહેલ સોજાની ચિકિત્સાનો ક્રમ અહીં કહેવામાં આવે છે કે–જે સોજો સાધ્ય હોય તેનાં નિદાન, દોષ તથા ઋતુના ફેરફારથી વિપરીત હોય તેની ચિકિત્સા કરવી જોઈએ. આ સંબંધે ચરકે ચિકિત્સાસ્થાનના ૧૨ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'अथामजं लङ्घनपाचनक्रमैर्विशोधनैरुल्वणदोषमादितः । शिरोगतं शीर्षविरेचनैरधोविरेचनैरूर्ध्वमधस्तथोर्ध्वगम् ॥ उपाचरेत् स्नेहकृतं विरूक्षणैः प्रकल्पयेत्स्नेहविधिं च रूक्षजे ॥ જે સોજો આમદોષથી ઉત્પન્ન થયો હોય તેની લંઘનો તથા પાચન ઔષધોરૂપ ઉપચારોથી પ્રથમ ચિકિત્સા કરવી; જે સોજો ઉગ્ર દોષોથી ઉત્પન્ન થયો હોય તેના વિશોધનોરૂપ ઉપચારોથી ચિકિત્સા કરવી; જે સોજો મસ્તકમાં ઉત્પન્ન થયો હોય તેની ચિકિત્સા વિરેચનોથી કરવી જોઈએ; જે સોજો શરીરના ઉપરના ભાગમાં થયો હોય તેને અધોગામી–નીચેના માર્ગે થતાં વિરેચનો દ્વારા મટાડવો જોઈએ; તેમ જ જે સોજો સ્નેહથી કરાયો હોય તેને વધુ રૂક્ષણકારક દ્રવ્યોથી મટાડવો અને જે સોજો રૂક્ષ દ્રવ્યોથી થયો હોય તેને મટાડવા માટે સ્નેહનવિધિ કરવી જોઈએ.' અષ્ટાંગસંગ્રહમાં પણ આ સોજાની ચિકિત્સા આમ કહી છે કે, 'श्वयथुषु दोषजेषु सर्वेषु सर्वसरेष्वामानुबद्धेषु लङ्घनपाचनशोधनान्यादौ योजयेत् । स्नेहजेषु विरूक्षणान्यौषधानि । विरूक्षणोत्थेषु स्नेहनानि । જે સોજા દોષોના પ્રકોપથી ઉત્પન્ન થયા હોય તે બધાયે સર્વ તરફ ફેલાતા હોય; અને આમથી અનુસરાયેલા પણ હોય છે, તેથી તે સોજાઓમાં પ્રથમ લંઘનો, પાચન–ઔષધો તથા શોધન–વમન–વિરેચનકારક ઔષધોનો પ્રયોગ કરાવવો જોઈએ. અને જે સોજા સ્નેહોના સેવનથી ઉત્પન્ન થયા હોય તેઓમાં વિશેષ રૂક્ષતા કરનારાં દ્રવ્યોનો પ્રયોગ કરાવવો જોઈએ; અને વિશેષ રૂક્ષતા કરનારાં દ્રવ્યોના સેવનથી થતા સોજાઓમાં સ્નેહનકારક દ્રવ્યોનું સેવન કરાવવું જોઈએ. એમ તે સિવાય વધુ આમ પણ સમજવાનું કે જુદા જુદા દોષોના પ્રકોપથી થયેલા સોજામાં પણ જુદી જુદી ચિકિત્સા કહેવામાં આવી છે; જેમ કે–સુશ્રુતે ચિકિત્સાસ્થાનના ૨૩ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે– तत्र वातश्वयथौ भृतमैरण्डतैलं वा मासमर्धमासं वा पाययेत्, न्यग्रोधादिकषायसिद्धं सर्पिः पित्तश्वयथौ, आरग्वधादिसिद्धं श्लेष्मश्वयथौ, सन्निपातश्वयथौ स्नुहीक्षीरपात्रं द्वादशभिरम्लपात्रैः प्रतिसंसृष्टं दन्तीप्रतीवापं सर्पिः पाचयित्वा पाययेत् । તેમાં વાયુના પ્રકોપથી થયેલા સોજામાં નસોતરનું કે એરંડાનું તેલ એક મહિનો કે પંદર દિવસ સોજાના રોગીને પાવું; અથવા ન્યગ્રોધાદિ ઔષધગણથી પકવેલું ઘી પિત્તના સોજામાં પાવું અથવા ગરમાળો વગેરે ઔષધગણથી પકવેલું ઘી કફના સોજામાં રોગીને પાવું; અને સંનિપાતથી ઉત્પન્ન થયેલા સોજામાં થોરનું ૨૫૬ તોલા છીર લઈ તેમાં પકવેલું ઘીને તેનાથી બારગણી ખાટી કાંજીથી મિશ્ર કરી તેમાં નેપાળાનું ચૂર્ણ છેલ્લું નાખીને ફરી તે ઘી

પકવીને તે રોગીને પાવું.' આ ઉપરાંત બીજી પણ સોજાની ચિકિત્સા આમ કરવી જોઈએ કે–હરડેાઈ સોજામાં ગંડીરાદ્યરિષ્ટ, પુનર્નવા આસવ, ફલત્રિકાદ્યરિષ્ટ, ગુડાર્દ્રકપ્રયોગ, શિલાજતુપ્રયોગ તથા કંસહરીતકીપ્રયોગ પણ કરાવી શકાય છે. એમ તે તે કોઈ પણ પ્રયોગ ચાલુ હોય ત્યારે તે ઉપરાંત તે તે દોષને અનુસરી બહારના ભાગમાં જુદા જુદા પ્રલેપ, સિંચનક્રિયા આદિનો પ્રયોગ કરવાથી તે વધુ ફાયદો કરે છે. ૩

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં 'શોફ-ચિકિત્સિત' નામનો ૧૪ મો અધ્યાય સમાપ્ત

કૃમિ-ચિકિત્સિત : અધ્યાય ૧૫ મો

કૃમિઓની ચિકિત્સા-વિડંગઘૃત

.....

.....

..... च लाभतः समुपानयेत् ।
पादशेषे जलद्रोणे श्रृते सर्पिर्विपाचयेत् ॥ १ ॥
प्रस्थं सैन्धवसंयुक्तं तत् परं कृमिनाशनम् ।
विडङ्गघृतमित्येतल्लेह्यं शर्करया सह ।
सर्वकृमीन् प्रणुदति वज्रो मुक्त इवासुरान् ॥२॥

વાવડિંગ વગેરે જે જે વસ્તુ આ ઘી પકાવવા કહી છે, તેમાંથી જે પ્રમાણે મળે તે મેળવીને તેઓનો કલ્ક બનાવી તેનો ૧૦૨૬ તોલા પાણીમાં ક્વાથ કરવો. એ ક્વાથ એકચતુર્થાંશ બાકી રહે ત્યારે અગ્નિ પરથી નીચે ઉતારી ગાળી લઈને તેમાં ૬૪ તોલા ઘી પકવવું. પ્રવાહી બળી જતાં પક્વ થયેલ તે શ્રેષ્ઠ ઘી 'વિડંગઘૃત' એ નામે કહેવાય છે; તે ઘીને યોગ્ય માત્રામાં સાકરની સાથે મિશ્ર કરી ચાટવું જોઈએ; એમ ચાટેલું તે ઘી ઇંદ્રે છોડેલું વજ્ર જેમ અસુરોનો નાશ કરે છે, તેમ બધાયે કૃમિઓનો નાશ કરે છે. ૧,૨

વિવરણ : આ અધ્યાયમાં ઉદરકૃમિઓની ચિકિત્સા કહેવામાં આવી છે; પરંતુ શરૂઆતમાં આ અધ્યાય ખંડિત છે, છતાં આમ સમજી શકાય છે કે આ અધ્યાયના આરંભમાં કૃમિઓના ભેદો, નિદાનો તથા લક્ષણો આદિનું નિરૂપણ કરેલું હોવું જોઈએ; માટે અહીં કૃમિઓનાં નિદાનો, પૂર્વરૂપો, રૂપો વગેરેને અહીં બીજા ગ્રંથોમાંથી આપ્યાં છે. વૃંદમાધવ તથા ચક્રદત્ત આદિ ગ્રંથોમાં કૃમિરોગના અધિકારમાં અહીં દર્શાવેલ 'વિડંગઘૃત'ની બનાવટમાં જે જે ઔષધદ્રવ્યો લેવાય છે, તે દર્શાવતો પાઠ આ પ્રમાણે છે– 'त्रिफलायास्त्रयः प्रस्था विडङ्गप्रस्थ एव च । द्विपले दशमूलस्य लाभतः समुपाचरेत् ॥ पादशेषे जलद्रोणे श्रृतं सर्पिर्विपाचयेत् । प्रस्थोन्मितं सिन्धुयुतं तत्परं कृमिनाशनम् ॥ विडङ्गघृतमेतच्च लेह्यं शर्करया सह । सर्वान् कृमीन् प्रणुदति वज्रं मुक्तमिवासुरान् ॥–ત્રિફળાનું ચૂર્ણ ૧૯૨ તોલા, વાવડિંગ ૬૪ તોલા અને આઠ તોલા દશમૂલ–એ ઔષધદ્રવ્યો જેટલાં મળે તેટલાં લાવી તે બધાંને એકત્ર પીસી નાખી તેઓનો કલ્ક તૈયાર કરી ૧૦૨૬ તોલા પાણીમાં તેનો ક્વાથ કરવો. એ ક્વાથ એક ચતુર્થાંશ બાકી રહે, ત્યારે તેને અગ્નિ પરથી ઉતારી વસ્ત્રથી ગાળી લઈ તેમાં ૬૪ તોલા ઘી, સૈંધવ સાથે નાખવું, પછી તેનો પાક કરવો. પ્રવાહી બળી જાય એટલે તૈયાર થયેલ શ્રેષ્ઠ 'વિડંગઘૃત' સાકર સાથે યોગ્ય પ્રમાણમાં કૃમિના રોગીએ ચાટવું, એમ સેવેલું તે ઘી ઇંદ્રે છોડેલું વજ્ર જેમ બધાયે અસુરોનો નાશ કરે છે, તેમ બધાયે કૃમિ(પેટનાં કરમિયાંઓ)નો નાશ કરે છે. આ કૃમિનાશન 'વિડંગઘૃત'નો પ્રયોગ ચરક, સુશ્રુત આદિ અનેક ગ્રંથોમાં પણ દર્શાવેલ છે.

પેટના કૃમિરોગમાં પથ્યો

तिक्तोष्णकटुरूक्षाणां मूत्राणां लवणस्य च ।
स्नेहस्वेदोपसेवा च पथ्यं च कृमिनाशने ॥३॥

પેટના કૃમિઓનો નાશ કરવા માટે કડવા, ગરમ, તીખા તથા રૂક્ષ પદાર્થોનું સેવન તેમ જ ગોમૂત્રનું, સૈંધવ, સ્નેહો તથા બાફ કે શેકનું સેવન–એટલાં પથ્ય કહ્યાં છે.

બહારના કૃમિઓમાં પથ્ય

बहिःकृमीणां स्नानाद्यं द्विव्रणीये प्रकीर्तितम् ।
अतिबालस्य तु शिशोर्धात्री सर्वं समाचरेत् ॥४

બહારના (વ્રણ આદિમાં) જે કૃમિઓ થયા હોય તેઓના નાશ માટે સ્નાન

આદિ-બાહ્ય શુદ્ધિ આવશ્યક હોય છે, એમ 'દ્વિવ્રણીય-ચિકિત્સિત' નામના ૧૧ મા અધ્યાયમાં કહેલ છે; તે સર્વ (બાહ્ય શુદ્ધિ) આદિ કર્મ (ઉપચારો) બાળકને થયેલ કૃમિરોગમાં તેની ધાત્રી-માતાએ કરવા. ૪

કૃમિના રોગી માટે ઔષધપક્વ દૂધ અમૃતરૂપ છે

संशोधनैर्विशुद्धं च पथ्यान्नैश्च लघूकृतम्।
भावितं चौषधैः क्षीरममृतत्वाय कल्पते ॥ ५ ॥

(પેટના) કૃમિઓનો જે રોગી, સંશોધનોથી શુદ્ધ થયો હોય અને પથ્ય અન્નના સેવનથી હલકો કરાયો હોય, તેને ઔષધદ્રવ્યો નાખી ભાવના અપાયેલું પકવ ઘી અમૃતપણું લાવવા એટલે કે અમૃતપાન જેવું ફળ આપવા સમર્થ થાય છે. ૫

(પેટના) કૃમિઓના રોગીની બાહ્ય-ચિકિત્સા

अ(ना)त्युष्णं कटुतैलं तु गुदे दत्त्वा ससैन्धवम्।
स्वेदयेद् गुदमङ्गुल्या तथाऽऽशु लभते सुखम् ॥ ६

(પેટના) કૃમિઓનો જે રોગી તે રોગથી પીડાતો હોય, તેની ગુદામાં સહેવાય તેવું ગરમ કરેલ હોય તેવું સરસિયું તેલ, સૈંધવથી મિશ્ર કરીને ચોપડવું; પછી તે ગુદાને આંગળીઓ ઘસીને તેની ગરમીથી બાફ દેવી (શેક આપવો) તેથી એ રોગી તરત જ સુખ પામે છે. ૬

इति ह स्माह भगवान् कश्यपः ॥ ७ ॥

એમ ભગવાન કશ્યપે અહીં કૃમિઓની ચિકિત્સા કહી હતી. ૭

વિવરણ : ચરકે તથા સુશ્રુતે કૃમિઓની ૨૦ જાતિઓ કહી છે. તેમાંથી ચરકે વમાનસ્થાનના ૭ મા અધ્યાયમાં કૃમિઓના આવા ચાર ભેદો કહ્યા છે; જેમકે પુરીષજ, શ્લેષ્મપજ, રક્તજ તથા મલજ-બાહ્યમલજ એમ ચાર કૃમિભેદો કહ્યા છે; પરંતુ સુશ્રુતે ઉત્તરતંત્રના ૫૪ મા અધ્યાયમાં આમ કહ્યા છે-'विंशतेःकृमिजातीनां त्रिविधः संभवः स्मृतः। પુરીષકફરક્તાનિ-કૃમિઓની ૨૦ જાતિઓ છે; તેઓની ઉત્પત્તિ આ ત્રણ પ્રકારે ત્રણમાંથી થાય છે; એક તો પુરીષ વિષ્ઠામાંથી, બીજી જાતિ કફમાંથી અને ત્રીજી જાતિ રુધિરમાંથી ઉત્પન્ન થાય છે; તેમાં જે કૃમિઓ મળ અથવા મેલમાંથી ઉત્પન્ન થાય છે, તે જૂ-વગેરે કૃમિઓ અહીં કહ્યા નથી. કૃમિઓનું સામાન્ય નિદાન સુશ્રુતે ઉત્તરતંત્રના ૫૪ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે-'अजीर्णाध्यशनासात्म्यविरुद्धमलिनाशनैः। अव्यायामदिवास्वप्नगुर्वतिस्निग्धशीतलैः॥ माषपिष्टान्नविदलबिसशालूककसेरुकैः। पर्णशाकसुराशुक्तदधिक्षीरगुडेक्षुभिः॥ पल्लानूपपिशितपिण्याकपृथुकादिभिः। स्वाद्वम्लद्रवपानैश्च श्लेष्मा पित्तं च कुप्यति॥ कृमीन् बहुविधाकारान् करोति विविधाश्रयान्। आमपक्वाशये तेषां कफविड्जन्मनां पुनः॥ धमन्यां रक्तजानां च प्रसवः प्रायशः स्मृतः। અજીર્ણ થાય, આધેલો ખોરાક પચે નહિ, ઉપરાઉપરી ખવાય, પોતાની પ્રકૃતિને અનુકૂળ કે માફક ન હોય એવા (ખોરાક ખવાય) વિરુદ્ધ અને મલિન ખોરાકો ખવાય, કસરત કે શારીરશ્રમ ન કરાય, દિવસે નિદ્રા સેવાય, પચવાં ભારે અતિશય ચીકણાં અને ટાઢાં થયેલ ભોજનો જમાય, અડદના લોટના ખોરાક ખવાય, દ્વિદલ-કઠોળના ખોરાક ખવાય, મૃણાલતંતુઓ, કમળકંદ અથવા કસેરુકંદ ખવાય, પાંદડાંનાં શાકભાજી, મદિરા, ખાટી કાંજી, દહીં, દૂધ, ગોળ તથા શેરડી કે તેના વિકારો ખાંડ, સાકર વગેરેનું સેવન કરાય, પલાલ-આનૂપ-જલપ્રાય પશુઓનાં માંસ-પિણ્યાક, ખોળ અને પૃથુક-પૌંઆ કે મમરા વગેરે વધુ ખવાય તેમ જ સ્વાદુ-મધુર, ખાટાં પ્રવાહી પીણાં વગેરે જો વધુ સેવાય તો તેથી કફ અને પિત્ત બેય કોપે છે, તેથી એ કફ તથા પિત્ત બેયનો એકત્ર વિકાર અનેક પ્રકારના આકારવાળા અને વિવિધ-જુદાજુદા આશ્રય કે સ્થાનોમાં કૃમિઓને ઉત્પન્ન કરે છે; તેઓમાંના જે કૃમિઓ કફ તથા વિષ્ઠામાં જન્મે છે. તેઓનો આશ્રય આમાશય તથા પક્વાશયમાં હોય છે, પણ જે કૃમિઓ લોહીમાં ઉત્પન્ન થાય છે, તેઓનું ઉત્પત્તિસ્થાન

ધમની-નાડી હોય એમ કહેલું છે.' એમ કૃમિઓનું સામાન્ય નિદાન સુશ્રુતે કહીને તેઓનું જ વિશેષ નિદાન તથા લક્ષણ પણ આમ કહ્યું છે કે-माषपिष्टान्नविदलपर्णशाकैः पुरीषजाः। मांसमाषगुडक्षीरदधितैलैः कफोद्भवाः॥ विरुद्धाजीर्णशाकाद्यैः शोणितोत्था भवन्ति हि। ज्वरो विवर्णता शूलं हृद्रोगः सदनं भ्रमः। भक्तद्वेषोऽतिसारश्च संजातकृमिलक्षणम्॥ અડદના અથવા લોટના ખોરાકો ખાવાથી, કોળા તથા પાંદડાંના શાકભાજી વધુ ખાવાથી રુધિરમાં થતા કૃમિઓ ઉત્પન્ન થાય છે; એ કૃમિરોગમાં થતા જ્વર, શરીરનો રંગ બદલાવો, શૂલ, હૃદયરોગ, શરીરમાં શિથિલતા, ચક્કરીનો રોગ, ખોરાક પરનો અણગમો તથા અતિસાર એ રોગો પણ ઉપદ્રવરૂપે સાથે હોય છે અને તેઓ પણ કૃમિરોગનાં લક્ષણરૂપે સમજવાં છે. આ કૃમિરોગની ચિકિત્સા પણ ચરકે વિમાનસ્થાનના ૭ મા અધ્યાયમાં આમ લખી છે કે-तत्र सर्वकृमीणामपकर्षणमेवादितः कार्यम्, ततः प्रकृतिविघातः, अनन्तरं निदानोक्तानां भावानामनुपसेवनम्।-ચરકોક્ત કૃમિરોગમાં શરૂઆતમાં તો અપકર્ષણ ચિકિત્સા કરવી જોઈએ; તે પછી પ્રકૃતિનો વિઘાત એટલે કે કૃમિઓનાં મૂળ કારણોનો જ નાશ કરવો અને તે પછી કૃમિઓના નિદાનમાં કહેલા પદાર્થોનું સેવન કરવું ન જોઈએ. એકંદર કૃમિઓની પ્રાથમિક ચિકિત્સા તો પ્રથમ શોધન, શમન તથા નિદાનોના ત્યાગરૂપે જ કરવી જોઈએ અને આવી જ ચિકિત્સાવિધિ ચરકોક્ત રોગને કાબૂમાં લેવા પ્રથમ કરવી જ જોઈએ. અર્થાત્ કૃમિરોગમાં સૌ પહેલાં કૃમિઓનું અપકર્ષણ કરવું અથવા આમાશય કે પક્વાશયમાં રહેલા કૃમિઓને વમન, વિરેચન, શિરોવિરેચન કે આસ્થાપન આદિથી બહાર કાઢી નાખવા જોઈએ. તે પછી એ કૃમિઓની ઉત્પત્તિના કારણનો જ નાશ કરવો જોઈએ-એટલે કે તીખા, કડવા, તૂરા, ક્ષારયુક્ત અને ઉષ્ણ પદાર્થોનું સેવન છોડવું જોઈએ; તેમ જ છેવટે એ કૃમિઓ ફરી ઉત્પન્ન જ ન થાય તે માટે તેઓનાં નિદાનોમાં કહેલ પદાર્થોનો પણ ત્યાગ કરવો જોઈએ. આ સંબંધે વિસ્તૃત વિવરણ ચરકના વિમાનસ્થાનના ૭ મા અધ્યાયમાં તથા સુશ્રુતના ઉત્તરતંત્રના ૫૪ અધ્યાયમાં જોવું જોઈએ. ૭

ઇતિ શ્રી કાશ્યપસંહિતામાં 'કૃમિ-ચિકિત્સિત' નામનો અધ્યાય ૧૫ મો સમાપ્ત

મદાત્યય-ચિકિત્સિતઃ અધ્યાય ૧૬ મો

अथातः मदात्ययचिकित्सितं व्याख्यास्यामः॥१ इति ह स्माह भगवान् कश्यपः॥ २॥

હવે અહીંથી 'મદાત્યય-ચિકિત્સિત' એ નામના અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું, એમ ભગવાન કશ્યપે ખરેખર કહ્યું હતું. ૧,૨

મદિરાપાનથી થતા રોગો

मद्यप्रवृत्तौ रोगस्तु प्रोच्यते त्रिविधो नृणाम्। पानात्ययो विभ्रमश्च पानापक्रम एव च॥ ३॥

મદિરા પીવામાં લાગ્યા રહેવાથી પણ ત્રણ પ્રકારના રોગો લોકોને લાગુ થાય છે; જેમ કે-પાનાત્યય કે પાનવિભ્રમ અને પાનાપક્રમ. ૩

પાનાત્યય રોગનું નિદાન

तत्र योऽध्युषिते पाने त्वजीर्णे पिबते नरः। तत् पानमत्ययं याति तस्मात् पानात्ययो मतः॥४

તેમાં જે માણસ પહેલાં કરેલું મદ્યપાન હજી પચ્યું ન હોય, છતાં તેના અજીર્ણમાં બીજી વાર મદ્યપાન કરે છે, તેથી એ બીજી વખત કરેલું મદ્યપાન રોગપણાને પામે છે, તે કારણે એ 'પાનાત્યય' નામનો રોગ મનાયો છે. ૪

પાનવિભ્રમ તથા પાનાપક્રમ (મદ્યજ) રોગો

विभ्रान्तानां तु पानानां सेवनात्(पानविभ्रमः)। सहसा पानविच्छेदः पानापक्रम उच्यते॥५॥

જે મદ્યપાન વિશેષ ભ્રમિત કરે એવાં મદ્યપાનોના સેવનથી 'પાનવિભ્રમ' નામનો બીજા પ્રકારનો 'મદાત્યય' રોગ ઉત્પન્ન થાય છે; તેમ જ જેઓનું કાયમ મદ્યપાન ચાલુ હોય, તેઓનું એ મદ્યપાન, એકાએક-તૂટક બને કે ઓચિંતું બંધ પડે, તેથી (જેના મનની જે વિકૃત સ્થિતિ થાય),

તે ત્રીજો 'પાનાપક્રમ' નામનો મદાત્યય રોગ થયો કહેવાય છે. ૫

યુક્તિપૂર્વકના મદ્યપાનથી થતા ગુણો

दीपनं रोचनं वृष्यं रतिवैशद्यकारकम् ।
कार्श्यचित्तश्रमहरं हर्षणं बलवर्धनम् ॥ ६ ॥
युक्तोपसेवितं मद्यं सात्त्विकानां विशेषतः ।
प्रमोदारोग्यपुष्टीनां तन्मूलं चान्नभोजनम् ॥ ७ ॥

યોગ્ય પ્રમાણમાં યુક્તિપૂર્વક સેવેલું મદ્યપાન દીપન હોઈ જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે, રોચન હોઈ રુચિકારક થાય છે; વૃષ્ય હોઈ વીર્યવર્ધક બને છે; મૈથુન પરની પ્રીતિને તથા વિશદપણું અથવા માનસિક નિર્મલતાને ઉપજાવનાર થાય છે; શરીરના કૃશપણાને તેમ જ ચિત્તના શ્રમ કે થાકને દૂર કરે છે; હર્ષણ હોઈ હર્ષને ઉપજાવનાર તથા બળને વધારનાર થાય છે; અને સાત્ત્વિક પ્રકૃતિના લોકોને તો ઉપર દર્શાવ્યા કરતાં વધુ પ્રમાણમાં હર્ષ, આરોગ્ય તથા પુષ્ટિનું મૂળ-કારણ બને છે; તેમ જ ભોજન પણ એ મદ્યપાનના કારણે વધુ ગુણકારક બને છે. ૬,૭

વિવરણ : ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૨૪ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે 'किन्तु मद्यं स्वभावेन यथैवान्नं तथा स्मृतम्'। જોકે મદ્ય કેવળ ગુણકારક તો નથી જ તોપણ કેવળ સ્વભાવથી તો અન્નના જેવું જ ગણાય છે એટલે કે યોગ્ય પ્રમાણમાં લેવાય તો તે અન્નના જેવું જ ગુણકારક છે.

આટલા રોગોમાં તો મદ્ય અમૃત જેવું જ છે

स्तन्यक्षये च धात्रीणामुत्पन्ने चाप्य..... ।
.....वातशूलेषु शीतके विषमज्वरे ॥ ८ ॥
नारीणां सुकुमारीणां रोगेषु विविधेषु च ।
सूतानां दुष्प्रजातानां योनिभ्रंशेऽतिमैथुने ॥ ९ ॥
दन्तजन्मनि बालानां पीडितानां पिपासया ।
तालुकण्ठौष्ठशोषे च रोदितेऽतिप्रजागरे ॥ १० ॥
वातश्लेष्मात्मके व्याधौ मद्यमाहुर्यथाऽमृतम् ।

ધાત્રી-માતાનું ધાવણ ક્ષીણ થાય ત્યારે વાયુના પ્રકોપથી શૂલરોગ થાય, શીતક-ટાઢિયો વિષમજ્વર આવે, કોમળ સ્ત્રીઓને અનેક પ્રકારના રોગો થાય, સુવાવડી સ્ત્રીઓને સુવાવડ અગડી હોય કે કસુવાવડ થાય, સ્ત્રીની યોનિ તેના સ્થાનેથી ખસી જાય, અતિશય મૈથુન કરવું હોય, બાળકોને દાંત આવતા હોય, વધુ પડતી તરશથી જેઓ પીડાયા હોય, તાળવાનો, ગળાનો કે હોઠનો શોષ હોય કે તે તે સુકાતાં હોય ત્યારે, વધુ પ્રમાણમાં રડવું પડ્યું હોય કે ખૂબ વધુ પ્રમાણમાં ઉજાગરા કરવા પડ્યા હોય અને વાયુપ્રધાન તથા કફપ્રધાન વ્યાધિ થયો હોય ત્યારે વદ્યો, મદ્યને અમૃત જેવું ગુણકારક અથવા ફાયદો કરનાર કહે છે. ૮-૧૦

વિવરણ : ચરકે તથા સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૨૪ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે-'स्निग्धैस्तदन्नैर्मांसश्च भक्ष्यैश्च सह सेवितम्। भवेदायुः प्रकर्षाय बलायोपचयाय च ॥ સ્નિગ્ધ ખોરાકો સાથે, માંસ સાથે અને તે સિવાયના બીજા ભક્ષ્ય ખોરાકો સાથે મદ્ય જો સેવ્યું હોય, તો આયુષને વધારનાર તથા બલકારક તથા પુષ્ટિવર્ધક થાય છે.'

અતિશય મદ્યપાન હાનિકારક છે

तदेवातिप्रसङ्गेन पीयमानं पुनः पुनः ॥ ११ ॥
सर्वव्याधिमुखं प्रोक्तं विषवत् कारयत्यपि ।
मदात्ययं वातकरं कृच्छ्रसाध्यं करोति वा ॥ १२ ॥

એ જ મદ્યને ખૂબ આસક્તિપૂર્વક વારંવાર પીવાથી સર્વ રોગોના મુખરૂપ થઈને ઘણાય રોગોને ઉપજાવનાર થાય છે અને ઝેર જેવું નુકસાનકારી થાય છે; અથવા વાયુને કરનાર હોઈ કષ્ટસાધ્ય એવા મદાત્યય રોગને કરે છે. ૧૧

વિવરણ : આ જ અભિપ્રાયથી ચરકે ચિકિત્સાસ્થાનના ૨૪ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે अयुक्तियुक्तं रोगाय युक्तियुक्तं यथाऽमृतम् ॥ ११,१२॥ મદ્યને જો યુક્તિ વિના કે અયોગ્ય રીતે વધુ પ્રમાણમાં વારંવાર સેવ્યું હોય, તો રોગ કરનાર થાય છે; પણ તે જ મદ્યને જો યુક્તિપૂર્વક યોગ્ય

પ્રમાણમાં જે સેવ્યું હોય, તો અમૃત જેવું ગુણકારક બને છે. ૧૭

મદાત્યય રોગની સંપ્રાપ્તિ

तरुणं वाऽप्यजीर्णे वा यो मद्यमतिसेवते ।
लघुसत्त्वो निराहारो रसस्तस्य विदुष्यति ॥१३॥
अनिलं रूक्षतीक्ष्णत्वात् पित्तमौष्ण्याद्विपाकतः ।
युगपत् कुपितौ दोषौ प्राताव्याशयं ततः ॥१४
विघ्रन्धश्लेष्मणा(ऽ)त्यक्तौ विप्लवेते महासिराः ।
ततो हृदयमूलासु विप्लुतासु सिरासु च ॥१५॥
शरीरं क्लिश्यतेऽत्यर्थं तस्य वक्ष्यामि लक्षणम् ।

જે માણસ લઘુસત્ત્વથી યુક્ત હોય એટલે નબળા મનવાળો હોય અને જે નિરાહાર હોય એટલે કે કોઈ આહાર કર્યો ન હોય–તે નરણાં કોઠાવાળો માણસ જો તાજું નવું મદ્ય ખૂબ વધુ પ્રમાણમાં પીએ, અથવા જે માણસ અજીર્ણમાં કે આધેડો ખોરાક પચ્યો ન હોય તે સ્થિતિમાં તાજું–નવું મદ્ય ખૂબ વધુ પ્રમાણમાં પીએ છે, તેણે પીધેલું એ મદ્ય, તીક્ષ્ણ તથા રૂક્ષ હોવાથી વાયુને કોપાવે છે–તેમ જ એ મદ્યમાં ઉષ્ણતાનો ગુણ પણ હોય છે, તે કારણે પિત્તને પણ તે મદ્ય વિકૃત બનાવે છે; એમ એકી-વખતે વિકૃત બનેલા તે બેય દોષો તે પછી આમાશયમાં પહોંચી જઈ ત્યાં અતિશય સ્તબ્ધ થયેલા કફની સાથે મળી જાય છે અને પછી મોટી મોટી શિરાઓમાં તે દોષો ઉત્પાત મચાવે છે અને પછી હૃદયના મૂલરૂપ જે શિરાઓ છે, તે પણ જ્યારે વિકાર પામી ફૂદવા માંડે છે ત્યારે શરીર અત્યંત ક્લેશ પામે છે, તે 'મદાત્યય' રોગ થયો કહેવાય છે; તેનું લક્ષણ નીચે હું કહું છું. ૧૩–૧૫

મદાત્યય રોગનું લક્ષણ

मुह्यते घृष्यते रौति दह्यते ज्वर्यते भृशम् ॥१६॥
हृद्द्रवो वेपथुर्हर्षः पार्श्वशूलं शिरोरुजा ।
अरुचिः स्वेदविष्टम्भो विह्वलत्यतिसार्यते ॥१७॥
शुष्यते .....याति विलपत्यपि ।
एवं मदात्ययं विद्यात्तस्य वक्ष्यामि लक्षणम् ॥१८

એમ 'મદાત્યય' રોગથી યુક્ત થયેલો માણસ બેભાન બને છે; ક્ષીણ થાય છે; રડે છે; બળે છે અને અતિશય વ્યથા પામે છે. પછી તેનું હૃદય દ્રવે છે–ધડકે–ફરકે અને ખૂબ વેગથી ગતિમાન થાય છે; તેના શરીરમાં કંપ તથા રોમાંચ થાય છે; પડખામાં શૂલ નીકળે છે; માથામાં પીડા થાય છે; બેચેની, પરસેવો અને જડતા થાય છે; પછી તે વ્યાકુળ બને છે, તેને ઝાડો પણ ઘણો થવા લાગે છે, શરીરે સુકાય છે, મૂર્છાને પામે છે અને વિલાપ પણ કરે છે; એવા પ્રકારના લક્ષણવાળો તે મદાત્યય રોગને જાણવો; હજી પણ તેનું વિશેષ લક્ષણ હું નીચે કહું છું. ૧૬–૧૮

વાયુજનિત મદાત્યયનાં લક્ષણો

हृत्पार्श्वपर्वरुजनं प्रलापोऽतिप्रजागरः ।
उन्मत्त इव चाभाति पवनोत्थे मदात्यये ॥१९॥

વાયુના પ્રકોપથી થતા મદાત્યય રોગમાં હૃદયમાં, બેય પડખાંમાં તથા સાંધાઓમાં પીડા થાય છે. વધુ બકવાદ તેમ જ ઘણા ઉજાગરા થાય છે; જેથી તે માણસ જાણે કે એકદમ ગાંડો થઈ ગયો હોય તેવો જણાય છે. ૧૯

વિવરણ : આ વાતિક મદાત્યયનું લક્ષણ ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૨૪ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'हिक्काश्वासशिरःकम्पपार्श्वशूलप्रजागरैः। विद्याद्बहुप्रलापस्य वातप्रायं मदात्ययम् ॥ જેમાં હેડકી, શ્વાસ, મસ્તકનો કંપ, પડખામાં શૂલ અને વધુ પ્રમાણમાં 'ઉજાગરા' થયા હોય તે રોગને વાયુની પ્રધાનતાવાળો મદાત્યય રોગ જાણવો.' સુશ્રુતે પણ ઉત્તરતંત્રની ૪૭ મા અધ્યાયમાં વાતિક મદાત્યયનું આવું લક્ષણ કહ્યું છે કે–'स्तम्भाङ्गमर्दहृदय-ग्रहतोदकम्पाः पानात्ययेऽनिलकृते शिरसो रुजश्च ॥ વાયુએ ઉપજાવેલા પાનાત્યય કે મદાત્યય રોગમાં શરીરનું જકડાવું, શરીરનાં અંગોનું ભાંગવું, હૃદયનું ઝલાવું, શરીરમાં જાણે સોયો ભોંકાતી હોય એવી પીડા, કંપારી અને માથાની પીડા

એટલાં લક્ષણો થાય છે.' ૧૯

પિત્તજનિત મદાત્યયનાં લક્ષણો

स्रोतःपाको ज्वरो दाहो विड्भेदः स्वेदपीतता ।
छर्दी रक्तप्रकोपो वा पीतं पश्यति पैत्तिके ॥२०

સ્રોતોનું પાકવું, તાવ, બળતરા, વિષ્ટાનો ભેદ–છોતાપાણી થવું, પરસેવામાં પીળો રંગ, ઊલટી તથા રુધિરનો પ્રકોપ અને બધા પદાર્થોને જે પીળા રંગના દેખે એટલાં લક્ષણો પિત્તના પ્રકોપથી થયેલા મદાત્યયમાં માણસને જણાય છે. ૨૦

વિવરણ: આ સબંધે ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૨૪ મા અધ્યાયમાં 'तृष्णादाहज्वरस्वेदमूर्च्छातीसारविभ्रमैः । विद्याद्धारितवर्णस्य पित्तप्राय मदात्ययम् ॥' જેમા વધુ પડતી તરશ, દાહ, જ્વર, પરસેવો, મૂર્છા, અતિસાર અને શરીરનું ભમી જવું થાય અને જેનો રંગ હરિયાળો થઈ જાય, તો તે લક્ષણો ઉપરથી તે મદાત્યયને લગભગ પિત્તની આધકતાવાળો જાણવો.' ૨૦

કફજનિત અને સાંનિપાતિક મદાત્યયનાં લક્ષણો

आ ..... सेकच्छर्दिशीतज्वरालसाः ।
तन्द्रा स्तम्भो विसंज्ञत्वं विषादश्च कफात्मके ॥२१
श्वासकासभ्रमोत्सादविड्भेदानाहवेपकाः ।
शूलमोहौ च सामान्यौ सर्वरूपस्तु सर्वजः ॥२२

જેમાં આળસ, મોઢામાંથી કફની લાળોનું ઝરવું, ઊલટી, શીતજ્વર–ટાઢિયો તાવ, અલસક રોગ, તંદ્રા–નિદ્રા જેવું ઘેન, સ્તંભ–શરીરનું જકડાવું, સંજ્ઞારહિતપણું–બેભાન સ્થિતિ અને વિષાદ–ખેદ એટલાં લક્ષણો કફપ્રધાન અથવા કફજ મદાત્યયમાં થાય છે; પરંતુ શ્વાસ, કાસ–ઉધરસ, ભ્રમ, ઉત્સાદ–શરીરની શિથિલતા, વિષ્ટાનો ભેદ–ઝાડો છોતાપાણી થાય, આનાહ–મળબંધ, કંપારી અને શૂલ તથા મોહ–મૂર્છા કે બેભાન સ્થિતિ–એ બન્ને સામાન્ય જણાય ત્યારે એ સર્વ લક્ષણોથી યુક્ત મદાત્યય રોગને સર્વ દોષના પ્રકોપથી થયેલો સાંનિપાતિક મદાત્યય કહેવો. ૨૧,૨૨

વિવરણ: અહીં મૂળમાં દર્શાવેલ કફજ મદાત્યયનાં લક્ષણો ચરકે પણ ચિકિત્સિતસ્થાનના ૨૪ મા અધ્યાયમાં આમ કહ્યાં છે કે– छर्यरोचकहृल्लासतन्द्रास्तैमित्यगौरवैः । विद्याच्छ्लीपदरीतस्य कफप्रायं मदात्ययम् ॥–જેમાં ઊલટી, અરોચક–બધી વસ્તુઓ પર અણગમો, મોળ–ઉબકા, તંદ્રા–નિદ્રા જેવું ઘેન, ભીનાં કપડાંથી લપેટ્યા જેવો અનુભવ, શરીરનું ભારેપણું અને ચોપાસ શીતલતાથી માણસ જાણે ઘેરાયો હોય એટલાં લક્ષણો જણાય ત્યારે તે ઉપરથી લગભગ કફની અધિકતાવાળો–કફજનિત મદાત્યય જાણવો. વળી અહીં કાશ્યપસંહિતામાં ત્રણે દોષના પ્રકોપથી થતા સાંનિપાતિક મદાત્યયનું પણ લક્ષણ કહ્યું છે, તેનું લક્ષણ સુશ્રુતે ઉત્તરતંત્રના ૪૭ મા અધ્યાયમાં આમ ટૂંકમાં કહ્યું છે કે– सर्वात्मके भवति सर्वविकारसम्पत् ॥ સર્વ દોષોનો એક સામટો વિકાર થયો હોય તેવા સાંનિપાતિક મદાત્યયમાં બધાયે વિકારો એક સામટા થયેલા હોય છે. ૨૧,૨૨

મદાત્યય રોગ લગભગ આમદોષથી થાય

भूयिष्ठमामप्रभवं प्रवदन्ति मदात्ययम् ।
तस्मान्मदात्यये पूर्वं हितं लङ्घनमेव तु ॥ २३ ॥

વૈદ્યો કહે છે કે મદાત્યય રોગ લગભગ આમના દોષથી એટલે કે અપકવ ખોરાકના રસરૂપ દોષમાંથી જ ઉત્પન્ન થાય છે, એ કારણે મદાત્યય રોગમાં પ્રથમ લંઘન કરવાં, એ પણ અવશ્ય હિતકારી થાય છે. ૨૩

વિવરણ: ચરકે તો ચિકિત્સાસ્થાનના ૨૪ મા અધ્યાયમાં આમ જ કહ્યું છે કે, 'सर्वं मदात्ययं विद्यात् त्रिदोषमधिकं तु यम् । दोषं मदात्यये पश्येत् तमादौ प्रतिकारयेत् ॥ બધાયે મદાત્યય રોગને વૈદ્યે ત્રિદોષજ જાણવા એટલે કે ત્રણે દોષોના પ્રકોપથી જ હરકોઈ મદાત્યય રોગ ઉત્પન્ન થાય છે, એમ સમજી વૈદ્યે મદાત્યય રોગમાં જે જે દોષ અધિક દેખાય તેને તેને ઉદ્દેશી તેની તેની જ ચિકિત્સા પ્રથમ કરવી જોઈએ. અથવા હરકોઈ મદાત્યય રોગમાં કફની જ અધિકતા હોય છે, એમ સમજી વૈદ્યે પ્રથમ કફની જ ચિકિત્સા આરંભવી જોઈએ.' આ સંબધે પણ ચરકે કહેલું છે કે

'कफस्थानानुपूर्व्या वा क्रिया कार्या मदात्यये। पित्तमारुतपर्यन्तः प्रायेण हि मदात्ययः ॥ અથવા મદાત્યય રોગમાં પ્રથમ કફસ્થાનમાં વધુ જમેલા કફને દૂર કરવાના ક્રમથી અને તે પછી પિત્તની તથા વાયુની ચિકિત્સા કરવી જોઈએ; કારણ કે મદાત્યય રોગ લગભગ પિત્તના તથા વાયુના નાશરૂપ અંતવાળો હોય છે—એટલે કે મદાત્યયમાં પિત્ત અને વાયુ તો છેલ્લે બળવાન બનેલા થાય છે—અર્થાત્ મદાત્યયમાં પ્રથમ કફસ્થાનમાં વધેલો કફ જ વધુ બળવાન બને છે અને તે પછી જ તેમાં પિત્તનો તથા વાયુનો પ્રકોપ વધુ થાય છે; માટે જ મદાત્યયમાં પ્રથમ કફની ચિકિત્સા કરીને તેનો વધારો ઓછો થાય ત્યારે જ છેલ્લે વાતદોષની તથા પિત્તદોષની ચિકિત્સા કરવી જોઈએ.' ૨૩

લંઘનથી આમદોષ દૂર થતાં મદાત્યય માટે
પ્રકાङ્क્षા लाघवं स्थैर्यमिन्द्रियाणां प्रसन्नता।
रोगोपशान्तिर्वाक्छुद्धी रूपं सम्यग्विशोषिते ॥२४

મદાત્યયમાં લંઘન દ્વારા આમદોષનું બૂબ શોષણ થઈ જાય ત્યારે (મદાત્યયના) રોગીને ખોરાક ખાવાની કાંક્ષા—ઇચ્છા થાય, શરીરમાં હલકાપણું અને સ્થિરતા થાય, ઇંદ્રિયોની પ્રસન્નતા થાય અને છેવટે મદાત્યય રોગની પણ શાંતિ થાય છે અને વાણી શુદ્ધિ—એ મદાત્યયરોગ દૂર થયાનું ખાસ લક્ષણ સમજવું. ૨૪

મદાત્યયમાં આમના અતિશોષણથી જ
ઉપર્યુક્ત લક્ષણો થાય
एतानि कृत्वा विकृतिं याति चातिविशोषणात्।
असंप्राप्तिमथैतेषां जानीयात्तमलङ्घिते ॥ २५ ॥

મદાત્યયમાં આમદોષનું અતિશય શોષણ થાય તે પછી જ એમ—ઉપર દર્શાવેલ લક્ષણોરૂપે કે કારણો વડે મદાત્યય દૂર થયેલો જણાય છે; પરંતુ આમદોષનું જો અતિ શોષણ થયું ન હોય તો તે મદાત્યય રોગ ઊલટો વિકાર પામે છે; તે કારણે મદાત્યય રોગમાં જેને યોગ્ય પ્રમાણમાં લંઘન કર્યું ન હોય તે રોગી વિષે ઉપર્યુક્ત રોગરહિત અવસ્થાનાં લક્ષણોની પ્રાપ્તિ થતી જ નથી, પણ તે મદાત્યય રોગને રહેલો જ જાણવો. ૨૫

વિદગ્ધ મદાત્યયમાં શીતળ તર્પણ પ્રયોગ
इत्येतैः कारणैर्दृष्ट्वा विदग्धमदपीडितम्।
पाययेत्तर्पणं काले शीतं दाडिमवारिणा ॥ २६ ॥

ઉપર્યુક્ત લંઘનપ્રયોગ બરાબર કરેલ ન હોય ને એવાં કારણોથી જે મદાત્યયમાં તેનો રોગી વિદગ્ધ મદથી પીડાયેલો દેખાય, ત્યારે તે રોગીને દાડમના રસથી યુક્ત કરેલ શીતળ પાણીથી બનાવેલું શીતળ તર્પણ યોગ્ય સમયે પાવું જોઈએ. ૨૬

જે મદ્યથી મદાત્યય રોગ થયો હોય તે જ
મદ્ય તેનું ઔષધ બને
येनैव मद्येन भवेत् समुत्पन्नो मदात्ययः।
तथैवोपहरेत् पातुं बहुशीतोदकान्वितम् ॥ २७ ॥
कायाग्निस्तन्मयो ह्यस्य शिरा रसवहास्तथा।
मनश्च भावितं तेन तस्मात्तद्धयस्य भेषजम् ॥२८

જે મદ્યથી મદાત્યય રોગ ઉત્પન્ન થયો હોય, તે જ મદ્યને શીતળ જળથી યુક્ત તે મદાત્યય રોગમાં પીવા માટે એ રોગીને લાવી આપવું જોઈએ; કારણ કે એ જ નિદાનરૂપ થયેલા મદ્યથી તે રોગીનો જઠરાગ્નિ, તેની શિરાઓ, રસવાહિની શિરાઓ તથા તે રોગીનું મન તન્મય થઈ ભાવિત અથવા અધિવાસિત થયેલ હોય છે, તેથી એ જ (નિદાનરૂપ થયેલું) તજ્જનિત તે મદ્ય એ મદાત્યય રોગમાં ખરેખર ઔષધરૂપ થાય છે. ૨૭,૨૮

વિવરણ : 'આ સંબંધે ચરકે પણ ચિકિત્સિત સ્થાનના ૨૪ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે मिथ्यातिहीनपीतेन यो व्याधिरुपजायते। समपीतेन तेनैव मद्येनोपशाम्यति ॥ જે મદ્યપાનનો મિથ્યાયોગ, અતિયોગ કે હીનયોગના કારણે જે મદાત્યય રોગ ઉત્પન્ન થાય છે, તે જ મદ્યનો સમપાન પ્રયોગ કરવાથી એ મદ્યજનિત મદાત્યયરોગ મટે છે; આવો જ આશય અષ્ટાંગસંગ્રહકારે પણ ચિકિત્સાસ્થાનના ૭૦ મા અધ્યાયમાં જણાવ્યો છે. ૨૭,૨૮

મહાત્યયમાં હિતકર તર્પણયોગ

अथवा क्लान्तविक्लिष्टयथर्तुसुखवारिणा ।
स्नातानुलिप्तं प्रयतं मनोज्ञासनवेश्मगम् ॥ २९ ॥

અથવા મહાત્યયનો જે રોગી ગ્લાનિ પામીને લોથપોથ થઈ પડ્યો હોય અને અતિશય કલેશ પામ્યો હોય, તેને ઋતુ અનુસાર સુખકારક પાણીથી પ્રથમ સ્નાન કરાવી, વિલેપન લગાડીને સાવધાન કરવો. અને પછી તેને મનગમતા સુંદર ઘરમાં લઈ જઈ ઉત્તમ આસન પર બેસાડવો; અને તે પછી હૃદયને પ્રિય થાય એવા ઉત્તમ પાત્રમાં લાવીને યુક્તિપૂર્વક તર્પણ પીવડાવવું. ૨૯

ઉપર્યુક્ત તર્પણની ઓળખ

पाययेत्तर्पणं युक्त्या हृद्यपात्रोपनायकम् ।
सक्तवः पारणा हृद्या अथवा लाजसक्तवः ॥३०॥
विडसौवर्चलाजाज्यः सुशीत दाडिमोदकम् ।
तन्मद्यमल्पतक्रं च रूषिताः सक्तवोऽल्पशः ॥३१॥

(ભૂંજેલા ધાન્યના) સાથવા હૃદયને પ્રિય થઈ તૃપ્તિકારક થાય છે; અથવા લાજસકતુ એટલે કે ભૂંજેલી ડાંગરની ધાણીનો સાથવો પણ હૃદયપ્રિય હોઈ તૃપ્તિકારક થાય છે અથવા બિડલવણ, સંચળ તથા જીરું નાખી કરેલું દાડિમરસયુક્ત પાણી મેળવી તૈયાર કરેલ મદ્યમાં થોડી છાશ નાખી તે રૂપી તર્પણ એ રોગીને આપવું અથવા તે ઉપર્યુક્ત મદ્યથી મિશ્ર કરેલ થોડા થોડા સાથવા (તર્પણરૂપે) આપવા. ૩૦,૩૧

અથવા મહાત્યયમાં હિતકર પાડવપ્રયોગ

कुठेरभूस्तृणक्षाद्रजम्बीरसुमुखादयः ।
युक्ताम्लाः षाडवा मुख्याः पक्वापक्वाः सुगन्धिनः॥

ધોળી તુલસી, ભૂસ્તૃણ નામે ઘાસ, મદ્ય, જંબીર-બિજોરું અને સુમુખ નામે જંગલી તુલસી વગેરેથી યુક્ત ખાટા પાડવો (ચટણી વગેરે) મુખ્યત્વે કાચા કે પાકા હોય અને સુગંધી હોય તે પણ મહાત્યયમાં હિતકર છે. ૩૨

મહાત્યયમાં હિતકર જાંગલ-માંસપ્રયોગો

केशरं मातुलुङ्गानामार्द्रकं जीव(र)दाडिमम् ।
शर्करागुडखण्डानि जाङ्गलान्यामिषाणि च ॥३३
अम्लानम्लानि सिद्धानि संस्कृतानि विभागशः ।

બિજોરાંના કેસરા, આદું, જીરું તથા દાડિમ રસથી યુક્ત અને સાકર, ગોળ કે ખાંડ નાખી વિભાગ પ્રમાણે તૈયાર કરેલાં ખાટાં કે ખટાઈથી રહિત સંસ્કારી કરેલાં જાંગલ માંસો પણ મહાત્યયમાં હિતકારી થાય છે. ૩૩

પોઈની ભાજી તથા અવક્ષીરી પણ મહાત્યયમાં આપી શકાય

उपोदिकां तक्रसिद्धां सिद्धां वा गुडचुक्रयोः ॥३४
एवंविधां त्ववक्षीरीं पानात्ययनिपीडितम् ।

છાશમાં રાંધેલી અથવા ગોળ અને ચુક્કામાં પકવેલી ઉપોદિકા-પોઈની ભાજીને અથવા તે જ પ્રમાણે રાંધેલી અવક્ષીરી પણ પાનાત્યય કે મહાત્યયના રોગથી પીડાયેલાને અપાય તોપણ ફાયદો કરે છે. ૩૪

મહાત્યયના રોગીને હિતકર આપવું

यथालाभोपसंपन्नां पाययेत् सिद्धये भिषक् ॥३५

એ પ્રમાણે જે જે દ્રવ્ય મહાત્યયમાં હિતકારી હોય તે પણ મેળવી તૈયાર કરીને વૈદ્યે મહાત્યય રોગ મટાડવા માટે તેના રોગીને પાવું જોઈએ. ૩૫

कानिचिद्धयत्र भक्ष्याणि कानिचित् स्वादयेद् बुधः । जिघ्रेत् पश्येत् पिबेत् किञ्चिच्छ्रद्धाजननकारणात् ॥ ३६ ॥

વળી વિદ્વાન વૈદ્યે આ મહાત્યય રોગમાં કેટલાંક દ્રવ્યોને ભક્ષ્ય તરીકે અને કેટલાંકને સ્વાદ લેવા યોગ્ય તરીકે પણ તૈયાર કરી રોગીને દેવાં; તેમ જ એ રોગીને શ્રદ્ધા ઉપજાવવા માટે કોઈ દ્રવ્ય પોતે સૂંઘી જોવું અને વૈદ્યે પણ પીવું જોઈએ. ૩૬

सुखं चास्यानुजानीयादृतुयोग्यं यथाक्रमम् ।
यच्च यच्चानुशेतेऽस्य तत्तदेवोपचारयेत् ॥ ३७ ॥

તેમ જ અનુક્રમે ઋતુ અનુસાર જે

કોઈ દ્રવ્ય આ મદાત્યયના રોગીને સુખકારક થાય, તેનું સેવન કરવાની તેને સલાહ આપવી; એકંદર જે જે વસ્તુ તે રોગીની પ્રકૃતિને માફક આવે, તેના જ ઉપચારો કરવા. ૩૭

क्रमेण चास्य संसर्गमन्नपानेषु योजयेत् ।
दुकूलक्षौमकदलीपद्मपत्रादि सेवयेत् ॥ ३८ ॥
चन्दनानि च मुक्तानि शीतानि विविधानि च।

વળી એ મદાત્યયના રોગીને અનુક્રમે ખોરાક–પાણી આપ્યા કરવાં; તેમ જ દુકૂલ–વસ્ત્ર, રેશમી વસ્ત્રો અને કેળનાં તથા કમળનાં પાંદડાંનું સેવન કરાવવું; ઉપરાંત શીતળ ચંદન, મોતીઓ તથા બીજાં શીતળ દ્રવ્યોનો પ્રયોગ કરાવવો. ૩૮

विवरण : આ સંબંધે ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૨૪ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે– कुमुदोत्पलपत्राणां सिक्तानां चन्दनाम्बुना । हिताः स्पर्शा मनोज्ञानां दाहे मद्यसमुत्थिते ॥ कथाश्च विविधाः शीताः शब्दाश्च शिखिनां शिवाः । तोयदानां च संशब्दाः शमयन्ति मदात्ययम् ॥ जलयन्त्राभिवर्षाणि वातयन्त्रवहानि च । कल्पनीयानि भिषजा दाहे धारागृहाणि च ॥ વધુ પડતા મદ્યપાનથી થતા દાહમાં ચંદનનાં પાણીથી છંટેલાં કુમુદકમળ તથા ઉત્પલકમળનાં પાન અને મનગમતી વસ્તુઓના વિવિધ સ્પર્શો પણ હિતકારી થાય છે; તેમ જ અનેક પ્રકારની શીતલ કથાઓ–વાર્તાઓ અને મોર પક્ષીઓના કલ્યાણકારી શબ્દો તેમજ મેઘની ઉત્તમ ગર્જનાઓ પણ મદાત્યય રોગને શમાવે છે. વળી જો મદાત્યય રોગમાં રોગીને દાહ થતો હોય તો વૈદ્યે તેની પાસ ધારાયંત્ર–ફુવારાઓના વરસાદ વરસાવવા; વાતયંત્રો પંખા ચાલુ રખાવવા; અને ફુવારાવાળાં ઘર પણ તૈયાર કરાવવાં. ૩૮

મદાત્યય રોગમાં અપથ્યો

उष्णानि त्वन्नपानानि रूक्षाणि च गुरूणि च ॥३९
अग्निसूर्योपसेवां च दिवास्वप्नं विशोषणम् ।
शोकाध्वमैथुनायासान् व्यायामांश्च विवर्जयेत् ॥
मण्डा यवाग्वो यूषाश्च न शस्यन्ते मदात्यये ।

ગરમાગરમ ખોરાકપાણી, લૂખા અને ભારે ખોરાકો, અગ્નિ તથા સૂર્યનું સેવન, દિવસની નિદ્રા, લંઘન આદિ શોષણક્રિયા, શોક, મુસાફરી, મૈથુન, શ્રમ તથા વ્યાયામ વગેરે શારીરશ્રમનો મદાત્યયના રોગીએ ત્યાગ કરવો; તેમ જ ઓસામણ, રાબ અને યૂષ પણ મદાત્યયમાં હિતકારી નથી. ૩૯,૪૦

एवं चेन्नोपशाम्येत तत्रेमां कारयेत् क्रियाम् ॥४१

એમ ઉપર દર્શાવેલી ચિકિત્સા કર્યા છતાં મદાત્યય રોગ જો ન મટે તો વૈદ્યે એ રોગમાં આ–નીચે દર્શાવાતો ચિકિત્સા–પ્રયોગ કરાવી શકાય છે. ૪૧

પિત્તજનિત મદાત્યયની વિશેષ ચિકિત્સા

उशीरं तिन्तिडीकं च दाडिमस्वरसं मधु ।
पानात्यये पित्तकृते श्रेष्ठं तर्पणपानकम् ॥ ४२ ॥

પિત્તના પ્રકોપથી થયેલા મદાત્યય રોગમાં ઉશીર–સુગંધીવાળો, આમલી, દાડમનો રસ તથા મધ મિશ્ર કરી અપાય, એ શ્રેષ્ઠ તર્પણપાનકનો પ્રયોગ કરાવવો. ૪૨

काश्मर्यं दाडिमं द्राक्षाः खर्जूराणि पटूषकम् ।
दद्यात् कुडवशस्तानि लोध्रादीनि तु युक्तितः ॥

વળી કાશ્મર્ય–ગાભારીફલ, દાડમ, દ્રાક્ષ, ખજૂર, ફાલસામાં તથા લોધર વગેરે પણ ઉત્તમ કોઈ કુડવમાત્રા પ્રમાણે–૧૬ તોલા યુક્તિથી આપવાં જોઈએ. ૪૩

તરશ, ઊલટી વગેરેને મટાડનાર લોધ્રાદિરસયોગ

लोध्रामलकमञ्जिष्ठाः सूक्ष्मं पिष्ट्वा ..... ।
तोयाढके प्लुतं स्थाप्य सजातिं वा सकेशरम् ॥
तृष्णां छर्दिमतीसारमदमूर्च्छाविलापकम् ।
भ्रमस्थानमरुचिं ग्लानिं चैतदपोहति ॥ ४५ ॥

લોધર, આમળાં અને મજીઠ સમાન ભાગે લઈ બારીક પીસી નાખી તેમાં જાઈફળ તથા કેશર પણ મિશ્ર કરી એક આઢક–૨૫૬ તોલા પાણીમાં પલાળીને રાખી મૂકવાં જોઈએ. તેમાંથી યોગ્ય પ્રમાણમાં સેવન કરાય તો વધુ પડતી તરશ, ઊલટી, અતિસાર–ઝાડા, મદ, મૂર્ચ્છા, બકવાદ, મનની

અસ્થિરતા, અરુચિ તથા ગ્લાનિ–એ રોગોને તે દૂર કરે છે. ૪૪,૪૫

વાત–પિત્ત–પ્રધાન મદાત્યયનાશક લામજ્જકાદિ પ્રયોગ

लामज्जकमृणालत्वङ्मधुकान्युत्पलं तथा ।
पलं पलं गुडूच्या द्वे अष्टौ गुडपलानि तु ॥४६
जलाढके नवे भाण्डे गोपयेत् केशरान्वितम् ।
वातपित्तोत्तरं हन्ति मदं सोपद्रवं नृणाम् ॥४७॥

વીરણમૂળ અથવા સુગંધી વાળા જેવું સુગંધી એક જાતનું ઘાસ, કમલનાળ, તજ, જેઠીમધ તથા ઉત્પલકમલ–એ પ્રત્યેક દ્રવ્ય એક એક પલ–ચાર ચાર તોલા, ગળો બે પલ–આઠ તોલા અને ગોળ આઠ પલ–બત્રીસ તોલા લઈ તેમાંના લામજ્જકથી ગળો સુધીનાનું બારીક ચૂર્ણ કરી તે બધાં ગોળ સહિત દ્રવ્યોને માટીના નવા વાસણમાં એક આઢક–૨૫૬ તોલા પાણીની સાથે ભીંજવી રાખવાં અને તેમાં થોડું કેસર પણ નાખી ઢાંકી દઈ સુરક્ષિત સ્થાને તે વાસણને (બરાબર સાચવી) રાખી મૂકવું; પછી તેમાંથી યોગ્ય પ્રમાણમાં જે ઉપયોગ કરવામાં આવે તો તે (બધાંનો એકત્ર) રસ, લોકોના વાત–પિત્ત–પ્રધાન મદ કે મદાત્યય રોગનો તેના ઉપદ્રવોની સાથે નાશ કરે છે. ૪૬,૪૭

બીજાં લોકસિદ્ધ પાનકોનો પણ મદાત્યયમાં પ્રયોગ

लोकसिद्धानि चान्यानि पानकान्युपकल्पयेत् ।
समद्यान्यन्नपानानि भूयिष्ठं चोपपादयेत् ॥ ४८ ॥

વૈદ્યે મદાત્યય રોગના શમન માટે બીજાં પણ લોકસિદ્ધ એટલે લોકમાં જાણીતાં પાન–પીણાં–શરબતોનો મદાત્યય રોગમાં પ્રયોગ કરાવવો; તેમ જ મદ્ય સહિત ખોરાક તથા પીણાંનું વધુ પ્રમાણમાં સેવન કરાવવું.

મદાત્યયમાં દોષાનુસાર સંશોધન પણ જરૂરી

यथानुबन्धं कुर्वीत स रोगी च बली भवेत् ।
यथादोषं ततस्तस्य कुर्यात् संशोधनं बुधः ॥४९

વિદ્વાન વૈદ્યે, મદાત્યયમાં અનુબંધરૂપે થયેલ બીજા રોગને અનુસરી, રોગી જો બળવાન હોય એટલે કે સંશોધનને સહી શકે તેવો જો બળવાન રોગી જણાય, તો તેના દોષના પ્રમાણમાં સંશોધન પણ કરવું. ૪૯

મદ્ય સાથે નસોતરનું ચૂર્ણ સંશોધનરૂપે અપાય

मद्ययुक्तं त्रिवृच्चूर्णं पेयं स्यादनुलोमनम् ।
पानकेनाप्यवत् कार्यं समद्यगुडयुक्तया ॥ ५० ॥

મદાત્યયના રોગીએ મદ્ય સાથે નસોતરનું ચૂર્ણ પીવું; કેમ કે તે દોષોનું અનુલોમન કરનાર થાય છે; તેમ જ મદ્ય તથા ગોળ બને યોગ્ય પ્રમાણમાં લઈ પાનક અથવા પીણાં સાથે પણ તે (નસોતરના ચૂર્ણનો) પ્રયોગ કરવો, તે પણ ઠીક છે. ૫૦

મદાત્યયમાં વિસર્પ તથા દાહયુક્ત જ્વરની ચિકિત્સા પણ કરાય

वैसर्पदाहज्वरयोरेवं चोक्ता परिक्रिया ।
पिपासाज्वरदाहार्ते सैव कार्या मदात्यये ॥ ५१ ॥

જે મદાત્યય રોગ વધુ પડતી તરશ, જ્વર તથા દાહથી યુક્ત હોય અને તેથી જે રોગી પીડાતો હોય તો વિસર્પ–રતવાના રોગ માટે તથા દાહયુક્ત જ્વર માટે જે ચિકિત્સા કહી છે, તે જ કરવી જરૂરી છે. ૫૧

इति ह स्माह भगवान् कश्यपः ॥ ५२ ॥

એમ ભગવાન કશ્યપે મદાત્યય ચિકિત્સા કહી છે.

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં 'મદાત્યય-ચિકિત્સિત' નામનો અધ્યાય ૧૬ મો સમાપ્ત

'ફક્ક-ચિકિત્સિત' : અધ્યાય ૧૭ મો

अथातः फक्कचिकित्सितं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી 'ફક્ક' નામના બાલ-રોગની ચિકિત્સા અમે કહીશું, એમ ખરેખર ભગવાન કશ્યપે કહ્યું હતું. ૧,૨

'ફક્ક' રોગની ઓળખ

बालः संवत्सरा(पन्नः)दूर्ध्वं यो न गच्छति ।
स फक्क इति विज्ञेयस्तस्य वक्ष्यामि लक्षणम् ॥३

કોઈ બાળક, એક વર્ષની ઉંમરનો

થયેા હેાય, છતાં બન્ને પગે (પેાતાની મેળે) ન ચાલે નહિ, તેા એ 'ફક્ક' નામનેા તેને રેાગ થયેા છે, એમ ખાસ જાણવું જોઈએ; તે રેાગનું લક્ષણ હું હવે નીચે દર્શાવ્યા પ્રમાણે કહું છું. ૩

કેવા બાળકને ફક્ક રેાગ થાય છે?

धात्री श्लैष्मिकदुग्धा तु फक्कदुग्धेतिसंज्ञिता ।
तत्क्षीरपो बहुव्याधिः कार्श्यात् फक्कत्वमाप्नुयात् ॥

જે ધાત્રી-ધવડાવતી માતા, કફદેાષ-પ્રધાન ધાવણથી યુક્ત હેાય, તે માતાને 'ફક્કદુગ્ધા'-એટલે કે 'ફક્ક' રેાગને ઉપજાવનાર ધાવણવાળી છે, એમ જાણી શકાય છે; એવી ધાવમાતાનું ધાવણ જે બાળક ધાવે છે, તે બાળક અનેક જાતના રેાગેાથી યુક્ત થઈને કૃશપણાને લીધે 'ફક્ક' રેાગવાળેા થાય છે. ૪

पित्तानिलप्रकृतिकी पटुक्षीरा पटुप्रजा ।
कुतः पङ्गुजडा मूका त्रिदोषक्षीरभोजिनः ॥ ५ ॥

જે ધાવમાતા વાયુ અને પિત્તદેાષ-પ્રધાન પ્રકૃતિવાળી હેાય, જેનું ધાવણ ખારાશથી યુક્ત હેાય અને જેને સંતાનેા ઘણાં હેાય, એવી તે ધાવમાતાના ત્રિદેાષયુક્ત ધાવણને ધાવતાં બાળકેામાં પાંગળાપણું, જડતા અને મૂંગાપણું કેાણ જાણે કયા કારણથી પ્રાપ્ત થાય છે? (એ જાણવું મુશ્કેલ બને છે.) ૫

ફક્ક રેાગમાં સંશેાધન હિતકારી થાય

हृदयात् संप्रवर्तन्ते मनः पूर्वाणि देहिनाम् ।
इन्द्रियाणीन्द्रियार्थांश्चेत् फक्के संशोधनं हितम् ॥

પ્રાણીઓની ઇંદ્રિયેા મનને આગળ કરી પેાતાના વિષયેા પ્રત્યે જે હૃદયમાંથી બરાબર પ્રવૃત્તિ કરે છે, તેા ફક્ક રેાગમાં સંશેાધન ઔષધ આપવું તે હિતકારી થાય છે. ૬

માણસેા વધુ મૂંગા તથા બહેરા હેાય તેનાં કારણ

तत्र वागिन्द्रियं त्वेकं द्विधा भिन्नं यथा करौ ।
अर्धेन शब्दं वदति गृह्णात्यर्धेन तं पुनः ॥ ७ ॥
तस्माच्च मूका भूयिष्ठं भवन्ति बधिरा नराः ।
वाङ्मूलं हि स्मृतं श्रोत्रं वाग्भ्रंशे भ्रश्यते हि तत् ॥
मूलं वाच्छोत्र म.....च्च बधिरो नरः ।
ब्रवीति मूले ह्य हते हतेऽपि श्रवणेन्द्रिये ॥ ८ ॥

વાણી-ઇન્દ્રિય જોકે એક જ છે, તેાયે જેમ હાથ બે હેાય છે, તેમ એ વાણી-ઇંદ્રિય બે પ્રકારે ભેદ પામેલી થાય છે; તેમાંના એક અર્ધ પ્રકારથી માણસ શબ્દને બેાલે છે અને બીજા અર્ધ પ્રકારથી શબ્દને સાંભળે છે; એ કારણે માણસેા, લગભગ વધુ પ્રમાણમાં મૂંગા હેાય છે અને લગભગ વધુ પ્રમાણમાં બહેરા હેાય છે; કારણ કે શ્રોત્રેન્દ્રિયનું મૂળ વાણી છે, તેથી વાણીની ભ્રષ્ટતા થાય એટલે કે માણસેા મૂંગા થાય ત્યારે તેની શ્રોત્ર ઇંદ્રિય પણ ખરેખર ભ્રષ્ટ થાય છે-બહેરી બને છે; એમ શ્રોત્રઇંદ્રિયનું મૂળ વાણીઇંદ્રિય છે, એ કારણે વાણીઇંદ્રિયમાં વિકાર થવાથી માણસ બહેરા પણ થાય છે; પણ શ્રવણેન્દ્રિય ભલે નાશ પામી હેાય, પણ મૂળરૂપ વાણી ઇંદ્રિય નાશ પામી ન હેાય તેા માણસ, ભલે બહેરેા હેાય તેાયે બેાલી તેા શકે જ છે. ૭-૮

વિવરણ: અહીં ૭-૮ શ્લેાકમાં જે વાત જણાવી છે, તે ખરેખર માનવા જેવી છે; આથી જ અર્વાચીન વિદ્વાનેા પણ તે સંબંધે સંમત થયેલા છે; તેઓ માને છે કે જે માણસ, પ્રથમ મૂંગેા બન્યેા છે, તે સાથે સાથે જ બહેરેા પણ બની જાય છે; એકંદર વાણી-ઇંદ્રિયની શક્તિ નાશ પામે કે તરત તેની સાથે જ શ્રવણેંદ્રિયની શક્તિ પણ આપેાઆપ નાશ પામી જાય છે; કારણ કે શ્રવણેન્દ્રિયનું મૂળ વાણી છે, તેથી મૂલનેા નાશ થતાં તેની આશ્રિત-શ્રવણેન્દ્રિય પણ નાશ પામે, તે અવશ્ય ઘટે જ છે; પણ જે માણસ પહેલાંથી મૂંગેા ન હેાય તે પાછળથી જો બહેરેા બને છે, તેા તે માણસ, પાછળથી આપેાઆપ મૂંગેા થઈ જતેા નથી. ૭-૮

'ફક્ક' રેાગના ત્રણ પ્રકારેા પૈકી ક્ષીરજ કહ્યો

क्षीरजं गर्भजं चैव तृतीयं व्याधिसंभवम् ।
फक्कत्वं त्रिविधं प्रोक्तं क्षीरजं तत्र वर्णितम् ॥ १० ॥

ફક્કરોગ, ત્રણ પ્રકારનો કહ્યા છે; જેમ કે એક તો ક્ષીરજ એટલે કે ધાવમાતાના વિકૃત ધાવણ ધાવવાથી ઉત્પન્ન થાય છે; બીજો ગર્ભમાંથી જ ઉત્પન્ન થાય છે અને ત્રીજો વ્યાધિ કે રોગોમાંથી ઉત્પન્ન થાય છે; તેમાંથી 'ક્ષીરજ' એટલે બગડેલ ધાવણ ધાવવાથી જે ફક્ક રોગ થાય છે, તેનું તો અહીં ઉપર વર્ણન કર્યું છે. ૧૦

ગર્ભજ ફક્કરોગ

गर्भिणीमातृकः क्षिप्रं स्तन्यस्य विनिवर्तनात् ।
क्षीयते म्रियते वाऽपि स फक्को गर्भपीडितः॥११

જે બાળકની માતા ગર્ભિણી થઈ હોય, તેનું ધાવણ એકદમ બલાસ થઈ જાય છે એટલે કે ગર્ભના કારણે ધાવણ ઉત્પન્ન થતું બંધ થઈ જાય છે, તેથી એ ધાવણ ધાવતું બાળક (ધાવણ નહિ મળવાથી) ક્ષીણ થઈ જાય છે અથવા મરી પણ જાય છે; એમ તે 'ફક્ક' રોગ સગર્ભા થયેલી માતાનું ધાવણ (ગર્ભના કારણે) ન મળવાથી કે બંધ થવાથી થયેલ હોય છે તેથી એ ગર્ભપીડિત ફક્ક રોગ 'ક્ષીરજ' કહેવાય છે. ૧૧

ત્રીજા વ્યાધિજ ફક્કરોગનાં લક્ષણો

निजैरागन्तुभिश्चैव व्याधितो ज्वरादिभिः ।
अनाथः क्लिश्यते बालः क्षीणमांसबलद्युतिः ॥१२
संशुष्कस्फिग्वयाहुर्ग्रहोदरशिरोमुखः ।
पीताक्षो हृषिताङ्गश्च दृश्यमानास्थिपञ्जरः ॥१३॥
प्रम्लानाधरकायश्च नित्यमूत्रपुरीषकृत् ।
निश्चेष्टाधरकायो वा पाणिजानुगमोऽपि वा ॥१४
दौर्बल्यान्मन्दचेष्टश्च मन्दत्वात् परिभूतकः ।
मक्षिकाकृमिकीटानां गम्यश्चासन्नमृत्युरुक् ॥१५॥
विशीर्णदृष्टरोमा च स्तब्धरोमा महानखः ।
दुर्गन्धी मलिनः क्रोधी फक्कः श्वसिति ताम्यति ॥
अतिविण्मूत्रदूषिकाशिङ्घाणकमलोद्भवः ।
इत्येतैः कारणैर्विद्याद्व्याधिजां फक्कतां शिशोः॥१७

જે બાળક નિજ-દોષજન્ય તથા આગંતુ બાહ્ય કારણોથી થયેલા જ્વર આદિ રોગોથી રોગી બન્યો હોય તે બાળક અનાથ બની કલેશ પામે છે-હેરાન થાય છે, તેથી તેનાં માંસ, બળ તથા કાંતિ ક્ષીણ થાય છે; તેમ જ તેના કેડની પાછળના ભાગ ફૂલા કે ઢગરા, બાહુ તથા સાથળો અત્યંત સુકાઈ જાય છે, તેનું પેટ, માથું અને મુખ મોટાં બની જાય છે, તેનાં નેત્રો પીળાં થઈ જાય છે, તેનાં બધાં અંગો રોમાંચ યુક્ત રહે છે, તેનું લોહી તથા માંસ ક્ષીણ થવાથી તેનાં કેવળ હાડકાં દેખાયા કરે છે, તેનું નીચેનું શરીર ક્ષીણ થઈને કરમાઈ જાય છે, તેને મૂત્ર તથા વિષ્ઠા કાયમ ચાલુ રહ્યા કરે છે, તેનું નીચેનું શરીર ચેષ્ટારહિત-જડ જેવું બની જાય છે; અથવા તેના હાથ અને ઢીંચણ ઢૂજે છે; દુર્બળતાના કારણે તેની (હલનચલનરૂપ) ચેષ્ટા મંદ થઈ જાય છે; અને તે મંદપણાને લીધે માખીઓ, કરમિયા તથા કીડાઓ તેને હેરાન કરે છે અને તેઓથી તે ઘેરાઈ જાય છે; મૃત્યુજનક રોગો તેને નજીક જણાય છે. તેનાં રૂંવાડાં ખરી પડે છે અને ખડાં થઈ રહે છે; વળી તે સજ્જડ થઈ જાય છે; તેના નખો મોટા થઈ વધ્યા કરે છે; તેના શરીરમાંથી દુર્ગંધ નીકળ્યા કરે છે; સ્વભાવે તે ક્રોધી બની જાય છે; અને તે ફક્કરોગી બાળક વધુ પડતા શ્વાસથી યુક્ત થઈ હાંફે છે, દીન બની જાય છે; તેમ જ અતિશય વિષ્ઠા, મૂત્ર, ચીપડા તથા નાકના મેલની તેનામાં ઉત્પત્તિ થાય છે; આ બધાં કારણો ઉપરથી તે બાળકને વ્યાધિજ ફક્કરોગ થયો છે, એમ જાણવું. ૧૨-૧૭

गर्भिणीमातृकेनैव..... ।
..... ।
.....मनाथानां विशेषतः ।
प्रदुष्टग्रहणीकाश्च प्रायशो बहुभोजिनः ॥ १८॥
फक्का भवन्ति तस्माच्च भुक्तं तेषामपार्थकम् ।
मन्दाग्नित्वाद्रवो (सो)त्सर्गाद्बहुमूत्रपुरीषिणः ॥१९

એ પ્રમાણે ગર્ભિણી થયેલી માતાના કારણે જ (ધાવણ બંધ પડવાથી) અનાથ થયેલાં તે બાળકોને વિશેષે કરી (વ્યાધિજ)

કૃચ્છ્રરોગો થાય છે; તેથી એ બાળકોની ગ્રહણી-નાડી અતિશય ખરાબ થઈ જાય છે; છતાં એ (વ્યાધિજ-કૃચ્છ્રરોગી) બાળકો લગભગ વધુ પ્રમાણમાં ખાવાની ટેવ પાડે છે, પણ તેઓનું એ ખાધેલું કૃચ્છ્રરોગી હોવાના કારણે નકામું થાય છે; કેમ કે તેઓનો જઠરાગ્નિ પણ મંદ થયો હોય છે, તેથી તેઓનો અન્નરસ અપક્વ રહીને બહાર નીકળ્યા કરે છે અને તે જ કારણે તેઓ ઘણા પ્રમાણમાં-વારંવાર મૂત્ર અને વિષ્ઠા ત્યજ્યા કરે છે-માટે એવા કૃચ્છ્રરોગીઓની ચિકિત્સા તરત જ કરાવવી જોઈએ. ૧૮,૧૯

કૃચ્છ્ર-રોગની ચિકિત્સા

.....।
..... ॥
.....કારયેત્ ક્રિયામ્।
કલ્યાણકં પિબેત્ સર્પિઃ ષટ્પલં વા યથાઽમૃતમ્।
સપ્તરાત્રાત્ પરં ચૈનં ત્રિવૃત્ક્ષીરેણ શોધયેત્ ॥૨૦
શુદ્ધકોષ્ઠસ્તતઃ સર્પિઃ પિબેત્.....।
.....।
.....॥
ન તુ બ્રાહ્મીઘૃતં શૂદ્રઃ પિબેત્તદ્ધ્યસ્ય નાશનમ્।
પ્રજાક્ષયેણ યુજ્યન્તે શૂદ્રા બ્રાહ્મીં પિબન્તિ યે ॥
મૃતાઃ સ્વર્ગં ન ગચ્છન્તિ ધર્મશ્ચૈષાં વિલુપ્યતે।

કૃચ્છ્ર રોગીએ કલ્યાણકઘૃત અથવા અમૃત જેવું ષટ્પલઘૃત પીવું જોઈએ; એમ સાત દિવસ સુધી તે ઘૃતપાન કરે, તે પછી એ રોગીને 'ત્રિવૃત્ક્ષીર' પાઈને શુદ્ધ કરવો જોઈએ; એમ તે કૃચ્છ્રરોગી, શુદ્ધ થયેલ કોઠાવાળો થાય, તે પછી તેને 'બ્રાહ્મીઘૃત' પાવું જોઈએ; પરંતુ એ કૃચ્છ્રરોગી, જો શૂદ્ર જાતિનો હોય તો તેણે બ્રાહ્મીઘૃત પીવું ન જોઈએ; કેમ કે શૂદ્ર જાતિના માણસે પીધેલું બ્રાહ્મીઘૃત, તેનો ખરેખર નાશ કરનાર થાય છે; જે શૂદ્ર લોકો બ્રાહ્મીઘૃત પીએ છે કે બ્રાહ્મીનું કોઈ પણ પ્રકારે સેવન કરે છે, તેઓની પ્રજા કે સંતતિ અથવા આખોય વંશવિસ્તાર નાશ પામે છે, એટલું જ નહિ, પણ તે બ્રાહ્મીને (કોઈ પણ માર્ગે) સેવનારા તે શૂદ્રો અને તેઓના વંશજો પણ મરણ પછી સ્વર્ગમાં જઈ શકતા નથી; (પણ નરકમાં જાય છે,) કેમ કે તેઓએ આચરેલો ધર્મ પણ નાશ પામે છે. ૨૦,૨૧

કૃચ્છ્ર ચિકિત્સા (ચાલુ)

દીપ.....॥
.....।
.....ल्या वा राल्नया मधुकेन वा॥
पुनर्नवैकपर्णीभ्यामेरण्डशतपुष्पयोः॥ २२॥
द्राक्षापीलुत्रिवृद्धिर्वा श्रृतं क्षीरं प्रयोजयेत्।
एतानि त्वेव सर्वाणि संभृत्य मतिमान् भिषक् ॥२३

અથવા રાસ્ના કે જેઠીમધ, સાટોડી, એકપર્ણી, એરંડમૂલ, શતપુષ્પા-સૂવા, દ્રાક્ષ, પીલુ તથા નસોતર-એટલાં ઔષધદ્રવ્યોનું ચૂર્ણ કરી તે ચૂર્ણને નાખી ઉકાળેલા દૂધનો કૃચ્છ્રરોગમાં પ્રયોગ કરાવવો જોઈએ; તે માટે બુદ્ધિમાન વૈદ્યે, ઉપર્યુક્ત એ બધાં દ્રવ્યોનું એકત્ર ચૂર્ણ કરી અવશ્ય રાખી મૂકવું જોઈએ. ૨૨,૨૩

કૃચ્છ્રચિકિત્સા (ચાલુ)

मांसस्य.....॥
.....पुनर्यूषं संस्कृतं क्षीरमेव वा।
शाल्यन्नेन सहाश्नीयात् पिबेत्तं चापि नित्यशः॥२४
तेन प्राणं च लभते याति रोगैश्च मुच्यते।
तेनैव तैलं विपचेत् फक्कानां सर्वथोदितम्॥ २५॥

અથવા કૃચ્છ્રના રોગીએ સંસ્કારયુક્ત કરેલ માંસનો યૂષ કે સંસ્કારી કરેલ દૂધ જ શાલિચોખાની સાથે ખાવું; કે કાયમ તેવું (ઔષધપક્વ) દૂધ કે દૂધપાક જ પીવો જોઈએ; તેથી એ રોગી પ્રાણબળને મેળવે છે, અને રોગોથી પણ મુક્ત થાય છે. વળી તે 'કૃચ્છ્ર' રોગીએ ઉપર્યુક્ત રાસ્નાદિ દ્રવ્યો નાખી પક્વ કરેલા તેલનો જ પ્રયોગ કર્યા કરવો જોઈએ, એમ તે તેલ, સર્વ પ્રકારે

ક્ષુદ્રરોગીઓને હિતકારી કહ્યું છે. ૨૪,૨૫

બધા રોગોને મટાડનાર રાસ્નાદિ ઘૃત, રાસ્નાદિતૈલ કે રાસ્નાદિપક્વ ક્ષીરયોગ

राज्ञामधु .....।
...घृतं वा तैलं वा क्षीरं यूषमथो रसम्।
द्विःसंस्कृतं प्रयुञ्जीत सर्वरोगैर्विमुच्यते ॥ २६ ॥

ઉપર દર્શાવેલ રાસ્ના, જેઠીમધ, આદિ ઔષધદ્રવ્યો નાખી પકવેલું ઘી, તેલ, દૂધ, યૂષ કે માંસરસને બે વાર સંસ્કારી પકવીને ક્ષુદ્રના રોગીએ પ્રયોગ કરવો; તેથી પણ સર્વ રોગોથી છૂટે છે. ૨૬

ક્ષુદ્રરોગમાં હિતકર ગોમૂત્રયુક્ત દૂધનો પ્રયોગ

कफाधिकं चेन्मन्येत मूत्रमिश्रं पयः पिबेत्।
प्रयोगेण हिताशी च क्षुद्ररोगैर्विमुच्यते ॥ २७ ॥

વૈદ્યના જો જાણવામાં આવે કે આ ક્ષુદ્રરોગ કફની પ્રધાનતાવાળો છે, તો તેના રોગીને ગોમૂત્ર મેળવેલા દૂધનો પ્રયોગ કરાવવો અને તેની ઉપર હિતકારી ખોરાક જમાડવો; તેથી પણ તે ક્ષુદ્રરોગી, બધાયે રોગોથી મુક્ત થાય છે. ૨૭

ક્ષુદ્રરોગનાશક રાજતૈલ પ્રયોગ

एरण्डांशुमतीबिल्व.....॥
.....शास्ते कार्या दशपलाः पृथक्।
यवकोलकुलत्थानां प्रस्थं प्रस्थं समावपेत् ॥२८॥
अपां पचेच्चतुर्द्रोणे कषाये पादशेषितम्।
तैलप्रस्थं दधिप्रस्थ कषायं च पुनः पचेत्।
तत् सिद्धं गोपयेद्यत्नात् सर्वथा संप्रयोजयेत् ॥२९॥
बन्ध्यापङ्क.....।
.....ते इक्ष्वाकोः सुबाहोः सगरस्य च।
नहुषस्य दिलीपस्य भरतस्य गयस्य च ॥ ३०॥
एतेन लेभिरे पुत्रा गतिमायुर्बलं सुखम्।
राज्ञां पूर्वोपदेशाच्च राजतैलमिति स्मृतम्॥
अनुग्रहप्रवृत्तौ हि राज्ञामासी.....॥ ३१॥
..... प्रशस्यते ॥

એરંડમૂલ, અંશુમતી-મોટો સમેરવો, બિલ્વફલ-આદિ ઔષધદ્રવ્યો, પ્રત્યેક અલગ અલગ ૪૦-૪૦ તોલા લેવાં. તેમજ જવ, બોર અને કળથી પ્રત્યેક એક એક પ્રસ્થ-૬૪-૬૪ તોલા તેમાં નાખવાં; પછી તે બધાંને અધકચરાં કરી ચાર દ્રોણ-૪૦૯૬ તોલા પાણીમાં ક્વાથ કરવો; તેમાંથી એક ચતુર્થાંશ-૧૦૨૪ તોલા ક્વાથ બાકી રહે ત્યારે તેને અગ્નિ પરથી નીચે ઉતારી લઈ તેમાં એક પ્રસ્થ તૈલ તથા એક પ્રસ્થ દહીં નાખી તેનો ફરી પાક કરવો; તેમાંનું પ્રવાહી બળી જાય એટલે તૈયાર થયેલ એ તૈલ 'રાજતૈલ' નામે પ્રખ્યાત થયું છે; એ તૈલનો પ્રયોગ વાંઝણી સ્ત્રીને તથા પાંગળાં વગેરેને પણ ફાયદો કરે છે; તેમજ પૂર્વે એ તૈલનો પ્રયોગ ઇક્ષ્વાકુ, સુબાહુ, સગર, નહુષ, દિલીપ, ભરત તથા ગય રાજાઓ પણ કર્યો હતો; તેથી એ રાજાઓને ત્યાં પુત્રો થયા હતા અને તેઓએ ઉત્તમ ગતિ, આયુષ, બલ તથા સુખ પણ મેળવ્યાં હતાં; એમ આ તૈલનો પૂર્વકાળના તે તે રાજાઓને ઉપદેશ કરાયો હતો, એ કારણે આ તૈલ 'રાજતૈલ' એ નામે કહેવાયું છે. વળી આ રાજતૈલના પ્રયોગથી એ પૂર્વકાળના રાજાઓને ઉત્તમ ફાયદો થયો હતો, તેથી આ રાજતૈલ ઘણું વખણાય છે. ૨૮-૩૧

ઉપર્યુક્ત ચિકિત્સા ઉપરાંત ક્ષુદ્રરોગી માટે 'ક્ષુદ્રરથ' કરાવવો

त्रिचक्रं क्षुद्ररथकं प्राज्ञः शिल्पिकनिर्मितम्।
विदध्यात्तेन शनकैर्गृहीतो गतिमभ्यसेत् ॥ ३२ ॥

અતિશય બુદ્ધિમાન વૈદ્યે કોઈ ઉત્તમ કારીગર પાસે એક (ચલણગાડી) 'ક્ષુદ્રરથ' કરાવવો; તેને ત્રણ પૈડાં હોય; એ રથ વડે ગ્રહણ કરાયેલો ક્ષુદ્રરોગી બાળક ધીમે ધીમે ચાલવાનો અભ્યાસ કરે. ૩૨

વાતરોગી બાળકોને હિતકર ચિકિત્સા

बस्तयः स्नेहपानानि स्वेदाश्चोद्वर्तनानि च।
वातरोगेषु बालानां संसृष्टेषु विशे(षतः)॥३३॥
.....।
.....जन्तोः सुखाश्च शय्यासनबस्तियोगाः॥
इति ह स्माह भगवान् कश्यपः॥

જે બાળકો વાતરોગમાં સપડાયા હોય

તેઓને અસ્તિઓ, સ્નેહપાનો, સ્વેદનો તથા ઉદ્વર્તનો વિશેષે કરી હિતકારી થાય છે; તેમ જ એવા બાલરોગીને શય્યા, આસન તથા અસ્તિરોગો સુખકારક થાય છે, એમ ભગવાન કશ્યપે કહ્યું છે. ૩૩

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં ચિકિત્સિતસ્થાન વિષે 'ક્ષુદ્ર ચિકિત્સિત' નામનો અધ્યાય ૧૭ મો સમાપ્ત

ધાત્રી-ચિકિત્સિત : અધ્યાય ૧૮ મો

अथातो धात्रीचिकित्सितं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી ધાત્રીચિકિત્સિત નામના અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું, એમ ખરેખર ભગવાન કશ્યપે કહ્યું હતું ૧,૨

વૃદ્ધજીવકની ધાત્રીચિકિત્સા વિષેની જિજ્ઞાસા

.....।
धात्रीचिकित्सां निखिलां वक्तुमर्हसि मे मुने ।
सुखं दुःखं हि बालानां धात्रीमूलमसंशयम् ॥३॥

હે મુનિ ! હવે સંપૂર્ણ ધાત્રીચિકિત્સાને કહેવા આપ યોગ્ય છો; કારણ કે બાળકોને જે કંઈ સુખ તથા દુઃખ થાય છે, તેનું મૂલ, ખરેખર ધાત્રી જ હોય છે. ૩

શ્રીકશ્યપનો પ્રત્યુત્તર

इति पृष्टः स शिष्येण स्थविरेण महातपाः ।
धात्रीचिकित्सितं कृत्स्नं प्रोवाच वदतां वरः ॥४॥

વૃદ્ધજીવકે એમ પૂછ્યું, ત્યારે વક્તાઓમાં શ્રેષ્ઠ અને મહાતપસ્વી તે કશ્યપે, તે શિષ્યને સમગ્ર ધાત્રીચિકિત્સિત કહ્યું હતું. ૪

ધાત્રીના ત્રણ પ્રકારો

.....।
.....॥
.....(पु)ष्पिकी धात्री तीक्ष्णाग्निर्वातपैत्तिकी ॥
समधातुः समाग्निस्तु विषमैर्विषमाग्निकी ॥ ५ ॥

જે ધાવમાતા, (નિયમિત) પુષ્પિણી કે માસિક ઋતુધર્મવાળી થતી હોય અને વાત-પિત્ત ઉભય દોષપ્રધાન પ્રકૃતિવાળી હોય, તે 'તીક્ષ્ણાગ્નિ'-તીક્ષ્ણ જઠરાગ્નિવાળી હોય; તેમ જ જે ધાત્રી સમધાતુવાળી હોય એટલે કે જેથી વાતાદિ ધાતુઓ સમાવસ્થામાં-એક સરખી હોય, તે (બીજા પ્રકારની) 'સમાગ્નિ'-સમાન કે યોગ્ય પ્રમાણમાં રહેતા જઠરાગ્નિવાળી હોય છે; પરંતુ એ ઉપર્યુક્ત પુષ્પધર્મમાસિક-ઋતુસ્રાવ વગેરે જેને વિષમ કે અનિયમિત થતાં હોય અને જેની ધાતુઓ કે વાતાદિ વિષમ કે ઓછાં વધતાં હોય તે (ત્રીજા પ્રકારની) 'વિષમાગ્નિકી'-વિષમ જઠરાગ્નિથી યુક્ત ધાત્રી કહેવાય છે. ૫

વિવરણ : આ સંબંધે ચરકે વિમાનસ્થાનના છઠ્ઠા અધ્યાયમાં આમ કહ્યું છે-અગ્નિષુ તુ શારીરેષુ ચતુર્વિધો વિશેષો બલભેદેન ભવતિ તદ્યથા-તીક્ષ્ણો મન્દઃ સમો વિષમ ઇતિ। તત્ર તીક્ષ્ણોઽગ્નિઃ સર્વાપચારસહઃ, તદ્વિપરીતલક્ષણો મન્દઃ, સમસ્તુ ખલ્વપચારતો વિકૃતિમાપદ્યતેઽનુપચારતસ્તુ પ્રકૃતાવવતિષ્ઠતે, સમલક્ષણ-વિપરીતલક્ષણસ્તુ વિષમઃ, ઇત્યેતે ચતુર્વિધા ભવન્ત્યગ્નયશ્ચતુર્વિધાનામેવ પુરુષાણામ્। તત્ર સમવાતશ્લેષ્મણાં પ્રકૃતિસ્થાનાં સમા ભવન્ત્યગ્નયઃ, વાતલાનાં તુ વાતાભિભૂતેઽગ્ન્યધિષ્ઠાને વિષમા ભવન્ત્યગ્નયઃ, પિત્તલાનાં તુ પિત્તાભિભૂતેઽગ્ન્યધિષ્ઠાને તીક્ષ્ણા ભવન્ત્યગ્નયઃ, શ્લેષ્મલાનાં તુ શ્લેષ્માભિભૂતે હ્યગ્ન્યધિષ્ઠાને મન્દા ભવન્ત્યગ્નયઃ। જઠરના શારીર અગ્નિઓમાં ચાર પ્રકારનો તફાવત બલના ભેદથી થાય છે; જેમ કે તીક્ષ્ણ, મંદ, સમ તથા વિષમ-એવા ભેદથી જઠરાગ્નિ ચાર પ્રકારનો હોય છે; તેમાં સર્વ વિરુદ્ધ આહાર-વિહારોને જે સહન કરી શકે-ગમે તે ખવાય કે પીવાય તે બધું જેનાથી પચી જાય તે 'તીક્ષ્ણ' કહેવાય છે; પરંતુ જે જઠરાગ્નિ તેથી વિપરીત લક્ષણવાળો હોઈ હરકોઈ અનિયમિત કે વિરુદ્ધ આહારવિહારને સહન કરે નહિ-પચુ તેથી જે ઓછો થઈ જાય તે 'મંદ' જઠરાગ્નિ કહેવાય છે; તેમ જ જે જઠરાગ્નિ ખોટા-વિરુદ્ધ આહારવિહારોથી વિકાર પામે, પણ યોગ્ય પ્રમાણમાં માફક હોય એવા આહારવિહાર સેવાય તો પોતાની પ્રકૃતિમાં કે મૂળ સ્થિતિમાં રહ્યા કરે તે યોગ્ય સ્થિતિવાળો જઠરાગ્નિ કહેવાય છે; પરંતુ એથી જે વિપરીત લક્ષણવાળો હોય તે વિષથી વિરુદ્ધ હોઈને 'વિષમ' જઠરાગ્નિ કહેવાય છે; એમ ચાર પ્રકારના જઠરાગ્નિઓ, ચાર

પ્રકારના તેવી તેવી પ્રકૃતિવાળા જુદા જુદા લોકોના જ શરીરોમાં હોય છે; તેમાં જે લોકોનાં શરીરોમાં વાત, પિત્ત અને કફ–એક સરખા પ્રમાણમાં રહ્યાં હોય, તેઓના જઠરાગ્નિઓ પ્રકૃતિસ્થ હોઈ –એક સરખી સ્થિતિવાળા હોય છે; પરંતુ જે લોકો વાતલ હોય એટલે કે વધુ પ્રમાણમાં વાતદોષથી યુક્ત હોય, તેઓના જઠરાગ્નિનું આશ્રયસ્થાન વાતદોષથી વિકાર પામે છે, તે કારણે તેઓના અગ્નિઓ વિપરીત લક્ષણોવાળા થાય છે અને જે લોકોમાં પિત્તધાતુ અધિક પ્રમાણમાં હોય, તેઓના જઠરાગ્નિનું આશ્રયસ્થાન પિત્તદોષથી બગડે છે તેથી તેઓના અગ્નિઓ તીક્ષ્ણ થાય છે; અને જે લોકોનાં શરીરો શ્લેષ્મલ હોઈ વધુ પ્રમાણમાં કફદોષથી યુક્ત હોય, તેઓના જઠરના અગ્નિઓનું આશ્રયસ્થાન કફથી ઘેરાયેલું હોય છે તેથી તેઓના જઠરાગ્નિઓ મંદ થાય છે, અર્થાત્ લોકોના શરીરમાં તીક્ષ્ણ, મંદ, સમ તથા વિષમ બળ હોય છે, તેના કારણે તેઓના જઠરના અગ્નિઓ પણ તીક્ષ્ણ, મંદ, સમ તથા વિષમ થાય છે; એટલે કે જેઓમાં વાત, પિત્ત અને કફ સમ હોય તેઓના જઠરના અગ્નિ સમ હોય છે; પરંતુ જે લોકોમાં વાતદોષપ્રધાન હોય તેઓના જઠરનો અગ્નિ વિષમ હોય છે અને જેઓમાં પિત્તદોષની પ્રધાનતા હોય તેઓના જઠરના અગ્નિ તીક્ષ્ણ હોય છે; તેમ જ જે લોકોના શરીરમાં કફદોષની પ્રધાનતા હોય તેઓના જઠરના અગ્નિ (કફદોષથી દબાઈ–ઘેરાઈને) મંદ થયા હોય છે. ૫

શરીરના અગ્નિ પ્રમાણે આરોગ્ય વગેરે

आयुरारोग्ययोर्मूलं प्रजानां च समाग्निता ।
विषमः सर्वरोगाणां मूलं ह्रासस्य वर्त्मनः ॥६॥

લોકોના શરીરમાં સમાગ્નિ હોય તો એ સમાગ્નિ, તેમના આયુષ્ય તથા આરોગ્યનું મૂલ ગણાય છે; તેના આધારે તેમનું આયુષ્ય લાંબું હોય છે અને તેમનું આરોગ્ય પણ જળવાઈ રહે છે; પરંતુ જે લોકોનો જઠરાગ્નિ વિષમ હોય તે બધાયે રોગોનું મૂલ હોઈને શરીરની ક્ષીણતાનું પણ મૂળ થાય છે. ૬

તીક્ષ્ણ તથા મંદ જઠરાગ્નિની અને વિષમાગ્નિની ચિકિત્સા

..... ।
तीक्ष्णस्य बृंहणं नित्यं मन्दाग्नेर्दीपनक्रिया ॥
पथ्याशनं तु सततं विषमाग्नेः सुखावहम् ।
कल्याणकं षट्पलं वा प्रयोगेनोपयुज्यते ॥
यथाबलं यथायोगं पञ्चकर्म..... ।
.....॥
..... यथाविधि ।

તીક્ષ્ણ જઠરાગ્નિવાળા માણસે કાયમ બૃંહણ–પૌષ્ટિક પદાર્થોનું સેવન કરવું; અને મન્દાગ્નિવાળાએ, તે મંદાગ્નિનું દીપન થાય, તેવી ચિકિત્સા કર્યા કરવી, તેમ જ એ મંદાગ્નિવાળા માણસે પોતાને પથ્ય થાય કે માફક આવે તેવા ખોરાકો આવા જોઈએ. પરંતુ વિષમાગ્નિવાળાએ કલ્યાણકઘૃત અથવા ષટ્પલઘૃતનો પ્રયોગ કરવો, તેમ જ શરીરના બળ પ્રમાણે યોગાનુસાર વિધિપૂર્વક પંચકર્મ-(સ્નેહન, સ્વેદન, વમન, વિરેચન તથા આસ્થાનબસ્તિ)નું સેવન પણ કર્યા કરવું જોઈએ. ૮

ક્ષારનું સેવન ધાત્રીએ કે કોઈએ પણ વધુ ન કરવું

न तूपयोजयेत् क्षारं क्षारप्रायौषधानि वा ॥
प्रजाविनाशनः क्षारो धात्रीणां स न शस्यते ।

કોઈ પણ માણસે (વધુ) ક્ષારનો કે લગભગ ક્ષાર જેમાં વધુ હોય તેવાં ઔષધોનો ઉપયોગ ન કરવો, કારણ કે ક્ષારનું સેવન પ્રજાનો વિનાશ કરે છે; અને ધાત્રીઓ તો ક્ષારનું સેવન કરે તે હિતકારી નથી જ. ૯

વિવરણ : આ સંબંધે ચરક પણ વિમાનસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યું છે કે–ક્ષારનો વધુ પ્રયોગ પુરુષોના પુરુષપણાનો નાશ કરે છે અને તે ઉપરાંત બીજું પણ ઘણું નુકસાન કરે છે; જેમ કે–
क्षारः पुनरौष्ण्यतैक्ष्ण्यलाघवोपपन्नः क्लेदयत्यादौ पश्चाद्विशोषयति, स पचनदहनभेदनार्थमुपयुज्यते; सोऽतिप्रयुज्यमानः केशाक्षिहृदयपुंस्त्वोपघातकरः संपद्यते, ये ह्येनं ग्रामनगरनिगमजनपदाः सततमुपयुञ्जते ते ह्यान्ध्यषाण्ढ्यखालित्यपालित्यभाजो हृदयापकर्तिनश्च भवन्ति, तद्यथा–

પ્રાચ્યાશ્ચોનાશ્ચ, તસ્માત્ક્ષારં નાત્યુપયુઞ્જીત–ક્ષાર એ ઉષ્ણતા, તીક્ષ્ણતા તથા લાઘવ–પચવામાં હલકાપણાથી યુક્ત છે, તેથી (તેનું વધુ સેવન) શરૂઆતમાં માણસના શરીરને ક્ષીણ કરવાળું કરે છે, પરંતુ પાછળથી તે (શરીરને) સૂકવી નાખે છે; જોકે તે ક્ષારને પાચન માટે, મળોને બાળી નાખવા માટે અને મળોના ભેદન માટે ઉપયોગ કરાય છે, તોપણ એ ક્ષારનો જો વધુ ઉપયોગ કરાય તો માયાના વાળનો, હૃદયનો તથા પુરુષપણાનો નાશ કરનાર થાય છે; એ જ કારણે જે ગામ, નગર, શહેર કે પરાં વગેરેના તથા દેશવિદેશના રહેવાસી–લોકો નિરંતર એ ક્ષારનો ઉપયોગ કરે છે, તેઓ અંધાપો, નપુંસકપણું, માથા પર ટાલ તથા પળિયાંને પામનારા તેમ જ હૃદયમાં જાણે વાઢ થતી હોય, એવા રોગવાળા થાય છે; જેમ કે પૂર્વ દિશાના તથા ચીનના લોકો ક્ષારનું વધુ સેવન કરતા હોઈને તેવા ઉપર્યુક્ત રોગોથી યુક્ત થાય છે, તે કારણે ક્ષારનો વધુ ઉપયોગ ન કરવો. ૯

ધાત્રીઓને હિતકર–પથ્યો

ઋક્ષણોદ્વર્તનસ્નાનં શુક્લામ્બરનિષેવણમ્ ॥
મૃષ્ટમન્નં સુખાસ્યા ચ શાન્તચિત્તેન સંસ્થિતિઃ
..... ॥
કલ્યાણકૃદ્ (ધ)ર્મરતિર્ધાત્રીણાં સુખહેતવઃ।
મેદસ્વિનીનાં ધાત્રીણાં સિરાકર્મ પ્રશસ્યતે ॥૧૦॥

તેલમાલિસ, ઉદ્વર્તન કે ઉબટણ, સ્નાન, ધોળાં વસ્ત્રો પહેરવાં, મિષ્ટાન્નભોજન, સુખકારક આસન અને ધર્મકર્મ આદિનું સેવન, શાન્ત ચિત્તે રહેવું અને કલ્યાણકારી ધર્મ ઉપરની પ્રીતિ–એ ધાત્રીઓને સુખ ઉપજાવવામાં કારણરૂપ થાય છે; પરંતુ જે ધાત્રીઓનાં શરીર અતિશય મેદથી ભારે થયાં હોય તેઓની શિરાનું વૈદ્યે વેધન કરવું, એ ઉત્તમ ઉપચાર છે. ૧૦

મેદસ્વી ધાત્રીની વધુ ચિકિત્સા

સ્નેહસ્વેદોપપન્નાનામૂર્ધ્વં ચાધશ્ચ શોધનમ્।
ततः सा मेदसि क्षीणे स्रोतःसु विवृतेषु च ॥११॥
.....।
.....यो रसः।
कृशां च नष्टपुष्पां च बृंहयेत्तेन सिद्ध्यति ॥१२॥

વળી જે ધાત્રીઓ મેદથી વધુ પુષ્ટ થઈ હોય તેઓને વૈદ્યે પ્રથમ સ્નેહન તથા સ્વેદનથી યુક્ત કરવી અને તે પછી તેઓનું (વમન દ્વારા) ઊર્ધ્વ માર્ગે તેમ જ વિરેચન દ્વારા નીચેના માર્ગે શોધન કરવું; અને તે પછી તેઓનો મેદ ક્ષીણ થાય અને સ્રોતો ખુલ્લા થઈ જાય ત્યારે તેઓનો જે પરિપક્વ અન્નરસ થયો હોય તે બરાબર યોગ્ય માર્ગે વહેવા માંડે છે, તેથી તેઓ સ્વસ્થ થાય છે. પછી તે ધાત્રી પાતળા શરીરવાળી થઈ જાય, ત્યારે તેણીનું રજોદર્શન પણ નષ્ટ થઈ જાય તે પછી એ ધાત્રીનું બૃંહણ કરવું એટલે કે શરીરે તે પુષ્ટ થાય, તેવી તેની ચિકિત્સા કરવી, જેથી તે ધાત્રી સંપૂર્ણ નીરોગી બને છે. ૧૧,૧૨

બલાતૈલ નિર્માણ–વિધાન

बलामूलतुला धौता दशमूलं शतावरी ॥ १३ ॥
गुडूची रोहिषं रास्ना वृश्चिकाली पुनर्नवा।
वृषः सहचरोशीरसारिवामूर्वच ..... ॥
.....।
..... काकजङ्घांऽशुमत्यपि ॥ १४ ॥
अश्वगन्धा मृगर्वारुः कालाऽथ नवमालिका।
अतिमुक्तकशाङ्गेष्टाकपित्थं त्रिफलेति च ॥
दशमूलात् प्रभृत्येते भागा दशपलाः स्मृताः ॥१५
यवाः कुलत्था माषाश्च.....॥
.....।
.....(जल)द्रोणे चतुर्भागाविशेषिते ॥१६॥
तं कषायं परिस्राव्य पुनरग्नावधिश्रयेत्।
अथेमान्यौषधान्त्र पलिकानि निधापयेत् ॥ १७ ॥
द्वे मेदे द्वे हरिद्रे च काकोल्यौ वृषजीवकौ।
माषपर्णी..... ॥
.....।
त्वक्पत्रचन्दनोशीरं द्वे बले लवणद्वयम् ॥ १८ ॥
मूर्वा श्वदंष्ट्रा शाङ्गेष्टा श्यामा द्राक्षा सुरोहिणी।
मधुकं हस्तिपिप्पल्यः कुष्ठं व्याघ्रनखं वचा ॥
सूक्ष्मैलागुरुकाश्मर्यः शतपुष्पा परूषकम्।
.....।
.....नि च ॥१९॥

शङ्खपुष्पी विशल्या च वृश्चिकाली मधूलिका।
दाडिमानि चाम्लानि गुग्गुल्वादि सुगन्धि च ॥२०
मक्षोटं पनसं भव्यं प्राचीनामलकानि च।
शतावरी विदारी च मधुपर्णी विषा(णिका) ॥२१
..... ।
.....(क)षायार्धाढकं भवेत्।
लवङ्गपुष्पं कर्पूरं स्पृक्काऽथ कटुकाफलम् ॥ २२॥
आढकं तिलतैलस्य क्षीरद्रोणं च पाचयेत्।
तत् सिद्धं प्रतिसंहृत्य बलातैलं निधापयेत्।
घृतभाण्डे दृढे दान्ते ..... ।
..... ।
.....सां ग्रक्षणेषु(ग्र)शस्यते ॥ २३॥

બલા-ખપાટનાં મૂળિયાં એક તુલા-૪૦૦ તોલા, ધોયેલાં ખાંડી-કૂટી નાખવાં; પછી દશમૂલ, શતાવરી, ગળો, રોહિષ-ઘાસ, રાસ્ના વૃશ્ચિકાલી-મેંઢાશીંગનો એક ભેદ, પુનર્નવા-સાટોડી, વૃષ-અરડૂસો, સહચર-કાંટાસેરિયો, ઉશીર-સુગંધી વાળો, સારિવા-ઉપલસરી, મોરવેલ, કાકજંઘા-અઘેડી, અંશુમતી-મોટો સમેરવો, આસંધ, ધોળી મોટી કાકડી, કાળું નસોતર, નવમાલિકા-મોગરો, અતિમુક્તક-નવમલ્લિકા-મોગરાનો એક ભેદ, શાર્ङ्गષ્ટા-કાકમાચી કે પિલૂડીની એક જાત કે ચણોઠી, કોઠ અને ત્રિફલા-એ બધાં દશમૂલથી આરંભીને જે દ્રવ્યો ઉપર કહ્યાં, તેઓના પ્રત્યેકના ચાળીસ ચાળીસ તોલા ભાગો લેવા; તેમ જ જવ, કળથી અને અડદ પણ પ્રત્યેક તેટલા જ ૪૦-૪૦ તોલા લેવા; પછી તે બધાંને અધકચરાં કરી તેઓનો એક દ્રોણ-૧૦૨૪ તોલા પાણીમાં ક્વાથ કરવો; એ ક્વાથ એક ચતુર્થાંશ બાકી રહે ત્યારે તેને ગાળી લઈ તેને ફરી અગ્નિ પર મૂકવો અને તેમાં અહીં કહેલાં પ્રત્યેક દ્રવ્યો એક એક પલ-ચાર ચાર તોલા પ્રમાણમાં નાખવાં: જેમ કે (મેદા-મહામેદા) બેય મેદાઓ, બેય હળદરો, બેય કાકોલી-ક્ષીરકાકોલી તથા કાકોલી, અરડૂસો, જીવક, માષપર્ણી-જંગલી અડદનો છોડ, તજ, તમાલપત્ર, ચંદન, ઉશીર-વાળો, (બલા, અતિબલા કે નાગબલા) બેય બલા-ખપાટ, બે લવણ-સંચળ તથા સૈંધવ, મોરવેલ, ગોખરુ, કાળું નસોતર, દ્રાક્ષ, કડુ, જેઠીમધ, ગજપીપર, કઠ, વાઘનખ-નખલો, વજ, ઝીણી એલચી, અગુરુ, ગાંભારી, સૂવા, ફાલસા, શંખપુષ્પી, ઇંદ્રપુષ્પી કે કલિહારી, વૃશ્ચિકાલી-મેંઢાશીંગની એક જાત, મધૂલિકા-ગળો અથવા પાણીમાં થતા જેઠીમધની એક જાત, ખાટાં દાડિમના દાણા, ગૂગળ વગેરે સુગંધી દ્રવ્યો, અખરોટ, ફણસ, ભવ્યફલ-કર્મરંગ, પૂર્વમાં થતાં આમળાં, શતાવરી, વિદારીકંદ, મધુપર્ણી-ગળો અને વિષાણિકા-મેંઢાશીંગ-એ બધાંને અધકચરાં કરી તેઓનો ઉકાળો -૨૫૬ તોલા તૈયાર કરવો; પછી તેમાં લવંગનાં પુષ્પ, કપૂર, સ્પૃક્કા અને કડવી તુંબડીનાં ફળ કડુ-એ પ્રત્યેક ૪-૪ તોલા નાખી તલનું મૂર્છિત તેલ એક આઢક-૨૫૬ તોલા તથા એક દ્રોણ-૧૦૨૪ તોલા દૂધ નાખી તેનો પાક કરવો; પ્રવાહી બળી જાય ત્યારે તે તૈયાર થયેલા બલા તેલને ગાળી લઈ, ઘીના રીઢા મજબૂત વાસણમાં રાખી મૂકવું (અને તેનો માલિસ તરીકે ઉપયોગ કરવો). ૧૧-૨૩

ઉપર્યુક્ત બલા તૈલના ઉપયોગથી કયા રોગો મટે?

शाखागतं कोष्ठगतमस्थिमज्जसिरागतम्।
बहिराभ्यन्तरायामं हनुस्तम्भं शिरोभ्रमम् ॥ २४॥
एकपक्षवधं शोषम्लानकार्दितगुल्मिनम् ॥
वदिरं वेप(मानं च) ..... ।
..... ॥ २५ ॥
..... (ऽ)पस्मारमुन्मादं कटपूतनाम्।
कर्णशूलं शिरःशूलं ब्रध्नं मारुतकुण्डलम् ॥२६॥
अशीतिं वातिकान् रोगान् योनिदोषांश्च विंशतिम्।
रेतोदोषान् ग्रहान् सर्वान् बलातैलमपोहति ॥२७॥
वृद्धयां..... ।
..... ॥

.....ज्वरे जीर्णे तृतीयकचतुर्थके ।
नारीणां दुष्प्रजातानां योनिशूले श्रमेषु च ॥२८॥
नानातिसारज्वरयोः कफरोगेषु सर्वशः ।
नाजीर्णकृशमूर्च्छासु न च्छर्द्यां च प्रयोजयेत् ॥२९॥

એ બલા તેલનો પ્રયોગ હાથપગના રોગો, કોઠાનો રોગ, હાડકાં, મજ્જા તથા શિરાઓમાં પ્રાપ્ત થયેલા રોગો, બહિરાયામ તથા અંતરાયામ-વાતરોગ, હનુસ્તંભ કે હડપચીનું જકડાવું, શિરોભ્રમ-માથાનું ભમવું, એકપક્ષવધ-પક્ષઘાત, શોષ-રોગ-ક્ષય, ગ્લાનક અથવા શરીર ચિમળાઈ જવાનો રોગ, અર્દિત નામનો મોઢાનો લકવો, ગુલ્મરોગ, બહેરાશ, કંપરોગ, અપસ્માર-વાઈનો રોગ, ઉન્માદ-ગાંડપણ, 'કટપૂતના' નામનો ગ્રહના વળગાડનો રોગ, કાનનું શૂળ, માથાનું શૂળ, બદનો રોગ, મારુત-કુંડલ વાતકુંડલિકા નામનો વાતરોગ, એંશી વાયુના રોગો તેમ જ વીસ યોનિના દોષોને, વીર્યના દોષોને અને બધી જાતના ગ્રહો કે વળગાડોને પણ મટાડે છે તેમ જ વધરાવળમાં, જીર્ણજ્વરમાં, તૃતીયક-તરિયા તાવમાં, ચતુર્થક-ચોથિયા તાવમાં, કષ્ટપ્રજાતા સ્ત્રીઓ કે જેઓની કસુવાવડ વગેરેરૂપે દુષ્ટ પ્રસવ થયેલા હોય તેમાં, યોનિના શૂલમાં, શ્રમમાં, અનેક પ્રકારના અતિસાર-ઝાડાના રોગમાં, જ્વરોમાં તથા બધાયે કફના રોગોમાં આ બલા તૈલનો પ્રયોગ કરવો; પરંતુ અજીર્ણમાં, કૃશતારૂપ રોગમાં, મૂર્છામાં તથા ઊલટીના રોગમાં આ બલાતૈલનો પ્રયોગ ન કરવો. ૨૪-૨૮

રાસ્નાતૈલ અને તેનો ઉપયોગ

एतेनैव विधानेन रास्नातैलं विपाचयेत् ।
निहन्ति रोगान् भूयिष्ठं य एते परिकीर्तिताः ॥३०

ઉપર્યુક્ત બલાતૈલની વિધિ પ્રમાણે જ વૈદ્યે 'રાસ્નાતૈલ' પકવવું; અને તે તૈલનો ઉપયોગ પણ ઉપર જે જે રોગો કહ્યા છે, તે સર્વનો લગભગ નાશ કરે છે. ૨૯

શતાવરી આદિનાં તૈલ પણ બલાતૈલ પ્રમાણે બનાવાય

शतावर्या बदर्याश्च गुडूच्या मधुकस्य च ।
पुनर्नवाया द्राक्षायाः पीलोः सहचरस्य च ॥३१
वृषस्य नागवीर्यायाः अनन्ताशतपुष्पयोः ।
स्वनामपाकतैलानामेष एव (विधिः स्मृतः)॥३२

શતાવરીનું, બોરડીનું, ગળોનું, જેઠી-મધનું, સાટોડીનું, દ્રાક્ષનું, પીલુનું, કાંટા-સેરિયાનું, અરડૂસાનું, નાગવીર્યાનું, અનંતા-ઉપલસરીનું તથા શતપુષ્પી-સૂવાનું તેલ પણ એ જ-બલાતૈલની વિધિ પ્રમાણે પકવાય એમ જાણવું. ૩૧,૩૨

કાંટાસેરિયાના તેલની બનાવટમાં વિશેષતા

.....लं पक्वं तैले सहाचरे ॥
दद्यान्निर्मथ्य सततमेतदत्र विशेषणम् ॥ ३३ ॥

કાંટાસેરિયાનું તેલ પણ એ જ ઉપર્યુક્ત વિધિથી જોકે પકવાય છે પણ તેની બનાવટમાં આટલો તફાવત છે કે તેમાં કાંટાસેરિયાને એકધારો પાણીમાં ખૂબ મથી નાખ્યા પછી તેને તેલમાં નાખવો જોઈએ. ૩૩

અરડૂસાના તૈલની બનાવટમાં વિશેષ

इयोनाकतैलस्य विधिः स एव परिकीर्तितः ।
कषाये मधुमांसस्य दद्यात् त्रिंशत्पलानि तु ॥३४

અરડૂસાનું તૈલ બનાવવું હોય ત્યારે પણ તેની વિધિ ઉપર્યુક્ત બલાતૈલના જેવી જ કહી છે; પરંતુ તેને પકવવાના ક્વાથમાં મધ તથા માંસ મળી ૧૨૦ તોલા નાખવાં જોઈએ. ૩૪

કોઠનું તેલ બનાવવામાં વિશેષતા

कपित्थतैलस्य विधिः स एव परिकीर्तितः ।
कपित्थानां तु पक्वानां तुलां दद्यात् स...॥३५॥

કોઠફલનું તેલ બનાવવું હોય ત્યારે પણ ઉપર્યુક્ત બલાતૈલની વિધિ કહી છે, પરંતુ કોઠફળ પાકાં અને ૪૦૦ તોલા પ્રમાણમાં લઈ તેઓનો ક્વાથ કરી તેમાં તેલ પકવવું. ૩૫

શતપુષ્પાતૈલમાં વિશેષતા

शतपुष्पा तैलमपि तद्वदेव प्रकीर्तितम् ।
केवलं स्वरसस्यात्र दद्यात्तैलाच्चतुर्गुणम् ॥ ३६॥

સૂવાનું તૈલ પણ એ જ પ્રમાણે કરવાનું કહેલ છે; છતાં તેની વિધિમાં આ તફાવત છે કે આ તૈલમાં સૂવાનો કેવલ સ્વરસ જ તેલમાં તેનાથી ચારગણો મેળવી તે પ્રવાહી બળી જાય એટલે તે 'શતપુષ્પા' તૈલને તૈયાર થયું જાણવું. ૩૬

વાતવ્યાધિમાં ફાયદો કરતું 'મીનતૈલ'

मीनतैलं च मीनानां कषायेण रसेन च।
पक्वं बलातैलमिव वातव्याधिषु शस्यते ॥ ३७ ॥

માછલાંના ક્વાથ સાથે અને તેના રસ સાથે 'મીનતેલ' પણ ઉપર્યુક્ત 'બલાતૈલ'ની પેઠે જ જો પકવ્યું હોય તો વાતજ હરકોઈ રોગમાં તે ફાયદો કરે છે. ૩૭

એ જ પ્રમાણે બલાકાતૈલ આદિ બનાવાય

बलाकाहंसवल्गूनां क्रौञ्चसारसयोरपि।
माटीशकुनकानां च तैलान्याहुः स्वनामभिः ॥३८॥

એ જ રીતે બલાકા-બગલી, હંસ, વલ્ગુ-વાગોળ, ક્રૌંચ, સારસ પક્ષી, આડી પક્ષીઓનાં માંસનો પણ ક્વાથ કરી તેના રસથી, તેમના જ પોતાના નામે 'બલાકા-તૈલ' આદિ તૈલો બનાવવાં, એમ વિદ્વાનો કહે છે. ૩૮

કોઠના તૈલના ગુણો

.....(दौर्ग)न्ध्यनाशनम्।
विधानं कीर्तितं पुण्यं षण्ढवन्ध्याप्रजाकरम् ॥३९

ઉપર જે કોઠનું તૈલ કહ્યું છે તે (સ્ત્રીઓની યોનિના) દુર્ગંધપણાનો નાશ કરે છે; ઉપરાંત તેનું જે વિધાન અહીં કહ્યું છે, પુરુષોના નપુંસકપણાનો નાશ કરે છે અને વાંઝણી સ્ત્રીને પ્રજા ઉપજાવે છે. ૩૯

સ્ત્રીઓએ કપિત્થતૈલ ખાસ વાપરવું

योनिनासामुखश्रोत्रदौर्गन्ध्ये पिच्छिलेषु च।
कपित्थतैलं पिचुभिर्धारयेयुः सदा स्त्रियः ॥४०॥

ઉપર જણાવેલાં કપિત્થતૈલનાં પુંભડાં સ્ત્રીઓએ, યોનિની, નાકની, મોઢાની તથા કાનની દુર્ગંધ હોય કે ચિકાશ હોય તો હમેશાં ધારણ કરવાં જોઈએ. ૪૦

સહકારતૈલ અને તેના ગુણો

सहकाररसेनापि तद्वत्तैलं प्रशस्यते।
विविधानां च तैलानां हृद्या..... ॥४१॥
.....न्धानां च निषेवणम्।

તે જ પ્રમાણે સહકાર-આંબાના રસ અથવા ક્વાથ સાથે પણ તલનું તેલ પકવવું જોઈએ, કેમ કે તે પણ ઉત્તમ ગણાય છે; ઉપર જણાવેલાં બધાંય તેલો હૃદ્ય હોઈ હૃદયને હિતકારી છે તેમ જ તેઓનું સેવન, આંધળાઓને. જેઓ રતાંધળા હોય તેમને પણ હિતકારી થાય છે. ૪૧

ધાત્રીઓ માટેની બાકીની ચિકિત્સા

अत ऊर्ध्वं प्रवक्ष्यामि धातृणां शेषकर्म यत्।
स्नेहपानात् प्रसूतानां षष्टिमल्लकभक्षणात् ॥४२॥
अतिमात्राशनाच्चैव विरुद्धाजीर्णभोजनात्।
षष्टिग्रहः कुमाराणां जायते देहनाशनः।
असाध्यश्चानुष(ङ्गी च).....॥४३॥
.. ..(मिता)हारा धर्मशीला तपस्विनी।
जीर्णाशिनी च सततं षष्ठीमतितरत्यसौ ॥ ४४॥
प्राप्तायां वञ्चनायां च पञ्चकर्माणि कारयेत्।
अथवा तपसोग्रेण शिवं स्कन्दं च तोषयेत् ॥४५

હવે પછી ધાત્રીઓના સંબંધમાં જે બાકીની ચિકિત્સા છે, તેને હું કહું છું-જે ધાવમાતાઓ, પોતે પ્રસૂતા હોય તે વેળા (વધુ) સ્નેહપાન કરે છે, સાઠી ચોખા ખાય છે, 'મલ્લક' નામનાં માછલાં ખાય છે, વધુ પ્રમાણમાં ખોરાક ખાય છે, વિરુદ્ધ ભોજન કે અજીર્ણમાં ભોજન કરે છે, તેઓને ધાવણાં બાળકોને તેઓના દેહનો નાશ કરનાર 'ષષ્ઠીગ્રહ' નામનો રોગ થાય છે. એ રોગ અસાધ્ય તથા અનુષંગી હોઈ કાયમ ચાલ્યા કરે છે; એ કારણે દરેક ધાત્રીએ મિતાહાર કરવો; માપસર ખાવું, ધર્મ કરવામાં તત્પર રહેવું, ઉત્તમ તપ કર્યા કરવું, ખોરાક પચ્યા પછી જ જમવું (પણ અજીર્ણમાં ન ખાવું); એમ નિરંતર જે વર્તે તેને ધાવતાં બાળકોને ષષ્ઠીગ્રહરોગથી મુક્ત રહે છે; છતાં

કોઈ વખતે કંઈ ભૂલ થાય અને તે ધાત્રીમાતા નિયમપૂર્વકના વર્તનમાં જો ચૂકે તો તેણે પોતે કોઈ વૈદ્ય પાસે પંચકર્મો કરાવવાં; અથવા ઉગ્ર તપ કરીને શિવને તથા કાર્તિકેય સ્કન્દગ્રહને સંતુષ્ટ કરવા. ૪૨-૪૫

ધાત્રીઓને અજીર્ણથી ઘણા રોગો થાય

अजीर्णं चापि धात्रीणां नित्यमेव न शस्यते।
अजीर्णदूषि (ता दोषा धात्रीणां जनयन्ति हि)।
... ...(ऽ)रुचिग्लानिमदमोहविचर्चिकाः॥४६॥
पामाकुष्ठालजीगुल्महृद्रोगश्वासकासकाः।
हिक्कातन्द्राश्रमश्वासच्छर्द्यपस्मारविग्रहाः॥ ४७॥
रक्तपित्तभ्रमोन्मादशूलशोषगलग्रहाः।
ऊरुस्तम्भः ससंन्यासस्तथाऽन्ये च महागदाः॥४८

ધાત્રીઓને કાયમ જે અજીર્ણ રહ્યા કરે, તે પણ સારું ના જ ગણાય, કારણ કે અજીર્ણથી દૂષિત થયેલી ધાત્રીઓ, પોતાને તથા પોતાને ધાવતાં બાળકોને પણ અનેક દોષો કે રોગો ઉપજાવે છે; જેમ કે તે અજીર્ણદૂષિત સ્ત્રીઓ અરુચિ, ગ્લાનિ, મદ, મોહ, વિચર્ચિકા નામનો પગનો રોગ, પામા-ખસનો રોગ, કુષ્ઠ-કોઢ, અલજી-પ્રમેહના કારણે થતી તે નામની ફોલ્લી જેવી ફોલ્લીનો રોગ, ગુલ્મ કે ગોળાનો રોગ, હૃદયરોગ, શ્વાસરોગ, કાસ-ઉધરસનો રોગ, હિક્કા-હેડકીનો રોગ, તંદ્રા કે નિદ્રા જેવું ઘેન, શ્રમ-મહેનત કર્યા વિના જે થાક જણાય છે તે, શ્વાસ, છર્દિ-ઊલટી, અપસ્માર, વિગ્રહ કે ખૂબ ઝલાઈ જવારૂપ રોગ, રક્ત-પિત્ત, ભ્રમ-ચકરીના રોગ, ઉન્માદ-ગાંડપણ, શૂલ, શોષ, ગલગ્રહ-ગળું ઝલાઈ જવું, ઊરુસ્તંભ-સાથળનું ઝલાઈ જવું, સંન્યાસ-મૂર્ચ્છાથી બેભાન બની માણસ જેમાં મુડદા જેવો થઈ જાય છે તે એક જાતનો બેભાન અવસ્થાનો ભયંકર રોગ તથા એ સિવાય બીજા પણ રોગો તે ધાત્રીને તથા તેનું ધાવણ ધાવતાં બાળકોને થાય છે. ૪૬-૪૮

ઉપર્યુક્ત રોગોથી બચવા ધાત્રીએ હિતકારક અને માપસર ખોરાક લેવો

.....।
मितपथ्याशनान्मातुः पुत्रे तेषामसंभवः।
सुखोदयश्च धात्रीणां तस्मात्तदुपपादयेत्॥ ४९॥

એ કારણે ધાત્રીએ મિતપથ્ય-માપસર હિતકર ખોરાક ખાવો જોઈએ જેથી તેઓને તેમ જ તેને ધાવતાં બાળકને પણ ઉપર્યુક્ત રોગો થતા નથી; તેમ જ એ ધાત્રી-ઓને તથા તેઓને ધાવતાં બાળકોને પણ સુખ ઉત્પન્ન થાય અથવા કાયમી સુખ રહે તે માટે વૈદ્યે તે ધાત્રીઓને મિત-પથ્ય ખોરાક ખાવાની પ્રેરણા કરવી. ૪૯

કશ્યપનો વધુ ઉપદેશ

वृद्धजीवक! लोकेऽस्मिन्त्रयो दुष्करकारिणः।
भिषग्धात्री च बालश्च त एव सुखदुःखिताः॥५०॥

હે વૃદ્ધજીવક! આ લોકમાં ત્રણ વ્યક્તિઓ દુષ્કર કર્મ કરનાર ગણાય છે, એટલે કે આ ત્રણને જ અતિશય કઠિન કાર્યો કરવાનાં હોઈ કષ્ટકારક સ્થિતિમાંથી પસાર થવું પડે છે; તે જેમ કે એક વૈદ્ય, બીજી ધાત્રી-ધાવમાતા તથા તેને ધાવતું બાળક આ ત્રણ જ કાયમ સુખદુઃખથી યુક્ત રહ્યા કરે છે. ૫૦

બાલચિકિત્સાની કઠિનતા

परिज्ञानं विना वाताद्योषधकल्पने शिशोः।
.....।
शास्त्रानुसारचेष्टाभिरिङ्गितैर्नित्यदर्शनैः।
कर्त्तव्यं भेषजं बाले स कथं नाऽपराध्नुयात्॥५१

બાળકના વાતાદિ દોષના પૂર્ણ જ્ઞાન વિના જ તેનું ઔષધ કરવામાં શાસ્ત્રમાં કહેલ ચેષ્ટાઓ વડે તેમ જ કાયમ દેખાતાં તેનાં હલનચલન આદિ ક્રિયાઓ વડે તે બાળક વિષે વૈદ્યે ઔષધ કરવાનું હોય છે, તો તે વૈદ્ય તે બાલચિકિત્સામાં કેમ અપ-રાધી ન થાય? એટલે કે બાળકની ચિકિત્સા માં વૈદ્યની ભૂલ થાય એ સંભવે જ છે. ૫૧

બાલચિકિત્સક દુઃખી હોય

भिषक्कौमारभृत्यस्तैः कारणैर्नित्यदुःखितः।
दुष्करं चापि कुरुते युञ्जन् साधारणाः क्रियाः ॥५२

ઉપર દર્શાવેલ કારણોને લીધે બાલ-ચિકિત્સા કરનાર વૈદ્ય કાયમી દુઃખી હોય છે, તેથી જ સાધારણ ક્રિયાઓને કર્યા કરતો એ વૈદ્ય, કોઈ દુષ્કર કર્મ પણ કરે છે; કેમ કે ગર્ભ સહિત વર્તતી ગર્ભિણીની તેમ જ પુત્ર સહિત એવી ધાત્રીની નિર્દોષ ચિકિત્સા જાણવી મુશ્કેલ હોય છે; તેથી જ તે વૈદ્ય કોઈ વેળા દુષ્કર કર્મ પણ કરી બેસે છે અને તેથી તે કાયમી દુઃખી હોય છે. ૫૨

ધાત્રી પણ કાયમ દુઃખી હોય છે

गर्भिण्याः सह गर्भेण धात्र्याः सह सु(तेन च)।
.....।
.....ज्ञातुमदूषकम्।
धात्री पुत्रशरीरार्थे स्वशरीरोपशोषणम् ॥५३॥
स्नेहात् प्राप्नोति सुबहून् क्लेशांश्चान्यान् सुदारुणान्
आशास्नेहकृपाधर्माद्रक्षणार्थे च मातरः ॥५४॥
सहन्ते सर्वदुःखानि मानिनी चात्र कीर्त्यते।
गर्भात् प्रभृति बालोऽपि .....॥५५॥

ધાત્રી-માતા, પોતાના બાળકના શરીર માટે સ્નેહથી પોતાના શરીરનું શોષણ કર્યા કરે છે અને બીજા પણ ઘણા જ ક્લેશોને પણ સહે છે; વળી તે ધાવ-માતાઓ આશાથી, સ્નેહથી, કૃપાથી અને ધર્મના કારણે પણ પોતાના પુત્રનું રક્ષણ કરવા માટે દુઃખોને સહન કરે છે; તેમ જ એ કારણે સર્વ તે ધાત્રી, આ લોકમાં માનિની પણ કહેવાય છે. ૫૩-૫૫

બાળકના દુઃખનું વારણ ધાત્રીને અધીન

अधिकं पीड्यते दुःखैरकुर्वन्नपि तत् स्वयम्।
तस्माच्च धात्री सततं शुभचेष्टाऽशनस्थितिः।
माता भवति पुत्राणां भुक्ते पुत्रफलानि च।

બાળક પણ ગર્ભથી માંડી દુઃખો વડે અધિક પીડાય છે; કારણ કે તે પોતે તો કોઈ પણ પ્રકારે દુઃખ દૂર કરવાનો ઉપાય કરી જ શકતો નથી; એ કારણે ધાત્રી-માતાએ ઉત્તમ ચેષ્ટાઓ-વર્તનો તથા યોગ્ય ખોરાક પર રહીને બાળકનું રક્ષણ કર્યા કરવું જોઈએ. જેથી એ ધાત્રી અનેક પુત્રોની માતા થાય છે અને પુત્રોનાં ફલોને પણ ભોગવે છે. ૫૬

इति ह स्माह भगवान् कश्यपः ॥५७॥

એમ ભગવાન કશ્યપે જ ખરેખર કહ્યું છે. ૫૭

ઇતિશ્રી કાશ્યપસંહિતામાં 'ધાત્રી-ચિકિત્સિત' નામનો અધ્યાય ૧૮ મો સમાપ્ત

ચિકિત્સિતસ્થાન સમાપ્ત

મહર્ષિ મારીચકશ્યપ વિરચિત

काश्यपसंहिता

અથવા

वृद्धजीवकीयतंत्र

(कौमारभृत्य)

७ : सिद्धिस्थान

राजपुत्रीया सिद्धि : अध्याय १ लो

अथातो राजपुत्रीयां सिद्धिं व्याख्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી આરંભી 'राजपुत्रीया सिद्धि' નામના પહેલા અધ્યાયને અમે કહીશું, એમ ભગવાન કશ્યપે (પોતાના વૃદ્ધજીવક) નામના શિષ્યને કહ્યું હતું. ૧,૨

વિવરણ : વમન આદિ પંચકર્મોરૂપ ઉપચાર બરાબર થઈ શકયા ન હોય. જેથી ઉત્પન્ન થયેલા રોગોની ચિકિત્સા કહેવા માટે અહીંથી સિદ્ધિસ્થાન લખવાનો ગ્રન્થકારે આરંભ કર્યો છે. 'આ અભિપ્રાય ચરકે સિદ્ધિસ્થાનના ૧૨ મા અધ્યાયમાં આમ કહ્યો છે. જેમકે 'कर्मणां वमनादीनामसम्यक् करणापदाम्। साधनं साधनं स्थाने सिद्धिस्थानं तदुच्यते ॥ વમનાદિ કર્મોરૂપ ઉપચારો બરાબર કરી શકાયા ન હોય, તેથી ઉત્પન્ન થયેલા રોગોની ચિકિત્સા જે સ્થાનમાં કહી હોય તે સ્થાનને 'સિદ્ધિસ્થાન' કહેવામાં આવે છે. ૧,૨

બસ્તિકર્મ સંબંધે વૃદ્ધજીવકના પ્રશ્નો

भगवन् राजपुत्राणामन्येषां वा महात्मनाम्।
कतिवत्सर(युक्तस्य बस्तिकर्म समीरि) तम् ॥ ३॥
स्नेहप्रमाणं किं बस्तौ बस्तयः के च तद्विताः।
केषु रोगेषु शस्यन्ते बस्तयः केषु गर्हिताः ॥४॥
आस्थापनमवस्थायां कस्यां केषु गदेषु च।
बस्तिकर्मप्रमाणं किं..... ॥ ५ ॥
..... ।
हताहितं व्यापदः काः किं च तासां चिकित्सम् ॥६

ऋषिमध्ये तथा पृष्टः प्रश्नान् प्रोवाच कश्यपः।

હે ભગવન્! રાજપુત્રો અથવા બીજા મોટા લોકો કેટલા વર્ષની ઉંમરના થયા હોય ત્યારે તેઓના સંબંધે બસ્તિકર્મરૂપ ચિકિત્સા કરવાને કહેલ છે? એટલે કેટલા વર્ષની ઉંમરના માણસને બસ્તિકર્મ પ્રયોગ કરી શકાય છે? એ બસ્તિમાં સ્નેહનું પ્રમાણ કેટલું હોય? કઈ બસ્તિઓ લોકોને હિતકારી થાય છે? કયા રોગોમાં બસ્તિઓ આપવી તે ઉત્તમ કહેવાય છે? કયા રોગોમાં બસ્તિઓ નિન્દિત ગણાય છે? કઈ અવસ્થામાં અને કયા રોગોમાં આસ્થાપન બસ્તિ હિતકારી થાય છે? બસ્તિ કર્મનું પ્રમાણ શું હોય છે? બસ્તિનું સેવન કરવાથી શું હિત થાય છે અને શું અહિત થાય છે? બસ્તિકર્મરૂપ ઉપચાર બરાબર ન કરાય તો તેથી કયા વિકારો ઉત્પન્ન થાય છે અને તે વિકારોની ચિકિત્સા કઈ કરવી જોઈએ? એમ આઠ પ્રશ્નો ઋષિઓની વચ્ચે વૃદ્ધજીવકે પૂછ્યા હતા, ત્યારે કશ્યપે તેઓના આમ ઉત્તરો આપ્યા હતા. ૩-૬

કશ્યપના પ્રત્યુત્તર

निबोध सम्यग्भवता महत्कार्यं प्रचोदितम् ॥ ७॥
बस्तिकर्म हि दुर्ज्ञानं बाल(केषु विशेषतः)।
..... ॥ ८ ॥

હે જીવક! તેં મને મોટું કાર્ય પૂછ્યું

છે, ઘણા ગંભીર પ્રશ્નો પૂછ્યા છે, તો તેઓના ઉત્તર તમે બરાબર સાંભળો. બસ્તિકર્મ જાણવું મુશ્કેલ છે; અને તેમાંયે બાળકો વિષે તો તે સમજવું વધુ કઠિન છે. ૭,૮

બસ્તિકર્મની ઉત્તમતા અને ગંભીરતા

शिशूनामशिशूनां च बस्तिकर्मामृतं यथा।
भिषजामर्थयशसी, शिशोरायुः, प्रजां पितुः ॥९
त्रयमेकपदे हन्ति भेषजं दुरनुष्ठितम्।
तस्मादापन्नरोगेषु वातप्रायेषु देहिषु ॥ १० ॥

બાળકો કે મોટા માણસોના બસ્તિકર્મ દ્વારા ઉપચારો કરાય તે જો બરાબર વિધિપૂર્વકના થાય તો અમૃત જેવા હિતકારી થાય છે; એ બસ્તિકર્મનો જો સમ્યક્ પ્રયોગ કરાયો હોય તો તેનાથી વૈદ્યોને ધન તથા યશ પ્રાપ્ત થાય છે અને બાળકોને (લાંબું) આયુષ તથા એ બાળકના પિતાને સંતાનની પ્રાપ્તિ થાય છે; પરંતુ એ બસ્તિકર્મરૂપ ઉપચાર જો બરાબર કરાયો ન હોય તો એ ત્રણેનો તે નાશ કરે છે. એ કારણે જે માણસોને વાતપ્રધાન રોગો થઈ ચૂક્યા હોય અને જે લોકોમાં વાતદોષની પ્રધાનતા હોય તેઓને બસ્તિનો પ્રયોગ હિતકારી થાય છે. ૯,૧૦

બસ્તિકર્મ સંબંધે આચાર્યોના મતભેદ

..... ।
(जन्मप्रभृति बालानां) बस्तिकर्मोपकल्पयेत् ॥११
इत्याह गार्ग्यो नेत्याह बालत्वादि (दं)ति माठरः।
मासेन शस्यते मासाद् बालो हि स्यादवस्थितः ॥

બાળકોને જન્મથી બસ્તિકર્મ પ્રયોગ કરાવાય, એમ 'ગાર્ગ્ય' આચાર્ય કહે છે, પરંતુ 'માઠર' આચાર્ય આમ કહે છે કે બાળકોની ઉંમર ખૂબ નાની ગણાય છે. તેથી તેઓને બસ્તિકર્મ હિતકારી નથી; છતાં બાળક એક મહિનાનું થાય ત્યારે બસ્તિકર્મ પ્રયોગ કરાવી શકાય છે; કેમ કે એક મહિને બાળક સ્થિર થાય છે. ૧૧,૧૨

બસ્તિકર્મ સંબંધે પુનર્વસુ આત્રેયનો અભિપ્રાય

अल्पान्तरत्वान्नेत्याह तमात्रेयः पुनर्वसुः ।
चतुर्मास्योऽनुवास्य (स्तु) ..... ॥ १३ ॥

પુનર્વસુ આત્રેય કહે છે કે બાળકને એક મહિનાની ઉંમરે બસ્તિકર્મનો પ્રયોગ કરાવવો તે બરાબર ઠીક નથી; પણ તે બાળક ચાર મહિનાની ઉંમરનું થાય ત્યારે તેને અનુવાસનબસ્તિનો પ્રયોગ કરાવી શકાય છે.

કોઈક બાળકને એક વર્ષે બસ્તિપ્રયોગની યોગ્યતા કહે છે

.....प्राह स्तन्यक्षीरघृताशनात् ।
ऊर्ध्वाधो बृंहमाणस्तु रोगैः संतर्पणोद्भवैः ॥१४॥
कृच्छ्रसाध्यो भवेद् ग्रस्तस्तस्मात् संवत्सराद्धितम्
तदा शक्यश्च शक्तश्च बालो व्रजति जल्पति ॥१५
मति ..... ।
.... ज्ञमुक् ।

કોઈક આચાર્ય કહે છે—ચાર મહિનાની ઉંમરે તો બાળક ધાવણ, દૂધ તથા ઘીનો આહાર કરે છે, તે કારણે તેને જો અનુવાસન બસ્તિથી બૃંહણ કરવામાં આવે તો એ બાળકને સંતર્પણજન્ય રોગો લાગુ થાય છે અને તે રોગોથી ઘેરાયેલ એ બાળક કૃચ્છ્રસાધ્ય થાય છે એટલે કે તેના સંતર્પણજન્ય રોગોને ચિકિત્સાથી મટાડવા મુશ્કેલ બને છે; એ કારણે બાળકને એક વર્ષ થઈ ગયા પછી અનુવાસનબસ્તિ આપવાથી તેને શક્તિમાન કરી શકાય છે; કેમ કે તે વેળા એ બાળક ચાલતો હોય, બોલતો હોય અને બુદ્ધિપૂર્વક ખોરાક પણ ખાતો હોય છે.

વિવરણ : ચરક સૂત્રસ્થાનના ૨૩ મા અધ્યાયમાં સંતર્પણજન્ય રોગો આ કહ્યા છે : प्रमेहकण्डू पिडकाः कोठपाण्ड्वामयज्वराः। कुष्ठान्यामप्रदोषाश्च मूत्रकृच्छ्रमरोचकः॥ तन्द्राक्लैब्यमतिस्थौल्यमालस्यं गुरुगात्रता। इन्द्रियस्रोतसां लेपो बुद्धेर्मोहः प्रमीलकः॥ शोफार्श्वग्रहविद्राध्यान्ये शीघ्रमप्रतिकुर्वतः॥ ૬૨કોઈ માણસમાં સંતર્પણનો જો અતિયોગ થાય છે તો પ્રમેહ, કંડૂ, ચેળ-ફોલ્લીઓ-ધામણાં, પંડુરોગ, જ્વર, કોઢ, આમપ્રદોષ, મૂત્રકૃચ્છ, અરોચક, તંદ્રા કે નિદ્રા જેવું ઘેન, કલીબતા-નપુંસકપણું, અતિશય સ્થૂલતા, આળસ, શરીરના અવયવોનું ભારેપણું, ઇંદ્રિયોના સ્રોતોનું કફથી ખરડાવું,

બુદ્ધિનો મોહ, પ્રમીલક એટલે જેમાં માણસ એકધારું ખૂબ ચિંતન કર્યા કરે છે તે; અને સોજ્ઞ– એમ એ પ્રકારના બીજા પણ રોગો થાય છે. જે માણસ તરત જ તે સંતર્પણજન્ય રોગોનો જલદી ઉપાય ન કરે તો ઘણા રોગો વધ્યે જાય છે. એ કારણે એક વર્ષની ઉંમર થઈ ગયા પછી બાળકને બસ્તિકર્મનો પ્રયોગ કરાવવો. ૧૪,૧૫

પારાશર્યનો અભિપ્રાય

पाराशर्यस्तु नेत्याह तदा दुर्ललितो हि सः ॥१६ त्रिवर्षस्यैव तु हित

પારાશર્ય ઋષિ તો આમ કહે છે કે એક વર્ષની ઉંમર વીત્યા પછી પણ બાળક જ્યાં સુધી ત્રણ વર્ષની ઉંમરનું ન થાય ત્યાં સુધી તેને બસ્તિકર્મનો પ્રયોગ ન કરાવો; કારણ કે ત્યાં સુધી તે દુર્લલિત– એટલે કે તદ્દન બેલાન ચેષ્ટાથી યુક્ત જ હોય છે; માટે ત્રણ વર્ષ વીત્યા પછી જ બાળકને બસ્તિકર્મ કરાવવું તે હિતકારી થાય છે. ૧૬

ભેલ આચાર્યનો મત

नेति भेलस्तमब्रवीत् ।
अल्पान्तरत्वाद्याघाताद्विभ्रमाणामसंसहात् ॥१७ षड्वर्षप्रभृतीनां तु भेल..... ।

ઉપર પારાશર્યનો જે અભિપ્રાય જણાવ્યો તે સામે 'ભેલ આચાર્યે આમ કહ્યું છે કે–ત્રણ વર્ષની ઉંમર વીત્યા પછી જ બાળકને અનુવાસનબસ્તિ આપવી હિતકારી થાય છે; એ મત બરાબર નથી; કારણ કે બાળકની તે અવસ્થામાં એટલે કે ત્રણ વર્ષ પછીની ઉંમર પણ અનુવાસન માટે ઓછી ઉંમર જ ગણાય; કારણ કે તે ઉંમરમાં પણ અનુવાસન આપવાથી બાળકનો વ્યાઘાત સંભવે છે અને તે ઉંમરમાં પણ તે વિભ્રમને સહન કરી શકે નહિ; તે કારણે બાળક છ વર્ષની ઉંમરનાં થાય તે પછી જ તેમને અનુવાસન માટે યોગ્ય ગણવાં જોઈએ. ૧૭

.....षु पक्षेषु सूक्ष्मेष्वपि पुनः पुनः ।
निश्चयार्थं ततः सर्वं कश्यपं पर्यचोदयन् ॥१८॥
स तेभ्यो निश्चयं प्राह शिशूनां बस्तिकर्मणि ।
अधस्तनोऽन्नभोक्ता च चयदावा ... ॥१९॥

.....

भिषक् पुण्याहे कनकरजततामकांस्यत्रपुसीसलोहगजदन्ततरुवेणुश्रृङ्गास्थिनलानामन्यतमस्योपपत्त्यामत्रकं कारयेच्छ्लक्ष्णव्रणमृजु गुलिकामुखं गोपुच्छ..... ॥ २० ॥

એમ અનુવાસનબસ્તિ સંબંધે જુદા જુદા આચાર્યોના જુદા જુદા મતભેદો પડ્યા હતા, તેથી તેઓમાં વારંવાર જુદા જુદા સૂક્ષ્મ પક્ષો જણાતા હતા, ત્યારે તેઓમાં પણ એક નિશ્ચય થાય તે માટે તે બધાએ એકત્ર મળી તે સંબંધે કશ્યપને પૂછ્યું હતું; ત્યારે તે કશ્યપે બાળકોના બસ્તિકર્મ વિષે તેઓની આગળ બાળકોને બસ્તિકર્મ કરાવવા વિષે આવો નિશ્ચય કર્યો હતો કે– જે બાળક હરતો ફરતો હોય, અને અનાજ ખાતો હોય તેને વૈદ્યે પવિત્ર દિવસે સોનું, રૂપું, તાંબું, કાંસુ, કલઈ, સીસું, લોઢું, હાથીદાંત, કોઈ લાકડી, વાંસ, શિંગડું કે હાડકું અથવા નલ–બરૂ ઘાસ, એમાંના કોઈ પણ પદાર્થથી બનાવેલ બસ્તિ–(નળીથી) નેત્રથી અનુવાસન બસ્તિ આપવી; એ બસ્તિનેત્ર (નાડી) સુંવાળું, વ્રણરહિત, સીધું, ગોળી જેવા ગોળ મુખવાળું અને ગાયના પૂછડાના આકારનું યુક્તિથી કરવું જોઈએ. ૨૦

વિવરણ : આ સંબંધે ચરકે સિદ્ધિસ્થાનના ૩જા અધ્યાયમાં આમ કહ્યું છે કે 'सुवर्णरूप्यत्रपुताम्ररीतिकांस्यास्थिलोहद्रुमवेणुदन्तैः । नलैर्विषाणैर्मणिभिश्च तैस्तैः कार्याणि नेत्राणि त्रिकर्णिकानि ॥ બસ્તિનાં નેત્રો એટલે કે નળીઓ સોનાની, રૂપાની, સીસાની, તાંબાની, પિત્તળની, કાંસાની, હાડકાની, લોઢાની, લાકડાની, વાંસની, હાથીદાંતની, નલ કે નડઘાસ–બરૂની, શિંગડાંની અથવા મણિઓની કરાવવી જોઈએ; અને તે નળીઓમાં ત્રણ કર્ણિકાઓ–ડોડીઓ હોવી જોઈએ.' સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૫ મા

અધ્યાયમાં આ જ પ્રમાણે કહેલ છે, તે ત્યાં જોવું.૨૦

.....

.....

.....

.....नोष्णोदकपरिषेकगन्धशुक्लवसनकुसुमरोचनाप्रतिसराभ्यलङ्करणभोजनविनोदान् क्रमेण सुखानाप्नुयात्। स्नेहणोत्सादनोष्णोदकपरिषेकभोजनान्यहन्यहनि प्रागनुवासनादिभ्यस्ते। पश्चान्निरूहेभ्य अ..... .....कोष्णोदकोपचारब्रह्मचर्योपसेवनं च विरिक्तवदिति परिषत्॥ २१॥

વળી જેને બસ્તિ આપવાની હોય તે માણસને કે બાળકને પ્રથમ ઉષ્ણ-ગરમ પાણીથી સિંચન કરવું; અને પછી તેને ચંદન, ધોળાં વસ્ત્ર, પુષ્પો, રોચન અથવા રુચિકારક પુષ્પમાળા કે બીજા હારો વગેરે અલંકારો, ભોજન તથા બીજા વિશેષ આનંદદાયક વિનોદો અનુક્રમે કરાવવા; જેથી તે સુખને પામે; તે પછી એ માણસને સ્નેહણ-માલિસ, ઉત્સાદન કે ઉબટણ, ગરમ પાણીથી સિંચન તથા ગરમ ભોજનો કરાવી હમેશાં તેને અનુવાસનો આપ્યા પહેલાં આસ્થાપન બસ્તિ પ્રથમ આપીને તે પછી અનુવાસન આપ્યા પછી તે રોગીને ખુશ કરવો તે ઇષ્ટ ગણાય છે; અને તે પછી તેને ઉષ્ણ જલથી ઉપચારો કરવા તેમ જ બ્રહ્મચર્યનું સેવન કરાવવું. ઇત્યાદિ બધું જેને વિરેચન કરાવ્યું હોય, તેને જેમ કરાવાય, તે જ પ્રમાણે ઉપચારો કરવા. ૨૧

વિવરણ: અર્થાત્ જ્યાં સુધીમાં એ અનુવાસન યોગ્ય રોગી બળ તથા વર્ણથી યુક્ત ન થાય ત્યાં સુધી ઉપર જણાવેલ તે તે ઉપચારો જેને વિરેચન અપાયું હોય તેને જેમ કરાવાય તે તે બધા કરાવવા. જેમકે તેનું મુખ, પગ આદિ ધોવા, નિવાતગૃહ એટલે વાયુરહિત ઘરમાં તેને રાખવો, સુવડાવવો; મોટેથી બોલવા ન દેવું, અને પેયા આદિ ભોજનક્રમ કરાવવો. વળી તે રોગાને ધૂમ્રપાન કરવાનો પણ વિરેચન લીધેલાની પેઠે જ નિષેધ કરાવવો, જેમ કે ચરકે સૂત્રસ્થાનના પમા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે 'न विरिक्तः पिबेद्धूमम्। જેણે વિરેચન લીધું હોય તેણે ધૂમપાન કરવું નહિ; તેમ જ ત્યાં ૧૫માં પણ આમ કહ્યું છે કે 'सम्यग्विरिक्तं चैनं वमनान्तरोक्तेन विधिना धूमवर्जेनविधिनोपपादयेदाबलवर्णप्रतिलाभात्। જેણે સારી રીતે વિરેચન લીધું હોય એવા એ રોગીને વમન કરાવ્યા પછીની બધી વિધિ કરાવવી, પરંતુ ધૂમપાન કરાવવું નહિ, તેમ જ તેને બળ તથા વર્ણનો લાભ થાય ત્યાં સુધી તે ધૂમપાન સિવાયની બધી વિધિ કરાવવી જોઈએ.' તે પછી એ રોગીને નીચે બતાવેલ વિધાન પણ કરાવવું જોઈએ; જેમ કે- 'बलवर्णोपपन्नं चैनमनुपहतमनुसमभिसमीक्ष्य सुखोषितं सुप्रजीर्णभक्तं शिरःस्नातमनुलिप्तगात्रं स्रग्विणमनुपहतवस्त्रसंवीतमनुरूपालंकारालंकृतं सुहृदां दर्शयित्वा ज्ञातीनां दर्शयेत्, अथैनं कामेष्ववसृजेत्। એમ તે રોગી બળ તથા વર્ણથી યુક્ત થયો હોય અને જેનું મન સ્વચ્છ-નિર્મળ થયું હોય તેવો થયો છે, એમ જોઈને વૈદ્યે, સુખેથી બેઠેલા અને જેને ખોરાક સારી રીતે ખૂબ પચી ગયેલો હોય, જેણે માથાબોળ સ્નાન કર્યું હોય અને પછી જેણે શરીર પર વિલેપન લગાડયું હોય તેમ જ જેણે પુષ્પમાળા ધારણ કરી હોય, ધોયેલાં વસ્ત્રો ધારણ કર્યાં હોય અને યોગ્ય વસ્ત્રો તથા અલંકારોથી જેને શણગાર્યો હોય એવા તે રોગીને તેના મિત્રોને તથા જ્ઞાતિઓ-સગાંસંબંધીઓને બતાવવો જોઈએ; તે પછી તેને યથેષ્ટ વર્તન કરવાની રજા આપવી.' એમ તે બધાં કર્મો એ રોગીને અનુવાસન બસ્તિ આપ્યા પછી કરાવવાં; તેમ જ પથ્ય આહાર, વિહાર આદિ તે કર્મ બસ્તિના કાળથી બેગણા સમય સુધી કરાવવાં જોઈએ ચરકે સિદ્ધિસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યું છે કે- 'कालस्तु वस्त्यादिषु याति यावांस्तावान् भवेद्द्वि परिहारकालः' ॥ બસ્તિ આદિમાં જેટલો કાળ જાય છે તેટલો જ બેવડો કાળ પરેજીનો ગણવો જોઈએ.

અહીં આ વિષે આ શ્લોકો પણ નીચે દર્શાવ્યા છે

એકાંતરે જ બસ્તિ દેવાય

तत्र श्लोकाः

एतेन विधिना बस्तीन् दद्यादेकान्तरं भिषक्।

अहन्यहनि बस्तीनां प्रणिधानं विनाशनम् ॥२२
स्नहो गुरुः स्वभावेन बहुत्वाद्व ..... ।
..... च्छूलं ज्वरोऽरुचिः ॥ २३ ॥
आनाहाध्मानकृमयो विड्भेदः कुष्ठसंभवः ।
अपस्मारजडत्वाद्यास्तस्मादेकान्तरं हितः ॥ २४ ॥

વૈદ્યે, રોગીને ઉપર દર્શાવેલી વિધિ અનુસાર એકાંતરે બસ્તિ આપવી જોઈએ; પરંતુ દરરોજ બસ્તિ ન આપવી; કારણ કે દરરોજ બસ્તિઓ અપાય તે તો રોગીઓનો વિનાશ કરનાર થાય છે. વળી બસ્તિ દ્વારા જે સ્નેહપ્રયોગ થાય છે, તે સ્વભાવથી પચવામાં ભારે હોય છે અને તેનું બહુપણું થવાથી હૃદયમાં શૂલ ભોંક્યા જેવી પીડા થાય છે, જ્વર આવે છે, ખોરાક ઉપર અરુચિ થાય છે, મલબંધ તથા આધ્માન સાથે કૃમિઓ ઉત્પન્ન થાય છે, વિષ્ઠાનો ભેદ થાય છે, કોઢરોગ સંભવે છે, અપસ્માર-વાઈનો રોગ તથા જડપણું વગેરે રોગો પણ થાય છે, એ કારણે બસ્તિપ્રદાન એકાંતરે હિતકારી થાય છે. ૨૨-૨૪

ધાતુઓ સમાન હોય તેને જ બસ્તિ આપવી

एकान्तरमपि प्राप्ते बस्तौ देये शरीरिणाम् ।
न देयो धातुवैषम्ये धातूनेव स सादयेत् ॥२५

એક દિવસના આંતરે માણસોને અનુવાસન બસ્તિ આપવાનું જોકે નક્કી કરેલ છે, તોપણ જે લોકોની ધાતુઓ સમાન હોય તેઓને જ એકાંતરે અનુવાસન બસ્તિ આપી શકાય છે, પણ જે લોકોની ધાતુઓ વિષમ હોય તેઓને એકાંતરે પણ અનુવાસન-બસ્તિ આપવી ન જોઈએ; કારણ કે જેઓની ધાતુઓ વિષમ હોય તેઓને અનુવાસન બસ્તિ અપાય તે ઊલટી તેની ધાતુઓનો નાશ કરે છે. ૨૫

ધાતુઓની વિષમતામાં નિરૂહબસ્તિ દેવી

.... (वि)चक्षणः ।
निरूहयेदर्थतस्तु ह्रासवृद्ध्या निरूहयन् ।
जडीभवन्ति स्रोतांसि स्नेहदानात् पुनः पुनः ।
उद्घाटनार्थं शुद्ध्यर्थं तेषामास्थापनं हितम् ॥२६

વિદ્વાન વૈદ્યે, ધાતુઓની વિષમતા હોય એવા લોકોને હ્રાસ અને વૃદ્ધિના ક્રમથી નિરૂહ કરતા રહીને પણ વસ્તુતઃ નિરૂહણ-આસ્થાપન કર્યા કરવું એટલે કે આસ્થાપનબસ્તિ જ આપ્યા કરવી જોઈએ; કારણ કે વારંવાર સ્નેહદાન કર્યા કરવાથી એટલે કે અનુવાસનબસ્તિ દ્વારા વારંવાર રોગીને સ્નેહનું સેવન કરાવ્યા કરવાથી સ્રોતો જડ બની જાય છે; એટલે તે સ્રોતોનું ઉદ્ઘાટન કરવા અર્થાત્ તે સ્રોતોને ખુલ્લા કરવા માટે વૈદ્યે, રોગીના સ્રોતોની શુદ્ધિ કરવા માટે તેઓને આસ્થાપનબસ્તિ આપવી તે હિતકારી થાય છે. ૨૬

આસ્થાપન-નિરૂહ દેવાના સમયે ન આપવાથી નુકસાન

निरूहकाले संप्राते यो बालो न निरूह्यते ।
स ..... ॥
स्विन्नं पर्युषितं जीर्णं निवातशयनादिकम् ।
सम्यक्तमकृताहारं भिषग्बालं निरूहयेत् ॥ २७ ॥

નિરૂહકાલ પ્રાપ્ત થયો હોય છતાં જે બાળકને (शोधनकारक) નિરૂહણ અર્થાત્ આસ્થાપનરૂપ શોધન જો ન અપાય તો તે બાળકને અનેક રોગો થવાનો સંભવ રહે છે; માટે વૈદ્યે પ્રથમ જેને સ્વેદન દ્વારા સ્વેદયુક્ત કરેલ હોય અને જેનો આગલા દિવસે ખાધેલો ખોરાક પચી ગયો હોય તેમ જ વાયુરહિત પ્રદેશમાં જે શયન કરતો હોય, જેને સારી રીતે અભ્યંજન-તેલમાલિસ કર્યું હોય, પણ જેણે કોઈ જાતનો આહાર ન કર્યો હોય તેવા બાળકને નિરૂહણ કરાવવું એટલે કે (शोधनार्थे) આસ્થાપન બસ્તિ દેવી. ૨૭

નિરૂહબસ્તિના સમ્યગ્-યોગનું લક્ષણ

वातं मूत्रं पुरीषं च देहिनां विषमस्थितम् ।
अनुलोमयते शीघ्रं निरूहः साधु योजितः ॥२८

નિરૂહબસ્તિ સારી રીતે અપાઈ હોય તો તે નિરૂહબસ્તિનો પ્રયોગ રોગીના

વિષમ થયેલા વાયુને, મૂત્રને તથા વિષ્ઠાને તરત જ અનુલોમ કરે છે–પોતાના સવળા માર્ગે ચાલુ કરી આપે છે. ૨૮

વિવરણ: આ સંબંધે ચરકે સિદ્ધિસ્થાનના ૧લા અધ્યાયમાં આમ કહ્યું છે કે 'प्रसृष्टविण्मूत्रसमीरणत्वं रुच्यग्निवृद्ध्याशयलाघवानि। रोगोपशान्तिः प्रकृतिस्थता च बलं च तस्यास्तुनिरूढलिङ्गम्–નિરૂહબસ્તિનો સમ્યગ્યોગ જ્યારે કરાયો હોય તો (રોગી માણસનાં) વિષ્ઠા, મૂત્ર અને વાયુ સારી રીતે બહાર નીકળી જાય છે એટલે કે પોતપોતાના સવળા માર્ગે યોગ્ય ગતિ કરવા માંડે છે. તેથી એ રોગીને ખોરાક પર રુચિ, જઠરાગ્નિની વૃદ્ધિ તેમ જ આશય એટલે કે કોઠો હલકો થઈ જાય છે; રોગની શાંતિ થાય છે, શરીર પણ પોતાની પ્રકૃતિમાં એટલે કે સ્વસ્થ સ્થિતિમાં રહે છે; ઉપરાંત શરીરમાં બળ જણાય, ત્યારે તે નિરૂહબસ્તિ સારી રીતે સફળ થયેલ સમજવી અર્થાત્ તે નિરૂહબસ્તિનો સમ્યગ્યોગ થયો છે એમ તેનું એ લક્ષણ જાણવું. ૨૮

નિરૂહના–સમ્યગ્યોગનું ફળ

आमं जडत्वमरुचिं विष्टम्भं दो ..... ।
.....दीपयत्यपि ॥२९॥

નિરૂહબસ્તિનો સમ્યગ્ યોગ કરાયો હોય તો તે સમ્યક્ પ્રયુક્ત નિરૂહણ આમદોષનો, જડતાનો, અરુચિનો, વિષ્ટંભ કે મલબંધનો તેમ જ દોષોના સંચયનો નાશ કરે છે અને જઠરના અગ્નિને પ્રદીપ્ત પણ કરે છે. ૨૯

આસ્થાપન–નિરૂહનો વધુ ફાયદો

वस्त्रस्य धावनमिव दर्पणस्येव माजनम्।
आस्थापनं नृणां तद्वत् प्राज्ञैः कालोपपादितम्॥

જેમ વસ્ત્રની ધોલાઈ વસ્ત્રને નિર્મળ બનાવે છે અને દર્પણનું માર્જન પ્રતિબિંબને સ્પષ્ટ ગ્રહણ કરે છે, તેમ પ્રાજ્ઞ–વિદ્વાન વૈદ્યોએ, રોગી લોકોને યોગ્ય કાળે કરેલું આસ્થાપન એટલે કે નિરૂહણ પણ તે રોગીઓના શરીરને સ્વસ્થ–નિર્મળ–નીરોગી બનાવે છે. ૩૦

અનુવાસન તથા નિરૂહવિધિની સમાનતા

अनुवासनवच्चास्य विधिः सर्वः प्रशस्यते।
निरूहः पुनरावृत्तान्न तु वेगान् विधारयेत् ॥३१

એ નિરૂહબસ્તિની વિધિ પણ સમગ્ર અનુવાસનની પેઠે જ કરવી જોઈએ; પરંતુ નિરૂહબસ્તિ જે અપાઈ હોય તે, પોતાના જે વેગો પાછા ફર્યા હોય તેઓને ધારણ કરી શકે નહિ, પણ આવેલા પોતાના વેગોને અવશ્ય બહાર કાઢે જ છે. ૩૧

સમ્યક્પ્રયુક્ત નિરૂહ પછી સ્નાન કરવું

निरुपद्रवमाश्वस्तं..... ।
.....णां विकारे स्नानमिष्यते ॥ ३२॥

નિરૂહબસ્તિ આપ્યા પછી જે રોગી નીરોગી થઈ શાંતિ પામ્યો હોય અને તેના વિકારો પણ શાંત થયા હોય તે પછી તે રોગીએ અવશ્ય સ્નાન કરવું જોઈએ. ૩૨

નિરૂહબસ્તિ કયા રોગીને આપવી?

हृद्रोगे पार्श्वशूलेषु कुष्ठेषु कृमिकोष्ठिषु।
प्रमेहोदरगुल्मेषु वातशूले सकुण्डले ॥ ३३॥
संसृष्टदोषरोगेषु लीनगम्भीरगेषु च।
रक्त श्लेष्मणि वा दुष्टे निरूहमुपकल्पयेत् ॥३४॥

હૃદયના રોગમાં, પડખાંના શૂળમાં કોઢરોગોમાં, કૃમિયુક્ત કોઠામાં, પ્રમેહરોગમાં, ઉદરરોગમાં, ગુલ્મ–ગોળાના રોગમાં, વાયુજનિત શૂલરોગમાં, વાતકુંડલ રોગમાં, દોષો એકબીજા સાથે મળી જવાથી જે રોગો થયા હોય તે રોગમાં તેમ જ દોષો જ્યારે લીન થયા હોય કે ગંભીર ઊંડા પ્રદેશોમાં ભરાઈ ગયા હોય અથવા રક્ત–લોહી અને કફ દુષ્ટ થયેલ હોય ત્યારે વૈદ્યે તે તે રોગીને નિરૂહબસ્તિનો પ્રયોગ કરાવવો જોઈએ. ૩૩,૩૪

બસ્તિ માણસોનું બૃંહણ કરે

....येत् ।
आकेशाग्रनखाग्रेभ्यो बस्तिर्बृंहयते नरान् ॥३५॥

સમ્યક્પ્રયોગપૂર્વક અપાયેલી બસ્તિ માણસોના બધાય રોગોનો નાશ કરે છે અને કેશના અગ્રભાગ સુધી તથા હાથપગના નખના અગ્રભાગ સુધીના શરીરના અવયવો સુધી બૃંહણ–પુષ્ટિ કરે છે. ૩૫

વિવરણ: ચરકે સિદ્ધિસ્થાનના ૭ મા અધ્યાય-

માં આ સંબંધે આમ કહ્યું છે કે–આપાદતલમૂર્ધ-સ્થાન્ દોષાન્ પક્વાશયે સ્થિતઃ । વીર્યેણ બસ્તિરાદત્તે સ્વસ્થોઽર્કો મૂરસાનિવ ॥–પક્વાશયમાં રહેલી અથવા ત્યાં સુધી પહોંચેલી બસ્તિ, પગના તળિયા સુધી (નીચે) અને (ઉપર) છેક માથામાં રહેલા દોષોને પોતાના સામર્થ્યથી ગ્રહણ કરી ખેંચી લે છે; જેમ આકાશમાં રહેલો સૂર્ય જમીનમાં રહેલા રસોને (પોતાનાં કિરણો દ્વારા) ગ્રહણ કરી–ખેંચી લે છે તેમ.' આ જ અભિપ્રાય સુશ્રુતે પણ ચિકિત્સા-સ્થાનના ૩૫ મા અધ્યાયમાં જણાવ્યો છે. ૩૫

બસ્તિકર્મ–ફલ–નિરૂપણ

वर्णतेजोबलकरमायुष्यं शुक्रवर्धनम् ।
योनिप्रसादनं धन्यं वन्ध्यानामपि पुत्रदम् ॥३६॥
बस्तिकर्म(कृतं) काले बालानाममृतोपमम् ।
वातिकान् वातसंस्थ(ष्ठान्)..... ॥
..... हबीजं सर्वं बस्तिरपोहति ॥३७

યોગ્ય સમયે કરવામાં આવેલ બસ્તિ-કર્મ લોકોના વર્ણને, તેજને તથા બળને કરે છે; આયુષ્યને વધારે છે, વીર્યને વધારે છે, યોનિને પ્રસન્ન–સ્વચ્છ કરે છે; ધન્ય અથવા ધન માટે હિતકારી છે–વૈદ્યને ધન અપાય છે; અને વાંઝણી સ્ત્રીઓને પણ પુત્ર–સંતતિ આપે છે. વળી તે બસ્તિકર્મ બાળકોને તો અમૃત જેવું હિતકારી થાય છે, તેમ જ વાતદોષપ્રધાન અને વાયુના સંબંધવાળા બધાય રોગોને તેમ જ રોગના સમૂહનાં સર્વ બીજ એટલે કે હરકોઈ રોગનાં મૂળનો જ નાશ કરે છે. ૩૬,૩૭

આવી વ્યક્તિઓને બસ્તિ અમૃત તુલ્ય છે

यासां च गर्भाः स्रंसन्ते जाता वा न दृढाः सुताः ।
सुकुमार्यश्च या नार्यः सुभगा नित्यमैथुनाः ॥३८
बहुस्त्रीकाश्च ये बाला ईश्वराणामयौवनाः ।
संक्षीयन्तेऽतिसङ्गाद्वा ये च..... ।
.....तेषां प्रशस्तममृतं यथा ॥३९॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ ४० ॥

જે સ્ત્રીઓને ગર્ભસાવ થઈ જતો હોય અથવા જે સ્ત્રીઓનાં બાળકો જન્મ્યા પછી પણ મજબૂત થતાં ન હોય, જે સ્ત્રીઓ અતિશય કોમળ હોય અને કાયમ મૈથુન-કર્મમાં આસક્ત રહેતી હોય; વળી જે પુરુષોને ઘણી સ્ત્રીઓ હોય અને પોતે નાની ઉંમરના હોય, તેમ જ જે ધનવાન લોકોનાં સંતાનો યૌવનથી રહિત હોય તેવી ઘણી સ્ત્રીઓથી યુક્ત હોઈ ઘણો જ સ્ત્રીસંગ કરવાથી ખૂબ ક્ષીણ થઈ ગયાં હોય, તે બધાંને બસ્તિ ખરેખર ઉત્તમ અમૃત જેવી ગુણકારક થાય છે. એમ ભગવાન કશ્યપે કહ્યું હતું. ૩૮–૪૦

ઇતિ શ્રી કાશ્યપસંહિતામાં સિદ્ધિસ્થાન વિષે 'રાજ-પુત્રીયા સિદ્ધિ' નામનો અધ્યાય ૧લો સમાપ્ત

ત્રિલક્ષણા સિદ્ધિ : અધ્યાય ૨ જો

अथातस्त्रिलक्षणां सिद्धिं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી ત્રણ લક્ષણોથી યુક્ત એવી સિદ્ધિનું અમે વ્યાખ્યાન કરીશું, એમ ભગ-વાન કશ્યપે જ ખરેખર કહ્યું હતું. ૧,૨

પંચકર્મોમાં ત્રણ લક્ષણો જોવાની જરૂર

त्रिविधं लक्षणं पश्येद्भूतां पञ्चसु कर्मसु ।
दुर्यो..... ॥ ३ ॥

માણસોને કરાવાતા પંચકર્મપ્રયોગ–વમન, વિરેચન, આસ્થાપન, અનુવાસન તથા શિરોવિરેચનમાં વૈદ્યે ત્રણ પ્રકારનાં લક્ષણો દુર્યોગ કે અયોગ, અતિયોગ તથા સમ્યગ્-યોગ અવશ્ય જોવાં જોઈએ. ૩

સમ્યગ્યોગ યુક્ત પંચકર્મનાં ફળ

.....च पण्डितः ।
शरीरयात्रां कायाग्निं शक्तिं वर्णं बलं स्वरम् ॥४
दोषांश्च विकृतान् दृष्ट्वा यथादोषं विशोधयेत् ।
सर्वदोषाः प्रशाम्यन्ति बलमायुर्बपुर्वयः ॥ ५ ॥
अग्निः प्रजाश्च..... ।
..... ॥ ६ ॥

જે પંડિત પુરુષ પોતાના શારીર દોષો-ને વિકાર પામેલા જોઈને સમ્યક્ પ્રકારે પંચકર્મ પ્રયોગનું સેવન કરે છે તે પોતાનાં શરીરની યાત્રાને, શરીરના જઠરાગ્નિને, શક્તિ-ને, વર્ણને, બળને, સ્વરને વિશુદ્ધ કરી શકે

છે; તેમ જ એ માણસના સર્વ દોષો પણ અત્યંત શાંત થાય છે અને તેનું બળ, આયુષ, શરીર, ઉંમર, જઠરાગ્નિ તથા પ્રજ્ઞાઓ વૃદ્ધિ પામે છે. ૪-૬

વિરેચનકર્મથી થતા ફાયદા

विरेचनेन शुद्ध्यन्ति प्रसीदन्तीन्द्रियाणि च ।
धातवश्च विशुद्ध्यन्ते बीजं भवति कार्मुकम् ॥७

(વિરેચનયોગ્ય) વ્યક્તિને વિરેચન પ્રયોગ કરાવવાથી તેની ઇંદ્રિયો શુદ્ધ અને પ્રસન્ન થાય છે. તેમ જ તેની ધાતુઓ વિશુદ્ધ થાય છે અને તેનું બીજ (વીર્ય) પણ કાર્ય કરવા સમર્થ થાય છે. ૭

વમનકર્મથી થતા લાભ

मेदोदौर्गन्ध्यकफजै रोगैर्वान्तश्च मुच्यते ।
रोगोपशान्तिर्हार्सो वा विशुद्धिर्लाघवासु ...॥८॥

(કફના) જે રોગીને વમન કરાવ્યું હોય તે મેદની દુર્ગંધથી અને કફજનિત રોગોથી મુક્ત થાય છે; તેના બધાય રોગોની શાંતિ થાય છે; અને તેના શરીરમાં વિશેષ શુદ્ધિ તથા ગૌરવ-ભારેપણું મટી જઈ લાઘવ-હલકાપણું પ્રાપ્ત થાય છે. ૮

વમનકર્મના દુર્યોગ અથવા અયોગથી થતાં નુકસાન

.... ।
(आमाश)यस्य पूर्णत्वं गौरवं हृदयस्य च ।
शीतज्वरागमाध्मानं ष्ठीवनं च मुहुर्मुहुः ॥९॥
शिरोग्रहोऽरुचिर्जाड्यमग्निसादोऽतिनिद्रता ।
आलस्यं व्याधिवृद्धिश्च विद्याद् दुर्वान्तलक्षणम् ॥१०

જે માણસમાં વમનકર્મનો દુર્યોગ કે અયોગ થયો હોય, તેનાં લક્ષણો આ પ્રમાણે જણાય છે. એ દુર્વાન્ત રોગીને તે વમનકર્મના અયોગ કે દુર્યોગના કારણે આમાશયની પૂર્ણતા-ભરાઈ જવું થાય, શરીરમાં ભારેપણું થાય; હૃદય પણ ભારે જણાય; શીતજ્વર-ટાઢિયો તાવ આવે; આધ્માન એટલે પેટનો આફરો થાય; વારંવાર થૂંકવું પડે; મસ્તકનું ઝલાવું થાય, અરુચિ થાય એટલે કે કોઈ પણ વસ્તુ રુચે કે ગમે નહિ; જડપણું થઈ જાય; જઠરના અગ્નિની મંદતા થાય; વધુ પ્રમાણમાં નિદ્રા આવે; આળસ થાય અને રોગનો વધારો થાય, એટલાં જેને વમનનો દુર્યોગ થયો હોય એટલે કે વમનકર્મ જેને બરાબર કરાયું ન હોય તેનામાં એ લક્ષણો થાય છે. ૯,૧૦

વિવરણ : આ સંબંધે ચરકે સિદ્ધસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યું છે કે-'दुश्छर्दिते स्फोटककोठकण्डूहृत्खाविशुद्धिर्गुरुगात्रता च ।-જે માણસમાં વમનનો દુર્યોગ કે અયોગ થયો હોય એટલે કે જેને વમનકર્મ બરાબર વિધિપૂર્વક ન કરાયું કે અવિધિથી કરાયું હોય તેના શરીર પર ફોલ્લા ઊઠે, ધ્રામઠાં થાય, ચેળ આવે, હૃદયની અવિશુદ્ધિ-અશુદ્ધતા થાય અને શરીરના અવયવો અતિશય ભારે થઈ જાય. ૯,૧૦

વમનકર્મના અતિયોગનાં લક્ષણો

..... ।
.....सां च व्यथनमतिवान्तस्य लक्षणम् ॥११॥

જે રોગીમાં વમન કર્મનો અતિયોગ થયો હોય, તેના સ્રોતોરૂપ માર્ગોમાં વ્યથા કે પીડા થાય છે. ૧૧

વિવરણ : આ સંબંધે પણ ચરકે સિદ્ધિસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યું છે કે-'तृण्मोहमूर्च्छा निलकोपनिद्रावलातिहानिर्वमनेऽति च स्यात्' જે માણસમાં વમનકર્મનો અતિયોગ થાય તેને વધુ પડતી તરશ લાગ્યા કરે, મોહ-મૂર્છા કે બેભાન સ્થિતિ થાય, વાયુનો કોપ થાય વધુ પ્રમાણમાં નિદ્રા અને શરીરના બળની અત્યંત હાનિ-ન્યૂનતા થાય. ૧૧

વમનના અતિયોગની અસાધ્યતા સૂચવતા ઉપદ્રવો

यदा तु पित्तं रक्तं वा पुरीषं मिश्रमेव वा ।
वमत्यविरतं शूली न स सिद्ध्यति कुर्वतः ॥१२

વમનનો અતિયોગ થતાં રોગી જ્યારે પિત્ત, રક્ત-રુધિર અથવા રક્ત-પિત્ત મિશ્ર વિષ્ઠાનું જ એકધારું વમન કર્યા કરે અને તે સાથે એ રોગીને એકધારું શૂળ નીકળ્યા કરે ત્યારે તે અતિયોગયુક્ત વમન કરતા રોગીનો તે વમનઅતિયોગ અસાધ્ય હોઈ

મટતો નથી. ૧૨

વિરેચનના સમ્યગ્યોગનાં લક્ષણો

आमपक्वाशयौ पित्तं गुदो गर्भाशयास्रजी ।
विरेक..... ॥૧૩॥
.....क्षुद्वातमूत्रानुलोमता ।
लाघवं चाग्निदीप्तिश्च सम्यक्स्रंसितलक्षणम् ॥૧૪

જેનામાં વિરેચનનો સમ્યગ્યોગ થયો હોય તેનો આમાશય, પકવાશય, પિત્ત, ગુદા, ગર્ભાશય તથા રુધિર યોગ્ય સ્થિતિમાં થઈ જાય છે; ક્ષુધા–ભૂખ, વાયુ તથા મૂત્રનું અનુલોમપણું–પોતાના સવળા માર્ગે ગમન થાય છે; શરીરમાં લાઘવ–હલકાપણું અનુભવાય છે અને જઠરના અગ્નિનું દીપન થાય છે. એટલાં વિરેચનના સમ્યગ્યોગનાં લક્ષણો જાણવાં. ૧૩,૧૪

વિવરણ : આ સંબંધે ચરકે સિદ્ધિસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'स्रोतोविशुद्धीन्द्रियसंप्रसादौ लघुत्वमूर्जोऽग्निरनामयत्वम् । प्राप्तिश्च विट्पित्तकफानिलानां सम्यग्विरिक्तस्य भवेत्क्रमेण ॥–જે માણસને વિરેચનનો સમ્યગ્યોગ થયો હોય એટલે કે બરાબર વિધિપૂર્વક વિરેચન કરાવ્યું હોય અને થયું હોય, તેના સ્રોતો–મળમાર્ગોની વિશુદ્ધિ થાય, ઇંદ્રિયોની બરાબર પ્રસન્નતા થાય, શરીરમાં લઘુત્વ–હલકાપણું થાય, બળ તથા પ્રાણશક્તિ વધે, જઠરનો અગ્નિ પ્રદીપ્ત થાય અને કોઈ પણ રોગથી રહિતપણું અનુભવાય તેમ જ વિષ્ઠા, પિત્ત, કફ તથા વાયુની ક્રમપૂર્વક પ્રાપ્તિ થાય. ૧૩,૧૪

વિરેચનના દુર્યોગ કે અયોગનાં લક્ષણો

कृच्छ्रविण्मूत्रता त्वक्षपिडका ज्वरसंभवः ।
अरुचिर्गौरवाध्माने दुर्विरिक्तस्य लक्षणम् ॥૧૫॥

જેનામાં વિરેચનનો દુર્યોગ–મિથ્યાયોગ કે અયોગ થયો હોય તેનાં વિષ્ઠા તથા મૂત્ર ઘણા કષ્ટથી–મુશ્કેલીએ બહાર નીકળે; શરીરની ચામડી પર ફોલ્લીઓ નીકળે, જ્વરનો સંભવ થાય; અરુચિ, ભારેપણું તથા આધ્માન–પેટનો આફરો થાય એ લક્ષણો જણાય. ૧૫

વિવરણ : આ સંબંધે ચરકે પણ સિદ્ધિસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ લખ્યું છે કે–स्याच्छ्लेष्मपित्तानिलसंप्रकोपः सादस्तथाग्नेर्गुरुता प्रतिश्याय । तन्द्रा तथा छर्दिररोचकश्च वातानुलोम्यं न च दुर्विरिक्ते ॥–જેને વિરેચનનો દુર્યોગ–અયોગ કે મિથ્યાયોગ થયો હોય, તેના શરીરમાં કફ, પિત્ત અને વાયુ ત્રણેનો અતિશય પ્રકોપ થાય, જઠરના અગ્નિની મંદતા, શરીરમાં ભારેપણું, સળેખમ, નિદ્રા જેવું ઘેન, તેમ જ ઊલટી, અરોચક એટલે કે કંઈ પણ ન ગમે તે અને ખોરાક ઉપર પણ અરુચિ થાય અને વાયુનું અનુલોમપણું કે અનુકૂળતા ન રહે, પણ પ્રતિકૂળતા થાય–એ લક્ષણો થાય છે.

વિરેચનના અતિયોગનાં લક્ષણો

मूर्च्छा शूलं गुदभ्रंशो वात..... ।
..... ॥૧૬॥

જે માણસમાં વિરેચનનો અતિયોગ થયો હોય તેનામાં આ લક્ષણો થાય છે. જેમ કે વિરેચનના અતિયોગથી મૂર્ચ્છા થાય–બેભાન સ્થિતિ થાય; શૂળ નીકળે, ગુદાનો ભ્રંશ થાય, બહાર નીકળે અને વાયુનો અતિશય વધુ પ્રકોપ થવાથી અનેક વાતજ વિકારો થાય છે. ૧૬

વિવરણ : આ સંબંધે પણ ચરકે સિદ્ધિસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યું કે–कफासृक्पित्तक्षयजानिलोत्थाः सुप्त्यङ्गमर्दक्लमवेपनाद्याः । निद्राबलाभावतमःप्रवेशाः सोन्मादहिक्काश्च विरेचितेऽति ॥ જે માણસને વિરેચનનો અતિયોગ થયો હોય એટલે કે વિરેચનઔષધની માત્રા વધુ પ્રમાણમાં સેવાતાં ઘણા પ્રમાણમાં રેચ લાગ્યો હોય;તેના શરીરમાં કફ,રક્તપિત્ત. ક્ષયથી થતા રોગો તેમ જ વાયુજનિત રોગો સુપ્તિ–જડતા, અંગમર્દ–શરીરનું ભાંગવું, ક્લમ–અનાયાસ શારીરશ્રમ–ગ્લાનિ તથા કંપ વગેરે રોગો થાય છે; તેમ જ નિદ્રાનાશ, બળનો અભાવ, અંધકારમાં જાણે પોતાનો પ્રવેશ થતો હોય એમ જણાવું અને ઉન્માદ સાથે હેડકીનો રોગ પણ થાય છે. ૧૬

નસ્યકર્મ અથવા શિરોવિરેચનના બે પ્રકાર

बृंहणं कर्शनं चैव द्विविधं नस्यकर्म तु ।
बृंहणं वातरुक्प्राये कफाधिक्ये तु कर्शनम् ॥૧૭॥
बृंहणं विविधैः स्नेहैर्मधुरौषधसंस्कृतैः ।
रूक्षैर्वा कटुसिद्धैर्वा स्नेहैः कर्शनमुच्यते ॥૧૮॥

નસ્યકર્મ પણ બૃંહણ તથા કર્ષણ એમ બે પ્રકારનું હોય છે; તેમાંનું બૃંહણનસ્ય કે શિરોવિરેચન-વાતરોગની લગભગ પ્રબળતા હોય અથવા લગભગ વાતપ્રધાન રોગો થયા હોય તેમાં અપાય છે અને કર્શણ-શિરોવિરેચન કફની અધિકતાવાળા રોગોમાં અપાય છે, અથવા કફની અધિકતાવાળા રોગોમાં તેનો પ્રયોગ છે. વળી જે બૃંહણ શિરોવિરેચન અપાય છે તેમાં અનેક પ્રકારનાં મધુર ઔષધોથી સંસ્કારી કરેલાં અનેક પ્રકારનાં સ્નેહોનો પ્રયોગ કરાવાય છે; અને જે કર્શણ શિરોવિરેચન અપાય છે તેમાં કેવળ રૂક્ષ ઔષધોનો અથવા તીખાં ઔષધદ્રવ્યોથી તૈયાર કરેલા સ્નેહોનો પ્રયોગ કરાવાય છે.

નસ્યકર્મની પ્રશંસા અને તેના સમ્યગ્યોગનાં લક્ષણો

તે ગુણા બૃંહણ.....।
.....નસ્યમુચ્યતે ॥ ૧૯ ॥
રોગશાન્તિઃ પ્રમોદશ્ચ દેહયાત્રાનુવર્તનમ્ ।
સ્મૃતિમેધાબલાગ્ન્યાત્તિરિન્દ્રિયાણાં પ્રસન્નતા ॥૨૦
વિદ્ધિ સમ્યક્કૃતે નસ્યે દુર્યોગસ્તદલક્ષણૈઃ ।

બૃંહણ નસ્યકર્મથી ઉત્તમ પ્રકારનું શારીર બૃંહણ-પુષ્ટિ થાય છે, એ જ કારણે તે નસ્યકર્મ 'બૃંહણ' નામે કહેવાય છે; અને તે નસ્યકર્મનો સમ્યગ્પ્રયોગ કરાયો હોય તો (વાતજનિત) સર્વ રોગોની શાંતિ થાય છે; મનમાં અતિશય હર્ષ-આનંદ અનુભવાય છે, શરીરના સ્વાસ્થ્યનુ બરાબર અનુસરણ જણાય છે; તેમ જ સ્મરણશક્તિ, મેધા નામની બુદ્ધિની ધારણાશક્તિ, બળ, શરીરના જઠરાગ્નિનું દીપન તથા ઇંદ્રિયોની પ્રસન્નતા અનુભવાય છે; એ પ્રમાણે નસ્યકર્મ-શિરોવિરેચનનો જો સમ્યગ્યોગ કરાયો હોય તો ઉપર કહેલાં લક્ષણો થાય છે; પણ તેનો જો દુર્યોગ-અયોગ કે મિથ્યાયોગ કરાયો હોય તો એ ઉપર્યુક્ત લક્ષણો ન હોય પણ તેથી વિપરીત લક્ષણો જણાય છે. ૧૯,૨૦

વિવરણ : આ નસ્યકર્મના સમ્યગ્યોગથી થતાં લક્ષણો ચરકે પણ સિદ્ધિસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યાં છે; જેમ કે-'उरःशिरोलाघवमिन्द्रियाच्छत्यं स्रोतोविशुद्धिश्चभवेद्विशुद्धे ।' શિરોવિરેચનનો સમ્યગ્યોગ થયો હોય તો છાતી અને મસ્તકનું હલકાપણું થાય અને ઇંદ્રિયોની સ્વચ્છતા કે પ્રસન્નતા થાય છે; તેમ જ સ્રોતોની અતિશય શુદ્ધિ થાય છે; આ નસ્યકર્મનો દુર્યોગ કે અયોગ અથવા મિથ્યાયોગ થાય તો તેનાં સમ્યગ્યોગથી જુદાં વિપરીત લક્ષણો થાય છે, તેઓને પણ ચરકે સિદ્ધિસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ જણાવ્યાં છે; જેમ કે-गलोपलेपः शिरसो गुरुत्वं निष्ठीवनं चाप्यथ दुर्विरिक्ते। જે માણસને શિરોવિરેચન-નસ્યકર્મનો દુર્યોગ-અયોગ કે મિથ્યાયોગ થયો હોય તે માણસનું ગળું કફથી ખરડાઈ જાય; માથું ભારે થઈ જાય અને વારંવાર થૂંકવું પડે.' ૧૯,૨૦

શિરોવિરેચન-નસ્યના અતિયોગનાં લક્ષણ

उन्मादवातपित्ताँश्च..... ॥
.....(द्व)द्द्रवौ ।
सूर्यावर्ता न तृप्तिश्च नस्येनात्यपतर्पिते ॥ २१ ॥

જે માણસને શિરોવિરેચન-નસ્યકર્મનો અતિયોગ થયો હોય તો ઉન્માદ-ગાંડપણ લાગુ થાય; પિત્તનો પ્રકોપ અને તે પિત્તના વિકારો થાય; હૃદયનો ઘસારો અથવા હૃદયનો વધુ વેગ ચાલુ થાય; સૂર્યાવર્ત-આધાશીશીનો રોગ થાય અને ખોરાક ખાતાં તૃપ્તિ જ ન થાય-એ પિત્તવિકાર ચાલુ થાય; એમ નસ્યકર્મ શિરોવિરેચનના અતિયોગથી વિકારો કે રોગો થાય છે. ૨૧

વિવરણ : ચરકે પણ સિદ્ધિસ્થાનના ૧ લા અધ્યાયમાં શિરોવિરેચન નસ્યકર્મના અતિયોગનાં આ લક્ષણો આમ કહ્યાં છે-'शिरोऽक्षिशङ्खश्रवणार्तितोदावत्यर्थशुद्धे तिमिरं च पश्येत् । જે માણસને શિરોવિરેચન-નસ્યથી અતિ શુદ્ધિ કે તેનો જો અતિયોગ થયો હોય તો તેને માથામાં, નેત્રોમાં તથા બન્ને લમણામાં અને બન્ને કાનમાં સોયા ભોંકાતા હોય એવી પીડા થાય છે અને તે માણસને આંખે અંધારાં આવ્યા કરે.' ૨૧

અનુવાસન બસ્તિના સમ્યગ્યોગનાં લક્ષણો

અગ્નિદીપ્તિર્વયઃસ્થાનં પુષ્ટિર્વર્ણો ધૃતિર્બલમ્ ।
વાતાનુલોમતા શાન્તિઃ સ્વનુવાસિતલક્ષણમ્ ॥૨૨

જે માણસને અનુવાસનબસ્તિ અપાય તે પછી તેનો જઠરાગ્નિ પ્રદીપ્ત થાય, ઉંમર સ્થિર થાય–જુવાની જ રહ્યા કરે,–શરીરની પુષ્ટિ થાય, શરીરનો રંગ સુંદર થાય, મનમાં ધૈર્ય જણાય, શરીર તથા મનમાં બળ આવે, વાયુનું અનુલોમનપણું થાય એટલે કે તેના વાયુની સવળી ગતિ ચાલુ રહે તેમ જ તેના મનને શાંતિ અનુભવાય તો એ લક્ષણો ઉપરથી સમજવું કે તેને એ અનુવાસન બસ્તિનો સમ્યગ્યોગ થયો છે. ૨૨

વિવરણ : આ સંબંધે ચરકે પણ સિદ્ધિ-સ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યું છે કે–પ્રત્યેત્યસક્તં સશકૃચ્ચ તૈલં રક્તાદિવુદ્ધીન્દ્રિયસંપ્રસાદઃ । સ્વપ્નાનુવૃત્તિર્લઘુતા બલં ચ સૃષ્ટાશ્ચ વેગાઃ સ્વનુવાસિતે સ્યુઃ ॥ જે માણસને અપાયેલ અનુવાસનબસ્તિનો જ્યારે સમ્યગ્યોગ થાય ત્યારે તેને અનુવાસન દ્વારા અપાયેલું તેલ, વિષ્ઠાની સાથે લગારે અટક્યા વિના અસ્ખલિત રીતે બહાર આવે છે; રક્ત આદિ ધાતુઓની, બુદ્ધિની તથા ઇંદ્રિયોની સારી રીતે પ્રસન્નતા થાય છે; નિદ્રાનું અનુસરણ એટલે કે નિદ્રા શાંત આવે છે; શરીરમાં લઘુતા–હલકાપણું થાય અને શરીર તથા માનસિક બળની પ્રાપ્તિ થાય છે; તેમ જ મળ–મૂત્રાદિના વેગો સારી રીતે છૂટા થાય છે, પણ અટકતા નથી.' સુશ્રુતે પણ આ જ પ્રમાણે કહ્યું છે. ૨૨

અનુવાસનબસ્તિના અતિયોગનાં લક્ષણો

વિષાદસ્તૃપ્તિરરુચિર.....।
.....ણમ્ ॥ ૨૩ ॥

અનુવાસનબસ્તિનો જો અતિયોગ થયો હોય એટલે વધુ પ્રમાણમાં અનુવાસન સ્નેહ જો અપાયો હોય તો તેથી વિષાદ એટલે કે માનસિક ખેદ થાય, તૃપ્તિ જણાય પણ ખોરાક વગેરે ઉપર રુચિ જ ન થાય અને બેચેની જણાય ઇત્યાદિ લક્ષણો થાય છે. ૨૩

વિવરણ : ચરકે પણ અનુવાસનબસ્તિના અતિયોગનાં લક્ષણો, સિદ્ધિસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યાં છે; જેમ કે–'હૃલ્લાસમોહક્લમસાદ-મૂર્ચ્છાવિકર્તિકા ચાત્યનુવાસિતે સ્યુઃ ।' જે માણસમાં અનુવાસનબસ્તિનો જો અતિયોગ થયો હોય તો તેનાં આ લક્ષણો જણાય છે; જેમ કે હૃલ્લાસ–ભોળ, ઉબકા આવ્યા કરે; મોહ કે મૂંઝવણ અથવા મુઝારો થાય; પરિશ્રમ વિના થાક લાગે; શરીરમાં શિથિલતા થાય, મૂર્છા–બેભાન સ્થિતિ થઈ જાય અને વિક-ર્તિકા એટલે કે પેટમાં અને ગુદામાં જાણે વાઢ થતી હોય તેવી પીડા થાય.' ૨૩

અનુવાસનના અયોગનાં લક્ષણો

વિષ્ટમ્ભો ગાઢવર્ચસ્ત્વં રોગવૃદ્ધિર્વિવર્ણતા ।
વેપથુર્વાતવૃદ્ધિશ્ચ રૂપં દુરનુવાસિતે ॥ ૨૪ ॥

જે માણસમાં અનુવાસનનો દુર્યોગ–અયોગ કે મિથ્યાયોગ થયો હોય, તે માણસમાં વિષ્ટંભ–મલબંધ–મલમૂત્રની કબજિયાત, વિષ્ઠાનું ગંઠાઈ જવું, રોગની વૃદ્ધિ, વિવર્ણતા–શરીરનો રંગ બદલાઈ જવો ને શરીરમાં કંપારી તથા વાયુની વૃદ્ધિ એટલાં લક્ષણો થાય છે. ૨૪

વિવરણ : આ સંબંધે પણ સિદ્ધિસ્થાનના ૧લા અધ્યાયમાં આમ કહ્યું છે કે–અધઃશરીરોદર-બાહુપૃષ્ઠપાર્શ્વેષુ રુગ્રૂક્ષખરં ચ ગાત્રમ્ । ગ્રહશ્ચ વિણ્મૂત્ર-સમીરણાનામસમ્યગેતાન્યનુવાસિતે સ્યુઃ ॥ અનુવાસનનો સમ્યગ્યોગ ન થયો હોય પણ દુર્યોગ–અયોગ કે મિથ્યાયોગ થયો હોય ત્યારે શરીરના નીચેના ભાગમાં, પેટમાં, બન્ને બાહુમાં, પીઠ–વાંસામાં અને બન્ને પડખામાં પીડા થાય, આખુંયે શરીર લૂખું અને ખરસટ થઈ જાય અને વિષ્ઠા, મૂત્ર તથા વાયુનું રોકાવું કે અટકવું એટલે કે ઝાડો–પેસાબ બંધ થઈ જાય છે. ૨૪

નિરૂહબસ્તિ–આસ્થાપનના સમ્યગ્યોગનાં લક્ષણો

શુદ્ધસ્ફટિકસંકાશં યદા શ્લેષ્મ વિરિચ્યતે ।
વિના મૂત્રપુરીષેણ..... ॥
..... ।
નિરુપદ્રવતા શ્રુચ્ચ નિરૂઢઃ સમ્યગુચ્યતે ॥ ૨૫ ॥

જ્યારે શ્લેષ્મ–કફ કે બળખો, શુદ્ધ સ્ફટિકના જેવો સ્વચ્છ–ચોખ્ખો બહાર આવે અને તે પણ મૂત્ર તથા વિષ્ઠા વિના જ બહાર નીકળે, કોઈ પણ ઉપદ્રવ શરીરમાં ન રહે અને ભૂખ ખૂબ લાગે

ત્યારે કહી શકાય છે કે નિરૂહ-આસ્થાપન બસ્તિનો સમ્યગ્યોગ થયો છે. ૨૫

વિવરણ : આ સંબંધે પણ ચરકે સિદ્ધિસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યું છે કે- प्रसृष्टविण्मूत्रसमीरणत्वं रुच्यग्निवृद्ध्याशयलाघवानि । रोगोपशान्तिः प्रकृतिस्थता च बलं च तस्यात्सुनिरूढलिङ्गम् ॥ જે માણસને નિરૂહબસ્તિ-આસ્થાપન અપાયેલ હોય તેનાં વિષ્ઠામૂત્ર તથા વાયુ સારી રીતે-યોગ્ય પ્રમાણમાં છૂટવા માંડે, ખોરાક ઉપરની રુચિ તથા જઠરના અગ્નિની વૃદ્ધિ થાય, આશય-કોઠો-પેટ હલકાં થઈ જાય, બધાયે રોગોની શાંતિ થાય, પ્રકૃતિસ્થપણું એટલે શરીરમાં સ્વાસ્થ્ય થાય અને શરીરમાં તથા મનમાં બળ વધે ત્યારે જાણવું કે નિરૂહણ-આસ્થાપનનો સમ્યગ્યોગ થયો છે એટલે કે આસ્થાપન બસ્તિની યોગ્ય અસર થઈ છે.' ૨૫

નિરૂહ-આસ્થાપનના અયોગનાં લક્ષણો

विण्मूत्रनिग्रहः शूलमानाहो व्याधिसन्नतिः ।
तन्द्रा निद्राऽरुचिस्तृप्तिर्दुर्निरूढस्य लक्षणम् ॥२६

જેને નિરૂહ-આસ્થાપનબસ્તિ અપાઈ હોય તે માણસની વિષ્ઠા તથા મૂત્ર જો અટકે પેટમાં શૂળ નીકળે, આનાહ-મલબંધ થઈ જાય, રોગની એકદમ વૃદ્ધિ થઈ જાય, નિદ્રા જેવું ઘેન થાય, અરુચિ થાય અને કંઈ પણ ખાધું પીધું ન હોય છતાં તૃપ્તિ અનુભવાય, તો એ નિરૂહ કે આસ્થાપન દુર્યોગ-અયોગ કે મિથ્યાયોગનું લક્ષણ જાણવું. ૨૬

વિવરણ : આ સંબંધે ચરકે પણ સિદ્ધિસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યું છે કે- स्याद्वुक्शिरोहृद्गुदबस्तिलिङ्गशोफः प्रतिश्यायविकर्तिके च । हृल्लासिकामारुतमूत्रसङ्गः श्वासो न सम्यक् च निरूहिते स्यात् ॥ નિરૂહબસ્તિનો જો સમ્યગ્યોગ ન થયો હોય પણ દુર્યોગ કે અયોગ અથવા મિથ્યાયોગ થયો હોય તો તેથી આ લક્ષણો થાય છે; જેમ કે માથું, હૃદય, ગુદા, બસ્તિ-મૂત્રાશય તથા લિંગ ઉપર સોજો આવે અને ત્યાં ત્યાં પીડા થાય; પ્રતિશ્યાય-સળેખમ તથા ગુદા અને પેટમાં વાઢ થતી હોય તેવી વેદના થાય;-મોળ-ઊબકા આવે અને વાયુનું તથા મૂત્રનું અટકવું થાય; તથા શ્વાસ-હાંફણ થાય.' ૨૬

નિરૂહ-આસ્થાપનના અતિયોગનાં લક્ષણો

वातप्रकोपो बलवान् सर्वदेहो..... ।
..... ॥ २७ ॥

નિરૂહ-આસ્થાપન બસ્તિનો જો અતિયોગ થાય તો માણસના આખાયે શરીરમાં વાયુનો બળવાન કોપ થાય છે. ૨૭

વિવરણ : આ સંબંધે ચરકે પણ સિદ્ધિસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યું છે કે- 'लिङ्गं यदेवातिविरेचितस्य भवेत् तदेवातिनिरूहितस्य'-જેને વિરેચનનો અતિયોગ થયો હોય અને તેમનાં જે લક્ષણો થાય છે, તે જ લક્ષણો, જેને નિરૂહણ-આસ્થાપનનો અતિયોગ થાય, તેનામાં પણ થાય છે. ૨૭

બસ્તિનો ત્રીજો ભેદ-કર્મબસ્તિ

..... ।
..... (ष)स्तयः कर्मसंज्ञिताः ।
अन्तरेषु निरूहाः स्युरतश्चोर्ध्वं न दापयेत् ॥२८॥

'કર્મસંજ્ઞક' નામે ત્રીજી બસ્તિઓ પણ અપાય છે; તેઓની વચ્ચે નિરૂહબસ્તિઓ આપવામાં આવે છે; તે પછી બીજી કોઈ બસ્તિ આપવી ન જોઈએ. ૨૮

વિવરણ : ચરકે સિદ્ધિસ્થાનના ૧ લા અધ્યાયમાં ત્રણ પ્રકારની બસ્તિઓ આમ કહી છે; જેમ કે- त्रिंशत्स्मृताः कर्मसु बस्तयो हि कालस्ततोऽर्धेन ततश्च योगः । सान्वासना द्वादश वै निरूहाः प्राक् स्नेह एकः परतश्च पञ्च ॥ काले त्रयोऽन्ते पुरतस्तथैकः स्नेहा निरूहान्तरिताश्च षट् स्युः । योगे निरूहास्त्रय एव देयाः स्नेहाश्च पञ्चैव परादिमध्याः ॥ કર્મવિષેની ૩૦ બસ્તિઓ કહી છે; તેથી અર્ધા-૧૫ કાલબસ્તિ કહેવાય છે; અને તેથી અર્ધા-૮ યોગબસ્તિઓ કહી છે; તેમાંની ૩૦ કર્મબસ્તિઓમાં પ્રથમ ૧ સ્નેહબસ્તિ, છેલ્લી ૫ સ્નેહબસ્તિ, વચ્ચે ૧૨ અનુવાસન સહિત ૧૨ નિરૂહબસ્તિઓ હોય છે; એમ એકંદર ૩૦ કર્મબસ્તિઓ અહીં સમજાય છે; તેમ જ કાલબસ્તિ વિષે પ્રથમ ૧ સ્નેહબસ્તિ. છેલ્લી ૩ સ્નેહબસ્તિઓ અને વચ્ચે નિરૂહથી અંતરિત કરેલી ૬ સ્નેહબસ્તિઓ મળી કુલ ૧૦ કાલબસ્તિઓ થાય છે અને યોગમાં ૩ નિરૂહબસ્તિઓ તેમ જ આદિ, મધ્ય તથા

અંતે ૫ સ્નેહબસ્તિઓ મળી એકંદર ૮ બસ્તિઓ અપાય છે. આમ ચરકે ત્રણ પ્રકારની બસ્તિઓનો સમુદાય જે કહ્યો છે તે જ કર્મ, કાલ તથા યોગ વિષે સમજવાનો છે; તે જ પ્રમાણે આ કાશ્યપસંહિતામાં પણ ખિલસ્થાનના 'બસ્તિ-વિશેષણીય' નામના ૮ મા અધ્યાયમાં પણ ત્રણ પ્રકારનો બસ્તિસમુદાય કહેલો છે. ૨૮

इति ह स्माह भगवान् कश्यपः ॥ २९ ॥

એમ ભગવાન કશ્યપે, બરોબર કહ્યું હતું. ૨૯

ઇતિશ્રી કાશ્યપસંહિતામાં સિદ્ધિસ્થાન વિષે 'ત્રિલક્ષણા સિદ્ધિ' નામનો અધ્યાય ૨ જો સમાપ્ત

વમનવિરેચનીયા સિદ્ધિ : અધ્યાય ૩ જો

अथातो वमनविरेचनीयां सिद्धिं व्याख्यास्यामः ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી 'વમનવિરેચનીયા સિદ્ધિ' નામના ત્રીજા અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું, એમ બરોબર ભગવાન કશ્યપે જ કહ્યું હતું. ૧.૨

.... मयस्वलक्षणैर्वमनेनोपपाद-येद्विधिवदुपस्निग्धमग्निबलावेक्षी वा यथाशक्ति-स्विन्नमुषितमपरेद्युर्विजीर्णभक्तं प्रातरेव दन्त-काष्ठाद्यनु ..... कट्फलानिचुलशिरीषा-दीनां लाभतः पल्लवान् सर्वशो वाऽऽहृत्यापां द्रोणमात्रेऽधिके वारिण्युत्काथ्य ग्रहघ्नीकृतवेधन-वचासैन्धवपिप्पलीवत्सकत्वपुसमदनबीजा .....
(उप)विष्टमासने प्राङ्मुखो भिषगालोड्य तं कषायं ग्रहघ्न्यादिकल्कैर्नातिघनोष्णशीतमाकण्ठात् पाययेत्, यथाबलमरिष्टं वा पञ्चषट्कालोत्तर-मथ विधायोत्पलकु(मुद)... .....
..... न वेगमुत्पन्नमवगृह्णीयात्, न वेगान्तरे विश्रमयेत्, उपसंगृहीतपार्श्वः स्यादी-षन्नुज्जः ॥ ३ ॥

રોગનાં પોતપોતાનાં લક્ષણોને અનુ-સરી વૈદ્યે રોગીને વમન ઔષધ આપવું જોઈએ; પરંતુ એ વમન ઔષધ આપતાં પહેલાં તે વમનયોગ્ય રોગીને પ્રથમ તેના જઠરાગ્નિના બળ અનુસાર વિધિ પ્રમાણે સ્નેહયુક્ત કરવો જોઈએ; તે પછી તેની શક્તિ પ્રમાણે તેને સ્વેદનયુક્ત કરી એક રાત્રિનો આરામ આપવો અને તે પછી બીજા દિવસે તેણે આગલા દિવસે ખાધેલો ખોરાક પચી ગયો હોય તો પ્રાતઃકાળમાં જ દાતણ વગેરે શારીરક્રિયા કરી લે તે પછી કાયફળ, નિચુલ, સમુદ્રશોષ કે સમુદ્ર-ફળ તથા શિરીષ–સરસડો વગેરે બધાંનાં કે તેમાંથી જેટલાંનાં મળે તેટલાંનાં પાંદડાં લાવીને એક દ્રોણ–૧૦૨૪ તોલા પાણીમાં તેઓને ઉકાળી–ક્વાથ બનાવી ગ્રહઘ્ની–ધોળા સરસવ, કૃતવેધન–ગરમાળો, કોષાતકી–ગલકાં અથવા તૂરિયાં, વજ, સૈંધવ, પીપર, ઇંદ્રજવ, કાકડી તથા મીંઢળનાં બીજ વગેરેનો કલ્ક તૈયાર કરવો; પછી રોગીને પૂર્વ દિશા તરફ મુખ રહે તેમ આસન પર બેસાડી પેલા ક્વાથ યા કલ્કને ઘોળી નાખી તે અતિશય ઘટ્ટ કે બહુ પાતળો ન હોય અને એકદમ વધુ ગરમ કે શીતળ ન હોય એવો તે ઔષધરૂપ ક્વાથ, એ રોગીને ગળા સુધી પાવો; અથવા અરિષ્ટ–લીંબડો પાવો; તે પછી પાંચ કે છ ઘડી અર્થાત્ બે એક કલાક વીત્યા પછી ઉત્પલ કમળ કે કુમુદ કમળનું નાળ બનાવી તે રોગીના ગળાનો સ્પર્શ કરી સુખપૂર્વક તેને સુખ થાય તે પ્રમાણે વમન કરાવવું. તે વેળા તેના ઉત્પન્ન થયેલા વેગને રોકવો નહિ અને એકધારું વમન કરાવવું; એમ વમન કરાવતી વેળા એ રોગીનાં પડખાં પકડી રાખવાં; તેમ જ એ રોગીને લગાર નમેલો અને નીચા મુખે રાખવો જોઈએ. ૩

વિવરણ : આ સંબંધે ચરકે પણ સૂત્ર-સ્થાનના ૧૫ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે– 'ततस्तं पुरुषं स्नेहस्वेदोपपन्नमनुपहतमनसमभिसमीक्ष्य सुखोषितं सुप्रजीर्णभक्तं शिरःस्नातमनुलिप्तगात्रं स्रग्विण-मनुपहतवस्त्रसंवीतं देवताग्निद्विजगुरुवृद्धवैद्यार्चितवन्तं, इष्टे नक्षत्रतिथिकरणमुहूर्ते कारयित्वा ब्राह्मणान् स्वस्ति-वाचनं, प्रयुक्ताभिराशीर्भिरभिमन्त्रितां मधुमधुकसैन्धव-फाणितोपहितां मदनफलकषायमात्रां पाययेत्।' तदनन्तरं–

'पीतवन्तं तु खल्वेनं मुहूर्तमनुकाङ्क्षेत्। तस्य यदा जानीयात्स्वेदप्रादुर्भावेण दोषं प्रविलयनमापद्यमानं, लोमहर्षेण च स्थानेभ्यः प्रचलितं, कुक्षिसमाध्मापनेन च कुक्षिमनुगतं, हृल्लासास्यस्रवणाभ्यामपचितोर्ध्वमुखीभूतं, अथास्मै जानुसममसंबाधं सुप्रयुक्तास्तरणोत्तरप्रच्छदोपधानं स्वापाश्रयमासनमुपवेष्टुं प्रयच्छेत्॥–તે પછી જેને વમન કરાવવું હોય એ રોગી પુરુષને પ્રથમ સ્નેહ તથા સ્વેદયુક્ત કરવો; તે પછી જેનું મન સ્વસ્થ થયું હોય એવા તેને જોઈને વૈદ્યે સુખપૂર્વક એક રાત્રિનો આરામ આપી, બીજા દિવસે તેણે આગલો ખાધેલો ખોરાક સારી રીતે પચી ગયેલો જાણી તેને માથાબોળ સ્નાન કરાવવું, તેના શરીર પર લેપન લગાડવું, પુષ્પમાળા પહેરાવવી. ધોયેલાં નવાં વસ્ત્રો પહેરાવવાં. દેવોનું, અગ્નિનું, બ્રાહ્મણોનું, ગુરુઓનું, વૃદ્ધોનું તથા વૈદ્યોનું તેની પાસે પૂજન કરાવવું અને પછી ઉત્તમ નક્ષત્ર, તિથિ, કરણ તથા મુહૂર્તયુક્ત દિવસે બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવી, તેઓના આશીર્વાદો દ્વારા તેમણે મંત્રોચ્ચાર કરીને જેને મંતરી આપી હોય એવી અને મધ, જેઠીમધ, સૈંધવ તથા ફાણિત એટલે અપક્વ ગોળના રસથી યુક્ત કરેલી મીંઢળના ક્વાથરસની માત્રા એ રોગીને વૈદ્યે યોગ્ય પ્રમાણમાં પાવી. તે પછી એ વમનઔષધની માત્રા જેણે પીધી હોય એવા તે રોગી પાસે બરોબર એક મુહૂર્ત–બે ઘડી પર્યંત રાહ જોવી. પછી તે રોગીને વમનના વેગો પ્રકટ થયેલા છે એમ વૈદ્ય જાણે, તેમ જ એ વેળા તેને રોમાંચ થવા માંડે તે ઉપરથી તેના દોષો પોતાના સ્થાનેથી ખસવા માંડ્યા છે, એમ પણ જાણવામાં આવે અને તે રોગીની કૂખ આફરી જાય તે ઉપરથી તેના દોષો પોતાના સ્થાનેથી ખસીને તેની કૂખમાં આવ્યા છે, એમ પણ જાણીને તેમ જ મોળ અને મોઢામાંથી લાળ પડવી એ બે નિશાની ઉપરથી તે દોષો એકઠા મળી ઊંચે મુખ સુધી આવ્યા છે એમ પણ જણાય ત્યારે એ રોગીને ઢીંચણ સુધી ઊંચું એક આસન બેસવા માટે આપવું; પણ તે આસન ઉપર યોગ્ય પાથરણું બિછાવેલું હોય, તેની ઉપર એક ઓછાડ પાથરેલ હોય તેમ જ તકિયો તથા ઓશીકું પણ તે આસન પર મૂકેલ હોવું જોઈએ. ૩

વમનના વેગો સંબંધે આચાર્યોના અભિપ્રાય

वमनं तु द्वित्रिवेग कनीयः, चतुष्पञ्चवेगं मध्यमं, षट्सप्तवेगमुत्तममिति कौत्सः, श्र..... महतां कृशमध्यबलवतां योग्यमिति पाराशर्यः, व्याध्यवेक्षमिति भूयांसः॥ ४॥

જે વમનઔષધની માત્રાથી બે ત્રણ વેગો આવે તે વમનમાત્રાને કનિષ્ઠ–છેલ્લી કક્ષાની લઘુ કે ઘણી ઓછી જાણવી; તેમ જ વમનના ઔષધની માત્રાથી ચાર કે પાંચ સુધીના વેગો આવે તે વમનમાત્રાને મધ્યમ જાણવી અને જે વમનઔષધની માત્રાથી છ કે સાત વેગો આવે તે વમનમાત્રાને ઉત્તમ સમજવી; એમ 'કૌત્સ' આચાર્ય કહે છે; પરંતુ આચાર્ય પારાશર્ય કહે છે કે વમનની માત્રા મોટા માણસોમાં કૃશ તથા મધ્યમ બળવાળાને અનુસરી યોજવી જોઈએ એમ સમજવું–અર્થાત્ મોટા માણસોમાં જેઓ કૃશ હોય તેમ જ મધ્યમ બળવાળા હોય તેઓને અનુસરી ઓછી કે વધુ વમનમાત્રા અપાય છે, એમ જાણવું જોઈએ; પરંતુ ઘણા આચાર્યો તો આમ જ કહે છે કે રોગીના રોગને અનુસરી વમનની માત્રા યોજવી જોઈએ. ૪

વિવરણ: આ સંબંધે ચરકે સિદ્ધિસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'जघन्यमध्यप्रवरे तु वेगाश्चत्वार इष्टा वमने षडष्टौ'–વમનની માત્રા વિષે ચાર વેગો, છ વેગો તથા આઠ વેગો આવે તે અનુક્રમે જઘન્ય, મધ્યમ તથા પ્રવર–ઉત્તમ વમનમાત્રાને સૂચવે છે, અર્થાત્ વમનની માત્રા જો જઘન્ય હોય તો તેથી ચાર વેગો આવે, મધ્યમ હોય તો છ વેગો આવે અને વમનની માત્રા ઉત્તમ હોય તો તેથી આઠ વેગો આવે છે. એકંદર વમનથી નીકળતા દોષોનું પ્રમાણ અનુક્રમે એક પ્રસ્થ, દોઢ પ્રસ્થ તથા બે પ્રસ્થ હોવું જોઈએ અર્થાત્ એક પ્રસ્થ પ્રમાણ વમન થાય તો કનિષ્ઠ, દોઢ પ્રસ્થ પ્રમાણ વમન થાય તે મધ્ય વમન તથા બે પ્રસ્થ પ્રમાણ વમન થાય તે ઉત્તમ વમન થયું ગણાય છે. સુશ્રુતમાં વમનની માત્રા આમ કહી છે કે હીન વમનનું પ્રમાણ અર્ધ પ્રસ્થ, મધ્યમ વમનનું પ્રમાણ એક પ્રસ્થ અને ઉત્તમ વમનનું પ્રમાણ બે પ્રસ્થ સમજાય છે; આ વમનમાં દર્શા-

વેલ એક પ્રસ્થનું માપ સાડાતેર પલ એટલે કે ૫૪ તોલાનું જાણવું. આ સંબંધે આમ પણ કહ્યું છે કે-વમને ચ વિરેકે ચ તથા શોણિતમોક્ષણે। સાર્ધત્રયોદશપલં પ્રસ્થમાહુર્મનીષિણઃ ॥-વમનમાં, વિરેચનમાં તથા રુધિરસ્રાવણમાં એક પ્રસ્થનું પ્રમાણ સાડાતેર પલનું જાણવું જોઈએ-એટલે કે પ્રસ્થ ૬૪ તોલાનો ગણાય છે તેને અહીં આ બાબતોમાં ૫૪ તોલાનો એક પ્રસ્થ જાણવો, એમ વિદ્વાનો કહે છે.

अथैनं वान्तुमुष्णाभिरद्भिराचाम्य निवाते प्राक्शिरसं शाययित्वाऽपामार्गपिप्पलीशिरीषान्यतमतण्डुला ..... रितविलग्नस्य कफस्याकर्षणार्थं संक्षम्य तिष्ठन् प्रतिश्यायशिरोरोगाक्ष्यभिष्यन्दकर्णशूलकर्णपाकमन्याग्रहदन्तपुप्पुटकदन्तमूलशोथकण्ठगलग्रह..... .....स्य मण्डादिदिवाजागरोष्णोदकोपचार उपदिष्टः पथ्यतमः। शृङ्गवेरशृतमुदकं पिपासितः पिबेदीषदुष्णम्। अल्पशोऽपि शीतं ह्यस्य प्रतिश्यायादीन् प्रको(पयति) .....कुष्ठहृल्लासज्वरारुचिनिद्रातन्द्रीरुपजनयति; तस्मादित्येतत् षड्वर्षादीनामर्थे तदुपदेक्ष्यामोऽतिबालो ह्यशक्त पनं विधिमनुष्ठानहिते चक्षुराख्याति न..... दुपगृह्य देयमातङ्कशमनं विडङ्गमात्रं बदरास्थिमात्रं बदरमात्रमामलकमात्रमौषधं सर्वमेव संभृतं स्यात्। वमनोपगं विरेचनोपगं वा चातुर्मास्याष्टम..... .....षु सर्वाणि सशर्कराणीति वृद्धकाश्यपः। तेषां पलाध्यर्धपलद्वित्रिपलान्यालोडनानि युक्त्या वा ततो विधाय भिषग्धात्री वा कुशला कल्पनखयाऽङ्गल्याऽन्त खादयेवा..... .....थ सर्पेण गौतमी वाऽङ्गली हीना स्यान्नस्यमेकेनेति वृद्धकाश्यपः, अतिबालस्य सक्षौद्रशर्करमपामार्गतण्डुलद्वयं त्रयं वेति वैदेहो जनकः ॥

अथ खलु .....नैरतिबाले हि भगवन्! भिषग्वमनादीनि प्रयुञ्जानः कालमात्रावयोव्याधिबलाबलानामनभिज्ञो बालविनाशायात्तमर्धर्मविनाशाय च संपद्यत इत्या (ह) ....मिति वार्योविदः, धात्रीगुरुलघुत्वहेतोरिति स्यः, धात्रीशर्मणि शिशुशर्मेति भूयांसः ॥

अथ भगवान् कश्यपोऽब्रवीदसम्यगेतत् सर्वमप्यसाधकम.....मिति ॥५॥

એમ તે રોગીએ વમન કરી લીધું હોય તે પછી એને ગરમ પાણીથી આચમન કરાવવું-કોગળા કરાવી મોઢું સાફ કરાવવું. તે પછી વાયુરહિત પ્રદેશમાં તે રોગીને પૂર્વ દિશા તરફ મોઢું રાખી સુવડાવવો; પછી અધેડો, પીપર તથા સરસડો-એમાંના કોઈ એક દ્રવ્યને યોગ્ય પ્રમાણમાં ભાતની સાથે મિશ્ર કરી તે રોગીના બાકી રહેલા કફને બહાર કાઢી નાખવા તે ખવડાવવું; કારણ કે એ રોગીને ઉપર જણાવેલી રીત પ્રમાણે વમન કરાવ્યા પછી પણ તેનો કફ અમુક પ્રમાણમાં વધુ બાકી રહી જાય તો તેને સળેખમ, નેત્રનો અભિષ્યન્દ, કાનનું શૂળ, કાનનું પાકવું, ગળાની નાડીનું ઝલાવું, 'દંતપુપ્પુટક' નામનો દાંતનો રોગ, દાંતના મૂળમાં સોજો, કંઠગ્રહ અને ગલગ્રહ-ગળાનું ઝલાવું -એમાંના રોગો થવાનો સંભવ રહે છે; એમ ફરી પણ વમન કરાવ્યા પછી તે રોગીને મંડ આદિ-ખોરાકનું સેવન કરાવવું; તેમ જ દિવસે જાગવું તથા ઉષ્ણ જલના ઉપચાર વગેરે અતિશય હિતકારી થાય છે, એમ કહેલ છે; તેમ જ એ વમન કરાવેલ રોગી જ્યારે તરસ્યો થાય ત્યારે તેણે આદું નાખી પકવેલું પાણી લગાર ગરમ હોય તે જ પીવું જોઈએ; કારણ કે લગાર પણ શીતલ હોય એવું પાણી તેને પ્રતિશ્યાય-સળેખમ આદિ રોગોનો પ્રકોપ કરાવે છે-એકંદર કફના રોગો ઉત્પન્ન થવાનો તેને સંભવ રહે છે. તેમ જ કોઢ, હૃલ્લાસ-મોળ-ઊબકા, જ્વર, અરુચિ, નિદ્રા તથા તન્દ્રા-નિદ્રા જેવું ઘેન-ઇત્યાદિને પણ (તે શીતલ પાણી) ઉપજાવે છે; એ જ કારણે તે વિષે અમે તે-આદુંથી પકવેલા જલનો જ, એ વમન કરાવેલ છ વર્ષ આદિ ઉંમરવાળા માટે ઉપયોગ કરવા માટે ઉપદેશ કરીશું; તેમ જ વમનકર્મનો પણ છ વર્ષથી માંડીને જ બાળક

માટે ઉપદેશ કરીશું; કેમ કે ઘણું નાનું બાળક, જે છ વર્ષની ઉંમરનું થયું ન હોય તે આ વમન કર્મ કરવા અશક્ત જ ગણાય છે; છતાં તેવા ઘણા નાની ઉંમરના બાળકને જો વમનકર્મ કરાવાય તો તે બાળકને તે વમનકર્મ ચક્ષુ માટે હિતકારી નથી એટલે કે તે બાળકને કરાવેલ તે વમનકર્મ, તેને નેત્ર-રોગ ઉપજાવનાર થઈ પડે છે; એ માટે તેટલી નાની ઉંમરનું બાળક તેવા વમન-કર્મને યોગ્ય રોગથી જો પીડિત થાય તો એ બાળકને પકડી રાખીને તેના એ વમન-કર્મયોગ્ય રોગને શમાવનાર વમનકારક ઔષધ, એક વાવડિંગના દાણા જેટલું, અથવા બોરના ઠળિયા જેટલું, અથવા બોર જેટલું કે એક આમળા જેટલું જ આવશ્યકતા હોય તો આપવું જોઈએ. જે ઔષધ વમન માટે ઉપયોગી હોય કે વિરેચન માટે ઉપયોગી હોય, તેનો પ્રયોગ, જો ચાર મહિનાની કે આઠ મહિનાની ઉંમર સુધીનાં બાળકોને કરાવવો હોય તો એ બધાંયે ઔષધોને સાકરથી મિશ્ર કરીને જ કરાવવો જોઈએ, એમ વૃદ્ધ કશ્યપે કહ્યું છે; એમાંના તે ઔષધોને એક પલ-ચાર તોલા પ્રમાણમાં કે અર્ધ પલ-૬ તોલા પ્રમાણમાં કે બે અથવા ત્રણ પલ-આઠ તોલા અથવા બાર તોલા પ્રમાણમાં લઈ તે બધાંને સાકર સાથે મિશ્ર કરી, પાણી સાથે ઘોળીને યુક્તિથી એ વમનકર્મ યોગ્ય બાળકને ખોળામાં બેસાડી, પકડી રાખીને વૈદ્યે કે તેની કુશલ ધાત્રી માતાએ પાઈ દેવું જોઈએ. તે પછી એ વૈદ્યે કે ધાત્રીએ, કે જેણે પોતાના હાથના નખ બિલકુલ ઊતરાવી નાખ્યા હોય તેણે પોતાની આંગળી-ને તે બાળકના ગળામાં લગાર ઊંડી જવા દઈ, તે બાળકના જે અંતર્મુખ વમનવેગો હોય તેઓને બહિર્મુખ થાય તેમ ચાલુ કરવા જોઈએ એમ વૃદ્ધકશ્યપે કહ્યું છે. વળી વૈદેહ જનકે કહ્યું છે કે ઘણાં નાનાં બાળકને (વિરેચન કરાવવું હોય તો) મધ અને સાકર સાથે અધેડો એટલે કે તેનાં બીજ બે કે ત્રણ ચોખાભાર આપી શકાય છે; તે પછી વૃદ્ધજીવકે કહ્યું કે, હે ભગવન્ કશ્યપ! જે વૈદ્ય અતિશય નાનાં બાળકને ઉદ્દેશી વમન આદિ કર્મો કરાવે છે, તે વૈદ્ય બાળકની ઉંમરનો કાળ, બાળકને આપવાની ઔષધ-માત્રા, બાળકની ઉંમર, બાળકનો રોગ અને તે બાળકના બળ-અબળ આદિનો જાણકાર હોવો જોઈએ; પરંતુ તે તેને જો જાણતો ન હોય છતાં તેવાં નાનાં બાળકોને ઉદ્દેશી વમનાદિ કર્મોનો જો પ્રયોગ કરવા માંડે તો તો એવો અજ્ઞાની વૈદ્ય, તે તે બાળકોનો વિનાશ કરવા તૈયાર થાય છે, એટલું જ નહિ, પણ તે ઉપરાંત તે મૂર્ખ વૈદ્ય પોતાના ધર્મનો પણ વિનાશ કરવા તૈયાર થાય છે, એમ વાર્યોવિદ પણ કહે છે. વળી 'વાત્સ્ય' નામના આચાર્ય પણ કહે છે કે બાળક-ની ધાત્રીના ભારેપણાના કારણે અને લઘુ-હલકાપણાના કારણે પણ બાળકના રોગાદિનો તથા આરોગ્યનો સંભવ રહે છે. એ જ કારણે ઘણા આચાર્યો કહે છે કે ધાત્રીને સુખ હોય તો જ બાળકને સુખ થાય છે. એમ તે બધા આચાર્યોના મત પ્રથમ જણાવ્યા પછી ભગવાન કશ્યપે આમ કહ્યું કે, એ બધાયે ઉપર જણાવેલા આચાર્યોના મતો બરાબર નથી; એ બધાંય વચનો અસાધક છે એટલે કે એક ચોક્કસ સિદ્ધાંતને સિદ્ધ કરી શકતાં નથી. ૫

વિવરણ : અહીં આ પાંચમા સૂત્રસ્થાનમાં કહેવાયું છે કે-વમન કરાવેલાને ફરી તેના ખોરાકમાં પણ અધેડો, પીપર કે સરસડો-એમાંનું એક મેળવી-ને જ ખોરાક આપવો, જેથી તેનો કંઠમૂક બાકી રહેલો કફ પણ ફરી વમન થતાં નીકળી જાય; નહિ તો એ બાકી રહી ગયેલા કફના કારણે

કફજન્ય પ્રતિસ્યાય–સળેખમ વગેરે રોગો થવાનો સંભવ . આ સંબંધે ચરકે પણ

ત્રસ્થાનના ૧૫ મા અધ્યાયમાં કહ્યું છે કે–'રોગીને વમનકર્મ જો બરાબર કરાવેલ ન હોય તો તેના બાકી રહી ગયેલા કફથી આ ઉપદ્રવો થવાનો સંભવ રહે છે; જેમ કે तत्रातियोगायोगनिमित्तानिमनुपद्रवान् विद्यात्–आध्मानं परिकर्त्तिका परिस्रावो हृदयोपसरणमङ्गग्रहो जीवादानं विभ्रंशः क्लमः, उपद्रवा इति। તે વમનકર્મમાં જો અતિયોગ કે અયોગ થાય તો તે નિમિત્તે આ ઉપદ્રવો થાય છે, એમ જાણવું; જેવા કે આધ્માન–આફરો, પરિકર્તિકા–પેટમાં વાઢ, પરિસ્રાવ–મોઢામાંથી કફની લાળો ઝરવી, હૃદયનું ઉપસરણ એટલે કે ઉપદ્રવણ એટલે જોરથી ધબકવું; અંગોનું ઝલાવું, જીવાદાન એટલે કે જીવતું લોહી બહાર નીકળે, વિભ્રંશ એટલે કે શરીરનું સજ્જડ થવું અને ક્લમ એટલે કે પરિશ્રમ કર્યા વિના થાક જણાય–એ ઉપદ્રવો થાય છે.' વળી તે રોગીને વમન કરાવ્યા પછી પણ તેના કંઈક બાકી રહી ગયેલા કફને કાઢી નાખવા આ પથ્યનું સેવન કરાવવું જોઈએ. જેમ કે 'योगेन तु खल्वेनं छर्दितवन्तमभिसमीक्ष्य सुप्रक्षालितपाणिपादास्यं मुहूर्तमाश्वास्य स्नैहिकवैरेचनिकोपशमनीयानां धूमानामन्यतमं सामर्थ्यतः पायवित्वा, पुनरेवोदकमुपस्पृशेत्॥' રોગીને વમનકર્મ કરાવ્યા પછી તે વમન–કર્મનો સમ્યગ્યોગ થયો હોય અને તેને અનુસરીને સમ્યક્ વમન થયું છે, એમ જોઈ–જાણીને વૈદ્યે, તેના હાથ–પગને સારી રીતે ધોવરાવી એક મુહૂર્ત–બે ઘડી આરામ આપ્યા પછી સ્નૈહિક, વૈરેચનિક તથા ઉપશમનીય–એમાંના કોઈ પણ એક ધૂમનું પાન કરાવવું; અને પછી ફરી પણ તેને પાણીથી કોગળા કરાવવા. તે પછી પણ ચરકે ત્યાં સૂત્રસ્થાનમાં ૧૫ મા અધ્યાયમાં વધુ આમ પણ કહ્યું છે કે–'उपस्पृष्टोदकं चैनं निवातमागारमनुप्रवेश्य संवेश्य चानुशिष्यात्–उच्चैर्भाष्यमत्यासनमतिस्थानमतिचङ्क्रमणं क्रोधशोकहिमातपावश्यायातिप्रवातान् यानयानं ग्राम्यधर्ममस्वप्नं निशि दिवा स्वप्नं विरुद्धाजीर्णासात्म्याकालप्रमितातिहीनगुरुविषमभोजनवेगसंधारणोदीरणमिति भावानेतान् मनसाऽप्यसेवमानः सर्वमहोगमयस्वेति। स तथा कुर्यात्। એમ ધૂમ્રપાન કર્યા પછી તે રોગી જળનો સ્પર્શ કરે–કોગળા કરી મોઢું સાફ કરે, તે પછી એ વમન કરેલા રોગીને વાયુરહિત ઘરમાં પ્રવેશ કરાવી, ત્યાં સારી રીતે બેસાડી, સૂવાડીને તેને વૈદ્યે આવી શિખામણ આપવી કે, હવે તારે ઊંચેથી બોલવાનો વધુ પડતું બેસી રહેવાનો, વધુ પડતું ઊભા રહેવાનો, વધુ પડતું ચાલવાનો, ક્રોધનો, શોકનો, હિમ–શીતળતાનો, વધુ પડતા સૂર્યના તાપનો, અવસ્યાય–ઝાકળનો, વધુ પડતા પવનનો, વાહન ઉપરની મુસાફરીનો, ગ્રામ્યધર્મ–મૈથુનનો, રાત્રિના ઉજાગરાનો, અજીર્ણનો, અસાત્મ્ય–અહિતકારી ખોરાકનો, કવખતના ભોજનનો, પ્રમાણથી વધુ ખોરાકનો, ઘણાં હલકાં ભોજનનો, ઘણાં ભારે ભોજનનો, મલમૂત્રાદિના આવેલા વેગોને રોકવાનો અને નહિ આવેલા વેગોને કરવા વગેરે આ સર્વનો ત્યાગ કરવો; એટલે કે તેઓનું મનથી પણ સેવન કરવું નહિ; અને એ રીતે નિયમપૂર્વક વર્તીને જ તારે સમય પસાર કરવો.' એ ઉપદેશ સાંભળી તે રોગીએ પણ તે જ પ્રમાણે કરવું.' એમ ઉપર જેમ ચરકે કહ્યું છે, તે જ પ્રમાણે અષ્ટાંગહૃદયના સૂત્રસ્થાનના ૧૮ મા અધ્યાયમાં પણ કહ્યું છે કે–सम्यग्योगेन वमितं क्षणमाश्वास्य पाययेत्। धूमत्रयस्यान्यतमं स्नेहाचारमथादिशेत्॥–જે માણસને વમનનો સમ્યગ્યોગ કરાયો હોય એટલે કે ઉત્તમ પ્રકારનું વમનકર્મ થયું હોય તેને વૈદ્યે એક ક્ષણવાર આશ્વાસન આપી–શાંત કરીને પછી સ્નૈહિક, વૈરેચનિક તથા ઉપશમનીય–એ ત્રણ ધૂમપાનમાંનું એક ધૂમપાન કરાવીને તેને સ્નેહને લગતો આચાર–આહારવિહાર કરવાની આજ્ઞા આપવી. વળી અહીં મૂળમાં નાનાં બાળકનો રોગ શાંત કરવા માટે જે વમન કે વિરેચનની માત્રા કહી છે, તે જ પ્રમાણે આ જ ગ્રંથના સૂત્રસ્થાનના પહેલા અધ્યાયમાં પણ બાળકને આપવાનાં ઔષધની માત્રા આ પ્રમાણે બતાવી છે, તે જેમ કે–विल्ब(ड)ङ्गफलमात्रं तु जातमात्रस्य देहिनः। मेषजं मधुसर्पिर्भ्यां मतिमानुपकल्पयेत्॥ वर्धमानस्य तु शिशोर्मासि मासे विवर्धयेत्। अथामलकमात्रं तु परं विद्वान्न वर्धयेत्॥–બાળક જન્મે કે તરત જ તેને ઔષધ આપવાની જરૂર જણાય તો એક વાવડિંગના દાણા જેટલું જ ઔષધપ્રમાણ મધ અને ઘી સાથે આપવું જોઈએ. તે પછી એ બાળક જેમ જેમ મોટું થાય તેમ તેમ દરેક મહિને એક આમળા જેટલું ઔષધપ્રમાણ વધાર્યા કરવું જોઈએ. તે પછી વિદ્વાન વૈદ્યે એ પ્રમાણમાં વધારો કરવો ન જોઈએ. પછી અહીં મૂળ ગ્રંથમાં બાળકને ઔષધપાન કરાવવા સંબંધે વૃદ્ધ

કશ્યપનો મત જે બતાવ્યો છે, તેમાં કુશળ વૈદ્ય તથા ધાત્રીનો નિર્દેશ કરી તેમના દ્વારા વમનકર્મમાં વેગો લાવવા બાળકના મુખમાં ગળાની અંદર આંગળી નાખીને વેગોને બહિર્મુખ કરવા જણાવેલ છે; ત્યારે ચરકે સૂત્રસ્થાનના ૧૫ મા અધ્યાયમાં મોટા માણસને વમનઔષધ આપ્યા પછી તેના પ્રત્યે જે કહ્યું છે, તે આ પ્રમાણે છે– 'अथैनमनुशिष्यात्–विवृतौष्ठतालुकण्ठो नातिमहता व्यायामेन वेगानुदीर्णानुदीरयन् किंचिदवनम्य ग्रीवामूर्ध्वशरीरमुपवेगमप्रवृत्तान् प्रवर्तयन् सुपरिलिखितनखाभ्यामङ्गुलीभ्यामुत्पलकुमुदसौगन्धिकनालैर्वाकण्ठममिस्पृशन्–सुखं प्रवर्तयत्वेति।'–તે પછી વમન કરતા એ રોગીને વૈદ્યે શિખામણ આપવી કે, તું તારા હોઠ, તાળવું અને ગળું પહોળાં–ખુલ્લાં કરી રાખ; ઊંચા આવેલા વેગોને ઘણા જ થોડા પરિશ્રમથી બહાર કાઢવા ઊંચા લાવ્યા કર; ડોકને તથા ઉપરના શરીરને પણ કંઈક નીચાં નમાવી, નહિ આવેલા વેગોને વેગની સમીપ લાવ્યા કર અને સારી રીતે ઉતારી કાઢેલા નખોવાળી મધ્યમા–વચલી આંગળી અને અંગૂઠા પાસેની તર્જની આંગળીઓથી અથવા નીલકમળના કે ધોળા કમળના અથવા સુગંધિક કમળના નાળથી કંઠનો સ્પર્શ કર્યા કર; એમ સુખપૂર્વક તને જેમ ફાવે તેમ ઊલટી કરવા પ્રયત્ન કર.' ૫

અહીં આ વિષયમાં આ શ્લોકો મળે છે:

तत्र श्लोकाः—

शिशोर्व्याधौ समुत्पन्ने धात्रीणामेव शोधनम्।
अलं बालसुखायेति को लोके नावबुद्ध्यते॥
यस्तु कायगतस्तस्य दोषाणां पूर्वसंचयः।
अनुद्भूते कथं तस्मिन्.....
.....(व्याधिस्तस्य) प्रशाम्यति॥ ६॥
अनागतविघातस्तु न वर्धयति वाऽऽशयम्।

બાળકને જ્યારે રોગ ઉત્પન્ન થાય ત્યારે ધાત્રીઓનું જ શોધન કરવું જોઈએ; કારણ કે ધાત્રીઓને વમન–વિરેચનાદિથી શુદ્ધ કરી હોય તો તેથી જ તે ધાત્રીને ધાવતા બાળકને સુખ થાય છે, એમ કોણ સમજતું નથી? તોપણ બાળકના શરીરમાં જે રોગ ગયો હોય કે પેઠો હોય તેનો પણ પૂર્વસંચય એટલે કે પ્રથમથી જ સંચય હોય જ છે, તેથી એ બાલશરીરમાંથી પૂર્વસંચિત દોષોને જ્યાં સુધી બહાર કાઢી નાખ્યા ન હોય ત્યાં સુધી એ બાળક વિષે સ્વાસ્થ્યની પ્રાપ્તિ કેવી રીતે થાય? એ કારણે બાળકનું પણ વમન–વિરેચન દ્વારા શોધન કરવું આવશ્યક છે જ, માટે બાળકનું પણ વમનાદિ દ્વારા શોધન કરવું જોઈએ, તેથી તેના રોગો અત્યંત શાંત થાય છે. પરંતુ જે દોષો હજી બાળકમાં આવ્યા જ ન હોય તેઓનો જો નાશ કરાય એટલે કે બાળકમાં જે દોષ હોય જ નહિ. તેઓનો નાશ કરવા વમનાદિનો જો પ્રયોગ કરાય તો એ પ્રયોગ તેના આશયને કે આખા શરીરને વૃદ્ધિ જ પમાડે નહિ. એ કારણે યોગ્ય ઉંમર થાય ત્યારે જ બાળકમાં દોષોની પ્રાપ્તિ થતાં તેનું પણ શોધન કરવું જરૂરી થાય છે. ૬

બાળક તથા ધાત્રી–બેયનું શોધન જરૂરી

उभयोस्तु यदा सम्यक् शोधनं कुरुते भिषक्
तदाऽऽरोग्यं भवत्याशु शिशोर्लेखा यथाऽश्मनि।

વૈદ્ય કોઈ બાળકનું તથા તેની ધાત્રીનું–બેયનું જ્યારે (વમનાદિથી) સમ્યક્ બરાબર (સારી રીતે) શોધન કરે છે, ત્યારે જ બાળક વિષે થાય આરોગ્ય પણ તરત જ સ્થિર થાય છે. આ વાત પથ્થરમાં કરેલા લિસોટા જેવી સત્ય છે. ૭

બંનેના શોધન વિના રોગની શાન્તિ ન થાય

दोषाणामाशयो धात्री भूधराः सरिता(मिव)॥
.....।
.....रोभूतो दोषो बालं प्रबाधते॥८॥
तयोः संशोधनमृते न शान्तिरिति धारणा।

જેમ નદીઓનું મૂળ ઉત્પત્તિસ્થાન પર્વતો હોય છે, તેમ બાળકોમાંના દોષોનું મૂળ ઉત્પત્તિસ્થાન તેઓને ધવડાવતી તેઓની ધાત્રીઓ જ હોય છે; અને તે ધાત્રીઓમાં જ છુપાઈ રહેલો દોષ (તેઓના ધાવણ દ્વારા) બાળકમાં પ્રાપ્ત થઈ એ બાળકને અતિશય પીડે છે; એ કારણે બાળકોની ધાત્રીઓ તથા એ ધાત્રીઓને ધાવતાં બાળકો–એ

બન્નેનું (વમનાદિ દ્વારા) સંશોધન કે શુદ્ધિ કર્યા વિના (તે બન્નેના) રોગોની શાંતિ થતી નથી એવો નિશ્ચય કરેલો છે. ૮

બાળકોને આપોઆપ વમન થાય એ ઉત્તમ છે

स्वयं छर्दयते यस्तु पीतं पीतं पयः शिशुः ।
न तं कदाचिद्बाधन्ते व्याधयो देवमानुषाः ॥९॥

પરંતુ જે બાળક (વમનાદિનાં કોઈ પણ ઔષધ આપ્યા વિના જ) પોતાની મેળે જ વારંવાર ધાવેલા ધાવણને ઓકયા કરે છે, તેને દેવતાઈ કે માનુષી રોગો કદી પણ પીડતા નથી. ૯

માતાના ધાવણ સાથે બાળકને ઔષધ દેવું

स्तनमौ.....
..... रार्यते ॥
मुखपाकं च बालानां कुर्याद्बाढ्या ज्वरं तथा ।
तस्माद्बलादिवाचूच्या दद्यादेवौषधं शिशोः ॥१०

ધાવણ ધવડાવતી માતાના સ્તનમાંથી નીકળતા ધાવણને ધાવતા બાળકમાં તે ધાવણ દ્વારા દોષો ધસી આવે છે; જેથી એ દોષો બાળકના મુખનો પાક કરે છે–મોઢું પકવે છે; અને ધાત્રીને પણ તેના પોતાના જ શારીર દોષો જ્વર ઉપજાવે છે; એ કારણે તે ધાવણથી રોગી બનેલા બાળકને બળથી તે ધાવણરૂપ દૂધ સાથે જ ઔષધ દેવું. ૧૦

વિરેચનની વિધિનું વર્ણન

अथ खलु विधिवदुपस्निग्धस्विन्नसुखोषित-जीर्णाहार. .....
(द)न्तीश्यामाकम्पिल्लकनीलिकासप्तलावचाविषाणिकादीनां पूर्वोक्तानां लाभतः कर्षिणां भागानर्घपलिनां वा प्रस्थद्विप्रस्थमात्रीष्वप्सु चतुर्भागावशेष.....
मूत्रसंयुक्त नातिद्रवोष्णशीतं पाययेत् कालबलवयोगदावेक्षम् । बालं तु पूर्ववदाढकेन प्रपाययेन्नवनीतेन वा सार्धमेतं लेहयेत्तपश्चित्तं नित्यं द्वित्रिवेगं चतु .....
.....
मेकद्वित्रिप्रस्थम् । अत ऊर्ध्वमतियोगमाचक्षते । तत्रापि वमनवदुपचारः सर्व इति ॥ ११ ॥

હવે જેને વિરેચન ઔષધ આપવું હોય તેને પણ પ્રથમ વિધિ પ્રમાણે સ્નેહન કર્મ પ્રથમ કરાવી સ્નિગ્ધ કર્યા પછી સ્વેદન દ્વારા સ્વેદયુક્ત કરવો જોઈએ. પછી સુખેથી એક રાત્રિ સૂતેલા અને પહેલાંનો આધેલો ખોરાક જેનો પચી ગયો હોય એવા તે રોગીને નીચે દર્શાવેલ ઔષધો દ્વારા વિરેચન કરાવવું. જેમ કે દન્તી–નેપાળો, શ્યામા–કાળું નસોતર, કપીલો, નીલિકા–ગળી, સપ્તલા–સાતલા થોર, ચિકાખાઈ, વજ તથા મેંઢાશીંગ વગેરે ઉપર્યુક્ત ઔષધદ્રવ્યોમાંનું જે કોઈ મળે તેને એક કર્ષ–તોલો પ્રમાણમાં કે અર્ધપલ–બે તોલા પ્રમાણના ભાગે લઈ એક પ્રસ્થ–૬૪ તોલા કે બે પ્રસ્થ પાણીમાં તેનો કષાય કરવો; એ કવાથનો એક ચતુર્થાંશ ભાગ બાકી રહે ત્યારે તેને અગ્નિ પરથી નીચે ઉતારી લઈ તેમાં યોગ્ય પ્રમાણમાં ગોમૂત્ર મિશ્ર કરવું; પછી અતિશય વધુ પ્રવાહી ન હોય એવું તે ઔષધ નહિ વધુ ગરમ કે નહિ વધુ શીતળ હોય તેવું એ રોગીને પાવું; પરંતુ તે વેળા તે વિરેચન દેવા યોગ્ય કાળ, તે રોગીનું શરીરબલ, ઉંમર તથા રોગ–એ બધુંયે તે વૈદ્યે તપાસી જોવું; પણ જો બાળક વિરેચનને યોગ્ય હોય તો પહેલાંની જેમ 'આઢૂક' નામના શંખ જેવા આકારના પાત્ર દ્વારા તે ઔષધ એ બાળકને પાવું જોઈએ; અથવા માખણની સાથે તે વિરેચન ઔષધ એ રોગીને ચટાડી દેવું; એ વિરેચનથી તેને બે કે ત્રણ વિરેચનવેગો આવે તો એ તેનો સમ્યગ્યોગ થયેલ જાણવો; અથવા તે વિરેચનથી જે મળ નીકળે તેનું પ્રમાણ એક, બે કે ત્રણ પ્રસ્થ હોય તોયે તે વિરેચનનો સમ્યગ્યોગ થયો છે, એમ સમજવું; પરંતુ એથી જો વધારે પ્રમાણમાં વિરેચન દોષ જો બહાર નીકળે તો

તેથી એ વિરેચનનો અતિયોગ થયો છે, એમ વૈદ્યો કહે છે; એમ તેનો જો અતિયોગ થાય તો તે વિષે પણ વમનના અતિયોગના જેવા જ બધા ઉપચારો કરવા. ૧૧

વિવરણ : ચરકે પણ સૂત્રસ્થાનના ૧૫ મા અધ્યાયમાં વિરેચનની વિધિ આમ કહી છે; જેમ કે– 'અથૈનં પુનરેવ સ્નેહસ્વેદાભ્યામુપપાદ્યાનુપહતમનસમભિસમીક્ષ્ય સુસ્નેહિતં સુપ્રજીર્ણભક્તં કૃતહોમબલિમઙ્ગલજપ્યપ્રાયશ્ચિત્તમિષ્ટતિથિનક્ષત્રકરણમુહૂર્તે બ્રાહ્મણાન્ સ્વસ્તિ વાચયિત્વા ત્રિવૃત્કલ્કાક્ષમાત્રાં યથાર્હાલોડનપ્રતિવિનીતાં પાયયેત્ પ્રસમીક્ષ્ય દોષભેષજદેશકાલબલશરીરાહારાસાત્મ્યસત્ત્વપ્રકૃતિવયસામવસ્થાન્તરાણિ વિકારાશ્ચ। સમ્યગ્વિરિક્તં ચૈનં વમનાન્તરોક્તેન ધૂમવર્જેન વિધિનોપપાદયેદાબલવર્ણપ્રતિલાભાત્। બલવર્ણોપપન્નં ચૈનમનુપહતમનસમભિસમીક્ષ્ય સુસ્નેહિતં સુપ્રજીર્ણભક્તં શિરઃસ્નાતમનુલિપ્તગાત્રં સ્રગ્વિણમનુપહતવસ્ત્રસંવીતમનુરૂપાલઙ્કારાલઙ્કૃતં સુહૃદાં દર્શયિત્વા જ્ઞાતીનાં દર્શયેમ્, અથૈનં કામેષ્વવસૃજેત્॥–પછી એ વમન કરેલા રોગીને જો વિરેચન આપવાની જરૂર જણાય તો વૈદ્યે તેને ૧૫ દિવસ વીત્યા પછી ફરી સ્નેહન તથા સ્વેદનકર્મ કરાવીને પ્રસન્ન ચિત્તવાળા થયેલ તેને તે રાત્રે સુખેથી ઊંઘવા દઈ આગલા દિવસે ખાધેલો તેનો ખોરાક પચી ગયો હોય તો તેની પાસે દેવોને ઉદ્દેશી હોમ, બલિદાન, મંગલકર્મ, જપ અને પ્રાયશ્ચિત્ત કરાવી સારી તિથિ, નક્ષત્ર અને કરણયુક્ત ઉત્તમ મુહૂર્તે બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવી નસોતરના કલ્કની એક તોલો માત્રા જોઈએ એટલા પ્રવાહીમાં ઘોળીને એ રોગીને પાઈ દેવી. પરંતુ તે પહેલાં તેનો દોષ, ઔષધનો કાળ, બળ, શરીર, આહારનું સાત્મ્ય, સત્ત્વ, પ્રકૃતિ અને વય–ઉંમરની જુદી જુદી અવસ્થાઓ તથા વિકારો પણ વૈદ્યે જોવા જોઈએ અને તે પછી જ તેને ઉપર કહેલી વિરેચનમાત્રા યોગ્ય પ્રમાણમાં પાવી જોઈએ. તે પછી એ રોગીને બરાબર વિરેચન થઈ જાય ત્યારે પહેલાં જે વમન કરેલા માટે વિધિ કહેવામાં આવી છે, તે પ્રમાણે જ ધૂમપાન સિવાયની બધી વિધિ તેનામાં બળ, વર્ણ–રંગ, કાંતિ કે સુંદરતા ફરી પ્રાપ્ત થાય ત્યાં સુધી કરવી જોઈએ. પછી તેનું પૂર્વકાળનું બળ તથા વર્ણ–કાંતિ વગેરે ફરી પ્રાપ્ત થઈ જાય, તેનું મન પ્રસન્ન થાય, સુખેથી ઊંઘ આવે અને તેણે ખાધેલો ખોરાક બરાબર પચી જાય ત્યારે એ રોગીને માથાબોળ સ્નાન કરાવી, શરીરે વિલેપન લગાડી, પુષ્પમાળા પહેરાવી, નવાં ઉત્તમ વસ્ત્રો ધારણ કરાવી, યોગ્ય શણગારથી શણગારી, એના મિત્રોને એ રીતે સ્વસ્થ થયેલો બતાવ્યા પછી તેનાં સગાં–સંબંધીઓને પણ બતાવવો અને તે પછી એ માણસને તેની પોતાની ઇચ્છા પ્રમાણે આહાર–વિહાર કરવાની છૂટ આપવી. ઉપર કહેલું વિરેચન જો બાળકને કરાવવું હોય તો શંખાકૃતિ પાત્ર દ્વારા ઔષધદ્રવ્યનો ક્વાથ કરી તે પાઈ દેવું અથવા માખણ સાથે મેળવી તે ઔષધ પાવું, એ રીતે અપાયેલા તે ઔષધદ્રવ્યથી વિરેચનના વેગો બે, ત્રણ કે ચાર આવવા જોઈએ–એટલે કે હીનવેગ બે, મધ્યમવેગ ત્રણ અને ઉત્કૃષ્ટ વેગ ચાર સુધી આવવા જોઈએ; અથવા પ્રમાણ કે વજનની દૃષ્ટિએ તે વિરેચન થયેલ મળ એક બે કે ત્રણ પ્રસ્થ હોવા જોઈએ; આ સંબંધે પણ ચરકે સિદ્ધિસ્થાનના ૧ લા અધ્યાયમાં કહ્યું છે કે– 'દશૈવ તે દ્વિત્રિગુણા વિરેકે પ્રસ્થાસ્તથા દ્વિત્રિચતુર્ગુણાશ્ચ' જઘન્ય વિરેચનમાં ૧૦ વેગો મધ્યમ વિરેચનમાં ૨૦ વેગો અને ઉત્તમ વિરેચનમાં ૩૦ વેગો કૃષ્ટ ગણાય છે; તે જ પ્રમાણે હીન વિરેચનમાં દોષનું માપ બે પ્રસ્થ, મધ્યમ વિરેચનમાં દોષનું માપ ત્રણ પ્રસ્થ અને ઉત્તમ વિરેચનમાં દોષનું માપ ચાર પ્રસ્થ હોવું જોઈએ.' એવો ચરકનો અભિપ્રાય છે. છતાં આ કાશ્યપસંહિતામાં ૨, ૩ અને ૪ વેગોની જે સંખ્યા કહી છે, તે બાળકોને ઉદ્દેશી કહી છે; એથી અધિક વિરેચનવેગો જો આવે તો વિરેચનનો અતિયોગ થયો ગણાય છે; એવો જો અતિયોગ થાય તો તેના ઉપચારો પણ ધૂમપાન સિવાય વમનના અતિયોગમાં જે કહ્યા છે તે બધા કરવા. ૧૧

અહીં આ વિષે આ શ્લોકો મળે છે:

तत्र श्लोकाः—

पित्तान्तं वमनं कुर्यात् कफान्तं च विरेचनम्।
स्वयं चोपरतं श्रेष्ठमनाबाधं त... .....॥

છેવટે પિત્ત બહાર આવે ત્યાં સુધી વમન કરવું અને છેલ્લે કફ બહાર આવે ત્યાં સુધી વિરેચન કરવું જોઈએ; એ વમન તથા વિરેચન સ્વયં–આપોઆપ–પોતાની મેળે જ બંધ થઈ જાય તે શ્રેષ્ઠ હોઈ અનાબાધ–એટલે કે કોઈ પણ ઉપદ્રવથી રહિત કહે-

વાય છે–અર્થાત્ આપોઆપ બંધ થઈ ગયેલ શ્રેષ્ઠ વમન કે વિરેચનથી છેલ્લે કોઈ ઉપદ્રવ થતો નથી. ૧૨

વિવરણ : ચરકે પણ આ સંબંધે સિદ્ધિ-સ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'પિત્તાન્તમિષ્ટં વમનં વિરેકાદર્ધં કફાન્તં ચ વિરેકમાહુઃ।' વૈદ્યો કહે છે કે, જેમાં પિત્ત છેલ્લું બહાર આવે તે વમન ઇષ્ટ હોઈ ઉત્તમ પ્રકારનું ગણાય છે અને તેનું પ્રમાણ વિરેચનથી અર્ધું હોય છે. તેમ જ જે વિરેચનમાં છેલ્લો કફ બહાર આવે છે, તે વિરેચન પણ ઇષ્ટ–ઉત્તમ ગણાય છે. એકંદર ઉત્તમ પ્રકારની શુદ્ધિ થઈ ગયા પછી વમન તથા વિરેચનના વેગો આપોઆપ રોકાઈ જાય છે, તેથી એ રોગીને એવો વમન–વિરેચનનો યોગ કષ્ટકારક થતો નથી; એ સિવાય તો વમન કે વિરેચન ચાલુ રહેતાં તે બન્નેનો અતિયોગ થયો ગણાય છે. આ સંબંધે પણ ચરકે સૂત્રસ્થાનના ૧૫ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'काले प्रवृत्तिरनतिमहती व्यथा यथाक्रमं दोषहरणं स्वयं चानवस्थानमिति योगलक्षणानि भवन्ति।' જે વમન–વિરેચન પ્રયોગમાં યોગ્ય સમયે વેગોની પ્રવૃત્તિ થાય, બહુ જ ઓછા પ્રમાણમાં પીડા થાય, દોષો પણ બરાબર અનુક્રમે બહાર આવે અને વેગો આપોઆપ આવતા બંધ થાય, એ વમન–વિરેચનના સમ્યગ્યોગનાં લક્ષણો થાય છે. વળી વમનમાં દોષો જે બહાર આવે છે, તેઓનો ક્રમ પણ ચરકે સિદ્ધિસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહેલ છે; જેમ કે 'क्रमात्कफः पित्तमथानिलश्च यस्यैति सम्यग्वमितः स इष्टः।' 'प्रातिश्च विट्पित्तकफानिलानां सम्यग्विरिक्तस्य भवेत् क्रमेण।' જે માણસને વમનકારક ઔષધ પાયું હોય, તેને વમનમાં અનુક્રમે પહેલો કફ, તે પછી પિત્ત અને તે પછી વાયુ બહાર આવે તો સમજવું કે એ માણસને વમનપ્રયોગનો સમ્યગ્ યોગ થયો છે.' સુશ્રુતે પણ ચિકિત્સા-સ્થાનના ૩૩ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે–एवं विरेचने मूत्रपुरीषपित्तौषधकफाः। વિરેચન–ઔષધ અપાયું હોય અને તેમાં એનો જો સમ્યગ્યોગ થાય ત્યારે પ્રથમ મૂત્ર, તે પછી પુરીષ–વિષ્ઠા, તે પછી પિત્ત, તે પછી ઔષધ અને તે પછી કફ–અનુક્રમે બહાર આવે છે; એમ વિરેચનમાં છેલ્લો કફ નીકળ્યા પછી તે વિરેચનના વેગો આપોઆપ બંધ થઈ જાય છે.' એકંદર વિરેચનમાં પહેલું મૂત્ર આવ્યા પછી પિત્ત પ્રથમ આવે છે અને છેલ્લે કફ બહાર નીકળે છે. એમ આમાશય ખાલી થઈ જાય એટલે વમન તથા વિરેચન–બન્નેના વેગોની આખરે વાયુ બહાર આવે છે; પરંતુ એમ અંતે વાયુ તો સ્વાભાવિક રીતે બહાર નીકળે જ છે; તેથી તેની દોષોમાં ગણતરી કરાતી નથી. એ જ કારણે ચરકે સૂત્રસ્થાનમાં વાયુનો નિર્દેશ જોકે પ્રથમ કર્યો છે, તો પણ આ કાશ્યપસંહિતામાં તથા ચરકના સિદ્ધિસ્થાનમાં વમનને 'પિત્તાન્ત' જ કહેલ છે, અને વિરેચનને કફાન્ત જ કહેલ છે. ૧૨

વમન કે વિરેચનના આવેલા વેગો રોકવા નહિ

.....न तु वेगान् विधारयेत् ॥१३॥

વમનના કે વિરેચનના અથવા હરકોઈ મળ–મૂત્રાદિના ચાલુ થયેલા કે પ્રાપ્ત થયેલા વેગોને રોકવા ન જોઈએ. ૧૩

વિવરણ : ચરકે વેગોને રોકવા ન જોઈએ, સંબંધે ખૂબ વિસ્તારથી વર્ણન કર્યું છે. ચરક-સંહિતામાં 'न वेगान् धारणीय' નામનો આખો એક અધ્યાય સૂત્રસ્થાનમાં તેમણે લખ્યો છે; જેમાં વેગોને રોકવા માટેનો નિષેધ કરાયો છે; તેમ જ વેગોને રોકવાથી થતા રોગો કે ઉપદ્રવોનું પણ વર્ણન કરી તેઓની ચિકિત્સા પણ લખી છે; જેમ કે ચરકે સૂત્રસ્થાનના ૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–' न वेगान्धारयेद्धीमाञ्जातान्मूत्रपुरीषयोः। न रेतसो न वातस्य न वम्याः क्षवथोर्न च॥ नोद्गारस्य न जृम्भायाः न वेगान् क्षुत्पिपासयोः। नबाष्पस्य न निद्राया निःश्वासस्य श्रमेण च॥ મૂત્રના, વિષ્ઠાના, વીર્યના, વાયુના, ઊલટીના, છીંકના, ઓડકારના, બગાસાંના, ભૂખના, તરસના, આંસુના, નિદ્રાના તથા શ્રમથી થયેલા શ્વાસના પણ આવેલા વેગોને રોકવા નહિ.' અહીં કાશ્યપસંહિતામાં આ વમન તથા વિરેચનનું પ્રકરણ છે, તેથી એ ચાલુ થયેલા વમન તથા વિરેચનના વેગોને નહિ રોકવાનો ઉપદેશ સમજાય છે; તે વેગોને રોકવાથી અનેક રોગો કે ઉપદ્રવો થવાનો સંભવ છે; તે સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'पक्वाशयशिरःशूलं वातवर्चोनिरोधनम्। पिण्डिकोद्वेष्टनाध्मानं पुरीषे स्याद्विधारिते॥ અપાનવાયુનો તથા

વિષ્ઠાનો વેગ આવ્યો હોય કે ચાલુ હોય, તેને જો રોકવામાં આવે તો પડવાશયમાં તથા મસ્તકમાં શૂલ ભોંકાયા જેવી પીડારૂપ શૂલ-રોગ ઉત્પન્ન થાય છે; પગની પીંડીઓમાં ગોટલા ચઢે છે અને પેટનો આફરો પણ થાય છે.' તે જ પ્રમાણે આવેલા કે ચાલુ થયેલા વમનનો વેગ રોકવાથી પણ જે રોગો થાય છે, તેઓને પણ ચરકે ત્યાં આમ જણાવ્યા છે કે-' कण्डूकोठारुचि-व्यङ्गशोथपाण्डूदामयज्वराः । कुष्ठहृल्लासवीसर्पश्छर्दि-निग्रहजाः गदाः ॥ '-આવેલી કે ચાલુ થયેલી ઊલટીને રોકવાથી શરીરે ચળ, કોઢ-ધ્રામડાં, અરુચિ-મોઢા પર ચાઠાં, હાથેપગે સોજો, પાંડુરોગ, જ્વર, કોઢરોગ, મોળ-ઊબકા તથા રતવા-એ રોગો ઉત્પન્ન થાય છે.' ૧૩

બાળકોને સ્વેદન આપવા વિષે

हस्तस्वेदं च शूलेषु बालकानां विधापयेत् ।
षड्वर्षप्रभृतीनां तु पटस्वेदः प्रशस्यते ॥१४॥

બાળકોને શોધનકાળે જો શૂળ પેદા થાય તો તેઓને વૈદ્યે કે ધાત્રીએ પોતાના હાથને અગ્નિથી તપાવી તેનો બાફ કે શેક આપવો જોઈએ; પરંતુ એ બાળક જો છ વર્ષથી અધિક ઉંમરનાં હોય તો કપડાંના ગોટાઓને અગ્નિથી કે તેની વરાળથી તપાવી તેનો સ્વેદ કે શેક કરાય, તે ઉત્તમ હોઈ અતિશય વખણાય છે. ૧૪

વિવરણ : બહુ જ નાનાં બાળકોને વધુ પ્રમાણમાં સ્વેદન કે શેક ન કરાય તે જ વધુ યોગ્ય છે, એ આશયથી અહીં આ શ્લોકના પૂર્વાર્ધમાં નાનાં બાળકોના શૂળમાં હસ્તસ્વેદ એટલે કે વૈદ્યે કે ધાત્રીએ પોતાના હાથને અગ્નિથી તપાવી સ્વેદ અથવા શેક આપવાનો ઉપદેશ કર્યો છે. આ ઉપરથી સ્વેદન કરવા વિષે આવું પૂર્ણ જ્ઞાન હોવું જોઈએ કે બાળકને કેટલા પ્રમાણમાં સ્વેદ કે શેક કરી શકાય છે; બે હાથને ગરમ કરી જે સ્વેદ અપાય છે તેથી સ્વેદનું પૂર્ણ નિયંત્રણ કરી શકાય છે-અમુક બહુ જ ઓછા પ્રમાણમાં સ્વેદ અથવા શેક કરી શકાય છે; આ જ અભિપ્રાયથી આ કાશ્યપસંહિતાના સૂત્રસ્થાનના ૨૩ મા સ્વેદા-ધ્યાયમાં ચાર મહિના સુધીની ઉંમરનાં નાનાં બાળકોને હસ્તસ્વેદ જ આપવા વિષે કહેવામાં આવ્યું છે; જેમકે **जातस्य चतुरो मासान् हस्तस्वेदं प्रयोजयेत् । अप्रमादी निवातस्थो विधूमाग्न्यूष्मणा शनैः ॥ निवर्तमाने बालस्य सौकुमार्ये यथाक्रमम् । प्रवर्तमाने काठिन्ये तेषां स्वेदं प्रवर्धयेत् ॥**-જે બાળક ચાર મહિના સુધીની ઉંમર-નું હોય તેનામાં કોમળતા વધુ હોય છે, તે કારણે તે બાળક વધુ પ્રમાણમાં સ્વેદ કે શેક સહી શકે નહિ, એ જ કારણે તેટલી ઉંમરનાં બાળકને સ્વેદ કે શેક આપવાની જરૂર જણાય તો વૈદ્ય કે તેની માતાએ તેને હસ્તસ્વેદ આપવો જોઈએ; એટલે કે પ્રમાદ કે ગફલત રાખ્યા સિવાય વાયુરહિત પ્રદેશમાં બેસી નિર્ધૂમ અગ્નિની ગરમીથી પોતાનો હાથ તપાવી તે દ્વારા ધીમે ધીમે તે બાળકને હસ્તસ્વેદ કે હાથની ગરમીનો શેક કરવો જોઈએ; પરંતુ એ બાળક જેમ જેમ મોટી ઉંમરનું થતું જાય અને તેનામાં રહેલી કોમળતા જેમ જેમ ઓછી થતી જાય અને તેનામાં જેમ જેમ કઠિનતા પ્રાપ્ત થતી જાય, તેમ તેમ તે બાળકને અધિક સ્વેદ કરી શકાય છે. એટલે કે કપડાંના ગોટાઓ કરી તેઓને તપાવીને તે જ દ્વારા વસ્ત્રસ્વેદ કરી શકાય છે. એમ બાળકની ઉંમર વધતી જાય તેમ તેઓને સ્વેદનું પ્રમાણ પણ વધારી શકાય છે. ૧૪

વમન તથા વિરેચનનો અયોગ અને અતિયોગ થવાનાં કારણો

अथ खल्वतिबृंहणादतिरौक्ष्यादतिकार्श्यादति-मांसमेदो..... (ऽ)त्यल्पौषधत्वादौषध-स्यातिघनत्वादतिद्रवत्वादत्युष्णत्वादतिशीतत्वाद-तिमधुरत्वादतिकटुत्वादतिलवणत्वादतिकषाय-त्वादत्यम्लत्वादतिक्षारत्वादतिवीभत्सरूपरसगन्ध-(त्वात्)..... ...स्य पीतौषधस्य वा प्रचलायतः प्रस्वपतोऽन्यमनसः शीतवातशीतगृह-शीतोदकशीताम्बरोपसेवनादुपानत्पादुकाग्निवर्ज-नाद्वेगविधारणाद्वेगप्रेरणात्... ..(वमनविरेच)-नौषधानां दुर्योगातियोगावुत्पद्येते; तयोर्लक्षणा-नि भवन्ति—आध्मानप्रतिश्यायविबन्धहृदयोप-ग्रहशूलपरिकर्तिकाच्छर्दिशिरोग्रहप्रवाहिकाहिक्का-श्वासकासतालुशोषकण्ठ..... ..... (मुखवै)-रस्यनिष्ठीविकोरोघातज्वरविषादस्रोतोमलप्रादु-र्भावा दुर्योगलक्षणोपद्रवाः । श्रमदौर्बल्यविषाद-मोहस्मृतिश्रोत्रभ्रंशवाक्तनुत्वविप्रलापजीवादान-पक्वाशयशूलाप्लवन..... ..... मुखहृदयशोष-मन्यापार्श्वाक्षेपहृदयकम्पकेशमुखाङ्गरूक्षताकटि-बस्तिवङ्क्षणशूलमेढ्रदाहगुदशूलपाकभ्रंशातीसारो-रुकम्पजानुघातजङ्घावा ....च महागदा

अतियोगादुत्पद्यन्ते ॥ १५ ॥

માણસમાં વધુ પ્રમાણમાં બૃંહણ કે પુષ્ટતા થઈ હોય અથવા વધુ પ્રમાણમાં રૂક્ષતા કે લખાપણું થઈ ગયું હોય; અથવા વધુ કૃશતા થઈ હોય કે વધુ માંસ કે મેદ થઈ ગયેલ હોય તે કારણે; તેમ જ વમનનું કે વિરેચનનું ઔષધ ઘણા ઓછા પ્રમાણમાં અપાયું હોય તેમ જ એ ઔષધ ઘણું ઘન કે ઘટ્ટ રખાયું હોય અથવા વધુ દ્રવ કે પ્રવાહી રાખી તે અપાયું હોય; અથવા તે ઔષધ જો ઘણું ઉષ્ણ કે ગરમ અપાયું હોય કે વધુ શીતળ અપાયું હોય; તેમ જ એ ઔષધ જો વધુ મધુર અપાયું હોય; કે વધુ કટુ–તીખું, ઘણું લવણ–ખારું, વધુ કષાય–તૂરું, વધુ અમ્લ–ખાટું, વધુ ક્ષારયુક્ત કે વધુ પડતું બીભત્સ–રૂપ, રસ તથા ગંધથી યુક્ત હોઈ કંટાળો કે સૂગ ઉપજાવે એવું ઔષધ જો અપાયું હોય; અને તે જ પ્રમાણે એવા પ્રકારનો ખોરાક જો અપાયો હોય; અથવા પીધેલું ઔષધ પોતાના યોગ્ય સ્થાને પહોંચ્યા વિના પ્રચલિત થઈ આડું અવળું ચાલ્યું ગયું હોય; અથવા તે ઔષધને પીતાં પીતાં રોગી ખૂબ ચાલતો હોય એટલે ખૂબ ચાલતાં ચાલતાં એણે તે ઔષધ પીધું હોય; કે તે વમનકારક અને વિરેચનકારક ઔષધ લેતી વેળા તેની યોગ્યતા ધરાવતો રોગી અતિશય નિદ્રામાં આવ્યો હોય કે ઊંઘ આવવાથી ઝોકાં ખાતો હોય કે અર્ધોન્મત્ત અવસ્થામાં હોય અને તે વેળા તેણે તે વમનનું કે વિરેચનનું ઔષધ પીધું હોય; અથવા તે ઔષધનું સેવન કરતી વેળા કે પાન કરતી વખતે એ રોગીનું મન જો બીજા વિષયમાં લાગ્યું હોય; અથવા તે ઔષધનું પાન કરતી વેળા શીતળ વાયુ વાતો હોય કે જે ઘરમાં તે ઔષધ પીવાય તે ઘર શીતળ હોય; અથવા તે ઔષધનું સેવન શીતળ પાણી સાથે કરવામાં આવે; અથવા એ ઔષધના સેવનકાળે આકાશપ્રદેશ કે ખુલ્લી જગ્યા શીતળ હોય અને તે પ્રદેશમાં ઔષધનું સેવન કર્યું હોય કે શીતળ કપડાં પહેરીને તે વમન–વિરેચનનું ઔષધ પીધું હોય તે કારણે; અથવા એ વમન–વિરેચનનું ઔષધ સેવ્યા કે પીધા પછી પગરખાં કે પાદુકા પહેરી લેવાં જોઈએ છતાં તેનો ત્યાગ કર્યો હોય કે તે ઔષધપાન કર્યા પછી તરત અગ્નિનું સેવન કરવું જોઈએ, છતાં તે અગ્નિસેવન કરવામાં ન આવે તો; અથવા તે ઔષધપાન કરતી વેળા મળમૂત્રાદિનો વેગ આવ્યો હોય તેને રોકવામાં આવે કે એ વેગ આવ્યો ન હોય છતાં તે વેગ લાવવાની પ્રેરણા કરાય કે બળ કરી વેગ લાવવાનો પ્રયત્ન કરાય તો તેથી પણ એ વમનનાં કે વિરેચનનાં ઔષધોનો દુર્યોગ અથવા અયોગ કે મિથ્યાયોગ અથવા અતિયોગ ઉત્પન્ન થાય છે. એમ તે વમનનો તથા વિરેચનનો જે અયોગ તથા અતિયોગ થાય ત્યારે તેનાં લક્ષણો આ પ્રમાણે થાય છે; જેમ કે એમ થયેલા તે અયોગ કે અતિયોગથી અધ્માન–પેટનો આફરો, પ્રતિશ્યાય–સળેખમ, વિબંધ–મળબંધ કે કબજિયાત, હૃદયનો ઉપગ્રહ–ગ્લાઈ જવું; શૂળ ભોંકયા જેવી પીડા થવારૂપ શૂળરોગ, પરિકર્તિકા એટલે કે ગુદામાં કે પેટમાં જાણે વઢાતું હોય તેવી વાઢરૂપ વેદના, ઊલટી, શિરોગ્રહ–માથું ગ્લાઈ જવું, પ્રવાહિકા–મરડાનો રોગ, હેડકી, શ્વાસરોગ, કાસ–ઉધરસ, તાળવાનું સૂકાવું, કંઠ–ગળાનું તથા મોઢાનું વૈરસ્ય–બેસ્વાદ થવાપણું, વારંવાર થૂંકવું પડે તે નિષ્ઠીવિકારોગ, ઉરોઘાત–છાતી બેસી જવી, જ્વર, વિષાદ–માનસિક ખેદ રહ્યા કરે અને સ્રોતોમાં મળ પ્રકટે–એટલા રોગો કે ઉપદ્રવો, વિરેચન કે વમનના દુર્યોગ–અયોગ કે મિથ્યાયોગથી ઉત્પન્ન થાય છે; તેમ જ અનાયાસ શ્રમ–એટલે પરિશ્રમ કર્યા વિના થાક જણાય, શરીરમાં

દુર્બળપણું થાય, મનમાં વિષાદ–ખેદ થાય, સ્મૃતિભ્રંશ એટલે કે સ્મરણશક્તિનો નાશ થાય, મતિભ્રંશ કે બુદ્ધિની ભ્રષ્ટતા થાય–બુદ્ધિથી કંઈ જ ન સૂઝે, વાણી ધીમી કે ઓછી થઈ જાય–બરોબર બોલી ન શકાય, વિપ્રલાપ–બહુ જ બકવાદ ચાલે, જીવાદાન–જીવતું શુદ્ધ લોહી ગુદામાર્ગે બહાર નીકળે, પક્વાશયમાં શૂળ ભોંકાતું હોય એવી વેદના થાય, હૃદય ધડકવા માંડે, મુખશોષ–મોઢું સૂકાયા કરે, હૃદયશોષ–હૃદય સૂકાયા કરે, મન્યા નામની ગળાની નાડીનો આક્ષેપ થાય–ખેંચાય, પાર્શ્વ–આક્ષેપ–પડખાં ખેંચાય, હૃદયકંપ–હૃદય કંપે, કેશમાં રૂક્ષતા–લૂખાપણું, મુખમાં રૂક્ષતા શરીરનાં બધાં અંગોમાં પણ રૂક્ષતા જણાય; કેડમાં શૂળ, બસ્તિ–મૂત્રાશયમાં શૂળ અને 'વંક્ષણ' નામના સાંધામાં પણ શૂળ નીકળે–જાણે કે તે તે સ્થળે શૂળ ભોંકાતું હોય એવી વેદના થાય; મેઢ્ર–પુરુષચિહ્ન–લિંગમાં દાહ થાય, ગુદામાં શૂળ ભોંકાતું હોય તેવી વેદના થાય, ગુદા પાકે, ગુદાનો ભ્રંશ–પોતાના સ્થાનેથી ખસી જાય; અતિસાર–ખૂબ પાતળા ઝાડા થાય, ઉરુકંપ–સાથળો કંપે, જાનુઘાત–ઢીંચણોનો ઘાત–જાણે કે ઢીંચણો ભાંગી પડ્યા હોય તેમ નકામા થઈ જાય અને જંઘાઘાત–જાંઘો પણ નાશ પામી હોય તેવી નકામી થઈ જાય–ઇત્યાદિ મોટા રોગો વમન કે વિરેચનના અતિયોગથી ઉત્પન્ન થાય છે. ૧૫

વિવરણ : ચરકે પણ સૂત્રસ્થાનના ૧૫ મા અધ્યાયમાં વમનના અતિયોગનાં તથા અયોગનાં લક્ષણો આમ એકત્ર જ કહ્યાં છે; જેમ કે–तत्रातियोगायोगनिमित्तानिमानुपद्रवान् विद्यात्, आध्मानं परिकर्तिका परिस्रावो, हृदयोपसरणमङ्गग्रहो जीवादानं विभ्रंशः स्तम्भः क्लम उपद्रवा इति–તેમાં એટલે કે વમન કે વિરેચનમાં અતિયોગ કે અયોગ–દુર્યોગ અથવા મિથ્યાયોગ થાય તો આ ઉપદ્રવો થાય છે, જેવા કે આધ્માન–પેટનો આફરો, પરિકર્તિકા–પેટમાં કે ગુદામાં જાણે વાઢ થતી હોય એવી પીડા, મોઢામાંથી કે ગુદામાંથી કફ ઝર્યા કરે, હૃદયનું ઉપસરણ–આમતેમ ખસી જવું કે ખૂબ જ ફરકવું થાય, અંગોનું ઝલાઈ જવું થાય, જીવાદાન–જીવતું લોહી ગુદા દ્વારા બહાર નીકળે, વિભ્રંશ–શરીરના અવયવો કે ગુદા પોતાના સ્થાનેથી ભ્રષ્ટ થઈ ખસી જાય, સ્તંભ એટલે કે શરીરના અવયવો થંભી–સજ્જડ થઈ જાય અને ક્લમ એટલે કે ગ્લાનિ કે અનાયાસશ્રમ અથવા પરિશ્રમ વિના થાક જણાય–એ ઉપદ્રવો થાય છે.' એ જ પ્રમાણે ચરકે સિદ્ધિસ્થાનના ૬ ઠ્ઠા અધ્યાયમાં પણ વમન–વિરેચનના અયોગ તથા અતિયોગના ઉપદ્રવો કહ્યા છે. ૧૫

વમનથી વિરેચન અને વિરેચનથી વમનરૂપ વિપર્યય

वमनं च विरेकाय, विरेको वमनाय च ।
यदा भवति तं प्राहुरतियोगविपर्ययम् ॥ १६ ॥

જે વેળા વમન ઔષધ વિરેચન કરે અને વિરેચન ઔષધ વમન કરે, ત્યારે વૈદ્યો અતિયોગના કારણે જ તે વિપર્યય–ઊલટા-સૂલટી ફેરફાર થયેલા કહે છે.

વિવરણ : આ સંબંધે પણ ચરકે સિદ્ધિસ્થાનના ૬ ઠ્ઠા અધ્યાયમાં આમ કહ્યું છે કે–श्लेष्मोत्क्लिष्टेन दुर्गन्धमहृद्यमति वा बहु । विरेचनमजीर्ण च पीतमूर्ध्वं प्रवर्तते ॥ क्षुधार्तमृदुकोष्ठाभ्यां स्वल्पोत्क्लिष्टकफेन वा । तीक्ष्णं पीतं स्थितं क्षुब्धं वमनं स्याद्विरेचनम् ॥ જે માણસમાં કફનો ઉછાળો થયો હોય–એટલે કે બહાર નીકળવા માટે કફ ઉછાળા મારી રહ્યો હોય, તેણે જો વિરેચનઔષધ પીધું હોય; અથવા હૃદયને પ્રિય થાય તેવું ન હોય અથવા જે વિરેચનઔષધ વધુ પ્રમાણમાં પીવાયું હોય અથવા જે વિરેચનઔષધ અજીર્ણમાં પીવાયું હોય તે (ઔષધ) ઊર્ધ્વમાર્ગે પ્રવૃત્તિ કરે છે એટલે કે વિરેચનરૂપે નીચેના માર્ગે પ્રવૃત્તિ કરી ન શકે, પણ ઊંચેના કે ઉપરના જ માર્ગે પ્રવૃત્તિ કરે છે, તેથી વમનકારક થાય છે, પણ વિરેચનકારક થતું નથી.' તે જ પ્રમાણે જે વમનકારક ઔષધ ભૂખ્યા પીડાયેલાએ પીધું હોય કે કોમળ કોઠાવાળાએ પીધું હોય; અથવા જે વમનકારક ઔષધ, થોડા પ્રમાણમાં બહાર નીક-

ળવા ઉછાળા મારતા કફથી યુક્ત માણસે પીધું હોય તેમ જ જે વમનકારક ઔષધ પીધું હોય તે તીક્ષ્ણ હોઈ ક્ષોભ પામીને કોઠામાં રહ્યું હોય તે પણ વમનકારક હોવા છતાં વિરેચનકારક થાય છે.' ૧૬

વિરેચન ઔષધ વિષે જાણવા જેવું

क्रूरकोष्ठोऽनुपस्निग्धोऽल्पेनौषधेन मृदुना... ...(प्रति)श्यायानाहकफप्रसेकाः। सश्लेष्मणि-ज्वरेऽतीसारे चौषधं कुर्वतो विबन्ध उत्पद्यते मृद्वल्पौषधेन वा। अतिविस्रंसनाद् गुदभ्रंशानिलप्रकोपसंज्ञानाश .....

(परि)कर्तिकाः। स्नेहस्वेदहीनस्याजीर्णे पिबतश्चौषधं प्रवाहिकाशूलच्छर्दिहिक्काध्मानश्वासकासारोचकहृल्लासग्रहाः। अतिस्निग्धस्य शूलतन्द्रीनिद्रागुदस्रावशिरो... ..... दाहोष्ठसंवेद्याग्निसादयक्ष्माणः। वेगविधारणादोषत्रयप्रकोपश्चाल्पजीवादानोन्मादभ्रमाः। स्नेहस्वेदोपपन्नं मृदुकोष्ठमपि बहुनौषधेन य उपक्रमते तस्यौषधं जीवादानाय (संपद्यते)..... गुणमवाप्नोत्यनिलं चास्य प्रकोपयति; स प्रकुपितः प्रलापोन्मादहिक्काश्वासकासतालुशोषतृष्णाशूलबाधिर्यवाग्ग्रहबीजोपघाततिमिरपुष्पोपघाताय-(संपद्यते) ..... मतिलवणमतिकषायमतिप्रतान्तकालमनुदीरितमवशेषितमौषधं वमनीयमुपकल्पितमस्य विरेचनाय संपद्यते। अजीर्णे सश्लेष्मणि वाऽतिद्रवमतिशीत .....यतो वा विरेचनं वमनाय संपद्यते; तमौषधविपर्ययमाचक्षतेऽतियोगं च। स्नेहनिरूहयोश्चोर्ध्वभावं च दोषाणां मन्दप्रवृत्तिर्दुर्योगोऽप्रवृत्तिरयोगः। तयो ..... शोध(न)-मिष्यते निरूहो वा। त(द)स्य परिकर्तिकाध्मानपरिस्रावाटोपशूलनिद्रातिविषादरोगोपशमाय भवति। त्रिफलाचित्रकोरुपूगदन्तीश्यामासिद्धं चैनं घृतं पाययेत् प्रयोगेण; (अथवा जीवनीयौषधसिद्धं सर्पिस्तैलं पयो वा बस्तिना दद्याद् विबन्धाटोपशूलपरिस्रावप्रवाहिकामारुतोपशान्तये)..... .....त्रिफलाकाश्मर्यमृद्वीकागन्धत्वङ्मूलस्थृतं वा पयो विबन्धपरिस्रावयोर्वस्तौ प्रशस्यते। गन्धर्वतैलं चास्यानुवासने प्रशस्यते सर्वानिलामयोपशमनं सिद्धं वा गन्धर्वकषायेण हिङ्गुदारु ..... दारुबिल्वशालाटुपथ्यापूतिककल्केनाम्लकाञ्जिकयोपसिद्धेन पूर्ववदेवानुवासनं सर्वोपद्रवशमनमाहुरेतद्गन्धर्वतैलमित्युच्यतेऽनुवासनीयमिति ॥१७

જે માણસનો કોઠો ક્રૂર કે કઠણ હોય તેણે સ્નેહનથી સ્નિગ્ધ થયા વિના અલ્પ પ્રમાણમાં કોમળ વિરેચન ઔષધ પીધું હોય તે માણસને પ્રતિશ્યાય-સળેખમ, આનાહ-મળબંધ તથા પ્રસેક-મોઢેથી લાલાસ્રાવ થાય છે (પણ વિરેચન થતું નથી); વળી કફયુક્ત જ્વરમાં તથા અતિસાર-ઝાડાના રોગમાં (વિરેચનકારક) ઔષધ પ્રયોગ જો કરે તો તેને વિબન્ધ-મલબંધ અથવા ઝાડાની કબજિયાત થઈ જાય છે; અથવા કોમળ વિરેચનકારક ઔષધને થોડા પ્રમાણમાં જે સેવે તે માણસને પણ વિબંધ કે મલબંધ એટલે કે ઝાડાની કબજિયાત થઈ જાય છે, તેમ જ જે માણસ, અતિશય વધુ પ્રમાણમાં વિરેચન ઔષધ સેવે તો તેથી ગુદાનો ભ્રંશ એટલે પોતાના સ્થાનેથી ગુદાનું ખસી જવું, વાયુનો પ્રકોપ સંજ્ઞાનો નાશ તથા પેટમાં તથા ગુદામાં પરિકર્તિકા-વાઢ થાય છે; માણસે પ્રથમ સ્નેહનું તથા સ્વેદનું સેવન કર્યું ન હોય તેમ જ જેને આગલા દિવસનું અજીર્ણ હોય છતાં વિરેચનઔષધ જે પીએ છે, તે માણસને પ્રવાહિકા-મરડો, શૂલરોગ, ઊલટી, હેડકી, આધ્માન-આફરો, શ્વાસ, કાસ-ઉધરસ, અરોચક, હૃલ્લાસ-મોળ-ઉબકા તથા હૃદયગ્રહ કે હૃદયનું ઝલાવું થાય છે; જે માણસ વધુ પ્રમાણમાં સ્નેહન સેવીને ખૂબ સ્નિગ્ધ થયો હોય તેણે એ વિરેચન-ઔષધ પીધું હોય તો તેને શૂલ, તન્દ્રા-નિદ્રા જેવું ઘેન, નિદ્રા, ગુદામાંથી સ્રાવ, માથામાં દાહ, ગુદાના હોઠનું ચીંટાઈ જવું, જઠરાગ્નિની મંદતા અને યક્ષ્મન્-ક્ષયરોગ થાય છે. આવેલા કે ચાલુ થયેલા મળ-મૂત્ર આદિના વેગોને રોકવાથી ત્રણ દોષોનો પ્રકોપ, થોડું જીવાદાન એટલે જીવતું લોહી

થોડા પ્રમાણમાં બહાર નીકળે, ઉન્માદ-ગાંડપણ તથા ભ્રમ-ચકરીનો રોગ થાય છે; જે માણસે સ્નેહન તથા સ્વેદન સેવ્યું હોય, પણ તેનો કોઠો કોમળ હોય છતાં તેને વધુ પ્રમાણમાં વિરેચન ઔષધ આપીને જે વૈદ્ય ઉપચાર કરે છે, તેને એ (ગુદામાર્ગે) જીવાદાન એટલે કે જીવતું લોહી કાઢનાર થાય છે; જોકે તે માણસ એ ઔષધનો ગુણ મેળવે છે. તોપણ તેના વાયુને તે કોપાવે છે; એમ તેનો વાયુ કોપ્યો હોય તે પ્રલાપ-એટલે વધુ પડતો બકવાદ, ઉન્માદ-ગાંડપણ, હેડકી, શ્વાસ, કાસ-ઉધરસ, તાળવાનો શોષ-સૂકાવું, તૃષ્ણા-વધુ પડતી તરશ, શૂલ, આધ્માન-બહેરાપણું, વાગ્ગ્રહ-વાણીનું ઝલાવું, બીજ કે વીર્યનો નાશ, આંખનો તિમિરરોગ તથા (સ્ત્રીમાં) પુષ્પ-આર્તવનો પણ નાશ કરે છે.

જે વમનકારક ઔષધ સેવ્યું હોય તે જો ઘણું લવણ-ખારું, અત્યંત કષાય-તૂરું, લાગટ ઘણીવાર જેનો પ્રયોગ કર્યો હોય એવું અને જેણે ઉદ્દીરણા એટલે ઊંચી ગતિ કરી જ ન હોય તેવું વમનીય ઔષધ જે બાકી રહી ગયું હોય તે વમનયોગ્ય રોગીને ઊલટું વિરેચનકારક થાય છે. વળી જે વિરેચનકારક ઔષધ અજીર્ણમાં સેવ્યું હોય તેમ જ શ્લેષ્મયુક્ત કોઠામાં જે વિરેચનીય ઔષધ પહોંચ્યું હોય અથવા જે વિરેચનીય ઔષધ અતિશય પ્રવાહી અને અત્યંત શીતલ હોય તે ઔષધ વિરેચન ન ઉપજાવીને ઊલટું વમનકારક થાય છે; એવા તે ઉપર્યુક્ત ઔષધને વૈદ્યો ઔષધ-વિપર્યય કે અતિયોગ જ કહે છે.

સ્નેહયોગ-અનુવાસન બસ્તિ અને નિરૂહ-આસ્થાપન બસ્તિ-એ બંને જો ઊર્ધ્વભાવ કરે એટલે કે પાછી વળવી જોઈએ છતાં જો પાછી ન વળે પણ ઊંચે ગતિ કરે તો દોષોની પ્રવૃત્તિ મંદ થાય છે, તેથી તેને જ તેઓનો દુર્યોગ એટલે કે અપ્રવૃત્તિ થયેલી હોઈને અયોગ કે મિથ્યાયોગ થયેલો કહે છે; એમ ઔષધનો અયોગ કે અતિયોગ થયો હોય ત્યારે તે બન્નેના ઉપચાર તરીકે શોધન ઔષધ જ ફરી આપવું અથવા નિરૂહ-આસ્થાપન બસ્તિ આપવી જોઈએ; તેથી એ રોગીના પરિકર્તિકા-વાઢરોગની, પેટના આફરાની, પરિસ્રાવ-લાલાસ્રાવ કે ગુદસ્રાવની, આટોપ-પેટ ચડવું હોય કે તંગ થયું હોય તેની, શૂલરોગની, વધુ પડતી નિદ્રાની, તથા અતિવિષાદ કે ઘણો જ ખેદ થયો હોય તે રોગની પણ શાંતિ થાય છે. વળી તે રોગીને ત્રિફલા, ચિત્રક, એરંડમૂલ, નેપાળો તથા શ્યામા-કાળા નસોતરનું ચૂર્ણ નાખી પકવેલું ઘી પ્રયોગની દૃષ્ટિએ પાવું જોઈએ. અથવા જીવનીય ઔષધ-દ્રવ્યોથી પકવેલું ઘી, તેલ કે દૂધ બસ્તિ-દ્વારા આપવું જોઈએ. તેથી પણ તેના વિબન્ધ-મળબંધની, આટોપ-પેટ ચડવાની, શૂળની, પરિસ્રાવ-લાલાસ્રાવ કે ગુદસ્રાવની, પ્રવાહિકા-મરડાની તથા વાયુની પણ શાંતિ થાય છે; અથવા તે (અયોગ અથા અતિયોગવાળા) રોગીને વિબન્ધ કે મલબંધમાં તથા પરિસ્રાવમાં ત્રિફલા, કાશ્મર્ય-ગાંભારીફલ, દ્રાક્ષ, ગંધપાષાણનાં મૂળ કે છાલ નાખી ઉકાળેલું દૂધ બસ્તિ દ્વારા જો આપ્યું હોય તો તે પણ વખણાય છે; અથવા એ રોગીને એરંડમૂલના ક્વાથમાં પકવેલું એરંડતૈલ, અનુવાસનબસ્તિ દ્વારા જો આપ્યું હોય તો તેના બધાય વાયુના રોગનું શમન કરનાર થાય છે; અથવા હિંગ, દેવદાર, દારુહળદર, કાચાં બિલ્વ-ફલ-બીલાં, હરડે અને પૂતિકરંજ કે લતા-કરંજનો કલ્ક બનાવી તે કલ્ક સાથે ખાટાં દ્રવ્ય તથા ખારી કાંજીમાં પકાવેલું તેલ

પણ પહેલાંની જેમ અનુવાસનબસ્તિ દ્વારા તે રોગીને આપ્યું હોય તો તેના બધાયે ઉપદ્રવોને તે શમાવે છે, એમ વૈદ્યો કહે છે; આ તૈલને પણ વૈદ્યો ગંધર્વતેલ કહે છે અને તે અનુવાસન બસ્તિ દ્વારા પ્રયોગ કરવા યોગ્ય છે. ૧૭

અહીં આ સંબંધે આ શ્લોકો મળે છે:

तत्र श्लोकाः—

.....।

...मानस्य तथाऽतिमात्रं शीताम्भसा लेहनमेव पथ्यम् ॥

तथोभयोः शीतकषायपान.....
घृतेन चैनं सशिरस्कमाशु दिग्धं सुशीतेन जलेन सिञ्चेत्। पादौ च धाव्यौ शिशिरो(दकेन)...
.....ष्टः ॥१८

વમનના કે વિરેચનના બન્ને વેગોનો જ્યારે અતિયોગ કે અયોગ થાય ત્યારે તે રોગીને ઉપર્યુક્ત ઔષધદ્રવ્યોને અતિશય શીતળ પાણી સાથે પીસી નાખી તે જ ચટાડી દેવાય તોપણ તે ઘણું પથ્ય–હિતકારી થાય છે; તેમ જ એ ઉપર કહેલ ઔષધદ્રવ્યોનો જ કષાય કે ક્વાથ બનાવી તેને શીતળ થવા દઈ તે પાવામાં આવે તોપણ ઘણું પથ્ય–હિતકારી થાય છે; અથવા તે બન્ને અતિયોગ કે અયોગમાં એ રોગીને મસ્તક સાથે આખાયે શરીર પર ઘી વડે એકદમ માલિસ કરવું અને તે પછી એ રોગી પર ઘણા શીતળ જળથી સિંચન કરવું; ઉપરાંત એ રોગીના બેય પગને શીતળ પાણીથી ધોઈ નાખવા જોઈએ. ૧૮

सकट्फलं पद्मयवासमोचं सकेशरोशीरसमङ्गयुक्तम्। एतैः सुपिष्टैः शिशिराम्बुयुक्तैः कल्कैस्तथा शीतपयोद्रुमाणाम् प्रलिप्यमानं सशिरस्कपादं सं .....॥१९॥
.....श्च शय्याशनपानभोज्यैः।
संस्थापयेदत्ययमाशु विद्वान् गृहं यथा प्रज्वलितैकदेशम् ॥ २० ॥

અથવા કાયફળ, કમળ, જવાસો કે ધમાસો, મોચરસ, નાગકેસર, ઉશીર–વાળો–ખસ અને સમંગા–મજીઠ–એટલાં દ્રવ્યોને શીતળ જળથી સારી રીતે પીસી નાખી તેઓનો કલ્ક બનાવી તેના વડે અથવા શીતળ દૂધવાળાં વૃક્ષોમાં મૂળ કે છાલ અથવા પાંદડાંને શીતળ પાણીથી પીસી નાખી તેના કલ્ક વડે એ મસ્તક સહિત પગના તળિયે ઘટ્ટ લેપન લગાડાય તો તે પણ એ રોગીને શાંતિદાયક થાય છે; ઉપરાંત એ રોગીને શીતળ શય્યા, શીતળ ભોજન, શીતળ પાણી અને શીતળ ખોરાક આપી વિદ્વાન વૈદ્યે તેના સર્વ ઉપદ્રવોને જેમ બળી રહેલા ઘરના એક ભાગને શાંત કરવામાં આવે તેમ શમાવવા જોઈએ. ૧૯,૨૦

द्रव्यैस्तु तैरेव यथोपपत्त्या स्रुते जले छागपयोऽर्धमिश्रे। संस्कृत्य शाल्युत्तमलाजपेयां... ॥
....द्रुते च्छर्दिरुदीर्यते हि।
अल्पाल्पकं चैव विलम्बितं च शीतं कषायं तु पिबेद्विरिक्तम् ॥ २१,२२ ॥

પરંતુ જે રોગીને વમન ઔષધ પાયું હોય અને તેનો જો અયોગ થાય તો ઉપર્યુક્ત ઔષધદ્રવ્યોથી જ યથાયોગ્ય રીતે તૈયાર કરેલા ક્વાથજળમાં બકરીનું દૂધ અર્ધભાગે મિશ્ર કરી તેમાં પકવેલ ડાંગરના ઉત્તમ ધોખાની પેયા બનાવી તે જો પાઈ હોય તો તેથી તરત જ વમન થાય છે; પરંતુ એ વમન જો થોડું થોડું અને ધીમે ધીમે થતું હોય તો તેની ઉપર ઉત્તમ શીતળ કષાય પણ તે રોગીએ પીવો. ૨૧,૨૨

વમનના અતિયોગમાં વિરેચન ચાલુ થાય તો?

फलाम्लवल्कश्च रसाञ्जनं च लोध्रं च तत्तण्डुलवारियुक्तम्। पिबेद्विरेके वमनेन वृद्धे तेनाशु शान्तिं लभते (हि बालः) ॥ २३ ॥

જે માણસને વમનકારક ઔષધ દ્વારા વમન કરાવ્યું હોય, તે દ્વારા જો વિરેચન ઘણું વધી ગયું હોય એટલે કે તેથી ઊલટું જો વિરેચન ખૂબ થવા માંડયું હોય તો ખાટાં ફળોની છાલ, રસાંજન તથા

લોધરને ચોખાના ધોણ સાથે પીસી નાખી તે રોગીએ એ પી જવું; તેનાથી બાળકને પણ તરત જ શાંતિ થાય છે (વિરેચન બંધ થાય છે). ૨૩

વમનનો અતિયોગ કોઠના રસથી પણ મટે

.... નામ્ ।

तत् स्थापनं श्रेष्ठमुदाहरन्ति कपित्थसिद्धश्च रसश्च मध्वा ॥ २४ ॥

ઉપર કહેલ ઔષધથી વમનનો અતિયોગ મટાડવો શ્રેષ્ઠ છે; તેમ જ કોઠાનો રસ સિદ્ધ કરી તેને મધની સાથે ચટાડવાથી વમનનું સ્થાપન શ્રેષ્ઠ પ્રકારે થાય છે, એમ વૈદ્યો કહે છે. ૨૪

વમનના અતિયોગને મટાડનાર
શ્રેષ્ઠ બીજો પ્રયોગ

जम्ब्वाम्रवेतसपयोद्रमाग्रैस्तोयं विपक्वमथ दुग्धमिश्रम् । भूयः श्रृतं प्रवरमाहुरेतत् पाने तथा बस्ति(विधौ प्रयुक्तम्) ॥ २५ ॥

જાંબુ, કાચી કેરી, અમ્લવેતસ તથા ક્ષીરીવૃક્ષોના અગ્રભાગ-ટીશિયોને સમાન ભાગે નાખી પકવેલા પાણીમાં અર્ધું દૂધ મિશ્ર કરી ફરી તે પકવીને જો પીધું હોય અથવા બસ્તિ દ્વારા તેનો જો પ્રયોગ કર્યો હોય તો તે પણ વમનના અતિયોગમાં શ્રેષ્ઠ કામ કરે છે, એમ વૈદ્યો કહે છે. ૨૫

વમનના અતિયોગની શાંતિ માટે વધુ યોગો

.....ઘ્રમોચૌ ।

धातक्यथैतैरुदकं पयो वा श्रृतं यवागूश्च हिताऽतियोगे ? ॥२६॥ मांसानि मुख्यानि च जाङ्गलानि संस्कृत्य यूषाम्रसकापयश्च साज्ये विदद्ध्याद्यतियोगशान्त्यै..... ॥ २७ ॥

ધોળા સરસવ, મોચરસ તથા ધાવડીનાં ફૂલ કે હરડે-એટલાં દ્રવ્યો સમાન ભાગે નાખી પાણી કે દૂધ પકવ્યું હોય અથવા તે પાણી કે દૂધમાં યવાગૂ રાબ તૈયાર કરી જો પીધી હોય તો તે પણ વમનના અતિયોગમાં હિતકારી થાય છે; અથવા મુખ્ય જાંગલ પશુ-પક્ષીઓનાં માંસને સંસ્કારી કરી-પકવીને તેનો યૂષ, આમ્રસકાપયસ અર્થાત્ કાચી કેરીનો ક્વાથરસ તથા દૂધ મિશ્ર કરી પકવીને તેમાં ઘી નાખી તે ઔષધ વમનના અતિયોગની શાંતિ માટે તૈયાર કરવું અને પછી તે રોગીને પાવું. ૨૭

ઉપરના પ્રયોગોથી વિરેચનનો
અતિયોગ મટે

.. .. સી વિરેકો गुदशूलपाकौ ।

उपद्रवाश्चापि न कीर्तिता ये सर्वे शमं यान्ति भवत्यरोगः ॥ २८ ॥

એમ ઉપર જે જે ઉપચારો કે પ્રયોગો કહ્યા છે, તેથી વિરેચનનો અતિયોગ, ગુદાનો પાક, ગુદાનું શૂલ અને બીજા પણ ઉપદ્રવો જે અહીં કહ્યા નથી, તે તે બધાયે મટે છે; અને તેના સેવનથી રોગી રોગરહિત થાય છે. ૨૮

વાતજ શૂલને મટાડનાર પેયા પ્રયોગ

स्वभ्यक्तगात्रस्य तु वातशूले स्वेदं यथायोग्यमुशन्ति वैद्याः ।
पेयां पिबेद्दीपन..... ॥ २९ ॥

વાતજ શૂલમાં રોગીના શરીરને સારી રીતે માલિસથી યુક્ત કરી તેને યથાયોગ્ય સ્વેદન પણ કરાવવું, એમ વૈદ્યો કહે છે; તે પછી એ રોગીએ જઠરાગ્નિને પ્રદીપ્ત કરનારી પેયા પીવી. ૨૯

(इ)ति ह स्माह भगवान् कश्यपः ॥ ३० ॥

એમ ભગવાન કશ્યપે જ ખરેખર કહ્યું હતું. ૩૦

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં સિદ્ધિસ્થાન વિષે
'વમન-વિરેચનીયા સિદ્ધિ' નામનો
અધ્યાય ૩ જો સમાપ્ત

નસ્તઃકર્મીયા સિદ્ધિ : અધ્યાય ૪ થો

अथातो नस्तःकर्मीयां सिद्धिं व्याख्यास्यामः ॥१
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી 'નસ્તઃકર્મીયા સિદ્ધિ' નામના ચોથા અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું, એમ ખરેખર ભગવાન કશ્યપે જ કહ્યું હતું. ૧,૨

વિવરણ : અર્થાત્ આ અધ્યાયમાં નસ્યકર્મ–શિરોવિરેચનનું વર્ણન કરાશે; નાસિકા દ્વારા ઔષધ-પ્રયોગ કરાવી શિરોવિરેચન કરાવાય અને તે દ્વારા શિરોગત–રોગો–મસ્તકના રોગો મટાડાય, તે માટે જ નસ્તઃકર્મ કે નસ્યથી–નાસિકાના માર્ગે ઔષધનું સેવન જે કરાવાય છે, તે અહીં વર્ણવાશે. ચરક પણ આ સંબંધે સિદ્ધિસ્થાનના ૯ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'નસ્તઃકર્મ ચ કુર્વીત શિરોરોગેષુ શાસ્ત્રવિત્ । દ્વારં હિ શિરસો નાસા, તેન તદ્વ્યાપ્ય હન્તિ તાન્ ॥' મસ્તકના જે રોગો થાય છે, તેઓને મટાડવા માટે શાસ્ત્રવેત્તા વૈદ્યે નસ્તઃકર્મ કરવું એટલે કે નાસિકા દ્વારા મસ્તકમાં ઔષધને પહોંચાડી દેવું અને તે દ્વારા મસ્તકના રોગો મટાડવા જોઈએ; કેમ કે નાસિકા મસ્તકનું દ્વાર છે, તેથી એ દ્વારે થઈ ને મસ્તકમાં પ્રવેશેલું ઔષધ મસ્તકમાં થયેલા રોગોનો નાશ કરે છે.' ૧,૨

નસ્યના બે પ્રકારો

शोधनं पूरणं चैव द्विविधं नस्यमुच्यते ॥ ३ ॥

નસ્યને બે પ્રકારનું જ કહેવામાં આવે છે; એક શોધનનસ્ય અને બીજું પૂરણ-નસ્ય–બૃંહણ કહેવાય છે. ૩

વિવરણ : ચરકમાં નસ્યકર્મ દ્વારા ઔષધ-પ્રયોગ જે કરાય છે, તેના પાંચ ભેદો આમ કહ્યા છે–એક નાવન, બીજું અવપીડન, ત્રીજું આધ્માપન કે પ્રધમન, ચોથું ધૂપન કે ધૂમપ્રયોગ અને પાંચમું પ્રતિમર્ષ–એમ પાંચ પ્રકાર કહીને તેના જ આ ત્રણ પ્રકારો પણ આમ કહ્યા છે કે એક રેચન, બીજું તર્પણ તથા ત્રીજું શમન નસ્ય અપાય છે. આ સંબંધે ચરક સિદ્ધિસ્થાનના ૯ મા અધ્યાયમાં આમ કહે છે કે–'एवं तद्रेचनं कर्म तर्पणं शमनं त्रिधा ।'–એમ તે નસ્યકર્મ જે કરાય છે તે રેચન, તર્પણ તથા શમનરૂપ હોઈને ત્રણ પ્રકારે થાય છે. એ રીતે ચરકે, 'તર્પણ' નામે જેને કહ્યું છે, તેને જ અષ્ટાંગસંગ્રહકારે તેના સૂત્રસ્થાનના ૨૯મા અધ્યાયમાં 'બૃંહણનસ્ય' એ નામે કહેલ છે અને આ કાશ્યપસંહિતામાં અહીં તે જ તર્પણ કે બૃંહણ નસ્યને 'પૂરણ' એ નામે કહેલ છે. ૩

શોધન નસ્યપ્રયોગો

कफानिलाधिकत्वे ष.....कवृश्चीकापिप्पलीश्वाकुक्षवकप्रवरकशिग्रुबीजशिरीषबीजापामार्गबीजनक्तमालबीजलसुनबीजमयूरकसैन्धवसौवर्चलवराङ्गत्वग्ज्योतिष्मतीविश्वभेषजाद्यन्यतमं द्वे त्रीणि .....(धौ)तायां दृषदि बीजपूरकस्वरसमूर्च्छितमार्द्रकस्वरसमूर्च्छितं वा तयोर्वाऽन्यतमं क्षौद्रमृद्वीकासंयुतमाढके समवाप्येषदुष्णं कृत्वाऽऽतुराय प्राक्शिरसे शयानायोन्न (तनासाग्राय).....गलधमनीमुखललाटनासिकाशिरःश्मश्रुमुखमन्यादेशानर्हतः स्वेदयित्वा भिषग्भिषगनुमतो वा वामेनाङ्गुष्ठेनावनम्य नासिकाग्रं शिरस्तो भवेद् दक्षिणे..... त्वन्यत्राल्पशोऽल्पशो दत्त्वा श्लेष्माणमाकर्षयेदभीक्ष्णं च हृदयादीनङ्गावयवान् स्वेदयेत् परिमृद्नीयादनु त्वल्पकफप्रसेचनात् । त्रिचतुष्पञ्चकृत्वेति वा.....तः शुष्कचूर्णानि प्रधमनानि जिघ्रतो वस्त्रपुटिकाबद्धानि भवन्ति । क्षौद्रयुतानि त्ववपीडः स्यात् । मुखनासिकयोरलं कफं विघातयतीति परिषत् ॥ ४ ॥

(માથામાં) વાયુ તથા કફની અધિકતા થઈ હોય તો વૃશ્ચિકા–પીઠવણ કે મોટો સમેરવો, પીપર, ઇક્ષ્વાકુ–કડવી તુંબડીનું ફલ, ક્ષવક–નાકછીંકણી, પ્રવરક–અગરનું લાકડું, સરગવાનાં બીજ, શિરીષ–સરસડાનાં બીજ, અઘેડાનાં બીજ, નક્તમાલ–ગરમાળાનાં બીજ, લસણની કળીઓ, અઘેડો, સૈંધવ, સંચળ, વરાંગ–અમ્લવેતસ, તજ, માલકાંકણી અને સૂંઠ–એમાંનાં કોઈ પણ એક બે કે ત્રણ દ્રવ્ય મેળવીને ઘોયેલી પથ્થરની શિલા પર પાણીથી પીસી–લસોટી નાખીને તેમાં બિજોરાનો રસ કે આદુંનો રસ મિશ્ર કરી તે બધાંને મધ તથા દ્રાક્ષથી યુક્ત કરી શંખાકૃતિ પાત્રમાં નાખી થોડું ગરમ કરી લઈ (માથાના રોગીને) પૂર્વ દિશા તરફ માથું રાખી સુવાડીને તેની નાસિકાના અગ્ર ભાગને ઊંચો કરી રાખવો; પછી તે રોગીના ગળાની નાડીઓના મુખ ઉપર, લલાટ પર તેમ જ નાસિકા, મસ્તક, દાઢીમૂછ, મોઢું તથા ગળાની મન્યા નાડીના પ્રદેશો પર યથાયોગ્ય સ્વેદ અથવા શેક આપીને વૈદ્યે અથવા વૈદ્યની સંમતિ મેળવેલા બીજા

કોઈ પણ માણસે ડાબા હાથના અંગૂઠાથી નાસિકાના અગ્રભાગને મસ્તકની બાજુ નીચો નમાવી જમણા હાથે પિચકારીમાં પેલો સ્નેહરસ ભરીને થોડો થોડો તે નાસિકાના અગ્રભાગમાં નાખીને કફનું આકર્ષણ વારંવાર કરવું; પછી તે રોગીના હૃદય વગેરે અંગોના અવયવોને સ્વેદ અથવા શેક આપવો અને પછી તે તે બધાં અંગોને મસળવાં; અને થોડા પણ કફનું સિંચન થાય ત્યાં સુધી ત્રણ, ચાર કે પાંચ વાર એમ કરવું; પછી એક વસ્ત્રની પોટલીમાં બાંધેલ ઉપર કહેલાં ઔષધદ્રવ્યોનાં સૂકાં પણ ચૂર્ણોને પ્રધમન નસ્યરૂપે તે રોગીને નાકથી સૂંઘાડવાં; તેમ જ એ ચૂર્ણોને મધથી મિશ્ર કરી અવપીડ નસ્યરૂપે પણ તેનો પ્રયોગ કરવો; એમ આપેલું તે શોધન નસ્ય, એ રોગીના મુખ તથા નાસિકામાં રહેલો કફનો સંપૂર્ણ નાશ કરે છે, એમ વિદ્વાનોની પરિષદ માને છે. ૪

વિવરણ : અહીં મૂળમાં જે પ્રધમન નસ્ય કહ્યું છે, તે સંબંધે ચરક સિદ્ધિસ્થાનના ૯ મા અધ્યાયમાં આમ લખે છે કે-'चूर्णस्य ध्मापनं नाम देहस्रोतोविशोधनम् ।'-કોઈ પણ ઔષધના ચૂર્ણને ફૂંક મારી નાસિકાના છિદ્રમાં ઉતારાય તે પ્રધમન નામનું નસ્ય કહેવાય છે. તે નસ્ય શરીરના સ્રોતોને વિશેષે કરી શુદ્ધ કરે છે. આ પ્રધમનનું બીજું નામ ધ્માપન પણ છે. વળી જે 'અવપીડ' નામે નસ્ય કહેવાય છે, તેને વિષે પણ ચરકે સિદ્ધિસ્થાનમાં આમ કહ્યું છે કે-'अवपीड्य यत्र कल्कादीनि दीयन्ते इति अवपीडः ।'-ઔષધિના કલ્ક આદિને નીચોવી સ્રવાવેલા રસનાં ટીપાં નાસિકાના છિદ્રમાં નંખાય તે 'અવપીડ' નસ્ય કહેવાય છે. અષ્ટાંગસંગ્રહકારે પણ સૂત્રસ્થાનના ૨૯ મા અધ્યાયમાં 'અવપીડ' નસ્ય સંબંધે આમ લખ્યું છે કે-'कल्कीकृतादौषधादवपीडितः स्रुतो रसोऽवपीड इत्यपरेषाम् ।'-કલ્ક કરેલા ઔષધદ્રવ્યને નીચોવી લઈ જે રસનાં ટીપાં રોગીના નાકમ નંખાય તે અવપીડ નસ્ય કહેવાય છે, એમ બીજા કેટલાક આચાર્યોના મતે જણાય છે. ૪

શોધનનસ્યપ્રયોગ-ચાલુ

तैरेव कटुतैलमज्जामूत्रसिद्धं .....। बालाय धात्र्यङ्कगताय बलादुपगृह्य देयं; व्याधिर्ह्युपेक्ष्यमाणो विषवत् परिणमति, तस्मान्नातिद्रुतं नातिविलम्बितं नातिघनं नातितनुं नात्युष्णं नातिशीतं.....द्वा पिपासतः पीतवतो वा नापके प्रतिश्याये नाजीर्णे न वातशिरोरोगज्वरयोर्न श्रमे न शिरःस्नातुकामस्य न सद्यःशिरःस्नातस्य न रजस्वलायाः ..... कर्म विदध्यादन्यत्रात्ययात् । तस्यातिद्रुतं दत्तमौषधं प्राणानुपरुणद्धि, स्रोतांसि चास्योपतप्यन्ते, श्वासकासहिक्कालालास्रावक्लेदाग्रहायासाश्चोत्पद्यन्ते । .....बाऽत्युष्णं दाहं व्रणान् दिवाकरावर्तं चोत्पादयति । अतिशीतं विष्टम्भयति । अतिबहु सकृदाशु प्रत्यागच्छति अल्पं शश्वदावेजयति । अतिबहुशो वातप्रको.....(अ) तितीक्ष्णमजस्रं स्मृतिभ्रंशोन्मादवातादीन् प्रकोपयति । एतेनैवोपचारो व्याख्यातः ॥ ५ ॥

ઉપરના સૂત્રમાં જે ઔષધદ્રવ્યો જણાવ્યાં છે, તે જ ઔષધદ્રવ્યો સાથે કટુ તૈલ-સરસિયું, મજ્જા તથા ગોમૂત્ર મિશ્ર કરી પકવ્યું હોય અને પછી તૈલનું નસ્ય, બાળકને તેની માતાએ પોતાના ખોળામાં બળજબરીથી ગ્રહણ કરીને આપવું; જેથી તેના બધાયે કફજ રોગો મટે છે; પરંતુ બાળકને થયેલા વ્યાધિની જો ઉપેક્ષા કરી હોય તો તેનું પરિણામ ઝેર જેવું આવે છે; તે માટે અતિશય ઉતાવળ કર્યા વિના ધાત્રીએ તે બાળકને જે નસ્ય (ઉપર તૈલ રૂપે કહ્યું તે) અત્યંત ઘન કે ઘાટું ન હોય, તેમ જ અતિશય જે પાતળું ન હોય, બહુ ગરમ ન હોય અને તદ્દન શીતળ પણ થઈ ગયું ન હોય તે બહુ ઉતાવળ કર્યા વિના અને બહુ વિલંબ પણ કર્યા વિના-ધીમેધીમે આપવું; પરંતુ જે વખતે એ બાળક અથવા હરકોઈ વ્યક્તિને જ્યારે તરશ લાગી હોય, તરતમાં જેણે પાણી પી લીધું હોય, જેને થયેલું પ્રતિશ્યાય-સળેખમ હજી અપક્વ-કાચું હોય, જેને

અજીર્ણ કે અપચો થયો હોય, જેને વાયુનો રોગ, મસ્તકનો રોગ કે જ્વર આવ્યો હોય, જેણે કોઈ શ્રમ કર્યો હોય, જેને માથાબોળ નાહવાની ઇચ્છા હોય તેમ જ જેણે તરતમાં માથાબોળ સ્નાન કર્યું હોય તેને આપવું ન જોઈએ; તેમ જ ઘણી આવશ્યકતા ન હોય તો રજસ્વલા સ્ત્રીને પણ ઉપર કહેલું નસ્યકર્મ કરવું નહિ. વળી નાનાં બાળકને બહુ ઉતાવળ કરી જો તે નસ્ય આપ્યું હોય તો એ તેના પ્રાણોને રોકે છે–મૂંઝવી નાખે છે; તેની બધી ઇંદ્રિયોને સંતાપ ઉપજાવે છે અને તે ઉપરાંત શ્વાસ–હાંફણ, કાસ–ઉધરસ, હેડકી, લાલાસ્રાવ કે કફની લાળોનો સ્રાવ ચાલુ કરાવે છે, વાણીનું ગ્રહણ એટલે કે બોલતાં બોલતાં વાણીના અટકવારૂપ રોગને તથા આયાસ–પરિશ્રમ–થાકને પણ ઉપજાવે છે; અથવા નાનાં બાળકને અતિશય ઉષ્ણ–ગરમ નસ્ય જો અપાય તો દાહ ઉપજાવે છે; વ્રણ–ચાંદાં–ગૂમડાં કે સૂર્યાવર્ત–આધાશીશીનો રોગ ઉપજાવે છે; તેમ જ ઘણું શીતળ નસ્ય જો નાનાં બાળકને અપાય તો એ તેને વિષ્ટંભ–આડાની કબજિયાત કરે છે; તેમ જ ઘણા વધુ પ્રમાણમાં જો નસ્ય અપાય તો એકવાર તે પાછું વળે છે–નાકમાંથી પાછું આવે છે; તેમ જ થોડા પ્રમાણમાં જો નસ્ય અપાય તો એ નસ્ય, રોગીને કાયમ થોડો કંટાળો ઉપજાવે છે; તેમ જ એ નાનાં બાળકને અતિશય ઘણીવાર જો નસ્ય અપાય તો એ બાળકના વાયુને કોપાવે છે; અને તે બાળકને જો ઘણું તીક્ષ્ણ નસ્ય અપાય તો કાયમ બુદ્ધિનો ભ્રંશ, ઉન્માદ–ગાંડપણ તથા વાયુ વગેરે દોષોને તે કોપાવે છે; આ ઉપરથી જ તે તે વિરુદ્ધ નસ્યકર્મના ઉપચારો પણ કહેવાઈ ગયા છે.

નસ્યના નિષેધવાળી અવસ્થામાં નસ્ય આપવાથી થતા રોગો

अथ पीतवतो नस्यकर्मणा नासास्रावशिरोरोगगौरवकफप्रसेका...पक्वे प्रतिश्याये घ्राणोपघातपूतिनाससोर्मीर(मिन्मिन ?)नासार्शांसि । अजीर्णप्रतिश्याये पार्श्वोपरोधकण्ठोद्ध्वंसकासश्वासच्छर्दिज्वरारोचकारतयः । शिरःस्नातस्य .....(ऽर्धा)वभेदकज्वराग्निनाशाः । वातज्वरादिषु तानेव रोगान् संतनोति । रजस्वलाया ऋतुर्व्यापद्यते । शुद्धस्नाताया योनिरुपशुष्यति । गर्भिण्या हीनाङ्गस्य..... ... पघातारोचकौ । बुभुक्षितस्य क्लमारुची । तृषितस्य कासश्वासकफच्छर्दयः । अथ खल्वेषां यथार्थमौषधमुपदेक्ष्यामः–रूक्षं स्निग्धं वोभयं हि नस्तःकर्म..... .....(ते)षां स्वं स्वं चिकित्सितमविरुद्धम् । अयं चात्र विशेषः–मृद्वीकादाडिमजम्ब्वाम्रमुस्तशृतं कषायं शीतं स्रुतं पूतं सक्षौद्रशर्करं पाययेच्छर्द्याम् । पूर्ववच्च..... प्रशस्यते । रक्तशालिमुद्गमण्डसैन्धवोष्णभोजनं च स्वेदलङ्घनकवलग्रहावपीडष्ठीवनानि च धूपनधूमपाने च प्रतिश्याये लङ्घनमिति परिषत् ॥६॥ जीर्णे.....

જે માણસે તરતમાં પાણી પીધું હોય તેને નસ્યકર્મ કરવાથી નાસાસ્રાવ એટલે નાકમાંથી કફનું ઝર્યા કરવું; શિરોરોગ એટલે કે મસ્તકનો રોગ, માથાનું ભારેપણું તથા કફનો પ્રસેક–ઝરવું–એ રોગો થાય છે. વળી જે માણસને થયેલ સળેખમનો રોગ પાકી ગયો હોય તે સ્થિતિમાં જો નસ્યકર્મ કરાય તો ઘ્રાણેંદ્રિયનો નાશ, નાસિકામાં દુર્ગંધ સોમીર–મિન્મિન–ગૂંગણાપણું તથા નાસિકામાં અર્શસ રોગ થાય છે; તેમ જ અજીર્ણ એટલે કાચો નવીન સળેખમ હોય છતાં જો નસ્યકર્મ કરાય તો પડખાનું ઝલાવું, કંઠોદ્ધ્વંસ–ગળું બેસી જવું, કાસ–ઉધરસ, શ્વાસ–હાંફણ, ઊલટી, જ્વર, અરોચક તથા અરતિ–બેચેની એ નામે રોગ ઉત્પન્ન થાય છે. જે માણસ માથાબોળ નહાયેલ હોય તેને જો નસ્યકર્મ કરવામાં તો તેને અધું

માથું દુખવાનો રોગ-આધાશીશી, જ્વર તથા જઠરાગ્નિની મંદતારૂપ રોગ લાગુ થાય છે. વાતજ્વર આદિ લાગુ હોય તે વેળા જો નસ્યકર્મ કરાવાય તોપણ એ નસ્યકર્મ, તે જ રોગોને ઉપજાવે છે; રજસ્વલા સ્ત્રીને જો નસ્યકર્મ કરાય તો તેનાં ઋતુ-માસિકધર્મ નાશ પામે છે; અથવા તેને ઋતુ સંબંધી રોગો થાય છે; રજસ્વલા થયેલી સ્ત્રી (ચોથા દિવસે) નાહીને શુદ્ધ થઈ હોય તે વેળા તેને જો નસ્ય અપાય તો તેની યોનિ સૂકાઈ જાય છે; ગર્ભિણી સ્ત્રીને જો નસ્યકર્મ કરાવાય તો તેને હીનાંગ-ખોડવાળું કે આછાં અંગવાળું બાળક જન્મે છે; તેમ જ એ બાળકને તથા તેની માતાને પણ અરોચક રોગ થાય છે; જે માણસ ભૂખ્યો થયો હોય તેને જો નસ્યકર્મ કરાવાય તો તેને કલમ-અનાયાસ શ્રમ તથા અરુચિ થાય છે; તરસ્યા માણસને જો નસ્યકર્મ કરાવાય તો તેને ઉધરસ, શ્વાસ-હાંફણ કે દમનો રોગ તથા કફની ઉલટી થાય છે.

હવે ઉપર જે જે વ્યક્તિઓ નસ્યકર્મને અયોગ્ય બતાવી છે, છતાં તેઓને અપાયેલ નસ્યથી જે જે રોગો કે ઉપદ્રવો થાય છે, તેઓના યથાર્થ-સાચા ઔષધનો અમે ઉપદેશ કરીએ છીએ, નસ્યકર્મ રૂક્ષ તથા સ્નિગ્ધ-એમ બે પ્રકારનું કરાય છે; તેથી થયેલા ઉપદ્રવોની ચિકિત્સા તેમનાથી પોતપોતાથી અવિરુદ્ધ હોવી જોઈએ; છતાં એ વિષયમાં અહીં જે વિશેષ છે તે આ પ્રમાણે છે; નસ્યકર્મના કારણે જો ઊલટી થઈ હોય તો મુનક્કા દ્રાક્ષ, દાડમ, જાંબુ, કાચી કેરી અને મોથ-એટલાં દ્રવ્યો નાખી કરેલો ક્વાથ ગાળી લઈ તે શીતળ થાય ત્યારે તેમાં મધ તથા સાકર નાખી તે ક્વાથ એ રોગીને પાવો; તેમ જ (નસ્યકર્મથી થયેલ, પ્રતિશ્યાય-સળેખમમાં રાતી ડાંગરનો ભાત, મગનો માંડ-ઓસામણ તથા સૈંધવયુક્ત ઉષ્ણ-ગરમ ભોજન આપવું અને સ્વેદન, લંઘન, કવલધારણ, અવપીડ નસ્ય તથા થૂંકયા કરવું અને ધૂપગ્રહણ તથા ધૂમપાન કરાવવું; છતાં એ પ્રતિશ્યાયમાં લંઘન કરવું, એમ વૈદ્યોની પરિષદ જણાવે છે. ૬

कफप्रसेके त्रिफलाचूर्णं ससैन्धवं सक्षौद्रं वा लिह्यात्। चक्षुषोरुक्तं सैन्धवमरीचरसाञ्जनमनःशिला वाऽजाक्षीरपिष्टा वर्त्यः कण्डूतिमिरोपदेहदूषिकाशमन्यो भवन्ति। रसक्रिया वा स..... ...शिरोविरेचनधूमपानावपीडवमनविरेचननिरूहपथ्यभोजनानि शस्यन्ते। देवदारुतालीसमांसीमुस्तशिग्रुगन्धर्ववासकपुनर्नवाकल्कैः सक्षौद्रैस्तैलं पक्वमभोक्ष्णमुपचार्यमाणमस्य योऽतिनस्या..... ...र्यं तृष्णालोः शीततो वेपमानस्य तीक्ष्णं शिरोविरेचनमनिलशङ्खहनुस्तम्भदिवाकरावर्तातिमोहानुपजनयति ज्वरं वा सोपद्रवं, तेषु कुमारतैलं यष्टीमधुकतैलं पुनर्नवातैलं घृतं वा तद्वत्संस्कृतं वा.....त्रकं प्रशस्यते, जाङ्गलश्च संस्कृतो रसः। निद्रानाशे मत्स्यमांसदधियवगोधूमशालिषष्टिकान्नगुडसंस्कृतानि स्नेहलवणवेषणोपदंशयुक्तान्यानयन्ति निद्राम्। रजस्वलायाः स्नाताया गर्भिण्याश्च पुष्पाध्याययू(षाध्याय)... .....येभ्योऽध्यायेभ्यो भेषजं विदद्ध्यात्। क्षीरं वा जीवनीयोपसिद्धमिति परिषत् ॥७॥

વળી (નસ્યના ઉપદ્રવરૂપે) જો કફનો પ્રસેક અથવા મોઢામાંથી કફની લાળો ઝરવા લાગે તો ત્રિફળાનું ચૂર્ણ સૈંધવ સાથે ફાકી પાણી પીવું અથવા તે ચૂર્ણ મધ સાથે ચાટવું; અથવા (નસ્યના ઉપદ્રવરૂપે) બન્ને આંખોમાં રતાશ થઈ જાય તો સૈંધવ, મરી, રસાંજન કે રસવંતી અને મનશીલને બકરીના દૂધમાં પીસી નાખી તેની બનાવેલી વાટો આંખમાં આંજવી. વળી આંખમાં જો ચેળ, તિમિરરોગ એટલે કે આંખે અંધારાં આવવા માંડે, ઉપદેહ-કફનો લેપ કે ખરડાવું થાય કે દૂષિકા-ચેપડા આવે, તોયે એ દિવેટો આંજી હોય તો તે તે નેત્રના દોષોને તે શમાવનારી થાય છે અથવા રસક્રિયા કરાય તો પણ ફાયદો થાય છે.

શિરોવિરેચન, ધૂમપાન, અવપીડ નસ્ય, વમન, વિરેચન કે નિરૂહબસ્તિનો પ્રયોગ કરાયો હોય ત્યારે પથ્ય ભોજન કરાય તે ઉત્તમ ગણાય છે. નસ્યના અતિયોગથી ઉત્પન્ન થયેલા કોઈપણ ઉપદ્રવમાં દેવદાર, તાલીસપત્ર, જટામાંસી, મોથ, સરગવો, ગંધર્વ-ધોળો એરંડો, અરડૂસો તથા સાટોડીના કલ્કોને મધથી મિશ્ર કરી તેનાથી પકવેલા તેલનો વારંવાર પ્રયોગ કરવાથી તે ફાયદો કરે છે.

જે માણસ તરસ્યો થયો હોય અથવા ટાઢથી કંપતો હોય તેને જો તીક્ષ્ણ શિરોવિરેચન અપાય તો તેથી વાયુનો પ્રકોપ થતાં શંખ-ભેય લમણાં અને હડપચીમાં સ્તંભ-જકડાવું; સૂર્યાવર્ત-આધાશીશીનો રોગ તથા અતિશય મોહ-મૂંઝારો કે મૂર્છાને ઉપજાવે છે; અથવા ઉપદ્રવો સહિત જ્વરને કરે છે; એમ તે ઉત્પન્ન થયેલા ઉપદ્રવોમાં કુમારતૈલ અથવા યષ્ટિમધુક-જેઠીમધનું તેલ અથવા સાટોડીનું તેલ અથવા તે તે ઔષધિદ્રવ્યથી સંસ્કારી કરેલું-પકવેલું ઘી અથવા સંસ્કારયુક્ત કરેલ જાંગલ-પશુ-પક્ષીઓના માંસનો રસ પણ ઉપયોગમાં લેવાય કે સેવાય તે પણ વખણાય છે; પરંતુ નસ્યના અતિયોગથી નિદ્રાનો જો નાશ થાય તો મત્સ્યનું માંસ, દહીં, જવ, ઘઉં, શાલિ-ડાંગરના ચોખા કે 'સાઠીચોખારૂપ' અન્નને ગોળથી સંસ્કારી કરી સ્નેહ, લવણ-વેસન-મસાલા તથા ઉપદંશ-અથાણાંથી યુક્ત સેવાયાં હોય તો તેઓ નિદ્રાને લાવે છે. વળી કોઈ રજસ્વલા સ્ત્રીને અથવા રજસ્વલા થયા પછી નાહીને શુદ્ધ થયેલી સ્ત્રીને (નસ્યનો નિષેધ હોવા છતાં) જો નસ્ય અપાયું હોય અને તેથી તેને રજોદર્શન આદિમાં ઉપદ્રવ કે તેને લગતા ઉપદ્રવો કે રોગો થયા હોય તો તેઓનું ઔષધ કે તે તે ઉપદ્રવોનો શમાવવા કે મટાડવાના ઉપાયો કે ઉપચારો પુષ્પાધ્યાય તથા યૂષાધ્યાય આદિમાંથી જાણી લઈ કરવા; અથવા જીવનીય ઔષધદ્રવ્યો નાખી પકવેલું દૂધ તે તે રોગીને આપવું, એમ વૈદ્યોની પરિષદ (સભા કે સમુદાય) કહે છે. ૭

આ વિષયને લગતા આ શ્લોકો આમ મળે છે:

तत्र श्लोकाः—

कुमारतैलमेतेषां व्याधीनां शमनं परम्।
नस्ये पाने तथाऽभ्यङ्गे पुराणं घृतमेव च ॥८॥
लङ्घनं धूमधूपौ च स्वेदौष्णपरिषेचनम्।
उपनाहोऽवपीडश्च श्र.. .....॥९॥

નસ્યનો પ્રયોગ જેઓને કરવો ન જોઈએ તેઓને તે કરવાથી અથવા નસ્ય-પ્રયોગના અતિયોગથી થતા ઉપર કહેલ જે જે વ્યાધિઓ કે રોગો કહ્યા તેઓને શમાવનાર કુમારતૈલનો પ્રયોગ નસ્યમાં, પીવામાં તથા માલિસમાં કરવો તે ઉત્તમ છે. અથવા તે તે રોગોનું શમન કરવા જૂનું ઘી સેવવું ઉત્તમ છે; અથવા તે તે નસ્યને લગતા ઉપદ્રવોમાં કેવળ લંઘન, ધૂમપાન, ધૂપસેવન, સ્વેદન, ઉષ્ણ જલથી સિંચન, ઉપનાહ-પોટીસ કે અવપીડ નસ્ય પણ ઘણો ફાયદો કરે છે. ૮,૯

વિવરણ : અહીં ૮ મા શ્લોકમાં જણાવેલ જૂના ઘી વિષે પ્રાચીન આચાર્યોના મતભેદ છે. કેટલાક આચાર્યો એક વર્ષના જૂના ઘીને, કેટલાક આચાર્યો દશ વર્ષના જૂના ઘીને, કેટલાક આચાર્યો પંદર વર્ષના જૂના ઘીને જૂનું ગણી તેનો ઔષધ તરીકે ઉપયોગ કરવા કહે છે. ૮,૯

નસ્યકર્મથી રોગીને વિભ્રમ થતાં પથ્ય ભોજન

यवान्नं शालयो मुद्गधात्रीदाडिमसैन्धवम्।
हितं नस्यविधौ भोज्यं तदा ह्यार्तस्य विभ्रमे॥१०

જવનો ખોરાક, શાલિ-ડાંગરના ચોખા, મગ, ધાત્રી-હરડે, આમળાં, દાડમ તથા સૈંધવ-એટલાંનો ખોરાક નસ્યવિધિમાં અપાય તે હિતકારી થાય છે; તેમ જ નસ્ય-

વિધિના કારણે માણસને વિભ્રમ કે ચિત્ત-ભ્રમ અથવા ચકરીનો જો રોગ થાય તોપણ અહીં ઉપર દર્શાવેલ જવનો ખોરાક વગેરે પણ રોગીને હિતકારી થાય છે. ૧૦

નસ્યકર્મમાં ધાવણાં બાળકોને કટુતૈલ કે સૈંધવયુક્ત ઘીનો પ્રયોગ સારો

नस्यकर्मणि बालानां स्तनपानां विशेषतः ।
कटुतैलं प्रयुञ्जीत घृतं वा सैन्धवान्वितम् ॥११॥
बिन्दुं बिन्दुमथो द्वौ द्वौ त्रींस्त्रीन् वा रोगदर्शनात् ।
अङ्गुल्या नासयोर्द्वयादपिदध्यात् क्षणं ततः ।
तेनास्य पच्यते श्लेष्मा श्लेष्मणा न च बाध्यते ।

ધાવણ ધાવતાં નાનાં બાળકોને નસ્ય-કર્મમાં ખાસ કરી-કટુતૈલ-સરસિયાનો અથવા સૈંધવ સહિત ઘીનો પ્રયોગ કરવો; અને તે પણ રોગને જોયા પછી તે તે રોગ અનુસાર એક એક બિંદુ-ટીપાનો અથવા બે બે બિંદુઓનો કે ત્રણ ત્રણ બિંદુઓનો પ્રયોગ કરવો; વળી તે પ્રયોગ નાસિકાનાં બેય છિદ્રોમાં આંગળી વડે કરવો અને તે પછી એક ક્ષણવાર તે નાસિકાનાં છિદ્રો બંધ કરી દેવાં; તેથી એ બાળક રોગીનો કફ પાકી જાય છે અને તેથી તેને કફ વડે પીડા થતી નથી. ૧૧,૧૨

नस्यकर्म कर्या पछी अपथ्यरूपे त्यजवा योग्य स्नानादीन् परिहारांश्च यथोक्तानुपचारयेत् ॥१३
इति ह स्माह भगवान् कश्यपः ।

નસ્યકર્મ જેને કરાયું હોય તેણે, જે જે ત્યજવા યોગ્ય સ્નાનાદિ અપથ્યો શાસ્ત્રમાં કહ્યાં છે, તેઓનો ત્યાગ કરીને તેને લગતા ઉપચારો કરાવવા; એમ ભગવાન કશ્યપે જ ખરેખર કહ્યું છે. ૧૩

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં સિદ્ધિસ્થાન વિષે 'નસ્યકર્મીયા સિદ્ધિ' નામનો અધ્યાય ૪ થો સમાપ્ત

ક્રિયાસિદ્ધિ : અધ્યાય ૫ મો

अथातः क्रियासिद्धिं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી 'ક્રિયાસિદ્ધિ' નામના ૫ મા અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું, એમ ખરેખર ભગવાન કશ્યપે જ કહ્યું હતું. ૧,૨

વિવરણ : આ અધ્યાયમાં ખુદ ભગવાન કશ્યપે કહ્યું છે કે પંચકર્મરૂપ ક્રિયા કે ચિકિત્સા દ્વારા કયા કયા રોગોમાં સિદ્ધિ એટલે સફળતા પ્રાપ્ત થાય છે; અર્થાત્ પંચકર્મરૂપ ક્રિયા દ્વારા કયા કયા રોગો મટે છે અને તે તે ક્રિયામાં કયાં કયાં અપથ્યો ત્યજવાં જરૂરી હોય છે તેનું વર્ણન કરાશે.

ક્રિયાસિદ્ધિમાં વૈદ્યને સૂચના

क्रियाणां सिद्धिमन्विच्छन्नित्यं ब्रूयाद्भिषङ्नरः ।
तैलपात्रमिवात्मानं ..... रोगदर्शनात् ॥ ३ ॥

જે વૈદ્ય (વમનાદિ) ક્રિયામાં પોતાની અને તે ક્રિયાઓની સિદ્ધિ ઇચ્છતો હોય તેણે લોકોના રોગોને જોઈને પોતાને તેલના પાત્ર જેવો કહેવો એટલે કે તેલનું જે વાસણ તેલથી ભર્યું હોય તેને ઢળી જવા-નો કે તેમાંના તેલને ઢોળાઈ જવાનો કાયમી ભય રહે છે, તેમ વૈદ્યે પોતાના માટે આવો ભય સેવવો પડે છે કે, આ રોગીના આ રોગની હું ચિકિત્સા તો કરું છું, પણ તેથી આ રોગીનો રોગ મટશે ખરો ને ? ૩

વિવરણ : આ સંબંધે ચરકે પણ સિદ્ધિ-સ્થાનના ૧૨ મા અધ્યાયમાં કહ્યું છે કે- 'अथ खल्वातुरं वैद्यः संशुद्धं वमनादिभिः । दुर्बलं कृशमल्पाग्निं मुक्तसन्धानबन्धनम् ॥ निर्हृतानिलविण्मूत्र-कफपित्तं कृशाशयम् । शून्यदेहं प्रतीकारासहिष्णुं परिपाल-येत् ॥ यथाण्डं तरुणं पूर्णं तैलपात्रं यथैव च । गोपाल इव दण्डी गाः सर्वस्मादुपचारतः ॥-હવે જે રોગી વમનાદિ ક્રિયાઓથી સારી રીતે શુદ્ધ કરાયો હોય, તેથી દુર્બળ, કૃશ-પાતળો, અલ્પ થયેલ અગ્નિથી-મંદાગ્નિથી યુક્ત, જેનાં સાંધાઓરૂપી બંધનો છૂટી પડ્યાં હોય એવો, જેના વધેલા વાયુએ વિષ્ઠા, મૂત્ર, કફ તથા પિત્તને બહાર કાઢી નાખ્યાં હોય, જેનો આશય-કોઠો ખાલી થઈ પડ્યો હોય, જેનો દેહ પણ ખાલી થઈ ગયો હોય, કોઈ પણ પ્રતીકાર કે બીજા ઉપચારોને જે સહન કરી શકે તેવો ન હોય, તેવા એ રોગીનું વૈદ્યે બરોબર રક્ષણ કરવું જોઈએ. જેમ કોઈ પક્ષીનું તાજું

ઈંડું તેમ જ તેલથી ભરેલું પાત્ર ચારે બાજુથી રક્ષણ કરવા યોગ્ય એટલે કે સાચવવા યોગ્ય હોય છે, વળી જેમ ગોવાળો હાથમાં લાકડી ધારણ કરી, ગાયોને સર્વ બાજુ એથી અવળા માર્ગે જતી રોકે છે, તેમ વૈદ્યે રોગીને બધાયે કે અપથ્યોના સેવનથી રોકવો જોઈએ–તેની ખૂબ સંભાળ રાખવી, જેથી તેનો રોગ ઉથલો મારી ફરી વધવા ન પામે. ૩

પંચકર્મ–ક્રિયાસિદ્ધિ માટે ત્યજવા યોગ્ય

अजीर्णं मैथुनं यानमुच्चैर्भाष्यं दिवाशयम् ।
अतिचङ्क्रमणस्थानमसात्म्यादि च वर्जयेत् ॥४॥

જે રોગીને પંચકર્મક્રિયા કરાવવામાં આવી હોય તેણે અજીર્ણનો, મૈથુનનો, વાહન પર જવાનો, ઊંચેથી બોલવાનો, દિવસની નિદ્રાનો, વધુ પડતું ચાલવાનો વધુ ઊભા રહેવાનો તથા પોતાની પ્રકૃતિને માફક ન હોય તે અસાત્મ્ય–સેવન આદિનો ત્યાગ કરવો જોઈએ. ૪

વિવરણ : આ સંબંધે ચરકે પણ સિદ્ધિસ્થાનના ૧૨ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે– एतां प्रकृतिमप्राप्तः सर्ववर्ज्यानि वर्जयेत् । महादोषकराण्यष्टाविमानि तु विशेषतः ॥ उच्चैर्भाष्यं रथक्षोममतिचङ्क्रमणासने । अजीर्णाहितभोज्ये च दिवास्वप्नं च मैथुनम् ॥–જે માણસ ઉપર્યુક્ત પંચકર્માદિ ક્રિયાના સેવન પછી પ્રકૃતિને પામ્યો ન હોય એટલે કે પોતાના મૂળ સ્વાસ્થ્યને પ્રાપ્ત થયો ન હોય તેણે ત્યજવા યોગ્ય સર્વ કુપથ્યોનો ત્યાગ કરવો જોઈએ; તેમાંયે આ આઠ કુપથ્યો તો ખાસ કરી મોટા દોષને કરનારાં છે; જેવાં કે–ઊંચેથી બોલવું, રથનો ક્ષોભ એટલે કે કોઈ વાહન વગેરે પર બેસવાથી થતી અથડામણ, વધુ પ્રમાણમાં ચાલવું, વધુ પ્રમાણમાં બેસી રહેવું, અજીર્ણ કે ખોરાકનો અપચો હોય છતાં તેમાં જમવું, અહિતકારી ભોજન, દિવસની નિદ્રા તથા મૈથુન એ આઠ મહાદોષ કરનાર હોઈ ત્યજવા યોગ્ય છે. ૪

ઉપર કહેલાંનો ત્યાગ ન કરવાથી થતું નુકસાન

अजीर्णे वर्धते व्याधिः पुनः काश्यं च जायते ।
क्रियायां मैथुनाच्छाण्ढ्यं पाण्डुत्वं च निगच्छति ॥

પંચકર્મક્રિયા ચાલુ હોય ત્યારે જો અજીર્ણ થાય તો રોગ વધે છે; તેમ જ શરીરમાં કૃશપણું થાય છે અને મૈથુન કરવાથી નપુંસકપણું તથા પાંડુરોગ પ્રાપ્ત થાય છે.

વિવરણ : આ સંબંધે પણ ચરકે સિદ્ધિસ્થાનના ૧૨ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે– 'अजीर्णाध्यशनाभ्यां तु मुखशोषाध्मानशूलनिस्तोदपिपासागात्रसादच्छर्द्यतीसारमूर्च्छाज्वरप्रवाहणामविषादयः स्युः ।'–પંચકર્મ ક્રિયા ચાલુ હોય ત્યારે જો અજીર્ણ થાય અને તે અજીર્ણ હોય છતાં તેની ઉપર ખોરાક ખવાય તો તેથી મોઢાનો શોષ–સુકાવું, પેટનો આફરો, શૂલ–જાણે પેટમાં સોયો ભોંકાતી હોય એવી પીડા, વધુ પડતી તરશ, શરીરના અવયવોની શિથિલતા, ઊલટી, અતિસાર–ઝાડા, મૂર્છા, જ્વર તથા મરડો અને આમવિષ વગેરે રોગો થાય છે. તેમ જ– व्यवायादाशुबलसादोरुसादबस्तिशिरोगुदमेढ्रवृषणवङ्क्षणोरुजानुजङ्घापादशूलहृदयस्पन्दननेत्रपीडाङ्गशैथिल्यशुक्रमार्गशोणितागमनकासश्वासशोणितष्ठीवनस्वरावसादकटीदौर्बल्यैकाङ्गसर्वाङ्गरोगमुष्कश्वयथुवातवर्चोमूत्रसङ्गशुक्रविसर्गजाड्यवेपथुबार्धिर्यविषादादयः स्युः, उत्पाट्यत इव गुदस्ताड्यत इव मेढ्रमवसीदतीव मनो वेपते हृदयं पीड्यन्ते सन्धयस्तमः प्रवेश्यत इव च ।–પંચકર્મક્રિયા ચાલુ હોય તે અરસામાં મૈથુન કરવાથી બળનો તરત નાશ થાય છે; સાથળોમાં શિથિલતા થાય, બસ્તિ–મૂત્રાશયમાં, મસ્તકમાં, ગુદામાં, લિંગમાં, વૃષણમાં, વંક્ષણ–સાંધામાં, બેય ઢીંચણમાં, પગની બેય જંઘા–પિંડીઓમાં તથા પગમાં જાણે શૂળ ભોંકાતું હોય એવી પીડા થાય, હૃદયનું ફરકવું, નેત્રોમાં પીડા તથા અંગોમાં શિથિલતા અનુભવાય. વીર્ય નીકળવાના માર્ગે લોહી નીકળવા માંડે, ઉધરસ અને શ્વાસ થાય; મોઢામાંથી લોહી થૂંકાવા માંડે, સ્વરનો અવસાદ–ઘાંટો બેસી જાય, કેડમાં દુર્બળપણું થાય, એકાંગવાત–એક બાજુનું અંગ ઝલાઈ જવારૂપ વાયુનો રોગ થાય અથવા સર્વાંગવાત–આખુંયે અંગ ઝલાઈ જવારૂપે વાયુનો રોગ થાય, મુષ્ક–વૃષણ ઉપર સોજો આવે, અધોવાત–અપાનવાયુનું અટકવું થાય, વિષ્ઠાનું તથા મૂત્રનું અટકવું

થાય. લિંગમાંથી વીર્ય બહાર નીકળ્યા કરે, શરીરમાં કંપવાત થાય જેથી આખું શરીર કંપ્યા કરે, બહેરાશ અને વિષાદ-ખેદ અનુભવાય; તેમ જ ગુદાને જાણે ઉખેડી કઢાતી હોય, લિંગની ઉપર જાણે પ્રહાર કરાતા હોય, મન જાણે ઊંડું ઊતરી જતું હોય, એમ જણાય, એમ ઉપરના ઉપદ્રવો મૈથુનથી થાય, એ જ પ્રકારે અષ્ટાંગસંગ્રહકારે પણ કલ્પસ્થાન તથા સૂત્રસ્થાનમાં કહ્યું છે. ૫

વમનાદિ ક્રિયામાં અતિરમણ આદિથી થતા રોગો

योऽतीव नित्यं रमते यानाद्वातश्च कुप्यति ।
अग्निसादो दिवास्वप्नात् कफवृद्धिर्ज्वरोऽरुचिः ॥६

જે માણસ વમનાદિ ક્રિયા ચાલુ હોય તે છતાં નિત્ય ઘણો રમે; અથવા વાહન ઉપર સવારી કરે તો તેથી વાયુ કોપે છે અને જઠરના અગ્નિની મંદતા થાય છે; દિવસે ઊંઘવાથી કફની વૃદ્ધિ, જ્વર તથા અરુચિ થાય છે. ૬

વિવરણ : આ સંબંધે પણ ચરકે સિદ્ધિસ્થાનના ૧૨ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે- 'रथक्षोभात् सन्धिपर्वशैथिल्यहनुनासाकर्णशिरःशूलतोदकुक्षिक्षोभाटोपान्त्रकूजनाध्मानहृदयेन्द्रियोपरोधस्फिक्पार्श्ववङ्क्षणवृषणकटीपृष्ठवेदनासन्धिस्कन्धग्रीवादौर्बल्याङ्गामितापादशोफप्रस्वापहर्षणादयः ।'-પંચકર્મ ચાલુ હોય ત્યારે રોગી જો રથમાં કે ગાડી-ગાડામાં બેસે તો તેમાં થતી અથડામણથી સાંધાઓમાં તથા આંગળીઓના વેઢાઓમાં શિથિલતા થાય; હડપચી, નાક, કાન તથા માથામાં શૂલ અને તોદ-સોયા ભોંકાયા જેવી પીડા થાય; કૂખમાં ખળભળાટ અને પેટ ચડી જાય, આંતરડામાં અવાજ અને પેટમાં આધ્માન-આફરો થાય તેમ જ હૃદય તથા ઇંદ્રિયોનો ઉપરોધ અને કેડની પાછળના બેય ઢગરામાં-બેયપડખામાં કેડના વંક્ષણ-સાંધામાં, વૃષણમાં, કેડમાં તથા પૃષ્ઠ-પીઠમાં કે વાંસામાં વેદના થાય; તેમ જ બધા સાંધાઓમાં, આંખમાં તથા ડોકમાં દુર્બલપણું થાય; આખાયે શરીરમાં ચોપાસ તાપ થાય; બન્ને પગમાં સોજો, જડતા તથા રોમાંચ વગેરે થાય છે.' આ જ પ્રકારે અષ્ટાંગસંગ્રહના કલ્પસ્થાનમાં પણ કહ્યું છે. વળી વમનાદિ ક્રિયા ચાલુ હોય ત્યારે જો દિવસે નિદ્રા લેવાય તો તેથી જઠરના અગ્નિની મંદતા અને કફની વૃદ્ધિ થાય છે; આ સંબંધે પણ ચરકે સિદ્ધિસ્થાનના ૧૨ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'दिवास्वप्नादरोचकाविपाकाग्निनाशस्तैमित्यपाण्डुकण्डूपामादाहच्छर्यङ्गमर्दहृत्स्तम्भजाड्यतन्द्रानिद्राप्रसङ्गग्रन्थिजन्मदौर्बल्यरक्तमूत्राक्षितातालुलेपाः (पिपासा च)-વમનાદિ ક્રિયા ચાલુ હોય ત્યારે દિવસે ઊંઘવાથી અરોચક, આધેલા ખોરાકનો અપચો, અગ્નિનો નાશ-મંદતા, સ્તૈમિત્ય-શરીર પર જાણે ભીનું કપડું લપેટયું હોય એવો અનુભવ, પાંડુરોગ, શરીર પર ચેળ, ખસ-ખૂજલી, દાહ, ઊલટી, અંગમર્દ-શરીરનું ભાંગવું, હૃદયનું અટકવું. જડતા, તન્દ્રા-નિદ્રા જેવું ઘેન, નિદ્રાનો વધુ પ્રસંગ, શરીર પર ગાંઠોની ઉત્પત્તિ, શરીરમાં દુર્બળપણું, મૂત્રમાં તથા આંખોમાં રતાશ અને તાળવામાં કફનો લેપ તથા વધુ પડતી તરશ-એટલા રોગો થાય છે.' આ જ પ્રકારે અષ્ટાંગસંગ્રહના કલ્પસ્થાનમાં તથા સૂત્રસ્થાનમાં પણ કહ્યું છે. ૬

વમનાદિ ક્રિયા ચાલુ હોય ત્યારે ઊંચેથી બોલવાથી થતા રોગો

मन्यास्तम्भः शिरःशूलं वाक्पार्श्वहनुसंग्रहः ।
कण्ठोद्ध्वंसः श्रमो ग्लानिर्ज्वरश्चात्युच्चभाषणात् ॥७

વમનાદિ ચિકિત્સા ચાલતી હોય ત્યારે અતિશય ઊંચે સાદે બોલવાથી 'મન્યા' નામની નાડીસ્તંભ-જકડાવું, માથામાં શૂળ ભોંકાયા જેવી પીડા; વાણી, પડખાં તથા હડપચીનું ઝલાવું, ઘાંટો બેસી જવો, શ્રમ-થાક, ગ્લાનિ-હર્ષનો નાશ કે ધાતુઓનો ક્ષય અને જ્વર એટલા રોગો ઉત્પન્ન થાય છે. ૭

વિવરણ :-ચરકે પણ આ સંબંધે સિદ્ધિસ્થાનના ૧૨ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે- 'तत्र उच्चैर्भाष्यातिभाष्याभ्यां शिरस्तापकर्णशङ्खनिस्तोदश्रोत्रोपरोधमुखतालुकण्ठशोषतैमिर्यपिपासाज्वरतमकहनुमन्याग्रहनिष्ठीवनोरःपार्श्वशूलस्वरभेददाहिक्काश्वासादयः स्युः॥' તેમાં અતિશય મોટેથી બોલવાના કારણે માથામાં તપારો, કાનમાં તથા બન્ને શંખ-લમણામાં સોયા ભોંકતા હોય તેવી પીડા, કાનનો ઉપરોધ-બહે-

રાશ; મોઢું, તાળવું તથા ગળામાં શોષ-સૂકાવું આંખે અંધારાં દેખાય, વધુ પડતી તરશ લાગ્યા કરે, જ્વર-તાવ, તમક-શ્વાસ-હાંફણનો રોગ, હડપચી તથા ગળાની 'મન્યા' નામની નાડીનું ઝલાવું, વારંવાર થૂંકવું પડે, છાતીમાં ને બેય પડખાંમાં શૂલ ભોંકાતાં હોય એવી પીડા થાય; ગળાનો અવાજ બદલાઈ જાય અને હેડકી તથા શ્વાસ વગેરે રોગ થાય છે. ૭

વમનાદિ ક્રિયા ચાલુ હોય ત્યારે વધુ પડતું ચાલવાથી થતા રોગો

कटीवङ्क्षणपादोरुजानुबस्त्यनिलामयः ।
शर्कराश्मरिखल्ल्याद्या अतिचङ्क्रमणोद्भवाः॥८॥

વમનાદિ પંચકર્મ-ચિકિત્સા ચાલુ હોય કે તરતમાં થઈ ગઈ હોય તે વેળા વધુ ચાલવામાં આવે કે પગપાળા મુસાફરી કરાય તો તેથી કેડના વંક્ષણ-સાંધાના, પગના, સાથળના, ઢીંચણના બસ્તિ-મૂત્રાશયના તથા વાયુના રોગો થાય છે; તેમ જ શર્કરા-સાકર-કાંકરી, અશ્મરી-પથરી અને હાથપગમાં ખાલી ચઢી જાય એ વગેરે રોગો થાય છે. ૮

વિવરણ : ચરકે પણ સિદ્ધિસ્થાનન ૧૨ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે, अतिचङ्क्रमणात् पादजङ्घोरुजानुबङ्क्षणश्रोणीपृष्ठशूलस्तिमित्यसादनिस्तोदपिण्डिकोद्वेष्टनाङ्गमर्दीसाभितापसिराधमनीहर्षश्वासकासादयः स्युः। વમનાદિ ચિકિત્સા ચાલુ હોય કે તાજી થઈ ગઈ હોય તે અરસામાં વધુ પડતું ચાલવાથી પગમાં, જંઘા-પગની પીંડીઓમાં, સાથળમાં, ઢીંચણમાં, વંક્ષણ-સાંધામાં, કેડના પાછળના ભાગમાં અને વાંસામાં શૂલ ભોંકાતું હોય એવી પીડા, સાથળમાં દુખાવો અને અતિશય પીડા, પીંડીઓ વગેરેમાં ગોટલા ચડવા, અંગોમાં મર્દન-ભાંગતાં હોય એવી પીડા, ખભામાં તપારો સિરાઓ તથા ધમનીઓમાં હર્ષ-રોમાંચ કે ફૂલી જવું અને શ્વાસ તથા કાસ-ઉધરસ વગેરે રોગો થાય છે. આ જ પ્રકારે અષ્ટાંગસંગ્રહમાં પણ કલ્પસ્થાનના ૭ મા અધ્યાયમાં કહ્યું છે. ૮

વમનાદિ-ચિકિત્સા ચાલુ હોય ત્યારે વધુ બેસી રહેવાથી થતા રોગો

सुप्तताऽधरकायस्य तन्द्रीजाड्यादिविभ्रमाः ।
वातशोणितहृल्लासप्रे.....॥९॥

વમનાદિ ક્રિયા ચાલુ હોય કે તાજી કરી હોય તે અરસામાં વધુ બેસી રહેવાથી શરીરના નીચેના ભાગની સુપ્તતા-જડતા કે ઝલાઈ જવું; નિદ્રા જેવું ઘેન, જડપણું વગેરે, વિભ્રમ-ચકરીનો રોગ, વાતરક્ત રોગ અને હૃલ્લાસ-ભોળ-ઊબકા કે કફના ઉછાળા વગેરે ઉપદ્રવો થાય છે. ૯

વિવરણ : આ સંબંધે ચરકે પણ સિદ્ધિસ્થાનના ૧૨ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે-'अत्यासनात् रथक्षोभजाः श्लिक्ष्पार्श्ववङ्क्षणवृषणकटीपृष्ठवेदनादयः स्युः-વધુ બેસી રહેવાથી વમનાદિ ક્રિયા ચાલુ હોય ત્યારે જે રોગો. રથ વગેરે વાહનમાં બેસતાં અથડામણ થવાથી થાય છે તે જ રોગો ઉત્પન્ન થાય છે; તેમ જ કેડની પાછળના ઢગરામાં, વંક્ષણ-સાંધામાં, વૃષણમાં, કેડમાં તથા પીઠ કે વાંસામાં વેદના વગેરે રોગો થાય છે. ૯

વમનાદિ ક્રિયામાં અસાત્મ્ય સેવનથી થતા રોગો

वैवर्ण्यमरुचिर्ग्लानिः कण्डुपाण्डुज्वरभ्रमाः ।
कामलाकुष्ठवैसर्पपामाद्याश्चाप्यसात्म्यजाः ॥१०॥

વમનાદિ ચિકિત્સા ચાલુ હોય કે તાજી કરી હોય તે અરસામાં અસાત્મ્ય અથવા શરીરને માફક ન હોય તેવા પદાર્થોના સેવનથી વૈવર્ણ્ય-શરીરના રંગનું બદલાવું, અરુચિ, ગ્લાનિ, કંડૂ-ચેળ-ખૂજલી, પાંડુરોગ, જ્વર, ભ્રમ, કામલા-કમળો, કોઢ, વૈસર્પ-રતવા તથા આમદોષ આદિ રોગો થાય છે. ૧૦

વિવરણ : આ સંબંધે ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૧૨ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, विषमाहिताशनाभ्यामनन्नाभिलाषदौर्बल्यवैवर्ण्यकण्डूपामागात्रावसादा वातादिप्रकोपजाश्च ग्रहण्यर्शोविकारादयः। 'अहितान्नाद्यथादोषं रोगाः स्युः'-વિષમ ભોજન કે પરસ્પર વિરુદ્ધ એવા ખોરાક દૂધ-માછલાં વગેરે તેમ જ માફક ન હોય તેવા આહારો, વમનાદિ

ચિકિત્સાના ચાલુ કાળમાં જો સેવાય તો તેથી ખોરાક ખાવાની ઇચ્છા ન થાય, શરીરમાં દુર્બલતા થાય, વૈવર્ણ્ય એટલે કે શરીરનો રંગ બદલાઈ જાય; શરીરમાં ચેળ આવે, ખસ-ખૂજલી થાય; શરીરનાં અંગોમાં શિથિલતા થાય; વાયુ આદિનો પ્રકોપ થાય-વાયુ વગેરે દોષો વધી જાય-વિકાર પામે અને તેથી તે તે દોષજન્ય રોગો પણ થાય અને ગ્રહણી તથા અર્શસ વગેરે રોગો થાય.' અષ્ટાંગસંગ્રહકારે પણ કલ્પસ્થાનના ૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે-'વમનાદિ ક્રિયા ચાલુ હોય ત્યારે પોતાની પ્રકૃતિને અહિતકારી ખોરાક ખાવાથી તે તે વાતાદિના દોષોના પ્રકોપથી થતા રોગો ઉત્પન્ન થાય છે. ૧૦

તે તે દોષના પ્રકોપને અનુસરતી ચિકિત્સા

तेषां चिकित्सितं स्वं स्वमविरुद्धं विधापयेत् ।
कृशान् संबृंहयेच्चापि कर्शयेत् परिबृंहितान् ॥११

વિદ્વાન વૈદ્ય તે તે વમનાદિ ક્રિયાના ચાલુ કાળમાં તે તે અહિત આચરણો કર્યાં હોય અને તેથી જે જે વિકારો થયા હોય તેઓની ચિકિત્સા તેઓથી જે વિરુદ્ધ ન હોય તે કરવી જોઈએ; જેમ કે-તે તે અહિત સેવનથી જેઓ કૃશ થયા હોય તેઓને સારી રીતે બૃંહણ-પુષ્ટિ કરે એવી ચિકિત્સા કરવી અને જેઓ તે તે અપથ્યો સેવવાથી ચોપાસ પરિબૃંહિત-પુષ્ટ થયા હોય તેઓને કર્ષણ ચિકિત્સા દ્વારા કૃશ કરવા જોઈએ. ૧૧

વિવરણ : આ સંબંધે ચરકે સિદ્ધિસ્થાનના ૧૨ મા અધ્યાયમાં ઉપર્યુક્ત વમનાદિ ક્રિયામાં જે આઠ પરિત્યાજ્ય સેવ્યાં હોય અને તે કારણે તેઓને જે જે રોગો થયા હોય તેઓની ચિકિત્સા આ પ્રમાણે કહી છે જેમ કે-तेषां सिद्धिः-उच्चैर्भाष्यातिभाष्यजानामभ्यङ्गस्वेदोपनाहधूमनस्योपरिभक्तस्नेहपानरसक्षीरादिभिर्वातहरः सर्वो विधिर्मौनं च । रथक्षोभातिचङ्क्रमणात्यासनजानां स्नेहस्वेदादि वातहरं कर्म सर्वं निदानवर्जनं च । अजीर्णाध्यशनजानां निरवशेषतश्छर्दनं रूक्षः स्वेदोलङ्घनीयपाचनीयदीपनीयौषधावचरणं च । विषमाहिताशनजानां यथास्वं दोषहराः क्रियाः । दिवास्वप्नजानां धूमपानलङ्घनवमनशिरोविरेचनव्यायामरूक्षाशनारिष्टदीपनीयौषधोपयोगः प्रघर्षणोन्मर्दनपरिषेचनादिश्च श्लेष्महरः सर्वो विधिः । मैथुनजानां जीवनीयसिद्धयोः क्षीरसर्पिषोरुपयोगस्तथा वातहराः स्वेदाभ्यङ्गोपनाहा वृष्याश्चाहाराः स्नेहाः स्नेहविधयो यापनाबस्तयोऽनुवासनं च, मूत्रवैकृतबस्तिशूलेषु चोत्तरबस्तिः विदारीगन्धादिगणजीवनीयगणक्षीरसंसिद्धं तैलं स्यात् । વમનાદિ ક્રિયામાં ઉપર્યુક્ત અપથ્યોના સેવનથી થતા રોગોની ચિકિત્સા અહીં કહેવાય છે; જેમ કે ઊંચેથી કે મોટેથી બોલવું તથા વધુ પડતું બોલવું એ બેથી ઉત્પન્ન થયેલા વિકારોની ચિકિત્સા-અભ્યંગ-માલિસ, સ્વેદ-બાફ દેવી, ઉપનાહ-પોટીસનું બંધન, ધૂમપાન, નસ્ય, ઉપરિભક્ત, સ્નેહપાન, માંસરસ તથા દૂધ દ્વારા વાતહર સર્વ ઔષધવિધિ કે ચિકિત્સાના ઉપચારો કરવા અને તે રોગીએ મૌન રહેવું; પરંતુ રથક્ષોભ એટલે કે રથ વગેરે વાહન પર બેસી મુસાફરી કરવાથી શરીરને થયેલ અથડામણ અને વધુ ચાલવું, વધુ બેસી રહેવું, એ ત્રણ અપથ્યોના કારણે જે રોગો થાય, તેઓમાં સ્નેહન તથા સ્વેદન આદિ સર્વ વાતહર કર્મ-એટલે કે વાતનાશક ચિકિત્સારૂપ ઉપચારો કરવા અને જે નિદાનોથી રોગ થયો હોય તે નિદાનોનું ફરી સેવન કરવું ન જોઈએ. વળી અજીર્ણ ભોજન તથા અધ્યશનથી એટલે કે ખાધા ઉપર ખાધા કરવાથી ઉત્પન્ન થયેલા રોગોમાં ખાધેલા ખોરાકનું સંપૂર્ણ છર્દન કે વમન-ઊલટી કરાવી નાખવી, ઉપરાંત રૂક્ષ સ્વેદન તથા લંઘનીય, પાચનીય તથા દીપનીય ઔષધોનો પણ પ્રયોગ કરાવવો. વળી વિષમાશન તથા અહિતાશનથી જે રોગો ઉત્પન્ન થાય, તેઓમાં તે તે દોષને અનુસરી તે તે દોષહર ક્રિયારૂપ ચિકિત્સા કરવી; તેમ જ દિવસે ઊંઘવાથી ઉત્પન્ન થયેલા રોગો ધૂમપાન, લંઘન, વમન, શિરોવિરેચન. વ્યાયામ-કસરત કે શરીર પરિશ્રમ, રૂક્ષ ભોજન, અરિષ્ટોનો ઉપયોગ, દીપનીય ઔષધોનો ઉપયોગ, પ્રઘર્ષણ એટલે કે શરીરને ખૂબ મસળવું અને શરીર પર ગરમ ક્વાથ આદિનું પરિષેચન વગેરે સર્વ કફહર ચિકિત્સા કરવી; તેમ જ વધુ પડતું મૈથુન કરવાથી ઉત્પન્ન થયેલા રોગોમાં જીવનીય ઔષધગણથી પકવેલા દૂધનો તથા

ઘીનો ઉપયોગ કરાવવો; તેમ જ વાતનાશક સ્વેદનો, અભ્યંગો-તેલમાલિસો તથા ઉપનાહ-બંધનો કરાવવાં; તેમ જ વીર્યવર્ધક આહારો, સ્નેહવિધિઓ, યાપના-બસ્તિઓ તથા અનુવાસનબસ્તિઓનો પ્રયોગ કરાવવો, તેમજ મૂત્રમાં જો વિકાર થાય કે બસ્તિ–મૂત્રાશયમાં શૂલ ભોંકાતાં હોય એવી વેદના થતી હોય તો ઉત્તરબસ્તિ આપવી; અને વિદારીગંધાદિગણ તથા જીવનીયગણથી પકવેલા દૂધમાં પકવ કરેલું તેલ પાવું. ૧૧

બસ્તિનેત્રના–બસ્તિની નળીના દોષો

अतिदीर्घमतिस्थूलं जर्जरं स्फुटितं तनु ।
कुटि(लं).....च वर्जयेत् ॥ १२ ॥

જે બસ્તિનેત્ર કે બસ્તિની નળી અતિશય લાંબી કે અતિશય જાડી કે જીર્ણ અથવા ચિરાયેલી હોય; અથવા ઘણી પાતળી અને વાંકી હોય તેનો ત્યાગ કરવો જોઈએ. ૧૨

વિવરણ : આ સંબંધે ચરકે પણ સિદ્ધિસ્થાનના ૫ માં અધ્યાયમાં આમ કહ્યું છે કે–'ह्रस्वं दीर्घं तनु स्थूलं जीर्णं शिथिलबन्धनम् । पार्श्वच्छिद्रं तथा वक्रमष्टौ नेत्राणि वर्जयेत् ॥ બસ્તિની જે નળી ટૂંકી, લાંબી, પાતળી, જાડી, જીર્ણ, ઢીલાં બંધનવાળી, બાજુમાં છિદ્રવાળી અને વાંકી હોય એવી આઠ જાતના દોષવાળી નળીનો ત્યાગ કરવો.'

સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૫ મા અધ્યાયમાં આવા ૧૧ દોષવાળી બસ્તિની નળીનો ત્યાગ કરવા કહ્યું છે કે–अतिस्थूलं कर्कशमवनतमणु भिन्नं सन्निकृष्टविप्रकृष्टकर्णिकं सूक्ष्मातिच्छिद्रमतिदीर्घमतिह्रस्वमस्निमदित्येकादश नेत्रदोषाः ॥ १२ ॥ અતિશય જાડી, ઘણી જ કર્કશ–કઠોર, નીચી નમી ગયેલી, ઘણી જ સૂક્ષ્મ, ચિરાયેલી, બહુ જ નજીક કર્ણિકાવાળી, બહુ જ દૂર કર્ણિકાવાળી, અતિશય સૂક્ષ્મ છિદ્રવાળી, અતિશય લાંબી, અતિશય ટૂંકી અને ખૂણીઓવાળી એમ અગિયાર પ્રકારના બસ્તિની નળીના દોષો છે. ૧૨

બસ્તિના નવ દોષો

अतिह्रस्वः खरः स्थूलस्तनुर्दीर्घचिरस्थिताः ।
छिद्री महानुपहतो वर्जिता वस्तयो नव ॥१३॥

જે બસ્તિ અતિશય ટૂંકી હોય, ખરસટ, જાડી, પાતળી, લાંબી, લાંબા કાળ સુધીની હોઈ ઘણી જ વાર લગાડનારી, છિદ્રવાળી, મોટી તથા ઉપહત એટલે કે બગડીને ખરાબ થઈ હોય–તે નવ બસ્તિઓ ત્યજવા યોગ્ય છે. ૧૩

વિવરણ : ચરકે પણ સિદ્ધિસ્થાનના ૫ મા અધ્યાયમાં બસ્તિપુટકના ૮ દોષો આમ કહ્યા છે–मांसलस्निग्धविषमस्थूलजालिकवातलाः । छिन्नः क्लिन्नश्च तानष्टौ बस्तीन् कर्मसु वर्जयेत् ॥ જે બસ્તિ એટલે પ્રાણીના મૂત્રસ્થાનનું ચામડું માંસલ હોય એટલે કે માંસથી યુક્ત હોય, અથવા સ્નિગ્ધ–સ્નેહયુક્ત હોઈ ચીકણી હોય, વિષમ કે વાંકાચૂકી હોય, સ્થૂલ–જાડી હોય, જાલિક એટલે જાળિયાંવાળી એટલે કે સૂક્ષ્મ છિદ્રોથી યુક્ત હોય, વાતલ હોઈ વાયુથી દુષ્ટ બની હોય, છિન્ન કે છેદાયેલી કે કપાયેલી હોય અને જે બસ્તિ ક્લિન્ન એટલે ક્લેદ યુક્ત હોઈ છિન્નભિન્ન કે સડી ગયેલી હોય તે આઠ પ્રકારની બસ્તિઓનો બસ્તિકર્મમાં વૈદ્યે ત્યાગ કરવો. સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૫ મા અધ્યાયમાં બસ્તિના આ પાંચ દોષો કહ્યા છે. જેવા કે–बहलता अल्पता सच्छिद्रता प्रस्तीर्णता दुर्बद्धतेति पञ्च बस्तिदोषाः ॥ १३ ॥ જાડાપણું કે ઘટ્ટપણું, અલ્પતા, છિદ્રોથી યુક્તપણું, અતિશય વિસ્તીર્ણપણું કે ઢંકાયેલાપણું અને દુર્બદ્ધતા એટલે કે ખરાબ રીતે બંધાયેલપણું અર્થાત્ બસ્તિ જે બરાબર બંધાયેલી ન હોય તે. એમ પાંચ પ્રકારના બસ્તિના દોષો ગણ્યા છે. ૧૩

બસ્તિકર્મમાં બસ્તિ બનાવનારના પ્રજ્ઞાપરાધજન્ય ૧૦ દોષો

अप्रातमतिनीतं च विन्यस्तमतिपीडितम् ।
स्रुतं विलग्नं शिथिलं रुद्धवातं चिराचिरम् ॥१४
प्रज्ञापराधजा दोषाः प्रणेतुर्बस्तिकर्मणि ।
.....भगन्दरम् ॥ १५ ॥

અપ્રાપ્ત–એટલે કે જે બસ્તિ પૂરીપૂરી પહોંચે નહિ તેવી બનાવી હોય, અતિનીત એટલે કે જે બસ્તિ અતિશય વધુ પ્રમાણમાં પહોંચી જાય એવડી બની હોય, વિન્યસ્ત એટલે કે ઉપયોગ કરતાં જે બસ્તિ ઊલટી જાય એવી બની હોય,

જે બસ્તિ અતિપીડિત એટલે કે ખૂબ પીડાયેલી કે દબાઈ ગયેલી બનાવી હોય, વળી જે બસ્તિ સ્રુત એટલે કે સ્રાવથી યુક્ત થઈ જાય એવી બનાવી હોય, વળી જે બસ્તિ વિલમ્ન-એટલે કે અંદરના ભાગમાં વળગી રહે એવી બનાવી હોય, જે બસ્તિ શિથિલ-ઢીલી બનેલી હોય, જે બસ્તિ રુદ્ધવાત એટલે કે જેમાં વાયુ રુંધાઈ કે ભરાઈ જાય એવી બનાવી હોય તેમ જ જે બસ્તિ ચિર એટલે બસ્તિક્રિયામાં બહુ વાર લગાડે એવી અને અચિર એટલે એકદમ ઝડપ કરે એવી બનાવી હોય-એ ૧૦ બસ્તિ બનાવનારના પ્રજ્ઞાપરાધ એટલે કે બુદ્ધિના અપરાધથી ઉત્પન્ન થયેલા બસ્તિના દોષો કહ્યા છે; એવી દુષ્ટ બસ્તિનો બસ્તિકર્મમાં જે ઉપયોગ કરાય તો તેથી ભગંદર આદિ રોગો થાય છે. ૧૪,૧૫

નિરૂહબસ્તિના પ્રયોગથી થતો ફાયદો

जीवकर्षभसिद्धेन तं घृतेनानुवासयेत् ।
निरूहयेत् स्रंसयेद्वा ततः संपद्यते सुखा ॥१६॥

જે વૈદ્ય, બસ્તિકર્મ માટે યોગ્ય હોય એવા તે રોગીને જીવક, ઋષભક, આદિ જીવનીય ઓષધ દ્રવ્યોથી પકવેલા ઘી વડે અનુવાસનબસ્તિ આપે છે અથવા એ બસ્તિ આપવા યોગ્ય રોગીને જે નિરૂહબસ્તિ આપે છે, અને તે દ્વારા વિરેચન કરાવે છે, તો તેથી એ રોગી સુખી થાય છે. ૧૬

ગુદાના રોગયુક્ત બાળકને આપવાનું ભોજન

क्षीरं यवान्नशाकानि जङ्गलान्यामिषाणि च ।
भोजयेत् स्नेहयुक्तानि गुदरोगोद्भवे शिशुम् ॥१७

કોઈ બાળકને જો ગુદાનો રોગ ઉત્પન્ન થાય તો તેને જવનો ખોરાક તથા જાંગલ-પશુ-પક્ષીઓનાં માંસને સ્નેહથી યુક્ત કરી જમાડવાં જોઈએ. ૧૭

इति ह स्माह भगवान् कश्यपः ।

એમ ભગવાન કશ્યપે કહ્યું છે.

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં 'સિદ્ધિસ્થાન' નામનો અધ્યાય ૫ મો સમાપ્ત

બસ્તિકર્મીય સિદ્ધિ : અધ્યાય ૬ ઠ્ઠો

(अथातो बस्तिकर्मीयं सिद्धिं) व्याख्यास्यामः ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી અમે બસ્તિકર્મીય સિદ્ધિ નામના છઠ્ઠા અધ્યાયનું વ્યાખ્યાન કરીશું, એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું.૧,૨

વિવરણ :-આ છઠ્ઠા અધ્યાયમાં બસ્તિના અયોગ તથા અતિયોગથી થતાં લક્ષણો અને તેની ચિકિત્સા કહેવાશે. ૧,૨

બસ્તિના અયોગનાં લક્ષણો

.....गुदे मलाभिभूते गुदे समुपस्थितानिले वोपस्थितपुरीषे वा संस्थितश्लेष्मणि वा नेत्रे वा जिह्मे शिथिलवत्यपीडिते न स्नेहः पक्वाशयमनुप्राप्नोति । तमयोगं विद्यात् ॥३

ગુદા જો મળથી ખરડાય, ગુદામાં જો વાયુ સારી રીતે ઉપસ્થિત થઈ ભરાઈ જાય અથવા ગુદામાં વિષ્ઠા આવીને ભરાઈ જાય અથવા ગુદામાં કફ આવીને રહે અથવા બસ્તિનું નેત્ર કે નળી શિથિલતાવાળી હોય અને તે નળી જો બરાબર દબાયેલી ન હોય તો બસ્તિનો સ્નેહ પક્વાશયમાં પ્રાપ્ત થતો નથી એટલે કે પહોંચતો નથી; તેને બસ્તિનો અયોગ થયેલો જાણવો. ૩

વિવરણ : આ સંબંધે ચરકે સિદ્ધિસ્થાનના ૧૯ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે-बद्धे प्रणीते विषमे च नेत्रे मार्गे तथाऽर्शःकफविड्विबन्धे । न याति बस्तिर्न सुखं निरेति दोषावृतोऽल्पो यदि वाल्पवीर्यः ॥ ३ ॥ બસ્તિના નેત્ર કે નળીનો માર્ગ જો બંધાઈ કે રોકાઈ ગયો હોય અથવા એ નળી વિષમ રીતે આડીઅવળી પેસાડી હોય તેમ જ અર્શ, કફ કે વિષ્ઠા જો ગંઠાઈ ગયાં હોય તો બસ્તિ, ગુદાની અંદરના ભાગમાં બરાબર જતી નથી અને એ જ કારણે અંદરથી પાછી બહાર પણ નીકળતી નથી; અથવા અંદર જઈને પણ બસ્તિ, જો દોષોથી ઢંકાઈ ગઈ હોય કે બસ્તિનું સામર્થ્ય જો ઓછું હોય તોપણ અંદર ગયેલી બસ્તિ, સુખેથી બહાર નીકળતી નથી (પણ લાંબા કાળે બહાર નીકળે છે,) તેથી એ બસ્તિનો અયોગ

કે મિથ્યાયોગ થયો ગણાય છે. ૩

બસ્તિના અતિયોગનાં લક્ષણો

यः ...वातपित्तकफपुरीषमूत्राभिभूतस्य ·· ·····गच्छन्नूर्ध्वं वा प्रपद्यते, विरिक्तवृतविशोषिततृषितबुभुक्षितश्रान्तचिन्तेर्ष्यायासशोकभयार्तस्य वा न प्रत्यागच्छति, तमतियोगं विद्यात् ॥ ४ ॥

જે રોગી વાયુ, પિત્ત, કફ, વિષ્ઠા તથા મૂત્રના રોગથી પીડાયો હોય, તેને બસ્તિ દ્વારા જે સ્નેહ આપ્યો હોય તે ગુદા દ્વારા અંદર જઈને ઊંચે જતો રહે એટલે કે પક્વાશયની ઉપર જઈ પહોંચે; અથવા જેને બસ્તિ આપી હોય તે રોગીએ વિરેચન લીધું હોય, જેને સ્રાવ થઈ ગયો હોય, જે અત્યંત સુકાઈ ગયો હોય, જે તરસ્યો કે ભૂખ્યો હોય, જે થાકેલો અથવા ચિન્તા, ઈર્ષ્યા, આયાસ-શ્રમ, શોક કે ભયથી પીડાયો હોય, તેને આપેલી બસ્તિ, પાછી વળીને સંપૂર્ણ બહાર ન આવે, તેને તે બસ્તિનો અયોગ થયેલો જાણવો. ૪

બસ્તિના અયોગથી તથા અતિયોગથી થતા રોગો

तयोस्तृष्णामूर्च्छाहृल्लासज्वरदाहहृद्रोगश्वयथुशूलार्शःपाण्डुका(म)ला..... ..... तिस्तैमित्याद्या रोगा उत्पद्यन्ते । तत्रापि यथादोषं स्नेहस्वेदवमनविरेचनास्थापनफलवर्तिहितमिताशनादिभिः शममापद्यते ॥ ५ ॥

ઉપર જણાવ્યા પ્રમાણે બસ્તિનો જો અયોગ કે અતિયોગ થાય તો તેથી વધુ પડતી તરશ, મૂર્ચ્છા, હૃલ્લાસ-મોળ-ઊબકા અથવા કફના ઉછાળા, જ્વર, દાહ, હૃદયનો રોગ, સોજો, શૂલ, અર્શનો રોગ, પાંડુરોગ, કમળો, સ્તૈમિત્ય એટલે કે ભીનાં કપડાંથી શરીર જાણે લપેટ્યું હોય એવો અનુભવ થવો વગેરે રોગો ઉત્પન્ન થાય છે. તેમાં પણ દોષાનુસાર સ્નેહન, વમન, વિરેચન, આસ્થાપન, ફલવર્તિ અને હિતકારી તથા માપસર ખોરાક આપવો વગેરે ઉપચારોથી તે ઉપર કહેલા બસ્તિના અયોગ અથવા અતિયોગજન્ય રોગો શાન્તિ પામે છે. ૫

આ સંબંધે આ નીચેના શ્લોકો મળે છે:

भृशमुत्पीडितो बस्तिर्बाहुल्याद्घातमूर्च्छितः । ·····॥६॥

·····पित्तकफसंमिश्रो मुखे निपतितेऽपि वा । विष्टम्भयति वा तीव्रं प्राणानुपरुणद्धि वा ॥७॥

રોગીને અપાયેલી બસ્તિ, વધુ પડતી જો દબાઈ ગઈ હોય તો, એ બસ્તિથી અપાયેલા ઔષધના અધિકપણાને લીધે વાયુનો પ્રકોપ થતાં એ વાયુ સાથે મળીને પિત્ત તથા કફની સાથે પણ અત્યંત મિશ્ર થાય છે; અથવા બસ્તિનું મોઢું ઘણું નીચે ઢળી પડ્યું હોય તોપણ તે બસ્તિનો ઔષધયોગ તીવ્ર વિષ્ટંભ એટલે કબજિયાતને કરે છે; અથવા રોગીના પ્રાણને રૂંધી દઈ રોગીને મારી નાખે છે. ૬,૭

બસ્તિનું ઔષધ ઉપર ચઢી ગયું હોય તેનાં લક્ષણો

तृष्णामूर्च्छास्वेदहृल्लासदाहगौरवविभ्रमाः । ऊर्ध्वमागच्छतस्तस्य रूपाण्येतानि लक्षयेत् ॥८॥

કોઈ રોગીને બસ્તિ દ્વારા જે ઔષધ અપાયું હોય તે જો ઊર્ધ્વભાગે આવી ગયું હોય અને ગુદા દ્વારા પાછું ન આવ્યું હોય તો તેથી વધુ પડતી તરશ, મૂર્છા, સ્વેદ-પરસેવો, હૃલ્લાસ-મોળ-ઊબકા કે કફના ઉછાળા, દાહ, ગૌરવ-શરીરમાં ભારેપણું તથા વિભ્રમ-વિશેષ ભ્રમ કે ચકરીનો રોગ ઉત્પન્ન કરે; એ તેનાં ઊર્ધ્વમાર્ગાશ્રિત-બસ્તિ-ઔષધનાં લક્ષણો જાણવાં. ૮

બસ્તિના ઉપર કહેલ અતિયોગથી થયેલા ઉપદ્રવોના ઉપચારો

एतानि रूपाण्युप(लभ्य)·····। .....(विश्रा)म्य विश्राम्य पुनः पुनश्च ॥

निपीडयेज्जातबलं बलेन शीताभिरद्भिः परिषेचयेच्च ॥९॥

वित्रासयेद्भीषयेद्रोदयेच्च ब्रूयान्मृतान् वा स्वजनेष्वबन्धून् बद्धान्। हतान् विप्रकृतांस्तथव

शीताम्बुसिक्तैर्व्यजनै.....
.....॥ १० ॥

ઉપર જણાવેલ બસ્તિના અતિયોગનાં એ લક્ષણોને વૈદ્ય જાણે, તે પછી એ વૈદ્યે તે રોગીને વારંવાર વિશ્રાન્તિ આપવી; અને પછી તે રોગીમાં બળની વૃદ્ધિ થઈ જાય ત્યારે તેને ઘણા બળથી દાબવો; અને એમ કરવાથી તેનામાં બળ ઉત્પન્ન થાય ત્યારે તેની ઉપર શીતલ પાણીથી થોપાસ સિંચન કરવું, તેને ઘણો ત્રાસ પમાડવો, ભય પમાડવો, રડાવવો અથવા તેના સ્વજનો અને પ્રિયબંધુઓ-સગાં-સંબંધીઓ મરી ગયાં છે, એમ તેને કહેવું; અથવા તેનાં સગાંસંબંધીઓ બંધાયાં છે-કેદ પૂરાયાં છે, માર્યા ગયાં છે કે શત્રુઓથી તિરસ્કારાયાં છે, એમ તેને જણાવવું; તેથી એ રોગી ખૂબ શોકાકુળ બને ત્યારે તેની થોપાસ શીતળ પાણીથી ભીંજવેલા પંખા વડે તેને પવન ઢોળવો. ૯,૧૦

બસ્તિના અતિયોગની ચિકિત્સા

कुष्ठं सुपिष्टं कुमुदेन सार्धं गव्यं च पित्तं प्रपिबेज्जलेन । गोमूत्रयुक्तामभयां पिबेद्वा युक्तं त्रिवृत् सैन्धवसप्तलाद्यैः ॥ ११ ॥

બસ્તિનો જેને અતિયોગ થયો હોય તેને 'કુમુદ' નામનાં ચંદ્રવિકાસી ધોળાં કમળની સાથે સારી રીતે પીસી નાખેલ કઠ અને ગાયના પિત્ત-ગોરોચન-ને પાણીની સાથે પાવું; અથવા તે રોગીને ગોમૂત્રની સાથે હરડે પાવી અથવા સૈંધવ અને સાતલા થોર-ચીકાકાઈ વગેરેની સાથે નસોતર પાવું. ૧૧

ઉપરની ચિકિત્સા કર્યા પછીના ઉપચારો

विरेचनद्रव्यकषायसिद्धं सतैलमुष्णं लवणीकृतं च । निवृत्तदोषस्य सपञ्चमूलमास्थापनेऽत्यन्तमुशन्ति (वृद्धाः) ॥ १२ ॥
.....स्नुयुक्तेन रसेन चैनम् ।
संभोजयेज्जाङ्गलकेन शालीन् स्नानादि सर्वं परिहारयेच्च ॥ ततोऽस्य सात्म्याग्निबलाद्यवेक्ष्य संबृंहयेद्वस्तिभिरेव बालम् ॥ १३ ॥

ઉપર કહેલ એ ચિકિત્સાથી જેના દોષો દૂર થયા હોય એવા તે રોગીને વૈદ્યે, વિરેચનદ્રવ્યથી તૈયાર કરેલા કષાય કે ક્વાથની સાથે પકવેલ ગરમ તૈલ અને લવણથી યુક્ત કરેલ પંચમૂલનો ક્વાથ, આસ્થાપન-નિરૂહબસ્તિ દ્વારા આપવો એમ વૃદ્ધ વૈદ્યો કહે છે; તે પછી પાણીથી મિશ્ર કરેલ જાંગલ-પશુપક્ષીઓના માંસ-રસની સાથે એ રોગીને શાલિ-ડાંગરના ભાત સારી રીતે જમાડવા; તેમ જ સ્નાન આદિ સર્વ અપથ્યનો ત્યાગ કરાવવો; તે પછી એ રોગીને જે સારું-હિતકારી હોય તે, તેમ જ તેના અગ્નિ બલ આદિને જોઈને એ બાલ રોગીને બસ્તિઓ દ્વારા સારી રીતે બૃંહણ કરાવવું-પુષ્ટિ મળે તેમ કરવું. ૧૨,૧૩

આનાહ તથા શૂલના રોગીની ચિકિત્સા

आनाहिनं शूलरुजापरीतं सुस्निग्धगात्रं फलवर्तियोगैः ॥ विस्रंसयेत् पथ्यभुजं यथोक्तं... ॥१४॥

જે રોગી આનાહ-મળબંધ તથા શૂલના રોગથી યુક્ત થયો હોય તેના શરીરને પ્રથમ સ્નેહનથી સ્નિગ્ધ કરી ફલવર્તિ કે ગુદવર્તિઓ દ્વારા વિસ્રંસન એટલે કે વિરેચન કરાવવું; તે પછી ઉપર કહ્યા પ્રમાણે અથવા શાસ્ત્રમાં જેમ કહેલ છે, તેમ પથ્ય ભોજન કરાવવું. ૧૪

ફલવર્તિ-રચનાવિધિ

....गैश्च सकिण्वसिद्धार्थकमाषचूर्णैः । ससैन्धवैस्तैलगुडोपपन्नैर्यवोपमाः फलवर्तीर्विदद्ध्यात् ॥ १५ ॥

आनाहिनस्ताः प्रणयेदपाने षट् सप्त पञ्चेति वयोनुरूपम् । ताभिर्विरिक्ते लभते स शर्म विरेचयेत्तदसिद्धौ तु तीक्ष्णैः ॥ १६ ॥

ખોળ સહિત સરસવ અને અડદનું ચૂર્ણ, સૈંધવ, તલ તથા ગોળ-એટલાંને મિશ્ર કરી તેઓની જવના જેવડી વાટ વૈદ્યે

અનાવવી; પછી એ વાટોને પાંચ, છ કે સાતની સંખ્યામાં આનાહના રોગીની ઉમર પ્રમાણે ગુદામાં મૂકવી; એ વાટોના પ્રભાવથી વિરેચન થાય છે, જેથી તે રોગી સુખ પામે છે; પરંતુ એ વાટોથી જો વિરેચન ન થાય, તો તીક્ષ્ણ વિરેચન–ઔષધિઓથી એ રોગીને વિરેચન કરાવવું જોઈએ. ૧૫,૧૬

इति ह स्माह भगवान् कश्यपः।

એમ ભગવાન કશ્યપે કહ્યું હતું.

इति काश्यपसंहितामां सिद्धिस्थान विषे 'अस्तिकर्मीय सिद्धि' नामनो अध्याय ६ठो समाप्त

પંચકર્મીય સિદ્ધિ : અધ્યાય ૭ મો

अथातः पञ्चकर्मीयां सिद्धिं व्याख्यास्यामः ॥१॥ इति ह स्माह भगवान् कश्यपः ॥२॥

હવે અહીંથી પંચકર્મોની સિદ્ધિ એ નામે સાતમા અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું, એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું. ૧,૨

વિવરણ : આ અધ્યાયમાં વમન, વિરેચન, નિરૂહ, આસ્થાપન, અનુવાસન તથા નસ્ય કે શિરોવિરેચન એ પાંચ ચિકિત્સાઓમાંથી કઈ કઈ ચિકિત્સાથી કયા કયા રોગો મટે છે, તે કહેવાશે.

વૃદ્ધજીવકનો પ્રશ્ન અને કશ્યપ ભગવાનનો ઉત્તર

अथ खलु भगवन् देहिनां व्याधयः के वमनसाध्याः? के न; के विरेचनसाध्याः? के न; केऽनुवासनसाध्याः? के न; के निरूह (साध्याः? के नः)..... .(भ)गवान् कश्यपः कफज्वरारुचिमुखवैरस्यकफप्रसेककफहृद्रोगविसूचिकाकासश्वासगलग्रहगलशुण्डिकागलगण्डगण्डमालारोहिणिकाविदारिकाधोरक्तपित्तहृल्लासप्रमेहहली (मक).....स्कन्दग्रहस्कन्दापस्मारस्कन्दपितृनैगमेषक्षीरगौरवक्षीरवृद्धिक्षीरघनत्वाजीर्णपरिकर्तिकाहृल्लासशूलाटोपातिविरिच्यमानगरितविषपीताद्या वमनसाध्या इति ॥३॥

વૃદ્ધજીવકે પૂછ્યું : હે ભગવન્! માણસોના કયા રોગો વમનથી સાધ્ય હોઈ મટે છે? અને કયા રોગો વમનથી મટતા નથી? કયા રોગો વિરેચનસાધ્ય હોઈ વિરેચનથી મટે છે? અને કયા રોગો વિરેચનથી મટતા નથી? કયા રોગો અનુવાસનસાધ્ય હોઈ અનુવાસનથી મટે છે અને તેથી નથી મટતા? કયા રોગો નિરૂહથી સાધ્ય હોઈ તેનાથી મટે છે અને તેથી નથી મટતા? કયા રોગો નસ્ય કે શિરોવિરેચનથી સાધ્ય હોઈ શિરોવિરેચન કે નસ્યથી મટે છે અને કયા રોગો તે શિરોવિરેચનથી મટતા નથી?

ભગવાન કશ્યપે કહ્યું : કફજ્વર, અરુચિ, વૈરસ્ય–મોઢાનું બેસ્વાદપણું; કફપ્રસેક એટલે કફની લાળો ઝરવી. કફનો હૃદયરોગ, વિષૂચિકા–કોલેરા કે પેટની ચૂંક, કાસ–ઉધરસ, શ્વાસરોગ–દમ કે હાંફણ અથવા હાંફ, ગલગ્રહ–ગળાનું ઝલાવું, ગલશુંડિકા, ગલગંડ, ગંડમાલા–રોહિણિકા, વિદારિકા નામની પ્રમેહની ફોલ્લી, અધોરક્ત–નીચેના માર્ગે વહેતું રક્તપિત્ત, હૃલ્લાસ–મોળ–ઊબકા કે કફના ઉછાળા, પ્રમેહ, હલીમક–પાંડુરોગનો ભેદ, સ્કંદગ્રહ, સ્કંદ–અપસ્માર, સ્કંદપિતા, નૈગમેષ, ક્ષીરગૌરવ–જેથી માતાનું ધાવણ ભારે થાય છે તે રોગ, ક્ષીરવૃદ્ધિ–કે જેથી ધાવણ વધે છે તે રોગ, ક્ષીરઘનત્વ–જેથી માતાનું ધાવણ ઘન–ઘટ્ટ થાય છે; અજીર્ણ, પરિકર્તિકા–પેટમાં કે ગુદામાં થતી વાઢ, હૃલ્લાસ–મોળ, ઊબકા, શૂલ–એટલે પેટમાં શૂલ ભોંકાય જેવી પીડા, આટોપ–પેટનું તંગ થવું–ચડવું, વધુ પડતો વિરેચનયોગ, ગરિતવિષ એટલે સંયોગજન્ય વિષયોગ તથા વિષપીત એટલે કે જેણે વિષપાન કર્યું હોય તેને થતા રોગો વગેરે રોગો વમનસાધ્ય હોઈ વમન કરાવવાથી મટે છે. ૩

વિવરણ : આ સંબંધે ચરકે સિદ્ધિસ્થાનના ૨ જા અધ્યાયમાં આમ કહ્યું છે કે–पीनसकुष्ठनवज्वरराजयक्ष्मकासश्वासगलग्रहगलगण्डश्लीपदमेहमन्दाग्निविरुद्धाजीर्णान्नविसूचिकालसकविषगरपीतदष्टदिग्धविद्धाधःशोणितपित्तप्रसेकहृल्लासारोचकाविपाकापच्यपस्मा-

रोन्मादातिसारशोषपाण्डुरोगमुखपाकदुष्टस्तन्यादयः श्लेष्मव्याधयो विशेषेण महारोगाध्यायोक्ताश्च, तेषु हि वमनं प्रधानतममित्युक्तं, केदारसेतुभेदे शाल्याद्यशोषदोषविनाशवत् । જેઓને પીનસ–નાકનો રોગ, કોઢ, નવો જ્વર, રાજયક્ષ્મા–ક્ષય, કાસ–ઉધરસ, શ્વાસ, ગલગ્રહ–ગળાનું ઝલાવું, ગલગંડ, શ્લીપદ–હાથીપગું, મેહ, મંદાગ્નિ, વિરુદ્ધ ભોજન, અજીર્ણ–ખોરાકનો અપચો, વિસૂચિકા, અલસકરોગ, વિષપીત–જેણે વિષપાન કર્યું હોય તેને થતા ઉપદ્રવો, ગરપીત જેણે ગર વિષ પીધું હોય તેને થતા વિકારો, જેને સર્પદંશ થયો હોય, જેને ઝેર ચોપડેલ હથિયાર વાગ્યું હોય કે તેથી જે વીંધાયો હોય, અધઃશોણિત–જેને નીચેના માર્ગે રક્તપિત્ત વહેતું હોય, જેના મોઢામાંથી પ્રસેક–કફની લાળો ઝરતી હોય, જેને હલ્લાસ–મોળ–ઊબકા આવતા હોય, અરોચક થયેલ હોય એટલે કે અરુચિ કે ખોરાક ઉપરનો અણગમો થયો હોય, અવિપાક એટલે ખોરાકનો અપચો થતો હોય, ' અપચી ' નામનો રોગ થયો હોય, જેને ઉન્માદ–ગાંડપણ થયું હોય, અતિસાર–ઝાડાનો રોગ થયો હોય; શોષરોગ–ક્ષય, પાંડુરોગ, મોઢાનું પાકવું અને દુષ્ટ થયેલ ધાવણ–ઇત્યાદિ કફના રોગો સૂત્રસ્થાનના ૨૦ મા અધ્યાયમાં ચરકે જે કહ્યા છે તે બધામાં ખરેખર વમનકર્મ જ અતિશય પ્રધાન છે, એમ અહીં સિદ્ધિસ્થાનમાં કહ્યું છે. જેમ ખેતરમાં કરેલા ક્યારાઓની પાળ તૂટી જતાં તેમાં ભરાઈ રહેલું પાણી વહી જતાં તેમાં વાવેલ શાલિ–ડાંગર સૂકાઈ ન જાય, એમ બનતું નથી, પણ સૂકાઈ જ જાય તેમ વમનકર્મરૂપ ચિકિત્સા કરવાથી ઉપર્યુક્ત પીનસ વગેરે રોગ મટી ન જાય, એમ બનતું જ નથી પણ અવશ્ય મટે જ છે. આ જ પ્રમાણે સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૩ મા અધ્યાયમાં કહ્યું છે. ૩

અહીં આ વમનકર્મ વિષે આ શ્લોકો પણ મળે છે :

अत्र श्लोकः—

कफाधिकाश्च ये रोगा.....।

.....॥ ४ ॥

જે રોગો કફની અધિકતાથી થયેલા હોય છે, તેઓને મટાડવા વમનકર્મ જ અવશ્ય કરવા યોગ્ય ગણાય છે. ૪

વિવરણ : આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૨૦ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે– ' वमनं तु सर्वोपक्रमेभ्यः श्लेष्मणि प्रधानतमं मन्यन्ते भिषजः । तद्ध्यादित एवामाशयमनुप्रविश्य केवलं वैकारिकं श्लेष्ममूलमपकर्षति । तत्राव्जिते श्लेष्मण्यपि शरीरान्तर्गताः श्लेष्मविकाराः प्रशान्तिमापद्यन्ते ॥ કફના વધારામાં કે કફના કોઈ પણ વિકારમાં કે કફપ્રધાન રોગોમાં બીજી ચિકિત્સાઓ કરતાં વમનને જ વૈદ્યો પ્રધાન અથવા મુખ્ય માને છે; કારણ કે તે વમન જ સૌ પહેલાં આમાશયમાં પ્રવેશ કરીને કેવલ વિકારરૂપ થયેલા કફના મૂળને બહાર ખેંચી કાઢે છે; એમ વિકારના મૂલરૂપ એવો તે કફ જિતાયો હોય કે દૂર કરાયો અથવા વમન દ્વારા બહાર કાઢી નંખાયો હોય ત્યારે શરીરની અંદર ગયેલા કે પહોંચી ગયેલા કફના વિકારો અત્યંત શાન્તિને પામે છે. ' ૪

વમનને અયોગ્ય વ્યક્તિઓ

वृद्धजीवक ! पुष्पिण्यृतुमती गर्भिणी कुटीगताऽल्पक्षीरा लघुक्षीरा नष्टक्षीरा छीरच्छर्दनपुत्रा प्रच्छर्दिनी सुभगा पण्डितमानिनी जाठरी वातज्वरी स्थूलोऽक्षिरोगी तृष्णालुर्मूर्च्छावान्निरूढोऽनुवासितः क्षतः क्षीणःक्षोप-..... गैन्नोऽतिबालोऽतिवृद्धो गुल्मप्लीहोर्ध्वरक्तलोमध्यापत्कर्णरोगशिरःकम्पार्दितार्धावभेदकसूर्यावर्तरेवतीपौण्डरीकशकुनीपूतनामुखमण्डिकार्ताश्च न वाम्याः ॥ ५ ॥

હે વૃદ્ધજીવક ! જે સ્ત્રી પુષ્પિણી–રજોદર્શનથી યુક્ત થઈ હોય, ઋતુમતી હોઈને માસિક અટકાવને પ્રાપ્ત થઈ હોય, જે સ્ત્રી ગર્ભિણી કે સગર્ભા હોય, જેને કુટીસ્વેદ અપાયો હોય, જેને ધાવણ ઓછું આવતું હોય, જેનું ધાવણ પચવામાં હલકું હોય, જેનામાં ધાવણ નાશ પામી ગયું હોય, જેનું બાળક ધાવેલા ધાવણને ઓકી કાઢતું હોય, જે સ્ત્રી ઓકયા કરવાના સ્વભાવવાળી હોય, જે સ્ત્રી ઉત્તમ ભાગ્યવતી હોઈ ધનાઢ્ય શ્રીમતી હોય, જે સ્ત્રી પોતાને પંડિત માનતી હોય, જેને જઠર કે

ઉદરનો રોગ થયો હોય, જેને વાતજ્વર આવતો હોય, જે માણસ સ્થૂલ-જાડો હોય, જેને નેત્રનો રોગ થયો હોય, જેને વધુ પડતી તરશ લાગ્યા કરતી હોય જેને મૂર્છાનો રોગ હોય, જેને નિરૂહ કે આસ્થાપન બસ્તિ અપાઈ હોય, જેને અનુવાસન બસ્તિ અપાઈ હોય, જેને ક્ષત કે છાતીમાં ચાંદું પડ્યું હોય, શરીરે જે ક્ષીણ થયો હોય, જે ઘણો નાનો બાળક હોય, અત્યંત વૃદ્ધ થયો હોય, ગુલ્મ-ગોળાનો જે રોગી હોય, પ્લીહા-બરોળનો જે રોગી હોય, જેને ઊર્ધ્વમાર્ગી રક્તપિત્તનો રોગ થયો હોય, જેને રુવાંટાંનો કે વાળનો રોગ હોય, કાનનો જે રોગી હોય, માથું કંપ્યા કરવાનો જેને રોગ થયો હોય, જેને અર્દિત નામનો મોઢાનો વાતરોગ હોય, અર્ધાવભેદક-સૂર્યાવર્ત કે અર્ધા માથાના દુખાવારૂપ-આધાશીશીનો જે રોગી હોય, જેને સૂર્યાવર્ત નામનો રોગ હોય, જેમાં સૂર્ય ઊગ્યા પછી તે જેમ જેમ ઊંચે ચઢે છે તેમ તેમ માથાનો દુખાવો વધે અને સૂર્ય જેમ જેમ નમે છે તેમ તેમ માથાનો દુખાવો ઓછો થઈ સૂર્યાસ્ત થતાં તદ્દન મટે છે, તે રોગવાળો, રેવતીગ્રહના વળગાડવાળો, પુંડરીક ગ્રહના વળગાડવાળો, શકુની ગ્રહના વળગાડવાળો અને 'મુખમંડિકા' ગ્રહના વળગાડવાળો રોગી-એટલા રોગીઓ વમન કરાવવા યોગ્ય ગણાતા નથી. ૫

વિવરણ: આ સંબંધે ચરકે પણ સિદ્ધિસ્થાનના બીજા અધ્યાયમાં આમ કહ્યું છે કે-'अवाम्यास्तावत्-क्षतक्षीणातिस्थूलकृशबालवृद्धदुर्बलश्रान्तपिपासितक्षुधितकर्मभाराध्वहतोपवासमैथुनाध्ययनव्यायामचिन्ताप्रसक्तक्षामगर्भिणीसुकुमारसंवृतकोष्ठदुश्छर्दनोर्ध्वरक्तपित्तप्रसक्तच्छर्ध्यूर्ध्ववातास्थापितानुवासितहृद्रोगोदावर्तमूत्राघातप्लीहगुल्मोदराष्ठीलास्वरोपघातितिमिरशिरःशङ्खकर्णाक्षिपार्श्वशूलार्ताः। જે માણસ ક્ષત-છાતીમાં ચાંદીવાળો હોય, ક્ષીણ થયો હોય, અતિશય સ્થૂલ, અતિશય કૃશ-પાતળો-દુર્બળ, બાળક, વૃદ્ધ, દુર્બલ, થાકેલો, તરસ્યો થયેલ, ભૂખ્યો, કામ કરી કંટાળેલો, ભાર ઉપાડી થાકેલો, માર્ગે મુસાફરી કરી ચીમળાયેલો, ઉપવાસી, મૈથુનમાં આસક્ત, અધ્યયનમાં તત્પર, વ્યાયામ કે શારીરપરિશ્રમ કરનારા, ચિન્તાથી આતુર, શરીરે ક્ષામ-ઘસાયેલ, ગર્ભિણી સ્ત્રી, સુકુમાર-કોમળ, સંકોચાયેલ કોઠાવાળો, જેને વમનનો દુર્યોગ થયો હોય, ઊર્ધ્વગામી રક્તપિત્તનો જે રોગી હોય, ઊર્ધ્વવાતનો રોગી હોય, જેને આસ્થાપન બસ્તિ અપાઈ હોય, જેને અનુવાસન બસ્તિ અપાઈ હોય, જેને હૃદયનો રોગ થયો હોય, જેને ઉદાવર્ત રોગ થયો હોય, મૂત્રાઘાતનો રોગી, પ્લીહા-બરોળનો રોગી, ગુલ્મ-ગોળાનો રોગી, ઉદરનો રોગી, 'અષ્ઠીલા' નામની ગાંઠનો રોગી, જેનો સ્વર-ગળાનો અવાજ બેસી ગયો હોય, તિમિર-આંખે અંધારાં આવે તેનો રોગી અને માથું, લમણાં, કાન, આંખ તથા બેય પડખાંઓમાં જે શૂલથી પીડાયો હોય-એ બધાયે રોગીઓ વચનક્રમ કે વમન-ચિકિત્સા માટે અયોગ્ય ગણાય છે,' આ જ પ્રકારે સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૩ મા અધ્યાયમાં કહ્યું છે, તે ત્યાં જોવું. ૫

વિરેચનને યોગ્ય વ્યક્તિઓ

अगर्भा गर्भकामा विवर्णक्षीरा स्रवत्क्षीरा मन्दाग्नयो..... ..वैसर्पशोणिताशॉंविषमाग्निकुष्ठश्वयथुश्वित्रोर्ध्वरक्तप्लीहगुल्ममधुमेहहलीमककामलापाण्डुरोगहृद्रोगकृमिकोष्ठापस्मारोपस्तम्भोदावर्तकफोन्मादविद्रधिश्लीपदयोनि..... घा इति ॥ ६ ॥

જે સ્ત્રીને ગર્ભ રહેતો કે ટકતો ન હોય જે સ્ત્રી ગર્ભને ઇચ્છતી હોય, જેનું ધાવણ વર્ણરહિત અથવા બગડી ગયેલા રંગવાળું થયું હોય, જે સ્ત્રીનું ધાવણ નિરંતર સ્રવ્યા કરતું હોય, જે લોકોના જઠરનો અગ્નિ મંદ થઈ ગયો હોય અને જેઓને વિસર્પ-રતવા, લોહી ઝરતા અર્શસ્, વિષમ અગ્નિ, કોઢરોગ, સોજા, શ્વિત્ર-ધોળો કોઢ, ઊર્ધ્વગામી રક્તપિત્ત, પ્લીહા-બરોળ, ગુલ્મ-ગોળો, મધુમેહ,

હલીમક નામે પાંડુરોગનો ભેદ, કામલા-કમળાનો રોગ, પાંડુરોગ, હૃદયનો રોગ, કૃમિયુક્ત કોઠો, અપસ્માર-વાઈનો રોગ, ઉપસ્તંભ-જકડાઈ જવું, ઉદાવર્તરોગ, કફથી થયેલ ઉન્માદ-ગાંડપણ, વિદ્રધિ-ગૂમડું કે તે નામનો એક જૂનો રોગ, શ્લીપદ-હાથીપગાનો રોગ અને યોનિરોગ-વગેરે રોગો થયા હોય ત્યારે વિરેચન સેવવું તે યોગ્ય ગણાય છે. ૬

આ સંબંધે ચરકે પણ સિદ્ધિસ્થાનના બીજા અધ્યાયમાં આમ કહ્યું છે કે-' कुष्ठज्वरमेहोर्ध्वरक्तपित्तभगन्दरोदरार्शोव्रध्नप्लीहगुल्मार्बुदगलगण्डग्रन्थिविसूचिकालसकमूत्राघातकृमिकोष्ठवीसर्पपाण्डुरोगशिरःपार्श्वशूलोदावर्तनेत्राभ्यदाहहृद्रोगव्यङ्गनीलिकानेत्रनासिकास्यश्रवणरोगगुदमेढ्रपाकहलीमकश्वासकासकामलापच्यपस्मारोन्मादवातरक्तयोनिरेतोदोषैर्मिर्यारोचकाविपाकच्छर्दिश्वयथुगरविस्फोटकादयः पित्तव्याधयो विशेषेण महारोगाध्यायोक्ताश्च, एतेषु हि विरेचनं प्रधानतममित्युक्तमग्न्युपशमेऽग्निगृहवत् । ' કોઢ, જ્વર, મેહ, ઊર્ધ્વગામી રક્તપિત્ત, ભગંદર, અર્શસ્, બ્રધ્ન-બદગાંઠ, પ્લીહા-બરોળ, ગુલ્મ-ગોળાનો રોગ, અર્બુદ-રસોળી કે કેન્સર, ગલગંડ, ગાંઠ, વિસૂચિકા-કોલેરા, અલસક-એક જાતનો વિષૂચિકાનો ભેદ, મૂત્રાઘાત અર્થાત્ મૂત્ર અટકે તે રોગ, કૃમિકોષ્ઠ-કરમિયાયુક્ત કોઠાનો રોગ, વીસર્પ-રતવાનો રોગ, પાંડુરોગ, મસ્તકનો રોગ, પાર્શ્વ-પડખાંનો રોગ, શૂલ ભોંકાતાં હોય એવો રોગ, ઉદાવર્ત રોગ, નેત્રદાહ, મુખદાહ, કાનનો દાહ-બળતરાનો રોગ, હૃદયરોગ, વ્યંગ-ચાઠાંનો રોગ, નીલિકા-આંખ નો રોગ, નેત્રનો રોગ, મુખરોગ, કાનનો રોગ, ગુદપાક, મેઢ્રપાક અર્થાત્ લિંગનું પાકવું, હલીમક-પાંડુનો ભેદ, શ્વાસ, કાસ-ઉધરસનો રોગ, કામલા-કમળાનો રોગ, અપચી નામનો ગંડમાલા જેવો ગાંઠનો રોગ, અપસ્માર-વાઈ નો રોગ, ઉન્માદ-ગાંડપણનો રોગ, વાતરક્ત રોગ, યોનિદોષ, વીર્યદોષ, આંખે અંધારાં આવે તે રોગ, અરોચક-અરુચિનો રોગ, અવિપાક-ખોરાક ન પચે તે રોગ, ઊલટીનો રોગ, સોજાનો રોગ, ગર-કૃત્રિમ-સંયોગજ વિષજન્ય રોગ અને વિસ્ફોટક રોગ-વગેરે પિત્તના રોગો વિશેષે કરી (સૂત્રસ્થાનના ૨૦ મા) મહારોગ અધ્યાયમાં જે કહ્યા છે, તે રોગોમાં વિરેચન ચિકિત્સા કરવી એ મુખ્ય છે; જેમ અગ્નિયુક્ત ઘરમાં અગ્નિ હોલવાઈ જાય ત્યારે તે અગ્નિનું ઘર પણ શાન્ત થઈ જાય છે, તેમ શરીરમાં પિત્તનો પ્રકોપ શાંત થતાં તેના કોપથી થયેલા રોગો શાન્ત થઈ મટી જાય છે. ૬

નસ્યકર્મ દ્વારા સ્નેહન યોગ્ય રોગીઓ

अत्र श्लोकः—અહીં આ શ્લોક છે :

व्याकुलान् सन्निपातोत्थान् पैत्तिकान् कफपैत्तिकान् । संसृष्टान् कफमूलांश्च स्नंसनेनाभ्युपक्रमेत् ॥ ७ ॥

સન્નિપાતથી ઉત્પન્ન થયેલ પિત્ત સંબંધી, કફ-પિત્ત સંબંધી અને જેમાં બે દોષો મળ્યા હોય તેવા સંસૃષ્ટ તથા કફપ્રધાન એટલે કે જેના મૂળમાં કફ હોય તેવા રોગવાળા રોગીઓની વિરેચન દ્વારા ચિકિત્સા કરવી. ૭

વિરેચન કોને ન અપાય ?

अनुपस्निग्धरिक्तकोष्ठकृशस्थूलदुष्णाफ(दुर्बल ?) ललितसुकुमारश्रीधननष्ट..... षक्षतपक्षहततृष्णातालुशोषोरुस्तम्भार्दितहनुग्रहवातहृद्रोगरेवतीकेवलवातार्ताश्च न विरेच्याः ॥ ८

જેનું સ્નેહકર્મ ન કર્યું હોય, જેનો કોઠો ખાલી હોય, જે કૃશ, સ્થૂલ, દુષ્ણાફ-દુર્બળ, સ્થૂલ, જેનું સારી રીતે લાલનપાલન કરવામાં આવ્યું હોય, જે નાજુક હોય, જેની કાંતિ તેમ જ ધન નાશ પામ્યાં હોય, જે ક્ષત, પક્ષાઘાત, તૃષ્ણા, તાલુશોષ, ઊરુસ્તંભ, અર્દિત-અડદિયો વા, હનુગ્રહ-દાઢી જકડાઈ જવી, વાતિક હૃદયરોગથી પીડાતા હોય અને રેવતી ગ્રહ તથા વાયુના પ્રકોપથી પીડિત હોય તેવા રોગીઓને વિરેચન આપવું જોઈએ નહિ. ૮

વિવરણ : આ સંબંધે ચરકે સિદ્ધિસ્થાનના અધ્યાય ૨જામાં કહ્યું છે કે, ' अविरेच्यास्तु-सुभगक्षतगुदमुक्तनालाधोभागरक्तपित्तविलङ्घितदुर्बलेन्द्रियाल्पाग्निनिरूढकामादिव्यग्राजीर्णनवज्वरमदात्ययिताध्मातशल्या-

र्दितामिहतातिस्निग्धरूक्षा दारुणकोष्ठाः क्षतादयश्च गर्भिण्यन्ताः। આટલી વિરેચનને અયોગ્ય વ્યક્તિઓ છેઃ સુભગ–સારાં ભાગ્યવાળા અર્થાત્ સુખી લોકો, જેઓની ગુદામાં ચાંદું હોય, મુક્તનાલ–જેઓની ગુદાની વળીઓ મળને રોકી શકતી ન હોય, જેથી આપોઆપ મળ નીકળ્યા કરતો હોય, જેઓને અધોગામી રક્તપિત્તનો રોગ લાગુ થયો હોય, જેમણે વધુ પ્રમાણમાં લંઘન કર્યાં હોય, જેઓની ઇંદ્રિયો દુર્બળ હોય, જઠરાગ્નિ મંદ હોય, જેમને નિરૂહબસ્તિ ન આપી હોય; જેઓ કામ, ક્રોધ વગેરેથી વ્યાકુળ હોય, જેઓને અજીર્ણ રહેતું હોય, જેમને નવીન જ્વર આવતો હોય, જેઓને મદાત્યય રોગ થયો હોય, આફરો થયો હોય, શલ્ય ભોંકાયું હોય, લાકડી વગેરેથી માર પડ્યો હોય, વધુ પડતું સ્નેહનકર્મ કરવામાં આવ્યું હોય, વધુ પ્રમાણમાં રૂક્ષ થયા હોય, જેઓનો કોઠો ઘણો કઠણ હોય અને જેઓ ક્ષતથી લઈ ગર્ભિણી સુધીના લોકો કહ્યા છે તેઓ પણ વિરેચનને માટે અયોગ્ય છે. આ જ પ્રમાણે સુશ્રુતના ચિકિત્સિતસ્થાનના અધ્યાય ૨૬માં પણ કહ્યું છે. ૮

શિરોવિરેચન કોને અપાય?

प्रतिश्यायकासश्वासशोषहिक्कामुखशोषापस्मारगलग्रहरोहिणिका..... ... ..तिमुखार्बुदाधिमन्थनासाशालिज्युपजिह्विकागलगण्डगण्डमालागलशुण्डिकाक्ष्यभिष्यन्दाश्च नस्ततो विरेच्याः ॥ ९ ॥

જેને પ્રતિશ્યાય–સળેખમ, કાસ, શ્વાસ, શોષ, હેડકી, મુખશોષ, અપસ્માર, ગલગ્રહ–રોહિણિકા–રસોળી, મુખાર્બુદ–રસોળી, અધિમંથ નામે રોગ, નાકના અરશ, અલજી–સાંધાનો એક રોગ, ઉપજિહ્વિકા, ગલગંડ, ગંડમાળા, ગલશુંડિકા તથા આંખના અભિષ્યંદ રોગોમાં નસ્ય દ્વારા વિરેચન કરાવવું. ૯

વિવરણ : આ સંબંધે ચરકે સિદ્ધિસ્થાનના ૨ જા અધ્યાયમાં કહ્યું છે કે, 'विशेषतस्तु शिरोदन्तमन्यास्तम्भहनुग्रहपीनसगलशुण्डिकाशालूकशुक्तिमिरवर्त्मरोगव्यङ्गोपजिह्वार्धावभेदकसूर्यावर्तशिरोरोगार्दितापतन्त्रकापतानकगलगण्डदन्तशूलहर्षकपालशिरोरोगार्दितापतन्त्रकापतानकगलगण्डदन्तशूलहर्षचालाक्षिराज्यर्बुदस्वरभेदवाग्ग्रहगद्गदक्रथनादय ऊर्ध्वजत्रुगता वातादिविकाराः परिपक्वाश्च, एतेषु शिरोविरेचनं प्रधानतममित्युक्तं तद्धयुक्तमाङ्गमनुप्रविश्य मुञ्जादिषोकामिवासक्तां केवलं विकारकरं दोषमपकर्षति ॥ આમ કરીને શિરઃસ્તંભ–માથું ઝલાવું, દંતસ્તંભ–દાંતનું સજ્જડ થવું, ગળાની મન્યા નાડીઓનો સ્તંભ, હડપચીનું ઝલાવું, જૂનું સળેખમ, ગલશુંડિકા, શુક્રરોગ, તિમિરરોગ, વર્ત્મરોગ, વ્યંગરોગ, ઉપજિહ્વિકા, અર્ધાવભેદક, કોકનો રોગ, આંધ્રનો રોગ, ખભાનો રોગ, મુખરોગ, નાસિકારોગ, કર્ણરોગ, નેત્રરોગ, મસ્તકરોગ, માથાની ખોપરીનો રોગ, અડદિયો વા, અપતંત્રક, અપતાનક, ગલગંડ, દંતશૂળ, દંતહર્ષ, દંતચાલ, આંખમાં લાલ રેખાઓ થવી, રસોળી, સ્વરભેદ, જ્વર આવતો હોય, વાણીનું ઝલાવું, ગળગળું બોલાય તથા કથનરોગ એટલે શરીરનો ઉપલો ભાગ ખોટો પડી જાય અથવા શરીરે વારંવાર રોમાંચ થાય અને ગળાની હાંસડીના ઉપરના ભાગમાં થતા પરિપક્વ વાત આદિ વિકારો–આ બધા રોગોમાં શિરોવિરેચન એ મુખ્ય ચિકિત્સા કહી છે; કારણ કે શિરોવિરેચન ચિકિત્સા મસ્તકમાં પ્રવેશ કરી કેવળ વિકાર કરનાર દોષોને મુંજ નામના ઘાસમાંથી વચ્ચેથી સળી કાઢી લેવામાં આવે છે તેમ બહાર ખેંચી કાઢે છે.' ૯

નસ્ય દ્વારા સ્નેહન કરાવવા યોગ્ય વ્યક્તિઓ

दन्तचालहनुस्तम्भमन्यास्तम्भशिरोग्रहबाधिर्यकर्णशूलार्धावभेदकसूर्यावर्तापता(नक)..... ....स्वरभेदवाग्ग्रहौष्ठस्फुरणतिमिरमुखनासिकादौर्गन्ध्याकालपलितखालित्यानिलात्मकार्ताश्च नस्तत उपस्नेह्या इति ॥ १० ॥

દાંતનું ચાલવું કે દાંત હલી જવા, હનુસ્તંભ–હડપચીનું જકડાવું, 'મન્યા' નામની ગળાની નાડીનું જકડાવું, શિરોગ્રહ–માથું ઝલાઈ જવું, બહેરાપણું, કાનનું શૂલ, અર્ધાવભેદ–આધાશીશી નામનો માથાનો રોગ–જેમાં અર્ધું માથું દુખ્યા કરે છે, સૂર્યાવર્ત નામનો મસ્તકરોગ–જેમાં સૂર્યના ઉદયથી માંડી માથામાં પીડા થાય

અને સૂર્ય અસ્ત થવા માંડે તેમ પીડા ઓછી થઈને સૂર્યાસ્ત થયા પછી તે પીડા મટી જાય છે; અપતાનક–તાણુ કે આંચકીનો એક વાતરોગ, સ્વરભેદ કે ગળાનો અવાજ બદલાઈ જાય કે બેસી જાય તે રોગ, વાગ્ગ્રહ–બોલતાં અટકવું પડે તે વાણીના અટકવાનો રોગ, ઓષ્ઠસ્ફુરણ–હોઠ ફરક્યા કરે તે રોગ, આંખે અંધારાં આવે તે–તૈમિર્યરોગ, જેનાથી મોઢું ગંધાય તે મુખદૌર્ગન્ધ્ય રોગ, જેનાથી નાક ગંધાય તે નાસિકાદૌર્ગન્ધ્ય રોગ, અકાલપલિત–જેથી સમય આવ્યા વિના માથે પળિયાં કે ધોળા વાળ આવી જાય છે તે રોગ અને ખાલિત્ય–જેથી માથામાં ટાલ પડી જાય છે તે રોગ–એ બધાયે રોગો નસ્યકર્મ દ્વારા સ્નેહન કે તર્પણ કરવા યોગ્ય હોય છે. ૧૦

अत्र श्लोकः—અહીં આ શ્લોક છે :

स्नेहयेद्वातिकान्नस्तः कफजांस्तु विरेचयेत् ।
ऊर्ध्वजत्रुगतान् रोगांस्तद्धि तेषां परायणम् ॥११

વાયુના પ્રકોપથી થતા (ઊર્ધ્વજત્રુગત અથવા હાંસડીની ઉપરના) વાતિક રોગોને નસ્યકર્મ દ્વારા સ્નેહનથી સ્નિગ્ધ કરી મટાડવા જોઈએ; પરંતુ જે ઊર્ધ્વજત્રુગત રોગો કફના પ્રકોપથી ઉત્પન્ન થયા હોય, તેઓને શિરોવિરેચન નસ્યથી મટાડવા જોઈએ; કારણ કે તે જ તે તે રોગોનું પરાયણ એટલે કે મુખ્ય ચિકિત્સા ગણાય છે. ૧૧

.....शोषमर्मवातप्लीहवातगुल्ममूत्रकृच्छ्रपक्वाशयशूलकुक्षिवातकुण्डलयोनिशूलोदावर्तसन्धिग्रहगात्रवेष्टगात्रभेदापतानकार्दितालपपुष्पानष्टपुष्पानष्टबीजाकर्मण्यबीजपरीता..... ..... (अनुवास्या इति) ॥ १२ ॥

જે લોકો શોષ–શરીરનું સૂકાવું, મર્મવાત, પ્લીહા–બરોળનો રોગ, વાતગુલ્મ કે વાયુજન્ય ગોળાનો રોગ, મૂત્રકૃચ્છ્રરોગ, પક્વાશયનું શૂળ, કુક્ષિનું શૂળ, વાતકુંડલ રોગ, યોનિશૂળ, ઉદાવર્ત, સંધિગ્રહ–સાંધાઓનું ઝલાવું, ગાત્રવેષ્ટન, ગાત્રભેદ, અપતાનક–તાણુનો રોગ, અર્દિત નામનો વાતરોગ–મોઢાના લકવાનો રોગ, અલ્પપુષ્પા–જેને આર્તવ અર્થાત્ માસિક ઓછું આવતું હોય એ સ્ત્રીનો રોગ, નષ્ટ પુષ્પા–જેને માસિક આર્તવ–ઋતુસ્રાવ નાશ પામી જાય તે સ્ત્રીઓ, નષ્ટબીજ–જેમાં બીજ કે વીર્યનો નાશ પામી ગયો હોય તે પુરુષનો વીર્યરોગ અને અકર્મણ્ય બીજ એટલે કે જેનું વીર્ય ગર્ભાધાનરૂપ કામ કરવા અસમર્થ થયું હોય તે વીર્યદોષરૂપી પુરુષનો રોગ–આ બધા રોગોમાં રોગીને અનુવાસનકર્મ આપવું યોગ્ય ગણાય છે. (અર્થાત્ અહીં જણાવેલા રોગો અનુવાસન બસ્તિ આપવાથી મટાડી શકાય છે.) ૧૨

વિવરણ : આ સંબંધે ચરકે પણ સિદ્ધિસ્થાનના ૨ જા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'य एवास्थाप्यास्त एवानुवास्याः, विशेषतस्तु रूक्षतीक्ष्णाग्नयः केवलवातरोगार्त्ताश्च, एतेषु ह्यनुवासनं प्रधानतममित्युक्तं वनस्पतिमूलच्छेदनवत्, मूले द्रुमाणां प्रसेकवच्चेति। જે લોકો આસ્થાપનબસ્તિ આપવાને યોગ્ય હોય છે તેઓ જ અનુવાસનને યોગ્ય હોય છે; ખાસ કરી રૂક્ષ થયેલા રોગીઓ અને તીક્ષ્ણ અગ્નિવાળા લોકો અને કેવલ વાતરોગથી પીડાયેલા લોકો આસ્થાપન તથા અનુવાસન યોગ્ય હોય છે. માટે તે તે રોગોમાં બરોબર અનુવાસન જ મુખ્ય ચિકિત્સારૂપ થાય છે એમ કહ્યું છે. જેમ વનસ્પતિના મૂળનું છેદન વનસ્પતિનો નાશ કરે છે અને તે વનસ્પતિઓના મૂળમાં જલનું સિંચન તેઓની વૃદ્ધિ કરે છે, તેમ. (એકંદર આસ્થાપનબસ્તિથી વાતરોગોનાં મૂળ જતાં રહે છે અને અનુવાસનબસ્તિથી શરીરની સર્વ ધાતુઓ વિકાસ પામે છે.)' આ જ પ્રકારે સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૬ મા અધ્યાયમાં આમ કહ્યું છે. ૧૨

અહીં આ એક શ્લોક અનુવાસનરોગોને આમ જણાવે છે.

अत्र श्लोकः—

वातिका वातभूयिष्ठाः शोषणाः स्तम्भना गदाः ।
हृष्टना भञ्जनाश्चैव तेऽनुवास्या हितैषिणा ॥१३

જે રોગો વાતજન્ય હોય, વાતપ્રધાન હોય, શોષણ કરનાર હોઈ ને શરીરને સૂકવી નાખતા હોય અને જે રોગો શરીરનું સ્તંભન કરતા હોઈને શરીરને જકડાવી દેતા હોય; વળી જે રોગો હુંડના હોઈને મસ્તક આદિમાં પેસી ગયા હોય અને જે રોગો ભંજન હોઈને શરીરને ભાંગી નાખે એવા હોય તે રોગોને હિતૈષી વૈદ્ય, અનુવાસનયોગ્ય ગણી અનુવાસનથી મટાડવા જોઈએ. ૧૩

અનુવાસનને અયોગ્ય રોગીઓ

हृदयग्रहपाण्डुत्वश्वयथूदरप्रमेहकुष्ठरोगार्शोभगन्दरराजयक्ष्मवैसर्प.....कफरोगार्ताश्च नानुवासयेत् ॥ १४ ॥

હૃદયગ્રહ–હૃદયનું ઝલાવું, પાંડુપણું કે પાંડુરોગ, સોજાનો રોગ, ઉદરરોગ, પ્રમેહરોગ, કોઢરોગ, અર્શસ્‌રોગ, ભગંદર, ક્ષયરોગ, વૈસર્પ–રતવા અને કફના રોગથી જેઓ પીડાતા હોય તેઓને વધે અનુવાસનબસ્તિ ન આપવી. ૧૪

વિવરણ: આ સંબંધે સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૫મા અધ્યાયમાં આમ કહ્યું છે કે– 'उदरी च प्रमेही च कुष्ठी स्थूलश्च मानवः । अवश्यं स्थापनीयास्ते नानुवास्याः कथञ्चन ॥ જેને ઉદરરોગ, પ્રમેહરોગ, કોઢરોગ, શરીરમાં સ્થૂલતારૂપરોગ થયો હોય, તે માણસને આસ્થાપનબસ્તિ અવશ્ય આપવી પરંતુ તે તે રોગવાળાને અનુવાસનબસ્તિ કોઈ પ્રકારે આપવી ન જોઈએ.' ૧૪

આસ્થાપન–નિરૂહને યોગ્ય રોગો

हृद्रोगोदावर्तवातगुल्मवातोदरविबन्धमूत्रग्रहवस्तिकुण्डलप्रमेहरक्तगुल्मयोनिजाड्योपरोधपार्श्वरुजामधुमेहकुष्ठश्वित्रभगन्दरापस्तम्भसंसृष्ट .....॥ १५ ॥

હૃદયરોગ, ઉદાવર્તરોગ, ગુલ્મ કે ગોળાનો રોગ, વાતોદર વાયુથી થયેલ ઉદરરોગ, વિબંધ–કબજિયાતનો રોગ, મૂત્રગ્રહ કે મૂત્રના અટકી જવારૂપ રોગ, બસ્તિકુંડલ–નામનો બસ્તિરોગ કે મૂત્રાશયનો વાયુજનિત રોગ, પ્રમેહરોગ, રક્તગુલ્મ નામનો રોગ, 'યોનિજાડ્ય' નામનો વાતરોગ, જેમાં યોનિમાં જડતા થઈ જાય છે, યોનિ–ઉપરોધ નામનો યોનિરોગ, જેમાં યોનિનો માર્ગ રુંધાઈ જાય છે; પાર્શ્વરુજા–જેમાં બેય પડખાંમાં પીડા થાય છે, મધુમેહ કે મીઠી પેશાબનો રોગ, કોઢરોગ, ભગંદર, અપસ્તંભ અને સંસૃષ્ટ રોગો કે જેમાં બે બે દોષો મિશ્ર થઈ કોપ્યા હોય– તે તે રોગો, આસ્થાપન–નિરૂહને યોગ્ય છે. ૧૫

વિવરણ: આ સંબંધે પણ ચરકે સિદ્ધિસ્થાનના ૨ જા અધ્યાયમાં આમ કહ્યું છે કે– 'सर्वाङ्गैकाङ्गकुक्षिरोगवातवर्चोमूत्रशुक्रसङ्गबलवर्णमांसरेतःक्षयदोषाध्मानाङ्गसुप्तिकृमिकोष्ठोदावर्तस्तब्धाङ्गातिसारसर्वाङ्गाभितापप्लीहगुल्महृद्रोगभगन्दरोन्मादज्वरव्रध्नशिरःकर्णशूलहृदयपार्श्वपृष्ठकटीग्रहवेपनाक्षेपकगौरवातिलाघवरजःक्षयानार्तवविषमाग्निस्फिग्जानुजङ्घोरुगुल्फपार्ष्णिप्रपदयोनिबाहङ्गुलिस्तनान्तदन्तनखपर्वास्थिशूलशोथस्तम्भान्त्रकूजनपरिकर्तिकाल्पसशब्दोग्रगन्धोत्थानादयो वातव्याधयो विशेषेण महारोगाध्यायोक्ताश्च. एतेष्वास्थापनं प्रधानतममित्युक्तं वनस्पतेर्मूलच्छेदवत् ॥' સર્વાંગવાતરોગ, એકાંગવાતરોગ, કૃમિરોગ, વાતરોધ, વિષ્ઠારોધ, મૂત્રરોધ, વીર્યરોધ, બલરોધ, વર્ણક્ષય, માંસક્ષય, વીર્યક્ષય, કે વીર્યદોષ, આધ્માન–પેટનો આફરો, અંગસુપ્તિ કે અંગોની જડતા, કૃમિયુક્ત કોઠો, ઉદાવર્તરોગ, સ્તબ્ધાંગરોગ, અતિસાર–ઝાડાનો રોગ, સર્વાંગ–અભિતાપ–શરીરનાં બધાંય અંગોમાં ચોપાસ તાપ–તમારો, પ્લીહા–બરોળનો રોગ, ગુલ્મ–ગોળાનો રોગ, હૃદયરોગ, ભગંદર, ઉન્માદ, જ્વર, બ્રધ્ન–બદનો રોગ, શિરઃશૂલ–માથામાં થતી શૂલ ભોંકાયા જેવી વેદના, કાનનો શૂલરોગ, હૃદયનું ઝલાવું, પાર્શ્વગ્રહ–પડખાંનું ઝલાવું, પૃષ્ઠગ્રહ–પીઠનું ઝલાવું, કટિગ્રહ–કેડનું ઝલાવું, કંપન–શરીરમાં થતો કંપારીનો રોગ, આક્ષેપક–આંચકીનો રોગ, ગૌરવ–શરીરના ભારેપણાનો રોગ, અતિલાઘવ–શરીરમાં અત્યંત હલકાપણું થવારૂપ રોગ, રજઃક્ષય–સ્ત્રીનું આર્તવ કે માસિકસ્રાવ ઓછો થાય, અનાર્તવ–સ્ત્રીને માસિક ઋતુસ્રાવ બિલકુલ ન થાય, વિષમાગ્નિ એટલે શરીરનો જઠરાગ્નિ મંદ થઈ જાય, સ્ફિક્–

કેડની પાછળના કુલાઓમાં શૂલ નીકળે, ઢીંચણમાં શૂલ નીકળે, જંઘા–પગની બેય પિંડીઓમાં શૂલ નીકળે, સાથળોમાં શૂલ નીકળે, પગની ઘૂંટીઓમાં શૂલ નીકળે, પાર્ષ્ણિ તેમજ પગની પાનીઓમાં, પગના કૃષ્ણાઓમાં, યોનિમાં, બાહુઓમાં આંગળીઓમાં, સ્તનના છેડાઓમાં, દાંતમાં. નખોમાં, વેઢાઓમાં તથા હાડકાંમાં પણ શૂલ નીકળે અને તે તે સ્થળે સોજો આવે, અને તે તે અંગોમાં સ્તંભ–સજ્જડપણું કે જકડાવું થાય; આંતરડામાં અસ્પષ્ટ અવાજ, પેટમાં કે ગુદામાં પરિકર્તિકા–વાઢ જેવી વેદના અને થોડા થોડા અવાજ સાથે ઉગ્ર ગંધનું નીકળવું–વગેરે વાતજ વ્યાધિઓ,–સૂત્રસ્થાનના ૨૦મા અધ્યાયમાં જે કહ્યા છે, તેઓમાં વિશેષે કરી આસ્થાપનબસ્તિરૂપ ચિકિત્સા કરાય, તે જ અતિશય પ્રધાન છે; કેમ કે જેમ વનસ્પતિના મૂળને છેદવાથી તે સૂકાઈ જાય છે, તેમ ઉપર્યુક્ત વ્યાધિઓમાં આસ્થાપનબસ્તિ આપવાથી તે તે રોગનાં મૂળ કપાઈ જાય છે, એમ ત્યાં કહેવામાં આવ્યું છે. ૧૫

આસ્થાપન–નિરૂહ–કર્મને અયોગ્ય વ્યક્તિઓ

..... હૃદયદ્રવકૃશવ્યાધપરિગતરક્તાતીસારમૂર્ચ્છાશોથમૈથુનશ્રમભયચિન્તેર્ષ્યાપ્રજાગરહતાશ્ચ ન નિરૂહ્યા ઇતિ ॥ ૧૬ ॥

જે લોકો હૃદયદ્રવ એટલે કે હૃદયના વેગવાળા અથવા જેમનું હૃદય જોરથી ધબકતું હોય, કૃશ થયા હોય, કોઈ રોગથી ઘેરાયેલા હોય, લોહીના અતિસાર–ઝાડા જેઓને થતા હોય, મૂર્છાથી યુક્ત હોય, સોજાવાળા હોય, મૈથુનના થાકવાળા હોય; ભય, ચિંતા, ઈર્ષ્યા તથા ઉજાગરાઓથી પીડાયા હોય, તેઓ નિરૂહબસ્તિ–આસ્થાપનકર્મને યોગ્ય નથી. ૧૬

વિવરણ : આ સંબંધે પણ ચરકે સિદ્ધિસ્થાનના ૨ જા અધ્યાયમાં આમ કહ્યું છે કે– 'अनास्थाप्यास्तु-अजीर्णयतिस्निग्धपीतस्नेहोत्क्लिष्टदोषाल्पाग्नियानक्लान्तातिदुर्बलक्षुत्तृष्णाश्रमार्तातिकृशभुक्तभक्तपीतोदकवमितविरिक्तकृतनस्तःकर्मक्रुद्धभीतमत्तमूर्च्छितप्रसक्तच्छर्दिनिष्ठीविकाश्वासकासहिक्काबद्धच्छिद्रदकोदराध्मानालसकविसूचिकामप्रजातामातिसारमधुमेहकुष्ठार्ताः ॥ જેઓને આસ્થાપનકર્મ ન કરી શકાય તે વ્યક્તિઓ આ પ્રમાણે છે: અજીર્ણના રોગી, અતિશય સ્નેહથી જેઓ સ્નિગ્ધ કરાયા હોય, જેણે સ્નેહપાન તરતમાં કર્યું હોય, જેના દોષો ઉત્ક્લિષ્ટ થઈ બહાર નીકળવા ઉછાળા મારી રહ્યા હોય, જેનો જઠરાગ્નિ ઓછો કે મંદ થયો હોય, વાહન પર મુસાફરી કરીને જેઓ ગ્લાનિ પામ્યા હોય, જેઓ ઘણા દુબળા હોય, ભૂખ, તરશ અને શ્રમથી જેઓ પીડાયા હોય, જેઓ અતિશય પાતળા શરીરવાળા હોય, જેઓએ તરતમાં ખોરાક ખાધો હોય, જેમણે તરતમાં પાણી પીધું હોય, જેને તરતમાં ઊલટી થઈ હોય, જેને તરતમાં વિરેચન અપાયું હોય, જેને તરતમાં નસ્યકર્મ કરાયું હોય, જેને ક્રોધ ચઢ્યો હોય, જે ભયભીત બન્યો હોય, જે મદોન્મત્ત હોય, જેને મૂર્ચ્છા આવી હોય, જેને ઊલટીનો રોગ હોય, જેને વારંવાર થૂંકવું પડતું હોય, જે શ્વાસનો કે ઊધરસનો રોગી હોય, જેને હેડકી આવ્યા કરતી હોય, જેને જલોદરનો રોગ થયો હોય, જેને પેટનો આફરો ચઢ્યો હોય, જેને અલસક નામનો અજીર્ણભેદ કે વિસૂચિકા કોલેરા થયેલા હોય, જેનો ગર્ભ હજી કાચો હોય તેવી સ્ત્રી, જેને આમાતિસાર રોગ ચાલુ હોય, જેને મધુમેહ તથા કોઢરોગની પીડા ચાલુ હોય–તે લોકોને આસ્થાપનકર્મ કરી ન શકાય.' ૧૬

અહીં આ શ્લોકો છે:

अत्र श्लोकाः—
स्नेहप्रमाणं यद्वस्तौ निरूहस्त्रिगुणस्ततः ।
एके तु सममेवाहुर्वयःकालादिदर्शनात् ॥૧૭॥

બસ્તિમાં સ્નેહનું જેટલું પ્રમાણ આપી શકાય છે, તેથી ત્રણ ગણું પ્રમાણ નિરૂહબસ્તિમાં હોવું જોઈએ; છતાં કેટલાક આચાર્યો તો આમ પણ કહે છે કે, રોગીની ઉંમર તથા કાળને જોઈને વૈદ્યે અનુવાસન તથા નિરૂહબસ્તિનું પ્રમાણ એકસરખું જ ગણવું. ૧૭

निरूहं यदि वा बस्तिमल्पमल्पं महर्षयः ।
प्रशंसन्ति बहु त्वशाः प्रभूतादल्पयो ध्रुवः ॥૧૮

નિરૂહબસ્તિ અને અનુવાસનબસ્તિ–

થોડા થોડા પ્રમાણમાં જો અપાય તો તેને મહર્ષિઓ ઉત્તમ ગણે છે, છતાં અજ્ઞાની વૈદ્યો, તે અનુવાસન કે નિરૂહનું પ્રમાણ અધિક જણાવે છે તે અયોગ્ય છે; કારણ કે તે અધિક પ્રમાણથી તો અવશ્ય અત્યંત નુકસાન જ થાય છે. ૧૮

य एते कफजा रोगा एते संतर्पणोद्भवाः ।
ते चापतर्पणीयाः स्युर्लङ्घनीयास्त एव च ॥१९

જે રોગો કફના પ્રકોપથી ઉત્પન્ન થયા હોય તેઓ સંતર્પણથી જ થયેલા હોય છે, એ કારણે તે કફજનિત રોગો અપતર્પણને જ યોગ્ય હોય એટલે કે તેઓમાં ઉપવાસો કરાવવા તે જ યોગ્ય ગણાય છે. ૧૯

य एव वातिका रोगास्तेऽपतर्पणजाः स्मृताः ।
त एव बृंहणीयाः स्युः संसृष्टास्तु ततः परम् ॥२०

પરંતુ જે રોગો વાયુના પ્રકોપથી ઉત્પન્ન થયા હોય તેઓ અપતર્પણથી એટલે કે તૃપ્તિપર્યંત ખોરાક ન આવાથી કે વધુ પડતા ઉપવાસો જ કર્યા કરવાથી થયેલા હોય છે; એ કારણે તે વાતજનિત રોગો, ખરેખર બૃંહણકર્મ કે પુષ્ટ ખોરાકને જ આપવાથી મટાડી શકાય છે. તે પછી હવે જે રોગો સંસૃષ્ટરૂપે થયા હોય એટલે કે બે બે દોષના મળવાથી થયા હોય તેઓની ચિકિત્સા નીચે કહેવામાં આવે છે. ૨૦

સંસૃષ્ટ રોગની ચિકિત્સા

स्नेहस्वेदोपपन्नानामूर्ध्वं चाधश्च शोधनम् ।
सर्वसंसृष्टरोगाणां स्नेहनं न तु बस्तिभिः ॥२१॥

બે બે દોષોના મિશ્ર થવાથી જે સંસૃષ્ટ રોગો થયા હોય છે, તેઓમાં પ્રથમ સ્નેહન કર્યા પછી સ્વેદનકર્મ કરવું જોઈએ; અને તે પછી તેઓમાં (વમન-વિરેચનરૂપ) શોધન-કર્મ કરાય તે યોગ્ય ગણાય છે; પરંતુ એ બધાય સંસૃષ્ટ રોગોની ચિકિત્સા, બસ્તિઓ દ્વારા સ્નેહન આપીને કરાતી નથી. ૨૧

इति ह स्माह भगवान् कश्यपः ॥

એમ ભગવાન કશ્યપે જ ખરેખર કહ્યું છે.

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં સિદ્ધિસ્થાન વિષે 'પંચ-કર્મીય સિદ્ધિ' નામનો અધ્યાય ૭ મો સમાપ્ત

મંગલસિદ્ધિ : અધ્યાય ૮ મો

अथातो मङ्गलसिद्धिं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી 'મંગલસિદ્ધિ' નામના ૮ મા અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું, એમ ભગવાન કશ્યપે જ ખરેખર કહ્યું હતું. ૧,૨

પ્રજાઓમાં નિરંતર મંગલ કર્મો જ વધારવાં

मङ्गलान्येव सततं प्रजानामभिवर्धयेत् ।
सर्वे गृहस्थाः सेवेरन् दानानि च तपांसि च ॥३

હરકોઈ સમજુ મનુષ્યે પ્રજાઓનાં મંગલ કર્મો જ નિરંતર વધાર્યા કરવાં જોઈએ; એટલે કે બધાય ગૃહસ્થોએ દાન તથા તપશ્ચર્યાઓ અવશ્ય સેવ્યા જ કરવાં. ૩

મંગલાચારમાં તત્પર રહેતા લોકો કદી દુઃખી ન થાય

मङ्गलाचारयुक्तानां नित्यं च नियतात्मनाम् ।
ददतां जुह्वतां चैव विनिपातो न विद्यते ॥ ४ ॥

જે લોકો મંગલાચાર-દાન-તપ વગેરે મંગલ કર્મોને હંમેશાં કર્યા કરતા હોય તથા હોમકર્મ આદિ કર્યા જ કરતા હોય તેઓને વિનિપાત કે અધઃપતન અથવા દુઃખી સ્થિતિ પ્રાપ્ત થાય જ નહિ. ૪

સ્નેહસેવન નિત્ય જરૂરી

आमः पक्वोऽपि वा स्नेहो बस्ति.....।
.....नित्ये च तच्चोक्तमनुवासनम् ॥ ५ ॥

કાચો કે પકવેલો પણ સ્નેહ બસ્તિ દ્વારા જે સેવાય તે ખરેખર યોગ્ય જ છે; એ

સ્નેહસેવન નિત્યકર્મરૂપે કરાય, તેને જ અનુવાસન કહ્યું છે. ૫

નિરૂહ-આસ્થાપન કર્મ-સંબંધ

कषायैर्विविधैर्मिश्रः स्नेहः स्नेहैश्च मूर्च्छितः ।
सक्षौद्रमूत्रलवणो निरूहो दोषवाहनात् ॥ ६ ॥

અનેક પ્રકારના કષાય-કવાથોથી મિશ્ર કરેલો સ્નેહ, બીજા સ્નેહોથી પણ મિશ્ર કર્યો હોય અને જેમાં મધ, ગોમૂત્ર તથા સિંધાલૂણ મિશ્ર કર્યાં હોય તે નિરૂહ, એટલે દોષોને બહાર લાવે છે, તેથી જ એવું સાર્થક નામ ધરાવે છે. ૬

સર્વરોગનાશક અને બસ્તિકર્મમાં ખાસ ઉપયોગી 'શૈશુકસ્નેહ'

त्रिफलाश्वगन्धाभूतीकदशमूलपुनर्नवाः ।
बलागोक्षुरकोशीर.....॥ ७ ॥
.....लीनानि कुट्टयेत् ।
अष्टभागावशेषं तं जलद्रोणे विपाचयेत् ॥ ८ ॥
ततस्तेन कषायेण द्वौ प्रस्थौ तैलसर्पिषोः ।
पचेच्चतुर्गुणे क्षीरे कल्कं चेमं समावपेत् ॥ ९ ॥
सैन्धवं मधुकं द्राक्षां शतपुष्पां महासहाम् ।
बीजानि चात्मगु(प्ता)र्मोर्वारुकस्य च ॥१०॥
विडङ्गकुञ्जिकवचावृषकं शिरिवारिका ।
जीवनीयानि सर्वाणि दद्यात् खरवृषामपि ॥११॥
शैशुको नाम स स्नेहो बस्तिकर्मणि शस्यते ।
बालानां सर्वरोगघ्नो निर्दिष्टः पुण्यकर्मणा ॥१२॥

ત્રિફલા-હરડે, બહેડાં તથા આમળાં, અશ્વગંધા-આસંધ, ભૂતીક નામનું ઘાસ જેને રોહિષ કહે છે તે, દશમૂલ, પુનર્નવા-સાટોડી, બલા-કપાટ, ગોખરુ અને ઉશીર-સુગંધી વાળો-ખસ-એટલાં ઔષધદ્રવ્યોને સમાન ભાગે લઈ ખાંડી-કૂટી-અધકચરાં કરીને તેઓનો એક દ્રોણ-૧૦૨૪ તોલા પાણીમાં કવાથ કરવો. એ કવાથ આઠમા ભાગે બાકી રહે ત્યારે તેને ગાળી લઈ તેમાં એક પ્રસ્થ-૬૪ તોલા તેલ અને એક પ્રસ્થ ઘી, તેમ જ એ તેલથી ચારગણું દૂધ અને ઘી તેલથી એક ચતુર્થાંશ ઓછા ભાગે ઉપર કહેલ ઔષધદ્રવ્યોનો સૈંધવ, જેઠીમધ, દ્રાક્ષ, સૂંઠ, મહાસહા-જંગલી અડદનો છોડ, કૌંચાનાં બીજ, વાવડિંગ, શાહજીરું, વજ, અરડૂસો, ખાટી લૂણી, જીવનીય ગણનાં દ્રવ્યો અને મરવો એટલાં દ્રવ્યોનો કલ્ક નાખી એ ઘી, તેલ વગેરેનો મિશ્ર પાક કરવો. એમાંનું પ્રવાહી બળી જાય ત્યારે તે 'શૈશુક' નામનો સ્નેહ તૈયાર થાય છે; એ સ્નેહ બાળકોને બસ્તિ દેવારૂપ કર્મમાં વખણાય છે; કારણ કે તે શૈશુક સ્નેહ બાળકોના બધા રોગોનો નાશ કરનાર તરીકે હોઈ પુણ્યકર્મ કરનાર શ્રીકશ્યપ ઋષિએ દર્શાવેલ છે. ૭-૧૨

બીજો આસ્થાપન સ્નેહયોગ

वमनं स्रंसनीयानि दशमूलं च शोधयेत् ।
तत्कषायं परिस्राव्य गोमूत्रलवणान्वितम् ॥१३॥
घृततैलार्धयुक्तोष्णं निरूहमुपकल्पयेत् ।
तेनास्य विलयं दोषा यान्ति वह्निश्च दीप्यते ॥१४

વમનકારક, વિરેચનકારક તથા દશમૂલ-એટલાં દ્રવ્યોને શુદ્ધ તૈયાર કરવાં; પછી તે બધાંનો કષાય-કવાથ તૈયાર કરવો; એ કવાથ આઠમા ભાગે બાકી રહે ત્યારે તેને ગાળી લઈ તેમાં ગોમૂત્ર તથા લવણ મિશ્ર કરવાં; તેમ જ એ કવાથના અર્ધા ભાગે તેમાં ઘી તથા તેલ મિશ્ર કરવાં; પછી તેઓને પકવતાં પ્રવાહી બળી જઈ કેવળ સ્નેહભાગ જ બાકી રહે ત્યારે એ સ્નેહથી રોગીને નિરૂહ-આસ્થાપનબસ્તિ દેવી; તેનાથી એ રોગીના બધાયે દોષો નાશ પામે છે અને જઠરનો અગ્નિ પ્રદીપ્ત થાય છે. ૧૩,૧૪

બધાય વાતરોગોનો નાશ કરનાર નિરૂહયોગ

श्रेष्ठामदनबीजानामाढकं निस्तुषीकृतम् ।
विपाचयेदपां द्रोणे चतुर्भागावशेषितम् ॥ १५॥
उपकुञ्चीखरबुषापिप्पल्यः सैन्धवं वचा ।
त्रपुसो... ...नि शतपुष्पा यवान्यपि ॥ १६ ॥
स कषायः समायुक्तः क्षीरगोमूत्रकाञ्जिकैः ।
सर्वानिलामयहरः स निरूहोऽर्धतैलिकः ॥ १७ ॥

શ્રેષ્ઠા–ત્રિફલા તથા મીંઢળ ફળનાં બીજ ફોતરાં કાઢી નાખેલાં એક આઢક–૨૫૬ તોલા એકત્ર કરી, બાંડી–કૂટી અધકચરાં કરીને તેઓને એક દ્રોણ–૧૦૨૪ તોલા પાણીમાં ક્વાથ કરવો. એ ક્વાથ ચોથા ભાગે બાકી રહે ત્યારે તેમાં ઉપકુંચી–શાહજીરું, ખરબુષા–મરવો, પીપર, સૈંધવ, વજ, કાકડીનાં બીજ, સૂવાદાણા, યવાની–અજમો, દૂધ, ગોમૂત્ર તથા કાંજીની સાથે તે ક્વાથથી અર્ધું તેલ મિશ્ર કરી તેથી નિરૂહબસ્તિ આપવી; જેથી વાયુના બધા રોગોનો તે નાશ કરે છે. ૧૫–૧૭

પિત્તનાશન નિરૂહ યોગ

त्रिफला सारिवा श्यामा बृहत्यौ वत्सकत्वचम् ।
त्रायमाणाबलारास्नागुडूचीनिम्बकूलकम् ।
.....(क)ल्पयेत् ॥ १८ ॥
महासहा शक्रयवाः शतपुष्पाऽथ वत्सकः ।
मधूकांशुमतीद्राक्षाः समुद्रान्ताऽथ बालकम् ॥१९
क्षीरक्षौद्रघृतोपेतो निरूहः पित्तनाशनः ।

ત્રિફળા, સારિવા–અનંતમૂળ કે ઉપલસરી, શ્યામા–કાળું નસોતર, નાની–મોટી બેય ભોરીંગણી, કડાછાલ, ત્રાયમાણ, બલા–ખપાટ, રાસ્ના, ગળો, લીંબડાની અંતર્છાલ, પરવળનાં પાન, મહાસહા–જંગલી અડદનો છોડ, ઇંદ્રજવ, સૂવા, કુટજ વૃક્ષની છાલ, કડાછાલ (બમણી), મહુડો, અંશુમતી–મોટો સમેરવો, દ્રાક્ષ, અપરાજિતા તથા સુગંધી વાળો–એટલાં દ્રવ્યોને બાંડી–કૂટી અધકચરાં કરી તેઓનો ક્વાથ કરવો. તે ક્વાથ એક ચતુર્થાંશ બાકી રહે ત્યારે શીતળ થયા પછી તેમાં દૂધ, મધ અને ઘી મિશ્ર કરી તેની જો નિરૂહબસ્તિ આપી હોય તો પિત્તના સર્વ રોગોનો તે નાશ કરે છે. ૧૮,૧૯

કફનો નાશ કરનાર નિરૂહ યોગ

त्रिफलादारुभूतीककरञ्जद्वयचित्रकान् ।
एकाष्ठीलां विषाणीं च ....॥ २० ॥
(कणा)मूलं त्रिवृद्दन्त्यौ पूर्वकल्पेन शोधयेत् ।
ऊर्ध्वाधःशोधनैः कल्कैर्युक्तो लवणतैलयोः ॥
ईषदुष्णः सगोमूत्रो निरूहः कफनाशनः ॥ २१ ॥

ત્રિફળા, દેવદાર, ભૂતીક નામનું રોહિષ ઘાસ, કરંજ તથા પૂતિકરંજ, ચિત્રક, એકાષ્ઠીલા–અક અથવા પાઠા–કાળીપાટ, વિષાણી–કાકડાશીંગ અથવા ક્ષીરકાકોલી, કણામૂલ–પીપરીમૂળ–ગંઠોડા, ત્રિવૃત–નસોતર તથા દંતી–નેપાળાનાં મૂળ, એ બધાંનું પૂર્વકલ્પ એટલે કે પહેલાં બતાવેલી રીત પ્રમાણે શોધન કરવું. એમ તે શુદ્ધ કરેલાં ઊર્ધ્વ–શોધન–વમનકારક તથા અધઃશોધન–વિરેચનકારક દ્રવ્યોનો કલ્ક બનાવી તે કલ્કની સાથે લવણ–સૈંધવ તથા તલનું તેલ લગાર ગરમ કરી તેમાં ગોમૂત્ર મેળવીને તેનાથી જો નિરૂહબસ્તિ–આસ્થાપન આપેલ હોય તો કફના બધાય રોગોનો તે નાશ કરે છે.૨૦,૨૧

સર્વ દોષોનો નાશ કરનાર 'કત્તૃણાદિ' નિરૂહ યોગ

अयं तु सर्वदोषघ्नो निरूहः कत्तृणादिकः ।
कत्तृणोशीरभूतीकत्रिफला ....॥
रास्नाश्वगन्धाश्वदंष्ट्राशिग्रुश्यामाः शतावरी ॥२२
एलापुनर्नवाभार्ग्यः सपटोला गुडूच्यपि ।
त्रिपलीनां जलद्रोणे पचेत् पादार्धशेषिते ॥२३॥

ततस्तेन कषायेण पेष्याणीमानि योजयेत् ।
वचाजमोदे मदनपिप्पली .....॥ २४॥
.....।
.....॥

હવે અહીં છેલ્લો જે નિરૂહબસ્તિયોગ કહેવાય છે, તે બધાયે દોષોનો નાશ કરનાર છે; તે જેમ કે કત્તૃણ-રોહિષ ઘાસ, ઉશીર-સુગંધી વાળો, ભૂતીક નામે ઘાસ, ત્રિફળા, રાસ્ના, આસંધ, ગોખરુ, સરગવો, કાળું નસોતર, શતાવરી, એલચી, સાટોડી, ભારંગી, પરવળનાં પાન અને ગળો-એટલાં ઔષધદ્રવ્યો પ્રત્યેક ત્રણ ત્રણ પલ-બાર બાર તોલા લઈ તેઓને અધકચરાં ખાંડી કૂટીને તેઓનો એક દ્રોણ-૧૦૨૪ તોલા પાણીમાં ક્વાથ કરવો; એ ક્વાથ એક ચતુર્થાંશ બાકી રહે ત્યારે તેને વસ્ત્રથી ગાળી લઈ તેમાં વજ, અજમોદ, મીંઢળ અને પીપર-એ દ્રવ્યોને સમાનભાગે એકત્ર પીસી નાખી તેઓનો કલ્ક તૈયાર કરી તે મિશ્ર કરવો; અને પછી તે ક્વાથજળનો નિરૂહબસ્તિ-રૂપે પ્રયોગ કરવો; તેથી સર્વ દોષો નાશ પામે છે. ૨૨-૨૪

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં સિદ્ધિસ્થાનમ્ વિષે 'મંગલસિદ્ધિ' નામનો અધ્યાય ૮ મો સમાપ્ત

સિદ્ધિસ્થાન સમાપ્ત

× આ સિદ્ધિસ્થાનમાં ઘણા વિભાગો ખંડિત જ મળ્યા છે.

મહર્ષિ મારીચકશ્યપ વિરચિત

काश्यपसंहिता

અથવા

वृद्धजीवकीयतंत्र

(कौमारभृत्य)

૮ : કલ્પસ્થાન

ધૂપકલ્પ : અધ્યાય ૧

વિવરણ : હવે અહીંથી કલ્પસ્થાનનું વ્યાખ્યાન ચાલે છે. આમાં પણ પ્રારંભમાં અમુક ભાગ ખંડિત જ મળે છે; જે જે મળેલ છે, તેનો જ અનુવાદ અહીં આપ્યો છે.

કઠાદિ ધૂપ

.....।

.....॥

.....(कु)ष्ठं पूतिकमम्बरं वचा ॥

सर्षपा बस्तलोमानि धूपः स्याद्धिङ्गुसंयुतः ॥ १ ॥

કઠ, પૂતિકરંજ, અંબર-કપાસ કે તે નામે સુગંધી દ્રવ્ય, વજ, ધોળા સરસવ, બકરાનાં રુવાંટાં તથા હિંગ એટલાં દ્રવ્યોનો ધૂપ (રોગીને ઉત્તમ ફાયદો કરે છે;) કરવો. ૧

બીજો ઉત્તમ ધૂપ

घृतं मेषविषाणं च वाजिकुञ्जरयोः खुरौ ।

कपिशल्यकबभ्रूणां लोमभिर्धूप उत्तमः ॥ २ ॥

ઘી, બકરાનાં શીંગડાં, ઘોડાની તથા હાથીની ખરી અને વાનર, શેઢાઈ તથા નોળિયાનાં રુવાંટાં-એટલાં દ્રવ્યોનો ધૂપ પણ ઉત્તમ ગણાય છે. ૨

બાળને વધારનાર ઉત્તમ ત્રીજો કૌમાર ધૂપ

घृतं सर्जरसः कृष्णो भल्लातकशिलेयके ।

द्वे हरिद्रे जतूशीरसर्षपाः पुष्पमार्जकम् ॥ ३ ॥

विडङ्गं तगरं पत्रं वचा हिङ्गु सबालकम् ।

कौमारो नाम धूपोऽयं युक्तो वर्धयति प्रजाः ॥४

ઘી, ગોળ, કાળું સૌવીરાંજન, ભિલામાં, શિલેયક-શિલારસ, હળદર તથા દારુહળદર, લાખ, ઉશીર-વાળો, સરસવ, તુલસીની માંજર, વાવડિંગ, તગર, તેજપત્ર, વજ, હિંગ તથા વાળો-એટલાં દ્રવ્યોને સમાન ભાગે અધકચરાં ખાંડી, કૂટી તેનો ધૂપ કરવો. આ ધૂપ 'કૌમાર' નામે કહેવાય છે અને તે ઉત્તમ હોઈ (ઘરમાં) પ્રજાઓની-બાળકોની વૃદ્ધિ કરે છે. ૩,૪

વાઈનો રોગ તથા ગ્રહની પીડા મટાડનાર ધૂપ

घृतं सर्पस्य निर्मोको गृध्रकौशिकयोश्च विट् ।

वचा हिङ्गु च धूपः स्यादपस्मारग्रहापहः ॥५॥

ઘી, સર્પની કાંચળી, ગીધપક્ષીની તથા ઘુવડ પક્ષીની ચરક, વજ તથા હિંગ-એટલાં દ્રવ્યોનો ધૂપ કર્યો હોય તો વાઈના રોગનો તથા ગ્રહોની પીડાનો તે નાશ કરે છે. ૫

ગ્રહરોગને મટાડનાર માહેશ્વર ધૂપ

घृतं गुग्गुलु बिल्वं च देवदारु नमेरु च ।

एष माहेश्वरो धूपो यवयुक्तो ग्रहापहः ॥ ६ ॥

ઘી, ગૂગળ, બિલ્લીનાં પાન, દેવદાર, નમેરુ-સરલ કે દેવદાર તથા જવ એટલાં દ્રવ્યોને એકત્ર કરી ધૂપ કરવામાં આવે છે તે 'માહેશ્વર' નામે કહેવાય છે અને ગ્રહોના દોષો કે રોગોનો તે નાશ કરે છે. ૬

બધાય રોગોમાં હિતકારી આગ્નેય ધૂપ

आग्नेयस्तु स्मृतो धूपो गोबाला घृतसंयुताः ।
ब्राह्मणानां विशेषेण सर्वरोगेषु शस्यते ॥ ७ ॥

ગાયનાં રુવાંટાંને ઘી સાથે મિશ્ર કરી જે ધૂપ કરાય તે 'આગ્નેય' નામે કહેવાય છે અને તે વિશેષે કરી બ્રાહ્મણોનાં બાળકોને હિતકારી છે તેમ જ સર્વ રોગોમાં આપવા યોગ્ય તરીકે વખણાય છે. ૭

ભદ્રંકર ધૂપ

घृतं हयखरोष्ट्राणां बालाः केशाश्च मातृकाः ।
नखाश्चतुष्पदां लाभाद् धूपो भद्रङ्करः स्मृतः ॥८
पिशाचयक्षगन्धर्वभूतस्कन्दकफार्दिते ।
धूपमेतं प्रयुञ्जीत यमिच्छेदगदं क्षणात् ॥ ९ ॥

ઘી, ઘોડાના, ગધેડાના તથા ઊંટના વાળ-માતાના કેશ તથા ચોપગાં-પશુઓના નખ-એમાંનાં જે જે મળે તેઓનો ધૂપ 'ભદ્રંકર' નામે કહેવાય છે. એ ધૂપનો પિશાચ, યક્ષ, ગંધર્વ, ભૂત કે સ્કન્દગ્રહના વળગાડથી અથવા કફના કારણે જે પીડાયેલ હોય તે-બાળકની સમીપે પ્રયોગ કરવો; એટલે કે જેને એક ક્ષણવારમાં નીરોગી કરવાની ઇચ્છા થાય તેની આગળ આ ધૂપ કરવો. ૮,૯

રાક્ષસોનો નાશ કરનાર ધૂપ

घृत सिद्धार्थको हिङ्ग देवनिर्माल्यमक्षताः ।
सर्पत्वग्भिक्षुसंघाटी धूपो रक्षोघ्न उच्यते ॥ १० ॥

ઘી, સરસવ, હિંગ, દેવનું નિર્માલ્ય-નમણ, અક્ષત-અખંડ ચોખા, સર્પની કાંચળી અને ભિક્ષુ-સંન્યાસી કે કોઈ ભિખારી સાધુ વગેરેની સંઘાટી-જૂનું કપડું-એટલાં દ્રવ્યોનો ધૂપ રક્ષોઘ્ન-એટલે કે રાક્ષસનો નાશ કરનાર કહેવાય છે. ૧૦

પ્રેતનિવારણ ધૂપ

घृतं सिद्धार्थकाः क्षौद्रं मेषशृङ्गमजापयः ।
खरस्य मूत्रं वालांश्च सोमं चैवात्र योजयेत् ॥११
एष धूपोत्तमो नाम्ना परः प्रेतनिवारणः ।
परः प्रेताभिभूतेषु पूतनायां च शस्यते ॥ १२ ॥

ઘી, સરસવ, મધ, બકરાનું શીંગડું, બકરીનું દૂધ, ગધેડાનું મૂત્ર તથા વાળ અને સોમ-એટલે કપૂર કે રક્તચંદન-રતાંજલિ-એટલાંને એકત્ર કરી તેઓના શ્રેષ્ઠ ધૂપનો પ્રયોગ કરવો જોઈએ; કેમ કે તે ઉત્તમ હોઈ શ્રેષ્ઠ ગણાય છે અને તે પ્રેતોનું નિવારણ કરે છે; તેમ જ પ્રેતોના વળગાડવાળાં તથા ભૂતના ગ્રહની પીડામાં આ ધૂપ વખણાય છે. ૧૧,૧૨

વાઈ, ગ્રહો તથા ઉપગ્રહોના વળગાડમાં ઉત્તમ ગણાતો દશાંગ ધૂપ

घृतं सिद्धार्थकाः श्वेताः कुष्ठं भल्लातकं वचा ।
बस्तलोमानि तगरं भूर्जावर्तं सगुग्गुलु ॥ १३ ॥
दशाङ्गो नाम धूपोऽयं प्रयोज्यः सर्वरोगिषु ।
अपस्मारे विशेषेण ग्रहेषूपग्रहेषु च ॥ १४ ॥

ઘી, ધોળા-પીળા ભેય સરસવ, કઠ, ભિલામાં વજ, બકરાનાં રુવાંટાં, તગર, ભોજપત્ર તથા ગૂગળ-એટલાંનો દશાંગ ધૂપનો હરકોઈ રોગીની આગળ પ્રયોગ કરવો જોઈએ; અને અપસ્માર-વાઈના રોગમાં ગ્રહોના તથા ઉપગ્રહોના વળગાડમાં તો ખાસ કરી આ ધૂપનો પ્રયોગ અવશ્ય કરાવવો. ૧૩,૧૪

મોહ પમાડનાર-મોહ ધૂપ

घृतं सिद्धार्थकाः श्वेताश्चोरकं सपलङ्कषम् ।
शूकरी जटिला चेति धूपो मोह इति स्मृतः ॥१५

ઘી, ધોળા સરસવ, ચોરક નામે સુગંધી દ્રવ્ય-ગ્રંથિપર્ણ ભેદ-ભટેઉર, ગૂગળ, વારાહી-કંદ અને જટિલા-જટામાંસી-એટલાંનો ધૂપ, 'મોહ' નામે હોઈને મોહ પમાડનાર ગણાય છે. ૧૫

ઉનાળામાં ખાસ ઉપયોગી વારુણ ધૂપ

स्मृतं श्रीवेष्टका.. रलाक्षापद्मकचन्दनम् ।
सदेवदारुसुरसं शालजं चेति योजयेत् ॥ १६ ॥
धूपोऽयं वारुणो नाम ग्रीष्मकाले प्रशस्यते ।
शकुन्यां पौण्डरीके च रेवत्यां च कफाधिके ॥१७

શ્રીવેષ્ટક-સરલ નિર્યાસ એટલે પીળા ભેરજાનો ગુંદર, લાખ, પદ્મકાષ્ઠ, ચંદન, દેવદાર, તુલસી અને શાલજ-એટલે મોટા

(ગજનો) ગુંદર કે રાળ–એટલાંનો ધૂપ 'વારુણ' નામે કહેવાય છે; એ ધૂપનો ઉનાળામાં ઉપયોગ કરવો તે શ્રેષ્ઠ છે. વળી શકુનિ ગ્રહના વળગાડમાં, પુંડરીક ગ્રહના વળગાડમાં, રેવતી ગ્રહની પીડામાં તથા કફની અધિકતાવાળા કોઈ પણ રોગમાં આ ધૂપનો પ્રયોગ કરવો તે ઉત્તમ છે. ૧૬,૧૭

કોઈ ગ્રહના વિકારમાં પ્રયોગ કરવા યોગ્ય ચતુરંગિક ધૂપ

घृतं मज्जा वसा लाक्षा धूपोऽयं चतुरङ्गिकः ।
अल्पदोषे कृशे बाले प्रयोज्यो ग्रहवैकृते ॥ १८ ॥

ઘી, મજ્જા, વસા–ચરબી તથા લાક્ષ–આ ચારનો–'ચતુરંગિક' નામનો ધૂપ થોડા દોષવાળા અને કૃશ થયેલા બાળકની પાસે તેમ જ કોઈ પણ ગ્રહનો વિકાર હોય ત્યારે પણ પ્રયોગ કરવા લાયક છે.૧૮

નંદક નામનો ધૂપ

घृतं वचा तरक्षोश्च विष्ठा लोमानि चर्म च ।
प्रसहानां पुरीषं च धूपो नन्दक उच्यते ॥ १९ ॥

ઘી, વજ, તરક્ષુ–રીંછની વિષ્ઠા, રુવાંટાં તથા ચામડું તેમ જ પ્રસહ–પક્ષીઓની વિષ્ઠા એટલાંનો ધૂપ 'નંદક નામે કહેવાય છે (કારણ કે તે ધૂપ સર્વને આનંદ પમાડનાર હોય છે). ૧૯

ગ્રહપીડાને મટાડનાર કણધૂપ

घृतं कणा व्रीहितुषाः कपिलोमत्वचं वचा ।
सर्षपाः कुष्ठमेला च कणधूपो ग्रहापहः ॥२०॥

ઘી, પીપર, ડાંગરનાં ફોતરાં, વાંદરાનાં રુવાંટાં અને ચામડું, વજ, સરસવ, કઠ અને એલચી એટલાંનો ધૂપ 'કણધૂપ' નામે કહેવાય છે અને ગ્રહપીડાને મટાડનાર છે.

લક્ષ્મી કે શોભા દેનાર શ્રીધૂપ

घृतं सर्पत्वचं बिल्वं सरः सिद्धार्थका जतु ।
श्रीधूप इति निर्दिष्टः श्रीकामेषूपयोजयेत् ॥२१॥

ઘી, સર્પની કાંચળી, બિલ્વફલ, સરસ્–મહાપિંડી, ધોળા સરસવ અને લાખ–એટલાંનો ધૂપ 'શ્રીધૂપ' નામે કહ્યો છે. આનો ઉપયોગ લક્ષ્મીની ઇચ્છાવાળા લોકોની આગળ કરવો જોઈએ. ૨૧

ગ્રહોનો નાશ કરનાર ગ્રહઘ્ન ધૂપ

श्वविण्मूत्रं मयूराणां लोमान्यथ वचा घृतम् ।
सर्षपाश्चेति धूपोऽयं ग्रहघ्न इति विश्रुतः ॥२२॥

કૂતરાની વિષ્ઠા તથા મૂત્ર, મોરપક્ષીનાં પીછાં; વજ, ઘી અને સરસવ–એટલાં દ્રવ્યોનો આ ધૂપ 'ગ્રહઘ્ન' નામે પ્રખ્યાત છે.

યક્ષોને આકર્ષનાર પુણ્યકારક ધૂપ

घृतं कुञ्जरदन्तं च तनुजान्यजमेषयोः ।
गोश्रृङ्गमिति धूपोऽयं पुण्यः पुण्यजनावहः ॥२३॥

ઘી, હાથીદાંત, બકરાનાં તથા ઘેટાનાં રુવાંટાં અને ગાયનું શીંગડું–આટલાં દ્રવ્યોનો આ ધૂપ પુણ્યકારક હોઈ પુણ્યજન–યક્ષોને આકર્ષનાર કહેવાય છે. ૨૩

સર્વ રોગોનો તથા ગ્રહોનો નાશ કરનાર શિશુક નામનો ધૂપ

घृतं स्थौणेयकं मांसी तगरं परिपेलवम् ।
ह्रीबेर शतपुष्पां च हरितालं मनःशिलाम् ॥२४
मुस्तं हरेणुकामेलां धूपार्थमुपकल्पयेत् ।
शिशुको नाम धूपोऽयं सर्वरोगग्रहापहः ॥
धूपने चानुधूपे च प्रतिधूपे च भार्गव ! ॥ २५ ॥

ઘી, સ્થૌણેયક–ગ્રન્થિપર્ણ અર્થાત્ ભટેઉર, જટામાંસી, તગર, પરિપેલવ–પાણીમાં થતી મોથ, હ્રીબેર–સુગંધી વાળો, સુવા, હરતાલ, મનશીલ, મોથ, હરેણુકા–બીજ અને એલચી એટલાં દ્રવ્યોને ધૂપ માટે (ખાંડી–કૂટી) તૈયાર રાખવાં; આ ધૂપ 'શિશુક' નામે કહેવાય છે. તેનો ઉપયોગ સર્વ રોગોમાં તથા ગ્રહોનો નાશ કરનાર છે. હે ભૃગુવંશી વૃદ્ધજીવક! આનો પ્રયોગ ધૂપમાં, અનુધૂપમાં તથા પ્રતિધૂપમાં પણ કરાય છે. ૨૪,૨૫

સર્વ રોગોને દૂર કરનાર બ્રાહ્મ ધૂપ

घृतं सिद्धार्थका लाजाः कुशाः सह...।
सर्वतुल्या भवेद् ब्राह्मी धूपोऽयं ब्राह्म उच्यते ॥२६
ब्राह्मणक्षत्रवैश्येषु प्रयोज्यो भिषजा भवेत् ।
सर्वरोगेषु सततं क्षिप्रं रोगान्निरस्यति ॥ २७ ॥

ઘી, સરસવ, લાજ–ડાંગરની ધાણી,

કુશ-દર્ભ અને તે બધાંના જેટલી બ્રાહ્મી-આટલાંનો ધૂપ 'બ્રાહ્મ' કહેવાય છે. આ ધૂપનો પ્રયોગ બ્રાહ્મણોને ત્યાં, ક્ષત્રિયોને ત્યાં તથા વૈશ્યોને ત્યાં પણ કરી શકે છે. હરકોઈ રોગમાં કાયમ આ ધૂપનો પ્રયોગ કરવો; કારણ કે બધાય રોગોને આ ધૂપ તરત દૂર કરે છે. ૨૬,૨૭

સુખકારક ધૂપ

घृत श्वदंष्ट्रा वसुका हरिद्रे परिपेलवम् ।
वचा भागा च धूपोऽयं प्रतिधूपः सुखावहः ॥२८

ઘી, કૂતરાની દાઢ, વસુક-બકપુષ્પ, હળદર, દારુહળદર, પાણીમાં થતી મોથ, વજ અને ભારંગી-એટલાં દ્રવ્યોનો આ ધૂપ પ્રતિધૂપ તરીકે એટલે કે હરકોઈ સામે પ્રજ્વલિત કરવાથી સુખકારક થાય છે. ૨૮

સર્વ રોગોમાં વખણાતો ધૂપ

घृतं च पद्मकोशीरं वालकं केसरं रसम् ।
प्रतिधूप इति ख्यातः सर्वरोगेषु शस्यते ॥२९॥

ઘી, પદ્મક-કમલકાષ્ઠ કે નીલકમલ, ઉશીર-વાળો, સામાન્ય હરકોઈ સુગંધી વાળો, નાગકેસર તથા રસ-રાળ-એટલાંનો ધૂપ પણ પ્રતિધૂપ તરીકે પ્રખ્યાત હોઈ બધાય રોગોમાં વખણાય છે. ૨૯

મહાઉદયકારક ધૂપ

घृतं वानरलोमानि कुक्कुटाण्डं वचा यवाः ।
सिद्धार्थकाश्च धूपोऽयं प्रतिधूपमहोदयः ॥ ३० ॥

ઘી, વાનરના રુવાંટાં, મરઘીનું ઈંડું, વજ, જવ અને સરસવ-એટલાંનો આ ધૂપ પણ પ્રત્યેક ધૂપ કરતાં મહા ઉદયકારક તરીકે વખણાય છે. ૩૦

રોગરહિત કરનાર અરિષ્ટ ધૂપ

घृतं निम्बस्य पत्राणि मूलं पुष्पं फलं त्वचम् ।
अरिष्टो नाम धूपोऽयमरिष्टं कुरुते क्षणात् ॥३१॥

ઘી, લીંબડાનાં પાન, મૂળ, પુષ્પ, ફૂલ તથા છાલ-એટલાંનો ધૂપ 'અરિષ્ટ' નામે કહેવાય છે અને તે માણસને ક્ષણ વારમાં રોગરહિત અથવા હરકોઈ ઉપદ્રવથી રહિત કરે છે. ૩૧

પ્રશંસાપાત્ર ધૂપ

घृतं निम्बस्य पत्राणि खरमूत्रं वचा जतु ।
सर्षपाश्चात्र धूपोऽयं प्रतिधूपश्च शस्यते ॥ ३२॥

ઘી, લીંબડાનાં પાન, ગધેડાનું મૂત્ર, વજ, લાખ અને સરસવ-એટલાંનો આ ધૂપ પણ પ્રત્યેક ધૂપમાં વખણાય છે. ૩૨

વાઈનો રોગ મટાડનાર ધૂપ

घृतं निम्बस्य पत्राणि जतुसर्जरसाक्षताः ।
भासोलूकशकुन्तेति धूपोऽपस्मारनाशनः ॥ ३३ ॥

ઘી, લીંબડાનાં પાન, લાખ, રાળ, ચોખા, ભાસ પક્ષીની અને ઘુવડ પક્ષીની ચરક એટલાંનો ધૂપ વાઈ રોગનો નાશ કરે છે. ૩૩

સર્વ રોગનો નાશ કરનાર ધૂપ

घृतं निम्बस्य पत्राणि सुरसाश्वघ्नयोस्तथा ।
गोमेषवस्तबालाश्च धूपोऽयं सर्वरोगहा ॥ ३४ ॥

ઘી, લીંબડાનાં, તુલસીનાં તથા કણેરનાં પાન અને ગાયના, બકરાના તથા ઘેટાના વાળ-એટલાંનો આ ધૂપ સર્વ રોગોનો નાશ કરનાર છે. ૩૪

બધાં ભૂતની પીડાનો નાશ કરનાર ગણધૂપ

घृताक्षतं जातिपुष्पं मधु सिद्धार्थका वचा ।
गणधूप इति ख्यातः सर्वभूतरुजापहः ॥ ३५ ॥

ઘી, ચોખા, જાઈનું પુષ્પ, મધ, સરસવ તથા વજ-એટલાંનો આ 'ગણધૂપ' નામે પ્રખ્યાત ધૂપ બધાં ભૂતોની પીડાનો નાશ કરનાર છે. ૩૫

કલ્યાણકારી સ્વસ્તિક ધૂપ

घृतं शाल्लकिधूपश्च पुष्पं जातिशिरीषयोः ।
नमेरुणा समायुक्तो धूपः स्वस्तिक उच्यते ॥३६

ઘી, શાલ્લકી નામનું એક શાલવૃક્ષ કે મોટા ગજનાં ઝાડનાં પાન, જાઈનું તથા સરસડાનું પુષ્પ અને નમેરુ-સરલવૃક્ષ અર્થાત્ દેવદાર-એટલાંનો બનાવેલ ધૂપ કલ્યાણકારી હોઈ 'સ્વસ્તિક' કહેવાય છે. ૩૬

મહોના ઉપદ્રવોનો નાશ કરનાર પાંચ ધૂપો

घृतं गुग्गुलुसंयुक्तं, देवदारु घृतान्वितम् ।
कालागुरु च सर्पिश्च, सर्षपाश्चापि सर्पिषा ॥३७

तृणमूलस्य पत्राणि सारं पुष्पफलं त्वचम् ।
पञ्च धूपाः समाख्याताः सघृता ग्रहनाशनाः ॥३८

ઘી, ગૂગળ, ઘીથી યુક્ત દેવદાર, કાળું અગર, ઘીથી યુક્ત કરેલા સરસવ અને પાંચ તૃણનાં મૂલ, સાર, પુષ્પો, ફળ તથા છાલ–એ પ્રત્યેકના પાંચ ધૂપો ગ્રહોની પીડાનો નાશ કરનાર તરીકે પ્રખ્યાત થયા છે. ૩૭,૩૮

કદી ન બગડે તે–ગૃહધૂપ

गुग्गुल्वादीनि चैतानि दशाङ्गं च समापयेत् ।
गृहधूप इति ख्यातो न क्वचित् प्रतिहन्यते ॥३९

ગૂગળ વગેરે ઉપર જણાવેલાં દ્રવ્યો અને દશાંગ ધૂપ એકત્ર કરવામાં આવે તે–'ગૃહધૂપ' નામે પ્રખ્યાત થયેલ છે. એ ધૂપ કદી પણ નાશ પામતો નથી એટલે કે બગડી જતો નથી. ૩૯

ઉપર કહેલા એ ૪૦ ધૂપોની સફળતા

सिद्धार्थाश्चेति धूपास्ते चत्वारिंशदुदाहृताः ।
भिषक्सिद्धिकरा नृणां पुत्रदा रोगनाशनाः ॥४०

એમ ઉપરના ભાગમાં જે ૪૦ ધૂપો કહ્યા છે, તે હરકોઈ પ્રયોજનને સિદ્ધ કરનારા હોઈ વૈદ્યની બધી ચિકિત્સાને સફળ કરે છે અને લોકોને પુત્ર–સંતતિ દેનાર તથા રોગોનો નાશ કરનાર તરીકે પ્રસિદ્ધ છે. ૪૦

એ ૪૦ ધૂપોનો વૈદ્યે ઉપયોગ કરવો જોઈએ

तैर्बालान् समापन्नानरिष्टागारमेव च ।
वस्त्रशय्यासनाद्यं च बालानां धूपयेद्भिषक् ॥४१

જે નાનાં બાળકો પ્રથમ જ સૂતિકાગૃહમાં જેવાં જન્મે કે તરત જ વૈદ્યે, તે બાળકોનાં વસ્ત્રો, શય્યા તથા આસન–ઘોડિયાં વગેરે બધાં સાધનોને ધૂપ આપવો જોઈએ. ૪૧

એ ધૂપ દેવાનાં કારણો

पूर्वमेव भिषग्धूपं पुण्ययोगेन संहरेत् ।
उपोषितः शुचिः स्नातो मैत्राग्नेयोत्तरासु वा ॥४२
वाचयित्वा बलिं कृत्वा श्रुत्वा शब्दान्मनोऽनुगान् ।
चतस्रः शुचयः कन्याः कुट्टयेयुर(तन्द्रिताः)॥
.....तं धूपं निदध्याद्भाजने नवे ।
गोपयेच्च सुपिहितं काले चैनं प्रयोजयेत् ॥४४॥
तत्कालमपि चापन्नः संभूत्याशु प्रयोजयेत् ।
ननु तस्मिन् ध्रुवा सिद्धिर्यथापूर्वोपकल्पिते ॥४५॥
आघ्रातपरधूपस्तु यदि न प्रतिधूप्यते ।
आशु तं रोगमाप्नोति तदर्थं धूप्यते पुनः ॥४६॥

વૈદ્યે, પ્રથમ જ પુષ્ય નક્ષત્રનો યોગ હોય ત્યારે પહેલાં ઉપવાસી રહી, સ્નાન કરી પવિત્ર થઈને મૈત્ર દિશા–પૂર્વમાં, અગ્નિ ખૂણામાં કે ઉત્તર દિશામાં સ્વસ્તિવાચન કર્યા પછી બલિદાનનું કર્મ કરીને મનગમતા સુંદર શબ્દો સાંભળ્યા પછી ઉપર કહેલા ધૂપોનાં સાધનો લાવવાં જોઈએ. પછી તે ધૂપનાં દ્રવ્યોને ચાર પવિત્ર કન્યાઓ સાવધાન થઈને કૂટી નાખે તેવી ગોઠવણ કરી અને તે પછી કોઈ નવા વાસણમાં તે તૈયાર થયેલો ધૂપ રાખી મૂકવો અને તે પણ સુરક્ષિત સ્થાને તે વાસણના મુખને બરાબર બંધ કર્યા પછી તે ધૂપપાત્ર રાખી મૂકવું જોઈએ; અને યોગ્યકાળે તે ધૂપનો પ્રયોગ કરાવવો જોઈએ; અથવા તત્કાળ તે ધૂપનો ઉપયોગ કરવાની જરૂર જણાય તોયે તે ધૂપને એકત્ર કરી તરત જ તેનો પ્રયોગ કરાવવો; એમ ઉપર્યુક્ત વિધાનપૂર્વક એકત્ર કરી તૈયાર રાખેલા તે ધૂપના–પ્રયોગથી બરોબર ચોક્કસ સફળતા થાય છે એટલે કે એ ધૂપના સેવનથી જે જે ફળસિદ્ધિ દર્શાવી છે તે ચોક્કસ પ્રાપ્ત થાય છે. એમ ધૂપનો પ્રથમ પ્રયોગ કર્યાથી એટલે કે તે તે ધૂપને રોગીએ પ્રથમ સૂંઘ્યો હોય છતાં તે તે ધૂપથી થતો ફાયદો જો ન થાય તો એ રોગીને ફરી તે તે ધૂપ સંઘાડવો જોઈએ; પરંતુ એમ એકવાર જેણે ધૂપ સૂંઘ્યો હોય છતાં તેને તેથી ફાયદો ન જણાય તે છતાં એ રોગીને ફરી તરત જ તે ધૂપપ્રયોગ જો ન કરાવાય તો એ રોગીને રોગ પ્રાપ્ત થાય છે; એ કારણે ફરી તે રોગીને ધૂપપ્રયોગ કરાવવો જોઈએ. ૪૨–૪૬

ધૂપના ત્રણ પ્રકારો

धूपश्चैवानुधूपश्च प्रतिधूपश्च जीवक ! ।
त्रिविधो धूप उद्दिष्टः कर्मभेदाच्चिकित्सकैः ॥४७॥

હે જીવક! કર્મના ભેદથી એટલે કે જુદાં જુદાં ચિકિત્સાકર્મને અનુસરી વૈદ્યોએ ત્રણ પ્રકારના ધૂપ દર્શાવ્યા છે. તેમાંનો પહેલો ધૂપપ્રયોગ, બીજો અનુધૂપયોગ અને તે પછીનો ત્રીજી વારનો જે પ્રયોગ તે પ્રતિધૂપયોગ કહેવાય છે. ૪૭

ધૂપનાં ઉત્પત્તિનાં કારણો સ્થાવર તથા જંગમ

कौमारभृत्यास्त्वपरे जङ्गमस्थावराश्रयात् ।
द्वियोनिं ब्रुवते धूपं कश्यपस्य मते स्थिताः ॥४८

બીજા કૌમારભૃત્ય-બાલચિકિત્સક વૈદ્યો તો કશ્યપના મતને અનુસરી સ્થાવર તથા જંગમના આશ્રયથી બે પ્રકારની યોનિવાળા એટલે કે બે પ્રકારનું તે (સ્થાવર, જંગમ) ઉત્પત્તિ કારણ માનીને ધૂપને બે પ્રકારનો કહે છે. ૪૮

ધૂપ સંબંધી અનેક પ્રશ્નોનો નિર્ણય કહેવાની પ્રતિજ્ઞા

कुतो धूपाः समुत्पन्नाः किंदैवत्याः किमाश्रयाः ।
कैर्नामभिर्मतास्तेषु दह्यमानेषु किं जपेत् ॥४९॥
एवं महाजनगतश्चोद्यते भिषजा भिषक् ।
तस्मान्निर्णयमेतेषां प्रश्नानां शृणु तत्त्वतः ॥५०॥

ધૂપો ક્યાંથી ઉત્પન્ન થયા છે? તે તે ધૂપના દેવો કયા હોય છે? એ ધૂપોનો આશ્રય કયો હોય છે? એ ધૂપોને કયાં કયાં નામોથી માન્યા છે? વળી તે તે ધૂપોને જ્યારે પ્રજ્વલિત કરવામાં આવે ત્યારે શું જપવું જોઈએ? એમ કોઈ વૈદ્ય, મોટા લોકસમુદાયની વચ્ચે રહી બીજા વૈદ્યને જ્યારે પૂછે ત્યારે તે પ્રશ્ન કરનાર વૈદ્યને વૈદ્યે કયો ઉત્તર આપી નિર્ણય કહેવો જોઈએ? એમ જિજ્ઞાસા થાય, તેથી એ જુદા જુદા પ્રશ્નોનો નિર્ણય યથાર્થ રીતે તમે હવે સાંભળો. ૪૯,૫૦

ધૂપની ઉત્પત્તિ વિષે પ્રાચીન ઇતિહાસ

जाता जाता ऋषिसुता ह्रियन्ते राक्षसैर्यदा ।
तदा महर्षयः सर्वे वह्निं शरणमन्वियुः ॥ ५१ ॥
होमजापतपोयुक्तास्ततस्तुष्टोऽग्निरब्रवीत् ।
इमान् धूपान् प्रयच्छध्वं प्रयुङ्ध्वं च मदर्पितान् ॥
रक्षोभूतपिशाचेभ्यो न भयं वो भविष्यति ।
जातेषु वर्धमाने च रोगे घाट्यां च युङ्क्त ह ॥५२

પૂર્વે ઋષિઓનાં સંતાનો જેમ જેમ ઉત્પન્ન થતાં હતાં, તેમ તેમ રાક્ષસો, તે તે ઋષિબાળકોનું હરણ કરી જતા હતા; તે વખતે મોટા મોટા બધા ઋષિઓ, અગ્નિદેવને શરણે ગયા હતા અને હોમ, જપ તથા તપકર્મમાં જોડાઈ ગયા હતા; પછી અગ્નિદેવ પ્રસન્ન થયા હતા અને તેમણે ઋષિઓને આમ કહ્યું કે-'હે ઋષિઓ! હું તમને આ ધૂપો આપું છું; તેઓનો તમે પ્રયોગ કરો અને તમારાં તે તે જન્મેલાં સંતાનોને આ ધૂપો આપો; જેથી તમને કે તમારાં તે તે સંતાનોને રાક્ષસોથી, ભૂતોથી કે પિશાચોથી ભય થશે નહિ. વળી તમારાં જે જે સંતાનો જન્મ્યાં હોય અને તેઓમાં કોઈ રોગ થાય અને તે રોગ જો વધવા માંડે, તેમ જ એ સંતાનોની ધાવમાતામાં કોઈ રોગ પ્રવેશે અને તે પણ જ્યારે વધવા માંડે ત્યારે પણ તમે તે તે બાળકોને તથા તેઓની ધાવમાતાને ઉદ્દેશી આ ધૂપનો અવશ્ય પ્રયોગ કરો. ૫૧,૫૨

અગ્નિદેવના ઉપદેશ પછી મુનિઓએ ધૂપકર્મમાં કશ્યપની યોજના કરી હતી

ततस्ते मुनयस्तुष्टाः कश्यपं लोकवर्धनम् ।
ऋषिलोकहितं ज्ञात्वा युयुजुस्तत्र कर्मणि ॥५ ॥

અગ્નિનો તે ઉપદેશ સાંભળ્યો તે પછી એ મુનિઓ સંતોષ પામ્યા હતા અને તેઓએ કશ્યપને લોકોની વૃદ્ધિ કરનાર તથા ઋષિલોકના હિતકારી જાણીને તે ધૂપકર્મ વિષે તેમને યોજ્યા હતા. અર્થાત્ ઉપર્યુક્ત ધૂપોને તે તે સ્થાનેથી ગ્રહણ કરી તેઓને તૈયાર કરવાના કામમાં પોતાના પ્રતિનિધિ બનાવ્યા હતા. ૫૩

अग्नेः सकाशाद्धूपान् स संलब्ध्वा चाधिकोऽभवत् ।
अधृष्याः सर्वभूतानां कुमारास्ते च रक्षिताः ॥५४

તે પછી અગ્નિ પાસેથી કશ્યપ ઋષિએ ધૂપો મેળવ્યા હતા, જેથી તે કશ્યપ, બધા

કરતાં અધિક થયા હતા; અને એ ધૂપો મેળવ્યા પછી તે ઋષિઓ, સર્વ પ્રાણીઓથી અધૃષ્ય બન્યા હતા એટલે કે કોઈ પણ પ્રાણીઓ, તે ઋષિઓનો પરાભવ, તિરસ્કાર કે અનાદર કરી શકતા ન હતા; એટલે કે કોઈ પણ પ્રાણી, ઋષિઓને દુઃખી કરી શકતાં ન હતાં; તેમજ તેમના કુમારો–પુત્રો વગેરે સંતતિનું પણ (તે તે ધૂપથી) રક્ષણ કરાયું હતું. ૫૪

एवं धूपाः समुत्पन्नाः प्रजानां हितकाम्यया ।
निर्दिष्टाश्चाग्निदैवत्या जङ्गमस्थावराश्रयाः ॥ ५५ ॥

એમ ઉપર જણાવ્યા પ્રમાણે પ્રજાઓના હિતની ઇચ્છાથી ધૂપો ઉત્પન્ન કરાયા હતા. અને તે તે ધૂપોને અગ્નિદેવના સંબંધવાળા કહ્યા છે; અર્થાત્ ઉપર્યુક્ત બધાય ધૂપોના દેવ અગ્નિ છે; એમ કહેવામાં આવ્યું છે. ૫૫

દરેક ધૂપને પ્રજ્વલિત કરતી વેળા મંત્ર બોલવો

विधूरस्यनुवाकेन सर्वमेवाभिमन्त्र्य च ।
प्रयुञ्जीत शिशौ रक्षां दह्यमाने जपेत्त्विदम् ॥५६

હરકોઈ ધૂપને પ્રજ્વલિત કર્યા પહેલાં 'વિધૂરસી' વગેરે અનુવાક ભણી જઈ અભિમંત્રિત કરવો જોઈએ; અને તે પછી તે ધૂપ જ્યારે પ્રજ્વલિત કરાય ત્યારે આ આશીર્વાદાત્મક મંત્રોનો જપ અવશ્ય કરવો અને તે દ્વારા બાળકની રક્ષા કરવી. ૫૬

ધૂપ પ્રજ્વલિત કર્યા પછી જપવાના મંત્રનો અર્થ

अग्निस्त्वा धूपयतु, ब्रह्मा त्वा धूपयतु, शिवस्त्वा धूपयतु, वसवस्त्वा धूपयन्तु, रुद्रस्त्वा धूपयतु, आदित्यस्त्वा धूपयतु, मरुतस्त्वा धूपयन्तु, साध्यस्त्वा धूपयतु, देवा ऋभवस्त्वा धूपयन्तु, विश्वे त्वा देवा धूपयन्तु, सर्वे त्वा देवा धूपयन्तु, छन्दांसि त्वा धूपयन्तु, पृथिवी त्वा धूपयतु, अन्तरिक्षं त्वा धूपयतु, द्यौस्त्वा धूपयतु, दिशस्त्वा धूपयन्तु, दिशां त्वा पतयो धूपयन्तु, देवीरापस्त्वा धूपयन्तु, शिवस्त्वा पवमानो धूपयतु, मित्रस्त्वा सविता सूर्यो धूपयतु, चन्द्रस्त्वा सोमो धूपयतु, नक्षत्राणि त्वा सुप्रजात्वाय धूपयन्तु, नक्षत्राणां त्वा देवताः सुमनसे धूपयन्तु, अहोरात्राणि त्वा शान्तये धूपयन्तु, ऋभवस्त्वा पुण्याय कर्मणे धूपयन्तु, संवत्सरास्त्वाऽऽयुषे ब्रह्मवर्चसे बलाय धूपयन्तु, प्रजापतिस्त्वा सुप्रजात्वाय धूपयतु, अश्विनौ त्वाऽऽरोग्याय दीर्घायुष्ट्वाय सहसे शेव(श्रेय)से धूपयताम्, मातरस्त्वा स्निहा धूपयन्तु, पितरस्त्वा तनोरुच्छेदाय स्वधायै धूपयन्तु, कुमारस्त्वा कौमाराय वसवे धूपयतु, शाखस्त्वा यौवनाय धूपयतु, विशाखस्त्वा मध्याय वयसे धूपयतु, नैगमेषस्त्वा जरसे धूपयतु, सर्वे त्वा देवा दिव्याय धाम्ने धूपयन्तु, सर्वे त्वा ऋषयो ब्रह्मवर्चसाय धूपयन्तु, सर्वास्त्वा नद्यः सुपीताय धूपयन्तु, सर्वे त्वा पर्वताः स्थैर्याय धूपयन्तु, सर्वास्त्वा ओषधोऽन्नाद्याय धूपयन्तु, सर्वे त्वा वनस्पतयः सुव्रतानां श्रेष्ठ्याय धूपयन्तु, सर्वे त्वा पशवः शक्त्यै शान्त्यै धूपयन्तु, सत्येन त्वा धूपयाम्यृतेन त्वा धूपयाम्यृतसत्याभ्यां त्वा धूपयामि, नमो देवेभ्य इति जपेत्। इति ह स्माह भगवान् कश्यपः ॥ ५७ ॥

હે બાળક! અગ્નિદેવ તને આ ધૂપ આપો; બ્રહ્મા તને આ ધૂપ આપો; શિવ તને આ ધૂપ આપો; વસુઓ તને આ ધૂપ આપો; રુદ્રદેવ તને આ ધૂપ આપો; આદિત્ય દેવ–સૂર્ય તને આ ધૂપ આપો; મરુત્–વાયુદેવો તને આ ધૂપ આપો; સાધ્યદેવ તને આ ધૂપ આપો; ઋભુદેવો તને આ ધૂપ આપો; વિશ્વેદેવો તને આ ધૂપ આપો; બધાયે દેવો તને આ ધૂપ આપો; બધા છંદો–વેદો વગેરે તને આ ધૂપ આપો; પૃથ્વીદેવી તને આ ધૂપ આપો; અંતરિક્ષ તને આ ધૂપ આપો; સ્વર્ગ તને આ ધૂપ આપો; બધી દિશાઓ તને આ ધૂપ આપો; દિશાઓના પતિઓ તને આ ધૂપ આપો; જળ દેવતાઓ તને આ ધૂપ આપો; શિવ તને પવિત્ર કરતા રહી આ ધૂપ આપો; મિત્રદેવ–સવિતા–સૂર્ય તને આ ધૂપ આપો; ચંદ્ર–સોમદેવ તને આ ધૂપ આપો; બધાં નક્ષત્રો

તને સારી પ્રજા આપવાને આ ધૂપ આપો; નક્ષત્રોના દેવતાઓ તને ઉત્તમ મન અર્પવાને આ ધૂપ આપો; દિવસો અને રાત્રિઓ તને શાંતિ આપવા આ ધૂપ આપો; ઋભુ દેવો તને પુણ્ય અર્પવાને આ ધૂપ આપો; સંવત્સરો-વર્ષો તને આયુષ તથા બ્રહ્મતેજ અને બલ અર્પવાને આ ધૂપ આપો; પ્રજાપતિ-દક્ષ તને સારી પ્રજા ઉત્પન્ન કરવા આ ધૂપ આપો; અશ્વિનીકુમારો તને આરોગ્ય, લાંબું આયુષ, સહનશક્તિ તથા કલ્યાણ આપવા આ ધૂપ આપો; માતૃકા દેવીઓ સ્નેહયુક્ત થઈ તને આ ધૂપ આપો; બધા પિતૃદેવો તારા શરીરનો છેદ ન થાય તે માટે તેમ જ સ્વધા અર્પણ કરવા તને ધૂપ આપો; કુમાર કાર્તિકસ્વામી તને કુમારપણું અર્પવાને આ ધૂપ આપો; શાખદેવ તને યૌવન આપવા આ ધૂપ આપો; વિશાખદેવ તને મધ્યમ વયની પ્રાપ્તિ પાટે આ ધૂપ આપો; નૈગમેષ દેવ તને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત કરવા આ ધૂપ આપો; બધા દેવો તને દિવ્ય તેજ પ્રાપ્ત કરવા આ ધૂપ આપો; બધા ઋષિઓ તને બ્રહ્મતેજ પ્રાપ્ત થાય તે માટે આ ધૂપ આપો; બધી નદીઓ તને ઉત્તમ જલપાન કરવાને આ ધૂપ આપો; બધા પર્વતો તારામાં સ્થિરતા પ્રાપ્ત થાય તે માટે આ ધૂપ આપો; બધી ઓષધીઓ તને અન્ન વગેરે ખોરાક અર્પણ કરવા આ ધૂપ આપો; બધી વનસ્પતિઓ તને ઉત્તમ વ્રતધારીઓમાં શ્રેષ્ઠપણું પ્રાપ્ત કરવા આ ધૂપ આપો; બધાં પશુઓ શક્તિ તથા શાંતિ પ્રાપ્ત કરવા આ ધૂપ આપો; તને સત્ય પ્રાપ્ત થાય તે માટે હું આ ધૂપ આપું છું; ઋતના કારણે તને આ ધૂપ હું આપું છું; ઋત તથા સત્ય-એ બેયની તને પ્રાપ્તિ થાય તે માટે આ ધૂપ હું તને આપું છું; બધા દેવોને નમસ્કાર થાઓ, એમ ભગવાન કશ્યપે કહ્યું હતું. ૫૦

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં કલ્પસ્થાન વિષે 'ધૂપનકલ્પ' નામનો ૧ લો અધ્યાય સમાપ્ત

લશુનકલ્પ : અધ્યાય ૨

अथातो लशुनकल्पं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી અમે 'લશુનકલ્પ' નામના બીજા અધ્યાયનું વ્યાખ્યાન કરીશું, એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું. ૧,૨

हुताग्निहोत्रमासीनं गङ्गाद्वारे प्रजापतिम् ।
पप्रच्छ स्थविरः काले प्रजानां हितकाम्यया ॥३॥

પ્રજાપતિ ભગવાન કશ્યપ, 'ગંગાદ્વાર' નામના ગંગાની ઉત્પત્તિ સ્થાનરૂપ પ્રદેશ પર અગ્નિહોત્રની આહુતિ આપવા જ્યારે બિરાજતા હતા, તે કાળે પ્રજાઓના હિતની ઇચ્છાથી સ્થવિર-વૃદ્ધજીવકે તેમને આમ પૂછ્યું હતું. ૩

લસણની ઉત્પત્તિ આદિ વિષે વૃદ્ધજીવકનો કશ્યપને પ્રશ્ન

भगवँल्लशुनोत्पत्तिं प्रयोगं चोपयोजने ।
श्रोतुमिच्छामि कालं च रोगान्, येषु न येषु च ॥४॥
व्यापदश्चास्य काः सन्ति, किं च तासां चिकित्सितम् ।
अन्नपानं च किं तत्र, परिहारः फलं च किम् ॥५॥

હે ભગવન્ કશ્યપ! લસણની ઉત્પત્તિ તથા તેના ઉપયોગ માટેનો તેનો પ્રયોગ હું સાંભળવા ઇચ્છું છું; કયા કાળે અને અને કયા કયા રોગો પર લસણનો પ્રયોગ કરી શકાય? જે રોગો પર અને જે માણસો તે લસણનો ઉપયોગ ન કરી શકે અને જે કાળે કે જે માણસો તે લસણનો અવશ્ય ઉપયોગ કરી શકે; તેમજ એ લસણનો પ્રયોગ ન કરી શકાય એવા રોગો પર અને જે લોકો તે લસણનો પ્રયોગ કરવા અયોગ્ય હોય છતાં તેનો પ્રયોગ કરે તો તેથી કઈ વ્યાધિઓ કે કયા ઉપદ્રવો થાય છે? અને તે ઉપદ્રવો થયા હોય ત્યારે તેની કઈ ચિકિત્સા કરવી જોઈએ? તેમ જ એ

લસણનો પ્રયોગ ચાલુ હોય ત્યારે ખોરાક-પાણી કયાં લેવાં જોઈએ? કઈ વસ્તુની પરેજી રાખવી જોઈએ? અને તે લસણનો પ્રયોગ કરવાથી શું ફળ પ્રાપ્ત થાય છે, તે પણ હું સાંભળવા ઇચ્છું છું, માટે આપ કહો. ૪,૫

કશ્યપ મુનિનો પ્રત્યુત્તર

इति पृष्टः स शिष्येण मुनिराह प्रजाहितम् ।
शृणु सौम्य! यथोत्पन्नं लशुनं सपरायणम् ॥ ६॥

શિષ્ય વૃદ્ધજીવકે એમ પૂછ્યું હતું, ત્યારે કશ્યપ મુનિએ પ્રજાઓનું તે હિત આમ કહ્યું હતું, હે સૌમ્ય! લસણ જે પ્રકારે ઉત્પન્ન થયેલ છે, તે શ્રેષ્ઠ ઇતિહાસ સાથે તમે ધ્યાનપૂર્વક સાંભળો. ૬

લસણની મૂળ ઉત્પત્તિનો ઇતિહાસ

न लेभे गर्भमिन्द्राणी यदा वर्षशतादपि ।
तदैनां खादयामास शक्रोऽमृतमिति श्रुतिः ॥७॥
सव्येन परिरभ्यैनां बाहुना चारुणा स्निहा ।
व्रीडन्तीं सान्त्वयन् देवीं पतिर्भार्यामपाययत् ॥८॥
तस्यास्तु सौकुमार्येण ह्रिया च पतिसन्निधौ ।
अमृतस्य च सारत्वादुद्गार उदयद्यदा ॥ ९॥
यदृच्छया च गामागादमेध्ये निपपात च ।
ततोऽब्रवीच्छचीमिन्द्रो बहुपुत्रा भविष्यसि ॥१०॥
एतच्चाप्यमृतं भूमौ भविष्यति रसायनम् ।
स्थानदोषात्तु दुर्गन्धं भविष्यद्द्विजोपगम् ॥११॥
लशुनं नामतस्तच्च भविष्यत्यमृतं भुवि ।
एवमेतत् समुत्पन्नं, शृणु तस्य क्रियाविधिम् ॥१२

જે કાળે ઇંદ્રાણી, (પરણ્યા પછી) સો વર્ષ વીતી ગયાં, છતાં ગર્ભવતી થઈ નહિ ત્યારે ઇંદ્રે તેણીને અમૃત ખવડાવ્યું હતું, એમ સાંભળવામાં આવ્યું છે; એ વેળા(અમૃત-પાન કરાવતી વેળા) શરમાતાં તે દેવી ઇંદ્રાણીને પોતાની સુંદર ડાબી ભુજા વડે આલિંગન કરી સ્નેહથી પતિ ઇંદ્રે પોતાનાં એ પત્નીને અમૃત પાયું હતું; પરંતુ તે ઇંદ્રાણી કોમળ હતાં અને પતિની સમીપે પોતાને શરમ આવતી હતી, તેથી એ વખતે અમૃતના સારરૂપે પોતાના મોઢામાંથી અમૃતનો ઓડકાર અમૃતના અમુક અંશો સાથે ઉદય પામ્યો હતો એટલે કે પોતાના મોઢામાંથી બહાર નીકળ્યો હતો અને તે ઓડકાર-અમૃતના અંશો સાથે દૈવયોગે ત્યાં જમીન પર આવી પહોંચ્યો હતો અને ત્યાં અપવિત્ર પ્રદેશ પર તે પડ્યો હતો; પછી તે વખતે ઇંદ્રે, ઇંદ્રાણીને આમ કહ્યું હતું કે 'તમે અનેક પુત્રોવાળાં થશો અને આ અમૃત (તમારા મુખમાંથી) અહીં જમીન પર જે પડ્યું છે તે એક રસાયન-(ઔષધિ)રૂપે ઉત્પન્ન થશે; પરંતુ આ અપવિત્ર સ્થાનના દોષથી દુર્ગંધથી યુક્ત થશે અને એ જ કારણે તે (બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય જાતિરૂપ) દ્વિજ વર્ણને સેવન કરવા યોગ્ય નહિ થાય એમ તે ઇંદ્રે કહ્યું હતું. તે પ્રમાણે એ અપવિત્ર પ્રદેશ પર પડેલું તે ઔષધિરૂપ દ્રવ્ય 'લશુન-લસણ' નામે ઉત્પન્ન થયું હતું અને તે પૃથ્વી પર એક અમૃતરૂપ થશે એટલે અમૃત જેવું ગુણકારક થશે. એ પ્રકારે તે લશુન આ પૃથ્વી પર ઉત્પન્ન થયું છે; પણ તેની જે ક્રિયાવિધિ એટલે કે ઉપયોગ કરવાની રીતિ છે, તેને હવે હું તમને કહું છું, તે સાંભળો. ૭-૧૨

વિવરણ: એ પ્રમાણે આપણાં પ્રાચીન શાસ્ત્રોમાં પણ લસણની ઉત્પત્તિ જુદા જુદા પ્રકારે લખી છે. 'ગદનિગ્રહ' નામના ગ્રંથમાં લસણની ઉત્પત્તિ આમ લખી છે: 'राहोरच्युतचक्रेण लूनार्धे पतिता गलात्। अमृतस्य कणा भूमौ ते रसोनत्व-मागताः ॥ द्विजा नाश्नन्ति तमतो दैत्यदेहसमुद्भवम्। साक्षात्त्वमृतसंभूतं ग्रामीणकरसायनम् ॥-રાહુ દૈત્યે ચન્દ્ર-સૂર્યની વચ્ચે પેસી જઈ કપટથી જ્યારે અમૃતપાન કર્યું હતું, ત્યારે વિષ્ણુ ભગવાને તેને તરત ઓળખી લઈ તે રાહુનું મસ્તક ચક્રથી કાપી નાખ્યું હતું; ત્યારે તેના અર્ધા કપાયેલ ગળામાંથી અમૃતના જે કણો જમીન પર પડ્યા હતા, તેમાંથી લસણની ઉત્પત્તિ થઈ હતી તેથી તેને દૈત્યના દેહમાંથી ઉત્પન્ન થયેલું જાણીને બ્રાહ્મણ આદિ દ્વિજ વર્ણના લોકો તે લસણને ખાતા નથી, પરંતુ ગામડિયા અજ્ઞાની લોકો તો તેને રસાયનરૂપે સમજી તેનો

પ્રેમથી ઉપયોગ કરે છે.' વળી 'નાવનીતક' નામના ગ્રંથમાં લસણની ઉત્પત્તિ આમ કહી છે કે- 'પુરાઽમૃતં પ્રમથિતમસુરેન્દ્રૈઃ સ્વયં પપૌ। તસ્ય ચિચ્છેદ ભગવાનુત્તમાઙ્ગં જનાર્દનઃ ॥ કણ્ઠનાડીસમાસન્ને વિચ્છિન્ને તસ્ય મૂર્ધનિ। બિન્દવઃ પતિતા ભૂમાવાદ્યં તસ્યેહ જન્મ તુ ॥ ન ભક્ષયન્ત્યેનમતશ્ચ વિપ્રાઃ, શરીરસમ્પર્કવિનિસ્સૃતત્વાત્। ગન્ધોગ્રતાભાવત એવ ચાસ્ય વદન્તિ શાસ્ત્રાધિગમપ્રવીણાઃ ॥ પૂર્વે જ્યારે સમુદ્રમન્થન કર્યું હતું ત્યારે તેમાંથી અમૃત બહાર નીકળ્યું હતું, તેને ભગવાન વિષ્ણુએ, દેવોને પાઈ દેવા માંડયું હતું, ત્યારે સૂર્યચન્દ્રની વચ્ચે દેવનું છૂપું રૂપ ધરી અસુરોનો ઇંદ્ર રાહુ પેસી જઈ અમૃતને પી ગયો હતો, તેની જાણ થતાં ભગવાન વિષ્ણુએ તેનું મસ્તક સુદર્શનચક્રથી તરત જ કાપી નાખ્યું હતું; તેથી તેના ગળાની નાડીમાંથી અમૃત પણ બહાર પડ્યું હતું, અને તેનાં જે ટીપાં જમીન પર પડ્યાં હતાં, તેમાંથી લસણ ઉત્પન્ન થયું હતું; એમ લસણની પ્રથમ ઉત્પત્તિ થઈ હતી, તે કારણે બ્રાહ્મણો તે લસણને ખાતા નથી; કારણકે અસુરના શરીરનો તેને સંબંધ થયેલો હોઈને તેમાંથી તે ઉત્પન્ન થયું છે; વળી તે લસણમાં ગન્ધ પણ ઉગ્ર રહેલી છે, તેથી પણ બ્રાહ્મણો તેને ખાતા નથી; એમ શાસ્ત્રોના જાણકાર વિદ્વાનો કહે છે. ૭-૧૨

લસણમાં એક રસ ઓછો હોવાથી પાંચ રસો છે

रसोऽस्य बीजे कटुको नाले लवणतिक्तकौ।
पत्राण्यस्य कषायाणि, विपाके मधुरं च तत् ॥१३

લસણના બીજમાં તીખો રસ છે, તેના છોડના નાળમાં ખારો અને કડવો રસ છે; તેનાં પાંદડાં તૂરાં હોય છે અને વિપાકમાં એટલે પચ્યા પછી તે મધુર બને છે. ૧૩

વિવરણ : ભાવપ્રકાશના નિઘંટુમાં લસણના ગુણવર્ણનમાં આમ કહ્યું છે કે-'कटुश्चापीह मूलेषु तिक्तः पत्रेषु संस्थितः। नाले कषाय उद्दिष्टो नालाग्रे लवणः स्मृतः ॥ बीजे तु मधुरः प्रोक्तो रसस्तद्गुणवेदिभिः ॥ લસણના ગુણ જાણનાર વિદ્વાનોએ તેના મૂળમાં તીખો રસ કહ્યો છે, તેનાં પાંદડાંમાં કડવો રસ જણાવ્યો છે; તેના નાળમાં કષાય-તૂરો રસ દર્શાવ્યો છે; તે નાળના અગ્રભાગમાં લવણ-ખારો રસ માન્યો છે અને તેના બીજમાં મધુર રસ કહ્યો છે.'૧૩

લસણ પચવામાં ભારે છે

स्वादुस्तिक्तः कटुश्चात्र यथापरपरोत्कटाः।
स्वादुत्वाद्गुरु सस्नेहं बृंहणं लशुनं परम् ॥१४

લસણમાં સ્વાદુ-મધુર, કડવો અને તીખો રસ, એકથી એક વધુ વધુ બળવાન હોય છે, તેથી લસણ (પચવામાં) ભારે, સ્નેહયુક્ત તથા બૃંહણ-પૌષ્ટિક છે. ૧૪

લસણના વિશેષ ગુણો

रससाधारणत्वाच्च साधारणरुजापहम्।
आयुष्यं दीपनं वृष्यं धन्यमारोग्यमग्निम् ॥१५॥
स्मृतिमेधाबलवयोवर्णचक्षुःप्रसादनम्।
मुखसौगन्ध्यजननं स्रोतसां च विशोधनम् ॥१६॥
शुक्रशोणितगर्भाणां जननं ह्रीनिषेधयोः।
सौकुमार्यकरं केश्यं वयसः स्थापनं परम् ॥१७॥

લસણમાં રસો સાધારણ છે, તેથી સાધારણ રોગોનો તે નાશ કરે છે; આયુષ્યને વધારે છે; જઠરના અગ્નિને પ્રદીપ્ત કરે છે; વૃષ્ય અથવા વીર્યવર્ધક છે, ધનને આપનાર છે અને શ્રેષ્ઠ આરોગ્ય આપે છે; વળી તે સ્મરણશક્તિને, મેધા-બુદ્ધિને, બલને, વર્ણ-શરીરના રંગને તથા ચક્ષુ-નેત્રને પ્રસન્ન કરનાર છે; મુખમાં સુગંધને ઉપજાવે છે, સ્રોતોને વિશેષ શુદ્ધ કરે છે; વીર્યને, રુધિરને તથા ગર્ભને ઉપજાવે છે; શરમ તથા નિષેધને ઉપજાવે છે; સુકુમારપણું કરે છે, કેશને હિતકારી છે અને ઉંમરને સ્થિર કરનાર છે. ૧૫-૧૭

લસણના વધુ ઉત્તમ ગુણો

अमृतोद्भूतममृतं लशुनानां रसायनम्।
दन्तमांसनखश्मश्रुकेशवर्णबलप्रदम् ॥ १८ ॥
न जातु भ्रश्यते जातं नृणां लशुनखादिनाम्।
न पतन्ति स्तनाः स्त्रीणां नित्यं लशुनसेवनात् ॥१९
न रूपं भ्रश्यते चासां न प्रजा न बलायुषी।
सौभाग्यं वर्धते चासां दृढं भवति यौवनम् ॥२०॥

લસણ અમૃતમાંથી ઉત્પન્ન થયેલું હોઈને અમૃતરૂપ છે અને ઉત્તમ રસાયન

છે; તેથી લસણનું સેવન કરનાર લોકોના દાંત, માંસ, નખો, દાઢી-મૂછ, કેશ, ઉંમર તથા વાળ કદી ભ્રષ્ટ થતાં નથી; તેમ જ લસણના નિત્ય સેવનથી સ્ત્રીઓના સ્તન નમી પડતા નથી; એટલું જ નહિ, પરંતુ લસણને સેવતી સ્ત્રીઓનું રૂપ કદી ભ્રષ્ટ થતું નથી કે ઓછું થતું નથી અને તે સ્ત્રીઓનાં પ્રજા-સંતાન, બળ તથા આયુષ પણ ક્ષીણ થતાં નથી; તે ઉપરાંત લસણના સેવનથી સ્ત્રીઓનું સૌભાગ્ય વધે છે અને યૌવન દૃઢ થાય છે. ૧૮-૨૦

લસણથી સ્ત્રીઓને વધુ ફાયદા

प्रमदाऽतिविधायापि लशुनैः प्राप्नुते सृजाम् ।
न चैनां संप्रबाधन्ते ग्राम्यधर्माद्भवा गदाः ॥२१

લસણનું વધુ સેવન કરીને પણ સ્ત્રીઓ અતિશય શુદ્ધિને પામે છે; તેમ જ વધુ મૈથુન કરવાથી ઉત્પન્ન થતા રોગો પણ લસણ સેવતી સ્ત્રીને લાગુ થતા નથી. ૨૧

कटीश्रोण्यङ्गमूलानां न जातु वशगा भवेत् ।
न जातु वन्ध्या भवति न जात्वप्रियदर्शना ॥२२

વળી લસણને સેવતી સ્ત્રીઓ કેડના, શ્રોણી-કુલાના તથા બીજા અંગોના મૂળમાં થતા રોગોને પણ વશ થતી નથી; ઉપરાંત લસણ ખાતી સ્ત્રી વાંઝણી રહેતી નથી અને અપ્રિય દેખાવની પણ કદી થતી નથી.

લસણને નિયમિત સેવતા પુરુષોને થતા ફાયદા

दृढमेधाविदीर्घायुर्दर्शनीयप्रजा भवेत् ।
अश्रान्तो ग्राम्यधर्मेषु शुक्रधाश्च भवेन्नरः ॥२३॥

જે પુરુષ, લસણનું સેવન (નિત્ય-નિયમિત) કરે છે, તે દૃઢ-મજબૂત મેધા-નામની ધારણાશક્તિવાળી બુદ્ધિથી યુક્ત, લાંબા આયુષવાળો અને દેખાવડી પ્રજા-સંતતિથી યુક્ત થાય છે; અને વીર્યને ધારણ કરી-ટકાવી શકનાર હોઈને મૈથુન-ક્રિયામાં થાકતો નથી. ૨૩

લસણ-સેવનના વધુ ફાયદા

यावतीभिश्च समियात्तावत्यो गर्भमाप्नुयुः ।
नीलोत्पलसुगन्धिश्च पद्मवर्णश्च जायते ॥ २४ ॥

લસણને સેવનારો પુરુષ, જેટલી સ્ત્રીઓ સાથે મૈથુન-સમાગમ કરે, તેટલી-બધી ગર્ભને ધારણ કરે છે; તેમ જ એ પુરુષ નીલ કમળના જેવા સુગંધી શરીરવાળો તથા લાલ કમળના જેવા શરીરના રંગવાળો થાય છે. ૨૪

લસણના અદ્‌ભુત ગુણો

गात्रमार्दवमाप्नोति कण्ठमाधुर्यमेव च ।
ग्रहणीदोषशमनं परं कायाग्निदीपनम् ॥ २५ ॥

લસણને સેવતો માણસ, શરીરમાં કોમળપણું પામે છે અને કંઠના મધુર-પણાને અવશ્ય પ્રાપ્ત કરે છે. વળી લસણનું સેવન ગ્રહણીના દોષને અત્યંત શમાવે છે અને જઠરના અગ્નિને ખૂબ પ્રદીપ્ત કરે છે. ૨૫

લસણ અનેક રોગોને મટાડે છે

च्युतभग्नास्थिरोगेषु सर्वेष्वनिलरोगिषु ।
पुष्परेतोभ्रमे कासे कुष्ठरोगेषु सर्वशः ॥ २६ ॥
कृमिगुल्मकिलासेषु कण्ड्वां विस्फोटकेषु च ।
वैवर्ण्यतिमिरश्वासनक्तमान्ध्यालपभोजने ॥ २७ ॥
जीर्णज्वरे विदाहे च तृतीयकचतुर्थके ।
स्रोतसामुपघातेषु गात्रजाड्योपशोषयोः ॥२८॥
अश्मरीमूत्रकृच्छ्रेषु कुण्डलेऽथ भगन्दरे ।
प्रदरप्लीहशोषेषु पाङ्गुल्ये वातशोणिते ॥ २९ ॥
लशुनान्युपयुञ्जीत मेधाग्निबलवृद्धये ।
मुच्यते व्याधिभिः क्षिप्रं वपुश्चाधिकमाप्नुते ॥३०॥

હાડકું ખસી ગયું હોય કે ભાંગી ગયું હોય-તે રૂપી રોગોમાં, વાયુના બધાયે રોગોમાં, સ્ત્રીના આર્તવ-માસિકસ્રાવસંબંધી રોગમાં અને પુરુષના વીર્યસંબંધી રોગમાં, ભ્રમ-ચકરીના રોગમાં, કાસ-ઉધરસના રોગ-માં, બધી જાતના કોઢના રોગોમાં; કૃમિ-રોગ, ગુલ્મ-ગોળાનો રોગ અને 'કિલાસ' નામના કોઢના રોગમાં, ચેળના રોગમાં, વિસ્ફોટક રોગમાં, શરીરમાં વિવર્ણપણું કે રંગ બદલાઈ જવાના રોગમાં, શ્વાસ-હાંફ કે દમના રોગમાં, રાત્રિના અંધાપાના રોગમાં, ઓરાક ઓછો ખવાય-તે રોગમાં, જીર્ણ-જૂના તાવમાં, (શરીરમાં) વિદાહ-

વધુ બળતરા થાય–તે રોગમાં, તૃતીયક–તરિયા તાવમાં, ચતુર્થક–ચોથિયા તાવમાં, સ્રોતોરૂપ નાડીઓના માર્ગો બંધ પડ્યા હોય કે અટકી ગયા હોય તે રોગમાં, શરીરમાં જડતા અને શરીરનું સુકાવું–એ રોગમાં અશ્મરી–પથરીના રોગમાં, મૂત્રકૃચ્છ્રરોગમાં, કુંડલ કે અસ્તિકુંડલ રોગમાં, ભગંદર નામના ગૂમડાના રોગમાં, સ્ત્રીના પ્રદરરોગમાં, પ્લીહા–બરોળના રોગમાં, શોષરોગ–ક્ષયમાં, પાંગુલ્ય–પાંગળાપણારૂપ રોગમાં અને વાતરક્ત રોગમાં લસણનો ઉપયોગ કરવો જોઈએ; તેમ જ 'મેધા' નામની બુદ્ધિની ધારણા શક્તિ માટે અને જઠરના અગ્નિનું બલ વધારવા માટે પણ લસણનો ઉપયોગ કરવો, એકંદર લસણનું સેવન કરનાર માણસ, તરત રોગથી રહિત થાય છે અને શરીરને અધિક પુષ્ટતાવાળું કરી શકે છે. ૨૯–૩૦

લસણનું સેવન કોણે ન કરવું?

नान्यत्तच्छ्लैष्मिके व्याधौ पैत्तिके वा प्रयोजयेत् ।
ह्रसिष्ठः स्थविरोऽनग्निः सूतिका गर्भिणी शिशुः ॥३१
आमे ज्वरेऽतिसारे च कामलायां तथाऽर्शसि ।
ऊरुस्तम्भविबन्धेषु गलवक्त्ररुजासु च ॥ ३२ ॥
सद्योवान्ते विरिक्ते च कृतनस्ये विशोधिते ।
तृष्णाच्छर्दिपरीतेषु हिक्काश्वासातिवृद्धिषु ॥३३॥
मधृतिष्वसहायेषु दरिद्रेषु दुरात्मसु ।
दत्तबस्तिनिरूहेषु लशुनं न प्रयोजयेत् ॥ ३४ ॥

કફના રોગમાં કે પિત્તમાં લસણનો પ્રયોગ ન કરવો; તેમ જ જે માણસ અત્યંત ક્ષીણ થયો હોય, વૃદ્ધ થયો હોય, જઠરના અગ્નિની મંદતાવાળો હોય, જે સ્ત્રી સુવાવડી કે સગર્ભા હોય અને જે બાળક તદ્દન નાનું હોય તેણે પણ લસણ ખાવું નહિ. વળી આમના રોગમાં, જ્વરમાં, અતિસાર—ઝાડાના રોગમાં, કમળાના રોગમાં, અર્શ–મસારોગમાં, ઊરુસ્તંભ કે સાથળો ઝલાઈ ગઈ હોય તે રોગમાં, વિબંધ–ઝાડાની કબજિયાતના રોગમાં, ગળાના રોગમાં, મોઢાના રોગમાં, જેને તરતમાં ઊલટી થઈ હોય તેણે, જેણે વિરેચન લીધું હોય, જેણે નસ્ય કે શિરોવિરેચન સેવ્યું હોય, જે માણસ અતિશય સુકાઈ ગયો હોય, જેને તરશ લાગ્યા કરતી હોય, જેને ઊલટી થયા કરતી હોય, જેને હેડકીનો રોગ હોય, જેને શ્વાસરોગની અતિશય વૃદ્ધિ થઈ હોય, જેનામાં ધૈર્યનો અભાવ હોય, જે માણસ કોઈ પણ સહાયથી રહિત હોય, જેઓ દરિદ્ર–નિર્ધન થયા હોય, જેઓ દુષ્ટ મનવાળા હોય અને જેને નિરૂહબસ્તિ–આસ્થાપન અપાયું હોય, તેઓએ લસણ સેવવું ન જોઈએ. ૩૧–૩૮

લસણના ઉપયોગ માટેનો ખાસ સમય

भक्षीणा अबलानां तु सर्वरोगेषु शस्यते ।
पौषे, माघेऽथवा मासे लशुनान्युपयोजयेत् ॥३५॥

જેઓનાં અગ્નિબળ ક્ષીણ થયાં ન હોય, તેઓને તો કોઈ રોગમાં લસણનું સેવન ઉત્તમ ગણાય છે; અને પૌષ તથા માઘ મહિનામાં લસણનો ઉપયોગ અવશ્ય કરવો.

લસણની માત્રા વગેરે વિષે

वयस्थानि सुहृद्यानि निस्तुषाण्यविशोधितम् ।
कायाग्निकालसात्म्येन मात्रा स्यान्नियमोऽपि च ॥

લસણની જે કળીઓ બરાબર વયસ્થ–પાકી તથા તાજી હોય અને હૃદયને અતિશય ગમે તેવી હોય, તેઓની માત્રા (પ્રમાણ) શરીરના અગ્નિનું બળ, કાળ–સમય તથા સાત્મ્ય એટલે કે પોતાને માફક હોય તે પ્રમાણે સેવી શકાય છે અને તેનો નિયમ પણ તે તે શરીરનો અગ્નિ, કાળ તથા સાત્મ્ય અનુસાર થઈ શકે છે. ૩૬

લસણની માત્રા

चतुष्पली भवेन्मात्रा लशुनानां कनीयसी ।
षट्पली मध्यमा, श्रेष्ठा पलाष्टौ च दशाथ वा ॥३७

ચાર પલ–૧૬ તોલા લસણની માત્રા નાનામાં નાની હોય છે; છ પલ–૨૪ તોલા લસણની માત્રા મધ્યમ ગણાય છે અને આઠ પલ કે દશ પલ–૩૨ કે ૪૦ તોલા

લસણની માત્રા શ્રેષ્ઠ ગણાય છે. ૩૭

લસણની માત્રા વિષે વધુ

शतं षष्टिः शतार्धं च मात्राः स्युर्गणितेष्वपि ।
शुष्केषु बद्धबीजेषु, पलवद्धरितेषु तु ॥ ३८ ॥
अथवा यावदुत्साहं भक्षयेदपि मूर्च्छितः ।

અથવા સૂકા લસણની ગણીને ૧૦૦ કળીઓ સેવાય તે ઉત્તમ માત્રા છે; ૬૦ કળીઓ સેવાય તે મધ્યમ માત્રા છે; અને ૫૦ કળીઓ સેવાય તે કનિષ્ઠ માત્રા છે; પરંતુ લીલું લસણ હોય તો તેની માત્રા ઉપર ૩૭મા શ્લોકમાં જણાવેલ પલના પ્રમાણથી (ઉત્તમ, મધ્યમ તથા કનિષ્ઠ) સમજવી; અથવા જેટલો ઉત્સાહ હોય તે પ્રમાણે રોગીએ મૂર્છિત-બેભાન થવાય ત્યાં સુધી પણ લસણ ખાવું (એટલે લસણનું જેટલું પ્રમાણ સેવતાં બેભાન થઈ ન જવાય તેટલું લસણનું પ્રમાણ સેવવું). ૩૮

લસણના સેવનની વિધિ

पुण्येऽहनि नरो (धीरो) लशुनानुपचारयेत् ॥३९॥
वह्निके निरुद्वेगं निवातशरणः सुखी ।
मार्गकौशेयकार्पासकोद्रवया(?)जिनकम्बलैः ॥ ४० ॥
वासोभिर्निर्मलैर्युक्तो भृशं चागरुधूपितैः ।
धूपैश्चूर्णैश्च युक्तः स्यान्नित्यं (विधृत) पादुकः ॥४१
लशुनान्यानयेदन्यस्त्वथान्य उपकल्पयेत् ।
पत्राणि वर्जयेदेषां बीजं नालं च कल्पयेत् ॥ ४२ ॥
सूक्ष्मच्छिन्नानि कृत्वा च सर्पिषा प्लावयेद् भृशम् ।
हैयङ्गवीनं तु घृतं तैलं बालोचितं नवम् ॥४३॥
प्लावनं यावदुत्साहं तिष्ठेयुश्चाप्लुतान्यपि ।
द्वित्रिपञ्चदशाष्टाहं प्रशस्तस्नेहभावितम् ॥ ४४ ॥
आत्मचिन्तामनुस्वापं दन्तकाष्ठं विवर्ज्य च ।
जीर्णाहारः सुखोत्थायी ब्राह्मणान् स्वस्तिवाच्य च ॥
भाषित्वा भक्षयेत्तानि सेव्यमुष्णोदकं सदा ।
उपदंशेऽपि दातव्यमार्द्रकं विश्वभेषजम् ॥ ४६ ॥
केसरं मातुलुङ्गानामथ वा जीवदाडिमम् ।
मूलकं वर्जयित्वा च दद्याद्धरितकान्यपि ॥ ४७ ॥

ધીર-બુદ્ધિમાન માણસે, પવિત્ર-સારા (નક્ષત્ર-યોગ આદિથી યુક્ત) દિવસે લસણના ઉપચારનું સેવન ચાલુ કરવું; જેના જઠરાગ્નિનું બળ ઘણું હોય, જેનું ઘર વાયુના ઝપાટાથી રહિત હોય અને જે સુખી હોય તે માણસે ઉદ્વેગથી રહિત થઈ મૃગચર્મ, રેશમી વસ્ત્ર, સુતરાઉ વસ્ત્ર, (પવિત્ર) ચામડું કે કામળરૂપ નિર્મળ વસ્ત્રો ધારણ કરી, તે વસ્ત્રોને અગરુના ધૂપથી સુગંધી કરીને ધૂપ તથા (સુગંધી) ચૂર્ણોથી યુક્ત રહી, કાયમ પાદુકા-ચાખડી ધારણ કરીને લસણ લાવવું જોઈએ; એટલે કે લસણ લાવનાર માણસ જુદો હોય અને તેને તૈયાર કરી આપનાર પણ જુદો હોવો જોઈએ; લીલું લસણ હોય તો તેનાં પાન ત્યજી દેવાં જોઈએ. અને તેનાં બીજ-કળીઓ તથા નાળ-દાંડલી સુધારી લેવી જોઈએ, એમ તે લસણને બારીક કાપી-સુધારીને તે બધું સુધારેલું લસણ, ઘીથી અતિશય તરબોળ ભીંજવી રાખવું જોઈએ; તેમાં નવું-તાજું માખણ, ઘી કે તાજું તલનું તેલ બાળક માટે યોગ્ય ગણાય છે; સેવનાર માણસનો જેટલો ઉત્સાહ હોય તે પ્રમાણે બે, ત્રણ, પાંચ કે આઠ દિવસો સુધી તે સુધારેલું લસણ, (ઘી કે તેલ આદિ) ઉત્તમ સ્નેહમાં ડૂબ્યું રહે તેમ તેને રાખવું જોઈએ; પછી જેણે તે લસણ સેવવું હોય તેણે આત્માનું ચિંતન કરવાયોગ્ય રાત્રે નિદ્રા લઈ સવારે વહેલા સુખેથી ઊઠીને દાતણ કરવાનું છોડી દઈ આગલા દિવસે જે ખોરાક ખાધો હોય તે બરાબર પચી જાય ત્યારે (નાહી ધોઈને) બ્રાહ્મણોની પાસે સ્વસ્તિવાચન કરાવવું; અને તે પછી યોગ્ય આસને (એકાંતમાં) બેસી તે લસણ ખાવું જોઈએ અને તેની પાછળ (અનુપાન તરીકે) ગરમ પાણીનું હમેશાં સેવન કરવું; તે માણસને અથાણું વગેરે કંઈ જો આપવું હોય તો આદું કે સૂંઠ જ આપી શકાય છે; અથવા બિજોરાંના કેસરા કે જીવનીય ગણનાં ઔષધદ્રવ્યો કે દાડમના દાણા આપી

શકાય છે; તેમ મૂળાનો ત્યાગ કરી લીલાં તાજાં શાક પણ આપી શકાય છે. ૪૦-૪૭

ઉપર કહેલ લશુનપ્રયોગમાં ભભરાવવાનું આઠ દ્રવ્યોનું ચૂર્ણ

अज्ञानामपि भृष्टानां चूर्णं स्यादवचूर्णनम्।
त्वक्पत्रशुण्ठीमरिचसूक्ष्मैलाजातिमिश्रितम् ॥४८॥
लवणान्यपि सर्वाणि लाभतस्तत्र चूर्णयेत्।

તજ, તમાલપત્ર, સૂંઠ, કાળાં મરી નાની એલચી, જાયફળ કે જાવંત્રી એટલાં દ્રવ્યોનાં ચૂર્ણ સાથે જેટલાં મળી શકે તેટલાં બધાયે લવણોનું ચૂર્ણ પણ એકત્ર કરી તે બધાંને ભૂંજી નાખી ઉપર્યુક્ત લસણના પ્રયોગમાં તે બધું ચૂર્ણ ભભરાવવું. (અને તે પછી એ લસણનો પ્રયોગ ચાલુ કરવો.) ૪૮

લસણનો પ્રયોગ સેવ્યા પછી તેની ઉપર મદ્યપાન જરૂરી

सुजातं मद्यमप्यस्य युक्तितः समुदानयेत् ॥४९॥

એમ ઉપર દર્શાવેલ લસણનો પ્રયોગ સેવ્યા પછી તેની ઉપર અનુપાન તરીકે ઉત્તમ પ્રકારે તૈયાર કરેલ મદ્યનું પણ યુક્તિથી રોગીને સેવન કરાવવું. ૪૯

લશુનપ્રયોગની ઉપર મદ્યસેવનની વિધિ

लशुनान्यन्तरा खादेत् पिबेन्मद्यं तथाऽन्तरा।
सुखमग्निमुपासीनो भक्षयेत्तत्तये शनैः ॥५०॥

ઉપર કહ્યા પ્રમાણે તૈયાર કરેલ લસણનું સેવન કરતી વેળા પ્રથમ સુખપૂર્વક અગ્નિની સમીપે બેસવું; અને તે પછી ઉપર કહ્યા પ્રમાણે તૈયાર કરેલું લસણ પ્રથમ ખાવું અને તેની ઉપર મદ્ય પીવું; પછી ફરી તે લસણ ખાવું અને તેની ઉપર ફરી મદ્ય પીવું; એમ એકવાર લસણ અને તેની ઉપર મદ્યપાનના ક્રમે-વચ્ચે વચ્ચે મદ્યપાન કરતા રહી તૃપ્તિ પર્યંત ધીમે ધીમે લસણ ખાવું જોઈએ. ૫૦

उष्णोदकं वा मद्यं वा शृतं वाऽनुपिबेत् पयः।
हेत्वग्निरोगसात्म्यज्ञो द्वितीयं न च भक्षये

અથવા લસણ ખાઈને તે ઉપર ગરમ પાણી પીવું કે મદ્ય પીવું; અથવા લસણ ખાઈને તેની ઉપર ગરમ કરેલું દૂધ પીવું; પરંતુ રોગના હેતુ-નિદાન, રોગીના જઠરાગ્નિ તથા રોગની ઉપર શું માફક હોય, તેને જાણનાર વૈદ્યે બીજું કંઈ પણ તે લસણ ભક્ષણના પ્રયોગમાં રોગીને બગડાવવું નહિ.૫૧

ઉપર જણાવ્યા પ્રમાણે લસણનો પ્રયોગ કર્યા પછીનાં કર્તવ્યો

ततः कलायचूर्णेन हस्तमुष्णोदकेन च।
प्रक्षाल्य मुखमोष्ठौ च गुरुप्रावरणोऽग्निमान् ॥५२
ताम्बूलपत्रं सस्वादं (?)सजातीकटुकाफलम्।
लवङ्गपुष्पकर्पूरकक्कोलकफलान्वितम् ॥ ५३ ॥
निष्ठीवन् धारयेदास्ये न च निद्रां दिवा भजेत्।
तेनास्य विलयं श्लेष्मा याति मूर्च्छा च शाम्यति॥
सौगन्ध्यं जायते चास्य दौर्गन्ध्यं च विनश्यति।
तृषितस्तु पिबेदुष्णं दीपनीयशृतं जलम् ॥ ५५॥
अत्यन्तपैत्तिको वाऽपि कदुष्णं पातुमर्हति।
शृतं मुस्तकशुण्ठीभ्यां सशुण्ठीवालकेन वा ॥५६
शुण्ठ्या वा केवलं कोष्णं निशि पीत्वा सुखं स्वपेत्।
एतेन विधिना खादेत् पक्षं मासमृतुं तथा ॥५७॥
त्रिमासं हैमनं वाऽपि चतुरो वा जितेन्द्रियः।
द्रव्यमासाद्य रोगं च यथाकाल प्रयोजयेत् ॥५८
रूक्षाणि तु न भक्ष्याणि तानि पित्तभयाद्बुधैः।
अन्नमप्यल्पशो देयं शृणु यादृशकं हितम् ॥५९

(એમ લસણનો પ્રયોગ સેવ્યા) પછી તે પ્રયોગ સેવનાર રોગીએ, કલાયચૂર્ણ-વટાણાનો લોટ તથા ગરમ પાણીથી પોતાના હાથ, મોઢું તથા બન્ને હોઠ ધોઈ નાખવા; અને તે પછી ભારે ઓઢવાનો કામળો વગેરે ઓઢીને અગ્નિનું સેવન કરવું. પછી જાયફળ, કડુનાં ફૂલ, લવંગ, કપૂર તથા કંકોલ ફલ સહિત સ્વાદયુક્ત તાંબૂલ-પત્ર-નાગરવેલના પાનનું બીડું ખાવું; પરંતુ તે પાનબીડું, મોઢામાં રાખી થૂંકયા કરવું, અને દિવસે નિદ્રા ન સેવવી તેથી એ (લસણ) પ્રયોગ સેવનાર માણસનો

કફ નાશ પામે છે અને મૂર્છા શાંત થાય છે; તેમ જ મુખમાં સુગંધપણું થાય છે અને દુર્ગંધપણું વિનાશ પામે છે. એ વેળા જો તરશ લાગ્યા કરે તો (જઠરાગ્નિને પ્રદીપ્ત કરે એવાં) દીપનીય દ્રવ્યો નાખી ઉકાળેલું ગરમ પાણી પીધા કરવું જોઈએ; અથવા જે અતિશય પિત્તપ્રધાન પ્રકૃતિવાળો હોય તેણે લગાર ગરમ કરેલું પાણી પીવું તે યોગ્ય છે; અથવા નાગરમોથ અને સૂંઠ નાખી ઉકાળેલું કે સૂંઠ અને વાળો નાખી ગરમ કરેલું કે કેવળ સૂંઠ નાખીને જ ગરમ કરેલું પાણી રાત્રે પીને તે માણસે સુખેથી સૂઈ રહેવું. એમ ઉપર દર્શાવેલી વિધિથી માણસે એક પખવાડિયું કે એક મહિનો કે આખી એક ઋતુપર્યંત લસણ ખાવું; અથવા આખી હેમંતઋતુ, કે ત્રણ મહિના કે (શિયાળાના) ચાર મહિના સુધી જિતેન્દ્રિય રહીને રોગ તથા કાળને અનુસરી લસણરૂપી દ્રવ્ય મેળવીને તેનો પ્રયોગ કરવો. પરંતુ સમજુ માણસોએ, તે લસણના પ્રયોગમાં પિત્ત વધી જાય–એ ભય રાખીને રુક્ષ ખોરાકો ખાવા ન જોઈએ; અને જે હિતકારી હોય તેવો ખોરાક પણ થોડા પ્રમાણમાં આપવો જોઈએ, તે હવે હું કહું છું, તમે સાંભળો. ૫૨–૫૯

લસણના પ્રયોગમાં હિતકર ખોરાક

कपालभृष्टपक्काः स्युर्यवगोधूममण्डकाः ।
रूक्षाः सुगन्धयो हृद्याः पूपटा लवणैर्युताः ॥६०॥
शालीनां पोलिकाश्चोष्णा मुद्गकुलमाषसंस्कृतिः ।
सक्तुपिण्ड्यः सुलवणाः कुस्नेहाः पञ्चपट्टिताः ॥६१
लावैणतित्तिरिशशकपिञ्जलचकोरकाः ।
मांसार्थं जाङ्गलाश्चान्ये विधेया मृगपक्षिणः ॥६२
अभ्युष्णाः संस्कृतान्मल्लवणस्नेहवेषणैः ।
मांसं शस्तं फलाम्लं वा कोलामलकदाडिमैः ॥६३
वास्तुको दाडिमे सिद्धश्चाङ्गेर्यामलकेन वा ।
बुर्बु(?)रुवृषस्य वा पुष्पमथवा बालमूलकम् ॥६४॥

કપાલ એટલે કે માટીના ઠીબડા પર કે તાવડી પર ભૂંજેલા કે પકવેલા જવના કે ઘઉંના રોટલા (લસણના પ્રયોગમાં) ખોરાકરૂપે હોવા જોઈએ. તે પણ લૂખા હોવા જોઈએ; અથવા લવણ નાખેલા હોઈ હૃદયને ગમે એવા પુડલા લસણનો પ્રયોગ કરનારે ખાવા; અથવા શાલિ–ડાંગર–ચોખાની ગરમ પૂરી કે મગને બાફી–વઘારી તે પણ ખોરાકરૂપે ખાઈ શકાય છે; અથવા ઉત્તમ લવણથી યુક્ત અને થોડો (ઘી–તેલરૂપ) સ્નેહ નાખેલી પાંચ પટ્ટી કે રેખાઓવાળી સાથવાની પિંડીઓ ખોરાકરૂપે ખાઈ શકાય છે; પરંતુ લસણનો પ્રયોગ કરનાર જો માંસાહારી હોય તો લાવાં પક્ષીનાં, તેતરનાં, સસલાનાં, કપિંજલ પક્ષીનાં કે ચકોર પક્ષીનાં માંસને વિધિપૂર્વક તૈયાર કરી ખાવાં; અથવા જાંગલ પશુપક્ષીનાં માંસ કે બીજાં મૃગો અને પક્ષીઓનાં માંસ ખોરાકરૂપે તૈયાર કરવાં.

એ માંસના ખોરાક પણ ગરમાગરમ અને સંસ્કારી કરેલા હોઈ ખટાશથી રહિત, લવણથી યુક્ત સ્નેહવાળા અને વેસણ નાખીને તૈયાર કરવા. જે માંસ બોર, આમળાં કે દાડમની ખટાશથી યુક્ત હોય તે લસણના પ્રયોગમાં ઉત્તમ ખોરાકરૂપે ગણાય છે; અથવા દાડમના રસમાં તૈયાર કરેલ કે ખાટી લૂણી કે આમળાંના રસથી તૈયાર કરેલ વાસ્તુક–બથવાનું શાક અથવા અરડૂસાનાં ફૂલનું શાક અથવા કાચા મૂળાનું શાક પણ લસણના પ્રયોગમાં હિતકારી થાય છે. ૬૦–૬૪

લસણના પ્રયોગમાં ખાસ વધુ સૂચન

यः स्नेहं बहु भुञ्जीत रूक्षान्नं तस्य शस्यते ।
अल्पस्नेहाशिनो भोज्यं सुस्निग्धं तु निधापयेत् ॥

જે માણસ વધુ પ્રમાણમાં સ્નેહયુક્ત ભોજન જમતો હોય તેને (લસણના પ્રયોગમાં) રુક્ષ ખોરાક આપવો તે વખણાય છે; પરંતુ જે થોડા પ્રમાણમાં સ્નેહયુક્ત ભોજન જમતો હોય તેને (લસણના પ્રયોગ

વખતે) સારી રીતે સ્નેહયુક્ત કરેલું ભોજન જમાડવું જોઈએ. ૬૫

લસણનો પ્રયોગ કરનાર અમુક રોગીઓ માટે ખાસ સૂચન

कुष्ठी श्वासी तमी कासी प्रमेही वातकुण्डली ।
ध्मायी प्लीह्यर्शसो गुल्मी भक्षयेयुर्विनाऽम्भसा ॥
भक्षितान्ते ततो यूषं विदध्यात् पानभोजने ।

કોઢનો રોગી, શ્વાસ–હાંફણ કે દમનો રોગી, શ્વાસનો રોગી, ઉધરસનો રોગી, પ્રમેહનો રોગી, વાયુનો રોગી, ધ્યાન કરનાર, બરોળનો રોગી, અર્શસ્‌નો રોગી તેમ જ ગોળાના રોગીએ લસણને પાણી વિના જ લસણ સેવવું જોઈએ; તેમ જ ઉપર્યુક્ત તે તે રોગીએ લસણ ખાધા પછી અમુક દિવસો સુધી પીવામાં તથા ભોજનમાં યૂષ, ઓસામણનો પ્રયોગ કરવો જોઈએ. ૬૬

લસણના પ્રયોગમાં ભૂખ લાગે ત્યારે પણ લસણ

लशुनानां पलं पिष्टं द्विपलं दाडिमस्य च ॥६७॥
द्विपलं द्विपलं दद्यान्मांसस्य घृततैलयोः ।
सुवेषणं सुलवणं सोष्णं क्षुधितमाशयेत् ॥ ६८ ॥

લસણનો પ્રયોગ ચાલતો હોય ત્યારે તે માણસ ભૂખ્યો થાય ત્યારે એક પલ–ચાર તોલા લસણ, બે પલ–આઠ તોલા દાડમના દાણા, માંસ અને બે બે પલ–આઠ આઠ તોલા ઘી તથા તલનું તેલ એકત્ર કરી પીસી નાખીને તેમાં ઉત્તમ વેસણ તથા ઉત્તમ લવણ મિશ્ર કરી તે ગરમ ગરમ (એ ભૂખ્યાને) આપવાં જોઈએ. ૬૭,૬૮

शालिषष्टिकगौराणां भक्तं तेनाल्पशो भजेत् ।
दध्ना सदधितक्रं तु यूषमस्योपपादयेत् ॥ ६९ ॥
ततस्त्र्यहे सशुक्तं तु मुद्गमण्डाद्यतः परम् ।
न पर्युषितमश्नीयाद्यूषं नित्यं तु साधयेत् ॥७०॥

વળી તે લસણના પ્રયોગમાં ભૂખ્યા થયેલાએ શાલિ–ડાંગર તથા સાઠી–ચોખાનો ભાત થોડો થોડો સેવવો; તેમ જ ત્રણ દિવસો સુધી દહીં કે છાશની સાથે યૂષ પણ તેને આપી શકાય છે, તે પછી ત્રણે દિવસો સુધી કાંજી સાથે મગનું ઓસામણ વગેરે પણ તેને આપવું. પરંતુ એ લસણનો પ્રયોગ કરનારે વાસી ખોરાક ખાવો નહિ, પણ હંમેશાં તાજો જ યૂષ તૈયાર કરાવી તેનું જ સેવન કરવું. ૬૯,૭૦

લસણ સેવનાર માટે અપથ્યો

विरुद्धानि विदाहीनि वर्जयेच्छाकगोरसान् ।
अभिष्यन्दीनि चान्नानि मांसं भक्ष्यैक्षवाणि च ॥
अध्वानं मैथुनं चिन्तां शोकव्यायामशोषणम् ।
महितं वर्जयेत् सर्वं निवातशयनासनः ॥ ७२ ॥

લસણનું સેવન કરનારે પરસ્પર વિરુદ્ધ પદાર્થોનો, વિશેષ દાહ કરનાર પદાર્થોનો, બીજાં શાક તથા ગોરસનો, કફ કરનાર ખોરાકોનો, માંસનો, ભક્ષ્ય–શેલડીના વિકાર–ગોળ–ખાંડ વગેરેનો, માર્ગની મુસાફરીનો, મૈથુનનો, ચિંતાનો, શોકનો, વ્યાયામ–કસરત વગેરે શારીરશ્રમનો, શરીરને સૂકવે તે તે પદાર્થોનો અને તે સિવાય જે અહિતકારી ગણાય છે, તે સર્વનો અવશ્ય ત્યાગ કરવો; તેમ જ વાયુરહિત પ્રદેશમાં સૂવું કે બેસવું જોઈએ. ૭૧,૭૨

લસણના પ્રયોગમાં શીત ઉપચાર ત્યજવા

त्यजञ्छीतोपचारांश्च लशुनान्युपयोजयेत् ।
शीतोपचारात् स्नेहाच्च जलोदरमवाप्नुयात् ॥७३

શીતળ ઉપચારોનો ત્યાગ કરતા રહી માણસે લસણનો ઉપયોગ કરવો જોઈએ; કારણ કે લસણના પ્રયોગમાં શીતલ ઉપચારો સેવવાથી જલોદરનો રોગ પ્રાપ્ત થાય છે. ૭૩

લસણના પ્રયોગમાં સ્નેહ કે ઈંડાં ત્યજવાં

स्नेहादण्डोपचाराच्च पाण्डुशोफरुजाभयम् ।
स्नेहाद् गुर्वन्नपानाच्च ग्रहणीदोषकामले ॥७४॥

લસણના પ્રયોગમાં સ્નેહ–ઘી કે તેલનું અથવા ઈંડાંનું સેવન કરવાથી પાંડુરોગનો અથવા સોજાના રોગનો ભય રહે છે; તેમ જ સ્નેહ–ઘી–તેલના સેવનથી અથવા પચવામાં

ભારે ખોરાક પાણીના સેવનથી ગ્રહણીનો દોષ અથવા કમળાનો રોગ થવાનો સંભવ થાય છે. ૭૪

વળી આ અપથ્યોથી આ રોગો સંભવે

कुमद्यमत्स्यगव्यैस्तु ज्वरकुष्ठक्षयाहृतिः ।
रूक्षेभ्यश्चोष्णकाले च सर्वपित्तरुजाभयम् ॥७५॥
शूलातिसारसाध्मानहृल्लासच्छर्दरोचकाः ।
हिक्का विसूचिका श्वासनिद्रेऽन्येऽत्राप्युपद्रवाः ॥

લસણના પ્રયોગમાં ખરાબ મદ્યના, માછલાંના તથા ગોરસ–દૂધ વગેરેના સેવનથી પણ જ્વર, કોઢ કે ક્ષય રોગ દ્વારા વિનાશ સંભવે છે; અને ઉષ્ણકાળમાં લસણનું સેવન ચાલુ હોય, છતાં તે વેળા રુક્ષ ખોરાકો ખાવામાં આવે તો તેથી બધાયે પિત્તના રોગોનો ભય પ્રાપ્ત થાય છે. તે ઉપરાંત શૂલરોગ, અતિસાર, આફરો, પેટનો આફરો, હૃલ્લાસ, ઊબકા, ઊલટી, અરોચક, હેડકી, કોલેરા કે પેટમાં ચૂંક, શ્વાસ–હાંફણ કે દમ, વધુ પડતી નિદ્રા અને તે સિવાયના બીજા પણ ઉપદ્રવો સંભવે છે. ૭૫,૭૬

લસણના પ્રયોગમાં થયેલા ઉપદ્રવોની ચિકિત્સા

उपद्रवप्रतीकारः कार्यः स्वैः स्वैश्चिकित्सितैः ।
छर्द्यजीर्णविदाहेषु गौरवे कफसंभवे ॥ ७७ ॥
लङ्घयित्वा यथायोगं पथ्याशी पुनराचरेत् ।
विरेकं वमनं नस्यं कुर्याच्च कवलग्रहान् ॥ ७८ ॥
देहव्याधिबलापेक्षी तीक्ष्णांस्त्वस्य विवर्जयेत् ।
श्रद्दधानो भवेद्धीमान्न त्वरेतोद्विजेत वा ॥ ७९ ॥

લસણનો પ્રયોગ ચાલુ હોય, તેમાં કોઈ અપથ્ય સેવન આદિથી જો કોઈ ઉપદ્રવ થાય, તો તેઓની ચિકિત્સા, તે તે ઉપદ્રવોની જે મૂળ ચિકિત્સા હોય છે, તે દ્વારા જ તે તે ઉપદ્રવો મટાડવા જોઈએ; પરંતુ ઊલટી, અજીર્ણ, બળતરા થાય, શરીરમાં ભારેપણું કે કફનો સંભવ થાય, તો ઉપવાસ કર્યા પછી યથાયોગ્ય ઉપચારો પણ કરવા અને પથ્ય ભોજન કરવું. ઉપરાંત વિરેચન, વમન, નસ્યસેવન તથા કવલગ્રહણ પણ કરવું; તેમ જ દેહનો રોગ તથા બળ તરફ ખાસ દૃષ્ટિ રાખીને તીક્ષ્ણ પદાર્થોના સેવનનો ત્યાગ કરવો અને બુદ્ધિમાન માણસે (લસણના પ્રયોગમાં) શ્રદ્ધા રાખીને ઉતાવળ ન કરવી કે ઉદ્વેગ ન પામવો અથવા કંટાળવું નહિ. ૭૭–૭૯

સાત દિવસના લસણના પ્રયોગ પછીનું કર્તવ્ય

अथ पथ्याशने वृत्ते सप्ताहात् सर्वभोजिनम् ।
निरुपद्रवमाश्वस्तं बलिनं लशुनादिनम् ॥ ८० ॥
पाययेत्रिफलायुक्तं सर्पिः सलवणं त्र्यहम् ।
न विहन्याद्यथाऽऽहारः पक्वमन्नं च भोजयेत् ॥८१

લસણ ખાવાનો પ્રયોગ ચાલુ કર્યા પછી સાત દિવસો થાય ત્યારે અને પથ્ય ભોજન પૂરું થાય તે પછી તે માણસ બધુંયે જમવા માંડે તે વખતે ઉપદ્રવરહિત, આશ્વાસન પામેલ તથા બળવાન થયેલા તે માણસને ત્રણ દિવસો સુધી ત્રિફલાથી યુક્ત અને લવણ સહિત ઘી પાવું; પરંતુ તેનું પ્રમાણ તેટલું જ હોવું જોઈએ, કે જેથી તેનો આહાર કે ખોરાક નાશ ન પામે–એટલે કે તેની જમવાની રુચિ નાશ ન પામે. એમ પાયેલું ઘી પચી જાય તે પછી તેને રાંધેલું અનાજ જમાડવું. ૮૦,૮૧

લસણના ઉપર્યુક્ત પ્રયોગથી થતા ફાયદા

काये दोषोऽस्य यो लीनः स तेनाशु प्रशाम्यति ।
न च स्नेहकृतो दोषः पश्चात्तं संप्रबाधते ॥८२

એમ ઉપર જણાવ્યા પ્રમાણે લસણનો પ્રયોગ કરવાથી તે માણસના શરીરમાં જે દોષ લીન થઈ જામ્યો હોય તે તરત જ અત્યંત શાંત થાય છે; અને તે પછી તેણે સેવેલા સ્નેહના કારણે કરાયેલો કોઈ પણ દોષ તેને પીડા કે હાનિ કરતો નથી. ૮૨

લસણના પ્રયોગ પહેલાં વિરેચન જરૂરી છે

पामा विस्फोटकाः कण्डूर्बाधिर्यं जाड्यसुप्तते ।
एते ह्येतं प्रबाधन्ते यद्यसौ न विरिच्यते ॥ ८३ ॥

લસણનો પ્રયોગ ચાલુ કરવો હોય, તે પહેલાં એ પ્રયોગ કરવાની ઇચ્છાવાળાને જો વિરેચન ન કરાવાય (અને વિરેચન વિના જ લસણનો પ્રયોગ ચાલુ કરી દેવાય) તો એ માણસને અસ-પૂજલીનો રોગ, વિસ્ફોટક, ચેળ, બહેરાશ, જડતા અને સુસ્તતા એટલે કે અંગોમાં તે તે કામ કરવાની શૂન્યતા-એ ઉપદ્રવો અવશ્ય પીડા કરે છે. ૮૩

લસણના પ્રયોગ પહેલાંનું કોમળ વિરેચન

तस्मान्मृदुविरेकः स्यात्रिवृत्त्रिफलया घृतम्।
विदध्यात् सोष्णलवणमनु चोष्णोदकं पिबेत् ॥८४

એ કારણે (લસણનો પ્રયોગ કર્યા પહેલાં) નસોતર અને ત્રિફળાથી યુક્ત ઘીને (લગાર) ગરમ કરી તેમાં લવણ મિશ્ર કરી તે મૃદુ વિરેચન સેવવું જોઈએ અને તેની ઉપર ગરમ પાણી પીવું જોઈએ. ૮૪

લસણનો પ્રયોગ કરનારે ખાસ ત્યજવા જેવું

गुरुदेवाग्निपूजाश्च भक्षयन् वर्जयेद्बुधः।
स्नात्वा सुगन्धिर्हृद्यात्मा पूजयेद् गुरुदेवताः ॥८५

લસણ ખાવા તૈયાર થયેલા સમજુ માણસે ગુરુની, દેવોની તથા અગ્નિની પૂજા ત્યજવી જોઈએ; તેમ જ સ્નાન કરી શરીરે સુગંધયુક્ત થઈને હૃદયને ગમે તેવા દેખાતા એ લસણનો પ્રયોગ કરનાર માણસે ગુરુનું તથા દેવતાઓનું પૂજન કરવું. ૮૫

વિવરણ: 'નાવનીતક' નામના આયુર્વેદીય ગ્રંથમાં સંપૂર્ણ 'લશુનકલ્પ' આમ લખ્યો છે-'अथ शुद्धतनुः शुचिर्विविक्तः सुरविप्रान्प्रतिपूज्य पावकं च। लशुनात्स्वरसं पटान्तपूतं प्रपिबेदद्धि शुभग्रहर्क्षयुक्ते॥ कुडवं कुडवादथापि चार्धं कुडवं सार्धमतोऽपि वाति-मात्रम्। नियता न हि काचिदत्र मात्रा प्रपिबेद्दोषबलामयानि दृष्ट्वा॥ सताल्वन्तव्यञ्जनानिलैः शुभैः पिबन्तमेनं समभिस्पृशेच्छनैः। भवेत्तु मूर्च्छा पिबतोऽपि वा यदि स्पृशेत्ततः शीतजलैः सचन्दनैः॥ सुरातृतीयांशविमूर्च्छितस्य गण्डूषमेकं प्रपिबेद्रसस्य। पूर्वं गलक्लेदविघातहेतोः स्थित्वा मुहूर्तञ्च पिबेत्सशेषम्॥ તે પછી લસણનો પ્રયોગ કરવા ઇચ્છતા માણસે, શુદ્ધ શરીરથી યુક્ત અને પવિત્ર થઈ એકાંતમાં બેસી દેવોનું, બ્રાહ્મણોનું તથા અગ્નિનું પૂજન કરવું; પછી લસણમાંથી (યોગ્ય માત્રામાં) રસ કાઢીને વસ્ત્રથી ગાળી લઈ શુભ ગ્રહ-નક્ષત્રથી યુક્ત દિવસે તે રસ એક કુડવ-સોળ તોલા કે અર્ધો કુડવ-આઠ તોલા કે વધુમાં વધુ દોઢ કુડવ-ચોવીસ તોલા પ્રમાણમાં પીવો. એકંદર તેની માત્રા કોઈ નક્કી નથી; દોષનું બળ તથા રોગ તરફ ધ્યાન આપીને તે રસ પીવો. એમ પ્રયોગ કરનાર માણસ લસણનો રસ પીતો હોય ત્યારે, બીજા તેની બરદાસ કરનારા લોકોએ તેને પંખાથી ઉત્તમ પવન ઢોળ્યા કરવો અને તેનાં અંગને ધીમે ધીમે સ્પર્શ કરવો; કારણ કે તે રસ પીતી વેળા જો મૂર્છા આવે તો ચંદનયુક્ત શીતળ પાણીથી તેને સ્પર્શ પણ કરવો એટલે તેના મસ્તક ઉપર શીતળ જળનું સિંચન પણ કરવું. લસણના તે રસમાં ત્રીજા ભાગે મદિરા મિશ્ર કરી હોય તો તેનો પ્રથમ એક કોગળો પીવો; કારણ કે પ્રથમ ગળાની નીચે ઉતારવાના કારણે એક મુહૂર્ત એટલે બે ઘડી થોભી જઈને તે પછી બાકીનો તે બધોય રસ પી જવો' એમ તે લસણનો પ્રયોગ એક મહિના સુધી સેવવા માટે લખ્યું છે, છતાં જરૂર પ્રમાણે ઓછામાં ઓછા સમય સુધી કે તેથી વધારે સમય સુધી પણ તે લસણનો રસ સેવી શકાય છે. આ સંબંધે એક આયુર્વેદ ગ્રંથમાં આમ લખ્યું છે કે-'मासः परोऽस्य रसकल्क-निषेवणाय स्वच्छन्दमप्युपदिशन्ति चिकित्सकास्तु॥ લસણના રસનું કે કલ્કનું સેવન કરવા માટે વૈદ્યો એક મહિનાનો સમય સંપૂર્ણ કહે છે. છતાં રોગીની પોતાની ઇચ્છાનુસાર પણ તેનો પ્રયોગ કરવા ઉપદેશ કરે છે; જેમ કે કેટલાક વૈદ્યો શાસ્ત્ર-પ્રમાણપૂર્વક આમ પણ કહે છે કે લસણના પ્રયોગ વિષે છ મહિના સુધી અન્નવિધિની સાથે તે લસણનો પ્રયોગ કરવા જણાવે છે; અથવા એક જ પખવાડિયું તેનો પ્રયોગ કરાય છે, પણ તે ઘણો ઓછો પ્રયોગ કર્યો ગણાય છે.' ૮૫

નીરોગી તથા કાયાપલટ આયુષવર્ધક લશુનકલ્પ

अत ऊर्ध्वं प्रवक्ष्यामि लशुने शेषकर्म यत् ।
बीजाढकं जलद्रोणे जर्जरीकृतमावपेत् ॥ ८६ ॥
जलान्तिऽग्नि (?)वा गोपयेत् पृष्टिकेषु वा ।
मध्याधिरमरप्रख्यो जीवेद्वर्षशतं नरः ॥ ८७ ॥
यावद्वर्षस्थितं खादेत्तावद्वर्षशतान्यपि ।
जहाति च त्वचं जीर्णां जीर्णां त्वचमिवोरगः ॥८८

હવે પછી હું લસણ વિષેનું જે કર્મ કહેવાનું બાકી છે; તેને હું કહું છું. એક આઢક લસણની સાફ કરેલી કળીઓને અધકચરી કૂટી નાખીને એક દ્રોણ-૧૦૨૪ તોલા પાણીમાં નાખી દેવી. પછી તેને અગ્નિ પર ઉકાળી લઈ તે રસરૂપ જળને સાઠી ચોખાના ઢગલામાં કે તે ચોખાથી ભરેલા એક વાસણમાં તે લસણના રસથી યુક્ત પાત્રને એક વર્ષ કે, તેથી પણ વધુ સમય સુધી દાટી રાખવું; પછી એમ તે દાટી રાખેલા લસણના રસયુક્ત જળનું જે માણસ હમેશાં સેવન કરે છે, તે રોગ-રહિત દેવ જેવો બની જાય છે; એમ જેટલાં વર્ષ સુધી રહેલું તે લસણયુક્ત જળ, માણસ સેવે છે, તેટલાં સેકાં વર્ષ સુધી તે માણસ જીવે છે, અને સર્પ જેમ પોતાની જૂની કાંચળીને ઉતારી નાખી નવીન કાંચળી મેળવે છે, તેમ એ માણસ પણ પોતાના શરીરની નવી ચામડી ધારણ કરે છે-કાયા-પલટ અથવા પોતાનું જાણે બીજું શરીર બન્યું હોય તેવો તેને અનુભવ થાય છે. ૮૬-૮૮

સો વર્ષ જીવાડનાર બીજો લશુનકલ્પ

लशुनानां पलं नित्यं पले द्वे वा घृतस्य तु ।
मधुनः किञ्चिदेव स्यात्तल्लीढ्वाऽनु पिबेत् पयः ॥८९
संवत्सरमजीर्णान्ते भुञ्जीत पयसौदनम् ।
सोऽपि सर्वरुजाहीनः शतवर्षाणि जीवति ॥९०॥

જે માણસ એક વર્ષ સુધી હમેશાં સવારે એક પલ એટલે ચાર તોલા લસણની કળીઓને અધકચરી કરી નાખી તેમાં બે પલ-આઠ તોલા ઘી અને થોડું મધ મેળવીને તે ચાટી-જઈ તેની ઉપર દૂધ પીએ; એમને તે ઔષધ બરાબર હજી પચ્યું ન હોય તેવી રીતે તેની ઉપર દૂધ સાથે ભાતનું જે ભોજન કરે, તે માણસ પણ બધાયે રોગથી રહિત થઈ સો વર્ષો સુધી જીવે છે. ૮૯,૯૦

કાચું લસણ જો ન ખાઈ શકાય તો ઘીમાં ભૂંજેલું સેવાય

आमानि यो न शक्नोति तस्य भृष्टानि सर्पिषि ।
पत्रपूपलिकावच्च संस्कृतान्युपयोजयेत् ॥ ९१ ॥

જે માણસ એમ ઉપર જણાવ્યા પ્રમાણે કાચું લસણ જો ન ખાઈ શકે તો ઘીમાં ભૂંજેલા લસણનો પણ તેને પ્રયોગ કરાવી શકાય છે; જેમ કે, શાકનાં પાંદડાંની બનાવેલી પકોડીની જેમ ભૂંજેલી લસણની કળીઓનો તે માણસે ઉપયોગ કરવો. ૯૧

અનેક દ્રવ્યોથી સંસ્કારેલ લશુનકલ્પ

सिद्धानि सह मांसैर्वा यवाग्वा दाधिकेन वा ।
निमन्दकाश्च शस्यन्ते नानाद्रव्योपसंस्कृताः ॥९२

અથવા માંસની સાથે કે, રાબની સાથે રાંધેલ લસણનો કે દહીંના મઠા સાથે લસણનો ઉપયોગ કરી શકાય છે; અથવા અનેક પ્રકારનાં દ્રવ્યો નાખી સંસ્કારી કરેલા નિમંદક એટલે બરાબર નહિ જામેલા દહીંની સાથે પણ લસણનો પ્રયોગ કરવો એ શ્રેષ્ઠ છે. ૯૨

પીવામાં તથા ખાવામાં હિતકર લશુનકલ્પ

लशुनानां पलशतं जलद्रोणेषु पञ्चसु ।
क्वाथयेद्द्रोणशेषं तं पचेद्भूयो घृताढके ॥९३॥
आढकं पयसो दद्याद्धर्मे चैनं समावपेत् ।
लशुनानां पलशतं बीजानां श्लक्ष्णसंस्कृतम् ॥९४
दीपनं जीवनं वृष्यं यत्किञ्चित् सर्वमावपेत् ।
अक्षवद्दशमूलं च तत् सिद्धमवतारयेत् ॥ ९५ ॥
एतत् पाने च भोज्ये च हितं समधुशर्करम् ।

૧૦૦ પલ એટલે કે ૪૦૦ તોલા લસણની ફોતરાં કાઢી નાખેલી કળીઓને અધકચરી કરી લઈ ૫ દ્રોણ એટલે કે ૫૧૨૦ તોલા પાણીમાં ક્વાથ કરવો; તે ક્વાથ એક

દ્રોણ એટલે કે ૧૦૨૪ તોલા બાકી રહે ત્યારે તેમાં એક આઢક-૨૫૬ તોલા ઘી નાખવું; તેમ જ એક આઢક-૨૫૬ તોલા દૂધ નાખવું અને ફરી તેમાં ૧૦૦ પલ-૪૦૦ તોલા લસણની કળીઓને બરાબર સાફ કરી, છૂંદી નાખીને તેનો કલ્ક પણ નાખવો; તેમ જ એ ઉપરાંત દીપનીય ઔષધિ ગણ તથા જીવનીય અને વૃષ્ય-વીર્યવર્ધક જે કંઈ ઔષધ દ્રવ્યો છે, તે બધાંમાંથી જેટલાં મળે તે બધાં પણ તેમાં નાખવાં; તેમ જ એક તોલો દશમૂલ પણ ચૂર્ણરૂપે તેમાં નંખાય તે જરૂરી છે, પછી તે પક્વ થાય અને તેમાંનું પ્રવાહી બળી જાય ત્યારે અગ્નિ પરથી તેને નીચે ઉતારી લેવું; એમ પરિપક્વ થયેલા એ 'લશુનઘૃત'નો મદ્ય તથા સાકર સાથે પીવામાં કે ભોજનમાં ઉપયોગ કરવો તે હિતકારી છે. ૯૩-૯૫

બસ્તિકર્મમાં ઉપયોગી લશુનપક્વ તૈલ

तेनैव विधिना तलं बस्तिकर्मणि शस्यते ॥९६॥

ઉપર જે વિધિથી લશુનપક્વ ઘૃત તૈયાર કરવા જણાવ્યું છે, તે જ વિધિથી લશુનપક્વ તૈલ તૈયાર કરવું; એ તૈલનો બસ્તિકર્મમાં ઉપયોગ કરવો ઉત્તમ ગણાય છે. ૯૬

લશુનપક્વ તૈલના ઉપયોગથી થતા ફાયદા

क्लीबवन्ध्यातिवृद्धानामपि वीर्यप्रजाप्रदम् ।
विरेकवमनद्रव्यैः संस्कृते कुष्ठघ्नक्षणम् ॥९७॥

ઉપર જણાવેલ લશુનપક્વ તૈલનો ઉપયોગ નપુંસકોને વીર્યપ્રદ થાય છે; વાંઝણી સ્ત્રીઓને સંતતિ આપે છે અને વૃદ્ધોને પણ વૃદ્ધાવસ્થાની નબળાઈ દૂર કરનાર થાય છે. વળી વિરેચનકારક તથા વમનકારક દ્રવ્યો નાખી તે 'લશુનતૈલ' પકવ્યું હોય અને પછી તે તૈલથી કોઢ ઉપર જો માલિસ કર્યું હોય તો કોઢરોગને પણ મટાડે છે. ૯૭

શ્વિત્ર આદિ રોગો પર ઉપયોગી 'ગંધસર્પિસ' અથવા 'લશુનઘૃત'

श्वित्रनाडीक्रिमीणां च पानभोजनभक्षणे ।
प्रयुक्तमारोग्यकरं गन्धसर्पिरनुत्तमम् ॥९८॥

ઉપર જણાવેલ 'ગન્ધસર્પિસ' અથવા 'લશુનપક્વ ઘૃત'નો 'શ્વિત્ર' નામના ધોળા કોઢમાં, નાડીવ્રણમાં કે કૃમિરોગમાં પીવા-રૂપે, ખોરાકરૂપે કે માલિસ તરીકે જો પ્રયોગ કરવામાં તો તે આરોગ્યદાયક થાય છે અને સર્વ કરતાં શ્રેષ્ઠ ગણાય છે. ૯૮

ધનવાનો માટેનો 'ગંધમહત્' નામનો ઉપચાર

अथ गन्धमहन्नाम धनिनामुपदिश्यते ।
यं दृष्ट्वा भज्यते शीघ्रं साक्षादपि सदागतिः ॥
रोगानीकेन सहितः सहितश्च मरुद्गणैः ।

હવે ધનવાનો માટેનો 'ગંધમહત્' નામના ઉપચારનો ઉપદેશ કરાય છે; જે ઉપચારથી યુક્ત થયેલા માણસને જોઈને સાક્ષાત્ વાયુ પણ રોગોરૂપી તેના સૈન્ય સાથે અને મરુદ્ગણોની સાથે તરત ભાગી જાય છે. ૯૯

ઉપર્યુક્ત 'ગંધમહત્' ઉપચારવિધિ

लशुनं न्यायतः खादेन्मुकुटं रचयेदपि ॥१००॥
कुर्याल्लशुनमालां च शिरसः कर्णयोरपि ।
बहिः प्रावरणस्यापि कुर्याल्लशुनकम्बलम् ॥१०१॥
हस्तयोः पादयोः कण्ठे बध्नीयाद्गुच्छितान्यपि ।
अधस्ताद्वाससश्चापि विदद्ध्याच्छयनाशने ॥१०२
दद्याल्लशुनचीराणि गृहद्वारेषु सर्वशः ।
भार्यायां भ्रातृपुत्राणां दासीनामुपचारिणाम् ॥१०३
सर्वेषामात्मवत् कुर्यात् कृते गन्धवरे बुधः ।
अन्नपानानि सर्वाणि कुर्याल्लशुनवन्ति च ॥१०४
वादयन्तु च वादित्रं गान्तु गीतानि चेच्छया ।
नटा भल्लाश्च मल्लाश्च दर्शयन्त्वात्मशिक्षितम् ॥
गन्धमाल्यान्नपानानि यथार्हमुपकल्पयेत् ।
दृष्ट्वा गन्धमहं वातो द्वारादेव निवर्तते ॥१०६॥

સમજુ માણસે ન્યાયપૂર્વક-વિધિથી લસણ ખાવું; માથે પહેરવાનો મુકુટ પણ લસણનો બનાવવો. માથાની તથા બન્ને

કાનની માળા પણ લસણની કરવી; બહારનું ઓઢવાનું પણ લસણના કામળારૂપે તૈયાર કરવું. બેય હાથમાં, બેય પગમાં તથા કંઠમાં પણ લસણના ગુચ્છાઓ બાંધવા; શયનમાં તથા આસન પર વસ્ત્રની નીચે પણ લસણ રાખવું; ઘરમાં બધાં બારી–બારણાં પર સર્વ બાજુ લસણયુક્ત વસ્ત્રો બાંધવાં. પોતાની પત્ની, ભાઈઓ, પુત્રો, દાસીઓ તથા ઉપચાર કરનાર સેવકો વગેરેને પણ પોતાની જેમ લસણના પ્રયોગથી યુક્ત કરવા; એમ શ્રેષ્ઠ ગંધયુક્તથી લસણનો પ્રયોગ કર્યો હોય ત્યારે બધાં અન્નપાન વગેરેને લસણથી યુક્ત બનાવવાં; અને બધાં સગાં–સંબંધીઓને આમ કહેવું કે, 'તમે બધા વાદિત્રો વગાડો અને ઇચ્છા પ્રમાણે ગીતો ગાઓ,' વળી બધા નટો–ભિક્ષુઓ તથા મલ્લો પણ પોતપોતાનું શિક્ષણ–કલા વગેરેને દર્શાવો,' એમ સર્વને કહ્યા પછી તે તે બધાઓ માટે યથાયોગ્ય ચંદન પુષ્પમાળાઓ, ખોરાકપાણી વગેરે પણ યથાયોગ્ય તૈયાર કરાવવાં; એ પ્રકારનો તે 'ગંધમહત્' અથવા લસણના મોટા પ્રયોગ માટેનો તે મહોત્સવ જોઈ વાયુનો હરકોઈ રોગ, તે પ્રયોગ કરનાર ધનવાન માણસના ઘરના દરવાજેથી જ પાછો ફરે છે. ૧૦૦–૧૦૬

ઉપર્યુક્ત 'ગંધમહ' પ્રયોગ સાક્ષાત્ શંકરે ઉપદેશ્યો છે

देवदारुवने भैक्षं चरता छन्नरूपिणा ।
अवज्ञातेन रुद्रेण मुनिभार्या निरीक्षिताः ॥१०७॥
ततस्तासां प्रजा नासीत्ततस्ताः शरणं ययुः ।
भद्रकालीमुमां देवः स च तुष्टोऽब्रवीद्वचः ॥१०८
अयं गन्धमहो नाम तं कुरुध्वमृषिस्त्रियः ।
सर्वरोगविनाशाय बलरूपप्रजाकरम् ॥१०९॥
उन्मादविषशापघ्नं वातानीकविशातनम् ।
अश्मनीव ध्रुवा लेखा प्रजाऽवश्यं भविष्यति ॥
ततस्ता ब्रह्मवादिन्यश्चक्रुर्गन्धमहं तदा ।
लेभिरे चेप्सितान् कामाञ्छास्त्रं चेदं प्रचक्रिरे ॥

પૂર્વે 'દેવદારુ' નામના વનમાં રુદ્રદેવ–શંકર ગુપ્ત સ્વરૂપે વિચરતા હતા; ત્યારે ત્યાં વસવાટ કરી રહેલી મુનિપત્નીઓએ (તેમને ન ઓળખી) તેમની અવગણના કરી હતી; તે વખતે શંકરે પણ તે મુનિપત્નીઓ તરફ (કૂરભાવે) જોયું હતું, તે કારણે એ મુનિપત્નીઓને સંતાનો થયાં ન હતાં; તે પછી (એ સંબંધે જાણ થતાં) એ મુનિપત્નીઓ રુદ્રદેવને શરણે ગઈ હતી; તે વેળા પ્રસન્ન થઈને તે શ્રીરુદ્રદેવે, ભદ્રકાલી–ઉમાદેવીને આ વચન કહ્યું હતું કે– આ ઋષિપત્નીઓ; 'ગંધમહ' નામના લસણના મોટા પ્રયોગને સર્વ રોગોનો વિનાશ કરવા માટે ભલે કરે; કેમ કે તે 'ગંધમહ' પ્રયોગ બળ, રૂપ તથા પ્રજાઓને કરનાર છે; ઉન્માદનો, વિષનો તથા શાપનો નાશ કરનાર છે; અને વાયુના સૈન્યરૂપ સર્વ વાતરોગને વિખેરી નાખી મટાડે છે; તેથી એ પ્રયોગ કરવાથી આ મુનિપત્નીઓને પથ્થર ઉપર જેમ લેખા અવશ્ય સ્થિર થઈ જાય છે, તેમ અવશ્ય સંતાનો થશે.' એમ શ્રીરુદ્રદેવે પાર્વતીને કહ્યું હતું; ત્યારે તે પાર્વતીએ તે ઋષિપત્નીઓને ગંધમહ પ્રયોગ કરવા જણાવ્યું હતું, તેમના એ ઉપદેશ પ્રમાણે તે બ્રહ્મવાદિની ઋષિપત્નીઓએ તે વેળા એ 'ગંધમહ' નામનો લસણનો પ્રયોગ કર્યો હતો, તેથી ઇચ્છિત કામના તથા પ્રજાઓને તે પામી હતી; તેમ જ આ 'ગંધમહ' શાસ્ત્રનો લોકમાં પણ તેમણે ઉપદેશ કર્યો હતો, ૧૦૭–૧૧૧

ઉપર કહેલો ગન્ધમહ પ્રયોગ હરકોઈને ન ઉપદેશાય

आख्यातं गुरुपुत्राय रहस्यं ह्येतदुत्तमम् ।
भिषजा न प्रमादेन वक्तव्यं यत्रकुत्रचित् ॥११२

ઉપર દર્શાવેલ 'ગંધમહ' પ્રયોગ એ ખરેખર ઉત્તમ રહસ્યરૂપ હોઈ ગુરુપુત્રને જ ઉપદેશાયો છે, તેથી કોઈ પણ વૈદ્યે તેનો

જેવા તેવા હરકોઈ (કુપાત્ર આદિ)ને પ્રમાદથી કે ભૂલથી પણ ઉપદેશ કરવો નહિ. ૧૧૨

કશ્યપ પ્રત્યે શિષ્ય વૃદ્ધજીવકનું કથન

सम्यक् सुभूषितश्चाहं त्वयेदं प्राप्नुवन्मुने ! ।
यं पठित्वा भिषग्लोके न क्रियास्ववसीदति ॥११३

હે ભગવન્! કશ્યપમુનિ! આપની પાસેથી ઉપર જણાવેલા ઉપદેશ પ્રાપ્ત કરી હું ઘણો સુશોભિત થયો છું; એટલું જ નહીં, પરંતુ આપે ઉપદેશેલા આ ઉપદેશનો પાઠ કરી કોઈ પણ વૈદ્ય લોકમાં પોતાની ચિકિત્સાક્રિયામાં કદી મૂંઝાશે નહિ, બધી ક્રિયામાં સફળતા મેળવશે. ૧૧૩

લસણના બે પ્રકારો
કયું લસણ અમૃતતુલ્ય છે?

गिरिजं क्षेत्रजं चैव द्विविधं लशुनं स्मृतम् ।
अमृतेन समं पूर्वं तदलाभे परं हितम् ॥११४॥

પહાડમાં ઉત્પન્ન થયેલું અને ખેતરમાં ઉત્પન્ન થયેલું—એમ બે પ્રકારનું લસણ કહેવાય છે; અને તેમાંનું પહાડી લસણ અમૃત સમાન ગણાય છે; પરંતુ તે જો ન મળી શકે તો ખેતરનું લસણ પણ મેળવી તેનોય ઉપયોગ કરવો તે હિતકારી છે.૧૧૪

લસણના પ્રયોગની સિદ્ધિ ક્યારે?

देववैद्यद्विजपरैरुपयोज्यं च सिद्धये ।
इति ह स्माह भगवान् कश्यपः ॥ ११५ ॥

દેવો, વૈદ્યો તથા બ્રાહ્મણો દ્વારા કે તેઓની ભક્તિમાં તત્પર લોકો દ્વારા લસણનો પ્રયોગ કરવામાં આવે તો તે સફળ થાય છે. માટે તેમાંના કોઈ દ્વારા જ ઉપયોગ કરવો જોઈએ, એમ ખરેખર ભગવાન કશ્યપે જ કહ્યું હતું. ૧૧૫

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં કલ્પસ્થાનવિષે 'લશુનકલ્પ' નામનો અધ્યાય ૨ જો સમાપ્ત

કટુતૈલ-કલ્પ : અધ્યાય (?)

अथातः कटुतैलकल्पं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી 'કટુતૈલ-કલ્પ' નામના ત્રીજા અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું એમ ખરેખર કશ્યપ ભગવાને કહ્યું હતું.૧,૨

બરોળના રોગનો નાશ કરનાર તરીકે
કટુતૈલ-સરસિયું શ્રેષ્ઠ છે

कटुतैलोपदेशं तु वक्ष्यामि प्लीहनाशनम् ।
न ह्यतः परमं किञ्चिदौषधं प्लीहशान्तये ॥३॥

કટુતૈલનો પ્રયોગ બરોળના રોગનો બરોબર નાશ કરે છે, એ કારણે તે કટુતૈલ-સરસિયા તેલનો પણ હું ઉપદેશ કરું છું; કારણ કે બરોળના રોગને મટાડવા માટે એ કટુતૈલથી શ્રેષ્ઠ બીજું કોઈ ઔષધ જ નથી. ૩

કટુતૈલની માત્રા તથા તેના પાંચ પ્રયોગો

प्लीहोदरिणमादौ तु बलिनं निरुपद्रवम् ।
कल्याणकेन वा स्निग्धं सर्पिषा षट्पलेन वा ॥४
मात्रया पाययेत्तैलं पथ्यचेष्टाशनस्थितिम् ।
पञ्चप्रयोगास्त्वस्योक्ता मात्रासातत्यभोजनैः ॥

પ્રથમ તો બરોળનો રોગી બળવાન અને બીજા કોઈ પણ ઉપદ્રવથી રહિત હોવો જોઈએ (પણ એ રોગ જોનો જૂનો થઈ ગયો હોય અને તેથી તેનો રોગી નિર્બળ તથા બીજા પણ ઉપદ્રવોથી પણ યુક્ત થયો હોય તો આ કટુતૈલનો પ્રયોગ પણ તે રોગીને અસર કરી શકતો નથી); એવા તે બળવાન તથા ઉપદ્રવરહિત બરોળના રોગીને પ્રથમ તો કલ્યાણકઘૃત અથવા ષટ્પલઘૃત દ્વારા સ્નિગ્ધ કરવો જોઈએ—એટલે કે તે ઘીનો ઉપયોગ કરાવી સ્નેહનક્રિયા જ પ્રથમ કરવી જોઈએ; તે પછી એ બરોળના રોગીને યોગ્ય માત્રામાં કટુતૈલ-સરસિયું પાવું જોઈએ; અને એમ તે કટુતૈલપ્રયોગ ચાલુ કરાવી તે રોગી હિતકર યોગ્ય ચેષ્ટાથી યુક્ત અને પથ્ય આહાર

કરવામાં તત્પર રહે, તે માટે વૈદ્યે તેને ખાસ ભલામણ કરવી જોઈએ. એમ યોગ્ય માત્રા તથા સાત્મ્ય ભોજન અનુસાર તે કટુતૈલના પાંચ પ્રયોગો કહેવામાં આવ્યા છે. ૪,૫

કટુતૈલની ત્રણ માત્રાઓ

पलानि द्वादश ज्येष्ठा, मध्यमा षट्पला स्मृता ।
मात्रा चतुष्पली ह्रस्वा, यावद्वाऽग्निबलं भवेत् ॥

કટુતૈલનું પ્રમાણ ૧૨ પલ એટલે ૪૮ તોલા લેવાય તે એની સૌથી વધારે ઉત્તમ માત્રા ગણી છે; અને તે કટુતૈલ ૬ પલ-૨૪ તોલા પ્રમાણમાં જે લેવાય તે એની મધ્યમ માત્રા કહી છે; પરંતુ એ કટુતલ ચાર પલ-૧૬ તોલા પ્રમાણમાં લેવાય તે એની હ્રસ્વ માત્રા-અલ્પ પ્રમાણ કહેલ છે; અથવા જઠરના અગ્નિનું જેટલું બળ હોય તે પ્રમાણે કટુતૈલનું સેવન કરવું, એ જ તેની યોગ્ય માત્રા હોઈ શકે છે. ૬

કટુતૈલના પ્રયોગ પહેલાંના સ્નેહપાન પછી કરવાના ઉપચારો

स्नेहपीतोपचारं च विद्ध्यादखिलं भिषक् ।
प्रजागरनिवाताग्निस्वातन्त्र्याम्बरसेविनाम् ॥ ७ ॥

વૈદ્યે બરોળના રોગીને પ્રથમ સ્નેહપાન કરાવી ઉજાગરાનો નિષેધ, નિવાતસ્થાનસેવન એટલે કે વાયુરહિત પ્રદેશમાં રહેવાનું, અગ્નિના સેવનનો ત્યાગ તથા સ્વતંત્રતાપૂર્વક ખુલ્લા પ્રદેશનું સેવન-વગેરે બધા પ્રાથમિક ઉપચારો પ્રથમ કરવા જોઈએ. ૭

સ્નેહપાન કર્યા પછીનાં લક્ષણો

पीतमात्रे क्रमं विद्याद् व्यथा तन्द्री च जीयति ।
उद्गारशुद्धिर्वैशद्यलाघवानि जरां गते ॥ ८ ॥
शं चातिविरिक्तं च मण्डादिभिरुपक्रमेत् ।
बली मन्दविरिक्तश्च भुञ्जीत मृदुमोदनम् ॥ ९ ॥

જેણે સ્નેહપાન કર્યું હોય કે તરત તે સંબંધે જે ક્રમ હોય તે પણ જાણવો જોઈએ. સ્નેહપાન કર્યા પછી તે સ્નેહ પચવા માંડે છે ત્યારે વ્યથા ગભરામણ થાય છે તેમ જ નિદ્રા જેવું ઘેન પણ જણાય છે; પરંતુ એ સ્નેહ પચી જાય ત્યારે શુદ્ધ ઓડકાર આવે છે અને વિશદપણાના કારણે શરીરમાં હલકાપણું અનુભવાય છે. વળી જેણે સ્નેહપાન કર્યું હોય તેને જો વધુ પ્રમાણમાં વિરેચન થયું હોય અને તેથી તે જો કૃશ થઈ જાય તો તેને મંડ આદિનું પાન કરાવવા-રૂપ તેના ઉપચારો કરવા; પરંતુ સ્નેહપાન કર્યા પછી વધુ વિરેચન થયું ન હોય, પણ થોડા પ્રમાણમાં વિરેચન થયું હોય તો તેને ભોજન કરાવવું. ૮,૯

સ્નેહપાન ઉપરનું કોમળ ભોજન

ईषत्स्नेहाम्लयूषेण संस्कृतेन यथाबलम् ।
रोहीतमोचयोर्वेश्यं कुर्यात् काम्बलिकं सदा ॥ १० ॥

લગાર સ્નેહયુક્ત ખાટા યૂષને સંસ્કારી કરી-વઘારીને તે સ્નેહપાન કરેલાને તેના જઠરાગ્નિના બળ પ્રમાણે જમાડવો પરંતુ એ યૂષમાં રોહિત-રોહિડાનું તથા મોચરસનું મિશ્રણ અવશ્ય કરવું અને સર્વકાળ તે યૂષ 'કામ્બલિક' નામનો જ તૈયાર કરવો. ૧૦

વિવરણ: અહીં દર્શાવેલ કામ્બલિકયૂષનું લક્ષણ સુશ્રુતના સૂત્રસ્થાનમાં ૪૬ મા અધ્યાયમાં આમ કહેવાયું છે; જેમકે-दधिमस्त्वम्लसिद्धस्तु यूषः काम्बलिकः स्मृतः । દહીંની ઉપરના મસ્તુ-પાણી રૂપ ખટાશમાં રાંધી તૈયાર કરેલો યૂષ 'કાંબલિક' નામે કહેવાય છે.' વળી આ કાંબલિક યૂષનો આવો બીજો પ્રકાર પણ બીજા આયુર્વેદ ગ્રંથમાં આમ કહેલ છે કે 'तक्रं कपित्थचाङ्गेरी-मरिचाजाजिचित्रकैः । सुपक्वं खडयूषोऽयमयं काम्बलिकोऽपरः ॥ છાશ કોઠ, ખાટી ચૂકો, કાળાં મરી, જીરું તથા ચિત્રકનું ચૂર્ણ નાખી સારી રીતે પકવેલ હોય એ 'ખડયૂષ' નામે પ્રસિદ્ધ છે અને તે જ બીજો 'કાંબલિક' યૂષ કહેવાય છે.' ૧૦

બરોળના રોગીને કટુતૈલથી સંસ્કૃત ભોજન જમાડવું

फलाम्लदीपनोपेतं कटुतैलोपसंस्कृतम् ।
तेनैनं भोजयेन्नित्यं यावत्प्राणो यथा भवेत् ॥ ११ ॥

બરોળનો રોગી જ્યાં સુધી પ્રાણવાન

રહે ત્યાં સુધી તેના ભોજનને (આમળાં, દાડમ વગેરે) ફળની ખટાઈથી યુક્ત તથા તેના જઠરાગ્નિને પ્રદીપ્ત કરે એવાં દ્રવ્યોથી તૈયાર કરવું જોઈએ; તેમ જ એ ભોજનને કાયમ કટુતલથી સંસ્કારી એ જ ભોજનથી તેને જમાડવો. ૧૧

પ્રાણશક્તિ મળ્યા પછી હમેશાં કટુતૈલ પાવું

लब्धप्राणं ततश्चैनं मात्रया पाययेत् सदा।
कटुतैलं यथाशक्ति संस्कृतं नवमेव वा ॥ १२ ॥

તે પછી એ રોગીને પ્રાણશક્તિ પ્રાપ્ત થઈ જાય ત્યારે હમેશાં તેને યોગ્ય માત્રામાં શક્તિ અનુસાર કટુતૈલ પાવું; પરંતુ એ કટુતેલ સંસ્કારી કરેલું તાજું જ હોવું જોઈએ. ૧૨

દાહયુક્ત બરોળના રોગમાં ક્ષીરપક્વ કટુતૈલપ્રયોગ

द्राक्षाकाश्मर्यमधुकबालकोशीरचन्दनैः।
कटुतैलं पचेत् क्षीरे प्लीह्नि दाहोत्तरे नृणाम् ॥१३

મનુષ્યોને અધિક દાહયુક્ત બરોળનો રોગ થયો હોય તો દ્રાક્ષ, ગાંભારીફળ, જેઠીમધ, વાળો, ઉશીર–સુગંધી વાળો અને ચંદન–સુખડનો ભૂકો નાખી દૂધમાં કટુતલ–સરસિયું પકવવું અને તેનું સેવન કરાવવું. ૧૩

સ્નેહપાન પછી બરોળના રોગીએ કટુતૈલ-ભર્જિત હરડે સેવવી

जीर्णेऽपराह्णे चोद्वर्त्य लघुरुष्णोदकाप्लुतः।
अभयां कटुतैलेन भृष्टां दधनि साधिताम् ॥१४
शाल्योदनेन भुञ्जीत तथा काम्बलिकेन च।
तच्चद्विदाहं जनयेत् पिबेत् कल्याणकं ततः ॥१५

બરોળના રોગીએ સવારમાં પ્રથમ જે સ્નેહપાન કર્યું હોય, તે પચી જાય ત્યારે બપોર પછીના અપરાહ્ણ સમયે શરીરે ઉદ્વર્તન–પીઠી ચોળી હલકો થઈને ગરમ પાણીથી સ્નાન કરવું. અને તે પછી કટુતૈલમાં ભૂંજલી અને દહીંમાં પકવેલી હરડે ખાવી; અને તે પછી શાલિ–ડાંગરના ચોખાનો ભાત તથા કામ્બલિક યૂષ–બેયનું સાથે ભોજન કરવું; પરંતુ એમ કરવાથી તેને (પેટમાં) જો વિદાહ થાય તો એ રોગીએ તે પછી 'કલ્યાણક' ઘૃત પીવું. ૧૪,૧૫

બરોળ તથા ગુલ્મરોગને મટાડનાર તૈલઘૃત પ્રયોગ

मत्स्याः कटुकतैलं च दधि माषान् घृतं पयः।
क्षारेण पारिजातस्य तत् पक्वमवचारयेत् ॥१६॥
एतत्तैलघृतं प्रोक्तं प्लीहगुल्मनिवारणम्।
दीपनं स्नेहनं बल्यं ग्रहणीपार्श्वरोगनुत् ॥ १७॥

માછલાં, કટુકતૈલ, દહીં, અડદ, ઘી અને દૂધ–એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ પારિજાત–રોહીડાના ક્ષારની સાથે તેઓને પકવવાં. તેમાંનું પ્રવાહી બળી જાય ત્યારે તે પક્વ થયેલા તૈલઘૃતને અગ્નિ પરથી નીચે ઉતારી લેવું અને તેને ગાળી લઈ તેનો જો પીવારૂપે પ્રયોગ કર્યો હોય તો તે પ્લીહા–બરોળને તથા ગુલ્મ–ગોળાને મટાડે છે; તેમ જ જઠરના અગ્નિને પ્રદીપ્ત કરે છે; સ્નેહનરૂપ હોઈ બલવર્ધક થાય છે અને ગ્રહણીના રોગને તથા બન્ને પડખાંના રોગને પણ મટાડે છે. ૧૬,૧૭

કર્ણિકારીય ઉત્તમ તૈલ

कर्णिकारत्वचतुलां चतुर्द्रोणे पचेदपाम्।
पादशेषे समक्षीरे कषाये तत्र पाचयेत् ॥ १८॥
प्रस्थं कटुकतैलस्य द्वौ प्रस्थौ दधिमाषयोः।
दशमूलोपसंसिद्धरोहीतरसमावपेत् ॥ १९॥
क्षारजीवनवर्गे च सैन्धवं दीपनं च यत्।
एतत् सिद्धं प्रयोगेण कर्णिकारीयमुत्तमम् ॥२०॥

કર્ણિકાર–ગરમાળાની છાલ એક તુલા–૪૦૦ તોલા લઈ, તેને અધકચરી કરીને તેનો ચાર દ્રોણ એટલે ૪૦૯૬ તોલા પાણીમાં પાક અથવા ક્વાથ કરવો; તે ક્વાથ એક ચતુર્થાંશ એટલે ૧૦૨૪ તોલા બાકી રહે ત્યારે તેને અગ્નિ પરથી નીચે ઉતારી લઈ તેમાં તેના જેટલું જ દૂધ તથા એક પ્રસ્થ–૬૪ તોલા કટુકતૈલ અને બે પ્રસ્થ દહીં તથા અડદ અને દશમૂલના ક્વાથમાં

રાંધેલ રોહિત–મત્સ્યના માંસનો રસ નાખવો; તેમ જ ક્ષાર, જીવનીયગણ, સંધવ તથા દીપન દ્રવ્યો પણ યોગ્ય પ્રમાણમાં નાખવાં; પછી તે સર્વનો ફરી પાક કરવો; પ્રવાહી બળી જતાં પક્વ થયેલા તે ઉત્તમ 'કર્ણકારીય તૈલ'નો પ્રયોગ કરવાથી બરોળ વગેરે ઘણા રોગો મટે છે. ૧૮–૨૦

પ્લીહોદર–બરોળ મટાડનાર ક્રમો

उद्वर्तनं ब्रह्मचर्यं कटुतैलोपसेवनम् ।
सुखाः शय्यासनस्वप्नाश्चिन्तेर्ष्याभयवर्जनम् ॥२१॥
वामपार्श्वोपशयनं दधिमत्स्योपसेवनम् ।
लघ्वल्पस्निग्धसेवा च शमयन्ति प्लिहोदरम् ॥२२

ઉદ્વર્તન–ઉબટણ, બ્રહ્મચર્ય, કટુતૈલનું સેવન, સુખકારક શય્યા તથા આસન પર શયન; ચિંતાનો, ઈર્ષ્યાનો તથા ભયનો ત્યાગ, ડાબા પડખે સૂવું, દહીં તથા માછલાંનું સેવન; હલકા, થોડા તથા સ્નિગ્ધ પદાર્થોનું સેવન–એટલાં (એકી વખતે–દરરોજ નિયમિત સેવાય તો) પ્લીહોદર–બરોળના રોગને મટાડે છે. ૨૧,૨૨

બરોળ મટાડનાર ગરમાળાનો કલ્ક વગેરે

कर्णिकारस्य वा कल्कश्चूर्णितः स्वरसोऽपि वा ।
कटुतैलेन तक्रैर्वा सेवितः प्लीहनाशनः ॥ २३ ॥

ગરમાળાનો કલ્ક, ચૂર્ણ કે સ્વરસ પણ કટુતૈલની સાથે કે છાશની સાથે સેવ્યાં હોય તો તે પણ બરોળને મટાડે છે. ૨૩

રાતા સરસવના તૈલથી પણ બરોળ મટે

रागसर्षपतैलं वा पूर्ववत् प्लीहनाशनम् ।
सेवितं मात्रया नित्यं दधिमाषौदनाशिनाम् ॥२४

અથવા રાતા સરસવનું તેલ, પ્રથમ કહ્યા પ્રમાણે જો યોગ્ય માત્રામાં નિત્ય સેવ્યું હોય અને તેના સેવનકાળે દહીં, અડદ તથા ભાતનો ખોરાક ખાવાની ટેવ પાડી હોય તો તે પણ બરોળના રોગનો નાશ કરે છે. ૨૪

સાત દિવસમાં બરોળ મટાડનાર
રાગસર્ષપમુષ્ટિયોગ

रागसर्षपमुष्टिं तु पिष्टं काञ्जिकयोजितम् ।
पिबेत् सलवणक्षारं भोज्यं काम्बलिकेन च ॥२५
सप्ताहादतिवृद्धोऽपि प्लीहा प्रशममृच्छति ।
दाहश्चेदतिबाधेत रसक्षीरं च भोजयेत् ॥ २६ ॥

રાતા સરસવ એક મુઠ્ઠી લઈ કાંજીની સાથે પીસી નાખી તેમાં લવણયુક્ત ક્ષાર મિશ્ર કરી (બરોળના રોગીએ તે) પી જવું; અને તેની ઉપર કાંબલિક ચૂષની સાથે ભોજન કરવું; એમ સાત દિવસ સુધીનો પ્રયોગ કરવો; તેથી ઘણો વધી ગયેલ બરોળનો રોગ પણ મટે છે. એ પ્રયોગથી જો દાહ થાય અને તેથી જો ઘણી પીડા થાય તો તેની ઉપર માંસરસ સાથે દૂધનું ભોજન કરવું. ૨૫,૨૬

ઉપરનો પ્રયોગ વૃદ્ધજીવકે કહ્યો છે

इत्याह भगवान् वृद्धो जीवको लोकपूजितः ।
बालानां महतां चैव प्लीहोदरनिवर्तनम् ॥ २७ ॥

લોકોમાં પૂજાયેલા ભગવાન વૃદ્ધજીવકે એ પ્રમાણે તે ઉપર કહેલો પ્રયોગ બાળકોના તથા મોટી ઉંમરના પણ લોકોના બરોળના રોગને મટાડવા માટે કહ્યો છે. ૨૭

इति ह स्माह भगवान् कश्यपः ।

એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું.

इति श्रीकाश्यपसंहितायां कल्पस्थाने विषे 'कटुतैलकल्प' नामनो अध्याय कल्पे समाप्त

षट्कल्प : अध्याय (?)

આરંભ તથા મંગલાચરણ

अथातः षट्कल्पं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી અમે 'ષટ્કલ્પ' એટલે કે જેમાં છ કલ્પો કહ્યા છે, તે અધ્યાયનું વ્યાખ્યાન કરીશું, એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું. ૧,૨

કશ્યપ પ્રત્યે વૃદ્ધજીવકનો પ્રશ્ન

मारीचमृषिमासीनं सूर्यवैश्वानरद्युतिम् ।
विनयेनोपसङ्गम्य प्राह स्थविरजीवकः ॥ ३ ॥

મરીચિના પુત્ર ઋષિ કશ્યપ એક વખતે બેઠા હતા ત્યારે સૂર્ય તથા અગ્નિ જેવી તેમની કાંતિ હતી. તે વેળા સ્થવિર–'વૃદ્ધ-

જીવક'-નામના તેમના શિષ્ય વિનયથી તેમની સમીપે ગયા હતા; અને પછી તેમને તેમણે આમ પૂછ્યું હતું. ૩

નેત્રના રોગીને કયો પ્રયોગ હિતકર છે?

भगवन्नक्षिरोगेण परिक्लिष्टस्य चक्षुषः।
कदा संशमनं देयं किञ्च संशमनं हितम् ॥ ४॥
कः प्रयोगश्च तत्रोक्तः किञ्च तत्र हिताहितम्।
इति पृष्टः स कल्याणं भगवान् प्रश्नमब्रवीत् ॥५

'હે ભગવન્! જે માણસનું નેત્ર કોઈ પણ નેત્રરોગથી પીડાયું હોય, ત્યારે તેને કયું સંશમન ઔષધ આપવું જોઈએ? અને કયું સંશમન હિતકારી થાય છે? તે નેત્રરોગ માટે કયો પ્રયોગ કહેવાયો છે? એ નેત્રરોગમાં શું હિતકર તથા અહિતકર થાય છે?' એમ કલ્યાણકારી પ્રશ્ન જ્યારે પૂછ્યો હતો ત્યારે ભગવાન કશ્યપે તેનો આવો પ્રત્યુત્તર કહ્યો હતો. ૪,૫

ભગવાન કશ્યપનો પ્રત્યુત્તર

अक्षिरोगेण बालेषु क्लिष्टं वाऽऽश्चद्योतनादिभिः।
रागश्चयथुशूलास्रनिवृत्तौ षडहात् परम् ॥ ६॥
अल्पशो वा निवृत्तेषु बाधमानेषु वाऽल्पशः।
रागादिषु प्रयुञ्जीत काले संशमनं हितम् ॥ ७॥

બાળકો નેત્રના રોગથી જ્યારે પીડાય ત્યારે તેમના પીડિત નેત્રમાં આશ્ચદ્યોતન-ટીપાં પાડવાં વગેરે દ્વારા સંશમન કરવું જોઈએ; પરંતુ તે સંશમન ક્યારે હિતકારી થાય છે કે જ્યારે છ દિવસ પછી નેત્રની રતાશ, સોજો, શૂલ જોંકયા જેવી પીડા અને આંખમાંથી ઝરતાં પીડાનાં આંસુ દૂર થાય અથવા તે રતાશ વગેરે કંઈક ઓછાં થાય ત્યારે તે યોગ્ય સમયે સંશમન ઔષધનો પ્રયોગ કરવો હિતકારી થાય છે. ૬,૭

વિવરણ : અહીં દર્શાવેલ આશ્ચદ્યોતનનું લક્ષણ બીજા આયુર્વેદીય ગ્રંથમાં આમ કહેવામાં આવ્યું છે; જેમકે 'उन्मीलितेऽक्षिदृङ्मध्ये बिन्दुभिङ्गुलादितम्। क्वाथक्षौद्रासवस्नेहबिन्दूनां यत्तु पातनम्॥ तद्द्वयङ्गुलोन्मिते नेत्रे प्रोक्तमाश्चोतनं हितम्'। બરાબર ઉઘાડેલ નેત્રની દૃષ્ટિની વચ્ચે બે આંગળ દૂરથી કોઈ નેત્રને લગતા ક્વાથનાં, મધનાં, આસવનાં કે સ્નેહનાં ટીપાં બે આંગળ જેટલી ઉઘાડેલી-પહોળી કરેલી આંખમાં બે આંગળ જેટલી દૂરથી હિતકારી ક્વાથ વગેરેનાં જે ટીપાં નાખવામાં આવે તેને 'આશ્ચોતન' કહેવામાં આવે છે.' ૬-૭

નેત્રનું સંશમન ઔષધ ક્યારે હિતકર થાય?

दूषिका चोपलेपश्च दृष्टिव्याकुलताऽरतिः।
वर्त्मशोथः शिरोरोगः स्रावशेषेऽक्षिपक्ष्मणि ॥८
एतानि दृष्ट्वा रूपाणि कुर्यात् संशमनं विधिम्।
स्तनपं सह धात्र्या च स्थापयेत् पथ्यभोजने ॥९

આંખમાંથી દૂષિકા-ચીપડા નીકળતા હોય, આંખમાં કફનો ઉપલેપ જણાય, આંખની વ્યાકુલતા થાય એટલે કે આંખમાં પીડા થવાથી વ્યાકુલપણું થાય અથવા આંખથી જોવામાં મુશ્કેલી જણાય, તેમજ આંખથી જોવામાં કંટાળો જણાય, આંખનાં પોપચાં પર સોજો આવ્યો હોવાથી આંખની પીડાને કારણે માથાનો રોગ અને આંખની પીડાને લીધે આંખની પાંપણોમાંથી પાણીનો સ્રાવ થયા કરે છે. અને તે સ્રાવ આંખની પાંપણમાંથી ઝર્યા કરે ત્યારે તે નેત્રરોગી બાળકને તથા તેને ધવડાવતી તેની માતાને વૈદ્યે પથ્ય ભોજન પર રાખવાં જોઈએ. ૮,૯

નેત્રરોગ માટે છ દ્રવ્યોના કલ્પો કહેવાની પ્રતિજ્ઞા

चक्षुष्या पुष्पकं माता रोचनाऽथ रसाञ्जनम्।
कतकस्य फलं षष्ठं तेषां कल्पान्निबोध मे ॥१०॥

ચક્ષુષ્યા-ચક્ષુબીજ કે ચીમડનાં બિયાં, પુષ્પક-જસતનાં ફૂલ, હરડે, ગોરોચન, રસનાંજન કે રસવંતી અને કતકફૂલ-નિર્મળીનું ફૂલ-એ છયેના કલ્પો (નેત્રરોગમાં હિતકારી છે માટે) હું કહું છું; તેઓને તમો મારી પાસેથી સાંભળો. ૧૦

નેત્રરોગી ધાવણાં બાળકનું ખાસ ઔષધ

जन्मतश्चतुरो मासान् पञ्च षड् वाऽक्षिरोगिणाम्।
विधृष्य नारीस्तन्येन चक्षुषी प्रतिपूरयेत् ॥११॥

જન્મથી માંડી ચાર, પાંચ કે છ માસ-

નાં બાળકોને જો કોઈ નેત્રરોગ થાય, તો તેઓને ધવડાવતી માતાના ધાવણ સાથે ઉપર જણાવેલ છમાંનાં કોઈ પણ એક દ્રવ્યને ઘસી તેનાથી નેત્રમાં અંજન કરવું. ૧૧

બધાયે નેત્રરોગનું ઔષધ

कांस्ये हिरण्यशकलं सस्तन्यक्षौद्रनाभिकम् ।
घृष्वाऽक्षिणी पूरयेद्वा सर्वानक्षिगदाञ्जयेत् ॥१२

કાંસાના વાસણ પર સોનાનો ટુકડો, માતાનું ધાવણ કે ગાયનું દૂધ મધ તથા શંખનાભિ ઘસીને આંખમાં આંજવાથી બધાયે નેત્રરોગો મટે છે. ૧૨

एतैः कल्याणकैर्योगावृषिभिः संप्रकीर्तितौ ।
नाभ्यञ्जनकृतौ मुख्यौ कश्यपेन महर्षिणा ॥१३॥
शरद्धेमन्तयोः पक्वां चक्षुष्यां ग्राहयेद्भिषक् ।
नवे कमण्डलौ चैनामनुगुप्तां निधापयेत् ॥ १४ ॥
ततः फलान्युपत्रिंशद्यवांश्च दश साधयेत् ।
शरावे पूतिकां वद्ध्वा गोमयालोडितां प्लुताम् ॥
यवसिद्धौ भवेत्सिद्धा ततस्तां निस्तुषीकृताम् ।
स्तन्यपिष्टां प्रयुञ्जात विशेषश्चोपदेक्ष्यते ॥ १६ ॥

ઋષિઓએ ઉપર્યુક્ત કલ્યાણકારી છ દ્રવ્યોથી (નેત્રરોગ માટેના) બે યોગો કહ્યા છે; પરંતુ મહર્ષિ કશ્યપે નાભિ કે શંખનાભિ તથા રસાંજનના બે મુખ્ય યોગો કહ્યા છે. વૈદ્યે શરદ તથા હેમંતઋતુમાં પાકેલી ચક્ષુષ્યા-ચિમેડ લેવી પછી એ ચક્ષુષ્યાને નવા કમંડલમાં સુરક્ષિત રાખી મૂકવી; તે ચક્ષુષ્યાનાં લગભગ ત્રીસ કૂલ કે દાણા અને દશ જવના દાણાને આમ સિદ્ધ કરવા માટીના એક કોડિયામાં કપડું બાંધી તેની ઉપર ગાયનું છાણ નાખી તે છાણમાં પેલા ચક્ષુષ્યાના ત્રીસ દાણા તથા દશ જવને બરાબર મિશ્ર કરી દઈ ડુબાડી રાખવા; તેમાંના જવ સિદ્ધ થઈ જાય એટલે કે પોચા થઈ જાય ત્યારે પેલી ચક્ષુષ્યાના દાણાને પણ સિદ્ધ થઈ ગયેલા સમજવા. પછી તે ચક્ષુષ્યાના એ ત્રીસે દાણાને બહાર કાઢી ધોઈને તેનાં ફોતરાં કાઢી નાખવાં અને તેની અંદરનાં મીંજને (કાંસાના વાસણ પર) ધાવણ સાથે પીસી નાખી તેનો નેત્રરોગમાં પ્રયોગ કરવો એટલે કે આંખમાં તે પીસેલી ચક્ષુષ્યા-ચિમેડને આંજવી. આ સંબંધે વિશેષ ઉપદેશ આગળ જતાં કરાશે. ૧૩-૧૬

ચક્ષુષ્યાના જુદા જુદા યોગો

सरागे रोचनोपेता सस्रावे च ससैन्धवा ।
दृषिकामलशोथेषु प्रयोज्या सरसक्रिया ॥ १७ ॥
सपुष्पकां सगोमूत्रां ससैन्धवरसक्रियाम् ।
पिल्लिमाशोथजाड्येषु चक्षुष्यां संप्रयोजयेत् ॥१८

નેત્રમાં જો રતાશ હોય તો ગોરોચન સહિત ચક્ષુષ્યા-ચિમેડનો પ્રયોગ કરવો. નેત્રમાંથી જો સાવ થતો હોય અને સાથે રતાશ પણ હોય તો સૈન્ધવ સહિત ચક્ષુષ્યાનો પ્રયોગ કરવો. નેત્રમાંથી જો ચીપડા અને મળ નીકળ્યા કરતો હોય અને સોજો પણ આવ્યો હોય તો રસક્રિયા સહિત ચક્ષુષ્યાનો પ્રયોગ કરવો; પરંતુ નેત્રનો જો પિલ્લરોગ, સોજો તથા જડતા હોય તો પુષ્પક (જસતનાં ફૂલ) સહિત, ગોમૂત્ર તથા સૈન્ધવથી યુક્ત રસક્રિયાનો પ્રયોગ કરવો. ૧૭,૧૮

अम्ले ताम्रं च कांस्यं च विघृष्य मरिचं तथा ।
चक्षुष्यया समायुक्तं शमयत्यक्षिभूनिमान् ॥१९॥

કોઈ ફૂલની ખટાશમાં ચક્ષુષ્યા-ચિમેડની સાથે તાંબું, કાંસું તથા કાળાં મરી ઘસી નાખી તે જો આંખમાં આંજ્યું હોય તો તે નેત્રના રોગોને મટાડે છે. ૧૯

સર્વ નેત્રરોગોને શમાવનાર ચક્ષુષ્યાયોગ

चक्षुष्यां रोचनां स्तन्यं पुष्पकं च समानयेत् ।
सर्वाक्षिरोगशमनो योगोऽयं संप्रकीर्तितः ॥२०॥

ચક્ષુષ્યા-ચિમેડ, ગોરોચન, સ્ત્રીનું ધાવણ કે દૂધ અને જસતનાં ફૂલ-એટલાંને એકત્ર કરવાં; પછી તેનો એ યોગ, નેત્રોમાં આંજ્યો હોય તો સર્વ નેત્રરોગોને તે શમાવે છે. ૨૦

ચક્ષુષ્યાનો કેવળયોગ ધાવણ સાથે

एकाऽपि स्तन्यसंयुक्ता चक्षुष्या संप्रशस्यते ।
चक्षुष्याकल्प इत्येष, पुष्पकल्पं निबोध मे ॥२१

એકલી ચક્ષુષ્યા-ચિમેડનો જ ધાવણ

સાથે ઘસી પ્રયોગ કર્યો હોય તો તે પણ સારી રીતે વખણાય છે; એમ જણાવ્યા પ્રમાણે આ ચક્ષુષ્યોનો કલ્પ મેં તમને કહ્યો. હવે પુષ્પ-કલ્પ એટલે કે જસતના ફૂલનો પ્રયોગ તમે મારી પાસેથી સાંભળો. ૨૧

પુષ્પકના પ્રયોગો

निवाते पुष्पकं पूतमपराह्णे प्रयोजयेत् ।
निशि वा शुष्कचूर्णस्य पूरयित्वाऽक्षिणी स्वपेत् ॥

પુષ્પક-જસતનાં ફૂલને વસ્ત્રગાળ કરીને વાયુરહિત પ્રદેશમાં તેનો બપોર પછી સાંજના પ્રયોગ કરવો; અથવા તેના સૂકા ચૂર્ણને રાત્રે આંખમાં ભરીને સૂઈ રહેવું તેથી પણ નેત્રરોગો મટે છે. ૨૨

रसाञ्जनेन वा सार्धं पुष्पकं मधुनाऽपि वा ।
स्तन्येन वा समायुक्तं सर्वानक्षिगदाञ्जयेत् ॥२३

અથવા રસાંજન-સુરમાની સાથે પુષ્પ-કનો પ્રયોગ કરવો અથવા મધની સાથે કે ધાવણની સાથે-મેળવીને પુષ્પકનો પ્રયોગ કર્યો હોય તો તે પણ બધાય નેત્રરોગોને મટાડે છે. ૨૩

નેત્રરોગ મટાડનાર ગોરોચનાના પ્રયોગો

एत एव त्रयो योगाः स्तन्यक्षौद्ररसाञ्जनैः ।
रोचनायाः प्रशस्यन्ते सर्वाक्षिगदशान्तये ॥२४॥

રોચના-ગોરોચનના ધાવણ સાથેના, મધ સાથેના કે રસાંજન સાથેના એ ત્રણ પ્રયોગો બધાયે નેત્રરોગને મટાડવા માટે વખણાય છે. ૨૪

રસાંજન અને નિર્મલીના પ્રયોગો

रसाञ्जनस्य चाप्येते त्रयो योगाः सहाम्भसा ।
कतकस्य फलस्यापि योगाश्चत्वार एव ते ॥२५

રસાંજન-સુરમાના પણ એ જ ત્રણ પ્રયોગો-દૂધ, મધ તથા પાણીની સાથે કર્યો હોય; તેમ જ કતક-નિર્મલીના ફળના પણ પાણી, દૂધ, મધ અને રસાંજનની સાથે મળી ચાર પ્રયોગો કર્યા હોય તો તેથી પણ બધા નેત્રરોગો મટે છે. ૨૫

ઉપર કહેલા બધા પ્રયોગો નેત્ર-રોગોને મટાડે

अक्षिरोगप्रशमनाश्चक्षुषश्च प्रसादनाः ।
उक्तसूत्रानुसारेण बालानां हितकाम्यया ॥२६॥

બાળકોના હિતની ઇચ્છાથી ઉપર કહેલાં સૂત્રો કે શ્લોકોમાં જે પ્રયોગો કહ્યા છે, તે બધાયે નેત્રરોગને મટાડનાર તથા નેત્રને સ્વચ્છ કરનારા છે. ૨૬

હરડેનો પ્રયોગ પણ નેત્રને હિતકર છે

स्वादुर्विकासिनी शीता त्रिदोषशमनी शिवा ।
कषाया स्तम्भिनी स्निग्धा चक्षुष्या चक्षुषे हिता ॥

હરડે મધુર, વિકાસ કરવારૂપ ગુણથી યુક્ત, શીતલ, ત્રણે દોષોને શમાવનારી, તૂરા રસવાળી, સ્તંભન કરનારી તથા સ્નિગ્ધ હોઈ ચક્ષુષ્યા-ચીમડની પેઠે જ નેત્રને હિતકારી છે. ૨૭

ગોરોચન પણ તેવું જ છે

रूक्षोष्णतिक्तलवणाऽनलघ्नी पिच्छिला घना ।
मङ्गल्या पापनाशनी रोचना पक्ष्मवर्धनी ॥ २८ ॥

રોચના-ગોરોચન પણ રુક્ષ, ઉષ્ણ-તિક્ત કડવું, લવણ-ખારું, વાયુનાશક, પિચ્છિલ-ચીકણું, ઘન-ઘટ્ટ, મંગલકારી પાપોનો નાશ કરનાર તથા આંખોની પાંપણોને વધારનાર છે. ૨૮

પુષ્પક-જસતના ફૂલના ગુણો

तीक्ष्णमुष्णं मलहरं रक्तपित्तकफापहम् ।
दृष्टिप्रसादनं चाशु पुष्पकं शीतमन्ततः ॥ २९ ॥

પુષ્પક-જસતનાં ફૂલ પણ તીક્ષ્ણ, ઉષ્ણ, મલને હરનાર, રક્તપિત્ત રોગનો તથા કફનો નાશ કરનાર અને નેત્રને તરત જ પ્રસન્ન સ્વચ્છ કરનાર છે અને છેવટે શીતળ ગુણથી યુક્ત છે. ૨૯

રસાંજનના ગુણો

त्रिदोषशमनं रूक्षं षड्रसं चानुसारि च ।
शोधनं पक्ष्मजननं चक्षुष्यं च रसाञ्जनम् ॥३०॥

રસાંજન-સુરમો પણ ત્રણે દોષને શમાવનાર, રુક્ષ, છયે રસથી યુક્ત, છયે રસોને અનુસરનાર, શોધન હોઈ શરીરને તથા નેત્રો-

ને શુદ્ધ કરનાર, પાંપણોને ઉત્પન્ન કરનાર તથા ચક્ષુષ્ય હોઈ નેત્રને હિતકારી છે. ૩૦

કતક–નિર્મલીના ફળના ગુણો

कषायमधुरं शीतमाशुरष्टिप्रसादनम् ।
विकासि ह्लादनं स्निग्धं चक्षुष्यं कतकं विदुः ॥३१

કતક–નિર્મલીનું ફળ કષાય–તૂરા રસવાળું, મધુર, શીતળ, દૃષ્ટિને તરત જ સ્વચ્છ કરનાર, વિકાસ કરવાના ગુણથી યુક્ત, હર્ષ પમાડનાર, સ્નિગ્ધ તથા ચક્ષુને હિતકારી છે એમ વિદ્વાનો જાણે છે. ૩૧

પાંચે ઇંદ્રિયોને વધારનાર જીવકાદિ તેલ કે ઘૃતયોગ

इदं तैलं तु वक्ष्यामि नाम्नोक्तं पाञ्चभौतिकम् ।
प्रोक्तं तीर्थकरैः सर्वैः पञ्चेन्द्रियविवर्धनम् ॥ ३२ ॥

'પાંચભૌતિક' નામે જે આ તૈલ કહેવાયું છે, તેને પણ હું કહું છું–બધા તીર્થંકર–વૈદ્યોએ તે તૈલને પાંચે ઇંદ્રિયોને વધારનાર કહ્યું છે. ૩૨

जीवकर्षभकौ द्राक्षा मधुकं पिप्पली बला ।
प्रपौण्डरीकं बृहती मञ्जिष्ठा त्वक् पुनर्नवा ॥३३॥
शर्करांऽशुमती मेदा विडङ्गं नीलमुत्पलम् ।
श्वदंष्ट्रा सन्धवं राला भवेदपि निदिग्धिका ॥३४॥
समभागैः पचेदेतैस्तैलं वा यदि वा घृतम् ।
चतुर्गुणेन पयसा सम्यक्सिद्धं निधापयेत् ॥३५॥

જેમ કે જીવક, ઋષભક, દ્રાક્ષ, જેઠીમધ, પીપર, બલા–ખપાટ, પ્રપૌંડરીક, બૃહતી–મોટી ભોરીંગણી, મજીઠ, તજ, સાટોડી, સાકર, અંશુમતી–મોટો સમેરવો, મેદા, વાવડિંગ, નીલકમલ, ગોખરુ, સૈંધવ, રાસ્ના અને નાની ભોરીંગણી–એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ અધકચરાં કરીને તેનાથી ચારગણા દૂધની સાથે તે દ્રવ્યોના જેટલું જ તલનું તેલ કે ઘી પકવવું; પ્રવાહી બળી જતાં સારી રીતે તૈયાર થયેલું તે તેલ કે ઘી કોઈ રીઢા વાસણમાં સુરક્ષિત રાખી મૂકવું. ૩૩–૩૫

ઉપર્યુક્ત તેલ કે ઘૃતનો નસ્યરૂપે પ્રયોગ કર્યાથી નેત્રરોગ મટી જાય

नस्यमेतत् प्रयुञ्जीत यथा सिद्धौ निदर्शनम् ।
अक्षिरोगैश्चिरोत्पन्नैर्नस्येनानेन मुच्यते ॥ ३६ ॥

ઉપર જણાવેલ ઔષધ પકવ તૈલનો કે ઘૃતનો નસ્યરૂપે પ્રયોગ કરવો; એ તેની સફળતા દર્શાવી આપનાર થાય છે. એ તૈલ કે ઘીનો નસ્યરૂપે પ્રયોગ કર્યાથી લાંબા કાળના જૂના નેત્રરોગોથી માણસ છૂટી જાય છે. ૩૬

ઉપર્યુક્ત 'પાંચભૌતિક' તૈલ કે ઘૃત તિમિર આદિ ઘણા રોગોને મટાડે છે

तिमिरं पटलं काचं पिल्लमान्ध्याकुलाक्षिताम् ।
दूषिकां स्रावरागौ च शोथं शूलं च नाशयेत् ॥३७
खालित्यं पलितेन्द्राख्यौ शिरोरोगमथार्दितम् ।
दन्तचालं हनुव्याधिं पूतित्वं स्रोतसामपि ॥३८॥
प्रजागरं प्रलापं च वाग्ध्वंसं मूकतां जडम् ।
बाधिर्यं हनुसंदंशं स्मृतिलोपं च नाशयेत् ॥३९
इन्द्रियाणि प्रसीदन्ति स्मृतिर्मेधा वपुर्बलम् ।
स्नेहेनानेन वर्धन्ते मङ्गल्यं पाञ्चभौतिकम् ॥ ४० ॥

इति ह स्माह भगवान् कश्यपः ।

ઉપર દર્શાવેલ એ 'પાંચભૌતિક' નામનું તૈલ કે ઘૃત 'તિમિર' નામના નેત્રરોગનો 'કાચ'–આંખના મોતિયા રોગનો, પટલ–પડલના રોગનો, 'પિલ્લ' નામના નેત્રરોગનો, અંધાપાથી વ્યાકુળ થયેલ નેત્રવાળાની, 'દૂષિકા'–આંખમાં ચેપડા જ આવ્યા કરે તે નેત્રરોગનો, આંખમાંથી પાણી ઝર્યા કરે તે સ્રાવરોગનો, આંખમાં રતાશ રહ્યા કરે તે નેત્રરોગનો, શોથ–આંખ સૂજી જાય તે રોગનો તથા આંખમાં શૂલ ભોંકાયા જેવી પીડા થાય તે રોગનો નાશ કરે છે. તે ઉપરાંત ખાલિત્ય–માથે ટાલ પડી જાય છે તે રોગનો, પલિત–અકાળે માથાના વાળ ધોળા થઈ જાય છે–તે રોગનો, જેનાથી માથાના વાળ ખરી પડે છે તે 'ઇંદ્રલુપ્ત' નામના મસ્તકરોગનો, 'અર્દિત' નામના માથાના રોગનો,

જેથી દાંત હલી જાય છે તે દન્તચાલ નામના રોગને, હનુ–હડપચીના વ્યાધિને, સ્રોતોને દુર્ગન્ધી બનાવતા 'પૂતિત્વ' નામના રોગને, જેનાથી ઉજાગરા થાય છે તે 'નિદ્રાનાશ' રોગને, બકવાદ ચાલે તે રોગને, જેનાથી 'વાગ્ધ્વંસ' વાણીની શક્તિ નાશ પામે છે, તે રોગને, મૂંગાપણાને, જડતાને, બહેરાપણાને, 'હનુસદ્ગંશ' નામના હડપચીના રોગને તેમજ સ્મૃતિલોપ–સ્મરણશક્તિનો નાશ થવારૂપ માનસિક રોગને પણ ઉપર કહેલ પાંચભૌતિક તૈલ કે ઘૃત મટાડે છે; એકંદર એ ઉપર દર્શાવેલ તૈલનો કે ઘૃતનો પ્રયોગ કર્યાથી બધી ઇંદ્રિયો પ્રસન્ન થાય છે અને મનની સ્મરણશક્તિ, બુદ્ધિની 'મેધા' શક્તિ તથા શરીરનું બળ પણ ઉપર જણાવેલ સ્નેહના પ્રયોગથી વધે છે; એમ 'પાંચભૌતિક' સ્નેહયોગ 'મંગલ્ય' હોઈ મંગલકારી છે, એમ ભગવાન કશ્યપે જ કહ્યું છે. ૩૭–૪૦

વિવરણ : અહીં મૂળ ગ્રન્થના ૩૭મા શ્લોકના આરંભે જે 'તિમિર' રોગ કહ્યો છે તેનું લક્ષણ અન્ય ગ્રંથમાં આમ લખ્યું છે; જેમકે– तिमिराख्यः स वै दोषश्चतुर्थपटलं गतः। रुणद्धि सर्वतो दृष्टिं लिङ्गनाशमतः परम्। अस्मिन्नपि तमोभूते नातिरूढे महागदे। चन्द्रादित्यौ सनक्षत्रावन्तरीक्षे च विद्युतम्॥ निर्मलानि च तेजांसि भ्राजिष्णून्यथ पश्यति। शिरानुसारिणि मले प्रथमं पटलं श्रिते॥ अव्यक्तमीक्षते रूपं व्यक्तमप्यनिमित्ततः। प्राप्ते द्वितीयं पटलमभूतमपि पश्यति॥ भूतन्तु यत्नादासन्नं दूरे सूक्ष्मं च नेक्षते। दूरान्तिकस्थं रूपञ्च विपर्यासेन मन्यते। दोषे मण्डलसंस्थाने मण्डलानीव पश्यति। द्विधैकदृष्टिमध्यस्थे बहुधा बहुधास्थिते॥ दृष्टेरभ्यन्तरगते ह्रस्ववृद्धविपर्ययम्। नान्तिकस्थमधःसंस्थे दूरगं नोपरिस्थितम्॥ पार्श्वे पश्येन्न पार्श्वस्थे तिमिराख्योऽयमामयः॥ તે નેત્રદોષ, 'તિમિર' નામે કહેવાય છે, જે નેત્રના ચોથા પડલમાં ગયો હોય; તે દોષ સર્વબાજુથી દૃષ્ટિને રોકી–ઘેરી લે છે; તે પછી 'લિંગનાશ' નામનો રોગ થાય છે; એ [illegible], તમસ્–અંધકાર-રૂપ થયો હોય અને એ મહારોગ અતિશય જામેલો થયો ન હોય ત્યારે ચંદ્ર, સૂર્ય, નક્ષત્રો તથા અંતરીક્ષમાં રહેલી વીજળીને નિર્મળ તથા દેદીપ્યમાન થયેલાં દેખે છે; તેમજ બધાંય તેજને ચળકતાં તથા નિર્મળ જુએ છે; પરંતુ નેત્રનો એ મળ અથવા દોષ, નેત્રની શિરાઓને અનુસરે છે અને નેત્રના પહેલા પડલનો આશ્રય કરે છે ત્યારે બહારનાં બધાં રૂપોને તે અસ્પષ્ટ દેખે છે; જોકે તે રૂપે ખરી રીતે બરાબર વ્યક્ત કે સ્પષ્ટ હોય છે; તોપણ કોઈપણ કારણ વિના જ એ પટલમાં પ્રાપ્ત થયેલા દોષના કારણે જ અસ્પષ્ટ દેખે છે; તે પછી એ દોષ નેત્રના બીજા પડલમાં પ્રાપ્ત થયો હોય ત્યારે જે વસ્તુ અભૂત એટલે નજીકમાં થયેલી ન હોય તેને પણ તે નજીક થયેલી દેખે છે અને જે વસ્તુને યત્ન કે કાળજીથી સમીપમાં રાખી હોય તેને પણ દૂર રહેલી દેખે છે અને જે વસ્તુ નજીકમાં રહી હોય તે જો સૂક્ષ્મ હોય તો તેને તે દેખતો જ નથી. વળી જે વસ્તુ દૂર રહી હોય તેને નજીક રહેલી અને જે નજીક રહી હોય તેને દૂર રહેલી એમ વિપરીતપણે થયેલી માને છે. વળી જ્યારે નેત્રનો દોષ, નેત્રના મંડલમાં રહ્યા હોય ત્યારે બધેય જાણે મંડલો કે કુંડાળાં થયાં હોય તેવું દેખે છે. વળી જ્યારે તે દોષ એક દૃષ્ટિની વચ્ચે રહ્યો હોય ત્યારે કોઈ પણ એક જ વસ્તુને બે પ્રકારે થયેલી માને છે; તેમ જ નેત્રનો એ દોષ જ્યારે અનેક પ્રકારે રહ્યો હોય ત્યારે કોઈ એક જ વસ્તુને અનેક પ્રકારે થયેલી માને છે. વળી તે દૃષ્ટિદોષ, નેત્રની મધ્યમાં જ્યારે પ્રાપ્ત થયો હોય ત્યારે તે માણસ, દૂર રહેલી વસ્તુને વધી ગયેલી અને વધી ગયેલી કોઈ વસ્તુને દૂર રહેલી થયેલી એમ વિપરીતરૂપે દેખે છે. વળી તે દોષ, દૃષ્ટિની નીચેના ભાગમાં રહ્યો હોય ત્યારે કોઈ વસ્તુ નજીક રહી હોય તેને પણ માણસ દેખતો નથી અને જે વસ્તુ ઉપર રહી હોય તેને પણ તે દેખતો નથી; અને તે દોષ બાજુ પર રહ્યો હોય ત્યારે બાજુ પર રહેલી વસ્તુને તે દેખતો નથી; એ રોગ 'તિમિર' નામે કહેવાય છે.'

વળી દૃષ્ટિના પડલમાં રહેલા 'પટલ' નામના

રોગનું લક્ષણ બીજા આયુર્વેદગ્રન્થમાં આમ કહ્યું છે કે–'જેના નેત્રની નીચેના ભાગમાં કે ઉપરના ભાગમાં 'પટલ' નામનો રોગ થાય છે, તેનાં બેય નેત્રને તે રોગ એકદમ રોકી દે છે.'

'કાચ' નામનો જે નેત્રરોગ થાય છે તેને જ 'મોતિયાનો રોગ કહે છે; જેમકે નેત્રનો જે દોષ ત્રીજા પડલમાં પ્રાપ્ત થયો હોય, તેને 'કાચરોગ' કહે છે. તેનું લક્ષણ વાગ્ભટે ઉત્તરસ્થાનના ૧૨ મા અધ્યાયમાં આમ કહ્યું છે–'प्राप्नोति काचतां दोषे तृतीयपटलाश्रिते। तेनोर्ध्वमीक्षते नाधस्तनुचैलावृतोपमम्॥ यथावर्णं च रज्येत दृष्टिर्हीयेत च क्रमात्। નેત્રનો દોષ જ્યારે ત્રીજા પડલનો આશ્રિત બને ત્યારે એ દોષ મોતિયાપણાને પામી જાય છે; તેથી માણસ ઊંચે જોઈ શકે છે, પણ નીચે જોઈ શકતો નથી; અને જાણે કે કોઈ વસ્તુ બારીક વસ્ત્રથી ઢંકાયેલી હોય તેવી તે વસ્તુને ખૂબ ઝાંખી જુએ છે; તેમ જ એ કાચ કે મોતિયો જેવા રંગનો થાય તેવા રંગથી માણસની દૃષ્ટિ રંગાઈ જાય છે અને અનુક્રમે જોવાની શક્તિ પણ ઓછી થઈ જાય છે.' પરંતુ એ દોષ નેત્રના ચોથા પડલમાં પહોંચી જાય ત્યારે તેને 'તિમિરરોગ' કહે છે. ૩૭–૪૦

ઇતિશ્રી કાશ્યપસંહિતામાં કલ્પસ્થાન વિષે 'ષટ્કલ્પ' નામનો અધ્યાય ૪ થો સમાપ્ત

શતપુષ્પા–શતાવરીકલ્પ
અધ્યાય (?)

अथातः शतपुष्पा(शता)वरीकल्पं व्याख्यास्यामः॥
इति ह स्माह भगवान् कश्यपः॥ २॥

હવે અહીંથી શતપુષ્પા–વરિયાળી, સુવા તથા શતાવરીના કલ્પનું અમે વ્યાખ્યાન કરીશું, એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું. ૧,૨

વૃદ્ધજીવકનો પ્રશ્ન

शतपुष्पाशतावर्यौ रसवीर्यविपाकतः।
प्रयोगतश्च भगवञ्छ्रोतुमिच्छामि तत्त्वतः॥ ३॥

હે ભગવન્! હવે હું રસ, વીર્ય, વિપાક તથા પ્રયોગની દૃષ્ટિએ 'શતપુષ્પા–વરિયાળી અથવા સુવા તથા શતાવરીના સંબંધે તત્ત્વથી [illegible] સાંભળવા ઇચ્છું છું. ૩

કશ્યપ ભગવાનનો પ્રત્યુત્તર

इति पृष्टः स शिष्येण स्थविरेण प्रजापतिः।
शतपुष्पाशतावर्यौ प्रोवाच गुणकर्मतः॥ ४॥

એમ શિષ્ય વૃદ્ધજીવકે પૂછ્યું હતું ત્યારે પ્રજાપતિ ભગવાન કશ્યપે ગુણ તથા કર્મની દૃષ્ટિએ શતપુષ્પા–વરિયાળી અથવા સુવા તથા શતાવરીના કલ્પો, તે વૃદ્ધજીવકને આમ કહ્યા હતા. ૪

શતપુષ્પા–વરિયાળી અથવા સુવાના ગુણો

मधुरा बृंहणी बल्या पुष्टिवर्णाग्निवर्धनी।
ऋतुप्रवर्तनी धन्या योनिशुक्रविशोधनी॥ ५॥
उष्णा वातप्रशमनी मङ्गल्या पापनाशनी।
पुत्रप्रदा वीर्यकरी शतपुष्पा निदर्शिता॥ ६॥

વરિયાળી–સુવા મધુર હોઈ પુષ્ટ કરનાર, બલવર્ધક, પુષ્ટિ તથા શરીરના વર્ણને અને અગ્નિને વધારનાર, સ્ત્રીના આર્તવને (નિયમિત) કે ચાલુ રાખનાર, શ્રેષ્ઠ, યોનિને તથા વીર્યને વિશુદ્ધ કરનાર, ગરમ હોઈ વાયુનું પ્રશમન કરનાર, મંગલકારક હોઈ પાપોનો નાશ કરનાર, પુત્રોને આપનાર તથા વીર્ય બનાવનાર છે એમ જણાવ્યું છે. ૫,૬

શતાવરીના ગુણો

शीता कषायमधुरा स्निग्धा वृष्या रसायनी।
वातपित्तविबन्धघ्नी वर्णौजोबलवर्धनी॥ ७॥
स्मृतिमेधामतिकरी पथ्या पुष्पप्रजाकरी।
भूतकल्मषशापघ्नी शतवीर्या शतावरी॥ ८॥

શતાવરી શીતળ, તૂરા રસની સાથે મધુર, સ્નિગ્ધ હોઈ વીર્યવર્ધક અને રસાયની છે. તે બધાયે રસોના આશ્રયસ્થાનરૂપ, વાયુનો તથા કબજિયાતનો નાશ કરનાર, શરીરના વર્ણને, ઓજસને તથા બળને વિશેષ વધારનાર છે; મનની સ્મરણશક્તિને, બુદ્ધિની 'મેધા' નામની ધારણશક્તિને તથા જ્ઞાનશક્તિને કરનાર હિતકારી હોઈ સ્ત્રીના પુષ્પ કે માસિક ધર્મને તથા પ્રજા–સંતતિને કરનાર; ભૂતોનો, પાપોનો તથા શાપોનો નાશ કરનાર અને સેંકડો સામર્થ્યથી યુક્ત છે. ૭,૮

શતપુષ્પા તથા શતાવરીના પ્રયોગોની યોગ્યતા

तयोः प्रयोगं ब्रुवते कृत्वा दोषविशोधनम् ।
प्रावृट्शरद्वसन्तेषु धृतिपथ्यान्नसेविनाम् ॥ ९ ॥

જે લોકો ધૈર્યથી યુક્ત હોય અને પથ્ય ખોરાકોનું સેવન કરવા ટેવાયેલા હોય તેઓ વર્ષાકાળ, શરદ તથા વસંતઋતુમાં દોષોનું વિશોધન કર્યા પછી શતપુષ્પાનો-તથા શતાવરીનો પ્રયોગ કરી શકે, એમ વૈદ્યો કહે છે. ૯

શતપુષ્પા અને શતાવરી કોને અમૃતતુલ્ય થાય ?

आर्तवं या न पश्यन्ति पश्यन्ति विफलं च याः ।
अतिप्रभूतमल्पमतिक्रान्तमनागतम् ॥ १० ॥
अकर्मण्यमविस्रंसि क्लिन्नातमृतयश्च याः ।
दुर्बलाऽदृढपुत्राश्च कृशाश्च वपुषाऽथ याः ॥११॥
प्रस्कन्दना विवर्णाश्च याश्च प्रचुरमूर्तयः ।
स्पर्शं च या न विन्दन्ति याश्च स्युः शुष्कयोनयः ॥
शतपुष्पाशतावर्यौ स्यातां तत्रामृतं यथा ।
पुमानप्युपयुञ्जानो यथोक्तानाप्नुते गुणान् ॥१३॥

જે સ્ત્રીઓ (નિયમિત) આર્તવ–માસિક ધર્મને દેખતી ન હોય અને જે સ્ત્રીઓ આર્તવને ભલે નિયમિત જોતી હોય છતાં તેને નિષ્ફળ અથવા ગર્ભપ્રાપ્તિરૂપ ફલથી રહિત દેખતી હોય; જે સ્ત્રીઓને આર્તવ વધુ પ્રમાણમાં આવતું હોય અથવા ઘણા થોડા પ્રમાણમાં આવતું હોય, જેઓનું આર્તવ (નિષ્ફળ થઈ સમય થયા પહેલાં) જતું રહેલ હોય અથવા જે સ્ત્રીઓને આર્તવ બિલકુલ આવ્યું જ ન હોય, જેઓનું તે આર્તવ ગર્ભપ્રાપ્તિરૂપ કર્મ કરવા સમર્થ થયું ન હોય, જેઓનું આર્તવ યોગ્ય પ્રમાણમાં સ્રવતું ન હોય, જે સ્ત્રીઓને સંતતિ નિર્બળ જન્મી હોય–જેઓને કસુવાવડ થઈ જતી હોય અને જેઓનાં સંતાન જન્મીને તરત મરણ પામતાં હોય; જે સ્ત્રી શરીરે દુર્બળ હોઈ દુર્બળ સંતાનોને પ્રસવતી હોય, જે સ્ત્રીઓ શરીરે નબળી હોય, જે પ્રસ્કન્દના એટલે જેના શરીરના મળો સ્રવ્યા કરજે હોય કે ઝાડાના રોગવાળી હોય, જે સ્ત્રી વિવર્ણ–ફિક્કા રંગની હોય, જે સ્ત્રીઓ વધુ પ્રમાણમાં જાડા શરીરવાળી હોય, જે સ્ત્રીઓ કોઈના સ્પર્શને જાણી શકતી ન હોય કે જડ શરીર-વાળી થઈ ગઈ હોય અને જે સ્ત્રીઓની યોનિ શુષ્ક થઈ ગઈ હોય તે સ્ત્રીઓને શતપુષ્પા તથા શતાવરીનું સેવન અમૃતતુલ્ય ગુણકારક થાય છે; તેમ જ હરકોઈ પુરુષ પણ શત-પુષ્પા તથા શતાવરીનું સેવન કરવાથી ઉપર કહેલા ગુણોને પ્રાપ્ત કરે છે. ૧૦–૧૩

યથેષ્ટ ગુણોને કરનાર શતપુષ્પાનો પ્રયોગ

चूर्णितायाः पलशतं नवे भाण्डे निधापयेत् ।
तच्चूर्णं शतपुष्पायाः प्रातरुत्थाय जीर्णवान् ॥१४
पलार्धार्धं पलार्धं वा पलं वा सर्पिषा लिहेत् ।
शक्त्या वा तस्य जीर्णान्ते भुञ्जीत पयसौदनम् ॥
विस्रंसितोपचारं च विदध्यादत्र पण्डितः ।
उपयुक्ते पलशते यथेष्टांल्लभते सुतान् ॥ १६ ॥

૧૦૦ પલ (૪૦૦ તોલા) શતપુષ્પા–વરિયાળી કે સુવાના દાણા લઈ તેનું ચૂર્ણ કરી (માટીના) નવા વાસણમાં રાખી મૂકવું. તે ચૂર્ણમાંથી પા પલ–એક તોલો, અર્ધ પલ–બે તોલા કે એક પલ–ચાર તોલા અથવા પોતાની શક્તિ પ્રમાણે લઈ પ્રાતઃકાળે વહેલા ઊઠી, આગલા દિવસે ખાધેલો ખોરાક જો પચી ગયો હોય તો ઘીની સાથે જે માણસ દરરોજ ચાટે અને તે ચાટણ પચી ગયા પછી પોતાની શક્તિ પ્રમાણે દૂધ સાથે ભાતનું ભોજન કરે અને તે પીડિત મનુષ્ય, તે પ્રયોગ ચાલુ હોય ત્યાં સુધી વિસંસિત ઉપચારને જો સેવે એટલે કે જેણે વિરેચન લીધું હોય તેણે, જે ઉપચારો કે આહાર-વિહારો કે નિયમિત વર્તન કરવું જોઈએ, તે પ્રમાણે વર્તન કરે તો એ સો પલ શત-પુષ્પાનું સેવન સમાપ્ત થયા પછી તેના યથેષ્ટ સર્વ ગુણોને તે મેળવે છે. ૧૪–૧૬

શતપુષ્પાના પ્રયોગના વિશેષ ગુણો

अपि वन्ध्या च षण्ढा च सूयेते शतपुष्पया ।
युवा भवति वृद्धोऽपि बलवर्णौ लभेत च ॥१७
तेजसा चौजसा बुद्ध्या दीर्घायुष्केण मेधया ।
युज्यते प्रजया धृत्या वलीपलितवर्जितः ॥ १८ ॥

જે સ્ત્રી વંધ્યા હોય કે પંઢા–સ્ત્રીધર્મથી રહિત–નપુંસક હોય તે સ્ત્રી પણ ઉપર કહેલા શતપુષ્પાપ્રયોગના સેવનથી પુત્રસંતાનને પ્રસવે છે; અને વૃદ્ધ પુરુષ પણ યુવાન બને છે તેમ જ શરીરના ઉત્તમ બળ તથા વર્ણને મેળવે છે, એટલું જ નહિ, એ પ્રયોગનું સેવન કરનાર હરકોઈ મનુષ્ય વળિયાં–પળિયાં વગરનો થઈ તેજથી, ઓજસથી, બુદ્ધિથી, લાંબા આયુષથી બુદ્ધિની મેધા–ધારણશક્તિથી, પ્રજ્ઞાથી અને ધૈર્ય–બલથી યુક્ત થાય છે. ૧૭,૧૮

ઘી તથા મધ સાથે શતપુષ્પાના પ્રયોગનું ફળ

अतो बिडालपदकं लिह्यान्मधुघृताप्लुतम् ।
मेधावी शतपुष्पाया मासाच्छ्रुतधरो भवेत् ॥१९

જે માણસ (પ્રાતઃકાળ) ઉપર્યુક્ત શતપુષ્પાના ચૂર્ણનો એક તોલો યોગ્ય પ્રમાણમાં મધ અને ઘી સાથે મેળવી ચાટે તે એક મહિને શ્રુતધર–એટલે કે સાંભળેલું બરાબર ધારણ કરી શકવાની ધારણાશક્તિથી યુક્ત થાય છે. ૧૯

શતપુષ્પાનાં જુદાં જુદાં અનુપાનોથી જુદાં જુદાં ફળ

अग्निकामस्तु मधुना, रूपार्थी क्षीरसर्पिषा ।
बलकामस्तु तैलेन, प्लीहकी कटुतैलयुक् ॥ २० ॥
कामलापाण्डुशोथेषु महिषीक्षीरमूत्रवत् ।
गुल्मी चैरण्डतैलेन, कुष्ठी खदिरवारिणा ॥२१॥
शुष्कविण्मत्स्यवसया पिबेन्मांसरसेन वा ।
जीर्णमांसरसेनाद्यान्मुद्गमण्डेन कुष्ठिकः ॥ २२ ॥

શતપુષ્પાનું જઠરાગ્નિની વૃદ્ધિ માટે મધ સાથે સેવન કરવું. રૂપની ઇચ્છાવાળાએ દૂધ અને ઘી સાથે સેવન કરવું; બલવાન થવાની ઇચ્છાવાળાએ તલના તેલની સાથે સેવન કરવું; જેને બરોળનો રોગ થયો હોય તેણે સરસિયાની સાથે સેવન કરવું; જેને કમળો પાંડુરોગ કે સોજા આવ્યા હોય તેણે ભેંસના દૂધ સાથે અને ગોમૂત્ર સાથે સેવન કરવું; ગોળાના રોગીએ એરંડિયા તેલ સાથે સેવન કરવું; કોઢના રોગીએ બોરના ક્વાથ સાથે સેવન કરવું; જેની વિષ્ઠા સુકાઈ ગઈ હોય તેણે માછલાની ચરબીની સાથે કે માંસના રસની સાથે સેવવું; અને કોઢના રોગીએ જૂના માંસના રસની સાથે કે મગના ઓસામણ સાથે સેવવું. ૨૦–૨૨

શાસ્ત્રોક્ત ગુણો મેળવવા શતપુષ્પાતૈલયોગ

शतपुष्पापलशतं जलद्रोणेषु पञ्चसु ।
पादावशेषं निष्काथ्य पूतं भूयो विपाचयेत् ॥२३
धात्रीचिकित्सिते वर्गः सामान्यो य उदाहृतः ।
तैलाढकं पचेत्तेन शनैः क्षीरे चतुर्गुणे ॥ २४ ॥
तत् पक्वं नस्यपानाद्यस्नेहक्षीरबस्तिषु ।
प्रशस्तमृषिणा नित्यं यथोक्तगुणलब्धये ॥ २५ ॥

૧૦૦ પલ–૪૦૦ તોલા શતપુષ્પા–વરિયાળીને અધકચરી ખાંડી–કૂટીને તેનો પાંચ દ્રોણ–૧૨૦ તોલા પાણીમાં ક્વાથ કરવો; તે ક્વાથ એક ચતુર્થાંશ બાકી રહે ત્યારે તેને અગ્નિ પરથી નીચે ઉતારી લઈ વસ્ત્રથી ગાળીને તેમાં 'ધાત્રીચિકિત્સિત'માં કહેલાં સામાન્ય વર્ગનાં ઔષધો એક ચતુર્થાંશ નાખવાં અને એક આઢક–૨૫૬ તોલા તલનું તેલ તેમ જ એ તેલથી ચારગણું ૧૦૨૪ તોલા દૂધ નાખવું; પછી તે બધાંનો ધીમે ધીમે પાક કરવો. પ્રવાહી બળી જાય એટલે પક્વ થયેલા એ 'શતપુષ્પા' તેલને ગાળી લઈ રીઢા વાસણમાં ભરી રાખવું અને નસ્યકર્મ, પાન, સ્નેહન માલિસ તથા બસ્તિકર્મ આદિમાં તેનો પ્રયોગ કરવો. શાસ્ત્રમાં કહેલા ગુણો મેળવવા માટે કશ્યપ ઋષિએ કહેલ આ તેલનો પ્રયોગ શ્રેષ્ઠ છે. ૨૩–૨૫

શતાવરીપ્રયોગવિધિ પણ શતપુષ્પા પ્રમાણે જાણવી

य एवं शतपुष्पाया विधिर्दृष्टोऽत्र सर्वशः ।
स एवोक्तः शतावर्या घृतं पाके तु शस्यते ॥२६

શતપુષ્પાની જે પ્રયોગવિધિ શાસ્ત્રમાં કહેલી છે, તે જ સર્વ પ્રકારની વિધિ શતાવરીની પણ કહેલ છે; પરંતુ તેમાં એટલો તફાવત છે કે આ શતાવરીનો પાક ઘીમાં થાય છે; જ્યારે ઉપર કહેલ શતપુષ્પાનો પાક તેલમાં થાય છે. ૨૬

इति ह स्माह भगवान् कश्यपः ।

એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું.

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં કલ્પસ્થાન વિષે 'શતપુષ્પા-શતાવરીકલ્પ' નામનો અધ્યાય ૫ મો સમાપ્ત

(રેવતીકલ્પ : અધ્યાય) ૬

अथातो रेवतीकल्पं व्याख्यास्यामः ॥ १ ॥

इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી અમે 'રેવતીકલ્પ' નામના અધ્યાયનું વ્યાખ્યાન કરીશું એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું. ૧,૨

ઔષધીઓના આહારથી ક્ષુન્નિવૃત્તિ

प्रजापतिर्वै खलु ह स्मैक एवेदं सर्वमासीत् । स कालमेवाग्रेऽसृजत । ततो देवाँश्चासुराँश्च पितॄँश्च मनुष्याँश्च सप्त च ग्राम्यान् पशूनारण्यानोषधीश्च वनस्पतींश्च । अथो स प्रजापतिरैक्षत, ततः क्षुदजायत, सा क्षुत् प्रजापतिमेवाविवेश, सोऽग्लासीत्, तस्मात् क्षुधितो ग्लायतीति । स ओषधीः क्षुन्नतीघातमपश्यत् । स ओषधीरादत् । स ओषधीरुषित्वा क्षुधो व्यत्यमुच्यत । तस्मात् प्राणिन ओषधीरश्नित्वा क्षुधो व्यतिमुच्यन्ते । कर्मसु च युज्यन्ते ॥ ३ ॥

પૂર્વે આ બધું ખરેખર પ્રજાપતિ(બ્રહ્મા)-રૂપ જ હતું; તેમણે પ્રથમ કાળને જ સર્જ્યો હતો; અને તે પછી એ જ પ્રજાપતિએ દેવોને, અસુરોને, પિતૃઓને, મનુઓને, ગામમાં ઉત્પન્ન થતાં સાત પશુઓને, જંગલમાં થતાં પશુઓને, ઓષધીઓને તથા વનસ્પતિઓને સરજ્યાં હતાં; પછી તે પ્રજાપતિએ (ચોપાસ) જોયું હતું, તેથી તેમનામાં ભૂખ ઉત્પન્ન થઈ હતી. એ ક્ષુધાએ તે પ્રજાપતિમાં જ પ્રવેશ કર્યો હતો, તેથી તે ગ્લાનિ પામ્યા હતા; તે જ કારણે (આજે પણ) ભૂખ્યો થયેલો માણસ ગ્લાનિ પામે છે; પછી તેમણે ઓષધિઓને ક્ષુધાના પ્રતિકાર-રૂપે અથવા ભૂખને દૂર કરનારી તરીકે જોઈ હતી; તેથી તેમણે એ ઓષધિઓને ખાધી હતી; એમ ઓષધિઓને ખાઈને તે પ્રજાપતિ ભૂખથી રહિત થયા હતા. એ જ કારણે હમણાં પણ બધાં પ્રાણીઓ, ઓષધિઓને ખાઈને ભૂખથી રહિત થાય છે અને કાર્યોમાં જોડાય છે. ૩

વિવરણ : ઉપરના સૂત્રથી કાળનો મહિમા જ કહ્યો છે. અથર્વવેદના ૧૯મા કાંડમાં પણ કાળનો વિશેષ મહિમા વર્ણવ્યો છે; ત્યાં ૫૩-૫૪ સૂક્તોમાં કાલનો વિષય કહેવાયો છે અને તે સ્થળે કાળના સ્વ-રૂપનું થોડું વર્ણન કર્યું છે; એ સૂક્ત આ પ્રમાણે છે-કालो अश्वो वहति सप्तरश्मिः सहस्राक्षो अजरो भूरि-रेताः । तमारोहन्ति कवयो विपश्चितस्तस्य चक्रा भुव-नानि विश्वा ॥ सप्तचक्रान् वहति काल एष सप्तास्य नाभीरमृतं न्वक्षः । स इमा विश्वा भुवनान्यञ्जत्कालः स ईयते प्रथमो नु देवः ॥ पूर्णः कुम्भोऽधिकाल आहि-तस्तं वै पश्यामो बहुधा नु सन्तः । य इमा विश्वा भुवनानि प्रत्यङ्कालं तमाहुः परमे व्योमन् ॥ स एवं स भुवनान्यभरत्स एव स भुवनानि पर्येत् । पिता सन्नभवत्पुत्र एषां तस्माद्वै नान्यत्परमस्ति तेजः ॥ कालोऽभूं दिवमजनयत्काल इमाः पृथिवीरुत । काले ह भूतं भव्यं चेष्टितं ह वितिष्ठते ॥ कालो भूतिमसृजत काले तपति सूर्यः ॥ काले ह विश्वा भूतानि काले यक्षुर्विपश्यति । काले मनः काले प्राणः काले नाम समाहितम् । कालेन सर्वा नन्दयन्त्यागतेन प्रजा इमाः ॥ काले तपः, काले ज्येष्ठं काले ब्रह्म समाहितम् । काले ह सर्वस्येश्वरो, यः पितासीत् प्रजापतेः । तेनेषितं तेन जातं तदु तस्मिन् प्रतिष्ठितम् । कालो ह ब्रह्म भूत्वा बिभर्ति परमेष्ठिनम्, कालः प्रजा असृजत, कालो अग्रे प्रजापतिम् । स्वयंभूः कश्यपः कालात्, तपः कालादजायत ॥ કાળ-રૂપી અશ્વ આ બધું વહન કરે છે-સર્જે જાય છે, બધાને દોરે છે. તે અશ્વને સાત લગામો છે; એક હજાર નેત્રો છે; તે કાળરૂપી અશ્વ અજર છે-ઘડ-પણ વિનાનો હોઈ જીર્ણ થતો નથી; તેનામાં

સામર્થ્ય ઘણું છે; વિદ્વાન-જ્ઞાનીઓ તે કાળરૂપી અશ્વ પર સવારી કરે છે. તે કાળરૂપી એક રથ છે, બધાં વિશ્વો તેનાં પૈડાં છે; તે બીજાં સાત પૈડાંને વહન કરે છે. એ કાળરૂપી રથને સાત નાભિઓ છે; તે કાળરૂપી રથની ધરી અમૃત છે; એ કાળરૂપી રથ આ બધાંયે વિશ્વોમાં ગતિ કરી રહ્યો છે; એમ તે કાળ જઈ રહ્યો છે; તે જ કાળ પ્રથમ દેવ છે; તે કાળરૂપી રથમાં પૂર્ણ-કલશ સ્થપાયો છે; તેને અમે ઘણા પ્રકારે જોઈ રહ્યા છીએ; જે કાળ આ બધાંયે ભુવનો તરફ જઈ રહ્યો છે; એ કાળને જ જ્ઞાનીઓ પરમશ્રેષ્ઠ હૃદયરૂપી આકાશમાં રહેલો કહે છે; એમ તે કાળ ભુવનોનું ધારણ-પોષણ કરી રહ્યો છે; એમ તે કાળ એવો છે; તે જ ભુવનોની ચોપાસ જઈ રહ્યો છે; એ જ કાળ સર્વનો પિતા-પાલક-રક્ષક છે; એ જ કાળ આ ભુવનોનો પુત્ર છે-બધાંને 'પુત્' નામના નરકથી તારે છે; એ કારણે તે કાળથી શ્રેષ્ઠ બીજું કોઈ તેજ નથી. એ કાલે આ આકાશને અથવા સ્વર્ગને પણ ઉત્પન્ન કર્યું છે; એ કાળે જ આ જુદી જુદી પૃથ્વીઓને ઉત્પન્ન કરી છે. એ કાળમાં જ બધું ભૂતકાળનું તથા ભવિષ્યકાળનું ચેષ્ટિત રહ્યું છે; તે કાળે બધી સમૃદ્ધિ સરજી છે; તે કાલના કારણે સૂર્ય તપે છે; તે કાળના આધારે આ બધાં વિશ્વો ટકી રહ્યાં છે; એ કાળના નિમિત્તે અથવા તેના કારણે કે તેના લીધે જ ચક્ષુ-ઇન્દ્રિય જોઈ રહી છે; એ કાળ જ મનરૂપ છે; તે કાળના આધારે પ્રાણવાયુ રહ્યો છે; કાળના કારણે અથવા તે કાળમાં જ બધું સારી રીતે સ્થપાયું છે; તે કાળને લીધે આ બધી પ્રજાઓ આનંદ કરી રહી છે; એ કાળના આવવાથી આ પ્રજાઓ છે; એ કાળ જ બ્રહ્મ હોઈ પરમાત્મા છે; તે કાળમાં તપ રહ્યું છે; કાળમાં જ બધું સર્વ સારી રીતે સ્થપાયું છે; મોટામાં મોટું વિશ્વ રહ્યું છે; તે કાળમાં જ બ્રહ્મ-પરમેશ્વર સારી રીતે સ્થપાય છે; એ કાળ જ સર્વનો ઈશ્વર છે; પ્રજાપતિ-બ્રહ્માના પિતા તે જ કાલ છે; તે કાળથી બધું જઈ રહ્યું છે; તે કાળથી જ બધું ઉત્પન્ન થયું છે; તે કાળમાં જ બધું પ્રતિષ્ઠા પામ્યું છે-સ્થિતિ કરી રહ્યું છે. કાળ જ બ્રહ્મસ્વરૂપ પરમાત્મા હોઈને પરમેષ્ઠી-બ્રહ્મદેવનું પણ ધારણ-પોષણ કરે છે. તે કાળે આ પ્રજાઓને સરજી છે; એ કાળે જ સૌની આગળ પ્રથમ પ્રજાપતિને સરજ્યા છે; સ્વયંભૂ કશ્યપ ઋષિ તે કાળથી જન્મ્યા છે અને તે કાળમાંથી જ તપ ઉત્પન્ન થયું એમ અથર્વવેદના ૧૨ મા કાંડમાં કાળનો મહિમા જેમ વર્ણવ્યો છે. તે જ પ્રમાણે તે અથર્વવેદના ૧૯ મા કાંડમાં પણ ૫૩ મા સૂક્તમાં તે કાળનું આમ વર્ણન કર્યું છે-'कालादापः समभवन्. कालाद् ब्रह्म तपो दिशः । कालेनोदेति सूर्यः, काले निविशते पुनः । कालेन वातः पवते कालेन पृथिवी मही । द्यौर्मही काल आहिता, ॥ कालो ह भूतं भव्यं च, पुत्रो अजनयत् पुरा । कालाद् ऋचः समभवन्, यजुः कालादजायत । कालो यज्ञं समरयद्-देवेभ्यो भाग-मक्षतिम् । काले गन्धर्वाप्सरसः, काले लोकाः प्रतिष्ठिताः ॥ कालेऽयमङ्गिरा देवोऽथर्वा चाधितिष्ठतः ॥ इमं च लोकं परमं च लोकं पुण्यांश्च लोकानविधृतीश्च पुण्याः । सर्वाँल्लोकानभिजित्य ब्रह्मणा कालः स ईयते परमो नु देवः' ॥ કાળથી જળ ઉત્પન્ન થયું છે; કાળથી બ્રહ્મ, તપ તથા દિશાઓ ઉત્પન્ન થઈ છે; કાળને લીધે સૂર્ય ઉદય પામે છે અને યોગ્ય સમયે તે સૂર્ય અસ્ત પામે છે. કાળથી વાયુ બધું પવિત્ર કરે છે; કાળથી પૃથ્વી પૂજ્ય છે; આકાશ અને ભૂમિ કાળમાં સ્થપાયાં છે; ભૂતકાળનું તથા ભવિષ્યકાળનું બધું કાળસ્વરૂપ જ છે. પૂર્વે કાળે પોતાના પુત્ર-બ્રહ્માને ઉત્પન્ન કર્યા હતા; કાળથી ઋગ્વેદના મંત્રો તથા યજુર્વેદ ઉત્પન્ન થયેલ છે; કાળે યજ્ઞ કરવાની પ્રેરણા કરી હતી; કાળે જ દેવોને અક્ષય યજ્ઞભાગ આપ્યો હતો; ગંધર્વો તથા અપ્સરાઓ કાળના આધારે ટકી રહ્યાં છે; કાળમાં બધા લોકો પ્રતિષ્ઠા પામ્યા છે; આ અંગિરા દેવ તથા અથર્વા દેવ કાળના આધારે સ્થિતિ કરી રહ્યા છે; આ લોકને તથા પરમ-શ્રેષ્ઠ બીજા લોકને તેમ જ પવિત્ર બીજા લોકને અને પુણ્યકારક વિધૃતઓને પણ સર્વ બાજુથી જીતીને બ્રહ્મા વડે કાળને પ્રાપ્ત કરાય છે, તેથી પરમશ્રેષ્ઠ દેવ કાળ જ છે.' અહીં મૂળના આ ૩ જા

ત્રમાં 'सप्त पशून्' કાળે સાત પશુઓને ઉત્પન્ન

કર્યાં છે, એમ સાત પશુઓની ઉત્પત્તિ કહી છે; પરંતુ તે સાતની સંખ્યાને બદલે પાંચની સંખ્યા પણ મળે છે; જેમ કે અથર્વવેદમાં આવું વર્ણન મળે છે કે–પશુપતે નમસ્તે । તવેમે પઞ્ચ પશવો વિભક્તા ગાવો અશ્વાઃ પુરુષા અજાવયઃ ॥ હે પશુપતિ–શંકર ! તમને નમસ્કાર હો; આ પાંચ તમારાં પશુઓ વિભાગ પામ્યાં છે; જેમ કે ગાયો–બળદો, ઘોડા, પુરુષો તથા બકરાં અને ઘેટાં–એ પાંચ તમારાં પશુઓ છે' વળી અહીં જે ઓષધિઓ કહી છે, તેમાં આ અભિપ્રાય દર્શાવ્યો છે કે–ઘઉં, ચોખા, જવ, તલ તથા મગ વગેરે જે અનાજ પાકે છે, તે જ ફલપાક થયા સુધી ટકતાં હોઈને 'ઓષધ્યઃ ફલપાકાન્તાઃ' ॥ ફલપાક સુધી જે ટકે છે તેને ઔષધિરૂપે જણાવેલ છે; સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યું છે કે–ફલપાકનિષ્ઠા ઓષધયઃ'–ફળો પાકે ત્યાં સુધી જેઓ ટકે તે ઘઉં, જવ વગેરેના છોડવાઓને 'ઓષધિ' કહેવામાં આવે છે. બીજા પ્રકારે મનુસ્મૃતિમાં પણ આમ કહેવાયું છે કે–ઓષધ્યઃ ફલપાકાન્તાઃ બહુપુષ્પફલોપગાઃ'–ફળો પાકે ત્યાં સુધી જેઓ ટકે છે અને જેમાં પુષ્પોની તથા ફળોની ઉત્પત્તિ ઘણી જ થાય છે, તે 'ઓષધીઓ' કહેવાય છે. ૩

પ્રજાપતિની કાયમી તૃપ્તિ

સ પ્રજાપતિરગ્રીયમેવ રસમાસાં યસ્માદગ્રહીત્, તસ્માત્ સ તૃપ્ત એવ સ્યાત્। ઋજીષં પ્રાણિન ઓષધીનાં રસમશ્નન્તિ। તસ્માદહરહઃ ક્ષુધ્યન્તિ પ્રજાઃ ॥ ૪ ॥

તે પ્રજાપતિએ ઓષધીઓના મુખ્ય રસને ગ્રહણ કર્યો હતો, તેથી એ પ્રજાપતિ તૃપ્ત જ રહ્યા કરે છે; પરંતુ બીજાં બધાં પ્રાણીઓ તે ઓષધીઓ ઋજીષ* ભાગ–નીરસચૂર્ણ જ કાયમ ખાય છે, તેથી આ પ્રજાઓ હમેશાં ભૂખી થયા કરે છે. ૪

પ્રજાપતિનો કથા ચાલુ

પ્રજાપતિર્હ્યાસાં સારમઘસત્, સ પ્રજાપતિસ્તૃપ્તસ્તાં ક્ષુધં કાલે ન્યદધાત્। તતઃ સ કાલઃ ક્ષુધિતો દેવાઁશ્ચાસુરાઁશ્ચ પ્રાભક્ષયત ॥ ૫ ॥

પ્રજાપતિએ તે ઓષધીઓનો સાર ખાધો હતો અને પછી તેમણે તૃપ્ત થઈને તે ક્ષુધાને કાળ વિષે જ મૂકી દીધી હતી; પછી તે કાળે ક્ષુધાથી યુક્ત થઈ દેવોને તથા અસુરોને ખાવા માંડ્યા હતા. ૫

દેવો તથા અસુરો પ્રજાપતિના શરણે ગયા

તે દેવાશ્ચાસુરાશ્ચ કાલેન ભક્ષ્યમાણાઃ પ્રજાપતિમેવ શરણમીયુઃ। સ એભ્યોઽમૃતમાચખ્યૌ, તેઽમૃતં મમન્થુસ્તદભવદિતિ। કો ન્વિદમગ્રે ભક્ષયિષ્યતીતિ। તં દેવા એવાભક્ષયન્ત। તતો દેવા અજરાશ્ચામરાશ્ચાભવન્। તે દેવા અમૃતેન ક્ષુધં કાલં ચાનુદન્ત। સ કાલઃ પ્રતિનુન્ન ઇમાનિ ભૂતાનિ તસ્માદાદત્તે, તતો દેવાનસુરા અભ્યષજન્ત; તેઽન્યોઽન્યં યુયુધિરે। અથો દીર્ઘજિહ્વી નામાઽસુરકન્યા સા દેવસેનામક્ષિણોત્। તે દેવાઃ સ્કન્દમબ્રુવન્–દીર્ઘજિહ્વી નો બલં ક્ષિણોતિ, તાં શાધીતિ। સોઽબ્રવીત્–વરં વૃણુતેતિ, તે દેવા ૐ મિત્યૂચુઃ। સોઽબ્રવીત્–વસુષ્વેકો રુદ્રેષ્વેક આદિત્યેષ્વેકોઽહં સ્યામિતિ। તે દેવા ૐ મિત્યૂચુઃ; સ તથાઽભવત્। સોમો ધરોઽગ્નિર્માતરિશ્વા પ્રભાસઃ પ્રત્યૂષશ્ચૈતે પુરા સપ્ત વસવ આસન્, તેષામષ્ટમો ધ્રુવો નામાભવત્, ધ્રુવો ભવત્યેષુ લોકેષુ ય એવં વેદ। અજ એકપાદહિર્બ્ધ્નો હરો વૈશ્વાનરો બહુરૂપસ્ત્ર્યમ્બકો વિશ્વરૂપઃ સ્થાણુઃ શિવો રુદ્ર ઇત્યેતે પુરા દશ રુદ્રા આસન્, તેષાં ગુહ એકાદશોઽભવચ્છઙ્કરો નામ; સમ એષુ લોકેષ્વસ્ય ભવતિ (ય એવં વેદ)। ઇન્દ્રો ભગઃ પૂષાઽર્યમા મિત્રાવરુણૌ ધાતા વિવસ્વાનંશો ભાસ્કરસ્ત્વષ્ટા વિષ્ણુરિતિ દ્વાદશ પુરા આદિત્યા આસન્। તેષાં ત્રયોદશો ગુહોઽભવદ્બૃહસ્પતિર્નામ, તસ્યૈષ ત્રયોદશો માસોઽધિકસ્તસ્માત્તત્ર તપતિ મુચ્યતે સર્વેભ્યોઽર્તિભ્યો ય એવં વેદ। તસ્માત્ સર્વેષુ લોકેષુ

* આ 'ઋજીષ' શબ્દનો અર્થ કોઈ પણ વસ્તુમાંથી સાર ભાગ લઈ લીધા પછી બાકી રહેલ નીરસ ચૂર્ણ કે નીરસ ભાગ એવો થાય છે; આ સંબંધે 'વેદદીપ' નામના ગ્રંથમાં પણ આમ કહ્યું છે કે, 'ઋજીષં નીરસં સોમલતાચૂર્ણમ્'–નીરસ સોમવેલીનું ચૂર્ણ 'ઋજીષ' કહેવાય છે. આમાં સોમપદ ઉપલક્ષણ હોઈ કોઈ કોઈ નીરસ ભાગને સૂચવે છે.

सर्वेषु छन्दःसु सर्वासु देवतासु स्कन्दो राजाऽधिपतिरित्युच्यते । तस्मै नमो नम इत्युक्त्वा सर्वानर्थानारभेत, सिध्यन्ति, य एवं वेद ॥ ६ ॥

એમ તે દેવો તથા અસુરોને કાળે ખાવા માંડ્યા હતા, ત્યારે તેઓ પ્રજાપતિના શરણે ગયા હતા, તેથી એ પ્રજાપતિએ તેઓને અમૃત મેળવવા કહ્યું હતું; પછી તેઓએ અમૃત મથ્યું હતું; એમ તે અમૃત ઉત્પન્ન થયું હતું; તે વેળા તેઓએ આ અમૃતને કોની પહેલાં કોણ ખાશે ? એમ અન્યોન્ય કહ્યું હતું અને પછી તે અમૃતને દેવો જ ખાઈ ગયા હતા, તેથી દેવો અજર અને અમર થયા છે, એમ દેવોએ તે અમૃત વડે ક્ષુધાને તથા કાળને પણ મટાડ્યાં હતાં—પોતાનાથી દૂર કર્યાં હતાં; એમ તે કાળને દેવોએ હાંકી કાઢ્યો, તેથી આ ભૂત—પ્રાણીઓને તે ગ્રહણ કરે છે; પછી અસુરો તે દેવોની સામે ધસી ગયા હતા, તેથી તે દેવો અને અસુરો સામસામા યુદ્ધ કરવા લાગ્યા પછી 'દીર્ઘજિહ્વી' નામની એક પ્રસિદ્ધ અસુરકન્યાએ દેવોની સેનાનો સંહાર કરવા માંડ્યો તે જોઈ એ દેવોએ સ્કંદ—કાર્તિકેયને આમ કહ્યું 'આ દીર્ઘજિહ્વી અસુરકન્યા અમારા સૈન્યનો નાશ કરી રહી છે, માટે તમે તેને શિક્ષા કરો.' તે સાંભળી એ કાર્તિકેયે દેવોને આમ કહ્યું કે, 'તમે મને વરદાન આપો' ત્યારે તે દેવોએ 'ॐ इति'—બહુ સારું એમ કહ્યું. પછી તે કાર્તિકેયે એ દેવો પ્રત્યે આમ વરદાન માગ્યાં કે, 'હું વસુઓમાં એક વસુ થાઉં, રુદ્રોમાં એક રુદ્ર થાઉં અને આદિત્યોમાં એક આદિત્ય થાઉં.' પછી દેવોએ 'ॐ इति'—ભલે તેમ થાઓ' એમ કહ્યું. તેથી એ કાર્તિકેય એ પ્રમાણે થયા એટલે કે વસુઓમાં, રુદ્રોમાં તથા આદિત્યોમાં પોતે એક એક થયા. તેમાંના વસુઓ આ નામે પ્રસિદ્ધ છે—સોમધર, અગ્નિ, માતરિશ્વા, પ્રભાસ અને પ્રત્યૂષ—એ નામે સાત વસુઓ પહેલાં હતા, તેઓમાં આઠમા 'ધ્રુવ' નામના વસુ કાર્તિકેય થયા હતા; એમ જે માણસ જાણે છે, તે આ લોકમાં 'ધ્રુવ'—કોઈથી ન ડગે તેવો થાય છે. વળી અજ, એકપાદ, અહિર્બુધ્ન, હર, વૈશ્વાનર, બહુરૂપ, ત્ર્યંબક, વિશ્વરૂપ, સ્થાણુ, અને શિવ એ નામે દશ રુદ્રો પહેલાં હતા, તેઓમાં કાર્તિકેય 'શંકર' નામે અગિયારમા રુદ્ર થયા હતા.' એમ જે માણસ જાણે છે તે આ લોકમાં 'શંકર' એટલે સર્વનું કલ્યાણ કરનાર થાય છે; તે જ પ્રમાણે ઇંદ્ર, ભગ, પૂષા, અર્યમા, મિત્રાવરુણ, ધાતા, વિવસ્વાન, અંશ, ભાસ્કર, ત્વષ્ટા અને વિષ્ણુ—એમ બાર આદિત્યો પહેલાં હતા; તેઓમાં કાર્તિકેય, 'અહસ્પતિ' નામના ૧૩મા આદિત્ય થયા હતા; એ જ 'અહસ્પતિ' નામના ૧૩મા આદિત્યનો 'અધિક માસ' નામનો ૧૩મો મહિનો અધિક તરીકે 'દરેક ત્રીજા વર્ષે' આવે છે. એમ જે માણસ જાણે છે, તે આ લોકમાં બધા કરતાં અધિક પ્રતાપી થાય છે અને બધી પીડાથી મુક્ત થાય છે. અને તે જ કારણે એ કાર્તિકેય પણ બધા લોકમાં, બધા છંદો કે વેદોમાં તથા બધા દેવોમાં રાજા અને અધિપતિ છે, એમ કહેવાય છે; માટે 'तस्मै नमो नमः તે કાર્તિકેયને નમસ્કાર હો, નમસ્કાર હો' એમ ઉચ્ચારીને જ માણસે બધાં કાર્યોની શરૂઆત કરવી, જેથી તેનાં એ બધાં કાર્યો સફળ થાય છે. એમ જે જાણે છે, તે માણસ પણ આ લોકમાં બધાં કાર્યોમાં સફળ થાય છે. ૬

કાર્તિકેયે રેવતીને મોકલી દેવસેનાને બચાવી

अथो स दीर्घजिह्वयै रेवतीमेव प्राहिणोत् । सा शालावृकी भूत्वाऽसुरसेनामभ्यवर्तत । अथो दीर्घजिह्वीमेवाग्रेऽभक्षयत् । तां हत्वा शकुनिर्भूत्वा सोल्का सविद्युत्साऽश्मवर्षा सर्वप्रहरणवर्षिणी

बहुरूपाऽसुरानभ्यजयत्तेऽसुरा वध्यमाना बहुरूपया गर्भानीयुर्मानुषीणां चामानुषीणां च। अथो रेवती तानसुरान् गर्भेष्वपश्यत् मानुषीणां चामानुषीणां च। तत एनानवधीज्जातहारिणी भूत्वा। तस्माज्जातहारिणी पुष्पं हन्ति वपुश्च हन्ति गर्भांश्च हन्ति जातांश्च हन्ति जायमानांश्च जनिष्यमाणांश्च हन्ति, यद्भवत्यासुरमधार्मिकाणामपत्यमधर्मोपहतं विशेषेण। सैषा वृद्धजीवक। रेवती बहुरूपा जातहारिणी पिलिपिच्छिकेति चोच्यते, रौद्रीति चोच्यते, वारुणीति चोच्यते। सैषा स्कन्दवराज्ञया सर्वजातिषु भूता याऽधार्मिकाणि मूढयत्यसतां विच्छेदाय। वृद्धजीवक! तस्यास्तु निदानं चागमनं च पूर्वरूपं च निवर्तनं च भेषजं चोपदेक्ष्यामः। कस्मात्, संस(र्जने) ह्येषामासुराणामसतां सन्तोऽपि वध्यन्ते। संसर्गे हि जातहारिणी दिव्येन चक्षुषा दृश्यते। तस्यास्तु धर्म एव निवृत्तिकारणमुक्तमिति ॥ ७ ॥

પછી તે કાર્તિકેયે પેલી 'દીર્ઘજિહ્વી' નામની અસુરકન્યા સામે 'રેવતી' નામની બાલગ્રહ દેવીને મોકલી હતી, તે વખતે એ રેવતી 'શાલાવૃકી'-ગીધપક્ષિણી કે જંગલી બિલાડીનું રૂપ ધારણ કરી અસુરોની સેના સામે ધસી ગઈ હતી અને પેલી 'દીર્ઘજિહ્વી' નામની અસુરકન્યાને સૌની પહેલાં ખાઈ ગઈ હતી, એમ તે અસુરકન્યાનો નાશ કર્યા પછી તે રેવતી 'શકુનિ' પક્ષિણી સ્વરૂપે થઈને ઊલ્કા-ઊંબાડિયું ધારણ કરી વીજળીથી યુક્ત થઈ પથ્થરોનો વરસાદ વરસાવવા લાગી હતી; તેમ જ બધી જાતનાં હથિયારોને ફેંકતી હોઈને અનેક સ્વરૂપે થઈ હતી અને એમ કરીને તેણે અસુરોને ભગાડી મૂક્યા હતા; એમ તે અસુરોને રેવતીદેવીએ અનેક રૂપો ધારણ કરી મારવા માંડ્યા, ત્યારે તેઓ મનુષ્યજાતિની તથા મનુષ્યથી ભિન્ન જાતિની સ્ત્રીઓના ગર્ભોમાં પહોંચી ગયા. પછી રેવતીએ તે અસુરોને તે તે મનુષ્યસ્ત્રીઓ તથા મનુષ્યથી ભિન્ન જાતિની સ્ત્રીઓના ગર્ભમાં રહેલા જોયા હતા, તેથી એ રેવતીએ જાતહારિણી એટલે કે જન્મેલાં તથા નહિ જન્મેલાં બાળકોને હરી જતી દેવીનું સ્વરૂપ ધારણ કરીને તે અસુરોને મારી નાખ્યા હતા તે દિવસથી માંડી એ જાતહારિણીદેવી સ્ત્રીના પુષ્પ-આર્તવનો નાશ કરે છે, ગર્ભાશયમાં રહેલા બાળકના શરીરનો નાશ કરે છે; ગર્ભોનો નાશ કરે છે, તરતમાં જન્મેલાં બાળકોનો નાશ કરે છે, જન્મ પામતાં બાળકોનો નાશ કરે છે અને ભવિષ્યમાં જન્મ પામનારાંનો પણ નાશ કરે છે અને તેમાં પણ જે સંતાન આસુરી હોય, અધાર્મિક લોકોનું હોય અને અધર્મના કારણે વિકાસ પામ્યું હોય તેનો તે ખાસ નાશ કરે છે. હે વૃદ્ધજીવક! એમ તે રેવતી અનેક રૂપોવાળી-જાતહારિણી-જન્મેલાંને હરનારી હોઈને 'પિલિપિચ્છિકા' એ નામે પણ કહેવાય છે; તેમ જ 'રૌદ્રી' કહેવાય છે અને 'વારુણી' એ નામે પણ કહેવાય છે. વળી તે રેવતી પોતાના વર-સ્કંદ-કાર્તિકેયની આજ્ઞાથી સર્વ જાતિઓમાં ઉત્પન્ન થયેલી છે અને દુર્જન લોકોનો વિનાશ કરવા માટે અધાર્મિક લોકોને મૂઢ બનાવે છે. હે વૃદ્ધજીવક! તે રેવતીનું નિદાન, આગમન-આવવું, પૂર્વરૂપ, અટકવું તથા ચિકિત્સિતનો હવે અમે ઉપદેશ કરીશું; કારણ કે દુષ્ટ રેવતીરૂપ બાલગ્રહનું સંસર્જન એટલે વળગાડ થાય તો સજ્જનો પણ માર્યા જાય છે; એ રેવતીનો વળગાડ થાય ત્યારે 'જાતહારિણી'ના રૂપે દિવ્ય દૃષ્ટિથી દેખાય છે, તેને દૂર કરવામાં કેવળ ધર્મને જ કારણ કહ્યો છે. ૭

જાતહારિણી રેવતી અસાધ્ય ક્યારે બને?

अथ खलु या स्त्री त्यक्तधर्ममङ्गलाचारशौचदेवक्रिया देवगोब्राह्मणगुरुवृद्धसद्द्वेषिणी दुराचाराऽहङ्कृताऽनवस्थिता वैरकलिमांसहिंसानिद्रामैथुनप्रियाचण्डाऽरुन्तुदा दन्दशूका वावगतसाध्वसाऽथोऽकस्मात्प्रहसनाऽथोऽ-

कस्मात्प्ररोदनाऽथोऽकस्माच्छोचनाऽनृतवादिनी घस्मराऽथो आहुः सर्वाशिनी स्वमतकारिणी पथ्यवचनभोजनत्यागिनी भृशमश्रद्दधाना परविजातापहिंसिका स्वार्थपरा परार्थविलम्बिनी प्रतीपा भर्तरि, पुत्रेषु च निःस्नेहा, तैश्च नित्यशपथा, स्वश्वशुरननन्दादेवरानृत्विजमन्यान् वा तत्स्थानीयान्महतो वाऽवमन्यते तथैनान्मन्युना निर्दहन्त्यभिशपन्ति वा, सपत्नीं वा दुःशीला पापचक्षुरभिध्यायति, मन्त्रासदौषधकर्मभिर्वैनामभिचरति, मूध्नि चाभिहन्ति बालं, न चैषां सुखदुःखज्ञा भवति, मित्रद्रोहिणी ह्यमङ्गलवादिनी शान्तिहोमजपदानबलिकर्मस्वस्त्ययनावष्ठीवनपरिचुम्बनपरिष्वजनपरिवर्जिता स्थानेष्वपि भवति; तस्या एभिः कर्मभिरन्यैश्चाशुभैः पूर्वकैश्चेह कृतैरतिपानभोजनस्वप्नव्यायामसेवनैश्च छिद्रेष्वेतेष्वधर्मद्वारेषु जातहारिणी सज्जते। अथो पतिरस्या एवंशीलो भवति। तयोरसाध्यां जातहारिणीं विद्यात्। अथो दम्पत्योः—रेकतरोऽधार्मिको भवति कृच्छ्रा भवति। उभयोस्तु धार्मिकयोरार्जवयोरनभिमानिकयोररोगयोश्च प्रजा वर्धते। यदा वा स्त्री प्रथमगर्भिणी म्रियमाणापत्याभिरालिभिर्वाऽन्याभिरचौक्षाभिरशुभाभिरसतीभिरमानुषपरिगृहीताभिर्जातहारिणीसक्ताभिर्वा संयोगमुपैति, सह भुङ्क्ते, सह स्नाति, वस्त्रालङ्कारं वाऽऽददाति, तासां स्नानमूत्रबलिभूमीराक्रामति, विशेषादार्तवोपहतानि चैतानि केशलोमनखोद्वर्तनकजीर्णवस्त्रावकर्तनान्याक्रामति, भोजनशेषं पानशेषमौषधशेषं गन्धशेषं पुष्पशेषं जीर्णपानहौ वा दधाति, तदा जातहारिणी सज्जते। यदा चैनां प्रथमगर्भिणीं वा दर्शनीयां वपुष्मतीमरोगां पीनश्रोणिपयोधरोरुबाहुवदनामभिजायमानसौभाग्यां सुकेशीं विशालरक्तान्तलोचनामभिवर्धमानलोमराजिं स्निग्धकरचरणनखदन्तित्वचमतिसुकुमारीमक्लेशसहामनायासपरमां कालयोगादभिवर्धमानगर्भामुपचीयमानवपुषमाप्यायमानपयसं स्त्रियं गर्भिणीं दृष्ट्वा दुरात्मानोऽन्वीक्षन्ते न चास्याः शान्तिकर्म क्रियते तदाऽस्या जातहारिणा सज्जते। एतस्मात् कारणात् पुत्रीया काम्येष्टिरहन्यहन्युक्ता, सा ह्यस्याः पापं शयमति तस्माज्जनन्याऽपि सह भोक्तुं नार्हति गर्भिणी ॥ ८ ॥

હવે જે સ્ત્રી, અરેઅર ધર્મને ત્યજી દેતી હોય; મંગલ આચારો, શૌચ–પવિત્રતા અને દેવક્રિયાથી રહિત હોય; જે સ્ત્રી દેવોનો, ગાયોનો, બ્રાહ્મણોનો, ગુરુઓ–વડીલોનો, વૃદ્ધોનો તથા સજ્જનોનો દ્વેષ કરવાના સ્વભાવવાળી હોય, દુરાચારિણી તથા અહંકારિણી હોય, અસ્થિર સ્વભાવની હોય; વેર, કજિયા, માંસ, હિંસા, નિદ્રા તથા મૈથુન જેને પ્રિય હોય; ઉગ્ર સ્વભાવની હોઈ મર્મભાગોને પીડતી હોય, સર્પ જેવા સ્વભાવની હોય, બહુ જ બકવાદો કર્યા કરતી હોય, કોઈથી પણ ભય પામતી ન હોય, અકસ્માત્ હસતી હોય, અકસ્માત્ ખૂબ રડતી હોય, અકસ્માત્ શોક કર્યા કરતી હોય, અસત્ય બોલવાનો સ્વભાવ ધરાવતી હોય, વધુ પ્રમાણમાં જે ખાધા કરતી હોય, હરકોઈ પદાર્થને આવા ટેવાયેલી હોય, પોતાના જ મત પ્રમાણે કર્યા કરતી હોય, હિતકારી વચન તથા ભોજન ત્યજી દેતી હોય, અતિશય અશ્રદ્ધાળુ હોય, પારકાં સંતાનોની ખૂબ હિંસા કરતી હોય, સ્વાર્થમાં તત્પર રહેતી હોય, બીજાઓના કામમાં વિલંબ કરતી હોય, પોતાના પતિ તરફ વિરુદ્ધ વર્તન કરતી હોય, સંતાનો પર સ્નેહરહિત હોય, સંતાનો વડે કાયમ સોગંદ ખાતી હોય; સસરા, નણંદ, દિયર, યાજ્ઞિક બ્રાહ્મણ અને તે સિવાયના બીજા–જેઓ તેમનું સ્થાન ધરાવતા હોઈને મોટા હોય તેઓનું જે અપમાન કરે; તેમ જ એવા પૂજ્યોને ક્રોધથી જે બાળ્યા કરતી હોય અને તેઓને ગાળો દેતી હોય, શોકયને ગાળો દેતી હોય, દુષ્ટ સ્વભાવની કે દુરાચારિણી હોય, પાપી દૃષ્ટિવાળી હોઈ અરાબ વિચારો કર્યા કરતી હોય, મંત્રો, દુષ્ટ કર્મો અને દુષ્ટ

ઔષધો વડે એ શોકયના તરફ અભિચાર કર્મો–કામણટૂમણ કર્યા કરતી હોય; પોતાના બાળકને માથા ઉપર મારતી હોય, એ બાળકોનાં સુખદુઃખને જે જાણતી ન હોય; મિત્રોનો દ્રોહ કરતી હોય, અમંગલ બોલ્યા કરવાના સ્વભાવવાળી હોય; શાંતિકર્મ, હોમ, જપ, દાન, બલિકર્મ, સ્વસ્તિવાચન, નીચે થૂંકવું, ચુંબન કરવું અને ભેટવું એ કર્મથી રહિત હોય, તેવી સ્ત્રીનાં એ નિંદ્ય કર્મોથી અને આ લોકમાં તથા પૂર્વજન્મમાં તેણે જે બીજાં અશુભ કર્મો કર્યાં હોય તેથી તેમ જ અતિશય મદ્યપાન. ભોજન, સ્વપ્ન–નિદ્રા તથા વ્યાયામ–શારીરશ્રમ વધુ સેવ્યાં હોય અને બીજાં પણ અધર્મનાં દ્વારો હોય, તે કારણે જાતહારિણી–રેવતી, એ ઉપર કહેલા સ્વભાવની દુષ્ટ સ્ત્રીઓને વળગે છે; વળી તેવી દુષ્ટ સ્ત્રીનો પતિ પણ જો એવો જ દુષ્ટ હોય તો એ બેય સ્ત્રીપુરુષને જાતહારિણી જે વળગે છે, તેને અસાધ્ય જાણવી.

પરંતુ એ દંપતી–સ્ત્રીપુરુષોમાંથી જો એક જ અધાર્મિક હોય તો એ જાતહારિણી ઓછું દુઃખ આપે છે અને ઉપાયોથી ઘણી મુશ્કેલીએ પણ સાધ્ય–કૃચ્છ્રસાધ્ય બને છે; પણ જે પતિ–પત્ની જો સરળ સ્વભાવનાં, ધાર્મિક તથા અભિમાનથી રહિત હોય તો તે બન્ને જણ નીરોગી રહે છે અને તેઓની પ્રજા પણ વધે છે. વળી જે સ્ત્રીને પ્રથમ જ ગર્ભ રહ્યો હોય, તે કાળે જેઓનાં સંતાનો મરી જતાં હોય એવી સખીઓ કે બહેનપણીઓ, જેઓ શુદ્ધ ન હોય અશુભ તથા વ્યભિચારિણી હોય અને જેઓને મનુષ્યો સિવાયના ભૂત–પ્રેત આદિના વળગાડ હોય અથવા જાતહારિણી–રેવતી દેવી જેઓને વળગી હોય, તેઓની સાથે જે સમાગમને પામે છે, તેઓની સાથે જે જમે છે, તેમની સાથે જે સ્નાન કરે છે; તેઓનાં વસ્ત્રો કે અલંકારોને જે ગ્રહણ કરે છે અથવા તેઓને પોતાનાં વસ્ત્રો કે અલંકારોને જે આપે છે; તેમ જ એવી વળગાડવાળી સ્ત્રીઓનાં સ્નાનની, મૂત્રની કે બલિદાનની ભૂમિને જે (પ્રથમ સગર્ભા થયેલી) સ્ત્રી જો ઓળંગે, ઉપરાંત એવી સ્ત્રીઓના આર્તવથી ખરડાયેલા વાળ, રુવાંટાં, નખો, ઉદ્વર્તન–ઉબટણ કે જૂનાં કપડાંના ટુકડાઓને જે ઓળંગે અથવા એવી વળગાડવાળી સ્ત્રીઓનાં ઉચ્છિષ્ટ અન્નપાન, ઉચ્છિષ્ટ ઔષધ કે ઉચ્છિષ્ટ ઔષધશેષ કે ચંદન–વિલેપન, ધારણ કરેલ પુષ્પોનું ઉચ્છિષ્ટ અથવા તેવી મલિન સ્ત્રીઓનાં જૂનાં જૂતાંને તે–પ્રથમ ગર્ભિણી ધારણ કરે તો એ સ્ત્રીને પણ જાતહારિણી–રેવતી વળગે છે.

અથવા જ્યારે એ પ્રથમ ગર્ભિણી થયેલી સ્ત્રી દેખાવડી હોય, પુષ્ટ શરીરવાળી, નીરોગી; પુષ્ટ કેડ, સ્તન, સાથળો, બાહુઓ તથા મુખવાળી હોય, પ્રતિદિન થતા સૌભાગ્યથી યુક્ત હોય; સુંદર કેશવાળી, વિશાળ અને રાતાં નેત્રવાળી હોય, જેના પેટ કે નાભિ ઉપરની રુવાંટાંની પંક્તિ ચોપાસ વધી રહી હોય, જેના હાથ, પગ, નખ, દૃષ્ટિ અને ચામડી ચળકતી હોય; જે અતિશય કોમળ હોય, ક્લેશ કે પરિશ્રમને જે સહન કરી શકતી ન હોય; આરામ કરવામાં જે તત્પર રહેતી હોય, કાળના યોગથી જેણીનો ગર્ભ વધ્યા કરતો હોય, જેનું શરીર એ ગર્ભકાળને લીધે પુષ્ટ થયા કરતું હોય અને જેણીનું ધાવણ પણ સ્તનમાં વધ્યા કરતું હોય, એવી તે પ્રથમની સગર્ભા સ્ત્રીને જોઈને દુષ્ટાત્મા લોકો તેના તરફ વારંવાર જોયા કરે છે એટલે કે કુદૃષ્ટિથી તેને જુએ છે–તેના પર નજર નાખ્યા કરે છે, એટલે જો તેનું શાંતિકર્મ જો ન કરાય તો યે જાતહારિણી–રેવતી એ સગર્ભા સ્ત્રીને વળગે છે, એ કારણે જ પુત્રને મેળવી આપનારું 'કામ્યેષ્ટિ' નામનું સકામ યજ્ઞકર્મ હંમેશાં કરવાનું કહેલ છે, કારણ કે તે 'પુત્રીયા કામ્યેષ્ટિ'

એ સગર્ભા સ્ત્રીનાં પાપને શમાવે છે. એથી તે ઉપર્યુક્ત (દૃષ્ટિદોષ આદિ ન લાગે તે) કારણે એવી પ્રથમ સગર્ભા થયેલી સ્ત્રી પોતાની માતાની સાથે પણ ભોજન કરે તે યોગ્ય નથી. ૮

જાતહારિણી–રેવતી વળગે નહિ એ માટે સાવધાન રહેવા સૂચન

વિશેષાત્ પ્રથમે ગર્ભે પ્રમાદં ચાત્ર વર્જયેત્ ।
બહુયાજ્યસ્ય વિપ્રસ્ય સંપ્રસક્તસ્ય યાજને ॥ ૯ ॥
વિદુષોઽપિ સ્વદોષેણ સજ્જતે જાતહારિણી ।
આક્ષેપ્તા યશ્ચ વાદેષુ દામ્ભિકોઽહઙ્કૃતશ્ચ યઃ ॥
સર્વે તે જાતહારિણ્યા ભક્ષ્યભૂતાઃ સયાજકાઃ ।

સ્ત્રીને જ્યારે પ્રથમ ગર્ભ રહે ત્યારે તેણે અવશ્ય પ્રમાદ છોડવો–ખૂબ સાવધ રહેવું–કોઈ પણ ભૂલ ન થાય તે માટે કાળજી રાખવી; (નહિ તો જાતહારિણી વળગે છે;) કોઈ વિદ્વાન યાજ્ઞિક બ્રાહ્મણ, ઘણા યજ્ઞોને પોતે કરતો હોય તેમ જ બીજાઓને યજ્ઞો કરાવવા ખૂબ આસક્ત રહેતો હોય, તે પણ કોઈ દોષ કરે, ભૂલે કે ચૂકે તો પોતાના એ દોષના કારણે જાતહારિણી–રેવતી તેને વળગે છે; તેમ જ જે માણસ કોઈ પણ વિવાદમાં કોઈનો તિરસ્કાર કરે, વળી જે માણસ દંભ કે ઢોંગ કરવા ટેવાયેલો હોય અને જે અહંકારી હોય, તેઓ બધાય જાતહારિણી–રેવતીના ભક્ષ્યરૂપ થાય છે; એટલે કે યાજકો કે યાજ્ઞિક બ્રાહ્મણો સહિત તે બધાયને જાતહારિણી–રેવતી વળગે જ છે. ૯,૧૦

રેવતીના વળગાડના બીજા ખાસ પ્રસંગો

રાત્રૌ યદાઽઽગતો માર્গાત્ પતિઃ પાંસુલપાદકઃ ॥
સ્પૃશેદ્વા તૌ વા ગર્ભે વા તદાઽઽવિશતિ રેવતી ।

જે કાળે કોઈ રાત્રિના સમયે, કોઈ સ્ત્રીનો પતિ, માર્ગે ચાલીને આવ્યો હોય કે કોઈ સન્માર્ગથી ભ્રષ્ટ થઈને ઘેર આવ્યો હોય, તે કાળે ધૂળવાળા પગ હોય છતાં સ્ત્રી સાથે મૈથુન કરે અથવા સ્ત્રીના ઋતુકાળમાં એ સ્ત્રી સાથે જે મૈથુન કરે અથવા જે સ્ત્રીને ગર્ભ રહ્યો હોય તે કાળે પણ જે પુરુષ મૈથુન કરે, તે સમયે પણ રેવતી એ પુરુષને (તથા સ્ત્રીને પણ) વળગે છે. ૧૧

જાતહારિણીના વળગાડનો બીજો એક પ્રસંગ

ગૃહીતાં જાતહારિણ્યા સેવિત્વા યઃ સ્ત્રિયં પતિઃ ॥
ભાર્યામુપૈતિ તત્કાલં સજ્જતે જાતહારિણી ।

જે પુરુષ કોઈ પરસ્ત્રીને જાતહારિણી વળગી હોય, તેને સેવીને કે તેની સાથે મૈથુન કરીને પોતાની પત્ની પાસે મૈથુન કરવા જાય, તે કાળે પણ જાતહારિણી, એ પુરુષને (તથા તેની પત્નીને પણ) વળગે છે. ૧૨

રેવતીના વસવાટવાળા ઘરમાં ન રહેવાય

ગૃહીતં જાતહારિણ્યા ગૃહં નિત્યં ચ વર્જયેત્ ॥૧૩
આદદાનં ગૃહાદ્ યત્કિઞ્ચિદ્ગૃહ્ણીતે જાતહારિણી ।

જે ઘરને જાતહારિણી–રેવતીએ ગ્રહણ કર્યું હોય કે તેમાં આવીને તેણે જો વાસ કર્યો હોય તો એ ઘરનો કાયમ ત્યાગ કરવો; વળી એ ઘરમાંથી કોઈ જો કંઈ ગ્રહણ કરે તોયે જાતહારિણી તેને વળગે છે. ૧૩

ગોવાળ તથા બીજા પશુપાલકોની સંતતિનો જાતહારિણી નાશ કરે છે

વધમેદાઙ્ગકરણૈર્ગવાં બન્ધનદોહનૈઃ ॥ ૧૪ ॥
ગોપાલસ્ય પ્રજા હન્તિ ગોમાતા જાતહારિણી ।
મહિષ્યુષ્ટ્રાજપાલાનામેવમેવ પ્રજાક્ષયમ્ ॥ ૧૫ ॥
કરોત્યધર્મસંજાતા પ્રસક્તા જાતહારિણી ।

જાતહારિણી–રેવતી, ગાયોની તથા બળદોની પણ માતા છે, તેથી જે ગોવાળ ગાયો કે બળદોને મારે કે તેઓનાં અંગોને ભેદે કે ઘાયલ કરે, તેઓને વિના કારણ બાંધે અથવા તેમની ઇચ્છા વિરુદ્ધ તેઓને જો દોહી લે, તો જાતહારિણી–રેવતી, એ ગોવાળનાં સંતાનોનો નાશ કરે છે; એ જ પ્રમાણે જેઓ ભેંસોને, ઊંટડીઓને કે બકરીઓને પાળીને તેમને ઉપર જણાવ્યા પ્રમાણે દુઃખ આપે છે, તેઓની પ્રજાનો કે સંતતિનો પણ અધર્મથી ઉત્પન્ન થયેલી જાતહારિણી–રેવતી

વળગીને નાશ કરે છે. ૧૪,૧૫

બ્રાહ્મણનું ધન ચોરનાર તથા બીજા ચોર-ડાકુ વગેરેની પ્રજાનો પણ રેવતી નાશ કરે

ब्रह्मस्वहारिणां लोके विषमाणां दुरात्मनाम् ॥१६॥
तस्कराणां शठानां च प्रजा हन्युग्ररेवती ।

આ લોકમાં જે લોકો બ્રાહ્મણોનું ધન હરી લે છે, વળી જે દુષ્ટાત્મા લોકો આ લોકમાં અન્યાયને માર્ગે જાય છે; તેમ જ જેઓ ચોર-લૂટારુ તથા શઠ-લુચ્ચા કે ધુતારા હોય છે, તેઓની પ્રજાનો પણ ઉગ્ર રેવતી નાશ કરે છે. ૧૬

આ વ્યક્તિઓનો પણ જાતહારિણી નાશ કરે છે

रसनाः पापकार्याणां दुष्कुला भिन्नसेतवः ॥१७॥
ये भवन्त्यनयप्राया निर्दयाः सर्वजातिषु ।
अरक्षिणस्तीक्ष्णदण्डा वृद्धानां शासनातिगाः ॥१८॥
अनपेक्षितवृत्तान्ता अधर्मस्य प्रवर्तकाः ।
राज्ञो यस्य च दौर्बल्यात् क्षयं यान्तीह च प्रजाः ॥
गोब्राह्मणं विशेषेण हन्ति तं जातहारिणी ।

જેઓ પાપકર્મ કરવામાં રસ ધરાવે છે, દુષ્ટ કુળમાં જન્મેલા હોઈ લોકમર્યાદાને તોડે છે, જેઓ લગભગ અન્યાય કરી રહ્યા હોય છે, સર્વ પ્રાણીઓ તરફ જેઓ નિર્દય હોય છે, જેઓ રક્ષક હોય છતાં લોકોનું રક્ષણ કરતા નથી, જેઓ લોકોને તીક્ષ્ણ દંડ કે શિક્ષા કરે છે, જેઓ વૃદ્ધોની આજ્ઞાને ઓળંગે છે, જેઓ પોતાનાં સારાં માઠાં આચરણ લોકમાં કેવાં લાગશે તેની કાંઈ પણ દરકાર ન રાખતા હોય, જેઓ અધર્મ ચલાવતા હોય કે અધર્મી પ્રવૃત્તિ કરતા હોય વળી જે રાજાની દુર્બળતાના કારણે આ લોકમાં તેની પ્રજાઓ નાશ પામ્યા કરે છે; તેમ જ જેના રાજ્યમાં ગાયોનો તથા બ્રાહ્મણોનો વિશેષે કરી નાશ થાય છે, તે બધા લોકોનો તથા રાજા અને રાજ્યનો જાતહારિણી વિશેષ નાશ કરે છે. ૧૭-૧૯

પ્રજાને પીડનારા અધિકારીઓનો પણ રેવતી નાશ કરે છે

एवमेव दुरात्मानो राजमात्रा नृपाज्ञया ॥२०॥
प्रजा यदा प्रबाधन्ते हन्ति ताञ्जातहारिणी ।

એ જ પ્રમાણે રાજાના પ્રધાનો વગેરે દુષ્ટ અધિકારીઓ, રાજાની આજ્ઞાથી જ્યારે પ્રજાઓને પીડે છે, ત્યારે જાતહારિણી-રેવતી તેઓનો નાશ કરે છે. ૨૧

દગાખોર તથા વ્યાજખાઉ વેપારીઓને પણ રેવતી મારી નાખે

वणिक् पण्योपघाती यो यश्चाप्यस्य प्रतीक्षकः ॥२१॥
अतिवार्धुषिकश्चैव हन्यन्ते बहुरूपया ।

જે વેપારી વેચવાના માલનો નાશ કે બગાડ કરે અથવા બજારમાં ઊથલપાથલ કરે અને જે એવા ભાંગફોડિયા વેપારીને પોતે અનુસરે છે તેમ જ વ્યાજવટાનો ધંધો કરનાર જે માણસ વધુ પ્રમાણમાં વ્યાજ લેતો હોય તેઓનો પણ અનેક સ્વરૂપોને ધારણ કરનારી રેવતી નાશ કરે છે. ૨૧

કન્યા વગેરેમાં જૂઠાણું કરનારનો પણ રેવતી નાશ કરે છે

कन्याया यश्च भूमेश्च हिरण्यस्याश्ववाससाम् ॥२२॥
कुर्वन्ति येऽनृतान्येषां (घातिनी) जातहारिणी ।

જે માણસ કન્યા, જમીન, સોનું, ઘોડા તથા વસ્ત્રો સંબંધે જૂઠાણું કરે, તેઓનો પણ જાતહારિણી-રેવતી નાશ કરે છે. ૨૨

મૈથુન માટે અયોગ્ય કાળ કે પ્રદેશ આદિમાં મૈથુન કરનારનો રેવતી નાશ કરે

सन्ध्ययोरप्सु रजसि शून्यदेवालयेषु च ॥२३॥
मैथुनं यान्ति ये मोहाद्धन्ति ताञ्जातहारिणी ।

બન્ને સંધ્યાઓના સમયે, પાણીમાં, સ્ત્રીના આર્તવકાળમાં કે સૂનાં દેવાલય આદિનાં સ્થાન પર મોહના કારણે જે માણસ મૈથુન સેવે, તેઓનો જાતહારિણી નાશ કરે છે. ૨૩

અધર્મને કારણે રેવતી વળગી હોય તેનાં લક્ષણો

अधर्मद्वारमासाद्य यदा विशति रेवती ॥२४॥

नारीं तदा भवत्यस्या रूपाणीमानि जीवक!।

જે કાળે રેવતી, અધર્મરૂપ દ્વાર કે દરવાજા દ્વારા કોઈ સ્ત્રીમાં પ્રવેશ કરે છે કે તેને વળગે છે, ત્યારે હે વૃદ્ધજીવક! તેનાં આ લક્ષણો થાય છે:

म्लायतस्तनोस्तस्या रूपाणीमानि हीयते ॥२५॥
दृष्टिर्व्याकुलतां याति यथाकालं न पुष्यति ॥
भ्रष्टसत्त्वा निरुत्साहा कुक्षिशूलनिपीडिता ॥२६॥
भवत्यप्रियरूपा च तेस्तै रोगैरुपद्रुता ॥
विपरीतसमारम्भा विपरीतनिषेविणी ॥ २७ ॥
उच्छिष्टा विकृता धृष्टा सर्वार्थेषु प्रवर्तते ॥
अर्थसिद्धिर्न भवति संपच्चास्याः प्रलुप्यते ॥२८॥
गोजाविमहिषीष्वस्या न जीवन्ति च वत्सकाः ॥
प्रयाते घोरं वैधव्यं वा निगच्छति ॥२९
कुलक्षयं वा कुरुते प्रसक्ता जातहारिणी ॥

તેવા વળગાડવાળી એ સ્ત્રીનું શરીર અતિશય ગ્લાનિ પામ્યા કરે છે–આંખું અને ક્ષીણ થતું જાય છે, તેની દૃષ્ટિ વ્યાકુળ થઈ ચકરવકર થયા કરે છે, યોગ્ય સમયે તે પુષ્ટ થતી નથી, તેનું સત્ત્વ કે મનોબળ ભ્રષ્ટ થાય છે, તેનો ઉત્સાહ ઓછો થઈ જાય છે, કૂખમાં શૂલની પીડાથી તે અત્યંત પીડાય છે; તેનું રૂપ કે દેખાવ અપ્રિય થઈ પડે છે, તે તે રોગોરૂપ ઉપદ્રવોથી તે ઉપદ્રવ પામી હોય છે, તેના હરકોઈ કાર્યની શરૂઆત વિપરીત હોય છે; તેનું બધું યે વર્તન વિપરીત હોય છે, તે ઉચ્છિષ્ટ હોય છે, બેડોળ દેખાવને પામી હોય છે, સર્વ બાબતોમાં તે નિર્લજ્જ થઈને પ્રવૃત્તિ કરે છે, તેના કોઈ પણ પ્રયોજનની સફળતા થતી નથી, એની સંપત્તિ પણ નાશ પામે છે, એવી સ્ત્રીની ગાયો, બકરી, ઘેટાં કે ભેંસોની સંતતિ પણ જીવતી નથી; વળી તે સ્ત્રી ઘોર અપયશને પામે છે અથવા વિધવાપણું પ્રાપ્ત કરે છે અથવા જાતહારિણી રેવતી જેને વળગી હોય એવી તે સ્ત્રી કુલનો નાશ કરે છે. ૨૪–૨૯

શાસ્ત્રદૃષ્ટિએ જાતહારિણીના ત્રણ પ્રકારો.

शास्त्रतस्त्रिविधामाहुर्मुनयो जातहारिणीम् ॥३०॥
साध्यां याप्यामसाध्यां च तासां लक्षणमुच्यते ॥

મુનિઓ કહે છે કે શાસ્ત્રદૃષ્ટિએ જાતહારિણી–રેવતી ત્રણ પ્રકારની હોય છે, એક સાધ્ય, બીજી યાપ્ય તથા ત્રીજી અસાધ્ય હોય છે, તેઓનાં લક્ષણો કહું છું. ૩૦

શુષ્ક રેવતીના વળગાડનાં લક્ષણો.

आषोडशवर्षप्राप्ता या स्त्री पुष्पं न पश्यति ॥३१॥
प्रम्लानबाहुरकुचा तामाहुः शुष्करेवतीम् ॥

જે સ્ત્રી સોળ વર્ષની ઉંમર સુધીની થઈ હોય, છતાં માસિક ઋતુધર્મને ન પામે, જેના બાહુ અતિશય કરમાયેલા હોય અને જેને સ્તન પણ પ્રકટ્યાં ન હોય તે સ્ત્રીને વિદ્વાનો શુષ્ક રેવતીના વળગાડવાળી કહે છે. ૩૧

કટંભરા રેવતીના વળગાડનાં લક્ષણો.

विना पुष्पं तु या नारी यथाकालं प्रजश्यति ॥३२
कृशा हीनबला क्रुद्धा साऽपि चोक्ता कटम्भरा ॥

જે સ્ત્રીને યોગ્ય સમયે ઋતુસ્રાવરૂપી માસિકધર્મ દેખાયેલ ન હોય અને જે સ્ત્રી દુર્બળ, હીન બળવાળી તથા ક્રોધ પામેલી રહેતી હોય તે સ્ત્રી પણ 'કટંભરા' રેવતીના વળગાડથી યુક્ત હોય છે, એમ કહેવાયું છે. ૩૨

પુષ્પઘ્ની રેવતીના વળગાડનાં લક્ષણો.

वृथा पुष्पं तु या नारी यथाकालं प्रपश्यति ॥३३
स्थूललोमशगण्डा वा पुष्पघ्नी साऽपि रेवती ॥

જે સ્ત્રીને યથાયોગ્ય સમયે ઋતુદર્શન થયું હોય, છતાં એ ઋતુદર્શનને જે વ્યર્થ જોતી હોય એટલે કે પરણેલી સ્ત્રીને ઋતુદર્શન પછીના સમયે (મૈથુન પછી) ગર્ભધારણ થવું જોઈએ, પણ તે જો ન થાય અને જે સ્ત્રી સ્થૂલ–જાડા અને રૂંછાડવાળા ગાલથી યુક્ત હોય તેને પણ પુષ્પઘ્ની રેવતીના વળગાડથી યુક્ત કહી છે. ૩૩

વિકૃતા રેવતીના વળગાડનાં લક્ષણો.

कालवर्णप्रमाणैर्या विषमं प्रपद्यच्छति ॥ ३४ ॥
अनिमित्तबलग्लानि[illegible] स्मृता ।

જે સ્ત્રી કાળથી વિષમ–અયોગ્ય સમયે વિપરીત રંગથી યુક્ત અને અયોગ્ય માપમાં રજોદર્શનને પામતી હોય તેમ જ આસ કોઈ નિમિત્ત કે કારણ વિના જેનું બળ ક્ષીણ થતું હોય તે સ્ત્રી 'વિકુટા' નામની રેવતીના વળગાડવાળી ગણાય છે. ૩૪

પરિસ્રુતા રેવતીના વળગાડનાં લક્ષણો

अभीक्ष्णं स्रवते यस्या नार्या योनिः कृशात्मनः ॥
परिस्रुतेति सा ज्ञेया नारीणां जातहारिणी ।

જે સ્ત્રીનું શરીર દુર્બળ થયું હોય, તેથી જેની યોનિ વારંવાર સ્રવ્યા કરે તે સ્ત્રીને 'પરિસ્રુતા' રેવતીના વળગાડથી યુક્ત જાણવી.

'અંડઘ્ની' જાતહારિણીના વળગાડનાં લક્ષણો

यस्यास्त्वालक्ष्यमालम्बमण्डं प्रपतति स्त्रियाः ॥३६
अण्डघ्नीमिति ह्याहुस्तां दारुणां जातहारिणीम् ।

જે સ્ત્રીને રહેલો ગર્ભ ચોપાસથી જાણી શકાય અને તે ગર્ભ ચોપાસ લાગેલો કે બરાબર રહેલો જણાય, છતાં તે ગર્ભ પડી જાય છે, તેને વૈદ્યો 'અંડઘ્ની' નામની જાતહારિણી–રેવતીના વળગાડવાળી કહે છે. ૩૬

'દુર્ધરા' જાતહારિણીના વળગાડનાં લક્ષણો

नातिनिर्वृत्तदेहाङ्गो यस्या गर्भो विनश्यति ॥३७॥
दुर्धरा नाम सा ज्ञेया सुघोरा जातहारिणी ।

જે સ્ત્રીને રહેલો ગર્ભ બરાબર પરિપૂર્ણ અંગોવાળો થયો ન હોય અને વિનાશ પામે તે સ્ત્રીને 'દુર્ધરા' નામની જાતહારિણીના વળગાડવાળી જાણવી. ૩૭

'કાલરાત્રિ' જાતહારિણીના વળગાડનાં લક્ષણો

संपूर्णाङ्गं यदा गर्भं हरते जातहारिणी ॥ ३८ ॥
कालरात्रीति सा प्रोक्ता दुःखात् स्त्री तत्र जीवति ।

જે સગર્ભા સ્ત્રીનો ગર્ભ સંપૂર્ણ અંગોવાળો થઈ ચૂક્યો હોય, અને તે ગર્ભને જાતહારિણી હરી લે, તો તે સ્ત્રીને એ 'કાલરાત્રિ' રેવતીના વળગાડવાળી કહી છે. અને તે સ્ત્રી એ કસુવાવડ વખતે મુશ્કેલીથી જીવે છે. ૩૮

'મોહિની' રેવતીના વળગાડનાં લક્ષણો

यया विषज्जते गर्भः प्रतीतो वाऽथ मुच्यते ॥३९॥
स्त्रीविनाशाय सा प्रोक्ता मोहिनी जातहारिणी ।

જેના વળગાડથી સ્ત્રીનો ગર્ભ ગર્ભાશયમાં અતિશય વળગી–ચોંટી રહે છે અથવા પોતાના સ્થાનેથી છૂટો પડી જાય છે એમ જણાય છે, એ સ્ત્રીને 'મોહિની' નામની જાતહારિણી–રેવતી (વળગેલી સાબિત થાય છે અને તેને) તે સ્ત્રીનો વિનાશ કરવા માટે વળગેલી કહેલી છે. ૩૯

'સ્તંભની' રેવતીના વળગાડનાં લક્ષણો

यस्या न स्पन्दते गर्भः स्तम्भनी नाम सा स्मृता ॥

જેના વળગાડથી સ્ત્રીનો ગર્ભ ફરકે નહિ તે સ્ત્રીને 'સ્તંભની'–ગર્ભને થંભાવી દેનારી રેવતી વળગેલી ગણાય છે. ૪૦

'ક્રોશના' રેવતીના વળગાડનાં લક્ષણો

उदरस्थो यया क्रोशेत् क्रोशना नाम सा स्मृता ॥

જે સ્ત્રીનો ગર્ભ પેટમાં રહ્યો હોય ત્યારે જેના વળગાડથી એ ગર્ભ ચીસો પાડે છે, તેને 'ક્રોશના' નામની રેવતી વળગેલી ગણાય છે. ૪૧

ઉપર્યુક્ત ૧૦ જાતહારિણીમાંની સાધ્ય તથા અસાધ્ય કઈ?

दशैता जातहारिण्यो जीवमानासु मातृषु ।
असाध्याः पुष्पघातिन्यः साध्या गर्भोपघातिकाः ॥

ઉપર જણાવેલી એ દશ જાતહારિણીઓ (બાળકોની) માતાઓ જીવતી હોય તો તેઓને વળગે છે, તેમાંની જેઓ સ્ત્રીના ઋતુધર્મનો નાશ કરે છે, તેઓને અસાધ્ય ગણી છે અને જેઓ ગર્ભનો નાશ કરે છે તેઓને સાધ્ય માની છે. ૪૨

'નાકિની' રેવતીના વળગાડનાં લક્ષણો

जायते तु मृतं नित्यं यस्या नार्याः सवे सवे ।
नाकिनीमिति तां विद्याद्दारुणां जातहारिणीम् ॥

જે સ્ત્રીનો ગર્ભ પ્રત્યેક પ્રસવકાળે મરેલો જન્મે છે તે સ્ત્રીને કાયમ 'નાકિની'

નામની દારુણ (છતાં યાપ્ય) જાતહારિણી વળગી છે એમ જાણવું. ૪૩

'પિશાચી' નામની રેવતીના વળગાડનાં લક્ષણો

जातं जातमपत्यं तु यस्याः सद्यो विनश्यति ।
पिशाची नाम सा घोरा मांसादी जातहारिणी ॥

જે સ્ત્રીનું પ્રત્યેક સંતાન જીવતું જન્મે, પરંતુ જન્મ્યા પછી તરત (પહેલા જ દિવસે) મરી જાય છે, તેને 'પિશાચી' નામની ઘોર માંસભક્ષણી જાતહારિણી વળગી છે, એમ જાણવું. ૪૪

'પિલિપિચ્છિકા' સુધીની ૧૫ રેવતીઓના વળગાડનાં (ક્રમશઃ) લક્ષણો

द्वितीये दिवसे यक्षी, तृतीयेऽहनि चासुरी ।
कलिर्नाम चतुर्थेऽह्नि, पञ्चमेऽह्नि च वारुणी ।
षष्ठेऽहनि स्मृता षष्ठी, सप्तमेऽहनि भीरुका ॥४५
अष्टमे दिवसे याम्या, मातङ्गी नवमेऽहनि ।
दशमे भद्रकालीति, रौद्री त्वेकादशेऽहनि ॥
द्वादशे वधिका प्रोक्ता, त्रयोदशे च चण्डिका ॥
कपालमालिनी नाम चतुर्दशे च रेवती
ततः पक्षात् परे काले विज्ञेया पिलिपिच्छिका ॥४७

જે સ્ત્રીનું બાળક જન્મીને બીજા દિવસે મરી જાય તેને 'યક્ષી' રેવતીએ માયું ગણાય; ત્રીજા દિવસે મરી જાય તેને 'આસુરી' રેવતીએ, ચોથા દિવસે મરી જાય તેને 'કલિ' નામની રેવતીએ, પાંચમા દિવસે 'વારુણી' રેવતીએ, છઠ્ઠા દિવસે 'ષષ્ઠી' રેવતીએ, સાતમા દિવસે 'ભીરુકા' રેવતીએ, આઠમા દિવસે 'યામ્યા' નામની રેવતીએ, નવમા દિવસે 'માતંગી' નામની રેવતીએ, દશમા દિવસે 'ભદ્રકાલી' નામની રેવતીએ, ૧૧ મા દિવસે 'રૌદ્રી' નામની રેવતીએ, ૧૨ મા દિવસે 'વધિકા' નામની રેવતીએ, ૧૩ મા દિવસે 'કપાલમાલિની' રેવતીએ, ૧૪ મા દિવસે 'રેવતી' એ માયું ગણાય છે અને જેનું બાળક જન્મીને એક પખવાડિયા પછી મરી જાય તેને 'પિલિપિચ્છિકા' નામની રેવતીએ માયું ગણાય છે. ૪૫-૪૭

ઉપર કહેલી ૧૬ જાતહારિણીઓ યાપ્ય ગણાય છે

एताः षोडश निर्दिष्टा नामभिः कर्मभिः पृथक्।
दारुणा जातहारिण्यो याप्या धर्मक्रियावताम् ॥४८

ઉપર જે ૧૬ જાતહારિણીઓ કહી તેનાં નામ તથા કર્મો પણ અલગ અલગ કહ્યાં છે; એ બધીયે ક્રૂર હોઈને ધર્મક્રિયાઓમાં તત્પર રહેતા લોકો માટે યાપ્ય કહેવાય છે. (એટલે કે તેઓનો વળગાડ બિલકુલ જતો નથી, પણ એની એ સ્થિતિમાં રહી હેરાન કર્યા જ કરે છે.) ૪૮

અસાધ્ય 'વશ્યા' જાતહારિણી

यस्यास्तु गर्भरूपाणि पञ्च षट् सप्त वा मुने!।
म्रियन्तेऽनन्तरं वश्या असाध्या जातहारिणी ॥४९

હે જીવક મુનિ! જેનાં ગર્ભરૂપ સંતાનો પાંચ, છ કે સાત સુધી જન્મીજન્મીને મરી જાય તેને 'વશ્યા' નામની અસાધ્ય જાતહારિણી વળગી છે એમ જાણવું. ૪૯

'કુલક્ષયકરી' અસાધ્ય જાતહારિણી

म्रियन्ते दारका यस्याः कन्या जीवन्त्ययत्नतः ।
कुलक्षयकरी नाम साऽसाध्या जातहारिणी ॥५०

જે સ્ત્રીનાં સંતાનો પુત્રોરૂપે જન્મે તે મરી જાય અને કન્યાઓરૂપે જન્મે તે વિના પ્રયત્ને જીવતાં રહે છે, તેને 'કુલક્ષય કરી' અસાધ્ય જાતહારિણી વળગી છે, એમ જાણવું. ૫૦

'પુણ્યજની' અસાધ્ય જાતહારિણી

जातं जातमपत्यं तु यस्याश्च म्रियते स्त्रियाः ।
घोरा पुण्यजनी नाम साऽसाध्या जातहारिणी ॥

જે સ્ત્રીનું સંતાન જન્મી-જન્મીને મરી જાય, તેને 'પુણ્યજની' નામની ઘોર અસાધ્ય જાતહારિણી વળગી ગણાય છે. ૫૧

'પૌરુષાદિની' અસાધ્ય જાતહારિણી

निष्पन्नं म्रियतेऽपत्यं यस्याः प्राक् षोडशाद्वतः ।
पौरुषादिनी सा प्रोक्ता असाध्या जातहारिणी ॥५२

જે સ્ત્રીનું સંતાન, જન્મ્યા પછી ૧૬ વર્ષની ઉંમરનું થયા પહેલાં મરી જાય તેને 'પૌરુષાદિની' નામની અસાધ્ય જાતહારિણી વળગી ગણાય છે. ૫૨

'સંદંશી' નામની અસાધ્ય જાતહારિણી

बिभर्त्यन्यं यदा गर्भं तदा पूर्वः प्रमीयते ।
संदंशीति वदन्त्येनामसाध्यां जात(हारिणीम्)॥५३

જે સ્ત્રી બીજો ગર્ભ ધારણ કરે ત્યારે, તેનું પહેલું સંતાન નાશ પામે તો તેને 'સંદંશી' નામની અસાધ્ય જાતહારિણી વળગી કહે છે. ૫૩

'કર્કોટકી' નામની દારુણ જાતહારિણી

गर्भेणैकं ग्रहेणैकं मृत्युनैकेन युज्यते ।
एषा कर्कोटकीत्युक्ता दारुणा जातहारिणी ॥५४

જે સ્ત્રીનું કોઈ એક સંતાન ગર્ભરૂપ થઈને મરે છે અને કોઈ એક સંતાન ગ્રહ દ્વારા મૃત્યુ સાથે જોડાય છે, ત્યારે તેમાં 'કર્કોટકી' નામની દારુણ જાતહારિણી કારણરૂપે કહેલી છે. ૫૪

'ઇંદ્રવડવા' નામની અસાધ્ય જાતહારિણી

यमजं म्रियते यस्या एकं वोभयमेव वा ।
तामाहुरिन्द्रवडवामसाध्यां जातहारिणीम् ॥५५॥

જે સ્ત્રીનું જોડલાં સંતાનમાંથી એક મરે કે બેય મરે ત્યારે, ત્યારે તેને 'ઇંદ્રવડવા' નામની અસાધ્ય જાતહારિણી વળગેલી હોય છે. ૫૫

'વડવામુખી' નામની અસાધ્ય જાતહારિણી

एकनाभिप्रभवयोरेकश्चन्म्रियते पुरा ।
म्रियते तद्वदप्येकस्तामाहुर्वडवामुखीम् ॥ ५६ ॥

જે સ્ત્રીનાં બે સંતાનો જોડલારૂપે હોઈને એક જ નાભિના નાળથી યુક્ત હોય તેમાંનું એક સંતાન જો પહેલાં મરે છે, તો તેની પેઠે જ બીજું પણ મરી જાય છે તેને 'વડવામુખી' નામની અસાધ્ય જાતહારિણી વળગેલી સમજવી, એમ વિદ્વાનો કહે છે. ૫૬

વૃદ્ધજીવકનો કશ્યપને પ્રશ્ન

अथैवंवादिनमृषिं कश्यपं लोकपूजितम् ।
रेव महाप्रश्नमपृच्छद् वृद्धजीवकः ॥५७॥

एकनाभिकयाः कस्मात्तुल्यं मरणजीवितम् ।
रोगारोग्यं सुखं दुःखं न तु तृप्तिः समानजा ॥५८

લોકોમાં પૂજાયેલા કશ્યપઋષિ એમ કહી રહ્યા હતા, ત્યારે તેમના શિષ્ય વૃદ્ધજીવકે તેમને આ મોટો પ્રશ્ન પૂછ્યો હતો–જે જોડકાંરૂપ બે સંતાનો એક જ નાભિના નાળથી યુક્ત હોય, તે બન્નેનાં મરણ, જીવન, રોગ, આરોગ્ય, સુખ તથા દુઃખ કયા કારણે સમાન હોય છે? છતાં તેઓની તૃપ્તિ કયા કારણે એકસરખી થતી નથી? ૫૭,૫૮

કશ્યપનો પ્રત્યુત્તર

अथ खलु भगवान् कश्यप उवाच–
एकमेव हि तद बीजं भिन्नं वायुबलादथ ।
समानकर्मकत्वात् प्राङ्नाडयैकत्वं च जन्म च ॥५९
तुल्यं निषेकाद वृद्धेश्च जन्मनः स्तनसेवनात् ।
तस्मात्तुल्यं वयः प्रोक्तं सुखं दुःखं भवाभवौ ॥६०
लक्षणाकृतिवर्णाङ्गबलप्रकृतितुल्यता ।
न तु तृप्तिविसर्गाणां पृथग्भावात् समानता ॥६१॥

તે સાંભળી ભગવાન કશ્યપે કહ્યું:

જોડકું જન્મે છે, તેમાં 'બીજ' તો એક જ હોય છે, પરંતુ વાયુના બળથી તે જુદું જુદું થયું હોય છે; તે બેયનાં કર્મો સમાન હોય છે, એ કારણે તેમનું નાડી દ્વારા એકપણું હોય છે અને જન્મ પણ સમાન હોય છે; ગર્ભાધાનથી આરંભી તેઓની વૃદ્ધિ, જન્મ તથા સ્તનપાન સુધીની સમાનતા હોય છે, તે કારણે તેમની ઉંમર, સુખ, દુઃખ, જન્મ તથા મરણ સમાન કહેલ છે, તેમ જ તેઓનાં લક્ષણ, આકૃતિ, વર્ણ, અંગ, બલ તથા પ્રકૃતિ–સ્વભાવની પણ તુલ્યતા કે સમાનતા હોય છે, છતાં તેઓનું શરીરથી અલગઅલગપણું હોય છે, એ કારણે તેઓની તૃપ્તિમાં તથા વિસર્ગ–મળમૂત્રના ત્યાગમાં સમાનતા હોતી નથી. ૫૯–૬૧

વસ્તુતઃ જાતહારિણીના ત્રણ જ ભેદો

अथ खलु वृद्धजीवक ! त्रिविधैव जातहारिणी प्रोच्यते लोकभेदतः–दैवी, मानुषी, तिरश्चीनेति । तस्मात्त्रयो लोका भगवत्या रेवत्या

बहुरूपया व्याप्ताः। इत्यतश्च सर्वलोकभयङ्करी रेवती पठ्यते। तां देवा अ(म)न्यन्त, तत एषां प्रजाः प्राबृध्यन्त; न एषां प्रजा विच्छेदमगमत्। नास्य प्रजा विच्छिद्यते य एवं वेद। तामथ रेवतीं सर्वलोकगुरुमभिव्यापिकां सर्वर्षीणां कश्यप एवाग्रे तपसोग्रेणाऽविन्दत। तस्मै प्रजां बहुलामाशीरायुष्मतीमविच्छिन्नां प्रादात्। ततः सर्वेभ्योऽभ्यधिकोऽभवत्। रेवतीमेकशोऽभिश्चश्च रेवतीकल्पं शिष्येभ्यः प्रादाज्जगद्धितार्थम्॥

હે વૃદ્ધજીવક! ખરી રીતે લોકના ભેદને અનુસરી એટલે કે જેમ લોક–ત્રૈલોક્ય હોઈ ત્રણ પ્રકારના છે, તે કારણે જાતહારિણીના ત્રણ જ ભેદો કહેવાય છે; એક તો દેવલોકની–દૈવી જાતહારિણી, બીજી મનુષ્ય લોકની–માનુષી જાતહારિણી અને ત્રીજી–તિર્યંકૃલોકની––પશુપક્ષીની જાતિની જાતહારિણી હોય છે. કારણ કે ભગવતી રેવતીએ અનેક સ્વરૂપો ધારણ કરી ત્રણે લોકને વ્યાપ્ત કર્યાં છે, અને તે જ કારણે રેવતી સર્વ લોકને માટે ભયંકર કહેવાય છે. એ રેવતીને દેવોએ માન આપ્યું હતું અને પૂજી હતી, તેથી એ દેવોની પ્રજાઓ વધી હતી, વિચ્છેદ કે નાશને પામી ન હતી, એમ જે મનુષ્ય જાણે છે, તેની પ્રજાઓ પણ વિચ્છેદ કે નાશને પામતી નથી. એમ તે રેવતી સર્વ લોકની ગુરુ અથવા વડીલ છે અને બધા લોકમાં વ્યાપી રહી છે, તેને સર્વ ઋષિઓમાં સૌ પ્રથમ કશ્યપ ઋષિએ જ ઉગ્ર તપ વડે મેળવી છે–પ્રસન્ન કરી છે; તેથી એ રેવતીએ તે કશ્યપને ઘણા આશીર્વાદ સહિત લાંબા આયુષવાળી ઘણી સંતતિ આપી છે, તેથી એ કશ્યપ બધા ઋષિઓ કરતાં શ્રેષ્ઠ ગણાયા તેમ જ એ કશ્યપે તે રેવતીને એક પ્રકારે પૂર્ણ જાણીને લોકોના હિત માટે પોતાના શિષ્યોને આ 'રેવતીકલ્પ' આપ્યો હતો. ૬૨

આ રેવતીકલ્પમાં વધુ કહેવાની પ્રતિજ્ઞા

अतो वृद्धजीवक! निरुक्ता दैवी रेवती; मानुषीमत्र व्याख्यास्यामः-तत्र यथोक्तैरधर्मद्वारैर्या यां स्त्रियमत्र प्रविशति, तां तां स्त्रियमनुवर्तयिष्यामः॥ ६३॥

હે વૃદ્ધજીવક! દૈવી રેવતીને અહીં પ્રથમ કહી છે; હવે અહીંથી માનુષી રેવતીનું અમે વ્યાખ્યાન કરીએ છીએ, તેમાં ઉપર જણાવેલ જે જે અધર્મરૂપ દ્વારો દ્વારા તે રેવતી જે જે સ્ત્રીમાં પ્રવેશ કરે છે કે તેને વળગે છે, તે તે સ્ત્રીને હવે અમે વર્ણવીશું. ૬૩

વૃદ્ધજીવકનો પ્રશ્ન

कस्मिन् वयसि काले वा कस्मिन् कर्मणि वा मुने। स्त्रियमाविशते क्रुद्धा भगवञ्जातहारिणी॥ ६४॥

હે ભગવન્ કશ્યપમુનિ! કઈ ઉંમરમાં, કયા કાળે અથવા કયા કર્મ નિમિત્તે કે કયું કામ કરતી હોય ત્યારે જાતહારિણી–રેવતી ક્રોધાયમાન થઈને સ્ત્રીને વળગે છે? ૬૪

ભગવાન કશ્યપનો ઉત્તર

अथोवाच भगवान् कश्यपः—

रजस्वलां गर्भिणीं वा प्रसूतां वा कुटीगताम्। स्त्रियमाविशते क्रुद्धा त्रिषु कालेषु रेवती॥ ६५॥
न चाधर्ममृते नारीं विशते जातहारिणी।
मातुः पितुः सुतानां च साऽधर्मेण प्रवर्तते॥६६॥
.....मातॄणां च प्रजाक्षयम्।
आयुः क्षयं च बालानां करोत्येषा स्वकर्मजम्॥६७

જે સ્ત્રી રજસ્વલા હોય કે સગર્ભા થઈ હોય અથવા પ્રસૂતા–સુવાવડમાં હોય અથવા કુટીમાં ગઈ હોય એટલે કે 'કુટીપ્રાવેશિક' નામના રસાયન પ્રયોગનું સેવન કરી રહી હોય, તે વેળા ક્રોધે ભરાયેલી રેવતી, ત્રણે કાળ એ સ્ત્રીમાં પ્રવેશે છે–વળગે છે, પરંતુ એ નક્કી છે કે કોઈ પણ અધર્મને જોયા વિના કોઈ પણ જાતહારિણી–રેવતી, કોઈ પણ સ્ત્રીમાં પ્રવેશતી નથી અથવા તેને વળગતી નથી, એટલે કે કોઈ પણ સ્ત્રીની માતાના, પિતાના કે પુત્રોના અધર્મને

લીધે જ રેવતી પ્રવૃત્તિ કરે છે–વળગે છે, અને પછી તે તે માતાઓરૂપ બનેલી રેવતી તે સ્ત્રીઓની પ્રજાઓનો નાશ કરે છે, અથવા હરકોઈના બાળકના પોતપોતાનાં કર્મથી જ થયેલ આયુષનો નાશ કરેછે. ૬૫-૬૭

ચાર પ્રકારની માનવ સ્ત્રીઓમાં જાતહારિણીના પ્રવેશ

अथ खलु वृद्धजीवक! इमाः स्त्रियश्चतुर्विधा जातहारिण्याविश्य स्त्रियमत्र प्रविशति। वर्णा, वर्णान्तरां लिङ्गिनीं, कारुकीमिति। ताः खल्वतो व्याख्यास्यामः। अथो वृद्धजीवक! ब्राह्मणीं समाविष्टां गृहानागतां स्त्रीं प्रत्युपतिष्ठतेऽभिवादयते संव्यवहरते संवदति संस्पृशति संभुङ्क्तेऽभिहन्त्याक्रोशत्युपशेते पदमृतुनिर्माल्यवासोलङ्कारमाक्रामति वा तस्या ब्राह्मणी जातहारिणी भवति। अथो आहुः–सैवैनां ब्राह्मणी ऋतुमतीमवसिञ्चेत्। सैव तत्र प्रायश्चित्तिः। स्वेनैवैनां भागधेयेन प्रजावतीं करोति। नास्या ब्राह्मणी जातहारिणी भवति, या एवं वेद। अथो वृद्धजीवक! क्षत्रियां जातहारिणीं समाविष्टां गृहानागतां स्त्रियं प्रत्युपतिष्ठतेऽभिवादयते संव्यवहरते संवदति संस्पृशति संभुङ्क्तेऽभिहन्त्याक्रोशत्युपशेते पदमृतुनिर्माल्यवासोलङ्कारमाक्रामति वा तस्याः क्षत्रिया जातहारिणी भवति। अथो आहुः–सैवैनां क्षत्रिया ऋतुमतीमवसिञ्चेत्, सैव तत्र प्रायश्चित्तिः। स्वेनैवैनां भागधेयेन प्रजावतीं करोति। नास्याः क्षत्रिया जातहारिणी भवति, या एवं वेद। अथो वृद्धजीवक! वैश्यां जातहारिण्याऽऽविष्टामथो महाशूद्रीं स्त्रीं प्रत्युपतिष्ठतेऽभिवादयते संव्यवहरते संवदति संस्पृशति संभुङ्क्तेऽभिहन्त्याक्रोशत्युपशेते पदमृतुनिर्माल्यवासोलङ्कारमाक्रामति वा तस्या वैश्या जातहारिणी भवति, अथो शूद्रा, अथो महाशूद्री वा। अथो आहुः–सैवैनां वैश्याऽथो शूद्राऽथो महाशूद्री स्त्रियमृतुमतीमवसिञ्चेत्। सैव तत्र प्रायश्चित्तिः। स्वेनैवैनां भागधेयेन प्रजावतीं करोति। नास्या वैश्या वा शूद्रा वा महाशूद्रा वा जातहारिणी भवति, या एवं वेद। अथो वृद्धजीवक! सूतमागधवेनपुक्कसाम्बष्ठप्राच्यकचण्डालमुष्टिकमेत(द)डौम्बडवाकद्रुमिडसिंहलोड्रखशशकयवनपह्लवतुखा(षा)रकम्बोजावन्त्यनेमकाभीरकहूणपारशवकुलिन्दकिरातशबरशाम्बरजा जातहारिण्यो भवन्ति। अथो आहुः–तामेवैनां(ना)स्तिकनिषादप्रभृतीनां वर्णसंकराणां वा या स्त्रियो जातहारिण्याऽऽविष्टा गृहाणीयुस्ताः स्त्रीः प्रत्युपतिष्ठते, अभिवादयते, अभिनन्दयते, संव्यवहरति, संवदति, संस्पृशति, संभुङ्क्तेऽभिहन्त्याक्रोशति, उपशेते पदमृतुनिर्माल्यवासोलङ्कारमाक्रामति वा तस्याः एता वर्णसंकरजा जातहारिण्यो भवन्ति। अथो आहुः–तामेवैनां स्त्रियमृतुमतीमवसिञ्चेत्। सैव तत्र प्रायश्चित्तिः। स्वेनैवैनां भागधेयेन प्रजावतीं करोति। नास्या वर्णसङ्करा जातहारिणी स्त्री जातहारिणी भवति, या एवं वेद। अथो वृद्धजीवक! लिङ्गिनी परिव्राजिका श्रमणका कण्डनी निर्ग्रन्थी चीरवल्कलधारिणी तापसी चरिका जटिनी मातृमण्डलिकी देवपरिवारिका वेक्षणिका वा जातहारिण्यो वा जातहारिण्याऽऽविष्टा वा गृहानुपेयात् तां प्रत्युपतिष्ठतेऽभिवादयते वा संव्यवहरते वा संस्पृशति संभुङ्क्तेऽभिहन्त्याक्रोशत्युपशेते पदमृतुनिर्माल्यवासोलङ्कारमाक्रामति वा तस्या लिङ्गिनी जातहारिणी भवति। अथो आहुः–सैवैनां लिङ्गिनी स्त्रियमृतुमतीमवसिञ्चेत्। सैव तत्र प्रायश्चित्तिः। स्वेनैवैनां भागधेयेन प्रजावतीं करोति। नास्या लिङ्गिनी जातहारिणी भवति, या एवं वेद। अथो वृद्धजीवक! अयस्करी जातहारिण्याऽऽविष्टा कार्ष्णायसेनार्हणे नाभ्यैत्यथो तक्षणी दारवेणाथो कुलाली मार्तिकेनाथो पदकरी चार्मणेनाथो मालाकारी मुक्तकुसुमेनाथो कुविन्दी तान्तुकेनाथो सौचिकी सूतेनाथो रजकी सुरक्तेनाथो नेजिका निर्णिक्तेनाथो गापी तक्रेणाथो कारुकुणी(की)स्वेनार्हणेन जातहारिण्याविष्टा गृहानुपेयात् तां स्त्री प्रत्युपतिष्ठतेऽभिवादयते संव्यवहरते संवदति संस्पृशति संभुङ्क्तेऽभिहन्त्याक्रोशत्युपशेते पदमृतुनिर्माल्यवासोलङ्कारमाक्रामति वा तस्याः कारुकुणी(की)जातहारिणी भवति। अथो आहुः–सैवैनां कारुकी स्त्रिय-

ऋतुमतीमवसिञ्चेत्। सैव तत्र प्रायश्चित्तिः। स्वेनैवैनां भागधेयेन प्रजावतीं करोति। नास्याः कारुकी जातहारिणी भवति, या एवं वेद ॥६८॥

હવે હે વૃદ્ધજીવક! આ ચાર પ્રકારની મનુષ્ય–સ્ત્રીઓમાં પ્રવેશ કરીને જાતહારિણી, તે સ્ત્રીઓ દ્વારા બીજી સ્ત્રીમાં પ્રવેશ કરે છે–બીજી સ્ત્રીને આ લોકમાં તે વળગે છે. જેમ કે વર્ણ એટલે બ્રાહ્મણાદિ ત્રણ વર્ણમાંના કોઈ એક વર્ણવાળી સ્ત્રીમાં, વર્ણાન્તરા એટલે વર્ણસંકર જાતિની કોઈ સ્ત્રીમાં લિંગિની–સાધ્વી આદિના વેષમાં રહેલી કોઈ સ્ત્રીમાં તથા કારુકી એટલે કે કોઈ કારીગરની સ્ત્રીમાં પ્રવેશ કરીને તેઓમાંની કોઈ દ્વારા જાતહારિણી બીજી સ્ત્રીમાં પ્રવેશ કરે છે–કોઈ બીજી સ્ત્રીને વળગે છે. હવે ઉપર દર્શાવેલી તે ચારે સ્ત્રીઓનું અમે વ્યાખ્યાન કરીએ છીએ, જેમ કે હે વૃદ્ધજીવક! બ્રાહ્મણીમાં પ્રવેશેલી અને તે દ્વારા પોતાને ઘેર આવેલી તે જાતહારિણીવાળી સ્ત્રીની સામે જે સ્ત્રી ઊઠીને ઊભી થાય છે, તેની સામે વંદન કરે છે, સારી રીતે વ્યવહાર કરે છે, તેની સાથે બોલે છે, વાતો કરે છે, તેનો સ્પર્શ કરે છે, તેની સાથે જમે છે, તેને મારે છે, ગાળો દે છે, તેની પાસે સૂવે છે, તેના ઋતુધર્મને, નિર્માલ્યને, વસ્ત્રને કે અલંકારને પગથી દબાવે છે, ત્યારે તે બ્રાહ્મણીમાં પ્રવેશેલી જાતહારિણી તેને વળગે છે, એમ તે બ્રાહ્મણી જાતહારિણી સમજાય છે. હવે તેના સંબંધે વૈદ્યો આમ કહે છે કે–એ જ બ્રાહ્મણી–જાતહારિણી જેને વળગી હોય તે સ્ત્રી જ્યારે ઋતુમતી થઈ હોય ત્યારે તેને જલસિંચન કરે (ખાન–પાન આદિથી તૃપ્ત કરે) તે જ તેનું પ્રાયશ્ચિત્ત છે. વળી તે બ્રાહ્મણી–જાતહારિણી પોતાના જ ભાગ વડે પેલી સ્ત્રીને પ્રજાવાળી કરે છે, જે સ્ત્રી એમ જાણે છે તેને બ્રાહ્મણી–જાતહારિણી વળગતી નથી.

હવે હે વૃદ્ધજીવક! જે સ્ત્રીમાં ક્ષત્રિય જાતહારિણીએ પ્રવેશ કર્યો હોય કે વળગી હોય તે ક્ષત્રિયા જાતહારિણીવાળી સ્ત્રી જ્યારે પોતાના ઘેર આવે ત્યારે જે સ્ત્રી તેની સામે ઊભી થાય છે; તેને વંદન કરે છે, તેની સાથે વ્યવહાર કરે છે, સંવાદ–વાતચીત કરે છે, તેનો સ્પર્શ કરે છે, તેની સાથે જમે છે, તેને સામેથી મારે છે, આક્રોશ કરે છે કે ગાળો દે છે અથવા તેની સમીપ સૂવે છે અને તેના ઋતુને, નમણને, વસ્ત્ર કે અલંકારને પગથી દાબે કે કચરે છે, તો એ ક્ષત્રિયા–જાતહારિણી તેને વળગે છે. હવે તેના પ્રતિકાર સંબંધે વૈદ્યો કહે છે કે, તે ક્ષત્રિયા–જાતહારિણીવાળી સ્ત્રી જ્યારે ઋતુમતી થઈ હોય ત્યારે પેલી સ્ત્રી તેની ઉપર જળનું સિંચન કરે, (ખાન–પાનથી તૃપ્ત કરે) એ જ તેમાં પ્રાયશ્ચિત્ત છે. વળી તે ક્ષત્રિયા જાતહારિણી પોતાના જ ભાગ વડે પેલી સ્ત્રીને પ્રજાવતી કરે છે; એમ જે સ્ત્રી જાણે છે તેને ક્ષત્રિયા જાતહારિણી વળગતી નથી. હવે જ્યારે કોઈ વૈશ્ય સ્ત્રીમાં, કોઈ મહાશૂદ્રી સ્ત્રીમાં જાતહારિણીએ પ્રવેશ કર્યો હોય ત્યારે તે સ્ત્રી પોતાના ઘેર આવે ત્યારે જે કોઈ બીજી સ્ત્રી તેની સામે ઊઠી ઊભી થાય છે, તેને સામેથી વંદન કરે છે, તેની સાથે વ્યવહાર કરે છે, સંવાદ કે વાતચીત કરે છે, તેનો સ્પર્શ કરે છે, તેની સાથે જમે છે, તેને મારે છે, તેને ગાળો દે છે કે તેની સમીપે સૂવે છે અથવા તેનાં ઋતુનિર્માલ્ય, વસ્ત્ર કે અલંકારને પગથી દબાવે છે, ત્યારે તે વૈશ્ય જાતહારિણી કે શૂદ્ર અથવા મહાશૂદ્ર જાતહારિણી તેને વળગે છે. હવે તે સામેનું જે પ્રાયશ્ચિત્ત છે, તેને વૈદ્યો આમ કહે છે કે, એ વૈશ્યા, શૂદ્રા કે મહાશૂદ્રા જાતહારિણીવાળી જ્યારે ઋતુમતી થાય ત્યારે પેલી સ્ત્રી તેના પર જળથી સિંચન કરે એ જ તેમાં પ્રાય-

શ્ચિત્ત છે. વળી તે જાતહારિણી પોતાના જ ભાગ વડે તે સ્ત્રીને પ્રજાવાળી કરે છે, એમ જે સ્ત્રી જાણે છે તેને કોઈ વૈશ્યા, શૂદ્રા કે મહાશૂદ્રા જાતહારિણી વળગતી નથી.

વળી હે વૃદ્ધજીવક! સૂત માગધ, વેન, પુક્કસ, આંબષ્ઠ, પ્રાચ્યક, ચંડાલ, મુષ્ટિક, મૈડ, ઔંબ, ડવાક, ક્રુમિડ, સિંહલ, ઉડ્ર, ખશ, શક, યવન, પહ્લવ, તુષાર, કંબોજ, અવંતી, અનેમક, આભીરક-રબારી કે ભરવાડ, હૂણ, પારશવ, કુલિંદ, કિરાત, શબર તથા શંબર આદિ દેશમાં ઉત્પન્ન થયેલી સ્ત્રીઓમાં પણ પ્રવેશ કરી જાતહારિણી બીજી સ્ત્રીઓને વળગે છે, તેઓનાં પ્રાયશ્ચિત્ત પણ વૈદ્યો આમ કહે છે કે, એ જ તે નાસ્તિક, નિષાદ વગેરે વર્ણસંકર જાતિની જે જે સ્ત્રીઓ જાતહારિણીના આવેશથી યુક્ત હોય તેમની સામે જે સ્ત્રીઓ જાય છે, વંદન કરે છે, અભિનંદન આપે છે, તેમની સાથે સારી રીતે વ્યવહાર કરે છે, સંવાદ કરે છે, તેઓને સંસ્પર્શ કરે છે, તેઓની સાથે જમે છે, તેમને સામેથી મારે છે કે ગાળો દે છે અથવા તેમની સમીપે સુએ છે તેમ જ તેઓના ઋતુવાળા કે નિર્માલ્ય રૂપ વસ્ત્રો કે અલંકારોને પગથી દબાવે છે, તે સ્ત્રીને એ જાતહારિણીઓ વળગે છે; તેનું પ્રાયશ્ચિત્ત વૈદ્યો આવું કહે છે કે-તે વળગાડવાળી સ્ત્રી ઋતુમતી થઈ હોય ત્યારે તેની ઉપર પેલી સ્ત્રી જલથી સિંચન કરે એ જ તેનું પ્રાયશ્ચિત્ત છે. તેને લીધે એ જાતહારિણી પોતાના ભાગથી તે સ્ત્રીને પ્રજાયુક્ત કરે છે; જે સ્ત્રી એમ જાણે છે તેને એ વર્ણસંકર જાતહારિણી સ્ત્રી, જાતહારિણીરૂપે વળગતી નથી.

હવે હે વૃદ્ધજીવક! જે લિંગિની-સાધુવેશધારિણી, સંન્યાસિની, બૌદ્ધ સાધ્વી, કંડની, નિર્ગ્રન્થી-પરિગ્રહરહિત, ચીંથરાં કે વલ્કલ વસ્ત્રને ધારણ કરતી કોઈ તાપસી, બધે ઘૂમનારી, જટાધારિણી, માતૃમંડલવાળી, દેવોની પરિચારિકા કે વેક્ષણિકા-જાતહારિણી અથવા તે તે જાતહારિણીના આવેશવાળી જાતહારિણી જ્યારે પોતાના ઘેર આવે, ત્યારે તેની સામે બીજી ઘરધણિયાણી જે સ્ત્રી હોય તે ઊભી થાય છે; તેને સામેથી વંદન કરે છે તેની સામે ઉત્તમ વ્યવહાર કરે છે. અથવા તેનો સ્પર્શ કરે કે તેની સાથે ભોજન કરે કે તેને સામેથી માર મારે કે તેને ગાળો દે અથવા તો તેની સમીપે શયન કરે અથવા તેમાં ઋતુયુક્ત નિર્માલ્ય, વસ્ત્ર કે અલંકારને પગથી દબાવે, ત્યારે એ લિંગિની કે સાધુવેશધારિણી જાતહારિણી તે સ્ત્રીને વળગે છે; પછી તેનું પ્રાયશ્ચિત્ત પણ વૈદ્યો આમ કહે છે કે-વળગેલી જાતહારિણીવાળી તે સ્ત્રી જ્યારે ઋતુમતી થાય ત્યારે પેલી ઘરધણિયાણી સ્ત્રી તેને જલથી સીંચે એ જ તેનું પ્રાયશ્ચિત્ત છે. એથી તે જાતહારિણી, પોતાના ભાગ વડે તે સ્ત્રીને પ્રજાયુક્ત કરે છે એમ જે સ્ત્રી જાણે છે, તેને લિંગિની કે વેષધારિણી જાતહારિણી કહી વળગતી નથી.

હે વૃદ્ધજીવક! જે લવારણ સ્ત્રી જાતહારિણીના આવેશથી યુક્ત થઈ હોય તે કોઈ લોખંડના ઉપહાર સાથે ઘેર આવે છે; જે સુથાર સ્ત્રી જાતહારિણીના આવેશથી યુક્ત હોય તે કોઈ લાકડાના ઉપહાર સાથે ઘેર આવે છે; જાતહારિણીના આવેશવાળી કુંભારણ માટીના કોઈ વાસણની ભેટ સાથે ઘેર આવે છે, જાતહારિણીના આવેશવાળી મોચણ ચામડું સાંધવાના ઓજાર સાથે ઘેર આવે છે; આવેશવાળી માલણ પુષ્પરૂપ ઉપહારની સાથે ઘેર આવે છે; જાતહારિણીના આવેશવાળી વણકર સ્ત્રી પોતાનાં વણકરનાં સાધનો સાથે, દરજણ સીવવાનાં સાધનરૂપ ભેટની સાથે, રંગારણ રંગેલા વસ્ત્રરૂપ ભેટની સાથે, ધોબણ સ્ત્રી

ધોયેલાં વસ્ત્રરૂપ ભેટની સાથે, ગોવાળણ છાશરૂપ ભેટની સાથે ઘેર આવે છે; કારીગર સ્ત્રી પોતાના કારીગરીના સાધનરૂપ ભેટની સાથે ઘેર આવે છે; ત્યારે ઘરની માલિક સ્ત્રી એ જાતહારિણીના આવેશયુક્ત સ્ત્રીની સામે ઊભી થાય છે; તેને અભિવાદન કે વંદન કરે છે; તેની સાથે સારી રીતે વ્યવહાર કરે છે, તેની સાથે સંવાદ કે વાતચીત કરે છે, તેનો સંસ્પર્શ કરે છે. તેની સાથે જમે છે; અથવા સામેથી તેને મારે છે કે તેને ગાળો દે છે; અથવા તેની પાસે સૂવે છે કે બેસે છે. ત્યારે તેના ઋતુયુક્ત નિર્માલ્યરૂપ-વસ્ત્ર કે અલંકારને તે સ્ત્રી પગથી જો દબાવે છે તો એ આવેશવાળી સ્ત્રીમાં રહેલ જાતહારિણી તે ઘરધણિયાણી સ્ત્રીને પણ વળગે છે. તે પછી એ સ્ત્રીનું જે પ્રાયશ્ચિત્ત છે, તેને પણ વૈદ્યો આમ કહે છે કે-એ જ આવેશયુક્ત-જાતહારિણીવાળી સ્ત્રી ઋતુમતી હોય ત્યારે પેલી સ્ત્રી તેના ઉપર જળથી સિંચન કરે તે જ તેનું પ્રાયશ્ચિત્ત સમજવું. વળી તે જાતહારિણી, પોતાના જ ભાગરૂપ બલિદાન વડે તે ઘરની માલિક સ્ત્રીને પ્રજાયુક્ત કરે છે; એમ જે સ્ત્રી જાણે છે તે ઉપર્યુક્ત તે તે જાતહારિણીના વળગાડથી યુક્ત થતી નથી. ૬૮

अत ऊर्ध्वं वृद्धजीवक! तिरश्चीं जातहारिणीमनुष्याख्यास्यामः-पञ्चविधा ह्येषा प्रोच्यते। तद्यथा-शकुनी, चतुष्पदी, सर्पा, मत्सी, वनस्पतीरिति। ता एता प्रायेण सतामेव प्रसज्जन्ते। वृद्धजीवक! ये शकुनीं वर्द्धन्तीं घ्नन्ति घातयन्ति वा तेषां शकुनिरूपा जातहारिणी प्रसज्जते महाग्रहः। सा काकी भासी कुक्कुटी मयूरी चाषी सारिका तैलपायिका उलूकी भोलन्तिका गृध्री श्येनी भारद्वाजो ततोऽन्यतमा वा भूत्वा स्वप्नेऽपूर्वान् दर्शयति, गर्भिणीं सूतिकां बिभीषयति, बालं चोत्त्रासयति, महावेगा महाप्राणा घोररूपा रौद्राऽनायतपक्षा वज्रतुण्डनखदशनदंष्ट्रा वैदूर्यज्वलनसदृशलोचना बहुविचित्रमहापत्रा कण्ठे कनकमणिविचित्रगुणधारिणी विविधकुसुमगन्धवसनमुसलोज्ज्वलधारिणी वरमुकुटा नूपुरकविकम्बूकदाङ्क(टका)दकुण्डलवामघण्टापताकाऽऽतपत्रोल्काविद्युन्मेघमालाऽलङ्कृता, भगवतः कुमारवरस्य ग्रानी (?) च स्वसा च स्वप्ने धर्षयित्वा रोगागममनन्तरमस्य करोति। ततो मध्याह्नेऽर्धरात्रे वा संध्ययोर्वा सुते वा बालगृहे निलीयते यथोक्तानामेकतमा; ततो बाल उच्चैः क्रोशति रोदिति त्रसते वेपते बिभेति ज्वर्यते विह्वलति निस्तनति मुह्यति विस्खलति सूख्यते शून्यते विस्रंस्यते रोगैरन्यैश्चोपद्रूयते। या त्वभीक्ष्णं शकुनीं स्त्री स्वप्ने पश्यति ततः साऽस्याः शकुनी जातहारिणी सज्जते। तस्या एव शकुन्या निभीतस्या (निलीनाया?) एव पुरीषेण पक्षोदकेन वैनां वृद्धस्त्री शकुनिना(नीं) स्त्रीं तत्रावसिञ्चेत्। सैव तत्र प्रायश्चित्तिः। स्वेनैवैनां भागधेयेन प्रजावतीं स्त्रियं करोति। नास्याः शकुनी जातहारिणी भवति या शकुनीं न हिनस्ति, या एवं वेद। अथो वृद्धजीवक! ये गां घ्नन्ति घातयन्ति वा, गोमांसं चोपयुञ्जन्ते तेषां गोमाता जातहारिणी प्रसज्जते। एषा एनां स्वप्नेऽभिद्रवति गोपालो वा वत्सकपालो वा; असाध्या तस्या गोमाता जातहारिणी प्रसज्जति। अथो आहुर्गामध्य एनां गोमूत्रपुरीषाभ्यामुपोषितां स्नपयेत्, सैव तत्र प्रायश्चित्तिः। स्वेनैवैनां भागधेयेन गौः प्रजावतीं करोति। नास्या गोमाता जातहारिणी भवति, या गां न हिनस्ति, या एवं वेद। एवमेव महिषीणामजानामविकानां गर्दभीनामश्वाश्वतरीणामुष्ट्रीणां सूकरीणां मूषिकाणां शुनीनां गलगोलिकानां गोपानां विश्वम्भराणां मृगादीनां चैवमेष विधिरुक्तः॥ अथो वृद्धजीवक! सर्पीं गृहचारिणीमगृहचारिणीं वा स्त्री हन्ति घातयति वा, तस्याः सर्पी जातहारिणी प्रसज्जतेऽथो विषमृत्युमस्याः प्रजाया आहुः। एनां वल्मीके नागकुले वा सिञ्चेदथो आहुर्वल्मीकशतमध्य इति। सैव तत्र प्रायश्चित्तिः स्वेनैवैनां भागधेयेन प्रजावतीं करोति, नास्याः सर्पी जातहारिणी भवति। या सर्पान् न हिनस्ति, नास्याः प्रजाया विष-

मृत्युर्भवति या एवं वेद ॥ अथो वृद्धजीवक! या मत्स्यमकरतिमिङ्गिलनक्रशङ्खशम्बूकसुखनकादीनि भूतान्यु...दकचराणि हन्ति, तस्यास्तेनाधर्मेण रेवती क्रुद्धा प्रजा हिनस्ति; मत्सी वा मकरी शुक्तिः शङ्खी भूत्वा स्वप्ने पूर्वं हर्षयति, ततो हिनस्ति भूयिष्ठं; तस्या अप्सु प्रजा विनश्यति, जलत्रासेन एकैकरोगैर्वा । अथो आहुः-रोहिणीस्नानेनैवैनां प्रत्युदियात्, सैव तत्र प्रायश्चित्तिः । या मत्स्यान् न हिनस्ति नास्या मत्सी जातहारिणी भवति, या एवं वेद ॥ अथो वृद्धजीवक! ये वनस्पतीन् हिंसन्ति परिगृहीतानपरिगृहीतान् वा, तेषां वनस्पतिदेवता अभिक्रुद्धयन्ति । अग्निर्वैश्वानरो नाम, सोमः पितृमान्नाम, स्वधिति शिवो नाम, आपो वरुणो नाम, भूमिर्निऋतिर्नाम, गौर्विश्वन्नाम, गौः श्लोको नाम, देव पव(मा)नो नाम, आदित्यः पूषा नाम, दिशः काष्ठा नाम, इन्द्रो वरुणो नाम, वायुः प्राणो नाम; ता वै द्वादश वनस्पतीनां देवताः । एता एव वनस्पतीन् घ्नन्तं घ्नन्ति । अथो आहुर्वनस्पतिमध्ये विवृक्षेषु ता एव देवताः स्थालीपाकैर्यजेत । अग्निमाज्येन, सोमं श्यामाकेन, शिवं पायसेन, आपो दध्ना, भूमिं सक्षान्नकेन, ग्रामधूपैः गां वाऽग्निं पवमानं पिशितेन, पूषाणमन्नाद्यैः, दिशो मद्यैः, इन्द्रं हविष्यभोजनेनेति । अथो अस्या वनस्पतिदेवताः प्रजामेव प्रयच्छन्ति, या वनस्पतीन् न हिनस्ति । नास्या वनस्पतिदेवता जातहारिण्यो भवन्ति, या एवं वेदेति ॥ ६९ ॥

હે વૃદ્ધજીવક! હવે અમે તિર્યંચ-પશુ-પક્ષી વનસ્પતિ જાતિની જાતહારિણીનું વ્યાખ્યાન કરીશું. એ તિર્યંચ જાતિની જાતહારિણી પાંચ પ્રકારની કહેવાય છે, તે જેમ કે-એક શકુની-પક્ષિણી, બીજી ચતુષ્પદી-ચોપગી, ત્રીજી સર્પિણી, ચોથી માછલી અને પાંચમી વનસ્પતિરૂપ જાતહારિણી હોય છે, એ પાંચે પ્રકારની જાતહારિણી સજ્જનોને જ વળગે છે. હે વૃદ્ધજીવક! જે લોકો શકુની-પક્ષિણી, જે વૃદ્ધિ પામતી કે વધતી અથવા ઉછેરાતી હોય તેને મારે છે કે બીજાઓ દ્વારા મરાવે છે, તેઓને એ શકુનિ-પક્ષિણીરૂપે થયેલી જાતહારિણી-નામનો મહાગ્રહ વળગે છે, તે પક્ષિણી કાગડી, ભાસ પક્ષિણી, કૂકડી, મયૂરી, ચાષ-બાજ પક્ષિણીરૂપ, સારિકા-મેનારૂપ, તૈલપાયિકા પક્ષિણીરૂપ, ઉલૂકી-ઘુવડીરૂપ, બૌલન્તિકા નામની પક્ષિણીરૂપ, ગીધ પક્ષિણીરૂપ, શ્યેન પક્ષિણીરૂપ, ભારદ્વાજી પક્ષિણીરૂપ કે તે સિવાયની બીજી કોઈ પણ અથવા એમાંની કોઈ પણ એક પક્ષિણીરૂપે થઈને સ્વપ્નમાં અપૂર્વ-નવા નવા દેખાવો દે છે, સગર્ભા કે સુવાવડી સ્ત્રીને ભય પમાડે છે-બીવડાવે છે; તેમ જ નાનાં બાળકને ખૂબ ત્રાસ પમાડે છે, એ હરકોઈ પક્ષીજાતિની જાતહારિણી, મોટા વેગવાળી, મોટી પ્રાણશક્તિવાળી, ઘોર રૂપવાળી, ભયાનક, (ઊડવા માટે) લાંબી કે પહોળી પાંખો જેણે ન કરી હોય એવી, વજ્ર જેવી ચાંચ, નખો, દાંત તથા દાઢોથી યુક્ત, વૈડૂર્યમણિ કે અગ્નિ જેવાં ચળકતાં નેત્રોવાળી, અનેક જાતનાં રંગબેરંગી મોટાં પીછાંવાળી, ગળામાં સોનાની તથા મણિઓની રંગબેરંગી માળાઓને ધારણ કરનારી, અનેક પ્રકારનાં પુષ્પોની સુગંધવાળાં વસ્ત્રોને, મુસલોને તથા ઉજ્જ્વલ પટાંબોને ધારણ કરતી, શ્રેષ્ઠ મુકુટ પહેરનારી, ઝાંઝર, અવાજ કરતા શંખો, અંગદ-બાજુબંધ, કુંડલ, સુંદર ઘંટડીઓ, પતાકા, આતપત્ર-છત્ર, ઉલ્કા-ઊંબાડિયાં અને વીજળીથી યુક્ત મેઘ-માલા વડે શણગારેલી અને ભગવાન શ્રીકાર્તિકેયની સહચરીરૂપ તે પક્ષિણી જાતની જાતહારિણી સ્વપ્નમાં સગર્ભા સ્ત્રી વગેરેને પ્રથમ બીવડાવ્યા પછી રોગ કરે છે. તે પછી અઘોરના કે અર્ધરાત્રિના સમયે અથવા બન્ને સંધ્યાના સમયે કે બધાં સૂઈ ગયાં હોય ત્યારે જે ઘરમાં બાળક સૂતું હોય ત્યાં છુપાઈ જાય છે. એ જાતહારિણી ઉપર કહેલ કોઈ પણ પક્ષિણીમાંથી એકનું રૂપ ધારણ કરે છે, તે પછી

પેલું બાળક મોટી ચીસો પાડે છે, રડવા માંડે છે, ત્રાસ પામે છે, કંપે છે, બીએ છે, તેને તાવ આવે છે, વ્યાકુળ બને છે, બૂમો પાડે છે; મૂંઝાય છે, લડખડે છે, દુઃખી થાય છે, ઢળી પડે છે તેમ જ બીજા અનેક રોગોથી ઉપદ્રવ પામે છે; અથવા જે સ્ત્રી પણ સ્વપ્નમાં વારંવાર શકુનિ-પક્ષિણી જાતિની જાતહારિણીને દેખે છે, તેને પણ પાછળથી તે શકુનિ-જાતહારિણી વળગે છે; એમ જ્યારે તે વળગી હોય ત્યારે ઘરમાં છુપાવેલી એ જાતહારિણી-શકુનિની ચરકને લઈને તેના પાણીથી અથવા એનાં પીછાંના પાણીથી, એના વળગાડવાળી તે સ્ત્રીને, કોઈ વૃદ્ધ સ્ત્રી ત્યાં સિંચન કરે; એ જ તેના વળગાડનું પ્રાયશ્ચિત્ત છે. પછી તે શકુનિ-જાતહારિણી પોતાના જ ભાગ્યથી એ વળગાડવાળી સ્ત્રીને સંતતિવાળી કરે છે; એમ જે સ્ત્રી જાણે છે કે સમજે છે, તેને કોઈ શકુનિ-જાતહારિણી કદી વળગતી નથી અને તેનો નાશ પણ કરતી નથી.'

હવે હે વૃદ્ધજીવક જેઓ ગાયને કે બળદને મારે છે કે બીજાઓ દ્વારા તેમને માર મરાવે છે; અથવા જેઓ ગાયના માંસનો ઉપયોગ કરે છે, તેઓને ગાયોની માતા-જાતહારિણી વળગે છે; ત્યારે એ જાતહારિણી સ્વપ્નમાં તેઓને બીવડાવે છે. તેમની સામે ધસી આવે છે; અથવા ગોવાળરૂપે તેઓને તે હેરાન કરે છે; એમ તે ગાયમાતા-જાતહારિણી જેને વળગે છે, તેનો વળગાડ અસાધ્ય ગણાય છે; છતાં વૈદ્યો તેનો આવો ઉપાય કહે છે કે, તેના વળગાડવાળી જે સ્ત્રી હોય તેને ગાયોની વચ્ચે રાખી ઉપવાસ કરાવીને ગાયોનાં છાણ તથા મૂત્રથી તેને સ્નાન કરાવવું, એ જ તેના વળગાડમાં પ્રાયશ્ચિત્ત છે. પછી તે ગાયરૂપ જાતહારિણી, તે સ્ત્રીને પોતાના ભાગ્ય અથવા ભાગ-અંશ વડે પ્રજાયુક્ત કરે છે; એમ જે સ્ત્રી જાણે છે અને જે ગાયને મારતી નથી, તે સ્ત્રીને ગાયોની માતા જાતહારિણી વળગતી નથી; એ જ પ્રમાણે ભેંસો, બકરીઓ, ઘેટીઓ, ગધેડીઓ, ઘોડીઓ, ખચ્ચરીઓ, ઊંટડીઓ, ભૂંડણીઓ, ઉંદરડીઓ, કૂતરીઓ, ગોવાળો, ગલગોલિકા (વિષયુક્ત જંતુવિશેષ), વિશ્વંભરા-પ્રાણીઓ તેમ જ મૃગ આદિ પશુ જાતિની જે જાતહારિણીઓ છે, તેઓ પણ તે તે પશુજાતિનો વધ કે હિંસા કરનારાઓને વળગે છે; તે વેળા તેઓનું પ્રાયશ્ચિત્ત પણ ઉપર કહ્યા પ્રમાણે જ કરવું જોઈએ. વળી જે કોઈ નાગણ ઘરમાં કે બહાર ફરતી હોય તેને જે સ્ત્રી મારી નાખે કે મરાવી નાખે છે, તેને એ સર્પ-જાતિની જાતહારિણી વળગે છે અને તેના સંતાનનું સર્પના વિષથી મૃત્યુ થાય છે, એમ વૈદ્યો કહે છે; એ માટે તે નાગણને ઉદ્દેશી કોઈ રાફડામાં કે નાગોના કુળમાં કે વસવાટનાં સ્થાનમાં અથવા સેંકડો રાફડાઓની ઉપર વચ્ચેના ભાગમાં દૂધથી સિંચન કરવું; એ જ તે નાગણના વળગાડમાં પ્રાયશ્ચિત્ત છે. એ પ્રાયશ્ચિત્ત કરવાથી તે નાગણ પોતે જ પોતાના ભાગ્યબળથી પોતાના વળગાડવાળી સ્ત્રીને પ્રજાયુક્ત કરે છે; એમ જે સ્ત્રી જાણે છે અને સર્પોની હિંસા કરતી નથી તે સ્ત્રીની પ્રજાનું સર્પના વિષથી મૃત્યુ થતું નથી.

હવે હે વૃદ્ધજીવક ! જે માણસની સ્ત્રી માછલાં, મગર, તિમિંગિલ જાતનાં માછલાં, નક્ર જાતિનાં જલચર, શંખ, શંબૂક-છીપ, સુખનક આદિ જલચર પ્રાણીઓની હિંસા કરે છે, તેના એ અધર્મથી તે સ્ત્રી ઉપર 'રેવતી' ક્રોધાયમાન થાય છે અને તેની સંતતિનો નાશ કરે છે; એમ તે ક્રોધાયમાન થયેલી રેવતી માછલી, મગર, શંખલીનું રૂપ ધારણ કરી સ્વપ્નમાં પ્રથમ તો એ સ્ત્રીને હર્ષ પમાડે છે અને તે પછી ઘણા પ્રકારે તેનો નાશ કરે છે; જેમ કે તેની પ્રજા

જળમાં નાશ પામે છે; અથવા જળના ત્રાસથી કે જળના એક એક રોગ-જલોદર વગેરેથી નાશ પામે છે; હવે તે રેવતીનું પ્રાયશ્ચિત્ત પણ વૈદ્યો આમ કહે છે કે, રોહિણી નક્ષત્રમાં કોઈ તીર્થ આદિમાં સ્નાન કરવાથી જ તેના પ્રત્યે તે તે પ્રાયશ્ચિત્ત થઈ જાય છે; એ જ તેના વળગાડમાં પ્રાયશ્ચિત્ત છે એમ જે સ્ત્રી જાણે છે, તે માછલાં વગેરેનો કદી નાશ કરતી નથી, તેથી માછલાંની જાતહારિણી તેને વળગતી જ નથી.

હવે હે વૃદ્ધજીવક! જે લોકો, વનસ્પતિઓની હિંસા કરે છે, તે વનસ્પતિઓને ભલે પોતાનાં તરીકે સ્વીકાર્યાં હોય કે ન સ્વીકાર્યાં હોય, છતાં તેઓની જે હિંસા થાય છે, તો તેમના તરફ વનસ્પતિ દેવતાઓ ક્રોધે ભરાય છે. વૈશ્વાનર નામનો અગ્નિ, પિતૃમાન નામનો સોમ, સ્વધિતિ નામના શિવ, જલના દેવ વરુણ, નિર્ઋતિ નામે ભૂમિ, વિયત્ નામની ગૌ, શ્લોક નામનો બળદ, પવમાન નામનો વાયુદેવ, આદિત્ય નામનો પૂષાદેવ, કાષ્ઠા નામની દિશાઓ, વરુણ નામનો ઇંદ્ર અને 'પ્રાણ' નામનો વાયુ-એ ૧૨ વનસ્પતિઓના દેવો છે. એ દેવો જ વનસ્પતિઓનો નાશ કરનારનો નાશ કરે છે; હવે તે વનસ્પતિઓના નાશનું પ્રાયશ્ચિત્ત શાસ્ત્રકારો કહે છે કે વનસ્પતિઓને જ્યારે કાપી હોય ત્યારે તેઓની મધ્યે રહેલા એ દેવો જ કપાયા હોય છે, તે કારણે 'સ્થાલીપાક' નામના ચરુ-બલિદાન વડે એ દેવોનું યજન કરવું જોઈએ; જેમ કે ઘીથી અગ્નિનું, સામાથી સોમનું, દૂધપાકથી શિવનું, દહીંથી જળનું, સાત ધાન્યોથી ભૂમિનું, ગામને લગતા ધૂપોથી ગાયનું અથવા પવમાન નામના અગ્નિનું માંસ વડે, અન્ન વગેરે અર્પણ કરી પૂષાદેવનું, મધો અર્પણ કરી દિશાઓનું અને હવિષ્યાન્ન જમાડી ઇંદ્રદેવનું યજન કે પૂજન કરવું. તે પછી એ વનસ્પતિઓના દેવો, એ રીતે પૂજન કરનારને સંતતિ આપે છે અને એમ જે જાણે છે તે વનસ્પતિઓની હિંસા કરતો નથી; તેથી એ વનસ્પતિને લગતી જાતહારિણીઓ તેને વળગતી નથી. ૬૯

तत्र श्लोकाः—

અહીં આ વિષે આ શ્લોકો પણ મળે છે:

अधर्मस्यातिसंवृद्ध्या रेवती लभतेऽन्तरम्।
लब्ध्वाऽन्तरमतिक्रुद्धा नानारूपैर्यथोदितैः ॥७०॥
अन्यैश्च दारुणतरैस्ततो हन्ति प्रजा इमाः।
यौगपद्येन भार्या वा म्रियन्ते वा पृथक् पृथक् ॥७१॥

અધર્મની અતિશય વૃદ્ધિ થવાથી રેવતી છિદ્રો શોધે છે અને છિદ્રો શોધી અતિશય ક્રોધે ભરાયેલી તે ઉપર જણાવ્યા પ્રમાણેનાં તેમ જ બીજાં પણ ઘણાં દારુણ રૂપો વડે આ પ્રજાનો નાશ કરે છે, અથવા અધર્મ કરનારની પત્નીઓ એકી વખતે અથવા અલગ અલગ મૃત્યુ પામે છે. ૭૦,૭૧

જાતહારિણી વળગેલા બાળકનાં લક્ષણો

ग्रस्तस्य जातहारिण्या शिशो रूपाणि मे शृणु।
सद्यो रूपं तु तत्रैकं यदुच्चस्त्रस्तवाशितम् ॥७२॥
स्तन्यदूषणमेवाग्रे ज्वरस्तन्द्री प्रमीलकः।
शिरोभितापो वैवर्ण्यं भृशं वा पाण्डुपीतता ॥७३॥
तृष्णार्दितसारो वैस्वर्यं तालुशोषः प्रहर्षणम्।
मुखपाको मुखस्फोटो वैसर्पः पाण्डुकामले ॥७४॥
जागर्ति रोदिति भृशं पीड्यते च मुहुर्मुहुः।
श्वसते कासते क्षौति शीतीभवति चक्षणात् ॥७५॥
निश्चेष्टो मृतकल्पश्च मुहुः स्थित्वा प्रचेष्टते।
न पुष्यति यथाकालं स्तनं न प्रतिनन्दति ॥७६॥
अपूर्वं च जनं दृष्ट्वा भृशमुद्विजते शिशुः।
बिडालनकुलाखूनां शब्देनाशु प्ररोदिति ॥७७॥
मृदुनाऽपि च रोगेण पीडामाप्नोति दारुणाम्।
अभीक्ष्णं त्रसते सुप्तो न शर्म लभते सुखात् ॥७८॥

જાતહારિણી વળગેલા બાળકનાં લક્ષણો

તમે મારી પાસેથી સાંભળો તરતનું આ એક લક્ષણ પ્રથમ જ જણાય છે કે તે

બાળક ઘણો ત્રાસ પામી મોટેથી રડવા માંડે છે. વળી તેમાં પ્રથમ ધાવણ બગડે છે, પછી તે બાળકને જ્વર, નિદ્રા જેવું ઘેન, સુસ્તી, માથાનો તપારો, શરીરનો રંગ બદલાઈ જવો, અતિશય ફિકાશ, પીળીઓ થવો, વધુ પડતી તરશ, અતિસાર, અવાજ બદલાઈ જવો, તાળવાંનો શોષ, રોમાંચ, મોઢું પાકવું, મોઢું ફાટી જાય, રતવા, પાંડુરોગ તથા કમલાનો રોગ થાય છે. વળી તે બાળક જાગ્યા કરે છે, રડ્યા કરે છે, ઘણો પીડાય છે, હાંફે છે, ઉધરસ ખાય છે, છીંકો ખાય છે અને એક ક્ષણવારમાં તે બાળક શીતળ થઈ જાય છે. પછી તો એ બાળક ચેષ્ટારહિત થઈ જાણે મરી ગયો હોય તેવો થઈ જાય છે અને વારંવાર થંભી જઈ થોડીવાર પછી ભાનમાં આવે છે. એ કારણે તેનું યોગ્ય સમયે પોષણ થતું નથી. ધાવણને તે પસંદ કરતો નથી, કોઈ નવા માણસને જોઈ તે બાળક ઘણો ઉદ્વેગ પામે છે અને બિલાડાં, નોળિયાં તથા ઉંદરોના અવાજ સાંભળી ખૂબ રડવા માંડે છે અને થોડો રોગ હોય તોપણ તેથી દારુણ પીડા પામે છે, વારંવાર ત્રાસ પામે છે અને સૂવા છતાં સુખ અર્થાત્ આરામને મેળવી શકતો નથી. ૭૨–૭૮

જાતહારિણી–રેવતીની ચિકિત્સા જરૂરી છે

रूपाण्येतानि संलक्ष्य भेषजं न पृणोति यः ।
सोऽपत्यैः कुरुते कार्यं स्वप्नलब्धैर्धनैरिव ॥ ७९ ॥

જે માણસ ઉપર કહેલ જાતહારિણી–રેવતીના વળગાડનાં લક્ષણોને જાણવા છતાં તેની ચિકિત્સા ન કરે તો સ્વપ્નમાં મેળવેલું ધન જેમ નાશવંત જ હોય છે, તે જ પ્રમાણે તેનાં સંતાનો કેવળ નામનાં જ જન્મીને નાશ પામે છે. ૭૯

ગર્ભ સ્થિર કરનાર અને ગર્ભપાતના ભયને દૂર કરનાર 'વરણબંધ' કર્મ

अत ऊर्ध्वं वरणबन्धमुपक्रमिष्यामः । बन्धो हि गर्भिण्याः क्षयति प्रागष्टमान्मासात्, अत ऊर्ध्वं प्रतिषेधस्तस्यान्यत्र । वृद्धजीवक ! श्रद्धानानां धर्मक्रियावतां त्रिरात्रोपोषितानां भिषक्छुचिरुपोषितः प्रजावरणं बध्नीयात्; बद्धे चैनां दक्षिणाभिरिष्टाभिरर्चेत्, सा ह्यस्याः प्रजाः प्रयच्छति । तत्र संभारा रोहिणीस्नानस्नाता । स्नपनमप्येके रात्रौ चेत् कुर्याद् गृहेषु, दिवा चेदरण्येऽनुगुप्तमुभयं दिग्बन्धं कृत्वाऽऽत्मरक्षामत्र विधायारभेत् तत्कर्म । अथ शुचौ देशे गोचर्ममात्रं गोमयेनाद्भिश्च स्थण्डिलमुपलिप्य भिषगहतवासाः स्नातोऽलङ्कृतः प्राङ्मुख उपस्पृश्योद्धृतहस्तस्तूष्णीमुपस्पृशेदशब्दवतीभिरफेनाभिरनुष्णाभिरद्भिर्ब्राह्मेण तीर्थेन त्रिः प्राश्नीयात्, द्विरोष्ठौ परिमृजेत्, तत्त्रिरित्येके । अक्षिणी कर्णौ नासिकेऽप्यपानं चोपस्पृशेत् । दुव्य(दृश्ये)महति सूय स्थण्डिलमभ्युक्ष्य, हिरण्यपाणिर्दर्भपिञ्जूलीनां गर्भवतीं गृहीत्वा, तया लक्षणमुल्लिख्य दर्भपिञ्जुलीमभ्युक्ष्य बर्हिर्निरस्यति, तत्राग्निं प्रणयति । यथापूर्वोक्तं परिसमूह्य, परिसंमृक्ष्य, प्रदक्षिणं बर्हिषा परिस्तीर्याग्नेः पुरस्तात् काञ्चनीं राजतीमुशीरमयीं दर्भमयीं वा प्रतिकृतिं प्रतिष्ठाप्य कुमारं षष्टीं विशाखं च, दक्षिणतो ब्रह्माणमुत्तरत उदपात्रं, द्वाभ्यां दर्भाभ्यामच्छिन्नाग्राभ्यां समाभ्यां विप्रबद्धाभ्यामाज्यमुत्पूय, आज्यमास देवभोजनमसि तेजोऽसि चक्षुरसि श्रोत्रमसीन्द्रियमस्यायुरसि सत्यमसि हविरसीति । अथ जुहोति दर्भस्रुवेण आघारौ हुत्वा गर्भिणीं स्त्रियं स्नातामुषितां शुक्लवसनोपसंवीतामलङ्कृतां दक्षिणत उदङ्मुखीं सुखे पीठेऽथोपवेश्य द्वौ दर्भौ हस्ते दत्त्वा, सा तूष्णीमासीत । अथ भिषगनुज्ञातो नित्यं होमं हुत्वाऽऽज्यभागौ हुत्वा मातङ्ग्या विद्यया जुहुयात् । मातङ्गी नाम विद्या पुण्या दुःस्वप्नकलिरक्षोघ्नी पापकल्मषाभिशापमहापातकनाशनी पातकी ब्रह्मर्षिराजर्षिसिद्धचारणपूजिताऽर्चिता मतङ्गेन महर्षिणा कश्यपपुत्रेण कनीयसा महता तपसोग्रेण पितामहादेवासादिता सर्वभयनाशनी सर्वलोकवशीकरणी स्वस्तिकरणी शान्तिकरी प्रजाकरी बन्धनी

વિમલા અમોઘકલ્યાણી; ય ઇમાં વિદ્યાં શુચિરાવર્તયતિ સન્ધ્યયોઃ પૂતો ભવતિ, નાસ્ય સર્વભૂતેભ્યો ભયં ભવતિ; ય એનાં શુચિરહન્યહનિ જપતિ બહુપુત્રો બહુધન આયુષ્માનનમીવા સિદ્ધાર્થશ્ચ ભવતિ, ય ઇમાં વિદ્યાં શ્રાદ્ધે આવાહયત્યક્ષયમસ્ય પિતરશ્ચ શ્રાદ્ધ અવતાર્યન્તે। ય ઇમાં ગોમધ્યે જપેદ્ બહ્વ્યોઽસ્ય ભવન્તિ ગાવઃ। ય ઇમાં સ્ત્રિયમૃતુસ્નાતાં શ્રાવયતે ગર્ભિણી ભવતિ। ય ઇમાં ગર્ભિણીં શ્રાવયતિ પુત્રવતી ભવતિ। ય ઇમાં કૃચ્છ્રપ્રસવાં શ્રાવયત્યાશુ મુચ્યતે। ય ઇમાં મ્રિયમાણપુત્રાં શ્રાવયતિ જીવત્પુત્રા ભવતિ। યત્ર ચૈવ વેશ્મનિ સર્પાન્ રક્ષાંસિ ચ ગુહ્યકાન્ વા વિદ્યાત્ તત્ર સર્ષપાનષ્ટશતાભિમન્ત્રિતાનવકિરેત્, સર્વે નશ્યન્તિ। યો વા દ્વિષ્યાત્ તસ્ય વા દ્વારેઽવકિરેદ્યઃ પૂર્વમાક્રામતિ, સ આર્તિમાપ્નોતિ। દુર્ગેષુ જપતસ્તસ્કરમૃગધ્યાલભયં ન ભવતિ। રૂપે રૂપેઽશ્વમેધફલમવાપ્નોતિ। સર્વતીર્થેષુ સ્નાતો ભવતિ। સર્વોપવાસાઃ કૃતા ભવન્તિ। સર્વાણિ દાનાનિ દત્તાનિ ભવન્તિ। અર્થવિદ્યા, નચૈતામૂહેત્। નમો માતઙ્ગસ્ય ઋષિ(વર્ય)સ્ય સિદ્ધકસ્ય નમ આસ્તીકસ્ય, તેભ્યો નમસ્કૃત્વા ઇમાં વિદ્યાં પ્રયોજયામિ, સા મે વિદ્યા સમૃદ્ધ્યતાં, સત્યવ હિલિ મિલિ મહામિલિ કુરુટ્ટા અટ્ટે મમટે તુમ્બિપસે કરટે ગન્ધારી કેયૂરિ ભુજઙ્ગમિ ઓજહારિ સર્પપચ્છેદનિ અલગણિલગણિ પંસુમસિ કક્કિકાકણ્ડિ હિલિ હિલિ વિડિ વિડિ અટ્ટે મટ્ટે અજિહટ્ટે કુક્કુકુક્કુમતિ સ્વાહા। ઇત્યેતયા મતઙ્ગવિદ્યયા શમીમયીનાં સમિધામષ્ટશતં પાલાશીનામશ્વત્થમયીનામષ્ટશતં શ્વેતાનાં પુષ્પાણામષ્ટશતં સર્ષપાણામગ્નિવર્ણાનામષ્ટશતં ઘૃતં તૈલં વસામિત્યુપકલ્પ્ય, સમધ્વાજ્યમેકધ્યમાલોડ્ય, યુગપત્તિસ્રઃ સમિધો હુત્વા મન્ત્રાન્તે ચાજ્યં જુહોતિ; એવમષ્ટશતં હુત્વા પ્રતિસરં લક્ષ્મણાપુત્રશ્વીવફલસમુદ્રફેનપ્રતિપ્રથિતા(તં)લમ્બા(મ્બં) ગ્રહ શ્વીવાસુશુક્તિજીવોર્ણાનાં રુદ્રમાતઙ્ગ્યા વિદ્યયાઽભિમન્ત્ર્ય કણ્ઠે વિસર્જયેત્। અર્થવા વિદ્યા રુદ્રમાતઙ્ગી ભવતિ। નૈનામૂહેત્। 'નમો ભગવતો રુદ્રસ્ય માતઙ્ગિ કપિલે જટિલે રુદ્રશામે રક્ષ રક્ષેમં રિરક્ષુમાજ્ઞાપયેતિ સ્વાહા।' ઇત્યેતયા રુદ્રમાતઙ્ગ્યા પ્રતિસરં બધ્નીયાત્। બદ્ધે પ્રતિસરે પ્રજાવરણં બદ્ધં ભવતિ। નાસ્યાઃ સર્વભૂતેભ્યો ભયં ભવતિ, આજ્ઞા સમૃદ્ધ્યતે, જીવત્પુત્રા સુભગા ચાવિધવા ચ ભવતિ। તતઃ સ્વિષ્ટકૃતં હુત્વા, યથા પૂર્વોક્તં શાન્તિ જપિત્વા, મહાવ્યાહૃતિભિર્હુત્વા, દેવતામભ્યર્ચ્ય, વિસર્જ્ય, બલિં કૃત્વાઽગ્નિમભ્યુક્ષ્ય, તૂષ્ણીં બ્રાહ્મણાન્ સાધૂન્ પુત્રવત આયુષ્મતશ્ચાન્નવાસોદક્ષિણાભિરભ્યર્ચ્ય, તત ઉપવસેત્। તત્સર્વમાહવનમુપસંગૃહ્ય ચતુષ્પથે વોદકે વા ક્ષીરવૃક્ષે વા નિદધાતિ। એવમેતેન વિધિના પ્રજાવરણં બદ્ધં ભવતિ, નાસ્યાઃ પ્રજા ન ભવતીત્યાહ ભગવાન્ કશ્યપઃ॥ અત ઊર્ધ્વં સપ્તરાત્રં પ્રાજાપત્યં ચરું પર્યસિ શ્રૃતં પ્રજાપતયે જુહુયાત્, પૂર્વોક્તં ગોઘૃતમિત્યેકે। પ્રજાકામપશુકામાઽઽયુષ્કામાનામિતિ વા ॥ ૮૦ ॥

હવે અહીંથી અમે (ગર્ભપાત કે ગર્ભસ્રાવ ન થઈ જાય તે માટેના) વરણબંધ કર્મનો ઉપદેશ કરીએ છીએ. કોઈ ગર્ભિણી સ્ત્રીનો ગર્ભ આઠમા મહિના પહેલાં નાશ પામે છે–સ્રવી જાય છે, તે અટકાવવા માટે સગર્ભા સ્ત્રીને આઠમા મહિના પહેલાં જ તે બંધ બાંધવો જોઈએ, પણ આઠમો મહિનો વીતી ગયા પછી આ બંધ બાંધવાની જરૂર રહેતી નથી.

હે વૃદ્ધજીવક! શ્રદ્ધાળુ, ધર્મક્રિયામાં તત્પર–સગર્ભા થયેલી સ્ત્રીઓને ત્રણ દિવસના ઉપવાસ કરાવી, વૈદ્ય પોતે પણ ઉપવાસી રહી પવિત્ર થઈ ને તેઓના ગર્ભને સ્થિર કરવા માટે આ આવરણબંધ બાંધવો જોઈએ. તે બંધન બંધાઈ જાય ત્યારે એ બંધનની અધિષ્ઠાત્રી જાતહારિણી–રેવતી દેવીને ઇષ્ટ દક્ષિણાઓ અર્પણ કરી પૂજવાં જોઈએ, તેથી એ દેવી, એ સગર્ભા સ્ત્રીને (લાંબા આયુષવાળી) પ્રજા આપે છે; તે માટે તેના પૂજનની સામગ્રી, એ સગર્ભા સ્ત્રી, પોતે રોહિણી નક્ષત્રમાં સ્નાન કરીને એકત્ર કરે, એ નિમિત્તે કરવાનું રોહિણીસ્નાન પણ

રાત્રિનો સમય હોય તો ઘેર જ કરી લેવું, પણ જો દિવસ હોય તો જંગલમાં એકાંતમાં ગુપ્ત રીતે ચારે બાજુની દિશાઓ બાંધીને અર્થાત્ ચારે બાજુની દીવાલો વચ્ચે તેમ જ પોતાની પણ રક્ષા કર્યા પછી ત્યાં આગળ એ બંધકર્મ શરૂ કરવું. પછી ત્યાં પવિત્ર પ્રદેશ પર ગોચર્મ એટલે ૨૧૦૦ હાથ લાંબી–પહોળી જમીનને ગાયના છાણથી તથા પાણીથી લીંપી ત્યાં સ્થંડિલ બનાવીને વૈદ્યે પ્રથમ સ્નાન કરી નવાં પવિત્ર વસ્ત્ર ધારણ કરી શણગારો સજી, પૂર્વ દિશા તરફ મુખ રાખીને (પવિત્ર આસન પર) બેસવું. પછી જળનું આચમન કરી, હાથ ઊંચા રાખી મૌન રહીને ઉપસ્પર્શ કરવો એટલે કે શબ્દ ન કરે તેવા ફીણથી રહિત શીતલ પાણી વડે પ્રાજાપત્યતીર્થ વડે ત્રણવાર તે જલનું આચમન કરવું, પછી બે વાર બન્ને હોઠને પાણીથી શુદ્ધ કરવા, ત્યારે કેટલાક કહે છે કે તે ક્રિયા ત્રણવાર કરવી, તેમ જ બન્ને નેત્રો, બન્ને કાન, બન્ને નસકોરાં તથા અપાન–ગુદાનો પણ જળથી સ્પર્શ કરવો. પછી મહાન સૂર્યમંડલ બરાબર દેખાતું હોય ત્યારે સ્થંડિલને જળથી સિંચન કરવું. પછી હાથમાં સોનું લઈ દર્ભની પૂળી લીધેલી સગર્ભા સ્ત્રીને પોતાની સાથે રાખી, સ્ત્રીની પાસે રહેલ દર્ભની પૂળી વડે ત્યાં લક્ષણનો ઉલ્લેખ કરી તે જમીન પર પેલા દર્ભની પૂળીને મૂકી, તેની ઉપર જલથી સિંચન કરવું, પછી તે દર્ભની પૂળીને બહાર ફેંકી દઈ તે સ્થળે અગ્નિને લાવવો. પછી ત્યાં પહેલાં કહ્યા પ્રમાણે ચારે તરફ સાફ કરી, જમણી બાજુ દર્ભ બિછાવી, અગ્નિની આગળ સોનાની, રૂપાની, સુગંધી વાળાની કે દર્ભની કુમાર કાર્તિકેયની, ષષ્ઠી દેવીની તથા વિશાખ ગ્રહની પ્રતિમાઓ પધરાવવી, તેમ જ જમણી બાજુ બ્રહ્માનું સ્થાપન કરી ઉત્તર તરફ જલનું પાત્ર સ્થાપવું. પછી જેના અગ્ર ભાગ છેદેલા ન હોય એવા એકસરખા બે દર્ભને પરસ્પર બાંધીને તેના વડે ઘીને પવિત્ર કરવું, અને આમ બોલવું–'આજ્યમસિ, દેવભોજનમસિ, તેજોઽસિ, ચક્ષુરસિ, શ્રોત્રમસિ, ઇન્દ્રિયમસિ, આયુરસિ, સત્યમસિ, હવિરસિ–હે ઘૃત! તમે અગ્નિમાં હોમવા યોગ્ય હોઈ આજ્ય છો, દેવોના ભોજનરૂપ છો, તેજરૂપ છો, ચક્ષુરૂપ છો, શ્રોત્રરૂપ છો, ઇંદ્રિયરૂપ છો, આયુષરૂપ છો, સત્યરૂપ છો અને હવિષરૂપ છો એમ બોલ્યા પછી વૈદ્યે, દર્ભની સ્રુવ–પાત્રથી બે 'આઘાર' હોમની આહુતિ આપવી. પછી જેણે સ્નાન તથા ઉપવાસ કરેલ હોય એવી પેલી સગર્ભા સ્ત્રીને ધોળાં વસ્ત્રો પહેરાવી શણગારીને દક્ષિણ તરફ બેસાડવી અને ઉત્તર તરફ મુખ રખાવવું, એમ સુખકારક આસન પર બેસાડી તેના હાથમાં બે દર્ભો આપવા, તે વેળા તે મૌન જ બેસી રહે, પછી વૈદ્યે તેની સંમતિ લઈને નિત્યનો હોમ કરવો અને પછી માતંગી વિદ્યા વડે હોમ કરવો, કારણ કે તે માતંગી વિદ્યા પવિત્ર હોઈ દુષ્ટ સ્વપ્નો, કલિયુગ તથા રાક્ષસોનો નાશ કરનારી છે; તેમ જ પાપોનો, મલિનતાનો, અભિશાપનો તથા (બ્રહ્મહત્યાદિ) મહાપાતકોનો પણ નાશ કરે છે. જેઓથી કંઈ પાપ થઈ ગયું હોય તેવા બ્રહ્મર્ષિઓ, સિદ્ધો તથા ચારણોએ પણ આ દેવીને પૂજેલી તથા સત્કારેલી છે અને કશ્યપના સૌથી નાના પુત્ર મહર્ષિ મતંગે મહાન ઉગ્ર તપ વડે પિતામહ બ્રહ્માની પાસેથી જ મેળવેલી છે. આ વિદ્યા સર્વ ભયોનો નાશ કરનારી, સર્વ લોકોને વશ કરનારી, કલ્યાણ કરનારી, શાંતિ કરનારી, સંતતિને કરનારી, ગર્ભને પડવા નહિ દઈ તેનું ગર્ભાશયમાં યોગ્ય રીતે બંધન કરનારી, પવિત્ર તથા અમોઘ કલ્યાણને કરનારી છે. એ માતંગી વિદ્યાનો જે માણસ બન્ને સંધ્યા સમયે પવિત્ર થઈ પાઠ કરે છે, તે પવિત્ર

થાય છે, એટલું જ નહિ, પણ તે માણસને કોઈ પણ પ્રાણીથી ભય થતો નથી. વળી જે માણસ દરરોજ પવિત્ર થઈ એ માતંગી વિદ્યાનો જપ કે પાઠ કરે છે, તે ઘણા પુત્રોવાળો, ઘણો જ ધનવાન, લાંબા આયુષવાળો, દોષથી રહિત અને સિદ્ધ પ્રયોજનવાળો થાય છે. વળી જે માણસ આ માતંગી વિદ્યાનું શ્રાદ્ધમાં આવાહન કરે છે, તેના પિતૃદેવો શ્રાદ્ધકર્મમાં અક્ષય ફળને મેળવી આપે છે અને સર્વકાળને માટે તૃપ્તિ પામે છે, તેમ જ જે માણસ આ માતંગી વિદ્યાનો ગાયોની વચ્ચે બેસીને જપ કરે છે, તેને ઘણી ગાયો મળે છે. જે પુરુષ ઋતુકાળે નાહેલી પોતાની પત્નીને આ માતંગી વિદ્યા સંભળાવે છે, તે પુત્ર–સંતતિને મેળવે છે, તેમ જ જે પુરુષ ગર્ભવતીને સંભળાવે છે, તે પણ પુત્રરૂપ સંતાનને મેળવે છે. જે સ્ત્રીને પ્રસવ સમયે ઘણું જ કષ્ટ થતું હોય તે સ્ત્રીને આ માતંગી વિદ્યા સંભળાવી હોય તો તે સુખેથી પ્રસવ કરે છે. જે સ્ત્રીનાં સંતાનો મરી જતાં હોય તેને આ માતંગી વિદ્યા સંભળાવી હોય તો તેનાં સંતાનો જીવે છે. જે ઘરમાં સર્પો, રાક્ષસો કે યક્ષોનો વાસ જણાય ત્યાં સરસવના એકસો ને આઠ દાણાને આ માતંગી વિદ્યાથી મંતરીને જો ફેંકે તો તે સર્પો વગેરે ત્યાંથી નાસી જાય છે; અથવા જે માણસ જેનો દ્વેષ કરતો હોય તેના ઘરના બારણામાં સરસવના ૧૦૮ દાણાને આ માતંગી વિદ્યાથી મંત્રીને જો ફેંકવામાં આવે તો એ દ્વેષ કરનાર માણસ સંકટમાં આવી પડે છે. જે સ્થાનો દુર્ગમ હોય એટલે કે જ્યાં જવું ભયભરેલું હોય, તે સ્થાને આ માતંગી વિદ્યાનો મનમાં જે જપ કરે છે, તેને ચોર, શિકારી પશુઓ કે સર્પોથી ભય થતો નથી; એ માતંગી વિદ્યાના પ્રત્યેક અક્ષરમાં અશ્વમેધ યજ્ઞનું ફળ પ્રાપ્ત કરી શકાય છે. તે વિદ્યાના પ્રત્યેક અક્ષરે સર્વ તીર્થોમાં સ્નાન કર્યાનું ફળ મળે છે; એના પાઠથી બધાય ઉપવાસો કર્યાનું ફળ થાય છે; સર્વસ્વ દાન કર્યાનું ફળ મળે છે. એ માતંગી વિદ્યા 'અર્થવિદ્યા' છે એટલે કે ધનને મેળવી આપનારી છે, એમ સંકુચિત દૃષ્ટિએ તે વિદ્યાની કલ્પના ન કરવી, પણ હરકોઈ સિદ્ધિને તે આપે છે, એમ તેને સર્વ કંઈ આપનારી જાણવી; તે આ વિદ્યા આ પ્રકારની છે; જેમ કે–'નમો માતઙ્ગસ્ય ઋષિવર્યસ્ય સિદ્ધકસ્ય નમ આસ્તીકસ્ય, તેભ્યો નમસ્કૃત્વા ઇમાં વિદ્યાં પ્રયોજયામિ, સા મે વિદ્યા સમૃદ્ધ્યતામ્'–ઋષિઓમાં શ્રેષ્ઠ અને સિદ્ધસ્વરૂપ માતંગ ઋષિને નમસ્કાર હો. આસ્તીક ઋષિને નમસ્કાર હો; તે તે સર્વ ઋષિઓને નમસ્કાર કરીને આ માતંગી વિદ્યાનો સ્વીકાર કરું છું; એ વિદ્યા મને સમૃદ્ધિ દેનારી થાઓ; તે વિદ્યાના મૂળ મંત્રાક્ષરો આ છે–'સત્થવ હિલિમિલિ મહામિલિ કુરુટ્ટા અટ્ટે મમટે તુમ્બિપસે કરટે ગન્ધારિ કેયૂરિ ભુજઙ્ગમિ ઓજહારિ સર્ષપચ્છેદનિ અલગણિલગણિ પંસુમસિ કકિકાકણ્ડિ હિલિ હિલિ બિડિ બિડિ અટ્ટે મટ્ટે અજિહટ્ટે કુક્કુ કુક્કુમતિ સ્વાહા'–એ પ્રકારની આ માતંગી વિદ્યા વડે ખીજડી, ખાખરો તથા પીપળાની ૧૦૮ સમિધો તથા ૧૦૮ ધોળાં પુષ્પો અગ્નિના જેવા રંગના ૧૦૮ સરસવના દાણા તેમ જ ઘી, તેલ અને ચરબી–એ બધું તૈયાર કરી તેમાં મધ તથા ઘી એ બધું એકત્ર કરી એકી વખતે ત્રણ સમિધો હોમીને મંત્ર બોલીને તેની અંતે ઘીનો હોમ કરવો. પછી, લક્ષ્મણા, પુત્રંજીવ–જીયાપોતાનું ફળ તથા સમુદ્રફેન જેમાં ગૂંથેલ હોય એવી અને ધોળા સરસવ, વાસુ, શુક્તિ–છીપથી યુક્ત ઊનની બનાવેલી માળાને 'રુદ્ર–માતંગી' નામની વિદ્યાથી મંતરીને પેલી સગર્ભા સ્ત્રીના ગળામાં નાખી દેવી; હવે તે 'રુદ્ર–માતંગી'

નામની જે વિદ્યા કહી છે, તેના પ્રત્યે કોઈ તર્કો કરવા જ નહિ, પણ તે સત્ય જ છે, એમ માની તેને આમ જપવી–'ॐ નમો भगवते रुद्रस्य मातङ्गि कपिले जटिले रुद्र-शामे रक्ष रक्षेमं रिरक्षुमाज्ञापयेति स्वाहा'– એ રુદ્રમાતંગી વિદ્યા વડે માળાને મંત્રીને પેલી સગર્ભા સ્ત્રીના ગળામાં બાંધવી; એથી પ્રજાનું આવરણ થાય છે એટલે કે ગર્ભપાત કે ગર્ભસ્રાવ થતો નથી; એમ તે માળાના બંધનથી એ સગર્ભા સ્ત્રીને કોઈ પણ ભૂત કે પ્રાણીમાત્રથી ભય થતો નથી, તે સ્ત્રીની આશા ફળે છે; તેનાં સંતાનો જીવતાં રહે છે; તે ઉત્તમ ભાગ્યથી યુક્ત થાય છે અને વિધવા થતી નથી' એમ તે માલાબંધન બાંધ્યા પછી સ્વિષ્ટકૃત હોમ કરવો અને પૂર્વોક્ત શાંતિ-પાઠ ભણી જઈ મહાવ્યાહૃતિઓ વડે હોમ કરીને દેવતાઓનું પૂજન કરવું અને પછી તેઓનું વિસર્જન કરી બલિકર્મ કરી અગ્નિ પર જલસિંચન કરી મૌન રહીને બ્રાહ્મણોને, સાધુ–સંતોને, પુત્રવાળા અને લાંબા આયુષવાળા લોકોને અન્ન, વસ્ત્ર તથા દક્ષિણાઓ આપી પૂજવા અને તે પછી તેઓની સમીપે વસવું. પછી હોમનાં સાધનોને એકત્ર કરી ચૌટામાં, કોઈ જળાશય પાસે કે કોઈ ક્ષીર વૃક્ષ–વડ આદિની સમીપે મૂકી દેવાં; એમ તે ઉપર દર્શાવેલી વિધિથી પ્રજાવરણ બંધન અહીં કહેલ છે; એમ તે આવરણ–બંધન બાંધનાર સ્ત્રીને પ્રજા ન થાય, એમ કહી બને જ નહિ એમ ભગવાન કશ્યપે કહ્યું છે.

તે પછી સાત દિવસો સુધી દૂધમાં પકવેલ પ્રાજાપત્ય ચરુનો પ્રજાપતિને ઉદ્દેશી હોમ કરવો; કેટલાક વિદ્વાનો અહીં કહે છે કે ઉપર કહ્યા પ્રમાણે ગાયના ઘીનો જ હોમ કરવો; જેઓને પ્રજાની, પશુઓની કે લાંબા આયુષની ઇચ્છા હોય તેઓએ એમ આહુતિઓ આપવી. ૮૦

ઉપર કહેલ રહસ્ય ગુપ્ત રાખવું

इति प्रधानार्थमुदाहृतं परं नृणां हितार्थं भिषजां यशस्करम् । अलङ्घनीयं हि रहस्यमुत्तमं शुचिः प्रयुञ्जीत न तु प्रकाशयेत् ॥८१॥

એમ ઉપર જે કહ્યું છે, તે મુખ્ય વિષયરૂપ હોઈને મનુષ્યોના હિત માટે અહીં કહેલ છે; તેમ જ એ કર્મ વૈદ્યોના યશને કરનાર છે; વળી તે ઉત્તમ રહસ્ય, ખરેખર કરવા યોગ્ય છે, પણ બેદરકારી કરવા યોગ્ય નથી; માટે પવિત્ર થઈ તેનો પ્રયોગ કરવો, પરંતુ (સુપાત્ર વિના) હર-કોઈની આગળ તે પ્રકાશ કરવા યોગ્ય નથી. ૮૧

इति ह स्माह भगवान् कश्यपः ।

એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું.

इति श्रीकाश्यपसंहितायां कल्पस्थाने विषे 'रेवतिकल्प' नामनो ९ मो अध्याय समाप्त

ભોજનકલ્પ : અધ્યાય (?)

अथातो भोजनकल्पं व्याख्यास्यामः ॥१॥

यथोवाच भगवान् कश्यपः ॥२॥

હવે અહીંથી અમે જે પ્રમાણે ભગવાન કશ્યપે કહેલ છે, તે જ પ્રમાણે 'ભોજનકલ્પ' નામનો અધ્યાય કહીશું. ૧,૨

વૃદ્ધજીવકના કશ્યપને પ્રશ્નો

मारीचमासीनमृषिं पुराणं
हुताग्निहोत्रं ज्वलनार्कतुल्यम् ।
तपोदमाचारनिधिं महान्तं
पप्रच्छ शिष्यः स्थविरोऽनुकूलम् ॥३॥

એક સમયે અગ્નિહોત્ર હોમીને બેઠેલા, દેદીપ્યમાન સૂર્ય જેવા પ્રકાશતા, તપ તેમજ દમ અર્થાત્ ઇંદ્રિયનિગ્રહ–આચરણના ભંડાર-રૂપ મરીચિપુત્ર પ્રાચીન મહર્ષિ કશ્યપને જ્ઞાની શિષ્ય વૃદ્ધજીવકે અનુકૂળ જોઈને આમ પૂછ્યું. ૩

किं लक्षणं भोः क्षुधितस्य जन्तोः
पिपासतस्याथ तथोभयस्य ।

भृशे च मन्दे च कथं नु विद्यात्
तृषाक्षुधे तत्र च किं हितं स्यात् ॥४॥

હે ભગવન્! ભૂખ્યા તથા તરસ્યા પ્રાણીનું લક્ષણ શું હોય છે? તેમ જ ભૂખ્યા-તરસ્યા બન્નેનું એકીસાથે લક્ષણ શું હોય છે? એ ક્ષુધા અને તૃષા એ બન્ને ખૂબ હોય કે ઓછાં હોય ત્યારે તે બન્નેને કેવી રીતે જાણવાં? અને તે વધુ પડતી ક્ષુધા-તૃષામાં તથા ઓછા પ્રમાણની ક્ષુધા-તૃષામાં શું હિતકારી થાય છે. ૪

भोज्यानुपूर्वी च कथं हिता स्याद्
भक्तं क्व देशे परिपच्यते च।
किं लक्षणं भुक्तवतो महात्मन्!
मन्दाहितात्याशतयोश्च कानि ॥५॥
गुणाश्च दोषाश्च हि तत्र के स्यु-
रत्युष्णशीताशनयोश्च के च।
विपर्यये के च भवन्ति दोषाः
क्षुत्तृष्णयोर्भोजनपानयोगात् ॥६॥

ભોજન સમયે ભોજ્ય પદાર્થોને કેવો ક્રમ હોવો જોઈએ? ખાધેલો ખોરાક કયા સ્થાનમાં પચે છે? હે મહાત્મન્! જેણે ભોજન કર્યું હોય તેનું લક્ષણ શું હોય છે? જેણે ઓછું ખાધું હોય કે ખૂબ વધુ પ્રમાણમાં ખાધું હોય તેનાં કયાં લક્ષણો હોય છે? થોડું ખાવામાં કયા ગુણો છે? અને વધુ પડતું ખાવામાં કયા દોષો હોય છે? ઘણું ગરમ ખાવામાં કયા ગુણો કે દોષો છે? અને અતિ શીતળ ખાવામાં કયા ગુણો અને દોષો છે? એથી ઊલટું એટલે ખૂબ ક્ષુધા લાગી હોય ત્યારે નહિ ખાવામાં તેમ જ ખૂબ તૃષા લાગી હોય ત્યારે પાણી નહિ પીવામાં કયા દોષો થાય છે? તેમ જ બરાબર ક્ષુધા લાગી હોય ત્યારે જમવાથી અને બરાબર તૃષા લાગી હોય ત્યારે પાણી પીવાથી કયા ગુણો પ્રાપ્ત થાય છે? ૫,૬

मण्डश्च केषां भवति प्रशस्तः
केषां प्रशस्तो भगवन्न मण्डः।
मण्डस्य सम्यक् च निषेवितस्य
गुणाश्च दोषाश्च विपर्यये के ॥७॥
केषां यवागूरहिता हिता वा
कृताकृतौ चाप्यथ मुद्गमण्डौ।
यूषश्च कस्मै विरसः प्रदिष्टः
समूलको वाऽथ सदाडिमो वा ॥८॥

હે ભગવન્! કયા લોકોને મંડ હિતકારી છે? અને કયા લોકોને મંડ હિતકારી નથી? સારી રીતે સેવેલા મંડના કયા ગુણો મેળવાય છે? અને સારી રીતે નહિ સેવેલા મંડના કયા દોષો પ્રાપ્ત થાય છે? કયા લોકોને યવાગૂ-રાબ હિતકારી થાય છે? અને કયા લોકોને તે યવાગૂ હિતકારી થતી નથી? મગનો કૃતમંડ તથા અકૃતમંડ કોને હિતકારી કે અહિતકારી થાય છે? વિરસમંડ કોને આપવા કહેલ છે? મૂળા સાથેનો યૂષ અથવા દાડિમથી યુક્ત યૂષ કોને આપવા કહેલ છે? ૭,૮

सजाङ्गला वा रसकौदनो वा
संभोजनस्नानमथो हितं क्व।
इत्येवमुक्त्वा स बभूव जोषं
प्रजापतिर्वाक्यमथो बभाषे ॥९॥

જાંગલ-પશુ-પક્ષીના માંસ સહિત ભાત અથવા માંસના રસયુક્ત ભાત કોને આપી શકાય છે? અથવા કયા મનુષ્યને ભોજન તથા સ્નાન બન્ને હિતકારી થાય છે? એવા પ્રશ્નો પૂછીને તે વૃદ્ધજીવક બોલતા બંધ થયા, તે પછી પ્રજાપતિ કશ્યપ આમ બોલ્યા હતા. ૯

કશ્યપનો પ્રયુત્તર : અત્યંત ભૂખ્યાનાં લક્ષણો.

नासर्वविन्नो खलु मांसचक्षुः
प्रश्नानिमान् वक्तुमिहोत्सहेत।
उत्साहवर्णस्वरदृष्टिहानि-
र्विषादकार्श्यश्रमवाग्विकाराः ॥१०॥
भृशं च पीडा हृदयस्य जन्तो-
र्ग्लानिर्मुखस्यातिबुभुक्षितस्य।

જે માણસ સર્વજ્ઞ ન હોય અને જે

ખરેખર માંસચક્ષુ એટલે કે દિવ્ય દૃષ્ટિવાળો ન હોય તે આ પ્રશ્નોના ઉત્તર આપી શકે તેમ નથી. જે માણસના ઉત્સાહમાં, વર્ણમાં, સ્વરમાં તથા દૃષ્ટિમાં હીનતા થાય અને વિષાદ–ખેદ, શરીરમાં કૃશતા, શ્રમ તથા વાણીમાં વિકાર થાય તેમ જ જેને હૃદયમાં અત્યંત પીડા થાય અને જેનું મુખ નિસ્તેજ દેખાય તે–ઘણા ભૂખ્યા થયેલા માણસનાં લક્ષણો જાણવાં. ૧૦

અત્યંત તરસ્યાનાં લક્ષણો

તાલ્વોષ્ઠજિહ્વાગલગણ્ડશોષઃ
શ્રોત્રાક્ષિદૌર્બલ્યવિષાદમોહાઃ ॥ ૧૧ ॥
સ્મૃત્યગ્નિમેધાસુખવાક્યહાનિ-
જિહ્વાવિવૃદ્ધિશ્ચ પિપાસિતસ્ય ।

જે માણસ તરસ્યો થયો હોય, તેનું તાળવું, હોઠ, જીભ, ગળું તથા ગાલ સુકાય છે, કાન તથા નેત્રની શક્તિમાં દુર્બલતા આવે ખેદ અને મૂર્છા થાય, તેમ જ સ્મરણશક્તિની, જઠરના અગ્નિની, બુદ્ધિની 'મેધા' નામની ધારણાશક્તિની, સુખપૂર્વક વાક્ય બોલવાની ન્યૂનતા થાય અને જીભની અતિ વૃદ્ધિ થઈ જાય છે. ૧૧

ભૂખ્યા અને તરસ્યાનાં લક્ષણો

એતાનિ રૂપાણ્યુભયાનિ વિદ્યાત્
પિપાસિતે ચૈવ બુભુક્ષિતે ચ ॥ ૧૨ ॥
વિશોષણં તત્ર શિરોરુજાર્તિ-
મૂત્રગ્રહો ભુક્તવતશ્ચ ભેદઃ ।
તત્રાન્નપાનાનિ યથોપજોષં
સાત્મ્યાનિ ભોજ્યાનિ વદન્તિ તજ્જ્ઞાઃ ॥૧૩॥

પરંતુ જે માણસ એકી વખતે ભૂખ્યો અને તરસ્યો થયો હોય તેમાં ઉપર કહેલા પ્રકારનાં લક્ષણો થાય છે, ઉપરાંત ખૂબ સુકાવું, માથાનો રોગ અને તેની પીડા, મૂત્રનો અટકાવ અને ભોજન કરતાં જ ઝાડે મૂત્રનું છૂટવું થાય છે. ભૂખ અને તરસથી પીડાતા માનવીએ માફક આવે તેવાં ખોરાક તથા જલપાન સેવવાં યોગ્ય ગણાય છે, એમ તેને જાણનારા કહે છે. ૧૨,૧૩

ખૂબ ભૂખ્યા–તરસ્યાને એકદમ તૃપ્તિ નુકસાન કરે

તૃષ્ણાબુભુક્ષાભૃશપીડિતે તુ
સકૃત્ કૃતં પૂરણમપ્રશસ્તમ્ ।
ઓજો હિ દગ્ધં જ્વલનાનિલાભ્યાં
પુનઃ પુનઃ શોષયતે ચ પીતમ્ ॥ ૧૪ ॥
લોહં યથા તપ્તમપોનિષિક્તં
તત્રાન્નપાનસ્ય ગતિઃ કથં સ્યાત્ ।

જે માણસ તૃષા અને ક્ષુધાથી ઘણો પીડાયો હોય, તેને એકી સાથે તૃપ્ત કરાય તો તે અહિતકારી થાય છે; કારણ કે જઠરના અગ્નિથી અને વાયુથી માણસનું જે ઓજસ્ બળી ગયું હોય તેને, જેમ તપેલા લોઢાની ઉપર એકસામટું પાણી છાંટ્યું હોય તેમ છતાં તેને બાળી નાખે છે, તેમ એકદમ ભૂખ્યા ને તરસ્યા થયેલાને એકસામટાં સેવેલાં ખોરાક–પાણી સૂકવી નાખે છે. ૧૪

ઉપર કહેલી બાબતમાં મતભેદ

સકૃત્પ્રપીતસ્ય વદન્તિ ચૈકે
તૃપ્તિં પ્રશસ્તાં ભિષજોઽનુચિન્ત્ય ॥૧૫॥
સકૃત્પ્રપીતસ્ય હિ નશ્યતે ક્ષુદ્
યથા પૃથિવ્યાઃ સકૃદાપ્લુતાયાઃ ।

કેટલાક વૈદ્યો ખૂબ વિચાર કર્યા પછી આમ કહે છે કે તરસ લાગી હોય તો પાણી પીવાથી બરાબર તૃપ્તિ થાય છે; પરંતુ તેથી જેમ એકીવખતે પાણીથી ચોપાસ ભીંજવેલી પૃથ્વીની પેઠે તે માણસની ભૂખ ખરેખર નાશ પામે છે. ૧૫

એકદમ તરશ લાગે છે તેમાં કારણ

આદાય પિત્તં પવનો હ્યુદીર્ણ-
ઓજોદહાં સંજનયેદ્ધિ તૃષ્ણામ્ ॥ ૧૬ ॥
શિરોગતઃ સ્થાનનિરુદ્ધવેગો-
હૃત્ક્લોમ સંતાપયતે ततस्तૃट્ ।

એકદમ ઊંચે પ્રેરાયેલો પવન, પિત્તને ગ્રહણ કરી ઓજસ્ને બાળી નાખનારી તૃષાને ખરેખર એકદમ ઉત્પન્ન કરે છે,

પછી તે વાયુ, મસ્તકમાં પહોંચી જઈ તે સ્થાને રોકાયેલા વેગવાળો થઈને હૃદયને તથા 'ક્લોમ' નામના તૃપાનાં સ્થાનને સારી રીતે તપાવે છે, તેથી તૃષા ઉત્પન્ન થાય છે. ૧૬

બરાબર તૃપ્ત નહિ થયેલનાં લક્ષણો

શૂલારતાધ્માનગુદપ્રકોપ-
જ્વરાઙ્ગદાહશ્રમમોહતૃષ્ણાઃ ॥ ૧૭ ॥
શય્યાસનસ્ત્રીવિષયેષ્વભક્તિ-
ર્ભવન્તિ રૂપાણ્યપતર્પિતસ્ય ।

જે માણસ પાણીથી પૂરતો તૃપ્ત થયો ન હોય તેને પેટમાં શૂલની વેદના, અરતિ, આફરો, ગુદાનો પ્રકોપ, જ્વર, અંગદાહ, શ્રમ-થાક, મૂંઝવણ, તરશ, સૂવા ઉપર, બેસી રહેવા ઉપર કે સ્ત્રી સાથેના વિષયમાં અનિચ્છા-આટલાં લક્ષણો થાય છે. ૧૭

ઓછું ખાધું હોય તેનાં લક્ષણો

આદાતુમિચ્છત્યપિ યસ્તુ ભૂયો
મધ્યસ્થતા ચેદ્ભવતીપ્સિતેષુ ॥ ૧૮ ॥
તદ્દેશકાલૌ ભજતે ચ યુક્ત્યા
મન્દાશિતં તં પ્રવદન્તિ તજ્જ્ઞાઃ ।

જે માણસ ફરી ફરી વધુ ખોરાક લેવાની ઇચ્છા કરે, અને ઇચ્છેલા ખોરાક પર તેની મધ્યસ્થતા હોય તોયે તેને ગ્રહણ કરવા તે ઇચ્છે જ છે, વળી તે માણસ યુક્તિથી તે તે દેશ અને કાળને સેવે છે, તેને, વિદ્વાનો ઓછું ખાધું હોય એવો કહે છે. ૧૮

વધુ પડતું ખાધું હોય તેની ચિકિત્સા

અત્યાશિતાનાં વમનં પ્રશસ્તં
મન્દાશિતાનામશનં તુ યુક્ત્યા ॥ ૧૯ ॥
કાલં ચ દેશં ચ વયો બલં ચ
સમીક્ષ્ય ચોપદ્રવમૌષજં ચ ।

જેણે ખૂબ વધુ પ્રમાણમાં ખાધું હોય તેને વમન કરાવવું, એ ઉત્તમ ઉપાય છે અને જેણે પ્રમાણથી ઓછું ખાધું હોય તેને યુક્તિથી ખોરાક (તૃપ્તિ પર્યંત) આપવો જોઈએ. એ પ્રકારે કાળ, દેશ, ઉંમર, જઠરાગ્નિનું બળ, ઉપદ્રવ તથા ઔષધનો વિચાર કરી વૈદ્ય બધું યુક્તિપૂર્વક યથાયોગ્ય કરવું. ૧૯

યોગ્ય પ્રમાણમાં ભોજન કરેલાનાં લક્ષણો

દૃષ્ટિપ્રસાદો વચનપ્રસિદ્ધિઃ
સ્વરસ્ય ગામ્ભીર્યમદૈન્યમૂર્જાઃ ॥ ૨૦ ॥
ઇષ્ટેન્દ્રિયાર્થેષુ મનઃપ્રહર્ષઃ
સ્નિગ્ધં મુખં ભુક્તવતશ્ચ વિદ્યાત્ ।

દૃષ્ટિની પ્રસન્નતા, બોલવાની છટા, સ્વરની ગંભીરતા, દીનતાનો અભાવ, બળ તથા પ્રાણશક્તિનું પ્રાકટ્ય, ઇંદ્રિયોના ઇચ્છિત વિષયોમાં મનનો અતિશય હર્ષ અને સ્નેહયુક્ત ચળકતું મોઢું-એ લક્ષણો, યોગ્ય પ્રમાણમાં ભોજન લીધું હોય તેનાં જાણવાં.

ઉત્તમ પ્રકારે ભોજન કરેલાના ગુણો

કાન્તિર્બલસ્મૃતિમેધાવયાંસિ
પ્રમોદસત્ત્વસ્થિતિરઙ્ગવૃદ્ધિઃ ॥ ૨૧ ॥
દૃઢેન્દ્રિયત્વં સ્થિરતાઽઽયુષશ્ચ
સમ્યગ્ગુણા ભુક્તવતો નરસ્ય ।

જે માણસે સારી રીતે ભોજન કર્યું હોય તેમાં કાંતિ, બલ, સ્મરણશક્તિ, મેધા નામની બુદ્ધિની ધારણાશક્તિ, ઉંમરનો વિકાસ, પ્રમોદ-એટલે ખૂબ આનંદ કે હર્ષ, સત્ત્વસ્થિતિ-એટલે માનસિક સ્થિરતા, અંગોનું વધવું, દૃઢ ઇંદ્રિયશક્તિ અને આયુષની સ્થિરતા એટલા ઉત્તમ ગુણો જોવામાં આવે છે. ૨૧

ભોજનનો તથા પાનનો કાળ

ભોજ્યસ્ય કાલં મુનયો બુભુક્ષાં
વદન્તિ તૃષ્ણામપિ પાનકાલમ્ ॥ ૨૨ ॥

મુનિઓ કહે છે કે ખાવાની ઇચ્છા થાય એટલે ભૂખ લાગે તેને જ વિદ્વાનો ભોજનનો સમય કહે છે અને તે જ પ્રમાણે પાણી પીવાની જે ઇચ્છા થાય તેને જ મુનિઓ તરશને છીપાવનાર પાણી પીવાનો કાળ કહે છે. ૨૨

ભોજ્ય પદાર્થોનો ક્રમ

भोज्यानुपूर्वी तु यथा हिता स्यात्
तां तु प्रवक्ष्यामि निबोध वत्स !।
तृष्णाक्षुधौ चेद्युगपद्भवेतां
तयोर्भिषक् तां प्रथमं चिकित्सेत् ॥२३॥

ભોજન કરવા યોગ્ય–ભોજ્ય દ્રવ્યોમાંથી કયું દ્રવ્ય પ્રથમ જમવું, તે–ભોજ્યાનુપૂર્વી જે પ્રમાણે હિતકારી થાય છે તે હું તમને કહું છું, તેને હે વત્સ વૃદ્ધજીવક! તમે મારી પાસેથી જાણો; તેમ જ તરશ અને ભૂખ–એ બેય જો એકી વખતે થાય તો વૈદ્યે, તે બેયમાંથી પ્રથમ તે તરશની જ ચિકિત્સા કરવી જોઈએ. ૨૩

પાન–ભોજનક્રમ અને તેના માપ વિષે

पूर्वं पिपासां शमयेद्विपश्चित्
त्रिभागसात्म्योचितपानयोगैः ।
ततोऽशनैः कुक्षितृतीयभागं
संपूरयेद्भागमथावशिष्यात् ॥ २४ ॥
एवं हि भुञ्जानमथो पिबन्तं
जितेन्द्रियं साहसवर्जिनं च ।
आरोग्यमायुर्बलमग्निदीप्तिः
प्रजा च मुख्या भजते सुखं च ॥२५॥

વિદ્વાન મનુષ્યે પ્રથમ પિપાસા–તરશને શમાવવી જોઈએ. તે પહેલાં ત્રિભાગ–સાત્મ્યની દૃષ્ટિ રાખીને યોગ્ય પીણાના યોગ વડે તરશને પ્રથમ છીપાવી દેવી–એટલે કે કૂખના ત્રણ ભાગ ગણીને પહેલાં તેના એક ભાગને પાણી વગેરે યોગ્ય પીણાંથી તરશને છીપાવવી; તે પછી યોગ્ય ખોરાક વડે કૂખનો ત્રીજો ભાગ સારી રીતે ભરવો અને એક ભાગને (વાયુની આવજા માટે) બાકી રાખવો જોઈએ; એમ જ ભોજન તથા પીણા વગેરે પીનારા, જિતેંદ્રિય અને સાહસ કર્મનો ત્યાગ કરનાર માણસને આરોગ્ય, આયુષ, બલ, જઠરાગ્નિનું દીપન મુખ્ય પ્રજા તથા સુખ પ્રાપ્ત થાય છે. ૨૪,૨૫

વિવરણ : આ સંબંધે ચરકે પણ વિમાનસ્થાનના બીજા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'त्रिविधं कुक्षौ स्थापयेदवकाशांशमाहारस्याहारमुपयुञ्जानः, तद्यथा–एकमवकाशांशं मूर्तानामाहारविकाराणाम्, एकं द्रवाणाम् एकं पुनर्वातपित्तश्लेष्मणाम्। एतावतीं। ह्याहारमात्रामुपयुञ्जानो नामात्राहारजं किंचिदशुभं प्राप्नोति। કૂખમાં ત્રણ પ્રકારની જગ્યાના વિભાગો સ્થાપવા; તેમાંના એક ભાગને કઠિન આહાર–દ્રવ્યોનો ભાગ ગણવો; બીજા ભાગને દ્રવ–પ્રવાહી આહારદ્રવ્યોના એક ભાગ તરીકે ગણવો અને ત્રીજા ભાગને વાત, પિત્ત તથા કફના અવરજવર માટેના એક ભાગરૂપે સમજવો. આમ સમજીને એટલા ત્રણ ભાગની તૃપ્તિરૂપ આહાર પ્રમાણનો ઉપયોગ કરતો માણસ, અયોગ્ય પ્રમાણના આહારપ્રમાણથી ઉત્પન્ન થતા કોઈ પણ અશુભ વિકારને પામતો નથી; છતાં તે સાથે આમ પણ સમજવાનું છે કે કેવળ આહારનું યોગ્ય પ્રમાણપણું હોવાથી આહારના ફળનું સંપૂર્ણ ઉત્તમપણું પ્રાપ્ત થવું શક્ય જ નથી; કેમ કે પ્રકૃતિ આદિ આઠે આહારવિધિનાં વિશેષ કારણોનાં ઘણાં જુદાં જુદાં જ ફલ પ્રાપ્ત કરવાં જરૂરી હોય છે. એ રીતે ચરકે તથા આ કાશ્યપસંહિતામાં આ આહારક્રમ ત્રણ ભાગની તૃપ્તિની દૃષ્ટિએ કહ્યો છે, પરંતુ અષ્ટાંગહૃદયના સૂત્રસ્થાનના ૧૦ મા અધ્યાયમાં આ ક્રમને अर्धसौहित्य કે અર્ધી તૃપ્તિની દૃષ્ટિથી આમ કહ્યો છે કે–अन्नेन कुक्षेर्द्वावंशौ पानेनैकं प्रपूरयेत्। आश्रयं पवनादीनां चतुर्थमवशेषयेत्॥'–કૂખના ચાર ભાગ છે, તેમાંના બે ભાગમાંથી એક ભાગને ખોરાકથી અને બીજા ભાગને પાણીથી ભરવો; પછી ત્રીજા ભાગને પવન વગેરેની અવર–જવર માટે રાખવો અને ચોથા ભાગને બિલકુલ ખાલી રાખવો. ૨૪,૨૫

ખાન–પાનનો યોગ્યક્રમ

बुभुक्षितो यस्तु पिबेत् पुरस्ता-
दश्नाति चान्नानि पिपासितः सन् ।
तस्याशु रोगाः प्रभवन्ति घोरा
विपर्ययादानभवा अपायाः ॥ २६ ॥
ज्वराङ्गदाहश्रमकार्श्यकुष्ठ-
च्छर्दिभ्रमानाहविसूचिकास्तृट् ।

યક્ષ્માતિસારૌ ગલતાલુશોષો
દેહેન્દ્રિયાર્થેન્દ્રિયવર્ણહાનિઃ ॥ ૨૭ ॥

જે માણસ ભૂખ્યો થયો હોય, છતાં (ખોરાક આધા વિના) જો પાણી પીએ છે અને તે જ પ્રમાણે જે માણસ તરસ્યો થયો હોય છતાં (પાણી પીધા વિના જ) જો ખોરાક ખાય છે, તો (એ ક્રમ વિરુદ્ધ ખાનપાનના સેવનથી) એ માણસને તરત જ વિવિધ પ્રકારના ઘોર રોગો થાય છે; તેમ જ એ વિપરીત ખાનપાનના સેવનથી થતા ઉપદ્રવો પણ થાય છે; જેમ કે જ્વર, અંગદાહ, શ્રમ, કૃશતા, કોઢ, ઊલટી, ભ્રમ, મલબંધ, કૉલેરા, વધુ પડતી તરશ, ક્ષયરોગ, અતિસાર, ગળાનો શોષ, તાળવાનો શોષ અને દેહ, ઇંદ્રિયો વિષયો, ઇંદ્રિયો તથા શરીરના વર્ણની પણ હાનિ થાય છે. ૨૬,૨૭

જઠરાગ્નિમંદ થવાનાં ખાસ કારણો

પ્રતાન્તભોક્તુર્વિષમાશિનશ્ચ
તોયાતિપસ્યાતિમહાશનસ્ય ।
વિરોધ્યજીર્ણાધિવિભોજનસ્ય
વહ્નિઃ પ્રશામ્યત્યપિ ચાન્નકાલે ॥ ૨૮ ॥
તસ્માચ્ચ પૂર્વં ન જલં પિબેયુઃ
સ્નેહોપરિષ્ટાન્ન ન ચાતિભુક્ત્વા ।
પીતં હિ સદ્યઃ શમયત્યુદર્યં
તતો જ્વરાદ્યાઃ પ્રભવન્તિ રોગાઃ ॥૨૯॥

જે પોતાના યોગ્ય ભોજનકાળે પણ પોતાના ખોરાકના માપથી ઘણું ઓછું જમે છે, વિપરીત ભોજન કરે છે, જે તે ખાઈને ચલાવી લે છે કે એક એકથી વિરુદ્ધ આહાર-દ્રવ્ય ખાય છે; ખાધા પહેલાં જ વધુ પ્રમાણમાં પાણી પીએ છે, અથવા વધુ પ્રમાણમાં ખોરાક ખાય છે, વિરોધી દ્રવ્યો ખાય છે, અથવા આગલા દિવસના અજીર્ણની ઉપર ભોજન કરે છે, તે માણસનો પણ જઠરાગ્નિ અત્યંત મંદ થઈ જાય છે. તે કારણે જમવાના સમયે ભલે ખૂબ તરશ લાગી હોય તોપણ થોડું પણ જમ્યા પહેલાં પાણી કદી પીવું નહિ; તે જ પ્રમાણે કોઈ સ્નેહની ઉપર પણ વધુ પ્રમાણમાં પાણી પીવું નહિ; કેમ કે એમ (જમ્યા પહેલાં વગેરે ઉપર દર્શાવ્યા પ્રમાણે) પાણી પીધું હોય તો પેટના જઠરાગ્નિને તે તરત શમાવી મંદ કરી નાખે છે અને તેથી જ્વર આદિ રોગો પણ ઉત્પન્ન થાય છે. ૨૮,૨૯

ભોજનની મધ્યે પાણી પીવાય પણ તેથી વિપરીત કરતાં રોગો થાય

સ્નેહં સમાક્રમ્ય વિચિત્રભોજ્યૈ
ર્જલં પિબેન્મધ્ય ઇવા(હા)શનસ્ય ।
ભુક્ત્વાઽપિ પિત્તપ્રકૃતિઃ પિબેચ્ચ
માત્રાં ચ સર્વત્ર હિતં ચ સાત્મ્યમ્ ॥૩૦॥
જિહ્વોષ્ઠતાલ્વન્ત્રગલોદરૌજો
વિદહ્યતે ભુક્તફલં ન વેત્તિ ।
આનાહદુર્નામજલોદરાસૃગ્-
વૈસર્પતૃષ્ણાક્ષિશિરોરુજશ્ચ ॥ ૩૧ ॥

પ્રથમ સેવેલા સ્નેહને અનેક પ્રકારનાં ભોજનદ્રવ્યોથી પ્રથમ સારી રીતે દાબી દઈ ખોરાક ખાતાં ખાતાં વચ્ચે જ (થોડા પ્રમાણમાં) પાણી પીવું જોઈએ; તેમ જ પિત્ત પ્રકૃતિવાળા માણસે, જમ્યા પછી પણ પાણી પીવું; પરંતુ બધી બાબતમાં તેની માત્રા અમુક યોગ્ય પ્રમાણને જ સાત્મ્ય સમજી લેવું જોઈએ; નહિ તો જીભના, હોઠના, તાળવાના આંતરડાંના, ગળાના તથા ઉદરના રોગો થાય છે અને ઓજસ પણ વિશેષ કરી બળી જાય છે; અને જમ્યાનું ફળ પણ તે માણસ જાણી શકતો નથી. વળી મળબંધ, અર્શરોગ, જળોદર, લોહીવિકાર, રતવા, તરશ, નેત્ર તથા માથાના પણ રોગો થાય છે. ૩૦,૩૧

વધુ ગરમ ખોરાક-પાણી ન સેવાય

અત્યુષ્ણપાનાન્નનિષેવણેન
રેતોઽસૃગણ્ડોપચયશ્ચ દુષ્યેત્ ।
અગ્નિઃ ક્ષયં યાતિ રસં ન વેત્તિ
શ્લેષ્મા ચ પિત્તં ચ નિચીયતેઽસ્ય ॥૩૨॥

ગરમ પાણી કે અતિ ઉષ્ણ ખોરાકનું

વધુ સેવન કરવાથી વીર્ય, લોહી, સ્ત્રીનું આર્તવ તથા અંડ–વૃષણની વૃદ્ધિરૂપ રોગનો દોષ થાય છે. ઉપરાંત જઠરનો અગ્નિ ક્ષીણ થાય છે. મંદ થઈ જાય છે; અને તે માણસને રસનું જ્ઞાન થતું નથી; તેમજ એ માણસનો કફ તથા પિત્ત અત્યંત વધી જાય છે. ૩૨

અતિ શીતળ ખાન–પાનથી પણ નુકસાન

શીતાન્નપાનાતિનિષેવણાત્તુ
કફાનિલારોચકશૂલવાતાઃ ।
હિક્કાશિરોનેત્રગલગ્રહાદ્યા
આલસ્યવિણ્મૂત્રગુરુત્વવૃદ્ધિઃ ॥ ૩૩ ॥

વધુ શીતળ ખોરાક તથા પાણીનું વધુ સેવન કરવાથી પણ કફ, વાયુ, અરોચક તથા શૂલવાત કે વાતશૂલ રોગ ઉત્પન્ન થાય છે; તેમજ હેડકી, માથાના રોગ, નેત્રરોગ તથા ગળું ઝલાવું વગેરે રોગો ઉત્પન્ન થાય છે. ઉપરાંત શરીરમાં આળસ, વિષ્ઠા, મૂત્ર અને ભારેપણું પણ વધે છે. ૩૩

ભોજન પદાર્થો ખાવાનો ક્રમ

સ્નિગ્ધં ચ પૂર્વં મધુરં ચ ભોજ્યં
મધ્યે દ્રવં શીતમથો વિચિત્રમ્ ।
તીક્ષ્ણોષ્ણરૂક્ષાણિ લઘૂનિ પશ્ચાદ્
ભોજ્યાનુપૂર્વી ખલુ સાત્મ્યતશ્ચ ॥ ૩૪ ॥

શરૂઆતમાં હમેશાં પ્રથમ સ્નિગ્ધ, ચીકાશવાળું તથા મધુર અન્ન જમવું જોઈએ; પછી વચ્ચે પ્રવાહી, શીતળ અને પછી વિચિત્ર તરેહતરેહના ખોરાક ખાવા; તે પછી છેલ્લે તીક્ષ્ણ, ઉષ્ણ તથા રુક્ષ તથા પચવામાં હલકા પદાર્થો ખાવા જોઈએ, આ ભોજ્યાનુપૂર્વ એટલે ભોજન કરવા યોગ્ય ભોજન પદાર્થોનો ક્રમ અરેખર સાત્મ્યને અનુસરતો કહ્યો છે. ૩૪

નીચેનાને શીતળ પાણી હિતકારી થાય

યઃ પૈત્તિકઃ ક્ષીણકફો નિરોગો
મૂર્ચ્છાશ્રમાત્યધ્વનિપીડિતશ્ચ ।
અત્યુષ્ણપાનાન્નનિષેવણાચ્ચ
દૃષ્ટિર્હતા મદ્યનિષેવણાચ્ચ ॥ ૩૫ ॥
શુષ્કં કફં ષ્ઠીવતિ યશ્ચ કૃચ્છ્રાત્
ષ્ઠીવંશ્ચ યઃ ક્લિશ્યતિ નિર્વિકારઃ ।
ક્લેશાત્ પ્રસૂતે તૃષિતા ચ યા સ્ત્રી
ક્ષીણેન્દ્રિયો યશ્ચ મદાત્યયાર્તઃ ॥ ૩૬ ॥
મન્દાશિનો યોષિતિ જાગરૂકાઃ
સંશોધનૈર્યે મૃદિતાશ્ચ મર્ત્યાઃ ।
દગ્ધાશ્ચ વૈસર્પવિદાહિનશ્ચ
કાસેન કોપેન મદેન ચાર્તાઃ ॥ ૩૭ ॥
ઉદ્ભ્રામિતઃ પૂગફલેન યશ્ચ
જગ્ધેન વા યો મદનેન મૂઢઃ ।
કિંપાકભલ્લાતવિષોપસૃષ્ટાઃ
ક્ષૌદ્રાશિનો યે ગરપીડિતાશ્ચ ॥ ૩૮ ॥
મદ્યં પયસ્તક્રમથો દધીનિ
યેઽશ્નન્તિ વારાહમથાપિ મત્સ્યાન્ ।
તામ્બૂલપૂગોન્મથિતાશ્ચ યે સ્યુઃ
કાલોચિતા યસ્ય ભવેચ્ચ તૃષ્ણા ॥ ૩૯ ॥
એતે તથાઽન્યેઽપિ ચ તદ્વિધા યે
તેષાં જલં શીતમુશન્તિ પથ્યમ્ ।
વિષ્ટમ્ભતૃષ્ણાગ્નિનિપીડિતા યે
તથા લભન્તે બલસત્ત્વપુષ્ટીઃ ॥ ૪૦ ॥

જે માણસ પિત્તપ્રકૃતિવાળો હોય, જેનો કફ ક્ષીણ થયો હોય, જે બિલકુલ નીરોગી હોય, જે માણસ મૂર્છાથી, શ્રમથી અને અતિશય મુસાફરીથી અત્યંત પીડાયો હોય; જેની દૃષ્ટિ વધુ પડતાં ગરમ પીણાંથી, વધુ ગરમ ખોરાક સેવવાથી અને મદ્યનું અત્યંત સેવન કરવાથી ક્ષીણ થઈ હોય, આંખે ઝાંખ આવી હોય, જે માણસ સૂકા કફને ઘણી-જ મુશ્કેલીએ થૂંકતો હોય; વળી જે કોઈ-પણ વિકારથી રહિત હોય છતાં કફને થૂંકતાં પીડાતો હોય; વળી જે સ્ત્રી કષ્ટથી સંતાનો પ્રસવે છે, વધુ પ્રમાણમાં તરસ-થી પીડાતી હોય; જેની ઇંદ્રિયો ક્ષીણ થઈ હોય; મહાત્યય રોગથી જે પીડાયો હોય, જે પુરુષો થોડું ખાઈ શકતા હોય છતાં સ્ત્રી વિષે મૈથુન કરવા તત્પર હોય છે. જે

લોકો ઉપરાઉપર સંશોધન કરાવતા હોઈ લોથપોથ થઈ ગયા હોય; જે લોકો અગ્નિથી દાઝ્યા હોય; રતવાના રોગથી જે વિશેષ દાહયુક્ત રહેતા હોય, જે લોકો ઉધરસથી, ક્રોધથી અને મદ્ય આદિના મદ કે કેફથી પીડાયા હોય; સોપારીના વધુ સેવનથી જે અતિશય ભ્રમયુક્ત થયો હોય કે ચકરીના રોગી બન્યા હોય; જે માણસે મીંઢળફળ ખાધું હોય તેથી જે બેભાન બન્યો હોય, કિંપાક ફળ–અશુદ્ધ ઝેરકોચલાં કે બિલામાંના ઝેરની જેને અસર થઈ હોય, જેઓ કાયમ મદ્યનું સેવન કરવા ટેવાયેલા હોય, જેઓ કૃત્રિમ ઝેરથી પીડાયા હોય; જેઓ મદ્ય, દૂધ, છાશ અને દહીં એકીવખતે કાયમ સેવતા હોય; અથવા જેઓ વરાહનું માંસ કે માછલાં કાયમ ખાતા હોય; જેઓ નાગરવેલનાં પાન અને સોપારીના ખૂબ વ્યસની બની હેરાન થયા હોય; જે માણસને કાળને યોગ્ય વખતસર તરશ લાગતી હોય; એ લોકો અને તે જ પ્રમાણે એવા જે બીજા લોકો પણ તેવા પ્રકારના રોગ વગેરેથી યુક્ત થયા હોય તેઓને શીતળ પાણી આપવું એને વૈદ્યો પથ્ય કહે છે. વળી જેઓ કબજિયાત, વધુ પડતી તરશ તથા જઠરાગ્નિની તીવ્રતાથી અત્યંત પીડાયા હોય તેઓ પણ શીતળ જળપાનથી બળ, માનસિક શક્તિ તથા પુષ્ટિને મેળવે છે. ૩૫–૪૦

કુરુક્ષેત્ર આદિ દેશવાસીઓનો પથ્ય આહાર

कौरुक्षेत्राः कुरवो नैमिषेयाः
पाञ्चालमाणीचरकौसलेयाः ।
हारीतपादाश्चरशौरसेना-
मत्स्या दशार्णाः शिशिराद्रिजाश्च ॥४१॥
सारस्वताः सिन्धुसौवीरकाख्या
ये चान्तरे स्युर्मनुजाः कुरूणाम् ।
उदन्विपाट्सिन्धुवसातिजाश्च
काश्मीरचीनापरचीनखश्याः ॥ ४२ ॥
बाह्लीकदाशेरकशातसाराः
सरामणा ये च परेण तेषाम् ।
एषामवक्षार्यशनादिरुक्ता
सात्म्योचितत्वाद्भिषजा विधेया ॥४३॥
सा ह्यस्य तृष्णां शमयत्युदीर्णां
बलं च पुष्टिं च रुचिं च धत्ते ।
वातानुलोम्यं प्रकृतिस्थतां च
विण्मूत्रदेहेन्द्रियजां करोति ॥ ४४ ॥
संतर्पयत्याशु च तेन सैभ्यो
हिता मता सात्म्यगुणेन चैव ।

કુરુક્ષેત્રના રહેવાસીઓ, કુરુદેશના લોકો, નૈમિષારણ્ય પ્રદેશના રહેવાસીઓ; પાંચાલ, માણીચર તથા કોસલ દેશના લોકો; હારીતપાદ, ચર, શૂરસેન, મત્સ્ય, દશાર્ણ તથા 'શિશિરાદ્રિ'–હિમાલયમાં જન્મેલા લોકો, સારસ્વત, સિંધુ તથા સૌવીરક દેશના લોકો; તેમ જ કુરુદેશની વચ્ચે જેઓ વસ્યા હોય તે લોકો; તેમ જ ઉત્તરના વિપાટ્ નદીના તીરવાસી લોકો; સિંધુ અને વસાતિ દેશના રહેવાસીઓ; કાશ્મીર, ચીન, પશ્ચિમ ચીન તથા ખશવાસી લોકો; બાહ્લીક દેશના, દાશેરક દેશના, શાતસારના તથા રામણદેશવાસીઓ સહિત બીજા પણ તેની પશ્ચિમના જે લોકો હોય છે, તેઓને ક્ષારરહિત ખોરાક વગેરે અપાય તે માફક હોઈ તેવી ભોજન–સામગ્રી વૈદ્યે કરવા યોગ્ય કહી છે; કારણ કે એવી ભોજનસામગ્રી તે લોકોની વધી ગયેલી તરશને શમાવે છે; તેમ જ તેઓનાં બળ, પુષ્ટિ તથા રુચિને ઉપજાવે છે; ઉપરાંત વાયુનું અનુલોમન કરે છે અને વિષ્ઠા, મૂત્ર, દેહ તથા ઇંદ્રિયો પોતપોતાના મૂળ સ્વભાવમાં રહે છે. એ કારણે તે ઉપર કહેલા લોકોને વૈદ્ય તરત સારી રીતે તૃપ્તિ પમાડે છે; કેમકે સાત્મ્ય ગુણના કારણે તે જ આહારપદ્ધતિ તેઓ માટે હિતકારી મનાયેલી છે. ૪૧–૪૪

ક્ષારરહિત ભોજનસામગ્રી

પાત્રેષુ હૃદ્યેષુ સુપુષ્પવત્સુ
ભુઞ્જીત દેશે ચ મનોઽનુકૂલે ॥ ૪૫ ॥
તક્રં શુક્તં દધિ મસ્તુર્ગુડં ચ
દ્રાક્ષા મુખ્યાઃ સુકૃતાઃ શક્તવશ્ચ ।
શીતં હિતં દાડિમવારિ ચાર્યં
સ્યાત્ સૈન્ધવં ભૂસ્તૃણપલ્લવાશ્ચ ॥ ૪૬ ॥
તાનિ ત્રિવૃદ્વાસકકારવૃન્તાદ્-
રસઃ કુઠેરાદિસમાતુલુઙ્ગાત્ ।
સ્યાદાર્દ્રકયુતાઃ શક્તવશ્ચ
સર્પિર્વરિષ્ઠં લઘવઃ પાડવાશ્ચ ॥ ૪૭ ॥
ભક્ષ્યાશ્ચ મુખ્યા લઘવઃ સુપક્વાઃ
સૂપા રાગાઃ પાનકં મદ્યયોગાઃ ।
અતો ગણાદ્યુક્તિમવેક્ષ્ય કુર્યાત્
સાત્મ્યાદવક્ષારિમથો વિધિજ્ઞાઃ ॥ ૪૮ ॥

હરકોઈ માણસે ઉત્તમ પુષ્પોથી યુક્ત સુંદર પાત્રોમાં મનને અનુકૂળ પ્રદેશ પર ભોજન કરવું. ભોજનમાં છાશ, શુક્ત, દહીં, મસ્તુ–દહીંની ઉપરનું પાણી, ગોળ, દ્રાક્ષ તથા સારી રીતે બનાવેલ શક્તુ–ચુક્કા એ મુખ્ય છે. તેમ જ દાડમનું શીતળ પાણી, સૈંધવ તથા ભૂસ્તૃણ–ઘાસનાં કૂણાં પાન પણ ત્યાં હાજર રાખવાં. ઉપરાંત નસોતર, અરડૂસો, કારેલાં, કુઠેર વગેરે સાથે બિજોરામાંથી રસ કાઢી તે સ્થળે તૈયાર રાખવો; અને આદું સહિત શક્તુઓ, ઉત્તમ પ્રકારનું ઘી અને પચવામાં હલકાં 'પાડવ' નામનાં પીણાં પણ ત્યાં તૈયાર રાખવાં. વળી મુખ્ય ભક્ષ્ય પદાર્થો, હલકા અને સારી રીતે પકવેલ સૂપ–દાળ, રાગ–અથાણાં–મુરબ્બા, પાનક–પીણાં તથા મદ્યના યોગો પણ તૈયાર રાખવા. એ બધાંના સમુદાયમાંથી જે યોજના દેખાય તેને વિધિ જાણનારા તૈયાર કરે; તે સાત્મ્ય હોવાથી અવક્ષારિક–ક્ષારરહિત ભોજન તૈયાર કરેલું ગણાય છે. ૪૫–૪૮

કાશી વગેરે પ્રદેશના લોકોને તીક્ષ્ણ દ્રવ્ય-યુક્ત ભોજન પથ્ય થાય

કાશીન્સપુણ્ડ્રાઙ્ગકવઙ્ગકાચાન્
સસા(ગ)રાનાનૂપકતૌ(કૌ)સલેયાન્ ।
પૂર્વં સમુદ્રં ચ સમાશ્રિતા યે
કિરાતદેશ્યાનપિ પૂર્વશૈલાન્ ॥ ૪૯ ॥
શાકૈઃ સમત્સ્યામિષશાલિતૈલૈ-
ર્દ્રવ્યૈશ્ચ તીક્ષ્ણૈઃ સમુપક્રમેત ।
કફો હિ તેષાં નિચિતઃ સ્વભાવા-
દ્વિલીયમાનઃ કૃશતાં કરોતિ ॥ ૫૦ ॥

પરંતુ કાશી, પુંડ્ર, અંગક, વંગ કે બંગ–બંગાળ કે કાશી પ્રદેશના રહેવાસીઓને તેમ જ સમુદ્રકિનારે આનૂપ–કચ્છ દેશમાં તથા કોસલ દેશમાં રહેતા લોકોને અને પૂર્વ સમુદ્રનો આશ્રય કરી જે લોકો નિવાસ કરે છે અને કિરાત–ભિલ્લના દેશવાસીઓ તથા પૂર્વ તરફના પહાડોમાં વસવાટ કરતા લોકો માટે માછલાંના માંસ સહિત શાલિ–ડાંગરનો ભાત અને તેલથી વધારેલાં શાક તથા તીક્ષ્ણ દ્રવ્યોથી ભોજનો તૈયાર કરવાં જોઈએ; કારણ કે તે તે દેશવાસી લોકોમાં સ્વભાવથી જ કફ ખૂબ જામેલો હોય છે. તેથી એવાં ભોજનો દ્વારા વિલીયમાન થઈ તે લોકોમાં કૃશતા કરે છે (એટલે કે તે કાશી આદિ દેશવાસીઓને તીક્ષ્ણ દ્રવ્યોથી તૈયાર કરેલો ખોરાક માફક આવે છે.) ૪૯,૫૦

કલિંગક આદિ દેશવાસી લોકોનાં ખાનપાન વિષે

કલિઙ્ગકાન્ પટ્ટનવાસિનશ્ચ
સદક્ષિણાન્ વાઽપિ ચ નાર્મદેયાન્ ।
ઉચ્ચાવચદ્રવ્યગુણાન્વિતાભિઃ
પેયાભિરેતાન્ સમુપક્રમેત ॥ ૫૧ ॥
તૈલાનિ કઙ્ગ્વાઢકીયાવકાશ્ચ
મૂલાનિ કન્દાશ્ચણકાઃ કલાયાઃ ।
એતાનિ સાત્મ્યાનિ ભવન્તિ તેષાં
પેયાસ્તથોષ્ણાઃ પરિસિદ્ધિકાશ્ચ ॥ ૫૨ ॥

કલિંગદેશવાસી, પટણાવાસીઓ કે દક્ષિણ સહિત નર્મદાતીરવાસીઓ માટે

ઉત્તમ ને મધ્યમ દ્રવ્યો અને ગુણોથી યુક્ત પેયાઓ તૈયાર કરીને તેના વડે તેઓની સારી રીતે ચિકિત્સા કરવી જોઈએ. તેમ જ તેલ, કાંગ, આઢકી-તુવેર, યાવક-કળથી, કંદમૂળ, કાંદા, ચણા અને કલાય-વટાણા એ દ્રવ્યો તેઓને માફક આવે છે; તેમ જ ગરમાગરમ પેયાઓ તથા પરિસિદ્ધિકા નામના એક જાતના મંડો પણ તે લોકોને માફક આવે છે. ૫૧,૫૨

તરત-તૃષા છીપાવનાર પેયા

પેયા હિ સિદ્ધા સહ દાડિમેન
તક્રેણ ચુક્રેણ જલેન ચોષ્ણા ।
સસૈન્ધવા ચાશુ વિહન્તિ તૃષ્ણાં
કાલોપપન્ના મરિચાર્દ્રકાભ્યામ્ ॥ ૫૩ ॥

દાડમની સાથે છાશ, ચુક્કો, ગરમ પાણી અને સૈંધવથી યુક્ત પેયા-રાબ તૈયાર કરી તેમાં મરિયાં તથા આદું મિશ્ર કરી તેનો યોગ્ય કાળે પ્રયોગ કરવાથી તરશનો તે તરત જ નાશ કરે છે. ૫૩

પિત્તપ્રકૃતિવાળાને હિતકર પેયાપ્રયોગ

પિત્તાત્મનઃ સર્પિષિ સંસ્કૃતા વા
ક્ષીરોદકે શર્કરયાઽન્વિતા વા ।
જ્વરાતિસારશ્રમમોહકાસાન્
હિક્કાં ચ તૃષ્ણાં ચ હિનસ્તિ પેયા ॥૫૪॥

જે પેયાને ઘીમાં સંસ્કારી કરી હોય એટલે વઘારી હોય, તેમ જ દૂધથી યુક્ત પાણીમાં પકવીને સાકરથી મિશ્ર કરી હોય તે પેયા જ્વર, અતિસાર, થાક, મૂંઝવણ અથવા મૂર્છા, ઉધરસ, હેડકી અને તરશનો તરત જ નાશ કરે છે. ૫૪

હિતકર માત્રાયુક્ત ભોજન અપાવવા વૈદ્યને ભલામણ

યદ્યસ્ય સાત્મ્યં ચ હિતં ચ ભોજ્યં
શરીરદેશપ્રકૃતૌ સ્થિતં ચ ।
તત્તસ્ય વૈદ્યો વિદધીત નિત્યં
કાલે ચ દ્રવ્યં લઘુ માત્રયા ચ ॥૫૫॥

જે ભોજન જે માણસને સાત્મ્ય-પ્રકૃતિને માફક આવે તેવું, હિતકારી અને જે શરીરમાં તથા પ્રકૃતિમાં સ્થિતિ કરી રહ્યું હોય તે જ હૃદયપ્રિય ભોજન, તે તે રોગી માટે વૈદ્યે યોગ્ય સમયે યોગ્ય માત્રામાં તૈયાર કરાવવું જોઈએ. ૫૫

આમાશય તથા તેનું સ્થાન-કર્મ વગેરે

સ્તનસ્ય વામસ્ય ભવત્યધસ્તા-
દામાશયસ્તત્ર વિપચ્યતેઽન્નમ્ ।
ધાતૂરસઃ પ્રીણયતે વિસર્પન્
કિટ્ટાન્મલાનાં પ્રભવોઽખિલાનામ્ ॥૫૬॥

દરેક માણસના ડાબા સ્તનની નીચેના ભાગમાં આમાશય રહેલ છે. તેમાં જઈને ખોરાક પચે છે અને તે ખોરાકનો રસ બની તે શરીરની પ્રત્યેક ધાતુઓમાં ફેલાઈને તે તે ધાતુઓને પુષ્ટ બનાવે છે અને ખોરાકના કિટ્ટામાંથી શરીરના બધાયે મળોની ઉત્પત્તિ થાય છે. ૫૬

માંસરસનું પાન કરી શકનારી વ્યક્તિઓ

દીપ્તાગ્નયો વર્ણબલાર્થિનશ્ચ
વ્યાયામનિત્યા બહુભાષિણશ્ચ ।
સ્ત્રીષુ પ્રસક્તાઃ ક્ષયિનો વિનિદ્રા-
રોગૈર્વિમુક્તાઃ કૃશદુર્બલાશ્ચ ॥ ૫૭ ॥
વિશુષ્કવિણ્મૂત્રકફાધ્વખિન્ના-
નિપીડ્યમાના વિષમજ્વરૈશ્ચ ।
એતે નરા માંસરસં પિબેયુઃ
પ્રાગ્ભોજનાદ્વાતવિકારિણશ્ચ ॥ ૫૮ ॥

જેઓના જઠરાગ્નિ પ્રદીપ્ત હોય શરીરમાં સારો વર્ણ તથા બળને જેઓ ઇચ્છતા હોય, જેઓ કાયમ શારીરશ્રમ કે વ્યાયામ કરતા હોય; જેઓને બહુ બોલવાની ટેવ હોય, સ્ત્રીઓ વિષે મૈથુન કરવા જેઓ ઘણી આસક્તિ ધરાવતા હોય, ક્ષયરોગથી જેઓ યુક્ત થયા હોય; જેઓની નિદ્રા જતી રહી હોય; એટલે કે જેઓને ઊંઘ ન આવતી હોય, જેઓને કોઈ રોગ થયો જ હોય પણ અમુક સમયથી તેઓનો રોગ મટી ગયો હોય; શરીરે જેઓ

ક્ષીણ તથા દુર્બળ થયા હોય, જેઓની વિષ્ઠા, મૂત્ર તથા કફ વિશેષ સુકાઈ ગયા હોય; માર્ગે મુસાફરી કરીને જેઓ ખેદ પામ્યા કે થાકી ગયા હોય, વિષમજ્વરોથી જેઓ પીડાયા હોય; અને જે લોકોને વાયુનો રોગ લાગુ થયો હોય તેઓએ જમ્યા પહેલાં માંસરસ પીવો જોઈએ. ૫૭,૫૮

માંસરસ કોને માફક ન આવે?

प्रक्लिन्नकाया गलवक्त्ररोगै-
रार्ताः क्षताः पित्तकफार्दिताश्च ।
ज्वरातिसारग्रहशोकनिद्रा-
प्रमेहपाण्ड्वामयकामलार्ताः ॥ ५९ ॥
विषान्विताश्चापि मदान्विता वा
ये चोपसृष्टा विविधैर्गरैर्वा ।
छर्द्यूरुविष्कम्भविकारिणश्च
नैते नरा मांसरसं पचेयुः ॥ ६० ॥

જેઓનાં શરીર ક્લેદયુક્ત થયાં હોય; ગળાંના તથા મોઢાંના રોગોથી જેઓ પીડાયા હોય; જેઓને છાતીમાં ક્ષત–ચાંદાં પડી ગયાં હોય; પિત્તથી અને કફથી જેઓ પીડાયા હોય; તેમ જ જ્વર, અતિસાર–ઝાડા, ગ્રહ–વળગાડ, શોક, નિદ્રા, પ્રમેહ, પાંડુરોગ અને કમળાના રોગથી જે લોકો પીડાયા હોય અથવા જેઓ વિષથી યુક્ત થયા હોય; તોપણ મદથી યુક્ત હોય તથા અનેક પ્રકારનાં સંયોગજન્ય કૃત્રિમ વિષથી સંબંધ પામ્યા હોય; તેમ જ ઊલટી તથા ઊરુસ્તંભના જેઓ રોગી બન્યા હોય. એ લોકોએ માંસરસ પીવો નહિ. ૫૯,૬૦

જેને માંસરસ માફક ન આવે તેઓએ
તક્ર–છાશનું સેવન કરવું

तक्रं तु तेषां भवति प्रशस्तं
ससैन्धवं शार्करयाऽन्वितं वा ।
सौवर्चलेनाथ विडेन युक्तं
मध्येऽपि चान्तेऽपि सनावनीतम् ॥ ६१ ॥

ઉપર જણાવેલા લોકોને તક્ર–છાશ તો હિતકારી થાય છે; પણ એ તક્ર–છાશ સૈંધવથી યુક્ત કે સાકરથી મિશ્ર કરેલી હોય અથવા સંચળ કે બિડલવણથી યુક્ત અથવા તાજા માખણથી જે યુક્ત હોય તે છાશ જ તેઓએ સેવવી જોઈએ. ૬૧

તક્ર છાશના પ્રાસંગિક ગુણોનું વર્ણન

तक्रं हि सद्यो मथितं सुगन्धि
रुचिं बलं पुष्टिमथो दधाति ।
अम्लोष्णवैशद्यलघु स्वरे(?) वा
निषेव्यमाणं ज्वलयत्युदर्यम् ॥ ६२ ॥

જે તક્ર છાશ તરતની તાજી મથેલી વલોવેલી હોય; તે સુગંધથી યુક્ત હોય છે; તેથી એવી તાજી છાશ રુચિ, પુષ્ટિ તથા બળને કરે છે; વળી જે છાશ ખાટી, ગરમ, વિશદ તથા હલકી હોય તે સ્વરને હિતકારી થાય છે; તેમ જ તેનું નિત્ય સેવન કરાય તો જઠરના અગ્નિને પ્રદીપ્ત કરે છે. ૬૨

આ રોગીઓને મંડનું સેવન હિતકર થાય:

वान्ते विरिक्ते ज्वरिते विशुष्के
महोपवासश्रमपीडिते च ।
तृष्णातिसारोरुगदोपतप्ते
वैसर्पपित्तामयघर्मिते च ॥ ६३ ॥
संसृष्टरोगेषु महाशनेषु
विदह्यमानेषु जलोदरेषु ।
सद्यःप्रसूतास्वपि चाङ्गनासु
मण्डं विदध्यादपि कामलासु ॥ ६४ ॥

જેણે વમન કર્યું હોય, જેને વિરેચન કરાવ્યું હોય, જેને જીર્ણજ્વર આવતો હોય, જે માણસ ખૂબ સુકાઈ ગયેલ હોય, લાંબા ઉપવાસોથી અને શ્રમથી જે પીડાયો હોય. તરશના રોગથી, અતિસાર–ઝાડાના રોગથી અને સાથળ થંભી જવાના રોગથી જે પીડાયેલ અને રતવાના રોગથી, પિત્તના રોગથી અને ધામ કે તાપથી જેઓ પીડાયા હોય, જેઓ સંસૃષ્ટ–ચેપી રોગોથી યુક્ત હોય, જેઓનો ખોરાક ખૂબ વધી ગયો હોય, જેઓનાં શરીર બળતાં હોય કે દાહથી પીડાયાં હોય, જળોદરના રોગથી જેઓ

યુક્ત થયા હોય, જે સ્ત્રીઓ તરતમાં પ્રસવેલી–સુવાવડી થઈ હોય અને જેઓને કમળાનો રોગ થયો હોય, તે રોગીઓએ મંડ–ઓસામણ ઉપર રહેવું જોઈએ. ૬૩,૬૪

પરંતુ આ રોગોમાં મંડ ન અપાય:

આમાતિસારજ્વરયોર્વિબન્ધે
કફોદ્ભવે શ્વાસગલામયેષુ ।
હિક્કોપજિહ્વાગલશુણ્ડિકાસુ
કાસેઽક્ષિરોગે શિરસો ગુરુત્વે ॥ ૬૫ ॥
છર્દિશ્રમોન્માદવિસૂચિકાસુ
યોન્યામયે પ્લીહ્નિ ચ પીનસે ચ ।
ગુલ્મેષુ હૃદ્રોગહલીમકેષુ
વાતપ્રકોપેષ્વથ કેવલેષુ ॥ ૬૬ ॥
ધાત્र્યાઃ પ્રવૃદ્ધે પયસિ પ્રદુષ્ટે
બાલસ્ય નિદ્રાકફવાતવૃદ્ધૌ ।
મૂત્રાભિવૃદ્ધૌ હૃદયદ્રવે ચ
નિષ્ઠીવિકાલસ્યવિષાદકેષુ ॥ ૬૭ ॥
છર્દૈષુ સર્વેષુ તથા ગ્રહેષુ
પૃષ્ઠગ્રહે યક્ષ્મણિ હૃદ્રદે ચ ।
ચિન્તાશ્રમોન્માદમદોપતાપે
મણ્ડં ભિષગ્ નોપદિશેદ્વિપશ્ચિત્ ॥ ૬૮ ॥

આમ–અતિસાર તથા આમજ્વરમાં; વિબંધ, મળબંધ કે કબજિયાતના રોગમાં; કફના, શ્વાસના તથા ગળાના રોગોમાં; હેડકીના, ઉપજિહ્વા, ગલશુંડિકા, કાસ–ઉધરસ, નેત્રરોગ અને માથાનું ભારેપણું હોય; ઊલટી, શ્રમ, ઉન્માદ અને કૉલેરાના રોગમાં તેમ જ યોનિરોગ, પ્લીહન્–બરોળના રોગ, નાસિકારોગ કે સળેખમમાં; ગોળાના રોગમાં, હૃદયરોગમાં કે હલ્લીમક નામના પાંડુરોગના ભેદમાં; કેવળ વાયુના પ્રકોપથી યુક્ત રોગમાં તેમ જ ધાત્રી–ધાવમાતા કે બાળકને ધવડાવતી હરકોઈ સ્ત્રીનું ધાવણ અતિશય વધી ગયું હોય કે પ્રદુષ્ટ થઈ બગડયું હોય, કોઈ નાનાં બાળકની નિદ્રા, કફ કે વાયુની વૃદ્ધિ થઈ હોય, મૂત્ર વધ્યું હોય, હૃદયનું ફરકવું વધુ થતું હોય, વારંવાર થૂંકવું પડે–તે નિષ્ઠીવિકા રોગ તથા આળસ તથા વિષાદ–ખેદ થયા કરતો હોય, બધી જાતની ઊલટીના રોગોમાં, ગ્રહોના વળગાડોમાં, પીઠ ઝલાઈ ગઈ હોય, ક્ષયરોગ થયો હોય; હૃદયના રોગમાં, ચિંતા, શ્રમ, ઉન્માદ, મદ અને ઉપતાપ–દાહના રોગમાં વિદ્વાન વૈદ્યે મંડ સેવવાનું કહેવું ન જોઈએ. ૬૫–૬૮

ઉપર કહેલા રોગીઓ મંડને સેવે તો તેથી થતું નુકસાન

મણ્ડો હિ પીતઃ કફિના ગદે વા
કફાત્મકે વર્ધયતે કફસ્તાન્ ।
સોઽસ્યાગ્નિમુત્સાદ્ય ગદાન્ પુનસ્તાન્
પ્રકોપયન્ કષ્ટતરાન્ કરોતિ ॥ ૬૯ ॥

કફયુક્ત માણસે, કફપ્રધાન રોગમાં જો મંડ પીધો હોય તો તેનો કફદોષ તેના એ રોગોને વધારી મૂકે છે; વળી તે કફદોષ, એ મંડ પીનારના જઠરાગ્નિનો નાશ કરી નાખી, ફરી તે તે રોગોને વધુ કોપાવે છે અને ઘણી મુશ્કેલીએ મટાડી શકાય એવા કષ્ટસાધ્ય બનાવી દે છે. ૬૯

કફના રોગીને મગનો મંડ અપાય

તસ્માત્તુ તેષાં કફિનાં નરાણાં
ન મણ્ડમાહુર્ભિષજઃ પ્રશસ્તમ્ ।
સ્યાન્મુદ્ગમણ્ડોદક એવ તેષાં
સસૈન્ધવવ્યોષયુતઃ સુખાય ॥ ૭૦ ॥

એ કારણે તે કફના રોગીઓને મંડ કે ઓસામણ અપાય તે હિતકારી ન થાય, એમ વૈદ્યો કહે છે; છતાં તે કફના રોગીઓને મગનો મંડ કે ઓસામણનું કેવળ પાણી જ સૈંધવ તથા વ્યોષ–સૂંઠ, મરી અને પીપરના ચૂર્ણથી યુક્ત કરીને અપાય, તો તેઓને તે સુખકારક થાય છે. ૭૦

મગના મંડના ગુણોનું પ્રાસંગિક વર્ણન તથા તેને યોગ્ય વ્યક્તિનું કથન

કષાયતિક્તઃ કટુપાકિભાવાત્
કફં નિહન્ત્યાશુ હિ મુદ્ગમણ્ડઃ ।

तस्मात् कृशं रोगविमुक्तदेहं
दीप्तानलं वा सविलम्बिरोगम् ॥ ७१ ॥
व्यायामिनं वा बलिनं सरोगं
यश्चोचितो गोरसमांसमत्स्यैः ।
संयोजयेत्तं विरसेन यूष्णा
सास्रेण वा गोरससाधितेन ॥ ७२ ॥

મગનો મંડ, ખરેખર કટુપાકી–પાચન સમયે તીખો હોય છે; તેમ જ કષાય રસથી યુક્ત તથા કડવો પણ હોય છે, તે કારણે કફનો તે તરત જ નાશ કરે છે; એ કારણે જે રોગી કૃશ તથા રોગથી રહિત શરીરવાળો થયો હોય, જેનો જઠરાગ્નિ પ્રદીપ્ત હોય કે વિલંબિકા રોગથી યુક્ત થયો હોય અથવા વ્યાયામ–કસરત કે શારીરશ્રમ કરનાર હોઈ બળવાન હોય છતાં રોગી હોય; તેમ જ ગોરસ, માંસ તથા માછલાંથી જે ટેવાયેલ હોય તે માણસને રસ રહિત એટલે મસાલા વિનાનો મગનો યૂષ આપ્યા કરવો અથવા ગોરસ–દૂધ કે છાશથી પકવેલો યૂષ રક્ત કે રુધિર સાથે દેવો. ૭૧–૭૨

વિવરણ : અહીં મૂળમાં જે વિલંબિકા રોગ કહ્યો છે, તે વિસૂચિકા અથવા ચૂંક કે કોલેરાનો જ એક ભેદ છે; આ રોગને માધવનિદાનમાં આમ દર્શાવ્યો છે; જેમ કે–' दुष्टं च भुक्तं कफमारुताभ्यां प्रवर्तते नोर्ध्वमधश्च यस्य, विम्बिलकां तां भृशदुश्चिकित्स्यामाचक्षते शास्त्रविदः पुराणाः ॥–જે માણસે ખાધેલો ખોરાક કફથી અને વાયુથી દુષ્ટ કે વિકૃત બની ઊંચે–મોઢેથી વમન દ્વારા કે નીચેના ગુદા માર્ગેથી ઝાડા દ્વારા પણ બહાર નીકળે નહિ, તેને જૂના કાળના શાસ્ત્રવેત્તાઓ ચિકિત્સાથી મટાડવો મુશ્કેલ 'વિલંબિકા' નામનો રોગ કહે છે. ૭૧,૭૨

આવો મંડ ક્ષણવારમાં શરીરમાં બળ સ્થાપે છે :

त्रिःप्रस्रुतो दीपनतोयसिद्धः
स्यात्तण्डुलैः संपरिभृष्टकैर्वा ।
मुद्गैर्यवैश्चापि तथैव लाजै-
रुष्णः सुगन्धिर्विशदेन पीतः ॥ ७३ ॥
मण्डः क्षणेनास्य बलं दधाति
व्याधिस्तथा मार्दवमभ्युपैति ।
सर्वेन्द्रियाणि प्रकृतिं भजन्ते
भोज्यानुपूर्वी च तथा कृता स्यात् ॥७४॥
मण्डं यथोक्तं पिबतो गुणास्ते
विपर्यये चापि विपर्ययः स्यात् ।
य एव मण्डस्य भवन्ति योग्याः ॥ ७५ ॥

જે મંડને ત્રણવાર ઓસાવ્યો હોય, દીપનીય દ્રવ્યોના ક્વાથમાં પકવ્યો હોય અને તેમાં ભુંજેલા ચોખા, મગ, જવ તથા લાજ–શેકેલી ડાંગરની ધાણી પણ સાથે પકવી હોય, તે ઉષ્ણ મંડ સુગંધી બને છે; એ મંડ સ્વચ્છ પાણી સાથે જો પીધો હોય, તો ક્ષણવારમાં શરીરની અંદર બળ સ્થાપે છે; રોગીનો રોગ પણ તેથી ઓછો થાય છે અને તેનું સેવન કરનારની બધી ઇંદ્રિયો પણ પ્રકૃતિને કે સ્વસ્થતાને પામે છે; તેમ જ તેનું સેવન કરનારે ભોજનનાં દ્રવ્યોનો ક્રમ પણ જળવ્યો ગણાય છે. જે લોકો મંડને યોગ્ય હોય, તેઓ પણ ઉપર જણાવેલ મંડ પીએ, તો તે પીવાથી જે ગુણો પ્રાપ્ત થાય છે; તે મળી રહે છે; પણ તેથી જો ઊલટ હોય તો ઊલટું થાય એટલે ગુણો ન મળતાં દોષો પ્રાપ્ત થાય છે. ૭૩–૭૫

જેઓ મંડ પીવાને યોગ્ય હોય તેઓ યવાગૂનું પણ સેવન કરી શકે

लघ्वी यवागूर्न विदह्यते च
दोषानुलोम्यं विदधाति चोष्णा ।
पित्तं च माधुर्यगुणेन हन्ति
भोज्यानुपूर्वीं क्रमशश्च युङ्क्ते ॥ ७६ ॥

પચવામાં લઘ્વી–હલકી એવી ગરમાગરમ યવાગૂ (રાબ) અતિશય દાહ કરતી નથી અને દોષનું અનુલોમપણું–એટલે કે પોતપોતાના માર્ગે અનુસરવાપણું કરે છે; વળી તેવી યવાગૂ જો મધુરતારૂપ ગુણથી યુક્ત હોય તો પિત્તનો પણ નાશ કરે છે અને ક્રમશઃ ભોજનનો ક્રમ તે યોજે છે–એટલે કે અનુક્રમે ભોજનના ક્રમનો ગુણ ઉપજાવે છે. ૭૬

જુદાં જુદાં અનુપાનો સાથે સેવેલી
યવાગૂના જુદા જુદા ગુણો

सदाडिमा वातकफार्दितस्य,
सशर्करा पित्तकफान्वितस्य ।
रसेन वा जाङ्गलकेन सिद्धा
सगोरसा वा सह दाडिमैर्वा ॥ ७७ ॥
हितां नृणां मारुतपीडितानां
गुल्मे तथा प्लीह्नि च पीनसे च ।
सभोजनस्नानविहारयान-
व्यायामसंभाषणगीतपथ्याम् ॥ ७८ ॥
तत्स्वस्थवृत्तौ च हितां वदन्ति
रोगे निवृत्ते ज्वलने च मन्दे ।
रोगे निवृत्ते ज्वलने च दीप्ते
रोगैर्विमुक्ताः कृशदुर्बलाश्च ॥ ७९ ॥

દાડમના રસ સાથે સેવેલી યવાગૂ વાયુના તથા કફના રોગથી પીડાયેલાને હિતકારી થાય છે; સાકરથી મિશ્ર કરેલી યવાગૂ પિત્તના તથા કફના રોગીને ફાયદો કરે છે; જાંગલ-પશુપક્ષીના માંસરસથી તૈયાર કરેલી અથવા ગોરસ-દૂધ, દહીં કે છાશથી તૈયાર કરેલી કે દાડમના રસથી યુક્ત કરેલી યવાગૂ, વાયુથી પીડાયેલા લોકોને હિતકારી થાય છે; તેમ જ ગુલ્મ-ગોળાના, પ્લીહા-બરોળના અને પીનસના રોગમાં તે યવાગૂ ફાયદો કરે છે; વળી ભોજન, સ્થાન, વિહાર-વાહન પરની મુસાફરી વ્યાયામ-શારીરશ્રમ, સંભાષણ તથા ગીત-ગાન કરનારાઓને પણ તે ઉપર કહેલી યવાગૂ માફક આવે છે; તેમ જ સ્વસ્થ વર્તનમાં પણ તેવી યવાગૂને વૈદ્યો હિતકારી કહે છે; તેમ જ કોઈ રોગ ગયો હોય અને જઠરનો અગ્નિ પ્રદીપ્ત થયો હોય ત્યારે પણ એવી ઉપર કહેલ યવાગૂને વૈદ્યો હિતકર કહે છે. ૭૭-૭૯

આ નીચે જણાવેલ વ્યક્તિઓને
દૂધ માફક આવે:

क्षीणेन्द्रिया वर्णबलाग्निहीना-
वातार्दिताः पित्तनिपीडिताश्च ।
ज्वरातिसारोदरपायुरोग-
चिन्तेर्ष्यपानाध्वगरोगतप्ताः ॥ ८० ॥
कासेन शस्त्रेण विषेण चैव
निपीडिताः शोकहताश्च नित्यम् ।
व्यायामगेयाध्ययनश्रमार्ता-
धूमाग्निवातातपजागरार्ताः ॥ ८१ ॥
विदह्यमानाक्षिगलास्यनासा-
विषीदमानाः स्मृतिबुद्धिहीनाः ।
आनाहिनः शुष्कपुरीषमूत्रा-
भगन्दरार्शोग्रहकुण्डलार्ताः ॥ ८२ ॥
निष्पिष्टभग्नच्युतपी(डि)ताङ्गे
शुद्धव्रणे मांसविवर्जिते च ।
जीर्णज्वरान्येद्युतृतीयकेषु
नित्यज्वरे चापि चतुर्थके च ॥ ८३ ॥
रक्षःपिशाचोरगभूतयक्ष-
क्षुद्व्रजतृष्णाग्निहिमाहताश्च ।
स्त्रीबालपुत्राल्पविशुष्कदुग्धा-
गर्भश्च यस्या न विवर्धते च ॥ ८४ ॥
नाप्यायते यः स्तनपश्च बालो
जागर्ति नित्यं भृशरोदनश्च ।
चक्षुर्हतिर्यस्य च तीक्ष्णनस्यै-
र्विशोषणैर्वा प्रतिकर्मणा वा ॥ ८५ ॥
एते श्रुतं क्षीरमथाभ्यसेयु-
रलं श्रुतं यस्तु विरेचनीयः ।
क्षीरं हि सद्यो बलमादधाति
दृढीकरोत्याशु तथेन्द्रियाणि ॥ ८६ ॥
मेधायुरारोग्यसुखानि धत्ते
रसायनं चापि वदन्ति मुख्यम् ।
पुष्टिर्दृढत्वं लभते च गर्भो
बन्ध्या च षण्ढश्च जरंश्च सूते ॥ ८७ ॥
पायुं पयः शोधयतेऽनुलोमं
करोति वातं लघुतां नराणाम् ।
तस्माच्च सर्वेषु रसायनेषु
रोगस्य चान्ते प्रवदन्ति दुग्धम् ॥ ८८ ॥

જેઓની ઇંદ્રિયો ક્ષીણ થઈ હોય, જેઓ શરીરના વર્ણ, બલ તથા જઠરાગ્નિની શક્તિથી હીન થયા હોય, વાયુના રોગથી જેઓ પીડાયા હોય, પિત્તથી જેઓ અત્યંત પીડાયા હોય;

જ્વર, અતિસાર-ઝાડા, ઉદરરોગ, પાયુ-ગુદાનો રોગ, ચિંતા, ઈર્ષ્યા, મદ્યપાન, મુસાફરી તથા બીજા રોગથી જેઓ સંતાપ પામ્યા હોય; તેમ જ ઉધરસથી, શસ્ત્રથી અને વિષથી જેઓ અત્યંત પીડાયા હોય; કાયમી શોકથી જેઓ માર્યા ગયા હોય એટલે કે હેરાન હેરાન થઈ ગયા હોય, વ્યાયામ-કસરત વગેરે ગીતગાન તથા અધ્યયન પઠન-પાઠનના શ્રમથી જેઓ પીડાયા હોય; તેમ જ વિદાહ પામતાં નેત્રો, ગળું, મોઢું તથા નાસિકાના રોગથી વિશેષ હેરાન થતા હોય; જેઓ સ્મરણશક્તિ તથા બુદ્ધિની શક્તિથી રહિત થયા હોય; જેઓનાં અંગો અત્યંત પીસાયાં, ભાંગ્યાં કે પોતાનાં સ્થાનેથી ખસી જઈ પીડાયાં હોય, જેઓના વ્રણ શુદ્ધ થઈ ગયા હોય પણ હજી માંસથી રહિત હોય એટલે કે તેમાં માંસ ભરાવું બાકી હોય, જેઓને જીર્ણજ્વર, અન્યેદ્યુષ્ક-દર બીજા દિવસે આવતો જ્વર, તૃતીયક-તરિયો તાવ, ચતુર્થક-ચોથિયો તાવ અથવા નિત્ય જ્વર-કાયમી તાવ રહેતો હોય, જેઓને રાક્ષસો, પિશાચો, સર્પો, ભૂતડાં કે યક્ષોના વળગાડ લાગુ થયા હોય; ભૂખ, વજ્ર-પાત, તરશ, અગ્નિથી દાઝવું કે હિમના સંયોગથી જેઓ પીડાયા હોય; જે સ્ત્રીને ધાવતું બાળક હોય છતાં તેણીનું ધાવણ થોડું હોય, અતિશય સુકાઈ ગયું હોય કે બળી જતું હોય, વળી જે સ્ત્રીનો ગર્ભ વૃદ્ધિ પામતો ન હોય અથવા જે સ્ત્રીનું ધાવણું-બાળક પુષ્ટ થતું ન હોય પણ તે બાળક કાયમ જાગ્યા કરતું હોય અને અતિશય રડ્યા કરતું હોય, વળી જે લોકોએ તીક્ષ્ણ નસ્ય-કર્મો સેવ્યાં હોય, તેથી જેઓનાં ચક્ષુનો નાશ થયો હોય. અથવા વિશેષ શોષણ-દ્રવ્યોના સેવનથી કે પ્રતિકર્મ-વમન વિરેચનાદિના સેવનથી જેઓને નેત્રરોગ થયો હોય, તેઓએ કાયમ ઉકાળેલું દૂધ પીવાનો અભ્યાસ રાખવો; પરંતુ જે માણસ વિરેચનને યોગ્ય હોય તેણે ખૂબ વધુ પ્રમાણમાં ઉકાળેલું દૂધ સેવવું જોઈએ; કારણ કે (ઉકાળેલા) દૂધનું સેવન તરત જ બળ સ્થાપે છે; તેમ જ બધી ઇંદ્રિયોને મજબૂત બનાવે છે; અને બુદ્ધિની મેધાશક્તિ, આયુષનો વધારો, આરોગ્ય તથા સુખને કરે છે; વૈદ્યો કહે છે કે દૂધ એ મુખ્ય રસાયન પણ છે; વળી દૂધના સેવનથી સ્ત્રીનો ગર્ભ પુષ્ટ તથા દૃઢ થાય છે; ઉપરાંત જેઓ વાંઝણી હોય અને જે પુરુષ નપુંસક હોય અથવા વૃદ્ધ થયો હોય તે પણ દૂધના સેવનથી સંતાનને ઉત્પન્ન કરી શકે છે; વળી તે દૂધનું સેવન શુદ્ધાને શુદ્ધ કરે છે; વાયુને અનુલોમ-સવળી ગતિવાળો કરે છે અને માણસોના શરીરમાં લઘુતા-હલકાઈ કરે છે; એ કારણે વૈદ્યો બધા રસાયણોમાં તથા કોઈપણ રોગના અંતે દૂધ સેવવાનું કહે છે. ૮૧-૮૮

વિવરણ: અહીં ૮૩ મા શ્લોકમાં જે શુદ્ધ વ્રણ કહેલ છે, તેનું લક્ષણ સુશ્રુતે સૂત્રસ્થાનના ૨૩ મા અધ્યાયમાં આમ લખ્યું છે-'त्रिभिर्दोषैरनाक्रान्तः स्यावौष्ठः पिडकी समः। अवेदनो निरास्रावो व्रणः शुद्धः इहोच्यते' ॥-જે વ્રણ ત્રણે દોષોથી વ્યાપ્ત રહ્યો હોય, જેનો હોઠ-અગ્ર ભાગનો છેડો કાળાશયુક્ત પીળાશવાળો થયો હોય; ફોલ્લીઓથી જે યુક્ત હોય છતાં એક સરખો હોઈ સ્રાવરહિત અને વેદનાથી પણ રહિત હોય તે વ્રણને આ આયુર્વેદશાસ્ત્રમાં શુદ્ધ કહેલ છે. ૮૦-૮૮

દૂધના વધુ ગુણોનું વર્ણન

क्षीरं सात्म्यं, क्षीरमाहुः पवित्रं,
क्षीरं मङ्गल्यं, क्षीरमायुष्यमुक्तम्।
क्षीरं वर्ण्यं, क्षीरमाहुश्च केश्यं,
क्षीरं सन्धानं क्षीरमाहुर्वयस्यम् ॥८९॥
क्षीरं सर्वेषां देहिनां चानुशेते,
क्षीरं पिबन्तं च न रोग एति।
क्षीरात् परं नान्यदिहास्ति वृष्यं,
क्षीरात् परं नास्ति च जीवनीयम् ॥९०॥

शैत्यात् पयो वर्धयतेऽनिलं प्राक्
पित्तात्मनस्तेन भिनत्ति वर्चः ।
ईषच्च शूलं कुरुते गुरुत्वात्
स्नेहाद्विपाके शमयत्युभे द्वे ॥ ९१ ॥
माधुर्यतो वर्धयते शरीरं
प्रसादयत्याशु तथेन्द्रियाणि ।
स्थैर्यं पयः सान्द्रतया करोति
पैच्छिल्यतः शोधयतेऽन्तराणि ॥ ९२ ॥
विष्टभ्यते चापि कषायभावाद्-
वातात्मनस्तेन करोति शूलम् ।
स्नेहाच्च माधुर्यगुणाच्च शूलं
पयो नियच्छत्यनुजीर्यमाणम् ॥ ९३ ॥
स्नेहाद्गुरुत्वात् सकषायशैत्याद्-
विस्रस्य सद्यो बलमादधाति ।
सस्नेहशैत्यान्मधुरान्वयत्वात्
कफात्मनां वर्धयते कफं च ॥ ९४ ॥
एतद्धितं सात्म्यकषायभावात्
पाकस्य तुष्टिं कुरुते न दोषम् ।
गौरं च वर्णं कुरुते सितत्वात्
स्नेहं च सस्नेहतया करोति ॥ ९५ ॥
शैत्यात् कषायाद्घनसान्द्रभावात्
संपर्कतश्चाभिषवाच्च भाण्डे ।
क्रमेण चोष्मोपचयान्निरुद्धं
पयो दधित्वाय शनैरुपैति ॥ ९६ ॥
पयो हि वातातपपीडितं द्राक्
कूर्चीभवत्येष हि तत्र हेतुः ।
औष्ण्याद्घनत्वादथ वर्धमानः
संक्लेदनाच्चाभिषवाच्च दध्नः ॥ ९७ ॥

દૂધ એ સાત્મ્ય–પથ્ય હોઈ દરેકને માફક આવે છે; દૂધને વૈદ્યો પવિત્ર કહે છે; દૂધને મંગલકારક કહે છે; દૂધને આયુષની વૃદ્ધિ કરનાર કહ્યું છે; દૂધ શરીરના વર્ણને સારો કરે છે; માથાના વાળને હિતકારી છે; એમ પણ વૈદ્યો કહે છે; ભાંગેલાં હાડકાંને સાંધનાર અને મૂળ અવસ્થાને ટકાવી રાખનાર દૂધ છે, એમ પણ વૈદ્યો કહે છે; બધાંય પ્રાણીને દૂધ માફક આવે છે અને દૂધ પીનારને કોઈ પણ રોગ થતો નથી; દૂધથી બીજું કંઈ પણ આ લોકમાં વીર્યવર્ધક નથી; અને દૂધથી બીજું આ લોકમાં જીવાડનાર દ્રવ્ય નથી; દૂધમાં શીતળતા રૂપી ગુણ છે, એ કારણે પ્રથમ તો તે વાયુને વધારે છે અને જે માણસ પિત્ત-પ્રકૃતિવાળો હોય તેની વિષ્ઠા પણ દૂધના સેવનથી ભેદાય છે–છોતાપાણી થઈ જાય છે; તેમ જ દૂધમાં ભારેપણું છે, તેથી એ દૂધ લગાર શૂલ ભોંકાયા જેવી પીડા પણ કરે છે, પરંતુ સ્નેહગુણના કારણે તે દૂધ એ બન્ને–વાયુ તથા પિત્તને પણ શમાવે છે; વળી મધુરપણાને લીધે દૂધ શરીરને વધારે છે, તેમ જ બધી ઇંદ્રિયોને તે દૂધ એકદમ પ્રસન્ન કરે છે; વળી સાન્દ્ર–ઘટ્ટપણાને લીધે દૂધ શરીરમાં સ્થિરતા કરે છે અને પિચ્છિલતા–ચીકાશના કારણે દૂધ શરીરની અંદરના અવયવોને શુદ્ધ કરે છે; જોકે દૂધમાં કષાય રસથી યુક્તપણું પણ છે, તેથી દૂધના સેવનથી મલબંધ–કબજિયાત થાય છે અને તેથી વાયુપ્રધાન પ્રકૃતિવાળાને તે દૂધ, શૂલ ભોંકાયા જેવી વેદનાને કરે છે, પરંતુ એ દૂધ જેમ જેમ પચવા માંડે છે, તેમ તેમ સ્નેહથી તથા મધુરપણાના કારણે તે શૂલને પણ મટાડે છે; વળી તે દૂધ સ્નેહના તથા ગુરુપણાના કારણે તેમ જ કષાય સહિત શીતળતાને લીધે વિસ્રંસન કે શિથિલતાને પ્રથમ કરે છે, પણ પાછું તરત જ શરીરમાં બળ સ્થાપે છે; પરંતુ સ્નેહયુક્ત શીતળપણાના કારણે અને મધુર ગુણના અનુસરણથી તે દૂધ કફપ્રકૃતિપ્રધાન લોકોના કફને વધારે છે; છતાં તે કફમાં સાત્મ્ય–માફક એવા કષાય–તૂરા રસથી યુક્ત હોવાને લીધે તે દૂધ કફપ્રધાન પ્રકૃતિવાળાને પણ હિતકારી થાય છે; એટલું જ નહિ, પણ તે દૂધ પાક-રૂપ પાચક અગ્નિને સંતુષ્ટ કરે છે અને કોઈ પણ દોષને તે કરતું જ નથી; વળી

દૂધનો રંગ ધોળો છે, તેથી તેનું નિત્ય સેવન, શરીરના વર્ણ–રંગને ગૌર–ધોળો બનાવે છે અને તે દૂધમાં સ્નેહપણું છે, તે કારણે શરીરમાં તે સ્નેહને કરે છે.

વળી તે દૂધમાં શીતલપણું, કષાય–તૂરો રસ, ઘન–ઘટ્ટપણું તથા સાન્દ્રપણું હોવાને લીધે કોઈ વાસણમાં સંપર્ક કે સંબંધ પામવાથી અને અભિષવ કે બટાઈનો આથો મેળવવાથી તે દૂધ અનુક્રમે ઉષ્ણતાનો પણ સંગ્રહ કરીને બરાબર જાળવી રાખ્યું હોય કે વાસણમાં ચારે બાજુથી બે રૂંધી દીધું હોય તો એ જ દૂધ દહીં બની જાય છે, વળી તે દૂધને વાયુ તથા સૂર્યના તાપથી પીડિત કર્યું હોય તો જલદી કૂર્ચભાવ–કૂચાપણું પામે છે; તેમાં પણ ખરેખર આ જ કારણ છે કે, દૂધમાં ઉષ્ણતા અને ઘટ્ટપણું હોવાથી વૃદ્ધિ પામતા સારી રીતના ક્લેદભાવથી અને દહીંના અભિષવ કે મેળવણથી થતા આથાના કારણે એ જ દૂધ કૂચારૂપે થઈને તદ્દન દહીં રૂપે થઈ જાય છે. ૮૯–૯૭

દૂધનું દહીં બને છે તેમાં કારણ

निर्वर्तयत्यम्लरसं पयोऽग्नि-
र्मस्तुं तथा चाप्यतिवर्तमानः ।
ऊर्ध्वं सरश्चोत्प्लवते स्वभावात्
किट्टं ततोऽधश्च निषीदतेऽस्य ॥९८॥

દૂધમાં જે અગ્નિ કે ઉષ્ણતા હોય છે, તે એમાં ખાટો રસ ઉપજાવે છે; તેમ જ ઉપરના ભાગમાં 'મસ્તુ' નામનું પાણી પણ એ જ અગ્નિ કે ઉષ્ણતા ઉત્પન્ન કરે છે; વળી તે દૂધમાં ઉપર જે તર તરી આવે છે, તે તો સ્વભાવથી જ થાય છે અને તેની નીચેના ભાગમાં કિટ્ટ કે કીટું નીચે બેસી રહે છે, તેમાં પણ તેનો સ્વભાવ કારણ છે. ૯૮

દહીંનું મંથન કરતાં થતાં ઘી–છાશ

दिव्येन च ज्ञानबलेन दृष्टं
मुनैः(ख्यैः)पुरा मन्थनमस्य युक्त्या ।
ततो घृतोदश्विदुपोपलभ्य
गावः प्रतिष्ठाः सचराचरस्य ॥९९॥

પૂર્વકાળના મુખ્ય ઋષિ–મુનિઓએ પોતાના દિવ્ય જ્ઞાનના બળથી દૂધનું દઢ મંથન શ્રેષ્ઠ માન્યું છે; તેથી એ દૂધ જ દહીંરૂપે થાય ત્યારે તેને મથવાથી ઘી તથા છાશ પણ મેળવી શકાય છે; આ જ કારણે ગાયો ચરાચર સહિત જગત્‌ની પ્રતિષ્ઠા કે આધારરૂપ છે. ૯૯

જૂના રોગીઓને દૂધ જ હિતકારી

तस्माच्चिरव्याधिनिपीडितानां
मूर्च्छागतानां पततां नराणाम् ।
परायणं क्षीरमुशन्ति वैद्या
निद्रासुखायुर्बलकृत् पयो हि ॥१००॥

તે કારણે જેઓ જૂના વ્યાધિ કે રોગથી અત્યંત પીડાયા હોય, જેઓ મૂર્છાને પામ્યા હોય કે અશક્તિના કારણે પડી જતા હોય, તેઓને દૂધ જ પરમ અયન કે શ્રેષ્ઠ આધારરૂપ અથવા શક્તિવર્ધક બને છે, એમ વૈદ્યો કહે છે; વળી તે દૂધ ખરેખર નિદ્રાનું સુખ, આયુષ તથા બળને પણ કરે છે. ૧૦૦

મીંઢળબીજ વગેરેથી મૂઢ બનેલાને
શ્રેષ્ઠ ઔષધરૂપ થતું દૂધ

मूढस्तु यः स्यान्मदनस्य बीजै-
र्भल्लातकैः पूगफलादिभिश्च ।
पयो हि तस्योपदिशेद्विपक्वि-
गुडोदकं वा शिशिरं पिबेत् सः ॥१०१॥
क्षीरेण चैनं सगुडेन नित्यं
संभोजयेत् सर्पिषि संस्कृतेन ।
धान्वीरकार्तेऽपि तथैव कार्यं
क्षीरं हि तस्यौषधमुत्तमम्यम् ॥१०२॥

જે માણસ મીંઢળનાં બીજ, ભિલામા કે (કાચી) સોપારી વગેરેના (વધુ) સેવનથી મૂઢ બની ગયો હોય, તેને વિદ્વાન વૈદ્યે દૂધનું સેવન કરવા કહેવું; અથવા તેવા મૂઢ માણસે શીતલ ગોળનું પાણી પીવું;

તેમ જ ગોળ સહિત દૂધની સાથે તે માણસને ઘીમાં રાંધેલા પદાર્થથી સારી રીતે જમાડવો; વળી જે માણસ ધનુર્વાથી પીડાયેા હેાય, તેને તે જ પ્રમાણે દૂધનું સેવન કરાવવું; કારણ કે તેવા રેાગીને એ દૂધ જ શ્રેષ્ઠ ઔષધરૂપે થાય છે; એમ પૂર્વકાળના વૈદ્યોએ કહ્યું છે. ૧૦૧-૧૦૨

ઉપર કહેલ રેાગેામાં શેલડી સારી, પણ તેનેા રસ હિતકર ન થાય

આનૂપજો જાઙ્ગલજો વરિષ્ઠઃ
સુભૂમિજાતો ગુરુબદ્ધચક્ષુઃ ।
સામુદ્રષણ્ઢે(પૌણ્ડ્રે)ક્ષુકવંશકાના-
મિક્ષુઃ પ્રશસ્તસ્તુ પરઃ પરો યઃ ॥૧૦૩॥
સ્વાદુઃ શીતઃ પુષ્ટિકૃદ્દીપનીયઃ
સ્નિગ્ધો વૃષ્યો વર્ણચક્ષુઃપ્રસાદી ।
શ્લેષ્માણમુત્ક્લેદયતે ચ જગ્ધો
રસસ્તુ પીતઃ કુરુતે વિદાહમ્ ॥૧૦૪॥

જે શેલડી, આનૂપ-જલપ્રાય પ્રદેશમાં કે જાંગલ પ્રદેશમાં ઉત્પન્ન થઈ હેાય; અથવા જે શેલડી, ઉત્તમ ભૂમિ પર ઉત્પન્ન થઈ હેાય કે જેમાં મેાટી મેાટી આંખેા બંધાઈ હેાય, તે શેલડી અથવા સમુદ્રકિનારે થયેલ પૌંડ્ર જાતિની કે વાંસની જાતની શેલડી પણ ઉપર કહેલ રેાગીએ ખાધી કે ચૂસી હેાય તેા તેને ઉત્તમ ફાયદેા કરે, પરંતુ તેમાંની કેાઈ પણ શેલડીનેા રસ પીધેા હેાય તેા ઉત્તમ ફાયદેા ન કરે કે હિતકર ન થાય, પણ મધુર છતાં વિશેષ દાહને કરે છે; જોકે શેલડી શીતળ, પુષ્ટિ કરનાર, જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર, સ્નિગ્ધ, વૃષ્ય કે વીર્યવર્ધક અને શરીરમાં વર્ણને તથા ચક્ષુની પ્રસન્નતાને કરનાર છે; પરંતુ એ શેલડીને (વધુ) ખાધી હેાય તેા કફનેા ઉત્લેદ કરે છે અને તેનેા રસ પણ વધુ પીવાયેા હેાય તેા વિશેષ દાહને કરે છે. ૧૦૩-૧૦૪

વિવરણ : આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૨૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે- 'वृष्यः शीतः स्थिरः स्निग्धो बृंहणो मधुरो रसः । श्लेष्मलो भक्षितस्येक्षोर्यान्त्रिकस्तु विदह्यते' ॥-શેલડીનેા રસ વૃષ્ય-વીર્યવર્ધક, શીતળ, સ્થિર, સ્નિગ્ધ, બૃંહણ-પૌષ્ટિક તથા મધુર હેાય છે, તેથી તે જો વધુ ચૂસીને ખાવામાં આવે, તેા કફવર્ધક થાય છે; પરંતુ એ જ રસ જો યાંત્રિક હેાય એટલે કે યંત્રથી શેલડીને પીલીને કાઢ્યો હેાય અને તેનું જો વધુ સેવન કરાય, તેા તે અતિશય દાહ ઉપજાવે છે; આ જ અભિપ્રાય સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૪૫ મા અધ્યાયમાં જણાવ્યેા છે; તેમ જ અષ્ટાંગહૃદયના સૂત્રસ્થાનના પાંચમા અધ્યાયમાં શેલડીના યાંત્રિક રસને વિદાહી થવામાં આ કારણ કહ્યું છે કે 'मूलाग्रजन्तुजग्धादिपीडनान्मलसंकरात् । किंचित् कालं विधृत्या च विकृतिं याति यान्त्रिकः । विदाही गुरुविष्टम्भी तेनासौ'-॥ જે શેલડી યંત્ર-ચિચૂડા વગેરેથી પિસાય ત્યારે તેનાં મૂળિયાં, આગલેા ભાગ અને કીડા વગેરેથી ખવાયેલેા ભાગ પણ એકી સાથે પિસાય છે અને તેમાં બહારના મેલનું પણ મિશ્રણ થાય છે; તેમ જ એ યંત્રથી કાઢેલેા રસ, અમુક સમય સુધી એમનો એમ પડી પણ રહે છે, તે કારણે વિકારને પામે છે અને તેથી જ એ યાંત્રિક રસ વિદાહ કરનાર, પચવામાં ભારે તથા ઝાડાની કબજિયાત કરનાર પણ થાય છે. ૧-૪

શેલડીનેા રસ કેાણે કયારે પીવેા ?

ભુક્ત્વા પિબેદિક્ષુરસં કફાત્મા
પ્રાગ્ભોજનાત્ પૈત્તિકવાતિકૌ તુ ।
સંસૃષ્ટદોષસ્ય હિતોઽન્નમધ્યે
તથાહિ સર્વે સુખમાપ્નુવન્તિ ॥૧૦૫॥

જે માણસ કફપ્રધાન પ્રકૃતિવાળેા હેાય, તેણે જમ્યા પછી શેલડીનેા રસ પીવેા; પરંતુ પિત્તપ્રધાન તથા વાતપ્રધાન પ્રકૃતિવાળાએ તેા જમ્યા પહેલાં શેલડીનેા રસ પીવેા; પરંતુ જે માણસમાં બે દોષ સંસૃષ્ટ-મિશ્ર હેાય તેણે તેા ભેાજનની વચ્ચે શેલડીનેા રસ પીવેા; એમ દોષાનુસાર શેલડીના રસનું સેવન કરનારા બધાય લેાકેા સુખને પામે છે. ૧૦૫

શેલડીનો પ્રયોગ કોને હિતકર અને કોને અહિતકર થાય?

इति प्रकृत्येक्षुरसप्रकारा
रोगांस्तु वक्ष्यामि हितार्थमेषाम् ।
ज्वरातिसारामगलामयेषु
विसूचिकाकुष्ठवि(कि)लासकासे ॥१०६॥
पाण्ड्वामये शूलजलोदरेषु
छर्दौ कफोद्रेकविरिक्तवान्ते ।
नस्तः क्रियावस्तिनिरूहितेषु
स्वरोपघातक्षयपीनसेषु ॥ १०७ ॥
प्रमेहशोथोरुगदेषु नाद्याद्-
रोगेष्वभिष्यन्दसमुत्थितेषु ।
ग्रहेषु सर्वेषु पयोऽतिवृद्धौ
बालेऽतिनिद्रे कफरोगिते च ॥ १०८ ॥

એમ પ્રકૃતિ અનુસાર શેલડીના રસના પ્રયોગના પ્રકારો કહ્યા; હવે જે રોગમાં શેલડીના રસપ્રયોગો હિત કરનાર થાય છે, તે રોગોને હું તે તે રોગીના હિત માટે કહું છું; જેમ કે જ્વર, અતિસાર–ઝાડા, આમદોષ, ગળાનો રોગ, વિસૂચિકા–કોલેરા, કોઢ, કિલાસ નામનો કોઢ, પાંડુરોગ, શૂલ, જલોદર, ઊલટી, કફનો વધારો, જેણે વિરેચન લીધું હોય કે વમન કર્યું હોય; નસ્ય કર્મ, બસ્તિ કર્મ, નિરૂહયોગ, ઘાંટો બેસી ગયો હોય, ક્ષય, પીનસ–સળેખમ, પ્રમેહ, સોજા કે સાથળના રોગ; તેમ જ અભિષ્યન્દથી થયેલાં રોગમાં બધાય ગ્રહદોષો કે ગ્રહોના વળગાડોમાં સ્ત્રીને ધાવણ ખૂબ થયું હોય, બાળકને વધુ નિદ્રાનો રોગ કે કફનો રોગ થયો હોય ત્યારે શેલડી આપવી નહિ; એટલે કે તે વેળા શેલડીના રસના પ્રકારો કે પ્રયોગો ત્યજવા જોઈએ. ૧૦૬–૧૦૮

શેલડીના રસનો પ્રયોગ કોને હિતકારી?

इक्षु प्रयोगो न हितो, हितस्तु
येषामिमांस्तानपि मे निबोध ॥
जीर्णज्वरारोचकरक्तपित्त-
कासक्षतक्षीणकफक्षयेषु ॥ १०९ ॥
तृष्णाग्निवैसर्पमदात्ययेषु
मूत्रामये कर्णशिरोक्षिवाते ॥
त्वङ्मांसवर्णद्युतिबुद्धिरेतो-
निद्राबलौजोरुधिरक्षयेषु ॥ ११० ॥

એમ ઉપર દર્શાવેલ રોગમાં શેલડીના રસનો પ્રયોગ હિતકારી નથી, પણ જે રોગોમાં તે શેલડીનો રસપ્રયોગ હિતકારી થાય છે, તે રોગોને હવે હું કહું છું, તે તમે મારી પાસેથી સાંભળો–જીર્ણજ્વરમાં, અરોચકમાં, રક્તપિત્તમાં, ઉધરસમાં, કાસ–ઉધરસમાં, ક્ષત કે છાતીના ચાંદાંના રોગમાં, જેઓનો કફ ક્ષીણ થયો હોય, જેને ક્ષય રોગ લાગુ હોય, તરશનો રોગ, જઠરના અગ્નિનો રોગ, વૈસર્પ–રતવાનો રોગ, મદાત્યય રોગ, મૂત્રરોગ, કર્ણવાત, મસ્તકનો વાયુ, નેત્રનો વાયુ તેમ જ ત્વચા–ચામડીના, માંસના, વર્ણના, દ્યુતિ–કાંતિના, બુદ્ધિના, વીર્યના, નિદ્રાના, બલના, ઓજસ્‌ના તથા રુધિરના ક્ષયમાં શેલડીના રસનો પ્રયોગ હિતકારી થાય છે. ૧૦૯–૧૧૦

येषामथोक्तं च पयः प्रशस्तं
तेषां हितश्चेक्षुरसः शिशूनाम् ॥
कफप्रसेकारुचितृप्तिमोह-
शूलप्रतिश्यायगलामयार्तान् ॥ १११ ॥

જે બાળકોને દૂધ હિતકારી કહ્યું છે, તેઓને શેલડીનો રસ પણ હિતકારી થાય છે; પરંતુ કફનો પ્રસેક એટલે કે કફની લાળો ઝરતી હોય; અરુચિમાં, તૃપ્તિમાં, મોહ–મૂંઝારો કે મૂર્છામાં, શૂલરોગમાં, સળેખમમાં, ગળાના રોગની પીડામાં, પ્રમેહમાં, હૃલ્લાસ–મોળ–ઊબકામાં, જડતામાં કે અગ્નિના નાશ કે મંદાગ્નિમાં શેલડીનો રસ જો વધુ પીધો હોય, તો જ્વરને કરે છે. ૧૧૧

ચાલુ ભોજનકલ્પનો ઉપસંહાર

प्रमेहहृल्लासजडाग्निनाशान्
रसोऽतिपीतः कुरुते ज्वरं च ।

इत्येष धन्यः प्रवरश्च कल्पो
भोज्यं प्रति प्रश्न उदाहृतस्ते ॥ ११२॥
नृणां हितार्थं भिषजां च वृद्ध!
सुखस्य मूलं प्रवदन्ति धर्म्यम् ॥११३॥

એમ આ ધન્યવાદ પાત્ર અને શ્રેષ્ઠ એવો આ ભોજનકલ્પ અધ્યાય અહીં કહ્યો છે; હે વૃદ્ધજીવક! ભોજ્ય કે ભોજન કરવા યોગ્ય દ્રવ્યોને ઉદ્દેશી તમે મને જે પ્રશ્ન પૂછ્યો હતો, તેનો આ પ્રત્યુત્તર મેં તમને કહ્યો છે; તે લોકોને તથા વૈદ્યોને હિતકારક થશે; કારણ કે અહીં જણાવેલો આ ઉપદેશ સુખનું મૂળ છે અને ધર્મકારક પણ છે. ૧૧૨,૧૧૩

इति ह स्माह भगवान् कश्यपः ॥
એમ ભગવાન કશ્યપે કહ્યું હતું.

ઇતિશ્રી કાશ્યપસંહિતામાં કલ્પસ્થાન વિષે 'ભોજનકલ્પ' એ નામનો અધ્યાય ૭ મો સમાપ્ત

અધ્યાય (૮)-વિશેષકલ્પ

अथातो विशेषकल्पं नामाध्यायं व्याख्यास्यामः ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી 'વિશેષકલ્પ' નામના અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું, એમ ભગવાન કશ્યપે જ ખરેખર કહ્યું હતું.

કશ્યપને વૃદ્ધજીવકનો પ્રશ્ન

हुताग्निहोत्रमासीनं कश्यपं लोकपूजितम् ।
वृद्धो विशेषमन्विच्छन् पप्रच्छ विनये स्थितः ॥३
सूत्रस्थाने भगवता निर्दिष्टो द्विविधो ज्वरः ।
हेतुलिङ्गौषधज्ञानैः प्रतिपन्नोऽस्मि तं तथा ॥४॥
संशयस्त्वस्ति भगवन्! सन्निपातज्वरं प्रति ।
तत्र मे संशयं छिन्धि विशेषज्ञ! विशेषणैः ॥५॥

જેમણે અગ્નિહોત્ર હોમ્યું હતું, એવા લોકપૂજિત શ્રીકશ્યપ ઋષિ, એક વેળા બેઠા હતા. ત્યારે વિનયમાં રહેલા નમ્ર વૃદ્ધજીવકે, તેમને આવો વિશેષ પ્રશ્ન પૂછ્યો હતો: 'આપ ભગવાને સૂત્રસ્થાનમાં જ્વરને બે પ્રકારનો કહ્યો છે; તેને મેં હેતુ-નિદાનો, લક્ષણો તથા ઔષધોના જ્ઞાન સાથે સ્વીકારેલ છે-માન્ય કરેલ છે; પરંતુ હે ભગવન્! હવે સન્નિપાત જ્વરને ઉદ્દેશી મારો સંશય છે, તો હે વિશેષને જાણનારા! તે વિષે વિશેષણોદ્વારા એટલે કે ભેદ-પ્રદર્શનપૂર્વક મારા તે સંશયને આપ દૂર કરો. ૩,૫

किमेकः सन्निपातोऽयं किं वा किं बहवो मुने!।
एकश्चेत् किं समैर्दोषैरनेकत्वं कथं पुनः ॥ ६॥
वातपित्तकफानां तु त्रयाणां संप्रकुप्यताम् ।
क एषां प्रथमं दोषः प्रकुप्यति महामुने! ॥ ७॥
युगपद्वा प्रकुप्यन्ति दोषाः किं वाऽनुपूर्वशः ।
प्रकुप्यतां वा विषममेकैकश्येन वा पुनः ॥ ८॥
विशेषाः के महाभाग! दोषव्यासससमासतः ।
सन्निपाताः कियन्तो वा कानि नामानि वा पृथक् ॥
उपद्रवाश्च के तेषां परिहारविधिश्च कः ।
उपक्रमश्च कस्तेषां साध्यासाध्यवराश्च के ॥१०॥

હે મુનિ! એ સન્નિપાત જ્વર શું એક જ છે કે ઘણા છે? તે સન્નિપાતમાં દોષો જો સરખા જ હોય છે, તો તે સરખા દોષોને લીધે તે એક જ સન્નિપાતજ્વર અનેકપણાને કેમ પામે છે? હે મહામુનિ! સન્નિપાતજ્વરમાં વાત, પિત્ત અને કફ એ ત્રણે દોષો, સારી રીતે કોપ કે વિકારને પામી રહ્યા હોય છે, તેઓમાં કયો દોષ પ્રથમ કોપે છે કે વિકાર પામે છે? અથવા એ ત્રણે દોષો એકી સાથે કોપે છે કે અનુક્રમે કોપે છે? અથવા તે ત્રણે દોષો એક સાથે વિષમ રીતે ઓછા-વધતા થઈને કોપે છે કે એક એક વિષમ થઈને કોપે છે? હે મહાભાગ્યશાળી મુનિ! દોષોના વ્યાસ-વિસ્તારથી કે સમાસ-સંક્ષેપથી તે સંનિપાતના કયા વિશેષો કે ભેદો થાય છે? એ સન્નિપાતો કેટલા છે? અથવા તેઓનાં અલગ અલગ નામો કયાં કયાં હોય છે? તેમ જ એ સન્નિપાતોના ઉપદ્રવો કયા હોય છે? અને તે ઉપદ્રવોનો પરિહાર કરવા કે મટાડવાની વિધિ કઈ હોય છે?

તેમ જ એ સન્નિપાત જ્વરોના ઉપક્રમ ઉપચાર કે ચિકિત્સા કઈ છે? તેમ જ એ સન્નિપાતોમાં કયા સાધ્ય છે અને કયા અસાધ્ય છે? ૯–૧૦

કશ્યપનો પ્રત્યુત્તર

इति पृष्टः स शिष्येण स्थविरेण प्रजापतिः ।
सन्निपातविशेषार्थमद्भुतं वाक्यमब्रवीत् ॥ ११ ॥

એમ તે સ્થવિર શિષ્ય વૃદ્ધજીવકે, પ્રજાપતિ કશ્યપને પૂછ્યું હતું, ત્યારે તેમણે સન્નિપાતોના વિશેષ અર્થને સૂચવતું આ અદ્ભુત વાકય આમ કહ્યું હતું. ૧૧

शृणु भार्गव ! तत्त्वार्थं सन्निपातविशेषणम् ।
जानते भिषजो नैनं बहवोऽकृतबुद्धयः ॥ १२ ॥

હે ભૃગુવંશી વૃદ્ધજીવક! સન્નિપાતોનાં જે વિશેષણ કે ભેદો છે, તેઓને તમે તત્ત્વાર્થ કે સાચા સ્વરૂપમાં સાંભળો; કારણ કે અજ્ઞાની વૈદ્યો, એ સન્નિપાતના ભેદોને બરાબર જાણતા નથી. ૧૨

ત્રણે દોષો એકસામટા કોપે છે, તેનાં કારણો

शीतोपचारात् सूतानां मैथुनाद्विषमाशनात् ।
प्रजागरादिवास्वप्नाच्चिन्तेर्ष्यालौल्यकर्शनात् ॥१३॥
तथा दुःखप्रजातानां व्यभिचारात् पृथग्विधात् ।
शिशोर्दुष्टपयःपानात्तथा संकीर्णभोजनात् ॥१४॥
विरुद्धकर्मपानान्नसेविनां सततं नृणाम् ।
मभोजनादध्यशनाद्विषमाजीर्णभोजनात् ॥ १५ ॥
सहसा चान्नपानस्य परिवर्ताद्ऋतोस्तथा ।
विषोपहतवाय्वम्बुसेवनाद्ग्रदूषणात् ॥ १६ ॥
र्वतोपत्यकानां च प्रतिकूले विशेषतः ।
प्रवप्रयोगात् स्नेहानां पञ्चानां चैव कर्मणाम् ॥
पथोक्तानां च हेतूनां मिश्रीभावाद्यथोच्छ्रिताः ।
त्रयो दोषाः प्रकुप्यन्ति क्षीणे चायुषि भार्गव ! ॥

જે સ્ત્રી પ્રસૂતા કે સુવાવડી થઈ હોય તેના શીતળ ઉપચારો કરવાથી, તેની સાથે મૈથુન કરવાથી, વિષમ ભોજન કે પ્રકૃતિ-વિરુદ્ધ કે અનિયમિત ખોરાકો ખાવાથી, ઉજાગરા કરીને દિવસે ઊંઘવાથી; ચિંતા, ઈર્ષ્યા, લોલુપતા તથા (શરીરે) કર્શન કે ક્ષીણતા થવાથી; તેમ જ જેઓને કસુવાવડ થઈ ગઈ હોય છતાં જેઓ અનેક પ્રકારના વ્યભિચાર કે અનિયમિત આહાર–વિહાર આદિનું સેવન કરે; તેમજ જે બાળક દુષ્ટ ધાવણ ધાવે તેમ જ સંકીર્ણ સારાં ખોટાં કે સેળભેળથી યુક્ત ભોજન સેવે; જેઓ પ્રકૃતિ-વિરુદ્ધ કે પરસ્પર વિરુદ્ધ એવું ભોજન તથા પાન કે પીણાં નિરંતર સેવે; જેઓ વધુ પડતા ઉપવાસો કર્યા કરે, જેઓ અધ્યશન કરે એટલે ઉપરાઉપરી બાધા કરે, વિષમ–વિપરીત ભોજન કરે કે અજીર્ણમાં ભોજન કરે; એકદમ ઉતાવળથી પોતાના ખોરાક–પાણીમાં ફેરફાર કે બદલો કરે; કોઈ અણધારી ઋતુમાં પરિવર્તન કે ફેરફાર થઈ જાય; ઝેરથી બગડેલી વાવનું પાણી જે લોકો પીએ; ગરવિષ કે કૃત્રિમ વિષનો દોષ થાય; પહાડની તળેટીમાં કે પ્રતિકૂળ સ્થાને વસવાટ કરવાથી; સ્નેહન કર્મ કે વમનાદિ પંચકર્મનો ખોટો પ્રયોગ કરવામાં આવ્યો હોય–એમ એ ઉપર્યુક્ત કારણો કે મિથ્યા અપચારો એકી વખતે સેવાય કે તે તે અપચારોમાંથી અમુક કેટલાકનો મિશ્ર ભાવ થાય, તો તેથી વધી ગયેલા ત્રણે દોષો કોપે છે–એકી સાથે સામટા વિકાર પામે છે અથવા આયુષ ક્ષીણ થયું હોય તો ત્રણે દોષો પ્રકોપ પામે છે–વિકૃત થાય છે. ૧૩–૧૮

ततो ज्वरादयो रोगाः पीडयन्ति भृशं नरम् ।
सर्वदोषविरोधाच्च दुश्चिकित्स्यो महागदः ॥१९॥

ઉપર કહેલાં કારણોથી કે મિશ્ર આહાર–વિહારના કારણે ત્રણે દોષો કોપે, તેથી જ્વરાદિ રોગો ઉત્પન્ન થઈને માણસને અતિશય પીડે છે; અને એમ તે સન્નિપાતથી ઉત્પન્ન થયેલો તે મહારોગ, સર્વ દોષોના વિરોધને લીધે દુશ્ચિકિત્સ્ય થાય છે–ચિકિત્સા માટે મુશ્કેલ બને છે અથવા ચિકિત્સા દ્વારા મટાડવો મુશ્કેલ થાય છે.૧૯

ત્રણે દોષોનો પ્રકોપ થતાં માણસ ન જીવે

यथाऽग्निवज्रपवनैर्न स्यादभिहतो द्रुमः ।
वातपित्तकफैस्तद्वत् क्रुद्धैर्देही न जीवति ॥२०॥

જેમ અગ્નિ, વજ્ર તથ પવન–એ ત્રણેના સપાટામાં આવેલું ઝાડ ટકી શકતું નથી, તેમ વાત, પિત્ત અને કફ–એ ત્રણે દોષના પ્રકોપથી યુક્ત થયેલ માણસ જીવી શકતો નથી. ૨૦

સન્નિપાતથી પીડાયેલા ન જીવે

विषाग्निशस्त्रैर्युगपन्न जीवन्ति यथा हताः ।
सन्निपातार्दितास्तद्वन्न जीवन्त्यतपस्विनः ॥ २१ ॥

જેમ વિષ, અગ્નિ તથા શસ્ત્ર–એ ત્રણેથી ઘવાયેલા લોકો જીવી શકતા નથી, તેમ સન્નિપાત એટલે કે ત્રણે દોષોના એકસામટા પ્રકોપથી પીડાયેલા અતપસ્વી લોકો જીવી શકતા નથી. (કેવળ તપસ્વી હોય તે જ સન્નિપાતથી બચે છે.) ૨૧

द्वयं तदुपरिष्टाच्च यथा प्रज्वलितं गृहम् ।
न शक्यते परित्रातुं सन्निपातात् तथा नरः ॥२२॥

જેમ ઉપર–નીચે બેય બાજુથી સળગી ઊઠેલું ઘર બચાવી શકાતું નથી, તે જ પ્રમાણે કોઈ પણ માણસને સન્નિપાતથી બચાવી શકાતો નથી. ૨૨

दिग्धबाणास्त्रयो व्याधाः परिवार्य यथा मृगम् ।
घ्नन्त्यनौषधकंतद्वत्त्रयो दोषाः शरीरिणम् ॥ २३ ॥

જેઓએ પોતાનાં બાણોને ઝેરથી ચોપડ્યાં હોય એવા ત્રણ શિકારીઓ, કોઈ મૃગને ચારે બાજુથી ઘેરી લઈ મારી નાખે છે, તેમ ત્રણે દોષો, એક સામટા કોપી–સન્નિપાતરૂપે થઈને ઔષધરહિત રહેલા માણસને મારી જ નાખે છે. ૨૩

संगता नियतं यस्मात् पातयन्ति कलेवरम् ।
मन्यन्ते चाशु संनिपतन्त्यतो वा सन्निपातता ॥२४॥

વળી બીજું–તે ત્રણે દોષો, અવશ્ય એકસામટા મળ્યા હોય છે, તેથી શરીરને પાડી નાખે છે અને તે ત્રણે દોષો એકદમ સામટા શરીરમાં આવી પડે છે, તે કારણે પણ તેઓનું સન્નિપાતપણું કહેવાય છે; (ત્રણે દોષો એકસામટા આવી એકદમ તૂટી જ પડે છે, તેથી જ તે સન્નિપાત કહેવાય છે અને તે સન્નિપાત માણસના શરીરને પાડી જ દે છે.) ૨૪

સન્નિપાતનું મુખ્ય લક્ષણ

अकस्मादिन्द्रियोत्पत्तिरकस्मान्मूत्रदर्शनम् ।
अकस्माच्छीलविकृतिः सन्निपाताग्रलक्षणम् ॥२५

જેમાં અકસ્માત્ ઇંદ્રિયો, વિષયો તરફ જયા કરે; અકસ્માત્ મૂત્ર દેખાય અને અકસ્માત્ શીલ કે સ્વભાવમાં વિકૃતિ, વિકાર કે ફેરફાર થાય–એ સન્નિપાતનું મુખ્ય લક્ષણ હોય છે. ૨૫

વિવરણ : ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૩જા અધ્યાયમાં સન્નિપાત જ્વરનું આવું લક્ષણ કહ્યું છે કે, 'क्षणे दाहः क्षणे शीतमस्थिसन्धिशिरोरुजा। सास्रावे कलुषे रक्ते निर्मुग्ने चापि दर्शने ॥ सस्नौ सरुजौ कर्णौ कण्ठः शूकैरिवावृत्तः । तन्द्रा मोहः प्रलापश्च कासः श्वासोऽरुचिर्भ्रमः ॥ परिदग्धा खरस्पर्शा जिह्वा स्रस्ताङ्गता परम् । छर्दनं रक्तपित्तस्य कफेनोन्मिश्रितस्य च ॥ शिरसो लोठनं तृष्णा निद्रानाशो हृदि व्यथा। स्वेदमूत्रपुरीषाणां चिराद्दर्शनमल्पशः ॥ कृशत्वं नातिगात्राणां प्रततं कण्ठकूजनम् । कोठानां श्यावरक्तानां मण्डलानां च दर्शनम् ॥ मूकत्वं स्रोतसां पाको गुरुत्वमुदरस्य च । चिरात्पाकश्च दोषाणां सन्निपातज्वराकृतिः ॥–ક્ષણવારમાં દાહ થાય, ક્ષણવારમાં ટાઢ વાય, હાડકાંના સાંધાઓમાં તથા માથામાં પીડા થાય; બન્ને નેત્રોમાંથી પાણી ઝર્યા કરે, બન્ને આંખો મેલી, લાલ અને વાંકી–ટેઢી થઈ જાય; બેય કાનમાં અવાજ થાય અને પીડા થાય; ગળું જાણે કે ધાન્યનાં કણસલાંથી છવાયું હોય તેવું બની જાય; તંદ્રા કે નિદ્રા જેવું ઘેન થાય; મોહ કે મૂંઝારો અથવા બેભાન જેવી સ્થિતિ થાય; પ્રલાપ–બકવાદ ચાલે; ઉધરસ, શ્વાસ, અરુચિ અને ભ્રમ થાય –ચકરી આવે; જીભ ચોપાસ દાઝી હોય તેમ જણાય; તેનો સ્પર્શ ખરસટ લાગે; શરીરનાં અંગો અતિશય શિથિલ–ઢીલાં થઈ જાય; મોઢામાંથી રક્તપિત્ત ઊંકાય અને તે પણ કફથી મિશ્ર થઈને ઊંકાય; માથું દળી

પડે; તરશ લાગ્યા કરે; નિદ્રાનો નાશ થાય; હૃદયમાં પીડા થાય; લાંબા કાળે થોડા થોડા પ્રમાણમાં પરસેવો, મૂત્ર અને વિષ્ઠા દેખાય; શરીરના અવયવો અતિશય કૃશ કે પાતળા ન થાય; ગળામાં એકઘારો અવાજ થયા કરે; શરીર પર કાળાશયુક્ત પીળાં અને લાલ ધ્રામઠાં થાય અને ચકરડાં દેખાય; બધાં સ્રોતો મૂંગા થાય–બિલકુલ અવાજ ન કરે, અને પાકે; પેટનું ભારેપણું થાય; તેમ જ શરીરના દોષો પણ લાંબા કાળે પાકે–એ સન્નિપાત જ્વરનું લક્ષણ જાણવું.

સન્નિપાત જ્વરના ૧૩ ભેદો

निर्दिष्टास्तस्य भेदास्तु भिषक्श्रेष्ठैस्त्रयोदश ।
हीनमध्याधिकसमद्वयुद्वलैकोद्वलोद्भवाः ॥ २६ ॥

શ્રેષ્ઠ વૈદ્યોએ તે સન્નિપાતના ૧૩ ભેદો પણ કહ્યા છે; કારણ કે તેઓની ઉત્પત્તિ હીનદોષ, મધ્યદોષ, અધિક દોષ, સમદોષ, બે ઉદ્બલ દોષ તથા એક ઉદ્બલ દોષથી થાય છે. ૨૬

વિવરણ : આ સંબંધે ચરકે પણ ચિકિત્સાસ્થાનના ત્રીજા અધ્યાયમાં તે સંનિપાતના ૧૩ દોષો આમ કહ્યા છે; જેમ કે–'सन्निपातज्वरस्योर्ध्वं त्रयोदशविधस्य हि । प्राक् सूत्रितस्य वक्ष्यामि लक्षणं वै पृथक् पृथक् ॥–હવે પછી ૧૩ પ્રકારનો સન્નિપાત કે જે પહેલાં સૂત્રરૂપે કહેવાયો છે, તેનાં જુદાં જુદાં લક્ષણો હું ખરેખર કહું છું. ૨૬

વાતપિત્તપ્રધાન સન્નિપાત જ્વરનાં લક્ષણો

वातपित्ताधिको यस्य सन्निपातः प्रकुप्यति ।
तस्य ज्वरोऽङ्गमर्दस्तृट्तालुशोषप्रमीलिकाः ॥२७॥
अरुचिस्तन्द्रिविड्भेदश्वासकासश्रमभ्रमाः ।

જે માણસને લાગુ થયેલો સન્નિપાત જ્વર, વાત–પિત્ત બે દોષની અધિકતાવાળો હોઈ પ્રકોપ પામે છે, તે માણસને જ્વર, અંગમર્દ–શરીર ભાંગવું, તરશ વધુ લાગે, તેથી તાળવાંનો શોષ, પ્રમીલિકા કે મૂઢતા, અરુચિ, તન્દ્રા–નિદ્રા જેવું ઘેન, વિષ્ઠાનો ભેદ–છોતાપાણી થવું, શ્વાસ–હાંફ, કાસ–ઉધરસ, શ્રમ તથા ભ્રમ–ભમી જવું–ચકરી કે ભ્રાન્તિ–એ લક્ષણો થાય છે. ૨૭

વિવરણ : આ સંબંધે પણ ચરકે ચિકિત્સાસ્થાનના ૩જા અધ્યાયમાં વાત, પિત્તાધિક સંનિપાત જ્વરનાં લક્ષણો આમ કહ્યાં છે; જેમ કે–'भ्रमः पिपासा दाहश्च गौरवं शिरसोऽतिरुक् । वातपित्तोल्बणे विद्यालिङ्गं मन्दकफे ज्वरे ॥–જેમાં વાત–પિત્તની અધિકતા હોય અને કફ ઓછો હોય એવા સન્નિપાત જ્વરમાં ભ્રમ–ભમી જવું, વધુ પડતી તરશ, દાહ, શરીરમાં ભારેપણું અને માથામાં અતિશય પીડા–એ લક્ષણો જાણવાં ૨૭

પિત્ત–કફાધિક–સન્નિપાત જ્વરનાં લક્ષણો

पित्तश्लेष्माधिको यस्य सन्निपातः प्रकुप्यति ॥२८
मन्तर्दाहो बहिः शीतं तस्य तृष्णा च वर्धते ।
तुद्यते दक्षिणं पार्श्वमुरःशीर्षगलग्रहः ॥ २९ ॥
निष्ठीवति कफं सासृक्कृच्छ्रात् कण्ठश्च दूयते ।
विड्भेदश्वासहिक्काश्च वर्धन्ते सप्रमीलकाः ॥ ३० ॥

જે માણસનો પિત્ત અને કફ–એ બે દોષની અધિકતાવાળો સન્નિપાત, પ્રકોપ પામે છે, તેના શરીરની અંદરના ભાગમાં દાહ, બહાર શીત–ટાઢ અને તરશ વધ્યા કરે છે; તેમ જ જમણું પડખું પીડાથી યુક્ત થાય છે; છાતી, મસ્તક તથા ગળું ઝલાય છે, તે માણસ લોહી સાથે કફને મુશ્કેલીથી થૂંકે છે; ગળું દાહથી યુક્ત થાય છે; તેની વિષ્ઠા છોતાપાણી થઈ જાય છે; શ્વાસ અને હેડકી મૂઢતા સાથે વધે છે. ૨૮–૩૦

વિવરણ : ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૩જા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે–' छर्दिः शैत्यं मुहुर्दाहस्तृष्णा मोहोऽस्थिवेदना । मन्दवाते व्यवस्यन्ति लिङ्गं पित्तकफोल्बणे ' ॥–જે સન્નિપાત પિત્ત અને કફ–એ બે દોષની અધિકતાવાળો અને કફદોષની ન્યૂનતાવાળો હોય છે, તેમાં ઊલટી થાય, શીત–ટાઢ વાય, વારંવાર દાહ થાય અને હાડકામાં વેદના થાય–એટલાં લક્ષણોનો વૈદ્યો નિશ્ચય કરે છે. ૨૮–૩૦

ઉપર કહેલા બે સન્નિપાતનાં જુદાં જુદાં નામો

विधुफल्गू च तौ नाम्ना सन्निपातावुदाहृतौ ।
श्लेष्मानिलाधिको यस्य सन्निपातः प्रकुप्यति ॥३१

ઉપર જે વાત-પિત્તાધિક અને પિત્ત-કફાધિક-બે સન્નિપાતો જે કહ્યા છે, તેઓને અનુક્રમે 'વિધુ' તથા 'ફલ્ગુ' એ નામે આયુર્વેદમાં કહ્યા છે.

કફવાતાધિક સન્નિપાત જ્વરનાં લક્ષણો

.....સન્નિપાતઃ સુદારુણઃ ॥

જે માણસને કફ તથા વાતદોષની અધિકતાવાળો સન્નિપાત પ્રકોપ પામે છે, તેનામાં આ લક્ષણો થાય છેઃ શીતજ્વર, નિદ્રા, ક્ષુધા-વધુ પડતી ભૂખ, તરશ, પડખાંઓનું ઝલાવું, માથાનું ભારેપણું, આળસ, 'મન્યા' નામની ગળાની નાડીનું સજ્જડપણું થવું, મૂઢતા, ઉદરમાં દાહ અને કેડમાં તથા બસ્તિ-મૂત્રાશયમાં-વેદનારૂપ લક્ષણો થાય છે અને તે સન્નિપાત અતિશય દારુણ ભયંકર હોય છે. ૩૨

વિવરણ : આ શ્લોક તૂટક મળે છે; તેમાં કફ-વાતાધિક સન્નિપાતનાં જે લક્ષણો ગ્રંથકારે કહ્યાં હશે, તે તૂટક થયેલાં છે, તેથી અહીં ઉપર અનુવાદમાં જે લક્ષણો લખ્યાં છે, તે 'ભાલુકિ' તંત્રના આધારે લીધાં છે; અહીં જે ગ્રંથાંશ ત્રુટિત જણાય છે, તેનો વિષય માધવ નિદાનના સન્નિપાત પ્રકરણની બે ટીકા મધુકોશ તથા આતંકદર્પણમાં આમ લખેલ છે અને તે બન્ને ટીકાકારોએ પણ તે વિષય 'ભાલુકિ' તંત્રના આધારે જ ઉતાર્યો છે; તે 'ભાલુકિ' તંત્રમાં એ વિષયને લગતા જે શ્લોકો, (શાર્દૂલ છંદમાં છે) તેઓને પણ અમે અહીં આમ ઉતાર્યા છે; જેમ કે, 'आमो ह्याहारदोषात् प्रथममुपचितो हन्ति वह्निं शरीरे, श्लेष्मत्वं याति भुक्तं सकलमपि ततोऽसौ कफो वायुदुष्टः ॥ स्रोतांस्यापूर्य रुन्ध्यादनिलमथ मरुत्कोपपेक्षित्तमन्तः, सम्मूर्च्छन्त्यान्योऽन्यमेते प्रबलमिति नृणां कुर्वते सन्निपातम् ॥ वातपित्ताधिको यस्य सन्निपातः प्रकुप्यति। तस्य ज्वरोऽङ्गमर्दस्तृट् तालुशोषप्रमीलकौ ॥ आध्मानतन्द्रारुचयः श्वासकासभ्रमश्रमाः । पित्तश्लेष्माधिकौ यस्य सन्निपातः प्रकुप्यति ॥ अन्तर्दाहो बहिः शैत्यं तस्य तन्द्रा च वर्धते । तुद्यते दक्षिणं पार्श्वमुरःशीर्षगलग्रहः ॥ निष्ठीवेत्कफपित्तं च कृच्छ्रात्कण्डूश्च जायते । विड्भेदश्वासहिक्काश्च वर्धन्ते सप्रमीलकाः ॥ विधुः फल्गुश्च तौ नाम्ना सन्निपातावुदाहृतौ । श्लेष्मानिलाधिको यस्य सन्निपातः प्रकुप्यति ॥ तस्य शीतज्वरो निद्रा क्षुत्तृष्णापार्श्वनिग्रहाः ॥ शिरोगौरवमालस्यमन्यास्तम्भप्रमीलकाः । उदरं दह्यते चास्य कटिर्बस्तिश्च दूयते । सन्निपातः स विज्ञेयो मकरीति सुदारुणः ॥ वातोल्बणः सन्निपातो यस्य जन्तोः प्रकुप्यति । तस्य तृष्णा ज्वरो ग्लानिः पार्श्वरुग् दृष्टिसंक्षयः ॥ पिण्डिकोद्वेष्टनं दाह ऊरुसादो बलक्षयः । सरक्तं चास्य विण्मूत्रं शूलं निद्राविपर्ययः ॥ निर्भिद्यते गुदं चास्य बस्तिश्च परिगृह्यते । आयम्यते भिद्यते च हिक्कते विलपत्यपि ॥ मूर्च्छते स्फायते रौति नाम्ना विस्फारकः स्मृतः । पित्तोल्बणः सन्निपातो यस्य जन्तोः प्रकुप्यति ॥ तस्य दाहो ज्वरो घोरो बहिरन्तश्च वर्धते । शीतं च सेवमानस्य कुप्यतः कफमारुतौ ॥ ततश्चैनं प्रबाधन्ते हिक्काश्वासप्रमीलिकाः । विसूचिका पर्वभेदः प्रलापो गौरवं क्लमः ॥ नाभिपार्श्वरुजा तस्य स्विद्यस्याशु विवर्धते ॥ स्विद्यमानस्य रक्तं च स्रोतोभ्यः संप्रवर्तते ॥ शूलेन पीड्यमानस्य तृष्णा श्वासः प्रबाधते। असाध्यः सन्निपातोऽयं शीघ्रकारीति कथ्यते ॥ न हि जीवत्यहोरात्रमनेनाविष्टविग्रहः । कफोल्बणः सन्निपातो यस्य जन्तोः प्रकुप्यति ॥ तस्य शीतज्वरः स्वप्नगौरवालस्यतन्द्रिकाः । छर्दिर्मूर्च्छातृषादाहतृष्णारोचकहृद्ग्रहाः॥ ष्ठीवनं मुखमाधुर्यं श्रोत्रवाग्दृष्टिनिग्रहः । श्लेष्मणो निग्रहं चास्य यदा प्रकुरुते भिषक् ॥ तदा तस्य भृशं पित्तं कुर्यात् सोपद्रवं ज्वरम् । निगृहीते तु पित्ते च भृशं वायुः प्रकुप्यति ॥ निराहारस्य सोऽत्यर्थं मेदोमज्जास्थि बाधते । अथात्र स्नाति भुङ्क्ते वा त्रिरात्रं नैव जीवति । मेदोगतः सन्निपातो ह्युल्बणः परिकीर्तितः । कामान्मोहाच्च लोभाच्च भयाच्चापि प्रपद्यते । मध्यहीनाधिकैर्दोषैः सन्निपातो यदा भवेत् । तस्य रोगास्त एवोक्ताः प्रायो दोषबलाश्रयाः ॥'-આહારના દોષથી પ્રથમ આમ-અપક્વ અન્નરસ જે સંગ્રહ પામે છે, તે શરીરમાં જઠરાગ્નિનો નાશ કરે છે-જઠરના અગ્નિને તે ઓછો કરી નાખે છે, તેથી એ આમદોષવાળો માણસ, જે કંઈ ખાય છે, તે બધોય ખોરાક કફરૂપ થઈ જાય છે; અને પછી તે કફ, વાયુથી દુષ્ટ બની બધાયે સ્રોતોને ભરી દે છે; તેથી એ કફ, વાયુને રૂંધી-રોકી દે છે; એમ તે વાયુ, રોકાઈને અંદર

રહેલા પિત્તને કોપાવે છે; તે પછી એ દુષ્ટ વાયુ તથા પિત્ત, એકબીજાની સાથે મિશ્ર થઈ-મળીને મનુષ્યોને પ્રબલ સન્નિપાત જ્વરને ઉત્પન્ન કરે છે; એમ ઉત્પન્ન થયેલો તે વાતપિત્તાધિક સન્નિપાત, જે માણસનો અંદર કોપે છે, તેને જ્વર લાગુ થાય; અંગમર્દ-શરીરનાં અંગો ભાંજે; વધુ પડતી તરશ લાગે, તાળવું સુકાય, જડતા થાય; પેટનો આફરો થાય, તન્દ્રા-ઘેન, અરુચિ, શ્વાસ, કાસ, ભ્રમ તથા શ્રમ થાય; પરંતુ જે માણસને પિત્ત તથા કફની અધિકતાવાળો સન્નિપાત થાય, તેને અંદરના ભાગમાં દાહ થાય, બહારથી શૈત્ય-ટાઢ વાય; તેની તન્દ્રા-એટલે કે નિદ્રા જેવું ઘેન વધી જાય છે; તેનું જમણું પડખું કફથી પીડાય છે; છાતી, માથું તથા ગળું કફથી ઝલાય છે; અને તેનો રોગી કફથી યુક્ત પિત્તને મુશ્કેલીએ થૂંકે છે; અને તેના શરીરે ચેળ ઉત્પન્ન થાય છે; વળી તે રોગીની વિષ્ઠાનો ભેદ-છોતાપાણી થાય છે; અને શ્વાસ તથા હેડકી પણ જડતાની સાથે વધી જાય છે; એ બન્ને સન્નિપાતને અનુક્રમે વિધુ તથા ફલ્ગુ નામે કહ્યા છે; પરંતુ જે માણસનો સન્નિપાત, કફ તથા વાયુની અધિકતાવાળો હોઈને પ્રકોપ પામે છે, તેને શીતજ્વર, નિદ્રા, ક્ષુધા, તૃષા, પડખાંનું ઝલાવું, માથાનું ભારેપણું, આળસ, મન્યા-નાડીનું જકડાવું અને પ્રમીલક પણ થાય છે; અને તેના પેટમાં દાહ થાય છે તેમ જ કેડ તથા બસ્તિ-મૂત્રાશય પરિતાપ-સંતાપને પામે છે; એ સન્નિપાતને અતિદારુણ 'મકરી' નામે જાણવો; પરંતુ જે માણસનો સન્નિપાત વાયુથી ઉલ્બણ કે ઉગ્ર બની પ્રકોપ પામે છે, તેને વધુ પડતી તરશ, જ્વર, ગ્લાનિ, પડખામાં પીડા, દૃષ્ટિનો નાશ, પિંડીઓમાં ઉદ્વેષ્ટન-ગોટલાં ચડે, દાહ થાય, સાથળોમાં શિથિલતા અને બલનો ક્ષય થાય છે; ઉપરાંત એ માણસને વિષ્ઠા તથા મૂત્ર લોહીની સાથે બહાર આવે છે; શૂલ ભોંકાયા જેવી પીડા થાય છે; નિદ્રાનો નાશ થાય છે; તેમ જ ગુદામાં વિશેષ ભેદ-ચીરાતી હોય એવી પીડા અને તેનો બસ્તિ-મૂત્રાશય અતિશય ઝલાઈ જાય છે; વળી તે સન્નિપાતનો રોગી આયામને પામે છે, ભેદાય છે-ચિરાય છે, હેડકી ખાય છે, વિલાપ કરે છે, મૂર્છા પામે છે, સ્ફાર-વિસ્તાર પામે છે-તાણથી ખેંચાય છે અને ચીસો પાડે છે, તેથી એ સન્નિપાતને 'વિસ્ફારક' નામે કહ્યો છે; પરંતુ જે માણસને પિત્તની અધિકતાવાળો સન્નિપાત પ્રકોપ પામે છે, તેને બહાર અને અંદર ઘોર જ્વર તથા દાહ વધે છે અને તે માણસ જો શીતને સેવે છે, તો તેના કફ તથા વાયુ-બેય વધી જાય છે; તે પછી એ રોગીને હેડકી, શ્વાસ તથા પ્રમીલિકા-જડતા પીડે છે; તેમ જ એ રોગી સ્વેદયુક્ત થાય છે, ત્યારે વિસૂચિકા-ચૂંક, સાંધાઓમાં ત્રોડ, બકવાદ, શરીરનું ભારેપણું, કલમ-અનાયાસ છતાં થાક અને નાભિમાં તથા પડખામાં પીડા એકદમ વધી પડે છે; વળી તે રોગીને સ્વેદ અપાઈ રહ્યો હોય ત્યારે તેના સ્રોતોમાંથી લોહીનું વહેવું ચાલુ થાય છે અને તેને શૂલની જ્યારે પીડા થતી હોય ત્યારે તરશ તથા શ્વાસ તેને અત્યંત પીડે છે; એ પ્રકારનો તે સન્નિપાત અસાધ્ય હોઈ 'શીઘ્રકારી' એ નામથી કહેવાય છે અને જેનું શરીર એ સન્નિપાતથી આવેશ પામ્યું હોય કે સપડાયું હોય તે રોગી, ત્રણ દિવસો સુધી જીવતો નથી; એટલે કે ત્રણ દિવસોની અંદર જ મરી જાય છે; પરંતુ જે માણસનો સન્નિપાત કફની અધિકતાવાળો હોઈને પ્રકોપ પામે છે, તેને શીતજ્વર આવે છે; સ્વપ્ન-નિદ્રા, શરીરનું ભારેપણું, આળસ તથા તંદ્રા-નિદ્રા જેવું ઘેન તેને લાગુ થાય છે તેમ જ ઊલટી, મૂર્છા, તરશ, દાહ, તૃષ્ણા-લાલચ, અરોચક, હૃદયનું ઝલાવું, થૂંકનું થૂંકાવું, મોઢાની મધુરતા અને કર્ણેન્દ્રિય, વાણી તથા દૃષ્ટિમાં નિગ્રહ-ન્યૂનતા કે ખામી થાય છે; એ સ્થિતિમાં વૈદ્ય તે રોગીના કફનો જો નિગ્રહ કરે કે કફને રોકે, તો તેનું પિત્ત એકદમ વધી જઈને ઉપદ્રવયુક્ત જ્વરને કરે છે; તે વખતે વૈદ્ય તેના પિત્તનો જો નિગ્રહ કરે કે પિત્તને કાબૂમાં લેવાનો પ્રયત્ન કરે, તો તેનો વાયુ અત્યંત પ્રકોપ પામી વધી જાય છે અને તે વાયુ વધ્યો હોય ત્યારે તે રોગી જો આહારનો ત્યાગ કરે તો એ વાયુ તે રોગીના મેદને, મજ્જાને તથા હાડકાંને

પીડે છે; એ સ્થિતિમાં તે રોગી જો સ્નાન કરે કે કંઈ જમે, તો ત્રણ રાત્રિ પણ જીવતો નથી; વળી જે સન્નિપાત મેદમાં પહોંચી ગયો હોય તે ખરેખર ઉલ્બણ-ઉગ્ર કહેવાય છે; વળી કામ, મોહ, લોભ તથા ભયના કારણે પણ માણસ સન્નિપાત જ્વરને પ્રાપ્ત કરે છે; તેમ જ જે સન્નિપાત મધ્ય, હીન તથા અધિક દોષના કારણે થાય છે, તે માણસને એ જ દોષ તથા તેના બળના આશ્રયવાળા રોગો લગભગ થાય છે; એમ તે રોગો અહીં કહ્યા છે-અર્થાત્ અહીં બે દોષની અધિકતાવાળા તથા એક દોષની અધિકતાવાળા સન્નિપાતો કહ્યા છે અને તેઓનાં જુદાં જુદાં નામો પણ આમ કહ્યાં છે કે, વાત-પિત્તાધિક સન્નિપાત 'વિભુ' નામે કહેવાય છે; પિત્ત-કફાધિક સન્નિપાત 'કલ્યુ' નામે કહેવાય છે, કફ-વાતાધિક સન્નિપાત 'મકરી' નામે કહેવાય છે. વાતાધિક સન્નિપાત 'વિસ્ફારક કે વિસ્ફુરક' કહેવાય છે; પિત્તાધિક સન્નિપાત-શીઘ્રકારી કહેવાય છે અને કફાધિક સન્નિપાત ઉલ્બણ કે કફકણ અથવા ફક્કણ કહેવાય છે; એમ ઉપર્યુક્ત એ ૭ સંનિપાતો દર્શાવ્યા પછી એક-દોષ-હીન, એક-દોષ-વૃદ્ધ તથા એક મધ્ય અનુસાર બીજા ૭ સન્નિપાતો પણ કહ્યા છે. ૩૧

હીન-અભિવૃદ્ધ-મધ્ય-દોષજ સન્નિપાતથી થતા રોગો

हीनाभिवृद्धमध्यैस्तु सन्निपातो यदा भवेत् ।
तस्य रोगास्त एवोक्ता यथादोषबलाश्रयात् ॥३२
सर्वस्रोतोभवं त्वस्य रक्तपित्तं प्रकुप्यति ।
विस्फोटैरग्निदग्धाभैश्चीयते च समन्ततः ॥ ३३ ॥
हृदयोदरमन्त्रं च यकृत्प्लीहाऽथ फुप्फुसम् ।
पच्यतेऽन्तः शरीरस्थमूर्ध्वाधः पूयमेति च ।
शीर्णदन्तश्च मृत्युश्च तस्याप्येतद्विशेषणम् ॥३४॥

જ્યારે હીનદોષ, અભિવૃદ્ધ દોષથી તથા મધ્યદોષ-વાત-પિત્ત અને કફના કારણે તે સન્નિપાત થાય છે, ત્યારે પણ એ સન્નિપાતના જ દોષ તથા બળના આશ્રયથી તે જ રોગો થતા કહ્યા છે; તે વેળા પણ એ રોગવાળા મનુષ્યના સર્વ સ્રોતોમાં રહેલું રક્તપિત્ત પ્રકોપ પામે છે; તેથી એ માણસનું શરીર ચોપાસ જાણે અગ્નિથી દાઝ્યું હોય તેના જેવા સ્ફોટક કે મોટા મોટા ફોલ્લાઓથી છવાઈ જાય છે; તેમ જ એ રોગીનું હૃદય, ઉદર-પેટ, આંતરડાં, યકૃત્-કલેજું કે લીવર, પ્લીહા-બરોળ તથા ફેફસાં અંદરના ભાગમાં પાકી જાય છે અને તેથી જ અંદર રહેલું પરૂ ઉપર તથા નીચે બહાર નીકળ્યા કરે છે; તેમ જ એ માણસના દાંત પણ સડી જઈ ખરી પડે છે અને આખરે તે માણસનું તેથી જ મૃત્યુ થાય છે; એ પણ તે સન્નિપાતનું જ એ વિશેષણ કે અલગ સ્વરૂપ છે. ૩૨-૩૪

મધ્ય-અભિવૃદ્ધ-હીન-દોષજ સંનિપાતથી થતા રોગો

मध्या भवृद्धहीनैस्तु सन्निपातो यदा भवेत् ।
तस्य रोगास्त एवोक्ता यथादोषबलाश्रयात् ॥३५
स्तब्धाङ्गः स्तब्धदृष्टिश्च स तु शेते हतो यथा ।
विरिच्यतेऽतिमात्रं च पुरीषं बहुनक्षतः ।
सर्वेषां स्रोतसां पाक एतदत्र विशेषणम् ॥ ३६ ॥

જ્યારે મધ્ય-અભિવૃદ્ધ-હીન દોષ-વાત-પિત્ત અને કફના કારણે સંનિપાત થાય, ત્યારે પણ તેના સંબંધવાળા એ જ રોગો, તે તે દોષો અને તેઓના બળના આશ્રયથી થાય છે; તે વેળા પણ એનો રોગી માણસ, સ્તબ્ધ થયેલાં અંગોવાળો અને સ્તબ્ધ થયેલી દૃષ્ટિવાળો થઈને જાણે કે માર્યો ગયો હોય તેમ સૂઈ રહે છે; અને તે વખતે એ રોગી બહુ ખાઈ શકતો નથી, છતાં તેની વિષ્ઠા અતિશય વધુ પ્રમાણમાં બહાર નીકળે છે અને તેનાં બધાંયે સ્રોતોનો પણ પાક થઈ જાય છે, એ પણ તે સંનિપાતમાં વિશેષણ કે એક વિશેષ લક્ષણ હોય છે. ૩૫,૩૬

વૃદ્ધ-અભિહીન-અભિમધ્ય દોષજ સંનિપાતથી થતા રોગો

वृद्धाभिहीनमध्यैस्तु सन्निपातो यदा भवेत् ।
तस्य रोगास्त एवोक्ता यथादोषबलाश्रयात् ॥३७
जृम्भाग्रजागरायामविप्रलापशिरोरुजः ।

मन्यास्तम्भेन मृत्युश्च तस्याप्येतद्विशेषणम् ।
एषां त्रयाणां नामानि याम्यक्रकचपाकलाः ॥३८

જ્યારે અભિવૃદ્ધ–ચોપાસ વધેલા, હીન તથા મધ્ય દોષ–વાત, પિત્ત અને કફના કારણે સંનિપાત થાય છે, ત્યારે પણ તેના સંબંધ વાળા એ જ રોગો તે તે દોષના તથા તેના બલના આશ્રયથી થતા કહ્યા છે; અને તેનો રોગી તે વેળા બગાસાં, ઉજાગરા, આયામ, વિશેષ પ્રલાપ–બકવાદ તથા મસ્તકની પીડાથી યુક્ત થાય છે; તેમ જ એ રોગીની 'મન્યા' નામની ગળાની નાડી સજ્જડ થઈ જાય છે, તેથી એ માણસનું મૃત્યુ થાય છે; એ પણ તે સન્નિપાતનું એક વિશેષણ કે જુદું લક્ષણ છે; એમ તે ત્રણ સંનિપાતો જે કહ્યા છે, તેઓનાં નામો યામ્ય, ક્રકચ તથા પાકલ એવાં કહેવામાં આવ્યાં છે. ૩૭,૩૮

વિવરણ : ચરકે પણ ચિકિત્સાસ્થાનના ત્રીજા અધ્યાયમાં 'संनिपातज उच्यते–'संनिपातज्वरस्योर्ध्वं त्रयोदशविधस्य हि । प्राक् सूत्रितस्य वक्ष्यामि लक्षणं वै पृथक् पृथक् ॥–' સંનિપાતથી થતો જ્વર હવે કહેવાય છે–પ્રથમ ૧૩ પ્રકારનો જ સંનિપાતજ્વર સૂત્રરૂપે જે કહેલ છે, તેનાં જ હવે જુદાં જુદાં લક્ષણો હું કહું છું' એમ પ્રતિજ્ઞા કરીને સંનિપાતના ૧૩ ભેદો કહ્યા છે; તેમાં વાત, પિત્ત અને કફ–એ ત્રણે દોષો સમાનરૂપે પ્રકોપ પામીને જે સંનિપાત થાય છે, તેનાથી જુદાં ૧૨ સંનિપાતનાં લક્ષણો આ પ્રમાણે બતાવ્યાં છે, જેમ કે–भ्रमः पिपासा दाहश्च गौरवं शिरसोऽतिरुक् । वातपित्तोल्वणे विद्यालिङ्गं मन्दकफे ज्वरे ॥ शैत्यं कासोऽरुचिस्तन्द्रा पिपासादाहरुग्व्यथाः। वातश्लेष्मोल्वणे व्याधौ लिङ्गं पित्तावरे विदुः ॥ छर्दिः शैत्यं मुहुर्दाहस्तृष्णा मोहोऽस्थिवेदना । मन्दवाते व्यवस्यन्ते लिङ्गं पित्तकफोल्वणे ॥ सन्ध्यस्थिशिरसः शूलं प्रलापो गौरवं भ्रमः । वातोल्बणे स्याद द्वयनुगे तृष्णा कण्ठास्यशोषता ॥ रक्तविण्मूत्रता दाहः स्वेदस्तृड्बलसंक्षयः । मूर्च्छा चेति त्रिदोषे स्याल्लिङ्गं पित्ते गरीयसि ॥ आलस्यारुचिहृल्लासदाहवम्यरतिभ्रमैः । कफोल्वणं सन्निपातं तन्द्राकासेन चादिशेत् ॥ प्रतिश्याच्छर्दिरालस्यं तन्द्राऽरुच्यग्निमार्दवम् । हीनवाते पित्तमध्ये चिह्नं श्लेष्माधिके मतम् ॥ हारिद्रमूत्रनेत्रत्वं दाहस्तृष्णा भ्रमोऽरुचिः । हीनवाते मध्यकफे लिङ्गं पित्ताधिके मतम् ॥ शिरोरुग्वेपथुः श्वासः प्रलापश्छर्द्यरोचकौ । हीनपित्ते मध्यकफे लिङ्गं वाताधिके मतम् ॥ शीतको गौरवं तन्द्रा प्रलापोऽस्थिशिरोरुक् । हीनपित्ते वातमध्ये लिङ्गं श्लेष्माधिके मतम् । श्वासकासप्रतिश्याया मुखशोषोऽतिपार्श्वरुक् । कफहीने पित्तमध्ये लिङ्गं वाताधिके मतम् ॥ पर्वभेदोऽग्निमान्द्यं च तृष्णा दाहोऽरुचिर्भ्रमः । कफहीने वातमध्ये लिङ्गं पित्ताधिके विदुः ॥–અહીં ચરકે પહેલા શ્લોકમાં વાત–પિત્તપ્રધાન અને મંદકફ (પહેલા) સંનિપાતજ્વરનાં લક્ષણો આમ કહ્યાં છે કે–જેમાં વાત અને પિત્ત એ બે દોષો વધુ વધ્યા હોય અને કફ ઓછો હોય એવા સંનિપાતજ્વરમાં ભ્રમ–ચક્કરી, વધુ પડતી તરશ, દાહ, શરીરના અવયવોનું ભારેપણું અને માથાની ઘણી જ વેદના એટલાં ચિહ્નો કે લક્ષણો થાય છે, એમ જાણવું; પરંતુ જેમાં વાત અને કફ વધુ ઉલ્બણ થઈ કોપીને વધ્યા હોય અને પિત્ત તે બેથી ઓછું હોય એવા રક્તવાત–કફપ્રધાન અને હીનપિત્ત સંનિપાતજ્વરમાં શીતપણું, કાસ–ઉધરસ, અરુચિ, નિદ્રા જેવું ઘેન, વધુ પડતી તરશ, દાહ, રુજા–એટલે શરીરના અવયવોનું ભાંગવું તથા વ્યથા–પીડા–એટલાં લક્ષણોને વૈદ્યો જાણે છે–કહે છે, પરંતુ જેમાં વાયુ મંદ–ઓછો હોય અને પિત્ત તથા કફ–એ બેય દોષો તે વાયુ કરતાં ઘણા વધી ગયા હોય એવા–ત્રીજા પિત્ત–કફપ્રધાન–હીન વાતજ સંનિપાતજ્વરમાં ઊલટી, વારંવાર શીતપણું, વારંવાર દાહ, વધુ પડતી તરશ, મૂર્છા અને હાડકાંમાં વેદના–એટલાં ચિહ્નો કે લક્ષણોનો વૈદ્યો નિશ્ચય કરે છે; પરંતુ જેમાં પિત્ત અને કફ એ બેય દોષો અનુગામી હોઈને ઓછા વધ્યા હોય, પણ વાતદોષ તે બેય કરતાં અધિક વધ્યો હોય, એવા ચોથા વાતપ્રધાન–પિત્તકફહીન સંનિપાતજ્વરમાં સાંધાઓ વિષે પીડા, હાડકાંઓમાં તથા માથામાં શૂળ ભોંકાયા જેવી વેદના થાય, પ્રલાપ–બકવાદ ચાલે, શરીરના અવયવોનું ભારેપણું થાય; તેમ જ ભ્રમ, તરશ અને કંઠ તથા મોઢાનો શોષ–સુકાવું એ લક્ષણો થાય છે;' પરંતુ જેમાં બીજા બેય

દોષો કરતાં પિત્ત ખૂબ વધ્યું હોય અને કફ તથા વાત એ બેય દોષો પિત્તથી ઓછા વધ્યા હોય; તે પાંચમા પિત્તપ્રધાન-હીનકફવાત ત્રિદોષજ સંનિપાતજ્વરમાં વિષ્ઠા તથા મૂત્ર લાલ રંગનાં થઈ જાય, દાહ તથા પરસેવો વધુ થાય, અને તરશ તથા બલનો નાશ થઈ જાય; તેમ જ મૂર્છા વધુ થાય-એ લિંગ કે લક્ષણો થાય, તેમ જ આળસ, અરુચિ, ઉબકા, દાહ, ઊલટી, બેચેની, ભ્રમ અને નિદ્રા જેવું ઘેન તથા કાસ એટલે ખાંસી-એ લક્ષણો જેમાં હોય તો તે ઉપરથી તેને છઠ્ઠો-કફપ્રધાન-મંદવાત-પિત્તજ સંનિપાત કહેવો; વળી જેમાં વાત હીન-ઓછો હોય, પિત્ત મધ્યમ હોય અને કફ તે બેય કરતાં અધિક વધ્યો હોય, એવા સાતમા કફપ્રધાન-પિત્તમધ્ય-વાતહીન સંનિપાતમાં પ્રતિશ્યાય-સળેખમ, ઊલટી; આળસ કે નિદ્રા જેવું ઘેન, અરુચિ અને જઠરના અગ્નિની મંદતા-એટલાં લક્ષણો માન્યાં છે; પરંતુ જેમાં વાતહીન-વાયુ ઓછો હોય, કફ મધ્યમ હોય અને પિત્ત-એ બેય કરતાં અધિક વધ્યું હોય એવા આઠમા પિત્તાધિક-મધ્યકફ-હીનવાત-સંનિપાતજ્વરમાં મૂત્રનો રંગ હળદરના જેવો પીળો થઈ જાય અને દાહ, તરશ, ભ્રમ તથા અરુચિ એ લક્ષણો માનવામાં આવ્યાં છે; તેમ જ જેમાં પિત્તહીન-એટલે પિત્ત ઓછું વધ્યું હોય કફ મધ્યમ વધ્યો હોય અને પિત્ત-એ બેય દોષો કરતાં અધિક વધ્યું હોય તે નવમા વાતાધિક-મધ્યકફ-હીનવાતજ સંનિપાતજ્વરમાં માથામાં પીડા, શરીરમાં કંપારી, શ્વાસ, પ્રલાપ-બકવાદ, ઊલટી તથા અરુચિ-એટલાં લક્ષણો મનાયાં છે;' વળી જેમાં કફ અધિક, વાત મધ્યમ અને પિત્ત હીન ઓછું હોય તે દશમા સંનિપાતજ્વરમાં ટાઢ વાય, શરીરમાં ભારેપણું થાય, નિદ્રા જેવું ઘેન, પ્રલાપ-બકવાદ, હાડકાંમાં તથા માથામાં વેદના-એ લક્ષણો થાય છે; પરંતુ જેમાં કફહીન-ઓછો હોય, પિત્ત મધ્યમ હોય અને વાત-એ બેય કરતાં અધિક વધ્યો હોય તે અગિયારમા વાતાધિક-પિત્તહીન અને હીનકફ સંન્નિપાત જ્વરમાં શ્વાસ, કાસ-ઉધરસ, પ્રતિશ્યાય-સળેખમ, મુખનો શોષ-સુકાવું અને બેય પડખામાં અતિશય પીડા થાય એમ મનાયું છે; તેમ જ જેમાં કફહીન-ઓછો હોય, વાત મધ્યમ અને પિત્ત-એ બેય કરતાં અધિક વધ્યું હોય-તે બારમા પિત્તાધિક-વાતમધ્ય - કફહીન સંનિપાતજ્વરમાં શરીરના સાંધાઓમાં જાણે તે ચિરાઈ જતા હોય તેવી વેદના થાય, જઠરના અગ્નિની મંદતા થાય, તરશ વધુ લાગે અને દાહ, અરુચિ તથા ભ્રમ એ લક્ષણો થાય, એમ મનાયું છે. એમ ૧૩ સંનિપાત જ્વરો કહ્યા પછી 'સંનિપાતજ્વરસ્યોર્ધ્વમ્' ઇત્યાદિ ૧૩મા સમત્રિદોષજન્ય સંનિપાતજ્વરનું લક્ષણ પણ ત્યાં કહ્યું છે, જેને અહીં નીચેના ૩૯મા શ્લોકમાં સારાંશરૂપે કહે છે. ૩૭,૩૮

૧૩મો સમદોષજ સંનિપાતજ્વર

समैर्दोषैः प्रकुपितं सन्निपातं निबोध मे ।
त्रयाणामत्र दोषाणां सर्वरूपाणि लक्षयेत् ॥३९॥

હવે ત્રણે દોષો જેમાં સમાનપણે કોપ્યા હોય, તે ૧૩મો સંનિપાત તમે મારી પાસેથી સાંભળો; એ ૧૩મા સંનિપાતમાં ત્રણે દોષોનાં સર્વ લક્ષણો થયેલાં જાણવામાં આવે. ૩૯

એ ૧૩મો સંનિપાત-'કૂટપાકલ' નામે કહેવાય છે

त्रिदण्डवत् समबलान्यथो आहुस्त्रिपादवत् ।
यानि ज्वरचिकित्सायां रूपाण्युक्तानि तानि च ।
कूटपाकल इत्येष सन्निपातः सुदारुणः ॥ ४० ॥

જેમાં ત્રિદોષનાં બધાંયે લક્ષણો ત્રણ દંડ કે લાકડીની પેઠે સમાન બળ ધરાવતાં હોય છે, તેથી તેઓને વૈદ્યો ત્રણ પાદ કે ત્રણ પગવાળી-ત્રિપદી જેવો કહે છે; તે બધાં લક્ષણો. જ્વરચિકિત્સામાં પ્રથમ જે કહ્યાં છે, તે જાણવાં; એ ૧૩મો સંનિપાત અતિશય દારુણ હોય છે; અને તે 'કૂટપાકલ' એ નામે પ્રસિદ્ધ થયેલ છે. ૪૦

તે કૂટપાકલ તરત જ મારે

व्याधिभ्यो दारुणेभ्यश्च वज्रशस्त्राग्नितो यदा ।
सद्यो हन्ता महाव्याधिर्जायते कूटपाकलः ॥४१॥

એ ૧૩ મો કૂટપાકલ નામનો સંનિપાત બધા દારુણ વ્યાધિઓ કરતાં પણ દારુણ હોઈ વજ્ર, શસ્ત્ર તથા અગ્નિથી પણ વધારે

ભયંકર છે અને તે મહાવ્યાધિ જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે તે તરત મારી નાખે છે, એમ સમજવું. ૪૧

કૂટપાકલગ્રસ્ત માણસ વધુ ત્રણ દિવસ જીવે

कूटपाकलविग्रस्तो न शृणोति न पश्यति ।
न स्पन्दते न ब्रवीति नाभिष्टौति न निन्दति ॥४२
केवलोच्छ्वासपरमः स्तब्धाङ्गः स्तब्धलोचनः ।
त्रिरात्रं परमं तस्य जन्तोर्भवति जीवितम् ॥ ४३ ॥

જે માણસ, ઉપર દર્શાવેલ 'કૂટપાકલ' નામના સંનિપાતથી પકડાયેા કે સપડાયેા હેાય, તે સાંભળી શકતેા નથી અને જોઈ પણ શકતેા નથી; વળી તે ફરકી શકતેા નથી, બેાલી શકતેા નથી, કેાઈની સ્તુતિ કરતેા નથી કે નિન્દા પણ કરતેા નથી; કેવળ ઊંચા શ્વાસ લેવામાં જ પરાયણ હેાઈ હાંફે છે; તેનાં અંગેા સ્તબ્ધ બની જાય છે, નેત્રો પણ સ્તબ્ધ કે સન્જડ થઈ જાય છે; અને વધુમાં વધુ ત્રણ દિવસેા જ તે જીવે છે.

'કૂટપાકલ' સંનિપાત કેાને કહેવાય?

तदवस्थं तु तं दृष्ट्वा मूढो व्याभाषते जनः ।
धर्षितो रक्षसा नूनमवेलायां चरन्निशि ॥ ४४ ॥
अन्वयं ब्रुवते चैके यक्षिण्या ब्रह्मराक्षसैः ।
पिशाचैर्गुह्यकैश्चैव तथाऽन्ये विषयोजितम् ॥४५॥
आकुष्टमभिशप्तं च तथाऽन्ये मस्तकाहतम् ।
कुलदेवार्चाविहतं धर्षितं गृहदैवतैः ॥ ४६ ॥
नक्षत्रपीडामपरे गरकर्माणि चापरे ।
वदन्ति सन्निपातं तु भिषजः कूटपाकलम् ॥ ४७ ॥

એ કૂટપાકલ સંનિપાતથી ઘેરાયલી અવસ્થાવાળા તે માણસને જોઈ મૂર્ખ લેાકેા કહે છે કે–'આ માણસ કવેળા કે રાત્રિના સમયે ફર્યા કરે છે, તેથી ખરેખર રાક્ષસ વડે ઘેરાયેલેા છે–એટલે કે તેને કેાઈ રાક્ષસ વળગ્યેા છે; ત્યારે બીજા કેટલાક લેાકેા આમ કહે છે કે–યક્ષિણી કે બ્રહ્મરાક્ષસેાની સાથે આ માણસનેા સંબંધ કે ભેટેા થઈ ગયેા છે–તેથી તેને તેઓ વળગ્યા છે; અથવા પિશાચેા કે ગુહ્યક–યક્ષેાનેા આ માણસને વળગાડ થયેા છે; ત્યારે બીજાઓ વળી આમ કહે છે કે આ માણસને કેાઈએ ઝેર આપી દીધું છે' અથવા આ માણસની કેાઈએ નિંદા કરેલ છે; અથવા આ માણસને કેાઈનેા અભિશાપ થયેા છે; અથવા આ માણસને કેાઈએ માથામાં માર માર્યો છે; અથવા કુલદેવની પૂજા કરતાં કે પૂજામાં આ માણસે કંઈ ભૂલ કરી છે કે કુલદેવની પૂજનેા એણે ભંગ કર્યો છે; અથવા ઘરની અધિષ્ઠાયક દેવતાઓએ આ માણસની કંઈ ધર્ષણા કે તિરસ્કાર કરેલ છે; ત્યારે બીજા કેટલાક લેાકેા આમ કહે છે કે 'આ માણસને નક્ષત્રોની પીડા છે; અથવા બીજાઓ આમ કહે છે કે–આ માણસને ગરકર્મ કે કૃત્રિમ વિષનેા પ્રયેાગ કરવામાં આવ્યેા છે; એવા પ્રકારવાળા તે સંનિપાતને વૈદ્યો, તેા 'કૂટપાકલ' સંનિપાત કહે છે. ૪૪–૪૭

સંનિપાતમાં વિષસંજ્ઞાવાળી ફેાલ્લીઓ ક્યારે થાય?

सद्यः स्वस्थस्य युगपद्यदा कुप्यन्ति ते त्रयः ।
तदा निर्वर्तते देहे पिडका विषसंज्ञिता ॥ ४८ ॥

જે કાળે કેાઈ સ્વસ્થ માણસના શરીરમાં ત્રણે દેાષેા, એકદમ–તત્કાળ પ્રકેાપ પામે છે, ત્યારે તેના દેહ પર 'વિષ' સંજ્ઞા ધરાવતી ઝેરી ફેાલ્લીઓ ઉત્પન્ન થાય છે. ૪૮

તત્કાળ વાયુનેા પ્રકેાપ તથા અગ્નિમાન્દ્ય ક્યારે?

विरुद्धभोजनात् कालात् परिणामाच्च कर्मणाम् ।
प्रकुप्यत्यनिलः शीघ्रं सोऽस्याग्निमुपहन्त्यनु ॥४९

જે કાળે કેાઈ માણસ, પરસ્પર વિરુદ્ધ એવાં ભેાજનેા કરે અને તે જ કાળે તેનાં કેાઈ પૂર્વકર્મના દુષ્ટકર્મોનું પરિણામ પ્રકટ થાય ત્યારે તે રૂપ કારણથી તેના શરીરનેા વાયુ તરત જ પ્રકેાપ પામે છે અને પછી તે વિકાર પામેલેા વાયુ તે માણસના જઠરના અગ્નિનેા નાશ કરે છે. ૪૯

ઉપર્યુક્ત કારણે થયેલ અગ્નિનાશથી અનેક રોગો થાય

तस्योपहतकायाग्नेः पूर्ववत् पिबतोऽन्नतः ।
कफीभवति भूयिष्ठं यदादत्ते चतुर्विधम् ॥ ५० ॥
तं कफं वायुरादाय स्रोतांस्यस्य विधावति ।
तस्य स्रोतांसि सर्वाणि सूक्ष्माणि च महान्ति च ॥
पूरयित्वा पिधायास्ते संरुद्धः पवनस्ततः ।
पित्तं प्रकोपयत्यस्य तत् पित्तं मारुतेरितम् ॥५२॥
सर्वतः श्लेष्मणा रुद्धमन्योन्यमियुनाश्रयात् ।
ज्वरं हृल्लासमरुचिं पर्वभेदं विसूचिकाम् ॥ ५३ ॥
रोगान् नानाविधांश्चान्यान् कुर्वन्मृद्नाति देहिनम् ।
प्रकृतेर्वा विपर्यासात् प्रकृत्या वा प्रकुप्यति ॥५४॥
यथा यथोद्बलत्वं वा प्राप्नुवन्ति गदाधिपाः ।
तथैकद्वयुद्बलानाहुर्हीनमध्याधिकानपि ॥ ५५ ॥
कूटस्थे तु समैर्दोषैर्जायते कूटपाकलः ।
एवमेते विनिर्देश्याः सन्निपातास्त्रयोदश ॥ ५६ ॥

એમ ઉપર દર્શાવેલ વાયુપ્રકોપથી જઠરના અગ્નિનો નાશ થયો હોય અથવા જઠરાગ્નિ મંદ થયો હોય, છતાં તે માણસ, પહેલાંની જેમ જ ખોરાક તથા જલપાન કર્યા જ કરે, ત્યારે તે ખોરાક અથવા જે કંઈ ચારે પ્રકારનો આહાર તે ગ્રહણ કરે છે, તે બધો યે લગભગ તરત જ કફરૂપે થઈ જાય છે; પછી તે કફને ગ્રહણ કરી પેલો વિકૃત થયેલો વાયુ, એ માણસના સ્રોતોમાં વિશેષે કરી દોડ્યા કરે છે અને પછી તે તે બધાંયે સૂક્ષ્મ તથા મોટાં બધાંયે સ્રોતોને તે વાયુ ભરી દઈ ઢાંકી દે છે; ત્યારે તે વાયુ તે તે સ્રોતોમાં સારી રીતે રોકાયેલો બની ભરાઈ રહે છે અને પછી તે વાયુ તે માણસના પિત્તને કોપાવે છે–વિકૃત બનાવે છે; એમ તે વાયુએ વિકૃત બનાવી પ્રેરણા કરેલું તે પિત્ત, ચોપાસ કફથી રૂંધાયેલું બની અન્યોન્યનો યુગલરૂપે આશ્રય કરીને એટલે કે કફ સાથે મળી ગયેલું તે પિત્ત તે માણસના શરીરમાં જ્વરને, હૃલ્લાસ–મોળ–ઉબકાને, અરુચિને થઈ સાંધાઓના ભેદ–પીડને, વિસૂચિકા–ચૂંક–કૉલેરાને તથા અનેક પ્રકારના બીજા પણ રોગોને ઉપજાવે છે અને એ રીતે એ માણસને તે હેરાન કર્યા કરે છે.

અથવા એમ ઉપર દર્શાવેલા મિથ્યા અપચાર કર્યાને કારણે તે માણસની પ્રકૃતિનો વિપર્યાસ કે ફેરફાર થવાથી કે તે વિપર્યાસ પામેલી પ્રકૃતિના કે સ્વભાવના કારણે જેમ જેમ તે તે મોટા મોટા રોગો ઉત્પન્ન થઈને વધુ પ્રમાણમાં બળવાન થતા જાય છે, તેમ તેમ એક દોષના કે બે બે દોષના ઉત્કૃષ્ટ બલ ધરાવતા હીન, મધ્ય અને અધિક દોષવાળા પણ રોગોને તે તે દોષો જ ઉત્પન્ન કરે છે; પરંતુ એ ત્રણે દોષો જો કૂટસ્થ હોય કે સમાન અવસ્થામાં રહ્યા હોય તો એ સમદોષોના કારણે 'કૂટપાકલ' નામનો સંનિપાતજ્વર ઉત્પન્ન થાય છે. એમ ઉપર દર્શાવેલ ભેદોથી ૧૩ પ્રકારના જે સંનિપાતો થાય છે, તેઓને વૈદ્યો વિશેષ સ્વરૂપે નામવાર દર્શાવી શકે છે. ૫૦–૫૬

વિવરણ: 'અષ્ટાંગહૃદય' ગ્રંથના કર્તા વાગ્ભટે તે ગ્રંથના સૂત્રસ્થાનના ૧૨મા અધ્યાયમાં ઉપર્યુક્ત ૧૩ સંનિપાતો આ એક શ્લોકથી દર્શાવ્યા છે; જેમ કે, ૧૩ સંનિપાતો જે થાય છે, તેઓમાં એક તો ત્રણે દોષોની સમાન અવસ્થાથી થાય છે અને બે બે દોષમાં એક એકના અતિશય કે અધિકપણાથી તો છ સંનિપાતો થાય છે પણ ત્રણે દોષોની સમાન અધિકતા થવાથી તો એક અને એક એક દોષના તારતમ્ય ઓછા–વધતા થવાની કલ્પના કરવાથી બીજા ૬ પ્રકારો થાય છે; એવી રીતે ૧૩ સંનિપાતો જે થાય છે, તેઓને આમ અલગ અલગ ગણાવી શકાય કે–દ્વિ–ઉલ્બણ એટલે કે બે બે દોષના ઓછા–વત્તા પ્રમાણથી વાતવૃદ્ધ અને પિત્તકફ–આતવૃદ્ધ–એ પહેલો ભેદ, બીજો ભેદ–પિત્તવૃદ્ધ અને વાત–કફ અતિવૃદ્ધ; તેમ જ ત્રીજો ભેદ–કફવૃદ્ધ અને વાતપિત્ત અતિવૃદ્ધ–એમ ત્રણ ગણ્યા પછી આમ એકોલ્બણ–એટલે કે એક દોષની અધિકતાવાળા આવા ત્રણ સંનિપાતો આમ જાણવા; જેમ કે :–વાત–પિત્ત–વૃદ્ધ અને કફ–અતિવૃદ્ધ એક;

બીજો-વાતકફ-વૃદ્ધ અને પિત્ત-અતિવૃદ્ધ; તેમ જ ત્રીજો-પિત્ત-કફવૃદ્ધ અને વાતઅતિવૃદ્ધ. એમ ૬ સંનિપાતો ગણીને એકસમ સંનિપાત આમ સમજવો-કે-વાત-પિત્તકફ-સમવૃદ્ધ; એમ સાત સંનિપાતો કહ્યા પછી બીજા ૬ હીન-મધ્ય-અધિક-તર-તમાધિક સંનિપાતો આમ કહેવા જોઈએ; જેમ કે વાતવૃદ્ધ. પિત્તવૃદ્ધતર અને કફ વૃદ્ધતમ; એમ તે પહેલો ભેદ કહીને આ બીજો ભેદ કહેવો કે-વાતવૃદ્ધ, કફ વૃદ્ધતર અને વાત વૃદ્ધતમ; પછી ત્રીજો ભેદ આમ કહેવો-પિત્તવૃદ્ધ; કફવૃદ્ધતર અને વાતવૃદ્ધતમ; પછી ચોથો ભેદ આમ કહેવો-પિત્તવૃદ્ધ, વાતવૃદ્ધતર અને કફવૃદ્ધતમ; પછી પાંચમો ભેદ આમ કહેવો-કફવૃદ્ધ, વાતવૃદ્ધતર અને પિત્તવૃદ્ધતમ; તે પછી છટ્ઠો ભેદ આમ કહેવો-કફવૃદ્ધ, પિત્તવૃદ્ધતર અને વાતવૃદ્ધતમ એમ ૩ + ૩ + ૧ + ૬ = ૧૩ સંનિપાતો કહેવા. ૫૦-૫૬

વાયુપ્રેરિત રસવિકારથી થતા વિકારો

विपन्नस्तु रसो योऽस्य धातून् यात्यनिलेरितः।
विषादं गौरवं मूर्च्छां कुर्याच्चास्याङ्गवेदनाम् ॥५७

માણસની જે રસ ધાતુ વિકાર પામી હોય કે બગડી હોય, તે વાયુથી પ્રેરાઈને બીજી ધાતુઓમાં જાય છે, ત્યારે તે જ બગડેલો રસ, એ માણસને વિષાદ, ખેદ, શરીરમાં ભારેપણું, બેભાન સ્થિતિ અને અંગોમાં વેદનાને કરે છે. ૫૭

વિદ્વાન વૈદ્ય જ ભ્રમમાં ન પડે

स्वलक्षणेषु दोषाणां भिषक् प्राज्ञो न विभ्रमेत्।
उदीरिता हि संसृष्टा दुर्बला एकदोषजाः ॥५८॥

જે વૈદ્ય ઉત્તમ વિદ્વાન હોય તે તો દોષોનાં પોતપોતાનાં લક્ષણોમાં ભ્રાંતિને પામતો જ નથી; કેમ કે ઉદીરિત થઈ વધી ગયેલા સંસૃષ્ટ-બે બે દોષના વિકારો તથા એક દોષથી થયેલા વિકારો તો દુર્બળ હોય છે.

સંનિપાતમાં શીતળ જળપ્રયોગ ન જ કરાય

सन्निपातेषु दाहार्तं यः सिञ्चेच्छीतवारिणा।
आतुरः स कथं जीवेद्विष्ण्वा स कथं भवेत् ॥५९

સંનિપાતજ વિકારોમાં રોગી, દાહથી જ્યારે પીડાતો હોય, ત્યારે જે વૈદ્ય તેની ઉપર શીતલ જલનું સિંચન કરે તો તે રોગી કયા પ્રકારે જીવે? મરી જ જાય; અને એ રીતે શીતળ જલનો પ્રયોગ કરનારને વૈદ્ય કઈ રીતે કહેવો? એ ખરો વૈદ્ય જ ન હોય. ૫૯

સંનિપાતની આ સ્થિતિમાં ઘીનો પ્રયોગ મારે જ

सन्निपातेषु कम्पन्तं विलपन्तं च यो घृतम्।
पाययेद्भोजयेद्वाऽपि तौ च स्यातामुभौ कथम् ॥६०

જે વૈદ્ય સંનિપાતમાં કંપી રહેલા અને વિલાપ અથવા વિવિધ પ્રલાપ કે બકવાદ કરતા રોગીને ઘી પિવાડે કે જમાડે તે બેય-વૈદ્ય તથા રોગી કઈ રીતે હોઈ શકે? અર્થાત્ તે રોગી કેવી રીતે જીવે? એટલે કે કોઈ પણ પ્રકારે જીવતો ન રહે અને તે વૈદ્ય આ લોકમાં વૈદ્ય તરીકે કેમ હોઈ શકે? તેને વૈદ્ય કહેવાય જ કેમ? ન જ કહેવાય. ૬૦

સંનિપાતમાં શીતળ જલપાન પણ મૃત્યુરૂપે થાય

सन्निपातेषु तृष्यन्तं पार्श्वरुक्कालुशोषिणम्।
यः पाययेज्जलं शीतं स मृत्युर्नरविग्रहः ॥६१॥

સંનિપાતમાં વારંવાર તરસ્યા થતા અને પડખાંની પીડા તથા તાલુશોષથી યુક્ત એવા રોગીને જે વૈદ્ય શીતળ જલપાન કરાવે, તે વૈદ્ય એ રોગીના મૃત્યુરૂપ થઈને તેના પ્રાણને જ હરી લે છે. ૬૧

સંનિપાતની ચિકિત્સા એ વૈદ્યને મૃત્યુ સાથેના યુદ્ધરૂપ છે!

समुद्रतरणं ह्येतद्वदन्ति भिषजोऽश्मना।
मृत्युना सह योद्धव्यं सन्निपातं चिकित्सता ॥६२

વિદ્વાનો કહે છે કે સંનિપાતની ચિકિત્સા કરતો વૈદ્ય પથ્થરથી સમુદ્રને તરે છે અથવા મૃત્યુ સાથે યુદ્ધ કરે છે. ૬૨

સંનિપાતરૂપ સમુદ્રમાં ડૂબતા રોગીનો ઉદ્ધાર કરનાર વૈદ્યની પ્રશંસા

सन्निपातार्णवे मग्नं योऽभ्युद्धरति देहिनम् ।
कस्तेन न कृतो धर्मः कां च पूजां स नार्हति ॥६३

જે વૈદ્ય, સંનિપાતરૂપ સમુદ્રમાં ડૂબેલા કે ડૂબતા રોગીનો ઉદ્ધાર કરે છે, તેણે કયો ધર્મ આચર્યો નથી? અને તે વૈદ્ય કઈ પૂજા કે આદરને યોગ્ય નથી? ૬૩

સંનિપાતનો ચિકિત્સાક્રમ

सन्निपाते समुत्पन्ने किमादावभ्युपक्रमेत् ।
एतत् प्रश्नमतश्चोर्ध्वं चिकित्सोपक्रमं शृणु ॥५४॥

સંનિપાત ઉત્પન્ન થયો હોય ત્યારે પ્રથમ કયો ચિકિત્સાક્રમ શરૂ કરવો? એ પ્રશ્ન કર્યા પછી હવે તમે તે ચિકિત્સાનો ક્રમ સાંભળો. ૬૪

સંનિપાતની ચિકિત્સા કરતાં વૈદ્યો મૂંઝાય છે!

संमोहमत्र भूयिष्ठं भिषजो यान्त्यनिश्चिताः ।
अग्रे मूले च भैषज्यं कुर्वन्तो घ्नन्ति मानवान् ॥६५

આ સંનિપાત વિષે જેઓ નિશ્ચય કરી શકયા નથી, તેવા ઘણા વૈદ્યો લગભગ મોહને પામે છે; તેથી તે વૈદ્યો આગળ-શરૂઆતમાં તથા મૂળમાં ઔષધચિકિત્સા કરતા હોઈ માણસને મારી નાખે છે. ૬૫

સંનિપાતની ચિકિત્સા માટે કેટલાક વૈદ્યોના અભિપ્રાય

यं दोषमुद्धतं पश्येत् सन्निपाते स्वलक्षणैः ।
तस्याग्रे निग्रहं कुर्यादित्यन्यभिषजो विदुः ॥६६॥

કેટલાક વૈદ્યો કહે છે કે, સંનિપાતમાં જે દોષને વૈદ્ય બળવાન દેખે, તે દોષને ચિકિત્સાથી પ્રથમ કાબૂમાં લેવો જોઈએ. ૬૬

ઉપર્યુક્ત અભિપ્રાય બરાબર નથી, એમ કશ્યપનું માનવું છે

वृद्धजीवक! नैवं तु वयं कुर्मश्चिकित्सितम् ।
असम्यग्दर्शिनस्ते तु य एवं भिषजो विदुः ॥६७॥

હે વૃદ્ધજીવક! અમે તો સંનિપાતની એમ ચિકિત્સા કરતા જ નથી; જે વૈદ્યો ઉપર જણાવ્યા પ્રમાણે માને છે, તેઓ તો સમ્યગ્દર્શી કે બરાબર જોનારા નથી. ૬૭

ત્રિદોષના રોગમાં પ્રથમ કફજ દૂર કરાય

श्लेष्मनिग्रहमेवादौ कुर्याद्व्याधौ त्रिदोषजे ।
निरस्ते श्लेष्मणि ह्यस्य स्रोतःसूद्घाटितेषु च ॥६८
लाघवं जायते सद्यस्तृष्णा चैवोपशाम्यति ।
शिरोहृदयकर्णस्य पार्श्वरुक् चोपशाम्यति ॥६९॥
जिह्वागुरुजडत्वं च दृष्टिश्चैव प्रसीदति ।
तस्मात् पुनः पुनः कुर्याच्छ्लेष्मकर्षणमौषधैः ॥७०

ત્રિદોષથી ઉત્પન્ન થતા સંનિપાતના રોગમાં પ્રથમ કફને જ કાબૂમાં લેવો જોઈએ; કારણ કે કફને દૂર કર્યો હોય તો શરીરના બધાં સ્રોતો ખુલ્લાં થાય છે; તેથી શરીરમાં હલકાપણું થાય છે અને તરશ પણ તરત જ શાંત થાય છે; તેમ જ મસ્તકની, હૃદયની, કાનની તથા પડખાંની પીડા પણ મટી જાય છે અને જીભનું ભારેપણું તથા જડતા દૂર થાય છે તેમ જ દૃષ્ટિ સ્વચ્છ થાય છે; એ કારણે સંનિપાતના રોગમાં વારંવાર ઔષધો આપીને કફનું કર્ષણ કે ન્યૂનતા કર્યા કરવી. ૬૮-૭૦

વિવરણ : આ સંબંધે ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૩ જા અધ્યાયમાં આમ કહ્યું છે કે- 'वर्धनेनैकदोषस्य क्षपणेनोच्छ्रितस्य च । कफस्थानानुपूर्व्या वा संनिपातज्वरं जयेत् ॥'-સંનિપાતજ્વરમાં જે એક દોષ ઓછો થયો હોય તેને વધારીને તેમ જ જે એક દોષ વધી ગયો હોય તેને ઓછો કરી અથવા કફના સ્થાનને અનુસરી કોપેલા દોષોને જીતવા જોઈએ-અર્થાત્ એક દોષની વૃદ્ધિ કરીને તેમ જ વધેલા દોષની ન્યૂનતા કરીને સંનિપાતજ્વરની ચિકિત્સા કરવી-એટલે કે તર-તમ ભેદથી વધેલા દોષો વિદ્યમાન હોય તો તેઓને ઘટાડી સરખા કરવા જોઈએ; તેમ જ વૃદ્ધતર કે વૃદ્ધતમ દોષોને પણ ઘટાડવા પ્રયત્ન કરવો જોઈએ; પરંતુ જો સંનિપાતમાં ત્રણે દોષોની વૃદ્ધિરૂપે સમાનતા થઈ હોય તો તે અવસ્થામાં પ્રથમ કફની ચિકિત્સા કરવી જોઈએ-એટલે કે

સૌ પહેલાં લંઘન આદિ દ્વારા વધેલા કફ દોષને શાંત કરવો જોઈએ; પરંતુ આ ક્રમ જ્વરોમાં થાય છે, પણ બીજા સાંનિપાતિક રોગોમાં થતો નથી; ત્યાં તે પ્રથમ કહ્યા પ્રમાણે જ ચિકિત્સા કરવી. ૬૮–૭૦

સંનિપાતમાં પ્રથમ તો વમન જ હિતકર

उदीर्णदोषं प्रथमे दिवसे वामयेन्नरम् ।
विशोषितं न वमयेदमेध्यं हि वमेत्तथा ॥ ७१ ॥

સંનિપાતજ્વરમાં જેનો દોષ વધ્યો હોય એવા માણસને પહેલા દિવસે વમન જ કરાવવું જોઈએ; પણ જે માણસ વિશેષ સુકાઈ ગયેલ હોય, તેને વમન કરાવવું નહિ; તેમ જ વમન પણ અમેધ્ય કે અપવિત્ર વસ્તુનું જ કરાવવું જોઈએ. ૭૧

સંનિપાતમાં મધ ન અપાય

सर्वेषु सन्निपातेषु न क्षौद्रमवचारयेत् ।
शीतोपचारि हि क्षौद्रं शीतं चात्र विरुध्यते ॥७२

બધાયે સંનિપાતમાં મધનો પ્રયોગ ન જ કરાવાય; કેમ કે મધ એ શીતોપચારી હોઈ શીતળ ચિકિત્સામાં ઉપચાર કરવા યોગ્ય ગણાય છે અને સંનિપાતમાં શીતળ ચિકિત્સારૂપ ઉપચાર વિરુદ્ધ પડે છે. ૭૨

સંનિપાતમાં ઉષ્ણ ઉપચાર જ હિતકર થાય

उष्णोपचारी सततं सन्निपाती प्रशस्यते ।
वर्जयेच्च दिवास्वप्नं धृतिं सत्त्वं च संश्रयेत् ॥७३॥

સંનિપાતનો રોગી નિરંતર ગરમ ઉપચારોનું જ સેવન કરે, તો તે જ ઉત્તમ ગણાય છે–તેને તે જ માફક આવે છે; વળી તે સંનિપાતના રોગીએ દિવસની નિદ્રાનો ત્યાગ કરવો અને ધૈર્ય તથા સત્ત્વ–માનસિક બળનો સારી રીતે આશ્રય કરવો (કેમ કે તેથી તેનો સંનિપાત કાબૂમાં આવે છે.) ૭૩

સંનિપાતમાં વૈદ્યે કરવા યોગ્ય પ્રાથમિક ઉપચારો

लङ्घनं स्वेदनं नस्यं मर्दनं कवलग्रहः ।
एतान्यादौ प्रयुञ्जीत सन्निपातेषु युक्तिवित् ॥७४

યુક્તિને જાણનાર વૈદ્યે, બધાયે સંનિપાતોમાં પ્રથમ લંઘનનો, પછી સ્વેદનનો, પછી નસ્યકર્મનો, પછી મર્દન–તેલ માલિસનો અને તે પછી કવલ ગ્રહણ કરાવવાનો પ્રયોગ કરવો જોઈએ. ૭૪

વિવરણ : ચરકે લંઘનનાં લક્ષણો આમ લખ્યાં છે : 'शरीरलाघवकरं यद् द्रव्यं कर्म वा पुनः । लङ्घनमिति ज्ञेयम्'–જે દ્રવ્ય કે કર્મ શરીરમાં હલકાઈ કરે તે લંઘનરૂપ છે, એમ વૈદ્યે જાણવું. ૭૫

સંનિપાતમાં રોગીએ કયાં સુધી લંઘન કરવું ?

त्रिरात्रं पञ्चरात्रं वा दशरात्रमथापि वा ।
लङ्घनं सन्निपाते तु कुर्याद्याऽऽरोग्यदर्शनात् ॥७५

સંનિપાતના રોગીએ ત્રણ રાત્રિ સુધી કે પાંચ રાત્રિ સુધી કે દશ રાત્રિ સુધી પણ લંઘન–(ઉપવાસ વગેરે શરીરને હલકું કરનાર)–કર્મ કરવું જોઈએ; અથવા શરીરમાં આરોગ્ય થયેલું દેખાય ત્યાં સુધી સંનિપાતના રોગીએ લંઘનકર્મ કરવું. ૭૫

વિવરણ :–ચરકે ચિકિત્સાસ્થાનના ત્રીજા અધ્યાયમાં લંઘનની મર્યાદા આમ દર્શાવી છે–'प्राणाविरोधिना चैनं लङ्घनेनोपपादयेत् ॥ बलाधिष्ठानमारोग्यं यदर्थोऽयं क्रियाक्रमः ॥'–વૈદ્યે સંનિપાતના રોગીને તેના પ્રાણને હાનિ કે હરકત ન પહોંચે ત્યાં સુધી લંઘનકર્મ સાથે યોજવો જોઈએ; કારણ કે આરોગ્યને બલનો જ આશ્રય છે; (શરીરમાં આરોગ્ય પ્રાપ્ત થાય તો તેના આશ્રયે શારીરબલ પ્રાપ્ત થાય છે; અને તેના માટે એટલે કે આરોગ્યપૂર્વકનું શારીરબલ પ્રાપ્ત થાય, તે જ ધ્યેયથી આયુર્વેદમાં સર્વ ચિકિત્સાક્રમ કહેલ છે–અર્થાત્ શરીરમાં પ્રાણને હાનિ ન પહોંચે અને બલ પણ જળવાઈ રહે, ત્યાં સુધી વૈદ્યે સંનિપાતના રોગીને લંઘનકર્મ કરાવવું.' અષ્ટાંગ, સંગ્રહકારે પણ લંઘનનું પ્રયોજન આમ લખ્યું છે–'आमाशयस्थो हत्वाग्निं सामो मार्गान् पिधापयन् । विदधाति ज्वरं दोषस्तस्माल्लङ्घनमाचरेत् ॥'–આમાશયમાં રહેલો દોષ, આમ કે અજીર્ણ અન્નરસની સાથે મળીને જઠરના અગ્નિનો પ્રથમ નાશ

કરે છે–એટલે કે ત્યાં રહેલા જઠરાગ્નિને મંદ બનાવે છે અને તે પછી એ આમયુક્ત દોષજ જ્વરને ઉપજાવે છે, તે કારણે એ આમયુક્ત દોષનો નાશ કરવા કે તેને ઓછા કરવા સંનિપાતના રોગીએ પ્રથમ લંઘન જ કરવું જોઈએ.' કેમ કે લંઘન દ્વારા જ આમનું પાચન થઈ શકે છે અને તે આમના કારણે વધેલા રોષો ક્ષીણ થાય છે.' ચરકે પણ લંઘનકર્મનું ફળ આમ લખ્યું છે–'लङ्घनेन क्षयं नीते दोषे संधुक्षितेऽनले। विज्वरत्वं लघुत्वं च क्षुद्वैवास्योपजायते ॥'–લંઘનકર્મથી માણસના આમાશયમાં રહેલો દોષ, ક્ષીણતાને પમાડાય અને પછી જઠરનો અગ્નિ પ્રદીપ્ત થાય, (અને તે દ્વારા આમનું પાચન થાય,) ત્યારે એ દોષરહિત અને પ્રજ્વલિત અગ્નિવાળા માણસને ક્ષુધા–ભૂખ અવશ્ય લાગે છે અને શરીરમાં લાઘવ–હલકાપણું પણ પ્રાપ્ત થાય છે. ૭૫

જેણે લંઘન બરાબર કર્યું હોય તેનાં લક્ષણો

प्रकाङ्क्षा लाघवं ग्लानिः स्वच्छता संप्रसन्नता।
उपद्रवनिवृत्तिश्च सम्यग्लङ्घितलक्षणम् ॥ ७६ ॥

પ્રકાંક્ષા એટલે ભોજન કરવાની ઉત્કટ ઇચ્છા થાય, શરીરમાં હલકાપણું થાય, ગ્લાનિ થાય–બેચેની કે ક્ષીણતા જણાય, છતાં દોષરૂપી મળથી રહિતપણું થયેલું હોવાથી સ્વચ્છતા અનુભવાય અને સારી રીતે ખૂબ પ્રસન્નતા જણાય; તેમ જ બધાયે ઉપદ્રવો અટકી જાય–એ જેણે લંઘન બરાબર કર્યું હોય તે માણસનાં લક્ષણો જાણવાં. ૭૬

વિવરણ : જેણે લંઘન બરાબર કર્યું હોય તેનાં આવાં લક્ષણો બીજા ગ્રંથોમાં પણ આમ લખ્યાં છે–'सृष्टमारुतविण्मूत्रं क्षुत्पिपासासहं लघुम्। प्रसन्नात्मेन्द्रियं क्षामं नरं विद्यात् सुलङ्घितम् ॥–જેનો અધોવાયુ–અપાન, વિષ્ઠા તથા મૂત્ર છૂટથી બહાર નીકળી જાય, ભૂખ અને તૃષાને જે સહન કરી શકે, શરીરમાં જે લઘુ–હલકો થઈ જાય અને જેનું મન તથા ઇંદ્રિયો પ્રસન્ન થાય તેમ જ શરીરે જે ક્ષીણ થાય, તે માણસને બરાબર લંઘન કરેલ જાણવો. ૭૬

લંઘનનો અતિયોગ જેમાં થયો હોય તેનાં લક્ષણો

अग्लानिगौरवाश्रद्धाविकृतिश्चाविशोषिते।
संमोहक्षामशैथिल्यवातरुक् चातिलङ्घिते ॥ ७७ ॥

જેણે લંઘન અતિશય વધુ પ્રમાણમાં કર્યું હોય તેનામાં ગ્લાનિનો અભાવ હોય, શરીરમાં ભારેપણું જણાય, અશ્રદ્ધા કે ભોજન તરફ અરુચિ થાય, બીજા પણ વિકાર થાય અને આવશ્યકતાથી અધિક શોષણ થતાં જેનામાં મૂર્છા કે ક્ષીણતા થાય, શિથિલતા જણાય અને વાયુના રોગો થાય–એ બધાં લક્ષણો થાય. ૭૭

સંનિપાતમાં સ્વેદન જરૂરી

स्वेदाध्याये यथा प्रोक्ताः स्वेदाः सर्वाङ्गिकास्तथा।
तच्चास्य स्वेदयेत् प्रायो यत्र यत्रास्य वेदना ॥७८

આ ગ્રંથના સ્વેદાધ્યાયમાં જે જે સ્વેદો આખાય શરીરનાં કરવા માટે કહ્યા છે, તે તે બધા સ્વેદો (બાફ–શેક) વડે એ સંનિપાતના રોગીને જ્યાં જ્યાં વેદના થતી હોય, ત્યાં ત્યાં લગભગ બધે કરવા. ૭૮

વિવરણ : ચરકે પણ ચિકિત્સાસ્થાનના ત્રીજા અધ્યાયમાં આ સ્વેદો સંબંધે આમ કહ્યું છે–માત્રા તથા કાલને જાણનાર વૈદ્યે, સંનિપાતમાં જે જે ૧૩ પ્રકારના સ્વેદોને સ્વેદાધ્યાયમાં કહ્યા છે, તે તે બધાયે કરવા.' ૭૭

સંનિપાતમાં કફજ વધુ હેરાન કરે છે

कफो हि वायुना क्षिप्तो विष्टब्धः पार्श्वयोर्हृदि।
खरीकृतश्च पित्तेन शल्यवद्बाधते नरम् ॥ ७८ ॥

સંનિપાતમાં વાયુએ જ માણસના બેય પડખામાં તથા હૃદયમાં કફને જ ફેંક્યો હોય છે, તેથી એ કફ ત્યાં–બેય પડખામાં તથા હૃદયમાં વિશેષે કરી સ્તબ્ધ કે સજ્જડ થયો હોય છે અને તે જ કફને પિત્તે ખરકઠોરરૂપે કરી મૂક્યો હોય છે, તેથી એ–કઠોર કફ જ માણસને શલ્ય (મર્મભાગોમાં ખૂંપેલાં બાણ આદિની) જેવી પીડા કરે છે; (જે શલ્યનું લક્ષણ આવું મળે છે–

મનઃ-શરીરાબાધકરાણિ શલ્યાનિ-મનને તથા શરીરને જે આબાધ કે પીડા કરે છે, તે બધાંયે 'શલ્ય' કહેવાય છે.) ૭૮

એ કફને કાપનાર ઔષધ તીક્ષ્ણ જ હોઈ શકે

तस्याशुष्कस्य लीनस्य विलग्नस्य कृशात्मनः ।
दुःखनिर्हरणं कर्तुं तीक्ष्णादन्यत्र भेषजात् ॥७९॥

એ કફ સુકાયો ન હોય તેમ જ પડખામાં તથા હૃદયમાં જે લીન થઈ છૂપી રીતે ભરાઈ રહ્યો હોય અને કૃશાત્મા-દુર્બળ-ક્ષીણ થયેલા માણસના શરીરમાં વિશેષે કરી વળગી રહ્યો હોય, તેને તીક્ષ્ણ ઔષધ સિવાય બીજું કોઈ પણ સાધન ઘણી જ મુશ્કેલીએ બહાર કાઢી શકે છે-અર્થાત્ શરીરમાં ભરાઈને અમુક અમુક અવયવોમાં વળગી રહેલા કફને બહાર કાઢવા માટે તીક્ષ્ણ ઔષધ સિવાય બીજું કોઈ સાધન નથી. ૭૯

કફને કારણે પડખામાં શૂલ નીકળે ત્યારે કરવાના ઉપાયો

तस्य तीक्ष्णानि नस्यानि तीक्ष्णाश्च कवलग्रहाः ।
स्वेदं दिवाजागरणं विदद्धयात् पार्श्वशूलिनः ॥८०

એ કફથી યુક્ત થયેલા જે રોગીને બેય પડખામાં શૂલ નીકળે, ત્યારે વૈદ્યે તેને તીક્ષ્ણ ઔષધોનો પ્રયોગ કરાવવો; તીક્ષ્ણ નસ્યકર્મ કરાવવું; તીક્ષ્ણ કવલગ્રહો ગ્રહણ કરાવવા; સ્વેદ-શેક-બાફ દેવી અને દિવસે જાગરણ કરાવવું. ૮૦

કફને કાઢનાર વધુ પ્રયોગો

मातुलुङ्गार्द्रकरसं कोष्णं त्रिलवणान्वितम् ।
अन्यद्वा सिद्धिविहितं तीक्ष्णं नस्यं विधापयेत् ॥८१

અથવા તાજાં બિજોરાં-લીંબુનો તાજો રસ કાઢી તેમાં ત્રણ લવણો-સૈંધવ, સમુદ્રનું લવણ તથા બિડલવણ મેળવી તે કફના રોગીને તે પાવો અથવા બીજા પણ સિદ્ધિસ્થાનમાં કહેલ તીક્ષ્ણ નસ્યના પ્રયોગો પણ કરાવવા. ૮૧

ઉપર કહેલ કફ દૂર કરનાર નસ્ય-પ્રયોગોથી થતા ફાયદા

तेन प्रभिद्यते श्लेष्मा प्रस्विन्नश्च प्रसिच्यते ।
शिरोहृदयमन्यास्यं दृष्टिश्चास्य प्रसीदति ॥८२॥
प्रमीलकस्तालुशोषः श्वासः कासश्च शाम्यति ।
पुनः पुनश्च निद्रायां कटु नस्याञ्जनं हितम् ॥८३॥

ઉપર દર્શાવેલ એ નસ્યના પ્રયોગથી રોગીનો કફ અતિશય ભેદાઈ-ચિરાઈ જાય છે અને પરસેવાથી રેબઝેબ થયેલો એ રોગી, પરસેવાને અતિશય ઝરવા લાગે છે; તેમ જ એ રોગીનું મસ્તક, હૃદય, 'મન્યા' નામની ગળાની નાડી, મોઢું તથા દૃષ્ટિ પ્રસન્ન થાય છે; ઉપરાંત એ રોગીનો પ્રમીલક રોગ-જડતા, તાળવાનો શોષ, શ્વાસ તથા કાસ-ઉધરસ પણ મટી જાય છે; છતાં એ નસ્યના પ્રભાવથી વારંવાર જો નિદ્રા આવતી હોય તો એ રોગીને કટુ-તીખું નસ્ય તથા કટુ-તીખું અંજન આંજવું-તે હિતકારી થાય છે. ૮૨-૮૩

વળી સંનિપાતમાં આવા કવલગ્રહો પણ કરાવવા

तीक्ष्णैर्द्रव्यैः सलवणैर्मातुलुङ्गरसद्रवैः ।
द्रवाम्लयुक्तैरथवा कोष्णाः स्युः कवलग्रहाः ॥८४

સંનિપાતમાં આવા તીક્ષ્ણ લવણયુક્ત દ્રવ્યોનાં ચૂર્ણ સાથે માતુલુંગ-બીજોરાંના રસરૂપી પ્રવાહીને મેળવી તે પ્રવાહીરૂપ ખાટા રસથી યુક્ત કરેલા અને કોણ્ણ એટલે કે લગાર ગરમ એવા કવલગ્રહો કે કોળિયા મોઢામાં ધારણ કરાવાય, તે પણ હિતકારી થાય છે. ૮૪

आर्द्रकस्वरसोपेतं सैन्धवं कटुत्रिकम् ।
आकर्षं धारयेदास्ये निष्ठीवेच्च पुनः पुनः ॥ ८५ ॥

વળી તે સંનિપાતના રોગીએ, આદુંના સ્વરસથી યુક્ત કરેલ સૈંધવ તથા કટુત્રય-સૂંઠ, મરી તથા પીપરને એક તોલા સુધી તૈયાર કરી મોઢામાં ધારણ કરવાં અને વારંવાર થૂંકયા કરવું. ૮૫

ઉપર કહેલ કવલધારણથી થતા ફાયદા

तेनास्य हृदयश्लेष्मा मन्यापार्श्वशिरोगलात् ।
लीनो व्याकृष्यते शुष्के लाघवं चास्य जायते ॥८६
पर्वभेदो ज्वरो निद्राश्वासकासगलामयाः ।
मुखाक्षिगौरवं जाड्यमुत्क्लेशश्चोपशाम्यति ॥८७॥
सकृद्द्वित्रिचतुः कुर्याद् दृष्ट्वा दोषबलाबलम् ।
एतद्धि परमं प्राहुर्भैषजं सन्निपातिनः ॥ ८८ ॥

ઉપર દર્શાવેલ તે કવલ–ધારણથી એ સંનિપાતના રોગીના હૃદયમાં ભરાઈ રહેલો કફ મન્યા નાડીથી, બેય પડખાંમાંથી તથા મસ્તકમાંથી બહાર બેંચાઈ આવે છે; અથવા તે કફ સુકાઈ જાય તો યે એ રોગીના શરીરમાં હલકાપણું થાય છે; તેમ જ પર્વભેદ–શરીરના સાંધાઓમાં થતી ત્રોડ, જ્વર, વધુ પડતી નિદ્રા, શ્વાસ, ઉધરસ, ગળાનો રોગ, મોઢાનું તથા નેત્રનું ભારેપણું, જડતા તથા કફના આવતા ઉછાળા, મોળ કે ઊબકા પણ મટી જાય છે; એ કારણે તે કવલધારણ, સંધિવાતના રોગીને એકવાર, બેવાર કે ત્રણવાર વૈદ્યે તેના દોષનું બલ–અબલ જોઈને પણ અવશ્ય કરાવવું; કેમ કે એ જ કવલધારણ, સંનિપાતના રોગીને પરમશ્રેષ્ઠ ઔષધરૂપ થાય છે, એમ વૈદ્યો કહે છે. ૮૬–૮૮

સંનિપાતમાં રોગીની વધતી તરશ શમાવનાર પાનીય-પ્રયોગ

श्लेष्मणा कृष्यमाणस्य सततं सन्निपातिनः ।
तृष्णा भवति शुष्कास्यहृत्कण्ठगलतालुनः ॥ ८९ ॥
तस्य तृष्णाप्रशमनं पानीयमुपदेक्ष्यते ।
दीपनं कफवातघ्नं त्रिदोषघ्नमथापि वा ॥ ९० ॥
तेनास्य पच्यते श्लेष्मा पक्वः स्थानं विमुञ्चति ।
कफे विमुक्ते च ततो याति वातोऽनुलोमताम् ॥९१
कफानिलानुलोम्येन पित्तमल्पबलीकृतम् ।
सुचिकित्स्यं भवत्यस्य तस्य ह्यनुबलः कफः ॥९२॥

સંનિપાતના રોગીનો ઉપર કહેલ માર્ગે નિરંતર કફ બેંચાયા કરે, તેથી તેનું મોઢું, હૃદય, ગળું તથા તાળવું સુકાયા કરે છે, અને તેથી તરશ લાગ્યા કરે છે; માટે તેની એ તરશને શમાવનાર પાનીયપ્રયોગનો સહજ ઉપદેશ કરાય છે; જેમ કે–તે પાનીય જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે; કફ તથા વાયુનો નાશ કરે છે; અથવા ત્રણેય દોષનો પણ નાશ કરે છે. વળી તે પાનીય-પ્રયોગથી એ સંનિપાતના રોગાનો કફ પાકી જાય છે અને એમ પક્વ થયેલો તે કફ પોતાનું સ્થાન છોડવા માંડે છે; એમ વધુ પ્રમાણમાં તે કફ પોતાના સ્થાનેથી છૂટી જાય, ત્યારે તે રોગીનો વાયુ પણ અનુલોમપણાને પામે છે; એ રીતે કફ તથા વાયુનું અનુલોમપણું થવાથી તે રોગીનું પિત્ત પણ અલ્પ બળવાળું થઈ જાય છે, તે કારણે તેની ચિકિત્સા પણ કરવી સહેલી થાય છે; કારણ કે સંનિપાતમાં એ પિત્તને કફ જ પાછળથી બળ આપી રહ્યો હોય છે. ૮૯,૯૨

સંનિપાતમાં યોગ્ય લંઘન પછી પેયા–ભોજન

अथैनं लङ्घितं ज्ञात्वा स्वल्पाबाधं प्रकाङ्क्षितम् ।
दीपनीयोदके सिद्धां पेयामस्योपहारयेत् ॥ ९३ ॥
शालीनां षष्टिकानां वा पुराणानां तु तण्डुलैः ।
भृष्टैस्त्रिभिः प्रसृता रूक्षा सुखोष्णा लवणैर्युता ॥९४
शस्यते नातिबहला न चनं बहु भोजयेत् ।
सा चेज्जीर्यत्यविघ्नेन तं विद्याज्जीवितं नरम् ॥९५॥

ઉપર જણાવ્યા પ્રમાણે સંનિપાતના રોગીને લંઘન કરાવ્યું હોય અને તે પછી તેની પીડા ઘણી ઓછી થઈ જાય અને તે રોગીને ભોજન કરવાની પણ ઇચ્છા થાય, ત્યારે ઉપર કહેલ દીપનીય પાણીમાં પક્વ કરેલી પેયાનું એ રોગીને ભોજન કરાવવું; પણ એ પેયા જૂની ડાંગરના કે (જૂની) સાઠી ડાંગરના ચોખાને પ્રથમ શેકી નાખીને બનાવેલી તેમ જ ત્રણ વાર ઓસાવેલી હોવી જોઈએ; તેમ જ રૂક્ષ, સુખકારક, ગરમ તથા લવણથી યુક્ત કરેલી હોય; તેમ જ અતિ ઘાટી ન હોય તે જ વખણાય છે; પરંતુ એવી તે પેયા પણ એ રોગીને વધુ પ્રમાણમાં જમાડવી ન જોઈએ; એવી પેયા જે

રોગીને નિર્વિઘ્ને જો પચી જાય તો એ માણસને જીવતો જાણવો–એટલે કે અહીં દર્શાવેલી પેયા જે રોગીને કોઈપણ વિઘ્ન ઉપજાવ્યા વિના જો પચી જાય, તો એ માણસ તેના આધારે જીવતો રહેશે, એમ સમજવું. ૯૩–૯૫

કફાધિક સંનિપાત વાળાને મગનો મંડ હિતકારી

मुद्गमण्डस्तु तत्रैव तोये श्लेष्माधिके हितः।
सहार्द्रकः समरिचः ससौवर्चलसैन्धवः ॥ ९६ ॥

વળી તે જ ઉપર કહેલ દીપનીય જળમાં પકવેલ મગનો યૂષ (ઓસામણ) પણ કફની અધિકતાવાળા સંનિપાતજ્વરમાં હિતકારી થાય છે; પણ એ મંડ આદું, કાળાં મરિયાં અને સંચળ તથા સૈંધવ વાળો જોઈએ. ૯૬

પિત્તાધિક સંનિપાતમાં સાકરયુક્ત દ્રાક્ષ અને પેયા

मृद्वीकां भक्षयित्वाऽग्रे शर्कराक्षौद्रसंयुताम्।
पित्ताधिके च सर्पिषां पेयामेवावचारयेत् ॥९७॥

પરંતુ પિત્તાધિક સંનિપાતમાં સાકર તથા મધથી મિશ્ર કરેલી દ્રાક્ષ ખાઈને તે પછી તેની ઉપર સાકર નાખેલી જ પેયા પીવી જોઈએ. ૯૭

સંનિપાતમાં ભારે ભોજન વિષભોજન ગણાય

न तु स्नेहान्नपानं वा गुरूण्यन्यानि वा भिषक्।
भोजयेत् सन्निपातेषु तद्ध्यस्य विषभोजनम् ॥९८

સંનિપાતમાં વૈદ્યે સ્નેહયુક્ત અન્નપાન અથવા બીજાં તેવાં ભારે અન્નપાન જમાડવાં ન જોઈએ; કારણ કે તેવાં અન્નપાન સંનિપાતમાં ખરેખર વિષભોજન જ બને છે.

અરોચક રોગીને દાડમ યુક્ત પેયા આપવી

पेयामरोचकार्ताय भिषग्दद्यात् सदाडिमाम्।
नात्युष्णां नातिलवणां फलाम्लां यूषमेव वा ॥९९
प्रदोषे भोजयेच्चैनं भुक्तमात्रे यथा स्वपेत्।
गुप्ते निवातेऽग्निमति सुखप्रावरणास्तृते ॥ १००॥

અરોચકથી પીડાતા સંનિપાતના રોગીને વૈદ્યે દાડમના રસથી મિશ્ર કરેલી પેયા આપવી; અથવા જે પેયા ઘણી ઉષ્ણ ન હોય, અથવા ઘણી લવણયુક્ત ન હોય કે કોઈ પણ ફળથી જે ખાટી હોય તેવી પેયા કે યૂષ જ તે રોગીને વૈદ્યે આપવો; પરંતુ એ રોગીને વૈદ્યે પ્રદોષકાળે એટલે કે રાત્રિના આરંભકાળે જ જમાડી દેવો જોઈએ; જેથી તે રોગી જમીને તરત જ ગુપ્ત, વાયુરહિત, અગ્નિયુક્ત અને ઉત્તમ શય્યાથી બિછાવેલ શયનગૃહમાં સૂઈ જાય. ૯૯,૧૦૦

ઉપર્યુક્ત ભોજન સાત દિવસો સુધી આપ્યા પછીનો ભોજનક્રમ

सप्ताहं भोजयेच्चैनमन्नबृद्ध्याऽल्पमल्पशः ॥
ततो विरसिकां दद्यात्सकदाडिमसाधिताम्।
यथादोषं कषायांश्च सन्निपातज्वरापहान् ॥१०१

એમ સાત દિવસો સુધી એ સંનિપાતના રોગીને થોડું થોડું અન્ન વધારીને જમાડ્યા કરવો અને તે પછી એ રોગીને છાશ તથા દાડમના રસની સાથે પકવેલી 'વિરસિકા' નામની પેયા ભોજનમાં આપવી; તેમ જ દોષ અનુસાર સંનિપાતજ્વરનો નાશ કરનાર કષાયો–ઉકાળા આપવા. ૧૦૧

વિવરણ : આ પાઠ આ ગ્રંથ–કાશ્યપસંહિતાના ખિલસ્થાનના 'યૂષનિર્દેશીય' અધ્યાયમાં આમ આપેલ છે કે–मुद्गतक्राम्लसिद्धस्तु यूषो विरसिका स्मृतः। મગ, છાશ તથા દાડમના ફલની ખટાશમાં પકવી તૈયાર કરેલો યૂષ 'વિરસિકા' કહ્યો છે. ૧૦૧

માંસાહારીને ત્રણ દિવસો સુધી જાંગલમાંસનો રસ આપવો

सम्यक्परिणते चात्रे विदद्ध्याज्जाङ्गलं रसम्।
रूक्षोष्णव्योषलवणं तेन वा त्र्यहमाशयेत् ॥१०२॥
ततो बदरमात्रस्तु स रसस्त्र्यहमिष्यते।

એમ ઉપરના ક્રમથી ખોરાક પચવા માંડે, ત્યાર પછીના ત્રણ દિવસો સુધી એ સંનિપાતના રોગી માટે જાંગલમાંસનો રસ તૈયાર કરવો અને તેમાં રૂક્ષ તથા

ઉષ્ણ વ્યોષ-સૂઠ, મરી તથા પીપરનું ચૂર્ણ અને લવણ મિશ્ર કરી ત્રણ દિવસ સુધી તે જ માંસરસ જમાડવો; અને તે આમ ત્રણ દિવસે સુધી એક બેાર કે એક તેાલાના પ્રમાણમાં તે રસ એ રેાગીને અપાય તે ઇષ્ટ ગણાય છે. ૧૦૨

વાતપ્રધાન સંનિપાતમાં લાવા પક્ષીના માંસનેા રસ આપવેા

दशमूलादिनिर्यूहे लावाद्यादानसंस्कृतः ।
व्यक्ताम्ललवणस्नेहो रसः स्यादनिलोत्तरे ॥१०३

વાયુપ્રધાન સંનિપાતના રેાગમાં દશમૂલ આદિના ક્વાથમાં પકવેલ લાવાં વગેરે પક્ષીના માંસને પકવી, સંસ્કારી કરીને તેમાં સ્પષ્ટ જણાય તે પ્રમાણમાં ખટાશ, લવણ તથા સ્નેહ મિશ્ર કરી તે માંસરસ આપવેા જોઈએ. ૧૦૩

પિત્તપ્રધાન સંનિપાતના રેાગમાં મગનેા યૂષ દેવેા

सर्पिषा मुद्गनिर्यूहः प्रत्यादानेन संस्कृतः ।
मन्दस्नेहाम्ललवणः कार्यः पित्तोत्तरे गदे ॥१०४

પિત્તપ્રધાન સંનિપાતના રેાગમાં પિત્તપ્રધાન મગનેા યૂષ, ઘીથી વધારનેા સંસ્કાર કરીને તેમાં થેાડેા સ્નેહ, ખટાશ તથા લવણ મિશ્ર કરી તે તૈયાર કરવેા. ૧૦૪

કફપ્રધાન રેાગમાં મૂળાનેા યૂષ

तथा कुलत्थनिर्यूहे शशाद्यादानसंस्कृतः ।
सवालमूलकव्योषः किञ्चित्स्नेहः कफोत्तरे ॥१०५

કફપ્રધાન સંનિપાતના રેાગમાં કળથીના ક્વાથમાં સસલાં વગેરેનું માંસ નાખી સંસ્કારી કરેલેા કૂણા મૂળાનેા ક્વાથ મિશ્ર કરી તેમાં વ્યેાષ-સૂઠ, મરી તથા પીપરનું ચૂર્ણ ભભરાવી તે પર થેાડેા સ્નેહ પણ મિશ્ર કરી તે આપવેા. ૧૦૫

પ્રાણશક્તિથી યુક્ત થયેલ તે રેાગી માટેનેા છેલ્લેા ક્રિયાક્રમ

जातप्राणं तु दृष्ट्वैनमीषद्रोगावलम्बितम् ।
विस्रसनेन मृदुनाऽऽभोज्य स्निग्धं विरेचयेत् ॥१०६

दोषशेषं तु तद्धयस्य विरिक्तस्योपशाम्यति ।
इति क्रमः समुद्दिष्टः कषायानपि मे शृणु ।

એમ તે ઉપર્યુક્ત ચિકિત્સાક્રમ કરવાથી જેનામાં પ્રાણબળ પ્રાપ્ત થયું હેાય એવા તે રેાગીને થેાડા જ પ્રમાણમાં રેાગયુક્ત જાણ્યા પછી કેામળ વિસ્રંસન અથવા વિરેચન ઔષધેા આપી સ્નિગ્ધ ભેાજન જમાડીને વિરેચન કરાવવું; કેમ કે એ રીતે જેને વિરેચન અપાયું હેાય તેનેા બાકીનેા કંઈ પણ દેાષ જો રહી ગયેા હેાય, તેા તે પણ તેથી થયેલા વિરેચનથી શાંત થઈ નીકળી જાય છે. ૧૦૬

એ ચિકિત્સાક્રમ પછી સંનિપાતમાં હિતકર દીપનીય પિપ્પલ્યાદિ ક્વાથનેા પ્રયેાગ

पिप्पलीपिप्पलीमूलचव्यचित्रकनागरम् ।
दीपनीयः स्मृतो वर्गः कफानिलगदापहः ॥१०७
रोचनो दीपनो हृद्यो लघुः सांग्राहिकः परः ।

પીપર, ગંઠેાડા, ચવક તથા સૂંઠ એટલાંનેા વર્ગ દીપનીય હેાઈ જઠરના અગ્નિને પ્રદીપ્ત કરનાર કહેલ છે; એ પિપ્પલ્યાદિ ગણ કફના તથા વાયુના રેાગેાનેા નાશ કરે છે; રેાચન હેાઈ રુચિ ઉપજાવે છે તેમ જ દીપન હેાઈ જઠરના અગ્નિને પ્રદીપ્ત કરે છે; વળી હૃદ્ય હેાઈ હૃદયને હિતકારી થાય છે અને પચવામાં હલકેા હેાવા છતાં અતિશય સાંગ્રાહિક એટલે કે મળેાનેા સંગ્રહ પણ કરે છે જ અર્થાત્ ઝાડાની કબજિયાત પણ કરે જ છે. ૧૦૭

કફવાતને મટાડનાર શટ્યાદિક્વાથ

शटीपौष्करपिप्पल्यो बृहती कण्टकारिका ।
शुण्ठी कर्कटकी भार्गी दुरालम्भा यवानिका ।
शूलानाहविबन्धघ्नं शट्याद्यं कफवातनुत् ॥१०८

શટી-શટકચૂરેા, પુષ્કરમૂળ, પીપર, બૃહતી-મેાટી ભેાંરીંગણી, નાની ભેાંરીંગણી, સૂંઠ, કાકડી કે કાકડાશીંગ, ભાર્ંગી, દુરાલભા-ધમાસેા, યવાનિકા-અજમેા-એટલાંનેા શટ્યાદ્ય કષાય શૂળ, મલબંધ તથા ઝાડાની

કબજિયાતનો નાશ કરનાર હોઈ કફને તથા વાયુને મટાડે છે. ૧૦૮

પિત્તપ્રધાન સંનિપાતમાં હિતકર મુસ્તાદિગણ

मुस्तापर्पटकोशीरदेवदारुमहौषधम् ।
त्रिफला सदुरालम्भा नीली कम्पिल्लकस्त्रिवृत् ।
किराततिक्तकं पाठा वचा कटुकरोहिणी ॥१०९
मधुकं पिप्पलीमूलं मुस्ताद्यो गण उच्यते ।
संशोधनः संशमनस्त्रिदोषघ्नोऽग्निदीपनः ॥११०॥
अष्टादशाङ्गमुदकमेतद्वा स्यात् सपार्वतम् ।
पित्तोत्तरे सन्निपाते प्रशस्तं तीर्थकर्तृभिः ॥१११

નાગરમોથ, પિત્તપાપડો, ઉશીર–વાળો, દેવદાર, સૂંઠ, ત્રિફળા, ધમાસો, નીલી–ગળી, કપીલેા, નસોતર–કરિયાતું, કાળીપાટ, વજ, કડુ, જેઠીમધ તથા પિપરીમૂળ–એટલાંનો સમુદાય મુસ્તાદિગણ કહેવાય છે; તે સંશોધન તથા સંશમન હોઈ ત્રિદોષનો નાશ કરનાર તથા જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર છે અથવા આ ૧૮ ઔષધીઓના સમુદાયનો ક્વાથ 'અષ્ટાદશાંગ જલ' કહેવાય છે; પરંતુ તેમાં પાર્વત–પહાડી લીંબડો કે બકાન મિશ્ર કરાય, તો તે બધાંનો ક્વાથ પિત્તપ્રધાન સંનિપાતમાં તીર્થકર્તા-વૈદ્યક આચાર્યોએ વખાણ્યો છે.

સંનિપાતમાં પીવા યોગ્ય પંચમૂલકષાય

दीपनं पञ्चमूलं वा शटयाद्यं वा प्रकल्पितम् ।
सपञ्चदशमूलं वा श्रृतं पेयं लघूदकम् ॥११२॥

પંચમૂલ કષાય દીપન છે–જ્વરના અગ્નિને પ્રદીપ્ત કરે છે; તેથી એ ક્વાથ અથવા ઉપર ૧૦૮ નંબરના શ્લોકમાં કહેલ શાટચાદ્ય ક્વાથ જલ તૈયાર કરી જો પીધું હોય અથવા પંચમૂલ ક્વાથનું જલ અથવા દશમૂલથી પકવેલ લઘુ–હલકું જલ કે ક્વાથ પણ પિવાય, તો તે હિતકારી થાય છે, એ કારણે તે તે કષાય અવશ્ય પીવો. ૧૧૨

પાર્વતીજલ કે પંચમૂલી ક્વાથજલ પીવું

सुखोष्णं वा भृशोष्णं वा दृष्ट्वा दोषबलाबलम् ।
पार्वत्याः पञ्चमूल्या वा श्रृतं तोयं सदीपनम् ॥११३

સંનિપાતના રોગીએ દોષનું બલ–અબલ જોઈને સહેવાય તેવું ગરમ પાર્વતી–મહાનિંબ–બકાનલીંબડાનું ક્વાથજળ કે પંચમૂલીનું ઉકાળેલું ક્વાથજલ દીપન ઔષધોની સાથે પીવું. ૧૧૩

પિત્તપ્રધાન રોગમાં પીવા યોગ્ય ક્વાથજલ

समुस्तकं पर्पटकमथवा सदुरालभम् ।
पेयं पित्तोत्तरे व्याधौ कोष्णं सर्वं च शस्यते ॥११४

પિત્તપ્રધાન રોગમાં મોથ સહિત પિત્તપાપડાનું ક્વાથજલ અથવા ધમાસા સહિત પિત્તપાપડાનું ક્વાથજલ સહેજ ગરમ પીવું તે વખણાય છે. ૧૧૪

કફપ્રધાન રોગમાં પિપ્પલ્યાદિ ગણનો ક્વાથ હિતકર થાય

पिप्पल्यादिर्वचादारुवयस्थासर(ला)न्वितः ।
पेयः कफोत्तरे सामे सहिङ्गक्षारसन्धवः ॥ ११५ ॥
दोषास्तेनाशु पच्यन्ते विबन्धश्चोपशाम्यति ।
अभया कट्फलं भार्गी भूतीकं देवदारु च ॥११६
वचा पर्पटकं मुस्तं धान्यकं विश्वभेषजम् ।

કફપ્રધાન વ્યાધિ જો સામ હોય તો વજ, દેવદાર, અળો તથા સરલ–ચીડ સહિત (૧૦૭ મા શ્લોકમાં કહેલો) પિપ્પલ્યાદિ ગણ ઉકાળીને તેનો ક્વાથ કરી તેમાં હિંગ, ક્ષાર–જવખાર તથા સૈંધવનું ચૂર્ણ નાખી પીવાથી દોષો તરત પાકી જાય અને વિબન્ધ એટલે કે ઝાડાની કબજિયાત કે મલબંધ પણ મટે છે. ૧૧૫,૧૧૬

વાતકફપ્રધાન સંનિપાતજ્વરનાશક અભયાદિ ક્વાથ

सहिङ्गमाक्षिकः पेयो व्याधौ वातकफोत्तरे ॥११७

અભયા–હરડે, કાયફલ, ભારંગી ભૂતીક નામનું ઘાસ, દેવદાર, વજ, પિત્તપાપડો, મોથ, ધાણા અને સૂંઠ–એટલાંનો ક્વાથ કરી તેમાં હિંગ તથા મધ મેળવી વાતકફપ્રધાન સંનિપાતજ્વરમાં તે પીવો–યોગ્ય છે. ૧૧૭

સંનિપાતજ્વરનો નાશ કરનાર દુરાલભાદિ ક્વાથ

दुरालभा वचा दारु पिप्पली भद्ररोहिणी ।

महौषधं कर्कटकी बृहती कण्टकारिका ।
क्वाथः सलवणः पेयः सन्निपातज्वरापहः ॥ ११८

ધમાસો, વજ, દેવદાર, પીપર, ભદ્ર-રોહિણી-કડુ, સૂંઠ, કાકડાશીંગ, મોટી ભોરીંગણી તથા નાની ભોરીંગણી-એટલાંનો ક્વાથ સૈંધવથી યુક્ત કરી પીધો હોય, તો સંનિપાત જ્વરનો તે નાશ કરે છે. ૧૧૮

કફપ્રધાન રોગનો નાશ કરનાર
ત્રિફલાદિક્વાથ

त्रिफला रोहिणी निम्बं पटोलं कटुकत्रयम् ।
पाठा गुडूची वेत्राग्रं सप्तपर्णं सवत्सकम् ॥११९॥
किराततिक्तकं मुस्ता वचा चेत्येकतः श्रृतम् ।
कफोत्तरं निहन्त्येतत् पानादग्निं च दीपयेत् ॥१२०

ત્રિફલા, કડુ, લીંબડો, પરવર, કટુકત્રય-સૂંઠ, મરી અને પીપર; કાળીપાટ, ગળો, નેતરનો અગ્રભાગ, સપ્તપર્ણ-સાતપૂડો, ઇન્દ્રજવ, કરિયાતું કે મોથ-એમાંના પ્રત્યેકનો ક્વાથ એટલે તેમાંનાં કોઈ એકનો ક્વાથ પણ જો પીધો હોય, તો કફપ્રધાન રોગ કે જ્વરનો તે નાશ કરે છે; તેમ જ તે ક્વાથ-જલ પીવાથી જઠરના અગ્નિને પ્રદીપ્ત કરે છે.

ત્રિદોષના જ્વર આદિ ઘણા રોગોને
મટાડનાર આરગ્વધાદિ ક્વાથ

आरग्वधवचानिम्बपटोलोशीरवत्सकम् ।
शार्ङ्गेष्टाऽतिविषा मूर्वा त्रिफला सदुरालभा ॥१२१
भद्रमुस्ता बला पाठा मधुकं भद्ररोहिणी ।
कषाय एष शमयेज्ज्वरमाशु त्रिदोषजम् ॥१२२॥
जाड्यं सहोष्मग्लानं गुरुत्वं चापकर्षति ।
मन्यास्तम्भमुरोघातमुरःपार्श्वशिरोरुजः ॥ १२३ ॥

આરગ્વધ-ગરમાળો, વજ, લીંબડો, પરવળ, ઉશીર-વાળો, ઇન્દ્રજવ, શાર્ઙ્ગેષ્ટા-કાકજંઘા કે કાકમાચી-પીલુડીની એક જાત, અતિવિષની કળી, મેરવેલ, ત્રિફલા, ધમાસો, નાગરમોથ, બલા-ખપાટ, કાળીપાટ, જેઠી-મધ અને કડુ-એટલાંનો બનાવેલો ક્વાથ ત્રિદોષજનિત જ્વરને તરત શમાવે છે; વળી એ ક્વાથ જડતા, સોજો, આફરો, શરીરનું ભારેપણું, ગળાની 'મન્યા' નાડીનું સજ્જડ-પણું, ઉરોઘાત કે ઉરઃક્ષત રોગ; તેમ જ છાતી, પડખાં તથા માથાની પીડાને પણ મટાડે છે. ૧૨૧-૧૨૩

સંનિપાતમાં લાંબા કાળ સુધી ઉપવાસ
વગેરેથી થતું નુકસાન

उपनाहैः सलवणैरभ्युष्णैरुपनाहयेत् ।
चिरकालोपवासस्य नस्योष्णकवलग्रहैः ॥ १२४ ॥
हृदयं क्षण्यते जन्तोः पार्श्वकण्ठौष्ठतालु च ।
क्षतोरस्को घनं श्लेष्म सरक्तं ष्ठीवते ततः ॥१२५
ष्ठ्यूते चायम्यते मूर्च्छंस्तेन जन्तुर्विगच्छति ।
दह्यते जठरं चास्य किञ्चिच्च परिकूजति ॥
निद्रायते च पीत्वाऽऽशु जीर्णे जागर्ति चोदके ॥१२६

વળી જૂના સંનિપાતમાં લવણયુક્ત ઉષ્ણ ઉપનાહો-પોટીસોથી ઉપનાહો-સ્વેદન પણ કરાવવાં જોઈએ; તેમ જ સંનિપાતના રોગમાં લાંબા કાળ સુધી ઉપવાસ કર્યા કરવાથી કે નસ્યકર્મથી અથવા ગરમ કવલગ્રહણ કરવાથી માણસનું હૃદય ક્ષત-યુક્ત થાય છે-ચાંદાંથી યુક્ત થાય છે; તેમ જ પડખાં, ગળું, હોઠ તથા તાળવું પણ ક્ષતયુક્ત-ચાંદાંવાળું થઈ જાય છે; પછી તે ક્ષત યુક્ત છાતીવાળો થયેલ તે માણસ લોહી સાથે ઘાટો કફ થૂંકે છે; અને એમ તે થૂંક્યા કરે છે, ત્યારે તે આયામથી યુક્ત થાય છે અથવા ખૂબ થાકી જાય છે અને મૂર્છા પામ્યા કરે છે, જેથી છેવટે તે મરી જાય છે. વળી ગરમ કે ઉષ્ણ ગુણવાળા ક્વાથો પીને એ રોગીનું જઠર બળી જાય છે, દાહથી યુક્ત થાય છે અને કંઈક અવાજ પણ કરે છે; વળી તેવા ગરમ ક્વાથથી માણસ જલદી નિદ્રાયુક્ત થાય છે અને તે ઉષ્ણ ક્વાથનું જળ આદિ પચી જાય ત્યારે જ તે જાગે છે. ૧૨૪-૧૨૬

પિત્તપ્રધાન રોગમાં આ ઉપચારોથી
પિત્ત વધે

लङ्घनोष्णोपचाराद्वा व्याधौ पित्तोत्तरे नृणाम् ।
तीक्ष्णौषधप्रयोगाच्च पित्तमस्य प्रकुप्यति ॥१२७॥

મનુષ્યોના પિત્તપ્રધાન રોગમાં લંઘન

કે ઉષ્ણ ઉપચારો કરવાથી અને તીક્ષ્ણ ઔષધોના પ્રયોગથી તેઓનું પિત્ત ઊલટું પ્રકોપ પામી વધી જાય છે. ૧૨૭

પિત્તપ્રધાન સંનિપાતમાં શીતળ મુસ્તાદિ કવાથનો પ્રયોગ

पित्तोत्तरं सन्निपातमेभिर्ज्ञात्वा तु कारणैः ।
मुस्तादिकथितं तोयं शीतं समधुशर्करम् ॥१२८
पाययेदातुरं काले तेन शर्म लभेत सः ।
विस्रस्यतेऽल्पमपि चेत्तेनैवाशु सुखी भवेत् ॥१२९

ઉપર કહેલાં નિદાનો દ્વારા પિત્તપ્રધાન સંનિપાત જાણવામાં આવે તો તે પછી વૈદ્યે ઉપર ૧૦૯–૧૧૧ શ્લોકમાં કહેલ મુસ્તાદિ-ગણથી કરેલ શીતળ ક્વાથજળ મધ તથા સાકરની સાથે તે રોગીને યોગ્ય સમયે પાવું; તેથી એ રોગી સુખ મેળવે છે; એ ક્વાથ-પ્રયોગથી થોડા પ્રમાણમાં પણ રોગીને જો વિરેચન થાય, તો તેથી તરત જ એ રોગી સુખી થાય છે. ૧૨૮,૧૨૯

પિત્તપ્રધાન સંનિપાતને મટાડનાર ત્રિફલાદિ મોદક

त्रिफला पिप्पली श्यामा केसरं शर्करा त्रिवृत् ।
सक्षौद्रो मोदको ह्येष पित्तोत्तरमपोहति ॥१३०॥

ત્રિફલા, પીપર, શ્યામા–કાળું નસોતર, નાગકેસર, સાકર અને લાલ નસોતર, એટલાં ઔષધદ્રવ્યોને સમાન ભાગે મેળવી ચૂર્ણ કરીને તેમાં મધ મેળવીને લાડુ બનાવી તેનું સેવન કરવાથી પિત્તપ્રધાન સંનિપાતને તે મટાડે છે. ૧૩૦

સંનિપાતજ્વરને મટાડનાર કટુસર્પિસ્

यवकोलकुलत्थानां पञ्चमूलद्वयस्य च ।
त्रिफलायाश्च निष्काथे सर्पिर्धीरो विपाचयेत् ॥१३१
संहृत्य कल्कानेतांश्च सुपिष्टान् भागकल्पितान् ।
मुस्ता पाठा वचा शुण्ठी रोहिणी चव्यचित्रकौ ॥
शृङ्गी दुरालभा शिग्रुः कैरातो रजनीद्वयम् ।
तेजोवती सोमवल्कः सप्तपर्णः सकेवुकः ॥ १३३ ॥
वयस्था पिप्पलीमूलं पिप्पली गजपिप्पली ।
छिन्नरुहा चातिविषा पत्रं निम्बपटोलयोः ॥१३४
कण्डोपपुष्पी गोजिह्वा नक्तमालफलानि च ।
तुम्बुरुं पौष्करं मूलं मूलं च मदनार्कयोः ॥१३५
क्षाराः सपञ्चलवणा हिङ्गुमात्रासमन्वितम् ।
सिद्धमेतैर्यथान्यायं सर्पिः कटुकसंज्ञितम् ॥१३६॥
पाययेन्मात्रया काले सन्निपातज्वरार्दितम् ।
लीनदोषावशेषं च विषमज्वरपीडितम् ॥ १३७ ॥
हृद्रोगं ग्रहणीदोषं वातगुल्मं प्लिहोदरम् ।
श्वासं कासं च शमयेद्बलमग्नेश्च दीपयेत् ॥१३८

જવ, બોર, કળથી, બેય પંચમૂળ–લઘુ–બૃહત્ અને ત્રિફલા એટલાંનો ક્વાથ બનાવી તેમાં ધીર વૈદ્યે ક્વાથથી ચોથા ભાગે ઘી પકાવવું; તે વેળા એ ઘીથી એક ચતુર્થાંશ આટલાં દ્રવ્યોના કલ્કોને પણ સારી રીતે પીસી નાખી તેમાં મિશ્ર કરવા–નાગરમોથ, કાળીપાટ, વજ, સૂંઠ, કડુ, ચવક, ચિત્રક, કાકડાશીંગ, ધમાસો, સરગવો, કરિયાતું, હળદર તથા દારુહળદર, તેજોવતી–તેજબળ, સોમવલ્ક–સફેદ બોર, સપ્તપર્ણ–સાતપૂડો, કેવુક–કોબી, હરડે, પીપરીમૂળ, પીપર, ગજ-પીપર, ગળો, અતિવિષ, લીંબડાનાં તથા પરવળનાં પાન, કંડોપપુષ્પી(?), ગોજીભી, ગરમાળાનાં ફળ, તુંબુરુ, પુષ્કરમૂળ, મીંઢ-ળનું મૂળ તથા આકડાનું મૂળ, પાંચ લવણો સાથે બધા ક્ષાર–સાજીખાર, જવખાર વગેરે તેમ જ હિંગ એટલાં દ્રવ્યોના કલ્કોને પણ (એક ચતુર્થાંશ નાખી) જે ઘી પકવાય, તે 'કટુક' નામનું સર્પિસ્–ઘી સિદ્ધ થયેલું કહેવાય છે; એ ઘીને યથાયોગ્ય માત્રાથી સંનિપાતજ્વરથી પીડાયેલાને પાવું; એ ઘી જે માણસમાં દોષો લીન થઈ ભરાઈ રહ્યા હોય કે બહાર નીકળતાં બાકી રહી ગયા હોય અથવા જે માણસ વિષમજ્વરથી પીડાયો હોય, તેને હિતકારી થાય છે; તેમ જ હર-કોઈના હૃદયરોગને, ગ્રહણીના દોષને, વાત-ગુલ્મરોગને તેમ જ પ્લીહોદર–બરોળના રોગને, શ્વાસને તથા કાસ–ઉધરસને પણ શમાવે છે અને જઠરના અગ્નિના બળને

પ્રજ્વલિત કરે છે. ૧૩૧-૧૩૮

सन्निपातेषु भूयिष्ठं निवृत्तोपद्रवेष्वपि ।
श्लेष्मा च पार्श्वशूलं च निवर्तेत समन्ततः ॥१३९
तस्याग्निं चिरकारित्वाद्भिषक् संदीपयेत् पुनः ।

વળી લગભગ બધાયે સંનિપાતોમાં જો તેઓના ઉપદ્રવો દૂર થયા હોય તો આ ઉપર્યુક્ત ઘીને ખાતાં માણસનો કફ તથા પડખાંનું શૂળ પણ મટી જાય છે; તેમ જ એ ઘૃત, લાંબા કાળે કામ કરતું હોવાથી તે રોગીના જઠરાગ્નિને પણ વૈદ્ય (એ ઘૃત-પ્રયોગથી) પ્રજ્વલિત કરાવી શકે છે. ૧૩૯

સંનિપાત મટી જાય તો પણ વિશ્વાસ ન કરાય

न चातिविश्वसेद्वैद्यो जितो व्याधिर्मयेति ह ॥१४०
कृशे विरुद्धसेवित्वाच्चिराद्दोषः प्रकुप्यति ।
व्यावृत्तश्च पुनर्हन्ति सन्निपातो यथा विषम् ॥१४१

'સંનિપાતને મેં જીત્યો છે,' એમ વૈદ્યે તેનો વિશ્વાસ કરવો જ નહિ; કારણ કે તેમાં જે દોષો જિતાયા હોય, તેવો પણ કૃશ થયેલો તે રોગી જો વિરુદ્ધ સેવન કરવા માંડે કે પથ્યસેવન છોડીને કુપથ્યોને સેવે, તો એ જિતાયેલા દોષો પણ ફરી પ્રકોપ પામી ફરી સંનિપાતને ઉપજાવે છે અને એમ ફરી ઉત્પન્ન થયેલો તે સંનિપાત વિષની પેઠે તે રોગીને મારી નાખે છે.

સંનિપાતથી બચેલો ફરી સ્વસ્થ તો ન જ થાય

सन्निपातात् समुत्तीर्णो यदि जीवति मानवः ।
क्षीणौजोबलमांसात्मा क्षीर्णश्मश्रुशिरोरुहः ॥१४२
स्वरस्मृतिपरिभ्रष्टः क्षीणशुक्रो हतेन्द्रियः ।
अव्यक्तवाग्विवर्णश्च मन्दाग्निश्च भवत्यसौ ॥१४३॥

જે માણસ સંનિપાતમાંથી બચી ગયો હોય અને જીવી રહ્યો હોય, તો યે તેના શરીરમાંથી ઓજસ્, બળ તથા માંસ ક્ષીણ જ રહ્યા કરે છે; તેના દાઢી-મૂછના તથા માથાના વાળ પણ ખરી પડ્યા હોય છે; તેનો સ્વર તથા સ્મરણશક્તિ પહેલાંના જેવી થતી જ નથી; તેનું વીર્ય પણ ક્ષીણ થઈ જાય છે; ઇંદ્રિયો બરાબર કામ કરી શકતી નથી; તેથી તેની વાણી અસ્પષ્ટ થઈ જાય છે અને તેનો જઠરાગ્નિ પણ મંદ પડી જાય છે-ફરી પ્રદીપ્ત થઈ શકતો જ નથી. ૧૪૨,૧૪૩

સંનિપાતથી બચેલાનો પુનર્જન્મ ગણાય

सन्निपातेन मुक्तस्तु चिरादाप्यायते नरः ।
दृष्ट्वा संभोजनीयश्च पुनर्जन्म हि तस्य तत् ॥१४४

જે માણસ સંનિપાતથી બચી ગયો હોય, તે ઘણા લાંબા કાળે ફરી પુષ્ટ થઈ શકે છે; એવા માણસને જોઈને તેને સારી રીતે જમાડવો જોઈએ એટલે કે પુષ્ટ ખોરાકોથી ફરી પુષ્ટિ લાવવા બરાબર પ્રયત્ન કર્યા કરવો જોઈએ; કારણ કે તેનો એ પુનર્જન્મ જ થયેલો ગણાય છે. ૧૪૫

સંનિપાતથી બચેલાએ સાવધ રહેવું

तदवस्थो व्यभिचरेद्यदि रोगानवाप्नुते ।
ज्वरशोषारुचिप्लीहयक्ष्मपाण्डून्न जीवति ॥१४५॥

સંનિપાતથી બચી જઈ તે અવસ્થામાં જીવનને જીવતો માણસ જો વ્યભિચાર કરે એટલે કે નિર્દોષ જીવન ન જીવે કે આહાર-વિહારમાં પ્રમાદી બને અથવા કુપથ્યોનું સેવન કર્યા કરે, તો અનેક રોગોને પ્રાપ્ત કરે છે; એટલે કે જ્વર, શોષ, અરુચિ, બરોળનો રોગ, ક્ષય તથા પાંડુરોગને પામી જીવી શકતો નથી. ૧૪૫

આવો સંનિપાત મટે જ નહિ

सर्वलक्षणसंपन्नः सर्वोपद्रवसंयुतः ।
त्रिरात्रोपेक्षितश्चापि सन्निपातो न सिद्ध्यति ॥१४६

જે સંનિપાતમાં તેનાં બધાંયે લક્ષણો પ્રાપ્ત થઈ ચૂક્યાં હોય અને જે સંનિપાત બધાયે ઉપદ્રવોથી સારી રીતે યુક્ત થયો હોય, તેવા સંનિપાતની ત્રણ રાત્રિઓ પણ જો ઉપેક્ષા કરી હોય કે બેદરકારી રાખી હોય, તો કોઈ પણ ઉપાયે તે મટતો જ નથી. (માટે સંનિપાતના તો તાત્કાલિક ઉપાયો જ કરવા

જોઈએ, તેમાં લગારે બેદરકારી ન જ કરાય.) ૧૪૬

સંનિપાત મટ્યા પછી થયેલા રોગની ખૂબ કાળજીથી વૈદ્યે ચિકિત્સા કરવી

सन्निपाते निवृत्ते तु यो व्याधिरवलम्बते ।
सोपद्रवांस्ताँश्चिकित्सेद्यथास्वैः स्वैश्चिकित्सितैः ॥

સંનિપાત મટી ગયો હોય, તે પછી જો કોઈ વ્યાધિ ઉત્પન્ન થાય, તો એ રોગની વૈદ્યે તે તે બધાયે ઉપદ્રવોને સાથે જ ગણી લઈ તે તે રોગની બધીયે ચિકિત્સાઓ દ્વારા ચિકિત્સા કર્યા કરવી અને ખૂબ જ કાળજી રાખવી.૧૪૭

સંનિપાત મટ્યા પછી જીવવાની રીતો

एकाहारब्रह्मचर्यलघुपानान्नसेवनम् ।
अकर्मण्यमनायासः सुखशय्यासनस्थितिः ॥१४८॥
दिवाजागरणं सद्भिः सुहृद्भिश्च सहासनम् ।
अभ्यङ्गाच्छादने चित्रं कदाचित् स्नेहमेव तु ॥१४९
जाङ्गलाँश्च रसानुष्णान् कुलत्थरससाधितान् ।
वास्तुकं तण्डुलीयं च संस्कृतं बालमूलकम् ॥१५०॥
सेवेत विधिवच्चैव द्वौ मासौ जीविताथिकः ।
त्रीन्मासाँश्चतुरो वाऽपि जिह्मन्वादस्य यक्ष्मणः ॥

જેને સંનિપાત મટ્યો હોય તે માણસે કાયમ એક વખત જમવું, બ્રહ્મચર્ય પાળવું, હલકાં ખોરાક-પાણી સેવવાં; કોઈ અકર્મ કે શક્તિથી વિરુદ્ધ કાર્ય કરવા પરિશ્રમ ન કરવો, વધુ શારીરશ્રમ છોડવો; સુખેથી શય્યા તથા આસનો પર સ્થિતિ કરવી, ખૂબ જ આરામ સેવવો, દિવસે જાગવું પણ સૂવું નહિ એટલે કે દિવસે નિદ્રા ન સેવવી; સજ્જનો તથા ઉત્તમ મિત્રો સાથે સહવાસ રાખવો; શરીરે તેલમાલિસ કરવું; ઉત્તમ વસ્ત્રો પહેરવાં; કોઈ કોઈ વાર ચિત્ર-એટલે અનેક પ્રકારના સ્નેહો અવશ્ય સેવવા; ઘી-તેલ આદિ અનેક પ્રકારના સ્નેહોનું સેવન કોઈ કોઈ વાર ચાલુ રાખવું; (માંસાહારીએ) જાંગલ-પશુ-પક્ષીના માંસના રસોને કળથીના રસમાં તૈયાર કરી ગરમાગરમ સેવવા; વાસ્તુક-અથવાની, તાંદળજાની અને કૂણા મૂળાની ભાજી-શાક ખાવાં; વધુ જીવવાની ઇચ્છા રાખીને એમ બે મહિના સુધી તો વિધિ પ્રમાણે કાળજી રાખીને આહાર-વિહારો સેવવા અથવા ત્રણ કે ચાર મહિના સુધી ખૂબ કાળજી રાખી નિયમપૂર્વકનું જીવન જીવવા ખૂબ સાવધાન રહેવું; કારણ કે અનિયમિત જીવન જીવવાથી તે માણસને ક્ષયરોગ થવાનો સંભવ રહે છે. ૧૪૮-૧૫૧

સંનિપાત મટ્યા પછી પિત્તપ્રધાન પ્રકૃતિવાળા માટે આવશ્યક સૂચન

सुश्रृतेन समश्नीयात् पयसाऽऽज्येन पैत्तिकः ।
शर्कराक्षौद्रयुक्तेन गवां क्षीरेण वा पुनः ॥१५२॥
कर्पूरचूर्णं तृष्णायां वदने धारयेत् सदा ।
तैलानि गन्धपुष्पाणि नित्यं मुख्यानि धारयेत् ॥

જેની પિત્તપ્રધાન પ્રકૃતિ હોય તેણે સંનિપાત મટ્યા પછી યોગ્ય પ્રમાણમાં ઉકાળેલા દૂધ તથા ઘી સાથે ખોરાક ખાવા કરવો; અથવા સાકર તથા મધ સાથે કે ગાયોના દૂધ સાથે ખોરાક ખાવા કાળજી રાખવી; તે માણસને જો વધુ તરશ લાગ્યા કરતી હોય, તો તેણે કાયમ મોઢામાં કપૂરનું ચૂર્ણ કે ટુકડો રાખ્યા કરવો; અને હમેશાં સુગંધી તેલ તથા સુગંધી મુખ્ય પુષ્પો ધારણ કરવાં. ૧૫૨,૧૫૩

સંનિપાતમાં અપથ્યો

औदकानूपमांसानि माषपिष्टतिलोत्कृतम् ।
मन्दजातानि मद्यानि गुरूण्यभिनवानि वा ॥१५४
पायसं कृसरं चुक्रं शष्कुल्यो यावकं दधि ।
वर्जयेत्तानि सर्वाणि श्रद्धाभोजनमेव च ॥१५५॥
अश्वव्यायामसक्तेशं शीताम्बु मदिरासवम् ।
अवश्यायं पुरोवातमभ्युष्णं च विवर्जयेत् ॥१५६॥

જલચર જીવોનાં તથા આનૂપ-જલપ્રાય-કચ્છ પ્રદેશનાં પશુ-પક્ષીઓનાં માંસ, અડદના લોટના બનાવેલ ભક્ષ્ય પદાર્થો તથા તલના પ્રયોગો, મંદજાત એટલે બરાબર જે તૈયાર થયાં ન હોય એવાં મદ્યો, પચવામાં ભારે અથવા બિલકુલ નવાં-તાજાં મદ્યો, દૂધપાક, ખીચડી, ચુક્કો, જલેબી,

યાવક-જવના બનાવેલ ખોરાક અથવા અર્ધા બાફેલ કઠોળના બાકળા તથા દહીં-એ પદાર્થોનો ત્યાગ કરવો; તેમ જ વધુ શ્રદ્ધા કે પ્રીતિ ઉપજાવે તેવાં ખૂબ સ્વાદિષ્ટ ભોજનો, ઘોડા પરની સવારી, વ્યાયામ-કસરત વગેરે શારીરશ્રમ કે થાક, શીતળ પાણી, મદિરા તથા આસવો, અવશ્યાય-ઝાકળ કે હિમ, પૂર્વ દિશાનો વાયુ તથા વધુ પડતા ઉષ્ણ-ગરમ પદાર્થો-એટલાં અપથ્યોનો સંનિપાતના રોગીએ વિશેષે કરી-અવશ્ય ત્યાગ કરવો. ૧૫૪-૧૫૬

સંનિપાતનાં પથ્યો કહેવાની પ્રતિજ્ઞા

यानि तस्य प्रशस्यन्ते श्रद्धाभोज्यानि जीवक !।
पथ्यानि चान्नपानानि यथास्वं तानि मे शृणु ॥

હે વૃદ્ધજીવક ! હવે સંનિપાતમાં જે પથ્યો હિતકારી હોઈ માફક આવે છે, તે અન્નપાન તમે મારી પાસેથી બરાબર સાંભળો. ૧૫૭

સંનિપાતમાં પથ્યો

गुडसर्पिषि पिप्पल्यः संस्कृता दधिसाधिताः ।
तथा मुख्यं गुडकृतं भक्ष्या मुद्गमयाश्च ये ॥१५८
यवगोधूमसंस्कारा दाधिकं शुष्कमूलकम् ।
मुद्गामलकयूषश्च तिक्तसूपश्च सर्पिषा ॥ १५९ ॥
एवं श्रद्धाविनयनं भिषक्कुर्यादरोचके ।
अप्रमादेन धर्मार्थी चिकित्सेन्मतिमान् भिषक् ॥१६०

ગોળ તથા ઘીમાં સંસ્કારી કરેલી અથવા દહીંમાં પકવેલી પીપર તથા મુખ્યત્વે ગોળથી બનાવેલ ખોરાક, મગથી બનાવેલ ભક્ષ્ય પદાર્થો, જવ તથા ઘઉંના સંસ્કારો કે બાધ પદાર્થો, દહીં નાખી બનાવેલ પદાર્થ-દહીંવડાં કે દહીંનો શીખંડ, સૂકા મૂળા કે મૂળાની સુકવણી; મગ તથા આમળાંનો યૂષ-ઓસામણ અને ઘીથી વઘારેલ તીખી-દાળ-એટલા પદાર્થો સંનિપાતમાં પથ્ય-હિતકર હોઈ માફક આવે છે; સંનિપાતમાં રોગીને અરોચક અથવા કોઈ પદાર્થ ખાવાની જો રુચિ ન થતી હોય, તો વૈદ્યે તેને શ્રદ્ધા ઉપજાવવી-એટલે કે રુચિ ઉપજાવે એવા ખોરાકો તૈયાર કરાવી રોગીને ખોરાક ઉપરની રુચિ કરાવવી; એમ બુદ્ધિમાન વૈદ્યે કેવળ ધર્મની જ મનમાં ઇચ્છા રાખી, ધનની લાલચ ત્યજીને, પ્રમાદ કે બેકાળજી કર્યા વિના સંનિપાતના રોગીની ચિકિત્સા કરવી. ૧૫૮-૧૬૦

सूतिकोपक्रमाध्याये यच्च वक्ष्ये खिले मुने !।
तदिहापि प्रयोक्तव्यं सन्निपातचिकित्सितम् ॥१६१

વળી હે વૃદ્ધજીવક મુનિ ! આ કાશ્યપસંહિતાના ખિલસ્થાનમાં 'સૂતિકોપક્રમ' નામના અધ્યાયમાં હું જે ચિકિત્સા કહીશ, તેનો પણ આ સંનિપાતની ચિકિત્સા તરીકે પ્રયોગ કરવો. ૧૬૧

इति ह स्माह भगवान् कश्यपः ।

એમ ભગવાન કશ્યપે જ ખરેખર કહ્યું હતું.

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં કલ્પસ્થાન વિષે 'વિશેષકલ્પ' નામનો અધ્યાય ૮ મો સમાપ્ત

સંહિતાકલ્પઃ અધ્યાય (?)

મંગલાચરણ અને પ્રારંભ

अथातः संहिताकल्पं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી 'સંહિતાકલ્પ' નામના અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું; એમ ભગવાન કશ્યપે કહ્યું હતું. ૧,૨

વૈદ્યે સંહિતાનું અધ્યયન તથા ઉપદેશ કરવા તત્પર રહેવું

संहिताध्ययने युक्तः शुचिः साधुर्जितेन्द्रियः ।
वैद्यो वैद्यकुले जातो ग्रन्थे चाथ च निष्ठितः ॥३॥
स पृष्टोऽन्येन वैद्येन प्रब्रूयात् संहिताविधिम् ।

પવિત્ર, સજ્જન, જિતેન્દ્રિય, વૈદ્યના કુલમાં જન્મેલ અને ગ્રંથમાં તથા તેના અર્થમાં નિષ્ઠાવાળા-શ્રદ્ધાળુ વૈદ્યે સંહિતાનું અધ્યયન કરવા તત્પર રહેવું અને કોઈ બીજો વૈદ્ય પૂછે ત્યારે તેને સંહિતાની વિધિ બરાબર કહેવી. ૩

વૃદ્ધજીવકના પ્રશ્નો

कति स्थानमिदं तन्त्रं कस्मात्तन्त्रमिति स्मृतम् ॥४
स्थानानां कानि नामानि कर्माध्यायाति यानि च।
स्थाननामानुपूर्वीं च श्रोतुमिच्छामि तत्त्वतः॥५॥

હે ભગવન્! આ આયુર્વેદતંત્ર કેટલાં સ્થાનોનું છે? કયા કારણે આને 'તંત્ર' કહ્યું છે? આ તંત્રનાં સ્થાનોનાં નામો કયાં છે? તેનું કામ શું છે? તેના અધ્યાયો કેટલા છે? અને તે તે સ્થાનોનો અનુક્રમ કયો છે? તે હું બરાબર સત્ય સાંભળવા ઇચ્છું છું. ૪,૫

ભગવાન કશ્યપનો પ્રત્યુત્તર

मष्टौ स्थानानि वाच्यानि ततोऽतस्तन्त्रमुच्यते।
मध्यायानां शतं विंशं योऽधीते स तु पारगः ॥६

આ આયુર્વેદતંત્ર–કાશ્યપસંહિતાનાં આઠ સ્થાનો છે અને તે કહેવા યોગ્ય અથવા ઉપદેશ કરવા યોગ્ય છે, તેથી–એ જ કારણે આ 'તંત્ર' કહેવાય છે; આ તંત્રમાં ૧૨૦ અધ્યાયો છે; અને તેઓનું જે અધ્યયન કરે છે, તે (આયુર્વેદશાસ્ત્રી થઈ) આ સંસારસમુદ્રનો પારગામી થાય છે. ૬

આયુર્વેદતંત્રનાં આઠ સ્થાનોના નામો

सूत्रस्थाननिदानानि विमानान्यात्मनिश्चयः।
इन्द्रियाणि चिकित्सा च सिद्धिः कल्पाश्च संहिता॥

સૂત્રસ્થાન, નિદાનસ્થાન, વિમાનસ્થાન, આત્મનિશ્ચય કે શારીરસ્થાન, ઇન્દ્રિયસ્થાન, ચિકિત્સાસ્થાન, સિદ્ધિસ્થાન તથા કલ્પસ્થાન–એમ આ કાશ્યપસંહિતાનાં આઠ સ્થાનો છે. ૭

કયા સ્થાનમાં કેટલા અધ્યાયો?

सूत्रस्थानं चिकित्सा च त्रिंशदध्यायके उभे।
निदानानि विमानाश्च शारीराण्यष्टकानि तु ॥८
सिद्धयो द्वादशाध्यायाः कल्पाश्चैवेन्द्रियाणि च।
खिलान्यशीतिरध्यायास्तन्त्रं सखिलमुच्यते ॥९॥

સૂત્રસ્થાન તથા ચિકિત્સાસ્થાન–એ બેમાં પ્રત્યેકમાં ત્રીસ, ત્રીસ અધ્યાયો છે; નિદાનસ્થાન, વિમાનસ્થાન તથા શારીરસ્થાન–એ ત્રણેમાં આઠ, આઠ, આઠ અધ્યાયો છે; સિદ્ધિસ્થાન, કલ્પસ્થાન અને ઇન્દ્રિયસ્થાનમાં બાર, બાર, બાર અધ્યાયો મળી કુલ ૧૨૦ અધ્યાયો છે તે ઉપરાંત ખિલસ્થાનમાં ૮૦ અધ્યાયો છે; અને તે ખિલસ્થાન સાથે આ આયુર્વેદતંત્ર સંપૂર્ણ કહેવાય છે. ૮,૯

આ આયુર્વેદતંત્રને (કંઠસ્થ) કરવાનું ફળ

धारणं ह्यस्य तन्त्रस्य वेदानां धारणं यथा।
पुण्यं मङ्गल्यमायुष्यं दुःस्वप्नकलिनाशनम् ॥१०॥
धर्मार्थकाममोक्षाणां धर्म्यमायतनं महत्।
सुखप्रदं नृणां शश्वद्धनमानयशस्करम् ॥ ११ ॥

આ આયુર્વેદતંત્રનું (કંઠસ્થ) ધારણ વેદોના (કંઠસ્થ) ધારણ જેવું પુણ્યકારક મંગલકારી, આયુષવર્ધક, બરાબ સ્વપ્નો તથા કલેશોનો નાશ કરનાર છે. ધર્મ, અર્થ, કામ તથા મોક્ષને આપનાર ધર્મથી યુક્ત હોઈ ધર્મનું મોટું આશ્રયસ્થાન, મનુષ્યોને સુખ આપનાર અને નિરંતર ધન, માન તથા યશને કરનાર છે. ૧૦,૧૧

આટલા શાસ્ત્રના કે સંસારના પારગામી ન થાય

नाधार्मिको न चापुत्रो नाविद्वान्न च गर्हितः।
नापूजितो नाविदितो लोके भवति पारगः ॥१२

અધાર્મિક, પુત્રરહિત, અવિદ્વાન કે મૂર્ખ, નિન્દિત, અપૂજિત અને લોકમાં અવિદિત કે અપ્રસિદ્ધ માણસ શાસ્ત્રના કે સંસારના પારને પામતો નથી. ૧૨

આવો વૈદ્ય ઇન્દ્રલોકમાં પૂજાય

सततं चाप्यधीयानः सम्यगध्यापयन् भिषक्।
इह लोके यशः प्राप्य शक्रलोके महीयते ॥ १३ ॥

જે વૈદ્ય નિરંતર આયુર્વેદનું અધ્યયન કરે અને બીજાને સારી રીતે અધ્યયન કરાવે, તે આ લોકમાં યશ મેળવી ઇન્દ્રના લોકમાં પૂજાય છે. ૧૩

રોગોની ઉત્પત્તિનો પ્રાચીનકાળ

दक्षयज्ञे वधत्रासाद्देवर्षीणां पलायताम्।
रोगाः सर्वे समुत्पन्नाः संतापाद्दहचेतसोः ॥१४॥

પૂર્વે દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં (શિવના કોપથી) માર પડવાનો ત્રાસ થતાં દેવો

તથા ઋષિઓ નાસભાગ કરી રહ્યા હતા. ત્યારે તેઓના દેહમાં તથા ચિત્તમાં સંતાપ થવાને કારણે બધા રોગો ઉત્પન્ન થયા હતા. ૧૪

તે વેળા કયો રોગ કયા કારણે ઉત્પન્ન થયો હતો ?

ज्वरो गुरुत्वाद् गुल्मस्तु धावतां प्लवनात् क्लिहा ।
भ्रमो विषादाद्विड्भेदो धावतां वेगधारणात् ॥
तृष्णा च रक्तपित्तं च श्रमादुष्णे च धावताम् ।
हिक्काश्वासा कफाधिक्याद्धावतां पिबतां जलम् ॥
प्रागुत्पत्तिस्तथाऽन्येषां रोगाणां परिकीर्तिता ।
कृतत्रेतान्तरत्वेन प्रादुर्भूता यथा नृणाम् ॥१७॥
धर्मार्थकाममोक्षेषु विद्याबलयशोहराः ।

એ વખતે (તેઓના) શરીર ભારે થવાથી જ્વર, તેઓના દોડવાથી ગુલ્મરોગ. તેઓના તરવાથી પ્લીહા-બરોળ, વિષાદથી ભ્રમ; દોડતાં આવેલા વેગોને રોકવાથી જેમાં વિષ્ઠાનો ભેદ ગરમીમાં તે રોગ ઉત્પન્ન થયો હતો; તે જ પ્રમાણે દોડી રહેલાઓને શ્રમના કારણે તૃષ્ણા-વધુ પડતી તરશ તથા રક્તપિત્ત રોગ થયો હતો. વળી તે વેળા દોડતા લોકો પાણીને પીતા હતા, તેથી તેઓના કફમાં અધિકતા થવાથી હેડકી તથા શ્વાસરોગ થયા હતા. એમ તે વેળા બીજા પણ રોગોની ઉત્પત્તિ કહેલી છે; મનુષ્યોના એ રોગોની ઉત્પત્તિ કૃતયુગ સત્ય તથા ત્રેતાયુગની વચ્ચે જે પ્રમાણે પ્રકટ થઈ હતી, તે જ અહીં ઉપર કહી છે. એ રોગો લોકોના, ધર્મ, અર્થ, કામ તથા મોક્ષના વિષયમાં વિદ્યાને, બળને તથા યશને પણ હરી લેનારા છે. ૧૫-૧૭

લોકોના હિત માટે કશ્યપે આયુર્વેદ તંત્ર રચ્યું

ततो हितार्थं लोकानां कश्यपेन महर्षिणा ॥१८
पितामहनियोगाच्च दृष्ट्वा च ज्ञानचक्षुषा ।
तपसा निर्मितं तन्त्रमृषयः प्रतिपेदिरे ॥ १९ ॥
जीवको निर्गततमा ऋचीकतनयः शुचिः ।
जगृहेऽग्रे महातन्त्रं संचिक्षेप पुनः स तत् ॥२०
नाभ्यनन्दन्त तत् सर्वे मुनयो बालभाषितम् ।

તે પછી મહર્ષિ કશ્યપે લોકોના હિત માટે પિતામહ-બ્રહ્મદેવની આજ્ઞાથી જ્ઞાનદૃષ્ટિ દ્વારા જોઈને તપના પ્રભાવથી આયુર્વેદ તંત્ર રચ્યું હતું. એ મહાતંત્રને ઋચીકના પવિત્ર પુત્ર જીવકે અજ્ઞાનરૂપ અંધકારથી રહિત થઈને સૌની પહેલાં ગ્રહણ કર્યું હતું અને પછી તે મહાતંત્રને એ જીવકે સારી રીતે ટૂંકાવીને ફરી (નવા રૂપમાં) રચ્યું હતું; ત્યારે બધા મુનિઓએ તેને બાલભાષિત-એટલે બાળકે કહેલું ગણીને પસંદ કર્યું ન હતું. ૧૮-૨૦

કશ્યપના આયુર્વેદતંત્રને ગ્રહણ કરી વૃદ્ધજીવકે સંક્ષિપ્ત બનાવ્યું

ततः समक्षं सर्वेषामृषीणां जीवकः शुचिः ॥२१
गङ्गाह्रदे कनखले निमग्नः पञ्चवार्षिकः ।
वलीपलितविस्रस्त उन्ममज्ज मुहूर्तकात् ॥ २२ ॥
ततस्तदद्भुतं दृष्ट्वा मुनयो विस्मयं गताः ।
वृद्धजीवक इत्येव नाम चक्रुः शिशोरपि ॥२३॥

પછી બધા ઋષિઓની સમક્ષ પવિત્ર થઈને પાંચ વર્ષની ઉંમરનો તે જીવક 'કનખલ' નામના ગંગાના ધરામાં એક મુહૂર્ત એટલે બે ઘડી સુધી ડૂબી રહ્યો હતો; અને પછી વળિયાં તથા પળિયાંથી વ્યાપ્ત થઈને તે ધરામાંથી બે બહાર નીકળ્યો હતો. પછી તે આશ્ચર્ય જોઈ મુનિઓ વિસ્મય પામ્યા હતા અને તેઓએ તે જીવક શિશુ-બાળકની અવસ્થામાં હતો, છતાં તેનું 'વૃદ્ધજીવક' એવું નામ પાડ્યું હતું અને અને તેણે ટૂંકાવેલા (કશ્યપીય) આયુર્વેદ તંત્રનો તેઓએ સ્વીકાર કર્યો હતો તેમ જ એ વૃદ્ધજીવકને શ્રેષ્ઠ વૈદ્ય બનાવ્યો હતો.

કલિયુગમાં વૃદ્ધજીવકીયતંત્રને યક્ષે તથા વાત્સ્યે મુનિએ ધારણ કર્યું હતું

ततः कलियुगे नष्टं तन्त्रमेतद्यदृच्छया ॥ २४ ॥
अनायासेन यक्षेण धारितं लोकभूतये ।

वृद्धजीवकवंश्येन ततो वात्स्येन धीमता ॥२५॥
अनायासं प्रसाद्याथ लब्धं तन्त्रमिदं महत् ।

તે પછી કલિયુગમાં દૈવેચ્છાથી એ વૃદ્ધજીવકીયતંત્ર નાશ પામવા માંડ્યું હતું, પરંતુ લોકોના કલ્યાણ માટે 'અનાયાસ' નામના યક્ષે તે તંત્રને ધારણ કરી રાખ્યું હતું અને તે પછી એ વૃદ્ધજીવકના વંશજ બુદ્ધિમાન વાત્સ્ય મુનિએ અનાયાસે યક્ષને પ્રસન્ન કરી તેની પાસેથી એ જ વૃદ્ધજીવકના મોટા તંત્રને પાછું મેળવ્યું હતું. ૨૪,૨૫

વૃદ્ધજીવકના વંશજ વાત્સ્ય મુનિએ તે આયુર્વેદતંત્રનો સંસ્કાર કર્યો

ऋग्यजुःसामवेदाँस्त्रीनधीत्याङ्गानि सर्वशः ॥२६॥
शिवकश्यपयक्षांश्च प्रसाद्य तपसा धिया ।
संस्कृतं तत् पुनस्तन्त्रं वृद्धजीवकनिर्मितम् ॥२७॥
धर्मकीर्तिसुखार्थाय प्रजानामभिवृद्धये ।

એ વાત્સ્ય મુનિ ઋગ્વેદ, યજુર્વેદ તથા સામવેદ-એ ત્રણે વેદોને તથા તે તે વેદોનાં અંગોને પ્રથમ સંપૂર્ણ ભણ્યા હતા; અને પછી શિવ, કશ્યપ તથા યક્ષને તપથી પ્રસન્ન કરી પોતાની બુદ્ધિ વડે તે વૃદ્ધજીવક કૃત આયુર્વેદતંત્રને ધર્મ, કીર્તિ તથા સુખ માટે તેમ જ પ્રજાઓની અતિ વૃદ્ધિ માટે સંસ્કારી બનાવ્યું હતું એટલે કે તેમાં ઘણા સુધારા-વધારા કરી શિષ્યો-પ્રશિષ્યો દ્વારા તેનો લોકમાં પ્રચાર ચાલુ રખાવ્યો હતો. ૨૭

હવે ખિલ સ્થાનમાં શું કહેવાશે?

स्थानेष्वष्टसु शाखायां यद्यन्नोक्तं प्रयोजनम् ॥२८॥
तत्तद्भूयः प्रवक्ष्यामि खिलेषु निखिलेन ते ।

પ્રથમનાં આઠ સ્થાનોમાં તથા તેઓની શાખાઓરૂપ અધ્યાયોમાં જે કંઈ પ્રયોજન કે વિષય કહેલ નથી, તે તે ફરી વધુ પ્રમાણમાં નીચેના ૯ મા ખિલસ્થાનમાં હું સંપૂર્ણ કહીશ. ૨૮

इति ह स्माह भगवान कश्यपः ।

એમ ભગવાન કશ્યપે કહ્યું હતું.

ઇતિ શ્રી કાશ્યપસંહિતામાં કલ્પસ્થાન વિષે 'સંહિતા-કલ્પ' નામનો અધ્યાય ૮ મો સમાપ્ત

કલ્પસ્થાન સમાપ્ત

महर्षि मारीचकश्यप विरचित

काश्यपसंहिता

अथवा

वृद्धजीवकीयतंत्र

(कौमारभृत्य)

९ : खिलस्थान

विषमज्वरनिर्देशीय : अध्याय १लो

अथातो विषमज्वरनिर्देशीयं नामाध्यायं व्याख्यास्यामः ॥ १ ॥

इति ह स्माह भगवान् काश्यपः ॥ २ ॥

हवे अहींथी विषमज्वर निर्देशीय नामना अध्यायनुं अमे व्याख्यान करीशुं, એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું. ૧,૨

કશ્યપ પ્રત્યે વૃદ્ધજીવકનો પ્રશ્ન

काश्यपं सर्वशास्त्रज्ञं सर्वलोकगुरुं गुरुम् ।
भार्गवः परिपप्रच्छ संशयं संश्रितव्रतः ॥ ३ ॥
प्रोक्तं ज्वरचिकित्सायां विषमज्वरभेषजम् ।
न निर्दिष्टं भगवता विषमत्वस्य कारणम् ॥ ४ ॥
युक्तं सततकादीनां वैषम्यं विषमागतेः ।
अविसर्गी ज्वरः कस्मात् संततो विषमः स्मृतः ॥ ५ ॥
प्रेतज्वरो ग्रहोत्थश्च विषमः केन हेतुना ।

સર્વ શાસ્ત્રોને જાણનારા અને સર્વ લોકોના ગુરુ–કશ્યપ ગુરુને વ્રતોનો આશ્રય કરનાર ભૃગુવંશી વૃદ્ધજીવકે આવો સંશય પૂછ્યો હતોઃ હે ભગવન્! આપ ભગવાને જ્વરચિકિત્સામાં વિષમજ્વરનું ઔષધ કહ્યું છે, પણ એ વિષમજ્વરનું કારણ કે નિદાન કહેલ નથી; વળી વિષમ આગમનવાળા 'સતતક' આદિ જ્વરનું વૈષમ્ય જોકે ઘટે છે, પરંતુ અવિસર્ગી એટલે કે બિલકુલ નહિ છોડતો સંતતજ્વર કયા કારણે વિષમજ્વર કહેવાય છે? ૩–૫

तदिदानीं यथा कालं वक्तव्योऽवयवाद्यथा ॥ ६ ॥
वक्तुमर्हसि तत्त्वेन सविशेषं सविस्तरम् ।

તો હવે જે કાળે તે વિષમજ્વર પ્રાપ્ત થતો હોય તે કાળને અનુસરી તે વિષમજ્વરને આપે કહેવો જરૂરી છે; માટે તેને વિશેષતા સાથે વિસ્તારથી યથાર્થ રૂપે કહેવાને આપ યોગ્ય છો. ૬

કશ્યપનો પ્રત્યુત્તર

इति पृष्टः स शिष्येण प्रश्नं प्रोवाच काश्यपः ॥ ७ ॥
अल्पहेतुर्बहिर्मार्गो वैकृतो निरुपद्रवः ।
एकाश्रयः सुखोपायो लघुपाकः समो ज्वरः ॥ ८ ॥

શિષ્ય વૃદ્ધજીવકે એમ પ્રશ્ન પૂછ્યો હતો ત્યારે કશ્યપે તેમને પ્રથમ તો વિષમજ્વરનું લક્ષણ કહ્યું હતું: જેનાં હેતુ–નિદાનો ઓછાં હોય, જેનો માર્ગ–આવવાનો વેગ બહારથી હોય, જે એક વિકારરૂપ હોય, કોઈ પણ ઉપદ્રવથી રહિત હોય, જેને સાત ધાતુઓમાંથી કોઈ પણ એકનો જ આશ્રય હોય, જેનો ઉપાય કરવો સહેલો હોય અને જેનો પાક–પાકવું–લઘુ–જલદી હોય તે 'સમજ્વર' કહેવાય છે. ૭,૮

વિવરણ: આ સંબંધે ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૩જા અધ્યાયમાં બહિર્વેગ જ્વર–સમજ્વરનું લક્ષણ આવું લખ્યું છે–'संतापोऽभ्यधिको बाह्यास्तृष्णादीनां च मार्दवम् । बहिर्वेगस्य लिङ्गानि सुखसाध्यस्य लक्षणम् ॥ '–જે જ્વરમાં બહારનો સંતાપ અથવા તપારો અધિક હોય અને તરશ વગેરે ઓછાં હોય તે બહારના વેગવાળા–સમજ્વરમાં સુખસાધ્યનાં લક્ષણો જાણવાં એટલે કે લક્ષણવાળા એ સમજ્વર સહેલાઈથી મટે તેવો હોય છે.

ઉપર્યુક્ત સમજ્વરથી વિપરીત વિષમજ્વર હોય

विषमस्तद्विपर्यस्तस्तीक्ष्णत्वात् संततो मतः ।
तद्वत् प्रेतग्रहोत्था ये चत्वारो विषमागमात् ॥ ९ ॥

જે જ્વર ઉપર જણાવેલ સમજ્વરથી વિપરીત લક્ષણવાળો હોય તે તીક્ષ્ણપણાથી યુક્ત હોય છે, તેથી સંતતવિષમજ્વર મનાયો છે તે જ પ્રમાણે પ્રેતભૂત તથા ગ્રહોના વળગાડથી જે ચાર જ્વરો ઉત્પન્ન થાય છે, તેઓ પણ વિષમ આવેલા હોવાથી વિષમજ્વરો કહેવાય છે ૯

ઉપર્યુક્ત સંતત આદિ જ્વરોને વિષમ કહેવાનાં કારણો

दुर्जयत्वा(द्दुर्ग्रहत्वा)दुग्रग्रहपरिग्रहात् ।
वैषम्यं संततादीनां दारुणत्वादुदाहृतम् ॥ १० ॥

એ સંતત આદિ-પાંચ જ્વરો દુર્જય હોય છે, દુષ્ટ ગ્રહવાળા એટલે હઠીલા હોય છે, ઉગ્ર ગ્રહોના પરિવારવાળા હોય છે તેમ જ દારુણ-ક્રૂર પણ હોય છે, તે કારણે તેઓનું વિષમપણું કહ્યું છે.૧૦

સતતક આદિ ચાર જ્વરો પણ વિષમજ્વર છે

तथा सततकादीनां चतुर्णां कालकारितम् ।
विषमत्वं प्रवक्ष्यामि ज्वराणां जायते यथा ॥ ११ ॥

તે જ પ્રમાણે 'સતતક' આદિ ચાર જ્વરોનું સમયના કારણે વિષમપણું ઉત્પન્ન થાય છે, તેને પણ હવે હું કહીશ. ૧૧

વિષમજ્વરોને કોણ ઉત્પન્ન કરે છે?

समस्ता द्वन्द्वशो वाऽपि धमनी रसवाहिनीः ।
दोषाः प्रपन्नाः कुर्वन्ति विषमा विषमज्वरम् ॥ १२ ॥

બે બેના જોડકે એકત્ર થયેલા વાતાદિ દોષો, રસવાહિની નાડીઓમાં પ્રાપ્ત થઈ એકબીજાથી વિષમ-વિરુદ્ધ બની જઈને જ વિષમજ્વરોને ઉત્પન્ન કરે છે. ૧૨

વિષમજ્વર એકદમ ઉત્પન્ન થઈ એકદમ વધે છે તેનાં કારણો

ज्वरितो मुच्यमानो वा मुक्तमात्रश्च यो नरः ।
व्यायामगुर्वसात्म्यान्नमतिमात्रमथो जलम् ॥ १३ ॥
पायसं कृशरं पिष्टं पललं दधि मन्दकम् ।
पिण्याकमाषविकृतीर्ग्राम्यानूपं तथाऽऽमिषम् ॥ १४ ॥
एवं विधानि चान्यानि विरुद्धानि गुरूणि च ।
सेवते च दिवास्वप्नमजीर्णाध्यशनानि च ॥ १५ ॥
ज्वरोऽभिवर्धते तस्य विषमो वाऽऽशु जायते ।

જે માણસ (પ્રથમના સાદા કે સમ) જ્વરથી યુક્ત થયો હોય અને ઉપચારોથી મુક્ત થઈ રહ્યો હોય કે તરત જ વધુ પડતો શ્રમ તથા ભારે અને અનુકૂળ ન હોય એવો અપથ્ય ખોરાક અને વધુ પ્રમાણમાં પાણીનું સેવન કરવા માંડે, ઉપરાંત દૂધપાક, ખીચડી, લોટના ખોરાક, માંસ, બરાબર નહિ જામેલું મંદક દહીં, પિણ્યાક-તલનો ખોળ, અડદના વિકારો કે પદાર્થો, ગામડાંનાં અથવા આનૂપ-જલપ્રાય પ્રદેશનાં પશુ-પક્ષીઓનું માંસ તેમ જ એ સિવાયનાં બીજાં પણ વિરુદ્ધ દ્રવ્યો કે પચવામાં ભારે દ્રવ્યોને સેવવા માંડે; તેમ જ દિવસે નિદ્રા સેવે, અજીર્ણ હોય છતાં તે ઉપર ખોરાક ખાધા કરે, તેનો (પ્રથમનો જે ગયો હોય તે જ) જ્વર ફરી ઊથલો મારીને વધી જાય છે અને તરત જ તે અનિયમિત સમયે આવવા રૂપે ઉત્પન્ન થાય છે અને એ જ રૂપે વિષમજ્વર થઈ જાય છે. ૧૩-૧૫

વિષમજ્વર થવામાં બીજાં પણ આસ કારણો અને તે તે વિષમજ્વરનાં નામો

दोषेष्वपरिपक्वेषु कषायं यश्च सेवते ॥ १६ ॥
लौल्याद्वा स्नेहपानानि क्षीरं संतर्पणानि वा ।
देवतानामभिध्यानाद् ग्रहसंस्पर्शनादपि ॥ १७ ॥
सद्यो वान्तो विरिक्तो वा स्नेहपीतोऽनुवासितः ।
शीतोपचारं गुर्वन्नं व्यवायं यश्च सेवते ॥ १८ ॥
तस्यापि सहसा वायुरस्थिमज्जान्तरं गतः ।
कुपितः कोपयत्याशु श्लेष्माणं पित्तमेव च ॥ १९ ॥
ततोऽस्य धातुवैषम्याद्विषमो जायते ज्वरः ।
सततोऽन्येद्युको वाऽपि तृतीयः सचतुर्थकः ॥ २० ॥

જે માણસ, શરીરમાં રહેલા દોષો પાક્યા ન હોય પણ કાચા જ હોય, તે કાળે કષાય દ્રવ્યનું સેવન કરે; તેમ જ લોલુપ બની સ્નેહ-

પાન,–દૂધ તથા બીજાં સંતર્પણ–પૌષ્ટિક દ્રવ્યોને સેવવા માંડે; અથવા જે દેવતાઓ દ્વારા આક્રાન્ત થયો હોય અને જેને ગ્રહોનો વળગાડ પણ થાય અથવા જેણે તરતમાં વમન કે વિરેચન સેવ્યું હોય અથવા જેણે તરતમાં સ્નેહપાન કર્યું હોય કે અનુવાસન સેવ્યું હોય; વળી જો શીતળ ઉપચાર તથા પચવામાં ભારે ખોરાકો સેવે કે ખાય અને વધુ પડતું મથુન પણ સેવે, તેનો વાયુ કોપે છે–વિકાર પામે છે, અને તે વિકૃત થયેલો વાયુ તે માણસનાં અસ્થિ–હાડકાં તથા તેમાં રહેલી મજ્જા ધાતુ સુધી પહોંચી જઈ ને, ત્યાં પણ કુપિત કે વિકૃત બની જઈ કફને તથા પિત્તને પણ તરત જ કોપાવે છે–વિકૃત બનાવે છે, તેથી એ માણસની ધાતુઓમાં વિષમપણું–થઈ જાય છે, તે કારણે વિષમજ્વર એટલે કે અનિયમિત સમયે આવતો જતો ચડ–ઊતર તાવ ઉત્પન્ન થાય છે અને તે જ સતત એકધારો, અન્યેદ્યુક કે દર બીજા દિવસે આવનાર અથવા તૃતીયક–દર ત્રીજા દિવસે આવનાર તરિયા તથા ચતુર્થક–દરેક ચોથા દિવસે આવતા–ચોથિયા વિષમજ્વરરૂપે થાય છે. (એટલે કે એ કારણે ઉત્પન્ન થયેલા વિષમ-જ્વર સતત, અન્યેદ્યુક, તૃતીયક તથા ચતુર્થક જ્વર નામે કહેવાય છે) ૧૯–૨૦

વિવરણ : અહીં મૂળમાં 'કષાય' શબ્દ ૧૬ મા શ્લોકના બીજા ચરણમાં જે મૂક્યો છે તેનો અર્થ કસાયેલ દ્રવ્ય અર્થાત્ પાંચ પ્રકારની જે કષાય કલ્પના કે કષાય–તૂરો રસ જેમાં મુખ્ય હોય છે તેવી કલ્પના કે બનાવટ એવો સમજવાનો છે; કારણ કે કષાય–કસાયેલ કે તૂરાશથી યુક્ત રસ વધુ પડતો સ્તંભક હોઈને દોષોની પ્રવૃત્તિ થવા દેતો નથી એટલે કે મળોનું સ્તંભન–રોકવું, અટ-કવું કે કબજિયાતને કરે છે, તે કારણે દોષોની અપરિપક્વ અવસ્થા જેમાં હોય છે એવા તરુણ જ્વરમાં કષાય કે ક્વાથ આપવાનો નિષેધ કરેલો છે; તેમ જ સ્વરસ આદિ પાંચ પ્રકારની કલ્પનાઓ કે બનાવટો કરાય છે, તેઓનું પણ તરુણ જ્વરમાં પ્રયોજન કરાય એમ કહેવાયું છે. આ સંબંધે કહેવાયું પણ છે કે, 'चतुर्भागावशिष्टस्तु यः षोडश-गुणाम्भसा । स कषायः कषायः स्यात्, स वर्ज्यस्त-रुणज्वरे ॥ कषायं यः प्रयुञ्जीत नराणां तरुणज्वरे । स सुतं कृष्णसर्पन्तु कराग्रेण परामृशेत् ॥'–જે કષાયને દ્રવ્યથી સોળગણા પાણીથી ઉકાળાય અને તેમાંથી ચોથા ભાગે પાણી બાકી રહે ત્યારે તે અમુક દ્રવ્યનો કષાય–ક્વાથ થયો ગણાય છે; એવા કષાય કે ક્વાથનો તરુણ જ્વર કે નવા તાવમાં જે વૈદ્ય પ્રયોગ કરે, તે સૂતેલા કાળા નાગને પોતાના હાથના અગ્ર ભાગથી સ્પર્શ કરે છે કે સૂતેલા કાળા સાપને જગાડે છે એમ સમજવું; એ જ કારણે કહેલું છે કે, 'न कषायं प्रयुञ्जीत नराणां तरुणे ज्वरे । कषायेणाकुलीभूता दोषा जेतुं सुदुष्कराः ॥'–માણસોના તરુણ જ્વરમાં વૈદ્યે કષાય કે કોઈ ઉકાળાનો પ્રયોગ ન કરાવવો; કારણ કે તેમાંના કષાય રસ આકુળ–વ્યાકુળ થઈ ખળભળી ઊઠેલા દોષોને જીતવા અત્યંત મુશ્કેલ બને છે. આ જ અભિપ્રાય ચરકે ચિકિત્સાસ્થાનના ૩ જા અધ્યાય-માં આમ જણાવ્યો છે–'नवज्वरे दिवास्वप्नस्नानाभ्य-ङ्गान्नमैथुनम् । क्रोधप्रवातव्यायामकषायांश्च विवर्जयेत् ॥' નવા તાવમાં દિવસની નિદ્રા, સ્નાન, અભ્યંગ–તેલ માલિસ, ખોરાક, ક્રોધ, પુષ્કળ પવન તથા કષાયો કે ક્વાથ–ઉકાળાનો પણ ત્યાગ કરવો.

વિષમજ્વર ચડ–ઊતરે

न च नोपशमं याति न च भूयो न कुप्यति ।
शमप्रकोपयोः कालं न चायमतिवर्तते ॥ २१ ॥

વિષમજ્વર શાંત ન થાય એમ ન હોય, તેમ જ ફરી ન આવે એમ પણ બનતું નથી; એ તો પોતાના ઊતરી જવાનો તેમ જ ફરી આવવાનો સમય ત્યજતો જ નથી. ૨૧

વિષમજ્વરનું સ્વાભાવિક શમન હોય જ નહિ

न च स्वभावोपशमं गच्छत्यनुशयात्मकः ।
न हि स्वभावशान्तानां भावानामस्ति संभवः ॥ २२ ॥

તે વિષમજ્વર અનુશયાત્મક હોઈને

સ્વભાવથી શાંતિને પામતો જ નથી; કારણ કે સ્વભાવથી શાંત થયેલા ભાવોનો ફરી સંભવ જ ન હોય; અર્થાત્ વિષમજ્વરનો સ્વભાવ નષ્ટ થતો જ નથી, તે કારણે વારંવાર પોતાનું સ્વરૂપ તે પ્રકટ કર્યા જ કરે છે.

વિષમજ્વરનાં આ લક્ષણો છૂટે જ નહિ

જ્વરપ્રવેગોપરમે દેહી મુક્ત ઇવેક્ષ્યતે।
તથાઽપ્યસ્યામવસ્થાયામેભિર્લિઙ્ગૈર્ન મુચ્યતે ॥ ૨૩ ॥
મુખવૈરસ્યકાટુક્યમાધુર્યાદિભિરલ્પશઃ।
નાત્યન્નલિપ્સાગ્લાનિભ્યાં શિરસો ગૌરવેણ ચ ॥૨૪॥

વિષમજ્વરનો મોટો વેગ ખૂબ શાંત થઈ જાય છે, ત્યારે તેનો રોગી જાણે કે 'હવે હું જ્વરથી મુક્ત થયો છું' તોપણ તે માણસની એ અવસ્થામાં મોઢાનું વિરસપણું–બે સ્વાદ જણાવું, થોડા થોડા પ્રમાણમાં મોઢામાં કડવાશ, તીખાશ કે મીઠાશ વગેરેનો અનુભવ, ખોરાક પર વધુ ઇચ્છા ન થાય, ગ્લાનિનો અનુભવ તથા માથાનું ભારેપણું-એ લક્ષણોથી તે છૂટતો નથી.૨૩,૨૪

વિષમજ્વર વારંવાર થાય તેનાં કારણો

પુનઃ પુનર્યથા ચૈષ જાયતે તન્નિબોધ મે।
નિરુદ્ધમાર્ગો દોષેણ વિષમજ્વરહેતુના ॥ ૨૫ ॥
વાયુસ્તદ્દોષકોપાન્તે લબ્ધમાર્ગો યથાક્રમમ્।
દોષશેષં તમાદાય યથાસ્થાનં પ્રપદ્યતે ॥ ૨૬ ॥
સ દોષશેષઃ સ્વે સ્થાને લીનઃ કાલબલાશ્રયાત્।
રસસ્થાનમુપાગમ્ય ભૂયો જનયતિ જ્વરમ્ ॥ ૨૭ ॥

એવો તે વિષમજ્વર જે કારણે ફરી ફરી આવ્યા કરે છે, તે કારણ પણ હવે તમે મારી પાસેથી સાંભળો. તે વિષમજ્વર થવામાં જે કારણરૂપ હોય છે, તેવા દોષ વડે તેના માર્ગો રોકાઈ રહ્યા હોય છે, એટલે કે તે દોષના નીકળવાના માર્ગો, મળોથી રુંધાઈ ગયા છે, તેથી એ દોષ સંપૂર્ણ રીતે બહાર નીકળી શકતો નથી; તેથી એ દોષ ફરી ફરી કોપે-ઊથલો મારે છે અને તેને અંતે વાયુને અનુક્રમે માર્ગ મળી રહ્યો હોય છે, તેથી એ વાયુ બાકી રહેલા તે દોષને ગ્રહણ કરી પોતાના યોગ્ય સ્થાને પ્રાપ્ત થાય છે, તેમ જ બાકી રહેલ તે દોષ પોતાના સ્થાનમાં લીન થઈ ભરાઈ રહીને કાળના બળનો આશ્રય કરી રસના સ્થાનમાં પહોંચી જાય છે અને પછી ફરી ફરી તે વિષમજ્વરને ઉત્પન્ન કર્યા કરે છે. ૨૫–૨૭

વિવરણ: અષ્ટાંગસંગ્રહકારે ચિકિત્સાસ્થાનના ૧ લા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે– 'आमाशयस्थो हृत्वाऽग्निं सामो मार्गान् पिधाय्यन्। विदधाति ज्वरं दोषः ..'–અર્થાત્ આમાશયમાં ભરાઈ રહેલો તે બાકીનો દોષ માર્ગોને ઢાંકી રહ્યો હોય છે અને તે જઠરના અગ્નિને હણી નાખી–ઓછો કરી નાખે છે, જેથી ખોરાક પચતો નથી અને આમરસમાં ઊલટો વધારો થયા કરે છે, તેથી એ જ બાકી રહેલો દોષ ફરી ફરી જ્વરને ઉત્પન્ન કર્યા કરે છે. ૨૫–૨૭

વિષમજ્વરની વધ-ઘટ થયા કરે છે, તેમાં કારણ

ઉપક્રમવિશેષેણ સ્વબલસ્ય વ્યયેન ચ।
ક્ષયં પ્રાપ્નોતિ ચ વૃદ્ધિં ચ સમાનગુણસંશ્રયાત્ ॥ ૨૮

ચિકિત્સાના વિશેષથી એટલે કે અમુક ખાસ ચિકિત્સા કર્યાથી અને તે વિષમજ્વરના કારણરૂપ દોષનું પોતાનું જ બળ ઓછું થવાથી એ વિષમજ્વર ક્ષય પામે છે–ઓછો થાય છે અને સમાન ગુણનો આશ્રય મળવાથી તે વિષમજ્વર ફરી વૃદ્ધિ પામે છે. ૨૮

સોઽયં નિવૃત્તિં સંપ્રાપ્ય યથા દીપઃ સ્વભાવતઃ।
પુનઃ પુનઃ પ્રજ્વલતિ ક્ષીણતૈલેન્ધનોઽપિ સન્ ॥૨૯॥
સ્વમધિષ્ઠાનમાશ્રિત્ય શાન્તઃ શાન્તસ્તથા જ્વરઃ।
કાલે બલં દર્શયતિ ક્ષીણદોષેન્ધનોઽપિ સન્ ॥૩૦॥

જેમ દીવો તેલરૂપ ઇંધણાં ખૂટતાં સ્વભાવથી નિવૃત્તિ પામી ઓછો થઈ જાય છે અને ફરી ફરી પ્રજ્વલિત પણ થાય છે, તે જ પ્રમાણે પોતાના આશ્રયસ્થાનનો આશ્રય કરી તે વિષમજ્વર પણ દોષરૂપી ઇંધણાં ખૂટી જતાં વારંવાર શાંત થઈ

થઈને પણ યોગ્ય સમયે ફરી ફરી બળને દર્શાવ્યા પણ કરે છે. ૨૯,૩૦

'સતતક' નામનો વિષમ-જ્વર અને તેનું સ્થાન

स्वहेतुदोषमाश्रित्य नियतो नियमेन यः ।
अहोरात्रे दर्शयति कालहेतुकृतं बलम् ॥ ३१ ॥
द्विकालं स यथादोषं ज्वरः सततकः स्मृतः ।
स्थानमामाशयस्तस्य यं समाश्रित्य वर्तते ॥ ३२ ॥

જે જ્વર પોતાના કારણરૂપ દોષનો આશ્રય કરી નિયમથી નિયત–કાયમ રહ્યા કરે છે અને દિવસે ને રાતે પણ પોતાના કાલરૂપ હેતુથી કરાયેલ બળને પણ દર્શાવ્યા કરે છે અને જેય કાળે પોતાના દોષને અનુસરી એકધારો રહ્યા કરે છે, તે 'સતતક' નામનો વિષમ જ્વર કહેવાય છે અને જેનો તે સારી રીતે આશ્રય કરીને રહે છે, તે એનું સ્થાન આમાશય જ હોય છે. ૩૧,૩૨

વિવરણ: આ સંબંધે ચરકે ચિકિત્સા-સ્થાનના ૩ જા અધ્યાયમાં તે 'સતતક' નામના વિષમજ્વરની સંપ્રાપ્તિ આ પ્રકારે દર્શાવી છે– 'रसधात्वाश्रयः प्रायो दोषः सततकं ज्वरम् । सप्रत्यनीकः कुरुते कालवृद्धिक्षयात्मकम् ॥ अहोरात्रे सततको द्वौ कालावनुवर्तते । कालप्रकृतिदूष्याणां प्राप्त्यैवान्य-तमाद्बलम् ॥'–જેણે લગભગ રક્ત ધાતુનો આશ્રય કર્યો હોય, તે દોષ ઘણું કરી 'સતતક' જ્વરને ઉત્પન્ન કરે છે; એ 'સતતક' નામનો વિષમ જ્વર તેના પ્રત્યનીક–વિરોધીઓથી યુક્ત હોઈ તે તે કાળે વધવા તથા ઘટવાના સ્વભાવ ધારણ કરે છે. વળી તે સતતક જ્વર કાલ, પ્રકૃતિ કે દૂષ્યમાંના કોઈ પણ એકની પાસેથી બળ મેળવીને જ દિવસે તથા રાતે બે કાળને અનુસરે છે. ૩૧,૩૨

અન્યેદ્યુષ્ક વિષમજ્વર

उरस्त्वन्येद्यकस्थानमहोरात्रादुरश्च्युतः ।
दोषो रसं समासाद्य यदा दर्शयते बलम् ॥ ३३ ॥
तदाऽनुषङ्गी स्वे काले जायतेऽन्येद्युको ज्वरः ।

'અન્યેદ્યુષ્ક' નામના વિષમજ્વરનું સ્થાન છાતી હોય છે; અને તે જ્વર એક દિવસ–રાત (૨૪ કલાક) સુધી રહીને માણસની છાતીમાંથી જ બહાર નીકળેલો હોય છે; વળી તે જ્વરનો દોષ 'રસ' ધાતુનો આશ્રય કરી જ્યારે પોતાનું બળ દર્શાવે છે, ત્યારે પોતાના કાળે અનુષંગી એટલે સંબંધ દર્શાવવાનો સ્વભાવ ધરાવે છે; તેવો અન્યેદ્યુષ્ક જ્વર પોતાના સમયે જ ઉત્પન્ન થાય છે. ૩૩

વિવરણ: આ સંબંધે પણ ચરકે ચિકિત્સા-સ્થાનના ૩ જા અધ્યાયમાં આમ કહ્યું છે કે– 'दोषो मेदोवहा रुद्ध्वा नाडीरन्येद्युक ज्वरम् । सप्र-त्यनीकः कुरुते एककालमहर्निशि ॥'–વિરોધીઓની સાથે મળેલો દોષ મેદને વહન કરતી નાડીઓમાં પ્રાપ્ત થઈ દિવસે કે રાતે એક વખત આવતા અન્યેદ્યુષ્ક નામના જ્વરને કરે છે.' ૩૩

તૃતીયક વિષમજ્વર

कण्ठस्तृतीयकस्थानमहोरात्राच्च्युतस्ततः ॥ ३४ ॥
उरः प्रपद्यतेऽन्यस्मादहोरात्राद्यथाक्रमम् ।
रसधात्वाश्रितो दोष ऊष्मणा सह मूर्च्छितः ॥ ३५ ॥
तृतीयेऽहनि निर्वृत्तिं जनयेत् स तृतीयकः ।

'તૃતીયક' નામના વિષમજ્વરનું સ્થાન કંઠ–ગળું હોય છે, તે દિવસે અને રાતે અસ્ખલિત રહે છે; તે પછી અનુક્રમે તેનો દોષ છાતીમાં પ્રાપ્ત થાય છે અને તે પછી એ જ્વર (ઊતરી જઈ) દરેક બીજે દિવસ જવા જઈ ત્રીજા દિવસે ફરી આવે છે; એમ (એમ દરેક ત્રીજા દિવસે આવનારો તે તરિયો તાવ) તૃતીયક જ્વર કહેવાય છે; એ તૃતીયક જ્વરને રસ ધાતુનો આશ્રય હોય છે; ઉષ્મા–ગરમીની સાથે તે મૂર્છિત હોઈ વધ્યો હોય છે અને દરેક ત્રીજા દિવસે નિર્વૃત્તિ એટલે પોતાની ઉત્પત્તિને કરે છે, તેથી જ તે 'તૃતીયક' કહેવાય છે. ૩૪,૩૫

વિવરણ: અહીં આમ જણાવવા માગે છે કે ગળારૂપી સ્થાનમાં જે દોષ રહ્યો હોય છે, તે એક દિવસ (૨૪ કલાક) તે જ પોતાના

સ્થાને રહી અનુક્રમે નીચે ઊતરી બીજા દિવસે છાતીમાં પહોંચી જાય છે; અને ત્યાંથી આમાશય સુધી પહોંચી જાય છે. એમ આમાશય સુધી પહોંચીને તે દોષો પૂર્વોક્ત ક્રમાનુસાર રસવાહિની-ઓના માર્ગોને બંધ કરી દે છે; અને તે જ કારણે એ તૃતીયક જ્વર એક દિવસ છોડી ત્રીજા દિવસે એટલે કે ૪૮ કલાકમાં એક વાર ઉત્પન્ન થાય છે.

ચતુર્થક વિષમજ્વર

शिरश्चतुर्थकस्थानं चतुर्थे समुदाहृतम् ॥ ३६ ॥
अहोरात्राच्च्युतः स्थानाद्दोषः कण्ठेऽवतिष्ठते ।
ततः पुनरहोरात्रादुरसि प्रतिपद्यते ॥ ३७ ॥
तृतीये चाप्यहोरात्रे रसधातौ प्रकुप्यति ।
चतुर्थकः स विज्ञेयश्चिरस्थायी महाज्वरः ॥३८॥
गम्भीरस्थानसंभूतो धातुसंकरदूषितः ।
दर्शयित्वा बलं काले जन्तोः शिरसि लीयते ॥३९
त्रिदोषसंभवत्वाच्च भूतसंस्पर्शनादपि ।
दुश्चिकित्स्यतमो ह्येष तस्माद्धयेनमुपक्रमेत् ॥ ४० ॥

ચોથો વિષમજ્વર જે થાય છે તેનું સ્થાન મસ્તક હોય છે. તેનો દોષ પણ એક દિવસ-રાત રહી પોતાના સ્થાનેથી નીચે ઊતરે છે અને ત્યાંથી ઊતરી તે દોષ એક દિવસ-રાત કંઠમાં રહે છે અને તે પછી એ સ્થાને પણ એક દિવસ-રાત રહીને તે દોષ ત્યાંથી નીચે ઊતરી છાતીમાં પ્રાપ્ત થાય છે. પછી ત્રીજા દિવસે પણ તે દોષ રસધાતુમાં પ્રકોપ પામે છે; એમ તે જ્વરને ચતુર્થક જ્વર જાણવો. એ મહાજ્વર ઊંડા સ્થાનમાંથી ઉત્પન્ન થયેલ હોય છે અને ધાતુઓના સંકર-મિશ્રણથી દૂષિત થયેલો હોય છે; અને પોતાનો સમય થતાં પોતાનું બળ દર્શાવીને માણસના મસ્તકમાં તે લીન થાય છે; એમ તે ચતુર્થક જ્વર ત્રણે દોષોના પ્રકોપથી ઉત્પન્ન થાય છે, અને તેમાં ભૂતડાંનો પણ સ્પર્શ હોય છે, તે કારણે તેની ચિકિત્સા કરવી મુશ્કેલ બને છે, તોપણ એ જ્વરની ચિકિત્સા કરવાની શરૂઆત તો અવશ્ય કરવી જ જોઈએ. ૩૬-૪૦

વિવરણ : અહીં જણાવેલ તૃતીયક તથા ચતુર્થક જ્વરના સંબંધમાં ચરકે પણ ચિકિત્સા-સ્થાનના ૩ જા અધ્યાયમાં આમ કહ્યું છે કે- 'दोषोऽस्थिमज्जगः कुर्यात् तृतीयकचतुर्थकौ'-જે દોષ માણસનાં અસ્થિ-હાડકાં તથા મજ્જામાં પહોંચી ગયો હોય તે અનુક્રમે તૃતીયક તથા ચતુર્થક નામના જ્વરને ઉત્પન્ન કરે છે-એટલે કે અસ્થિમાં ગયેલો દોષ તૃતીયક જ્વરને અને મજ્જામાં ગયેલો દોષ ચતુર્થક જ્વરને ઉત્પન્ન કરે છે' એમ કહ્યા પછી ચરકે ત્યાં જ આ બેય જ્વરની ગતિઓ પણ આમ દર્શાવી છે: જેમ કે, 'गतिद्वयेकान्तरान्येद्युर्दोषस्योक्ताऽन्यथा परैः । रक्तमेवाभिसंसृज्य कुर्यादन्येद्युकं ज्वरम् । मांसस्रोतांस्यनुसृतो जनयेत्तु तृतीयकम् । ज्वरं दोषः संसृतो हि मेदोमार्गं चतुर्थकम् ।-તે તૃતીયક તથા ચતુર્થક જ્વરના દોષની ગતિને બીજા તંત્રકારોએ આમ બીજા પ્રકારે પણ કહી છે; જેમ કે એક ગતિ બે ધાતુના અંતરવાળી હોય અને બીજી ગતિ એક ધાતુના અંતરવાળી હોય છે. તે જ કારણે અન્યેદ્યુષ્કનો દોષ રુધિરનો આશ્રય કરીને જ અન્યેદ્યુષ્ક જ્વરને ઉત્પન્ન કરે છે; પરંતુ તે દોષ જ્યારે માંસના સ્રોતોને અનુસરે છે, ત્યારે તૃતીયક જ્વરને ઉત્પન્ન કરે છે; અને તે દોષ મેદના માર્ગનો પણ જ્યારે આશ્રય કરે છે, ત્યારે 'ચતુર્થક' નામના જ્વરને ઉત્પન્ન કરે છે, અર્થાત્ દોષોની ગતિઓ ક્રમશઃ પ્રતિદિન એક દિવસ છોડીને અથવા બે દિવસો છોડીને કહી છે; જ્યારે એક દિવસના અંતરવાળી ગતિ થાય છે ત્યારે તૃતીયક જ્વર અને બે દિવસોના અંતરવાળી દોષગતિ થાય છે ત્યારે તે 'ચતુર્થક' જ્વરને ઉત્પન્ન કરે છે' સુશ્રુતે પણ ઉત્તરતંત્રના ૩૯ મા અધ્યાયમાં ઉપર્યુક્ત ગતિઓને આ પ્રકારે કહી છે; જેમ કે-संततं रसरक्तस्थः सोऽन्येद्युः पिशिताश्रितः । मेदोगतस्तृतीयेऽह्नि त्वस्थिमज्जगतः पुनः ॥ कुर्याच्चतुर्थकं घोरमन्तकं रोगसङ्करम् ॥'-રસ તથા રક્ત ધાતુમાં રહેલો દોષ 'સંતત' નામના વિષમજ્વરને ઉત્પન્ન કરે છે; અને તે દોષ જ્યારે માંસ ધાતુનો આશ્રિત બને છે ત્યારે 'અન્યેદ્યુષ્ક' નામના જ્વરને ઉત્પન્ન કરે

છે; પરંતુ એ જ દોષ મેદ ધાતુમાં પહોંચ્યો હોય ત્યારે ત્રીજા દિવસે આવતા 'તૃતીયક' જ્વરને ઉત્પન્ન કરે છે; પરંતુ એ જ દોષ અસ્થિ-હાડકાં તથા મજ્જા ધાતુ સુધી પહોંચી જાય છે ત્યારે રોગોના સંકર-મિશ્રણરૂપ અને અંતક-યમ જેવા ઘોર-ભયાનક એવા ચતુર્થક જ્વરને ઉત્પન્ન કરે છે.' ૩૬-૪૦

વિષમજ્વરમાં બલિ, હોમ તથા મંત્રોથી પાપ નિવારીને શિવનું શરણ લેવું

बलिभिः शान्तिहोमैश्च सिद्धैर्मन्त्रपदैस्तथा ।
पापापहरणं चास्य कर्तव्यं सिद्धिमिच्छता ॥ ४१ ॥
भूतेश्वरं नीलकण्ठं प्रपद्येत वृषध्वजम् ।

વિષમજ્વરમાં પોતાની ચિકિત્સાની સિદ્ધિ કે સફળતાને ઇચ્છતા વૈદ્યે બલિદાનો વડે, શાંતિ માટેના હોમો વડે અને સિદ્ધ એવા મંત્રોનાં પદો વડે (વિષમજ્વરના) રોગીનું પાપ દૂર કરવું જોઈએ; તેમ જ ભૂતોના ઈશ્વર વૃષભધ્વજ નીલકંઠ-શિવ ભગવાનનું શરણ સ્વીકારવું. ૪૧

જીર્ણ વિષમજ્વરનું લક્ષણ

चिरानुबन्धी विषमो यथाकालं विवर्धते ॥ ४२ ॥
एकाहाच्च द्व्यहाच्चैव त्र्यहाच्चतुरहात्तथा ।

લાંબા કાળના અનુબંધવાળો જીર્ણ વિષમજ્વર એક, બે, ત્રણ અને ચાર દિવસે પોતાના સમય અનુસાર વધે છે. ૪૨

વિષમજ્વર પાંચમા કે છઠ્ઠા દિવસે કેમ ન આવે?

पञ्चमेऽहनि षष्ठे वा कस्मादेष न जायते ॥ ४३ ॥
तस्य त्वामाशयः स्थानमुरः कण्ठः शिरस्तथा ।
स्थानमन्यत्ततो नास्ति स्थानाभावान्न जायते ॥ ४४

વિષમજ્વર પાંચમા કે છઠ્ઠા દિવસે કયા કારણે ઉત્પન્ન થતો નથી? તે પ્રશ્નનો ઉત્તર આ છે કે એ વિષમજ્વરનું સ્થાન આમાશય છાતી, કંઠ-ગળું તથા મસ્તક છે; પરંતુ એ સિવાય બીજું કોઈ પણ તેનું સ્થાન નથી, તેથી તે જ્વર પાંચમા કે છઠ્ઠા દિવસે ઉત્પન્ન થતો નથી. ૪૩,૪૪

કયો વિષમજ્વર કઈ દિશાનો હોય?

आग्नेयः स्यात् सततको वायव्यो हि द्वितीयकः ।
वैश्वदेवस्तृतीयः स्यादैशानस्तु चतुर्थकः ॥ ४५ ॥

પહેલો સતતજ્વર અગ્નિ દિશાનો હોઈ 'આગ્નેય' અગ્નિના સંબંધવાળો હોય; બીજો અન્યેદ્યુષ્ક વિષમજ્વર વાયવ્ય દિશાનો હોઈ 'વાયવીય' કે વાયુદેવના સંબંધવાળો હોય; ત્રીજો તૃતીયક વિષમજ્વર વિશ્વદેવ સંબંધી હોઈ 'વિશ્વેદેવા' દેવો સાથેના સંબંધવાળો હોય; અને ચોથો ચતુર્થક નામનો વિષમજ્વર ઈશાન દિશાના સંબંધવાળો હોઈ ઈશાન દેવના સંબંધવાળો હોય છે. ૪૫

હરકોઈ જ્વર મુક્તિ વેળા કેમ વધે છે?

कस्मात् परिक्षीणबलः क्षीणधातुबलौजसः ।
ज्वरो विवर्धते जन्तोर्मोक्षकाले विशेषतः ॥ ४६ ॥

જેનું બળ ક્ષીણ થયું હોય અને જેમાં ધાતુઓ, તેનું બળ તથા ઓજસ ક્ષીણ થયાં હોય એવા માણસનો જ્વર મોક્ષકાળે એટલે કે તે માણસને છોડતી વેળા ખાસ કરી કેમ વધે છે? ૪૬

મોક્ષકાળે એટલે કે ઊતરતીવેળા જ્વર વધે છે તેનાં કારણો

गतेरभावाद्वाह्येन वायुनाऽभ्याहतक्रमः ।
संक्षीणवर्त्यनुगतः स्नेहवाय्वभिमूर्छितः ।
शान्तोऽपि तदुपादानाद्यथा दीपो न (ऽनु?)दीप्यते ॥
तद्वद्धातुबले क्षीणे ज्वरः क्षीणबलोऽपि सन् ।
निरुपादानदोषत्वान्मोक्षकाले विशेषतः ॥ ४८ ॥
हेतुशेषमशेषेण दहन् दर्शयते बलम् ।
सप्रतीकारवैशेष्यात् प्रशमं याति हन्ति वा ॥ ४९ ॥

જેમ ગતિના અભાવને લીધે બહારના વાયુથી આક્રાંત થતો તથા વાટ ક્ષીણ થવાથી અનુસરી રહેલો તથા સ્નેહ-ઘી-તેલ તથા વાયુથી ચોપાસ પ્રસરતો શાંત થતો દીવો પોતાના ઉપાદાન કારણ મૂળને અનુસરી પાછળથી વધુ પ્રકાશે છે, તે જ પ્રમાણે ધાતુ તેમ જ બળ ક્ષીણ થવાથી જ્વર ક્ષીણ બળવાળો થવા છતાં પણ ઉપાદાન કારણ-

દોષથી રહિત થયો હોય તોપણ બાકી રહેલા હેતુ કે નિદાનને સંપૂર્ણ બાળી નાખતો મોક્ષકાળે એટલે કે માણસને છોડતી વેળા કે ઊતરવાના સમયે વિશેષે કરી વધુ પ્રમાણમાં બળ દર્શાવે છે અને તે વેળા વિશેષ ચિકિત્સા કરવાથી શાંતિને પામે છે, અથવા કોઈ ચિકિત્સા ન કરાય તો રોગીને મારી જ નાખે છે. ૪૭-૪૯

જ્વરથી માણસ છૂટે છે ક્યારે?

पाकाद्वा शमनाद्वाऽपि शोधनाद्वा हृताधिके।
स्वस्थानस्थे नरो दोषे शुद्धस्रोता विमुच्यते ॥૫૦॥

દોષોનો પાક અથવા પાચન થયા પછી અથવા શમન કે શોધન ઔષધથી વધુ પ્રમાણમાં દોષ હરાયો હોય અને તે દોષ પોતાના સ્થાનમાં જ્યારે સ્થિતિ કરી રહ્યો હોય ત્યારે જેના સ્રોતો શુદ્ધ થયા હોય એવો માણસ જ્વરથી છૂટી જાય છે. ૫૦

જ્વરથી છૂટવામાં ઉપર દર્શાવેલ ત્રણ સિવાય કોઈ કારણ ન હોય

निर्दिष्टो दोषपाकादेरस्माद्धेतुत्रयात् परम्।
अन्यत्र चैव नान्योऽस्ति हेतुर्ज्वरविमोक्षणे ॥૫૧॥

દોષનો પાક આદિ જે ત્રણ હેતુઓ ઉપર કહ્યા તે સિવાય બીજું કોઈ પણ કારણ જ્વરથી છૂટવા માટે કહેલ નથી. ૫૧

ટાઢિયા જ્વરની પ્રવૃત્તિ વખતે પ્રથમ ટાઢ અને પછી દાહ કેમ?

कस्माद्दोषपरिक्षोभे प्रायशः शीतपूर्वकम्।
निर्वर्तते ज्वरो जन्तोः पश्चाद्दाहः प्रवर्तते ॥૫૨॥

દોષનો પરિક્ષોભ એટલે પ્રકોપ થાય ત્યારે લગભગ ઘણું કરી પ્રથમ શીત પ્રવૃત્તિ કરે છે-એટલે કે જ્વરની શરૂઆતમાં લગભગ પ્રથમ ટાઢ વાય છે અને પછી દાહ થાય છે; અને તે પછી કયા કારણે જ્વર દૂર થાય? ૫૨

ઉપરના પ્રશ્નનો પ્રત્યુત્તર

वायुर्व्यवायी विशदः शीतो रूक्षश्चलः खरः।
पित्तमाग्नेयमुष्णं च तीक्ष्णमल्पं लघु द्रवम् ॥૫૩॥
सौम्यः शीतो गुरुः स्निग्धो बलवान् कफको बहु।
कफो मन्दव्यवायी च चिरोत्थाननिवर्तनः ॥૫૪॥
वायुश्च शीतसामान्यात् कफस्यानुबलो बली।
बलवान् हि गुणः सौम्य आग्नेयो दुर्बलः स्मृतः ॥૫૫
हेतुनाऽनेन महता श्लेष्मा हि बलवत्तरः।
तस्मात् पूर्वं ज्वरे शीतं पश्चाद्दाहः प्रवर्तते ॥૫૬॥

વાયુ વ્યવાયી, વિશદ, શીતળ, રૂક્ષ, ચલ તથા ખર-કઠોર કે ખરસટ ગુણવાળો હોય છે; પિત્ત આગ્નેય હોઈ અગ્નિના સંબંધવાળું હોઈ ઉષ્ણ, તીક્ષ્ણ, થોડા પ્રમાણનું, હલકું તથા દ્રવ પ્રવાહી હોય છે. કફ સૌમ્ય હોઈ સોમના સંબંધવાળો શીતળ, ભારે, સ્નિગ્ધ, બળવાન તથા ઘણા પ્રમાણવાળો છે. વળી તે કફ મંદ કે ઓછા પ્રમાણમાં વ્યવાયી હોય છે અને લાંબા કાળે ઉત્પત્તિવાળો તથા નિવર્તન પામનાર એટલે કે દૂર થનાર હોય છે. પણ વાયુ શીતળતારૂપ ગુણથી કફની સમાનતાવાળો હોઈ બળવાન બનીને કફનો અનુબલ હોય છે એટલે કે કફની પાછળ રહી તેનેબળ આપ્યા કરે છે. વળી કફનો જે સૌમ્ય ગુણ હોય છે તે ખરેખર બળવાન હોય છે, પરંતુ પિત્તનો જે આગ્નેય ગુણ હોય છે, તેને દુર્બળ ગણ્યો છે; એ જ મોટા કારણે કફને ખરેખર વધુ બળવાન કહ્યો છે અને તેથી જ જ્વરમાં પ્રથમ શીત કે ટાઢ વાઈ દાહ ઉત્પન્ન થાય છે. ૫૩-૫૬

ઉપરના વિષયની જ ફરી વધુ સ્પષ્ટતા

स्ववेगपरिणामाच्च क्रियाभिश्च यदा कफः।
उष्णाभिः प्रशमं याति तदा पित्तं प्रकुप्यति ॥૫૭॥
परीणामक्रियाभिर्वा शान्ते तस्मिन् सुखी भवेत्।
हेतुरुक्तो महानेष यथावच्छीतपूर्वके ॥૫૮॥

પોતાના વેગનું પરિણામ થવાથી અને ઉષ્ણ ક્રિયાઓના કારણે પણ જ્યારે કફ અતિશય શાંતિ પામે છે ત્યારે જ્વરમાં પિત્ત પ્રકોપ પામે છે-જોર કરે છે; અને તે પિત્ત પણ પોતાનું પરિણામ થવાથી

અને ક્રિયાઓ દ્વારા જ્યારે અત્યંત શાંતિ પામે છે ત્યારે માણસ સુખી થાય છે; એમ જ્વરની શીતપૂર્વની પ્રવૃત્તિમાં એ મોટું કારણ જે હોય છે, તેને અહીં બરાબર કહેલ છે. ૫૭,૫૮

માણસને દાહપૂર્વકનો જ્વર આવે છે તેનાં કારણ

अथ कस्माज्ज्वरो जन्तोर्जायते दाहपूर्वकः ।
स एव हेतुरत्रापि बलीयस्त्वादुदाहृतः ॥ ५९ ॥
अत्युदीर्णं यदा पित्तं वायुनाऽल्पेन मूर्च्छितम् ।
अनुबद्धं रसस्थाने श्लेष्मणाऽल्पबलेन च ॥ ६० ॥
दाहः पूर्वं तदा जन्तोः शीतमन्ते प्रवर्तते ।
सोद्वेपकः सप्रलापस्मृतिबुद्धिप्रमोहनः ॥ ६१ ॥

હવે માણસને કયા કારણે દાહપૂર્વક જ્વર ઉત્પન્ન થાય છે? એનો ઉત્તર પણ આ જ છે કે, તેમાં પણ બળવાન હેતુ તો આ જ કહેલ છે કે, જે કાળે માણસના શરીરમાં પિત્ત ઘણું વિકાર પામીને કોપ્યું હોય, ત્યારે તે જ પિત્ત, ઓછા પ્રમાણવાળા વાયુ સાથે મૂર્છિત થઈ–મળીને રસના સ્થાન –આમાશયમાં અનુસરે છે; અને ત્યાં ઓછું બળ ધરાવતા કફ સાથે પણ તે મૂર્છિત થઈ મળે છે; પછી તે સ્થિતિમાં ત્યાં આમાશયમાં પિત્તની અધિકતા હોવાથી પ્રથમ દાહ ઉત્પન્ન થાય છે અને છેલ્લે કફ પ્રવૃત્ત થાય છે એટલે કે પોતાનું કામ કરવા લાગે છે, ત્યારે કંપારી સાથે પ્રલાપ–બકવાદ સ્મરણશક્તિનો પ્રમોહ તથા બુદ્ધિનો કે જ્ઞાનશક્તિનો પણ અત્યંત મોહ ઉત્પન્ન થાય છે. ૫૯–૬૧

ઉપર્યુક્ત બેય જ્વરો સંસર્ગજ છે

तावेतौ शीतदाहादी ज्वरौ संसर्गसंभवा ।
असाध्यः कृच्छ्रसाध्यो वा दाहपूर्वो ज्वरस्तयोः ॥ ६२

ઉપર બે જ્વરો જે કહ્યા જેમાં પ્રથમ ઠંઢ વાઈને દાહ ચાલુ થાય છે તે પહેલો અને જેમાં પ્રથમ દાહ ઉત્પન્ન થઈને પાછળથી શીત જણાય છે તે બીજો જ્વર. એ બેયની ઉત્પત્તિ સંસર્ગથી જ થાય છે; અને તેમાંનો જે બીજો દાહપૂર્વક ઉત્પન્ન થાય છે તે અસાધ્ય અથવા કૃચ્છ્રસાધ્ય હોય છે.

વૃદ્ધજીવકનો પ્રશ્ન

प्रत्यनीकगुणाः सन्तो दोषा वातादयः कथम् ।
संभूय कुर्वते रोगान्नान्योऽन्यं शमयन्ति च ॥ ६३ ॥

વાતાદિ દોષો એટલે કે વાત, પિત્ત અને કફ–એ ત્રણે, એકબીજાથી વિરુદ્ધ ગુણોવાળા છે, છતાં તેઓ એકઠા મળી રોગોને કેમ કરે છે? અને તેઓ (એકબીજાથી વિરુદ્ધ હોઈ) એકબીજાને કેમ શમાવી દેતા નથી? ૬૩

કાશ્યપનો પ્રત્યુત્તર

स्वभावाद्दूषणाद्दोषा नान्योन्यशमनाः स्मृताः ।
यस्मात्तस्माद्बहुविधाः संसृष्टाः कुर्वते गदान् ॥ ६४
विरुद्धा गुणतोऽन्योन्यं कार्यं सत्त्वादयो यथा ।

તેઓ સ્વભાવથી જ દૂષણરૂપ છે એટલે કે દૂષ્યોને દૂષિત કરવાનો જ તેઓનો મૂળ સ્વભાવ છે; તે જ કારણે તેઓ દોષો કહેવાય છે, તેથી જ તેઓ એકબીજાનું શમન કરનારા કે એકબીજાને શાન્ત કરી દેનારા થઈ શકતા નથી, પણ એ જ કારણે–એટલે કે દોષરૂપ જ હોઈ એકબીજા સાથે મળીને અનેક પ્રકારના રોગોને જ ઉત્પન્ન કરે છે; જેમ સત્વાદિ ગુણો એકબીજાથી વિરુદ્ધ હોવા છતાં એકબીજા સાથે મળીને (એકબીજાથી વિરુદ્ધ એવાં) કાર્યને (અવશ્ય) કરે જ છે. ૬૪

વૃદ્ધજીવકનો પ્રશ્ન

शिरः संतप्यते कस्माज्ज्वरितस्य विशेषतः ॥ ६५ ॥
सति सर्वाङ्गतापे च शैत्यं भवति पादयोः ।

જે માણસ જ્વરથી યુક્ત થયો હોય તેનું ખાસ કરી મસ્તક કેમ વધુ સંતાપ પામે છે–આખાયે શરીર કરતાં માથાનો તપારો વધારે કેમ હોય છે? તેમ જ જ્વરવાળા માણસનાં બધાં અંગોમાં તપારો હોય છતાં તેના બેય પગ શીતળ કેમ હોય છે? ૬૫

કાશ્યપનો પ્રત્યુત્તર

દોષૈરાવૃતમાર્ગત્વાદૂર્ધ્વગત્વાચ્ચ તેજસઃ ॥ ૬૬ ॥
બાહુલ્યાદિન્દ્રિયાણાં ચ શિરઃ સંતપ્યતેઽધિકમ્ ।
તેજસાઽતિપ્રવૃદ્ધેન સોમધાતુઃ પ્રપીડિતઃ ॥ ૬૭ ॥
અધઃ પ્રપદ્યતે તેન શૈત્યં ભવતિ પાદયોઃ ।

જ્વરવાળાના દોષો કે મળોથી (તેના શરીરના) બધાયે માર્ગો ભરાઈ ગયા હોય છે, તેમ જ તેજ અથવા પિત્તનો સ્વભાવ (અગ્નિરૂપ હોઈને) ઊર્ધ્વગામી જ હોય છે એટલે કે પિત્તની ગતિ સ્વભાવથી જ (અગ્નિની પેઠે) ઊંચે જનારી હોય છે અને ઇન્દ્રિયોની અધિકતા હોવાને કારણે જ્વરવાળા માણસનું મસ્તક અધિક સંતાપ પામે છે, વધુ તપી જાય છે. વળી એ રીતે વધી ગયેલ એ તેજરૂપ પિત્તના કારણે સોમધાતુ-કફદોષ અતિશય વધુ પીડાય છે એટલે કે નીચેના ભાગ તરફ જવા માટે તેના પર દબાણ થાય છે, તેથી જ એમ દબાયેલ તે સોમધાતુ-કફ, નીચેની બાજુ પ્રાપ્ત થાય છે, તેથી જ એ જ્વરવાળા માણસના બેય પગ શીતળ થાય છે. ૬૬,૬૭

જ્વરવાળાની ચિકિત્સા સંબંધે સૂચના

જ્વરોષ્માણાઽભિસંતપ્તે પ્રાગુષ્ણાદિક્રિયાવિધિઃ ॥૬૮
ક્રિયતે નેતરઃ કસ્માચ્છીત ઉષ્ણસ્ય બાધકઃ ।
યથાઽભ્યગારે સંતપ્તે કપાટપુટસંવૃતે ॥ ૬૯ ॥
ભવત્યત્યધિકસ્તૂષ્મા સર્વતઃ પરિતાપનઃ ।
સ એવોદ્ઘાટિતદ્વારે મન્દીભવતિ તત્ક્ષણાત્ ॥ ૭૦ ॥
એવમાવૃતમાર્ગેષુ દોષૈઃ સ્રોતઃસુ દેહિનામ્ ।
જ્વરોષ્મા વર્ધતે દેહે યથાહેતુબલાશ્રયમ્ ॥ ૭૧ ॥
ઉદ્ઘાટનાર્થં તત્તેષામુષ્ણોપક્રમ ઇષ્યતે ।
સ્તમ્ભનો હિ ગુણઃ શીત ઉષ્ણો વિલયનઃ સ્મૃતઃ ॥૭૨

જ્વરની ઉષ્ણતાથી રોગી તપી રહ્યો હોય છે, તે સમયે પ્રથમ ઉષ્ણક્રિયાનો ક્રમ-એટલે કે સૌ પહેલાં ગરમી આપનારી-ગરમ જ ચિકિત્સા કરવી જોઈએ. પણ શીતળ ચિકિત્સા (જ્વરમાં) પ્રથમ ન જ કરાય; કારણ કે શીતળ ચિકિત્સાક્રમ તો ઉષ્ણતાને બાધ કરનારી કે દાબી દેનારી થાય છે. તેથી જ્વરની ઉષ્ણતાથી જે દોષો પકવ થવા જોઈએ તે પાકતા નથી, પણ ઊલટા અપકવ જ રહીને જ જ્વરની મુદ્દતમાં વધારો કરનારા જ થઈ પડે છે. જેમ કોઈ અગ્નિગૃહ તેનાં દ્વાર જો બંધ રાખ્યાં હોય તો સારી રીતે તપી રહ્યું હોય છે, તેથી તેમાંની ઉષ્ણતા પણ અધિક થયા કરે છે. અને ચારે બાજુથી તે ઉષ્ણતા, એ અગ્નિગૃહને ખૂબ જ તપાવ્યા કરે છે; પણ તે અગ્નિગૃહનાં દ્વાર જો ઉઘાડી નાખવામાં આવે તો તે જ ક્ષણે તે અગ્નિગૃહની ઉષ્ણતા ઓછી જ થઈ જાય છે. તે જ પ્રમાણે, (જ્વરમાં) માણસોના સ્રોતો કે શરીરની અંદરના મળમાર્ગો દોષો વડે ઢંકાયેલા હોય છે, તેથી જ જ્વરનાં નિદાન તથા બળના આશ્રય અનુસાર તે જ્વરયુક્ત માણસમાં તેની ઉષ્ણતા વધે છે (કેમ કે સ્રોતોરૂપ માર્ગો ચારે બાજુથી દોષો વડે ઢંકાયેલા હોઈ બંધ જ થઈ ગયા હોય છે, તેથી એ માણસના તે જ્વરયુક્ત દેહમાં જ્વરની ઉષ્ણતા વધ્યા જ કરે છે અને તેથી તે તે અંદરના અપકવ દોષો પકવ બને છે અને તે દોષો પાકી જતાં આપોઆપ જ જ્વરની ઉષ્ણતા ઓછી થતી જાય છે;) એ જ કારણે દોષોથી ઢંકાયલા સ્રોતોને (અંદરના દોષોના પરિપાક દ્વારા) ઉઘાડી નાખવા કે ખુલ્લા કરવા માટે જ્વરમાં પ્રથમ ઉષ્ણ જ ચિકિત્સાક્રમ ઇષ્ટ ગણાય છે; પરંતુ શીતળ ગુણયુક્ત ચિકિત્સાક્રમ જો કરાય તો એ શીતળ ગુણ તો તે સ્રોતોમાં ભરાયલા દોષોને કે મળોને ઊલટા ત્યાં ને ત્યાં જ થંભાવી દેનારા કે સજ્જડ જમાવી દેનાર નીવડે છે તેથી જ્વરની મુદ્દતમાં ઊલટો વધારો થયા કરે છે; એ કારણે જ્વરમાં પ્રથમ જ ઉષ્ણ ચિકિત્સાક્રિયા કરાય તે જ એ મળમાર્ગોમાં ભરાયેલા દોષો કે મળોને ઓગાળી કાઢનાર થાય છે (અને તો જ જ્વરમાં

વેગ પણ ઓછો થાય છે) ૬૮–૭૨

જ્વરની ચિકિત્સાનો ક્રમ (ચાલુ)

तस्मादुष्णाम्बु पानाय ज्वरिताय प्रदीयते ।
तेनास्य दोषाः पच्यन्ते कायाग्निश्चाभिदीप्यते ॥
ज्वरोष्मा मार्दवं याति विबन्धश्च प्रशाम्यति ।
तृष्णा निवर्तते चाशु प्रकाङ्क्षा चोपजायते ॥७४

એ કારણે જ્વરવાળા માણસને (તરશ લાગે ત્યારે) પીવા માટે ગરમ કરી (ઉકાળેલું) પાણી આપ્યા કરવું જોઈએ. તેથી એ માણસના દોષો પાકવા માંડે છે, શરીરનો જઠરાગ્નિ ચારે બાજુથી પ્રદીપ્ત થાય છે; તેમ જ જ્વરની ઉષ્ણતા મૃદુતાને પામે છે–ઓછી થવા માંડે છે. વિબંધ એટલે ઝાડાની કબજિયાત પણ અત્યંત શાંત થવા માંડે છે; તરશ પણ ઓછી થાય છે અને પ્રકાંક્ષા એટલે જમવાની ઇચ્છા પણ ઉત્પન્ન થાય છે. ૭૩,૭૪

વિવરણ : આ સંબંધે પણ ચિકિત્સાસ્થાનના ૩ જા અધ્યાયમાં આમ કહ્યું છે 'ज्वरितस्य कायसमुत्थानदेशकालानभिसमीक्ष्य पाचनार्थं पानीयमुष्णं प्रयच्छन्ति भिषजः, ज्वरो ह्यामाशयसमुत्थः, प्रायो मेषजानि चामाशयसमुत्थानां विकाराणां पाचनवमनापतर्पणसमर्थानि भवन्ति, पाचनार्थं च पानीयमुष्णं, तस्मादेतज्ज्वरितेभ्यः प्रयच्छन्ति भिषजो भूयिष्ठं, तद्धचेषां पीतं वातमनुलोमयति, अग्निमुदर्यमुदीरयति, क्षिप्रं जरां गच्छति, श्लेष्माणं च परिशोषयति, स्वल्पमपि च पीतं तृष्णाप्रशमनायोपपद्यते '–જ્વરવાળા માણસનાં શરીર, જ્વરનિદાન, દેશ તથા કાળ તરફ ધ્યાન આપી વૈદ્યો (આમ તથા મળનું) પાચન કરવા માટે ઉકાળેલું ગરમ પાણી તેને આપે છે; કારણ કે હરકોઈ જ્વર આમાશયમાંથી ઉત્પન્ન થાય છે અને આમાશયમાંથી ઉત્પન્ન થતા રોગોમાં પાચન, વમન, અપતર્પણ (લંઘન વગેરે) અને સંશમન ઔષધો હિતકારી થાય છે; એ કારણે જ્વરના રોગીઓને આમ તથા મળનું પાચન કરવા માટે વૈદ્યો, લગભગ ગરમ પાણી જ પીવા માટે આપ્યા કરે છે; કેમ કે એ ગરમ પાણી જ્વરના રોગીએ જો પીધું હોય, તો તેના વાયુનું તે અનુલોમન કરે છે, જઠરના અગ્નિને પ્રદીપ્ત કરે છે અને આમનું તથા દોષનું જલદી પાચન કરે છે. વળી તે ગરમ પાણી કફને સૂકવી નાખે છે અને થોડું પણ જો પીધું હોય તો યે તરશને છિપાવવા તે સમર્થ થાય છે.

વળી तथायुक्तमपि चैतन्नात्यर्थोत्सन्नपित्ते જ્વરે सदाहभ्रमप्रलापातिसारे वा प्रदेयं उष्णेन हि दाहभ्रमप्रलापातिसारा भूयोऽभिवर्धन्ते शीतेनोपशाम्यन्ति ॥ એમ જ્વરવાળાને ગરમ પાણી આપ્યા કરવું તે યોગ્ય જ છે, તોપણ જે જ્વરમાં પિત્તનો વધારો કે પ્રકોપ થયો હોય ત્યારે અને તેથી દાહ, ભ્રમ, પ્રલાપ–બકવાદ તથા અતિસાર–ઝાડા પણ જો સાથે ચાલુ હોય, તો તે ગરમ પાણી આપી શકાય જ નહિ; કારણ કે એ સ્થિતિમાં જો ગરમ પાણી આપ્યું હોય તો તે દાહ, ભ્રમ, પ્રલાપ તથા અતિસાર–ઝાડા એકદમ વધી જાય છે; માટે જ્વરની એ અવસ્થામાં તો શીતળ પાણી જ આપવું જોઈએ, જેથી તે દાહ વગેરે શાંત થાય છે.

પિત્તજ્વર વિના જ ઉષ્ણ ચિકિત્સા કરાય

ऋते पित्तज्वरादुष्णो विधिः सर्वो ज्वरापहः ।
तत्राप्यनुष्णशीतादिरुपचारो विधीयते ॥ ७५ ॥

હરકોઈ ઉષ્ણ ચિકિત્સારૂપ ઉપચાર, પિત્તજ્વર સિવાયના બીજા જ્વરોનો નાશ કરનાર થાય છે; પરંતુ એ ઉષ્ણજ્વર કે પિત્તજ્વરમાં તો અનુષ્ણશીત–એટલે કે જે ચિકિત્સા ઉષ્ણ ન હોય તેમ જ શીત પણ ન હોય, તે–સમશીતોષ્ણ ચિકિત્સારૂપ ઉપચાર જ કરાય છે. ૭૫

ઉપયુક્ત સાત વિષમજ્વરોની ચિકિત્સા કહેવાની પ્રતિજ્ઞા

इति सप्त यथाप्रश्नं निर्दिष्टा विषमज्वराः ।
वक्ष्ये सततकादीनां चिकित्सां शृण्वतः परम् ॥

હે વૃદ્ધજીવક ! તમે જે પ્રમાણે પ્રશ્નો પૂછ્યા હતા, તે પ્રમાણે એ પ્રશ્નોને અનુસરી મેં સાત વિષમજ્વરો ઉપર પ્રમાણે કહી બતાવ્યા છે; હવે તે સતતક આદિ (સાતે) વિષમજ્વરોની ચિકિત્સાને હું કહું છું, તેને તમે સાંભળો. ૭૬

જીર્ણજ્વર લાગુ થાય તે અવસ્થા અને તેમાં કરવાના ઉપચારો

उपक्रमैः परिक्लिष्टं क्षीणधातुबलौजसम् ।
ज्वरः पुराणो रूक्षत्वादनुबध्नाति देहिनम् ॥७७॥

જે જ્વરવાળો માણસ અનેક પ્રકારની જુદી જુદી ચિકિત્સાઓથી સંપૂર્ણ કલેશ પામ્યો હોય, અને જેની ધાતુઓ, બળ તથા ઓજસ ક્ષીણ થયાં હોય તેવા એ-જ્વરિત માણસને રૂક્ષપણાના કારણે જીર્ણજ્વર લાગુ થાય છે. ૭૭

तस्मादस्य बलाधाने प्रयतेत विचक्षणः ।
रम्यैर्विचित्रैराहारैर्हृद्यैः श्रद्धोपपादितैः ॥ ७८ ॥
सुराग्रपानैर्मांसानां वैष्किराणां च भक्षणैः ।
सर्पिषः पञ्चगव्यस्य पयसो लशुनस्य च ॥७९॥

એ કારણે એ જીર્ણજ્વરવાળા માણસમાં બળનું સ્થાપન કરવા વિચક્ષણ-ચતુર વૈદ્યે પ્રયત્ન કર્યા જ કરવો જોઈએ; જેમ કે જાતજાતના સુંદર આહારો આપીને હૃદયને પ્રિય તથા શ્રદ્ધાથી તૈયાર કરી આપેલા તે ખોરાકો ખવડાવીને તેમ જ શ્રેષ્ઠ મદિરાપાન કરાવીને અને વિષ્કિર-(જમીન ખોતરી ખોતરી ખોરાક શોધી ખાતાં) પક્ષીઓનાં માંસનું ભક્ષણ કરાવીને તેમ જ પંચગવ્ય-ઘી, દૂધ, દહીં, છાશ, દહીંનો મઠો અને લસણનો પણ પ્રયોગ કરાવી જીર્ણજ્વરવાળાના શરીરમાં બળનું સ્થાપન કરવા વિદ્વાન વૈદ્યે પ્રયત્ન ચાલુ રાખવો. ૭૮,૭૯

વિષમજ્વરોના ઉપચારો માટે ખાસ સૂચના

उपक्रमेष्वौषधानां प्रयोगैर्विषमज्वरम् ।
दैवतेज्योपहारैश्च धूपनाभ्यञ्जनाञ्जनैः ॥ ८० ॥

વિષમજ્વરને લગતાં જુદાં જુદાં ઔષધોના અનેક પ્રયોગોથી વૈદ્યે વિષમજ્વરના ઉપચારો કર્યા કરવા જોઈએ. તે ઉપરાંત દેવતાઈ યજ્ઞો, ઉપહારો-બલિદાનો, ધૂપનો-ધૂપપ્રદાનો, અભ્યંજન, માલિસો તથા અંજનો દ્વારા પણ વિષમજ્વરના ઉપચારો કરવા.૮૦

વાતપ્રધાન વિષમજ્વરની ચિકિત્સા

वातोत्तरं स्नेहपानैरभ्यङ्गैः सावगाहनैः ।
स्निग्धोष्णैरन्नपानैश्च बलिभिश्चाप्युपक्रमैः ॥८१॥

સ્નેહપાનો કરાવીને અભ્યંગ-તેલમાલિસો વડે, વાતનાશન ક્વાથજ્વરમાં, અવગાહનો-પ્રવેશો કરાવીને, સ્નિગ્ધ અને ઉષ્ણ અન્નપાન-ખોરાકપાણી આપીને, જુદાં જુદાં બલિદાનો તથા બીજી પણ વાતનાશન ચિકિત્સાઓ વડે વૈદ્યે વાતપ્રધાન વિષમજ્વરની ચિકિત્સા કરવી. ૮૧

પિત્તપ્રધાન વિષમજ્વરની ચિકિત્સા

पित्तोत्तरं तिक्तशीतैः शमनैः सविरेचनैः ।
पयसा सर्पिषा चैव शीतैश्चाभ्यञ्जनैर्जयेत् ॥८२

તિક્ત-કડવાં, શીતળ તથા શમન ઔષધો વડે તેમ જ વિરેચનો, દૂધ, ઘી તથા શીતળ અભ્યંજનો-તેલમાલિસો વડે વૈદ્યે પિત્તપ્રધાન જ્વરને જીતવો જોઈએ.૮૨

કફપ્રધાન વિષમજ્વરની ચિકિત્સા

वमनैः पाचनीयैश्च लङ्घनैर्लघुभोजनैः ।
रूक्षोष्णैश्चाप्युपचरेत् कषायैश्च कफोत्तरम् ॥८३

વમનો કરાવીને, પાચનીય ઔષધો આપીને, લંઘનો-ઉપવાસો વડે, લઘુ-હલકાં ભોજનો કરાવીને તેમ જ રૂક્ષ તથા ઉષ્ણ કષાયો-ક્વાથો પાઈને વૈદ્યે કફપ્રધાન વિષમજ્વરના ઉપચારો કરવા. ૮૩

વાત-પિત્તપ્રધાન-દ્વન્દ્વજ વિષમજ્વરની ચિકિત્સા

रोमहर्षोऽङ्गमर्दश्च वातपित्तोत्तरे ज्वरे ।
महाकल्याणकं सर्पिः पञ्चगव्यमथो पिबेत् ॥८४
पीत्वा वा महतीं मात्रां सर्पिषः पुनरुल्लिखेत् ।
तदहर्वा परेद्युर्वा पेयां समरिचां पिबेत् ॥ ८५ ॥

વાતપિત્ત-પ્રધાન-દ્વન્દ્વજ વિષમજ્વરમાં શરીરે રોમાંચ થાય અને અંગમર્દ-શરીરનું ભાંગવું-તોડ થાય-એ વાતપિત્તજ-દ્વન્દ્વજ વિષમજ્વરમાં વૈદ્યે રોગીને મહાકલ્યાણક ઘૃત અને પંચગવ્ય-ગાયનું

ઘી, દૂધ, દહીં, મૂત્ર તથા છાણ–એકત્ર કરી પાવું; અથવા ઘીની મોટી માત્રા પીને ફરી તેનું ઉલ્લેખન–વમન કરી નાખવું; પછી તે જ દિવસે કે બીજા દિવસે નરિયાંથી યુક્ત કરેલી પેયા–રાબ એ રોગીને વેધે પાવી. ૮૪,૮૫

'ચતુર્થક'–વિષમજ્વરની ચિકિત્સા

राजमूलस्य वा क्वाथं पिबेत् प्रज्वरकं हविः ।
क्रितोयं.....मयोगश्चतुर्थकमपोहति ॥ ८६ ॥

ચતુર્થક–વિષમજ્વરના રોગીએ રાજ-મૂલનો ક્વાથ પીવો અથવા ખૂબ તપાવેલું (ઠારેલું) હવિસ–ઘી પીવું. આ ઉત્તમ પ્રયોગ જો કર્યો હોય તો 'ચતુર્થક' નામના વિષમજ્વરને દૂર કરે છે. ૮૬

धारोष्णं वा पयः पीत्वा तद्वमेदिच्छया न वा ।
शीतं वा मधुनाऽशीतं निम्बपत्रोदकं पिबेत् ॥८७

અથવા ચતુર્થક–વિષમજ્વરવાળાએ (ગાયનું તરત દોહેલું) ધારોષ્ણ દૂધ પીવું; પછી ઇચ્છા થાય તો તે દૂધનું વમન કરી નાખવું; અથવા ઇચ્છા ન હોય તો તેનું વમન ન કરવું; અથવા લીંબડાનાં પાનનો ક્વાથ કરી તે શીતળ થાય ત્યારે તેમાં મધ નાખી પીવો. અથવા તે ક્વાથ (મધ વિના જ) ગરમ ગરમ પીવો. ૮૭

सर्पिर्वा माहिषं पीत्वा हिङ्गुस्तोकसमन्वितम् ।
तस्मिन् विदग्ध एवान्नं दध्ना भुञ्जीत केवलम् ॥

અથવા ચતુર્થક જ્વરવાળાએ થોડી હિંગ નાખેલું લસનું ઘી પીવું; પછી તે લગભગ વિદગ્ધ થાય એટલે કે લગભગ અર્ધું પચે ત્યારે તે જ વખતે દહીં સાથે કેવળ કોઈ એક જ ખોરાક જમવો. ૮૮

नीलस्पन्दशिफा वाऽपि सुपिष्टा तण्डुलाम्बुना ।
देया ज्वरतिथा नस्ये मृगराजस्य वा वसा ॥८९

અથવા ચતુર્થક આવવાની તિથિએ અપરાજિતા–કાળી ગરણીનું મૂળ સારી રીતે પીસી નાખી ચોખાના ધોવણ સાથે રોગીને પાઈ દેવું; અથવા તે જ તિથિએ મૃગરાજની–ઉત્તમ હરણની ચરબી નસ્યમાં આપી દેવી.

જીર્ણજ્વરનો નાશ કરનાર ધૂપ

हरीतकी वचा कुष्ठं निम्बपत्रं पलङ्कषा ।
सिद्धार्थका यवाः सर्पिर्धूपो जीर्णज्वरापहः ॥९०

હરડે, વજ, કઠ, લીંબડાનાં પાન, ગૂગળ, સરસવ, જવ તથા ઘી–એટલાં દ્રવ્યોનો જો ધૂપ સૂંઘેો હોય, તો જીર્ણ-જ્વરનો તે નાશ કરે છે. ૯૦

દાહજ્વરને મટાડનાર લેપયોગ

मूलानि सहदेवायाः कटुका रोहिणी वचा ।
तण्डुलोदकपिष्टोऽयं देहो दाहज्वरापहः ॥ ९१ ॥

સહદેવાનાં મૂળિયાં, કટુકા–રોહિણી અને વજ એટલાંને ચોખાના ધોવાણ સાથે પીસી નાખી, તેનો શરીર પર જો લેપ કર્યો હોય તો તે દાહજ્વરનો નાશ કરે છે. ૯૧

ગ્રહજ્વરને મટાડનાર

सुरया सर्वगन्धैश्च तैलमभ्यञ्जनं पचेत् ।
सर्षपा लसुनं हिङ्गु त्रिव्योषं रोचना वचा ॥९२
ऋक्षपित्तं वस्तमूत्रं करञ्जस्य फलानि च ।
ग्रहज्वराभिभूतानां नस्यकर्माञ्जनं हितम् ॥ ९३ ॥

માલિસ, નસ્યકર્મ અને અંજનયોગ મદિરા તથા સર્વગંધનાં ઔષધો સાથે (તલનું) તેલ પકવી તેનું શરીરે અભ્યં-જન એટલે જો માલિસ કર્યું હોય તો ગ્રહજ્વરથી પીડાયેલાઓને તે હિતકારી થાય છે; અથવા સરસવ, લસણ, હિંગ, ત્રિત્રોષ–સૂંઠ, મરી, અને પીપર, ગોરો-ચના, વજ, રીંછનું પિત્ત, બકરાનું મૂત્ર તથા કરંજનાં ફળ–એટલાંને એકી સાથે પીસી નાખી તેનું નસ્યકર્મ કે અંજન કરાય તો તે પણ ગ્રહજ્વરથી પીડાયેલા-ઓને હિતકારી થાય છે. ૯૨,૯૩

અથવા ઉપર્યુક્ત દ્રવ્યોનો પ્રલેપ આટલાંને મટાડે

सन्निपातविबन्धे च व्यालदष्टे च शस्यते ।
अर्शःसु योनिशूले च प्रलेपोऽयमनुत्तमः ॥९४॥

સંનિપાતમાં વિબંધ–મળબંધ કે ઝાડા-ની કબજિયાતમાં સર્પદંશ થયો હોય

ત્યારે અર્શસ રોગમાં અને યોનિશૂળમાં ઉપર્યુક્ત ઔષધદ્રવ્યોનો પ્રલેપ કર્યો હોય તો એ સર્વોત્તમ હોઈ વખણાય છે. ૯૪

જ્વર આવે ત્યારે આ ઉપચારો પણ કામના

भीषणैर्हर्षणैश्चैव विचित्राद्भुतदर्शनैः।
व्याक्षेपं मनसश्चास्य भिषक्कुर्याज्ज्वरागमे ॥९५

માણસને જ્યારે (હરકોઈ) જ્વર આવે ત્યારે વૈદ્યે તે રોગીને ભય પમાડનાર અને હર્ષ પમાડનાર તરેહતરેહના અદ્‌ભુત દેખાવો દ્વારા તે રોગીના મનનો વ્યાક્ષેપ કરવો એટલે કે તેના મનને બીજી બાજુ આકર્ષવું. ૯૫

વિષમજ્વરની ચિકિત્સા

पानं चैतत् प्रदातव्यं स्निग्धस्विन्नस्य देहिनः।
त्रिभण्टीमजगन्धां च नीलिनीं कटुरोहिणीम् ॥
कल्कं वा कटुरोहिण्याः पित्तेद्गोमूत्रसंप्लुतम्।
चिकित्सायां च यत् प्रोक्तं तच्च कुर्याद्विधानवित् ॥

ચિકિત્સાવિધાનને જાણનાર ક્રિયાકુશળ વૈદ્યે વિષમજ્વરના રોગીને પ્રથમ સ્નેહથી સ્નિગ્ધ કરી સ્વેદયુક્ત પણ કરવો; પછી તે રોગીને ત્રિભંટી-નસોતર, અજગન્ધા, અજમો, નીલિની-ગળી. તથા કડુ-એટલાંનો ક્વાથ કરી તે પીવા આપવો. અથવા કડુના કલ્કને ગોમૂત્રમાં મિશ્ર કરી રોગીને તે પાવો; તેમ જ એ સિવાય બીજું પણ ચિકિત્સા ક્રિયા માટે કહેલ છે, તે પણ કરવું. ૯૬,૯૭

इति ह स्माह भगवान् कश्यपः।

એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું.

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં ખિલસ્થાન 'વિષમજ્વર નિર્દેશીય' નામનો અધ્યાય ૧ લો સમાપ્ત

વિશેષ-નિર્દેશીય-અધ્યાય ૨ જો

મંગલાચરણ અને પ્રારંભ

अथातो विशेषनिर्देशीयं नामाध्यायं व्याख्यास्यामः॥
इति ह स्माह भगवान् कश्यपः॥ २ ॥

હવે અહીંથી 'વિશેષનિર્દેશીય' નામના બીજા અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું, એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું. ૧,૨

વૃદ્ધજીવકનો પ્રશ્ન

महर्षिं कश्यपं वृद्धं वेदवेदाङ्गपारगम्।
सुखोपविष्टमव्यग्रमपृच्छद् वृद्धजीवकः ॥ ३ ॥

વેદોના તથા વેદનાં અંગોના પારગામી વૃદ્ધ મહર્ષિ કશ્યપ (એક વેળા) અવ્યગ્ર હોઈ (નિરાંતે) સુખેથી બેઠા હતા, ત્યારે વૃદ્ધજીવકે તેમને આમ પૂછ્યું હતું. ૩

વિષમજ્વર વિષે સવિસ્તર જિજ્ઞાસા

विषमाणां ज्वराणां ते सविकल्पं सविस्तरम्।
यद्यथावच्च यावच्च प्रोक्तं वक्तव्यमादितः ॥ ४ ॥
सामान्येनापि सर्वेषां ज्वराणां विगतज्वर!।
वक्तुमर्हसि कात्स्न्र्येन परिशेषमतः परम् ॥५॥

વિષમજ્વરોના ભેદો સાથે સવિસ્તર જેટલું જે કહેવાનું હતું, તે બધું આદિથી આપે મને જોકે કહ્યું છે, તોપણ સંતાપોથી રહિત થયેલા હે ગુરુદેવ! બધાયે જ્વરોનો સામાન્યપણે આપે નિર્દેશ કર્યો છે, તેથી બીજું-વિશેષ બાકી રહેલું છે તેને આપ-સંપૂર્ણ રીતે કહેવાને યોગ્ય છો. ૩-૫

પ્રજાપતિ કશ્યપનો પ્રત્યુત્તર

इति संचोदितः प्राह प्रजापतिरिदं वचः।
समासाभिहितं यच्च (यच्च) नाभिहितं हितम् ॥६
ज्वरितानां ज्वराणां च भूयो वक्ष्यामि तच्छृणु।
अवस्थालक्षणोद्देशविशेषोपक्रमे क्रमात् ॥ ७॥

એમ વૃદ્ધજીવકે પૂછ્યું હતું, ત્યારે પ્રજાપતિ કશ્યપે આ વચન કહ્યું હતું, જ્વરવાળા લોકોના સંબંધે અને જ્વરોના સંબંધે પહેલાં જે સંક્ષેપમાં કહ્યું છે તથા જે બિલકુલ કહ્યું નથી તે હું ક્રમશઃ અવસ્થા, લક્ષણ, ઉદ્દેશ તથા વિશેષ ચિકિત્સા પણ હું તમને અનુક્રમે કહું છું. તે તું સાંભળ. ૬,૭

જ્વરની અવસ્થા વિરુદ્ધ ઔષધ નુકસાન કરે

भैषज्यमनवस्थायां पथ्यमप्यवचारितम्।
गुणं न किञ्चित् कुरुते दोषायैव तु कल्पते ॥८

જ્વરની જે અવસ્થા હોય તેનાથી વિપ-

રીત અવસ્થાને લગતું જે હિતકારી ઔષધ અપાયું હોય, તો તે પણ એ જ્વરવાળાને કોઈ ગુણ કરતું નથી, પણ દોષ કરનાર કે હાનિકારક જ થાય છે ૮

જ્વરની જે અવસ્થા હોય તેને લગતું જ ઔષધ અમૃતરૂપ થાય; બીજું હાનિ કરે

प्रयुक्तं तदवस्थायाममृतत्वाय कल्पते ।
वाताद्वाह्यादभीघातात् क्रोधाच्छोकाद्भयात् क्षयात्
श्रमाद् ग्रहाभिषङ्गाच्च वेगानां च विधारणात् ।
समुत्पन्ने ज्वरे जन्तोर्वमनं न प्रयोजयेत् ॥ १० ॥
प्रयुक्तं कुरुते क्षिप्रं तीव्रं सोपद्रवं ज्वरम् ।

જ્વરની જે અવસ્થા હોય તેને અનુસરતા ઔષધનો જો પ્રયોગ કર્યો હોય તો તે ઔષધ એ જ્વરવાળાને બરાબર લાગુ થઈને અમૃતરૂપે થાય છે; પણ જે જ્વર વાયુથી બહારના અભિઘાત વગેરે કારણથી ક્રોધ, શોક, ભય, ક્ષય, શ્રમ, તેમ જ ગ્રહના વળગાડથી અને મળ આદિના આવેલા વેગોને રોકવાથી માણસને જે જ્વર ઉત્પન્ન થયો હોય, તેમાં વમનકારક ઔષધનો પ્રયોગ કરાવવો ન જોઈએ; છતાં એવા જ્વરમાં જો વમનઔષધનો પ્રયોગ કર્યો હોય, તો તરત ઉપદ્રવ સહિત તીવ્ર જ્વરને તે કરે છે. ૯,૧૦

સંતર્પણજન્ય જ્વરમાં વમન હિતકારી

पूरणात्तु समुत्पन्ने ज्वरे ह्यामात्रया श्रयेत् ॥११॥
दोषे वृद्धेऽतिमात्रा च समुत्क्लिष्टे तथैव च ।
सन्निपातज्वरभयात्त्वरितं वामयेद्भिषक् ॥ १२ ॥
वामितं लङ्घनाद्येन क्रमेणोपक्रमेत्ततः ।

પરંતુ જે જ્વર પૂરણથી એટલે કે વધુ સંતર્પણો કરવાથી ઉત્પન્ન થયો હોય તેમાં તો અલ્પમાત્રમાં વમનકારી ઔષધનો આશ્રય કરવો જ જોઈએ; છતાં દોષ વધી ગયો હોય અને તેથી સમુત્ક્લિષ્ટ થઈ એટલે બહાર નીકળવા ઉછાળા મારી રહ્યો હોય ત્યારે તો વૈદ્યે રોગીને ખૂબ વધુ પ્રમાણમાં વમનકારી ઔષધ આપીને જલદી વમન કરાવવું જ જોઈએ; નહિ તો સંનિપાત થવાનો ભય રહે છે; એમ તે સંતર્પણજનિત જ્વરમાં રોગીને પ્રથમ વમન કરાવ્યા પછી જ અનુક્રમે લંઘન આદિ ચિકિત્સાક્રમથી ઉપચારો કરવાની શરૂઆત કરવી. ૧૧,૧૨

વિવરણ : આ સંબંધે અષ્ટાંગહૃદયના ચિકિત્સાસ્થાનના ૧ લા અધ્યાયમાં પણ આમ કહ્યું છે કે, 'तत्रोत्क्लिष्टे समुत्क्लिष्टे कफप्राये चले मले । सङ्घ-ल्लासप्रसेकान्नद्वेषकासविसूचिके ॥ सद्योभुक्तस्य सज्जाते ज्वरे सामे विशेषतः । वमनं वमनार्हस्य शस्तम्— જ્યારે કફપ્રાય મળ ઉત્ક્લિષ્ટ થઈ બહાર નીકળવા ઊછળી રહ્યો હોય કે ઉછાળા મારી રહ્યો હોય અને તે સાથે હૃલ્લાસ—મોળ—ઉબકા આવે, કફની લાળો ઝરે, ખોરાક ખાવા તરફ અણગમો થાય. ઉધરસ આવે અને વિસૂચિકા—પેટમાં ચૂંક આવવા લાગે, એવા રોગીને વમનકારી ઔષધ દ્વારા વમન કરાવાય તે ઉત્તમ ગણાય છે; તેમ જ તરતમાં જે માણસ જન્મ્યો હોય અને તેને વિશેષે કરી આમ સહિત જ્વર ઉત્પન્ન થયો હોય ત્યારે પણ તેને વમનકર્મ માટે યોગ્ય ગણી વમન કરાવાય તે ઉત્તમ ગણાય છે. ૧૧,૧૨

ઉપર જણાવેલ અવસ્થાવાળાને વમન કરાવી શિરોવિરેચન પણ કરાવવું

वमनानन्तरं चास्य कुर्याच्छीर्षविरेचनम् ॥ १३ ॥
तथाऽऽशु शिरसः शूलं गौरवं चोपशाम्यति ।
विबन्धश्चक्षुरादीनामरुचिश्च निवर्तते ॥ १४ ॥

(જ્વરની ઉપર્યુક્ત અવસ્થામાં રોગીને) એમ વમન કરાવ્યા પછી તેને શિરોવિરેચન નસ્યકર્મ પણ કરાવવું, જેથી એ રોગીનું મસ્તકનું શૂલ તથા ભારેપણું પણ શાંત થાય છે; મળબંધ—કબજિયાત પણ મટે છે અને (ખોરાક વગેરે ઉપરની) અરુચિ પણ દૂર થાય છે. ૧૩,૧૪

જીર્ણજ્વરમા પણ ઉપર્યુક્ત વિકારો હોય તો એ ચિકિત્સા કરવી

जीर्णज्वरेऽप्यथैतेषु विकारेषु प्रदापयेत् ।
बहुदोषे बलवती मध्यदोषेषु मध्यमा ॥ १५ ॥
अल्पदोषे ज्वरे मृद्वी क्रिया कार्या विजानता ।

જીર્ણજ્વરમાં પણ એ ઉપર્યુક્ત વિકારો જણાય તો યોગ્યમાત્રામાં વમન કર્મ તથા શિરોવિરેચન કર્મ પણ અવશ્ય કરાવવું. દોષો ઘણા હોય તો (ઔષધની) બળવાન માત્રા આપવી. મધ્યમ દોષ હોય તો ઔષધની મધ્યમ માત્રા આપવી અને અલ્પદોષવાળો જ્વર હોય તો વિદ્વાન વૈદ્યે ઔષધની થોડી માત્રા આપવી એઈ એ. ૧૫

બહુદોષ અને અલ્પદોષ જણાય તેનાં લક્ષણો

स्वानि रूपाणि कात्स्न्र्येन यदा व्याधौ विशेषतः॥
तीव्राणि व्यथितत्वं च शरीरस्योपलक्षयेत्।
बहुदोषं तदा विद्यादल्पदोषमतोऽन्यथा॥ १७॥
तथा मध्यबलेष्वेषु मध्यदोषं विभावयेत्।

હરકોઈ વ્યાધિ કે રોગમાં તેનાં તીવ્ર લક્ષણો વિશેષે કરી જણાય અને શરીર પીડાથી યુક્ત જણાય ત્યારે તેમાં ઘણા દોષો એકત્ર થયા છે, એમ વૈદ્યે જાણવું; અને તેથી જો ઊલટું જણાય એટલે જે વ્યાધિ હોય તેનાં ઓછાં તીવ્ર લક્ષણો તથા પીડા પણ ઓછી હોય તો તેમાં થોડા દોષો એકઠા મળ્યા છે એમ વૈદ્યે જાણવું; તેમ જ જે વ્યાધિનાં લક્ષણો મધ્યમ બળવાળાં તથા મધ્યમ વ્યથાવાળાં જણાય તો તેમાં દોષો મધ્યમપણે એકત્ર મળ્યા છે એમ જાણવું. ૧૬,૧૭

આમજ્વરનાં લક્ષણો

विबन्धारुचितृण्मूर्च्छा गात्रभेदः शिरोरुजा॥१८
प्रलापालस्यहृल्लासतन्द्रीदाहश्रमभ्रमाः।
मूत्रप्रचुरता ग्लानिः पुरीषस्याविपक्वता॥ १९॥
उत्क्लेशो गुरुकोष्ठत्वं लिङ्गान्यामज्वरे वदेत्।

જ્યારે વિબંધ-મળબંધ કે મળમૂત્રની કબજિયાત, અરુચિ, તૃષા-તરશ, મૂર્છા, શરીરના અવયવોમાં ભેદ-ત્રોડ, મસ્તકમાં પીડા, પ્રલાપ-બકવાદ, આળસ, હૃલ્લાસ-મોળ-ઉબકા, નિદ્રા જેવું ઘેન, દાહ, શ્રમ, થાક, વારંવાર મૂત્ર કરવું પડે, ગ્લાનિ-હર્ષક્ષય કે કંટાળો, વિષ્ઠાની અપક્વતા એટલે બરાબર પચીને કે પાકીને ઝાડો ન આવે, ઉત્કલેશ કે દોષોની ઊર્ધ્વગતિ થઈને બહાર નીકળવાને દોષો ઉછાળા માર્યા કરે અને પેટનો કોઠો ભારે થઈ જાય-એ બધાં લક્ષણો આમજ્વરમાં હોય એમ વૈદ્યે કહેવું. ૧૮,૧૯

નિરામજ્વરનાં લક્ષણો

निवृत्तौ प्रायशश्चैषां संजाते ज्वरमार्दवे॥ २०॥
लघुत्वं चाष्टरात्रे च निरामज्वरमादिशेत्।

ઉપર જણાવેલ આમજ્વરનાં લક્ષણો જ્યારથી લગભગ દૂર થાય અને જ્વરમાં માર્દવ-ઓછાપણું થાય તેમ જ શરીર હલકું જણાય ત્યારે બરાબર આઠ દિવસે જ્વરને નિરામ થયેલો વૈદ્યે જાહેર કરવો. ૨૦

વિવરણ: આ સંબંધે ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૩જા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'क्षुत्क्षामता लघुत्वं च गात्राणां ज्वरमार्दवम्। दोषप्रवृत्तिरष्टाहो निरामज्वरलक्षणम्॥-જ્વરના આઠ દિવસો વીતે ત્યારે ભૂખથી કૃશપણું, શરીરના અવયવોની હલકાઈ, જ્વરનું માર્દવ-ઓછાપણું અને દોષોની પ્રવૃત્તિ એટલે કે પોતપોતાના યોગ્ય કામે લાગી જવું થાય ત્યારે તે બધાંને નિરામજ્વરનાં લક્ષણો કહેવાં એટલે કે હવે જ્વર આમથી રહિત થયો છે એમ વૈદ્યે જાહેર કરવું.' વળી બીજા પણ આયુર્વેદ ગ્રંથમાં આ સંબંધે આમ કહ્યું છે કે, 'सप्ताहेनैव पच्यन्ते सप्तधातुगता मलाः। निरामश्चाप्यतः प्रोक्तो ज्वरः प्रायोऽष्टमेऽहनि॥' સાતે ધાતુઓ સુધી પહોંચેલા મળો જ્વરના સાત દિવસો પૂરા થાય ત્યારે જ પાકે છે એ કારણે આયુર્વેદમાં જ્વરને આઠમા દિવસે લગભગ નિરામ કે આમરહિત થયેલો કહેલ છે. ઉપર દર્શાવેલી જ્વરની મુદત ઉપલક્ષણરૂપ છે એટલે કે આઠમા દિવસે જ્વર નિરામ થાય છે એમ જે ઉપર કહેલ છે તે ચોક્કસપણે કહેલ નથી; તેથી આમ પણ બને છે કે, જ્વરના આઠ દિવસો થયા પહેલાં કે આઠ દિવસો વીત્યા પછી પણ અમુક દિવસે જ્વરની નિરામ અવસ્થા થતી દેખાય છે અને તેથી જ

આયુર્વેદના અમુક ગ્રંથોમાં આમ પણ કહ્યું છે કે, 'न च निःसप्ततैवैका निरामज्वरलक्षणम्। चिरादपि हि पच्यन्ते संनिपातज्वरे मलाः॥ सप्तरात्रातिवृद्धिश्च श्लामतादिस्वलक्षणम्। तस्मादेतद् द्वयं दृष्ट्वा निरामज्वरमादिशेत्॥'–હરકોઈ જ્વરને સાત દિવસો વીતે એટલે તે એક જ તે જ્વરના નિરામપણાનું લક્ષણ છે, એમ ન જાણવું; કારણ કે સાત દિવસો વીતી જાય અને તેની ઉપર પણ લાંબો કાળ જાય ત્યારે પણ સંનિપાતજ્વરમાં (લગભગ ૨૧ દિવસે પણ) મળો પાકે છે. એ ઉપરથી આમ જ કહી શકાય કે સાત દિવસો ઉપર વધુ દિવસોની વૃદ્ધિ પણ આમથી યુક્તપણારૂપી જ્વરનું લક્ષણ કહી શકાય છે. એમ એકંદર એ બેય એટલે કે સાત દિવસોની ઉપરનો કાળ અને સાત દિવસોથી વધારે પણ કાળ જોઈને એ બેયને નિરામજ્વરના લક્ષણરૂપે દર્શાવી શકાય છે. એકંદર અહીં મૂળ ગ્રંથમાં જ્વરના આઠમા દિવસે તેને નિરામ થયેલો સમજવો એમ જે કહ્યું છે તેમાં આમ જણાવવા માગે છે કે, એ સમયે જ્વરવાળા માણસને જ્વરનું મુખ્ય ઔષધ આપી શકાય છે; પરંતુ જો આઠમો દિવસ વીતી જાય છતાં તે જ્વરવાળામાં ભૂખ લાગવી વગેરે લક્ષણો જો ન જણાય તો મુખ્ય ઔષધ તેને ન આપવું, પણ દોષોનું પાચન કરે તેવાં જ ઔષધો આપી શકાય છે; છતાં આઠમા દિવસે જ ભૂખ લાગવી વગેરે લક્ષણો જો દેખાય તો એ જ્વરવાળાને શમન ઔષધ આપી શકાય છે; વળી જો આઠમા દિવસની પહેલાં પણ દોષોનું પાચન થયેલું જો જણાય તો એ સ્થિતિમાં તે જ્વરવાળાને જ્વરનું મુખ્ય ઔષધ આપી શકાય છે. કારણ કે દોષોનું પાકવું–એ જ જ્વરમાં મુખ્ય ધ્યેય હોય છે. અહીં આઠમા દિવસે નિરામ જ્વરનું લક્ષણ જણાવવું એમ જે કહ્યું છે તે તો સામાન્યરૂપે જ કહેલ છે; એ જ અભિપ્રાયને અહીં સુશ્રુતમાં કહ્યું છે કે– 'अचिरज्वरितस्यापि देयं स्यादोषपाकतः॥' જેનો જ્વર ચિરકાલનો ન થયો હોય તેવા માણસને પણ તેના દોષપાકને અનુસરી મુખ્ય ઔષધ આપી શકાય છે. ૨૦

બહિર્માર્ગગત જ્વરનાં લક્ષણો

आपातलक्ष्यः स्यादूष्मा तत्क्षणादेति मार्दवम्॥
अन्तर्लघुत्वमुत्साहो दोषपक्तिः प्रसन्नता।
तृष्णादीनां मृदुत्वं च बहिर्मार्गगते ज्वरे॥ २२॥
तत्राभ्यङ्गान् प्रदेहांश्च परिषेकांश्च कारयेत्।

જે માણસનો જ્વર બહિર્માર્ગમાં જઈ ચૂક્યો હોય એટલે કે જે જ્વરનો વેગ, બહિર્માર્ગે પ્રાપ્ત થઈ ગયો હોય, તે જ્વરમાં ઉપલક જણાતી ઉષ્ણતા તે જ ક્ષણે માર્દવને પ્રાપ્ત થાય છે. શરીરના અંદરના ભાગમાં હલકાશ, ઉત્સાહ, દોષોનું પાકવું, પ્રસન્નતા અને તરશ વગેરે પણ ઓછા થઈ જાય છે. એ અવસ્થામાં તે જ્વરના રોગીને અભ્યંગો–તેલમાલિસો, પ્રદેહો–લેપો ખરડ તથા (ગરમાગરમ જ્વરનાશન ક્વાથોનાં) સિંચનો પણ કરાવવાં. ૨૧,૨૨

જ્વરવાળો માણસ ઔષધદુર્બળ ક્યારે થાય?

अविपक्वा विपक्वा वा दोषा यस्य न निर्हृताः॥
न च व्याधेरुपशमो न चोत्साहो न लाघवम्।
ग्लानिकार्श्ये न चात्यर्थं न च च्छन्दोऽशनं प्रति॥
अप्रकृष्टे (प्रकृष्टे) वा स काले दोषदुर्बलः।
अतो विपर्ययाद्देही भवेदौषधदुर्बलः॥ २५॥

જ્વરયુક્ત જે માણસના અવિપક્વ–કાચા કે વિપક્વ–વિશેષ પાકી ગયેલા દોષો બહાર નીકળી ગયા ન હોય, વ્યાધિની શાંતિ ન થઈ હોય, રોગીમાં ઉત્સાહ કે લાઘવ–એટલે શરીરમાં હલકાપણું પણ થયું ન હોય, શરીરમાં ગ્લાનિ કે કૃશપણું થયેલ ન હોય, તેમ જ ભોજન તરફ રુચિ ઉત્પન્ન થઈ ન હોય, તે માણસના જ્વરનો ઘણો ઓછો સમય થયો હોય કે ઘણો જ વધુ સમય વીતી ગયો હોય, તોય (અંદરના) દોષોના કારણે તે માણસ દુર્બળ થયેલ હોય છે; પરંતુ એથી જો ઊલટી અવસ્થા થઈ હોય તો તે જ્વરવાળો રોગી ઔષધના કારણે દુર્બલ થયેલો હોય એમ જાણવું. ૨૩–૨૫

દોષદુર્બલના ઉપચારો

पाचनैरविपक्वानां दोषाणां दोषदुर्बले ।
सम्यक्कुर्यादुपशमं पक्वानां च विरेचनैः ॥ २६ ॥
इतरस्यामयावेक्षं बलाप्यायनमिष्यते ।
समुदीर्णेषु सहसा दोषेष्वभिनवेषु च ॥ २७ ॥

જે માણસ દોષદુર્બલ હોય–એટલે કે જેનામાં (વાતાદિ) દોષો, ઓછા બળવાળા થયા હોય (જેથી બરાબર કામ કરતા ન હોય), ત્યારે તે માણસને તેનામાં રહેલા અપક્વ દોષોને પાચન–ઔષધો દ્વારા પકવવા જોઈએ; અને તેનામાં જે દોષો પક્વ હોય, તેઓને વિરેચનો દ્વારા બહાર કાઢી નાખવા જોઈએ; તેમ જ રોગ તરફ દૃષ્ટિ રાખીને બીજા જે દુર્બળ દોષો હોય તેઓના બળમાં (તેને અનુસરતાં ઔષધ દ્વારા) પુષ્ટિ કરવી ઇષ્ટ ગણાય છે; જેમ કે એકદમ વધી ગયેલા દોષોમાં તથા અભિનવ–નવા દોષોમાં પણ યથાયોગ્ય ઉપચારો કરી બલવૃદ્ધિ કરવી. ૨૬,૨૭

દુર્બલમાં કષાય પ્રયોગ ન કરાય

बलवद् दुर्बले वाऽपि कषायं वाऽपि भेषजम् ।
संरक्षन् धर्मयशसी न प्रयुञ्ज्यात् कदाचन ॥२८

જે વૈદ્ય ધર્મ તથા યશની રક્ષા કરવા તત્પર રહેતો હોય, તેણે દુર્બળ રોગી વિષે બળવાન ક્વાથરૂપ ઔષધનો કદી પ્રયોગ કરવો નહિ. ૨૮

વિવરણ : આ સંબંધે ચરકે ચિકિત્સાસ્થાનના ૩ જા અધ્યાયમાં આમ જણાવ્યું છે કે– 'स्तभ्यन्ते न विपच्यन्ते कुर्वन्ति विषमज्वरम् । दोषा बद्धाः कषायेण स्तम्भित्वात् तरुणे ज्वरे ।। '–તરુણ–નવા જ્વરમાં કષાયનો પ્રયોગ કર્યાથી સ્તંભન થવાના કારણે દોષો બંધાઈ જાય છે; તેથી એ દોષો સ્તબ્ધ થઈ એની એ જ સ્થિતિમાં રહ્યા કરે છે પણ પાકતા નથી, અને તેથી એ અપક્વ દોષો વિષમજ્વરને (અમુક મુદત સુધી ચઢતા-ચડ-ઊતર ટાઇફોઇડ તાવને) કરે છે. અર્થાત્ કષાય-તૂરો રસ જેમાં મુખ્ય હોય છે એવાં ઔષધદ્રવ્યોથી યુક્ત એવો સ્તંભક ક્વાથ નવા તાવમાં જો અપાય તો કોઠાની અંદરના કાચા દોષો જ્યાં હોય ત્યાં એની એ જ સ્થિતિમાં સજ્જડ થઈ રહે છે, પણ તેઓનું પાચન થતું નથી. ૨૮

દોષ અને ઔષધનો ક્ષોભ અસહ્ય થાય

यथा शरत्सु महतोः क्रुद्धयोरभिषक्तयोः ।
न धत्ते दुर्बला वेगं हस्तिनोरग्रवारणी ॥ २९ ॥
तथा बलं बलवतोस्तद्दोषौषधयोर्द्वयोः ।
संक्षुब्धयोर्न सहते संतप्ता देहिनस्ततः ॥ ३० ॥

જેમ શરદૃઋતુમાં ક્રોધ પામીને સામસામા યુદ્ધે ચડેલા બે બળવાન હાથીઓના વેગને દુર્બળ હાથણી સહન કરી શકતી નથી, તેમ બળવાન દોષો તથા ઔષધો સામસામાં અત્યંત ક્ષોભ પામ્યાં હોય, તે બેયનાં બળને (જ્વરથી) સંતાપ પામેલાં પ્રાણીઓ સહન કરી શકતાં નથી. ૨૯,૩૦×

કષાયથી દોષો બળભળી ઊઠે છે

पुष्णाति दुर्बलं दोषाः कषायः स्तम्भयत्यतः ।
भूयोऽभिवृद्धास्ते प्राणान्निघ्नन्त्याशु शरीरिणः ॥
कषायेणाकुलीभूताश्चिरं संक्लेशयन्ति वा ।

દોષો દુર્બલ રોગીને પોષે છે અને કષાય તે દોષોને થંભાવી દે છે એ કારણે ફરી વધુ પ્રમાણમાં વધી જઈ ને તે દોષો દુર્બલ રોગીના પ્રાણનો તરત જ નાશ કરે છે; અથવા કષાયના પ્રયોગથી આકુળ–વ્યાકુળ થઈ બળભળી ઊઠેલા દોષો, દુર્બલ

× આ ૨૯-૩૦ શ્લોકો પર આ ટિપ્પણ મળે છે : शरदि मदेन न मिथो व्यतिषक्तयोः क्रुद्धयोर्हस्तिनोर्वेगं दुर्बला हस्तिनी न सहते तथैव बलवतोर्दोषौषधयोर्वेगं पीडिता देहिनः सोढुं न शक्नुवन्ति, तेन दोषवृद्ध्यवस्थायां दुर्बले रोगिणि प्रबलं कषायमपि न प्रयुञ्जीतेत्यर्थः ।–શરદૃઋતુમાં મદથી છકી જઈ ક્રોધાતુર થયેલા બે હાથીઓ લડતા હોય ત્યારે તેઓના વેગને દુર્બળ હાથણી જેમ સહન કરી શકતી નથી, તેમ બળવાન દોષ તથા બળવાન ઔષધના વેગને દુર્બળ રોગી સહન કરી શકતા નથી; માટે દોષની વૃદ્ધિની અવસ્થામાં પ્રબળ એવા કષાયનો પ્રયોગ ન જ કરવો.

માણસને લાંબા કાળ સુધી હેરાન કરે છે (આ કારણે દુર્બલને કષાય ન પાવો.) ૩૧

વિવરણ : ચરકે પણ આ અભિપ્રાય આમ દર્શાવ્યો છે કે–' न कषायं प्रयुञ्जीत नराणां तरुणे ज्वरे। कषायेणाकुलीभूता दोषा जेतुं सुदुष्कराः ॥ '–માણસનો જ્વર તરુણ–નવો હોય તે સ્થિતિમાં તેઓને કષાયનો પ્રયોગ ન કરાવવો; કારણ કે કષાયથી આકુળવ્યાકુળ થઈ ખળભળી ઊઠેલા દોષોને કાબૂમાં લેવા અત્યંત મુશ્કેલ બને છે. ૩૧

દોષોનો વેગ ભાંગે તે પછી જ જ્વરમાં ઔષધ દેવાય

भग्नवेगेषु दोषेषु विधिना लङ्घनादिना ॥ ३२ ॥
काले प्रयुक्तं भैषज्यं स्याद्विकारोपशान्तये ।

(તરુણજ્વરમાં) વિધિથી લંઘન આદિ કરાવ્યાથી દોષોનો વેગ ભાંગી પડે, ત્યારે યોગ્ય સમયે ઔષધનો જે પ્રયોગ કરાવ્યો હોય, તે ઔષધપ્રયોગ રોગીના વિકારોની શાંતિ કરનાર થાય છે. ૩૨

જ્વરનાશન લંઘનાદિક્રમ

लङ्घनं स्वेदनं पेया त्रिविधा दीपनान्विता ।
मोदनस्त्रिविधो यूषः कषायस्त्रिविधो रसः ॥ ३३ ॥
सर्पिरभ्यञ्जनं बस्तिः प्रदेहः सावगाहनः ।
ज्वरापहः समुद्दिष्टो लङ्घनादिरयं क्रमः ॥ ३४ ॥

(જ્વરમાં પ્રથમ તો) લંઘન–ઉપવાસ, પછી સ્વેદન, તે પછી ત્રણ પ્રકારની દીપન પેયા, ભાત, પછી ત્રણ પ્રકારનો યૂષ, તે પછી ત્રણ પ્રકારનો કષાય રસ, ઘી, માલિસ, બસ્તિ, પ્રદેહ–લેપ–ખરડ તથા છેલ્લું અવગાહન–એ જ્વરનાશન લંઘનાદિ ક્રમ (આયુર્વેદમાં) દર્શાવ્યો છે. ૩૩,૩૪

સાત ધાતુઓમાં ગયેલા દોષો સાત દિવસે પાકે

पच्यन्ते सप्तरात्रेण दोषाः सप्तसु धातुषु ।
तस्मात् कषायं सप्ताहे पाचनीयं विधापयेत् ॥ ३५
शमनं स्रंसनीयं वा यथावस्थमतः परम् ।

(જ્વરમાં) જે દોષો સાતે ધાતુઓમાં પહોંચી ગયા હોય, તેઓ સાત દિવસે પાકે છે, એ કારણે વૈદ્યે જ્વરના સાતમા દિવસે જ્વરના પાચનમાં હિતકારી–પાચનીય કષાય કરાવવો જોઈએ; અથવા શમન કે સ્રંસનીય કષાય તે રોગી માટે તૈયાર કરાવવો અને તે પછી જ્વરની અવસ્થા અનુસાર ઉપચારો કરવા. ૩૫

વિવરણ : અહીં 'જ્વરના સાતમા દિવસે' એ વાક્યનો આવો ભાવ સમજવો જોઈએ કે, પૂરા સાત દિવસો વીત્યા પછી આઠમા દિવસે જ અપક્વ આહારરસ તથા દોષોને પકાવવામાં હિતકર કષાય પાઈ શકાય છે. આ જ અભિપ્રાય ચરકે ચિકિત્સાસ્થાનના ૩ જા અધ્યાયમાં આમ કહ્યો છે–' पाचनं शमनीयं वा कषायं पाययेत्तु तम् । ज्वरितं षडहेऽतीते लघ्वन्नप्रतिभोजितम् ॥ '–જ્વરવાળા માણસને તેના જ્વરના પૂરા છ દિવસો વીતી જાય ત્યારે (સાતમા દિવસે) પ્રથમ તેને હલકો ખોરાક જમાડી (આઠમા દિવસે) પાચન કે શમનીય કષાય પાવો જોઈએ. એકંદર જ્વરની તરુણ અવસ્થા વીત્યા પછી રોગીને કષાયપાન કરાવી શકાય છે અને જ્વરની તરુણ અવસ્થા લગભગ સાત દિવસો સુધીની કહી છે અર્થાત્ જ્વરના આરંભના દિવસને ગણીને સાતમો દિવસ વીતે એટલે આઠમા દિવસે જ્વરની તરુણ અવસ્થા મટેલી કહેવાય છે. આમ સમજાય તો જ આ કાશ્યપસંહિતા તથા ચરકસંહિતાનો પરસ્પરનો વિરોધ ન રહે. વળી કહ્યું પણ છે કે, ' आसप्तरात्रं तरुणं ज्वरमाहुर्मनीषिणः '–વિદ્વાન વૈદ્યો જ્વરના પૂરા સાત દિવસો સુધીની જ્વરની તરુણ અવસ્થા કહે છે. આ જ આશયથી આ સંહિતાના ખિલસ્થાનના સાતમા અધ્યાયમાં જ્વરના સાત દિવસો વીત્યા પછી જ દોષોનો પાક થઈ જતાં જ્વરની નિરામ અવસ્થા જણાવી છે; એટલે કે આઠમા દિવસે જ્વર નિરામ થાય છે; જેમ કે–' लघुर्त्वं चाष्टरात्रे च निरामज्वरमादिशेत् '–જ્વરના આઠમા દિવસે શરીરમાં હલકાશ જણાય ત્યારે જ્વરને નિરામ થયેલો કહી શકાય છે. આ કારણે જ અહીં આમ કહે છે કે, તરુણ જ્વરમાં તેનો આઠમો દિવસ થાય ત્યારે જ તેની તરુણાવસ્થા

દૂર થાય તે કેવળ પાચનીય કષાયરૂપ મુખ્ય ઔષધ તે રોગીને વેધે આપવું અને તે પછી જ્વરની અવસ્થા અનુસાર શમન તથા સ્તંસનીય કષાયનો પ્રયોગ કરાવવો. ૩૫

કફજ્વરમાં વિશેષ સૂચન

मन्दोष्मत्वात् स्थिरत्वाच्च गुरुत्वाच्च कफज्वरः ॥३६
परिपाकं चिरादेति तस्मादस्यौषधक्रमः ।
सप्ताहात् परतो वाऽपि यथापाकं विधीयते ॥ ३७ ॥

કફના પ્રકોપથી ઉત્પન્ન થયેલા જ્વરમાં ઉષ્ણતા ઓછી હોય છે, વળી તેમાં સ્થિરપણું હોય છે અને ભારેપણું પણ હોય છે, તેથી એ કફજ્વર લાંબાકાળે પાકે છે, અને તે જ કારણે તેમાં આઠ દિવસો પછી અથવા તેથી પણ વધુ મુદત (૧૨ દિવસો વગેરે) વીત્યા પછી દોષના પાક અનુસાર (મુખ્ય વગેરે) ઔષધક્રમ કરાય છે.

કફજ્વર સંબંધે જ વધુ દિગ્દર્શન

पक्वावशेषस्तेनाशु पच्यतेऽग्निश्च दीप्यते ।
दोषपक्त्याऽग्निदीप्त्या च ज्वरस्यापचयो ध्रुवम् ॥३८

ઉપર્યુક્ત કફજ્વરમાં જે દોષ પાકતાં પાકતાં બાકી રહી ગયા હોય, તે જલદી પચે છે અને તેથી જ એ જ્વરવાળાનો જઠરાગ્નિ પણ તરત જ પ્રદીપ્ત થાય છે; એમ દોષપાક થઈ જાય અને જઠરાગ્નિ પણ દીપન થઈ જાય, તે કારણે જ્વરનો હ્રાસ પણ અવશ્ય થઈ જાય છે. ૩૮

કફજ્વરમાં રસપ્રયોગ તથા સંશમન ઔષધ ક્યારે ?

तद्युक्तस्नेहसंस्कारान् रसानत्रावचारयेत् ।
ततः संशमनं कुर्याद्व्याधिशेषोपशान्तये ॥ ३९ ॥

તે પછી એ કફજ્વરમાં બાકીના વ્યાધિને શમાવવા માટે યોગ્ય સ્નેહસંસ્કારોનો તથા રસોનો પણ પ્રયોગ કરી શકાય છે; અને તે પછી સંશમન ઔષધનો પ્રયોગ પણ કરી શકાય છે. ૩૯

કફજ્વરમાં કફ ઓછો થયા પછી ઘી અપાય

प्रसादनार्थं धातूनां बलस्याप्यायनाय च ।
देशदोषाग्निसात्म्यर्तुयुक्तं चात्र प्रशोषणम् ॥४०॥
त्र्यहं चतुरहं वाऽपि नातिमात्रमतः परम् ।
रूक्षत्वाज्ज्वर्यमाणाय देयं सर्पिर्ज्वरापहम् ॥४१॥
ज्वरितोऽनेन निर्वाति प्रदीप्तं चाम्बुना गृहम् ।

કફજ્વરમાં ધાતુઓની પ્રસન્નતા માટે અને બળની પુષ્ટિ થાય તે માટે ત્રણ કે ચાર દિવસ પણ દેશ, દોષ, જઠરાગ્નિ, સાત્મ્ય તથા ઋતુથી યુક્ત પ્રશોષણ-લંઘન અવશ્ય કરવું; પરંતુ એથી વધુ પ્રશોષણ ન કરવું; પછી એ જ્વરવાળામાં રૂક્ષપણું થઈ જાય તે કારણે (એ રૂક્ષતાને દૂર કરવા માટે એ જ્વરને નાશ કરનાર એવું ઘી તે રોગીને અવશ્ય આપવું. જેથી સળગી રહેલું ઘર જેમ પાણીથી શાંત થાય છે, તેમ એ જ્વરવાળો રોગી પણ શાંતિ પામે છે.૪૦,૪૧

વિવરણ : આ સંબંધે ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૩જા અધ્યાયમાં આમ જણાવ્યું છે કે- अत ऊर्ध्वं कफे मन्दे वातपित्तोत्तरे ज्वरे। परिपक्वेषु दोषेषु सर्पिष्मानं यथाऽमृतम् ॥ કફજ્વરમાં અમુક દિવસો સુધી પ્રશોષણ કે લંઘનાદિથી કર્ષણ થઈ જાય તે પછી કફ ઓછો થાય અને જ્વર વાતપિત્તની અધિકતાવાળો થઈ જાય તેમ જ દોષો પરિપક્વ થઈ જાય તે વખતે રોગીને ઘી પાવામાં આવે તે અમૃત જેવું ગુણકારક થાય છે. ૪૦,૪૧

ઘીનું પ્રાસંગિક ગુણવર્ણન

सर्पिः पित्तं शमयति शैत्यात् स्नेहाच्च मारुतम् ॥ ४२
समानगुणमप्येतत् संस्काराज्जीयते कफम् ।

ઘીમાં શીતળપણું છે, તેથી પિત્તને તે શમાવે છે. સ્નેહગુણ-ચીકાશને લીધે તેમ જ 'શીતળતાથી' પણ વાયુને તે શમાવે છે; અને તે ઘી જોકે કફના જેવા જ ગુણવાળું છે, તોપણ સંસ્કાર દ્વારા તે કફને પણ જીતે છે. ૪૨

વિવરણ : આ સંબંધે પણ ચરકે નિદાનસ્થાનના ૧લા અધ્યાયમાં આમ કહ્યું છે કે : જીર્ણજ્વરેષુ તુ સર્વેષ્વેવ સર્પિષઃ પાનં પ્રશસ્યતે યથાસ્વૌષધસિદ્ધસ્ય, સર્પિર્હિ સ્નેહાદ્વાતં શમયતિ સંસ્કારાત્કફં, શૈત્યાત્પિત્તમૂષ્માણં ચ । સ્નેહાદ્વાતં શમયતિ શૈત્યાત્પિત્તં નિયચ્છતિ । ઘૃતં તુલ્યગુણં દોષં સંસ્કારાત્તુ જયેત્કફમ્ ॥ અર્થાત્ જીર્ણજ્વરોમાં તો ઘી પીવાય તે અત્યંત વખણાય છે, પરંતુ એ ઘી પોતાને અનુસરતાં ઔષધદ્રવ્યો નાખ્યા પકવેલું હોવું જોઈએ. ઘી સ્નેહગુણના કારણે વાયુને અવશ્ય શમાવે છે; સંસ્કાર દ્વારા કફને પણ શાંત કરે છે અને શીતળતાને લીધે પિત્તને પણ કાબૂમાં લે છે–પિત્તને પણ ઠાવી દે છે. આ જ આશય આ એક જ શ્લોકમાં ત્યાં ચરક જણાવે છે કે, સ્નેહગુણના કારણે ઘી વાયુને અવશ્ય શમાવે છે; તેમ જ શીતળતાના કારણે ઘી પિત્તને દાબી દે છે અને કફનો તથા ઘીનો ગુણ જોકે સમાન છે, તોપણ સંસ્કારથી તો એ ઘી કફને પણ જીતે છે.૪૨

જ્વરની આ અવસ્થામાં તો વિરેચન જ દેવું
મથ ચેદ્બહુદોષત્વાત્ કૃતેઽપિ શમને સતિ ॥ ૪૩॥
પક્વાશયગુરુત્વં ચ સ્તિમિતત્વં ચ લક્ષ્યતે ।
સ્વેદો વિણ્મૂત્રરાગશ્ચ ભક્તસ્યાનભિનન્દનમ્ ॥ ૪૪ ॥
સ્નિગ્ધાય ક્ષામદેહાય દદ્યાત્તત્ર વિરેચનમ્ ।

કોઈ જ્વરમાં દોષો ઘણા હોય તેથી શમન કરાયું હોય, તોપણ પક્વાશયમાં ભારેપણું જણાય અને તે પક્વાશય જાણે કે ભીના કપડાથી જાણે લપેટ્યું હોય તેવું જણાય, શરીર પર પરસેવો આવ્યા કરે, વિષ્ઠા અને મૂત્રમાં જો રતાશ થઈ જાય અને ખોરાક તરફ અણગમો થાય, તો એ અવસ્થામાં ક્ષીણ શરીરવાળા એ જ્વરવાળાને પ્રથમ સ્નેહથી સ્નિગ્ધ કરીને વિરેચન ઔષધ આપવું. ૪૩,૪૪

વળી જ્વરમાં નિરુહ આદિ કયારે ?

શૂલે પક્વાશયગતે પાર્શ્વપૃષ્ઠકટિગ્રહે ॥ ૪૫ ॥
વાતવિણ્મૂત્રસઙ્ગે ચ નિરૂહઃ સાનુવાસનઃ ।
બહિર્માર્ગગતે ચાપિ જ્વરેઽભ્યઙ્ગાદિરિષ્યતે ॥ ૪૬ ॥

જે કાળે પક્વાશયમાં શૂલ નીકળવા માંડે, પડખાં, પીઠ તથા કેડ ઝલાઈ જાય અને વિષ્ઠા તથા મૂત્રની જો રુકાવટ થાય, તો તે સ્થિતિમાં જ્વરવાળાને અનુવાસન તથા નિરૂહબસ્તિ આપવી જોઈએ; તેમ જ જ્વરનો વેગ જો બહારના માર્ગે ગયેલ હોય તે વેળા તો એ જ્વરવાળાને અભ્યંગ–તેલમાલિસ વગેરે જે કરાય તે ઇષ્ટ ગણાય છે. ૪૫,૪૬

જ્વરોની દુઃસાધ્યતા તથા સુખસાધ્યતા કયારે?

નરસ્ય વાતપ્રકૃતેર્યદિ સ્યાદ્વાતિકો જ્વરઃ ।
ઋતૌ ચ વાતપ્રકૃતૌ સ દુઃસાધ્યસ્ત્રિસંકરઃ ॥ ૪૭ ॥
તથૈવ પિત્તપ્રકૃતેઃ શ્લૈષ્મિકસ્ય ચ દેહિનઃ ।
વિપરીતપ્રકૃતયઃ સુખસાધ્યા જ્વરાદયઃ ॥ ૪૮ ॥

કોઈ માણસ વાતપ્રધાન પ્રકૃતિવાળો હોય અને તેને વાતપ્રધાન પ્રકૃતિવાળી ઋતુમાં જો વાતદોષ પ્રધાનજ્વર આવ્યો હોય, તો એ ત્રણેનો સંકર થાય ત્યારે તેવી મિશ્રતાવાળો એ જ્વર દુઃસાધ્ય થાય છે. તે જ પ્રમાણે કોઈ માણસ પિત્તપ્રધાન પ્રકૃતિવાળો હોય અને તેને પિત્તદોષપ્રધાન ઋતુમાં જો પિત્તની અધિકતાવાળો જ્વર આવે તો એ ત્રણનું મિશ્રપણું પણ તે પૈત્તિક જ્વરને દુઃસાધ્ય બનાવે છે; અને તે જ પ્રમાણે, કોઈ માણસ કફપ્રધાન પ્રકૃતિવાળો હોય અને તેને કફ પ્રધાન ઋતુમાં જો કફપ્રધાન જ્વર આવે, તો એ ત્રણેનો સંકર થતાં એ સંકરતાયુક્ત ત્રણ પ્રકારના જ્વરો બરોબર દુઃસાધ્ય જ બને છે; પરંતુ એથી જો વિપરીત પ્રકૃતિવાળા જ્વરાદિ રોગો હોય (કે જેમાં ઉપર જણાવ્યા પ્રમાણેની ત્રિસંકરતા ન હોય, તો) એ સુખસાધ્ય થાય છે. ૪૭,૪૮

વિવરણ : આ અભિપ્રાયથી જ ચરકે ચિકિત્સાસ્થાનના ૩જા અધ્યાયમાં આમ કહ્યું છે કે– 'પ્રાયેણાનિલજં દુઃખં કાલેષ્વન્યેષુ વૈકૃતમ્ '–વર્ષા-

ઋતુમાં વાયુના પ્રકોપથી ઉત્પન્ન થતો પ્રાકૃત વાત-જ્વર લગભગ દુઃખરૂપ હોઈને કૃચ્છ્રસાધ્ય બને છે; તેમ જ બીજા કાળમાં થતો વૈકૃત જ્વર પણ દુઃખરૂપ હોઈ કૃચ્છ્રસાધ્ય બને છે. ૪૭,૪૮

બધા રોગો એ જ પ્રમાણે સુખસાધ્ય અને દુઃખસાધ્ય

एकद्वित्रिप्रकृतयो व्याधयः सर्व एव हि ।
सुखदुःखाश्चिकित्स्याः स्युः प्रायशस्तेयथाक्रमम् ॥४९

એમ એક, બે અને ત્રણ પ્રકૃતિવાળા બધાયે રોગો લગભગ અનુક્રમે તે જ પ્રમાણે સુખચિકિત્સ્ય કે સુખસાધ્ય અને દુઃખચિકિત્સ્ય એટલે કે કૃચ્છ્રસાધ્ય થાય છે. ૪૯

ત્રણ ચિકિત્સાકર્મજ નિશ્ચિત હોય

समुत्क्लिष्टेषु दोषेषु त्रिविधं कर्म निश्चितम् ।
शोधनं शमनं चैव तथा शमनशोधनम् ॥ ५० ॥

જે કાળે દોષો સારી રીતે ઉત્ક્લિષ્ટ થયા હોય ત્યારે શોધન, શમન તથા શમન-શોધન એ ત્રણ જ ચિકિત્સાકર્મો નિશ્ચયાત્મકરૂપે કરવાનાં કહેલાં છે. ૫૦

શોધન ઔષધ કોને હિતકારી થાય

तत्र पुंसां बलवतां (मन्द) वह्निमतां सताम् ।
तीव्रवेगामयानां च हितं शोधनमौषधम् ॥ ५१ ॥

તેમાં જે માણસો બળવાન હોય પણ જો મંદ જઠરાગ્નિવાળા હોય અને તેઓ જો તીવ્ર વેગવાળા રોગથી યુક્ત થયા હોય, તો તેમને શોધન ઔષધ આપવું તે હિતકારી થાય છે. ૫૧

શમન ઔષધ કોને હિતકારી થાય ?

बलिनामल्पदोषाणां नातिवृद्धविकारिणाम् ।
नातिक्लेशसहानां च शमनं हितमुच्यते ॥५२॥

પરંતુ જે લોકો બળવાન હોય, થોડા દોષોથી જો યુક્ત હોય અને જેઓના વિકારો જો અતિશય વધી ગયા ન હોય, તેમ જ અતિશય ક્લેશને જેઓ સહન કરી ન શકે તેવા હોય, તેઓને શમન ઔષધ અપાય તે હિતકારી કહેવાય છે. ૫૨

શમન-શોધન ઔષધ કોને હિતકારી થાય ?

तथैव मध्यदोषाणां दुर्बलानां शरीरिणाम् ।
बलवद्व्याधिजुष्टानां हितं शमनशोधनम् ॥५३॥

જે લોકોમાં દોષો મધ્યમ પ્રમાણમાં હોય અને તેથી જેઓ શરીરે દુર્બળ હોય છતાં બળવાન વ્યાધિથી જેઓ યુક્ત થયા હોય, તેઓને શમન-શોધન ઔષધ અપાય તે હિતકારી થાય છે. ૫૩

સંશોધન ઔષધનું લક્ષણ

ऊर्ध्वं हरति यद्दोषानधश्चोभयतश्च यत् ।
द्रव्यं विविधवीर्यत्वात्तद्धि संशोधनं स्मृतम् ॥५४॥

જે દ્રવ્ય કે ઔષધ વિવિધ-અનેક પ્રકારના વીર્યવાળું હોય તેથી ઊર્ધ્વતા ઉપરના માર્ગે અને નીચેના ગુદારૂપ માર્ગે એમ બેય માર્ગે દોષોને બહાર કાઢી નાખે છે, તે સંશોધન દ્રવ્ય કહેવાય છે. ૫૪

સંશમન દ્રવ્ય કે ઔષધનું લક્ષણ

नाधो न चोर्ध्वं हरति यद्दोषाञ्छमयत्यपि ।
न चोग्रगुणवीर्यं तद् द्रव्यं संशमनं विदुः ॥५५॥

જે દ્રવ્ય નીચેના માર્ગે કે ઉપરના માર્ગે પણ દોષોને બહાર કાઢતું નથી, છતાં દોષોને જે શમાવે-દાબી દે છે તેમ જ જેના ગુણો તથા વીર્ય ઉગ્ર હોતાં નથી, તે દ્રવ્યને વિદ્વાનો દ્રવ્ય જાણે છે. ૫૫

વિવરણ : આ સંબંધે અષ્ટાંગસંગ્રહના ૨૪ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે- न शोधयति यद् दोषान् समान्नोदीरयत्यपि । समीकरोति विषमान् शमनं तत् ॥ '-જે ઔષધદ્રવ્યો દોષોનું શોધન ન કરે એટલે કે ગુદામાર્ગે બહાર ન કાઢે તેમ જ એકસરખા જે દોષો હોય તેઓને ઊર્ધ્વમાર્ગે બહાર ન કાઢે કે તેમાં કંઈ વધારો પણ ન કરે અને જે દોષો વિષમ થયા હોય કે ઓછા-વધતા થયા હોય તેઓને એકસરખા પણ ન કરે તેવા ઔષધદ્રવ્યને 'શમન' કહેવામાં આવે છે. એ શમનદ્રવ્ય ત્રણ પ્રકારનું હોય છે : એક તો દૈવવ્યપાશ્રય-મંત્ર ઔષધી વગેરે તેમ જ મંગલ-

બલિદાન વગેરે. બીજું શમનદ્રવ્યક્ષેપ આદિ તથા ક્વાથ આદિના પરિષેક અથવા સિંચન આદિરૂપે હોય છે અને ત્રીજું શમનદ્રવ્ય આભ્યંતર પાચન, લેખન અને બૃંહણ આદિરૂપે હોય છે. ૫૫

મધ્યમ બળવાળા-શમન-શોધન-દ્રવ્યનું લક્ષણ

नात्यर्थं शोधयति यद्दोषान् संशमयत्यपि ।
तत्र मध्यबलोपेतं द्रव्यं शमनशोधनम् ॥५६॥

જે ઔષધ કે દ્રવ્ય દોષોનું અતિશય શોધન કરે નહિ એટલે કે નીચેના અથવા ઉપરના માર્ગે દોષો જો તે બહાર ન કાઢે તેમ જ તેઓનું અત્યંત શમન પણ કરે નહિ, તેવા મધ્યમ બળને ધરાવતું દ્રવ્ય-શમન-શોધન કહેવાય છે. ૫૬

કેટલાંક શમનીય દ્રવ્યોની ગણતરી

दशमूलशटीरास्नावयस्थापञ्चकोलकम् ।
शार्ङ्गेष्टा रोहिणी पाठा सरलो देवदारु च ॥५७
मुस्ताऽमृता वृश्चिकाली कर्कटाख्या दुरालभा ।
त्रायन्तीत्येवमादीनि शमनीयानि निर्दिशेत् ॥५८॥

દશમૂલ, શટકચૂરો, રાસ્ના, હરડે, પીપર, પીપરીમૂળ, ચવક, ચિત્રક તથા સૂંઠ; કાકજંઘા કે કાકમાચી-નામની એક પીલુડીની જાત; રોહિણી-કડુ, પાઠા-કાળી-પાટ, સરલ વૃક્ષ-ચીડનું ઝાડ, દેવદાર, નાગરમોથ, અમૃતા-ગળો, વૃશ્ચિકાલી-વીંછિયા નામનું ઘાસ, કાકડાશીંગ, ધમાસો ને જવાસો; અને ત્રાયન્તી-ત્રાયમાણ ઇત્યાદિ દ્રવ્યોને શમનીય' નામે દર્શાવી શકાય. ૫૭,૫૮

કેટલાંક શોધન દ્રવ્યોની ગણતરી

वचाकोशातकीनिम्बपिप्पल्यः कौटजं फलम् ।
क्षारद्वयं सगोमूत्रं मदनं लवणानि च ।
त्रिफलाऽऽरग्वधो दन्ती नीलिनी सप्तला त्रिवृत् ॥५९
एवमादि तु यच्चान्यद् द्रव्यं शोधनमुच्यते ।

ઘોડાવજ, કોશાતકી-કડવી તુંબડી કે ઘિસોડી, લીંબડો, પીપર, કોટજફલ-ઇંદ્રજવ, બેય ક્ષારો-જવખાર, સાજીખાર, ગોમૂત્ર, બધાંયે લવણો, ત્રિફલા, ગરમાળો, નેપાળો, ગળી, સાતલા થોર, નસોતર અને એવાં બીજાં કેટલાંક દ્રવ્યો શોધન કહેવાય છે. ૫૯

કેટલાંક શમન-શોધન દ્રવ્યોની ગણતરી

काश्मर्यामलकं द्राक्षा शीतपाकी परूषकम् ॥६०॥
मधुकं पिप्पलीमूलं विडङ्गं हिङ्गु सैन्धवम् ।
पाठाऽजगन्धाऽतिविषा पथ्या मुस्ता कटुत्रिकम् ॥६१
रोहिणीत्येवमादि स्याद् द्रव्यं शमनशोधनम् ।

કાશ્મર્યા-ગંભારી, આમળાં, દ્રાક્ષ, શીત-પાકી-કાકોલી કે ક્ષીરકાકોલી, ફાલસા, જેઠીમધ, પીપરીમૂલ-ગંઠોડા, વાવડિંગ, હિંગ, સૈંધવ, કાળીપાટ, અજગંધા, કે અજમો, અતિવિષની કળી, હરડે, નાગરમોથ, કટુત્રિક-સૂંઠ, મરી અને પીપર તથા રોહિણી-કડુ વગેરે દ્રવ્યો શમન-શોધન બેય ક્રિયા કરનારાં હોય છે. ૬૦,૬૧

त्रिविधं कर्म निर्दिष्टमित्येतद्दोषशान्तये ॥ ६२ ॥

દોષોને શમાવવા માટે ઉપર્યુક્ત ત્રણે કર્મો કરવાનું કહેવામાં આવેલ છે. ૬૨

સ્વાસ્થ્ય અને અસ્વાસ્થ્યનું લક્ષણ

दोषशान्तौ च धातूनां प्रसाद उपजायते ।
मलायनानां सर्वेषामध्याघातक्रियासु च ॥६३॥
दोषधातुमलैस्तस्मात् स्वे स्वे कर्मण्यवस्थितैः ।
स्वास्थ्यमुत्पद्यते नृणामस्वास्थ्यं तद्विपर्यये ॥ ६४ ॥

(વધ-ઘટ થયેલા) દોષોની શાંતિ થાય ત્યારે ધાતુઓની સ્વચ્છતા ઉત્પન્ન થાય છે; અને તે પછી બધાંયે મલ-સ્થાનોમાં (તે તે સર્વ દોષ-ધાતુ આદિની) અસ્ખલિત ક્રિયાઓ ચાલુ થાય છે તેમ જ એ અસ્ખલિત ક્રિયાના કારણે દોષો, ધાતુઓ તથા મળો પોતપોતાનું કામ કરવામાં બરાબર લાગી ગયા હોય, તે દ્વારા મનુષ્યોના શરીરમાં સ્વાસ્થ્ય અથવા કોઈપણ રોગથી રહિત-સ્વસ્થપણું ઉત્પન્ન થાય છે; પરંતુ એથી જો વિપર્યય એટલે ઊલટું હોય, અર્થાત્ દોષોની ન્યૂનાધિકતા દૂર ન થતાં વધ-

ઘટપણું હોય તેથી ધાતુઓની જે સ્વચ્છતા ન હોય, તેમ જ બધાં મલસ્થાનોની અસ્ખલિત ક્રિયા ચાલુ ન હોય અને તે જ કારણે દોષો ધાતુઓ તથા મળો પોતપોતાનું કામ કરવામાં સ્થિર થયા ન હોય, તો તે દ્વારા મનુષ્યોના શરીરનાં અસ્વાસ્થ્ય એટલે કે સ્વસ્થપણાનો અભાવ અથવા રોગથી યુક્તપણું પ્રાપ્ત થાય છે. ૬૩,૬૪

વાસ્તવિક ચિકિત્સાપદ્ધતિ

सम्यगाहारचेष्टाभ्यां यदा सात्म्यं यथेरितम् ।
समानां रक्षणं कुर्याद्दोषादीनां विचक्षणः ॥६५॥
कुपितानां प्रशमनं क्षीणानामभिवर्धनम् ।
क्षपणं चैव वृद्धानामेतावद्धि चिकित्सितम् ॥६६॥

જે કાળે ઉત્તમ આહાર તથા ચેષ્ટા દ્વારા માણસોનું જે પ્રકારનું સાત્મ્ય એટલે કે શરીરની પ્રકૃતિને માફકપણું કહેવાયું છે, તે બરાબર થઈ જાય, ત્યારે વિદ્વાન માણસે સમાન સ્થિતિમાં થયેલા દોષો આદિનું રક્ષણ કરવું; એટલે કે એની એ જ સ્થિતિમાં જાળવણી રાખ્યા કરવી; અને કોપેલા કે વધી જઈને વિકાર પામેલા દોષ આદિનું પ્રશમન કરવું; તેમ જ ક્ષીણ થયેલા દોષોનું વધારો કરવો અને વધી ગયેલા દોષો આદિનો હ્રાસ કર્યા કરવો એટલું જ ખરેખર ચિકિત્સાનું વાસ્તવિક સ્વરૂપ છે. ૬૫,૬૬

ચિકિત્સાપદ્ધતિની વૈદ્યને સૂચના

तदेकत्वमनेकत्वमवस्थामुदयव्ययम् ।
दोषाणामातुराणां च संप्रधार्य बलाबलम् ॥६७॥
यथावद्दोषधानां च भिन्नानां नामरूपतः ।
रसान् गुणांश्च वीर्यं च विपाकं च यथातथम् ॥६८
देशं कालमुपायं च प्रमाणं व्याधिमेव च ।
ज्ञात्वा चिकित्सा भिषजा प्रणेतव्याऽप्रमादतः ॥६९

દોષની એકતા, અનેકતા, અવસ્થા, ઉદય–પ્રાકટ્ય તથા વ્યય કે નાશ; તેમ જ દોષોનું તથા રોગીઓનું બલ અને અબલ–એ બધાંનો પ્રથમ સારી રીતે નિશ્ચય કર્યા પછી વૈદ્યે જુદાં જુદાં ઔષધોનાં નામો તથા રૂપો કે સ્વરૂપોનું બરાબર જ્ઞાન કરી તે તે ઔષધોના રસો, ગુણો, વીર્ય તથા વિપાકનું પણ જ્ઞાન મેળવીને તેમ જ દેશ, કાળ, ઉપાય, પ્રમાણ–ઔષધોનું માપ–માત્રા તથા રોગને પણ બરાબર ઓળખ્યા–જાણ્યા પછી પ્રમાદ રાખ્યા વિના–બરાબર સાવધાનીથી ચિકિત્સા કરવી જોઈએ. ૬૭–૬૯

શાસ્ત્રીય ઔષધપ્રયોગો દ્વારા સાવધાનીપૂર્વક વૈદ્યે ચિકિત્સા કરવી

ये यथा च समुद्दिष्टा योगाः स्वे स्वे चिकित्सिते ।
ते तथैव प्रयोक्तव्या न तेष्वस्ति विचारणा ॥७०॥

(જે જે રોગોની) પોતપોતાની ચિકિત્સા વિષે જે જે યોગો એટલે કે ઔષધપ્રયોગો જે જે પ્રકારે કહેલા છે, તે તે ઔષધપ્રયોગોના તે તે પ્રમાણે પ્રયોગો કરવા જોઈએ, એ વિષે વિચારણા કરવી ન જોઈએ. ૭૦

તત્ત્વદ્રષ્ટાઓએ પ્રયોગ કરેલાં દ્રવ્યોનું કર્મ કોણ જાણી શકે?

को हि नाम प्रणीतानां द्रव्याणां तत्त्वदर्शिभिः ।
नानाविधानामेकत्वे तत्कर्म ज्ञातुमर्हति ॥७१॥

અનેક પ્રકારનાં જે દ્રવ્યોના પ્રયોગો, તત્ત્વદ્રષ્ટા મહર્ષિઓએ દર્શાવેલ છે, તેઓની એકતા વિષેનું કર્મ જાણવા કોણ યોગ્ય થઈ શકે છે? કોઈ જ નહિ, અર્થાત્ તે તે ઋષિપ્રદર્શિત દ્રવ્ય પ્રયોગોની એકતા વિષેનું કર્મજ્ઞાન જાણવું મુશ્કેલ છે. ૭૧

દ્રવ્યોનું યથાર્થ જ્ઞાન કઠિન છે

किञ्चिदन्यरसं द्रव्यं गुणतः किञ्चिदन्यथा ।
वीर्यतश्चान्यथा किञ्चिद्विद्यादत्र विपाकतः ॥७२॥
अथ चैकत्वमागम्य प्रयोगे न विरुध्यते ।
उत्पद्यते यथार्थं च समवायगुणान्तरम् ॥७३॥
पृथक्पृथक्प्रसिद्धेऽपि गन्धे गन्धान्तरं यथा ।
गन्धाङ्गानां मनोह्लादि प्रत्यक्षं सामवायिकम् ॥७४॥

આ લોકમાં કોઈ દ્રવ્ય જુદા રસવાળું હોય છે; કોઈ દ્રવ્ય ગુણથી જુદા પ્રકારનું હોય છે; કોઈ દ્રવ્ય વીર્યથી જુદા પ્રકારનું હોય છે અને કોઈ દ્રવ્ય વિપાકથી જુદા પ્રકારનું

હોય છે એમ જાણવું. તે પછી એ બધાં દ્રવ્યો કોઈ પ્રયોગમાં એકતાને પામીને એકબીજાથી વિરુદ્ધ થતાં નથી; તેમ જ એ દ્રવ્યોના સમૂહમાંથી કોઈ જુદા જ યથાર્થ-સાચા ગુણો ઉત્પન્ન થાય છે; જેમ કોઈ એક ગંધ ગુણ અલગ અલગ પ્રસિદ્ધ હોય છે એટલે કે કોઈ અલગ અલગ પ્રસિદ્ધ ગુણોવાળાં દ્રવ્યો એકત્ર થતાં તેમાં જેમ જુદા જ પ્રકારનો બીજો ગંધ-મનને હર્ષ પમાડનાર ઉત્પન્ન થાય છે; તેમાં કારણ આ છે કે, ગંધરૂપ અંગવાળાં તે તે અલગ દ્રવ્યોનું જે સામવાયિક એટલે કે પરસ્પર સંયુક્તપણું કે એકત્ર જે મિલન થાય છે, તેમાં પ્રત્યક્ષ પ્રમાણ છે. ૭૨-૭૪

આર્ષ ઔષધપ્રયોગોમાં વૈદ્ય સમજણપૂર્વક ન્યૂનાધિકતા કરી શકે

तस्मादार्षप्रयोगेषु प्रज्ञेरापद्य यं प्रति ।
न प्रमाद्येदविज्ञाय दोषौषधबलाबलम् ॥ ७५ ॥

એ કારણે ઋષિઓએ કહેલા આર્ષ-પ્રયોગોમાં કોઈ દ્રવ્યને (વધુ) નાખવામાં કે કોઈ દ્રવ્યનો હ્રાસ કરવામાં દોષોના ઔષધોના બલ-અબલને જાણીને વૈદ્યે પ્રમાદ કરવો ન જોઈએ. ૭૫

ઔષધની માત્રા સંબંધી વૈદ્યને સૂચના

वयः शरीराग्निबलं त्ववेक्ष्य मतिमान् भिषक् ।
मात्रां विकल्पयेदत्र प्रधानावरमध्यतः ॥ ७६ ॥

બુદ્ધિમાન વૈદ્યે (રોગીના) શરીર-સંબંધી જઠરાગ્નિનું બળ જોઈ તપાસીને ઔષધની મુખ્ય, મધ્યમ તથા ઓછામાં ઓછી જુદી જુદી માત્રા કલ્પી લેવી જોઈએ. ૭૬

આ અધ્યાયનો ઉપસંહાર

इति ज्वराणामुद्दिष्टो विशेषोऽयमुपक्रमे ।
यं विदित्वा तु कार्येषु विविधेषु न संभ्रमेत् ॥७७॥

એમ જ્વરોની ચિકિત્સા વિષેનો જે આ તફાવત છે, તે અહીં દર્શાવેલ છે; જેને જાણીને વૈદ્ય (તે તે જ્વરોને લગતાં) ચિકિત્સાકર્મોમાં સંભ્રમને પામતો નથી. ૭૭

इति ह स्माह भगवान् कश्यपः ॥ ७८ ॥

એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું. ૭૮

चू× ह्[૭૫]

इति श्रीकाश्यपसंहितायां 'खिलस्थान विषे विशेषनिर्देशीय' नामनो अध्याय २ जो समाप्त

ભૈષજ્ય-ઉપક્રમણીય : અધ્યાય ૩ જો

अथातो भैषज्योपक्रमणीयमध्यायं व्याख्यास्यामः ॥१
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી 'ભૈષજ્ય ઉપક્રમણીય' નામના અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું; એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું. ૧,૨

વૃદ્ધજીવકનો કશ્યપને પ્રશ્ન

ब्राह्म्या श्रिया प्रज्वलन्तं ब्रह्मर्षिममितद्युतिम् ।
कश्यपं लोककर्तारं भार्गवः परिपृच्छति ॥ ३ ॥

અમાપ કાંતિવાળા અને લોકોના કર્તા-પ્રજાપતિ બ્રહ્મર્ષિ-કશ્યપ પોતાની બ્રાહ્મી-લક્ષ્મી કે બ્રહ્મતેજની શોભાથી અતિશય પ્રજ્વલિત હોઈને પ્રકાશી રહ્યા હતા, તેમને (એક વેળા) ભાર્ગવ-ભૃગુવંશી વૃદ્ધજીવકે આમ પૂછ્યું હતું. ૩

आबाधकारणं व्याधिर्भेषजं सुखकारणम् ।
सम्यग्युक्तं तदमृतं स्यात्तदन्यद्विषवद्भवेत् ॥ ४ ॥
भेषजोपक्रमं तस्माद्भगवन् ! वक्तुमर्हसि ।

× 'चू' इति सप्ततेः 'ह्' इति पञ्चकस्य अक्षराङ्कनिर्देशरीतिः प्राचीनपुस्तकेषु, तथैवात्रापि मूलताडपत्रपुस्तके एतदध्यायान्ते श्लोकमानमादाय अक्षराङ्कसंकेतनिर्देशोऽयम्, आद्यन्तगद्यवाक्यवर्जमध्यगतश्लोकानामत्र ७५ संख्यास्ति, एवमेवाग्रेऽपि क्वचित् क्वचिदेवंविधाः संख्यासंकेता दृश्यन्ते'—આ અધ્યાયની સમાપ્તિ થતાં અહીં છેલ્લે 'ચૂ' અને 'હ્' એ બે અક્ષરો જે લખ્યા છે, તે પ્રાચીન પુસ્તકોમાં અક્ષરોના સંકેતસૂચક છે; તેમાં 'ચૂ' અક્ષર ૭૫ની સંખ્યા અને 'હ્' અક્ષર પાંચની સંખ્યાને સૂચવે છે; એટલે કે આ અધ્યાયમાં પહેલાં તથા છેલ્લાં મળી ત્રણ ગદ્ય વાક્યોની વચ્ચે ૭૫ શ્લોકો છે, એમ 'ચૂ', 'હ્'થી ૭૫ શ્લોકોની સંખ્યા સૂચવે છે.

औषधं किमधिष्ठानं कथं चास्योपदिश्यते ।
औषधञ्चौषधत्वं च भेषजत्वमथापि च ॥ ५ ॥
भैषज्यत्वागदत्वं च कषायत्वं तथैव च ।
यथा च गौण्येन रसा द्रव्ये द्रव्ये व्यवस्थिताः ॥६॥
प्राधान्येन यथा दृष्टो मधुके मधुरो रसः ।
अम्लः कपित्थे, लवणः सैन्धवे, नागरे कटुः ॥ ७ ॥
तिक्तस्तिक्तकरोहिण्यां, कषायश्चाभयां प्रति ।
सत्येवं रसनानात्वे संयोगः सर्व एव हि॥ ८ ॥
कषायत्वेन निर्दिष्टः कुतः किं चात्र कारणम् ।
कति के चौषधगुणा भेदाश्चास्य कति स्मृताः॥९॥
कति चौषधकालाश्च काले काले च को विधिः ।
कस्यां कस्यामवस्थायां पातव्यं भेषजं न वा ॥१०॥
कथं च पेयं पीतस्य परिहार्यं च किं भवेत् ।
जीर्यमाणस्य किं रूपं किं च जीर्णस्य लक्षणम् ॥११॥
विभज्य वयसस्त्रित्वं कथं मात्रा विधीयते ।
अधोभागोर्ध्वभागानां दोषसंशमनी च या ॥ १२ ॥
जीवनीया च या मात्रा दीपनीया च या स्मृता ।
मात्रा संशोधनी या च स्नेहमात्रा च या भवेत् ॥ १३
सर्वमेतद्यथातत्त्वं कीर्तयस्व महामुने ! ।
जातमात्रमुपादाय यावद्वर्षशतं परम् ॥ १४ ॥
इति शुश्रूषमाणाय शिष्याय वदतांवरः ।
आचचक्षे यथान्यायं भैषज्योपक्रमं प्रति ॥ १५ ॥

રોગ દુઃખનું કારણ બને છે અને ઔષધ સુખનું કારણ થાય છે. વળી તે જ ઔષધનો જો સારી રીતે પ્રયોગ કર્યો હોય; તો તે અમૃતતુલ્ય થાય છે. પરંતુ એ જ ઔષધનો જો મિથ્યાપ્રયોગ કર્યો હોય તો એ જ ઔષધ વિષતુલ્ય થાય છે; એ કારણે હે ભગવન્! ઔષધનો ઉપક્રમ એટલે કે પ્રયોગ કરવાની પદ્ધતિને આપ કહેવાને યોગ્ય છો. કોઈ પણ ઔષધનું અધિષ્ઠાન-એટલે કે આશ્રયસ્થાન શું હોય છે? એ ઔષધનો ઉપદેશ કેવી રીતે કરાય છે? ઔષધને જાણનારાનું ઔષધપણું, ભેષજ-પણું, ભૈષજ્ય અગદપણું તથા કષાયપણું કયા પ્રકારે ઉપદેશાય છે? દરેક દ્રવ્યમાં ગૌણપણે જેમ રસો રહેલા હોય છે, તેમ પ્રધાનપણે પણ રસો રહેલા દેખાયા છે. જેમ કે જેઠીમધમાં મધુરરસ, કોઠા-ખાટો રસ, સૈંધવમાં લવણ રસ, સૂંઠમાં તીખો રસ, કડુમાં કડવો રસ અને હરડેમાં તૂરો રસ મુખ્ય તરીકે રહ્યો છે; એમ રસોનું અનેકપણું (દ્રવ્યોને ઉદ્દેશી) થાય છે, તોપણ એ બધાંનો જે સંયોગ થાય છે, તે જ કષાયરૂપે કયા કારણે દર્શાવેલ છે? ઔષધના ગુણો કેટલા અને કયા કયા છે? તેના ભેદો કેટલા કહ્યા છે? ઔષધના કાળો કેટલા છે? દરેક કાળે તે ઔષધની વિધિ કઈ હોય છે? કઈ કઈ અવસ્થામાં ઔષધ પીવું જોઈએ અને કઈ કઈ અવસ્થામાં ઔષધ ન પીવું જોઈએ? તે ઔષધ કેવી રીતે પીવું જોઈએ? અને જે ઔષધ પીધું હોય તેના સંબંધમાં તજવા યોગ્ય-પરેજી કઈ હોવી જોઈએ? જે ઔષધ પચી રહ્યું હોય તેનું રૂપ કયું હોય છે? તેમ જ જે ઔષધ પચી ગયું હોય તેનું લક્ષણ કયું હોય? ઉંમરના ત્રણ વિભાગ કરી ઔષધની માત્રા કેવી રીતે કરાય છે? જે માત્રા નીચેના ભાગમાં રહેલા દોષોનું સંશમન કરી શકે તે માત્રા અને જે માત્રા ઉપરના ભાગમાં રહેલા દોષોનું સંશમન કરી શકે, તે માત્રા કઈ હોય છે? જે માત્રા જીવનીય અને જે માત્રા દીપનીય ગણાય છે તે કઈ હોય છે? વળી જે માત્રા સંશોધની થાય તેમ જ જે માત્રા સ્નેહમાત્રા તરીકે થાય તે કઈ હોય છે? હે મહામુનિ! આ બધું જે પ્રમાણે હોય તે પ્રમાણે સાચેસાચું આપ કહો. હર કોઈ માણસ જન્મ્યો હોય કે તરત તેના જન્મથી માંડી તેનાં સો વર્ષનું છેલ્લામાં છેલ્લું આયુષ પૂરું થાય ત્યાં સુધીમાં તેના સંબંધે જે જે ઔષધા-દિની માત્રાનો પ્રયોગ જે પ્રકારે થાય કે કરી શકાય, તે તે બધું આપ કહો.'

એમ વૃદ્ધજીવક શિષ્યે સાંભળવાની

ઇચ્છા કરી ત્યારે વક્તાઓમાં શ્રેષ્ઠ મહર્ષિ કશ્યપે ઔષધની ચિકિત્સાપદ્ધતિ યથા યોગ્ય રીતે આમ કહેવા માંડી હતી. ૪–૧૫

કશ્યપનો પ્રત્યુત્તર–વ્યાધિજ્ઞાન અતિ સૂક્ષ્મ છે

अयं हेतुरिदं लिङ्गमस्य चायमुपक्रमः ।
इति तावत् परं सूक्ष्मं व्याधिज्ञानं प्रचक्षते ॥१६

આ અમુક રોગમાં આ હેતુ–નિદાન છે, આ લક્ષણ છે, અને અમુક આ તે તે રોગની ચિકિત્સા છે–એ પ્રકારનું કોઈ વ્યાધિનું જ્ઞાન અતિ સૂક્ષ્મ છે એમ વૈદ્યો કહે છે. ૧૬

વ્યાધિજ્ઞાન કરતાં પણ ઔષધજ્ઞાન અતિશય સૂક્ષ્મ છે

अस्मादप्यौषधज्ञानमाहुः सूक्ष्मतरं बुधाः ।
तदहं तेऽभिधास्यामि कार्त्स्न्येनैव निबोध मे ॥

તે વ્યાધિજ્ઞાનના કરતાં પણ ઔષધોનું જ્ઞાન અતિશય સૂક્ષ્મ છે એમ વિદ્વાનો કહે છે; એ કારણે હું તમને તે ઔષધ-સંબંધી જ્ઞાન સંપૂર્ણ કહું છું; તે તમે મારી પાસેથી જાણો–સાંભળો. ૧૭

પથ્ય સેવનારને આરોગ્ય અને અપથ્ય સેવનારને રોગની પ્રાપ્તિ

पथ्यसेविनमारोग्यं गुणेन भजते नरम् ।
अपथ्यसेविनं क्षिप्रं रोगः समभिमर्दति ॥ १८ ॥

જે માણસ પથ્યોનું સેવન કરવાનો સ્વભાવ ધરાવતો હોય, તેને એ (પથ્ય-સેવનના) ગુણ દ્વારા આરોગ્ય રહ્યા કરે છે; પરંતુ જે માણસ અપથ્યોનું સેવન કરવાનો સ્વભાવ ધરાવતો હોય, તે જલદી રોગ-પણાને પામે છે. ૧૮

શારીર અને માનસ–બે રોગો

स रोगो द्विविधश्चोक्तः शारीरो मानसस्तथा ।
आधयो मानसास्तत्र शारीरा व्याधयः स्मृताः ॥
साध्योऽसाध्यश्च याप्यश्च त्रिविधं रोगलक्षणम् ।

એ રોગને બે પ્રકારનો કહ્યો છે : એક શારીર–શરીર સંબંધી રોગ હોય છે; અને બીજો માનસ–મન સંબંધી રોગ હોય છે. તેમાંના માનસ રોગો 'આધિ' કહેવાય છે અને શરીર સંબંધી રોગો 'વ્યાધિ' કહેવાય છે. વળી એ બેય પ્રકારના રોગોનાં સાધ્ય, અસાધ્ય તથા યાપ્ય–એમ ત્રણ પ્રકારનાં લક્ષણો કહ્યાં છે. ૧૯

વિવરણ : ચરકે સૂત્રસ્થાનના ૧ લા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે, 'शरीरं सत्त्वसंज्ञं च व्याधीनामाश्रयो मतः'–શરીર તથા સત્ત્વ સંજ્ઞાવાળું–મન–એ બેયને રોગોના આશ્રય તરીકે માન્યાં છે. એકંદર કોઈ રોગ કેવળ શરીરનો જ આશ્રય કરી થાય છે; જેમ કે કોઢ વગેરે રોગો શારીરરોગ ગણાય છે અને તે જ પ્રમાણે જે કેવળ મનનો જ આશ્રય કરી ઉત્પન્ન થાય છે, તે માનસરોગ કહેવાય છે; જેમ કે ઉન્માદ–ગાંડપણ વગેરે. આમ બેય પ્રકારના રોગોમાં આ પણ સમજવું જ જોઈએ કે શારીરરોગની અમુક અંશે મન ઉપર પણ અસર થાય છે અને તે જ પ્રમાણે માનસરોગની અમુક પ્રમાણમાં શરીરની ઉપર પણ અસર થાય જ છે. આ જ અભિપ્રાયથી ચરકે શરીર, મન તથા આત્મા–એ ત્રણેને આ સમગ્ર લોકની સ્થિતિનો આધાર કહેલ છે–એ ત્રણેને બધાયે લોકના આધારસ્તંભ ગણેલ છે; એ ત્રણના સંયોગથી કોઈ પ્રાણી સ્થિર ટકી શકે છે; એ ત્રણેમાંથી જે કોઈ શરીર કે મનમાં કોઈ વિકાર થાય છે ત્યારથી શારીર તથા માનસિક રોગ થાય છે. આત્મા તો કેવળ નિર્વિકાર છે, તેથી તેમાં કોઈ વિકાર સંભવતો જ નથી. આથી જ ચરકે સૂત્રસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'निर्विकारः परस्त्वात्मा सत्त्वभूतगुणेन्द्रियैः । चैतन्ये कारणं नित्यो द्रष्टा पश्यति हि क्रियाः ॥'–સર્વથી પર એવો આત્મા તો નિર્વિકાર જ છે, છતાં તે આત્મા જ મન, પાંચ ભૂતો, તેઓના શબ્દાદિ ગુણો તથા ઇંદ્રિયોની સાથે સંબંધ પામીને (પ્રાણીમાં) ચેતનપણું પ્રાપ્ત કરવામાં કારણ થાય છે; તે છતાં તે આત્મા નિત્ય–અવિનાશી તથા દ્રષ્ટા હોઈને (પ્રાણીની) બધી ક્રિયાઓને અવશ્ય જોયા કરે જ છે. ૧૯

શરીરના તથા મનના રોગોનાં મુખ્ય કારણો

वातपित्तकफा दोषाः शारीरव्याधिहेतवः ॥२०॥
सत्त्वेतरं च द्वन्द्वं च मानसामयहेतवः ।

વાત, પિત્ત અને કફ એ ત્રણે દોષો શરીરના રોગનાં કારણો હોય છે અને સત્ત્વગુણ સિવાયના બીજા બે ગુણો–રજોગુણ તથા તમોગુણ–માનસ રોગોનાં કારણો ગણાય છે. ૨૦

વિવરણ : આ સંબંધે પણ ચરકે સૂત્રસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'वायुः पित्तं कफश्चोक्तः शारीरो दोषसंग्रहः । मानसः पुनरुद्दिष्टो रजश्च तम एव च ॥'–વાયુ, પિત્ત અને કફ–એ ત્રણને ટૂંકમાં શરીરના દોષોનો સંગ્રહ કહ્યો છે–એટલે કે શરીરને લગતા કોઈ પણ રોગમાં આ ત્રણને જ મૂળ કારણ કહેલ છે અને રજોગુણ તથા તમોગુણને માનસ દોષસંગ્રહ કે મનને લગતા વિકારોમાં કારણરૂપે દર્શાવેલ છે. અર્થાત્ વાત, પિત્ત અને કફ–એ ત્રણમાં વિકાર થાય ત્યારે શરીરને લગતા રોગો ઉત્પન્ન થાય છે, પરંતુ જ્યાં સુધી એ ત્રણે દોષો સમ અવસ્થામાં રહ્યા હોય ત્યાં સુધી તો આરોગ્ય રહ્યા કરે છે; પણ તેઓમાં લગાર પણ વધઘટપણું થાય છે ત્યારે જ કોઈ પણ શારીરરોગ ઉત્પન્ન થાય છે. તે જ પ્રમાણે રજોગુણ અને તમોગુણ–એ ગુણો જ્યારે વધે કે ઘટે છે ત્યારે મનના રોગો થાય છે. જોકે ત્રીજો સત્ત્વગુણ પણ મનનો આશ્રય કરી રહેલ છે, પરંતુ તે નિર્વિકારી હોવાથી તેને દોષ તરીકે માનેલ નથી. આ સંબંધે વૃદ્ધ વાગ્ભટના અષ્ટાંગસંગ્રહ ગ્રંથની ટીકામાં આમ કહ્યું છે કે–'मनः शुद्धं सत्त्वम् । रजस्तमसो दोषौ तस्योपप्लवावविद्यासंभूतौ ॥'–શુદ્ધ સત્ત્વગુણ એ જ શુદ્ધ મન છે; પરંતુ રજોગુણ તથા તમોગુણ–એ બંને તે મનને ખરાબ કરનાર છે; કેમ કે તે રજોગુણ તથા તમોગુણ બંને અવિદ્યાથી ઉત્પન્ન થયેલા છે. એ પ્રમાણે સત્ત્વગુણને જો અવિકારી ન મનાય તો જીવાત્માનો મોક્ષ થવો સંભવે નહિ; કારણ કે શુદ્ધ સત્ત્વ કે મનની સાત્ત્વિકી શુદ્ધિ ન હોય તો યથાર્થ આત્મજ્ઞાન થાય જ નહિ; અને એમ યથાર્થ આત્મજ્ઞાન જો ન થાય તો 'ऋते ज्ञानान्न मुक्तिः' જ્ઞાન વિના મુક્તિ થઈ શકે નહિ. એ જ કારણે શુદ્ધ સત્ત્વગુણને દોષરૂપે માનેલ નથી. શુદ્ધ સત્ત્વગુણથી યુક્ત મન હોય, તો જ આત્મજ્ઞાન થાય છે. કેવળ તમોગુણ તથા રજોગુણને જ દોષરૂપે માન્યા છે અને તે બંનેરૂપ દોષોથી મન દુષ્ટ થાય કે વિકાર પામે છે ત્યારે જ માનસરોગ થાય છે. અષ્ટાંગહૃદયમાં પણ વાગ્ભટ આમ લખે છે કે–'वायुः पित्तं कफश्चेति त्रयो दोषाः समासतः ॥'–વાયુ, પિત્ત અને કફ–એ ત્રણ દોષો શરીરમાં વ્યાધિ કરનારા ટૂંકમાં કહ્યા છે; તેમ જ 'रजस्तमश्च मनसो द्वौ च दोषावुदाहृतौ ॥'–રજોગુણ તથા તમોગુણ એ બે દોષો મનના કહ્યા છે–રજોગુણ તથા તમોગુણ એ બે જ દોષો મનને ખરાબ કરનારા કહ્યા છે એટલે કે રજોગુણ તથા તમોગુણથી મન વિકાર પામે છે અને પછી જ માનસિક રોગો ઉત્પન્ન થાય છે. ૨૦

શારીર તથા માનસરોગને જીતવાના ઉપાયો

धृतिवीर्यस्मृतिज्ञानविज्ञानैर्मानसं जयेत् ॥ २१ ॥
शारीरं भेषजैः कालयुक्तिदैवव्यपाश्रयैः ।

ધીરજ, પરાક્રમ, સ્મરણશક્તિ, જ્ઞાન તથા વિજ્ઞાન વડે માનસિક રોગ જીતી શકાય છે અને કાલવ્યપાશ્રય, યુક્તિવ્યપાશ્રય તથા દૈવવ્યપાશ્રય ઔષધો વડે શારીર વ્યાધિને માણસ જીતી શકે છે. ૨૧

વિવરણ : આ સંબંધે પણ ચરકે સૂત્રસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'प्रशाम्यत्यौषधैः पूर्वं दैवयुक्तिव्यपाश्रयैः । मानसो ज्ञानविज्ञानधैर्यस्मृतिसमाधिभिः ॥'–શારીર તથા માનસ બે પ્રકારના રોગો થાય છે. તેમાંનો પહેલો શારીરરોગ દૈવવ્યપાશ્રય તથા યુક્તિવ્યપાશ્રય ઔષધો વડે જીતી શકાય છે અને માનસરોગ જ્ઞાન, વિજ્ઞાન, ધૈર્ય, સ્મરણશક્તિ તથા સમાધિરૂપ ચિત્તની એકાગ્રતા વડે જીતી શકાય છે, અર્થાત્ શારીર દોષ દૈવવ્યપાશ્રય તથા યુક્તિવ્યપાશ્રય ઔષધો વડે મટાડી શકાય છે; પરંતુ માનસદોષને જ્ઞાન, વિજ્ઞાન આદિથી શાંત કરી શકાય છે. અહીં જે દૈવવ્યપાશ્રય ઉપાયો કહ્યા છે, તેમાં બલિદાન, મણિ-

મંત્ર, મંગલકર્મ તથા સદાચાર આદિ લઈ જાય છે અને યુક્તિવ્યપાશ્રય કાર્ય એટલે સમ્યગ્ વિવેચનપૂર્વક યથાવત્ ઔષધપ્રયોગો જે કરાય તે રૂપ ચિકિત્સાકર્મ કરાય અર્થાત્ પૂર્વજન્મનાં કર્મફળરૂપે ઉત્પન્ન થયેલા શારીરવ્યાધિને દૈવવ્યપાશ્રય કર્મ વડે તેમ જ યુક્તિવ્યપાશ્રય ઔષધદ્રવ્યની ચિકિત્સા વડે જીતી શકાય છે. ૨૧

શારીરવ્યાધિના બે પ્રકારો

स पुनर्द्विविधो व्याधिरागन्तुर्निज एव च ॥२२॥
आगन्तुर्बाधते पूर्वं पश्चाद्दोषान् प्रपद्यते ।
निजस्तु चीयते पूर्वं पश्चाद्बुद्धः प्रबाधते ॥ २३ ॥

આગન્તુ-બાહ્યકારણોથી થનાર અને નિજ-એટલે વાતાદિ શારીરદોષથી થનાર એમ બે પ્રકારના શારીરરોગો કહેવાય છે તેમાંનો આગન્તુ વ્યાધિ પ્રથમ બહારનાં કારણોથી ઉત્પન્ન થાય છે અને તે જ આગન્તુ વ્યાધિ પાછળથી વાતાદિદોષોની સાથે પણ સંબંધ પામે છે અને નિજ વ્યાધિ તો શરૂઆતથી જ શરીરના વાતાદિ દોષોની ન્યૂનાધિકતાથી ઉત્પન્ન થાય છે; અને પાછળથી વધી જઈને તે નિજરોગ માણસને અતિશય પીડે છે. ૨૨,૨૩

વિવરણ : ચરકે પણ સૂત્રસ્થાનના ૨૦ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે-' आगन्तुर्हि व्यथापूर्वं समुत्पन्नो जघन्यं वातपित्तश्लेष्मणां वैषम्यमापादयति, निजे तु वातपित्तश्लेष्माणः पूर्वं वैषम्यमापद्यते, जघन्यं व्यथामभिनिर्वर्तयन्ति ॥ '-આગંતુ રોગ, પ્રથમ બહારનાં કારણોથી થયેલ પીડાથી ઉત્પન્ન થાય છે અને પાછળથી વાત, પિત્ત અને કફના વિષમપણાને પણ પામે છે; પરંતુ નિજ વ્યાધિમાં તો વાત, પિત્ત અને કફદોષો જ પ્રથમ વિષમતા કે ન્યૂનાધિકતાને પામે છે અને તે નિજરોગો છેવટે પીડાને કરે છે. ૨૨ ૨૩

આગન્તુ તથા નિજરોગોની ચિકિત્સા

तस्मादागन्तुरोगाणां पश्यन्ति निजवत् क्रियाः ।
निजानां पूर्वरूपाणि दृष्ट्वा संशोधनं हितम् ॥२४

આગન્તુ રોગમાં પણ પાછળથી (વાતાદિ) દોષોનો સંબંધ થાય છે, તેથી તે આગન્તુ રોગોની ચિકિત્સા પણ નિજ-દોષજ વ્યાધિના જેવી જ કરવી જોઈએ; અને નિજ-દોષજ રોગોની ચિકિત્સા તો તેઓમાં પૂર્વરૂપોને જોયા પછી સંશોધનરૂપે જ હિતકારી થાય છે. ૨૪

સંશોધન આદિ ચિકિત્સા

संशोधनं सप्तविधं तदायत्तं चिकित्सितम् ।
तच्चायत्तं चतुष्पादे पादश्चौषधमुच्यते ॥ २५ ॥
औषधं युक्तयधिष्ठानं दैवाधिष्ठानमेव च ।
युक्तिर्वमनकर्मादि दैवं यागादि कीर्त्यते ॥ २६ ॥

સંશોધન સાત પ્રકારનું હોય છે અને હરકોઈ ચિકિત્સા તે સંશોધનને અધીન હોય છે તેમ જ હરકોઈ ચિકિત્સા ચતુષ્પાદ વિષે અધીન હોય છે-એટલે કે (વૈદ્ય, રોગી, રોગ તથા પરિચારક એ) ચતુષ્પાદ ઉપર આધાર રાખે છે અને ઔષધ તે ચતુષ્પાદમાંહેનો એક પાદ કે વિભાગ કહેવાય છે; પરંતુ એ ઔષધયુક્તિના અધિષ્ઠાન આશ્રયસ્થાન રૂપ અને દૈવરૂપ અધિષ્ઠાન આશ્રયસ્થાનવાળું જ હોય છે; તેમાં વમન કર્માદિ યુક્તિના આશ્રયવાળું અને યાગ આદિ દૈવના આશ્રયવાળું પણ ઔષધ કહેવાય છે. ૨૫,૨૬

વિવરણ : અહીં ચિકિત્સાને જે ચતુષ્પાદને અધીન કહી છે તે-ચતુષ્પાદ વૈદ્ય, ઔષધ, રોગી તથા રોગીના પરિચારકરૂપે કહેવાય છે. એ ચારેનું જો ગુણયુક્તપણું હોય, તો જ ચિકિત્સા સફળ થાય છે. આ સંબંધે આ સંહિતાના સૂત્રસ્થાનના ૨૬ મા અધ્યાયમાં આમ કહ્યું છે; જેમ કે-' चत्वारः खलु पादाश्चिकित्सितस्योपपद्यन्ते '-હરકોઈ ચિકિત્સાના ચાર પાદ કે અંશો ઘટે છે. એ ચારે પાદો જો ગુણવાન હોય છે, તો જ હરકોઈ સાધ્ય રોગ મટાડી શકાય છે. તે ચાર પાદ કે અંશો વૈદ્ય, ઔષધ, રોગી તથા પરિચારકરૂપે હોય છે. (આ ચારે ઉત્તમ હોય તો જ સાધ્ય વ્યાધિ મટી જાય છે.) ચરકે પણ સૂત્રસ્થાનના ૯ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે-' भिषक् द्रव्याण्युपस्थाता रोगी

યાદચતુષ્ટયમ્ । ગુણવત્ કારણં જ્ઞેયં વિકારવ્યુપશાન્તયે' વૈદ્ય, ઔષધદ્રવ્યો, રોગીની સેવા માટે રાખેલ નોકર અને રોગી એમ તે ચાર પાદો કે ચિકિત્સાના આશ્રયો જો ગુણવાન હોય, તો હરકોઈ વ્યાધિ કે રોગની શાંતિ થાય છે. ૨૫,૨૬

ઓષધિ, ઔષધ આદિની વ્યાખ્યા

ओषो नाम रसः सोऽस्यां धीयते यत्तदोषधिः ।
ओसादारोग्यमाधत्ते तस्मादोषधिरोषधः ॥ २७ ॥
भिषग्विज्ञाननेयत्वाद्भेषजं भिषजो विदुः ।
भिषग्जिते हितत्वाच्च भैषज्यं परिचक्षते ॥२८॥
अगदत्वं च युक्तस्य गदानामपुनर्भवात् ।
कण्ठस्य कषणात् प्रायो रोगाणां वाऽपि कर्षजात् ।
कषायशब्दः प्राधान्यात् सर्वयोगेषु कल्प्यते ।

'ओष' શબ્દનો અર્થ-'રસ' થાય છે; તે 'ઓષ'-એટલે રસ. અસ્યાં ધીયતે-સ ઓષઃ યત્ તત્ ઓષધિઃ-જેમાં ધારણ કરાય છે, એ કારણે તે-'ઓષધિઃ' કહેવાય છે. એ ઓષધિમાં રહેલા 'ઓષ'થી તે ઓષધિ રોગીમાં આરોગ્ય સ્થાપે છે, તેથી એ 'ઓષધિ-ઓષધ' એવા બીજા નામે પણ કહેવાય છે; વળી તે ઓષધિ કે ઓષધ વૈદ્યના વિજ્ઞાન કે અનુભવપૂર્વકના જ્ઞાનથી પ્રાપ્ત કરી શકાય છે, તે જ કારણે તે ઓષધિ કે ઓષધનું જ ત્રીજું નામ 'ભેષજ' છે, એમ વૈદ્યો જાણે છે; તેમજ 'ભિષગ્જિતે હિતત્વાચ્ચ ભૈષજ્યં પરિચક્ષતે-વૈદ્યના કર્મમાં કે ચિકિત્સામાં ઔષધ હિતકારી થાય છે, તે કારણે વૈદ્યો તે જ ઔષધને ભૈષજ્ય એ નામે પણ કહે છે. વળી જેના પ્રયોગથી કે સેવનથી ગદાનામ્ અપુનર્ ભવાત્-અગદત્વમ્-રોગોની ફરી ઉત્પત્તિ જ થતી નથી, એ કારણે પણ ઓષધને વૈદ્યો 'અગદ' કહે છે; તેમ જ એ ઔષધ ગળાને ઘસે છે અને રોગોને બહાર ખેંચી કાઢે છે, તે કારણે, આયુર્વેદના સર્વ ઔષધયોગોમાં 'કષાય' શબ્દ-પ્રયોગ મુખ્યત્વે કરાય છે. ૨૭-૨૯

ગુણવાન ઔષધદ્રવ્યનું લક્ષણ

शब्दरूपरसस्पर्शगन्धवद्देशजं नवम् ॥ ३० ॥
अजघ्यमविदग्धं च द्रव्यं गुणवदुच्यते ।

હરકોઈ ઔષધદ્રવ્ય શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધથી યુક્ત હોઈને યોગ્ય પ્રદેશ પર ઉત્પન્ન થયેલ હોય, નવું કે તાજું હોય, કીડા વગેરેએ ખાધું ન હોય અને દાઝેલું કે બળી ગયેલ ન હોય, તે ગુણવાન કહેવાય છે. ૩૦

રાજા વગેરેને લાયક ઔષધદ્રવ્ય

मात्रावल्लघुपाकं च हृद्यं दोषप्रवाहणम् ॥ ३१ ॥
अल्पपेयं महावीर्यं प्रीणनं बलरक्षणम् ।
व्यापत्तावल्पदोषं च मन्दग्लापनमेव च ॥ ३२ ॥
संस्कारगुणसंपन्नं राजार्हं भेषजं मतम् ।

જે ઔષધદ્રવ્ય યોગ્ય માત્રાથી યુક્ત હોય, જલદી પચી જાય એવું હોય, હૃદયને ગમે એવું હોય, દોષોને સારી રીતે વહેવડાવનાર હોય, થોડા પ્રમાણમાં હોઈ પી શકાય એવું હોય, મોટા સામર્થ્યવાળું હોય, મનને પ્રસન્ન કરનાર હોય, શરીર વગેરેના બલની રક્ષા કરનાર હોય, વિપરીત પ્રયોગ થઈ જાય તો થોડા દોષથી યુક્ત હોય, ઓછી ગ્લાનિ કરનાર હોય અને સંસ્કાર દ્વારા ગુણોથી યુક્ત થયેલ હોય તે ઔષધદ્રવ્ય રાજાને યોગ્ય મનાયું છે. ૩૧,૩૨

રોગ તથા ઉંમરના ભેદથી ઔષધના સાત પ્રકાર કલ્પી શકાય

तद्धि सिद्धमसिद्धं च शीतमुष्णं द्रवं घनम् ॥३३
कोष्णं सस्नेहमस्नेहमिति भिन्नमनेकधा ।
तदामयवयोभेदात् सप्तधैव विभज्यते ॥ ३४ ॥

એ જ ઉપર્યુક્ત ઔષધદ્રવ્ય સિદ્ધ, સ્વસિદ્ધ, શીતળ, ઉષ્ણ, પ્રવાહી, ઘન કે ઘટ્ટ, લગાર ગરમ, સ્નેહયુક્ત તથા સ્નેહરહિત હોઈ અનેક પ્રકારના ભેદોથી યુક્ત હોય છે, તોયે રોગ તથા ઉંમરના ભેદને અનુસરી સાત જ પ્રકારે વિભક્ત કરાય છે. ૩૩,૩૪

ઔષધદ્રવ્યની સાત કલ્પનાઓ

चूर्णं शीतकषायश्च स्वरसोऽभिषवस्तथा ।
फाण्टः कल्कस्तथा क्वाथो यथावत्तं निबोध मे ॥

ચૂર્ણ, શીતકષાય, સ્વરસ, અભિષવ એટલે આથારૂપ મદ્ય, ફાંટ, કલ્ક તથા ક્વાથ–એમ સાત પ્રકારે બનાવી શકાય છે. તેને તમે હવે મારી પાસેથી જાણો. ૩૫

વિવરણ : ચરકે સૂત્રસ્થાનના ૧ લા અધ્યાયમાં ઔષધની પાંચ કલ્પનાઓ આમ કહી છે: 'पञ्चविधं कषायकल्पनमिति तद् यथा–स्वरसः कल्कः शृतः शीतः फाण्टः कषाय इति '–સ્વરસ, કલ્ક, શૃત–ક્વાથ કે ઉકાળો, શીત, ફાંટ અને કષાય. આ ગણતરીમાં ચરકે ચૂર્ણ તથા અભિષવ–આથા–મદ્ય એ બેની ગણતરી કરી નથી, પણ તેઓનો અનુક્રમે ચૂર્ણના કલ્કમાં તથા અભિષવ-આથાનો શીતકષાય કે ફાંટમાં સમાવેશ કરી દીધો છે. ૩૫

ઉપર્યુક્ત સાત ઔષધ-પ્રકારોનાં ક્રમશઃ લક્ષણો

सूक्ष्मचूर्णीकृतं चूर्णं नानाकर्मसु युज्यते ।
ग्रहण्यामविकारेषु व्रणवत्यञ्जनादिषु ॥ ३६ ॥
शीतः शीतकषायः स्यादन्तरिक्षाम्बुसंप्लुतः ।
स पित्तज्वरदाहास्रग्विषमूर्च्छामदापहः ॥ ३७ ॥
तद्वदेव निशाद्युष्टोऽभिषवः साधु साधितः ।
प्रशान्ताग्निबलक्षोभः सौम्यः स्वरससङ्गतः ॥३८॥
द्राक्षेक्षुत्रामलकादीनां पीडनात् स्वरसः स्मृतः ।
स संशमनसंयोगे नानारोगेषु कल्पते ॥ ३९ ॥
क्वथितस्त्वान्तरिक्षेण वारिणाऽर्धावशेषितः ।
सकृद्धा फाणितः फेनं कषायः फाण्ट उच्यते ॥४०
सोऽल्पदोषबले बाले लघुव्याधौ च शस्यते ।
कल्कः कल्कीकृतो योज्यः पानलेपावलेहने ॥४१
केवलद्रव्यपेयत्वाद्विकार्षी दुर्जरश्च सः ।
पादस्थितो भवेत् क्वाथो युक्तोऽब्रह्मग्नितेजसा ॥
स वयोबलसंपन्ने गुरुव्याधौ च शस्यते ।

જે દ્રવ્યને બારીક ચૂર્ણરૂપે કરી નાખવામાં આવ્યું હોય તે ચૂર્ણરૂપે કહેલ 'ચૂર્ણ' ઔષધ કહેવાય છે; અને તેનો અનેક ચિકિત્સાકર્મોમાં પ્રયોગ કરી શકાય છે, જેમ કે ગ્રહણીરોગમાં, આમના વિકારોમાં વ્રણયુક્ત રોગમાં તથા અંજન આદિમાં. ચૂર્ણરૂપે કરેલું ઔષધદ્રવ્ય ઉપયોગમાં લેવાય છે. જે દ્રવ્યનો અંતરિક્ષના જળમાં કે વરસાદના અદ્ધરથી ઝીલી લીધેલા પાણીમાં ભીંજવીને ઉપયોગ કરાય છે, તે શીત અથવા શીતકષાય નામે કહેવાય છે. આ શીતકષાય પિત્ત, જ્વર, દાહ, લોહી વિકાર, વિષ, મૂર્છા તથા મદ–કેફ વગેરેનો નાશ કરે છે. તે જ પ્રમાણે જે ઔષધદ્રવ્યને રાતવાસી રાખ્યું હોય અને પછી તેને સારી રીતે ઉકાળી પકવ કરેલ હોય, તે 'અભિષવ' કહેવાય છે. જે માણસનો જઠરાગ્નિ તથા ક્ષોભ શાંત થઈ ગયો હોય અને જે માણસ સૌમ્ય હોય તેને કોઈ દ્રવ્યના સ્વરસ કે તાજા રસની સાથે મેળવીને આ 'અભિષવ' રૂપ ઔષધ આપી શકાય છે; તેમ જ દ્રાક્ષ, શેરડી કે આમળાં વગેરે દ્રવ્યને તાજાં લાવી–કૂટી નાખી નીચોવી જે કંઈ તેનો રસ કાઢી લેવામાં આવે છે, તે 'સ્વરસ' નામનું ઔષધ કહેવામાં આવે છે. તે સ્વરસને સંશમન ઔષધ સાથે મેળવીને અનેક રોગોમાં ઉપયોગ કરાય છે. વળી જે દ્રવ્યનો (સોળ ગણા) અદ્ધરથી ઝીલેલા અંતરિક્ષના–વરસાદના પાણીથી ક્વાથ કર્યો હોય અને તેમાંથી અર્ધું પાણી બાકી રાખી લીધું હોય કે તેને ઉકાળતાં એક ઊભરો આવે અને ક્ષીણ આવે, ત્યારે ઉતારી લઈ શીતળ થવા દીધો હોય, તે ફાંટ કષાય કહેવાય છે. એ ફાંટનો જેનામાં દોષનું બળ ઓછું હોય તેવા બાળક વગેરેમાં હલકો રોગ લાગુ થયો હોય તે વખતે ઉપયોગ કરવો એ ઉચિત છે; પરંતુ જે ઔષધદ્રવ્યને તાજું–લીલું જ લાવી તેને ખાંડી–કૂટી કલ્ક કે ચટણીની જેમ તૈયાર કરેલ હોય તેને 'કલ્ક' કષાય કહેવાય છે. એ કલ્કનો પીવામાં, લેપ લગાવવામાં તથા

ચાટવામાં ઉપયોગ કરાય છે. એ કલ્કનો પ્રયોગ કેવળ દ્રવ્યરૂપે પીવામાં કરાય છે, તેથી એ વધુ પ્રમાણમાં કર્ષણ કરનાર કે માણસને દુબળો–પાતળો કરનાર થાય છે અને તે પચવો પણ મુશ્કેલ થાય છે; પરંતુ જે દ્રવ્યને એક ચતુર્થાંશ લઈ તેનાથી ચારગણા કે આઠગણા પાણીમાં નાખી ખૂબ અગ્નિના તાપથી ઉકાળવામાં આવે અને પછી તેમાંથી એક ચતુર્થાંશ પાણીનો ભાગ બાકી રહે ત્યારે અગ્નિ પરથી નીચે ઉતારી લઈ ઉપયોગમાં લેવાય તે ઔષધ 'ક્વાથ' નામે કહેવાય છે અને પછી જે રોગી ઉંમર તથા બળથી યુક્ત હોય, તેમાં એ ક્વાથનો પીવામાં પ્રવાહીરૂપે ઉપયોગ કરાય છે અને તે પણ રોગીની ઉંમર યોગ્ય પ્રમાણમાં હોય અને તેમાં શરીરબળ પણ યોગ્ય પ્રમાણમાં હોય તેમ જ રોગ પણ મહાન હોય તો આ ક્વાથરૂપ ઔષધનો પ્રયોગ કરાય તે વખણાય છે. ૩૬–૪૨

વિવરણ : ચરકે સૂત્રસ્થાનના ૪ થા અધ્યાયમાં આ પ્રમાણે પાંચ પ્રકારના કષાયોની કલ્પના કરી છે; જેમ કે–'यन्त्रप्रपीडनाद् द्रव्याद् रसः स्वरस उच्यते। यत् पिण्डं रसपिष्टानां तत् कल्कं परिकीर्तितम्। वह्नौ तु क्वथितं द्रव्यं शृतमाहुश्चिकित्सकाः। द्रव्यादापोथितात्तोये तत् पुनर्निशि संस्थितात्। कषायो योऽभिनिर्याति स शीतः समुदाहृतः क्षिप्त्वोष्णतोये मृदितं तत् फाण्टं परिकीर्तितम्॥'–જે દ્રવ્યને યંત્રથી પીસી નાખી, નીચોવીને જે રસ કાઢવામાં આવે, તે સ્વરસ કહેવાય છે; રસવાળી તાજી ઔષધિને પીસી નાખી જે પિંડ અથવા ચટણીના જેવી લુગ્દી તૈયાર કરાય તેને કલ્ક કહેવામાં આવે છે; જે દ્રવ્યને પાણીમાં નાખી ઉકાળ્યું હોય તે ક્વાથ કહેવાય છે. જે દ્રવ્યને કચરી–કૂટીને રાત્રે પાણીમાં નાખી સવારે તેને જે ચળી લેવાય કે નીચોવી લેવાય, તે શીતકષાય કહેવાય છે; તેમ જ ગરમ પાણીમાં જે દ્રવ્યને મસળી નાખી ગાળી લેવામાં આવે, તે ફાંટ કહેવાય છે. ૪૨

સાત પ્રકારે વિભાગ પામેલ ઔષધ-દ્રવ્યનો દસ પ્રકારે પ્રયોગ

सप्तधैवं विभज्यैतद्दशधा प्रविचारयेत्।
पूर्वं भक्तस्य मध्येऽधः समुद्गं समुहुर्मुहुः॥४३
सभक्तं भक्तयोर्मध्ये ग्रासग्रासान्तरे परः।

ઉપર જણાવ્યા પ્રમાણે જે દ્રવ્યની સાત પ્રકારની બનાવટ કહી છે, તેનો પ્રયોગ દસ પ્રકારે કરી શકાય છે; જેમ કે ભોજનની પહેલાં, ભોજનની વચ્ચે, ભોજનની અંતે, સમુદ્ગ એટલે સંપુટરૂપે, વારંવાર, ખોરાકની સાથે, બે ભોજનની વચ્ચે, કોળિયાની સાથે, બે કોળિયાની વચ્ચે અને ભોજન કર્યા પહેલાં એમ દસ પ્રકારે ઔષધપ્રયોગ કરી શકાય છે. ૪૩

વિવરણ : આ સંબંધે સુશ્રુતે ઉત્તરતંત્રના ૬૪ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'अत ऊर्ध्वं दशौषधकालान् वक्ष्यामः। तत्राभक्तं प्राग्भक्तमधोभक्तं मध्येभक्तमन्तराभक्तं सभक्तं सामुद्गं मुहुर्मुहुः ग्रासं ग्रासान्तरं चेति दशौषधकालाः'–હવે ઔષધ લેવાના દસ કાળ અમે કહીએ છીએ–જેમ કે નિર્ભુક્તકાળ, પ્રાગ્ભક્તકાળ, અધોભક્તકાળ, મધ્યેભક્તકાળ, અંતરાભક્તકાળ, સભક્તકાળ, સામુદ્ગકાળ, મુહુર્મુહુઃકાળ, ગ્રાસકાળ અને ગ્રાસાન્તરકાળ–એમ ઔષધ લેવાના દસ કાળ કહ્યા છે. ૪૩

ભોજનની પહેલાંનો ૧ લો ઔષધકાળ

पूर्वं भक्तस्य भेषज्यं न करोति बलक्षयम्॥४४॥
आमाशयगतान् दोषान्निहन्त्याशु च पच्यते।
अन्नसंस्तम्भिते देहे च्छर्द्यूद्गारव्यथादयः॥४५॥
न भवन्ति यतस्तस्मात्तद्देयं दुर्बलीयसे।

જે ઔષધ ખોરાકની પહેલાં લેવાયું હોય, તે (રોગીના) બળનો નાશ કરતું નથી, તેમ જ આમાશયમાં ગયેલા દોષોનો નાશ કરે છે અને તે કાચા દોષોને જલદી પકવી નાખે છે; વળી ખોરાકની પહેલાં લીધેલા ઔષધને દેહમાં ખોરાક વડે સારી રીતે થંભાવી દીધું હોય, તો ઊલટી, ઓડકાર કે પીડા આદિ થતાં નથી; એ

કારણે જે રોગી અતિશય દુર્બળ હોય તેને (ખોરાકની પહેલાં જ) ઔષધ આપવું જોઈએ.૪૪,૪૫

વિવરણ : આ સંબંધે સુશ્રુતે પણ ઉત્તરતંત્રના ૬૪મા અધ્યાયમાં આમ કહ્યું છે :– 'प्राग्भक्तं नाम यत् प्राग्भक्तस्योपयुज्यते। शीघ्रं विपाकमुपयाति बलं न हिंस्यादन्नावृतं न च मुहुर्वदनान्निरेति। प्राग्भक्तसेवितमथौषधमेतदेव, दद्याच्च वृद्ध शिशुभीरुकृशाङ्गनाभ्यः ॥'–જે ઔષધ ખોરાકની પહેલાં રોગીને આપ્યું હોય તે જલદી તરત પચી જાય છે, રોગીના બળનો નાશ કરતું નથી; તેમ જ ખોરાક વડે ચોપાસ વીંટળાઈ વળ્યું હોય તેથી મોઢામાંથી બહાર નીકળી જતું નથી; એ કારણે વૃદ્ધો, બાળકો, બીકણો, દુર્બળો તથા સ્ત્રીઓને ખોરાકની પહેલાં જ ઔષધ આપવું. ૪૪,૪૫

ખોરાકની વચ્ચે ઔષધ દેવાય તેનું ફળ

मध्येभक्तं ह्युभयतो रुक्षमन्नेन मेषजम् ॥ ४६ ॥
तदन्तराशये दोषान् सुखेनैव नियच्छति।
शमयत्याश्वधोभक्तमुरःकण्ठशिरोगदान् ॥ ४७ ॥

જે ઔષધ રોગીને ખોરાકની વચ્ચે અપાય છે, તે ઔષધ બન્ને બાજુથી ખોરાક વડે રોકાઈ જઈ અંદરના કોઠામાં રહેલા દોષોને સુખેથી અનાયાસે અવશ્ય કાબૂમાં લે છે અને બહાર કાઢે છે; તેમ જ ખોરાકની પાછળ લીધેલું કે સેવેલું ઔષધ છાતીના, ગળાના તથા મસ્તકના રોગોને તરત જ શમાવે છે. ૪૬,૪૭

વિવરણ : આ સંબંધે પણ સુશ્રુતે ઉત્તરતંત્રના ૬૪મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'अधो भक्तं नाम-यदधो भक्तस्येति। मध्ये भक्तं नाम–यन्मध्ये भक्तस्य पीयते, पीतं यदन्नमुपयुज्य तदूर्ध्वकाये हन्याद् गदान् बहुविधांश्च बलं दहाति। मध्ये तु पीतमपहन्यविसारिभावाद्ये मध्यदेहमभिभूय भवन्ति रोगाः ॥'–જે ઔષધ ખોરાકની વચ્ચે પીવાય છે, તે ખોરાકની વચ્ચે રોકાઈ જઈ ઉપર–નીચે કયાંય પણ ફેલાઈ જતું નથી, તે હેતુથી જે રોગો શરીરના મધ્યભાગે ઉત્પન્ન થઈ તે મધ્યભાગને હેરાન કરી રહ્યા હોય છે તેઓનો તરત જ નાશ કરે છે. તે જ પ્રમાણે–अधोभक्तं नाम यद् भुक्तान्ते पीयते, पीतं यदन्नमुपयुज्य तदूर्ध्वकाये हन्याद् गदान् बहुविधांश्च बलं दधाति ॥–જે ઔષધ ખોરાક ખાધા પછી પીધું હોય તે શરીરના ઉપરના ભાગમાં અનેક પ્રકારના જે રોગો ઉત્પન્ન થયા હોય છે તેઓનો નાશ કરે છે અને શરીરમાં બળ સ્થાપે છે.

સામુદ્ગ ઔષધના સેવનનું ફળ

व्यत्यासेन च सामुद्गं दोषे तूर्ध्वमधोगते।
मुहुर्मुहुः श्वासकासहिक्कातृड्छर्दिशान्तये ॥४८

જ્યારે કોઈપણ દોષ ઉપર અને નીચે બેય બાજુએ ગયો હોય, ત્યારે ઔષધનો સામુદ્ગ પ્રયોગ કરાય છે એટલે કે સંપુટની જેમ ઉપયોગ કરાય છે. અર્થાત્ ખોરાકની શરૂઆતમાં અને ખોરાકની પાછળ પણ જે ઔષધસેવન કરાય છે, તે 'સામુદ્ગ'–સંપુટરૂપે થાય છે, તે પ્રકારે સેવેલું ઔષધ વારંવાર થતા શ્વાસ, ઉધરસ, હેડકી, વધુ પડતી તરશ તથા વારંવાર થતી ઊલટીને મટાડે છે. ૪૮

વિવરણ : આ સંબંધે પણ સુશ્રુતે ઉત્તરતંત્રના ૬૪મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'समुद्गं नाम यद् भक्तस्य आदावन्ते च पीयते। दोषे सुधा प्रविद्विते तु समुद्गसंज्ञमाद्यन्तयोर्यदशनस्य निषेव्यते तु ॥'–જે ઔષધ ખોરાકની શરૂઆતમાં અને પાછળથી પણ સેવાય તે 'સમુદ્ગ' નામે કહેવાય છે; કેમ કે તે સંપુટમાં જાણે ધારણ કર્યું હોય તેવું બને છે અને સમુદ્ગ ઔષધસેવન આવી સ્થિતિમાં કરાય છે તે જ્યારે કોઈ પણ દોષ બન્ને બાજુ પ્રસર્યો હોય એટલે કે ઉપર તથા નીચે બન્ને ભાગોમાં દોષ જ્યારે ફેલાઈ ગયો હોય ત્યારે ખોરાકની શરૂઆતમાં અને ખોરાકની પછી ઔષધસેવન કરવું જોઈએ, જેથી તે ઔષધ સામુદ્ગ એટલે કે જાણે સંપુટમાં ધારણ કર્યું હોય એવું થઈને બન્ને બાજુ ફેલાયેલા દોષોનો નાશ કરે છે. ૪૮

ખોરાક સાથેનું સભક્ત ઔષધ

हितं बलाग्निरक्षार्थं सभक्तं दुर्बलात्मनाम्।
स्त्रीबालवृद्धललितक्षतक्षीणौषधद्विषाम् ॥ ४९ ॥

જે લોકો દુબળા શરીરવાળા થયા હોય તેઓને તેમના બળ તથા જઠરાગ્નિની રક્ષા કરવા માટે ખોરાકની સાથે ઔષધ આપવું જોઈએ; જેમ કે સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો, નાજુક બાંધાવાળા, ક્ષતક્ષીણ એટલે કે ચાંદું પડવાથી જેઓ ક્ષીણ થયા હોય અને ઔષધના જેઓ દ્વેષી હોય એટલે કે ઔષધ સેવવું જેઓને ગમતું જ ન હોય, તેઓને ખોરાકની સાથે ઔષધ આપવું જોઈએ. ૪૯

વિવરણ : સુશ્રુતે પણ આ સંબંધે ઉત્તરતંત્રના ૬૪ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'સભક્તં નામ-યત્ સહ ભક્તેન। પથ્યં સભક્તમબલાડબલયોર્હિં નિત્યં તદ્વેષિણામપિ તથા શિશુવૃદ્ધયોશ્ચ।'–જે ઔષધ ખોરાકની સાથે પકવાય છે અને નિર્બલ કે બળવાન રોગીને તે જ ખોરાક સાથે પકવેલું ઔષધ ખોરાકની સાથે જ આપવામાં આવે, તેમ જ ઔષધનો દ્વેષ કરનારને, બાળકોને તથા વૃદ્ધોને પણ તે જ ઔષધ ખોરાક સાથે અપાય છે, તે સભક્ત ઔષધસેવન કરાવેલું ગણાય છે; અને તે ઔષધ તેઓને સર્વકાળ હિતકારી થાય છે. ૪૯

બે ખોરાકની વચ્ચે અપાતું ઔષધ ફળ
વ્યાધૌ મન્દેઽનલે તીક્ષ્ણે ભક્તયોર્મધ્ય ઇષ્યતે।

જ્યારે કોઈ રોગ ઓછો હોય અને જઠરાગ્નિ તીક્ષ્ણ હોય ત્યારે બે વખતના ખોરાકની વચ્ચે જે ઔષધ અપાય છે, તે એ રોગીને હિતકારી થાય છે.

વિવરણ : આ સંબંધે પણ સુશ્રુતે ઉત્તરતંત્રના ૬૪ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'અન્તરાભક્તં નામ–યદન્તરા પીયતે પૂર્વાપરયોર્ભક્તયો। હૃદ્યં મનોબલકરં ત્વથ દીપનં ચ–પથ્યં સદા ભવતિ ચાન્તરભક્તકં યત્ ॥'–જે ઔષધ આગળપાછળના બે ખોરાકની વચ્ચે અપાય છે અને તે ઔષધ રોગીના હૃદયને પ્રિય તથા હિતકારી હોઈને તેના મનના બળને કરનાર હોય છે, જઠરના અગ્નિને પ્રદીપ્ત કરનાર તથા પથ્ય–હિતકારી હોઈ એ રોગીની પ્રકૃતિને માફક આવે છે, તે આન્તરભક્ત અથવા અન્તરાભક્ત ઔષધ કહેવાય છે.

ખોરાકના કોળિયામાં અપાતું ઔષધ ફળ
ક્ષીણક્ષીણાલ્પશુક્રાણાં વાજીકરણમૌષધમ્ ॥૫૦॥
ગ્રાસે વિધેયં ચૂર્ણં ચ યદગ્નિબલવર્ધનમ્।

જે ઔષધ વાજીકરણ હોય અને ક્ષીણ થયેલા રોગીને, ક્ષીણવીર્યવાળા તથા અલ્પ વીર્યવાળા રોગીને ખોરાકના કોળિયામાં જ આપી શકાય છે, તે ઔષધ ચૂર્ણરૂપ હોય છે અને રોગીના જઠરાગ્નિના બળને વધારનાર હોય છે. ૫૦

વિવરણ : આ સંબંધે પણ સુશ્રુતે ઉત્તરતંત્રના ૬૪ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'ગ્રાસં તુ યત્ પિણ્ડવ્યામિશ્રમ્। ગ્રાસેષુ ચૂર્ણમબલાગ્નિષુ દીપનીયં–વાજીકરાણ્યપિ તુ યોજયિ તુ યતેત ॥'–જે ઔષધ ખોરાકના કોળિયા સાથે મિશ્ર કરીને અપાય, ચૂર્ણરૂપ હોય અને નિર્બળ થયેલ જઠરાગ્નિવાળાઓને આપી શકાય છે, તે દીપનીય હોય એટલે કે જઠરના અગ્નિને પ્રદીપ્ત કરે એવું હોય છે; તેમ જ એવા રોગીને તેવાં વાજીકરણ ઔષધો પણ ખોરાકના કોળિયા સાથે આપવા માટે વૈદ્યે યત્ન કરવો.

કોળિયાની વચ્ચે આપવાનું ઔષધ
ગ્રાસાન્તરે ચ્છર્દનીયં ધૂમપાનં ચ શસ્યતે ॥૫૧॥

જે ધૂમપાનરૂપ ઔષધ, છર્દનીય હોય એટલે કે ઊલટી કરાવે તેવાં હોય, તેનો ઉપયોગ કોળિયાની વચ્ચે વચ્ચે કરાવવો જોઈએ; અને તે વખણાય છે. ૫૧

વિવરણ : આ સંબંધે પણ સુશ્રુતે ઉત્તરતંત્રના ૬૪ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'ગ્રાસાન્તરં તુ યદ્ ગ્રાસાન્તરેષુ। ગ્રાસાન્તરેષુ વિતરેદ્ વમનીયધૂમાન્ શ્વાસાદિષુ પ્રથિતદૃષ્ટગુણાંશ્ચ લેહાન્'–જે ઔષધ કોળિયાઓની વચ્ચે વચ્ચે અપાય તે વમનકારક ધૂમપાનરૂપે હોય છે; તેમ જ શ્વાસ આદિ રોગોમાં જેઓનો ગુણ હર્ષકારક તરીકે પ્રસિદ્ધ હોય છે, તેવાં ચાટી શકાય એવાં ઔષધો પણ ખોરાકના કોળિયાની વચ્ચે વચ્ચે આપી શકાય છે. આ સુશ્રુતવાક્ય ઉપર ટીકાકાર ડલ્હણ આમ લખે છે કે–'વમનીયધૂમાન્ ઇતિ સ્નાયુચર્મખુરપ્રભૃતિભિઃ કૃતાન્'–ઉપરના સુશ્રુતવાક્યમાં વમન કરાવવા યોગ્ય ધૂમ એટલે કે પ્રાણીઓનાં સ્નાયુ,

ચામડાં અને ખરીઓ વગેરેથી જે ધુમાડા કર્યા હોય તે સમજ્ય છે. એ ધુમાડા પીવાથી કે સૂંઘવાથી અવશ્ય ઊલટી થાય છે. ૫૧

અભક્ત ઔષધસેવન અને તેનું ફળ

અભક્તમૌષધં પીતં વ્યાધિમાશુ બલીયસામ્ ।
હન્યાત્તદેવેહ બલં બલવદ્દુર્બલીયસામ્ ॥ ૫૨ ॥

જે ઔષધ ખોરાક જમ્યા વિના પીધું હોય, તે અતિશય બળ ધરાવતા રોગીઓના વ્યાધિનો તરત નાશ કરે છે; અને તે જ ઔષધ અતિશય દુર્બલ રોગીઓને તથા બળવાનને પણ બળરૂપે થાય છે. ૫૨

વિવરણ : આ સંબંધે પણ સુશ્રુતે ઉત્તરતંત્રના ૬૪ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે– 'तत्राभक्तं तु यत् केवलमेवौषधमुपयुज्यते '–જે ઔષધ કેવળ એકલું જ ખોરાક વિના જ ઉપયોગમાં લેવાય છે તે અભક્ત ઔષધસેવન કહેવાય છે. એમ કેવળ એકલા જ ખોરાક વિનાના ઔષધના સેવનથી જે ગુણો મેળવાય છે, તે સંબંધે પણ ત્યાં આમ કહેલું છે કે–' वीर्याधिकं भवति भेषजमन्नहीनं, हन्यात् तथाऽऽमयमसंशयमाशु चैव । तद् बालवृद्धवनितामृदवस्तु पीत्वा ग्लानिं परां समुपयान्ति बलक्षयं च ॥ '–જે ઔષધ ખોરાક વિના જ એકલું સેવાય, તે વધુ વીર્યવાન બને છે અને તેથી જ એવું ખોરાક વગેરેનું એકલું ઔષધ તરત જ રોગનો નાશ કરે છે, અને એને પીને બાળકો, વૃદ્ધો, સ્ત્રીઓ તથા વધુ કોમળ લોકોને ગ્લાનિ થાય છે તથા તેમના બળનો નાશ થાય છે. ૫૨

ઉપર કહેલ દસ ઔષધકાળનો દસ પ્રકારે વિભાગ કયાં ન કરાય ?

एतानौषधकालांस्तु विभजेद्दशधा दश ।
क्षीणधात्विन्द्रिये शान्ते क्लान्ते तान्ते क्षुभुक्षिते ॥
भैषज्यदग्धकोष्ठे च भेषजं नावचारयेत् ।
क्रुद्धे विषण्णे शोकार्ते रात्रौ जागरिते तथा ॥
विदग्धाजीर्णभक्ते च भेषजं नावचारयेत् ।
कर्मातिभाराभिहते निरूढे सानुवासिते ॥ ૫૫ ॥
उपोषिते विरिक्ते च भेषजं नावचारयेत् ।
यत्किञ्चिदप्युपास्तान्ने मूर्च्छिते घर्मतापिते ॥૫૬॥
सद्यः पीतोदके चैव भेषजं नावचारयेत् ।
अवस्थाविपरीतं च भेषजं नावचारयेत् ॥ ૫૭ ॥

ઉપર કહેલાં દસ ઔષધકાળનો દસ દસ પ્રકારે વિભાગ કરવો; પરંતુ જે માણસની ધાતુઓ તથા ઇંદ્રિયો ક્ષીણ થઈ હોય, જે શાંત, થાકેલો કે કરમાઈ ગયો હોય, જે પાતળો–દૂબળો થઈ ગયો હોય, જે ભૂખ્યો થયો હોય અને જેનો કોઠો ઔષધથી બળી ગયો હોય, તેના વિષે કોઈ પણ ઔષધનો પ્રયોગ ન કરવો. વળી જે માણસ ક્રોધ પામ્યો હોય, ખેદ પામ્યો હોય, શોકથી પીડાયો હોય, જેણે રાત્રે જાગરણ કર્યું હોય અને જેણે આધેલો ખોરાક વિદગ્ધ થઈ બરાબર પચ્યો ન હોય અથવા જેણે ખાધેલું બિલકુલ પચ્યું જ ન હોય, તેને પણ કોઈ ઔષધનો પ્રયોગ ન કરાવવો; તેમ જ જે માણસ કામના અતિશય ભાર કે બોજાથી પીડાયો હોય, જેને નિરૂહ કે અનુવાસન બસ્તિ અપાઈ ન હોય, જેણે ઉપવાસ કર્યો હોય અને જે વિરેચન ઔષધ લઈ વિરેચનથી ખાલી થઈ ગયો હોય, તેને પણ ઔષધપ્રયોગ ન કરાવવો. વળી જે માણસે હરકોઈ ખોરાક ખાઈ લીધો હોય, જેને મૂર્છા આવી હોય, ધામથી જે પીડાયો હોય અને જેણે તરતમાં જ પાણી પી લીધું હોય તેને પણ ઔષધસેવન કરાવવું નહિ; એમ ઉપર્યુક્ત અવસ્થાવાળા કોઈ પણ માણસને ઔષધપ્રયોગ ન કરાવવો. ૫૩–૫૭

૧૨ વર્ષથી નાની ઉંમરના બાળક વગેરેને કાયમ ઔષધ ન અપાય

ऊनद्वादशवर्षाणां नैकान्तेनावचारयेत् ।
अवचारितमेकान्तेनाहन्यहनि चौषधम् ॥ ૫૮ ॥
असमत्वागतप्राणदोषधातुबलौजसाम् ।
अत्यन्तसुकुमाराणां कुमाराणां बलायुषी ॥૫૯॥

જેને ૧૨ વર્ષ થયાં ન હોય તે માણસને કાયમ ઔષધ સેવન કરાવાય નહિ; વળી જેઓમાં પ્રાણ, દોષ, ધાતુઓ, બળ તથા ઓજસ એકસરખી રીતે પ્રાપ્ત થયેલ ન હોય તેવા લોકોને તેમ જ અત્યંત કોમળ

નાના કુમારોને અવશ્ય દરરોજ ઔષધ જો આપ્યા કર્યું હોય, તો તે તેઓનાં બળ તથા આયુષનો નાશ કરે છે. ૫૮,૫૯

क्षीणातिवृद्धकुद्धानां क्षीणधात्विन्द्रियौजसाम् ।
एकान्तेनौषधं पीतं सूर्यस्तोयमिवाल्पकम् ॥६०॥

વળી જેઓ ક્ષીણ થયા હોય, અત્યંત વૃદ્ધ થઈ ગયા હોય, ઘણા ક્રોધે ભરાયા હોય, જેઓનાં ધાતુ, ઇંદ્રિયો તથા ઓજસ ક્ષીણ થયાં હોય તે લોકો કાયમ ઔષધ સેવ્યા કરે, તો જેમ સૂર્ય થોડા પાણીનો નાશ કરી નાખે છે, તેમ એ લોકોના (થોડા જ રહેલા) બળ તથા આયુષનો તે ઔષધ નાશ કરી નાખે છે. ૬૦

આવું ઔષધ ત્યજી દેવું

व्याधिदोषबलाग्निभ्यो हीनं तेभ्योऽधिकं च यत् ।
अजिज्ञासितपूर्वं च गुणैश्चोक्तैर्विवर्जितम् ॥६१॥
अरोगसात्म्यं दुर्युक्तमनिष्टं मनसश्च यत् ।
यस्य पीतस्य पाकान्ते दोषः सूक्ष्मोऽपि लक्ष्यते ॥६२
व्याधेश्च प्रशमो न स्यात्तच्च वर्ज्यं विजानता ।

જે ઔષધ રોગ, દોષ, બળ તથા જઠરાગ્નિથી ઊતરતું કે ઓછું હોય તેમ જ જે ઔષધ એ રોગ આદિથી અધિક હોય, વળી જે ઔષધને પહેલાં જાણી લીધું ન હોય અને જે ઔષધ શાસ્ત્રમાં કહેલા ગુણોથી રહિત હોય, રોગને સાત્મ્ય કે માફક ન હોય, જેનો ઉપયોગ ખરાબ રીતે થયો હોય, મનને જે અપ્રિય થયું હોય, જે ઔષધને પીધા પછી અને પાચન થયા પછી સૂક્ષ્મ દોષ પણ જો દેખાયો હોય અને જે ઔષધથી રોગને શાંતિ ન થઈ હોય તે ઔષધનો વિદ્વાન માણસે ત્યાગ કરવો જોઈએ. ૬૧,૬૨

સેવવા યોગ્ય ઔષધ

यन्नातुरबलं हन्ति व्याधिवीर्यं निहन्ति च ॥६३॥
तदेवास्यावचार्यं स्यादाव्याधुच्छेददर्शनात् ।

જે ઔષધ રોગીના બળનો નાશ ન કરે પણ રોગના સામર્થ્યનો જે નાશ કરે, તે જ ઔષધનું રોગનો સંપૂર્ણ નાશ ન થાય ત્યાં સુધી સેવન કર્યા કરવું. ૬૩

શમન ઔષધ લાંબો કાળ ન સેવાય

कामं व्याधौ प्रशान्तेऽपि शमदानाच्छमौषधम् ॥६४
तदेवाल्पं विधातव्यं सकृद् द्विस्त्रिर्यथाबलम् ।

શમન ઔષધથી વ્યાધિ અત્યંત શાંત થઈ ગયેલ હોય, તોપણ તે જ શમન ઔષધ એક, બે કે ત્રણ વાર જ થોડું થોડું બળ પ્રમાણે સેવવું જોઈએ. ૬૪

ઔષધપ્રયોગ કરવાની વિધિ

पुण्येऽहनि नमस्यादौ देवद्विजभिषग्गुरून् ॥६५॥
पूर्वाह्णे प्राङ्मुखायास्मै सुखासीनाय साधवे ।
बुभूषमाणाय भिषङ् मन्त्रवद् भेषजं शुचिः ॥६६॥
इदं हन्त पिब चेति संप्रयच्छेदुदङ्मुखः ।

પવિત્ર દિવસે પ્રથમ દેવો, બ્રાહ્મણો, વૈદ્ય તથા ગુરુને નમસ્કાર કર્યા પછી દિવસના પહેલા ભાગે–સવારમાં રોગીને પૂર્વ દિશા તરફ મોઢું રખાવી સુખપૂર્વક બેસાડીને પવિત્ર થયેલા વૈદ્યે ઉત્તર તરફ મુખ રાખી મંત્ર જેવા ઔષધને 'બૂબ આનંદથી તું આ પી' એમ કહી તે ઔષધ આપવું. ૬૫,૬૬

ઔષધ સેવ્યા પછીનાં ત્યાજ્ય કર્મો

अतिचङ्क्रमणस्थानशयनासनभाषणम् ॥६७॥
क्रोधशोकदिवास्वप्नविरुद्धान्नाहिमातपान् ।
पीतौषधो न सेवेत तथा स्त्रीवेगधारणम् ॥६८॥

જે માણસે ઔષધ પીધું હોય કે સેવ્યું હોય તેણે વધારે પડતું ચાલવું, ઊભા રહેવું, ઊંઘવું, બેસી રહેવું કે બોલવું વગેરે ત્યજવું જોઈએ; તેમ જ ક્રોધ, શોક, દિવસની નિદ્રા, વિરુદ્ધ ખોરાક, હિમ તથા સૂર્યનો તાપ પણ છોડી દેવાં જોઈએ અને સ્ત્રીનું સેવન કરવું નહિ; તેમ જ (મળમૂત્રાદિના) આવેલા વેગો પણ રોકવા ન જોઈએ. ૬૭,૬૮

ઔષધ પચતું હોય તે વેળાનાં લક્ષણો

विजृम्भाः शब्दविद्वेषो मुखशोषोऽरतिः क्लमः ।
तन्द्रीरुद्वेष्टनं सादो लिङ्गं जीर्यति भेषजे ॥६९॥

સેવેલું ઔષધ પચતું હોય ત્યારે આટલાં લક્ષણો થાય છેઃ બગાસાં આવ્યા કરે, શબ્દો સાંભળવા ન ગમે, મોઢું સુકાય, ઘેઘેની જણાય, પરિશ્રમ વિના થાકનો અનુભવ થાય, નિદ્રા જેવું ઘેન થાય, ઉદ્વેષ્ટન એટલે કે પગે ગોટલા ચડે અને અંગોમાં શિથિલતા થાય. ૬૯

ઔષધ સેવ્યા પછીનો ભોજનકાળ

सृष्टिर्विण्मूत्रवातानां शरीरस्य च लाघवम् ।
उद्गारशुद्धिर्वैशद्यं वैमल्यं हृदयस्य च ॥ ७० ॥
प्रकाङ्क्षा कुक्षिशैथिल्यमन्नकालस्य लक्षणम् ।

(ઔષધ પચ્યા પછી) વિષ્ઠા, મૂત્ર તથા નીચેનો વાયુ-અપાન છૂટથી બહાર આવે; શરીરનું હલકાપણું થાય, સાફ ઓડકાર આવે, શરીરમાં સ્વચ્છતા અનુભવાય; હૃદયનું નિર્મળપણું જણાય, ખોરાક લેવાની ખૂબ ઇચ્છા થાય અને કૂખની શિથિલતા જણાય-એને ખોરાક ખાવાનો સમય થયેલો જાણવો.

ઉંમરના ત્રણ વિભાગ અને તે પ્રમાણે ઔષધની માત્રા

वयस्त्रिधा विभज्यादौ मात्रा वक्ष्याम्यतःपरम् ॥७१
गर्भबालकुमाराख्यमित्येतत्त्रिविधं वयः ।
यौवनं मध्यमं वृद्धमेतच्च त्रिविधं पुनः ॥ ७२ ॥

હવે ઉંમરના ત્રણ પ્રકારો પ્રથમ કહું છું અને તે પછી તે તે ઉંમરને અનુસરતી ઔષધની માત્રા પણ હું કહું છું-માણસની પહેલી ગર્ભાવસ્થા, બીજી બાલ્યાવસ્થા અને ત્રીજી કુમારાવસ્થા જાણવી; એ જ પ્રમાણે ઉંમર પણ ત્રણ પ્રકારની સમજવી-પહેલી યુવાવસ્થા, બીજી મધ્યમ અવસ્થા અને ત્રીજી વૃદ્ધાવસ્થા. ૭૨

અવસ્થા કે ઉંમર વિષે વધુ સમજૂતી

वर्षावरः क्षीरपः स्याद्यावत् पिबति वा पयः ।
वयस्तद्बालमस्माच्च यावत् षोडशवार्षिकः ॥७३॥
अन्नादः सर्व एव स्यात् कौमारे वयसि स्थितः ।
अतः परं धातुसत्त्वबलवीर्यपराक्रमैः ॥ ७४ ॥
वर्धमानैश्चतुस्त्रिंशद्युवा वर्षाण्युदर्कतः ।
धात्वादिभिः स्थिरीभूतैर्यावदासप्ततिर्नरः ॥ ७५ ॥
मध्यो धात्वादिभिः पश्चात् क्षीयप्राग्जैर्यथाक्रमम् ।
वृद्धो भवति मन्दात्मा प्रवृत्तिर्यावदायुषः ॥ ७६ ॥

બાળક એક વર્ષની ઉંમરનું ન થયું હોય તે 'ક્ષીરપ'-ધાવણું કહેવાય; અથવા જ્યાં સુધી તે દૂધ પીતું હોય કે ધાવણ ધાવતું હોય ત્યાં સુધી 'ક્ષીરપ' કહેવાય છે; એટલે તે બાલ્યાવસ્થા જણાય છે; તે પછી ૧૬ વર્ષની ઉંમર થાય ત્યાં સુધીનો ખોરાક ખાઈને જીવતા હોય તે બધાય કુમાર અવસ્થામાં રહેલ જણાય છે; તે પછી માણસની ધાતુઓ, સત્ત્વ-મનોબલ, શરીરબલ, વીર્ય તથા પરાક્રમ વધવા માંડે અને એમ તેની ઉંમર ૩૪ વર્ષની થાય ત્યાં સુધી તે માણસ 'યુવાવસ્થા'થી યુક્ત કહેવાય છે; એમ ૩૪ વર્ષ વીત્યા પછી પરિણામે ધાતુઓ આદિ સ્થિર થવાથી ૭૦ વર્ષની ઉંમરનો થાય ત્યારે માણસ 'મધ્યમ' અવસ્થાથી યુક્ત થયેલો ગણાય છે; તે પછી ધાતુઓ વગેરે અનુક્રમે ક્ષીણ થવા માંડે છે, તેથી ત્યાં સુધીની અવસ્થાએ પહોંચેલો માણસ વૃદ્ધ ગણાય છે અને જ્યાં સુધી આયુષની પ્રવૃત્તિ હોય ત્યાં સુધી તે વૃદ્ધ 'મન્દાત્મા' થઈને જીવન જીવે છે. ૭૩-૭૬

વિવરણ : અહીં આયુષના મુખ્યત્વે ત્રણ વિભાગો કરી બતાવ્યા છે, તેમાં ૧-૩૪ વર્ષ સુધીની યુવાવસ્થા, ૩૪-૭૦ વર્ષ સુધીની મધ્યમાવસ્થા અને તે પછી ૭૦ મા વર્ષથી માંડી આયુષ પૂરું થાય ત્યાં સુધીની વૃદ્ધાવસ્થા જણાવી છે. તેમાં યુવાવસ્થાના બે ભાગો દર્શાવ્યા છે-એક તો ધાવણ ધાવે ત્યાં સુધીની બાલ્યાવસ્થા ગણી છે અને તે પછીની ૧૬ વર્ષ સુધીની બીજી કુમારાવસ્થા જણાવી છે; અને તે પછી ૧૭ થી ૩૪ વર્ષ સુધીની યુવાવસ્થા કહી છે; અને તે પછી ૩૫ થી ૭૦ વર્ષ સુધીની મધ્યમાવસ્થા અને ૭૦ થી આયુષ પૂરું થાય ત્યાં સુધી વૃદ્ધાવસ્થા જણાવી

છે. સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૩૫ મા અધ્યાયમાં માણસની ઉંમરના કે અવસ્થાના ભેદો આમ કહ્યા છે : 'वयस्तु त्रिविधं–बाल्यं, मध्यं, वृद्धमिति। तत्रोनषोडशवर्षीया बालाः। तेऽपि त्रिविधाः–क्षीरपाः, क्षीरान्नादाः, अन्नादा इति। तेषु संवत्सरपराः क्षीरपाः, द्विसंवत्सरपराः क्षीरान्नादाः, परतोऽन्नादा इति। षोडशसप्तत्योरन्तरे मध्यं वयः। तस्य विकल्पो वृद्धियौवनं संपूर्णता परिहाणिरिति। तत्र, आविंशतेर्वृद्धिः, आत्रिंशतो यौवनम्, आचत्वारिंशतः सर्वधात्विन्द्रियबलवीर्यसंपूर्णता. अत ऊर्ध्वमीषत्परिहाणिर्यावत् सप्ततिरिति। सप्ततेरूर्ध्वं क्षीयमाणधात्विन्द्रियबलवीर्योत्साहमहन्यहनि वलीपलितखालित्ययुक्तं कासश्वासप्रभृतिभिरुपद्रवैरभिभूयमानं सर्वक्रियास्वसमर्थं जीर्णागारमिवामिवृष्टमवसीदन्तं वृद्धमाचक्षते।–ઉંમર ત્રણ પ્રકારની હોય છે. પહેલી બાલ્યાવસ્થા, બીજી મધ્યાવસ્થા અને ત્રીજી વૃદ્ધાવસ્થા કહેવાય છે. તેમાં જેઓને સોળ વર્ષ પૂરાં થયાં ન હોય, તેઓ ત્યાં સુધી બાળકો ગણાય છે; તે બાળકો પણ ત્રણ પ્રકારનાં હોય છે : એક ક્ષીરપ, બીજું ક્ષીરાન્નાદ અને ત્રીજું અન્નાદ હોય છે. તેઓમાં એક વર્ષની ઉંમરથી થોડી વધારે ઉંમરનાં ધાવણાં બાળકો 'ક્ષીરપ' કહેવાય છે. તે પછીનાં દૂધ અને ખોરાક પર જીવતાં બાળકો ક્ષીરાન્નાદ કહેવાય છે અને તે પછીનાં કેવળ ખોરાક પર જીવી શકતાં બાળકો 'અન્નાદ' કહેવાય છે. ૧૬ વર્ષથી માંડી ૭૦ વર્ષ સુધીની ઉંમરનાં માણસોની ઉંમર મધ્યમ કહેવાય છે; પરંતુ તેના આવા ચાર વિભાગો સમજવા જોઈએ : વૃદ્ધિ, યૌવન, સંપૂર્ણતા અને હાનિ; તેમાં ૨૦ વર્ષથી માંડી ૩૦ વર્ષ સુધીની ધાતુઓની વૃદ્ધિયુક્ત અવસ્થાને 'વૃદ્ધિ' કહેવાય છે; તે પછી ૩૦ થી ૪૦ વર્ષ સુધીની ઉંમર 'યૌવન' કહેવાય છે, કેમ કે તે ૩૦ થી ૪૦ વર્ષ સુધીમાં સર્વ ધાતુઓની, ઇંદ્રિયોની, બલની તથા વીર્યની સંપૂર્ણતા થાય છે; તે પછી ૭૦ વર્ષ સુધીમાં ધાતુઓ વગેરેની થોડી થોડી ન્યૂનતા થતી જાય છે; તે પછી એટલે કે ૭૦ વર્ષની ઉંમર થયા પછી હમેશાં ધાતુઓ, ઇંદ્રિયોનું બળ, વીર્ય તથા ઉત્સાહ ઓછાં ઓછાં થતાં જાય છે; જે માણસના શરીર પર કરચલીઓ, માથે પળિયાં–ધોળા વાળ અને ટાલ પણ થતી જાય છે; તેમ જ કાસ–ઉધરસ અને શ્વાસ વગેરે ઉપદ્રવોથી જે માણસ હેરાન થતા કરે છે; બધી ક્રિયાઓ કરવામાં અસમર્થ બને છે અને જેની ઉપર ચારે બાજુ વરસાદ વરસ્યો હોય એવા–ભીંજાયેલા જૂના ઘરની જેમ જાણે કે પડું પડું થઈ રહ્યો હોય તેવા માણસને વૃદ્ધ થયેલો કહે છે; એમ સુશ્રુતે ઉંમરના ત્રણ વિભાગો કર્યા છે, તેમાં એકથી સોળ વર્ષ સુધીની બાલ્યાવસ્થા કહી છે; તે પછીની સિત્તેર વર્ષ સુધીની મધ્યમાવસ્થા કહી છે અને તે પછીની જીવનપર્યંતની ઉંમરને વૃદ્ધાવસ્થામાં ગણી છે; તેમાં વૃદ્ધિ, યૌવન, સંપૂર્ણતા તથા ન્યૂનતા એવા પણ મોટા ભેદો કહ્યા છે; ચરકે પણ વિમાનસ્થાનના ૮ મા અધ્યાયમાં આયુષના લગભગ આવા જ ભેદો કહ્યા છે. ૭૩–૭૬

ઉંમર પ્રમાણે ઔષધમાત્રા

विकल्पनाऽन्या वृद्धस्य तस्य षोडशवार्षिकी।
भवेद्भेषजमात्रा तु क्षीयमाणोत्तरोत्तरा ॥ ७७॥
शतिके शताधिके वाऽपि क्षीरान्नाद्यावदिष्यते।

૧૬ વર્ષની ઉંમરના માણસને જેટલા પ્રમાણમાં ઔષધમાત્રા અપાય, તેટલી જ ઉત્તરોત્તર ઓછી ઓછી થતી ઔષધમાત્રા વૃદ્ધને જુદી જુદી આપી શકાય છે; અથવા સો વર્ષની ઉંમરના અથવા તેથી અધિક વર્ષની ઉંમરના માણસને ઔષધ માત્રા એટલી જ આપી શકાય છે કે જેટલી ઔષધમાત્રા ક્ષીરાન્નાદ એટલે કે દૂધ તથા ખોરાકને ખાતા (બે વર્ષના) બાળકને અપાય છે. ૭૭

તરતનાં જન્મેલાં બાળકને આપવા યોગ્ય ઘીની માત્રા

जातमात्रस्य मात्रा स्यात् सर्पिष्कोलास्थिसंमिता॥७८
पञ्चरात्रं भवेद्यावद्दशाहमधिकं ततः।
कोलार्धसंमितं यावद्विंशद्रात्रमतः परम् ॥ ७९॥

જે બાળક તરતનું જન્મ્યું હોય, તેને બોરના ઠળિયા જેટલી ઘીની માત્રા આપી શકાય છે; તે પછી પાંચ દિવસથી દશ દિવસ સુધીનાં બાળકને તેથી કંઈક અધિક ઘીની

માત્રા આપી શકાય; અને તે પછી વીસ દિવસ સુધીનાં બાળકને અર્ધો બોરના જેટલી ઘીની માત્રા આપી શકાય છે. ૭૮,૭૯

कोलमात्रं भवेद्यावन्मासं मासद्वयेऽधिकम् ।
द्विकोलसंमितं सर्पिस्तृतीये मासि शस्यते ॥ ८० ॥

તે પછી ઘીની માત્રા એક મહિના સુધી એક બોરના જેટલી બે મહિના સુધીમાં કંઈક અધિક માત્રા અને તે પછી તેથી કંઈક અધિક માત્રા અપાય છે અને તે પછી ત્રીજા મહિનામાં બે બોર જેટલી માત્રા અપાય છે અને તે વખણાય છે. ૮૦

शुष्कामलकमात्रं तु चतुर्थे मास्युदाहृतम् ।
पञ्चमे मासि षष्ठे च ह्यार्द्रामलकसंमितम् ॥ ८१ ॥
तदेवाभ्यधिकं किञ्चिद्विहितं सप्तमाष्टमे ।

તે પછી ચોથા મહિનામાં સૂકાં આમળાં જેટલી ઘીની માત્રા આપવા કહેલ છે; તે પછી પાંચમા અને છઠ્ઠા મહિનામાં લીલાં આમળાં જેટલી અને તે પછી સાતમા તથા આઠમા મહિનામાં તે જ માત્રા કંઈક અધિક પ્રમાણમાં આપવા કહેલ છે. ૮૧

क्षीरान्नादस्य बालस्य प्रायेणाहारसंकरात् ॥ ८२ ॥
भवत्यनियतो वह्निः पक्तौ बह्वनिलात्मनः ।
तस्याऽग्न्यावेक्षिकी तस्मात् स्नेहमात्रा विधीयते ॥ ८३ ॥

તે પછી જે બાળક દૂધ તથા બોરાક ખાતું થઈ ગયેલ હોય, તેનામાં આહારનું લગભગ મિશ્રણ થવાથી તેનો જઠરનો અગ્નિ પાચનક્રિયામાં અચોક્કસ થઈ જાય છે અને તેની વાયુપ્રકૃતિ વધી જાય છે, તે કારણે તેના જઠરાગ્નિ તરફ લક્ષ્ય આપીને તેના પ્રમાણમાં સ્નેહમાત્રા (ઘી આપવાનું) યોજી શકાય છે. ૮૨,૮૩

अन्नादस्य तु भूयिष्ठं समो भवति पावकः ।
तस्यामलकमात्रस्य सर्पिषः पानमिष्यते ॥ ८४ ॥

પછી તે માણસ વધુ પ્રમાણમાં અન્નનો જ બોરાક ખાતો હોય ત્યારે તેનો જઠરાગ્નિ લગભગ સમ થઈ જાય છે એટલે કે નહિ વધુ અને નહિ ન્યૂન રહ્યા કરે છે, તે કારણે તે માણસને એક આમળાં જેટલું ઘી પીવા આપી શકાય છે. ૮૪

तदेवाग्निबलं वीक्ष्य वर्धमानस्य वर्धयेत् ।
क्षीरपस्य कुमारस्य क्षीरान्नादस्य चोभयोः ॥ ८५ ॥

પછી એ બાળક જેમ જેમ વધવા માંડે છે એટલે કે જેમ જેમ ઉંમરમાં મોટું થતું જાય છે, તેમતેમ તેના જઠરાગ્નિનું બળ જોઈને ઘીની માત્રા વધાર્યા કરવી જોઈએ; જેમ કેવળ દૂધ પીનાર તથા દૂધ-ઘી બેયનો બોરાક ખાનારના સંબંધે સ્નેહમાત્રા તેના જઠરાગ્નિના બળ તરફ લક્ષ્ય રાખી વધારી શકાય છે તેમ. ૮૫

देयं स्नेहचतुर्भागं भेषजस्य यथामयम् ।
घृतेन पाययेद्बालं यावत् स्यादष्टमासिकः ॥ ८६ ॥
मासादतोऽष्टमाज्जन्तोर्जलपिष्टं प्रदापयेत् ।

તે પછી બાળક આઠ મહિનાનું થાય ત્યાં સુધી રોગ અનુસાર સ્નેહનો ચતુર્થાંશ ઔષધ, ઘીની સાથે તે બાળકને પાયા કરવું જોઈએ; પછી તે આઠમો મહિનો પૂરો થાય ત્યારે તે બાળકને જળમાં પીસી નાખેલું ઔષધ આપ્યા કરવું. ૮૬

બોરાકને ખાતા કુમારના સંબંધે ઔષધ માત્રા કહેવાની પ્રતિજ્ઞા

अतः परं यथाशास्त्रं कुमारस्यान्नसेविनः ॥ ८७ ॥
वक्ष्यामि विविधां मात्रां भेषजानां विभागशः ।

તે પછી બોરાકનું સેવન કરતા કુમારને શાસ્ત્ર અનુસાર જે વિવિધ ઔષધમાત્રા વિભાગવાર આપવી જોઈએ, તેને હું કહું છું. ૮૭

मुष्टिं वा प्रकुञ्चं वा प्रसृतं वाऽथवाऽञ्जलिम् ॥
आतुरस्य प्रमाणेन समेतव्यं चिकित्सिते ।

ચિકિત્સાશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે રોગીના રોગ અનુસારની ઔષધમાત્રા એક મુષ્ટિ કે એક પલ-ચાર તોલા, પ્રસૃત-આઠ તોલા કે એક અંજલિ-૧૬ તોલા પ્રમાણમાં આપી શકાય છે. ૮૮

ચૂર્ણાદિક્ષેપ ઔષધની માત્રા

अग्रपर्वाङ्गुलिग्राह्या चूर्णमात्रा तु पाणिना ॥૮૯॥
चूर्णानां दीपनीयानामेषा मात्रा विधीयते ।
द्विगुणा जीवनीयानां तथा संशमनस्य च ॥૯૦
ऊर्ध्वभागे त्वर्धमात्रा तथैव च विरेचने ।

ચૂર્ણની માત્રા તો હાથની આંગળીના આગલા વેઢા જેટલી કે એક આંગળ ગ્રહણ કરી શકાય છે; આ માત્રા દીપનીય ચૂર્ણોની કરી શકાય છે; પરંતુ જીવનીય તથા સંશમન ચૂર્ણની માત્રા તો એથી બે ગણી કરી શકાય છે; પરંતુ ઊર્ધ્વ ભાગે સંશોધન કરવા માટેના વમનની માત્રા તેમ જ વિરેચન માટેની માત્રા તો ઉપર્યુક્ત ચૂર્ણની માત્રાથી અર્ધી જ કરી શકાય છે.

દોષઘ્ન કષાયની માત્રા

वातपित्तकफघ्नानां कषाये तु प्रदापयेत् ॥૯૧॥
द्वौ दापयेत प्रसृतौ शर्करामधुसंयुतौ ।

વાત, પિત્ત અને કફનો નાશ કરનારાં દ્રવ્યોનો કષાય આપવાનો હોય તો તે માટેની માત્રા તો સાકર તથા મધ સાથે બે પ્રસૃત પ્રમાણ એટલે ૧૬ તોલા આપી શકાય છે. ૯૧

વમન, વિરેચન જીવનીય તથા સંશમન ક્વાથની માત્રા

प्रसृतं छर्दनीयस्य निष्क्वाथस्य प्रदापयेत् ॥૯૨॥
तथा वैरेचनीयस्य प्रसृतं नात्र संशयः ।
द्विगुणां जीवनीयस्य तथा संशमनस्य च ॥

જે ક્વાથ છર્દનીય હોય એટલે કે વમનકારક ઔષધદ્રવ્યોથી તૈયાર કર્યો હોય અથવા જે ક્વાથ વૈરેચનીય હોય એટલે કે વિરેચનકારક દ્રવ્યોથી તૈયાર કર્યો હોય, તેની માત્રા એક પ્રસૃત–૮ તોલા આપી શકાય એમાં સંશય નથી; પરંતુ જે ક્વાથ જીવનીય દ્રવ્યોનો કે સંશમન દ્રવ્યોનો તૈયાર કરાય, તેની માત્રા ઉપર્યુક્ત વમનીય તથા વૈરેચનીય ક્વાથના કરતાં બેગણી સમજવી. ૯૨

દીપનીય આદિ કલ્કની માત્રા

दीपनीयस्य कल्कं तु अक्षमात्रं प्रदापयेत् ॥૯૩॥
द्विगुणं जीवनीयस्य तथा संशमनस्य च ।
अक्षार्धं छर्दनीयस्य तथा वैरेचिकस्य च ॥૯૪॥

વૈદ્યે દીપનીય ઔષધનો કલ્ક એક તોલાના પ્રમાણમાં અપાવવો; જીવનીય તથા સંશમન ઔષધનો કલ્ક બેગણો એટલે કે બે તોલા પ્રમાણમાં અપાવવો; તેમ જ છર્દનીય તથા વૈરેચનિક ઔષધનો કલ્ક અર્ધો તોલો અપાવવો જોઈએ. ૯૩,૯૪

વમનાદિ માટેની સ્નેહમાત્રા

स्नेहमात्रामतो वक्ष्ये वमने सविरेचने ।
वमने वमनीयाभिरोषधीभिः सुसंस्कृते ॥૯૫॥
मात्रावत्तु घृतं दद्याद्वमने कफसंभवे ।
अर्धमात्रा भवेद्देया विरेके सर्पिषस्तथा ॥૯૬॥
वैरेचनैर्विपक्वस्य पित्ते प्रकुपिते सति ।

હવે અહીંથી વમન માટેની તથા વિરેચન માટેની સ્નેહમાત્રા હું કહું છું; જે ઔષધીઓ વમનકારક હોય, તેથી પકવેલ વમનકારક ઘીની યોગ્ય માત્રા, કફથી થયેલા રોગમાં વમન કરવા માટે આપવી જોઈએ; તે જ પ્રમાણે પિત્તનો પ્રકોપ થયો હોય અને તે નિમિત્તે કોઈ પણ પિત્તનો રોગ થયો હોય તો વિરેચનકારક ઔષધીઓથી પકવેલા ઘીની (વમનસ્નેહથી) અર્ધી માત્રા, વિરેચન માટે વૈદ્યે આપવી. ૯૫,૯૬

કફજ રોગ માટે ઔષધપક્વ ઘીની માત્રા
मात्राऽधश्चोर्ध्वभागा च श्लैष्मिकस्य प्रशस्यते ॥૯૭
दीपनैः शमनीयैश्च जीवनीयैश्च साधितम् ।

હવે કફપ્રકોપથી ઉત્પન્ન થયેલા રોગમાં નીચેના તથા ઉપરના ભાગેથી દોષને દૂર કરવા માટે દીપન, શમનીય તથા જીવનીય ઔષધદ્રવ્યોથી પકવેલું ઘી યોગ્ય માત્રામાં અપાય તે વખણાય છે. ૯૭

વાતજ રોગશમન વિરેચનવ્રત

तथाऽपि कुपिते वाते दोषे पक्वाशये स्थिते ॥૯૮

कुक्षिग्रन्थिषु पार्श्वे च सक्ते देयं विरेचनम् ।
शमनैर्दीपनीयैश्च पाचनीयैश्च साधितम् ॥ ९९ ॥

તે જ પ્રમાણે, વાતદોષ કુપિત થઈ વિકૃત બન્યો હોય અને તે જો પક્વાશયમાં રહ્યો હોય તેમ જ કૂખની ગાંઠોમાં તથા પડખાનાં તે દોષ જો વળગી રહ્યો હોય, તો શમન, દીપનીય તથા પાચનીય ઔષધ–દ્રવ્યોથી પકવેલું ઘી વિરેચન ઔષધ તરીકે આપવું જોઈએ. ૯૯

બાળકના રોગમાં અપાતા કુંભસર્પિસ્ ઘીની માત્રા

चतुर्भागगुणं दद्यान्मात्रायाः कुम्भसर्पिषः ।
पादार्धहीनं पादोनमर्धं वाऽपि यथाक्रमम् ॥ १०० ॥
सर्पिर्विदद्याद्बालेषु संप्रधार्य वयोबले ।

બાળકો વિષેની ઉંમર તથા બળનો નિશ્ચય કરી તેઓને 'કુંભસર્પિસ્' ઘતની માત્રા ચોગણી, અર્ધ ભાગે ઓછી અથવા એક ચતુર્થાંશ ઓછી અનુક્રમે આપવી. ૧૦૦

વિવરણ : અહીં દર્શાવેલ 'કુંભસર્પિસ્'–ઘી ૧૦ વર્ષનું જૂનું કે ૧૦૦ વર્ષનું જૂનું સમજવું છે; આ સંબંધે ચક્રપાણિ કહે છે કે–कौम्भं दशाब्दिकम् ज्ञेयम्–જે ઘી દશ વર્ષનું જૂનું હોય, તે 'કૌંભસર્પિસ્' કહેવાય છે; તેમ જ યોગરત્નાકરમાં કહ્યું છે કે–'शतवर्षस्थितं यत्तु कुम्भसर्पिस्तदुच्यते'–જે ઘી સો વર્ષ સુધી રાખી મૂક્યું હોય, તે સો વર્ષનું જૂનું ઘી 'કૌંભસર્પિસ્' કહેવાય છે. ૧૦૦

યોગ્ય માત્રા ચિકિત્સાનું મૂળ છે

निष्काथानां सकल्कानां चूर्णानां सर्पिषस्तथा ॥
इत्युक्ता विविधा मात्रा मात्रामूलं चिकित्सितम् ।

એ પ્રમાણે ક્વાથોની, કલ્કોની, ચૂર્ણોની તથા ઔષધપક્વ ઘૃતોની વિવિધ–જુદા જુદા પ્રકારની માત્રાઓ અહીં કહી છે; કારણ કે 'मात्रामूलं' चिकित्सितम्–ચિકિત્સાનું મૂળ યોગ્ય માત્રા જ છે. ૧૦૧

વૈદ્યે યોગ્ય માત્રામાં જ ઔષધ–પ્રયોગ કરાવવો

तस्मादग्निमृतुं सात्म्यं देहं कोष्ठं वयो बलम् ॥
प्रकृतिं भेषजं चैव दोषाणामुदयं व्ययम् ।
विज्ञायैतद्यथोद्दिष्टां मात्रां सम्यक् प्रयोजयेत् ॥

એ કારણે વૈદ્યે જઠરના અગ્નિને, ઋતુને, સાત્મ્યને, રોગીના દેહને, કોઠાને, ઉંમરને, બળને, પ્રકૃતિને, દોષોના ઉદયને તથા દોષોના હ્રાસને બરાબર જાણ્યા પછી ઉપર દર્શાવ્યા પ્રમાણે યોગ્ય માત્રાથી ઔષધનો પ્રયોગ કરાવવો. ૧૦૨,૧૦૩

ઔષધપ્રયોગ કરાવનાર વૈદ્યને ખાસ સૂચના

अप्रमत्तः सदा च स्याद्भेषजानां प्रयोजने ।
ओषधीर्नामरूपाभ्यां जानन्ति वनगोचराः ॥ १०४ ॥
अजपालाश्च गोपाश्च न तु कर्मगुणं विदुः ।

ઔષધોનો પ્રયોગ કરાવતી વેળા વૈદ્યે સર્વકાળ સાવધાન રહેવું જોઈએ; કારણ કે વનવાસી રબારી–ભરવાડો તથા ગોવાળો, નામ તથા રૂપ વડે ઔષધીઓને જાણે છે કે ઓળખે છે, પણ તે ઔષધીઓનાં કર્મને તથા ગુણને તેઓ જાણી શકતા નથી (એટલે કે જંગલના લોકો ઔષધીઓનાં નામ તથા રૂપને ભલે જાણતા હોય છે, પરંતુ તે ઔષધીઓ કયું કામ કરે છે અને કેવા ગુણો ધરાવે છે, તે સંબંધે તો વૈદ્યો જ જાણે છે, એમ ચરકે પણ કહ્યું છે.) ૧૦૪

ઔષધીઓના પ્રયોગો, ગુણો તથા કર્મોને વિદ્વાન વૈદ્યો જ જાણી શકે

योगं तु तासां योगज्ञा भिषजः शास्त्रकोविदाः ॥
मात्राबलविधानज्ञा जानते गुणकर्म च ।

શાસ્ત્રના જાણકાર અને ઔષધીના પ્રયોગોને પણ કરી જાણનારા વૈદ્યો ઔષધ–દ્રવ્યની માત્રા, બલ તથા વિધિને પણ જાણતા હોઈને તેઓના ગુણોને તથા કર્મોને પણ સમજી શકે છે. ૧૦૫

વૈદ્ય જ ઔષધીઓના તત્ત્વને જાણે છે

कर्मज्ञो वाऽप्यरूपज्ञस्तासां तत्त्वविदुच्यते ॥ १०६ ॥
किं पुनर्यो विजानीयादोषधीः सर्वथा भिषक् ।

કોઈ વૈદ્ય ઔષધીઓના કર્મને

જાણતો હોય, પણ રૂપને જાણતો ન હોય તોયે એ ઔષધીઓના તત્ત્વને જાણનાર તે કહેવાય છે; તો પછી જે વૈદ્ય તે ઔષધીઓને સર્વ પ્રકારે જાણતો હોય, તે ઔષધીઓના તત્ત્વને જાણનાર કહેવાય, એમાં શું કહેવું ? ૧૦૬

અજાણ્યું ઔષધ વિષ અને જાણેલું ઔષધ અમૃત જેવું છે

यथा विषं यथा शस्त्रं यथाऽग्निरशनिर्यथा ॥
तथौषधमविज्ञातं विज्ञातममृतोपमम् ।

જેમ વિષ, શસ્ત્ર, અગ્નિ તથા અશનિ-વજ્ર કે વીજળી પ્રાણઘાતક છે, તે જ પ્રમાણે અજાણ્યું ઔષધ પણ પ્રાણઘાતક નીવડે છે; પરંતુ વિશેષે કરી-સંપૂર્ણ જાણેલું ઔષધ તો અમૃત જેવું ગુણકારક બને છે. ૧૦૭

અવિધિથી યોજેલું ઔષધ વિષતુલ્ય અને વિધિથી યોજેલું વિષ પણ ઔષધરૂપ બને

औषधं चापि दुर्युक्तं तीक्ष्णं संपद्यते विषम् ॥१०८
विषं च विधिना युक्तं भैषज्यायोपकल्पते ।

જેમ દુર્યુક્ત એટલે કે દુષ્ટ રીતે-અવિધિથી યોજેલું ઔષધ તીક્ષ્ણ વિષતુલ્ય થાય છે, તે જ પ્રમાણે વિધિથી યોજેલું હરકોઈ વિષ પણ ઔષધરૂપ બને છે. ૧૦૮

મૂર્ખ વૈદ્યે યોજેલું ઔષધ પ્રાણઘાતક થાય

अग्निर्यथा प्रज्वलितः क्रुद्धश्चाशीविषो यथा ॥१०९
असिधारा यथा तीक्ष्णा प्रभिन्नो वाऽपि कुञ्जरः ।
तथौषधमसंयुक्तमवैद्येनावचारितम् ॥ ११० ॥
विपर्ययेण मात्राया निरुणद्ध्यस्य जीवितम् ।

જેમ અતિશય સળગી ઊઠેલો અગ્નિ અને ક્રોધે ભરાયેલો સર્પ તથા મદ ઝરતો હાથી માણસના જીવનનો નાશ કરે છે, તે જ પ્રમાણે મૂળથી જે વૈદ્ય ન હોય અથવા જે વૈદ્ય મૂર્ખ અથવા બિન અનુભવી હોય તેણે સારી રીતે વિધિથી પ્રયોગ ન કરેલું અથવા અયોગ્ય રીતે યોજેલું કે વિપરીત માત્રાથી રોગીને આપેલું ઔષધ પણ એ રોગીના જીવનને રૂંધી લે છે. ૧૦૯,૧૧૦

ઉત્તમ વૈદ્ય કેવાં ઔષધો યોજે અને મૂર્ખ કેવાંનો ઉપયોગ કરે ?

दृष्ट्वा स्पृष्ट्वा तथा पृष्ट्वा कार्याकार्यक्रियां ततः ॥
औषधानि प्रसिद्धानि यान्ति स्युर्बहुशो भिषक् ।
रसतो वीर्यतश्चैव तानि तत्रावचारयेत् ॥११२॥
अतोऽन्यथा ह्यमात्रज्ञो युक्त्यागमबहिष्कृतः ।

(ઉત્તમ) વૈદ્ય તો કાર્ય-અકાર્ય ક્રિયા કે ચિકિત્સાને ઉદ્દેશી જે ઔષધો ઘણાં જ પ્રસિદ્ધ હોય, તેઓને રસથી તથા વીર્યથી જ જોઈ-તપાસીને તેમ જ સ્પર્શ કરી કરીને હરકોઈ ચિકિત્સામાં યોજે છે અથવા ઉપયોગમાં લે છે; પરંતુ જે વૈદ્ય, યુક્તિ તથા શાસ્ત્રજ્ઞાનથી રહિત હોય અને તે જ કારણે (ઔષધની) માત્રા કે પ્રમાણને જાણતો ન હોય, તે અજ્ઞાની વૈદ્ય તો એથી ઊલટું જ કરે છે-એટલે યુક્તિથી વિરુદ્ધ, શાસ્ત્રથી વિરુદ્ધ તથા માત્રાથી વિરુદ્ધ જ ઔષધનો પ્રયોગ કરે છે. ૧૧૧,૧૧૨

મૂર્ખ વૈદ્યની ચિકિત્સાપદ્ધતિની નિંદા

कृशं रोगपरिध्वस्तं सुकुमारं समात्वि(धि)कम् ॥
तीक्ष्णौषधप्रयोगेण हन्ति चाप्यतिमात्रया ।
महारोगं महाहारं महासत्त्वं महाबलम् ॥११४॥
मृद्वल्पौषधयोगेन क्लेशयत्यातुरं भिषक् ।

મૂર્ખ-અજ્ઞાની વૈદ્ય કૃશ થયેલ, રોગથી અતિશય હેરાન થયેલ, કોમળ તથા અતિશય માનસિક વેદનાથી યુક્ત એવા રોગીને તીક્ષ્ણ ઔષધના પ્રયોગ વડે તેમ જ એવા ઔષધની વધુ પ્રમાણવાળી માત્રા આપીને મારી નાખે છે; તેમ જ જે રોગી મોટા રોગથી યુક્ત હોય, ખૂબ અધિક પ્રમાણમાં આહાર ખાતો હોય, મોટા મનોબળથી યુક્ત હોય અને મહાબળવાન હોય, એવા રોગીને કોમળ તથા થોડી માત્રાવાળું ઔષધ આપીને તે દ્વારા હેરાન કર્યા કરે છે. ૧૧૩,૧૧૪

ઉત્તમ ચિકિત્સા માટે વૈદ્યને ભલામણ

उपक्रम्यो बली तस्माद् दुर्बलो निरुपक्रमः ॥११५

मध्यं युक्तैरुपक्रम्य न चाहारान्निवर्तयेत् ।
कृशं विश्राम्य विश्राम्य पथ्यैरौषधसाधनैः ॥११६॥
धारयेद्वर्धयेदग्निमग्नौ वृद्धे हि जीवति ।

એ કારણે ઉત્તમ વૈદ્યે બળવાન રોગીની ચિકિત્સા શરૂ કરવી, પણ દુર્બલ વૈદ્યની ચિકિત્સા શરૂ કરવી જ નહિ; તેમ જ મધ્યમ બળવાળા રોગીની યોગ્ય ઔષધો દ્વારા ચિકિત્સા આરંભીને તેને આહારથી અટકાવવો નહિ, પણ યોગ્ય ખોરાક અપાવ્યા જ કરવો જોઈએ; વળી તે જ પ્રમાણે જે રોગી કૃશ થયો હોય, તેને આરામ આપીને પથ્ય ઔષધોનાં સાધનો દ્વારા ટકાવી રાખવો અને (ક્રમશઃ-ધીમે ધીમે) તેના જઠરાગ્નિને વધાર્યા કરવો જોઈએ; કારણ કે જઠરનો અગ્નિ વધ્યો હોય તો જ હરકોઈ જીવી શકે છે. ११५

મોટા માણસની તથા બાળકની શારીરિક તુલના

यथाऽनिलः पित्तकफासृजश्च,
नित्याः शरीरे निहिता नराणाम् ।
तथैव बालेष्वपि सर्वमेतद्,
द्वयोस्तु रूपं तु तदल्पमल्पम् ॥११७॥

જેમ (મોટા) માણસોના શરીરમાં વાયુ, પિત્ત, કફ તથા લોહી કાયમ (યોગ્ય પ્રમાણમાં) સ્થપાયેલાં રહે છે, તે જ પ્રમાણે બાળકના શરીરમાં પણ તે બધાં યે રહેલાં જ છે; છતાં એ બેયમાં ફરક એટલો જ છે કે મોટા માણસના શરીરમાં તે તે (ચારે) પદાર્થોનું રૂપ જેટલા પ્રમાણમાં જોઈએ તેટલા પ્રમાણમાં હોય છે; જ્યારે બાળકના શરીરમાં તે તે (ચારે પદાર્થો)નું રૂપ થોડું થોડું ઓછું હોય છે. ११७

શરીરના પ્રમાણમાં ઔષધમાત્રા અપાય

यथाऽल्पदेहस्य तदल्पमल्पं,
तथाऽन्नपानौषधमल्पमल्पम् ।
बुद्ध्या विमृश्येह भिषग्विदद्ध्यात्,
मात्रा हि देहाग्निवयःप्रधानाः ॥११८॥

જેમ નાના શરીરવાળા માણસમાં તે તે-વાત, પિત્ત, કફ અને લોહી ઓછાં ઓછાં હોય છે, તે જ પ્રમાણે તે તે શરીરમાં ખોરાક-પાણી જો થોડાં થોડાં જ અપાય તો જ હિતકર થાય, એમ બુદ્ધિથી વિચારી વૈદ્યે આ લોકમાં તે તે નાનાં શરીરવાળા લોકો સંબંધે અન્નપાન તથા ઔષધ (થોડાં થોડાં) યોજવાં જોઈએ; કારણ કે (અન્નપાન તથા ઔષધની) માત્રામાં મુખ્યત્વે દેહના જઠરાગ્નિની તથા ઉંમરની જ મુખ્યતાને અનુસરવામાં આવે છે; અર્થાત્ શરીરના અગ્નિ તથા ઉંમરને જ મુખ્યત્વે અનુસરી માણસને ખોરાક, પાણી તથા ઔષધ અપાવાં જોઈએ. ११८

इति ह स्माह भगवान् कश्यपः ।

अलष्क (१३४)

એમ ભગવાન્ કશ્યપે પોતે જ કહ્યું હતું.

इति काश्यपसंहितायां खिलस्थाने* विषे 'भैषज्यो-पक्रमणीय' नामनो अध्याय ७ मो समाप्त

यूषनिर्देशीय : अध्याय ४थो

મંગલાચરણ તથા પ્રારંભ

अथातो यूषनिर्देशीयं नामाध्यायं व्याख्यास्यामः॥१
इति ह स्माह भगवान् कश्यपः ॥२॥

હવે અહીંથી 'यूषनिर्देशीय' નામના ચોથા અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું, એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું. १,२

વિવરણ : यूष અથવા मग વગેરેનું ઓસા-

* अत्र अलष्क इत्यक्षराङ्कोल्लेखेन १३४ श्लोकमानमायाति, परमत्र ११६ श्लोका एव भवन्ति, तेन कतिपये एतत्प्रकरणमध्यगताः श्लोकाः पूर्वमेव विलुप्ता ज्ञायन्ते ।'-અહીં છેલ્લો 'अलष्क' શબ્દ મૂકીને આ ખિલસ્થાનના ત્રીજા અધ્યાયમાં ૧૩૪ શ્લોકની સંખ્યા સૂચવે છે; પરંતુ આ અધ્યાયની શરૂઆતનાં બે ગદ્યવાક્યો સિવાય શ્લોકની સંખ્યા તો ૧૧૬ની જ મળે છે, તે ઉપરથી આવું અનુમાન થઈ શકે છે કે આ અધ્યાયમાં કેટલાક શ્લોકો મળી શક્યા ન હોય અથવા લુપ્ત થયા હોય.

મણ તૈયાર કરવું હોય તો મગ વગેરેને પહેલાં ભૂંજી નાખીને તેનાથી ૧૪ ગણા કે ૧૮ ગણા પાણીમાં તે મગ વગેરેને પકવવા કે રાંધવા માટે અગ્નિ પર મુકાય અને અર્ધું પાણી બાકી રહે ત્યારે તેને અગ્નિ પરથી ઉતારી લેવામાં આવે, તેને મગ વગેરેનો 'યૂષ' તૈયાર થયો કહેવાય છે. આ યૂષનું લક્ષણ આયુર્વેદીય ગ્રંથોમાં આ પ્રમાણે મળે છે કે–'चतुर्दशगुणे तोये अष्टादशगुणेऽथवा । ईषदभ्रष्टं तु विदल पक्त्वा यूषोऽर्धशेषितः ॥'–પ્રથમ મગ વગેરે કઠોળને લગાર ભૂંજી–શેકી લેવામાં આવે અને પછી તે કઠોળથી ચૌદગણા કે અઢાર-ગણા પાણીમાં તે કઠોળને પકવવા માટે અગ્નિ પર મૂકવામાં આવે અને પછી તેમાંનું પાણી અર્ધું બાકી રહે ત્યારે તેને અગ્નિ પરથી ઉતારી ગાળી લેવામાં આવે તે 'યૂષ' કે ઓસામણ તૈયાર થયેલ કહેવાય છે. ૧,૨

યૂષ આદિની સાથેનો ખોરાક સર્વને આરોગ્યકારક અને

यूषादिव्यञ्जनोपेतं भोज्यं पथ्यतरं भवेत् ।
स्वस्थानामातुराणां च विशेषारोग्यकारकम् ॥३॥

ઉપર દર્શાવેલ 'યૂષ' આદિ વ્યંજનની સાથે કોઈ ભોજ્ય–ખોરાક ખાવામાં આવે, તે સ્વસ્થ–નીરોગી તથા આતુર–રોગી–એ બધાય લોકોને અતિશય પથ્ય–હિતકર તથા આરોગ્યકારક થાય છે. ૩

આહારની દરેક પ્રાણીને જરૂર પડે છે

अतश्च सर्वभूतानामाहारः स्थितिकारणम् ।
न त्वाहारादृते ऽस्त्यन्यत् प्राणिनां प्राणधारणम् ॥४

(હરકોઈ યોગ્ય) આહાર કે ખોરાક એ જ સર્વ પ્રાણીઓને સ્થિતિમાં કે જીવિત દશામાં ટકી રહેવામાં કારણ બને છે; એ કારણે સર્વ પ્રાણીઓને આહાર સિવાય બીજું કંઈ પણ પ્રાણને ધારણ કરાવનાર તરીકે હોતું નથી. (એટલે આહાર જ પ્રાણી માત્રના પ્રાણને ધારણ કરાવનાર કે ટકાવી રાખનાર છે.) ૪

વિવરણ : આ સંબંધે સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૪૬ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'धन्वंतरिमभिवाद्य सुश्रुत उवाच–प्रागभिहितं–प्राणिनां पुनर् मूलमाहारो बलवर्णौजसां च स षट्सु रसेष्वायत्तो, रसाः पुनर् द्रव्याश्रयिणो द्रव्यरसगुणवीर्यविपाकनिमित्ते च क्षयवृद्धी दोषधातूनां साम्यं च, ब्रह्मादेरपि च लोकस्याहारः स्थित्युत्पत्तिविनाशहेतुराहारादेवाभिवृद्धिर्बलमारोग्यं वर्णेन्द्रियप्रसादश्च, तथाहारवैषम्यादस्वास्थ्यम्, तस्याशितपीतलीढखादितस्य नानाद्रव्यात्मकस्यानेकविध-विकल्पस्यानेकविधप्रभावस्य पृथक् पृथक् द्रव्यरसगुण-वीर्यविपाकप्रभावकर्माणीच्छामि ज्ञातुम् न ह्यनवबुद्ध-स्वभावा भिषजः स्वस्थानुवृत्तिं रोगनिग्रहणं च कर्तुं समर्थाः । आहारमूलाश्च सर्वप्राणिनो यस्मात्, तस्मादन्नपानविधिमुपदिशतु मे भगवान् ॥'–ભગવાન ધન્વંતરિને પ્રણામ કરી સુશ્રુતે આમ કહ્યું હતું કે, હે ભગવન્! આપે પ્રથમ કહ્યું જ છે કે, પ્રાણીઓનાં બળ, વર્ણ તથા ઓજસ્નું મૂળ કેવળ એક આહાર જ છે; તે આહાર છ રસોને અધીન છે; જ્યારે તે છયે રસો દ્રવ્યોનો આશ્રય કરીને રહેલા છે અને પ્રાણીઓના દોષોની તથા ધાતુઓની ક્ષય-વૃદ્ધિ તેમ જ એ દોષોનું તથા ધાતુઓનું સમાનપણું પણ દ્રવ્યમાં રહેલા રસોના તથા ગુણોના વીર્ય તથા વિપાકોના કારણે થાય છે. બ્રહ્મા આદિ સર્વ લોકની સ્થિતિમાં, ઉત્પત્તિમાં તથા વિનાશમાં કારણ આહાર જ છે. આહારથી જ સર્વ લોકોની સંપૂર્ણ વૃદ્ધિ, બળ તથા આરોગ્ય થાય છે અને સર્વ લોકના શરીરના વર્ણની તથા ઇંદ્રિયોની પ્રસન્નતા પણ આહારના કારણે જ થાય છે અને આહારની જ વિષમતા કે અયોગ્યપણું અથવા અહિતકારીપણું થવાથી જ લોકોના શરીર આદિનું અસ્વાસ્થ્ય કે અસ્વસ્થપણું થાય છે. એ આહાર અશિત, પીત, લીઢ તથા ખાદિત–એમ ચાર પ્રકારનો જ હોય છે, છતાં અનેક જાતનાં દ્રવ્યોમય હોય છે; અને તે જ કારણે અનેક વિકલ્પો કે ભેદોથી તે યુક્ત હોય છે તેમ જ અનેક પ્રકારના પ્રભાવથી યુક્ત હોય છે; એ કારણે તે જુદાં જુદાં દ્રવ્યોના અને તે તે દ્રવ્યોમાં રહેલા રસોના, ગુણોના, વીર્યના તથા વિપાકના પ્રભાવોને તથા કર્મોને હું જાણવા ઇચ્છું છું; કારણ કે તે તે દ્રવ્ય આદિના સ્વભાવોને જેઓએ જાણ્યા ન હોય એવા વૈદ્યો

સ્વસ્થ લોકોનું અનુસરણ તથા રોગીઓના રોગોનું વશીકરણ કરવા સમર્થ થતા નથી; એકંદર સર્વ પ્રાણીઓનું મૂળ કારણ આહાર છે, તે કારણે આપ ભગવાન મને અન્નપાનની વિધિનો ઉપદેશ કરો. ૪

આહાર જેવું ઔષધ નથી

न चाहारसमं किञ्चिद्भैषज्यमुपलभ्यते ।
शक्यतेऽप्यन्नमात्रेण नरः कर्तुं निरामयः ॥ ५ ॥

આ લોકમાં આહાર જેવું બીજું કોઈ ઔષધ મેળવી શકાતું નથી; કારણ કે માત્ર આહારથી પણ માણસને નીરોગી કરી શકાય છે. ૫

વિવરણ : આ સંબંધે વૈદ્યજીવનમાં પણ આમ કહ્યું છે કે–'पथ्ये सति गदार्तस्य किमौषधनिषेवणैः । पथ्येऽसति गदार्तस्य किमौषधनिषेवणैः ॥'– રોગથી પીડાયેલો માણસ જો પથ્ય–હિતકારી અને પોતાની પ્રકૃતિને અનુકૂળ આહારાદિનું જો સેવન કરતો હોય, તો જુદાં જુદાં ઔષધોનું તેને સેવન કરવાનું શું પ્રયોજન છે ? કંઈ જ પ્રયોજન નથી; કેવળ પથ્ય આહારાદિના સેવનથી જ તે રોગી માણસ નીરોગી થઈ શકે છે; તે જ પ્રમાણે જો માણસ રોગથી પીડાયો હોય તે જો પથ્ય આહારાદિનું સેવન કરે નહિ અને બીજી બાજુ ઔષધાદિનું સેવન ભલે ચાલુ રાખે, તોયે અપથ્ય આહારાદિના સેવનના કારણે તેને ઔષધાદિના સેવનથી શું લાભ થવાનો છે ? કોઈ જ નહિ. ૫

આહાર એ મોટું ઔષધ છે

भेषजेनोपपन्नोऽपि निराहारो न शक्यते ।
तस्माद्विषग्भिराहारो महाभैषज्यमुच्यते ॥ ६ ॥

કોઈ રોગીને ભેષજરૂપ–ઔષધના ઉપચારોથી યુક્ત કર્યો હોય, પણ તેને જો આહાર વગરનો રાખ્યો હોય કે તેનો આહાર જો છોડાવી દીધો હોય, તો તેને નીરોગી કે સ્વસ્થ કરી શકાતો જ નથી; એ કારણે વૈદ્યો આહારને જ મહાભૈષજ્ય કહે છે. ૬

આહારના જુદા જુદા ભેદો

स ह्याहरणसामान्याददृष्ट एकविधो बुधैः ।
द्विविधो वीर्यभेदेन, त्रिविधो दोषभेदतः ॥ ७ ॥
भक्ष्यभोज्यादिभेदेन तथैवोक्तश्चतुर्विधः ।
पञ्चभूतात्मकत्वाच्च पुनः पञ्चविधः स्मृतः ॥ ८ ॥
स एव पुनरुद्दिष्टः षड्विधः षड्रसाश्रयात् ।
पुनर्द्वादशधा भिन्नो द्वादशप्रविचारतः ॥ ९ ॥
चतुर्विंशतिधा भूयः कालादीनां विकल्पतः ।

'आहार्यते–गलात् अधः नीयते प्राणिभिः'– જેને પ્રાણીમાત્ર પોતાનાં ગળાની નીચે લઈ લે છે, એ સામાન્યથી યુક્તપણાને લીધે દરેક પ્રકારના આહારને વિદ્વાનોએ એક પ્રકારનો જ ખરેખર જોયો છે; પરંતુ એ હરકોઈ આહાર શીતવીર્ય તથા ઉષ્ણવીર્ય પણ અવશ્ય હોય જ છે, એ કારણે તે આહારને બે પ્રકારનો કહ્યો છે; તેમ જ હરકોઈ આહાર વાતજનક, પિત્તજનક તથા કફજનક પણ હોઈ શકે છે, તેથી એ ત્રણ વાત, પિત્ત અને કફ દોષના ત્રણ ભેદોને લીધે તે આહાર એમ ત્રણ પ્રકારનો પણ હોઈ શકે છે; વળી તે જ આહાર ભક્ષ્ય, ભોજ્ય, પેય તથા લેહ્ય–એ ચાર ભેદોના કારણે ચાર પ્રકારનો પણ કહેવાય છે; તેમ જ દરેક આહારમાં પૃથ્વી, જળ, તેજ, વાયુ તથા આકાશ–એ પાંચે ભૂતોનો સંબંધ હોય જ છે, તે કારણે હરકોઈ આહારને પાંચ પ્રકારનો પણ કહી શકાય છે. વળી દરેક આહારમાં છ યે રસોનો આશ્રય હોય છે, તેથી આહારને છ પ્રકારનો પણ કહી શકાય છે; તેમજ ભોજનની બાર પ્રવિચારણા કે કલ્પનાના કારણે તે આહારને બાર પ્રકારનો પણ કહી શકાય છે; તેમ જ કાલ આદિ ભેદોને અનુસરવાથી તે આહારને ૨૪ પ્રકારનો પણ કલ્પી શકાય છે. ૭–૯

આહારના જ આશ્રયે ચારે પુરુષાર્થો વગેરેની સિદ્ધિ થાય

प्रवर्तते तमाश्रित्य धर्मार्थादिचतुष्टयम् ॥ १० ॥
स्वस्थयात्रा चिकित्सा च तमेवाश्रित्य वर्तते ।
तुष्टिः पुष्टिर्धृतिर्बुद्धिरुत्साहः पौरुषं बलम् ॥ ११ ॥
सौस्वर्यमोजस्तेजश्च जीवितं प्रतिभा प्रभा ।
आहारादेव जायन्ते एवमाद्या गुणा नृणाम् ॥ १२ ॥

तदात्मवान् हितमितं काले भुञ्जीत षड्रसम् ।

એ આહારનો આશ્રય કરીને જ ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ–એ ચારે પુરુષાર્થોની સિદ્ધિ થઈ શકે છે; તેમ જ સ્વસ્થ મનુષ્યના જીવનની યાત્રા–નિર્વાહ તથા રોગીને લગતી ચિકિત્સા પણ આહારનો જ આશ્રય કરી થઈ શકે છે; ઉપરાંત, તુષ્ટિ, પુષ્ટિ, ધીરજ, બુદ્ધિ, ઉત્સાહ, પુરુષાર્થ, બલ, ગળાનો ઉત્તમ સ્વર, ઓજસ્, તેજસ્, જીવતર, બુદ્ધિની પ્રતિભા–શક્તિ અને શરીરની પ્રભા–કાંતિ–ઇત્યાદિ માણસોના ગુણો પણ આહારના કારણે જ ઉત્પન્ન થાય છે; તે જ કારણે જિતેન્દ્રિય માણસે યોગ્ય સમયે હિતકારી તથા યોગ્ય માપમાં છયે રસોથી યુક્ત આહાર જમવો જોઈએ. ૧૦–૧૨

વિવરણ : સ્વાસ્થ્યની પ્રાપ્તિ માટે હિતકારી અને માપસર આહાર જમવો; આ સંબંધે બીજા આયુર્વેદીયતંત્રમાં આમ કહ્યું છે કે–'कोऽरुक् कोऽरुक् कोऽरुक्, हितभुङ् मितभुग् जितेन्द्रियो नियतः । सोऽरुक् सोऽरुक् सोऽरुक्, हितभुङ् मितभुग् जितेन्द्रियो नियतः ॥ '–આ લોકમાં કયો માણસ રોગરહિત, પીડારહિત તથા શરીરના ભંગથી રહિત રહી શકે છે ? એ પ્રશ્નનો ઉત્તર શાસ્ત્રકારો આ પ્રમાણે કહે છે કે. તે જ માણસ રોગરહિત, પીડારહિત તથા શરીરના ભંગથી રહિત હોઈ શકે છે કે જે માણસ હિતકારી આહાર જમે છે, માપસર ખોરાક ખાય છે અને નિયમનિષ્ઠ અથવા જિતેંદ્રિય રહી શકે છે. ૧૧,૧૨

ભોજનપ્રકાર તથા ભોજનના ગુણ–અવગુણ વગેરે કહેવાની પ્રતિજ્ઞા

यथा च यच्च भोक्तव्यं ये च भोग्य(ज्य)गुणागुणाः॥
तत्ते भोज्यविभागीये सर्वं वक्ष्याम्यतः परम् ।

હવે જે પ્રકારે જે વસ્તુ જમવી જોઈએ અને ભોજન કરવા યોગ્ય પદાર્થોના કયા કયા ગુણો તથા અવગુણો છે; તે બધું નીચે કહેવાતા 'ભોજ્યવિભાગીય' પ્રકરણમાં હું કહું છું. ૧૩

ભોજન સાથે સંબંધ ધરાવતા યૂષો કહેવાની પ્રતિજ્ઞા

अत्र ते संप्रवक्ष्यामि नानाद्रव्योपसंस्कृतान्॥१४॥
नानारोगोपशमनान् यूषान् स्थविरजीवक ।

વળી હે વૃદ્ધજીવક ! આ ભોજનના પ્રસંગમાં કે સંબંધમાં, જે યૂષો અનેક પ્રકારના દ્રવ્યોથી સંસ્કારયુક્ત કરાયેલા હોય છે, અને જે યૂષો અનેક પ્રકારના રોગોને શમાવનાર કે મટાડનાર છે, તે (મુખ્ય મુખ્ય) યૂષો હું તમને કહું છું. ૧૪

યૂષના ગુણો

रोचनो दीपनो वृष्यः स्वरवर्णबलाग्निकृत् ॥ १५॥
प्रस्वेदजननो मुख्यस्तुष्टिपुष्टिसुखावहः ।

હરકોઈ મુખ્ય યૂષ રુચિકારક, જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર, વૃષ્ય હોઈ વીર્યવર્ધક, સ્વરકારક, વર્ણકારક, બલકારક તથા જઠરાગ્નિને વધારનાર, પુષ્કળ પરસેવો તથા આફ્રને ઉત્પન્ન કરનાર તેમ જ તુષ્ટિ, પુષ્ટિ તથ સુખને લાવનાર હોય છે. ૧૫

ત્રણે દોષોને યૂષ મટાડે

यूषः स्नेहोष्णभावाच्च वातं, स्नेहकषायतः ॥ १६
पित्तं, कफं कटुष्णत्वात् संस्काराच्च नियच्छति।

વળી તે યૂષ સ્નેહયુક્ત તથા ઉષ્ણતાને લીધે વાયુને, તેમ જ સ્નેહયુક્ત કષાય રસથી યુક્ત હોય છે–એ કારણે પિત્તને તેમ જ લગાર ગરમ તથા સંસ્કારથી યુક્ત હોવાના કારણે કફને પણ મટાડે છે. ૧૬

યૂષના વધુ ગુણો

यूषधातुं वदन्ति ज्ञा द्रवीकरणपाकयोः ॥ १७।
द्रवीकरोति भोज्यानि पक्वः सद्यूष इत्यतः ।

વિદ્વાનો કહે છે કે, કોઈપણ ધાતુનુ દ્રવીકરણ–પ્રવાહીપણું કરવા માટે તેમ જ કોઈ પણ ધાતુને પાચન કરવા માટે 'યૂષ'ને ઉપયોગી ગણ્યો છે; એ જ કારણે પક્વ થયેલો ઉત્તમ યૂષ બધાંયે ભોજનદ્રવ્યોને પ્રવાહી કરે છે. ૧૭

યૂષ અને યવાગૂ સંજ્ઞામાં કારણ

द्रव्यै(वै)र्बहुविधैर्द्रव्यैस्तथा चान्यैस्तण्डुलैः ॥१८॥
यूष इत्युच्यते सिद्धो, यवागूस्तण्डुलैः सह ।

અનેક પ્રકારનાં (કઠોળ) વગેરે દ્રવ્યોથી તેમ જ ચોખા સિવાયનાં બીજાં ધાન્યોથી તૈયાર કરેલો 'યૂષ'–ઓસામણ કહેવાય છે; પણ ચોખા નાખીને જે તૈયાર કરેલ હોય તે (પ્રવાહી–રાબ) 'યવાગૂ' કહેવાય છે. ૧૮

૨૪ પ્રકારના યૂષો

मुद्गयूषो विरसिका यूषो दाडिमकस्तथा ॥ १९ ॥
चित्रकामलकानां च द्वौ यूषौ परिकीर्तितौ ।
पञ्चकोलकयूषौ द्वौ संग्राही दीपनस्तथा ॥ २० ॥
धान्ययूषोऽथ कौलत्थः फलयूषश्च भार्गव !।
पुष्पयूषः पत्रयूषो वल्कयूषस्तथैव च ॥ २१ ॥
मुख्यः पल्लवयूषश्च महायूषस्तथैव च ।
राल्लायूषो महायूषश्चाङ्गेर्या मूलकस्य च ॥ २२ ॥
पुनर्नवातिबलयोर्गुडक(का)म्बलिकस्तथा ।
मुख्यत्रिकटुयूषश्च लशुनैर्वास्तुकेन च ॥ २३ ॥
पञ्चविंशतिरित्येते यूषाः कश्यपनिर्मिताः ।

મુદ્ગયૂષ, વિરસિકા, યૂષ, દાડમના દાણાથી કરેલો યૂષ, ચિત્રકયૂષ, આમલક–યૂષ, પંચકોલકના બે યૂષ–એક સંગ્રાહી–મળને પકડી રાખનાર અને બીજો દીપન હોઈ જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર યૂષ, ધાન્યયૂષ, કૌલત્થ કે કળથીનો યૂષ, તેમ જ હે ભૃગુવંશી–વૃદ્ધજીવક! દશમો ફલયૂષ, પુષ્પયૂષ પત્રયૂષ, વલ્કયૂષ, મુખ્ય પલ્લવયૂષ, મહાયૂષ, રાસ્નાયૂષ, ચાંગેરી–ખાટીલૂણીનો યૂષ, મૂળાનો યૂષ, પુનર્નવા–સાટોડીનો યૂષ, અતિબલાનો યૂષ, ગુડકાંબલિક યૂષ, મુખ્ય ત્રિકટુયૂષ, લશુનયૂષ, અને વાસ્તુક–બથવાનો યૂષ–એમ ૨૪ યૂષો અહીં શ્રી કશ્યપઋષિએ કહ્યા છે.૧૯–૨૩

વિવરણ : અહીં છેલ્લા શ્લોકના ઉત્તરાર્ધમાં 'पञ्चविंशतिरित्येते' એવો પાઠ જ્યાંક મળે છે અને તે પ્રમાણે અહીં ૨૫ યૂષોની સંખ્યા ગણાવવા માંડે છે; પણ બરાબર ગણતરી કરતાં યૂષની સંખ્યા ૨૪ની થાય છે. ૧૯–૨૩

વસ્તુતઃ યૂષો બે જ પ્રકારના છે

यूषाः कषायमधुरा कषायाम्लाश्च भार्गव !॥२४
द्विविधा विहिताः सर्वे सर्वे च द्रवयोनयः ।

હે ભૃગુવંશી વૃદ્ધજીવક! ખરી રીતે બધાય યૂષો કષાય–મધુર અને કષાય–અમ્લ–(તૂરા–મીઠા અને તૂરા–ખાટા) જ હોય છે. તેથી બે જ પ્રકારના કહ્યા છે અને તે બધાયે યૂષોનું મૂળ ઉત્પત્તિ કારણ દ્રવ કે પ્રવાહી તરીકે જ હોય છે. ૨૪

છતાં તે યૂષો ત્રણ પ્રકારના પણ કહેવાય

कृताऽकृताऽकृतकृताः पित्तश्लेष्मानिलात्मसु ॥
रोगेषु स्नेहयोगाच्च ते यूषास्त्रिविधाः स्मृताः ।

પિત્તપ્રધાન, કફપ્રધાન તથા વાતપ્રધાન રોગોમાં સ્નેહના યોગથી અને અયોગથી તે યૂષો ત્રણ પ્રકારના કહ્યા છે; જેમ કે કૃતયૂષ, અકૃતયૂષ તથા અકૃત–કૃતયૂષ ૨૫

વિવરણ : અહીં મૂળમાં જણાવેલ કૃતયૂષ, અકૃતયૂષ તથા કૃતાકૃતયૂષ–એમ ત્રણ પ્રકારના યૂષોમાં આમ સમજવાનું છે કે, જે યૂષમાં સ્નેહનનો યોગ હોઈને કાળાં મરિયાં વગેરેથી સંસ્કાર કર્યો હોય તે 'કૃતયૂષ' કહેવાય છે, પરંતુ જેમાં સ્નેહ વગેરેનો યોગ ન હોય અને બીજા પણ સંસ્કાર કર્યા ન હોય તે અકૃતયૂષ કહેવાય છે. ચરકના સિદ્ધિસ્થાન ઉપરની ચક્રપાણિની ટીકામાં પણ આમ જણાવ્યું છે કે–'अकृतयूषः स्नेहलवणादि असंस्कृतः'–સ્નેહો તથા લવણ આદિથી જેને સંસ્કારી કરેલ ન હોય તે યૂષ 'અકૃતયૂષ' કહેવાય છે; તેમ જ કૃતયૂષઃ–स्नेहलवणादिसंस्कृतः–સ્નેહ–લવણ આદિથી જેને સંસ્કારી કરેલ હોય તે 'કૃતયૂષ' કહેવાય છે. તેમ જ જે યૂષમાં અમુક થોડા અંશે સ્નેહયોગ કર્યો હોય અને અમુક થોડા જ અંશે સંસ્કાર કર્યો હોય, તે ત્રીજો 'કૃતઅકૃતયૂષ' કહેવાય છે એમ ત્રણ પ્રકારના યૂષો પણ સમજવા. ૨૫

પાચન, કર્ષણ તથા બૃંહણ–એમ પણ ત્રણ યૂષો હોય

त एव पाचनाः प्रोक्ताः कर्षणा बृंहणास्तथा ॥
शीतोष्णमिश्रवीर्यत्वान्नानाद्रव्योपसंश्रयात् ।

ઉપર જે યૂષો કહ્યા છે, તેઓમાં જ શીત-ઉષ્ણ-મિશ્ર વીર્ય હોય તથા અનેક દ્રવ્યોનો આશ્રય હોય, તેથી પણ તે જ યૂષો પાચન, કર્ષણ તથા બૃંહણ પણ કહેવાય છે. ૨૬

लवणव्योषणस्नेहपक्तिसंस्कारयुक्तयः ॥ २७ ॥
सिद्धा यूषेषु विदुषो न वक्ष्यामि पुनः पुनः ।

યૂષો વિષેની જે યુક્તિઓ લવણ, વ્યોષ-ત્રિકટુ-સૂંઠ, મરી અને પીપર તેમ જ પાચનક્રિયાના સંસ્કારોવાળી હોઈને સિદ્ધ અથવા પ્રસિદ્ધ છે, તે યુક્તિઓ હું વિદ્વાનો પ્રત્યે વારંવાર કહીશ નહિ. ૨૭

૭૫ યૂષોની તથા ૫૦ યૂષોની ગણતરી

दोषभेदेन यूषास्ते संख्याताः पञ्चसप्ततिः ॥२८॥
तथैव यापनादित्वात् पञ्चाशत्तु रसाश्रयात् ।

ઉપર જે યૂષો ૨૫ની સંખ્યામાં કહ્યા છે, તેઓ જ વાતાદિ ત્રણ દોષોના ભેદને અનુસરી પાચન, કર્ષણ તથા બૃંહણ હોઈને ૭૫ની સંખ્યામાં ગણ્યા છે; (૨૫×૩=૭૫) તેમ જ રસના આશ્રયથી તે જ યૂષો ૫૦ પણ ગણ્યા છે (૨૫×૨=૫૦). ૨૮

કેટલાક યૂષો રાગ-ખાડવ-પાનકરૂપે પણ થાય

एके यूषास्तथैकेषां यत्किञ्चिद्व्यञ्जनं द्रवम् ॥२९
अग्नौ सिद्धमसिद्धं तु रागखाडवपानकम् ।

કેટલાક આચાર્યોના મતે કેટલાક યૂષો અને બીજું જે કંઈ વ્યંજન પ્રવાહીરૂપે હોઈને અગ્નિ પર પકવ કરેલ હોય કે પકવ કરેલ ન હોય તે રાગ, ખાડવ તથા પાનકરૂપે પણ તૈયાર કરાય છે. ૨૯

વિવરણ : અહીં જણાવેલ રાગ, ખાડવ તથા પાનકનું લક્ષણ ચરકે સૂત્રસ્થાનના ૨૭ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે-' क्वथितं तु गुडो पेतं सहकारफलं नवम् । तैलनागरसंयुक्तं विज्ञेयो रागखाडवः ॥ '- આંબાનાં નવાં-કાચાં ફળને પાણીમાં ગોળ સાથે ઉકાળવામાં આવ્યાં હોય અને તે ઘટ્ટ થાય ત્યારે તેમાં તલનું તેલ તથા સૂંઠનું ચૂર્ણ નાખવામાં આવે તેને 'રાગખાડવ' થયેલો જાણવો. ૨૯

વાતરોગ આદિથી પીડાયેલાને ઉપયોગી એક ખાસ યૂષ

यमकस्नेहसिद्धास्तु ते यूषा घृततैलयोः ॥ ३० ॥
शस्यन्ते वातरोगेषु वर्चःशोषाभिघातयोः ।
दीप्ताग्नीनामनिद्राणां भाराध्वश्रममैथुनैः ॥ ३१ ॥
क्लान्तानां पतनाद्यैश्च यूषोऽयमेक इष्यते ।

જે યૂષો ઘી-તેલરૂપી યમકસ્નેહથી સિદ્ધ કર્યા હોય, તેઓનો ઉપયોગ વાતરોગથી જેઓ સુકાતા હોય કે વિષ્ઠાના સુકાવાથી કે અભિઘાત-માર-પ્રહાર વગેરેથી જેઓ પીડાતા હોય, તેઓ માટે વખણાય છે; તેમ જ જેઓના જઠરાગ્નિ પ્રદીપ્ત હોય, તેમ જ જેઓને નિદ્રા આવતી ન હોય; ભાર ઉપાડવાથી અને મુસાફરીઓના થાકથી જેઓ થાકયા હોય અને મૈથુનના પરિશ્રમથી જેઓ કંટાળ્યા હોય અથવા મૈથુનથી જેઓ થાકયા હોય કે કયાંયથી પડી જવું વગેરેથી જેઓ દુઃખી થયા હોય, તેઓને માટે આ (નીચેના) એક જ યૂષ ઇચ્છવા યોગ્ય છે. ૩૦,૩૧

પંચકર્મ સિવાય પ્રયોગ કરાતો એક ખાસ નિર્યૂહ

दधिकाञ्जिकशुक्तानि वर्गो यश्चापि दीपनः ॥३२॥
निर्यूहः सर्वयूषाणामन्यस्मात् पाञ्चकर्मिकात् ।
क्वाथो निर्यूह आदानं कषायश्चेति तत् समम् ॥
गर्भः कल्कस्तथाऽऽवापः पाकः संस्कार उच्यते ।

દહીં, કાંજી, શુક્ત અને તેના પર્યાયો અને બીજો જે કોઈ દીપન વર્ગ છે, તે સર્વ યૂષોમાં મુખ્ય નિર્યૂહ તરીકે પંચકર્મ સિવાયનાં બીજાં કર્મોમાં ઉપયોગી ગણાય છે; વળી ક્વાથ, નિર્યૂહ, આદાન, કષાય, ગર્ભ, કલ્ક, આવાપ, પાક તથા સંસ્કાર-એ બધા શબ્દો એક જ અર્થના સૂચક હોઈ પર્યાયો જ કહેવાય છે. ૩૨,૩૩

પંચકર્મમાં ઉપયોગી પાંચ યૂષો

निस्तुषाणां पुराणानां मुद्गानां दीपनाम्बुना ॥३४

मुद्गमण्डस्तनुत्वात् स मुद्गयूषो घनोऽल्पशः ।
मुद्गतक्राम्लसिद्धस्तु यूषो विरसिका स्मृतः ॥
स एव दाडिमोदश्वित्कृतो रोचन उच्यते ।
स्मृतो दाडिमयूषश्च मुद्गदाडिमसंस्कृतः ॥ ३६ ॥
मुद्गामलकनिर्यूहो धात्रीयूषोऽभिधीयते ।
इत्येते पञ्च यूषास्तु विहिताः पाञ्चकर्मिकाः ॥३७

ફોતરાંથી રહિત કરેલા જૂના મગનો દીપન પાણીની સાથે પકવીને જે યૂષ કે મંડ (ઓસામણ) બનાવાય, તે પાતળો હોવાથી 'મુદ્ગમંડ' કહેવાય છે; અને તે જ થોડો જો ઘટ્ટ રાખ્યો હોય તો 'મુદ્ગયૂષ' કહેવાય છે; જે યૂષને મગ તથા છાશની ખટાઈમાં તૈયાર કર્યો હોય તે 'વિરસિકા' કહેવાય છે; એ જ યૂષને દાડમના દાણા તથા છાશથી જો પકવ્યો હોય તો 'રોચન' કહેવાય છે; મગ તથા દાડમના દાણાથી જેને સંસ્કારી કર્યો હોય, તે 'દાડિમયૂષ' કહેવાય છે; તેમ જ મગ તથા આમળાનો જે નિર્યૂહ તૈયાર કરાય, તે 'ધાત્રીયૂષ' કહેવાય છે.' એમ આ પાંચ યૂષો 'પાંચ-કર્મિક' એટલે કે પંચકર્મમાં ઉપયોગી તરીકે કહેવાય છે. ૩૪–૩૭

બીજા કામ્યયૂષોનું કથન

काम्यांस्त्वन्यान् प्रवक्ष्यामि यूषानामयदर्शनात् ।
सिद्धश्चित्रकनिर्यूहे समूलस्कन्धपत्रके ॥ ३८ ॥
ख्यातश्चित्रकयूषस्तु ग्रहणीदोषशूलनुत् ।
प्लीहार्शोगुल्मकुष्ठघ्नो हृद्रोगकफवातजित् ॥३९॥
तद्वन्मूलकयूषोऽपि स वै संस्कारमीक्षते ।

હવે અમુક રોગો માટે જેઓનું ખાસ દર્શન થાય છે, તેવા બીજા કામ્યયૂષોને હું કહું છું. જે યૂષને ચિત્રકના નિર્યૂહ કે ક્વાથમાં તૈયાર કર્યો હોય, જેમાં ચિત્રકનાં મૂળિયાં, સ્કન્ધ–મોટાં ડાળાં તથા પાંદડાં પણ સાથે ઉકાળાય છે, તે 'ચિત્રકયૂષ' નામે પ્રખ્યાત થયેલો છે અને તે યૂષ ગ્રહણીના દોષને તથા શૂળને મટાડે છે; તેમ જ બરોળ, અર્શસ, ગોળો તથા કોઢનો પણ તે નાશ કરે છે અને હૃદયના રોગને, કફને તથા વાયુને પણ મટાડે છે; એ જ પ્રમાણે મૂળાનો યૂષ પણ તૈયાર કરાય છે; પરંતુ તે અમુક વિશેષ સંસ્કારની જરૂર ધરાવે છે. ૩૮,૩૯

પંચકોલક યૂષ

शटीकर्कटकीविल्वमाजपौष्करधातकी ॥ ४० ॥
दधित्थं दाडिमफलं चाङ्गेरीससमङ्गयाः ।
पञ्चकोलकयूषोऽयं परः सांग्राहिकः स्मृतः ॥४१
स एव दीपनोपेतो लवणैश्चापि दीपनः ।

શટ્કચૂરો, કાકડાશિંગ, બિલ્વફળ, મેંઢાશિંગ, પુષ્કરમૂળ, ધાવડીનાં ફૂલ, કોઠફળ, દાડમફળ, ચાંગેરી–ખાટી લૂણી, તથા સમંગા–મજીઠ–એટલાં દ્રવ્યોનું ચૂર્ણ કરી તેઓનો જે યૂષ તૈયાર કરાય છે; તે 'પંચકોલક' યૂષ કહેવાય છે; એ યૂષ મળોનો ખૂબ સંગ્રહ કરનાર છે; પરંતુ એ જ યૂષમાં પાંચે લવણો મેળવવામાં આવ્યાં હોય, તો એ જ યૂષ ઘણો દીપન પણ બને છે. ૪૦,૪૧

મુખ્ય ધાન્યયૂષ

अखण्डितानां धान्यानां सर्वेषां समभागनाम् ॥
निर्यूहः स्याद्ते माषतिलनिष्पावसर्षपात् ।
धान्ययूषः स्मृतो मुख्यो द्वीपदाडिमसंस्कृतः ॥

બધી જાતનાં અખંડિત ધાન્યો સમ-ભાગે લેવાં; પરંતુ અડદ, તલ, ચોળા તથા સરસવ એટલાં છોડી દેવાં. પછી તે સિવાય-નાં બીજાં બધાં એ અખંડ ધાન્યોનો યૂષ તૈયાર કરી તેને ચિત્રકનું ચૂર્ણ તથા દાડમના દાણા નાખી સંસ્કારયુક્ત કર્યો હોય, તો એ 'મુખ્ય ધાન્યયૂષ' કહેવાય છે.

દહીંના મંડમાં કે છાશમાં કરેલો યૂષ
મસ્તક વગેરેના રોગમાં હિતકારી

दधिमण्डेऽथ वा सिद्धस्तक्रे वा रोगदर्शनात् ।
शिरःकर्णाक्षिरोगेषु हृद्रोगेऽधविभेदके ॥ ४४ ॥
अरुचौ चातिसारे च कार्यः सतिलमाषकः ।

મસ્તક, કાન કે નેત્ર અથવા હૃદયના રોગમાં આધાશીશીના રોગમાં, અરુચિમાં

તથા અતિસારમાં તલ તથા અડદનો યૂષ દહીંના પાણીમાં કે છાશમાં તૈયાર કરવો જોઈએ અને તે તે રોગ દેખાય ત્યાં સુધી તે યૂષનું સેવન કરવું. ૪૪

અતિશય રૂક્ષતા લાવનાર કળથીનો યૂષ

कुलत्थानां तु निर्यूहे कौलत्थो यूष उच्यते ॥४५
सन्निपातानिलकफव्याधीन् हन्ति विरूक्षणः।

કળથીના નિર્યૂહ–ઉકાળામાં તૈયાર કરેલો યૂષ 'કૌલત્થ' કહેવાય છે; એ યૂષ વિશેષે કરી રૂક્ષતા કરનાર હોઈને સંનિપાતના, વાયુના તથા કફના રોગોનો નાશ કરે છે. ૪૫

જૂના અતિસારને મટાડનાર ફળયૂષ

कपित्थबिल्वबदरद्राक्ष(?)दाडिमचूतजैः ॥ ४६ ॥
फलयूषं(षः)फलैरामैर्जीर्णातीसारनाशनम् (नः)।

કાચાં કોઠફળ, બિલાં, બોર, દ્રાક્ષ, દાડમ અને કેરી–એટલાં તે બધાં કાચાં ફલોથી તૈયાર કરેલો એ 'ફળયૂષ' જૂના ઝાડાના રોગનો નાશ કરે છે.૪૬

રક્તપ્રદર આદિને મટાડનાર 'પુષ્પયૂષ'

शाणशाल्मलिधातक्यः पद्मसौगन्धिकैः सह ॥४७
कोविदारात् कर्बुदारात् पुष्पैर्यूषं प्रकल्पयेत्।
असृग्दरे रक्तपित्ते दाहे चोदरचक्षुषोः ॥ ४८ ॥
तैलाम्लाभ्यामृते सिद्धः पुष्पयूषः सदाडिमः।

શણ, શીમળો, ધાવડીનાં ફૂલ, કમળનાં સુગંધી ફૂલ, કોવિદાર–લાલ કાંચનાર તથા કર્બુદાર–ધોળો કાંચનાર–એટલાંનાં પુષ્પોને સમભાગે એકત્ર કરી તૈયાર કરેલો તે 'પુષ્પયૂષ,' દાડમના રસથી મિશ્ર કરી જો સેવ્યો હોય તો (સ્ત્રીના) રક્તપ્રદરરોગમાં, રક્તપિત્ત રોગમાં, પેટના તથા નેત્રના દાહમાં હિતકારી થાય છે; આ પુષ્પયૂષને તલના તેલથી અને દાડમ સિવાય બીજી કોઈપણ ખટાઈ વગરનો જ તૈયાર કરવો જોઈએ.

વાયુનાશક 'પત્રયૂષ'

बिल्वशोभाञ्जनैरण्डबलारास्नाम्रवारिणा ॥ ४९ ॥
पत्रनिष्काथयूषः स्यात् पत्रयूषोऽनिलापहः।

બીલીનાં, સરગવાનાં, એરંડાનાં, બલા–ખપાટનાં, રાસ્નાનાં તથા આંબાનાં પાંદડાં એકત્ર કરી પાણીની સાથે પકવેલો જે પાંદડાંના ઉકાળાથી કરેલો યૂષ 'પત્રયૂષ' કહેવાય છે અને તે પત્રયૂષને જો સેવ્યો હોય તો હરકોઈ વાયુના રોગનો તે નાશ કરે છે. ૪૯

અતિસારને મટાડનાર વલ્ક–છાલનો યૂષ

दाडिमाम्रातजम्बूनां चिरबिल्वस्य च त्वचः ॥
निष्काथ्य दधिमण्डेन वल्कयूषोऽतिसारनुत्।

દાડમની, આંબાડાની. જાંબૂની તથા ચિરબિલ્વ–નાટાકરંજની છાલને સમાન ભાગે એકત્ર કરી દહીંના મંડ–ઉપરના પાણીની સાથે તૈયાર કર્યો હોય તે (છાલોનો) 'વલ્કયૂષ' અતિસારના રોગને મટાડે છે. ૫૦

બધા પિત્તના રોગ વગેરેને મટાડનાર 'પલ્લવયૂષ'

न्यग्रोधोदुम्बराश्वत्थप्लक्षकालापलाशजैः ॥५१॥
पल्लवैः कमलानां च घृतदाडिमसंस्कृतः।
पित्तरोगेषु सर्वेषु गर्भच्यवनदाहयोः ॥ ५२ ॥
मुख्यः पल्लवयूषोऽयं हितः कटुकिनीषु च।

વડનાં, ઉંબરાનાં, પીપળાનાં, પીપરનાં કાળાં નસોતરનાં, ખાખરાનાં, તથા કમળોનાં કૂણાં પાન (સમ ભાગે) એકત્ર કરી તેઓનો જ યૂષ તયાર કરી તેને ઘીથી તથા દાડમના રસથી સંસ્કારી કરી જો તૈયાર કરાય તો તે મુખ્ય યૂષ 'પલ્લવયૂષ' કહેવાય છે; એ પલ્લવયૂષ બધા પિત્તના રોગોમાં, ગર્ભપાતમાં, દાહમાં તથા 'કટુકિની' નામના હરકોઈ ગ્રહરોગમાં કે ગ્રહના વળગાડમાં તે હિતકારી થાય છે. ૫૧,૫૨

વાયુનાશક જુદા જુદા યૂષો

पुनर्नवाया रास्नायाश्चाङ्गेरीबलयोस्तथा ॥ ५३ ॥
पृथग्यूषाः समाख्याता वातघ्ना दधिसर्पिषा।

સાટોડીનો, રાસ્નાનો, ચાંગેરી–ખાટી લૂણીનો તથા બલા–ખપાટનો અલગ

અલગ જે યૂષ કરાય અને તેમાં દહીં તથા ઘી મિશ્ર કરી જો સેવાય તો એ બધા અલગ અલગ જ યૂષોને વાયુના રોગોનો નાશ કરનાર તરીકે કહ્યા છે. ૫૩

રૂક્ષ 'કાંબલિકયૂષ'

रोहितापोतमत्स्यानां निर्यूहं साधयेज्जले ॥ ५४ ॥
तं क्वाथं साधयेद् भूयः शुक्तकाञ्जिकमस्तुभिः ।
द्रवाणि कुडवीजानि गुडपञ्चपले श्रृतः ॥५५॥
एष काम्बलिको रूक्षः कटुतैलेन वा कृतः ।
वातरोगप्रशमनो बृंहणो बलवर्धनः ॥ ५६ ॥
रतिनिद्रारुचिकरस्तिलतैलेन वा कृतः ।

લાલ રંગની નાની નાની માછલીઓને પાણીમાં પકવીને નિર્યૂહ–ક્વાથ તૈયાર કરવો; પછી તે ક્વાથને ફરી શુક્ત–સિરકો, કાંજી તથા દહીંના મસ્તુ–પાણીની સાથે પકવવો; પછી તેમાં કુડબીજ–ઇંદ્રજવ તથા પાંચ પલ–૨૦ તોલા ગોળ નાખી ઉકાળી લેવો; એ રૂક્ષ 'કાંબલિક' યૂષને સરસિયા તેલથી મિશ્ર કરીને (યોગ્ય પ્રમાણમાં) જો સેવ્યો હોય તો હરકોઈ વાયુના રોગોને અત્યંત શમાવે છે તેમ જ બૃંહણ હોઈ શરીરમાં પુષ્ટિને કરે છે તથા બળને વધારે છે; અથવા તેમાં તલનું તેલ મિશ્ર કરી તૈયાર કરવામાં આવે, તો એ યૂષ રતિકર એટલે ખૂબ કામક્રીડા કરાવનાર, નિદ્રાને કરનાર તથા રુચિકારક પણ થાય છે. ૫૪–૫૬

સર્વ રોગોમાં હિતકારી 'મહાયૂષ'

दीपनं पञ्चमूलं च फलानि मधुराणि च ॥५७॥
पूर्ववत् सर्वधान्यानि धान्यकं मरिचानि च ।
काकोलीक्षीरकाकोलीकाश्मर्याणि परूषकम् ॥५८॥
बदराणि कुलत्थाश्च रास्नैरण्डपुनर्नवाः ।
द्वे पले गोक्षुरः शिग्रुपलाशतरुणानि च ॥ ५९ ॥
जलद्रोणे पचेदेतं निर्यूहं पादशेषितम् ।
दधिकाञ्जिकशुक्तानि प्रस्थशस्तैलसर्पिषी ॥ ६० ॥
मूलकानामपत्राणां तरुणानां शतं भवेत् ।
एष सिद्धो महायूषो व्योषसंस्कारसंस्कृतः ॥६१॥
सर्वरोगेषु भूयिष्ठं संसृष्टेषु प्रशस्यते ।
मत्स्यान्नेषु विनिद्रेषु स्तब्धाङ्गच्छुबुकाक्षिषु(?)॥६२॥
निर्यूहेण समं दद्यान्मांसनिर्यूहमेव तु ।
कार्यः सतिलकल्को वा जीर्णातीसारशान्तये ॥६३॥

જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર (લઘુ કે બૃહત્) પંચમૂલ, મધુર ફલો, પહેલાંની જેમ બધાં ધાન્યો, ધાણા, કાળાં મરિયાં, કાકોલી, ક્ષીરકાકોલી, કાશ્મર્ય–ગાંભારી ફલ, ફાલસા, બોર, કળથી, રાસ્ના, એરંડમૂલ, સાટોડી, બે પલ–આઠ તોલા ગોખરુ, સરગવો અને કૂણાં આખરાનાં પાન–સમ ભાગે એકત્ર કરી એક દ્રોણ–૧૦૨૪ તોલા પાણીમાં તેઓનો ક્વાથ કરવો; એ નિર્યૂહ–ક્વાથ, એક ચતુર્થાંશ બાકી રહે ત્યારે તેમાં દહીં, કાંજી, શુક્ત–સિરકો, તલનું તેલ અને ઘી–એ દરેક એક એક પ્રસ્થ–૬૪–૬૪ તોલા નાખવાં; તેમ જ પાન વિનાના કાચા સોમૂળા પણ સુધારીને નાખવા; અને પછી તેમાં વ્યોષ–સૂંઠ, મરી તથા પીપરનું ચૂર્ણ નાખી તેનાથી તેને સંસ્કારી બનાવવો; એમ તૈયાર કરેલો એ 'મહાયૂષ' લગભગ બધાયે સંસૃષ્ટ–મિશ્રદોષ જનિત રોગોમાં ખૂબ વખણાય છે, તેમ જ જેઓનો જઠરાગ્નિ વધુ પ્રમાણમાં વધી ગયો હોય, જેઓને નિદ્રા ન આવતી હોય, જેઓનાં અંગો સજ્જડ થઈ ગયાં હોય અને છુબુકાક્ષિ–હરકોઈ નેત્રરોગ થયો હોય તો આ મહાયૂષનું સેવન હિતકારી થાય છે; પણ જૂના અતિસારની શાંતિ કરવા માટે આ મહાયૂષને તેના જેટલા જ માંસના રસની સાથે જ આપવો; અથવા તલનો કલ્ક તેમાં મિશ્ર કરીને આ મહાયૂષ એ રોગીને દેવો. ૫૭–૬૩

વાતનાશન–'લશુનયૂષ'

उक्तो लशुनयूषस्तु स्वकल्पे वातनाशनः ।
सूपाश्च रसकाश्चैव त्रिविधाः प्राङ्निदर्शिताः ॥६४

લસણનો યૂષ બધાયે વાયુનો નાશ કરે છે, એમ તેના પોતાના 'લશુનકલ્પ'

પ્રકરણમાં કહેલ છે, તેમ જ ત્રણ પ્રકારના સૂપ તથા રસકયોગો પણ પહેલાં દર્શાવ્યા છે. ૬૪

સર્વરોગવિનાશન-'મૂલકયૂષ'

स्विन्नानि मूलकान्यप्सु निष्पीड्य तरुणो विभुः।
परिभृज्य ततः स्नेहे तत आदानमावपेत् ॥६५॥
एष मूलकयूषस्तु सर्वरोगविनाशनः।

યુવાન સમર્થ વૈદ્યે મૂળાને પાણીમાં બાફી લઈ નીચોવી લેવા; પછી તે મૂળાને તેલ કે ઘીરૂપ સ્નેહમાં ભૂંજી નાખી તેમાં આદાન-જળનો પ્રક્ષેપ કરવો; એમ તૈયાર કરેલો તે 'મૂલકયૂષ' જો સેવ્યો હોય, તો અધા યે રોગોનો તે વિનાશ કરનાર થાય છે. ૬૫

પિત્તને શમાવનાર-'લાવકરસ'

अनम्लोलदक(लावक?)रसः संस्कृतो
जलसर्पिषोः ॥ ६६ ॥
भवेत् पित्तोपशमनस्तैलभृष्टोऽनिलापहः।

ખટાઈ વિનાનો અને પાણી તથા ઘીમાં સંસ્કારી કરી તૈયાર કરેલ લાવાં પક્ષીઓનો રસ, પિત્તને શમાવનાર થાય છે; અને તે જ રસને તેલથી વધારી વીંધો હોય, તો અધાયે વાતરોગોનો નાશ કરે છે. ૬૬

યૂષકથન-ઉપસંહાર

एते यूषाः स्वतन्त्रोत्था उक्ता व्याससमासतः ॥६७॥

એમ તે સ્વતંત્ર ઉત્પન્ન થયેલા-એટલે કે સ્વતંત્ર-પોતાના આયુર્વેદતંત્રમાં જ દર્શાવેલા તે તે ઉપર્યુક્ત યૂષો અહીં ટૂંકમાં તથા વિસ્તારથી કહ્યા છે. ૬૭

૨૧ યવાગૂઓ કહેવાની પ્રતિજ્ઞા

यवागूरपि वक्ष्यामि नानाद्रव्योपसंस्कृताः।
नानारोगोपशमनीः शृणु वृद्धैकविंशतिम् ॥ ६८ ॥

હે વૃદ્ધજીવક! હવે અનેક દ્રવ્યોથી તૈયાર કરાતી અને અનેક જાતના રોગોને શમાવનારી ૨૧ યવાગૂઓ હું તમને કહું છું, તેઓને તમે સાંભળો. ૬૮

વૃદ્ધજીવકનો પ્રશ્ન

ओदनस्य विलेप्याश्च यवाग्वाश्च किमन्तरम्।
सुश्रूषे भगवन्नेतदित्युक्तः प्राह काश्यपः ॥ ६९ ॥

હે ભગવન્! ઓદન-ભાત, વિલેપી તથા યવાગૂ-એ ત્રણનો તફાવત કયો હોય છે? તેને હું સાંભળવા ઇચ્છું છું; એમ વૃદ્ધ પૂછ્યું ત્યારે કશ્યપે આમ કહ્યું. ૬૯

ઓદન-ભાતનું લક્ષણ તથા ગુણો

ओदनो विशदः सिद्धः सुस्विन्नो निस्रुतो मृदुः।
तण्डुलैः सकलप्रायैरक्षीणैश्चापि पठ्यते ॥ ७० ॥

ઓદન-ભાત વિશદ-સ્વચ્છ હોય, તેને સારી રીતે બફાયેલો તૈયાર કરાય છે; પછી તેને ઓસાવી નાખવામાં પણ આવે છે તે કોમળ હોય છે અને લગભગ અખંડ તથા સડેલા ન હોય એવા ચોખાથી તૈયાર કરાય છે.

ઓદન-ભાતના નિન્દનીય ગુણો

अस्विन्नत्वमवक्लेदस्त्वसाकल्यमनिस्रवः।
विरसोऽविशदः शीत ओदनस्य विपर्ययाः ॥७१

જે ભાત અસ્વિન્ન હોય કે બરાબર બફાયો ન હોય, ક્લેદ કે ચીકાશથી રહિત હોય, સંપૂર્ણ લક્ષણોથી રહિત હોય, ઓસાવ્યો ન હોય, રસરહિત હોય, સ્વચ્છ ન હોય અને શીતળ થઈ ગયો હોય, તે એના નિન્દનીય ગુણો છે. ૭૧

યવાગૂના પ્રકારો

द्रवार्द्विंशतिभागेन तण्डुलैः सह साधयेत्।
तथा पञ्चदशाख्येन यवागूर्दशकेन वा ॥ ७२ ॥

પ્રવાહીથી ૨૦ મા ભાગે ચોખા લઈ તેનાથી એક પ્રકારની યવાગૂ-રાબ સિદ્ધ કરી શકાય છે; અથવા પ્રવાહીથી પંદરમા ભાગે ચોખા લઈ યવાગૂ તૈયાર કરી શકાય છે; અથવા પ્રવાહીથી ૧૦ મા ભાગે ચોખા લઈને પણ યવાગૂ તૈયાર કરી શકાય છે. ૭૨

યવાગૂ તથા પેયામાં તફાવત

विंशतेः स्फुटितैः सिक्थैस्तुल्याधोमध्यतोपरि।
अहस्तहार्या पेया स्याद्यवागूः सपरिग्रहाः ॥७३॥

જેમાં અનાજથી વીસગણું પ્રવાહી હોય

અને તેમાં ધાન્યના કણો ફૂટી ગયા હોય-રંધાઈ જઈને પ્રવાહી સાથે મળી જઈ એક રસ થઈ ગયા હોય તેમ જ નીચે, વચમાં તથા ઉપરના ભાગે એકસરખા રહ્યા હોય, છતાં જેને હાથથી લઈ શકાતી નથી, (પણ ચમચો, લઈને તે દ્વારા) પીરસાય છે, તે 'પેયા' કહેવાય છે; પણ જેને હાથથી ગ્રહણ કરી શકાય છે, તેને 'યવાગૂ' કહેવામાં આવે છે. ૭૩

વિવરણ : 'सिक्थकै रहितो मण्डः पेया सिक्थसमन्विता। यवागूर्बहुसिक्था स्याद् विलेपी विरलद्रवा ॥'-જેમાં ધાન્યના કણો જણાતા ન હોય તે 'મંડ' કહેવાય છે; જેમાં રાંધેલા ધાન્યના કણો જણાતા હોય તે પીવાયોગ્ય હોઈને 'પેયા' કહેવાય છે; પણ જેમાં ધાન્યના કણો પુષ્કળ જણાતા હોય, તે 'યવાગૂ' કહેવાય છે અને જેમાં પ્રવાહી ઓછું હોય તે ચમચાને ચોંટે એવી હોય તે 'વિલેપી' કહેવાય છે. ૭૩

દોષયુક્ત યવાગૂ

घना विशीर्णा शीता च न चावक्षीणतण्डुला।
पिच्छिला विशदाऽहृद्या यवाग्वा दोषसंग्रहः ॥७४

જે ઘાટી હોય, વીખરાયેલી હોય તેમ જ શીતળ થઈ ગઈ હોય, જેમાં પ્રવાહીથી ચોખા ઓછા ન હોય પણ પ્રવાહી કરતાં ચોખા વધુ હોય, જે પિચ્છિલા હોઈ ચીકાશવાળી હોય, વિશદ-સ્વચ્છ હોય પણ હૃદયને જે ન ગમે એવી હોય તે યવાગૂનો દોષસંગ્રહ છે એટલે કે તેવી યવાગૂ દોષોથી યુક્ત ગણાય છે. ૭૪

પ્રતિષિદ્ધ યવાગૂઓ

तक्रसिद्धा यवागूस्तु दधिसिद्धा चते घने।
संस्कृते हस्तहार्ये प्रतिषिद्धे क्रियावताम् ॥ ७५ ॥
उष्णा घना प्रशिथिला दलितैस्तण्डुलैः कृता।

જે યવાગૂ છાશમાં પકવી હોય અને જે યવાગૂ દહીંમાં પકવી હોય, તે બન્ને જો ઘન-ઘટ્ટ હોય અને હાથથી ગ્રહણ કરી શકાય એવી હોય, તેને ક્રિયાવાન વૈદ્યોએ પ્રતિષેધ કરેલી હોય છે; તેમ જ જે યવાગૂ ગરમ, ઘટ્ટ, અતિશય શિથિલ અને ભાંગેલા ચોખાથી જ કરેલી હોય, તે યવાગૂ પણ ક્રિયાવાન વૈદ્યોએ પ્રતિષેધ કરેલી છે. ૭૫

વિલેપીના અને યવાગૂના ગુણ-દોષ સરખા જ હોય

विलेप्या गुणदोषांस्तु यवाग्वा इव निर्दिशेत् ॥७६

વૈદ્યે વિલેપીના ગુણો તથા દોષો પણ યવાગૂના જેવા જ દર્શાવવા. ૭૬

ક્ષીરપેયાના ગુણો

दीर्घोपवासिनां नृणां क्षीरपेया प्रशस्यते।
शीतपित्तोपशमनी बृंहणी वर्चबन्धनी ॥ ७७ ॥

જે લોકો લાંબા કાળના ઉપવાસી હોય, તેઓને ક્ષીરપેયા-એટલે દૂધમાં જ પકવેલી પીવા યોગ્ય યવાગૂ અપાય, તે જ યોગ્ય હોઈને હિતકારી થાય છે; કારણ કે તે ક્ષીરપેયા શીતયુક્ત પિત્તને શમાવનારી છે, અને બૃંહણી-પૌષ્ટિક હોઈને વિષ્ઠાને બાંધનારી પણ હોય છે. ૭૭

કષાયરસયુક્ત પેયાના ગુણો

शूलघ्नी दीपनी पेया दीपनीयोपसाधिता।
पाचनी पचनी चोक्ता कषायैर्वर्चबन्धनी ॥७८॥

હરકોઈ કષાય રસયુક્ત દ્રવ્યોથી કે કષાય-કવાથોથી પકવેલી પેયા દીપનીય હોઈ જઠરના અગ્નિને દીપાવનારી, શૂલનો નાશ કરનારી, પાચન કરનારી તથા વર્ચસ્-વિષ્ઠાને બાંધનારી ગણાય છે. ૭૮

બીજી બે યવાગૂના ગુણો

बिल्वं दधित्थं सह दाडिमेन
सव्योषचाङ्गेरिकृता यवागूः।
सांग्राहिणी दीपनपाचनी च
सपञ्चमूलाऽनिलपीडिते तु ॥ ७९ ॥

બિલ્વફલ, કોઠફલ, વ્યોષ-ત્રિકટુ-સૂંઠ, મરી અને પીપર સહિત ચાંગેરી-ખાટી લૂણી-એટલાં દ્રવ્યોથી બનાવેલી યવાગૂને દાડમના દાણા કે રસથી યુક્ત કરી સેવી હોય, તો તે સાંગ્રાહિણી હોઈ મળનો સંગ્રહ

કરનારી તથા જઠરાગ્નિને પ્રદીપ્ત કરનારી થઈ પાચન કરનારી પણ થાય છે; પરંતુ જે માણસ વાયુથી પીડાયેલો હોય, તેને તો પંચમૂલ સહિત કરેલી યવાગૂ હિતકારી થાય છે. ૭૯

પિત્તના તથા કફના અતિસારમાં હિતકર પેયા

બલા વૃષત્પર્ણ્યથ શાલપર્ણી
સ્યાદ્દાડિમં બિલ્વશલાટુયુક્તમ્ ।
પેયા હિતા પિત્તકફાતિસારે
તોયં ચ તત્તત્ર વદન્તિ પેયમ્ ॥ ૮૦ ॥

બલા–ખપાટ, વૃષત્પર્ણી–ઉંદરકની, શાલપર્ણી–મોટો સમેરવો, દાડમ તથા કાચું બીલું–એટલાં દ્રવ્યોથી બનાવેલી પેયા પિત્તના તથા કફના કે પિત્તયુક્ત કફના અતિસારમાં હિતકારી થાય છે; અને તે અતિસારમાં પાણી પીવા યોગ્ય ગણાય છે, એમ વૈદ્યો કહે છે. ૮૦

ઉપર્યુક્ત પેયાના જ ખાસ વિશેષ ગુણો

પૃષ્ટૈવ દધ્ના રુચિવર્ધની સ્યા-
ન્નિર્વાહિકાં હન્તિ તિલોપસિદ્ધા ।
રક્તાતિસારં શમયત્યુદીર્ણ-
મસૃગ્દરં ગર્ભપરિસ્રવં ચ ॥ ૮૧ ॥

ઉપર ૮૦ મા શ્લોકમાં જ દર્શાવેલી પેયાને દહીંના અનુપાન સાથે સેવી હોય તો રુચિને વધારનારી થાય છે; અને તે જ પેયાને તલ નાખીને જો તૈયાર કરી હોય તો નિર્વાહિકા–મરડાના રોગનો નાશ કરે છે; તેમ જ રક્તાતિસાર એટલે કે લોહી સાથેના ઝાડાના રોગને તેમ જ અતિશય વધી ગયેલા રક્ત પ્રદરરોગને તથા ગર્ભના સ્રાવને પણ શમાવે છે–મટાડે છે. ૮૧

આમને પકાવનારી પેયા અને મૂત્રરોગને મટાડનારી યવાગૂ

સદાડિમા સાતિવિષાઽથ સામ્લા
પેયા ભવેદામવિપાચનીયા ।
સ્યાત્ કણ્ટકારીરસગોક્ષુરાભ્યાં
સફાણિતા મૂત્રગદે યવાગૂઃ ॥ ૮૨ ॥

દાડમથી યુક્ત અને અતિવિષની કળી સહિત પકવેલી પેયાને ખટાઈયુક્ત કરી સેવી હોય તો આમને પકાવનારી થાય છે; તેમ જ ભોરીંગણીનો રસ અને ગોખરુનું ચૂર્ણ મિશ્ર કરી તૈયાર કરેલી યવાગૂને 'ફાણિત' નામના અપક્વ–કાચા ગોળની રાબથી મિશ્ર કરી જો સેવી હોય, તો મૂત્રના રોગમાં તે હિતકારી થાય છે. ૮૨

ગુલ્મરોગ, ઉધરસ તથા ગ્રહણી રોગને મટાડનારી યવાગૂ

સુવર્ચિકાક્ષારવિડઙ્ગશિગ્રુ-
સપિપ્પલીમૂલકૃતા યવાગૂઃ ॥
તક્રોપસિદ્ધા ક્રિમિનાશની સ્યાદ્-
ગુલ્મેઽથ કાસે ગ્રહણીગદે ચ ॥ ૮૩ ॥

સાજીખાર, વાવડિંગ, સરગવો અને પીપરીમૂળનું ચૂર્ણ–એટલાંને મિશ્ર કરી છાશમાં પકવેલી યવાગૂ ગુલ્મરોગમાં, ઉધરસમાં તથા ગ્રહણીરોગમાં હિતકારી થાય છે અને કૃમિઓનો તે નાશ કરે છે. ૮૩

તૃષાશમની, વિષનાશની તથા બલવર્ધની ત્રણ યવાગૂ

મૃદ્વીકલાજામધુપિપ્પલીભિઃ
સસારિવા તૃડ્શમની યવાગૂઃ ।
વિષં નિહન્ત્યાશુ તુ સોમરાજ્યા,
વરાહનિર્યૂહકૃતા તુ બલ્યા ॥ ૮૪ ॥

મુનક્કા દ્રાક્ષ, લાજા–ભૂંજેલી ડાંગર, મધ, પીપર અને સારિવા–ઉપલસરી–એટલાં દ્રવ્યોને મિશ્ર કરી બનાવેલી યવાગૂ તૃષાને શમાવે છે; અને સોમરાજી–બાવચીની બનાવેલી યવાગૂ વિષનો નાશ કરે છે; પરંતુ વરાહ–ભૂંડના માંસરસમાં તૈયાર કરેલી યવાગૂ બલને કરનારી થાય છે.

શરીરને કૃશ કરનારી, બલને વધારનારી અને શ્વાસ, ઉધરસ તથા કફને મટાડનારી યવાગૂ

કાર્શ્યાર્થમિષ્ટા તુ ગવેધુકાનાં,
સર્પિષ્મતી સૈન્ધવયુગ્બલાય ।

द्विपञ्चमूलोदकसाधिता तु
श्वासं च कासं च कफं च हन्ति ॥ ८५

ગવેધુકા–યોગીની યવાગૂ શરીરમાં કૃશતા લાવવા માટે સેવાય તે ઇષ્ટ છે; પરંતુ એ જ યોગીની યવાગૂને ઘી તથા સૈંધવ નાખી સેવી હોય, તો બલને વધારનારી થાય છે; તેમ જ બે પંચમૂલ–લઘુ અને બૃહત્ પંચમૂલના ચૂર્ણથી પકવેલી યવાગૂ શ્વાસનો, ઉધરસનો તથા કફનો નાશ કરે છે. ૮૫

સ્નેહની, ભેદની તથા વિષ્ટાને બાંધનારી યવાગૂ

शाकैः समांसैः सतिलैः समाषैः
सर्पिष्मती स्नेहनभेदनी तु ।
जम्ब्वाम्रयोरस्थिदधित्थबिल्वै-
स्तैरम्लयुग्वर्चोविबन्धनी तु ॥ ८६ ॥

શાક, માંસ, તલ તથા અડદની બનાવેલી યવાગૂને ઘી નાખી સેવી હોય, તો સ્નેહન કરનારી તેમ જ મળનું ભેદન–છેદન કરનારી થાય છે; પરંતુ જાંબૂના ઠળિયા, આંબાની ગોટલી, કોઠફલ તથા બિલ્વફલ એકત્ર કરી પકવેલી યવાગૂમાં ખટાઈ મિશ્ર કરી જો સેવાય, તો વિષ્ટાને તે બાંધનારી થાય છે. ૮૬

મદ તથા દાહને મટાડનારી યવાગૂઓ

तक्रोपसिद्धा तु घृतामये स्यात्,
पिण्याकयुक् सैव तु तैलरोगे ।
उपोदिकादध्युपसाधिता तु
मदं विदाहं च नयेत् प्रसादम् ॥ ८७

વધુ પ્રમાણમાં ઘી ખાવાથી થયેલા રોગમાં તક્ર–છાશથી પકવેલી યવાગૂ ફાયદો કરે છે; પરંતુ તલનું તેલ વધુ ખાવાથી થયેલા રોગમાં એ જ–છાશમાં પકવેલી યવાગૂને ખોળથી યુક્ત કરી સેવવાથી હિતકારી થાય છે; તેમ જ ઉપોદિકા–પોઈના શાકમાં દહીં નાખીને પકવેલી યવાગૂ મદનો તથા વધુ પડતા દાહનો નાશ કરે છે અને પ્રસન્નતાને પમાડે છે. ૮૭

આ અધ્યાયનો ઉપસંહાર

शाकैरभृष्टैः परिभृष्टकैश्च रोगातुरावेक्ष्युपकल्पयेत्ता
लोके प्रसिद्धं यन्मानं तर्कमानं तुलाधृतम् ।
तत्तन्त्रेऽस्मिन् प्रमाणं स्याद्वक्तव्यं तत्र नास्ति मे ॥

વૈદ્યે રોગને તથા રોગીને બરાબર જોઈ તપાસીને (તેઓની અવસ્થા અનુસાર) ઉપર્યુક્ત યવાગૂઓને ભૂંજેલાં કે નહિ ભૂંજેલાં શાકો વડે તૈયાર કરાવવી.

જે માપ લોકમાં પ્રસિદ્ધ છે અને જે તર્કયુક્ત માપ અને ત્રાજવે જોખીને લેવાતું માપ લોકપ્રસિદ્ધ છે, તે જ આ તંત્રમાં પ્રમાણ ગણવાનું છે; માટે તે સંબંધે મારે કંઈ કહેવાનું નથી.

इति ह स्माह भगवान् कश्यपः ॥

એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું.

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં ખિલસ્થાન વિષે 'યૂષનિર્દેશીય' નામનો ૪ થો અધ્યાય સમાપ્ત

ભોજ્યોપક્રમણીય : અધ્યાય ૫ મો

अथातो भोज्योपक्रमणीयं नामाध्यायं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી 'ભોજ્યોપક્રમણીય' નામના (પાંચમા) અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું. ૧,૨

યોગ્ય આહારસેવનનો ઉપદેશ

अथ खल्वस्माभिः पूर्वं यद्रसविमानेऽभिहितं कालादिचतुर्विंशतिविधमाहारमानं, तस्येदानीं प्रतिविकल्पविशेषानुपदेक्ष्यामः । किं कारणम्? न ह्याहाराद्ते प्राणिनां प्राणाधिष्ठानं किञ्चिदप्युपलभामहे । स सम्यगुपयुज्यमानो जीवयति, सर्वेन्द्रियाणि ह्लादयति, धातूनाप्याययति, स्मृतिमतिसर्वबलौजांस्यूर्जयति, वर्णप्रसादं चोपजनयति; असम्यगुपयुज्यमानस्त्वसुखेनोपयोजयति । तस्मात् काले सात्म्यं मात्रावदुष्णं स्निग्धमविरोधि शुचौ देशे शुचिषु पात्रेषु शुचिपरिचरेणोपनीतं प्राङ्मुखस्तूष्णींस्तन्मना

आस्वादयन्नातिद्रुतं नातिविलम्बितं नात्युष्णं नातिशीतं नातिरूक्षं नातिस्निग्धं नातिबहु नातिस्तोकं नातिद्रवं नातिशुष्कं नाकाङ्क्षितो न प्रतान्तो नैकरसं वाऽऽरोग्यायुर्बलार्थी समश्नीयात् ॥

અમે પહેલાં રસ-વિમાનમાં બરોબર આમ જ કહ્યું છે કે, કાલ આદિ ૨૪ પ્રકારનું આહારનું પ્રમાણ છે; તેના હવે અહીં પ્રત્યેકના વિશેષ ભેદોનો અમે અહીં ઉપદેશ કરીશું; કારણ કે ' આહાર સિવાય પ્રાણીઓના પ્રાણનું આશ્રયસ્થાન કે ટકી રહેવા માટે બીજું કંઈ પણ આપણે મેળવી કે જાણી શકતા નથી; એ આહારનો જ સારી રીતે ઉપયોગ કરાય છે, તો પ્રાણીઓને તે જિવાડે છે; બધી ઇંદ્રિયોને આનંદ પમાડે છે, ધાતુઓને પણ ચારે બાજુથી પોષે છે; સ્મરણશક્તિ, બુદ્ધિ, સર્વ બળ તથા ઓજસ્‌ને પ્રાણશક્તિથી યુક્ત કરે છે અને શરીરના વર્ણની પ્રસન્નતા ઉપજાવે છે; પરંતુ એ જ આહારનો જો બરાબર યોગ્ય રીતે ઉપયોગ ન કરાય, તો તે જ આહાર દુઃખ સાથેનો સંબંધ ઉપજાવી દે છે; એ માટે યોગ્ય સમયે પોતાના શરીરને કે માફક હોય તેવો આહાર યોગ્ય પ્રમાણમાં ગરમાગરમ, સ્નિગ્ધ, પોતાના શરીરની પ્રકૃતિથી જે વિરોધી ન હોય તે જ ખાવો જોઈએ અને તે પણ પવિત્ર પ્રદેશ પર, પવિત્ર પાત્રોમાં પવિત્રતા જાળવીને જે આહાર આણ્યો હોય, તે જ આહાર પૂર્વ દિશા તરફ મુખ રાખી, ચૂપચાપ મૌન ધારણ કરી, કેવળ તે ખોરાક ખાવામાં જ મન રાખી, આહારના સ્વાદનો અનુભવ કરતાં કરતાં અતિશય ઉતાવળ કર્યા વિના અને ખૂબ વાર પણ લગાડ્યા વિના અતિશય વધુ ગરમ ન હોય કે વધુ પ્રમાણમાં જે ખોરાક ટાઢો પણ થઈ ગયો ન હોય, જે આહાર અતિશય રૂક્ષ કે લૂખો ન હોય, તેમ જ જે ખોરાક ખૂબ વધુ પ્રમાણમાં સ્નિગ્ધ પણ ન હોય, તે જ ખોરાક અતિ વધારે પ્રમાણ વિના અને અતિશય થોડા પ્રમાણમાં પણ ન સ્વીકારી ખૂબ જ પ્રવાહી ન હોય અને જે ખોરાક અતિશય સૂકો પણ ન હોય તેમ જ ખૂબ આકાંક્ષા કે લાલચથી રહિત થઈને જ અતિશય ભેદ પામ્યા વિના જ અનેક રસવાળો તે ખોરાક શરીરના આરોગ્ય, આયુષ તથા બળની ઇચ્છા ધરાવીને પ્રત્યેક માણસે જમવો જોઈએ. ૩

વિવરણ : આરોગ્ય, આયુષ તથા બળની ઇચ્છા ધરાવતા દરેક માણસે યોગ્ય સમયે, સાત્મ્ય હોય તે, યોગ્ય પ્રમાણમાં, ગરમાગરમ, સ્નિગ્ધ, અવિરુદ્ધ, પવિત્ર સ્થાને, પવિત્ર પાત્રોમાં, પૂર્વ દિશા તરફ મોઢું રાખી, શાંત થઈને, મનને એકાગ્ર કરી, સ્વાદના અનુભવપૂર્વક, ખૂબ લાંબુ થયા વિના, અતિશય ઉતાવળ કર્યા વિના, ખૂબ જ વાર ન લગાડીને, વધુ ગરમ ન હોય, ખૂબ શીતળ ન હોય તેવો, વધુ પડતો જે રૂક્ષ ન હોય તેમ જ વધુ પ્રમાણમાં જે સ્નિગ્ધ પણ ન હોય, પ્રમાણમાં જે અધિક ન હોય તેમ ખૂબ ઓછો પણ ન હોય, વધુ પ્રમાણમાં જે પ્રવાહી ન હોય, જે ખૂબ સુકાયેલ પણ ન હોય, ખાવાની રુચિ ન હોય તે સિવાય-રુચિપૂર્વક, નિરંતર વારંવાર સેવન કર્યા વિના કેવળ એક જ રસથી યુક્ત ન હોય, પણ વિવિધ અનેક રસોથી જે યુક્ત હોય તેવો જ ખોરાક ખાવો. ૩

ઋષિઓ આયુર્વેદ ભણ્યા હતા તે શા માટે?

भवन्ति चात्र-અહીં આ શ્લોકો છે :

आरोग्यं दोषसमता सर्वाबाधनिवर्तनम् ।
तदर्थमृषयः पुण्यमायुर्वेदमधीयते ॥ ४ ॥

આરોગ્ય જળવાય, દોષોની સમાનતા રહે-એટલે કે વાત, પિત્ત અને કફમાં વધઘટ ન થાય તે માટે અને સર્વ પ્રકારની પીડા, રોગ વગેરે આવતા અટકે, એ માટે ઋષિઓ આયુર્વેદ ભણે છે. ૪

આયુર્વેદ ભણીને શું કરવું ?

रसायनानि विधिवत्तदर्थं चोपयुञ्जते ।
धर्मार्थकाममोक्षाणामवाप्तिश्च तदाश्रया ॥ ५ ॥
तदात्मवांस्तदर्थाय प्रयतेत विचक्षणः ।

આયુર્વેદ ભણી વિદ્વાન થયેલા લોકો આરોગ્ય માટે વિધિપૂર્વક રસાયણોનો ઉપયોગ કરી શકે છે; કારણ કે ધર્મ, અર્થ, કામ તથા મોક્ષની પ્રાપ્તિ શરીરના એ આરોગ્યના આશ્રયે થઈ શકે છે; એ જ કારણે વિચક્ષણ ચતુર મનુષ્યે જિતેંદ્રિય થઈને તે આયુર્વેદ દ્વારા આરોગ્યની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો. ૫

આરોગ્યનાં લક્ષણો

अन्नाभिलाषो भुक्तस्य परिपाकः सुखेन च ॥ ६ ॥
सृष्टविण्मूत्रवातत्वं शरीरस्य च लाघवम् ।
सुप्रसन्नेन्द्रियत्वं च सुखस्वप्नप्रबोधनम् ॥ ७ ॥
बलवर्णायुषां लाभः सौमनस्यं समाग्निता ।
विद्यादारोग्यलिङ्गानि विपरीते विपर्ययम् ॥ ८ ॥

ખોરાક ઉપરની અભિલાષા, ખાધેલા ખોરાકનું સુખેથી પચવું; વિષ્ઠા, મૂત્ર અને અપાનવાયુનું છૂટથી (યથાયોગ્ય) બહાર નીકળવું; શરીરમાં હલકાપણું; અતિશય પ્રસન્ન ઇંદ્રિયો, સારી રીતે સુખપૂર્વક ઊંઘવું અને જાગવું; શરીરમાં બળ, સારો રંગ તથા આયુષની પ્રાપ્તિ-વૃદ્ધિ; મનની ઉત્તમ સ્થિતિ અને જઠરના અગ્નિનું સમપણું—જે પ્રમાણે જોઈએ તે પ્રમાણે કામ કરવું—એ બધાં આરોગ્યનાં લક્ષણો જાણવાં; પણ એથી જો ઊલટું જણાય તો તેને રોગનાં લક્ષણો સમજવાં. ૬-૮

આરોગ્યનાં મૂળ

आरोग्यं भोजनाधीनं भोज्यं विधिमवेक्षते ।
विधिर्विकल्पं भजते विकल्पस्तु प्रवक्ष्यते ॥ ९ ॥

આરોગ્ય એ ભોજનને અધીન છે; ભોજન એ તેની વિધિની જરૂર ધરાવે છે; તે ભોજનવિધિ તેના વિકલ્પો-ભેદોનો આશ્રય ધરાવે છે; એ કારણે તે ભોજનવિધિના વિકલ્પો-ભેદોને અહીં કહેવામાં આવે છે. ૯

ભોજનનો સમય

स्वस्थानस्थेषु दोषेषु स्रोतःसु विमलेषु च ।
जातायां च प्रकाङ्क्षायामन्नकालं विदुर्बुधाः ॥ १० ॥

જ્યારે દોષો પોતપોતાના સ્થાનોમાં સ્થિતિ કરી રહ્યા હોય, બધા સ્રોતો કે મળમાર્ગો નિર્મળ—સાફ થઈ ગયા હોય, મલશુદ્ધિ થઈ ગઈ હોય અને ભોજન માટેની ખૂબ ઇચ્છા પણ થઈ હોય, તેને વિદ્વાનો અન્નનો કાળ અથવા ભોજન જમવાનો સમય જાણે છે-કહે છે. ૧૦

ભોજન સમયે જમવાથી થતા લાભો

काले ऽश्नतोऽन्नं स्वदते तुष्टिः पुष्टिश्च वर्धते ।
सुखेन जीर्यते न स्युः प्रतान्ताजीर्णजा गदाः ॥

જે માણસ ભોજનના સમયે ભોજન જમે છે, તેને ખોરાકનો સ્વાદ જણાય છે—ખોરાક સ્વાદિષ્ટ લાગે છે; એવા ભોજનથી શરીરમાં સંતોષ અને પુષ્ટિ વધે છે અને તે ભોજનકાળે જમેલો ખોરાક સુખેથી પચે છે; તેથી ખૂબ વધી ગયેલા અપકવ ખોરાકના તે અજીર્ણથી થતા રોગો ઉત્પન્ન થતા નથી. ૧૧

વિવરણ : સુશ્રુતે પણ આ જ અભિપ્રાય આ એક જ વાક્યથી જણાવી દીધો છે કે-'काले भुक्तं प्रीणयति'—યોગ્ય સમયે ખોરાક જે ખાધો હોય તો મનને તે ખુશખુશાલ રાખે છે—માનસિક પ્રસન્નતાનો અનુભવ કરાવે છે. ૧૨

સાત્મ્ય અથવા જે ખોરાક શરીરને અનુકૂળ-માફક હોય તેનું લક્ષણ

सात्म्यं नामाहुरौचित्यं सातत्येनोपसेवितम् ।
आहारजातं यद्यस्य चानुशेते स्वभावतः ॥ १२ ॥

આહાર, પાણી કે ખોરાકની યોગ્યતા કે અનુકૂળતા અથવા પોતાની પ્રકૃતિને જે ખોરાક માફક હોય તે જ નિરંતર સેવાય; એટલે કે જે જે ખોરાક-પાણી પોતાના શરીરની પ્રકૃતિને સ્વભાવથી જ માફક

આવે અને તેવાં જ ખોરાક-પાણી કાયમ સેવાય, તેને વિદ્વાનો 'સાત્મ્ય' કહે છે.

વિવરણ : ચરકે વિમાનસ્થાનના ૧ લા અધ્યાયમાં કહ્યું છે કે, એ જ સાત્મ્ય કહેવાય છે કે-જે ખોરાક-પાણી, પોતાના મન તથા શરીરના સંયોગને બરાબર સુખકારક થાય; આ સાત્મ્યનો જ બીજો પર્યાય 'ઉપશય' છે; એટલે કે મન તથા શરીરને જે અનુકૂળ અથવા માફક થાય, તે જ સાત્મ્ય કે ઉપશય કહેવાય છે; એ સાત્મ્યના મુખ્યત્વે આવા ત્રણ પ્રકારો મળે છે-એક પ્રવરસાત્મ્ય. બીજું અવરસાત્મ્ય અને ત્રીજું મધ્યમસાત્મ્ય; એમાંનું પ્રવરસાત્મ્ય એ જ હોઈ શકે કે પ્રત્યેક વ્યક્તિને જે રસાદિ સંપૂર્ણ સાત્મ્ય કે અનુકૂળ હોઈને એક રસરૂપે અનુભવાતા જણાય છે; એ કારણે પ્રત્યેક વ્યક્તિએ આવો પ્રયત્ન અવશ્ય કરવો જોઈએ કે જ્યે રસો પોતાને અનુકૂળ-માફક આવે અને તે બધામાં એકરસપણાનો અનુભવ થાય તેવું પ્રવરસાત્મ્ય નિરંતર સેવવું. ૧૨

સાત્મ્ય સેવનાર સો વર્ષો જીવે

सात्म्याशी सात्म्यसाद्गुण्याच्छतं वर्षाणि जीवति।
न चाप्यनुचिताहारविकारैरुपसृज्यते ॥ १३ ॥

જે માણસ, નિરંતર સાત્મ્ય ખોરાક-પાણી સેવ્યા કરે છે, તે માણસ એ સાત્મ્યના સદ્‌ગુણના પ્રભાવથી સો વર્ષો સુધી (સુખેથી) જીવી શકે છે; અને તે રીતે એ સાત્મ્યનું જ સેવન કરનાર માણસ, અયોગ્ય આહાર-સેવનથી સંભવતા વિકારો સાથે સંબંધ પામતો નથી-એટલે કે અસાત્મ્ય-સેવનના જ કારણે થતા રોગો તે સાત્મ્ય સેવનારને કદી થતા જ નથી. ૧૩

વિવરણ : સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૪૬ મા અધ્યાયમાં આવો જ અભિપ્રાય આ એક જ વાક્યમાં દર્શાવ્યો છે કે-'सात्म्यमन्नं न बाधते'-મન તથા શરીરને જે અનુકૂળ હોય એવા ખોરાક-પાણીનું સતત સેવન કરાય, તો એ સાત્મ્યસેવન-કોઈ પણ બાધા કે પીડાને કરે જ નહિ. ૧૩

ભોજનની યોગ્ય માત્રાનો પ્રકાર

लघूनां नातिसौहित्यं गुरूणामल्पशस्तथा।
मात्रावदश्नतो भुक्तं सुखेन परिपच्यते ॥ १४ ॥
स्वस्थ(स्वास्थ्य)यात्राग्निचेष्टानामविरोधि च तद्भवेत्

જે પદાર્થો પચવામાં લઘુ-હલકા હોય, તેઓને પણ અતિશય વધુ તૃપ્તિ થાય ત્યાં સુધી ન ખાવા; અને જે પદાર્થો પચવામાં ભારે હોય, તેઓને થોડા પ્રમાણમાં ખાવા; એમ યોગ્ય પ્રમાણમાં જે માણસ હરકોઈ ખોરાક ખાય, તેને તે તે પદાર્થો સુખેથી-અનાયાસે પચે છે; અને તે પ્રમાણે સ્વસ્થ-માત્રા અથવા પોતાનું સ્વાસ્થ્ય જે પ્રમાણે જળવાય; તેમ જ જઠરના અગ્નિની ક્રિયાનું જે વિરોધી ન હોય તે-ભોજનની યોગ્ય માત્રાનું અનુસરણ કર્યું ગણાય છે.૧૪

વિવરણ : આ સંબંધે ચરકે સૂત્રસ્થાનના ૫ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, ભોજનનું જે પ્રમાણ અથવા માપ ઉપયોગમાં લીધેલ હોય કે પોતાના માટે નક્કી કરેલ હોય, તેને અનુસરીને જ ભોજન લેવાય, તે માત્રાયુક્ત ભોજન કર્યું ગણાય છે; એ જ કારણે દરેક માણસે પોતાના જઠરાગ્નિને અનુસરી ભોજનની માત્રાને ઓછીવત્તી કરવી પડે છે; એકંદર જેટલું ભોજન યોગ્ય સમયે ખાધું હોય તે પોતાના સમય પ્રમાણે જે પચી જાય તે યોગ્ય માત્રામાં ભોજન કર્યું ગણાય છે; એમ જોતાં આહારની માત્રા, પ્રત્યેક વ્યક્તિની અપેક્ષા રાખતી હોઈને દરેક વ્યક્તિ માટે જુદી જુદી જ નક્કી કરી શકાય છે; જે ભોજન ગુરુ હોઈ પચવા-માં ભારે હોય, તે પણ યોગ્ય માત્રામાં સેવ્યું હોય કે માપસર જમાયું હોય, તો પચવામાં હલકું થઈ જાય છે; તે જ પ્રમાણે જે ભોજન, પચવામાં લઘુ કે હલકું હોય, તે પણ જો વધુ પ્રમાણમાં સેવાય, તો પચવું ભારે થઈ પડે છે; એ જ કારણે ભોજનની માત્રા તરફ અવશ્ય લક્ષ્ય આપવું પડે છે; આ અભિપ્રાયથી સુશ્રુતે સૂત્ર-સ્થાનના ૪૬ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે-યોગ્ય માત્રામાં કે પ્રમાણપુરઃસર જે ભોજન કર્યું હોય, તે સુખેથી પચી જાય છે અને તેથી ધાતુઓ-માં પણ સમાનપણું જળવાઈ રહે છે. ૧૪

ઉષ્ણભોજન અને તેથી થતા ફાયદા

उष्णं हि भुक्तं स्वदते श्लेष्माणं च जयत्यपि ॥१५॥

वातानुलोम्यं कुरुते क्षिप्रमेव च जीर्यते ।
अन्नाभिलाषं लघुतामग्निदीप्तिं च देहिनाम् ॥ १६॥

જે માણસ, ગરમ ગરમ જમે છે, તે ભોજનનો સ્વાદ અનુભવે છે, જમા થયેલા કફને ઓછો કરે છે; વાયુનું અનુલોમન–અનુકૂળ ગતિ કરે છે અને તે ગરમ ખોરાક જલદી પચે છે. વળી તે ગરમ ભોજન કે ખોરાક ઉપરની અભિલાષા, શરીરમાં હલકાપણું; તેમ જ માણસોના જઠરાગ્નિનું પ્રદીપન કરે છે–જઠરના અગ્નિને પ્રજ્વલિત કરે છે.

વિવરણ : આ સંબંધે પણ સુશ્રુતે સૂત્રસ્થાનના ૪૬ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે– 'स्निग्धोष्णं बलवद्विदम्'–સ્નિગ્ધ એવું ગરમ ભોજન, શરીરમાં બળ વધારે છે અને જઠરના અગ્નિને પણ પ્રદીપ્ત કરે છે. ૧૫,૧૬

સ્નિગ્ધ ભોજનથી માનસિક તથા શારીરિક પ્રસન્નતા રહે

स्निग्धं प्रीणयते देहमूर्जयत्यपि पौरुषम् ।
करोति धातूपचयं बलवर्णौ दधाति च ॥ १७ ॥

સ્નિગ્ધ ભોજન, શરીરને (તથા મનને) પ્રસન્ન કરે છે અને દેહમાં બળયુક્ત પુરુષાર્થને પણ ઉપજાવે છે; ધાતુઓની પુષ્ટિ કરે છે અને શરીરના વર્ણને ઊજળો કરે છે. ૧૭

વિરુદ્ધ ભોજન ન જ કરાય

सुसृष्टमपि नाश्नीयाद्विरुद्धं तद्धि हन्ति ।
प्राणानस्याऽऽशु वा हन्यात्तुल्यं मधुघृतं यथा॥१८
अविरुद्धान्नभुक् स्वास्थ्यमायुर्वर्णं बलं सुखम् ।
प्राप्नोति, विपरीताशी तेषामेव विपर्ययम् ॥१९॥

અતિશય સ્વચ્છ કરેલું હોય એવું પણ (પરસ્પર) વિરુદ્ધ ભોજન ન જ ખાવું; કારણ કે તે ભોજન (એકસરખા મધ અને ઘીની પેઠે ભોજન કરનારના) પ્રાણનો તરત જ નાશ કરે છે; એ જ કારણે જે માણસ, (પરસ્પર) વિરુદ્ધ ન હોય એવા ખોરાકને જ જમે છે, તો (પોતાના) સ્વાસ્થ્યને, આયુષને, શરીરના વર્ણ કે રંગને, બળને તથા સુખને મેળવે છે; પરંતુ જે માણસ, વિપરીત કે વિરુદ્ધ ભોજન કરે છે, તે અસ્વાસ્થ્ય, વર્ણનો અભાવ તથા દુઃખને પામે છે.૧૮,૧૯

પવિત્ર પ્રદેશે પવિત્ર પાત્રોમાં જમવું

शुचिपात्रोपचरणः शुचौ देशे शुचिः स्वयम् ।
भुञ्जानो लभते तुष्टिं पुष्टिं तेनाधिगच्छति ॥ २० ॥
नानिष्टैरमनस्यैर्वा विघातं मनसाऽर्च्छति ।
तस्मादनिष्टे नाश्नीयादायुरारोग्यलिप्सया ॥२१॥

જે માણસ, પોતે પણ પવિત્ર થઈ પવિત્ર પ્રદેશ પર પવિત્ર પાત્રમાં ભોજન કરે, તે એ ભોજનથી તુષ્ટિ–સંતોષ તથા પુષ્ટિને મેળવે છે; તેમ જ મનને ન ગમે એવાં અનિષ્ટો સાથે તે સંબંધ પામતો નથી અને મનથી વિઘાતને પણ પામતો નથી; એ જ કારણે આયુષ તથા આરોગ્યને મેળવવાની ઇચ્છા ધરાવતા માણસે અનિષ્ટ પ્રદેશ પર ભોજન કરવું નહિ. ૨૦,૨૧

પૂર્વ તરફ મુખ રાખી મૌન રહી જમવું

प्राङ्मुखोऽश्नन्नरो धीमान् दीर्घमायुरवाप्नुते ।
तूष्णीं सर्वेन्द्रियाह्लादं मनःसात्म्यं च विन्दति॥ २२

પૂર્વ દિશા તરફ મુખ રાખી જમતો બુદ્ધિમાન મનુષ્ય લાંબું આયુષ મેળવે છે; તેમ જ મૌન રહીને જમનારો મનુષ્ય બધી ઇંદ્રિયોની પ્રસન્નતાને તથા મનના સાત્મ્ય–અનુકૂળપણાને પણ પામે છે. ૨૨

મનને એકાગ્ર કરી જમવું

एतदेव च मात्रां च पक्तिं युक्तिं च तन्मनाः ।
तस्मात्तत्प्रवणोऽजल्पन् स्वस्थो भुञ्जीत भोजनम्॥२३

એ માટે દરકોઈ માણસે, તે ભોજનક્રિયામાં જ મન રાખી ભોજનની માત્રા, પાચન તથા યુક્તિને ધ્યાનમાં રાખી, કેવળ ભોજનક્રિયામાં જ તત્પર રહી કંઈ પણ બોલ્યા વિના જ સ્વસ્થ થઈ ભોજન કરવું.

ભોજનના રસનો સ્વાદ લેતા રહી જમવામાં ફાયદા

आस्वाद्यास्वाद्य योऽश्नाति शुद्धजिह्वेन्द्रियो रसान् ।
स वेत्ति रसनानात्वं विशेषांश्चाधिगच्छति ॥२४॥

જે માણસ, શુદ્ધ જિહ્વારૂપ ઇંદ્રિયથી

યુક્ત હોઈને ભોજનના રસોનો સ્વાદ લઈ લઈને ભોજન જમે છે, તે ભોજનના રસોના અનેક પ્રકારોનો અનુભવ કરે છે, તેમ જ તે તે રસોના વિશેષ ભેદોને પણ જાણી શકે છે. ૨૪

ખૂબ ઉતાવળથી ન જમવું

अतिद्रुतं हि भुञ्जानो नाहारस्थितिमाप्नुयात्।
भोज्यानुपूर्वीं नो वेत्ति न चान्नरससंपदम् ॥ २५॥
नातिद्रुताशी तत्सर्वमनूनं प्रतिपद्यते।
प्रसादमिन्द्रियाणां च तथा वातानुलोमताम्॥२६॥

જે માણસ, ઘણી ઉતાવળે ભોજન કરે છે, તે આહારની સ્થિતિ કે સ્થિરતાને મેળવી શકતો નથી તેમ જ ભોજનના પદાર્થોનો જે ક્રમ હોય છે, તેને તથા ખોરાકના રસની સંપત્તિને પણ સમજી શકતો નથી; એ જ કારણે જે માણસ ઘણી ઉતાવળ કર્યા વિના ભોજન કરે છે, તે ભોજનની સમગ્ર સંપૂર્ણતાને પ્રાપ્ત કરી શકે છે; ઉપરાંત ઇંદ્રિયોની પ્રસન્નતાને તથા વાયુની અનુકૂળ ગતિને પણ પામે છે. ૨૫,૨૬

અતિશય વિલંબ કરીને પણ જમવું ન જોઈએ

शीतीकरोति चान्नाद्यं भुञ्जानोऽतिविलम्बितम्।
भुङ्क्ते बहु च शीतं च न तृप्तिमधिगच्छति ॥२७
हैत्याद्बहुत्वाद्वैरस्याद् भुक्तं क्लेशेन पच्यते।

ખૂબ જ ધીમે ધીમે ભોજન કરતો માણસ (હાથે કરી) પોતાના ખોરાક વગેરે પદાર્થો(જો ગરમ હોય તો તેઓ)ને શીતળ કરી નાખે છે; અને એમ ખૂબ જ શીતળ થયેલા તે તે ખોરાકને જે જમે છે, તે તૃપ્તિ પામતો નથી; તેમ જ એ રીતે ખોરાકની અત્યંત શીતળતા તથા વિરસપણું થવાના કારણે તે ખાધેલો ખોરાક ઘણી જ મુશ્કેલીએ પચે છે. (એકંદર ખૂબ જ ધીમે ધીમે ખાધેલો ખોરાક લગભગ પચતો જ નથી, જેથી અજીર્ણ થાય છે.) ૨૭

અતિશય ગરમ ખોરાક ખાવાથી થતું નુકસાન

अत्युष्णभोजनाज्जिह्वाकण्ठौष्ठहृदयोदरम् ॥ २८॥
दह्यते न रसं वेत्ति रोगांश्चाप्नोति दारुणान्।
मुखाक्षिपाकवैसर्परक्तपित्तभ्रमज्वरान् ॥ २९॥

ઘણા વધુ પ્રમાણમાં ગરમ ખોરાક ખાવાથી જીભ, ગળું, હોઠ, હૃદય તથા પેટ દાઝી જાય છે અને એવું અત્યંત ગરમાગરમ જમનારો માણસ, ભોજનના રસને જાણી શકતો નથી; તેમ જ મોઢાનું તથા નેત્રોનું પાકવું, રતવા, રક્તપિત્ત, શરીરનું ભમી જવું અને જ્વર આદિ અનેક દારુણ રોગોને પ્રાપ્ત કરે છે. ૨૮,૨૯

અત્યંત ઠંડું જમવાથી થતા રોગો

अतिशीताशिनः शूलं ग्रहणीमार्दवं वृणा।
कफवाताभिवृद्धिश्च कासो हिक्का च जायते॥३०॥

જે માણસ, ઘણું ઠંડું થયેલ ભોજન જમે છે, તેને શૂલરોગ, ગ્રહણીનું કોમળપણું કે ઢીલાશ, સૂગ, કફ તથા વાયુની ખૂબ વૃદ્ધિ, કાસ-ઉધરસ તથા હેડકીનો રોગ ઉત્પન્ન થાય છે. ૩૦

ખૂબ લૂખું જમવાથી થતું નુકસાન

रूक्षं करोति विष्टम्भमुदावर्तं विवर्णताम्।
ग्लानिं बह्वशितं वायोः प्रकोपं मूत्रनिग्रहम्॥३१॥

જે માણસ, અતિશય લૂખો ખોરાક ખાય છે, તેને તે રૂક્ષ ભોજન, આંતરાની કબજિયાત કરે છે; ઉદાવર્ત રોગ તથા શરીરમાં વિવર્ણપણું-ફીકાશ, ગ્લાનિહર્ષક્ષય-બેચેની, અતિશય વધુ ખાવાની ટેવ, વાયુનો પ્રકોપ-વધારો તેમ જ મૂત્રનો નિગ્રહ-રોકાવું ઉત્પન્ન કરે છે. ૩૧

અતિશય સ્નિગ્ધ ખોરાક ખાવાથી થતા રોગો

अतिस्निग्धाशिनस्तन्द्रीतृष्णाजीर्णोदरामयाः।
भवन्ति कफमेदोत्था रोगाः कण्ठोद्भवास्तथा ॥३२

જે માણસ, ખૂબ જ વધુ પ્રમાણમાં સ્નિગ્ધ ખોરાક જમે છે, તેને નિદ્રા જેવું

ઘેન, વધુ પડતી તરશ, અજીર્ણ આદિ ઉદરરોગો, કફના તથા મેદના રોગો તેમ જ ગળાના રોગો થાય છે. ૩૨

અતિશય વધુ ખોરાક ખાવાથી થતી હાનિ

विष्टम्भोद्वेष्टनक्लेशचेष्टाहानिविषूचिकाः ।
ज्ञेया विकारा जन्तूनामतिबह्वशनोद्भवाः ॥ ३३ ॥

જે લોકો અતિશય વધુ પ્રમાણમાં ખોરાક ખાધા કરે છે, તેઓને પણ વિષ્ટંભ–ઝાડાની કબજિયાત, ઉદ્વેષ્ટન–શરીરના અંગોમાં કે પગે ગોટલા ચડવાનો રોગ, ઉત્ક્લેશ–મોળ–ઊબકા કે કફના ઉછાળા; ચેષ્ટાહાનિ કે શરીરની ચલનાદિ ક્રિયામાં ન્યૂનતા–ઊણપ અને વિષૂચિકા–પેટમાં ચૂંક અથવા કૉલેરાનો રોગ વગેરે વિકારો ઉત્પન્ન થાય છે. ૩૩

ખૂબ જ ઓછું ખાનારને થતા રોગો

मतिस्तोकाग्निनोऽत्यग्निविकाराः कृशता भ्रमः ।
मतृप्तिर्लघुता निद्राशकृन्मूत्रबलक्षयः ॥ ३४ ॥

જે માણસ (પોતાના પ્રમાણથી) અતિશય થોડા પ્રમાણમાં ખોરાક ખાય છે, તેને જઠરના અતિશય વધી ગયેલા અગ્નિના વિકારો, શરીરમાં કૃશતા, દુબળાપણું, ભ્રમ કે શરીરનું ભમી જવું, અતૃપ્તિ, શરીરમાં ખૂબ જ લઘુતા–હલકાઈ, ઊંઘમાં ખામી, વિષ્ઠાની અતિશય ક્ષીણતા કે ન્યૂનતા, મૂત્રમાં પણ ઓછાપણું તથા શરીરના બળમાં પણ ઊણપ–ખામી થવારૂપ રોગો ઉત્પન્ન થાય છે. ૩૪

વધુ પ્રમાણમાં પ્રવાહી ખોરાક ખાધા કરવાથી નુકસાન

मतिद्रवाशनाज्जन्तोरुत्क्लेशो बहुमूत्रता ।
पार्श्वभेदः प्रतिश्यायो विड्भेदश्चोपजायते ॥३५॥

ખૂબ જ વધુ પ્રવાહી ખોરાક જમવાથી માણસને ઉત્ક્લેશ–મોળ–ઊબકા અથવા કફના ઉછાળા, બહુમૂત્રતા–અતિશય વધારે મૂત્રનું નીકળવું, પાર્શ્વભેદ–એટલે કે બેય પડખાં જાણે ચિરાઈ જતાં હોય એવી પીડા, પ્રતિશ્યાય–સળેખમનો રોગ અને વિડ્ભેદ–વિષ્ઠાનું છોતાપાણી થઈ જવારૂપ રોગ ઉત્પન્ન થાય છે. ૩૫

ખૂબ જ સૂકો ખોરાક ખાવાથી થતી હાનિ

अतिशुष्काशनं चापि विष्टभ्य परिपच्यते ।
पूर्वजातरसं जग्ध्वा कुर्यान्मूत्रकफक्षयम् ॥ ३६ ॥

અતિશય વધુ પ્રમાણમાં સૂકો ખોરાક ખાધો હોય, તે પણ અતિશય વિષ્ટંભ–કબજિયાત કરી માંડમાંડ પચે છે; ઉપરાંત પ્રથમના ઉત્પન્ન થયેલા રસને ક્ષીણ કરી નાખી મૂત્રનો તથા કફનો ક્ષય કરે છે. ૩૬

જમવાની ઇચ્છા જ ન હોય છતાં જમનારને થતું નુકસાન

मोहात् प्रमादाल्लौल्याद्वा यो भुङ्क्ते ह्यप्रकाङ्क्षितः ।
अविपाकारुचिच्छर्दिशूलानाहान् समृच्छति ॥३७

જે માણસને ખોરાક ખાવાની ખૂબ જ ઇચ્છા થઈ ન હોય, છતાં જે મોહથી કે મૂર્ખાઈથી, પ્રમાદ કે ભૂલ કરીને અથવા જીભની લોલુપતા કે લાલચને વશ થઈ ખોરાક ખાય છે, તેનો એ ખાધેલો ખોરાક પચતો જ નથી; પણ અરુચિ ઉપજાવે એટલે કે ફરી બીજા વખતે પણ ખોરાક ખાવો તેને ગમે નહિ; ઊલટી થાય, શૂલ ભોંકાતાં હોય એવી પેટમાં પીડા થાય અને આનાહ મળ–મૂત્રનું અટકવું કે કબજિયાત થાય–એવા રોગોને તે પામે છે. ૩૭

એકધારું વારંવાર ખાધા કરનારને થતી હાનિ

प्रतान्तभोक्तुस्तृण्मूर्च्छा वह्निसादोऽङ्गसादनम् ।
ज्वरः क्षयोऽतिसारो वा मन्दत्वं दर्शनस्य च ॥३८॥

જે માણસ વારંવાર એકધારું ખાધા કરે, તેને વારંવાર તરશ લાગ્યા કરે; મૂર્છા–મોહ–બેભાન સ્થિતિ પ્રાપ્ત થાય; જઠરના અગ્નિની મંદતા થાય; અંગોમાં પીડા થયા કરે; જ્વર લાગુ થાય; ક્ષયરોગ તથા અતિસાર–વધુ પ્રમાણમાં ઝાડા થયા જ કરે; અને આંખે ઓછું દેખાય. ૩૮

એક જ રસ સેવ્યા કરવાથી થતી હાનિ

दौर्बल्यमदृढत्वं च भवत्येकरसाशनात् ।
दोषाप्रवृद्धिर्धातूनां साम्यं वृद्धिबलायुषोः ॥३९॥
आरोग्यं चाग्निदीप्तिश्च जन्तोः सर्वरसाशनात् ।
तस्मादेकरसाभ्यासमारोग्यार्थी विवर्जयेत् ॥४०॥

જે માણસ એક જ રસથી યુક્ત ખોરાક ખાધા કરે, તો તે કારણે તેનામાં દુર્બળપણું તથા દૃઢતાનો અભાવ થાય છે; તેમ જ વાતાદિ દોષોમાં ક્ષીણતા થાય છે; કારણ કે બધાયે રસોથી યુક્ત ખોરાકને જે માણસ જમે છે, તેનામાં જ ધાતુઓની સમાનતા, બળનો તથા આયુષનો વધારો, આરોગ્ય કે રોગથી રહિતપણું તથા જઠરના અગ્નિની દીપ્તિ થાય છે–જઠરાગ્નિ પ્રદીપ્ત થઈ ખોરાકને બરાબર પચાવે છે; એ કારણે આરોગ્યની ઇચ્છા ધરાવતા માણસે કેવળ એક જ રસવાળા ખોરાક ખાવાનો અભ્યાસ વિશેષ કરી–ખાસ ત્યજી દેવો. ૩૯,૪૦

ઉપર કહેલ ૨૪ ભોજન-પ્રકારોને અનુસરવાથી થતા ગુણો

कालसात्म्यादिनाऽनेन विधिनाऽश्नाति यो नरः ।
स प्राप्नोति गुणांस्तज्ज्ञान्न च दोषैः प्रबाध्यते ॥४१॥

જે માણસ ઉપર દર્શાવેલ કાળ, સાત્મ્ય આદિ ૨૪ ભોજનપ્રકારોને અનુસરી વિધિપૂર્વક ભોજન જમે છે, તે તેનાથી થતા ગુણોને મેળવે છે અને (અવિધિકૃત ભોજનના) દોષોથી ખૂબ હેરાન થતો નથી કે પીડાતો નથી. ૪૨

મધુરરસ જો સાત્મ્ય હોય તો ?

स्थिरत्वं स्वस्थताऽङ्गानामिन्द्रियोपचयं बलम् ।
कफमेदोऽभिवृद्धिं च कुर्यान्मधुरसात्म्यता ॥४२॥

જે માણસને મધુરરસ માફક આવતો હોય, તો એ મધુર રસનું સાત્મ્યપણું શરીરમાં સ્થિરતા, અંગોનું સ્વસ્થપણું, ઇંદ્રિયોની પુષ્ટિ, બળ તથા કફની અને મેદની પૂર્ણ વૃદ્ધિ કરે છે. ૪૨

ખારો રસ જો સાત્મ્ય હોય તો ?

दन्ताक्षिकेशदौर्बल्यं कफपित्तामयोद्भवम् ।
लघुतामग्निदीप्तिं च जनयेदम्लसात्म्यता ॥४३॥

જે માણસને અમ્લરસની સાત્મ્યતા કે અનુકૂળપણું હોય તો એ રસની અનુકૂળતા દોષની, નેત્રોની તથા કેશની દુર્બળતા કરે છે; કફના તથા પિત્તના રોગો ઉપજાવે છે. શરીરમાં લાઘવ તથા જઠરના અગ્નિનું પ્રદીપ્તપણું કરે છે. ૪૩

લવણરસની સાત્મ્યતા શું કરે ?

रक्तप्रकोपं तैमिर्यं तृष्णां दुर्बलशुक्रताम् ।
पालित्यं बलहानिं च कुर्याल्लवणसात्म्यता ॥४४॥

જે માણસને લવણ–ખારો રસ જો માફક આવે, તો એ રસનું સાત્મ્યપણું રુધિરનો વિકાર કરે છે; આંખે અંધારાનો રોગ ઉપજાવે છે; તૃષ્ણા–વધુ પડતી તરશ ઉપજાવે છે; વીર્યની દુર્બળતા–ઓછાપણું, પલિતપણું–ટાલનો રોગ તથા બળની હાનિ કરે છે. ૪૪

કટુક–તીખો રસ જો સાત્મ્ય હોય, તો ?

पक्तेरुपचयं कार्श्यं रौक्ष्यं शुक्रबलक्षयम् ।
पित्तानिलप्रवृद्धिं च कुर्यात् कटुकसात्म्यता ॥४५॥

જે માણસને કટુક–તીખો રસ જો માફક આવ્યો હોય, તો પાચનશક્તિની વૃદ્ધિ, શરીરમાં કૃશતા અને રૂક્ષતા, વીર્યનો તથા બળનો ક્ષય તેમ જ પિત્તની તથા વાયુની ખૂબ વૃદ્ધિ કરે છે. ૪૫

કડવો રસ જો સાત્મ્ય થાય, તો ?

क्लेदाल्पतां वातवृद्धिं दृष्टिहानिं कफक्षयम् ।
त्वग्विकारोपशान्तिं च जनयेत्तिक्तसात्म्यता ॥४६॥

તિક્ત–કડવો રસ જો માફક આવે, તો ક્લેદની અલ્પતા–ન્યૂનતા, વાયુની વૃદ્ધિ, કફનો ક્ષય અને ચામડીના વિકારોની શાંતિ કરે છે. ૪૬

કષાય–તુરો જો રસ સાત્મ્ય થાય, તો ?

कफपित्तक्षयं वायोः प्रकोपं पक्तिमार्दवम् ।
कुर्याद्रक्तोपशान्तिं च कषायरससात्म्यता ॥४७॥

જે માણસને કષાય–તુરો રસ જો

અનુકૂળ આવી જાય, તો કફનો તથા પિત્તનો ક્ષય, વાયુનો પ્રકોપ–વિકાર કે વધારો, પાચન શક્તિમાં ઓછાપણું અને રુધિરના વિકારોની શાંતિ થાય છે. ૪૭

જે માણસને ઘી સાત્મ્ય કે માફક થાય, તો ?

ओजस्तेजो बलं वर्णमायुर्मेधा धृतिः स्मृतिः ।
जायते सौकुमार्यं च घृतसात्म्यस्य देहिनः ॥४८

જે માણસને ઘી માફક થયું હોય, તો તેના શરીરમાં ઓજસ્, તેજસ્, બલ, શરીરનો ઉત્તમ રંગ, આયુષ, મેધા નામની બુદ્ધિની ધારણાશક્તિ, ધૈર્ય, સ્મરણશક્તિ તથા કોમળતા ઉત્પન્ન થાય છે. ૪૮

જેને દૂધ સાત્મ્ય થાય તેનું ફલ

तथैव क्षीरसात्म्यस्य परं चैतद्रसायनम् ।
दृढोपचितगात्रश्च निर्मेदस्को जितश्रमः ॥ ४९ ॥

તે જ પ્રમાણે, જે માણસને દૂધ સાત્મ્ય-માફક આવ્યું હોય, તો એ દૂધનું સાત્મ્યપણું શ્રેષ્ઠ રસાયનરૂપ થાય છે; તે માણસનું શરીર પુષ્ટ અને ભરાવદાર થાય છે; તેનામાં મેદ ઓછો થાય છે અને થાકને તે સહન કરી શકે છે. ૪૯

જેને તલનું તેલ માફક થાય તેનું ફલ

बलवान् तैलसात्म्यः स्यात् क्षीणवातकफामयः ।
चक्षुष्मान् बलवाञ्छ्लेष्मी दृढसत्त्वो दृढेन्द्रियः ॥

જે માણસને તલનું તેલ માફક આવે, તે માણસ બળવાન બને; તેના વાયુના તથા કફના રોગો ઓછા થઈ જાય; તેના નેત્રની જોવાની શક્તિ વધે છે; તેમ જ એ માણસમાં કફનો વધારો થાય; તે કારણે એ માણસ બળવાન થાય; તેનું સત્ત્વ–મનોબળ મજબૂત થાય અને તેની ઇંદ્રિયો પણ દૃઢ થાય. ૫૦

જેને માંસ સાત્મ્ય થાય તેનાં ફલ

दृढाश्रयो मन्दरुजो मांससात्म्यो भवेन्नरः ।

જેને માંસ માફક આવે, તો તેનું શરીર–મજબૂત થાય; અને તેની પીડા ઓછી થઈ જાય. ૫૧

અહિતનો તથા હિતનો ત્યાગ કરવાનો ઉપદેશ

अहितं यस्य सात्म्यं स्यादसात्म्यं च हितं भवेत् ॥
स शनैर्हितमादद्यादहितं च शनैस्त्यजेत् ।

જે માણસને સાત્મ્ય અહિતકારી અને અસાત્મ્ય હિતકારી થાય, તેણે ધીમે ધીમે હિતકારી ગ્રહણ કરવું અને અહિતકારીનો ત્યાગ કરવો. ૫૨

વિવરણ : આ સંબંધે ચરકે, વિમાનસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'तस्मात्तेषां तु सात्म्यतः क्रमेणापगमनं श्रेयः, सात्म्यमपि हि क्रमेणोपनिवर्त्यमानमदोषमल्पदोषं वा भवति'–એ કારણે જે લોકોને જે વસ્તુ માફક આવી ગઈ હોય, તેનાથી પણ અનુક્રમે દૂર થતા રહેવું–તે તે સાત્મ્યનો પણ ક્રમશઃ ત્યાગ કરતા રહેવું; કેમ કે તે સાત્મ્ય પણ અનુક્રમે ઓછું ઓછું કરાય તો દોષ-રહિત અથવા થોડા દોષવાળું થાય છે. ૫૧

ભોજનના ક્રમનો ઉપદેશ

आदौ तु स्निग्धमधुरं विचित्रं मध्यतस्तथा ॥५२
रूक्षद्रवावसानं च भुञ्जानो नावसीदति ।

ભોજનના આરંભે પ્રથમ સ્નિગ્ધ એવો મધુર પદાર્થ આવો; પછી ભોજનની મધ્યમાં વચ્ચે વિચિત્ર–તરેહતરેહના પદાર્થો આવા; અને ભોજનની અંતે રૂક્ષ–લૂખા તથા પ્રવાહી પદાર્થો જમવા; એવા ક્રમથી જે માણસ ભોજન જમે છે તે રોગાદિથી પીડાતો નથી. ૫૨

વિવરણ : આ સંબંધે ચાલુ કાશ્યપસંહિતામાં પણ 'ભોજનકલ્પ' નામના અધ્યાયમાં આમ કહેવાયું છે કે–'स्निग्धं च पूर्वं मधुरं च भोज्यं–मध्ये द्रवं शीतमथो विचित्रम् । तीक्ष्णोष्णरूक्षाणि लघूनि पश्चाद्, भोज्यानुपूर्वी खलु सात्म्यतश्च ॥'–ભોજનના આરંભે પ્રથમ સ્નિગ્ધ અને મધુર પદાર્થો જમવા; પછી ભોજનની મધ્યમાં પ્રવાહી, શીતળ અને તે પછી જુદા જુદા પદાર્થો આવા અને તે પછી છેલ્લા તીક્ષ્ણ, ઉષ્ણ, રૂક્ષ તથા હલકા ઓરાકો જમવા; આમ ભોજનના પદાર્થો જમવાનો જે ક્રમ છે તે બરોબર સાત્મ્ય દ્વારા શરીરને

અનુકૂળ અને માફક થાય છે. ૫૨

પેટમાં અમુક ભાગો અમુક માટે કલ્પવા

भागद्वयमिहान्नस्य तृतीयमुदकस्य च ॥५३॥
वायोः संचरणार्थं च चतुर्थमवशेषयेत् ।

(પેટના ચાર ભાગો કલ્પીને) બે ભાગો ખોરાક માટેના સમજી એ બે ભાગો ભરાય તેટલો ખોરાક જમવો; ત્રીજો ભાગ પાણીનો સમજી તેટલું પાણી પીવું; અને ચોથો ભાગ વાયુના સંચરણ માટે બાકી રાખવો–એટલે કે વાયુ અવરજવર કરી શકે તે માટે પેટનો ચોથો ભાગ ખાલી જ રાખવો. ૫૩

વિવરણ : આ અર્ધસૌહિત્ય એટલે કે અર્ધી જ તૃપ્તિ કરવી–એ દૃષ્ટિએ કહ્યું છે; આમાં આશય આ છે કે, જે ખોરાક મૂર્ત કે પ્રત્યક્ષ લેવાય છે તે આમાશયના એક દ્વિતીયાંશ ભાગમાં રહે છે; આ સંબંધે અષ્ટાંગહૃદયના સૂત્રસ્થાનના ૧૦ મા અધ્યાયમાં આમ કહેવાયું છે કે–આમાશયના પ્રથમ ચાર ભાગોને ખાલી સ્થાનરૂપે કલ્પીને તેમાંના બે ભાગોને ખોરાકથી ભરવા; એક ભાગને પ્રવાહી પીણાના કે પાણીના ભાગ તરીકે ગણી તેમાં પાણી ભરવું અને ચોથા ભાગને વાયુ આદિના સંચાર માટે ખાલી રાખવો. ૫૩

ભોજન કર્યા પછીની ક્રિયાઓ

ततो मुहूर्तमाश्वस्य गत्वा पादशतं शनैः ॥५४॥
स्वासीनस्य सुखेनान्नमव्यथं परिपच्यते ।
वीणावेणुस्वनोन्मिश्रं गीतं नाट्यविडम्बितम् ॥५५
विचित्राश्च कथाः शृण्वन् भुक्त्वा वर्धयते बलम् ।
सुखस्पर्शविहारं च सम्यगाप्नोत्यतोऽन्यथा ॥५६

જમ્યા પછી દરેક માણસે એક મુહૂર્ત–બે ઘડી સુધી આરામ લેવો; તે પછી સો પગલાં ચાલવું અને તે પછી સુખેથી બેઠેલા માણસનો તે ખાધેલો ખોરાક કોઈ પણ વ્યથા કે પીડા ઉપજાવ્યા વિના સુખેથી પચી જાય છે; વળી એમ પૂર્વોક્ત રીતિથી જમ્યા પછી વીણા અને વાંસળીના અવાજથી મિશ્ર ગીત, નાટ્ય–નાટકના ખેલ અને તરેહ તરેહની અદ્‌ભુત કથાઓને જોતો કે સાંભળતો માણસ, પોતાના શરીરનું બળ વધારી શકે છે; તેમ જ એમ વર્તતો માણસ સુખકારી સ્પર્શ તથા વિહારને પણ સારી રીતે અનુભવે છે; પરંતુ એથી વિપરીત વર્તનારને બધું વિપરીત ફળ પ્રાપ્ત થાય છે.

(વિવરણ : સુશ્રુતે સૂત્રસ્થાનના ૪૬ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે–જમ્યા પછી જ્યાં સુધી ખોરાકનો કેફ કે ભારેપણું વગેરે અનુભવાય, ત્યાં સુધી સુખપૂર્વક આરામ કરવો; તે પછી થોડાં પગલાં ચાલવું જોઈએ અને તે પછી થોડી વાર સૂઈ જવું એટલે કે લાંબો વાંસો કરી આમતેમ આળોટવું; આ જ આશય બીજા ગ્રંથોમાં પણ જણાવ્યો છે કે–'भोजनान्ते शतपदं गच्छेद् यदि शय्या न लभ्यते'–જમ્યા પછી સો પગલાં ચાલવું, પણ જો સૂવાની સગવડ મળે તો સૂઈ જવું એટલે કે પથારી બિછાવી આળોટવું; વળી જમ્યા પછી જ દરેક માણસે, પોતાના મનને પ્રસન્ન કરનાર શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધ–એ સુંદર વિષયોનું સેવન કરવું–અર્થાત્ જમ્યા પછી પ્રત્યેક મનુષ્યે શારીરિક તથા માનસિક આરામ લેવો–એ અતિશય આવશ્યક છે; છતાં જમ્યા પછી જો આરામ ન કરાય તો તેથી ખાધેલો ખોરાક બરાબર પચતો નથી, એટલું જ નહિ, પણ અજીર્ણ, ઊલટી, ઝાડા વગેરે રોગોનો સંભવ રહે છે; તેથી જ કહ્યું છે કે–'व्यायामं च व्यवायं च, धावनं यानमेव च । युद्धं गीतं च पाठं च, मुहूर्तं मुक्तवांस्त्यजेत् ॥'–પ્રત્યેક મનુષ્યે જમ્યા પછી એક મુહૂર્ત એટલે કે બે ઘડી જેટલા સમય સુધી વ્યાયામ–શારીરશ્રમ, મૈથુન, દોડવું, પગપાળા ચાલવું કે મુસાફરી કરવી; યુદ્ધ, ગીત–ગાયન તથા પાઠ–ભણવું કે ભણાવવું છોડવું જોઈએ.

વળી અહીં મૂળમાં ૫૫–૫૬ મા શ્લોકમાં 'वीणा० शृण्वन्, भुक्त्वा वर्धयते बलम्' એમ ખાસ ભાર દઈને જણાવ્યું છે કે, જમ્યા પછી જ વીણા, વાંસળી આદિ વાદિત્રોના અવાજો; ગીત, નાટક વગેરે અનેક જાતની અદ્‌ભુત વાતો સાંભળવાનું જણાવે છે; જેથી બળ વધે છે, મન પ્રસન્ન થાય છે; આમ જણાવી જમતી વેળા તો-

'अजल्पन् अहसन् तन्मना भुञ्जीत'–કોઈ સાથે બોલ્યા વિના કે હાસ્યાદિ પણ નહિ કરતાં કેવળ ખાવામાં જ મન રાખી જમવું; અને જમ્યા પછી જ 'शब्दरूपरसान् गन्धान् स्पर्शांश्च मनसः प्रियान्, भुक्तवानुपसेवेत्'–મનને પ્રિય–ગમે તેવા શબ્દો, રૂપ, રસ, ગંધ આદિ મનોહર વિષયો સેવવા; એમ ચરક તથા સુશ્રુત પણ કહે છે; આ ઉપરથી સાબિત થાય છે કે, ભોજન સમયે ગાત–વાદિત્ર આદિનું શ્રવણ કે નાટકાદિનું દર્શન કરતા રહી ભોજન ચાલુ રાખવું, એવો જે અર્વાચીન મત છે, તે ચરક, સુશ્રુત તથા ચાલુ કાશ્યપ સંહિતાના અભિપ્રાયથી પણ વિરુદ્ધ જ છે; કારણ કે આ બધાયે પ્રાચીન આચાર્યો આમ જ સૂચવે છે કે, ભોજન સમયે તો કેવળ ભોજનક્રિયામાં જ મન રાખી એકાગ્ર ચિત્તે જ ભોજન કરવું; તે વખતે બીજી કોઈ પણ ક્રિયા કે વિષયમાં મન ન જાય, તે જ હિતકારી છે. ૫૪–૫૬

આટલી ક્રિયાઓથી ખાધેલો ખોરાક બરાબર ન પચે

अतिस्निग्धातिशुष्काणां गुरूणां चातिसेवनात् ।
जन्तोरत्यम्बुपानाच्च वातविण्मूत्रधारणात् ॥५७॥
रात्रौ जागरणात् स्वप्नाद्दिवा विषमभोजनात् ।
असात्म्यसेवनाच्चैव न सम्यक् परिपच्यते ॥५८॥

કોઈપણ માણસ અતિશય સ્નિગ્ધ, અતિશય સૂકા તથા અતિશય ગુરુ–પચવામાં ભારે ખોરાકનું અતિશય વધુ પ્રમાણમાં સેવન કર્યા કરે, અતિશય વધુ પ્રમાણમાં પાણી પીધા કરે; વાયુના, વિષ્ઠાના તથા મૂત્રના આવેલા વેગો રોક્યા કરે, રાત્રે જાગરણ કરે અને દિવસે ઊંઘ્યા કરે; વિપરીત કે અનિયમિત અથવા પરસ્પર વિરુદ્ધ પદાર્થોનાં ભોજન કરે અને અસાત્મ્યસેવન ચાલુ રાખે એટલે કે પોતાની પ્રકૃતિ કે શરીરને માફક ન હોય એવા ખોરાકો ખાધા કરે, તો તેથી તેણે ખાધેલો ખોરાક બરાબર પચતો નથી. ૫૭,૫૮

સમશન, અધ્યશન, પ્રમૃતાશન તથા વિષમાશનનાં લક્ષણો

हिताहितं यदैकध्यं भुक्तं समशनं तु तत् ।
पूर्वभक्तेऽपरिणते विद्यादध्यशनं भिषक् ॥५९॥
क्षुत्तृष्णोपरमे जाते शान्तेऽग्नौ प्रमृताशनात्(नम्)
विषमं गुणसंस्काराद् क्रमसात्म्यव्यतिक्रमात् ॥६०

હિતકર તથા અહિતકર–બેય પ્રકારના પદાર્થો, જે એક જ સમયે કે એક જ સાથે મિલાવી ખાધા હોય, તે 'સમશન' કહેવાય છે; પરંતુ પહેલાંનું ખાધેલું હજી પચ્યું જ ન હોય છતાં તેની ઉપર જે ખાવામાં આવે તેને વૈદ્યે 'અધ્યશન' જાણવું; વળી ક્ષુધા તથા તરશ બેય જ્યારે શાંત થયાં હોય–એટલે કે ભૂખ અને તરશ બેય ન હોય તેમ જ જઠરનો અગ્નિ પણ શમી ગયો હોય–એટલે કે મંદાગ્નિ હોય છતાં એ સ્થિતિમાં જે ખવાયું હોય તે 'પ્રમૃતાશન' સમજવું; વળી ગુણોના સંસ્કારથી અને ક્રમ તથા સાત્મ્યથી વ્યતિક્રમ કરી એટલે કે ગુણસંસ્કારને, ક્રમને તથા સાત્મ્યને ઓળંગી જે ભોજન કરાય કે જમાય તે 'વિષમાશન' ગણાય છે. (સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૪૬ મા અધ્યાયમાં આ ચારેને આમ જ કહ્યાં છે.) ૫૯,૬૦

રોગોનું મૂળકારણ 'અજીર્ણાશન' તથા 'અત્યશન' છે

विरुद्धं पयसा मत्स्या यथा वा गुडमूलकम् ।
स्यादजीर्णाशनं नाम व्युष्टाजीर्णे चतुर्विधे ॥६१॥
तथैवात्यशनं ज्ञेयमतिमात्रोपयोगतः ।
एतान्येवामयोत्पत्तौ मूलहेतुं प्रचक्षते ॥ ६२ ॥

દૂધની સાથે માછલાં ખવાય તે વિરુદ્ધ છે; તેમ જ ગોળ તથા મૂળા બેય પરસ્પર વિરુદ્ધ છે; છતાં તે ખવાય તો તે 'વિરુદ્ધાશન' ગણાય છે; ચાર પ્રકારનું 'વ્યુષ્ટાજીર્ણ' હોય એટલે કે પ્રભાતકાળનું વાસી અજીર્ણ હોય, છતાં તે ઉપર જે ખવાય તે 'અજીર્ણાશન' કહેવાય છે; અને જે પ્રમાણ કે માપ

કરતાં વધુ ખવાય તે જ 'અત્યશન' ગણાય છે; આ બધાંને જ વૈદ્યો, રોગની ઉત્પત્તિમાં મૂળ કારણ કહે છે. ૬૧,૬૨

તે તે દેશાનુસાર આહારસાત્મ્ય સમજવું

आहारसात्म्यं देशेषु येषु येषु यथा यथा ।
प्रोक्तं तथोपदेष्टव्यं तेषु तेषु तथा तथा ॥ ६३ ॥

જે જે દેશમાં જે જે પ્રકારે આહાર કે ખોરાક ખવાતો હોય, તે તે દેશમાં તે તે પ્રકારે જ આહારસાત્મ્ય કે ખોરાકનું અનુકૂળપણું કે માફક થવું ઉપદેશ કરવા યોગ્ય કહ્યું છે. ૬૩

૨૪ ભોજનના પ્રકારોનો ઉપસંહાર

चतुर्विंशतिरित्येते विकल्पाः समुदाहृताः ।
भिषजा ह्युपदेष्टव्या राज्ञो राजोपमस्य वा ॥ ६४
अन्येषां वा वसुमतां यशोधर्मार्थसिद्धये ।

ઉપર જે ૨૪ ભોજનના વિકલ્પો કે ખોરાકના પ્રકારો સારી રીતે કહ્યા છે, તેઓનો વૈદ્યે રાજાને તથા રાજા જેવા શ્રીમંત લોકોને ખરેખર અવશ્ય ઉપદેશ કરવો જ જોઈએ; અથવા વૈદ્યે પોતાને યશ, ધર્મ તથા અર્થની સિદ્ધિ થાય, તે માટે હરકોઈ ધનવાનોને ઉપર કહેલ ચોવીસ ભોજનપ્રકારોનો અવશ્ય ઉપદેશ કરવો જ જોઈએ. ૬૪

इति ह स्माह भगवान् कश्यपः ॥

એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું.

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં ખિલસ્થાન વિષે 'ભોજ્ય-વિભાગીય' એ નામનો અધ્યાય ૫ મો સમાપ્ત

રસદોષ-વિભાગીય : અધ્યાય ૬ ઠ્ઠો

अथातो रसदोषविभागीयं नामाध्यायं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી 'રસ-દોષ-વિભાગીય' નામના અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું, એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું. ૧,૨

રસદોષના વિભાગને જાણનારો જ વૈદ્ય ગણાય

रसदोषविभागज्ञः प्रकोपोपशमं प्रति ।
भिषग्भिषक्त्वं लभते विपर्ययमथान्यथा ॥ ३ ॥

રોગોના પ્રકોપ તથા ઉપશમ પ્રત્યે રસોના તથા દોષોના વિભાગને જાણનાર વૈદ્ય, 'વૈદ્યપણું' પ્રાપ્ત કરી શકે; (એટલે કે રસોના તથા દોષોના વિભાગોને જે બરાબર જાણે છે, તે જ સાચો વૈદ્ય કહેવાય છે;) પણ એમાં જો વિપર્યય કે ફેરફાર હોય તો તેથી ઊલટા પ્રકારે સમજવું-અર્થાત્ રસોના તથા દોષોના વિભાગોને જે જાણતો ન હોય, તેને વૈદ્ય કહી શકાય જ નહિ. ૩

દોષવિકલ્પો તથા રસવિકલ્પો કહેવાની પ્રતિજ્ઞા

तस्माद्दोषविकल्पांश्च विकल्पांश्च रसाश्रयान् ।
प्रवक्ष्यामि यथाशास्त्रं सविशेषं सविस्तरम् ॥ ४ ॥

એ જ કારણે હું દોષવિકલ્પો તથા રસોના આશ્રયવાળા વિકલ્પો એટલે કે દોષવિભાગો તથા રસવિભાગોને શાસ્ત્રાનુસાર વિસ્તારથી કહું છું. ૪

દોષભેદ અનુસાર જ્વર આદિ રોગોની ૬૨ કલ્પના

व्यासतस्तु ज्वरादीनां व्याधीनां दोषमेदतः ।
द्विषष्टिधा कल्पनोक्ता स्थूलसंख्या त्वतः परम् ॥

દોષભેદને અનુસરી જ્વર આદિ રોગોની કલ્પનાઓ, વિસ્તારથી ૬૨ કહી છે અને સ્થૂલ સંખ્યા તો એ પછી કહેવાશે. ૫

વિવરણ : સુશ્રુતે ઉત્તરતંત્રના ૬૬ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે 'भिन्ना दोषास्त्रयो गुणाः । द्विषष्टिधा भवन्त्येते भूयिष्ठमिति निश्चयः ॥-જુદા જુદા ભેદ પ્રમાણે દોષો ત્રણ છે-એ જ ત્રણ ગુણો છે; તેઓના લગભગ ૬૨ પ્રકારો થાય છે, એવો નિશ્ચય આયુર્વેદમાં કરાયો છે. ૫

ઉપર્યુક્ત ૬૨ પ્રકારોની ગણતરી

एकैकशास्त्रयो द्वन्द्वैर्नव सर्वे त्रयोदश ।
क्षीणाधिकसमैश्चान्यैर्दश द्वौ च प्रकीर्तिताः

એક એક દોષ (વાત, પિત્ત અને કફ) અનુસાર (દરેક જ્વરાદિ વિકારો) ત્રણ પ્રકારના થાય; (જેમ કે હરકોઈ વાતજ વિકાર, પિત્તજ વિકાર અને કફજ વિકાર;) પછી એ જ વિકારો દ્વંદ્વજ કે દ્વિદોષજ એટલે બે બે દોષના કારણે નવ પ્રકારના ગણાય છે, અને તે બધાયે સંનિપાતથી ૧૩ પ્રકારના થાય છે અને ક્ષીણ, અધિક તથા સમદોષ રૂપ બીજા પ્રકારે તે વિકારો ૧૨ કહ્યા છે. ૬

વિવરણ : અહીં આમ કહેવા માગે છે–અલગ અલગ એક એક દોષ અનુસાર ત્રણ વિકારો; એ ત્રણે બે બે દોષ અનુસાર નવ વિકારો અને એક સાંનિપાતિક વિકાર મળી એકંદર ૨૩ વિકારો થાય છે; એ બધાય વિકારો ક્ષીણ થયેલ દોષ અનુસાર ૨૫ થાય છે; અને વધી ગયેલા દોષ અનુસાર બીજા ૨૫ થાય છે; એમ તે = ૨૫ + ૨૫ + ૧૨ = ૬૨ સંખ્યા થાય છે; આવા જ અભિપ્રાયથી ચરકે સૂત્રસ્થાનના ૧૭ મા અધ્યાયમાં અને સુશ્રુતે ઉત્તરતંત્રના ૬૬ મા અધ્યાયમાં દોષાનુસાર વિકારોના ૬૨ ભેદો કહ્યા છે. ૬

ઉપર કહેલ દોષોના વિભાગનું વિસ્તારથી કથન

तेषां विभागं वक्ष्यामि विस्तरेण यथाक्रमम् ।
एकैकशास्त्रयो ज्ञेया वातपित्तकफैर्गदाः ॥ ७ ॥
समैर्द्वन्द्वैस्त्रयः षट् तु विषमैर्नव ते स्मृताः ।
द्व्यधिकैकाधिकैः षट् च हीनमध्याधिकैश्च षट् ॥
एकः समैस्त्रिभिर्दोषैरित्यातङ्कास्त्रयोदश ।
दोषैरेतैर्विवृद्धैः स्युर्विकल्पाः पञ्चविंशतिः ॥ ९ ॥

ઉપર કહેલ તે તે દોષજ વિકારોનો વિભાગ હવે હું વિસ્તારથી અનુક્રમે કહું છું; જેમ કે વાત, પિત્ત અને કફ–એ એક એક દોષથી ત્રણ વિકારો થાય છે, એમ જાણવું; તેમ જ એ ત્રણે વિકારો સમ, વૃદ્ધિ, દ્વંદ્વજ વિકારોરૂપે પણ ત્રણ થાય છે; એમ તે છ વિકારો–વિષમ–વૃદ્ધ–વિકારોરૂપે નવ ગણ્યા છે; તેમ જ બે અધિક અને એક અધિક દોષથી છ ગણ્યા છે અને હીન, મધ્ય તથા અધિક દોષથી પણ છ કહ્યા છે; તેમ જ એ ત્રણે દોષો, એકસરખા મળ્યા હોય, તેથી એક સાંનિપાતિક એમ ૧૩ પ્રકારના તે વિકારો જે થાય છે, તે જ વિશેષ વધી ગયેલા બધા દોષોના કારણે ૨૫ ભેદો રૂપ થાય છે. ૭–૮

વિવરણ : ઉપર જે વિભાગ કહેલ છે, તેઓનો જ વિસ્તાર અહીં આમ કહેવા માગે છે–અલગ અલગ વાતાદિ એક એક દોષથી એક એક વિકાર મળી ત્રણ વિકારો થાય છે; તેમાં જ વાતવૃદ્ધ, પિત્તવૃદ્ધ તથા કફવૃદ્ધ–એમ ત્રણ ભેદો ઉમેરાય તો તે એક એક દોષના જ છ ભેદો થાય છે; અને તેમાં દ્વન્દ્વજ ત્રણ ભેદો મળતાં નવ ભેદો થાય છે; એમાં જ વાત-પિત્તમ, બેય સમવૃદ્ધ; વાત–કફ–બેય સમવૃદ્ધ અને પિત્તકફ–બે સમવૃદ્ધ થાય; તેમ જ એ જ દ્વન્દ્વજ વિકારો, તે તે બે દોષો વિષમતાથી વધેલા હોય તો વાતવૃદ્ધ અને પિત્તવૃદ્ધ–તર એક ભેદ; પિત્તવૃદ્ધ અને વાતવૃદ્ધતર તેમ જ કફવૃદ્ધ અને પિત્તવૃદ્ધતર, પિત્તવૃદ્ધ અને કફવૃદ્ધતર; અને વાતવૃદ્ધ તથા કફવૃદ્ધતર અને કફવૃદ્ધ તથા વાતવૃદ્ધતર–એમ દ્વન્દ્વજ–સંસર્ગજ વિકારો– ૩ + ૬ = ૯ થાય છે; હવે સંનિપાતથી જે ૧૩ વિકારો થાય છે, તેની ગણતરી આમ કરાય છે–સંનિપાતમાં બે દોષની તથા એક દોષની અધિકતાથી છ ભેદો થાય છે, જેમ કે–બે દોષની અધિકતાવાળા ભેદો આમ સમજવા–કફવૃદ્ધ અને વાત–પિત્ત–બે અધિકવૃદ્ધ; પિત્તવૃદ્ધ અને વાત–કફ બે અધિકવૃદ્ધ; વાતવૃદ્ધ અને પિત્ત-કફ–બે અધિકવૃદ્ધ; તેમ જ પિત્તકફ–એ બે વૃદ્ધ અને વાત–અધિકવૃદ્ધ; વાત-કફ એ બે વૃદ્ધ અને પિત્ત અધિક વૃદ્ધ; અને વાતપિત્ત–એ બે વૃદ્ધ અને કફ અધિકવૃદ્ધ;–એમ તે છ ભેદો થાય છે; તેમ જ ત્રણે દોષો જેમાં હીન, મધ્ય તથા અધિક હોય એવા સંનિપાતોના આમ છ ભેદો જાણવા; જેમ કે–વાતવૃદ્ધ, પિત્તવૃદ્ધતર અને કફવૃદ્ધતમ; વાતવૃદ્ધ, કફવૃદ્ધતર અને પિત્તવૃદ્ધતમ; પિત્તવૃદ્ધ, કફવૃદ્ધતર અને વાતવૃદ્ધતમ; પિત્તવૃદ્ધ, વાતવૃદ્ધતર અને કફવૃદ્ધતમ; કફવૃદ્ધ, વાતવૃદ્ધતર અને પિત્તવૃદ્ધતમ; તેમ જ કફવૃદ્ધ, પિત્તવૃદ્ધતર અને વાત-

વૃદ્ધતમ; એમ હીન, મધ્ય તથા અધિક જે કહ્યા, તેમાં આ અભિપ્રાય છે કે–જે સંનિપાતમાં અનુક્રમે એક દોષ ઓછો વધ્યો હોય; બીજો દોષ મધ્યમ વધ્યો હોય અને ત્રીજો ખૂબ અધિક વધ્યો હોય–અર્થાત્ જેમાં ત્રણે દોષો વધ્યા તો હોય પરંતુ એક દોષ ઓછો, બીજો મધ્યમ અને ત્રીજો બેય કરતા અધિક પ્રમાણમાં વધ્યો હોય તે છ ભેદો મળી ઉપર ૧૨ સંનિપાતો કહ્યા; હવે જેમાં ત્રણે દોષો સમાનરૂપે રહ્યા હોય તે એક ૧૩ મો વાતપિત્તકફ–સમવૃદ્ધ સંનિપાત મળી ૧૩ સંનિપાતો થાય છે; એમ એકંદર દ્વિ–ઉલ્બણ ત્રણ સંનિપાતો, એકોલ્બણ ત્રણ સન્નિપાત અને એક હીન, એક મધ્ય તથા એક અધિક એવા ભેદથી છ સન્નિપાતો મળી ૧૨ ભેદો કહ્યા અને એક સમવૃદ્ધ સન્નિપાત નામનો ભેદ કહ્યો; એમ તે ૧૩ સન્નિપાતો કહ્યા; એટલે એકંદર અહીં ૨૫ દોષવિકારો કહેવામાં આવ્યા; જેમ કે એકદોષજ ૩ વિકારો; દ્વિદોષજ નવ વિકારો અને સાન્નિપાતિક ૧૩ વિકારોનો સરવાળો કરતાં ૩+૯+૧૩=૨૫ વિકારો સમજવા. ૭–૯

ક્ષીણ દોષજ વિકારો પણ ૨૫

दोषैः क्षीणैरपि गदा दृष्ट्वैवं प्रज्ञविंशतिः।

એ જ પ્રકારે ક્ષીણ થયેલા દોષોથી પણ વિકારોના ૨૫ ભેદો જોઈને એકંદર ૫૦ દોષજ વિકારો સમજાય છે.૧૦

વિવરણ : એક એક અલગ દોષ ક્ષીણ થવાથી વાતક્ષીણ, પિત્તક્ષીણ તથા કફક્ષીણ–એમ ત્રણ એક એક દોષની ક્ષીણતા થવાથી ૩ ભેદો જાણવા; તેમ જ બે બે દોષોની ક્ષીણતા થવાથી ક્ષીણ દ્વિદોષજ કે ક્ષીણ સંસર્ગજ ૯ વિકારો સમજાય છે; જેમ કે, બે બે દોષો સમક્ષીણ થયા હોય તો વાત–પિત્ત સમક્ષીણ, વાત–કફ સમક્ષીણ અને પિત્ત–કફ સમક્ષીણ–એમ બે બે સમક્ષીણ ત્રણ વિકારો જેમ હોય છે, તે જ પ્રમાણે બે બે વિષમક્ષીણ વિકારો પણ આમ છ સમજવા; જેમ કે વાતક્ષીણ અને પિત્તક્ષીણતર, પિત્તક્ષીણ અને વાતક્ષીણતર, વાતક્ષીણ અને કફક્ષીણતર, કફક્ષીણ અને વાતક્ષીણતર, કફક્ષીણ અને પિત્તક્ષીણતર; એમ ક્ષીણ દ્વન્દ્વજ દોષવિકારો ૩+૬=૯ થાય છે; એ જ પ્રકારે સંનિપાતમાં બે દોષ અતિ ક્ષીણ થવાથી આવા ત્રણ સાંનિપાત વિકારો સમજાય છે; જેમ કે–વાતક્ષીણ અને પિત્તકફ–બે અતિક્ષીણ, પિત્તક્ષીણ અને વાત–કફ બે અતિક્ષીણ અને કફક્ષીણ તથા વાત–પિત્ત બે અતિક્ષીણ; વળી સંનિપાતમાં હીન, મધ્ય તથા અધિક ક્ષીણ દોષના કારણે આમ છ ભેદો થાય છે; જેમ કે–કફક્ષીણ, પિત્તક્ષીણતર અને વાતક્ષીણતમ; વાતક્ષીણ, કફક્ષીણતર અને પિત્તક્ષીણતમ; પિત્તક્ષીણ, કફક્ષીણતર અને વાતક્ષીણતમ; કફક્ષીણ, વાતક્ષીણતર અને પિત્તક્ષીણતમ; વાતક્ષીણ, પિત્તક્ષીણતર અને કફક્ષીણતમ અને પિત્તક્ષીણ, વાતક્ષીણતર અને કફક્ષીણતમ; એમ સંનિપાતમાં ત્રણે દોષો અતિક્ષીણ હોય તે ત્રણ ભેદો, તેમ જ બે બે દોષો અતિક્ષીણ હોય એવા બીજા ત્રણ ભેદો અને એક એક દોષ હીન, મધ્ય તથા અધિક ક્ષીણ હોય એવા છ ભેદો મળી ૩+૩+૬+=૧૨ ભેદો થાય છે અને ત્રણે દોષો જેમાં સમક્ષીણ હોય તેવો એક ભેદ મળી ૧૩ પ્રકારનો ક્ષીણદોષ સંનિપાતો થાય છે; તેથી એક એક ક્ષીણદોષવાળા ૩ વિકારો, બે બે દોષની ક્ષીણતાવાળા ૯ વિકારો અને ક્ષીણદોષ સંનિપાતના ૧૩ વિકારો મળી ૩+૯+૧૩=૨૫ ક્ષીણદોષજ વિકારો સમજવા; એમ વૃદ્ધદોષજ વિકારો ૨૫ અને ક્ષીણદોષજ વિકારો પણ ૨૫ મળી એકંદર તે ૫૦ વિકારો થયા.

બે ક્ષીણ એક અધિક અને એક ક્ષીણ તથા બે અધિક દોષોના કારણે થતા ૧૨ ભેદો

द्विक्षीणैरेकवृद्धैः स्युरेकक्षीणैर्द्विरुद्बलैः ॥ १० ॥
षट् षट् क्षीणाधिकसमैर्दश द्वौ चापरे गदाः।

બે ક્ષીણ, એક વૃદ્ધ અને એક ક્ષીણ; તથા બે અધિક થયેલા દોષોને લીધે છ વિકારો; તેમ જ એક ક્ષીણ, એક અધિક તથા એક સમ થયેલા દોષોથી બીજા છ મળી ૧૨ વિકારના ભેદો થાય છે (તેથી ઉપર દર્શાવેલ ૫૦ તથા આ ૧૨ મળી ૬૨ વિકાર–ભેદો ગણાય છે). ૧૦

વિવરણ : અહીં આમ જણાવવા માગે છે કે,

બે ક્ષીણ દોષો તથા એક વૃદ્ધ દોષના કારણે તેમ જ એક ક્ષાણદોષ તથા બે વૃદ્ધ દોષોના કારણે ૬ વિકારો થાય છે; તેમ જ એક ક્ષીણ, એક વૃદ્ધ અને એક સમ થયેલા દોષોથી બીજા છ ભેદો મળી ૧૨ વિકારોના ભેદો થાય છે–અર્થાત્ બેનો ક્ષય તથા એકની વૃદ્ધિના કારણે આમ ૩ વિકારો થાય છે; જેમ કે–કફ–પિત્ત–બે ક્ષીણ અને વાત-વૃદ્ધ; વાતકફ–બે ક્ષીણ તથા પિત્તવૃદ્ધ અને વાત-પિત્ત–બે ક્ષીણ તથા કફવૃદ્ધ; વળી તે જ પ્રમાણે એકનો ક્ષય તથા બે દોષની વૃદ્ધિના કારણે ૩ વિકારો થાય છે; જેમ કે–વાતક્ષીણ અને કફ-પિત્ત બે વૃદ્ધ, પિત્તક્ષીણ તથા વાત-કફ બે વૃદ્ધ અને કફક્ષીણ તથા વાતપિત્ત–બે વૃદ્ધ એમ તે ૩-૩ મળી ૬ ભેદો થયા; તેમ જ એકનો ક્ષય, એકની વૃદ્ધિ તથા એક સમદોષના કારણે આમ બીજા ૬ ભેદો થાય છે; જેમ કે–કફક્ષીણ, પિત્ત-સમ તથા વાતવૃદ્ધ; પિત્તક્ષીણ, કફસમ તથા વાત-વૃદ્ધ; વાતક્ષીણ, કફસમ તથા પિત્તવૃદ્ધ; કફક્ષીણ, વાતસમ તથા પિત્તવૃદ્ધ; વાતક્ષીણ, પિત્તસમ તથા કફવૃદ્ધ અને પિત્તક્ષીણ, વાતસમ તથા કફવૃદ્ધ એમ બીજા ૬ ભેદો અને ઉપર્યુક્ત ૩+૩ મળી બીજા ૬ ભેદો મળી ૧૨ ભેદો થાય છે એમ ઉપર કહેલ ૨૫+૨૫+૧૨=મળી એકંદર ૬૨ વિકારો થાય છે. આ જ રીતે ચરકે સૂત્રસ્થાનના ૧૭ મા અધ્યાયમાં ૬૨ વિકારો કહ્યા છે. ૧૦

૬૩ મો એક વિકારભેદ

इति द्विषष्टिसंख्यैषा विकाराणां विकल्पजाः ॥११
वातपित्तकफैरेको भेदः स्यात् प्रकृतिस्थितैः ।

એમ તે ૬૨ વિકારોની સંખ્યા જુદા જુદા ભેદોને અનુસરી કહી છે. તેમ જ વાત, પિત્ત અને કફ પોતપોતાની પ્રકૃતિમાં રહ્યા હોય તે કારણે એક ૬૩ મો વધુ ભેદ પણ કહેવાયો છે. ૧૧

વિવરણ : અષ્ટાંગહૃદયમાં પણ ૧૨ વિકારના ભેદોની ઉપર એક ૬૩ મો ભેદ આમ કહ્યો છે: 'त्रिषष्टः स्वास्थ्यकारणम्'–જેમાં વાત, પિત્ત અને કફ એ ત્રણે પોતપોતાના મૂળ સ્વભાવમાં રહ્યા હોય તે ૬૩ મો ભેદ નીરોગી સ્થિતિનું કારણ છે, પણ રોગનું કારણ નથી; કારણ કે એ અવસ્થામાં તે વાત, પિત્ત અને કફ એ ત્રણે પોતપોતાના મૂળ સ્વભાવમાં રહ્યા હોય છે; તેથી તે આરોગ્યનું કારણ છે, પણ ઉપર કહેલ ૧૨ ભેદો તો રોગોનું જ કારણ છે. ૧૧

મૂળ ૬ રસોમાંના બે-બેથી થતા ૧૫ ભેદો

रसानां तु विकल्पाः स्युरेकैकश्येन षट् स्मृताः ॥
पूर्वः पूर्वः परैर्युक्तो द्विकाः पञ्चदशापरे ।
रसेषु त्रिषु पूर्वेषु विकल्पाः स्युस्त्रयोऽधिकाः ॥१२

રસોના મૂળ ભેદો તો એક એક ગણતાં છ જ હોય છે. જેમકે મધુર, અમ્લ, લવણ, કટુ, તિક્ત અને કષાય; પરંતુ તેમાંનો પહેલો પહેલો રસ, પોતપોતાના પછીના બીજા બીજા રસની સાથે જોડાઈને બે બે રસો વધતાં ૧૫ રસોના ભેદો થાય છે. ૨

વિવરણ : ચરકે સૂત્રસ્થાનના ૨૬ મા અધ્યાયમાં અને સુશ્રુતે ઉત્તરતંત્રના ૬૩ મા અધ્યાયમાં અહીં કહ્યા પ્રમાણે મૂળ ૬ રસો ઉપરથી તેઓના જે ૧૫ ભેદો થાય છે; તે જ આમ કહ્યા છે; જેમકે ચરક આમ કહે છે–'स्वादुरम्लादिभिर् योगं क्षेपैरम्लादयः पृथक् । यान्ति पञ्चदशैतानि द्रव्याणि द्विरसानि तु '–એક જ મધુર રસ, અમ્લ વગેરે પાંચ રસો સાથે સંબંધ પામે તેમ જ અમ્લ વગેરે બીજા રસો તે તે બાકીના રસો સાથે સંબંધ પામે છે, તેથી તે તે બે બે રસવાળાં ૧૫ દ્રવ્યો થાય. જેમ કે મધુરામ્લ, મધુરલવણ, મધુરકટુ, મધુરતિક્ત અને મધુરકષાય દ્રવ્ય તેમ જ અમ્લલવણ, અમ્લકટુ, અમ્લતિક્ત, અમ્લકષાય; અને લવણકટુ, લવણ-તિક્ત તથા લવણકષાય; તેમજ કટુતિક્ત, કટુકષાય અને તિક્તકષાય, આમ મૂળ છ રસના ૧૫ ભેદો ચરકે કહ્યા છે, તેઓને જ અહીં કાશ્યપસંહિતામાં કહેવા માગે છે; એ જ પ્રકારે સુશ્રુત પણ ઉત્તર-તંત્રમાં મૂળ ૬ રસોના જ ઉત્તરોત્તર રસ સાથે મિશ્રણ થતાં ૧૫ ભેદો આમ કહે છે કે–'यथाक्रम प्रवृत्तानां द्विकेषु मधुरो रसः । पञ्चानुक्रमते योगानम्लश्चतुर एव च ॥ त्रींश्चानुगच्छति रसो लवणः कटुको द्वयम् । तिक्तः कषायमन्वेति ते द्विका दश पञ्च च ॥ तद्यथा-

मधुराम्लः, मधुरलवणः, मधुरकटुः, मधुरतिक्तः, मधुरकषायः, अम्ललवणः, अम्लकटुकः, अम्लतिक्तः, अम्लकषायः, लवणकटुकः, लवणतिक्तः लवणकषायः, कटुतिक्तः, कटुकषायः, तिक्तकषायः—આમ સુશ્રુત પણ મૂળ ૬ રસો ઉપરથી ૧૫ ભેદો કહે છે. ૧૨

ત્રણ ત્રણ રસો જોડાવાથી થતાં ૨૦ ત્રિકો

द्विकेषु त्रिष्वथैकैकं संयोज्य कटुकादिभिः ।
कटूवादिषु तथा पूर्वैः स्वाद्वम्ललवणैः पृथक् ॥
मण्डादशैते द्वाभ्यां च त्रिकाभ्यां विंशतिस्त्रिकाः ।

પૂર્વના ત્રણ રસો—મધુર, અમ્લ અને લવણમાં અધિક ત્રણ વિકલ્પો અથવા ભેદો થાય છે; તેમ જ ત્રણ બે બે રસોના જોડકામાં એક એકને કટુક આદિ સાથે સારી રીતે યોજીને તેમ જ કટુ આદિ ત્રણમાં પહેલાંના મધુર, અમ્લ તથા લવણ રસની સાથે અલગ અલગ યોજના કરવાથી ૧૮ દ્વિકો એટલે બે બે રસોનાં જોડકાં થાય છે, એ અઢાર ભેદો, બે ત્રિકો સાથે જોડાવાથી ૨૦ ત્રિકો એટલે ત્રણ ત્રણ રસોનાં મિશ્રણો થાય છે. ૧૩,૧૪

વિવરણ : અર્થાત્ ત્રણ ત્રણ રસોનાં મિશ્રણવાળાં ૨૦ દ્રવ્યો અહીં જે દર્શાવ્યાં છે, તેઓને જ ચરકે સૂત્રસ્થાનના ૨૬ મા અધ્યાયના ૩૫ શ્લોકમાં આમ કહ્યાં છે—' पृथगम्लादियुक्तस्य योगः शेषैः पृथग् भवेत् । मधुरस्य तथाऽम्लस्य लवणस्य कटोस्तथा । त्रिरसानि यथासंख्यम् द्रव्ययुक्तानि विंशतिः ॥—એ જ પ્રમાણે જુદા જુદા અમ્લ આદિ રસોથી યુક્ત મધુરરસનો, અમ્લરસનો, લવણરસનો તથા કટુરસનો બાકીના રસોની સાથે અલગ અલગ સંબંધ થવાથી ત્રણ ત્રણ રસોવાળાં અનુક્રમે ૨૦ દ્રવ્યો આમ સમજાય છે : મધુર-અમ્લ લવણ, મધુર-લવણ તિક્ત, મધુર-અમ્લ-તિક્ત, મધુર-અમ્લ-કષાય, મધુર-લવણ-કટુક, મધુર-લવણ-તિક્ત, મધુર-લવણ-કષાય, મધુર-કટુ-તિક્ત, મધુર-કટુ-કષાય, મધુર-તિક્ત-કષાય, અમ્લ-લવણ-કટુરસ, અમ્લ-લવણ-તિક્તરસ, અમ્લ-લવણ-કષાયરસ, અમ્લ-કટુ-તિક્તરસ, અમ્લ-કટુ-કષાય રસ, અમ્લ-તિક્ત-કષાય રસ, લવણ-કટુ-તિક્ત રસ, લવણતિક્ત-કષાયરસવાળું દ્રવ્ય અને કટુ-તિક્ત-કષાય રસયુક્ત દ્રવ્ય એમ ત્રણ ત્રણ રસોનાં મિશ્રણવાળાં ૨૦ દ્રવ્યો અહીં જણાવ્યાં છે. સુશ્રુતે પણ આ જ પ્રમાણે ઉત્તરતંત્રના ૬૩ મા અધ્યાયમાં ત્રણ ત્રણ રસવાળાં ૨૦ દ્રવ્યો કહ્યાં છે; જેમકે आदौ प्रयुज्यमानस्तु मधुरो दश गच्छति। षडम्लो लवणस्तस्मादर्धं त्वेकम् तथा कटुः ॥—પ્રથમનો મધુર રસ દશ રસોમાં મળે, પછી અમ્લ-ખાટો રસ છમાં મળે અને પછી લવણ રસ ત્રણમાં મળે અને એક કટુ રસ એકમાં મળે તેથી તે ૧૦, ૬, ૩, ૧=૨૦ દ્રવ્યો ત્રણ ત્રણ રસવાળાં થાય છે; જેમ કે મધુરામ્લ-લવણ, મધુરામ્લ કટુક, મધુરામ્લતિક્ત, મધુરામ્લકષાય, મધુરલવણકટુ, મધુરલવણતિક્ત, મધુરલવણકષાય, મધુર-કટુ-તિક્ત, મધુર-કટુ-કષાય, મધુર-તિક્ત-કષાય એમ તે દશની ત્રણ ત્રણની શરૂઆતમાં મધુર રસ જોડાય છે; પછી અમ્લ-લવણ-કટુક, અમ્લ-લવણ-તિક્ત, અમ્લ-લવણ-કષાય, અમ્લ-કટુ-તિક્ત, અમ્લ-કટુ-કષાય, અમ્લ-તિક્ત-કષાય; એમ છની શરૂઆતમાં પહેલો અમ્લ-ખાટો રસ જોડાય છે; પછી લવણ-કટુ-તિક્ત, લવણ-કટુ-કષાય, લવણ-તિક્ત-કષાય-એમ ત્રણની શરૂઆતમાં લવણ ખારો રસ જોડાય છે અને પછી કટુ-તિક્ત-કષાય-એમ એકની શરૂઆતમાં કટુક રસ જોડાય છે; જેથી તે બધાં મળી ત્રણ ત્રણ રસવાળાં ૨૦ દ્રવ્યો સમજી શકાય છે. ૧૩,૧૪

૬૩ રસોની સંખ્યા

पूर्वोत्तराभ्यां मधुरव्योषादिभ्यां यथाक्रमम् ॥१५
ये द्विकास्त्रिषु पूर्वेषु योज्यास्ते त्रिभिरुत्तरैः ।
प्रत्येकशो नवैते स्युर्विकल्पाः षडिहान्यथा ॥१६
युक्ताः स्वाद्वम्ललवणाः पृथक्कटूवादिभिस्त्रिभिः ।
कटूवादयस्तथा पूर्वैरित्येते दश पञ्च च ॥१७॥
चतुष्काः पञ्चकाः षट् स्युरेकैकस्य विवर्जनात् ।
षड्भिरेको रसैस्तेषां कल्पनेयं त्रिषष्टिधा ॥ १८ ॥

આગળ-પાછળ મધુર તથા લવણ આદિ જોડાવાથી અનુક્રમે જે બે બે રસવાળા પદાર્થો થાય છે, તેઓને પહેલાંના ત્રણમાં યોજાય, તેથી ત્રણ છેલ્લે છેલ્લે આવવાથી પ્રત્યેક બે ૯ ભેદો થાય; તેમ જ છ બીજા

પ્રકારે યુક્ત થઈ મધુર, અમ્લ તથા લવણ ત્રણે રસો, અલગ અલગ પહેલાંના કટુ આદિ ત્રણ સાથે જોડાઈને તે ૧૫ દ્રવ્યો ચાર રસોવાળાં સમજાય છે; તેમ જ એક એક રસને છોડવાથી પાંચ પાંચ રસવાળાં છ દ્રવ્યો થાય છે; વળી છયે રસોથી યુક્ત એક દ્રવ્યનો ભેદ એક થાય છે; એમ એકંદર ૬૩ પ્રકારની આ રસકલ્પના અહીં કહી છે.

વિવરણ : અહીં ૧૫-૧૮ શ્લોકોમાં ચારચાર રસવાળાં ૧૫ દ્રવ્યો, પાંચ પાંચ રસવાળાં ૬ દ્રવ્યો અને છ યે રસોવાળું એક જણાવવામાં આવેલ છે; તેનો વિસ્તાર ચરક તથા સુશ્રુતમાં આમ સ્પષ્ટ કરેલ છે; જેમકે ચરક, સૂત્રસ્થાનના ૨૬ અધ્યાયમાં ૩૬ થી ૪૧ શ્લોકોમાં આમ જણાવે છે-વક્ષ્યન્તે તુ चतुष्केण द्रव्याणि दश पञ्च च। स्वाद्वम्लौ सहितौ योगं लवणाद्यैः पृथग् गतैः॥ योगं शेषैः पृथग् यातश्चतुष्करससंख्यया। सहितौ स्वादुलवणौ तद्वत् कट्वादिभिः पृथक्। युक्तौ शेषैः पृथग् योगं शेषैरम्लकटू तथा, युज्येते तु कषायेण सतिक्तौ लवणोषणौ॥- આ ૩૬-૩૯ શ્લોકોમાં ત્યાં આમ ચાર ચાર રસોવાળાં ૧૫ દ્રવ્યોને ચરક આમ સૂચવે છે કે હવે ચાર ચાર રસોવાળાં ૧૫ દ્રવ્યો આમ સમજવાં જોઈએ; જેમ કે મધુર તથા અમ્લ બે રસો સાથે રહી લવણ કટુ તથા તિક્ત રસો સાથે અલગ અલગ રહેલા બીજા રસોની સાથે પણ અલગ અલગ સંબંધ પામે છે; તેમ જ મધુર તથા લવણ-બે રસો કટુ તથા તિક્ત એ બે રસોની સાથે તેમ જ બાકીના તિક્ત તથા કષાય રસની સાથે પણ અલગ અલગ જોડાય છે; તેમજ અમ્લ તથા લવણ-બે રસો, સાથે જ જોડાયેલા રહી કટુ આદિની સાથે એટલે કે કટુ તથા તિક્તની સાથે સંયોગ પામે છે; અને અમ્લ તથા કટુ બે રસો, બાકીના તિક્ત તથા કષાયરસની સાથે અલગ અલગ સંબંધ પામે છે; તેમ જ લવણ તથા કટુ બેય રસો પણ તિક્તની સાથે રહી કષાય રસની સાથે જોડાય છે; આમ એકંદર ચાર ચાર રસોવાળાં ૧૫ દ્રવ્યો આમ સ્પષ્ટ સમજી શકાય છે: મધુર-અમ્લ-લવણ-કટુક, મધુર-અમ્લ-લવણ-તિક્ત, મધુર-અમ્લ-લવણ-કષાય, મધુર-અમ્લ-કટુ-તિક્ત, મધુર-અમ્લ-લવણ-કષાય, મધુર-અમ્લ-કટુ-તિક્ત-કષાય એમ ચાર ચાર રસોવાળાં છ દ્રવ્યોની સંખ્યા થઈ; તેમ જ મધુર તથા લવણ-બેય રસો કટુ તથા તિક્ત રસો સાથે અલગ અલગ જોડાઈને ચાર ચાર દ્રવ્યોવાળાં ચારની સંખ્યા આમ થાય છે; જેમકે મધુર-લવણ-તિક્ત-કટુ, મધુર-લવણ-કટુ-કષાય, મધુર-લવણ-તિક્ત-કષાય; વળી મધુર તથા કટુરસ, તિક્તરસની સાથે જોડાઈ કષાયરસની સાથે જોડાય છે. તેથી મધુર-કટુ-તિક્ત-કષાય એમ ચાર રસોવાળું એક દ્રવ્ય થાય છે; તેમ જ અમ્લ તથા લવણ-બે રસો કટુ તથા તિક્તની સાથે અને બાકીના તિક્ત તથા કષાયની સાથે અલગ અલગ સંબંધ પામે છે; તેથી અમ્લ-લવણ-કટુ-તિક્ત રસયુક્ત દ્રવ્ય, અમ્લ-લવણ-કટુ-કષાય રસયુક્ત દ્રવ્ય અને અમ્લ-લવણ-તિક્ત-કષાય રસવાળું દ્રવ્ય થાય છે; તેમ જ બેય સાથે જોડાયેલા અમ્લ અને કટુરસ બાકીના તિક્ત તથા કષાયરસનો સાથે મળી અમ્લ-કટુ-તિક્ત-કષાય-લવણ તથા કટુરસ બેય તિક્ત સહિત કષાય રસની સાથે જોડાઈ પંદરમું આ દ્રવ્ય થાય છે; જેમકે લવણ-કટુ-તિક્ત-કષાય રસવાળું એક દ્રવ્ય; આમ સુશ્રુતે પણ ઉત્તરતંત્રના ૬૩ મા અધ્યાયમાં ચાર ચાર રસોવાળાં દ્રવ્યો આમ કહ્યાં છે-चतुष्करससंयोगान्मधुरो दश गच्छति, चतुरोऽम्लोऽनुगच्छेच्च लवणस्त्वेकमेव तु॥'-ચાર રસોના સંયોગથી મધુર રસ, એમ દશને અનુસરે છે; અમ્લ રસ ચારને અનુસરે છે અને લવણ રસ તો એકને જ અનુસરે છે, તેથી ચાર ચાર રસોવાળાં ૧૫ દ્રવ્યો આમ જાણવાં-મધુરામ્લ-લવણકટુક, મધુરામ્લ-લવણતિક્ત, મધુરામ્લ-લવણકષાય, મધુરામ્લ-કટુ-તિક્ત, મધુરામ્લ-કટુકષાય, મધુરામ્લ-તિક્તકષાય, મધુરલવણકટુતિક્ત, મધુરલવણકટુકષાય, મધુરલવણ-તિક્તકષાય, મધુર-કટુ-તિક્ત-કષાય એમ એ દશની આદિમાં મધુર રસ જોડાય છે; તેમ જ અમ્લ-લવણ-કટુ-તિક્ત, અમ્લલવણ-કટુ-કષાય, અમ્લ-લવણ-તિક્તકષાય, અમ્લ-કટુતિક્તકષાય-એમ એ ચારની આદિમાં અમ્લ-ખારો રસ જોડાય છે; અને લવણ-કટુ-તિક્ત-કષાય એમ એકની આદિમાં

લવણ રસ જોડાય છે; 'एवमेते चतुष्करससयोगाः पञ्चदश कीर्तिताः'—એમ તે ચાર ચાર રસના સંયોગો ૧૫ કહ્યા છે; તે પછી ચરકે તથા સુશ્રુતે પણ પાંચ રસોવાળાં દ્રવ્યો ૬ કહ્યાં છે; જેમ કે—षट् तु पञ्चरसान्याहुरेकैकस्यापवर्जनात्'—છ રસોમાં સ્નેહન એક એક રસનો ત્યાગ કરવાથી પાંચ રસોવાળાં છ દ્રવ્યો આમ થાય છે; જેમ કે મધુર અમ્લ-લવણ-કટુ-તિક્ત રસવાળું દ્રવ્ય, મધુર-અમ્લ-લવણ-કટુ-કષાય રસવાળું દ્રવ્ય, મધુર-અમ્લ-લવણ-તિક્ત-કષાય રસવાળું દ્રવ્ય, મધુર-લવણ-કટુ-તિક્ત કષાય રસવાળું દ્રવ્ય અને અમ્લ-લવણ-કટુ-તિક્ત કષાય રસવાળું દ્રવ્ય. સુશ્રુતે પણ ઉત્તરતંત્રના ૬૩ મા અધ્યાયમાં પાંચ રસોવાળાં છ દ્રવ્યો આમ કહ્યાં છે; જેમ કે 'पञ्चकान् पञ्च मधुर एकमम्लस्तु गच्छति।'—એક મધુર રસ બીજા પાંચ રસોમાં મળે અને એક અમ્લ રસ પાંચ બીજા રસોમાં મળે, તેથી પાંચ પાંચ રસોવાળાં છ દ્રવ્યો આમ સમજાય છે—मधुराम्ललवणकटुतिक्तरस, मधुराम्ललवणकटु-कषायरस, मधुराम्ललवणतिक्तकषाय रस, मधु-राम्लकटुतिक्तकषायरस, मधुरलवणकटुतिक्तकषाय રસવાળું પાંચમું દ્રવ્ય અને છઠ્ઠું—अम्ललवणकटु-तिक्तकषाय રસવાળું દ્રવ્ય પણ મળે છે; એમ પાંચ પાંચ રસોવાળાં ૬ દ્રવ્યો છે. એમ કહ્યા પછી ત્યાં ચરકે તથા સુશ્રુતે પણ છયે રસોવાળું એક દ્રવ્ય કહીને એકંદર ૬૩ રસોની સંખ્યા આમ કહી બતાવી છે, જેમ કે 'षट् चैवैकरसानि स्युरेकं षड्-रसमेव तु। इति त्रिषष्टिर्द्रव्याणां निर्दिष्टा रससंख्यया॥'—જેમ એક એક રસવાળાં ૬ દ્રવ્યો હોય છે, તેમ છયે રસોવાળું એક જ દ્રવ્ય પણ હોઈ શકે છે; એમ ૬૩ રસોવાળાં દ્રવ્યોની સંખ્યા દર્શાવી છે; તેમાંની છેલ્લી સંખ્યા છયે રસોવાળો આમ જણાય છે; જેમ કે મધુર-અમ્લલવણકટુતિક્ત-કષાયરસવાળું એક દ્રવ્ય પણ હોઈ શકે છે; આમ રસોની ૬૩ની સંખ્યા મળે છે. અષ્ટાંગ-હૃદયના સૂત્રસ્થાનના ૧૦ મા અધ્યાયમાં ૬૩ રસો-વાળાં દ્રવ્યોની ૬૩ની સંખ્યાને દર્શાવતો આ એક શ્લોક આમ કહ્યો છે; જેમ કે 'षट् पञ्चकाः षट् च पृथग् रसाः स्युश्चतुर्द्विकौ पञ्चादशप्रकारौ। भेदा-स्त्रिकाविंशतिरेकमेव, द्रव्यं षडास्वादमिति त्रिषष्टिः॥'—અલગ અલગ એક એક રસવાળાં ૬ દ્રવ્યો, બે બે રસોવાળાં ૧૫ દ્રવ્યો, ત્રણ ત્રણ રસોવાળાં ૨૦ દ્રવ્યો, ચાર ચાર રસોવાળાં ૧૫ દ્રવ્યો, પાંચ પાંચ રસોવાળાં ૬ દ્રવ્યો અને છયે રસોવાળું એક દ્રવ્ય મળી એકંદર ૬+૧૫+૨૦+૧૫+૬+૧=૬૩ રસોથી યુક્ત દ્રવ્યોની સંખ્યા ચરકે, સુશ્રુતે તથા આ કાશ્યપ-સંહિતામાં પણ જણાવી છે. ૧૫-૧૮

અસંયુક્ત રસો ૬ અને સંયુક્ત રસો ૫૭

संयोगाः सप्तपञ्चाशदसंयुक्तास्तु षड्रसाः।
षडेव त्रिषु युज्यन्ते रसा दोषेषु योगतः॥ १९॥
क्वचिदेकः क्वचिद् द्वौ च दोषवृद्ध्या क्वचित्त्रयः।
हीनमध्यातिवृद्धानां दोषाणां तु यथाक्रमम्॥२०॥
हीनमध्याधिकैरेवं रसैः कुर्याद्उपक्रमम्।
द्वयुद्बलैकोद्बलानां च समानां चैव तद्विधैः॥२१॥

એમ એકંદર (દ્રવ્યમાં) સંયોગવાળા રસો ૫૭ થાય છે, પણ અસંયુક્ત—એકલા રસો તો ૬ જ છે; એ છ જ અસંયુક્ત રસો, વાત—પિત્ત અને કફ—એ ત્રણ દોષો સાથે યોગાનુસાર જોડાય છે; કોઈ દોષમાં એક રસ, કોઈ દોષમાં બે રસ; કોઈ દોષમાં તેની વૃદ્ધિ અનુસાર ત્રણ રસો જોડાયેલા હોય છે; એમ હીન, મધ્ય અને અતિવૃદ્ધ દોષોના ક્રમ અનુસાર હીન, મધ્ય તથા અધિક રસો દ્વારા જ વૈદ્યે અનુક્રમે ચિકિત્સા કરવી; તેમ જ બે દોષો જેમાં ઉલ્બણ એટલે કે કુપિત હોય અથવા એક દોષ જેમાં કુપિત થયા હોય અથવા ત્રણે દોષો જેમાં સરખા હોય તો તેવા રોગોની ચિકિત્સા, તેવા પ્રકારના હીન, મધ્ય તથા અધિક રસોથી યુક્ત ઔષધદ્રવ્યો વડે વૈદ્યે કરવી.

રસવૃદ્ધિના પ્રમાણ અનુસાર ચિકિત્સા-નો ઉપદેશ

वृद्धानां क्षपणं कार्यं मध्यानां यापनं तथा।
क्षीणानां वर्धनं चैव रसवृद्धिप्रमाणतः॥ २२॥

જે કાળે દોષો તથા તે તે દોષ અનુસાર રસો વધ્યા હોય, તે વેળા તે તે દોષોનું

તથા રસોનું ઓછાપણું કરવું; તેમ જ મધ્યમ દોષો તથા મધ્યમ રસોનું યાપન કરવું; એટલે વધ-ઘટ ન થતાં એમના એમ રહે, તે પ્રમાણે કરવું અને જે દોષો તથા રસો ક્ષીણ થઈ ઓછા થયા હોય તેમાં રસવૃદ્ધિ થાય એ પ્રમાણે ચિકિત્સા કરવી. ૨૨

વિવરણ : આયુર્વેદની ઉત્તમ ચિકિત્સાપદ્ધતિ અહીં ગ્રન્થકારે દર્શાવી છે. સુશ્રુતમાં પણ સ્વાસ્થ્યની રક્ષા કરવા માટે આયુર્વેદનું પ્રયોજન બતાવતા ભગવાન ધન્વન્તરિ આમ કહે છે કે–इह खल्वायुर्वेदप्रयोजनं व्याध्युपसृष्टानां व्याधिपरिमोक्षः स्वस्थस्य रक्षणं च–આ લોકમાં આયુર્વેદનું પ્રયોજન આ જ છે કે માણસના સ્વાસ્થ્ય કે આરોગ્યનું જ રક્ષણ કરવું એ જ આયુર્વેદનો મુખ્ય ઉદ્દેશ છે; એટલે જે લોકો રોગોથી ઘેરાયા હોય તેઓને રોગોથી છોડાવવા અને જેઓ રોગરહિત-સ્વસ્થ અવસ્થામાં હોય તેઓના આરોગ્યની જાળવણી કર્યા કરવી. ચરકે પણ સૂત્રસ્થાનના ૩૦ મા અધ્યાયમાં આયુર્વેદનું પ્રયોજન આ જ કહ્યું છે, પરંતુ ત્યાં ક્રમ ઉપર બતાવ્યો છે અને તે જ સ્વાભાવિક જણાય છે. હરકોઈ માણસ ઉત્પન્ન થાય ત્યારે તેના જન્મ સમયથી માંડીને જ સામાન્યપણે તે નીરોગી જ રહ્યા કરે એટલે કે તેને રોગ જ ન થાય, એવા ઉપચારો ચાલુ રાખ્યા કરવા, એ જ માર્ગ ઉત્તમ છે; છતાં પ્રજ્ઞાપરાધન આદિના કારણે જો રોગ ઉત્પન્ન થાય તો તેને દૂર કરવા આયુર્વેદની ચિકિત્સા, નિદાનાદિના જ્ઞાનપૂર્વક ચાલુ કરીને તે તે રોગને દૂર કરવો અને તે તે રોગીને એમ આયુર્વેદના માર્ગ અનુસાર સ્વસ્થ કરવો; જેમકે–'धातुसाम्यक्रिया चोक्ता तन्त्रस्यास्य प्रयोजनम्'–વધઘટ થયેલી શરીરની ધાતુમાં સમાનતા થાય એવી ક્રિયા કે ચિકિત્સા કરવી; એ જ આયુર્વેદ શાસ્ત્રનું પ્રયોજન છે. ૨૨

આયુર્વેદની ચિકિત્સામાં રસ વિપર્યયની આવશ્યકતા

विशेषोऽत्र यथायोगं कार्यो रसविपर्ययात् ।
एवं द्विषष्टिदोषाणां रसैरेषां द्विषष्टिभिः ॥ २३ ॥
साम्यं तैः षट्कैरेवैकः स्वस्थवृत्तौ प्रयुज्यते ।

અહીં દર્શાવેલ આયુર્વેદ-ચિકિત્સાક્રમમાં રસવિપર્યય દ્વારા યથાયોગ્ય વિશેષ ફેરફાર અવશ્ય કરવાની જરૂર હોય છે; એટલે કે ૬૨ ની સંખ્યા ધરાવતા પૂર્વોક્ત દોષોની સમાનતા, ઉપર કહેલા ૬૨ રસો દ્વારા કરવાની જરૂર હોય છે. એકંદર સ્વસ્થ માણસનું સ્વાસ્થ્ય જળવાય અથવા રોગીમાં સ્વાસ્થ્યની ફરી પ્રાપ્તિ થાય, તે માટે દોષોની ગણતરી અનુસાર રસોની જે ગણતરી તે તે ષટ્કો દ્વારા કરી છે એટલે ૬+૧૫+૨૦+૧૫+૬+૧=એમ છ થોકડીથી જે ૬૨ રસોને ગણાવ્યા છે; તેઓને તે તે પૂર્વોક્ત ૬૨ દોષોની ગણતરી સાથે મિશ્ર કરીને દોષોની તથા રસોની સમાનતા કરવી અને જે માણસ સમાન દોષ-પ્રકૃતિવાળો હોય, તેમાં છયે દોષોની સમાનતાવાળો એક જ પ્રકારનો પ્રયોગ કરવો, એ જરૂરી હોય છે. ૨૩

વિવરણ : અર્થાત્ આ શ્લોકમાં આમ કહેવા માગે છે કે હરકોઈ ચિકિત્સામાં રસોના વિપર્યય કે ફેરફારને અનુસરી યોગાનુસાર વિશેષ કરવો જરૂરી હોય છે; એ પ્રકારે ૬૨ રસો દ્વારા ૬૨ દોષોની ચિકિત્સા કરવી જોઈએ, પરંતુ છ રસોના યોગથી જે એક મિશ્રરસવાળું દ્રવ્ય તૈયાર થાય છે–મધુર-અમ્લ-લવણ-કટુ-તિક્ત-કષાય–એ છ યે રસોવાળું જે દ્રવ્ય સેવાય છે, તેથી ત્રણે દોષો એકસરખા રહે છે, અને તેવા દોષસામ્યથી માણસનું સ્વાસ્થ્ય જળવાઈ રહે છે; એમ રસોની ૬૨ કલ્પનાથી રોગ મટે છે અને ૬૩ મી છ યે રસોવાળી દ્રવ્યકલ્પનાથી સ્વાસ્થ્ય જળવાઈ રહે છે. ૨૩

કફના વ્યાધિમાં કટુતિક્ત અને કષાય રસોવાળું ઔષધ અપાય

कटुतिक्तकषायांस्तु रसान् प्राज्ञो यथाक्रमम् ॥२४॥
योगतः कफजे व्याधौ भैषज्यमवतारयेत् ।
प्रयुक्तः कटुकः पूर्वं पैच्छिल्यं गौरवं च यत् ॥२५॥
श्लेष्मणस्तं निहन्त्याशु तिक्तस्तस्मादनन्तरम् ।
ह्रासयत्यास्यमाधुर्यं कफं संशोषयत्यपि ॥ २६ ॥

संगृह्णाति कषायश्च स्नेहं चास्यापकर्षति ।

અતિશય વિદ્વાન વૈદ્યે કફના રોગમાં કટુક, તિક્ત તથા કષાય રસોને યોગ દ્વારા અનુક્રમે ઔષધરૂપે ઉપયોગમાં લેવા. એકંદરે કફના રોગમાં પ્રથમ કટુક તીખા-રસનો પ્રયોગ કર્યો હોય તો રોગીના શરીરમાં રહેલ કફના પૈચ્છિલ્ય-ચીકાશ તથા ગૌરવનો નાશ કરે છે; એમ કટુક રસનો પ્રયોગ કર્યા પછી જો તિક્ત-કડવા રસનો પ્રયોગ કર્યો હોય તો મોઢાની મધુરતાને તે ઓછી કરે છે અને કફને પણ સારી રીતે સૂકવી નાખે છે; તેમ જ કફના રોગમાં જો કષાય રસવાળા દ્રવ્યનો પ્રયોગ કરાવ્યો હોય તો એ કષાય રસ કફના રોગીના શરીરમાંથી વધુ પડતા સ્નેહને ખેંચી કાઢે છે. ૨૪-૨૬

તિક્ત, મધુર તથા કષાય રસો પિત્તના રોગમાં હિતકર થાય

तिक्तस्वादुकषायाः स्युः क्रमशः पैत्तिके हिताः ॥२७
आमान्वयत्वात् पित्तस्य पूर्वं तिक्तोऽवचारितः ।
पाचयत्याशु तं पक्वं ततस्तु मधुरो रसः ॥२८॥
शैत्याद् गुरुत्वात् स्नेहाच्च माधुर्याच्च नियच्छति ।
तद्द्रवत्वविघातार्थं कषायश्चावचारितः ॥२९॥
रौक्ष्याद्विशोषिभावाच्च विशोषयति तैजसम् ।

તિક્ત-કડવો, મધુર તથા કષાય એ ત્રણ રસો, પિત્તના રોગમાં અનુક્રમે હિત-કારી થાય છે; પિત્તને 'આમ' રસનું અનુ-સરણ હોય છે, તે કારણે પિત્તના રોગમાં તિક્ત-કડવા રસવાળા ઔષધનો જો પ્રથમ પ્રયોગ કરાયો હોય તો એ તિક્તરસ, આમરસનું જલદી પાચન કરે છે; પછી તે પક્વ થયા પછી મધુર રસવાળું દ્રવ્ય જો ઉપયોગમાં લેવડાવ્યું હોય તો એ મધુર દ્રવ્ય પોતાના મધુરપણાથી, શીતળતાથી, ભારેપણાથી તેમ જ સ્નેહના કારણે પિત્તને કાબૂમાં લે છે; તે પછી એ પિત્તના દ્રવપણાનો કે પ્રવાહીપણાનો વિઘાત કરવા માટે જો કષાય રસયુક્ત ઔષધનો પ્રયોગ કરાવ્યો હોય, તો એ કષાયરસયુક્ત ઔષધ, પોતાની રૂક્ષતા તથા અતિશય સૂકવી નાખવાપણાના સ્વભાવને લીધે તૈજસ-પિત્તનું વિશેષે કરી શોષણ કરે છે-પિત્તને અત્યંત સૂકવી નાખે છે. ૨૭-૨૯

વાયુના રોગમાં લવણ, અમ્લ તથા મધુર રસવાળું ઔષધ હિતકારી થાય

वातिके लवणः पूर्वं संयोगादवचारितः ॥३०॥
प्रक्लेदिभावाज्जयति विबन्धं मातरिश्वनः ।
निहन्ति शैत्यमुष्णत्वाद् गुरुत्वाच्चापि लाघवम् ॥३१
तथैवाम्लो रसः पश्चात्तस्मिन्नेवावचारितः ।
जडीकृतानि स्रोतांसि तैक्ष्ण्यादुद्धाट्य मारुतम् ॥३२
अनुलोमयति क्षिप्रं स्निग्धोष्णत्वाद्विमार्गगम् ।
अम्लादनन्तरं पश्चात् प्रयुक्तो मधुरो रसः ॥३३॥
वायोर्लघुत्वं वैशद्यं रूक्षत्वं च व्यपोहति ।
गुरुत्वात् पिच्छिलत्वाच्च स्निग्धत्वाच्च यथाबलम् ॥
इत्युक्ताः सर्वरोगेषु रसानां प्रविचारणाः ।

વાયુના રોગમાં પ્રથમ લવણરસનો અમુક દ્રવ્યોના સંયોગ દ્વારા જો ઉપયોગ કરાવ્યો હોય તો તેનામાં અતિશય ક્લેદ-યુક્તપણું અથવા ભેજ ઉપજાવવાનો સ્વ-ભાવ હોવાથી વાયુના વિબંધને મટાડે છે. એટલે કે વાયુની છૂટ કરાવે છે, તેમ જ એ લવણ રસયુક્ત ઔષધમાં ઉષ્ણતા તથા ગુરુત્વ પણ હોય જ છે; તેથી એ લવણરસયુક્ત દ્રવ્ય શરીરમાં રહેલ શીતળપણાનો તથા હલકાપણાનો પણ નાશ કરે છે; તે જ પ્રમાણે એ વાયુના જ રોગમાં પાછળથી જો અમ્લ-રસયુક્ત દ્રવ્યનો જો પ્રયોગ કરાવ્યો હોય તો એ અમ્લરસયુક્ત દ્રવ્યમાં તીક્ષ્ણતા હોવાથી (વાયુએ) જડ કરેલા સ્રોતોને તે ઉઘાડી નાખે છે અને જલદીથી વાયુને અનુલોમ કરે છે એટલે કે તેના સવળા માર્ગે ગતિ કરાવે છે; કારણ કે એ અમ્લરસ-યુક્ત દ્રવ્યમાં સ્નિગ્ધતાયુક્ત ઉષ્ણતા હોય છે, તેથી એ દ્રવ્ય વાયુનું અનુલોમન કરી શકે છે; એમ અમ્લ-રસયુક્ત દ્રવ્યનો

પ્રયોગ કર્યા પછી જો મધુર-રસયુક્ત દ્રવ્ય ઉપયોગમાં લીધું હોય તો એ દ્રવ્ય પોતાના ગુરુપણાથી, ચીકાશથી અને સ્નિગ્ધપણાથી પોતાના બળને અનુસરી વાયુના હલકાપણાને, વિશદગુણને તથા રૂક્ષતાને પણ દૂર કરે છે; એમ(કફના, પિત્તના તથા વાયુના) સર્વ રોગોમાં રસોની જે ઉપયોગ કરવાની જે પદ્ધતિ છે, તે અહીં કહી છે.

ઉપર્યુક્ત પદ્ધતિથીજ જ્વરાદિરોગમાં હિતકર પ્રયોગો કહ્યા છે

दृश्यन्ते प्रायशो योगा रोगेषूक्ता ज्वरादिषु ॥३५॥
कटुतिक्तकषायाश्च रसतो मधुरास्तथा ।
वातज्वरे यथापूर्वं पेयायूषरसादिषु ।
लवणोऽम्लश्च युज्येते रसौ संस्कारयोगिनौ ॥३६॥
ततो विदारिगन्धादिर्मधुरः संप्रयुज्यते ।

ઉપર દર્શાવેલી ચિકિત્સા-પદ્ધતિને અનુસરીને જ જ્વરાદિરોગોમાં લગભગ તે તે રસયુક્ત દ્રવ્યોના જ યોગો (તે તે દોષયુક્ત રોગને અનુસરી) કહેવાયા છે; જેમ કે રસને અનુસરીને જ કટુ-તીખાં, તિક્ત-કડવાં તથા કષાય રસવાળાં દ્રવ્યો અને મધુર રસવાળાં દ્રવ્યોના પ્રયોગો કહ્યા છે; જેમ કે વાતજ્વરમાં પ્રથમ અપાતાં પેયા, યૂષ, માંસરસ આદિમાં સંસ્કારના યોગવાળા લવણ તથા મધુર રસ યોજવામાં આવે છે અને તે પછી જ વિદારિગંધા આદિ મધુરરસવાળાં ઔષધગણનો સારી રીતે પ્રયોગ કરવામાં આવે છે. ૩૫,૩૬

પિત્તજ્વરમાં પ્રયોગ કરાતાં તેને મળતાં રસદ્રવ્યો

पित्तज्वरे यथा तिक्तः शार्ङ्गेष्टादिः प्रयुज्यते ॥३७॥
मधुरः सारिवादिश्च, कषायश्चाभयादिकः ।

તે જ પ્રમાણે પિત્તજ્વરમાં (તે દોષને દૂર કરનારી) કાકજંઘા કે કાકમાચી નામની પીલુડીની એક જાત જેમાં મુખ્ય છે, તે ઔષધગણનો સારી રીતે પ્રયોગ કરાય છે; તેમ જ સારિવા-ઉપલસરી આદિ મધુરરસયુક્ત ઔષધગણનો તથા અભયા-હરડે આદિ કષાયરસયુક્ત ઔષધ ગણનો પણ સારી રીતે પ્રયોગ કરાય છે. ૩૭

કફજ્વરમાં પ્રયોગ કરાતાં રસદ્રવ્યો

पिप्पल्यादिर्यथापूर्वं कटुकः कफजे ज्वरे ॥ ३८ ॥
आरग्वधादिकस्तिक्तः, कषायस्त्रिफलादिकः ।

કફજ્વરમાં પિપ્પલ્યાદિ તીખાં દ્રવ્યોનો ઔષધગણ જો પ્રથમ પ્રયોગ કરાયો હોય તો તે હિતકારી થાય છે; તે પછી એ કફજ્વરમાં આરગ્વધાદિ-ગરમાળો વગેરે કડવાં ઔષધોનો વર્ગ ઉપયોગમાં લેવાય અને તે પછી ત્રિફલા આદિ કષાયરસ યુક્ત ઔષધવર્ગ જો અપાય તો રોગીને તે હિતકારી થાય છે. ૩૮

તે તે રોગવિરોધી રસદ્રવ્યો વાપરવાં

सर्वत्रैवानया युक्त्या यथोद्दिष्टानरसान् बुधः ॥३९॥
यथोदोषं यथायोगं प्रयुञ्जीत यथेप्सितम् ।
प्रक्षेपैरवकर्षैश्च द्रव्याणामन्यथाऽन्यथा ॥ ४० ॥

ઉપર દર્શાવેલી યોજનાને અનુસરી વિદ્વાન વૈદ્યે, બધાયે રોગોમાં ઉપર દર્શાવેલ તે તે (રોગ-વિરોધી) રસોનો તે તે દોષાનુસાર અને તે તે રસયુક્ત યોગાનુસાર પોતાની ઇચ્છાનુસાર પ્રયોગ કરવો; એટલે કે તે તે રોગને દૂર કરનાર રસોવાળાં દ્રવ્યોનો તે તે ઔષધપ્રયોગોમાં પ્રક્ષેપ કરીને એટલે કે તે તે ઔષધયોગોમાં તેવાં તેવાં રસવાળાં દ્રવ્યો ઉમેરીને તેમ જ તે તે રોગને વધારે એવાં રસયુક્ત દ્રવ્યોનો અવકર્ષ કરીને એટલે કે તે તે ઔષધયોગોમાંથી તે તે દ્રવ્યોને કાઢી નાખી પ્રયોગો કરવા; નહિ તો તે તે રોગ ઊલટા વધી જાય છે. ૩૯,૪૦

શાસ્ત્રજ્ઞાતા વૈદ્યની ચિકિત્સાપદ્ધતિ કેવી હોય ?

यथा वा वीणया वीणी तन्त्रीणां स्वरकोविदः ।
उत्कर्षैश्चावकर्षैश्च स्वरान् सम्यक् प्रयोजयेत् ॥४१॥
विन्दन् नानाविकल्पैश्च ग्रामरागांश्च दर्शयेत् ।
स्वरमण्डलतत्त्वज्ञो विकल्पैर्बहुविस्तरैः ॥ ४२ ॥

तथैव शास्त्रतत्त्वज्ञो योगज्ञः प्रतिपत्तिमान् ।
व्याधौ बलाबलज्ञश्च प्रकृतिज्ञश्च योगवान् ॥ ४३ ॥
उत्कर्षेश्चावकर्षैश्च प्रयोगाञ्छास्त्रकोविदः ।
केवलैः शीतवीर्यैश्च तथैवोष्णैश्च वीर्यतः ॥ ४४ ॥
शीतैरुष्णैश्च संपृक्तैर्द्रव्यैर्योगान् प्रयोजयेत् ।
कार्त्स्न्यतश्च प्रयुञ्जीत यथावदनुपूर्वशः ॥ ४५ ॥

જેમ સંગીતશાસ્ત્રમાં પ્રસિદ્ધ (નિષાદ આદિ) સ્વરોને જાણનાર વિદ્વાન સંગીતકાર, વીણા આદિ વાદિત્રોને જ્યારે વગાડે છે, ત્યારે એ વીણા આદિ વાદિત્રો દ્વારા તે તે સ્વરોનો સારી રીતે ઉત્કર્ષ તથા અવકર્ષ કરે છે એટલે ચડ-ઊતરના ક્રમથી તે તે સ્વરોને વાદિત્રથી વગાડી પ્રયોગ કરી બતાવે છે; તેમ જ એ સ્વરોના વિકલ્પો અથવા ભેદો દ્વારા તે તે સ્વરવાદન-પ્રયોગને બરાબર સમજીને શ્રોતાગણોને-એટલે કે ચડ-ઊતરપૂર્વક રાગોને વગાડી બતાવે છે; એમ સ્વરમંડલના તત્ત્વને જાણનારો સંગીતશાસ્ત્રી અનેક વિસ્તારવાળા સ્વરોના વિકલ્પો અથવા ભેદોને અનુસરી વાદિત્ર વગાડી બતાવે છે, તે જ પ્રમાણે આયુર્વેદશાસ્ત્રના તત્ત્વને જાણનારો યોગવેત્તા વૈદ્ય આયુર્વેદીય ઔષધપ્રયોગોને બરાબર જાણતો હોઈને તે તે પ્રયોગોની પ્રતિપત્તિ કે સ્વીકાર કરવાની યુક્તિની યોજના કરતો રહીને તે તે રોગમાં તે તે રોગનાં બલ-અબલનો જાણકાર હોઈ તેમ જ રોગીની પ્રકૃતિનો પણ બરાબર જાણકાર હોઈ તે તે રસયુક્ત દ્રવ્યોના પ્રયોગો કરે છે અને તેવો શાસ્ત્રવેત્તા વૈદ્ય તે તે ઔષધપ્રયોગોને ઉત્કર્ષ તથા અવકર્ષપૂર્વક જ કરે છે-એટલે કે રોગને વધારે એવાં રસયુક્ત દ્રવ્યોને ઔષધપ્રયોગમાંથી દૂર કરે છે અને તે તે રોગને મટાડે એવા રસયુક્ત દ્રવ્યોનો તે તે ઔષધપ્રયોગોમાં ઉમેરો કરે છે; તેમ જ કેવળ શીતવીર્ય અથવા કેવળ ઉષ્ણવીર્ય ઔષધદ્રવ્યોનો વધારો કે ઘટાડો કરીને તેમ જ કેવળ શીતળ તથા કેવળ ઉષ્ણ દ્રવ્યોથી મિશ્ર ઔષધપ્રયોગો તૈયાર કરી તેઓનો (રોગનાં બળ-અબળ અનુસાર) સંપૂર્ણ પ્રયોગ કરે છે અને તે તે ઔષધયોગ પણ બરાબર અનુક્રમપૂર્વક-ક્રમશઃ કરે છે.૪૧-૪૫

શાસ્ત્રવેત્તા વૈદ્યને વધુ સૂચના

समुच्चयैर्विकल्पैश्च नानारससमुच्छ्रयैः ।
युञ्जीत बहुधा योगान्वृत्तं गीतवशादिव ॥ ४६ ॥

જેમ કોઈ નૃત્યકાર, ગીતને વશ રહી અનેક પ્રકારે નૃત્યક્રિયા કરે છે, તેમ શાસ્ત્રવેત્તા વૈદ્ય પણ અનેક પ્રકારના રસોના વધારા કરીને તેમ જ તે તે રસોના વિકલ્પો દ્વારા તેઓના સમૂહોને ઉમેરી અથવા તે તે રસના અમુક અમુક વિરુદ્ધ પ્રકારોને કાઢી નાખી અનેક પ્રકારે ઔષધયોગોની યોજના કર્યા કરે. ૪૬

આયુર્વેદપ્રસિદ્ધ દશ સ્થાનો કહેવાની પ્રતિજ્ઞા

समस्योक्तं पृथक्चोक्तं संप्रधार्य बलाबलम् ।
द्विषष्टिर्दोषभेदा ये निर्दिष्टास्तानतः परम् ॥ ४७ ॥
स्थानानि दश संगृह्य प्रवक्ष्यामि सविस्तरम् ।

એમ દોષોના બળ-અબળ અનુસાર અલગ અલગ નિર્ણય કરી ટૂંકમાં તથા વિસ્તારથી તે તે ઔષધપ્રયોગની યોજના કહેવામાં આવી તેમ જ ૬૨ દોષોના ભેદો તથા ૬૨ રસોના ભેદો પણ દર્શાવવામાં આવ્યા. હવે દશ સ્થાનોને સંગ્રહથી-ટૂંકાવીને તેમ જ વિસ્તારથી દર્શાવીને હું કહું છું. ૪૭

વિવરણ : અહીં જે દશ સ્થાનો કહેવાની પ્રતિજ્ઞા કરી છે, તે શરીરમાં રહેલી સાત ધાતુઓ તથા વાત, પિત્ત અને કફ એ ત્રણ દોષો મળી (રોગોનાં) દશ સ્થાન અહીં જણાવવાને ગ્રંથકાર તૈયાર થાય છે. ૪૭

સ્થાનવૃદ્ધિ અનુસાર દોષોના ૧૪૦ ભેદો

त्रय एकैकशस्तेषां ये च वृद्धास्त्रयः समाः ॥ ४८ ॥
समैरेकश्च सप्तैते क्षयवृद्ध्या चतुर्दश ।
स्थानवृद्ध्या भवेत्तेषां चत्वारिंशोत्तरं शतम् ॥ ४९ ॥

એક એક ભેદને અનુસરી દોષો (વાત, પિત્ત અને કફ) ત્રણ છે; એમાંના જે દોષો વધ્યા હોય તેમ જ સમ રહ્યા હોય, તે દોષો પણ (વાતવૃદ્ધ, પિત્તવૃદ્ધ તથા કફવૃદ્ધ અને વાતસમ, પિત્તસમ તથા કફસમ પણ) ત્રણ ત્રણ જ હોય છે; વળી તે ત્રણે દોષો, એકસરખા થઈને સમ અવસ્થા તરીકે એકરૂપે પણ હોઈ શકે છે; એમ મૂળ ત્રણ દોષો; વધેલા તથા સમ થઈ છ થાય છે અને તેમાં તે ત્રણેની સમ અવસ્થારૂપ એક ભેદ મળતાં તે સાત ભેદો થાય છે. વળી તે સાતે ભેદો ક્ષય-વૃદ્ધિના કારણે ૧૪ થાય છે અને તેઓની સ્થાનવૃદ્ધિ દ્વારા તેઓની સંખ્યા ૧૪૦ ની પણ થાય છે. ૪૮,૪૯

વળી તેના સેંકડો તથા હજારો ભેદો

ત્યુદસ્યૈતાનતઃ શેષા યે ત્રિંશદ્દશ ચાષ્ટ ચ ।
તે મેદં યાન્ત્યમેયત્વાચ્છતશોઽથ સહસ્રશઃ ॥૫૦
દ્વન્દ્વાનાં વિષમાણાં તુ ષણ્ણામન્યતમં બુધઃ ।
સ્વસ્થાનાદ્ધર્ધયેત્તાવદ્યાવત્ સ્યાત્ સ્થાનમષ્ટમમ્ ॥

૭૫૨ દર્શાવેલા તે ભેદોને છોડી બાકીના જે ત્રીસ, દશ તથા આઠ ભેદો રહે છે, તેઓ અમાપ હોવાથી સેંકડો ને હજારો ભેદને પણ પામે છે. વળી વિદ્વાન વૈદ્ય, વિષમ દ્વંદ્વોના જે છ ભેદો થાય છે, તેમાંના કોઈ એકને ત્યાં સુધી વધારી શકે છે કે જ્યાં સુધી તે આઠમા સ્થાને પહોંચી જાય છે. ૫૦,૫૧

એક દ્વંદ્વ દ્વારા ૫૩ ભેદો

એકૈકશો દ્વિશશ્ચૈવ ચતુર્વિંશદ્ભવન્તિ તે ।
હ્રાસેનૈકૈકશશ્ચાપિ વિંશત્નવ ચ ભેદતઃ ॥૫૨॥
એવમેતે ત્રિપઞ્ચાશદ્ દ્વન્દ્વેનૈકેન દર્શિતાઃ ।

અલગ અલગ એક એક દોષ, દ્વંદ્વરૂપ થઈને ૨૪ પ્રકારે થાય છે અને તેઓ એકએકના હ્રાસથી ૨૦ અને ૯ ભેદરૂપે પણ થઈ શકે છે; એમ એક દ્વંદ્વથી ૨૪+૨૯=૫૩ ભેદો દર્શાવ્યા છે. ૫૨

છ દ્વંદ્વોથી એમ ૩૧૮ ભેદો થાય

એષૈવ યુક્તિઃ શિષ્ટાનાં દ્વન્દ્વાનાં સ્યાન્ન સંશયઃ ॥
શતત્રયં ભવત્યેવમેષામષ્ટાદશોત્તરમ્ ।

એ જ યુક્તિ, બાકીનાં દ્વંદ્વોની પણ થાય, એમાં સંશય નથી; તેથી એ છયે દ્વંદ્વોના પ્રત્યેકના ૫૩ ભેદો થતાં (૫૩×૬=૩૧૮) એકંદર ૩૧૮ ભેદો થાય. ૫૩

દ્વ્યુદ્રિક્તૈકોદ્રિક્તાનાં ચ તાવદેવ વિનિર્દિશેત્ ॥૫૪॥

એટલું જ પ્રમાણ, બે ઉલ્બણ તથા એક ઉલ્બણ એટલે કે બે દોષની અધિકતા કે એક દોષની અધિકતા વડે પણ થઈ શકે છે. ૫૪

બધા વૃદ્ધ તથા ક્ષીણ દોષોના ભેદો

હીનમધ્યાધિકા દોષાઃ સ્વે સ્વે સ્થાને વ્યવસ્થિતાઃ ।
સ્વસ્થાનાત્ સપ્તમં સ્થાનમેકૈકક્ષયેણ યાન્તિ તે ॥
દ્વૌ ચ દ્વૌ ચ સમસ્તાશ્ચ તેષાં ષટ્ સપ્તકાસ્તથા ।
ભવન્તિ હ્રાસયેત્તાંશ્ચ યથા(સ્થા)નમધઃ ક્રમાત્ ॥
પઞ્ચાશીતિમતસ્તેષાં ભેદાનાં પરિચક્ષતે ।
એષ એવ વિકલ્પઃ સ્યાચ્છેષાણાં પ્રવિભાગશઃ ॥૫૭॥
શતાનિ સપ્ત ષષ્ટિશ્ચ દ્વૌ ચ ભેદા ભવન્તિ તે ।
એવં સહસ્રં ભેદાનાં વૃદ્ધૈસ્ત્રીણિ શતાનિ ચ ॥૫૮
દોષૈર્નવતિરષ્ટૌ ચ ક્ષીણૈસ્તાવન્ત એવ તે ।

હીન, મધ્ય તથા અધિક દોષો પોતપોતાના સ્થાને જે રહ્યા હોય તેઓ પોતાના સ્થાનેથી એકએકના ક્રમથી સાતમા સ્થાન સુધી જાય છે; એમ તેઓના સમસ્ત ભેદો બે બે-ચાર, છ અને સાત (મળી ૧૭) થાય છે; પછી તેઓને યથાસ્થાનેથી એટલે કે પોતપોતાના સ્થાન પ્રમાણે નીચેના ઊલટાક્રમે ઓછા કરતા જવા. જેથી તેઓના ૮૫ ભેદો થાય, એમ વૈદ્યો કહે છે. આ જ વિકલ્પ બાકીના દોષોનો પણ વિભાગવાર થઈ શકે છે; એટલે કે એમ તેઓના એકંદર ભેદો ૭૬૨ થાય છે. એ રીતે વૃદ્ધ ભેદોની સંખ્યા થાય છે; તેમ જ ક્ષીણ થયેલા તે દોષોના ભેદો પણ તેટલા જ ૧૩૯૮ થાય છે. ૫૫-૫૮

દ્વિક્ષીણૈરેકવૃદ્ધૈઃ સ્યુઃ ષટ્ ચ ત્રીણિ શતાનિ ચ ॥

यावन्त्येव च भेदानामेकक्षीणैर्द्विरुद्भवैः ।
क्षीणाधिकसमैः षट् च षट् च षट् च शतानि च ॥
क्रम एवात्र भागः स्याद्यो द्वन्द्वेषु निदर्शितः ।

પરંતુ બે ક્ષીણ અને એક વૃદ્ધ દોષો વડે દોષોના ભેદો ત્રણસો ને છ થાય છે; અને એક ક્ષીણ તથા બે અધિક બળવાન થયેલા દોષો વડે પણ તેટલા જ ભેદો થાય છે; વળી ક્ષીણ, અધિક અને સમ થયેલા દોષો વડે છ, છ અને છસો મળી ૬૦૬ ભેદો થાય છે; એમ દ્વન્દ્વોમાં જે ક્રમ અને ભાગ દર્શાવ્યો છે તે જ ક્રમ તથા ભાગ તે ક્ષીણ, અધિક તથા સમદોષ વડે અહીં સમજાય છે. ૫૯,૬૦

चतुर्दश विनिर्दिष्टाः सविकल्पास्तयोः पृथक् ॥
तैः सार्धमेषां सर्वेषां कात्स्न्र्येनैव विभावयेत् ।
सहस्राणि च चत्वारि शतं षष्ट्युत्तरं तथा ॥६२

વળી તે બે દોષોના અલગ અલગ ૧૪ ભેદો જે દર્શાવ્યા છે, તેઓની સાથે એ બધાની સંપૂર્ણપણે જ સરવાળારૂપે ગણતરી કરવી જોઈએ; જેથી તે બધા ભેદોની એકંદર સંખ્યા ૪,૧૬૦ થાય છે.

રોગોના ભેદો પણ એટલા જ થાય

एतावन्तो ज्वराद्यानां भेदाः प्रोक्ता यथागमम् ।
अथैतेषु चतुर्योगविभागगतिकर्मतः ॥ ६३ ॥
सहस्रं सन्निपातानां विद्यात् सनवकं भिषक् ।

જ્વર આદિ રોગોના ભેદો પણ શાસ્ત્ર અનુસાર એટલા જ કહ્યા છે. તે પછી એ રોગોમાં ચાર યોગો, વિભાગો, ગતિ તથા કર્મથી સંનિપાતોની સંખ્યા એક હજાર અને નવની થાય, એમ વૈદ્યે જાણવું. ૬૩

રસોના ભેદોનો વિસ્તાર કહેવાની પ્રતિજ્ઞા

अत ऊर्ध्वं रसानां तु वक्ष्यते भेदविस्तरः ॥ ६४ ॥
कर्मस्थानानि दोषाणां भाववृद्ध्या यथाक्रमम् ।
तथा रसानां षट् कुर्यात् स्थानानीति विनिश्चयः ॥
तदेव कर्म सर्वेषां द्विकादीनां क्षयं विना ।
भवत्येवं द्विकानां तु पञ्चषष्ट्युत्तरं शतम् ॥ ६६ ॥
त्रिकाणां च सविंशानि षट्शतानि विनिर्दिशेत् ।
चतुष्काणां सहस्रं च पञ्चषष्ट्युत्तरं वदेत् ॥ ६७ ॥
पञ्चकानां शतान्यष्टौ स्याच्छतं च षडुत्तरम् ।
षष्ठकानां शते द्वे तु शतं चैकादशोत्तरम् ॥६८॥
संयुक्तानां विकल्पोऽयं सविकल्पाः षडेकतः ।

હવે અહીંથી આરંભી રસોના ભેદોનો વિસ્તાર પણ કહેવાશે; જેમ દોષોનાં કર્મો તથા સ્થાનો ભાવવૃદ્ધિ અનુસાર અનુક્રમે થાય છે, તે જ પ્રમાણે રસોનાં સ્થાનો છ કરવાં જોઈએ, એવો વિશેષ નિશ્ચય કરાયો છે; વળી બે બે મળેલા બધાયે (૧૫) રસોનું કર્મ, ક્ષય વિના તે જ હોઈ શકે છે. એમ બધા દ્વિક–બે બે મળેલા રસોના ભેદોની સંખ્યા ૧૬૫ની થાય છે; તેમ જ ત્રણ ત્રણ મળેલા રસોના ભેદો ૬૨૦ થાય છે; અને ચાર ચાર મળેલા રસોના ભેદો ૧૦૬૫ કહેવા જોઈએ; તે જ પ્રમાણે પાંચ પાંચ મળેલા રસોના ભેદો આઠસોની ઉપર એકસો અને છ ઉપર થાય; એટલે કે ૯૦૬ ભેદો થાય છે; પરંતુ છ છ જોડાયેલા રસોના ભેદો તો બસો, એકસો અને તેની ઉપર અગિયાર–એટલે કે ૩૧૧ ભેદો થઈ શકે છે. એમ સંયુક્ત રસોના તે તે ભેદો અહીં કહ્યા છે; પરંતુ અલગ અલગ રસોનો તો એક જ ભેદ ગણાય છે. ૬૪–૬૮

રસોના એકંદર ભેદો ૩૦૭૩

समानां रसभेदानामेकमेकं तु पिण्डितम् ॥ ६९ ॥
त्रिसप्ततिर्भवत्येषां सहस्रत्रयमेव च ।

ઉપર કહેલા બધાયે રસોના એક એક ભેદને જો એકત્ર કરાય તો તેઓની એકંદર સંખ્યા ૩૦૭૩ થાય છે. ૬૯

રસોના અતિસૂક્ષ્મ ભેદો બિનજરૂરી છે

रसदोषविकल्पानामतिसौक्ष्म्यादतः परम् ।
न वक्ष्यामि महाभाग! न तु बुद्धिपरिक्षयात् ॥७०॥

ઉપર કહ્યા તે સિવાયના રસોના તથા દોષોના ભેદો, તેથી વધારે જોકે થાય છે, તોપણ તેઓનું અતિશય સૂક્ષ્મપણું હોવાના કારણે હું કહેવાનો નથી; કારણ કે હે મહાભાગ્યશાળી વૃદ્ધજીવક! બુદ્ધિનો ક્ષય કે

હ્રાસ વિના તેથી બીજું કોઈ ફળ નથી. ૭૦

રસોના ભેદોનો વિસ્તારથી ઉપદેશ

अतः परमिदानीं रसभेदान् विस्तरेणोपदेक्ष्यामः । तद्यथा—मधुराम्ललवणकटुकतिक्तकषायाः षड्रसाः । एषामिदानीं रसानां विकल्पास्त्रिषष्टिर्भवन्ति । तत्रैकैकश्येन षट् । तद्यथा—मधुर एव, अम्ल एव, लवण एव, कटुक एव, तिक्त एव, कषाय एव ॥ ७१ ॥

હવે પછી રસોના ભેદોનો અમે વિસ્તારથી ઉપદેશ કરીશું; તે જેમ કે મધુર, ખાટો, ખારો, તીખો, કડવો અને તૂરો—એમ છ રસો છે; પરંતુ તેઓના ૬૩ ભેદો જે પ્રકારે થાય છે; તેઓને હવે કહેવામાં આવે છે; તેમાં એક એક જુદા તો છ જ રસો છે; જેમ કે મધુરજ એક, બીજો અમ્લજ—ખાટો, ત્રીજો લવણજ—ખારો, ચોથો કટુજ—તીખો, પાંચમો તિક્તજ—કડવો અને છઠ્ઠો કષાયજ—તૂરો. ૭૧

વિવરણ : અહીં કહેલો પહેલો મધુર—મીઠો રસ એટલે કે તે રસથી યુક્ત દ્રવ્ય જ સમજવું છે; જેમ કે દૂધની તર અને ગાયનું દૂધ વગેરે કેવળ મધુર રસથી જ યુક્ત દ્રવ્યો છે; બીજો જે અમ્લ રસ કહ્યો છે, તેથી એ ખાટા રસવાળાં દ્રવ્યો જ લેવાનાં છે; જેમ કે કાચાં કરમદાં વગેરે; ત્રીજો લવણ-ખારો રસ તે પણ ખારા રસવાળાં દ્રવ્યો જ લેવાય છે; જેમકે સંચળ વગેરે લવણ દ્રવ્યો; ચોથો કટુકરસ પણ તેનાથી યુક્ત દ્રવ્યોને જ સૂચવે છે; જેમ કે ચવક વગેરે તીખા પદાર્થો તેમ જ પાંચમો તિક્તરસ પણ તેનાથી યુક્ત દ્રવ્યો જ સૂચવે છે; લીંબડો, પિત્તપાપડો વગેરે કડવાં દ્રવ્યો અને છઠ્ઠો જે કષાય—તૂરો રસ પણ તે રસથી યુક્ત દ્રવ્યોને જ સૂચવે છે; જેમ કે કમળ તથા વડની ટીશિયો વગેરે દ્રવ્યો તૂરા રસથી યુક્ત હોય છે. ૭૧

पूर्वः पूर्वः परैर्युक्तो द्विकः, ते पञ्चदश भवन्ति । तत्र मधुरः पञ्चभिरम्लादिभिर्युज्यते । तद्यथा—मधुराम्लः, मधुरलवणः, मधुरकटुकः, मधुरतिक्तः, मधुरकषाय इति । अम्लश्चतुर्भिर्लवणादिभिः, तद्यथा—अम्ललवणः, अम्लकटुकः, अम्लतिक्तः, अम्लकषाय इति । लवणस्त्रिभिः, कटुकादिभिः, तद्यथा—लवणकटुः, लवणतिक्तः, लवणकषाय इति । कटुकस्तिक्तकषायाभ्यां द्वाभ्यां; तद्यथा—कटुतिक्तः, कटुकषाय इति । तिक्तः कषायेण च । तद्यथा—तिक्तकषाय इति । ते पञ्चदश एव । ते द्विकाः पञ्चदशविकल्पा भवन्ति; मधुरसंयोगेन पञ्च भवन्ति, अम्लसंयोगेन चत्वारः, लवणसंयोगेन त्रयः, कटुसंयोगेन द्वौ, तिक्तसंयोगेनैक इति । पूर्वेषु त्रिषु रसेषु मधुराम्ललवणेषु त्रयोऽधिका निष्पद्यन्ते । मधुराम्लः, मधुरलवणः, अम्ललवण इति ॥ ७२

અહીં જણાવેલ તે છ રસોમાંનો પહેલો રસ, બીજા બીજા રસો સાથે મળીને બે બે રસવાળાં ૧૫ દ્રવ્યોને જણાવે છે; જેમ કે મધુરઅમ્લ, મધુરલવણ, મધુરકટુક, મધુરતિક્ત, મધુરકષાય—એમ પહેલો મધુર-રસ, પોતાની પાછળ રહેલા અમ્લ વગેરે પાંચરસો સાથે મળી તે તે બે બે રસ-વાળાં પાંચ દ્રવ્યોને સૂચવે છે; તે જ પ્રમાણે બીજો અમ્લ રસ, પોતાની પાછળ રહેલા લવણ વગેરે ચાર રસો સાથે મળી તે તે બે બે દ્રવ્યોવાળાં બીજાં ચાર દ્રવ્યોને જણાવે છે; જેમકે અમ્લ—લવણ, અમ્લ—કટુક, અમ્લ—તિક્ત, અમ્લ—કષાય; તે પછી ત્રીજો લવણરસ, કટુક આદિ ત્રણ રસો સાથે જોડાઈને તે તે બે રસોવાળાં બીજાં ત્રણ દ્રવ્યોને સૂચવે છે; જેમ કે લવણ—કટુ, લવણ—તિક્ત અને લવણ—કષાય; પછી એ લવણરસ પછીનો કટુકરસ, પોતાની પાછળ રહેલા બે રસોની સાથે જોડાઈને તે તે બે બે રસોવાળાં બે દ્રવ્યોને સૂચવે છે; જેમ કે કટુ—તિક્ત અને કટુ—કષાય; પછી પાંચમો તિક્તરસ, છઠ્ઠા કષાય રસ સાથે જોડાઈને તે બે રસવાળાં એક જ દ્રવ્યને સૂચવે છે; જેમ કે તિક્ત—કષાય એટલે કે કડવા તથા તૂરા રસવાળું દ્રવ્ય એક મળે છે; એમ બે બે રસોના મિશ્રણવાળાં ૧૫

દ્રવ્યો હોઈને રસોના ૧૫ ભેદો અહીં સૂચવ્યા છે; એકંદર મધુર રસથી યુક્ત પાંચરસોવાળાં પાંચ દ્રવ્યો, અમ્લરસથી યુક્ત ચાર રસોવાળાં ચાર દ્રવ્યો, લવણરસથી યુક્ત ત્રણ રસોવાળાં ત્રણ દ્રવ્યો, કટુ-તીખા-રસથી યુક્ત બે રસોવાળાં બે દ્રવ્યો અને તિક્તરસથી યુક્ત કષાયરસવાળું એક દ્રવ્ય; આમાં પહેલા ત્રણ રસો-મધુર, અમ્લ તથા લવણમાં ત્રણ અધિક બે બે રસો મળે છે; જેમ કે મધુર-અમ્લ, મધુર-લવણ મધુર-કટુક ઇત્યાદિ. ૭૨

વિવરણ : ૭ રસોમાંનો પહેલો પહેલો રસ, બીજા બીજા રસ સાથે જોડાઈ ૧૫ દ્રવ્યો બે બે રસવાળાં જે જે હોય છે, તેઓને અહીં દર્શાવવા માગે છે; જેમ કે પહેલો મધુર રસ, પોતાની પછી રહેલ અમ્લ આદિ પાંચ રસો સાથે જોડાઈને તે તે બે બે રસોવાળાં પાંચ દ્રવ્યોને સૂચવે છે; જેમ કે મધુર-અમ્લ એટલે મીઠા અને ખાટા રસવાળું દ્રવ્ય બોર, કોઠફલ વગેરે હોય છે. મધુર-લવણ એટલે મીઠા તથા ખારા બે રસોવાળાં દ્રવ્યો-ઊંટડીનું દૂધ અને બેટાંનું માંસ વગેરે હોય છે. મધુર-કટુ એટલે મીઠા તથા તીખા બે રસવાળાં દ્રવ્યો-કૂતરાનું તથા સિયાળનું માંસ વગેરે હોય છે; મધુર-તિક્ત એટલે કે મીઠા તથા કડવા બે રસવાળાં દ્રવ્યો-શ્રીવાસ અને રાળનો રસ વગેરે હોય છે અને મધુર-કષાય રસવાળાં દ્રવ્યો-તલનું તેલ તથા ધન્વનફલ વગેરે હોય છે; તે પછી અમ્લ-રસ, પોતાની પછીનાં લવણ આદિ ચાર રસો સાથે જોડાઈ તે તે બે બે રસોવાળાં ચાર દ્રવ્યોને સૂચવે છે; જેમ કે અમ્લ-લવણ-રસોવાળાં દ્રવ્યો-ક્ષાર વગેરે હોય છે; અમ્લ-કટુ-રસવાળાં દ્રવ્યો ચૂકો વગેરે હોય છે, અમ્લ-તિક્ત રસવાળાં દ્રવ્યો સુરા-મદ્ય વગેરે હોય છે અને અમ્લ-કષાય રસવાળાં દ્રવ્યો હાથણીનું દહીં તથા પોપટનું માંસ વગેરે હોય છે. તે પછી ત્રીજો લવણ રસ, તેની પછીના કટુ આદિ ત્રણ રસોની સાથે જોડાઈ તે તે બે બે રસવાળાં ત્રણ દ્રવ્યોને સૂચવે છે; જેમ કે લવણ-કટુ રસોવાળાં દ્રવ્યો-ગોમૂત્ર તથા સાજીખાર વગેરે હોય છે; લવણ-તિક્ત રસવાળાં દ્રવ્યો-કલઈ, સીસું વગેરે હોય છે; અને લવણ-કષાય રસવાળાં દ્રવ્યો-સમુદ્રનું ફીણ વગેરે હોય છે; પછી ચોથો કટુરસ તેની પછીના બે રસો સાથે જોડાઈ બે બે રસોવાળાં બે દ્રવ્યોને સૂચવે છે, જેમ કે કટુ-તિક્ત રસવાળાં દ્રવ્યો-કપૂર જાયફળ વગેરે હોય છે અને કટુ-કષાય રસવાળાં દ્રવ્યો લિલામાંનાં મીંજ તથા હરતાલ વગેરે હોય છે; પછી પાંચમો તિક્ત રસ છઠ્ઠા કષાય રસ સાથે જોડાઈ બે રસવાળાં એક દ્રવ્યને જણાવે છે; જેમ કે લવલીફલ અને હાથણીનું ઘી વગેરે એમ બે બે રસોનાં જોડકાંરૂપે ૧૫ ભેદો અહીં કહ્યા છે; તેમાં મધુરના સંયોગથી પાંચ, અમ્લના સંયોગથી ચાર, લવણના સંયોગથી ત્રણ, કટુરસના સંયોગથી બે અને તિક્તરસના સંયોગથી એક દ્વિક થાય છે; આવા જ ૧૫ દ્વિકોને ચરકે સૂત્રસ્થાનના ૨૬ મા અધ્યાયમાં કહ્યા છે અને સુશ્રુત પણ ઉત્તરતંત્રના ૬૩ મા અધ્યાયમાં આવાં ૧૫ દ્વિકો કહ્યાં છે. ૭૨

ત્રણ ત્રણ રસોનાં ૨૦ ત્રિકો

एषां त्रयाणां द्विकानामेकैको द्विकस्त्रिभिरितरैः कटुतिक्तकषायै रसैर्योज्यः, ततस्त्रिका निष्पद्यन्ते। तद्यथा-मधुराम्लकटुः, मधुराम्लतिक्तः, मधुराम्लकषायः, मधुरलवणकटुः, मधुरलवणतिक्तः, मधुरलवणकषायः, अम्ललवणकटुः, अम्ललवणतिक्तः, अम्ललवणकषाय इति। उत्तरेषु त्रिषु रसेषु कटुतिक्तकषायेषु त्रयो द्विका निष्पद्यन्ते; तद्यथा—कटुतिक्तः, कटुकषायः, तिक्तकषाय इति; एषां त्रयाणां द्विकानामेकैको द्विकस्त्रिभिरितरैर्मधुराम्ललवणै रसैर्योजयितव्यः, तत्र त्रिका निष्पद्यन्ते। तद्यथा—कटुतिक्तमधुरः, कटुतिक्ताम्लः, कटुतिक्तलवणः; कटुकषायमधुरः, कटुकषायाम्लः, कटुकषायलवणः; तिक्तकषायमधुरः, तिक्तकषायाम्लः, तिक्तकषायलवण इति। पूर्वे चोत्तरे च। पूर्वे च त्रयः, मधुराम्ललवणत्रिक एकः, उत्तरे च त्रयः, कटुकतिक्तकषायत्रिक एकः। त एते त्रिका विंशतिर्भवन्ति; प्रथमेन सूत्रेणोक्ता नव, नव च द्वितीयेन, तृतीयेन द्वाविति ॥ ७३ ॥

ઉપર જે બે બે રસોનાં ત્રણ દ્વિકો કહ્યાં છે, તેમાંનાં એક એક દ્વિકને બીજા ત્રણ-કટુ, તિક્ત, કષાય-એ ત્રણ રસોથી જો યોજાય તો તેથી ત્રિકો સિદ્ધ થાય છે; એટલે કે ત્રણ ત્રણ રસોથી મિશ્ર ૨૦ ત્રિકો સિદ્ધ થાય છે; જેમકે મધુરામ્લકટુ, મધુરામ્લતિક્ત, મધુરામ્લકષાય, મધુરલવણકટુ, મધુરલવણતિક્ત મધુરલવણકષાય, અમ્લલવણકટુ, અમ્લલવણતિક્ત, અમ્લલવણકષાય. છેલ્લા જે ત્રણ રસો કટુ, તિક્ત અને કષાય છે, તેઓમાંના બે બે રસોનાં જોડકાં આમ ત્રણ તૈયાર થાય છે; જેમ કે કટુતિક્ત, કટુકષાય અને તિક્તકષાય; એમ તે ત્રણ દ્વિકોમાંના એક એક દ્વિકનો બીજા ત્રણ મધુર, અમ્લ તથા લવણ રસો સાથે જોડી શકાય છે; તેથી તેમાં ત્રણ ત્રિકો તૈયાર થાય છે; જેમ કે કટુતિક્તમધુર, કટુતિક્તઅમ્લ, કટુતિક્તલવણ, કટુકષાયમધુર, કટુકષાયઅમ્લ, કટુકષાયલવણ, તિક્તકષાયમધુર, તિક્તકષાયઅમ્લ; તિક્તકષાયલવણ; પછી પહેલા ત્રણ અને છેલ્લા ત્રણ રસો જોડાઈને બે ત્રિકો થાય છે; જેમ કે મધુરઅમ્લલવણ અને કટુતિક્તકષાય એમ ૨૦ ત્રિકો સિદ્ધ થાય છે. ૭૩

વિવરણ : અહીં ત્રણ ત્રણ રસોના મિશ્રણથી જે ૨૦ ત્રિકો એટલે ત્રણ ત્રણ રસોના મિશ્રણવાળાં ૨૦ દ્રવ્યો જે કહ્યાં છે, તે આમ જાણવાં-મધુર-અમ્લ-કટુ એ ત્રણ રસોવાળું દ્રવ્ય-શેઢાઈનું માંસ સમજાય છે; બીજું મધુરામ્લતિક્ત-એ ત્રણ રસવાળું દ્રવ્ય-ઘઉંમાંથી બનાવેલી સુરા-મદ્ય સમજાય છે, ત્રીજું મધુર-અમ્લ-કષાય રસવાળું દ્રવ્ય-દહીંની ઉપરનું મસ્તુ-પાણી અને તક્ર-છાશ વગેરે સમજાય છે. પછી ચોથું મધુર-લવણ-કટુ રસવાળું દ્રવ્ય કબૂતર કે હોલાનું માંસ વગેરે જાણવું. પાંચમું મધુર-લવણ-તિક્ત રસવાળું દ્રવ્ય સિયાળ વગેરેનું માંસ સમજવું; છઠ્ઠું મધુર-લવણ-કષાય રસવાળું દ્રવ્ય ગોળથી મિશ્ર કરેલ કમળનો કંદમૂળ વગેરે સમજાય છે; પછી સાતમું અમ્લ-લવણ-કટુ દ્રવ્ય રૂપું તથા શિલાજિત વગેરે જાણવાં; આઠમું અમ્લ-લવણ-તિક્ત દ્રવ્ય હાથીનું મૂત્ર વગેરે જાણવું; નવમું અમ્લ-લવણ-કષાય દ્રવ્ય સંચળથી મિશ્ર કરેલ હાથણીનું દહીં વગેરે જાણવું; દશમું કટુ-તિક્ત-મધુર દ્રવ્ય ઘાસથી રહિત અને ફૂલથી પણ રહિત સૂકી કોથમીર કે ધાણા સમજાય છે; અગિયારમું કટુ-તિક્ત-અમ્લ દ્રવ્ય મરિયાંનું ચૂર્ણ નાખી સંસ્કારી કરેલ સુરા-મદ્ય આદિ જાણવું. બારમું કટુ-તિક્ત-લવણ દ્રવ્ય ઘેટાનું મૂત્ર આદિ જાણવું; તેરમું કટુ-કષાય-મધુર દ્રવ્ય ચંદનઘોનું માંસ તથા એરંડતેલ વગેરે જાણવું; ચૌદમું કટુ-કષાય-અમ્લ દ્રવ્ય અમ્લવેતસ વગેરે જાણવું; પંદરમું કટુ-કષાય-લવણ દ્રવ્ય સંચળ સહિત બિલામાં વગેરે જાણવું; સોળમું તિક્ત-કષાય-મધુર દ્રવ્ય ગળો, વાનરનું માંસ, તુવેર તથા તલનું તેલ વગેરે જાણવું; સત્તરમું તિક્ત-કષાય-અમ્લ દ્રવ્ય પોપટના માંસની સાથે મિશ્ર કરેલ સુરા-મદ્ય આદિ જાણવું; અઢારમું તિક્ત-કષાય-લવણ દ્રવ્ય સમુદ્રનું ફીણ વગેરે જાણવું; ઓગણીસમું મધુર-અમ્લ-લવણ દ્રવ્ય હાથીનું માંસ વગેરે જાણવું; અને વીસમું કટુ-તિક્ત-કષાય દ્રવ્ય કાળું અગર તથા દેવદારનું તેલ વગેરે જાણવું. એમ અહીં ત્રણ ત્રણ રસોના મિશ્રણથી યુક્ત ૨૦ ત્રિકો કહ્યાં છે, તેમાંથી ૯ ત્રિકો આ ૭૩ મા સૂત્રના પહેલા વિભાગમાં કહેલ છે; પછી બીજાં ૯ ત્રિકો આ ૭૩ મા સૂત્રના બીજા વિભાગમાં કહેલ છે અને છેલ્લા ૧૯ અને ૨૦ આ બે ત્રિકો ૭૩ મા સૂત્રના ત્રીજા વિભાગમાં કહેલ છે. સુશ્રુતે પણ ઉત્તરતંત્રના ૬૩ મા અધ્યાયમાં ત્રણ ત્રણ રસોનાં મિશ્રણવાળાં ૨૦ ત્રિકો આમ કહ્યાં છે; જેમ કે મધુર રસના યોગથી ૧૦ ત્રિકો, અમ્લરસના યોગથી ૬ ત્રિકો, લવણરસના યોગથી ત્રણ ત્રણ ત્રિકો અને કટુરસના યોગથી ૨૦ મું એક ત્રિક કહેલ છે. ૭૩

ચાર ચાર રસોના જોડાણવાળા પણ ૧૫ ચતુષ્કો

पूर्वेषु त्रिषु रसेषु मधुराम्ललवणेषु त्रयोऽधिका ये पूर्वोक्तास्ते परेषां त्रयाणां रसानां

कटुकतिक्तकषायाणां पूर्वोक्तैस्त्रिभिर्द्विकैः प्रत्येकैकश्येन योजयितव्याः, तेन चतुष्का निष्पद्यन्ते। तद्यथा—मधुराम्लकटुतिक्तः, मधुराम्लकटुकषायः, मधुराम्लतिक्तकषायः, मधुरलवणकटुतिक्तः, मधुरलवणकटुकषायः, मधुरलवणतिक्तकषायः, अम्ललवणकटुतिक्तः, अम्ललवणकटुकषायः, अम्ललवणतिक्तकषाय इति। पूर्वं मधुराम्ललवणा उत्तरैः कटुकतिक्तकषायैरेकैकशो युज्यन्ते। तद्यथा—मधुराम्ललवणकटुः, मधुराम्ललवणतिक्तः, मधुराम्ललवणकषाय इति। उत्तरे त्रयः कटुकतिक्तकषायाः पूर्वैर्मधुराम्ललवणैरेकैकशो युज्यन्ते, ततश्चतुष्का निष्पद्यन्ते। तद्यथा—कटुतिक्तकषायमधुरः, कटुतिक्तकषायाम्लः, कटुतिक्तकषायलवण इति। एते चतुष्काः पञ्चदश, पूर्वसूत्रोक्ता नव, द्वितीयसूत्रोक्तास्त्रयः, तृतीयसूत्रोक्तास्त्रयः; इत्येते चतुष्काः पञ्चदश ॥७४

પહેલાંના ત્રણ રસો મધુર, અમ્લ તથા લવણમાં ત્રણ અધિક જે પૂર્વોક્ત રસો કહ્યા, તેઓને પાછળના ત્રણ રસો–કટુ, તિક્ત અને કષાય–એ પૂર્વોક્ત ત્રણ રસોનાં બે બે પ્રત્યેક દ્વિક–જોડકાંની સાથે એક એક રૂપે જોડવા; તેથી ૧૫ ચતુષ્કો એટલે કે ચાર ચાર રસોના જોડાણવાળાં ૧૫ દ્રવ્યો સિદ્ધ થાય છે; જેમ કે મધુરામ્લકટુતિક્ત, મધુરામ્લકટુકષાય, મધુરામ્લતિક્તકષાય, મધુરલવણકટુતિક્ત, મધુરલવણકટુકષાય, મધુરલવણતિક્તકષાય, અમ્લલવણકટુતિક્તકષાય, અમ્લલવણ–કટુ–કષાય, મધુરલવણ–તિક્ત–કષાય; તે પછી પહેલાંના મધુર, અમ્લ અને લવણ રસો, પોતાની પછીના કટુક, તિક્ત અને કષાયની સાથે એક એક જોડાય છે, તેથી મધુરઅમ્લલવણકટુ, મધુરઅમ્લલવણતિક્ત, મધુર–અમ્લ–લવણ–કષાય એમ ચાર ચાર રસોનાં ત્રણ ચતુષ્કો થાય છે; વળી છેલ્લા ત્રણ રસો કટુ, તિક્ત અને કષાય–એ ત્રણે, પોતાની પહેલાંના મધુર, અમ્લ તથા લવણ રસની સાથે એક એક જોડાય છે, તેથી કટુ–તિક્ત–કષાય–મધુર, કટુતિક્તકષાય–અમ્લ અને કટુ–તિક્ત–કષાય–લવણ–એ છેલ્લાં ત્રણ ચતુષ્કો અથવા ચાર ચાર રસોનાં મિશ્રણો થાય છે; એમ તે ચતુષ્કોની એકંદર સંખ્યા ૧૫ ની થાય છે; તેમાંના પહેલા નવ પ્રથમના સૂત્રમાં કહ્યા છે અને છેલ્લા ત્રણ ત્રીજા સૂત્રમાં કહ્યા છે; એમ તે ૧૫ ચતુષ્કો અહીં કહ્યાં છે. ૭૪

વિવરણ : અહીં ૧ લું ચતુષ્ક મધુર–અમ્લ–કટુ–તિક્ત એ ચાર રસોનું કહ્યું છે; એટલે કે તે ચાર રસોવાળું દ્રવ્ય–લસણથી યુક્ત કરેલ સુરા–મદ્ય આદિ જાણવું; ૨ જું ચતુષ્ક; મધુર–અમ્લ–કટુ–કષાય એ કહ્યું છે; તે ચાર રસોવાળું દ્રવ્ય–કાંજીથી યુક્ત કરેલ એરંડતેલ વગેરે અને બેરથી મિશ્ર કરેલ શિલાજિત વગેરે જાણવાં; ૩ જું ચતુષ્ક, મધુર–અમ્લ–તિક્ત–કષાય કહ્યું છે એટલે કે તે ચાર રસોવાળું દ્રવ્ય–ઉંબરાના ચૂર્ણથી મિશ્ર કરેલ જવાસાનું ચૂર્ણ તથા સાકર વગેરે જાણવાં; ૪ થું ચતુષ્ક–મધુર–લવણ–કટુ–તિક્ત કહેલ છે; એટલે કે તે ચાર રસોવાળું દ્રવ્ય–વંતાકફલ–રીંગણ વગેરે જાણવાં; ૫ મું ચતુષ્ક મધુર–લવણ–કટુ–કષાય કહેલ છે એટલે કે ચાર રસોથી યુક્ત દ્રવ્ય–ગોમૂત્રથી મિશ્ર કરેલ તલનું તેલ વગેરે જાણવું; ૬ ઠું ચતુષ્ક મધુર–લવણ–તિક્ત–કષાય કહેલ છે–એટલે કે તે ચાર રસોથી યુક્ત દ્રવ્ય–સમુદ્રફીણ, સાકર તથા ચિત્રકથી મિશ્ર કરેલ બોર વગેરે જાણવાં; ૭ મું ચતુષ્ક–અમ્લ–લવણ–કટુ–તિક્ત કહેલ છે–એટલે કે તે ચાર રસોવાળું દ્રવ્ય–સંચળ તથા હાથણીના દૂધના મેળવણથી બનાવેલ દહીં વગેરેથી તૈયાર કરેલ સુરા–મદ્ય સમજવાં; ૮ મું ચતુષ્ક–અમ્લ–લવણ–કટુ–કષાય કહેલ છે–એટલે તે ચાર રસોથી યુક્ત દ્રવ્ય–સંચળથી યુક્ત કરેલ હાથણીનું દહીં વગેરે જાણવું; ૯ મું ચતુષ્ક અમ્લ–લવણ–તિક્ત–કષાય કહેલ છે–એટલે કે તે ચાર રસોવાળું દ્રવ્ય–ઔદ્ભિદ લવણથી યુક્ત કરેલ પોપટનું માંસ વગેરે જાણવું; તે પછી પહેલાંના મધુર, અમ્લ તથા લવણરસો, તેઓની પછીના કટુ–તિક્ત અને કષાય–એમાંના

એકએકની સાથે જોડાતાં બીજાં ત્રણ ચતુષ્કો થાય છે; જેમ કે ૧ લું ચતુષ્ક મધુર-અમ્લ-લવણ-તિક્ત છે-એટલે કે તે ચાર રસોવાળું દ્રવ્ય-ગોમૂત્રથી મિશ્ર કરેલ શિલાજિત વગેરે જાણવાં; ૨ જું ચતુષ્ક મધુર-અમ્લ-લવણ-તિક્ત થાય છે, એટલે કે તે ચાર રસોવાળું દ્રવ્ય-ગોમૂત્રથી મિશ્ર કરેલ એક ખરીવાળાં પ્રાણીનું દૂધ વગેરે જાણવું; પછી ૩જું ચતુષ્ક મધુર-અમ્લ-લવણ-કષાય થાય છે એટલે કે તે ચાર રસોવાળાં દ્રવ્ય-સૈંધવથી યુક્ત છાશ વગેરે સમજવું છે; તે પછી પાછળના ત્રણ રસો કટુ-તિક્ત અને કષાય-એ ત્રણ આગળના મધુર. અમ્લ તથા લવણ-એ ત્રણમાંના પ્રત્યેક સાથે અલગ અલગ જોડાય છે; તેથી બીજા ત્રણ ચતુષ્કો સિદ્ધ થાય છે; જેમકે ૧ લું ચતુષ્ક-કટુ-તિક્ત, કષાય, મધુર થાય છે; એટલે કે તે ચાર રસોવાળાં દ્રવ્યો તલ તથા ગૂગળ વગેરે જાણવાં. ૨જું ચતુષ્ક કટુ, તિક્ત, કષાય, અમ્લરસવાળું થાય છે; એટલે કે તે ચાર રસોવાળાં દ્રવ્યો-કૂષ્ણા મૂળા તથા હાથણીનું દહીં વગેરે જાણવાં; ૩જું ચતુષ્ક કટુ, તિક્ત, કષાય, લવણ એ ચાર રસોથી મિશ્ર હોય છે એટલે કે તે ચાર રસોવાળાં દ્રવ્યો સંચળ સહિત કૂણું ખિલ્વફલ વગેરે જાણવાં; એમ અહીં આ ૭૪મા સૂત્રમાં એકથી સાડા સાત લાઈનમાં પહેલાં નવ ચતુષ્કો કહ્યાં છે; તે પછીની સાડાસાતથી નવમી ઉપરની થોડી દશમી લાઈન સુધીમાં બીજાં ત્રણ ચતુષ્કો કહ્યાં છે; અને તે પછીની દશમી લાઈનથી ૧૩ મી લાઈન સુધીમાં છેલ્લાં ત્રણ ચતુષ્કો કહ્યાં છે; એમ અહીં પહેલાં ૯, પછી ૩ અને તે પછીનાં ૩ મળી ૧૫ ચતુષ્કો કહ્યાં છે એમ જાણવું. આ જ પ્રકારે ચરકે સૂત્રસ્થાનના ૨૬ મા અધ્યાયમાં અને સુશ્રુતે ઉત્તરતંત્રના ૬૩ મા અધ્યાયમાં ચાર ચાર રસોથી મિશ્ર ૧૫ દ્રવ્યો કહ્યાં છે; એમ તેઓને અહીં આ અધ્યાયના ૧૫-૧૭ શ્લોકના વિવરણમાં લખેલ છે; તેઓને ત્યાં જોવાં. ૭૪

પાંચ પાંચ રસોથી મિશ્ર છ દ્રવ્યો

षट् पञ्चकाः। षण्णां रसानां मधुराम्ललवणकटुतिक्तकषायाणामेकैकमपनयितव्याः, षट्पञ्चका निष्पद्यन्ते। तद्यथा-अम्ललवणकटुतिक्तकषायाः, मधुरलवणकटुतिक्तकषायः, मधुराम्लकटुतिक्तकषायः, मधुराम्ललवणतिक्तकषायः, मधुराम्ललवणकटुकषायः, मधुराम्ललवणकटुतिक्त इति। त एते षट् पञ्चकाः। षड्भिर्मधुराम्ललवणकटुतिक्तकषायैरेकः। तद्यथा-मधुराम्ललवणकटुतिक्तकषाय इति। त एवमेते रसास्त्रिषष्टिधा भिन्नाः; तत्र संयुक्ताः सप्तपञ्चाशत्, असंयुक्ताः षट् ॥ ७५ ॥

પાંચ પાંચ રસોથી મિશ્ર છ રસો થાય છે; એટલે કે મધુર, અમ્લ, લવણ, કટુ, તિક્ત અને કષાય એમ જે છ રસો છે, તેઓમાંથી એક એકને દૂર કરવાથી પાંચ પાંચથી મિશ્ર છ રસો થાય છે; જેમકે અમ્લ-લવણ-કટુ-તિક્ત, કષાય, મધુર, લવણ-કટુ-તિક્ત-કષાય, મધુર-અમ્લ લવણ તિક્ત-કષાય, મધુર-અમ્લ-લવણ-કટુ-કષાય, મધુર-અમ્લ-લવણ-કટુ-તિક્ત-એમ તે પાંચ રસોવાળાં છ દ્રવ્યો મળે છે; પરંતુ છ યે રસો જેમાં એકત્ર થયા હોય એવું તો છ રસોવાળું દ્રવ્ય એક જ મળે છે; એ પ્રકારે અહીં સુધીમાં ૬૩ પ્રકારના જુદા જુદા રસો કહ્યા છે; તેમાં સંયુક્ત ૫૭ છે અને અસંયુક્ત છ છે. ૭૫

વિવરણ : આ સૂત્રમાં પાંચ પાંચ રસોવાળાં દ્રવ્યો ૭ કહ્યાં છે; તેમાંનું ૧ લું અમ્લ-લવણ કટુ-તિક્ત-કષાય એટલે કે ખાટા, ખારા, તીખા કડવા તથા તૂરા એ પાંચે રસોથી યુક્ત દ્રવ્ય બિલામાં, રૂપું તથા શિલાજિતથી મિશ્ર લીંબડો વગેરે હોય છે; ૨ જું મધુર-લવણ-કટુ-તિક્ત-કષાય એટલે કે મીઠા, ખારા, તીખા, કડવા તથા તૂરા રસવાળું દ્રવ્ય લસણ વગેરે હોય છે; ૩ જું મધુર-અમ્લ-કટુ-તિક્ત-કષાય રસવાળું દ્રવ્ય હરડે, આમળાં વગેરે હોય છે; મધુર-અમ્લ-લવણ-તિક્ત-કષાય એટલે કે મીઠા, ખાટા, ખારા, કડવા તથા તૂરા રસવાળું દ્રવ્ય ઔકલિદક્ષારથી યુક્ત છાશ વગેરે હોય છે; પમું મધુર અમ્લ લવણ કટુ-કષાય એટલે કે મીઠા, ખાટા, ખારા, તીખા તથા તૂરા રસથી યુક્ત દ્રવ્ય કટુત્રય

એટલે સૂંઠ, મરી, પીપર અને જવખાર સહિત છાશ વગેરે અને છું મધુર-અમ્લ-લવણ-કટુ-તિક્ત એ પાંચ રસોથી યુક્ત દ્રવ્ય-કાચાં કરમદાં સહિત શેકેલાં વંતાક વગેરે; આ સિવાય ષટ્કસંયોગ એટલે કે મધુર, અમ્લ, લવણ, કટુ, તિક્ત, કષાય એ છયે રસોવાળું દ્રવ્ય પણ એણ-મૃગનું માંસ વગેરે હોઈ શકે છે.

એ પ્રકારે રસોના ૬૩ ભેદો થાય છે. આ બધા રસોમાંથી સંયુક્ત રસો ૫૭ થાય છે અને અસંયુક્ત રસો ૬ હોય છે; તે ૫૭+૬=૬૩ રસોવાળાં દ્રવ્યો અહીં જણાવ્યાં છે. ચરકે પણ સૂત્રસ્થાનના ૨૬ મા અધ્યાયમાં આમ જ કહ્યું છે કે-'संयोगाः सप्त पञ्चाशत् कल्पना तु त्रिषष्टिधा'-રસોના સંયોગો ૫૭ હોય છે અને અસંયુક્ત એકલા રસો અલગ અલગ ૬ છે; તે બધી એકંદર ૬૩ રસોવાળાં દ્રવ્યો સમજવાં.

इति ह स्माह भगवान् कश्यपः ॥ ७६ ॥

એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું.

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં ખિલસ્થાન વિષે 'રસદોષ-વિજ્ઞાનીય' નામનો અધ્યાય ૬ ઠ્ઠો સમાપ્ત

સંશુદ્ધિ-વિશેષણીય : અધ્યાય ૭ મો

अथातः संशुद्धिविशेषणीयं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી 'સંશુદ્ધિ-વિશેષણીય' નામના અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું; એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું. ૧,૨

વિશોધન પ્રકરણ વિષે વિશેષ કહેવાની પ્રતિજ્ઞા

सिद्धौ विशोधनाख्यायामनुक्तं यद्विशेषणम् ।
ऊर्ध्वानुलोमयोः सर्वं तत् प्रवक्ष्याम्यतः परम् ॥ ३ ॥

પ્રથમ સિદ્ધિસ્થાનમાં 'વિશોધન' નામની સિદ્ધિમાં ઊર્ધ્વવિશોધન તથા અનુલોમ-વિશોધન કે અધોવિશોધન સંબંધે જે વિશેષ કહ્યું નથી, તે બધું હવે અહીંથી હું કહીશ. ૩

ઋતુ અનુસાર વાતાદિ દોષોના ચય, પ્રકોપ તથા પ્રશમ

चयप्रकोपप्रशमाः पित्तस्य प्रावृडादिषु ।
श्लेष्मणः शिशिराद्येषु, वायोर्ग्रीष्मादिषु त्रिषु ॥ ४ ॥

પ્રાવૃષ આદિ ત્રણ ઋતુઓમાં પિત્તના ચય, પ્રકોપ તથા પ્રશમ થાય છે; શિશિર આદિ ત્રણ ઋતુઓમાં કફના ચય, પ્રકોપ તથા પ્રશમ થાય છે અને ગ્રીષ્મ આદિ ત્રણ ઋતુઓમાં વાયુના ચય, પ્રકોપ તથા પ્રશમ થાય છે. ૪

વિવરણ : અહીં ગ્રંથકાર, આમ જણાવવા ઇચ્છે છે-પ્રાવૃષ ઋતુમાં પિત્તનો સંચય, શરદૃતુમાં પિત્તનો પ્રકોપ અને હેમંતઋતુમાં પિત્તની શાંતિ થાય છે; શિશિરઋતુમાં કફનો સંચય, વસંતઋતુમાં કફનો પ્રકોપ તથા ગ્રીષ્મઋતુમાં કફની શાંતિ થાય છે; તેમ જ ગ્રીષ્મઋતુમાં વાયુનો સંચય, વર્ષાઋતુમાં વાયુનો પ્રકોપ અને શરદઋતુમાં વાયુની શાંતિ થાય છે. ૪

વિસર્ગકાળ અને આદાનકાળ

प्रावृट्शरद्धेमन्ताख्या विसर्गस्त्वृतवस्त्रयः ।
शिशिरश्च वसन्तश्च ग्रीष्मश्चादानसंज्ञिताः ॥ ५ ॥

પ્રાવૃષ, શરદ અને હેમંત-એ ત્રણ ઋતુઓ વિસર્ગકાળ ગણાય છે; પણ શિશિર, વસંત તથા ગ્રીષ્મ-એ ઋતુઓ આદાનકાળ કહેવાય છે.

વિવરણ : પ્રાવૃષ, શરદ તથા હેમંત એ ત્રણ ઋતુઓ વિસર્ગકાળ છે એટલે કે સૌમ્યકાળ ગણાય છે; અને શિશિર, વસંત તથા ગ્રીષ્મ-એ ત્રણ ઋતુઓ આદાનકાળ એટલે કે આગ્નેય-કાળ ગણાય છે; અર્થાત્ વિસર્ગકાળ એ પ્રાણીઓના શરીરની તથા બળની વૃદ્ધિ કરનાર સમય છે અને આદાનકાળ એ પ્રાણીઓના શરીરને તથા બળને ઓછાં કરનાર સમય છે; આ જ આશયથી વિસર્ગકાળની વ્યાખ્યા આયુર્વેદની દૃષ્ટિએ આવી જ કરી શકાય કે-'विसृजति-जनयति आप्यम् अंशं प्राणिनां च बलम् इति विसर्गः'-જે ઋતુકાળ પ્રાણીઓના શરીરમાં જલીય તત્ત્વ ઉપજાવે અને બળને પણ ઉત્પન્ન કરે તે જ વિસર્ગકાળ છે, જેમ કે-પ્રાવૃષ, શરદ તથા હેમંત-એ ત્રણ જ ઋતુઓ પ્રાણીઓના શરીરમાં જલીય ભાગ ઉપ-જાવે અને બળને પણ ઉત્પન્ન કરે છે, તેથી જ એ ત્રણ ઋતુઓનો વિસર્ગકાળ કહેલ છે; પરંતુ

शिशिर, वसंत अने ग्रीष्म-ओ त्रणु ऋतुओ-'आददाति-क्षपयति पृथिव्याः प्राणिनां शरीरात् आप्यम् अंशं बलं चापि इति आदानकालः'-प्राणीओना शरीरमांथी जलीय भागने ओछो करे छे अने बळने ओछुं करी नाखे छे, तेथी ज ओ त्रणु ऋतुओने 'आदानकाळ' कहे छे. ५

विसर्गकाळ तथा आदानकाळ विषे वधु समजणु

विसर्गादानयोर्मध्ये बलं मध्यं शरीरिणाम् ।
आद्यन्तयोस्तु दौर्बल्यमन्ताद्योरुत्तमं बलम् ॥ ६ ॥

विसर्गकाळ तथा आदानकाळमां प्राणीओना शरीरनुं बळ मध्यम एटले के वधतुं नथी के घटतुं नथी; परंतु विसर्गकाळनी शरूआतमां एटले के प्रावृष्ऋतुमां अने आदानकाळना अन्तरूप ग्रीष्मऋतुमां माणसोना शरीरमां दुर्बलता थाय छे; प्राणीओमां शरीरनुं बळ प्रावृष तथा ग्रीष्मकाळमां घटे छे; परंतु विसर्गकाळना अंतरूप हेमन्तऋतुमां अने आदानकाळना आरंभरूप शिशिरऋतुमां प्राणीओना शरीरमां बळ खूब वधे छे. ६

कया काळमां वमनरूप संशोधन जरूरी होय ?

हेमन्ते स्निग्धशीताभिरद्भिरोषधिभिस्तथा ।
चितोऽपि शैत्यात् प्रस्कन्नः कफो नात्र प्रकुप्यति ॥ ७ ॥
स कुप्यति हिमापाये संततो भास्करांशुभिः ।
तस्मात् संशोधनं तत्र कर्तव्यं वमनोत्तरम् ॥ ८ ॥

हेमन्तऋतुमां स्निग्ध अने शीतल पाणी तथा औषधीओना कारणे शीतलता वधवाथी प्राणीओना शरीरमां कफ संचय पामे छे, तेथी ओ ऋतुना समयमां ते कफ, अतिशय ओगळीने प्रकोप पामतो नथी के ओछो थतो नथी; (तेथी ज ओ ऋतुमां प्राणीओना शरीरमां बळ वधे छे,) परंतु ओ शीतकाळ ओछो थाय अने बिलकुल दूर थाय त्यारे वसंत तथा ग्रीष्ममां सूर्यनां किरणोथी लोकोना शरीरमां खूब तपी गयेलो कफ (ओगळीने) कोपे छे-विकार करे छे, ओ कारणे ते काळमां वमन पछीनुं-वमनद्वारा संशोधन करवुं जरूरी बने छे. (एकंदरे वसंत अने ग्रीष्ममां कफ ओगळीने विकार करे छे, तेथी तेने दूर करवो ज पडे छे अने एम ते कफ ओछो थतां वसंत तथा ग्रीष्ममां प्राणीओना शरीरनुं बळ पण घटे छे). ७,८

विवरण : हेमंत अने शिशिर ऋतु गया पछी वसंत अने ग्रीष्म ऋतु आवतां शरीरमां रहेलो कफ ओगळीने प्रकोप पामे छे, तेथा ओ कफना विकारो न थाय ते माटे 'माधवप्रथमे मासि'-एटले के वसंतना पहेला महिना-चैत्रमां वमनऔषध द्वारा ऊर्ध्व मार्गे संशोधन जरूरी गणाय छे; आवा ज आशयथी चरके सूत्रस्थानना २० मा अध्यायमां कहुं छे के, कफनो प्रकोप शांत करवा चैत्र महिनामां वमनरूप संशोधन करावबुं जोईओ.

कया कारणे बस्तिकर्म आवश्यक गणाय ?

ग्रीष्मे निष्पीतसारत्वाद्रसानां विचितोऽपि सः ।
औष्ण्यातिरेकात् कालस्य वायुरत्र न कुप्यति ॥ ९ ॥
रवेरम्बुदसंरोधात् प्रकुप्यत्यम्बुदागमे ।
बस्तिकर्मोत्तरं तत्र प्रतिकर्म विशिष्यते ॥ १० ॥

ग्रीष्मकाळमां रसयुक्त पदार्थोनो सार भाग, उष्णुतानी अधिकताथी अतिशय पीवाय-शोषाय छे, तेथी वायुनो संचय थाय छे, तोपण ते काळमां वायु प्रकोप पामतो नथी; परंतु ज्यारे वर्षाऋतु आवे छे, त्यारे ज वादळना घेरावाथी सूर्य ढंकाई जाय छे तेथी (गरमी ओछी थतां अने शीतकाळनी शरूआत थवाथी) वायुनो प्रकोप थाय छे; माटे ते वायुनो प्रकोप शांत करवा एटले के विकारो दूर करवा ते काळे-वर्षाऋतुमां बस्तिकर्मरूप संशोधन करवुं विशेष जरूरी गणाय छे. ९,१०

विवरण : जोके ग्रीष्मकाळमां सूर्यनां किरणो द्वारा धातुना अधाये पदार्थोना सारभागनुं शोषण थई जाय छे, तेथी प्रत्येक प्राणीना शरीरमां वायुनो

સંચય અવશ્ય થાય છે; પરંતુ તે વાયુનો પ્રકોપ થતો નથી; કારણ કે વાયુમાં શીત ગુણ છે, તેથી શીતકાળમાં જ વાયુનો પ્રકોપ થઈ શકે છે; કેમ કે 'वृद्धिः समानैः सर्वेषाम्'–બધાયે પદાર્થોની વૃદ્ધિ સમાન ગુણવાળાના સહયોગથી જ થાય છે; તે જ કારણે ઉષ્ણકાળમાં વાયુની વૃદ્ધિ કે પ્રકોપ ન થાય એ સ્વાભાવિક છે. એ જ આશયથી ચરક કહે છે કે–'शीतः शीते प्रकुप्यति'–શીત ગુણવાળો વાયુ શીતકાળમાં જ પ્રકોપ પામે છે; એ જ કારણે વર્ષા ઋતુમાં વાદળના ઘેરાવાથી સૂર્ય ઢંકાઈ જતાં શીતળતા થવાથી શીતળ ગુણવાળા વાયુનો પ્રકોપ અથવા વધારો થાય છે; માટે તે વધેલા વાયુનું શમન કરવા તે વર્ષાકાળમાં બસ્તિકર્મ દ્વારા અધોમાર્ગે સંશોધનની જરૂર હોય છે; એ જ અભિપ્રાયથી ચરક સૂત્રસ્થાનના ૨૦ મા અધ્યાયમાં અને સુશ્રુત ચિકિત્સાસ્થાનના ૩૬ મા અધ્યાયમાં બસ્તિકર્મ દ્વારા સંશોધન કરવાનું વર્ષાઋતુમાં કહે છે.

વિરેચન દ્વારા સંશોધનકર્મ શરત્કાલમાં કરવું

मपां चैवौषधीनां च वर्षास्वम्लविपाकतः ।
चितमप्यत्र तत् पित्तं वर्षाशैत्यान्न कुप्यति ॥११॥
दिवाकरांशुसंतप्तं शरत्काले प्रकुप्यति ।
विरेचनोत्तरं चात्र विधातव्यं विशोधनम् ॥१२॥

વર્ષાઋતુમાં (નવાં) પાણી તથા (નવી) ઔષધીઓનો અમ્લ–ખાટો વિપાક થાય છે, તેથી તે કાળે પિત્તનો જો કે સંચય તો થાય છે, પરંતુ એ વર્ષાકાળમાં શીતલતા હોય છે, તેથી એ સંચિત થયેલું પણ પિત્ત પ્રકોપ પામતું નથી; પરંતુ એ વર્ષાકાળ જતાં તે જ સંચય પામેલું પિત્ત, સૂર્યનાં કિરણોથી સારી રીતે તપી જઈ શરદ્ઋતુમાં પ્રકોપ પામે છે. તેથી જ શરત્કાળમાં વિરેચન દ્વારા પિત્તનું વિશોધન કરવું જોઈએ. ૧૧,૧૨

હરકોઈ દોષના પ્રકોપ કાળે સંશોધનરૂપ ચિકિત્સા કરવી

दोषप्रकोपे सर्वस्मिन् काले कार्यमनन्तरम् ।
न हि हेत्वीरितो दोषः कञ्चित्कालमुदीक्ष्यते ॥१३
औचित्यादार्तवो दोषप्रकोपो न तथा मृशः ।
यथा हेतुकृतस्तस्मात् क्षिप्रमेनमुपक्रमेत् ॥१४॥

હરકોઈ દોષનો પ્રકોપ થયો હોય તો હરકોઈ કાળે હરકોઈ સંશોધન તરત જ કરવું જોઈએ; કારણ કે નિદાનોથી વધી ગયેલો દોષ, કોઈ પણ સમયની રાહ જોતો નથી, પણ તરત જ પોતાનું કામ કરવા મંડી પડે છે; વળી ઋતુકાળે થતો આર્તવ દોષપ્રકોપ, બહુ જ ઉતાવળું કામ કરનાર હોતો નથી, કે જેવો હેતુઓ કે નિદાનોથી કરાયેલો દોષપ્રકોપ એકદમ ઝડપથી કામ કરે છે; એ જ કારણે તેવા નિદાનયુકત દોષપ્રકોપની તો તરત જ ચિકિત્સા શરૂ કરવી. ૧૩,૧૪

વિવરણ: એકંદર અહીં આમ કહેવાનો અભિપ્રાય છે કે હરકોઈ કાળે હરકોઈ દોષનો પ્રકોપ થાય, તે જ કાળે તે તે દોષ અનુસાર તત્કાળ સંશોધન કર્મ કરવું જોઈએ; કારણ કે પ્રકોપ પામેલો દોષ, પોતાનું કામ કરવાને રાહ જોતો નથી; તે જ કારણે તે કોપેલા દોષને પોતાનું કામ ન કરી શકે, તે સ્થિતિમાં લાવવાને તેને શાંત કરે તેવું સંશોધન કર્મ તરત જ તેના સમયની રાહ જોયા વિના કરી જ લેવું જરૂરી હોય છે; કારણ કે નિદાનો દ્વારા પ્રેરણા પામેલો દોષ બળવાન હોઈને પોતાનું કામ કરવા રાહ જોતો જ નથી; એ તો તરત જ પોતાનું કામ કરવા મંડે છે; જ્યારે ઋતુના કારણે પ્રકોપ પામેલો દોષ એટલે કે વર્ષામાં વાયુ, શરદમાં પિત્ત અને વસંતમાં જે કફદોષ કોપે છે, તે તો તે તે કાલાનુસાર હોઈને ઘણા ભયંકર હોતા નથી; પરંતુ તે તે નિદાનોથી પ્રેરણા પામીને પ્રકોપ પામેલો દોષ તો વધુ ભયંકર હોય છે, તેથી તેની તો તાત્કાલિક સંશોધનરૂપ ચિકિત્સા શરૂ કરી દેવી જોઈએ; એકંદર તે તે ઋતુના કારણે પ્રકોપ પામેલો દોષ, સ્વાભાવિક હોઈ તેવો કષ્ટસાધ્ય હોતો નથી; પણ સુખસાધ્ય જ હોય છે; માટે નિદાનપ્રેરિત દોષપ્રકોપને કષ્ટસાધ્ય ગણી તેની તો તરત જ ચિકિત્સા શરૂ કરી દેવી જોઈએ. ૧૩,૧૪

વમનાદિ સંશોધનોથી સ્વાસ્થ્યપ્રાપ્તિ

वमनैश्च विरेकैश्च निरूहैः सानुवासनैः ।
तथा स्वास्थ्यमवाप्नोति रोगेभ्यश्च प्रमुच्यते ॥१५॥

વમન, વિરેચન, નિરૂહબસ્તિ તથા અનુવાસન બસ્તિરૂપ સંશોધનોથી માણસ રોગોથી છૂટી જઈ સ્વાસ્થ્ય મેળવે છે. ૧૫

વિવરણ : યોગ્ય કાળે એટલે કે વસંતકાળે વમન દ્વારા કફ દોષનું, શરદમાં વિરેચન દ્વારા પિત્તનું તેમ જ વર્ષાકાળમાં બસ્તિ દ્વારા વાયુનું શમન કરવાથી માણસ રોગોથી રહિત થઈ સ્વાસ્થ્ય મેળવે છે. અહીં આટલું જ જાણવું જરૂરી છે કે આયુર્વેદનું પ્રયોજન જ આ છે કે સ્વસ્થ મનુષ્યના સ્વાસ્થ્યનું હરકોઈ પ્રકારે રક્ષણ કરવું એટલે કે રોગની પ્રાપ્તિ થાય ત્યારે આયુર્વેદીય ઉપચારો દ્વારા રોગીનો રોગ દૂર કરવો અને તે દ્વારા તેને સ્વાસ્થ્ય મેળવી આપવું. એ જ આયુર્વેદનો ઉદ્દેશ છે; આ જ આશય ચરકે સૂત્રસ્થાનના ૩૦મા અધ્યાયમાં આમ જણાવ્યો છે કે **प्रयोजनं चास्य स्वस्थस्य स्वास्थ्यरक्षणम् आतुरस्य विकारप्रशमश्च ।**–સ્વસ્થ માણસના સ્વાસ્થ્યની રક્ષા કરવી અને રોગીના રોગને શમાવવો, એ જ આયુર્વેદનું પ્રયોજન છે, એ પ્રયોજન ધ્યાનમાં રાખીને વૈદ્યે રોગીને રોગ પ્રાપ્ત થાય કે તરત જ સંશોધનાદિ ઉપાયો દ્વારા તે તે રોગને દૂર કરવો અને સ્વસ્થ હોય તેનું સ્વાસ્થ્ય જળવાય, તે માર્ગે તેને લઈ જવો જોઈએ. ૧૫

ઘણા દોષયુક્ત વ્યક્તિનું લક્ષણ

स्थौल्यामपाण्डुतार्कण्कोठारुःपिडकोद्भवः ।
निद्रानाशोऽरतिस्तन्द्रीरुत्क्लेशः कफपित्तयोः ॥१६
श्रमदौर्बल्यदौर्गन्ध्यमालस्यं सादनं क्लमः ।
भक्तद्वेषोऽविपाकश्च क्लैब्यं बुद्धेरुपप्लवः ॥ १७ ॥
बृंहणैस्तृप्यतोऽपि(स्या)द्बलवर्णपरिक्षयः ।
दुःस्वप्नदर्शनं चेति बहुदोषस्य लक्षणम् ॥ १८॥

શરીરમાં સ્થૂલતા, આમદોષ, પાંડુતા–ફીકાશ, કાનના રોગ, કોઠરોગ–શરીરે ચામઠાં;અરુષ–ક્ષતવણ, ફોલ્લીઓની ઉત્પત્તિ, નિદ્રાનો નાશ, અરતિ–બેચેની, તન્દ્રા–નિદ્રા જેવું ઘેન, કફના તથા પિત્તના ઉછાળા, શ્રમ કે પરિશ્રમ વિનાનો થાક, દુર્બળતા, શરીરમાંથી દુર્ગંધ નીકળે આળસ, સાદન–શરીરનું ભાંગવું કે શિથિલપણું ક્લમ–થાક–ગ્લાનિ, ભક્તદ્વેષ–ખોરાક ઉપરનો અણગમો અવિપાક–ખોરાકનો અપચો, કલૈબ્ય–નપુંસકપણું, બુદ્ધિનો વિકાર કે વિભ્રમ, બૃંહણ–પૌષ્ટિક આહારોથી તૃપ્તિ પામ્યા છતાં બળનો તથા વર્ણનો ચારે બાજુથી ક્ષય થાય અને અરાબ સ્વપ્નો દેખાય–એ બધાં ઘણા દોષથી યુક્ત થયેલ માણસનાં લક્ષણો જાણવાં ૧૬–૧૮

સંશોધન, સંશમન અને વિશોષણ કોને કરવું ?

बलिनः स्थिरदेहस्य तस्य संशोधनं भिषक् ।
कुर्यात्, संशमनं चैव मध्यदोषबलस्य तु ॥ १९॥
अल्पदोषबलस्यापि यथाकालं विशोषणम् ।

જે માણસ બળવાન હોય અને સ્થિર દેહવાળો હોય, જેનામાં દોષનું બળ મધ્યમ હોય અને જેનામાં દોષ ઓછા હોય અને બળ પણ ઓછું હોય અથવા જેનામાં દોષનું બલ ઓછું હોય તે માણસનું વૈદ્યે કાલાનુસાર (ઉપવાસો દ્વારા) વિશેષે કરી શોષણ કરવું.

વિવરણ : જે રોગીમાં દોષ ઘણા હોય. શરીરમાં બળ પણ હોય અને તેથી જેનું શરીર સ્થિર હોય તો તેના સંબંધમાં વૈદ્યે સંશોધન ચિકિત્સા કરવી તે યોગ્ય છે; અને જેનામાં દોષ તથા બળ પણ ઓછા હોય તો તેના સંબંધે સંશમન કરાય તે હિતકારી થાય છે; પરંતુ જેનામાં દોષ ઓછા હોય અને શરીરનું બળ પણ ઓછું હોય તેની વૈદ્યે રૂક્ષ ઔષધો દ્વારા કે ઉપવાસ વગેરે દ્વારા શોષણ ચિકિત્સા કરવી તે હિતકારી થાય છે; જે ઔષધ શરીરમાં રહેલા દોષોને વમન દ્વારા ઊર્ધ્વમાર્ગે અને વિરેચન કે બસ્તિદ્વારા નીચેના માર્ગે બહાર કાઢી નાખે તે સંશોધન કહેવાય છે; તે સંશોધન બાહ્ય તથા આભ્યંતર એમ બે પ્રકારનું હોય છે. તેમાંનું વમન, વિરેચન, શિરોવિરેચન તથા બસ્તિ એ ચાર પ્રકારનું આભ્યન્તર હોય છે; તેમજ યંત્ર, શસ્ત્ર, ક્ષાર

તથા અગ્નિપ્રયોગ-ડામ આદિ દ્વારા જે સંશોધન કરાય છે, તે બાહ્ય સંશોધન ગણાય છે, ઉપર આભ્યંતર સંશોધનમાં જે બસ્તિનો સમાવેશ કર્યો છે, તે આસ્થાપન-નિરૂહ-રૂક્ષ-બસ્તિ સમજવી જોઈએ; પણ અનુવાસન બસ્તિ બૃંહણ હોઈ સંશોધનમાં હિતકારી નથી; તેથી સંશોધનમાં વમન, વિરેચન, શિરોવિરેચન, આસ્થાપન કે નિરૂહ બસ્તિ તથા રક્તમોક્ષણ કે રક્તસ્રાવણ-એ પાંચ કર્મથી આભ્યન્તર સંશોધન કરી શકાય છે. એવા પાંચ પ્રકારના આભ્યંતર સંશોધન દ્વારા કોઈ બળવાન માણસના દોષોને જ બહાર કાઢી શકાય છે; પરંતુ સંશમન કર્મ શરીરના દોષોને બહાર કાઢી શકતું નથી; એટલે કે સંશમનથી તે દોષોના બળનું શમન જ કરી શકાય છે. જે કર્મ સમ અવસ્થામાં રહેલા દોષોમાં વિષમપણું ન કરે અને વિષમ થયેલા દોષોને શાન્ત કરે છે, તે સંશમન કર્મ કહેવાય છે. એ સંશમન ત્રણ પ્રકારનું હોય છે; દૈવવ્યપાશ્રય સંશમન; જેમાં દેવતાઈ મંત્ર-તંત્ર-ઔષધિ, બલિદાન આદિથી દોષોને શાંત કરવામાં આવે છે-તે દૈવવ્યપાશ્રય સંશમન કહેવાય છે; બીજું સંશમન બાહ્યલેપ આદિ દ્વારા કરાય છે, અને ત્રીજું સંશમન આભ્યંતર પાચન ઔષધ આદિ દ્વારા કરાય છે. એ સંશમન દ્વારા મધ્યમ બળવાળા માણસના મધ્યમ દોષોને શમાવી શકાય છે; અને લંઘન આદિ શોષણ કર્મ દ્વારા માણસના શરીરમાં રહેલા અલ્પદોષોને સૂકવી શકાય છે, તેથી અલ્પ બળવાળા માણસના અલ્પદોષોને દૂર કરવા શોષણ ચિકિત્સા હિતકારી છે. ૧૯

સ્નેહન તથા સ્વેદનપૂર્વક સંશોધન કરવું

मथ संशोधनार्हे तु स्नेहस्वेदोपपादिते ॥२०॥
वमनं स्रंसनं वाऽपि यथावदुपकल्पयेत् ।

જે માણસ સંશોધન કર્મને યોગ્ય હોય, તેને પ્રથમ સ્નેહન તથા સ્વેદન કર્મ કર્યા પછી જ વમન તથા સ્રંસન કે વિરેચનરૂપ સંશોધન કર્મ બરાબર વિધિથી કરાવવું.

પ્રથમ સ્નેહન પછી સ્વેદન કરવું

स्नेहः पीतोऽनिलं हन्ति कुरुते देहमार्दवम् ॥२१॥
सङ्गं मलानां निम्न(ह)न्ति, स्वेदः स्निग्धस्य देहिनः ।
स्रोतःसु लीनं सूक्ष्मेषु दोषं द्रवयति, द्रवम् ॥२२॥

જે માણસ (સંશોધન કર્મની પહેલાં) પ્રથમ જો સ્નેહપાન કરે છે, તો એ પીવાયેલો સ્નેહ તેના દેહમાં કોમળપણું કરે છે અને એકત્ર થઈ જામી ગયેલા મળોને પણ છૂટા પાડે છે; એમ સ્નેહપાન દ્વારા સ્નિગ્ધ થયેલા માણસને કરેલો સ્વેદ, માણસના સૂક્ષ્મ સ્રોતોરૂપ માર્ગમાં લીન થયેલા કે ભરાઈ રહેલા દોષને ઓગાળી કાઢે છે-એટલે કે પ્રવાહી રૂપે પીગળાવી નાખે છે. (જેથી તે દોષોને સંશોધન દ્વારા સહેલાઈથી બહાર કાઢી શકાય છે.) ૨૧,૨૨

સ્નેહન તથા સ્વેદનપૂર્વક જ શોધન કરાય

शोधनं हरति क्षिप्रं यथावत् संप्रयोजितम् ।
मन्त्रपूतमबीभत्सं हृद्यं कार्यं विरेचनम् ॥२३॥
सबीभत्सं तु वमनं तथा तद्योगमृच्छति ।

એમ બરાબર વિધિપૂર્વક એટલે કે સ્નેહન તથા સ્વેદનપૂર્વકનું શોધન જો બરાબર કરાયું હોય તો જલદી દોષને દૂર કરે છે; તેમાંનું વિરેચનરૂપ શોધન મંત્રથી પવિત્ર કરેલ અબીભત્સ-સૂગ લાવે તેવું ન હોય અને (દેખતાં જ) હૃદયને ગમે કે પ્રિય થાય તેવું હોવું જોઈએ; તે જ પ્રમાણે વમન ઔષધ પણ મંત્રથી પવિત્ર અને અબીભત્સ હોવું જોઈએ; કેમ કે તેવું મંત્રથી પવિત્ર કરેલ અને હૃદયપ્રિય જે શોધન હોય તે જ સમ્યગ્ યોગ એટલે કે બરાબર યોગને પામે છે-યથાયોગ્ય દોષને બહાર કાઢે છે; તેમ જ અયોગ કે અતિયોગને પામતું નથી. ૨૩

સ્નેહન-સ્વેદન કર્યા પછી ત્રીજા અને ચોથા દિવસે શોધન પીવાય

स्निग्धो वमेत्तृतीयेऽह्नि चतुर्थं स्रंसनं पिबेत् ॥२४॥
विकारजाते तद्युक्तं स्वस्थवृत्तौ तु कामतः ।

જે (રોગી) પ્રથમ સ્નેહનદ્વારા સ્નિગ્ધ થયો હોય, (તેમજ તે પછી જેણે સ્વેદન

કર્મ પણ(સેવ્યું હોય) તેણે ત્રીજા દિવસે જ વમનકારક ઔષધ પીવું અને ચોથા દિવસે વિરેચનકારક-સંસન ઔષધ પીવું જોઈએ; એમ વિકારોનો સમુદાય જો થયો હોય તો તે જ પ્રમાણે કરવું યોગ્ય છે; પરંતુ સ્વસ્થ અવસ્થામાં તો પોતાની ઇચ્છાનુસાર વમન કે વિરેચન ઔષધ સેવી શકાય છે. ૨૪

વમન કે વિરેચન સેવ્યા પહેલાંના આહાર માટેનું સૂચન

कफवृद्धिकरं भोज्यः श्वः पाता वमनं नरः ॥२५॥
विरेचनं द्रवप्रायं स्निग्धोष्णविशदं लघु ।
तथोत्क्लिष्टकफत्वाच्च पुरीषस्य च लाघवात् ॥२६॥
ऊर्ध्वं चाधश्च दोषाणां प्रवृत्तिः स्यादयत्नतः ।

જે માણસ વમનકારક ઔષધ પીવાનો હોય, તેના આગલા દિવસે કફની વૃદ્ધિ કરે એવો ખોરાક તેને જમાડવો જોઈએ; તેમ જ જે માણસ, વિરેચનકારક ઔષધ પીવાનો હોય તેને આગલા દિવસે લગભગ પ્રવાહી, સ્નિગ્ધ, ઉષ્ણ, વિશુદ્ધ, ચીકાશ વિનાનો હલકો ખોરાક જમાડવો જોઈએ; એમ કરવાથી કફ બહાર નીકળી જવા ઉછાળા મારે છે અને વિષ્ઠા પણ હલકી થાય છે; તેથી દોષોની ઊર્ધ્વમાર્ગે કે અધોમાર્ગે પ્રવૃત્તિ વિના પ્રયત્ને થઈ શકે છે. ૨૫,૨૬

વિવરણ : ચરકે સિદ્ધિસ્થાનના ૧લા અધ્યાયમાં આમ કહ્યું છે કે જે માણસને વમન ઔષધ પાવું હોય તેને આગલા દિવસે ગ્રામ્ય, ઔદક તથા આનૂપ-પશુ-પક્ષીઓના માંસરસો તથા દૂધનો આહાર જમાડવો, તેથી તેનો કફ વધુ પ્રમાણમાં વધી જઈ એકદમ બહાર નીકળવા ઉછાળા મારે છે; તેમ જ જેને વિરેચન ઔષધ આપવું હોય તેને પણ આગલા દિવસે પિત્તને સ્નિગ્ધ કરનારા અને કફને ન વધારનાર જાંગલ-પશુ-પક્ષીઓના માંસ-રસોનો તથા ઘીનો પ્રવાહી આહાર જમાડવો જોઈએ; તેથી તેનું પિત્ત પણ બહાર નીકળવા તૈયાર થઈ જાય છે; તેમજ એ માણસને સુખપૂર્વક વમન તથા વિરેચન થઈ જાય છે; એકંદર જેને વમન કરાવવું હોય તેને આગલા દિવસે કફવર્ધક આહાર જમાડી તેના કફને બહાર નીકળવા ઉછાળા મારતો કરવો અને જેના પિત્તને દૂર કરવા વિરેચન ઔષધ દેવું હોય તેને આગલા દિવસે વધુ પ્રમાણમાં પ્રવાહી આહાર જમાડવો જોઈએ, તેથી પિત્ત વિરેચન દ્વારા બહાર નીકળવા તૈયાર થઈ જાય છે; પણ એથી જો ઊલટી થાય તો વમનકારક ઔષધ વમન કરાવતું નથી, પણ ઊલટું વિરેચનકારક થઈ પડે છે, અને વિરેચનકારક ઔષધ વિરેચન કરાવે નહિ પણ વમનકારક થઈ પડે છે.

આ રોગોમાં અતિસ્નિગ્ધ વિરેચન ન દેવું

विषे विसर्पे श्वयथौ वातरक्ते हलीमके ॥२७॥
कामलापाण्डुरोगे च नातिस्निग्धं विरेचयेत् ।

વિષના વિકારમાં, વિસર્પ-રતવાના રોગમાં, સોજામાં, વાતરક્તમાં, પાંડુરોગના ભેદ હલીમક રોગમાં, કમળાના રોગમાં તથા પાંડુ રોગમાં રોગીને વૈદ્યે વધુ પડતું સ્નિગ્ધ વિરેચન ઔષધ ન આપવું. ૨૭

વિરેચન પહેલાં શરીરને સ્નિગ્ધ કરવાની જરૂર

नातिस्निग्धशरीराय विदध्यात् स्नेहसंयुतम् ॥२८॥
स्निग्धाय रूक्ष(क्षं,)रूक्षाय कामं स्नेहविरेचनम् ।
स्निग्धाभारं स्यात्(?) को वा स्रंसनं सहतेनरः ॥२९

જે માણસનું શરીર અતિશય સ્નિગ્ધ ન હોય તેને સ્નેહયુક્ત વિરેચન ઔષધ આપી વિરેચન કરાવવું; પરંતુ જે માણસનું શરીર સ્નિગ્ધ હોય તેને રૂક્ષ ઔષધ આપીને વિરેચન કરાવવું જોઈએ; પરંતુ જે માણસ પ્રથમથી જ રૂક્ષ શરીરવાળો હોય તેને તો ઇચ્છાનુસાર સ્નેહયુક્ત જ વિરેચન દઈ પ્રથમ સ્નેહયુક્ત ખોરાક જમાડી વિરેચન કરાવવું તે યોગ્ય ગણાય કારણ કે સ્નિગ્ધ આહાર સિવાય કયો માણસ વિરેચન ઔષધના વેગને સહન કરી શકે ? ૨૮,૨૯

વિવરણ : અહીં આમ જણાવવા માગે છે કે જે માણસ પ્રથમથી જ વધુ પ્રમાણમાં સ્નેહયુક્ત શરીરવાળો હોય તેના દોષો બહાર નીક-

ળવા તૈયાર રહેતા હોય, તેથી તેવા અતિસ્નિગ્ધ માણસને જો સ્નેહયુક્ત વિરેચન અપાય તો તેના દોષો બહાર નીકળતા નથી, પરંતુ ઊલટા સ્રોતમાં ભરાઈ રહે છે; એ કારણે તે અતિસ્નિગ્ધ અવસ્થામાં તે માણસને રૂક્ષ વિરેચન ઔષધ જ આપવું જોઈએ. પરંતુ જે માણસ પ્રથમથી જ ઘણા રૂક્ષ શરીરવાળો હોય અથવા ઉપર્યુક્ત વિષવિકાર વિરુદ્ધ આદિરોગોના કારણે રૂક્ષ શરીરવાળો થઈ ગયો હોય, તેને તો પ્રથમ સ્નેહયુક્ત આહાર જમાડીને કે સ્નેહપાન કરાવીને સ્નિગ્ધ કે સ્નેહયુક્ત જ વિરેચન આપવું જોઈએ. અહીં મૂળમાં ૨૯ મા શ્લોકનું ઉત્તરાર્ધ 'स्निग्धाभारं स्यात्' એવો પાઠ રાખી શરૂ કર્યું છે પણ તેના બદલે 'स्निग्धाहारभृते' એ જ પાઠ બંધબેસતો છે. ૨૯

વિરેચન ઔષધ ઉત્તમ અસર કરે

घृतकुम्भाद्यथा तोयमयत्नेन निरस्यते ।
निरस्यते तथा दोषः स्निग्धाहेहाद्विरेचनैः ॥ ३०॥

જેમ ઘીના રીઢા ઘડામાંથી અથવા ઘી ચોપડેલા ઘડામાંથી વિના યત્ને સહેલાઈથી પાણી બહાર કાઢી શકાય છે, તેમ જે માણસનું શરીર સ્નેહદ્વારા પ્રથમ સ્નિગ્ધ કરાયું હોય, તેને વિરેચન ઔષધ દેવાથી તેનો દોષ આનાયાસે બહાર કાઢી શકાય છે. ૩૦

વિવરણ : અર્થાત્ વમન–વિરેચનરૂપ સંશોધન ઔષધના સેવન કર્યા પહેલાં સ્નેહન દ્વારા શરીરને સ્નિગ્ધ કરી દોષોને જો ચલાયમાન કરવામાં આવે, તો સંશોધન ઔષધના સેવનથી એ ચલિત થયેલા દોષો અનાયાસે બહાર નીકળી જાય છે. ૩૦

સ્નેહનની પેઠે સ્વેદનથી પણ દોષનું નિર્ગમન અનાયાસે થઈ શકે

स्निग्धं विष्यन्दयत्यङ्गं स्वेदो (दः) स्निग्धार्द्रमिन्धनम् (?), ततः स्विन्नशरीरस्य, दोषान् हरति भेषजम् ॥ ३१ ॥

જેમ સ્નેહથી સ્નિગ્ધ કરેલા કાષ્ઠને સ્વેદનથી તત્કાળ ઇચ્છાનુસાર વિચલિત કરી શકાય છે, તે જ પ્રમાણે સ્નેહનથી સ્નિગ્ધ કરેલા શરીરને સ્વેદન કે બાફ દઈ નરમ બનાવ્યું હોય તો એમ સ્નેહન–સ્વેદનયુક્ત કરેલા માણસના–શરીરમાંથી વમન વિરેચનકારક ઔષધ સહેલાઈથી દોષોને દૂર કરી શકે છે. ૩૧

વિવરણ : સંશોધન ઔષધના સેવન કરવા પહેલાં જેમ સ્નેહન ખાસ જરૂરી છે, તે જ પ્રમાણે સ્વેદન પણ અવશ્ય જરૂરી જ છે, કેમકે દોષોને પોતાના સ્થાનેથી ચલિત કરવામાં સ્નેહન–સ્વેદન બન્ને અન્યોન્ય સહાયક થાય છે; અને તે પછીનું સંશોધન ઔષધ પણ વધુ સરળતાથી કામ કરે છે. ૩૧

સ્નેહન–સ્વેદનપૂર્વકના સંશોધનથી શરીરની શુદ્ધ

यथा हि मलिनं वासः क्षारेणोत्क्लेश्य वारिणा ।
शोध्यते शोधनैस्तद्वदुत्क्लेश्य विधिवद्बलात् ॥ ३२ ॥

જેમ કોઈ મેલાં વસ્ત્રને પ્રથમ ક્ષારયુક્ત જળથી ભીંજવીને થોડો સમય રાખી મૂક્યા પછી સંશોધન–સાબુ વગેરે દ્વારા વિધિવત્ બળથી સાફ કરી શકાય છે, તે જ પ્રમાણે દોષોથી મલિન થયેલા દોષદુષ્ટ શરીરને પ્રથમ સ્નેહન યુક્ત સ્વેદનદ્વારા છૂટા પડેલા દોષોવાળું કરી શકાય છે અને તે પછી સંશોધન ઔષધ દ્વારા અંદરના છૂટા પડેલા દોષોને વિધિ પ્રમાણે બળથી બહાર કાઢી નાખી શુદ્ધ કરી શકાય છે. ૩૨

વિવરણ : એકંદર દોષોથી ભરાયેલ દુષ્ટ શરીરને સ્નેહનપૂર્વકના સ્વેદનથી પ્રથમ છૂટા કરેલ દોષોથી યુક્ત કરીને તે પછી જો સંશોધન ઔષધ આપવામાં આવે તો તદ્દન શુદ્ધ કરી શકાય છે; અર્થાત્ સંશોધન ઔષધ સીધું સેવાય તો તેથી લાભ ન થતાં ઊલટું નુકસાન થાય છે, તે કારણે તથા સ્વેદન કર્મ કર્યા પછી જ બે કે ત્રણ દિવસ જવા દઈ વમનમાં કફવર્ધક આહારનું પ્રથમ સેવન કરીને તેમ જ વિરેચનમાં આગળથી પ્રવાહી આહારો દ્વારા દોષને બહાર નીકળવા તત્પર કર્યા પછી જ વમન કે વિરેચનકારક ઔષધ દ્વારા શરીરનું શોધન કરાય તે જ માર્ગ છે. ૩૨

વમન-વિરેચન પછીનો ભોજન ક્રમ

वामितं लङ्घयेल्लङ्घ्यं (लङ्घितं) लघु भोजयेत्।
तस्य वान्तविरिक्तस्य क्रमः पेयादिरिष्यते ॥ ३३॥
तेनाग्निर्वर्धते सूक्ष्मैरिन्धनारणयो यथा
(रिन्धनैररणेर्यथा)।

જે રોગીને વમન ઔષધ આપી વમન કરાવ્યું હોય તેને પ્રથમ લંઘન કરાવી નકોરડો ઉપવાસ કરાવવો અને તે પછી હલકું ભોજન જમાડવું જોઈએ; અને જેણે વમન-ઔષધ દ્વારા વમન કર્યું હોય અને વિરેચન-ઔષધ દ્વારા જેને વિરેચન કરાવ્યું હોય તેને પેયા-રાબ વગેરે ભોજન ક્રમ સેવડાવવો તે ઇષ્ટ ગણાય છે; તેથી જઠરનો અગ્નિ પ્રદીપ્ત થાય છે; જેમ નાનાં લાકડાં નાખવાથી અથવા અરણિનાં નાનાં લાકડાં હોમવાથી અરણી-કાષ્ટો વધુ પ્રજ્વલિત થાય છે, તેમ વમન-વિરેચન સેવ્યા પછી હલકા ખોરાકો ખાવાથી જ જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે. ૩૩

વિવરણ : વમન કે વિરેચન ઔષધથી વમન કે વિરેચન થાય તે પછી રોગીએ પ્રથમ શક્ય હોય તો એક નકોરડો ઉપવાસ કરી લેવો અને તે પછી હલકો ખોરાક અમુક દિવસો સુધી ચાલુ રાખવો જેથી જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે. આવા આશયથી ચરકે સિદ્ધિસ્થાનના ૧ લા અધ્યાયમાં સંસર્જનક્રમ કે ભોજનક્રમ આમ દર્શાવ્યો છે : શોધન ઔષધ સેવ્યા પછી રોગીને પ્રથમ પેયા આદિ ક્રમથી અનુક્રમે આહારનું સેવન કરાવવું; જેમ કે પ્રથમ પેયા, તે પછી વિલેપી, તે પછી અકૃતયૂષ તે પછી કૃતયૂષ, તે પછી રોગી જો માંસાહારી હોય તો માંસરસ, વગેરે ધીમે ધીમે આહાર આપવા કરવો જોઈએ. ચરકે સૂત્રસ્થાનના ૧૫મા અધ્યાયમાં પણ ૧૨ અન્નકાળ દર્શાવ્યા છે; અર્થાત્ સંશોધન પછીના ૭ દિવસો સુધી પેયા આદિ હલકો આહાર આપ્યા કરી સાતમો દિવસ એમ વીતે અને તેનો જઠરાગ્નિ પ્રદીપ્ત થાય ત્યારે જ એ રોગીને તેનો મૂળ આહાર આપવાની યોગ્યતા જોઈ શકાય છે; બાકી સંશોધનથી તત્કાળ તો જઠરાગ્નિ મંદ જ થઈ જાય છે; તેને હલકા ખોરાકથી ક્રમશઃ પ્રદીપ્ત કરી શકાય છે. ૩૩

જઠરાગ્નિ પ્રદીપ્ત થયા પછી ક્રિયા સફલ થાય

समुत्थितेऽग्नौ संजाते म(ब)ले देहे च निर्मले ॥३४
वाससीवार्पितो रागः सिद्धिं यात्युत्तरो विधिः।

જેમ નિર્મળ સ્વચ્છ વસ્ત્રમાં રંગ ચઢાવ્યો હોય તે બરાબર ખીલે છે, તે જ પ્રમાણે શરીરમાંના મળ દૂર થાય અને જઠરનો અગ્નિ પ્રજ્વલિત થાય, ત્યારે જ તે પછી કરવાની ચિકિત્સા-ક્રિયા સફલ થાય છે. ૩૪

એ ચિકિત્સા સિદ્ધિ પહેલાં કહેવાઈ છે

यश्चात्र वा यदाबाधः स्यादयोगादियोगतः ॥३५॥
समासव्यासतस्तस्य सिद्धौ सिद्धिरुदाहृता।

એ ચિકિત્સાક્રિયામાં જે અયોગ, અતિયોગ, હીનયોગ કે મિથ્યા યોગના કારણે જે કોઈ ઉપદ્રવ થાય છે, તેને મટાડવા માટેની ચિકિત્સાપદ્ધતિ પહેલાં સિદ્ધિસ્થાનમાં ટૂંકમાં તથા વિસ્તારથી કહેલ છે. ૩૫

ખોરાકના ભેદો કહેવાની પ્રતિજ્ઞા

ततोऽन्नप्रविचारस्य विकल्पः संप्रवक्ष्यते ॥३६॥
सर्वत्र त्रिविधा पेया संसर्गादौ विधीयते।
अकृतादिविकल्पेन ततो यूषस्ततो रसः ॥३७॥

એમ ઉપર કહેલ સંસર્જનક્રમ કે રોગીના ખોરાકનો ક્રમ કહ્યા પછી હવે અન્નની બનાવટના ભેદો કહેવામાં આવશે. ૩૬

(સમગ્ર આયુર્વેદ શાસ્ત્રમાં સંસર્જનભોજનક્રમ વગેરેમાં ઉપયોગી ત્રણ પ્રકારની પેયા બનાવવામાં આવે છે; એક અકૃત યૂષરૂપે, તે પછીની બીજી કૃતયૂષરૂપે અને ત્રીજા માંસરસ-યૂષરૂપે તૈયાર કરાય છે.) ૩૭

ઉપર્યુક્ત ત્રણ પેયાના ભેદોનું લક્ષણ

व्यपेतलवणा पूर्वा दीपनीयाम्बुसाधिता।
तानि(सा च)क्षुद्रा, द्वितीया स्यात्, किञ्चिल्लवणदीपना ॥
तद्वदेव तृतीया तु संस्कृता स्नेहमात्रया ॥३८॥

તેમાંની પહેલી જે પેયા કૃતયૂષરૂપે તૈયાર કરાય છે, તેને વધુ પ્રમાણયુક્ત જળમાં

તૈયાર કરાય છે અને લવણ વગરની રખાય છે, તેથી એ દીપનીય બને છે એટલે કે જઠરના અગ્નિને વધુ પ્રદીપ્ત કરનાર બને છે; અને બીજી જે પેયા અકૃતયૂષ રૂપે તૈયાર કરાય છે, તેમાં કંઈક થોડા પ્રમાણમાં લવણ નાખવામાં આવે છે; અને તેથી તે પહેલીના કરતાં હલકી હોઈ ઓછા પ્રમાણમાં દીપન હોય છે; અને તે જ પ્રમાણે જે ત્રીજી પેયા, માંસના રસરૂપે તૈયાર કરાય છે, તે તો સ્નેહથી અમુક પ્રમાણમાં સંસ્કારી કરેલી પણ હોય છે. ૪૮

ઉપર્યુક્ત પેયાદિક્રમ વિષે વધુ સ્પષ્ટતા

अव्यक्तलवणस्नेहो यूषस्त्वकृतको मतः ३९॥
मन्दाम्ललवणस्नेहसंस्कारः स्यात् कृताकृतः।
व्यक्तस्नेहाम्ललवणः कृतयूषः सुसंस्कृतः ॥४०॥
एवमेव रसं विद्यादिमं पेयादिकं क्रमम्।

જેમાં લવણ તથા સ્નેહ અવ્યક્ત હોય એટલે કે બહુ જ ઓછા પ્રમાણમાં હોઈને સ્પષ્ટ અનુભવાય નહિ, તેને 'અકૃતયૂષ' માન્યો છે; પરંતુ જેમાં થોડી ખટાશ, લવણ તથા સ્નેહનો સંસ્કાર પણ કરાયેલો હોય તે 'કૃતાકૃતયૂષ' કહેવાય છે; તેમ જ જેમાં સ્નેહ, ખટાશ તથા લવણ વ્યક્ત હોઈ સ્પષ્ટ અનુભવાય છે, તે સારી રીતે સંસ્કારી કરેલો 'કૃતયૂષ' કહેવાય છે અને એ જ પ્રમાણે માંસનો રસ પણ સ્નેહ લવણ આદિ સાથેનો અને તે વિનાનો પણ તૈયાર કરી શકાય છે; એમ ઉપર દર્શાવેલ એ પેયાદિક્રમ જાણવો, ૩૯,૪૦

એ પેયાદિના સેવન વિષે

सकृज्जघन्या द्विर्मध्या त्रिः श्रेष्ठा शुद्धिमर्हति ॥४१॥

જે રોગીની શુદ્ધિ જઘન્ય એટલે ખૂબ ઓછા પ્રમાણમાં થઈ હોય તેણે ઉપર્યુક્ત પેયા આદિમાંથી કેવળ એકનું જ એકવાર સેવન કરવું; જેની શુદ્ધિ મધ્યમરૂપે કરાઈ હોય તેણે ઉપર્યુક્ત ત્રણ પેયાઓમાંથી કોઈ પણ એકનું બેવાર સેવન કરવું અને જે રોગીની શુદ્ધિ ખૂબ સારી રીતે કરાઈ હોય તે ઉપર કહેલ પેયાઓમાંથી કોઈ પણ એકનું ત્રણવાર સેવન કરી શકે છે. ૪૧

વિવરણ : આ શ્લોકનો અર્થ આમ પણ સમજી શકાય છે : જે રોગીની શુદ્ધિ ખૂબ ઓછા પ્રમાણમાં થઈ હોય તે માણસે ઉપર્યુક્ત પેયામાંના એક અકૃતયૂષનું સેવન એક જ વાર કરવું જોઈએ; પરંતુ જેની શુદ્ધિ મધ્યમ પ્રમાણમાં કરાઈ હોય તેનાથી ઉપર્યુક્ત પેયામાંની બે અકૃતયૂષ તથા કૃતયૂષનું બેવાર સેવન કરી શકાય છે; અને જે રોગીની શુદ્ધિ ઉત્તમ પ્રકારની કરાઈ હોય તેણે અકૃતયૂષ, કૃતયૂષ તથા માંસરસ–એ ત્રણેનું સેવન ત્રણવાર પણ કરી શકાય છે. ૪૧

આરોગ્ય ઇચ્છનારે સર્વ સંશોધન અનુસાર ઉપર્યુક્ત સંસર્જનક્રમ સેવવો

इमां पेयादिसंसर्गीं सर्वसंशोधनोपगाम्।
आरोग्यकामः सेवेत स्वास्थ्ये प्रकृतिभोजनम् ॥४२॥
वर्जयित्वा विरुद्धान्नं गुर्वसात्म्यं च यद्भवेत्।

ઉપર દર્શાવેલ એ પેયાદિ સંસર્જનક્રમ કે ભોજનક્રમ હરકોઈ સંશોધનને અનુસરે છે; એટલે કે હરકોઈ પ્રકારનું સંશોધન જેણે સેવ્યું હોય તેણે આરોગ્યની ઇચ્છા રાખી ઉપર કહેલ તે પેયાદિ સંસર્જનક્રમ અવશ્ય સેવવો જોઈએ; અને તે પછી જ્યારે સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય ત્યારે વિરુદ્ધ ખોરાકના ત્યાગપૂર્વક અને ભારે તથા અસાત્મ્ય જે ખોરાક હોય તેને પણ છોડીને પોતાનું પ્રકૃતિ ભોજન એટલે કે પોતાનો મૂળ અસલી–આરોગ્યની અવસ્થામાં સેવેલો ખોરાક સેવવો. ૪૨

વમન આદિ ઔષધના પ્રમાણ આદિનું પ્રયોજન

अतः परं प्रवक्ष्यामि प्रमाणादिप्रयोजनम् ॥४३॥
वमनीयकषायस्य चत्वारोऽञ्जलयः परा।
मात्रा, मध्या त्रयो, ह्रस्वा द्वौ, तदर्धा विरेचने ॥४४

હવે વમન, વિરેચન આદિ ઔષધના

પ્રમાણ આદિનું જે પ્રયોજન છે એટલે કે તે માટેનું જે યોગ્ય પ્રમાણ આદિની જરૂર છે, તેને હું કહી બતાવું છું. વમન કરવા માટે જો કોઈ કષાય કે ક્વાથ પીવાનો હોય તો તેનું વધુમાં વધુ પ્રમાણ ચાર અંજલિ ૬૪ તોલા લઈ શકાય છે; મધ્યમ પ્રમાણ ત્રણ અંજલિ ૪૮ તોલા લઈ શકાય છે અને થોડામાં થોડી ઓછી માત્રાની અંજલિ ૩૨ તોલા લઈ શકાય છે; પરંતુ વિરેચન માટેનો કષાય કે ક્વાથ જો પીવો હોય તો ઉપર કહેલ માત્રાઓમાંથી અર્ધી અર્ધી માત્રા સેવવી જોઈએ. ૪૩,૪૪

વમન માટેનો ખાસ ક્વાથ

पुरुषं पुरुषं प्राप्य दोषाणां च बलाबलम् ।
मदनस्य फलक्काथः पिप्पलीसर्षपान्वितः ॥४५॥
ग्रहण्या वा स एवाऽथ पटोलारिष्टवत्सकैः ।
युक्तो वाऽथ प्रियङ्गूनां कल्केन मधुकस्य च ॥४६॥
वमनार्थे विधेयः स्यान्मधुसैन्धवमूर्च्छितः ।

હરકોઈ માણસને ઉદ્દેશી તેના દોષોના બળ-અબળને અનુસરી મીઢળફળનો ક્વાથ કરવો જોઈએ, તે ક્વાથમાં પીપરનું ચૂર્ણ તથા લાલ સરસવો પણ નાખવા જોઈએ; અથવા ધોળા સરસવ નાખી શકાય; તેમ જ પરવર, દ્રાંબડો તથા ઇંદ્રજવ પણ તેમાં નાખી શકાય છે; અથવા પ્રિયંગુ-ધાવડીનો કલ્ક અને જેઠીમધનો કલ્ક પણ તે ક્વાથમાં મિશ્ર કરી શકાય છે અને મધ તથા સૈંધવનું ચૂર્ણ પણ (પીતી વેળા) તેમાં મિશ્ર કરી શકાય છે. ૪૫,૪૬

ઉપરનો ક્વાથ અજીર્ણમાં ઉપયોગી નથી

न त्वजीर्णे, हितं त्वत्र लवणोष्णाम्बु केवलम् ॥४७॥
तद्धि सर्वं समुत्क्लिश्य मुखेनाशु विनिर्हरेत् ।

પરંતુ જે માણસને અજીર્ણ થયું હોય ત્યારે વમન માટે ઉપર કહેલ મીઢળનો ક્વાથ હિતકારી થતો નથી, પરંતુ તે અવસ્થામાં તો લવણથી મિશ્ર કરેલું સહેવાય તેવું ગરમ પાણી જ કેવલ હિતકારી થાય છે; કારણ કે તે સૈંધવયુક્ત ગરમ પાણી જો અજીર્ણમાં પીધું હોય તો સારી રીતે ઊબકા કરીને બધાંય અજીર્ણને મોઢા દ્વારા તરત જ બહાર કાઢી નાખે છે. ૪૭

વિવરણ : જો કે ચરકે સૂત્રસ્થાનના ૧૫ મા અધ્યાયમાં કફ-ઓગાળવા માટે મધ તથા સૈંધવના ચૂર્ણથી મિશ્ર કરેલ-મીઢળ ફળના ક્વાથનો ઉપયોગ કરવા આમ જણાવેલ છે કે-'इष्टे नक्षत्रतिथिकरणमुहूर्ते च कारयित्वा ब्राह्मणान् स्वस्तिवाचनं प्रयुक्ताभिराशीर्भिरभिमन्त्रितां मधु-मधुक-सैन्धव-फाणितोपहितां मदनफलकषायमात्रां पाययेत्'-પછી વૈદ્યે ઉત્તમ નક્ષત્ર, તિથિ, કરણથી યુક્ત ઉત્તમ મુહૂર્તે બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવી તેઓએ આપેલ આશીર્વાદોથી મંતરેલી અને મધ, જેઠીમધ, સૈંધવ તથા ફાણિત-અપક્વ ગોળની રાબથી મિશ્ર કરેલ મીઢળફળના ઉકાળાની યોગ્ય માત્રા (આગલા દિવસે ખાધેલા ખોરાકનું જો અજીર્ણ ન થયું હોય તો) રોગીને પાવી; એમ તે ક્વાથની માત્રા પણ અજીર્ણમાં ન જ અપાય એ ધ્યાનમાં લેવા જેવું છે. એ જ આશયથી ચરકે સૂત્રસ્થાનના ૧૫ મા અધ્યાયમાં વમનના વિધાનમાં રોગીને 'सुप्रजीर्णभक्तं' એ વિશેષણ આપીને સૂચવ્યું છે કે જેનો આગલા દિવસે ખાધેલો ખોરાક-બરાબર પચી ગયો હોય તેને જ વમનકારક ઔષધ આપી શકાય છે; પરંતુ અજીર્ણમાં તો અહીં જણાવ્યા પ્રમાણે સૈંધવના ચૂર્ણથી મિશ્ર કરેલ સહેવાય તેવું ગરમ પાણી જ પીવા આપવું; તેથી પણ અજીર્ણનો ભાગ ઊછાળા મારીને મોઢાથી બહાર નીકળી જાય છે. ૪૭

આ ઉપાયથી અજીર્ણાંશ બહાર ન નીકળે તો ?

यद्येवमामं विष्टम्भान्नापैति तत उत्तरम् ॥४८॥
वचाजगन्धामदनपिप्पलीभिस्तदुद्धरेत् ।
अन्यैर्वा कल्क(ल्प)विहितैर्वीमित्सोद्वेजनौषधैः ॥४९॥
अङ्गुल्युत्पलनालाद्यैर्गलावतुदनैः सुखैः ।
तत्पार्श्वोदरपृष्ठानां पीडनान्मदनैरपि ॥ ५० ॥

ઉપર દર્શાવ્યા પ્રમાણે ગરમ પાણીમાં લવણ નાખી પીવામાં આવે, છતાં વિષ્ટંભ-

ના કારણે એટલે અજીર્ણ ભાગ અંદરના ભાગમાં સજ્જડ થઈ ગયો હોય કે તેથી તેનેઃ આમ-અજીર્ણ જો બહાર ન નીકળી આવે તો તે પછી વજ, અજમો, મીઢળ અને પીપર એટલાંનું ચૂર્ણ ગરમ પાણી સાથે આપીને તે અજીર્ણાંશને બહાર કાઢી નાખવો; અથવા બીજા કલકડૂપે કરેલ સૂગ ઉપજાવે અને કંટાળો લાવે એવાં ઔષધો પાઈને અથવા મોઢામાં આંગળી નાખીને કે કમળનું નાળ મોઢામાંથી ગળાની અંદર ઉતારીને કે સુખ થાય તેમ ગળાને મસળી નાખીને અથવા રોગીના પડખાં, પેટ અને પડખાંને પીડી-દબાવીને કે મસળી-માલિસ કરીને પણ મોઢામાંથી તે અજીર્ણભાગ બહાર નીકળી જાય તેવા પ્રયત્નો કરવા. ૪૮

વમન ઔષધ રોગીને પાયા પછીનાં વમનકારક ચિહ્નો

पीतवन्तं च वमनं मुहूर्तमनुपालयेत् ।
विदाहपूर्वः स्वेदोऽस्य यदा भवति सर्वतः ॥५१॥
विष्यन्दमानं जानीयात्तदा दोषं भिषग्वरः ।
लोमहर्षेण चाम्वक्षं स्थानेभ्यश्चलितं तथा ॥५२॥
आध्मानोद्वेष्टनाभ्यां च निर्दिशेत् कोष्ठमाश्रितम् ।
हल्लासास्यपरिस्रावैश्चामुखीभूतमुद्धरेत् ॥५३॥
उष्णाम्बु लवणोपेतं पीत्वाऽऽकण्ठं पुनः पुनः ।

જે રોગીએ વમન ઔષધ પીધું હોય, તેની પાછળ એટલે કે રોગીને વમન ઔષધ પાયા પછી એક મુહૂર્ત-બે ઘડીના સમય સુધી રાહ જોવી એટલે કે વમનકારક ઔષધ પીધા પછી બે ઘડી જેટલા સમય સુધી તેની અસર થવાની વાટ જોવી; પરંતુ તેટલો સમય વીતી જાય તે પછી વમન થવાની તૈયારી થાય તે વખતે એ રોગીને વિશેષ દાહપૂર્વકનો સ્વેદ થાય એટલે કે પરસેવો થવા માંડે ત્યારે ઉત્તમ વૈદ્યે તે લક્ષણ ઉપરથી જાણી લેવું કે 'હવે દોષ વિશેષે કરી ઝરવા લાગ્યો છે-ઓગળવા કે પીગળવા લાગ્યો છે; તે પછી એ રોગીને પ્રત્યક્ષ તેનાં રુવાંટાં ખડાં થતાં દેખાય ત્યારે તે ચિહ્ન ઉપરથી વૈદ્યે જાણવું કે દોષ તેના સ્થાનેથી ખસવા માંડ્યો છે; તે પછી એ રોગીને આફરો થાય છે, અને પગે ગોટલા ચડવા માંડે, ત્યારે વૈદ્યે જાહેર કરવું કે હવે દોષ રોગીના કોઠામાં આવી પહોંચ્યો છે; તે પછી એ રોગીને હૃલ્લાસ-મોળ-ઉબકા આવવા માંડે અને મોઢામાંથી ચારે બાજુથી પાણી વછૂટવા માંડે ત્યારે તે ચિહ્ન ઉપરથી દોષને મોઢાની સમીપે આવેલો જાણી લઈ તે રોગીને લવણ નાખેલું પાણી વારંવાર છેક ગળા સુધી પાઈને તે દોષને મોઢાની બહાર કાઢી નાખવો. ૫૧-૫૩

વિવરણ : અહીં સુશ્રુતનો આવો અભિપ્રાય પણ છે કે, રોગીને વમનકારક ઔષધ પાયા પછી કેટલોક કાળ રાહ જોઈને વૈદ્યે પોતાના હાથને અગ્નિથી તપાવી તે રોગીના કોઠા પર વારંવાર થોડો થોડો શેક આપ્યા કરવો જરૂરી હોય છે, તેથી દોષ ઓગળે છે. ૫૧-૫૩

વમનના વેગોની સંખ્યા

यावत् स्युरष्टौ षड्वाऽपि वेगाश्चत्वार एव वा ॥५४
आपित्तदर्शनाद्वाऽपि दोषोच्छित्तेरथापि वा ।

વમન થવા માંડે ત્યારે તેના વેગો આઠ, છ કે ચાર જ થાય છે; અથવા પિત્ત બહાર નીકળતું દેખાય કે દોષનો સમૂળો નાશ દેખાય ત્યાં સુધી પણ વમનના વેગો આવ્યા કરે છે. ૫૪

વિવરણ : આ સંબંધે ચરકે સિદ્ધિસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યું છે કે- जघन्यनध्य-प्रवरेषु वेगाश्चत्वार इष्टा वमने षडष्टौ '-વમનના વેગ ચાર આવે તો જઘન્ય છ આવે તો મધ્યમ અને આઠ આવે તો ઉત્તમ પ્રકારનું વમન થયું ગણાય છે; અથવા વમનમાં પહેલો કફ બહાર નીકળે અને તે પછી છેલ્લું પિત્ત નીકળે ત્યાં સુધીનું વમન થાય તે ઉત્તમ ગણાય છે; અથવા તે પ્રકારે થાય ત્યાં સુધી વમનકારક ઔષધ, રોગીને આપવું જોઈએ; આ સંબંધે પણ ચરકે સિદ્ધિસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ કહ્યું છે કે-' पित्तान्तमिष्टं वमनं तथोर्ध्वम् '-વમન ઔષધ રોગીને ત્યાં સુધી આપવું જોઈએ કે તેને

વમનમાં છેલ્લું પિત્ત બહાર આવે અને તે પછી છેલ્લો વાયુ બહાર નીકળે; આવો જ આશય ચરકે સિદ્ધિસ્થાનના ૧ લા અધ્યાયમાં પણ આમ દર્શાવ્યો છે કે-'क्रमात् कफःपित्तमथानिलश्च यस्यैति सम्यग् वमितः स इष्टः'-જે રોગાને વમનકારક ઔષધ પાયા પછી અનુક્રમે પ્રથમ કફ બહાર નીકળે, પછી પિત્ત બહાર નીકળે અને છેલ્લો વાયુ બહાર આવે ત્યારે વૈદ્યે જાણવું કે આ રોગીને વમન ઔષધ સારી રીતે અસર કરી શક્યું છે. ૫૪

વમનમાં દોષનું પ્રમાણ કેટલું બહાર આવવું જોઈએ?

मानप्रमाणतो वैकाध्यर्धद्विप्रस्थसंमितम् ॥५५॥
पीतादभ्यधिकं यत् स्यात् सदोषस्तद्विनिर्गमे।

વમનમાં બહાર નીકળેલા દોષનું પ્રમાણ એક પ્રસ્થ-૫૦-૫૪ તોલા બહાર નીકળે, તે જ ધન્ય-હીન થયેલી શુદ્ધિ સમજવી; દોષનું પ્રમાણ દોઢ પ્રસ્થ એટલે ૭૫ કે ૮૧ તોલા બહાર નીકળે તો તેથી મધ્યમ શુદ્ધિ થઈ છે, એમ જાણવું; અને જ્યારે વમનમાં દોષનું પ્રમાણ બે પ્રસ્થ-૧૦૦-૧૦૮ તોલા બહાર નીકળે ત્યારે વૈદ્યે સમજવું કે વમન દ્વારા ઉત્તમ શુદ્ધિ થઈ છે; એકંદર જેટલું વમન ઔષધ પીધું હોય તેથી અધિક પ્રમાણમાં જે વમન થાય, તે એ વમન દ્વારા દોષ બહાર નીકળવામાં યોગ્ય ગણાય છે. ૫૫

વિવરણ : ચરકે સિદ્ધિસ્થાનના ૧લા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે- पित्तान्तमिष्टं वमनं विरेकादर्धम्'-વમન દ્વારા દોષનું પ્રમાણ પિત્ત સુધીનું બહાર નીકળે તે યોગ્ય ગણાય છે એટલે કે વમનમાં છેલ્લું જ્યારે પિત્ત બહાર આવે ત્યારે વૈદ્યે જાણવું કે વમન યોગ્ય પ્રમાણમાં થયું છે; અથવા વિરેચન ઔષધથી ગુદા માર્ગે જેટલો દોષ બહાર નીકળવો જોઈએ, તેથી અર્ધો દોષ વમનકારક ઔષધથી મુખ દ્વારા બહાર નીકળવો જોઈએ; અહીં વમન દ્વારા નીકળતા દોષોનું પ્રમાણ પ્રસ્થથી જણાવેલ છે, પરંતુ આ વમનવિરેચનમાં દોષનું જે પ્રમાણ લેવાય છે, તેમાં પ્રસ્થનું પ્રમાણ ૧૬-પલ-૬૪ તોલા સમજવું ન જોઈએ, પરંતુ ૧૩॥ પલ કે ૧૨॥ પલ-એટલે કે, ૫૪ તોલા કે ૫૦ તોલા લેવાય, તે બરાબર છે; આ સંબંધે આવી પરિભાષા મળે છે-'अत्र प्रस्थः-अर्धत्रयोदशपलमुक्तं, तन्त्रान्तरे-वमने च विरेके च तथा शोणितमोक्षणे। अर्धत्रयोदशपलं प्रस्थमाहुर्मनीषिणः ॥ अर्धेन हीनं त्रयोदशपलं-साधद्वादशपलमित्यर्थः'-અહીં વમન, વિરેચન તથા રુધિરસ્રાવણમાં પ્રસ્થનું પ્રમાણ ૧૬ પલ કે ૬૪ તોલા લેવાતું નથી, પણ અર્ધ પલ ઓછા તેર પલ ૧૨॥ પલ-૫૦ તોલા લેવાય છે; છતાં તેમાં આવો મતભેદ પણ છે કે અહીં એક પ્રસ્થ ૧૩॥ પલ-૫૪ તોલા પણ લઈ શકાય છે. ૫૫

વમનથી દોષ બહાર નીકળી ગયાનાં લક્ષણો

निरामगन्धं सोद्गारं यावत् पीतमपिच्छिलम्॥५६
यदा विकलुषं वान्तं दृश्यतेऽम्बु प्रतिग्रहे।
कुक्ष्युरःकण्ठशिरसां लाघवं रोगमार्दवम् ॥५७॥
क्रमकार्श्ये न चात्यर्थमुत्साहो विशदात्मता।
सद्यो निर्हृतदोषस्य लिङ्गान्येतानि निर्दिशेत् ॥५८॥

રોગીએ વમનકારક જે ઔષધ પીધું હોય તે વમન દ્વારા બહાર નીકળી જાય, તેમાં 'આમ' કે અપક્વ અન્નરસની ગંધ ન હોય, ઓડકાર સાથે તે બહાર નીકળે, અને તેને પાત્રમાં ઝીલી લેવાય ત્યારે પિચ્છિલ-ચીકાશથી તે રહિત હોય; તેમાં કલુષપણું કે મલિનતા પણ ન હોય; પરંતુ કેવળ પાણી જ દેખાય; તેમ જ રોગીનાં કૂખ, છાતી, ગળું તથા માથું હલકું થયેલ જણાય; રોગમાં કોમળતા કે ન્યૂનતા થયેલી લાગે, અતિશય ગ્લાનિ તથા કૃશતા પણ ન થાય; રોગીને પોતાને ઉત્સાહ તથા વિશદ-આત્મતા એટલે નિર્મળ ચિત્તનો અનુભવ થાય; ત્યારે તેનો દોષ સંપૂર્ણ બહાર નીકળી ગયો છે, એમ વૈદ્યે તેનાં એ લક્ષણો જાહેરમાં કહેવાં. ૫૬-૫૮

વમન પછી બાકીના દોષ નસ્ય દ્વારા દૂર કરવા

शिरोगतं ततश्चास्यत (तै)लैः स्विन्नस्य देहिनः।
दोषावशेषं नस्येन धूमपानेन वा हरेत्॥५९॥

ઉપર જણાવ્યા પ્રમાણે વમન-ઔષધ દ્વારા વમન થયા પછી દોષો દૂર થાય,

છતાં તે રોગીના મસ્તકમાં જે દોષો બાકી રહ્યા હોય, તેઓને દૂર કરવા માટે એ રોગીને પ્રથમ સ્વેદનથી યુક્ત કરી નસ્ય દ્વારા કે ધૂમ્રપાન દ્વારા દૂર કરવા જોઈએ. ૫૯

વમન તથા નસ્યકર્મ પછી સંસર્જનક્રમ કરીને વિરેચન કરાવાય

यथाशुद्धि ततश्चैनं संसर्गेणोपपादयेत् ।
हरीतक्या ग्रहघ्न्या वा कल्पोक्तं स्याद्विरेचनम् ॥६०

એમ વમન તથા નસ્યકર્મ દ્વારા સંશોધન કર્યા પછી એ રોગીને સંસર્ગ દ્વારા તૃપ્ત કરવો; એટલે કે યોગ્ય ભોજન જમાડી લેવું જોઈએ. તે પછી ૧૫ દિવસો વીતે ત્યારે હરડેનું ચૂર્ણ કે ગ્રહઘ્ની-ધોળા સરસવના ચૂર્ણ દ્વારા કલ્પોક્ત-શાસ્ત્રમાં કહેલી વિધિ પ્રમાણે વિરેચન કરાવવું જોઈએ. ૬૦

વિવરણ : અહીં આમ સમજવું કે જે રોગીને વમન ઔષધદ્વારા વમન કરાવ્યા પછી વિરેચન ઔષધદ્વારા જો વિરેચન કરાવવું હોય, તેને એક પખવાડિયું જવા દઈ ફરી પાછું સ્નેહન તથા સ્વેદન કર્મ કરાવ્યા પછી વિરેચન ઔષધ આપી શકાય છે. આ સંબંધે સુશ્રુતે પણ આમ કહ્યું છે કે-'પક્ષાદ્ વિરેકો વાન્તસ્ય'-જેને વમન ઔષધ આપી વમન કરાવ્યું હોય તેને જો વિરેચનદ્વારા વિરેચન કરાવવાની જરૂર જણાય તો એક પખવાડિયું જવા દઈને ફરી પાછું સ્નેહન તથા સ્વેદન કર્મ કરાવી હરડે કે ધોળા સરસવદ્વારા વિરેચન કરાવવું. ૬૦

વિરેચન-ઔષધના યોગો

पिप्पलीसैन्धवोपेता पथ्या वा त्रिवृतायुता ।
घृतं चारग्वधफलं क्षीरेणाथ रसेन वा ॥६१॥
त्रिफला वा त्रिवृद्युक्ता सघृतव्योषसैन्धवा ।
तथा गन्धर्वतैलं वा श्रेष्ठं स्नेहविरेचनम् ॥६२॥

પીપર તથા સૈંધવના ચૂર્ણ સાથે હરડેનું ચૂર્ણ અથવા ઉકાળેલું ગરમાળાનું ચૂર્ણ-એટલે કે ગરમાળાનો ક્વાથ દૂધની સાથે કે માંસના રસની સાથે આપીને વિરેચન કરાવવું; અથવા નસોતરની સાથે ત્રિફલા આપીને કે ઘી, વ્યોષ-સૂંઠ, મરી તથા પીપર અને સૈંધવ સાથે ત્રિફલા આપીને તે રોગીને વિરેચન કરાવવું; અથવા ગંધર્વ તૈલ એટલે એરંડિયું તેલ (દૂધ સાથે) અપાય એ સ્નેહ-વિરેચન શ્રેષ્ઠ ગણાય છે. ૬૧,૬૨

વધુ વિરેચન યોગો

दशमूलकषायेण जाङ्गलानां रसेन वा ।
द्राक्षाक्वाथेन वा युक्तमथवा दीपनाम्बुना ॥६३॥
त्रिवृद्द्राक्षाभयानां वा गवां मूत्रेण संयुता ।
सद्राक्षा त्रिवृता वा स्यादथवा त्रिवृताष्टकम् ॥६४॥

અથવા દશમૂળનો ક્વાથ આપીને કે જાંગલ માંસના રસનો ઉપયોગ કરાવીને અથવા દ્રાક્ષના ક્વાથથી યુક્ત કે દીપનીય જળથી યુક્ત નસોતર, દ્રાક્ષ કે હરડેનું ચૂર્ણ આપીને જો કે ગોમૂત્રની સાથે અથવા દ્રાક્ષ સહિત નસોતર કે નીચે કહેવાતું ત્રિવૃતાષ્ટક ચૂર્ણ આપીને વિરેચન કરાવવું.

ત્રિવૃતાષ્ટક ચૂર્ણ અને તેના ગુણો

पथ्या त्रिजातकं व्यूषं विडङ्गामलकं घनम् ।
समानि, षड्गुणा त्वत्र शर्करा ऽष्टगुणा त्रिवृत् ॥६५॥
चूर्णं ज्वरश्रमश्वासकासपाण्ड्वामयक्षयान् ।
हन्यात् क्रिमिविषार्शांसि मूत्रकृच्छ्रं च देहिनाम् ॥६६

હરડે, ત્રિજાતક-તજ, તમાલપત્ર અને એલચી; વ્યૂષ-ત્રિકટુ કે સૂંઠ, મરી અને પીપર, વાવડિંગ, આમળાં તથા નાગરમોથ એટલાં દ્રવ્યો સમાનભાગે લેવાં, પછી તેઓનું ચૂર્ણ કરી તેનાથી છગણી સાકર અને આઠગણું નસોતરનું ચૂર્ણ મિશ્ર કરવું; એ ચૂર્ણ માણસોના જ્વર, શ્રમ, શ્વાસ, કાસ-ઉધરસ, પાંડુરોગ, ક્ષય, કિમિઓ, વિષ, અર્શસ્ તથા મૂત્રકૃચ્છ્રનો નાશ કરે છે. ૬૫,૬૬

વિરેચનના વેગો અને પ્રમાણ

दशावरे, पञ्चदश मध्यमे, त्रिंशदुत्तमे ।
वेगा द्वित्रिचतुष्प्रस्थप्रमाणाः स्युर्विरेचने ॥६७॥

ઓછા વિરેચનના દશ વેગો, મધ્યમ વિરેચનમાં ૧૫ વેગો અને ઉત્તમ વિરેચનમાં ૩૦ વેગો હોવા જોઈએ; તેમ જ બે પ્રસ્થ-

૧૦૦ તોલા કે ૧૦૮ તોલા મળનું વિરેચન થાય તે હીન, ત્રણ પ્રસ્થ ૧૫૦ કે ૧૬૨ તોલા મળનું વિરેચન થાય તે મધ્યમ અને ચાર પ્રસ્થ-૨૦૦ તોલા કે ૨૧૬ તોલા મળનું પ્રમાણ વિરેચન દ્વારા બહાર નીકળે, તો તે ઉત્તમ વિરેચન થયું ગણાય છે. ૬૭

વિવરણ : ચરકે સિદ્ધિસ્થાનના ૧ લા અધ્યાયમાં વિરેચનના મધ્યમ પ્રકરણમાં ૧૫ ના સ્થાને ૨૦ વેગો કહ્યા છે. ૬૭

વિરેચનમાં દોષોનો નીકળવાનો ક્રમ

विट्पित्तकफसंमिश्राः सवाताः स्युर्यथाक्रमम् ।
पित्तावसाना वमने कषायकफमूर्च्छिताः ॥ ६८ ॥
सम्यग्योगेऽतियोगेऽतिप्रवृत्तिः क्षीणितोत्तरा ।
अयोगे त्वप्रवृत्तिः स्याद्विपरीताऽल्पशोऽपि वा ॥६९
विभ्रंशः कर्मणो भ्रंशः केवलौषधनिर्गमः ।

વિરેચનમાં પહેલી વિષ્ઠા, પછી પિત્ત, પછી કફ અને છેલ્લો વાયુ એ અનુક્રમે બહાર નીકળવાં જોઈએ; અને વમનમાં પહેલું કવાથરૂપ ઔષધ, પછી કફ, પછી પિત્ત અને છેલ્લો વાયુ બહાર નીકળે તે યોગ્ય ગણાય છે; એમ વિરેચન તથા વમનના સમ્યગ્યોગમાં દોષોનો નીકળવાનો ક્રમ જાણવો; પરંતુ વિરેચનના કે વમનના અતિયોગમાં તો તે તે દોષો વધુ પ્રમાણમાં બહાર નીકળે છે અને છેલ્લું લોહી બહાર નીકળે છે; પરંતુ વિરેચનનો કે વમનનો જો અયોગ થયો હોય તો વમન કે વિરેચનની બિલકુલ અસર જ ન થાય અથવા વિપરીત માર્ગે પ્રવૃત્તિ થાય એટલે કે વમનકારી ઔષધ હોય છતાં તે ગુદામાર્ગે પ્રવૃત્તિ કરી વિરેચન કરે; અથવા વિરેચનકારી ઔષધ હોય, છતાં ગુદામાર્ગે પ્રવૃત્તિ ન કરી ઊર્ધ્વમાર્ગે-મોઢેથી મળને બહાર કાઢે; અથવા બહુ જ થોડા પ્રમાણમાં વમન કે વિરેચન થાય; અથવા વિભ્રંશ થાય એટલે કે કોઠાનું કોઈ અંગ પોતાના સ્થાનેથી ખસી જાય કે ગુદાભ્રંશ થાય અથવા કર્મનો ભ્રંશ થાય-એટલે કે વિરેચનરૂપ ક્રિયા લગારે લાગુ જ ન થાય; કે વિરેચનકારી ઔષધ-જ કેવળ બહાર નીકળી જાય; આ બધાં વિરેચન કે વમનકારી ઔષધનાં લક્ષણો અહીં કહ્યાં છે. ૬૮,૬૯

વિરેચનનો અતિયોગ મટાડવાનો ઉપાય

सर्पिष्पानं विकारे स्यादतियोगानुबन्धजे ॥ ७० ॥
मधुकादिविपक्वं वा तैलं तत्रानुवासनम् ।

વિરેચનકારી ઔષધના અતિયોગનો અનુબંધ કે અનુસરણ થાય અને તે કારણે જો કોઈ વિકાર થાય, તો તેને મટાડવા સારુ ઘી પીવું; અથવા જેઠીમધ આદિ ઔષધના કલ્કથી વિશેષે કરી પકવેલું તૈલ તૈયાર કરી તેનું અનુવાસન સેવવું એટલે કે 'મધુકાદિ-પક્વ તૈલ'ની અનુવાસન બસ્તિનો પ્રયોગ કરવો. ૭૦

વમન કે વિરેચનનો અયોગ કે મિથ્યા-યોગ થયો હોય તો શું કરવું ?

दुर्वान्तं दुर्विरिक्तं वा स्निग्धदेहं बलान्वितम् ॥७१॥
बहुदोषं दृढाग्निं च पाययेदपरेऽहनि ।
दुर्बलं क्रमशो भूयः स्निग्धस्विन्नं विशोधयेत् ॥७२

જે રોગીને વમનકારી ઔષધનો કે વિરેચનકારી ઔષધનો અયોગ કે મિથ્યા-યોગ થયો હોય, તેથી બરાબર યોગ્ય પ્રકારે વમન કે વિરેચન જો ન થયેલ હોય તો એવા દુર્વાન્ત કે દુર્વિરિક્ત રોગીને ફરી સ્નેહપાન કરાવી સ્નિગ્ધ દેહવાળો કરી બળયુક્ત કરવો; અને એમ કર્યાથી તે જો બળયુક્ત થયેલો જણાય અને તેના દેહમાં દોષો ઘણા હોય તેમ જ તેનો જઠરાગ્નિ જો તીક્ષ્ણ હોય તો તેને બીજા દિવસે ફરી વમનકારી કે વિરેચનકારી ઔષધ પાવું; પરંતુ એ રોગી જો દુર્બલ હોય તો ફરી તેને ક્રમશઃ બીજા જ દિવસે ઔષધ ન આપી સ્નેહન તથા સ્વેદન કર્મથી યુક્ત કરી વિશોધન કરવું; એટલે કે વમન કે વિરેચનરૂપ વિશોધન કર્મ માટે ફરી તેને તે તે વમનકારી

કે વિરેચનકારી ઔષધ તત્કાળ બીજા જ દિવસે ન આપી ક્રમશઃ થોડું થોડું અમુક દિવસોના અંતરે તે તે ઔષધ આપ્યા કરી તેના કોઠાની શુદ્ધિ કરવી. ૭૧,૭૨

વિવરણ : અહીં આ અભિપ્રાય છે કે વમનના કે વિરેચનના અયોગમાં કે મિથ્યાયોગમાં આ બાબત ધ્યાનમાં લેવી જોઈએ કે રોગી બળવાન છે કે નહિ ? તેનો જઠરાગ્નિ સારો છે કે નહિ ? જો રોગી બળવાન હોય, જઠરાગ્નિ પણ સારો હોય તો તેને બીજા જ દિવસે ફરી સ્નેહનથી સ્નિગ્ધ અને સ્વેદનથી યુક્ત કરી વમન વિરેચન માટેનું ઔષધ ફરી આપવું અને તે દ્વારા તેનો કોઠો શુદ્ધ કરવો; પરંતુ જેને વમનનો કે વિરેચનનો અયોગ કે મિથ્યાયોગ થયો હોય, તે રોગી શરીરે જો દુર્બળ હોય અને તેનો જઠરાગ્નિ પણ નબળો હોય તો તેને શુદ્ધ કરવા ફરી ઉતાવળ ન કરવી, પણ ક્રમશઃ ધીમે ધીમે અમુક દિવસોના આંતરે આંતરે ફરી ફરી સ્નેહથી સ્નિગ્ધ અને સ્વેદનથી યુક્ત કર્યા કરી થોડું થોડું વમન વિરેચન માટેનું ઔષધ આપ્યા કરી ક્રમશઃ ધીમે ધીમે તેના કોઠાને શુદ્ધ કરવો; પરંતુ તેવા રોગીને શુદ્ધ કરવા માટે જો ઉતાવળ કરાય કે વમનના કે વિરેચનના ઔષધની માત્રા તરફ પણ ધ્યાન ન અપાય તો તેને એ વમનકારી કે વિરેચનકારી ઔષધ દ્વારા વમનનો કે વિરેચનનો અતિયોગ થવો સંભવે છે; એકંદર રોગીનો કોઠો જોઈ; તપાસીને તેમ જ તેના શરીરનું બળ કેટલું છે, તે પણ ધ્યાનમાં લઈ વમન કે વિરેચન ઔષધ અપાય તે જ યોગ્ય ગણાય એકંદર રોગી બળવાન હોય અને તેનો જઠરાગ્નિ પણ સારો હોય તો તેને તીક્ષ્ણ વમનરૂપ સંશોધન ઔષધ આપવું; પરંતુ રોગી નિર્બળ હોય તો મૃદુ-કોમળ સંશોધન આપ્યા કરી ક્રમશઃ તેને શુદ્ધ કરવો જોઈએ. ૭૧,૭૨

સંશોધન કર્મમાં વધુ જરૂરી સૂચન

न तु दुश्छर्दनं जातु क्रूरकोष्ठमथापि वा ।
तयोः संशमनैर्दोषान् बस्तिभिर्वा शमं नयेत् ॥७३॥
अहृद्यमतिदुर्गन्धमजीर्णे चाति वा बहु ।
यस्यानुलोमिकं पीतमूर्ध्वं याति कफावृतम् ॥७४॥
तं वामितं लङ्घितं वा परिस्निग्धं विरेचयेत् ।

જે રોગીને વમન ઔષધ કે વિરેચનકારી ઔષધ આપ્યું હોય તેથી તેને યોગ્ય પ્રકારે વમન થયું ન હોય કે યોગ્ય પ્રકારે વિરેચન થયું ન હોય અથવા જે રોગીનો કોઠો-વધુ કઠણ હોય, તેથી જેને વમન-ઔષધની બરાબર અસર થઈ ન હોય તો તેના દોષોને દૂર કરવા કે શમાવવા માટે સંશમન પ્રયોગો દ્વારા ચિકિત્સા કદી ન કરવી; પણ તેને ફરી ફરી ક્રમશઃ સ્નેહથી સ્નિગ્ધ તથા સ્વેદનથી યુક્ત કર્યા કરી તે તે સંશોધનના-દ્વારા જ શુદ્ધ કરવા પ્રયત્ન કરવો જોઈએ; તેમાં આ બાબત ધ્યાનમાં લેવી જોઈએ કે વિરેચનનું તે ઔષધ હૃદયને પ્રિય થાય તેવું હોવું જોઈએ અને અતિશય દુર્ગંધી ન હોય; છતાં તે વિરેચન ઔષધ રોગીના હૃદયને પ્રિય થાય તેવું હોય પણ અતિશય દુર્ગંધી હોય, અજીર્ણમાં અપાયું હોય કે અતિશય વધુ પ્રમાણમાં અપાયું હોય તે ઔષધ ભલે અનુલોમ પ્રવૃત્તિ કરે તેવું હોય, તોપણ એવું તે ઔષધ જો પીવાયું હોય તો કફથી ચોપાસ છવાઈ જઈ તે ઊર્ધ્વમાર્ગે ગતિ કરે છે; એટલે કે વિરેચનકારી ન થઈ ઊલટું વમનકર્તા થઈ પડે છે; એમ તે ઔષધ વડે જેને વમન કરાવ્યું હોય તે તે રોગીને પ્રથમ એક લંઘનરૂપ ઉપચાર કરાવી ચારેબાજુથી સ્નિગ્ધ કર્યો પછી ફરી વિરેચનરૂપ ઔષધ આપીને વિરેચન કરાવવું જોઈએ. ૭૩-૭૪

જેને આપેલું વમન ઔષધ જો અધોમાર્ગે જાય તો ?

अत्यर्थस्निग्धदेहस्य विशुद्धामाशयस्य वा ॥७५॥
मारुतस्यानुलोम्यस्य यस्याधो वमनं व्रजेत् ।
तस्य संसर्गमात्रेण परिशुद्धिर्विधीयते ॥७६॥
दुर्बलस्याल्पदोषस्य मृदु संशोधनं हितम् ।

જે માણસનું શરીર અતિશય સ્નિગ્ધ હોય અથવા જેનો આમાશય - (કફરહિત હોઈ) વિશુદ્ધ હોય, તેનો અધોવાયુ જે અનુ-

લોમ ગતિ કરી રહ્યા હોય, તેને જો વમનકારી ઔષધ અપાય તો તે ઊર્ધ્વમાર્ગે ગતિ ન કરે, પણ અધોમાર્ગે જ ગતિ કરે– એટલે કે વમનકારી ન થઈને વિરેચનકારી થઈ પડે છે; તે માટે એવા માણસને માત્ર સંસર્ગ એટલે કે તેવા પ્રકારનાં ભોજનો દ્વારા જ શુદ્ધિ કરવામાં આવે છે; પરંતુ જે માણસ શરીરે દુર્બળ હોય અને તેથી જ જેનામાં દોષો થોડા હોય તેને તો (શુદ્ધ કરવા માટે) કોમળ સંશોધન આપવું, તે જ હિતકારી થાય છે. ૭૫,૭૬

ઉષ્ણ જલપાન દોષોનું અનુલોમન કરે છે

विगृहीताचिराद्दोषैः स्तोकं स्तोकं व्रजत्यधः ॥७७॥
उष्णाम्बुपानं तत्र स्यादानुलोम्यकरं परम् ।

જ્યારે કોઈ વિરેચન ઔષધ દોષો વડે વિશેષે કરી ગ્રહણ કરેલું થાય છે, ત્યારે તે લાંબા કાળે થોડું થોડું નીચે જાય છે. એ સ્થિતિમાં ગરમ પાણી પીધા કરવું તે (દોષોનું) અત્યંત અનુલોમનપણું કરનાર થાય છે. ૭૭

સંશોધન ઔષધ શૂલ કરનાર થાય તો?

दोषो भवेद्वा सोद्गारो नोर्ध्वं नाधश्च गच्छति ॥७८
सशूले मेषजे जन्तोः स्वेदं तत्रावचारयेत् ।

જે કાળે સંશોધનકારી ઔષધ અપાયું હોય, તે વેળા તે જો ઉદ્ગારયુક્ત થાય એટલે ઉપરાઉપરી ઓડકાર જ લાવ્યા કરે પણ ઉપરના માર્ગે ન જાય કે નીચેના માર્ગે પણ ન જાય; તેથી (રોગીને અપાયેલું) તે સંશોધનકારી ઔષધ શૂલયુક્ત થઈ પડે એટલે કે (પેટમાં) જાણે શૂલ ભોંકાતું એ હોય એવી પીડા કરનાર થાય છે; ત્યારે સ્થિતિમાં રોગીને સ્વેદનકર્મ કરવું જોઈએ; એટલે કે શેક અથવા બાફ આપવાની શરૂઆત કરી દેવી જોઈએ. ૭૮

વિરેચનમાં થતી આ બે સ્થિતિના ઉપાયો

मात्राविरिक्तं सोद्गारमौषधं क्षिप्रमुद्धरेत् ॥७९॥
अतिप्रवृत्तौ जीर्णेऽस्मिन् स्तम्भनीयैरुपक्रमेत् ।

કોઈ રોગીને યોગ્ય માત્રામાં વિરેચન થઈ જાય, છતાં તેને ઉપરાઉપરી જો ઓડકાર આવ્યા કરે, તો તેના બાકી રહેલા ઔષધને વમનકારી ઔષધદ્વારા જલદી બહાર કાઢી નાખવું જોઈએ; પરંતુ વિરેચનની જો અતિપ્રવૃત્તિ થઈ હોય કે અતિયોગ થયો હોય અથવા વમન કે વિરેચનકારી ઔષધ પચી ગયું હોય તો સ્તંભનકારક ઔષધો દ્વારા ઉપચારો કરવા એટલે કે સ્તંભન ઔષધોથી તે વિરેચનના અતિયોગને થંભાવી દેવો. ૭૯

ફલવર્તિપૂર્વકનું વિરેચન ક્યારે?

दीप्ताग्नेः क्रूरकोष्ठस्य बहुदोषस्य देहिनः ॥८०॥
सोदावर्तस्य निर्वाह्य पुरीषं फलवर्तिभिः ।
सुस्निग्धस्विन्नगात्रस्य भिषग्दद्याद्विरेचनम् ॥८१॥

જે રોગીનો જઠરાગ્નિ પ્રદીપ્ત હોય, જેનો કોઠો કઠિન હોય, જેનામાં દોષો ઘણા હોય, અને જે માણસ ઉદાવર્તનો રોગી હોય તેની વિષ્ઠાનું પ્રથમ ફલવર્તિઓ દ્વારા નિર્વાહણ કરવું; એટલે કે પોતાના સ્થાનેથી વિષ્ઠાને ખસેડી બે'ચી લાવવી; તે પછી સ્નેહનથી સારી રીતે સ્નિગ્ધ અને સ્વેદનથી સ્વેદયુક્ત શરીરવાળા કરેલા તે રોગીને વૈદ્યે વિરેચનકારી ઔષધ આપવું. ૮૦,૮૧

સમ્યક્ શુદ્ધિ કરનાર ઔષધોનું લક્ષણ

यदसक्तं महावेगैः सुखेनाशु प्रवर्तते ।
अनाबाधकरं नातिग्लपनं दोषशोधनम् ॥ ८२ ॥
अव्यापन्नगुणोदर्कं मात्रायुक्तं सुसंस्कृतम् ।
पीतमेकाग्रमनसा सम्यक्छुद्धिकृदावदेत् ॥८३॥

જે સંશોધન ઔષધ મોટા વેગોને લીધે ક્યાંય પણ વળગી રહ્યા વિના કે ચોંટી રહ્યા વિના સુખેથી પ્રવૃત્તિ કરે એટલે કે અનાયાસે પોતાનું કામ કરવા માંડે તેમ જ કોઈપણ જાતની પીડા ન કરે, અતિશય ગ્લાનિકારક પણ ન થાય, દોષોનું શોધન કરે, તેમ જ જેના ગુણ તથા પરિણામ આપત્તિરહિત હોય, જે યોગ્ય માત્રાથી યુક્ત

હોય, સારી રીતે સંસ્કારી કરેલ હોય અને એકાગ્ર મનથી જે પીવાયું હોય, તે ઔષધ સમ્યક્ શુદ્ધિને કરનાર કહી શકાય છે. ૮૨,૮૩

સંશોધનને અયોગ્ય વ્યક્તિઓ

दीप्ताग्नयः कर्मनित्या ये नरा रूक्षभोजिनः ।
शश्वद्दोषाः क्षयं यान्ति तेषां वाय्वग्निकर्मभिः ॥ ८४
विरुद्धाध्यशनाजीर्णदोषानपि सहन्ति ते ।
स्वस्थवृत्तौ न ते शोध्या रक्ष्या वातविकारतः ॥८५॥
विज्ञायैवंविधं वैद्यः संशुद्धिं कर्म(र्तु)मर्हति ।

જે લોકોના જઠરાગ્નિ પ્રદીપ્ત હોય, જેઓ કાયમ કામ કર્યા કરતા હોય અને જેઓ રૂક્ષ-લૂખા ખોરાક ખાવા ટેવાયેલા હોય, તેઓના દોષો વાયુથી, અગ્નિથી અને કાયમના કામોથી કાયમ નાશ પામ્યા કરે છે; અને તે જ કારણે તે લોકો વિરુદ્ધ ખોરાકના અધ્યશન કે ઉપરાઉપરી ખાવાથી થતા દોષોને અને અજીર્ણ છતાં ખોરાક ખાવાથી થતા દોષોને સહન કરી શકે છે; એ કારણે સ્વસ્થ વૃત્તિમાં તેઓ કોઈપણ શોધનને યોગ્ય નથી, પણ તેઓની એ સ્વસ્થવૃત્તિ જળવાઈ રહે તે માટે તેઓને કેવળ વાયુના વિકારોથી બચાવવા જોઈએ; એમ સમજીને વૈદ્યે તેઓના સંબંધે એવા પ્રકારનું એટલે કે તેઓને વાતવિકારો ન થાય તેવું સંશોધન આપવું યોગ્ય ગણાય છે.

इति ह स्माह भगवान् कश्यपः ।

એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું.

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં ખિલસ્થાન વિષે 'સંશુદ્ધિ-વિશેષણીય' નામનો અધ્યાય ૭ મો સમાપ્ત

બસ્તિવિશેષણીય : અધ્યાય ૮ મો

अथातो बस्तिविशेषणीयं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી 'બસ્તિ વિશેષણીય' નામના અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું, એમ ભગવાન કશ્યપે જ ખરેખર કહ્યું હતું. ૧,૨

વિવરણ: અર્થાત્ આ અધ્યાયમાં બસ્તિના વિશેષ ગુણો તથા પ્રયોગોનું વર્ણન કરવામાં આવશે ૧-૨

बस्तिरेव वायुरोगनाशक श्रेष्ठ चिकित्सा छे

बस्तिदानात् परा नास्ति चिकित्साऽङ्गसुखावहा ।
शाखाकोष्ठगता रोगाः सर्वाधाङ्गगताश्च ये ॥ ३ ॥

વાયુના રોગનો નાશ કરવા બસ્તિ આપવી, એ કરતાં શ્રેષ્ઠ કોઈ ચિકિત્સા નથી; કારણ કે બસ્તિરૂપ ચિકિત્સા માણસનાં સર્વ અંગોને સુખકારક છે; જે રોગો રસ-રક્ત આદિ ધાતુઓમાં, ત્વચા આદિમાં અથવા હાથ-પગ વગેરે પડખાંમાં પ્રાપ્ત થયા હોય, જે રોગો કોઠામાં થયા હોય અને અને જે રોગો સર્વ અંગોમાં કે શરીરના અર્ધ અંગ કે ભાગમાં પ્રાપ્ત થયા હોય છે, તેઓની ઉત્પત્તિમાં વાયુ વિના બીજો કોઈ દોષ કારણ હોતો નથી. ૩

(વિવરણ : ચરકે રોગોને પ્રાપ્ત થવાના ત્રણ માર્ગો કહ્યા છે; તેમાંનો પહેલો માર્ગ શાખાઓ-રૂપ છે, બીજો માર્ગ-મર્મ-અસ્થિ-સંધિઓ વગેરે છે, અને ત્રીજો માર્ગ-કોષ્ઠ-કોઠો છે; અહીં શાખા શબ્દનો અર્થ-રસ, રક્ત આદિ ધાતુઓ તથા ત્વચા-ચામડી વગેરે બાહ્યમાર્ગ કહેવાય છે; બસ્તિ હૃદય, મસ્તક વગેરે મર્મસ્થાનનો તેમ જ અસ્થિ-હાડકાં વગેરેના સાંધા-એ રોગોને પ્રાપ્ત થવાનો બીજો મધ્યમ માર્ગ છે; અને ત્રીજો કોઠો-એ શરીરની અંદરનો ત્રીજો-અભ્યંતર-અંદરનો રોગોનો માર્ગ છે; એ કોઠાની અંદરના ખાસ અવયવો-આમાશય, પક્વાશય વગેરે, રોગોને આવવાના ખાસ માર્ગો છે; એ અંદરના માર્ગો દ્વારા પણ રોગો, ખાસ પ્રાપ્ત થાય છે; અહીં ચાલુ ગ્રંથ-કાશ્યપસંહિતામાં જોકે શાખા તથા કોઠાનું સ્પષ્ટરૂપ ગ્રહણ કરેલ છે; પરંતુ મર્મ-અસ્થિ-સંધિરૂપ મધ્યમ રોગ માર્ગનો ખાસ ઉલ્લેખ કર્યો નથી, છતાં સર્વાંગત તથા અર્ધાંગત રોગોથી એ મધ્યમ માર્ગનું પણ ગ્રહણ થઈ જાય છે; એમ તે ત્રણે માર્ગે જે રોગો પ્રાપ્ત થાય છે; તેમાં મુખ્ય કારણ કેવળ એક વાયુ જ હોય છે. ૩

શારીરિક સર્વ ક્રિયાઓમાં મુખ્ય કારણ વાયુ જ છે

तेषां समुद्भवे हेतुर्वातादन्यो न विद्यते ।
तथा कफस्य पित्तस्य मलानां च रसस्यच ॥४॥
विक्षेपणे संहरणे वायुरेवात्र कारणम् ।

(શરીરની અંદરના) કફ, પિત્ત (આદિ) બધાયે મળો તથા રસરક્ત આદિના વિક્ષેપણમાં તથા સંહરણમાં એટલે કે તે તે સર્વ શારીર કફ વગેરે સર્વને શરીરમાં ચોપાસ લઈ જવું કે બહાર ફેંકવું–એ બધીયે ક્રિયાઓ કરવામાં કેવળ એક વાયુ જ (મુખ્ય) કારણ છે. ૪

વિવરણ : જોકે પિત્ત અને કફ પણ રોગોની ઉત્પત્તિમાં કારણ તો છે જ, તોપણ તે બધાને આમતેમ લઈ જવામાં તો વાયુ જ મુખ્ય કારણ છે, વાયુ સિવાયના બધાયે પાંગળા છે; આ સંબંધે કહેવાયું પણ છે કે–'पित्तं पङ्गुः कफः पङ्गुः, पङ्गवो देहधातवः । वायुना यत्र नीयन्ते, तत्र गच्छन्ति मेघवत् ॥'–હરકોઈ ચેષ્ટા કરવામાં પિત્ત પાંગળું છે, કફ પાંગળો છે અને શરીરની બધી ધાતુઓ પણ પાંગળી જ છે; તે બધાંને વાયુ જ્યાં લઈ જાય છે, ત્યાં વાયુથી ઘસડાતાં વાદળની પેઠે તેઓ જાય છે.

વધેલા વાયુને કે ઓછા કરવા બસ્તિ એ જ મુખ્ય સાધન છે

जेता चास्य प्रवृद्धस्य बस्तितुल्यो न कश्चन ॥५॥
तदुपार्धे चिकित्सायाः सर्वं वातचिकित्सितम् ।

વાયુ જો અતિશય વધી ગયો હોય તો તેને કાબૂમાં લાવનાર બસ્તિ જેવો કોઈ ઉપાય નથી; વાયુની બધી ચિકિત્સાની અર્ધી ચિકિત્સારૂપે કેવળ એક બસ્તિ જ છે. ૫

વિવરણ : વાયુની બધી ચિકિત્સાઓમાંથી અર્ધી ચિકિત્સા તો કેવળ એક બસ્તિચિકિત્સામાં જ સમાઈ જાય છે; અર્થાત્ વાયુની બધી ચિકિત્સાઓમાં કેવળ એક બસ્તિકર્મ સર્વ વાતચિકિત્સાઓના અર્ધભાગરૂપ છે; ચરકના સિદ્ધિસ્થાનમાં પણ બસ્તિકર્મને વાયુની સર્વ ચિકિત્સાઓના અર્ધા ભાગરૂપે જણાવેલ છે. ૫

બસ્તિના ત્રણ વિભાગો

कर्म कालश्च योगश्च तिस्रः संज्ञा यथाक्रमम् ॥६॥
वक्ष्ये निरुक्तनिर्देशसंख्यादोषविकल्पतः ।

નિરુક્તિ, નિર્દેશ, સંખ્યા તથા દોષના ભેદ અનુસાર બસ્તિની ત્રણ સંજ્ઞાઓને હવે હું અનુક્રમે કહું છું; તે જેમ કે પહેલી કર્મબસ્તિ, બીજી કાળબસ્તિ અને ત્રીજી યોગબસ્તિ કહેવાય છે. ૬

પહેલા કર્મબસ્તિ પ્રકાર

बाहु.....तेः कर्मसंज्ञितम् ॥७॥
अत्युदीर्णबले जाते प्रयोज्यं तद्यथाविधि ।

જ્યારે કોઈ પણ (ઉપરનો) વાતરોગ ઘણો વધી જઈ બળવાન થઈ ગયો હોય, ત્યારે બાહુબળને ધરાવતા વૈદ્યે વિધિ પ્રમાણે કર્મબસ્તિનો પ્રયોગ કરવો જોઈએ. ૭

બીજો કાળબસ્તિ પ્રકાર

तदर्धकलनात् कालः स हि मध्यबलान्वये ॥८॥
पवने पित्तसंसृष्टे विघातव्यो विजानता ।

જે વેળા મધ્યમ બળથી યુક્ત વાયુ પિત્તની સાથે સંબંધ પામ્યો હોય, ત્યારે વિદ્વાન વૈદ્યે ઉપર કહેલ કર્મ બસ્તિના કરતાં જેમાં અર્ધો કાળ વીતે છે, તે કાળબસ્તિનો પ્રયોગ કરવો જોઈએ. ૮

ત્રીજો યોગબસ્તિ પ્રકાર

अल्पत्वात् स्नेहबस्तीनां युक्तेर्योगः स लाघवात् ॥९
प्रयोज्यः कफसंसृष्टे नातितीव्रबलेऽनिले ।

જે વેળા અતિશય તીવ્રબળને ન ધરાવતો વાયુ કફની સાથે મળ્યો હોય ત્યારે સ્નેહ બસ્તિઓના પ્રયોગો ઓછા હોવાથી અને ઉપર કહેલ બસ્તિપ્રયોગો કરતાં જલદી થતો હોવાથી વૈદ્યે યોગબસ્તિનો પ્રયોગ કરવો. (એકંદર વાયુનો વધુ પ્રકોપ હોય એવા વાતરોગમાં કર્મબસ્તિનો પ્રયોગ કરાય છે; મધ્યમ બળવાળા વાયુથી યુક્ત પિત્તના રોગમાં કાળબસ્તિનો પ્રયોગ કરવો જોઈએ; અને જેમાં વાયુનું તીવ્ર બળ ન હોય એવા કફના ઉદરરોગમાં યોગબસ્તિ-

નો પ્રયોગ કરવાનો હોય છે.) ૯

ઉપર કહેલ ત્રણે બસ્તિયોગોમાં ૫૩ બસ્તિઓ થાય

अन्वासनाश्चतुर्विंशतिर्निरूहाः षट् च कर्मणि ॥१०
(द्वादशाऽन्वासनाः काले) निरूहाश्चात्र वै त्रयः ॥११
त्रय एव निरूहाः स्युर्योगे पञ्चानुवासनाः ।
कर्मादीनां त्रिपञ्चाशद्वस्तिसंख्या निदर्शिता ॥१२॥

કર્મબસ્તિમાં ૨૪ અનુવાસનબસ્તિઓ તથા ૬ નિરૂહબસ્તિઓ અપાય છે; કાળબસ્તિમાં અનુવાસનબસ્તિઓ ૧૨ અને નિરૂહબસ્તિઓ ૩ હોય છે; અને યોગબસ્તિમાં અનુવાસન બસ્તિઓ ૫ હોય છે અને નિરૂહબસ્તિઓ ૩ હોય છે; એમ એ ત્રણે બસ્તિઓમાં અપાતી અનુવાસનબસ્તિઓ તથા નિરૂહબસ્તિઓની સંખ્યા ગણતાં ૫૩ બસ્તિયોગો થાય છે. ૧૦–૧૨

વિવરણ : અર્થાત્ કર્મબસ્તિમાં ૨૪ અનુવાસન તથા ૬ નિરૂહ મળી ૩૦ બસ્તિઓ, કાલબસ્તિમાં ૧૨ અનુવાસન તથા ૩ નિરૂહબસ્તિઓ મળી ૧૫ બસ્તિઓ અને યોગબસ્તિમાં ૫ અનુવાસન તથા ૩ નિરૂહબસ્તિઓ મળી ૮ બસ્તિઓ અપાય છે; તેથી તે ત્રણેની બસ્તિસંખ્યા ૩૦+૧૫+૮=૫૩ થાય છે. ચરકે પણ સિદ્ધિસ્થાનના ૧ લા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે– 'त्रिंशत् स्मृताः कर्मसु बस्तयो हि-कालस्ततोऽर्धेन ततश्च योगः '–કર્મબસ્તિઓમાં એકંદર ૩૦ બસ્તિઓ, કાલબસ્તિમાં તેથી અર્ધી ૧૫ બસ્તિઓ અને યોગબસ્તિમાં તેથી પણ અર્ધી ૮ બસ્તિઓ મળી એકંદર બસ્તિસંખ્યા ૫૩ થાય છે. ૧૦–૧૨

ઉપર કહેલ ૫૩ બસ્તિઓનો વિભાગપ્રકાર

पञ्चादौ कर्मणि स्नेहाश्चत्वारोऽन्ते तथाऽनयोः ।
मध्ये षण्णां निरूहाणामन्तरेषु त्रयस्त्रयः ॥१३॥
मादावन्तेऽन्तरे चैव काले स्नेहास्त्रयस्त्रयः ।
योगे निरूहान्तरितास्त्रयोऽन्ते द्वाविति क्रमात् ॥१४
प्रोक्तो विभागनिर्देशस्तद्विकल्पमतः शृणु ।

કર્મબસ્તિમાં શરૂઆતમાં પાંચ અનુવાસનો અને તે પછી છેલ્લે ચાર અનુવાસનો અપાય છે; અને તેઓની વચ્ચે પણ ૬ નિરૂહબસ્તિની મધ્યે ત્રણ ત્રણ અનુવાસનો અપાય છે; કાળબસ્તિમાં પ્રથમ શરૂમાં, પછી છેલ્લે અને વચ્ચે ત્રણ ત્રણ સ્નેહયોગો કે અનુવાસનો અપાય છે; અને યોગબસ્તિઓ નિરૂહના આંતરે આંતરે ત્રણ અને છેવટે બે એવા ક્રમથી વિભાગનો નિર્દેશ કહ્યો છે. હવે અહીંથી તેના ભેદો તમે સાંભળજો.૧૩,૧૪

વિવરણ : અહીં સ્પષ્ટ બસ્તિવિભાગ આમ સમજી શકાય છે : કર્મબસ્તિમાં પ્રથમ એકધારી ૫ અનુવાસન બસ્તિઓ આપ્યા પછી એક નિરૂહ અપાય છે, તે પછી ત્રણ અનુવાસનો એકધારાં આપ્યા પછી એક નિરૂહ અપાય છે. તે પછી ત્રણ અનુવાસનો એકધારાં આપ્યા પછી એક નિરૂહ અપાય છે; તે પછી ત્રણ અનુવાસનો એકધારાં આપ્યા પછી એક નિરૂહ અપાય છે; પછી ત્રણ અનુવાસનો આપ્યા પછી એક નિરૂહ, તે પછી ત્રણ અનુવાસનો અને એક નિરૂહ અને તે પછી છેલ્લી ૪ અનુવાસન બસ્તિઓ અપાય છે; એમ એકંદર ૩૦ બસ્તિઓની સંખ્યા થાય છે; પરંતુ કાલબસ્તિમાં પ્રથમ ત્રણ અનુવાસનો આપી એક નિરૂહ, તે પછી ત્રણ અનુવાસનો આપી એક નિરૂહ, તે પછી ત્રણ અનુવાસનો આપી એક નિરૂહ આપી છેલ્લી ત્રણ અનુવાસન બસ્તિઓ અપાય છે; એમ એકંદર ૧૫ બસ્તિઓની સંખ્યા થાય છે; પણ યોગબસ્તિમાં પ્રથમ એક અનુવાસન આપ્યા પછી એક નિરૂહ; તે પછી એક અનુવાસન આપ્યા પછી એક નિરૂહ; તે પછી એક અનુવાસન આપ્યા પછી છેલ્લી બે અનુવાસનબસ્તિઓ અપાય છે; તેથી એકંદર ૮ બસ્તિઓ થાય છે; પરંતુ ચરકે સિદ્ધિસ્થાનના ૧લા અધ્યાયમાં આ બસ્તિસમુદાયને આમ કંઈક જુદા પ્રકારે દર્શાવેલ છે; જેમ કે કર્મબસ્તિમાં એક અનુવાસન આરંભે, પાંચ અનુવાસન છેલ્લે અને મધ્યમાં ૧૨ અનુવાસનો આપવા કહેલ છે, અને તે પછી ૧૨ નિરૂહો આપવા જણાવેલ છે; તેમ જ કાલબસ્તિમાં છેલ્લે ત્રણ અનુવાસન, પ્રારંભમાં એક અનુવાસન અને તે પછી નિરૂહના આંતરે

છ સ્નેહબસ્તિઓ જણાવી ૧૬ની સંખ્યા જણાવી છે અને ત્રીજી યોગબસ્તિમાં ત્રણ નિરૂહો શરૂમાં, છેવટે અને વચ્ચે મળી ૫ અનુવાસનો છેલ્લે દર્શાવી ૮ બસ્તિઓની સંખ્યા કહે છે; એ પ્રકારે કર્મ, કાળ તથા યોગને અનુસરી બસ્તિવિભાગ દર્શાવ્યો છે હવે તેનો વિસ્તાર સાંભળો–અહીં આવી જિજ્ઞાસા થઈ શકે છે કે, ઉપર કહ્યા પ્રમાણે નિરૂહ તથા અનુવાસનમાં પરસ્પર વ્યવધાન રાખવામાં શું કારણ છે? આનો ઉત્તર આ છે કે, અનુવાસન તથા નિરૂહમાં પરસ્પર અંતર રાખ્યા વિના એકધારો તેનો ઉપયોગ કરી શકાતો જ નથી; કારણ કે એકધારું અનુવાસન કે સ્નેહબસ્તિ સેવ્યા કરવાથી કફ તથા પિત્તનો વધારો થવાથી તે બેયના ઊછાળા આવ્યા કરે અને તેથી જઠરાગ્નિનો નાશ થઈ જાય છે, તે જ પ્રમાણે કેવળ એકલા નિરૂહનું જ એકધારું સેવન કર્યા કરવાથી વાયુનો પ્રકોપ થાય એટલે કે વાયુનો વધારો થઈ જતાં વાયુના જ રોગો થઈ જાય છે; એ કારણે અનુવાસનબસ્તિનો પ્રથમ પ્રયોગ કર્યા પછી નિરૂહનું સેવન કરાય અને નિરૂહનું સેવન કર્યા પછી લાગલું જ અનુવાસનનું સેવન કરાય તો કફનો, પિત્તનો કે વાયુનો પ્રકોપ થતો નથી અને ત્રણે દોષનું સામ્ય જળવાઈ રહે છે; આ જ આશય ચરકે સિદ્ધિસ્થાનના ૪ થા અધ્યાયમાં અને સુશ્રુતે ચિકિત્સાસ્થાનના ૩૦ મા અધ્યાયમાં દર્શાવ્યો છે. ૧૨–૧૪

અનુવાસન તથા નિરૂહનો આ ક્રમ અનિંદ્ય છે

सप्त पञ्च त्रयो वाऽऽदौ वाते (स्नेहास्त्व)गर्हिताः ॥
जघन्यौ पित्तकफयोरेतावेव कदाचन ॥१५॥

વાયુનો પ્રકોપ હોય તો શરૂઆતમાં સાત, પાંચ કે ત્રણ સ્નેહબસ્તિઓ કે અનુવાસનો અપાય તે અનિંદિત છે; પરંતુ પિત્તના તથા કફના પ્રકોપમાં એ જ પ્રમાણે અનુવાસનો જો આરંભમાં સેવાય તો એ જ બે પ્રકારો કદાચ નિંદ્ય ગણાય છે. ૧૫

બસ્તિપ્રયોગમાં અવસ્થા દોષ, કાળ અને બળનું અનુસરણ જરૂરી છે

तां तामवस्थामन्वीक्ष्य दोषकालबलाश्रयाम् ॥१६॥
उत्कर्षैश्चावकर्षैश्च बस्तीन् द्रव्याणि वा भिषक् ।
कुर्याद्योगे तथोत्कर्षमपकर्षे तु कर्मणि ॥ १७ ॥
काले तदुभयं चैव वीक्ष्य दोषबलाबलम् ।

એ કારણે વૈદ્યે રોગોની તે તે અવસ્થા તથા દોષના અને કાળના બળ–અબળનો આશ્રય કરી એટલે તે તે બરાબર જોઈ તપાસીને ઉત્કર્ષથી અને અપકર્ષથી એટલે વધુ પ્રમાણમાં કે ઓછા પ્રમાણમાં બસ્તિઓના પ્રયોગો કરવા તથા તે તે બસ્તિઓમાં ઉપયોગી તે તે દ્રવ્યોને એ બસ્તિયોગમાં યોજવાં જોઈએ; એકંદર યોગબસ્તિમાં બસ્તિનો ઉત્કર્ષ કે વધારો અને કર્મબસ્તિમાં અપકર્ષ એટલે કે બસ્તિઓનો અપકર્ષ, ઓછાપણું અને કાળબસ્તિમાં તે બન્ને એટલે કે બસ્તિનો વધારો ને ઘટાડો–એ બેય પણ રોગના બળને તથા અબળને જોઈ તપાસીને તેમ જ એ રોગ સંબંધી દોષના બળ–અબળ–બેયને જોઈ તપાસી તે તે અવસ્થા અનુસાર તે કરવાં જોઈએ.

નિરૂહબસ્તિ સંબંધે ખાસ સૂચન

वाते समांशः स्निग्धोष्णो निरूहः पानतैलिकः ॥१८॥
षड्भागस्नैहिकौ पित्ते सक्षीरौ स्वादुशीतलौ ।
त्रयः समूत्रास्तीक्ष्णोष्णाः श्लेष्मण्यष्टाङ्गतैलिकाः॥१९
सकृत् प्रणिहितो वातमाशयस्थं निरस्यति ।
सपित्तं सकफं द्विस्त्रिरत ऊर्ध्वं न शस्यते ॥ २० ॥

વાયુના રોગમાં સમાન ભાગે પ્રવાહી પીણું તથા તેલ મિશ્ર કરી તે રૂપી સ્નિગ્ધ અને ઉષ્ણ કરેલ એક નિરૂહબસ્તિયોગ આપવો જોઈએ; પિત્તના રોગમાં છ ભાગો સ્નેહના લઈ તેમાં સ્વાદિષ્ટ અને શીતળ દૂધ મિશ્ર કરી બે નિરૂહયોગોનો પ્રયોગ કરાવવો જોઈએ; અને કફના રોગમાં આઠ ભાગ તેલના લઈ તેમાં ગોમૂત્ર મિશ્ર કરી તે રૂપી ત્રણ તીક્ષ્ણ અને ઉષ્ણ બસ્તિયોગોનો પ્રયોગ કરાવવો જોઈએ; એમ ઉપર જણાવેલ એકવારનો નિરૂહ બસ્તિપ્રયોગ આશયોમાં વધી રહેલા વાયુને દૂર કરે છે; એવાર પ્રયોગ કરેલ

ઉપર કહેલ નિરૂહયોગ પિત્ત સહિત વધેલા વાયુને દૂર કરે છે અને ત્રણવાર પ્રયોગ કરેલ તે નિરૂહયોગ કફ સહિત વાયુને દૂર કરે છે; માટે તેથી વધારે પ્રયોગ કરવો ઉત્તમ નથી.૧૮–૨૦

વિવરણ : આ સંબંધે ચરકે પણ સિદ્ધિસ્થાનના ૩જા અધ્યાયમાં આમ જ કહ્યું છે, તે ત્યાં જોવું અને સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૨ મા અધ્યાયમાં આ સંબંધે આમ જ કહ્યું છે તે પણ ત્યાં જોઈ લેવું. ૧૮–૨૦

બસ્તિ લીધા પછીની ભોજનવિધિ

शस्यतेऽत्र रसक्षीरयूषाशानविधिः क्रमात् ।
अथवा बलकालाग्निदेशप्रकृतिसात्म्यतः ॥ २१ ॥

ઉપર કહેલ બસ્તિઓનું સેવન કર્યા પછી અનુક્રમે વાતરોગમાં માંસના રસનું, પિત્તરોગમાં દૂધનું અને કફરોગમાં યૂષનું ભોજન ઉત્તમ ગણાય છે; અથવા રોગીના બળ, સમય, જઠરાગ્નિ, દેશની, શરીર પ્રકૃતિ તથા સાત્મ્યને અનુસરી એ રોગીને ભોજન કરાવવું ઉત્તમ છે. (ચરકે પણ સિદ્ધિસ્થાનના ૩જા અધ્યાયમાં આમ જ કહ્યું છે.)

બસ્તિઓ સંબંધે ચતુર્ભદ્રકલ્પ કહેવાની પ્રતિજ્ઞા

एता दोषविकल्पान्ता निर्दिष्टा बस्तियुक्तयः ।
एष चाप्यपरः कल्पश्चतुर्भद्र इति स्मृतः ॥२२॥

ઉપર દોષોના ભેદો સુધીની બસ્તિની યોજના બતાવી છે; હવે આ બીજે બસ્તિઓ સંબંધી ચતુર્ભદ્રકલ્પ જે કહ્યો છે, તે અહીં દર્શાવાય છે. ૨૨

આ ચતુર્ભદ્ર બસ્તિકલ્પ નિર્દોષ છે

चत्वारो बस्तयः पूर्वमन्ते चत्वार एव च ।
तयोरास्थापनं मध्ये कल्पः साऽयं निरत्ययः ॥२३
द्विस्त्रिर्वाऽर्थवशादेष क्रियमाणः सुखावहः ।

ચાર સ્નેહબસ્તિઓ કે અનુવાસનો પહેલાં શરૂઆતમાં, ચાર અંતે–અને ચાર મધ્યમાં આસ્થાપન કે રૂક્ષ નિરૂહબસ્તિઓ સેવાય, તે આ 'ચતુર્ભદ્ર-બસ્તિકલ્પ નિર્બાધ હોઈ સર્વ ઉપદ્રવોથી રહિત છે; (એટલે કે આ ચતુર્ભદ્રબસ્તિ કલ્પના સેવનથી કોઈ ઉપદ્રવનો સંભવ રહેતો નથી; એમ અર્થવશાત્ એટલે જ્યારે જરૂર જણાય ત્યારે બે કે ત્રણવાર આ ચતુર્ભદ્રબસ્તિ કલ્પનો પ્રયોગ કરવાથી સુખકારક થાય છે. ૨૩

સ્નેહબસ્તિના સેવનનું ફલ

ज्वरादिभिः परिक्लिष्टे हीनवर्णबलौजसि ॥ २४ ॥
जातानुवासनावस्थे बलपुंस्त्वाग्निवर्धनाः ।

કોઈ પણ માણસ જ્વર આદિથી કલેશ પામ્યો હોય અને તેથી જ શરીરના વર્ણ બળથી તથા ઓજસથી હીન થયો હોય એટલે કે જેના શરીરનો રંગ, બળ તથા ઓજસ ઓછાં થઈ ગયાં હોય ત્યારે જો અનુવાસન, સ્નેહબસ્તિનું તેને સેવન કરાવ્યું હોય તો તેનું પુરુષત્વ તથા જઠરાગ્નિ વધે છે. ૨૪

વિષમ બસ્તિયોગોનું જ સેવન કરાય

अयुग्मा बस्तयो देया न तु युग्माः कथञ्चन ॥२५
विषमा विषमैरेव हन्यन्ते बस्तिभिर्गदाः ।
एकत्रयो वा कफजे, पैत्तिके पञ्च सप्त वा ॥२६
वाते नवैकादश वा यो यथाप्नोति वा समम् ।

હરકોઈ રોગીને વૈદ્યે એટલે બેકીની જ સંખ્યામાં બસ્તિઓ આપવી જોઈએ, પણ બેકીની સંખ્યાથી યુક્ત બસ્તિઓ કોઈપણ પ્રકારે આપવી જ નહિ; કારણ કે વિષમ રોગો એટલે કે દોષોની વધ–ઘટના કારણે જ થતા રોગો વિષમ બસ્તિઓથી જ નાશ પામે છે; તે કારણે કફથી થયેલા રોગમાં એક અથવા ત્રણ, પિત્તથી થયેલા રોગમાં પાંચ કે સાત અને વાયુથી થયેલા રોગમાં નવ કે અગિયાર એમ બેકીની સંખ્યાથી યુક્ત બસ્તિઓ આપવી જોઈએ; અથવા જે રોગી જે પ્રકારે કરવાથી (દોષોના) સમભાવને પામે એટલે કે દોષસામ્યના કારણે સ્વસ્થતા કે રોગરહિતપણું પામે, તે પ્રમાણે બસ્તિપ્રયોગો કરાવવા. ૨૫,૨૬

વિવરણ : આવો જ આશય–ચરકે સિદ્ધિસ્થાનના ૧લા અધ્યાયમાં જણાવેલ છે; જોકે

અહીં દર્શાવેલ વિષમ સંખ્યાયુક્ત બસ્તિપ્રયોગ સામાન્યતઃ મુખ્યતયે કરી અનુવાસનમાં જ કરાય તે જ ઠીક છે; પરંતુ નિરૂહબસ્તિના અંગરૂપે અનુવાસનબસ્તિયોગ ચાલુ હોય તેમાં તો આ નિયમ લાગુ જ નથી, એમ પણ સમજવું જરૂરી છે. એકંદર નિરૂહના અંગરૂપે અનુવાસનબસ્તિ જ્યારે આપવી હોય, ત્યારે તે યુગ્મ-બેકીની સંખ્યામાં પણ આપી શકાય છે. ૨૫,૨૬

સંક્ષેપથી અને વિસ્તારથી કહ્યા પછી વધુ કહેવ'ની પ્રતિજ્ઞા

इति सूक्ष्मविचित्रार्थमुक्तं व्याससमासतः ॥ २७ ॥
विज्ञायैतत् प्रयोक्तव्यं यथा वक्ष्याम्यतः परम् ।

એમ સૂક્ષ્મ તથા વિચિત્ર-અનેક પ્રકારના અર્થથી યુક્ત આ બસ્તિપ્રકરણ-વિસ્તારથી અને ટૂંકમાં અહીં કહેલ છે; એને વિશેષતઃ જાણ્યા પછી જે પ્રમાણે બસ્તિયોગ કરવો જોઈએ, તે હવે હું (નીચે પ્રમાણે) કહું છું. ૨૭

આ સ્થિતિમાં કર્મબસ્તિની શ્રેષ્ઠતાનું કથન

गम्भीरानुगता यस्य क्रमेणोपचिता मलाः ॥२८॥
कुपिता वातभूयिष्ठा बस्तिसाध्या विशेषतः ।
संपन्नस्य सहिष्णोश्च कर्म तस्य परायणम् ॥२९॥

જે માણસના મળો કે દોષો ઊંડી ધાતુઓમાં પ્રવેશ્યા હોય અને અનુક્રમે વધી ગયા હોય, તેમ જ મુખ્યતાના કારણે જે દોષો કોપ્યા હોય, તેઓને વિશેષે કરી બસ્તિથી મટાડી શકાય છે; તે કારણે જે માણસ સંપન્ન એટલે સમગ્ર સાધનોથી યુક્ત અને બધું સહન કરી શકે એવા સ્વભાવવાળો હોય તેને (ઉપર કહેલ) કર્મબસ્તિ આપવી એ પરમશ્રેષ્ઠ ઉપાય છે. ૨૮,૨૯

કાલબસ્તિને યોગ્ય વ્યક્તિઓ

मतो मध्यस्य कालः स्यादव(र)स्यावरस्तथा ।
स्नेहस्वेदोपपन्नस्य वामितस्य यथाक्रमम् ॥ ३० ॥
स्निग्धस्विन्नस्य तु पुनर्विरिक्तस्य क्रमे गते ।
दत्तानुवासनस्यास्य यथायोगं ततस्त्र्यहात् ॥३१
क्षणिकस्य प्रशान्तस्य निरूहमुपलक्षयेत् ।

જે રોગીમાં મધ્યમબળ, મધ્યમ દોષ તથા મધ્યમ સાધનસંપત્તિ હોય, તેને પ્રથમ સ્નેહનથી સ્નિગ્ધ તથા સ્વેદનથી પણ યુક્ત કરવો; અને તે પછી અનુક્રમે વમનથી યુક્ત કરી કાલબસ્તિ દેવી જોઈએ; તેમ જ જેનામાં બળ અવર-ઓછું હોય અને દોષો ઓછા હોય, તેથી જેની પાસે સાધનસંપત્તિ પણ ઓછી હોય તેને પણ અનુક્રમે પ્રથમ સ્નેહનથી સ્નેહયુક્ત અને સ્વેદનથી સ્વેદયુક્ત કરીને અનુક્રમે વમન કરાવી ફરી ઔષધ દ્વારા સ્નેહયુક્ત તથા સ્વેદયુક્ત કરીને વિરેચન દ્વારા વિરેચનયુક્ત પણ કરવો; એમ તે ક્રમ પૂર્ણ થાય, ત્યારે તેને અનુવાસન બસ્તિ દેવી અને તે પછી ત્રણ દિવસો વીતે ત્યારે યોગ અનુસાર ક્ષણિક આનંદયુક્ત અને અતિ શાંત થયેલા તે રોગીને વૈદ્યે નિરૂહબસ્તિ આપવી જોઈએ. (આ જ પ્રકારે ચરકે પણ સિદ્ધિસ્થાનના ૧લા અધ્યાયમાં કહેલ છે, તે ત્યાં જોવું.) ૩૦,૩૧

યોગબસ્તિનો કાળ

त्रिभिरन्वासितस्यातः सप्ताहः कर्मकालयोः ॥३२
पुनरास्थापनं कार्यं योगः स्यात् पञ्चमेऽहनि ।
स्वभ्यक्तस्विन्नगात्रस्य काल्यमप्रातराशिनः ॥३३
कोष्ठानुसाऽऽमं शाखाभ्यः सम्यक्संवाहितस्य च।

એમ ત્રણ દિવસે અનુવાસનથી યુક્ત થયેલા તે રોગીને સાત દિવસનો કાળ કર્મબસ્તિ તથા કાલબસ્તિ આપવાનો ગણાય છે; તે પછી ફરી તેનું આસ્થાપન-નિરૂહબસ્તિથી શોધન કરવું જોઈએ; તે પછી પાંચમા દિવસે તેને યોગબસ્તિ આપવી જોઈએ; તે વેળા પ્રાતઃકાળે પ્રથમ તે રોગીના શરીરને સારી રીતે અભ્યંગ-માલિસથી યુક્ત કરી સ્વેદનથી સ્વિન્ન પણ કરવું; પરંતુ એ પ્રાતઃકાળે કંઈ પણ ખવડાવવું ન જોઈએ; એટલે ખાલી પેટે રાખીને તેના કોઠાને અનુસરી આમથી યુક્ત એવા તેને શાખાઓથી આરંભી સારી રીતે સંવાહનથી યુક્ત કરવો અને તે પછી તેને યોગબસ્તિ દેવી. ૩૨,૩૩

નિરૂહની યોજનાનો પ્રકાર

निरूहं योजयेत् प्राज्ञः सर्वोपकरणान्वितः ॥३४॥
हैमे रौप्येऽथवा कांस्ये सुमृष्टे भाजने समे ।
प्रक्षिप्यैकैकशो द्रव्यं यत् क्रमेणोपदेक्ष्यते ॥३५॥

વિદ્વાન વૈદ્યે નિરૂહનાં સર્વ સાધનોને સાથે રાખી નિરૂહની યોજના કરવી; તે વેળા સોનાના, રૂપાના અથવા કાંસાના અત્યંત સાફ કરેલા સપાટ વાસણમાં નિરૂહ માટેનું જે દ્રવ્ય હોય તેને અનુક્રમે એક એક નાખીને જે પ્રકારે નિરૂહબસ્તિ તૈયાર કરવી જોઈએ, તેનો ઉપદેશ નીચે આપવામાં આવે છે. ૩૪,૩૫

નિરૂહબસ્તિ કેવી રીતે તૈયાર કરવી?

भिषङ्निरूहं मृद्नीयात् प्राङ्मुखः सुसमाहितः ।
पूर्वमेवात्र निक्षेप्यं मधुनः प्रसृतद्वयम् ॥ ३६ ॥
सैन्धवस्यार्धकर्षं च तैलं च मधुनः समम् ।
ततश्च कल्कप्रसृतं क्वाथं कल्कचतुर्गुणम् ॥ ३७ ॥
प्रसृतौ मांसनिर्यूहान्मूत्रप्रसृतमेव च ।
द्वादशप्रसृतो बस्तिरित्येवं खजमूर्च्छितः ॥ ३८ ॥
यथार्थं च यथावच्च प्रणिधेयो विजानता ।

પ્રથમ તો વૈદ્યે પૂર્વ દિશા તરફ મુખ રાખી સારી રીતે સાવધાન થઈ એ નિરૂહનાં દ્રવ્યોને મસળી નાખવાં; પછી સૌની પહેલાં જ બે પ્રસૃત એટલે કે ૧૬ તોલા મધ નાખવું; તે પછી અર્ધો તોલો સૈંધવ અને તલનું તેલ મધના જેટલું જ નાખવું; તે પછી એક પ્રસૃત ૮ તોલા ઔષધિઓનો કલ્ક અને તે કલ્કથી ચાર ગણો ઔષધિઓનો ક્વાથ નાખવો; તે પછી તેમાં બે પ્રસૃત-૧૬ તોલા માંસના રસો અને એક પ્રસૃત-૮ તોલા ગોમૂત્ર નાખવું; એમ તે નિર્યૂહબસ્તિ ૧૨ પ્રસૃત-એટલે ૯૬ તોલા પ્રમાણમાં તૈયાર કરી રવૈયાથી તેને મથવો; એ પ્રકારે વિશેષ જાણકાર વૈદ્યે, બરાબર નિરૂહબસ્તિ તૈયાર કરવી. ૩૬-૩૮

વિવરણ : ચરકે પણ સિદ્ધિસ્થાનના ૩ જા અધ્યાયમાં અને સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૮ મા અધ્યાયમાં આ જ પ્રકારે નિરૂહબસ્તિને તૈયાર કરવા જણાવેલ છે. ૩૬-૩૮

બસ્તિમાં દ્રવ્યોના પ્રક્ષેપ સંબંધે

स्याच्चेद्विवक्षा द्रव्याणां प्रक्षेपं प्रति कस्यचित् ॥३९
तत्र वाच्यमिदं व्यस्तक्रमसंयोगकारणम् ।

કોઈ વૈદ્યને કોઈ વ્યક્તિ પ્રત્યે બસ્તિનાં દ્રવ્યોનો જે પ્રક્ષેપ કરાય છે, તે કહેવાની જો ઇચ્છા થાય, તો જુદા જુદા ક્રમપૂર્વક તે તે દ્રવ્યોનો તેમાં સંયોગ કે મેળવણી કરવામાં જે કારણ છે, તેને આમ કહેવું જોઈએ. ૩૯

બસ્તિમા મધ વગરે દ્રવ્યો મેળવવાનાં કારણો

मङ्गल्यं मङ्गलार्थाय मधु पूर्वं निषिच्यते ॥४०॥
पैच्छिल्यं बहलत्वं च कषायत्वं च माक्षिके ।
भिनत्ति लवणं तैक्ष्ण्यात् सङ्घातं च नियच्छति ॥
मधुनोऽनन्तरं तस्माल्लवणांशो निषिच्यते ।
ततस्तैलं विनिक्षिप्तमेकीभावाय कल्पते ॥ ४२ ॥
कल्कः संसृज्यते चाशु क्वाथश्च समतां व्रजेत् ।
स्नेहकल्ककषायाणामेवं संमूर्च्छने कृते ॥ ४३ ॥
मूत्रं पटुत्वं कुरुते वीर्यं चोद्भावयत्यपि ।
सम्यगेवं विमृदितः स्रोतोभ्यः कफमारुतौ ॥४४
विष्यन्दयति पित्तं च क्षिप्रं चैव हरत्यपि ।
अतोऽन्यथा मृद्यमानो न श्लेषमधिगच्छति ॥४५

મધ એ મંગલકારી દ્રવ્ય છે, તેથી મંગલ માટે મધને બસ્તિમાં પ્રથમ મેળવવામાં આવે છે; જોકે તે મધમાં પૈચ્છિલ્ય-ચીકાશ, બહલતા-ઘટ્ટપણું અને કષાય-તૂરા રસથી યુક્તપણું છે, છતાં તેના પછી બસ્તિનાં દ્રવ્યોમાં બીજું લવણ નાખવામાં આવે છે, તેથી એ લવણ, તીક્ષ્ણપણાના કારણે મધની તે ચીકાશનો, ઘટ્ટપણાનો તથા કષાયપણાનો નાશ કરે છે અને બધાં દ્રવ્યોના થતા સંઘાત-એકપણાને પણ કાબૂમાં રાખે છે, એ જ કારણે બસ્તિમાં મધ પછી લવણનો અંશ નાખવામાં આવે છે; એમ તે લવણ નાખ્યા પછી બસ્તિમાં તલનું તેલ નાખવામાં આવે છે, તેથી એ તૈલ, સર્વ દ્રવ્યો-

ની એકતા કરવા સમર્થ થાય છે; તે પછી બસ્તિમાં અમુક ઔષધીઓનો કલ્ક તથા તેના પછી તરત જ ક્વાથ પણ નાખવામાં આવે છે, જેથી બધું સમાન બને છે. એમ સ્નેહ, કલ્ક તથા ક્વાથનું મિશ્રણ કરાય છે, તે પછી તેમાં ગોમૂત્ર નખાય છે, તે પણ બસ્તિમાં ગુણવૃદ્ધિ કરે છે, તેમ જ વીર્ય એટલે કે સામર્થ્ય પણ ઉપજાવે છે; એ રીતે ઉપર કહેલ બધાં દ્રવ્યો મિશ્ર કર્યા પછી એ બસ્તિનું સારી રીતે મર્દન કર્યું હોય અને તે પછી તેનો જો પ્રયોગ કરાય, તો શરીરના સ્રોતોમાંથી (વધુ પડતા) કફ, વાયુ તથા પિત્તને બારી કાઢે છે અને તેઓના વધારાને તરત દૂર પણ કરે છે; પરંતુ એથી ઊલટ રીતે (એટલે કે તે તે યોગ્ય દ્રવ્યો નાખ્યા વિના જ) બસ્તિનું જો મર્દન કરાય, તો તે બરાબર એકતાને પામે નહિ. ૪૦-૪૫

બરાબર મથીને એકતાને ન પમાડાય તો બસ્તિ કામ કરવાને સમર્થ ન થાય

असम्यङ् मथितः श्लिष्टो बस्तिर्नार्थाय कल्पते ।
तत एष क्रमो दृष्टो निरूहस्योपयोजने ॥४६॥

નિરૂહબસ્તિમાં ઉપર કહેલ દ્રવ્યો નાખી જો મથવામાં ન આવે અને એ રીતે બરાબર એકતાને ન પમાડાય, તો એ બસ્તિ બરાબર કામ કરવા સમર્થ થતી નથી; તેથી જ નિરૂહબસ્તિનો ઉપયોગ અથવા પ્રયોગ કરાય ત્યારે ઉપર કહેલ (મધ આદિ વસ્તુના પ્રક્ષેપનો) ક્રમ જોવામાં આવ્યો છે. ૪૬

બસ્તિના પ્રમાણમાં ઉંમર, બળ આદિને અનુસરી વધ-ઘટ કરી શકાય

प्रमाणं च प्रकृष्टस्य प्रसृतेर्यदुदाहृतम् ।
तस्मात् प्रमाणादुत्कर्षा (वयोबलव)दिष्यते ॥४७
अपकर्षस्तु कर्तव्यः संप्रधार्य वयो बलम् ।
गुणतस्तूभयत्वेन दृष्ट्वा व्याधिबलाबलम् ॥४८॥

ઉપર વધુમાં વધુ બસ્તિનું પ્રમાણ એક પ્રસૃત-આઠ તોલા જોકે કહ્યું છે, તો પણ રોગીની ઉંમર તથા બલને અનુસરી એ પ્રમાણમાં ઉત્કર્ષ-અધિકતા પણ કરી શકાય છે; અને હીન ઉંમર તથા હીન બલને અનુસરી બરાબર નિશ્ચય કર્યા પછી ઉપર કહેલ એ પ્રમાણમાં અપકર્ષ-ન્યૂનતા પણ કરી શકાય છે; એકંદર રોગીના બલ-અબલને જોઈને ગુણથી બેય બાજુનો વિચાર કરી બસ્તિના પ્રમાણમાં વધ-ઘટ કરી શકાય છે. (સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૯ મા અધ્યાયમાં આમ જ કહ્યું છે, તે તે ત્યાં જોવું.) ૪૭,૪૮

દ્રવ્યોની વધઘટ પણ તે તે અંગ દ્વારા કરી શકાય

उत्कर्षणं यदङ्गेन तदङ्गेनापकर्षयेत् ।
शीतोष्णस्निग्धरूक्षाणां द्रव्याणामुपकल्पयेत् ॥४९

જે જે દ્રવ્યો શીત, ઉષ્ણ, સ્નિગ્ધ તથા રૂક્ષ હોય, તેઓનું ઉત્કર્ષણ કે વૃદ્ધિ પણ તેના અંગ દ્વારા કરી શકાય અને તે જ પ્રમાણે તે તે દ્રવ્યનું અપકર્ષણ પણ તેનાં તેનાં અંગ દ્વારા કરી શકાય છે; એકંદર બસ્તિમાં તે તે દ્રવ્યોની વધઘટ કરી શકાય છે; આ બધું રોગીના તથા રોગના બલ, અબલ આદિને ધ્યાનમાં લીધા પછી જ તે અનુસાર તે તે દ્રવ્યોના પ્રમાણમાં વધારો કે ઘટાડો કરી શકાય છે. ૪૯

વાતવ્યાધિમાં વૈદ્ય કયાં દ્રવ્યની વધઘટ કરે ?

स्वाद्वम्ललवणोष्णानामुत्कर्षे नातिमात्रशः ।
वातव्याधौ भिषक्कुर्यात् स्नेहस्य तु विधापयेत् ॥
रूक्षाणां शीतवीर्याणामपकर्षे च युक्तितः ।

વાતવ્યાધિમાં વૈદ્યે મધુર, ખાટાં, લવણ, તથા ઉષ્ણ-ગરમ દ્રવ્યોની અતિશય વધુ પ્રમાણમાં વૃદ્ધિ કરવી નહિ, પણ સ્નેહની તો અતિશય વધુ પ્રમાણમાં વૃદ્ધિ કરાવી શકાય છે; પરંતુ રૂક્ષ અને શીતવીર્ય દ્રવ્યોની યુક્તિથી ન્યૂનતા કરવી. ૫૦

પિત્તના તથા કફના કરવા વૈદ્ય કયાં દ્રવ્યની વધઘટ કરે ?

स्वादुतिक्तकषायाणां द्व्याधौ पित्तोत्तरे भिषक् ॥
उत्कर्षमपकर्षं तु कुर्यात्तीक्ष्णोष्णयोस्तथा ।
तीक्ष्णोष्णरूक्षद्रव्याणामुत्कर्षं तु कफोत्तरे ॥५२॥

પિત્તની અધિકતાવાળા રોગમાં વૈદ્ય મધુર, કડવાં તથા કષાય-તૂરાં દ્રવ્યોની અધિકતા કરવી. પરંતુ તીક્ષ્ણ તથા ઉષ્ણ દ્રવ્યોની ન્યૂનતા કરવી; તેમજ કફના રોગમાં તો વૈદ્ય તીક્ષ્ણ, ઉષ્ણ તથા રૂક્ષ દ્રવ્યોની અધિકતા કરવી. ૫૧,૫૨

विपर्ययं विपर्यये गुणानां च प्रकल्पयेत् ।
संसृष्टदोषे संसृष्टगुणद्रव्याणि योजयेत् ॥ ५३ ॥

એમ અવસ્થાનુસાર દ્રવ્યની યોજના વિપરીત અવસ્થામાં વિપર્યય એટલે કે તે તે અવસ્થાથી વિપરીત ગુણોની જ કલ્પના કરવી; તેમજ સંસૃષ્ટ કે મિશ્ર દોષવાળો રોગ હોય તો સંસૃષ્ટ કે મિશ્ર ગુણવાળાં દ્રવ્યોની જ યોજના કરવી. ૫૩

વિવરણ : અહીં ગ્રંથકાર આવો અભિપ્રાય દર્શાવવા ઇચ્છે છે કે-' वृद्धिः समानैः सर्वेषां विपरीतैर्विपर्ययः '- સમાન ગુણવાળાં દ્રવ્યોથી બધા સમાન ગુણયુક્ત દોષોની વૃદ્ધિ થાય છે અને વિપરીત-અસમાન ગુણવાળા દ્રવ્યોથી વિપર્યય એટલે કે તે તે દોષોનો હ્રાસ થાય છે. એ આત્રેય ભગવાનના વચનને અનુસરી વાતાદિ દોષોની ન્યૂનાધિકતા કરવી; એકંદર સમાન ગુણવાળાં દ્રવ્યોના ઉપયોગથી વાતાદિ દોષની અધિકતા તથા અસમાન ગુણવાળાં દ્રવ્યોથી વાતાદિ દોષોની ન્યૂનતા થાય છે,—એ સિદ્ધાંતને અનુસરી દ્રવ્ય યોજનાની કરવી જોઈએ; આ જ સિદ્ધાંતને અનુસરી ચરકે, સૂત્રસ્થાનમાં ત્રણે દોષોના અલગ અલગ ગુણો દર્શાવી તેઓને શાંત કરવા માટે તે તે દોષોના ગુણોથી વિપરીત ગુણોવાળાં દ્રવ્યોનો ઉપયોગ કરવા જણાવેલ છે; એ જ પ્રકારે દોષોની જો મિશ્રતા હોય અને મિશ્ર પ્રકોપ થયો હોય તો તેને શાંત કરવા માટે તે તે દોષોને શાંત કરનાર મિશ્ર ગુણવાળા દ્રવ્યોનો પ્રયોગ કરાવવો જોઈએ; જેમ કે વાત અને પિત્ત એ બે દોષોનો જો મિશ્ર પ્રકોપ થયો હોય તો એ બેયના ગુણોથી વિપરીત ગુણવાળાં મિશ્ર દ્રવ્યોનો પ્રયોગ કરાવવો જોઈએ; એમ અહીં કહેવાનો આશય છે. ૫૩

આસ્થાપનના દુષ્પ્રયોગના તથા સુપ્રયોગનાં ફળ

आस्थापनं दुष्प्रयुक्तं भवत्याशीविषोपमम् ।
सुप्रयुक्तं तदेवेह प्राणिनाममृतोपमम् ॥ ५४ ॥

આસ્થાપન-નિરૂહબસ્તિનો જો દુષ્પ્રયોગ કે મિથ્યાયોગ થયો હોય તો સર્પના વિષ જેવો તે ભયંકર થઈ પડે છે; પરંતુ એ જ આસ્થાપનનો પ્રયોગ જો ઉત્તમ પ્રકારે થયો હોય તો આ લોકમાં પ્રાણીઓને અમૃત જેવો તે ગુણકારક થઈ પડે છે. ૫૪

બસ્તિકર્મ વિષે વૈદ્યને ખાસ સૂચના

प्रायो यत्र गुणाधिक्यं सम्यग्योगेन लक्ष्यते ।
तदप्रमादं कुर्वीत बस्तिकर्मणि बुद्धिमान् ॥५५॥

જે રોગમાં બસ્તિકર્મના સમ્યગ્યોગથી ગુણોની અધિકતા જણાય, તે રોગમાં બુદ્ધિમાન્ વૈદ્યે, બસ્તિકર્મના પ્રયોગ વિષે પ્રમાદ ન કરવો-એટલે કે બસ્તિકર્મમાં સાવધાન રહી વૈદ્યે તેના સમ્યગ્યોગ માટે અવશ્ય કાળજી રાખવી. ૫૫

બસ્તિના સમ્યગ્યોગની પ્રશંસા

न हि तादृग्विधं किञ्चित् कर्मान्यदुपपद्यते ।
क्षिप्रं रोगाभिघाताय रोगाणां चोपपत्तये ॥५६॥

(ઉત્પન્ન થયેલા) રોગનો તરત નાશ કરવા માટે બસ્તિકર્મના સમ્યગ્યોગ જેવું બીજું કોઈ પણ (ઉત્તમ) કર્મ નથી; તેમજ નવા રોગની તાત્કાલિક ઉત્પત્તિ માટે બસ્તિકર્મના મિથ્યાયોગ જેવું બીજું કોઈ પણ (નિન્દ્ય) કર્મ નથી. ૫૬

વિવરણ : અર્થાત્ કોઈ પણ રોગનો જલદી નાશ કરવો હોય, તો વૈદ્યે, બસ્તિકર્મના સમ્યગ્યોગ માટે ખૂબ સાવધાન રહેવું જોઈએ; તે જ પ્રમાણે બાસ્તકર્મનો દુષ્પ્રયોગ કે મિથ્યાયોગ ન થઈ જાય અને તે દ્વારા તત્કાળ બીજા નવા રોગો ન થઈ જાય તે માટે પણ વૈદ્યે ખૂબ કાળજી રાખવી.

હરકોઈ ચિકિત્સાકર્મ વિષે વૈદ્યને સૂચન

व्याध्यातुराग्निभैषज्यबलं प्रकृतिमेव च ।
वयः शरीरमौचित्यं सौकुमार्यं सहिष्णुताम् ॥५७॥

प्रधार्य बुद्धया मतिमाँस्तत्तत्कर्मावचारणम् ।
अवस्थायामवस्थायां कुर्यात् सम्यगतन्द्रितः ॥५८

બુદ્ધિમાન વૈદ્યે રોગ, રોગી, તેનો જઠરાગ્નિ, ઔષધ, બળ, પ્રકૃતિ, ઉંમર, શરીર, ઔચિત્ય–યોગ્યતા, સુકુમારપણું કે કોમળતા અને સહનશીલતા એટલાંનો બુદ્ધિથી બરાબર નિશ્ચય કર્યા પછી તે તે અવસ્થામાં સારી રીતે સાવધાન રહીને તે તે રોગનું ચિકિત્સાકર્મ કરવું જોઈએ. ૫૭,૫૮

નિરૂહબસ્તિના પ્રયોગ વિષે

नातिशीतं न चात्युष्णं नातितीक्ष्णं न चेतरम्(त) ।
नातिरूक्षमतिस्निग्धं नातिसान्द्रं न च द्रवम् ॥
नातिमात्रं न चात्यल्पं निरूहमुपकल्पयेत् ।

જે નિરૂહબસ્તિ ઘણી શીતલ ન હોય, અતિશય ઉષ્ણ ન હોય, ઘણી તીક્ષ્ણ ન હોય, તેથી જુદી એટલે વધુ કોમળ પણ ન હોય, વધુ રૂક્ષ ન હોય, વધુ સ્નિગ્ધ ન હોય, વધુ ઘટ્ટ ન હોય, વધુ પ્રવાહી ન હોય, પ્રમાણમાં વધુ ન હોય તેમજ વધુ ઓછી પણ ન હોય, એવી નિરૂહબસ્તિનો (રોગીને) પ્રયોગ કરાવવો જોઈએ. ૫૯

અતિ શીતળ અને અતિ ઉષ્ણ બસ્તિથી હાનિ

अतिशीतोऽतिशैत्येन स्कन्नो वातबलावृतः ॥६०
भृशं स्तम्भयते गात्रं कृच्छ्रेण च निवर्तते ।
अत्युष्णः कुरुते दाहं मूर्च्छां चाशु निरेति च ॥

જે નિરૂહબસ્તિ ઘણી શીતળ હોય, તો તેને લીધે જામ થઈ જઈ વાયુના બળથી છવાઈ જાય છે, તે કારણે શરીરને અત્યંત થંભાવી દે છે અને ઘણી મુશ્કેલીએ પાછી આવે છે; તેમ જ વધુ પડતી ઉષ્ણ બસ્તિ જો અપાઈ હોય તો તે કોઠામાં દાહ તથા મૂર્છા કરે છે અને જલદી બહાર નીકળી આવે છે. ૬૦,૬૧

અતિ તીક્ષ્ણ અને અતિ મંદ બસ્તિથી હાનિ

अतितीक्ष्णस्तथैवास्य जीवादानं करोति वा ।
मन्दो न दोषान् हरति दूषयत्येव केवलम् ॥६२

તે જ પ્રમાણે જો અતિતીક્ષ્ણ બસ્તિ અપાઈ હોય તો રોગીના શુદ્ધ લોહીને બહાર કાઢી લાવે છે; તેમ જ અતિશય મંદ કે બહુ જ ધીમી બસ્તિ જો અપાઈ હોય તો દોષોને તે દૂર કરતી નથી, પણ દોષોને કેવળ તે દૂષિત જ કરે છે. ૬૨

વિવરણ : આ સંબંધે ચરકે પણ સિદ્ધિસ્થાનના ૬ ઠ્ઠા અધ્યાયમાં આમ જ કહ્યું છે; અહીં જણાવેલ જીવતું લોહી જે દર્શાવ્યું છે, તે રક્તપિત્તમાં નીકળતા લોહીથી જુદું હોય છે; તેને ઓળખવા માટે ચરકે સિદ્ધિસ્થાનના ૬ ઠ્ઠા અધ્યાયમાં આમ જણાવ્યું છે કે–ગુદાદ્વારા જે લોહી બહાર નીકળે છે, તેનાથી મિશ્ર કરેલું કોઈ અન્ન કૂતરાંને ખવડાવવામાં આવે ત્યારે તે અન્ન જો કૂતરું ખાઈ જાય તો તેને જીવદ્રક્ત–શુદ્ધ લોહી જાણવું; પણ જે લોહીથી મિશ્ર કરેલા અન્નને તે કૂતરું જો ન ખાય તો તેને રક્તપિત્ત જાણવું. વળી તે શુદ્ધ લોહી તથા રક્તપિત્તની આ પરીક્ષા પણ કહી છે કે જે લોહીથી ભીંજાયેલું ધોળું વસ્ત્ર સૂકાઈ જાય તે પછી તેને લગાર ગરમ પાણીથી ધોતાં તે લોહી જો બિલકુલ સાફ થઈ જાય એટલે કે લગારે ડાઘરૂપે પણ ન રહે તો તેને રક્તપિત્ત જાણવું; પણ ગરમ પાણીથી ધોતાં જે લોહીના ડાઘ બિલકુલ જાય જ નહિ, તેને જીવદ્રક્ત કે શુદ્ધ લોહી જાણવું. ૬૨

અતિશય રૂક્ષ અને અતિશય સ્નિગ્ધ બસ્તિથી થતી હાનિ

कर्षयत्यतिरूक्षश्च मारुतं च प्रकोपयेत् ।
स्निग्धोऽतिजाड्यं कुरुते व्यापादयति चानलम् ॥

જે બસ્તિ અતિશય રૂક્ષ હોય તે શરીરને કૃશ કરે છે અને વાયુને અતિશય કોપાવે છે; તેમ જ અતિશય સ્નિગ્ધ બસ્તિ જો અપાય તો તે અત્યંત જડતા કરે છે અને જઠરના અગ્નિનો નાશ કરે છે. ૬૩

અતિશય ઘટ્ટ કે અતિશય પાતળી બસ્તિથી તેનો અયોગ થાય

क्षपयत्यतिसान्द्रस्तु न वा नेत्राद्विनिष्क्रमेत् ।
अतिद्रवोऽल्पवीर्यत्वादयोगायोपपद्यते ॥ ६४ ॥

અતિશય ઘાટી બસ્તિ અપાય તો તે કોઠામાં ખપી જાય છે અથવા તેના

દોરડામાંથી તે બહાર નીકળતી નથી; તેમ જ અતિશય પ્રવાહી કે પાતળી બસ્તિ થોડા સામર્થ્યવાળી હોય છે; તેથી તેનો અયોગ થાય છે-કોઈપણ અસર થતી નથી. ૬૪

વિવરણ: અહીં અયોગ શબ્દનો અર્થ આ છે કે બસ્તિની જે અસર કે પ્રભાવ અથવા સામર્થ્ય થવું જોઈએ તે ન થાય; અથવા તેનો વિપરીત પ્રભાવ કે વિપરીત અસર થાય; જેમ કે બસ્તિદ્વારા આપેલ ઔષધ ઉપરના માર્ગે ચઢી જઈ ઊલટી કરાવે. ૬૪

અતિશય થોડા અને અતિશય વધુ પ્રમાણવાળી બસ્તિથી થતું નુકસાન

अल्पमात्रो न(चा)प्येति कृच्छ्राद्वाऽपि निवर्तते ।
अतिमात्रोऽतियोगाय तस्मादेते विगर्हिताः ॥६५॥

અતિશય થોડા પ્રમાણથી યુક્ત બસ્તિ જો અપાય તો તે પાછી બહાર આવતી નથી અથવા મુશ્કેલીએ બહાર આવે છે; તે જ પ્રમાણે અતિશય વધુ પ્રમાણમાં જે બસ્તિ અપાય તો તેથી અતિયોગ થાય છે; એ કારણે અતિશીત, અતિઉષ્ણ આદિ ઉપર્યુક્ત બસ્તિઓ વિશેષે કરી નિંદાયેલી છે. (આ જ અભિપ્રાય ચરકે સિદ્ધિસ્થાનના ત્રીજા અધ્યાયમાં અને સુશ્રુતે પણ ચિકિત્સાસ્થાનના ૩૮મા અધ્યાયમાં દર્શાવ્યા છે.) ૬૫

સમ્યક્ પ્રયુક્ત બસ્તિથી થતો લાભ

यथावन्मूर्च्छितो मृत्स्नो भोज्योष्णलवणः समः ।
बलकोष्ठौष्ठजिह्वानां योनिदाहाप्रवर्तकः ॥ ६६ ॥

જે બસ્તિને બરાબર મસળી મિશ્ર કરી હોય, સુંવાળી અને સહન થઈ શકે એવી ઉષ્ણ કરી લવણ યુક્ત કરી હોય તેમ જ સમપ્રમાણમાં યુક્ત કરીને જે અપાઈ હોય તે બલકારક થઈ કોઠામાં, હોઠમાં, જીભમાં તથા યોનિમાં દાહને પણ કરતી નથી. ૬૬

ઉપર દર્શાવેલી બસ્તિ આખાય શરીરમાં પહોંચે

श्रोणिबस्तिकटीपार्श्वनाभिमूलोदरांश्रितः ।
सम्यक्समुच्छ्रयं कृत्स्नं वीर्यतः प्रतिपद्यते ॥ ६७ ॥

ઉપર જણાવ્યા પ્રમાણે અપાયેલી બસ્તિ શ્રોણિનો એટલે કેડની પાછળના ભાગનો, બસ્તિ-મૂત્રાશયનો, કેડનો, બેય પડખાંનો, નાભિના મૂલનો તથા ઉદરનો આશ્રય કરી પોતાના વીર્ય દ્વારા સારી રીતે આખાય શરીરમાં પહોંચી જાય છે. ૬૭

સમ્યક્ પ્રયુક્ત બસ્તિ પિત્તસ્થાનને ઓળંગી કફને પણ આકર્ષે

ऊर्ध्वभागैर्बलात् क्षिप्तो मारुतैरिव पावकः ।
पित्तस्थानमतिक्रम्य स्वल्पमाक्षिपते कफम् ।६८॥

જેમ વાયુએ ફેંકેલો અગ્નિ ચારે તરફ ફેલાઈ જાય છે, તેમ ઊંચા ભાગોમાં રહેલા વાયુએ બળથી ફેંકેલી તે બસ્તિ, પિત્તના સ્થાનને ઓળંગી ઘણા થોડા પ્રમાણમાં કફને પણ આકર્ષે છે. ૬૮

અતિતીક્ષ્ણ અને અતિમૃદુ બસ્તિનો પ્રયોગ ન કરવામાં કારણ

तीक्ष्णो मात्राशतादूर्ध्वं नातितीक्ष्णः (प्रयुज्यते)।
न तिष्ठति, मृदुस्तिष्ठत्यधिकं वाऽपि यापनः ॥६९

તીક્ષ્ણ બસ્તિ, સો માત્રા (એટલે આંખના સો પલકારા)થી અધિક સમય કોઠામાં ટકતી નથી; એ જ કારણે અતિશય તીક્ષ્ણ બસ્તિનો પ્રયોગ કરી શકાતો નથી; તે જ પ્રમાણે મૃદુ-અતિશય વધુ કોમળ બસ્તિ તથા યાપન શક્તિ પણ શરીરમાં વધુ સમય ટકી શકે નહિ, તેથી જ તેનો પણ પ્રયોગ કરાતો નથી. ૬૯

બીજી કે ત્રીજી સમ્યક્ બસ્તિ દોષોને વધુ બહાર લાવે

आनुलोम्यादपानस्य गुदस्यारोपणाद् भृशम् ।
तद्द्वितीयस्तृतीयो वा कालमल्पतरं तथा ॥७०॥
दोषान् स्थूलांश्च सूक्ष्मांश्च गम्भीरानुगतानपि ।
विष्यन्दयति विषर्णान्
(घ्रुव्यान्) सपुरीषान् प्रकर्षति ॥

(પહેલી સમ્યક્ બસ્તિ અપાયા પછી) અપાનવાયુનું અનુલોમનપણું થઈ જાય છે અને ગુદા પણ વધુ પડતી સંકોચાઈ ન હોય, તે કારણે ઘણા થોડા કાળના અંતરે બીજી કે ત્રીજી જે સમ્યક્ બસ્તિ અપાય

છે તે ઊંડા સ્થાનમાં વળગી રહેલા સ્થૂલ તથા સૂક્ષ્મ દોષોને તેમ જ સજ્જડ થયેલા દોષોને પણ વિષ્ઠાની સાથે સવાવે છે અને બહાર ખેંચી લાવે છે. ૭૦,૭૧

આવી બસ્તિ સારી રીતે વખણાય છે

न कुर्याद्व्यापदः काश्चित् सुखेन च निवर्तते ।
युक्तो युक्तेन भिषजा स बस्तिः संप्रशस्यते ॥७२॥

જે યોગ્ય બસ્તિને યોગ્ય વૈદ્ય બરાબર સાવધાન થઈ યોજી હોય તે બસ્તિ કોઈ પણ ઉપદ્રવ કરતી નથી અને સુખેથી પાછી પણ ફરે છે; તેથી જ એ બસ્તિ સારી રીતે વખણાય છે. ૭૨

નિરૂહબસ્તિના ગુણોનું વર્ણન

वयसः स्थापनो वृष्यः स्वरवर्णबलाग्निकृत् ।
वातपित्तकफानां च मलानां चापकर्षणः ॥७३॥
बालवृद्धवयस्थानां क्षिप्रमूर्जस्करः परम् ।
सर्वेन्द्रियाणां वैशद्यं कुरुते चाङ्गमार्दवम् ॥७४॥
एवमेते समाख्याता निरूहस्य गुणागुणाः ।

(સમ્યગ્ યોજેલી) નિરૂહબસ્તિ ઉંમરને સ્થિર રાખનાર છે, વૃષ્ય હોઈ વીર્યવર્ધક છે; સ્વર, વર્ણ, બલ તથા જઠરાગ્નિની વૃદ્ધિ કરનાર છે; વધેલા વાયુને, પિત્તને, કફને તથા મળોને બહાર ખેંચી કાઢનાર છે; તેથી જ બાળકો, વૃદ્ધો તથા યુવાવસ્થામાં રહેલા સર્વ લોકોને તરત જ અતિશય પ્રાણશક્તિ તથા બલ કરનાર છે; બધીયે ઇંદ્રિયોને સ્વચ્છ કરે છે; અને અંગો કોમળ કરે છે; એમ નિરૂહબસ્તિના આ ગુણો તથા દોષો અહીં કહ્યા છે. ૭૩,૭૪

નિરૂહબસ્તિના સમ્યગ્ યોગનાં લક્ષણો

पुरीषं मारुतः पित्तं कफश्च क्रमशो यदा ॥७५॥
प्रवर्तन्ते च फेनं च शङ्खस्फटिकसन्निभम् ।
सम्यङ्निरूढगात्राणां मार्दवं जनयेत् परम् ॥७६॥
अन्नाभिलाषो वैशद्यं लघुता वाऽथ मार्दवम् ।
सृष्टविण्मूत्रवातत्वमिन्द्रियाणां प्रसन्नता ॥७७॥

જે રોગીઓનાં શરીરોમાં નિરૂહબસ્તિનો સમ્યગ્યોગ થયો હોય એટલે કે જેઓના શરીરમાં નિરૂહબસ્તિ સારી રીતે યોજાઈ હોય, તેઓની ગુદાના માર્ગો ક્રમશઃ પહેલાં વિષ્ઠા, પછી વાયુ, પછી પિત્ત, પછી કફને અને છેવટે શંખ તથા સ્ફટિકના જેવું ફીણ પ્રવૃત્ત કરે છે–બહાર કાઢે છે; વળી તે નિરૂહબસ્તિનો સમ્યગ્યોગ, રોગીનું શરીર અતિશય કોમળ બનાવે છે; ખોરાક ઉપર પ્રકટાવે છે; શરીરમાં હલકાપણું તેમ જ કોમળપણું કરે છે અને વિષ્ઠાની, મૂત્રની તથા વાયુની છૂટ અને ઇંદ્રિયોની પ્રસન્નતા કરે છે. ૭૫–૭૭

નિરૂહબસ્તિના અસમ્યગ્યોગનાં તથા અતિયોગનાં લક્ષણો

अयोगे विपरीतं स्यादतियोगेऽतिवर्तनम् ।
कफपित्तासृजां मांसप्रक्षालननिभस्य वा ॥७८॥
हिक्का कम्पस्तृषा ग्लानिर्गात्रभेदस्तमः क्लमः ।
निद्रानाशः प्रलापश्च यत्र चाप्युपजायते ॥७९॥

નિરૂહબસ્તિનો જો અયોગ થાય તો ઉપર દર્શાવેલ સમ્યગ્યોગનાં લક્ષણોથી વિપરીત લક્ષણો થાય છે એટલે કે ઉપર કહેલ વિષ્ઠા, વાયુ, પિત્ત, કફ તથા છેલ્લું ફીણ–એ (યોગ્ય પ્રમાણમાં) ક્રમશઃ બહાર નીકળતાં નથી; તેમ જ ખોરાક પર ઇચ્છા, સ્વચ્છતા, લઘુતા કે શરીરમાં કોમળપણું પણ ન થાય; અને વિષ્ઠાની, મૂત્રની કે વાયુની પણ છૂટ ન થાય અને ઇંદ્રિયોની પ્રસન્નતા પણ ન થાય; વળી નિરૂહબસ્તિનો જો અતિયોગ થાય તો કોઠામાંથી કફ, પિત્ત અને લોહી અતિશય વધુ પ્રમાણમાં બહાર નીકળી આવે; માંસના ધોણ જેવા રંગનું પાણી બહાર નીકળી પડે અને તે ઉપરાંત હેડકી, કંપ, તરશ, ગ્લાનિ, શરીરમાં ત્રોડ, આંખે અંધારાં, કલમ–ગ્લાનિ કે અનાયાસ શ્રમ, નિદ્રાનો નાશ અને બકવાદ પણ (ઉપદ્રવરૂપે) ઉત્પન્ન થાય છે; એટલાં લક્ષણો જેમાં થાય તે નિરૂહનો અતિયોગ જણાવે છે. ૭૮,૭૯

વિવરણ : ચરકે પણ સિદ્ધિસ્થાનના છેલ્લા અધ્યાયમાં નિરૂહબસ્તિના અયોગનાં તથા અતિ-

યોગનાં લક્ષણોને આમ જ કહ્યાં છે અને તે જ લક્ષણોને વિરેચનના અયોગ તથા અતિયોગનાં લક્ષણ તરીકે પણ સૂચવેલ છે, ૭૮,૭૯

નિરૂહબસ્તિનો સમ્યગ્યોગ થયેલાંનું ભોજન

सम्यङ्निरूढमाश्वस्तं परिषिक्तं सुखाम्बुना ।
तनु वा(ना)भोजयेन्मात्रां जाङ्गलानां रसेन वा ॥૮૦

જે રોગીને નિરૂહબસ્તિનો સમ્યગ્યોગ લાગુ થયો હોય તેને પ્રથમ આશ્વાસન દઈ સુખકારક ગરમ પાણીથી તેની ઉપર ચારે બાજુ સિંચન કરવું અને તે પછી થોડા પ્રમાણમાં હલકું ભોજન જમાડવું; અથવા જો રોગી માંસાહારી હોય તો તેને જાંગલ માંસના રસથી ભોજન કરાવવું. ૮૦

વિવરણ : અહીં આ અભિપ્રાય દર્શાવે છે કે–નિરૂહબસ્તિ જેને અપાય છે, તેનો જઠરાગ્નિ, જેને વિરેચન અપાય છે, તેના જેવો મંદ થઈ જતો નથી; એ કારણે આ નિરૂહબસ્તિના અંતે પેયા આદિ ભોજનક્રમના સેવનની જરૂર રહેતી નથી; નિરૂહબસ્તિની અંતે તો (માંસાહારી હોય તેને) જાંગલ–પશુપક્ષીના માંસનો રસ પણ આપી શકાય છે; કેવલ વમન તથા વિરેચનને અંતે જ પેયા આદિ ભોજનક્રમ સેવવાની જરૂર રહે છે; કારણ કે તેમાં જઠરનો અગ્નિ મંદ થઈ જાય છે. ૮૦

નિરૂહની અંતે જમાડ્યા પછી
તૈલનું અનુવાસન આપવું

भुक्तवन्तं च तैलस्य प्रस्तेनानुवासयेत् ।
वायुः प्रशाम्यते तेन निरूढेण प्रचालितः ॥૮૧॥

એમ નિરૂહની અંતે જેણે ભોજન કર્યું હોય એવા તે રોગીને એક પ્રસૃત-આઠ તોલા તલના તેલનું અનુવાસન–સ્નેહબસ્તિ અવશ્ય આપવી જોઈએ; કેમ કે નિરૂહ દ્વારા ખળભળાવી મૂકેલો વાયુ, એ અનુવાસનથી અત્યંત શાંત થાય છે. ૮૧

આસ્થાપન પછી ગુદાને શાંત કરનાર
અનુવાસન જરૂરી ગણાય છે

आस्थापनो बस्तिरयं गुदनिर्वापणं नरः ।
एकान्तरं ततश्चोर्ध्वं यथोक्तमनुवासनम् ॥૮૨॥

ઉપર દર્શાવેલ આસ્થાપન કે નિરૂહ-બસ્તિ આપ્યા પછી વૈદ્યે એક દિવસના અંતરે કે તેથી કંઈક વધુ દિવસો જવા દઈ ઉપર જેમ કહેલ છે તેમ જ રોગી માણસની ગુદાને શાંત અથવા શીતળ કરવા અનુવાસન–સ્નેહબસ્તિ આપવાની જરૂર ગણાય છે. ૮૨

દરરોજ અનુવાસન કોને દેવાય ?

दीप्ताग्नेर्दृढदेहस्य सोदावर्तं विमार्गगे ।
श्रोणिबङ्क्षणसंस्थे च वाते शस्तं दिने दिने ॥૮૩॥

જેનો જઠરાગ્નિ પ્રદીપ્ત હોય, જેનું શરીર મજબૂત હોય, જેને ઉદાવર્ત રોગ લાગુ હોય, જેનો વાયુ વિમાર્ગે ગતિ કરી રહ્યો હોય અને જેનો વાયુ કેડની પાછળ કે સાંધામાં ગતિ કરી રહ્યો હોય, તેને દરરોજ અનુવાસન અપાય તે ઉત્તમ છે. ૮૩

વિવરણ : 'અષ્ટાંગસંગ્રહ' ગ્રંથમાં પણ સૂત્રસ્થાનના ૨૮મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, જે માણસનો જઠરાગ્નિ પ્રદીપ્ત હોય, શરીરે જે રૂક્ષ થયો હોય, જેનામાં વાયુની પ્રધાનતા હોય અને જે માણસ કાયમ વ્યાયામ અથવા કસરત વગેરે શારીર-શ્રમ કરતો હોય, તેણે હમેશાં અનુવાસન–સ્નેહબસ્તિ સેવવી તે યોગ્ય છે; અથવા તે માણસે ત્રીજા કે પાંચમા દિવસે તો અનુવાસન અવશ્ય સેવવું જ જોઈએ. ૮૩

ઉપર્યુક્ત વ્યક્તિ કાયમી અનુવાસન લઈ
શકવામાં કારણ

तस्य पक्वाशयगतः स्नेहमात्रां प्रभञ्जनः ।
बलवान् बलवत्यग्नौ वारिवत् स विशोधयेत् ॥૮૪॥

ઉપર દર્શાવેલ માણસનો જઠરાગ્નિ જો બળવાન હોય તો તેના પક્વાશયમાં રહેલો વાયુ તેણે સેવેલી અનુવાસનની સ્નેહ-માત્રાને પાણીની પેઠે વિશુદ્ધ કરી શકે છે–પચાવી શકે છે. ૮૪

વિવરણ : અર્થાત્ જેમ વાયુ પાણીનું શોધન કરી શકે છે, તેમ એ માણસે સેવેલ તૈલરૂપ સ્નેહને પણ તેના પક્વાશયમાં રહેલ વાયુ વિશેષે કરી શુદ્ધ કરી નાખે છે; જો કે તેનો જઠરાગ્નિ પણ વધુ

બળવાન હોવો જોઈએ. ૮૪

તૈલરૂપ સ્નેહના અનુવાસનનાં પ્રશંસા

न च तैलात् परं किञ्चिद् द्रव्यमस्त्यनिलापहम्।
स्नेहाद्रौक्ष्यं गुरुत्वाच्च लघुत्वं मारुतस्य तु ॥ ८५॥
मौष्ण्याच्छैत्यं निहन्त्याशु तैलं पुष्टिं करोति च।
मनःप्रसादः(दं) स्नेहं च बलवर्णमथापि च ॥ ८६॥

વાયુનો નાશ કરનાર તલના તેલથી શ્રેષ્ઠ બીજું કોઈ દ્રવ્ય નથી; કારણ કે તલના તેલમાં સ્નેહ રહેલ છે, તેથી શરીરના કે વાયુના રૂક્ષપણાનો તે નાશ કરે છે; વળી તલના તેલમાં ભારેપણું છે, તેથી વાયુના હલકાપણાનો તે નાશ કરે છે; તેમ જ તલના તેલમાં ઉષ્ણતા છે, તેથી વાયુના શીતલપણાનો તે નાશ કરે છે; અને તે ઉપરાંત તલનું તેલ તત્કાળ શરીરની પુષ્ટિ કરે છે; મનની પ્રસન્નતા કરે છે; શરીરમાં સ્નેહ, બલ તથા ઉત્તમ-વર્ણ કાંતિ અથવા શરીરને રંગ પણ સારો કરે છે. (ચરકે પણ સિદ્ધિસ્થાનના ૧લા અધ્યાયમાં તલના તેલના ગુણો આવા જ કહ્યા છે.) ૮૫,૮૬

તલના તેલની સ્નેહબસ્તિની વધુ પ્રશંસા

स्यात् स्निग्धविटपस्कन्धः कोमलाङ्कुरपल्लवः।
मूले सिक्तो यथा वृक्षः काले पुष्पफलप्रदः ॥८७॥
स्नेहबस्तेर्नरस्तद्वद् दृढकायो दृढप्रजः।
वातात्मकैर्विकारैश्च पूर्वोक्तैर्नाभिभूयते ॥ ८८॥

જેમ વૃક્ષના મૂળમાં જળસિંચન કર્યું હોય, તેથી તે વૃક્ષનાં ડાળાં અને થડ સ્નિગ્ધ અથવા સ્નેહયુક્ત થાય છે અને તે વૃક્ષમાં કોમળ અંકુરો તથા કૂણાં પાન ઊગી નીકળે છે અને તે ઉપરાંત એ વૃક્ષ યોગ્ય સમયે પુષ્પો તથા ફળોને આપે છે, તે જ પ્રમાણે તલના તેલની સ્નેહબસ્તિના સેવનથી માણસ મજબૂત શરીરવાળો તથા મજબૂત પ્રજાવાળો થાય છે; તેમજ પૂર્વોક્ત વાયુસ્વરૂપ એવા વિકારોથી તે માણસ કદી પણ પીડાતો નથી. ૮૭,૮૮

ફલતૈલની બનાવટ અને તેના ગુણો

पञ्चमूलाढकेऽध्यर्धं फलानामाढकं भवेत्।
यवकोलकुलत्थानां कुडवाः स्युस्त्रयः पृथक् ॥८९॥
चतुर्भागावशिष्टं तु पश्चादष्टगुणे जले।
मस्तुनश्चाढकेनैतत्तैलप्रस्थं विपाचयेत् ॥ ९० ॥
कुष्ठस्य शतपुष्पाया वचाया मधुकस्य च।
कुटजस्य च बीजानां बीजानां मदनस्य च ॥९१॥
यवान्याः पिप्पलीनां च हरेण्वा देवदारुणः।
बिल्वस्य देवपुष्पस्य रास्नाया मस्तकस्य च ॥९२॥
सूक्ष्मैलायाः प्रियङ्ग्वाश्च भागैरक्षसमैः पृथक्।
सिद्धं सुलवणं पूतं निदध्याद्भाजने शुचौ ॥ ९३॥
एतन्मन्दनिरूढानां बस्तिव्यापत्सु चोत्तमम्।
फलतैलमिति ख्यातमुदावर्तनिवर्तनम् ॥ ९४ ॥
तथैवोदरिणां सिद्धं गुल्मिनां क्रिमिकोष्ठिनाम्।
पृष्ठश्रोण्यूरुजङ्घासु वातेष्वप्रगुणेषु च ॥९५॥
निरूहसाध्या ये केचिद्विकाराः समुदाहृताः।
ताञ्जयेद्बस्तिनाऽनेन मूत्राघातांश्च नाशयेत् ॥९६॥

લઘુ પંચમૂળ એક આઢક એટલે ૨૫૬ તોલા, મીઢળફળ દોઢ આઢક એટલે ૩૮૪ તોલા; જવ, બોર અને કળથી એ ત્રણે અલગ અલગ ત્રણ કુડવ મળી ૧૬+૧૬+૧૬= ૪૮ તોલા એકત્ર કરી અધકચરાં ખાંડી-કૂટીને તેઓના સળંગ વજનથી આઠ ગણા પાણીમાં તેઓનો ક્વાથ કરવો; એ ક્વાથ ચોથા ભાગે બાકી રહે ત્યારે તેને વસ્ત્રથી ગાળી લઈ તેમાં એક આઢક-૨૫૬ તોલા દહીંની ઉપરનું મસ્તુ-પાણી મેળવવું અને પછી તેમાં એક પ્રસ્થ ૬૪ તોલા તલનું તેલ નાખવું અને તેની સાથે કઠ, સૂવા, વજ, જેઠીમધ, કુટજબીજ-ઇંદ્રજવ, મીઢળફળનાં બીજ, યવાની-અજમો, પીપર, હરેણુ-રેણુકાબીજ, દેવદાર, બિલ્વફળ, લવિંગ, રાસ્ના, મોથ, નાની એલચી અને પ્રિયંગુ-ધઉંલા-એ પ્રત્યેક દ્રવ્યો અલગ અલગ એક એક તોલો લઈ તેઓને પણ ખાંડી-કૂટી તેમાં નાખી અગ્નિ પર તે તેલનો જ પાક કરવો; તેમાંનું પ્રવાહી બળી જાય એટલે પક્વ થયેલા એ તેલને વસ્ત્રથી

ગાળી લઈ તેમાં ઉત્તમ લવણ–સૈંધવ પીસી નાખી તે પણ થોડા પ્રમાણમાં નાખવું; પછી તેને શુદ્ધ કરેલા સાફ વાસણમાં વૈદ્યે રાખી મૂકવું; પછી જે રોગીઓને નિરૂહબસ્તિનો મંદયોગ થયો હોય અને તે કારણે એ નિરૂહબસ્તિના ઉપદ્રવો લાગુ થયા હોય, તેઓને એ ફલતૈલની અનુવાસન બસ્તિ જો અપાઈ હોય, તો તે ઉત્તમ ફાયદો કરે છે; વળી તે પ્રખ્યાત ફલતૈલ સિદ્ધ હોઈને ઉદાવર્ત રોગને મટાડે છે; તેમજ ઉદરના રોગીઓને, ગુલ્મના રોગીઓને, ક્રિમિયુક્ત કોઠાવાળાઓને, પીઠના રોગીને; તેમજ કેડની પાછલા ભાગના, સાથળના તથા પગની પિંડીઓના રોગીને હિતકારી થાય છે; અને શરીરનો વાયુ જ્યારે પ્રકોપ પામ્યો હોય ત્યારે તેમજ જે જે વિકારોને નિરૂહબસ્તિથી મટાડી શકાય એવા કહ્યા છે, તે તે બધા વિકારોમાં આ ફલ-તૈલની બસ્તિનો પ્રયોગ જો કરાવ્યો હોય, તો તેથી એ બધા વિકારોને આ તૈલની તે બસ્તિનો પ્રયોગ મટાડે છે અને આ ફલ-તૈલની બસ્તિનો પ્રયોગ મૂત્રાઘાત રોગોનો પણ નાશ કરે છે.

એરંડબસ્તિ-નિરૂહનિર્માણ અને તેનો પ્રયોગ

एरण्डमूलत्रिफलाबलारास्नापुनर्नवाः ।
गुडूच्यारग्वधो दारु पलाशो मदनं फलम् ॥ ९७ ॥
मूलं तुरङ्गगन्धायाः पञ्चमूलं कनीयसम् ।
पलप्रमाणान्येतानि जलद्रोणे विपाचयेत् ॥ ९८ ॥
अष्टभागावशेषं तं परिपूतं समाहरेत् ।
कर्षप्रमाणान्येतानि श्लक्ष्णपेष्याणि कारयेत् ॥ ९९ ॥
शताह्वा मधुकं मुस्ता प्रियङ्गुर्हपुषा वचा ।
रसाञ्जनं तार्क्ष्यशैलं पिप्पल्यः कौटजं फलम् ॥ १०० ॥
क्षजेन मथितः कोष्णः सतैलमधुसैन्धवः ।
समूत्रमांसनिर्यूहो निरूहः साधुयोजितः ॥ १०१ ॥
लेखनो दीपनो बल्यो ग्रहण्यर्शोविकारनुत् ।
पार्श्वपृष्ठकटीशूलं पार्श्वजङ्घोरुजा रुजः ॥ १०२ ॥
एरण्डबस्तिः शमयेन्मारुतं च कफावृतम् ।
युक्तमात्रोष्णलवणः स्नेहबस्तिर्विधीयते ॥ १०३ ॥

એરંડમૂળ, ત્રિફળા–હરડે, બહેડાં અને આમળાં; બલા, ખપાટ, રાસ્ના, સાટોડી, ગળો, ગરમાળો. દેવદાર, અાખરો, મીઢળફળ, આસંધનાં મૂળ તથા લઘુપંચમૂળ–એટલાં ઔષધ દ્રવ્યોને એક એક પલ–ચાર ચાર તોલા પ્રમાણમાં લઈ ખાંડી–કૂટી એક દ્રોણ–૧૦૨૪ તોલા પાણીમાં તેઓને પકવવાં–ઉકાળવાં; એ પાણી આઠમા ભાગે બાકી રહે ત્યારે તેને ગાળી લેવું; પછી તેમાં સારી રીતે પીસી નાખેલાં એક એક તોલો પ્રમાણમાં સૂવા, જેઠીમધ, નાગરમોથ, પ્રિયંગુ-ધાવડી, હપુષા–પલાશી, વજ, તાર્ક્ષ્ય પર્વતનું રસાંજન, પીપર તથા ઇંદ્રજવ–એટલાં દ્રવ્યો નાખવાં; પછી તે બધાંને રવૈયાથી મથી નાખી તેમાં તલનું તેલ, મધ, સિંધાલૂણ, ગોમૂત્ર તથા માંસનો રસ પણ (તોલો તોલો) નાખવાં; પછી તે બધાંને બરાબર એક રસ કરી લગાર ગરમ-એ નિરૂહ-ક્વાથરસની બસ્તિનો સારી રીતે યોજના એટલે પ્રયોગ જો કર્યો હોય, તો એ લેખન એટલે મળોને ખોતરી કાઢનાર, જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર તથા બળવર્ધક હોઈને ગ્રહણીના તથા અર્શના વિકારને મટાડે છે; તેમજ પડખાંના, પીઠના તથા કેડના શૂળનો અને પડખાંની, જંઘા–બેય પગની પિંડીઓની તથા સાથળોની પીડાનો નાશ કરે છે; ઉપરાંત એ એરંડબસ્તિનો પ્રયોગ કફથી વીંટાયેલા વાયુને પણ શમાવે છે; પરંતુ ધ્યાનમાં લેવું જોઈએ કે, તે સ્નેહબસ્તિ યોગ્ય પ્રમાણમાં સહેવાય તેવી ગરમ તથા લવણથી યુક્ત હોય તો જ (વાયુના રોગોને મટાડનાર તરીકે) તેનું વિધાન કે પ્રયોગ કરવામાં આવે છે.

ઉપર્યુક્ત એરંડબસ્તિનો માત્રાના પ્રકારો

समासतः स द्विविधस्तस्य मात्रा प्रचक्ष्यते ।
प्रकुञ्चः कन्यसी मात्रा, ततोऽर्धा तु मध्यमा ॥ १०४
उत्तमा द्विपला मात्रा मात्राबस्तौ तु भार्गव !।
अपस्तनस्यार्धपलं लाऽपरिहार्या निरत्यया ॥ १०५

ઉપર જણાવેલ એરંડબસ્તિ–ટૂંકમાં બે પ્રકારની જે કહેલ છે, તેની નાનામાં નાની માત્રા એક પ્રકુંચ–ચાર તોલા, મધ્યમ માત્રા છ તોલા અને ઉત્તમ માત્રા બે પલ–૮ તોલા કહેલી છે; પરંતુ હે ભૃગુવંશી વૃદ્ધ જીવક! જે બાળકે ધાવણ છોડયું હોય તેને આ એરંડબસ્તિની માત્રા અધી પલ બે તોલાની આપવી જોઈએ; આ બસ્તિ-પ્રયોગમાં કોઈપણ પરેજીની જરૂર રહેતી નથી; કેમ કે એવી તે નિર્દોષ છે–કોઈ પણ ઉપદ્રવ કરે તેવી નથી. ૧૦૪,૧૦૫

વિવરણ : ચરકે સિદ્ધિસ્થાનના ૪થા અધ્યાય-માં સ્નેહની નાનામાં નાની માત્રાને માત્રાબસ્તિ કહેલ છે; જે માત્રા છ કલાકમાં જીર્ણ થાય કે પચી શકે, તેને બધી માત્રા કરતાં ટૂંકામાં ટૂંકી માત્રા કહી છે; એથી જે વધુ પ્રમાણમાં હોય, તે દોઢ પલ–૬ તોલા પ્રમાણની સ્નેહમાત્રા પણ ચરકે ત્યાં કહી છે; સુશ્રુતે ચિકિત્સાસ્થાનના ૩૫માં અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે–'तस्यापि विकल्पोऽर्धार्धमात्रावकृष्टोऽपरिहार्यो मात्राबस्तिः'–એક દર ત્યાં છ પલ–૨૪ તોલાની સ્નેહમાત્રાને સ્નેહબસ્તિ કહી છે; ત્રણ પલ–૧૨ તોલાની સ્નેહબસ્તિને અનુવાસન કહેલ છે અને દોઢ પલ–૭ તોલાની સ્નેહબસ્તિને માત્રાબસ્તિ કહી છે; એવી તે માત્રા-બસ્તિનો પ્રયોગ ચરકે સિદ્ધિસ્થાનના ૪થા અધ્યાય-માં આવી અવસ્થાઓમાં કરવા કહેલ છે; જેમ કે–'कर्मव्यायाम–भार–अध्ववान–स्त्रीकर्षितेषु च॥ दुर्बले वातभग्ने च मात्राबस्तिः सदा मतः॥'–જે માણસ કામો કરીને, વ્યાયામ–કસરત કે શારીરશ્રમથી, ભાર ઊચકીને, માર્ગે મુસાફરી કરીને અથવા વધુ પડતા સ્ત્રીસંગથી ક્ષીણ થયેલ હોય, તેમજ દુર્બલ તથા વાયુના રોગથી ભાંગી પડેલ હોય, તેને સર્વ કાલ માત્રાબસ્તિ જ અપાય તે યોગ્ય મનાય છે.૧૦૪,૧૦૫

ઉંમરને અનુસરી સ્નેહબસ્તિ તથા નિરૂહ-બસ્તિની માત્રાઓ

कर्षत्रयं त्रिवर्षस्य, चतुर्वर्षस्य वै पलम्।
षड्वर्षस्य तु बालस्य स्व एव प्रसृतः स्मृतः॥१०६
द्वौ द्वौ द्वादशवर्षाणां चत्वारः प्रसृतास्तथा।
देयाः षोडशकादीनां पूर्वाह्णे वाऽन्तरेषु च॥१०७॥

यावन्मध्यं वयो, वार्धं त्वपकर्षद्यथाक्रमम्।
समीक्ष्य देहदोषाग्निबलं प्रकृतिमेव च॥१०८॥

ત્રણ વર્ષની ઉંમરના બાળકને ત્રણ તોલા, ચાર વર્ષની ઉંમરના બાળકને એક પલ–ચાર તોલા અને છ વર્ષની ઉંમરના બાળકને એક જ પ્રસૃત–આઠ તોલા બસ્તિ આપવી જોઈએ; પરંતુ ૧૨ વર્ષની ઉંમર-ના બાળકને બે બે પ્રસૃત–૧૬ તોલા અને સોળ વર્ષની ઉંમરના વગેરે માણસોને ચાર પ્રસૃત–૩૨ તોલા બસ્તિનું પ્રમાણ આપી શકાય છે; તે બસ્તિપ્રમાણ દિવસના પૂર્વ ભાગમાં અને વચ્ચે વચ્ચે પણ આપી શકાય છે; એમ મધ્ય ઉંમર સુધી એટલે કે ૫૦ વર્ષની ઉંમરનો માણસ થાય ત્યાં સુધી તે છેલ્લું બસ્તિપ્રમાણ આપી શકાય છે; એટલે કે માણસની ઉંમરનો અર્ધ ભાગ થાય ત્યાંસુધી તે બસ્તિપ્રમાણ યોજી શકાય છે, પરંતુ તે પછીની ઉંમરમાં એટલે કે ૫૦ વર્ષની ઉંમર થઈ જાય તે પછી તો અનુક્રમે તે બસ્તિપ્રમાણમાં ઘટાડો જ કર્યો કરવો જોઈએ; અને હરકોઈ માણસના શરીરને, દોષોને, જઠરાગ્નિને તથા બળને જોઈ તપાસીને તેમ જ પ્રકૃતિને પણ જોઈ ને તદનુ-સાર સ્નેહબસ્તિ તથા નિરૂહબસ્તિના પ્રમાણ-ની યોજના કરવી. ૧૦૬–૧૦૮

બસ્તિના પ્રમાણ વિષે વધુ કથન તથા બસ્તિપ્રકરણનો ઉપસંહાર

स्नेहप्रमाणं यद्वस्तौ निरूहस्त्रिगुणस्ततः।
अतिव्यवायव्यायामपानयानाध्वसङ्गिनः॥१०९॥
वयस्थाः स्नेहसाम्याश्च येषां चाग्निबलं दृढम्।
येषां चाधः प्रकुपितो वायुर्वातात्मकाश्च ये॥११०॥
तेषूत्तमां प्रणिदधेत् स्नेहमात्रां विचक्षणः।
य एभ्यो मध्यमावस्थाः पुरुषास्तेषु मध्यमाम्॥१११
वयोऽग्निबलावेक्षामितरामितरेषु च।
इति कर्मादिबस्तीनां त्रितयं समुदाहृतम्॥११२॥

બસ્તિમાં જેટલું સ્નેહપ્રમાણ રખાય છે, તેથી ત્રણ ગણી નિરૂહબસ્તિ આપવી

જોઈએ; પરંતુ વિચક્ષણ-વિદ્વાન વૈદ્યે-જે માણસ વધુ પ્રમાણમાં મૈથુન કર્યા કરતો હોય, વધુ વ્યાયામ-કસરત કે શારીર શ્રમ કરતો હોય અને મદિરાપાન તથા વાહનથી અધ્વસંગી હોઈ મુસાફરી કર્યા કરતો હોય, તેને જ ઉપર કહેલ નિરૂહ-બસ્તિ આપવી; તેમજ જે લોકો યૌવ્ય ઉંમરમાં રહ્યા હોય, જેઓને સ્નેહ સાત્મ્ય હોઈ માફક હોય અને જેઓનું અગ્નિબળ દૃઢ હોય, વળી જેમનો નીચેનો વાયુ-અપાન પ્રકોપ પામ્યો હોય અને જેઓ વાતપ્રધાન પ્રકૃતિવાળા હોય તેઓને વિદ્વાન વૈદ્યે ઉત્તમ સ્નેહમાત્રા આપવી જોઈએ; પરંતુ જે પુરુષો મધ્યમ અવસ્થાવાળા હોય તેઓ વિષે તો નિરૂહબસ્તિની મધ્યમ માત્રા આપવી જોઈએ; પરંતુ જે લોકો અવસ્થા, રોગો તથા બળની દૃષ્ટિએ હીન કે ઊતરતા હોય, તેઓને નિરૂહની હીન માત્રા જ આપવી જોઈએ; એમ અહીં સુધીમાં કર્મ આદિ ત્રણે, કર્મ-કાલ તથા યોગનામની બસ્તિઓ સારી રીતે કહી છે.

બસ્તિપ્રકરણનો ઉપસંહાર

निर्देशश्च विकल्पश्च प्रविभागश्च कात्स्न्र्यतः ।
यच्च यस्मिन् विधातव्यं या मात्रा येषु युज्यते ॥११३
निरूहयुक्तिः स्नेहश्च निरूहश्च प्रकीर्तितः ।

એમ અહીં આ ૮ મા અધ્યાયમાં બસ્તિઓ સંબંધે સંપૂર્ણ નિર્દેશ, ભેદ અને સમગ્ર પ્રવિભાગ કહેવામાં આવ્યો છે; અને જે રોગમાં જે કરવું જોઈએ અને જેઓ વિષે જે માત્રાની યોજના કરાય છે, તે બધું કહેલ છે; તેમ જ નિરૂહની યોજના સ્નેહબસ્તિ તથા નિરૂહબસ્તિ પણ અહીં સારી રીતે કહેલ છે. ૧૧૩

इति ह स्माह भगवान् कश्यपः ॥११४॥अड (१११)

એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું.

ઇતિ કાશ્યપસંહિતામાં ખિલસ્થાન વિષે 'બસ્તિ-વિશેષણીય' નામનો અધ્યાય ૮ મો સમાપ્ત

'રક્તગુલ્મ-વિનિશ્ચય' : અધ્યાય ૯ મો

अथातो रक्तगुल्मविनिश्चयमध्यायं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી રક્તગુલ્મ રોગનો જેમાં વિશેષ નિશ્ચય કર્યો છે, તે 'રક્તગુલ્મ-વિનિશ્ચય' એ નામના ૯ મા અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું, એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું. ૧,૨

ભગવાન કશ્યપને વૃદ્ધજીવકનો પ્રશ્ન

भगवन्तमृषिश्रेष्ठं सर्वशास्त्रविदां वरम् ।
कश्यपं भार्गवो धीमान् पर्यपृच्छत् प्रजापतिम् ॥३॥

ઋષિઓમાં શ્રેષ્ઠ અને સર્વ શાસ્ત્રના જાણકારોમાં શ્રેષ્ઠ પ્રજાપતિ ભગવાન કશ્યપને બુદ્ધિમાન ભૃગુવંશી વૃદ્ધજીવકે (એક વેળા) આમ પૂછ્યું હતું. ૩

रक्तगुल्मः कथं स्त्रीणां जायते दुरुपद्रवः ।
अथ कस्मात् कुमाराणां कन्यानां च न जायते ॥४
रक्तगुल्मः कथं चासौ रक्तगुल्म इति स्मृतः ।
कस्मान्निश्चेतनत्वेऽपि गर्भचेष्टा विचेष्टते ॥ ५ ।
दूरान्तरं न त्वनयोश्चेतनाचेतनावतोः ।
विप्रकृष्टान्तरेऽप्यस्मिन् गर्भशोणितगुल्मयोः ॥६।
केचिद्विशेषं नेच्छन्ति केचिदिच्छन्ति लिङ्गतः ।
तयोर्विशेषो यद्यस्ति किमर्थं स उपेक्ष्यते ॥ ७
युक्तो गर्भे दोहदस्य क्षीरस्य च समुद्भवः ।
आपाण्डुगण्डतादीनां लिङ्गानां च समुद्भवः ॥८
न युक्तमिव पश्यामि तस्मिन्नेषां समुद्भवम् ।
रक्तगुल्मेऽथ दृश्यन्ते लिङ्गान्येतानि तत् कथम् ॥
कस्मादादशमान्मासात् परिपाकं नियच्छति ।
एकद्वित्रिचतुष्पञ्चषट्सप्ताष्टनवादिषु ॥ १० ॥
मासेषु भेदं नाप्नोति प्रायो गर्भवदास्थितः ।
नारीणां सुकुमारीणां स कष्ट इति मे मतिः ॥११
उपक्रम्यः कथमयं कश्चास्योपक्रमः स्मृतः ।
कस्यां कस्यामवस्थायां का का वाऽस्यावचारणा ॥
कस्मिन् काले च निर्भेद्यो भेदनीयं च किं भवेत् ।
विनिर्भिन्नं च किं कार्यमेतदाचक्ष्व मे विभो ! ॥१३

દુષ્ટ ઉપદ્રવરૂપ એવો રક્તગુલ્મ રોગ સ્ત્રીઓને કેમ ઉત્પન્ન થાય છે? કુમારોને કે કન્યાઓને તે રક્તગુલ્મ કેમ થતો નથી? રક્તગુલ્મ રોગને 'રક્તગુલ્મ' એ નામે કેમ કહ્યો છે? એ રક્તગુલ્મ નિશ્ચેતન હોય છે એટલે કે ચેતનરહિત હોય છે, છતાં તે રોગ ગર્ભના જેવી ચેષ્ટાવાળો થઈ તે ગર્ભની ચેષ્ટાઓ કેમ કરે છે? ગર્ભ તો ચેતનાવાન હોય છે અને રક્તગુલ્મ તો ચેતનાવાન હોતો જ નથી, છતાં તે બેયમાં વધુ ભેદ હોતો નથી; જોકે ગર્ભમાં તથા રક્તગુલ્મમાં ઘણો જ તફાવત હોય છે, છતાં કેટલાક વૈદ્યો તેઓનો ભેદ ઇચ્છતા નથી અને કેટલાક વૈદ્યો તેઓનાં લક્ષણ ઉપરથી તેઓના ભેદ ઇચ્છે છે; ખરી રીતે તે બેયમાં વિશેષ ભેદ છે, તો તે બેયની ઉપેક્ષા કેમ કરાય? ગર્ભમાં તો સ્ત્રીને જુદા જુદા દોહદ થયા કરે છે અને સ્ત્રીના સ્તનમાં ધાવણની પણ ઉત્પત્તિ તેમજ એ સગર્ભા સ્ત્રીના ગાલ વગેરે અવયવોની લગાર ફીકાશ થાય, વગેરે તે ગર્ભનાં લક્ષણોની ઉત્પત્તિ થાય છે; પરંતુ રક્તગુલ્મમાં તો એ લક્ષણોની ઉત્પત્તિ જાણે કે યોગ્ય હોય એમ હું જોતો નથી; તો પછી એ રક્તગુલ્મમાં ગર્ભનાં તે તે લક્ષણો કેવી રીતે જોવામાં આવે છે? વળી કયા કારણે રક્તગુલ્મ દશમો મહિનો વીતી જાય છતાં પરિપાકને પામતો નથી? તેમ જ પહેલા, બીજા, ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમા, આઠમા તથા નવમા વગેરે મહિનાઓમાં તે રક્તગુલ્મ ગર્ભની અવસ્થાથી ભિન્નતાને પામતો નથી? અને કયા કારણે લગભગ ગર્ભના જેવો જ રહ્યો હોય છે? અતિશય કોમળ એવી સ્ત્રીઓને તે રક્તગુલ્મ જો થાય, તો તે કષ્ટરૂપ છે, એમ મારું માનવું છે; એ રક્તગુલ્મની ચિકિત્સા કેવી રીતે કરવી જોઈએ? અને તે રક્તગુલ્મની ચિકિત્સા કઈ કહેલી છે? કઈ કઈ અવસ્થામાં એ રક્તગુલ્મની કઈ કઈ ચિકિત્સા કરવી જોઈએ? કયા કાળે એ રક્તગુલ્મને બરાબર ચીરવો જોઈએ? તેમ જ એ રક્તગુલ્મમાં કયું દ્રવ્ય તેને ભેદનાર થઈ શકે છે? તેમજ એ રક્તગુલ્મ બરાબર ચિરાયો હોય ત્યારે તે અવસ્થામાં શું કરવું જોઈએ? તે હે પ્રભો! તમે મને કહો. ૩-૧૩

ભગવાન કશ્યપનો પ્રત્યુત્તર

इति पृष्टः स शिष्येण प्रोवाच वदतां वरः।
रक्तगुल्मस्तु नारीणां जायते येन हेतुना ॥१४॥
येन चैव कुमाराणां कन्यानां च न जायते।
तत् सर्वमभिधास्यामि विस्तरेण निबोध मे ॥१५॥

એમ શિષ્ય વૃદ્ધજીવકે પૂછયું ત્યારે વક્તાઓમાં શ્રેષ્ઠ ભગવાન કશ્યપે તેને આમ કહ્યું કે, જે કારણે સ્ત્રીઓને રક્તગુલ્મ થાય છે અને જે કારણે તે કુમારોને તથા કન્યાઓને થતો નથી, તે સર્વ હું તમને વિસ્તારથી કહું છું, તમે મારી પાસેથી તે સાંભળો.

મનુષ્યના કોઠાના આશયો

विण्मूत्रकृमिपक्वामकफवाताशयाः पृथक्।
सप्तैते देहिनां कोष्ठे स्त्रीणां गर्भाशयोऽष्टमः ॥१६॥

મનુષ્યના કોઠામાં વિષ્ઠાનો, મૂત્રનો, કિમિઓનો, પકવનો, આમનો, કફનો તથા વાતનો-એમ ૭ આશયો છે; પરંતુ સ્ત્રીઓના કોઠામાં આઠમો ગર્ભાશય પણ હોય છે. ૧૬

વિવરણ : દરેક માણસના કોઠામાં આ સાત આશયો એટલે કે વિષ્ઠા વગેરેનાં સ્થાનો સાત હોય છે-વિષ્ઠાશય, મૂત્રાશય, કૃમિઆશય, પકવાશય, આમાશય, કફાશય તથા વાતાશય-એમ તે તે વિષ્ઠા આદિને રહેવાનાં અલગ અલગ ૭ આશ્રયસ્થાનો હોય છે; પરંતુ સ્ત્રીઓને એક વધુ આઠમો આશય-ગર્ભાશય હોય છે; સુશ્રુતે પણ શારીરના પાંચમા અધ્યાયમાં આ આશયોને આમ કહ્યા છે, જેમ કે 'आशयास्तु-वाताशयः, पित्ताशयः श्लेष्माशयो रक्ताशयः, आमाशयः, पक्वाशयो मूत्राशयः, स्त्रीणां गर्भाशयोऽष्टम इति च'-માણસોના કોઠામાં આ સાત આશયો-સ્થાનો છે, જેમ કે વાયુનો

આશય વાતાશય, પિત્તનો આશય પિત્તાશય, કફનો આશય કફાશય, રક્ત-લોહીનો આશય રક્તાશય, આમનો આશય આમાશય, પક્વનો આશય પક્વાશય, મૂત્રનો આશય મૂત્રાશય અને સ્ત્રીઓને ૮ મો ગર્ભાશય પણ હોય છે.' આ ગર્ભાશયની સ્થિતિ કોઠામાં ક્યાં હોય છે? તે સંબંધે વાગ્ભટ આમ કહે છે: 'गर्भाशयोऽष्टमः स्त्रीणां पित्तपक्वाशयान्तरा'-સ્ત્રીઓનો ૮મો આશય-ગર્ભાશય સ્ત્રીઓના પિત્તાશય તથા પક્વાશયની વચ્ચે રહેલ હોય છે. ૧૬

રક્તગુલ્મની ઉત્પત્તિ ક્યારે?

रजोवहाः सिरा यस्मिन् रजः प्रविसृजन्त्यतः।
पुष्पभूतं हि तद्दैवान्मासि मासि प्रवर्तते।
विपर्ययात्तदेवेह तत्रैव तु निचीयते ॥ १७॥
अनेन हेतुना स्त्रीणां रक्तगुल्मो हि जायते।
तदाशयस्य चाभावात् पुरुषाणां न जायते ॥ १८॥

સ્ત્રીઓના આર્તવને વહેતી જે શિરાઓ છે, તેમાં આર્તવ વહ્યા કરે છે; પરંતુ દરેક મહિને તે શિરાઓ ગર્ભાશય દ્વારા (યોનિમાર્ગે) આર્તવને બહાર કાઢે છે; એમ દૈવના વશથી સ્ત્રીઓને તે આર્તવ દરેક મહિને યોનિમાંથી બહાર નીકળ્યા કરે છે; પરંતુ તેમાં જો રોગ આદિના કારણે તે આર્તવ બરાબર બહાર ન આવે તો ગર્ભાશયમાં તે એકઠું થાય છે; એ કારણે જ સ્ત્રીઓને રક્તગુલ્મનો રોગ ઉત્પન્ન થાય છે; પણ પુરુષોને તે ગર્ભાશય હોતો નથી, એ કારણે તે રક્તગુલ્મ રોગ તેમને થતો નથી. ૧૭,૧૮

સ્ત્રીના આર્તવ સંબંધે ઊંડી સમજણ

हीनयोन्यास्तु बालायाः कायं गच्छति शोणितम्।
अथ पूर्णस्वभावायाः कायं योनिं च गच्छति ॥१९॥

જે સ્ત્રી બાલા હોય-ખૂબ નાની ઉંમરની હોય અને જેની યોનિ પણ ખૂબ જ નાની હોય, ત્યારે તેનું રક્ત કેવળ તેના શરીરમાં જ વહ્યા કરે છે; પરંતુ જે સ્ત્રી યોગ્ય ઉંમરવાળી થઈ શરીરે પુષ્ટ થઈ હોય (અને યોનિ પણ વિસ્તારને પામી હોય) તેનું રક્ત એટલે કે આર્તવરૂપ રુધિર શરીરમાં તથા યોનિમાં પણ પ્રાપ્ત થાય છે એટલે કે શરીરનું પોષણ થતાં વધેલું રક્ત યોનિમાર્ગે પણ બહાર વહી જાય છે. ૧૯

गर्भमङ्गे भावयति किञ्चित् स्तन्याय कल्पते।
पक्त्वे शोणिताद्य(दे)स्तु शेषः कायं समिन्धति ॥२०

વળી સ્ત્રીમાં શરીરનું તે રક્ત કંઈક થોડા અંશે ગર્ભાશયમાં પ્રાપ્ત થયેલા ગર્ભને પોષે છે, કંઈક અંશે ધાવણની ઉત્પત્તિ કરવા સમર્થ થાય છે, કંઈક અંશે તે રક્ત પોતાના શરીરની રક્ત આદિ ધાતુને પક્વ કરવા તત્પર રહે છે અને બાકીનું તે રક્ત આખાય શરીરને પોષણ આપ્યા કરે છે. ૨૦

વિવરણ: આ સંબંધે આ કાશ્યપસંહિતાના જ પહેલા સૂત્રસ્થાનમાં આમ કહેવાઈ ગયું છે કે 'मातृपुष्टयमेकांशो द्वितीयो गर्भपुष्टये। तृतीयः स्तनपुष्ट्यर्थं नार्या गर्भस्तु पुष्यति'॥-સગર્ભા સ્ત્રી જે ખોરાક ખાય છે અને તેમાંથી જે રસરક્ત આદિ ધાતુઓ ઉત્પન્ન થાય છે, તેમાંનો એક ચતુર્થાંશ માતાની પોતાની પુષ્ટિ માટે ઉપયોગી થાય છે, બીજો અંશ ગર્ભની પુષ્ટિ માટે ઉપયોગી થાય છે, ત્રીજો અંશ સ્તનની પુષ્ટ માટે ઉપયોગી થાય છે અને ચોથો અંશ જે બાકી રહે છે, તેનાથી એ સગર્ભા સ્ત્રીનો ગર્ભ પોષણ મેળવે છે. ૨૦

ધાવણની ઉત્પત્તિનું કારણ

तथैव गर्भः सूतायाः सद्यः स्तन्याय कल्पते।
शेषं तु रुधिरीभूतं कायं योनिं च सर्पति ॥२१॥

જે સ્ત્રી ગર્ભને પ્રસવી હોય એટલે કે જે સ્ત્રીને ગર્ભ રહ્યો હોય, તેનો એ ગર્ભ તે સ્ત્રીના સ્તનમાં તેણે ખાધેલા ખોરાકના રસમાંથી અમુક કાળે ધાવણને ઉત્પન્ન કરવા સમર્થ થાય છે; બાકીનું તે સ્ત્રીનું (ખોરાકનું રસાદિ સત્ત્વ) રુધિરરૂપ થઈને તે સ્ત્રીના શરીરમાં તથા યોનિમાં ફેલાય છે.

धातुषु प्रतिपूर्णेषु शरीरे समवस्थिते।
संचितं रुधिरं योनिः पुनः कालेन मुञ्चति ॥ २२॥

બધી ધાતુઓ બરાબર પૂર્ણ થઈ જાય અને તે દ્વારા શરીર સારી રીતે સ્થિર થયેલું થાય ત્યારે એકત્ર થયેલા રુધિરને ફરી અમુક કાળે તે સ્ત્રીની યોનિ બહાર છૂટું મૂકે છે; તે એકત્ર થયેલું રુધિર યોનિમાંથી બહાર નીકળી જાય છે. ૨૨

રક્તગુલ્મનું કારણ

यदा रक्तवहा रक्तं प्रदोषान्नानुपद्यते ।
विमार्गाद्योनिमन्वेति(विकृति) स्तेन जायते ॥ २३ ॥
तथैव रक्तगुल्मोऽपि हेतुनाऽनेन जायते ।

પરંતુ જ્યારે અતિશય વધેલા દોષના કારણે 'રક્તવહા' નાડીમાં રુધિર પહોંચી શકતું નથી, પણ વિમાર્ગે થઈ યોનિ તરફ અનુસરે છે, ત્યારે તે જ કારણે તેમ જ નીચે દર્શાવેલ આ કારણથી પણ રક્તગુલ્મ રોગ ઉત્પન્ન થાય છે. ૨૩

यदा ऋतुमती नारी प्राप्तान् वेगान् विधारयेत् ॥२४
ह्रिया त्रासाद्भयवायाद्वा वर्तमानानधोगतान् ।
एवमादिभिरन्यैरुदावृत्तैः प्रकोपितः ॥ २५ ॥
वायुः शोणितमादाय प्रतिस्रोतः प्रपद्यते ।
गर्भाशयमुदावृत्तस्तस्या वहति शोणितम् ॥२६॥
मारुतश्च्युतगर्भाया यदा मिथ्योपचर्यते ।
तस्याः स वायुरुद्वृत्तः प्रतिघातात् सशोणितः ॥२७
गत्वा गर्भाशयं रुद्धः स्थिरत्वमुपपद्यते ।
संवृत्तं शोणितं तत्र मारुतो विषमं गतः ॥ २८ ॥
रजोवहाः समावृत्तः संस्तम्भयति गर्भवत् ।

જે કાળે ઋતુમતી નારી (મળમૂત્ર આદિના) આવેલા વેગોને શરમથી, ત્રાસથી કે મૈથુનના કારણે રોકે છે તેમ જ ચાલુ થયેલા અને નીચે ગયેલા વેગોને પણ રોકી રાખે છે એ વગેરે કારણોથી અથવા બીજાં પણ ઉત્પન્ન થયેલાં કારણોથી પ્રકોપ પામેલો વાયુ તેના રુધિરને ગ્રહણ કરી ગર્ભાશયના સ્રોતો તરફ પ્રાપ્ત થાય છે અને ઊંચે ચોપાસ પ્રસરીને તે રુધિરને ગર્ભાશય તરફ વહેવા માંડે છે; વળી જ્યારે કોઈ સ્ત્રીનો ગર્ભ રહી ગયો હોય ત્યારે તે સ્ત્રીના કોપેલા વાયુના મિથ્યા ઉપચારો કરાય છે, ત્યારે તે વાયુ ઊંચે ગતિ કરી પ્રતિઘાત થવાથી રુધિર સાથે ગર્ભાશયમાં જઈ ત્યાં રુંધાઈ જઈ સ્થિરતાને પામે છે; એમ તે વિષમતાને પામેલો વાયુ ત્યાં રજસ્ને વહેતી શિરાઓને સારી રીતે વીંટાઈ વળે છે અને રોકાઈ રહેલા તે રુધિરને ગર્ભની જેમ સારી રીતે થંભાવી દે છે. ૨૪-૨૮

વિવરણ: આ કાશ્યપસંહિતામાં જ પ્રથમ ગુલ્મચિકિત્સા અધ્યાય જે કહેવાયો છે, તેમાં રક્ત-ગુલ્મની સંપ્રાપ્તિ તથા નિદાન આમ કહેવામાં આવેલ છે; જેમ કે 'रक्तगुल्मः स्त्रिया योनौ जायते न नृणां क्वचित् ॥...गर्भिण्यस्मीति मन्यते'-રક્તગુલ્મ રોગ ક્વચિત્ પુરુષની જ યોનિમાં ક્વચિત્કાળે ઉત્પન્ન થાય છે, તે વખતે એ સ્ત્રી 'હું ગર્ભિણી છું' એમ પોતાને સગર્ભા માને છે.' આ જ પ્રમાણે, ચરકે પણ નિદાનસ્થાનના ત્રીજા અધ્યાયમાં કહેલ છે, તે ત્યાં જોવું. ૨૪-૨૮

ફરકતા રક્તગુલ્મનાં લક્ષણો

स गुल्मः स्पन्दतेऽभीक्ष्णं मारुतेन समीरितः ॥२९॥
दर्शयन् यानि रूपाणि तानि वक्ष्यामि सर्वशः ।
कासते शूल्यते चैव ज्वर्यतेऽथातिसार्यते ॥ ३० ॥
मन्यते सर्वगात्राणि मूर्च्छितानि गुरूणि च ।
तमोऽस्या जायतेऽभीक्ष्णं कार्श्यं चैव निगच्छति ॥३१
वमत्यभीक्ष्णशो भुक्तमन्नं चास्यै न रोचते ।
जायन्ते चोदरे गण्डा नीलं चास्याः प्रदृश्यते ॥३२॥
स्तनान्तरं च नाभिश्च लोमराजी च मूर्च्छिता ।
ओष्ठौ च कृष्णौ भवतस्तथैव स्तनचूचुकौ ॥ ३३ ॥
पयोधरौ प्रसिच्येते दोहदं च निगच्छति ।
नानारसान् प्रार्थयते निष्ठीवति मुहुर्मुहुः ॥ ३४ ॥
शुभाद्बिभ्यति गन्धाद्वर्णश्चास्याः प्रसीदति ।
गर्भिण्या यानि रूपाणि तानि संदृश्य तत्त्वतः ॥३५॥
वर्षाणि हरति व्याधिर्गर्भोऽयमिति दुःखिता ।

વાયુથી પ્રેરાયેલો તે રક્તગુલ્મ વારંવાર ફરક્યા કરે છે અને પોતે જે રૂપોને કે લક્ષણોને દર્શાવે છે, તે સર્વને હવે હું અહીં કહું છું. જેને રક્તગુલ્મ થયો હોય તે સ્ત્રી ઉધરસ ખાય છે, તેને શૂળ નીકળ્યા

કરે છે, તાવ આવે છે અને તે પછી તેને અતિસાર-ઝાડાનો રોગ થાય છે. વળી તે રક્તગુલ્મવાળી સ્ત્રી પોતાનાં સર્વ ગાત્રોને મૂર્છિત થયેલાં અને ભારે થયેલાં માને છે; તેની આંખે વારંવાર અંધારાં આવ્યા કરે છે; શરીરમાં કૃશપણું થાય છે; ખાધેલા ખોરાકને તે વારંવાર ઓકયા કરે છે; શરીરમાં ઘણી કૃશતાને પામે છે; તે સ્ત્રીને કંઈ પણ રુચતું નથી; તે સ્ત્રીના પેટમાં ગાંઠો ઉત્પન્ન થાય છે; તેના સ્તનનું અંતર-મધ્ય ભાગ અને નાભિ નીલવર્ણો દેખાય છે. વળી તેની નાભિ ઉપર રૂવાડાંની પંક્તિ છવાયેલી જણાય છે; તેના બન્ને હોઠ તથા બન્ને સ્તનનાં ડીટાં કાળા રંગનાં થાય છે; તેના સ્તનમાંથી ધાવણ પણ ઝરવા માંડે છે; તે સ્ત્રીને દોહદ પણ પ્રાપ્ત થાય છે એટલે કે સગર્ભા સ્ત્રીને જેમ અનેક વસ્તુઓની ઇચ્છાઓ થયા કરે છે, તે જ પ્રમાણે તે રક્તગુલ્મવાળી સ્ત્રીને પણ અનેક જાતની વસ્તુઓની ઇચ્છાઓ પણ થયા જ કરે છે; સગર્ભા સ્ત્રીની પેઠે અનેક પ્રકારના રસોને પણ તે સ્ત્રી ઇચ્છે છે; વારંવાર તે થૂંક્યા કરે છે; શુભ સારી ગંધથી તે સ્ત્રી-કંટાળે છે અને તે સ્ત્રીના શરીરનો રંગ ખીલે છે; એ પ્રમાણે સગર્ભા સ્ત્રીનાં જે લક્ષણો થાય છે, તે લક્ષણોને સારી રીતે ખરેખરાં જોઈને એ રક્તગુલ્મ રોગને તે સ્ત્રી 'આ ગર્ભ છે' એમ માની લઈ વર્ષો ગાળે છે અને એમ દુઃખી રહ્યા કરે છે. ૩૦-૩૫

વિવરણ : આ કાશ્યપસંહિતાના 'ગુલ્મચિકિત્સા' અધ્યાયમાં પણ આ રક્તગુલ્મ રોગનાં આવાં લક્ષણો કહ્યાં છે; જેમ કે-'સ્તનમણ્ડલકૃષ્ણત્વં પ્રચક્ષતે'-રક્તગુલ્મના રોગવાળી સ્ત્રીનું સ્તનમંડળ સગર્ભા સ્ત્રીની જેમ કાળું થઈ જાય છે; ઇત્યાદિ રક્તગુલ્મનાં લક્ષણોને વિદ્વાનો કહે છે; ચરકે પણ નિદાનસ્થાનના ૭ મા અધ્યાયમાં કહ્યું છે કે રક્તગુલ્મ રોગમાં સ્ત્રીને જાણે ગર્ભ રહ્યો હોય તેવાં લક્ષણો જણાય છે.' સુશ્રુતે પણ શારીરના ૩જા અધ્યાયમાં સગર્ભા સ્ત્રીનાં જે લક્ષણો થાય છે, તે જ લક્ષણો રક્તગુલ્મના રોગવાળી સ્ત્રીને પણ જણાય છે. ૩૦-૩૫

રક્તગુલ્મ તથા વિદ્રધિમાં તફાવત

केनचित्त्वथ कालेन निर्भेदं यदि गच्छति ॥ ३६॥

તે પછી એટલે કે લગભગ ૧૦ થી ૧૨ મહિના વીતે ત્યારે કેટલાક કાળે તે રક્તગુલ્મ પાકીને ફાટી જાય છે, તો તે સમયે યોનિના માર્ગે તે સ્રવી જાય છે અને તે પછી જ 'તે રક્તગુલ્મ રોગ હતો' એમ લોકો જાણી શકે છે. ૩૬

વિવરણ : આ રક્તગુલ્મ સંબંધે સામાન્ય માન્યતા આવી છે કે, રક્તગુલ્મ પાકતો નથી; તેથી તે ફાટતો કે ચિરાતો પણ નથી, જ્યારે વિદ્રધિ નામની ગાંઠનો રોગ તો પાકે છે અને છેવટે ચિરાઈ-ફૂટી પણ જાય છે; એ જ રક્તગુલ્મ તથા વિદ્રધિમાં તફાવત છે. ૩૬

રક્તગુલ્મમાં સ્ત્રીને સગર્ભાની શંકા થાય

ततो गुल्मप्रमुक्ता सा ज्ञातिमध्ये प्रभाषते ।
गर्भिण्यहं चिरं भूत्वा प्रच्युते गर्भशोणिते ॥ ३७॥
गर्भरूपं न पश्यामि तत्र मे संशयो महान् ।
तामिदं प्रतिभाषन्ते सर्वग्रामकुतूहलाम् ॥ ३८॥
दिव्यो गर्भो व्यतिक्रान्तो नैगमेषेण ते हृतः ।
इत्येनामबुधाः प्राहुर्हृतं सर्वमशोभनम् ॥ ३९॥
परिप्लुत इति प्राहुः कुशला ये मनीषिणः ।
गुल्मश्चय इति प्रोक्तो रक्तं रुधिरमुच्यते ॥ ४०॥

તે પછી એ રક્તગુલ્મ રોગવાળી સ્ત્રીનો જ્યારે રક્તગુલ્મથી છુટકારો થાય એટલે કે સ્ત્રીનો રક્તગુલ્મ રોગ કોઈ ઉપચાર આદિથી સ્રવી જાય, ત્યારે તે સ્ત્રી પોતાની જ્ઞાતિઓની વચ્ચે આમ કહે છે કે: 'હું લાંબા કાળ સુધી સગર્ભા હતી, પરંતુ તે ગર્ભનું લોહી (પૂરા મહિને) શું સ્રવી ગયું હશે? વળી હું ગર્ભનું રૂપ કે લક્ષણ દેખતી નથી તેથી તે બાબતમાં મને મહાન સંશય

થાય છે' એમ તે સ્ત્રી જ્યારે સંશય કરે છે, ત્યારે આખા ગામમાં કુતૂહલ કે આશ્ચર્ય-રૂપ બનેલી તે સ્ત્રીને બીજી તે ગામની (અજ્ઞાની) સ્ત્રીઓ આમ કહે છે કે, 'તારો એ દિવ્ય ગર્ભ પડી ગયો છે અથવા 'નગમેષ' નામના દેવે તારો એ દિવ્ય ગર્ભ હરી લીધો છે.' એમ તે સ્ત્રીને અજ્ઞાની લોકો વધુ અશોભન—અમંગલ ખોટું ખોટું કહ્યા કરે છે; પરંતુ જેઓ બુદ્ધિમાન કુશળ લોકો છે, તેઓ તો આમ જ કહે છે કે, તે એક 'રક્તગુલ્મ' નામે એક ઉપદ્રવરૂપ જ હતો, પણ ખરી રીતે એ ગર્ભ ન હતો.

રક્તગુલ્મની વ્યાખ્યા

रक्तस्य संचयस्तेन रक्तगुल्म इति स्मृतः।
गर्भवच्चेष्टते नायं किन्तु सादृश्यदर्शनात् ॥४१॥

'ગુલ્મ' શબ્દનો અર્થ 'ચય'—એકત્ર થવું, એવો થાય છે અને 'રક્ત' શબ્દનો અર્થ 'રુધિર'—લોહી એવો થાય છે. એ રક્તનો એટલે રુધિરનો જે ગુલ્મ ગર્ભાશયમાં થઈ જાય છે, તે કારણે એ રોગ 'રક્તગુલ્મ' નામે કહેવાય છે; એ રક્તગુલ્મ ખરી રીતે રુધિરના જ એક સંગ્રહ રૂપ એક રોગ જ છે; અને તે ગર્ભના જેવી ચેષ્ટા પણ કરતો નથી, પરંતુ તેમાં ગર્ભની સમાનતા દેખાય છે, તેથી જાણે તે ગર્ભ હોય એમ લાગે છે. ખરી રીતે એ એક રોગ જ છે, પણ ગર્ભ નથી. ૪૧

વિવરણ : ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૩૦ અધ્યાયમાં રક્તગુલ્મ તથા ગર્ભમાં જે તફાવત છે, તેને આમ સ્પષ્ટ કહી બતાવ્યો છે કે—'केवलश्चास्या गुल्मः पिण्डित एव स्पन्दते। तामगर्भां गर्भिणीमित्याहुर्मूढाः'—રક્તગુલ્મના રોગવાળી એ સ્ત્રીનો કેવળ એ ગુલ્મ એટલે કે રુધિરનો એક સંગ્રહ જ ગર્ભાશયમાં એકત્ર થયેલ હોય છે અને તે ફરક્યા પણ કરે છે, તેથી મૂઢ—અજ્ઞાની લોકો એ રક્તગુલ્મના રોગવાળી સ્ત્રી ખરી રીતે ગર્ભથી રહિત જ હોય છે, છતાં તેને એ મૂર્ખા લોકો 'આ સ્ત્રી સગર્ભા છે' એમ કહે છે; આ જ અભિપ્રાયથી ચરકે ચિકિત્સાસ્થાનના ૫ મા અધ્યાયમાં પણ આમ જ સ્પષ્ટ કહ્યું છે કે—'यः स्पन्दते पिण्डित एव नाङ्गैश्चिरात् सशूलः समगर्भलिङ्गः'—જે રક્તગુલ્મ પિંડાકારે એકત્ર થઈને લાંબા કાળે ફરકે છે, પણ તેને અંગો તો હોતાં જ નથી, તેથી અંગો વડે તે ફરતો નથી અને તેમાં સાથે શૂલ ભોંકાતાં હોય એવી વેદના પણ થાય છે અને તેમાં ગર્ભનાં લગભગ બધાંય લક્ષણો પણ સાથે હોય જ છે; એકંદર રક્તગુલ્મ વારંવાર ફરકે છે અને તે પણ લાંબા કાળે ફરકે છે; પરંતુ ગર્ભ તો ત્રીજા મહિને ફરકે છે અને તેનો અનુભવ સગર્ભા સ્ત્રી ચોથા કે પાંચમા મહિને કરે છે.૪૦,૪૧

રક્તગુલ્મને ગર્ભ માનતી સ્ત્રી અનેક ચેષ્ટાઓ કરે

गर्भोऽयमिति मन्वाना मनसा तद्विभाविनी।
नारी विचेष्टते तास्ता गर्भचेष्टाः पृथग्विधाः ॥४२

'મને આ ગર્ભ રહ્યો છે' એમ માનતી રક્તગુલ્મના રોગવાળી સ્ત્રી મનથી તે રક્તગુલ્મને ગર્ભરૂપે જ ચિંતવ્યા કરે છે અને જુદી જુદી અનેક પ્રકારની તે તે ગર્ભચેષ્ટાઓ જેવી ચેષ્ટાઓ પણ કરે છે. ૪૨

રક્તગુલ્મવાળી સ્ત્રીને દોહદો થવાનાં કારણ

दोहदं यत् करोतीति शृणु तत्रापि कारणम्।
य एव हि रसाः प्रायो धातूनां वृद्धिहेतवः ॥४३॥
तेषामेवाभिलाषः स्याद्योनिसाधर्म्यतस्त्वतः।
वातपित्तान्वितं रक्तं चीयमानं विकारवत् ॥४४॥
कट्वम्ललवणादीनां रसानां गृद्धिमावहेत्।

રક્તગુલ્મના રોગવાળી સ્ત્રી સગર્ભા-સ્ત્રીની પેઠ દોહદને પણ કરે છે, એટલે કે તે તે અનેક પ્રકારની વસ્તુઓની પણ ઇચ્છા કરે છે; તેમાં પણ જે કારણ છે, તેને પણ તમે સાંભળો. જે જે માર્ગે ધાતુઓની વૃદ્ધિમાં કારણ હોય છે, તેની તેની જ ઇચ્છા રક્તગુલ્મના રોગવાળી સ્ત્રીને પણ થાય છે; કારણ કે ગર્ભમાં તથા રક્તગુલ્મમાં વસ્તુતઃ યોનિ કે ઉત્પત્તિનું સાધર્મ્ય જ હોય છે; વળી રક્તગુલ્મમાં જે રક્ત એકત્ર થતું હોય છે, તે

વિકારથી યુક્ત હોઈને વાયુથી અને પિત્તથી જ અનુસરાયેલું હોય છે, અને તેથી જ તે રક્તગુલ્મનો રોગ તીખા, ખાટા તથા ખારા વગેરે રસોની ઇચ્છાને વધુ કરાવે છે.

રક્તગુલ્મના રોગવાળી સ્ત્રીને ધાવણ પણ ઊપજવામાં કારણ

गर्भिण्यस्मीति तत्प्रीतिप्रेमसंकल्पसंभृतः ॥ ४५ ॥
प्रस्रुतो जायते नार्यास्तेन स्तन्यं प्रवर्तते ।

'હું સગર્ભા છું' એવી પ્રીતિ અથવા પ્રેમના સંકલ્પોથી સારી રીતે ઉત્પન્ન થઈને પોષાયેલો કે એકત્ર થઈ વધેલો ધાવણનો સ્રાવ પણ તે રક્તગુલ્મના રોગવાળી સ્ત્રીના સ્તનમાંથી અતિશય ઝરવા માંડે છે. ૪૫

વિવરણ : આ અભિપ્રાયથી જ સુશ્રુત આમ કહે છે કે–'स्नेहो निरन्तरस्तस्य स्रवणे हेतुरुच्यते'– રક્તગુલ્મવાળી સ્ત્રીને સ્તનમાં જે ધાવણ પેદા થાય છે અને તેમાંથી તેનો સ્રાવ પણ થતો જોવામાં આવે છે, તેમાં પણ કારણ આ જ હોય છે કે–તે સ્ત્રીને પોતાને મનમાં આવી ખાતરી હોય છે કે 'હું સગર્ભા છું.' તેથી તે ગર્ભ ઉપરનો સ્નેહ તેના સ્તનમાં ધાવણની ઉત્પત્તિ કરવામાં પણ કારણ બને છે.' ૪૫

રક્તગુલ્મ રોગવાળી સ્ત્રીમાં સગર્ભાનાં લક્ષણો જણાવામાં કારણ

सर्वा रसवहा नाड्यः समन्तान्नाभिमाश्रिताः ॥४६
गर्भो विवर्धमानश्च संपीडयति ताः स्त्रियाः ।
तद्वच्च रक्तगुल्मोऽपि पीडयन्नुपचीयते ॥ ४७ ॥
ताभिश्च पीड्यमानाभिर्न सम्यग्वर्तते रसः ।
आपाण्डुगण्डतादीनि लक्षणानि भवन्त्यतः ॥४८

હરકોઈ વ્યક્તિની બધીયે રસવાહી નાડીઓ ચારે બાજુથી આવીને નાભિનો આશ્રય કરી રહી હોય છે; તે નાડીઓને સ્ત્રીનો ગર્ભ જ્યારે વધી રહ્યો હોય ત્યારે સારી રીતે પીડા કરે છે; તે જ પ્રમાણે સ્ત્રીનો રક્તગુલ્મ રોગ પણ જેમ જેમ સારી પેઠે વધી રહ્યો હોય, તેમ તેમ એ રસવાહી નાડીઓને અત્યંત પીડા કરી રહ્યો હોય છે; એમ રસવાહી નાડીઓ પીડાતી હોય તે કારણે એ નાડીઓ દ્વારા શરીરમાં રસ બરાબર વર્તતો નથી–ફરીને લોહી ઉપજાવવાનું કામ કરતો નથી; તે જ કારણે એ રક્તગુલ્મવાળી સ્ત્રીના ગાલમાં લગાર ફીકાશ વગેરે લક્ષણો પણ (ગર્ભવતીની જેમ) થાય છે.

ગર્ભની જેમ રક્તગુલ્મ વધવાનાં અને કાળને પણ ગાળવામાં કારણ

कथं प्रकर्षते कालमिति तत्रापि मे शृणु ।
विवृद्धेरिह सारूप्याद्भर्तोऽयमिति निश्चिता ॥४९
सरक्षतेऽभिघातेभ्यः कुक्कुटयण्डमिवाङ्गना ।
तदपायकरान् हेतून् न कथंचन सेवते ॥ ५० ॥
श्रमोपवासतीक्ष्णोष्णक्षारादीनि च सर्वशः ।
स एवं याप्यमानस्तु यथाकालं प्रकर्षते ॥५१॥
व्यापत्तिहेतुमासाद्य कालेनाल्पेन वा पुनः ।
मेदं गच्छत्यघस्ताद्धि जलकुम्भ इव क्षतः ॥५२॥

રક્તગુલ્મ રોગ, ગર્ભની જેમ કાળને પણ ખેંચે છે–ગાળે છે; તેમાં પણ જે કારણ છે, તેને પણ હવે તમે સાંભળો : જેમ ગર્ભ વધે તેમ રક્તગુલ્મ પણ વધે છે, તેથી એ સમાનતાના કારણે 'આ મારો ગર્ભ છે' એવો નિશ્ચય કરી ચૂકેલી તે રક્તગુલ્મવાળી સ્ત્રી જેમ કૂકડી પોતાનાં ઈંડાંને અભિઘાત–અથડામણ વગેરેથી સાંચવે છે–બચાવે છે, તેમ એ રક્તગુલ્મને સાચવે છે–બચાવ્યા કરે છે; તેમ જ એ રક્તગુલ્મને હાનિ કરે એવા હેતુઓ–શ્રમ, ઉપવાસ, તીક્ષ્ણ અને ગરમ પદાર્થો તથા ક્ષાર વગેરેનું પણ કોઈ પણ પ્રકારે સંપૂર્ણ સેવન કરતી નથી; એમ પણ તેનો રક્તગુલ્મ રોગ જે સ્થિતિમાં હોય, તે જ સ્થિતિમાં રહ્યા કરી ગર્ભની જેમ સમય અનુસાર અતિશય વધ્યા પણ કરે છે; પરંતુ તે રક્તગુલ્મને કોઈ વિનાશનું કારણ મળી આવે છે, ત્યારે અથવા અમુક થોડા કાળમાં પણ ભેદને પામે કે ચિરાઈ જાય ત્યારે પાણીથી ભરેલા ભાંગેલા ઘડાની જેમ નીચેના યોનિના માર્ગે સ્રવી જ જાય છે.

રક્તગુલ્મના નાશ સંબંધે મતભેદ

केचिदिच्छन्ति गुल्मस्य मासादादशमात् परम् ।
परिपाकं फलस्येव स्वकालपरिणामतः ॥ ५३ ॥
तस्मिंश्च काले स व्याधिः स्यान्नातिदुरुपक्रमः ।
तत्रोपक्रममिच्छन्ति तस्य कर्तुमतो बुधाः ॥ ५४ ॥

કેટલાક વૈદ્યો ઇચ્છે છે એટલે આમ માને છે કે, રક્તગુલ્મ દસમા મહિના પછી ફલની જેમ પરિપાક સ્થિતિમાં આવે છે અથવા પોતાના કાળના માપ અનુસાર પરિપાકને પામે છે; તે કાળે એ રક્તગુલ્મ-રોગની ચિકિત્સા અતિશય મુશ્કેલ બનતી નથી; એ જ કારણે વિદ્વાન વૈદ્યો એ રક્તગુલ્મની ચિકિત્સાને દસમો મહિનો વીત્યા પછી જ કરવા ઇચ્છે છે. ૫૩,૫૪

વિવરણ : આવા જ અભિપ્રાયથી ચરકે ચિકિત્સાસ્થાનના પાંચમા અધ્યાયમાં આમ કહ્યું છે કે, 'स रौधिरः स्त्रीभव एव गुल्मो मासि व्यतीते दशमे चिकित्स्यः'–સ્ત્રીઓને જે રક્તગુલ્મ રોગ થાય છે, તે તેઓના વિકૃત લોહી–આર્તવમાંથી જ ઉત્પન્ન થાય છે અને તેની ચિકિત્સા દશમો મહિનો વીતે ત્યારે જ કરવી જોઈએ; કારણ કે દશમો મહિનો વીતે તે પછી જ એ રક્તગુલ્મરોગ સુખસાધ્ય બને છે એટલે કે તેની ચિકિત્સા દશમો મહિનો વીત્યા પછી જ અનાયાસે સફળ થાય છે.' આવા જ આશયથી કહ્યું છે કે, 'रक्तगुल्मे पुराणत्वं सुखसाध्यस्य लक्षणम्'–રક્તગુલ્મ જેમ જૂનો થાય એ જ તેનામાં સુખસાધ્યનાં લક્ષણો ગણાય છે.

દશમા મહિના પહેલાં ચિકિત્સાથી રક્તગુલ્મ યાપ્ય બને છે

अप्राप्तकालो याप्यः स्याद्गर्भवद्युक्तिकोविदैः ।
नापक्को भिद्यते व्याधिरिति मत्वा यथाभवम् ॥५५

રક્તગુલ્મની ચિકિત્સાનો કાળ–દસમો મહિનો વીત્યા પછીનો છે, છતાં તે કાળ હજી પ્રાપ્ત થયો ન હોય અને રક્તગુલ્મની જો ચિકિત્સા કરવામાં આવે, તો ગર્ભની જેમ તે યાપ્ય બને છે, એટલે કે એની એ જ સ્થિતિમાં તેને રાખી શકાય છે, અર્થાત્ તેમાં વધઘટ કરી જ શકાતી નથી; કારણ કે જે કોઈ વ્યાધિ હજી અપક્વ હોય તેને ભેદી શકાતો નથી કે મટાડી શકાતો નથી; એમ જાણીને ચિકિત્સાની યોજનામાં કુશળ એવા વૈદ્યોએ એની ઉત્પત્તિ અનુસાર જ તેની ચિકિત્સા યોગ્યકાળે કરવી જોઈએ ૫૫

વિવરણ : અહીં આમ જણાવવા માગે છે કે વૈદ્ય જો સમજી શકે કે આ સ્ત્રીનો આ ગર્ભ નથી પણ રક્તગુલ્મ રોગ છે, તો એ વૈદ્યે તે રક્તગુલ્મની ચિકિત્સા દશમો મહિનો વીત્યા પહેલાં પણ કરવી તે ઠીક છે, જેથી તે રક્તગુલ્મને પ્રાપ્ય-રૂપે રાખી શકાય છે અને તેમાં વધુ વધારો થવા પામતો નથી; અને તે રોગવાળી સ્ત્રીને પણ તેથી રાહત રહ્યા કરે છે; પરંતુ એ રક્તગુલ્મની જો બિલકુલ ચિકિત્સા જ ન કરાય, તો તેમાં વધારો થઈ જવાનો સંભવ રહે છે; તેથી એ રોગીનું કદાચ મરણ પણ થઈ જવાનો સંભવ રહે છે; જો કે ચિકિત્સાકાળની પહેલાં રક્તગુલ્મની ચિકિત્સા કરવાથી તે અપક્વ વ્યાધિને ચીરી શકાતો જ નથી, છતાં તેની ઉત્પત્તિ અનુસાર ચિકિત્સા કરવી, તે પણ એકંદર ઠીક જ છે અને ચિકિત્સા-કાળે પણ એમ તેની ચિકિત્સા જો ચાલુ જ રહી હોય, તો તે રોગ સુખસાધ્ય થાય. એ પણ લાભ જ છે. વળી તે કાળે તેનો પરિપાક સમય પણ થઈ ચૂક્યો હોય છે, તેથી તે કાળની ચિકિત્સા પણ સફળ થાય છે; આવા જ આશયથી ચરકે આમ કહ્યું છે કે 'तस्मिंश्च काले स व्याधिः स्यान्नातिदुरुपक्रमः'–એ દશમા મહિના પછી રક્તગુલ્મની ચિકિત્સા જો ચાલુ કરાય તો તે કષ્ટસાધ્ય ન થાય પણ સુખસાધ્ય જ થાય છે.

રક્તગુલ્મ તથા ગર્ભનાં લક્ષણોમાં તફાવત

विशेषं रक्तगुल्मस्य गर्भस्य च निबोध मे ।
अङ्गप्रत्यङ्गवान् गर्भस्तैरेव च विचेष्टते ॥ ५६ ॥
रक्तगुल्मस्तु वृत्तः स्याल्लोष्टवच्च विचेष्टते
स्थानात् स्थानं व्रजन् गर्भो व्याविद्धं परिवर्तते ॥५७
नाभेरधस्तादुगुल्मोऽयमध्याविद्धं विवर्तते ।
आनुपूर्व्येण गर्भश्च अहन्यहनि वर्धते ॥ ५८ ॥

विपरीतं हि गुल्मस्तु मन्दं मन्दं विवर्धते ।
तां तामवस्थां गर्भस्तु मासि मासि प्रपद्यते ॥ ५९ ॥
गर्भिणी नानिमित्तं च ज्वर्यते दह्यतेऽपि वा ।
गुल्मिनी ह्यनिमित्तं तु ज्वर्यते दह्यतेऽपि वा ॥६०

હવે રક્તગુલ્મનો તથા ગર્ભનો જે તફાવત છે, તેને તમે મારી પાસેથી સાંભળો. ગર્ભ તો અંગો તથા પ્રત્યંગોથી યુક્ત હોય છે, તેથી એ ગર્ભ સચેતન હોઈને તે તે અંગોથી જ જુદી જુદી ચેષ્ટા કરે છે; પરંતુ રક્તગુલ્મ ગોળ (માંસનો લોચો જ હોઈને) માટીના ઢેફા જેવો જ હોઈને (વાયુના કારણે) જુદી જુદી ચેષ્ટાઓ કરે છે. વળી ગર્ભ (સચેતન હોઈને જ) એક સ્થાનેથી બીજા સ્થાને જતો હોઈને તે તે અંગોથી યુક્ત જ હોઈને ચેષ્ટાઓ કરે છે; જ્યારે રક્તગુલ્મ નાભિની નીચે જ રહી કોઈ પણ અંગોથી રહિત જ હોઈને આમતેમ ફર્યા કરે છે. વળી ગર્ભ અનુક્રમે દરરોજ વધ્યા કરે છે, જ્યારે ગુલ્મ તો એથી વિપરીતપણે જ ધીમે ધીમે વધ્યા કરે છે; વળી ગર્ભ તો મહિને મહિને તે તે જુદી જુદી અવસ્થાને પામ્યા કરે છે અને ગર્ભિણી પણ કોઈપણ કારણ વિના સંતાપને પામતી નથી અથવા (મનમાં ને શરીર પર) દાહ કે બળતરાને પણ પામતી નથી; પરંતુ રક્તગુલ્મના રોગવાળી સ્ત્રી તો કોઈ પણ કારણ વિના જ સંતાપ પામ્યા કરે છે અથવા (મનમાં તથા શરીરે પણ) બળ્યા જ કરે છે. ૫૯–૬૦

વિવરણ: અહીં ગર્ભ તથા રક્તગુલ્મમાં જે તફાવત હોય છે, તેને જણાવવા માગે છે. એકંદર ગર્ભને ત્રીજે કે ચોથો મહિનો ચાલુ થાય ત્યારે હાથપગ વગેરે અવયવોની શરૂઆત થવા માંડે છે અને તે પછી પાંચમા ને છઠ્ઠા મહિને તો માતાના પેટની ઉપર આપણે હાથ ફેરવીને બારીક તપાસ કરીએ તો એ ગર્ભનાં લગભગ બધાં અંગોનો આપણને અનુભવ થાય છે; જ્યારે રક્તગુલ્મ તો હરકોઈ કાળે અંગ-પ્રત્યંગથી રહિત જ અનુભવાય છે અને માંસના લોચા જેવો અથવા માટીના ઢેફા જેવો જ જણાય છે; આ જ આશયથી ચરકે ચિકિત્સાસ્થાનના પાંચમા અધ્યાયમાં આમ કહ્યું છે કે–'यः स्पन्दते पिण्डित एव नाङ्गैः'–રક્તગુલ્મ તો પિંડાકારે જ હોઈને ફરકે છે, પણ અંગોપાંગ સાથે ફરકતો નથી; કેમ કે તેને કોઈ પણ કાળે અંગોપાંગ થતાં જ નથી અને તેનું ફરકવું પણ વાયુના કારણે જ હોય છે, પણ ચેતનના કારણે હોતું જ નથી; એમ ચરકે નિદાનસ્થાનના ત્રીજા અધ્યાયમાં પણ કહ્યું છે. વળી ગર્ભ એક સ્થાનેથી બીજા સ્થાને વ્યાવિદ્ધ હોઈને એટલે કે માતાનાં અંગો સાથે અડકી અડકીને જ જાય છે, જ્યારે ગુલ્મ તો નાભિની નીચે બીજાં અંગો સાથે સંબંધ રહિત જ રહ્યા કરે છે. વળી ગર્ભ હમેશાં અનુક્રમે વૃદ્ધિ પામ્યા કરે છે, જ્યારે રક્તગુલ્મ તો એથી વિપરીતપણે જ ધીમે ધીમે વધ્યા કરે છે. વળી ગર્ભ દરેક મહિને જુદી જુદી અવસ્થાઓને પામ્યા કરે છે એટલે કે થોડી થોડી અમુક અમુક અવસ્થાઓને બદલ્યા જ કરે છે અને ગર્ભિણી પણ અમુક કોઈ નિમિત્તે જ સંતાપ કે દાહને પ્રાપ્ત કરે છે; પરંતુ ગુલ્મરોગવાળી સ્ત્રી તો કોઈ પણ કારણ વિના જ સંતાપ તથા દાહને પામ્યા જ કરે છે. ૫૬–૬૦

ગર્ભ તથા રક્તગુલ્મમાં ભેદ જાણવો મુશ્કેલ થાય છે

अस्मिन् विशेषेऽपि सति संदेहो जायते महान् ।
नानागर्भविकाराणां सङ्करादिषजे मतः ॥ ६१ ॥

ઉપર જણાવ્યા પ્રમાણે ગર્ભનાં તથા રક્તગુલ્મનાં લક્ષણોમાં વિશેષ તફાવત હોય જ છે, તોપણ એ બેયને ચોક્કસ જાણવામાં મહાન સંદેહ થાય છે; કારણ કે અનેક પ્રકારના ગર્ભના વિકારોનો રક્તગુલ્મમાં પણ સંકર કે મિશ્રણ હોય છે, તે કારણે એ રક્તગુલ્મની ચિકિત્સા કરતી વેળા તે બને વિષે વૈદ્યને પણ સંદેહ થાય એમ મનાયું છે. ૬૧

રક્તગુલ્મને જાણ્યા પછી જ તેની ચિકિત્સા થાય

संभूय सह संमन्त्र्य भिषग्भिः शास्त्रकोविदैः ।
काले चिकित्सां कुर्वीत यथा वक्ष्याम्यतः परम् ॥
अल्पान्तरावुभावेतौ गर्भो गुल्मश्च रक्तजः ।
तद्यथावद्विदित्वाऽऽदौ क्रियां कुर्याद्भिषग्वरः ॥६३

રક્તગુલ્મની ચિકિત્સા કરવી હોય તે વેળા પ્રથમ શાસ્ત્રના જાણકાર વૈદ્યોની સાથે મળી સારી રીતે મંત્રણા કર્યા પછી જ યોગ્ય સમયે તે રક્તગુલ્મની ચિકિત્સા કરવી જોઈએ; તે ચિકિત્સાને હવે પછી હું કહીશ; ગર્ભ તથા રક્તમાંથી થતો ગુલ્મરોગ એ બંને બહુ જ થોડા અંતર કે તફાવતવાળા હોય છે; તે કારણે શ્રેષ્ઠ વૈદ્ય એ ગર્ભ કે રક્તગુલ્મને બરાબર જાણ્યા પછી જ તેની ચિકિત્સા કરવી જોઈ એ. ૬૨,૬૩

વિવરણ : ઉપર કહેવામાં આવ્યું કે ગર્ભ તથા રક્તગુલ્મ સંબંધે તફાવત અવશ્ય છે જ, છતાં મહાન સંદેહ અવશ્ય સંભવે છે, તે કારણે શાસ્ત્રવેત્તા અનુભવી વૈદ્યોએ મળી તે સંબંધે સારી રીતે મંત્રણા કરવી જોઈએ અને તે પછી બરાબર નિશ્ચય કર્યા પછી જ અનુભવી વિદ્વાન વૈદ્યે, યોગ્ય સમયે એટલે કે દશમો મહિનો વીતી જાય, ત્યારે જ રક્તગુલ્મની ચિકિત્સા કરવી. તો તે રક્તગુલ્મ સુખસાધ્ય બને છે; કારણ કે તે સમયે નિઃસંદેહ થઈ ને હવે જે કહેવાશે તે રક્તગુલ્મની જ ચિકિત્સા વૈદ્ય કરવા માંડે છે તેથી એ ચિકિત્સા અવશ્ય સફળ થાય છે; આવા જ આશયથી આજકાલ હરકોઈ રોગનો તથા તેની ચિકિત્સાનો બરાબર નિશ્ચય કરવા માટે વૈદ્યો મળે છે અને તે વૈદ્યોની સમિતિ જે નિશ્ચય પર આવે છે તેને અનુસરી ચિકિત્સા કરવાથી લગભગ સફળતા જ મળે છે. ૬૨,૬૩

રક્તગુલ્મની ખાતરી વગરની ચિકિત્સા વૈદ્યને અપયશ અપાવે

यो हि गुल्मे गर्भ इति गर्भे वा गुल्म इत्यपि ।
क्रियां कुर्यादयशसा एनसा चैव युज्यते ॥ ६४ ॥
अतस्तु संशये जाते कुर्यात् साधारणीः क्रियाः ।
नोपक्रमेदविदितं रोगं कश्चिच्चिकित्सकः ॥ ६५ ॥

જે વૈદ્ય ગુલ્મ હોય છતાં ગર્ભ માની લે છે અને ગર્ભ હોય છતાં તેને ગુલ્મરૂપે સમજી બેસે છે અને તે પછી ખાતરી થયા વિના જ ચિકિત્સા કરવા માંડે છે, તેને અપયશ મળે છે અને પાપ જ લાગે છે; એ જ કારણે જ્યાં સુધી સંશય હોય, ત્યાં સુધી હરકોઈ વૈદ્યે તે અજાણ્યા રોગની સામાન્ય જ ચિકિત્સા શરૂ કરવી. (જેથી રોગીને ભલે ફાયદો ન થાય, પરંતુ કોઈપણ નુકસાન થવાનો સંભવ ન જ રહે;) ખરી રીતે તો કોઈ પણ વૈદ્યે અજાણ્યા રોગની ચિકિત્સા કરવાની શરૂઆત જ ન કરવી જોઈએ. ૬૪,૬૫

રક્તગુલ્મની ચિકિત્સાપદ્ધતિનું માર્ગદર્શન

अथ काले त्वसंपूर्णे संदिग्धे चापि दर्शने ।
हेतुना केनचिद्रक्तं स्रवेत्तं चाशु वारयेत् ॥६६
पूर्णे प्रसवकाले तु न रक्तं प्रतिवारयेत् ।
तत्रानुवासनं दद्याद् द्रवं स्निग्धं च भोजनम् ॥६७

હવે જ્યારે ગર્ભનો પ્રસવકાળ અને રક્તગુલ્મનો પક્વકાળ પૂર્ણ થયો ન હોય એટલે કે દશમો મહિનો શરૂ ન થયો હોય તે વખતે 'આ ગર્ભ છે કે રક્તગુલ્મ છે?' એ દૃષ્ટિ પણ જે વેળા સંદિગ્ધ હોય તે સમયે કોઈપણ કારણને લીધે જો રક્તસ્રાવ થાય તો એ રક્તસ્રાવને વૈદ્યે તરત જ રોકવો જોઈએ; પરંતુ પ્રસવકાળ કે રક્તગુલ્મનો પક્વકાળ પૂર્ણ થઈ ગયો હોય અને તે વેળા જો રક્તસ્રાવ ચાલુ થાય, તો તેને વૈદ્યે અટકાવવો ન જોઈએ; પણ તે સ્થિતિમાં પ્રથમ તો તે સ્ત્રીને અનુવાસન બસ્તિ આપવી અને પછી તેને પ્રવાહી સ્નિગ્ધ ભોજન જમાડવું. ૬૬,૬૭

વિવરણ : અહીં આમ જણાવવા માગે છે કે પ્રસવકાળ થયો ન હોય એટલે કે દશમો મહિનો બેઠો ન હોય તે વેળા સગર્ભા કે ગુલ્મરોગી સ્ત્રીને રક્તસ્રાવ ચાલુ થાય, તો વૈદ્યે ઉપચારો દ્વારા તેનું સ્તંભન કરવું, જેથી ગર્ભ હોય તો ગર્ભપાત થતો અટકે છે; પરંતુ પ્રસવકાળ પૂરો થઈ ગયો

હોય અને જો રક્તસ્રાવ ચાલુ થઈ જાય, તો તેને રોકવો ન જોઈએ, પણ તે અવસ્થામાં અનુવાસન બસ્તિ આપી દેવી અને તેની અંતે પ્રવાહી સ્નિગ્ધ ભોજન જમાડવું. ૬૬,૬૭

ઉપર કહેલ ચિકિત્સાપદ્ધતિનું યોગ્ય ફળ

विधिनाऽनेन गर्भश्चेत् सुखेन प्रसविष्यति ।
अथवा रक्तगुल्मः स्यात् सोऽप्यकृच्छ्रेण भेत्स्यते ॥
एतस्मात् कारणाद्रक्तं प्रवृत्तं न निवार्यते ।

એમ ઉપર કહેલી વિધિથી જો ચિકિત્સા કરાય, તો તેથી જો ગર્ભ હોય તો સુખેથી-અનાયાસે તે પ્રસવે છે; અને જો રક્તગુલ્મ હોય તો તે પણ સંપૂર્ણપણે ભેદાઈ કે ચિરાઈ જાય છે; એ કારણે દશમા મહિના પછી પ્રસવકાળ થઈ ચૂકે તે વેળા જો રક્તસ્રાવ ચાલુ થાય, તો વૈદ્યે તેને રોકવો નહિ. ૬૮

રક્તગુલ્મની ચિકિત્સાનો ક્રમ

रक्तगुल्मे प्रथमतो युक्त्या स्नेहोपपादनम् ॥६९
शस्तं बाहुसिरायाश्च वेधनं पाकवारणम् ।
तथा संशमनीयं च दोषशेषावकर्षणम् ॥ ७० ॥

રક્તગુલ્મની ખાતરી થાય તે વેળા વૈદ્યે પ્રથમ તો યુક્તિથી સ્નેહન જ કરાય તે ઉત્તમ છે; તેમજ એ ગુલ્મનું પાકવું રોકવા માટે એ રક્તગુલ્મના રોગવાળી સ્ત્રીના બાહુની શિરાનું વેધન કરવું એટલે કે ફસ ખોલવારૂપ ચિકિત્સા પણ કરવી; અને તે ઉપરાંત બાકી રહેલા દોષોને ખેંચી કાઢે એવું સંશમનીય ઔષધ પણ તે રોગી સ્ત્રીને આપી દેવું જોઈએ. ૬૯,૭૦

રક્તગુલ્મમાં કલ્યાણક ઘૃત આદિ પણ હિતકારી થાય

कल्याणकं पञ्चगव्यं षट्पलं तिक्तमेव वा ।
सरुजां पाययेन्नारीं दोषवित् कर्मकोविदः ॥७१॥
तीक्ष्णैरास्थापयेदेनां युक्तिश्चानुवासयेत् ।
पथ्यानि भोजयेच्चैव क्षीरयूषरसादिभिः ॥७२॥

વળી દોષોને જાણનાર અને ચિકિત્સા કર્મના જાણકાર વૈદ્યે એ રક્તગુલ્મના રોગવાળી સ્ત્રીને જો પીડા થતી હોય તો કલ્યાણક, પંચગવ્ય, ષટ્પલ તથા તિક્ત ઘૃત અવશ્ય પાઈ દેવું; તેમજ તીક્ષ્ણ આસ્થાપન દ્રવ્યોથી આસ્થાપન બસ્તિ પણ દેવી; તે ઉપરાંત યુક્તિથી અનુવાસન-સ્નેહબસ્તિ પણ આપવી; અને દૂધ, યૂષ તથા માંસરસ આદિ દ્વારા પથ્ય ભોજનો પણ જમાડવાં. ૭૧,૭૨

રક્તગુલ્મમાં અપથ્યો

अन्नपानानि रूक्षाणि विदाहीनि गुरूणि च ।
व्यायामं मैथुनं चिन्तां गुल्मिनी तु विवर्जयेत् ॥७३

રક્તગુલ્મના રોગવાળી સ્ત્રીએ રૂક્ષ-લૂખાં અન્નપાન અને વિશેષ દાહ કરનાર તથા પચવામાં ભારે અન્નપાન પણ ત્યજવાં જોઈએ; તેમજ વધુ પડતા શારીરશ્રમનો, મૈથુનનો તથા ખાસ કરી ચિંતાનો પણ ત્યાગ કરવો.

રક્તગુલ્મના ઉપદ્રવો

ज्वारुचिश्श्वासकासशोषकार्श्यरतिव्यथाः ।
शोफश्चोपद्रवा गुल्मे तांश्चिकित्सेत् स्वभेषजैः ॥७४

જ્વર, અરુચિ, શ્વાસ, ઉધરસ, શરીરનું સુકાવું, કૃશતા, અરતિ-બેચેની, વ્યથા-પીડા અને સોજા-એટલા રક્તગુલ્મમાં ઉપદ્રવો થાય છે; તેઓની પણ વૈદ્યે, તે તે ઉપદ્રવરૂપ રોગને મટાડનારાં તેઓનાં પોતાનાં ઔષધો વડે ચિકિત્સા કરવી. ૭૪

રક્તગુલ્મમા પથ્ય

बिल्वश्योनाकनिर्यूहे साधितैर्जाङ्गलै रसैः ।
शैथिल्यकरणार्थं च रक्तगुल्मस्य भोजयेत् ॥७५॥
यूषेण वा कुलत्थानां लावसंस्कारिकेण वा ।
चालनार्थं विरेकं च त्रिवृत्त्रिफलया पिबेत् ॥७६

રક્તગુલ્મની શિથિલતા કરવા માટે વૈદ્યે તેની રોગિણી સ્ત્રીને કાચાં બિલ્વફળ તથા અરડૂસીના ક્વાથ-રસમાં પકવ કરેલ જાંગલ પશુ-પક્ષીના માંસરસની સાથે ભોજન કરાવવું; અથવા કળથીના યૂષ-ઓસામણની સાથે કે લાવાં પક્ષીના માંસરસથી સંસ્કારી કરેલ ખોરાકનું ભોજન કરાવવું; તેમજ એ રક્તગુલ્મને તેના સ્થાનથી ખસેડવા

માટે રોગીએ નસોતર તથા ત્રિફળાંના ક્વાથ વડે વિરેચન લેવું. ૭૫,૭૬

વાયુના શમન માટેનું આસ્થાપન

वायोरुपशमार्थं च फलतैलानुवासिताम् ।
आस्थापयेत् सकृद् द्विर्वा शूलाटोपनिवृत्तये ॥७७

વળી રક્તગુલ્મના રોગવાળી સ્ત્રીના વાયુને શમાવવા માટે તેમ જ શૂળ તથા આટોપ કે આફરાને દૂર કરવા માટે વૈદ્યે, તે સ્ત્રીને ફલતૈલ વડે પ્રથમ અનુવાસન બસ્તિ આપ્યા પછી એકવાર કે બે વાર આસ્થાપન બસ્તિ પણ આપવી. ૭૭

રક્તગુલ્મના રોગવાળી સ્ત્રીને આપવાનો આસ્થાપનયોગ

तुल्यं मधु च तैलं च ताभ्यामुष्णोदकं समम् ।
द्वौ कर्षौ शतपुष्पायाः कर्षार्धं सैन्धवस्य च ॥७८
एतेनास्थापयेन्नारीं दशमूलादिकेन वा ।
बलं चाप्याययेत्तस्या रसैः क्षीरैश्च संस्कृतैः ॥७९॥

પ્રથમ મધ અને તલનું તેલ સમાન ભાગે લેવું અને પછી તે બન્ને જેટલું ગરમ પાણી લેવું, અને તેમાં બે તોલા સુવા અને અર્ધો તોલો સૈંધવનો ક્વાથ રસ મેળવીને તેના વડે રક્તગુલ્મના રોગવાળી સ્ત્રીને આસ્થાપન આપવું; અથવા દશમૂળના ક્વાથના રસથી તે સ્ત્રીને આસ્થાપન બસ્તિ દેવી; તે પછી માંસના રસો આપીને તેમ જ સંસ્કારી કરેલાં દૂધ આપીને એ સ્ત્રીના બળને ચારે બાજુથી વધાર્યો કરવું જોઈએ. ૭૮,૭૯

રક્તગુલ્મને પાડનાર ચૂર્ણયોગ

उपक्रमेत्ततश्चूर्णैरेतैः शोधनपातनैः ।
हरीतकी वचा हिङ्गु सैन्धवं साम्लवेतसम् ॥८०
यवानी यावशूकं च चूर्णमुष्णाम्बुना पिबेत् ।

તે પછી રક્તગુલ્મનું શોધનકારક તથા તેને પાડી નાખનાર એવાં આ ચૂર્ણો આપીને રક્તગુલ્મના રોગવાળી સ્ત્રીની ચિકિત્સા કરવી જોઈએ. જેમ કે હરડે, વજ, હિંગ, સૈંધવ, અમ્લવેતસ, યવાની–અજમો તથા યાવશૂક–જવખાર એટલાંને સમાન ભાગે લઈ તેઓનું ચૂર્ણ (યોગ્ય માત્રામાં) ગરમ પાણીની સાથે તે રક્તગુલ્મના રોગવાળી સ્ત્રીએ પીવું. ૮૦

રક્તગુલ્મને ભેદનાર ચૂર્ણયોગ

हरीतकीयवक्षारसौवर्चलमिति त्रयम् ॥ ८१ ॥
घृतयुक्तं पिबेद्युक्त्या रक्तगुल्मस्य भेदनम् ।

હરડે, જવખાર અને સંચળ એ ત્રણને સમાન ભાગે લઈ તેનું ચૂર્ણ કરી યોગ્ય પ્રમાણમાં ઘી સાથે મેળવીને રક્તગુલ્મના રોગવાળી સ્ત્રી ને ચાટે, તો તે ચૂર્ણ રક્તગુલ્મને તોડનાર થાય છે. ૮૧

રક્તગુલ્મ ભેદનાર બીજા બે પ્રયોગો

पत्रैलापिप्पलीशुण्ठीचूर्णं वा विडसंयुतम् ॥८२॥
नागरं शुक्तिचूर्णं वा पिबेद्गोमूत्रसंप्लुतम् ।

અથવા તેજપત્ર, એલચી, પીપર અને સૂંઠનું ચૂર્ણ, બિડલવણ સાથે મેળવીને અથવા સૂંઠ તથા મોતીની છીપનું ચૂર્ણ ગોમૂત્રમાં મેળવીને રક્તગુલ્મના રોગવાળી સ્ત્રીએ પીવું. (તેથી પણ રક્તગુલ્મનું ભેદન થાય છે.) ૮૨

ચોથો રક્તગુલ્મ-ભેદનયોગ

सूक्ष्मैलाकुञ्चिकाचव्यपिप्पलीचित्रकस्य वा ॥८३
कल्कं बल्वजयूषाद्यैः पिबेन्मण्डोदकेन वा ।

અથવા નાની એલચી, કલૌંજી જીરું, ચવક, પીપર તથા ચિત્રક–એટલાંને સમાન ભાગે લઈ તેઓનો કલ્ક બનાવી તેને બલ્વજ–ઘાસના યૂષ વગેરેની સાથે કે ચોખાના ઓસામણના પાણીની સાથે (ઘોળી) તે પીવો. ૮૩

અપરાપાતન ઔષધપ્રયોગોથી પણ રક્તગુલ્મ ભેદાય

अपरापातनोद्दिष्टैरौषधैश्चापि भेदयेत् ॥ ८४ ॥

અથવા ગર્ભની અપરા–ઓળને પાડવા માટે બતાવેલાં ઔષધોના પ્રયોગોથી પણ રક્તગુલ્મનું ભેદન કરી શકાય છે. ૮૪

રક્તગુલ્મની અમુક અવસ્થામાં ફરી આસ્થાપનનો પ્રયોગ કરવો

अतिप्रवृत्तं रुधिरं ग्लानिं जनयते यदि ।
विनिर्हृते गुल्मदोषे सावशेषेऽपि वा भिषक् ॥८५
पुनरास्थापनोक्तेन तत्र कुर्याद्विषग्जितम् ।
अनुबन्धभयाच्चैव शनैस्तदनुशोधयेत् ॥ ८६ ॥

રક્તગુલ્મની રોગી સ્ત્રીને અતિશય વધુ પ્રમાણમાં લોહી નીકળવા માંડ્યું હોય અને તેથી જો તે ગ્લાનિ કે શિથિલતા ઉપજાવે અથવા ગુલ્મનો દોષ બહાર નીકળી ગયો હોય કે અમુક અંશ બાકી રહ્યો હોય, તો વૈદ્યે તે રોગવાળી સ્ત્રીને ફરી આસ્થાપન બસ્તિ આપવી અને તે સ્થિતિમાં (ચરકના ચિકિત્સાસ્થાનના ૫ મા અધ્યાયમાં કહેલી) ચિકિત્સા પણ કરવી; પછી અનુબંધ અથવા દોષના અનુસરણનો ભય ધરાવી ધીમે ધીમે તેનું શોધન પણ કરવું. ૮૫,૮૬

રક્તગુલ્મના શોધનનો પ્રયોગ

पद्मादीनि समूलानि दग्ध्वा तद्भस्म संहरेत् ।
गाढयित्वा च तत्क्वाथं चूर्णैरेतैर्विपाचयेत् ॥८७॥
शुण्ठीपिप्पलिकुष्ठैश्च चव्यचित्रकदारुभिः ।
दर्विप्रलेपितं सिद्धमभ्यसेत्तेन शुद्धयति ॥ ८८ ॥
शिलाजत्वभयारिष्टं कल्पेनाभ्यस्य मुच्यते ।

પદ્મકાષ્ઠ આદિને મૂળિયાં સાથે બાળી નાખી તેની ભસ્મ બનાવી લેવી; પછી તેને ઘટ્ટ બનાવી તેમાં સૂંઠ, પીપર, કઠ, ચવક, ચિત્રક તથા દેવદારને સમાન ભાગે લઈ તેનું ચૂર્ણ બનાવી તે બધું એકત્ર કરી તેઓનો ક્વાથ બનાવવો; એ ક્વાથ કડછીને ચોંટે તેવો તૈયાર થાય, ત્યારે તેનો રક્તગુલ્મની રોગી સ્ત્રીએ પ્રયોગ કરવો; તેથી રક્તગુલ્મનું શોધન થાય છે, વળી શિલાજિત અને અભયારિષ્ટનો કલ્પનું સેવન કરીને પણ રક્તગુલ્મના રોગથી છૂટી જવાય છે, ૮૭,૮૮

રક્તગુલ્મમાં પંચગુલ્મીય ચિકિત્સા થાય

यच्चापि पञ्चगुल्मीये चिकित्सितमुदाहृतम् ॥८९॥
तदिहापि प्रयोक्तव्यं प्रसमीक्ष्य बलाबलम् ।

વળી 'પંચગુલ્મીય' અધ્યાયમાં રક્તગુલ્મની જે ચિકિત્સા કહી છે, તેનો પણ આ રક્તગુલ્મ રોગમાં રોગીના બળ-અબળને જોઈને અવશ્ય પ્રયોગ કરવો. ૮૯

इति ह स्माह भगवान् कश्यपः ॥ ९० ॥

'એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું.૯૦

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં ખિલસ્થાન વિષે 'રક્તગુલ્મ વિનિશ્ચય' નામનો અધ્યાય ૯ મો સમાપ્ત

अन्तर्वत्नीचिकित्सित : અધ્યાય ૧૦ મો

अथातोऽन्तर्वत्नीचिकित्सितमध्यायं वक्ष्यामः ॥१॥
यथोवाच भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી આરંભી ભગવાન કશ્યપે જે પ્રકારે કહેલ છે, તે પ્રકારે અન્તર્વત્ની-સગર્ભા સ્ત્રીની ચિકિત્સાને અમે કહીએ છીએ. ૧,૨

સગર્ભા સ્ત્રીઓની ચિકિત્સા કહેવાની પ્રતિજ્ઞા

सूक्ष्मां चिकित्सां वक्ष्यामि गर्भिणीनां विभागशः ।
तथा गर्भश्च नारी च वर्धते रक्ष्यतेऽपि च ॥ ३ ॥

સગર્ભા સ્ત્રીઓની જે ચિકિત્સા વિભાગવાર કરાય છે, તેને હવે હું કહું છું; જે ચિકિત્સાથી સ્ત્રીનો ગર્ભ તથા સ્ત્રી-એ બેયનું રક્ષણ કરાય છે અને તે બેયની વૃદ્ધિ પણ કરી શકાય છે. ૩

ગર્ભિણીના જ્વરની ચિકિત્સા કહેવાની પ્રતિજ્ઞા

गर्भिणीनां ज्वरः कष्टः सर्वव्याधिषु पार्थिव ! ।
ज्वरोष्मणाऽभितप्तस्तु गर्भो यात्येव विक्रियाम् ॥४॥
तस्माज्ज्वरचिकित्सां तु पूर्वमेव निबोध मे ।

હે રાજા ! ગર્ભિણીનો જ્વર તેના સર્વરોગોમાં (વધુ) કષ્ટદાયક છે; અને તે જ્વરની ગરમીથી ચારે બાજુથી તપી ગયેલો ગર્ભ પણ અવશ્ય વિકારને પામે જ

છે, તેથી સૌની પહેલાં ગર્ભના જ્વરની જે ચિકિત્સા હું કહું છું, તેને તમે મારી પાસેથી સાંભળો. ૪

ગર્ભિણીના જ્વરનાં નિદાનો

क्षुच्छ्रमाभ्यञ्जनाद्रौक्ष्यादौष्ण्यापक्वविधारणात् ॥ ५
स्नेहस्वेदौषधानां च विभ्रमात्तेजसोऽपि च ।
सन्तापान्मनसश्चापि पर्वतानां तथैव च ॥ ६॥
गन्धाच्च तृणपुष्पाणां गर्भिण्या जायते ज्वरः ।

ક્ષુધાના શ્રમથી અભ્યંજન-તેલમાલિસ-થી, રૂક્ષતાથી, ઉષ્ણતા તથા અપક્વ-અજી-ર્ણના ધારણ કે રોકવાથી, સ્નેહન, સ્વેદન તથા ઔષધોના વિભ્રમ કે ભૂલ થવાના કારણે, તેમ જ (બાહ્ય-આભ્યન્તર) તેજસ્ જઠરના અગ્નિને લીધે કે બહારના તડકાના કે અગ્નિના સંતાપથી કે મનનો પણ કોઈ સંતાપ હોય, તેથી તેમજ પર્વતોનાં ઘાસ કે પુષ્પોની ગંધ સૂંઘવાથી સગર્ભા સ્ત્રીને જ્વર ઉત્પન્ન થાય છે. ૫,૬

જ્વરયુક્ત ગર્ભિણીની સામાન્ય ચિકિત્સા

गर्भिणीं ज्वरितां नारीमेकाहमुपवासयेत् ॥ ७॥
ततो दद्यादलवणां पेयां स्नेहविवर्जिताम् ।

જ્વરવાળી ગર્ભિણીને (પ્રથમ તો) એક દિવસનો ઉપવાસ કરાવવો; તે પછી લવણ વિનાની તથા સ્નેહથી રહિત પેયા તેને આપવી. ૭

જ્વરવાળી સગર્ભાએ ત્યજવા યોગ્ય

तीक्ष्णानि त्वन्नपानानि स्वेदमायासमेव च ॥ ८॥
वर्जयेज्ज्वरिता नारी यवागूं केवलां पिबेत् ।

જ્વરવાળી ગર્ભિણીએ તીક્ષ્ણ ખોરાક-પાણી, સ્વેદન તથા પરિશ્રમનો અવશ્ય ત્યાગ કરવો; તેમજ કેવળ એકલી યવાગૂ જ (રાબ જ) પીવી જોઈએ. ૮

જ્વરવાળી સગર્ભાનો અન્નકાળ તથા ઔષધકાળ

यवाग्वा हृषिते दोषे यूषैरन्नानि दापयेत् ॥ ९॥
यूषैस्तु हृषिते दोषे रसं वा क्षीरमेव वा ।
दापयेन्मतिमान् प्राज्ञो न त्वौषधविधिर्हितः ॥ १०॥
अनुबन्धे तु दोषस्य गर्भकालमपेक्ष्य च ।
मासाच्चतुर्थात् प्रभृति भिषग्भेषजमाचरेत् ॥ ११॥

જ્વરયુક્ત ગર્ભિણીનો દોષ કેવળ યવાગૂ-થી ઓછો કરાય, ત્યારે તેણીને યૂષોની સાથે ખોરાક આપવો; પછી તે યૂષ દ્વારા દોષ ઓછો કરાય ત્યારે બુદ્ધિમાન વૈદ્યે (માંસાહારીને) માંસરસ અથવા એકલું દૂધ જ આપવું જોઈએ; પણ કોઈ ઔષધની વિધિ તેને હિતકારી ન થાય; પરંતુ દોષનો અનુબંધ હોય તો ગર્ભના કાળની અપેક્ષાએ ચોથા મહિનાથી માંડીને ઔષધચિકિત્સા કરી શકાય છે. ૯,૧૧

વિવરણ : આ સંબંધે ચરકે શારીરના ૪થા અધ્યાયમાં આમ કહ્યું છે કે-'चतुर्थे मासि स्थिरत्वमापद्यते गर्भः'-હરકોઈ ગર્ભ ચોથા મહિને સ્થિરતાને પામે છે, એમ ચરકમાં કહીને સૂચવ્યું છે કે-સ્ત્રીની સગર્ભાવસ્થામાં તેને જ્વરાદિ રોગ લાગુ થાય તો આઠમા મહિના પહેલાં તેને ઔષધ આદિ આપ્યા વિના જ સામાન્ય ચિકિત્સા દ્વારા જ ઉપચારો કરવા જોઈએ; પછી આઠમો મહિનો વીતે ત્યારે જ તેને વમન, વિરેચન આદિ કરે એવો ઔષધયોગ આપી શકાય છે; તેમાંય કોમળ વમન, વિરેચન આદિ કે સામાન્ય વમનાદિ થાય એવી ફલવર્તિ આદિના પ્રયોગ દ્વારા વિરેચન આદિ કરાવી કોમળ ઔષધના પ્રયોગથી ચિકિત્સા કરવી જોઈએ. ૯-૧૧

વાત-પિત્ત-કફાત્મક જ્વરાદિમાં સગર્ભાની મધ્યમ ચિકિત્સા

शारीरं तु ज्वरं ज्ञात्वा वातपित्तकफात्मकम् ।
मध्यां क्रियां प्रयुञ्जीत संचिन्त्य गुरुलाघवम् ॥ १२॥
उपद्रवबलं ज्ञात्वा सत्त्वं चापि समीक्ष्य तु ।
गर्भावस्थां तु विज्ञाय लेखनानि प्रदापयेत् ॥ १३॥

જેમાં વાત, પિત્ત કે કફરૂપ દોષનું પ્રાધાન્ય હોય એવો જ્વરાદિ રોગ સગર્ભાને થાય તો એ શારીરિક રોગનું ભારેપણું તથા હલકાપણું જાણ્યા પછી વૈદ્યે, મધ્યમ ચિકિત્સાનો પ્રયોગ કરવો જોઈએ; એટલે કે ઉપદ્રવનું બળ જાણ્યા પછી તેમ જ

એ ગર્ભિણી સ્ત્રીનું સત્ત્વ–બળ અથવા માનસિક બળ પણ જોઈ–તપાસીને તેમ જ તેણીના ગર્ભની અવસ્થા પણ જાણ્યા પછી લેખન ઔષધોનો તેણીને પ્રયોગ કરાવવો, જેથી તેના શરીરને કે ગર્ભને હાનિ થવાનો સંભવ ન રહે. ૧૨,૧૩

સગર્ભાને વધુ તરસ લાગ્યા કરે તો કયું પાણી આપવું ?

उत्पन्नायां तु तृष्णायां नात्युष्णं प्रपिबेज्जलम् ।
वातश्लेष्मसमुत्थे तु ज्वरे नीरं विषायते ॥१४॥
अथ पित्तकृते चापि शृतशीतं प्रशस्यते ।
कुप्यपाषाणनिष्पक्वं शीतं तृष्णानिबर्हणम् ॥ १५॥

(જ્વરમાં) ગર્ભિણી સ્ત્રીને વધુ પડતી તરસ લાગ્યા કરતી હોય, તો અતિ ગરમ ન હોય એવું પાણી તેણીએ પીવું જોઈએ; કેમ કે વાતપ્રધાન કે કફપ્રધાન જ્વર હોય તેમાં હરકોઈ વ્યક્તિને શીતળ પાણી પીવા અપાય તો એ વિષનુ કામ કરે છે; તેમ જ પિત્તપ્રધાન જ્વરમાં પણ જ્યારે તરસ લાગે ત્યારે ઉકાળીને શીતળ કરેલું જ પાણી પીવું ઉત્તમ ગણાય છે; અને તે પણ કુપ્ય–તાંબા–પિત્તળના કે માટીના કે પથ્થરના કોઈ વાસણમાં પકવેલું કે ગરમ પાણી શીતળ થયા પછી જો અપાય તો એ તરસને વધુ છિપાવે છે. ૧૪,૧૫

વિવરણ : અર્થાત્ અહીં આમ જણાવવા માગે છે કે સામાન્ય રીતે હરકોઈ જ્વરમાં ગરમ કરેલું જ પાણી અપાય તે જરૂરી હોય છે; જોકે પિત્તપ્રધાન જ્વરમાં ટાઢું પાણી આપી શકાય છે, પણ તે પાણી પણ ગરમ કરીને ટાઢું કર્યું હોય, તે જ આપવું જોઈએ; પરંતુ વાતપ્રધાન કે કફપ્રધાન જ્વરમાં હરકોઈ શીતળ પાણી ન જ અપાય, તે જ વધુ ઠીક છે; તેવા વાતજ્વર કે કફજ્વરમાં તો સહેવાય તેવું ગરમ પાણી જ હિતકારી થાય છે; એમ હરકોઈ ગરમ કરેલું જ પાણી આપવું. તે સંબંધે ચરકે વિમાનસ્થાનના ત્રીજા અધ્યાયમાં ખાસ કહેલું છે અને પિત્તજ્વરમાં પણ ભલે શીતલ પાણી દેવું, પરંતુ તે પણ ગરમ કરીને શીતલ કર્યું હોય, તે જ પાણી આપી શકાય છે. ૧૪,૧૫

તરુણ જ્વરમાં ઉપર કહેલ જલપાન કરાવવું

ज्वरे तु तरुणे दृष्टो विधिरेष विशेषतः ।
भग्नवेगे तु कर्तव्यं तृष्णाप्रशमनैः शृतम् ॥ १६॥
ज्वरं ज्वरं समासाद्य शीतं वा यदि वेतरम् (तु) ।

હરકોઈ જ્વરમાં જળપાન કરાવવા સંબંધે ઉપર જે વિધિ બતાવ્યો છે, તે વિશેષે કરી તરુણજ્વરમાં જોવામાં આવ્યો છે–એટલે કે નવા જ્વરમાં તે ઉપર જણાવ્યા પ્રમાણે રોગીને જળપાન કરાવવું, એ ખાસ જરૂરી સૂચવ્યું છે; પણ જે અવસ્થામાં જ્વરનો વેગ ભાંગી પડ્યો હોય તે અવસ્થામાં તો તરશને શમાવે એવાં દ્રવ્યો નાખી ઉકાળેલું પાણી શીતળ થયા પછી અવશ્ય આપી શકાય છે; એમ હરકોઈ જ્વરમાં એ પ્રકારે જ ગરમ કરી શીતળ કરેલું કે સહેવાય તેવું પાણી રોગીને આપવું હિતકારી છે.

ગર્ભિણીના મસ્તકરોગમાં કરવાની ચિકિત્સા

शिरोरोगे तु कर्तव्यो यथावद्भेषजक्रमः ।
भग्नवेगे ज्वरे कृत्स्ने गुरु नैव प्रशस्यते ॥ १७॥

સગર્ભા સ્ત્રીને જો મસ્તકરોગ થાય તો શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે જ ચિકિત્સાક્રમ કરવો જોઈએ; અને તેમાં સાથે જ્વર હોય તો તેનો સંપૂર્ણ વેગ ભાંગી જાય ત્યારે પણ પચવામાં ગુરુ–ભારે હોય એવું તાવમાં ભોજન અપાય તે ઉત્તમ નથી. (માટે હલકો જ ખોરાક અપાય તે જ હિતકારી થાય છે.)

ગર્ભિણીને અભ્યંગ કે માલિસ ન કરાય

तरुणे तु ज्वरे नार्या अभ्यङ्गो न प्रशस्यते ।
गर्भे तु तरुणे दत्तो गर्भघाताय कल्पते ॥ १८॥

સગર્ભા સ્ત્રીનો જ્વર નવો હોય ત્યારે તેને અભ્યંગ એટલે તેલમાલિસ કરવી હિતકારી ન થાય; અને ગર્ભ પણ નવો હોય ત્યારે પણ એ સગર્ભાને જો અભ્યંગ–તેલમાલિસ કરવામાં આવે તો એ અભ્યંગ–

સગર્ભાના ગર્ભનો નાશ કરનાર થાય છે.

ગર્ભિણીને નસ્યકર્મ પણ હિતકારી નથી

गर्भिणीनां तु नारीणां नस्ततो नानुसेचयेत् ।
नस्यदानेन गर्भिण्याः प्राणस्तु परिहीयते ॥ १९ ॥

સગર્ભા સ્ત્રીઓને નસ્યકર્મ દ્વારા ઔષધ સિંચન કરવું જ નહિ; કારણ કે ગર્ભિણી સ્ત્રીને નસ્યકર્મ દ્વારા ઔષધ આપવાથી (કદાચ) તેના પ્રાણ પણ છૂટી જાય છે. ૧૯

સગર્ભાને ધૂમપાન પણ ન જ કરાવાય

कुणिर्वा यदि वाऽन्धश्च जायते दुर्बलेन्द्रियः ।
धूमपानेन गर्भिण्या धूमतेजोहतो भृशम् ॥ २० ॥
विवर्णो जायते गर्भः पतेद्वाऽपि विशांपते ! ।

હે રાજા ! સગર્ભા સ્ત્રીને ધૂમપાન કરાવવાથી તેનો ગર્ભ બાળક કૂંઠો, આંધળો કે દુર્બલ ઇંદ્રિયોવાળો થઈ જાય છે; અથવા એ ધુમાડાના તેજથી તે ગર્ભ અતિશય હણાઈ જાય કે નાશ પામી જાય છે; અથવા તે ધૂમપાનથી ગર્ભ વર્ણરહિત, ફીકા રંગનો થઈ જાય કે પડી પણ જાય છે.

સગર્ભાને શિરોવિરેચન પણ ન જ કરાવાય

शिरोविरेके गर्भिण्याः संक्षोभात्तु भयेन वा ॥२१॥
मारुतः कुपितो देहे गर्भघाताय कल्पते ।
अथवा वातरोगी तु गर्भो भवति पार्थिव ! ॥२२॥

ગર્ભિણી સ્ત્રીને જો શિરોવિરેચન કરવામાં આવે તો તેના અત્યંત ગભરાટ અથવા ભયને લીધે તેના દેહમાં વાયુ કુપિત થઈ વિકૃત બને છે, તેથી તેના ગર્ભનો તે નાશ કરનાર થઈ પડે છે; અથવા હે રાજા ! સગર્ભાને શિરોવિરેચન કરાવવાથી તેનો ગર્ભ વાયુનો રોગી થાય છે. ૨૧,૨૨

સગર્ભાને સ્વેદન પણ નુકસાન જ કરે

स्वेदेन तरुणे गर्भे पित्तं प्रकुपितं भृशम् ।
व्यापयेदाशु गर्भं तु तस्मात् स्वेदं विवर्जयेत् ॥२३॥
स्वेदः स्थिरे तु विहितो गर्भवैवर्ण्यकारकः ।

સગર્ભા સ્ત્રીનો ગર્ભ તરુણ કે નવો જ હોય, તે વેળા તેને જો સ્વેદન કર્મ કરાય, તો તેથી તેનું પિત્ત ઘણું પ્રકુપિત અથવા વિકૃત બની જાય છે; તેથી એ વિકાર પામેલું પિત્ત, તેના ગર્ભને તરત જ પાડી નાખે છે. એ કારણે સગર્ભાને તરતમાં સ્વેદન પણ ન જ કરાવાય; તેમ જ એ ગર્ભિણીનો ગર્ભ સ્થિર થયો હોય ત્યારે પણ તેને જો સ્વેદકર્મ કરવામાં આવે તો એ સ્વેદન તેના ગર્ભમાં ફીકાશ જ કરનાર થઈ પડે છે. ૨૩

સગર્ભાને વમનકર્મ પણ ન જ કરાવાય

वमनं तरुणे गर्भे स्वैर्गुणैर्गर्भघातकम् ॥ २४ ॥

સગર્ભા સ્ત્રીનો ગર્ભ તરુણ–નવો હોય તે વેળા તેણીને જો વમન કર્મ કરાવ્યું હોય તો તેણીના ગર્ભનો તે નાશ કરનાર થઈ પડે છે. ૨૪

ગર્ભિણીને વિરેચન પણ ન જ કરાવાય

नाभिप्रपीडनोत्कारात् संक्षोभाच्च विशेषतः ।
गर्भिण्यास्तरुणे गर्भे स्रंसनं न प्रशस्यते ॥ २५ ॥
गुरुत्वादुष्णतीक्ष्णत्वाद्वाहनाच्चास्य घातकम् ।

સગર્ભાને સ્ત્રીને તેનો ગર્ભ તરુણ–નવો હોય ત્યારે જો વિરેચન–ઔષધ અપાય, તો એ વિરેચન, તેની નાભિને અતિશય પીડા કરનાર થઈને તેમ જ વિશેષે કરી ઘણું ક્ષોભકારક થઈને તેના ગર્ભને નુકસાન જ કરે છે. વળી તે વિરેચન–ઔષધમાં ગુરુત્વ–ભારેપણું, ઉષ્ણપણું તથા તીક્ષ્ણપણું પણ હોય છે,' તેથી તેનામાં વહનકારક–ઊંચકી લેવાનો ગુણ આવે છે; તે કારણે પણ એ વિરેચન–ઔષધ એ સ્ત્રીના ગર્ભનો નાશ કરનાર થાય છે. ૨૫

સગર્ભાને આસ્થાપન કે અનુવાસન–બસ્તિ પણ ન જ અપાય

आस्थापनं तु तरुणे गर्भे नार्या न शस्यते ॥२६॥
अनुवासनं च मतिमानिति शास्त्रविनिश्चयः ।

સગર્ભા સ્ત્રીનો ગર્ભ જ્યારે તરુણ–નવો હોય ત્યારે તેણીને આસ્થાપન અને અનુવાસન બસ્તિ પણ બુદ્ધિમાન વૈદ્ય વખાણતો

નથી, અર્થાત્ સગર્ભાને આસ્થાપન કે અનુવાસન બસ્તિ ન જ આપવી, એવો શાસ્ત્રમાં વિશેષ નિશ્ચય મળે છે. ૨૬

ગર્ભિણીને આપેલાં આસ્થાપન કે અનુવાસન ગર્ભને નુકસાન જ કરે

आस्थापनं सानुवासं करोति स्वेन तेजसा॥ २७॥
हीनाङ्गं स्राविणं वाऽपि गर्भमित्येष निश्चयः।

સગર્ભાને આપેલું આસ્થાપન તથા અનુવાસન જ તેના ગર્ભને ખોડા અંગવાળો અથવા સ્રાવથી યુક્ત કરે એટલે સગર્ભાને આપેલ આસ્થાપન કે અનુવાસન બસ્તિ તેના ગર્ભને ખોડા અંગવાળો કરે કે સ્રાવ કરી પાડી નાખે છે, એવો આયુર્વેદશાસ્ત્રનો નિશ્ચય છે. ૨૭

વિવરણ : યોગરત્નાકર નામના આયુર્વેદગ્રંથમાં ગર્ભપાત અને ગર્ભસ્રાવમાં આવો ભેદ કે તફાવત માન્યો છે કે–ચોથા મહિના સુધી સગર્ભા સ્ત્રીનો ગર્ભ કાચો અને અસ્થિર હોવાથી ગર્ભસ્રાવ થવો સંભવે છે અને તે પછી પાંચમા કે છઠ્ઠા મહિનામાં સગર્ભા સ્ત્રીને ગર્ભપાત થવાનો સંભવ હોય છે. ૨૭

ઉપર કહેલ કારણોથી સગર્ભાને પંચકર્મો ન કરાવાય

तस्मादेतानि मतिमान् गर्भिण्या न प्रदापयेत्॥२८॥
इमानि दद्यात् संचिन्त्य रोगावस्थाविशेषवित्।

ઉપર દર્શાવેલ કારણોને લીધે બુદ્ધિમાન વૈદ્ય ગર્ભિણી સ્ત્રીને એ પંચકર્મો કદી ન જ કરાવે, છતાં રોગની અમુક વિશેષ અવસ્થાને જાણતો વૈદ્ય તે અવસ્થાનો બરાબર વિચાર કર્યા પછી એ સગર્ભાને પણ પંચકર્મો કરાવે. ૨૮

ગર્ભિણીના વાતજ્વરમાં અપાય તે ક્વાથયોગ

विदारिगन्धां कलशीं तथा गन्धर्वहस्तकम्॥२९
मधुकं भद्रदारुं च क्वाथः शर्करया युतः।
वातज्वरहरो देयो मातुलुङ्गरसाप्लुतः॥ ३०॥

વિદારીગંધા, કલશી–પૃશ્નિપર્ણી–પીઠવણ, એરંડમૂળ, જેઠીમધ અને દેવદાર–એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ અધકચરાં કરી તેઓનો (આઠગણા) પાણીમાં ક્વાથ કરવો. એક ચતુર્થાંશ પાણી બાકી રહે ત્યારે તે ક્વાથને અગ્નિ પરથી ઉતારી લઈ વસ્ત્રથી ગાળી તેમાં સાકરનું ચૂર્ણ તથા બિજોરાંનો રસ યોગ્ય પ્રમાણમાં નાખી સગર્ભાના વાતજ્વરમાં આપવાથી વાતજ્વર મટે છે. ૨૯,૩૦

બીજો વાતજ્વરહર વિદારીગંધાદિ ક્વાથ

वर्गो विदारिगन्धादिः क्वथितो नातिशीतलः।
भद्रदारुसमायुक्तो वातज्वरहरो मतः॥ ३१॥

વિદારીગંધા આદિ ઔષધિઓનો જે વર્ગ આયુર્વેદમાં પ્રસિદ્ધ છે, તેઓને સમાન ભાગે લઈ અધકચરાં કરીને તેઓનો ક્વાથ તૈયાર કરી તેમાં દેવદારનું ચૂર્ણ મેળવી અતિશય શીતળ ન હોય એવો–સહેવાય તેવો ગરમ સગર્ભા સ્ત્રીના વાતજ્વરમાં જો અપાય તો તેના વાતજ્વરને તે મટાડનાર મનાયો છે. ૩૧

વાતજ્વરહર ત્રીજો એરંડાદિક્વાથ

एरण्डो वरुणश्चैव बृहत्यौ मधुकं तथा।
वातज्वरहरः क्वाथो रास्नाकल्कसमायुतः॥ ३२॥

એરંડમૂળ, વાયવરણો, નાની મોટી–બેય ભોંરીંગણી તથા જેઠીમધ–એટલાંનો ક્વાથ બનાવી તેમાં રાસ્નાનો કલ્ક મેળવી સગર્ભા સ્ત્રીને જો અપાય તો તે પણ તેના વાતજ્વરને દૂર કરે છે. ૩૨

વાતજ્વરમાં હિતકારી ચોથો દશમૂલ ક્વાથ

द्विपञ्चमूलनिष्क्वाथः कोष्णो वा यदि वा हिमः।
रास्नाकल्कसमायुक्तो वातज्वरहितो मतः॥ ३३॥

દશમૂળનો ક્વાથ બનાવી તેમાં રાસ્નાનો કલ્ક મેળવી સહેવાય તેવો ગરમ કે ઠંડો કરી જો અપાય, તો તે પણ સગર્ભાના વાતજ્વરમાં હિતકારી મનાય છે. ૩૩

ગર્ભ સ્થિર થયા પછી કરવાનું તૈલાભ્યંગ

जीर्णे तु भोजने पेया तन्वी लवणवर्जिता।
कुष्ठं सयष्टीमधुकं रास्ना गिरिकदम्बकः॥ ३४॥

शताह्वा पद्मकं चैव सारिवोशीरमुत्पलम् ।
मुस्ता शृगालविन्ना च करविन्दी तथा वचा ॥३५
पयस्या हंसपादी च तथा पुन्नागमेव च ।
कर्षप्रमाणान्येतानि दधिमण्डेन पेषयेत् ॥ ३६ ॥
तत(सम?)स्तमेषामङ्गानां निष्काथं काथयेद्भिषक् ।
भागाश्च दशमूलस्य कार्या द्विपलसंमिताः ॥३७॥
बलातिबलयोश्चैव कुर्यादर्धपलं भिषक् ।
कोरण्डमधुशाग्राणि मदयन्ती च ते त्रयः ॥ ३८ ॥
यवकोलकुलत्थानां भागाः स्युः प्रस्थसंमिताः ।
निष्काथ्यैतानपां द्रोणे शेषमाढकसंमितम् ॥३९॥
तत्र दद्यात् प्रतीवापं यत् पूर्वमुपकल्पितम् ।
क्षीरं तथैव गोमूत्रं वारुणीं दधि चौत्तमम् ॥४०॥
भिषक्कुडवमात्राणि तिलतैलेन योजयेत् ।
अवहत्याग्निना सिद्धमीषत्क्षोदायितं यदि ॥ ४१ ॥
उष्णेनैतेन तैलेन सर्वगात्राणि अक्षयेत् ।
वातज्वरं निहन्त्येतन्म्रक्षणैस्त्रिभिरेव तु ॥ ४२ ॥
एषोऽभ्यंङ्गः स्थिरे गर्भे यथावत् संप्रशस्यते ।

(વાતજ્વરયુક્ત) સગર્ભા સ્ત્રીનો ગર્ભ સ્થિર થાય ત્યારે (ચોથા મહિના પછી) આગલા દિવસે કરેલું ભોજન પચી ગયું હોય ત્યારે એ સગર્ભા સ્ત્રીને લવણ વિનાની પાતળી પેયા પ્રથમ પાવી; તે પછી આ કુષ્ઠાદિતૈલ પકવીને તેનું જો અભ્યંગ-માલિસ કરાય તે ઉત્તમ ગણાય છે. કઠ, જેઠીમધ, રાસ્ના, પહાડી કદંબ, સૂવા, પદ્મકાષ્ઠ, સારિવા, ઉપલસરી, ઉશીર વાળો, નીલોત્પલ, નાગરમોથ, શૃગાલવિન્ના પીઠવણ, કરવિન્દી, વજ, પયસ્યા-ક્ષીરવિદારી, હંસપાદી તથા પુન્નાગ, એટલાં દ્રવ્યોને એકએક તોલો પ્રમાણમાં લઈ દહીંના મંડ (ઉપરના પાણી) સાથે પીસી નાખવાં; તે પછી તેઓના એ કલકથી વૈદ્યે ક્વાથ પકવવો; તે પછી એને બાજુ પર રાખી દશમૂળનું ચૂર્ણ, બે પલ-આઠ તોલા, બલા તથા અતિબલા નામની બેય ખપાટનું ચૂર્ણ અધો પલ-બે તોલા અને કોરંડ, મીઠો સરગવો અને મેંદી-એ ત્રણ તેમ જ જવ, બોર તથા કળથી-એ બધાં દ્રવ્યોના પ્રત્યેકના એક એક પ્રસ્થ ૬૪-૬૪ તોલા ભાગો ચૂર્ણરૂપે તૈયાર કરી તે બધાંનો એક દ્રોણ-૧૦૨૪ તોલા પાણીમાં ક્વાથ કરવો. એ ક્વાથ એક આઢક ૨૫૬ તોલા બાકી રહે ત્યારે તે ક્વાથમાં ઉપર જણાવ્યા પ્રમાણે તૈયાર કરી રાખેલો ક્વાથ નાખી દેવો; તેમ જ દૂધ, ગોમૂત્ર, વારુણી-મદિરા, ઉત્તમ દહીં તથા તલનું તેલ-એ પ્રત્યેક એક એક કુડવ ૧૬-૧૬ તોલા નાખી તે બધાને અગ્નિ પર ઉકાળવાં; તે બધું પ્રવાહી બળી જાય અને તેમાંનું કેવળ એકલું તેલ જ બાકી રહે ત્યારે તે પકવ થયેલું તૈલ અગ્નિ પરથી ઉતારી ગાળી લઈ, લગાર ગરમ એ તૈલથી એ વાતજ્વરવાળી સગર્ભા સ્ત્રીને આખા શરીરે જો માલિસ કર્યું હોય તો કેવળ ત્રણ વાર જ કરેલા તે માલિસથી સગર્ભા સ્ત્રીનો તે વાતજ્વર નાશ પામે છે; એમ કરેલું એ કુષ્ઠાદિ-તૈલમાલિસ, ગર્ભ સ્થિર થયા પછી બરાબર કરવામાં આવે તો ઉત્તમ હોઈ તે વખણાય છે. ૩૪-૪૨

સગર્ભાના જીર્ણજ્વરમાં હિતકારી આ ત્રણ પદાર્થો

क्षीरं क्षीरयवागूर्वा रसो वा जाङ्गलो हितः ॥४३॥
जीर्णज्वरे सदा नार्या वातघ्नैरौषधैः श्रृतः ।

સગર્ભા સ્ત્રીના જીર્ણજ્વરમાં વાતનાશક ઔષધદ્રવ્યો નાખીને ઉકાળેલ દૂધ, દૂધની યવાગૂ-રાબ તથા જાંગલ પશુ-પક્ષીઓના માંસનો રસ-એ ત્રણ પદાર્થો સર્વકાળ હિતકારી થાય છે. ૪૩

પિત્તપ્રકોપમાં હિતકર ક્વાથ

अथ पित्तकृते चापि कथितं सारिवादिकम् ॥४४॥
शार्करामधुसंयुक्तं पाययेत् कल्यमुत्थितम् ।

સગર્ભા સ્ત્રીને પિત્તના પ્રકોપથી કોઈ વિકાર થયો હોય, તો તેમાં સારિવા-ઉપલસરી આદિનો ક્વાથ તૈયાર કરી તેમાં સાકર તથા મધ મિશ્ર કરી પ્રાતઃકાળે ઊઠતાં જ એ પાવો જોઈએ. ૪૪

પિત્તના જ્વરમાં હિતકારી પાનક

पयस्या क्षीरकाकोली मृद्वीका मधुकानि च ॥४५॥
शर्करामधुसंयुक्तं पानकं पैत्तिके ज्वरे ।

સગર્ભાના પિત્તપ્રકોપવાળા જ્વરમાં કાકોલી, ક્ષીરકાકોલી, દ્રાક્ષ તથા જેઠીમધ–એટલાંના ચૂર્ણને (રાત્રે) પલાળી રાખી વસ્ત્રથી ગાળી લઈ તેમાં સાકર તથા મધ મિશ્ર કરી તે પાનક (શરબત) અપાય, તો તે હિતકારી થાય છે. ૪૫

પિત્તજ્વરમાં સગર્ભાને પાવા યોગ્ય બીજું પ્રપાનક

नीलोत्पलं पयस्या च सारिवा मधुकं मधु ॥४६॥
पिप्पल्यो मरिचोशीरं लोध्रं लाजा सशर्करा ।
एतत् क्षीरसमायुक्तं खजेन मथितं पिबेत् ॥४७॥
गर्भिणी ज्वरिता क्षिप्रं पित्तात्तेन प्रशाम्यति ।

નીલકમળ, કાકોલી, સારિવા–ઉપલસરી, જેઠીમધ, મધ, પીપર, મરિયાં, ઉશીર–વાળો, લોધર, લાજા–શેકેલી ડાંગરની ધાણી તથા સાકર–એટલાંને ચૂર્ણરૂપે કરી તેમાં દૂધ નાખી રવૈયાથી તેને મથી નાખી પિત્તજ્વરવાળી સગર્ભા સ્ત્રી તે જો પીએ, તો તેનાથી તેનો પિત્તજ્વર તરત જ શાંત થાય છે. ૪૬,૪૭

સગર્ભાના પિત્તજ્વરને મટાડનાર પ્રદેહ તથા તર્પણ

नलवञ्जुलमूलानि गुन्द्रामूलानि चाहरेत् ॥४८॥
सहां च सहदेवां च मार्कवं पाटलिं तथा ।
क्षीरिणां च प्रवालानि तथा जम्बाम्रयोरपि ॥४९॥
उत्पलं सारिवोशीरं चन्दनं पद्मपत्रकम् ।
श्लक्ष्णान्येतानि पिष्टानि प्रदेहः शीतलो भवेत्॥५०॥
पित्तज्वरहरो नार्यास्तर्पणो घृतसंयुतः ।

નડ ઘાસનાં તથા નેતરનાં મૂળિયાં, તથા ગુન્દ્ર ઘાસનાં મૂળિયાં વૈદ્યે લાવવાં; તેમ જ સહા, સહદેવા, ભાંગરો, પાંડલ તથા ક્ષીરી વૃક્ષોના અંકુરો અને જાંબુ તથા આંબાના પણ અંકુરો; તેમ જ ઉત્પલ કમલ, સારિવા–ઉપલસરી, ઉશીર–વાળો, ચંદન તથા કમળપત્ર–એટલાં દ્રવ્યોને બારીક પીસી નાખવાં; પછી તેઓનો શીતળ પ્રદેહ કે લેપ કરાય, તો સગર્ભા સ્ત્રીના પિત્તજ્વરને તે દૂર કરે છે; તેમ જ એ દ્રવ્યોને ઘી સાથે (મેળવી તે) જો તર્પણ સેવાય, તો તે પણ ગર્ભિણીના પિત્તજ્વરને મટાડે છે. ૪૮–૫૦

સગર્ભાના દાહજ્વર તથા જ્વરનો નાશ કરનાર તૈલ

यवपिष्टस्य कुडवो मञ्जिष्ठार्धपलं तथा ॥५१॥
अम्लप्रस्थशते तैलं तैलप्रस्थं विपाचयेत् ।
दाहज्वरहरं तैलं प्रशस्तं ज्वरनाशनम् ॥५२॥

એક કુડવ–૧૬ તોલા જવને પીસી નાખી તેમાં અર્ધો પલ–બે તોલા મજીઠનું ચૂર્ણ મેળવી ૧૦૦ પ્રસ્થ ખારી કાંજીમાં તેનો તથા એક પ્રસ્થ–૬૪ તોલા તલના તેલનો પાક કરવો; પ્રવાહી બળી જતાં પક્વ થયેલું એ ઉત્તમ તૈલ માલિસ કરવાથી દાહજ્વરનો તથા જ્વરનો નાશ કરે છે. ૫૧,૫૨

સગર્ભાના કફજ્વરમાં રાસ્નાનો ક્વાથયોગ

अथ श्लेष्मज्वरे नारीं राल्नाक्वाथं सुशीतलम् ।
क्षौद्रेण सह संयुक्तं पाययेदिति कश्यपः ॥५३॥

સગર્ભા સ્ત્રીને જો કફનો જ્વર આવે તો તે સ્ત્રીને રાસ્નાનો ક્વાથ ખૂબ શીતળ થવા દઈ તેમાં મધ મિશ્ર કરીને તે પાવો એમ કશ્યપે કહ્યું છે.

કફજ્વરનાશક બીજા ત્રણ ક્વાથયોગો

भद्रदारुकनिष्काथो राल्नाक्षौद्रसमायुतः ।
अथवा चन्दनक्वाथः पिप्पलीक्षौद्रसंयुतः ॥५४॥
श्लेष्मज्वरहरः पेयो राल्नावासाऽमृताश्रुतः ।

દેવદારનો ક્વાથ રાસ્ના–ચૂર્ણ તથા મધ મેળવી પિવાય; અથવા ચંદનનો ક્વાથ પીપરનું ચૂર્ણ તથા મધ મેળવી પિવાય અથવા રાસ્ના, અરડૂસી તથા ગળોનો ક્વાથ જો પિવાય, તો (સગર્ભાના) કફજ્વરને તે દૂર કરે છે. ૫૪

कफपित्ते तु दोषघ्नं ज्वरे क्वाथं श्रीपर्णिकामृतानां तु निष्काथो मधुयोजितः ॥५५॥
पेयः सयष्टीमधुको ज्वरे श्लैष्मिकपैत्तिके ।

કફ-મિશ્ર પિત્તના (દ્વંદ્વજ) જ્વરમાં સગર્ભા સ્ત્રીએ ગાંભારી, ગળો તથા જેઠી-મધનો ક્વાથ કરી તેને ટાઢો થવા દઈ તેમાં મધ મિશ્ર કરીને પીવો જોઈએ. ૫૫

કફવાતજ-દ્વંદ્વજ જ્વરમાં હિતકારી બૃહત્ પંચમૂળ ક્વાથ

महतः पञ्चमूलस्य क्वाथः श्लैष्मिकवातिके ॥ ५६ ॥
रास्नाकल्कसमायुक्तः पेयः कल्यमिति स्थितिः ।

(સગર્ભા સ્ત્રીના) કફવાતજ-દ્વંદ્વજ જ્વરમાં બૃહત્ પંચમૂળનો ક્વાથ બનાવી તેમાં રાસ્નાનો કલ્ક મેળવીને પ્રાતઃકાળમાં પીવો જોઈએ, આવી આયુર્વેદીય પરંપરા છે.

વાત-પિત્તજ-દ્વંદ્વજ જ્વરમાં હિતકર વિદારિગંધાદિક્વાથ

क्वाथो विदारिगन्धादेः शर्करामधुयोजितः ॥ ५७ ॥
वातपित्तज्वरे पेय इति ह स्माह कश्यपः ।

(ગર્ભિણીના) વાત-પિત્તજ-દ્વંદ્વજ્વરમાં વિદારીગંધા આદિનો ક્વાથ બનાવી તેમાં સાકર તથા મધ મિશ્ર કરી પીવો જોઈએ, એમ કશ્યપે જ કહ્યું છે. ૫૭

પિત્તજ્વર તથા જીર્ણજ્વરની ચિકિત્સા

पित्तज्वरे हिमा पेया पथ्या क्षीरमथापि च ॥ ५८ ॥
जीर्णे पित्तहरैः पक्वो यूषस्तु चणकैस्तथा ।

(સગર્ભાના) પિત્તજ્વરમાં શીતળ કરેલી પેયા પીવી તે હિતકારી થાય છે અથવા કેવળ દૂધ પણ હિતકારી થાય છે; પરંતુ જીર્ણજ્વરમાં પિત્તને દૂર કરે એવાં દ્રવ્યોથી પકવેલો કે ચણાઓથી પકવેલો યૂષ-ઓસામણ પણ હિતકારી થાય છે. ૫૮

સગર્ભાના કફજ્વરની ચિકિત્સા

श्लेष्मज्वरे सुखोष्णा तु पेया नार्याः प्रशस्यते ॥ ५९ ॥
तथैव मुद्गयूषोऽथ मौलको रस एव च ।
सुसात्म्यश्चेति कर्तव्यो व्याधावस्मिन् विशेषतः ॥ ६० ॥

કફજ્વરમાં ગર્ભિણી સ્ત્રી સહેવાય તેવી ગરમ પેયા પીએ, તે ઉત્તમ ગણાય છે; અથવા તે કફજ્વરમાં મગનો યૂષ કે મૂળાનો રસ જ અપાય તે હિતકારી થાય છે; એમ તે કફના રોગમાં વિશેષે કરી ઉત્તમ સાત્મ્ય એટલે જે માફક અથવા હિતકારી થાય એવી જ ચિકિત્સા કરવી જોઈએ. ૫૯,૬૦

સંસૃષ્ટ-દ્વંદ્વ દોષ અને સાંનિપાતિક વિકારની ચિકિત્સા

संसृष्टे तु भिषक् प्राज्ञो योजयेत यथाबलम् ।
सन्निपातसमुत्थाने त्रिदोषशमनं हितम् ॥ ६१ ॥

બુદ્ધિમાન વૈદ્યે સંસૃષ્ટ-બે દોષના મિશ્ર પણાથી થયેલા વિકારમાં કે સંનિપાત-ત્રણે દોષોના એકત્ર થવાથી ઉત્પન્ન થયેલા વિકાર કે રોગમાં ગર્ભિણીના બળને અનુસરીને તેમ જ તે તે દોષના બળને અનુસરી સંસૃષ્ટ-મિશ્ર દોષનું તથા ત્રિદોષનું શમન કરે એવી ઔષધયોજના કરવી, તે હિતકારી થાય છે. ૬૧

મદ્યપાન કરતી સ્ત્રીના રોગની ચિકિત્સા

अथ या मद्यपा नारी शृणु तस्याश्चिकित्सितम् ।
वातिके पैत्तिके वाऽपि श्लैष्मिके च विशांपते ! ॥ ६२ ॥
ज्वरे दद्यात् सुरां नार्या जलेनार्धेन योजिताम् ।
सुरया वासयित्वैनां ततः कल्पं प्रदापयेत् ॥ ६३ ॥

હવે જે સ્ત્રી મદ્યપાન કરતી હોય, તેની ચિકિત્સા તમે સાંભળો; હે રાજા ! મદ્યપાન કરતી સ્ત્રીના વાતિક, પૈત્તિક અથવા કફજ જ્વરમાં તે સ્ત્રીને અર્ધભાગ પાણીથી મિશ્ર કરેલું મદ્ય આપવું; અથવા તે મદ્ય નાખી વાસિત કરેલ તે તે ઔષધનો પ્રયોગ અપાવવો જોઈએ. ૬૨,૬૩

हरेणुमुद्गचुञ्चूनां कर्कट्याश्च रसेन तु ।
रसेन किञ्चिदम्लेन लघून्यन्नानि भोजयेत् ॥ ६४ ॥
लवणस्नेहहीनानि मृदूनि सुरभीणि च ।
आहारेण गदे भग्ने मद्यस्योपरमे कृते ॥ ६५ ॥
यथोक्ता तु क्रिया पथ्या यथास्वमिति कश्यपः ।

વળી તે મદ્યપાન કરનારી સ્ત્રીને વટાણા તથા મગના રસ સાથે કે 'ચુંચુ' નામે પત્ર શાકના કે કાકડીના રસ સાથે અથવા કંઈક ખાટા માંસરસની સાથે પણ હલકાં ભોજનો જમાડવાં જોઈએ; તેમ જ લવણ તથા

સ્નેહથી રહિત કોમળ અને સુગંધી ખોરાક જમાડવા જોઈએ; એવા આહારથી તે સ્ત્રીનો રોગ મટી જાય અને મદથી કરાયેલો દોષ પણ શમી જાય, તે સમયે જે જે રોગની આયુર્વેદમાં ક્રિયા કે ચિકિત્સા કરવા કહેલ છે, તે પણ તે તે રોગને અનુસરીને કરવી, એમ કશ્યપે કહ્યું છે. ૬૪,૬૫

સગર્ભાના અતિસાર રોગની ચિકિત્સા

अतिसारे तु गर्भिण्याः समुत्पन्ने भिषग्जितम् ॥६६॥
वातिके पैत्तिके चैव श्लैष्मिके च प्रवक्ष्यते ।

ગર્ભિણી સ્ત્રીને જો અતિસાર રોગ ઉત્પન્ન થયો હોય તો વાતજ, પિત્તજ તથા કફજ અતિસારમાં જે જે ચિકિત્સા આગળ જતાં કહેવાશે, તે તે કરવી. ૬૬

ગર્ભિણીના અતિસારનાં નિદાનો

विरुद्धाध्यशनाजीर्णैस्तथैवात्यशनादपि ॥ ६७ ॥
भयोद्वेगविघाताद्वा संघातात् पूरणात् क्षयात् ।
कन्दमूलफलैरामैर्दुष्टतोयनिषेवणात् ॥ ६८ ॥
रौक्ष्याद्बुभुक्षया शोकाद् गुर्वभिष्यन्दिभोजनात् ।
मन्धातोश्च समुद्रेकादतीसारः प्रवर्तते ॥ ६९ ॥

પરસ્પર વિરુદ્ધ ખોરાકો ખાવાથી, ખાધેલો ખોરાક પચ્યો ન હોય છતાં તેની ઉપર જમવાથી, અજીર્ણ કે અપચો થવાથી, અતિશય વધુ પ્રમાણમાં ખોરાક ખાવાથી, ભય કે ઉદ્વેગ થવાથી, વિઘાત કે સંઘાતથી એટલે કે કંઈ વાગવાથી અથવા દોષો એકઠા થવાથી, પૂરણ કે વધુ પડતું સંતર્પણ કરવાથી કે ધાતુઓના ક્ષયથી, કાચાં કંદ, મૂલ કે ફળો વધુ ખાવાથી, દુષ્ટ-બગડેલું પાણી સેવવાથી કે પીવાથી, શરીરમાં રૂક્ષતા થવાથી, ભૂખ્યાં રહેવાથી, શોકથી, ગુરુ કે પચવાં ભારે અને અભિષ્યંદી (કફવર્ધક) ભોજનો જમવાથી અને (શરીરની) જલીય ધાતુ-લસીકાનો શરીરમાં વધારો થવાથી (સગર્ભાને) અતિસાર-ઝાડાનો રોગ ચાલુ થાય છે. ૬૭-૬૯

કફયુક્ત આમાતિસારની ચિકિત્સા

आमातिसारे संजाते पाचनानि प्रदापयेत् ।
कुटजस्य च बीजानि मुस्ता पाठा तथैव च ॥७०॥
मजमोदाऽथ सरलं तथा चातिविषा शुभा ।
आमे श्लेष्मान्विते पेयमेतत् पिष्टं सुखाम्बुना ॥७१॥

(સગર્ભાને) કફયુક્ત આમરસ-અપક્વ અન્નરસનો અતિસાર જો થયો હોય તો વૈદ્યે, પાચન ઔષધ-દ્રવ્યો આપવાં જોઈએ; જેમ કે, કુટજનાં બીજ-ઇંદ્રજવ, મોથ, પાઠા-કાળીપાટ, અજમોદ, સરલ-ચીડકાષ્ઠ અને ઉત્તમ અતિવિષ-એટલાં દ્રવ્યોને સહેવાય તેવા ગરમ પાણીથી પીસી નાખી કફયુક્ત આમાતિસારમાંએ(ઔષધ)પીવું. ૭૦,૭૧

પિત્તયુક્ત આમાતિસારની ચિકિત્સા

पाठाचन्दनभागश्च कुटजस्य फलानि च ।
तथा चातिविषा मुख्या पिष्टमेतद्धिताम्बुना ॥७२॥
आमे पित्तान्विते पेयमिति ह स्माह कश्यपः ।

(સગર્ભાના) પિત્તયુક્ત આમાતિસારમાં પાઠા-કાળીપાટ, ચંદનનો ભાગ, કુટજનાં ફળ-ઇંદ્રજવ તથા મુખ્ય અતિવિષ-એટલાં દ્રવ્યોને હિતકારી-ઔષધપક્વ શીતલ પાણીથી પીસી નાખી પીવાં જોઈએ, એમ કશ્યપે જ ખરેખર કહ્યું છે. ૭૨

વાતયુક્ત અતિસારની ચિકિત્સા

हिङ्गुसैन्धवनागाश्च बृहत्यौ कौटजं फलम् ॥७३॥
तथा पिप्पलिमूलं च मुख्या चातिविषा नृप !।
आमे वातोत्थिते पेयमेतत् पिष्टं सुखाम्बुना ॥७४॥

(ગર્ભિણીના) વાતયુક્ત અતિસારમાં હિંગ તથા સૈંધવના ભાગો, (નાની મોટી) બેય બૃહતી-ભોંરીંગણી, કૌટજ ફલ-ઇંદ્રજવ, પીપ્પલીમૂલ-ગંઠોડા તથા મુખ્ય અતિવિષ-એટલાં દ્રવ્યોને હે રાજા, સમાન ભાગે લઈ હિતકારી-ઔષધપક્વ શીતળ પાણી સાથે પીસી નાખી એ ઔષધ દ્રવ્ય પીવું જોઈએ.

સાન્નિપાતિક અતિસારની ચિકિત્સા

बृहत्यादिस्तु पातव्यः सन्निपातसमुत्थिते ।
पक्वसंग्रहणे पथ्यः सर्वेषामिति निश्चयः ॥७५॥

ત્રણે દોષના સંનિપાત–એકત્ર મળવાથી ઉત્પન્ન થયેલા અતિસારમાં બૃહત્યાદિ ગણનાં ઔષધ–દ્રવ્યોથી પકવ કરેલો ક્વાથ પિવાય, તો આમદોષને પકવ કરી તેઓનું સંગ્રહણ એટલે સ્તંભન કરવામાં તે હિતકારી થાય છે, એવો બધાય આયુર્વેદીય આચાર્યોનો નિશ્ચય મળે છે. ૭૫

કફાતિસારમાં હિતકારી અંબષ્ઠાદિગણનો ક્વાથ

श्लैष्मिके मधुसंयुक्तस्तण्डुलोदकसंयुतः ।
अम्बष्ठादिगणः पेयो भिन्नवर्चोविबन्धनः ॥ ७६ ॥

કફના અતિસારમાં છોતાપાણી થયેલી વિષ્ઠાને બાંધનાર અંબષ્ઠા–આદિગણ–જૂઈ કે ખાટી લૂણી વગેરે ઔષધદ્રવ્યોના સમુદાયનો ક્વાથ મધયુક્ત ચોખાના ધોણ સાથે પીવો જોઈએ. ૭૬

કફાતિસારનાશન બીજો પ્રયોગ

अथवा कौटजं पिष्ट्वा फलं क्षौद्रेण संयुतम् ।
धातकी मरिचं लोध्रं कट्वङ्गं देवदारु च ॥ ७७ ॥
तण्डुलोदकसंयुक्तं श्लेष्मातीसारनाशनम् ।

અથવા ઇંદ્રજવને પીસી નાખી તેમાં મધ મેળવી ધાવડીનાં ફૂલ, કાળાં મરિયાં, લોધર, કાયફળ તથા દેવદારનું ચૂર્ણ મિશ્ર કરી ચોખાના ધોણની સાથે તે પિવાય તો કફના અતિસારનો તે નાશ કરે છે. ૭૭

કફજ અતિસારનો નાશ કરનાર કમળના કેસરાનો યોગ

तण्डुलोदकपिष्टं वा केसरं नलिनस्य तु ॥ ७८ ॥
मधुयुक्तं पिबेन्नारी श्लेष्मातीसारनाशनम् ।

અથવા કમળના કેસરાને ચોખાના ધોણ સાથે પીસી નાખી તેમાં મધ મેળવીને સગર્ભા સ્ત્રી, તે જો પીએ, તો કફજ અતિસારનો તે નાશ કરે છે. ૭૮

પિત્તજ અતિસારને શમાવનાર ન્યગ્રોધાદિ ક્વાથ

न्यग्रोधादिस्तु निर्यूहः क्षौद्रेण मधुरीकृतः ॥ ७९ ॥
पित्तातिसारशमनः कुशलैः परिकीर्तितः ।

ન્યગ્રોધાદિ ઔષધદ્રવ્યોના સમૂહનો ક્વાથ બનાવી તેને મધથી મધુર બનાવી તે જો પિવાય, તો કુશલ વૈદ્યો તેને પિત્તજ અતિસારને શમાવનાર કહે છે. ૭૯

પિત્તાતિસારને મટાડનાર કણાદિ યોગ

कणा धातकिपुष्पं च मधुकं बिल्वपेशिका ॥ ८० ॥
शर्करामधुसंयुक्तं पित्तवृद्धिविनाशनम् ।

પીપર, ધાવડીનાં ફૂલ, જેઠીમધ અને કાચાં બિલ્વફળના ગર્ભને પીસી નાખી તેમાં સાકર તથા મધ મેળવીને જો પિવાય, તો પિત્તના વધવાથી થયેલ અતિસારનો તે નાશ કરે છે. ૮૦

પિત્તાતિસારને શમાવનાર પદ્માદિ યોગ

पद्मं समङ्गमाम्रास्थि मधुकं पद्मकेसरम् ॥ ८१ ॥
लोध्रं मोचरसश्चैव शर्कराक्षौद्रसंयुतः ।
पित्तातिसारशमनो योग एष विधीयते ॥ ८२ ॥

કમળ, મજીઠ, આંબાની ગોટલી, જેઠીમધ, કમળના કેસરા, લોધર તથા મોચરસ–એટલાંને સમાનભાગે લઈ પીસી નાખીને તેમાં સાકર તથા મધ મેળવી જો પિવાય, તો એ ઔષધયોગ પિત્તના અતિસારને અવશ્ય શમાવે છે. ૮૧,૮૨

વાયુના અતિસારનો નાશ કરનાર ઔષધ યોગ

एरण्डवर्जं खुड्डाकं पञ्चमूलं श्रृतं हितम् ।
कालाकट्वङ्गसंयुक्तं वातातीसारनाशनम् ॥ ८२ ॥

એરંડમૂળરહિત લઘુપંચમૂળને ઉકાળી ક્વાથરૂપ કરીને તેમાં કાલાગળી કે ઉપલસરીનું ચૂર્ણ તથા અરડૂસો નાખી જો પિવાય, તો વાયુના અતિસારનો તે નાશ કરે છે.

વાતાતિસારને મટાડનાર પદ્માદિ પ્રયોગ

पद्मं समङ्गमाम्रास्थि बृहती बिल्वपेशिका ।
श्लक्ष्णपिष्टं पिबेद्दध्ना वाता तीसारनाशनम् ॥ ८४ ॥

પદ્મ–કમળ, મજીઠ, આંબાની ગોટલી, મોટી ભોંરીંગણી અને કાચાં બીલાંનો ગર્ભ–એટલાંને સમાન ભાગે લઈ બારીક પીસી નાખી દહીંની સાથે જો તે પિવાય, તો વાતજ અતિસારનો તે નાશ કરે છે. ૮૪

વાતજ અતિસારનાશક પિપ્પલ્યાદિ પ્રયોગ

पिप्पल्यो धातकी पद्मं समङ्गा मोचजो रसः ।
मत्स्यण्डिकेन्द्रधान्यं च पिष्टमेतन्नृपोत्तम! ॥ ८५ ॥
तण्डुलोदकसंयुक्तं सशूले वातिके हितम् ।

પીપર, ધાવડીનાં ફૂલ, કમળ, મજીઠ, મોચરસ, મત્સ્યંડિકા-અપક્વ ગોળનો રસ અને ઇંદ્રજવ-એટલાંને પીસી નાખી હે રાજા! ચોખાના ધોણની સાથે તે જો પીધું હોય, તો શૂલયુક્ત વાતજ અતિસારમાં હિતકારી થાય છે. ૮૫

વાતાતિસારને શમાવનાર મુસ્તાદિ યોગ

मुस्ताबिल्वशलाटूनि अनन्ता मधुकं तथा ॥ ८६ ॥
श्लक्ष्णपिष्टं पिबेद्भक्ष्या सर्पिर्गुडसमायुतम् ।
वातातीसारशान्त्यर्थं यथावदिति कश्यपः ॥८७॥

મોથ, કાચાં બીલાં, સારિવા-ઉપલસરી તથા જેઠીમધ-એટલાંને બારીક પીસી નાખી દહીં, ઘી તથા ગોળ મેળવી જો તે પીએ, તો વાતજ અતિસારની શાંતિ માટે તે બરાબર કામ કરે છે, એમ કશ્યપે કહ્યું છે. ૮૬,૮૭

અધાય અતિસારનો નાશ કરનાર
'કલ્યાણક' અવલેહ

पिप्पल्यो धातकी लोध्रं समङ्गा पद्मकेसरम् ।
पद्मा मोचरसश्चैव दीर्घवृन्ततरोस्त्वचः ॥ ८८ ॥
केसरं चेति चूर्णानि श्लक्ष्णान्येतानि चूर्णयेत् ।
घृतं मत्स्यण्डिका क्षौद्रं लेहीभूतानि लेहयेत् ॥८९॥
लेहः कल्याणकस्त्वेष सर्वातीसारनाशनः ।

પીપર, ધાવડીનાં ફૂલ, લોધર, મજીઠ, કમળના કેસરા, કમળ, મોચરસ, અરડૂસાના ઝાડની છાલ અને નાગકેસર-એટલાંના ચૂર્ણોને બારીક પીસી નાખવાં; પછી તેમાં ઘી તથા મત્સ્યંડિકા-કાચા ગોળની રાબ-એટલાં દ્રવ્યોને એકત્ર કરી ચાટણરૂપ થયેલાં તે દ્રવ્યો, હરકોઈ અતિસારમાં રોગીને વૈદ્યે ચટાડવાં; એ 'કલ્યાણક' નામનો અવલેહ, બધાય અતિસારોનો નાશ કરે છે. ૮૮,૮૯

સગર્ભાના 'પ્રવાહિકા' રોગની ચિકિત્સા

काश्मर्यमूलत्वक्कल्कः श्यामामूलं तथैव च ॥९०॥
यवागूं दधिघण्डेन सिद्धामल्पघृतां पिबेत् ।
प्रवाहिकार्ता सततं तथा संपद्यते सुखी ॥ ९१ ॥

ગાંભારીનાં મૂલ અને છાલનો કલ્ક તેમ જ નસોતરનું મૂળ-એટલાં દ્રવ્યોની રાબને દહીંના પાણીની સાથે તૈયાર કરી તેમાં થોડું ઘી નાખીને મરડાના રોગથી પીડાયેલી કોઈ સગર્ભા સ્ત્રી જો સતત-હમેશાં પીએ, તો તેથી તે સુખી થાય છે. ૯૦,૯૧

વિવરણ: માધવનિદાનમાં અતિસાર તથા પ્રવાહિકા રોગમાં જે તફાવત બતાવ્યો છે તે આ પ્રમાણે છે: ઝાડાના જે રોગમાં કેવળ પ્રવાહી વિષ્ઠા જ અહાર આવ્યા કરે તે 'અતિસાર' કહેવાય છે; અને જે ઝાડાના રોગમાં કેવળ એકલો કફ જ અહાર નીકળ્યા કરે, તે-મરડાનો રોગ-'પ્રવાહિકા' કહેવાય છે. ૯૦,૯૧

પ્રવાહિકાને મટાડનાર બીજો પ્રયોગ

किराततिक्तकं लोध्रं यष्टीमधुकमेव च ।
फाणितं तिलकल्कश्च शर्करामधुसंयुतम् ॥९२॥
तण्डुलोदकमित्येतत् प्रतिहन्ति प्रवाहिकाम् ।

કરિયાતું, લોધર, જેઠીમધ, અપક્વ ગોળના રસ-ફાણિત અને તલનો કલ્ક-ખોળ-એટલાં દ્રવ્યોને કલ્કરૂપે એકત્ર કરી ચોખાના ધોણ સાથે સાકર અને મધ મેળવીને જો પિવાય, તો પ્રવાહિકાનો તે નાશ કરે છે. ૯૨

જૂની પ્રવાહિકાને મટાડનાર
કપિત્થાદિ અવલેહ

कपित्थबिल्वमाषाणां कल्कानक्षसमान् पृथक् ॥९३॥
तथा कोमलमोचाऽपि पिप्पलीश्चङ्गवेरयोः ।
अर्धप्रस्थं भवेद्भक्ष्यो गौडमद्यकृतः खटः (डः) ॥९४॥
घृतक्षौद्रेण सहितः पीतो हन्ति चिरोत्थिताम् ।
वाहिकां जीर्णभक्षायाः प्राणस्य बलवर्धनः ॥९५॥

કોઠફલ, બિલ્વફલ અને અડદનો કલ્ક અલગ અલગ એકેક તોલો લેવો; તેમ જ કોમળ શીમળાનો રસ-ગુંદર, પીપર તથા આદુ-એ પણ એક એક તોલો એકત્ર કરી તેમાં અર્ધો પ્રસ્થ-૩૨ તોલા દહીં તથા

ગોળનું મદ્ય એકત્ર કરી પકવેલા ખડયૂષમાં ઘી તથા મધ અસમાન ભાગે મેળવી તે ખડયૂષ જેનો ખોરાક પચી ગયો હોય એવી સ્ત્રીના પ્રવાહિકા રોગનો નાશ કરે છે અને તે સ્ત્રીના બળને પણ વધારે છે. ૯૩-૯૫

વિવરણ : ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૧૯મા અધ્યાયમાં પ્રવાહિકાને મટાડનાર આ 'ખડયૂષ' આમ કહ્યો છે : 'तक्रं कपित्थचाङ्गेरीमरिचाजाजिचित्रकैः । सुपक्वः खडयूषोऽयम्'-છાશ, કોઠફલ, ખાટી લૂણી, કાળાં મરિયાં, અજાજી-અજમો અને ચિત્રક-એટલાં દ્રવ્યોને એકત્ર કરી પકવેલો ખડયૂષ, પ્રવાહિકાને મટાડે છે. ૯૩-૯૫

રક્તયુક્ત અતિસારને મટાડનાર ઔષધયોગ

बाणमूलस्य निष्काथस्त्रपुषीबीजसंयुतः ।
शर्करामधुसंयुक्तो रक्तातीसारनाशनः ॥ ९६ ॥

બાણવૃક્ષ-કાંટા અશેળિયાનો ક્વાથ કરી તેમાં કાકડીનાં બીજનો કલ્ક તથા સાકર અને મધ નાખી પિવાય તો (સગર્ભાના) રક્તયુક્ત અતિસારનો તે નાશ કરે છે. ૯૬

રક્તાતિસારને મટાડનાર બીજો પદ્માદિયોગ

पद्मं समङ्गा मधुकं चन्दनं पद्मकेशरम् ।
पयसा मधुसंयुक्तं रक्तातीसारनाशनम् ॥ ९७ ॥

કમળ, મજીઠ, જેઠીમધ, ચંદન અને કમળના કેસરા-એટલાંનો કલ્ક કરી દૂધ તથા મધની સાથે જો તે પિવાય તો રક્તાતિસારનો તે નાશ કરે છે. ૯૭

રક્તાતિસારને મટાડનાર ત્રીજો યોગ

तिलान् कृष्णान् समङ्गा च यष्टीमधुकमुत्पलम् ।
पिबेदामेन पयसा रक्तातीसारनाशनम् ॥ ९८ ॥

કાળા તલ, મજીઠ, જેઠીમધ અને નીલકમલ-એટલાંને પીસી નાખી તેનો કલ્ક અનાવી કાચા દૂધની સાથે જો તે પિવાય તો રક્ત-અતિસારનો તે નાશ કરે છે. ૯૮

રક્તાતિસારને મટાડનાર ચોથો પ્રયોગ

मौचो रसस्तिला लोध्रमुत्पलं कमलं तथा ।
पिबेत् क्षीरेण संयुक्तं रक्तातीसारनाशनम् ॥९९॥

મોચરસ-શીમળાનો ગુંદર, તલ, લોધર તથા નીલકમળ-એટલાંને પીસી નાખી તેનો કલ્ક દૂધની સાથે જો પિવાય તો રક્ત-અતિસારનો તે નાશ કરે છે. ૯૯

રક્તાતિસારનાશક પાંચમો યોગ

पयस्या चन्दनं लोध्रं पद्मकेसरमेव च ।
पयसा मधुसंयुक्त पिबेद्रक्तातिसारिणी ॥ १०० ॥

ક્ષીરકાકોલી, ચંદન, લોધર અને કમળના કેસરા-એટલાંને પીસી નાખી તેઓનો કલ્ક દૂધ તથા મધ સાથે મેળવી રક્તાતિસારના રોગવાળી સ્ત્રીએ અવશ્ય પીવો. (કેમ કે તેથી રક્તાતિસાર મટે છે.) ૧૦૦

રક્તાતિસારને મટાડનાર છઠ્ઠો યોગ

रक्तं निर्वा(र्वे)हते यावत् कृच्छ्रात् सगुदवेदनम् ।
कुष्यपाषाणतप्तेन पयसा भोजितां ततः ॥ १०१ ॥
मधुकं घृतमण्डेन त्वथैनामनुवासयेत् ।

સગર્ભા સ્ત્રીની ગુદામાંથી જ્યાં સુધી વેદના સાથે ઘણી મુશ્કેલીએ રક્ત-લોહી બહાર નીકળ્યા કરે, ત્યાં સુધી એ સ્ત્રીને માટીના કે પથ્થરના વાસણમાં ગરમ કરેલા દૂધની સાથે ભોજન કરાવવું; તેમ જ ઘીના મંડ-એટલે કે ઉપરની આછ સાથે જેઠીમધનું ચૂર્ણ સેવ્યા કરવું; તેમ જ એ સ્ત્રીને છેવટે ઘીના મંડથી જ અનુવાસન બસ્તિ દેવી. ૧૦૧

ગર્ભિણીની વાતિકી પરિકર્તિકા વાઢના રોગની ચિકિત્સા

गर्भिण्या वातिकी यस्या जायते परिकी(क)र्तिका ।
बृहतीबिल्वमानन्तैर्यूषं कृत्वा तु भोजयेत् ॥१०२॥

જે સગર્ભા સ્ત્રીને વાયુના કારણે પરિકર્તિકા-એટલે કે ગુદામાં જાણે વાઢ થતી હોય એવી વેદના જો ઉત્પન્ન થાય, તો બૃહતી-મોટી ભોંરીંગણી, કાચું બિલ્વફળ તથા અનન્તમૂલ-એ ત્રણેને સમાનભાગે લઈ તેઓને અધકચરાં કરી ઉકાળીને તેના યૂષ-ઓસામણની સાથે ભોજન કરાવવું. ૧૦૨

સગર્ભાની પિત્તજા પરિકર્તિકાની ચિકિત્સા

परिकर्तिकायां गर्भिण्याः, पैत्ति-
कायामिदं हितम् ॥ १०३ ॥

मधुकं हंसपादीं च वितुन्नकमथापि च ।
पाययेन्मधुसंयुक्तं सुपिष्टं तण्डुलाम्बुना ॥ १०४॥

સગર્ભા સ્ત્રીને જો પિત્તના પ્રકોપથી પરિકર્તિકા એટલે ગુદામાં વાઢના જેવી પીડા જો ઉત્પન્ન થાય તો જેઠીમધ, હંસપાદી-હંસરાજ તથા વિતુન્નક-ધાણા-એટલાંને સમાન ભાગે લઈ એકી સાથે સારી રીતે પીસી નાખી ચોખાના ધોણ તથા મધ સાથે તે પિવડાવવું. ૧૦૪

સગર્ભાની કફજા પરિકર્તિકાની ચિકિત્સા

श्लैष्मिकायां तु कर्तव्यं यथावत्तन्निबोधत ।
कण्टकारी श्वदंष्ट्रा च अश्वत्थं चेति तत् समम्॥१०५
संपन्नलवणं कृत्वा भोजयेत् पाययेदपि ।

ગર્ભિણીને કફના પ્રકોપથી જો પરિકર્તિકા-ગુદાની વાઢનો રોગ થયો હોય, તો તેની જે પ્રમાણે બરાબર ચિકિત્સા કરવી જોઈએ, તેને તમે સાંભળો : કંટકારી-ભોંઠી ભોંરીંગણી, ગોખરુ તથા પીપળો-એ ત્રણેને સમાન ભાગે લઈ પીસી નાખીને તેમાં લવણ મેળવીને તે જમાડવું તથા પિવડાવવું પણ જોઈએ. ૧૦૫

ગર્ભિણીના પાર્શ્વગ્રહ રોગની ચિકિત્સા

अथ चेदत्र गर्भिण्याः पार्श्वस्योपग्रहो भवेत् ॥१०६
शालपर्णीं पृश्निपर्णीं बृहतीं कण्टकारिकाम् ।
बिल्वाग्निमन्थश्योनाकं काश्मर्यमथ पाटलिम् ॥१०७
यूषं कृत्वा तु संपन्नं भोजयेत् पाययेदपि ।

હવે જો સગર્ભા સ્ત્રીને પાર્શ્વગ્રહ કે પડખાં ઝલાઈ જવાનો રોગ થયો હોય. તો મોટો સમેરવો, નાનો સમેરવો, મોટી ભોંરીંગણી, નાની ભોંરીંગણી, બિલ્વફળ, અરણી, અરડૂસો, ગાંભારી ફૂલ તથા પાડલ-એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ અધકચરાં કરી તેઓનો યૂષ બનાવવો; અને પછી તે યૂષની સાથે તેણીને ભોજન કરાવવું; તેમ જ એ યૂષ તેણીને પિવડાવવો પણ જોઈએ. ૧૦૬,૧૦૭

ગર્ભિણીના મુખપાકના ચિકિત્સા

अथ चेदत्र गर्भिण्या मुखपाको भवेदिह ॥१०८॥
हरिद्रादारुनिष्काथं ग्राहयेत् कवलं ततः ।
ततः स्नेहेन कृत्वा तु ततः स्याच्छर्करोदकम् ॥१०९
लोध्रोदकेन कृत्वा तु कुर्यात्तत्प्रतिसारणम् ।
अनन्तां च समङ्गां च धृषीं मोचरसं तथा॥ ११०॥
मधुना सार्धमश्नीयात्ततः संपद्यते सुखी ।

હવે જો સગર્ભા સ્ત્રીને મુખપાકરૂપી રોગ થાય એટલે કે તે સ્ત્રીનું મોઢું પાકી જાય, તો હળદર તથા દારુહળદરના ક્વાથનો તેને કવલ ધારણ કરાવવો અથવા મોઢામાં તેનો કોગળો ધારણ કરાવવો; તેમ જ ઘીથી યુક્ત કર્યા પછી સાકરનું પાણી પણ કોગળા રૂપે મોઢામાં ધારણ કરવું; તે પછી લોધરના પાણીથી પ્રતિસારણ અથવા મોઢામાં ઘર્ષણ પણ કરવું; તેમ જ અનંતા-ઉપલસરી, મજીઠ, ઘષી તથા મોચરસ-શીમળાનો ગુંદર-એ બધાંને એકત્ર કરી મધ સાથે જો ચાટે, તો મુખપાકનો રોગી સુખી થાય છે. ૧૦૮-૧૧૦

સગર્ભાના વાતિક આક્ષેપક તથા અપતાનકની ચિકિત્સા

आक्षेपके समुत्पन्ने तथैवाप्यपतानके ॥ १११॥
मातुलुङ्गरसः पेयो बिडसैन्धवसंयुतः ।
अग्निमन्थस्य निर्यूहः कथितो वरुणस्य वा ॥ ११२॥
लावो वा तैत्तिरो वाऽपि रसः स्निग्धः प्रशस्यते ।
पानार्थं वातशमनो वादूलो रस एव च ॥११३॥
असंसृष्टे तु कर्तव्यो विधिरेष सुखावहः ।

ગર્ભિણી સ્ત્રીને જો આક્ષેપક તથા અપતાનક-આંચકી અથવા તાણનો રોગ જો ઉત્પન્ન થયો હોય, તો બિડલવણ તથા સૈંધવથી મિશ્ર કરેલો બિજોરાંનો રસ પીવો જોઈએ; અથવા અરણીનો ક્વાથ કે વાયવરણાંનો ક્વાથ પાવો જોઈએ; અથવા લાવાંનો કે તેતરનો માંસરસ સ્નિગ્ધ કરી અપાય, તો તે પણ વખણાય છે; અથવા વાયુને શમાવનાર ચામાચીડિયાંનો રસ જ પીવા માટે અપાય તે ઉત્તમ ગણાય છે;

એમ તે આક્ષેપક અથવા અપતાનક રોગ જો અસંસૃષ્ટ હોય એટલે કે કોઈપણ બે દોષના મિશ્રણથી રહિત હોય, તો પણ ઉપર કહેલ આજ વિધિ કે ચિકિત્સા કરાય તો સુખકારક થાય છે. ૧૧૧–૧૧૩

વિવરણ: અહીં દર્શાવેલ આક્ષેપક રોગમાં શરીરના માંસની પેશીઓ અકસ્માત જોરથી સંકોચાઈ જાય છે કે ચોપાસ જાણે ખેંચાતી હોય તેવી જણાય છે; એકંદર આક્ષેપક રોગમાં મસ્તક વિકારયુક્ત બની જાય છે; અને અપતાનક રોગમાં શરીરના માંસની પેશીઓમાં તાણ ઉત્પન્ન થાય છે. સુશ્રુતે પણ નિદાનસ્થાનના ૧લા અધ્યાયમાં આ અપતાનક રોગનું લક્ષણ આમ કહ્યું છે–સોડપતાનકસંજ્ઞો યઃ પાતયત્યન્તરાડન્તરા–જે રોગ માણસને વચ્ચે વચ્ચે પાડી નાખે છે, તેને 'અપતાનક' નામનો રોગ કહ્યો છે. ૧૧૧,૧૧૨

પિત્તના સંબંધવાળા આક્ષેપક તથા અપતાનકની ચિકિત્સા

પિત્તોપસૃષ્ટે તુ હિતો જાઙ્ગલો મધુરો રસઃ॥ ૧૧૪॥
શ્રુતો મધુરકૈઃ સર્વૈર્દાડિમામ્લસમાયુતઃ।

જે આક્ષેપક અને અપતાનક રોગ પિત્ત સાથે મળેલો હોય તેમાં જાંગલ પશુ–પક્ષીઓના માંસનો રસ હિતકારી થાય છે; અથવા બધાં મધુર વર્ગનાં દ્રવ્યોથી કરેલો ક્વાથ દાડમની ખટાશથી યુક્ત કરીને પીવાથી તે પણ હિતકારી થાય છે. ૧૧૪

વાત–કફમિશ્ર આક્ષેપક તથા અપતાનકની ચિકિત્સા

વાતશ્લેષ્મસમુત્થે તુ વ્યમ્લસ્તુ કટુકો રસઃ॥ ૧૧૫
યવક્ષારેણ સંયુક્તો જાઙ્ગલઃ સતતં હિતઃ।
મૃદવઃ પાણિતાપાશ્ચ પિત્તવર્જ્યે હિતાસ્તથા॥ ૧૧૬

જે આક્ષેપક તથા અપતાનક રોગ વાત–કફ બે દોષથી ઉત્પન્ન થયો હોય, તેમાં ખટાશથી રહિત તીખો રસ હિતકારી થાય છે; અથવા જવખારથી મિશ્ર કરેલ જાંગલ–પશુ–પક્ષીઓના માંસનો રસ પણ નિરંતર આપવાથી તે હિતકારી થાય છે. વળી જેમાં પિત્તનો સંબંધ ન હોય એવા આક્ષેપક તથા અપતાનક રોગમાં હાથ તપાવીને તેનાથી કોમળ તાપ અથવા શેક આપવો એ પણ હિતકારી થાય છે. ૧૧૫,૧૧૬

સગર્ભાનો ગર્ભ વધુ જૂનો થાય તો ઘૃતસિંચન

ઘૃતસેકોઽથવા કાર્યો જીર્ણે ગર્ભે વિશેષતઃ।
ઉષ્ણો વા યદિ વા શીતો વ્યાધિમાસાદ્ય તત્ત્વતઃ ૧૧૭

ગર્ભિણીનો ગર્ભ વિશેષે કરી જીર્ણ થઈ જાય (અને પ્રસવ થતાં વધુ સમય જાય) તો ગરમ કરીને કે શીતલ એવો ઘૃતસેક–ઘીથી સિંચન કરવું એ હિતકારી થાય છે. અથવા ખરી રીતે જે રોગ હોય તેને અનુસરી શીતળ કે ઉષ્ણ ચિકિત્સા કરવાથી તે હિતકારી થાય છે. ૧૧૭

ગર્ભિણીની ઊલટીની ચિકિત્સા

અથ છર્દિચિકિત્સાં તુ પ્રોચ્યમાનાં નિબોધત।
માતુલુઙ્ગરસો લાજાઃ કોલમજ્જા તથાઽઞ્જનમ્॥ ૧૧૮
તથા દાડિમસારશ્ચ શર્કરા ક્ષૌદ્રમેવ ચ।
એષ વાતાત્મિકાં છર્દિં હન્તિ લેહો વિશેષતઃ॥ ૧૧૯

હવે (વાયુના કારણે) સગર્ભા સ્ત્રીને ઊલટી થયા કરતી હોય, તો તેની ચિકિત્સા હું તમને કહું છું, તમે સાંભળો–બિલેરાંનો રસ, ડાંગરની ધાણી, બોરનાં મીંજ, રસાંજન, દાડમનો સાર, સાકર તથા મધ–એટલાં એકત્ર કરી તેનો લેહ–ચાટણ ચાટવાથી વાયુપ્રધાન ઊલટીનો વિશેષે કરી નાશ થાય છે. ૧૧૮,૧૧૯

ગર્ભિણીની વાયુની ઊલટીને મટાડનાર રસ

દાડિમામ્લો રસઃ પક્વો હૃદ્યો લવણવર્જિતઃ।
વાતચ્છર્દિંહરો રાજન્! માહિષો વા સુસંસ્કૃતઃ૧૨૦

દાડમનો ખાટો રસ પકવીને લવણ નાખ્યા વિના જ પીધો હોય, તો હૃદયને તે હિતકારી હોઈ ગર્ભિણીના વાયુથી થયેલી ઊલટીને મટાડે છે; તેમ જ હે રાજન્! સારી રીતે સંસ્કારી કરેલ ભેંસના માંસનો રસ સેવ્યો હોય તો તે પણ (સગર્ભાની) વાયુની ઊલટીને મટાડે છે. ૧૨૦

ગર્ભિણીની પિત્તજ ઊલટીને મટાડનાર પ્રયોગ

शर्करामधुसंयुक्तं लाजचूर्णसमायुतम् ।
चातुर्जातककल्केन हृद्यं पुष्पैः सुवासितम् ॥१२१॥
पित्तच्छर्दिप्रशमनं हितं तण्डुलधावने ।
हिता लाजमयी पेया सिताक्षौद्रेण संयुता ॥१२२॥
जाङ्गलो वा रसः पथ्यः शर्करामधुरीकृतः ।

સાકર તથા મધથી મિશ્ર કરેલ અને ચાતુર્જાતક-તજ, એલચી, તમાલપત્ર તથા નાગકેસરના કલ્કથી યુક્ત, તેમજ ડાંગરની ધાણીથી યુક્ત અને પુષ્પોથી સુવાસિત એ હૃદયપ્રિય ઔષધયોગ ચોખાના ધોણ સાથે પીવાથી પિત્તની ઊલટીને અત્યંત મટાડે છે અને તે સગર્ભાને હિતકારી પણ થાય છે. વળી ડાંગરની ધાણીની બનાવેલી પેયા સાકર તથા મધ સાથે પિવાય, તો તે પણ પિત્તની ઊલટીમાં હિતકારી થાય છે; અથવા સાકર નાખી મધુર બનાવેલ જાંગલ-પ્રાણીના માંસનો રસ પણ પિત્તની ઊલટીમાં પથ્ય હોઈ તેને અત્યંત શમાવે છે. ૧૨૧,૧૨૨

કફની ઊલટીને મટાડનાર ઔષધયોગ

आम्रजम्बूप्रवालानि सितानि सुस्पृतानि तु ॥१२३
क्षौद्रयुक्तानि पेयानि श्लेष्मच्छर्द्यां विशेषतः ।
भोजनार्थे हितं यूषं मुद्गैर्दाडिमसारि(धि)तम् ॥१२४
व्यपेतस्नेहलवणं हृद्यं छर्दिविनाशनम् ।

આંબાનાં તથા જાંબૂડીનાં ધોળાં કૂણાં પાન સારી રીતે ઉકાળી શીતળ થવા દઈ મધ નાખી પીધાં હોય તો કફની ઊલટીને વિશેષે કરી મટાડે છે; તેમજ મગ તથા દાડિમના દાણા નાખી તૈયાર કરેલ યૂષ-ઓસામણ પણ સ્નેહ તથા લવણોથી રહિત જ રાખી ભોજન માટે આપવાથી હૃદયને પ્રિય તથા હિતકારી હોઈ કફની ઊલટીનો વિનાશ કરે છે. ૧૨૩,૧૨૪

સંનિપાતની ઊલટીની ચિકિત્સા

सन्निपातसमुत्थायां संसृष्टान्यवचारयेत् ॥१२५॥
कृमिजायां तु कर्तव्यं यत् पुरस्तात् प्रवक्ष्यते ।

સંનિપાત અથવા ત્રણે દોષોના એકત્ર પ્રકોપથી ઉત્પન્ન થયેલી ઊલટીમાં સંસૃષ્ટ એટલે ત્રણે દોષોને શમાવનાર મિશ્ર ઔષધ-પ્રયોગો દ્વારા ચિકિત્સા કરવી. ૧૨૫

કૃમિથી થયેલી ઊલટીની ચિકિત્સા

वर्षाभूमूलनिष्काथं योजयेद्भद्रदारुणा ॥ १२६ ॥
तत् पिबेन्मधुसंयुक्तं शाफं स्त्री पूर्वया सह ।

કૃમિથી થયેલી ઊલટીમાં જે ચિકિત્સા કરવી જોઈએ, તે આગળ જતાં કહેવાશે; જેમ કે સાટોડીનાં મૂળિયાં તથા દેવદારને સમાન ભાગે લઈ અધકચરાં કરીને તેઓનો ક્વાથ શીતલ થવા દઈ મધ નાખીને પીવાથી કૃમિની ઊલટી મટે છે; પરંતુ એ સગર્ભા સ્ત્રીને સોજા આવ્યા હોય, તો એકલી સાટોડીનો જ ક્વાથ તેણીએ પીવો જોઈએ.

ગર્ભિણીને થયેલ કામલા તથા સોજાના રોગની ચિકિત્સા

पिप्पल्यङ्कोठमूलानि वाजिलिण्डरसस्तथा ॥१२७॥
दधि माहिषमित्येतत् कामलायाश्चिकित्सितम् ।

પીપર, અંકોટના મૂળિયાં તથા ઘોડાની લાદનો રસ અને ભેંસનું દહીં મિશ્ર કરી પીવાથી કમળાના રોગની તે ચિકિત્સા હોઈ તેને મટાડે છે. ૧૨૭

ગર્ભિણીના વાતિક હૃદયશૂલની ચિકિત્સા

मातुलुङ्गरसः पेयः सैन्धवेन सुयोजितः ॥ १२८ ॥
वातिके हृदि शूले तु प्रधान इति निश्चयः ।

સગર્ભાના વાતજ હૃદય-શૂલ રોગમાં બિજોરાંનો રસ સૈંધવ નાખીને પીવો જોઈએ એવો (આયુર્વેદીય) મુખ્ય નિશ્ચય મળે છે. ૧૨૮

પિત્તજ હૃદયશૂલની ચિકિત્સા

प्रियङ्गवोऽथ पिप्पल्यो भद्रमुस्ता हरेणवः ॥ १२९ ॥
क्षौद्रं बदरचूर्णं च पिबेत् पित्तार्दिते हृदि ।

પિત્તના શૂલથી હૃદય જો પીડાયું હોય, તો પ્રિયંગુ-ધઉંલા, પીપર, નાગરમોથ, હરેણુ, મધ તથા બોરનું ચૂર્ણ એકઠું કરીને ચાટવું. ૧૨૯

કફજ હૃદયશૂલની ચિકિત્સા

પિપ્પલીચૂર્ણકલ્કસ્તુ પત્રં ચોચં પ્રિયઙ્ગવઃ ॥ ૧૩૦ ॥
માતુલુઙ્ગરસશ્ચૈવ લેહઃ શ્લેષ્માર્દિતે હૃદિ ।

પીપરનું ચૂર્ણ, તમાલપત્ર, તજ, ધઉંલા અને બિજોરાંનો રસ મેળવી તૈયાર કરેલ કલ્કરૂપ ચાટણ, કફથી થયેલી હૃદયશૂલની પીડામાં હિતકારી થાય છે. ૧૩૦

સગર્ભાની વાતજ ઉધરસની ચિકિત્સા–લેહયોગ

કુલીરશૃઙ્ગી શરટં ભાર્ગી પિપ્પલ્ય એવ ચ ॥ ૧૩૧ ॥
વાતકાસહરો લેહો માતુલુઙ્ગરસપ્લુતઃ ।

કાકડાશીંગ, શરટ, ભારંગી, પીપર તથા તથા બિજોરાંનો રસ મેળવી કરેલું ચાટણ (ગર્ભિણીની) વાતજ ઉધરસને મટાડે છે. ૧૩૧

પિત્તની ઉધરસને મટાડનાર લેહયોગ

મધૂલિકા તુ ગોક્ષીરી પિપ્પલી શર્કરા તથા ॥ ૧૩૨
દ્રાક્ષાક્ષૌદ્રસમાયુક્તો લેહો વૈ પિત્તકાસહા ।

જેઠીમધ, ગોક્ષીરી, પીપર, સાકર, દ્રાક્ષ તથા મધ મેળવી તૈયાર કરેલ લેહયોગ (ચાટણ) પિત્તની ઉધરસનો નાશ કરે છે.

કફજ ઉધરસને મટાડનાર લેહયોગ

પિપ્પલ્યસ્ત્રિફલા રાસ્ના ભદ્રદારુ સમાક્ષિકમ્ ॥ ૧૩૩
શ્લેષ્મકાસહરો લેહઃ કુશલૈઃ પરિકીર્તિતઃ ।

પીપર, ત્રિફલા, રાસ્ના તથા દેવદાર–એટલાંનું ચૂર્ણ બનાવી તેમાં મધ મેળવી ચાટણરૂપે તૈયાર કરેલો લેહયોગ કુશલ વૈદ્યોએ કફની ઉધરસને મટાડનાર કહ્યો છે.

ક્ષતકાસનો નાશ કરનાર લેહયોગ

મધુકં શઙ્ખચૂર્ણં ચ જીવલાક્ષાઽથ માક્ષિકમ્ ॥ ૧૩૪
લેહઃ શર્કરયા યુક્તઃ ક્ષતકાસવિનાશનઃ ।

જેઠીમધ, શંખનું ચૂર્ણ, પીપરની લાખ, મધ અને સાકરનું ચૂર્ણ મેળવી યોજેલો લેહયોગ, ક્ષતકાસનો વિનાશ કરે છે. ૧૩૪

સગર્ભાના શ્વાસ તથા કફની ચિકિત્સા

મયૂરસ્ય તુ રોમાણિ શ્વાવિચ્છલ્યકયોરપિ ॥ ૧૩૫ ॥
પિપ્પલીતણ્ડુલાશ્ચૈવ કોલમૂલં ચ તત્સમમ્ ।
ચૂર્ણિતં મધુસર્પિર્ભ્યાં લિહેચ્છ્વાસકફાપહમ્ ॥ ૧૩૬

મોર પક્ષીનાં પીછાં, શેઢાઈના તથા શલ્યક–કાંટાવાળી નાની શાહુડીના કાંટા, પીપર, ચોખા તથા બોરનાં મૂળ–એટલાંને સમાન ભાગે લઈ ચૂર્ણ કરી તેમાં ઘી તથા મધ મેળવી સગર્ભા જો ચાટે, તો તેના શ્વાસ તથા કફનો તે નાશ કરે છે. ૧૩૫,૧૩૬

ગર્ભિણીના–શ્વાસ, કાસ તથા તમક-શ્વાસની ચિકિત્સા

ગુડો રાસ્નાઽથ પિપ્પલ્યો દ્રાક્ષા સમરિચા તથા ॥
હરિદ્રા ચ સમઙ્ગાનિ ચૂર્ણાન્યેતાનિ લેહયેત્ ॥ ૧૩૭ ॥
તૈલેન શ્વાસકાસેષુ તમકે ચૈવ પૂજિતઃ ।

ગોળ, રાસ્ના, પીપર, દ્રાક્ષ, કાળાં મરી, હળદર તથા મજીઠ–એટલાંનું ચૂર્ણ કરી વૈદ્યે તલના તેલની સાથે (સગર્ભાને) ચટાડવું; તે શ્વાસમાં, કાસ–ઉધરસમાં તથા તમક–શ્વાસમાં પણ હિતકારી થાય છે. ૧૩૭

સર્વ કાસરોગ તથા શ્વાસમાં હિતકારી લેહયોગ

અભયાઽઽમલકં વાઽપિ શલ્યકસ્ય ત્વચા યુતમ્ ॥
અન્તર્ગૃહં સહોષ્ટ્રાસ્થિ દધિતૈલેન લેહયેત્ ।
પિપ્પલ્યામલકી મુસ્તા તથા ફાણિતશર્કરા ॥ ૧૩૯ ॥
હરીતકીતિ ચૂર્ણાનિ મધુતૈલેન લેહયેત્ ।
શમનં સર્વકાસાનાં શ્વાસાનાં ચ પ્રશસ્યતે ॥ ૧૪૦ ॥

હરડે, આમળાં તથા શલ્યક–કાંટાવાળી નાની શાહુડીની ચામડી–એટલાંનું ચૂર્ણ કરી તેમાં ઘરની ધૂંસ તથા ઊંટનાં હાડકાંનું ચૂર્ણ મેળવી વૈદ્યે તે ઔષધને ઘરની અંદર–એકાંતમાં દહીં તથા તલના તેલની સાથે મેળવી રોગીને ચટાડવું; અથવા પીપર, આમળાં તથા મોથનું ચૂર્ણ તથા હરડેનું ચૂર્ણ બનાવી તેમાં કાચા ગોળની રાબ તથા સાકર મેળવી રોગીને તે ચટાડવું; અથવા મધ અને તલનું તેલ મેળવી રોગીને જો ચટાડાય, તો બધીયે ઉધરસ તથા શ્વાસના રોગમાં તે વખણાય છે. ૧૩૮–૧૪૦

ગર્ભિણીના ઊર્ધ્વવાત–ઓડકાર (કે ગૅસ)ને મટાડનાર લેહયોગ

ભદ્રદારુહરીતક્યૌ સૈન્ધવં કુષ્ઠમેવ ચ ।
ઘૃતં ચ ફાણિતં ચૈવ લેહ ઊર્ધ્વાનિલાપહઃ ॥ ૧૪૧ ॥

દેવદાર, હરડે, સૈંધવ, કઠ, ઘી તથા ફાણિત-ગોળની રાબ-એટલાંને મેળવી તૈયાર કરેલ લેહયોગ-ચાટણ, (સગર્ભાના) ઊર્ધ્વ-વાત-ઓડકાર(અથવા ગેસ)નો નાશ કરે છે.

સગર્ભાની હેડકીને મટાડનાર લેહયોગ

પિપ્પલી ગૈરિકં ભાર્ગી હિઙ્ગુ કર્કટકી તથા ।
સમાનિ ચ ભવેલ્લેહો હિક્કાપ્રશમનઃ સ્ત્રિયાઃ ॥૧૪૨॥

પીપર, ગેરુ, ભારંગી, હિંગ તથા કાકડાશીંગ-એટલાં દ્રવ્યોને સમાનભાગે લઈ (ચાટણરૂપે તૈયાર કરેલ) લેહયોગ સગર્ભા સ્ત્રીની હેડકીને અત્યંત શમાવે છે.

ગર્ભિણીના જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર ઔષધયોગ

પિપ્પલી પિપ્પલીમૂલં મુસ્તા તગરમેવ ચ ।
દીપનીયં ભવેદેતત્ ક્ષીરેણ તુ સમાક્ષિકમ્ ॥ ૧૪૩ ॥

પીંપર, પીપરીમૂલ-ગંઠોડા, મોથ અને તગર-એટલાં ઔષધોને સમાનભાગે લઈ-ચૂર્ણ કરી દૂધ સાથે સેવવાથી કે મધ સાથે ચાટવાથી તે જઠરના અગ્નિને પ્રદીપ્ત કરે છે.

હરકોઈ મૂત્રકૃચ્છ્ર રોગની ચિકિત્સા

શતાવરી દર્ભમૂલં મધુકં ક્ષીરમોરટઃ ।
પાષાણભેદકોશીરં કતકસ્ય ફલાનિ ચ ॥ ૧૪૪ ॥
એષાં ક્વાથરસં કલ્કં ક્ષીરં વા પાયયેદ્ભિષક્ ।
મૂત્રગ્રહેષુ સર્વેષુ સિદ્ધમિત્યાહ કશ્યપઃ ॥ ૧૪૫ ॥

શતાવરી, દર્ભનાં મૂળ, જેઠીમધ, દૂધનો માવો કે એક જાતની મોરવેલ, પાષાણભેદક, ઉશીર-વાળો અને કતકનાં ફળ-નિર્મળીનાં બીજ-એટલાંને સમાનભાગે લઈ અધકચરાં-ચૂર્ણરૂપ કરી તેઓનો ક્વાથરૂપ રસ અથવા કલ્ક કે તે બધાંનું ચૂર્ણ નાખી પકવેલું દૂધ, વૈદ્યે હરકોઈ મૂત્રકૃચ્છ્રના રોગમાં રોગીને પાવું; કેમ કે બધાંયે મૂત્રકૃચ્છ્રોમાં આ એક સિદ્ધ-સફલ ઔષધ-પ્રયોગ છે, એમ કશ્યપે કહ્યું છે. ૧૪૪,૧૪૫

સ્ત્રીના વાતગુલ્મ તથા રક્તગુલ્મની ચિકિત્સા

વાતગુલ્મસ્ય ભૈષજ્યં યોનિગુલ્મસ્ય ચાપ્યથ ।
યથાવત્ પૂર્વમુદ્દિષ્ટં સમાસેન ચિકિત્સિતમ્ ॥૧૪૬॥
વાતિકે પૈત્તિકે ચૈવ શ્લૈષ્મિકે ચ વિશેષતઃ ।
ચતુર્થે માસિ નારીણામિદં કુર્યાચ્ચિકિત્સિતમ્ ॥ ૧૪૭

હવે સ્ત્રીના વાતગુલ્મની તથા યોનિગુલ્મ-રક્તગુલ્મની ચિકિત્સા હું તમને ટૂંકમાં પહેલાંના ઋષિઓએ જેમ કહી છે, તે જ પ્રમાણે કહું છું. વાતજ, પિત્તજ તથા કફજ ગુલ્મ-રોગમાં જે વિશેષે કરી ચિકિત્સા કરવી જોઈએ, તે સ્ત્રીઓના ચોથા મહિને કરી શકાય છે. ૧૪૬,૧૪૭

રક્તગુલ્મમાં હિતકારી વમનયોગ

સર્પિર્ભિરન્નપાનૈર્વા ક્ષીરેણેક્ષુરસેન વા ।
વામયેત્ ફલયુક્તેન યથાવદિતિ કશ્યપઃ ॥ ૧૪૮ ॥

સ્ત્રીના રક્તગુલ્મ રોગમાં પ્રથમ તો મીંઢળના ચૂર્ણથી યુક્ત ઘી અથવા ખોરાક-પાણી અથવા દૂધ અથવા શેલડીનો રસ પાઈને પણ બરાબર ઊલટી કરાવવી એમ કશ્યપે કહ્યું છે. ૧૪૮

રક્તગુલ્મમાં કે સગર્ભાને આપવાનું વિરેચન

ચતુરઙ્ગુલસિદ્ધેન રસેન પયસાઽપિ વા ।
વિરેચયેત્તુ મતિમાન્ય ઇચ્છેત્ સુખમાત્મનઃ ॥ ૧૪૯॥

જે બુદ્ધિમાન વૈદ્ય પોતાને સુખ ઇચ્છતો હોય તેણે સગર્ભા સ્ત્રીને કે રક્ત-ગુલ્મવાળી સ્ત્રીને ચતુરંગુલ-ગરમાળાનો રસ નાખી પક્વ કરેલું દૂધ પાઈને વિરેચન કરાવવું જોઈએ ૧૪૯

સગર્ભાને કે રક્તગુલ્મવાળી સ્ત્રીને વિરેચનના વધુ વેગો ન આવે તે માટેનો ઉપાય

પૂતીકપત્રૈર્મૃષ્ટૈર્વા પુષ્પૈર્વાલ્યાલકસ્ય વા ॥
અમ્લાં યવાગૂં પ્રપિબેન્નાતિવેગા યથા ભવેત્ ॥૧૫૦॥

પૂતિકરંજનાં પાંદડાંને તલના તેલમાં ભૂંજી નાખીને અથવા પીળી બલા-ખપાટનાં પુષ્પો નાખી બનાવેલી ખાટી યવાગૂને સગર્ભા કે ગુલ્મવાળી સ્ત્રી જો પીએ, તો તેને વિરેચનના વધુ વેગો પ્રાપ્ત ન થાય.

વાયુના રોગવાળી સગર્ભાને થયેલા શૂળની ચિકિત્સા

એરણ્ડ(પત્રં) ક્ષીરેણ વાતરોગાન્વિતા પિબેત્ ।
વાતમૂત્રવિરોધે તુ શૂલે વાઽપિ સમુત્થિતે ॥ ૧૫૧॥

વાયુના રોગવાળી સગર્ભા સ્ત્રીએ એરંડાનું પાન નાખી ઉકાળેલું દૂધ પીવું; તેમ જ સગર્ભાનું મૂત્ર વાયુથી જો અટકે અથવા વાયુના કારણે સગર્ભાને શૂલરોગ ઉત્પન્ન થાય, તો પણ તે સ્ત્રીએ એરંડાનાં પાન નાખી ઉકાળેલું દૂધ પીવું. ૧૫૧

પાંચમા મહિને સગર્ભાની કરવા યોગ્ય ચિકિત્સા

पञ्चमे मासि गर्भिण्या व्यक्ताम्ललवणं ततः ।
आस्थापनं हितं नार्या मधुरं चानुवासनम् ॥१५२॥

સગર્ભા સ્ત્રીને પાંચમે મહિને ખટાશ તથા લવણથી યુક્ત આસ્થાપનબસ્તિ અને મધુર અનુવાસનબસ્તિ હિતકારી છે. ૧૫૨

અમુક રોગમાં સગર્ભાની દારુણ ચિકિત્સા છઠ્ઠા મહિને કરાય

ग्रन्थीनां पिडकानां च शोथे चैव विशाम्पते ! ।
रोहिण्यां विद्रधौ वाऽपि षष्ठमासे विशेषतः ।
यथास्वं भेषजं कुर्याद्दारुणं शास्त्रपारगः ॥ १५३॥

હે રાજા! આયુર્વેદશાસ્ત્રમાં પારંગત થયેલા વૈદ્યે ગર્ભિણીના ગ્રંથિ રોગમાં, પિડકાઓના રોગમાં, સોજામાં, રોહિણી રોગમાં તથા વિદ્રધિ રોગમાં વિશેષે કરી છઠ્ઠા મહિનામાં તે તે રોગ અનુસાર દારુણ ચિકિત્સા પણ કરી શકાય છે. ૧૫૩

વિવરણ: અહીં જણાવેલ રોહિણી નામનો રોગ ગળામાં થતો એક ચેપીરોગ સમજાય છે; એ રોગ વધુ ભાગે ગળામાં થાય છે તેથી શ્વાસને રૂંધનાર થાય છે; આ રોગ લગભગ બાળકોને થાય છે. ૧૫૩

સગર્ભાનો સાતમા મહિનાની ચિકિત્સા

पीनमांसोपशमनं क्षारकर्माग्निकर्म च ।
भग्नास्थिश्लेषणं चैव शस्त्रकर्म तथैव च ॥ १५४॥
सप्तमे मासि नारीणां सर्वमेतत् प्रयोजयेत् ।

પુષ્ટ થયેલા માંસનું ઉપશમન–ઓછા પણું કરવું, ક્ષારકર્મ, અગ્નિકર્મ–ડામ દેવા, ભાંગેલું હાડકું સાંધવું અને શસ્ત્રકર્મ–એ બધી ચિકિત્સા સગર્ભા સ્ત્રીને સાતમા મહિને કરવી. ૧૫૪

સગર્ભાની વિષ–ચિકિત્સાપદ્ધતિ

दष्टा सर्पेण पीता वा या विषं गर्भिणी नृपः ॥१५५॥
वमनादिर्विषघ्नैस्तु संसृष्टः स्यादुपक्रमः ।

જે સગર્ભાને સર્પ કરડ્યો હોય, અથવા હે રાજા! જે સગર્ભાએ વિષ પીધું હોય, તેની ચિકિત્સા, વમન આદિ વિષનાશક કર્મ દ્વારા કરી શકાય અથવા સંસર્જન ક્રમ દ્વારા તેના વિષની ચિકિત્સા કરવી. ૧૫૫

સગર્ભાના વિષનો નાશ કરનાર કવાથયોગ

पाठाऽमृता सोमवल्कं द्वे सहे कुटजं तथा ॥१५६॥
क्षीरक्वथितमेतत्तु पेयं नार्या विषापहम् ।

કાળીપાટ, ગળો, ધોળો ખેર, બે સહા–અતિસહા અને ઇંદ્રજવ–એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ દૂધમાં ઉકાળીને તે દૂધનો કવાથ પીવાથી તે સગર્ભા સ્ત્રીના વિષનો નાશ કરે છે. ૧૫૬

ગર્ભિણીના વિષનો નાશ કરનારી પેયા

शिरीषं पाटलीमूलं तण्डुलीयकमेव च ॥१५७॥
सिन्दुवारितमूलं च मूलं सहचरस्य च ।
निष्काथ्य साधयेत् पेयां प्रक्षुद्रां विषनाशनीम् ॥१५८

સરસડો, પાડલનાં મૂળ, તાંદળજો, નગોડનાં મૂળ અને કાંટા અશેળિયાંનાં મૂળ–એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ તેના ચૂર્ણથી ખૂબ પાતળી પેયા બનાવવી; એ પેયા પીવાથી સગર્ભા સ્ત્રીના વિષનો તે નાશ કરનારી થાય છે. ૧૫૮

સગર્ભાને હિતકર ખડયૂષ આદિ ખોરાક

खडयूषादिकं चापि युक्त्याऽन्नमहितं हितम् ।
द्वितीये वक्ष्यते यच्च स्थाने तच्चापि कारयेत् ॥१५९॥

સગર્ભા સ્ત્રીને ખડયૂષ આદિ અન્ન કે ખોરાક યુક્તિથી ખવડાવ્યો હોય, તો તે પણ તેણીને હિતકારી થાય છે; વળી બીજા સ્થાને જે ખોરાક આપવાનું કહેવાશે, તે પણ તૈયાર કરાવવો જોઈએ. ૧૫૯

સગર્ભાનો ગર્ભ નાશ પામે એ અવસ્થા

गर्भिणी दुर्बलाकारा या भवत्यासिता सती ।
ज्वरश्चाभिद्रवत्येनां तस्या गर्भो विपद्यते ॥१६०॥

જે ગર્ભિણી, દુર્બળ શરીરવાળી થઈ જઈ વધુ પ્રમાણમાં બેસી રહે છે, તેને જ્વર હેરાન કર્યા કરે છે, તેથી તેનો ગર્ભ નાશ પામે છે. ૧૬૦

સગર્ભાનો ગર્ભપાત થાય એ અવસ્થા

बहु भुङ्क्ते तु याऽत्यर्थं बहुशो बहुमूर्च्छिता ।
भवेत्तस्याः पतेद्गर्भो गर्भिण्यास्तु न संशयः ॥१६१॥

જે સગર્ભા સ્ત્રી વધુ પ્રમાણમાં ખોરાક ખાધા કરે, તેને ઘણી વાર મૂર્છા આવ્યા કરે છે, તેથી તેનો ગર્ભ પડી જાય છે, એમાં સંશય નથી. ૧૬૧

ગર્ભિણીના ગર્ભના નાશનો સંભવ

नेत्रे मुस्तोत्थिताकारे कर्णौ पादौ च शीतलौ ।
केशाश्च जटिला यस्यास्तस्या गर्भो विपद्यते ॥१६२॥

જે સગર્ભાનાં બેય નેત્રો (રોગાદિના કારણે) મોથની જેવા ઊઠેલા આકારવાળાં થઈ જાય, અને જેના બેય કાન તથા બેય પગ શીતળ થઈ જાય તેમ જ જેના કેશ જટિલ બની ગૂંચવાઈ જાય, તે સ્ત્રીનો ગર્ભ નાશ પામે છે. ૧૬૨

ગર્ભના નાશનું એક ખાસ ચિહ્ન

उपरिष्टात्तु यो नाभ्या उभे पार्श्वे निषेवते ।
मध्ये वा तिष्ठते नार्याः सोऽपि गर्भो विपद्यते ॥१६३॥

જે ગર્ભ સ્ત્રીની નાભિની ઉપર બેય પડખાંનું સેવન કરે, અથવા જે ગર્ભ સ્ત્રીના મધ્ય અંગમાં આવીને સ્થિતિ કરે છે, તે ગર્ભ પણ નાશ પામે છે. ૧૬૩

ગર્ભના નાશનાં એક વધુ નિશાની

रुक् सन्धिमोक्षो यस्याः स्यान्मृष्टान्ने चारुचिस्तथा ।
निश्चेष्टस्वप्नकामायास्तस्या गर्भो विपद्यते ॥१६४॥

જે સ્ત્રીના સાંધાનાં બંધનો છૂટી જઈ તેમાં પીડા થાય, જે સગર્ભા સ્ત્રીને મિષ્ટાન્ન ઉપર અથવા શુદ્ધ ખોરાક પર અરુચિ થાય અને જે સગર્ભા સ્ત્રી ચેષ્ટારહિત સ્થિતિમાં ઊંઘ્યા કરવાની ઇચ્છા ધરાવ્યા કરે, તેનો ગર્ભ પણ નાશ પામે છે. ૧૬૪

જે સ્ત્રીને પુત્ર જન્મીને મરી જાય તેનાં ચિહ્નો

सन्धिशोथोऽङ्गपाकश्च विक्रामश्च गुरुर्भवेत् ।
यस्यास्तस्याः सुतो जातो म्रियते नात्र संशयः ॥

જે સગર્ભા સ્ત્રીના સાંધાઓ પર સોજો આવે, અંગોનો પાક થઈ જાય અને ચાલ ભારે થઈ જાય, તે સ્ત્રીનો પુત્ર જન્મીને મરી જાય છે, એમાં સંશય નથી. ૧૬૫

शोचन्त्याः परिदेविन्याः प्रध्यायिन्यास्तथैव च ।
अङ्गुलीस्फोटशीलाया जातः पुत्रो न जीवति॥१३३

જે સગર્ભા સ્ત્રી શોક તથા વિલાપ કર્યા કરતી હોય, ઘણું જ ધ્યાન કે વિચાર કર્યા કરતી હોય અને આંગળીઓના ટચાકા ફોડ્યા કરતી હોય, તેનો પુત્ર જન્મીને જીવતો નથી. ૧૬૬

જન્મેલો પુત્ર ન જીવે તે સંબંધે વધુ ચિહ્નો

दुर्गन्धि च पयो यस्या जटिलाश्च शिरोरुहाः ।
मलिनाश्च ततस्तस्या जातः पुत्रो न जीवति ॥१६७

જે ગર્ભિણી સ્ત્રીનું ધાવણ દુર્ગંધી હોય જેના માથાના વાળ ગૂંચવાઈ ગયા હોય અને મેલા થઈ ગયા હોય તેનો પુત્ર પણ જન્મીને જીવતો નથી. ૧૬૭

જે સગર્ભા સ્ત્રી પોતે ન જીવે તે મૂઢ-ગર્ભાનાં લક્ષણો

पूतिगन्धि मुखं यस्याः शूलं चैवोपजायते ।
निद्रा वाऽभिद्रवत्येनां मूढगर्भा न जीवति ॥१६८

જે ગર્ભિણીનું મોઢું દુર્ગંધથી ગંધાતું હોય, જેણીના ગર્ભાશયરૂપ કોઠામાં શૂળ ભોંકાયા જેવી વેદના થતી હોય અને જેને ચારે બાજુથી નિદ્રા પીડ્યા કરતી હોય એટલે કે પ્રમાણથી વધુ ઊંઘ જેને આવ્યા કરે, તે મૂઢગર્ભવાળી સ્ત્રી જીવે નહિ.૧૬૮

વિવરણ : મૂઢગર્ભનું લક્ષણ બીજા ગ્રંથોમાં આ પ્રમાણે મળે છે-सर्वावयवसंपूर्णो मनोबुद्ध्यादि-संयुतः । विगुणापानसंमूढो मूढगर्भोऽभिधीयते ॥-જે સગર્ભાનો ગર્ભ-બધાય અવયવોથી સંપૂર્ણ થઈ ચૂકયો હોય અને મન તથા બુદ્ધિ આદિથી પણ

સારી રીતે યુક્ત થયો હોય, છતાં વિગુણ–અવળી ગતિવાળા થયેલા (સ્ત્રીના) અપાનવાયુથી અતિશય મૂઢ બની ગયો હોય–મૂંઝાયા કરતો હોય, તે 'મૂઢગર્ભ' કહેવાય છે.' સગર્ભા અવસ્થામાં જે ગર્ભની સ્થિતિ સ્વાભાવિક રહેતી હોય, તેનું સુંદર વર્ણન શારીરના છઠ્ઠા અધ્યાયમાં આમ કર્યું છે–गर्भस्तु खलु मातुः पृष्ठाभिमुखः ऊर्ध्वशिराः संकुच्याङ्गान्यास्ते जरायुवृतः कुक्षौ । स चोपस्थितकाले जन्मनि प्रसूति–मारुतयोगात् परिवृत्त्यावाक्शिरा निष्क्रामत्यपथेन, एषा प्रकृतिः, विकृतिः पुनरतोऽन्यथा '–જે ગર્ભ, માતાની પીઠ તરફ મોઢું રાખી રહ્યો હોય, ઊંચા મસ્તકે રહી અંગોને સંકોચી રહ્યો હોય અને કુખમાં જરાયુ કે ઓળ નામના બારીક ચામડાના પડદાથી વીંટાયો હોય અને જન્મકાળ નજીક આવે ત્યારે જન્મવા માટે પ્રસવકાળના વાયુના કારણે ચારે બાજુથી ફરી જઈ નીચા મસ્તકવાળો થઈ જાય અને સંતાન પ્રસવવાના યોનિમાર્ગે બહાર નીકળી આવે, એ ગર્ભની સ્વાભાવિક સ્થિતિ સમજવી; પરંતુ એથી જે વિપરીત અવસ્થા હોય તે ગર્ભની વિકારયુક્ત સ્થિતિ સમજવી–એ જ મૂઢગર્ભનાં લક્ષણરૂપે વર્ણવેલ છે.

આવી મૂઢગર્ભા સ્ત્રી ન જીવે

मयूरग्रीवसंकाशं या पश्यति हुताशनम् ।
शूनपादमुखा चैव मूढगर्भा न जीवति ॥१६९॥

જે સગર્ભા સ્ત્રી અગ્નિને મોરપક્ષીના ડોકના જેવા રંગવાળો દેખે અને જેના પગ તથા મોઢા પર સોજા આવી ગયા હોય, તે મૂઢગર્ભવાળી સ્ત્રી જીવી શકે નહિ. ૧૬૯

આવા લક્ષણોવાળો ગર્ભિણી સ્ત્રી ન જીવે

पार्श्वशूलं च तृष्णा च संज्ञानाशस्तथैव च ।
श्वासश्च वर्त्मरोधश्च यस्याः साऽपि न जीवति ॥

જે સગર્ભા સ્ત્રીના પડખામાં શૂળ ભોંકાતાં હોય એવી વેદના થાય, જેને વધુ પડતી તરસ લાગ્યા કરે, જેની સંજ્ઞા નાશ પામે, વારંવાર જે બેભાન થયા કરે, જેને શ્વાસ થઈ ચૂક્યો હોય અને જેના રસવાહી તથા અન્નવાહી માર્ગો રુંધાઈ-ગયા હોય, તે સ્ત્રી પણ ન જીવે. ૧૭૦

આવી ગર્ભિણી ન જીવે

कटिग्रहो योनिशूलं पूतिगन्धि मुखं तथा ।
संज्ञानाशः प्रलापो वा गर्भिण्याः सा न जीवति ॥

જેની કેડ ઝલાઈ જાય, જેની યોનિમાં શૂળ ભોંકાતું હોય એવી પીડા થાય, જેનું મોઢું દુર્ગંધથી યુક્ત બની જાય, જેની સંજ્ઞા–ભાન નાશ પામે અને જેનો પ્રલાપ–બકવાદ વધુ ચાલે, તે સગર્ભા સ્ત્રી પણ ન જીવે.

આવી ગર્ભિણીનો ગર્ભ શસ્ત્રક્રિયાથી છૂટે

नासा तु काकवद्यस्याः स्रस्तनेत्रा च या भवेत् ।
तथा शकुन्तगन्धा च गर्भः शस्त्रेण मुच्यते ॥

જે સગર્ભાનું નાક, કાગડાની ચાંચના જેવું થઈ જાય, જેણીનાં નેત્રો સરકેલાં થઈ નીચાં ઢળી પડે અને જેના શરીરમાંથી પક્ષીના જેવી ગંધ નીકળ્યા કરે, તે સ્ત્રીનો ગર્ભ શસ્ત્રક્રિયાથી છૂટો પડે છે–શસ્ત્રથી કાપીને જ તે ગર્ભને ગર્ભાશયમાંથી બહાર કાઢવો પડે છે. ૧૭૨

આવાં લક્ષણવાળી સગર્ભાનો ગર્ભ પણ શસ્ત્રથી બહાર કાઢવો પડે

अजाश्वगन्धा श्वेता या मायूरं मांसमिच्छति ।
गर्भस्तस्यापि शस्त्रेण नार्या निर्हियते नृप ! ॥१७३

જે સગર્ભાના શરીરમાંથી બકરાંના જેવી અને ઘોડાના જેવી ગંધ નીકળવા માંડે, રંગે જે ધોળી બની જાય અને મોરપક્ષીનું માંસ ખાવાની જેને ઇચ્છા થાય, તે સ્ત્રીના ગર્ભને પણ હે રાજા! શસ્ત્રથી બહાર કાઢવો પડે છે. ૧૭૩

આવાં લક્ષણોવાળો ગર્ભિણી નાશ પામે

रक्तवस्त्रपरीधाना रक्तमाल्यानुलेपना ।
स्मयते सा शयाना वा श्मशानं याऽधिरोहति ॥
मूढगर्भा सगर्भा वा गर्भिणी सा विनश्यति ।
खरं वराहं महिषं श्वानमुष्ट्रं तथैव च ॥१७५॥
स्वप्नेऽधिरोहते या तु सगर्भा सा विनश्यति ।

જે સગર્ભા સ્ત્રી રાતાં વસ્ત્રો પહેરે અને રાતા રંગની પુષ્પમાળા તથા લાલ ચંદનનું વિલેપન ધારણ કરે, નિદ્રાવસ્થામાં જેનું

મોઢું મંદમંદ હસ્યા કરે અને જે શ્મશાન તરફ જ્યા કરતી હોય, તે સગર્ભા સ્ત્રી, મૂઢ ગર્ભવાળી કે સારા ગર્ભથી યુક્ત હોય છતાં વિનાશ પામે છે; વળી જે ગર્ભિણી સ્ત્રી સ્વપ્નમાં ગધેડા પર, ભૂંડ-ડુક્કર પર, કૂતરાની ઉપર અથવા ઊંટ ઉપર સવારી કરે છે, તે પણ નાશ પામે છે. ૧૭૭

ગર્ભિણીએ કાયમ સત્કર્મમાં તત્પર રહેવું

नित्यस्नाता च मृष्टा च शुक्लवस्त्रधरा शुचिः ॥
देवविप्रपरा सौम्या गर्भिणी तु सदा भवेत् ।

સગર્ભા સ્ત્રીએ કાયમ સ્નાન કરવું, શરીરને શુદ્ધ સાફ રાખ્યા કરવું, હંમેશાં ધોળાં વસ્ત્રો ધારણ કરવાં, સર્વકાળે પવિત્ર રહેવું, દેવો તથા બ્રાહ્મણોને પૂજવા અને હમેશાં સૌમ્ય-શાંત રહેવું જોઈએ. ૧૭૯

સગર્ભા સ્ત્રીએ ધારણ કરવાલાયક ઔષધિઓ

बहुपुत्रामनन्तां च ईश्वरीं मुदितां तथा ॥१७७॥
ब्राह्मीं च सहदेवां च तथा चैवेन्द्रवारुणीम् ।
जीवकर्षभकौ भार्गीं समङ्गां च तथैव च ॥१७८
रोहपादान् वटशुङ्गानात्मगुप्तां तथैव च ।
अरिष्टं पूतनां केशीं शतवीर्यां च पार्थिव ! ॥१७९
सहस्रवीर्यां चैतानि प्राजापत्येन संहरेत् ।
संदधेदथ पुष्येण धारयेदुत्तरेषु च ॥ १८० ॥

બહુપુત્રા-જીયાપોતો, અનન્તા-અનંતમૂલ, ઈશ્વરી-શિવલિંગી, મુદિતા, બ્રાહ્મી, સહદેવા, ઇંદ્રવારુણી, જીવક, ઋષભક, ભારંગી, મજીઠ, રોહપાદ, વડના અંકુર, કૌંચાં, લીંબડો, પૂતના હરડે, કેશી-સુગંધી જટામાંસી, શતવીર્યા-શતાવરી અને સહસ્રવીર્યા ધોળી પ્રોખડ-એટલી ઔષધીઓને પ્રાજાપત્ય વિધિથી વૈદ્યે લાવવી જોઈએ. પછી તેઓને પુષ્ય નક્ષત્રમાં સાંધી લેવી અને ત્રણે ઉત્તરાઓ-ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદા કે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રોમાં ગર્ભિણી સ્ત્રીએ ધારણ કરવી. ૧૭૭-૧૮૦

ગર્ભિણીએ ધારણ કરવાનાં મણિ વગેરે

त्रैवृतं तु मणिं कृत्वा तं श्रोण्यां गर्भिणी सदा ।
प्रजाता शिरसा राजन् ! धारयेत् कारयेत्तथा ॥
सूतिकाया विशेषेण रक्षोघ्नानि हितानि च ।

ગર્ભિણી સ્ત્રીએ, નસોતરનો મણકો બનાવી કેડ ઉપર હમેશાં ધારણ કરવો; અને પછી હે રાજન્ ! તેને સંતાન જન્મે તે પછી એ મણકાને તે સ્ત્રીએ મસ્તક વડે ધારણ કરવો; તેમજ પ્રસવ પામેલી તે સ્ત્રીએ રાક્ષસોનો નાશ કરનારાં ઔષધદ્રવ્યો ધારણ કરવાં અને તેવા પ્રકારનાં વિધાનો કરવાં પણ હિતકારી થાય છે. ૧૮૧

જ્વરાદિ વિષયોનાં લક્ષણો સગર્ભા સ્ત્રીઓમાં પણ સામાન્ય હોય

ज्वराद्यानां विकाराणां यत्र यत्रेह लक्षणम् ॥१८२
अन्नादानां प्रवक्ष्यामि तज्ज्ञेयं गर्भिणीष्वपि ।
इति ह स्माह भगवान् कश्यपः ॥ १८३ ॥

ખોરાકને ખાતાં મનુષ્યોના જ્વરાદિ વિકારોનાં લક્ષણો, જ્યાં જ્યાં હું કહેવાનો છું, તે તે લક્ષણો સગર્ભા સ્ત્રીઓમાં પણ એક સરખાં સમજવાં, એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું. ૧૮૨,૧૮૩

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં ખિલસ્થાન વિષે અંતર્વત્ની-સગર્ભાની ચિકિત્સા' નામનો અધ્યાય ૧૦ મો સમાપ્ત

સૂતિકોપક્રમણીય : અધ્યાય ૧૧ મો

મંગલાચરણ અને આરંભ

अथातः सूतिकोपक्रमणीयं नामाध्यायं व्याख्यास्यामः ॥ १ ॥
इहि ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી સૂતિકા-પ્રસવ પામેલી સુવાવડી સ્ત્રીની જેમાં ચિકિત્સા કહેવાશે, તે નામનો અગિયારમો અધ્યાય કહેવાની અમે શરૂઆત કરીશું, એમ ખરેખર ભગવાન કશ્યપે પોતે જ કહ્યું હતું. ૧,૨

સૂતિકાની ચિકિત્સા કહેવાની પ્રતિજ્ઞા

उपक्रमं तु सूतानां सविशेषमतः परम् ।
संप्रवक्ष्यामि कात्स्न्र्येन तन्निबोध यथाक्रमम् ॥३

હવે પછી અહીંથી આરંભી સુવાવડીની ચિકિત્સા સંપૂર્ણપણે હું કહું છું, તેને તમે અનુક્રમે સાંભળો. ૩

પ્રસવકાલ એ ભયજનક હોય છે

गर्भात प्रभृति सूतायां भिषग्भवति कार्यवान् ।
कथं नु काले संपूर्णे सूयेदित्यपरापरम् ॥ ४ ॥
प्राप्ते प्रसवकाले च भयमुत्पद्यते यतः ।
अस्मिन्नेकः स्थितः पादो भवेदन्यो यमक्षये ॥५॥

હરકોઈ સ્ત્રી સગર્ભા થાય ત્યારથી આરંભી છેક પ્રસવ થાય અથવા તે સુવાવડી અને ત્યાં સુધી વૈદ્યે તેના સંબંધે યોગ્ય ચિકિત્સા કરવા કાળજી રાખ્યા કરવી જોઈએ; તેમ જ આ સ્ત્રી સમય પૂર્ણ થતાં–યોગ્યપણે કેવી રીતે પ્રસવે, તે માટે ઉત્તરોત્તર ધ્યાન આપી તે તે યોગ્ય કર્મ તેના સંબંધે કર્યા કરે; કારણ કે પ્રસવકાળ એ ભયજનક છે અને તે કાળ પ્રાપ્ત થાય છે ત્યારે તે પ્રસવ-પરાયણ થયેલી સ્ત્રીનો એક પગ આ લોકમાં અને બીજો પગ યમદેવના નિવાસસ્થાને રહ્યો હોય છે. ૪,૫

વિવરણ: અર્થાત્ ગર્ભધારણના કાળથી આરંભી છેક પ્રસવકાળ પર્યંત હરકોઈ સ્ત્રીના સંબંધે વૈદ્યે તેની ખાસ કાળજી અને ચિંતા કર્યા કરવી જોઈએ, એમ અહીં વૈદ્યને આવશ્યક સૂચના આપવામાં આવી છે. એ ગાળામાં કોઈ પણ વિઘ્ન આવી ન ચડે, તે વૈદ્યે, સાવધાનીથી જોયા કરવું જોઈએ; કારણ કે તેટલા–નવ મહિના સુધીના સમયમાં એ સ્ત્રીને અનેક ઉપદ્રવો પ્રાપ્ત થવાનો સંભવ રહે છે. એકંદર ગર્ભ ધારણથી આરંભી છેક પ્રસવ થાય ત્યાં સુધીની અવસ્થા ઘણી ભયંકર હોય છે; અને તેમાંયે પ્રસવકાળની પ્રાપ્તિ–એ ખરેખર પ્રાણઘાતક જેવી ભયાનક હોઈ સ્ત્રીઓને અત્યંત ત્રાસજનક થઈ પડે છે અને તેવી ભયજનક સ્થિતિ હરકોઈ સ્ત્રીના પ્રથમ પ્રસવના સમયે વધુ પ્રમાણમાં હોય છે. ૪,૫

પ્રસૂતા સ્ત્રી પણ અપ્રસૂતા સમાન

सूतायाश्चापि तत्र स्यादपरा चेत्र निर्गता ।
प्रसूताऽपि न सूता स्त्री भवत्येवं गते सति ॥६

હરકોઈ સ્ત્રી પ્રસવી ચૂકી હોય છતાં જ્યાં સુધી તે સ્ત્રીની અપરા–ઓળ બહાર ન નીકળી આવે ત્યાં સુધી તે ભલે પ્રસૂતા થઈ ચૂકી હોય એટલે કે સંતાનને ભલે પ્રસવી ચૂકી હોય, તોયે તેની ઓળ જ્યાં સુધી બહાર ન નીકળી જાય ત્યાં સુધી તે સ્ત્રી વસ્તુતઃ પ્રસવી ચૂકી જ નથી, એમ સમજવું જોઈએ; કેમ કે પ્રસવેલી સ્ત્રીની ઓળ, બહાર ન નીકળી જાય, ત્યાં સુધી તે સ્ત્રીને વધુ પ્રમાણમાં કષ્ટ થયા કરે છે અને તે ઓળ જ્યાં સુધી ગર્ભાશયમાં અલ્પાંશે પણ બાકી રહી ગઈ હોય, ત્યાં સુધી અનેક પ્રકારના સૂતિકા–રોગો, તે સુવાવડી સ્ત્રીને લાગુ થવાનો સંભવ પણ રહ્યા કરે છે. ૬

દુષ્પ્રજાતા સ્ત્રીને સંભવતા ૬૪ રોગો

दुष्प्रजाताभयाः सन्ति चतुःषष्टिरिति स्थितिः ।
योनिर्भ्रष्टा क्षता चैव विभिन्ना मूत्रसङ्गिनी ॥७॥
सशोफस्रावणी चैव प्रसुता वेदनावती ।
पार्श्वपृष्ठकटीशूलं हृदि शूलं विषूचिका ॥ ८ ॥
प्लीहा महोदरत्वं च शाखावातोऽङ्गमर्दकः ।
भूक्षेपको हनुस्तम्भो मन्यास्तम्भोऽपतानकः ।
मक्कल्लो विद्रधिः शोफः प्रलापोन्मादकामलाः ॥९
दौर्बल्यं भ्रमली कार्श्यं भक्तद्वेषोऽविपाचकः ।
ज्वरातिसारौ वैसर्पश्छर्दिस्तृष्णा प्रवाहिका ॥१०
हिक्का श्वासश्च कासश्च पाण्डुर्गुल्मश्च रक्तजः ।
आनाहाध्मापने चोमे वर्चोमूत्रग्रहावपि ॥ ११ ॥
मुखरोगोऽक्षिरोगश्च प्रतिश्यायगलग्रहौ ।
राजयक्ष्माऽर्दितं कम्पः कर्णस्रावः प्रजागरः ॥१२
उष्णवातो ग्रहाबाधस्तनरोगोऽथ रोहणी ।
वाताष्ठीला वातगुल्मरक्तपित्तविचर्चिकाः ॥१३॥

જે સ્ત્રી દુષ્પ્રજાતા થઈ હોય એટલે કે જેની સુવાવડ બરાબર યોગ્ય પ્રકારે પામી ન હોય તે સ્ત્રીને ૬૪ રોગો થવાનો સંભવ રહે છે; આવી આયુર્વેદીય ચોક્કસ માન્યતા છે. એ ૬૪ રોગોનાં આયુર્વેદીય નામો આ પ્રમાણે કહ્યાં છે: ભ્રષ્ટયોનિ, ક્ષતયોનિ, વિભિન્નયોનિ, મૂત્રસંગવતીયોનિ, સશોફયોનિ, સાવિણીયોનિ, પ્રસુપ્તાયોનિ,

વેદનાવતીયોનિ, પાર્શ્વશૂલ, પૃષ્ઠશૂલ, કટિશૂલ, હૃદયશૂલ, વિષૂચિકા, પ્લીહા, મહોદર, શાખાવાત, અંગમર્દ, ભ્રૂક્ષેપ, હનુસ્તંભ, મન્યાસ્તંભ, અપતાનક, મક્કલ્લ, વિદ્રધિ, શોફ–સોજો, પ્રલાપ, ઉન્માદ, કામલા, દુર્બલતા, ભ્રમ, કૃશતા, ભક્તદ્વેષ, અવિપાક–અપચો, જ્વર, અતિસાર, વિસર્પ, છર્દિ, તૃષ્ણા, પ્રવાહિકા, હિક્કા, શ્વાસ, કાસ, પાંડુ, રક્તગુલ્મ, આનાહ, આધ્માન, વર્ચોગ્રહ, મૂત્રગ્રહ, મુખરોગ, અક્ષિરોગ, પ્રતિશ્યાય, ગલગ્રહ, રાજયક્ષ્મા, અર્દિત, કંપન, કર્ણસ્રાવ, પ્રજાગર, ઉષ્ણવાત, ગ્રહબાધા, સ્તનરોગ, રોહિણી, વાતાષ્ઠીલા, વાતગુલ્મ, રક્તપિત્ત અને વિચર્ચિકા. ૭–૧૩

ઉપર્યુક્ત ૬૪ રોગોથી સૂતિકાનું કઈ રીતે રક્ષણ કરવું?

इत्येते सूतिकारोगाश्चतुःषष्टिरुदाहृताः ।
तेभ्यः सर्वेभ्य एवासौ रक्षितव्या कथं त्विति ॥

એ પ્રમાણે સૂતિકાના જે ૬૪ રોગો કહ્યા છે, તેઓથી વૈદ્યે સૂતિકાનું રક્ષણ કઈ રીતે કરવું? એ પ્રશ્ન ખરેખર વિચારવા યોગ્ય છે. ૧૪

એ પ્રશ્નસંબંધે વૈદ્યો મૂંઝાય છે

तद्विद्वामपि संमोहो भिषजामुपजायते ।
किं पुनर्येऽल्पमतयः परतन्त्रोपशिक्षिताः ॥१५॥

ઉપર જે પ્રશ્ન કર્યો છે, તે સંબંધે તેના જાણકાર વૈદ્યોને પણ મૂંઝવણ થાય છે, તો પછી જેઓની બુદ્ધિ ઓછી હોય છે અને જેઓ આયુર્વેદ સિવાયનાં બીજાં શાસ્ત્રો શીખ્યા હોય, તેઓને તે સંબંધે અત્યંત મૂંઝવણ થાય, એમાં શું પૂછવાનું હોય? ૧૫

વૈદ્યે સૂતિકાની ચિકિત્સા સંબંધે ખૂબ સાવધ રહેવું

तस्मात् सुनिश्चितार्थेन तद्विद्येनाऽनुदर्शिना ।
अप्रमत्तेन सभाव्यं सूतिकानामुपक्रमे ॥ १६ ॥

એ કારણે વૈદ્યકીય અર્થોનો જેણે સારી રીતે નિશ્ચય કર્યો હોય અને વૈદ્યકીય વિદ્યા જેણે જાણી હોય તેમજ વૈદ્યકીય ચિકિત્સા–પદ્ધતિ જેણે કાળજીથી જોઈ હોય, તેવા વૈદ્યે સૂતિકાની ચિકિત્સા કરવામાં બરાબર સાવધાન રહેવું જોઈએ. ૧૬

સૂતિકાની સામાન્ય તથા વિશેષ ચિકિત્સા કહેવાની પ્રતિજ્ઞા

तदुपक्रमसामान्यं विशेषोपक्रमं तथा ।
वक्ष्यामि व्यासतो देशविदेशकुलसात्म्यतः ॥१७

એ સૂતિકાની સામાન્ય તથા વિશેષ ચિકિત્સાને હવે હું દેશ, વિદેશ, કુલ તથા સાત્મ્યને અનુસરી વિસ્તારથી કહું છું. ૧૭

પ્રસૂતાનો પ્રાથમિક ચિકિત્સા

प्रजातमात्रामाश्वास्य सूतां शाक्ला विजा-
(प्रसा)विका(?) ।
न्युब्जां शयानां संवाह्य पृष्ठे संश्लिष्य कुक्षिणा ॥
पीडयेद्बृहतीमुदरं गर्भदोषप्रवृत्तये ।
महताऽदुष्टपट्टेन कुक्षिपार्श्वे च वेष्टयेत् ॥ १९ ॥
तेनोदरं स्वसंस्थानं याति वायुश्च शाम्यति ।

પ્રસૂતા સ્ત્રી સંતાનને જેવી જન્મ આપે કે તરત શલ્કા–પ્રિય બોલનારી સુયાણી સ્ત્રીએ, તેને પ્રથમ આશ્વાસન આપવું. પછી ઊંધી સૂતેલી તે સ્ત્રીને વાંસાની ઉપર સારી રીતે દાબીને કૂખ વડે સારી રીતે સંબંધ કરવો–વળગી પડીને ગર્ભના દોષની પ્રવૃત્તિ માટે તે સુવાવડીના પેટને ખૂબ દબાવવું; પછી તે સુવાવડીના કૂખના પડખાં ઉપર મોટા સાફ પાટાથી વેષ્ટન કરવું–એટલે કે કૂખના પડખાં ઉપર સાફ પાટો બાંધી દેવો; તેથી એ સુવાવડીનું પેટ, પોતાના સ્થાન પર જતું રહે છે અને તેનો વાયુ પણ શમી જાય છે. (આ સંબંધે ચરકે શારીરના ૮ મા અધ્યાયમાં પણ કહ્યું જ છે.). ૧૮,૧૯

चर्मावनद्धामासन्दीं बलातैलोष्णपूरिताम् ॥२०॥
अभ्यासीत सदा सूता तथा योनिः प्रसीदति ।
प्रियङ्गुकानां कुसुरैः स्वभ्यक्तां स्वेदयेत्ततः ॥२१॥

વળી તે પ્રસૂતા સ્ત્રીએ, ચામડાંથી મઢેલી અને બલા–ખપાટના ગરમ તેલથી પૂર્ણ ભરેલી આસન્દી–એટલે કે નાની

ખાટલી કે માંચી ઉપર પણ હમેશાં એસી રહેવું; તેથી એ પ્રસૂતાની યોનિ પ્રસન્ન અથવા નિર્મળ બની જાય છે; તે પછી એ યોનિ પર તેલથી સારી રીતે માલિસ કરી પ્રિયંગુ-ધઉંલાની ખીચડીથી સારી પેઠે સ્વેદન પણ આપવું. (એટલે કે બાફ દેવી.) ૨૦,૨૧

ઉપર દર્શાવેલ યોનિસ્વેદન પછીનું ધૂપન

स्विन्नामुष्णाम्बुना स्नातां विश्रान्तां विगतक्लमाम्।
कुष्ठगुग्गुल्वगुरुभिर्धूपयेद्घृतसंयुतैः ॥ २२ ॥

એમ ઉપર દર્શાવ્યા પ્રમાણે જેણે સ્વેદન કર્મ કર્યું હોય અને પછી ગરમ પાણી વડે જેણે સ્નાન કર્યું હોય એવી તે પ્રસૂતા વિશ્રાન્તિ પામે તે પછી ઘીથી યુક્ત કરેલ કઠ, ગૂગળ અને અગુરુ વડે તે સ્ત્રીને આખા શરીરને ધૂપ દેવો. ૨૨

પછી ત્રણ કે પાંચ દિવસ સુધી મંડપાન તથા સ્નેહપાન

ततोऽग्निबलमु(वि)द्वीक्ष्य त्र्यहं पञ्चाहमेव वा।
मण्डानुपानमन्वक्षं पिबेत् स्नेहं हिताशिनी ॥२३

તે પછી એ પ્રસૂતાનું અગ્નિબળ જોઈને તેને અનુસરી ત્રણ દિવસ કે પાંચ દિવસ સુધી વૈદ્યે તેને મંડપાન જ કરાવવું અને પછી તે સ્ત્રીએ હિતકારી ભોજન કરતાં રહી પોતાની ઇન્દ્રિય શક્તિ અનુસરીને સ્નેહપાન પણ કર્યા કરવું. ૨૩

વિવરણ: અહીં દર્શાવેલ મંડનું લક્ષણ સુશ્રુતે તથા મદનપાલે નિઘંટુમાં આમ કહ્યું છે– જેમ કે સુશ્રુત-સૂત્રસ્થાનના ૪થા અધ્યાયમાં આમ લખે છે કે-'सिक्थकैर्विरहितो मण्डः'-જેમાં અનાજના દાણા ન હોય તે-ઓસામણ 'મંડ' કહેવાય છે;' પરંતુ મદનપાલ આમ કહે છે કે-'જે ધાન્યથી ચૌદગણા પાણીમાં ઉકાળી તૈયાર કરવામાં આવે અને જેમાં ધાન્યનો કણ ન જણાય તે 'મંડ' કહેવાય છે.'૨૩

સ્નેહ પચ્યા પછી સુતિકાએ ત્રણ દિવસ યવાગૂ જમવી

स्नेहव्युपरमेऽश्नीयादल्पस्नेहामसैन्धवाम्।
यवागूं त्र्यहमेवात्र पिप्पलीनागराश्रिताम् ॥२४॥

स्याद्व्यपेतौषधा पश्चात् सस्नेहलवणोत्तरा।

સ્નેહપાન જે કર્યું હોય તે પચી ગયા પછી સૂતિકા સ્ત્રીએ, થોડા સ્નેહથી યુક્ત, સૈંધવથી રહિત અને પીપર તથા સૂંઠનું ચૂર્ણ નાખેલી યવાગૂ એટલે પાતળી રાબ જ ત્રણ દિવસ સુધી પીવી જોઈએ અને તે પછી જ સ્નેહ તથા લવણથી યુક્ત અને જેમાં ઔષધનું ચૂર્ણ પણ ન નાખેલ હોય એવી યવાગૂ પીધા કરવી. ૨૪

વિવરણ: ચરકે પણ શારીરના ૮મા અધ્યાયમાં આમ જ કહ્યું છે કે, 'जीर्णे तु स्नेहे पिप्पल्यादिभिरेव सिद्धां यवागूं सुस्निग्धां द्रवां मात्रयाः पाययेत्॥'– સ્નેહપાન જે કર્યું હોય તે પચી જાય ત્યારે તે સૂતિકા સ્ત્રીને પીપર આદિ ઔષધદ્રવ્યો નાખી પકવેલી, સારી રીતે સ્નેહથી યુક્ત-પ્રવાહી-પાતળી રાબ જ અમુક થોડા પ્રમાણમાં પાયા કરવી જોઈએ.

સુવાવડીને કળથીનો યૂષ તથા ઘીમાં વઘારેલાં અમુક જ શાકો અપાય

कुलत्थयूषः सस्नेहलवणाम्लस्ततः परम् ॥२५॥
तथैव जाङ्गलरसः शाकानीमानि चाप्यतः।
घृतभृष्टानि कूष्माण्डमूलकैर्वारुकाणि च ॥ २६॥

(પ્રથમ અમુક દિવસો કેવળ રાબ જ આપ્યા) પછી સુવાવડી સ્ત્રીને સ્નેહયુક્ત લવણ તથા ખટાશથી સંસ્કારી કરેલ કળથીનો યૂષ (ઉકાળો) અપાય; તેમ જ જાંગલ પ્રાણીઓના માંસનો રસ તથા આ શાકો પણ આપી શકાય છે; જે શાકો કોળું, મૂળા અથવા કાકડીનાં બનાવેલ હોઈ ઘીથી જ વઘારેલાં હોવાં જોઈએ. ૨૫,૨૬

એક મહિના સુધી સુવાવડી સ્ત્રી કાળજીથી સ્નેહ તથા સ્વેદ સેવે

स्नेहस्वेदौ च सेवेत मासमेकमतन्द्रिता।
उष्णोदकोपचारं च स्वस्थवृत्तमतः परम् ॥२७॥

સુવાવડી સ્ત્રીએ એક મહિના સુધી આળસ રાખ્યા વિના સ્નેહપાન તથા સ્વેદશેક સેવ્યા કરવાં જોઈએ; તેમજ ગરમ પાણીથી જ બધા ઉપચારો (હાથ-પગ ધોવા–

મોઢું ધોવું વગેરે) સેવવા અને તે પછી જ સ્વસ્થ નીરોગી માણસ જેમ વર્તે તેમ વર્તવું; એટલે કે નીરોગી માણસના જેવા આહાર વિહારો, એક મહિના પછી જ સુવાવડીએ સેવવા. ૨૭

સ્વસ્થ વૃત્તોનું વર્ણન

त्रिविधं देशमाश्रित्य वक्ष्यामि त्रिविधं विधिम्।
आनूपदेशे भूयिष्ठं वातश्लेष्मात्मका गदाः ॥२८
तत्राभिष्यन्दभूयस्त्वादादौ स्नेहो विगर्हितः।
मण्डादिरत्र कर्तव्यः संसर्गोऽग्निबलावहः ॥२९॥
स्वेदो निवातशयनं सर्वमुष्णं च शस्यते।

ત્રણ પ્રકારના દેશોનો આશ્રય કરી ત્રણ પ્રકારનાં સ્વસ્થ વૃત્તો જે હોય છે, તેઓને હું કહું છું; અનૂપ દેશ-જલ-પ્રધાન-કચ્છ વગેરે પ્રદેશોમાં લગભગ વાયુપ્રધાન તથા કફપ્રધાન રોગો થવાનો સંભવ રહે છે; કેમ કે તે આનૂપ દેશોમાં અભિષ્યંદ-ક્લેજનું પ્રમાણ બીજા દેશો કરતાં વધુ હોય છે; તેથી એવા પ્રદેશોમાં સુવાવડી સ્ત્રી, શરૂઆતમાં સ્નેહપાન જો સેવે, તો તે નિંદ્ય ગણાય છે; માટે તેવા આનૂપ દેશોમાં સુવાવડી સ્ત્રીએ મંડ-ઓસામણ આદિ લોજનક્રમ શરૂઆતમાં જો સેવેલ હોય તો તેથી તેના જઠરાગ્નિને બળ પ્રાપ્ત થાય છે; તેમ જ એવા આનૂપ દેશમાં સુવાવડી સ્ત્રી વાયુરહિત પ્રદેશમાં જ સૂએ અને બધું ગરમ જ સેવ્યા કરે તે ઉત્તમ ગણાય છે.

વિવરણ : આ સંબંધે સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૩૫મા અધ્યાયમાં આમ કહ્યું છે-तत्र बहूदक-निम्नोन्नतनदीवर्षगहनो मृदुशीतानिलो बहुमहापर्वतवृक्षो मृदुसुकुमारोपचितशरीरमनुष्यप्रायः कफवातरोग-भूयिष्ठश्चानूपः'-જ્યાં ઘણું પાણી, ઘણા નીચા-ઊંચા પ્રદેશો અને નદીઓ પણ જ્યાં ઘણી હોય, જ્યાં વરસાદ પણ ઘણો થતો હોય, જ્યાં મોટા પર્વતો અને વૃક્ષો પણ ઘણાં હોય; જ્યાંનાં મનુષ્યો, લગભગ કોમળ, ખૂબ સુંવાળાં અને પુષ્ટ શરીરવાળાં હોય અને જે દેશમાં કફના તથા વાયુના રોગો અતિશય વધુ પ્રમાણમાં થતા હોય, તે દેશ 'આનૂપ' કહેવાય છે.

જાંગલ દેશનું લક્ષણ

नियतं जाङ्गले देशे वातपित्तात्मका गदाः ॥३०
तदत्र स्नेहसात्म्यत्वात् स्नेहादिः स्यादुपक्रमः।
कार्यः प्रजातमात्राया विशेषश्चात्र बुध्यते ॥३१॥

જાંગલ દેશમાં વાતપ્રધાન તથા પિત્તપ્રધાન રોગો ચોક્કસ થયા કરે છે; એ કારણે તે જાંગલ દેશમાં સ્નેહનું સાત્મ્યપણું હોય છે એટલે કે સ્નેહનું સેવન વધુ માફક આવે છે, તેથી એ જાંગલ દેશમાં સ્નેહાદિ ચિકિત્સા કરવી જોઈએ; અને તેમાં પણ એ જાંગલ પ્રદેશમાં પ્રસૂતા થયેલી-સુવાવડી સ્ત્રીના સંબંધે તો વિશેષે કરી સ્નેહાદિ ચિકિત્સા જ ખાસ કરી હિતકારી થાય, એમ સમજાય છે. ૩૦,૩૧

વિવરણ : આ સંબંધે સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૩૫મા અધ્યાયમાં આમ કહ્યું છે કે-आकाशसमः प्रविरलाल्पकण्टकिवृक्षप्रायोऽल्पवर्षप्रस्रवणोदपानोकप्राय उष्णदारुणवातः प्रविरलाल्पशैलः स्थिरकृशशरीरमनुष्यप्रायो वातपित्तरोगभूयिष्ठश्च जाङ्गलः'-જ્યાં એકસરખું આકાશ અથવા ખુલ્લો ભાગ હોય, છૂટાંછવાયાં અને થોડાં કાંટાવાળાં વૃક્ષો જ્યાં લગભગ વધુ હોય, જ્યાં વરસાદ ઓછો થતો હોય, જ્યાં પાણીનાં ઝરણાં અને જલાશય પ્રદેશો ઓછા હોય, ગરમ કઠોર વાયરા જ્યાં વાયા કરતા હોય, પર્વતો કે પહાડો જ્યાં છૂટાંછવાયા હોય અને જ્યાંના મનુષ્યો લગભગ સ્થિર અને પાતળાં શરીરવાળાં હોય તે પ્રદેશ 'જાંગલ' નામે કહેવાય છે.

પ્રસૂતાના સ્નેહપાન સંબંધે કાળનિયમન

कुमारप्रसवे तैलं कुमारीप्रसवे घृतम्।
पिबेज्जीर्णे यवागूं च दीपनीयोपसंस्कृताम् ॥३२॥
पञ्चाहं सप्तरात्रं वा ततो मण्डाद्युपक्रमः।

સુવાવડી સ્ત્રીને પુત્રનો જન્મ થયો હોય તો તેણે તલનું તેલ પીવું અને પુત્રીનો પ્રસવ થયો હોય તો ઘી પીવું; એ સ્નેહપાન પચી ગયું હોય ત્યારે, તે સ્ત્રીએ દીપનીય દ્રવ્યોથી સંસ્કારી કરેલી યવાગૂ પીવી; તે પછી પાંચ

દિવસ કે સાત દિવસો સુધી મંડ આદિનો ભોજનક્રમ સ્વીકારવો. ૩૨

સાધારણ દેશમાં સાધારણ નીતિ

देशे साधारणे चास्या हितः साधारणो विधिः ॥३३॥

જે દેશ સાધારણ હોય એટલે કે–જેમાં આનૂપ તથા જાંગલ એ બેય દેશનાં લક્ષણો હોય, તે દેશમાં સુવાવડી સ્ત્રીના સંબંધે જે સાધારણ વિધિ એટલે કે આનૂપ તથા જાંગલ દેશ–એ બેય દેશમાં જે વિધિ કરાય તે જ વિધિ કરવી, તે તેને હિતકારી થાય છે. ૩૩

વિવરણ: અહીં જણાવેલ સાધારણ દેશનું લક્ષણ સુશ્રુતે આમ કહ્યું છે: 'उभयदेशलक्षणः साधारण इति'–જે દેશમાં આનૂપ દેશનાં તથા જાંગલદેશનાં બેયનાં લક્ષણો સાધારણ તરીકે એક સરખાં મળતાં હોય, તે દેશને સાધારણ દેશ જાણવો.

સુવાવડી સંબંધે જુદા દેશની આહાર આદિ પદ્ધતિ

वैदेश्याश्च प्रयच्छन्ति विविधा म्लेच्छजातयः ।
रक्तं मांसस्य निर्यूहं कन्दमूलफलानि च ॥३४॥

જુદા દેશના (માંસભક્ષી) અનેક પ્રકારની મ્લેચ્છ જાતિના લોકો, સુવાવડી સ્ત્રીને (ખોરાકમાં) જાંગલ પ્રાણીઓનું રુધિર તથા માંસનો રસ અથવા કંદમૂળ તથા ફળોરૂપ ખોરાક આપે છે. ૩૪

સુવાવડીના ઉપચાર કુલસાત્મ્ય અનુસાર કરવા

कुलसात्म्यं च बुध्येत यस्मिन् यस्मिन् यथा यथा ।
औचित्यात् कुलसात्म्यस्य तत्तथैवानुवर्तते ॥३५॥

અથવા જે જે દેશમાં જે જે કુળનું સાત્મ્ય જે જે પ્રકારે જણાય તે તે પ્રકારે કુળના સાત્મ્યની યોગ્યતાને અનુસરી વૈદ્યે (સુવાવડીના) ઉપચારો કરાવવા; કારણ કે તે કુળસાત્મ્ય તે જ પ્રકારે દેશ, કાળ આદિનું અનુસરણ કરે છે. ૩૫

सूतिकाना उपचारो देश आदिने अनुसरी कराय

अतो नैकान्तिकत्वाच्च सूतिकोपक्रमस्य च ।
देशं च जातिसात्म्यं च संप्रधार्य प्रयोजयेत् ॥३६॥

એ કારણે સૂતિકાના ઉપચારોનું એકાંતિકપણું હોતું નથી એટલે કે ચોકસ એક જ ધારી પદ્ધતિ સર્વત્ર હોતી નથી; પણ દેશ તથા જાતિના સાત્મ્યનો સારી રીતે નિશ્ચય કર્યા પછી જ તેને અનુસરી સુવાવડીના ઉપચારોની સારી રીતે યોજના કરાવવી. ૩૬

दुष्प्रजातानीकेटलीक चिकित्सा कहेवानी प्रतिज्ञा

उक्तं तद्व्याधिभैषज्यं दुष्प्रजातोपचारिके ।
केषांचिदिह वक्ष्यामि व्याधीनामत उत्तरम् ॥३७॥

આ ગ્રંથમાં દુષ્પ્રજાતા એટલે કે જેની સુવાવડ બગડી હોય એવી સ્ત્રીના ઉપચારોને લગતા પ્રકરણમાં તે તે દુષ્પ્રજાતાઓને લાગુ થતા રોગોની ઔષધચિકિત્સા જે કહેવાઈ છે, તેમાંના કેટલાક રોગોની ચિકિત્સા હવે પછી અહીં હું કહેવા ધારું છું. ૩૭

સર્વની પહેલાં જ્વરની ચિકિત્સા કહેવાની પ્રતિજ્ઞા

सर्वेषामेव रोगाणां ज्वरः कष्टतमो मतः ।
तदस्यादौ विधिं वक्ष्ये निदानाकृतिभेषजैः ॥३८॥

બધાયે રોગોમાં જ્વર રોગ જ અતિશય કષ્ટદાયી મનાયો છે; એ કારણે તે જ્વરની જ ચિકિત્સાવિધિ, તેનાં નિદાનો, લક્ષણો તથા ઔષધોની સાથે હું અહીં કહું છું. ૩૮

સૂતિકાના છ પ્રકારના જ્વરો

षड्विधस्तु प्रसूतानां नारीणां जायते ज्वरः ।
निजागन्तुविभागेन निदानं तस्य मे शृणु ॥३९॥

સુવાવડી સ્ત્રીઓને આવા છ પ્રકારના જ્વરો ઉત્પન્ન થાય છે: નિજ એટલે વાતજ, પિત્તજ, કફજ અને સાંનિપાતિક; આગંતુ, સ્તન્યજ તથા ગ્રહજ; એ છયે જ્વરોનાં નિદાનો પણ હું તમને કહું છું, તમે સાંભળો. ૩૯

ઉપર્યુક્ત જ્વરોનાં નિદાનો

वेगसंधारणाद्रौक्ष्याद् व्यायामादत्यसूक्क्षयात् ।
शोकादत्यग्निसंतापात् कटूष्णाम्लोष्णातिसेवनात् ॥
दिवास्वप्नात् पुरोवाताद् गुर्वभिष्यन्दिभोजनात् ।
स्तन्यागमाद् ग्रहाबाधादजीर्णाद् दुष्प्रजायनात् ॥

ज्वरः संजायते नार्याः षड्विधो हेतुभेदतः ।

(મલ-મૂત્રાદિના આવેલા) વેગોને રોકવાથી, રૂક્ષતાના કારણથી, વધુ પડતા શારીરશ્રમથી, રુધિરનો અતિશય ક્ષય થવાથી, શોકના કારણથી, વધુ પડતા અગ્નિના સંતાપથી; તીખા, ખાટા અને ગરમ પદાર્થોના અતિશય સેવનથી, દિવસે ઊંઘ્યા કરવાથી, પૂર્વ દિશાના વાયુને સેવવાથી, ભારે હોઈ પચવા મુશ્કેલ અને અભિષ્યંદિ-શરીરમાં વધુ ભેજ કરે, એવા ખોરાકો જમવાથી, સ્તનમાં ખૂબ ધાવણ ભરાવાથી, ગ્રહોની પીડાથી, અજીર્ણના કારણથી અને દુષ્પ્રજનન એટલે કે સુવાવડ અગડવાથી (સુવાવડી) સ્ત્રીઓને (ઉપર્યુક્ત) છ પ્રકારનો જ્વર, તે તે જુદાં જુદાં નિદાનોથી ઉત્પન્ન થાય છે. ૪૦,૪૧

ઉપર્યુક્ત છયે જ્વરોનાં પૂર્વરૂપો

स एव पूर्वरूपेषु व्यभिचीर्णो विरोधिभिः ॥४२॥
संसृष्टैः स्नेहशीताम्बुस्नानपानाशनादिभिः ।
सन्निपातज्वरो घोरो जायते दुरुपक्रमः ॥४३॥

એ જ ઉપર્યુક્ત જ્વર તેઓનાં પૂર્વરૂપોમાં પરસ્પર વિરોધી સ્નેહથી, શીતલ જલ વડે સ્નાન કરવાથી, વધુ શીતલ પાણી પીવાથી અને ટાઢા ખોરાકો ખવાય તે રૂપી સંસૃષ્ટ-મિશ્ર થયેલ કારણો વડે વ્યભિચાર પામી અનિયત સ્વરૂપે પ્રથમ પ્રાપ્ત થઈને ઉત્પન્ન થાય છે; અને તે છયે જ્વરોમાં જે સંનિપાત જ્વર હોય છે તે (ત્રણે દોષોના એકીવખતના વિકારથી ઉત્પન્ન થયેલો હોઈને) ભયાનક થઈ પડે છે અને તેની ચિકિત્સા કરવી મુશ્કેલ હોય છે. ૪૨,૪૩

વિવરણ: અર્થાત્ અહીં આમ કહેવા માગે છે કે, ઉપર્યુક્ત છયે પ્રકારના જ્વરોમાં પરસ્પર વિરોધી કારણો મળવાથી એવા પ્રકારનાં પૂર્વરૂપો પ્રકટી નીકળે છે કે, તે કેવલ પૂર્વરૂપોને જોઈને જ તે પૂર્વરૂપોનું પૃથક્કરણ કરવું મુશ્કેલ બને છે; અને તેમાં યે સંનિપાત જ્વર તો વધુ ભયંકર હોય છે, તેથી તેની ચિકિત્સા પણ કરવી કઠિન થઈ પડે છે.

પ્રસૂતાના એક દોષનો પણ પ્રકોપ મોટી અસર કરે

तस्यास् तीव्राभिरावीभिः प्रततं वाहनश्रमैः ।
शैथिल्यं चागते देहे संक्षुब्धेष्वनिलादिषु ॥४४॥
क्लान्तेष्विन्द्रियमार्गेषु सारशून्येषु धातुषु ।
एकोऽपि दोषः कुपितः कृच्छ्रतो वहते महत् ॥४५

સગર્ભા સ્ત્રીને પ્રસવકાળે જ્યારે તીવ્ર વેદનાઓ થવા માંડે છે, તેથી અને (નવ મહિના સુધી) એકધારો ગર્ભને ધારણ કરવાનો પરિશ્રમ થયેલો હોવાથી (પ્રસવ થયા પછી) તે સ્ત્રીના શરીરમાં શિથિલપણું થઈ જાય છે અને તેનો વાત આદિ બધીયે ધાતુઓ, અતિશય ક્ષોભ પામી ગયેલી હોય છે; એ અવસ્થામાં તે સ્ત્રીની બધીયે ઇંદ્રિયોના માર્ગો, ગ્લાનિ પામ્યા હોય છે-બરાબર પોતપોતાનું કામ કરવામાં મંદ થયા હોય છે; તેમ જ એ સ્ત્રીની બધીયે ધાતુઓ પણ નિઃસાર જેવી બની ગઈ હોય છે; તે સ્થિતિમાં એ સ્ત્રીનો એક પણ દોષ કુપિત થયો હોય કે વિકાર પામ્યો હોય, તો ઘણી મુશ્કેલીએ કાબૂમાં આવે એવો બની જઈ મોટું કષ્ટ લાવી મૂકે છે.૪૪,૪૫

વિવરણ: આ સંબંધે ચરકમાં પણ આમ કહ્યું છે કે-'विशेषतो हि शून्यशरीराः स्त्रियः प्रजाता भवन्ति'-પ્રસવ પામેલી સુવાવડી સ્ત્રીઓ ખરેખર વધુ પ્રમાણમાં ખાલી શરીરવાળી થઈ જઈ ખૂબ વધુ પ્રમાણમાં સારરહિત થયેલી હોઈને વિશેષ નબળી પડી જાય છે, તેથી તેનો એક પણ વાતાદિ દોષ પ્રકોપ પામે, તો તે વધુ ખરાબી કરનાર થઈ પડે છે અને તેને કાબૂમાં લેવો અતિશય મુશ્કેલ બને છે. ૪૪,૪૫

સુવાવડીના શરીરનું શોધન ઘણું જ કઠિન હોય છે

परिजीर्णं यथा वस्त्रं मलदिग्धं समन्ततः ।
क्लेशेन शोध्यते तज्ज्ञैः प्रदृश्य तत्तदाश्रयम् ॥४६
तथा शरीरं सूतायाः परिक्लिष्टं परिप्लुतम् ।
भृशं दोषबलैर्दिग्धं क्लेशेन परिशोध्यते ॥४७॥

જેમ ઘણું જૂનું થયેલું વસ્ત્ર, મેલથી

જ્યારે ખરડાઈ જઈ ખૂબ મેલું બન્યું હોય, ત્યારે તેને સાફ કરવું હોય ત્યારે તેની સફાઈ કરનારાઓ પણ તે તે મેલના આશ્રયસ્થાનને બરાબર કાળજીથી જોઈ-તપાસીને ઘણી જ મુશ્કેલીથી તે જીર્ણ થયેલ મેલાં વસ્ત્રની સફાઈ કરી શકે છે (કેમ કે જૂનું થયેલ ઘણું મેલુ વસ્ત્ર કાળજી રાખ્યા વિના જ સફાઈ કરવા જતાં સાફ થયા વિના જ ફાટી જઈ નકામું બની જાય છે); તે જ પ્રમાણે સુવાવડીનું શરીર પણ ચારે બાજુથી ક્લેશ પામ્યું હોય અને સારવસ્તુ રૂપ ધાતુઓને સ્રવી રહ્યું હોય તેમ જ દોષોના બળથી અતિશય વધુ ખરડાઈ જઈ ત્રાસ બન્યું હોય, તેથી તેનું શોધન કરવું અથવા તેને શુદ્ધ કરી અસલ સ્થિતિમાં આણવું અતિશય કઠિન બને છે. ૪૬,૪૭

જૂના ઘર જેવું સુવાવડીનું શરીર રોગોના હુમલાને સહન કરી ન શકે

यथा च जीर्णे भवनं सर्वतः श्लथबन्धनम् ।
वर्षवातविकम्पानामसहं स्यात्तथाविधम् ॥ ४८ ॥
तथा शरीरं सूतायाः खिन्नं प्रस्रवणश्रमैः ।
वातपित्तकफोत्थानां व्याधीनामसहं भवेत् ॥४९

જેમ કોઈ ઘર જીર્ણ બની ખૂબ બળ-ભળી ગયું હોય અને તેનાં બંધનો કે આધારભૂત થાંભલા–ભીંતો વગેરે પણ ચારે બાજુથી ઢીલાં બની ગયેલ હોય, તેથી એવા પ્રકારનું તે જૂનું ઘર વરસાદ, વાયરા કે ભૂકંપના હુમલાઓને સહન કરી શકતું નથી, તે જ પ્રમાણે સુવાવડીનું શરીર પણ સ્વેદયુક્ત થઈ અતિશય ઢીલું બની ગયેલું હોઈને ખૂબ ઝરતા દોષોના કારણે વધુ પરિશ્રમથી થાકેલું હોય છે–અતિશય થયેલ રુધિરસ્રાવ આદિના શ્રમથી ખૂબ ઢીલું થઈ ગયું હોય છે, તેથી એ નિર્બળ અને નિઃસાર બનેલું શરીર વાયુના, પિત્તના કે કફના રોગોને સહન કરવા અશક્ત બન્યું હોય છે, તેથી તે તે રોગોના હુમલાઓને સહન કરી શકતું નથી. ૪૮,૪૯

સુવાવડીનો જ્વર વધુ હેરાન કરે, તેમાં કારણ

दोषैरेव शरीराणि धार्यन्ते सर्वदेहिनाम् ।
तेषु क्षीणेषु सूतायां ज्वरः संतापलक्षणः ॥५०॥
देहं सन्तापयत्याशु शुष्केन्धनमिवानलः ।

દરેક મનુષ્યોનાં શરીરો, વાતાદિ દોષોના કારણે જ ટકી રહેલાં હોય છે–એટલે કે વાતાદિ સર્વ ધાતુઓની પ્રબલતા હોય તેથી જ મનુષ્ય માત્રનાં શરીરો, બળવાન હોઈ ટકી રહ્યાં હોય છે, પરંતુ એ જ વાતાદિ દોષો કે શરીરની બધીયે ધાતુઓ, સુવાવડીના શરીરમાં જ્યારે ક્ષીણ થયેલી હોય છે, ત્યારે તેને સંતાપરૂપ લક્ષણવાળો જે જ્વર લાગુ થાય છે, તે તેના શરીરને, જેમ અગ્નિ સૂકાં લાકડાંને એકદમ બાળી નાખે છે, તે જ પ્રમાણે એ સુવાવડીનો જ્વર, તેના શરીરને વધુ પ્રમાણમાં નિર્બળ કરે છે. (આવો જ આશય સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૨૧ મા અધ્યાયમાં દર્શાવ્યો છે.)

સુવાવડીના દોષોનું શમન કરવા વૈદ્યને વધુ સૂચન

तद्धेतुमात्रवृद्धानां दोषाणां तु यथोच्छ्रयम् ॥५१
कुर्यादुपशमं धीमान् धातूनां च प्रसादनम् ।

એ કારણે બુદ્ધિમાન્ વૈદ્યે, સુવાવડીના દોષો, જે જે નિદાનોના માત્ર સંબંધથી વધી ગયા હોય, તેઓનું શમન તેની અધિકતા અનુસાર કરવું જોઈએ–એટલે સર્વોત્કૃષ્ટ શોધન પણ બરાબર કરવું જોઈએ.

સુવાવડીની ચિકિત્સામાં વિચારણાની જરૂર

षड्भिर्मासैः प्रसूताया धातवो रुधिरादयः ॥५२
प्रत्यागच्छन्त्यरोगाया यथास्वं परिसंस्थितिम् ।
एतच्चान्यच्च सञ्चिन्त्य चिकित्सां संप्रयोजयेत् ॥५३

સુવાવડી બરાબર નીરોગી થાય, ત્યારે તેની રુધિર આદિ ધાતુઓ, છ મહિને બરાબર મૂળ સ્થિતિમાં પાછી આવે છે–એટલે કે રોગરહિત થઈને સુવાવડીનું શરીર બરાબર છ મહિને પાછું અસલ સ્થિતિમાં આવે છે; માટે સુવાવડીના સંબંધે

તે સર્વનો તથા બીજી પણ પરિસ્થિતિનો બરાબર દોષાનુસાર ખૂબ વિચાર કર્યા પછી વૈદ્યે તેની ચિકિત્સાની સારી રીતે કાળજીથી યોજના કરવી. ૫૨,૫૩

સુવાવડીના જ્વરોમાં પ્રથમ વાતજ્વરનાં લક્ષણો.

अतः परं ज्वराणां तु लक्षणं संप्रवक्ष्यते ।
विषमोष्माऽङ्गमर्दश्च जृम्भथू रोमहर्षणम् ॥ ५४ ॥
कषायविरसास्यत्वं शीतद्वेषोष्णकामते ।
दन्तहर्षः प्रलापश्च शुष्कोद्गारः प्रजागरः ॥ ५५ ॥
आध्मानमङ्गसंकोचो वातज्वरनिदर्शनम् ।

હવે પછી સુવાવડીના જ્વરોનાં લક્ષણો પણ સારી રીતે કહેવામાં આવે છે; જેમ કે, વિષમ ઉષ્ણતા–કોઈ વાર વધુ અને ઓછી થતી ગરમી, અંગોનું ભાંગવું, જૃંભથુ–બગાસાં, રોમાંચ ખડાં થઈ જાય, કસાયલું–તૂરા રસવાળું–બેસ્વાદ મોઢું થાય; શીતનો દ્વેષ અને ઉષ્ણતાની ઇચ્છા થાય, દાંતનો અંબાડ થાય; પ્રલાપ–બકવાદ ચાલે, સૂકા ઓડકાર આવે; ખૂબ જાગવું પડે એટલે કે ઊંઘ ન આવે, તેથી વધુ પ્રમાણમાં ઉજાગરા થાય; પેટનો આધ્માન–આફરો થાય અને શરીરનાં અંગોનો સંકોચ થાય એટલાં વાતજ્વરમાં લક્ષણો દેખાય છે.૫૪,૫૫

સુવાવડીના પિત્તજ્વરનાં લક્ષણો.

तृष्णा दाहः प्रलापश्च वमथुः कटुकास्यता ॥५६
पीतास्यनखदन्ताक्षिविण्मूत्रत्वं च लक्ष्यते ।
कण्ठस्य शोषः सर्वं च प्रदीप्तमिव मन्यते ॥ ५७॥
भ्रमः शीताभिलाषश्च पित्तज्वरनिदर्शनम् ।

તરશ વધુ લાગે, દાહ થાય, બકવાદ ચાલે, ઊલટી થાય, મોઢું તીખું થઈ જાય, મોં પર, નખો, દાંત, નેત્રો, વિષ્ઠા તથા મૂત્રમાં પીળાશ જણાય, ગળું સુકાયા કરે; જાણે કે બધું સળગી ઊઠ્યું હોય તેમ પિત્તજ્વરવાળી સ્ત્રી માને; ભ્રમ–ચક્કર આવે અને શીતલ પદાર્થોની ઇચ્છા થયા કરે–એટલાં પિત્તજ્વરનાં લક્ષણો દેખાય છે. ૫૬,૫૭

સુવાવડીના કફજ્વરનાં લક્ષણો.

उष्णाभिकामता कासः शिरोरुग्गात्रगौरवम् ॥५८
मन्दोष्मता प्रतिश्यायः शुक्लमूत्रपुरीषता ।
निद्रा तन्द्रीर्हिमद्वेषः ष्ठीवनं मधुरास्यता ॥५९॥
गात्रसादोऽन्नविद्वेषः कफज्वरनिदर्शनम् ।

ઉષ્ણ–ગરમ પદાર્થોની ઇચ્છા થાય, ઉધરસ થાય, માથું દુખે, શરીરમાં ભારેપણું થાય; ઉષ્ણતા ધીમી હોય, પ્રતિશ્યાય–શરદી–સળેખમ થાય; વિષ્ઠા અને મૂત્ર ધોળાં થઈ જાય; ઊંઘ વધુ આવે; તન્દ્રી–નિદ્રા જેવું ઘેન રહ્યા કરે; હિમ–ઠંડક તરફ અણગમો થાય; વારંવાર થૂકવું પડે. મોઢાનો સ્વાદ મધુર–મીઠો બની જાય; શરીરના અવયવો ઢીલા થઈ જાય અને ખોરાક તરફ દ્વેષ–અણગમો ઊપજે–એટલાં કફજ્વરનાં લક્ષણો દેખાય છે. ૫૮,૫૯

સુવાવડીનાં સંનિપાતજ્વરનાં લક્ષણો.

मुहुः शीतं मुहुर्दाहो मुहुरूष्मा समोऽसमः ॥६०
कृच्छ्रविण्मूत्रवातत्वं वाताङ्गान्त्राभिसञ्जनम् ।
दाहस्तृष्णा प्रलापश्च पित्ताद्विक्षिप्तचित्तता ॥६१
गुरुत्वं कण्ठसंरोधः कफाच्च प्रतिशीतता ।
सन्निपातज्वरस्यैतल्लक्षणं समुदाहृतम् ॥ ६२ ॥

વારંવાર ટાઢ વાય, વારંવાર દાહ થાય; વારંવાર ઉષ્ણતા થાય–એમ જે જ્વર સમ-અસમ–વિષમ થઈ જાય; વિષ્ઠા, મૂત્ર તથા અપાનવાયુ મુશ્કેલીએ બહાર આવે; વાયુના કારણે અંગોમાં તથા આંતરડાંમાં અવાજ અથવા ઘર્ષણ થાય; શરીરમાં દાહ અને વધુ તરશ ઉત્પન્ન થાય, બકવાદ ચાલે, પિત્તના કારણે ચિત્તમાં વ્યગ્રતા થાય; અથવા ચિત્તની સ્થિતિ ડામાડોળ બની જાય; શરીરમાં ગુરુત્વ–ભારેપણું થાય–એટલાં સંનિપાતજ્વરનાં લક્ષણો કહ્યાં છે. ૬૦–૬૨

ધાવણ ભરાવાથી થતો સુવાવડીનો જ્વર

तृतीयेऽह्नि चतुर्थे वा नार्याः स्तन्यं प्रवर्तते ।
पयोवहानि स्रोतांसि संवृतान्यभिघट्टयेत् ॥ ६३॥
करोति स्तनयोः स्तम्भं पिपासां हृदयद्रवम् ।
कुक्षिपार्श्वकटीशूलमङ्गमर्दं शिरोरुजाम् ॥ ६४ ॥

एतत् स्तन्यागमोत्थस्य ज्वरस्योक्तं स्वलक्षणम्।
स हि पीयूषसंशुद्धौ क्रममात्रेण तिष्ठति॥ ६५॥

સુવાવડી સ્ત્રીને ત્રીજા કે ચોથા દિવસે સ્તનમાં ધાવણ ચાલુ થાય છે; અને તે ધાવણનો ભરાવો, ધાવણને વહેતા સોતોને સાંકડા અથવા ઢાંકી દે અને ચોપાસ તે અથડાયા કરે છે; એમ થયેલ તે ધાવણનો વધારો, બેય સ્તનને સજ્જડ કરી મૂકે છે; તરશને વધારે છે; હૃદયની ગતિને વધારી મૂકે છે; કૂખમાં, પડખામાં તથા કેડમાં શૂળ ભોંકાતાં હોય એવી પીડા કરે છે; શરીર ભાંગે છે; અને મસ્તકમાં પીડા કરે છે; એ પ્રકારે ધાવણ ભરાવાથી ઉત્પન્ન થતા જ્વરનું પોતાનું તે લક્ષણ કહેલ છે; એ જ્વર ધાવણની શુદ્ધિ થાય, ત્યારે જ અનુક્રમે અટકે છે.

ગ્રહના વળગાડથી થતો સુવાવડીનો જ્વર

ग्रहावलोकितत्रासवाताघातावधूननैः।
ज्वर्यते चेत् प्रसूता स्त्री तस्य वक्ष्यामि लक्षणम्॥
उद्वेपको निष्टननं चक्षुषो विभ्रमः श्रमः।
कम्पनं हस्तनेत्राणां हारिद्रमुखनेत्रता॥ ६७॥
क्षणेन श्यावताऽङ्गानां क्षणेन च सवर्णता।
सुप्रबोधः सह...कोशः केशलुञ्चनम्॥ ६८॥
पवनज्वररूपाणि भूयिष्ठानि करोति च।
विधिर्ग्रहघ्नोऽस्य हितः क्रमो यश्चानिलज्वरे॥६९॥

કોઈ સુવાવડી સ્ત્રી, ગ્રહને જોવાથી ત્રાસ પામી હોય, તેથી વાયુનો પ્રકોપ થતાં આઘાત અને કંપારી થવાથી તે સુવાવડીને જો જ્વર આવે, તો એ ગ્રહદર્શનથી આવેલા જ્વરનાં લક્ષણો હું કહું છું–એ જ્વરમાં અતિશય કંપારી, અતિશય અવાજ–ચીસો, બેય નેત્રોનો વિભ્રમ–ચકરવકર થવું, શ્રમ–થાક, કંપ, હાથનો તથા મૂત્રનો અને મોઢાનો પણ રંગ હળદરના જેવો થઈ જાય; ક્ષણવારમાં અંગોમાં કાળાશયુક્ત પીળાશ અને ક્ષણવારમાં તે અંગો પાછાં મૂળ રંગનાં બની જાય છે; એ ગ્રહના આવેશવાળી સ્ત્રી, સુખેથી જાગે, એકીસાથે ચીસો પણ પાડે અને પોતાના વાળ ચૂંટવા માંડે છે; એમ તે ગ્રહ–આવેશના નિમિત્તનો જ્વર, લગભગ વધુ પ્રમાણમાં વાતજ્વરનાં લક્ષણોને દર્શાવે છે; એ કારણે તે ગ્રહજ જ્વરમાં વાતજ્વરની જે ચિકિત્સા કરાય છે, તે જ ચિકિત્સા ગ્રહનો નાશ કરનારી હોઈ હિતકારી થાય છે.

ગ્રહજ જ્વરમાં કફના અધિકતા જણાય તો લંઘન

श्लेष्माभिष्यन्दिनीं स्थूलामक्लिन्नामल्पनिःसृताम्।
विदग्धभक्तां स्निग्धां च लङ्घनेनोपपादयेत्॥ ७०॥

પરંતુ એ ગ્રહજ જ્વરમાં તે સૂતિકા સ્ત્રી, કફના અભિષ્યંદ–ઝરણ કે સ્રાવથી યુક્ત હોય, સ્થૂળ જણાતી હોય, ક્લેદથી રહિત હોય, જેનો ખોરાક વિદગ્ધ થતો હોઈ બરાબર જો પચતો ન હોય અને સ્નિગ્ધ હોય તો તે સ્ત્રીના લંઘનોરૂપી ઉપચારો કરવા જોઈએ. ૭૦

ગ્રહજ જ્વરમાં સુવાવડી રૂક્ષ જણાય તેની ચિકિત્સા

रूक्षां निःसृतरक्तां च कृशां वातज्वरार्दिताम्।
क्षुत्तृष्णाभिहतां क्लान्तां शमनेनोपपादयेत्॥७१॥
तस्यास्तदहरेवेह पेयादिः क्रम इष्यते।
लङ्घितायाश्च मण्डादिरित्येष द्विविधः क्रमः॥७२॥

પરંતુ એ ગ્રહજ જ્વરવાળી સ્ત્રી, જો બહાર નીકળી ગયેલા રુધિરવાળી હોઈને રૂક્ષ જણાય, કૃશ–દૂબળી થઈને જો વાતજ જ્વરથી પીડાયેલી થાય અને ભૂખ તથા તરશથી જો કલાન્ત–કરમાયેલી કે ગ્લાનિ પામેલી હોય તો તે સ્ત્રીની શમન ઔષધો દ્વારા ચિકિત્સા કરવી જોઈએ. વળી તે સ્ત્રીને એ જ દિવસે પેયા આદિ ભોજનક્રમ ચાલુ કરાય, તે પણ યોગ્ય ગણાય છે; પણ તે સ્ત્રીને જો લંઘન કરાવ્યું હોય, તો તેને મંડ આદિ ભોજનક્રમ આપવો જોઈએ; એમ તે ગ્રહજ જ્વરમાં બે પ્રકારનો ભોજનક્રમ ચાલુ કરાય છે. ૭૧,૭૨

વિવરણ: અહીં દર્શાવેલ પેયા તથા મંડ, યવાગૂ વગેરેમાં જે ભેદ હોય છે, તે સંબંધે સુશ્રુતે

સૂત્રસ્થાનના ૪૬મા અધ્યાયમાં આમ જણાવ્યું છે– 'सिक्थकै रहितो मण्डः पेया सिक्थसमन्विता'–જેમાં ધાન્યના કણો બિલકુલ જણાય જ નાહ, તે મંડ– રંધાયેલ ચોખા આદિનું ઓસામણ કહેવાય છે; છતાં બીજાં આયુર્વેદીય તંત્રમાં મંડનું આવું લક્ષણ પણ મળે છે–'नीरे चतुर्दशगुणे सिद्धो मण्डस्त्व– सिक्थकः'–ધાન્યથી ચૌદગણા પાણીમાં જે પકવેલ હોય, ધાન્યનો દાણો જેમાં બિલકુલ જણાય જ નહિ, તે 'મંડ' કહેવાય છે; પરંતુ જેમાં ધાન્યના કણો રંધાયેલા હોઈને પણ સ્પષ્ટ દેખાય તે 'યવાગૂ' કહેવાય છે; આ યવાગૂ–રાબ તથા 'વિલેપી' નામની રાબમાં પણ જે તફાવત હોય છે, તે આમ દર્શાવેલ છે–વિલેપી बहुसिक्था स्याद् यवागूर्विरलद्रवा'–જેમાં ધાન્યકણો વધુ પ્રમાણમાં હોય, તેથી જે રંધાઈને કડછી પર કે ચમચા પર ચોંટે છે. તે 'વિલેપી' નામની રાબ કહેવાય છે અને જે ઓછી પ્રવાહી હોય, છતાં વિલેપી કરતાં પાતળી હોય અને જેમાં ધાન્ય કણો પણ વિલેપી કરતાં ઓછા પ્રમાણમાં હોય તે 'યવાગૂ' કહેવાય છે. ૭૧,૭૨

પેયા તથા મંડના ગુણો

पेया हि दीपत्यग्निं धातून् संशमयत्यपि।
गर्भदोषावशेषघ्नो मण्डो दोषविपाचनः॥ ७३॥

'પેયા' એ (સુવાવડીના) જઠરના અગ્નિને અવશ્ય પ્રદીપ્ત કરે છે અને (શરીરની બધી) ધાતુઓનું પણ સંશમન કરે છે; પરંતુ 'મંડ' એ સુવાવડીના ગર્ભના દોષો જે બાકી રહી ગયા હોય, તો તેઓનો નાશ કરે છે અને (અપક્વ) દોષોનું પાચન કરે છે. ૭૩

અકૃત-કૃત યૂષના તથા માંસરસના ગુણો

तस्मात् पेया च मण्डश्च क्रमादौ विहितौ हितौ।
अकृतश्च कृतश्चैव द्विस्त्रिर्यूषरसौ तथा॥ ७४॥

જેમ પેયા તથા મંડનો ઉપયોગ (સુવાવડી વગેરેના) ભોજન-ક્રમની શરૂઆતમાં હિતકારી મનાય છે, તે જ પ્રમાણે અકૃતયૂષ, કૃતયૂષ તથા માંસરસ પણ (સુવાવડી આદિના) ભોજનક્રમની શરૂઆતમાં હિતકારી ગણાય છે. ૭૪

વિવરણ: મગથી અઢારગણા પાણીમાં મગને પકવીને તેનો યૂષ કે ઓસામણ તૈયાર કરાય પણ જેમાં સ્નેહ કે લવણ નાખી જેને સંસ્કારી કરેલ ન હોય તે 'અકૃતયૂષ' કહેવાય છે; તેમ જ એ જ યૂષમાં જો સ્નેહ તથા લવણ નાખી સંસ્કારી કરાય તે તો 'કૃતયૂષ' કહેવાય છે. ૭૪

હરકોઈ જ્વરનો નાશ કરનાર શ્રેષ્ઠ ઉપાય

स्वेदोऽपतर्पणं युक्त्या पाचनौषधसेवनम्।
कषायोऽभ्यञ्जनं सर्पिर्ज्वरघ्नः परमो विधिः॥७५॥

(પ્રથમ) યુક્તિપૂર્વકનો સ્વેદ–તે પછી અપતર્પણ–લંઘન કે ઉપવાસ, તે પછી પાચન ઔષધનું સેવન, તે પછી (જ્વરના ઔષધ-દ્રવ્યોનો) કષાય–ક્વાથ રસ, તે પછી અભ્યંજન–તેલમાલિશ, અને તે પછી છેલ્લું ઘૃત-સેવન–એ બધાંનું (ક્રમશઃ) સેવન કરવા-રૂપી જ્વરનો નાશ કરનાર ચિકિત્સાક્રમ, હરકોઈ જ્વરનો નાશ કરનાર થાય છે. ૭૫

જ્વરના બલને વધારનારાં કારણો

शीतोपवासे व्यायाममायासमहिताशनम्।
तद्धेतुसेवनं चैव क्षिप्रं ज्वरबलावहम्॥ ७६॥

શીતલતાનું સેવન, ઉપવાસ, વ્યાયામ કે શારીર પરિશ્રમ, વધુ પડતી મહેનત કરવી, અહિતકારી ખોરાકો ખાવા અને જ્વરનાં નિદાનોનું સેવન–એટલાં હર કોઈ જ્વરના બળને તરત વધારનાર છે. ૭૬

સુવાવડી સ્ત્રીને વમન વગેરે ન કરાવાય

गर्भाशये च्युते नार्या दोषास्तदनुगामिनः।
च्यवन्ति तस्माद्वमनं नस्यं बस्तिर्विरेचनम्॥७७॥
न कार्यमल्पदोषायाः शरीरे परिसंस्थिते।
तदेव युक्तितः कार्यं वीक्ष्य दोषबलाबलम्॥७८

સુવાવડી સ્ત્રીનો ગર્ભાશય, તેના સ્થાનેથી ખસી જાય છે, ત્યારે દોષો પણ તેની પાછળ પાછળ જાય છે–એટલે કે નીચેના ભાગનું અનુસરણ કરે છે અને નીચે જ ખસી આવે છે; તે કારણે, સુવાવડી સ્ત્રીને વમન, નસ્ય, બસ્તિ, તથા વિરેચન કરાવી શકાય નહિ; પરંતુ તેના શરીરમાં દોષો જો ઓછા હોય અને તેનું શરીર બરાબર સ્વસ્થ અને સ્થિર થાય, ત્યારે તેના દોષનું બલ-અબલ

જોઈને તે જ વમનાદિ કર્મ યુક્તિથી કરાવી શકાય છે. ૭૭,૭૮

જ્વરવાળી સુવાવડીને પણ વમનાદિ ન કરાવાય

वमनं वा विरेकं वा तीक्ष्णं तीक्ष्णौषधान्वितम् ।
न ह्यतिच्युतदोषाया ज्वरिताया: प्रशस्यते ॥७९

જે સુવાવડીના દોષો વધુ પડતા પ્રમાણમાં ઝરી ગયા હોય અને તેથી જે સુવાવડીને જ્વર આવ્યો હોય, તેને પણ તીક્ષ્ણ ઔષધથી યુક્ત વમન તથા વિરેચન કરાવવું એ હિતકારી નથી. ૭૯

ઉપર્યુક્ત અવસ્થામાં તીક્ષ્ણ ઔષધથી ધાતુઓ વધુ પાકી જાય

संतप्ते तूष्मणा देहे धातवः परिपाचिताः ।
भूयस्तीक्ष्णौषधं प्राप्य गच्छेयुरमितां गतिम् ॥८०

જ્વરની ઉષ્ણતાથી શરીર જ્યારે અતિશય તપી રહ્યું હોય, ત્યારે શરીરની ધાતુઓ, ચારે બાજુથી ખૂબ પાકી રહી હોય છે; તે અવસ્થામાં એ જ્વરયુક્ત સુવાવડી સ્ત્રીને જો તીક્ષ્ણ ઔષધ આપવામાં આવે, તો એ ઔષધને પ્રાપ્ત કરી તે સ્ત્રીની ધાતુઓ, વધુ પ્રમાણમાં પક્વસ્થિતિને પ્રાપ્ત થઈ જાય (અને તેથી ધાતુક્ષયનો રોગ લાગુ થઈ વધુ ખરાબી થાય.) ૮૦

સુવાવડીને વમન કરાવવા યોગ્ય સ્થિતિ

उत्क्लिश्यमाते हृदये कफे चाप्युरसि स्थिते ।
कफज्वरे क्षमे देहे विदध्याद्वमनं मृदु ॥ ८१ ॥

જે કાળે સુવાવડી સ્ત્રીનો કફ ચારે બાજુથી ઠલેશ પામી બહાર નીકળવા ઉછાળા મારી રહ્યો હોય અને તે કફ છાતીમાં આવીને રહ્યો હોય તેમ જ કફનો જ્વર જો આવ્યો હોય અને શરીર પણ વમન–ઔષધને સહન કરી શકે તેમ હોય, તો તે સ્થિતિમાં તે સ્ત્રીને કોમળ વમન કરાવી શકાય છે. ૮૧

નસ્ય કરાવવા યોગ્ય સ્થિતિ

अरुचौ कण्ठसंरोधे कफे चैव शिरोगते ।
अशाक्यमाने कलले नस्यं तत्र विधापयेत् ॥८२

જે કાળે સુવાવડીને અરુચિ થાય એટલે કે ખોરાક વગેરે ઉપર રુચિ ન થાય, ગળું કફથી રુંધાઈ જાય અને તે કફ છેક મસ્તકમાં ગયો હોય, તે સ્થિતિમાં કવલધારણ અશક્ય બન્યું હોય, તો નસ્ય કર્મ કરાવવું.

સુવાવડીને કષાય આપવાની અવસ્થા

संसर्गपाचिते दोषे ज्वरे च मृदुतां गते ।
पञ्चाहात् सप्तरात्राद्वा कषायमवचारयेत् ॥८३॥
पाचनीयं तु पञ्चाहात् सप्ताहादानुलोमिकम् ।

જે કાળે સુવાવડીનો દોષ સંસર્ગના કારણે પાકી ગયો હોય અને તેથી જ્વર કોમળતાને પામી ધીમો થયો હોય, એ અવસ્થામાં પાંચ કે સાત દિવસો પછી વૈદ્ય તે સ્ત્રીને (જ્વરઘ્ન ઔષધનો) ક્વાથ આપી શકે છે; તેમ જ પાંચ કે સાત દિવસો પછી પાચનીય ઔષધ તથા આનુલોમિક ઔષધનો ક્વાથ પણ આપી શકે છે. ૮૩

કફયુક્ત પિત્તના જ્વરમાં ઔષધકાળ

कफपित्तज्वरे दद्यात् पञ्चाहे शमनौषधम् ।
स्वभावतैक्ष्ण्यादल्पेन कालेन परिपच्यते ।
दुर्बलत्वाच्च धातूनां च्युतत्वादामयस्य च ॥ ८५॥

કફયુક્ત પિત્તના જ્વરમાં પાંચ દિવસો વીતે ત્યારે શમન ઔષધ આપવું જોઈએ; કારણ કે એ જ્વરમાં સ્વભાવથી જ તીક્ષ્ણપણું હોય છે, તે કારણે થોડા જ સમયમાં દોષો પાકી જાય છે અને ધાતુઓ પણ દુર્બળ બને છે અને આમય–રોગ પણ (પાકીને) ઝરી ગયો હોય છે. ૮૪,૮૫

વાતજ્વરની ચિકિત્સા

वातज्वरे जितेऽभ्यङ्गैस्तथैव रसभोजनैः ।
पक्वाशयस्थे विमले विदध्यादानुलोमिकम् ॥८६॥
भोजयेल्लघु चाप्यन्नं तनुभिर्जाङ्गलै रसैः ।

સુવાવડીને વાતજ્વર જો લાગુ થયો હોય તો અભ્યંગો દ્વારા તથા રસયુક્ત ભોજનો વડે પણ જિતાઈ જાય અથવા કાબૂમાં આવી જાય છે; તેથી પક્વાશયમાં રહેલો દોષ નિર્મળ થાય તે વખતે આનુ-

લોમિક એટલે કે વાતદોષનું અનુલોમન કરે એવો ઔષધપ્રયોગ કરાવવો; તેમ જ લઘુ–હલકો ખોરાક જ તે સ્ત્રીને જમાડવો જોઈએ અને તે સાથે જાંગલ માંસના પાતળા રસો પણ આપી શકાય છે. ૮૬

વાત–પિત્ત–પ્રધાન જ્વરની ચિકિત્સા

यश्च नैवं शमं याति वातपित्तात्मको ज्वरः ॥८७
सर्पिस्तं शमयेदाशु दावाग्निमिव तोयदः।

સુવાવડીનો જ્વર, વાત–પિત્તપ્રધાન હોય અને તેને લગતા ઉપાયો કર્યા છતાં તેનું જો શમન ન જ થાય તો દાવાનલનું શમન જેમ મેઘ કરે છે, તેમ (ઔષધપક્વ) ઘૃતપાન જ તે જ્વરને તરત શમાવે છે. ૮૭

ઔષધપક્વ ઘૃતપાન એ શ્રેષ્ઠ ઉપાય છે

विमलेऽग्नौ मृदौ (व्याधौ) सर्पिरेव परायणम्
स्नेहवध्यास्तु भूयिष्ठं व्याधयो दुष्प्रजातयः।

જઠરનો અગ્નિ જો નિર્મળ હોય અને વ્યાધિ જો કોમળ હોય, એટલે કે બહુ જોરદાર ન હોય, તો (ઔષધપક્વ) ઘૃતપાન એ જ પરમ શ્રેષ્ઠ ઉપાય છે; કેમકે દુષ્ટ જાતિના ઘણા રોગોનો તે સ્નેહપાનથી નાશ કરી શકાય છે. ૮૮

સુવાવડીના સંનિપાત–જ્વરની ચિકિત્સા

सन्निपातज्वरे नार्या मारुते च बलीयसि ॥८९॥
संस्कृतं रसयूषाभ्यां पुराणं सर्पिरिष्यते।

સંનિપાત જ્વરમાં (સુવાવડી) સ્ત્રીનો વાયુ જો વધુ બળવાન હોય તો (જાંગલ પ્રાણીના) માંસનો રસ અને યૂષ નાખી તે સાથે સંસ્કારી કરેલ–પક્વ જૂનું ઘી તે સ્ત્રીને પીવા આપવું એ ઇષ્ટ છે. ૮૯

સુવાવડીના વાતજ્વરની ચિકિત્સા

तत्र वातज्वरे तावत् प्रवक्ष्यामि चिकित्सितम् ॥९०
क्रव्यादानां च मांसानि धान्यमाषतिला यवाः।
दशमूलमपामार्गभण्टयरण्डाटरूषकाः ॥९१॥
अश्वगन्धां श्वदंष्ट्रां च वंशपत्रं च संहरेत्।
इत्येष संकरस्वेदः सकरीषोऽम्लसंयुतः ॥९२॥
वातज्वरेऽवचार्यः स्यात् संसर्गादौ सुखावहः।

હવે (સુવાવડીના) વાતજ્વરમાં જે ચિકિત્સા કરવાની હોય છે, તે હું કહું છું– ક્રવ્યાદ–માંસાહારી–પશુ–પક્ષીઓનાં માંસ, ધાન્ય, અડદ, તલ, જવ, દશમૂળ, અપામાર્ગ–અઘેડો, ભંટી–મજીઠ, એરંડમૂલ, અરડૂસો, અશ્વગંધા–આસંધ, ગોખરુ અને વાંસનાં પાન લાવવાં; તે બધાંને અધકચરાં કૂટી નાખી તેમાં સૂકાં અડાયાં છાણાંનો ભુક્કો તથા ખટાશ મિશ્ર કરી બાફી નાખીને તેનાથી અપાયેલો સંકરસ્વેદ, વાતજ્વરમાં અવશ્ય આપવા યોગ્ય હોય છે; તેમ જ સંસર્ગજ–બે દોષ મિશ્ર થવાથી આવેલા જ્વરની શરૂઆતમાં પણ ઉપર જણાવેલ સંકરસ્વેદ સુખકારક થાય છે. ૯૦–૯૨

વિવરણ : અહીં જણાવેલ સંકરસ્વેદને જ ચરકના સૂત્રસ્થાનના ૧૪ અધ્યાયમાં ' પિંડસ્વેદ' એ નામે કહેલ છે; જેમાં ધાન્ય અડદ વગેરે સૂકા પદાર્થોને માંસ તથા કાંજી વગેરેની સાથે પીસી નાખી પિંડાકાર બનાવીને તે પિંડાને કપડામાં રાખીને અથવા કપડામાં રાખ્યા વિના તેનાથી જે સ્વેદ અથવા શેક કે બાફ અપાય, તેને જ ' પિંડસ્વેદ' કહેવામાં આવે છે. ૯૦–૯૨

વાતજ્વરને મટાડનાર તૈલયોગ

द्वे पञ्चमूल्यौ वृश्चीवमेकेषीकां पुनर्नवाम् ॥९३॥
सहस्रवीर्यां नादेयीं शतवीर्यां शतावरीम्।
विश्वदेवां शुकनसं सहदेवां सनाकुलीम् ॥९४॥
रास्नाऽजगन्धे पूतीकं देवाह्वां देवताडकम्।
बले द्वे हंसपादीं च क्वाथार्थमुपसंहरेत् ॥९५॥
कृष्णागरुं व्याघ्रनखं शतपुष्पां पलङ्कषाम्।
कायस्थां च वयस्थां च चोरकं जटिलां जटाम्॥
अपेतराक्षसीं यक्षगुहां महोष्ट्रलोमिकाम्।
हरेणुकां हैमवतीं कैरवं सुवहां वचाम् ॥९७॥
वृश्चिकालीं च भार्गीं च श्यामां शिग्रुं च कल्कशः।
संहृत्य तैलं विपचेद्वातज्वरनिबर्हणम् ॥९८॥

બે પંચમૂલ–લઘુ તથા બૃહત્ મળી દશમૂળ, વૃશ્ચીવ–ધોળી સાટોડી, એકેષીકા–નસોતર અથવા શતાવરી, સહસ્રવીર્યા–દ્રવંતી–ધોખડ, નાદેયી–અરણી, શતવીર્યા–દ્રાક્ષ, શતાવરી, વિશ્વદેવા–ગોરખ તંડુલી, શુકનસ–અરડૂસો, સહદેવા–બલા–ખપાટ, ગંધનાકુલી,

રાસ્ના, અજગંધા–અજમો, પૂતીક–દુર્ગંધી કરંજ, દેવદાર, દેવતાડક–દેવદાલી, બેય બલા–ખપાટો તથા હંસપાદી–એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ અધકચરાં કરી તેઓનો ક્વાથ બનાવવો. પછી કાળું અગર, વાઘનખ, સુવાદાણા, ગૂગળ, હરડે, ગળો, ચોરક નામનું સુગંધી દ્રવ્ય, જટિલા–વજ, જટામાંસી, અપેતરાક્ષસી–તુલસી, યક્ષગુહા, મહાઉષ્ટ્રલોમિકા, હરેણુકા, હૈમવતી–ધોળી વજ, કૈરવ–વાવડિંગ, સુવહા–શેફાલિકા, વૃશ્ચિકાલી–એક જાતની મરડાશીંગ અથવા મેંઢાશીંગની એક જાત, ભારંગી, શ્યામા–કાળું નસોતર અથવા અનંતમૂળ–અને સરગવો–એટલાંને પણ સમાન ભાગે લઈ તેઓનો કલ્ક બનાવી ઉપર જણાવેલ ક્વાથમાં તે કલ્કને મિશ્ર કરી તે કલ્કથી ચારગણું અને ક્વાથના એક ચતુર્થાંશ ભાગે તલનું તેલ પણ તેમાં નાખી તે પકવવું; પ્રવાહી બળી જતાં તૈયાર થયેલું એ 'દશમૂલાદિ તેલ' વાતજ્વરનો નાશ કરે છે. ૯૩–૯૮

બૃહત્પંચમૂલનો અને વિદારીગંધાનો ક્વાથ પણ વાતજ્વરને મટાડે

महतः पञ्चमूलस्य पिबेत् क्वाथं ससैन्धवम् ।
पेयो विदारिगन्धाया निष्क्वाथो वा ससैन्धवः ॥

(સુવાવડી સ્ત્રીએ વાતજ્વરમાં) બૃહત્–પંચમૂલનો ક્વાથ બનાવી સૈંધવ નાખી પીવો; અથવા વિદારીગંધાનો ક્વાથ, સૈંધવ નાખી પીવો (તેથી પણ વાતજ્વર મટે છે). ૯૯

વાતજ્વરનો નાશ કરનાર રાસ્નાદિ ક્વાથ

रास्नां सरलदेवाह्वयष्टीमधुकसंयुताम् ।
बृहतीं सरलं दारु भार्गीं वरुणकं तथा ॥ १००॥
एरण्डमूलं रास्नां च वृश्चिकालीं च संहरेत् ।
एतदुत्क्वथितं कोष्णं पिबेद्वातज्वरापहम् ॥१०१॥
पिबेदन्तरपानं च बिल्वमूलश्रृतं जलम् ।

રાસ્ના, સરલકાષ્ઠ, દેવદાર અને જેઠીમધનો ક્વાથ; અથવા મોટી ભોંરીંગણી, સરલકાષ્ઠ, દેવદાર, ભારંગી, વાયવરણો, એરંડમૂલ, રાસ્ના અને વૃશ્ચિકાલી–મેંઢાશીંગની એક જાત–એટલાંને લાવી અધકચરાં કરી તેઓનો ક્વાથ બનાવી લગાર ગરમ ગરમ જે પીધો હોય, તો વાતજ્વરનો તે નાશ કરે છે; એમ તે ઉપર જણાવેલ ક્વાથ પીધા પછી તેની ઉપર બીલીનાં મૂળિયાંને ઉકાળી તે પાણી પણ પીવાથી વાતજ્વરનો અવશ્ય નાશ થાય છે. ૧૦૦,૧૦૧

વાતજ્વરનો અંતે કરવાનું ભોજન

पञ्चमुष्टिकयूषेण युक्ताम्ललवणेन च ॥ १०२॥
भुञ्जीत भोजनं काले जाङ्गलानां रसेन वा ।

યોગ્ય પ્રમાણમાં ખટાશ તથા લવણ નાખી તૈયાર કરેલા પંચમુષ્ટિક–યૂષની સાથે યોગ્યકાળે (સુવાવડીનો વાતજ્વર ઊતરે ત્યારે) તેણે અથવા જાંગલ–પશુ–પક્ષીના માંસરસની સાથે ભોજન કરવું. ૧૦૨

જ્વરનાશન–બૃહત્–પંચમૂલ–ઘૃત યોગ

यवकोलकुलत्थानां पञ्चमूलद्वयस्य च ॥ १०३॥
क्वाथे दधियवक्षारचव्यचित्रकनागरैः ।
पिप्पलीभिश्च तत् सिद्धं सर्पिर्ज्वरहरं पिबेत् ॥१०४
वातश्लेष्मविबन्धघ्नं ग्रहणीदीपनं परम् ।
श्यामातिल्वकसिद्धेन सर्पिषा च विरेचयेत् ॥१०५

જવ, બોર, કળથી અને બેય પંચમૂલના ક્વાથમાં દહીં, જવખાર, ચવક, ચિત્રક, સૂંઠ તથા પીપર નાખી પકવેલું ઘી જ્વરનો નાશ કરનાર છે; માટે તે (વાતજ્વરમાં) અવશ્ય પીવું; વળી તે ઉપર કહેલ ઘત, વાયુની તથા કફની કબજિયાતને પણ મટાડે છે અને ગ્રહણી નાડીને અત્યંત પ્રદીપ્ત કરે છે. વળી તે જ્વરની અંતે રોગીને કાળું નસોતર તથા લોધરના ક્વાથમાં પકવ કરેલું ઘી પાઈને વિરેચન કરાવવું જોઈએ. ૧૦૩–૧૦૫

વાતજ્વરમાં થતી કંપારીમાં ધૂપન

स चेद्वातोल्बणत्वाच्च वेपथुर्नोपशाम्यति ।
स्वभ्यक्तामुष्णतैलेन धूपयेत् सुरदारुणा ॥१०६॥
सुखोष्णैरम्लपिण्डैश्च सर्वगन्धैः प्रलेपयेत् ।

વાતજ્વરમાં વાયુની અધિકતા હોવાથી

જો કંપારી ચાલુ થાય અને તે જો ન મટે, તો સુવાવડી સ્ત્રીને ગરમ કરેલા તેલથી સારી રીતે માલિસ કરવું અને દેવદારનો ધૂપ દેવો; તેમજ સુખેથી સહન કરી શકાય એવાં અને ખટાશ સાથે પીસી નાખેલ 'સર્વ ગંધ' દ્રવ્યોથી લેપ લગાડવો. ૧૦૬

વિવરણ : અહીં દર્શાવેલ 'સર્વગંધ' નામનાં દ્રવ્યો જેમાં દર્શાવેલ છે, તે આ એક શ્લોક યાદ રાખવા જેવો મળે છે; જેમ કે–चातुर्जातककर्पूर-कक्कोलागुरुकुङ्कुमम्। लवङ्गसहितं चैव सर्वगन्धं प्रकीर्तितम्॥–चातुर्जातक–तज, तमालपत्र, એલચી અને નાગકેસર; કપૂર, કક્કોલ, અગુરુ, કેસર તથા લવંગ–એ નવ સુગંધી દ્રવ્યોને 'સર્વગંધ' નામે કહેલાં છે. ૧૦૬

વાતજ્વરમાં રાતું અવગાહન

श्योनाकवासावंशानां तकार्यैरण्डयोस्तथा ॥१०७
अपामार्गस्य काश्मर्या भङ्गोष्णाम्लेऽवगाहयेत्।

અરડૂસો, અરડૂસી, વાંસ, અરણી, અઘેડો, ગાંભારી અને ભાંગ–એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ તેઓનો ક્વાથ બનાવી તેમાં કાંજીની ખટાશ નાખી સહેવાય તેવા ગરમ તે ક્વાથ (ને ટબમાં નાખી તેમાં) જ્વરવાળી સુવાવડી સ્ત્રીને અવગાહન–પ્રવેશ કરાવવો (તેથી પણ તેનો જ્વર શાંત થાય છે). ૧૦૭

ઉપર કહેલ અવગાહન પછી કરાવાતું ધૂપન તથા ભોજન

सुखावगाढामाश्वस्तां मांसाद्याजिनकम्बलैः ॥१०८
कुष्ठगुग्गुलुधूपेन घृतमिश्रेण धूपयेत्।
उष्णानि चान्नपानानि ....॥ १०९॥

એમ (ઉપર કહેલ ક્વાથમાં) સુખપૂર્વક અવગાહન જેણે કર્યું હોય અને માંસ વગેરેથી, ચામડાથી અથવા ઊનના કામળા વગેરે ઓઢાડવાથી જેને આશ્વાસન પ્રાપ્ત થયું હોય એવી તે સ્ત્રીને કઠ તથા ગૂગળને ઘીથી મિશ્ર કરી ધૂપ આપવો અને તે પછી ગરમાગરમ ખોરાકપાણી અપાવવાં. ૧૦૮,૯

પિત્તજ્વરની ચિકિત્સા

उष्णो वर्ज्यश्च पवनः पित्ते चोष्णं विरुद्ध्यते।
अतीक्ष्णोपद्रवं तस्मात् पित्तज्वरमुपक्रमेत् ॥११०
कषायतिक्तमधुरैः प्रदेहाभ्यञ्जनौषधैः।

(સુવાવડીનો જો પિત્તજ્વર હોય તો તેમાં) એ સ્ત્રીએ ગરમ પવન છોડવો જોઈએ; કારણ કે પિત્તના પ્રકોપમાં ઉષ્ણતાનું સેવન વિરુદ્ધ પડે છે; એ કારણે તીક્ષ્ણ ઉપદ્રવથી રહિત એવા (સુવાવડીના) પિત્તજ્વરની વૈદ્યે કષાય–તૂરા, કડવાં તથા મધુર ઔષધદ્રવ્યોથી અને પ્રદેહો તથા અભ્યંજનો–માલિસોથી ચિકિત્સા કરવી જોઈએ. ૧૧૦

પિત્તજ્વરમાં સેવી શકાય એવો આસવ

शार्ङ्गिष्ठां मरुवां पाठां नक्तमालं सवत्सकम् ॥१११
निम्बमारग्वधोशीरमासुतं मधुना पिबेत्।

શાર્ઙ્ગિષ્ઠા–કાકમાચી અથવા પીલુડીની એક જાત અથવા ચણોઠી, મરવો, કાળી-પાટ, નક્તમાલ–કરંજભેદ; ઇંદ્રજવ, લીંબડો, ગરમાળો તથા ઉશીર–સુગંધી વાળો–એટલાં દ્રવ્યોનો (રીત પ્રમાણે) આસુત એટલે આસવ તૈયાર કરી તેને (યોગ્ય પ્રમાણમાં) મધ સાથે પીવો (તેથી પિત્તજ્વર શાંત થાય છે). ૧૧૧

સુવાવડીના પિત્તજ્વરમાં અપાતો સ્થિરાદિ ક્વાથ

स्थिराद्यं पञ्चमूलं च केसरं सकशेरुकम् ॥ ११२॥
गोपीं पर्पटकोशीरं धान्यकं चेति साधयेत्।
पादावशिष्टं तच्छीतं पिबेत् समधुशर्करम् ॥११३॥

સ્થિરા–મોટો સમેરવો વગેરે, લઘુ-પંચમૂલનાં દ્રવ્યો, નાગકેસર, કસેરુક–કંદ, ગોપી–ઉપલસરી, પિત્તપાપડો, ઉશીર–સુગંધી વાળો અને ધાણા–એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ અધકચરાં કરી તેઓનો (૧૬ ગણા પાણીમાં) ક્વાથ કરવો; એ ક્વાથ એક ચતુર્થાંશ બાકી રહે, ત્યારે તેને અગ્નિ પરથી નીચે ઉતારી લઈ શીતલ થવા દઈ ગાળીને તેમાં મધ તથા સાકર મિશ્ર કરી સુવાવડી સ્ત્રીએ તે પીવો (તેથી તેનો પિત્ત-

જ્વર શમે છે). ૧૧૨,૧૧૩

હરકોઈ જ્વરને શમાવનાર મુસ્તાદિ અભિષવ

मुस्तद्विसारिवोशीरयष्टिकालोध्रपद्मकैः ।
सप्तपर्णैरष्टाङ्गैर्वार्यर्धाढकमाप्लुतम् ॥ ११४ ॥
तन्निशामुषितं पूतं पातव्यं शर्करायुतम् ।
कर्षेण कटुरोहिण्याः श्लक्ष्णपिष्टेन चान्वितम्॥११५
सर्वाभिषवराजोऽयं सर्वज्वरनिवारणः ।

મોથ, બન્ને ધોળી તથા કાળી ઉપલસરી, સુગંધી વાળો, જેઠીમધ, લોધર, પદ્મકાષ્ઠ અને સાતપુડો–એ આઠ દ્રવ્યોને સમાન ભાગે લઈ અધકચરાં કરી અર્ધા આઢક–૧૨૮ તોલા પાણીમાં તેઓને પલાળી એક રાત્રિ રાખી મૂકી સવારમાં વસ્ત્રથી ગાળી લઈ તેમાં સાકર નાખી પીવાથી એ બધાયે શીતકષાયોમાં શ્રેષ્ઠ હોઈ સર્વ જ્વરોને અટકાવે છે.

પિત્તજ્વરને મટાડનાર પાનક યોગ

मृद्वीका नागपुष्पं च मरिचान्यथ शर्करा ॥११६
पत्रमेला च चव्यं च पानकं पैत्तिके ज्वरे ।

દ્રાક્ષ, નાગકેસર, કાળાં મરિયાં, સાકર, તેજપત્ર, એલચી અને ચવક–એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ અધકચરાં કરી તેઓનું બનાવેલું પાનક, પિત્તજ્વરમાં પિવાય છે. (અને તેથી એ જ્વર શમે છે.) ૧૧૬

સુવાવડીના જ્વરયુક્ત અતિસારની ચિકિત્સા

भद्रश्रीस्तिन्दुको मुस्ता पयस्या मधुकं वचा ॥११७
कषाय एषां पातव्यो ज्वरातीसारनाशनः ।
पिबेन्मुद्गरसं वाऽपि पृश्निपर्णीस्थिरायुतम् ॥११८

ભદ્રશ્રી–ચંદન, તિંદુક–તેન્દુ, મોથ, પયસ્યા–ક્ષીરકાકોલી, જેઠીમધ અને વજ–એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ અધકચરાં કરી તેઓનો કષાય બનાવી પીવાથી (સુવાવડીના) જ્વરયુક્ત અતિસારનો તે નાશ કરે છે; અથવા નાના–મોટા બેય સમેરવાનું ચૂર્ણ નાખી મગનો યૂષ–ઓસામણ પીવાથી તે જ્વરયુક્ત અતિસારનો નાશ કરે છે. ૧૧૭,૧૧૮

સુવાવડીની ઊલટી, દાહ તથા જ્વરનો નાશ કરનાર 'લાજપેયા'

सारिवाचन्दनोशीरद्राक्षापद्मकसाधिताम् ।
लाजपेयां पिबेच्छर्दिमूर्च्छादाहज्वरापहम् ॥११९
मुद्गयूषेण वाऽश्नीयान्मधुरेण रसेन वा ।

(સુવાવડી સ્ત્રીએ) ઉપલસરી, ચંદન, સુગંધી વાળો, દ્રાક્ષ તથા પદ્મકાષ્ઠ–એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ તેઓને ચૂર્ણરૂપે કરી તે સાથે પકવેલી 'લાજપેયા'–એટલે કે ડાંગરની ધાણીની બનાવેલી પીવા યોગ્ય રાબ બનાવીને ઊલટી, મૂર્છા, દાહ તથા જ્વરનો નાશ કરવા માટે તે પીવી; અથવા મગના યૂષ સાથે કે મધુર રસ સાથે તેણીએ ભોજન કરવું (તેથી પણ તેણીની ઊલટી વગેરે મટે છે.) ૧૧૯

સુવાવડીની મુખશુદ્ધિ માટેનું ચૂર્ણ

मधुकं केसरं गोपी निम्बपत्रं कशेरुकम् ॥१२०॥
शर्करामधुसंयुक्तो लेहो मुखविशोधनः ।

જેઠીમધ, કેસર, ગોપી–ઉપલસરી, લીંબડાનાં પાન તથા કશેરુ કંદ–એટલાં દ્રવ્યોને સમાનભાગે લઈ ચૂર્ણ બનાવી તેમાં સાકર તથા મધ મિશ્ર કરી તે ચાટવાથી તે (સુવાવડીના) મુખની શુદ્ધિ કરે છે. ૧૨૦

જ્વરનો વેગ શાંત થયા પછીનું વિરેચન

शान्तवेगे ज्वरे चास्यै दद्यान्मृदु विरेचनम् ॥१२१
चतुरङ्गुलमृद्वाकात्रिवृत्कल्केन बुद्धिमान् ।
प्रदिहेद्दारुसंयुक्तैस्तालीसोशीरचन्दनैः ॥१२२॥

સુવાવડીના જ્વરનો વેગ શાંત થઈ જાય તે પછી બુદ્ધિમાન વૈદ્યે તેને કોમળ વિરેચન આપવું જોઈએ; તે વિરેચન ગરમાળો, દ્રાક્ષ તથા નસોતરનો કલ્ક બનાવી તે ખવડાવી આપી શકાય છે; તેમ જ દેવદાર, તાલીસપત્ર, ઉશીર–વાળો તથા ચંદન મિશ્ર કરી તેના વડે તે સ્ત્રીને (જ્વર ન હોય) ત્યારે વિલેપન પણ કરવું. ૧૨૧,૧૨૨

સુવાવડીનો જ્વર મટાડનાર તૈલ–પાન તથા માલિસ

मधुकस्य च कल्केन कल्केन तगरस्य च ।
तैलमभ्यञ्जनं सिद्धं पीतं ज्वरमपोहति ॥ १२३ ॥

જેઠીમધનો કલ્ક અને તગરનો કલ્ક બનાવી તેનાથી તલનું તેલ પકવીને જો પીધું હોય કે તેનાથી જો માલિસ કર્યું હોય, તો તે પણ સુવાવડીના જ્વરને મટાડે છે. ૧૨૩

સુવાવડીના જ્વરને મટાડનાર ઘૃતયોગ

पटोलस्य गुडूच्याश्च रोहिण्याश्चन्दनस्य च ।
चन्दनस्य च कल्केन सिद्धं सर्पिर्ज्वरापहम् ॥१२४

પરવળ, ગળો, કડુ, ગરમાળો તથા ચંદન-એટલાંનો કલ્ક બનાવી તેનાથી પકવેલું ઘી (પીધું હોય તો) સુવાવડીના જ્વરનો તે નાશ કરે છે. ૧૨૪

જ્વરનાશન ત્રણ ઘૃત યોગો.

चन्दनाद्येन वा सिद्धं पटोलाद्येन वा घृतम् ।
पाययेत्तिक्तसर्पिर्वा तित्तिराद्यमथापि वा ॥१२५॥

અથવા ચંદન વગેરે ઔષધોના સમુદાયથી કે પટોલ-પરવર વગેરેના ઔષધ વર્ગથી પકવેલું ઘી અથવા 'તિક્ત સર્પિસ્' કે 'તિત્તિરાદ્ય-ઘૃત'નો યોગ સેવવાથી પણ સુવાવડીનો જ્વર મટે છે. ૧૨૫

પિત્તજ્વરમાં અપથ્યો

अम्लानि चान्नपानानि तथोष्णकटुकानि च ।
पित्तज्वरे विवर्ज्यानि प्रत्यनीकानि चाचरेत् ।१२६

ખાટાં અન્ન-પાન તેમજ ઉષ્ણ-ગરમ તથા તીખાં ખાનપાન, પિત્તજ્વરમાં ખાસ ત્યજવા યોગ્ય-અપથ્યો છે; પરંતુ તેથી બીજાં પિત્તથી વિપરીત ગુણવાળાં જે દ્રવ્યો હોય છે, તેઓનું જ સેવન કર્યા કરવું જોઈએ. ૧૨૬

કફજ્વરની પ્રાથમિક ચિકિત્સા

सम्यक्संसर्गयोगेन भग्नवेगं कफज्वरम् ।
जयेद्भैषज्यपानैश्च सर्पिषाऽभ्यञ्जनेन च ॥ १२७॥

કફજ્વરનો વેગ ભાંગ્યો હોય ત્યારે સારી રીતે સંસર્ગ યોગ એટલે કે ઉપર કહેલ ઔષધ યોગોનો મિશ્ર પ્રયોગ કરી તે દ્વારા અને તે તે કફનાશન ઔષધ યોગોના સેવનથી તે કફજ્વરને મટાડવો જોઈએ; તેમજ (કફનાશન) ઔષધદ્રવ્યોથી પકવેલ ઘૃત-પાનથી તેમજ અભ્યંજન-તેલમાલિસ કરીને તે કફજ્વરને વૈદ્યે મટાડવો. ૧૨૭

કફજ્વરમાં પ્રથમ હિતકર ક્વાથ

बृहत्यौ पुष्करं दारु पिप्पल्यो नागरं शटी ।
क्वाथमेषां पिबेदुष्णमादौ दोषविपाचनम् ॥१२८

બૃહતી-નાની-મોટી ભોંરીંગણી, પુષ્કરમૂલ, દેવદાર, પિપર, સૂંઠ અને શટ-કચૂરો-એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ તેઓનો ક્વાથ બનાવી તે ક્વાથને પ્રથમ સહેવાય તેવો ગરમ ગરમ પીવાથી તે દોષોનું પાચન કરે છે. ૧૨૮

કફજ્વરમાં પીવા યોગ્ય બીજો ક્વાથયોગ

द्विपञ्चमूलीं भार्गीं च कर्कटाख्यां दुरालभाम् ।
नागरं पिप्पलीं दारु पिबेद्वा सैन्धवान्वितम् ॥१२९

અથવા (લઘુ-બૃહત્) બૃહ પંચમૂલ એટલે દશમૂલ, ભારંગી, કાકડાશીંગ, ધમાસો, સૂંઠ, પિપર અને દેવદાર-એટલાંને સમાન-ભાગે લઈ તેઓને અધકચરાં કરી તેઓનો ક્વાથ પણ (સૈંધવ નાખી) કફજ્વરમાં પીવો જોઈએ. ૧૨૯

કફજ્વરમાં હિતકારી 'ષડંગ ક્વાથ' યોગ

पटोलं धान्यकं मुस्ता मूर्वा पाठा निदिग्धिका ।
कषाय एषां पातव्यः षडङ्गो मधुसंयुतः ॥१३०॥

અથવા કફજ્વરમાં (સુવાવડી સ્ત્રીએ) પરવર, ધાણા, મોથ, મોરવેલ, કાળીપાટ અને બેડી ભોંરીંગણી-એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ અધકચરાં કરી તેઓથી બનાવેલ 'ષડંગકવાથ' મધ નાખી પીવો. ૧૩૦

સુવાવડીએ પીવાનું પાણી અને ભોજન

नागरामरदारुभ्यां श्रृतमुष्णं पिबेज्जलम् ।
बालमूलकयूषेण जाङ्गलानां रसेन वा ॥ १३१॥
कटूष्णद्रव्ययुक्तेन मन्दस्निग्धेन भोजयेत् ।

સુવાવડીને સૂંઠ અને દેવદારનું ચૂર્ણ નાખી ઉકાળેલું પાણી (ટાઢું કરી) પાવું; તેમજ થોડા સ્નેહથી યુક્ત કરેલ અને તીખાં તથા ઉષ્ણ દ્રવ્યો નાખી તૈયાર કરેલ કૂણા મૂળાના યૂષ સાથે અથવા જાંગલ પ્રાણીના માંસ રસ સાથે ભોજન કરાવવું. ૧૩૧

સુવાવડીએ પીવાનું વિરેચન

पिबेद्रोमूत्रसंयुक्तं त्रिवृत्कल्कविरेचनम् ॥ १३२॥
काले कल्याणकं सर्पिः पिबेद्वा दाशमौलिकम् ।

સુવાવડી સ્ત્રીએ ગોમૂત્રથી યુક્ત કરેલ નસોતરના કલ્કરૂપ વિરેચન, યોગ્ય સમયે પીવું; અથવા 'કલ્યાણકઘૃત' કે 'દશમૂલ પક્વ ઘૃત' (વિરેચનરૂપે) પીવું. ૧૩૨

સુવાવડીને હિતકર તૈલ–માલિસ

लाक्षा मुस्ता हरिद्रे द्वे शताह्वा भद्ररोहिणी ॥१३३
देवपुष्पा वचा दारु सरलं चेति तैः समैः ।
पचेत्तैलं तदेतेन कुर्यादभ्यञ्जनं भिषक् ॥ १३४ ॥

લાખ, મોથ, બેય હળદર, સુવા, કડુ, લવિંગ, વજ, દેવદાર તથા સરલ કાષ્ઠ–એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ, તેઓનો કલ્ક બનાવી તે સાથે વૈદ્યે તલનું તેલ પકવવું અને એ પક્વ તેલથી સુવાવડીને અભ્યંજન–માલિસ કરવું. ૧૩૩,૧૩૪

કફજ્વરમાં હિતકારી બીજું તેલમાલિસ

कुष्ठागरुव्याघ्रनखं मांसी धान्यकसामकम् ।
वक्रं हरेणुं ह्रीबेरं स्थौणेयं केसरं त्वचम् ॥१३५॥
एले द्वे सरलं दारु मूर्वा कालानुसारिवा ।
बर्हिष्टं शतपुष्पा च पृथ्वीका देवपुष्पकम् ॥१३६॥
एतैर्हि समभागैस्तु तैलं धीरो विपाचयेत् ।
एतदभ्यञ्जनादेव कफज्वरमपोहति ॥ १३७ ॥
शेषं वातज्वरहितं कार्यमत्र चिकित्सितम् ।

કઠ, અગુરુ, વાઘનખ, જટામાંસી, ધાણા, સામો, વક્ર તગર, હરેણુબીજ, સુગંધી વાળો, તગરની ગાંઠ, કેસર, તજ, નાની–મોટી બેય એલચી, સરલકાષ્ઠ, દેવદાર, મોરવેલ, કાલાનુસારિવા કે ઉત્પલ-સારિવા, બર્હિષ્ટ–નેતર, સુવા, મોટું જીરું અને લવિંગ–એટલાં દ્રવ્યોને સમાન ભાગે ધીર વૈદ્યે લઈ તેઓનો કલ્ક તૈયાર કરી તેનાથી તેલ પકવવું; એ તેલના માલિસથી જ કફ-જ્વર મટે છે અને બાકીની તે કફજ્વરની ચિકિત્સા, વાતજ્વરમાં જે હિતકારી હોય છે, તે જ એ કફજ્વરમાં પણ કરી શકાય છે. ૧૩૫–૧૩૭

કફજ્વરમાં ત્યજવાનાં અપથ્યો

मधुराण्यन्नपानानि स्निग्धानि च गुरूणि च ॥१३८
कफज्वरे विवर्ज्यानि प्रत्यनीकानि चाचरेत् ।

કફજ્વરમાં મધુર અન્નપાન, સ્નિગ્ધ દ્રવ્યો તથા પચવામાં ભારે હોય એવા પદાર્થો બાસ (અપથ્ય હોઈ) ત્યજવા યોગ્ય ગણાય છે; અને તેથી વિરુદ્ધ પદાર્થો સેવન કરવા જોઈએ (અર્થાત્ કફજ્વરમાં તીખાં, રૂક્ષ તથા લઘુ–હલકાં ખોરાક–પાણી સેવવા યોગ્ય ગણાય છે) ૧૩૮

સુવાવડીના સંનિપાત જ્વરની ચિકિત્સા

सन्निपातज्वरस्यातः प्रवक्ष्यामि चिकित्सितम् ॥१३९
स सर्वलक्षणोऽसाध्यः कृच्छ्रसाध्योऽल्पलक्षणः ।
बलहीनस्य नष्टाग्नेः सर्वथा नैव सिद्ध्यति ॥१४०॥
किमङ्ग ! सूतिकानां तु क्षीणधातुबलौजसाम् ।
तथाऽपि यत्नमातिष्ठेदानृशंस्याद्भिषग्वरः ॥१४१॥

હવે અહીંથી આરંભી સંનિપાત-જ્વરની ચિકિત્સા હું કહું છું; તે જ્વરમાં સર્વ દોષોનાં બધાં લક્ષણો જો હોય, તો તે અસાધ્ય ગણાય છે; અને થોડાં લક્ષણો જો હોય, તો તે કૃચ્છ્રસાધ્ય એટલે કે મુશ્કેલીથી મટાડી શકાય છે; પરંતુ સંનિપાતજ્વરમાં જે રોગીનું બળ ઓછું થયું હોય અને જેનો જઠરાગ્નિ ક્ષીણ થયો હોય, તે રોગીનો એ સંનિપાતજ્વર, કોઈ પણ પ્રકારે મટતો જ નથી; તો પછી હે શિષ્ય! જે સુવાવડી સ્ત્રીઓની ધાતુઓ, બળ તથા ઓજસ્ ક્ષીણ થયાં હોય તેઓનો સંનિપાતજ્વર ન જ મટે એમાં શું કહેવાનું હોય? છતાં ઉત્તમ વૈદ્યે, ક્રૂરતાથી રહિત થઈ તે સુવાવડી સ્ત્રીઓનો પણ સંનિપાતજ્વર મટાડવા અવશ્ય પ્રયત્ન કરવો. ૧૩૯–૧૪૧

સંનિપાતજ્વરમા બળવાન દોષની ચિકિત્સા પ્રથમ કરવી

सन्निपातेषु दोषेषु यो दोषो बलवान् भवेत् ।
तमेवादौ प्रशमयेच्छेषदोषमतः परम् ॥ १४२ ॥
अल्पान्तरबलेष्वेषु दोषेषु (मति)मान् भिषक् ।
श्लेष्माणमादौ शमयेत् स ह्येषामनुबन्धकृत् ॥१४३
गुरुत्वात् कृच्छ्रपाकित्वादूर्ध्वकायाश्रयात्तथा ।
तस्माज्ज्वरेण दुर्दिष्टं वातपित्तकफात्मके ॥१४४॥

સંનિપાતમાં ત્રણે દોષો એકી વખતે

પ્રકોપ પામીને કામ કરી રહ્યા હોય છે; તેઓમાં જે દોષ બલવાન હોય, તે જ દોષની ચિકિત્સા સૌની પહેલાં કરીને તેને જ પ્રથમ શમાવવો જોઈએ; અને બાકીના દોષની ચિકિત્સા તેના પછી જ કરાય છે; છતાં બુદ્ધિમાન વૈદ્યે થોડા થોડા અંતર અથવા ફેરફારવાળું જેઓનું બળ હોય તેવા દોષોમાં કફદોષનું જ પ્રથમ શમન કરવું જોઈએ; કેમ કે તે કફદોષ જ એ-બીજા દોષોના અનુસરણને કરનાર હોય છે; એમ એકંદર સંનિપાતમાં કફ જ બીજા દોષોની પાછળ રહી મુખ્ય કામ કરનાર અથવા બીજા દોષોને પણ બળ આપનાર હોય છે; તે કારણે સંનિપાતમાં પ્રથમ કફની જ ચિકિત્સા કરવી જોઈએ; કેમ કે તે કફ પાકવો ભારે હોય છે અથવા તેનો પાક થવો મુશ્કેલ હોય છે અને વળી તે કફને શરીરના ઉપલા ભાગનો આશ્રય હોય છે; એ જ કારણે વાત-કફ બે દોષની મુખ્યતાવાળા જ્વરમાં તે જ્વરના કારણે પરિણામ ખરાબ આવેલું જોયું છે. ૧૪૨

વિવરણ : આ સંબંધે ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૩ જા અધ્યાયમાં આમ કહ્યું છે કે સંનિપાતમાં વૈદ્યે પ્રથમ કફની જ ચિકિત્સા કરવી જોઈએ અને તેના શમન પછી જ પિત્તની તથા વાતની ચિકિત્સા કરી શકાય છે.' ૧૪૨-૧૪૪

સંનિપાતજ્વરની વિશેષ ચિકિત્સા કહેવાની પ્રતિજ્ઞા

तस्यां तस्यामवस्थायां तत्तत् कार्यं चिकित्सितम् ।
सामान्येन तु वक्ष्यामि तद्विशेषं भिषग्जितम् ॥१४५

સંનિપાતજ્વરની તે તે અવસ્થામાં તે તે સામાન્ય ચિકિત્સા કરવી જોઈએ. પણ તેની જે વિશેષ ચિકિત્સા છે, તેને તો હવે હું નીચે પ્રમાણે કહું છું. ૧૪૫

સંનિપાતજ્વરમાં કરવાનું સ્વેદન

कुशकाशाश्वदंष्ट्रार्कसुधैरण्डपरूषकैः ।
..... व्रयवद्रोणं चर्मण्यास्तीर्य युक्तितः ॥ १४६ ॥
स्वेदयेत् सूतिकां तत्र गुरुप्रावरणावृताम् ।

સુવાવડી સ્ત્રીને સંનિપાતજ્વરમાં ભારે ઓઢવાનો ગરમ કામળો ચોપાસ ઓઢાડી દઈ દર્ભ-કાસડો, ગોખરૂ, આકડો, સુધા-થોર, એરંડો અને ફાલસાં એટલાં દ્રવ્યોને એક દ્રોણ-૧૦૨૪ તોલા પ્રમાણમાં લઈ આફી નાખીને ચામડા ઉપર યુક્તિથી પાથરીને તેના વડે સંનિપાત જ્વરવાળી તે સુવાવડી સ્ત્રીને સ્વેદન કરાવવું એટલે કે બાફ લેવડાવવી જોઈએ. ૧૪૬

સુવાવડીને સંનિપાતજ્વરમાં આપવાનો ક્વાથ

नागरं दशमूलं च कट्वङ्गं दारुकद्वयम् ॥१४७॥
पिप्पल्यस्त्रिफला भार्गी कर्कटाख्या दुरालभा ।
ससैन्धवः कषायोऽयं ज्वरे पूर्वापराह्णिके ॥१४८॥
मधुहिङ्गुसमायुक्तो देयः सायाह्णिके ज्वरे ।

સૂંઠ, દશમૂલ, કટ્વંગ-અરડૂસો, દારુહળદર, આંબાહળદર, પીપર, ત્રિફલા-હરડે, બહેડાં અને આમળાં, ભાર્ંગી, કાકડાશીંગ અને ધમાસો-એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ અધકચરાં કૂટી નાખીને (૧૬ ગણા) પાણીમાં તેઓનો ક્વાથ બનાવવો; (ઊકળતાં) એક ચતુર્થાંશ ક્વાથ બાકી રહે ત્યારે તેને અગ્નિ પરથી નીચે ઉતારી લઈ વસ્ત્રથી ગાળી ટાઢો થવા દઈ તે ક્વાથમાં મધ, સૈંધવ અને હિંગનું ચૂર્ણ નાખવું; પછી તે ક્વાથને દિવસના પહેલા ભાગમાં આવતા જ્વરમાં કે સાયંકાલે આવતા જ્વરમાં સુવાવડી સ્ત્રીને આપવો જોઈએ. ૧૪૭,૧૪૮

વાયુપ્રધાન સંનિપાતજ્વર માટે ક્વાથ

पटोलमुस्तामधुकरोहि..... ....॥ १४९ ॥
सर्पिषा सह पातव्यं सन्निपातेऽनिलोत्तरे ।

સુવાવડીનો સંનિપાત જ્વર જો વાયુપ્રધાન હોય તો પરવળ, મોથ, જેઠીમધ અને કડુ-આદિ દ્રવ્યોને સમાન ભાગે લઈ તેઓનો ક્વાથ બનાવી તે પાવો જોઈએ. ૧૪૯

કફપ્રધાન સંનિપાતની ચિકિત્સા

एतदेव त्रिफलया युक्तं च सुरदारुणा ॥१५०॥
पाययेन्मधुनाऽऽलोड्य सन्निपाते कफोत्तरे ।

પરંતુ એ સુવાવડીનો સંનિપાતજ્વર

જો કફપ્રધાન હોય, તો એ જ–ઉપર જણાવેલ ક્વાથમાં ત્રિફલા તથા દેવદારનું ચૂર્ણ નાખીને તે પાવો જોઈએ. ૧૫૦

પિત્તપ્રધાન સંનિપાતજ્વરમાં આપવાનો ક્વાથ

पलामधूकमधुकशीतपाकीपरूषकैः ॥ १५१ ॥
त्रिफलासारिवापाठामञ्जिष्ठाचतुरङ्गुलैः ।
पित्तोत्तरे त्वभिन्यासे पिबेत् समधुशर्करम् ॥१५२

સુવાવડીનો સંનિપાતજ્વર, જો પિત્તપ્રધાન હોય તો નાની એલચી, મહુડો, જેઠીમધ, શીતપાકી–ચણોઠી, ફાલસાં, ત્રિફલા–હરડે, બહેડાં અને આમળાં; તેમજ કાળીપાટ, મજીઠ તથા ચતુરંગુલ–ગરમાળો–એટલાં દ્રવ્યોને અધકચરાં કરી તેઓનો ક્વાથ બનાવી ઠંડો થાય ત્યારે તેમાં મધ અને સાકર મેળવી પાવો. ૧૫૧–૧૫૩

સંનિપાતજ્વરમાં પીવા યોગ્ય અનુલોમિક ક્વાથ

भार्गी शृङ्गी त्रिवृद्दन्ती दशमूली दुरालभा ।
कट्वङ्गं त्रिफला शुण्ठी पिप्पली चेति तैः श्रृतम्॥१५३
क्वाथं ससैन्धवक्षारं पाययेच्चानुलोमिकम् ।
गोमूत्रयुक्तां त्रिवृतां केवलां वा वचां पिबेत् ॥१५४

(સંનિપાતજ્વરમાં) ભારંગી, કાકડાશીંગ, નસોતર, નેપાળો, દશમૂલ, ધમાસો, અરડૂસો, ત્રિફલા–હરડે, બહેડાં અને આમળાં; સૂંઠ તથા પીપર–એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ, તેઓને અધકચરાં કરી લઈ તેઓનો ક્વાથ બનાવી, તેમાં સૈંધવ તથા જવખાર નાખી, દોષોનું અનુલોમન કરનાર તે ક્વાથ, સુવાવડીને પાવો; અથવા ગોમૂત્રથી યુકત કરેલ નસોતર અથવા એકલી વજ પાવી. ૧૫૩–૧૫૪

સંનિપાતમાં દોષનું અનુલોમન થયા પછી ઘૃત પીવું

अनुलोमं गते दोषे संजाते ग्रहणीबले ।
.....ततः सर्पिर्वा साधु संस्कृतम् ॥ १५५ ॥

સંનિપાતમાં દોષ અનુલોમ થાય અને ગ્રહણીનું બલ ઉત્પન્ન થાય, તે પછી એકલું ઘી અથવા સારી રીતે સંસ્કારી કરેલ (ઔષધપક્વ) ઘી પાવું. ૧૫૫

સંનિપાતજ્વરનો નાશ કરનાર મધુકાદિઘૃત, મહાકલ્યાણકઘૃત અને પંચગવ્યઘૃત

मधुकेनातिविषया-रोहिण्या भद्रदारुणा ।
सिद्धं सर्पिः पिबेत् काले सन्निपातज्वरापहम् ॥१५६
कल्याणकं महान्तं वा पञ्चगव्यमथापि वा ।

જેઠીમધ, અતિવિષ, કડુ તથા ભદ્રદારુ–દેવદારનું ચૂર્ણ નાખી પકવેલું તે 'મધુકાદિ ઘૃત' સંનિપાતજ્વરમાં જો પીધું હોય તો તે નાશ સંનિપાતજ્વરનો કરે છે; અથવા 'મહાકલ્યાણક ઘૃત' કે 'પંચગવ્યઘૃત' જો પીધું હોય તો તે પણ સંનિપાતજ્વરનો નાશ કરે છે. ૧૫૬

ત્રિદોષનાશન તૈલ, ઘૃત અથવા અભ્યંજન

शीतोष्णैरौषधैस्तैलं सर्वैरेवोपसंस्कृतम् ॥ १५७ ॥
अभ्यञ्जनं विधातव्यं यच्चान्यत्त्रिमलापहम् ।

જે જે ઔષધદ્રવ્યો શીતળ તથા ઉષ્ણ–ગરમ હોય છે, તે તે બધાં નાખી સંસ્કારી કરેલ–પકવ તૈલનું માલિસ કરવું અથવા બીજું જે કોઈ દ્રવ્યો, ત્રણે દોષોનો નાશ કરનારાં છે તે તે સર્વનો પણ સંનિપાતજ્વરમાં ઉપયોગ કરવો જોઈએ.

સંનિપાતમાં મુખપ્રક્ષાલન માટેનાં દ્રવ્યો

हरीतक्या प्रियंग्वा च मालत्याऽऽम्र(लकेन) च ।१५८
मु(ख)प्रक्षालनं कार्यं वासया खदिरेण वा ।

(સંનિપાતમાં) હરડે, પ્રિયંગુ–ધઉંલા, માલતી તથા આમળાં–આટલાં દ્રવ્યોને સમાનભાગે લઈ તેના ચૂર્ણથી મોઢું ધોવું જોઈએ; અથવા અરડૂસી અને ખેરના ચૂર્ણથી પણ સંનિપાતમાં મોઢું ધોવું જોઈએ–એટલે કે તે તે દ્રવ્યોને પાણીમાં નાખી તેનાથી કોગળા કરવા. ૧૫૮

સંનિપાતમાં હિતકર પ્રતિસારણ

श्लक्ष्णपिष्टं तथाऽऽम्रास्थि रसाञ्जनसमन्वितम्।१५९
दन्तमांसौष्ठजिह्वानां प्रधानं प्रतिसारणम् ।

તેમ જ સંનિપાતમાં આંબાની ગોટલી તથા રસાંજન–રસવંતી મિશ્ર કરી તેને બારીક પીસી નાખી તેના સુંવાળા ચૂર્ણથી દાંત, તેનાં પેઢાં, હોઠ તથા જીભને ઘસવામાં

આવે, તે-ઉત્તમ પ્રતિસારણ, સંનિપાતમાં હિતકર થાય છે. ૧૫૯

સંનિપાતમાં લલાટ પર કરવાનો લેપ

सन्तप्यमाने शिरसि दधिसर्जरसाक्षतैः ॥ १६० ॥
साश्वगन्धैर्मधुयुतैर्ललाटमुपलेहयेत् ।

સંનિપાતમાં માથું જો અતિશય તપ્યા કરે કે માથામાં સંતાપ થાય ત્યારે દહીં, રાળ, ચોખા તથા અશ્વગંધા-આસંધ-એટલાં દ્રવ્યોને એકત્ર કરી બારીક પીસી તેનાથી લલાટ ઉપર લેપ કરવો. ૧૬૦

સંનિપાતજ્વરમાં આઠ દિવસો જાય તે પછી કરવાનું ભોજન

लघ्वन्नकृतसंसर्गे निरष्टाहपरे ज्वरे ॥ १६१ ॥
संसर्गे सन्निपाते वा सप्रलापेऽनिलोत्तरे ।
सशूलबद्धविण्मूत्रे सश्वासे च विशेषतः ॥१६२॥
पुराणसर्पिःसंस्कारो विधेयो जाङ्गलो रसः ।
दशमूलकुलत्थानां यवानां कुवलस्य च ॥१६३॥
कुलीरष्टङ्कया रास्नायाः शटीपुष्करमूलयोः ।
भार्ग्या दुरालभायाश्च निर्यूहे साधु साधितः ॥१६४
तेनास्य विगुणो वायुर्ज्वरश्चास्य प्रशाम्यति ।

પ્રલાપયુક્ત એટલે બકવાદ સહિત સંસર્ગજ એટલે બે દોષના સંબંધવાળો કે સંનિપાતજ-ત્રિદોષયુક્ત જ્વર હોય અથવા વાયુપ્રધાન જ્વર હોય, તેમાં પ્રથમ તો આઠ દિવસો સુધી તો (પેયા આદિ) હલકા ખોરાકનો જ સંસર્ગ અથવા ભોજનક્રમ ચાલુ રાખવો જોઈએ; અને એમ આઠ દિવસો વીતી જાય ત્યારે જૂના ઘીથી સંસ્કાર યુક્ત કરેલ જાંગલ-પશુ-પક્ષીઓના માંસનો રસ (માંસાહારીને) આપવો જોઈએ; અને તે પણ શૂલયુક્ત મલબંધ એટલે ઝાડાની કબજિયાતમાં તથા મૂત્ર રોકાયું હોય અને સાથે શ્વાસ પણ જો હોય તો વિશેષે કરી-અવશ્ય આપવો જોઈએ; અથવા દશમૂલ અને કળથીના, જવના, બોરના, કાકડાશીંગના, રાસ્નાના, શટકચૂરાના, પુષ્કરમૂલના, ભારંગીના અને ધમાસાના ક્વાથરસમાં સારી રીતે પકવ કરેલો એ જાંગલ માંસરસ (કે શાલિ-ડાંગરનો ભાત) અપાય એ વધુ ઉત્તમ ગણાય છે; તે આપવાથી એ રોગીનો વિગુણ થયેલો કે અવળા માર્ગે ગતિ કરતો વાયુ-અપાન, અનુલોમ ગતિવાળો થઈ-સવળા માર્ગે ગતિ કરે છે અને તેથી તેનો (ઉપર કહેલ) જ્વર પણ અત્યંત શાંત થઈ જાય છે. ૧૬૪

જ્વરનો વેગ ભાંગ્યા પછીના બે સંશમનયોગો

पाचनीयैरुपक्रान्ते भग्नवेगे सति ज्वरे ॥ १६५ ॥
पक्वावशेषे च मले बले मन्दत्वमागते ।
पेयं सुशीतं सक्षौद्रमिदं संशमनद्वयम् ॥ १६६ ॥
पिप्पली सदुरालम्भा मृद्वीका वा सपिप्पली ।

જે કાળે પાચનીય ઔષધદ્રવ્યોથી જ્વરની ચિકિત્સા ચાલુ કરેલી હોય અને તેથી એ જ્વરનો વેગ ભાંગ્યો હોય, છતાં એ રોગીના મળો પાકવા બાકી રહ્યા હોય, પણ રોગીનું તથા રોગનું બલ મંદતાને પામી ઓછું થઈ ગયું હોય ત્યારે તે રોગીને અત્યંત શીતળ અને મધથી મિશ્ર કરેલાં આ બે સંશમનો આપી શકાય છે; તેમાંનું એક ધમાસાથી યુક્ત કરેલી પીપર અથવા પીપર સહિત દ્રાક્ષ આપી શકાય છે ૧૬૫,૧૬૬

વિષમજ્વરનાશન 'મંગલ્યક' યોગ

गुडूच्यामलकानां च स्वरसे साधितं घृतम् ॥१६७
कल्केन सारिवाशुण्ठीलोध्रदाडिमचन्दनैः ।
तद्धि मङ्गल्यकं नाम विषमज्वरनाशनम् ॥१६८॥
ज्वराणां चापि सर्वेषामेतदेवामृतोपमम् ।
इति ह स्माह भगवान् काश्यपः ॥ अचूष्क (१७४)

ગળો અને આમળાંના સ્વરસમાં પકવેલા ઘીમાં ઉપલસરી, સૂંઠ, લોધર, દાડમ તથા ચંદન મિશ્ર કરી જે તૈયાર કરાય છે, તે ખરેખર 'મંગલ્યક' નામનો પ્રયોગ છે અને તે વિષમજ્વર (ટાઈફોઇડ)નો નાશ કરે છે; ઉપરાંત આ 'મંગલ્યક' યોગ, બધાયે જ્વરોમાં અમૃતના જેવું કામ કરે છે, એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું. ૧૬૭-૧૭૪

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં ખિલસ્થાન વિષે 'સૂતિરોગ-ક્રમણીય' નામનો અધ્યાય ૧૧મો સમાપ્ત

જાતકર્મોત્તરીય : અધ્યાય ૧૨ મો

અથાતો જાતકર્મોત્તરમધ્યાયં વ્યાખ્યાસ્યામઃ ॥૧॥ ઇતિ હ સ્માહ ભગવાન્ કશ્યપઃ ॥ ૨ ॥

હવે અહીંથી 'જાતકર્મોત્તરીય' નામના ૧૨ મા અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું, એમ ખરેખર ભગવાન કશ્યપે કહ્યું હતું. ૧,૨

વિવરણ : આ ૧૨ મા અધ્યાયનું 'જાતકર્મોત્તરીય' એ નામ ખરેખર આવી સાર્થકતા સૂચવે છે; અર્થાત્ આ અધ્યાયમાં બાળકનો જન્મ થયા પછી તેને ઉદ્દેશી જે વૈદિક ક્રિયા કે કર્મો કરાય છે, તેઓનું અહીંથી શરૂ કરેલ આ ૧૨ મા અધ્યાયમાં વર્ણન કરવામાં આવશે. ૧–૨

જન્મેલા બાળકને ૧ લા મહિને સૂર્યનું તથા ચંદ્રનું દર્શન કરાવવું

અથ ખલુ શિશોર્જાતસ્ય તત્કર્મણ્યભિનિર્વૃત્તે પ્રથમ એવ માસિ કૃતરક્ષાહોમમઙ્ગલસ્વસ્ત્યયનસ્ય સૂર્યોદયદર્શનોપસ્થાનં, પ્રદોષે ચન્દ્રમસઃ ॥ ૩ ॥

બાળકનો જન્મ થઈ ગયા પછી તેના પ્રસવને લગતી તે તે ક્રિયાઓ સંપૂર્ણ કરાઈ જાય તેમ જ પહેલા જ મહિને તેનું રક્ષાકર્મ, તેના જન્મ નિમિત્તે કરવાનું હોમકર્મ, મંગલકર્મ તથા સ્વસ્તિવાચન કર્મ પણ કરાઈ જાય, તે પછી (સારા દિવસે પ્રાતઃકાળમાં જ) સૂર્યનું દર્શન કરવા તેને સૂર્ય સામે હાજર કરવો અને રાત્રિના આરંભકાળે (પૂર્ણ) ચંદ્રનું દર્શન કરવા ચંદ્ર સામે હાજર કરવો. ૩

વિવરણ : દ્વિજવર્ણ–બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય, હમેશાં સૂર્યોદયના સમયે કરાતા સંધ્યાવંદન કર્મમાં સૂર્યદર્શન કરતી વેળા આ વૈદિક મંત્રોચ્ચાર કરે છે : 'ॐ तच्चक्षुर्देवहितं पुरस्ताच्छुक्रमुच्चरत् पश्येम शरदः शतम्'–તે આ તેજસ્વી સૂર્યમંડલ દેવોને હિતકારી એટલે કે પ્રત્યેક પ્રાણીની બધી ઇંદ્રિયોને હિતકારી હોઈને પૂર્વ દિશામાં ઊંચે ગમન કરતું પ્રકાશી રહ્યું છે અને તે આ સૂર્યમંડલ, સર્વ પ્રાણીઓના ચક્ષુરૂપ છે; તેનું અમે સેંકડો વર્ષો સુધી દર્શન કરવા તૈયાર રહીએ છીએ.' આ ઉપરથી સાબિત થાય છે કે દરરોજ પ્રાતઃકાળે પ્રત્યેક મનુષ્યે સૂર્યદર્શન કરવું તે આવશ્યક છે; પુરાણોમાં પણ આ સૂચન છે કે, સૂર્ય તથા ચંદ્ર–એ બન્ને પરમાત્માનાં નેત્રો છે, તેથી પ્રત્યેક મનુષ્યે, પોતાનું નેત્રતેજ વધારવા સૂર્ય તથા ચંદ્રનું દર્શન અવશ્ય કરવું. ૩

ચોથા મહિને બાળકને દેવમંદિરમાં પ્રવેશ કરાવવો વગેરે

ચતુર્થે માસિ સ્નાતાલઙ્કૃતસ્યાહતવાસસા સંવીતસ્ય સસિદ્ધાર્થકમધુસર્પિષા રોચનયા ચાન્વાલબ્ધસ્ય ધાત્ર્યા સહાન્તર્ગૃહાન્નષ્કમ્રણં દેવતાગારપ્રવેશનં ચ। તત્રાગ્નિં પ્રજ્વલન્તં ઘૃતાક્ષતૈરભ્યર્ચ્ય બ્રહ્માણમીશ્વરં વિષ્ણું સ્કન્દં માતૃશ્ચાન્યાનિ ચ કુલદૈવતાનિ ગન્ધપુષ્પધૂપમાલ્યોપહારૈર્બલિભિર્વિધિવત્ સંપૂજ્ય, તતો બ્રાહ્મણવાચનં કૃત્વા, તેષામાશિષો ગૃહીત્વાઽભિવાદ્ય ચ ગુરૂન્ પુનઃ સ્વમાગારં પ્રવિશેત્। પ્રવિષ્ટં ચૈનમનેન મન્ત્રેણાભ્યુક્ષ્ય ભિષગ્વર્તેત ॥ ૪ ॥

'શરચ્છતં જીવ શિશો ! ત્વં દેવૈરભિરક્ષિતઃ।
દ્વિજૈરપ્યાશિષા પૂતો ગુરુભિશ્ચાભિનન્દિતઃ' ઇતિ ॥૫॥

ચોથા મહિને (સવારમાં યોગ્ય મુહૂર્તે) બાળકને સ્નાન કરાવી, શણગારી, નવાં વસ્ત્રો પહેરાવી, સરસવ સહિત મધ, ઘી અને ગોરોચન સાથે ધાવમાતાને સાથે રાખી તેની માતા, ઘરમાંથી બહાર નીકળી દેવમંદિરમાં પ્રવેશ કરાવે; ત્યાં અગ્નિને પ્રજ્વલિત કરી ઘી તથા અખંડ ચોખા વડે તે અગ્નિનું પ્રથમ પૂજન કરી તે પછી બ્રહ્માનું, ઈશ્વર–શંકરનું, વિષ્ણુનું, કાર્તિકેયનું, બધી માતૃકાઓનું તથા બીજા કુળ દેવતાઓનું પણ ચંદન, પુષ્પ, ધૂપ, પુષ્પમાલાઓ સહિત બલિદાનોથી પણ સારી રીતે પૂજન કરે અને પછી બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવી, તેઓના આશીર્વાદો ગ્રહણ કરી, તેઓને તથા પોતાના ગુરુઓ–વડીલોને પણ વંદન કરી ફરી પોતાના ઘરમાં પ્રવેશ કરે; એમ તે બાળક, પોતાના ઘરમાં પ્રવેશ કરે ત્યારે વૈદ્ય, તેને આ મંત્રથી આશીર્વાદ આપે કે,

'शरच्छतं जीव शिशो! त्वं देवैरभिरक्षितः। द्विजैरप्याशिषा पूतो गुरुभिश्चाभिनन्दितः॥'– હે બાળક! તું દેવો વડે ચોપાસ રક્ષાયેલો છે; બ્રાહ્મણો વડે આશીર્વાદોથી પવિત્ર કરાયો છે અને ગુરુઓ તથા વડીલો વડે પણ ચારે બાજુથી અભિનંદન અપાયો છે, તેથી સો વર્ષો સુધી તું જીવ.' ૫

છઠ્ઠા મહિને બાળકને કરાવવાનું કર્મ

षष्ठे मासि पुण्याहेऽभ्यर्च्य देवतां, द्विजांश्च भोजनेन सन्तर्प्य दक्षिणाभिः स्वस्ति वाच्य च, गृहमध्ये वास्तुमध्ये वा शुचौ देशे गोमयेनाद्भिश्च चतुर्हस्तमात्रं स्थण्डिलमुपलिप्य मण्डलं चतुरस्रं वा, हिरण्यसुवर्णरजताताम्रकांस्यशीसायसांन मणयो मुक्ताप्रवाला(दयः) सर्वे, सर्वाणि धान्यानि व्रीहयः सर्वसतालेष्टक(?) क्षीरदधिघृतमधुगोमयगोमूत्रकार्पासादीनि, बालक्रीडनकानि पिष्टमयानि, तद्यथा–गोगजोष्ट्राश्वगर्दभमहिषमेषच्छागमृगवराहवानररुरुशरभसिंहव्याघ्रकपितरक्षुवृककूर्ममीनशुकसारिकाकोकिलकलविङ्कचक्रवाकहंसकौञ्चसारसमयूरककरचकोरकपञ्जलचरणायुधवर्तकाकाराणि, शैलंकगृह(क)रथकयानकस्यन्दनकशल्लिकाजिञ्झिरिकाखैरिकेशीकातुम्बीकादुष्प्रवाहकभद्रकसंचोल्लकपीठप.....न्दिकादुहितृकाकुमारकगोलगन्दुकादीन्यन्यानि च स्त्रीकौतुकानीति, भिषक् तस्य मण्डलं सन्निधाय वसुधायै अर्घ्यं दत्त्वाऽनेन मन्त्रेण ॥६॥

त्वमग्रजा त्वं प्रभवाऽव्यया च, लोकस्य धात्री सचराचरस्य। त्वमीड्यसे त्वं यजसे महीह, मात्रेऽत्र नः (पा) हि कुमारमेनम् ॥ ७॥
तं ब्रह्मा अनुमन्यतां स्वाहा।

છઠ્ઠા મહિને પવિત્ર દિવસે દેવતાનું પૂજન કરી, બ્રાહ્મણોને જમાડી, દક્ષિણાઓ વડે સારી રીતે તૃપ્ત-પ્રસન્ન કર્યા પછી તેઓ પાસે સ્વસ્તિવાચન કર્મ કરાવવું; તે પછી ઘરની વચ્ચે અથવા પોતાનું જ્યાં ખાસ રહેઠાણ હોય તે સ્થળે પવિત્ર પ્રદેશ પર ગાયના છાણથી અને પાણીથી ચાર હાથનું ચોખંડું સ્થંડિલ લીંપવું અથવા ચાર ખૂણાવાળું મંડલ કાઢવું અને તેની ઉપર સોનું, રૂપું-ચાંદી, તાંબું, કાંસું, સીસું, કલઈ, બધી જાતના મણિઓ, મોતી, પરવાળાં વગેરે સર્વ ધાતુઓ તેમ જ બધી જાતનાં ધાન્યો, ડાંગર, બધી જાતનાં માટીનાં ઢેફાં, દૂધ, દહીં, ઘી, મધ, ગાયનું છાણ, ગોમૂત્ર તથા કપાસ વગેરે પદાર્થો અને બાળકોનાં રમકડાં લોટનાં બનાવીને મૂકવાં; જેમ કે ગાય, બળદ, હાથી, ઊંટ, ઘોડો, ગધેડો, ભેંસ, પાડો, બકરો, ઘેટો, મૃગ-હરિણ, વરાહ-ભૂંડ-ડુક્કર, વાનર, રુરુ-મૃગ, શરભ-અષ્ટાપદ પ્રાણી, સિંહ, વાઘ, માંકડું, વાનર, રીંછ, વરુ, કાચબો, માછલું, પોપટ, મૈના, કોયલ, કલવિંક-ચકલો, ચક્રવાક-ચકવો, હંસ, કૌંચપક્ષી, સારસપક્ષી, મોર, કરકરપક્ષી, ચકોર પક્ષી, કપિંજલ પક્ષી, કૂકડો અને વર્તક-બટેરું પક્ષી-એ બધાના આકારનાં લોટનાં રમકડાં; તેમ જ પહાડો, ઘરો, રથો, બીજાં વાહનો, ગાડી-ગાડાં, શલ્લિકા નામનું વાહન, જિન્જિરિકા નામનું વાહન, ખૈરિક નામનું વાહન, ઇશીકા-સળી, તુંબડી, દુષ્પ્રવાહક, ભદ્રક, સંચોલ્લક, આસનો, પન્દિકા, દુહિતૃકા, કુમારક તથા ગોળ દડો વગેરે બીજાં પણ સ્ત્રીઓને આનંદદાયી રમકડાં વગેરે પણ વૈદ્યે તે મંડલમાં ગોઠવવાં; એવું મંડલ તૈયાર કરી ત્યાંની જમીનને અર્ઘ્યપ્રદાન કરતી વેળા આ મંત્ર ભણવો: 'त्वमग्रजा त्वं प्रभवाऽव्यया च, लोकस्य धात्री सचराचरस्य। त्वमीड्यसे त्वं यजसे महीह, मात्रेऽत्र नः पाहि कुमारमेनम्॥ तं ब्रह्मा अनुमन्यतां स्वाहा।-હે ભૂમિ! તમે સૌની પહેલાં ઉત્પન્ન થયાં છો; તમે અવિનાશી અને નિર્વિકાર છો; સ્થાવર-જંગમ સહિત આ લોકનું તમે ધારણ-પોષણ કરો છો; હે ભૂમિ! તમે અહીં પૂજાઓ છો અને તમે જ યજ્ઞ-યાગ કરો છો; અહીં આ માતાનું, અમારું તથા આ કુમારનું તમે રક્ષણ તથા પાલન કરો.'

શ્રી બ્રહ્મદેવ! આ વિષયમાં પોતાનું અનુમોદન–સલાહ–સંમતિ આપો.' ૬,૭

ततस्तं मण्डलमध्ये तथैव स्नातमलङ्कृतमहतवाससं कुमारं प्राङ्मुखमुपवेशयेन्मुहूर्तं, मुहूर्तमुपविश्य यद्धस्ताभ्यां प्रथमं गृह्णीत पारमृशेद्वा कृष्याद्वा तद्भागी भविष्यतीति हृदि निमित्तं कृत्वोत्थाप्योत्तरकालमवहितया धात्याऽन्वितः कुमारेण वा एतैरेव क्रीडनकैस्तैजसैरितरैश्च लघुभिरखरैरतीक्ष्णैरवक्रङ्गमैरनवोपस्करैराकर्षणाहरणक्षमैः रुचिभिर्घोषवद्भिर्विनोद्यमानः सोपाश्रयास्तरणोपेतायां भूमौ प्रतिदिनमभ्यासार्थं सकृदुपविशेदिति ॥ ८

તે પછી એ મંડલની વચ્ચે તે જ પ્રમાણે સ્નાન કરેલ, શણગારેલ તથા નવાં વસ્ત્રો પહેરાવેલ તે બાળકને બેસાડવો; તે વેળા તેનું મોઢું પૂર્વ દિશા તરફ રાખવું; લગભગ એક મુહૂર્ત ત્યાં બેસાડ્યા પછી 'જેય હાથ વડે તે બાળકને તમે ગ્રહણ કરો' એમ કહી તે બાળકનો વૈદ્યે સ્પર્શ કરવો; પછી તેને થોડો ખેંચવો અને તેવો 'ભાગ્યશાળી આ બાળક થશે' એમ હૃદયે તે બાળક નિમિત્તે ભાવના કર્યા પછી વૈદ્ય, તે બાળકને ત્યાંથી ઉઠાવી લઈ તે પછીના કાળે સાવધાન થયેલી તે ધાવમાતા તથા કુમારની સાથે તેમ જ ત્યાં ગોઠવેલાં એ બધાંયે રમકડાં સાથે અને બીજા બધા તૈજસ પદાર્થોરૂપ તે તે ધાતુઓની સાથે તેમ જ વજનમાં હલકા કઠોર તથા તીક્ષ્ણ ન હોય એવા વાંકા નહિ ચાલનાર, જૂના સામાન સહિત અને ખેંચવા માટે તથા લઈ જવા માટે સમર્થ તથા રુચિકારક ગર્જનાઓથી યુક્ત એવા રથ વગેરે વાહનો દ્વારા ત્યાંથી હંકારાઈને તે વૈદ્ય, સમીપના આશ્રમો તથા બિછાનાંઓથી યુક્ત એવી ભૂમિ પર હમેશાં અભ્યાસ કરવા માટે તે બાળકને તે મંડલ પર બેસાડે. ૮

વિવરણ: ચરકે પણ શારીરના ૮ મા અધ્યાયમાં અહીં બતાવેલ રમકડાં સંબંધે આમ લખ્યું છે: 'क्रीडनकानि खल्वस्य खलु विचित्राणि घोषवन्त्यभिरामाणि अगुरूणि अतीक्ष्णानि अनास्यप्रवेशीनि अप्राणहराणि अविन्नासनानि च स्युः'–એ બાળકનાં રમકડાં ખરેખર જાતજાતનાં, અદ્‌ભુત અવાજ કરનારાં, ચોપાસથી મનને આનંદ પમાડનારાં; વજનમાં ભારે ન હોય એવાં હલકાં, તીક્ષ્ણ અણીવાળાં ન હોય એવાં અને મોઢામાં ન પેસી જાય એવાં હોઈ પ્રાણને ન હરી લે એવાં તેમ જ ત્રાસ કે ભય ન પમાડે એવાં હોવાં જોઈએ.' ૮

तत्र श्लोकाः

આ સંબંધે અહીં આ શ્લોકો મળે છે:

उपलिप्ते शुचौ देशे शस्त्रतोयाग्निवर्जिते।
उपविष्टं सकृच्चैनं न चिरात् स्थापयेद् बुधः ॥९॥

વિદ્વાન્ વૈદ્યે, એ બાળકને છઠ્ઠા મહિને ગાયના છાણથી લીપેલા, પવિત્ર, શસ્ત્રરહિત, જલરહિત તથા અગ્નિરહિત પ્રદેશ પર થોડા સમય સુધી બેસાડવો જોઈએ. ૯

એ પ્રદેશ પર લાંબો સમય ન બેસાડવાનું કારણ

स्तैमित्यं कटिदौर्बल्यं पृष्ठभङ्गः श्रमो ज्वरः।
विण्मूत्रानिलसंरोधाध्मानं चात्युपवेशनात् ॥१०॥

એ લીપેલા પ્રદેશ પર તે બાળકને વધુ સમય બેસાડવાથી તેના શરીરમાં સ્તૈમિત્ય એટલે કે ભેજથી યુક્તપણું, કેડમાં દુર્બલપણું, પીઠનું ભાંગી પડવું, શ્રમ–થાક, જ્વર અને વિષ્ઠા, મૂત્ર તથા વાયુનું અટકવું તેમ જ આધ્માન–પેટનો આફરો પણ થાય છે. ૧૦

જમીન પર વધુ વખત બેસાડવાથી બાળકના શરીરને વધુ હાનિ

आसीनस्यातिबालस्य सततं भूमिसेवनात्।
आसन्नान्येव दुःखानि निर्घातं गात्रभेदनम् ॥११॥
निर्घाताज्जर्जराङ्गत्वं वेदना ज्वरसंभवः।
ततो न वृद्धिर्बालस्य कठोराङ्गत्वमेव च ॥१२॥

નાનું બાળક, લાંબા વખત સુધી જમીન સેવે અને ત્યાં લાંબો સમય એકધારું બેસી રહે, તેથી તેના શરીરમાં દુઃખો વધુ સમીપે પ્રાપ્ત થાય છે; શરીરમાં આઘાત

પહોંચે, તેના શરીરના અવયવોમાં ત્રોડ થાય; તેમ જ અતિશય નિર્ઘાત કે અથડામણથી એ બાળકનાં અંગોમાં જર્જરપણું–શિથિલતા, વેદના અને જ્વરનો પણ સંભવ થાય છે; તેથી એ બાળકની વૃદ્ધિ થતી નથી, એટલું જ નહિ, પણ તેનાં અંગો પણ કઠોર જ બની જાય છે. ૧૧,૧૨

જમીન પર વધુ બેસાડવાથી બાળકના અંગને નુકસાન થાય

मक्षिकाक्रिमिकीटानां वेलाझञ्झानिलस्य च ।
सर्पाखुनकुलादीनां गम्यो भवति नित्यशः ॥१३॥

વળી એ બાળકને જમીન પર બેસાડી રાખવાથી બાળકના શરીર પર માખીઓ, કીડા તથા કીડીઓ વગેરેના ચડી જવાથી તે તે નિમિત્તે ઉપદ્રવો થાય છે; વળી કોઈ વેળા ઝંઝાવાત–વાવાઝોડાની અસર પણ થાય છે અને કાયમ સર્પ, ઉંદર કે નોળિયો વગેરેના કરડવાનો ભય રહે છે. ૧૩

ઉપર કહેલ કારણે બાળકને લાંબો સમય જમીન પર ન બેસાડી રખાય

तस्मान्नातिचिरं नैको न बालो न च रोगितः ।
उपवेश्यो भवेद्बालो नापुण्याहकृतादिकः ॥१४॥

ઉપર કહેલ ઉપદ્રવોનો સંભવ હોય છે, તે કારણે બાળકને જમીન પર લાંબો સમય બેસાડી ન રાખવો; તેમ જ એકલો પણ ન બેસાડવો; રોગયુક્ત થયેલાને તો જમીન પર ન જ બેસાડાય અને પુણ્યાહવાચન આદિ મંગલક્રિયા કર્યા વિના પણ બાળકને ત્યાં જમીન પર બનાવેલ મંડલ પર ન જ બેસાડવો. ૧૪

છઠ્ઠે મહિને બાળકને ફળભક્ષણ–અન્નપ્રાશન આદિ કરાવવા વિષે

तस्मिन्नेव मासि विविधानां फलानां प्राशनं, भिषगनुतिष्ठेत् । तद्धि दन्तजातस्यान्नप्राशनं दशमे वा मासि प्रशस्तेऽहनि प्राजापत्ये नक्षत्रेऽऽभ्यर्च्य देवतां ब्राह्मणांश्च समांसेनान्नेन दक्षिणावता स्वस्ति वाच्य गोमयोपलिप्ते स्थण्डिले दर्भानास्तीर्य सुमनसोऽवकीर्य चतुर्षु स्थानेषु गन्धमाल्यालङ्कृतान् पूर्णकलशान् स्वस्तिकांश्च स्थाप्य क्रीडनकविहितानि पूर्ववदुपकरणानि सर्वाण्येवोपकल्प्य लावककपिञ्जलतित्तिरचरणायुधानामन्यतमस्य मांसेनान्यैश्च विचित्रसुसंस्कृतकामिकैर्व्यञ्जनैः समुदितमन्नपानं मध्ये निधाय ततो भिषक् सुतमलङ्कृतमहतवस्त्रपरिहितमनुष्ठितरक्षाविधानं कुमारं प्राङ्मुखः प्रत्यङ्मुखमुपवेश्याग्निं प्रज्वाल्यान्नं सर्वव्यञ्जनोपेतं गृहीत्वाऽनेन मन्त्रेण जुहुयात् ॥ १५ ॥

यथा सुराणाममृतं नागेन्द्राणां यथा सुधा ।
तथाऽन्नं प्राणिनां प्राणा अन्नं चाहुः प्रजापतिम् ॥१॥
तदुद्भवस्त्रिवर्गश्च लोकाश्चैव यथा ह्यमी ।
जुहोमि तस्मात्त्वय्यन्नमग्नेऽमृतसुखोपगम् ॥२॥
प्रजापतिरनुमन्यतां स्वाहा ।

વળી તે બાળકને છ મહિને વૈદ્ય, અનેક પ્રકારનાં ફળો ખવડાવી શકે છે; કારણ કે તે વેળા દાંત આવી ગયા હોય, તેથી તેને ફળ ખાવા અપાય; તેમ જ ભોજન પણ કરાવી શકાય અથવા બાળકને અન્નપ્રાશન તો દશમા મહિને જ કરાવવું (એવો અહીં તે સંબંધે મતભેદ પણ મળે છે); એમ જે મહિને-છઠ્ઠે કે દશમે મહિને બાળકને અન્નપ્રાશન કરાવવું હોય તે મહિનામાં (જ્યોતિષની દૃષ્ટિએ) ઉત્તમ દિવસ લેવો જોઈએ; નક્ષત્ર પણ પ્રજાપતિ દેવનું લેવું જોઈએ; એમ તે સારે દિવસે શુભ નક્ષત્રે પ્રથમ દેવતાનું તથા બ્રાહ્મણોનું પૂજન કરી માંસયુક્ત અથવા કેવળ અન્ન સાથે દક્ષિણા–દાનપૂર્વક સ્વસ્તિવાચન કરાવીને ગાયના છાણથી લીંપેલા મંડલ પર પ્રથમ દર્ભ પાથરી-પુષ્પો વેરીને, તે સ્થળે ચાર સ્થાને-ખૂણાઓમાં ચંદન, પુષ્પમાળાઓ વગેરેથી શણગારેલા ચાર જલપૂર્ણ કળશો સ્થાપવા અને ત્યાં સાથિયા પણ પૂરવા; તે પછી ત્યાં જાતજાતનાં રમકડાં અને બીજાં પણ સાધનો પહેલાંની જેમ ગોઠવવાં; અને મંડલની વચ્ચે લાવક, કપિંજલ, તેતર અને કૂકડાં–એમાંના કોઈપણ એકના માંસ સાથે,

તેમ જ બીજા પણ તરેહતરેહના સારી રીતે સંસ્કારી કરેલ યથેષ્ટ રુચિકર શાકો સહિત સમુદાયના રૂપમાં એકત્ર કરેલ અન્ન–પાન–ખોરાક–પાણીને પણ ત્યાં વચ્ચે ગોઠવવાં; પછી વૈદ્યે પોતે પશ્ચિમ તરફ મુખ રાખી ત્યાં બેસીને (ધાત્રીની પાસે રહેલા) શણગારેલા, નવાં વસ્ત્રો ધારણ કરેલ અને જેની રક્ષાવિધિ કરી હોય એવા પેલા બાળકને ત્યાં પૂર્વ દિશા તરફ મુખ રખાવી બેસાડવો અને પછી ત્યાં અગ્નિને પ્રજ્વલિત કરાવી બધાં વ્યંજનોથી યુક્ત અન્નને હાથમાં ગ્રહણ કરી આ મંત્રોચ્ચાર કરી અગ્નિમાં હોમ કરવો :–'यथा सुराणाममृतं नागेन्द्राणां यथा सुधा। तथाऽन्नं प्राणिनां प्राणा अन्नं प्राहुः प्रजापतिम् ॥ तदुद्भवस्त्रिवर्गश्च लोकाश्चैव यथा ह्यमी। जुहोमि तस्मात् त्वय्यन्नमग्नेऽमृतसुखोपमम् ॥–જેમ અમૃત દેવોનો અને 'સુધા' નામનું એક જાતનું બીજું અમૃત મોટા નાગરાજો–સર્પોનો ખોરાક છે, તેમ અન્ન–અનાજ અથવા ધાન્ય–એ પ્રાણીઓના પ્રાણરૂપ છે અને તે જ કારણે વિદ્વાનો અન્નને પ્રજાપતિનું સ્વરૂપ કહે છે; એટલું જ નહિ, પણ ધર્મ, અર્થ અને કામરૂપ ત્રિવર્ગની ઉત્પત્તિ તે અન્નમાંથી થાય છે, તેમ જ આ લોકો પણ તે અન્નથી જ ઉત્પન્ન થાય છે; એ કારણે, હે અગ્નિદેવ! અમૃત જેવા સુખને પમાડનાર આ અન્નનો તમારા વિષે હું હોમ કરું છું; તે માટે પ્રજાપતિ બ્રહ્મા, સલાહ આપો; અને આ અન્ન તમને અર્પણ હો.'૧૫–૧૭

હોમથી બાકી રહેલું અન્ન બાળકને ખવડાવાય

हुतशेषस्याङ्गुष्ठमात्रं सुमृदितं कृत्वाऽऽलभ्य बालं ततोऽस्य मुखे दद्यात्त्रीणि पञ्च वा वारान्, प्राश्योपस्पृशेच्चैनम्; उत्थाप्योर्ध्वं द्वादशमासिकस्यान्नमभिलषतोऽल्पशश्चेमानि दद्यादिति ॥१८

એમ ઉપર જણાવ્યા પ્રમાણે અગ્નિમાં હોમ કર્યા પછી તે હોમ કરતાં બાકી રહેલું અન્ન, સારી રીતે મસળી નાખી પેલા બાળકને ખોળામાં લઈ ત્રણ વાર કે પાંચ વાર તેના મુખમાં આપવું; એમ અન્નપ્રાશન કરાવ્યા પછી તેના મુખ પર (સફાઈ કરવા) જળથી સ્પર્શ કરવો. તે પછી એ બાળકને ત્યાંથી ઉઠાડી લઈ બાર મહિના સુધી કેવળ ધાવણ કે દૂધ ઉપર જ રાખી બાર મહિના પછી જ તે બાળકની જે ઇચ્છા થાય એટલે કે તે બાળકને જે ગમે તે ખોરાક અથવા આ નીચે દર્શાવેલ ખોરાક તે બાળકને થોડો થોડો આપવો. ૧૮

બાર મહિના પછી બાળકને આપવાનો ખોરાક

शालीनां षष्टिकानां वा पुराणानां विशेषतः। तण्डुलैर्निस्तुषैर्मृष्टैः क्षालितैः साधिता द्रवाः ॥१९
सस्नेहलवणा लेह्या बालानां पुष्टिवर्धनाः।
गोधूमानां तथा चूर्णं यवानां वाऽपि सात्म्यतः ॥२०

જૂના શાલિ ડાંગરના કે સાઠીના ચોખા, વિશેષે કરી બાસ કાળજીથી ફોતરાંરહિત કર્યા પછી ધોઈ નાખી ધોઈને પ્રવાહીના રૂપમાં રાંધી તૈયાર કરીને તેમાં સ્નેહ તથા લવણ માપસર નાખી ચટાડી શકાય એવા તે ભાત, બાળકને જો અપાય, તો તે પુષ્ટિ થાય છે; અથવા ઘઉંનો લોટ કે જવનો લોટ માફક આવે તેમ (શેકીને રાખના રૂપે) આપી શકાય છે. ૧૯,૨૦

બાળકને અતિસારમાં અપાતું ચાટણ

विडङ्गलवणस्नेहैः पक्वोष्णं लेहनं हितम्।
भृशं भिन्नपुरीषस्य कोद्रवाणांनिधापयेत् ॥२१

બાળકની વિષ્ઠા જો ભેદાયેલી કે છોતાપાણી–અતિસાર થઈ બહાર નીકળે તો એ બાળકના અતિસાર ઝાડામાં વાવડિંગ, લવણ તથા સ્નેહથી યુક્ત કરી પકવેલું કોદરાનું ચાટણ સહેવાય તેવું ગરમ અપાય, તે અતિશય હિતકારી થાય છે; માટે એવું ચાટણ તે વેળા તૈયાર કરી રખાવવું. ૨૧

બાળકમાં પિત્ત કે વાયુની પ્રબલતા જણાય તે વેળા આપવાનું ભોજન

मृद्वीकामधुसर्पींषि दद्यात् पित्तात्मनः सदा ।
मातुलुङ्गरसोपेतं वाते सलवणाशनम् ॥ २२ ॥

જે બાળક, પિત્તપ્રધાન પ્રકૃતિથી યુક્ત હોય, તેને હમેશાં દ્રાક્ષ, મધ તથા ઘી આપ્યા કરવાં જોઈએ અને વાયુની અધિકતામાં બિજોરાના રસથી યુક્ત અને લવણ નાખેલ ખોરાક આપવો જોઈએ. ૨૨

બાળક ભૂખ્યું થાય ત્યારે જ તેને માફક ખોરાક દેવાય

एकान्तरं द्व्यन्तरं वा देशाग्निबलकालवित् ।
यदा वा क्षुधितं पश्येत्तदैनं सात्म्यमाशयेत् ॥२३॥
इति ह स्माह भगवान् कश्यपः ॥

દેશ, કાળ તથા અગ્નિબળના જાણકાર વૈદ્યે બાળક જ્યારે ભૂખ્યુ જણાય ત્યારે એકાંતરે કે બે ટંકના આંતરે તેને સાત્મ્ય-હિતકારી ખોરાક જમાડવો, એમ ભગવાન કશ્યપે જ ખરેખર કહ્યું હતું. ૨૩

इति श्रीकाश्यपसंहितायां खिलस्थाने 'जतूकर्मोत्तर' नामनो अध्याय १२ मो समाप्त

કુક્કુણક-ચિકિત્સા : અધ્યાય ૧૩ મો

अथातः कुक्कुणकचिकित्सितं व्याख्यास्यामः ॥१॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી 'કુક્કુણક' નામના (બાળકોનાં નેત્રોની પાંપણમાં થતા) રોગની ચિકિત્સાનું અમે વ્યાખ્યાન કરીએ છીએ, એમ ખરેખર ભગવાન કશ્યપે જ કહ્યું હતું.

વિવરણ : અહીં દર્શાવેલ આ 'કુક્કુણક' નામનો રોગ, એ બાળકોનાં નેત્રનો જ એક રોગ છે; તેના સંબંધે 'યોગરત્નાકર' નામના આયુર્વેદીય ગ્રંથમાં પણ આમ કહ્યું છે કે-આ રોગ બાળકોનો જ એક નેત્રરોગ છે, જેમાં નેત્રોથી બરાબર જોઈ શકાતું નથી; તેમાંયે ખાસ કરી સૂર્ય સામે અથવા સૂર્યના પ્રકાશને જોવાનું કે સૂર્યના જેવા ચળકતા પદાર્થો જોવાનું ઘણું મુશ્કેલ બને છે.

કુક્કુણક નેત્રરોગના નિદાનપૂર્વકની સંપ્રાપ્તિ

यदा माता कुमारस्य मधुराणि निषेवते ।
मत्स्यं मांसं पयः शाकं नवनीतं तथा दधि ॥३॥
सुरासवं पिष्टमयं तिलपिष्टाम्लकाञ्जिकम् ।
अभिष्यन्दीनि सर्वाणि काले काले निषेवते ॥ ४ ॥
भुक्त्वा भुक्त्वा दिवा शेते विसंज्ञा च विबुध्यते ।
तस्य दोषाः प्रकुपिता दूरं गत्वा च तिष्ठते ॥५॥
दोषेणावृतमार्गायास्ततः स्तन्यं च दुष्यते ।
प्रदुष्टदोषसंज्ञं तु यदा पिबति दारकः ॥ ६ ॥
लवणाम्लनिषेवित्वान्मातापुत्रौ रसादिह ।
आहारदोषात्तस्यास्तु बालस्यानन्नभोजिनः ॥७॥
अनुप्रवेशादाक्षेपादुष्णसत्त्वावनादपि ।
जायते नयनव्याधिः श्लेष्मलोहितसंभवः ॥ ८ ॥

(ધાવણને ધાવતા) બાળકની માતા જે કાળે મધુર પદાર્થોનું વધુ સેવન કરે છે અથવા માછલાં, માંસ, દૂધ, શાક, માખણ, દહીં, સુરા-મદ્ય, આસવ, લોટના પદાર્થો, તલનો તલવટ, ખોળ, ખાટી કાંજી અને બીજા કફવર્ધક પદાર્થોને વારંવાર લગભગ ઘણા સમય સુધી ખાધા કરે અને તેવા પદાર્થો ખાઈ ખાઈને દિવસે ઊંઘ્યા કરે અને બેભાન થઈને જાગ્યા કરે, તેના તે તે દોષો પ્રકોપ પામી-વિકૃત બને છે; તેમ જ દૂર સુધી-ઊંડાણમાં પહોંચી જઈ સ્થિતિ કરે છે, તેથી એ સ્ત્રીના શરીરના બધાયે અવયવોના માર્ગો, તે તે વિકૃત દોષોથી ઢંકાઈ જાય છે, એ કારણે સ્ત્રીનું ધાવણ દુષ્ટ થઈ બગડે છે; પછી એ અતિ દુષ્ટ દોષોથી બગડેલું ધાવણ, બાળક જ્યારે ધાવે છે, ત્યારે એ લવણયુક્ત ખટાશના સેવનના કારણે એ માતા અને પુત્ર બંને તે આહારના દોષને લીધે પીડાય છે; અને તે બાળક તો તે વેળા અન્નાજ પણ ખાતું નથી, તેથી ધાવણ દ્વારા તે બાળકમાં પણ દુષ્ટ દોષનો પાછળથી પ્રવેશ થાય છે; તેમ જ એ દોષના આક્ષેપ કે આકર્ષણથી અને ઉષ્ણ સત્ત્વના સેવન કે (નેત્ર સુધી) ગમન થવાથી પણ એ બાળકને કફ તથા રુધિરનો બગાડ થવાથી ઉત્પન્ન થતો (કુક્કુણક નામનો) નેત્રરોગ ઉત્પન્ન થાય છે. ૩-૮

કુક્કુણક નેત્રરોગનું લક્ષણ

अभीक्ष्णमस्रं स्रवते न च क्षीवति दुर्मनाः ।
नासिकां परिमृद्नाति कर्णं वा ह्यतिदुःखितः ॥९॥
ललाटमक्षिकूटं च नासां च परिमर्दति ।
नेत्रे कण्डूयतेऽभीक्ष्णं पाणिना चाप्यतीव तु ॥
स प्रकाशं न सहते अश्रु चास्य प्रवर्तते ।
वर्त्मनि श्वयथुश्चास्य जानीयात्तं कुक्कुणकम् ॥११

બાળકના નેત્રમાંથી જ્યારે વારંવાર પાણી ઝર્યા કરે, વળી તે બાળક મનમાં ઉદાસ રહ્યા કરે અને જ્યારે છીંકો ખાતો નથી, નાસિકાને ચારે બાજુથી મસળ્યા કરે, તેમ જ અત્યંત દુઃખી થઈને કાનને પણ ચોળ્યા કરે છે; વળી લલાટ, આંખના ખૂણા તથા નાકને મસળ્યા કરે છે; બેય આંખોને ચારે બાજુથી હાથ વડે વારંવાર અતિશય ખંજોળે છે, પ્રકાશને સહન કરી શકતો નથી, તેના નેત્રોમાંથી આંસુ સ્રવ્યા કરે છે અને તે બાળકની આંખની પાંપણ કે પોપચાંની ઉપર જ્યારે સોજો આવે છે, ત્યારે તે બાળકને 'કુક્કુણક' નામનો નેત્ર-રોગ થયો છે, એમ જાણવું. ૯-૧૧

કુક્કુણક નામના નેત્રરોગની શ્રેષ્ઠ ચિકિત્સા

तस्य चिकित्सितं श्रेष्ठं व्याख्यास्यामि यथा तथा।
धात्रीं तु तस्य वामयेद्युक्तं चैव विपाचयेत् ॥
तस्या वान्तविरिक्ताया निर्दुह्य च स्तनावुभौ ।
भोजनानि च सर्वाणि यथायुक्तं प्रदापयेत् ॥१३
पथ्यं भुञ्जीत खादेत विपरीतं च वर्जयेत् ।
प्रयता शुक्लवस्त्रा स्यादक्लिष्टाऽमलिना तथा ॥

હવે તે કુક્કુણક રોગની શ્રેષ્ઠ ચિકિત્સા જે પ્રકારે થઈ શકે છે, તે જ પ્રકારે હું કહું છું; (સાંભળો :) પ્રથમ તો એ કુક્કુણક રોગ જેને થયો હોય તે બાળકને જે ધાત્રી-સ્ત્રી ધવડાવતી હોય, તેને ઔષધ દ્વારા વમન કરાવવું અને તેણીના દોષોનું યોગ્ય રીતે વિશેષે કરી પાચન કરવું એટલે કે તેણીના અપક્વ દોષોને (પાચન ઔષધો દ્વારા) પકવવા જોઈએ; એમ વમન કરાવ્યા પછી એ ધાત્રીને વિરેચન ઔષધ દ્વારા વિરેચન પણ કરાવવું જોઈએ; અને તે પછી તેણીના બેય સ્તનોમાંથી બગડેલું ધાવણ સ્રવાવી કાઢવું જોઈએ; તે પછી એ સ્ત્રીને યથાયોગ્ય બધી જાતનાં ભોજનો જમવા આપવાં જોઈએ; એમ તે સ્ત્રીએ પથ્ય ભોજન કરવું-હિતકારી ખોરાક ખાવો અને વિપરીત-અપથ્ય-અહિતકારી ખોરાક છોડવો જોઈએ; તેમ જ અતિશય નિયમનિષ્ઠ રહી શુદ્ધ વસ્ત્રો ધારણ કરવાં, ક્લેશથી રહિત-આનંદી તથા મલિનતાથી રહિત રહેવું. ૧૨-૧૪

કુક્કુણકના રોગી-બાળકની ખાસ ચિકિત્સા

ततो वर्त्मनि बालस्य निर्मुज्याथ प्रमृज्य च ।
निर्मुच्य रुधिरं दुष्टं कुर्याद्धीरोऽवसेचनम् ॥१५॥

એમ ઉપર જણાવ્યા પ્રમાણે ધાત્રીની ચિકિત્સા કર્યા પછી કુક્કુણકના રોગી બાળકની પણ વૈદ્યે આવી ચિકિત્સા કરવી-એ રોગ-વાળા બાળકની આંખોનાં પોપચાં પર જે દુષ્ટ રુધિર જામ્યું હોય, તેને કાઢી નાખી ધીર વૈદ્યે આંખોને વાંકી-ટેઢી કરી બરાબર સાફ કરી તેની ઉપર હિતકારી ઔષધનો ક્વાથ સીંચવો. ૧૫

આંખ પર સિંચન માટેનો ક્વાથ

एरण्डं रोहिषं चैव त्वक्क्षीरीं वरुणं तथा ।
निष्काथमेतत् कृत्वा च कुमारं परिषेचयेत् ॥१६

એરંડમૂલ, રોહિષઘાસ, વાંસકપૂર તથા વાયવરણો-એટલાંને સમાન ભાગે લઈ અધ-કચરાં કરી તેઓનો ક્વાથ બનાવીને તેના વડે એ કુક્કુણક રોગવાળા બાળકની આંખનાં પોપચાં પર ચોપાસ સિંચન કરવું. ૧૬

કુક્કુણક રોગ પર કરવાનું આશ્ચોતન

फणिज्झकस्य पत्राणि सुरसस्य च पीडयेत् ।
जातिप्रसन्नामण्डेन यष्टीमधुकमेव च ॥ १७ ॥
एतदाश्चोतनं तस्य शारदेन जलेन तु ।
त्र्यहमेतत् प्रयुञ्जीत द्व्यहं वाऽपि विधानवित् ॥१८॥

ફણિજ્ઝક-તુલસી-મરવાનાં પાન તથા સુરસ-તુલસીના પાનને વાટી તેનો રસ

નીચોવી લેવો; પછી જાઈ નો રસ,પ્રસન્ના-મદ્યનો મંડ-ઉપરની આછ તથા જેઠીમધનું ચૂર્ણ-એટલાંને શરદૃઋતુના પાણી સાથે મિશ્ર કરી વિધિને જાણતા વૈદ્યે બે દિવસ કે ત્રણ દિવસો સુધી એ ઔષધરસથી આંખનાં પોપચાં પર આશ્ચ્યોતન કરવું-તેનાથી ટીપાં પાડવાં અથવા નેત્રો પર તર્પણ કરવું. ૧૭,૧૮

બીજું શ્રેષ્ઠ આશ્ચોતન

भृङ्गराजस्य पत्राणि बिल्वस्यान्तर्भवं तथा।
सुराग्रमण्डसंपिष्टं श्रेष्ठमाश्चोतनं मतम् ॥१९॥

ભાંગરાનાં પાન, બીલીના ફળનો ગર્ભ તથા પાનનો રસ-એ ત્રણેને સમાન ભાગે લઈ સુરા-મદ્યની ઉપરના મંડ-આછ-પાતળા પ્રવાહી સાથે પીસી નાખી તેનું કુક્ષ્ણુક રોગવાળાં નેત્ર ઉપર આશ્ચોતન કરાય-ટીપાં નખાય કે તર્પણ કરાય-એ કુક્ષ્ણુક રોગની શ્રેષ્ઠ ચિકિત્સા મનાય છે. ૧૯

નેત્રરોગમાં મુખ પર કરવાનો લેપ

कोलान्युत्काथ्य कल्कं वा यष्टीमधुकसंयुतम्।
नेत्रामये मुखालेपः कश्यपस्तत्प्रशंसति ॥ २० ॥

બોરને ઉકાળી અથવા તેઓનો કલ્ક બનાવી તેમાં જેઠીમધ મેળવી મુખ પર લેપ કરાય, તેને હરકોઈ નેત્રરોગમાં કશ્યપ વખાણે છે. ૨૦

હરકોઈ નેત્રરોગમાં કરવાનું લેપન

भृङ्गराजं च नीलीं च सुरसं गौरसर्षपाः।
हरिद्रां चैव तत् सर्वं कल्कं कुर्वीत भागशः ॥२१
एतदालेपनं कुर्याद्रोगघ्नं नयनामये।
वेदनामक्षिरोगं च क्षिप्रमेवापकर्षति ॥ २२ ॥

ભાંગરો, કાળી તુલસી, સુરસ-ધોળી-તુલસી, ધોળા સરસવ અને હળદર-એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ તેઓનો કલ્ક બનાવવો; પછી તે કલ્ક વડે હરકોઈ નેત્ર-રોગ ઉપર લેપ કરવો, તેથી હરકોઈ નેત્ર-રોગ મટે છે. ૨૧,૨૨

નેત્રરોગ પર અંજનવર્તિકા-લેપ તથા આશ્ચોતન

हरिद्रात्वचमाहृत्य पिप्पलीं चाथ भागशः।
वरप्रसन्नया मण्डं कुर्यादञ्जनवर्तिकाम् ॥ २३ ॥
पिल्लिका चोपलेपश्च नेत्रयोस्तेन शाम्यति।
अथास्याश्च्योतनं कुर्यात् सौवीरकमनुत्तमम्।

હળદરની છાલ તથા પીપરને સમાન-ભાગે લઈ તેનું ચૂર્ણ કરી પ્રસન્ના-મદિરાનો મંડ તેમાં મિશ્ર કરી તેની અંજનવર્તિકા બનાવવી; (અને તેનાથી નેત્રોનું અંજન કરવું;) તેથી હરકોઈ નેત્રરોગ મટે છે; અથવા ઉપર જણાવેલ અંજનવર્તિકાથી બેય નેત્રો પર બે ઉપલેપ કે લેપન કરાય, તો તેથી 'પિલ્લિકા' નામનો નેત્રરોગ મટે છે; અથવા સર્વોત્તમ સૌવીરક નામની કાંજીથી નેત્રોમાં આશ્ચોતન કરાય કે ટીપાં પડાય અથવા તર્પણ કરાય તો તે પણ બધાયે નેત્રરોગોને મટાડે છે. ૨૩,૨૪

વિવરણ : અષ્ટાંગહૃદયના ઉત્તરતંત્રના ૧૬ મા અધ્યાયમાં 'ઉત્કિલષ્ટ' આદિ ૧૮ નેત્રરોગોને જ 'પિલ્લ' નામે જણાવેલ છે અને તેને જ અહીં 'પિલ્લિકા' શબ્દથી જણાવે છે. ૨૩,૨૪

હરકોઈ નેત્રરોગને મટાડનાર પરિષેકયોગ

प्रपौण्डरीकं लोध्रं च हरिद्रां शार्करं मधु ॥ २४॥
परिषेको भवेच्छ्रेष्ठो जलेनोष्णेन योजयेत्।
अक्षिरोगेषु सर्वेषु योग एष प्रशस्यते ॥ २५॥
आचार्यानुमतं श्रेष्ठं रात्रौ चैनं प्रयोजयेत्।

પ્રપૌંડરીક-ધોળું કમળ, લોધર, હળદર, સાકર તથા મધ-એટલાંને એકીસાથે લસોટી નાખી તેને ગરમ પાણી સાથે મિશ્ર કરવાં; પછી તેનાથી હરકોઈ નેત્રરોગ પર ચોપાસ સિંચન કરાય, એ પ્રયોગ, અતિશય વખણાય છે; દરેક આચાર્યોએ આ શ્રેષ્ઠ પ્રયોગ કરવાનું અનુમોદન કરેલ છે; એટલે કે આ સિંચનપ્રયોગ કરવાની બધા આચાર્યોએ સલાહ આપી છે; કેમ કે તે શ્રેષ્ઠ છે; માટે વૈદ્યે તેનો રાત્રે પ્રયોગ કરાવવો. ૨૫

કફપ્રધાન અભિષ્યંદમાં કરવાનું સિંચન

आटरूषकपत्राणि मधूकं सैन्धवं तथा ॥ २६॥
पुण्डरीकस्य पत्राणि तथा नीलोत्पलानि च।
सुखोदकेन संयुक्तः परिषेको हितो भवेत् ॥२७॥
कफात्मके त्वभिष्यन्दे सिद्धमेतं नराधिपः।

હે રાજન્! અરડૂસાનાં પાન. મહુડો, સૈંધવ, ધોળા કમળનાં પાન તથા નીલ કમળનાં પાન–એટલાંને સહેવાય તેવા ગરમ પાણીની સાથે લસોટી–મિશ્ર કરી તેનાથી કફપ્રધાન અભિષ્યંદ–નેત્રરોગમાં ચોપાસ સિંચન કરાય; તો તે હિતકારી થાય છે. ૨૬,૨૭

હરકોઈ નેત્રરોગ પર કરવાનું અમૃતાદિ પરિષેચન

अमृतायास्तु निष्काथे कुष्ठं च गुडमेव च ॥२८॥
विनीय पिष्टं तोयेन परिषेकोऽक्षिरोगिणाम् ।

અમૃતા–ગળોનો ક્વાથ બનાવી તેમાં કઠનું ચૂર્ણ તથા ગોળ પીસી નાખી–મેળવીને એ ક્વાથરૂપ જલ વડે જો સિંચન કરાય તો નેત્રના રોગીઓને તે હિતકારી થાય છે. ૨૮

બાળકોને દાંત આવતા હોય તે વખતનાં સિંચનો પણ નેત્રરોગીઓને કરાય

परिषेकास्तु बालानां दन्तजन्मनि ये मया ॥२९॥
कीर्तितास्ते प्रयोक्तव्याः परिभूताक्षिरोगिषु ।

બાળકોને દાંત આવતા હોય તે વેળા કરવાનાં સિંચનો મેં તમને જે કહ્યાં છે, તેઓનો પ્રયોગ પણ નેત્રના રોગોથી હેરાન થતા લોકો અવશ્ય કરી શકે છે. ૨૯

હરકોઈ નેત્રરોગમાં હિતકારી અંજનવર્તિકા

गव्येन मधुना पिष्ट्वा शङ्खेन सह सैन्धवम् ॥३०॥
सप्तरात्रं प्रलेप्यं तु तेन स्रौतसमञ्जनम् ।
तं पिष्ट्वा गुडिकां कृत्वा छायायां परिशोषयेत् ॥
पुष्ये सर्वास्तु सिद्धास्ता गुडिकाः पत्रसन्निभाः ।
पृश्निपर्ण्यास्तु भागौ द्वावंशुमत्यास्तथा भवेत् ॥३२
त्रयश्चैवोरुपूगस्य बृहत्या भागमेव तु ।
रजसश्चायसश्चाथ तथा ताम्रायसस्य च ॥३३॥
अजाक्षीरेण पिष्ट्वा तु शोषयेद् गुटिकां कृताम् ।
अजानां लिण्डिकाभिस्ताः शमीपत्रैश्च धूपयेत् ॥३४॥
तथैवार्द्राश्च शुष्काश्च बालानामक्षिरोगके ।
रसाञ्जनं च यन्मुख्यं हारिद्रात्वचमेव च ॥३५॥
प्रसन्नयाऽञ्जनं त्वेतत् कुर्यादञ्जनवर्तिकाम् ।

ગાયનું ઘી, ગાયનું મૂત્ર કે ગાયના દૂધ સાથે મધ, શંખ તથા સૈંધવ પીસી નાખી તેનો સાત દિવસ સુધી સ્રોતાંજન–સુરમાની ઉપર લેપ કર્યા કરવો; પછી તે સ્રોતાંજનને પાણી સાથે પીસી નાખી તેની ગોળીઓ બનાવી લઈ તે ગોળીઓને છાયામાં સૂકવી નાખવી; એ બધી ગોળીઓ, પુષ્ય નક્ષત્રમાં સિદ્ધ થયેલી હોય તો હલકી બની જાય છે; પછી તે ગોળીઓ, નાના સમેરવાના બે ભાગો, તેમ જ મોટા સમેરવાના બે ભાગો, ધોળા એરંડાના ત્રણ ભાગો અને મોટી ભોરીંગણીનો એક જ ભાગ એકત્ર કરી, તેમાં લોહભસ્મ તથા તામ્રભસ્મ પણ મિશ્ર કરી બકરીના દૂધ સાથે તે બધાંને પીસી નાખી ફરી તે બધાંની ગોળીઓ બનાવી છાયામાં સૂકવી લેવી; પછી તે ગોળીઓને બકરીની લીંડીઓથી અને ખીજડીના પાનથી ધૂપ દેવો; પછી તે ભીની કે સુકાઈ ગયેલી ગોળીઓ, જે મુખ્ય રસાંજન હોય છે તે અને હળદરની છાલ એ ત્રણને એકત્ર કરી પ્રસન્ના–મદ્ય સાથે પીસી નાખી, તેની 'અંજનવર્તિકા'–આંજવાની વાટ બનાવવી; અને તે પછી હરકોઈ નેત્રરોગમાં એ અંજનવર્તિકાથી અંજન કરવું. ૩૦–૩૫

બીજો પિલ્લિકાંજનવર્તિકાયોગ

पिप्पलीं शृङ्गबेरं च समभागानि पेषयेत् ॥३६॥
सुराग्रेण ततः कुर्यात् पिल्लिकाञ्जनवर्तिकाम् ।

પીપર તથા આદું કે સૂંઠ–એ બેયને સમાન ભાગે લઈ ચૂર્ણ બનાવી સુરા–મદ્યની ઉપરના મંડ–આછની સાથે પીસી નાખવાં; અને તે પછી તેના વડે 'પિલ્લિકાંજનવર્તિકા' નામની અંજનવર્તિકા બનાવવી. (અને તેનો પણ હરકોઈ નેત્રરોગમાં આંજવારૂપે ઉપયોગ કરવો.) ૩૬

બાળકનાં નેત્રશૂલ આદિને મટાડનાર 'અંજનવર્તિકા'

अथवाऽतिभवेन्नेत्रशूलं बालस्य लक्षयेत् ॥ ३७ ॥
स्तब्धनेत्रश्च दृश्येत तत्रेमं विधिमाचरेत् ।
पिप्पलीं शृङ्गबेरं च पर्णानि सुरसस्य च ॥३८॥

कालमालकपर्णानि तथैव च कुठेरकम् ।
तं प्रपिष्य सुराग्रेण कुर्यादञ्जनवर्तिकाम् ॥३९॥
पिल्लिकामुपदेहं च न चिरादेव नाशयेत् ।

અથવા બાળકના નેત્રમાં અતિશય શૂલ ભોંકાયા જેવી જે વેદના થાય અને તેને વૈદ્ય જે જાણી શકે, તેમ જ એ વેદનાથી બાળકનાં નેત્રો જે સ્તબ્ધ બની જાય અને તે સ્થિતિમાં રહેલ તે બાળક જે દેખાય, તો વૈદ્યે, તે મટાડનાર આ ઉપાય કરવો– પીપર, આદું, સુરસ–તુલસીનાં પાન, કાળી તુલસીનાં પાન તેમ જ 'કુઠેરક' નામની એક જાતની તુલસી–એ બધાંને સુરા–મદ્યની ઉપરના મંડ–આછની સાથે પીસી નાખી તેની પણ અંજનવર્તિકા–આંજવાની વાટ બનાવવી; પછી (તે વાટને છાયામાં સૂકવીને) તેનાથી જો અંજન કરાય તો નેત્રશૂલ, પિલ્લિકા અથવા ૧૮ જાતિના નેત્રરોગો તથા 'ઉપદેહ' નામના નેત્રરોગ પણ થોડા સમયમાં જ નાશ પામે છે. ૩૭–૩૯

નેત્રરોગમાં કરવાનું ઉત્તમ આશ્ચોતન

कपित्थस्याथ बिल्वस्य खदिरस्य च पेषयेत् ॥४०
अजाक्षीरस्य पात्रं च ततः इच्योतनमुत्तमम् ।

કોઠફલ તથા બિલ્વફલનો ગર્ભ અને ખેરસારને સમાન ભાગે લઈ બકરીના દૂધ સાથે તે બધાંને પીસી નાખી એક પાત્ર પ્રમાણમાં ઉત્તમ આશ્ચોતન (આંખમાં ટીપાં પાડવાનું કે આંખ પર તર્પણ માટેનું ઔષધ તૈયાર કરી તેનાથી ટીપાં પાડવાં) કે તર્પણ કરવું; તેથી પણ બધાય નેત્રરોગો મટે છે. ૪૦

બીજો આશ્ચોતનયોગ

कपित्थस्याऽटजीनां च पत्राणि सुरसस्य च ॥४१
अजाक्षीरेण पिष्टानि कुर्यादाइच्योतनं भिषक् ।

કોઠનાં, અટજી–અરડૂસીનાં તથા સુરસ-તુલસીનાં પાનને બકરીના દૂધ સાથે પીસી નાખી તેનાથી પણ વૈદ્યે, નેત્રરોગમાં આશ્ચોતન–ટીપાં પાડવાં કે તર્પણ કરવું. ૪૧

ત્રીજું સર્વોત્તમ આશ્ચોતન

मधुकं पर्वतीयां च हरिद्रां पेषयेत् समाम् ॥४२॥
अजाक्षीरेण तत् कुर्यादाइच्योतनमनुत्तमम् ।

જેઠીમધ અને પહાડી–હળદર કે દારુહળદર–એ બેયને સમાન ભાગે લઈ બકરીના દૂધ સાથે પીસી નાખી તેનાથી પણ વૈદ્યે સર્વોત્કૃષ્ટ આશ્ચોતન કરવું. ૪૨

નેત્રરોગનાશન–અંજનવર્તિકા

सर्पिर्मण्डं सुराग्रं च ऐन्द्रीं चन्दनमेव च ॥४३॥
सलिलेन प्रपिष्टानि कुर्यादञ्जनवर्तिकाम् ।

ઘૃતમંડ–ઘીની આછ, સુરા–મદ્યની આછ, ઇંદ્રવારુણી તથા ચંદન–એટલાંને પાણીથી પીસી નાખી અંજનવર્તિકા–આંજવાની વાટ બનાવવી (તે આંજવાથી પણ બધા નેત્રરોગો મટે છે.)૪૩

નેત્રરોગમાં મુખ પર કરવાનો લેપ

पद्मकं चोत्पलं चैव मधुकं च प्रपेषयेत् ॥४४॥
अक्षिरोगे मुखालेपमजाक्षीरेण शर्कराम् ।

પદ્મકાષ્ઠ, નીલકમલ, જેઠીમધ અને સાકર–એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ બકરીના દૂધ સાથે પીસી નાખવાં અને નેત્રના રોગ પર તેનો લેપ લગાડવો. ૪૪

બીજું સર્વોત્તમ મુખલેપન

शृङ्गवेरोऽथ मञ्जिष्ठा कार्पासकुलकानि च ॥४५॥
सलिलेन प्रपिष्टा न मुखालेपनमुत्तमम् ।

આદું, મજીઠ, કપાસ અને પરવળ એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ પાણી સાથે પીસી તેનો મુખ પર સર્વોત્તમ લેપ કરવો. (તે પણ નેત્રરોગમાં હિતકારી છે.)

નેત્રરોગ માટેની રસક્રિયા

त्रिफलामञ्जनं चैव तथैव च रसाञ्जनम् ॥४६॥
मधुना समभागानि कुर्यादाशु रसक्रियाम् ।

ત્રિફલાં–હરડે, બહેડાં અને આમળાં તથા રસાંજન–સુરમો–એટલાંને સમાન ભાગે લઈ મધ સાથે પીસી નાખી તરત જ તેનાથી નેત્રરોગ પર રસક્રિયા કરવી. ૪૬

નેત્રના તિમિર આદિ રોગ પર ઉપયોગી ગોળીઓ

पिप्पलीं शृङ्गवेरं च मरिचानि तथाऽञ्जनम् ॥४७
त्रिफलां शङ्खनाभिं च सैन्धवं ताम्रजं रजः ।
एते भागाः समाः पिष्टाश्छायायां गुडिकाः कृताः ॥
शोषयित्वा विकारेषु नैकजेषु प्रदापयेत् ।
तिमिरे तोयसंसृष्टा कोथके मार्कवेन तु ॥ ४९ ॥

પીપર, આદું, કાળાં મરી, રસાંજન, ત્રિફલાં–હરડે, બહેડાં અને આમળાં, શંખની નાભિ, સૈંધવ તથા તામ્રચૂર્ણ–એટલાંને સમાન ભાગે લઈ પાણીથી પીસી નાખી ગોળીઓ બનાવીને છાયામાં સૂકવી લેવી; પછી તે ગોળીઓને નેત્રના હરકોઈ રોગમાં વૈદ્યે રોગીને (આંજવા) આપવી; તેમ જ 'તિમિર' નામના તથા કોથક નામના નેત્રરોગમાં આ ગોળીઓને પીલુડીના રસયુક્ત પાણી સાથે (આંજવા) આપવી. ૪૭–૪૯

વિવરણ : અહીં છેલ્લે જણાવેલ 'તિમિર' નામનો નેત્રરોગ 'લિંગનાશ' નામે પણ કહેવાય છે અને તે નેત્રના ચોથા પડળમાં થાય છે; એ રોગમાં આંખથી દેખાવું બંધ થાય છે; અને છેવટે આંખ જતી જ રહે છે; તેમ જ અહીં છેલ્લે જણાવેલ 'કોથક' નામે નેત્રરોગ પણ એ જ હોઈ શકે છે, કે જેમાં આંખમાં–સડો થાય છે. '૪૭–૪૯

હરકોઈ નેત્રરોગમાં હિતકર 'કોકિલા' ગુટિકા

रसेन पिष्ट्वा सिद्धस्य द्राक्षाक्षुद्रोदकेन तु ।
गुडिका कोकिला नाम चक्षुर्व्याधिषु संमता ॥५०
हितभोजिषु योक्तव्या बालेषु भिषगुत्तमैः ।

દ્રાક્ષ તથા ક્ષુદ્રા–રાતી સાટોડી–એ બેયનો રસ તથા 'સિદ્ધ' નામે કહેવાતો કાળો ધંતૂરો કે નગોડનો રસ–એ બધાને એકી સાથે પીસી નાખી ગોળીઓ બનાવવી; પછી (તે ગોળીઓને છાયામાં સૂકવી નાખી) હરકોઈ નેત્રરોગમાં ઉપયોગ કરવા વૈદ્યોએ સંમતિ આપી છે; તેમ જ ઉત્તમ વૈદ્યો, હિતકર ખોરાકને ખાતાં બાળકોના નેત્રરોગમાં પણ આ ગોળીઓનો ઉપયોગ કરી શકે છે.

નેત્રના તિમિરરોગ તથા ચેળના રોગમાં હિતકર કરંજનો રસયોગ

निर्यासो नक्तमालस्य घृतमण्डेन साधितः ॥५१॥
स्तन्यक्षीरेण तिमिरे कण्डौ चैव हितो भवेत् ।

નક્તમાલ–કરંજનો રસ, ઘીની ઉપરના મંડ–પાતળા ઘીથી પકવ કરી તેનો સ્ત્રીના ધાવણરૂપ દૂધ સાથે જે પ્રયોગ કર્યો હોય, તો નેત્રના 'તિમિર' રોગમાં તથા ચેળના રોગમાં હિતકારી થાય છે. ૫૧

બધા નેત્રરોગમાં હિતકર 'લોહિતિકા' ગુટિકા

सुवर्णगैरिकं लाक्षा सैन्धवं मरिचानि च ॥५२॥
सशर्करं त्रिकटुकं गुटिकां ह्यपकल्पयेत् ।
एषा 'लोहितिका' नाम गुटिका तु स्मृता बुधैः ॥
प्रयोक्तव्याऽक्षिसंरम्भे क्षिप्रं निर्वाणमिच्छता ।

સોનાગેરુ, લાખ, સૈંધવ, ધોળાં મરી, સાકર તથા ત્રિકટુક–સૂંઠ, મરી અને પીપર–એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ પાણીથી પીસી નાખી ગોળીઓ બનાવવી; (તેઓને છાયામાં સૂકવી લેવી,) આ ગોળીઓને વિદ્વાન વૈદ્યો, 'લોહિતિકા' નામે કહે છે; માટે હરકોઈ નેત્રરોગની તરત શાંતિ થાય, એમ ઇચ્છતા વૈદ્યે, કોઈ પણ નેત્રરોગમાં આ ગોળીઓનો પ્રયોગ કરવો જોઈએ. ૫૨,૫૩

નેત્રરોગને મટાડનારો 'પિપ્પલ્યાદિ ગુટિકા'

पिप्पल्यस्त्रिफला चैव वचा कटुकरोहिणी ॥५४॥
षडेताः समभागाः स्युः सप्तमं ताम्रजं रजः ।
जलपिष्टा भवेदेताः सूर्यतप्ताः पुनः पुनः ॥ ५५ ॥
गुडिकाः कारयेत्ता हि छायायां परिशोषयेत् ॥५६
रूक्षां घृतेन पिष्टां, दुग्धेनाजेन कोथके दद्यात् ।
पाञ्चावरसेन तिमिरे, राजिषु मधुकेन देया तु ॥५७॥
कोथके मर्मजे सर्वा सर्वाभिष्यन्द एव च ।
सैन्धवेन समायुक्ता हन्यात् कण्डूं जलान्विता ॥

પીપર, ત્રિફલા, વજ અને કડુ–એ છ દ્રવ્યોને સમાન ભાગે લઈ તેમાં સાતમું તામ્રચૂર્ણ પણ મિશ્ર કરવું; પછી તે સાતે દ્રવ્યોને પાણી સાથે પીસી નાખી સૂર્યના તાપમાં વારંવાર સૂકવી લેવાં અને પછી તેઓની ગોળીઓ બનાવી છાયામાં સૂકવી

લેવી; એ ગોળીઓને કોરી વાટીને ઘી સાથે પીસી લઈ બકરીના દૂધ સાથે મેળવી વૈદ્યે 'કોથક' નામના રોગમાં (આંજવા) આપવી; પણ 'તિમિર' નામના નેત્રરોગમાં પશુઓના ખોરાકરૂપ ઘાસના રસ સાથે (મેળવી આંખમાં આંજવા) આપવી; 'રાજી' નામના નેત્રરોગમાં જેઠીમધ સાથે મેળવી (આંજવા) આપવી; તેમ જ 'કોથક' કોહવાટરૂપી નેત્રના રોગમાં, નેત્રના મર્મ-ભાગમાં થયેલા રોગમાં તેમ જ હરકોઈ 'નેત્રાભિષ્યન્દ' રોગમાં સૈન્ધવ સાથે મેળવીને આ ગોળીઓને (આંખમાં આંજવા) આપવી; અને કેવળ પાણીની સાથે આ ગોળી જો આંજી હોય તો આંખની ચેળના રોગનો નાશ કરે છે. ૫૪-૫૮

નેત્રરોગ પર કરવાનું ક્વાથ-સિંચન

द्वीपिशत्रोश्च पत्राणि निष्काथमुपहारयेत् ।
एतेन चाक्षिरोगं तु कोष्णेन परिषेचयेत् ॥५९॥

ચિત્રક તથા અમ્લવેતસનાં પાંદડાં સમાન ભાગે લઈ તેઓનો ક્વાથ બનાવવો; અને સહેવાય તેવા ગરમ એ ક્વાથથી નેત્રરોગ ઉપર ચોપાસ સિંચન કરવું (તેથી ફાયદો થાય છે). ૫૯

નેત્રરોગ પર કરવાનું પ્રલેપન

सरलं मधुकं चैव देवदारु च पेषयेत् ।
कल्केनैतेन वदनं वेदनासु प्रलेपयेत् ॥ ६० ॥

સરલવૃક્ષનાં પાન, જેઠીમધ તથા દેવ-દાર-એટલાંને પીસી નાખી કલક બનાવવો; તે કલકથી મુખ ઉપર પ્રલેપ કરવો; તેથી નેત્રરોગની વેદનાઓમાં શાંતિ મળે છે. ૬૦

નેત્રરોગનો નાશ કરનાર આશ્ચોતન

रसाञ्जनं तार्क्ष्यशिलां क्षौद्रेण सह संयुताम् ।
आश्च्योतनं प्रयुञ्जीत नेत्रव्याधिविनाशनम् ॥६१॥

રસાંજન-'તાર્ક્ષ્ય' પર્વતની શિલારૂપે થાય છે, તેને મધ સાથે મિશ્ર કરી આશ્ચોતન-ટીપાં પાડવાં કે તર્પણ કરવું; એ નેત્રના રોગનો વિનાશ કરે છે. ૬૧

નેત્રરોગમાં હિતકર બીજું આશ્ચોતન

शर्करां शृङ्गवेरं च स्तन्यं गोपित्तमेव च ।
रसाञ्जनं समधुकं कुर्यादाश्च्योतनं भिषक् ॥६२॥

સાકર, આદું, સ્તનું ધાવણ, ગાયનું પિત્ત, રસાંજન અને મધ-એ બધાંને મિશ્ર કરી વૈદ્યે આશ્ચોતન કર્મ કરવું. (તેથી પણ નેત્રરોગ મટે છે.) ૬૨

ત્રીજું હિતકારી આશ્ચોતન

हरिद्रां शङ्खनाभिं च सलिलेन प्रपेषयेत् ।
क्षीरस्य मात्रया चैव कुर्यादाश्च्योतनं हितम् ॥६३

હળદર તથા શંખની નાભિને પાણી સાથે પીસી નાખવાં; પછી તેમાં થોડું દૂધ મેળવી વૈદ્યે, નેત્રરોગ પર આશ્ચોતન કરવું, તે હિતકારી છે. ૬૩

નેત્રરોગનો નાશ કરનાર ચોથું આશ્ચોતન

हरिद्रां पर्वतीयां तु सूर्यतेजसि पाचयेत् ॥
ताम्रपट्टेषु पिष्टां च सारसेनावसेचयेत् ॥ ६४ ॥
शीतं च परिपूतं च स्तन्येन सह संयुतम् ।
आश्च्योतनं प्रयुञ्जीत नेत्रव्याधिविनाशनम् ॥६५॥
सर्पिषश्च भवेद्भागः क्षौद्रेण द्विगुणं भवेत् ।
तत्काले प्रलिपेद्वालो नेत्रव्याधौ प्रमुच्यते ॥ ६६ ॥
हरिद्रां शङ्खनाभिं च भद्रमुस्तं च काढकम् ।
पिष्ट्वा व्याघ्रनखं चैव मधुकं चैव भागशः ॥६७॥
शिरीषबीजं प्रथमं ताभ्यां कुर्वीत पूपिकाम् ।
ताम्रपात्रे सतैलास्ताः सूर्यतेजसि पाचिताः ॥६८॥
द्वादशेऽह्नि निवाते च नीरजस्काः प्रयत्नतः ।
शिलामये ततो भाण्डे तैलं तां चैव पूपिकाम् ॥६९
आतुराण्यथ नेत्राणि तैलेनानेन पूरयेत् ।
व्याधिमाशु नृणां हन्ति प्रयोगश्चेत् प्रशस्यते ॥७०

હારુહળદરને સૂર્યના તડકામાં સારી રીતે તપ્ત કરીને તાંબાના પાટાઓ ઉપર તેને વાટવી અને તે પછી તેમાં તળાવનું પાણી મેળવવું, ઠંડું થયા પછી તે ગાળી લઈને તેમાં દૂધ મેળવીને આંખોમાં તેનાં ટીપાં નાખવાં; આથી આંખના રોગો મટી જાય છે. નેત્રરોગમાં એક ભાગ ઘી અને બે ભાગ મધ મેળવીને લેપ કરવાથી બાળક તુરત રોગથી મુક્ત થઈ જાય છે. હળદર, શંખની

નાભિ, નાગરમોથ, કાઢક-વાઘનખ, જેઠીમધ તથા સરસડાનાં બીજ સમાન ભાગે લઈ પીસી નાખી પ્રથમ તેના વડે પૂરીઓ બનાવવી; તે પછી તાંબાના વાસણમાં એ પૂરીઓને તેલ સાથે પકવવી; તેમજ સૂર્યના તેજમાં પણ પકવવી; પછી બારમા દિવસે વાયુરહિત પ્રદેશ પર રજથી રહિત શિલામય પાત્રમાં કાળજીથી એ પૂરીઓ તથા તેલ એ બેયને રાખીને પ્રથમ એ પૂરીઓ નેત્રના રોગીને બવરાવવી; અને પછી રોગયુક્ત નેત્રમાં પેલું તેલ ભરવું; આ પ્રયોગ મનુષ્યોના સર્વ નેત્રરોગનો નાશ કરે છે, તેથી ખૂબ વખણાય છે. ૬૪-૭૦

વૃદ્ધો તથા બાળકોને હિતકારી આશ્ચોતન

हरीतकीमामलकीं हरिद्रां गिरिजामपि ।
मधुकं च समं सर्वं सलिलेन प्रपेषयेत् ॥ ७१ ॥
एतदाश्च्योतनं मुख्यं व्याधीनां शमनं हितम् ।
स्थविराणां शिशूनां च एतदाश्च्योतनं हितम् ॥७२

હરડે, આમળાં, પહાડી હળદર-હારુ-હળદર અને જેઠીમધ-એ બધાંને સમાન ભાગે લઈ પાણી સાથે પીસી નાખવાં; પછી એ ઔષધનું આંખ પર આશ્ચોતન-સિંચન, ટીપાં કે પૂરણ કર્યું હોય તે હિતકર તથા ઉત્તમ હોઈને વૃદ્ધોના તથા બાળકોના બધાયે નેત્રરોગોને શમાવે-મટાડે છે; માટે જ તે હિતકારી છે. ૭૧,૭૨

બીજું મુખ્ય આશ્ચોતન

हरिद्राशकलीकानामार्द्राणां कर्षमावपेत् ।
ताम्रपात्रे मितं दद्यात् सारमस्याढकं मितम् ॥७३
दशभागावशेषं तु मृद्वग्निमुपसाधितम् ।
शीतं च परिपूतं च मुख्यमाश्योतनं हितम् ॥७४॥

તાજી-લીલી હળદર તથા 'શકલી' નામની માછલી-એક તોલો વજનમાં લઈ તાંબાના પાત્રમાં તે નાખવાં; પછી તેમાં એક આઢક-૨૫૬ તોલા પ્રમાણમાં એ જ ઉપર કહેલ વસ્તુઓનો સાર-ક્વાથરૂપ રસ નાખવો; પછી ધીમા અગ્નિથી તે બધું પકવવું; તેમાંનો દશમો ભાગ બાકી રહે, ત્યારે તેને અગ્નિ પરથી નીચે ઉતારી ગાળી લઈને શીતળ થાય ત્યારે તે મુખ્ય આશ્ચોતન નેત્રોમાં સીંચ્યું હોય કે પૂર્યું હોય અથવા તેનાં ટીપાં પાડ્યાં હોય, તો સર્વ નેત્રરોગોમાં તે હિતકારી થાય છે. ૭૩-૭૪

નેત્રરોગ પર શકલી માછલીનું ધારણ ઉત્તમ છે

शकलीकमथाक्षीणां धारयेन्नयनामये ।
ग्रीवायामुत्तमाङ्गे वा तथा रोगात् प्रमुच्यते ॥७५

હરકોઈ નેત્રરોગ પર શકલી માછલીને ડોક પર અથવા મસ્તક પર ધારણ કરાય, તો સર્વ નેત્રરોગોથી છૂટી જવાય છે. ૭૫

નેત્રરોગ તથા મસ્તકરોગ-શમન

आलङ्कृतकमूलानि वास्तुकस्य यवस्य च ।
आघृष्य नव (?) एषां तु मूर्ध्नि कुर्वीत कण्टकान् ॥
अक्षिरोगं शिरोरोगं सर्वमेतेन शाम्यति ।

હરતાલ, નિર્મળીનાં બીજ, અથવાની ભાજી તથા જવનાં તાજાં મૂળિયાં લઈ ઘસી નાખીને માથા ઉપર તેના વડે કાંટાના આકારનાં ચિહ્નો કરવાં; તેથી હરકોઈ નેત્રરોગ તથા મસ્તકરોગ શમે છે. ૭૬

સગર્ભા સ્ત્રીના નેત્રરોગને મટાડવાનો ઉપાય

बलामतिबलां चैव त्रिवृतां चैव गर्भिणी ॥७७॥
सव्ये पाणिपुटे कृत्वा पीडयेत्तमपूर्वशः ।
तं रसं क्षौद्रसंसृष्टं कण्ठमस्याः प्रलेपयेत् ॥७८॥

કોઈ સગર્ભા સ્ત્રી, (નેત્રરોગથી પીડાતી હોય તો) બલા તથા અતિબલા-બેય બપાટ અને નસોતરને જમણા હાથમાં લઈ એકીસાથે દબાવે; તેથી એ દ્રવ્યોનો જે રસ નીકળે, તેમાં મધ મેળવી એ સગર્ભા સ્ત્રીના ગળા પર વૈદ્યે તેનો લેપ કરવો. (તેથી તેના નેત્રરોગો તથા મસ્તકરોગો મટે છે.) ૭૭,૭૮

સર્વ નેત્રરોગ પર હિતકર 'કલ્યાણિકા' રસક્રિયા

सपिप्पलीशृङ्गवेरां हरितालमनःशिलाम् ।
रसाञ्जनं तार्क्ष्यशिलां सुमनाकोरकाणि च ॥७९॥

सप्तमोऽत्र गुडस्यांशो मधुना सह पेषितः ।
एषा कल्याणिका नाम सर्वरोगरसक्रिया ॥८०॥

પીપર, આદું, હરતાલ, મનશીલ, રસાંજન કે તાર્ક્ષ્ય પર્વતની શિલા, ચમેલીની ૧૦મી કળી અને સાતમો ગોળ-એટલાંને સમાન ભાગે લઈ મધની સાથે પીસી નાખી 'કલ્યાણિકા' નામની જે રસક્રિયા તૈયાર કરાય છે, તે માણસના હરકોઈ નેત્રરોગને મટાડે છે. ૭૯,૮૦

નેત્રરોગને મટાડનાર કૌતુક-અદ્ભુત અંજન

मरिचं शृङ्गवेरं च समभागानि कारयेत् ।
दध्नाऽम्लेन च पिष्ट्वा तु ताम्रपट्टं प्रलेपयेत् ॥८१॥
सप्तरात्रं प्रलिप्यैव ततो दध्ना प्रपेषयेत् ।
वर्त्योऽथ तनुकाः कार्या दद्यात् कौतुकमञ्जनम् ॥८२॥

ધોળાં મરી તથા આદું સમાન ભાગે લેવાં; પછી તેઓને ખાટા દહીંની સાથે પીસી નાખી તાંબાના પાટા પર તેનો લેપ કરવો; એમ સાત દિવસ સુધી તે ઔષધદ્રવ્યને ખાટા દહીંની સાથે પીસી પીસી તાંબાના પાટા પર લેપ કર્યા કરવો; પછી તે ઔષધની પાતળી પાતળી વાટો બનાવી લેવી; પછી છાયામાં સૂકવી લીધેલી તે વાટોનું હરકોઈ નેત્રરોગમાં અંજન કરવું; આ કૌતુક-અદ્ભુત અંજન, હરકોઈ નેત્રરોગને મટાડે છે. ૮૧,૮૨

બાળકના નેત્રરોગની ચિકિત્સા સંબંધે વૈદ્યને સૂચના

मृदुपूर्वमदोषं तु, मात्रायुक्तं च भेषजम् ।
सादेश्यात्तत्कुलीनां (?) च, कुर्याद्बाले भिषक् क्रियाम् ॥८३॥

વૈદ્યે, બાળકને ઉદ્દેશી પ્રથમ કોમળ, નિર્દોષ તથા અમુક થોડા પ્રમાણમાં જ ઔષધપ્રયોગ કરવો; તેમ જ સમાન દેશને તથા તે તે કુળને અનુસરી યોગ્ય ક્રિયા કરવી જોઈએ. ૮૩

कटुकीया हि केचित् स्यान्म(स्युर्म)धुरीयास्तथाऽपरे । मृदु तस्मै उपक्राम्यंस्तीक्ष्णमप्यल्पमाचरेत् ॥८४॥

કેટલાક આચાર્યો કે વૈદ્યો બાળકને કટુકીયા-તીખી ઔષધિનો પ્રયોગ કરવા કહે છે; અને બીજા કેટલાક વૈદ્યો, બાળકને ઉદ્દેશી મધુર ઔષધિઓનો પ્રયોગ કરવો, એમ સૂચવે છે; છતાં એ બાળક માટે મૃદુ-કોમળ ચિકિત્સાપ્રયોગની શરૂઆત કરતા વૈદ્યે (ક્રમશઃ) થોડા તીક્ષ્ણ ઔષધનો પણ પ્રયોગ કરવો જોઈએ. ૮૪

इति वार्योविदायेदं महीपाय महानृषिः ।
शशंस सर्वमखिलं बालानामथ भेषजम् ॥८५॥

એમ મહર્ષિ કાશ્યપે, 'વાર્યોવિદ' રાજાની આગળ બાળકો માટેનાં બધા ઔષધો સંપૂર્ણ કહ્યાં હતાં. ૮૫

સર્વ નેત્રવિકારોને મટાડનાર છેલ્લો ઔષધપ્રયોગ

लोध्रं सयष्टीमधुकं तु पिष्टं, घृतेन भृष्टं तु निबध्य वस्त्रे । क्वाथे गुडूच्याः परिमृज्य तप्ते, निहन्ति सर्वाक्षिगतान्विकारान् ॥८६॥

લોધર અને જેઠીમધને પીસી નાખી ઘી સાથે ભૂંજી લઈ વસ્ત્રમાં તેની પોટલી બાંધીને તપેલા ગરમ ગળોના ક્વાથમાં લટકાવી રાખવાં; પછી તેને સાફ કરી ઉપયોગમાં લેવાય તો નેત્રના બધાયે વિકારોને તે મટાડે છે. ૮૭

इति ह स्माह भगवान् कश्यपः ॥८७॥

એમ ભગવાન કશ્યપે જ ખરેખર કહ્યું હતું. ૮૬

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં ખિલસ્થાન વિષે 'કૃકુણ્ઠ ચિકિત્સા' નામનો અધ્યાય ૧૩ મો સમાપ્ત

વિસર્પચિકિત્સિત : અધ્યાય ૧૪ મો

अथातो वैसर्पचिकित्सितं व्याख्यास्यामः ॥१॥
इति ह स्माह भगवान् कश्यपः ॥२॥

હવે અહીંથી 'વિસર્પચિકિત્સિત' નામના ૧૪ મા અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીએ છીએ, એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું. ૧,૨

વિવરણ : 'વિસર્પ' રોગ, સાર્થક નામ ધારણ કરે છે; 'विशेषेण सर्पति इति विसर्पः-જે

રોગ આખાયે શરીરમાં વિશેષે કરી ફેલાય છે, તે જ કારણે આ રોગ 'વિસર્પ' કહેવાય છે. કેટલાક વૈદ્યો, આ રોગને શરીરમાં ચોપાસ ફેલાતો માને છે, તેથી 'परितः सर्पति यः स परिसर्पः' इत्युच्यते–એ રોગ શરીરમાં ચારે બાજુ ફેલાય છે, તે જ કારણે 'परिसर्प' એ નામે પણ કહેવાય છે.' આ રોગમાં વાત, પિત્ત અને કફ–એ ત્રણે દોષોનો પ્રકોપ હોય છે અને તે જ કારણે આ રોગમાં ત્વચા, રક્ત–રુધિર, માંસ તથા લસીકા–એ ચાર દૂષ્યો દૂષિત થાય છે; એ જ કારણે આ રોગને આયુર્વેદમાં નિજ અથવા દોષજ વ્યાધિ કહ્યો છે; અને તેના ૭ ભેદો પણ કહ્યા છે; આ અભિપ્રાયથી જ ચાલુ અધ્યાયમાં 'वातिकः पैत्तिकश्चैव'... ઇત્યાદિ ગણતરી કરવામાં આવશે; અને 'क्षताद् भग्नादथोत्क्लिष्टादामच्छेदाद्विधारणात्'–ક્ષત, ભગ્ન આદિ કારણોથી પણ આ રોગ થાય છે, એમ તેના નિદાનમાં પણ ઉલ્લેખ કર્યો છે. ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૨૧ મા અધ્યાયમાં આ રોગને દોષજ કહ્યો છે અને ક્ષતજ, વ્રણજ, બંધજ, પતનજ આદિ ભેદો, નિદાનોપૂર્વક સ્પષ્ટ કહ્યા તે ત્યાં જોઈ લેવા. ૧–૨

વૃદ્ધજીવકનો પ્રશ્ન

कश्यपं भिषजां श्रेष्ठमादित्यसमतेजसम् ।
हुताग्निहोत्रमासीनमपृच्छद् वृद्धजीवकः ॥ ३ ॥
भगवन् मण्डलीभूतं त्वग्रक्तं मांसमेव च ।
विदहन् दृश्यते व्याधिराशीविषविषोपमः ॥४॥
दुःसहः सुकुमाराणां कुमाराणां विशेषतः ।
तस्य दारुणरूपस्य दीप्ताग्निसमतेजसः ॥ ५ ॥
समुत्पत्तिं च रूपं च चिकित्सां च महामुने ! ।
वक्तुमर्हसि तत्त्वेन बालानां हितकाम्यया ॥६॥

સૂર્ય સમાન તેજસ્વી અને વૈદ્યોમાં શ્રેષ્ઠ કશ્યપ ઋષિ, અગ્નિહોત્રનો હોમ કરી બેઠા હતા, ત્યારે (તેમના મુખ્ય શિષ્ય) વૃદ્ધજીવકે, (તેમની સમીપે જઈ) તેમને આમ પૂછ્યું હતું–'હે ભગવન્ ! જે રોગ, સર્પના વિષ જેવો ભયંકર હોઈ અતિશય કોમળ એવા બાળકોના મંડલાકર–ગોળ ચકરડાંના જેવાં થયેલ ત્વચા, રુધિર તથા માંસને બરોબર બાળી નાખતો હોય તેવો દુઃસહ થાય છે; એ દારુણ–ક્રૂર સ્વરૂપવાળા અને પ્રદીપ્ત અગ્નિ સમાન તેજવાળા મહારોગ વિસર્પની ઉત્પત્તિ, રૂપ–લક્ષણ તથા ચિકિત્સાને હે મહામુનિ! બાળકોના હિતની ઇચ્છાથી યથાર્થ રીતે કહેવાને આપ યોગ્ય છે.

ભગવાન કશ્યપનો પ્રત્યુત્તર

इति पृष्टः स शिष्येण प्रोवाचेदं महामुनिः ।
दक्षक्रोधाद्भगवतो रुद्रस्यामिततेजसः ॥ ७ ॥
संदष्टौष्ठपुटस्यौष्ठाद्यद्रक्तं प्रापतद् भुवि ।
लोहिताङ्कोऽभवत्तस्माद्वैसर्पश्चाग्निसन्निभः ॥ ८ ॥
तस्मान्निर्दाहिनावेतौ भृशं पीडाकृतौ नृणाम् ।
विविधं सर्पणाद्देहे वैसर्पस्तु निरुच्यते ॥ ९ ॥

પોતાના શિષ્યે, એમ જ્યારે પૂછ્યું હતું, ત્યારે મહામુનિ કશ્યપે તેમને આ વચન કહ્યું હતું–અમાપ તેજવાળા ભગવાન રુદ્રે, દક્ષની ઉપર તેમના ક્રોધથી પોતાનો હોઠ જ્યારે સારી રીતે પીસ્યો હતો, ત્યારે તેમના એ હોઠમાંથી પૃથ્વી પર લોહી પડ્યું હતું; ત્યારે તેમના એ લોહીમાંથી 'લોહિતાંક' નામનો રોગ અને અગ્નિ જેવો ઉગ્ર 'વૈસર્પ' નામનો રોગ ઉત્પન્ન થયો હતો; એ બેય, રોગો મનુષ્યોને અતિશય દાહ કરનારા તથા પીડા કરનારા હોય છે; તેમાંનો વૈસર્પ રોગ, માણસના શરીરમાં 'विविधं सर्पणात्'–વિવિધ પ્રકારે ફેલાય છે. એ કારણે, 'વૈસર્પ' એ નામે કહેવાય છે, એમ વિસર્પરોગની ઉત્પત્તિ તથા વ્યાખ્યા અહીં કહી છે. ૭–૯

વિસર્પરોગનાં નિદાનો

क्षताद्भग्नादथोत्पिष्टादामच्छेदाद्विधारणात् ।
दध्यम्लमन्दकसुराशुक्तसौवीरकस्य च ॥ १० ॥
तिलमाषकुलत्थानां पलाण्डोर्लशुनस्य च ।
ग्राम्यानूपौदकानां च मांसानामतिसेवनात् ॥११॥
विरोधिगुर्वभिष्यन्दपूतिपर्युषिताशनात् ।
दिवास्वप्नादजीर्णाच्च शाकपिष्टान्नसेवनात् ॥१२॥
विषोपहतवाय्वम्बुवस्त्रपानान्नसेवनात् ।
एवमादिभिरप्यन्यैर्दुष्टा वातादयः शिशोः ॥ १३ ॥

वैसर्पं जनयन्त्याशु रक्तादीन् संप्रदूष्य तु ।
एवमेव प्रकुपितैर्दोषैर्दुष्टं यदा पयः ॥ १४ ॥
सेवते तस्य तद्दोषाद्वैसर्पः संप्रजायते ।

(શરીર પર) ક્ષત કે ઘાવ અથવા ચાંદું પડવાથી શરીરનો કોઈ ભાગ અથવા હાડકાં વગેરે ભાંગી જવાથી અથવા શરીરનો કોઈ ભાગ ઉત્પિષ્ટ–એટલે અત્યંત પીસાઈ જવાથી અથવા શરીરનો કોઈ ભાગ કાચી અવસ્થામાં છેદાઈ કે કપાઈ જવાથી, મલમૂત્રાદિના આવેલા વેગો ધારણ કરવાથી કે રોકવાથી અથવા ખાટું દહીં કે મન્દક એટલે બરાબર નહિ જામેલું દહીં, સુરા–મદ્ય, શુક્ત–કાંજી, સૌવીરક–કાંજી, તલ, અડદ, કળથી, ડુંગળી, લસણ, ગામમાં થતાં પ્રાણીઓ અને જલપ્રાય પ્રદેશમાં તથા જલમાં થતાં પ્રાણીઓનું માંસ વધુ પ્રમાણમાં સેવવાથી; તેમ જ પરસ્પર વિરોધી દ્રવ્યો, ભારે દ્રવ્યો, અભિષ્યન્દી, સડેલા દુર્ગંધી દ્રવ્યો અને રાતવાસી દ્રવ્યો ખાવાથી, દિવસે ઊંઘવાથી, અજીર્ણથી, શાક તથા લોટના ખોરાકો વધુ ખાવાથી અને એવા પ્રકારનાં બીજાં પણ (ત્રિદોષવર્ધક) દ્રવ્યોના સેવનથી, બાળકના વાતાદિ ત્રણે દોષો, દુષ્ટ અથવા પ્રકુપિત કે વિકૃત થઈ તે બાળકનાં રક્ત-રુધિર આદિ દૂષ્યોને પ્રથમ અતિશય દૂષિત બરાબ કરે છે; એ જ પ્રમાણે અતિશય કોપેલા દોષોથી બગડેલું કે દુષ્ટ બની વિકાર પામેલું માતાના ધાવણરૂપ દૂધને બાળક સેવે છે કે ધાવે છે, ત્યારે તે દોષના કારણે એ બાળકને 'વૈસર્પ' નામનો રોગ ઉત્પન્ન થાય છે. ૧૦–૧૪

વિસર્પના સાત ભેદો

वातिकः पैत्तिकश्चैव श्लैष्मिको द्वन्द्वजास्त्रयः ॥१५
सन्निपाताच्च सप्तैते वैसर्पाः समुदाहृताः ।

વાતિક, પૈતિક, શ્લૈષ્મિક–એ ત્રણ વિસર્પો અને બીજા દ્વન્દ્વજ ત્રણ વિસર્પો અને સાતમો સંન્નિપાતના કારણે થતો વિસર્પ મળી એકંદર સાત પ્રકારના વિસર્પરોગો કહ્યા છે. ૧૫

વિવરણ : અહીં મૂળમાં વાતિક–પૈત્તિક–કફજ, (ત્રણ ઉપરાંત) દ્વંદ્વજ–ત્રણ વિસર્પો–વાતપૈત્તિક, વાતકફજ, પિત્તકફજ અને સાતમો સાન્નિપાતિક વિસર્પ કહેલ છે; આમાંના ત્રણ દ્વંદ્વજ વિસર્પોને ચરકે અનુક્રમે આગ્નેય વિસર્પ, ગ્રંથિવિસર્પ તથા કર્દમવિસર્પ એ નામે પણ જણાવેલ છે. ૧૫

રક્ત અને પિત્તના અધિક બગાડ વિના વિસર્પ ન થાય

न विना रक्तपित्ताभ्यां वैसर्पो जातु जायते ॥१६
रक्ताश्रयो रक्तभवः पित्तं रक्ते व्यवस्थितम् ।
तस्माद्रक्तावसेकोऽत्र भेषजं परमुच्यते ॥ १७ ॥
बलकालवयोदोषदशादेहव्यपेक्षया ।

રક્ત–રુધિર અને પિત્તના વધુ પ્રકોપ વિના 'વિસર્પ' રોગ કદી થતો જ નથી; એટલે વિસર્પરોગને (પિત્તયુક્ત) રુધિરનો આશ્રય હોય છે અને બગડેલા પિત્તયુક્ત રુધિરમાંથી જ તે ઉત્પન્ન થાય છે; અને તે રુધિરમાં સાથે બગડેલું કે વિકાર પામેલું પિત્ત પણ રહેલું હોય જ છે; એ કારણે વિસર્પરોગમાં રક્તાવસેક અથવા બગડેલું લોહી બહાર કાઢી નાખવું, એ જ શ્રેષ્ઠ ઔષધ કહેવાય છે; પરંતુ એ રુધિરાવસેચન ક્રિયા (રોગીના તથા રોગના) બળ, કાળ, દોષ, દેશ તથા દેહની અપેક્ષાએ એટલે કે તેને અનુસરી કરી શકાય છે. ૧૬,૧૭

વિસર્પરોગનાં લક્ષણો

लक्षणान्यत ऊर्ध्वं तु प्रवक्ष्याम्यनुपूर्वशः ॥१८॥
हेतुभिः पूर्वमुद्दिष्टैर्यदा प्रकुपितोऽनिलः ।
रक्तादीन्यभिदूष्याशु वै..... ॥ १९ ॥

હવે પછી અહીંથી વિસર્પરોગનાં લક્ષણોને હું અનુક્રમે કહીશ; પ્રથમ દર્શાવેલા હેતુઓ કે નિદાનોથી પ્રકોપ પામેલો વાયુ, રક્ત–આદિ દૂષ્યોને ચારે બાજુથી દૂષિત કરીને વિસર્પરોગને ઉત્પન્ન કરે છે. ૧૮,૧૯

વિવરણ : પ્રથમ દર્શાવેલ વાત–પ્રકોપક નિદાનોથી પ્રથમ વાયુ કોપે છે અને તે રુધિર, માંસ, ત્વચા લસીકા–એ ચાર દૂષ્યોને દૂષિત કરીને વિસર્પરોગને ઉત્પન્ન કરે છે; જોકે અહીં આચાર્યે,

વિસર્પને ત્રિદોષજ કહેલ છે; કેમ કે રૂક્ષ, ઉષ્ણ તથા પૂરણ–ખૂબ પેટ ભરીને ખોરાકો ખાવાથી આ ત્રિદોષજ વ્યાધિ–વિસર્પરોગ ઉત્પન્ન થાય છે; છતાં કફનો સંસર્ગ પણ તેમાં અધિક હોય છે. ૧૯

વિસર્પમાં થતાં રૂપો.

वातरक्तज्वर..... स्फोटाश्चैष न... . येत् ॥२०॥

વિસર્પ રોગ બહાર પ્રકટે છે, ત્યારે વાયુની સાથે રક્તપ્રકોપના કારણે જ્વરની સાથે બહારના ભાગમાં ફોલ્લા પણ પ્રકટી નીકળે છે. ૨૦

વિવરણ: એકંદર વિસર્પમાં વાતરક્તની સાથે જ્વર તથા ફોલ્લા બહાર દેખાય છે; આ સંબંધે ચરકે ચિકિત્સાસ્થાનના ૨૧મા અધ્યાયમાં વિસર્પનાં આ લક્ષણો કહ્યાં છે–भ्रमदवथुपिपासानिस्तोदशूलाङ्गमर्दोद्वेष्टनकम्पज्वरतमककासास्थिसन्धिभेदविश्लेषणवमनारोचकाविपाकाश्चक्षुषोराकुलत्वमस्वागमनं पिपीलिकासंसार इव चाङ्गेषु यस्मिंश्चावकाशे विसर्पोऽनुविसर्पति सोऽवकाशः श्यावारुणावभासः श्वयथुमान् निस्तोदभेदशूलायासकोचहर्षस्फूरणैरतिमात्रं प्रपीड्यते, अनुपक्रान्तश्चोपचीयते शीघ्रप्रभेदैः स्फोटकैस्तनुभिरुरुणाभैः श्यावैर्वा तनुविषमदारुणाल्पास्रावैर्विबद्धवातमूत्रपुरीषश्च भवति, निदानोक्तानि चास्य नोपशेरते, विपरीतानि चोपशेरत इति वातविसर्पः– વાયુની અધિકતાવાળો વિસર્પરોગ થાય ત્યારે તેનાં આ લક્ષણો જણાય છે–ચકરી આવે, સંતાપ થાય, વધુ પડતી તરશ લાગે; જાણે સોયો ભોંકાતી હોય તેવી પીડા થાય; શૂલ ભોંકાતાં હોય એવી વેદના થાય; આખું અંગ ભાંગતું હોય કે ચીરાઈ જતું હોય એવી પીડા થાય; પગની પીંડીઓ વજેરે પ્રદેશ પર ગોટલાં ચઢે, શરીરમાં કંપારી–ધ્રુજારી થાય, જ્વર આવે; 'તમક' નામનો શ્વાસરોગ થાય; સખ્ત ઉધરસ આવે, શરીરનાં હાડકાં અને સાંધા જાણે ચીરાઈ જતા હોય એવી પીડા થાય; શરીરના સાંધા જાણે છૂટા થઈ જતા હોય એવો અનુભવ થાય; ઊલટી થાય; અરોચક થાય–એટલે કંઈ પણ રુચે કે ગમે નહિ; અવિપાક–અપચો થાય–ખાધેલો ખોરાક પચે નહિ; આંખો આકુળ-વ્યાકુળ થાય; ગુદા દ્વારા લોહી બહાર આવે; અંગો પર જાણે કીડીઓ ફરતી હોય એવું જણાય; અને જે પ્રદેશ પર વિસર્પ ફેલાય તે પ્રદેશ કાળાશયુક્ત પીળા ઝાંઈવાળો જણાય; ત્યાં સોજો પણ આવે; સોયો ભોંકાતી હોય તેવી પીડા થાય; જાણે કે તે પ્રદેશ ચીરાઈ જતો હોય એવું જણાય; શૂલ ભોંકાતું હોય તેવી ત્યાં વેદના પણ થાય; પરિશ્રમ વિના થાક જણાય; તે પ્રદેશનો સંકોચ થાય; ત્યાંના રૂંવાડાંનો હર્ષ–ખડાં થઈ જાય; તે પ્રદેશ ફરકયા કરે; અતિશય પીડાય અને તાત્કાલિક ચિકિત્સા ન કરાય તો જલદી ફૂટી જાય એવા બારીક ફોલ્લાઓ વડે તે પ્રદેશ છવાઈ જાય છે; એ ફોલ્લા રતાશથી અથવા કાળાશ-યુક્ત કે પીળાશથી યુક્ત હોય; તે ફોલ્લાઓમાંથી પાતળો, વિષમ, દારુણ–ભયંકર થોડો થોડો સ્રાવ સ્રવ્યા કરે અને જે માણસને વિસર્પ થાય તેનાં વાયુ, મૂત્ર તથા વિષ્ટા; વિશેષ બંધાઈ–ગંઠાઈ જાય–વળી એ વાતજ વિસર્પનાં જે નિદાનો કહ્યાં છે, તેમાં કહેલા પદાર્થો, એ વાતજ વિસર્પના રોગીને માફક ન આવે, પણ એથી વિપરીત પદાર્થો માફક આવે છે; એમ તે વાતજ વિસર્પનાં લક્ષણો અહીં કહ્યાં છે

વિસર્પની પ્રાથમિક ચિકિત્સા

ऊर्ध्वाधःशुद्धदेहानां बहिर्मार्गाश्रिते मले ।
आदितश्चाल्पदोषाणां क्रियां कुर्यादिमां भिषक् ॥२१

જે વિસર્પમાં (કોપેલા) દોષો થોડા હોય, તેની વૈદ્યે શરૂઆતમાં આ પ્રમાણે ચિકિત્સા કરવી જોઈએ–શરીરની નીચેના તથા ઉપરના શુદ્ધ બહારના માર્ગોમાં મળ કે દોષ જો આશ્રય કરી રહ્યો હોય તો (વમન–વિરેચન દ્વારા) તેની આ ચિકિત્સા કરવી, જેમ કે–૨૧

લંઘનપૂર્વકનો ચિકિત્સાક્રમ

लङ्घयित्वा यथाकालं कषायैः समुपक्रमेत् ।
प्रदेहैः परिषेकैश्च स्नेहैरभ्यञ्जनैरपि ॥ २२ ॥
रक्तावसेकैः पथ्यैश्च पानान्नौषधसेवनैः ।

વિસર્પના રોગીને પ્રથમ તો લંઘન જ કરાવવું જોઈએ અને તે પછી યોગ્ય સમયે કષાયો કે ક્વાથોનો પ્રયોગ શરૂ કરવો;

અને તે પછી પ્રદેહો-લેપો, સિંચનો, સ્નેહનો, અભ્યંજનો-તેલ માલિસ, રક્તાવસેચન-એટલે ફસ ખોલીને બગડેલું લોહી પણ બહાર કાઢી નાખવું જોઈએ; તેમ જ એ વિસર્પરોગમાં જે પથ્ય-હિતકારી હોઈ માફક આવે એવાં ખોરાક-પાણી તથા ઔષધોનાં સેવનો દ્વારા ચિકિત્સા કરવી. ૨૨

વાતજ વિસર્પની જ ખાસ પ્રાથમિક ચિકિત્સા

वातवैसर्पिणं पूर्वमनुबन्धविशेषतः ॥ २३ ॥
पुराणं प्रपुराणं वा कौम्भं वा पाययेद् घृतम् ।

જે માણસને વાતજ વિસર્પરોગ થયો હોય, તેને પ્રથમ તો અનુબન્ધરૂપ કારણો કે નિદાનોની વિશેષતાને અનુસરીને× પુરાણું અથવા પ્રપુરાણું-અતિશય વધુ કાળથી જૂનું થયેલું 'કૌંભ' સર્પિસ-ઘી પાવું જોઈએ.

વિવરણ : જૂના ઘી સંબંધે પ્રાચીન આચાર્યોના જે મતભેદો છે, તેઓને અહીં બતાવવામાં આવે છે-કોઈક આચાર્યો, એક વર્ષના ઘીને, કોઈ ૧૦ વર્ષના ઘીને અને કોઈક ૧૫ વર્ષના ઘીને પણ જૂનું ઘી કહે છે; અહીં ઘણા કાળનું જૂનું ઘી 'કૌંભ સર્પિસ્' માન્યું છે; તે સંબંધે ચરકની ટીકાના કર્તા ચક્રપાણિ આમ કહે છે કે-૧૦ વર્ષનું જૂનું ઘી 'કૌંભ-સર્પિસ્' કહેવાય છે; પરંતુ યોગરત્નાકર નામના વૈદ્યક-ગ્રંથમાં ૧૦૦ વર્ષના જૂના ઘીને 'કૌંભ-સર્પિસ્' કહ્યું છે; તેમ જ સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૪૫ મા અધ્યાયમાં ૧૧ વર્ષથી માંડી ૧૦૦ વર્ષ સુધીના જૂના ઘીને 'કૌંભ-સર્પિસ્' કહ્યું છે અને તેનાથી વધુ વર્ષના જૂના ઘીને 'મહાઘૃત' નામે કહ્યું છે. ૨૩

× અહીં જણાવેલ પુરાણ તથા પ્રપુરાણ ઘૃત સંબંધે આ શ્લોક મળે છે-' उग्रगन्धं पुराणं स्याद् दश वर्षस्थितं घृतम् । लाक्षारसनिभं गीतं प्रपुराणमतः परम् । स्थितं वर्षशतं श्रेष्ठं कौम्भं सर्पिस्तदुच्यते ॥-દશ વર્ષના જૂના ઘીની ગંધ ઉગ્ર હોય; અને તે 'પુરાણ' કહેવાય છે; અને જેનો રંગ લાખ જેવો થઈ જાય તે ૧૧ વર્ષ પછીનું પ્રપુરાણ ઘી અને ૧૦૦ વર્ષ જૂનું 'કૌંભ સર્પિસ્-ઘી' કહેવાય છે.

વાતવિસર્પમાં હિતકર તૈલ-અભ્યંગ-માલિસ

तैलं सलवणं चास्य क्षिप्रमभ्यञ्जने हितम् ॥२४॥
आरनालेन सुरया बलया वा विपाचितम् ।

તલનું જે તેલ આરનાલ-કાંજીથી કે સુરા-મદ્યથી ખાસ પકવ્યું હોય, તે તેલમાં (વાતવિસર્પમાં) લવણ નાખી તેના વડે માલિસ કરવું-તે તરત જ હિતકારી થાય છે. ૨૪

वातविसर्पमां हितकर बीजुं तैल-मालिस
मधुकस्य च कल्केन गुडूच्या स्वरसेन च ॥२५॥
तुल्यक्षीरं पचेत्तैलं तदस्याभ्यञ्जने हितम् ।

તલના જે તૈલમાં તેના જેટલું જ દૂધ મેળવી જેઠીમધનો કલ્ક તથા ગળોનો સ્વરસ પણ મિશ્ર કરી પકવ્યું હોય, એ તૈલનું અભ્યંજન-માલિસ પણ વાતવિસર्पમાં હિતકારી થાય છે. ૨૫

वातविसर्पमां उपयोगी त्रीजुं तैल-मालिस
बलां रास्नां बृहत्यौ द्वे वचीं च सपुनर्नवम् ॥२६॥
पाटलां सुषवीं चैव मधुकं देवदारुकम् ।
पिष्ट्वा विपक्वं दध्ना च तैलमभ्यञ्जने हितम् ॥२७॥

બલા-ખપાટ, રાસ્ના, બેય બૃહતી-ભોંયરીંગણી-ભોંઠી બેય ભોરીંગણી, વચા નામની ઔષધી, સાટોડી, પાડલ, કાળીજીરી, જેઠીમધ તથા દેવદાર-એટલાં ઔષધ-દ્રવ્યોને સમાન ભાગે લઈ પીસી નાખી તેનો કલ્ક બનાવી તે કલ્કથી ચારગણું તલનું તેલ અને તેલથી ચારગણું દહીં એકત્ર કરી જે પકવાય, એ તૈલ (વાતવિસર્પમાં) માલિસ માટે હિતકારી થાય છે. ૨૬,૨૭

વાતવિસર્પમા હિતકર કવાથસિંચન

बिल्वाग्निमन्थकाश्मर्यैश्योनाकैरण्डपाटलैः ।
पयसा चाम्बुना वाऽपि श्रृतेन परिषेचयेत् ॥२८॥

બિલ્વફળ, અરણીકાષ્ઠ, ગાંભારી, અરડૂસો, એરંડમૂળ અને પાડલ-એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ, ખાંડી-કૂટીને તેઓનો દૂધથી કે પાણીથી કવાથ કરી

તેના વડે વાતવિસર્પમાં અવશ્ય સિંચન કરવું. ૨૮

વાતવિસર્પમાં હિતકર પ્રલેપ

मृष्टैः पयसि निर्वातैरतसीतिलसर्षपैः ।
क्षीरपिष्टैः प्रलिम्पेद्वा वातवैसर्पपीडितम् ॥ २९ ॥

અળસી, તલ અને સરસવને વાયુ-રહિત સ્થાન પર પાણીમાં રાંધી લીધેલ હોય અને પછી તેઓને દૂધમાં પીસી નાખીને વાતજ વિસર્પરોગથી પીડાયેલ માણસને તેનો પ્રલેપ લગાડવો. ૨૯

વિવરણ : અહીં દર્શાવેલ આ પ્રલેપ–સૂત્રસ્થાન ચરક, ચિકિત્સાસ્થાનના ૨૧ મા અધ્યાયમાં આ આઠ બાબતો પર ખાસ ધ્યાન આપવાનું કહેલ છે; જેમ કે પ્રથમ તો તૈયાર કરેલ પ્રલેપ માટેનું ઔષધ, સંપ્રસાદન એટલે રોગને તથા તેમાં રહેલા પિત્તને શમાવનાર હોવું જોઈએ; બીજું–જે લેપ લગાડાય તેને થોડી થોડી વારે બદલ્યા કરવો જોઈએ; ત્રીજું–લેપને ધોયા વિના જ ઉતારી કે કાઢી નાખી ફરી ફરી પાતળો લેપ લગાડ્યા કરવો જોઈએ; લેપ માટેનું જે ઔષધ તૈયાર કરાય, તે 'સમ' હોવું જોઈએ એટલે કે બહુ સ્નિગ્ધ ન હોય તેમ જ બહુ રૂક્ષ પણ ન હોવું જોઈએ; તેમ જ અતિશય પ્રવાહી કે ખૂબ જ ઘટ્ટ પણ હોવું ન જોઈએ; વળી તે લેપ. હાથના અંગૂઠાની જાડાઈના ત્રીજા ભાગ જેટલો જાડો લગાડવો જોઈએ; વળી પાંચમું–આ યાદ રાખવું જોઈએ કે જે લેપ લગાડાય તે વાસી ન હોવો જોઈએ અને જે લેપને એકવાર લગાડી લીધો હોય તે જ લેપ ફરી બીજી વાર લગાડવો ન જોઈએ; વળી જે લેપ લગાડાય તેને કપડાની ઉપર ન લગાડવો જોઈએ; કેમ કે એમ કપડાં પર લેપ લગાડવાથી અંદરની ગરમી રોકાઈ જાય તેથી વ્રણનું સ્વેદન કરી ભેજ, શૂલ ફોલ્લીઓ કે ચેપ વગેરે ઉપદ્રવો કાઢે છે; વળી સાતમું–આ ધ્યાનમાં લેવાનું કે પ્રથમનો લેપ કાઢી નાખ્યા વિના જ તે લેપની ઉપર બીજો લેપ લગાડાય નહિ અને આઠમી બાબત–આ ધ્યાનમાં લેવા જેવી છે કે લેપનું ઔષધ, અતિશય પાતળું કે અતિશય ઘટ્ટ પણ ન હોવું જોઈએ. (જુઓ ચરક–ચિકિત્સાસ્થાન–૨૧ મો અધ્યાય). ૨૯

વાતવિસર્પની ઉપર કરવાનો બીજો પ્રલેપ

सुषवीं सुरभीं रास्नां वचीवं सपुनर्नवम् ।
एकाष्ठीलां पलाशं च देवदारुं च पेषयेत् ।
जलेनाम्लेन वा तेन स्निग्धोष्णेन प्रलेपयेत् ॥३०॥

સુષવી–કાળીજીરી, સુરભી એટલે તે નામે સુગંધી ઘાસ કે રાળ, રાસ્ના, વચીંવ, સાટોડી, એકાષ્ઠીલા–બકવૃક્ષ, પલાશ–ખાખરો અને દેવદાર–એટલાંને સમાન ભાગે લઈ પાણી સાથે કે કાંજી વગેરે ખટાશની સાથે પીસી નાખવાં; પછી તેને સ્નેહથી યુક્ત કરી સહેવાય તેવાં ગરમ કર્યા પછી જ તેનાથી પ્રલેપ લગાડવો. ૩૦

વિસર્પમાં આપવાનું વિરેચન

तिल्वकेन त्रिवृतया नीलिन्या वा पृथक्पृथक् ।
विपक्वं पाययेत् सर्पिः समस्तैर्वा विरेचनम् ॥३१

તિલ્વક–લોધર, નસોતર અને નીલિની-ગળી–એમાંના કોઈ એકને અલગ અલગ અથવા બધાંય ભેગાં પકવીને વિસર્પના રોગીને તે વધારે છે. વિરેચન ઔષધ પાવું.

એમ વિરેચન પછી અભ્યંગપૂર્વકનું સ્વેદન

आभिः क्रियाभिः प्रशमं न प्रयाति यदाऽनिलः ।
स्वभ्यक्तं स्वेदयेद्वस्त्रैर्वेशवारेण वा पुनः ॥ ३२ ॥

એમ ઉપર દર્શાવેલી ચિકિત્સાઓ કર્યા છતાં તેનાથી જો વાતવિસર્પ, શાંતિ ન પામે કે ન મટે, તો એ વાતવિસર્પના રોગીને ઉપર કહેલ ઔષધપક્વ તેલથી સારી રીતે પ્રથમ માલિસ કર્યા પછી ગરમ કરેલાં કપડાં-થી કે વેસવારથી સ્વેદન કરાવવું. ૩૨

વિવરણ :–અહીં બે પ્રકારે સ્વેદન કરવા કહેલ છે; તેમાંના વેસવારથી સ્વેદન કરવું હોય તો પ્રથમ આ પ્રકારે વેસવાર તૈયાર કરવો જોઈએ; જેમ કે જાંગલ-પશુપક્ષીનું માંસ લાવી તેમાંથી હાડકા કાઢી નાખી ખાંડીને પીસી નાખ્યા પછી તેમાં પીપર, સૂંઠ, કાળા મરી, ગોળ તથા ઘી નાખી ફરી પકવવામાં આવે, તે 'વેસવાર' કહેવાય છે; એ વેસવાર સહેવાય તેવો ગરમ હોય ત્યારે તેને વસ્ત્રમાં વીંટી પોટલીરૂપે કરીને વિસર્પ ઉપર સ્વેદ–બાફ કે શેક કરવામાં આવે છે. ૩૨

વાતવિસર્પની ચિકિત્સામાં વૈદ્યે સાવધાન રહેવા ખાસ સૂચન

उत्काभिराभिः स्निग्धाभिः पायसैः कृसरेण वा ।
शुष्कमूलककल्कैर्वा कल्कैः शोभाञ्जनस्य वा ॥३३॥
सुखोष्णैः प्रदिहेदेनं नात्युष्णं वाऽऽचरेद्भिषम् ।
स्वेदैः प्रशान्ते त्वनिले प्रकुप्येत् पित्तमग्निवत् ॥३४
यथा न च प्रकुप्येत पित्तं वायुश्च शाम्यति ।
तथा भिषक् प्रयुञ्जीत वातपित्तहरीं क्रियाम् ॥३५॥

વાતવિસર્પમાં વૈદ્ય, ઉપર કહેલ સ્નિગ્ધ ક્રિયાઓ કે ચિકિત્સાઓ વડે ચિકિત્સા કરવી; અથવા પાયસ-ખીર કે કૃશરા-ખીચડી વડે અથવા સૂકા મૂળાના કલ્ક વડે અથવા સરગવાના કલ્ક વડે વાતવિસર્પના રોગીને પ્રદેહ કે લેપ લગાડવો; એ પ્રલેપો સહેવાય તેવા ગરમ હોય, પણ અતિશય ગરમ ન હોવા જોઈએ; એકંદર વાતવિસર્પમાં અતિશય ઉષ્ણ ચિકિત્સાવિધિ ન કરવી જોઈએ; વાતવિસર્પરોગ સ્વેદનો વડે જોકે અત્યંત શાંત થઈ જાય, પણ તે પછી એ ઉષ્ણ ચિકિત્સાના કારણે અગ્નિની જેમ પિત્તનો પ્રકોપ સંભવે છે; માટે જે પ્રકારની ચિકિત્સાથી પિત્તપ્રકોપ ન થાય અને વાયુ અત્યંત શાંતિ પામે એવા પ્રકારની વાતપિત્તહરી ચિકિત્સા, વૈદ્યે વાતવિસર્પમાં કરવી જોઈએ; અર્થાત્ વાતજ વિસર્પમાં વૈદ્યે, વાયુનું શમન થાય અને સાથે પિત્ત પણ શાન્ત રહે, એવી જ ચિકિત્સા-ક્રિયા કરવી જોઈએ. ૩૩-૩૫

વિવરણ: અહીં ૩૩ મા શ્લોકમાં મૂળાની અંદર પાયસ-ખીર તથા કૃશરા-ખીચડી વડે વાતજ વિસર્પમાં સ્વેદન આપવા કહેલ છે; તે પાયસ તથા કૃશરાનું લક્ષણ દર્શાવતા આ બે શ્લોકો જ્યા પ્રમાણે મળે છે :

' अतप्ततण्डुलो धौतः परिभृष्टो घृतेन च ।
खण्डयुक्तेन दुग्धेन पाचितः पायसो भवेत् ॥ '

તપાવેલ કે શેકેલા ન હોય એવા કે શેકેલા ચોખાને પાણીથી ધોઈ નાખી ખાંડથી યુક્ત દૂધ સાથે જે રાંધી લેવામાં આવે, તે ' પાયસ-ખીર ' થયેલ કહેવાય છે. અને-

' तण्डुला दालिसंमिश्रा लवणार्द्रकहिङ्गुभिः ।
संयुक्ताः सलिलैः सिद्धाः कृशरा कथिता बुधैः ॥ '

ચોખા અને દાળ (મગની) સમાન ભાગે મિશ્ર કરી લવણ, આદું તથા હિંગથી યુક્ત એવા પાણી સાથે જે રાંધાય તેને વિદ્વાનો ' કૃશરા-ખીચડી ' કહે છે.

પિત્તજ વિસર્પની ચિકિત્સા

पैत्तिके तिक्तकं सर्पिरुक्तं ज्वरचिकित्सिते ।
निरामं पाययेद्वैद्यः स्निग्धं ज्ञात्वा विरेचयेत् ॥३६॥

પ્રથમ જ્વરની ચિકિત્સામાં ' તિક્તક ઘૃત ' નામનું જે ઔષધપક્વઘૃત કહેવાયું છે, તેને વૈદ્ય, પિત્તજ વિસર્પમાં રોગીને આમરહિત જાણ્યા પછી પાવું અને તે પછી એ રોગીને તે દ્વારા સ્નિગ્ધ થયેલો જાણ્યા પછી વિરેચન આપવું. (ચરકે પણ ચિકિત્સાસ્થાનના ૨૧ મા અધ્યાયમાં પિત્તજ વિસર્પની પ્રાથમિક ચિકિત્સા આમ જ કહી છે.) ૩૬

વિસર્પના જ્વરનો નાશ કરનાર ચંદનાદિ ક્વાથ

चन्दनं पद्मकोशीरं तथा चन्दनसारिवाम् ।
मृद्वीकां च विदारीं च काश्मर्याणि परूषकम् ।
वासाश्रुतं पिबेदेतद् वैसर्पज्वरनाशनम् ॥ ३

ચંદન, પદ્મકાષ્ઠ, ઉશીર-વાળો, રક્તચંદન, સારિવા-ઉપલસરી, મુનક્કા-દ્રાક્ષ, વિદારીગંધા, ગાંભારીફલ, ફાલસાં અને અરડૂસી-એટલાંનો ક્વાથ જો પીવાય તો (પિત્તજ) વિસર્પના જ્વરનો નાશ કરે છે. ૩૭

વિસર્પજ્વરનાશન બીજો ઉશીરાદિક્વાથ

उशीरं मधुकं द्राक्षां काश्मर्याण्युत्पलानि च ।
कशेरुकामिक्षुगण्डं परूषकफलानि च ।
पूर्वकल्पेन पेयानि ज्वरवैसर्पशान्तये ॥ ३८ ॥

ઉશીર-સુગંધી વાળો, જેઠીમધ, દ્રાક્ષ, ગાંભારીફલ, નીલકમલ, કસેરુકંદ, શેલડીની કાતરી અથવા કાસડો ઘાસ અને ફાલસાં-એટલાંને પણ સમાનભાગે લઈ અધકચરાં કરી ક્વાથ બનાવી ઉપર કહ્યા પ્રમાણે જ્વરયુક્ત વિસર્પની શાંતિ માટે તે ક્વાથ પીવા. ૩૮

પિત્તજ વિસર્પની શાંતિ માટે કિરાતાદિક્વાથ

कैरातं मधुकं लोध्रं चन्दनं सबिभीतकम् ।
पद्मोत्पलं नागपुष्पं नागरं सदुरालभम् ।
निष्काथ्य शीतं मधुना पेयं वैसर्पशान्तये ॥३९॥

કરિયાતું, જેઠીમધ, લોધર, ચંદન, બહેડાં, ધોળું કમળ, નીલકમલ, નાગકેસર, સૂંઠ અને ધમાસો–એટલાંનો ક્વાથ બનાવી તે શીતળ થાય ત્યારે તેમાં મધ નાખી જો પીવાય, તો પિત્તજ વિસર્પની શાંતિ થાય છે.

પિત્તજ વિસર્પને મટાડનાર પટોલાદિ ક્વાથ

पटोलं चन्दनं मूर्वां गुडूचीं कटुरोहिणीम् ।
मुस्तां पाठां सयष्टीकां पूर्वकल्पेन पाचयेत् ॥४०॥

પટોલ–પરવળ, ચંદન–રતાંજળી, મોરવેલ, ગળો, કડુ, નાગરમોથ, કાળીપાટ અને જેઠીમધ–એટલાંને સમાનભાગે લઈ અધકચરાં કરીને ઉપર જણાવેલ વિધિથી ક્વાથ કરવો અને તે પીવો. (તેથી પણ પિત્તજ વિસર્પ મટે છે.) ૪૦

પિત્તજ વિસર્પને મટાડનાર વ્યાધિઘાતક આદિનો ક્વાથ

व्याधिघातो हरिद्रे द्वे कटुजं कटुरोहिणीम् ।
गुडूचीं मधुकं चैव चन्दनं चेति तत् पिबेत् ॥४१॥

વ્યાધિઘાતક અથવા વ્યાધિઘાત-ગરમાળો, બેય હળદર–હળદર તથા દારુહળદર, કુટજ–ઇન્દ્રજવ, કડુ, ગળો, જેઠીમધ અને ચંદન–રતાંજળી–એટલાને સમાન ભાગે લઈ અધકચરાં કરી તેઓનો ક્વાથ બનાવી પીવો. (તેથી પણ પિત્તજ વિસર્પ મટે છે.) ૪૧

પિત્તજ વિસર્પને મટાડનાર પિચુમંદાદિક્વાથ

पिचुमन्दं पटोलं च दार्वीं कटुकरोहिणीम् ।
गुडूचीं मधुकं चैव चन्दनं चेति तत् पिबेत् ॥४२॥

પિચુમંદ–લીંબડો, પરવર, દારુહળદર, કડુ, ગળો, જેઠીમધ અને ચંદન–રતાંજળી એટલાંનો ક્વાથ–પિત્તજ વિસર્પમાં પીવો.૪૨

બીજો પિચુમંદાદિક્વાથ

पिचुमन्दं पटोलं च दार्वीं कटुकरोहिणीम् ।
त्रायमाणां सयष्टीकां पिबेद् वैसर्पशान्तये ॥४३॥

પિચુમંદ–લીંબડો, પરવર, દારુહળદર, કડુ, ત્રાયમાણ તથા જેઠીમધ–એટલાંનો પણ ક્વાથ, પિત્તજ વિસર્પની શાંતિ માટે પીવો.

પિત્તજ વિસર્પને મટાડનાર બે પટોલાદિક્વાથો

पटोलनिम्बमुस्तानां चन्दनोशीरयोरपि ।
मुस्तकामलकोशीरसारिवाणामथापि वा ॥४४॥
दद्यात् कषायं पानेन पित्तवैसर्पशान्तये ।
पटोलमुस्तामलकस्य तं वा सघृतं पिबेत् ॥४५॥

પરવર, લીંબડો, મોથ, ચંદન, ઉશીર–વાળો, મોથ, આમળાં, ઉશીર વાળો (ડમલ) સારિવા–ઉપલસરી–એટલાંનો ક્વાથ બનાવી (વૈદ્યે) પિત્તના વિસર્પની શાંતિ માટે રોગીને પીવા આપવો; અથવા પરવળ, મોથ અને આમળાંનો ક્વાથ પણ ઘી નાખી (પિત્તજ વિસર્પમાં) પીવો. ૪૪,૪૫

પિત્તજ વિસર્પમાં હિતકર પ્રદેહ કે લેપ

उदुम्बरत्वङ्मधुकं प्रियङ्ग्वो नागकेशरम् ।
पद्मोत्पलानां किञ्जल्कं प्रदेहः सघृतो हितः ॥४६॥

ઉંબરાની છાલ, જેઠીમધ, ઘઉંલા, નાગકેસર, કમળના તથા નીલકમળના કેસરા–એટલાંને સમાન ભાગે લઈ પીસી નાખી તેમાં ઘી મિશ્ર કરી તેનો પ્રદેહ કે લેપ લગાડાય, તે પિત્તજ વિસર્પમાં હિતકર થાય છે. ૪૬

પિત્તજ વિસર્પનાશન અશ્વત્થાદિપ્રદેહ

अश्वत्थोदुम्बरप्लक्षवटवेतसजाम्बवैः ।
त्वग्भिः सुपिष्टैरालेपः शतधौतघृताप्लुतैः ॥४७॥

પીપળો, ઉંબરો, પીપળ, વડ, નેતર અને જાંબૂ–એટલાંની લીલી છાલ સમાન ભાગે લાવી સારી રીતે પીસી નાખી તેમાં સો વાર ધોયેલું ઘી મિશ્ર કરી તેનો લેપ લગાડ્યો હોય તો પિત્તના વિસર્પને તે મટાડે છે. ૪૭

વિવરણ : ઘીને ટાઢા પાણી વડે સો વાર

ધોઈ નાખવામાં આવે તેને 'શતધૌત ઘૃત' કહેવામાં આવે છે. ૪૭

વિસર્પના દાહ તથા રતાશને મટાડનાર પ્રદેહ

ककुम्भोदुम्बराश्वत्थवटलोध्रत्वचः समाः।
वेतसत्वक् सशालूका नड.....पेषयेत् ॥४८॥
सहविष्कः प्रलेपोऽयं दाहरागनिवारणः।

કકુભ-અર્જુન-આસોંદરો, ઉંબરો, પીપળો, વડ અને લોધરની છાલને સમાન ભાગે લઈ તેમાં નેતરની છાલ તથા શાલૂક-કમલકંદ અથવા કસેરુકંદ પણ સમાન ભાગે મિશ્ર કરી તે બધાંને એકીસાથે પીસી નાખવાં; પછી તેમાં ઘી નાખી તેનો જે લેપ કરાય તો વિસર્પના દાહને તથા રતાશને તે મટાડે છે.

વિસર્પને મટાડનાર ઉશીરાદિપ્રલેપ

उशीरं चन्दनं चैव शाड्वलं शाङ्गमुत्पलम्।
वेतसस्य च मूलानि प्रदेहः स्यात् सतण्डुलः ॥४९

ઉશીર વાળો, ચંદન-રતાંજળી, શાડ્વલ-ઘાસ, દૂર્વા-ધ્રોખડ, શંખ, નીલકમલ તથા નેતરનાં મૂળ-એટલાંને ચોખા સાથે મિશ્ર કરી લસોટીને તેનો પ્રલેપ લગાડાય તે પિત્તજ વિસર્પમાં હિતકારી થાય છે. ૪૯

વિસર્પનાશન-સર્વોત્તમ પ્રલેપ

ह्रीबेरं चन्दनोशीरं मञ्जिष्ठां कुमुदोत्पलम्।
शारिवां पद्मकिञ्जल्कं प्रलेपनमनुत्तमम् ॥ ५० ॥

હ્રીબેર-વાળો, ચંદન-રતાંજળી, ઉશીર-સુગંધી વાળો, મજીઠ, કુમુદ-ધોળું કમળ, નીલકમળ, સારિવા-ઉપલસરી અને કમળના કેસરા-એટલાંનો સર્વોત્તમ પ્રલેપ, વિસર્પને મટાડે છે. ૫૦

પિત્તજ-વિસર્પને મટાડનાર વિદાર્યાદિ પ્રલેપ

विदारीं चन्दनोशीरं तथा चन्दनसारिवाम्।
मधुकं क्षीरशुक्लां च दद्या(दालेप)नं भिषक् ॥५१

વિદારીગંધા, ચંદન, ઉશીર વાળો, ચંદન-રતાંજલિ, સારિવા-ઉપલસરી, જેઠીમધ અને ક્ષીરશુક્લા-ભોંયકોળું-એટલાંનો વૈદ્યે પિત્તજ વિસર્પની ઉપર લેપ લગાડવો. ૫૧

દાહનાશન પ્રલેપ

तालीशं पद्मकोशीरं मञ्जिष्ठां चन्दनद्वयम्।
प्रपौण्डरीकं मधुकं प्रलेपो दाहनाशनः ॥ ५२ ॥

તાલીસપત્ર, પદ્મકાષ્ઠ, ઉશીર વાળો, મજીઠ, શ્વેત ચંદન-ધોળું તથા લાલ-રતાંજળી-ચંદન, પ્રપૌંડરીક-ધોળું કમળ અને જેઠીમધ-એટલાંનો પ્રલેપ, (પિત્તજ વિસર્પના) દાહનો નાશ કરે છે. ૫૨

વિસર્પને મટાડનાર મુક્તાદિ પ્રલેપ

मुक्ताशङ्खप्रलेपैश्च शुक्तिस्फाटिकगैरिकैः।
सघृतैः प्रदिहेदेनं समस्तैर्लभितोऽपि वा ॥ ५३ ॥

મોતી તથા શંખનો પ્રલેપ લગાડ્યાથી અથવા મોતીની છીપ, સ્ફટિક તથા ગેરુ-એટલાં એકત્ર મળવાથી અથવા તેમાંથી જે કોઈ મળે-તેટલાં દ્રવ્યોને પીસી નાખી, તેમાં ઘી મેળવીને તેનો પ્રલેપ, પિત્તના વિસર્પ ઉપર લગાડવો; તેથી પિત્તનો વિસર્પ મટે છે. ૫૩

પિત્તજ વિસર્પ ઉપર કરવાનો પરિષેક

कदलीकुशकाक्षानां तथैव नड(ल)वेत्रयोः।
मूलानि चन्दनोशीरं पद्मकर्षभजीवकम् ॥ ५४ ॥
कुमुदोत्पलपत्राणि मूर्वासौगन्धिकानि च।
मृणालबिसशालूकतृणशालीक्षुवालिकाः।
प्रपौण्डरीकं मधुकं तालीशं सकशेरुकम्।
इक्षुवेतसमूलानि सानन्ताः क्षीरिणां त्वचः ॥५५
शतावरीं समञ्जिष्ठां कुम्भीकामिति संहरेत्।
संक्षोद्यैतानि मतिमान् वासयेत् सलिले निशि।
रसं तमथ निस्राव्य परिषेकं तु दापयेत् ॥५७॥

કેળ, દર્ભ, કાસડો, તેમ જ નડ-બરૂ-ઘાસ તથા નેતરનાં મૂળ, રક્તચંદન, પદ્મકાષ્ઠ, ઋષભ, જીવક, કુમુદ-ધોળાં કમળનાં અને નીલકમળનાં પાન, મોરવેલ, સુગંધી કમળ, મૃણાલ કમળનું નાળ, તે નામનું બિસ, શાલૂક કમલકંદ, સુગંધી ઘાસ, શાલિ-ડાંગર, ઇક્ષુબાલિકા-એખરો કે તાલમખાના, પ્રપૌંડરીક, જેઠીમધ, તાલીસપત્ર, કશેરુકંદ, શેલડી, વેતસ-નેતરનાં મૂળિયાં, અનંતા, છીરવાળાં વૃક્ષોની છાલ, શતાવરી, મજીઠ અને કુંભીકા-રાતી પાડલ-એટલાં દ્રવ્યોને સમાન ભાગે

લાવવાં અને તેઓને ખાંડી કૂટીને બુદ્ધિમાન્ વૈદ્ય પાણીમાં આખી રાત પલાળી રાખવાં; પછી સવારમાં તે બધાંનો રસ નીચોવી પિત્તજ વિસર્પ ઉપર તેનું સિંચન કરવું. ૫૪–૫૭

ઉપર કહેલ દ્રવ્યોથી ઘી પકવી તેનું પણ સિંચન

घृतं वा विपचेदेभिर्भ्रक्षणं पयसा सह ।
एतेनैव कषायेण पयस्तुल्यं पचेद्भिषक् ॥ ५८ ॥
चतुर्भागावशिष्टं च खजेनाभिप्रमन्थयेत् ।
तत्रोत्थितं घृतं भूयः पयसाऽष्टगुणेन तु ॥ ५९ ॥
कल्कैः पयस्यामधुकचन्दनानां विपाचितम् ।
अभ्यङ्गे भोजने पाने दद्याद्विसर्पनाशनम् ॥ ६० ॥
घृतेन परिषेक्त..... न्तर ।

અથવા ઉપર કહેલ તે દ્રવ્યોથી વૈદ્યે, દૂધ સાથે ઘી પકવવું; અથવા તે દ્રવ્યોનો ક્વાથ કરી તે ક્વાથ સાથે તેના જેટલું ઘી પકવવું; એ પકવતાં ચોથો ભાગ બાકી રહે ત્યારે રવૈયાથી તેને મથી નાખવું; તેમાંથી જે ઘી નીકળ્યું હોય તેને આઠગણા દૂધ સાથે ફરી પકવવું; તેમાં જેઠીમધ અને ચંદન–રતાંજળીનો કલ્ક પણ સાથે મિશ્ર કરી તે બધું બરાબર પકવવું; પ્રવાહી બળી જતાં પકવ થયેલા તે ઘીનો અભ્યંગ–માલિસ માટે પ્રયોગ કરવો; તેમ જ ભોજન–ખોરાકમાં તથા પીવામાં પણ વૈદ્યે તેનો પ્રયોગ કરાવવો, જેથી તે ઘી, વિસર્પનો નાશ કરે છે; તેમ જ એ ઘી વડે પરિષેક અથવા સિંચન કરવાથી પણ પિત્તજ વિસર્પનો તે નાશ કરે છે. ૫૮–૬૦

પિત્તજ વિસર્પનો નાશ કરનાર સિંચન

यष्टीमधुकतोयेन क्षीरेणेक्षुरसेन वा ।
वटादिवल्कतोयेन शीतेन परिषेचयेत् ॥ ६१ ॥

જેઠીમધના ક્વાથ વડે, દૂધ વડે અથવા શેલડીના રસ વડે અથવા વડના શીતળ કલ્કના ક્વાથ વડે પિત્તજ વિસર્પની ઉપર સિંચન કરવું. (તેથી પણ પિત્તજ વિસર્પ મટે છે.) ૬૧

પિત્તજ વિસર્પ ઉપર પ્રદેહ

प्रदिह्येद्वा वटादीनां कल्केन सघृतेन तु ।
तथा सहस्रधौतेन शतधौतेन वा पुनः ॥ ६२ ॥
सर्पिषा प्रदिह्येदेनं दाहे क्षीरोत्थितेन वा ।

અથવા વડ વગેરેનો કલ્ક બનાવી તેમાં ઘી મિશ્ર કરી તેનાથી પ્રલેપ કરવો; અથવા હજારવાર ટાઢા પાણીથી ધોયેલા–સહસ્રધૌત કે સોવાર ટાઢા પાણીથી ધોયેલ–શતધૌત ઘીથી પિત્તજ વિસર્પ ઉપર પ્રલેપ કરવો; અથવા દૂધમાંથી બારોબાર કાઢેલા માખણ વડે વિસર્પના દાહ ઉપર લેપ કરવો; તેથી પણ દાહ શમે છે અને વિસર્પ મટે છે. ૬૨

પિત્તજ વિસર્પમાં કરવાનું રુધિરસ્રાવણ

सदाहरागपाके तु श्वयथौ विप्रसर्पति ॥ ६३ ॥
अन्तर्विशुद्धदेहानां जलौकाभिहरेदसृक् ।
निःस्राव्य दुष्टं रुधिरं कुर्याद्रक्तप्रसादनम् ।
सघृतैः क्षीरिणां कल्कैर्यथोक्तैः शीतलैरपि ॥ ६४ ॥

વિસર્પમાં દાહ, રતાશ અને પાક પણ સાથે હોય અને સોજો અતિશય ફેલાયા કરતો હોય તો રોગીના દેહને અંદરથી વિરેચન કે વમન દ્વારા શુદ્ધ કરીને જળો મૂકીને વિસર્પનું બગડેલું લોહી બહાર કઢાવી નાખવું; એમ બગડેલા રુધિરનું પરિસ્રાવણ કર્યા પછી વૈદ્યે, ઉપર કહેલ 'ક્ષીરી' વૃક્ષોના કલ્કોને ઘીથી મિશ્ર કરીને અથવા ઉપર કહેલ શીતળ દ્રવ્યોના કલ્કોને ઘીથી મિશ્ર કરી રક્તપ્રસાદન કે રક્તશુદ્ધિ કરવી. ૬૩,૬૪

કફજ વિસર્પની ચિકિત્સા

आदितः श्लेष्मवैसर्पे वमनं संप्रकल्पयेत् ।
लङ्घनं वाऽल्पदोषाणां ततः कुर्यादिमां क्रियाम् ॥ ६५ ॥

કફજ વિસર્પમાં વૈદ્યે શરૂઆતમાં રોગીને વમન કરાવવું; અથવા થોડા દોષવાળા રોગીઓને લંઘન પણ કરાવવું; તે પછી નીચે જણાવાતી ચિકિત્સા શરૂ કરવી. ૬૫

વિવરણ: અર્થાત્ કફજ વિસર્પમાં દોષ જો અધિક હોય તો શરૂઆતમાં પ્રથમ વમન જ

કરાવવું જોઈએ; પરંતુ દોષ જો ઓછો હોય તો વમન કરાવવાની ખાસ જરૂર ન જણાય, તોપણ એકાદ લંઘન તો અવશ્ય કરાવવું જ જોઈએ અને તે પછી નીચે કહેવાય છે તે ચિકિત્સા શરૂ કરવી. ૬૫

કફજ વિસર્પમાં આપવાનો ક્વાથ અને પ્રલેપ

मुस्तां पाठां हरिद्रे द्वे कुष्ठं तेजोवतीं वचाम् ।
शार्ङ्गिष्ठां त्रिफलां मूर्वामग्निं हैमवतीमपि ॥६६॥
वत्सकातिविषे चैव तथा कटुकरोहिणीम् ।
निष्काथ्य पाययेदेनं पिष्टैस्तैश्च प्रलेपयेत् ॥६७॥

મોથ, કાળીપાટ, બેય હળદર–હળદર તથા દારુહળદર, કઠ, તેજોવતી–માલકાંકણી, વજ, શાર્ઙ્ગિષ્ઠા–પીલુડીની એક જાત, ત્રિફલા–હરડે, બહેડાં અને આમળાં; મોરવેલ, ચિત્રક, હૈમવતી, ધોળી વજ, ઇંદ્રજવ, અતિવિષ તથા કટુ–એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ અધકચરાં કરી નાખી તેઓનો ક્વાથ કરી કફજ વિસર્પના રોગીને તે પાવો; અને તે જ દ્રવ્યોને પીસી–લસોટી નાખીને તેઓનો પ્રલેપ લગાડવો. ૬૬,૬૭

કફજ વિસર્પને મટાડનાર ક્વાથ અને પ્રલેપ

आरग्वधं सोमवल्कं कुटजातिविषे घनम् ।
पाठां मूर्वां सशार्ङ्गिष्ठां कुष्ठं च विपचेद्भिषक् ॥६८
तत्कषायं पिबेत् काले सुपिष्टैस्तैश्च लेपयेत् ।
तेनास्य कण्डूः कोठानि शोफश्चाशु प्रशाम्यति॥६९

ગરમાળો, સોમવલ્ક–કાયફળ કે કરંજ, કુટજ–ઇન્દ્રજવ, અતિવિષ, મોથ, કાળીપાટ, મોરવેલ, શાર્ઙ્ગિષ્ઠા પીલુડીની એક જાત તથા કઠ એટલાંને ખાંડી–કૂટી અધકચરાં કરી વૈદ્યે તેઓનો ક્વાથ કરવો અને કફજ વિસર્પના રોગીને તે પાવો; તેમ જ એ જ દ્રવ્યોને પીસી તેનો કફજ વિસર્પની ઉપર લેપ લગાડવો; તેથી એ કફવિસર્પની ચેળ, કોઠ–ધ્રામઠાં અને સોજો પણ તરત મટે છે. ૬૮–૬૯

વિવરણ: અહીં મૂળમાં 'कोठानि' પદ મૂકીને કોઠ–ધ્રામઠાનો રોગ દર્શાવ્યો છે; તેનું લક્ષણ આવું મળે છે–असम्यग्वमनोदीर्णपित्तश्लेष्मान्ननिग्रहैः । मण्डलानि सकण्डूनि रागवन्ति बहूनि च । ऊत्कोठः सानुबन्धस्तु कोठ इत्यभिधीयते ॥'—બરાબર વમન થયું ન હોય તેથી ઊંચે આવેલ અથવા પ્રકોપ પામેલા પિત્ત, કફ તથા ખોરાકના નિગ્રહ કે રોકવાથી શરીર પર ચેળવાળાં અને રતાશવાળાં યુક્ત ઘણાં મંડલો–ચકરડા કે ધ્રામઠાં પ્રકટી નીકળે છે, તે ઉત્કોઠ ધ્રામઠાં અને તે જો અનુબંધ સહિત હોય તો 'કોઠ' નામનો રોગ કહેવાય છે. ૬૯

કફવિસર્પના જ્વરમાં પીવાનો ક્વાથ

शृतं वाऽप्यमृताशुण्ठीपर्पटैः सदुरालभैः ।
पिबेत् कषायं मधुना वैसर्पज्वरपीडितः ॥७०॥

કફજ વિસર્પના જ્વરથી પીડાયેલા માણસે ગળો, સૂંઠ, પિત્તપાપડો અને ધમાસો –એટલાંનો ક્વાથ બનાવી તેને ગાળીને ટાઢો થાય ત્યારે તેમાં મધ નાખીને પીવો. ૭૦

કફજ વિસર્પમાં કરવાનું સિંચન

त्रिफलोशीरमुस्तानि एरण्डं देवदारु च ।
निष्काथ्य परिषेक्तव्यो निम्बपत्रोदकेन वा ॥७१

ત્રિફલા–હરડે, બહેડાં અને આમળાં; ઉશીર વાળો, મોથ, એરંડમૂલ અને દેવદાર –એટલાને ઉકાળીને તેના વડે કે લીંબડાના પાનના ક્વાથ વડે કફજ વિસર્પની ઉપર ચોપાસ સિંચન કરવું. ૭૧

કફજ વિસર્પ ઉપર કરવાનું બીજું સિંચન

शिग्रुत्वक्सुरसास्फोटकालमालफणिञ्जकैः ।
साठरूषैः शृतं तोयं प्रदद्यात् परिषेचनम् ।
खदिरोदकसेको वा गोमूत्रेणाथवा हितः ॥७२॥

સરગવાની છાલ, સુરસા–તુલસી, આસ્ફોટ–આકડો, કાલમાલ–કાળી તુલસી, ફણિઞ્જક–તુલસીનો એક ભેદ અને અરડૂસો–એટલાં ઔષધદ્રવ્યોને સમાન ભાગે લઈ અધકચરાં કરી તેઓનો ક્વાથ બનાવી તેના વડે કફજ વિસર્પની ઉપર વૈદ્યે,

પરિષેચન અથવા ચોપાસ સિંચન કરવું, અથવા બેરના ક્વાથજળથી કફજ વિસર્પની ઉપર સિંચન કરવું; અથવા ગોમૂત્રથી કફજ વિસર્પની ઉપર સિંચન કરવું; તે કફજ વિસર્પમાં હિતકારી થાય છે. ૭૨

કફજ વિસર્પનો સોજો, ચેળ અને પીડા મટાડનાર પાંચ પ્રદેહો.

गृहधूमं हरिद्रे द्वे मालतीपल्लवानि च।
विडङ्गं द्वे हरिद्रे च पिप्पल्यस्तलवण्डिका(?)॥७३
मुस्ताऽमृता हरिद्रे द्वे पटोलारिष्टपल्लवाः।
कुटजातिविषे मुस्तं कुष्ठं चेति प्रपेषयेत् ॥ ७४॥
आगारधूमं रजनीं सैन्धवं च प्रलेपनम्।
श्लोकार्धविहिता ह्येते योगाः स्वल्पघृतायुताः।
प्रदेहार्थे प्रयोक्तव्याः शोफकण्डूरुजापहाः ॥ ७४ ॥

ઘરના ધુમાડાની ધૂંસ, બેય હળદર અને માલતીનાં કૂણાં પાન એટલાંનો પહેલો પ્રદેહ; અથવા વાવડિંગ, બેય હળદર, પીપર તથા તલલંડિકા–એટલાંનો બીજો પ્રદેહ; મોથ, ગળો, બેય હળદર, પરવળ તથા લીંબડાનાં પાન એટલાંનો ત્રીજો; તેમ જ કુટજ–ઇંદ્રજવ, અતિવિષ, મોથ અને કઠ એટલાંનો ચોથો; અને ઘરના ધુમાડાની ધૂંસ, હળદર તથા સૈંધવ–એટલાંનો પાંચમો પ્રદેહ; એમ અહીં પ્રત્યેક અર્ધા શ્લોકમાં કહેલા આ પ્રદેહયોગો, થોડા ઘીથી યુક્ત કરી લેપ માટે પ્રયોગ કરવા યોગ્ય છે; કેમ કે આ પાંચમાંથી કોઈપણ એક પ્રદેહયોગ અથવા લેપનો પ્રયોગ કફજ સોજાનો, રોગનો તથા વેદનાનો નાશ કરે છે. ૭૩–૭૫

કફજ વિસર્પને મટાડનાર બે પ્રલેપો.

सप्तपर्णं सखदिरं मुस्तमारग्वधत्वचम्।
कुरण्टकं देवदारु प्रलेपनमनुत्तमम्।
पलाशभस्म चैकाङ्गं लेपो गोमूत्रसंयुतः ॥ ७६ ॥

સપ્તપર્ણ–સાતપૂડો, બેર, નાગરમોથ, ગરમાળાની છાલ, કુરંટક–પીળો કાંટા–અશોળિયો અને દેવદાર–એટલાંને બરાબર પીસી નાખી તેઓનો કરેલો સર્વોત્તમ પ્રલેપ, અથવા ખાખરાની ભસ્મ તથા એકાંગ–ચંદન–બેયને ગોમૂત્ર સાથે મિશ્ર કરી કરેલો લેપ કફજ વિસર્પનો નાશ કરે છે. ૭૬

કફજ વિસર્પ ઉપર તેલમાલિસ કરી કરવાનું ઘર્ષણ

सक्षारं सार्षपं तैलमथवाऽपि ससैन्धवम्।
अभ्यङ्गार्थे प्रयोक्तव्यं तैलं कारञ्जमेव वा।
कुष्ठसैन्धवचूर्णं वा तैलाक्तस्यावघर्षणम् ॥ ७७ ॥

સરસવના તેલમાં ક્ષાર–જવખાર કે સૈંધવ મિશ્ર કરી કફજ વિસર્પમાં અભ્યંગ–માલિસ માટે તેનો પ્રયોગ કરવો; અથવા કરંજના તેલનો જ માલિસ માટે પ્રયોગ કરવો; અથવા કફજ વિસર્પના રોગીને તલના તેલથી માલિસ કરી કઠનું તથા સૈંધવનું ચૂર્ણ તેના શરીર પર ઘસવું. ૭૭

કફજ વિસર્પની ચેળ વગેરેને મટાડનાર સ્વર્જિકાદિ તૈલમાલિસ

स्वर्जिकातिविषे मुस्तं त्वगेलैल्वार्थलुबत्सकैः।
शताह्वागरुकुष्ठैश्च पिष्ट्वैस्तैलं विपाचयेत्।
तदस्याभ्यञ्जने योज्यं कण्डू कोठारुनाशनम् ॥७८

સાજીખાર, અતિવિષ, મોથ, તજ, એલચી, એલવાલુક–ચણકબાબ અથવા લોધર, ઇંદ્રજવ, સુવા, અગર અને કઠ–એટલાંને સમાન ભાગે લઈ, પીસી કલક બનાવીને તેની સાથે તલનું તેલ પકવવું; પછી તેનો માલિસ માટે પ્રયોગ કરવો; એ તૈલયોગ, કફજ વિસર્પની ચેળનો, ધ્રામઠાંનો તથા અરુ–ક્ષત–વ્રણનો નાશ કરે છે. ૭૮

કફજ વિસર્પ ઉપરનું ઘૃતમાલિસ અને તૈલમાલિસ

शिग्रुमूलमर्हिस्रां च पिष्ट्वा सर्पिर्विपाचयेत्।
तेनास्याभ्यञ्जयेद्गात्रं कुष्ठतैलेन वा पुनः ॥ ७९ ॥

સરગવાનું મૂળ તથા અહિંસા–કંટકપાલીને પીસી નાખી કલકરૂપ બનાવી તેની સાથે ઘી પકવવું; પછી તે ઘીથી શરીર પર

માલિસ કરવું; અથવા કઠનું તેલ પકવી તેનાથી કફજ વિસર્પ યુક્ત શરીર ઉપર માલિસ કરવું. (તેથી કફજ વિસર્પ મટે છે.) ૭૯

કફજ વિસર્પની આખરી ચિકિત્સા

एतेन विधिना व्याधिर्यदि नवोपशाम्यति।
कण्डूमद्भिः सदाहैश्च मण्डलैर्विदहेदपि ॥ ८० ॥
ततो विरेचनं दद्याद्रक्तं चास्यावसेचयेत्।
विनिर्हृते दुष्टरक्ते कुर्याद्रक्तप्रसादनम्।
सघृतैस्त्रिफलाकल्कैर्मधुकोदुम्बरान्वितैः ॥ ८१ ॥

ઉપર જણાવેલ વિધિ કે ચિકિત્સાથી કફજ વ્યાધિ–વિસર્પ, જો ન જ મટે અને દાહ તથા ચેળથી યુક્ત મંડલો કે ચકરડાં શરીર પર પ્રકટ કરી એ રોગ, અતિશય જો દાહ પણ ઉપજાવે, તો છેવટે વિરેચન આપવું અને એ રોગીના બગડેલા રુધિરનું અવસેચન-સ્રાવણ પણ કરાવવું; એમ તે દુષ્ટ રક્ત, બહાર કાઢી નાખ્યા પછી ઘીથી યુક્ત ત્રિફળાના કલ્કોમાં જેઠીમધ તથા ઉંબરાનો કલ્ક મિશ્ર કરી તે દ્વારા લોહીનું પ્રસાદન–સ્વચ્છપણું પણ કરવું ૮૦,૮૧

વિસર્પની ચિકિત્સાનો ઉપસંહાર

इति वातादिजानां ते वैसर्पाणां चिकित्सितम्।
समासव्यासयोगैश्च पृथक्त्वेन च कीर्तितम्।
एतदेव च संसृष्टं संसृष्टेषु प्रयोजयेत् ॥ ८२ ॥

એ પ્રમાણે વાતજ આદિ એક એક દોષથી ઉત્પન્ન થતા ત્રણ વિસર્પોની ચિકિત્સા ટૂંકમાં તથા વિસ્તારથી યુક્ત એવા પ્રયોગો દ્વારા અલગ અલગ તમને કહી; એ જ ચિકિત્સાનો સંસૃષ્ટ–મિશ્ર દોષોથી ઉત્પન્ન થયેલા વિસર્પોમાં મિશ્ર કરી પ્રયોગ કરવો જોઈએ. ૮૨

વિસર્પમાં પથ્યો

यवान्नं शालयो मुद्गा मसूराः शशहरिणवः।
भोजनार्थं पुराणाः स्युर्जाङ्गलाश्च मृगद्विजाः ॥८३

વિસર્પમાં જવનો ખોરાક, જૂના શાલિ–ડાંગર, ચોખા, મગ, મસૂર તથા હરેણુ–વટાણા ખોરાક માટે આપવા જોઈએ અને માંસાહારી રોગીને જાંગલ પશુપક્ષીઓનાં માંસ અપાય તો તે પણ હિતકારી થાય છે.

વિવરણ : ચરકે ચિકિત્સાસ્થાનના ૨૧ મા અધ્યાયમાં કહ્યું છે કે વિસર્પ–રતવાના રોગમાં વિદાહી અન્નપાન, વિરુદ્ધ ભોજન, દિવસની નિદ્રા, ક્રોધ, કસરત કે શારીર પરિશ્રમ સૂર્યનો તાપ, અગ્નિનું સેવન અને અતિશય વધુ પ્રમાણમાં વાયુ સેવાય તે હિતકારી નથી–અપથ્ય છે ૮૩

મસૂરિકા–ઓળી–શીળી–માતા વગેરે રોગમા પણ વિસર્પની ચિકિત્સા કરી શકાય

मसूरिकाः सविस्फोटाः कक्ष्यां पामां तथैव च।
संसृष्टपित्तरक्तोत्था वैसर्पवदुपक्रमेत् ॥ ८४ ॥

ફોલ્લાઓ સહિત મસૂરિકા–ઓળી વગેરેમાં, વિસ્ફોટકમાં, કક્ષ્યા રોગમાં, ખસના રોગમાં અને જેમાં પિત્ત મળ્યું હોય એવા રક્તદોષના રોગોમાં પણ વિસર્પના જેવી જ ચિકિત્સા કરવી જોઈએ ૮૪

इति ह स्माह भगवान् कश्यपः ॥ ८५ ॥

એમ ભગવાન કશ્યપે જ ખરેખર કહ્યું હતું. ૮૫

વિવરણ : જેમાં પિત્તદોષ, રક્તરુધિરની સાથે મળી ચામડીને દૂષિત કરીને શરીર પર મસૂરના જેવી ફોલ્લીઓ ઉત્પન્ન કરે છે, તે રોગને મસૂરિકા–ઓળી અથવા બળીઆ–શીળી અને અછબડા વગેરે નામે જુદા જુદા રૂપમાં ઉત્પન્ન કરે છે; તેમ જ એ પિત્તદોષ જ્યારે પ્રકોપ પામે કે વિકૃત બને છે, ત્યારે બાહુ–ભુજાઓ પર પડખાંઓમાં, બગલ પર અને બગલમાં કાળા રંગની ફોલ્લીઓને ઉત્પન્ન કરે છે; તે રોગને કક્ષ્યા કહે છે. ૮૫

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં ખિલસ્થાન વિષે 'વૈસર્પ-ચિકિત્સા' એ નામે અધ્યાય ૧૪ મો સમાપ્ત

ચર્મદલ ચિકિત્સિત : અધ્યાય ૧૫ મો.

अथातश्चर्मदलचिकित्सितं नामाध्यायं व्याख्यास्यामः ॥ १ ॥

इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી 'ચર્મદલ' નામના રોગની ચિકિત્સા કહેવાની અમે શરૂઆત કરીએ છીએ, એમ ભગવાન કશ્યપે જ ખરેખર કહ્યું હતું. ૧,૨

વિવરણ : અહીં જણાવેલ 'ચર્મદલ' રોગ, એ ચામડીનો રોગ છે; આયુર્વેદમાં આ રોગને ક્ષુદ્રકુષ્ઠ રોગમાં ગણ્યો છે. માધવનિદાનમાં કહ્યું છે કે આ રોગમાં ચામડીનો રંગ લાલ થઈ જાય છે, શૂળ તથા ચેળ પણ સાથે હોય એવા ફોલ્લા થાય છે; કોર્કપણું વસ્તુનો અધિક સ્પર્શ–આ રોગમાં સહન થઈ શકતો નથી. આ સંબંધે સુશ્રુતે નિદાન–સ્થાનના ૫ મા અધ્યાયમાં આ રોગનું વધુ આ લક્ષણ પણ કહેલ છે કે–'स्युर्येन कण्डूव्यथनौषचोषास्तल्लेषु तच्चर्मदलं वदन्ति'–જે ક્ષુદ્રકુષ્ઠરોગના કારણે હાથ–પગના તળિયામાં ખણજ, પીડા, દાહ અને ચોષ થાય છે, તે કોઢને વૈદ્યો, 'ચર્મદલ' નામનો ક્ષુદ્રકોઢરોગ કહે છે. ૧,૨

ચર્મદલ કુષ્ઠરોગ અંગે વૃદ્ધજીવકના પ્રશ્નો

अथ खलु भगवन्तमृषिगणपरिवृतं ब्राह्म्या श्रिया देदीप्यमानमृषिश्रेष्ठं कश्यपमभिवाद्य पप्रच्छ भार्गवः–भगवन् ! क एष चर्मदलो नाम व्याधिर्विसर्पमाणोऽग्निदग्धोपमरूपोऽत्याबाधकरो बालानामङ्गेषूपपद्यते ? कथं चोत्पद्यते क्षीरपाणां कुमाराणां ? क्षीरान्नादानां तु(च)? नचाऽन्नादवयःस्थानाम्? अत्र को हेतुः? किमात्मकः? कतिविधः ? कानि चास्य लक्षणानि ? उपद्रवाश्च के? इत्येवं व्याख्यातुमर्हसीति ॥ ३ ॥

એક સમયે ઋષિઓમાં શ્રેષ્ઠ ભગવાન કશ્યપ ઋષિઓના સમુદાયથી વીંટાઈને બિરાજ્યા હતા અને તે વેળા પોતાના બ્રાહ્મતેજથી અતિશય દીપી રહ્યા હતા, તે વેળા ભૃગુવંશના તેમના મુખ્ય શિષ્ય વૃદ્ધજીવકે તેમને વંદન કરી, આ પ્રશ્નો પૂછ્યા હતા–હે ભગવન્! 'ચર્મદલ' નામનો જે વ્યાધિ થાય છે તે કયા પ્રકારનો છે? તે જ્યારે માણસના શરીરમાં ફેલાય છે, ત્યારે અગ્નિથી જાણે દાઝ્યો હોય તે પ્રમાણે માણસને દાહ થાય છે; એ રોગ અતિશય પીડા કરનાર હોઈને બાળકોના અંગો પર થાય છે; અને જેઓ હજી દૂધ જ પીતાં હોય એવાં નાનાં ધાવણાં બાળકોને તે રોગ વધુ કેમ થાય છે ? વળી જેઓ દૂધ સાથે અન્નનો ખોરાક ખાતા હોય તેઓને એ રોગ કેમ થાય છે ? અને જેઓ કેવળ ધાન્ય જ ખાતા હોય તેવા મોટી ઉંમરવાળા લોકોને એ ચર્મદલ રોગ કેમ થતો નથી? એ રોગ થવામાં હેતુ કયો હોય છે? એ રોગનું સ્વરૂપ કયું હોય છે? કેટલા પ્રકારનો તે રોગ થાય છે? એ રોગનાં લક્ષણો કયાં હોય છે? એ રોગમાં ઉપદ્રવરૂપ કયા રોગો થાય છે? એ બધું વિશેષે કરી સ્પષ્ટ કહેવાને આપ યોગ્ય છો. ૩

ભગવાન કશ્યપના પ્રત્યુત્તરો

अथ भगवानब्रवीद्वत्स ! शृणुतामिह खलु क्षीरपाणां कुमाराणां स्तन्यदोषेण क्षीरान्नादानां स्तन्यदोषेणाहारदोषेण च, सुकुमाराणामस्थिरधातूनां बालानां गर्भशय्योचितमृदुशरीराणां वस्त्राङ्गाधारणोष्णानिलातपस्वेदोपनाहस्वमलमूत्रपुरीषसंस्पर्शाशौचपाणिपीडनाऽतीवोद्वर्तनकुलप्रवृत्त्यादिभिरुपायैर्मुखगलहस्तपादवृषणान्तरकट्यङ्गसन्धिषु चोत्पद्यते ॥ ४ ॥

તે સાંભળ્યા પછી ભગવાન કશ્યપે આમ કહ્યું હતું કે 'હે વત્સ! એ ચર્મદલ રોગ વિષે તમે સાંભળો: જે બાળકો દૂધ પીતાં હોય કે ધાવણ ધાવતાં હોય તેઓને એ ધાવણના દોષથી 'ચર્મદલ' રોગ થાય છે; તેમ જ જે બાળકો ધાવણ ધાવતાં હોય કે દૂધ પીતાં હોય અને સાથે અનાજનો ખોરાક પણ ખાતાં હોય તેવાં બાળકોને જે ચર્મદલ રોગ ઉત્પન્ન થાય છે, તેમાં

પણ તેઓ જે ધાવણ ધાવતાં હોય કે દૂધ પીતાં હોય અને જે ધાન્યનો ખોરાક ખાતાં હોય તે ધાવણનો, દૂધનો તથા આહારનો પણ દોષ કારણ તરીકે હોય છે; તેમ જ જે બાળકો અતિશય સુકુમાર હોય, જેઓની ધાતુઓ અસ્થિર હોય અને જેઓનાં શરીર ગર્ભશય્યાને યોગ્ય હોઈ ખૂબ કોમળ હોય, તેઓને ખૂબ વસ્ત્રમાં ધારણ કરાતાં હોય કે જે ખોળામાં પણ ખૂબ ધારણ કરાતાં હોય તેના મેલ વગેરેનો સ્પર્શ થવાથી અથવા ગરમ વાયુનો, સૂર્યના તાપનો, સ્વેદ–પરસેવાનો, ઉપનાહ કે પોટીસનો, પોતાના મેલનો, વીર્યનો કે મૂત્રનો સંસ્પર્શ થયો હોય અથવા અપવિત્ર હાથ વડે દબાવવામાં આવે કે ઘણા ઉબટણથી શરીરને વધુ ચોળવામાં આવે કે તેવી કોઈ કુલાચારની પ્રવૃત્તિ આદિ ઉપાયો કરાય, તે કારણે એ બાળકોના મુખ પર, ગળામાં, હાથ પર, પગ ઉપર અથવા વૃષણના અંતરમાં, કેડમાં કે અંગોના સાંધાઓમાં પણ આ 'ચર્મદલ' રોગ ઉત્પન્ન થાય છે. ૪

મોટાં માણસોને ચર્મદલ રોગ ન થવાનાં કારણો

न चान्नादवयःस्थानामिति किं कारणं? स्थिरकठिनसंहतत्वगस्थिधातूनां तथा नित्यव्यायामोपचितगात्राणां क्लेशं सहतां न भवत्येष व्याधिरिति ॥ ५ ॥

જે માણસો કેવળ ધાન્યરૂપ ખોરાક જ ખાતા હોય અને મોટી ઉંમરના થઈ ચૂક્યા હોય તેઓને આ ચર્મદલ રોગ ન થાય તેમાં કારણ શું છે? કે તેઓનાં શરીર સ્થિર, કઠિન, સંહત–એકીસાથે ગંઠાયેલ અને સ્થિર તથા કઠિન ચામડી, હાડકાં તથા ધાતુઓથી મજબૂત બની ગયાં હોય; તેમ જ કાયમી શારીરપરિશ્રમના કારણે જેઓનાં ગાત્રો પુષ્ટ બની ગયેલ હોય તેઓને આ ચર્મદલ રોગ થતો નથી. ૫

ચર્મદલ રોગના ચાર પ્રકારો અને વ્યાખ્યા

वायुभूयिष्ठत्वाद्वाय्वात्मकमेवोदाहरन्ति । चर्मदलमिति चर्मावदारणात् । स चतुर्विधो—वातिकः, पैत्तिकः, श्लैष्मिकः, सान्निपातिक इति ॥

એ ચર્મદલ રોગમાં વાયુની ખૂબ જ અધિકતા હોય છે, તેથી એ રોગને વૈદ્યો વાયુપ્રધાન જ કહે છે; અને શરીરની 'चर्म दलयति'–ચામડીને તે રોગ વિખેરી નાખે છે–ચીરી કાઢે છે, તે કારણે એ રોગને વૈદ્યો–'चर्मदल' એ નામે કહે છે; અને તેને વૈદ્યો વાતિક, પૈત્તિક, શ્લૈષ્મિક તથા સાંનિપાતિક એમ ચાર પ્રકારનો કહે છે. ૬

વાતિક ચર્મદલ રોગની નિદાનપૂર્વકની સંપ્રાપ્તિ

तत्र या बालस्य माता वा धात्री वा रूक्षसमुदाचाराहारोदावर्तनोपवसनशीला तथाऽतिचङ्क्रमणव्यायामक्लेशानत्यर्थमुपसेवते, तस्या वायुः प्रकुपितः स्तन्यं दूषयति । तस्य लक्षणम्—उदके प्रक्षिप्तं प्लवते विच्छिद्यते छत्रायते श्यावावभासं, रसेन तिक्तकषायं विरसं चेति । तत् पिबतो जन्तोरिमानि रूपाणि भवन्ति—सकण्डूस्फुटितपरुषश्यावावभासान्यङ्गे मण्डलानि; पिप्लुतं तनु विवर्णमतिसार्यते; प्रवेपकमुखशोषरोमहर्षान्वितश्च वातचर्मदलः ॥ ७ ॥

બાળકની જે માતા અથવા જે સ્ત્રી તેને ધવરાવતી હોય તે રૂક્ષ આચાર, આહાર, ઉપવાસ કરવાના સ્વભાવવાળી હોય; તેમ જ વધુ પડતું ચાલવું, વધુ શારીરશ્રમ તથા ક્લેશને જો વધુ પ્રમાણમાં સેવે કે આચર્યા કરે તો એ સ્ત્રીનો વાયુ પ્રકુપિત થઈને તેના ધાવણને દૂષિત કરે છે; એમ તે ધાવણ, જો દૂષિત થયું હોય તો તેનાં આ લક્ષણો જણાય છે; જેમ કે પાણીમાં તે ધાવણને જો નાખ્યું હોય તો ડૂબી ન જાય, પણ પાણીની ઉપર તરે છે; છિન્નભિન્ન થઈને ત્રુટક થઈ જાય છે; છત્રના જેવું આચરણ કરે છે; કાળાશયુક્ત પીળી

ઝાંઈવાળું બની જાય છે; રસમાં કડવું અને તૂરાશવાળું થઈ જાય છે; અને બેસ્વાદ બની જાય છે; એવા લક્ષણવાળું તે બગડેલું ધાવણ, જે બાળક ધાવે છે, તેનામાં પણ આ લક્ષણો પ્રકટ થઈ જાય છે–તેના શરીર પર ચેળથી યુક્ત, ફૂટેલાં, કઠોર અને કાળાશયુક્ત પીળી ઝાંઈવાળા મંડલો કે ચકરડાં પ્રકટ થાય છે; અતિશય ખરાબ અને રંગબેરંગી કે ફીકાશવાળા ઘણા ઝાડા થાય છે; શરીરમાં ખૂબ કંપારી, મોઢાનું સુકાવું અને રુવાંટાં ખડાં થવા માંડે, એવાં તે મિશ્ર લક્ષણોવાળો વાતિક 'ચર્મદલ' રોગ કહેવાય છે. ૭

પિત્તજ ચર્મદલ રોગનાં લક્ષણો

यदा तु धात्री क्रोधसंतापोष्णाम्ललवणकटुकविदग्धाध्यशनविवशा (ता)नुपसेवते तस्याः पित्तं प्रकुपितं वायुना विक्षिप्यमाणं स्तन्यवहाभिः सिराभिरनुसृत्य स्तन्यं दूषयति। तस्य लक्षणानि—उदके प्रक्षिप्तं हरितरक्तासिताभासं भवत्यथ रसेन कटूवम्ललवणतिक्तं, स्पर्शेनोष्णमिति। तत् पिबतो जन्तोरिमानि रूपाणि भवन्ति—रक्तनीलावभासानि श्यावपीताभानि शुष्कच्छवीन्युष्णानि कुथितदोषपूर्णानि मण्डलान्युत्पद्यन्तेऽस्य विसर्पीणि त्वङ्मांसदारणानि प्रभिन्नानि पद्मपत्रप्रकाशान्यग्निदग्धोपमानि भवन्ति। अतोऽतिसार्यते हरितपीतगुदपाककरमभीक्ष्णं, दाहमुखशोषच्छर्दियमांश्च(पीत)वदनान्वितश्च पित्तचर्मदलः ॥ ८ ॥

જ્યારે ધાત્રી કે બાળકને ધવડાવતી ધાવમાતા ક્રોધ અને સંતાપથી યુક્ત થઈ હોય અથવા ગરમ, ખાટા, ખારા, તીખા, દાઝેલા કે અર્ધ પકવ કાચા પદાર્થોને સેવ્યા કરતી હોય અને ઉપરાઉપરી ખાધા કરવાનો સ્વભાવ ધરાવતી હોય અથવા પરવશ હોઈને તેવાં અપથ્યો સેવ્યા કરતી હોય, તે ધાત્રીનું પિત્ત અતિશય પ્રકોપ પામી વિકારયુક્ત થાય છે; અને તે પિત્ત વાયુ દ્વારા જ્યારે વિશેષે કરી ચોપાસ ફેંકાવા માંડે છે, ત્યારે ધાવણને વહેતી શિરાઓ દ્વારા છેક ધાવણમાં પહોંચી જઈને તે ધાવણને એ પિત્ત દૂષિત કરે છે; એમ દૂષિત થયેલ ધાવણનાં આ લક્ષણો થાય છે; જેમ કે એ બગડેલા ધાવણને જ્યારે પાણીમાં નાખવામાં આવે છે ત્યારે તેમાં લીલી, રાતી અને કાળી ઝાંઈ પ્રકટે છે અને રસથી તે ધાવણ તીખું, ખાટું, ખારું તથા કડવું જણાય છે અને સ્પર્શ કરતાં એ ધાવણ ગરમ જણાય છે; એવાં તે બગડેલા ધાવણને જે બાળક ધાવતું હોય તેનાં પણ લક્ષણો આવાં જણાય છે–તેના શરીર પર રાતી અને લીલી ઝાંઈવાળા અને કાળાશયુક્ત પીળી ઝાંઈથી યુક્ત સૂકી કાંતિવાળાં, ગરમ તથા કોહી ગયેલા દોષથી વ્યાપ્ત એવાં મંડલો અથવા ચકરડાં ઉત્પન્ન થાય છે; એ ચકરડાં ફેલાવાના સ્વભાવવાળાં, ચામડી તથા માંસને ચીરી નાખનારાં, અતિશય પ્રભિન્ન અથવા ચિરાયેલાં અને કમળની પાંખડી જેવા પ્રકાશવાળાં તેમજ અગ્નિથી જાણે દાઝેલ હોય એવા દેખાવનાં હોય છે. એ ઉપરાંત એ બાળકને અતિસાર એટલે કે વધુ પ્રમાણમાં ઝાડા થવા માંડે છે અને તે બાળકની ગુદા હરિયાળા તથા પીળા રંગના પાકથી યુક્ત થાય છે; તેમ જ એ બાળકને વારંવાર દાહ, મોઢાનો શોષ–સુકાવું તથા ઊલટી થયા કરે છે અને તેનું મોઢું પીળા રંગથી યુક્ત થઈ જાય છે; એવાં લક્ષણોવાળો તે પિત્તજ ચર્મદલ રોગ કહેવાય છે. ૮

વિવરણ : પિત્તના દોષથી જે ધાવ માતાનું ધાવણ બગડયું હોય તેનાં લક્ષણો, 'યોગરત્નાકર' ગ્રંથમાં આમ જણાવ્યાં છે–'कटूवम्ललवणं पीतराजिमत् पित्तसंज्ञितम्'–જે ધાત્રીનું ધાવણ, પિત્તના કારણે બગડયું હોય તે સ્વાદમાં તીખું, ખાટું તથા ખારું બની જાય છે અને પીળા રંગની રેખાથી યુક્ત હોય છે, તેથી જ એ ધાવણને બગડેલા પિત્તના નામે ઓળખવામાં આવે છે, એવું વિકૃત અથવા પિત્તદૂષિત ધાવણને ધાવતાં

બાળકને 'ચર્મદલ' નામનો પિત્તજ-ક્ષુદ્રકુષ્ઠરોગ ઉત્પન્ન થાય છે. ૮

કફજ ચર્મદલનાં લક્ષણો

अथ या धात्री गुर्वम्ललवणमधुराभिष्यन्दिदिवास्वप्नालस्याहितानि चात्यर्थमुपसेवते तस्याः प्रकुपितः श्लेष्मा वायुना समुदीर्यमाणः स्तन्यमभिदूषयति। तस्य लक्षणं—जले निषीदत्यधस्ताद्रूपेण सान्द्रं स्नेहबहलं स्पर्शेन शीतपिच्छिलं रसेन मधुरमिति। तत् पिबतो जन्तोरिमानि रूपाणि भवन्ति-शीतस्तिमितस्निग्धसान्द्रैर्मण्डलैः श्वेताभैर्बहुभिर्नात्यर्थवेदनाकरैः सर्षपमात्रीभिः पिडकाभिरुपचितैश्चिरपाकिभिः सकण्डूतोदयुतैरुपचीयते, ततोऽस्य प्रतिश्यायारोचकाङ्गगौरवकासपाका उत्पद्यन्ते, बहुलं पिच्छिलं चाऽनुबद्धमतिसार्यते, निष्टनति, श्लेष्माणं छर्दयति, तन्द्राभिभूतः श्वेततालवोष्ठश्च भवतीति श्लेष्मा चर्मदलः ॥ ९ ॥

હવે જે ધાત્રી કે ધાવમાતા પચવામાં ભારે, ખાટા, ખારા, મધુર અને અભિષ્યન્દિ-શરીરમાં ભેજ ઉપજાવે એવા પદાર્થોનું વધુ સેવન કરે છે; તેમ જ દિવસની નિદ્રા, આળસ તથા અહિતકર પદાર્થો અત્યંત સેવ્યા કરે છે, તે સ્ત્રીનો કફ પ્રકોપ પામી વિકૃત થઈને વાયુ સાથે મળે છે અને સારી રીતે પ્રેરણા પામી ઊંચે જઈને એ ધાત્રીનું ધાવણ અતિશય દૂષિત કરે છે; એમ તે ધાવણ દૂષિત થઈ બગડ્યું હોય તેનાં લક્ષણો આ પ્રમાણે સ્પષ્ટ જણાય છે-એ બગડેલા ધાવણને જો પાણીમાં નાખ્યું હોય તો એકદમ નીચે બેસી જાય-ડૂબી જાય છે; રૂપમાં કે દેખાવમાં ઘટ્ટ થયું હોય છે; સ્નેહના કારણે પણ તે ઘાટું થયું હોય છે; સ્પર્શ કરતાં એ શીતળ અને ચીકાશયુક્ત જણાય છે અને રસ વડે કે સ્વાદમાં તે મધુર થઈ જાય છે; એવું તે વિકૃત-બગડેલું ધાવણ, જે બાળક ધાવે છે, તેમાં આ લક્ષણો પ્રકટ થાય છે-તે બાળકના શરીર પર શીતળ, ભેજવાળાં સ્નેહયુક્ત અને ઘાટાં ચકતાં પ્રકટી ઊઠે છે; પરંતુ એ મંડલો કે ચકરડાં ઘેાળી ઝાંઈવાળાં, અને પુષ્કળ પ્રમાણમાં હોય છે, છતાં અતિશય વેદનાને કરતાં નથી; તેમ જ એ ચકરડાંની ચોપાસ સરસવ જેટલા પ્રમાણની અને લાંબા કાળે પાકતી ફોલ્લીઓ છવાઈ ગયેલી હોય છે; એ ફોલ્લીઓ પણ ચેળથી યુક્ત હોય છે અને તેમાં જાણે સોયો ભોંકાતી હોય તેવી વેદના પણ થાય છે; એવી ફોલ્લીઓથી છવાયેલાં ચકરડાંઓ વડે તે ચર્મદલના રોગીનું શરીર છવાઈ જાય છે, તે પછી એ રોગીને પ્રતિશ્યાય-સળેખમ, અરોચક, શરીરનું ભારેપણું, ઉધરસ તથા તેની સાથે ચકરડાંનું પાકવું પણ ઉત્પન્ન થાય છે; તેમ જ એ રોગીને લગભગ પિચ્છાંથી યુક્ત-ચીકણા અને એકી સાથે બંધાયલા કે એકધારા ઝાડા થવા માંડે છે; મોઢેથી અવાજ કર્યા કરે છે; ઊલટી દ્વારા કફને કાઢે છે; વળી તે કફજ ચર્મદલનો રોગી નિદ્રાના જેવા ઘેનથી યુક્ત 'તન્દ્રા' નામના રોગથી પીડાય છે; તેનું તાળવું અને બેય હોઠ ધોળા રંગના થઈ જાય છે; એવાં તે તે લક્ષણોથી યુક્ત એ ચર્મદલનો રોગ, કફના પ્રકોપથી ઉત્પન્ન થયેલો ગણાય છે. ૯

ત્રિદોષજ સાંનિપાતિક ચર્મદલનાં લક્ષણો

यदा तु त्रिदोषसंसृष्टं क्षीरमनुपिबति तदाऽस्याङ्गे मण्डलानि प्रादुर्भवन्ति कृष्णरक्तावभासानि दग्धगुडप्रकाशानि वा त्रिभिर्गुणैरन्वितानि क्षिप्रपाकीनि विगन्धीन्यवदीर्णानि पूतिकुणपविस्रावीणि चेति। तैः स सर्वावनद्धाङ्गो निष्टनत्यनिशं कृच्छ्रेण रोदिति स्तनं नाभिनन्दति, कृष्णारुणवर्णावभासं चाऽतिसार्यते। सोऽसाध्यः सन्निपातात्मक इति ॥ १० ॥

જે કાળે ધાવણું બાળક ત્રણે દોષથી મિશ્ર એટલે કે વિકૃત થયેલા ત્રણે દોષના સંબંધથી વિકૃત થયેલું ધાવણ ધાવે છે, ત્યારે પણ તે બાળકના શરીર પર કાળી તથા રાતી ઝાંઈવાળાં ચકરડાં પ્રકટી નીકળે છે; અથવા

તે ચરકડાં દાઝેલા ગોળના જેવાં પ્રકાશવાળાં અથવા તેવા ગોળના જેવા રંગવાળાં થાય છે; એ ચકરડાંઓમાં ત્રણે ગુણો કે દોષો એકીસાથે રહેલા હોય છે; તેમ જ એ ચરકડાં જલદી પાકી જાય એવાં હોય છે; કોઈ પણ ગંધથી રહિત અથવા ખરાબ ગંધથી યુક્ત હોય છે; તેમ જ ચિરાઈ ગયેલાં હોઈને મુડદાંના જેવા દુર્ગંધી સ્રાવને સવ્યા કરતાં હોય છે; એવાં ચકરડાંથી તે રોગીનું શરીર ચોપાસ વ્યાપ્ત બની જાય છે; તેથી એ રોગી બાળક ચીસો પાડે છે અને નિરંતર કષ્ટથી કાયમ રડ્યા કરે છે, ધાવણ ધાવવું તેને ગમતું નથી; તે ઉપરાંત એ રોગવાળા તે બાળકને કાળા અને અરુણના જેવા રાતા રંગના ઝાડા ઘણા જ થવા માંડે છે; જેથી એ સાંનિપાતિક ચર્મદલનો રોગી તે બાળક અથવા તેનો એ રોગ અસાધ્ય બને છે. ૧૦

આ ઉપદ્રવોથી યુક્ત સાંનિપાતિક ચર્મદલના રોગીની ચિકિત્સા ન કરવી

छर्दितृष्णाज्वराध्मानश्वयथुहिक्काश्वासस्वरभेदोपद्रवान्वितश्च प्रत्याख्येयः ॥ ११ ॥

જે બાળકને ત્રિદોષજ સાંનિપાતિક ચર્મદલ રોગ થયો હોય અને તેની સાથે ઊલટી, વધુ પડતી તરશ, જ્વર, આફરો, સોજા, હેડકી, શ્વાસ તથા સ્વરભેદ–એટલા ઉપદ્રવો જો જણાતા હોય તો એ ચર્મદલના રોગી બાળકની ચિકિત્સા કરવાની વૈદ્યે ના પાડી દેવી જોઈએ. ૧૧

भवन्ति चात्र श्लोकाः–

આ સંબંધે અહીંયાં શ્લોકો મળે છે–

नोपक्रमेदसाध्यं तु साध्यं यत्नेन साधयेत् ।
यत् पश्येद् द्वन्द्वजं रूपं पाकं वा रूपतोऽधिकम् ॥१२
तस्य तस्य विदित्वा तु क्रियां सम्यक् प्रयोजयेत् ।
येनोपक्रम्यमाणोऽपि शान्तिं नैति पुनः पुनः ॥१३॥
तेनैवोत्पातरोगोऽयं न विश्वास्यः कथञ्चन ।
तस्मात् सम्यगुपक्रम्यो यथा वक्ष्ये चिकित्सितम् ॥१४

જે ચર્મદલ રોગ અસાધ્ય હોય તેની ચિકિત્સા ન કરવી; પરંતુ જે ચર્મદલ રોગ સાધ્ય હોય તેને તો વૈદ્યે ચિકિત્સા દ્વારા અવશ્ય મટાડવો; જે ચર્મદલ રોગને વૈદ્ય દ્વંદ્વજ એટલે કે બે દોષોના મિશ્રણથી ઉત્પન્ન થયેલો દેખે અને વધુમાં તે દ્વન્દ્વજ ચર્મદલમાં જો પાક થયેલો દેખે, તો તેનું તે રૂપ અથવા લક્ષણ જાણીને તેની સારી રીતે ક્રિયા અથવા ચિકિત્સા કરવી; કારણ કે આ ચર્મદલ રોગની વારંવાર ચિકિત્સા કરાય છે, તોપણ તે એકદમ શાંતિને પામતો નથી; (એવો તે હઠીલો છે;) એ જ કારણે આ ચર્મદલ રોગને 'ઉત્પાતરોગ' કહેવામાં આવે છે અને તે રોગ કોઈ પણ પ્રકારે વિશ્વાસ કરવા યોગ્ય હોતો નથી; તેથી તે ચર્મદલ રોગની સારી રીતે ચિકિત્સા કરવી જોઈએ; તેથી હવે તેની ચિકિત્સા કહીશ. ૧૨–૧૪

વાતિક ચર્મદલની ચિકિત્સા

तत्रादितश्चैव धात्रीं स्नेहाभ्यङ्गस्वेदोपपन्नां नीलिकाचूर्णयुतं सर्पिः पाययेत्, त्रिवृच्चूर्णघृतं वा । ततः संसर्गोपपादितालघुस्निग्धैर्यूषैर्दाडिमसैन्धवयुतैर्मृदुमोदनमश्नीयान्निवातशयनासनपरा । व्यायामाजीर्णमैथुनं च नानुचरेत् । विदारिगन्धैरण्डबृहतीगोक्षुरकपुनर्नवावृश्चिपर्ण्यं इति कषायमेनां पाययेत् स्तन्यशोधनार्थं, द्विपञ्चमूलकषायं वा । रास्ना सुगन्धा नाकुलीति कल्कः स्तनालेपः, तथाऽजगन्धाऽवल्गुजकबृहतीकण्टकारिकायुतः प्रदेहः, शताह्वामधुकाजगन्धाकाश्मर्यबृहतीकण्टकारिकाबलापीलुगुडूचीकल्को वा भद्रमुस्तात्व(ग)गरुकल्को वा पुराणसर्पिस्तिलकल्को वेति । अथोरुपूगपलाशपाटलिरास्नाक्काथः परिषेकः, पयसा वा सुखोष्णेन चेति । देवदारुरास्नाबर्हिणमज्जेति तैलं विपक्वमभ्यञ्जनीयं बिल्वदेवदारुचूतमुक्तिफलविपक्वं वा द्विबलाबिल्वमूलसुरदार्वाम्रपेशिकाविपक्वं वेति वातचर्मदलचिकित्सितमुक्तम् ॥ १५ ॥

તેમાં પ્રથમ જ ધાત્રીને એટલે કે બાળક-

ને ઘવરાવનારી ધાવને સ્નેહ વડે માલિસથી યુક્ત કરવી; તેમ જ બાફથી પણ યુક્ત કરવી; તે પછી તે ધાત્રીને ગળીના ચૂર્ણથી યુક્ત ઘી પાવું જોઈએ; અથવા નસોતરના ચૂર્ણને ઘીથી યુક્ત કરી ચટાડવું; તે પછી એ ધાત્રીને યોગ્ય ભોજનક્રમથી યુક્ત કરવી એટલે કે હલકું ભોજન યૂષની સાથે જમાડવું અથવા દાડમના દાણા તથા સૈન્ધવથી યુક્ત કરેલા યૂષ સાથે કોમળ ભાત એ ધાત્રીએ જમવો; ઉપરાંત વાયુરહિત પ્રદેશમાં તે ધાત્રીએ શયન, આસન કરવા તત્પર રહેવું. વળી તે ધાત્રીએ વધુ શારીરશ્રમ ન કરવો; અજીર્ણ-અપચો ન થવા દેવો અને મૈથુનકર્મ ન સેવવું; વળી તે ધાત્રીના ધાવણની શુદ્ધિ થાય તે માટે વૈદ્યે વિદારીગંધા, એરંડમૂળ, મોટી ભોરીંગણી, ગોખરુ, સાટોડી અને પૃશ્નિપર્ણી-નાનો સમેરવો-એટલાંનો ક્વાથ કરી પાવો; અથવા લઘુ-બૃહત્-બેય પંચમૂલ કે દશમૂલનો ક્વાથ કરી તે ધાત્રીને પાવો; તેમ જ રાસ્ના, સુગંધા-સ્પૃક્કા કે કાળીજીરી તથા ગંધનાકુલીનો લેપ બેય સ્તનો પર કરવો; અથવા અજગંધા, અવલ્ગુજ-સોમરાજી કે બાવચી મોટી ભોરીંગણી એટલાંનો લેપ; અથવા સુવા, જેઠીમધ, અજગંધા, ગાંભારીફલ, મોટી ભોરીંગણી, બલા-ખપાટ, પીલુ અને ગળાનો કલ્ક; અથવા નાગરમોથ, તજ તથા અગુરુનો કલ્ક; અથવા જૂનું ઘી તથા તલનો કલ્ક; ચર્મદલ ઉપર લગાડવો; અથવા મોટી સોપારી, ખાખરો, પાડલ તથા રાસ્નાના ક્વાથનું સિંચન; અથવા સહેવાય તેવા ગરમ દૂધનું સિંચન ચર્મદલ ઉપર કરવું અથવા દેવદાર, રાસ્ના, મોરપક્ષીની મજ્જા એટલાંના કલ્કથી પકવેલા તેલનું અથવા બિલ્વફલ, દેવદાર, આંબાનાં પાન અને લવલીફલના કલ્કથી પકવેલા તેલથી અથવા બેય બલા-ખપાટ, બીલીનાં મૂળ, દેવદાર તથા આંબાની ગોટલી એટલાંથી પકવેલા તેલથી ચર્મદલ ઉપર માલિસ કરવું; એ પ્રમાણે અહીં વાતજ ચર્મદલ રોગની ચિકિત્સા કહી છે. ૧૫

પિત્તજ ચર્મદલની ચિકિત્સા

अथ पैत्तिके वक्ष्यामः । तद्यथा-धात्रीं स्नेहाभ्यङ्गोपपन्नां वमनविरेचनेनोपक्रमेत्, निम्बोदकपिप्पलीकल्केन वामयेत् पिप्पलीलवणयुक्तेन वा दोषनिर्हरणार्थं, मृद्वीकेक्षुरसाभयादिभिर्विरेचयेन्मृद्वीकामलकसंयोगेन वा आरग्वधफलमज्जकषायसंयुक्तेन वा क्षीरेणेति यथाबलं वीक्ष्य । संसर्गं कारयेद्यवाग्वा यूषकृताकृतविधानेन वा । काश्मर्यमधुकपरूषकशीतपाक्य इति कृत्वा सुशीतं शर्करामधुलिखितं कषायं पाययेत् स्तन्यशोधनार्थं, पयस्यासारिवामृतामधूकमृद्वीकानां कषायं शर्करायुतं चेति । प्रपौण्डरीकसारिवोशीरचन्दनकल्कः स्तनालेपः, मधुकक्षीरशुक्लचन्दनरसाञ्जनतुङ्गयुतः प्रदेहः, यष्टीमधुकचन्दनकल्को वा, मधुकचन्दनभद्रमुस्तामञ्जिष्ठारसाञ्जनकल्को वा, रसाञ्जनसारिवामधुकचन्दनोशीरकल्को वा, ककुभोदुम्बराश्वत्थवटनलमूलशालूकवञ्जुलकल्को वा घृतयुतः, बिश्शमृणालपद्मकमञ्जिष्ठापद्मरसाञ्जनकल्को वेति । मधुकमधुपर्णीविडवेतसशतावरीनलमूलकदलीकुशकाशपद्मोत्पलेक्षुविदारीवटोदुम्बरत्वग्जम्बूकुम्भीका मधुरा चेत्येतानि जलाढके पक्त्वा चतुर्भागावशेषे घृतप्रस्थं पाचयेत् कषायद्विगुणक्षीरेण सगर्भः स्यान्मञ्जिष्ठाविचूर्णकपयस्याधातक्युशीरचन्दनक्षीरकाकोलीप्रपौण्डरीकक्षीरशुक्लातालीसमृद्वीकेति सुपिष्टं विदध्यादेतेन सिद्धेनाभ्यज्य ततोऽवचूर्णयेल्लोध्रमधुकदारुहरिद्रामलकीत्वक्पत्रचूर्णैर्नैतेनेत्येवम्, अस्माज्ज्वरदाहरागपाकव्रणादयश्चोपशाम्यन्तीति पित्तचर्मदलचिकित्सितमुत्तमम् ॥ १६ ॥

હવે અહીંથી પિત્તજ ચર્મદલ રોગની ચિકિત્સા અમે કહીએ છીએ; તે આ પ્રમાણે છે-પ્રથમ તો ધાત્રી-ધાવમાતાને સ્નેહથી સ્નિગ્ધ કરવી અને તે પછી વમન તથા વિરેચનરૂપ ચિકિત્સા વડે ચિકિત્સા કરવી; જેમ કે લીંબડાનો ક્વાથ અને પીપરનો

કલ્ક મિશ્ર કરી તે પાઈને અથવા પીપર તથા લવણ મિશ્ર કરી તે પાઈને દોષોને દૂર કરવા માટે ધાત્રીને વમન કરાવવું; તેમ જ દ્રાક્ષ, શેલડીનો રસ અને હરડેનું ચૂર્ણ મિશ્ર કરી તે પાઈને અથવા દ્રાક્ષ તથા આમળાંનું ચૂર્ણ મિશ્ર કરી, તે પાઈને અથવા ગરમાળાનાં ફળની મજ્જા–ગર્ભનો ક્વાથ બનાવી તેમાં દૂધ મિશ્ર કરી તે પાઈને ધાત્રીને વિરેચન કરાવવું; એમ શરીરબળ જોઈને ધાત્રીની વમન–વિરેચન-રૂપ ચિકિત્સા કરવી. તે પછી યવાગૂ–રાબ પાઈને અથવા કૃતયૂષ બનાવી તેનાથી એ ધાત્રીને સંસર્ગ અથવા ભોજન-ક્રમનું સેવન કરાવવું; તેમ જ એ ધાત્રીના ચર્મદલને મટાડવા માટે કાશમર્ય–ગાંભારી-ફલ, જેઠીમધ, ફાલસાં તથા શીતપાકય–બપાટનાં ફલ–એટલાંનો ક્વાથ બનાવી તે ધાત્રીનું ધાવણ શુદ્ધ કરવા તે ક્વાથ શીતળ થાય ત્યારે તેમાં મધ અને સાકર નાખી તેને પાવો; તેમ જ ક્ષીરકાકોલી, સારિવા–ઉપલસરી, ગળો, મહુડો તથા દ્રાક્ષનો ક્વાથ પણ સાકર સાથે (ધાવણની શુદ્ધિ માટે) પાવો જોઈએ. વળી પ્રપૌંડરીક–પુંડેરી, ઉપલસરી, ઉશીર–વાળો અને ચંદનનો કલ્ક અથવા જેઠીમધ, ક્ષીરવિદારી, ચંદન, રસાંજન તથા નાગકેસર કે કમળના કેસરાનો બનાવેલ લેપ અથવા જેઠીમધ, અને ચંદનનો કલ્ક; અથવા જેઠીમધ, ચંદન, નાગરમોથ, મજીઠ તથા રસાંજન–રસવંતીનો કલ્ક; અથવા રસવંતી, ઉપલસરી, જેઠીમધ, ચંદન તથા ઉશીર–વાળાનો કલ્ક સ્તન પર લગાડવો; અથવા અર્જુન–આસોં દરાની છાલ, ઉંબરાની છાલ, પીપળાની છાલ, વડની છાલ, નડ ઘાસનાં મૂળિયાં, શાલૂક–કમળકંદ અને નેતરનો કલ્ક ઘી મેળવી સ્તન ઉપર લગાડવો; તેમ જ કમળના નાળનાં બિસતંતુ, કમળનું નાળ, પદ્મકાષ્ઠ, મજીઠ, લાલકમળ તથા રસાંજન–રસવંતીનો કલ્ક સ્તન પર લગાડવો; અથવા જેઠીમધ, પાણીમાં થતું જેઠીમધ કે ગળો વડે, ગીલાચંદન, નેતર, શતાવરી, નડઘાસ–બરૂનાં મૂળિયાં, કેળનો ગર્ભ, દર્ભ–ઘાસ, કાસડો, લાલ કમળ, નીલકમળ, શેલડી, ક્ષીરવિદારી, વડની ટીશિયો, ઉંબરાની છાલ, જાંબૂની છાલ, કુંભીકા–જલપર્ણી–શેવાળ તથા મધુરા–વળિયારી–એટલાંને સમાન ભાગે લઈ અધકચરાં કરી એક આઢક ૨૫૬ તોલા પાણીમાં તેઓનો ક્વાથ પકવવો–એ ક્વાથ ચોથા ભાગે બાકી રહે ત્યારે તેને અગ્નિ પરથી નીચે ઉતારી વસ્ત્રથી ગાળી લઈ તેમાં તેનાથી બમણું દૂધ અને તેનાથી એક ભાગે મજીઠ, કેવડીમોથ, ક્ષીરવિદારી, ધાવડીનાં ફૂલ, ઉશીર–વાળો, ચંદન, ક્ષીરકાકોલી, મુંડેરી, ક્ષીરવિદારી, તાલિસપત્ર તથા દ્રાક્ષ–એટલાંને સમાન ભાગે લઈ તેઓને સારી રીતે પીસી નાખી તે કલ્ક પણ તેમાં સાથે મેળવી તે પછી તે બધાંની સાથે તેમાં એક પ્રસ્થ–૬૪ તોલા ઘી પકવવું; પ્રવાહી બળી જાય એટલે પક્વ થયેલા તે ઘીથી ધાત્રીના સ્તન કે ચર્મદલના રોગીના શરીર પર માલિસ કરવું. પછી તેની ઉપર લોધર, જેઠીમધ, દારુહળદર, આમળીની છાલ અને પાંદડાં સમાન ભાગે લઈ તેઓનું ચૂર્ણ બનાવી તે ચૂર્ણ ભભરાવવું, એમ તે તે ઉપર જણાવેલી ચિકિત્સા કરવાથી ધાત્રીનું ધાવણ શુદ્ધ થવાથી પિત્તજ ચર્મદલના રોગી બાળકનો જ્વર, દાહ, રતાશ, પાકવું તથા ચાંદાં વગેરે શાંત થઈ મટી જાય છે; પિત્તજ ચર્મદલની ઉપર જણાવેલી આ ચિકિત્સા બરેબર ઉત્તમ છે. ૧૬

કફજ ચર્મદલની ચિકિત્સા

अत ऊर्ध्वं श्लैष्मिके वक्ष्यामः–अथ धात्रीं पूर्वेण विधिनोपचार्य निम्बकगायमदनफलसिद्धां

ક્તકલવણાં યવાગૂં પાયયેન્મદનફલતિલપિષ્ટતણ્ડુલસિદ્ધાં વા વમનવિધાનેન સુખસલવણસ્નિગ્ધાયાઃ શ્લેષ્મોદ્ધરણાર્થં ચ પિપ્પલ્યુષ્ણોદકં પીત્વા ચ્છર્દયેત્, કૃતવમનાયાઃ શિરોવિરેચનં વિદધ્યાન્મુદસતીનવેત્રાગ્રપટોલનિમ્બમુસ્તકાનામન્યતમપરિગૃહીતેન યૂષેણ મૃદુમોદનં ભોજયેત્ । કુટજફલમુસ્તાપ્રિયઙ્ગુશાર્ઙ્ગિષ્ઠાપાઠાલોધ્રગુડૂચીમૂર્વૈત્યક્ષમાત્રાણિ યથાલાભં સુખોષ્ણોદકેનાનુપિબેત્, પાઠાશૃઙ્ગવેરકલ્કં વા, કુટજફલપાઠાકલ્કં વા, કિરાતતિક્તકમુસ્તાચૂર્ણં વા મધુના લિહેત્ । ભદ્રમુસ્તારિષ્ટપટોલમૂર્વાદારુહરિદ્રાત્રિફલાસપ્તપર્ણત્વગિત્યેતૈઃ કષાયમાસુતં મધુના પાકવ્યપદેશતશ્ચોપયોજયેત્, મુસ્તકમાલતીપત્રકલ્કેન સ્તનાવાલેપયેત્ । અથ વિરેચનં ત્રિવૃત્રિફલોષ્ણોદકલવણસંયુક્તમુપયોજ્ય યૂષશ્ચાહારવિધિઃ । કુટજારિષ્ટારગ્વધમદનસ્વાદુકણ્ટકમુસ્તકનક્તમાલયુતઃ પ્રદેહઃ; કુષ્ઠશુકનાસારોહિણીમુસ્તકકિરાતતિક્તાતિવિષાયુતો વા, સુરસશિગ્રુમુસ્તાકાલમાલકવિડઙ્ગહિઙ્ગુપર્ણીતિ વા, ત્રિફલાદારુહરિદ્રાકલ્કો વા હરિદ્રારસાઞ્જનકલ્કો વેતિ । ભદ્રમુસ્તોશીરાફોટાટરૂષકહરિદ્રાકરઞ્જસુમનારિષ્ટસિદ્ધં તૈલમભ્યઞ્જનીયમિતિ ॥ ૧૭ ॥

હવે પછી કફજ ચર્મદલમાં જે ચિકિત્સા કરવી જોઈએ, તે અમે કહીએ છીએ; તેમાં પણ પ્રથમ ધાત્રીના જ ધાવણની શુદ્ધિ માટેના ઉપર કહેલી વિધિથી ઉપચારો કરવા જોઈએ; તે પછી લીંબડાના ક્વાથમાં મીંઢળફળ નાખીને પકવેલી અને સ્પષ્ટ લવણથી યુક્ત યવાગૂ-રાબ તે ધાત્રીને પાવી જોઈએ; અથવા મીંઢળ, તલનું ચૂર્ણ તથા ચોખા નાખી પકવેલી યવાગૂ પાવી; તે દ્વારા વમન કરાવવાથી અને સુખપૂર્વક લવણયુક્ત સ્નેહનથી સ્નિગ્ધ થયેલ તે ધાત્રીના કફને બહાર કાઢી નાખવા માટે પીપરનું ચૂર્ણ નાખેલું ગરમ પાણી પાઈને તે ધાત્રીને ઊલટી કરાવવી; એમ વમનકર્મ જેને કરાવ્યું હોય એવી તે ધાત્રીને શિરોવિરેચન પણ કરાવવું અને તે પછી મગ, વટાણા, નેતરનો અગ્રભાગ, પરવળ, લીંબડો અને નાગરમોથ-એમાંના કોઈપણ એકને ગ્રહણ કરી તૈયાર કરેલ યૂષની સાથે કોમળ ભાત જમાડવો; અને તેની પાછળ કુટજફળ-ઇંદ્રજવ, મોથ, ઘઉંલા, શાર્ઙ્ગેષ્ટા-કાકજંઘા કે કાકમાચી નામની પીલુડીની એક જાત, કાળીપાટ, લોધર, ગળો, લીંબડો અને મોરવેલ-એમાંનાં જેટલાં મળે તેટલાં પ્રત્યેક એક એક તોલો લઈ તેઓનું કરેલું ચૂર્ણ સહેવાય તેવા ગરમ પાણી સાથે તે ધાત્રીએ પીવું; અથવા કાળીપાટ અને આદુનો કલ્ક-ચટણી-તે ભોજનની પાછળ મધ સાથે ચાટવાં અથવા ઇંદ્રજવ અને કાળીપાટનો કલ્ક મધ સાથે ચાટવો અથવા કરિયાતું અને મોથનું ચૂર્ણ મધ સાથે ચાટવું; તે પછી નાગરમોથ, લીંબડો, પરવળ, મોરવેલ, દારુહળદર, ત્રિફળા અને સપ્તપર્ણ-સાતવીનની છાલ-એટલાં પ્રત્યેક સમાન ભાગે લઈ અધકચરાં કરી તેઓનો ક્વાથ બનાવી તે ક્વાથને સંધાન કે આથાના રૂપે તૈયાર કરી તેનો મધની સાથે પાકના રૂપે ઉપયોગ કરવો; તેમજ નાગરમોથ અને માલતી-ચમેલીનાં પાનનો કલ્ક બનાવી તેનાથી બેય સ્તનની ઉપર લેપ લગાડવો; તે પછી નસોતર અને ત્રિફળાનું ચૂર્ણ ગરમ પાણી સાથે મેળવી તેમાં યોગ્ય પ્રમાણમાં લવણ મિશ્ર કરી તે પી જઈ વિરેચનનો પ્રયોગ કરવો અને તેની ઉપર યૂષ કે ઓસામણનો જ આહાર કરવો; અને તે કફજ ચર્મદલના રોગી બાળકના ચર્મદલ ઉપર ઇંદ્રજવ; લીંબડો, ગરમાળો, મીંઢળફળ, ગોખરુ, મોથ અને નક્તમાલ-કરંજ-એટલાંને સમાન ભાગે લઈ તેઓને પીસી નાખી તેઓનો લેપ લગાડવો; અથવા કડુ, શુકનાસા, શૂકશિંબી, રોહિણી-કડુ, મોથ, કરિયાતું અને અતિવિષ-એટલાંને સમાન ભાગે લઈ તેઓને

સારી રીતે પીસી-લસોટી નાખી તેઓનો પ્રદેહ કે લેપ લગાડવો; અથવા સુરસ-તુલસી, સરગવો, મોથ, કાલમાલક-કાળી-તુલસી, વાવડિંગ અને હિંગુપર્ણી નામનું ઘાસ એટલાંને સમાન ભાગે લઈ લસોટી નાખી તેનો પ્રદેહ-લેપ લગાડવો; અથવા ત્રિફળા અને દારુહળદર સમાન ભાગે લઈ તેઓનો કલ્ક બનાવી તેનો લેપ લગાડવો; અથવા હળદર અને રસાંજન-રસવંતીનો કલ્ક બનાવી તેનો લેપ લગાડવો; ઉપરાંત નાગરમોથ, ઉશીર-વાળો, આસ્ફોટ-આકડો, અરડૂસો, હળદર, કરંજ, પૂતિકરંજ અને લીંબડો-એટલાંને સમાન ભાગે લઈ તેઓને અધકચરાં કરી તેઓના ક્વાથ અને કલ્ક સાથે પકવેલા તેલનું શરીરે-ચર્મદલ ઉપર માલિસ કરવું. ૧૭

भवति चात्र श्लोकः-

અહીં છલ્લેા આ એક શ્લોક મળે છે-

एषा चर्मदलोत्पत्तिर्व्याख्याता वर्णरूपतः।
साध्यासाध्यविधानैश्च प्रतीकार्या यथाक्रमम् ॥१८

એ પ્રમાણે આ ચર્મદલ રોગની ઉત્પત્તિને તેના વર્ણ-રંગ તથા રૂપ-લક્ષણોની સાથે અહીં કહેવામાં આવી છે; પરંતુ વૈદ્યે તે રોગને સાધ્ય કે અસાધ્ય જાણ્યા પછી તેનો યોગ્ય ચિકિત્સા દ્વારા અનુક્રમે ઉપચાર કરવો. ૧૮

इति ह स्माह भगवान् कश्यपः ॥

એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું.૧૯

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં ખિલસ્થાન વિષે 'ચર્મદલ-ચિકિત્સા' નામનો અધ્યાય ૧૫ મો સમાપ્ત

અમ્લપિત્તચિકિત્સિત : અધ્યાય ૧૬ મો.

अथातोऽम्लपित्तचिकित्सितं व्याख्यास्यामः ॥१॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી આરંભી 'અમ્લપિત્ત' નામના રોગની ચિકિત્સા અમે કહીશું, એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું. ૧,૨

વિવરણ : જ્યારે કોઈ પણ માણસ પિત્તને કોપાવે અથવા ખૂબ વધારીને વિકૃત બનાવે એવા આહારપાણીનું સેવન ચાલુ રાખ્યા કરે, ત્યારે તેણે સેવેલા એ આહારપાણીનું તે વિકૃત પિત્તના કારણે બરાબર પાચન થતું નથી, પણ અપક્વ આહાર-રસરૂપે તે વિદગ્ધ બને છે અને વધુ પ્રમાણમાં અમ્લભાવ-ખટાશરૂપે તૈયાર થાય છે, તે રોગને 'અમ્લપિત્ત' કહેવામાં આવે છે. ૧,૨

'અમ્લપિત્ત' નીનિદાનપૂર્વકની સંપ્રાપ્તિ

विरुद्धाध्यशनाजीर्णादामे चामे च पूरणात्।
पिष्टान्नानामपक्वानां मद्यानां गोरसस्य च ॥ ३ ॥
गुर्वविष्यन्दिभोज्यानां वेगानां धारणस्य च।
अत्युष्णस्निग्धरूक्षाम्लद्रवाणामतिसेवनात् ॥ ४ ॥
फाणितेक्षुविकाराणां कुलत्थानां च शीलनात्।
भृष्टधान्यपुलाकानां पृथुकानां तथैव च ॥ ५ ॥
भुक्त्वा भुक्त्वा दिवास्वप्नादतिस्नानावगाहनात्।
अन्तरोदकपानाच्च भुक्तपर्युषिताशनात् ॥ ६ ॥
वातादयः प्रकुप्यन्ति तेषामन्यतमो यदा।
मन्दीकरोति कायाग्निमग्नौ मार्दवमागते ॥ ७ ॥
एतान्येव तथा भूयः सेवमानस्य दुर्मतेः।
यत्किञ्चिदशितं पीतं देहिनस्तद्धि दह्यति ॥ ८ ॥
विदग्धं शुक्ततां याति शुक्तमामाशये स्थितम्।
तदम्लपित्तमित्याहुर्भूयिष्ठं पित्तदूषणात् ॥ ९ ॥
जन्तोर्यदनुबध्नाति लौल्यादनियतात्मनः।

(પ્રમાણથી વિરુદ્ધ કે સંયોગથી) વિરુદ્ધ ખોરાકો ખાધા કરવાથી (અજીર્ણ) થયું હોય છતાં ઉપરાઉપરી ખાધા કરવાથી આધેલ ખોરાકનું અજીર્ણ કે અપચો થાય છે; આમ અજીર્ણ કે અપક્વ આહારરસ હોય, તે છતાં અથવા આમ હોય એટલે આધેલું બરાબર પચ્યું જ ન હોય પણ અપક્વ સ્થિતિમાં જ પડ્યું હોય તે છતાં તેની ઉપર નવા નવા ખોરાકોનું પૂરણ કર્યા કરવાથી પિષ્ટાન્ન-લોટના ખોરાકો વધુ ખાવાથી, બરાબર પકવ્યા ન હોય તેવા કાચા ખોરાકો ખાવાથી, મદ્યોનું સેવન કર્યા કરવાથી, ગોરસ-દૂધ, દહીં વગેરેનું વધુ સેવન કર્યા કરવાથી, ભારે તથા ભેજ વધારનાર આહારો વધુ સેવવાથી; (મળ-મૂત્રાદિના

આવેલા) વેગોને રોકવાથી, અતિશય ગરમ અથવા ખૂબ તીખા અને સ્નિગ્ધ, રૂક્ષ અને અમ્લ-ખાટા પદાર્થોનું અતિશય વધુ સેવન કરવાથી, ક્ષાણિત-અપક્વ શેલડીનો રસ કે કાચા ગોળની રાબ તથા બીજા શેલડીના વિકારોનું સેવન કરવાથી, વધુ કળથી ખાવાની ટેવ પડવાથી, ભૂંજેલાં ધાન્ય-ચણા-મમરા વગેરે ખાવાની ટેવ પાડવાથી, પુલાક-કૂરીયાં કે હલકાં ધાન્યોનું સેવન કર્યા કરવાથી, પૃથુક-પૌંઆના ચેવડા વગેરે ખાવાની ટેવ હોવાથી, તેમ જ એવા પદાર્થો ખાઈખાઈને દિવસે ઊંઘ્યા કરવાથી, ઘણીવાર સ્નાન તથા વધુ પ્રમાણમાં પાણીની અંદર પ્રવેશ ચાલુ રાખવાથી, ખોરાક જમતી વેળા વચ્ચે વારંવાર પાણી પીધા કરવાથી અને જમ્યા ઉપર વાસી ખોરાક ખાવાથી માણસના વાયુ વગેરે દોષો પ્રકોપ પામે છે અથવા તે વાયુ આદિમાંનો કોઈ એક દોષ જ્યારે પ્રકોપ પામે-વિકૃત બને છે, ત્યારે શરીરની અંદરના જઠરાગ્નિને તે મંદ બનાવે છે અથવા તે જઠરાગ્નિની પાચન કરવાની શક્તિને ઓછી કરી નાખે છે અને એ પ્રમાણે તે જઠરાગ્નિમાં માર્દવ અથવા શક્તિની હીનતા પ્રાપ્ત થાય છે, છતાં પણ જે દુર્મતિ માણસ ઉપર જણાવેલ અપથ્ય પદાર્થોનું સેવન ચાલુ રાખ્યા કરે છે, તેનું જે કંઈ પણ ખાધેલું કે પીધેલું હોય તે બળી જઈ અપક્વ સ્થિતિમાં રહ્યા કરે છે અથવા અપક્વ ખોરાકના રસરૂપે કોઠામાં પડી રહે છે અને પછી તે બળી ગયેલો અપક્વ અન્નરસ, શુક્તપણાને એટલે કે ખાટા આથારૂપે કે કાંજીપણાને પામે છે; એમ શુક્તરૂપ કે કાચા ખાટા રસરૂપ થયેલ તે આહારનો રસ આમાશયમાં જ્યારે રહ્યો હોય ત્યારે તેને વિદ્વાનો 'અમ્લપિત્ત' રોગ કહે છે; એમ અતિશય વધુ પ્રમાણમાં પિત્તના દૂષણ કે વિકારથી તે અમ્લપિત્તરોગ માણસને લાગુ થાય છે અને એ પ્રકારનો તે રોગ (જીભની) લોલુપતાથી કે વધુ ખોરાકો સેવવામાં અતિશય લાલચુ હોવાથી અનિયતાત્મા કે અજિતેન્દ્રિય અથવા જેનું મન તથા ઇન્દ્રિયો પોતાના કાબૂમાંથી એવા માણસને તે અમ્લપિત્ત અનુસરે છે-લાગુ રહે છે. ૩-૯

વિવરણ : માધવનિદાનમાં આ અમ્લપિત્ત રોગનું નિદાન તથા સંપ્રાપ્તિ ટૂંકમાં આમ કહેલ છે કે પોતાનાં નિદાનો કે મૂળ કારણોના વધુ પડતા સેવનથી અતિશય વધી ગયેલું પિત્ત પ્રકોપ પામે છે-વિકારયુક્ત બને છે-વધુ ખાટું થઈ જાય છે, ત્યારે તે પિત્ત હરકોઈ આહારાદિને વધુ પ્રમાણમાં અમ્લભાવ-ખટાશના રૂપે જ તૈયાર કરે છે; એમ તે પિત્તપ્રકોપથી જ અમ્લપિત્ત રોગ ઉત્પન્ન થાય છે.

અમ્લપિત્તને સ્પષ્ટ ઓળખાવતું દૃષ્ટાન્ત

अविशुष्के यथा क्षीरं प्रक्षिप्तं दधिभाजने ॥१०॥
क्षिप्रमेवाम्लतामेति कूर्चीभावं च गच्छति ।
रसधातौ तथा व्यम्ले भुक्तं मुक्तं विदह्यते ॥११॥

જેમ કોઈ દહીંનું વાસણ, બરાબર સુકાયું ન હોય (પણ દહીંની ખટાશથી ભીનું હોય), ત્યારે તેમાં જો દૂધ નાખવામાં આવે, તે તરત જ ખટાશપણાને પામે છે અને એકદમ કૂચારૂપે થઈ જાય છે; તે જ પ્રમાણે કોઠામાં રહેલી રસ ધાતુ વિશેષ પ્રમાણમાં ખટાશને પામી હોય, ત્યારે તેમાં જે જે ખોરાક પ્રાપ્ત થાય છે, તે તે બધોયે વિદાહ પામે છે એટલે કે બળી જઈ અર્ધપક્વ-કાચા આહારના રસરૂપે જ બની જાય છે. ૧૦,૧૧

અમ્લપિત્ત ક્યારે ના થાય ?

अव्यापन्ने त्वधिष्ठाने जाग्रतः स्वपतोऽपि वा ।
प्रेर्यमाणः समानेन प्रश्वासोच्छ्वासयोगतः ॥१२॥
धम्यमान उदानेन सम्यक् पचति पाचकः ।
इत्युद्दिष्टं समुत्थानं, लिङ्गं वक्ष्याम्यतः परम् ॥१३

જ્યારે શારીરિક આશ્રયસ્થાન-કોઠો દુષ્ટ આહાર-પાણીથી ખરાબ થયો ન હોય

અથવા જઠરનો અગ્નિ કોઈ પણ કુપથ્ય આદિથી દૂષિત થયેલ ન હોય, ત્યારે તે માણસ જાગતો હોય કે ઊંઘતો હોય, તોપણ ઉચ્છ્વાસ કે શ્વાસોચ્છ્વાસના યોગથી સમાન વાયુ દ્વારા તે અધિષ્ઠાનરૂપ જઠરાગ્નિને પ્રેરણા મળ્યા જ કરે છે અને ઉદાન-વાયુ દ્વારા તેને ધમવાનું પણ ચાલુ જ રહે છે, તેથી શરીરમાં રહેલો 'પાચક' નામનો જઠરાગ્નિ આપેલા ખોરાકને એ રીતે પચાવ્યા કરે છે; તેથી આહારરસ પક્વસ્થિતિમાં તૈયાર થઈ શરીરનો પોષક બને છે–એટલે કે અમ્લતાને થવા જ ન દે, તેથી અમ્લપિત્ત રોગને થવાનો સંભવ જ રહેતો નથી; એમ તે અમ્લપિત્ત રોગનું ઉત્પત્તિનું મૂળ કારણ, ટૂંકમાં કહેવાયું છે; હવે તે અમ્લપિત્તનું લક્ષણ હું કહું છું. ૧૨,૧૩

અમ્લપિત્તનું સામાન્ય લક્ષણ

विड्भेदो गुरुकोष्ठत्वमम्लोत्क्लेशः शिरोरुजा ।
हृच्छूलमुदराध्मानमङ्गसादोऽन्त्रकूजनम् ॥ १४ ॥
कण्ठोरसी विदह्येते रोमहर्षश्च जायते ।
सामान्यलक्षणं त्वेतद्विशेषश्चोपदेक्ष्यते ॥ १५ ॥

જે રોગમાં વિષ્ઠાનો ભેદ–છોતાપાણી થાય, તેથી કોઠો ભારે રહ્યા કરે, ખાટા ઉબકા–મોળ આવે, મસ્તકમાં પીડા થાય, હૃદયમાં શૂલ ભોંકાતું હોય એવી પીડા થાય, પેટનો આફરો થાય, અંગોનું શિથિલ-પણું થાય, આંતરડામાં અવાજ થાય, ગળું અને છાતી બળ્યા કરે અને રૂંવાડાં ખડાં થઈ જાય એ અમ્લપિત્ત રોગનાં સામાન્ય લક્ષણો કહ્યાં છે; હવે તેનાં જ વિશેષ લક્ષણો નીચે કહેવાય છે. ૧૪,૧૫

વાતિક, પૈત્તિક અને કફજ અમ્લ-પિત્તનાં લક્ષણો

वाताच्छूलाङ्गसादौ च जृम्भा स्निग्धोपशायिता ।
पित्ताद्भ्रमो विदाहश्च स्वादुशीतोपशायिता ॥१६
कफाद् गुरुत्वं छर्दिश्च स्याद्रूक्षोष्णोपशायिता ॥१७

વાયુના પ્રકોપથી (થયેલા) અમ્લ-પિત્તમાં શૂળ તથા અંગોની શિથિલતા થાય; બગાસાં આવ્યા કરે અને સ્નિગ્ધ પદાર્થો માફક આવે છે; પિત્તના પ્રકોપથી થયેલા અમ્લપિત્તમાં ચક્કરી આવે, અતિશય દાહ થાય અને મધુર તથા શીતળ પદાર્થો માફક આવે અને કફના પ્રકોપથી થયેલા અમ્લપિત્તમાં શરીરમાં ભારેપણું અને ઊલટી થયા કરે છે; તેમ જ લૂખા અને ગરમ ખોરાકો માફક આવે છે. ૧૬,૧૭

વિવરણ : જે આહારવિહાર શરીરમાં ઉપ-શાયી થાય એટલે માફક આવે તેને જ 'ઉપશય' કહે છે. ચરકે પણ વિમાનસ્થાનના ૧ લા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે–'सात्म्यं नाम तत् यद् आत्मनि उपशेते, सात्म्यार्थो हि उपशयार्थः'–સાત્મ્ય તે જ કહેવાય છે કે જે આત્મામાં એટલે આત્મા–શરીર તથા મનને માફક આવે છે, એ જ સાત્મ્યનો તથા ઉપશયનો અર્થ છે. ૧૬,૧૭

અમ્લપિત્તની પ્રાથમિક ચિકિત્સા

व्याधिरामाशयोत्थोऽयं कफपित्ते तदाश्रये ।
तस्मादादित एवास्य मूलच्छेदाय बुद्धिमान् ॥१८
अक्षीणबलमांसस्य वमनं संप्रकल्पयेत् ।
नान्यो मान्यः क्रमो ह्यस्य शान्तये वमनादृते ॥१९
मूलच्छेदादिव तरोः स्कन्धशाखाविपर्यये ।

આ અમ્લપિત્ત રોગ ખરેખર આમા-શયમાં ઉત્પન્ન થાય છે અને તે આમા-શયનો જ આશ્રય કરીને કફ તથા પિત્ત પણ રહેલાં હોય છે; એ કારણે બુદ્ધિ-માન વૈદ્યે એ અમ્લપિત્ત રોગમાં પ્રથમ–શરૂઆતથી જ તેના મૂળરૂપ કફનો તથા પિત્તનો જ નાશ કરવા અવશ્ય પ્રયત્ન કરવો; એટલે કે જેનું બળ તથા માંસ ક્ષીણ થયું ન હોય એવા તે અમ્લપિત્તના રોગીને પ્રથમ તો સારી રીતે વમન જ કરાવવું જોઈએ; કેમ કે એ વમન વિના બીજો કોઈ પણ ઉપચાર તે અમ્લપિત્તની શાંતિ માટે માન્ય થયો જ નથી; જેમ વૃક્ષનું મૂળ કાપી નાખ-વાથી તેનું મોટું થડ અને મોટી–નાની

ડાળીઓ, આપોઆપ જ ભાંગી જાય છે, તે જ પ્રમાણે અમ્લપિત્તમાં તેના મૂળરૂપ અને આમાશયમાં રહેલા કફ અને પિત્તનો વમન દ્વારા નાશ કરવાથી અમ્લપિત્ત પોતે બરોબર આપોઆપ મટી જાય છે. ૧૮,૧૯

વમન પછી કરવાની અમ્લપિત્તની ચિકિત્સા

दोषशेषश्च वान्तस्य यः स्यात्तदनुबन्धकृत् ॥२०
तस्योपशमनं कुर्याल्लङ्घनैर्लघुभोजनैः ।
सात्म्यकालोपपन्नैश्च योगैः शमनपाचनैः ॥ २१ ॥

અમ્લપિત્તમાં જેણે વમન કર્યું હોય, છતાં તેના અનુબંધને કરનાર જે કોઈ દોષ બાકી રહી ગયો હોય, તેનું શમન-લંઘનો કે ઉપવાસો તથા હલકાં ભોજનો કરવાથી કરવું જોઈએ; અને તે પછી સાત્મ્ય તથા કાળને યોગ્ય એવા શમન તથા પાચન યોગોના સેવનથી બાકી રહેલ દોષોને દૂર કરવા જોઈએ. ૨૦,૨૧

दोषोत्क्लेशे न सहसा द्रवमौषधमाचरेत् ।
वमनीयादृते तच्हि न सम्यक् परिपच्यते ॥२२॥

વળી અમ્લપિત્તના દોષોનો ઉત્કલેશ થવા લાગે એટલે કે બકારી તથા ઉબકા લાવી તે દોષો, બહાર નીકળવાની તૈયારી કરતા હોય, ત્યારે વમનકારક ઔષધ વિના બીજું કોઈ પણ પ્રવાહી ઔષધ ઉપચારરૂપે યોજવું ન જોઈએ; કેમ કે તે કાળે વમનીય ઔષધ સિવાયનું બીજું કોઈ પણ ઔષધ સારી રીતે પાકને પામતું જ નથી. ૨૨

चेष्टाहारविशेषेण किञ्चित् परिणते ततः ।
पीतं तु कुरुते यस्माच्छमपाचनभेदनम् ॥ २३ ॥

એ કારણે ચેષ્ટાઓ તથા આહારોના વિશેષથી (શારીરિક અવસ્થાઓ) બરાબર પરિણામ પામી હોય, ત્યારે તે પછી બીજું જે કોઈ પ્રવાહી ઔષધ પીધું હોય, તે (દોષોનું) શમન, પાચન તથા ભેદન કરી શકે છે. ૨૩

દોષ દેખાય ત્યાં સુધી પીવા યોગ્ય ક્વાથદ્રવ્યો

नागरातिविषे मुस्ता नागरातिविषेऽभया ।
त्रायमाणा पटोलस्य पत्रं कटुकरोहिणी ॥ २४ ॥
त्रयाणां त्रिकपर्विका ह्येते पातव्या दोषदर्शनात् ।
किराततिक्तक्काथो वा रोहिण्या वाऽथ केवलः ॥२५

અમ્લપિત્તના દોષો જ્યાં સુધી દેખાય ત્યાં સુધી સૂંઠ, અતિવિષ તથા મોથ; અથવા સૂંઠ, અતિવિષ અને હરડે; અથવા ત્રાયમાણ, પરવરનાં પાન અને કડુ-એ ત્રણ ત્રણ દ્રવ્યોમાંનાં કોઈ પણ ત્રણ દ્રવ્યોને પ્રત્યેકને એક એક તોલો પ્રમાણમાં લઈ તેઓને અધકચરાં કરી તેઓનો ક્વાથ કરીને પીવો જોઈએ; અથવા એકલા કરિયાતાનો ક્વાથ કે એકલા કડુનો ક્વાથ કરી પીવો જોઈએ.

દોષ દૂર થયા પછી જ જઠરાગ્નિની દીપન ક્રિયા કરવી

संसर्गहृतदोषस्य विशुद्धामाशयस्य च ।
यत्नेनाग्निसमाधाने प्रयतेत विचक्षणः ॥ २६ ॥

સંસર્ગ એટલે કે યોગ્ય ભોજનક્રમ દ્વારા જેના દોષ દૂર થયા હોય અને જેનો આમાશય પણ વિશુદ્ધ થયો હોય, તેવા એ અમ્લપિત્તના રોગીના જઠરાગ્નિને પ્રદીપ્ત કરવા માટે વિદ્વાન વૈદ્ય પ્રયત્ન કરવો. ૨૬

દોષશોધન પછી પ્રદીપ્ત થયેલા જઠરાગ્નિનું પાચનસામર્થ્ય

यथा गोमयचूर्णाद्यैः सूक्ष्मैः सन्धुक्षितोऽनलः ।
क्रमेणाप्यायितबलो दहत्यार्द्रमपीन्धनम् ॥ २७ ॥
तथा विशुद्धदेहानां कायाग्निः समुदीरितः ।
पाचयत्यन्नपानानि सारवन्त्यपि देहिनाम् ॥२८॥

જેમ સૂકાં છાણાંની સૂક્ષ્મ ભૂકીના પ્રયોગ દ્વારા સારી રીતે પ્રદીપ્ત થયેલો બહારનો અગ્નિ અનુક્રમે વધેલા બળવાળો થઈ લીલાં લાકડાંને પણ બાળી નાખે છે, તે જ પ્રમાણે (લંઘન તથા યોગ્ય હલકા આહાર આદિના સેવનથી) વિશુદ્ધ થયેલ શરીરવાળા અમ્લપિત્તના રોગીઓનો કાયાગ્નિ

કે જઠરાગ્નિ સારી રીતે પ્રજ્વલિત થઈ તે (રોગી) લોકોએ ખાધેલ કે પચવામાં ભારે એવા પણ આહારપાણીને પચાવી નાખે છે.

દોષો પકવ થયા હોય તો જ પૂર્ણ સ્વસ્થતા અનુભવાય

सम्यक्परिणतेष्वेषु न स्युरामान्वया गदाः।
जायते च तदोत्साहस्तुष्टिः पुष्टिर्बलम् ॥२९॥

જ્યારે એ વાતાદિ દોષો બરાબર પકવ થયા હોય છે, ત્યારે અપકવ આહારરસના સંબંધવાળા રોગો થતા નથી; તેમ જ મનમાં ઉત્સાહ, સંતોષ, શરીરમાં પુષ્ટિ અને બળ પણ તો જ ઉત્પન્ન થાય છે. ૨૯

પકવાશયમાં ગયેલા દોષો વિરેચનથી કઢાય

ततः क्रमविशेषेण जातप्राणस्य देहिनः।
पक्वाशयगतान् दोषान् स्रंसनेन विनिर्हरेत् ॥३०

તે પછી અમુક વિશેષ ક્રમથી માણસમાં પ્રાણશક્તિ ઉત્પન્ન થઈ જાય, ત્યારે તેના પકવાશયમાં જે દોષો ગયા હોય તેઓને સ્રંસન એટલે કે વિરેચન દ્વારા બહાર કાઢી નાખવા જોઈએ. ૩૦

અમ્લપિત્તમાં વમનયોગની કલ્પના

लवणाम्बुना सुखोष्णेन क्षीरेणेक्षुरसेन वा।
मधूदकेन तिक्तैर्वा वमनं संप्रकल्पयेत ॥ ३१ ॥

સહેવાય તેવા ગરમ પાણીમાં લવણ મિશ્ર કરી તે પીવાથી અથવા સહેવાય તેવું ગરમ દૂધ પીવાથી, કેવળ શેરડીનો રસ પીને, અથવા મધથી મિશ્ર કરેલ પાણી પીને કે કડવાં દ્રવ્યોના પ્રયોગો દ્વારા વમનપ્રયોગ સારી રીતે તૈયાર કરી શકાય છે. ૩૧

અમ્લપિત્તમાં સેવી શકાય તેવો વિરેચનયોગ

त्रिफला त्रायमाणा च कटुका रोहिणी त्रिवृत्।
पञ्चैषामर्धपलिकास्त्रिवृता त्वर्धभागिका ॥ ३२ ॥
पीत्वा विरेचनं ह्येतदम्लपित्ताद्विमुच्यते।

ત્રિફલા, ત્રાયમાણ, કડુ, રોહિણી તથા નસોતર–એમાંનાં પહેલાંનાં પાંચ પ્રત્યેક અર્ધો પલ–બે બે તોલા અને નસોતર–બધાંથી અર્ધા ભાગે લઈ તેઓનું ચૂર્ણ કે ક્વાથ કરી એ વિરેચન પીને માણસ અમ્લપિત્ત રોગથી છૂટી જાય છે. ૩૨

અમ્લપિત્તને મટાડનાર બીજું વિરેચનઘૃત

पटोलपत्रं त्रिफलात्वचश्चार्धपलोन्मिताः ॥ ३३ ॥
त्रायन्तीरोहिणीनिम्बयष्टिकाः कर्षसंमिताः।
पलद्वयं मसूराणां चैकध्यं तद्विपाचयेत् ॥ ३४ ॥
जलाढकेऽष्टभागं तु पूतशेषं पुनः पचेत्।
सर्पिषः कुडवं दत्त्वा प्रस्थार्धमवशेषितम् ॥ ३५ ॥
तत् पीत्वा नातिशीतोष्णं सुखेनाशु विरिच्यते।
चिरप्रसक्तमप्येतदम्लपित्तं व्यपोहति ॥ ३६ ॥
वातपित्तं ज्वरं कुष्ठं वैसर्पं वातशोणितम्।
विद्रधिं रक्तगुल्मं च विस्फोटांश्चाशु नाशयेत् ॥३७॥

પરવળનાં પાન તથા ત્રિફલાની છાલ–એ બધાં અર્ધો પલ–બે બે તોલા લેવાં; તેમ જ ત્રાયમાણ, કડુ, લીમડો અને જેઠીમધ પ્રત્યેક તોલો તોલો લેવાં અને મસૂર બે પલ–૮ તોલા લઈ, તે બધાંને એકત્ર કરી એક આઢક–૨૫૬ તોલા પાણીમાં તેઓનો ક્વાથ કરવો; તેમાંથી આઠમો ભાગ બાકી રહે ત્યારે તેને ગાળી લઈ તેમાં એક કુડવ–૧૬ તોલા ઘી નાખી ફરી તે પકવવું; એ બધું અર્ધો–પ્રસ્થ–૩૨ તોલા બાકી રહે ત્યારે સહેવાય તેવું ગરમ એ ઘી પીને માણસને તરત જ સુખેથી વિરેચન થાય છે; એમ સેવેલું તે વિરેચન લાંબા કાળથી લાગુ થયેલા એવા પણ અમ્લપિત્તને મટાડે છે; વળી આ વિરેચનઘૃત વાતયુક્ત પિત્ત, જ્વર, કોઢ, રતવા, વાતરક્ત, વિદ્રધિ, રક્તગુલ્મ તથા વિસ્ફોટકનો પણ તરત નાશ કરે છે. ૩૩–૩૭

અમ્લપિત્તમાં પથ્યો

पुराणाः शालयो मुद्गा मसूराः सहरेणवः।
गव्यं सर्पिः पयो वाऽपि जाङ्गलाश्च मृगद्विजाः ॥३८
कलायशाकं पौतीकं वासापुष्पं सवास्तुकम्।
यानि चान्यानि शाकानि तिक्तानि च लघूनि च॥३९
भोजनेनाऽतिशस्यन्ते यच्चान्यदविदाहि च।
तत्सात्म्यानां प्रयोगाणां यथोक्तानां च शीलनम् ४०

જૂના શાલિ–ડાંગરના ચોખા, મગ, મસૂર,

વટાણા, ગાયનું ઘી અથવા ગાયનું જ દૂધ, જાંગલ પશુ-પક્ષીઓનું માંસ, વટાણાનું શાક, પૌતિક-કરંજ, અરડૂસીનાં પુષ્પ, બથવાની ભાજી અને એ સિવાયનાં જે બીજાં કડવાં (કારેલાં વગેરે) શાકો, ભોજનની સાથે ખાવાં તે ઘણાં ઉત્તમ છે; તેમ જ બીજું જે કંઈ અતિશય દાહ કરતું ન હોય એવું દ્રવ્ય હોય, તે પણ અમ્લપિત્તમાં હિતકારી થાય છે; તેમ જ બીજા જે સાત્મ્ય અથવા શરીરને માફક આવે એવા જે પ્રયોગો મેં કહ્યા છે, તેઓનું સેવન કરવું તે પણ અમ્લપિત્તમાં હિતકારી થાય છે. ૩૮-૪૦

અમ્લપિત્તમાં ખાસ પથ્ય અને ત્યાજ્ય અપથ્યો

लशुनस्य हरीतक्याः पिप्पल्याः सर्पिषस्तथा ।
मदिरायाश्च जीर्णायाः कायाग्निबलवृद्धये ॥४१॥
व्याधेरस्य यथोक्तानां निदानानां च वर्जनम् ।

લસણ, હરડે, પીપર, ઘી તથા જૂની મદિરાનું સેવન-શરીરના અગ્નિને તથા બળને વધારનાર થાય છે; પરંતુ આ અમ્લપિત્ત રોગનાં જે નિદાનો પહેલાં કહ્યાં છે, તેઓનો તો અપથ્ય તરીકે ત્યાગ જ કરવો. ૪૧

કોનો અમ્લપિત્ત રોગ મટી જાય છે?

युक्ताहारविहारस्य युक्तव्यायामसेविनः ॥ ४२ ॥
शुक्तकोऽयमलोलस्य शाम्यत्यात्मवतः सतः ।

જે માણસ યોગ્ય આહાર-વિહારનું સેવન કરે છે, યોગ્ય શારીરશ્રમ સેવવાની ટેવ પાડે છે, ખાવાપીવાની લોલુપતાથી રહિત હોય છે અને જિતેન્દ્રિય રહ્યા કરે છે, તેનો અમ્લપિત્ત રોગ શમે છે-મટી જાય છે. ૪૨

કારણરૂપ દોષના શમનથી અમ્લપિત્ત મટે

यश्च यस्यानुबन्धः(द्धः) स्याद्दोषस्तस्योपशान्तये ॥
प्रयतेत भिषङ् नित्यं तच्छान्तौ स प्रशाम्यति ।

જે જે દોષ અમ્લપિત્તમાં અનુબંધ કે કારણરૂપે અનુસરી રહ્યો હોય, તેની શાન્તિ માટે વૈદ્યે કાયમ પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ; કેમ કે તે અનુબંધરૂપ દોષ શમે છે, તો જ તે અમ્લપિત્ત રોગ અત્યંત શાન્ત થાય અથવા મટે છે. ૪૩

અમ્લપિત્તરોગ લગભગ કયા દેશમાં થાય છે?

आनूपदेशे प्रायेण संभवत्येष देहिनाम् ॥ ४४ ॥
तस्माज्जाङ्गलजैरेनमौषधैः समुपक्रमेत् ।
अप्रशाम्यति चैतस्मिन्नपि देशान्तरं व्रजेत् ॥४५

આ અમ્લપિત્ત રોગ લગભગ આનૂપ દેશમાં એટલે કે જલપ્રધાન કચ્છ વગેરે પ્રદેશના લોકોને સંભવે છે-ઉત્પન્ન થાય છે; એ કારણે જાંગલ પ્રદેશનાં ઔષધો કે જાંગલ-પશુ-પક્ષીઓનાં માંસોનું સેવન કરવારૂપ ઉપચારોથી જ એ રોગના ઉપચારો કરવા જોઈએ; એમ તેવા ઉપચારો કરવામાં આવે છતાં એ અમ્લપિત્ત રોગ ન શમે કે ન મટે, તો એ રોગના રોગીએ (તે આનૂપ દેશનો ત્યાગ કરી) બીજા પ્રદેશમાં વસવા જતા રહેવું જોઈએ. ૪૪,૪૫

વિવરણ : અમ્લપિત્ત રોગમાં ખાસ કારણ પ્રદેશ પણ હોય છે. જલપ્રાય-ભેજવાળા પ્રદેશોમાં અમ્લપિત્ત રોગ લગભગ થાય જ છે; તેથી આનૂપ પ્રદેશના રહેવાસી જે માણસને અમ્લપિત્ત રોગ થયો હોય તેણે જાંગલ દેશનાં ઔષધો અને આહારવિહારોનું સેવન કરવું હિતકારી થાય છે; એ પણ અનુભવસિદ્ધ છે કે અમ્લપિત્તના રોગીને પોતાના દેશમાં વસવાથી અને તે જ દેશનાં ઔષધો અને આહારપાણીના સેવનથી જો કંઈ ફાયદો ન થાય તો તેણે બીજા દેશના જલવાયુનું પરિવર્તન કરી-હવાબદલો અને પાણીબદલો કરવો જ જોઈએ; કેમ કે એવા હઠીલા રોગો હવાફેર અને પાણીફેર કરવાથી મટે છે. ૪૪,૪૫

આવશ્યક જરૂરી સૂચન

स एव देशो यत्र स्यादारोग्यं ते च बान्धवाः ।
गच्छन्ति ये न गच्छन्ति ये चास्य हितकारिणः ॥४६

જ્યાં માણસનું આરોગ્ય જળવાય તે જ દેશ પોતાના વસવાટ માટે હોવો જોઈએ; તથા તે જ બાંધવો કે સગાં-સંબંધીઓ ગણાય, જેઓ સંપત્તિમાં દૂર જાય, પણ

આપત્તિમાં ત્યજી ન જાય; તેમ જ હરકોઈ સમયે જેઓ હિત કરવા તૈયાર રહેતા હોય, તેઓ જ બાંધવો ગણાય.૪૬

હિતકારક શિખામણ

नित्य लोलस्य दीनस्य परिदून्नस्य देहिनः ।
क्रियाः सर्वाः प्रहीयन्ते स्वजनो विजनीभवेत् ॥४७

જે માણસ કાયમ લોલુપતા ધરાવતો હોય, દીન-દુઃખી-ગરીબાઈથી યુક્ત હોય અને ચારે બાજુથી સંતાપને પામી રહ્યો હોય, તેની બધી ક્રિયાઓ, ચારેબાજુથી નિષ્ફળ નીવડે છે અને તેનાં સ્વજનો પણ તેનાં સ્વજનરૂપે રહેતાં નથી-સગાંસંબંધીઓ પણ તેને ત્યજી દે છે. ૪૭

જીવનનું ફળ મળે તે માટે સૂચના

तस्मात् सततमारोग्ये प्रयतेत विचक्षणः ।
अरोगो जीवितफलं सुखं समधिगच्छति ॥ ४८ ॥

એ કારણે વિદ્વાન મનુષ્યે નિરંતર આરોગ્ય જળવાય તે માટે પ્રયત્ન કર્યા કરવો જોઈએ; કારણ કે જે માણસ નીરોગી હોય છે, તે જ જીવનનું ફળ અને સુખ મેળવે છે. ૪૮

અમ્લપિત્તની અસાધ્યતા

ज्वरातीसारपाण्डुत्वशूलशोथारुचिभ्रमैः ।
उपद्रवैरिमैर्जुष्टः क्षीणधातुर्न सिद्धयति ॥ ४९ ॥

અમ્લપિત્તનો જે રોગી જ્વર, અતીસાર, ફીકાશ, શૂલ, સોજા, અરુચિ અને ભ્રમ-ચકરી-એ રૂપી ઉપદ્રવોથી યુક્ત બન્યો હોય અને જેની બધી ધાતુઓ ક્ષીણ થઈ ગઈ હોય, તે સિદ્ધ થતો નથી-એટલે તે ઉપદ્રવોથી યુક્ત થયેલો અમ્લપિત્તનો રોગી ઉપચારોથી પણ સાજો થતો નથી-તેનો એ અમ્લપિત્ત રોગ કદી મટતો જ નથી. ૪૯

इति ह स्माह भगवान् कश्यपः ॥

એમ ભગવાન કશ્યપે જ ખરેખર કહ્યું હતું. ૫૦

ઇતિ શ્રીમત્કશ્યપસંહિતામાં ખિલસ્થાન વિષે 'અમ્લપિત્ત-ચિકિત્સિત' નામનો અધ્યાય ૧૬ મો સમાપ્ત

શોથ-ચિકિત્સિત : અધ્યાય ૧૭ મો

अथातः शोथचिकित्सितं नामाध्यायं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી શોથ-ચિકિત્સિત-જેમાં સોજાની ચિકિત્સા કહેલી છે, તે ૧૭ મા અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીએ છીએ, એમ ભગવાન કશ્યપે જ ખરેખર કહ્યું હતું. ૧,૨

શોથ-સોજાનાં નિદાનો તથા સંપ્રાપ્તિ

वान्तस्याथ विरिक्तस्य कर्शितस्य ज्वरादिभिः ।
महोपवासक्लिष्टस्य विरुद्धाजीर्णभोजिनः ॥ ३ ॥
सद्यश्चात्यर्थलवणक्षारोष्णाम्लकटून् रसान् ।
शूकरोरभ्रमांसादि दधिमृद्भक्षणादि च ॥ ४ ॥
शीतप्रवातव्यायामध्यवायांश्चातिसेवतः ।
तथैव दुष्प्रजाताया नार्याः कृच्छ्रेण वा पुनः ॥५
सूताया निःसुतायाश्च द्विषन्त्याः स्वमुपक्रमम् ।
एतदेव निदानं च शीलयन्त्यास्ततस्तयोः ॥ ६ ॥
शोथः संजायते शीघ्रं दारुणः स चतुर्विधः ।

જેણે વમન કર્યું હોય અથવા જેને વમન કરાવ્યું હોય, જેણે વિરેચન ઔષધ લીધું હોય અને તે દ્વારા જેને ખૂબ વધુ કે થોડા જ પ્રમાણમાં વિરેચન થયું હોય, જ્વર આદિથી જે કર્શિત થયો હોય, ઘણા ઉપવાસો વડે જે ક્લેશ પામ્યો હોય, જેણે વિરુદ્ધ પદાર્થો ખાધા હોય કે જેને પહેલાંનું અજીર્ણ હોય છતાં તેમાં ભોજન કર્યું હોય; અથવા અતિશય ખારા, ક્ષાર, ઉષ્ણ-ગરમ, ખાટા કે તીખા રસો જેણે વધુ સેવ્યા હોય; શૂકર-ભૂંડ કે ડુક્કરો અથવા ઘેટાનાં માંસ વગેરે જેણે ખૂબ ખાધાં હોય; દહીંનું કે માટીનું ભક્ષણ વગેરે જેણે ખૂબ કરેલ હોય; અથવા પુષ્કળ ઠંડા વાયરા, વધુ પડતો શારીરશ્રમ અને મૈથુનનું અતિશય વધુ સેવન જેણે કર્યું હોય; તેમ જ જે સ્ત્રી દુષ્પ્રજાતા અથવા કસુવાવડી થઈ હોય કે જે સ્ત્રીને ઘણા કષ્ટથી સુવાવડ આવી હોય; અથવા જે સ્ત્રીનો ગર્ભસ્રાવ

થઈ ગયેલ હોય; અથવા જે સ્ત્રી પોતાની કોઈ ચિકિત્સાનો દ્વેષ કરતી હોય અને એ જ (રોગનાં) નિદાનને સેવવા માટે જે ટેવાયેલી હોય, તે સ્ત્રીને તેમ જ ઉપર્યુક્ત નિદાનવાળાને તે જ મૂળ કારણથી તરત જ દારુણ શોથ-સોજો, ઉત્પન્ન થાય છે અને તે સોજો ચાર પ્રકારનો હોય છે. ૩-૬

શોથના ચાર ભેદો

वातिकः पैत्तिकश्चैव श्लैष्मिकः सान्निपातिकः ॥७

વાતિક એટલે કે વાયુનો પ્રકોપ જેમાં મુખ્ય હોય તે પહેલો પ્રકાર; તેમ જ પૈત્તિક એટલે કે પિત્તપ્રકોપ જેમાં મુખ્ય કારણ હોય તે બીજો પ્રકાર; તેમ જ શ્લૈષ્મિક-કફનો પ્રકોપ જેમાં મુખ્ય કારણ હોય તે ત્રીજો પ્રકાર અને સાંનિપાતિક એટલે કે ત્રણે દોષોનો એકીવખતે જેમાં પ્રકોપ હોય-એ કારણે ચોથા પ્રકારનો શોથ ઉત્પન્ન થાય છે. ૭

પાંચમો આગંતુ શોથ

आगन्तुः क्षतनिष्पिष्टच्युतभग्नादिसंभवः ।
दष्टावमूत्रिताद्यातसंस्पर्शगरयोगजः ॥ ८ ॥

શોથનો પાંચમો પ્રકાર-આગંતુજ હોય છે; તે ક્ષત કે ઘાવ અથવા ચાંદું પડવાથી થાય છે; અથવા પીસાઈ કે ચગદાઈ જવાથી થાય છે; ચ્યુત અથવા ક્યાંયથી પડી જવાથી કે શરીરનો કોઈ અવયવ ભાંગી જાય-વગેરે બહારનાં કારણોથી જે ઉત્પન્ન થાય; તેમ જ કોઈ જીવજંતુ કરડી ગયેલ હોય કે કોઈ ઝેરી પ્રાણી શરીરના કોઈપણ ભાગ પર મૂતરી ગયું હોય કે સૂંઘી ગયું હોય અથવા કોઈ ઝેરી જીવજંતુ અડકી ગયું હોય અથવા વિષનો પ્રયોગ કરાયો હોય તો એ રૂપી બહારનાં કારણોથી જે ઉત્પન્ન થાય છે-તે પાંચમા પ્રકારનો 'આગંતુ શોથ' કહેવાય છે. ૮

વિવરણ : કેટલાક આચાર્યો અહીં દર્શાવેલ પાંચ પ્રકારના સોજા સિવાયનો છઠ્ઠો 'વિષજ' સોજો પણ માને છે; પરંતુ એનોય સમાવેશ આગંતુમાં થઈ શકે છે; જોકે માધવનિદાનમાં ઉપર્યુક્ત ૬ ભેદથી તથા દ્વંદ્વજ ત્રણ શોથને પણ ગણીને ૯ પ્રકારના સોજા માન્યા છે; જેમ કે-'दोषैः पृथग् द्वयैः सर्वैरभिघाताद् विषादपि'-જુદા જુદા અલગ દોષોથી-ત્રણ, બે બે દોષોથી ત્રણ બધા દોષોથી એક-સાંનિપાતિક, અભિઘાતથી એક આગંતુક અને વિષથી થતો એક-એમ એકંદર નવ પ્રકારના શોથરોગો ઉત્પન્ન થાય છે; એમ નવ પ્રકારના શોથરોગો માધવનિદાનમાં જે કહ્યા છે, તે બધાને અહીં કાશ્યપસંહિતામાં ચાર ભેદોમાં સમાવી દઈ ચાર પ્રકારનો શોથરોગ કહ્યો છે. ૮

ઉપર્યુક્ત ચારે ભેદોમાં પ્રકોપનાં નિદાન સરખાં જ હોય

प्रकोपहेतुः सर्वेषां सामान्येनैव कीर्तितः ।
पूर्वं ज्वरनिदाने तु प्रोक्तः प्रत्येकशो मया ॥९॥

ઉપર જે જે શોથના ભેદો કહ્યા છે, તે સર્વમાં દોષના પ્રકોપનું કારણ અહીં સામાન્યરૂપે જ કહેલ હોય છે; એટલે કે હરકોઈ શોથરોગમાં દોષના પ્રકોપનું કારણ લગભગ એકસરખું જ અહીં કહેલ છે; તોપણ પહેલાં જ્વરના નિદાનમાં તો મેં પ્રત્યેક શોથનાં નિદાન અલગ અલગ જ કહેલ છે. ૯

પ્રત્યેક શોથનાં અલગ અલગ લક્ષણો

यथावद्देषां रूपाणि संप्रवक्ष्याम्यतः परम् ।
अपराह्णे भ्रवा वृद्धिः श्लथयोरनिलात्मनः ॥१०॥
पूर्वाह्णे श्लैष्मिकस्य स्यान्मध्याह्ने पैत्तिकस्य तु ।
पूर्वामध्यापरे यामे ह्यासश्चैषां यथाक्रमम् ॥११॥

હવે ઉપર જે જે શોથના પ્રકારો કહ્યા છે, તેઓનાં જે અલગ અલગ લક્ષણો હોય છે, તેઓને હું બરાબર કહું છું-જે સોજો વાયુ પ્રધાન હોય તેની વૃદ્ધિ, અપરાહ્ણકાળે-સાંજના સમયે અવશ્ય થાય છે; જે સોજો કફપ્રધાન હોય છે, તેની વૃદ્ધિ દિવસના પૂર્વાહ્ણકાળે એટલે આગલા ભાગમાં અવશ્ય થાય છે અને જે સોજો પૈત્તિક હોઈને પિત્તપ્રધાન હોય છે, તેની વૃદ્ધિ મધ્યાહ્નકાળે-બપોરના સમયે જ અવશ્ય થાય છે; તે જ પ્રમાણે, એ સોજાઓનો

ઘટાડો પણ અનુક્રમે દિવસના પૂર્વ, મધ્ય તથા અપર કાળે જ થાય છે–અર્થાત્ વાતિક સોજનો ઘટાડો દિવસના પહેલા પ્રહરે કે પહેલા ભાગમાં થાય છે; શ્લૈષ્મિક-કફજ સોજનો ઘટાડો દિવસના મધ્ય પ્રહરે–બપોરના સમયે થાય છે અને પૈત્તિક–પિત્ત-પ્રધાન સોજનો ઘટાડો દિવસના પાછલા પ્રહરમાં કે છેલ્લા ભાગમાં થાય છે. ૧૦,૧૧

વાતિક શોથનાં વિશેષ લક્ષણો

श्याववर्णः सवर्णो वा क्षिप्रोत्थाननिवर्तनः ।
पिपीलिकाकीर्ण इव ताम्यते परितुद्यते ॥ १२ ॥
विषमज्वरजुष्टस्य चिराच्चैव विदह्यते ।
भिन्नरोमा चलोऽङ्गुल्या निम्नो भवति पीडितः ॥१३
सिरास्नायुत्वगायामैरधःकाये च वर्धते ।
स्निग्धोष्णोपशयी रूक्षः श्वयथुर्वातसंभवः ॥१४॥

વાયુના પ્રકોપથી થયેલો સોજો–શ્યામ વર્ણનો એટલે કે કાળાશયુક્ત પીળો અથવા ચામડીનો જે રંગ હોય તેના જેવા જ રંગનો હોય છે; તે વાતિક સોજો તરત ઊપસી આવે છે અને તરત જ બેસી જાય છે; વળી તે વાતિક સોજો જાણે કે કીડીઓથી ચોપાસ છવાઈ ગયો હોય તેમ તમતમે કે ચટકા ભરતો હોય અને જાણે કે ચોપાસ સોયો ભોંકાતી હોય તેવી પીડા ઉપજાવે છે; વળી તે વાતિક સોજાવાળો માણસ વિષમજ્વરથી એટલે કે ચડ-ઊતર તાવથી યુક્ત હોય છે અને લાંબા કાળ સુધી બળતરા પામ્યા કરે છે. વળી એ વાતિક સોજનાં ઉપરનાં રુવાંટાં ખડાં થયા કરે છે અને આંગળીથી તે સોજને જો દાબ્યો હોય તો ત્યાં ખાડો પડી જાય છે; વળી તે વાતિક સોજો શિરાઓ, સ્નાયુઓ તથા ચામડી પર બંધાઈને શરીરના નીચેના ભાગમાં વધે છે; વળી તેમાં સ્નિગ્ધ અને ઉષ્ણ પદાર્થો માફક આવે છે અને વાતજ સોજો રૂક્ષતાથી યુક્ત હોય છે. ૧૨–૧૪

પિત્તજ સોજનાં ખાસ લક્ષણો

नीललोहितपीताभः पीड्यते धूप्यते मुहुः ।
क्षिप्रपाकी सविड्भेदस्तृष्णादाहज्वरान्वितः ॥१५
नाभ्यां च बस्तिमूले च वृद्धिश्चास्य विशेषतः ।
नित्यं च रोचते शीतं श्वयथुः पित्तसंभवः ॥१६॥

પિત્તના પ્રકોપથી થયેલો સોજો લીલી, લાલ અને પીળી ઝાંયવાળો હોય; તે વારંવાર પીડે અને સંતાપ ઉપજાવે છે; તે તરત જ પાકે છે; તેમાં વિષ્ઠા–છોતાપાણી થઈ જાય; વારંવાર તરશ, દાહ તથા જ્વર સાથે હોય; એ પિત્તજ સોજની વૃદ્ધિ વિશેષે કરી નાભિ ઉપર અને બસ્તિ–મૂત્રાશયના મૂળમાં થાય છે; અને તે પિત્તજ સોજમાં કાયમ શીતળતા ગમે છે. ૧૫,૧૬

શ્લૈષ્મિક કફજ સોજનાં વિશેષ લક્ષણો

स्थिरः शीतोऽतिबहलः श्लक्ष्णः पाण्डुरवेदनः ।
सोत्क्लेशारोचकस्वापकण्डूकाठिन्यगौरवः ॥१७॥
चिराद् वृद्धिमवाप्नोति चिराच्च विनिवर्तते ।
उरोगण्डाक्षिकूटेषु वृद्धिश्चास्य विशेषतः ॥ १८ ॥
शीतज्वरकरः शीतद्वेषी शोफः कफात्मकः ।

કફપ્રધાન–શ્લૈષ્મિક સોજો સ્થિર, શીતળ, અતિશય ઘટ્ટ, સુંવાળો, ફીકા રંગનો, વેદનાથી રહિત, કફના ઉછાળાથી યુક્ત; અરોચક, જડતા, ચેળ, કઠિનતા અને ભારેપણાથી યુક્ત હોઈને લાંબા કાળે વૃદ્ધિ પામે છે અને લાંબાકાળે અટકે છે. વળી એ કફજ સોજની વૃદ્ધિ વિશેષે કરી છાતી, ગાલ અને આંખના ખૂણાઓ પર થાય છે; તેમ જ એ કફજ સોજમાં શીતજ્વર આવે છે; અને તેનો રોગી શીત ઉપર દ્વેષવાળો થાય છે એટલે કે તેને શીતલતા ગમતી નથી. ૧૭,૧૮

સાંનિપાતિક સોજનાં લક્ષણો

नीलपीतारुणाभासः सिराजालोपसन्ततः ॥ १९ ॥
अनेकोपद्रवस्रावः सर्वरूपसमन्वितः ।
सुतीव्रवेदनोऽसाध्यः श्वयथुः सान्निपातिकः ॥२०

સાંનિપાતક–ત્રિદોષજ સોજો કાળી,

પીળી અને અરુણના જેવી લાલરંગની ઝાંઈથી યુક્ત હોય અને શિરાઓનાં જાળાંની સમીપે તે છવાયેલો હોય છે; અનેક ઉપદ્રવો તથા સ્રાવ પણ તેમાં સાથે હોય; સર્વ દોષોનાં લક્ષણોથી તે યુક્ત હોય; તેમાં તીવ્ર વેદના થયા કરે છે અને તે અસાધ્ય હોઈ કોઈ પણ ઉપાયથી મટતો નથી. ૧૯,૨૦

આગન્તુ તથા વિષજ શોથનાં લક્ષણો

રક્તશ્યાવારુણોઽત્યુષ્ણસ્તોદભેદરુજાન્વિતઃ ।
આગન્તુઃ સવિષસ્તામ્રઃ કૃષ્ણો વાઽઽશુ વિસર્પિતઃ॥
હૃલ્લાસારુચિતૃષ્મૂર્ચ્છાજ્વારારુચિકરો મૃશમ્ ।
ઇતિ ષડ્વિધમુદ્દિષ્ટં શ્વયથોર્લક્ષણં મયા ॥ ૨૨ ॥

જે સોજો આગન્તુ હોઈ બાહ્ય કારણોથી ઉત્પન્ન થયો હોય, તે રાતા રંગનો, શ્યાવવર્ણનો એટલે કે કાળાશથી યુક્ત પીળારંગનો તથા અરુણના જેવા રંગનો પણ થાય છે; વળી તે આગન્તુ સોજો અતિશય ઉષ્ણ હોય અને સોય ભોંક્યા જેવી પીડાવાળો અને ભેદની રુજા એટલે કે જાણે ચિરાઈ જતો હોય તેવી પીડાથી પણ યુક્ત હોય છે; તેમ જ વિષના કારણથી ઉત્પન્ન થયેલો સોજો તાંબાના જેવા લાલ રંગનો અથવા કાળો હોઈ જલદી ફેલાઈ જનારો હોય છે અને અતિશય વધુ ઉબકા, અરુચિ, તરશ, મૂર્છા, તથા જ્વર કરનાર હોય છે; એમ છ પ્રકારના સોજાનાં લક્ષણો અહીં મેં કહ્યાં છે. ૨૧,૨૨

અસાધ્ય સોજા

નૃણાં તુ પાદપ્રભવઃ સ્ત્રીણાં ચ મુખસંભવઃ ।
ઉભયોર્યશ્ચ ગુહ્યસ્થઃ સર્વગશ્ચ ન સિદ્ધ્યતિ ॥ ૨૩॥

પુરુષોને પગની ઉપર-વચ્ચેના ભાગમાં જે સોજો ઉત્પન્ન થયો હોય, સ્ત્રીઓને મોઢાની ઉપર જે સોજો ઉત્પન્ન થયો હોય અને સ્ત્રી-પુરુષને બેયને જે સોજો તેઓના ગુહ્ય ભાગ ઉપર આવ્યો હોય અને હરકોઈને જે સોજો આખા શરીર પર ઉત્પન્ન થયો હોય, તે સાધ્ય થતો નથી-કોઈપણ ઉપાયથી કદી મટતો નથી. ૨૩

વિવરણ : મૂળ શ્લોકના પ્રત્યેક પદ તરફ દૃષ્ટિ કરતાં ઉપરનો અનુવાદ યોગ લાગ્યો છે; છતાં અહીં ટીકાકાર આવો આશય દર્શાવે છે; જેમ કે જે સોજો પુરુષોને પગની ઉપર વચ્ચેના ભાગ પર ઉત્પન્ન થઈ મુખ તરફ જતો હોય; અને સ્ત્રીઓને જે સોજો મોઢા પર ઉત્પન્ન થઈ નીચે પગની બાજુ પ્રાપ્ત થતો હોય, તે સોજો અસાધ્ય હોય છે; તેમ જ સ્ત્રીપુરુષ બેયને જે સોજો ગુહ્ય ભાગો પર પ્રાપ્ત થયો હોય અથવા જે સોજો સ્ત્રીપુરુષ બેયને આખા શરીર પર પ્રાપ્ત થયો હોય, તેને અસાધ્ય જાણવો. એકંદર અહીં આવો અભિપ્રાય છે કે પુરુષોનું નીચેનું શરીર મુખ્ય હોઈને ભારે ગણાય છે અને સ્ત્રીઓનું ઉપરનું શરીર મુખ્ય હોઈને ભારે ગણાય છે; તેથી પુરુષોના પગથી માંડી ઉપરના ભાગમાં આવતો સોજો અસાધ્ય ગણાય છે અને સ્ત્રીઓના ઉપરના ભાગમાં પ્રથમ ઉત્પન્ન થઈને નીચેના ભાગમાં આવતો સોજો અસાધ્ય મનાય છે. ૨૩

બધાયે સોજાનું મૂળ વાયુ છે

મારુતઃ સર્વશોફાનાં મૂલહેતુરુદાહૃતઃ ।
યથા ચ પિત્તં દાહસ્ય, શૈત્યસ્ય ચ યથા કફઃ॥૨૪

બધાયે સોજાનું મૂળ કારણ વાયુને કહ્યો છે; જેમ પિત્ત દાહનું મૂળ કારણ ગણાય છે અને કફ શીતળતાનું મૂળ કારણ ગણાય છે તેમ. ૨૪

વિવરણ : ચરકે આ સંબંધે ચિકિત્સાસ્થાનના ૧૨ મા અધ્યાયમાં સોજાની સંપ્રાપ્તિ દર્શાવતાં આમ કહ્યું છે કે-'માણસના શરીરમાં જ્યારે વાયુ દૂષિત થાય છે ત્યારે તે વિકૃત બની શરીરની બાહ્ય શિરાઓમાં પહોંચી જઈને ત્યાંના લોહી, કફ તથા પિત્તને દૂષિત કરે છે અને તે દ્વારા એ શિરાઓના માર્ગને રુંધી દઈ બીજાં સ્થાનો પર તે જઈ શકતો નથી; કારણ કે તેના અવરજવરના માર્ગો જ રુંધાઈ જાય છે, તેથી તે સ્થાન પર તે સોજો ઉત્પન્ન કરે છે, અર્થાત્ બધાયે સોજામાં પ્રથમ વાયુ જ દૂષિત થાય છે અને તે જ કફ તથા પિત્ત આદિને દૂષિત કરીને હરકોઈ

સોજાનું કારણ બને છે. ૨૪

શોથની ચિકિત્સા તત્કાળ કરવી જોઈએ

त्वग्रक्तमांसमेदांसि शोथोऽधिष्ठाय वर्धते ।
तदस्याशु क्रियां कुर्याद्दारुणस्य यथोत्तरम् ॥२५

હરકોઈ શોથ કે સોજો માણસોની ત્વચા, લોહી, માંસ તથા મેદનો આશ્રય કરીને વધે છે અને અનુક્રમે ભયંકર બને છે; તે કારણે તે હરકોઈ શોથની ચિકિત્સા તરત જ કરવી જોઈએ. ૨૫

વિવરણ : અહીં આવો અભિપ્રાય દર્શાવે છે કે–હરકોઈ સોજો પ્રથમ ચામડી પર આવી લોહીમાં પહોંચે છે; તે લોહીમાં થઈને માંસમાં જાય છે અને માંસમાં જઈને તે દ્વારા મેદ સુધી પહોંચી જાય છે; તે પછી અનુક્રમે તે કષ્ટસાધ્ય બને છે; કારણ કે પ્રથમ જ્યાં સુધી ચામડી પર હોય ત્યાં સુધી તે સાધ્ય હોય છે, પણ તે ચામડી પછી તે દ્વારા તેની અસર જ્યારે લોહીમાં પહોંચે છે, ત્યારે કષ્ટસાધ્ય બને છે અને તે પછી તે લોહી દ્વારા તેની અસર માંસમાં પહોંચે છે, ત્યારે તે વધુ કષ્ટસાધ્ય બને છે અને તે પછી તે માંસ-દ્વારા એ સોજો જ્યારે મેદ સુધી પહોંચી જાય છે, ત્યારે તે અતિશય વધુ કષ્ટસાધ્ય બને છે; તે કારણે હરકોઈ સોજો ધીમે ધીમે ચામડીની પછીની તે તે ધાતુઓ સુધી ન પહોંચી જાય તે પહેલાં તરત જ તેની ચિકિત્સા શરૂ કરી દેવી જોઈએ. ૨૫

દોષાનુસાર શોફની ચિકિત્સા

कफपित्तोत्तरे शोफे क्षामदेहस्य देहिनः ।
वमनाद्यां क्रियां कुर्यात्तद्युक्तमनिलोत्तरे ॥२६॥
शाल्यन्नमुद्गमण्डेन शोथी भुञ्जीत मात्रया ।
सबालमूलकव्योषपिप्पलीकेन वाऽऽदितः ॥२७॥

જે શોફમાં કફ અને પિત્ત–એ બે દોષો મુખ્ય હોય, તે સોજાવાળો રોગી, જો ક્ષીણ શરીરવાળો હોય, તો તેની પ્રથમ વમન આદિ ચિકિત્સા શરૂ કરી દેવી તે યોગ્ય છે; પરંતુ જે સોજામાં વાયુની પ્રધાનતા હોય, તે સોજાવાળા રોગીએ અમુક માત્રા કે પ્રમાણમાં મગના મંડ–ઓસામણની સાથે શાલિ–ચોખાનો ભાત જમવો; અથવા શરૂઆતથી કૂણા મૂળાના ઓસામણમાં વ્યોષ–ત્રિકટુ–સૂંઠ, મરી અને પીપરનું ચૂર્ણ તથા (એક ભાગ વધુ) પીપરનું ચૂર્ણ ભભરાવીને તે સાથે ભોજન કરવું. ૨૬,૨૭

હલકા આમાશય અને કોઠાવાળાના શોથની ચિકિત્સા

लघ्वामाशयकोष्ठस्य पञ्चगव्येन सर्पिषा ।
कल्याणकेन तिक्तेन दशमूलादिकेन वा ॥२८॥
स्निग्धस्विन्नस्य वमनं विदध्याच्च विरेचनम् ।
ततो दशाहान् सोऽश्नीयात्
पयसा वाऽल्पभोजनम् ॥ २९ ॥
ततो यवान्नं तकेण शीलयेच्च यथाबलम् ।
पञ्चमुष्टिकयूषेण जाङ्गलानां रसेन वा ॥ ३० ॥

જેનો આમાશય તથા કોઠો હલકો હોય તેવા સોજાના રોગીને પંચગવ્યઘૃત, કલ્યાણક-ઘૃત, તિક્તઘૃત, અથવા દશમૂલાદિઘૃત આપી તે દ્વારા વમન તથા વિરેચન કરાવવું; તે પછી દશ દિવસો સુધી તે રોગીએ દૂધની સાથે થોડું ભોજન કરવું; પછી એ રોગીએ પોતાના બલ અનુસાર છાશની સાથે જવનો ખોરાક ખાવો; અથવા પંચમુષ્ટિક યૂષ સાથે કે જાંગલ પશુ–પક્ષીઓના માંસના રસની સાથે (થોડો) જવનો ખોરાક ખાવો. ૨૮–૩૦

શોથમાં અપથ્યો

दधिमद्यसुरास्नेहशाकपिष्टाम्लसेवनम् ।
असात्म्यानि निदानं च वर्जयेत् पथ्यमाचरेत् ॥३१

દહીં, મદ્ય, સુરા–મદિરા, (ઘી–તેલ વગેરે) સ્નેહ, લોટના વધુ ખોરાકો, ખાટા પદાર્થોનું સેવન અને શોથનાં નિદાનો જે કહ્યાં છે તેઓને અસાત્મ્ય અથવા અહિતકર ગણી તેઓનો ત્યાગ કરવો અને પથ્યોનું સેવન કરવું. ૩૧

સોજાના રોગીએ કાયમ સેવવા યોગ્ય

सगुडं शृङ्गवेरं च भक्षयेत् प्रातरुत्थितः ।
हरीतकीं गुडयुतां त्रिसमां वाऽभ्यसेत् सदा ॥३२

સોજાના રોગીએ કાયમ પ્રાતઃકાળે ઊઠીને

ગોળ સાથે આદુ કે સૂંઠનું ચૂર્ણ અથવા ગોળના સમાન ભાગે હરડેનું ચૂર્ણ અથવા સૂંઠ, હરડે તથા ગળો–એ ત્રણેનું ચૂર્ણ સમાનભાગે હમેશાં સેવવું. ૩૨

સોજની વધુ ચિકિત્સા

पिप्पलीवर्धमानं वा, पिप्पल्यो मधुकेन वा ।
देवदार्वभयाशुण्ठीचूर्णकल्कमथापि वा ॥ ३३ ॥
पिबेत्त्रयाणामेतेषां क्वाथं च सपुनर्नवम् ।

અથવા સોજના રોગીએ કાયમ સવારમાં વર્ધમાન પિપ્પલીનો પ્રયોગ કે જેઠીમધની સાથે પીપરનું સેવન કરવું; અથવા દેવદાર, હરડે તથા સૂંઠનું ચૂર્ણ કે કલ્ક પણ કાયમ સેવવો જોઈએ; અથવા એ ત્રણેનો કવાથ સાટોડીથી યુક્ત કરી પીવો. ૩૩

શોથનો રોગી આ પ્રયોગથી પણ સુખી થાય

महौषधं चित्रकं वा पिप्पल्यो देवदारु वा ॥३४॥
तक्रेण पयसा वाऽथ सेवमानः सुखी भवेत् ।

અથવા સૂંઠ, ચિત્રક, પીપર તથા દેવદારના ચૂર્ણનું છાશની સાથે કાયમ સેવન કરનાર સોજનો રોગી સુખી થાય છે. ૩૪

चित्रामूलाग्निकश्यामात्रिध्योर्वा घृतं पयः ॥३५॥
महौषधं देवदारुकल्कं वा पयसा पिबेत् ।

અથવા ચિત્રા–દ્રવન્તી કે નેપાળાનાં મૂળનું ચૂર્ણ, ચિત્રકનું ચૂર્ણ, શ્યામા–કાળા નસોતરનું ચૂર્ણ અથવા ત્રિવ્યોષ–સૂંઠ, મરી અને પીપરનું ચૂર્ણ નાખી ઉકાળેલું દૂધ (કાયમ સવારે) પીવું; અથવા સૂંઠ કે દેવદારનો કલ્ક દૂધ સાથે (સવારમાં) પીવો. ૩૫

સોજો મોટો હોય તો તેનો ઉપાય

गन्धर्वहस्तं त्रिध्योर्षं श्यामामूलं च पञ्चमम् ॥३६
क्षीरसिद्धं पिबेदेतद्यस्य स्याच्छ्वयथुर्महान् ।

જે માણસને સોજો મોટો થયો હોય તો તેણે એરંડાનું મૂળ, ત્રિવ્યોષ–સૂંઠ, મરી અને પીપરનું ચૂર્ણ અને પાંચમું કાળાં નસોતરનું ચૂર્ણ દૂધમાં ઉકાળીને પીવું. ૩૬

હરકોઈ સોજો મટાડનાર ખાસ ઉપાય

गोमूत्रं महिषीमूत्रमुष्ट्रमूत्रमथो पिबेत् ॥ ३७ ॥
यथास्वं क्षीरमिश्रं वा शीलयेच्छोफशान्तये ।

અથવા સોજો મટાડવા ગોમૂત્ર, ભેંસનું મૂત્ર કે ઊંટનું મૂત્ર જે કંઈ મળી આવે, તેને દૂધમાં મિશ્ર કરી (કાયમ) પીવું. ૩૭

હરકોઈ સોજો આ પ્રયોગથી પણ મટે

सर्पिः पुनर्नवाक्वाथे कल्कैरेभिर्विपाचयेत् ॥ ३८ ॥
व्योषमुस्ता.....दिने दिने ।
सर्वेषामेव शोथानां प्रयोगोऽयं विधीयते ॥ ३९ ॥

સાટોડીના કવાથમાં વ્યોષ–સૂંઠ, મરી અને પીપર તથા મોથ વગેરેનો કલ્ક નાખી ઘી પકવવું; એ ઘીનો પ્રયોગ દરરોજ (પીવામાં તથા લગાડવામાં) હરકોઈ સોજના રોગમાં કરી શકાય છે. ૩૮,૩૯

આ પ્રયોગથી પણ શોથનો રોગી સુખી થાય

अयोरजस्त्रिकटुकं त्रिवृता कट्वरोहिणी ।
त्रिफलाया रसेनैतत् पीत्वा चूर्णं सुखी भवेत् ॥४०

ત્રિફલાના કવાથના રસની સાથે લોહ-ચૂર્ણ મંડૂર કે લોહભસ્મ, ત્રિકટુક–સૂંઠ, મરી અને પીપર, નસોતર, તથા કડુનું ચૂર્ણ મિશ્ર કરી પીવાથી પણ સોજનો રોગી સુખી થાય છે. ૪૦

દૂધ સાથે આ ચૂર્ણનો પણ પ્રયોગ કરી સોજના રોગથી છુટાય

त्रिफला त्रिवृता दन्ती विडङ्गं गजपिप्पली ।
त्रिध्योषं रोहिणी दारु चित्रकं चेति चूर्णयेत् ॥४१
अयोरजस्तद् द्विगुणं क्षीरेणाभ्यस्य मुच्यते ।

ત્રિફલા, નસોતર, નેપાળો, વાવડિંગ, ગજપીપર, ત્રિવ્યોષ–સૂંઠ, મરી અને પીપર; કડુ, દેવદાર, તથા ચિત્રક–એટલાંને સમાન ભાગે લઈ તેઓનું ચૂર્ણ કરવું અને પછી તેમાં બેગણું લોહચૂર્ણ–મંડૂર કે લોહભસ્મ મેળવી તેનું દૂધની સાથે સેવન કરીને માણસ સોજના રોગથી છૂટી જાય છે. ૪૧

સોજને મટાડનાર ત્રિવ્યોષાદિ ચૂર્ણયોગ

त्रिध्योषत्रिफलामुस्ताविडङ्गचित्रकाः समाः ॥४२॥
नवैते सुधृता भागा नवायोरजसस्तथा ।
तच्चूर्णं मधुना लीढ्वा भुञ्जीत यवषष्टिकम् ॥४३॥

शुष्कमूलकयूषेण मुस्ताक्तपयसाऽपि वा ।

ત્રિ॰ચોષ–સૂંઠ, મરી અને પીપર, ત્રિફલા–હરડે, બહેડાં અને આમળાં; મોથ, વાવડિંગ તથા ચિત્રક–એટલાં નવ દ્રવ્યો સમાન ભાગે લઈ તેમાં નવા લોહનું ચૂર્ણ, મંડૂરનું ચૂર્ણ કે લોહભસ્મના પણ તેટલા જ ભાગો મેળવવા; પછી તે ચૂર્ણને મધ સાથે ચાટી તેની ઉપર જવના ખોરાકનું અને સાઠીચોખાના ભાતનું સૂકા મૂળાના યૂષ સાથે કે મોથથી મિશ્ર કરેલ દૂધ સાથે ભોજન કરવું. ૪૨,૪૩

સોજાનો નાશ કરનાર કટુકબિન્દુ–અવલેહ

मल्लातकं त्रिवृद्दन्ती त्रिष्योषं त्रिफलाऽग्निकः ॥४४
तिला गुडा विडङ्गं च मधु सर्पिरयोरजः ।
नाम्ना कटुकबिन्दुर्हि लेहः शोथप्रमर्दनः ॥ ४५॥

ભિલામાં, નસોતર, નેપાળો, ત્રિ॰ચોષ–સૂંઠ, મરી અને પીપર; ત્રિફલા–હરડે, બહેડાં અને આમળાં; ચિત્રક, તલ, ગોળ, વાવડિંગ, મધ, ઘી અને લોહચૂર્ણ–મંડૂર કે લોહભસ્મ–એટલાંને સમાન ભાગે લઈ મિશ્ર કરી જે ચાટણ તૈયાર કરાય, તે 'કટુકબિન્દુ' નામનો અવલેહ, સર્વ પ્રકારના સોજાનો નાશ કરે છે. ૪૪,૪૫

એમ સોજાની સામાન્ય ચિકિત્સા કહીને હવે વિશેષ કહેવાની પ્રતિજ્ઞા

सामान्येनैतदाख्यातं पृथक्त्वेन निबोध मे ।
तत्रादितः प्रवक्ष्यामि वातिकस्य भिषग्जितम् ॥४६

એમ ઉપર દર્શાવ્યા પ્રમાણે સોજાના રોગની સામાન્ય ચિકિત્સા કહી; હવે તેઓના વાતિક આદિ ભેદની અલગ અલગ ચિકિત્સા, હું તમને આરંભથી કહું છું, તેને તમે મારી પાસેથી સાંભળો. ૪૬

વાતિક શોથની ખાસ ચિકિત્સા

कुलत्थयवकोलानामुभयोः पञ्चमूलयोः ।
निर्यूहे साधितं तैलं कल्कैरेतैः समांशिकैः ॥४७॥
शतावरीकृष्णगन्धायष्टीमधुकजीवनैः ।
सक्षीरैस्तत् पिबेत् काले कुर्यादभ्यञ्जनं च तत् ॥४८

કળથી, જવ, કોલ–બોર તથા બેય પંચમૂલ–દશમૂલના ક્વાથમાં શતાવરી, સરગવો, જેઠીમધ અને જીવનીય ગણની જેટલી ઔષધિઓ મળે તેટલી સમાન ભાગે મેળવીને તેઓનો કલ્ક, ચોથા ભાગે મિશ્ર કરવો અને તે ક્વાથ જેટલું જ દૂધ મિશ્ર કરી તે પ્રવાહીથી એક ચતુર્થાંશ તલનું તેલ મિશ્ર કરી તે પકવવું; પ્રવાહી બળી જતાં તૈયાર થયેલું એ તેલ યોગ્ય કાળે (સવારે) પીવું અને સોજાની ઉપર એ તેલથી અભ્યંજન–માલિસ પણ કરવું (તેથી વાતિક સોજો મટે છે). ૪૭,૪૮

વાતિક શોથને મટાડનાર પ્રલેપ

शताह्वां मधुकं दारु सश्वेतां च गवादनीम् ।
वत्सादनीं च पिष्ट्वा तैः सुखोष्णैः शोथमादिहेत् ॥

સૂવા, જેઠીમધ, દેવદાર, ધોળી વજ, ઇંદ્રવારુણી અને ગળો–એટલાં દ્રવ્યોને સમાન-ભાગે લઈ પીસી નાખી તેઓને સહેવાય તેવાં ગરમ કરી તેઓનો વાતિક સોજા પર લેપ લગાડવો (તેથી પણ વાતિક સોજો મટે છે). ૪૯

વાતિક સોજા પર કરવાનું સિંચન

वर्चीवं बिल्वमेरण्डं तर्कारीं सपुनर्नवाम् ।
निष्काथ्य वारिणोष्णेन श्वयथुं परिषेचयेत् ॥५०॥

ધોળી સાટોડી, બિલ્વફળ, એરંડમૂલ, તર્કારી–અરણી અને રાતી સાટોડી–એટલાંને સમાન ભાગે લઈ અધકચરાં કરીને તેઓનો ક્વાથ કરવો; પછી સહેવાય તેવા ગરમ એ ક્વાથના જલ વડે વાયુના સોજા પર વૈદ્યે સિંચન કરાવવું (તેથી પણ વાતિક સોજો મટે છે). ૫૦

વાતિક સોજા પર કરવાનું ઉપનાહન

तिलानां सर्षपाणां च गोधूमस्य यवस्य च ।
चूर्णानां तैलमिश्राणामुपनाहं विधापयेत् ॥५१॥
तथैवैरण्डबीजानां भृष्टानां वोपनाहनम् ।

તલથી મિશ્ર સરસવ, ઘઉં તથા જવના ચૂર્ણને (તલના તેલ સાથે મિશ્ર કરી) વૈદ્યે, તેઓનું ગરમ ઉપનાહન (પોટીસનું

બંધન) વાતિક સોજા પર કરાવવું; અથવા એરંડાનાં બીજને ભૂંજી નાખી તેનાથી (વાતિક સોજા પર ગરમ) ઉપનાહન બંધાવવું.

વાયુનો સોજો મટાડનાર લેપ તથા સિંચન

एरण्डो बिल्वमूलं च बृहती कण्टकारिका ॥५२॥
करञ्जश्चिरिबिल्वश्च श्वदंष्ट्रा च समांशिका ।
लेपोऽयं सर्पिषा युक्तो वातश्वयथुनाशनः ॥५३॥
एष एव यथालाभं परिषेकः सुखावहः ।

એરંડમૂલ, બિલ્વમૂલ, મોટી ભોરીંગણી, નાટાકરંજ કે પૂતિકરંજ તથા ગોખરુ–એટલાંને સમાન ભાગે લઈ બરાબર પીસી નાખીને તેમાં ઘી મેળવી તેનો જો લેપ લગાડ્યો હોય તો વાયુના સોજાનો તે નાશ કરનાર થાય છે; અથવા ઉપર જણાવેલ જેટલાં દ્રવ્યો મળે તેઓનો ક્વાથ બનાવી તેના વડે વાતિક સોજા ઉપર ગરમ ગરમ જે સિંચન કરાય, તે પણ સુખકારક થાય છે.

વાયુનો સોજો મટાડનાર પ્રલેપ

शारिवा मूलकं शुष्कं शुकनासा महौषधम् ॥५४॥
कुष्ठं मुस्ता जलं लम्बा प्रलेपः शोफनाशनः ।

શારિવા–ઉપલસરી, સૂકા મૂળા, અરડૂસો, સૂંઠ, કઠ, મોથ, સુગંધી વાળો તથા કડવી તુંબડી–એટલાંને સમાન ભાગે લઈ પીસી નાખી તેઓનો વાયુના સોજા પર જે પ્રલેપ લગાડાય, તે પણ એ વાયુના સોજાનો નાશ કરે છે. ૫૪

વાતિક સોજો મટાડનાર ઘૃતયોગ

श्वदंष्ट्रैरण्डमूलं च बिल्वमूलं महौषधम् ॥५५॥
पुराणमूलकं चैषां क्वाथे क्षीरं विपाचयेत् ।
क्षीरावशेषमाहृत्य काले सघृतशर्करम् ॥ ५६ ॥
यथाग्नि पाचयेदेनं वातश्वयथुनाशनम् ।

ગોખરુ, એરંડમૂલ, બિલ્વમૂલ તથા સૂંઠ–એટલાંનાં જૂનાં મૂળિયાંને સમાનભાગે લઈ તેઓનો ક્વાથ બનાવવો અને તેમાં દૂધ મિશ્ર કરી તે પકાવવું; એમાંનું દૂધ જ બાકી રહે ત્યારે તે દૂધને ગાળી લઈ તેમાં સાકરથી મિશ્ર કરેલું ઘી પકવવું; એ ઘીનો જઠરના અગ્નિ પ્રમાણે (પીવામાં) ઉપયોગ કર્યો હોય તો વાયુના સોજાનો તે નાશ કરે છે. ૫૫,૫૬

એરંડતૈલ પીવાથી પણ વાયુનો સોજો મટે

एरण्डतैलं पयसा गवां मूत्रेण वा पिबेत् ॥५७॥
तेनास्य दोषशेषश्च श्वयथुश्च निवर्तते ।
लघून्यन्नानि भुञ्जीत स्निग्धोष्णसहितानि च ॥५८

વાયુના સોજાના રોગીએ એરંડતૈલને દૂધ સાથે કે ગોમૂત્ર સાથે પીવું; તેથી એ રોગીનો બાકી રહેલો દોષ દૂર થાય અને વાતિક સોજો પણ મટે છે; વાતિક સોજાવાળાએ હલકા ખોરાક સ્નિગ્ધ તથા ગરમાગરમ જમવા જોઈએ. ૫૭,૫૮

પિત્તજ સોજાની ખાસ ચિકિત્સા

अथ पित्तसमुत्थस्य प्रवक्ष्यामि चिकित्सितम् ।
अभयाऽऽमलकीदन्तीत्रिकर्ममधुचन्दनैः ॥ ५९ ॥
संजीवनीयमञ्जिष्ठैर्मधूककुसुमैः समैः ।
सक्षीरैः पाचितं सर्पिः शोफस्याभ्यञ्जनं परम् ॥६०
पानं चैतत् प्रदातव्यं शोफरोगनिवारणम् ।

હવે પિત્તના પ્રકોપથી ઉત્પન્ન થયેલા સોજાની ચિકિત્સા હું કહું છું (સાંભળો); હરડે, આમળાં, નેપાળો, ત્રિકર્મ, મધ, ચંદન, જીવનીયગણ, મજીઠ અને મહૂડાનાં ફૂલ–એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ અધકચરાં કરી નાખી દૂધની સાથે તે પકવવાં અને તે સાથે તેમાં ઘી પણ પકવવું; પ્રવાહી બળી જતાં તૈયાર થયેલ તે ઘીનું પિત્તના સોજા પર માલિસ કર્યું હોય તો એ ઉત્તમ ફાયદો કરે છે અને તે ઘી પિત્તના સોજામાં રોગીને પીવા માટે પણ આપી શકાય છે, જેથી પિત્તના સોજાને તે મટાડે છે. ૫૯,૬૦

વિવરણ : અહીં મૂળમાં દન્તી–નેપાળા પછી 'ત્રિકર્મ' શબ્દ લખ્યો છે, પણ તેના બદલે 'ત્રિકર્ષ' એવો પાઠ રખાય તો એ અહીં બંધબેસતો થાય છે; કારણ કે 'ત્રિકર્ષ' શબ્દનો અર્થ સૂંઠ, અતિવિષ તથા મોથ–એ ત્રણ એક એક તોલો મળી ત્રણ તોલા પ્રમાણમાં લેવા માટે રાજ-

નિઘંટુમાં આ વચન મળે છેઃ 'नागरातिविषामुस्ता-त्रयमेतत् त्रिकर्षिकम् '–સૂંઠ, અતિવિષ અને મોથ એ ત્રણને પ્રત્યેકને એક એક તોલો પ્રમાણમાં એકત્ર કરીને લેવાય, તે 'ત્રિકર્ષિક' કહેવાય છે. ૫૯,૬૦

પિત્તજ સોજા પર કરવાનો પ્રલેપ

जीवकर्षभकावैन्द्रा मधुपर्णी शतावरी ॥ ६१ ॥
मुदिता चेतसं चैव प्रलेपः सरसाञ्जनः ।

જીવક, ઋષભક, ઇંદ્રવારુણી, ગળો, શતાવરી, મુદ્દિતા અને નેતર–એટલાં સમાન-ભાગે લઈ પીસી નાખી તેમાં રસાંજન-રસવંતી મેળવીને પિત્તજ સોજાની ઉપર તેનો જો પ્રલેપ લગાડાય, તો એ પિત્તજ સોજાને મટાડે છે. ૬૧

પિત્તજ સોજો મટાડનાર બીજો લેપ

तालीशोशीरमुदिताचन्दनं सरसाञ्जनम् ॥ ६२ ॥
मधुकं पद्मकं चेति लेपः श्वयथुनाशनः ।

તાલીસપત્ર, ઉશીર–વાળો, મુદ્દિતા, ચંદન, રસાંજન, જેઠીમધ અને પદ્મકાષ્ઠ–એટલાંને સમાન ભાગે લઈ પીસી નાખી તેનો લેપ લગાડાય તો પિત્તજ સોજાનો તે નાશ કરે છે. ૬૨

પિત્તના સોજાનો નાશ કરનાર લેપ

शतावरीं हंसपदीं मधुपर्णीं च चित्रकम् ॥ ६३ ॥
बन्दां तालीसपत्रं च पिष्ट्वा श्वयथुमादिहेत् ।

શતાવરી, હંસપદી, ગળો, ચિત્રક, બંદા અને તાલીસપત્ર–એટલાંને પીસી નાખી તેનો (પિત્તના સોજા પર) લેપ લગાડવો. (તે પણ પિત્તજ સોજાનો નાશ કરે છે). ૬૩

પિત્તજ સોજા પર કરવાનું સિંચન

क्षीरद्रुमाणां त्वङ्मूलक्काथस्तु परिषेचने ॥ ६४ ॥
सदाहरागपाके च हितः सक्षीरशार्करः ।

ક્ષીરિવૃક્ષો–વડ વગેરેની છાલ તથા મૂળિયાંનો ક્વાથ કરી તેમાં દૂધ તથા સાકર મિશ્ર કરીને તેનાથી દાહ, રતાશ અને પાક-યુક્ત થયેલા પિત્તના સોજા પર સિંચન કરવું હિતકારી છે. ૬૪

પિત્તના સોજાવાળાને આપવાનું વિરેચન

त्रिवृन्मधुकमृद्वीकाकाश्मर्याभिः स्रुतं पयः ॥ ६५ ॥
विरेचनीयमन्यद्वा यथावस्थं प्रयोजयेत् ।

નસોતર, જેઠીમધ, દ્રાક્ષ અને ગાંભારી-ફલ–એટલાંને સમાન ભાગે લઈ તેનો કરેલો ક્વાથ વિરેચનીય હોઈ વૈદ્યે (પિત્તના સોજામાં) અવસ્થાનુસાર તેનો પ્રયોગ કરાવવો. ૬૫

પિત્તના સોજામાં પથ્ય ખોરાક વગેરે

नात्यच्छस्निग्धशीतानि स्वादूनि च लघूनि च ॥ ६६ ॥
पयो द्रवाणि भुञ्जीत यथोक्तानि च मात्रया ।

પિત્તજ સોજાના રોગીએ જે પ્રવાહી દ્રવ્યોને અતિશય સ્વચ્છ, સ્નિગ્ધ, શીતલ, મધુર તથા પચવામાં હલકાં કહ્યાં છે, તેઓ-ને યોગ્ય માત્રામાં જમવાં અને તેની ઉપર દૂધ પીવું. ૬૬

કફજ સોજાની ચિકિત્સા કહેવાની પ્રતિજ્ઞા

श्वयथोः कफजस्यापि चिकित्सां स्रृण्वतः परम् ॥ ६७

હવે પછી કફના પ્રકોપથી ઉત્પન્ન થતા સોજાની ચિકિત્સા પણ હું તમને કહું છું, તેને તમે સાંભળો. ૬૭

કફજ સોજો મટાડનાર હ્રીબેરાદિ ક્વાથ

ह्रीबेरागरुदारूणि चव्यचित्रकनागरम् ।
अभया पिप्पलीमूलं रजन्यौ हिङ्गु मात्रया ॥ ६८ ॥
काथं गोमूत्रपिष्टं वा पिबेच्छोफनिबर्हणम् ।

હ્રીબેર–સુગંધી વાળો, અગર, દેવદાર, ચવક, ચિત્રક, સૂંઠ, હરડે, પીપરીમૂલ–ગંઠોડા, બેય હળદર અને હિંગ–એટલાંને યોગ્ય પ્રમાણમાં લઈ અધકચરાં કરી તેઓનો ક્વાથ કરી પીવો; અથવા ઉપર જણાવેલ તે હ્રીબેરાદિ દ્રવ્યોને યોગ્ય પ્રમાણમાં લઈ ગોમૂત્ર સાથે તે પીવાં; એ ક્વાથ કે કલ્ક કફજ સોજાનો નાશ કરે છે. ૬૮

કફજ સોજાને મટાડનાર બીજો ચિત્રકાદિ ક્વાથ

चित्रकारग्वधौ मूर्वाविडङ्गामलकाभयाः ॥ ६९ ॥
पिप्पलीशारिवापाठाकषायं मधुना पिबेत् ।

ચિત્રક, ગરમાળો, મોરવેલ, વાવડિંગ, આમળાં, હરડે, પીપર, ઉપલસરી અને

પાઠા-કાળીપાટ-એટલાંને સમાન ભાગે લઈ તેઓને અધકચરાં કરી તેઓનો ક્વાથ બનાવી તે શીતળ થાય ત્યારે તેમાં મધ મિશ્ર કરી તે પીવો. (તેથી પણ કફજ સોજો મટે છે.) ૬૯

કફજ સોજો મટાડનાર દેવદાર્વાદિ ક્વાથ

देवदारु च पाठां च शृङ्गवेरं च भागशः ॥७०
तथा पुष्करमूलं च गोमूत्रकथितं पिबेत्।

દેવદાર, કાળીપાટ, આદું કે સૂંઠ અને પુષ્કરમૂલ-એટલાંને સમાન ભાગે લઈ ગોમૂત્ર સાથે તેઓનો ક્વાથ કરી તે પીવો. (તેથી પણ કફજ સોજો મટે છે.) ૭૦

કફનો સોજો નાશ કરનાર પાઠાદિ ક્વાથ

पाठा मुस्ताऽभया दारु चित्रको विश्वभेषजम् ॥७१
पिप्पल्यतिविषा मूर्वा तथा ताडकपत्रिका।
बाधासु तत् पिबेत् पूतं कफश्वयथुनाशनम् ॥७२

પાઠા-કાળીપાટ, મોથ, હરડે, દેવદાર, ચિત્રક, સૂંઠ, પીપર, અતિવિષ, મોરવેલ તથા તાડપત્ર એટલાંને સમાન ભાગે લઈ અધકચરાં કરી તેઓનો ક્વાથ બનાવી ગાળીને કફની પીડામાં તે પીવો; એ ક્વાથ કફના સોજાનો નાશ કરે છે. ૭૧,૭૨

કફનો સોજો મટાડનાર લેપ

तगरागरुमुस्तानि सरलं देवदारु च।
कुष्ठं त्वचा च लेपोऽयं कफश्वयथुवारणः ॥७३

તગર, અગરુ, મોથ, સરલ-ચીડ, દેવદાર, કઠ અને તેની છાલ-એટલાંને સમાન ભાગે લઈ પીસી નાખીને તેનો લેપ લગાડ્યો હોય તો કફના સોજાને મટાડે છે.

કફનો સોજો મટાડનાર બીજો લેપ

कालां गोधापदीं हिंस्रां सुषवीं तालपत्रिकाम्।
पिष्ट्वा शीतकमूलं च शोथमस्य प्रलेपयेत् ॥७४

કાલા-કાળું નસોતર, ગોધાપદી-હંસપદી, હિંસ્રા-જટામાંસી, સુષવી-કાળીજીરી, તાલપત્રિકા-મૂસળી અને શીતક-મૂળ-અશનપર્ણીનું મૂળ-એટલાંને સમાન ભાગે લઈ તેઓને પીસી નાખી તેનો પ્રલેપ કફના સોજા પર લગાડવો (જેથી તે સોજો મટે છે). ૭૪

કફનો સોજો મટાડનાર ત્રીજો લેપ

कुष्ठच्छत्राकवल्कं च यातुमूलं त्रिकण्टकम्।
भद्रदारुं सुगन्धां च पिष्ट्वोष्णैः शोफमादिहेत् ॥७५

કઠ, છત્રાકની છાલ, યાતુકમૂળ-એક જાતનું શાક, ગોખરૂ, દેવદાર અને સુગંધા-સ્પૃક્કા કે એક જાતની તુલસી-એટલાંને સમાન ભાગે લઈ પીસી નાખીને ગરમ કરી તેઓ લેપ લગાડવો (તેથી કફનો સોજો મટે છે). ૭૫

કફજ સોજો મટાડનાર મૂલકાદિ લેપ

मूलकानि च शुष्काणि भद्रमुस्तं सशारिवम्।
गोमूत्रपिष्टो लेपोऽयं श्वयथोर्विनिवारणः ॥ ७६ ॥

સૂકા મૂળા, નાગરમોથ તથા શારિવા-ઉપલસરી-એટલાંને ગોમૂત્રમાં પીસી નાખી તેનો લેપ લગાડવાથી તે કફના સોજાને મટાડે છે.

કફના સોજા પર લેપ તથા સિંચન

पलाशभस्म चैकाङ्गलेपो गोमूत्रसंयुतः।
श्लैष्मिके श्वयथावेष परिषेको विधीयते ॥ ७७॥
पञ्चमूलश्रृतं तोयं गोमूत्रं वाऽपि केवलम्।

ખાખરાની ભસ્મને ગોમૂત્રમાં મિશ્ર કરી તેનો (સોજાવાળા) એક અંગ ઉપર લેપ લગાડવો; અથવા તેના વડે કફના સોજા ઉપર ચોપાસ સિંચન કરવું; અથવા (લઘુ કે બૃહત્) એકલા પંચમૂળનો ક્વાથ કરી તેના વડે કે ગોમૂત્ર વડે કફના સોજા પર સિંચન કરવું. ૭૭

નિંબાદિ ક્વાથમાં કરવાનું અવગાહન

निम्बाङ्कोठोरुपूगानां तर्कार्याः कुटजस्य च ॥७८
नक्तमालस्य वंशस्य पत्रक्वाथोऽवगाहनः।

લીંબડો, અંકોઠ, મોટી સોપારી કે એરંડમૂળ, અરણી, ઇંદ્રજવ, નક્તમાલ-કરંજ તથા વાંસનાં પાંદડાં-એટલાંનો ક્વાથ કરી તેમાં પ્રવેશ કરાય, તો તે કફના સોજાને મટાડે છે. ૭૮

કફનો સોજો મટાડનાર લેપ, સિંચન તથા અભ્યંગ-માલિસ

त्रिफला चित्रकवचे द्वे हरिद्रे कुठेरकः ॥ ७९ ॥
श्यामाखुपर्णीकटुकाकाकमाचीसुवर्चलाः ।
वार्ताकी निचुलं निम्बो विडङ्गं विश्वभेषजम् ॥८०
राह्ना पुनर्नवा मूर्वा कुष्ठं ध्याम्रनखं वृषम् ।
शिग्रुमूलमथार्कं च यथालाभं समाहृतैः ॥ ८१ ॥
गोमूत्रपिष्टैर्लेपः स्यात् क्वथितैः परिषेचनम् ।
एतैरेव द्रवैः पक्वैरभ्यङ्गः शोथनाशनः ॥ ८२ ॥

ત્રિફળા, ચિત્રક, વજ, બેય હળદર, કુઠેરક-ધોળી તુલસી, કાળું નસોતર, આખુપર્ણી-ઉંદરકની, કડુ, કાકમાચી-તે નામની એક જાતની પીલુડી, સુવર્ચલા-હુલહુલ, વંતાકડી, નિચુલ-હિજજલ કે સમુદ્રફળ, લીંબડો, વાવડિંગ, સૂંઠ, રાસ્ના, સાટોડી, મોરવેલ, કઠ, વાઘનખ, અરડૂસો, સરગવાનું મૂળ તથા આકડાનું મૂળ-એટલાંમાંથી જેટલાં મળે તેટલાં દ્રવ્યો (સમાન ભાગે) મેળવી ગોમૂત્રમાં પીસી નાખી તેઓનો લેપ લગાડવો; અથવા તે ઉપર્યુક્ત દ્રવ્યોને ઉકાળી તેના ક્વાથ વડે કફના સોજા પર ચોપાસ સિંચન કરવું; અથવા એ જ ઉપર્યુક્ત દ્રવ્યોને પ્રવાહીરૂપે પક્વ કરી તેના વડે માલિસ કરવું; એ કફના સોજાનોનાશ કરે છે. ૭૯-૮૨

કફના સોજાવાળાને આપવાનું વિરેચન

पटोलमूलं त्रिफला विडङ्गं रजनीति षट् ।
कार्षिकाः स्युस्तथैकस्माद् द्विगुणं रोचनीफलम् ॥
नीलिका त्रिगुणा देया त्रिवृता तु चतुर्गुणा ।
चूर्णमेतद्भवां मूत्रसंयुतं मात्रया पिबेत् ॥ ८४ ॥
काले विरिक्तो भुञ्जीत जाङ्गलानां रसेन तु ।

પરવરનાં મૂલ, ત્રિફળા, વાવડિંગ અને હળદર-એ છ દ્રવ્યો પ્રત્યેક એક એક તોલો લેવાં; અને રોચનીફલ-જમાલગોટા-એ એકને ઉપર્યુક્ત છયેથી બે ગણાં-બે તોલા લેવાં; તેમ જ ગળી ત્રણગણી અને નસોતર ચારગણું લઈ તે બધાંનું ચૂર્ણ કરી તેને યોગ્ય માત્રામાં ગોમૂત્રની સાથે મિશ્ર કરી તે પીવું; તેથી જેને વિરેચન થયું હોય તેવા કફજ સોજાના રોગીએ યોગ્ય સમયે જાંગલ પશુ-પક્ષીઓના માંસના રસની સાથે જમવું. ૮૩,૮૪

કફજ સોજા વગેરેને મટાડનારી ગોળીઓ

त्रिफला सरलं दारु रजन्यौ रोहिणी वचा ॥८५
पिप्पली पिप्पलीमूलं नागरातिविषे घनम् ।
क्षारद्वयं विडङ्गं च पाठाऽगरु सचित्रकम् ॥ ८६ ॥
अयोरजश्च चूर्णानि गोमूत्रेण विपाचयेत् ।
द्रा(क्षाव)लयमाहृत्य गुटिका बदरोपमाः ॥ ८७ ॥
कृत्वाऽथैकां ततो द्वे वा पिबेदुष्णेन वारिणा ।
मुच्यते कफजाच्छोफादेवं श्वयथुपीडितः ॥८८॥
एषा हि ग्रहणीदोषं पाण्डुरोगं कफात्मकम् ।
कफार्शांसि च वृद्धिं च प्रमेहं च शमं नयेत् ॥८९

ત્રિફળા-હરડે, બહેડાં અને આમળાં; સરલ-ચીડ, દેવદાર, બેય હળદર, રોહિણી-કડુ, વજ, પીપર, પીપરીમૂલ-ગંઠોડા, નાગર-સૂંઠ, અતિવિષ, ઘન-મોથ, બેય ક્ષાર-જવખાર અને સાજીખાર, વાવડિંગ, પાઠા-કાળીપાટ, અગર, ચિત્રક અને અયોરજસ્-લોહચૂર્ણ-મંડૂર કે લોહભસ્મ-એટલાં દ્રવ્યોને ચૂર્ણરૂપ કરી ગોમૂત્રની સાથે પકવવાં; પછી (તે ઘટ્ટ થાય ત્યારે) તેને દ્રાક્ષની સાથે પીસી નાખી તેની બોરના જેવડી ગોળીઓ બનાવવી; પછી કફજ સોજાના રોગીએ તે ગોળીઓમાંથી બે કે એક ગોળી ગરમ પાણી સાથે પીવી; એમ તે ગોળીના સેવનથી માણસ, કફજ સોજાથી છૂટી જાય છે; આ ગોળીને હરકોઈ સોજાથી પીડાયેલો માણસ સેવી શકે છે; વળી આ ગોળી ગ્રહણીના દોષને, કફજ પાંડુરોગને, કફજ અર્શોને, વધરાવળના રોગને તથા પ્રમેહને પણ મટાડે છે. ૮૫-૮૯

વાતકફ-દ્વન્દ્વજ શોથને મટાડનાર પંચમૂલાદિ તૈલમાલિસ

पञ्चमूलं वरुणकं सरलं देवदारु च ।
हस्तिकर्णपलाशश्च फलानि निचुलस्य च ॥ ९० ॥

पलाशः काकला काला गुडूची देवपुष्पकम्।
अहिंस्रा श्रेयसी हिंस्रा कृष्णगन्धा पुनर्नवा ॥ ९१
कायस्था च वयःस्था च चोरको जटिला जटा।
अलम्बुषं सोरुपूगं प्रपुन्नाडं सनागरम् ॥ ९२ ॥
शिग्रूगोंधापदी भार्गी तर्कारी शुष्कमूलकम्।
एतैः सिद्धं यथालाभं तैलमभ्यञ्जनैस्त्रिभिः ॥ ९३
निहन्त्युदीर्णश्वयथुं जन्तोर्वातकफोत्तरम्।

બૃહત્ પંચમૂલ-બીલી, અરડૂસો, ગાંભારી, પાડલ અને અરણી-એ પાંચનાં મૂળિયાં; વરુણક-વાયવરણો, સરલ-ચીડ, દેવદાર, 'હસ્તિકર્ણપલાશ' નામનો એક જાતનો ખાખરો અને પાણીમાં થતા 'નિચુલ' નામના નેતરનાં ફૂલ, ખાખરો, 'કાકલા' નામનું એક સાઠીધાન્ય, કાળું નસોતર, ગળો, લવિંગ, અહિંસા-કંટકપાલી, શ્રેયસી-હરડે, જટામાંસી, સરગવો, સાટોડી, આમળાં, વયઃસ્થા-હરડે, ચોરક નામનું સુગંધી દ્રવ્ય-ભટેઉર, જટામાંસી, ભોંયઆમળી, અલંબુષ-ભૂકદંબ, એરંડમૂલ, કુંવાડિયો, સૂંઠ, સરગવો, ગોધાપદી-હંસપદી, ભારંગી, અરણી અને સૂકા મૂળા-આમાંથી જેટલાં મળે તેટલાં દ્રવ્યોને એકત્ર ખાંડી-કૂટી તેઓનો કવાથ કરી તેમાં પકવેલ તલની તેલના માલિસ કરવાથી ત્રિદોષજ કે વાતકફપ્રધાન-દ્વંદ્વજ સોજાનો નાશ થાય છે. ૯૦-૯૩

હરકોઈ સોજાને મટાડનાર હરિદ્રાદિ તૈલ

उभे हरिद्रे मञ्जिष्ठा यष्टीमधुकचन्दनम् ॥९४॥
पिप्पल्यो बालकं चैव पीतद्रुः पद्मकं तथा।
मांस्युशीरं सतगरमेलाऽगरु कुटन्नटम् ॥ ९५ ॥
श्रावेष्टकं सर्जरसं मूर्वाकुष्ठप्रियङ्गवः।
एतैस्तैलं विपक्तव्यमभ्यङ्गाच्छोथनाशनम् ॥९६॥

બેય હળદર, મજીઠ, જેઠીમધ, ચંદન-રતાંજળી, પીપર, સુગંધી વાળો, પીતદ્રુ-સરલકાષ્ઠ-ચીડ, પદ્મકાષ્ઠ, જટામાંસી, ઉશીર-વાળો, તગર, એલચી, અગર, નાગરમોથ, શ્રીવેષ્ટક-સરલનિર્યાસ-ગંધ બિરોજા, સર્જરસ-રાળ, મોરવેલ, કઠ અને પ્રિયંગુ-ધઉંલા-એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ તેઓનો કલ્ક કે કવાથ બનાવી તેમાં તલનું તેલ પકવવું; તેનું માલિસ કરવાથી હરકોઈ સોજાનો તે નાશ કરે છે. ૯૪-૯૬

શોથરોગના ઉપદ્રવો અને ચિકિત્સાનો ઉપસંહાર

क्रियैषा दोषजस्योक्ताऽऽगन्तोर्वैसर्पवत् क्रिया।
अग्निसादो ज्वरस्तृष्णा कार्श्यारुचितमोभ्रमाः ॥९७
श्वासव्रणातिसाराश्च स्वैश्चिकित्स्या उपद्रवाः ॥९८

ઉપર જણાવેલી શોથની ચિકિત્સા દોષજ શોથની કહી છે; પરંતુ જે આગંતુ શોથ-બાહ્ય કારણોથી ઉત્પન્ન થાય છે, તેની ચિકિત્સા તો રતવાની જે ચિકિત્સા પહેલાં કહી છે, તે જ સમજવી જોઈએ. અગ્નિસાદ-જઠરના અગ્નિની મંદતા, જ્વર, વધુ પડતી તરશ, કૃશપણું, અરુચિ, તમસ્-આંખથી અંધારાં દેખાય, ભ્રમ-ચકરીનો રોગ, શ્વાસ, વ્રણ અને અતિસાર-વધુ પડતા ઝાડા-એટલા શોથરોગના ઉપદ્રવો કહ્યા છે અને તેઓની ચિકિત્સા તેઓની પોતપોતાની જે કહી છે, તે જ કરવી. ૯૭,૯૮

इति ह स्माह भगवान् कश्यपः ॥ अत्र

એમ ભગવાન કશ્યપે જ ખરેખર કહ્યું હતું.

इति श्रीकाश्यपसंहितायां खिलस्थाने 'श्वयथु-चिकित्सित' ऐ नामनो अध्याय १७ मो समाप्त

शूलचिकित्सा : અધ્યાય ૧૮ મો

अथातः शूलचिकित्सितं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી 'શૂલની ચિકિત્સા'નું અમે વ્યાખ્યાન કરીશું, એમ ખરેખર ભગવાન કશ્યપે કહ્યું હતું. ૧,૨

શૂલરોગનું નિદાન તથા સંપ્રાપ્તિ

क्षोभात्रासाध्ययनातिप्रसङ्गात्,
क्षुत्काले चाल्पभसः पानदोषात्।
वेगानां वा निग्रहाद्यानयाना-,
दामाद् भ्रंशाद्रूक्षधान्याशनाद्वा ॥ ३ ॥

कुद्धो वायुः कर्तनायामतादैः,
कम्पाध्मानैराविशन् कुक्षिदेशे ।
शूलं पित्तेनान्वितः श्लेष्मणा वा,
द्वाभ्यां वाऽपि प्रेर्यमाणः करोति ॥ ४ ॥

ક્ષોભ એટલે કે ગભરામણ થવાથી, ત્રાસ કે ભયથી, અધ્યયન–ભણવાનો અતિયોગ થવાથી એટલે કે ખૂબ વધુ અધ્યયન કે વિદ્યાભ્યાસ કરવાથી, ભૂખ લાગી હોય તે વખતે વધુ પડતું પાણી પીવારૂપ દોષ કરવાથી, આવેલા (મળ–મૂત્રાદિના) વેગોને રોકવાથી, વાહનપર વધુ મુસાફરી કરવાથી, આમદોષ કે આમવિષના કારણથી, કોઈ ઠેકાણે પડી જવાથી અથવા લૂખાં ધાન્યો ખાવાથી વાયુ વિકાર પામે છે અને પછી તે વિકાર પામેલો વાયુ, કુક્ષિપ્રદેશમાં એટલે કે પેટમાં–કોઠાની અંદર વાઢ, આયામ–બંધન કે લાંબા પુરાઈ રહેવું કે અતિશય ફેલાવું, તોદ એટલે કે સોય ભોંકયા જેવી પીડા, કંપ, આધ્માન કે આફરો વગેરે ઉપજાવીને ચોપાસ પ્રવેશે છે; એમ તે વાયુ પિત્તની સાથે અથવા કફની સાથે જોડાઈ ને અથવા તે બેયથી પ્રેરણા પામીને 'શૂલ' નામનો રોગ–એટલે કે પેટમાં જાણે સોયા ભોંકાતા હોય એવી પીડાને કરે છે. ૩,૪

શૂલરોગના ચાર ભેદો

वाताच्छूलं क्षुधितस्योग्ररूपं, घोरैर्वेगैर्यन्निरुच्छ्वासकर्तृ । विद्याद् भुक्ते जीर्यति स्वेददाह-, तृष्णार्तस्य प्रततं पित्तशूलम् ॥ ५ ॥

मन्दाबाधं स्तिमितं भुक्तमात्रे, कफोद्रेकात् स्तम्भहृल्लासकर्तृ । विद्याच्छूलं सन्निपाताच्चतुर्थं, सर्वैर्लिङ्गैर्दुःसहं तत्त्वसाध्यम् ॥ ६ ॥

ભૂખ્યા માણસને વાયુના પ્રકોપથી જે ઉગ્ર સ્વરૂપવાળું શૂળ ઉત્પન્ન થાય છે, તે ઘોર વેગો વડે માણસને શ્વાસોચ્છ્વાસની ક્રિયાથી રહિત બનાવી છે; (તે વાતિકશૂલ કહેવાય છે;) બીજું જે પિત્તશૂલ છે તે જમ્યા પછી માણસે ખાધેલો ખોરાક પચવા માંડ્યો હોય ત્યારે થાય છે. એમાં રોગીને વધુ પડતો પરસેવો, દાહ તથા તરશ ઉત્પન્ન થાય છે; (તે બીજું પિત્તજ શૂલ કહેવાય છે;) જે શૂલ માણસ જમ્યો લે કે તરત જ ઉત્પન્ન થાય, જેમાં પીડા ઓછી હોય અને જે શૂલમાં માણસ જાણે ભીનાં કપડાંથી લપેટ્યો હોય, એવો થઈ જાય–તે કફની અધિકતાથી થયેલું કફજ શૂલ, માણસને સજ્જડ કરી નાખે છે અને ઉલ્લાસ–મોળ અથવા કફના ઉછાળાઓને કરે છે; અને ચોથું શૂલ, સંનિપાત–એટલે કે ત્રણે દોષોના એકીસાથે સમાનપણે એકત્ર થવાથી ઉત્પન્ન થાય છે; તેને સાંનિપાતિક શૂલ જાણવું. એ સાંનિપાતિક શૂલ બધાયે દોષોથી ઉત્પન્ન થઈને બધાયે દોષોનાં લક્ષણોવાળું હોય છે અને દુઃખથી સહન થઈ શકે એવું હોઈ અસાધ્ય હોય છે–તેમાં કોઈ ઉપચાર કામ કરતા નથી, તેથી કોઈ પણ ચિકિત્સાથી તે મટતું નથી. ૫,૬

વાતિકશૂલની પ્રાથમિક ચિકિત્સા

वायुः प्रोक्तो बलवानुग्रवेगः, सोऽयं कुद्धो देहमाश्वेव हन्ति । तस्मादादावर्दितं वातशूले-नाऽभ्यक्ताङ्गं स्वेदयेदाशु वैद्यः ॥ ७ ॥

वातघ्नोष्णैरवगाहोपनाहैः, पिण्डस्वेदैरुष्णकैः पायसैर्वा ।

મનુષ્યમાત્ર કે હરકોઈ પ્રાણીના શરીરમાં વાયુ બળવાન ગણાય છે અને તેનો વેગ પણ ઉગ્ર હોય છે; તેથી એ વાયુ જો કોપ એટલે કે વિકારયુક્ત થઈ વધી જાય તો હરકોઈ પ્રાણીના શરીરનો તરત જ નાશ કરે છે; એ કારણે જે માણસ તે વાયુના શૂલરૂપી વિકારથી પીડાયો હોય તેની સૌ પહેલાં જ ચિકિત્સા કરવી; જેમ કે વાતિક શૂલના રોગીના અંગને વૈદ્યે પ્રથમ (વાતનાશક) તેલ આદિ સ્નેહથી માલિસ કરવું અને પછી તરત જ વાતનાશક ગરમ અવગાહન–કવાથ વગેરેમાં પ્રવેશ દ્વારા, ઉપનાહ–પોટીસ બાંધવા દ્વારા, પિંડસ્વેદ અથવા ગરમ પાયસ–ખીર વડે સ્વેદ–બાફ કે શેક અપાવવો. ૭

ણાદીનાં જાઙ્ગલાનાં રસાંશ્ચ, લાવાદીનાં
चान्वितान् सैन्धवेन ॥ ૮ ॥

स्निग्धोष्णाम्लान् शीलयेद्वातशूली, वातघ्नैर्वा
साधितं क्षीरमुष्णम् ॥ ૯ ॥
तैलं शुक्तं मस्तु सौवीरकं च,
पिबेच्छूली सह सौवर्चलेन ।

તે ઉપરાંત વાતશૂલનો રોગી જો માંસાહારી હોય તો તેણે એણ-મૃગ આદિ જાંગલ-પશુપક્ષીઓ વગેરેના તેમ જ લાવાં પક્ષીઓના માંસરસોને લવણથી યુક્ત તેમ જ સ્નેહથી તથા ખટાશથી પણ યુક્ત કરી ગરમ ગરમ સેવવા; ઉપરાંત વાયુનાશક ઔષધદ્રવ્યો નાખી પકવેલું ગરમ દૂધ પીવું; અને તલનું તેલ, શુક્ત-સિરકો, મસ્તુ-દહીંની ઉપરનું પાણી તથા સૌવીરક-કાંજીને સંચળથી યુક્ત કરી પીવી. ૮,૯

श्यामां शुण्ठीं सैन्धवं तुम्बुरूणि,
हिङ्गु क्षारं यावशूकं विडं च ॥ ૧૦ ॥
श्लक्ष्णं पिष्ट्वा प्रवराढ्यं शर्टिं च,
पेयं कोष्णं चाम्भसा वातशूले ।

તેમ જ વાતશૂલના રોગીએ કાળુંનસોતર, સૂંઠ, સૈંધવ, તુંબરુ-નેપાળી ધાણા અથવા તેજબલ, હિંગ, સાજીખાર, જવખાર અને બિડલવણ-એટલાં દ્રવ્યોને બારીક પીસી નાખી તેમાં અગર તથા શટકચૂરાના ચૂર્ણને પણ મિશ્ર કરી સહેવાય તેવા ગરમ પાણી સાથે પીવાં જોઈએ. ૧૦

પિત્તજશૂલની ચિકિત્સા

क्षीरं पीत्वा शीतलं पित्तशूली,
वमेत् कामं शर्करावारिणा वा ॥ ૧૧ ॥
शूलार्ते वा शङ्खकुन्देन्दुगौरै-,
र्मुक्ताहारैः संस्पृशेत् पङ्कजैर्वा ।
रौप्यैः कांस्यैः स्फाटिकैः काञ्चनैर्वा,
तोयात् सिक्तैर्भाजनैश्चन्द्रशीतैः ॥ ૧૨ ॥
यस्मिञ्छूलं संस्पृशेत्तं प्रदेशं,
भूयो भूयः कदलीनां दलैर्वा ।
मृद्वीं शय्यां विसिनीपत्रभक्ति-,
न्यासोपेतां चन्दनाम्बुप्रसिक्ताम् ॥ ૧૩ ॥
शीते वेश्मन्यहतां सोपधानां,
सेवेतान्तःप्रस्फुरत्पद्मपत्राम् ।

પિત્તજ શૂલના રોગીએ શીતલ દૂધ પીને અથવા પોતાની ઇચ્છાનુસાર સાકરનું પાણી પીને વમન કરવું; અથવા એ પિત્તજશૂલથી પીડાયેલાને વૈદ્યે શંખને, મોગરાનાં પુષ્પોને, ચન્દ્રના જેવા ઉજ્જ્વળ મોતીઓના હારોને, કમળોને, રૂપાંને, કાંસાને, સ્ફટિકને તથા સુવર્ણનાં પાત્રો વગેરેને પાણીથી છાંટીને ચંદ્ર જેવાં શીતલ બનાવી તેઓના વડે સારી રીતે (શૂલના સ્થાને) સ્પર્શ કરવો; અથવા તે ઉપરાંત જે પ્રદેશમાં શૂલ નીકળતું હોય તે પ્રદેશને કેળનાં પાન વડે વારંવાર સ્પર્શ કરવો; તેમ જ એ પિત્તના શૂલના રોગીએ કોમળ શય્યા પર કમળની પાંખડીઓની રચના કરી અથવા તે પાંખડીઓ પાથરીને તેની ઉપર ચંદનનું શીતલ પાણી છાંટીને તેનું સેવન કરવું અને તે શય્યાને પણ શીતલ ઘરમાં સ્વચ્છતા યુક્ત અને ઓશીકાં સાથે પાથરી તેની ઉપર અંદરના ભાગમાં વચ્ચે વિકસિત કમળની પાંખડીઓ બિછાવી તેની ઉપર શયન કરવું. ૧૧-૧૩

પિત્તશૂલની વધુ ચિકિત્સા

हृद्याः शीता मधुरा भेदनीयाः,
पेयाः सिद्धाः शीतला वा कषायाः ॥ ૧૪ ॥
क्षौद्रोन्मिश्राः स्वादवः पित्तशूल-
स्योच्छेदार्थं शर्कराचूर्णयुक्ताः ।

વળી તે પિત્તજ શૂલના રોગીએ હૃદયને પ્રિય, મધુર અને ઝાડો છૂટો કરે એવી પેયાઓ પકવીને પીવી અથવા શીતલ કષાયો-ક્વાથો પીવા; તે પેયાઓ કે ક્વાથોને મધ મિશ્ર કરી સ્વાદિષ્ટ કરવા અને પિત્તનું શૂલ મટાડવા માટે તેમાં સાકરનું ચૂર્ણ પણ મિશ્ર કરવું. ૧૪

કફજશૂલની ચિકિત્સા

सामे सोत्क्लेशे भोजने वा विदग्धे,
संशुद्ध्यर्थं सैन्धवोष्णोदकेन ॥ ૧૫ ॥
कुर्यात् कामं वमनं श्लेष्मशूले,
वान्तं चैनं लङ्घितं सुप्रतान्तम् ।

क्षारोपेतं पाययेत् पाचनीयं,
पिप्पल्यादिक्काथमुष्णं सहिङ्गु ॥ १६ ॥
तत्सिद्धां वा भोजयेत्तं यवागूं,
संसृष्टान्नः क्रमशो वा निषेवेत् ।
चूर्णं सर्पिर्वटकक्षारवस्तीन्,
कल्ककाथान् भागशः कल्पशश्च ॥ १७ ॥

કફજશૂલમાં સાથે આમ હોય અથવા કફના ઉછાળા પણ જો સાથે આવતા હોય અથવા ખોરાક વિદગ્ધ થઈ બરાબર પચતો ન હોય તો સંશુદ્ધિ કરવા માટે સૈન્ધવ નાખેલું ગરમ પાણી પોતાની ઇચ્છા પ્રમાણે પીને વમન કરવું, અને એ રીતે વમન જેણે કર્યું હોય તે રોગીને લંઘન પણ કરાવવું; એમ લંઘન કરાવ્યા પછી તે રોગીને અતિશય પાતળો, પાચનીય, પીપર આદિનો ગરમ ક્વાથ ક્ષારથી યુક્ત અને હિંગ સહિત તૈયાર કરી પાવો; અથવા એ પાચનીય ક્વાથમાં પકવેલી રાબ તે રોગીને જમાડવી; અથવા તે રોગીએ અનુક્રમે ભોજનમાં સંસર્જન-ક્રમ સેવવો; તે ઉપરાંત (કફનાશક) ચૂર્ણ, ઘી, ગોળીઓ, ક્ષારો, બસ્તિઓ, કલ્કો તથા ક્વાથોને પણ વિભાગવાર કલ્પ અનુસાર સેવવા જોઈએ.

કફશૂલને મટાડનાર હિંગ્વાદિ સિદ્ધયોગ

शूलाटोपानाहगुल्मामयघ्नं,
सिद्धं प्रोक्तमृषिभिर्ध्यानयोगात् ॥ १८ ॥
हिङ्गपाठात्रिकटुकक्षारसैन्धवचित्रकान् ।
हपुषामभयां चव्यमजाजीधान्यपुष्करान् ॥ १९ ॥
अम्लवेतसवृक्षाम्लयवानीदाडिमानि च ।
शटिं सौवर्चलं चैव सूक्ष्मचूर्णानि कारयेत् ॥ २० ॥
एतद्धि चूर्णमुष्णाम्बुदधिमस्तुसुरासवैः ।
पीतमानाहहृद्बस्तिशूलगुल्मार्तिनाशनम् ॥ २१ ॥

વળી ઋષિઓએ શૂલનો, પેટના ગડગડાટનો, મળબંધનો તથા ગુલ્મ રોગનો નાશ કરનાર જે આ સિદ્ધયોગ, ધ્યાન-યોગથી જોયો છે, તેનો પણ કફજ શૂલમાં રોગીને પ્રયોગ કરાવવો; જેમ કે-હિંગ, કાળીપાટ, ત્રિકટુક-સૂંઠ, મરી અને પીપર; ક્ષાર-સાજીખાર કે જવખાર, સૈન્ધવ, ચિત્રક, હપુષા-હાઉબેર, હરડે, ચવક, અજાજી-અજમો, ધાણા, પુષ્કરમૂલ, અમ્લવેતસ, આમલી, કોકમ, યવાની-અજમો, દાડમદાણા, શટકચૂરો તથા સંચળ-એટલાંને સમાન ભાગે લઈ ચૂર્ણ કરવું; અને પછી તેને ગરમ પાણી કે દહીંની ઉપરનું પાણી, મદ્ય કે આસવરૂપ અનુપાન સાથે (યોગ્ય માત્રામાં) જો પીધું હોય તો મલબંધ, બસ્તિશૂલ તથા ગોળાના રોગની પીડાનો તે નાશ કરે છે. ૧૮-૨૧

ઉપર જણાવેલ સિદ્ધ યોગ બરોળ વગેરે પણ મટાડે

प्लीहार्शोग्रहणीदोषकासश्वासानुरोग्रहम् ।
मातुलुङ्गरसैर्युक्तं हन्ति मूत्रग्रहं तथा ॥ २२ ॥

ઉપર દર્શાવેલ સિદ્ધ ચૂર્ણ યોગને બિજોરાંના રસની સાથે સેવવાથી તે પ્લીહા-બરોળનો રોગ, અર્શસ્નો રોગ, ગ્રહણીનો દોષ, કાસ-ઉધરસ, શ્વાસ-દમ, છાતીનું બલાવું તથા મૂત્રગ્રહ-મૂત્રકૃચ્છ્રને પણ મટાડે છે. ૨૨

શૂલ આદિ ઘણા રોગોને મટાડનાર અમ્લવેતસ આદિની ગોળીઓ

अम्लवेतसवृक्षाम्लयवानीक्षारचित्रकम् ।
हिङ्गचव्योषकशटीजीवन्तीत्रिकटूनि च ॥ २३ ॥
पिप्पलीं पिप्पलीमूलं बदरं शिरिवारिकाम् ।
नागदन्तीं च बिल्वं च तथा लवणपञ्चकम् ॥ २४ ॥
समभागानि मतिमान् सूक्ष्मचूर्णानि कारयेत् ।
रसेन मातुलुङ्गस्य वटकान् कारयेत्ततः ॥ २५ ॥
गुल्मोदावर्तशूलेषु पिबेदेतान्महागुणान् ।
सुखोष्णवारिमद्याम्लैर्मूत्रकृच्छ्रे तथैव च ॥ २६ ॥
हृद्रोगेषु गुदभ्रंशमेढ्रबस्तिरुजासु च ।

અમ્લવેતસ, વૃક્ષામ્લ-આમલી કે કોકમ, યવાની-અજમો, ક્ષાર-સાજીખાર કે જવખાર, ચિત્રક, હિંગ, ચવક, માટીરૂપ ક્ષાર-ખારો કે ટંકણખાર, ઉષક, શટકચૂરો, જીવંતી-ખરખોડી, ત્રિકટુ-સૂંઠ, મરી અને પીપર; પીપર, પીપરીમૂળ-ગંઠોડા, સૂકાં

ઓર, શિરિવારિકા–ચાંગેરી ખારીલૂણી, નાગદંતી–જાડાં મૂળિયાંવાળો નેપાળો, બિલ્લફલ તથા પાંચ લવણો–સૈંધવ, સંચળ, દરિયાઈ લૂણ, બિડલવણ તથા ઉદ્ભિજ્જ લવણ–એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ બુદ્ધિમાન વૈદ્યે તેઓનું ચૂર્ણ બનાવી તેમાં બિજોરાંનો રસ મેળવી ગોળીઓ બનાવી લેવી; પછી મહાગુણવાળી તે ગોળીઓને ગુલ્મરોગ, ઉદાવર્ત રોગ તથા શૂલરોગમાં સહેવાય તેવા ગરમ પાણીની સાથે, મદ્ય સાથે કે કાંજીની ખટાઈની સાથે પીવી; તેમજ મૂત્રકૃચ્છ્રમાં, હૃદયના રોગમાં, ગુદભ્રંશ રોગમાં, મેઢ્ર–પુરુષના લિંગરોગમાં તથા બસ્તિ–મૂત્રાશયના રોગમાં પણ ઉપર તે ગોળીઓને ઉપર દર્શાવેલ અનુપાન સાથે સેવી શકાય છે. ૨૩–૨૬

શૂલ તથા આટોપને મટાડનાર બિડ–આદિ ચૂર્ણયોગ

विडदाडिमहिङ्गूनि सैन्धवं मरिचं तथा ॥ २७॥
मातुलुङ्गरसैर्युक्तं शूलाटोपहरं पिबेत् ।

બિડ–લવણ, દાડમ, હિંગ, સૈંધવ તથા કાળાં મરી સમાન ભાગે લઈ ચૂર્ણ કરી તે ચૂર્ણને બિજોરાંના રસની સાથે જે પીએ, તેના શૂલરોગને તથા આટોપ–પેટના ગડગડાટને તે મટાડે છે. ૨૭

નિત્ય સેવવા યોગ્ય ઉત્તમ પથ્યયોગ

एतानि व्योषपृथ्वीकाचव्यचित्रकसैन्धवैः ॥ २४ ॥
साजाजिपिप्पलीमूलयुतैर्वा पथ्यमुत्तमम् ।

ઉપર દર્શાવેલ પ્રયોગમાં વ્યોષ–ત્રિકટુ–સૂંઠ, મરી અને પીપર, પૃથ્વીકા–જીરું કે મોટી એલચી, ચવક, ચિત્રક, સૈંધવ, કાળી જીરી તથા પીપરીમૂલ–ગંઠોડાને સમાન ભાગે લઈ ચૂર્ણ કરી તે મેળવી તેનો પ્રયોગ ઉત્તમ પથ્ય બને છે. ૨૮

બળવાન શૂલને ક્ષણવારમાં મટાડનાર સૌવર્ચલાદિ યોગ

सौवर्चलवचाहिङ्गुन्यूषणं सहरीतकम् ॥ २९ ॥
सुरेशयवसंयुक्तं हन्ति शूलबलं क्षणात्

સૌવર્ચલ–સંચળ, વજ, હિંગ, ત્રિકટુ–સૂંઠ, મરી અને પીપર; હરડે તથા ઇંદ્રજવ–એટલાંને સમાન ભાગે લઈ તેઓનું ચૂર્ણ (પાણી સાથે) લેવાથી ક્ષણવારમાં શૂલ રોગના બળનો તે નાશ કરે છે. ૨૯

શૂલ તથા ગોળો મટાડનાર ક્ષારયોગ

पलिकान् घृतसंयुक्तान् सक्तुसैन्धवचित्रकान् ॥३०
वचां चैवैकतः कृत्वा कटाहे प्रदहेद्भिषक् ।
प्रदीप्तमवतार्याथ तं क्षारं मात्रया पिबेत् ॥ ३१ ॥
तण्डुलोदकसंयुक्तं शूलगुल्मरुजापहम् ।

સાથવો, સૈંધવ, ચિત્રક તથા વજ–એ પ્રત્યેકને એક એક પલ–ચાર ચાર તોલા લઈ ચૂર્ણ રૂપે એકત્ર કરી વૈદ્યે લોઢાની કડાઈમાં નાખી ચૂલા પર મૂકી નીચે અગ્નિ પ્રજ્વલિત કરી બાળવા માંડવાં; તે જ્યારે પ્રદીપ્ત થાય એટલે કે ભડકે બળી જાય ત્યારે તેને અગ્નિ પરથી નીચે ઉતારી લઈ તે ક્ષારરૂપ ભસ્મને યોગ્ય પ્રમાણમાં લઈ ચોખાના ધોણ સાથે પીવાથી તે શૂલ તથા ગુલ્મ–ગોળાના રોગની પીડાનો નાશ કરે છે. ૩૦,૩૧

શૂલરોગને મટાડનાર એરંડતૈલ કે ક્ષારનો પ્રયોગ

पञ्चमूलयवक्वाथयुक्तमेरण्डजं पिबेत् ॥ ३२ ॥

એ જ પ્રમાણે એરંડિયું તેલ અથવા એરંડમૂલનો ક્ષાર પંચમૂલ તથા જવના ક્વાથ સાથે જે માણસ પીએ, તેનો પણ શૂલરોગ તથા ગુલ્મરોગ મટે છે. ૩૨

શૂલ તથા બરોળ રોગને મટાડનાર તલના તેલનો પ્રયોગ

तैलं वाय्वात्मके शूले द्राक्षाक्वाथयुतं तथा ।
सशर्करं पित्तशूले पित्तगुल्मे प्लिहेषु च ॥ ३३॥

વાયુપ્રધાન શૂલરોગમાં દ્રાક્ષના ક્વાથ સાથે તલનું તેલ પીવું; પિત્તપ્રધાન શૂલ રોગમાં સાકરના ચૂર્ણ સાથે તલનું તેલ પીવું અને પિત્તપ્રધાન ગુલ્મરોગમાં તથા બરોળના રોગમાં પણ સાકરના ચૂર્ણથી યુક્ત તલનું તેલ પીવું. ૩૩

વાતિક શૂલ. ગુલ્મ આદિને મટાડનાર અમૃતતુલ્ય ઘૃત

दाडिमव्योषहपुषापृथ्वीकाक्षारचित्रकैः ।
साजाजिपिप्पलीमूलचव्यदीप्यकसैन्धवैः ॥ ३४ ॥
समांशैर्विपचेत् सर्पिः सक्षीरं मृदुनाऽग्निना ।
कोलमूलकयूषेण संयुक्तं वातगुल्मनुत् ॥ ३५ ॥
शूलानाहश्वासकासविषमज्वरहृद्ग्रहान् ।
अरुचिग्रहणीदोषशूलपाण्ड्वामयांस्तथा ॥ ३६ ॥
योनिदोषांश्च हन्त्येतदमृतप्रतिमं घृतम् ।

દાડમના દાણા, વ્યોષ–ત્રિકટુ–સૂંઠ, મરી અને પીપર, હપુષા–હાઉવેર, પૃથ્વીકા–મોટી એલચી, સાજીખાર, ચિત્રક, અજાજી–કાળી જીરી, પીપરીમૂલ, ચવક, અજમો તથા *સૈંધવ–એટલાંને સમાન ભાગે લઈ તેઓને* અધકચરાં કરી તેમાં (ચારગણું) દૂધ અને એક ભાગ ઘી નાખી તે બધાંને ધીમા તાપે પકવવાં; તેમાંનું પ્રવાહી (દૂધ) બળી જાય એટલે તેને અગ્નિ પરથી નીચે ઉતારી ગાળી લઈ ને તે ઘીમાંથી યોગ્ય માત્રા લઈ બોરડીના મૂળના યૂષ સાથે પીવાથી તે વાતિક ગુલ્મરોગને મટાડે છે; તેમ જ વાતિક શૂલરોગનો, આનાહ–મલબંધનો, શ્વાસ-રોગનો, કાસ–ઉધરસનો, વિષમજ્વરનો, હૃદયના બલાવાનો, અરુચિનો, ગ્રહણીના દોષનો, શૂલનો, પાંડુરોગનો તથા યોનિના દોષોનો પણ આ અમૃતતુલ્ય ઘી નાશ કરે છે. ૩૪–૩૬

શૂલ આદિ રોગને મટાડનાર બિલ્વાદિ ઘૃત

बिल्वकुष्ठयवक्षारवचाचित्रकसैन्धवैः ॥ ३७ ॥
यनीयकविडव्योषतिन्तिडीकाम्लवेतसैः ।
हिङ्गुसौवर्चलाजाति(जि)दाडिमेन्द्रयवैस्तथा ॥३८
पुनर्नवाकारवीभ्यां हंसपद्या च साधितम् ।
घृतं चतुर्गुणे दध्नि शुक्रकाति(जि)कसंयुतम् ॥३९
द्विपञ्चमूलकोलानां कुलत्थानां रसेन च ।
शूलगुल्मानिलोत्कम्पग्रन्थीनर्दितहृद्ग्रहान् ॥ ४०
वातकुण्डलिकावर्तमेतत् सर्पिरपोहति ।

બિલ્વફળ, કઠ, જવખાર, વજ, ચિત્રક, સૈંધવ, એનીયક (અપ્રસિદ્ધ છે), બિડ-લવણ, વ્યોષ–ત્રિકટુ–સૂંઠ, મરી અને પીપર; તિંતિડીક–આંબલી કે કોકમ, અમ્લવેતસ, હિંગ, સંચળ, અજાજી–જીરું, દાડમદાણા, ઇંદ્રજવ, સાટોડી તથા કારવી–કાળી જીરી *તથા હંસપદી–એટલાં દ્રવ્યોને સમાન ભાગે* લઈ ચૂર્ણ કરી તેમાં ઘીથી ચારગણું દહીં તથા દહીંથી એક ભાગ ઘી મિશ્ર કરી તેમાં શુક્ત–સિરકો તથા કાંજી મિશ્ર કરી તે બધું અગ્નિ પર પકવવું; તેમાંનું પ્રવાહી બળી જતાં પક્વ થયેલા તે ઘીને ગાળી લઈ તેમાંની યોગ્ય માત્રા દશમૂલના, બોર-ના તથા કળથીના ક્વાથ–રસની સાથે જો પિવાય, તો એ ઘી, વાતિક શૂલરોગને, ગુલ્મરોગને, વાતિક–કંપરોગને, ગાંઠના રોગને, અર્દિત નામના મોઢાના લકવાના રોગને, હૃદયના બલાવાને, વાતકુંડલિકા રોગ-ને તેમ જ આવર્ત–ચકરીના (ભ્રમ) રોગને પણ મટાડે છે. ૩૭–૪૦

શૂલ આદિનો નાશ કરનાર દશાંગ ઘૃત

सौवर्चलयवक्षारवचात्र्यूषणचित्रकैः ॥ ४१ ॥
हरीतकीविडङ्गाभ्यां पयसा चैव साधितम् ।
संयुक्तं भद्ररोहिण्या दशाङ्गं शूलनुद् घृतम् ॥४२
प्लीहगुल्मकृमिश्वासकासहिक्काविनाशनम् ।

સંચળ, જવખાર, વજ, ત્ર્યૂષણ–સૂંઠ મરી અને પીપર; ચિત્રક, હરડે, વાવડિંગ–એટલાંને સમાન ભાગે લઈ ચૂર્ણ કરી તેની સાથે ઘીથી ચારગણું દૂધ મેળવી તેનાથી એક ભાગે ઘી પણ મિશ્ર કરી તે બધું પકવવું; પ્રવાહી બળી જતાં પક્વ થયેલું આ 'દશાંગ' નામનું ઘી યોગ્ય માત્રામાં પીધું હોય તો બરોળ, ગોળો, કૃમિ, શ્વાસ રોગ, કાસ–ઉધરસ તથા હિક્કા–હેડકીના રોગનો નાશ કરે છે. ૪૧,૪૨

શૂલરોગને તરત મટાડનાર ફલવર્તિ

शतपुष्पावचाकुष्ठपिप्पलीफलसैन्धवैः ॥ ४३ ॥
सर्षपद्वयसंयुक्तां फलवर्तिं प्रयोजयेत् ।
एषाऽऽध्मानमुदावर्तं शूलं चाशु व्यपोहति ॥४४

उष्णोदकस्नेहयुक्तं मूत्रक्षौद्राम्लकाञ्जिकैः ।
संयोज्यैकत्र मतिमानेभिश्चूर्णैः समावपेत् ॥ ४५ ॥

શતપુષ્પા-સુવા, વજ, કઠ, પીપર, મીંઢળફળ, સૈંધવ અને ધોળા તથા પીળા બેય સરસવ-એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ એકત્ર પીસી નાખી તેની વાટ બનાવી પ્રયોગ કરવો; આ વાટનો પ્રયોગ કરવાથી તે આધ્માન-આફરો, ઉદાવર્ત તથા શૂલ-રોગને તરત જ દૂર કરે છે; આ ફલવર્તિ બનાવતી વેળા બુદ્ધિમાન વૈદ્યે ઉપર જણાવેલ ચૂર્ણમાં ગરમ પાણી તથા સ્નેહ-તેલ પણ મેળવીને ગોમૂત્ર, મધ તથા ખાટી કાંજીને પણ નાખવાં જોઈએ. ૪૩-૪૫

વિવરણ : અહીં દર્શાવેલ ફલવર્તિ-વાટનું લક્ષણ બીજા આયુર્વેદીય ગ્રંથમાં આ પ્રમાણે મળે છે-'घृताभ्यक्ते गुदे क्षिप्ता श्लक्ष्णा स्वाङ्गुष्ठसंनिभा । मलप्रवर्तिनी वर्तिः फलवर्तिश्च सा स्मृता ॥'-ઔષધ-દ્રવ્યોના ચૂર્ણની જે સુંવાળી વાટ ઘીથી ચોપડેલી ગુદામાં નખાય છે અને તેનું પ્રમાણ રોગીના પોતાના અંગૂઠા જેવડું હોય છે અને તેને ગુદામાં નાખતાં અંદરના મળને બહાર લાવે છે તે 'ફલ-વર્તિ' કહેવાય છે. ૪૩-૪૫

શૂલ વગેરેને મટાડનાર ચૂર્ણબસ્તિયોગ

शताह्वापिप्पलीकुष्ठवचानां देवदारुणः ।
पूतीकस्य हरेणूनां बिल्वानां मदनस्य च ॥४६॥
शूलानाहविबन्धघ्नमिमं बस्तिं प्रदापयेत् ।
आस्थापनप्रमाणेन स्निग्धस्विन्नस्य देहिनः ॥४७॥
संरुद्धे वायुना मूत्रे प्रतिस्तब्धे तथोदरे ।
पुरीषे च विमार्गस्थे चूर्णबस्तिरयं हितः ॥ ४८ ॥

જે રોગીને પ્રથમ સ્નેહનથી સ્નિગ્ધ કર્યો હોય અને સ્વેદનથી સ્વેદયુક્ત કર્યો હોય તેને આસ્થાપન બસ્તિના પ્રમાણ અનુસાર આ ચૂર્ણબસ્તિનો પ્રયોગ કરાવવો જોઈએ; આ ચૂર્ણબસ્તિપ્રયોગ શૂલનો, મલબંધનો તથા કબજિયાતનો પણ નાશ કરે છે; વળી જ્યારે વાયુના કારણે મૂત્ર બૂબ રોકાઈ ગયું હોય, અને ઉદર અતિશય સ્તબ્ધ બની ગયું હોય તેમ જ પુરીષ-વિષ્ઠા, વિમાર્ગે જઈ રહી હોય ત્યારે આ ચૂર્ણબસ્તિ હિત-કારી થાય છે; જેમ કે હવા-શતાહ્વા-સુવા, પીપર, કઠ, વજ, દેવદાર, પૂતીક-કરંજ, હરેણુ, બિલ્વફલ તથા મીંઢળ ફલનું ચૂર્ણ કરી તેના દ્વારા બનાવેલ ચૂર્ણબસ્તિ, (શૂલના) રોગીને વૈદ્યે આપવી. ૪૬-૪૮

શૂલ વગેરેમા હિતકારી નિરૂહબસ્તિ

वारिद्रोणे पलान्यष्टौ पचेद्गन्धपलाशकात् ।
ततः कषायं तु वचापिप्पलीफलसैन्धवैः ॥ ४९ ॥
संयुक्तं क्षौद्रतैलाभ्यां शताह्वाकुडवेन च ।
दद्यान्निरूहमानाहपार्श्वहृद्बस्तिशूलिनाम् ॥ ५० ॥

એક દ્રોણ-૧૦૨૪ તોલા પાણીમાં આઠ પલ-૩૨ તોલા ગંધપલાશ-કપૂર-કાચલીનું ચૂર્ણ નાખી વજ, પીપર, મીંઢળ-ફળ તથા સૈંધવનું ચૂર્ણ પણ તેમાં સાથે મેળવી ૧૬ તોલા સૂવાનું ચૂર્ણ પણ તેની સાથે નાખી તે બધાંનો કષાય-ક્વાથ બનાવવો; પછી તે ક્વાથને ગાળી લઈ શીતલ થાય ત્યારે તેમાં મધ અને તલનું તેલ મેળવીને વૈદ્યે નિરૂહબસ્તિ-આસ્થાપન આપવી. અને તે આનાહ-મળબંધના, પડ-ખાના શૂલના, હૃદયના તથા બસ્તિ-મૂત્રાશય-ના શૂલવાળાને તે હિતકારી થાય છે. ૪૯,૫૦

બલ-વર્ણ-અગ્નિજનક આસ્થાપન બસ્તિ

बलवर्णाग्निजननं श्रोणिगुल्मरुजापहम् ।
कुलत्थयवकोलानि पञ्चमूलद्वयं तथा ॥ ५१ ॥
क्वाथयेत्तं जलद्रोणे ततस्तं तैलसंयुतम् ।

કળથી, જવ, બોર તથા બેય પંચમૂળ -અથવા દશમૂળને સમાન ભાગે લઈ અધકચરાં કરી તેઓનો એક દ્રોણ-૧૦૨૪ તોલા પાણીમાં ક્વાથ બનાવવો; પછી તે ક્વાથને ગાળી લઈ તેમાં તલનું તેલ મિશ્ર કરી તેની આસ્થાપન બસ્તિ જો અપાય, તો માણસના બળને, વર્ણને તથા જઠરાગ્નિ-ને તે ઉત્પન્ન કરે છે અને કેડના પાછલા ભાગમાં થયેલ ગુલ્મની પીડાનો નાશ કરે છે. ૫૧

ઉદાવર્ત આદિ રોગને મટાડનાર નિરૂહયોગ

कषायं पिप्पलीकुष्ठवचेन्द्रयवसर्षपैः ॥ ५२ ॥
हरेणुकासैन्धवाभ्यां तगरेण घृतेन वा ।
तन्निरूहमुदावर्तकुष्ठगुल्मोपशान्तये ॥ ५३ ॥
दद्याच्चैवेदमाश्वेव बलवर्णाग्निवर्धनम् ।
तैलपक्वाशनं धीरः कल्कपेष्यैर्विपाचितम् ॥५४॥

પીપર, કઠ, વજ, ઇન્દ્રયવ, સરસવ, હરેણુકા, સૈંધવ, તગર તથા ઘી મિશ્ર કરી ક્વાથ બનાવવો; તે ક્વાથ વડે વૈદ્યે ઉદાવર્ત, કોઢ તથા ગુલ્મરોગની શાંતિ માટે નિરૂહબસ્તિ આપવી; તેમ જ ધીર વૈદ્યે ઉપર કહેલ ઔષધોને પીસી નાખી તેના કલ્ક સાથે તલનું તેલ પક્વ કરી તેની પણ નિરૂહબસ્તિ દેવી; અથવા એ તૈલ પીવાથી શરીરના બલને, વર્ણને તથા અગ્નિને તે જલદી વધારે છે. ૫૨–૫૪

શૂલ વગેરેમાં હિતકર ક્ષીરયોગ

पिप्पलीबिल्वमधुकशताह्वाफलचित्रकैः ।
देवदारुवचाकुष्ठपुष्कराख्यैश्च संयुतम् ॥५५॥
समांशैर्द्विगुणक्षीरं तदुदावर्तिनां हितम् ।
शूलानाहगुदभ्रंशवर्चोमूत्रविनिग्रहान् ॥ ५६ ॥
कट्यूरुपृष्ठशूलार्शोमूढवातांश्च नाशयेत् ।
गुदशूलं तथोत्थानं बहुशः सप्रवाहिकम् ॥ ५७ ॥

પીપર, બિલ્વફલ, જેઠીમધ, સુવા, મીંઢળ, ચિત્રક, દેવદાર, વજ, કઠ અને પુષ્કરમૂળ–એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ તેઓના કરતાં બેગણું દૂધ તે ચૂર્ણમાં નાખી પકવવું; એમ પકવેલું તે દૂધ, ઉદાવર્તના રોગીઓને હિતકારી થાય છે; તેમ જ શૂલરોગ, મલબંધ, ગુદભ્રંશ, વિષ્ટાનું તથા મૂત્રનું રોકાવું કે અટકવું, કેડનો વાયુ, સાથળનો વાયુ, અર્શસ્ રોગ તથા મૂઢ વાતનો પણ નાશ કરે છે; તેમ જ ગુદાનું શૂળ, ઉત્થાન–મલરોગ તથા ઘણા પ્રકારના મરડાને પણ મટાડે છે. ૫૫–૫૭

શૂલ આદિને મટાડનાર ગંધવ તૈલ કે તલના તેલનું અનુવાસન

कुष्ठं विडङ्गातिविषादारुदार्वीहरेणुकाः ।
पलाऽजमोदा ह्रीबेरं नागरं पुष्करं शठी ॥५८॥
स्थिरा सकट्फला रास्ना पिप्पल्यश्चव्यचित्रकम् ।
श्यामा शताह्वा यष्ट्याह्वा सैन्धवं मदनं वचा ॥५९॥
निचुलं नीलिनी दन्ती बिल्वं चाक्षार्धसंमि(मि)तैः ।
गन्धर्वतैलं तैलं वा पचेत्तदनुवासनम् ॥ ६० ॥
गुल्माढ्यवातशूलार्शःप्लीहोदावर्तवृद्धिनुत् ।
सकुण्डलं मूत्रकृच्छ्रमानाहं च व्यपोहति ॥६१॥

કઠ, વાવડિંગ, અતિવિષ, દેવદાર, દારુહળદર, હરેણુકા, એલચી, અજમોદ, હીબેર–વાળો, સૂંઠ, પુષ્કરમૂલ, શટકચૂરો, સ્થિરા–મોટો સમેરવો, કાયફળ, રાસ્ના, પીપર, ચવક, ચિત્રક, શ્યામા–કાળું નસોતર, સુવા, જેઠીમધ, સૈંધવ, મીંઢળફળ, વજ, નિચુલ–નેતર, નીલિની–ગળો, દન્તી–નેપાળો અને બિલ્વફલ–એટલાં પ્રત્યેક અર્ધો અર્ધો તોલો પ્રમાણમાં લઈ તેઓના કલ્ક વડે (ક્વાથ બનાવી તેમાં) ગન્ધર્વ–તૈલ–એરંડતૈલ અથવા તલનું તેલ પકવવું; પછી તેનું અનુવાસન આપવાથી ગુલ્મરોગ, આઢ્યવાત,* શૂલ, અર્શસ્, પ્લીહા–બરોળ, ઉદાવર્ત તથા વધરાવળનો રોગ મટે છે; તેમ જ કુંડલવાત, મૂત્રકૃચ્છ્ર તથા આનાહ–મલબંધને પણ તે મટાડે છે. ૫૮–૬૧

વિવરણ : અહીં મૂળમાં ૬૧ મા શ્લોકમાં જે આઢ્યવાત રોગ કહ્યો છે, તેનું લક્ષણ આવું મળે છે–'चलः स्निग्धे मृदुः शीते शोफोऽङ्गेषु मृदुस्तथा, आढ्यवात इति ज्ञेयः स कृच्छ्रो मेदसावृतः–' –જે સોજો સ્નિગ્ધ અંગ પર ચંચલ, શીત અંગ પર કોમળ તેમ જ બીજાં અંગો પર કોમળ હોય અને મેદથી ઢંકાયેલ હોઈ કષ્ટસાધ્ય હોય છે, તેને આઢ્યવાત રોગ જાણવો. ૫૮–૬૧

ઘણા રોગોને મટાડનાર કુલતૈલ–અનુવાસન

शतार्धं दशमूलस्य मदनानां तथाऽऽढकम् ।
पूतीकदन्तीसुरभीश्वदंष्ट्राणां च बुद्धिमान् ॥६२॥
पलानि विंशतिं दद्यादेकैकस्य तमेकतः ।
यवकोलकुलत्थानां प्रस्थयुक्तं जलोन्मने ॥ ६३ ॥
क्वाथयेत् पादशेषं तु तस्मिंस्तैलाढकं पचेत् ।
गोमूत्रार्धाढकं यवपिप्पलीसैन्धवत्रिकम् ॥ ६४ ॥

* આ આઢ્યવાતને સુશ્રુતે ઉરુસ્તંભ રોગ કહ્યો છે.

.....यवशताह्वानां.....वलीनकैः ।
कुष्ठवक्त्र(क्र)स्य(त्व)चायुक्तमेतत् स्यादनुवासनम् ॥
ऊरुस्तम्भकटीपृष्ठगुदवङ्क्षणशूलिषु ।
प्लीहोदावर्तगुल्मेषु फलतैलं प्रयोजयेत् ॥ ६६ ॥

દશમૂલ-૫૦ પલ-૨૦૦ તોલા, ભીંઢળ-ફળ એક આઢક-૨૫૬ તોલા અને પૂતિક-કરંજ, નેપાળો, સુરભી-રાસ્ના અને ગોખરુ એ પ્રત્યેક ૨૦ પલ-૮૦-૮૦ તોલા લેવાં; તેમ જ જવ, બોર અને કળથી-એ પ્રત્યેક એક એક પ્રસ્થ-૬૪-૬૪ તોલા લઈ બુદ્ધિમાન વૈદ્યે તે બધાંનો કલ્ક બનાવી એક દ્રોણ-૧૦૨૪ તોલા પાણીમાં તેઓનો ક્વાથ કરવો; એ ક્વાથ એક ચતુર્થાંશ બાકી રહે ત્યારે તેને અગ્નિ પરથી નીચે ઉતારી ગાળીને તેમાં વૈદ્યે એક આઢક-૨૫૬ તોલા તલનું તેલ પકવવું; તેમાંનું પ્રવાહી બળી જાય ત્યારે તેમાં અર્ધો આઢક એટલે ૧૨૮ તોલા ગોમૂત્ર અને જવ, પીપર, સૈંધવ ત્રિક એટલે કે બિડલવણ, સિંધાલૂણ તથા સંચળ; જવ, સુવા, વલ્લીનક, કઠ તથા વક્ર-તગર કે પિત્તપાપડાની છાલ પણ એકંદર બધાં મળી અર્ધો આઢક-કલ્કરૂપે તૈયાર કરી તે સાથે નાખીને એ તેલ ફરી પકવવું; એમાંનું પ્રવાહી બળી જાય ત્યારે પકવ થયેલા એ ફલતેલનો અનુવાસન બસ્તિરૂપે ઉરુસ્તંભ, કટીશૂલ, પૃષ્ઠશૂલ, ગુદાનું શૂલ તથા વંક્ષણ-સાંધાના શૂલના રોગી વિષે પ્રયોગ કરવો; તેમ જ પ્લીહા-બરોળના રોગમાં, ઉદાવર્ત તથા ગુલ્મ-ગોળાના રોગમાં પણ આ ફલ-તેલનો અનુવાસનરૂપે પ્રયોગ કરવો (તેથી તે તે રોગો મટી જાય છે). ૬૨-૬૬

શૂલચિકિત્સાનો અને ચાલુ અધ્યાયનો ઉપસંહાર

इति शूलचिकित्सा ते विस्तरेण प्रकीर्तिता ।
सिद्धैः प्रयोगैर्विविधैः प्राणिनां हितकाम्यया ॥ ६७

એ પ્રમાણે પ્રાણીઓના હિતની ઇચ્છાથી અનેક પ્રકારના સિદ્ધ પ્રયોગો દ્વારા શૂલરોગ ચિકિત્સા મેં તમને વિસ્તારથી કહી છે ૬૭

इति ह स्माह भगवान् कश्यपः ॥

એમ ભગવાન કશ્યપે જ ખરેખર કહ્યું હતું. ૬૭

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં ખિલસ્થાન વિષે 'શૂલ-ચિકિત્સિત' નામનો અધ્યાય ૧૮ મો સમાપ્ત

અષ્ટજ્વર-ચિકિત્સિત : ઉત્તરાધ્યાય ૧૯ મો

अथातोऽष्टज्वरचिकित्सितोत्तरमध्यायं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી આઠ જ્વરોની ચિકિત્સા જેમાં છે, તે ઉત્તરાધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું, એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું. ૧,૨

આઠે જ્વરોની ચિકિત્સા કહેવાની પ્રતિજ્ઞા

एकद्वित्रिसमुत्थानां निदानं प्रागुदाहृतम् ।
चिकित्सां संप्रवक्ष्यामि सन्निपातस्य हेतुमत् ॥ ३ ॥

એક એક દોષોથી ઉત્પન્ન થતા ત્રણ જ્વરો-વાતિક, પૈત્તિક તથા શ્લૈષ્મિક અને બે બે દોષો એકત્ર મળવાથી થતા દ્વિદોષજ ત્રણ જ્વરો-વાતપૈત્તિક, વાતશ્લૈષ્મિક અને પિત્તશ્લૈષ્મિક-એમ છ જ્વરો તથા સાતમા ત્રણે દોષો એકત્ર મળવાથી થતા ત્રિદોષજ-સાંનિપાતિક જ્વરની (અને આઠમા આગન્તુ-જ્વરની) ચિકિત્સા તેઓના નિદાનોને અનુ-સરી હું હવે કહું છું (તેને તમે સાંભળો). ૩

જ્વરોનું સામાન્ય નિદાન

अहिता..... ।
..... गुडसंयुतः ॥ ४ ॥

અહિત આહારવિહારના સેવનથી અને વધુ પ્રમાણમાં ગોળ આદિ કર્યાથી લગભગ જ્વર આવે છે. ૪

વિવરણ : અહીં આ ૪ થો શ્લોક ત્રુટક છે, પણ તેમાં જ્વરોનું નિદાન સામાન્યરૂપે કહ્યું હોય એમ લાગે છે. ૪

વાતજ્વરની ચિકિત્સા-બિલ્વાદિ ક્વાથ

बिल्वोऽग्निमन्थः श्योनाकः काश्मर्यः पाटलिस्तथा ।
एषां तु मूलं निष्क्वाथ्य पिबेत् सक्षारसैन्धवम् ॥५

બિલ્વવૃક્ષ, અરણી, અરડૂસો, ગાંભારી તથા પાડલ-એટલાંનાં મૂળિયાં સમાન ભાગે લઈ તેઓનો ક્વાથ કરી તેમાં સાજીખાર તથા સૈંધવ મેળવીને વાતજ્વરના રોગીએ તે પીવો. ૫

વાતજ્વરમાં પીવાનું પાનક-શરબત

समङ्गो मधुकं मुस्तं भद्रदार्वथ शर्करा ।
वातज्वरे प्रयोक्तव्यं गुडूच्या सह पानकम् ॥६॥

મજીઠ, જેઠીમધ, મોથ, દેવદાર અને સાકર-એટલાંને સમાન ભાગે લઈ તેમાં ગળોનું ચૂર્ણ મિશ્ર કરી વાતજ્વરમાં તેના પાનક-શરબતનો રોગીએ પ્રયોગ કરવો. ૬

વાતજ્વરહર વિદારિગંધા આદિનો પ્રયોગ

विदारिगन्धा ह्येरण्डं बृहत्यौ पृश्निपर्णिका ।
भद्रदारुसमायुक्तो वातज्वरहरो मतः ॥ ७ ॥

વિદારીગંધા, એરંડમૂલ, બેય ભોંરીંગણી, નાનો સમેરવો અને દેવદાર-એટલાંનો ક્વાથ કે ચૂર્ણનો પ્રયોગ વાતજ્વરને હરનાર-મટાડનાર માન્યો છે. ૭

વાતજ્વરને મટાડનાર બીજો વિદારિગંધાદિ યોગ

विदारिगन्धा कलशा तथा गन्धर्वहस्तकः ।
मधुकं भद्रदारुश्च क्वाथः शर्करया युतः ।
वातज्वरहरो देयो मातुलुङ्गरसाप्लुतः ॥ ८ ॥

વિદારીગંધા, નાનો સમેરવો, એરંડમૂળ, જેઠીમધ અને દેવદાર-એટલાંનો ક્વાથ બનાવી સાકરના ચૂર્ણ તથા બિજોરાંનો રસ મેળવીને આપવાથી તે પણ વાતજ્વરને મટાડે છે. ૮

વાતજ્વરહર એરંડાદિ ક્વાથ

एरण्डं वरुणं चैव बृहत्यौ मधुकं तथा ।
वातज्वरहरः क्वाथो रास्नाकल्कसमायुतः ॥९॥

એરંડમૂલ, વાયવરણો, બેય ભોંરીંગણી તથા જેઠીમધ-એટલાંનો ક્વાથ બનાવી તેમાં રાસ્નાનો કલ્ક મેળવી પીવાથી તે વાતજ્વરને મટાડે છે. ૯

વાતજ્વરમાં હિતકારી દશમૂલ ક્વાથ

द्विपञ्चमूलनिष्क्वाथः कोष्णो वा यदि वा हिमः ।
रास्नाकल्कसमायुक्तो वातज्वरहितो मतः ॥१०॥

દશમૂલનો ક્વાથ લગાર ગરમ કે ટાઢો હોય ત્યારે તેમાં રાસ્નાનો કલ્ક મેળવી તે પીવાથી વાતજ્વરમાં હિતકર મનાય છે. ૧૦

વિદારીગંધાદિ ક્વાથ યુક્ત રાસ્નાદિ ક્વાથ

રાસ્નાદિથી મિશ્ર વિદારિગંધાદિ ક્વાથ

रास्नासरलदेवाह्वयष्टीमधुकसंयुतः ।
पेयो विदारिगन्धाद्यो निष्क्वाथो वा ससैन्धवः ॥११

રાસ્ના, સરલ-ચીડ, દેવદાર તથા જેઠીમધ-એટલાંનો ક્વાથ બનાવી તેમાં ઉપર કહેલ વિદારીગંધાદિ ક્વાથને તથા સૈંધવના ચૂર્ણને મિશ્ર કરી પીવાથી તે પણ વાતજ્વરને મટાડે છે. ૧૧

વાતજ્વરમાં હિતકર ખોરાકપાણી

पञ्चमुष्टिकयूषेण युक्ताम्ललवणेन च ।
भुञ्जीत भोजनं काले जाङ्गलानां रसेन च ॥१२॥
पिबेदन्तरपानं च बिल्वमूलश्रृतं जलम् ।

વાતજ્વરના રોગીએ યોગ્ય ખટાશ તથા લવણથી યુક્ત પંચમુષ્ટિક યૂષની સાથે અથવા (માંસાહારીએ) જાંગલ પશુ-પક્ષીઓના માંસરસની સાથે યોગ્ય કાળે ભોજન જમવું; તેમ જ એ ભોજનની વચ્ચે બીલીનાં મૂળિયાંથી ઉકાળેલું પાણી પીવું જોઈએ. ૧૨

વિવરણ: અહીં દર્શાવેલ પંચમુષ્ટિક યૂષ પહેલાં આ ગ્રન્થના જ બિલસ્થાનના 'શોથ-ચિકિત્સિત' નામના ૧૭ મા અધ્યાયમાં ૩૦ મા શ્લોકમાં વર્ણવેલ છે. ૧૨

વાતજ્વરનાશક દશમૂલાદિ તૈલયોગ

द्वे पञ्चमूले वर्चीवमेकेषीकां पुनर्नवाम् ॥ १३ ॥
सहस्रवीर्यां नादेयीं शतवीर्यां शतावरीम् ।
विश्वदेवां शुकनसां सहदेवां सनाकुलीम् ॥१४॥

रास्नाजगन्धे पूतीकं देवाह्वं देवताडकम् ।
बले द्वे हंसपादीं च क्वाथोत्थीमुपलङ्कशाम् (?) ॥
कृष्णागरुं व्याघ्रनखं शतपुष्पां पलङ्कषाम् ।
कायस्थां च वयस्थां च चोरकं जटिलां जटाम् ॥१६
अपेतराक्षसीं यक्षां गुहाह्वामुष्ट्रलोमिकाम् ।
हरेणुकां हैमवतीं कैटर्यं सुवहां वचाम् ॥ १७ ॥
वृश्चिकालीं च भार्गीं च ...स्या शिग्रुं च कल्कशः ।
संहृत्य तैलं विपचेद्वातज्वरनिबर्हणम् ।
पुराणसर्पिःसंस्कारो विधेयो जाङ्गलो रसः ॥१८॥

બેય પંચમૂલ-લઘુ અને બૃહત્; વચીં'વ-સાટોડીનો ભેદ, કાળીપાટ, પુનર્નવા-સાટોડી, સહસ્રવીર્યા-ધરો, નાદેયી-અરણી કે નાગર-મોથ, શતવીર્યા-શતમૂલી કે દ્રાક્ષ, શતાવરી વિશ્વદેવી-ગોરખતંડુલા, શુકનાસા-અરડૂસો, સહદેવા-બલા-ખપાટ, નાકુલી કે ગંધનાકુલી, રાસ્ના, અજગંધા-જંગલી અજમો, પૂતીક-દુર્ગંધી કરંજ, દેવદાર, દેવતાડક-દેવદાલી કે ઘોષાલતા, બેય બલા-ખપાટ, હંસપાદી, (અમુક ક્વાથ વડે શોધેલ) ગૂગળ, કાળું અગર, વાઘનખ-નખલો કે નખલી, સુવા, ગૂગળ, કાયસ્થા-આમળાં, વયઃસ્થા-હરડે, ચોરક-તે નામે એક સુગંધી દ્રવ્ય-ભટેઉર, જટિલા-વડનું ઝાડ, જટામાંસી, અપેતરાક્ષસી-કાળી તુલસી, યક્ષા-રાળ, ગુહાહ્વા-એક જાતનો સમેરવો, ઉષ્ટ્રલોમિકા-ઊંટના જેવાં રૂંછાડાંવાળી એક વનસ્પતિ, હરેણુકા, હૈમવતી-સ્વર્ણક્ષીરી કે હરડે, કૈટર્ય-મહાનિંબનો એક ભેદ-ગોરાનીમ, સુવહા-શેફાલિકા, વજ, વૃશ્ચિકાલી-વરહંટા, ભાર્ંગી અને સરગવો-એટલાં સમાન ભાગે લઈ તેઓનો કલ્ક બનાવી તેના ક્વાથમાં તલનું તેલ પકવવું; એ તૈલ (પીવાથી કે માલિસથી) વાતજ્વરનો નાશ કરે છે; આ તૈલના પ્રયોગમાં જૂના ઘીનો સંસ્કાર કરવો જોઈએ; તેમજ જાંગલ માંસનો રસ પણ ઉપયોગમાં લેવો જોઈએ. ૧૩-૧૮

વાયુના જ્વરને તરત શમાવનાર
દશમૂલાદિ ક્વાથ

दशमूलकुलत्थानां यवानां कुडवस्य च ।
कुलीरशृङ्ग्या रास्नायाः शटीपुष्करमूलयोः ॥१९॥
भार्ग्या दुरालभायाश्च निर्यूहः साधु साधितः ।
तेनास्य विगुणो वायुर्ज्वरश्चाशु प्रशाम्यति ॥२०॥

દશમૂલ, કળથી અને જવ તેમ જ કાકડાશીંગ, રાસ્ના, શટકચૂરો, પુષ્કરમૂલ, ભાર્ંગી અને ધમાસો-પ્રત્યેક મળીને એક કુડવ-૧૬ તોલા લઈ અધકચરાં કરી તેઓનો સારી રીતે ક્વાથ તૈયાર કર્યો હોય અને પછી તેનો જે ઉપયોગ કર્યો હોય તો હરકોઈ મનુષ્યનો વિકૃત થયેલો વાતજ્વર તરત જ શાંત થાય છે. ૧૯,૨૦

વાતકફજ-દ્વંદ્વજ જ્વરની ચિકિત્સા-
બૃહત્યાદિ ક્વાથ

वातश्लेष्मसमुत्थस्य व्याख्यास्यामि चिकित्सितम् ।
बृहत्या पुष्करं दारु पिप्पल्यो नागरं शटी ।
क्वाथमेषां पिबेदुष्णमादौ दोषविपाचनम् ॥२१॥

હવે વાતકફ-બે દોષના વિકારથી થયેલ જ્વરની ચિકિત્સા હું કહું છું-બેય બૃહતી-(ઊભી બેઠી) ભોરીંગણી, પુષ્કરમૂળ, દેવદાર, પીપર, સૂંઠ અને શટકચૂરો-એટલાંને સમાન ભાગે લઈ તેઓનો ક્વાથ બનાવી ગરમ ગરમ જે માણસ પ્રથમ-આધા પહેલાં પીએ, તેના બે બેય દોષોનું પાચન થાય છે. ૨૧

સૈંધવયુક્ત દશમૂલાદિ ક્વાથ

द्विपञ्चमूलं भार्गीं च कर्कटाख्यां दुरालभाम् ।
नागरं पिप्पलीं दारु पिबेद्वा सैन्धवान्वितम् ॥२२

અથવા તે વાતકફજ જ્વરમાં દશમૂલ, ભાર્ંગી, કાકડાશીંગ, ધમાસો, સૂંઠ, પીપર તથા દેવદાર-એટલાંને સમાન ભાગે લઈ તેઓનો ક્વાથ કરી સૈંધવ નાખીને તે પીવો. ૨૨

મધયુક્ત પટોલાદિ ક્વાથ

पटोलं धान्यकं मुस्ता मूर्वा पाठा निदिग्धिका ।
कषाय एषां पातव्यः षडङ्गो मधुसंयुतः ॥२३॥

અથવા વાતકફજ–બે દોષના જ્વરમાં પરવળ, ધાણા, મોથ, મોરવેલ, કાળીપાટ અને ભોરીંગણી–એ છ દ્રવ્યોને સમાન ભાગે લઈ તેઓનો ક્વાથ બનાવી શીતલ થાય ત્યારે તેમાં મધ નાખીને પીવાથી તે પણ હિતકારી થાય છે. ૨૩

વાતકફજ જ્વરનાશક ત્રિફલાદિક્વાથ

त्रिफला जीवनीयानि पिप्पलीमूलशर्करे ।
सिद्धो ग्रहघ्नसंयुक्तो वातश्लेष्मज्वरापहः ॥२४॥

ત્રિફલા, જીવનીય ગણનાં ઔષધદ્રવ્યો, પીપરીમૂલ–ગંઠોડા, સાકર તથા સરસવ–એટલાં દ્રવ્યોને સમાન ભાગે લઈ તેઓનો તૈયાર કરેલો ક્વાથ જો પીધો હોય તો વાત-કફજના જ્વરનો તે નાશ કરે છે. ૨૪

વાતકફજ્વરમાં પીવા યોગ્ય નાગરાદિ ક્વાથ

नागरं दशमूलं च कटुवङ्गं दारुकद्वयम् ।
पिप्पल्यस्त्रिफला भार्गी कर्कटाख्या दुरालभा ।
वातश्लेष्मज्वरे पेयं सुखोष्णं सैन्धवान्वितम् ॥२५

નાગર–સૂંઠ, દશમૂલ, કટ્વંગ–અરડૂસો, બેય હળદર–હળદર તથા દારુહળદર, પીપર, ત્રિફલાં–હરડે, બહેડાં અને આમળાં; ભારંગી, કાકડાશીંગ તથા દુરાલભા–ધમાસો–એટલાંને સમાન ભાગે લઈ અધકચરાં કરી તેઓનો ક્વાથ સહેવાય એવો ગરમ હોય ત્યારે સૈંધવ નાખી પીવો (તેથી વાતકફજ્વર મટે છે).૨૫

કફ–વાતજ્વરમાં સુખકર તિક્તકાદિ કલ્ક

तिक्तकं कटुरोहिण्याः कल्कमक्षसमं भिषक् ।
हिङ्गुसैन्धवसंसृष्टं पिबेत् क्षिप्रं सुखाम्बुना ॥२६॥
कफजेऽनिलजे चैव ज्वरे पीतं सुखावहम् ।

કરિયાતું તથા કડુ એ બેયનો કલ્ક એક તોલો વૈદ્યે પ્રથમ તૈયાર કરવો; પછી તેમાં હિંગ તથા સૈંધવ યોગ્ય પ્રમાણમાં મિશ્ર કરી, તરત જ સહેવાય તેવા ગરમ પાણી સાથે કફ–વાતના જ્વરમાં રોગીને પાવાં; એમ પીધેલો તે કલ્ક એ કફવાતના જ્વરમાં સુખકારક થાય છે. ૨૬

વાતકફજ્વરમાં હિતકર બૃહત્ પંચમૂળ ક્વાથ

महतः पञ्चमूलस्य क्वाथः श्लैष्मिकवातिके ॥२७
नागरामरदारुभ्यां श्रृतमुष्णं पिबेज्जलम् ।

કફ–વાતજ જ્વરમાં રોગીએ બૃહત્-પંચમૂળનો ક્વાથ પ્રથમ પીવો અને તેની ઉપર (અનુપાનરૂપે) સૂંઠ તથા દેવદારમાં ચૂર્ણ નાખી પકવેલું ગરમ પાણી પીવું.૨૭

વાતકફજ્વરના રોગીને આપવાનું ભોજન

बालमूलकयूषेण जाङ्गलानां रसेन वा ।
कटूष्णद्रव्ययुक्तेन मन्दस्निग्धेन भोजयेत् ॥ २८ ॥

વાતકફજ જ્વરના રોગીને વૈદ્યે કૂણા મૂળાના યૂષ સાથે કે જાંગલ પશુ–પક્ષીના માંસના રસની સાથે ભોજન કરાવવું; પણ તે ભોજનને તીખાં ગરમ દ્રવ્યથી મિશ્ર કરી થોડું સ્નિગ્ધ એટલે સ્નેહયુક્ત પણ કરવું જોઈએ. ૨૮

હરકોઈ જ્વરમાં હિતકર લાક્ષાદિતૈલ

लाक्षाप्रियङ्गुमञ्जिष्ठायष्टिकोशीरबालकैः ।
चन्दनागरुबाह्लीकश्रीवेष्टककुटन्नटैः ॥ २९ ॥
मूर्वाशताह्वासरलसालनिर्यासरोचकैः ।
क्षीरद्रोणेऽर्धपलिकैर्भिषक्कैलाढकं पचेत् ॥ ३० ॥
तत् साधु सिद्धमाहृत्य स्वनुगुप्तं निधापयेत् ।
लाक्षादिकमिदं तैलमभ्यङ्गाद् हितकृज्ज्वरे ॥३१॥

.....
.....

લાખ, પ્રિયંગુ–ધઉંલા, મજીઠ, જેઠીમધ, ઉશીર–વાળો, ચંદન, અગર, બાહ્લીક–હિંગ, શ્રીવેષ્ટક–ગંધબિરોજા, કુટન્નટ–અરડૂસો કે કૈવર્તીમોથ, મોરવેલ, સુવા, સરલ–ચીડ, સાલનો રસ–રાળ અને રોચક–બિલ્લાંનો રસ–એટલાંને પ્રત્યેકને બે બે તોલા લઈ તેઓનો કલ્ક બનાવી તેની સાથે એક દ્રોણ–૧૦૨૪ તોલા પાણીમાં વૈદ્યે એક આઢક ૨૫૬ તોલા તલનું તેલ પકવવું; પ્રવાહી બળી જાય એટલે સારી રીતે પકવ થયેલા એ લાક્ષાદિ તેલને ગાળી લઈ સુરક્ષિત (બાટલામાં) રાખી મૂકવું;

એ તૈલના માલિસથી હરકોઈ જ્વરમાં ફાયદો થાય છે. ૨૯,૩૧

જીર્ણજ્વર આદિમાં હિતકર પિપ્પલ્યાદિ ઘૃત

पिप्पल्योऽतिविषा मुस्ता स्थिराढ्या सदुरालभा ।
सचन्दनयवोशीरसारिवाः सनिदिग्धिकाः ॥३२॥
रोहिण्यामलकं बिल्वं त्रायमाणातिसाधितम् ।
घृतं हन्ति शिरःशूलं कासं जीर्णज्वरं क्षयम् ॥३३

પીપર, અતિવિષ, મોથ, સ્થિરા-મોટો સમેરવો, અજમોદ, દુરાલભા-ધમાસો, ચંદન-રતાંજળી, જવ, ઉશીર-વાળો, સારિવા-ઉપલસરી, ભોરીંગણી, કડુ, આમળાં, બિલ્વફળ અને ત્રાયમાણ-એટલાંને સમાન ભાગે લઈ તેઓનો કલક બનાવી તેનાથી (ચારગણા) પાણીમાં પકવેલું (કલકથી એક ચતુર્થાંશ) ઘી, શિરઃશૂલનો, ઉધરસનો, જીર્ણજ્વરનો તથા ક્ષયરોગનો નાશ કરે છે.૩૨,૩૩

જુદા જુદા દોષના રોગમાં કરવાની ચિકિત્સાપદ્ધતિ

वमनं कफरोगाणां पैत्तिकानां विरेचनम् ।
शोधनं शमनं कार्यं कृशे शमनशोधनम् ॥३४॥

કફની અધિકતાળા રોગોમાં વમન કરાવવું; પિત્તની અધિકતાવાળા રોગોમાં વિરેચન દ્વારા શોધન તથા શમન કરાવવું; પણ રોગી જો કૃશ હોય, તો પ્રથમ શમન અને તે પછી શોધન કરાવવું જોઈએ. ૩૪

આમજ્વર તથા વાતજ્વરમાં અને વિષજ કે ઔષધિજ જ્વરમાં કરવાની ચિકિત્સા

मण्डादिरिष्यते सामे यवागूर्वातजे तथा ।
विषौषधिप्रजातानां पित्तघ्नीं कारयेत् क्रियाम् ॥३५

આમયુક્ત જ્વરમાં મંડ આદિ તથા વાતજ્વરમાં યવાગૂ-રાબ અપાય તે હિતકારી થાય છે; પરંતુ વિષજ અને ઔષધિજ જ્વરમાં તો વૈદ્યે પિત્તનો નાશ કરનારી જ ક્રિયા કરવી જોઈએ. ૩૫

સાંનિપાતિક જ્વરની ચિકિત્સા કહેવાની પ્રતિજ્ઞા

सन्निपातज्वरस्यातः प्रवक्ष्यामि चिकित्सितम् ।
स सर्वलक्षणोऽसाध्यः कृच्छ्रसाध्योऽल्पलक्षणः ॥३६

હવે અહીંથી સંનિપાત જ્વરની ચિકિત્સા હું કહું છું; એ સંનિપાત જ્વર સર્વ દોષોનાં બધાં લક્ષણોથી જો યુક્ત હોય, તો અસાધ્ય હોય છે અને બધા દોષોનાં થોડાં લક્ષણોથી યુક્ત હોય, તો કૃચ્છ્રસાધ્ય ગણાય છે.૩૬

અસાધ્ય જ્વરની પણ ચિકિત્સા કરવા વૈદ્યને ભલામણ

बलहीनस्य नष्टाग्नेः सर्वथा नव सिध्यति ।
किमङ्ग ! बालकानां तु क्षीणधातुबलौजसाम् ॥३७
तथाऽपि यत्नमातिष्ठेदानृशंस्याद्भिषग्वरः ॥ ३८॥

સંનિપાત જ્વરવાળો જે માણસ બળરહિત થયો હોય અને સંનિપાત જ્વરવાળો જે રોગીનો જઠરાગ્નિ નાશ પામ્યો હોય, તે કોઈ પણ પ્રકારની ચિકિત્સાથી સાધ્ય થતો નથી એટલે કે તેનો સંનિપાત-જ્વર કોઈ પણ ચિકિત્સાથી કદી મટતો જ નથી, તો હે શિષ્ય વૃદ્ધજીવક! જે બાળકોની ધાતુઓ, બળ તથા ઓજસ, સંનિપાત જ્વરથી ક્ષીણ થયાં હોય, તેઓનો સંનિપાત જ્વર ચિકિત્સાથી કેમ જ મટે? ન જ મટે, તોપણ શ્રેષ્ઠ વૈદ્યે આનૃશંસ્ય એટલે ક્રૂરતાથી રહિત થઈને અસાધ્ય કે કૃચ્છ્રસાધ્ય સંનિપાતજ્વરવાળાની પણ ચિકિત્સા કરવા યત્ન કરવો જોઈએ.૩૭,૩૮

સંનિપાતમાં બળવાન દોષને પ્રથમ શમાવવો

सन्निपातेषु दोषेषु यो दोषो बलवान् भवेत् ।
तमेवादौ प्रशमयेच्छेषं दोषमतः परम् ॥ ३९॥

સંનિપાતરૂપે એકત્ર મળેલા દોષોમાં જે દોષ બળવાન હોય તે જ દોષને વૈદ્યે (ચિકિત્સાથી) પહેલાં શાંત કરવો જોઈએ અને તે પછી જ બીજા દોષને વૈદ્યે શાંત કરવા જોઈએ. ૩૯

સંનિપાતમાં કફનું જોર વધુ હોય, તેથી પ્રથમ તેનું શમન કરવું

अल्पान्तरबलेष्वेषु दोषेषु मतिमान् भिषक् ।
श्लेष्माणमादौ शमयेत् स ह्येषामनुबन्धकृत् ।
गुरुत्वात् कृच्छ्रपाकित्वादूर्ध्वकायाश्रयात्तथा ॥४०

બુદ્ધિમાન વૈદ્યે સન્નિપાતમાં જેઓનું બળ, થોડા અંતરવાળું હોય એવા ત્રણે દોષોમાં કફનું શમન પ્રથમ કરવું જોઈએ; કારણ તે કફ જ સંનિપાતમાં અનુબંધ કે બીજા દોષોનું અનુસરણ કરનાર હોય છે; વળી તે કફ ભારે હોય છે, તેથી મુશ્કેલીએ પાકે એવો હોય છે તેમ જ શરીરના ઉપરના ભાગનો તે આશ્રય કરનાર હોય છે. ૪૦

સંનિપાતમાં તે તે ઉપર કહેલી ચિકિત્સા કરવી

तस्माज्ज्वरे यदुद्दिष्टं वातपित्तकफात्मके ।
तस्मात्तस्यामवस्थायां तत्तत् कार्यं चिकित्सितम् ॥

વાત, પિત્ત અને કફપ્રધાન તે સંનિપાત જ્વરમાં પ્રથમ જે ચિકિત્સા કહી છે, તે તે ચિકિત્સા, તે અવસ્થામાં તે કારણે કરવી જોઈએ. ૪૧

કફપ્રધાન સામ જ્વરમાં પીવાયોગ્ય પિપ્પલ્યાદિ ક્વાથ

पिप्पल्यादिवचादारुवयस्थासरलान्वितः ॥ ४२ ॥
पेयः कफोत्तरे सामे सहिङ्गुक्षारसैन्धवः ।
दोषास्तेनाशु पच्यन्ते विबन्धश्चोपशाम्यति ॥४३॥

પીપર, વજ, દેવદાર, વયસ્થા-હરડે તથા સરલ-ચીડથી યુક્ત ક્વાથ તૈયાર કરી તેમાં હિંગ, સાજીખાર તથા સૈંધવનું ચૂર્ણ મિશ્ર કરી કફપ્રધાન સામજ્વરમાં તે પીવો જોઈએ; કેમ કે એ ક્વાથથી દોષો જલદી પાકે છે અને તે દોષોનો વિબંધ (અનુસરણ) પણ તરત શાંત થાય છે.૪૨,૪૩

વાતકફપ્રધાન જ્વરમાં હિતકર નાગરાદિ દશમો ક્વાથ

नागरं कट्फलं धान्यं मुस्तं पर्पटकं वचा ।
देवदार्वभया भार्गी भूतीकं दशमं भवेत् ॥ ४४ ॥
श्रुतं सैन्धवहिङ्गुभ्यां पेयं वातकफोत्तरे ।
ऊर्ध्वजत्रुज्वरोगाणां ज्वरितानां प्रशस्यते ॥ ४५ ॥

નાગર-સૂંઠ, કાયફળ, ધાણા, મોથ, પિત્તપાપડો, વજ, દેવદાર, હરડે, ભાર્ંગી અને ભૂતીક નામનું એક જાતનું ઘાસ અથવા યવાની-અજમો-એ દશ દ્રવ્યોને સમાન ભાગે લઈ તેઓનો ક્વાથ બનાવી વાત-કફપ્રધાન જ્વરમાં સૈંધવ તથા હિંગના ચૂર્ણથી યુક્ત કરી પીવાથી તે તેમ જ ઊર્ધ્વજત્રુ-હાંસડીની ઉપરના અંગમાં થયેલા રોગવાળા તેમ જ બીજા પણ જ્વરવાળા માણસો પણ જો આ પીએ તો તે હિતકારી થાય છે. ૪૪,૪૫

કફ-વાત બે દોષવાળાને હિતકર શટ્યાદિયોગ

शटीपौष्करपिप्पल्यो बृहती कण्टकारिका ।
शुण्ठी कर्कटकी भार्गी दुरालम्भा यवानिका ॥४६
शूलानाहविबन्धघ्नं शट्याद्यं कफवातनुत् ।

શટકચૂરો, પુષ્કરમૂળ, પીપર, મોટી ભોરીંગણી, સૂંઠ, કાકડાશિંગ, ભાર્ંગી, ધમાસો અને યવાની-અજમો-એ શટ્યાદિનો, ચૂર્ણ આદિરૂપે પ્રયોગ કરવાથી તે શૂળ, આનાહ-મળબંધ, વિબંધ-કબજિયાત તથા કફવાત-દ્વંદ્વદોષને મટાડે છે. ૪૬

વાતકફપ્રધાન જ્વરમાં સેવવા યોગ્ય વિડંગાદિયોગ

विडङ्गातिविषे भार्गी पौष्करं चित्रकं शटी ॥४७॥
शार्ङ्गेष्टा पिप्पली शुण्ठी पिबेद्वातकफोत्तरे ।

વાવડિંગ, અતિવિષ, ભાર્ંગી, પુષ્કરમૂલ, ચિત્રક, શટકચૂરો, કાકજંઘા અથવા કાકમાચી-એકજાતની પીલુડી તથા પીપર અને સૂંઠ-એટલાને સમાન ભાગે લઈ ખાંડી-કૂટીને ક્વાથરૂપે કે ચૂર્ણરૂપે વાતકફપ્રધાન જ્વરમાં પીવાં જોઈએ. ૪૭

સંનિપાત, વિબંધ કે વાતકફપ્રધાન જ્વરમાં પીવાયોગ્ય કરાલભાદિ ક્વાથ

दुरालभावचादारुपिप्पलीमूलनागरम् ॥ ४८ ॥

.....પુષ્કરં શટી ।
ક્વાથં સલવણં દેયં હિઙ્ગુક્ષારાન્વિતં પિબેત્ ।
સન્નિપાતે વિબન્ધે ચ વાતશ્લેષ્મોત્તરે જ્વરે ॥૪૯

દુરાલભા-ધમાસો, વજ, દેવદાર, પીપરીમૂળ, સૂંઠ, પુષ્કરમૂળ તથા શટકચૂરો-એટલાંનો ક્વાથ બનાવી તેમાં લવણ, હિંગ તથા સાજીખાર યોગ્ય પ્રમાણમાં નાખીને વૈદ્યે, સંનિપાતમાં, વિબંધ-કબજિયાતમાં કે વાત-કફપ્રધાન જ્વરમાં રોગીને તે અવશ્ય આપવો અને રોગીએ પણ તે અવશ્ય પીવો. ૪૮,૪૯

સંનિપાત,વાતકફ તથા ઉધરસમાં ઉત્તમ જીવકાદિ ક્વાથયોગ

જીવકર્ષભકૌ શ્રૃઙ્ગી મૂલં પુષ્કરજં શટી ।
સન્નિપાતેઽનિલકફે કાસે ચૈષાં પ્રશસ્યતે ॥૫૦॥

જીવક, ઋષભક, કાકડાશિંગ, પુષ્કરમૂલ તથા શટકચૂરો-એટલાંને સમાન ભાગે લઈ અધકચરાં કરી તેઓનો ક્વાથ બનાવી સંનિપાતમાં, વાતકફજ્વરમાં તથા કાસ-ઉધરસમાં પીવાથી તે ઉત્તમ કામ કરે છે. ૫૦

દોષપાચન ક્વાથયોગ

બૃહત્યૌ પુષ્કરં દારુ પિપ્પલ્યો નાગરં શટી ।
ક્વાથમેષાં પિબેદુષ્ણમાદૌ દોષવિપાચનમ્ ॥૫૧॥

બૅય ભોરીંગણી, પુષ્કરમૂલ, દેવદાર, પીપર, સૂંઠ તથા શટકચૂરો-એટલાંનો ક્વાથ, દોષોનું વિશેષ પાચન કરનાર હોઈ હરકોઈ જ્વરમાં પ્રથમ ગરમ ગરમ અવશ્ય પીવો. ૫૧

સંનિપાત-જ્વરનાશન ક્વાથ

દુરાલભા વચા દારુ પિપ્પલી ભદ્રરોહિણી ।
મહૌષધં કર્કટકી બૃહતી કણ્ટકારિકા ॥ ૫૨ ॥
ક્વાથઃ સલવણઃ પેયઃ સન્નિપાતજ્વરાપહઃ ।

ધમાસો, વજ, દેવદાર, પીપર, કડુ, સૂંઠ, કાકડાશિંગ અને મોટી ભોરીંગણી-એટલાંનો ક્વાથ બનાવી તેમાં લવણ મિશ્ર કરી જો પીવાથી તે સંનિપાતજ્વરનો નાશ કરે છે. ૫૨

સંનિપાતજ્વરનો નાશ કરનાર બીજો ક્વાથ

દેવદારુ વચા મુસ્તં કૈરાતં કટુરોહિણી ।
ગુડૂચી નાગરં ક્વાથઃ સન્નિપાતજ્વરાપહઃ ॥૫૩॥
ઉરોગ્રહે કણ્ઠરોગે મુખરોગે ચ શસ્યતે ।

દેવદાર, વજ, મોથ, કરિયાતું, કડુ, ગળો અને સૂંઠ-એટલાંનો ક્વાથ પીવાથી તે પણ સંનિપાત જ્વરનો નાશ કરે કરે છે અને છાતીના ઝલાવામાં, ગળાના રોગમાં તથા મુખના રોગમાં પણ તે વખણાય છે. ૫૩

કફપ્રધાનજ્વરનાશન તથા અગ્નિદીપન ત્રિફલાદિ ક્વાથ

ત્રિફલા રોહિણી નિમ્બં પટોલં કટુકત્રયમ્ ॥૫૪॥
પાઠા ગુડૂચી વેતાગ્રં સપ્તપર્ણઃ સવત્સકઃ ।
કિરાતતિક્તકં મુસ્તા વચા ચેત્યેકતઃ પૃતમ્ ।
કફોત્તરં નિહન્ત્યેતત્ પાનાદગ્નિં ચ દીપયેત્ ॥૫૫

ત્રિફલા-હરડે, બહેડાં અને આમળાં; કડુ, લીંબડો, પરવળ, ત્રિકટુ-સૂંઠ, મરી અને પીપર; કાળીપાટ, ગળો, નેતરનો અગ્રભાગ, સાતપૂડો કે સાતવીન, ઇન્દ્રજવ, કરિયાતું, મોથ અને વજ-એટલાં દ્રવ્યોને સમાન ભાગે એકત્ર ખાંડી-કૂટીને તેઓનો ક્વાથ કરી જો પીધો હોય, તો તેથી કફપ્રધાન જ્વરનો તે નાશ કરે છે અને જઠરના અગ્નિને તે પ્રદીપ્ત કરે છે. ૫૪-૫૫

કફપ્રધાન સંનિપાતમાં પીવાનો પટોલાદિ ક્વાથ

પટોલમુસ્તમધુકરોહિણીક્વથિતં જલમ્ ।
યોગમેતં ત્રિફલયા યુક્તં ચ સુરદારુણા ॥ ૫૬ ॥
પાયયેન્મધુનાઽઽલોડ્ય સન્નિપાતે કફોત્તરે ।

પરવળ, મોથ, જેઠીમધ, કડુ, ત્રિફળા તથા દેવદાર-એટલાંને સમાન ભાગે લઈ તેઓને ઉકાળી કરેલું ક્વાથરૂપ જળ, કફપ્રધાન સંનિપાતમાં વૈદ્યે મધ સાથે મિશ્ર કરી રોગીને અવશ્ય પાવું. ૫૬

ત્રિદોષના જ્વરને તરત શમાવનાર આરગ્વધાદિ ક્વાથ

આરગ્વધવચાનિમ્બપટોલોશીરવત્સકમ્ ।
શાર્ઙ્ગેષ્ટાઽતિવિષા મૂર્વા ત્રિફલા સદુરાલભા ॥૫૭

भद्रमुस्ता बला पाठा मधुकं भद्ररोहिणी ।
कषाय एष शमयेज्ज्वरमाशु त्रिदोषजम् ॥५८॥
जाड्यं सशोफमाध्मानं गुरुत्वं चापकर्षति ।

આરગ્વધ–ગરમાળો, વજ, લીંબડો, પરવળ, ઉશીર–વાળો, ઇન્દ્રજવ, શાર્ઙ્ગેષ્ટા–એકજાતની પીલુડી, અતિવિષ, મોરવેલ, ત્રિફલાં, ધમાસો, નાગરમોથ, બલા–ખપાટ, કાળીપાટ, જેઠીમધ અને કટુ–એટલાંનો આ કષાય કે કવાથયોગ, ત્રિદોષથી ઉત્પન્ન થયેલા જ્વરને તરત શમાવે છે અને જડતા, સોજા સહિત આફરાનો રોગ તથા શરીરનું ભારેપણું પણ મટાડે છે. ૫૭,૫૮

સંનિપાતમાં હિતકર નાગરાદિ કવાથ

नागरं दशमूलं च कटूवङ्गं दा.....
.....
..... ॥५९॥

સૂંઠ, દશમૂલ તથા કટ્વંગ–અરડૂસાનો કવાથ, સંનિપાત જ્વરમાં આપી શકાય છે. ૫૯

જન્મેલા બાળકને મધુપ્રાશન

.....शिशुं प्राशयेयुः कथञ्चन ॥६०॥

તરતના જન્મેલા બાળકને વડીલોએ જૂનું મધ કોઈપણ પ્રકારે ચટાડવું જોઈએ. ૬૦

વિવરણ : ઉપરનો ૫૯ મો શ્લોક ખંડિત મળે છે; પણ સંનિપાત જ્વરમાં નાગરાદિ કવાથનો પ્રયોગ તેમાં દર્શાવેલો હોય એમ ચાલુ પ્રકરણથી સમજીને તે પ્રમાણે અહીં ઉલ્લેખ કર્યો છે; તેમ જ ૬૦ મો શ્લોક પણ નવા જન્મેલા બાળકને મધ ચટાડવા સંબંધે હોય, એમ સુશ્રુતના મધુવર્ણનના પ્રકરણથી લાગે છે; કેવળ 'शिशुं प्राशयेयुः कथञ्चन'–એટલું જ શ્લોકવાક્ય અહીં જોકે મળે છે, બાકીનો આખોય ૬૦ મો શ્લોક ખંડિત જ છે; છતાં સુશ્રુતના કથનને તેમ જ નીચે દર્શાવેલા મધના ગુણવર્ણનને અનુસરી આ શ્લોકમાં નવજાત બાળકને મધુપ્રાશન કરાવવા દર્શાવ્યું હોય એ સંભવે છે. ૬૦

મધના ગુણોનું વર્ણન

नवसद्यःक्षतानां तद् व्रणानां रोहणं भवेत् ।
क्षतजं प्राप्य हि विषं दर्शयत्यात्मनो बलम् ।
प्रसादयति तच्चाशु सन्धत्ते च मधु व्रणम् ॥६१

નવાં–તાજાં થયેલાં–ચાંદાંને તેમ જ વ્રણોને મધ રુઝવે છે; જોકે ચાંદાથી ઊપજેલા વિકારને પ્રાપ્ત થઈ તેમાં ઊપજેલું વિષ પોતાનું બળ તો દર્શાવે છે, પણ તેની ઉપર જો મધ નાખવામાં આવે છે, તો એ ચાંદામાં ઊપજેલા વિષને તરત જ સાફ કરી નાખે છે અને વ્રણને તરત સાંધી–રુઝવી નાખે છે. ૬૧

મધને કોની સાથે વિરોધ હોય છે?

तस्मात् स्वभावतो नृणां सहोष्णेनाहितं मधु ।
विरुद्धत्वात्त्रिभिर्दोषैर्जीवितान्ताय कल्पते ।
तुल्यत्वादुष्णयोगाच्च यथा च मधुसर्पिषी ॥६२

એ કારણે મધને સ્વભાવથી જ ઉષ્ણ દ્રવ્ય સાથે જો ખાધું હોય, તો વિરુદ્ધપણાને લીધે ત્રણે દોષો દ્વારા કુપિત થઈ ને માણસના જીવિતનો નાશ કરવા તે સમર્થ થાય છે; કારણ કે તુલ્ય ગુણવાળા સાથે અને સમાન ગુણવાળા સાથે વિરોધ થતો હોવાથી મધ, તેવાં દ્રવ્યો સાથે પ્રાણઘાતક નીવડે છે; જેમ કે મધ અને ઘી જો સમાનભાગે સેવાય તોપણ તે વિરુદ્ધ ગુણથી યુક્ત બને છે. ૬૨

વિવરણ : અહીં આમ જણાવવા માગે છે કે–મધ અને ઘી સમાન ભાગે જો સેવાય, તો તે વિષરૂપ બને છે–એટલે કે કોઈ દ્રવ્યની સાથે મધ અને ઘી–બેયનું સેવન કરવા જણાવેલ હોય ત્યાં તે ઘી અને મધને ઓછા વધતા પ્રમાણમાં લેવાં જોઈએ; કેમ કે સમાન ભાગમાં લેવાથી તે દુષ્ટ વિષનું કાર્ય કરે છે; વળી મધની બાબતમાં આ એક બીજી વસ્તુ ધ્યાનમાં લેવા જેવી છે કે, મધને કદી ગરમ ન કરવું તેમ જ ગરમ દ્રવ્ય સાથે તેને કદી મિશ્ર ન કરવું; કેમ કે ગરમ દ્રવ્યની સાથે તેને કદી સેવવું ન જોઈએ; તેમાં કારણ આ છે કે મધ-માખીઓ દ્વારા અનેક જાતનાં પુષ્પોનો રસ એકત્ર કરાય છે અને તે મધરૂપે તૈયાર થાય છે; તેમાં કેટલાંક પુષ્પો, વિષયુક્ત પણ હોઈ શકે છે, તેથી મધમાં વિષનો અંશ પણ હોવો સંભવિત હોય છે, તેથી મધમાં રહેલ વિષના ગુણો સાથે બહારના ગરમ પદાર્થોના ગુણ વિરુદ્ધ બને છે; એ જ

કારણે મધને ગરમ ન કરાય કે ગરમ પદાર્થો સાથે ન સેવાય તે યોગ્ય છે; એટલું જ નહિ, પણ ઉષ્ણ પ્રકૃતિવાળા રોગમાં કે ઉષ્ણ સ્વભાવ ધરાવતો રોગી માણસ પણ મધનો ઉપયોગ કરે તે અયોગ્ય છે; છતાં વમન દ્રવ્યોની સાથે મધનો જો પ્રયોગ કરાય, તો તેમાં મધની ઉષ્ણતા સાથેનો વિરોધ રહેતો નથી; કારણ કે વમન દ્રવ્યનું પાચન થતું જ નથી; કેમ કે તે વમનકારક દ્રવ્ય તો શરીરમાં ટક્યા વિના જ બહાર નીકળી જાય છે; વળી મધ એ એવો ખાદ્ય પદાર્થ છે કે જેને મધમાખીઓ અનેક જાતનાં પુષ્પોના રસરૂપે પોતાના મધપૂડામાં ભરે છે; તેથી એ મધમાં બીજાં તત્ત્વોથી વધુ પ્રમાણમાં ગ્લુકોઝ રહેલું હોય છે; એ ગ્લુકોઝનું પાચન બધા કરતાં વધુ સુગમ હોય છે, એટલે કે તે ગ્લુકોઝ પચવું ખૂબ હલકું હોય છે; તેમ જ એ મધરૂપ પદાર્થ–હૃદયને અત્યંત બળદાયક છે, આ જ કારણે પ્રાચીન આયુર્વેદીય ગ્રંથોમાં ઘણાં ઔષધોનાં અનુપાન તરીકે મધ જ લખેલું હોય છે; તેનું મુખ્ય કારણ આ છે કે, મધ એ યોગવાહી દ્રવ્ય છે એટલે કે જે દ્રવ્યની સાથે પોતે મળે છે તે દ્રવ્યના ગુણોને વધારે છે અને પોતાના ગુણોને સ્થિર રાખે છે; એ જ કારણે મધનું મહત્ત્વ વધુ છે; જોકે જુદી જુદી માખીઓએ બનાવેલાં મધ પણ જુદા જુદા અનેક પ્રકારનાં થાય છે, જેનું વર્ણન સુશ્રુતના સૂત્રસ્થાનના ૪૫મા અધ્યાયમાં મધુવર્ગમાં મળે છે, તે ત્યાં જોવું.

इति ह स्माह भगवान् कश्यपः ॥ ६३ ॥

એમ ભગવાન્ કશ્યપે જ અરેખર કહ્યું હતું. ૬૩

ઇતિ શ્રીકાશ્યપસંહિતામા ખિલસ્થાન વિષે 'અષ્ટન્વર-ચિકિત્સિત' નામનો અધ્યાય ૧૯ મો સમાપ્ત

ક્ષીરગુણવિશેષીય : અધ્યાય ૨૦ મો

अथातः क्षीरगुणविशेषीयं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી દૂધના વિશેષ ગુણો જેમાં કહેવાયા છે, તે (૨૨ મા) અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીએ છીએ. ૧,૨

વિવરણ : આ અધ્યાયમાં જુદાં જુદાં પ્રાણીઓનાં જુદા જુદા દૂધના ગુણો કહેવામાં આવશે. ૧,૨

आठ प्राणीओनां आठ प्रकारनां दूध

गोर्महिष्या अजायाश्च नार्या उष्ट्र्या अवेः स्त्रियाः तुरङ्गया इति चोक्तानि पूर्वमेव पयांसि तु ॥३॥
भूयश्च गुणवैशेष्यात् क्षीराण्यष्टौ निबोध मे ।

ગાયનું, ભેંસનું, બકરીનું, મનુષ્ય–સ્ત્રીનું, ઊંટડીનું, ઘેટીનું, હાથણીનું અને ઘોડીનું– એમ આઠ પ્રાણીનાં આઠ દૂધો મળી શકે છે; પરંતુ તે તે જુદાં જુદાં દૂધના ગુણોમાં વિશેષતા છે, તે કારણે તે આઠ પ્રકારનાં દૂધના ગુણો, તમે મારી પાસેથી સાંભળો. ૩

दूधना विशेष गुणोनां खास विशेष कारणो

प्रजापतेः पुरेच्छातः प्रजानां प्राणधारणम् ॥ ४ ॥
पञ्चभूतगुणं चापि भूरुहां जन्म कथ्यते ।
वनस्पतीनां वृक्षाणां वानस्पत्यगणस्य च ॥ ५ ॥
वीरुधामोषधीनां च गुल्मानामपि जीवक ! ।
विविधानां तृणानां च सस्यानां चैव देहिनाम् ॥ ६ ॥
एवमादिगणो यस्तु भूमेः सार उदाहृतः ।

હે જીવક ! પૂર્વે પ્રજાપતિ બ્રહ્માની ઇચ્છાથી પ્રજાઓના પ્રાણનું ધારણ જે કારણે ચાલુ રહ્યું છે, તે કારણરૂપે પાંચ ભૂતોના ગુણો તથા વૃક્ષો–વનસ્પતિઓનો જન્મ કે ઉત્પત્તિ અહીં પ્રથમ કહેવાય છે–વનસ્પતિઓનો, વૃક્ષોનો, વનસ્પતિઓના સમુદાયનો, વીરુધોનો, ઓષધીઓનો, ગુલ્મ-ગુચ્છાઓનો, અનેક પ્રકારનાં તૃણ–ઘાસનો, સસ્ય–ધાન્યોનો તથા દેહધારી બીજાં મનુષ્યો વગેરેનો જે સમુદાય ઉત્પન્ન થયો છે, તે પણ ભૂમિનો સાર જ કહેવાયો છે. ૪–૬

વિવરણ : અહીં જે વનસ્પતિ કહેલ છે, તેની ઓળખ આ પ્રમાણે કહેલ છે કે–જેમાં 'अपुष्पाः'–પુષ્પો ન થાય પણ સીધાં ફળ જ આવે છે, તે પીપળો, પીપર, વડ, ઉંમરો વગેરેને વનસ્પતિ કહેવામાં આવે છે; જોકે આ વાત, વનસ્પતિશાસ્ત્રથી વિરુદ્ધ ગણાય છે; કેમ કે જેમાં પ્રથમ પુષ્પ હોય જ નહિ અને સીધાં ફળ આવે, એમ કદી હોય જ નહિ; પુષ્પો વિના ફળની

ઉત્પત્તિ સંભવતી જ નથી; તે ઉપરથી 'અપુષ્પ' શબ્દનો અર્થ આવો સંભવે છે કે જેમાં પુષ્પો પ્રત્યક્ષ પ્રકટ ન હોય, પણ સૂક્ષ્મ દૃષ્ટિએ જોવામાં આવે તો તે વનસ્પતિઓના ફળની અંદર જ પ્રથમ બારીક અનેક પુષ્પો આવેલાં હોય જ છે, જેઓનો દેખાવ બિયાં જેવો લાગે છે અને તે પણ ફળની અંદર જ ઢંકાઈને રહેલાં હોય જ છે; એટલે કે 'અપુષ્પ' હોય-અર્થાત્ જેનાં પુષ્પો પ્રત્યક્ષ ન દેખાય પણ ફળમાં જ ઢંકાયેલાં હોય તે 'વનસ્પતિ' કહેવાય છે; તે પછી અહીં મૂળમાં 'વૃક્ષ' શબ્દ લીધો છે, તેનો અર્થ જેનાં પ્રથમ પ્રકટ પુષ્પો થાય અને પછી તે પુષ્પ પ્રકટીને પ્રકટ ફળ થાય છે, તેને અહીં 'વૃક્ષ' કહેલ છે; તે પછી અહીં મૂળમાં 'વાનસ્પત્ય' ગણ કહેલ છે; પરંતુ તેનો તથા વૃક્ષનો અર્થ લગભગ સરખો જ થાય છે; તેથી તે સંબંધે આ વચન મળે છે કે- 'वानस्पत्यः फलपुष्पवति वृक्षे, पुष्पजफलवृक्षे आम्रादौ'- એટલે કે ફલ-પુષ્પવાળું વૃક્ષ એ જ 'વાનસ્પત્ય' કહેવાય છે; જેમ કે-જેમાં પ્રથમ પુષ્પ ઉત્પન્ન થઈને તેમાં ફળ પ્રકટે છે. તે આંબા વગેરેનાં ઝાડ-પાન: એમ તે 'વાનસ્પત્ય' શબ્દ પછી અહીં મૂળમાં 'વીરુધ્' શબ્દ લખ્યો છે; તેનો અર્થ જે વેલી ફેલાઈ જવાનો સ્વભાવ ધરાવે છે તે 'વીરુધ્' કહેવાય છે; તે પછી અહીં મૂળમાં 'ઓષધી' શબ્દ છે; તેનો અર્થ-'ओषध्यः फलपाकान्ताः'-જેમાં ફળ આવીને તેનો પાક ઊતર્યા પછી જેનો નાશ થઈ જાય છે-તે જુવાર, બાજરી, ડાંગર, ઘઉં, જવ વગેરે ધાન્યોના છોડ ઉત્પન્ન થાય છે, તેઓને જ 'ઓષધી' કહી શકાય છે; તેમાં ધાન્યરૂપ ફળનો પાક ઊતરી ગયા પછી તેઓનો નાશ જ થઈ જાય છે; આ જ આશય મનુસ્મૃતિમાં આ શ્લોકવાક્યથી જણાવ્યો છે કે- 'ओषध्यः फलपाकान्ता बहुपुष्पफलोपगाः'-પાક થયા પછી જેઓનો અંતે નાશ થઈ જાય અને જેમાં ઘણાં પુષ્પો તથા ઘણાં ફળો ધાન્યરૂપે પાકે છે; એમ 'ઓષધી' શબ્દ લખ્યા પછી અહીં 'ગુલ્મ' શબ્દ લખ્યો છે, તેનો આ અર્થ છે કે-જેઓ ગુચ્છારૂપે થાય છે, તે 'ગુલ્મ' કહેવાય છે; જેમાં ડાળીઓ વગેરે કંઈ હોતાં જ નથી, તે બધાંનો સમાવેશ આ ગુલ્મ જાતિમાં કે 'વીરુધ્'માં થઈ શકે છે.

એ વનસ્પતિ આદિના આહારનો સારજ દૂધ છે

सोमस्य वायुतेजोऽपां बुद्धिश्चेति प्रजापतेः।
तदाहारगुणोत्पन्नं गवादीनामतः परम् ॥ ७ ॥

સોમ-ચંદ્ર, વાયુ, તેજ, તથા પાણીનો જે સાર છે, તે જ એ વનસ્પતિ આદિરૂપે પ્રકટેલ છે અને તે જ પ્રજાપતિની બુદ્ધિરૂપ છે; અને તે પછી વનસ્પતિ આદિના આહારના ગુણમાંથી જે ઉત્પન્ન થાય છે, તે જ ગાયો વગેરેના દૂધરૂપે પ્રકટે છે. ૭

વિવરણ : અહીં આમ જણાવવા માગે છે કે, ગાયો વગેરે પ્રાણીઓના આહારરૂપ વનસ્પતિઓ વગેરેના ગુણમાંથી તે તે પ્રાણીઓનું દૂધ ઉત્પન્ન થયેલ છે; પણ તે તે વનસ્પતિઓ વગેરે તો ખરી રીતે પૃથ્વી, ચંદ્ર, વાયુ તથા તેજના એક સારરૂપ જ છે અને તે પણ પ્રજાપતિ-બ્રહ્માની બુદ્ધિરૂપ છે એટલે કે પાંચે મહાભૂતોના ગુણો વગેરે વસ્તુતઃ પ્રજાપતિની બુદ્ધિ કે જ્ઞાનરૂપે પ્રકટેલ છે. ૭

સર્વ ઔષધીઓનો સાર હોઈ દૂધ અમૃતતુલ્ય છે

यथा सर्वौषधीसारं क्षीरोदे मथिते पुरा।
संभूतममृतं दिव्यममरा येन देवताः ॥ ८ ॥
तथा सर्वौषधीसारं गवादीनां तु कुक्षिषु।
क्षीरमुत्पद्यते तस्मात् कारणादमृतोपमम् ॥ ९ ॥

પૂર્વે ક્ષીરસમુદ્રનું જ્યારે મંથન કરાયું હતું, ત્યારે તેમાંથી સર્વ ઔષધીઓના સારરૂપ દિવ્ય અમૃત ઉત્પન્ન થયું હતું અને તેનાથી દેવો અમર બન્યા હતા, તે જ પ્રમાણે ગાયો વગેરે પ્રાણીઓની કૂખમાં જઈ સર્વ ઔષધીઓનો સાર, દૂધરૂપે ઉત્પન્ન થાય છે, તે કારણથી દૂધ એ અમૃતતુલ્ય છે. ૮,૯

જરાયુજ-મનુષ્યો આદિનું વિશેષ જીવન દૂધ છે

जरायुजानां भूतानां विशेषेण तु जीवनम् ॥ १० ॥

જરાયુજ-મનુષ્યો, પશુઓ વગેરે પ્રાણીઓનું જીવન, વિશેષે કરી-ખાસ તો દૂધ

જ હોય છે. ૧૦

વિવરણ : આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૨૭મા અધ્યાયમાં આમ કહ્યું છે કે, દૂધ એ બધાં દ્રવ્યો કરતાં શ્રેષ્ઠ જીવનીય દ્રવ્ય છે, તેથી જ એ દૂધ, જરાયુ-ઓળમાંથી ઉત્પન્ન થતાં મનુષ્ય આદિ પ્રાણીઓનું વિશેષે કરી-ખાસ જીવન છે. સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૧ લા અધ્યાયમાં આમ જ કહ્યું છે કે-'तत्र पशुमनुष्यव्यालादयो जरायुजाः'-પ્રાણીઓમાં પશુઓ, મનુષ્યો અને સર્પો વગેરે પ્રાણીઓ જરાયુજ-ઓળમાંથી ઉત્પન્ન થતાં હોઈને 'જરાયુજ' કહેવાય છે. ૧૦

દૂધના વિશેષ ગુણો

क्षीरं सात्म्यं हि बालानां क्षीरं जीवनमुच्यते ।
क्षीरं पुष्टिकरं वृद्धिकरं बलविवर्धनम् ॥ ११ ॥
क्षीरमोजस्करं पुंसां क्षीरं प्राणगुणावहम् ।
गर्भाधानकरं क्षीरं वन्ध्यानामपि योषिताम् ॥१२

દૂધ એ બાળકોને ખરેખર સાત્મ્ય હોઈ તેઓનું જીવન કહેવાય છે. વળી દૂધ એ (સર્વની) પુષ્ટિ તથા વૃદ્ધિને કરનાર હોઈ દરેકના બળને વિશેષે કરી વધારનાર છે; તેમ જ દૂધ એ પુરુષોના 'ઓજસ્' (પ્રાણશક્તિ)ને કરનાર હોઈ પ્રાણના ગુણોને ચારે બાજુથી લાવે છે અને વાંઝણી સ્ત્રીઓને પણ દૂધ ગર્ભને ધારણ કરાવે છે. ૧૧,૧૨

ક્ષીણ, ક્ષય રોગી આદિ માટે દૂધ એ શ્રેષ્ઠ છે

क्षीणानां च कृशानां च शोफिनां राजयक्ष्मिणाम् ।
व्यायामश्रमनित्यानां स्त्रीनित्यानां च देहिनाम् ॥१३
संक्षीणरेतसां चापि गर्भस्रावे च दारुणे ।
रक्तपित्तामयेऽर्शस्सु मदक्षीणे ज्वरे तथा ।
गर्भशोषे च वातानां क्षीरं परममुच्यते ॥ १४ ॥

ક્ષીણ થયેલા, દુર્બલ, સોજાના રોગીઓ, ક્ષયના રોગીઓ, શારીરશ્રમ જેઓ માટે કાયમી હોય, જેઓ કાયમ સ્ત્રી-સેવન કરતા હોય, જેઓનાં વીર્ય ક્ષીણ થયાં હોય, વળી જ્યારે દારુણ ગર્ભસ્રાવ થયો હોય, રક્તપિત્તના રોગમાં, મસાના રોગમાં અને મદના કારણે જે માણસ ક્ષીણ થયો હોય, (જીર્ણ) જ્વરમાં, ગર્ભનો શોષ થતો હોય કે ગર્ભ સુકાતો હોય અને જેઓ વધુ પડતી વાયુ પ્રકૃતિવાળા હોય-તે તે સર્વ માટે દૂધ એ શ્રેષ્ઠ (ઔષધરૂપ) કહેવાય છે. ૧૩,૧૪

ગાય વગેરેના દૂધના અલગ અલગ ગુણો કહેવાની પ્રતિજ્ઞા

सामान्यादिह दुग्धानां पुरा चोक्ता गुणादयः ।
पृथक्त्वेन च वक्ष्यामि गवादीनां विशेषणम् ॥१५

ઉપર સામાન્યપણે-હરકોઈ પ્રાણીઓના દૂધના ગુણો પ્રથમ કહ્યા છે; પરંતુ હવે ગાયો વગેરે પ્રાણીઓના દૂધના વિશેષ ગુણોને અલગ અલગ હું કહું છું. ૧૫

ગાયોનું દૂધ ઉત્તમ હોવાનું કારણ

तृणगुल्मौषधीनां च अग्राग्रं पय एव हि ॥१६॥
स्वादन्ति मधुरप्रायं लवणं च विशेषतः ।
तत्सारगुणवैशेष्याद्गवां क्षीरं प्रशस्यते ॥ १७॥

ગાયો ઘાસ, ગુચ્છા અને ઔષધીઓના આગલા આગલા ભાગો, જે પયસ્-દૂધરૂપ જ હોય છે અને લગભગ મધુર તથા ખારા જ હોય છે, તેઓને જ વધુ પ્રમાણમાં ખાય છે, તે કારણે ગાયોના દૂધમાં સારરૂપ ગુણની વિશેષતા હોય છે, તે કારણે ગાયોનું દૂધ વધુ શ્રેષ્ઠ છે. ૧૬,૧૭

ગાયોનું દૂધ પૌષ્ટિક છે

मधुरो हि रसः श्रेष्ठो रसानां परिकीर्तितः ।
तन्नित्यं वा गवां क्षीरं मधुरं बृंहणं मतम् ॥१८

બધાયે રસોમાં મધુર રસને જ શ્રેષ્ઠ કહ્યો છે અને ગાયોનું દૂધ કાયમી મધુર જ હોય છે, તેથી એ ગાયોના દૂધને (વધુ) પૌષ્ટિક માન્યું છે. ૧૮

ગાયોનું દૂધ રસાયન હોવાનું કારણ

औषधाग्रातिभक्षत्वाद्विरेचयति तत् पयः ।
एतस्मात् कारणादुक्तं गवां क्षीरं रसायनम् ॥१९
एष वैशेषिकगुणो गोक्षीरस्य प्रकीर्तितः ।

ગાયો, હમેશાં દરેક ઔષધીઓના આગલા ભાગોને જ ખાવાનો સ્વભાવ ધરા-

વતી હોય છે, તેથી એ ગાયોનું દૂધ વિરેચન કરાવે છે–પેટને વધુ સાફ કરે છે, એ કારણે ગાયોના દૂધને 'રસાયન' કહ્યું છે; એમ ગાયોના દૂધનો એ ખાસ ગુણ કહેવામાં આવ્યો છે. ૧૯

ભેંસના દૂધના હીન ગુણો

कृमिकीटपतङ्गैश्च सर्पैरपि तृणाश्रितैः ॥ २० ॥
सह नानातृणं हीनं महिष्यो भक्षयन्ति हि ।
अवगाहन्ति तोयानि गर्भाणि च विशेषतः ॥२१
एतस्मात् कारणत्तासां क्षीरं कषायशीतलम् ।
शीतत्वाद् दुर्जरं स्निग्धं (गुरु) दाहनिबर्हणम् ।
गवां क्षीराच्चाल्पगुणं महिषीणां पयो मतम् ॥२२॥

ભેંસો ઘાસમાં રહેલ કૃમિઓ, કીડા, પતંગિયાં તથા સર્પોની સાથે પણ અનેક જાતનાં ઘાસ ખાઈ જાય છે; તેમ જ હલકાં ઘાસ પણ અવશ્ય ખાય છે; તેમ જ પાણીમાં વધુ પ્રવેશ કરે છે અને (મેલા પાણીના) ખાડાઓમાં પડી રહે છે, એ કારણે તે ભેંસોનાં દૂધ, કષાય–તૂરાં અને શીતલ હોય છે; તેમ જ શીતલ તથા વધુ સ્નિગ્ધ–ચીકણાં હોવાના કારણે જ–પચવાં મુશ્કેલ હોય છે; તેમ જ દાહનો નાશ કરનારાં પણ હોય છે; છતાં ઉપર કહેલ કારણથી તે ભેંસોનાં દૂધને ગાયોના દૂધ કરતાં ઓછા ગુણવાળું માન્યું છે. ૨૦–૨૨

વિવરણ : ચરકે સૂત્રસ્થાનના ૨૭મા અધ્યાયમાં અને સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૪૫ મા અધ્યાયમાં આ ગાય–ભેંસના દૂધના ગુણો સંબંધે આવું જ કહેલું છે. ૨૦–૨૨

બકરીના દૂધના ગુણો

अजानामल्पकायत्वात् कटुतिक्तानिबर्हणात् ।
अल्पत्वाच्च बलित्वाच्च लघु दोषहरं पयः ॥२३॥
अल्पत्वात्तद्घनं क्षीरं घनत्वादपि बृंहणम् ।
शीतं संग्राहि मधुरं बल्यं वातानुलोमनम् ॥२४

બકરીઓનાં શરીર નાનાં હોય છે અને તે બકરીઓ તીખાં તથા કડવાં પણ ઘાસ વગેરેનો ત્યાગ કરતી નથી, પરંતુ (ઊંટ મૂકે આકડો અને બકરી મૂકે કાંકરો–ઊંટ ફક્ત આકડો જ છોડે છે અને બકરી ફક્ત કાંકરો જ છોડે છે–એટલે કે) બધુંયે ખાય છે, તે કારણે તેમ જ એ બકરી કદમાં ભલે નાની હોય છે, પણ બળવાન હોય છે, તેથી એ બકરીનું દૂધ પચવામાં હલકું હોય છે અને દોષોને દૂર કરનાર પણ હોય છે; ઉપરાંત તેનું દૂધ પણ ઓછું નીકળે છે, તેથી તેનું દૂધ વધુ ઘાટું પણ હોય છે, તે કારણે બૃંહણ એટલે પૌષ્ટિક પણ હોય છે અને શીતલ હોઈ મળોનો સંગ્રહ કરનાર–રોકનાર પણ હોય છે; તેમ જ એ બકરીનું દૂધ મધુર હોઈ બલવર્ધક અને વાયુનું અનુલોમન કરનાર અથવા વાયુની અનુકૂળ પ્રવૃત્તિ કરનાર પણ હોય છે. ૨૩,૨૪

વિવરણ : ચરકે સૂત્રસ્થાનના ૨૭ મા અધ્યાયમાં અને સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૪૫ મા અધ્યાયમાં આ સંબંધે આમ જ કહ્યું છે. ૨૩,૨૪

ઊંટડીના દૂધના ગુણો

महाशयतया श्याम(न)मधुरप्रायसेवनात् ।
बहुत्वाच्च घनत्वाच्च बल्यं पुष्टिकरं पयः ॥ २५ ॥
गुरु वृष्यं च निर्दिष्टं मधुरं च विशेषतः ।
अल्पाहारतयोष्ट्रीणां प्रियं चाऽऽलवणं पयः ॥२६॥

ઊંટડીનું શરીર મોટું હોય છે એટલે કે તેના દૂધને રહેવાનું સ્થાન ઘણું મોટું તથા રંગે શ્યામ કાળું હોય છે; તેમ જ એ ઊંટડી લગભગ મધુર પદાર્થોનું જ સેવન કરે છે; વળી તે ઊંટડીનું દૂધ પ્રમાણમાં ઘણું અને ઘાટું હોય છે, તે કારણે એ ઊંટડીનું દૂધ બલવર્ધક અને પુષ્ટિકારક પણ હોય છે. વળી તે ઊંટડીનું દૂધ ગુરુ હોઈ પચવામાં ભારે હોય છે, વૃષ્ય અથવા વીર્યવર્ધક હોય છે અને વિશેષે કરી મધુર પણ કહ્યું છે; તેમ જ ઊંટડીઓનો આહાર અથવા ખોરાક પણ ઓછો હોય છે, તે કારણે તેઓનું દૂધ પ્રિય અથવા પ્રીતિકારક થાય છે અને (સ્વાદમાં) લગાર

ખારું પણ હોય છે. ૨૫,૨૬

વિવરણ : ચરકે સૂત્રસ્થાનના ૨૭ મા અધ્યાયમાં અને સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૪૫ મા અધ્યાયમાં આ સંબંધે આમ જ કહ્યું છે. હવે અહીંથી આરંભી આ અધ્યાય ખંડિત મળે છે, તેથી બીજાં ચાર પ્રાણીઓનાં દૂધનું વર્ણન પણ અહીં અસલ ગ્રંથમાં હોવું જ જોઈએ, પરંતુ તે મળતું નથી, તેથી અહીં બીજા ગ્રંથોના આધારે બીજાં-હાથણી વગેરે ચાર પ્રાણીઓનાં દૂધનાં વર્ણનો અહીં આપ્યાં છે : ઘેટીનું દૂધ પિત્તને તથા કફને વધારનાર હોય છે, એમ ચરકે સૂત્રસ્થાનના ૨૭ મા અધ્યાયમાં કહ્યું છે અને હાથણીના દૂધનું વર્ણન પણ ચરકે ત્યાં આમ લખ્યું છે કે-'हस्तिनीनां पयो बल्यं गुरु स्थैर्यकरं परम्'-હાથણીનું દૂધ બળવર્ધક, ગુરુ-પચવામાં ભારે અને અતિશય સ્થિરતાને કરનાર હોય છે, તેમ જ ઘોડી, ગધેડી વગેરે એક ખરીવાળાં પ્રાણીઓનું દૂધ, રૂક્ષ હોઈ લઘુ-પચવામાં હલકું, મધુર, ખાટું તથા ખારાશરૂપી અનુરસયુક્ત હોઈ ઊંડાણમાં ખારા રસને પણ ધરાવતું હોય છે; તેથી હાથ, પગ આદિ શાખાગત રોગોને તે મટાડે છે; એમ સુશ્રુતે સૂત્રસ્થાનના ૪૫ મા અધ્યાયમાં કહ્યું છે. વળી ચરકે સૂત્રસ્થાનના ૨૭ મા અધ્યાયમાં મનુષ્ય-સ્ત્રીના દૂધના ગુણો આ પ્રકારે વર્ણવ્યા છે; જેમ કે- जीवनं बृंहणं सात्म्यं स्नेहनं मानुषं पयः। नावनं रक्तपित्ते च तर्पणं चाक्षिशूलिनाम् ॥'-મનુષ્ય-સ્ત્રીનું દૂધ જીવનપ્રદ, બૃંહણ-પૌષ્ટિક, સાત્મ્ય એટલે બાળકની પ્રકૃતિને માફક આવે એવું હિતકર, બૃંહણ-પૌષ્ટિક, રક્તપિત્તના રોગમાં નાવન-નસ્ય-રૂપે આપવામાં ઉપયોગી અને નેત્રના શૂલવાળા રોગીઓના નેત્રશૂલમાં તર્પણ કરનાર હોય છે. આ બધાં દૂધના ગુણો ઉપરથી આજકાલના અર્વાચીન વિદ્વાનોએ પણ કબૂલ્યું છે કે, દૂધ એ પૂર્ણ ભોજન અથવા પરિપૂર્ણ ખોરાકરૂપ છે; કેમ કે દૂધમાં લગભગ બધાંયે પોષકતત્ત્વો અસ્તિત્વ ધરાવે છે; તેથી દૂધ એ મનુષ્યના શરીરનું પોષક અને સંવર્ધક હોઈ તેનું સેવન આવશ્યક છે; દરેક પ્રાણીને દૂધ એ જન્મથી જ માફક આવે છે, તેથી તેને 'જાતિસાત્મ્ય' માન્યું છે અને તે જ કારણે દૂધ બાળકોને, વૃદ્ધોને, તરુણોને, પ્રૌઢોને તથા સ્ત્રીઓને પણ હરકોઈ અવસ્થામાં માફક આવે છે અને તે જ કારણે જીવનમાં દૂધ, એ સૌથી વધુ ટેકો આપનાર થઈ પડે છે. તેમ જ દૂધમાં ઘોલરૂપે એવા પૌષ્ટિક સૂક્ષ્મ કણો રહેલા છે; તેથી દરેકને પચવામાં તે સહેલું થાય છે. ૨૫,૨૬

એમ અહીં સુધીમાં દૂધના ગુણોનું વર્ણન આ અધ્યાયમાં કરેલું છે અને તે પછી અહીં-જળના ગુણોનું વર્ણન જોવામાં આવે છે; તેથી એ 'પાનીય-ગુણ-વિશેષીય' નામે અધ્યાય અહીંથી શરૂ કરેલ છે; પણ તેમાં પ્રથમનો ભાગ ખંડિત જણાય છે; એકંદર આ અધ્યાયમાં ખંડિત ભાગો ઘણા છે, તેથી જ એકદમ અહીં નીચે પાણીના ભેદો અને તેઓના વિશેષ ગુણો, વર્ણવેલા જોવામાં આવે છે.

'હંસોદક' નામનું નિર્દોષ જલ

..... ।
..... ॥
..... ।

अतीते प्रथमे मासि पावृट्प्रोष्ठपदागमे।
दिव्यं खात् पतितं तोयं नाम्ना हंसोदकं शिवम्।
आपूतं सूर्यतेजोभिरगस्त्येनाऽविषीकृतम् ॥ २७ ॥

વર્ષા ઋતુનો પહેલો મહિનો વીતી જાય એટલે કે વસ્તુતઃ આષાઢ તથા શ્રાવણ માસ વીતી જાય અને પ્રાવૃટ્-કાળનો ભાદરવો મહિનો આવી જાય, ત્યારે આકાશમાંથી જે દિવ્ય જળ પડ્યું હોય તે 'હંસોદક' નામે કહેવાય છે અને તે કલ્યાણકારી અથવા સુખકારક હોઈને સૂર્યનાં તેજ વડે ચારે બાજુથી પવિત્ર કરેલ હોય છે તેમ જ અગસ્ત્યનો ઉદય થઈ જવાથી તે જળ તે દ્વારા તરત વિષ-રહિત પણ કરાયેલું હોય છે. ૨૭

વિવરણ : અર્થાત્ શરદૃઋતુની પહેલાંનું-વર્ષાઋતુનું પાણી મેલું હોય છે અને અગ્નિવિપાકી-ખાટા પરિપાકવાળું હોઈ પીવા યોગ્ય પણ ગણાતું નથી; કેમ કે તે પાણી પીવાથી ઘણા રોગો પણ

સંભવે છે; પરંતુ કન્યારાશિમાં સૂર્યનો પ્રવેશ થાય અને શરદઋતુ ચાલુ થાય અને ભાદરવાની પૂનમે અગસ્ત્યનો ઉદય થાય છે ત્યારે પાણી સ્વચ્છ બને છે અને તે જ વિષરહિત તથા નિર્મળ થઈને પીવાલાયક 'હંસોદક' ગણાય છે. વર્ષાઋતુનું પાણી તો પીવાલાયક હોતું જ નથી, એ સંબંધે આમ પણ કહ્યું છે કે–'उदमन्थं दिवास्वप्नमवश्यायं नदीजलं,...चात्र वर्जयेत्'–વર્ષાઋતુમાં પાણીનો મંથ, દિવસની નિદ્રા, અવશ્યાય–હિમ–ઝાકળ અને નદીનું પાણી ત્યજવું જોઈએ. ૨૭

ઋતુ અનુસાર જળના ગુણો

.....।
.....ति ॥

स्निग्धं वृष्यं च बल्यं च हेमन्ते गुरु वर्षति।
शिशिरे वर्षति जलं कफवातप्रकोपनम् ॥ २८ ॥
वसन्ते वर्षति जलं कषायस्वादुरूक्षणम्।
तत्र..... ॥

હેમંત ઋતુમાં જે જળ વરસે છે, તે સ્નિગ્ધ, વૃષ્ય–વીર્યવર્ધક, બલપ્રદ તથા ગુરુ હોઈ પચવામાં ભારે હોય છે; શિશિર ઋતુમાં જે જળ વરસે છે તે કફને તથા વાયુને વધુ કોપાવનાર હોય છે; અને વસંત ઋતુમાં જે જળ વરસે છે તે કષાય–તૂરા રસવાળું, સ્વાદુ–મધુર તથા રૂક્ષ હોઈ શરીરમાં રૂક્ષતા કરનાર હોય છે. ૨૮

જમીન પર કે કોઈ પાત્રમાં પડ્યા પછી દિવ્ય જળમાં તે તે પ્રકટ રસોની ઉત્પત્તિ થાય

.....(पति)तं क्षितौ।
तत् पात्रोपेक्षितवति पात्रदोषेण तत्त्वतः ॥
नानारसत्वं भजते तोयं संप्राप्य भूतलम् ॥ २९ ॥

વરસાદનું એ દિવ્ય જળ જમીન ઉપર પડે કે કોઈ વાસણમાં પડે, તે પછી તે જળમાં જમીનના કે તે પાત્રના દોષને લીધે યથાર્થપણે અનેક રસોપણું પ્રાપ્ત થાય છે એટલે કે તે તે રસો એ જળમાં પ્રકટ અનુભવાય છે; એમ એકંદર વરસાદનું પાણી જમીન પર પ્રાપ્ત થયા પછી પ્રકટપણે અનેક પ્રકારના રસોથી યુક્ત થાય છે. ૨૯

વિવરણ : સામાન્યપણે અંતરિક્ષના દિવ્ય જળમાં કોઈ પણ રસ સ્પષ્ટરૂપે હોતો જ નથી, એટલે કે વરસાદના પાણીમાં જે રસ હોય છે, તે અવ્યક્ત–અસ્પષ્ટ જ હોય છે, પરંતુ એ વરસાદનું પાણી જમીન પર કે કોઈ પાત્રમાં પડ્યા પછી જ તેમાં આકાશ, વાયુ, ભૂમિ આદિની અનેક પ્રકારની મલિનતાઓ અનુભવાય છે; જ્યારે અંતરિક્ષનું દિવ્ય જળ, સર્વત્ર એક જ ગુણવાળું હોય છે, પરંતુ ભૂમિ પર જુદાં જુદાં સ્થાનોમાં પ્રાપ્ત થયા પછી જ તેમાં જુદા જુદા ગુણો અનુભવાય છે; આ સંબંધે ચરકે પણ સૂત્રસ્થાનના ૨૭ મા અધ્યાયમાં અને સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૪૫ મા અધ્યાયમાં આમ જ કહ્યું છે. ૨૯

દિવ્ય જળ નીચે પડીને તત્કાળ બદલાય

सर्वाम्बु सद्यःपतितमप्रशस्तमनार्तवम्।
त .....।
.....रूदकम् ॥ ३० ॥

હરકોઈ દિવ્ય જળ, જમીન પર તે તે સ્થાને પડીને તત્કાળ ખરાબ બની જાય છે અને તેમાં અનાર્તવપણું એટલે કે કોઈપણ ઋતુના અનુસરણથી રહિતપણું પ્રાપ્ત થાય છે, એમ સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૪૫મા અધ્યાયમાં કહ્યું છે. ૩૦

અન્તરિક્ષ–દિવ્ય જળના ચાર ભેદો અને ભિન્નભિન્ન ગુણો

कफानिलकरं पित्ते हितं शीतातिकारकम्।
रक्तपित्तहरं रूक्षमवश्यायोदकं लघु ॥ ३१ ॥
एतच्चतुर्विधं प्रोक्तं तत्त्वेनाम्भोऽन्तरिक्षजम्।
सह..... ॥
.....श्लेष्मप्रकोपनाः ॥ ३२

ખરી રીતે અંતરિક્ષનું દિવ્ય જળ-ધાર, કાર, તૌષાર અને હૈમ–એમ ચાર પ્રકારનું કહેવાયું છે; અને તે સર્વ જળ કફને તથા વાયુને કરે છે, પણ પિત્તમાં હિતકારી થાય છે; વળી તે અતિશય શીતને કરે

છે; રક્તપિત્તને મટાડે છે; તેમાંનું અવશ્યાય–તૌષાર કે ઝાકળનું દિવ્ય જળ રૂક્ષ તથા હલકું હોય છે; ખરી રીતે અંતરિક્ષનું ચારે પ્રકારનું જળ, કફને અત્યંત કોપાવનાર હોય છે. ૩૧,૩૨

વિવરણ : અહીં મૂળમાં દિવ્ય જળના ચાર પ્રકારો કહ્યા તો હશે, છતાં કેવળ એક અવશ્યાય–ઝાકળના પાણીરૂપ દિવ્ય જળનો એક જ ભેદ બતાવ્યો છે; બાકીના ત્રણ પ્રકારો, જોકે અસલ ગ્રંથમાં બતાવ્યા તો હશે જ, પણ તે અહીં ખંડિત થયા છે; તેથી અહીં સુશ્રુતના સૂત્રસ્થાનના ૪૫ મા અધ્યાયમાંથી દિવ્ય જળના ચાર પ્રકારો અહીં આપ્યા છે: જેમ કે–'तत्रान्तरीक्षं चतुर्विधम्–तद् यथा–धारं कारं तौषारं हैममिति'–અંતરિક્ષનું દિવ્ય જળ ચાર પ્રકારનું હોય છે; એક તો 'કાર' એટલે કે કરાનું પાણી, બીજું 'ધાર'–ધારાનું પાણી, ત્રીજું 'તૌષાર'–બરફનું પાણી અને ચોથું હૈમ એટલે કે હિમનું પાણી હોય છે; અને તે ચારે પ્રકારના દિવ્ય જળના ગુણો લગભગ સરખા જ હોય છે. ૩૧,૩૨

જુદી જુદી દિશાની નદીઓના પાણીના ગુણો

क्षारोदाः प्राक्स्रुता नद्यः कफघ्नाः पित्तकोपनाः।
लघूदकाः प्रतीचीगा वातलाः कफनाशनाः।
क्षारं ताभ्यस्तु सामुद्रं मधुरं गुरु पच्यते ॥३३
.....।
.....लवणं जलम् ॥३३॥

પૂર્વ દિશા તરફ વહેતી નદીઓનાં પાણી (લગભગ) ક્ષારયુક્ત હોય છે; તેથી એ પાણી કફનો નાશ કરનાર અને પિત્તને કોપાવનાર હોય છે; પશ્ચિમ તરફ વહેતી નદીઓનાં પાણી લઘુ–હલકાં હોઈ જલદી પચે છે, પણ વાયુવર્ધક હોય છે અને કફનો નાશ કરે છે; એ નદીઓમાંથી જે જળ સમુદ્ર તરફ જતું હોય, તે મધુર હોઈ ગુરુ એટલે કે પચવામાં ભારે હોય છે; પણ સમુદ્રનું પાણી તો લવણ હોઈ ખારું જ હોય છે. ૩૩

વિવરણ : ચરકે પણ આ સંબંધે સૂત્રસ્થાનના ૨૭ મા અધ્યાયમાં અને સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૪૫ મા અધ્યાયમાં આમ જ કહ્યું છે; તેમ જ અષ્ટાંગહૃદય આદિ ગ્રંથોમાં પણ આવા પ્રકારનું જ વર્ણન મળે છે. ૮

ઔદ્ભિદ અને ખાબોચિયાં વગેરેના આઠ પ્રકારના પાણીના ગુણોનું વર્ણન

साभिष्यन्दि स्वादुपाकि शीतं पित्तघ्नमौद्भिदम्।
सत्त्वक्लेदमलाद् दुष्टं पल्वलाम्बु गुरु स्मृतम् ॥३४
कषायमधुरं स्वादु विमलं सारसं जलम्।
कौपं पि..... ॥
.....।
इत्यष्टधा जलं प्रोक्तं भूमिजं वृद्धजीवक! ॥ ३५ ॥

'ઔદ્ભિદ' એટલે કે જમીન તોડીને તેમાંથી નીકળતું–ઝરણાનું પાણી, અભિષ્યન્દથી યુક્ત હોઈ ભેજવાળું તેમજ પાકમાં મધુર અને શીતળ હોઈ પિત્તનો નાશ કરે છે; પરંતુ 'પાલ્વલ' એટલે કે નાના તળાવ કે ખાબોચિયાંનું પાણી અનેક જાતનાં સત્ત્વ–જીવજંતુઓ, ક્લેદ–ભેજ તથા મળથી દુષ્ટ–બગડેલું હોય છે અને ગુરુ હોઈ પચવામાં ભારે ગણાય છે; પરંતુ 'સારસ' જળ એટલે કે સરોવરનું પાણી કષાય–તૂરા રસથી યુક્ત, મધુર, સ્વાદિષ્ટ તથા નિર્મળ હોય છે; અને કૂવાનું પાણી તો ક્ષારથી યુક્ત હોઈ પિત્તકારક, કફનાશન, અગ્નિદીપક તથા લઘુ હોઈ પચવામાં હલકું હોય છે; એમ હે વૃદ્ધજીવક! ભૂમિ પરનું પાણી (સુશ્રુત આદિ ગ્રંથોમાં) આઠ પ્રકારનું કહ્યું છે. ૩૪,૩૫

વિવરણ : અહીં ઘણા શ્લોકો ખંડિત થયા હોય એમ લાગે છે; કારણ કે ભૂમિ પરના પાણીને આઠ પ્રકારનું કહી નામવાર તે દર્શાવેલાં નથી તેમ જ તેઓના ગુણોપૂર્વક આઠ નામો પણ લખેલાં મળતાં નથી; કેવળ અહીં ચાર પ્રકારનું જ પાણી નામનિર્દેશપૂર્વક બતાવેલ છે; સુશ્રુતે તો સૂત્રસ્થાનના ૪૫ મા અધ્યાયમાં સાત પ્રકારનું ભૌમ જળ આમ દર્શાવ્યું છે–'तत् पुनः सप्त-

विधम्। तद् यथा–कौपं नादेयं सारसं ताडागं प्रास्रवणम् औद्भिदं चौण्ड्यमिति '–ભૂમ ઉપરનું પાણી સાત પ્રકારનું મળે છે; જેમ કે, કૂવાનું, નદીનું, સરોવરનું, તળાવનું, ઝરણાનું, ઔદ્ભિદ–જમીન ફોડીને નીકળતું અને ચૌડ્ય એટલે કે નહિ બાંધેલા કૂવાનું પાણી; આ સાતે પ્રકારના પાણીના ગુણો પણ ત્યાં સુશ્રુતે વિસ્તારથી કહ્યા છે. ૩૪,૩૫

સેવવા યોગ્ય પાણી

लघु प्रकामं सस्नेहं शीतं सर्वरसान्वितम्।
तृष्णापहं मनोह्लादि श्लेष्मघ्नं कृमिनाशनम्॥
रक्षोघ्नं जीवनं वृष्यं मूर्च्छाघ्नं.....!
.....॥ ३६॥

જે પાણી અતિશય લઘુ હોઈ પચવામાં હલકું હોય, સ્નેહથી યુક્ત હોય, શીતળ તથા બધા રસોથી યુક્ત હોય, તરશનો નાશ કરે એવું હોય, મનને આહ્લાદ કે હર્ષ પમાડનાર હોય, કફનો નાશ કરનાર હોય, કૃમિઓનો પણ નાશ કરનાર હોય, જીવનરૂપ હોઈ વૃષ્ય–વીર્યવર્ધક હોય તથા મૂર્છાનો પણ નાશ કરનાર હોય, તે સેવવા યોગ્ય ગણાય છે. ૩૬

ત્યજવા યોગ્ય પાણી

.....सूक्ष्मप्राणिसमाकुलम्।
बहलं कलुषं चैव तथा पिच्छिलमाविलम्॥३७
ग्रामक्षेत्ररसैर्दुष्टं विषमूलोपदूषितम्।
शाकुन्तकृमिशैवालयुक्तमत्युष्णचिक्कणम्॥ ३८॥

જે પાણી સૂક્ષ્મ પ્રાણીઓથી વ્યાપ્ત હોય, ઘાટું અને મેલું હોય, ચીકાશવાળું તથા આવિલ–ડહોળું હોય, ગામના તથા ક્ષેત્ર–ખેતર વગેરેના રસોથી બગડેલું હોય, ઝેરી મૂળિયાંથી ખરાબ થયું હોય; તેમજ પક્ષીઓ, કીડા અને શેવાળથી યુક્ત તેમ જ ઘણું ગરમ તથા ચીકણું હોય, તે પાણી ત્યજવા યોગ્ય ગણાય છે. ૩૭,૩૮

શીતળ પાણી કોણે ત્યજી દેવું જોઈએ?

.....।
.....गुर्विणीषु च वर्जयेत्।
धात्रीणां च विशेषेण स्वस्थानां रोगिणामपि॥३९

पूर्वोक्तगुणबाहुल्यात् पानीयं सेव्यमिष्यते।
विपाके मधुरं शैत्याद्वारि पित्तघ्नमुच्यते॥ ४०॥

સગર્ભા સ્ત્રીઓએ શીતળ પાણી છોડવું જોઈએ; તેમજ જે સ્ત્રી સ્વસ્થ હોય છતાં ધાત્રી હોઈને બાળકોને ધવડાવતી હોય, જેઓ રોગી હોય, તેઓએ પણ શીતલ પાણી છોડવું જોઈએ; છતાં શીતલ પાણીમાં પૂર્વોક્ત ગુણોની અધિકતા હોય છે, તે કારણે અને શીતળતાથી જે પાણી વિપાકમાં મધુર હોય છે, તેથી એ શીતળ પાણી પિત્તનો નાશ કરનાર તો કહેવાય જ છે. ૩૯,૪૦

વિવરણ : જો કે અહીં શીતળ જળનો નિષેધ પ્રસંગવશાત્ અમુક અવસ્થામાં આવશ્યક છે, તો પણ અમુક અવસ્થામાં શીતળ પાણી અવશ્ય સેવવા યોગ્ય ગણ્યું છે; જેમ કે, સુશ્રુતે સૂત્રસ્થાનના ૪૫ મા અધ્યાયમાં આ સંબંધે આમ કહ્યું છે કે– 'मूर्च्छापित्तोष्णदाहेषु विषे रक्ते मदात्यये। भ्रमक्लमपरीतेषु तमके वमथौ तथा। ऊर्ध्वगे रक्तपित्ते च शीतमम्भः प्रशस्यते॥ '–મૂર્છામાં, પિત્તમાં, ઉષ્ણ દાહમાં, વિષમાં, રક્તદોષમાં, મદાત્યય રોગમાં, ભ્રમ–ચકરીના રોગમાં, ક્લમ–ગ્લાનિથી વ્યાપ્ત થયેલાઓમાં, 'તમક' શ્વાસમાં, ઊલટીમાં અને ઊર્ધ્વગામી રક્તપિત્ત રોગમાં શીતળ પાણી જ વખણાય છે. ૩૯,૪૦

ખોરાક ખાધા પછી પાણી પીવાય તે પુષ્ટિ કરે

.....।
.....णशीतमुष्णमथापि वा।
भक्तस्य पूर्वं पीतं वा कृशत्वं कुरुते शिशोः॥४१
भक्तस्य मध्ये पीतं तन्मध्यमत्वं नियच्छति।
भक्तस्योपरि पीतं तु पीनत्वं (संप्रयच्छति)॥४२

શીતલ કે ઉષ્ણ–ગરમ પાણી, ખોરાક ખાધા પહેલાં પીવાથી તે બાળકને (અથવા હરકોઈને) કૃશતા–દુર્બલપણું કરે છે; ખોરાકની મધ્યમાં–વચ્ચે પાણી પીવાથી તે મધ્યમપણું એટલે કે કૃશપણું તથા પુષ્ટપણું–એની મધ્યમ સ્થિતિ કરે છે; પરંતુ ખોરાકની ઉપર એટલે જમ્યા પછી પાણી પીવાથી પુષ્ટતા કરે છે. (ચરકે પણ સૂત્રસ્થાનના

૨૭મા અધ્યાયમાં આ સંબંધે આમ જ કહ્યું છે.) ૪૧,૪૨

ઉકાળીને ગરમ કરેલા પાણીના ગુણો

.....।
.....નિષ્કાથોષ્ણામ્બુ પાચનમ્ ॥૪૩
શ્રમે મેદેષુ તૃષ્ણાસુ મૂર્ચ્છાસ્વતિપિપાસિતે।
નિષ્ક્વાથલાઘવાદમ્બુ સલિલં તપ્તશીતલમ્।
નિર્દિશેત્ સર્વદોષઘ્નં બાલાનાં..... ॥૪૪

જે પાણી ઉકાળીને ગરમ કર્યું હોય તે પાચન હોઈ શ્રમ-થાકમાં, મલમેદ-ઝાડાના રોગમાં, વધુ પડતી તરશમાં, મૂર્છામાં અને અતિશય તૃષાતુર થયેલાને હિતકારી હોઈ ફાયદો કરે છે; વળી જે પાણી તપાવીને શીતલ કર્યું હોય તે પ્રથમ ઉકાળેલું હોઈને હલકું બની જાય છે અને તે જ કારણે બાળકોના કે હરકોઈ માણસના સર્વદોષોનો નાશ કરનાર થાય છે. ૪૩,૪૪

વિવરણ : આ સંબંધે સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૪૫ મા અધ્યાયમાં આમ કહ્યું છે કે-'કફમેદોઽનિલામઘ્નં દીપનં બસ્તિશોધનમ્। શ્વાસકાસજ્વરહરં પથ્યમુષ્ણોદકં સદા ॥'-જે પાણીને ખૂબ ઉકાળીને ગરમ કર્યું હોય, તે કફનો, વાયુનો તથા આમનો નાશ કરે છે; જઠરના અગ્નિનું દીપન કરે છે, અસ્તિ-મૂત્રાશયનું શોધન કરે છે અને શ્વાસરોગ-દમને, કાસ-ઉધરસ તથા જ્વરને મટાડે છે; એમ તે ગરમ કરેલું પાણી સદાય પથ્ય હિતકારી થાય છે.

અમુક આ વ્યક્તિએ તો ગરમ જ પાણી પીવું

.....।
.....મુષ્ણોદકં શિશોઃ।
રક્તપિત્તામયં ત્યક્ત્વા પ્રાયો વાતકફાત્મકે ॥૪૫
રોગે શિશુર્વા ધાત્રી વા ગુર્વિણી વોષ્ણકં પિબેત્।
ક્વચિદ્રોગવિશેષેણ તપ્તશીતં હિતં બહુ ॥૪૬॥

બાળકને ગરમ પાણી હિતકારી થાય છે અને રક્તપિત્તનો રોગ છોડીને લગભગ વાત-કફપ્રધાન હરકોઈ રોગમાં તે ગરમ કરેલું પાણી જ રોગીને પાવું જોઈએ. વળી હરકોઈ બાળકે, ધાત્રી-ધાવમાતાએ અને સગર્ભા સ્ત્રીએ તો ગરમ પાણી જ અવશ્ય પીવું; છતાં અમુક કોઈક (રક્તપિત્ત આદિ) રોગમાં તો ખૂબ તપાવીને શીતલ કરેલું જ પાણી ઘણું હિતકારી થાય છે. ૪૫,૪૬

વિવરણ : સુશ્રુતે સૂત્રસ્થાનના ૪૫ મા અધ્યાયમાં રક્તપિત્ત રોગમાં ગરમ પાણી પીવાનો નિષેધ કર્યો છે; કેમ કે રક્તપિત્તમાં ગરમ પાણી પીવાથી રક્તમાં મળેલા પિત્તનો પ્રકોપ થાય છે-વધુ વિકાર થાય છે; એ કારણે રક્તપિત્તના રોગીએ તો ગરમ કરી શીતળ કરેલું જ પાણી પીવું જોઈએ. ૪૫ ૪૬

કઈ ઋતુમાં કયું પાણી પીવા યોગ્ય છે?

અથાન્તરિક્ષં શરદિ પ્રશસ્તં,
સંતપ્યમાનં ચ રવેર્મયૂખૈઃ।
પિબેત્સરો વાઽથ નદીં તડાગં,
હેમન્તકાલે શિશિરે ચ બાલઃ ॥૪૭॥
વાપ્યૌદ્ભિદં પ્રાસ્રવણં હિ તોયં,
ગ્રીષ્મે પ્રશસ્તં કુસુમાગમે ચ।
વર્ષાસુ કૌપં સલિલં પ્રશસ્ત-
મારોગ્યહેતોરથ તપ્તશીતલમ્ ॥૪૮॥

શરદઋતુમાં અન્તરિક્ષનું દિવ્ય જળ (અદ્ધરથી વાસણમાં ઝીલી રાખ્યું હોય તે) હિતકારી થાય છે અથવા તળાવ વગેરેમાં સૂર્યનાં કિરણોથી તપ્યા કરતું પાણી શરદમાં સેવવા યોગ્ય ગણાય છે; વળી હેમંત કાળમાં તથા શિશિરકાળમાં હરકોઈ બાળકે અથવા કોઈ પણ મનુષ્યે સરોવરનું, નદીનું કે તળાવનું પાણી પીવું જોઈએ; અને ગ્રીષ્મ તથા કુસુમાગમ-વસન્ત ઋતુમાં વાવનું તથા ઔદ્ભિદ-જમીન ફોડીને નીકળતું પાણી ઝરણાંનું પાણી જ પીવું જોઈએ અને વર્ષાઋતુમાં કૂવાના પાણીને તપાવી શીતળ કર્યું હોય તો આરોગ્ય માટે તે પીવા યોગ્ય ગણાય છે. ૧૬

ઇતિ હ સ્માહ ભગવાન્ કશ્યપઃ ॥

એમ ભગવાન કશ્યપે જ ખરેખર કહ્યું હતું. ૧૭

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં ખિલસ્થાન વિષે 'પાનીયગુણવિશેષીય' નામનો અધ્યાય ૨૦ મો સમાપ્ત

માંસગુણ-વિશેષીય : અધ્યાય ૨૧ મો

अथातो मांसगुणविशेषीयं व्याख्यास्यामः ॥१॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી માંસના ગુણો જેમાં વિશેષ છે, એવા 'માંસગુણવિશેષીય' નામના ચોવીસમા અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીએ છીએ, એમ ભગવાન કશ્યપે જ ખરેખર કહ્યું હતું. ૧,૨

વિવરણ : અર્થાત્ આ અધ્યાયમાં માંસના સામાન્ય તથા વિશેષ ગુણોનું વ્યાખ્યાન કરવામાં આવશે. ૧,૨

માંસના સામાન્ય ગુણો

मांसं वृष्यं च बल्यं च मांसं प्राणविवर्धनम् ।
मांसं पुष्टिकरं वृद्धकृशानां मांसवर्धनम् ॥ ३ ॥

માંસ એ વૃષ્ય હોઈ વીર્યવર્ધક, બલપ્રદ, પ્રાણશક્તિને વધારનાર, વૃદ્ધોને તથા કૃશ-દુર્બળ લોકોને પણ પુષ્ટ કરનાર અને માંસને વધારનાર છે. ૩

ક્ષયરોગીને માંસ પરમ શરણ છે

क्षयिणां क्षीणदेहानां मांसमेव परायणम् ।
न मांसतुल्यमन्यत्त्वारोग्यवीर्यविवर्धनम् ॥ ४ ॥

ક્ષયના રોગી અને જેઓનાં શરીર ક્ષીણ થયાં હોય તેને માંસ જ પરમ શરણ છે, અને આરોગ્ય તથા વીર્યને વધારનાર માંસ જેવું બીજું કંઈ જ નથી. ૪

જેઓનાં વીર્ય ક્ષીણ થયાં હોય તેઓને માંસ વીર્યવર્ધક થાય

नराणां क्षीणशुक्राणां मांसं रेतोभिवर्धनम् ।
बन्ध्यानामपि नारीणां कुमाराणां तथैव च ॥५॥

જે પુરુષોનાં વીર્ય ક્ષીણ થયાં હોય, તેઓના વીર્યને માંસ વધારે છે; તેમ જ વાંઝણી સ્ત્રીઓના કોમળ બાળકોના પણ વીર્યને માંસ વધારે છે. ૫

માંસ વાંઝણીને ગર્ભાધાન કરે

गर्भाधानकरं मांसमन्ते पुष्टिकरं तथा ।
गर्भिणीनां च नारीणां वातप्रशमनं परम् ॥ ६ ॥

માંસ એ (વાંઝણી સ્ત્રીને પણ) ગર્ભાધાન કરે અને અંતે પુષ્ટિને કરે છે અને સગર્ભા થયેલી સ્ત્રીઓના વાયુનું અત્યંત શમન કરે છે. ૬

સ્ત્રીઓના પ્રસવકાળે માંસ વધુ હિતકર છે

स्त्रीणां प्रसवकाले तु मांसमेव परं हितम् ।
गर्भकाले च बालानां सरसं परमौषधम् ॥ ७ ॥

સ્ત્રીઓના પ્રસવકાળે પણ માંસનો રસ ખરેખર વધુ હિતકર થાય છે; અને ગર્ભ (રહ્યા પછીના કાળમાં ગર્ભસ્થિત) બાળકને પણ માંસનો રસ સરસ ઉત્તમ ઔષધરૂપ બને છે. ૭

માંસનો રસ સર્વને હિતકારી થાય

स्त्रीप्रियाणां तथा पुंसां नित्यव्यायामसेविनाम् ।
क्षाणानां यक्ष्मिणां चैव ज्वरक्षीणाश्च ये नराः ॥८
वाताहतास्तु ये सत्त्वास्तेषां मांसरसो हितः ।

જે પુરુષોને સ્ત્રીઓ પ્રિય હોય અને તેથી જે પુરુષો કાયમ મૈથુનરૂપ વ્યાયામ સેવવાને ટેવાયેલા હોય; અને તે જ કારણે જે પુરુષો ક્ષીણ થયા હોય કે ક્ષયરોગી બન્યા હોય; તેમ જ જે પુરુષો જ્વરથી ક્ષીણ થયા હોય અને વાયુના વિકારથી લગભગ હણાઈ-ભાંગી ગયા હોય, તેવા લોકોને માંસરસ હિતકારી થાય છે. ૮

વાયુની અધિકતામાં માંસરસ હિતકર થાય

सुसंस्कृतो मांसरसो विडजीरकहिङ्गुभिः ॥ ९ ॥
स्नेहे सिद्धश्च पयसा विशेषाद्वातिके स्मृतः ।

માંસના જે રસને બિડલવણ, જીરું તથા હિંગ વડે સારી રીતે સંસ્કારી કર્યો હોય અથવા જે માંસરસને દૂધથી મિશ્ર કરી સ્નેહ-ઘીમાં સિદ્ધ કર્યો હોય એટલે કે શેકી લીધો હોય, તે માંસરસ, વાયુની અધિકતાવાળાને વિશેષે કરી હિતકારી કહેલ છે. ૯

વાત-પિત્ત-દ્વંદ્વની અધિકતામાં માંસરસ પીવો

वातपित्तोत्तरे पुंभिः शर्करामधुरीकृतः ॥ १० ॥
स्निग्धो मांसरसः पेयस्तथा रक्तामयार्दितैः ।

વાત-પિત્તની અધિકતાવાળા દ્વંદ્વજ

રોગમાં માણસોએ સાકર નાખી મધુર બનાવેલો સ્નિગ્ધ માંસરસ પીવો; તેમ જ રક્તવિકારરૂપ રોગથી પીડાયેલા લોકોએ પણ સ્નિગ્ધ માંસરસ પીવો જોઈએ. ૧૦

ગર્ભસ્થિત બાળકને અથવા હરકોઈ બાળકને માંસરસ હિતકર થાય

क्षीरसिद्धो मांसरसो मधुरो लवणोऽपि वा ॥११॥
बालानां क्षीणदेहानां गर्भकाले च शस्यते ।

જે માંસરસને દૂધમાં પકવ્યો હોય, તે મધુર કે લવણયુક્ત માંસરસ ક્ષીણ થયેલ શરીરવાળા બાળકોને અને ગર્ભકાળે ગર્ભસ્થિત બાળકોને અથવા સ્ત્રીઓને પણ તે ઉપર કહેલ માંસરસ હિતકારી થાય છે. ૧૧

વાંઝિયા તથા બળને ઇચ્છતા લોકોને માંસયુક્ત ભોજન હિતકારી થાય

हितं च वा(व)लकामानां मांसस्वरससाधितः(म्) ॥

જે વાંઝિયા લોકો પોતાને ત્યાં બાળકનો જન્મ ઇચ્છતા હોય અને જે નિર્બળ લોકો બળને ઇચ્છતા હોય, તેઓને માંસના સ્વરસમાં પકવેલું ભોજન હિતકર થાય છે.

માંસરસ શરીરના અગ્નિને દીપાવનાર છે

सुसिद्धं लवणे सिद्धं मांसं कटुकरोचनम् ।
कायाग्निदीपनं चैव हितं च रसधातुषु ॥ १३ ॥

જે માંસને લવણમાં સારી રીતે સિદ્ધ-પકવ કરી તીખાશવાળું અને રુચિકર બનાવ્યું હોય, તે શરીરના અગ્નિને પ્રદીપ્ત કરે છે અને શરીરની રસયુક્ત જલીય ધાતુને પણ હિતકારી થાય છે. ૧૩

માંસયુક્ત વેસવારના ગુણોનું વર્ણન

वेसवारः समधुरो लावणो वाऽपि रोचनः ।
पिष्टचूर्णितपक्वं वा प्रकु...वापिवान्न(?)तत् ॥१४

જે વેસવારને મધુર અથવા લવણયુક્ત બનાવાય તે રુચિકર થાય છે; અથવા પીસી નાખી ચૂર્ણરૂપ કરીને પકવેલું માંસ પણ ખોરાક સાથે પકવી રુચિકર કરી શકાય છે.

કફરોગમાં માંસ હિતકર થાય

शूल्यमङ्गारतप्तं च मांसं श्लेष्मामये हितम् ।
साम्लं सलवणं चैव हितं तच्चापिजीवक ! ॥१५॥

હે વૃદ્ધ જીવક ! જે માંસરસને સોયામાં પરોવી ચોપાસ અંગારા વડે તપાવી પકવ્યું હોય, તે કફના રોગમાં હિતકર થાય છે; તે જ પ્રમાણે ખટાશથી અને લવણથી યુક્ત કરેલ માંસરસ પણ કફના રોગમાં હિતકારી થાય છે. ૧૫

માંસપ્રયોગની રીતિ

पिष्टं वा खण्डशो वाऽपि मांसं पुटकसाधितम् ॥
सहिङ्गुसैन्धवविडैर्मरिचाम्लसजीरकैः ॥ १६ ॥
साङ्कुरैर्धान्यकैश्चैव शृङ्गवेरार्द्रकैरपि ।
पलाशे भूस्तृणोपेतं मांसं सिद्धं प्रयोजयेत् ॥१७॥

(હાડકાં વિનાના) જે માંસને પીસી નાખીને કે તેના ટુકડા કરી પુટપાકની રીતે સંપુટમાં પકવ કર્યું હોય અને પછી તેમાં હિંગ સાથે સૈંધવ, બિડલવણ, મરિયાં, દાડમની ખટાશ કે દાડમના દાણા તથા જીરું મિશ્ર કરવું; તેમ જ અંકુરયુક્ત કરેલા ઘઉં કે ચણા વગેરે ધાન્યથી યુક્ત કરી તેમાં ધાણા, સૂંઠ કે આદું પણ મિશ્ર કરાય, તે પછી ભૂસ્તૃણ નામના સુગંધી ઘાસથી તેને યુક્ત કરી પલાશ–ખાખરાના રસમાં જે પકવ્યું હોય તે માંસનો પ્રયોગ કરવો જોઈએ. ૧૬,૧૭

રસાયનરૂપ માંસરસ

अथ मांसरसं(सः) सर्पिः–
सिद्धं (न्नः)सक्षीरमि(रद्र)ष्यते ।
रसपाकविशेषेण तद्वल्यं (स बल्यः)
तद्र (स र) सायनम् (नः) ॥ १८ ॥

ઘી સાથે પકવેલા માંસરસનું દૂધ સાથે સેવન કરવું ઇચ્છવા યોગ્ય છે; એકંદર જુદા જુદા રસપાકની રીતિથી તૈયાર કરેલ માંસરસ બલવર્ધક થઈને રસાયનરૂપ બને છે. ૧૮

માંસના વિશેષગુણો કહેવાની પ્રતિજ્ઞા

अतः परं तु मांसानां रसपाकविशेषणम् ।
वक्ष्ये गुणविशेषं च वृद्धजीवक ! तच्छृणु ॥१९॥

હે વૃદ્ધજીવક! હવે પછી માંસના રસ-પાકની વિશેષતા અને તેના વિશેષ ગુણો હું તમને કહું છું, તેને તમે સાંભળો. ૧૯

ગાય, બળદ તથા ગેંડાના માંસના વિશેષ ગુણો

कफपित्तकरं मांसं गवां वाते हितं गुरु ।
विदाहि बृंहणं चैव, खड्गमांसं च तत्समम् ॥२०

ગાયો કે બળદોનું માંસ કફ તથા પિત્તને કરે છે અને વાયુમાં હિતકારી થાય છે; વળી તે વિશેષ દાહ કરનાર હોવા છતાં પૌષ્ટિક છે અને ગેંડાનું માંસ પણ તેના જેવું જ ગુણયુક્ત છે. ૨૦

ન્યંકુ-સાબરમૃગના તથા હાથીના માંસના વિશેષ ગુણો

न्यङ्कूनां विहितं वाते कफपित्तहरं लघु ।
सक्षारं दान्तिनं मांसं बृंहणं कटुतिक्तकम् ॥२१॥
वीर्येणोष्णं च तद्विद्यात् कफपित्तं करोति च ।

ન્યંકુ-સાબરમૃગનું માંસ-વાયુના રોગમાં વિશેષ હિતકારી થાય છે અને (પચવામાં) લઘુ-હલકું હોઈ કફને તથા પિત્તને પણ દૂર કરે છે; એટલે વધેલા કફપિત્તને તે ઓછા કરે છે; હાથીનું માંસ, ક્ષારયુક્ત હોવા છતાં પૌષ્ટિક, તીખું તથા કડવાશથી પણ યુક્ત હોય છે; વળી તે હાથીનું માંસ વીર્યથી ઉષ્ણ જાણવું અને તે કફને તથા પિત્તને પણ કરે છે. ૨૧

ગોકર્ણ મૃગના માંસના વિશેષ ગુણો

गोकर्णमांसं तत्तुल्यं गवयस्य रुरोरपि ॥ २२ ॥

(જેને ગળે ચામડાંની ગોદડી હોતી નથી એવા અને ગાયના જેવા કાનવાળા) ગોકર્ણ નામના એક મૃગની જાતિના પશુનું માંસ પણ ઉપર્યુક્ત હાથીના માંસના જેવા-જ ગુણોવાળું હોય છે અને રોગનું તથા 'રુરુ' મૃગનું માંસ પણ તે ગોકર્ણના માંસના જેવા જ ગુણોવાળું હોય છે. ૨૨

બકરાં અને ઘેટાંના માંસના ગુણો

रसे पाके च मधुरं वातपित्तहरं गुरु ।
उष्णं चैव च्छागमांसमाविकं चापि तद्गुणम् ॥२३

બકરાંનું માંસ રસમાં તથા પાકમાં મધુર હોઈને વધેલા વાયુને તથા પિત્તને ઓછા કરે છે અને પચવામાં ભારે તથા ગરમ પણ છે; અને ઘેટાંનું માંસ પણ એ બકરાંના જેવા જ ગુણોથી યુક્ત હોય છે.

ભૂંડના, ભેંસ-પાડા તથા ડુક્કરના માંસના ગુણો

वृष्यं तु मांसं वाराहं मधुरं गुरु पच्यते ।
तद्गुणं माहिषं विद्धि, शौकरं स्यात्ततो गुरु ॥२४

ભૂંડનું માંસ વીર્યવર્ધક, મધુર તથા ભારે હોઈ મુશ્કેલીએ પચે છે; ભેંસ-પાડાનું માંસ પણ તે વરાહના માંસના જેવા જ ગુણોવાળું હોય છે અને ડુક્કરનું માંસ તે ભેંસ-પાડાના માંસના કરતાં પણ વધુ ભારે હોય છે, એમ તમે જાણો. ૨૪

ગધેડાંના, ઘોડાના તથા પૃષત-રંગબેરંગી ટીપકીવાળા મૃગના માંસના ગુણો

गर्दभस्य तथाऽश्वस्य मांसं यत् पृषतस्य च ।
कफघ्नं वातलं रूक्षं कटुतिक्तान्वयं लघु ॥ २५ ॥

ગધેડાનું, ઘોડાનું તથા પૃષત-મૃગનું માંસ કફનો નાશ કરે છે, વાયુને વધારે છે, રૂક્ષ હોય છે, તીખું, કડવું તથા લઘુ હોઈ પચવામાં હલકું હોય છે. ૨૫

શ્વદંષ્ટ્ર-આદિ પ્રાણીઓના માંસના ગુણો

श्वदंष्ट्रो वृषदंष्ट्रश्च ऋष्यः शरभ एव च ।
वातघ्ना उष्णवीर्याश्च रसतः कटुकान्वयाः ॥२६॥
गोलाङ्गूला वानराश्च तत्तुल्या मधुरोत्तराः ।

શ્વદંષ્ટ્ર-એટલે કૂતરાંના જેવી દાઢોવાળા મૃગોનું, વૃષદંષ્ટ્ર-જંગલી બિલાડાંનું, ઋષ્ય-મૃગનું અને શરભ એટલે 'મહાસિંહ' નામના કાશ્મીર દેશના એક જાતના મૃગનું માંસ વાયુનો નાશ કરનાર, ઉષ્ણ-વીર્ય અને તીખા રસને અનુસરતું હોય છે;

તેમ જ ગોલાંગૂલ એટલે કે ગાયોના જેવાં પૂંછડાંવાળાં એક જાતનાં વાંદરાંનું માંસ પણ ઉપર જણાવેલ શ્વદંષ્ટ્ર આદિ પ્રાણીઓના માંસના જેવા જ ગુણોવાળું હોય છે, પણ મધુરતારૂપ ગુણોથી અધિક હોય છે એટલે કે તે-ગોલાંગૂલ તથા વાનરોનાં માંસ મધુર વધારે હોય છે. ૨૬

વરુ વગેરેના માંસના ગુણો

वृकर्क्षकोकजम्बूकाः सिंहा व्याघ्रतरक्षवः ॥ २७ ॥
स्वाद्यमांसास्त्विमे वृष्या उष्णाः पित्तविवर्धनाः ।
कषायतिक्ता रसतो वातघ्नाः कटुपाकिनः ॥२८॥

વરુ, રીંછ, કોક-ઇહામૃગો, શિયાળ, સિંહો, વાઘો તથા તરક્ષુ નામના એક જાતના વાઘનું માંસ સ્વાદિષ્ટ હોય છે અને તે બધાંનાં માંસ-વીર્યવર્ધક, ગરમ, પિત્તને વધારનાર અને રસથી તૂરાં તથા કડવાં હોઈ વાયુનો નાશ કરે છે અને પાકમાં તીખાં હોય છે. ૨૭,૨૮

નોળિયા વગેરેના માંસના વિશેષ ગુણો

नकुलो मूषिकः श्वाविद्बभ्रुः शल्यक एव च ।
कषायमधुराः शीता वृष्या गोधाश्च तद्गुणाः ॥२९

નોળિયાં, ઉંદરો, શ્વાવિધ-શેઢાઈ, બભ્રુ-પીંગળા રંગનાં નોળિયાં તથા શલ્યક' નામનાં પ્રાણીઓનાં માંસ કષાય-તૂરા રસવાળાં, મધુર, શીતળ તથા વીર્યવર્ધક હોય છે અને ગોધા-ચંદન ઘોનાં માંસના ગુણો પણ ઉપર જણાવેલ તે નોળિયા વગેરેના માંસના જેવા જ હોય છે. ૨૯

સસલાં વગેરેના માંસના ગુણો

ये स्युः शशाकुरङ्गाद्याः सृमराश्चमराश्च ये ।
लघवो.....ष्णाः पित्तला नातिबृंहणाः ॥ ३० ॥

સસલાં, હરણિયાં વગેરે, સૃમર નામનાં શીંગડાં વિનાના મૃગો અને ચમરી મૃગોનાં માંસ ઉષ્ણ ગુણવાળાં હોઈ પિત્તને વધારે છે અને તેથી જ અતિશય પૌષ્ટિક હોતાં નથી. ૩૦

મોર, કૂકડાં વગેરે પક્ષીઓનાં માંસના ગુણો

बार्हिणं मधुरोष्णं तु विषघ्नं गुरु बृंहणम् ।
तुल्यं कौक्कुटजं वन्यं, तत्तुल्यं ग्राम्यकौक्कुटम् ॥३१

મોરપક્ષીનું માંસ મધુર, ગરમ, વિષનો નાશ કરનાર, પચવામાં ભારે અને પૌષ્ટિક હોય છે; તે જ પ્રમાણે જંગલી કૂકડાનું માંસ પણ એ મોરપક્ષીના માંસના જેવા જ ગુણવાળું હોય છે અને ગામના કૂકડાનું માંસ પણ તેના જેવા ગુણોવાળું હોય છે. ૩૧

વિષ્કિર આદિ પક્ષીઓના માંસના ગુણો

विष्किराः क्रौञ्चवर्तीका मयूरेण समाः स्मृताः ।
तस्माल्लघुस्तु वर्तीरो वर्तीका लघवो लघुः ॥३२

વિષ્કિર એટલે પોતાના પગથી ખોતરીને ચારો ચણનારાં પક્ષીઓ, ક્રૌંચ પક્ષીઓ અને વર્તિક-બટેર પક્ષીઓનાં માંસના ગુણો પણ મોરપક્ષીના માંસના જેવા જ હોય છે; પરંતુ વર્તિક કે કપિંજલ નામના પક્ષીઓનાં માંસ, તે મોરપક્ષીના માંસના કરતાં પચવામાં લઘુ-હલકાં હોય છે અને વર્તીક-ચકલાં પક્ષીઓનાં માંસ, તે કપિંજલના કરતાં પણ વધુ હલકાં હોય છે. ૩૨

તેતર વગેરે પક્ષીઓના માંસના ગુણો

तित्तिरिस्तु कटुः पाके सोष्णस्तु कफवातजित् ।
कपिञ्जलश्चकोरश्च उपचक्रश्च तत्समाः ॥ ३३ ॥

તેતર પક્ષીનું માંસ પચ્યા પછી તીખું અને ઉષ્ણતાથી પણ યુક્ત હોઈને કફના તથા વાયુના રોગોને મટાડે છે; તેમ જ કપિંજલ, ચકોર તથા ઉપચક્ર-ચકવા પક્ષીનું માંસ પણ તેતર પક્ષીના જેવું જ ગુણકારી હોય છે. ૩૩

લોહપૃષ્ઠ-કંક વગેરે પક્ષીઓનાં માંસના ગુણો

लोहपृष्ठो रक्तपृष्ठो रक्ताक्षो जावजीवकः ।
तथाऽन्ये हिमवज्ज्ञाता मधुरा वृष्यबृंहणाः ॥३४
गुरवः शीतलाः पाके कषाया रसतस्तथा ।

લોહપૃષ્ઠ-કંકપક્ષી, રક્તપૃષ્ઠ, રક્તાક્ષ-કબૂતર, જીવજીવક-ચકોર તેમ જ બીજાં હિમાલયમાં જન્મેલાં પક્ષીઓનાં માંસ વીર્યવર્ધક તથા પૌષ્ટિક હોય છે; તેમ જ એ હિમાલયનાં પક્ષીઓનાં માંસ ભારે, શીતળ

અને પચ્યા પછી તૂરા રસથી યુક્ત થાય છે. ૩૪

ખંજન વગેરે પક્ષીઓના ગુણો

खञ्जरीटो वपुष्कारः ककरो दीर्घपुंसकः ॥ ३५ ॥
कोयष्टिकः कपोतश्च रक्तपादो वसन्तकः ।
भृङ्गराजोऽथ हारीतः कोकिलः शुकसारिकाः ॥३६
एते चान्ये च प्रच्छदा (?) शीतमारुतकोपनाः ।
कषायमधुराः स्वादे कफघ्नाः कटुपाकिनः ॥३७॥

ખંજરીટ-ખંજન પક્ષી, વપુષ્કાર, કંકર, દીર્ઘપુંસક, કોયષ્ટિક, કપોત-હોલો, રક્તપાદ-કબૂતર, વસંતક, ભૃંગરાજ, હારીત, કોકિલ, પોપટ, સારિકા-મૈના અને એ સિવાયનાં બીજાં પણ પક્ષીઓનાં માંસ શીતળ હોઈ વાયુને કોપાવનાર હોય છે અને સ્વાદમાં તૂરાં તથા મધુર રસવાળાં હોઈને કફનો નાશ કરનાર તથા પાકકાળે તીખાં બને છે. ૩૫-૩૭

ગીધ વગેરે પક્ષીઓના માંસના ગુણો

गृध्रः काकः श्येनचाषौ भासोलूककुलिङ्गकाः ।
शशान्ता मूषिकाः कोडास्तथाऽन्ये मांसभोजनाः ॥
प्रसहास्ते तु मधुरा वातघ्नाः कटुपाकिनः ।
बृंहणाश्चोष्णवीर्याश्च सततं शोषिणां हिताः ॥३९

ગીધ, કાગડો, શ્યેન-બાજ, ચાષ-બપૈયો, ભાસ, ઘુવડ. કુલિંગક-ચકલાં, શશાન્ત, ઉંદરો, કોડ તથા બીજાં માંસાહારી પ્રાણીઓ તેમ જ પ્રસહ-પક્ષીઓનાં માંસ મધુર હોઈ વાયુનો નાશ કરનાર, પાકકાળે તીખાં, પૌષ્ટિક અને ઉષ્ણવીર્ય હોઈ શોષના કે ક્ષયના રોગીઓને હિતકારી થાય છે.

પ્લવ-બતક વગેરે પક્ષીઓના માંસના ગુણો

प्लवा बका बलाकाश्च तीदार्यः कुररास्तथा ।
.....रक्ताक्षा मल्लिकाक्षाः सवारटाः ॥ ४० ॥
नन्दीमुखा मेघरावाः शराख्या जलकुक्कुटाः ।
समुद्रकाकाः कुहरा गोदुभा गण्डमालकाः ॥४१
कारण्डवाः सजीमूतास्तथाऽन्ये जलचारिणः ।
पाके च मधुरा वृष्या गुरवश्च..... ॥ ४२ ॥

પ્લવ-બતક વગેરે પક્ષીઓ, બગલાં, બગલી, તીદાર્ય, ટિટોડાં, રક્તાક્ષ, મલ્લિકાક્ષ નામનો હંસ, વારટા-હંસલી, નંદીમુખ, મેઘરાવ, શર, જળકુકડાં, સમુદ્રના કાગડા, કુહર, ગોદુભ, ગંડમાલક, કારંડવ-હંસ-ભેદ, જીમૂત અને તે સિવાયનાં બીજાં જલચર પક્ષીઓનાં માંસ પાકકાળે કે પચવાના સમયે મધુર, વૃષ્ય-વીર્યવર્ધક અને ગુરુ હોઈ પચવામાં ભારે હોય છે. ૪૦-૪૨

હંસ વગેરે પક્ષીઓના માંસના ગુણો

.... ।
.... ॥ ૪૩ ॥
हंसस्तु गुरुरत्यर्थं वृष्योऽथ कफपित्तलः ।
शरारिः पाकहंसश्च चक्रवाकस्तथैव च ॥ ४४ ॥
जालपादास्तथाऽन्ये च हंसतुल्या गुणैः स्मृताः ।

હંસ પક્ષીનું માંસ પણ (પચવામાં) ઘણું ભારે હોઈ વૃષ્ય-વીર્યવર્ધક અને કફને તથા પિત્તને પણ વધારે છે; તેમ જ શરારિ-આટીપક્ષી, પાકહંસ, ચક્રવાક-ચકવો, જાલપાદ અને તે સિવાયનાં બીજાં જલચર પક્ષીઓનાં માંસ પણ હંસ પક્ષીના માંસના જેવા ગુણોવાળાં હોય છે. ૪૩,૪૪

ક્રૌંચ વગેરે જલચર પક્ષીઓના માંસના ગુણો

क्रौञ्चः कुलिङ्गो द्रविडः पद्मपुष्करसादकः ॥४५॥
वार्धीणसः सारसश्च सारङ्गो घामृण्यलिकः (?) ।
एते चान्ये चाम्बुचराः पक्षिणो गुरवः स्मृताः ॥४६
रसे पाके च मधुरा उष्णाः सलवणान्वयाः ।
वृष्या वातहराश्चैव कफपित्तविवर्धनाः ॥ ४७ ॥

ક્રૌંચપક્ષી, કલિંગ-પાણીનું ચકલું, દ્રવિડ, પદ્મપુષ્કર, સાદક, વાર્ધીણસ, સારસ, સારંગ અને ઘામૃણ્યલિક-એ અને તે સિવાયનાં બીજાં પણ જલચર પક્ષીઓનાં માંસ (પચવામાં) ભારે માન્યાં છે; તેમ જ રસમાં તથા પાકમાં તે મધુર, ગરમ અને ખારા રસને પણ અનુસરતાં હોય છે; તેમ જ વીર્યવર્ધક હોઈ વાયુને મટાડનાર અને કફ તથા પિત્તને વિશેષ વધારનાર હોય છે. ૪૫-૪૭

જુદાં જુદાં માછલાંના માંસના ગુણો

नलमीनो झषश्चैव पाठीनश्चर्मपीवरः ।
चेल्लीमः शकुलार्भ(द)श्च शिलीन्ध्रो गर्गरस्तथा ॥४८
पुष्करो गोकरो मूचो वारडः शूलपाटलः ।
कृष्णमत्स्यः श्वेतमत्स्यो गोमत्स्यो रोहितस्तथा ॥४९
शकली महाशकली चम्पः कुन्दोऽथ मद्गुरः ।
इल्यः शङ्कुश्चिचरणो राजीवः शफरी तथा ॥५०॥
एते चान्ये च बहवो विविधा मत्स्यजातयः ।
रसे पाके च मधुरा वातघ्ना वृष्यबृंहणाः ॥५१॥
उष्णवीर्याश्च ते ज्ञेया गुरवः कफपित्तलाः ।
लघ्वाशयास्तेऽन्ये तु किञ्चित्तिक्तान्वयान्तराः ॥५२
रोहितो नलमीनश्च .... लघवः स्मृताः ।

નલમીન-ચિલિચિમ મત્સ્ય, ઝષમત્સ્ય, પાઠીન મત્સ્ય, ચર્મપીવર, ચેલ્લીમ, શકુલાર્ભક, શિલીન્ધ્ર, ગર્ગર, પુષ્કર, ગોકર, મૂચ, વારડ, શૂલપાટલ, કાળું મત્સ્ય, ધોળું મત્સ્ય, ગોમત્સ્ય, રોહિત-મત્સ્ય, શકલી, મહાશકલી, ચંપ, કુન્દ, મદ્ગુર, ઇલ્ય, શંકુ, ચિચરણ, સજીવ, શફરી અને એ સિવાયનાં બીજાં ઘણાં જુદી જુદી જાતનાં માછલાં, રસમાં તથા પાકમાં મધુર હોઈ વાયુનો નાશ કરનારાં, વીર્યવર્ધક, પૌષ્ટિક, ઉષ્ણવીર્ય, અને પચવામાં ભારે હોઈને તે માછલાંને કફવર્ધક તથા પિત્તવર્ધક પણ જાણવાં; એમાંનાં કેટલાંક માછલાં જે નાનાં શરીરવાળાં હોય છે તેઓ અને બીજાં પણ કેટલાંક માછલાં, કંઈક કડવાશને અનુસરતા મધ્ય ભાગવાળાં હોય છે; વળી રોહિત મત્સ્ય તથા નલમીન મત્સ્ય આદિ માછલાંનાં માંસને પચવામાં હલકાં ગણ્યાં છે. ૪૮-૫૨

કાચબો વગેરે કેટલાંક જલચર પ્રાણીઓના માંસના ગુણો

कूर्मो दुटिश्च नक्रश्च मकरोऽवकुशस्तथा ॥५३॥
तिमिः सहस्रदशनस्तथैव च तिमिङ्गिलः ।
इक्ष्वकः शुक्तिकः शङ्खोऽवलूको जलसूकरः ॥५४
शम्बूकश्चन्द्रिकः शृङ्गी कर्कटः शकुटीपयः ।
एते चान्ये च जलजा मधुरा रसपाकयोः ॥५५
गुरवश्चोष्णवीर्याश्च गुरवः कफपित्तलाः ।

કાચબો, દુટિ, નક્ર, મકર-મગરમચ્છ, અવકુશ, તિમિ, હજાર દાંતવાળો મત્સ્ય, તિમિંગલ મત્સ્ય, ઇક્ષક, શુક્તિક, શંખ, અવલૂક, જલસૂકર, શંબૂક, ચન્દ્રિક, શૃંગી, કર્કટ, શકુટીપયસ અને એ સિવાયનાં બીજાં જલચર પ્રાણીઓ રસમાં તથા પાકમાં મધુર, પચવામાં ભારે, ઉષ્ણવીર્ય તથા ભારે હોઈને કફને તથા પિત્તને વધારનાર હોય છે. ૫૩,૫૪

શ્રેષ્ઠ પ્રાણીઓની ગણતરી

आनूपे तूत्तमश्छागः, श्रेष्ठो मत्स्येषु रोहितः ॥५६
जलजे शुक्तिकूर्मौ च, वारटोऽप्यथ पक्षिषु ।
एणो मृगेषु प्रवरः, प्रतुदेषु शुको वरः ॥५७॥
विष्किरेष्वन्यः, काकोऽन्यः प्रसहेषु तु ॥
तित्तिरो .....न्यो लावः खगेषु तु ।

આનૂપ-જલપ્રાય (કચ્છ) પ્રદેશમાં થતાં પ્રાણીઓમાં બકરો શ્રેષ્ઠ છે; માછલાંમાં રોહિત મત્સ્ય શ્રેષ્ઠ છે; જલચરમાં શુક્તિ તથા કાચબો શ્રેષ્ઠ છે; પક્ષીઓમાં વારટ-હંસ શ્રેષ્ઠ છે; મૃગોમાં એણ-કાળિયાર મૃગ શ્રેષ્ઠ છે; પ્રતુદ એટલે પોતાના ખોરાકને ચાંચથી ફોલી ખાનાર પક્ષીઓમાં પોપટ શ્રેષ્ઠ છે; વિષય-જાંગલ પ્રદેશનાં પક્ષીઓમાં લાવું પક્ષી શ્રેષ્ઠ છે; વિષ્કિર એટલે કે પોતાના ખોરાકને પગથી ખોતરી-શોધીને ખાનાર પક્ષીઓમાં તેતર પક્ષી શ્રેષ્ઠ છે અને પ્રસહ એટલે કે પોતાના ખોરાકને બળજબરીથી પોતાના ખોરાક તરીકે પડાવી લઈ જનાર પક્ષીઓમાં કાગડો શ્રેષ્ઠ છે. ૫૬-૫૮

વિવરણ : ચરકમાં પણ સૂત્રસ્થાનના ૨૫મા અધ્યાયમાં આમ કહ્યું છે કે-'रोहितो मत्स्यानाम्'-દરેક જાતનાં માછલાંમાં 'રોહિત' મત્સ્ય ઉત્તમ હોય છે, તેથી તેનું માંસ વધુ ગુણકારક છે અને જલચર પ્રાણીઓ સંબંધે પણ ત્યાં ચરકે આમ કહ્યું છે કે, શુક્તિ તથા કૂર્મ-કાચબો જલચર પ્રાણીઓમાં ઉત્તમ છે અને 'ऐणेयं मृगमांसानाम्'-મૃગોના માંસમાં એણ-મૃગનું માંસ ઉત્તમ ગુણ-

કારી હોય છે; એમ પણ ત્યાં ચરકે કહ્યું છે અને તે જ પ્રમાણે ' लावः पक्षिणाम् '—પક્ષીઓના માંસમાં લાવું પક્ષી ઉત્તમ હોઈ તેનું માંસ વધુ ગુણકારી હોય છે, એમ પણ ચરકે ત્યાં કહેલ છે. ૫૬–૫૮

પ્રાણીઓના અવયવોમાંના લઘુ-ગુરુનું કથન

लघूक्तं रुधिरं मांसाद् गुरु मेदश्च चर्म च ।
मज्जावसे गुरुतरे तेभ्यो गुरु शिरः स्मृतम् ॥५९॥

(ભક્ષ્ય) પ્રાણીઓના માંસ કરતાં તેમના રુધિરને (પચવામાં) હલકું કહ્યું છે; અને તે માંસ કરતાં પ્રાણીઓનો મેદ તથા ચામડું પચવામાં વધારે ભારે કહેલ છે; એકંદર મેદ તથા ચામડાં કરતાં માંસ હલકું હોય છે; તેમ જ એ મેદ તથા ચામડાં કરતાં મજ્જા તથા વસા-ચરબી વધુ ભારે હોય છે; અને તે બધા કરતાં દરેક પ્રાણીઓનું માથું પચવામાં વધુ ભારે કહેલું છે. ૫૯

लघुः स्कन्धो हि शिरसस्तस्मात् पार्श्वं लघु स्मृतम् । पार्श्वात् सक्थि लघु प्रोक्तं, पादमांसं गुरु स्मृतम् ॥ ६० ॥

તે જ પ્રમાણે એ માથા કરતાં દરેક પ્રાણીની ખાંધ વધુ હલકી હોય છે અને ખાંધ કરતાં દરેક પ્રાણીઓનું પડખું વધુ હલકું કહેલું છે અને તે પડખાં કરતાં સાથળને હલકી કહેલ છે; પણ પગના માંસને બધા કરતાં ગુરુ-ભારે કહેલ છે. ૬૦

પ્રાણીઓની ધાતુઓના ખાસ ગુણો

वसा मेदश्च मज्जा च वातपित्तहिताः स्मृताः ।
रसे पाके च मधुराः स्नेहाच्छ्लेष्मप्रकोपनाः ॥६१
रक्तं रक्तप्रशमनं मांसं मांसविवर्धनम् ।

(ભક્ષ્ય) દરેક પ્રાણીઓની વસા-ચરબી, મેદ તથા મજ્જા વાયુમાં તથા પિત્તમાં હિતકારી ગણેલ છે; કારણ કે તે રસમાં તથા પાકમાં મધુર હોય છે અને સ્નેહના કારણે કફને તે વધુ કોપાવે છે-વધારી મૂકે છે; તે જ પ્રમાણે, પ્રાણીઓનું રુધિર લોહીને અત્યંત શમાવે છે એટલે કે લોહીની ગરમીને શાંત કરે છે અને દરેક પ્રાણીઓનું માંસ માંસને વિશેષ વધારે છે. ૬૧

બાળક, યુવાન તથા વૃદ્ધ (ભક્ષ્ય) પ્રાણીઓના ગુણો

गुरवः प्राणिनो बाला युवानो वृष्यबृंहणाः ॥६२॥
वृद्धास्तु वातला रूक्षाः पुंभ्यस्तु लघवः स्त्रियः ।
मृगाल्लघुतरः पक्षी पक्षिभ्योऽम्बुचरो गुरुः ॥६३॥

નાની ઉંમરનાં પ્રાણીઓનાં માંસ પચવામાં ભારે હોય છે; યુવાન પ્રાણીઓ વીર્યવર્ધક તથા પૌષ્ટિક હોય છે અને વૃદ્ધ પ્રાણીઓ વાયુવર્ધક તથા રૂક્ષ હોય છે; વળી પુરુષ-જાતિનાં પ્રાણીઓ કરતાં સ્ત્રી જાતિનાં પ્રાણીઓનું માંસ હલકું હોય છે; તે જ પ્રમાણે મૃગ જાતિનાં પ્રાણીઓ કરતાં પક્ષી ઘણું હલકું હોય છે, પણ પક્ષીઓ કરતાં જલચર પ્રાણી ભારે હોય છે. ૬૨,૬૩

લઘુ-ગુરુ પ્રાણીઓ

महाशरीराच्चाल्पकाया लघवो जीवक ! स्मृताः ।
विज्ञेयाश्चाल्पभुग्भ्योऽपि गुरवो बहुभोजनाः ॥६४

હે જીવક ! મોટાં-કદાવર શરીરવાળાં પ્રાણીઓ કરતાં નાનાં શરીરવાળાં પ્રાણીઓ-(નાં માંસ)ને પચવામાં હલકાં ગણ્યાં છે અને તે જ પ્રમાણે થોડો ખોરાક ખાનારાં પ્રાણીઓ કરતાં ઘણો ખોરાક ખાતાં પ્રાણીઓને વધુ ભારે જાણવાં. ૬૪

લઘુ-ગુરુ પ્રાણીઓ સંબંધે વધુ

लघवोऽल्पभूमिचरा, अलसेभ्यो विदूरगाः ।
लघुदेशचरा अल्पा लघवो लघुभोजनाः ॥ ६५ ॥

આળસુ પ્રાણીઓ કરતાં પૃથ્વી પર થોડું ચાલનાર પ્રાણીઓને હલકાં કહ્યાં છે અને થોડું ચાલનારાં પ્રાણીઓ કરતાં પૃથ્વી પર ખૂબ દૂર સુધી અવરજવર કરનારાં વધુ હલકાં હોય છે; તેમ જ જેઓ નાનાં શરીરવાળાં હોય તેમ જ હલકા દેશમાં ફરતાં-ચરતાં હોય એવાં પ્રાણીઓ, તેમ જ હલકો ખોરાક ખાતાં પ્રાણીઓ હલકાં હોય છે. ૬૫

गुरुदेशचराः स्थूला गुरवो गुरुभोजनाः ।
पाशबद्धं गुरु मांसं रूक्षं क्षुद्व्याधिभिर्हतम् ॥६६

તે જ પ્રમાણે સ્થૂલ શરીરવાળાં હોઈને ભારે દેશમાં જેઓ વિચરતાં હોય અને ભારે ખોરાક ખાતાં હોય તેઓ ભારે હોય છે; વળી પાશ કે જાળમાં બંધાઈને મરેલાં પ્રાણીઓનું માંસ ભારે હોય છે, પણ ભૂખ થી તથા રોગથી માર્યાં ગયેલ પ્રાણીઓનું માંસ રૂક્ષ હોય છે. ૬૬

અભક્ષ્ય માંસ

श्वभिर्हतं पीतरक्तं नातिबृंहणमुच्यते ।
विषैर्हतमभक्ष्यं स्याच्छुष्कं नातिगुणावहम् ॥६७॥

જે પ્રાણીને કૂતરાંએ મારી નાખ્યું હોય અને જેનું લોહી બીજાં પ્રાણીએ પીધું હોય, તે પ્રાણીનું માંસ વધુ પૌષ્ટિક કહેવાતું નથી; તે જ પ્રમાણે ઝેરથી મરેલાં પ્રાણીનું માંસ પણ અભક્ષ્ય હોય છે; વળી જે માંસ સુકાયેલું હોય તે વધુ ગુણકારક હોતું નથી. ૬૭

તરત ધાતુવર્ધક માંસ

सद्योऽपरिक्लिष्टहतं मांसं धातुं विवर्धयेत् ।
पूतिमांसं गुर्वसारं तदवृष्यमबृंहणम् ॥६८॥

જે પ્રાણી કલેશ પામ્યા વિના જ તરતમાં માર્યું ગયું હોય, તેનું માંસ તરત જ ધાતુને વિશેષ વધારે છે; પણ જે માંસ સડીને દુર્ગંધવાળું બન્યું હોય, તે ભારે અને સાર વિનાનું હોઈને વીર્યવર્ધક હોતું નથી અને પુષ્ટિ કરનાર પણ હોતું નથી. ૬૮

વિવરણ : ચરકે સૂત્રસ્થાનના ૨૫ મા અધ્યાયમાં અને સુશ્રુતે પણ સૂત્રસ્થાનના ૪૬ મા અધ્યાયમાં ઘણા જ વિસ્તારપૂર્વક આ સંબંધે દેશ, કાળ, અવસ્થા, લિંગ, જાતિ તથા અંગોના ભેદને અનુસરી માંસના ગુણોનું વર્ણન કર્યું છે. ૬૮

આ અધ્યાયનો ઉપસંહાર

एवं मांसविशेषज्ञः कल्पयेद्भोजने सदा ।
बालानां गुर्विणीनां वा बालपुत्रासु वा भिषक् ॥६९
दुष्प्रजातासु वा स्त्रीषु बाले वा कृशिते सदा ।
प्रयुञ्जन् सिद्धिमाप्नोति तत्त्वविद् वृद्धजीवक ! ॥७०

હે વૃદ્ધજીવક ! એમ જુદાં જુદાં પ્રાણીઓનાં જુદાં જુદાં માંસના વિશેષ ગુણોને જાણનારા વૈદ્યે, (માંસાહારી) બાળકોના, ગર્ભિણી સ્ત્રીઓના, બાળક પુત્રોવાળી સ્ત્રીઓના, દુષ્ટ–ખરાબ રીતે પ્રસવેલી કે કસુવાવડી થયેલી સ્ત્રીઓના ભોજનમાં તે તે યોગ્ય માંસનો પ્રયોગ કરાવવો; તેમ જ કૃશ થયેલાં બાળકને પણ તે તે યોગ્ય માંસનો પ્રયોગ કરાવવો; એમ તત્ત્વવેત્તા પુરુષ (પોતાની ચિકિત્સામાં) સફલતાને પામે છે. ૬૯,૭૦

इति ह स्माह भगवान् कश्यपः ॥

એમ ભગવાન કશ્યપે જ અરેખર કહ્યું હતું.

इति श्रीकाश्यपसंहितायां खिलस्थाने 'मांसगुणविशेषीय' नामनो अध्याय २१ मो समाप्त

देशसात्म्य : અધ્યાય ૨૨ મો

अथातो देशसात्म्याध्यायं व्याख्यास्यामः ॥ १ ॥
इति ह स्माह भगवान् कश्यपः ॥ २ ॥

હવે અહીંથી 'દેશસાત્મ્ય' નામના અધ્યાયનું અમે વ્યાખ્યાન કરીશું, એમ ભગવાન કશ્યપે જ કહ્યું હતું ૧,૨

વિવરણ : આ ૨૫ મા અધ્યાયમાં આમ કહેવા માગે છે કે કયા કયા દેશમાં લોકોને કયો કયો આહાર–વિહાર માફક આવે છે, તે સંબંધે વર્ણન કરાશે. જોકે આ અધ્યાય પણ ખંડિત હોઈ અપૂર્ણ જ મળે છે, તોપણ જે કંઈ મળે છે, તેમાં પ્રથમ પૂર્વદિશાના દેશોમાં જે જે આહાર–વિહાર સાત્મ્ય હોય છે, તે તે કહેવાશે; તેમાં પ્રથમ કુરુક્ષેત્રને મધ્યપ્રદેશ ગણી પ્રથમ ત્યાંથી પૂર્વદિશાના દેશના સાત્મ્ય આહાર–વિહારને વર્ણવાશે; તે પછી દક્ષિણદિશાના દેશને લગતા સાત્મ્ય આહારવિહારો વર્ણવાશે; પણ તેમાં દક્ષિણદિશાના દેશોનાં નામોનો જ ઉલ્લેખ મળે છે; તે પછી અધ્યાય ખંડિત મળે છે; પણ તે ઉપરથી સાબિત થાય છે કે તે ખંડિત થયેલા વિભાગોમાં તે તે

દક્ષિણના તથા પશ્ચિમના દેશોના આહાર–વિહારોનું સાત્મ્ય વર્ણવેલ હોવું જોઈએ. ૧,૨

કશ્યપને જીવકના પ્રશ્નો

कश्यपाख्यमृषिश्रेष्ठं पृष्टवान्.... रोचतः।
देशसात्म्यमजानन्तः कथं कुर्युश्चिकित्सितम् ॥३॥
कस्य देशस्य मध्ये तु कुरुक्षेत्रं प्रतिष्ठितम्।

ઋષિઓમાં શ્રેષ્ઠ ભગવાન કશ્યપને જીવકે આમ પૂછ્યું હતું કે જે વૈદ્યો, જુદા જુદા દેશોના સાત્મ્ય–હિતકર કે પથ્ય આહારાદિ જો જાણતા ન હોય, તો તેઓ તે તે દેશના લોકોની ચિકિત્સા કયા પ્રકારે કરી શકે? વળી જે કુરુક્ષેત્ર કહેવાય છે, તે કયા દેશની મધ્યમાં ગણાય છે? ૩

ભગવાન કશ્યપનો પ્રત્યુત્તર

इत्येवमुक्तो भगवान् काशिराजो महामुनिः ॥४॥
इदमुत्तरमक्लिष्टं व्याख्यातुमुपचक्रमे।
कुरुक्षेत्रं मध्यदेशाद्योजनानां शतं परम् ॥५॥
समस्तान् षड्रसान् प्रायो भुञ्जते मध्यदेशजाः।
भक्ष्यभोज्यान्नवीरास्ते भुञ्जन्तो वाऽसकृत्तथा ॥

ભગવાન કશ્યપને જીવકે એમ પૂછ્યું હતું ત્યારે (તેમના બદલે) મહામુનિ કાશિરાજાએ આવો સરળ ઉત્તર આપવાની શરૂઆત કરી હતી: કુરુક્ષેત્ર મધ્યદેશથી સો યોજન આગળ રહેલું છે; એ મધ્ય દેશના લોકો લગભગ સમગ્ર છયે રસોવાળા આહારોને ખાય છે; અને તે પ્રકારે ભક્ષ્ય તથા ભોજ્ય ખોરાકોને ખાતા હોઈ તે મધ્ય દેશના લોકો વીર હોય છે; કેમ કે તેઓ એવા સમગ્ર રસોથી યુક્ત ખોરાકને પણ વારંવાર જમ્યા કરે છે. ૪–૬

પૂર્વ દેશનું વર્ણન

पूर्वदेशास्तु विज्ञेयो मधुरः शीतलो गुरुः।
कुमारवर्तनीमा(चा)दौ कटीवर्षस्तथैव च ॥७॥
मगधासु महाराष्ट्रमृषभद्वीपमेव च।
पौण्ड्रवर्धनकं चापि मृत्तिकावर्धमानकम् ॥८॥
कर्वटं च समातङ्गं ताम(म्र)लिप्तं सचीरकम्।
प्रियङ्गुमथ कौशल्यं कलिङ्गपृष्ठपूरकम् ॥९॥

પૂર્વ દિશાનો દેશ તો મધુર, શીતલ તથા ભારે હોય છે, એમ જાણવું; તેમાં પ્રથમ 'કુમારવર્તની' તેમ જ 'કટીવર્ષ' પ્રદેશ જ આવેલ છે; અને મગધ દેશમાં 'મહારાષ્ટ્ર' તથા 'ઋષભદ્વીપ' જ આવેલા છે; તેમ જ 'પૌંડ્રવર્ધન' તથા 'મૃત્તિકાવર્ધમાનક' પ્રદેશ પણ તેમાં આવેલા છે અને કર્વટ, માતંગ, તામ્રલિપ્ત, ચીરક–ચીન અને તે પછી પ્રિયંગુ, કૌશલ્ય, કલિંગ તથા પૃષ્ઠપૂરક દેશ પણ ત્યાં છે. ૭–૯

ઉપર્યુક્ત દેશવાસી લોકો કેવા હોય છે?

पशु प्लीहविनो मर्त्या गलगण्डिकमे(न प)व च।
गुडशाल्योदनप्राया मत्स्यभोजनसेविनः ॥ १० ॥
प्रायशो मधुराहारा वातश्लेष्मात्मका नराः।

એ ઉપર જણાવેલ દેશોમાં જે લોકો વસે છે તેઓ (લગભગ) પ્લીહા–બરોળના રોગી અને ગલગંડના પણ રોગી હોય છે; કારણ કે તેઓ લગભગ ગોળ તથા શાલિ–ડાંગરનો ભાત જમનારા અને માછલાંનું ભોજન સેવનારા હોય છે; તે ઉપરાંત લગભગ મધુર આહાર જમનારા પણ હોય છે, તેથી એ ઉપર્યુક્ત દેશવાસી લોકો વાતયુક્ત કફપ્રકૃતિવાળા હોય છે. ૧૦

तेषां कटुकतिक्तं च रूक्षमुष्णं च भोजनम् ॥११॥
यच्चान्यदपि श्लेष्मघ्नं तेषां तत्तत् प्रयोजयेत्।

એ કારણે તે તે દેશવાસીઓને વૈદ્યે સાત્મ્ય–માફક એવાં તીખાં, કડવાં, રૂક્ષ તથા ઉષ્ણ–ગરમ જ ભોજનનો પ્રયોગ કરાવવો જોઈએ અને તે ઉપરાંત બીજું પણ જે કંઈ આહારદ્રવ્ય કફનો નાશ કરનાર હોય, તેનો પણ તેઓને પ્રયોગ કરાવવો જોઈએ. ૧૧

દક્ષિણ દિશાના દેશોનું વર્ણન

कञ्चीपदा नवध्वाना कावीरास्तुल्ययोरपि ॥१२॥
वानसी कुमुदाराज्यं चिरिपालिस्तथैव च।
चीरराज्यञ्च चोराणां पुलिन्दंद्रविडेषु च ॥१३॥
करघाटः शनानां च विवे(दे)हा मण्डपेषु च।
कान्तारं च वराहं च घटास्वाभीरमेव च ॥१४॥
दक्षिणां दिशमाश्रित्य देशा वि.....।

કાંચીપદ્ધ, નવદ્વીપ, કાવીર, તુલ્ય એ દિશામાં પણ રહેલ કાવીર દેશ, વાનસી, કુમુદા રાજ્ય, ચિરિપાલિ–ચોર લોકોનું ચીરરાજ્ય, દ્રવિડમાં પુલિંદ દેશ, 'શન' લોકોનો કરઘાટ દેશ, મંડપ પ્રદેશોમાં આવેલ–કાંતાર દેશ, વરાહ દેશ તેમ જ ઘટાઓમાં આવેલ આભીર દેશ–આ બધા દક્ષિણ દિશાનો આશ્રય કરી રહેલા દેશો છે. ૧૨–૧૪

વિવરણ : આ ઉપર્યુક્ત પ્રદેશોનો યથાસંભવ પરિચય આ સંહિતાના ઉપોદ્ઘાતમાં આપેલો છે.

જોકે અહીં આ અધ્યાય આટલો ખંડિત જ મળે છે, પણ અહીં આમ હોવા સંભવ છે કે, આ અધ્યાયમાં પ્રત્યેક દિશામાં આવેલા દેશો દર્શાવીને ત્યાં ત્યાં વસતા લોકોના સાત્મ્ય આહાર-વિહારો કેવા હોવા જોઈએ, તે જ અહીં આ અધ્યાયમાં જણાવવાનો ગ્રંથકારનો જે ઇરાદો છે તે જ અસલ ગ્રંથરૂપે અહીં હશે; પણ તે ખંડિત થયેલ હોઈને તે સંબંધે વધુ કંઈ કહી શકાય તેમ નથી.

આ ગ્રંથના છેલ્લા ખિલસ્થાનમાં 'खिलान्यशीतिरध्यायाः'–ખિલસ્થાનમાં ૮૦ અધ્યાયો અસલ ગ્રંથમાં મળે છે, એ વચન અનુસાર ૮૦ અધ્યાયો હોવા જોઈએ, પણ તેમાંના માત્ર અહીં દર્શાવેલ ૨૫ અધ્યાયો જ મળે છે અને તેમાં પણ ઘણા સ્થળે ઘણા ભાગો ખંડિત જ મળે છે; અને બાકીના ૬૫ અધ્યાયો તો બિલકુલ મળતા જ નથી, એ આપણું દુર્દૈવ ગણાય; છતાં દૈવની અનુકૂળતા હશે તો તે પણ દૈવના નિર્માણ અનુસાર કદાચ મળી આવશે, એમ આપણે આશા રાખીએ અને તેની પુષ્ટિને કરતો વિદ્વાનોનો આ આશાવાદ આપણે પણ સેવીએ; વિદ્વાનો કહે છે કે–

'द्वीपादन्यस्मादपि, मध्यादपि
जलनिधेर्दिशोऽप्यन्तात्।
आनीय झटिति घटयति, विधिरभिमतमभि-
मुखीभूतः ॥१॥

અર્થાત્ વિધિ કે વિધાતા જો અનુકૂળ થયો હોય તો આપણાં અભીષ્ટ કે ઇચ્છિતને કોઈ બીજા બેટમાંથી, મધ્યપ્રદેશમાંથી, સમુદ્રમાંથી કે દિશાના છેડામાંથી પણ એકદમ લાવીને આપણને મેળવી આપે છે. ૧

ઇતિ શ્રીકાશ્યપસંહિતામાં ખિલસ્થાન વિષે 'દેશસાત્મ્ય' નામનો અધ્યાય ૨૨ મો સમાપ્ત×

કાશ્યપસંહિતા સમાપ્ત

× મૂળ સંસ્કૃત ગ્રંથમાં 'ખિલસ્થાન'નો છેલ્લો અધ્યાય ૨૫ મા અધ્યાય તરીકે લીધો છે પરંતુ વચ્ચેના અધ્યાયો ખંડિત હોવાથી અહીં સળંગ ક્રમ આપ્યો છે.

પરિશિષ્ટ

[કાશ્યપસંહિતાનો પ્રચાર તથા આદર પ્રાચીન સમયમાં
પણ હતો તે દર્શાવતું આ પરિશિષ્ટ દિગ્માત્ર આપ્યું છે.]

'જ્વરસમુચ્ચય' નામના ગ્રંથમાં કાશ્યપસંહિતાના આ શ્લોકો મળે છે:

'જ્વરસમુચ્ચય' નામનો એક ગ્રંથ ખાસ જ્વરના વિષયમાં અનેક પ્રાચીન આર્ષમૂલ વચનોના એકત્ર કરેલા સંગ્રહરૂપ હોઈ પ્રાચીન છે. એ 'જ્વરસમુચ્ચય' ગ્રંથમાં બે પુસ્તકો તાડપત્રમાં લખેલા મારા સંગ્રહાલયમાં રાખવામાં આવ્યાં છે. એ બંનેમાંનું એક પુસ્તક પ્રાચીન અક્ષરોમાં લખેલું અને અપૂર્ણ છે. તે પુસ્તકને અંતે તેનો લેખસમય ૪૪ નેપાલસંવત્સર દર્શાવ્યો છે, અને બીજું પુસ્તક સંપૂર્ણ છે તેમ જ નેપાલી અક્ષરોમાં લખેલું છે. તેની લિપિ ઉપરથી અનુમાન કરતાં એ પુસ્તક આજથી આઠસો વર્ષ પહેલાંનું હોઈ પ્રાચીન કલ્પી શકાય છે; એ પુસ્તકના લખાણનો સમય પણ એટલો જ પ્રાચીન હોઈ તેનું મૂળ ક્યારે હોઈ શકે તે જણાવવું મુશ્કેલ છે. એ પુસ્તકમાં અશ્વિનીકુમાર, ભારદ્વાજ, કશ્યપ, ચરક, સુશ્રુત, ભેડ, હારીત, ભોજ, જતૂકર્ણ અને કપિલબલ—એ પ્રાચીન આચાર્યોના જ જ્વરના વિષયને લગતા શ્લોકો તેમના નામનો નિર્દેશ કરી લીધેલ છે, પણ અર્વાચીન કોઈ પણ આચાર્યોનાં વચનોનો તેમાં સંગ્રહ કર્યો જ નથી, એ પણ એ ગ્રંથની સવિશેષ પ્રાચીનતા બતાવે છે. વળી એ જ્વરસમુચ્ચય ગ્રંથમાં જ્વરનો વિષય ધરાવતાં ઘણાં વચનો કાશ્યપનાં જ ઉતારેલાં દેખાય છે. એ વચનો આ કાશ્યપસંહિતામાં ઘણાંખરાં પૂર્વભાગમાં મળે છે, અને કેટલાંક વચનો (આ કાશ્યપસંહિતાના) ખિલભાગમાં જોવામાં આવે છે. તેમાંનાં કેટલાંક વચનો જે મળતાં નથી, તે આ સંહિતાના ત્રુટિત ભાગમાં કદાચ આવી પણ ગયાં હોય. કેટલાક પાઠભેદ પણ કયાંક મળે છે તે મોટા અક્ષરોમાં બતાવ્યા છે. આ સંહિતાના પુસ્તકના પાનાનો અંક બાજુમાં બતાવી અહીં જે શ્લોકો આપ્યા છે તે ઉદ્ધૃત કરેલા કાશ્યપસંહિતાના જ છે; તે મેળવવા માટે અહીં આપ્યા છે.

× 'पूर्वोद्भवनिमित्तेन योऽपरो जायते गदः ।
तमुपद्रवमित्याहरतीसारो यथा ज्वरे ॥
चिकित्सितं यथोत्पत्ति तेषामेके प्रचक्षते ।
उपद्रवाणामित्येके पूर्वं नेत्याह कश्यपः ॥'

(પહેલાંના ઉપદ્રવના કારણે જે બીજો રોગ ઉત્પન્ન થાય છે, તેને પણ વિદ્વાન ઉપદ્રવ કહે છે. જેમ કે, જ્વરમાં જે અતીસાર—ઝાડા થાય છે, તેને જ્વરનો ઉપદ્રવ કહેવામાં આવે છે. તેની ચિકિત્સા ઉત્પત્તિ પ્રમાણે કરવી એટલે કે જ્વરની ચિકિત્સા પ્રથમ કર્યા પછી તે અતીસારની ચિકિત્સા કરવી; પરંતુ કેટલાક આચાર્યો કહે છે કે, તે ઉપદ્રવોની ચિકિત્સા પહેલાં કરવી; અને તે માટે તે પછી મૂળ વ્યાધિની ચિકિત્સા કરવી; પરંતુ ભગવાન કાશ્યપ આમ કહે છે કે, ઉપદ્રવરૂપ રોગની ચિકિત્સા પ્રથમ ન કરવી, પણ તેમના મતે મૂળ વ્યાધિ તથા ઉપદ્રવ એ બેયની શાંતિ થાય તે માટે તે બેયને યોગ્ય ખોરાક—પાણી તથા ઔષધ આપી બેયની શાંતિ થાય તેવો યત્ન કરવો. તેમ જ એ બેય રોગો વધી ન જાય તે માટે અવશ્ય કાળજી રાખવી અથવા એ બેય રોગમાં જે વધારે તીવ્ર હોય તેને એનાં પોતાનાં લક્ષણો ઉપરથી જોઈને વિદ્વાન ઉત્તમ વૈદ્યે તે વધુ તીવ્ર રોગની પ્રથમ ચિકિત્સા કરવાની શરૂઆત કરવી, જેથી તે વૈદ્યે એ બેયને અનુક્રમે મટાડવા સમર્થ થાય છે.

તેમ જ છપાયેલ કાશ્યપસંહિતામાં ૬૨૯ મા પાનામાં આ શ્લોક છે અને તે જ જ્વરસમુચ્ચયમાં પણ મળે છે; જુઓ ત્યાં અનુવાદ સાથે.)

× જ્વરસમુચ્ચયમાં જે જે કશ્યપના શ્લોકો ટુકડે ટુકડે તે તે પ્રકરણમાં લીધા છે, તે તે અહીં બતાવવામાં આવે છે; તેમાંના જેઓ સાથે છે તે '' (આવા ધન્વંટ)માં આપ્યા છે. (છપાયેલ આ કાશ્યપસંહિતાના પુસ્તકમાં ૩૩૬—૩૩૭ પાનાંમાં આ બે શ્લોકો છે. આનો અનુવાદ પણ ત્યાં જ જોવો.)

घृतं गुग्गुलु बिल्वं च देवदारुक एव च ।
एष माहेश्वरो धूपः सर्पिर्युक्तोज्वरापहः ॥

વળી આ કાશ્યપસંહિતાના આ પુસ્તકના ૭૦૭-૭૦૮ મા પાનામાં જે આ શ્લોકો મળે છે, તે જ જ્વરસમુચ્ચયમાં પણ મળે છે, જુઓ ત્યાં અનુવાદ સાથે.

शृणु भार्गव तत्त्वार्थं संनिपातविशेषणम् ।
जानते भिषजो नैनं बहवोऽकृतबुद्धयः ॥
शीतोपचारात् सुतानां मैथुनाद्विषमाशनात् ।
प्रजागराद्दिवा स्वप्नाच्चिन्तेर्ष्यालौल्यकर्शनात् ॥
तथा दुःस्वप्नजातानां व्यभिचारात् पृथग्विधात् ।
शिरोर्दुष्टपयःपानात् तथा संकीर्णभोजनात् ॥
विरुद्धकर्मपानान्नसेविनां सततं नृणाम् ।
अभोजनाद्ध्यशनाद्विषमाजीर्णभोजनात् ॥
सहसा चान्नपानस्य परिवर्ताद्तोस्तथा ।
विषोपहतवायव्यम्बुसेवनाद्गरदूषणात् ॥
पर्वतोपत्यकानां च प्रावृट्काले विशेषतः ।
अवप्रयोगात् स्नेहानां पथ्यानां चैव कर्मणाम् ॥
यथोक्तानां च हेतूनां मिश्रीभावाद्यथोच्छ्रिताः ।
त्रयो दोषाः प्रकुप्यन्ति क्षीणे चायुषि भार्गव ॥
ततो ज्वरादयो रोगाः पीडयन्ति भृशं नरम् ।
सर्वदोषविरोधाच्च दुश्चिकित्स्यो महागदः ॥
यथाऽग्निवज्रपवनैर्न स्यादभिहतो द्रुमः ।
वातपित्तकफैस्तद्वत्कुद्धैर्देही न जीवति ॥
विषाग्निशस्त्रैर्युगपन्न जीवन्ति यथा हताः ।
संनिपातार्दितास्तद्वन्न जीवन्ति तपस्विनः ॥
इत्थं तदुपरिष्टाच्च यथा प्रज्वलितं गृहम् ।
न शक्यते परित्रातुं संनिपातहतस्तथा ॥
दिग्धबाणास्त्रयो व्याधाः परिवार्य यथा मृगम् ।
घ्नन्त्यमी कुपितास्तद्वत् त्रयो दोषाः शरीरिणम् ।
संगता नियतं यस्मात् पातयन्ति कलेवरम् ।
अन्ये यथा संनिपाताद् यतो वा संनिपातनात् ॥
अकस्मादिन्द्रियोत्पत्तिरकस्मान्मूत्रदर्शनम् ।
अकस्माच्छीलविकृतिः संनिपाताग्रलक्षणम् ॥
तस्य ज्वरोऽङ्गमर्दस्तृट् तालुशोषप्रमीलकाः ।
अरुचिस्तान्द्रिविड्भेदश्वासकासश्रमभ्रमाः ॥
अन्तर्दाहो बहिः शीतं तस्य तृष्णा च वर्धते ।
तुद्यते दक्षिणं पार्श्वमूरःशोषो गलग्रहः ।
निष्ठीवति कफं सासृक्छ्वासकण्ठश्च दूष्यते ।
विड्भेदश्वासहिक्काश्च वर्धन्ते तस्य वर्ष्मणि ॥

આ કાશ્યપસંહિતાનું મૂળ તાડપત્ર ઉપર લખાયેલું જે પુસ્તક છે, તેમાં ૧૯૨ મું પાનું મળતું ન હતું, તેથી અહીં આ છપાયેલા પુસ્તક માં તેના સ્થાને ૭૦૯ મા પાનામાં ત્રુટિત ભાગને મળતો વિષય માધવનિદાનની મધુકોશ વ્યાખ્યામાં ટાંકેલા ભાલુકિતંત્રના શ્લોકોમાં દેખાય છે, તેથી તે સંબંધી ટિપ્પણી આપવામાં આવી હતી; પરંતુ એ જ ત્રુટિત પાનાના સંનિપાતના પ્રભેદોના વિષય સાથે સંબંધ ધરાવતા કેટલાક શ્લોકો જ્વર-સમુચ્ચયમાં કશ્યપના નામે ટાંકેલા જોવામાં આવે છે. તેમ જ આ છાપેલ પુસ્તકના આગળ–પાછળનાં પાનાં ૬૭૧,૬૭૨,૬૭૩ માં જે શ્લોકો છે, તે પણ આ જ્વરસમુચ્ચયમાં મળતા આવે છે, તેથી તેની વચ્ચે મૂકવા યોગ્ય લુપ્ત શ્લોકોમાં કેટલાક ત્યાં ટુકડે ટુકડે અનુક્રમે મળેલા છે. ત્યાં વચ્ચે વિલુપ્ત થયેલા અંશમાં ઉમેરવા યોગ્ય શ્લોકો આ પ્રમાણે છે :

तस्य शीतज्वरो निद्रा क्षुत्तृष्णा पार्श्वसंग्रहः ।
शिरोहृदयमन्यानां गौरवं पार्श्वपीडनम् ।
उदरं दह्यते चास्य किंचिद्गुडगुडायते ॥
संनिपातः स विज्ञेयो मकरीति सुदारुणः ।
तस्य तृष्णाज्वरग्लानिपार्श्वरुग्दृष्टिसंक्षयाः ॥
पिण्डिकोद्वेष्टनं दाह उरुसादो बलक्षयः ।
सरक्तं चास्य विण्मूत्रं शूलं निद्राविपर्ययः ॥
वितुद्यते गुदश्चास्य बस्तिश्च परिकृष्यते ।
आयम्यते भक्ष्यते च हिक्कति प्रलपत्यपि ॥
मूर्छते स्फुरते रौति नाम्ना विस्फोटको मतः ॥

'સસ્તુ' સાહિત્ય' એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય

ધાર્મિક ગ્રંથો

શ્રીમત્ શંકરાચાર્યકૃત પુસ્તકો

ઉપદેશસાહસ્રી-મૂળ સાથે સાર્થાંતર	...	૪-૦૦
ભજગોવિંદરત્નમાળા-મૂળ સાથે સરળ ભાષાંતર		૧-૫૦
હસ્તામલકસ્તોત્ર ને વાક્યસુધા-	...	૦-૧૫
શ્રીદક્ષિણામૂર્તિ અષ્ટક ને બીજાં દશ રત્નો	...	૧-૦૦
સ્તોત્રસંગ્રહ-ભક્તિ ને વેદાંતસ્તોત્રો	...	૨-૦૦
વિવેકચૂડામણિ-આત્મજ્ઞાન વિષે સમજણ		૧-૦૦
દક્ષિણામૂર્તિસ્તોત્ર-મૂળ સાથે અનુવાદ		૧-૫૦
સૌંદર્યલહરી-મૂળ સાથે ભાષાંતર	...	૦-૪૦
પ્રબોધસુધાકર અને તત્ત્વબોધ-	,,	૦-૫૦
પ્રશ્નોત્તરરત્નમાળા ને જીવન્મુક્ત આનંદલહરી-	... ...	૦-૨૫
આત્મા-અનાત્મવિવેક-મૂળ સાથે	...	૦-૩૫

ધર્મગ્રંથો

શાંતિપર્વ-(મહાભારત ભા. ૬ ઠ્ઠો)	...	૧૦-૦૦
શ્રીહરિવંશ અથવા ઉત્તર મહાભારત		૧૦-૦૦
મહાભારતસાર-અઢારે પર્વનો કથાભાગ		૪-૫૦
વિષ્ણુપુરાણ-સરળ ભાષાંતર		૬-૦૦
શ્રીઅગ્નિપુરાણ-સરળ ગુજરાતીમાં ભાષાંતર		૧૦-૦૦
વાયુપુરાણ-સરળ ભાષાંતર	...	૧૦-૦૦
વામનપુરાણ-સરળ ભાષાંતર	... ...	૫-૦૦
વરાહમહાપુરાણ-	... ...	૧૦-૦૦
નારદમહાપુરાણ-સરળ ભાષાંતર	...	૧૫-૦૦
શ્રીમદ્ ભાગવત-(બે ભાગમાં) સરળ ભાષાંતર	... ...	૧૫-૦૦
શ્રીશિવમહાપુરાણ (બે ભાગમાં)	...	૧૪-૦૦
દશમ સ્કંધ-(શ્રીમદ્ ભાગવતનો)	...	૪-૦૦
શ્રીમદ્ ભાગવતી (દેવી) ભાગવત- સરળ ભાષાંતર	... ...	૧૦-૦૦
શ્રીમાર્કંડેયપુરાણ-સરળ ભાષાંતર	...	૬-૫૦

*

વાલ્મીકિ રામાયણ-(બે ગ્રંથોમાં)		૧૫-૦૦
તુલસીકૃત રામાયણ-(બે ગ્રંથોમાં)		૧૫-૦૦
ગિરધરકૃત રામાયણ-મોટા અક્ષરોમાં		૬-૦૦

ઉપનિષદો

સો ઉપનિષદો-મૂળ સાથે ૨૩ અને બાકીનાંનું ફક્ત ભાષાંતર આપેલું છે	...	૫-૦૦
ઈશ ને કેન ઉપનિષદ-શાંકરભાષ્ય સાથે		૧-૨૫
કઠોપનિષદ- ,, ,,		૧-૫૦
મુણ્ડકોપનિષદ- ,, ,,		૧-૦૦
પ્રશ્નોપનિષદ- ,, ,,		૧-૦૦
ઐતરેય ઉપનિષદ- ,, ,,		૦-૭૫
તૈત્તિરીય ઉપનિષદ- ,, ,,		૧-૫૦
માણ્ડૂક્ય ઉપનિષદ- ,, ,,		૩-૦૦
શ્વેતાશ્વતર ઉપનિષદ- ,, ,,		૧-૫૦
છાંદોગ્ય ઉપનિષદ- ,, ,,		૫-૦૦
બૃહદારણ્યક ઉપનિષદ-(બે ગ્રંથોમાં)		૮-૦૦
ઉપનિષદ-નવનીત-૧૭ ઉપનિષદોનું નવનીત : લે-પંડિત વાસુદેવશરણ અગ્રવાલ		૨-૫૦
મહાવાક્યરત્નાવલિ-ઉપનિષદ્વચનો		૧-૦૦

ધર્મકથા-પ્રાર્થના

ભક્તરાજ-દૈવજ્ઞ વિશ્વનાથ વિરચિત ગ્રંથ		૧૫-૦૦
વૈદિક વિનય-ત્રણ ખંડોમાં	... ...	૭-૫૦
રુદ્રાષ્ટાધ્યાયી-મૂળ સહિત ભાષાંતર	...	૧-૫૦
શ્રીપુરુષોત્તમમાસમાહાત્મ્ય-મૂળ સાથે		૩-૦૦
ભીષ્મસ્તવરાજ-મૂળ સાથે અનુવાદ	...	૦-૧૫
હનુમાનચાલીસા-મોટા અક્ષરોમાં	...	૦-૧૫
હરિપાઠ-શ્રી જ્ઞાનદેવ રચિત: મૂળ સહિત		૦-૨૦
પ્રાતઃ અને સાયંકાળની પ્રાર્થનાઓ		૦-૫૦
વિષ્ણુસહસ્રનામ-શાંકરભાષ્યાનુસાર		૦-૫૦
કંઠાભૂષણમ્-પ્રાર્થનાઓ-સ્તુતિશ્લોકો		૦-૩૦
સ્વાધ્યાયસુધા-વેદ-ઉપનિષદોમાંથી શ્લોકો		૪-૦૦

ધાર્મિક-સામાજિક-નીતિવિષયક

મનુસ્મૃતિ-આર્યસંસ્કૃતિનો નીતિગ્રંથ	...	૬-૦૦
ધર્મદર્શન-સ્વામી અદ્વૈતાનંદજી	...	૧-૦૦

સુભાષિત રત્નમાળા–૩૦૮ શ્લોકો ... ૦–૭૫
વાદના હીવડા–કરસનદાસ માણેક ... ૧–૫૦
હિંદુધર્મની બાળપોથી–
સ્વ૦ આનંદશંકર ધ્રુવ ૦–૭૫
હિંદુધર્મ–એક પુસ્તકરૂપે, સ્વામી શિવાનંદજી ૧–૨૫
હિંદુધર્મ–સ્વામી શિવાનંદજીકૃત ૦–૨૫
હિંદુધર્મ અને સદાચાર–સ્વામી શિવાનંદજી ૦–૨૫
હિંદુધર્મના પાયા– ,, ૦–૨૫
નવધા ભક્તિ–ભક્તિના નવ પ્રકારો ... ૦–૫૦
બાલવિલાસ–મણિલાલ ન. દ્વિવેદી ... ૧–૫૦
યક્ષ અને યુધિષ્ઠિર–બોધક પ્રશ્નોત્તરી ... ૦–૬૦
સુક્તાવલિ–સરળ ભાષાંતર સાથે ... ૦–૪૦
નવસંહિતા–કેશવચંદ્ર સેન કૃત ... ૦–૩૭
આર્યધર્મનીતિ અને ચાણક્યનીતિસાર ૧–૨૫
સંતોષસુરતરુ–લે૦ રણછોડભાઈ હૃદયરામ ૦–૩૮
નીતિશતક–ભર્તૃહરિકૃત ૦–૪૦
વિજ્ઞાનશતક–ભર્તૃહરિકૃત ૦–૬૦
વૈરાગ્યશતક–(ભર્તૃહરિકૃત) સરળ અનુવાદ સાથે ૦–૪૦
ચારુચર્યા–આચાર્ય ક્ષેમેન્દ્રકૃત ... ૦–૨૫
બોધમાળા–લે૦ મગનલાલ હ૦ વ્યાસ ૦–૪૦
વ્યવહારમાળા– ,, ,, ... ૦–૫૦
જેસલ–તોરલ ને જલંધર–ગોપીચંદ ૦–૨૫
સત્સંગમાળા–દુઃખનિવારણના ઉપાયો... ૦–૪૦
શાંડિલ્ય ભક્તિસૂત્ર–મૂળ સાથે ભાષાંતર ૦–૩૭

વેદાંત–તત્ત્વજ્ઞાન

પક્ષપાતરહિત અનુભવપ્રકાશ ... ૬–૫૦
પંચદશી–મૂળ સાથે ભાષાંતર, સ્વા. વિદ્યારણ્યકૃત ૫–૦૦
પંચદશી–મરાઠી ઉપરથી ગુજરાતી ભાષાંતર ૨–૦૦
વિચારસાગર–નિશ્ચલદાસજીકૃત ... ૪–૦૦
વેદાંતસિદ્ધાંતમુક્તાવલિ–મૂળ સાથે ... ૨–૦૦
પંચીકરણ–ટીકા સાથે ૨–૮૦
આત્મરામાયણ–આધ્યાત્મિક દૃષ્ટિએ સમજ ૧–૫૦
અમૃતાનુભવ–જ્ઞાનદેવ વિરચિત ... ૨–૦૦
સદાચાર–મરાઠી ઉપરથી : અનુ. માણેકલાલ પરીખ ૧–૫૦
જીવન્મુક્તિવિવેક–સ્વામી વિદ્યારણ્યકૃત ૧–૫૦
યોગાભ્યાસ અને આસનવિધિ ... ૦–૭૫
જ્ઞાનવાણી–સ્વ૦ લલ્લુભાઈ ગોરધનદાસ ૨–૦૦
તત્ત્વાનુસંધાન–ચિદ્ઘનાનંદકૃત ... ૪–૦૦
વેદાંતમાર્તંડદર્શિની–વેદાંતની સમજૂતી ૨–૦૦
જ્ઞાનલહરી–સ્વામી માધવતીર્થ ... ૦–૫૦
વેદાંતશબ્દકોષ–કઠિન શબ્દોના સરળ અર્થ ૦–૫૦

ઉપદેશો અને વાર્તાલાપો

હરિરેવ જગત્–સ્વામી રામદાસ ... ૨–૫૦
સંતોની અનુભવ–વાણી–શ્રી૦ વિષ્ણુપ્રકાશજી ૨–૫૦
ધર્માલાપ–વાર્તાલાપ–સ્વા૦પ્રકાશાનંદજી ૫–૦૦
વિવેકાનંદનાં વચનામૃતો–સુવાક્યો ... ૦–૫૦
સ્વામી રામતીર્થનાં વચનામૃતો ... ૦–૭૫
ઉપદેશસારસંગ્રહ–તિરુવલ્લુવરનો બોધ ૧–૫૦
ગાંધી–વાણી–સં. મુરલી ઠાકુર ... ૧–૨૫
કપિલ અને દેવહૂતિ–પ્રેરક વાર્તાલાપ ૦–૬૨
તુકારામ ગાથા–(ભા. ૨ જો) ... ૩–૦૦
મનોબોધ–સમર્થ રામદાસકૃત ૦–૭૫
અંતર–નિરીક્ષણ–લે૦ શ્રી નરેન્દ્ર નટવરસિંહજી ૧–૦૦
બળવાન બનો– પં. સાતવલેકરજી ... ૦–૭૫

સંતવાણી–ભજનો

ભજનસાગર ભા. ૧–૨–૧૨૭૩ ભજનો છપાશે
તુકારામ ગાથા–(ભાગ ૨ જો) ... ૩–૦૦
પરિચિત પદસંગ્રહ–પદો–ભજનો ... ૨–૦૦
ભજનસંગ્રહ–૩૩૬ ભજનોનો સંગ્રહ ... ૧–૦૦
તુલસીસતસઈ–સાર્થ દોહા–ચોપાઈ ... ૧–૫૦
મીરાંબાઈનાં ભજનો–૨૯૩ પદો–ભજનો ૦–૭૫
નરસિંહ મહેતાનાં ભજનો– ... ૦–૭૫
કબીર સાહેબનાં ભજનો–૧૪૫ ભજનોનો સંગ્રહ ૦–૫૦
દલપતરામની કવિતા–૮૬ કવિતાઓ ૦–૭૫
શામળાના છપ્પા–સં. કે૦ કા૦ શાસ્ત્રી ૧–૦૦
અખાના છપ્પા–વિદ્યાર્થીઓને ઉપયોગી ૧–૨૫
છોટમની વાણી–ચૂંટેલાં પદો, ભજનો ... ૦–૭૫
નિષ્કુલાનંદની વાણી–પદો–ભજનો ... ૦–૩૦
અક્ષરમાળા–કવિ છોટમકૃત કવિતાઓ ... ૦–૩૭
સાંખ્યસાર અને યોગસાર–છોટમકૃત ૦–૩૭
સંતદાદૂ–પદો–ભજનો સાર સાથે... ૦–૨૫
ઋષિરાજનાં પદો–૮૨ પદોનો સંગ્રહ ... ૦–૪૦
દાસી જીવણનાં પદો–૯૪ પદોનો સંગ્રહ ૦–૫૦
પ્રબોધબાવની–કવિ દયારામકૃત કુંડળિયા ૦–૨૫
ભક્તકવિ દયારામનાં ભજનો–(સંક્ષિપ્ત) ૦–૪૦
ભક્ત સુરદાસનાં પદો–જીવનચરિત્ર સાથે ૦–૪૦
સો ભજનો–ચૂંટેલાં ભજનો ૦–૪૦
રવિ, ભાણ અને મોરાર સાહેબની વાણી ૦–૪૦
કેશવકૃતિ–ચૂંટેલાં ૪૮ ભજનોનો સંગ્રહ ૦–૩૦

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય | સ્વામી અખંડાનંદ માર્ગ, ભદ્ર, અમદાવાદ અને ૧૪૮ પ્રિન્સેસ સ્ટ્રીટ, હવાડા પાસે, મુંબઈ–૨.

સ. સા.

ॐ